# બૃહદ્ ગુજરાતની અસ્મિતા



VISIT…

LANZAROTE Caliente.COM



બૃહદ્

# ગુજરાતની અસ્મિતા

## ( સાંસ્કૃતિક સંદર્ભ ગ્રંથ )


: સંપાદક :

નંદલાલ બી. દેવલુક



: પ્રકાશક :

યોગેશ એડવર્ટાઈઝીંગ સર્વીસ

ભાવનગર-૨.

તા. ૧૦-૩-૭૦ કિંમત રૂા. ૨૦-૦૦





મુદ્રક : શ્રી જૈન પ્રિન્ટરી, પાનવાડી રોડ, ભાવનગર.









# સંદર્ભગ્રંથના સલાહકાર મુરબ્બીઓ

| | | |
|---|---|---|
| શ્રી ડૉ. | ભાઈલાલભાઈ બાવીશી | પાલીતાણા |
| ,, | જગુભાઇ પરીખ | ભાવનગર |
| ,, | કલાગુરુ રવિશંકરભાઇ રાવળ | અમદાવાદ |
| ,, | ડૉ. જયંતિલાલ જ. ઠાકર | દ્વારકા |
| ,, | પુષ્કરભાઈ ગોકાણી | દ્વારકા |
| ,, | દોલતરાય જયંતિલાલ પારેખ | મુંબઈ |
| ,, | ગુણવંતરાય પુરોહીત | બાબાપુર |
| ,, ડૉ. | હરિભાઇ ગૌદાની | અમદાવાદ |
| ,, | કનૈયાલાલભાઈ વાઘાણી | ભાવનગર |
| ,, | હીરાલાલ જુઠાલાલ શાહ | મુંબઇ |
| ,, | રાયચંદ મગનલાલ શાહ | મુંબઈ |
| ,, | બાલચંદભાઇ જી. દોશી | મુંબઇ |
| ,, | ડોલરભાઈ વસાવડા | મહુવા |
| ,, | વિનુભાઇ સંઘવી | ભાવનગર |

# અનુક્રમણિકા

## ગુજરાતના સંતો, ભક્તો અને મુનિવર્યો : લે. શ્રી ગૌરીદાસજી મહારાજ વડાલ ૩૫૩



## ગુજરાતીમાં શબ્દકોશ — શ્રી મોહનભાઈ શં. પટેલ ૩૬૧

## અર્વાચીન ગુજરાતી સાહિત્યના ગદ્યસ્વામીઓ ૩૬૭

## ગુજરાતની જુની પેઢીની પ્રતિભા સંપન્ન વ્યક્તિઓ — શ્રી જગર વાંકાનેરી ૫૩૦



## ગુજરાતના તેજસ્વી અધ્યાપકો અને નિષ્ઠાવાન આચાર્યો — શ્રી સિ. જિગર વાંકાનેરી ૫૩૭

## સંદર્ભગ્રંથનું પ્રેરણાત્મક બળ



ડૉ. ભાઈલાલ એમ. બાવીશી–પાલીતાણા.

સાહિત્ય, કલા વિજ્ઞાન અને સમાજસેવાનો સમન્વય સાધી જેમણે જ્વલંત કારકીર્દી ઉભી કરી છે......

સમાજની અનેકવિધ સાંસ્કૃતિક, શૈક્ષણિક અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં જેમનુ યશસ્વી પ્રદાન છે........

અને આ ખાસ પ્રકાશનમાં જેમણે પોતાના સમય-શક્તિને ભોગે છેક શરૂઆતથી સતત માર્ગદર્શન આપી આ પ્રયાસને સફળ બનાવવા રાત–દિવસ જોયા સિવાય પોતાના બહોળા અનુભવ વડે પુરૂષાર્થ અને પ્રેરણાનું અમને સતત બળ આપ્યા કર્યું છે તે બદલ અમે ડૉ. બાવીશી સાહેબના ઋણી છીએ.

—સંપાદક

અનિવાર્ય સંજોગોને લઈને છેલ્લા પરિચય વિભાગોની કક્કાવારી પ્રમાણેની વિસ્તૃત અનુક્રમણિકા મૂકી શકયા નથી તેમજ સમયના અભાવે કેટલાક વિભાગો છાપવા રહી જવા પામ્યા છે તો વાંચકો ક્ષમા કરે.

—સંપાદક

મુખ્યમંત્રી ગુજરાત રાજ્ય
સચિવાલય,
અમદાવાદ.



બૃહદ ગુજરાત-સાંસ્કૃતિક સંદર્ભગ્રંથ શ્રી નંદલાલ દેવલુક પ્રગટ કરી રહ્યા છે તે આવકારદાયક છે.

ગુજરાતની અસ્મિતા અને તે વિશેની પ્રમાણભુત માહિતી આપતો જ્ઞાનકોશ તેમાં રસ ધરાવતા સર્વેને ખરેખર ઉપયોગી થઈ પડશે એવી મને શ્રદ્ધા છે. ભાવિ પેઢીઓની પ્રેરણા માટે પણ આ પ્રયાસ આવશ્યક જેવો ગણી શકાય.

તમારા કાર્યને શુભેચ્છા પાઠવું છું.

તા. ૨૦-૧-૭૦ હિતેન્દ્ર દેસાઈ.

---

નાણાં તથા ઉદ્યોગ મંત્રી
ગુજરાત રાજ્ય, સચિવાલય,
અમદાવાદ- ૧૫.



ભાઈશ્રી નંદલાલભાઈ,

તમારો તા. ૧-૩-૬૯નો પત્ર મળ્યો. બૃહદ ગુજરાતનો સાંસ્કૃતિક ગ્રંથ તૈયાર કરી રહ્યા છો, તે જાણી આનંદ થયો.

તમારા આ પ્રયાસને સંપૂર્ણ સફળતા ઈચ્છું છું.

લિ.

તા. ૬-૩-૧૯૬૯ જશવંત મહેતા.

ઉપમંત્રી ગૃહ, માહિતી, સિંચાઈ, વિજળી
અને નાગરિક પુરવઠાની કચેરી,
સચિવાલય, અમદાવાદ–૧૫



સંચાલકશ્રી,
યોગેશ એડવર્ટાઇઝીંગ સર્વીસ,
૭, લોકલ બોર્ડ સોસાયટી,
ફીલ્ટર પાસે, અમદાવાદ–૨

ભાઈશ્રી,

"બૃહદ ગુજરાત સાંસ્કૃતિક" ગ્રંથ આપ બહાર પાડી રહ્યા છો જાણી આનંદ થયો છે. ગુજરાતની અસ્મિતાનો ખ્યાલ આપતો આ ગ્રંથ ખરેખર સર્વ સંગ્રહ : એનસાઈકલો પેડીઆ : બની રહેશે. ગુજરાતમાં અને દુનિયામા ખુણે ખુણે વસતા ગુજરાતીઓને તેમની માતૃભૂમિની ઝાંખી કરાવતો આ ગ્રંથ ખરેખર પ્રેરણાદાયક બની રહેશે-આપની સુંદર પ્રવૃત્તિ માટે અભિનંદન. આપના આ પ્રયાસને સફળતા ઈચ્છું છું.

તા. ૫–૪–૬૯ — જયરામ આણંદભાઈ પટેલ

---

માર્ગ વાહન–વ્યવહાર, સંસદીય બાબતો,
મંત્રી, જન–સંપર્ક, રમતગમત અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ,
ગુજરાત રાજ્ય સચિવાલય, અમદાવાદ–૧૫

સ્નેહિશ્રી નંદલાલભાઈ,

બૃહદ ગુજરાતની અસ્મિતા નામે સાંસ્કૃતિક સંદર્ભગ્રંથ પ્રસિદ્ધ કરો છો તે જાણી આનંદ.

આ સંદર્ભગ્રંથમાં ગુજરાતની ભૌગોલિક સ્થિતિ, સાંસ્કૃતિક ક્ષેત્રે થયેલી પ્રગતિ, આર્થિક, શૈક્ષિણક અને સામાજિક ક્ષેત્રે થયેલા વિકાસનો સમાવેશ કરવામાં આવશે તો તે ઉપયોગી થશે.

આ સંદર્ભગ્રંથ તૈયાર કરવાની જહેમત ઉઠાવનાર સૌ કોઈ અભિનંદનના અધિકારી છે. આવા પ્રયાસો વધુ થાય તે જરૂરી છે. આ પ્રયાસને હું સફળતા ઈચ્છું છું



તા. ૧૭–૪–૬૯ — ચીમનભાઈ પટેલ

મંત્રી, પંચાયત અને ખેતીવાડી
સચિવાલય, ગુજરાત રાજ્ય
અમદાવાદ–૧૫



ભાઈશ્રી દેવલુક,

ગુજરાત વિષે બધી જાતની માહિતી એકઠી કરી તેને ગ્રંથરૂપે પ્રસિદ્ધ કરવાનો તમારો વિચાર ઘણો સારો છે.

આ સાહસ ઉપાડવાને માટે તમને અભિનંદન. આથી આપણી પ્રજાને પોતાની શક્તિ–અશક્તિનો પૂરો ખ્યાલ આવશે જે આજના વખતમાં ઘણું જરૂરનું છે.

અમદાવાદ
તા. ૧૬–૭–૬૯

સેવક
ઠાકોરભાઈ દેસાઇ

---

જાહેર બાંધકામ વીજળી અને પુરવઠા
ખાતાના મંત્રીશ્રીનું કાર્યાલય
સચિવાલય અમદાવાદ–૧૦



આપનો તા. ૧૫મીનો પત્ર મને તા. ૧૭મીએ મળ્યો.

આપે ઉપાડેલી મહત્વાકાંક્ષીભરી પ્રવૃત્તિ માટે હાર્દિક અભિનંદન. આપે ઈચ્છ્યું છે એ જાતનું કામ થઈ શકશે તો સમગ્ર ગુજરાત માટે એક ઘણી ઉપયોગી સિદ્ધિ થશે.

આપના આ પ્રયાસને સફળતા ઈચ્છું છું.

લિ૦

તા. ૧૭–૭–૬૯

બાબુભાઈ જ. પટેલ

મંત્રી, કામદાર અને સમાજકલ્યાણ,
ગુજરાત રાજ્ય,
સચિવાલય, અમદાવાદ–૧૫



ભાઈશ્રી નંદલાલભાઈ,

બૃહદ ગુજરાતની અસ્મિતા- સાંસ્કૃતિક સંદર્ભ ગ્રંથ પ્રગટ થાય છે તે જાણી આનંદ થયો.

ગુજરાત વિષેના પ્રમાણભુત જ્ઞાનકોશની જરૂરિયાત વર્ષોથી વણપુરી રહી છે તે આ પ્રકાશનથી પૂરી પડશે એવી આશા છે. તમારા આ ગ્રંથને હું આવકારૂં છું.

તા. ૨૩–૪–૧૯૬૯. શાંતિલાલ શાહ

---

જાહેર બાંધકામ (સીંચાઈ સિવાય) અને જાહેર
આરોગ્ય વિભાગના ઉપમંત્રી
સચિવાલય, અમદાવાદ–૧૫



"ગુજરાતની અસ્મિતા" ના નામે સાંસ્કૃતિક સંદર્ભ ગ્રંથ આપ પ્રગટ કરી રહ્યા છો તે જાણી આનંદ.

ગુજરાતમાં ગામડે ગામડે અને નગરે નગરે જો આંખ ઉઘાડી રાખીએ તો "ગુજરાતની અસ્મિતા" ના દર્શન થયા વિના નહિ રહે. ગુજરાતનું સાહિત્ય, ગુજરાતનું સ્થાપત્ય, ગુજરાતની કળા અને ગુજરાતની કારીગરી એ સહુમાં "ગુજરાતની અસ્મિના" સાંપડશે.

ગુજરાતની અસ્મિતાનું દર્શન નૂતન પેઢીને નવીનરીતે થાય, તેમનો એમાં રસ જાગે અને ગુજરાતીઓ તરીકેનું તેમને કાંઈક અભિમાન-અસ્મિતા તેમનામાં જાગે એમ કરવાની જરૂર છે.

એમ પણ કહી શકાય કે જ્યાં જ્યાં ગુજરાતી વસે છે ત્યાં ત્યાં "ગુજરાતની અસ્મિના" પથરાયેલી જ છે.

તમે જે ગ્રંથ પ્રસિદ્ધ કરો છો તે "ગુજરાતની અસ્મિતા"નું આપણી નવી પેઢીને નવી રીતે પ્રદાન કરે એવી શુભેચ્છા.

તા. ૩૧–૭ ૧૯૬૬. ઊર્મિલા ભટ્ટ

નાયબ મંત્રી,
વન અને માર્ગ વાહન, વ્યવહાર
સચિવાલય, અમદાવાદ-૧૫



ભાઈશ્રી નંદલાલ દેવલુક,

સૌરાષ્ટ્રની અસ્મિતા સંદર્ભગ્રંથના આવકારદાઈ પ્રકાશન પ્રગટ કર્યા પછી હવે બૃહદ ગુજરાતની અસ્મિતા સાંસ્કૃતિક સંદર્ભગ્રંથનું ભગીરથ કામ તમે ઉપાડયું છે તે જાણી આનંદ થયો.

ગુજરાતની કલા સંસ્કૃતિથી માંડીને સમાજજીવનના તમામ પાસાઓને ગુજરાત સંદર્ભગ્રંથમાં તમે આવરી લીધા છે આવુ આ પ્રકાશન ગુજરાતી પ્રજાને ખુબ જ ઉપયોગી નિવડશે. એટલું જ નહીં આવું કામ ઉપાડીને તમે સાહિત્યની મોટી સેવા કરી રહ્યાં છો.


સાહિત્ય સંશોધનના આ કાર્યમાં પ્રજાના તમામ વર્ગે તમને દરેક રીતે સહકાર આપવો જોઈએ.

તમારા આયોજન માટે ધન્યવાદ. આ પ્રકાશનને સંપૂર્ણ સફળતા ઈચ્છું છું.

તા. ૧૯-૬-૧૯૬૯. લિ. **પરમાણંદદાસ ઓઝા**

---

મહેસૂલ વિભાગના નાયબ મંત્રીશ્રીની કચેરી,
સચિવાલય, અમદાવાદ-૧૫



ભાઈશ્રી,

"ગુજરાતની અસ્મિતા" નામનો સર્વક્ષેત્રને આવરી લેતો સાંસ્કૃતિક સંદર્ભ ગ્રંથ તૈયાર કરી રહ્યા છો તે જાણી આનંદ. તમારો આ પ્રયાસ ઘણો પુરૂષાર્થ અને મહેનત માંગી લે તેવો છે. સર્વ સંગ્રહ જોડે તમારૂ આ મુલ્યવાન પ્રકાશન ગુજરાતની પ્રજા માટ અને ગુજરાત બહાર વસતા ગુજરાતીઓ માટે ઘણું જ ઉપયોગી બની રહેશે તેવી મને શ્રદ્ધા છે.

લિ. શુભેચ્છક
**શાંતિલાલ સ્વ. શાહ**

તા. ૯-૬-૧૯૬૯

મંત્રી, શિક્ષણ અને નગરપાલિકાઓ
ગુજરાત રાજ્ય,
સચિવાલય, અમદાવાદ–૧૫.



ભાઈશ્રી,

આપના તરફથી "બ્રહદ ગુજરાતની અસ્મિતા" નામનો સાસ્કૃતિક સંદર્ભ ગ્રંથ બહાર પાડવામાં આવવાનો છે તે જાણી આનંદ થયો.


ગુજરાત રાજ્યની સ્થાપના પછી ગુજરાતરાજ્યે વિવિધક્ષેત્રોમાં સારી પ્રગતિ કરી છે તેમજ ભવિષ્યમાં વધુ સારી પ્રગતિ થશે એ નિશ્ચિત છે. સંદર્ભ ગ્રંથમાં આ બધી બાબતો વિષે વિગતવાર માહિતી આપવામાં આવશે એવી આશા છે.

ગ્રંથને સફળતા ઈચ્છું છું.

તા. ૧૮–૪–૬૯ ગોધનદાસ ચોખાવાલા

---

નાયબ મંત્રી,
સમાજ કલ્યાણ, નશાબંધી અને આબકારી,
સચિવાલય, અમદાવાદ–૧૫.



ભાઈશ્રી,

"બૃહદ ગુજરાતની અસ્મિતા" નામે ગ્રંથ આપ પ્રકાશીત કરી રહ્યા છો તે જાણી ઘણો હર્ષ અનુભવું છું. પ્રાચીનકાળથી માંડી વર્તમાન ગુજરાતના સમાજજીવનનાં બધાંજ પાસાઓને તેમાં આવરી લેવામાં આવ્યાં છે, એમ વિષય સુચિ ઉપરથી જણાય છે. ટુંકમાં, આ ગ્રંથ ગુજરાત માટે એન્સાઈકલોપીડિયાની ગરજ સારે તેવો બન્યો છે.

આ ગ્રંથ ગુજરાતના સમાજ જીવનના દરેક પાસા વિષે સંપૂર્ણ અને રસભર માહિતી આપતાં બિલકુલ થોડાં પુસ્તકોમોનું આ એક બની રહેશે એવી શુભેચ્છા વ્યકત કરૂં છું, તથા આપના સદર પ્રયાસને અને ભાવિ સાહિત્યિક પ્રયાસને પણ સફળતા ઈચ્છું છું.

શુભેચ્છા સાથે.........

તા ૧૭ મી જુલાઈ, ૧૯૬૯. હિંમતભાઇ રજવાડી

જૈન ઓફીસ
ભાવનગર

શ્રી નંદલાલભાઈ,

ગુજરાત–સૌરાષ્ટ્રની સમૃદ્ધિ અને ખુમારિને વાચા આપતી હકીકતો, માહિતી, કથા-વાર્તાઓ અને શૂરતા–વીરતા અને સેવા પરાયણતા તાદશ્ય કરતા લેખો અને વર્ણનથી ભરપૂર ગ્રંથ "બૃહદ ગુજરાતની અસ્મિતા સાંસ્કૃતિક સંદર્ભ ગ્રંથ" પ્રકાશિત કરી શ્રી નંદલાલભાઈ દેવલુકે ગુજરાતની સેવા કરી એ ગરવી ધરતીનું ગૌરવ વધારી રહ્યા છે.

સખત મોંઘવારી અને કપરો સમય છતાં ગોહિલવાડનાં પ્રકાશનો તથા 'સૌરાષ્ટ્ર સંદર્ભ ગ્રંથ' સુંદર અને પ્રશંસનીય બહાર પાડયા પછી સારાયે ગુજરાતને ઉપયોગી હકીકતો સાંકળી લેતો આ માહિતી સભર વિપુલ ગ્રંથ બહાર પાડી રહ્યા છે તે માટે અભિનંદન અને ભવિષ્યમાં આવો સમૃદ્ધ સાહિત્ય ગ્રંથો ગુજરાતને આપતા રહો તેવી શુભ કામના.

ગુલાબચંદ દેવચંદ શેઠ
તંત્રી "જૈન" સાપ્તાહિક

---

નગરપાલિકા
જામનગર

"બ્રહદ ગુજરાતની અસ્મિતા" સાંસ્કૃતિક સંદર્ભ–ગ્રંથ તૈયાર થઈ રહ્યો છે તેમાં જે વિષયો આવરી લેવામાં આવ્યા છે તે જોતાં તે બેશક સમસ્ત ગુજરાતનો એક મહાગ્રંથ હશે જ તેમાં મને કોઈશંકા નથી. આ ગ્રંથના પ્રયોજકોને મારા અભિનંદન પાઠવું છું.

જામનગર
તા. ૨૭–૧૦–૬૯

કાંતિલાલ જે. સંઘવી
નગરપતિ : જામનગર

# ધન્ય ધરા ગુર્જરી

છે આ ભાગ્ય ધરા વનો ઉપવનો, આબુ ગિરિ કન્દરા,
તીર્થો ને નદિઓ, સુરમ્ય નગરો, હેતાળવા માનવી ;
સાક્ષરો, કવિઓ, કલા–ગુરુ અને શીલ્પી, શૂરા ટેકીલા,
સંતો ને સતીઓ, મહા ગુણી જનો..... ધન્ય ધરા ગુર્જરી.

શાર્દુલા વીર સૈનિકો, નરપતિ, વીરાંગના નારીઓ,
સૌન્દર્યે શીલ–સંપને મલકતી, ધૂણી ધખે યોગીની,
સિંહોની ડણુકે અને મરદની હાકે ધરા ધ્રુજતી,
એવી ચેતનવન્ત પુણ્ય ધરતી,........ધન્ય ધરા ગુર્જરી.

હુંકારે નિજ અસ્મિતા પ્રગટતી આત્માનુભાવે રતિ !
છાતી ભક્તિ રસે સદા ઉછળતી, કલ્યાણકારી મતિ !
આકૃતિ ધરતી ધરે કુદરતી, મ્હેકી રહે પ્રકૃતિ !
અસ્મિતા મન રંજની રસવતી........ગાતી રહે સંસ્કૃતિ !

માધુર્યે મન નંદલાલ ઉપરે આશિષ વર્ષા કરે !
આનંદે અભિનંદને નયનથી આશિષ ધારા વહે !
સ્વાત્મારામ પ્રસન્ન ભાવ 'અચલે' માંગળ્ય રૂડું ચહે !
અસ્મિતા નિજ આત્મ–ઓજ કિરણે એકાત્મ લક્ષે ઠરે !

**જસવંતરાય ક. રાવલ 'અચલ'**



# શુભેચ્છાઓની વર્ષા

'બૃહદ્ ગુજરાતની અસ્મિતા'' સાંસ્કૃતિક સંદર્ભગ્રંથના ખાસ પ્રકાશનની સફળતા ઇચ્છતા આશિર્વાદ અને શુભેચ્છાઓના સેંકડો પત્રો અમને ચારે તરફથી મળ્યા છે – જેમાં ધર્મસંપ્રદાયના અગ્રણીઓ, સંતો–મુનિવર્યો, સાક્ષરો, આરાધકો, જે. પી. મહાશયો, ધારાસભ્યો, આગેવાન સમાજસેવકો, સ્ત્રી કાર્યકરો, સાર્વજનિક તેમજ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓના વહીવટકર્તાઓ અને વ્યક્તિગત રીતે ઘણા સ્નેહિઓ, મુરબ્બીઓ અને આપ્તજનો વિગેરેનો સમાવેશ થાય છે, જે પત્રો સ્થળ અને સમયના અભાવે અત્રે અમે પ્રગટ નથી કરી શકતાં તો તે બદલ ક્ષમા ચાહું છું.

—સંપાદક



# સંપાદકીય નોંધ



સાંસ્કૃતિક ઇતિહાસને સમજવા માટે સૌ પ્રથમ 'ઈતિહાસ' અને 'સંસ્કૃતિ' શબ્દોને સમજવા જરૂરી થઈ પડશે. ઇતિ–હ–આસ એટલે 'આ પ્રમાણે હતું.' એટલે જે સમયનો વિચાર કરીએ તે વખતે 'આ પ્રમાણે હતું.' અત્યાર સુધી ઈતિહાસમાં રાજાઓ, તેમના જન્મ, યુધ્ધો વગેરે બાબતોને મહત્વ આપવામાં આવતુ હતું પરંતુ સ્વ. જવાહરલાલે અર્વાચીન ઇતિહાસને માનવીનો જંગલી અવસ્થામાંથી સભ્ય અવસ્થા સુધીના વિકાસક્રમની કથા ગણાવી એક નવું સોપાન આપ્યું. ઇતિહાસ એ માનવજીવનનો ભૂતકાળ છે. ઇતિહાસમાં માનવ જીવન સાથે સંકળાયેલી સંસ્થા, માનવની શોધો, તેની સફળતા, નિષ્ફળતા, વિ. નું આલેખન હોવું જોઈએ. ઇતિહાસ માનવજીવનનો ભૂતકાળ સમજવામાં, વર્તમાનકાળની મૂશ્કેલીઓ હલ કરવામાં અને ભવિષ્યકાળને ઘડવામાં ઉપયોગી થઇ પડે તોજ તે યથાર્થ છે.

સંસ્કાર અને સભ્યતા મળી સંસ્કૃતિ કહી શકાય. સંસ્કારિતા (culture)ને હૃદય સાથે સંબંધ છે–બધો માનવીય વિકાસ એને આભારી છે. ધર્મ, કળા, તત્વજ્ઞાન, સાહિત્ય વિકાસ સંસ્કાર સૂચવે છે–તો સભ્યતા (Civilization) ને બુદ્ધિ સાથે સંબંધ છે અને તે બાહ્ય વિકાસનું દ્યોતક છે.

આ રીતે સંસ્કૃતિમાં સંસ્કારતા અને સભ્યતા આવી જતાં માનવીની સમસ્ત જીવનસરણીનું સર્વાંગી દર્શન સાંસ્કૃતિક ઇતિહાસમાં આવી જાય છે.

ભાષાવાદના ઝેરથી ભાઇભાઈને ખંજર ભોંકે છે–તો ઇતિહાસના ઊંડાણમાં મીરાં–કબીર કે તુલસી–નરસીંહના પ્રેમગીતો–ભજનો લોકહૃદયના અતલ ઊંડાણમાં નિર્મળ સલિલ સરિતાના પ્રવાહની જેમ વહી રહ્યાં છે ત્યાં કોઇએ ભાષાવાદના ઝેરથી ત્રસ્ત નથી કર્યા–પ્રાદેશિક સંકુચિતતાથી પ્રેરાઇને ભસ્માસૂર તેની આસુરી માયા વિસ્તારી રહ્યો છે–તો અરવી ગુજરાતની ધરતીના લોક હૃદયમાં તુકારામના અભંગે કોઇ સંકુચિતતાના તરંગો ઊભા કર્યા નથી.

પ્રત્યેક સદીના સમયકાળમાં ધરતીની ધૂળમાંથી સુવર્ણકણો શોધતાં ધૂળધોયાઓ પાકયાં છે–ગુજરાતની ગરવી ધરતીએ–તેના સાગરકાંઠાની સમુદ્રમોજે ઉછળતી પ્રજાએ ખમીરવંતી સંસ્કાર કેડી ઊભી કરી છે—

આત્મશ્લાઘા નહિં–ભૂતકાળને વાગોળવા નહિં–પરન્તુ 'સાંસ્કૃતિક ઈતિહાસ' થી પોતાના દેશની–સમસ્યાઓને સમજવા સરળતા ખાતર, સમસ્યા સમજતાં તેના ઊકેલ માટે ઉપાયો-શોધવાની નેમ સાથે, આપણા દેશની જ્ઞાતિપ્રથા, અસ્પૃશ્યતા, ગરીબાઈ,





અનેક સંપ્રદાયો અને એવી જટીલ સમસ્યાઓ સમજવા આપણા સાંસ્કૃતિક ઇતિહાસનો અભ્યાસ ઉપકારક બનશે એવી શ્રદ્ધા સાથે આ નાનકડા પુરુષાર્થને ગુજરાતની પ્રજા મૂલવશે એવી અભ્યર્થના છે.

માત્ર ઇતિહાસ અને ભૂતકાળની ગાથાઓમાં રાચનારો આ પ્રદેશ નથી. ગુજરાતની અસ્મિતાના મૂળ ભલે ઊંડા ઉતર્યાં હોય છતાં વર્તમાનના વહેણ સાથે પણ તાલબદ્ધ કદમ મીલાવતુ રહ્યું છે.

આ ભૂમિના કલાકારીગિરિ અને હસ્તકૌશલ્ય, ગૂંથણ અને ભરતકામ દુનિયાભરની બજારમાં આકર્ષણ જમાવવા લાગ્યા છે. આ ભૂમિના કારીગરોની આંગળીઓમાં આ કળા વણાઈ ગઈ છે. આ બધા વિષયોને યોગ્ય ન્યાય આપી ગ્રંથસ્થ કરવામાં શ્રી ખોડીદાસ પરમાર અને શ્રી જોરાવરસિંહ જાદવનું સંશોધન અને મહેનત દાદ માગી લ્યે તેવા છે.

અહિંયા સૌંદર્ય પણ ભારોભાર પડયું છે પણ સૌંદર્ય સાથે સંસ્કાર, સસ્સ્વતિ અને સૌષ્ઠવનું સંમિલન માત્ર ગુજરાતમાં જ સભર પડયું છે. આંખ ભરીભરીને જોવા ગમે તેવા સૌંદર્યધામોની હારમાળા અહીં છે. પાલીતાણાના જૈન મંદિરો હજાર વર્ષથી પણ જૂના હશે? ધૂમલી પાસેથી મળી આવેલા તામ્રપત્રો પણ ઘણા જૂના જમાનાની યાદ આવે છે.

ગિરનાર, શત્રુંજય, બરડો કે તળાજા જેવા નાનામોટા પર્વતો અને ઉત્તર ગુજરાતના ઘણા પ્રાચીન સ્થળો ઇતિહાસકારોના સંશોધનની ભૂખ ભાંગી નાખે છે તો વળી ખેડા જિલ્લાના કેટલાએ ધાર્મિકસ્થળો ધર્મવાંચ્છુઓની આધ્યાત્મિક ધર્મભાવનાને સંતોષે છે, પોષે છે.

સરિતાના સલિલની જેમ સરી જતા સમયના દિવસોનો એક આંટો પૂરો થાય છે. માનવજીવનની તવારીખમાં નૂતન વર્ષની અનેક ઉષાઓ ઊગીને આથમી ગઈ, પણ ઉન્નતિ અને અવનતિના સોપાનોની ચડ ઉતર કરતો માનવી આજે કયાં ઉભો છે?

માનવજીવનની આ વણઝાર નિરંતર વહી રહી છે. તેના પાયામાં સાંસ્કૃતિક વારસાના અહીંતહીં જે અમૃત બિંદુઓ પડ્યાં છે. તે શોધીને મૂકવાનો નમ્ર પુરુષાર્થ છે.

ગરવી ગુજરાતની ધરતીના સપુતોએ, સાગરખેડુ વીરોએ વીરાગની સંસ્કૃતિ રચી છે. તો સંતો અને ઓલીયાઓએ પ્રજાજીવનના એકએક ક્ષેત્રમાં પોતાના જીવનનો પ્રભાવ પાડયો છે; આધ્યાત્મિકતાની ચીનગારી આપનારા સિદ્ધપુરુષો પણ આ ધરતીનું ધાવણ ધાવીને સમસ્ત દેશના ગૌરવ બનીને રહ્યાં તો વળી ઉદ્યોગ અને વાણિજ્યના ક્ષેત્રમાં પ્રતિભા ઉભી કરનાર નરપુંગવો પણ ગુજરાતની ધરતીએ આપ્યાં છે. તો વૈષ્ણવ સંસ્કારોને કારણે પ્રેમ અને અહિંસા જીવનદૂધમાં ભેળવી, સંસ્કારોને ઊછેરી, વિકસાવી એમાંથી જીવનનું રસાયણ બનાવી અદ્ભુત સંજીવની નિપજાવી અભિનવ જીવનસ્વરૂપ ઘડવાનાં ભગીરથ કાર્ય કરનાર નામી–અનામી ગુજરાતી સંસ્કૃતિના વાહકોએ, શ્રમણ સંસ્કૃતિના તાણાવાણાએ માનવ-જીવનને એક નૂતન સમાજનો આકાર આપ્યો છે. આ ભૂમિના કવિઓ અને સાહિત્યકારોએ શબ્દોની દુનિયામાં પણ અનુપમ સૌરભ પ્રસરાવી છે. કારણ આ સંસ્કૃતિમાં રસ અને માધુર્ય ભર્યાં પડ્યા છે. ગુજરાતના રાસ, ગરબા, ભજનો, દુહાઓ, સોરઠી લોકકથાઓ, આદિવાસી નૃત્યો, ગુજરાતની સંસ્કૃતિના અમૃતપાન કરાવતા ચિરકાળ વહ્યાં કરશે.

ગુજરાતની ધરતી ઉપરના અમેગાસ બબ્બે ત્રણ ત્રણ સિંહાત્માઓ જાણો. જેમણે, પોતાના બંધનો કાપ્યાં હોય, જેમણે અનંતનો સ્પર્શ અનુભવ્યો હોય, જેમનો આત્મા આખો બ્રહ્મમાં ઢળ્યો હોય. જેમને ધનની સત્તાની અને યશની ભૂખ–ઝંખના ન હોય. પછી જોઈ લો કે ધરા કેવા આનંદથી ઝુલે છે!

ગુજરાતના ભાતીગળ સાંસ્કૃતિક ઇતિહાસના પાનાઓ ઊખેળતાં આવા સિંહાત્માઓના જીવન કવન દ્વારા ગુજરાતની અસ્મિતાની ઝાંખી કરાવવાનો અમારો નમ્ર પ્રયાસ છે.

યોગ અને અઘોર સંપ્રદાયોનાં ધામ:–

વેદકાળના આરણ્યક ઋષિઓ યોગવિદ્યાના ઉપાસકો હતા. તેમનામાંના કેટલાક પણ ગુજરાતમાં યોગવિદ્યા સાથે નિવાસ કરતા. ભગવાન શ્રીકૃષ્ણ પણ મહાસમર્થ યોગેશ્વર તરીકે પ્રસિદ્ધ છે. આ ઉપરાંત ગિરનારમાં યદુ રાજાને તત્ત્વજ્ઞાન તથા અવધૂત માર્ગનો

ઉપદેશ દેનાર ભગવાન ગુરુદત્તાત્રેયનાં પણ ગિરનારમાં બેસણાં છે. નર્મદા કિનારે નારેશ્વરના સંત બ્રહ્મલીન પરમપૂજ્ય શ્રી રંગઅવધૂત મહારાજે પણ દત્તોપાસના કરી દત્ત સાક્ષાત્કાર કરેલો; તથાયોગ વિદ્યાની પ્રણાલિકા જાળવી રાખી.

ભગવાન શ્રી ચંદ્રમૌલિશ્વર સોમનાથની ઉપાસના ઋગ્વેદ જેટલી પ્રાચીન છે. ચંદ્રને ક્ષયરોગ મટાડનાર શ્રી સોમેશ્વર ભગવાનના ધામ આસપાસ અઘોર સંપ્રદાયના ઉપાસકો પણ હતા. ભગવાન શિવના અવતાર રૂપ પાશુપત મતના આચાર્ય ભગવાન લકુલીશ તથા તેમની શિષ્યપરંપરા આયુવર્ધક ત્ર્યમ્બક ભગવાન શિવની પાશુપતમત પ્રમાણે ઉપાસના કરતા અને ગુજરાતમાં તેમની આહલેક તથા અઘોર મંત્રનોનાદ પણ વાતાવરણમાં ગુંજતો.

### મૈત્રકકાલીન ગુજરાતની સંસિદ્ધિ :–

મૈત્રકો કોણ હતા અને મૂળ ક્યાંથી આવેલા તે રસપ્રદ સંશોધનનો વિષય છે પણ ગુજરાતમાં એકવાર મૈત્રકોની આણ પ્રવર્તતી અને મૈત્રકોના સમયનું ગુજરાત સમૃધ્ધ હતું. મૈત્રકોની રાજધાની વલભીપુરમાં હતી. વલભીપુર ગુજરાતનું ધીકતું બંદર હતું. એકસો ઉપરાંત કરોડપતિઓ ત્યાં વસતા. બૌધ્ધ ધર્મના એકસો મઠો ત્યાં હતા અને ૭૦૦૦ બૌધ્ધભિખ્ખુઓ ત્યાં ધર્મારાધન કરતા. વલભીના રાજવીઓ સૂર્યનાં, શિવનાં કે અર્હંત મતના ઉપાસકો હતા અને સર્વધર્મ સમભાવી હતા. વલભીના વર્તમાન સમયે મળતાં દાનપત્રો, તેમનાં રાજવીઓની દાનપ્રશસ્તિ ગાય છે. અર્વાચીન વલભીમાં દશ્યમાન વિશાળ શિવલિંગો અને સિધ્ધેશ્વરના મંદિરનો બૃહદકાય વેદી વલભીમાં થતી શિવોપાસનાનાં જ્વલંત પ્રતીકો છે. પ્રસિદ્ધ બૌદ્ધ યાત્રીઓ હ્યુઅનેત્સાંગ અને ઇત્સિંગે વલભીનાં આંખેદીઠાં વર્ણનો કર્યાં છે. ને આ ગ્રંથમાં પ્રસંગોપાત વિસ્તારથી તેનાં નિર્દેશો છે. સમ્રાટ હર્ષે પણ વલભી નરેશ સાથે મૈત્રી સંબંધો બાંધેલા.

### ક્ષત્રિયોનાં પ્રેમશૌર્યનાં તેજ–કિરણો :–

મૈત્રકવંશના રાજકૂળે વલભીના વિનાશ પછી રાજસ્થાનનો આશ્રય લીધો અને પાછાં ત્યાંથી સેજકજી ગોહિલ અને વાળાઓ પાછા સૌરાષ્ટ્રમાં આવ્યા. તેમના વંશના રાજવી પ્રેમશૌર્યના ઇતિહાસનાં તો માનાં ભરાય છે. તે જ પ્રમાણે જેઠવાઓ હનુમાન વંશના, યદુવંશનાં કે શક કુળના હોવા વિષે મતભેદ છે. સૌરાષ્ટ્રના મેરલોકો કાં મૈત્રકવંશના અથવા કાશ્મીરના મહિરગુપ્તના વંશજો છે તેવી માન્યતા છે. પરમાર, પઢિયાર, ચૌહાણ અને સોલંકી કુળો વિષે પણ બેમત છે. એક મત પ્રમાણે તેઓ અગ્નિકુંડમાંથી ઉત્પન્ન થયેલા ગણાય છે ત્યારે કેટલાક મત પ્રમાણે મૌર્યવંશની પિત્તસઇ કોમના પરમારો ગણાય છે.

સિંધમાંથી કચ્છ દ્વારા મોરબી પંથકમાં ઢાંકમાં ઉતરેલા જેઠવાઓએ ઘૂમલી બાંધ્યું. આ પછી ચાવડાવંશની સમુદ્રપરની ચાંચિયાગીરીના, ને તેમાંથી નાસી છુટેલ શાખામાં થયેલા જયશીખરીએ પંચાસર વસાવ્યું. આ પછી ભુવડે તે ભાંગ્યું, તેમાંથી વનરાજનાં પરાક્રમો અને તેના સોલંકી યુગના ગુજરાતનાં સંભારણાંનો પણ યુગસર્જક ઈતિહાસ છે.





સિંધમાંથી વજનાભના યદુવંશી ચૂડાસમાઓ જુનાગઢના અને સૌરાષ્ટ્રના પરાક્રમી ક્ષત્રિયો હતા. જુનાગઢના રા અને યુવાન ખેંગારોનો ઇતિહાસ પણ કંકુવર્ણો છે અનેક ક્ષત્રિય કુળોનાં શૌર્યનાં સંભારણા, તેમના આશ્રયધર્મો, પરાક્રમો ને કેસરરંગ્યા પ્રણયો પ્રસિદ્ધ છે.

ગુજરાત–સૌરાષ્ટ્રની તેજ કિરણાવલી છે—

અજિત બાણાવલી ભીમદેવ, ગુજરાતના સામંત ચક્રચૂડામણી રાજાધિરાજ સિદ્ધરાજ જયસિંહ અને તેમના ત્રિભુવનગંડમાં પરાક્રમો, રાજર્ષિ કુમારપાલની ધર્મદેશનાથી શોભતી શાંત અમૃતમય રાજ્ય કારકિર્દી તેમ જ ગુજરાતનાં જ સ્વપ્નદષ્ટા કીર્તિવિજયી વસ્તુપાલ તેજપાલ અને ગુજરાતની સુશ્રી અનુપમાદેવીનાં ધાર્મિક અને કલા ભાવનાથી મંડિત સંસ્મરણો આજ પણ ભારતભરનાં યાત્રાળુઓનાં આકર્ષણરૂપ બનેલા છે. સોલંકી કાળનું ને તેનું પૂર્વવર્તી ગુજરાત અનુપમ, અવનવું ને સંસ્કારભૂષિત છે.

મહેમદ બેગડા અને અહમદશાહનાં સંભારણાં—

ઇસ્લામના ઉદય પછી ભારતના ઇતિહાસ સાથે ગુજરાતના ઇતિહાસે પણ કરવટ બદલી અને ગુજરાત ઉપર દિલ્હીનાં વિધર્મી શાસનનાં પદાક્રમણ થયાં. આ આક્રમણોનાં ખાટામીઠાં સંભારણામાંથી બે ગઢના વિજેતા પરાક્રમી અને મહાબળવાન મહમદશાહનાં સંભારણા તથા અમદાવાદનો શિલાન્યાસ કરનારા અહમદશાહ ગુજરાતના ઇતિહાસની તેજસ્વી મૂર્તિઓ છે. જબ કુત્તે પર સસ્સા આયા તબ બાદશાહને શહર બસાયા વાળી પ્રસિદ્ધ ઉક્તિ તથા પાંચ પવિત્ર મહમદો દ્વારા અમદાવાદની ભૂમિનો શિલાન્યાસ થયો. આ અમદાવાદ ગુજરાતનું પાટનગર થયું અને તેણે ઘણા ઉતાર ચડાવ જોયા ગુજરાતની આ રાજધાનીમાં જ મોગલ શહેનશાહ જહાંગીરે સર ટોમસ રોની ભેટ સ્વીકારી અને પાછળથી સૂરતમાં ઇસ્ટ ઇન્ડિયા કંપનીની કોઠી સ્થપાઈ.

સાબરમતિનાં સંતની સાંત્વના અને વીર વલ્લભની સિંહ ગર્જના—

આ પછીના અર્વાચીન ગુજરાતના ઇતિહાસની તેજસ્વી પરંપરા સુભગ–સુલભ છે. સુદામાપુરીમાં ૧૮૬૯ ની બીજી ઓકટોબરે ગાંધી કુટુંબમાં જન્મેલા મોહનદાસે સત્ય અને અહિંસાના માર્ગે મહાત્મા બની દક્ષિણ આફ્રિકામાંથી ભારતમાં આવી સાબરમતિનાં કિનારે સત્યાગ્રહ આશ્રમની સ્થાપના કરી અને આજ ભૂમિમાંથી સ્વાતંત્ર્યની રણભેરી ભારતભરમાં પ્રબળપણે ગજી ઉઠી. સાબરમતિના સંતના સત્યાગ્રહો, એકાદશ મહાવ્રતો અને તેમની અહિંસાની મશ્કરી કરતાં કરતાં તેમને જ જીવન સમર્પિત કરી ધન્ય બનેલા ગુજરાતના પનોતાપુત્ર, વીરસેનાની સરદાર સાહેબ અમદાવાદનાં નગર વિકાસનાં ઇતિહાસમાં જ નહિ પણ ભારતીય મહાતંત્રના ઇતિહાસમાં સવાઈ બિસ્માર્ક તરીકે તથા ભગવાન ચાણક્ય પછીના કુશળ કૂટનીતિના રાજદ્વારી આર્ષદષ્ટા મુત્સદ્દી તરીકે સદીઓ સુધી અમર રહેશે.

ગુજરાતની સાંસ્કૃતિક ચેતનાનો વિશાલ વ્યાપ—

ગુજરાતનાં ઇતિહાસનાં વિહંગાવલોકન પછી વિવિધ ક્ષેત્રે ગુજરાનની વ્યાપક સાંસ્કૃતિક ચેતનાએ સર્જેલાં ઉન્નત અભિગમો તથા પુરુષાર્થ પૂર્ણ સિદ્ધિઓને અતિશય સંક્ષેપમાં જરા જોઈ લઇએ—

(અ) ગુજરાતમાં વસતી જનજાતિઓ—

ગુજરાતના રાજનૈતિક ઇતિહાસની જેમ ગુજરાતની સામાજિક પ્રતિભાનું સ્વરૂપ પણ નિરનિરાળું અને ચિત્તાકર્ષક છે. અનેક જાતિઓએ ભારતના આ પશ્ચિમ ભાગમાં પ્રવેશ કરી તેને પોતાનો સ્થાયી નિવાસ બનાવ્યો. ગુજરાતની રહેણી કરણી, ભાષા, સાહિત્ય, રીત-રિવાજ, લોક ગીતો, મેળાઓ, તહેવારો તથા કથાઓ વગેરેમાં આ બધી જન જાતિઓની લાક્ષણિકતાઓએ ગુજરાતના પ્રસિદ્ધ પાટણના પટોળા જેવો તેને રૂપ રંગ આપેલ છે. ગુજરાતમાં અનેક જાતિઓમાં ભીલ અને રાનીપરજ અત્યંત પ્રાચીન લોકો છે–જે આજે પણ પ્રાચીન ગુજરાતનું અને પ્રાચીન ભારતનું એક વિશિષ્ટ અંગ છે.

ઉત્તર અને મધ્યવર્તિ ગુજરાતની ઠાકોર, મીર, મેર, રબારી, માલધારી, ડફેરા, વાઘેર. આ બધાનાં શારીરિક રીતે સ્ત્રીપુરૂષોનાં ગઠીલા સ્વસ્થ શરીરો અને પ્રસન્ન વ્યવસાયો ગુજરાતનાં સામાજિક આર્થિક અને સાંસ્કૃતિક જીવનને સમૃદ્ધ બનાવે છે.

ગુજરાતનાં ચતુર અને બુદ્ધિશાળી ખેડૂતો, પાટીદારો, જૈન વણિકો તથા સાહસી વેપારીઓ તથા ઉદ્યોગપતિઓને પણ તેમની વિશિષ્ટ જીવન પ્રણાલી છે. ગુજરાતનાં બ્રાહ્મણો અને ક્ષત્રિયોની પણ જુદીજુદી જ્ઞાતિઓને પોતાનાં અવનવાં સ્વરૂપો છે.

ગ્રામપ્રદેશમાં વસતી જનજાતિઓનાં વસ્ત્રાભૂષણો, ઘરની ભીંતો પરના ચિત્રો અને લીંપણની પદ્ધતિઓ, તેમની દેવતોપાસના આ બધાં એકએક વિષયો સમાજશાસ્ત્રીય અને કલા વિધાનનાં ગ્રંથોનાં રોચક વિષયો પૂરા પાડે તેવાં છે.

(ખ) ગુજરાતનાં પશુ-પક્ષી ધનો

ગુજરાત દૂધઆપનાર, ઉપયોગી અને વન્ય પશુપક્ષીઓથી સમૃદ્ધ છે. ગીરનાં જંગલમાં વસતા કેસરીસિંહની એશિયાભરમાં માત્ર ગુજરાતમાં જ ગૌરવપૂર્ણ વસતી છે. કાંકરેજી ગાયો, સૌરાષ્ટ્રના પાંચ રત્નોમાં ગણાતા શ્રેષ્ઠ ઘોડાઓ, ગિરનારની આસપાસના પ્રદેશની નવચાંદરી ભેંશો, મહેસાણા વિસ્તારની ભેંશો, ઉત્તર ગુજરાતમાં હરણો, કચ્છનાં જંગલી ગધેડા, ફ્લેમિંગો, ઉંટ, આ બધા પશુધનના વિસ્તાર છે.

પશુઓ ઉપરાંત કચ્છના રણ અને સૌરાષ્ટ્રના નળ સરોવરમાં આવીને ટૂંકસમય માટે વસતા પક્ષીઓ પણ પક્ષી વિશારદો માટે અધ્યયનનો ભરપૂર મસાલો પૂરો પાડે છે. આ ઉપરાંત મોર, સારસ, દરજીડો, પોપટ, લક્કડખોદ, તેતર, કાગડાની જાતો, તેમજ બીજાં પણ અનેકવિધ પક્ષીઓ જાણીતાં છે.

ગુજરાતમાં પક્ષીઓની બાબતમાં શ્રીપ્રદ્યુમનભાઈ કંચનરાય દેસાઈ તથા પશુઓનાં સ્વરૂપ સંસ્કૃતિમાં નિષ્ણાત શ્રી ધર્મકુમારસિંહજી જેવા આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત નિષ્ણાતો આપણે ત્યાં છે તે સદ્ભાગ્ય છે.

(ક) ગુજરાતનાં પ્રસિદ્ધ પંડિતો, શાસ્ત્રીઓ અને બહુશ્રુત મેધાવીઓ

પ્રાચીન અને અર્વાચીન ભારતને ગુજરાતે વિશ્વવિશ્રુત પંડિતો, શાસ્ત્રીઓ, બહુશ્રુત વિદ્વાનો આપ્યા છે. દુર્વાસા, ચ્યવન સૌભરી અને યાજ્ઞવલ્કય વગેરે દાર્શનિક ઋષિ મહર્ષિઓનાં આશ્રમો ગુજરાતમાં હતા. નર્મદાના કીનારે એક બેટ પર ભગવાન વેદવ્યાસ અને નર્મદાના સામાતટે અવધૂત શિરોમણી ભગવાન શુકદેવજીના આશ્રમો હતા, જે અદ્યાપિ પ્રસિદ્ધ છે. વૈશેષિક દર્શનના આચાર્ય કણાદનો આશ્રમ પ્રભાસમાં હતો એવું વાયુપુરાણમાં કથન છે. રામકથા દ્વારા વ્યાકરણને વણી લેનારા ભટ્ટી કવિ અને પંચમહાકાવ્યમાંનું 'શિશુપાલવધ' મહાકાવ્ય રચનાર માઘ કવિ ગુજરાતના હતા. બૌદ્ધધર્મના સુખ્યાત ચિંતકો સ્થિરમતી, ગુણમતી વલભીમાં, જૈનધર્મના અસાધારણ વિદ્વાન અને 'પ્રબંધચિંતામણિ'ના રચયિતા મેરુતુંગાચાર્ય વઢવાણનાં હતા.



જામનગરમાં શ્રીકંઠ નામના પંડિતે 'રસકૌમુદી' નામનો ગ્રંથ લખેલો. આ પછી પંડિત વાણીનાથ, શ્રીકૃષ્ણ, રવિનાથ, કેશવજી શાસ્ત્રી, બેચરજી શાસ્ત્રી, હાથીભાઈ, ભવાનીશંકર શાસ્ત્રી, જટાશંકર શાસ્ત્રી, વગેરે શાસ્ત્રીઓએ ગિર્વાણ ગીરાની આરાધના કરીને વિવિધ-ક્ષેત્રોમાં મૌલિક ગ્રંથો રચ્યા છે.

જૂનાગઢના ભારતમાર્તંડ પંડિત ગટ્ટુલાલજી કાવ્ય, નાટક અને જ્યોતિષશાસ્ત્રની ત્રણત્રણ શાસ્ત્રોમાં એવી નિપુણતા ધરાવતા કે તેમનો શબ્દ અંતિમ ગણાતો. મોરબીના શીઘ્રકવિ શંકરલાલ માહેશ્વર કાવ્યરચના માટે છેક કાશી સુધી કીર્તિધ્વજ લહેરાવી ચૂકેલા.



સામવેદના ભારતભરમાં સૌથી નિષ્ણાત સામગાન કરનારા અને મદ્રાસના વેદજ્ઞ પંડિતો વડે સત્કૃત પં. રેવાશંકરશાસ્ત્રીજી આજે પણ ગુજરાતનો ડંકો વગાડે છે. નર્મદા કાંઠે ચાંદોદ કરનાળી પણ સામવેદના પંડિતોનું સ્થાન ગણાય છે. પં મગનલાલશાસ્ત્રીજી અને દયાનંદજી વેદપાઠી પણ વલ્લભવેદાંત અને સામગાનના અનુક્રમે નિપુણ પંડિતો હતા.

વર્તમાન યુગમાં પં. મનહરલાલજી મહારાજ, ભાગવત ભૂષણ કૃષ્ણશંકરશાસ્ત્રીજી, શુકાવતાર સમ પૂજાતા પ. પૂ. રામચંદ્રડાંગરેજી મહારાજ, જૈન તત્ત્વદર્શનના પ્રખર વિદ્વાન પં. બેચરદાસજી દોશી, પ્રજ્ઞાચક્ષુ પંડિતજી સુખલાલજી; શ્રી દલસુખભાઈ માલવણીયા શ્રી રતિલાલ દિપચંદ દેસાઈ, શ્રી પરમાણંદભાઈ કાપડીયા, શ્રી ભોગીલાલ સાંડેસરા, શ્રી વિષ્ણુદવે સાંકળેશ્વર પંડિત આ બધા ગુજરાતના ભૂષણરૂપ નિધિ સ્વરૂપો છે.

(૬) ભારતભુષણ ગણાયેલ સંપ્રદાયાચાર્યો

આ મહાનુભાવ પંડિતવર્યો ઉપરાંત ગુજરાતમાં સંપ્રદાયના સ્થાપકો અને તેમાં વિદ્વાન ધર્માચાર્યો પણ થઈ ગયા છે.

આંધ્ર પ્રદેશમાં જન્મેલા પણ ગુજરાતમાં પરિભ્રમણ કરી જેમણે અલૌકિક પુષ્ટિમાર્ગનું પ્રવર્તન કરનારા જગદ્ગુરુ શ્રીમદ્ વલ્લભાચાર્યજી તથા પ્રભુ ચરણ શ્રી વિઠ્ઠલેશજીનાં ચરણચિહ્નો તથા બેઠકો ગુજરાતમાં સ્થળે સ્થળે છે. આ સંપ્રદાયની ગાદી ઉપર તેજસ્વી પુરુષો અને શિરરત્નો પાકયાં છે. ગુજરાત સૌરાષ્ટ્રમાં અત્યંત સન્માનિત થયેલા પ. પૂ. દેવકીનંદન મહારાજ, જૂનાગઢમાં પાકિસ્તાનના ભય વેળા પણ જૂનાગઢ નહીં છોડનારા અને શહેરમાં ફરી સૌને અડગતાનો ઉપદેશ આપનારા અહીં થયા છે. પોરબંદરમાં થયેલ ભારત વિખ્યાત સંગીતકાર શ્રી ઘનશ્યામલાલજી મહારાજ સૂરતમાં વર્તમાન સમયે બિરાજતા પરમવિદ્વાન ગો. શ્રી વૃષભૂષણલાલજી મહારાજ વગેરે કેટકેટલા મહાપુરુષો પ્રસિદ્ધ છે.



જૈન ધર્મના તીર્થોદ્ધારકો, આગમગ્રન્થોના સંશોધકો અને અહિંસાના પ્રસારકો એવા પરમ પૂજ્ય આચાર્ય ભગવંતો આદિ મુનિમહારાજોમાં પણ કેટલાયે ધન્યનામ થયા છે. તેમાં પુ. વૃદ્ધિચંદ્રજી મહારાજ, શાસનસમ્રાટ વિજયનેમિસૂરિજી, શાસ્ત્રવિશારદ ધર્મસુરિજી મહારાજ, પુ. સિદ્ધિસુરિજી મહારાજ, પુ. નીતિસૂરિજી મહારાજ પુ. વલ્લભસુરિજી મહારાજ, પુ. ઉદયસુરિજી મ., પૂ. અમૃતસુરિજી, પૂ. રામચંદ્રસુરિજી, આગમપ્રભાકર શ્રી પુણ્યવિજયજી મ, પુ. જંબુવિજયજી મહારાજ, મુનિશ્રી સંતબાલજી મ. આદિ અનેક આચાર્યભગવંતો, પદસ્થો, મુનિવર્યો તેમ જ સાધ્વીજી મહારાજો થયા છે.

આ બધા પરમાદરણીય સંતોના કારણે ભારતભરમાં જૈન ધર્મનો વિજયનાદ ગાજે છે.



અયોધ્યાની સમીપ છપૈયામાં જન્મીને સૌરાષ્ટ્ર ગુજરાતને પરમપાવન કરનાર પછાત જાતિમાં નિર્ભયતાથી વિચરીને તેમને સંસ્કાર મંડિત કરનાર તેમજ કાઠી જેવી કોમને સંસ્કારભૂષિત કરનાર પ. પૂ શ્રી સહજાનંદ સ્વામીનારાયણ ભગવાન અને તેમના સંપ્રદાયમાં થયેલા જબ્બરદસ્ત નામી સંતો અને વિદ્વાનોનો ઉલ્લેખ આ ગ્રંથમાં અન્યત્ર સવિસ્તર છે. પ્રગટબ્રહ્મસ્વરૂપ યોગીજીમહારાજની સંતવાણી આજ પણ આર્યાવર્ત ને તેની બહાર મધુર રીતે કેવી ગુંજે છે તે સૌને સુવિદિત છે.

આ ઉપરાંત જ્ઞાન વૈરાગ્યની પૂર્ણતાથી શોભતા શ્રીમન્નથુરામ શર્મા તથા આર્ય સમાજના પ્રણેતા, વેદોદ્ધારક, પાખંડ લીલાનું વિદ્ધણ કરનારા, દલિતોદ્ધાર અને રાષ્ટ્રભાષા

હિન્દીના સૌ પ્રથમ સમર્થક પ. પૂ. દયાનંદ સરસ્વતી, પ્રાણામી ધર્મના પ્રણેતા પ્રાણનાથજી, જામનગરના અન્નદગુરુ શ્રી અણુદાબાવા, તથા વીરપુરના જલા સો અલા ગણાયેલા સંતશિરોમણી પ. પૂ. જલારામબાપા આ બધાનાં જીવનચરિત્રો પર કેટલાંયે ગ્રંથો રચાયા છે.

(ઇ) ગુર્જરવાણીના આરાધકો, યુગમુર્તિ સાહિત્યકારો

ગુજરાતમાં સાહિત્યનું સમારાધાન પણ બહુમુખી અને પ્રાચીન પરંપરાવાળું છે. વાઙમયની ઉપાસનાનો ગુજરાતમાં સૂત્રપાત્ર છેક બારમી શતાબ્દીથી તો નિસંશય ગણાવી શકાય. પાણિની પછી ગુજરાતમાં મહાન વૈયાકરણી કલિકાલસર્વજ્ઞ આ. શ્રી હેમચંદ્રાચાર્યજી થઈ ગયા. તેમણે 'સિદ્ધહેમ' વ્યાકરણગ્રન્થની રચના કરી. ગુજરાતના સામંતચક્રચૂડામણી, પરમભટ્ટારક નૃપતિ શ્રેષ્ઠ સિદ્ધરાજ જયસિંહે તે ગ્રંથરત્નને હાથીની અંબાડી પર પધરાવી તેની નગરયાત્રા કાઢેલી તે સુવિદિત છે. તેમણે અન્ય ઘણા કાવ્ય ગ્રંથો તથા શાસ્રીયગ્રંથો રચ્યા છે. કાળાન્તરે અન્ય જૈન મુનિઓ તથા કવિઓએ ગુજરાતીભાષામાં વિવિધ પ્રકારની રચનાઓ કરી.

તળાજામાં જન્મેલા 'આદિ કવિ' ના શ્રેષ્ઠ સન્માનથી વિભૂષિત નાગર નરસિંહ મહેતાના સર્જનોમાં એકબાજુ શૃંગાર મધુર ભક્તિરચનાઓ જોવા મળે છે તો ભવ્યતા અને ઉદાત્તતાના શિખરોથી શોભતા ઉપનિષદ્‌ની પરમપાવન વાણીને સહજસ્વાભાવિક પ્રાંજલ ભાષામાં સંઘેડા ઉતાર ઢબે નિરૂપતાં તેમનાં પ્રભાતિયાં ગુજરાતીભાષાના યાવચ્ચંદ્ર દિવાકરૌ અમર અલંકારો છે. રાજસ્થાનથી ગુજરાતને પોતાની પ્રિયભૂમિ બનાવનાર મીરાંબાઇનાં લલિત મધુર, લયબદ્ધ પદો આજ પણ ગુજરાતનાં વાતાવરણમાં ગુંજે છે.

અમદાવાદમાં સોનીનો ધંધો કરતા અને સચ્ચાઇથી વર્તવા છતાં અવિશ્વાસની ઝાળથી દાઝેલા અખાએ કૂવામાં સાધનો પધરાવી વેદાન્તી કવિતા લખી. મહાકવિ પ્રેમાનંદે માણ પર સ્વરચિત આખ્યાનો ગાઈ ગુજરાતી ભાષાને પોતાના પ્રાણવાન રસલક્ષી સૃજનો વડે ગૌરવ આપ્યું. શામળભટે સિંહાસન બત્રીશી, મદનમોહના જેવી વાર્તાઓ કાવ્યબદ્ધ કરીને સંસ્કારી મનોરંજન સાથે બૌદ્ધિક સજગતા આપી. સ્વામીનારાયણ સંપ્રદાયના ત્યાગ વૈરાગ્યના ગાયકો નિષ્કુળાનંદ, બ્રહ્માનંદ વગેરેએ મુમુક્ષુતા પ્રેરે તેવાં પદો આપ્યાં. દયારામની ગરબીએ તથા પ્રેમલક્ષણા ભક્તિનાં પદોએ ગુજરાતને એક સમયે ગાંડું કરી મૂક્યું.

અર્વાચીન યુગમાં દલપતરામે સભારંજની પણ ચાતુર્યપૂર્ણ કવિતા વડે 'કવીશ્વર'નું બિરુદ મેળવ્યું. નર્મદે કવિતાને પોતાના જુસ્સાથી સબળ બનાવવા પ્રયત્નો કર્યા. નરસિંહરાવે કવિતાને પશ્ચિમના પ્રભાવ નીચે પ્રકૃતિના રંગે રંગવા પ્રેરક પુરૂષાર્થ કર્યો. કવિશ્રી કાન્તે વસંતવિજય, ચક્રવાકમિથુન દેવયાની જેવાં સૌંદર્યમંડિત ખંડકાવ્યો વડે કવિતા કામિનીને શણગારી, રાજવીકવિ કલાપીએ પ્રેમ અને દર્દની ગઝલો ગાઇ તો સાથોસાથ "જ્યાં જ્યાં નજર મારી ઠરે" જેવાં કાવ્યો દ્વારા વ્યાપક પરમાત્માની અનુભૂતિ કરાવી. મહાકવિ ન્હાનાલાલે રાસ અને પ્રેમભક્તિનાં મધુર કાવ્યો ગાયાં સાથોસાથ ઈન્દ્રકુમાર,

જયાજયન્ત જ્યાં ડોલન શૈલીમાં અશરીરી પ્રણયનાં નાટકો દ્વારા ગુજરાતમાં એક વાતાવરણ ઊભું કર્યું. કવિશ્રીના 'હરિસંહિતા' મહાકાવ્યમાં કેટલીયે અવનવી વિશિષ્ટતા છે જેનું મૂલ્યાંકન થવું બાકી છે.

રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીએ પણ સોરઠી બાનીનો ધીંગો રણકાર બતાવી લોકસાહિત્યનું એકલ પંડે ગૌરવપૂર્ણ સંશોધન કર્યું અને વ્રતગીતો, લોકગીતો, ઉપરાંત કેટલાંક અંગ્રેજી કાવ્યોનું એવું વિશિષ્ટ રૂપાંતર કર્યું જેમાં રૂપાન્તર કરેલ મૂળકૃતિ કરતાં યે સૌંદર્ય વધી ગયું. તેમની નવલકથાઓમાં પણ સોરઠી ધરાના પ્રાણધબકાર ઝીલાયા શ્રી સ્નેહરશ્મિએ કાવ્યમાં અવનવાં કેટલાયે પ્રયોગો કર્યા. જાપાનના અલ્પાક્ષરી હાયકુને પણ ગુજરાતીમાં વિન્યસ્ત કરવાનું માન તેમને મળ્યું.

શ્રી સુંદરમ અને ઉમાશંકર અર્વાચીન ગુજરાતી કવિતાનાં ઉચ્ચ કક્ષાના સમારાધકો છે. આ બન્નેનું મૂલ્યાંકન પણ વધારે યોગ્ય રીતે થવાની જરૂર છે. આ ઉપરાંત કૃષ્ણલાલ શ્રીધરાણી, પ્રહ્લાદ પારેખ, નાથાલાલ દવે, રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, બાલમુકુંદ, પ્રજારામ, ઉશનસ, મકરન્દ દવે, પ્રિયકાન્ત મણિયાર, તેમ જ અદ્યતન કેટકેટલાં કવિઓનાં ઉર ધબકારથી સૌંદર્ય મધુર પદાવલીથી શોભતાં ગીતોથી માંડીને વિરૂપ અને એબ્સર્ડ લેખાતાં નૂતનત્તમ સર્વકાવ્ય પ્રકારો ગુજરાતી ભાષામાં ખેડાયાં છે.

ગુજરાતી ગદ્યમાં નર્મદે નિબંધો, પ્રસંગ લેખો ઈત્યાદિથી સૂત્રપાત કર્યો અને ગુજરાતી ગદ્યને નવલરામ, મણિલાલ, ગોવર્ધનરામ, ગાંધીજી, કાકા સાહેબ, જ્યોતીન્દ્ર, ચંદ્રવદન વગેરેએ નિરનિરાળી શૈલીથી તેને પહેલ પાડી, સંસ્કારો આપ્યા, વિશુદ્ધ કર્યું, તેમાં નવનવાં સ્વરૂપો ખેડ્યાં.

નવલકથાઓમાં 'કરણઘેલો'થી માંડીને 'સાસુવહુની લડાઈ' વગેરે પ્રારંભની નવલકથાઓ બાદ કનૈયાલાલ મુનશીએ તેને કલા વિધાનની દષ્ટિએ નવું રૂપ આપ્યું ત્યારપછી ધૂમકેતુ, ર. વ. દેસાઈ, ગુણવંતરાય આચાર્ય, પન્નાલાલ પટેલ, ઈશ્વર પેટલીકર, ચુનિલાલ મડિયા, દર્શક અને અદ્યતન નવલકથાકારોએ તેને પોતપોતાની રીતે વિશિષ્ટતા અર્પી. ગુજરાતી ભાષાની સર્વોત્તમ મહાનવલ 'સરસ્વતીચંદ્ર' તો જગતભરની મહાનવલોમાં ગૌરવભર્યું પ્રતિનિધિત્વ કરી શકે. નવલિકાઓમાં પણ મુનશી, ધૂમકેતુ, દ્વિરેફ વગેરેથી આજ સુધીના.

વાર્તાકારોએ ગુજરાતીનાં નવલિકાનાં કલેવરને સંવર્ધિત કર્યું છે. ગુજરાતી સાહિત્યની 'આલોચના' પ્રકારનાં પણ સાહિત્યનાં સ્વરૂપો ઘડવામાં, તેને મઠારવામાં, તેની આલોચના કરી તેનાં થતાં સ્ખલનોને નિર્ભયતાથી બતાવી સાહિત્ય ક્ષેત્રને સમાર્જિત કરવામાં નર્મદ, નરસિંહરાવ, બ. ક. ઠાકોર, વિશ્વનાથ ભટ્ટ, વિજયરાય વૈદ્ય, અનંતરાય રાવળ, સુરેશ જોષી, ચાંપશી ઉદ્દેશી અને તખ્તસિંહ પરમાર જેવા પુરુષાર્થી વિવેચકોએ સાહિત્યની ગતિવિધિઓને ચાંપતી નજરે નિહાળી તેમાં ઉત્તમ તત્વોને પ્રવર્તમાન રાખવાની ચિવટ રાખી છે.

'મુંબઈ સમાચાર' જેવા પ્રથમ ગુજરાતી પત્રથી માંડીને ગુજરાતી પત્રકારત્વે પણ જન્મભૂમિ, સંદેશ, ગુજરાત સમાચાર વગેરે પત્રોનાં ધોરણો અન્ય ભગિની ભાષાનાં પત્રકારત્વ જોતાં જ ઉજ્જવળ રાખ્યાં છે, કેટલાંક ક્ષેત્રોમાં તો ગુજરાતી પત્રકારત્વ આગળ છે.

'ગુજરાતી' માસિકથી શરૂ કરીને ગુજરાતમાં વિવિધ સમયે ઉત્તમોત્તમ સામયિકો પણ પ્રગટ થયાં, કાળબળે બંધ થયાં, વળી નવાં શરૂ થયાં, કેટલાંક ઘસાયાં, કેટલાંક નવી પ્રાણશક્તિથી કાળબળને પણ પડકારતા રહ્યા. આ બધામાં 'માનસી', 'અખંડ આનંદ', 'કુમાર', 'નવચેતન', 'રુચિ', 'ગ્રંથ', 'કવિતા' સગર્વ નામોલ્લેખ કરી શકાય.

આ ગ્રંથમાં ગુજરાતી સાહિત્યનાં ચિરંજીવ પાત્રો એ વિષય ઉપર વિસ્તારપૂર્ણ એક લેખ છપાયો છે એ વાંચતા જરૂર એમ લાગશે કે આપણું ગુજરાતી સાહિત્ય એક હજાર વર્ષનું થવા આવ્યું તેમાં અનેક મહાન સર્જકો થઈ ગયા. તેઓને હાથે ગુજરાતી સાહિત્યની જે ગૌરવવંતી સેવા થઈ છે તેથી કોઈપણ ગુજરાતી સાહિત્યરસિક વ્યક્તિનું શિર નમી પડે. છેલ્લા એક સૈકામાં ગુજરાતી સાહિત્યે સ્વરૂપ અને અભિવ્યક્તિની બાબતમાં વૈવિધ્ય

અને ઊંડાણ બન્ને દાખવ્યા છે. તરીને ઉપર આવતી બે કૃતિઓ 'સરસ્વતીચંદ્ર' અને 'સત્યના પ્રયોગો' એ જગત્ સાહિત્યમાં ઓળખાઈ છે.

આખ્યાન કથાઓ, પદ્યવાર્તાઓ, નવલકથાઓ નાટકો, એકાંકીઓ, પદ્યનાટકો, ખંડ કાવ્યો વગેરે કથા સાહિત્યમાં ગુજરાતી સાહિત્યની અમર પાત્ર સૃષ્ટિ પડેલી છે. એવા જમાના સાથે સતત વહેતા રહેતા સાહિત્યના ભાવી માટે કોઈ જોશી પાસે ચોઘડિયું જોવડાવવું પડે તેમ નથી તો પણ જોશી અટકધારી બે સર્જકો શ્રી ઉમાશંકર જોશી અને શ્રી સુરેશ જોશીના હાથમાં હાલ તો ગુજરાતી સાહિત્યનું ભાવી છે એમ ગણી શકાય.

અહીં જે પાત્રો પસંદ કરવામાં આવ્યા છે તેમાં ઉપરોક્ત સાહિત્ય પ્રકારો આવરી લેવામાં આવ્યા છે. અહીં પસંદ કરેલા ૮૦ પાત્રો વિશે પસંદગીની બાબતમાં મતભેદ જરૂર હોઈ શકે. હજી કેટલાંક પાત્રો રહી જતાં હોય, અથવા કેટલાંક, બીજાને, બિન–મહત્વના પણ લાગ્યાં હોય એ સંભવિત છે.

બૃહદ ગુજરાતની અસ્મિતા સાંસ્કૃતિક સંદર્ભ ગ્રંથની યોજના ધ્યાનમાં રાખી લેખના લેખકે કેવળ વિવેચનાત્મક બનાવવાને બદલે પરિચયાત્મક–વિવેચનાત્મક અભિગમ કેળવ્યો છે તે ઉભય પ્રકારના વાચકોને ઉપયોગી નીવડશે તો લેખકે લીધેલો પરિશ્રમ યથાર્થ ગણાશે.

(ઉ) ગુર્જરભુમિના સંત પુરૂષો—

ગુજરાતનાં યશોગાન ગાતાં કવિવર નાનાલાલ કહે છે:

"ગિરિ ગિરિ શિખર શિખર સોહન્ત મંદિરે ધ્વજ ને સંત મહંત
ધન્ય હો ધન્ય જ પુણ્ય પ્રદેશ આપણો ગુણિયલ ગુર્જર દેશ."

ગુજરાતની ભૂમિ આમ સંત સૌરભથી મહેકતી છે. સોરઠી સંતો વિષે જેમ પુસ્તકો પ્રસિદ્ધ થયા છે તેમ ગુજરાતના સંતો વિષે જ એકાદ દળદાર ગ્રંથ તૈયાર કરી શકાય. ગુજરાતના સંતોમાં મોરબી પાસેના ટંકારામાં થયેલા આર્યધર્મ પ્રચારક સ્વામી દયાનંદ સરસ્વતી, ભગવાન સ્વામીનારાયણ, મહાત્મા ગાંધીજી વગેરેનો ઉલ્લેખ તો આગળ પણ અન્ય પ્રકારે થઈ ગયો છે. લીંમડીમાં થયેલ મુસલમાન કવિ મીઠો ઢાઢી, પરમ તત્ત્વજ્ઞાની શ્રીમદ્ રાજચંદ્રજી, કવિ કીર્તનકાર અનંતપ્રસાદજી, સંત વાલમરામ, પૂ૦ જલાબાપા, ગારિયાધારના સંત વાલમરામ, કચ્છના મેકણદાદા, પાળિયાદમાં પ્રગટેલા શ્રી વિસામણ ભગત, સંત લાલનશા, દાસી જીવણ, મહાત્મા મસ્તરામજી, શ્રી આપા જાદરા, કાશી સુધી પ્રખ્યાત શ્રી સતુઆ બાવા, સ્વામી નિષ્કુળાનંદ, સદ્ગુરુ બ્રહ્માનંદસ્વામી, શ્રી ગોપાળાનંદ-સ્વામી, અક્ષરબ્રહ્મના અવતાર ગુણાતીતાનંદસ્વામી, સંત બોડાણા, સંતરત્ન શ્રી પુનિત મહારાજ, પ્ર. બ્રહ્મસ્વરૂપ શ્રી યોગીજી મહારાજ, ગીતા મંદિર પ્રણેતા પ. પૂ૦ વિશ્વાનંદજી, પ. પૂ૦ રંગઅવધૂતજી મહારાજ, પૂ૦ શ્રી મોટા, મહામંડળેશ્વર પ. પૂ૦ શ્રી જયેન્દ્રપુરીજી, પ. પૂ રામચંદ્ર ડોંગરેજી મહારાજ, ભાવનગરના શ્રી શાંતિશંકર મહેતા, જામનગરના પ. પૂ. શાંતિપ્રસાદજી, ભુવનેશ્વરી, પીઠ ગોંડળના પૂ. ચરણતીર્થજી મહારાજ, વડોદરાના દત્તમંદિરના શ્રીદત્તબુવા, સસ્તુ સાહિત્ય ગુજરાતમાં ઘરે ઘરે પહોંચાડનાર ભિક્ષુ અખંડાનંદ, 'વાર્તાલાપ' ગ્રંથમાં પ્રખ્યાત થયેલા સંતમુર્તિઓ પ્રકાશાનંદજી અને નિત્યાનંદજી, સ્થાનીક કાર્યકર અને માનવતાના પરમ આરાધક પૂ. રવિશંકર મહારાજ વિગેરેની સૌરભ મહેકતી રહી છે.

ગુજરાતના આ સંતોમાં કેટલાકે દરિદ્રનારાયણની સેવા અર્થે ખભે કાવડો ચડાવી રોટલા માટે ચાવલ કે આટો માગી અન્નક્ષેત્રો ચલાવ્યા, કેટલાકે જ્ઞાનની સરવાણી વહેતી રાખવા પાઠશાળાઓ ચલાવી, કેટલાકે ભારતભરમાં ધર્મશાળાઓ અને અન્નભંડારો ખોલ્યા, કેટલાકે પોતાના શુદ્ધ ત્યાગમય જીવન દ્વારા જીવોને પરમાર્થના માર્ગે ચડાવ્યા, કેટલાકે કીર્તી અને ઉપદેશો દ્વારા સંસારકૂપમાં પડેલાઓને સંસાર તરવામાં આલંબન આપી મોક્ષધામનાં દ્વાર ઉઘાડી આપ્યા. આ સંતો સાથે ગુજરાતમાં સતિ–જતી પણ ઘણી થઈ ગઈ છે. આ બધામાં રાણકદે, જસમા ઓડણ, રૂવાપરી વગેરે કેટલાંયે પવિત્ર નામોની માનતા ચાલે છે



(ઊ) ગુજરાતના શિક્ષણકારો—

જે જમાનામાં બાલશિક્ષણના વિષે ભારતમાં કોઇને કલ્પના પણ ન હતી ત્યારે બાળકોની 'મુછાળી મા' તરીકે પ્રખ્યાત થયેલા શ્રી ગીજૂભાઇએ દક્ષિણામુર્તિ જેવી આદર્શ સંસ્થા ચલાવીને બાલશિક્ષણમાં ભારતમાં પ્રથમ નુતન આદર્શ સિદ્ધ કરી બતાવ્યો. શ્રી ગીજુભાઇએ બાલસાહિત્ય પણ કેવું સમૃદ્ધ તૈયાર કર્યું ? શ્રી ગીજુભાઇની જાગતી જ્યોતને મોંઘીબેન અને ગિજુભાઇના સુપુત્ર શ્રી નરેન્દ્રભાઇએ જીવનપર્યંત ઝળહળતી રાખી.

શ્રી નાનાભાઇ ભટ્ટે આ શિક્ષણ જ્યોતિને આત્મતેજથી પહેલાં ભાવનગરમાં અને પછી સણોસરા–આંબલામાં વધુ સબળ રીતે ગ્રામ દક્ષિણામૂર્તિના પ્રયોગથી પ્રજ્વલિત કરી. શ્રી નાનાભાઇએ રામાયણ ભાગવતનાં લોકભોગ્ય સ્વરૂપો પણ નિમ્યા. તેમની જ સંસ્થામાં પાછળથી શ્રી મનુભાઇ પંચોળી 'દર્શક' તથા શ્રી મુળશંકર ભટ્ટે પોતાની પ્રાણવાન પ્રતિભા અને તપઃપૂત જીવનદૃષ્ટિવાળા સંચાલન અને પુરૂષાર્થથી આ કેળવણી પ્રયોગોમાં વધુ સુંદર સિદ્ધિઓ મેળવી. લોકભારતી સંસ્થા આજે અખિલ ભારતીય નહિ પણ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ ધરાવે છે.

શ્રી હરભાઇ ત્રિવેદી પણ બાલમાનસના નિષ્ણાત પ્રેરણામૂર્તિ ગણાય છે. તેમણે પણ ઘરશાળા સંસ્થા દ્વારા શિક્ષણમાં ભવ્ય પુરુષાર્થ કર્યો છે.

અલિયાબાડામાં ગંગાજળા વિદ્યાપીઠની ધૂણી ધખાવીને બેઠેલા શ્રી ડોલરભાઈ માંકડ તથા ગુજરાત વિદ્યાપીઠમાં શ્રી મગનભાઇ દેસાઇની સમર્થ સેવાઓ ઇતિહાસમાં સદૈવ પુણ્યસ્મૃતિ બની રહેશે.

પરંતુ આ બધા શિક્ષણકારોના મુર્ધન્ય વિશ્વના સૌથી મોટા શિક્ષણકાર તો પૂ. બાપુ જ ગણાય. દક્ષિણ આફ્રિકામાં ને ભારતમાં સ્વાવલંબી રાષ્ટ્રીય શિક્ષણ પદ્ધતિનો નૂતન પ્રયોગ એમણે કરી બતાવ્યો એથી તેણે શિક્ષણમાં સમૂળી ક્રાંતિ કરી. ભારતના વતાવરણ અને તેની આર્થિક જરૂરિયાત અનુરૂપ વર્ધા શિક્ષણ કે બુનિયાદી શિક્ષણની ચિનગારીએ ભારતમાં શ્રી વિનોબા, આચાર્ય કાકાસાહેબ કાલેલકર, વગેરે ઘણાં નવાં ભાવિન્તા પુરૂષો પ્રગટાવ્યા. ભારતના સૌથી મોટા શિક્ષણશાસ્ત્રી નિઃસંદેહ ગાંધીજી જ ગણાવી શકાય.

ગુજરાત વિદ્યાપીઠનો સમગ્ર ઇતિહાસ છેક આજે શ્રી મોરારજી જેવા ગાંધીનિષ્ઠ શુદ્ધ સેવાપરાયણ કુલપતિના હાથ નીચે યશસ્વી રહ્યો છે. ગુજરાત યુનિવર્સિટીના પ્રારંભમાં પડેલા દાદા માવલંકર વગેરે સૌ સ્મરણીય છે.

આજે પણ વડોદરામાં જીવનભારતી, શારદા ગ્રામ, માંગરોળની સંસ્થા, પોરબંદરમાં આર્યકન્યા ગુરૂકુળ, કચ્છમાં ઘણા વર્ષો પુર્વે માંડવીમાં સ્થપાયેલ સંસ્કૃત અને પિંગળવિદ્યાની પાઠશાળા, ભાવનગરમાં દાણીબાઇ સ્થાપિત મહિલા વિદ્યાલય, આ બધી કેટલીક સંપન્ન અને ગૌરવપુર્ણ ઇતિહાસ ધરાવતી શિક્ષણ સંસ્થાઓ છે.

ગુજરાતમાં આણંદ–વલ્લભવિદ્યાનગર પણ ગુજરાતનું મોટું શિક્ષણધામ છે. તેના વિશ્વકર્મા શિલ્પી પૂ ભાઈકાકા અને તે સંસ્થા પાછળ મૂકસેવા સમર્પનાર કેટલાયે પુરૂષાર્થીઓએ શિક્ષણના ક્ષેત્રે કેવું સુંદર કામ કર્યું છે.

વડોદરાના પ્રાતઃ સ્મરણીય મહારાજા શ્રી સયાજીરાવને શિક્ષણમાં ન સંભારીએ તે કેમ ચાલે? બંધારણના આદેશ છતાં બાવીશ બાવીશ વર્ષે આજ પણ ભારતમાં જે સિદ્ધ થઇ શકયું નથી તે ફરજીયાત શિક્ષણનું કાર્ય વર્ષો પહેલાં આ આર્ષદૃષ્ટા, લોકપ્રિય, સ્વનામ ધન્ય મહારાજાએ સિદ્ધ કરી બતાવ્યું એટલું જ નહિ પણ શિક્ષણની વધુમાં વધુ સવલતો સમગ્ર વડોદરા રાજ્યમાં વધુમાં વધુ ઉભી કરી ગુજરાતનું નામ ભારતભરમાં રોશન કરનાર તેઓ આદર્શ રાજવી હતા. આજે મ. સ. યુનિ. વડોદરા ઘણું પ્રેરણાદાયી વિકાસલક્ષી કામ કરી રહી છે.

બૌદ્ધિક કેળવણીની જેમ ચારિત્ર્ય અને આત્મિક કેળવણીનું કામ કરનારા પૂ. રવિશંકર મહારાજ, ફાધર વાલેસ વગેરે પણ ગુજરાતમાં પોતાના પ્રકાશનો પાથરી રહ્યા છે. પૂ. મહારાજે તો પછાત અને ઝનુની ગણાંતા માણસોમાં પણ માણસાઇના દીવા પ્રગટાવ્યા છે.

(એ) ગુજરાતના સ્વરઆરાધકો અને કલાકારો :

ગુજરાતે સંગીતના ક્ષેત્રમાં ભારે કીંમતી પ્રદાન કર્યું છે. શ્રીકૃષ્ણની બંસરી અને અનિરુદ્ધને પરણી આવેલ ઉત્તરા દ્વારા ગુજરાતમાં લાસ્ય નૃત્ય સાથે સંગીતનો પ્રવેશ થયો. સૌરાષ્ટ્રમાં ચાલતી ભૈરવની ઉપાસના પરથી ભૈરવ, વેરાવળ પરથી વેરાઉલ અને બિલાવલ રાગ ગુર્જરી, ત્રવણા, સૌવીરી, ખંભાયતી, આહિરી, લાટી અને માધ્યમિકા ઉપરાંત દેશીરાગ પણ ગુજરાતની ભેટ ગણાય છે. મહાગુજરાતે સર્વક્ષેત્રોની જેમ સુરસ્વામીઓ અને કલા–ગુરુઓ પણ પ્રગટાવ્યા છે. ચૌદમી શતાબ્દીમાં થયેલો ખેંગાર ત્રીજો, ભગવાન શ્રીકૃષ્ણ પછી ગુજરાતનો સૌરાષ્ટ્રમાં નાદવેદ ઉદ્ધારક ગણાય છે. પંદરમી શતાબ્દીમાં ને તે પછીના કાળમાં પણ શાસ્ત્રીય ઢબે પદો ગાનાર નરસિંહ મહેતા પણ સંગીત નિપુણ હતા. જામનગરના આદિત્યરામજી અજોડ ધ્રુપદ ધમારની ગાયકીના ઉત્તમ કલાકાર, કુશળ પખવાજવાદક અને તાલશાસ્ત્રી તરીકે પ્રખ્યાત હતા.

મહારાજા ભાવસિંહજીના સમયમાં ભાવનગરમાં સંગીતને સારો રાજ્યાશ્રય મળ્યો. દરબારના કુશળ સ્વરશાસ્રી ચંદ્રપ્રભાબાઈ ભલભલા સંગીતકારોનું માન મૂકાવતા. ગુજરાતના સર્વોત્તમ સંગીતકાર પદ્મશ્રી ઓમકારનાથજી ઠાકુરનું નામ કોણ જાણતું નથી! પંડિતજી ભૈરવાષ્ટકમ્, પં. યશવંતરાય પુરોહિત, પંડિત ઓમકારનાથજીના શિષ્ય પં. બલવંત ભટ્ટ, ગો. ઘનશ્યામલાલજી, શ્રી મૃણાલિનીબહેન સારાભાઈ પણ ગુજરાતનું–સમગ્ર ભારતમાં મૂલ્યવાન ઘરેણું છે.

ચિત્રકલાના ક્ષેત્રે કલાગુરુ શ્રી રવિશંકર રાવળ પ્રથમ પંક્તિના સંમાનાર્હ પૂજ્ય આચાર્ય છે. ગુરુ શ્રી ઐન્દ્રે તથા શ્રી વ્રજલાલ દેસાઈ, શ્રી કનુભાઈ દેસાઈ, શ્રી જાદવ, શ્રી ખોડીદાસ પરમાર, શ્રી જ્યોતિ ભટ્ટ વગેરે રંગરેખાના સ્વામીઓએ ચિત્રકલામાં જલરંગી ચિત્રોથી માંડીને, પોર્ટ્રેટ, કેરીકવર તથા છેલ્લામાં છેલ્લી પદ્ધતિઓમાં ગુજરાતનું નામ ભારતમાં અને વિદેશમાં રોશન કર્યું છે.

ફિલ્મ ઉદ્યોગમાં શ્રી વિજય ભટ્ટ જેવા પ્રથમ પંક્તિના નિર્માતા–દિગ્દર્શક તથા શ્રી આશા પારેખ જેવા નૃત્યકાર અને અભિનેત્રી આપણું ગુજરાત ભૂમિનાં નામને સુપ્રતિષ્ઠિત કરી રહ્યા છે.

(ઓ) ગુજરાતની લોકહૃદયની ગીત સરવાણીઓ :

લોકવાર્તાઓ, લોકગીતો અને લોકસંગીત પ્રત્યેક પ્રજાનો કિંમતી વારસો છે. પરંતુ પ્રદેશે પ્રદેશને તેની પોતીકી વિશિષ્ટતા હોય છે. દરેક પ્રદેશને તેની પોતાની લોકબોલી, પોતાની રજુઆતની પદ્ધતિ પણ પ્રાદેશિક વાતાવરણને અનુરૂપ હોય છે. ગામડે ડાયરા વચ્ચે બેસીને ભલકારા દેતા દેવીપુતર ચારણના મોઢેથી વહેતી લોકસરવાણી સાંભળીએ કે નેસડાના ભેંસો ગાયોના ધણને ચરાવવા નીકળેલા કોઈ રબારીને ડાંગને ટેકે એક પગથી ત્રિભંગાકૃતિ સરજીને દુહા બોલતો સાંભળવાનો ગુજરાત–સૌરાષ્ટ્રનો લહાવો છે. આવી લોકવાણીમાં દાસી જીવણ, ગોરખનાથ, દેવાયત પંડીત, મેકણદાદા, કરમણ ભગત, ગંગાસતી, લાખો લોયણ, મુળદાસ, પીઠો ભગત, જેઠીરામ, મોરાર સાહેબ, રવિ સાહેબ, ભાણ સાહેબ ઇત્યાદી મુખ્ય છે.

આવી લોકકથાઓ સાથે "વહુએ વગોવ્યાં મોટાં ખોરડાં રે લોલ" જેવાં લોકગીતો પણ ગુજરાત સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર સાંભળવા મળશે. નાગપાંચમની વારતા, સોળ સોમવારની વારતા, બોળચોથની વારતા આ બધી વ્રતકથાઓમાં પણ આધ્યાત્મક અને ધર્મના સંસ્કારો સાથે ગ્રામપ્રદેશનાં ભલાભોળાં માનવીઓની લાગણી, તેમની શ્રદ્ધા, તેમના હૈયાં શતશત ઝૂલે ઝૂલતાં કેટલીયે ઉર્મીઓના સ્વપ્નો ઝીલતાં અનુભવાય છે. સોરઠના ગીરનારી પ્રદેશમાં ભોગાવાને કાંઠે ભરાતા માધવપુરના મેળામાં, તરણેતરના મેળામાં આજ પણ આ દુહાઓ રાસની રમઝટ, ચારણી છંદનાં હલકભર્યા રણકાર, મંજીરાના તાલે ઊંચા સ્વરે ગવાતાં ભજનો, ભેટ બાંધીને બેઠેલા ડાયરાની વચ્ચે રંગભરી વાર્તાઓ આજુબાજુની રાજકીય, આર્થિક, સામાજીક ઉથલપાથલોથી પર રહીને, લોકોને તરબતર કરે છે, રમાડે છે, તેમનાં અંતરને પંપાળે છે, હલબલાવે છે અને લોકસંસ્કૃતિના પ્રવાહને અવિચ્છિન્ન રાખે છે.



### (ઔ) ગુજરાતમાં શિલ્પસ્થાપત્ય :

ગુજરાતમાં શિલ્પ સ્થાપત્ય અને કાષ્ઠકામ અત્યંત પ્રાચીન ઈતિહાસ ધરાવે છે. વેદ યુગ પહેલાં ચંદ્રે બનાવેલ શ્રી સોમનાથનું મંદિર પાછળથી કાષ્ઠ અને પાષાણોનાં બનતાં જ ગયાં અને દરેક હુમલા પછી તેનું નૂતન નિર્માણ થતું ગયું. અશોકના ગિરનાર પરના શિલા લેખ, ધૂમલીનું સ્થાપત્ય, સિદ્ધપુરમાં રૂદ્રમાળ, પાટણમાં સહસ્ત્રલિંગ તળાવ, મોઢેરાનું સૂર્યમંદિર, તળાજાનો એભલ મંડપ, કુંભારીયાનાં દેરાં, વડનગરનું તોરણ, જુનાગઢની અડીકડી વાવ ને નવઘણ કુવો, ડભોઈની હિરાભાગોળ, અડાલજની વાવ, અમદાવાદની ઝૂલતા મિનારાવાળી મસ્જિદ, આ ઉપરાંત સૌરાષ્ટ્રના જુના રાજવીઓનાં કેટલાક મહેલો, ભાવનગરની અંગ્રાદેરી ને તખ્તેશ્વરના મંદિર આ બધાં ગુજરાતની કીર્તિગાથા રૂપ છે.

આ શિલ્પ સ્થાપત્યમાં સોમપુરા બ્રાહ્મણો શાસ્ત્રીય શુદ્ધિ અને તલસ્પર્શી જ્ઞાન ધરાવનારા નિષ્ણાત ગણાય છે. શ્રી રેવાશંકરભાઈ સોમપુરા તથા અન્ય ઘણા વિદ્વાનો ભારતીય શિલ્પ સ્થાપત્યના વિધાનમાં પ્રખ્યાતિ પામ્યા છે.

ગુજરાતના શિલ્પ સ્થાપત્યમાં હિંદુ મુસ્લિમ બંને કલાપદ્ધતિનો સમન્વય થયેલો ઘણા સ્થળે જોવા મળે છે.

આભાર....

આ ભગીરથ પ્રયાસમાં શ્રી કીરીટભાઈ ર. ભટ્ટ, જનાર્દન જ. દવે વગેરેનો સહકાર ભૂલી શકાય તેમ નથી. વ્યક્તિઓની પરિચય નોંધમાં અમારા આછા પાતળા ખ્યાલ ઉપરથી અને અમને મળેલી માહિતીને આધારે નોંધ લખવામાં આવી છે, સંભવ છે કે અત્યંત પ્રસિદ્ધ એવી જુદા જુદા ક્ષેત્રની વિશિષ્ઠ વ્યક્તિઓની નોંધ આ ગ્રંથમાં ન મૂકી શકાણી હોય અમારી વ્યક્તિગત શક્તિ મર્યાદાને ધ્યાનમાં લઈ એવી ભૂલો દરગૂજર કરશો.

આ ગ્રંથ માટે કેટલાંક ઉપયોગી બ્લોક પૂરા પાડવામાં ગુજરાત સરકારના માહિતી ખાતાનો, લલીત કલા અકાદમીનો, યશોવિજય જૈન ગ્રંથમાળાનો, પાટણ જૈન મંડળ મુંબઈનો, કુમાર કાર્યાલયનો આભાર માન્યા વગર રહી શકતા નથી. ઝડપથી છેલ્લી ઘડીએ કેટલાક બ્લોક તૈયાર કરી આપવામાં ગુજરાત પ્રોસેસ સ્ટુડીઓ પણ અભિનંદનના અધિકારી બને છે. સુંદર રીતે જેકેટ કવર છાપી આપવા બદલ દીપક પ્રિન્ટરીની પણ સહર્ષ નોંધ લઈએ છીએ.

ટાંચા સાધનો છતાં એકમાત્ર હિંમત અને શ્રદ્ધાને બળે જૈન પ્રિન્ટરીએ આવડી મોટી જવાબદારી સ્વીકારીને શકય તેટલી ઝડપથી આ પ્રકાશન છાપી આપવામાં જે સૌજન્યતા બતાવી છે; ખાસ કરીને વિનોદભાઈએ ધીર–ગંભીરતાથી જે કામ લીધું છે તેની પણ સહર્ષ નોંધ લેવી જ રહી, કારણ આવડું મોટું કામ પાર પાડશે કે કેમ તેની અમને શંકા હતી; પણ ઘણી ઝડપથી અને રાત દિવસ જોયા વગર સંતોષકારક કામ કરી આપ્યું છે. સુરેશચંદ્ર એમ. રંગવાળાની સેવાને પણ અમે ભૂલી શકતા નથી. જે જે મિત્રો અને મુરબ્બીઓએ અમને પ્રેરણા–માર્ગદર્શન આપી વાંસો થાબડયો છે તે સૌનો આભાર માનવાની તક લઉં છું.

આવડા મોટા આર્થિક જોખમમાં જાહેરખબર આપનાર પાર્ટીઓની સૌજન્યતાની પણ સહર્ષ નોંધ લઈએ છીએ. તેઓની આ હુંફ વગર અમારૂ આ કામ સફળ ન થાત.

સૌના ખૂબ ખૂબ આભારી છીએ અને હવે પછીના અમારા આથીએ વિશાળ પ્રયાસમાં સૌ કોઇ ઉપયોગી બની રહે તેવી આશા છે.

નંદલાલ દેવલુક : સંપાદક



# ગુજરાતના રાજકીય, સામાજિક, પંચાયત અને સહકારી પ્રવૃત્તિના કાર્યકરો

### શ્રી મોરારજી રણછોડજી દેસાઈ

ગુજરાતના સર્વોચ્ચનું બીરૂદ પામેલા શ્રી મોરારજીભાઈના પિતાશ્રી સૌરાષ્ટ્રમાં અંગ્રેજી શાળામાં શિક્ષક હતા. પાંચ વર્ષની વયે કેળવણીની શરૂઆત કરી સૌરાષ્ટ્રના મહુવા અને કુંડલામાં એંગ્લો-વર્નાકયુલર શાળાઓમાં બાળપણમાં અભ્યાસ કર્યો. ત્યાર બાદ વલસાડમાં બાઈ આવાબાઈ હાઈસ્કુલમાંથી તેમણે ૧૯૦૮ માં મેટ્રિકની પરીક્ષા પસાર કરી. જી.ટી બોર્ડીંગમાં રહી તેમણે કોલેજનો અભ્યાસ વિલ્સન કોલેજમાં કર્યો. ત્યાંથી ફર્સ્ટ કલાસ બી.એ. થયા, ત્યાર બાદ તેમની પસંદગી વાઈસિરોયના કમિશન્ડ ઓફિસર તરીકે થઇ. પ્રથમ વિશ્વયુદ્ધ પુરું થતાં એમને પ્રોવિન્શિયલ સિવિલ સર્વિસમાં લેવામાં આવ્યાં. રેવન્યુ ખાતામાં ડેપ્યુટી કલેકટર તરીકે તેમણે ૧૯૧૮ થી ૧૯૩૦ સુધી નોકરી કરી, ૧૯૩૦ની અસહકારની લડત વખતે પોતાની નોકરીનું રાજીનામું આપ્યું. અને દેશની સેવા માટે પોતાનો સમય આપવા માંડયો. સને ૧૯૩૧ થી ૧૯૪૬ તેમણે ગુજરાત પ્રાંતિક સમિતિના મંત્રી તરીકે કામ કર્યું. અને તે જ વર્ષથી આજસુધી તેઓ અ. હિં. કોંગ્રેસ મહાસમિતિના સભ્ય છે. સત્યાગ્રહની દરેક પ્રવૃત્તિઓમાં ભાગ લીધેલ અને ઘણી વખત જેલમાં ગયાં. ૧૯૩૭ ના જુલાઇથી ૧૯૩૯ ના નવેંબર સુધી સુરત જીલ્લામાંથી તેઓશ્રી ચુંટાઇને વિધાનસભાના સભ્ય બન્યા. અને રેવન્યુ એગ્રીકલ્ચર, જંગલ તથા રૂરલ ડેવલપમેન્ટ ખાતાના પ્રધાન થયા. ૧૯૫૨ થી ૧૯૫૬ સુધી મુંબઈ રાજ્યના વડા પ્રધાન થયાં ૯૫૬ થી ભારત સરકારના વેપાર ઉદ્યોગ ખાતાના પ્રધાન થયાં. છેલ્લો કેન્દ્ર સરકારના નાયબ વડાપ્રધાનનું પદ સંભાળ્યું હતું.

### શ્રી હિતેન્દ્રભાઇ કે. દેસાઈ

જૂની અને નેતાગીરીના પરિપકવ સંમિશ્રણના પ્રતીકરૂપ બાવન વર્ષની વયના શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ ચોથી સામાન્ય ચૂંટણી બાદ ગુજરાતના નવા મંત્રીમંડળના ફરી એક વખતે વડા બને છે. શ્રી હિતેન્દ્રભાઈ દેસાઇએ પંદર વર્ષની ઉંમરથી જ તેમના જાહેરજીવનનો પ્રારંભ કર્યો હતો. સરદાર વલ્લભભાઈ પટેલ જેવા સમર્થ જાહેરજીવનના આગેવાનો પાસેથી જનસેવાના પાઠો શીખવાનું ગૌરવ તેમને પ્રાપ્ત થયું છે. તેમનો જન્મ ઓગષ્ટ તા. ૯, ૧૯૧૫ ના રોજ થયો હતો. પ્રારંભિક શિક્ષણ તેમણે સુરતમાં અને ત્યાર પછીનું શિક્ષણ મુંબઇમાં લીધું હતું. ૧૯૩૦ માં ટુંકી મુદ્દત માટે તેમણે કારાવાસ વેઠયો હતો. ૧૯૩૭ માં મુંબઈ યુનીવર્સિટીમાં અર્થશાસ્ત્રના વિષયમાં સૌથી વધુ ગુણ મેળવીને તેઓ સ્નાતક થયા હતા. ૧૯૩૯ માં કાયદાના સ્નાતક થયા પછી તેમણે સુરતમાં વકીલાત શરૂ કરી અને સાથોસાથ જાહેરજીવનમાં ઝંપલાવ્યું, શહેર સુધરાઈમાં વર્ષો સુધી સભ્યપદે ચૂંટાઇને ત્યાં કેટલાય હોદ્દાઓ ઉપર રહીને તેમણે સેવાનું કાર્ય કર્યું છે. ૧૯૫૭ માં સુરત વિભાગમાંથી તેઓ મુંબઈ વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા. મુંબઈ રાજ્યના મંત્રીમંડળમાં તેઓ શિક્ષણમંત્રી હતા. શિક્ષણમંત્રી તરીકેની તેમની કામગીરી દરમિયાન તેમણે કેળવણીના ક્ષેત્રમાં કેટલાય સુધારાઓ દાખલ કર્યા હતા. આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને મફત શિક્ષણ, શિક્ષકોની પરિસ્થિતિમાં સુધારો, માધ્યમિક શિક્ષણની ઉન્નતિ વગેરે જેવાં પગલાં કેળવણીના ક્ષેત્રમાં શ્રી દેસાઇએ દાખલ કરેલા સુધારાઓમાં ગણી શકાય.

શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ મહેસુલ મંત્રી હતા ત્યારે લોકોના વહીવટી પ્રશ્નોનો સ્થળ પર જઇને નિકાલ કરવાની તેમની યોજના નૂતન હતી, પ્રશંસા પામી હતી. લલિતકળા અને રમતગમતોના વિકાસ માટે તેમજ પ્રણાલિકાગત સંસ્કારવારસાના પુનરુત્થાન માટે શ્રી દેસાઇને ખાસ અભિરુચિ છે.

શ્રી હિતેન્દ્રભાઈની નેતાગીરીમાં ગુજરાતના લોકોને નિષ્પક્ષ, કાર્યક્ષમ, અને સ્વચ્છ વહીવટની ખાત્રી મળે છે, એટલું જ નહિ, પરંતુ સુખી, સમૃદ્ધ અને શક્તિશાળી રાષ્ટ્રનું નિર્માણ કરવાની આકાંક્ષાઓ રાખતા અને તેને માટે રચનાત્મક કાર્ય કરતા સૌ કોઇને પછી તે ગમે તે નાત જાત ના હોય કે ગમે તે રાજકીય વિચારસરણી ધરાવતા હોય તો પણ તેમને મુક્ત કાર્ય કરવાનો અવકાશ મળે છે

### સ્વ. શ્રી બળવંતરાય મહેતા

૧૯મી ફેબ્રુઆરી ૧૮૯૯ના રોજ જન્મેલા શ્રી બળવંતરાય મહેતાની જીવન-યાત્રા ઘણી જ્વલંત હતી. તેઓ જ્યારે મુંબઇ યુનિવર્સીટીમાંથી ગ્રેજ્યુએટ થયા ત્યારે મહાત્મા ગાંધીજીએ આદરેલી અસહકારની ચળવળનો નાદ દેશભરમાં ગુંજી રહ્યો હતો. શ્રી બળવંતભાઈને પણ આ ચળવળનો ચેપ લાગ્યો તેમણે અસહકારની ચળવળમાં ઝંપલાવ્યું યુનિવર્સીટીની ડીગ્રી લેવાનો ઇન્કાર કર્યો, અલબત્ત પાછળથી ગુજરાત વિદ્યાપીઠે તેમને સ્નાતકની પદવી એનાયત કરી હતી

ભાવનગરમાં રેલ્વે કર્મચારી મંડળના સંગઠન મંત્રી બન્યા, પાછળથી તેમણે હરીજન કલ્યાણ અને મહિલા કેળવણીની પ્રવૃત્તિઓ હાથ ધરી હતી, સરદાર વલ્લભભાઈ પટેલની આગેવાની હેઠળ નાગપુર ખાતે ઝંડા સત્યાગ્રહમાં પણ શ્રી બળવંતભાઇએ ભાગ લીધો હતો. ૧૯૩૦માં મીઠાનો કાયદો તોડવા માટે ગાંધીજીએ 'દાંડી કુચનો કાર્યક્રમ અમલી બનાવ્યો ત્યારે ધોલેરા ખાતે મીઠા સત્યાગ્રહમાં ભાગ લીધો હતો

ભારતના રાજકીય જીવનમાં શ્રી બળવંતભાઈ મહેતાનો સૌથી મોટામાં મોટો જવાબદાર રાજતંત્ર માટેની રાજસ્થાની

પ્રજાની લડતના રાહબર બનવાનો તેની આગેવાની લેવામાં રહેલો હતો. કેટલાક વર્ષો સુધી શ્રી બળવંતભાઈ અખીલ ભારત રાજસ્થાની પ્રજાકીય પરિષદના મંત્રીપદે રહયા હતા. શ્રી બળવંતભાઈ પાછળથી આ પરિષદના ઉપ-પ્રમુખ પણ બન્યા હતા. ભાવનગર પ્રજા પરિષદના આગેવાન તરીકે તેમણે જવાબદાર રાજતંત્ર માટે ભાવનગર રાજ્યના દિવાન સાથે વાટાઘાટો કરી હતી. તેઓ ભાવનગરની ધારાસભામાં ચુંટાયા હતા, અને ભાવનગરના પ્રથમ મુખ્ય પ્રધાન બન્યા હતા. શ્રી બળવંતભાઈ કોંગ્રેસમાં વર્ષો સુધી સક્રિય રહયા હતા ૧૯૪૮માં જ્યારે સૌરાષ્ટ્રના એકમની રચના થઈ ત્યારે તેઓ તેના પ્રથમ નાયબ મુખ્ય પ્રધાન બન્યા હતા. ૧૯૪૭માં તેવો ભારતની બંધારણ સભાના સભ્ય ચુંટાયેલા.

૧૯૫૨ અને ૧૯૫૭માં એમ બબ્બેવાર તેઓ ભાવનગરમાંથી લોકસભાના સભ્ય તરીકે ચુટાયા હતા તેઓ કોંગ્રેસ સંસદીય પક્ષના મંત્રપદે હતા અને લોકસભાની અંદાજ સમિતિના અધ્યક્ષ પદે પણ રહ્યા હતા ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન પણ બન્યા હતા. તે પછી વિધિની વિચિત્રતા એ તે કે બરાબર બે વર્ષે તેમની આ ઉજ્જવળ કારકીદી એ સુથરીના દરિયા કિનારે સોડ તાણી તેઓ ગુજરાતનુ ગૌરવ હતા.

## શ્રી ઉછરંગરાય ન. ઢેબર

સૌરાષ્ટ્રના ઘડતરમાં જેમનું આગળ સ્થાન છે. તે શ્રી ઢેબરભાઇ રાજકોટમાં વે. ઈ સ્ટે. એજન્સીની કોર્ટમાં વકીલાત કરતા હતા દેશમાં રાષ્ટ્રિય આંદોલનના નગારા વાગ્યા અને વકીલાતને તીલાંજલી આપી ૧૯૨૯માં કોંગ્રેસના સૈનિક બન્યા તે પછી કાઠીયાવાડ પોલીટીકલ કોન્ફરન્સના સેક્રેટરીપદે પણ રહ્યા ૧૯૪૭માં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મંત્રી તરીકે કામ કર્યું રાજકોટ સત્યાગ્રહ વખતે ત્રણ વખત જેલમાં ગયા. '૯૪૧માં છ માસની જેલયાત્રા ભોગવી હતી ૯૪૨-૪૫માં પણ જેલમાં ગયા ૧૯૪૮ થી સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્ય પ્રધાન બન્યા ત્યાર પછી અખિલ હિંદ કોંગ્રેસનું પ્રમુખપદ સાંભળ્યું ગુજરાત અને ભારતની જુદી જુદી સામાજીક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.હાલમાં ખાદી બોર્ડનું સંચાલન કરી રહ્યા છે.

## ડૉ. જીવરાજ નારાયણ મહેતા

તેઓએ પોતાના અભ્યાસકાળ દરમ્યાન દર વર્ષે કોલેજસ્કોલરશીપો અને સુવર્ણચંદ્રકો મેળવીને તેજસ્વી વિદ્યાર્થી તરીકે નામના કાઢેલી. સમાજસેવાની પ્રવૃત્તિ પણ અભ્યાસકાળથી જ અપનાવેલી. લંડનમાં ઇન્ડીયન એસો.ની સ્થાપના કરી ઇંગ્લેન્ડમાં હિંદી વિદ્યાર્થીઓને નડતી મુશ્કેલીઓ અંગે લંડનમાં ઝુંબેશ ઉઠાવી હતી. ૧૯૫૧માં મુંબઈ આવી કન્સલ્ટીંગ પ્રોકટીસ શરૂ કરી. ૧૯૨૧માં વડોદરા રાજ્યના ચીફ મેડીકલ ઓફિસર તરીકે જોડાયા. ૧૯૩૨ માં ભારતના મુક્તિજંગમાં ઝંપલાવ્યું બે વર્ષ જેલવાસ ભોગવ્યો. ૧૯૪૨માં ભારત છોડોની લડતમાં ભાગ લીધો અને ફરી બે વર્ષ જેલવાસ ભોગવ્યો, ૧૯૪૬માં વિધાનસભામાં ચુંટાયા. ૧૯૪૮માં વડોદરા રાજ્યના દિવાન નિમાયા. ૧૯૪૯માં મુંબઈના પ્રધાનમંડળમાં જાહેર બાંધકામના પ્રધાન થયાં. ૧૯૫૨ થી ૧૯૫૬ સુધી મુંબઈ સરકારના નાણાંખાતા ઉપરાંત દારૂબંધી અને ઉદ્યોગખાતાના પ્રધાન તરીકે ફરજો સંભાળેલ. તે પછી ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન બન્યા. સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં તેમની સેવાઓ ઘણી છે.

## શ્રી રસીકલાલ ઉમેદચંદ પરીખ

જેમના પાસેથી સૌરાષ્ટ્રના સ્વાતંત્ર્ય સંગ્રામની કડીબદ્ધ વિગતો મળી શકે છે. જેઓએ લીંબડી સત્યાગ્રહના પ્રણેતા અને સૌરાષ્ટ્રના એક અડીખમ રાજકીય કાર્યકર તરીકેનું સ્થાન પ્રથમ હરોળમાં મેળવ્યું છે, તેવા શ્રી રસિકભાઈ ૧૯૩૩, ૧૯૩૯ અને ૧૯૪૨ ની રાષ્ટ્રીય ચળવળોમાં અગ્ર ભાગ ભજવ્યો હતો અને ત્રણે વખત જેલવાસ ભોગવ્યો હતો. ૧૯૪૮ માં સૌરાષ્ટ્ર રાજ્યસભામાં પ્રધાન તરીકે લેવાયા. ૧૯૫૨ માં ઝાલાવાડમાંથી લોકસભામાં ચૂંટાયા. સૌરાષ્ટ્ર રાજ્યના ગૃહપ્રધાન તરીકે પણ કામ કર્યું. ૧૯૫૪ માં સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્યપ્રધાન થયાં. ૧૯૫૬ થી મુંબઈ રાજ્યના મહેસુલ પ્રધાન તરીકે પણ સેવા આપી. ગુજરાતનું અલગ રાજ્ય થતાં ગુજરાત રાજ્યના ગૃહપ્રધાન તરીકે પણ સેવા આપી હતી.

## શ્રી મનુભાઈ શાહ

સૌરાષ્ટ્રનું રાજ્ય સ્થાયું ત્યારે નાનામાં નાના પ્રધાન તરીકે જે ગણાતા હતા તે શ્રી મનુભાઈ શાહે દિલ્હીમાં શરૂઆતમાં દિલ્હી કલોથ અને જનરલ મીલ્સ કું૦ માં ઉંચા દરજ્જાની જગ્યા ઉપર બાર વર્ષ કામ કર્યું. સૌરાષ્ટ્રમાં નાણાંપ્રધાન થયાં. રાષ્ટ્રિય લડતોમાં તેમણે ઘણી સેવાઓ આપી છે. ભારત સરકારના ઉદ્યોગવિકાસ ખાતાના પ્રધાન પછી ભારે ઉદ્યોગખાતાના પ્રધાન થયાં. ૧૯૫૭ થી ભારત સરકારના ઉદ્યોગખાતાના પ્રધાન તરીકે પણ સેવા આપી છે. ભારે ઉદ્યોગમાં તેમણે નહેરૂના સ્વપ્નાઓ સાર્થક કર્યાં, કાપડ ઉદ્યોગને દુનિયામાં બીજું સ્થાન અપાવ્યું. નિકાસ વ્યાપારમાં નવા શિખરો સર કરી બતાવ્યા. ઔદ્યોગિક ક્રાંતિના મશાલચી તરીકે અને આધુનિક સૌરાષ્ટ્રના શિલ્પીઓમાં તેમનું નામ મોખરે રહેશે, ગુજરાત ડેવલોપમેન્ટ કોર્પોરેશનના સુકાની તરીકે ઘણી યશસ્વી સેવા આપી રહ્યાં છે.

## શ્રી રતુભાઇ અદાણી

ગાંધીયુગની ખડતલ વ્યક્તિઓમાં શ્રી રતુભાઈનું નામ મોખરે છે ૧૯૩૦ માં અભ્યાસ છોડયો અને સત્યાગ્રહની ચળવળમાં ભાગ લીધો અને જેલમાં ગયા. જેલમાંથી બહાર આવી રાજકીય અને સામાજિક પ્રવૃત્તિઓ શરૂ કરી, ૧૯૪૨ માં ભૂગર્ભકાર્યકર તરીકે કામ કર્યું સૌરાષ્ટ્રનું રાજ્ય રચાયા પછી વિકાસ અને પ્લાનીંગ ખાતાના પ્રધાન તરીકે સેવાઓ આપી. મુંબઈ રાજ્યના વીલેજ પંચાયત અને કોટેજ ઇન્ડસ્ટ્રીઝના પ્રધાન તરીકે પણ કામ કર્યું. છેલ્લે ગુજરાત રાજ્યના પ્રધાન મંડળમાં પણ જોડાયા. આજે જૂનાગઢમાં રહીને સૌરાષ્ટ્રની રચનાત્મક પ્રવૃત્તિઓને વેગ આપી રહ્યાં છે.

## શ્રી કાન્તિલાલ પી. શાહ

ઈન્ટર આર્ટ્સ સુધીનો અભ્યાસ, ધંધામાં અને જાહેર-જીવનમાં યશસ્વી સિદ્ધિઓ હાંસલ કરી છે. ૧૯૨૭ માં મુંબઈ ખાતે શીપીંગ એજન્ટસ તરીકે જીવનની કારકીર્દીની શરૂઆત કરી ૧૯૩૮ માં જામનગર ખાતે આ જ ધંધો સરૂ કર્યો. હૈયાઉકલત અને કુશળતાથી ધંધાનો વિકાસ કર્યો, અને એ લાઈનમાં સારી ખ્યાતિ મેળવી. જામનગર ચેમ્બર ઓફ કોમર્સ, જામનગર બાલ્કન જી. બારી અને જામનગર પી એન્ડ ડી વર્કસ યુનિયનના પ્રમુખ તરીકેની એમની સેવાઓ જાણીતી છે. ન્યુ દિલ્હી સેન્ટ્રલ એક્ષપોર્ટ પ્રમોશન એડવાઈઝરી કાઉન્સીલ, લાઈફ ઈન્સ્યુ. કોર્પોરેશનના વેસ્ટર્ન ઝોનના ઝોનલ એડવાઈઝરી બોર્ડના હાલાર વિકાસ તથા કેળવણી બોર્ડના અને રાજકોટ વિભાગના આર. ટી. ઓ.ના સભ્ય તરીકે રહીને સારી કામગીરી બજાવી છે. સૌરાષ્ટ્ર સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ, કો ઓપરેટીવ બેન્ક અલીયાબાડા વિદ્યામંડળ વિગેરેના ચેરમેનપદે નિષ્ઠાથી કામ કર્યું. ૧૯૫૭માં મુંબઈ વિધાનસભામાં સભ્ય તરીકે ચુંટાયા હતા હાલમાં ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના ચેરમેન તરીકે ઘણીજ ઉમદા સેવા બજાવી રહ્યાં છે. તેઓ જામનગરનું સૌરાષ્ટ્રનું અને ગુજરાતનું ગૌરવ છે.

## શ્રી જાદવજીભાઈ કે. મોદી

ભાવનગર જિલ્લા પંચાયતના હાલના પ્રમુખ અને ભાવનગર જિલ્લા કોંગ્રેસમાં બળવંતભાઈ મહેતા પછીનું સ્થાન ધરાવતા શ્રી મોદીની સચ્ચાઈ, પ્રમાણીકતા અને સદભાવ માટે સારૂએ સૌરાષ્ટ્ર પરિચિત છે. ૧૯૨૮ થી ૧૯૪૧ સુધી વકીલાત અને જાહેર પ્રવૃત્તિઓ ૧૯૨૮ થી કાઠિયાવાડ વ્યાયામ પ્રચારક મંડળના મંત્રી, ૧૯૩૮ થી ભાવનગર રાજ્ય પરિષદના મંત્રી, સ્વરાજ્ય પછી જિલ્લા કોંગ્રેસના મંત્રી, ૧૯૪૧ માં વ્યક્તિગત સત્યાગ્રહ માટે જેલયાત્રા. ૧૯૪૨ માં ક્વીટ ઈન્ડીયા અંગે ડીટેન્શનમાં, ૪૮માં ભાવનગર રાજ્યના મહેસુલ પ્રધાન–એજ અરસામાં સૌરાષ્ટ્ર રાજ્યની એડમીનીસ્ટ્રેટીવ કાઉન્સીલના ચેરમેન, ૪૯માં જિલ્લા કલેકટર, ૫૦ થી ૫૨ સુધી સૌરાષ્ટ્ર ધારાસભાના સ્પીકર ૫૨ થી ૫૬ સુધી કેળવણી તેમજ જાહેર બાંધકામ ખાતાના પ્રધાન તરીકે યશસ્વી કામગીરી બજાવી. નાથદ્વારા ટેમ્પલ બોર્ડ, ગોપાલક સંઘ, ભાવનગર કેળવણી મંડળ, ગાંધી સ્મૃતિ ટ્રસ્ટ આવી અનેકવિધ સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. તેમનું આખુંએ કુટુંબ ચુસ્ત ખાદીધારી છે. પોતે કોંગ્રેસની શિસ્તને વરેલા છે.

## શ્રી પરમાણંદ ઓઝા

મુક્ત હાસ્ય કરતા પ્રતિભાશાળી પુરુષને જુઓ એટલે સમજી લેવું કે ઉનાના એ પરમાણંદભાઈ ઓઝા છે. જેણે સ્થાન પદ કે સત્તા મેળવવા કદી નાનો સરખો પણ પ્રયત્ન નથી કર્યો. છતાં આમજનતા કોંગ્રેસ પક્ષ અને ગુજરાત સરકારે હંમેશા અગત્યના સ્થાને તેને પસંદ કર્યા છે, તે શ્રી પરમાણંદભાઈ જીવાભાઈ ઓઝા જીવનની પ્રેરણાત્મક હકીકત છે.

આર્થિકરીતે સદ્ધર એવા મૂળ ઉના તાલુકાના સીમર ગામના વતની ને મુંબઈ વસતા ઉનેવાળ બ્રાહ્મણ પરિવારના એક નવજવાનને સને ૧૯૨૯ના દિવસોમાં પૂજ્ય રાષ્ટ્રપિતા ગાંધીજીને અને પંડિત જવાહરલાલજીના વિચારોની ધુન લાગી ને કોંગ્રેસનો સૈનિક થવાનું મન થયું, મુંબઈ પ્રદેશ કોંગ્રેસની શાખા મુંબઈ "બી" વોર્ડ માંડવી વિભાગ કોંગ્રેસ સમિતિના સભ્ય તરીકે જોડાઈ જ સેવાની દિક્ષા લીધી સને ૧૯૩૭ સુધી આ જુવાને કોંગ્રેસે જે કંઈ સોંપ્યું તે દેશ સેવાનું કામ કર્યું તે જુવાન એજ આજના શ્રી પરમાણંદદાસ જીવાભાઈ ઓઝા.

સને ૧૯૩૭ માં તબિયત બગડવાથી પરિવારની પ્રેમભરી મીઠી ઉંઘ છોડી, મિત્રમંડળ છોડી. આરામનો રોટલો છોડી, મહેનત કરી તબિયત સુધારવા પોતાની જન્મ ભૂમિઉના તાલુકામાં આવ્યા, ત્યારે કોઈ જાણતું ન હતું કે આ જુવાન માણસ સમગ્ર ઉના તાલુકાની જનતાનો અગ્રણી બનશે. તે જુનાગઢ જિલ્લાનો અગ્રણી કાર્યકર બનશે. વર્ષોની સેવાને લીધે ગીરના માલધારીઓ, પંચોળી, ગરવી, ગોહેલો, આહેર, કારડીયા, કણબી. મારૂ, કુંભાર, હરિજનો, કોળી, અને પછાત વર્ગથી માંડીને ઉનાની વણિક બ્રાહ્મણ દરેક કોમના હૈયે સુધી શ્રી પરમાણંદભાઈની સેવાની સુગંધ અને દિલની આત્મિયતા પહોંચી છે.

સ્વરાજ્ય લાવવા માટે જે ફનાગીરીને વેરી લેનાર સેવાભાવી જુથ્થ ભારતમાં કોંગ્રેસે ઊભું કયુ તેમાં શ્રી ઓઝાએ પણ આમ જનતાને ગુલામીમાંથી મુક્ત થવાની વાત સમજાવવામાં મહત્વનો ફાળો આપ્યો હતો જુનાગઢમાં જ્યારે નવાબશાહીનો સુરજ તપતો હતો અધિકારીઓ નવાબી મિજાજમાં અને દાઢમાં રહેતા હતા ત્યારે ઉના તાલુકાની જનતાનો પ્રશ્ન શ્રી ઓઝા પોતાની લોકસેવાની શક્તિથી હલ કરતા હતા. સ્વરાજ્ય આવ્યા બાદ શ્રી ઓઝા જનસેવાના જ કામમાં ગળાડુબ રહેતા હોવાથી તેમની ખેતી સુકાઈ ગઈ, આર્થિકરીતે ઘસાયા તેમનું પશુધન અરધું નાશ પામ્યું તેમના ઘરની ચિંતા ઈશ્વરને સોંપી દીધી. સ્વરાજ્યના ૧૯ વર્ષે ઉના તાલુકામાં ગામે ગામ વાડીએ વાડીએ ઓઈલ એન્જિનો મુકવામાં આવ્યા અને ઉના તાલુકો ગુજરાત રાજ્યમાં પ્રસિદ્ધ પામ્યો. ત્યારે શ્રી ઓઝાની વાડી ઉપર પાણીનું મશીન નહોતું પહોંચ્યું ગમે તે માણસ આવે તેને જમાડી મદદ કરવામાં ધન્યતા અનુભવતા ઉદાર અને ખાનદાન લોકસેવક ઉપર સમગ્ર ઉના તાલુકાની જનતા, અને બાબરીયાવાડની જનતા ગૌરવ અનુભવે છે. હાલમાં તેઓ ગુજરાત રાજ્યના વન અને માર્ગ વાહન વ્યવહાર ખાતાના નાયબ મંત્રી તરીકે સેવા આપી રહ્યાં છે.

## શ્રી જયરામભાઈ આણંદભાઈ પટેલ

સૌરાષ્ટ્રના ગોંડલ નજીક કોલકી ગામનાં ખેડુત કુટુંબના શ્રી જયરામભાઈ પટેલનો જન્મ નવેમ્બર તા. ૧૪, ૧૯૨૭ ના રોજ બ્રહ્મદેશમાં યોંગ્વેમાં થયો હતો. તેમણે સૌરાષ્ટ્રની ગુજરાતી શાળામાં અને બ્રહ્મદેશની મીશનરી સ્કુલમાં ૧૧ ધોરણનો

અભ્યાસ કર્યો ત્યાર બાદ બીજા વિશ્વયુદ્ધને કારણે તેમને ભારતમાં આવવું પડયું. આ પછી ૧૯૪૨ ના રાષ્ટ્રીય આંદોલનમાં સૈનિક તરીકે લડતમાં ફાળો આપ્યો અને ૧૯૪૭ માં આંબલા ગ્રામ દક્ષિણામુર્તિમાં લોકસેવક તરીકેનો અભ્યાસ કર્યો.

શ્રી જયરામભાઈની રાજકીય કારકિર્દીનો પ્રારંભ તેમણે જુના ગોંડલ રાજ્યના કાયદાનો ભંગ કરીને પુસ્તકાલયો સ્થાપવામાં આગેવાનીભર્યો ભાગ ભજવ્યો ત્યારથી થયો. આ પછી તેમણે ગોંડલ પ્રજામંડળની સ્થાપનામાં તેમજ ગોંડલ રાજ્ય પ્રતિનિધી સભાની રચનાના કાર્યમાં મહત્વનો ફાળો આપ્યો હતો. આ ઉપરાંત જામ જુથ યોજના વિરૂધ્ધ લોકમત પ્રગટ કરવાના આંદોલનોમાં તેમણે અગ્રગણ્ય કામગીરી બજાવી હતી. સૌરાષ્ટ્ર ખેડુત મંડળના મંત્રી તરીકે શ્રી જયરામભાઇએ અઢી વર્ષ કામગીરી બજાવ્યા બાદ તેઓ પોતાના વતન કોલકી ગામની પંચાયતના સરપંચ તરીકે ચુંટાયા હતા ૧૯૫૪ થી ૫૭ સુધીના આ ત્રણ વર્ષના ગાળા દરમિયાન આ કોલકી પંચાયતે સૌરાષ્ટ્રની શ્રેષ્ઠ પંચાયત તરીકે ઈનામ મેળવ્યું હતું.

ગયા મંત્રીમંડળમાં તેમણે કૃષિ અને નાગરિક પૂરવઠા ખાતાના નાયબ મંત્રી તરીકે કામગીરી બજાવી, હાલમાં ગુજરાત રાજ્યના ખેતી–સીંચાઈ–વિજળી ખાતાના નાયબ મંત્રી તરીકે સેવા આપી રહ્યાં છે.

### શ્રી રાઘવજી લેઉઆ

તે તેમની વિદ્વતા અને સેવાના સાચા અને ઉચિત આદર સમાન છે. અને વિધાન સભાના અધ્યક્ષ તેમની સર્વાનુમતિ પસંદગી કરીને રાજ્ય ધારાસભાએ ગૌરવશાળી પ્રણાલી પાડી છે. અસ્પૃશ્યતાના અનિષ્ટની સમાજ પરની પકડ છતાં શિક્ષણ સાધનો ચાલુ રાખીને તેઓ બી. એસ. સી. એલ. એલ. બી. થયા. અભ્યાસ કર્યા પછી મહારાવ શ્રી શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે તેમને ૧૯૩૭ માં ન્યાયખાતામાં પ્રોબેશનલસિવિલ જજ તરીકે નિમણુંક આપી અને તેમને વધુ અભ્યાસ અર્થે ઇગ્લાંડ મોકલ્યા. વડોદરા રાજ્યના જવાબદાર રાજ્યતંત્રમાં શિક્ષણ અને પંચાયતખાતાના પ્રધાન તરીકે જોડાયા. ૧૯૫૯ માં વડોદરા રાજ્યનું મુંબઈમાં જોડાણ થતાં તેઓએ મુંબઇ હાઇ કોર્ટમાં પ્રેકટીસ શરૂ કરી હતી. આ કાળ દરમિયાન મુંબઈના મ્યુનિસિપલ મજુરોનાં યુનિયન સાથે અને મજુરોના હિતની પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લીધો. સૌરાષ્ટ્ર રાજ્યના પછાત વર્ગ કલ્યાણ બોર્ડમાં પણ તેમણે સેવા આપી હતી. તેમણે ગુજરાત રાજ્ય પબ્લીક સર્વીસ કમીશનનાં અધ્યક્ષ તરી ની જવાબદારી સંભાળી અને લાગલાગટ છ વર્ષ સુધી સફળતાપૂર્વક આ કામગીરી બજાવી. તેઓ સામાજીક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલાં છે. અમરેલીમાં કોલેજો ચલાવતી અમરેલી જિલ્લા વિદ્યાસભાના તેઓ મંત્રી છે.


આ ઉપરાંત તેઓ વડોદરની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સેનેટના ૧૯૪૯થી સભ્ય છે. અને ગુજરાત યુનિવર્સિટીની સેનેટના ૧૯૬૧ થી સભ્ય છે. આ ઉપરાંત નવી સ્થપાયેલી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સલાહકાર સમિતિના પણ સભ્ય છે.

### શ્રી જસવંત મહેતા


મહુવામાં એમણે વિદ્યાર્થી જીવન ગાળેલું. નાની વયથી તરવરાટ અને અન્યાયનો સામનો કરવા તત્પર રહેવાના ગુણોએ એમને નેતા બનાવી દીધેલ. મહુવની વિદ્યાર્થી પ્રવૃત્તિઓમાં મોખરે રહેતા, ત્યાર પછી ભાવનગરની શામળદાસ કોલેજમાં દાખલ થયા અને ભાવનગરની વિદ્યાર્થી લડતો અને વિદ્યાર્થી મંડળમાં આગેવાની ભર્યો ભાગ ભજવેલો. ૧૯૪૨ માં પૂ. બાપુએ અંગ્રેજો હિંદ છોડોની હાકલ કરી. આ લોકક્રાંતિમાં એક પછી એક આગેવાનો જોડાયા. શ્રી જશુભાઈ કોલેજ છોડી આ લડતમાં કુદી પડયા. પણ એમને સીધા સાદી રીતે પકડાઈ કારાવાસમાં જવાનું પસંદ ન હતું. એમણે ભૂગર્ભમાં જઈ અંગ્રેજ સરકાર સામેની લડત ચલાવ્યે રાખી, આ વાતની ગંધ જતાં ભાવનગર રાજ્યે એમની ધરપકડ માટે વોરંટ કાઢયું, પણ વોરંટ શેનું બજે ? રાજ્ય કડક થયું એમને હાજર થવા અને નહિતર જમીન હરરાજ કરવા નોટીસ નીકળી. પણ હાજર ન થયા. છેવટે જમીન હરરાજ થઈ, પછી તો કાઠીઆવાડ એજન્સી, મુંબઈ સરકાર વગેરે ધરપકડ માટે વોરંટો કાઢયા પરંતુ તે ન પકડાયા તે ન જ પકડાયા. આ રીતે ચાર વર્ષ ભૂગર્ભવાસ સેવ્યો એ દરમ્યાન કાશી વિદ્યાપીઠમાં જઇને સમાજશાસ્ત્રનો અભ્યાસ પણ કર્યો, ૧૯૪૭ માં સ્વરાજ આવતાં વતન મહુવામાં આવ્યા. પરંતુ થોડા જ સમયમાં જુનાગઢની આરજી હકુમત થઈ અને ફરી શ્રી જશુભાઈ એ લડતમાં ગયા અને અગ્રહિસ્સો આપી લડત સફળ બનાવી. એમના જાહેર જીવનનો સીધો આરંભ ૧૯૪૮ થી મહુવામાં શરૂ થયો. મજુર પ્રવૃત્તિ, ખેડૂત પ્રવૃત્તિ, સામાજીક પ્રવૃત્તિ વગેરે ક્ષેત્રોમાં એમણે ઉત્સાહભેર કામ શરૂ કર્યું અને લોકોએ પણ તે ઉપાડી લીધું. ૧૯૫૨ માં પ્રથમ ચુંટણીમાં તેઓ મહુવા વિધાન સભાની બેઠક લડી સૌરાષ્ટ્ર ધારાસભાના વિરોધપક્ષના ધારાસભ્ય બન્યા. વિરોધપક્ષમાં એમનો આગેવાની ભર્યો ભાગ હતો. ૧૯૫૫ માં દીવ મુક્તિ આંદોલનમાં ભાગ લીધો અને સત્યાગ્રહ માટે બે માસ પંજીમ જેલમાં ગાળ્યા. સેલ્સટેક્સ આંદોલન વખતે પણ જેલમાં ગયેલ. શ્રી જશુભાઈ ૧૯૪૯ થી ૧૯૫૯ સુધી એટલે દશ વર્ષ મહુવા મ્યુની.ના પ્રમુખપદે રહ્યા હતા. મહુવા મ્યુનીસિપાલીટીએ આઝાદી પછી જે સિદ્ધિઓ હાંસલ કરી છે તેનો સાચો અને સચોટ ખ્યાલ જોયાં સિવાય આવી શકે તેમ નથી સુધરાઇએ લોકમત કેળવી લોકફાળાથી જાહેર ગ.મો કર્યા છે તે અભિનંદનીય છે મહુવા કેળવણી સહાયક સમાજની પ્રસંશા સવત્ર થાય છે. હાલ તેઓ ગુજરાત રાજ્યના નાણાંપ્રધાન છે.

### શ્રી છબીલદાસ મહેતા

૪૨ વર્ષના શ્રી છબીલદાસ મહેતા સૌરાષ્ટ્રના ગોહિલવાડના તરવરિયા જુવાનોના જુથના એક સભ્ય છે. જેમણે પોતાના સાથીદારો સાથે રહીને મહુવા શહેર સુધરાઈમાં સંગીન કામગીરી કરીને સૌના હૃદય જીતી લીધા હતા. મહુવામાં કામ કરતી પ્રગતિશીલ જુવાન મિત્રોની પ્રવૃત્તિમાં શ્રી છબીલદાસ પણ નાનપણથી આકર્ષાયા, અને તેમણે જાહેર જીવનમાં મંડાણ કર્યા. બધા




પથ્થર અને લાકડામાં વ્યક્ત થતાં અદ્‌ભુત લલિતકાવ્યો સમા સ્થાપત્યનું અને કલાદષ્ટિની જીવંત ઇમારતોનું ઐતિહાસિક ધામ અમદાવાદ




જૈન મંદિરોનું નગર–સંસ્કૃતિનો ધ્વજધારી શત્રુંજય, પાલીતાણા

(માહિતીખાતાના સૌજન્યથી)




શાહઆલમ રોઝા, અમદાવાદ



તીર્થધામ ડાકોર (માહિતીખાતાના સૌજન્યથી)

ડાકોરના આ રણછોડરાયજીના મંદિરને ગુજરાતનું 'કાશી' કહેવાય છે.



નેમીનાથ જૈન ટેમ્પલ, કુંભારિયા (માહિતીખાતાના સૌજન્યથી)

(સ્થાપત્યકળામાં ગુજરાતની વિશિષ્ટતા શૈલી અને ઉત્કૃષ્ટ પરંપરાનાં અહીં દર્શન થાય છે)


કુંભારિયા જૈન મંદિરની કોતરણીનું ઉપરની છતનું દૃશ્ય (માહિતીખાતાના સૌજન્યથી)



પથ્થર પરનું નકશીકામ



મહાગુર્જર શૈલીના શામળાજીના સૂર્યમંદિરનો સ્તંભિકાઓ-
વાળો ત્રિશાખી ગવાક્ષ આઠમો સૈકો



ઉત્તર મધ્યકાલીન ગવાક્ષ ૧૫મો સૈકો
અડાલજની વાવ



સોલંકીયુગી ગવાક્ષ ૧૨મો સૈકો જેઠાભાઈની વાવ
અમદાવાદ



મુસ્લિમયુગી દીપગવાક્ષ ૧૬મો સૈકો
ગાજનગરબડખાનનો રોજો, મોડાસા



એકલી ઊભેલી દ્વાર શાખ સારણેશ્વર પોળો (સાબરકાંઠા)



સોલંકી શ્રેણીનો વાઘેલા કાલીન ગવાક્ષ
દેરાણી-જેઠાણીનો ગોખલો, આબુ


(તસ્વીરો : ડૉ. હરિભાઈ ગૌદાની)



કાષ્ઠકામ, માતા



કાષ્ઠકામ, મૃદંગવાહિની



પાટણની કાષ્ઠકોતરણી, પ્રાચીન ઉદ્યોગ

(તસ્વીરો : ડૉ. હરિભાઈ ગૌદાની)




રૂચકકુંભી સમેતશેખાના મહાદેવ
(જિલ્લો સાબરકાંઠા)




ઘોડેસ્વારની ખાંભી



ગુજરાતનો આદિવાસી



દાંડિયારાસમાં આદિવાસીઓ (માહિતીખાતાના સૌજન્યથી)










ભડીયાદ પોટરીઝ


પોષ્ટ બોક્ષ નં.૯, મોરબી, ફોન:૩૮૦

# ગુજરાતની સ્થાપત્યકલાના ઉત્કૃષ્ટ નમૂનાઓ



મઠનું મંદિર, રાજસીતાપુર



ખાપરા-કોડિયાનાં ભોંયરાં, જૂનાગઢ



બાલકૃષ્ણ, સોનાપુર (જામનગર)



કીર્તિમંદિર, પોરબંદર



જૈનમંદિર, સેજકપુર (ઝાલાવાડ)



સતાધાર મંદિર, (જિ. જૂનાગઢ)



રામમંદિર, બરડિયા


કળામય ટાવર, મોરબી



પ્રાચીન સ્થાપત્ય, બરડિયા


હરિસિદ્ધ માતાનું મંદિર, મિયાણી


સોનકંસારીનું પંચાડી મંદિર, ૮મી સદી
ઘુમલી–બરડો (હાલાર પંથક)



રાણુકદેવીનું મંદિર, વઢવાણ


તલસાણા મહાદેવ



પથ્થર બન ગયા આખલા, મોરબી
(તસ્વીરઃ એચ. આર. ગૌદાની)



સૂર્ય-નવમી સદી કચ્છીગઢ, ઓખામંડળ
(વડોદરા મ્યૂઝિયમના સૌજન્યથી)



દિવનો કિલ્લો, દિવ
(તસ્વીરઃ એચ. આર. ગૌદાની)



દામોદર કુંડ, જૂનાગઢ


ત્રિનેત્રનો કુંડ

કલાસ્થાપત્યની આવી પ્રાચીન જગ્યાઓમાંથી ગુજરાતની
પ્રજાને નિરંતર કલ્યાણકારી દૃષ્ટિ મળતી રહી છે.



સરસ્વતી મંદિર, દ્વારકા



નવલખા મંદિર, સેજકપુર (ઝાલાવાડ)



પ્રતોલી રુક્ષ્મણી મંદિર, દ્વારકા


સૂર્યમંદિર, સોમનાથ



શ્રવણ, સોનાપુર (જામનગર)


મહામેરુપ્રાસાદ, સોમનાથ



રાજમહેલનો મિનારો, હળવદ


ધ્રુમઠનું મંદિર (ઝાલાવાડ)


## ગુજરાતની ધરતીના સનાતન મૂલ્યોનું અહીં પ્રતિબિંબ પડે છે



પાશ્ચાત્યદર્શન–બિલેશ્વર મંદિર (બરડો)




બિરબલનું મંદિર, સાંકળી




ગૌતમકુંડ, સિહોર



રુક્ષ્મણી મંદિર, દ્વારકા



ડુંગરેશ્વર મહાદેવ, ઢાંક



ત્રિનેત્રનું મંદિર, થાન



સુવર્ણતીર્થ–વરમાળા, દ્વારકા



સંબલેશ્વર મહાદેવનું મંદિર, કંકાવટી (ધ્રાંગધ્રા પાસે)




ત્રિપુરુષ–પંચાયતન મંદિર, પરબડી(ઝાલાવાડ)



ગિરનો વનરાજ (માહિતીખાતાના સૌજન્યથી)

એશિયાભરમાં ફક્ત ગુજરાતના ગિરજંગલોમાં જ સિંહોનું નિવાસસ્થાન છે.




WEIGHT ONLY NINTY POUNDS




RUNS OVER GRASS, SANDY-
-BEACHES, ROUGH TERRAIN,

CAN BE FOLDED OR UNFOLDED IN TWO MINUTES – WITHOUT TOOLS




**— THE BOMBAY CYCLE TRADING CO. —**


**B. MOHANLAL & CO. — M. D. PAREKH**




Manufactured by: **QUALITY INSTRUMENT CO.**
**BOMBAY-2**


Distributors: **SIEMENS INDIA LTD.**
**BOMBAY-1**

## માનવસમાજને અહર્નિશ ધર્મની પ્રેરણા આપતાં દેવમંદિરો


ઇંદ્રાણી–મુરલીમનોહરનું મંદિર
સુપેડી



સાબ્બ લક્ષ્મણનું મંદિર, બીજાપુર–બરડિયા
(તસ્વીર: પુષ્કરભાઈ ગોકાણી)


સુત્રાપાડાનું સૂર્યમંદિર (કર્ણદર્શન)
(સોમનાથ પાસે)



સાળંગપુરનો દરવાજો, સાળંગપુર



ગંગવો–દેદાદરા (ઝાલાવાડ)



શિવમંદિર–પ્રાંચી



જૂનું સૂર્યમંદિર, થાન


વાવ–ધાધલપુર (ઝાલાવાડ)



દ્વારકાધીશનું મંદિર–દ્વારકા
(તસ્વીર: એચ. આર. ગૌદાની)


મણિમંદિર, મોરબી


ખાંભીઓ–રાણકદેવીનું મંદિર, વઢવાણ


નવલખા મંદિર, ધૂમલી (બરડો)



ગોપ, હાલાર


સૂર્યમંદિર, ઢાંક


શિખરભાગ–ખિમેશ્વરનું મંદિર (કુછડી)


અહલ્યાબાઈએ બંધાવેલ સોરઠી
સોમનાથનું શિવમંદિર



ધૂધળીનાથ, ધાધલપુર (ઝાલાવાડ)


સુદામામંદિર (પોરબંદર)



વાત્સલ્ય • ગુજરાતની કાષ્ઠકલા (માહિતીખાતાના સૌજન્યથી)

આવી અનેકવિધ કળાઓ ગુજરાતમાં પાંગરી છે.



ગુજરાતમાં સૌરાષ્ટ્રની કળાનો એક નમૂનો (માહિતીખાતાના સૌજન્યથી)



ઝૂલતા મિનારા, અમદાવાદ

ઈ. ૧૪૫૪માં સૈયદ ખુદાવીરનાં મા બીબીજીને માટે કુત્બુદ્દીને (અહમદશાહ બીજાએ) બંધાવેલી આ મસ્જિદની કારીગરી તેણે બંધાવેલી બીજી બે મસ્જિદો (સારંગપુર ચકલાની તથા દિલ્હી ચકલામાંની મસ્જિદો) કરતાં વધારે કોમળ છે. તેના બન્ને મિનારા હાલતા હોવાથી તે હાલતા તોડાની મસ્જિદ તરીકે દેશ આખામાં પ્રસિદ્ધ છે.

(માહિતીખાતાના સૌજન્યથી)



મોઢેરાનું સૂર્યમંદિર



લખપતના મસ્જિદ (કચ્છ) (માહિતીખાતાના સૌજન્યથી)



મહાકાળીનું મંદિર, પાવાગઢ



મુનસર તળાવકાંઠાની દેરીઓ, વીરમગામ




ચામુંડા મંદિર, કિશનગઢ (સાબરકાંઠા)



ડાકોર પાસે ગળતેશ્વરનું મંદિર



ગઢડા શામળાજીની દશ અવતાર સહિતની
વિષ્ણુ પ્રતિમા (સાબરકાંઠા)



કપીલેશ્વર મહાદેવ, વાવ (બનાસકાંઠા જિલ્લો)

તસ્વીરો : ડૉ. હરિભાઈ આર. ગૌદાની




ભડેશ્વર મહાદેવનું મંદિર (અંજાર)



હઠીભાઈની વાડીના દેરાસરનો આગલો ભાગ



ત્રિપુરુષ પ્રસાદ મંદિર, કસાર (બનાસકાંઠા)



લાખેશ્વર મહાદેવનું મંદિર, કેરાકોટ (કચ્છ)




આસોડા દેવડાનું મુખ્ય મહાદેવમંદિર (તા. વિજાપુર)
(તસ્વીરો : ડૉ. હરિભાઈ ગૌદાની)




શામળાજીનું મંદિર, શામળાજી (સાબરકાંઠા)




ઉમિયામાતાનું મંદિર, કડવા પાટીદારનાં કુળદેવી, ઉંઝા



લક્ષ્મીનારાયણનું મંદિર, ઈડર




લોહેશ્વર (લોટેશ્વર) મંદિર, મુંજપુર (મહેસાણા જિલ્લો)



મહાકાળી મંદિરવાળો ભાગ, હીરાભાગોળ, ડભોઈ



ધરણીધરનું મંદિર, ઢીમા (બનાસકાંઠા)




ગાજ્જગડબડખાનનો રોજો, મોડાસા

(તસ્વીરો : ડૉ. હરિભાઈ ગૌદાની)




ખેડબ્રહ્મા અંબાજીનું મંદિર, સંવતનો અગિયારમો સૈકો



કપડવણજ પાસે ઉત્કંઠેશ્વર (ઊંટડિયા મહાદેવનું મંદિર)



કુબેરેશ્વર મહાદેવનું મંદિર, ચાણોદ-કરનાલી



સ્વામિનારાયણનું મંદિર, વડતાલ



વડોદરાનું સૂર્યમંદિર



બાલારામનું મંદિર, બાલારામ


(તસ્વીરો : ડૉ. હરિભાઈ આર. ગૌદાની)




જુમા મસ્જિદનું પ્રવેશદ્વાર · ચાંપાનેર (ફોટો: મફતલાલ દૂધિયા)



જુમા મસ્જિદ · ચાંપાનેર (ફોટો: શ્રીદામ ભટ્ટ)
(બ્લૉકો: 'કુમાર'ના સૌજન્યથી)



સિદ્ધપુરના રુદ્ર મહાલયનો અવશેષ (ફોટો : નલિનભાઈ પટેલ)
(બ્લૉક : 'કુમાર'ના સૌજન્યથી)




હીરા ભાગોળ • ડભોઈ

ડભોઈનો કિલ્લો બાંધનાર શિલ્પી હીરા કડિયાના નામ પરથી કહેવાતા આ કિલ્લાના દરવાજાની અંદરની બાજુના માત્ર બે ગોખ, સ્તંભ અને કંદોરાનું જ શિલ્પ અહીં દર્શાવ્યું છે તે પરથી એની સમૃદ્ધિનો ખ્યાલ આવશે. ('કુમાર'ના સૌજન્યથી)



દેલવાડા મંદિરનો બહારનો મંડપ (ફોટો : મફતલાલ દૂધિયા)
(બ્લૉક : 'કુમાર'ના સૌજન્યથી)
(Space donated by Atul Cloth Centre)




રુદ્ર મહાલયની શૃંગારચોકી, સિદ્ધપુર



અષ્ટાસ્ત્ર સૂર્યમંદિરનું તોરણ (પિલુંદ્રા)



"સદેવંત સાવળીંગાના નવઉરા' પોળો
વિજયનગર (સાબરકાંઠા)



સ્વસ્તિક સ્થંભ શૃંગારચોકી, હઠીભાઈની વાડી




દેવમૂર્તિ કાળેશ્વરીની નાળ (પંચમહાલ જિલ્લો)

(તસ્વીરો : ડૉ. હરિભાઈ ગૌદાની)



ચક્રેશ્વરીની મૂર્તિ



ભડેશ્વર મહાદેવના ચોગાનની પરબડી, અંજાર



બાલખેલન




કદલીકેવડા સ્થંભ હીંડોળા, ડાકોર



ગણેશવિવાહનું શિલ્પ દુગ્ધેશ્વર મહાદેવ, અડિયા
(તા. પાટણ)




બળરામ વૈજનાથ મહાદેવનું મંદિર, વડાલી (સાબરકાંઠા)



ભદ્રકસ્તંભ ત્રિનેત્ર, ઝાલાવાડ


(તસ્વીરો : ડૉ. હરિભાઈ ગૌદાની)



ઐતિહાસિક સહસ્રલિંગ તળાવ, પાટણ




ટુવાટીમ્બાના ગરમ પાણીના કુંડો (પંચમહાલ જિલ્લો)




ગિરનારના એક શિખરની બાજુમાં તોળાઈ રહેલો ભૈરવજાપનો પથ્થર



નદીનાથનું સૃષ્ટિસૌંદર્ય




ખાનનો રોજો, ધોળકા



જુમ્મા મસ્જિદ, ખંભાત

(તસ્વીરો : ડૉ. હરિભાઈ આર. ગૌદાની)



ગુજરાતનું કાષ્ઠકામ: ઘરના ઓરડાની છત



ભગવાન શ્રીકૃષ્ણનો દેહોત્સર્ગ મૂર્તિ, પ્રભાસક્ષેત્ર



સાબરકાંઠા તથા બનાસકાંઠાની આદિવાસી પ્રજામાં વપરાતાં ઘાસનાં
તથા લોખંડનાં આભૂષણો: લોળિયું અને વીંછુવા



લોકશિલ્પમાં હાથી



દશાવતાર મંદિર, કદવાડ (સોરઠ)




હાટકેશ્વર મહાદેવ (વડનગર)

(તસ્વીરો: ડૉ. હરિભાઈ ગૌદાની)




કળામય મૂર્તિઓનાં સ્વરૂપો • પાટણ



ત્રિકમ બારોટની વાવ • પાટણ

(પાટણ જૈન મંડળ • મુંબઈના સૌજન્યથી)




હસ્તલિખિત પ્રતોમાંથી એક હજાર વર્ષ પહેલાંનાં પ્રાચીન તાડપત્રો (પાટણ જૈન મંડળના સૌજન્યથી)



માતાના ગર્ભમાં ભગવાન આવવાથી માતા હર્ષપૂર્વક સ્વપ્ન જોઈ રહ્યાં છે. (પ્રાચીન હસ્તલિખિત પ્રતોમાંથી)

(પાટણ જૈન મંડળ મુંબઈના સૌજન્યથી)

## ગુજરાતની ચિત્રશૈલીના નમૂના




[ચિત્રકાર: **શ્રી ખોડીદાસ પરમાર**] **જમીન અને જીવન...** [ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના સૌજન્યથી]



[ચિત્રકાર: **શ્રી સોમાલાલ શાહ**] **હરણ...** [ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીના સૌજન્યથી]




સાળંગપુર હનુમાન મંદિર



તળાજાની બૌદ્ધગુફાઓ



ગઢડા સ્વામિનારાયણનું મંદિર (સૌરાષ્ટ્ર)




અત્યંત પુરાતની ભવાની માતાનું મંદિર • મહુવા




સિહોરની પ્રાચીન જાહોજલાલી




દાંડિયારાસની રમઝટ બોલાવતા ગુજરાતી ગ્રામજનો (માહિતીખાતાના સૌજન્યથી)



વારતહેવારે યોજાતા લોકમેળામાં ભજન-ગરબીની ધૂન મચાવીને જીવનનો આનંદ મ્હાણતી ગ્રામ્યપ્રજા (માહિતીખાતાના સૌજન્યથી)




પલસાણા મહાદેવનું મંદિર
(અંદરની દર્શનમૂર્તિ)



રાસગરબા એ ગુજરાતી ગ્રામપ્રજાની ખાસ વિશિષ્ટતા છે.




લોથલ-પ્રાચીન અવશેષો




દ્વારકાધીશનું મંદિર, દ્વારકા
(ભગવાન શ્રીકૃષ્ણના વૈભવશાળી જમાનાની યાદઆપે છે)



ગિરનારના શિખરો સાથે હરીફાઈ
કરતાં જૈન મંદિરો



ત્રણુ મંદિરો, મૂળ દ્વારકા
(વીસાવદર) (પોરબંદર)



નવું સૂર્યમંદિર, સૂરજદેવળ





**લોથલ**
પ્રાચીન સંસ્કૃતિના
અવશેષો જ્યાંથી
મળી આવ્યા છે.

(માહિતીખાતાના સૌજન્યથી)


ત્રણ દરવાજા, અમદાવાદ

(માહિતીખાતાના સૌજન્યથી)





આ અદ્ભુત કોતરણીવાળી જાળીએ અમદાવાદની કારીગરીનો આખી દુનિયામાં ડંકો વગાડ્યો છે.
જગવિખ્યાત સીદી સૈયદની જાળી, અમદાવાદ



# ગુજરાતના દેવમંદિરો અને તીર્થધામો

— ડૉ. જયંતિલાલ જ. ઠાકર

યુગે યુગે જે ધરતીની સંસ્કૃતિના જ્યોતિર્ધરોએ જગતને ઝળહળતું કર્યું છે. જે ધરતીના રત્નાકર સાગરે શૌર્ય, સહિષ્ણુતા અને સહકાર વડે આગંતુક સૃષ્ટિના આતિથ્ય કર્યા છે. જેની સુરમ્ય સરિતાઓના સલિલે પતિતોને પાવન કર્યા છે, જેના ગગનચુંબી ગિરિશૃંગોએ અપરિગ્રહ અને અહિંસાના ઉદ્બોધન કર્યા છે; જેના વન-ઉપવનોને વનરાજીઓએ વનરાજોના મુક્ત વિહારને વિકસાવ્યા છે. જેની રજની અણુંઅણુંમાં પ્રેમ અને વીરતાનાં ગુંજન થતા રહ્યા છે. અને જેના શિતળ સમીરમાં ત્યાગ અને બલિદાનની ભાવનાના ભાવો લહેરાય છે, તે ધરતીને બિરદાવતાં કવિઓએ સાચું જ ગાયું છે કે " જય ગરવી ગુજરાત ! જય ગરવી ગુજરાત ! " ગુજરાતના કલેવરના આ પંચતત્વને અમરત્વ આપ્યું છે ગુજરાતના યુગેયુગના દેવ મંદિરોએ ! ગુજરાતના શિર ઉપર શું કે તેનાં કંઠે શું ? ઉરે શું કે ઉદરે શું ? વક્ષઃ સ્થલે શું કે કટી ઉપર શું ? જ્યાં જોઈશું ત્યાં અંગે અંગના અલંકાર સમા દેવ-મંદિરો ગુજરાતના શરીરને શોભાવી રહ્યા છે. આ અલંકારોમાં માત્ર બાહ્ય સુશોભન નથી, પરંતુ પ્રત્યેકમાં ગુજરાતની સંસ્કૃતિના સુક્ષ્મ તત્ત્વોના દર્શન થાય છે. ક્યાંક ધર્મ અને પ્રેમની છોળો ઉડે છે, ક્યાંક માનવતાનો મેરામણ છલકાય છે, ક્યાંક વીરતાની વિપુલતા ભાસે છે તો ક્યાંક ત્યાગ અને વૈરાગ્યની વિભૂતિ દૃષ્ટિગોચર થાય છે. અને એવાં આ દેવમંદિરો માનવ કુળના આધ્યાત્મિક ઉદ્ધાર માટે આજે તીર્થસ્થળો તરીકે અહર્નિશ પૂજાય છે. હાલમાં જે ગુજરાત પ્રદેશ છે તેને ઘણાં સમય સુધી આનર્ત દેશ તરીકે ઓળખવામાં આવતો હતો. પુરાણયુગમાં આ પ્રદેશનો સૌરાષ્ટ્રની સીમામાં સમાવેશ થઈ જતો. આગળ જતાં ઐતિહાસિક પરિવર્તનોને કારણે સૌરાષ્ટ્ર અને ગુજરાત જુદાં પડ્યા અને દીર્ઘકાળ સુધી માત્ર ગુજરાતને જ આનર્ત ગણવામાં આવ્યું.

ભારત વર્ષમાં આર્યોના આગમનના પ્રારંભનો આ યુગ હતો જ્યારે ગુજરાતને આંગણે આર્યોના આતિથ્ય થયા હતા.

**शर्यातेरभवन् पुत्राः आनर्तात् रेवतोभवत् ।**
**सोन्त समुद्रे नगरीं विनिर्माय कुशस्थलीम ॥**

વૈવસ્વત મનુને શર્યાતિ નામે વેદના અર્થતત્ત્વને જાણનારો પુત્ર હતો. તેને સુકન્યા નામની એક પુત્રી હતી; જેનો વિવાહ ચ્યવન ઋષિ સાથે થયો હતો. શર્યાતિ રાજાને ઉત્તાનબર્હિ, આનર્ત તથા ભૂરિશ્રેણ નામના ત્રણ પુત્રો હતા. તેમાંના આનર્તને રેવત નામનો પુત્ર હતો. આ આનર્તના નામ ઉપરથી આ પ્રદેશ આનર્તદેશ દેશ તરીકે ઓળખાતો હતો ગુજરાતની એ લાક્ષણિક વિશિષ્ટતા છે કે તેણે યુગે યુગનાં સામાજિક, રાજકિય અને સાંસ્કૃતિક એમ અનેકવિધ પરિવર્તનો જોયાં છે.

આર્યોના આગમન પહેલાં અહીં અનાર્યો પણ વસતા હતા. દ્રાવિડ સંસ્કૃતિ અહીં ફુલી ફાલીને રહી હતી. યાદવોએ પોતાના નિવાસાર્થે આ ભૂમિની પસંદગી કરી હતી. મૌર્ય સામ્રાજ્યના સીમાડા છેક અહીં સુધી પથરાઈને પડ્યા હતા. શુંગવંશના સમ્રાટોની આણ અહીં પ્રવતર્તી હતી. ક્ષત્રપોની અહીં બોલબાલા હતી ગુજરાતની ભૂમિ ઉપર ગુપ્તોના સુવર્ણ યુગનાં સોનેરી કિરણો પ્રસરાઈને પડ્યાં હતા. મૈત્રકો, ચાલુક્યો, પરિહારો, મુસલમાન, સુલતાનો, મોગલો અને મરાઠાઓએ આ ભૂમિને ખુંદી નાંખવામાં કાંઈ મણા રાખી નથી. અને ફિરંગીઓ તેમજ અંગ્રેજોએ પણ આ ભૂમિના ઇતિહાસના પાના સર્જ્યા છે.

આખરે સને ૧૯૪૭ના ઓગષ્ટની ૧૫ તારીખે આઝાદી આવી. મુંબઈ સાથે ગુજરાતનું સંલગ્ન થયું અને અનેક ઉત્પાતો વચ્ચે કચ્છ, સૌરાષ્ટ્ર અને પ્રવર્તમાન ગુજરાતનું સને ૧૯૬૦ના મે માસની પહેલી તારીખે મહા ગુજરાત સ્વરૂપે નિર્માણ થયું.

**ભાષાઃ**—ગુજરાતની મુખ્ય ભાષા આમ તો ગુજરાતી જ છે. આ ભાષા ગુજરાતના ત્રણે વિભાગોના માનવી સહેલાઈથી સમજી શકે છે, છતાં ' બાર ગાઉ ચાલતાં બોલી બદલાય ' એ ઉક્તિનો પ્રત્યક્ષ અનુભવ ગુજરાતમાં ઠીકઠીક થાય છે તો પણ ગુજરાતના તીર્થસ્થાનોમાં વસતા લોકો હિંદી ભાષાને સમજવામાં મુશ્કેલી અનુભવતા નથી. બલ્કે આગંતુક યાત્રીઓ સાથે હિંદીમાં સહેલાઇથી વાતચીત પણ કરી શકે છે. ભલે તેને શુદ્ધ હિંદી ન કહી શકાય. અહીં આવતા હિંદીભાષી લોકોને ભાષાની કોઈ કઠણાઈ ભોગવવી પડતી નથી.

**ઋતુઓઃ**—ગુજરાતનો પશ્ચિમ કિનારો સમુદ્રને લીધે આમતો સમશિતોષ્ણ રહે છે છતાં શિયાળામાં સખત ઠંડી અને ઉનાળામાં સખત ગરમીનો અનુભવ પણ થાય છે. અહીંનું ચોમાસુ પણ એટલું જ આહ્લાદક હોય છે.

**પાણીની તંગીઃ**—ગુજરાતના તીર્થસ્થાનોમાં કોઈ કોઇ સ્થળે પાણીની તંગી સારા પ્રમાણમાં પ્રવર્તાય છે છતાં

ગુજરાત રાજ્યની વર્તમાન રાજનીતિ અનુસાર પાણીની અછત નિવારવા વિવિધ પ્રયાસો થઈ રહ્યાં છે. જે યાત્રીઓ માટે આશીર્વાદરૂપ છે.

**ઉતરવા વગેરેની સગવડતા:**—ગુજરાતના અનેક તીર્થધામોમાં યાત્રીઓને ઉતરવા માટે, રહેવા માટે સારી સારી ધર્મશાળાઓ બંધાવવામાં આવેલી છે. જેમાં રસોઈ કરવા માટે ઠામ-વાસણો, ઓઢવા, સુવા, બેસવા માટે ચટાઈ, ગાદલાં, રજાઈ, શેત્રંજી વગેરે બિછાનાની સગવડો હોય છે. તદુપરાંત દરેક યાત્રાના ધામમાં ભોજન વગેરેના પ્રબંધ માટે લોજ-વીશી વગેરે સારા પ્રમાણમાં જોવા મળે છે.

**તીર્થધામોમાં પંડાઓ અને બ્રાહ્મણો:**—ગુજરાતના મુખ્ય મુખ્ય તીર્થધામોમાં પંડાઓની પ્રથા પ્રચલિત છે. આ પંડાઓ યજમાનોનાં ઉતારાની સગવડ સાચવે છે. પોતાને ઘેર પવિત્રતા, સ્વચ્છતા અને આદરભાવથી પોતાના યજમાનો માટે ભોજનનો પ્રબંધ કરે છે, અને નાના મોટાં તીર્થસ્થાનોની સારી રીતે યાત્રા કરાવે છે. બદલામાં યાત્રિકો તરફથી તેમનું જે રીતે અને જેટલું સન્માન થાય તેનાથી સંતુષ્ટ રહી યજમાનોનું કલ્યાણ ઈચ્છે છે એ ગુજરાતનાં તીર્થધામોની ખાસ વિશિષ્ટતા છે. ભારતના ઈતર ભાગોના તીર્થધામોમાં આવું ભાગ્યે જ જોવા મળે છે.

**ગુજરાતના લોકો:**—ગુજરાતના લોકો સ્વભાવે શાંત, મિલનસાર અને ઘણાં જ ભાવિક છે. યાત્રી તથા અતિથિ સન્માનની ભાવના તેમનામાં ઘણી જ ઉત્કૃષ્ટ હોય છે. યાત્રીઓ પોતાની મર્યાદામાં રહી ગુજરાતીઓ સાથે વર્તે તો તેઓ યાત્રીઓને દરેક પ્રકારની સુવિધા અને સહાયતા આપવામાં હરહંમેશ ગૌરવ અનુભવે છે.

**વિદેશી આક્રમણો:**—ભારતના આ ભાગમાં વિદેશીઓ અને વિધર્મીઓના આક્રમણો અવાર નવાર થતાં રહ્યાં છે. પરિણામે આ પ્રદેશમાં આવેલાં પ્રાચીન કળા-કારીગીરી અને સ્થાપત્ય ઘવાયાં છે. સમુદ્રતટવર્તી ભાગો ઉપર પરદેશી આક્રમણોને લઈને પ્રાચીન મંદિરો નામશેષ માત્ર થઈને ઉભા છે. ગુજરાતમાં જૈનધર્મ પ્રધાનત પોતાની આગવી શિલ્પકળા વડે ખૂબ જ આદરણિય રહ્યાં છે. આ મંદિરોની વિશાળતા, સુંદરતા અને કલા સૌષ્ટવ આજે પણ વિશ્વ-વિખ્યાત છે. આબુ, ગિરનાર અને શત્રુંજય એ આ પ્રદેશના પર્વતીય તીર્થસ્થાનો છે.

આબુ, આરાસુર, સિદ્ધપુર, વડનગર, દ્વારકા, બેટ, પોરબંદર, પ્રભાસ, જૂનાગઢ, આશાપુરી, ડાકોર, સુરપાણેશ્વર, ચાંણોદ, સુરત, ભરૂચ વગેરે આ ભાગના મુખ્ય તીર્થસ્થાનો છે.

## આબુ

**અર્બુદાચલ મહાત્મ્ય :-**

**ततो गच्छेत् धर्मज्ञ हिमवत्सुतमर्बुदम् ।**
**पृथिव्यां यत्र वै छिद्रं पूर्वमासिद युधिष्ठिर ॥**
**तत्राश्रमो वसिष्ठस्य त्रिषुलोकेषु विश्रुत ।**
**तत्रोष्य रजनीमेका गोसहस्रफलं लभेत् ॥**

(મહાભારત વન તીર્થયાત્રા ૮૨)
(પદ્મપુરાણ આદિ ૨૪/૩-૪)

પશ્ચિમ રેલ્વેની અમદાવાદ-દિલ્હી લાઈન ઉપર આબુ-રોડ પ્રસિદ્ધ સ્ટેશન છે. સ્ટેશનથી આબુ પર્વત ૧૭ માઈલ દૂર છે. ત્યાં જવા માટે પાકી સડક હોઇ મોટર, બસ વગેરે વાહનો અવર-જવર કરે છે. આબુનું શિખર (પર્વત) ૧૪ માઈલ લાંબુ અને ૨૦૪ માઈલ પહોળું છે. તે હિમાલયના પુત્ર તરીકે ઓળખાય છે. અહીં મહર્ષિ વસિષ્ઠનો આશ્રમ છે. મથુરાથી દ્વારકા જતી વેળા ભગવાન શ્રીકૃષ્ણ અહીં આવ્યા હતા. આબુ પર્વત ઉપર જવા માટે બે માર્ગ છે. એક નવો અને બીજો પુરાણો માર્ગ છે. પુરાણા માર્ગમાં માનપુરથી આગળ ઋષિકેશનું મંદિર આવે છે. કહેવાય છે કે ભગવાન શ્રીકૃષ્ણચંદ્રે અહીંયા રાત્રીવાસ કર્યો હતો. આ સ્થાનને દ્વારકાનું સ્થાન કહેવાય છે, એમ લોક-વદંતી છે. ઋષિકેશના મંદિરની પાસે બે કુંડો છે. અને તેની આજુબાજુ પ્રાચીન ચંદ્રાવતી નગરીના ખંડિયેર જોવા મળે છે. અહીંથી થોડેક આગળ અંબરિષનો આશ્રમ આવે છે. અંબરિષ રાજાએ અહીં તપશ્ચર્યા કરી હતી. આ સ્થાનથી પાછા ફરીને આબુ પર્વત ઉપર જવાનો નવિન માર્ગ આવે છે. ચાર માઈલ આગળ ગયા પછી પર્વત ઉપર ચઢવાની શરૂઆત થાય છે. આબુ ઉપર જતાં માર્ગમાં થોડે દૂર ધર્મશાળા આવે છે. જ્યાંથી આગળ જતાં મણિકર્ણિકા તીર્થ તથા સૂર્યકુંડ આવે છે. યાત્રીઓ આ કુંડમાં સ્નાન કરે છે. તેની પાસે જ કર્ણેશ્વરનું શિવમંદિર આવેલું છે.

**વસિષ્ઠાશ્રમ :**-કર્ણેશ્વરના શિવમંદિરથી ત્રણ માઈલ આગળ જતાં એક કુંડ આવે છે. આ કુંડ ઉપર પહોંચવા માટે ૭૫૦ પગથિયાં નીચે ઉતરવું પડે છે. આ કુંડમાં ગૌમુખ દ્વારા પાણીનો સતત પ્રવાહ વહ્યા કરે છે. અહીંના મંદિરમાં મહર્ષિ વસિષ્ઠ અને અરૂંધતીની મૂર્તિ છે. મહર્ષિ વસિષ્ઠે અહીં તપ કર્યું હતું.

**ગૌતમાશ્રમ :**-વસિષ્ઠ આશ્રમની સામે ૩૦૦ પગથિયાં નીચે ઉતરતા નાગકુંડ આવે છે. નાગપંચમીના દિવસે અહીં મેળો ભરાય છે. અહિંયા મહર્ષિ વસિષ્ઠની ધ્યાનસ્થ મૂર્તિ છે. બાજુમાં જ એક વાછડા સાથે કામધેનુ અને અર્બુદા દેવીની મૂર્તિઓ છે. આ સ્થાને મહર્ષિ ગૌતમનો આશ્રમ હતો એવું કહેવાય છે. અહીં એક મંદિર છે જેમાં મહર્ષિ ગૌતમની પ્રતિમા છે. આ નાગકુંડના માર્ગ દ્વારા ઉત્તંકમુની તક્ષકનાગનો પીછો પકડી છેક પાતાળ સુધી ગયા હતા. આ સંબંધમાં એમ કહેવાય છે કે ઉત્તંકમુની પોતાના ગુરૂપત્નીને ગુરૂદક્ષિણામાં આપવા માટે રાજા સૌદાસની રાણી પાસેથી તેના કાનના કુંડલો માંગી લાવ્યા

હતા, પરંતુ આ કુંડલો ચોરીને તક્ષક નાગલોકમાં ચાલ્યો ગયો હતો. અને તેથી ઉત્તંકમુનિ તેની પાછળ ગયા હતા. મહર્ષિ વસિષ્ઠે આ કુંડ બુરાવી દીધો હતો અહિં આવવા માટેનો માગ ઘણો જ કઠીન છે.

**દેલવાડાના જૈન મંદિરોઃ**—ગૌમુખથી પાછા ફરતાં ફરી નીચે ઉતરવું પડે છે. આબુના મોટર સ્ટેશનથી એક માઇલ દૂર ઉત્તર તરફ પહાડ ઉપર દેલવાડાના પાંચ જૈન મંદિરો આવેલાં છે. પોતાની કળા, કારીગીરી અને સ્થાપત્ય વડે આ મંદિરો વિશ્વવિખ્યાત બનેલાં છે. અહીં ઉતારા માટે એક ધર્મશાળા પણ છે. આ મંદિરોની મધ્યમાં એક ચૌમુખ મંદિર છે. જેમાં ભગવાન આદિનાથની ચતુર્મુખ મૂર્તિ છે. ત્રણ મજલાવાળાં આ મંદિરની ઉત્તરમાં આદિનાથનું મંદિર છે. પશ્ચિમમાં વિમલશાહે બંધાવેલું મંદિર છે અને તેની બાજુમાં વસ્તુપાલ તથા તેજપાલે બંધાવેલા મંદિરો છે. જેમાં નેમીનાથજીની પ્રતિમા છે. વિમલશાહે બંધાવેલાં મંદિરમાં ભગવાન પાર્શ્વનાથની મૂર્તિ છે. દેરાણી–જેઠાણીનાં મંદિરો અહીંનું એક અનેરૂં આકર્ષણ છે કે જેને જોવા દૂર દૂરના લોકો અત્રે આવે છે.

**યજ્ઞેશ્વરઃ**—દેલવાડાની પાસે ત્રણ પુરાણી દહેરીઓ છે. જેને ત્યાંનાં લોકો કુંવારી કન્યાના મંદિર તરીકે ઓળખે છે. ત્યાંથી આગળ થોડેદૂર પંગુતીર્થ આવેલું છે. આગળ જતાં અગ્નિતીર્થ અને તેથી આગળ પાપકટેશ્વરનું શિવ-મંદિર છે. અગ્નિતીર્થની બાજુમાં યજ્ઞેશ્વરનું શિવમંદિર અને પિંડારક તીર્થ પણ જોવા લાયક છે.

**કનખલઃ**—દેલવાડાથી ૪ માઇલ ઉપર ઓરિયા કરીને ગામ આવેલું છે. કનખલ તીર્થ ત્યાં આવેલું છે. આ સ્થાને સુમતિ નામના રાજાએ અઢળક દાન કર્યું હતું તેમ કહેવાય છે. બાજુમાં જ જૈનોના મહાવીર સ્વામીનું મંદિર આવેલું છે. તેની બાજુમાં જ ચક્રવતી અને ચક્રેશ્વર મહાદેવનું મંદિર આવેલાં છે. અષાઢ સુદી ૧૧ ના દિવસે આ સ્થળે મોટો મેળો ભરાય છે.

**નાગતીર્થઃ**—ઓરિયાથી થોડે દૂર જાવઈ ગામ છે. આ ગામમા નાગતીર્થ આવેલું છે. અહીં નાનું સરખું સરોવર અને બાણગંગા છે, જ્યાં નાગ પંચમીનો મેળો ભરાય છે.

**ગુરૂદત્તનું સ્થાનઃ**—ઓરિયાથી ગુરૂદત્તને સ્થાને જતાં માર્ગમાં કેદારકુંડ અને કેદારેશ્વરનું શિવમંદિર આવે છે. ગુરૂદત્ત ભગવાન દત્તાત્રેયનું સ્થાન એક ઊંચા શિખર ઉપર આવેલું હોઇ ત્યાં જવાનો માર્ગ ઘણો વિકટ છે. શિખર ઉપર ભગવાન દત્તાત્રેયના પગલાં છે. આ સ્થાનમાં એક ઘંટ બાંધવામાં આવેલો છે. જેનો ધ્વનિ–પ્રતિધ્વનિ સાંભળવા જેવો છે.

**અચલેશ્વરઃ**—ઓરિયા ગામથી એક માઇલ દૂર જૈનોનું શાંતિનાથનું મંદિર છે. આ મંદિર ઘણું જ વિશાળ છે. તેની સામે જ અચલેશ્વરનું શિવમંદિર છે. અહીં પંચધાતુની બનેલી એક વિશાળ સ્વયંભૂ મૂર્તિ છે. જેના પાદાંગુષ્ઠની પૂજા થાય છે. આ મંદિરના પાછળના ભાગમાં મંદાકિની કુંડ છે. આ કુંડની બાજુમાં અર્જુન અને મહિષાસુરની મૂર્તિઓ છે. અહીંથી થોડે દૂર રેવતી કુંડ છે.

**ભૃગુ આશ્રમઃ**—રેવતીકુંડથી થોડેદૂર લગભગ ૧ માઇલને અંતરે ગોમતીકુંડ આવેલો છે. તેને ભૃગુઆશ્રમ કહેવામાં આવે છે. અહીંયા એક શિવમંદિર આવેલું છે. બ્રહ્માજીની મૂર્તિ અહીં જોવા મળે છે. અહીંથી પાછા ફરતા રસ્તામાં ગોપીચંદની ગુફા આવે છે.

**અચળગઢઃ**—અચળેશ્વરથી આગળ જતાં અચળગઢ આવે છે. ચારે બાજુ જાણે કે અહીંયા પર્વતોનો કોટ હોય તેવું વર્તાય છે. પ્રવેશદ્વારની સમીપ હનુમાનજીનું મંદિર આવેલું છે. અંદરના ભાગે કર્પુરસાગર નામનું સરોવર આવેલું છે. ઉપર ચઢતા બીજા દ્વારની પાસે જૈનધર્મશાળા આવેલ છે.

અચળગઢમાં જૈન શ્વેતાંબરોના મંદિરો છે. અહીંયા ચૌમુખજીની મૂર્તિ એકસો વીસ મણની છે અને આ મૂર્તિ પંચધાતુની છે. બીજું મંદિર નેમીનાથનું છે. બાજુમાં બે કુંડો છે ત્યાંથી આગળ જતાં ભર્તુહરિની ગુફા આવે છે.

**નખી તળાવ :**–આબુ પર્વત પર નૈસર્ગિક સૌંદર્ય ધરાવતું નખીતળાવ જેને દેવતાઓએ નખથી ખોદાવ્યું છે એવી લોકવાણી છે. તે બઝારના પાછળના ભાગમાં આવેલું સુંદર સરોવર છે. આ સરોવરની પાસે દુલેશ્વર મહાદેવનું મંદિર છે. ત્યાં શ્રીરામ મંદિર પણ આવેલું છે. સરોવરની આસપાસ ચંપાગુફા, રામકુંડ, રામગુફા, કપિલાતીર્થ અને કપાલેશ્વરનું શિવમંદિર એ જોવાલાયક સ્થળો છે. નખીતળાવ મધ્યમાં જ છે જેની દક્ષિણે રામકુંડ અને ઉત્તરમાં અર્બુદાદેવી અચળગઢ વગેરે આવેલાં છે.

**કૃષ્ણતીર્થ :**–ઝાડી જંગલને માર્ગે આનંદદાયી થઇને ચાર માઇલ જતાં આ સ્થાન આવે છે. તેને આમપાની પણ કહે છે. અહીંયા એક શિવમંદિર આવેલું છે, જેને કોટિધ્વજ કહે છે. શ્રાવણમાસ પૂર્ણિમાને દિવસે અહીં મેળો ભરાય છે.

**અર્બુદાદેવી :**–આબુ પર્વતના એક શિખર ઉપરની ગુફામાં અર્બુદાદેવીની મૂર્તિ છે, અર્બુદાદેવીની ઊભી મૂર્તિ જાણે કે જમીનથી અદ્ધર ઊભી હોય તેવું જણાય છે. ગુફાની બહાર એક શિવમંદિર પણ આવેલું છે.

**રામકુંડ :**–નખીતળાવની દક્ષિણે એક શિખર આવેલું છે. ત્યાં રામકુંડ સરોવર તથા મંદિર આવેલાં છે. બાજુમાં રામગુફા આવેલી છે.

## આરાસુર અંબાજી

આબુ પર્વતથી પાછા ફરી આબુરોડ આવવું પડે છે. આબુરોડનું અસલ નામ ખરેડી છે. અહીં થઇને આરા-

સુરી અંબાજી તરફ જવાય છે. ખેરડીથી આરાસુર ગામ ચોવીસ માઈલ થાય છે. જવા–આવવા માટે એસ. ટી.ની બસો આખાં દિવસ દરમ્યાન દોડયા કરે છે. અસલના વખતમાં યાત્રિકો પદયાત્રા કરતાં અથવા બેલગાડીથી કે ઘોડેસવારી કરીને ત્યાં જતાં, પણ હાલમાં તો યાત્રાળુઓ બસ સર્વિસનો પૂરતો લાભ ઉઠાવે છે. આરાસુર ગામમાં અનેક ધર્મશાળાઓ આવેલી છે. પાણી માટે નળ છે અને ઇલેકટ્રીક લાઈટની પણ સારી સગવડ છે. આરાસુર ગામમાં અંબાજીનું મંદિર આવેલું છે, મંદિર આમ તો નાનું છે. પરંતુ તેની સન્મુખમાં વિશાળ સભામંડપ છે. માતાજીનું કોઈ મૂર્ત સ્વરૂપ પ્રતીત થતું નથી પરંતુ માતાજીના વસ્ત્રાલંકાર અને શૃંગાર ઉપરથી જાણે કે ભવાની સિંહારૂઢ થઈને બિરાજમાન થતાં હોય તેવાં દર્શન થાય છે. મંદિરથી થોડેદૂર નજરને આકર્ષે તેવું તળાવ છે, જે માનસરોવર તરીકે ઓળખાય છે. આ તળાવની બાંધણી અને પગથાર કલાત્મક રીતે યોજવામાં આવી છે. ઉત્તર ગુજરાતમાં અંબાજીના દર્શનની યાત્રા ઘણી જ મહત્વપૂર્ણ છે. અસંખ્ય યાત્રિઓ ત્યાં દરરોજ અવર–જવર કરે છે. ભકત ભીડભંજની તરીકે તેનો મહિમા સારાએ ભારતમાં ગવાય છે. આ સ્થાનમાં યાત્રિકોએ નિયમબદ્ધ વર્તવું આવશ્યક છે. બ્રહ્મચર્યના નિયમનો ભંગ અનિષ્ટને નોતરવા સમાન છે. મંદિરનો ઘુમ્મટ નાનો છતાં જાણે કે કમળ પાંખડીંનો બનેલો હોય તેવું તેનું અનેરૂં સ્થાપત્ય છે.

**કોટેશ્વર :–**

આરાસુર ગામથી લગભગ ત્રણ માઈલ દૂર કોટેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. અહીં પર્વતમાંથી સરસ્વતી નદી નોકળી ગૌમુખ દ્વારા કુંડમાં વહે છે. જ્યાંથી તેની ધારા આગળ વધતી જોવા મળે છે.

**કુંભારિયાના જૈન મંદિરો :–**

કોટેશ્વર આવતા માર્ગમાં એક માઈલ ઉપર કુંભારિયા નામનું નાનું ગામ છે. અહીંયા વિમલ શાહના બનાવેલાં જૈન–મંદિરો છે. આ મંદિરોમાં આરસની કલાકૃતિ અને કામગીરી ઘણી જ ઉત્તમ કોટિની છે.

**ગબ્બર :–**

આરાસુર ગામથી ત્રણ માઈલ પશ્ચિમમાં ગબ્બર પર્વત આવેલો છે. આ પર્વત જાણે કે વચ્ચેથી કપાયેલો હોય તેવો લાગે છે. અંબાજી માતાજીનું મૂળ સ્થાન આ પર્વત ઉપર હતું એમ માનવામાં આવે છે. યાત્રાળુઓ આ પર્વત ઉપર પદયાત્રા કરીને જઈ શકે છે. પરંતુ ત્યાં ચડવું ઘણું જ કઠિન છે. પર્વત ઉપર ચડતી વખતે માર્ગમાં એક શિલામાં દેવીની મૂર્તિ જોવા મળે છે. શિખર ઉપર ભગવતીની પ્રતિમા છે. કહેવાય છે કે અહીંયા માતાજી હિંચકે ઝુલે છે. બાજુમાં પારસમણિ નામનો પીપળો છે, જે ઘણો જ પવિત્ર ગણાય છે. પર્વત ઉપર દર્શન કરવા જનારે સંધ્યા પહેલાં નીચે ઉતરી જવું જોઇએ કારણ કે અહીં વનપશુઓનો ઘણો ભય રહેલો છે.

# સિદ્ધપુર

**ધર્મારણ્ય મહાત્મ્ય :**

**धर्मारण्यं हि तत्पुण्यमाद्यं च भरतर्षभ् ।**
**यत्र प्रविष्टमात्रो वै सर्वै पापैः प्रमुच्यते ॥**
**अर्चयित्वा पितृन् देवान् नियतो नियताशन ।**
**सर्वकामसमृद्धस्य यशस्य फलमश्नुते ॥**

મહા વન તીર્થયાત્રા ૮૨/૪૬ ૪૭
પદ્મ પુરાણ ૧૨/૮ ૯

ધર્મારણ્યનું મુખ્ય તીર્થસ્થાન સિદ્ધપુર છે. ભારતવર્ષમાં પિતૃશ્રાદ્ધ માટે જેમ ગયાતીર્થ પ્રસિદ્ધ છે તેમ માતૃશ્રાદ્ધ માટે ગુજરાતમાં સિદ્ધપુર પણ તેટલું જ પ્રસિદ્ધ છે. અને તેથી જ તેને માતૃગયાતીર્થ કહવામાં આવે છે. સિદ્ધપુરનું પ્રાચીન નામ શ્રીસ્થળ છે, પરંતુ પાટણનરેશ સિદ્ધરાજ જયસિંહે પોતાના પિતા ગુર્જર નરેશ મૂળરાજ સોલંકીએ આરંભેલો રૂદ્રમહાલય અહીં પરિપૂણ કર્યો ત્યારથી આ સ્થાનનું નામ સિદ્ધરાજના નામ ઉપરથી સિદ્ધપુર પડેલું છે. સિદ્ધપુરનું સ્થાન પ્રાચીન કામ્યકવનમાં આવેલું છે. મહર્ષિ કર્દમમુનિનો અહીં વાસ હતો. ભગવાન કપિલમુનિનો અહીં અવતાર થયો હતો. ભગવાન કપિલદેવના ઉપદેશથી તેમની માતા દેવહૂતિ અહીં મોક્ષ પામ્યા હતા. જ્યાં દેવહૂતિ મોક્ષ પામ્યા હતા તે અત્યંત પવિત્ર ક્ષેત્રે 'સિદ્ધપદ' નામથી ત્રણ લોકમાં પ્રસિદ્ધ થયું હતું. (શ્રીમદ્ ભાગવત તૃતીય સ્કંધ અ. ૩૩ શ્લોક ૩૧). પશ્ચિમ રેલ્વેની દિલ્હી–અમદાવાદ લાઈન ઉપર મહેસાણા અને આબુરોડ વચ્ચે સિદ્ધપુર સ્ટેશન આવેલું છે. મહેસાણાથી એકવીસ માઈલ ઉત્તરમાં અને આબુરોડથી ૧૯ માઈલ દક્ષિણમાં આ સ્ટેશન આવેલું છે. સ્ટેશનથી એક માઈલ દૂર સરસ્વતી નદીના તટ પર સિદ્ધપુર શહેર વસેલું છે. શહેરમાં ઉતરવા માટે મહારાજા ગાયકવાડની ધર્મશાળા આવેલી છે.

**સિદ્ધપુરમાં તીર્થ દર્શન :–**

સિદ્ધપુરની સરસ્વતી નદી ઘણી જ પવિત્ર ગણાય છે. આ નદી સમુદ્રને નથી મળતી પરંતુ કચ્છની જારૂભૂમિમાં લુપ્ત થઈ જાય છે. એટલે તેને કુમારિકા માનવામાં આવે છે. નદીના કિનારા ઉપર પાકો ઘાટ બાંધેલો છે. તથા ત્યાં સરસ્વતીનું મંદિર છે. નદીમાં પાણી ઘણું જ છીછરૂં રહે છે અને નદીની ધારા ઘાટથી ઘણી જ દૂર વહેતી રહે છે.

સરસ્વતીના કિનારા ઉપર એક પીપળાનું વૃક્ષ છે અને કિનારા ઉપર જ બ્રાહ્માંડેશ્વરનું શિવમંદિર છે. યાત્રિકો અહીં માતૃશ્રાદ્ધ કરે છે.

**બિન્દુ સરોવર :–**

સરસ્વતીના કિનારાથી લગભગ એક માઈલ દૂર બિન્દુ સરોવર આવેલું છે, ત્યાં જતાં માર્ગમાં ગોવિંદજી અને માધવજીના મંદિરો આવેલાં છે. બિન્દુ સરોવર એ ચોરસ ચોરસ ૪૦ ફૂટનો કુંડ છે. તેના ચારે ઘાટ પાકી બાંધણીના છે. બિન્દુ સરોવરમાં સ્નાન કરીને યાત્રાળુઓ અહીં પણ માતૃશ્રાદ્ધ કરે છે. તેની બાજુમાં જ એક મોટું સરોવર છે, જે અલ્પા સરોવર તરીકે ઓળખાય છે, બિન્દુ સરોવરમાં શ્રાદ્ધ કરીને પિંડને આ અલ્પા સરોવરમાં વિસર્જન કરવામાં આવે છે. બિન્દુ સરોવરના દક્ષિણ કિનારા ઉપર નાના મંદિરો આવેલાં છે. જેમાં મહર્ષિ, કર્દમ, માતા દેવહૂતિ, મહર્ષિ કપિલ તથા ગદાધર ભગવાનની મૂર્તિઓ નજરે પડે છે. શેષશાયી ભગવાન લક્ષ્મી-નારાયણ, રામ–લક્ષ્મણ–સીતા તથા સિદ્ધેશ્વર મહાદેવના મંદિરો પણ બાજુમાં જોવા જેવા છે. શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીની બેઠક પણ અત્રે વૈષ્ણવોનું આરાધ્ય સ્થાન છે.

**જ્ઞાનવાવ :–**

બિન્દુ સરોવરથી થોડેક જ દૂર એક પુરાણી વાવ આવેલી છે. બિન્દુ સરોવરમાં સ્નાન કરીને આ વાવ ઉપર સ્નાન કરવાનો મહિમા છે. કહેવાય છે કે ભગવાન કપિલદેવનો જ્ઞાનોપદેશ સાંભળીને માતા દેવહૂતિ જલસ્વરૂપ થયા હતા, અને આ જ્ઞાનવાવમાં પ્રકટ થયા હતા.

**રૂદ્ર મહાલય :–**

એક સમયે રૂદ્રમહાલય સિદ્ધપુરનું અનેરૂં આકર્ષક આભૂષણ હતું. ગુર્જરેશ્વર મહારાજા મૂળરાજ સોલંકીએ આરંભેલું અને મહારાજા સિદ્ધરાજ જયસિંહે પરિપૂર્ણ કરેલું રૂદ્ર મહાલયનું સ્થાપત્ય સોલંકી યુગની કારીગરીનો એક અજોડ નમૂનો માનવામાં આવતો હતો. આ અદ્ભૂત અને વિશાળ મહાલયનો અલ્લાઉદ્દિન ખીલજીએ નાશ કર્યો. આ મંદિર સરસ્વતીની પાસે જ બાંધવામાં આવેલું હતું. આજે તો માત્ર ભગ્નાવશેષો, તેના શિખરબંધી મંદિર અને સભામંડપની સાક્ષીરૂપ ઉભા છે. તેની સામે એક સૂર્યકુંડ હતો. જે મસ્જિદના કામમાં હાલમાં લેવાય રહ્યો છે.

તીર્થ સ્થળોની દૃષ્ટિએ સિદ્ધપુરમાં સિદ્ધેશ્વર મહાદેવ, ગોવિંદ માધવ, હાટકેશ્વર, ભૂતનાથ મહાદેવ, શ્રી રાધા–કૃષ્ણ મંદિર, શ્રી રણછોડજી, નીલકંઠેશ્વર, લક્ષ્મીનારાયણ, બ્રહ્માંડેશ્વર, સહસ્રકલા માતા, અંબામાતા, કનકેશ્વરી તથા આશાપુરી માતાના મંદિરો દર્શનીય છે.

સિદ્ધપુર ઉત્તર ગુજરાતનું એક પ્રાચીન તીર્થસ્થાન છે. જુદા જુદા યુગમાં તેનો મહિમા જુદી જુદી રીતે ગવાયો છે.

કહેવાય છે કે અહીં દેવો અને અસુરો વચ્ચે થયેલાં યુદ્ધમાં સમુદ્રમંથન થયું હતું. આ યુદ્ધમાં અહીં લક્ષ્મી-નો પ્રાદુર્ભાવ થયો હતો ત્યારથી ભગવાન નારાયણ લક્ષ્મી-ની સાથે અહીં બિરાજમાન થયા છે. અને તેથી આ સ્થાન 'શ્રીસ્થલ' તરીકે પંકાયું છે. આ હકીકતને સત્ય માનવામાં આવે તો એક સમયે સમુદ્ર અહીં સુધી હતો તે ફલિત થાય છે. આ સમુદ્ર પુરાણોમાં પશ્ચિમ સાગર તરીકે પંકાયો છે.

સરસ્વતીને કિનારે પ્રથમ સત્યયુગમાં મહર્ષિ કર્દમનો આશ્રમ હતો. મહર્ષિ કર્દમે અહીં દીર્ઘકાળ પર્યંત તપશ્ચર્યા કરી હતી. તેનાથી પ્રસન્ન થઈ ભગવાન નારાયણ પ્રગટ થયા હતા. મહર્ષિ કર્દમ ઉપર અત્યંતકૃપાવિષ્ટ થવાને કારણે ભગવાનના નેત્રોમાંથી અશ્રુબિન્દુસરી પડયા જેથી આ સ્થાન બિન્દુ સરોવર તીર્થ તરીકે પ્રસિદ્ધિને પામ્યું.

સ્વયંભુ મનુએ આ આશ્રમમાં આવી પોતાની કન્યા દેવહૂતિ મહર્ષિ કર્દમને પરણાવી હતી. આ દેવહૂતિથી ભગવાન કપિલનો અવતાર થયો. કપિલે માતા દેવહૂતિને જ્ઞાનોપદેશ આપતા તેમને પરમસિદ્ધિ પ્રાપ્ત થઈ અને દેવહૂતિનું ભૌતિક શરીર દ્રવિત થઇ જલરૂપ બની ગયું. બ્રહ્માજીની એક પુત્રી અલ્પામાતા દેવહૂતિની પરમ સેવા કરતી. તે પણ માતા દેવહૂતિની સાથે ભગવાન કપિલનો જ્ઞાનોપદેશ સાંભળતી તેથી તેનું શરીર પણ દ્રવિત થઇ અલ્પા સરોવર રૂપે પ્રકટ થયું હતું.

પિતાની આજ્ઞાથી પરશુરામે પોતાની માતાનો વધ કર્યો હતો. પિતા પાસે વરદાન માંગી તેમણે તેના માતાને સજીવન કર્યાં. પરંતુ માતૃહત્યાનું પાપ તેમને લાગેલું. એ પાપમાંથી મુક્તિ મેળવવા તેમણે અહીં બિન્દુ સરોવર અને અલ્પા સરોવરમાં સ્નાન કરી માતૃશ્રાદ્ધ કર્યું હતું અને માતૃહત્યાના પાપમાંથી મુક્ત થયા હતા. ત્યારથી આ ક્ષેત્ર 'માતૃગયા' નામથી પ્રસિદ્ધ થયું અને માતૃશ્રાદ્ધ માટે પ્રચલિત બન્યું છે. શ્રીકૃષ્ણના સમયમાં પણ આ ક્ષેત્રનો મહિમા એટલો જ ઉત્કૃષ્ટ રીતે ગવાયો છે. મહાભારતના યુદ્ધમાં ભીમસેને દુઃશાસનને મારી તેનું લોહી પીધું હતું. આ દોષમાંથી છૂટવા શ્રીકૃષ્ણે તેને શ્રી સ્થલમાં જઇ સરસ્વતીમાં સ્નાન કરવાનો અનુરોધ કર્યો હતો. સરસ્વતીમાં સ્નાન કરી આ દોષમાંથી ભીમસેન મુક્ત થયો હતો. એવી કથા મહાભારતમાં આવે છે.

આમ શ્રીસ્થલ–સિદ્ધપુરના તીર્થસ્થાનનો મહિમા પુરાણોમાં ઠીક ઠીક ગવાયો છે.

## વડનગર હાટકેશ્વર

**મહાત્મ્ય :**

आनर्त विषये रम्यं सर्वतीर्थमयं शुभम् ।
हाटकेश्वरजं क्षेत्रं महापातकनाशनम् ॥
तत्रैकमपि मासार्द्धं यो भक्त्या पूजयेद्धरम् ।
स सर्वपापयुक्तोऽपि शिवलोके महीयते ॥

**अत्रान्तरे नरा ये च निवसन्ति द्विजोत्तमाः ।**
**कृषिकर्मचिताश्चापि यान्ति ते परमां गतिम् ॥**
**अपि कीटपतंगा ये पशवः पक्षिणो मृगाः ।**
**तस्मिन् क्षेत्रे मृतायान्ति स्वर्गलोकं न संशयः ॥**
**पुनन्ति स्नानदानाभ्यां सर्वे तीर्थान्य संशयम् ।**
**हाटकेश्वरजं क्षेत्रं पुनर्वासात्पुनाति च ॥**
**वापी कूपतडागेषु यत्र यत्र जलं द्विजा ।**
**तत्र तत्र नरः स्नातः सर्वे पापं प्रमुच्यते ॥**

(સ્કંદપુરાણ નાગર ખંડ)

આનર્ત દેશમાં પરમ મનોહર એવું સર્વતીર્થમય શુભ હાટકેશ્વર તીર્થક્ષેત્ર છે. પશ્ચિમ રેલ્વેની અમદાવાદ–દિલ્હી લાઈન પર અમદાવાદથી ૪૩ માઈલ દૂર મહેસાણા સ્ટેશન છે. ત્યાંથી એક લાઈન તારંગાહિલ સુધી જાય છે. આ લાઈન પર મહેસાણાથી ૨૧ માઈલ દૂર વડનગર સ્ટેશન આવે છે. ત્યાં શ્રી હાટકેશ્વરનું મંદિર આવેલું છે.

નાગરજ્ઞાતિનું મૂળસ્થાન આ વડનગર છે. નાગરોના કુળદેવતા શ્રી હાટકેશ્વરનું આ મંદિર છે. સૌરાષ્ટ્ર–ગુજરાતમાં જ્યાં જ્યાં નાગરોએ પોતાનો વસવાટ કર્યો ત્યાં ત્યાં તેઓને શ્રી હાટકેશ્વર મહાદેવના પ્રતિષ્ઠાપન કર્યા છે. પરંતુ શ્રી હાટકેશ્વરનું પુરાણ પ્રસિદ્ધ પ્રાધાન્ય મંદિર તો વડનગરમાં આવેલું છે. સ્કંદ પુરાણમાં આ મંદિરના આરાધ્ય દેવ શ્રી હાટકેશ્વરનો મહિમા ખૂબ જ ગવાયો છે. વડનગરમાં આમ બીજાં મંદિરો પણ અનેક છે. અહીં જૈનમંદિર છે.

લોકવદંતી કહે છે કે જ્યારે ભગવાન વામને બલિરાજા પાસે ત્રણ પગલાં પૃથ્વી માગી હતી ત્યારે વામનજીએ પહેલો પાદ વડનગરમાં રાખ્યો હતો. સ્વધામ ગમન પૂર્વે ભગવાન શ્રી કૃષ્ણચંદ્ર અહીં પધાર્યા હતા. યાદવોની સાથે પાંડવોએ અહીં આવી અનેક શિવલીંગોની સ્થાપના કરી હતી. ભકતકવિ નરસિંહ મહેતાના પુત્રના લગ્ન અહીં થયા હતા.

વડનગરનું હાટકેશ્વરનું મુખ્ય મંદિર ગામની પશ્ચિમે આવેલું છે. ગામના કિલ્લાના પૂર્વભાગમાં એક દેવીમંદિર આવેલું છે. તેને શ્રી અમથેર માતાનું મંદિર કહે છે. આ ઉપરાંત વડનગર ક્ષેત્રમાં સપ્તર્ષિ આશ્રમ અને વિશ્વામિત્ર તીર્થ દર્શનીય સ્થાનો છે. વિશ્વામિત્ર સરોવરની બાજુમાં સપ્તર્ષિઓની મૂર્તિઓ છે. વિશ્વામિત્ર સરોવર વિશ્વામિત્ર તીર્થ તરીકે ઓળખાય છે. અને તે ગામની સમીપમાં જ છે. આ સિવાય પુષ્કરતીર્થ ગામથી થોડેદૂર એક કુંડ છે. જ્યારે બીજો ગૌરીકુંડ છે. જેમાં લોકો પર્વના દિવસે સ્નાનાદિ કરે છે તેમજ શ્રાદ્ધાદિક ક્રિયાઓ કરે છે. ગામની પાસે જ એક નદી છે જે કપિલાનદી તરીકે ઓળખાય છે. પરંતુ તેમાં માત્ર વર્ષાઋતુમાં જ જળ જોવા મળે છે. વડનગરની પ્રાચીનતાની પ્રતિતી કરાવતાં અહીં અનેક મંદિરો છે, તેમાં શ્રી નૃસિંહમંદિર, અજપાલ મહાદેવનું મંદિર, બાલાજીનું મંદિર તેમજ શ્રીરામ, નર–નારાયણ, લક્ષ્મીનારાયણ, સ્વામીનારાયણ, દ્વારકાધીશ, તુલસીમંદિર, બલદેવજી, કુશેશ્વર, ઓકારેશ્વર, મહાકાલી, બહુચરાજી, શીતળામાતા, વારાહીમાતા, તથા ભુવનેશ્વરીમાતાના મંદિરો વડનગરની વિવિધ સંસ્કૃતિ અને સંપ્રદાયોના સાક્ષીરૂપે સમય સમયની કળાકૃતિના દર્શન કરાવે છે. આ ઉપરાંત તીર્થસ્થાનો તરીકે પંકાયેલાં બીજાં પણ અનેક મંદિરો ગામની આસપાસ છે. જેવાં કે મહાકાલેશ્વર, જાલેશ્વર, કુંભેશ્વર, સોમનાથ, નાગધરા, (શેષનાથનું મંદિર) વગેરે. દેવીઓના મંદિરોમાં અંબાજી તથા આશાપુરીના મંદિરો વિખ્યાત છે. પિંડોરા માતાનું મંદિર એટલું જ મશહુર છે. જ્યારે શર્મિષ્ઠા સરોવર તથા અમરકુંડ સરોવરમાં ભાવિકો સ્નાન કરી પાવન થાય છે. ગણપતિના મંદિર તરીકે ખોખા ગણપતિનું મંદિર છે, જ્યારે ભુરોડ –છબીલા અને ખોડિયાર હનુમાનના મંદિરો પણ તીર્થસ્થાન તરીકે પંકાય છે.

આમ વડનગર શ્રી હાટકેશ્વર મહાદેવને કારણે ઉત્તર ગુજરાતનું એક પુરાણ પ્રસિદ્ધ તીર્થ સ્થાન બનીને રહ્યું છે. કહેવાય છે કે હાટકેશ્વરનું મૂળ લિંગ તો પાતાળમાં રહેલું છે. અને તે ભગવાન શંકરના ત્રણ મુખ્ય લિંગો પૈકીનું એક છે.

**" पाताले हाटकेश्वरम् । "**

# સિરોહી

દિલ્હી–અમદાવાદ લાઇન ઉપર મારવાડ જંકશનથી ૭૫ માઈલ દૂર સિરોહી સ્ટેશન આવે છે. આ એક સુંદર નગર છે. આ નગરમાં શરણેશ્વર મહાદેવનું ઉત્તમ મંદિર છે. કહેવાય છે કે ભગવાન શ્રી શરણેશ્વરની મૂર્તિ સિદ્ધપુરના રૂદ્ર મહાલયમાંથી અત્રે લાવવામાં આવી છે. જે રૂદ્ર મહાલયમાં લાવવામાં આવી છે. જે રૂદ્ર મહાલયમાં રૂદ્રેશ્વરની મૂર્તિ તરીકે વિખ્યાત હતી. ગુજરાતમાં ઇ. સ.ની દશમી સદીથી તેરમી સદી સુધીનો સમય એક બીજા ધર્મની પ્રભુતા પ્રચલિત કરવા પાછળ ખૂબ ખૂબ ખર્ચાયો. જૈનો, ભાગવતો, શૈવો અને શાકતોએ ઠેકઠેકાણે મંદિરો બંધાવી પોતાના ધર્મ અને સંસ્કૃતિના ઉત્થાન માટે ખૂબ જ પ્રયાસો કર્યા છે. આવાં પ્રયાસોમાં તેમને રાજ્યાશ્રય પણ મળ્યો છે, અને દાનવીરોના અઢળક દાનનો ઝરો પણ નિરંતર વહ્યા કર્યો છે. પરિણામે ગુજરાતના નાના નાના ગામો પણ જે તે ધર્મના તીર્થધામો બની ગયા છે.

**જીરાપલ્લી :**

આબુથી ૧૦ માઇલ દૂર પશ્ચિમમાં આ સ્થાન આવેલું છે. અહીં જૈનોનું મુખ્ય મંદિર છે જેમાં પાર્શ્વનાથની બે મૂર્તિઓ છે. આમાંની જે પ્રાચીન મૂર્તિ છે તે આ મંદિર

ઉપર થયેલાં આક્રમણને કારણે ભગ્ન થઈ ગઇ છે. છતાં તેનો મહિમા આજ પર્યંત જેવોને તેવો જ રહ્યો છે. બાળકોના મુંડન સંસ્કાર આ મૂર્તિની સાન્નિધ્યમાં કરાવવામાં આવે છે. આ મૂર્તિ જમીનમાં દટાયેલી હતી જ્યાં રોજ સાંજના એક ગાય આવી પોતાના આંચળમાંથી દૂધ વહાવી તેના ઉપર અભિષેક કરતી. કોઈ દુરાચારીએ આ મૂર્તિના નવ ટૂકડા કરી નાંખ્યા હોય તેવું તેની સાંધ ઉપરથી જણાઈ આવે છે. એ જ મંદિરમાં પિઠીકા ઉપર પાર્શ્વનાથજીની બીજી મૂર્તિનું પ્રતિષ્ઠાપન થયેલું જોવા મળે છે.

**ભીલડી :**

પાલનપુર—કંડલા લાઇન પર પાલનપુરથી ૨૮ માઇલ દૂર ભીલડી સ્ટેશન આવેલું છે. ગામની પશ્ચિમ દિશામાં એક ભૂગર્ભ મંદિર આવેલું છે. આ મંદિરમાં પાર્શ્વનાથજીની એક પ્રાચીન પ્રતિમા છે. ઉપરાંત આ મંદિરમાં ગૌતમસ્વામી, નેમીનાથજી, પાર્શ્વનાથજી વગેરેની મૂર્તિઓ પણ છે. પોષ સુદ ૧૦ના દિવસે અહીં મેળો ભરાય છે. આ સિવાય ગામમાં શ્રી નેમીનાથજીનું પણ મંદિર આવેલું છે. ભીલડીથી ૯ માઈલ દૂર જસાલી કરીને ગામ આવેલું છે. ત્યાં શ્રી ઋષભદેવજીનું પ્રાચીન મંદિર નજરને ખૂબ આકર્ષે છે. ભીલડીથી ૨૪ માઇલ દૂર રામસેણ કરીને એક બીજું ગામ છે. અહીંના જૈન મંદિરમાં જે મૂર્તિઓ છે તેમાં અગીયારમી સદીનો એક શિલાલેખ પણ છે. ગામની પશ્ચિમે એક ભૂગર્ભ મંદિર છે. જેમાં ચાર સુંદર મૂર્તિઓ છે. યવનોના આક્રમણોથી મંદિરોને અલિપ્ત રાખવા આ વિસ્તારમાં આવાં ભૂગર્ભ મંદિરો જોવા મળે છે.

**થરાદ :**

ભીલડીથી ૧૭ માઇલ આગળ જતાં દેવરાજ સ્ટેશન આવે છે. ત્યાંથી મોટર બસ દ્વારા થરાદ જવાય છે. આ નગરનું પ્રાચીન નામ સ્થિરપુર છે. અગાઉ અહીં વિશાળ જીનાલય હતું. કાળે કરીને તે ધ્વંશ થઈ ગયું. આ નગરની આસપાસ ખોદકામ કરતાં પ્રાચીન મૂર્તિઓ મળી આવે છે. અહીંયા એક ભવ્ય જૈન મંદિર છે. જેનાં ખોદકામમાં મળી આવેલ ૨૪ તીર્થંકરોની પંચધાતુની પ્રતિમાઓનું પ્રતિષ્ઠાપન કરેલું છે. આ પૈકી અનેક મૂર્તિઓ વિશાળ કદની છે, મુખ્ય મૂર્તિ વીરપ્રભુની છે, અને તે ચૌમુખ છે, એ તેની વિશિષ્ટતા છે આ સિવાય પણ સમયે સમયે ખોદકામ કરતાં બીજી અનેક મૂર્તિઓ મળી આવી છે. જે અહીંના જૈન મંદિરોમાં સ્થાપિત કરવામાં આવી છે. પુરાતત્ત્વ દૃષ્ટિએ થરાદ એ ગુજરાતનું એક અગત્યનું સ્થાન છે.

**ભોરોલ :**

થરાદથી ૧૦ માઇલ પર આ સ્થાન આવેલું છે. થરાદથી મોટર બસને રસ્તે ત્યાં જવાય છે. અહીંના જૈન મંદિરમાં મુખ્ય સ્થાન પર શ્રી નેમીનાથજીની પ્રતિમા છે. આ પ્રતિમા ખોદકામ કરતાં મળી આવી છે. ભામર સ્ટેશનથી પણ અહીં મોટર બસમાં આવી શકાય છે. મંદિરની પાસે જ ઉતરવા માટે એક ધર્મશાળા આવેલી છે.

ગામની બહાર બીજાં બે મંદિરો આવેલાં છે. એક મંદિરમાં હિંગલાજ માતાની મૂર્તિ છે. જ્યારે બીજામાં કાલિકાદેવી છે. આ બંને મંદિર અતિ પ્રાચીન હોવાનું મનાય છે. તેના ઉપરના શિલાલેખથી આ હકીકતને સમર્થન મળે છે. આ સ્થાને અનેક ભવ્ય મકાનોમાં ભગ્નાવશેષ આ નગરની આજુબાજુ પડેલા છે. તે તેના ભવ્ય ભૂતકાળની ઝાંખી કરાવે છે.

ભોરોલથી ઊંટ ઉપર બેસીને ડુવા નામક સ્થાને જવાય છે ત્યાં શ્રી પાર્શ્વનાથનું મંદિર આવેલું છે. ત્યાંની પ્રતિમાને અમીઝરા પાર્શ્વનાથ કહેવાય છે.

**ધરણીધર :**

પશ્ચિમ રેલ્વેની એક લાઈન પાલનપુરથી કંડલા જાય છે આ લાઈનમાં ભામર સ્ટેશને ઉતરી મોટર બસથી ધરણીધર જવાય છે આ તીર્થમાં ચાર પાંચ ધર્મશાળા છે. બનાસકાંઠા જીલ્લાના ઢીમા ગામમાં આ તીર્થસ્થાન આવેલું છે. પ્રાચીન સમયમાં આ સ્થાન વારાહપુરી તરીકે પ્રસિદ્ધ હતું. આદિકાળમાં ભગવાન વરાહની વિશાળ મૂર્તિ અહીંયા હતી. યવનોના આક્રમણ થવાથી આ મૂર્તિ ખંડિત બનતા આ સ્થાન પર શાલીગ્રામની પૂજા દીર્ઘકાળ પર્યંત ચાલુ રહી હતી. પ્રાચીન વારાહ મૂર્તિની જાંઘમાંથી એક શિવલિંગ બનાવવામાં આવ્યું, જે જાંઘેશ્વર મહાદેવના નામથી પૂજાય છે. કહેવાય છે કે કોઈ એક વખત એક ભક્તજનને સ્વપ્નમાં આદેશ મળતા તેને વાંસવાડાની પર્વતીય ગુફામાંથી ધરણીધરજીની મૂર્તિ પ્રાપ્ત થઈ. જે તેણે અહીં લાવી સ્થાપિત કરી. આ મૂર્તિ ચતુર્ભુજ સ્વરૂપ શ્રી નારાયણની છે, જે આ મંદિરમાં અત્યારે પૂજાય છે.

મંદિરની પાસે માનસરોવર નામે તળાવ છે. મંદિરની જમણી બાજુએ શિવમંદિર છે અને ડાબી બાજુએ લક્ષ્મીજીનું મંદિર આવેલું છે. નજદિકમાં હનુમાન તથા ગણપતિના મંદિરો પણ આવેલાં છે. જ્યેષ્ઠ સુદ એકાદશીને દિવસે આ મંદિરનો પાટોત્સવ મનાય છે. તે વેળા મોટો મેળો ભરાય છે. પ્રત્યેક પૂર્ણિમાએ તથા ભાદ્રપદ શુકલ એકાદશીએ પણ અહીં મેળા ભરાય છે.

**દધિસ્થલી :**

સિદ્ધપુરથી સાત માઈલ ઉપર દેથલી કરીને એક ગામ છે. તેનું સાચુ નામ દધિસ્થલી છે. અહીં [સરસ્વતીના તટ પર વટેશ્વર મહાદેવનું એક ભવ્ય મંદિર છે. એમ કહેવાય છે કે વનવાસના સમય દરમ્યાન પાંડવો અહીં એક વર્ષ સુધી રહ્યાં હતા. અહીં મહર્ષિ દધિચિનો આશ્રમ હતો. સિદ્ધપુર તથા પાટણથી અહીં સુધી મોટર બસ ચાલે છે.

**ઊંઝા :**

અમદાવાદથી દિલ્હી જતા પશ્ચિમ રેલ્વેની લાઇન ઉપર સિદ્ધપુરથી આઠ માઈલને અંતરે આ સ્ટેશન આવેલું છે. કડવા કણબીઓની કુલદેવી ઉમાનું મંદિર અહીં આવેલું છે. કડવા કણબીઓ પોતાના પુત્ર-પુત્રીઓના લગ્નના મુહૂર્ત અહીં લેવડાવે છે, એ દેવીનો મહિમા છે.

**તારંગાજી :**

પશ્ચિમ રેલ્વેના મહેસાણા સ્ટેશનથી એક લાઈન તારંગા હિલ સુધી જાય છે. સ્ટેશનથી તારંગા પર્વત લગભગ ચાર માઈલ દૂર છે. આ એક સિદ્ધક્ષેત્ર છે. કહે છે કે અહીંયા વરદત્ત વગેરે સાડાત્રણ કરોડ મુનિઓ મોક્ષ-ગતિને પામ્યા હતા. તારંગાહિલ સ્ટેશનની પાસે જ એક ધર્મશાળા છે, જે જૈનોની છે. પર્વત ઉપર પણ ધર્મશાળા છે. પર્વત ઉપર એક કિલ્લામાં **જૈન**મંદિર બંધાયેલું છે. ધર્મશાળાની પાસે ૧૩ પ્રાચીન દિગમ્બર **જૈન** મંદિરો છે. ત્યાં સહસ્રકૂટ જીનાલયમાં ૫૨ ચૈત્યાલય છે. શ્રી સંભવ-નાથજીના મંદિરની પાસે અહીં એક શ્વેતામ્બર **જૈન** મંદિર છે. જે ઘણું વિશાળ અને વિવિધ કારીગીરીથી કળાપૂર્ણ છે. ધર્મશાળાની ઉત્તરે કોટિશિલા નામનો પર્વત છે રસ્તામાં જમણી બાજુએ બે નાની નાની દેરીઓ છે. જેમાં માત્ર ચરણચિન્હો છે. આ દેહરીઓની પાસે પર્વત ઉપર એક સ્તંભ ઉપર ચતુર્મુખ મૂર્તિ છે અને પર્વતના શિખર ઉપર એક નાનું શું દેવાલય છે જેમાં એક પ્રતિમા તથા ચરણચિન્હ છે. બીજી બાજુએ એક માઈલ જેટલી ઊંચી પહાડી છે જે સિદ્ધશિલા પહાડી તરીકે ઓળખાય છે. તેના ઉપર બે શિખરો છે. જેમાં એક ઉપર શ્રી પાર્શ્વનાથજી તથા મુનિ સુવ્રતનાથની મૂર્તિઓ છે, અને બીજા શિખર ઉપર શ્રી નેમીનાથજીમી મૂર્તિ અને શ્રી સુરેન્દ્રકીર્તિજીના ચરણચિન્હો છે.

**બહુચરાજી :**

પશ્ચિમ રેલ્વેની અમદાવાદ-દિલ્હી લાઈન પર અમદાવાદથી ૧૬ માઈલ દૂર કલોલ સ્ટેશન આવે છે. કલોલથી એક લાઈન બહુચરાજી તરફ જાય છે. અમદાવાદથી સીધી ટ્રેન કલોલ થઇને બહુચરાજી સ્ટેશન સુધી જાય છે. સ્ટેશનથી થોડેદૂર બહુચરાજીનું મંદિર આવેલું છે, આ મંદિર એક મોટાં ઘેરાવામાં આવેલું છે. જેમાં એક ધર્મશાળા તથા સરોવર આવેલાં છે. સરોવર માન સરોવર તરીકે ઓળખાય છે. બહુચરાજીનું મંદિર વિશાળ છે, તેમાં કોઈ મૂર્તિ-સ્વરૂપ નથી પણ મુખ્ય પીઠ પર બાલાયન્ત્રનું પ્રતિ-ષ્ઠાપન કરેલું છે. બાજુમાં એક મૂર્તિ ઉપર ચિત્રનું આવ-રણ ચઢાવવામાં આવેલું છે. મુખ્ય મંદિરના પાછળના ભાગમાં એક વૃક્ષની નીચે માતાજીનું મૂળ સ્થાન છે. ત્યાં એક સ્તંભ છે. જ્યાં એક નાનું શું મંદિર છે. તેની ઉત્તરે મુખ્ય મંદિરની સામે અગ્નિકુંડ છે. શ્રી બહુચર માતાજીનું વાહન મરઘો (કુકડો) છે. ગુજરાતમાં ઘણાં લોકોની શ્રી બહુચરાજી કુળદેવી છે. બાળકોના મુંડન સંસ્કાર કરાવવા ઘણાં લોકો અત્રે આવે છે. ભૂતપ્રેતથી પીડાતા લોકો પોતાની બાધા પુરી કરવા અત્રે આવે છે. પ્રત્યેક પૂર્ણિમાએ અહીં મેળો ભરાય છે.

**મોઢેરા :**

પશ્ચિમ રેલ્વેની એક લાઈન કલોલથી બહુચરાજી સુધી આવે છે. બહુચરાજીથી મોઢેરા ૧૮ માઈલ દૂર છે, મોટર બસ રસ્તે ત્યાં જવાય છે. અહીં માતંગી મંદિરની પાસે એક ધર્મશાળા છે, પુરાણ પ્રસિદ્ધ ધર્મારણ્ય ક્ષેત્રમાં સિદ્ધપુર, મોઢેરા વગેરે તીર્થ સ્થાનો છે. મોઢેરાનું પ્રાચીન નામ મોડેરક છે. બ્રાહ્મણોની ઉત્પત્તિનું આ આદિસ્થાન માનવામાં આવ્યું છે. કહેવાય છે કે બ્રહ્માજી-એ બ્રાહ્મણોની પહેલી સૃષ્ટિ અહીં કરી હતી. હાલમાં અહીંનું મુખ્ય દેવસ્થાન શ્રી માતંગી દેવીનું છે. કર્ણાટ-નામના દૈત્યનો વધ કરી ભગવતી શ્રી માતંગી અહીં સ્થિર થયા હતા. અલ્લાઉદ્દિન ખીલજીએ આ સ્થાન ઉપર આક્-મણ કર્યું ત્યારે શ્રી માતંગીની મૂર્તિને સુરક્ષા માટે એક વાવમાં પધરાવી દેવામાં આવી હતી. જે આજ સુધી એ વાવમાં જ સ્થિત છે. માતંગી દેવાંનું મંદિર મોઢેરાની દક્ષિણ દિશાએ આવેલું છે. મંદિરના સિંહદ્વારની અંદર એક વાવ છે તેમાં જવા માટેનો માર્ગ છે. વાવની અંદરના ભાગમાં એક ગોખમાં માતાજીનું મંદિર આવેલું છે. તેમાં સિંહ પર આરૂઢ થયેલાં શ્રી માતંગીદેવીની અષ્ટાદશ ભુજાવાળી પ્રતિમા છે. આ વાવને ધર્મેશ્વરી વાવ કહેવામાં આવે છે. વાવના અંતિમ ખૂણામાં શિવ-શક્તિની એક યુગલ મૂર્તિ છે. મંદિરના સિંહદ્વારની સામે ભટ્ટારિકા દેવીનું મંદિર છે. આ મંદિરના પાછળના ભાગમાં ધર્મેશ્વર મહાદેવ તથા શ્રી રામચંદ્રજીના મંદિરો આવેલાં છે. શ્રી ગણેશનું મંદિર પણ ત્યાં છે. બીજા દેવી દેવતાઓની મૂર્તિઓ પણ નજરને આકર્ષે છે જેમાં નાગદેવતા, સૂર્યનારાયણ, નંદા-દેવી, શાંતાદેવી, વિશાલાક્ષી, ચામુંડા, તારણા, દુર્ગા, સિંહારૂઢ નિબજા, ભટ્ટ યોગિની જ્ઞાનજા, ચંદ્રિકા, છત્રજા, સુખદા, દ્વારવાસિની, ધર્મરાજ તથા હનુમાનજીની મૂર્તિઓ મુખ્ય છે. મોઢેરા ગામની દક્ષિણમાં ગણેશનું મંદિર છે, તેમાં ગણેશની સિદ્ધિ અને બુદ્ધિ નામની પત્નીઓ સાથેની મૂર્તિ ભવ્ય છે. મોઢેરા અત્યંત પવિત્ર અપ્સરા તીર્થ મનાયું છે. કહે છે કે અહીં ઉર્વશીઓ તપ કર્યું હતું. ગામની ઉત્તરે પુષ્પાવતી નદી આવેલી છે. આ નદીના તટ ઉપર પ્રાચીન સૂર્ય મંદિર આવેલું છે. (ઇ. સ. ૧૦૨૭). સોલંકી યુગના કળા-કારીગરી અને સ્થાપત્યની અવધિરૂપ આ મંદિરે સમગ્ર ભારતના એ યુગના પુરાતત્વમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આં મંદિરે માત્ર ઇતિહાસકારો કે પુરાતત્ત્વ વિદ્વાનો નહીં બલ્કે અનેક આગંતુકોને પોતાને દ્વારે આકર્ષી લાવી મોઢેરાને વર્તમાન યુગનું યાત્રાધામ બનાવ્યું છે.

ગામની ઉત્તરે દેવ સરોવર છે. ગામમાં મોઢેશ્વર મહાદેવનું મંદિર છે. મોઢેશ્વર મોઢ બ્રાહ્મણોના આરાધ્ય દેવ છે. ગામમાં બીજું મંદિર શ્રી રામનું છે. દેવ સરોવરને કિનારે શ્રી હયગ્રીવ ભગવાનનું મંદિર છે. લોકોક્તિ છે કે આ સ્થાને શ્રી રામચંદ્રજીએ યજ્ઞ કર્યો હતો. સૂર્યમંદિર પાસે જે યજ્ઞવેદીઓ છે, તથા મંડપાદિ છે તે એ યજ્ઞમંડપના ભગ્નાવેષો છે. આ સ્થાનને બ્રહ્માની યજ્ઞવેદી તેમજ સૂર્યની તપઃસ્થલી પણ માનવામાં આવે છે.

**પરસોડા :**

મહેસાણા જીલ્લાના વિજાપુર તાલુકામાં સાબરમતીના તટ પર પરસોડા કરીને ગામ છે. આ સ્થળે સાબરમતી નદીમાં જર્જરી સુરસરી તથા અમરવેલી નદીઓનો સંગમ થાય છે. આ સ્થાનને ઋષિતીર્થ કહે છે. વિભાંડક ઋષિના પુત્ર શૃંગીઋષિનો અહીં આશ્રમ હતો. મહારાજા દશરથે પોતાની પુત્રી શાતા પોતાના મિત્ર અંગદેશના રાજા રોમપાદને દત્તક આપી હતી. કારણ કે રોમપાદને કાંઈ સંતાન ન હતું. મહારાજા રોમપાદે આ કન્યાના વિવાહ શૃંગીઋષિ વેરે કર્યા હતા. વિવાહ પછી શૃગીઋષિ અહીં આશ્રમ બનાવીને રહ્યા છે. પર્વોને દિવસે દૂરદૂરથી અહીં યાત્રાળુ સ્નાનાર્થે આવે છે. બાજુમાં એક ટેકરી ઉપર શૃંગીઋષિ તથા ગુરૂ દત્તાત્રેયના પગલાં છે તથા શ્રી હનુમાનજી અને મહાદેવના મંદિરો છે. સાબરમતીનદીની પંચકોશી પરિક્રમા થાય છે, આ પરિક્રમા ઋષિતીર્થથી શરૂ થઈ છેક સાગરસંગમ સુધી થાય છે. માર્ગમાં સાદર ગામ આવે છે જ્યાં છોગાલિયા મહાદેવ, ગલતેશ્વર, માર્કંડેશ્વર, સૂર્યકુંડ તથા કોટ્યતીર્થ વગેરે દર્શનીય તીર્થસ્થળો આવે છે.

**રૂપાલ :**

પશ્ચિમ રેલ્વેની કલોલ–આંબલિયાસન લાઈન પર કલોલથી આઠ માઈલ દૂર સોનીપુર–રૂપાલ સ્ટેશન છે. સ્ટેશનથી રૂપાલનગર બે માઈલ છેટું છે. કલોલથી રૂપાલ સુધી મોટર બસ પણ જાય છે. રૂપાલનગરનું અસલ નામ રૂપાવતી છે. આ રૂપાવતીનગર અત્યંત પ્રસિદ્ધ ક્ષેત્ર છે. ભગવાન શ્રી રામચંદ્રજી દંડકારણ્યમાં જ્યારે વાસ કરતા હતા ત્યારે અહીં પધાર્યા છે. તેવી જ રીતે પાંડવોએ વિરાટ નગર જવાના સમયે અહીં આવી ભગવતી આર્યાનું પૂજન કરી અહીંથી ગયા હતા. જેવી રીતે રૂપાવતી નગરીનું નામ આજે રૂપાલ થઈ ગયું છે તેવી રીતે આર્યા ભગવતીનું નામ શ્રી વરદાયિની થઈ ગયું છે. પાંડવોને આપેલા વરદાનથી આર્યા ભગવતી શ્રી વરદાયિની કહેવાય છે. શ્રી વરદાયિનીનું અહીંયા વિશાળ મંદિર છે. મંદિરની બાજુમાં માન સરોવર નામે સરોવર છે. આ સરોવરના પાણીમાં ઘીવાળાં કપડાં ધોવાથી તેની ચીકાશ ધોવાઈ જાય છે એ તેની વિશિષ્ટતા છે. આશ્વિન નવરાત્રમાં અહીં મોટો મેળો ભરાય છે. માતાજીના મંદિરની આસપાસ યાત્રાળુઓને ઉતરવા માટે ધર્મશાળાઓ છે. અહીંથી ૫–૬ માઈલ દૂર સાબરમતીને કિનારે શૃંગીઋષિનો આશ્રમ છે. શ્રી વરદાયિની માતાજીના મંદિરથી બે માઈલ દૂર શ્રી વૈદ્યનાથ માહદેવનું પ્રાચીન મંદિર છે તેમાં એકાદશ રૂદ્રલિંગ છે.

**વાસણ–વૈદ્યનાથ :**

પશ્ચિમ રેલ્વેની કલોલ આંબલિયાસન લાઈન પર કલોલથી ૧૩ માઈલ દૂર વાસણ સ્ટેશન આવે છે. સ્ટેશનથી ગામ ત્રણ માઈલ દૂર છે. શ્રી વરદાયિની ધામથી આ ગામ ૬ માઈલ દૂર છે. અહીંયા શ્રી વૈદ્યનાથજીનું વિશાળ મંદિર છે. ઉત્તર ગુજરાતમાં આ મંદિર સહુથી વિશાળ હોય તેવું જણાય છે. વૈદ્યનાથજીનું આ મંદિર બે હજાર વર્ષ પુરાણું હોવાની માન્યતા છે. આ મંદિર સપ્તભોમ છે અને તેની ઉપર ચઢવા માટે ચારેબાજુ સીડીઓ છે. વૈદ્યનાથજીની મૂર્તિ સ્વયંભૂ હોવાનું કહેવાય છે. મંદિરના મુખ્ય દેવાલયની આજુબાજુ બીજા દશ શિવાલયો છે અને આ રીતે અહીં એકાદશ રૂદ્રોની સ્થાપના કરવામાં આવી છે. મુખ્ય શિવાલયના સ્થાનમાં કોઈ લિંગમૂર્તિના દર્શન થતા નથી પરંતુ એક ખાડામાં ગોખુરનું ચિન્હ જણાય છે, જેના ઉપર અભિષેક થાય છે. અહીં એક નાની એવી ધર્મશાળા છે, જ્યાં ઉતરવાની સગવડ છે. ગુજરાતમાં જૈનધર્મનું પ્રભુત્વ ઠીક ઠીક પ્રમાણમાં રહેવા પામ્યું છે. પરિણામે ગુજરાતના નાના નાના ગામોમાં પણ જૈન ધર્મનાં મંદિરો નજરને આકર્ષે છે.

**પાનસર :**

અમદાવાદ–મહેસાણા લાઈન પર કલોલ પછી પાનસર સ્ટેશન આવે છે. સ્ટેશનથી અર્ધો માઈલ દૂર એક ઊંચા કોટની અંદર જૈનમંદિર આવેલું છે. આ મંદિરમાં શ્રી મહાવીર સ્વામીની પ્રતિમા છે. મંદિરની ચારે બાજુ ધર્મશાળાઓ છે. અને મુખ્ય મંદિરની આસપાસ બીજાં અનેક મંદિરો છે. પાછળના ભાગમાં એક જળમંદિર જોવા જેવું છે.

**શેરીસાજી :**

કલોલ સ્ટેશનથી પશ્ચિમે ચાર માઈલ દૂર જૈનોનું એક પ્રાચીન તીર્થધામ છે. જેને હાલમાં શેરીસાજી તરીકે લોકો ઓળખે છે. તેનું પ્રાચીન નામ પ્રજ્ઞાપુર છે. આ ગામના મુખ્ય મંદિરમાં શ્રી પાર્શ્વનાથજીની ત્રણ પ્રતિમાઓ પ્રતિષ્ઠિત કરેલી છે. મંદિરની બાજુમાં જ ધર્મશાળા છે. કલોલથી મોટર બસમાં અહીં અવાય છે.

**ભોયણી :**

કલોલ બેચરાજી લાઈન પર કલોલથી વીસ માઈલ દૂર ભોયણી સ્ટેશન આવે છે. સ્ટેશનની બાજુમાં જ એક ધર્મશાળા છે અને આ ધર્મશાળાના ઘેરાવાની અંદર જ જૈન મંદિર આવેલું છે. આ મંદિરમાં શ્રી મલ્લિનાથ સ્વામીની પ્રતિમા છે. આ મૂર્તિ જમીનમાં કુવાનું ખોદકામ કરતા મળી આવી હતી. મહા સુદ ૧૦ના રોજ અહીં મેળો ભરાય છે.

**રાંતેજ :**

ભોયણીથી ૧૨ માઈલ આગળ જતાં રાંતેજ સ્ટેશન આવે છે. આ ગામનું મૂળ નામ રત્નાવતી નગરી હતું. આ સ્થાનની આસપાસ અનેક ભગ્નાવશેષો પડેલાં છે. એક કણબી ખેડૂતના ઘરના ખોદકામ દરમ્યાન જૈનોના છેલ્લાં તીર્થંકર શ્રી મહાવીર સ્વામીની પ્રતિમા મળી આવી હતી. આ પ્રતિમાને અહીંના જીનાલયમાં સ્થાપિત કરવામાં આવી છે. એવી જ રીતે કોઈને સ્વપ્નમાં આદેશ મળતાં ખોદકામ કરવાથી બાર પ્રતિમાઓ પ્રાપ્ત થઇ હતી. મંદિરના મુખ્ય સ્થાન ઉપર શ્રી નેમીનાથજીની પ્રતિમા બિરાજમાન છે. મંદિરની પાસે એક ધર્મશાળા પણ છે.

ગુજરાતના વક્ષઃ સ્થલ સમા કચ્છ-સૌરાષ્ટ્રના દેવ મંદિરો તથા તીર્થસ્થાનો સમગ્ર ભારતવર્ષમાં પોતાની આગવી પ્રતિભા ધરાવે છે. કચ્છના પ્રદેશમાં (૧) નારાયણ-સરોવર (૨) ભદ્રેશ્વર અને (૩) કોટેશ્વર વગેરે સ્થાનો ઘણાં પ્રાચીન છે. અને કચ્છની મરૂભૂમિમાં પણ કળા અને સંસ્કૃતિના દ્યોતક તરીકે આજે પણ ઊભાં છે.

**નારાયણ સર :**

કચ્છ પ્રદેશના સમુદ્ર તટ પર આવેલું નારાયણ-સર આ ભૂમિનું સૌથી મોટું પ્રાચીન તીર્થસ્થાન છે. ભારત ભરમાંથી યાત્રિકો આ સ્થાનમાં આવે છે, અને કચ્છની પ્રાચીન સંસ્કૃતિ અને ગૌરવપૂર્ણ ઇતિહાસના અહીં દર્શન કરે છે, અહીં આવવા માટે સમુદ્ર માર્ગે તેમજ પગરસ્તે અવાય છે. સૌરાષ્ટ્રના ઓખા બંદરેથી વહાણ કે સ્ટીમલોંચમાં બેસી કચ્છના અખાતના કિનારે કિનારે અહીં પહોંચાય છે. જ્યારે મુંબઈ વગેરે સ્થળેથી સ્ટીમરમાં માંડવી બંદરે ઉતરી ત્યાંથી ભુજ થઈ મોટર બસ રસ્તે પણ અહીં અવાય છે. ભુજથી નારાયણસર ૮૦ માઈલ થાય છે. નારાયણસર કચ્છનું જેમ સુપ્રસિદ્ધ તીર્થસ્થાન છે તેમ ભૌગોલિક રીતે આ પ્રદેશનું વ્યૂહાત્મક સ્થાન છે. આ સ્થાનમાં હાલમાં વસ્તી બહુ જૂજ છે. પરંતુ ત્યાં આવેલાં આદિ-નારાયણ, લક્ષ્મીનારાયણ, ગોવર્ધનનાથજી, ત્રિવિક્રમજી વગેરેના દર્શનીય પ્રાચીન મંદિરો જોતા આ સ્થાનમાં ભવ્ય ભૂતકાળની પ્રતિતી થાય છે.

**કોટેશ્વર :**

નારાયણ સરોવરની પાસે જ શ્રીમદ્ વલ્લભાચાર્ય મહાપ્રભુજીની બેઠક આવેલી છે. એક માઈલ આગળ જતાં કોટેશ્વર મહાદેવનું સ્થાન આવેલું છે. કચ્છના સમુદ્ર તટ ઉપર એક સમયે કોટેશ્વર કચ્છની રાજધાનીનું બંદરી નગર હતું. એમ કહેવાય છે. કોટેશ્વરનું શિવમંદિર અને નીલકંઠ મહાદેવનું મંદિર કચ્છની પ્રાચીન કળા-કામગીરી અને સ્થાપત્યના સાક્ષીરૂપ આજે ઉભાં છે. ઇતિહાસવિદ કનિંગહામ ચીનીયાત્રી હ્યુ એન સંગે કચ્છની રાજધાનીનું નામ કિયેશિફાલી તરીકે લખ્યું છે. જેનું શુદ્ધ સ્વરૂપ કચ્છેશ્વર-કોટેશ્વર તરીકે બતાવવામાં આવ્યું છે. મોટર રસ્તે જતાં નારાયણ સરોવરથી આગળ ૨૪ માઈલ પર આશાપુરા દેવીનું મુખ્ય મંદિર આવે છે. બાળકોને નજર ઉતરાવવાની અહીં બાધા ચાલે છે. ભુજથી ૧૩ માઈલ દૂર બેટકોટમાં એક પ્રાચીન શિવમંદિર આવેલું છે. કચ્છની વેરાનભૂમિના એક ગામમાં પ્રાચીન સૂર્યમંદિર પણ નજરને આકર્ષે છે.

**ભદ્રેશ્વર :**

કચ્છના સુપ્રસિદ્ધ શાહ સોદાગર અને દાનવીર શેઠ ઝઘડુશાની નગરી તે આજે ભદ્રેશ્વર તરીકે ઓળખાય છે. કચ્છના આ તીર્થધામમાં જવાનો માર્ગ ઘણો કઠિન છે. કચ્છના વેરાન પ્રદેશને પાર કરીને અહીં પહોંચાય છે. બીજાં માંડવીથી સમુદ્રમાર્ગે પણ અહીં અવાય છે. પરંતુ ચોમાસાના ચાર મહિના દરમ્યાન વહાણોની અવર જવર બંધ હોતા આ માર્ગે જવાનું બંધ રહે છે. મહાવીર સ્વામિનું અહીં એક વિશાળ મંદિર છે. આ મંદિર સમુદ્ર કિનારે જ આવેલું છે. આ મંદિરની આજુબાજુ બીજાં મંદિરોનો સમૂહ આ મંદિરની વિશાળતામાં ભવ્ય વધારો કરે છે. યાત્રાળુઓને ઉતરવા માટે તેમજ બીજી સવલતો માટે બાજુમાં જ ધર્મશાળાઓ આવેલી છે. ફાગણ શુદ ૫ ના રોજ અહીં મેળો ભરાય છે. કચ્છના સુથરી ગામમાં શ્રી શાંતિનાથસ્વામી તથા ધૃતપલ્લવ પાર્શ્વનાથજીના બે સુંદર મંદિરો છે. કચ્છ પ્રદેશનું સૌથી ઊંચામાં ઊંચુ જૈન મંદિર કોઠારમાં આવેલું છે. આ મંદિર ૭૪ ફુટ ઊંચું છે.

**રાપર :**

કચ્છના આ જાણીતા નગરમાં એક અત્યંત પ્રાચીન વિશાળ જૈનમંદિર આવેલું છે, તેમાં ચિંતામણિ પાર્શ્વનાથજીની મૂર્તિ મુખ્ય સ્થાનમાં પ્રતિષ્ઠિત કરવામાં આવી હતી પરંતુ તે ચોરાઈ જવાથી પાર્શ્વનાથજીની બીજી પ્રતિમા હાલમાં ત્યાં સ્થાપિત કરવામાં આવી છે.

**અમદાવાદ :**

મહાગુજરાતનું પાટનગર અમદાવાદ આમ તો એક મહાકાય ઔદ્યોગિક નગર છે. અને પશ્ચિમ રેલ્વેનું સુવિખ્યાત સ્ટેશન છે. ગુજરાતના હાર્દ સમા આ નગરે ગુજરાતના ઇતિહાસના યુગેયુગના અનેરાં પ્રકરણોના સર્જન કર્યા છે. અને તેથી તે તીર્થધામ કરતાં ગુજરાતનું સુપ્રસિદ્ધ ઐતિહાસિક અને સાંસ્કૃતિક ધામ બનીને આજે બેઠું છે. ઐતિહાસિક પરિવર્તનો વચ્ચે પસાર થવા છતાં અહીંની પ્રજાની ધાર્મિક ભાવના સમયે સમયે ઉત્તરોત્તર ઉત્કૃષ્ટ થતી ચાલી છે. અને તેથી અમદાવાદ શહેરમાં સ્થળે સ્થળે ભિન્ન ભિન્ન દેવતાઓના દેવમંદિરો દૃષ્ટિગોચર થાય છે. અમદાવાદમાં

સૌથી પ્રાચીન મંદિર શ્રી જગન્નાથજીનું છે. જેનો અષાઢ સુદ ૨ નો રથયાત્રાનો ઉત્સવ અને વરઘોડો મુલક મશહૂર છે. કાળુપુર દરવાજાની બહાર દુગ્ધેશ્વર મહાદેવનું મંદિર પણ પ્રાચીન છે. કહેવાય છે કે મહર્ષિ દધીચિઋષિનો અહીં આશ્રમ હતો. અમદાવાદની સ્મશાનમાં આવેલું આ મંદિર સાબરમતીના તટ ઉપર છે. જ્યાંથી આગળ કેમ્પના માર્ગમાં સાબરમતીને કિનારે ભીમનાથનું મંદિર તથા ખડ્ગધારેશ્વરનું પ્રાચીન મંદિર આવેલું છે. કેમ્પના હનુમાનજીનું મંદિર પણ એટલું જ સુવિખ્યાત અને દર્શનિય છે. કાળુપુરના દરવાજા બહાર એક માઈલ દૂર શ્રી નીલકંઠેશ્વર મંદિર આવે છે અને તેની બાજુમાં જ મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યની બેઠક આવેલી છે. અમદાવાદમાં એટલું જ સુવિખ્યાત મંદિર ભદ્રકાલીનું છે જે ત્રણ દરવાજા સામે કિલ્લામાં આવેલું છે. રાત–દિવસ દર્શનાર્થીઓથી મધમધતું ભદ્રકાલીનું મંદિર અમદાવાદ જેટલું જ પુરાણું માનવામાં આવે છે. હાજા પટેલની પોળમાં આવેલું શ્રીરામ મંદિર હરિગૃહ સ્વરૂપનું છે. રાયપુરમાં શ્રી રાધાવલ્લભજીનું મંદિર અને તેની બાજુમાં કાકરેલીવાલા શ્રી બાલકૃષ્ણલાલનું મંદિર અને કાળુપુર રસ્તે આવેલ શ્રી ગોપાલસ્વામીજી હવેલી વૈષ્ણવ સંપ્રદાયના મંદિરો છે. શહેરની મધ્યમાં શ્રી સ્વામિનારાયણનું મંદિર તેની કળાકૃતિ અને વૈભવ માટે સુવિખ્યાત છે. આ સિવાય બહુચરાજીનું મંદિર નૃસિંહ ભગવાનનું મંદિર, રણછોડ જીનું મંદિર તથા એવાં બીજાં મંદિરો આ ઔદ્યોગિક અને ઐતિહાસિક નગરની વસ્તીની ધાર્મિક ભાવનાની પ્રતિતી કરાવે છે. કશ્યપ મહર્ષિએ આબુ પર્વત ઉપરથી કશ્યપ ગંગાનું અવતરણ કર્યું એ કશ્યપ ગંગા તે આજની સાબરમતી (સાભ્રમતી) એક પવિત્ર નદી મનાય છે. તેના કિનારે ખડ્ગતીર્થમાં સ્નાન કરી ખડ્ગધારેશ્વરના દર્શન કરવાનું મહાત્મ્ય ઘણું જ મનાય છે, કાર્તિક તથા વૈશાખ માસમાં આ સ્થાનનું મહાત્મ્ય વિશેષ મનાય છે. શહેરના મધ્ય ભાગમાં જૈનમંદિરો આવેલાં છે. મધ્યયુગમાં થયેલાં રાજકીય ઉત્પાતોને કારણે આવાં વિરાટ શહેરમાં શિખરબંદી મંદિરો બહુ ઓછા નજરે ચડે છે.

શામળાજી :

પશ્ચિમ રેલ્વેની એક લાઈન અમદાવાદથી ખેડબ્રહ્મા સ્ટેશન સુધી જાય છે. આ લાઇન ઉપર અમદાવાદથી ૩૩ માઈલ દૂર તલોદ સ્ટેશન આવે છે. ત્યાંથી આગળ આ જ લાઇન પર હિંમતનગર અને ઇડર સ્ટેશન આવે છે. શામળાજીનું સ્થાન તલોદથી ૫૦ માઇલ, હિંમતનગરથી ૪૦ માઈલ અને ઇડરથી ૩૦ માઇલ દૂર છે. આ બધા સ્ટેશનથી શામળાજી મોટર બસથી જવાય છે. મેશ્વો નદીને કિનારે લાડો કરીને ગામ છે. અને તેની બાજુમાં શામળાજીનું સ્થાન આવેલું છે. શામળાજીનું મંદિર ઘણું પ્રાચીન છે. આ સ્થાનનું અસલ નામ કરામ્બુક તીર્થ છે. ગદાધરપુરી તરીકે પણ તે એટલું જ જાણીતું છે. તથા પ્રાચીન હરિશ્ચન્દ્રપુરી તરીકે પણ તે ઓળખાય છે. શામળાજીના મંદિર પાસે ઘણી ધર્મશાળાઓ પણ છે. શામળાજીના મંદિરમાં શ્રી કૃષ્ણ ભગવાનની મૂર્તિ છે. મંદિરની આસપાસ શ્રી રણછોડજી, ગિરિધારીલાલ તથા કાશી–વિશ્વનાથના મંદિરો આવેલાં છે, બાજુમાં જ એક મોટું સરોવર છે. કાશી વિશ્વનાથનું મંદિર જમીનમાં છે જ્યારે એક ટેકરી ઉપર ભાઇ બહેનનું મંદિર પણ આવેલું છે. જેમાં પોતાના એકસો પુત્રોની સાથે માતા ગાંધારીની મૂર્તિ છે. મેશ્વા નદીમાં નાગધારા તીર્થ છે. ત્યાં જમીનમાં ઊંડે ગંગાજીનું મંદિર, રાજા હરિશ્ચન્દ્રની યજ્ઞવેદી વગેરે દર્શનીય સ્થાનો છે, બાજુમાં સર્વમંગલા દેવીનું પુરાણું મંદિર છે. શામળાજીને ગદાધર ભગવાન પણ કહે છે. અહીં ભગવાન વિષ્ણુ (શ્રીકૃષ્ણ)ની ચતુર્ભુજ સ્વરૂપ મૂર્તિ છે. મહારાજ હરિશ્ચન્દ્રે આ મૂર્તિનું પ્રતિષ્ઠાપન કર્યાનું કહેવાય છે, રાજા હરિશ્ચન્દ્રે મહર્ષિ વશિષ્ટના આદેશથી અહીં પુન્નેષ્ટિ યજ્ઞ કર્યો હતો. અહીં વસતા ઔદુમ્બર ઋષિની સાન્નિધ્યમાં આ યજ્ઞ પૂર્ણ થયો હતો. શ્રી શામળાજી બ્રાહ્મણો અને વૈશ્યોના ઇષ્ટ દેવતા છે. આ પ્રદેશ પહાડી અને જંગલી છે, કારતક શુદ ૧૧ થી માગશર સુદ ૨ સુધી અહીં મેળો ભરાયેલો રહે છે.

ખેડબ્રહ્મા :

ઈડરથી પંદર માઈલ આગળ ખેડબ્રહ્મા સ્ટેશન આવે છે. અહીં હિરણ્યાક્ષી નદી વહે છે. નદીની બાજુમાં બ્રહ્માજીનું મંદિર આવેલું છે. જેમાં બ્રહ્માજીની ચતુર્મુખ મૂર્તિ પ્રતિષ્ઠાપિત છે. મંદિરની બાજુમાં જ એક કુંડ છે. ખેડબ્રહ્માની પાસે હિરણ્યાક્ષી, કોસમ્બી તથા ભીમાક્ષી નદીઓનો ત્રિવેણી-સંગમ થાય છે. બ્રહ્માજીના મંદિરથી અડધા માઇલને અંતરે દેવીનું મંદિર છે. ત્યાં માનસરોવર તળાવ છે. અહીં એક ધર્મશાળા છે. દેવીની મૂર્તિને ક્ષીરજામ્બા માતા કહે છે. બાજુમાં ભૃગુનાથ મહાદેવનું મંદિર છે. જ્યારે નદીની સામે પાર કિનારા પર ભૃગુ આશ્રમ છે. કહેવાય છે કે અહીં ભૃગુઋષિએ તપ કર્યું હતું. અને બ્રહ્માજીએ યજ્ઞ કર્યો હતો. તેથી આ સ્થાનને ભૃગુક્ષેત્ર પણ કહે છે. શિવરાત્રીને સમયે પંદર દિવસ સુધી અહીં મેળો ભરાયેલો રહે છે. ખેડબ્રહ્માથી ત્રણ માઈલ દૂર ચામુંડાદેવીનું મંદિર છે. અને ત્યાંથી ત્રણ માઈલ દૂર કોટેશ્વર મહાદેવનું મંદિર છે.

નીલકંઠ :

અમદાવાદથી જે લાઈન ખેડબ્રહ્મા સુધી જાય છે તેના ઉપર ઈડર સ્ટેશન આવે છે. ઇડરથી ૧૦ માઇલ દૂર મુટેડી ગામ પાસે જંગલ પહાડોના એક ઘેરા સ્થાનમાં નીલકંઠ મહાદેવનું મંદિર આવેલું છે. મહાદેવનું લિંગ ૫ ફૂટ ઊંચું છે, અને તે સ્વયંભૂ લિંગ છે તેમ કહેવાય છે. એક બ્રાહ્મણને

સ્વપ્નમાં અહીં મંદિર બનાવવાનો આદેશ મળતાં આ મંદિર અહીં બનાવવામાં આવ્યું છે. શ્રાવણ માસમાં આ અઘોચર સ્થાનમાં પણ મેળો ભરાય છે, તે ભાવિક લોકોની આ મંદિર પ્રત્યેની અત્યંત શ્રદ્ધા બતાવે છે.

**નારાયણેશ્વર મહાદેવ-ગોરલ :**

નારાયણેશ્વરનું શિવમંદિર બે વિભાગમા વહેંચાયેલું હતું. એક વિભાગ મૂળ મંદિર અને બીજો સભામંડપ. સભા મંડપનો દાખલ થવાના પગથિયાની બન્ને બાજુએ આવેલ ઓટલાના સન્મુખ દર્શનની એક બાજુ લક્ષ્મીજી અને બીજી બાજુ પાર્વતીજીનાં સોલંકી યુંગી શિલ્પો ચોડી દેવામાં આવી હતી. શિવ મૂર્તિ પુરાણા સોલંકી યુગી મંદિરના કુંભા ઉપરની કે સભામંડપની શૃંગાર ચોકી ઉપર મુકાયેલ રથિકાની હોય તેમ લાગ્યું. ખારા પથ્થરમાંથી કોતરાયેલ એ મુર્તિ ઠીક ઠીક ઘસારો પામેલી દેખાણી. શિવ મૂર્તિનાં ઊપલા જમણા હાથમાં ત્રિશુળ અને ઉપલા ડાબા હાથમાં નાગેન્દ્રનાં આયુધો શોભી રહ્યાં હતાં. અર્ધપર્યંકાસને બેસાડેલ એ મૂર્તિના નિચલા હાથોના આયુધો સ્પષ્ટ દેખાતા નહોતા છતાં ઊપલા બે હાથોનાં આયુધો ઉપરથી અનુમાની શકાય કે જટામુકુટવાળી એ મુર્તિ શિવના ઈશાન સ્વરૂપની હશે. મૂર્તિની બન્ને બાજુએ એક એક ચામર ધારણીઓ દેખાતી હતી.

પગથિયાંની બીજી બાજુએ પણ પુરાણા સોલંકી યુગી મંદિરના મંડોવરની જંઘા ઉપરની લક્ષ્મીજીની મૂર્તિ ગોઠવાયેલી દેખાતી હતી. લક્ષ્મીજીના બન્ને ઉપલા હાથોમાં કમળના આયુધો સ્પષ્ટ દેખાતાં હતાં. અર્ધપર્યંકાસને બેસાડેલ એ મૂર્તિને માથે કિરીટ-મુકટ શોભી રહ્યો હતો. મૂર્તિની બન્ને બાજુએ થાંભલીઓની બહાર ચામરધારીની એક એક મૂર્તિ કોતરાયેલી દેખાતી હતી. આ આખી મૂર્ત ખારા પથ્થરમાંથી કોતરી કાઢવામાં આવી હોય તેમ દેખાતું હતું.

સાદા સોળ સ્તંભો ઉપર રચાયેલ નારાયણેશ્વરનાં શિવ મંદિરનો ભવ્ય સભામંડપ આંખને ઠારે તેવો દેખાયો. સભામંડપની વેદિકા તથા છત સિવાયના બીજા બધા ભાગો તદ્દન સાદા દેખાયા. સભામંડપની છત ઉપર કોતરાયેલ રૂપ-પટ્ટીકામાં અર્ધપર્યંકાસને બેઠાડેલી શકિત મૂર્તિઓની હરોળ આંખમાં વસી જાય તેવી દેખાણી. આ હરોળ પુરાણા સોલંકી યુગી મંદિરની હોય તેમ લાગ્યું. છતનો પદ્મશિલા સવંતના સોળમા સૈકામાં કોતરાયેલી હોય તેમ દેખાયું.

ગર્ભગ્રહની દ્વારશાખા તદ્દન સાદી હતી. ગર્ભગ્રહમાં બિરાજતી પાર્વતીજીની મૂર્તિ બહુ પુરાણી દેખાણી નહિ. શિવલિંગ કેટલું પુરાણું હશે, તે જાણી શકાયું નહિ.

**કોટયર્ક (ખેડાયત) :**

અમદાવાદ ખેડબ્રહ્મા લાઈનિ પર અમદાવાદથી ૪૧ માઈલિ દૂર પ્રાન્તીજ સ્ટેશન આવે છે. પ્રાન્તીજથી લગભગ ૧૨ માઈલિ દૂર ખડાયત કરીને ગામ આવે છે. ખડાયત બ્રાહ્મણો અને ખડાયત વૈશ્યોના ઇષ્ટદેવ 'કોટયર્ક' સૂર્યદેવ છે. અહીં સૂર્યનું મંદિર છે. જેમાં સૂર્યદેવની ગૌરવણી ચતુર્ભુજ મૂર્તિ છે. બાજુમાં ત્રિકમરાય ઘનશ્યામરાય તથા લક્ષ્મીજીની મૂર્તિઓ છે. આ મંદિરમાં શ્રી વલ્લભ કુળની પ્રણાલિકા પ્રમાણે સેવા-પૂજા થાય છે. આ મંદિર સાબરમતી ને કિનારે આવેલું છે. ખડાયત ગામમાં ખડાયત બ્રાહ્મણો ની સાત અને ખડાયત વૈશ્યોની બાર કુળદેવીઓના મંદિર છે.

**ભુવનેશ્વર :**

પ્રાંતીજથી ૩૩ માઈલિ ઈડર સ્ટેશન છે. ત્યાંથી ૧૫ માઈલ દૂર ભીલાડો ગામ વસેલું છે. અહીંથી ૪ માઈલ દૂર દેસણ ગામમાં સરોવરને કિનારે ભુવનેશ્વર મંદિર આવેલુ છે. તેને ભવનાથ મંદિર પણ કહેછે. અહીં મહર્ષિ ભ્રગુનો આશ્રમ છે. અહીંના સરોવરની પાસેની માટી વિભૂતી (રાખ) જેવી છે. અને લોકો તેને શ્રદ્ધાથી લઈ જાય છે. અહીં ઉતારા પાણી માટે ધર્મશાળા છે.

**મુંઘડા મહાદેવ :**

ઈડર-મહિકાંઠામાં ઇડરથી આઠ માઇલ દૂર જાદર સ્ટેશન આવે છે. સ્ટેશનથી ગામ એક માઇલ દૂર છે. જાદર ગામમાં મુંધેડા મહાદેવનું મંદિર આવેલું છે. આ મંદિરની ચારે બાજુ કિલ્લેબંધી છે. મંદિર લીમડાના વૃક્ષની નીચે આવેલું છે. આ લીમડાની તમામ ડાળીઓ અને પાંદડા કડવાં છે પરંતુ જે ડાળ મંદિરની ઉપર ગઇ છે તેનાં પાંદડા મીઠાં છે એ આ મંદિરનું કુતુહલ છે. ભાદરવા સુદી ૪ને દિવસે અહીં મેળો ભરાય છે. નાગપંચમી શ્રાવણ વદ ૫ને દિવસે આ મંદિરમાં લોકોને એક ભુરા રંગના નાગના દર્શન થાય છે.

**વીરેશ્વર :**

વિજયનગર-મહિકાંઠાની સરહદ પર પર્વતોના ઘેરા ભયાનક વનમાં એક પ્રાચીન મંદિર આવેલું છે. જે વિરેશ્વર મહાદેવના મંદિર તરીકે જાણીતું છે. આ મંદિરમાં સ્વયંભૂ બાણલિંગ છે. મંદિરની પશ્ચિમે પર્વત પર એક વિશાળ ઉદુમ્બરનું ઝાડ છે, જેના મૂળમાંથી એક જલધારા વહ્યા કરે છે અને તે સરોવરમાં પડયા કરે છે. સરોવરનું આ પાણી બહુ આગળ ફેલાતું નથી પરંતુ શ્રદ્ધાળુ લોકોની માન્યતા છે કે શ્રી વિરેશ્વર મહાદેવની જય બોલાવવાથી આ પાણી વધતું રહે છે.

**ભદ્રેશ્વર :**

અમદાવાદથી ૧૪ માઇલ નૈઋત્ય ખૂણામાં કાસન્દ્રા કરીને ગામ આવે છે. આ ગામનું પ્રાચીન નામ કાશ્યપ નગર

હતું એમ કહેવાય છે. અહીંયા મહર્ષિ કશ્યપનો આશ્રમ હતો. કાસન્દ્રા અને વીસલપુર ગામોની વચ્ચે કોટેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર આવેલું છે. સાબરમતીના કિનારે આ મંદિર નજરને ખૂબજ આકર્ષે છે. કાસન્દ્રાની દક્ષિણમાં સાબરમતીના તટ પર બીજું મંદિર ભદ્રેશ્વરનું છે. જે ઘણું જ પ્રાચીન છે એમ કહેવાય છે. અમદાવાદથી કાસન્દ્રા મોટર બસ જાય છે. કોટેશ્વર અને ભદ્રેશ્વરના એમ બંને મંદિરો આ બાજુ ઘણા જ પ્રાચીન મનાય છે. અને તેની માનતાઓ માનવામાં આવે છે. ભદ્રેશ્વરની લિંગમૂર્તિ સ્વયંભૂ છે એમ કહે છે.

**માતર :**

અમદાવાદથી ૨૬ માઈલ પર ખેડાનગર આવેલું છે. ત્યાંથી ૩ માઈલ પર માતર ગામ છે, જ્યાં સુધી બસ જાય છે. માતરની બઝારમાં જ શ્રી સુમતિનાથ સ્વામીનું ભવ્ય મંદિર છે. મંદિરની બાજુમાં જ ધર્મશાળા છે. આ મંદિરમાં જે મૂર્તિનું પ્રતિષ્ઠાપન થયેલું છે તે બાજુમાં આવેલાં બારોટ નામના ગામમાંથી જમીન ખોદતા મળી આવી હતી.

**ઉત્કંઠેશ્વર :**

પશ્ચિમ રેલ્વે પર અમદાવાદ અને આણંદ વચ્ચે નડિયાદ સ્ટેશન આવે છે. નડિયાદથી એક લાઈન કપડવંજ (કપડવણજ) સુધી જાય છે. ઉત્કંઠેશ્વર કપડવંજથી ૧૦ માઈલ દુર છે. રસ્તામાં આવતા દાસલવાડા–આંતરોલી રોડ સ્ટેશનથી અથવા કપડવંજથી ઉત્કંઠેશ્વર જવાય છે. ઉત્કંઠેશ્વરને અહીંના લોકો ઊંટડિયા મહાદેવ પણ કહે છે. તેનું મંદિર એક ઊંચા ટિંબા પર છે અને મંદિરની આસપાસ ધર્મશાળાઓ આવેલી છે. ઉત્કંઠેશ્વરનું શિવલિંગ કોટિલિંગ છે. જેમાં નાના નાના લિંગો પુરી મૂર્તિમાં છે. પ્રત્યેક સાલ શ્રાવણ માસમાં અહીં મેળો ભરાય છે, ઉપરાંત ગુરૂ (બૃહસ્પતિ) જ્યારે સિંહરાશીમાં પ્રવેશ કરે છે અને બદલે છે ત્યારે પણ અહીં મેળો ભરાય છે. અહીંથી થોડે દૂર જંગલમાં કેદારેશ્વરનું મંદિર છે અને ત્યાં ઝાંઝર નદી વહે છે. કપડવંજમાં બીજું મંદિર રત્નાકરી દેવીનું છે. તથા વૈજનાથ અને સોમનાથ મહાદેવના મંદિરો દર્શનીય છે.

**ડાકોર :**

ગુજરાતનું ખ્યાતનામ તીર્થધામ ડાકોર સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ તીર્થ દ્વારકા જેટલું જ લોકહૃદયમાં સ્થાન ધરાવે છે. ભારતના દૂર દૂરના પ્રદેશોમાંથી દ્વારકાની યાત્રાએ આવવા નીકળેલા યાત્રિકો આવતા કે જતાં ડાકોરના શ્રી રણછોડરાયના દર્શન કરવા ઉત્સાહ ધરાવતા હોય છે. પશ્ચિમ રેલ્વેની આણંદ ગોધરા લાઈન પર આણંદથી ૧૯ માઇલ દુર ડાકોર સ્ટેશન આવે છે. સ્ટેશનથી ડાકોરનગર લગભગ ૧ માઇલ છેટું છે. પણ ટાંગા ગાડીઓની અવર જવરની સારી સગવડ મળી રહે છે. ડાકોરમાં શ્રી રણછોડરાયજીનું મુખ્ય મંદિર છે, આ મંદિર ઘણું વિશાળ છે. મુખ્ય દ્વારથી અંદર ગયા પછી ખુલ્લો ચોક આવે છે. મધ્યમાં ઊંચા લેવલ પર મંદિર છે. જેની મુખ્ય પીઠપર શ્રી રણછોડરાયજીની પાશ્ચમાભિમુખ ચતુર્ભુજ સ્વરૂપની મૂર્તિ છે. સામાન્યત દર્શનાર્થીઓ પશ્ચિમ દ્વારની સન્મુખ સભામંડપમાં ઊભા રહીને શ્રીજી ના દર્શન કરે છે. મંદિરની દક્ષિણે શયનખંડ છે જેમાં લક્ષ્મીજી અને ગોપાલલાલજીની મૂર્તિઓ છે. ડાકોરમાં દ્વારકાના શ્રી દ્વારકાધીશ પધાર્યા હોવાની માન્યતા છે. તેથી શ્રી રણછોડરાયજીનું મૂર્તિ સ્વરૂપ શ્રી દ્વારકાધીશનું છે. શ્રી દ્વારકાધીશના અનન્ય ભકત શ્રી વિજયસિંહ બોડાણા અને તેમના ધર્મપત્નિ ગંગાબાઇ સાથે સવંત ૨૦૧૨ના કાર્તિક પૂર્ણિમાને રોજ પ્રભુ અહીં પધાર્યા હતા. ભકત બોડાણ સાથે વણાયેલી શ્રી રણછોડરાયજીની ભકત કથાને આજસુધી ઈતિહાસનું સમર્થન નથી મળ્યું એ ઈતિહાસકારોની અપૂર્ણતા નહીં તો બીજું શું માનવું ?

**ગોમતીતળાવ :**

શ્રી રણછોડરાયજીના મંદિર સામે ગોમતી તળાવ આવેલું છે. જે અહીંનું પવિત્ર તીર્થસ્થાન મનાય છે. ચાર ફર્લાંગ લાંબા અને એક ફર્લાંગ પહોળા આ તળાવના કિનારા પાકી બાંધણીના છે. તળાવમાં થોડેદૂર જઈ શકાય એવો એક પુલ છે. જેને કિનારે એકબાજુ નાના શા મંદિરમાં શ્રી રણછોડરાયજીની ચરણપાદુકા છે. આ તળાવના ઈશ્વિરઘાટ ઉપર શ્રી ડંકનાથ મહાદેવનું મંદિર તથા ગણપતી મંદિર છે તેમજ શ્રી રણછોડરાયજીની તુલાનું સ્થાન છે, ગોમતી સરોવરને કિનારે શ્રી લક્ષ્મીમંદિર આવેલું છે. શ્રી રણછોડરાયજીની મૂર્તિ પહેલાં આ મંદિરમાં હતી. ઈ. સ. ૧૭૭૨માં ગોપાલ જગન્નાથ તાંબેકર એમણે વિદ્યમાન મંદિર બંધાવતા શ્રી સ્વરૂપનું ત્યાં પ્રતિષ્ઠાપન થયેલું છે. વિદ્યમાન મંદિર ઉપર મુસ્લિમ યુગની અસર પાધરી જણાઈ આવે છે. ગોમતી સરોવરને કિનારે માખણિયો આરો પણ દર્શનીય સ્થાન છે. કહેવાય છે કે શ્રી રણછોડરાયજી ડાકોર પધાર્યા ત્યારે ભકત બોડાણાના ધર્મપત્ની ગંગાબાઇને સ્વહસ્તે પ્રભુએ માખણમિશ્રનો અહીં ભોગ આરોગ્યો હતો ત્યારથી, રથયાત્રાના દિવસે શ્રી ગોપાલલાલજીની સવારી અહીં આવતાં રોકાય છે અને માખણમિશ્રનું નૈવેદ્ય ગ્રહણ કરે છે. ગુજરાતના આ પ્રખ્યાત તીર્થધામમાં પ્રત્યેક પૂર્ણિમાને દિવસે અસંખ્ય યાત્રાળુઓની ભીડ જામે છે અને તેમાં પણ શરદપૂર્ણિમા અને માણેકકારી કાર્તિક શુદ પૂર્ણિમાને દિવસે તો એટલી જનમેદની ભેગી થાય છે કે તે સમયે સ્પેશ્યલ ટ્રેનો દોડાવવામાં આવે છે. ડાકોરમાં છેક સ્ટેશનથી તે ગામના છેડા સુધી ધર્મશાળાઓ આવેલી છે. મંદિરની બાજુમાં મોરાર ભવન, દામોદર ભવન વલ્લભ નિવાસ, ગાયકવાડની ધર્મશાળા વગેરે ઉત-

રવા માટે સગવડતા ભરેલી ધર્મશાળાઓ છે. ગોરને ઘેર પણ આ સ્થળમાં ઉતરવા જમવાની સગવડતા કરી આપવામાં આવે છે. ડાકોરની યાત્રાને આનુસંગિક આજુ-બાજુમાં બીજાં પણ તીર્થસ્થાનો આવેલાં છે જેવાં કે :–

**તીર્થધામ કઠલાલ :**

ગામની ચારે દિશાએ નીલકંઠ, હરેશ્વર કુબરેજી અને સન્નાથ મહાદેવનાં મંદિર છે. ભાવસારવાડમાં એક મોટાં મીનારાવાળી પથ્થરની પ્રાચીન ઈમારત છે. એક સ્થળનું નામ સતી પીપળી છે. એક હિન્દુ મહિલાનો લગ્ન સંબંધ બાદશાહી કુળમાં થયેલો પરંતુ લગ્ન થતાં પહેલાં તે આ સ્થળે જીવતી બળી ગઈ એથી નામ સતી પીપળી પાડયું.

નળાનાં ઢાળના એક મકાનમાંથી કાળા પાષાણની ત્રિમૂર્તિ મળી આવે છે. પ્રો. મંજુલાલ મજમુદારે આ મૂર્તિ જણાવ્યું છે, "હિંદભરમાં કહો, કે વિશ્વભરમાં વિખ્યાત એવી એલિફન્ટાની ત્રિમૂર્તિના નિર્માણ કવિની લગભગ અથવા થોડીક મોડી આ કઠલાલની ત્રિમૂર્તિને કહી શકાયું.

**ઉમરેઠ :**

ડાકોરની બાજુમાં જ આવેલું છે. એમ કહેવાય છે કે સ્વયં શ્રી દ્વારકાધીશ બોડાણાને સુવાનું કહીને પોતે તેનું ગાડું હંકારતા હતા. ઉમરેઠ આવતા પ્રભુએ ભોડાણાને જગાડયો હતો. અહીં જ્યાં પ્રભુ ઊભા હતા ત્યાં નાનાશા મંદિરમાં પ્રભુની ચરણપાદુકા છે. આ ગામમાં સિદ્ધનાથ મહાદેવનું પણ મંદિર છે.

**લીમલાજ :**

આ ગામ પણ ડાકોરની બાજુમાં જ એક લીમડાની ડાળી પકડી ઊભા થઈ ગયા. આ લીમડાની બધી ડાળી-ઓના પાન કડવા છે. પણ જે ડાળ પ્રભુએ પકડી હતી તે ડાળના પાન આજ પણ મીઠાં જોવા મળે છે.

**ગલતેશ્વર :**

ડાકોરથી ૧૦ માઈલ દૂર અંગાડી સ્ટેશન આવે છે. અહીંથી ૨ માઈલ કાચા માર્ગ પર પગ રસ્તે જતાં મહા-નદીમાં ગલતાનું નાળું મળે છે તે સ્થાન આવે છે. આ સ્થળે ગલતેશ્વરનું પ્રાચીન મંદિર આવેલું છે. આ મંદિરનું શિખર નષ્ટપ્રાય થઈ ગયું છે પણ મંદિર બહુ જ કલાપૂર્ણ છે. કહેવાય છે કે ભક્ત ચંદ્રહાસની અહીંયા રાજધાની હતી. આજુબાજુમાં વન છે. અને વૈષ્ણવ સાધુના સ્થાન છે. ડાકોરથી ૭ માઈલ દૂર લસુન્દ્રા અને ૨૧ માઈલ દૂર ટૂવા ગામ આવે છે. આ બંને ગામોમાં ઠંડા અને ગરમ પાણીના કુંડો છે. કોઈ કુંડનું પાણી સમશીતોષ્ણ પણ છે. ટૂવાના કુંડોની આસપાસ દેવમંદિરો પણ છે.

**અગાસ :**

પશ્ચિમ રેલ્વેની આણંદ–ખંભાત લાઇન પર આણંદથી ૮ માઈલ દૂર અગાસ સ્ટેશન આવે છે. યુગ પુરૂષ વિખ્યાત વિદ્વતાચાર્ય શ્રી રાજચંદ્રજીએ આ સ્થાનનું મહત્વ ઘણું વધાર્યું છે. તેઓશ્રીની પૂણ્યસ્મૃતિમાં અહીં શ્રી રાજચંદ્ર આશ્રમ અસ્તિત્વમાં આવ્યો છે. આ આશ્રમની વિશિષ્ટતા એ છે કે અહીંના ઉપરના ભાગમાં દિગમ્બર જૈન મૂર્તિઓ છે. મંદિરના મધ્ય ભાગમાં શ્વેતામ્બર જૈન પ્રતિમાઓ છે અને નીચેના ભાગમાં શ્રી રામચંદ્રની મૂર્તિ છે. દિગમ્બર અને શ્વેતામ્બર બંને જૈનો આ મંદિરમાં પૂજા કરે છે. આસો વદી ૧ અને કાર્તિક પૂર્ણિમાને રોજ લોકો વધુ સંખ્યામાં અહીં આવે છે. તેમને ઉતરવા માટે આશ્રમમાં જ સગવડતા મળે છે.

**આશાપુરી દેવી :**

ગુજરાતમાં જેમ સ્થાને સ્થાને હાટકેશ્વર મહાદેવના મંદિર છે તેમ સ્થળે સ્થળે આશાપુરી માતાના મંદિરો પણ જોવા મળે છે. ગુજરાતના ઘણાં લોકોની કુળદેવી આશાપુરી છે. ગુજરાતમાં તેનું મુખ્ય મંદિર પેટલાદ આવે છે. પશ્ચિમ રેલ્વે પર વડોદરાથી આગળ આણંદ મુખ્ય સ્ટેશન છે. આણંદથી એક લાઈન ખંભાત સુધી જાય છે, આ લાઈન પર આણંદથી ૧૪ માઈલ દૂર પેટલાદ સ્ટેશન આવે છે. પેટલાદથી ૪ માઈલ પર ઈસણાવ અને પીપલાવ એમ બે ગામો પાસે પાસે આવેલાં છે. તેમાં પીપલાવ ગામની પાસે એક તળાવ છે. આ તળાવના કિનારા પર આશાપુરી દેવીનું વિશાળ મંદિર છે. અહીં ધર્મશાળાઓ પણ છે. ગુજરાત-ભરમાં આશાપુરી દેવીની બહુ જ માનતા ચાલે છે. ઘણાં લોકો બાળકોના ચૌલ સંસ્કાર કરાવવા પણ અહીં આવે છે. ભાદ્રપદ મહિનાની શુદ આઠમ એટલે રાધાષ્ટમીનો અહીં બહુ મોટો મેળો ભરાય છે.

**કાણીસાના :**

આણંદ–ખંભાત લાઈન પર પેટલાદથી ૧૪ માઈલ આગળ સાયમા સ્ટેશન આવે છે. સાયમાથી ૨ માઇલ દૂર કાણીસાના ગામ આવે છે. અહીંયા એક કુંડ છે. આ કુંડના પાણીમાં સ્નાન કરવાથી રક્તપિત્તનો રોગ મટી જાય છે, એમ કહેવાય છે કે આ ગામમાં લીમય માતાજીનું મંદિર છે. ત્યાં શ્રાવણ મહિનામાં મેળો ભરાય છે.

**વડતાલ (સ્વામીનારાયણ) :**

પશ્ચિમ રેલ્વેમાં વડોદરાથી ૨૨ માઈલ પર આવતું આણંદ એક પ્રસિદ્ધ સ્ટેશન છે. આણંદથી એક લાઈન વડતાલ સ્વામિનારાયણ સ્ટેશન સુધી જાય છે. વડતાલ સ્વામિનારાયણ સંપ્રદાયનું મુખ્ય તીર્થ છે, અને શ્રી સ્વા-મિનારાયણનું વિશાળ અને કળાપૂર્ણ મંદિર છે. આ મંદિરની ભવ્ય સજાવટ નજરને ખૂબ જ આકર્ષે છે, મંદિરમાં શ્રી સ્વામિનારાયણ સ્થાપિત શ્રી લક્ષ્મીનારાયણની મૂર્તિ છે. ઉપરાંત આ મંદિરમાં શ્રી નરનારાયણ અને સ્વામી સહજા-નંદની પણ મૂર્તિઓ છે. આ મંદિર સ્ટેશનથી થોડું જ

દૂર છે. યાત્રાળુઓને ઉતરવા માટે ધર્મશાળાની સગવડ પણ છે.

**વડોદરા :**

ગુજરાતનું સુપ્રસિદ્ધ નગર અને ભૂતપૂર્વ ગાયકવાડ નરેશની વિખ્યાત રાજધાની વડોદરા પશ્ચિમ રેલ્વેનું મુખ્ય સ્ટેશન છે. વડોદરાથી અમદાવાદ, ચાણોદ, પાવાગઢ ઈત્યાદિ જુદાં જુદાં સ્થાનોએ યાત્રાળુઓ યાત્રા અર્થે જાય છે, વડોદરા આમ તો યાત્રાધામ નથી પરંતુ નગરજનોની ધાર્મિક ભાવના પ્રકટ કરતા અનેક મંદિરો આ શહેરમાં છે. ગાયકવાડ કુટુંબના ઈષ્ટદેવ શ્રી વિઠ્ઠલનાથજી અને ઈષ્ટદેવી શ્રી ખંડોબાના મંદિરે ભાવિક જનતા ઉપરાંત રાજ્યકુટુંબ પણ પ્રસંગે પ્રસંગે દર્શનાર્થે જાય છે. શહેરમાં ઘણાં મંદિરો છે પરંતુ શ્રી સ્વામિનારાયણ મંદિર, સિદ્ધનાથ મંદિર, રઘુનાથજીનું મંદિર, નૃસિંહનું મંદિર, ગોવર્ધનનાથ, બલદેવજી, કાશી વિશ્વનાથ, કાલિકાદેવી, બહુચરાજી, ભીમનાથ, લાડબાદેવી તથા ગણપતીના મંદિરો જાણીતા છે. ભૂતડીના ઝાંપા પાસે પ્રસિદ્ધ મહાત્મા શ્રી નૃસિંહાચાર્યજીનું મંદિર છે. માંડવી પાસે ઘખીયાલી પોળને નાકે શ્રી અંબામાતાનું મંદિર એક ઐતિહાસિક સ્થાન છે. કહેવાય છે કે મહારાજા વિક્રમાદિત્ય પહેલાનું આ સ્થાને અવસાન થયું હતું તેથી વેતાલદેવીની પીઠ સ્થાપી અત્રે માતાજીનું પ્રતિષ્ઠાપન કરવામાં આવ્યું છે.

**ડભોઈ :**

વડોદરાના પ્રતાપનગર સ્ટેશનથી ડભોઇ રેલ્વે જાય છે. પ્રતાપનગરથી ડભોઈ ૧૭ માઈલ થાય છે. ડભોઈ તેના કિલ્લા અને હીરા ભાગોળ વડે ખૂબજ પ્રસિદ્ધિને પામ્યું છે. આજે તો એ કિલ્લો પડી ભાંગ્યો છે. માત્ર હીરા ભાગોળના દરવાજાના ભગ્નાવશેષો સોલંકી યુગની કળા અને સ્થાપત્યની અમર યાદ આપી જાય છે. કિલ્લાના પૂર્વદ્વાર પાસે શ્રી મહાકાલીનું મંદિર છે અને બીજા દ્વાર પાસે ભગવાનના અવતારોની મૂર્તિઓ બેસાડેલી છે. શહેરમાં નરનારાયણનું મંદિર છે. અત્રે સ્ટેશન પાસે શ્રી લક્ષ્મી વેંકટેશનું મંદિર આવેલું છે. ડભોઇ જૈનોનું તિર્થધામ છે.

**કલાલી :**

વડોદરાથી લગભગ ૫ માઈલ દૂર વિશ્વામિત્રી નદીને કિનારે કલાલી ગામ આવેલું છે. વડોદરાથી અહીંયા મોટર બસ દ્વારા આવી શકાય છે. અહીં સ્વામિનારાયણ સંપ્રદાયનું શ્રી લાલજી મહારાજનું મંદિર છે. કલાલી આવતી વખતે રસ્તામાં પૂર્વ બાજુએ શ્રી જગન્નાથ મહાદેવનું પ્રાચીન મંદિર છે. મહાદેવનું લિંગ સ્વયંભૂ લિંગ છે.

**ચાંપાનેર (પાવાગઢ –મહાકાલી) :**

પશ્ચિમ રેલ્વેની મુંબઇ–દિલ્હી લાઈનમાં વડોદરાથી ૨૩ માઈલ આગળ ચાંપાનેર રોડ સ્ટેશન આવે છે. ત્યાંથી એક લાઈન પાની–માઇન્સ સુધી જાય છે. આ લાઈન પર ચાંપાનેર રોડથી ૧૨ માઈલ પર પાવાગઢ સ્ટેશન આવે છે. પાવાગઢ સ્ટેશનથી ગામનો વસવાટ લગભગ ૧ માઈલ દૂર છે. વડોદરા તેમજ ગોધરાથી પાવાગઢ સુધી મોટરબસ પણ જાય છે. પાવાગઢ ગામમાં જૈન ધર્મશાળા તેમજ કંસારા ધર્મશાળા છે. પાવાગઢ પર્વત ચઢતા અધવચ્ચે પણ એક સારી ધર્મશાળા આવે છે. અહીં થોડી દુકાનો પણ છે. આજે પાવાગઢ તરીકે પંકાય છે તે પ્રાચીન ચાંપાનેર દુર્ગ તરીકે પ્રસિદ્ધ હતું. કહેવાય છે કે ચાંપાનેર એક સમયે ગુજરાતની રાજધાની હતી. ચાંપાનેર ઉજ્જડ બનતા અમદાવાદ, વડોદરા વગેરે ગુજરાતના મોટાં શહેરો વસ્યા છે. પાવાગઢ પર્વત લગભગ અઢી હજાર ફૂટ ઊંચો છે. ઉપર ચડવા માટે સીડી કે પગથિયાં નથી પણ પગદંડીનો માર્ગ સારો છે. ચાંપાનેર દુર્ગના સાત ભગ્ન દરવાજાઓમાં થઈને ઉપર જવાય છે. પર્વતની ચઢાઈ ૩ માઇલ ૨ ફર્લાંગ જેટલી છે, છઠ્ઠા દરવાજાની પાછળ દુધિયા તળાવ આવે છે. રસ્તામાં બીજાં સરોવર પણ આવે છે, કે જેમાં યાત્રાળુઓ સ્નાન વગેરે કરે છે. દુધિયા સરોવરથી મહાકાલી શિખરની શરૂઆત થાય છે શિખર ઉપર જવા માટે પગથિયાં બનાવ્યા છે. શિખર પર આશરે ૧૦૦–૧૫૦ પગથિયાં ચઢતાં મહાકાલી મંદિર આવે છે, મંદિરમાં જે મૂર્તિ છે તે જાણે કે જમીનમાં પ્રવિષ્ટ થતી હોય તેમ જણાય છે. ગુજરાતના ચાર મુખ્ય દેવીસ્થાનો પૈકી પાવાગઢ મહાકાલીનું સ્થાન એક છે અહીં રોજ બરોજ યાત્રાળુઓની અવર જવર રહ્યા જ કરે છે તેમજ નવરાત્રીમાં મેળો પણ ભરાય છે. કહેવાય છે કે વિન્ધ્યાચલમાં જે મહાકાલી વસે છે તે અહીં પણ નિવાસ કરે છે. લોકોને અનેકવાર મહાકાલીના પ્રત્યક્ષ દર્શન થતાં રહે છે.

**ભદ્રકાલી :**

મહાકાલી શિખરથી નીચે ઉતરી લગભગ અડધો માઈલ બીજી તરફ જવાથી એક નાના શિખર પર ભદ્રકાલીજીનું નાનું મંદિર જોવા મળે છે. પાવાગઢ એક સિદ્ધક્ષેત્ર મનાયું છે, પાંચ કરોડ મુનિઓને અહીં મોક્ષની પ્રાપ્તિ થઇ છે. પાવાગઢ ગામમા બે જૈન મંદિરો છે. પાવાગઢ પર્વત પર પાંચમાં દરવાજાને પાર કરી આગળ જતાં જૈન મંદિર આવે છે. આ જૈન મંદિર દુધિયા તળાવથી નીચેના ભાગે તેલિયા તળાવની આજુ બાજુમાં છે. અહીં ઘણાં જીર્ણ જૈન મંદિરોનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો છે. પણ હજુ ઘણા મંદિરો ભગ્ન દશામાં છે. આ દશામાં પણ મંદિરોનું કલાપૂર્ણ સુશોભન નજરને ખૂબ જ આકર્ષે છે. અંતિમ દરવાજાની પાસે પાંચ મંદિરો છે જ્યારે દુધિયા તળાવની પાસે એક જ મંદિર છે. આજુબાજુમાં પણ ઘણાં મંદિરો છે. એ બધામાં તીર્થંકરોની મૂર્તિઓ બિરાજમાન છે. પાવાગઢ પર્વતના મહાકાલી શિખર પર એક બીજા શિખરની ટોચ પર મુનિઓનું નિર્વાણસ્થાન છે. ગુજરાતની

ગરબીઓમાં પાવાગઢના મહાકાલીનો છંદ ઉત્સાહપૂર્ણ અને આવેશથી ગવાતો સાંભળવા મળે છે.

**મહીનદી :**

માળવાના પહાડોમાંથી નીકળી મહીનદી ખંભાત પાસે ખંભાતના અખાતમાં સમુદ્રને જઇને મળે છે. એ નદીના કિનારા ઉપર નવનાથ અને ચોર્યાસી સિદ્ધો રહે છે તેમ કહેવાય છે. એને અનુસરીને (૧) વાસદ ગામમાં 'વિશ્વનાથ' (૨) વેરામાં 'ધારાનાથ', (૩) સારસામાં 'વૈજનાથ' અને 'વારિનાથ', (૪) ભાદરવામાં 'ભૂતનાથ' અને 'સોમનાથ' (૫) ખાનપુરમાં 'કામનાથ' (૬) વાંકાનેરમાં 'ત્ર્યંબકનાથ' તથા શીલીમાં 'સિદ્ધનાથ' એ રીતે નવ શિવમંદિરો છે એ ઉપરાંત ભાદરવાની પાસે ઋષિધર મહાદેવ અને વાંકાનેરમાં નંદિકેશ્વર મહાદેવના સ્થાનો છે. એની આજુબાજુમાં ઘણી દેવીઓના સ્થાનકો છે. જેમાં શત્રુદનીમાતાનું સ્થાન ઘણું અલૌકિક મનાય છે. એની આજુબાજુમાં બબ્બે માઈલમાં કોઈ ગામ વસેલાં નથી. નદીને કિનારે કરાડ પર આ મંદિર આવેલું છે. 'ધારનાથ'થી શત્રુદનીમાતા સુધીના સ્થાનને ગુપ્તતીર્થ કહે છે. મહીનદીમાં રવિવારને દિવસે સ્નાન કરવાનું ઘણું મહાત્મ્ય છે. શ્રાવણ માસમા અને શિવરાત્રીને દિવસે મેળો જામે છે અને હજારો યાત્રિકો આ સ્થાને ભેળાં થાય છે. દરેક સ્થાનનું મહાત્મ્ય જુદું જુદું છે. મહીસાગર ચારે યુગના દેવી મનાય છે. શત્રુદની માતાના મંદિરની પાસે મહીસાગરના પાણી ઊંડા રહે છે. અને ત્યાં મગરો દેખાય છે એટલે સ્નાન કરતી વેળા ધ્યાન રાખવું પડે છે. શત્રુદની માતાના સ્થાનમાં બાળકોના ચૌલ-સંસ્કાર કરાવવા અનેક લોકો આવે છે. શત્રુદની માતાની સ્થાપના મયુરધ્વજ રાજાએ કરી હતી એમ કહેવાય છે. વડોદરા જીલ્લાના સાવલી સ્ટેશનથી અહીં જવાય છે. સ્ટેશનથી આ સ્થાન લગભગ ૫ માઈલ દૂર છે. ત્રણેક માઈલ સુધી તો રસ્તો સારો છે પણ આગળ ઉપર ઊંચી નીચી કંદરાઓ પર થઇને જવું પડે છે.

**નર્મદા તટ પરના તીર્થસ્થાનો અને દેવમંદિરો :**

**શૂલપાણિ-શૂરપાણેશ્વર :**

નર્મદા તટ પર શૂલપાણિ યાને શૂરપાણેશ્વર ઘણું જ પ્રખ્યાત તીર્થસ્થાન છે. પરંતુ આ સ્થાન ઘોર જંગલમાં આવેલું છે. ચાણોદથી નૌકાદ્વારા અહીં જવાય છે. બીજો પેદલ માર્ગ છે. પણ તે અતિવિકટ માર્ગ છે. મધ્યભારતમાં આવેલાં માંડવગઢની બાજુમાં નર્મદાજીનો પટ બહુજ સાંકડો થઇ જાય છે. આ સ્થાનને હરણફાળ કહેવાય છે. આ હરણફાળથી પગરસ્તે પણ શૂલપાણિ જવાય છે. હરણફાળથી પગરસ્તે શૂલપાણિ આવતા માર્ગમાં નર્મદા તટના બીજાં દેવમંદિરો આવે છે જેમાં:—

**કતખેડા ઘાટ :**

હરણફાળથી ૧૨ માઇલ દૂર નર્મદાના ઉત્તર કિનારે આવેલું છે. અત્રે આવતા માર્ગમાં બડવાનીથી રાજઘાટ સુધી પાકી સડક છે. રાજઘાટથી શૂલપાણિનું વન શરૂ થાય છે તેથી આગળનો તમામ માર્ગ નર્મદાને કિનારે કિનારે પગે ચાલીને જવાય છે. રસ્તામાં ગીચ ઝાડીઓમાંથી જવું પડે છે, અને પર્વતોમાં પણ કઠિન માર્ગ આવે છે. કાર્તિક સ્વામીએ અહીં તપશ્ચર્યા કરી હતી તેવું આ સ્થાનનું મહાત્મ્ય છે.

**હતની સંગમ :**

કતખેડા ઘાટથી ૩ માઈલ દૂર નર્મદાના ઉત્તર તટપર હતની નદીનો સંગમ થાય છે. અહીં વૈજનાથનું મંદિર છે. અહીં પાંડવોએ તથા ઋષિઓએ યજ્ઞ કર્યો હતો.

**હાપેશ્વર :**

હતની સંગમથી ૨૨ માઇલ નર્મદાના ઉત્તર તટપર એક પર્વત પર હાપેશ્વર મહાદેવનું મંદિર છે. આ મંદિર ઘણું વિશાળ છે. અહીં વરૂણદેવે તપ કર્યું હતું એમ કહેવાય છે. માર્ગ જંગલ અને પહાડોથી આચ્છાદિત છે. રસ્તામાં પહાડી ગામો આવે છે. આ સ્થાનને હંસતીર્થ કહેવામાં આવે છે.

**દેવલી :**

હાપેશ્વરથી ૪ માઈલ દૂર ઉત્તર તટપર અહીં બાણગંગા નદીનો સંગમ થાય છે, આ સ્થળે સંગમસ્નાનનો મહિમા ઘણો છે. દેવલીથી ૨૪ માઇલ દૂર નર્મદાના દક્ષિણ તટપર ભગુપર્વત પર શૂલપાણિ-શૂરપાણેશ્વરનું તીર્થ આવેલું છે. અહીં શૂલપાણિ શિવજીનું પ્રાચીન મંદિર આવેલું છે. મંદિરની ઉત્તરે કમલેશ્વર તથા દક્ષિણે રાજરાજેશ્વરનું મંદિર છે. મંદિરના પાછળના ભાગે પાંડવોનું નાનું સરખું મંદિર છે. કમલેશ્વર મંદિરની દક્ષિણે સપ્તર્ષિઓના સાત મંદિરો કહેવાય છે કે ભગવાન શંકરે અહીંયા પર્વત પર ઘા કરીને સરસ્વતી ગંગા પ્રકટ કરી હતી, કે જે નર્મદામાં મળી જાય છે. જ્યાં ત્રિશૂલ લાગ્યું હતું ત્યાં કુંડ થઈ ગયો હતો. જેને ચક્રતીર્થ કહે છે. આ કુંડ સદાય નર્મદામાં જ રહે છે. એ કુંડ પર બ્રહ્માજીએ સ્થાપેલું બ્રહ્મેશ્વરલિંગ છે. તેની દક્ષિણે શેષશાયી ભગવાન સ્થિત થયેલાં છે. અહીં એક લક્ષ્મણ લોટેશ્વર શિલા છે કે જ્યાં દીર્ઘતમા ઋષિનો કુળ સહિત ઉદ્ધાર થયો હતો અને કાશીરાજ ચિત્રસેનને અહીં ભગવાન શંકરની કૃપાથી તેના ગણનું પદ પ્રાપ્ત થયું હતું. શૂલપાણિ મંદિરની દક્ષિણે ભૃગુતુંગ પર્વત આવેલો છે. તેની પરિક્રમા કરી દેવગંગા થઇને રૂદ્રકુંડ અવાય છે. રૂદ્રકુંડની પાસે માર્કંડેયની ગુફા છે. જ્યાં મહર્ષિ માર્કંડેયે તપશ્ચર્યા કરી હતી. શૂલપાણીથી ૧ માઈલ દૂર નર્મદાના દક્ષિણ તટ પર રણછોડજીનું પ્રાચીન મંદિર છે. રણછોડજીની તેમાં વિશાળ મૂર્તિ છે. પરંતુ મંદિર તદ્દન જીર્ણ થઇ ગયેલું છે.

**કપિલ તીર્થ :**

શૂલપાણીની સામે નર્મદાના ઉત્તર તટ પર કપિલ તીર્થ આવેલું છે. કપિલ મુનિએ અહીંયા તપશ્ચર્યા કરી હતી એમ કહેવાય છે. અહીં કપિલેશ્વરનું મંદિર છે અને નર્મદામાં પુષ્કરિણી તીર્થ છે.

**મોખડી :**

શૂલપાણિથી ૪ માઇલ નર્મદાના દક્ષિણ તટ પર મોક્ષગંગા નદીનો સંગમ થાય છે. અહીંયા નર્મદામાં એક નાનો ધોધ પડે છે, જે લોકો ચાણોદથી નૌકાદ્વારા શુલપાણિ જાય છે તેમણે આ ધોધથી થોડેદૂર નૌકામાંથી ઉતરી લગભગ પોણો માઈલ જેટલી પદયાત્રા કરવી પડે છે. બાદ ત્યાંથી બીજી નૌકામાં બેસી શુરપાણેશ્વર જવાય છે. આ ધોધના મારને લઇને પોણા માઈલ સુધી નૌકા તેની સમીપ ચાલી શકતી નથી.

**વડગાંવ :**

મોખડીની સામે કપિલતીર્થથી ૪ માઈલ નર્મદાના ઉત્તર તટપર વિમલેશ્વર તીર્થ છે. પ્રાચીન સમયમાં કોઇ ગોપાલ નામના ગોવાળે અહીં તપ કરી ગૌહત્યાના પાપથી મુકત થઇ શિવના ગણનું પદ પ્રાપ્ત કર્યું હતું, તેવી લોકકથા છે.

**ઉલૂકતીર્થ :**

મોખડીથી ૪ માઈલ નર્મદાના દક્ષિણ તટપર આ તીર્થ આવેલું છે. દાવાનળથી વ્યાકુળ બનીને કોઇ હોલો અહીં પડીને મરણ પામ્યો હતો અને બીજા જન્મમાં રાજાપણાને પામ્યો હતો. તેણે અહીં આવી તપ કર્યું હતું. ઉલૂકતીર્થથી ૪ માઇલ આગળ જઈએ એટલે શૂલપાણિનું વન સમાપ્ત થાય છે.

**વાગડિયા ગ્રામ :**

ઉલૂકતીર્થથી થોડેદૂર નર્મદાને પાર ઉત્તર તટપર આ ગામ વસેલું છે. ગામની પાસે આદિત્યેશ્વર અને કંબલેશ્વરના મંદિરો છે. અહીંયા પાંચ રાક્ષસોને સપ્તર્ષિઓના દર્શન થયા હતા. ઋષિઓના ઉપદેશથી તેઓ તપ કરીને મોક્ષગતિને પામ્યા હતા. કમ્બલેશ્વરથી થોડેદૂર પુષ્કરિણી તીર્થ છે. એવું માનવામાં આવે છે કે અહીં ભગવાન સૂર્યનારાણનો નિત્ય નિવાસ છે. ગ્રહણ સમયે અહીં સ્નાન કરવાનું મહાત્મ્ય છે.

**પિપરિયા :**

ઉલૂકતીર્થથી ૫ માઈલ નર્મદાના દક્ષિણ કિનારા પર આ સ્થાન આવેલું છે. પિપ્પલાદ ઋષિની આ તપોભૂમિ કહેવાય છે, અષ્ટમી અને ચતુર્દશીના દિવસે અહીં સ્નાન કરવું પુણ્યપ્રદ મનાય છે.

**ગમોણા :**

પિપરિયાથી એક માઈલિ નર્મદાના ઉત્તર તટ પર ભીમકુલ્યા નદીનો સંગમ થાય છે. ત્યાં સંગમેશ્વરનું શિવમંદિર છે. બીજું માર્કંડેયઋષિએ સ્થાપેલું માર્કંડેશ્વર મહાદેવનું મંદિર છે. ઉત્તર કિનારે શૂલપાણિ વન અત્રે સમાપ્ત થાય છે.

**ગરૂડેશ્વર :**

ગમોણાથી બે માઈલિ નર્મદાના ઉત્તર કિનારા પર ગરૂડેશ્વર આવેલું છે. અહીં કુમારેશ્વર તીર્થ છે. કાર્તિક સ્વામીની આ તપોભૂમિ છે. કાર્તિક શુદ ૧૪ તેના પૂજનનું બહુ મોટું મહત્વ છે. અહીં કરોટેશ્વરનું મંદિર છે. ત્યાં ગજાસુર નામના દૈત્યની ખોપરી નર્મદામાં પડતાં તે મુકિતને પામ્યો હતો. અહીં ગુરૂ દત્તાત્રેયનું મંદિર અને સ્વામી વાસુદેવાનંદજીની સમાધિ છે.

**ઇંદ્રવાણોગ્રામ :**

ગરૂડેશ્વરની સામે નર્મદાના દક્ષિણ કિનારે શુક્રતીર્થ છે. અહીં ઇન્દ્રે તપ કરીને શુક્રેશ્વર મહાદેવની સ્થાપના કરી હતી.

**રાવેર :**

ઇન્દ્રવાણાથી ૧ માઈલિ નર્મદાના દક્ષિણ તટે વ્યાસેશ્વર તથા વૈદ્યનાથના મંદિર છે. વ્યાસ મહર્ષિ તથા અશ્વિનીકુમારે.ાં આ તપોભૂમિ છે.

**અકતેશ્વર :**

રાવેરની સામે થોડેદૂર નર્મદાના ઉત્તર તટ પર અગત્સ્યેશ્વર શિવમંદિર છે. એમ કહે છે કે મહર્ષિ અગત્સ્યે અહીં વિન્ધ્યાચલ પર્વતને વધતો અટકાવ્યો હતો. ગામમાં કેદારેશ્વરનું મંદિર છે. મહર્ષિ શાંડિલ્યે તેનું પ્રતિષ્ઠાપાન કર્યું હોવાનું મનાય છે.

**આનન્દેશ્વર :**

રાવેરથી ૨ માઈલિ નર્મદાના દક્ષિણ તટે આનન્દેશ્વર આવેલું છે. અહીં આનન્દેશ્વરનું મંદિર છે. ભગવાન શિવે દૈત્યોનો નાશ કરી પોતાના ગણોની સાથે અહીં નૃત્ય કર્યું હતું.

**સાંજરોલી :**

આનન્દેશ્વરની સામે નર્મદાના ઉત્તર તીરે સાંજરોલી ગામ થોડે દૂર આવેલું છે. અહીંયા સૂર્યનારાયણની તપોભૂમિ તરીકે મનાતું રવીશ્વર તીર્થ આવેલું છે.

**ચાણોદ :**

વડોદરાના પ્રતાપનગર સ્ટેશનથી પશ્ચિમ રેલ્વેની જંખુસરથી છોટા ઉદેપુર જતી લાઇનમાં ડભોઇ સ્ટેશન આવે છે. ડભોઇથી ચાણોદ સુધી બીજી લાઈન જાય છે, સ્ટેશનથી

નગર લગભગ અડધો માઈલ દૂર નર્મદા કિનારે છે. ઘાટ ઉપર થોડે દૂર જતાં પેટલાદવાળાની ધર્મશાળા આવે છે. પંડાલોકોને ઘેર પણ યાત્રાળુઓને ઉતરવાનો અહીં રિવાજ છે. શહેરમાં શેષનારાયણ, બાલાજી વગેરે મંદિરો આવેલાં છે. ચાણોદમાં સાત તીર્થો આવેલાં છે.

**૧. ચંડાદિત્ય :**

ચંડમુંડ નામના દૈત્યોએ અહીંયા સૂર્યની ઉપાસના કરી હતી. તેમણે સ્થાપેલું ચંડાદિત્યનું મંદિર નર્મદાને કિનારે છે. દેવીએ આ દૈત્યોનો નાશ કર્યો હતો.

**૨. ચંડિકાદેવી :**

ચંડમુંડ દૈત્યોનો નાશ કરનાર ચંડિકાદેવીનું મંદિર ચંડાદિત્યના મંદિરની બાજુમાં જ છે.

**૩. ચક્રતીર્થ :**

કહેવાય છે કે તાલમેઘ દૈત્યનો વધ કરી ભગવાન વિષ્ણુએ નર્મદામાં આ સ્થળે ચક્ર ધોયું હતું. ચક્રતીર્થની બાજુમાં જલશાયી નારાયણનું મંદિર છે.

**૪. કપિલેશ્વર :**

નર્મદાના મલ્હારરાવ ઘાટ પર કપિલેશ્વરનું મંદિર છે. કપિલ ભગવાને અહીં તપ કરી મૂર્તિનું પ્રતિષ્ઠાપન કરેલું છે, એમ કહેવાય છે, અષ્ટમી તથા ચૌદશને દિવસે કપિલેશ્વરનું પૂજન કરવાનું ઘણું મહાત્મ્ય છે.

**૫. ઋણમુક્તેશ્વર :**

ઋષિઓએ ઋણમાંથી મુક્ત થવા આ સ્થળે મૂર્તિનું સ્થાપન કરી પૂજા કરી હતી. ઋણમુક્તેશ્વરના મંદિરની આજુબાજુ વસ્તી વસેલી છે.

**૬. પિંગલેશ્વર :**

ઓર નદીના સંગમથી થોડે દૂર નંદાહ્રદય તીર્થની પાસે પિંગલેશ્વરનું મંદિર આવેલું છે. અગ્નિ દેવતાએ અહીં તપ કરીને મૂર્તિની સ્થાપના કરી હતી.

**૭. નંદાહ્રદય :**

ઓર નદીના સંગમની પાસે આ તીર્થ આવેલું છે. અહીં દેવીનું મંદિર છે.

**કર્નાલી :**

કર્નાલી જવા માટે નર્મદા સંગમની પાસે ઓર નદીને પાર કરી કર્નાલી જવાય છે. ઘુંટણથી નીચે પાણીમાં ચાલીને ત્યાં જવાય છે. ચાણોદથી લગભગ ૧ માઈલ દૂર નર્મદાના ઉત્તર તટે ઉપરની બાજુએ આ સ્થળ આવેલું છે. ઓરનો જ્યાં સંગમ થાય છે તે સ્થાનને પશ્ચિમ પ્રયાગ તરીકે માનવામાં આવે છે. કર્નાલીમાં ઘણાં નવીન મંદિરો છે પરંતુ પ્રાચીન મંદિર સોમનાથનું છે જેને સોમેશ્વર તીર્થ કહે છે. ચંદ્રમાએ આ સ્થાને તપ કર્યું હતું. ચંદ્રગ્રહણને દિવસે અહીં સ્નાન કરવાનું મહાત્મ્ય છે. સોમનાથ મંદિરથી લગભગ બે ફર્લાંગ આગળ નર્મદાને કિનારે કુબેરેશ્વર મંદિર છે. જેને કુબેર ભંડારી તરીકે પણ કહેવામાં આવે છે. ત્યાંથી થોડે દૂર પૂર્વમાં પાવકેશ્વર મંદિર તથા નર્મદામાં 'પાવકેશ' તીર્થ છે. અહીં કુબેર તથા અગ્નિએ તપશ્ચર્યા કરી હતી. પૂ. શ્લોક સ્વામી વિદ્યાનંદજી દ્વારા સ્થાપિત પ્રસિદ્ધ ગીતા મંદિર પણ અહીં છે. કર્નાલીમાં ધર્મશાળા છે. જેનો લાભ યાત્રાળુઓ લે છે.

**પોયચા :**

કર્નાલીથી લગભગ ૩ માઈલ નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલ પોયચા ગામમાં પૂતિકેશ્વરનું મંદિર આવેલું છે. તેને પૂર્તિકેશ્વર તીર્થ કહે છે. જામ્બુવાન, સુષેણ તથા નીલ વાનરોએ અહીં તપ કર્યું હતું. નાણોદ ગામથી અહીં આવવા જવા માટે પાકી સડક છે.

**કહોરા :**

પોયચાથી બે માઈલ નર્મદાના દક્ષિણ તટ ઉપર આવેલું છે. અહીં હનુમદિશ્વરનું મંદિર છે. હનુમાનજીએ આ સ્થળે તપસ્યા કરી હતી. બાજુમાં કપિસ્થિતાપુર ગામ આવેલું છે.

**બરવાડા :**

નર્મદાના ઉત્તર તટપર કર્નાલીથી ૫ માઈલ દૂર આવેલું છે. બરવાડાથી એક માઈલ પર ચૂડેશ્વર મંદિર છે. બરવાડા અને ચૂડેશ્વર વચ્ચે મધુસ્કંધ અને દધિસ્કન્ધ તીર્થો આવેલાં છે. બરવાડામાં વરૂણેશ્વરનું શિવમંદિર છે. વરૂણદેવે અહીં તપ કર્યું હતું. અહીંથાં થોડેદૂર પૂર્વમાં નંદિકેશ્વર તીર્થ આવે છે જે શિવના વાહન નંદિની તપઃસ્થલી છે એમ કહેવાય છે.

**જીઓર :**

બરવાડાની સામે નર્મદાને દક્ષિણ કિનારે હકોરાથી ૪ માઈલ પર જીગોરા આવે છે. અહીં બ્રહ્માજીએ તપ કર્યું હોવાનું કહેવાય છે. બ્રહ્માજી સ્થાપિત બ્રહ્મેશ્વરનું અહીં મંદિર છે. માર્કંડેય ઋષિએ અહીં તપ કરીને ૯ દિવસમાં વેદોનું પારાયણ તથા કળશપૂજન કર્યું હતું. એ કળશમાંથી કુંભેશ્વરનું લિંગ પ્રકટ થયું હતું. તેના પુરાવારૂપે અત્રે કુંભેશ્વર તથા માર્કંડેશ્વર એમ અલગ અલગ બે મંદિરો છે. ગ્રહદેવતા શનિએ પણ અહીં તપ કર્યું હતું તેથી શનૈશ્ચરનું મંદિર પણ અહીં છે. નાની મોટી પનોતી સમયે શાંતિ અર્થે તેનું પૂજન થાય છે. અહીંથી થોડે છેટે રાજેશ્વરનું મંદિર છે. તેની આજુબાજુમાં લક્ષ્મણેશ્વર, મેઘેશ્વર અને સ્વચ્છકેશ્વરના મંદિરો છે. અહીં અપ્સરા તીર્થ પણ છે.

**આંદરિયા :**

જીગોરથી એક માઈલ નર્મદાના દક્ષિણ તટ પર આ ગામની પાસે તેજોનાથ (વૈદ્યનાથ) તીર્થ છે. ગામમાં વાનરેશ્વરનું મંદિર છે. કહે છે કે ગરૂડ, અશ્વિનીકુમાર તથા સુગ્રીવે અહીં તપ કર્યું હતું. ગ્રહણ સમયે આ સ્થાનને સર્વતીર્થરૂપ માનવામાં આવે છે.

**ચુડેશ્વર :**

આંદરિયાની સામે નર્મદાના ઉત્તર તટપર ચુડેશ્વરને ચંદ્રમાની તપોભૂમિ માનવામાં આવે છે. તેને ગુપ્ત પ્રયાગ પણ કહે છે. અહીંયા રેવોરી નદીનો સંગમ થાય છે. થોડેદૂર નારદજીએ સ્થાપેલ નારદેશ્વરનું મંદિર આવેલું છે. આ સ્થળે વટવીશ્વરનું મંદિર તથા અશ્વપર્ણી સંગમ તીર્થ છે.

**તૂમડી :**

ચૂડેશ્વરથી ૨ માઈલ નર્મદાના દક્ષિણ કિનારે તૂમડી આવેલું છે. જ્યાં મુદ્દગલ ઋષિએ ભીમવ્રત કર્યું હતું. આને ભીમેશ્વર તીર્થ કહે છે. અહીં ગાયત્રીજપનું મહત્વ ઘણું છે.

**સહરાવ :**

તૂમડીથી ૧ માઈલ નર્મદાના દક્ષિણ તટપર સહરાવ આવે છે. અહીંથી થોડેદૂર શંખચૂડ નાગની તપોભૂમિ છે. જ્યાં સર્પદંશથી મૃત્યુ પામેલાઓનું તપર્ણ થાય છે, ત્યાંથી થોડેદૂર બદ્રીકેદાર તીર્થ આવેલું આવેલું છે. અને તેની પાસે પારાશર તીર્થ છે. વિભાંડક વગેરે ઋષિઓની આરાધનાથી કેદારનાથ પ્રકટ થયા હતા. અહીંયા હરગૌરીનું મંદિર પણ છે.

**તિલકવાડા :**

સહરાવની સામે થોડેદૂર પર મણિનદીને કિનારે આ સ્થાન આવેલું છે. ગૌતમઋષિએ અહીંયા તપ કર્યું હતું. અત્રે ગૌતમેશ્વરનું મંદિર છે. અત્રે તિલકેશ્ર મહાદેવનું મંદિર છે તેને મણિતીર્થ પણ કહે છે.

**મણી નાગેશ્વર :**

તિલકવાડાથી ૧ માઇલ દૂર મણિનદીને બીજે કિનારે સંગમ પર મણી નાગેશ્વરનું મંદિર આવેલું છે. મણિનદી નર્મદામાં મળે છે. મણી નાગે અહીં તપ કરવાથી મહાદેવજીએ પ્રસન્ન થઈ તેને પોતાના ગળાનું આભૂષણ કર્યાનું કહેવાય છે.

**ગુવાર :**

મણી નાગેશ્વરથી લગભગ ૨ માઈલ નર્મદાના દક્ષિણ તટપર ગુવાર આવેલું છે. ત્યાં ગોપારેશ્વર તીર્થ છે. એક કામધેનુએ પોતાના દૂધથી ભગવાન શંકરને અભિષેક કર્યો હતો એમ કહે છે.

**વાસણા :**

મણી નાગેશ્વરથી બે માઈલ અને ગુવારની સામે નર્મદાને ઉત્તર કિનારે વાસણા આવેલું છે. અહીં કપિલેશ્વરતીર્થ આવેલું છે. સગર રાજાના પુત્રો શ્રાપથી બળીને ભસ્મ થઈ જતાં કપિલમુનિએ અહીં આવી તપ કર્યું હતું. અત્રે કપિલેશ્વરનું મંદિર છે.

**માંગરોળ :**

વાસણાથી થોડેદૂર નર્મદાના દક્ષિણ કિનારે આ સ્થાન આવેલું છે. અહીં મંગલેશ્વરનું મંદિર છે. મંગળ ગ્રહે અહીં તપ કર્યું હતું.

**રામપુરા :**

માંગરોળથી ૧ માઈલ દૂર નર્મદાને દક્ષિણ કિનારે રામપુરા આવે છે. એની પહેલાં અનડવાહી નદીનો સંગમ આવે છે, એ નદીને પશ્ચિમે ભીમેશ્વરનું પુરાણું મંદિર છે. બાજુમાં અર્જુનેશ્વરનું મંદિર છે. સહસ્રાર્જુને આ મંદિરની સ્થાપના કરી છે, નજદિકમાં ધર્મેશ્વર મંદિર છે. આ ગામની નજદિકમાં લુકેશ્વરનું મંદિર છે. કહેવાય છે કે ભસ્માસુરના ભયથી ભગવાન શિવજી જ્યારે ભાગતા હતા ત્યારે થોડો વખત અહીં છૂપાઇ રહ્યા હતા. પાસે જ કુબેરદ્વારા સ્થાપિત ધનેશ્વરનું મંદિર આવેલું છે. કુબેરે અહીં આવી શિવાર્ચન કર્યું હતું. બાજુમાં જટેશ્વરનું મંદિર છે.

**રેંગણ :**

માંગરોલથી ૧ માઈલ નર્મદાના ઉત્તર તટપર રેંગણ આવે છે. ત્યાં કામેશ્વરતીર્થ આવેલું છે. ગણેશજીએ અહીં તપ કર્યું હતું.

**યમહાસ :**

આણોદથી ૧ માઈલ નર્મદાના દક્ષિણ તટપર પ્રવાહથી આગળ યમહાસ આવેલું છે. વૃત્રાસુરનો વધ કર્યા પછી યમરાજ અને અન્ય દેવતાઓએ અહીં નર્મદામાં સ્નાન કર્યું હતું એ આ તીર્થનો મહિમા છે.

**ગંગનાથ :**

ચાણોદથી ૨ માઈલ પર નર્મદાના ઉત્તર તટપર ગંગનાથ આવે છે. અહીં નંદિકેશ્વરનું મંદિર છે. અને બાજુમાં નદોરિયા ગામમાં નર-નારાયણ (બદ્રિકાશ્રમ) તીર્થ છે. કહે છે કે નર-નારાયણે બદ્રિકાશ્રમથી અહીં આવીને થોડો વખત તપ કર્યું હતું. અહીં પાકો ઘાટ છે. તથા ટેકરી પર ગંગનાથનું શિવમંદિર છે. ત્યાં ગુફામાં સરસ્વતી મંદિર છે.

**નરવાડી :**

યમહાસથી ૨ માઈલ નર્મદાના દક્ષિણ તટપર નરવાડી તીર્થ આવે છે. જ્યાં નર વાનરે તપ કર્યું હતું.

**માલેથા :**

ગંગનાથથી ૧ માઈલ નર્મદાના ઉત્તર તટ પર માલેથા આવે છે. ત્યાં કોટેશ્વર તીર્થ છે. અહીં મહર્ષિ યાજ્ઞવલ્ક્યે તપસ્યા કરી હતી.

**રૂંડ :**

નરવાડીથી ૩ માઈલ નર્મદાના દક્ષિણ તટ પર આવેલું છે. અહીં કરંજયા નદીનો સંગમ થાય છે, સંગમ પર નાગેશ્વરનું મંદિર છે અહીં વાસુકી નાગે તપ કર્યું હતું. પાસે જ નર્મદામાં રૂદ્ર કુંડ છે.

**શુકેશ્વર :**

શુકદેવજીની તપોભૂમિ તરીકે પંકાતુ શુકેશ્વર રૂંટથી ૧ માઈલ નર્મદાના દક્ષિણ તટપર આવેલું છે. અહીંની પહાડી પર શુકેશ્વરનું મંદિર છે. બાજુમાં માર્કંડેશ્વરનું શિવમંદિર છે. તથા અત્રે કર્ણેશ્વર અને રણછોડજીના મંદિરો પણ છે.

**વ્યાસતીર્થ :**

નર્મદાના બંને ઉત્તર અને દક્ષિણ તટો તપોભૂમિ તરીકે સુવિખ્યાત છે. જ્યાં સંતો, મહંતો, દેવો, મહર્ષિઓ, ગ્રહો, નરો અને વાનરોએ અવિરત તપશ્ચર્યા કરી માતા નર્મદાના (રેવાના) મહાત્મ્યને દિપાવ્યું છે. નર્મદાના જળપ્રવાહમાં વ્યાસતીર્થ પણ એક મહાન તપોભૂમિ છે. વ્યાસજીએ પોતાના તપોબળથી નર્મદાની એક ધારા પોતાના વ્યાસ આશ્રમની દક્ષિણે વહાવી આ સ્થાનને નર્મદાના દ્વિપમાં પલટાવી નાંખ્યું હતું. શુકેશ્વરની સામે નર્મદાના ઉત્તર તટપર મોલેથાથી ચાર માઇલ દૂર બરકાલ ગામ આવે છે. ત્યાં આ વ્યાસતીર્થ આવેલું છે. શ્રીકૃષ્ણના મોટાભાઇ બળરામજીએ અહીં તપશ્ચર્યા કરી હતી. જેથી અહીંયા સંકર્ષણ તીર્થ તથા યજ્ઞવટ અસ્તિત્વમાં આવ્યા. ત્યાંથી થોડેદૂર સૂર્યપત્ની પ્રભાની તપઃસ્થલી એમણે સ્થાપેલું પ્રેમેશ્વર મહાદેવનું મંદિર છે. જ્યાં મહર્ષિ વ્યાસજીનો આશ્રમ તથા વ્યાસેશ્વરનું શિવમંદિર આવેલાં છે.

**ઝાંઝર :**

વ્યાસતીર્થથી ૪ માઇલ નર્મદાના ઉત્તર તટપર ઝાંઝર આવે છે. તેની પાસે મહારાજા જનકે તપ કર્યું હતું તથા યજ્ઞ કર્યો હતો. અહીં જનકેશ્વરનું શિવમંદિર છે. ગામમાં કામદેવ સ્થાપિત મન્મથેશ્વરનું મંદિર દર્શનીય છે.

**ઓરી :**

ઝાંઝરથી થોડેદૂર નર્મદાના દક્ષિણ તટપર આવેલાં ઓરીમાં માર્કંડેશ્વરનું મંદિર છે. માર્કંડેયઋષિની આજ્ઞા અનુસાર એક રાજવીએ અહીં તપ કરી મોક્ષની પ્રાપ્તિ કરી હતી.

**કોટીનાર :**

ઓરીથી ૧ માઇલ નર્મદાના દક્ષિણ તટપર કોટીનારમાં કોટીશ્વરનું મંદિર છે. ઘોર અકાળમાં વ્યાપ્ત પ્રજાને અહીંયા શિવાર્ચન કરવાથી તેની રક્ષા થાય છે એવી માન્યતા અત્રે પ્રચલિત છે.

**અનસુયા :**

ભગવતી પતિતપાવની નર્મદાના પ્રવાહમાં અનસૂયાનું સ્થાનદ્વિપ સમાન છે. કોટીશ્વરની બરોબર સામે જ આવેલું છે. યાત્રાળુઓ મુખ્યત્વે ચાણોદથી અત્રે નૌકામાં બેસીને આવે છે. મહર્ષિ અત્રિઋષિનો અહીં આશ્રમ હતો. અહીંયા અનસુયા માતાનું મંદિર છે. એની સામે જ નર્મદાના તટ ઉપર સુવર્ણ શીલાગામની પાસે એરંડી નદીનો સંગમ થાય છે. તેને હત્યા હરણતીર્થ કહે છે. ત્યાં આસો સુદ સાતમના રોજ મેળો ભરાય છે. અનસુયા માતાના મંદિરની પવિત્ર માટીથી રક્તપિતના દર્દો મટે છે એ સ્થાનની પવિત્ર ભૂમિનો પ્રભાવ છે.

**સીનોર :**

ચાણોદથી પશ્ચિમ રેલ્વેની જે લાઇન માલસર સુધી જાય છે તે લાઈનમાં ડભોઈથી ૪૦ માઇલ પર સીનોર સ્ટેશન આવે છે. આ શહેર નર્મદાના ઉત્તર તટપર આવેલું છે. તેને શિવપુરી પણ કહે છે. સીનોર પણ એક મહાન તીર્થ અને નર્મદાતટની તપોભૂમિ છે. કહેવાય છે કે અહીંયા સ્કન્દે તપ કર્યું હતું. તત્પશ્ચાત તેને દેવોના સેનાપતિનું પદ પ્રાપ્ત થયું હતું. ભગવાન વિષ્ણુએ દૈત્યોનો વિનાશ કરી પોતાનું ચક્ર અહીંયા ફેંકી દીધું હતું. ચંદ્રમાની સ્ત્રી રોહિણીએ અહીં નિષ્કલંકેશ્વરની સ્થાપના કરી છે. અહીંયા ધૂત પાપેશ્વર, માર્કંડેશ્વર, નિષ્કલંકેશ્વર મહાદેવના મંદિરો છે. અહીં ચક્રતીર્થ પણ છે, સીનોરની આસપાસ નર્મદાના ઉત્તર અને દક્ષિણ તટપર અનેક તીર્થસ્થાનો તથા દેવમંદિરો આવેલાં છે.

**૧. સીંસોદરા :**

સીનોરની સામે નર્મદાને ઉપરના ભાગે દક્ષિણ તટપર આવેલું છે. અહીંયા મુકુટેશ્વરનું મંદિર તથા શિવલિંગ છે. કહેવાય છે કે દક્ષયજ્ઞમાં સતી પાર્વતીના દેહત્યાગ પછી ભગવાન શંકર કૈલાસમા જ મુકુટ છોડીને અહીં ચાલ્યા આવ્યા હતા. અને લિંગ સ્વરૂપમાં સ્થિત થયા હતા. બાદમાં શિવગણોએ એ મુકુટ લાવીને લિંગપર ચઢાવ્યો હતો જેથી પોતે મુકુટેશ્વર તરીકે પ્રસિદ્ધ થયા છે.

**૨. દાવાપુર :**

સીંસોદરાથી સામે થોડેદૂર સીનોરથી ૧ માઇલ નર્મદાના ઉત્તર તટપર ધનેશ્વરનું મંદિર આવેલું છે. કુબેરે અહીં તપ કરી ધનાધ્યક્ષતા અને પુષ્પક વિમાન પ્રાપ્ત કર્યા હતા.

**કંજેઠા :**

દાવાપુરથી ૧ માઇલ નર્મદાના ઉત્તર તટ પર આવેલું છે. અહીંયા સૌભાગ્ય સુંદરી દેવી, નાગેશ્વર, ભરતેશ્વર

તથા કરંજેશ્વરના મંદિર છે. અહીંયા દક્ષપુત્રી ખ્યાતી, પુંડરિકનાગ, દુષ્યંત પુત્ર મહારાજ ભરત તથા મેધાતિથિ ઋષિના દૌહિત્ર કરંજે ભિન્ન ભિન્ન સમયે તપ તથા શિવાર્ચન કર્યાં હતાં એમ કહેવાય છે.

**૪. અંબાલી :**

કંજેઠાથી એક માઇલ નર્મદાના ઉત્તર તટપર આવેલું છે. અહીંયાથી અનસૂયા માતાજીનું સ્થાન એક માઇલ આગળ છે. અહીં અંબિકેશ્વરનું મંદિર છે. કાશીરાજની કન્યા અંબિકાએ અહીં તપ કર્યું હતું.

૫. કંટોઈ :

સીનોરથી ૨ માઇલ નર્મદાના ઉત્તર તટ પર પ્રવાહથી આગળ કંટોઈ આવે છે. અહીંયા દેવતાઓએ સ્કન્દનો સેનાપતિ પદે અભિષેક કર્યો હતો. અહીં અંગિરા-ઋષિનું તપઃ સ્થાન આંગિરસ તીર્થ અને કોટેશ્વર તીર્થ આવેલાં છે.

૬. કાંદરોલ :

સીનોરથી લગભગ ૪ માઇલ દૂર નર્મદાના દક્ષિણ કિનારા પર કાંદરોલ આવે છે. સ્કન્દે અહીં પણ તપ કર્યું હતું. ત્યાં સ્કન્દેશ્વરનું મંદિર છે. ત્યાંથી થોડેદૂર કાસરોલા ગામમાં નર્મદેશ્વરનું મંદિર છે, ત્યાંથી થોડેદૂર પર બ્રહ્મશિલા તથા બ્રહ્મતીર્થ આવેલાં છે. અહીં બ્રહ્માજીએ યજ્ઞ કર્યો હતો. બ્રહ્માજીની વેદી કે જે શિલા બની ગઈ તેને બ્રહ્મેશ્વર કહે છે.

**૭. માલસર :**

સીનોરથી આગળ એજ રેલ્વે લાઇન પર માલસર સ્ટેશન આવે છે. આ શહેર કાંદરોલથી ૨ માઇલ દૂર નર્મદાના ઉત્તર કિનારા પર છે. અહીંયા અંગારેશ્વર શિવમંદિર, પાંડુતીર્થ તથા અયોનિજ તીર્થ છે. અહીંયા પાંડુરાજા અને મંગળગ્રહે તપ કર્યું હતું તથા અયોનિજ વિજયાનંદ ઋષિની આ તપોભૂમિ છે.

**૮. બરાછા :**

માલસરથી થોડેદૂર નર્મદાના દક્ષિણ તટપર આવેલું છે અત્રે મહર્ષિ વાલ્મિકીએ તપ કર્યું હતું અને અહીં વાલ્મિકેશ્વરનું મંદિર આવેલું છે.

**૯. આસા :**

બરાછાથી એક માઇલ નર્મદાના દક્ષિણ કિનારે આવેલું છે. અને કપાલેશ્વરનું મંદિર છે. કહેવાય છે કે ભિક્ષાટન માટે ઘૂમતા ભગવાન શંકરના હાથમાંથી અહીંયા તેનું કપાલ પડી ગયું હતું. તે સ્થળે કપાલેશ્વરનું મંદિર સ્થાપિત થયું છે.

**૧૦. માંડવા :**

માલસરથી ૨ માઇલ આસાની સામે જ નર્મદાના ઉત્તર તટપર આવેલું છે. રાજા પુંડરિકના પુત્ર ત્રિલોચને અહીં તપ કર્યું હતું. અહીંયા ત્રિલોચનનું મંદિર છે.

**૧૧. દીવેર :**

માંડવાથી બે માઇલ નર્મદાના ઉત્તર તટપર આવેલું છે. કપિલ નામના એક ઋષિ કુમારે અહીં વેદપાઠ કરીને શિવના ગણનું પદ પ્રાપ્ત કર્યું હતું. અત્રે કપિલેશ્વરનું મંદિર છે.

**૧૨. રણાપુર.**

દીવેરથી ૧ માઇલ નર્મદાના ઉત્તર તટપર રણાપુર આવેલું છે. હિરણ્યાક્ષના પુત્ર કમ્બુકનો અહીં જન્મ થયો હતો એમ કહેવાય છે. તેણે અત્રે કમ્બુકેશ્વરની સ્થાથના કરી હતી. આ સ્થાનમાં ભગવાન શંકરને શંખથી જળ ચડાવવાય વિધિ થાય છે. બીજે નિષિદ્ધ છે.

**કોઠિયા :**

રણાપુરથી એક માઇલ નર્મદાના ઉત્તર તટપર ચંદ્રપ્રભાસ તીર્થ છે, અહીં ચંદ્રેશ્વરનું શિવમંદિર છે. ચંદ્રમાએ અહીં તપ કરી ભગવાન શિવના લલાટમાં શિરોભૂષણ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

ઇન્દ્રોરઘાટ :

કોઠિયાથી બે માઇલ નર્મદાના દક્ષિણ તટપર ઇન્દ્રેશ્વર મંદિર છે, વૃત્રાસુરના વધ પછી ઇન્દ્રે અહીં તપ કર્યું હતું.

ફતેપુર :

કોઠિયાથી ૪ માઇલ નર્મદાના ઉત્તર તટપર ફતેપુરથી થોડેદૂર લોલોદ ગામ પાસે પ્રાચીન નર્મદેશ્વરનું મંદિર છે, અને ત્યાં કોહિના ગામમાં કોહિનેશ્વરનું મંદિર છે.

વેરૂગામ :

ઇંદોરઘાટથી ૪ માઇલ નર્મદાના દક્ષિણ તટપર વેરૂગામ આવે છે. મહર્ષિ વાલ્મિકીઓ ગોદાવરી યાત્રા કરી પાછાં ફરતા અત્રે વાલુકામય (રેતીના) વાલુકેશ્વર લિંગની સ્થાપના કરી પૂજા કરી હતી.

**સાયર :**

ફતેપુરથી ૪ માઇલ નર્મદાના ઉત્તર તટપર સાગરેશ્વર મંદિર છે. ગામમાં કપર્દીશ્વર મંદિર છે. તેને નારેશ્વર પણ કહે છે. અહીં ગણેશજીએ તપ કર્યું હતું.

**ગોઘાટ :**

સાયરથી એક માઇલ નર્મદાના દક્ષિણ તટપર ગોદાવરી સંગમ છે. તેની પાસે સરસાડ ગામમાં દેવેશ્વર તીર્થ છે. ભગવાન વિષ્ણુએ અહીં શિવાર્ચન કર્યું હતું. ત્યાંથી થોડેદૂર બડવાના ગામમાં શક્રતીર્થ છે. જ્યાં ઇંદ્રે શક્રેશ્વર મંદિરની સ્થાપના કરી હોવાનું કહેવાય છે.

**કર્ણનપુરી :**

ગોઘાટથી ૩ માઇલ નર્મદાના દક્ષિણ તટપર નાગેશ્વરનું

મંદિર છે. સર્પોએ અહીં તપસ્યા કરી હતી.

**મોતી કોરલ :**

કર્ણનપુરીની સામે નર્મદાના ઉત્તર તટપર ચાણોદ–માલસર રેલ્વે લાઇન પર ચોરડા સ્ટેશન આવેલું છે. ત્યાંથી એક લાઈન 'મોતી કોરલ' સ્ટેશન સુધી આવે છે. અહીંયા કુબેરેશ્વર, આદિવારાહ, કોટિતીર્થ, બ્રહ્મપ્રસાદજ તીર્થ, માર્કંડેશ્વર, ભૃગ્વીશ્વર, પિંગલેશ્વર, અયોનિજા તીર્થ તથા રવિતીર્થ છે. કુબેરેશ્વરનું મંદિર પ્રાચીન છે. તરૂણેશ્વર, વાયવ્યેશ્વર, તથા યામ્યેશ્વરના મંદિરો પણ છે. ચારે લોક પાલોએ અહીં તપ કર્યા હતા. બ્રહ્માજીએ અહીં દશ અશ્વમેધ યજ્ઞ કર્યાં હતા. માંર્કંડેય, ભૃગુ, અગ્નિ, તથા સૂર્યે પણ અહીં તપ કર્યું હતું. કોરલ ગામની પાસે આદિત્યેશ્વરનું મંદિર છે. આશાપુરી દેવીનું મંદિર છે. આ સ્થાનને ગુપ્ત કાશી કહેવામાં આવે છે.

**દિલવાડા :**

નર્મદાના ઉત્તર તટપર કોરલથી ૧ માઈલ સોમતીર્થ છે. અહીંયા ઈન્દ્રે તપ કરીને ગૌતમઋષિના શાપથી મુકિત મેળવી લીધી હતી. અહીંયા કર્કરેશ્વરનું મંદિર છે. આ સ્થાનને નર્મદા તટની અયોધ્યાપુરી માનવામાં આવે છે.

**ભાલોદ :**

દિલવાડાની સામે નર્મદાના દક્ષિણ તટપર ભાલોદ આવેલું છે. અહીંયા ગૌતમેશ્વર, અહલ્યેશ્વર તથા રામેશ્વરના મંદિર ઉપરાંત મોક્ષતીર્થ છે. મહર્ષિ ગૌતમે અહીં તપશ્ચર્યા કરી હતી. ભગવાન રામચંદ્રજી અહીં પધાર્યા હતા. સ્વાયંભુવમનુને અહીં મોક્ષ પ્રાપ્તિ થઈ હતી.

**ભરૂચ :**

પશ્ચિમ રેલ્વેની મુંબઇ–વડોદરા લાઈન પર ભરૂચ સ્ટેશન આવેલું છે. આ એક પ્રસિદ્ધ નગર છે. ત્રણ માઇલ થી અધિક લંબાઈ અને એક માઇલની પહોળાઈમાં વિસ્તરેલાં આ નગરને ભૃગુક્ષેત્ર પણ કહે છે. મહર્ષિ ભૃગુનો અહીં આશ્રમ હતો રાજા બલિએ અહીંયા દસ અશ્વમેધ યજ્ઞ કર્યા હતાં. અહીં નર્મદાના કિનારે કિનારે ઘણાં મંદિરો આવેલાં છે. એમ કહેવાય છે કે અહીંયા ૫૫ તીર્થો છે. અધિક માસમાં અહીં પંચતીર્થ યાત્રા થાય છે. મુખ્ય તીર્થો આ પ્રમાણે છે.

**૧. મહારૂદ્ર :**

ભરૂચથી લગભગ ૨ માઇલ નર્મદાના ઉપરવાસમાં ઉત્તર તટ પર આવેલું છે. અહીંયા સેંધવા (શાંકરી) દેવીનું મંદિર છે. અહીં શાક્તકૂપમાં નર્મદાનું જળ ભરેલું છે. આ ઉપરાંત આ સ્થાને પિંગલેશ્વર અને ભૂતેશ્વર મહાદેવના મંદિરો છે. અને દેવખાત સરોવર છે.

**૨. શંખોદ્ધાર :**

મહારૂદ્રથી થોડેદૂર આ તીર્થને ગંગાવાહતીર્થ પણ કહે છે. અહીં શંખાસુરનો ઉદ્ધાર થયો હતો તથા ગંગાજીએ અહીં તપ કર્યું હતું.

**૩. ગૌતમેશ્વર :**

શંખોદ્ધારથી થોડે દૂર પશ્ચિમમાં આવેલું છે. ગૌતમ તથા કશ્યપ ઋષિની આ તપોભૂમિ છે.

**૪. દશાશ્વમેધ :**

આ સ્થાને મહારાજા પ્રિયવ્રતે દશ અશ્વમેધ યજ્ઞો કર્યા હતા.

**૫. સૌભાગ્ય સુંદરી :**

આ લક્ષ્મી તીર્થ છે. તેની બાજુમાં વૃષાદકુંડ આવેલો છે.

**૬. ધૂતપાપ :**

અહીંયા ધૂતપાપા દેવીનું મંદિર છે. બાજુમાં કેદારતીર્થ છે. સૌભાગ્યસુંદરી તીર્થના બાજુમાં જ આવેલું છે.

**૭. એરંડી તીર્થ :**

ધૂતપાપા પાસે આવેલાં આ તીર્થમાં કનકેશ્વરી દેવીનું મંદિર છે.

**૮. જવાલેશ્વર :**

આ એક શિવમંદિર છે. જેમાં સ્વયંભૂ શિવલિંગ છે. મંદિરની પાસે એક કુંડ છે.

**૯. શાલગ્રામ તીર્થ :**

જવાલેશ્વરની બાજુમાં મહર્ષિ નારદજીએ સ્થાપેલ શાલગ્રામ છે.

**૧૦. ચંદ્ર પ્રભાસ :**

શાલગ્રામથી થોડે દુર આ તીર્થ ચંદ્રમા દ્વારા નિર્માણ થયેલું છે. અત્રે સોમેશ્વરનું મંદિર છે. અને તેની પાસે વારાહ તીર્થ આવેલું છે.

**૧૧. દ્વાદશાદિત્ય :**

ચંદ્ર પ્રભાસતીર્થને લગોલગ આવેલું છે. આ તીર્થમાં સિધ્ધેશ્વર મહાદેવ તથા સિધ્ધેશ્વરી દેવીના મંદિરો છે.

**૧૨. કપિલેશ્વર :**

દ્વાદશાદિત્ય તીર્થથી થોડેદુર કપિલેશ્વરનું મંદિર આવેલું છે. કપિલ મુનિની સાત તપોભૂમિ પૈકી આ પણ એક તપઃસ્થળ છે. તેની પાસે ત્રિવિક્રમેશ્વર તીર્થ, વિશ્વરૂપ તીર્થ, નારાયણ તીર્થ, મૂળ શ્રીપતિ તીર્થ અને આ. શ્રીપતિતીર્થ આવેલાં છે.

**૧૩. દેવ તિર્થ :**

કપિલેશ્વરથી થોડે છેટે આ એક વૈષ્ણવ તીર્થ છે. તેની

પાસેજ હંસતીર્થ આવેલુ છે.

**૧૪. ભાસ્કર તીર્થ :**

હંસતીર્થથી આગળ આવે છે, અને તેની બાજુમાં પ્રભાતીર્થ છે.

**૧૫ ભૃગ્વીશ્વર :**

મહર્ષિ ભૃગુ પ્રસ્થાપિત ભૃગીશ્વરનું શિવલિંગ ખૂબજ પૂજનિય છે, તેની પાસે જ કંઠેશ્વરનું મંદિર, શૂલેશ્વર મહાદેવ અને શૂલેશ્વરી દેવીના મંદિરો છે.

**૧૬. દારૂકેશ્વર :**

ભૃગીશ્વરથી આગળ જતાં આ સ્થાન આવે છે. અહીંથી થોડેદુર સરસ્વતી તીર્થ છે અને બીજી બાજુ અશ્વિનૌ તીર્થ છે.

**૧૭. વાલખિલ્યેશ્વર :**

દારૂકેશ્વરથી આગળ જઈએ એટલે વાલખિલ્યેશ્વર તીર્થ આવે છે. તેની પાસે સાવિત્રી તીર્થ છે. અને તેની પાસે ગાનાગાની તીર્થ આવેલુ છે.

**૧૮ નર્મદેશ્વર :**

વાલખિલ્યેશ્વરની પાસે આ એક પ્રાચીન મંદિર છે.

**૧૯. મત્સ્યેશ્વર :**

નર્મદેશ્વરથી થોડેદુર જતાં આ તીર્થ આવે છે. તેની પાસે માતૃ તીર્થ છે.

**૨૦. કોટેશ્વર :**

મત્સ્યેશ્વરથી આગળ જતાં આ તીર્થમાં કોટેશ્વર મહાદેવ તથા કોટેશ્વરી દેવીના મંદિરો આવેલાં છે.

**૨૧. બ્રહ્મતીર્થ :**

કોટેશ્વરથી થોડેદુર જતાં આ તીર્થ આવે છે.

**૨૨. ક્ષેત્રપાલ તીર્થ:**

બ્રહ્મતીર્થની આગળ આ તીર્થમાં ઢુંઢેશ્વર મહાદેવનું મંદિર અને તેની પાસે કુરરીતીર્થ આવેલાં છે. ભરૂચમાં દશાશ્વમેધ ઘાટપર નર્મદાજીનું મંદિર ઘણું જ દર્શનીય છે જ્યારે ભૃગીશ્વરનું મંદિર મહર્ષિ ભૃગુના આશ્રમ સ્થાન પર છે; જે ઘાટથી થોડેદૂર છે. ભરૂચમાં માતા નર્મદાના સાગર સંગમના નિત્ય બે વખત દર્શન થાય છે.

### ભરૂચથી નર્મદાના પ્રવાહનાં દક્ષિણ તટના તીર્થો :

**અંકલેશ્વર :**

ભરૂચથી આગળ અંદાડાથી ૫ માઈલ અંકલેશ્વર સ્ટેશન આવે છે. રેલ રસ્તે ભરૂચથી ૬ માઇલ થાય છે. અહીંથી નર્મદા ૩ માઈલ દૂર ચાલી જાય છે. નર્મદાનો પ્રવાહ પહેલાં અહીં હતો પરંતુ મહર્ષિ ભૃગુના તપના પ્રભાવથી નર્મદા તેના આશ્રમ પાસેથી વહેવા લાગી છે. અંકલેશ્વરમાં માંડવ્યેશ્વરનું પ્રાચીન મંદિર છે. યમરાજને પણ શ્રાપ આપનાર મહર્ષિ માંડવ્યનો અહીં આશ્રમ હતો. પતિવ્રતા શાંડિલી અહીંયા રહેતા હતા. સતી શાંડિલી માટે અહીં રામકુંડનું પ્રાકટ્ય થયું. ત્યાં અકુરેશ્વર મંદિર તથા ત્યાંથી આગળ ક્ષીરકુંડ અને રણછોડરાયજીનું મંદિર છે. રામકુંડની પાસે ધર્મશાળા છે.

**ભરોડી :**

અંકલેશ્વરથી ૫ માઇલ ભરોડીમાં નીલકંઠ મહાદેવની ચતુર્ભુજ મૂર્તિ છે. બાજુમાં સૂર્યકુંડ ( બલબલાકુંડ ) છે. અહીંયા પણ ધર્મશાળા છે.

**સહજોત :**

ભરોડીથી ૪ માઈલ સહજોત આવે છે. અહીંયા રૂદ્રકુંડ અને તેની બાજુમાં સિદ્ધરૂદ્રેશ્વર, સિદ્ધનાથ તથા દત્તાત્રેયના મંદિર છે. ભગવાન શંકરે અહીંયા તપસ્યા કરી હતી.

**માંટિયર :**

સહજોતથી ૧ માઇલ આ સ્થાન આવે છે. ત્યાં વૈદ્યનાથ તીર્થ, સૂર્યકુંડ અને સરોવર પર માતૃકાતીર્થ છે.

**મોડિયા :**

માંટિયરથી ૧ માઈલ થાય છે અને ત્યાં માતૃતીર્થ નામનો કુંડ છે.

**સીરા :**

મોડિયાથી એક માઈલ પર આવે છે. ત્યાં નર્મદેશ્વરનું મંદિર છે.

**ઉત્તરાજ :**

સીરાથી ૨ માઈલ પર ઉત્તરાજ મંદિર છે. રાજા શશબિંદુની પુત્રીએ અહીં તપ કર્યું હતું.

**હાંસોટ :**

ઉત્તરાજથી ૧ માઈલ આવેલું છે. અંકલેશ્વરથી અહીં સુધી પાકી સડક છે. ત્યાં હંસેશ્વરનું મંદિર છે. ત્યાંથીથોડેદૂર તિલાદેશ્વર તીર્થ આવેલું છે. જ્યાં મહર્ષિ જાબાલિયે તપ કર્યું હતું. અહીંથી નર્મદાજીની પરિક્રમા કરવા વાળાઓને સમુદ્ર પાર કરવાને માટે નૌકામાં જવાની પરવાનગી ચીઠ્ઠી આપવામાં આવે છે. અહીંયા પણ સૂર્યકુંડ છે.

**વાસનોલી :**

હાંસોટથી ત્રણ માઈલે વાસનોલી આવે છે. અહીંયા વસુતીર્થ છે. તથા વાસવેશ્વરનું મંદિર છે. અત્રે વસુ દેવતાઓએ તપ કર્યું હતું.

**કતપુર :**

વાસનોલીથી ચાર માઈલ પર કતપુરમાં કોટેશ્વર મહાદેવનું મંદિર છે.

**બિસોદ :**

કતપુરથી ૧ માઈલ પર આવેલાં બિસોદમા અલિકેશ્વરનું મંદિર છે. અલિકા નામની ગાંધર્વ કન્યાએ અહીં તપ કર્યું હતું.

**વિમલેશ્વર :**

બિસોદથી ૨ માઇલ આ તીર્થ આવેલું છે. અહીંયા ઇન્દ્ર, ઋષ્ય, શૃંગ સૂર્ય, બ્રહ્મા તથા શિવજીએ તપ કર્યાં હતા. અહીંના કુવાઓમાં ખારા પાણી છે. અહીંથી નર્મદાની પરિક્રમા કરવાવાળાં નૌકામાં બેસીને નર્મદાના ઉત્તર તટ પર જાય છે.

**ભરૂચથી નર્મદાના પ્રવાહના ઉત્તર તટના તીર્થો :**

**દશાન :**

ભરૂચથી બે માઈલિ પર નર્મદાને બીજે કિનારે દશાન આવેલું છે. ત્યાં દશકન્યા તીર્થ છે.

**ટીમ્બી :**

દશાનથી ૧ માઈલ પર આવેલાં ટીમ્બી સ્થાનમાં સુવર્ણ વિન્દેશ્વર તીર્થ આવેલું છે.

**ભારભૂત :**

આ ગામ ભરૂચથી ૮ માઈલિ અને ટીમ્બીથી ૪ માઈલિ દૂર છે. ભરૂચથી અહીં સુધી મોટર બસ જાય છે. અધિક માસ જો ભાદ્રપદમાં હોય તો મોટો મેળો ભરાય છે. નર્મદાના તટ પર ભારભૂતેશ્વરનું શિવમંદિર આવેલું છે. પાસે બીજા પણ મંદિરો છે. અને એક સરોવર પણ છે. અહીંથી થોડે દૂર બરૂઆ ગામમાં ઋણ મોચન તીર્થ છે. અહીંયા નર્મદાના પાણી ખારાં છે.

**આમલેશ્વર :**

ભારભૂતથી ૪ માઈલિ પર અમલેશ્વરનું શિવમંદિર છે. નર્મદાના કિનારાથી આ સ્થાન દૂર છે.

**સમની :**

અમલેશ્વરથી ૪ માઈલ દક્ષિણમાં આવેલું છે. અહીંયા સુંડીશ્વરતીર્થ આવેલું છે. કાર્તિક સુદ પૂનમના દિવસે અહીં મેળો ભરાય છે.

**એકસાલ :**

સમનીથી ૨ માઈલ અહીંયા અપ્સરેશ્વરનું શિવમંદિર છે. એની પાસે જ ડિંડાશ્વરનું સ્વયંભૂ શિવલિંગ છે.

**મેગાંવ :**

એકસાલથી ૩ માઈલિ દૂર મેગાંવ આવેલું છે. એમ કહે છે કે અહીંયા ગણિતાતીર્થમાં પરાશક્તિ નિત્ય સાન્નિધ્યમાં રહે છે. અત્રે માર્કંડેશ્વર તીર્થ છે. એની પાસે મુનાડ ગામમાં મુન્યાલય તીર્થ છે.

**કાસવા :**

મેગાંવથી ૩ માઇલ આ સ્થાનમાં કંચેશ્વર મંદિર આવેલું છે.

**કુજા :**

કાસવાથી ૧ માઈલિ અત્રે માર્કંડેશ્વર, અષાઢીશ્વર, શ્રૃંગીશ્વર, અને વલ્કેશ્વરના મંદિરો છે.

**કલાદરા :**

કુજાથી ૧ માઈલિ અહીંયા કપાલેશ્વરનું મંદિર છે. ભગવાન શંકરે અત્રે પોતાના હાથનું કપાલ મુકી દીધું હતું.

**બૈંગણી :**

કલાદરાથી ૧ માઈલિ અત્રે બૈજનાથ મહાદેવનું મંદિર છે. આ મંદિર ઘણું પ્રાચીન છે.

**કોલ્યાદ :**

બૈંગણીથી ૧ માઈલિ પર એરંડી નદીનો સંગમ થાય છે. સંગમ પર કપિલેશ્વર તીર્થ છે.

**સુઆ :**

કોલ્યાદથી ૨ માઈલિ પર અત્રે સોમેશ્વરનું પ્રાચીન મંદિર છે.

**અમલેઠા :**

સુઆથી ૩ માઇલ પશ્ચિમે આવેલું છે. અહીંયાથી ૧ માઈલિ ઉત્તરે નર્મદા તટપર ચંદ્રમૌલીશ્વરનું મંદિર છે. અહીં એક ધર્મશાળા છે.

**દેજ (દહેજ) :**

અમલેઠાથી ૨ માઇલ દેજ આવે છે. અહીંયા દધિચિ ઋષિનો આશ્રમ છે. દુધનાથ મહાદેવ અને ભગવતીના સ્થાનો છે. અમલેઠા અને દેજની વચ્ચે અમિયાનાથ, સોમનાથ અને નીલકંઠેશ્વરના મંદિરો આવે છે.

**ભુતનાથ :**

દેજથી ૧ માઇલ પર ભૂતનાથનું મંદિર આવે છે. જેમાં પાસે પાસે ત્રણ લિંગો છે, અહીંયા પાણી નથી પણ ચારે બાજુ બાવળના વૃક્ષોનો ઘટાટોપ છે.

**લખીગામ**

ભુતનાથથી ૧ માઇલ પર આવતાં લખીગામમાં લુઠેશ્વર (લક્ષ્મણ–લોટેશ્વર)નું મંદિર આવેલું છે. લુંઠેશ્વરનું લિંગ ગૌમુખ જેવું છે. મંદિરની સામે વૃક્ષખાદ આવેલું છે.

**લોહારયા :**

લખીગામથી ૨ માઇલ દક્ષિણમાં લોહાર્યા ગામ આવે છે. અહીં જમદગ્નિઋષિ અને પરશુરામે તપ કર્યા હતા. જમદગ્નિ તીર્થ અને પરશુરામ તીર્થ બંને પાસે છે. આ તીર્થો ઘોર જંગલમાં છે અને ત્યાં પાણીનો અભાવ છે.

**નર્મદા (રેવા) સાગર સંગમ તીર્થ સ્થાન :**

વિમલેશ્વરથી નાવમાં બેસીને નર્મદા સાગર સંગમની પ્રદક્ષિણા કરી લોહારયાની પાસે નૌકામાં ઉતરવું પડે છે. નર્મદા સાગર સંગમ તીર્થ વિમલેશ્વરથી ૧૩ માઈલ છે, ત્યાંથી લોહારયા ૧ માઇલ છે, નર્મદા (રેવા)નો સમુદ્રમાં સંગમ તો ઘણાં માઈલ આગળથી થઈ જાય છે. પરંતુ નર્મદાની ધારા પ્રવાહ તો વિમલેશ્વર સુધી સાફ દેખાય છે. વિમલેશ્વરથી ૧૩ માઈલની યાત્રા કરતાં ઉત્તર તટની ભૂમિનાં દર્શન થાય છે. રેવા સાગર સંગમતીર્થ પર 'હરિનું ધામ' નામનું સ્થાન છે. અને બાજુમાં એક સ્થળે લાઇટ હાઉસ દેખાય છે, અને અહીં રેવા સાગરની યાત્રા પર્યાપ્ત થાય છે.

**કાવી :**

ભરૂચથી એક લાઇન કાવી સુધી જાય છે. સ્ટેશનની પાસે જ બઝાર છે, બઝારના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં એક જૈન મંદિર આવેલું છે અને ત્યાં ધર્મશાળા પણ છે. અહીં સાસુવહુના બંધાવેલાં બે મંદિરો છે. સાસુએ આદિનાથ ભગવાનનું મંદિર બંધાવ્યું છે. અને વહુએ રત્નતિલક મંદિર બંધાવેલું છે. તેમાં શ્રી ધર્મનાથ સ્વામીની મૂર્તિ છે. બંને મંદિરોનું સ્થાપત્ય અને વાસ્તુવિધાન ઘણું જ કળાપૂર્ણ છે. ઘણા પ્રાચીન મંદિરોના ભગ્નાવશેષો અહીંયા અસ્તવ્યસ્ત પડેલાં જોવા મળે છે. કાવીની આસપાસ પણ રેવા સાગરના બંને તટે અનેક તીર્થસ્થાનો અને મંદિરો આવેલાં છે. ગુજરાતની આ તપોભૂમિ અને પતિતપાવની સરિતાની સલીલોએ દેવ અને માનવકુળના અધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક કલ્યાણમાં મહત્વનો ભાગ ભજવ્યો છે. તથા હિંદુધર્મ અને આર્ય સંસ્કૃતિના ઉત્કૃષ્ટ દશાના યુગે-યુગના દર્શન કરાવ્યા છે.

**અંદાડા :**

નર્મદાના ઉપરવાસમાં આવેલું આ સ્થાન નર્મદાજીથી દૂર છે તેમજ મહારૂદ્ર તીર્થથી પણ આગળ છે. અહીંયા સિધ્ધેશ્વર મહાદેવ અને સિધ્ધેશ્વરી દેવીના મંદિરો છે.

**નૌગવાં :**

અંદાડાથી ૧ માઇલ પૂર્વમાં ઉદુંબર નદીના તટપર આવેલું છે. આ એક નાગતીર્થ છે. ઔદુંબર નાગે અહીં તપ કર્યું હતું. બાજુના સામોર ગામમાં સામ્બાદિ તીથ છે, નૌગવાંની પાસે માંડવા બુઝરૂક ગામમાં માર્કણ્ડેશ્વર તીર્થ આવેલું છે.

**ઝાડેશ્વર :**

ભરૂચથી ૪ માઈલ અને મહારૂદ્રથી ૨ માઇલ નર્મદાના ઉત્તર તટપર આવેલું તીર્થ છે. આ તીર્થમાં ચોડેશ્વર, વૈદ્યનાથ તથા રણછોડજીના મંદિરો છે. અશ્વિનીકુમારોએ અહીં તપ આદર્યા હતા.

**ગુમાનદેવ :**

ભરૂચથી ૬ માઈલ પર અંકલેશ્વર સ્ટેશન આવે છે. ત્યાંથી એક લાઈન રાજપીપળા જાય છે. આ લાઈન પર અંકલેશ્વરથી ૧૦ માઇલ પર ગુમાનદેવ સ્ટેશન આવે છે. અહીંયા હનુમાનજીનું મોટું મંદિર છે. આ સ્થાન ઝાડેશ્વરથી ૩ માઈલ નર્મદાના દક્ષિણ કિનારા પર આવેલું છે.

**તવરા :**

ઝાડેશ્વરથી ૨ માઇલ નર્મદાના ઉત્તર તટ પર આવેલું છે. અહીંયા કપિલેશ્વરનું મંદિર છે. કપિલ મુનિએ અહીં તપશ્ચર્યા કરી હતી.

**ગ્વાલી :**

તવરાની સામે થોડે દૂર નર્મદાના દક્ષિણ તટપર આવેલાં ગ્વાલીમાં ગોપેશ્વરનું મંદિર આવેલું છે. પુંડરિક ગોવાળે અહીં તપ કર્યું હતું. તેની પાસેના મોરદ ગામમાં માર્કણ્ડેશ્વરનું મંદિર છે.

**ઉચડીયા :**

ગ્વાલીથી બે માઈલ પર નર્મદાના દક્ષિણ તટ પર ઉચડિયા આવે છે. ઉચડિયા સપ્તર્ષિઓની તપોભૂમિ કહેવાય છે. આ સ્થાન મોક્ષતીર્થ પણ છે.

**મોટા સાંજા :**

ઉચડિયાથી ૧ માઈલ પર આવેલું છે. નર્મદા અહીંથી થોડેદૂર છે. અહીંયા મધુમતી નદી વહે છે જે આગળ જતાં નર્મદાને જઇને મળે છે. અહીંયા સંગમેશ્વરનું મંદિર છે, અને તેની બાજુમાં અનર્કેશ્વર તથા નર્મદેશ્વરના મંદિરો આવેલાં છે. ઉપરાંત અહીં સર્પેશ્વરનું મંદિર છે, એમ કહેવાય છે કે કુબેરે અહીંયા ગમેશ્વરની સ્થાપના કરી છે.

**કલોદ :**

મોટા સાંજાથી લગભગ ૧ માઈલ દૂર નર્મદાના ઉત્તર તટ પર આવેલું છે. અહીંયા ગોપેશ્વર તથા કોટેશ્વરના મંદિરો આવેલાં છે, કહે છે કે ગોપરાજ નંદજીએ અત્રે ગોપેશ્વરની સ્થાપના કરી છે, જ્યારે બાણાસુરે કોટેશ્વરની સ્થાપના કરી છે, ભરૂચથી શુકલ તીર્થ જતાં મોટર બસના રસ્તામાં આ સ્થાન આવે છે.

**કલકલેશ્વર :**

મોટાસાંજાથી ૩ માઇલ દૂર નર્મદાના દક્ષિણ તટ પર આવેલાં આ સ્થાનમાં કલકલેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે આને જબરેશ્વર પણ કહે છે. અહીંથી લગભગ ૧ માઈલ પર નર્મદારીવર સાઈડ સ્ટેશન આવે છે.

**શુકલ તીર્થ :**

નર્મદાના ઉત્તર કિનારે કલકલેશ્વરની સામે જ શુકલતીર્થ

આવેલું છે. કડોદથી આ સ્થાન ૩ માઈલ થાય છે. ભરૂચથી શુકલતીર્થ ૧૦ માઈલ જ છે. ભરૂચથી અહીં સુધી આવવાને માટે પાકી સડક છે. મોટર બસ નિયમિત ચાલે છે. નર્મદારીવર સાઈડ સ્ટેશનથી પુલ દ્વારા નર્મદા પાર કરીને અહીંયા અવાય છે, નર્મદાનું આ શ્રેષ્ઠ તીર્થ છે. અહીંયા નર્મદામાં કવિ, ઓંકારેશ્વર અને શુકલ નામના ત્રણ કુંડો હતા. જે આજે લુપ્ત થઈ ગયા છે. અહીંનું મુખ્ય મંદિર શુકલ નારાયણનું છે. આ જ મંદિરમાં સોમેશ્વર અને પટેશ્વર લિંગની સ્થાપના કરેલી છે. નારાયણની મૂર્તિ શ્વેત અને ચતુર્ભુજ સ્વરૂપની છે. તેની બંને પાસમાં બ્રહ્મા તથા શંકરની મૂર્તિઓ છે. એમ કહેવાય છે કે અહીંયા મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્ત અને ચાણકયે આવી નર્મદામાં સ્નાન કર્યું હતું. અહીંયા બીજું મંદિર ૐકારેશ્વરનું છે. જેને હુંકારેશ્વર પણ કહે છે. એની પાસે જ શૂલપાણિશ્વરીનું મંદિર છે. અને ત્યાંથી થોડે દૂર આદિત્યેશ્વર તીર્થ છે. કહે છે કે જાબાલિએ અહીંયા તપસ્યા કરી હતી. આદિત્યેશ્વર તીર્થમાં આદિત્યેશ્વરનું મંદિર છે. શહેરમાં ગંગનાથનું મંદિર છે તેને ગોપેશ્વર પણ કહે છે.

**કબીરવડ :**

શુકલતીર્થથી લગભગ ૧ માઈલ પર નર્મદા દ્વિપમાં કબીરવડ આવેલો છે. એમ કહેવાય છે કે સંત કબીરદાસે અહીં દાતણ કરી ફેંકી દીધેલી ડાળીમાંથી આ વૃક્ષ ઉગી નીકળ્યો છે. અત્યારે તો આ વડનું ઝાડ વૃક્ષોના સમુદાયથી ઘટાટોપ બની ગયું છે. એક જ વડની ઝટાઓમાંથી આ વિશાળવૃક્ષ બન્યું છે. પુરા બગીચા જેટલો આ વડનો વિસ્તાર વધી ગયો છે. અહીંયા કબીરદાસજીનું મંદિર છે.

**મંગલેશ્વર :**

શુકલતીર્થથી લગભગ ૧ માઈલ પર નર્મદાના ઉત્તરતટ પર મંગલેશ્વર ગામ છે. અહીં વારાહતીર્થ છે અને વારાહ ભગવાનની મૂર્તિ છે. અત્રે ભાર્ગલેશ્વર મહાદેવનું મંદિર છે.

**લાડવા :**

મંગલેશ્વરની સામે થોડે દૂર નર્મદાના દક્ષિણ કિનારા પર આવેલું છે, અહીંયા કુસુમેશ્વર તીર્થ છે, કામદેવે અહીં તપ કર્યું હતું.

**નિકોરા :**

લાડવાથી એક માઈલ નર્મદાના ઉત્તર તટપર નિકોરા આવે છે. અહીંયા શ્વેતવારાહ તીર્થ આવેલું છે. અને લિંગેશ્વરનું શિવમંદિર છે. અહીંયા બીજું પણ એક તીર્થ-સ્થાન છે જેને અંકોલ તીર્થ કહેવામાં આવે છે.

**પોરા :**

નિકોરાની સામે નર્મદાના દક્ષિણ તટ પર પોરા આવેલું છે. ત્યાં પરાશરેશ્વર મંદિર છે. પરાશર ઋષિએ અહીં તપ કર્યું હતું.

**અંગારેશ્વર :**

નિકોરાથી ૧ માઈલ નર્મદાના ઉત્તર તટપર અંગા-રેશ્વરનું મંદિર આવેલું છે. મંગળગ્રહે અહીં તપ કર્યું હતું.

**ધર્મશાલા :**

અંગારેશ્વરથી ૨ માઈલ નર્મદાના ઉત્તર તટ પર આ સ્થાન આવેલું છે. તેને પિતૃતીર્થ કહે છે. અહીં પિતૃ તર્પણ તથા શ્રાદ્ધાદિક ક્રિયા કરવામાં આવે છે. આ સ્થળે નર્મદા-માં વાહિન તીર્થ છે.

**ઝીનોર :**

ધર્મશાલાથી ૩ માઈલ પર નર્મદાના ઉત્તર તટપર ઝીનોર આવેલ છે. અહીંયા રૂકિમણીતીર્થ, રામ કેશવ તીર્થ, જય વરાહ તીર્થ, શિવ તીર્થ તથા ચક્ર તીર્થ આવેલાં છે, એમ કહેવાય છે કે સ્વયં શંકર ભગવાને હિરણ્યાક્ષ અસુરનો વધ કરી અહીં વરાહ ભગવાનનું પૂજન કર્યું હતું.

**નાંદ :**

ઝીનોરથી ૨ માઈલ નર્મદાના ઉત્તર તટ પર નાંદ આવે છે ત્યાં નંદાદેવીનું મંદિર છે. દેવીએ મહિષાસુરનો વધ કરી અત્રે શંકરનું પૂજન કર્યું હતું.

**સિધ્ધેશ્વર :**

સિધ્ધેશ્વર તીર્થ નર્મદાના દક્ષિણ તટથી ૨ માઈલ દૂર જંગલમાં આવ્યું છે. બાજુમાં વારૂણેશ્વર તીર્થ પણ દર્શનીય છે.

**તરશાલી :**

સિધ્ધેશ્વરથી ૨ માઈલ નર્મદાના દક્ષિણ તટ પર તર-શાલીમાં તાપેશ્વરતીર્થ આવેલું છે. વેદશિરા ઋષિએ અહીં શિવાર્ચન કર્યું હતું.

**ત્રોટીદરા :**

તરશાલીથી એક માઈલ દૂર નર્મદાના દક્ષિણ તટ પર ત્રોટીદરામાં પણ સિધ્ધેશ્વર તીર્થ આવેલું છે. બ્રહ્માજીએ અહીં યજ્ઞ કર્યો હતો. ભાલોદથી આ સ્થાન ૨ માઈલ દૂર છે.

આમ ગુજરાતની પવિત્ર તપોભૂમિમાં ચાણોદ, સિનોર, ભરૂચ અને કાવીની સમીપમાં વહેતા નર્મદા—રેવા માતાના બંને કિનારા અનેક તીર્થસ્થાનો અને દેવમંદિરોથી વિભૂષિત બનીને બેઠાં છે અને ગુજરાતના આધિભૌતિક, આધિદૈવિક અને આધ્યાત્મિક ગૌરવને દિપાવી રહ્યા છે.

**સુરત :**

પશ્ચિમ રેલ્વે પર સુરત એક વિખ્યાત નામ સ્ટેશન છે.

અને ઇતિહાસ પ્રસિદ્ધ નગર છે. ભારતવર્ષની સાત પવિત્ર નદીઓમાંની એક ઇતિહાસ પ્રસિદ્ધ નગર છે. ભારતવર્ષની સાત પવિત્ર નદીઓમાંની એક એવી સૂર્યપુત્રી તપતી (તાપી) ને લીધે સુરત તીર્થનું મહત્વ પુરાણોમાં ગવાયું છે. તાપી નદી સુરતની પાસે થઇને વહે છે જ્યારે કોઈ સ્થળે તેનાથી ત્રણ માઈલ દૂર પણ છે. સુરત શહેરમાં શ્રીકૃષ્ણ મંદિર શ્રી સ્વામીનારાયણ મંદિર, શ્રી બાલાજીનું મંદિર અને હનુમાનજીના મંદિર વિખ્યાત છે.

અત્રે જૈન મંદિર છે. તેમજ શ્રી મહાપ્રભુજીની બેઠક પણ છે. સુરતનું પુરાણું નામ સૂર્યપુર છે. તાપી સૂર્યપુત્રી છે અને પુરાણોમાં તેનું નામ તપતી આપેલું છે. પુરાણની કથા અનુસાર એકવાર સૂર્યપુત્રી યમુના અને તપતી વચ્ચે વિવાદ થયો અને એ વિવાદમાં એક બીજાએ એક બીજાને જલરૂપ થઈ જવાનો શ્રાપ દીધો એ વખતે ભગવાન સૂર્યનારાયણે યમુનાનું જળ ગંગા સમાન અને તપતીનું જળ નર્મદા સમાન પવિત્ર રહેશે એવું વરદાન આપી બંનેનું સાંત્વન કર્યું. તાપીને કિનારે અશ્વિનીઘાટ પર દેવોના વૈદ્ય અશ્વિનીકુમારોએ તપશ્ચર્યા કરી હતી. એ બંને દેવતાઓએ સ્થાપેલ અશ્વિનીકુમારેશ્વરનું શિવલિંગ અહીં છે. એ મંદિરને વૈદ્યરાજ મહાદેવ મંદિર અથવા અશ્વિનીકુમાર મંદિર કહે છે. આ સિવાય અહીં એક દેવી મંદિર તથા ઉત્તમ કારીગીરીવાળાં મંદિરો છે. સુરતમાં અંબાજીરોડ પર અંબા દેવીનું વિશાળ મંદિર છે. આ મંદિરમાં જે દેવીની મૂર્તિ છે તે એક સ્વપ્નના આદેશ અનુસાર ૪૦૦ વર્ષ પહેલાં અમદાવાદથી અત્રે લાવવામાં આવી હતી. આ દેવીની મૂર્તિ મંદિરમાં એક કમલાકાર પીઠ પર બિરાજમાન કરવામાં આવી છે. અને તે એક રથપર સ્થાપિત છે, કે જેને બે ઘોડા અને બે સિંહો પર આરૂઢ કરવામાં આવી છે. દેવીની જમણી બાજુએ શ્રી ગણેશ અને શંકર તથા ડાબી બાજુએ બહુચરા માતાની મૂર્તિ છે.

**બુઢાન :**

સુરતથી ૨ માઈલ દૂર તાપીનેઝી જે કિનારે રાંદેર ગામ આવે છે. તેની પાસે બુઢાનમા એક વિશાળ મંદિર છે જ્યાં ઘણાં યાત્રાળુઓ આવે જાય છે. પશ્ચિમ તાપીને કિનારે વૈદ્યરાજ મંદિરથી થોડેદૂર પાંડવોની મૂર્તિઓ જોવામાં આવે છે.

**ઉદવાડા :**

પશ્ચિમ રેલ્વેની મુંબઈ વડોદરા લાઈન પર વલસાડથી ૧૦ માઈલ આગળ ઉદવાડા સ્ટેશન આવે છે. અહીંથી ચાર માઇલ દૂર શ્રી રામેશ્વરનું ઘણું પ્રાચીન મંદિર આવેલ છે. અહીંયા એક અશ્વત્મ વૃક્ષના મૂળમાથી જલધારા નીકળે છે, ત્યાં એક કુંડ બનાવવામાં આવ્યો છે. મહાશિવરાત્રીના દિવસે અહીં મેળો ભરાય છે. ત્યાંથી ૬ માઈલ દૂર કોટેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર છે. અહીંયા કલિકા નામની નાની નદી વહે છે. પાસેના બગવાડી ગામમાં અંબાજીનું મંદિર આવેલું છે. કોટેશ્વરથી ૩ માઇલ દૂર કુંતા ગામમાં કુંતેશ્વરનું શિવમંદિર છે. આ પણ ગુજરાતના પવિત્ર તીર્થોમાંનું એક પવિત્ર તીર્થ છે. આ જ રેલ્વે લાઈન પર દહાણુ રોડ સ્ટેશનથી ૧૮ માઈલ પૂર્વમાં મહાલક્ષ્મી માતાનું ધામ છે. અહીંયા ચૈત્ર સુદ ૧ થીપૂર્ણિમા સુધી મેળો ભરાય છે.

**બોધન :**

સુરત ભરૂચ લાઈન પર સુરતથી ૧૫ માઇલ દૂર હીમ સ્ટેશન આવે છે. ત્યાંથી ૧૩ માઈલ પર બોધન નામનું ગામ છે. અહીંયા ગૌતમેશ્વર મહાદેવનું મંદિર છે. કહેવાય છે કે મહર્ષિ ગૌતમે અહીં તપસ્યા કરી હતી. મહાશિવરાત્રી ને દિવસે અહીં મેળો ભરાય છે.

**ઉનાઈમાતા :**

પશ્ચિમ રેલ્વેની મુંબઇ-ખારાઘોડા લાઈન પર વલસાડથી ૧૧ માઇલ દૂર બિલીમોરા સ્ટેશન આવે છે. બિલીમોરાથી એક લાઈન વાઘઇ સુધી જાય છે આ લાઇન પર બિલીમોરાથી ૨૬ માઇલ દૂર ઉનાઇ–વાસંદા રોડ સ્ટેશન આવે છે. સ્ટેશનથી ઉનાઈ તીર્થ સુધી પાકી સડક છે ઉનાઈમાં યાત્રિકોને ઉતરવા માટે ઘણી ધર્મશાળાઓ છે. ઉનાઇ ઉષ્ણ તીર્થ છે અહીં ગરમ પાણીના કુંડ અને ઉનાઇ માતાનું મંદિર છે દેવી માતાના મંદિરની પાસેજ શ્રીરામ મંદિર છે આ ઉપરાંત અહીંયા સરભંગેશ્વર મહાદેવનું મંદિર છે મુખ્ય ઉષ્ણ કુંડથી થોડે દૂર એક બીજો કુંડ છે તેનું પાણી પણ ગરમ છે. ત્યાં પણ દેવીનું મંદિર છે આ નગરની પાસે અંબિકા નદીનાં તટપર એક શિલામાં શ્રીરામના શરણ ચિન્હો છે તથા સૂર્યની આકૃતિ છે. મંગળવાર રવિવારતથા પૂર્ણિમાને દિવસે આજુ બાજુના લોકો અહીં આવે છે. જ્યારે મકર સંક્રાત તથા ચૈત્રી પૂનમે અહીંયા મેળો ભરાય છે. ઉનાઇથી ૨ માઇલ દૂર પુરાણ પ્રસિદ્ધ પદ્માવતી નગરીના ખંડિયરો મળી આવે છે જ્યાં એક પ્રાચીન મંદિર પણ છે કહેવાય છે કે ઉનાઈના સ્થાન પર મહાર્ષિ શરભંગનો આશ્રમ હતો. ઋષિને કોઢ (રક્તપિત્ત) નો રોગ થયો હતો ભગવાન શ્રી રામચંદ્ર વનવાસને સમયે જ્યારે અહીં પધાર્યા હતા ત્યારે બાણ મારીને તેઓએ આ ગરમ જળનો ધોધ વહાવ્યો હતો એ જળમાં સ્નાન કરવાથી શરભંગ ઋષિને કોઢનો રોગ મટી ગયો હતો. માતા સીતાજીએ પણ આ પાણીમાં સ્નાન કર્યું હતું.

**અનાવલ :**

ઉનાઇ વાંસદા રોડ સ્ટેશનથી ૫ માઈલ આગળ અનાવલ સ્ટેશન આવે છે. અહીંયા ત્રણ નદીઓનો ત્રિવેણી સંગમ થાય છે સંગમ પર શુકલેશ્વરનું શિવમંદિર છે. અહીં મહાશિવરાત્રી પર મેળો ભરાય છે.

**નિર્મલી :**

પશ્ચિમ રેલ્વેની મુંબઇ–વિરગામ લાઇન પર મુંબઇ

સેન્ટ્રલ સ્ટેશનથી ૩૦ માઈલ દૂર બેસિન રોડ સ્ટેશન આવે છે સ્ટેશનથી લગભગ ૩ માઈલ પર નલા સોપારા ગામ આવે છે ત્યાંથી ૫ માઈલ પશ્ચિમમાં નિર્મળી ગામ છે નિર્મળી ગામમાં શ્રી શંકરાચાર્યની સમાધિ છે ગામમાં મંદિરો છે અને ચાર ધર્મશાળા છે સોપારાથી દોઢેક માઈલ દૂર ગિરિધન નામનો પહાડ છે ત્યાંનું ગુફા મંદિર ઘણું જોવા જેવું છે સોપારાની સમીપમાં તુંગાર નામનો પર્વત છે તેના શિખર પર ચાર કળાપૂર્ણ સુંદર મંદિરો આવેલાં છે આ રીતે દક્ષિણ ગુજરાતના વૈવિધ્ય કળાપૂર્ણ મંદિરો અહીં પર્યાપ્ત થાય છે અને મહારાષ્ટ્રની ભૂમિના આપણને દર્શન થાય છે.

ગુજરાતના આ દેવ મંદિરોની કળા કારીગીરી સ્થાપત્ય અને વૈવિધ્ય ભર્યું વાસ્તુ વિધાન નિરખીનેજ સહજ બોલી જવાય છે કે " જય ગરવી ગુજરાત " જય ગરવી ગુજરાત "

## સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ દેવમંદિરો અને તીર્થધામ

સૌરાષ્ટ્રની પવિત્ર ભૂમિમાં અનેક પ્રાચીન મંદિરો આવેલાં છે. તેમાંયે સૌરાષ્ટ્રના સાગર કિનારાની પટ્ટી ઉપર ઉત્તરે છેક પિંડારાથી આરંભી દક્ષિણે પ્રભાસ સોમનાથ સુધી આમાં અનેક મંદિરો પોતાના આગવા શિલ્પ અને વાસ્તુવિધાનથી વિભૂષિત બની સૌરાષ્ટ્રની સુશોભિત કટિ-મેખલાસમા આજે પણ ઉભા છે. સૌરાષ્ટ્રના સાગરકિનારા ઉપર આવેલાં પિંડારાબેટ, શંખોદ્વાર, આરંભડા, વસઈ, સુપાણ, દ્વારકા, બરડીઆ, પ્રવાડ, મઢી, કુરંગા, હરસિદ્ધિ–ગાંધવી, મિયાણી, વિસાવડા, કાંટેલા, શ્રીનગર, માધવપુર, પ્રભાસ–સોમનાથ વગેરે ગામોમાં આવા મંદિરો નજરને ખૂબ જ આકર્ષે છે. ઉપરાંત સાગરની સમીપમાં જ આવેલાં બરડાના ડુંગર ઉપર પણ તેની પ્રાચીન રાજધાની ધુમલીમાં નવલખા મંદિર આવેલું છે. બરડાની બાજુમાં બીલેશ્વર તથા કીલેશ્વર પણ એટલાં જ મશહુર છે. સૌરાષ્ટ્રના ગિરિવરો શેત્રુંજય અને ગિરનાર પણ વિવિધ કળા—કારીગીરી અને સ્થાપત્યથી સુશોભિત મંદિરોને પોતાના શિષમુકુટની જેમ ધારણ કરીને બેઠાં છે. અને મધ્ય સૌરાષ્ટ્રમાં ગોપના નાનાશા ડુંગર ઉપર પણ ઇતિહાસના પાના ઉકેલતા મંદિરનું નિર્માણ થયેલું જોવા મળે છે. સૌરાષ્ટ્રના આ અને આવાં બીજા મંદિરોનું પુરાતત્વ આ ભૂમિમાં સંસ્કૃતિ, પ્રાચીનતા અને ઈતિહાસના પાના ઉપર અનેરાં અજવાળાં રેલાવી જાય છે.

આ મંદિરો કોણે બંધ્યા ? ક્યારે બાંધ્યા ? અહીં શા માટે બાંધ્યા ? એવાં અનેક પ્રશ્નો આ મંદિરોને નિરખતાં અંતરમાં ઉદ્ભવે છે.

આરાધ્ય દેવતાઓના મંદિર નિર્માણની ભાવના છેક વેદના સમયથી શરૂ થતી જોવા મળે છે. કૃષ્ણના સમયમાં એટલે મહાભારત કાળમાં તો તે ઉત્કૃષ્ટ હતી તેમ હરિવંશના આલેખન ઉપરથી જણાય આવે છે. દ્વારકા રચાવતી વેળા કૃષ્ણે પોતાના આરાધ્ય દેવોના મંદિરો બાંધવા વિશ્વકર્માને આદેશ આપેલો છે.

अस्मदर्थे सुविहितं क्रियतामत्र मंदिरम् ।
विविक्त चत्वरपथं सुनिविष्टेष्ट दैवतम् ॥
यथान्यायं निर्गाभिरे दुर्गाण्यायतनानिच ।
स्थानानि निदधुश्चात्र ब्रह्मादिनां यथाक्रमम् ॥
अपामग्नेः सुरेशस्य दषदोलुखलस्य च ॥

( હરિવંશ વિષ્ણુ પર્વ અ. ૫૮ શ્લો. ૧૪–૧૭ )

મંદિર બાંધવા સંબંધમાં શ્રીમદ્ ભાગવતમાં પણ જાણવા જેવું વર્ણન પ્રાપ્ત થાય છે.

मदर्चां संप्रतिष्ठाप्य मंदिरं कारयेद्दढम् ।
पुष्पोद्यानि रम्याणि पूजायात्रोत्सवाश्रितान् ॥

(શ્રીમદ્ ભાગવત સ્કંધ ૧૧ અ. ૨૭ શ્લોક ૫૦)

મંદિર નિર્માણની ભાવના સાથે વિકસતી જતી માનવ સંસ્કૃતિએ તેમાં રોજને રોજ કાંઇને કાંઈ નવું સર્જન કરવાની વૃત્તિ તરફ માનવીને પ્રેર્યો હોય તેવું જણાય છે. મંદિર નિર્માણની આદિકળા એટલે આદિ માનવના વિસવાટની ઝુંપડીની જાણે કે પ્રતિકૃત્તિ હોય તેવું પ્રાચીનમાં પ્રાચીન મંદિરોની બાંધણી જોતા જણાય છે. ઝુંપડી મીટાવી વધુ સંસ્કૃત માનવીએ ડેરા–તંબુ વસાવ્યા અને મંદિરના સ્થાપત્યે નવાંવાઘા સર્જ્યા જે વધતા વધતા આજે શિલ્પકળા અને સ્થાપત્યમાં અજોડ થઇને ઊભાં છે. આ સ્થાપત્ય વિધાનમાં અશ્લીલ મૂર્તિઓ જોવા મળે છે તેનો ખુલાસો પ્રાચીન ગ્રંથોમાંથી મળી આવે છે.

वज्रपातादि मोत्यादि निवारणार्थं यथोदितम् ।
शिल्प श. क्रो.यमण्यादि विन्यासं पौरुषाकृतिम् ॥
(उत्कल खंड)

मिथुनः पत्रवल्लभिः प्रमथैश्च प शोभयेत् ॥
(बृहत्संहिता)

અને એવું જ આલેખન અગ્નિ પુરાણમાં પણ વાસ્તુકળા સંબંધમાં નિર્દિષ્ટ કરવામાં આવતું જોવા મળે છે.

इअधःशाखा चतुर्थांशे प्रतिहारौ निवेशयेत ।
मिथुनै रथवल्लभिः शाखाशेषं विभूषयेत् ॥

આમ પુરાણકાળમાં મંદિર નિર્માણની ભાવનાના દર્શન થાય છે, તે ઉપરથી એટલું સમજી શકાય છે કે મંદિરો બંધાવવાની શરૂઆત આપણાં દેશમાં ઘણી જૂની છે. અને ઐતિહાસિક યુગમાં તો આ ભાવવાને કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં નગરની રચના કરતી વખતે જુદાં જુદાં દેવતાઓનાં મંદિરો બંધાવવા એમ કહી ખૂબ જ ઉત્તેજન આપવામાં આવ્યું છે. સેંકડો વર્ષપૂર્વે આ રીતે પોષાયેલી મંદિર

નિર્માણની ભાવનાએ કરી સૌરાષ્ટ્રમાં અનેક પવિત્ર સ્થાનોમાં અસંખ્ય મંદિરો બંધાયા છે. એ મંદિરોએ માત્ર આરાધ્ય દેવની મૂર્તિમાં પ્રાણ પ્રતિષ્ઠા નથી કરી પરંતુ ભારતીય ધર્મ, સંસ્કૃતિ, વિચાર, પદ્ધતિ, વેશભૂષા, વાતાવરણ અને ભારતીય જીવનના વિવિધ અંગોને પોતાની શિલ્પકળામાં સૌંદર્ય દ્વારા સજીવન કર્યા છે. સૌરાષ્ટ્રના મંદિરોની આ વાસ્તુકળા અને શિલ્પશૈલીએ સૌરાષ્ટ્રના યુગેયુગના ઇતિહાસના દર્શન કરાવ્યાં છે. અને સૌરાષ્ટ્રના માનવજીવનને નતનવી પ્રેરણાનાં પાન કરાવ્યા છે. સ્થાપત્ય વિધાનમાં મંદિરના દેવતાઓ મહત્વનો ભાગ ભજવે છે. આપણે ત્યાં કૃષ્ણ, વિષ્ણુ, શિવશક્તિ, સૂર્ય, બ્રહ્મા, અગ્નિ વરૂણ, નાગ ઈત્યાદિ દેવતાઓનાં મંદિરો જોવા મળે છે, ધર્મ, રાજ્ય પથક અને પરદેશી પ્રજાની સંસ્કૃતિની અસર તેની વાસ્તુકળા અને શિલ્પશૈલીમાં નજરે તરી આવે છે, અને તેના વાસ્તુવિધાનમાં વિવિધતા જોઇ શકાય છે. પત્થરના મંદિરો નિર્માણ થવાનો પ્રારંભ છેક મોર્ય રાજાઓ સમયથી થતો હોય તેમ માનવામાં આવે છે. છતાં સૌરાષ્ટ્રમાં એવાં મંદિરો છે કે જે પાંડવોના સમયના હોવાની માન્યતા છે.

હિન્દુ, જૈન કે બૌદ્ધ ધર્મનાં પરિબળ નીચે નિર્માણ થતાં મંદિરોની વાસ્તુકળા અને શિલ્પશૈલીમાં જે તે ધર્મ કે સંસ્કૃતિના પ્રતિકોનો પ્રયોગ કરવામાં આવતો નજરે ચઢે છે. એક ધર્મના મંદિરની વાસ્તુ પદ્ધતિ અને પ્રતિકોમાં થોડાં ફેરફાર સહ અનુકરણ મંદિરના સૌંદર્યને ખાતર બીજા ધર્મના મંદિર નિર્માણમાં થતું હોય તેવું પણ જોવા મળે છે. સ્વસ્તિક, કમલ, અમલક (આમળાં)ના પ્રતિકોથી વિભૂષિત પર્વત શિખરની શ્રેણીઓ વાળી આકૃતિ જેવાં સપ્તભોમ હિંદુધર્મના મંદિરોની અસર જૈન અને બૌદ્ધધર્મનાં મંદિરોના વાસ્તુવિધાન પર થયેલી જોવામાં આવે છે. ભારતીય શિલ્પકળાની મુખ્ય ત્રણ પ્રણાલિકા છે. (૧) દ્રાવિડ પ્રણાલિ (૨) આર્ય પ્રણાલિ (Indo-Aryau) (૩) ચાળુક્ય પ્રણાલિ મંદિરની શિલ્પકળા પદ્ધતિ પર રાજ્યકળાની પણ અસર છે. સૌરાષ્ટ્રમાં વિશેષ કરીને મૌર્યકાલીન, ગુપ્તકાલીન, મૈત્રક કાલિન, અને ચાલુકર કાલીન પ્રાચીન મંદિરો જોવા મળે છે. અને અહીંના મંદિરોમાં પરદેશી પ્રજાઓ જેવી કે ઈરાની, ગ્રીક, શક–પહ્લવ, વગેરેએ પોતાના દેશની વાસ્તુકળા અને શિલ્પ શૈલીની અસર ઉપજાવી છે એ પણ એક હકિકત છે, સારાંએ જગતને મુગ્ધ કરે એવાં સૌરાષ્ટ્રમાં પ્રાચીન મંદિરોનાં નિર્માણ માટે નિદાન પાંચ સુયોગો તો આવશ્યક છે.

(૧) જે સ્થાને મંદિર નિર્માણ કરવું હોય તે સ્થાનનું કોઈ ધાર્મિક મહત્વ !

(૨) તેવાં સ્થાન ઉપરનું સાર્વભૌમ સ્વામિત્વ.

(૩) ભક્તિ ભાવથી ભરપૂર ભક્ત હૃદય.

(૪) અઢળક રાજ્ય લક્ષ્મી અને

(૫) દીર્ઘ અને શાંત શાસન કાળ વા અનુગામીનો અધુરાં રહેલાં કાર્ય પરત્વેનો અનુરાગ કે આદરભાવ.

ઇશ્વરનું અસ્તિત્વ શ્રદ્ધાનું મહત્વ અને ભિન્નતામાં ઐક્યતાનાં દિગ્દર્શન કરાવવાનું મંદિરો સિવાય બીજું એકે સાધન માનવામાં આવ્યું નથી ભારતીય સંસ્કૃતિથી વિમુખ એવી અનેક પરદેશી પ્રજાઓએ સૌરાષ્ટ્ર દ્વારા ભારતમાં પોતાનો પગ પેસારો કર્યો છે ત્યાં કાયમી વસવાટ ધારણ કર્યો છે એ તમામ પ્રજાઓ આ પ્રદેશના પ્રજા જીવન સાથે ઓતપ્રોત થઇ ગઈ છે સ્થાયી અને આગંતુક પ્રજા જીવનને એક જ સંસ્કૃતિના સૂત્રે બાંધવા સૌરાષ્ટ્રના મંદિરોએ મહત્વનો ભાગ ભજવ્યો છે અને તેથી જ એ મંદિરો વિધર્મીઓની આંખમાં કણાંની માફક ખૂંચ્યા છે અને પરિણામે તેના શિલ્પ સ્થાપત્ય ઘવાયા છે.

મહાભારતના વનપર્વના તીર્થયાત્રા પર્વના અધ્યાય ૮૨ અને ૮૮ માં સૌરાષ્ટ્રના તીર્થોનું વર્ણન આપવામાં આવ્યું છે. જેમાં મુખ્યત્વે પ્રભાસતીર્થ, સંગમતીર્થ, વરદાનતીર્થ, દ્વારમતી યા દ્વારામતી પિંડતારક ક્ષેત્ર સમસોદ ભેદન અને મહાપર્વત ઉજ્જયંતને સૌરાષ્ટ્રના પવિત્રતમ તીર્થો તરીકે બિરદાવ્યા છે, અને તેના મહાત્મ્યના વિવિધ પ્રકારે ગુણગાન ગાયા છે. મહાભારત અને પાણિનિના સમય વચ્ચેનું કોઇ સાહિત્ય આજે ઉપલબ્ધ થતું નથી. અને તેથી ઈ. સ. પૂર્વે આઠમી સદી પહેલાંના સૌરાષ્ટ્રના ઇતિહાસ ઉપર માત્ર અંધકાર પથરાઈને પડેલો છે. ઇસુની પૂર્વે સાતમા સૈકાથી ભારતના સુસંબંધ ઇતિહાસના પાના ઉઘડવા શરૂ થયા છે. એ સમયે રાજ્યો તો આમ અનેક હતા પરંતુ મહત્વાકાંક્ષી મગધના સામ્રાજ્યે સૌરાષ્ટ્રના ઇતિહાસની તવારિખોનાં સર્જનમાં લાંબા કાળ સુધી મહત્વનો ભાગ ભજવ્યો છે. આમ છતાં સૌરાષ્ટ્રના ઉતિહાસના પાના ચમકાવી જાય તેવું શિશુનાગ અને નંદવંશનું સૌરાષ્ટ્ર ઉપરના સ્વામિત્વનું કોઈ વર્ણન વાંચવા મળતું નથી. શુદ્રજાતીના નંદવંશના રાજાઓ બ્રાહ્મણોને ધિક્કારતા હતા તેની નોંધ ઇતિહાસકારોએ લીધી છે, ઉભયવંશના ચારસોઆઠ વર્ષના આ સમય દરમ્યાન અતિ અગત્યના એવાં ત્રણ બનાવો બન્યા છે. (૧) જૈન ધર્મનો ઉદય, (૨) બૌદ્ધ ધર્મનો ઉદય, (૩) પરદેશી પ્રજાના સૌરાષ્ટ્ર ઉપર આક્રમણ. આ ત્રણેય બનાવોએ સૌરાષ્ટ્રની ભૂમિને પરોક્ષ રીતે અસર પહોંચાડી છે.

ઈ.સ. પૂર્વે છેક છઠ્ઠી સદીથી હિંદના ઉત્તર–પશ્ચિમ ભાગો ઉપર પરદેશી આક્રમણો શરૂ થયા. હારજીતને બાજુએ રાખીએ તો પણ આ આક્રમણોની અસર એકબીજા દેશોની પ્રજાના સંપર્કમા પરિણમી તેઓ વચ્ચે સંબંધો બંધાયા, અવરજવરને લીધે ધર્મ, સંસ્કૃતિ, શિલ્પકળા, સ્થાપત્ય

તેમજ વ્યાપાર વગેરેનો વિકાસ વિનિમય થયો, અને ત્યાર બાદ તો ઈ. સ. પૂર્વે ૩૨૨ થી મૌર્યસમ્રાટ ચંદ્રગુપ્તના રાજ્ય શાસને સૌરાષ્ટ્રના ઇતિહાસના પાના ચમકાવ્યા. મૌર્ય સમયનું સૌરાષ્ટ્ર એટલે દ્વારકા, પ્રભાસ, ગિરિનગર, ગિરનાર અને શત્રુંજય.

સૌરાષ્ટ્રના સમુદ્રના છેડાની ધરતી સુધી પોતાની આણ રાખવા પુષ્યગુપ્તને સૌરાષ્ટ્રનો સુબો નિમ્યો હતો. મૌર્ય સમ્રાટ ચંદ્રગુપ્ત બ્રાહ્મણોને સન્માનતો અને બ્રાહ્મણો પ્રત્યે આદરભાવ રાખતો. તેના સમયમાં સૌરાષ્ટ્રમાં શ્રીકૃષ્ણની પૂજા પ્રચલિત હતી. ગ્રીક અને ઈરાની શિલ્પકળાની અસરમાં દ્વારકાના જગત મંદિરમાં આજે પણ સચવાઇ— સંઘરાઇને બેઠેલાં પાંખાળા પ્રાણીઓ અને યુનાની ઢબના શિષ મુકુટ ધારતી પાંખાળી પરિઓની શિલ્પાકૃતિઓ આ સમયના મંદિરની અસ્મિતાની સચોટ સાક્ષી પૂરે જાય છે. ઈ. સ. પૂર્વે બીજી સદીની આજુબાજુમાં પ્રચલિત એવી બ્રાહ્મિલિપિમાં લખાયેલો અને મંદિરનાં સ્થાપત્ય સાથે જડીત્ર થયેલાં શિલાલેખ આ હકીકતને વિશેષ સમર્થન આપે છે.

ચંદ્રગુપ્ત પછી તેમના પુત્ર બિંદુસાર સૌરાષ્ટ્રના સમ્રાટ બન્યા તેઓ બ્રાહ્મણોને સન્માનતા અને બ્રાહ્મણધર્મ પ્રત્યે તેમને અનુરાગ હતો. તે સમયે કૃષ્ણપૂજા છેક જ પ્રસરી ગઇ હતી. એકાદ નાના બળવાને દબાવી દેવાં સિવાય તેમને કોઈ લડાઇ લડવાનો પ્રસંગ આવ્યો નથી. તેમના શાંત અને સમૃદ્ધ શાસનકાળમાં પિતાના અધુરા રહેલાં મનોરથો પરિપૂર્ણ કરવાની તેમને દરેક તક હતી. અને ત્યારબાદ જગતના અજોડ સમ્રાટ અશોક મગધના સામ્રાજ્યના માલિક બન્યા. રાજ્ય અમલના ચાર વર્ષ પછી તેમણે બૌદ્ધધર્મનો અંગિકાર કર્યો તે પહેલાં તેઓ બ્રાહ્મણધર્મ પાળતા હતા. દરેક ધર્મ પ્રત્યે તેમના આદરભાવ તેમની અમર કીર્તિમાં વધારો કરી જાય છે. બૌદ્ધધર્મના વિહારો, ચૈત્યો, સ્તુપો અને અનેક શિલ્પાકૃતિઓ તથા લોકોપયોગી બાંધકામો તેના સમયમાં રચાયેલા શિલાલેખો ઠેર ઠેર પર્વતો અને ગિરિકંદરાઓમાં આજે પણ નજરે પડે છે. અશોક પછી તેના પૌત્ર સંપ્રતિનું સૌરાષ્ટ્ર ઉપર અધિપત્ય હતું. તેમણે જૈનધર્મ અપનાવ્યો હતો. અને સૌરાષ્ટ્રમાં એક હજાર જૈનમંદિરો બનાવ્યા હતા. અશોકના શાસનકાળથી તે છેક બેકટ્રીઆના યવનરાજ મિનેન્ડરના સમય સુધી સૌરાષ્ટ્રમાં બૌદ્ધ અને જૈનધર્મનું પરિમળ પૂરજોશમાં રહ્યું હોય તેમ જણાય છે. મિનન્ડરે પાતાળ સૌરાષ્ટ્ર તથા લાટ (નર્મદાના કિનારાનો પ્રદેશ) દેશ જીતી લીધા હતા. પોતે બૌદ્ધધર્મનો અંગિકાર કર્યો હતો. આમ ઇ. સ. પૂર્વે ૧૬૦ એટલે એકસોથી પણ વધુ વરસોના સમય દરમ્યાન સૌરાષ્ટ્રમાં બ્રાહ્મણ ધર્મનું જોર મંદ થતું ચાલ્યું છે એજ સમયે બ્રાહ્મણ ધર્મની પુનઃપ્રતિષ્ઠા કરનાર હતો ભારદ્વાજ ગોત્રનો બ્રાહ્મણ પુષ્પમિત્ર મૌર્યવંશના છેલ્લાં રાજા બ્રહદ્રથનો તે સેનાપતિ હતો બ્રહદ્રથનો વધ કરી તે મગધની ગાદીએ આવ્યો અને સૌરાષ્ટ્રમાંથી મિનેન્ડરને મારી હઠાવી બ્રાહ્મણ ધર્મને પુનઃ સ્થાપિત કર્યો પોતે અશ્વમેઘ યજ્ઞ કરી યજ્ઞાદિ વૈદિક વિધિ વિધાનો ફરીને પાછા શરૂ કર્યા તેના સમયમાં રાજ્યના આશ્રયે સંસ્કૃત ભાષા તથા સાહિત્યનો ખૂબજ વિકાસ થયો આ સમયમાં ભાગવત વૈષ્ણવ ધર્મ તથા શૈવધર્મ સંપ્રદાયનો પ્રભાવ વધ્યો શ્રીકૃષ્ણ વિષ્ણુ શિવ વગેરેની પૂજાનું પરિબળ ફરીને વધવા પામ્યું.

શુંગવંશના સમયમાં હિન્દુ ધર્મના ઘણાં મંદિરો બંધાયા છે જે શુંગકાલિન કહેવાય છે આ યુગોની શિલ્પાકૃતિઓ ભારહુત શૈલીની ગણાય છે અને ત્યાર પછી તો શાકયદ્વિપ (સિંધુ નદીનો મુખ્ય પ્રદેશમાંથી) સૂર્ય પૂજક શક-પહેલવોનો પ્રવાહ સૌરાષ્ટ્રમાં વહેવો શરૂ થયો છે.

ઇ. સ. પૂર્વની પહેલી સદીના પૂર્વાર્ધમાં આ પ્રજાના માગ, મોગ, મોશ રાજાનું સિંધ-પાતાળ માળવા સૌરાષ્ટ્ર તથા લાટ દેશ ઉપર આધિપત્ય હતું મોગના મંદિરના ખંડેર આજે પણ દ્વારકાથી થોડેજ દૂર ઊભાં રહયા છે પિંડારા સુવાણ સૂર્ય તીર્થ હરસિદ્ધિના કોયલા ડુંગર ઉપર તેમજ સૌરાષ્ટ્રના સમુદ્રના કિનારા પરના અનેક સ્થળે આ પ્રજાના આગમનના સ્મરણ ચિન્હ રૂપે પૂર્વાભિમુખ એવાં અનેક સૂર્ય મંદિરો મૃતઃપ્રાય બનીને ઊભાં છે. સૂર્ય મંદિરોની રચના અને સ્થાપત્ય વિધાન બ્રાહ્મણ ધર્મના મંદિરો કરતાં નિરાળા છે.

ઇસ્વીસનના આરંભથી તે ચોથી સદીના પૂર્વાર્ધ સુધી સૌરાષ્ટ્રમાં શક લોકોનું અને પશ્ચિમના શક ક્ષત્રપોનું પ્રાબલ્ય સારી રીતે રહેવા પામ્યું તેનાં સમયમાં સૂર્ય પૂજા સવિશેષ પ્રચલિત બન્યાનું જણાઈ આવે છે. દક્ષિણના શાત વાહન રાજવી ગૌતમીપુત્ર શાતકર્ણી જેવા આ ભૂમિમાં આવવા લલચાયા છે. પણ તેમનો અમલ લાંબા સમય સુધી સૌરાષ્ટ્રમાં રહી શકયો નથી. ઉપલબ્ધ શિલાલેખને આધારે સૌરાષ્ટ્રમાં ગોમના ડુંગર ઉપર આવેલું મંદિર ઈ. સ.ની પાંચમી સદીથી વહેલું નહીં એટલું પુરાણું માનવામાં આવે છે. આ મંદિરની રચના અને શિલ્પશૈલી સાથે સરખાવતા ઓખા મંડળમાં આવેલાં આરંભડા, સુવાણ, વસઇ, પ્રેવાડ અને કુરંગાના સૂર્યમંદિરો વધુ આદિ કાળના હોય એમ જણાઇ આવે છે.

૧. આરંભડા :

દ્વારકાથી ઓખા પોર્ટ જવાના માર્ગ ઉપર આરંભડા ગામના પાદરમાં રસ્તાની જમણી બાજુએ આ મંદિર પોતાનું પુરાતત્વ સાચવીને હજુ સુધી અપૂજ્ય અવસ્થામાં ઊભું છે.

૨. સુવાણ-સૂર્યતીર્થ :

દ્વારકાથી ઉત્તર પૂર્વે ચાર માઇલ પર આવેલાં સૂર્ય તીર્થને આજે સુવાણ તરીકે ઓળખવામાં આવે છે. અહીંઆં એક પ્રાચીન મંદિર આવેલું છે. જેમાં સૂર્યની મૂર્તિ બિરાજમાન હતી. ત્યાં પથ્થરનો બનેલો સૂર્યનો રથ પણ હતો, જે હાલમાં વડોદરામાં મ્યુઝીયમમાં રાખવામાં આવેલો છે. અહીંયા એક સરોવર છે. તેમાં અગણિત સૂર્યમુખી કમળો ઉગે છે. ઉગતા સૂર્યના પ્રકાશમાં એ કમળો જાણે કે સુવર્ણના હોય તેવાં દેખાય છે અને તેથી આ સ્થળને સુવર્ણ તરીકે ઓળખવામાં આવે છે. અહીંથી બે ફર્લાંગને અંતરે ઉત્તર દિશામાં એક ટેકરા ઉપર ગુહાદિત્યના દહેરાં આવેલાં છે. તે પણ સૂર્યમંદિર હોવાનું જણાય છે. અહીંયા સોમરથી ગાળવાના વિશાળ કદના ઉલૂખલો તેના પથ્થરની જાત અને કારીગીરીથી સહુની નજરને આકર્ષે છે. આ ટેકરા ઉપરથી ઇ. સ. ની આજુબાજુમાં વપરાતા માટી, ઠામના ઠીકરાં R. P. W (Red Postery Wear) તેમજ ક્ષત્રપોના સિક્કાઓ અવારનવાર મળી આવે છે. તે ઉપરથી આ મંદિર ક્ષત્રપોના કોઇ સમયમાં બંધાયું હોય તેમ માનવાને કારણ રહે છે.

૩. વસઈ :

વસઈ ચાવડાઓની પ્રાચીન રાજધાની તરીકે પંકાતુ વસઇ ગામ દ્વારકાથી ઉત્તરે ૬ માઈલ પર આવેલું છે. અહીંયા જુદાં જુદાં યુગના પ્રાચીન મંદિરો તથા સૂર્યમંદિર રેશમીઆ દેહરા તરીકે જાણીતું છે. ભગ્નાવસ્થામાં પડેલાં અહીંઆના જૈનમંદિરના સભામંડપનો ઘુંમટ અને તેની છતમાં બારીક નકશીથી કોતરેલું શિલ્પ આબુના કોઈ દેવાલયની સ્મૃતિને તાજી કરે છે, કનકસેન ચાવડાએ વસાવેલી આ નગરીનું અસલ નામ કનકાવતી હતું. અહીંયા એક સમયે વિષ્ણુ અને શિવપૂજાનું વિશેષ હતું, તે અહીંના શિલ્પ ભરપુર પ્રાચીન મંદિરો જોતાં જણાય આવે છે. મંદિરના શિલ્પ સાથે કોઇ અડપલું ન કરે તેને માટે એક શિલામાં ગધા ગાળ લખવામાં આવી છે આ મંદિરો ઇ. સ. ની પાંચમીથી અગિયારમી સદી સુધીમાં જુદાં જુદાં સમયે બંધાયેલા હોવાનું જણાય આવે છે અહીંયા એક વિશાળ ઉલુખલ ભગ્ના વસ્થામાં જમીનમાં દટાઇને પડયો છે.

૪. ક્રેવાડ :

દ્વારકાથી ૧૦ માઈલિ દક્ષિણે પોરબંદર જવાના માર્ગ ઉપર આ ગામ આવેલું છે આ ગામના પાદરમાં ઉત્તર દિશામાં એક મંદિર આવેલું છે આ મંદિરની રચના અને શિલ્પ મંદિર રચનાના આદિ કાળનું છે અને સુવાણ તથા પિંડરાના સૂર્ય મંદિરો સાથે ઘણે અંશે સામ્યતા ધરાવે છે હાલમાં તેમાં સિંદૂર લગાડેલી મૂર્તિ તરીકે અહીંના વાઘેરો પૂજે છે જ્યારે વાસ્તવમાં આ મૂર્તિ સૂર્યની છે અહીંયા પણ વિશાળ કદનો એક ઉલૂખલ મંદિરની પ્રાચીનતાની સાક્ષી પુરતો ઊભો છે.

૫. કુરંગા :

દ્વારકાથી ૨૦ માઈલિ દૂર શિર્ફ માટીના વિશાળ ટેકરા ઉપર વસેલું ગામ છે ગામથી એક માઈલિને અંતરે દક્ષિણ દિશામાં એક મંદિર આવેલું છે અન્ય મંદિરો સાથે શિલ્પ શૈલીમાં સામ્યતા ધરાવતું આ મંદિર પણ એકજ યુગની રચનાનું છે, અહીંયા પણ એવોજ ઉલૂખલ જોનારને કુતુહલ પેદા કરાવે છે. ઈ. સ. ના ચોથા સૈકાથી ગુપ્ત વંશના રાજાઓનો પ્રભાવ સારાયે સૌરાષ્ટ્ર ઉપર વ્યાપ્ત થઈ ચૂકયો હતો ભારત વર્ષના આ સુવર્ણ યુગમાં સૌરાષ્ટ્રમાં વિષ્ણુ પૂજા સર્વ શ્રેષ્ઠ બની ચૂકી હતી. એ સમયમાં સૌરાષ્ટ્રમાં વિષ્ણુનાં મંદિરો બંધાયાનું આલેખન મળી આવે છે. આ યુગમાં તીર્થ સ્થળોમાં માહાત્મ્ય વર્ણવતું સ્કંદ પુરાણ રચાય છે. સૌરાષ્ટ્રમાં પ્રભાસ ખંડ અંતર્ગત પ્રભાસ મહાત્મ્ય અને દ્વારકા મહાત્મ્ય અનેક પ્રાચીન તીર્થ સ્થળોનો મહિમા વર્ણવે છે દ્વારકાના જગત મંદિરની બીજી વખતની રચના ( second edition ) આ યુગની શિલ્પ શેલી અને વાસ્તુ વિધાનથી ભરપુર હોવાનું જણાઇ આવે છે અહીંનું શ્રી રૂક્મિણીનું મંદિર અને તેનું શિલ્પ અને તેનું શિલ્પ અને સ્થાપત્ય એ ગુપ્ત યુગના પૂર્ણ કળાએ વિકસેલાં વાસ્તુ વિધાનનું મૂર્તિમંત સ્વરૂપ છે એની પ્રતિકૃતિ તરીકે કંડોરાયેલું એવું બીજું મંદિર સૌરાષ્ટ્રના સાગર કિનારા ઉપર હરસિદ્ધિ માતાનું છે.

૬. હર્ષસિદ્ધિ–હર્ષદામાતા :

દ્વારકાથી દક્ષિણમાં સમુદ્રની ધાર ૩૬ માઈલ દૂર પોરબંદરથી ઉત્તર – પશ્ચિમમાં બાવીસ માઇલ દૂર પશ્ચિમમાં હર્ષદા માતાનું વિખ્યાત મંદિર આવેલું છે અહીંનું પ્રાચીન મંદિર કોયલાના ડુંગર ઉપર આવેલું છે. જ્યારે હાલનું મંદિર પર્વતના નીચેના ભાગમાં છે. પ્રાચીન મંદિરમાં બિરાજમાન દેવીની દૃષ્ટિ જ્યાં સમુદ્ર પર પડતી ત્યાંથી પસાર થતાં વહાણો ડૂબી જતા તેથી ગુજરાતના દાનવીર શેઠ ઝઘડુશાહે તેમનુ પ્રતિષ્ઠાપન નીચેના મંદિરમાં કર્યું. નીચે પધારતા દેવીના ઉગ્રસ્વરૂપને શાંત કરવા ઝઘડુશાહને પોતાનું અને પોતાના કુટુંબનું બલિદાન દેવા તૈયાર થવું પડયું ત્યારે માતાજીનો કોપ શાંત થયો. અને નવાં મંદિરમાં તેનું પ્રતિષ્ઠાપન થયું. એવી પણ લોક કથા છે કે મહારાજ વીર વિક્રમાદિત્ય માતાજીને અહીંથી આરાધના કરીને પ્રસન્ન કરી પોતાની સાથે ઉજ્જૈન લઈ ગયા જેથી દિવસે માતાજીનો વાસ ઉજ્જૈનના હરિસિદ્ધિ મંદિરમાં અને રાત્રે અહીંયા રહે છે. બંને સ્થાનોમાં મુખ્ય પીઠ પર યંત્ર છે અને તેની પાછળની દેવીની મૂર્તિઓ બહુધા એક સરખી છે. મનોરથોની સિદ્ધિ દાતા એવાં આ દેવીના સ્થાને આવવા સૌરાષ્ટ્રના ભાટીઆ

સ્ટેશનેથી તેમજ પોરબંદરથી બસનો વ્યવહાર જોડવામાં આવ્યો છે

૭. વિસાવાડા :

પોરબંદરથી પશ્ચિમે સોળ માઈલ અને હરસિદ્ધિથી પોરબંદર જવાના માર્ગે ત્યાંથી આઠ માઈલ વિસાવાડા કરીને ગામ આવેલું છે. લોકો તેને મૂળ દ્વારકા તરીકે ઓળખે છે. અહીંઆ શ્રી રણછોડરાયજીનું મંદિર આવેલું છે, અને તેની આજુબાજુ બીજાં પણ નાના મંદિરો છે. પુરાતત્ત્વની દૃષ્ટિએ આ મંદિરોને પ્રાચીન કહી શકાય નહીં. પરંતુ પ્રાચીન દ્વારકાનો બાર યોજનના વિસ્તારનો છેડો અહીં સુધી હોય તેમ માની શકાય. પોરબંદરથી અહીં આવવા માટે બસ વ્યવહાર ચાલે છે.

કાંટેલા :

પોરબંદરથી સાત માઈલ દૂર સમુદ્ર કિનારા પર કાટેલા ગામ વસેલું છે. ગામની ઉત્તરે રેવતીકુંડ અને રૈવતેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર છે. સૌરાષ્ટ્રમાં આવેલાં બરડાનો ડુંગર એ પુરાણોનો રૈવતાચલ છે. તેની સાક્ષીરૂપે આ બંને પ્રાચીન સ્થાનો અહીં પ્રકટ થયા છે. અહીંઆ મહાકાલેશ્વરનું પણ એક પ્રાચીન મંદિર છે. જેનું સ્થાપત્ય ચાલુકય પ્રણાલિનું જણાય છે.

શ્રીનગર :

પોરબંદરની બાજુમાં એક નાનું ગામ છે. આ ગામમાં એક પ્રાચીન સૂર્યમંદિર આવેલું છે.

માધવપુર :

દક્ષિણ સૌરાષ્ટ્રના સાગર કિનારા પર એક ખ્યાતનામ પવિત્ર તીર્થસ્થળ આવેલું છે. માધવપુર તરીકે પ્રસિદ્ધ છે. શ્રીકૃષ્ણ જ્યારે રૂક્ષ્મિણીનું હરણ કરીને દ્વારકા પધારતા હતા ત્યારે રસ્તામાં માધવપુરમાં તેમણે રૂક્ષ્મિણી સાથે લગ્નવિધિ કર્યો હતો. આ સ્થળે સમુદ્રના કિનારા ઉપર જ રેતાથી અર્ધ જેટલું દટાઇને પડેલું એક પ્રાચીન મંદિર છે. ચાલુકય પ્રણાલિનું આ મંદિર નિદાન નવમી સદીથી અધિક આગળ હોય તેવું આ મંદિર સૂર્યમંદિર હોવાની શકયતા પણ નકારી શકાતી નથી. પોરબંદર, કેશોદ અને માંગરોળથી આ સ્થળે બસમાં જવાય છે.

માંગરોળ :

સમુદ્ર તટપર આવેલાં આ સ્થળમાં કોઈ પ્રાચીન મંદિર નથી પરંતુ આ સ્થાનનો મધ્યયુગનો મહિમા જાણવા જેવો છે. ભકત કવિ નરસિંહ મહેતાના કાકા પર્વતરાય મહેતા અહીંથી તુલસીપત્ર લઇને દ્વારકાથી દ્વારકાધિશને અર્પણ કરવા જતા, અડસઠ વર્ષની ઉંમરે જ્યારે તેઓ પોતાની ટેક જાળવવા અશકત બની ગયા ત્યારે ભકતની લાજ રાખવા શ્રી દ્વારકાનાથ સ્વયં તથા શ્રી વિગ્રહ સ્વરૂપે પ્રકટ થયા સાથે ગોમતી તીર્થ પણ ત્યાં પ્રકટ થયું એ સમયનું ભગવાનનું ત્યાં મંદિર છે. જેની બાજુમાં ગોમતી તીર્થ સરોવર પણ છે. કેશોદ સ્ટેશનથી શીલ થઈ બસમાં ત્યાં જવાય છે.

કામનાથ :

માંગરોળથી માત્ર એક માઇલ દૂર કામનાથ મહાદેવનું મંદિર છે. શ્રાવણ માસમાં અહીં મેળો ભરાય છે. એથી વિશેષ એનું મહાત્મ્ય નથી. અહીંથી એક માઈલ દૂર નાગહદ નામનું પ્રાચીન સ્થાન છે. સર્પદંશથી પીડાતા માનવી ત્યાં પહોંચી જાય તો તેને ઝેરની અસર થતી નથી એમ કહેવાય છે.

બરડાનો ડુંગર ઘુમલો :

જેઠવાઓની ઘુમલીની જાહોજલાલી મૈત્રક કાળમાં પૂર્ણ કક્ષાએ પહોંચી હતી. આજે તો તેના માત્ર ભગ્નાવશેષો ભાણવડથી ચાર માઇલ દૂર અસ્તવ્યસ્ત અવસ્થામાં પોતાના સુખદ ભૂતકાળ ઉપર આંસુ સારતા સોડ તાણીને સુતા છે. અહીં બરડા ડુંગરના એક ઊંચા શિખર ઉપર આશાપુરી દેવીનું પ્રાચીન મંદિર છે. પોરબંદરથી શાખપુર સ્ટેશને થઇ પગરસ્તે અહીં જવાય છે. આ ભગ્નાવશેષ મંદિરોમાં એક નવલખા મંદિરની શિલ્પકળા નજરને ખૂબ જ આકર્ષે છે. પર્વત પર ચઢતા માર્ગમાં બીજાં ત્રણ મંદિરો આવે છે. જે પણ ધ્વસ્તપ્રાય થઇને પડયાં છે. થોડે આગળ સોનું કંથારીનું મંદિર અને વાવ ઘુમલીના ઉજ્જવળ ઇતિહાસના પાના ઉઘાડતા આજે પણ દૃષ્ટિગોચર થાય છે.

બિલેશ્વર :

બરડાના ડુંગર ઉપર જતાં પ્રારંભમાં જ આ સ્થાન આવેલું છે. પોરબંદરથી શાખપુર સ્ટેશન સુધી ટ્રેનમાં ત્યાંથી ગાડામાં અથવા તો પગરસ્તે જવાય છે ખોરાણા સ્ટેશનથી આ સ્થાન માત્ર બે માઇલ જ દુર છે. બિલેશ્વર એ બરડા ડુંગરનુ પ્રાચીન તીર્થધામ છે. એમ કહેવાય છે કે ભગવાન શ્રીકૃષ્ણે તપ કરીને ભગવાન શંકરને પ્રસન્ન કર્યા હતા. બિલેશ્વરનું શિવમંદિર પ્રાચીન શિલ્પકળા અને કારીગીરીનો સુંદર નમૂનો છે. આજે પણ અહીંઆ શ્રાવણ માસના સોમવારે મેળો ભરાય છે.

કીલેશ્વર :

બરડાના ડુંગરની બીજી બાજુ આવેલાં મંદિરે જવાનું જામનગરથી સુગમ થઇ પડે છે, અહીંઆ આવવા સીધી

સડક છે, અને ઝાઝા ડુંગરા વટાવવા પડતા નથી. અહીં સુધી મોટરબસ આવે છે. કીલેશ્વર નદીને કિનારે કીલેશ્વરનું શિવમંદિર આવેલું છે, જે ઘણું જ પ્રાચીન છે. હાલમાં આ મંદિરનો જીર્ણોદ્ધાર થયેલો છે. પરંતુ આ મંદિર સૌરાષ્ટ્રમાં પાંડવોના સમયનું છે એમ કહેવાય છે. પ્રાચીન અને અર્વાચીન સંસ્કૃતિના સંગમ સ્થાન સમી સૌરાષ્ટ્રની પવિત્ર ભૂમિ દેવો, ઋષિ–મુનિઓ, સંત–મહંતો અને મહાત્માઓની પુણ્ય ભૂમિ છે. દાનવીરો અને શૂરવીરોની શૌર્ય ગાથાથી છલકાતી એ કર્મભૂમિ છે. અહીં તો એના માત્ર સાગરકાંઠાની સંસ્કૃતિનું નિરૂપણ કર્યું છે. શ્રીકૃષ્ણના સમયથી તે મહાત્મા ગાંધી સુધીનું કર્મભક્તિ અને જ્ઞાનથી ગુંજતી એની રજેરજમાં અનેરૂં સામર્થ્ય ભર્યું પડ્યું છે, ભારતવર્ષ તેમાંથી નતનવી પ્રેરણાના પાન કરતું રહેશે એ નિશંક છે.

**મોક્ષપુરી દ્વારકા :**

શાસ્ત્રમાં વર્ણવેલ સાત મોક્ષપુરીમાં દ્વારકાનું નામ પણ છે. ભગવાન કૃષ્ણ યાદવો સહિત આવી વસ્યા પછી તે તીર્થભૂમિ થઈ, તે પહેલાં તેનું નામ હતું કુશસ્થલી. કુશસ્થલીમાં રૈવત રાજ્ય કરતો. દ્વારકા ભગવાન શ્રીકૃષ્ણના સમયમાં સમૃદ્ધિથી પરિપૂર્ણ હતું. બધાં જ પુરાણો અને મહાભારતમાં લખ્યું છે કે ભગવાન શ્રીકૃષ્ણ પરમ ધામમાં પધાર્યા પછી શ્રીહરિના મંદિરને બાદ કરતાં આખી દ્વારકાને સમુદ્રે ડુબાડી દીધી. વર્તમાન દ્વારકા એ મૂળ દ્વારકા છે કે કેમ તેના સંબંધમાં વિદ્વાનોમાં મતભેદ છે. મૂળ દ્વારકા ક્યાં હશે તેના વિષે પણ ઘણાં મંતવ્યો રજૂ થયા છે. એ ત્રણ સ્થળો પણ પોતાને ત્યાં મૂળ દ્વારકા હોવાનો દાવો કરે છે. વર્તમાન દ્વારકા શું આદ્ય શંકરાચાર્યના સમયમાં હતી ?

અત્યારે દ્વારકામા પશ્ચિમામ્નાયનો જગદ્ગુરુજીનો શારદામઠ છે. ભગવાન મૌલીશ્વર પણ બિરાજે છે. તો પછી આદ્ય શંકરાચાર્યજીના સમયથી તો વર્તમાન દ્વારકા હશે જ ને ? આ બધા પ્રશ્નો ઇતિહાસના વિદ્વાનો અને સંશોધકોએ ચર્ચવાના છે. અમારૂં કામ તો તીર્થસ્થાનો વિશે વિગતો આપવાનું છે. હાલની દ્વારકા ઓખા મંડળમાં આવેલી છે. આખો પ્રદેશ સૂકો છે. વચ્ચે વચ્ચે થોર અને ટીંબા સિવાય વનશ્રી તો છે જ નહીં. ગોમતીના જમણા કાંઠા પર દ્વારકા છે. ત્યાંની હવા દરિયા કિનારાને કારણે સમધારી છે, યાત્રાએ આવવા માટે વર્ષાઋતુ પછીનો સમય આસો–કાર્તિક માસ તથા શિયાળાના અંતે મહામાસ અને ઉનાળાના પ્રારંભમાં ફાગણમાસ પસંદ કરવા જેવાં છે. ગામનું મુખ્ય આકર્ષણ જગતમંદિર અથવા દ્વારકાધીશજીનું મંદિર છે. ગોમતીમાં સ્નાન કરીને તેનાં લગભગ ૫૦, ૫૫ પગથિયાં ચડતાં મંદિરનું ને તેની બાવન ગજની ધજાનું જે દર્શન થાય છે તે રમણીય છે. મુખ્ય મંદિરના ગર્ભગૃહ ઉપર ૧૭૦ ફૂટ ઊંચું છ માળવાળું શિખર છે, શિખર પર જવા માટે મંડળમાં સીડી છે. સામે પાંચ માળનો ૬૦ સ્તંભ પર રચેલો મંડપ છે, મંદિરની બહારની બાજુએ કોતરકામ છે પણ અંદરની રચના સાદી છે. મંદિરને બેવડો કોટ છે અને ભીંતોની વચ્ચે પ્રદક્ષિણા માટે જગ્યા છે. કોટની દક્ષિણ તરફના દરવાજાનું સ્વર્ગદ્વાર નામ છે ને ઉત્તર દરવાજો મોક્ષદ્વાર તરીકે ઓળખાય છે. મુખ્ય મંદિરના ગર્ભગૃહમાં સિંહાસન પર ભગવાન દ્વારકાધીશજીની અથવા રણછોડરાયજીની શ્યામરંગી, ચતુર્ભુજ, લગભગ ૩ ફૂટની મૂર્તિ બિરાજે છે. પહેલાં તો યાત્રાળુઓ મંદિરમાં જઈ ચરણ સ્પર્શ કરી શકતા, તે હવે બંધ છે, મંદિરના ઉપરના માળમાં અંબાજીની મૂર્તિ છે. સભામંડપના એક ખૂણે બળદેવજીની મૂર્તિ છે, આંગણામાં મુખ્ય મંદિરથી જુદું ત્રિવિક્રમજીનું મંદિર છે, જે શિખરબંધી છે. બીજી બાજુ પ્રદ્યુમ્નનું એવું જ મંદિર છે. ઉત્તરના દરવાજાથી પશ્ચિમ બાજુ પર કુશેશ્વરનું મંદિર છે, તદુપરાંત અંબાજી, પુરૂષોતમજી, દત્તાત્રેય, દેવકીમાતા, લક્ષ્મીનારાયણ, માધવજી વગેરેના નાના મંદિરો છે. મોક્ષદ્વારથી પૂર્વે કોલાભગતનું મંદિર છે, ને પૂર્વ તરફની ભીંત પાસે રૂકમણી, સત્યભામા, જાંબુવંતી વગેરેણા મંદિરોછે. કમ્પાઉન્ડની દક્ષિણે શારદામઠના અધિકાર નીચે રણછોડરાયજીનો ભંડાર છે. જેમાંથી ભોગ સામગ્રી તૈયાર થઇને રણછોડરાયજીને ધરાવવામાં આવે છે. ભારતની દક્ષિણે શારદાપીઠ છે. શારદા પીઠાધિશ્વરની પ્રેરક પ્રેરણા નીચે દ્વારકામાં આર્ટ્સ કોલેજ અને સંશોધન વિદ્યાલય ચાલે છે. ગામથી થોડેદૂર પટરાણીજીનું શિખરબંધી મંદિર છે. ઘણાં યાત્રાળુઓ નગરની પરિક્રમા કરે છે તેમાં ક્રમ આ પ્રમાણે છે. ગોમતી ઘાટ, સંગમઘાટ, ચક્રતીર્થ, સિદ્ધનાથ, જ્ઞાનકુંડ, અક્ષયવડ, અઘોરકુંડ, ભદ્રકાળી, આશાપુરી, કૈલાસકુંડ, સૂર્યનારાયણ, જયવિજય, નિષ્પાપકુંડને રણછોડરાયનો દક્ષિણ દરવાજો દ્વારકાથી દોઢ ગાઉ દૂર રામ–લક્ષ્મણનું મંદિર છે અને મહાપ્રભુજીની બેઠક છે ત્યાંથી એક ગાઉ દુર સીતાવાડી છે ને પાપપુણ્યની બારી છે. દ્વારકાની નગરપાલિકા સારૂં કામ કરી રહી છે. ગામમાં ઘણી ધર્મશાળાઓ છે, ને તીનબત્તી ચાર રસ્તા ચોકમાં એક લૉજ પણ છે.

**બેટ દ્વારકા :**

બેટ દ્વારકાને સૌરાષ્ટ્રના લોકો શંખોદ્ધાર બેટ પણ કહે છે, કેમ કે શંખાસુરનો ભગવાને ઉદ્ધાર કર્યો હતો. દ્વારકાથી રેલ્વે રસ્તે અથવા બસદ્વારા ઓખા સ્ટેશને ઉતરાય છે. ખાડીના કાંઠે હોડીઓમાં બેસવું પડે છે. પવન અનુકૂળ હોય તો બેટ પર જલ્દી પહોંચી જવાય છે. નહિતર સારો એવો સમય વહાણવાળા લે છે. દરિયાનું પાણી લીલું કાચ જેવું સ્થિર અને ઊંડું છે. બેટના ઉત્તર કિનારા

પાસે બેટ ગામ છે. ત્યાં ધર્મશાળા પણ છે. અને સર્વવસ્તુ પણ મળે છે. બેટમાં બે સ્થાન દર્શનીય છે, જેમાં રણછોડરાયજી મંદિર ને શંખોદ્ધાર મંદિર છે. મુખ્ય મંદિર રણછોડરાયજીનું શિખર બંધી નથી પણ હવેલી જેવું છે. વિશાળ ચોકની ફરતો કોટ છે ને બે ત્રણ માળના ચાર પાંચ મંદિર છે. અંદરના દરવાજામાં જતા જમણી બાજુ શ્રી કૃષ્ણનો મહેલ છે, બાજુમાં સત્યભામા જાબુંવંતીના મહેલો છે. ત્યાંથી ઉત્તર તરફ પ્રદ્યુમ્નજી, રણછોડરાયજી, ત્રિવિક્રમજી, પુરૂષોતમજીના મંદિરો છે. ત્યાંથી દક્ષિણ તરફ દેવકીજીને માધવજીના મંદિરો છે કોટથી દક્ષિણે પશ્ચિમ તરફ અંબાજીનું મંદિર છે. ગરૂડજી પણ પૂર્વ તરફ છે. સૌથી મોટો મહેલ શ્રી કૃષ્ણનો છે. તેમાં પણ લગભગ દ્વારકા જેવીજ મૂર્તિ છે. દ્વારકામાં પ્રભુના હાથમાં શંખ ઉભો છે જ્યારે બેટમાં શંખ આડો ગ્રહણ કર્યો છે સૌ મંદિરના ભોગ ભંડાર જુદા જુદા છે. મંદિરો પ્રાયઃ અંધારાવાળા ને રાંણીઓની મૂર્તિ તો કંઇ જુદી લાગેજ નહીં તેવીજ છે.

શંખોદ્ધાર મંદિર શંખ તળાવના કાંઠા પર છે ત્યાં શંખ નારાયણના જૂના નવા મંદિરો છે. શંખ નારાયણનું મંદિર મત્સ્યાવતારનું મંદિર છે. અને નારાયણની મૂર્તિના શરીરમાં દશે અવતારો બતાવ્યા છે. ગોપી તળાવ બેટના રસ્તા દ્વારકાથી ૧૩ માઇલ છે. કહેવાય છે કે ભગવાનના રૂક્ષ્મણીજી સાથેના લગ્ન સમયે ગોપીઓ વ્રજથી અહીં આવી પ્રભુના લગ્નોત્સવના દર્શન કરી પ્રભુમાં લીન થઇ ગયેલી ગોપીઓ જ્યાં સમાઈ ગયેલી તે ગોપી તળાવમાંથી ગોપીચંદનની લાકડીએ, બતાવી વૈષ્ણવો લઈ જાય છે, ગોપીચંદન જેના શરીરમાં ગરમી વધારે હોય ને ચામડીના રોગો થતા હોય તેની ઉપર લગાડવા માટે શ્રેષ્ઠ છે, આ જાત અનુભવ છે.

પિંડારક :

કર્મ, ભક્તિ અને જ્ઞાનના ધ્વનિ પ્રતિધ્વનિથી સદૈવ ગુંજતી સૌરાષ્ટ્રની વીર અને સંત ભુમિના વાયવ્ય છેડે સિન્ધુ અને સાગરના સલિલ ધરતીના જે ટૂકડાના અહર્નિશ પાદ પક્ષલન કરે છે, તે ટૂકડા ઉપર છેક પ્રાચીન કાળથી આર્ય સંસ્કૃતિની સોરંભ ફેલાવતી એક નગરી વસી હતી. જેનું પૌરાણિક નામ છે દેવપુરી યાને પુરૂષોતમ પુરી. પુરાણોઓએ તેને પિંડારક ક્ષેત્ર તરીકે પણ તેનું ઉદ્ઘાટન કરેલું છે. આજે તે પિંડારા તરીકે માત્ર નામશેષ પોતાની અસ્મિતા ટકાવી રહયું છે. જામનગર જીલ્લાના ખંભાળીયા ગામથી પશ્ચિમે ચોવીસ માઇલ દૂર ભાટીયા સ્ટેશનથી ઉત્તર –પશ્ચિમે દશ માઈલ દૂર અને દ્વારકાથી ઉત્તર પૂર્વે ચોવીસ માઇલ દૂર આ તીર્થક્ષેત્ર આવેલું છે. તપસ્વિઓ અને મહર્ષિઓની આ ભૂમિ દેશના એકાંત ખૂણામાં જેવી જોઇએ તેવી આજે પ્રસિદ્ધિને પામેલી નથી. કારણ કે અહીં આવવા માટે અવરજવરના આધુનિક સાધનો અર્ધ વિકસિત અવસ્થામાં છે પરિણામે આ ક્ષેત્રનો ભવ્ય ભૂતકાળ દ્રાષ્ટ વિહોણો થઇને પડયો છે. આમ છતાં આ ભૂમિના ગુણગાન મહાભારતે, હરિવંશે શ્રીમદ્ ભાગવતે તથા સ્કન્દ પુરાણ ઈત્યાદિએ વિવિધ રીતે ગાયા છે, મહાભારત વનપર્વ તીર્થયાત્રા પર્વમાં જ્યારે પિતામહ ભીષ્મને ચિત્તની શાંતિ મેળવવા સ્થાનોનો મહિમા સાંભળવાનું મન થયું. ઋષિ શ્રેષ્ઠ પુલસ્યે પિંડારક ક્ષેત્રનો મહિમાં ગાયો છે. મહાભારતના યુદ્ધ પૂર્વે આયુધો મેળવવા અર્જુન ભિન્ન ભિન્ન સ્થળે પરિભ્રમણ કરી રહયો છે. તેના કોઇ સમાચાર ન મળતા વ્યગ્ર ચિત્ત બનેલાં યુધિષ્ઠિરને કુળગુરૂ ધૌમ્યમુનિએ આ ક્ષેત્રમાં જવાથી પ્રાપ્ત થતી. આત્મશાંતિના માર્ગોનું નિર્દેશન કરી આ સ્થાનનું મહાત્મ્ય વર્ણવ્યું છે. આ પવિત્ર ભૂમિમાં જલ ક્રિડા કરી શ્રીકૃષ્ણ અને બલરામ સાથે અનેક યાદવ યુગલોએ દિવસો સુધી વિહાર કર્યો છે; જેની સાક્ષી હરિવંશ પુરે છે.

પોરબંદરનું સુદામા મંદિર અને કીર્તિ મંદિર :

પોરબંદર રેલ્વે રસ્તે અને બસ રસ્તે જવાય છે. ત્યાં સુદામા મંદિર દર્શનીય છે. મંદિરની આગળ ચોક છે, જ્યા કબુતરોને ચણ નાખવામાં આવે છે. અંદર પ્રભુ મૂર્તિ છે પરંતુ સુદામાં મંદિર કરતાં હવે પોરબંદર ગાંધીજીની જન્મભૂમિ તરીકે નવું તીર્થસ્થળ થયું છે, ગાંધીજીનો જ્યાં જન્મ થયો ત્યાં કીર્તિમંદીર ભવ્ય સ્વરૂપે ઊભું છે, અંદર જતાં ગાંધીજીને પ્રિય તેવી પ્રવૃત્તિ ચાલતી જોવા મળે છે. કીર્તિમંદિરના એક ભાગમાં ગાંધીજીના બાપ-દાદાના સમયનું જૂનું ઘર જ્યાં ગાંધીજીનો જન્મ થયો હતો તે સાચવી રાખવામાં આવેલ છે. જૂના સમયના ઓરડાઓ, તે સમયના દાદર વગેરે જોવાનાં મઝા પડે છે. ગાંધીજી જે ખંડમાં જન્મ્યા હતા ત્યાં પૂ. બાપુનો મોટો ફોટો ભીંત પર બીરાજે છે, ને નીચે ભૂમિ પર સ્વસ્તિકનું મંગલ ચિન્હ છે.

પોરબંદરનું એક બીજું અત્યંત સુંદરને પોરબંદર જનાર સૌએ અચુક જોવા જેવું સ્થળ છે ભારત મંદિર. આ ભારત મંદિરની ભવ્ય કલ્પના આફ્રિકાના શાહ સોદાગર સ્વ. શેઠશ્રી નાનજી કાળીદાસને આભારી છે. ભારત મંદિરમાં પ્રવેશ કરી બહાર આવતા, અરે! બહુ ભવ્ય ઘણું સુંદર! બોલ્યા વિના રહી ન શકે તેવી તેની રચના છે. એક મોટાં ભવનમાં બરાબર વચ્ચે પ્રતિકૃતિ છે અને તેની બંને બાજુ સ્તંભ શ્રેણી છે. આ ભવ્ય સ્તંભો પર પૂરા કદની ભારતના વેદકાળથી માંડીને વર્તમાન યુગ સુધીના સર્વક્ષેત્રના શ્રેષ્ઠ પુરૂષોની આબેહૂબ સજીવ મૂર્તિઓ છે. તેની નીચે પ્રેરક સૂત્ર તેમના જીવનનું દર્શન કરાવે છે. બીજીબાજૂ ભારતની મહાન સન્નારીઓની મુર્તિઓ છે. આ બધું શિલ્પ સ્થાપત્ય અદ્ભૂત છે. ચોતરફ ભીંત પર ભારતના સર્વ પ્રદેશના દર્શનીય સ્થળોના રંગીન ચિત્રો

# અનુમોદન

શ્રીકૃષ્ણના મોટાભાઈ બલભદ્રજી રૂપ રૂપના ભંડાર હતા. એક વાર રૂપનો અનર્થ નિહાળી, પાપી રૂપ ઉપર તિરસ્કાર લાવી, તે મુનિ થઈ જંગલમાં વિહરવા લાગ્યા.

આ જંગલમા એક હરણ ફરે. એ બલભદ્રજીનું હેવાયું થઈ ગયું. મુનિ ધ્યાનમાં બેસે, તો એ પાસે બેસે; ભિક્ષાએ જાય તો સાથે જાય.

વનમાં ભિક્ષા મળવી મુશ્કેલ. એમાંય ચોમાસાના દિવસો આવ્યા. સાત દિવસની વરસાદની હેલી. મુનિ સાત દિવસથી ક્ષુધા સહીને બેઠા હતા. અબોલ હરણું પરિસ્થિતિ પારખી ગયું હતું.

એકાએક આજે ઉઘાડ નીકળ્યો. ને સાથે એક વટેમાર્ગુ વડ નીચે ભાતું ખાવા બેઠો. હરણાએ એ જોયું ને કૂદતું–નાચતુ મુનિના વસ્ત્રનો છેડો મોંમાં લઇ મુનિને ત્યાં ખેંચી લાવ્યું. એની આંખોમાં આનંદ હતો.

વટેમાર્ગુએ અણધાર્યાં પવિત્ર અતિથિને આવેલા જોઈ હર્ષથી ભિક્ષા આપવા હાથ લંબાવ્યો, મુનિએ પાત્ર લંબાવ્યું: હરણાએ આનંદમાં ઠેક દીધી, ને વીજળી આકાશમાંથી કડેડાટ તૂટી પડી. ત્રણે જીવ અવસાન પામ્યા. લેનાર, દેનાર ને અનુમોદન કરનાર ત્રણે તરી ગયા.

ધન્ય ઘડી ! ધન્ય વેળા !

છે. ભારતની સાંસ્કૃતિક એકતાનું પરમોદાર રહસ્ય સમજાવતા ભારત મંદિરને જોવા માટે ઓછામાં ઓછા ત્રણથી ચાર કલાક જોઈએ. જલદી જોઈ નાંખવું હોય તો પણ દોઢ બે કલાક તો થાય જ. ભારતની પરિપૂર્ણ યાત્રા ન કરી શકનાર ભારત મંદિર તો અવશ્ય જુએ જ. પોરબંદરની બીજી મુલાકાત લઈને પ્રસન્ન થઈએ તેવી સંસ્થાઓ તે સ્વ. શેઠ શ્રી નાનજી કાલીદાસ સંચાલિત આર્ય કન્યા વિદ્યાલય અને બીજી સંસ્થા રામબા ટીચર્સ ટ્રેઈનીંગ કૉલેજ. આમાંથી પહેલી સંસ્થા બધાને પરવાનગી વિના જોવા મળતી નથી. પરંતુ કન્યા કેળવણી ઉત્તમ સંસ્થાઓ જ્યાં આર્ય જીવનને શોભે તેવાં સંસ્કાર અને ચારિત્ર્યની દીક્ષા મળે છે તેમાંની આ એક છે.

### તીર્થભૂમિ જૂનાગઢ અને ગિરનાર :

જૂનાગઢનું નામ લઈએ ને નાગર નરસૈયો યાદ આવે, અશોક તથા ગુરૂ દત્તાત્રેય, દાતારની જગ્યા યાદ આવે તીર્થંકર ભગવાન નેમીનાથ યાદ આવે, ભવનાથનો મહા શિવરાત્રીનો મેળો યાદ આવે. અનેક પવિત્ર સ્થાનો અહીં છે, ગિરનાર પર્વત તો હિમાલયથીએ અગ્રજન્ય અને દ્વારકાથી યે પ્રાચીન છે. ગિરિનગરની રાજધાનીનો ઇતિહાસ તો અન્યત્ર ચર્ચાય છે અને જેનાપર ત્રણ ત્રણ શિલાલેખ છે તે શૈલખંડની વાત પણ બીજે સ્થળે વિગતથી ચર્ચી છે. જૂનાગઢના વાઘેશ્વરી દરવાજેથી ગિરનાર સ્થળને સ્કન્દ પુરાણમાં વસ્ત્રાપથ ક્ષેત્ર કહ્યું છે. આ વસ્ત્રાપથ ક્ષેત્રમાં પહેલાં તો પેલો શિલાલેખ આવે, પછી દામોદર કુંડ આવે છે, પેલું પ્રખ્યાત પદ "ગિરિ તળાટીને કુંડ દામોદર ત્યાં મહેતાજી નાહવા જાય" એ તો સૌએ સાંભળ્યું જ હોય તે જ આ દામોદર કુંડ. સુવર્ણરેખાને બાંધીને આ દામોદર કુંડની દક્ષિણે આવેલાં પહાડને રવતાચળ કહે છે. અને ઉત્તરે આવેલાં ડુંગરને અશ્વત્થામાનો ડુંગર કહે છે. કહેવાય છે કે અર્જુને તેના મસ્તકપરના મણી હરી લીધા પછી ચિરંજીવીઓમાંના અશ્વત્થામા હજી પણ વિકળ દશામાં આ ડુંગર પર ભટકતો જણાય છે. દામોદર કુંડના આથમણા છેડે દામોદરનું મંદિર છે. મંદિરને કોટ છે અને કુંડ પરથી મંદિરમાં જવાના પગથિયાં છે. આ દામોદરજીનું મંદિર શ્રીકૃષ્ણના પૌત્ર વજ્રનાભે બંધાવેલું છે એમ કહેવાય છે, મંદિરની પશ્ચિમ તરફ રેવતીકુંડ છે. આ સ્થાળો ઘણાં પ્રાચીન છે ને વિદ્વાનો તેને ઓછામાં ઓછા ગુપ્તકાળના તો માને જ છે. દામોદર કુંડ પાસે મહાપ્રભુજીની બેઠક છે. તદુપરાંત બ્રહ્મેશ્વર, રાજેશ્વર, સિદ્ધેશ્વરના મંદિરો દેખાય છે. દામોદર કુંડથી આગળ ચાલતા ગિરનારના દર્શન થવા લાગે છે. રસ્તામાં આવતી સુવર્ણરેખા ઉતરતા ડાબી બાજુએ દૂધેશ્વર મહાદેવની જગ્યા આવેલી છે ત્યાંથી આગળ વસ્ત્રાપથેશ્વર મહાદેવનું મંદિર છે. તેની સામું ભાવનાથનું મંદિર દેખાય છે. સ્કન્દ પુરાણમાં પણ ભવનાથ ને તેની પાસેના મૃગીકુંડનું મહાત્મ્ય વર્ણવેલું છે. ભવનાથથી આગળ જતા ચડાણ શરૂ થાય છે. આગળ દરવાજો બાંધી લેવામાં આવ્યો છે. અને દરવાજાની અંદરથી પગથિયાં શરૂ થાય છે. આ પગથિયાં ઉદયન મંત્રીના પુત્ર વાહડે કુમારપાળના સમયમાં બંધાવ્યા છે. પગથિયા ચડી ઉપર જતાં કોટનો દરવાજો આવે છે. તેમાં જૈન દેરાસરો આવેલાં છે. આ ટૂકને નેમીનાથની ટૂક કહે છે. આખી ટૂકને ફરતો કોટ છે. આ મંદિરોમાં સૌથી જૂનું નેમીનાથ તીર્થંકર ભગવાનનું મંદિર છે. અશોકના પુત્ર સંપ્રતિનું બાંધેલું નેમીનાથનું મંદિર છે. નેમીનાથના મંદિરવાળા નાના કિલ્લામાં કુલ ચાર મંદિર છે. તેની પછી જૂનું કુમારપાલનું મંદિર આવેલ છે, તે પછી સંપ્રતિવાળું નેમીનાથનું મંદિર આવે છે. અહીંથી આગળ બધા મંદિરોમાં શ્રેષ્ઠ ગણાતા વસ્તુપાળ તેજપાળના દહેરા તરફ જવાય છે. એક મુખ્ય મંડપ બે ને તેની ત્રણ બાજુ પર વિમાનો ગોઠવેલાં છે. આ દેરાઓનું શિલ્પકામ ખરેખર સુંદર છે. થાંભલાઓ પરની નકશી ને છતમાંથી લટકતું લોલક પણ તેની ખાસ શોભા છે. જૈન મંદિરોવાળાં કોટની બહાર પથ્થર છે ને ત્યાં રામાનુજ સંપ્રદાયનું આધુનિક મંદિર છે. ગિરનાર પરના બધાં હિંદુ મંદિરોમાં જૈન દેરાસરોવાળાં ભાગથી ૩૦૦ ફુટ જેટલે ઊંચે અંબાજીનું મંદિર છે, ત્યાં જવાના પગથિયાં છે. મંદિરની રચના પરથી તે જૂનું લાગે છે. સૌરાષ્ટ્રના શકિતપીઠોમાં ગિરનાર પરના અંબાજી મહત્વનું સ્થાન ધરાવે છે. ગિરનાર પરનું બીજું પ્રસિદ્ધ સ્થાન તે ગોરખનાથની ટૂક ને દત્તાત્રેયની ટૂક. આ સ્થાનો પણ ઘણી ઊંચાઈ પર આવેલાં છે, ને તેની વિશે ઘણી દંતકથાઓ સૌરાષ્ટ્રમાં પ્રસિદ્ધ છે. કાલિકાની ટૂકપર જવાનો રસ્તો વળી વધારે કઠણ છે ને ત્યાંના અઘોરપંથી વાતાવરણને કારણે સામાન્ય યાત્રાળુઓ ત્યાં જવાનું પસંદ કરતા નથી.

### ઉપરકોટ :

ઉપરકોટ વિસ્તારમાં ખાપરાકોડિયાનાં ભોંયરા જાણીતા છે. ઉપકોટ અત્યારે તો સોલંકીકાળના ઇતિહાસના કેટલક બનાવોના સંગ્રહસ્થાનરૂપે જ આકર્ષણ ધરાવે છે. ઉપરકોટનો કિલ્લો મજબૂત ખડક પર બાંધેલો છે. ઉપરકોટના વિસ્તારમાં કડાનાળ તથા નીલમ ને માણેક નામની તોપો છે. ઉપરકોટનું બીજું આકર્ષણ અડીકડીવાવ ને નવઘણ કૂવો છે. તેની વિષે પ્રખ્યાત કહેવત છે.

"અડીકડીવાવ ને નવઘણ કૂવો
જેણે નવ દિઠો તે જીવતો મૂઓ"

ગિરનારના પ્રદેશનાં સિંહ પણ ત્યાંના પ્રવાસનું આકર્ષણ છે. સાસણમાં જવાથી સિંહ, સિંહણ તથા તેના પરિવાર ને નજીકથી જોવાની તક મળે છે.

**ભાવનગરના પ્રસિદ્ધ મંદિરો :**

ભાવનગરના પ્રસિદ્ધ મંદિરોમાં સૌથી પ્રથમ રૂવાપરી માતાજીનું મંદિર ગણાય છે. મંદિર બહુ દર્શનિય નથી પણ રૂવાપરી માતાનું મંદિર દૂર હોવા છતાં લોકો ત્યાં જાય છે. તેનું કારણ માતાજીનું સત ગણાય છે. દૂર દરિયા કાંઠે મંદિરમાં બિરાજતા માતાજીની વિશે અનેક દંતકથાઓ પ્રચલીત છે. સ્થપત્યની દૃષ્ટિએ ભાવનગરનું બીજું મંદિર તે ગંગાજળિયા તળાવમાં આવેલ ગંગાદેરી છે. હાલમાં તો તળાવને તળાવ તરીકે નાબુદ કરી તેમાં ઘણાં ફેરફાર કરવામાં આવ્યા છે. પણ મહારાજા તખ્તસિંહના વખતમાં આરસનું બંધાયેલું આ મંદિર, તળાવમાં પાણી રહેતુ હશે ત્યારે રમણીય દશ્ય સર્જતુ હશે. આ ગંગાદેરીથી પશ્ચિમે જતાં રાજ સ્મશાનમાં ભાવનગરના સ્વર્ગસ્થ લોકપ્રિય મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજીની સમાધિ આવેલ છે. આ સમાધિને છતરી બાંધવામાં આવી છે અને લગભગ દરરોજ સ્ત્રીઓ ત્યાં ભજન કીર્તન કરે છે, ને સેંકડો પુરૂષો દર્શનાર્થે આવે છે ગંગાજળિયા તળાવની દક્ષિણે શ્રી યશોનાથ મહાદેવનું મંદિર છે. મંદિર ઘણું ભવ્ય અને ઊંચુ છે. ઊંચુ કાળું શિવલિંગ અને પાર્વતીજી મોટી મૂર્ત પણ જોવા યોગ્ય છે. યશોનાથ મંદિરમાં ઘણાં વર્ષોથી સત્સંગ ચાલ્યા કરે છે. ચાતુર્માસમાં ભારતનાં વિદ્વાન સંન્યાસીઓના પ્રવચનો, બારે માસ અન્ય કથા, પ્રવચનો ચાલ્યા કરે છે. સામાન્ય રીતે ૨૦૦થી૩૦૦ લોકો તેનો લાભ લે છે.

ભાવનગરના ફરવાના સ્થળ તરીકે તખ્તેશ્વર મહાદેવનું મંદિર ઘોઘા દરવાજેથી બસમાં તળેટીએ ઉતરી પગથિયાં ચડી ટેકરી પર બનાવેલાં આરસના મંદિરમાં પહોંચતા ભાવનગરનું જે દશ્ય ને દૂરદૂરના સાગરનું જે ચિત્ર નજર સામે ખડું થાય છે તેથી આનંદ થાય છે.

ભાવનગરને પાણી પૂરું પાડતા તથા કાકા સાહેબ કાલેલકરે પણ જેનું કાવ્યમય ભાષામાં વર્ણન કર્યુ છે તે ગૌરીશંકર સરોવર (બોરતળાવ) પરનું સ્થાપનાથનું મંદિર પણ સહેલાણીઓનું સ્થળ છે. જૂના વખતમાં જ્યારે ખાડી નજીક હતી ને શહેર આટલું વિકસેલું ન હતું ત્યારે જ્યાંથી દરિયાનો ખાર શરૂ થઇ જતો તે ખારગેઇટ પાસે આવેલું જગદીશજીનું મંદિર શિખરબંધી હમણાં થયું છે. પણ સ્થળ લગભગ ૭૫ વર્ષ જેટલું જૂનું છે. જગદિશની મૂર્તિ પરંપરા પ્રમાણે કાષ્ઠની બનાવેલી છે ને માત્ર મુખારવિંદ જ છે. હસ્તકમળ ને ચરણકમળ સોનાના બનાવેલાં છે. આ મંદિરમાં થતાં હાંડીના દર્શન પ્રખ્યાત છે. જેમાં રાંધેલા ચોખાની ભરેલી હાંડીઓ ભગવાન પાસે લાવતા બરાબર ચાર ફાડિયાં થઈ જાય છે. હાઇકોર્ટ રોડ પર આવેલ અંબાજી મંદિરની પૂરા કદની શ્વેત, પ્રસન્ન વદનવાળી માતાજીની ચતુર્ભુજ મૂર્તિ તેના સાત્વિક સૌંદર્યને કારણે મનને શાંતિ આપે તેવી છે. આવી સુંદર મૂર્તિ ભાગ્યે જ કોઈ મંદિરોમાં જોવા મળે છે. ભાવનગરથી થોડેદૂર આવેલું મહારાજાઓના કુળદેવીનું ખોડિયાર માતાનું મંદિર પણ આસપાસના માઈલોના વિસ્તારમાં જાણીતું છે. રવિવારે તો ભાવનગરથી સ્પેશ્યલ ટ્રેન જાય છે. એ સિવાય બસદ્વારા પણ સેંકડો માણસો વારંવાર ત્યાં જાય છે, ખોડિયારમાતા દેવચકલીના રૂપે ભાવનગરના મહારાજાને ભાલે વિજયયાત્રા વખતે બેસતા તેવી દંતકથા પ્રચલિત છે.

પરંતુ ભાવનગરનું સૌથી મોટું આકર્ષણ ભારતભરના પ્રવાસીઓ જેની ખૂબ પ્રસંશા કરે છે તે નૂતનયાત્રા સ્થળ છે ગાંધીસ્મૃતિ. ભાવનગરના રમણીય વનશ્રીથી શોભતા કૃષ્ણનગર વિસ્તારનાં 'ગાંધીસ્મૃતિ' આવેલ છે. ગાંધીસ્મૃતિ એટલે ભાવનગરનું સંસ્કાર કેન્દ્ર. ગાંધીસ્મૃતિ ટ્રસ્ટની રચનાત્મક કલ્પના 'ગાંધીસ્મૃતિ'માં પ્રવેશતાં સામે જ ગાંધીજીની પ્રાર્થનામાં મગ્ન બેઠેલી પ્રતિમાના દર્શનથી થાય છે. ત્યાંથી તુરત જ સંગ્રહસ્થાન આવે છે. જેમાં સૂર્યમંડળમાંથી પૃથ્વીની ઉત્પત્તિથી માંડીને ભારતના ઇતિહાસના સર્વયુગનું દર્શન કરાવનાર શિલ્પ સ્થાપત્યના નમૂના, સિક્કાઓ, તામ્રપત્રો, શિલાલેખો, પુરાતત્ત્વની સામગ્રીઓ, સંશોધનમાંથી મળી આવેલી ધાતુની, માટીની નાની મોટી અનેક વસ્તુઓથી સંગ્રહસ્થાન આ દર્શકનું મન પ્રસન્ન કરે છે ઉપર દાદર ચડતા મહાત્માજીની જીવનલીલાનું સર્વાંગીણ દર્શન કરાવતી જન્મથી માંડીને દેહાવસાન સુધીના ફોટાઓ ક્રમબદ્ધ રીતે ગોઠવાય છે. ત્યાંથી ગેલેરીમાં જતાં બાલ વાંચનાલય, મહિલા પુસ્તકાલય ને ગાંધીસ્મૃતિ વાંચનાલય તથા ગ્રંથાલય છે. ગાંધીસ્મૃતિ પુસ્તકાલય અત્યંત સમૃદ્ધ છે ને તેમાં ગાંધીસાહિત્ય ઉપરાંત સમાજશાસ્ત્ર, રાજકારણ, તીતિવિજ્ઞાન, ઇતિહાસ, અર્થશાસ્ત્ર, તત્વજ્ઞાન, રસાયણશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર ઉપરાંત હિંદી, ગુજરાતી, અંગ્રેજી સાહિત્યના ઘણાં કીંમતી પુસ્તકો લાઇબ્રેરીમાં સાયન્સની છેલ્લામાં છેલ્લી પદ્ધતિથી ગોઠવાયેલા છે. ને વર્ષમાં માત્ર એક જ રૂપિયો લવાજમ આપીને તેના સભ્ય થઇ શકાય છે લગભગ આ પુસ્તકાલય યુનિ. લાઇબ્રેરી જેવું જ છે ને ત્યાં કલાકોના કલાકો સુધી વિદ્યાભ્યાસંગીઓ બેઠાં બેઠાં તેનો લાભ લીધા જ કરે છે. ગ્રંથાલયનો સ્ટાફ પોતાના સર્વ સભ્યોના વ્યક્તિગત શોખમાં રસ લઈ તેને મદદ કર્યા કરે છે. ને નવાં નવાં પુસ્તકોથી સમૃદ્ધ થતું જ જાય છે. ગુજરાતના પ્રથમ કક્ષાના પુસ્તકાલયો ભાવનગર અને ભાવનગર જીલ્લામાં જેવાં છે તેવા નિઃસંશય બીજે નથી. સૌથી ઉપરના ત્રીજા માળે લાકડાની ધાતુની, ચાકળા ચંદરવાની, ભરત ગુંથણની, પ્લાસ્ટર ઓફ પેરીસની, હાથીદાંતની, સંઘેડા–કારીગીરીની ગ્રામકલાની બેનમૂન કૃતિઓ સુવ્યવસ્થિત રૂપે ગોઠવાયેલી છે. ગાંધીસ્મૃતિ ગ્રંથાલય નીચે ખાદી અને હાથ–કારીગરીના ઉદ્યોગનું વેચાણ કેન્દ્ર છે તે પણ ભારે આકર્ષણનું સ્થાન છે. -ગાંધીસ્મૃતિ ટ્રસ્ટ' બીજી

પણ ઘણી રચનાત્મક પ્રવૃતિઓ ચલાવે છે. ગાંધીસ્મૃતિના પાછળની પશ્ચિમની બાજુએ વિશાળ નાટચ સભાગૃહ છે, જ્યાં ભાવનગરમાં આવતાં સાહિત્યકારોના, ચિંતકોના વ્યાખ્યાનો યોજાય છે ને વારંવાર બાળકોને મફત ફિલ્મ બતાવવામાં આવે છે.

આ 'ગાંધીસ્મૃતિ'નો શિલાન્યાસ લોહ પુરૂષ સરદાર વલ્લભભાઈના હસ્તે થયેલ, તેનું ઉદ્દ્ઘાટન સ્વ. વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરૂના હસ્તે થયેલ, ભાવનગરના લગભગ ૭૫ થી ૮૦ વર્ષ જૂનાં બાર્ટન પુસ્તકાલય, જીલ્લા પુસ્તકાલય અને કેન્દ્રિય નમક સંશોધનાલયના પુસ્તકાલયનું વર્ણન અહીં કર્યું નથી. 'ગાંધીસ્મૃતિ'ની ભવ્યતાનો ખ્યાલ તે તેની મુલાકાતથી જ આવી શકે.

### વલ્લભીપુરના મંદિરો :

જૈનકાલિન ગુજરાતની સંસ્કૃતિની ભવ્યતા ઇતિહાસ ગ્રંથોમાં વર્ણવી છે. મૈત્રક રાજાઓમાંના કેટલાક પરમાહીશ્વર હતા. પરિણામે સૌરાષ્ટ્ર-ગુજરાતમાં ને કદાચ ભારતમાં જેનો જોટો ન મળે તેવાં પ્રાચીન શિવલિંગો વલ્લભીપુર (વળા) માં આજે પણ છે. વલ્લભીપુરની બહાર હળિયાદના દરવાજા પાસે બે વિખ્યાત શિવમંદિરો છે. સિધ્ધેશ્વરનું શિવલિંગ તથા તે મંદિરનો વિશાળકાય નંદી જાણીતા છે, તેની પાસે બુધેશ્વર તરીકે જાણીતા પણ મૂળ બધેશ્વર મહાદેવનું મંદિર છે. આજાનબાહુ પુરૂષની બથમાં પણ ન સમાય તેવું શિવલિંગ છે. આ મંદિર પોરબંદરી પથ્થરોમાંથી બનાવેલું છે. સ્તંભશ્રેણીથી બનેલ સભામંડપને ઘુમ્મટ છે શિખર ધનના અભાવે બાકી રહ્યું છે. ગામથી લગભગ દોઢેક માઈલના અંતરે પશ્ચિમમાં ઘેલો નદીને સામે કાંડે ભૈજનાથ મહાદેવજીનું મંદિર છે, તેનો જીર્ણોદ્ધાર હમણાં જ કરવામાં આવ્યો. મંદિરમાંનુ શિવલિંગ ઘણું પ્રાચીન છે. મંદિરનો વહિવટ તથા વ્યવસ્થા નિમ્બાર્ક સંપ્રદાયના મહંત શ્રી લોકકલ્યાણની પ્રવૃતિઓ સાથે ચલાવે છે. મંદિરની બાજુમા જ રાધાકૃષ્ણ પણ બિરાજે છે. એ જ હળિયાદના દરવાજા પાસે સાશન સમ્રાટ પ. પૂ, વિજયનેમીસૂરીશ્વરજીની પવિત્ર પ્રેરણા નીચે તીર્થના જીર્ણોદ્ધાર રૂપે બનાવેલું જૈન દેરાસરની બાંધણી સુંદર છે. એક દેરાસર ગામમાં પણ છે. ગામ ને ઉત્તર છેડે પ્રગટનાથનું મંદિર છે ને તેનું શિવલિંગ સુંદર રંગનું છે. તે શિવલિંગના રંગ બદલાતા જ રહે છે. સોમનાથ ભગવાનની પુનઃ પ્રતિષ્ઠા વખતે કહેવાય છે કે આ લિંગની માગણી થયેલી. ગામની પૂર્વ દિશામાં ભીડભંજનનું મંદિર છે તેની વાવમાં વાલમ બ્રાહ્મણોના કુળદેવી ઘણાં વર્ષોથી અપૂજ બિરાજતા હતા ને કોઈને ખબર ન હતી, પાછળથી ગુજરાતના ભક્તવર્ય પ. પૂ. પુનિત મહારાજના પ્રયત્ને તેમની હાજરીમાં આઠ-દસ દિવસ ભારે ધામધુમ પૂર્વક ઉત્સવ ને વૈદિક વિધિ સંપન્ન કરી તેમના કુળદેવીની મંદિરમાં પ્રતિષ્ઠા કરવામાં આવી. ગામની દક્ષિણે ત્રિવેદી બ્રાહ્મણોના કુળદેવી રન્નાદે (રાંદલ) માતાનું મંદિર છે. આ માતાજીની મૂર્તિ લગભગ બે ત્રણ સૈકાથી પૂજનમાં સિંદૂરના થર નીચે અદ્દશ્ય થઈ ગયેલી. લગભગ ૧૯૫૧-૫૨ માં યજ્ઞયાગાદિ ઇત્સવ થતાં વૈદિકવિધિ સાથે આચાર્યે તે પરનો સ્પર્શ કરતા આપોઆપ પોપડા ઉખડી જતાં મૂળ સ્વરૂપના દર્શન થયા ગામની મધ્યે બધેકા બ્રાહ્મણોના કુળદેવી બહુચરાજીનું પણ સુંદર મંદિર છે. વલ્લભીપુર ભાવનગર-અમદાવાદ હાઈવે પર મહત્વનું મુખ્ય મથક છે. ને બસમાં ત્યાં જવાય છે પશ્ચિમમાં ઉતરવાની સગવડ છે.

### તીર્થાધિરાજ શંત્રુજય :

પ્રથમ તીર્થંકર ભગવાન આદિનાથ શ્રી ઋષભદેવજીના પરમ મંગલ અધમોદ્ધારક જીવન કલ્યાણક સાથે સંકળાયેલાં તીર્થાધિરાજ શંત્રુજય ભારતમાંના તમામ જૈન ભાઇ બહેનોને માટે તીર્થયાત્રાનું સૌથી મોટું કેન્દ્ર છે. ભાવનગર જીલ્લામાં પાલીતાણા શહેરમાં શંત્રુજય બિરાજે છે.

" વંદો શ્રી ગિરિરાજને જહાં યુગાદિ જિણંદ,<br>
સ્વામી આવી સમોસર્યા, સાથે મુનિજન વૃંદ,<br>
કલ્પતરુ, ચિંતામણી, કામકુંભ જગ જોય;<br>
ત્રણ જીવનમાં એહની, તોલે નવ કોય."

આવાં મહિમા વચનો તથા શ્રી શત્રુંજય મહાત્મ્ય જેવા સંસ્કૃત ગ્રંથો જેના વિશે લખાયા છે; ત્યાં શ્રી ઋષભદેવ ભગવાન, પુંડરિક ગણધર વગેરે પરિવાર સાથે વિહાર કરતાં પધાર્યા. જૈન ગ્રંથોમાં વર્ણવ્યું છે કે શત્રુંજય ગિરિરાજ મૂળમાં ૫૦ યોજન પહોળો, શિખર પર ૧૦ યોજન પહોળો ને આઠ યોજન ઊંચો હતો. ત્યાં દેવોએ રચેલાં સમવસરણમાં બેસી શ્રી આદિનાથ ભગવાને ઉપદેશ આપ્યો. પ્રભુ ત્યાં કેટલોક કાળ રહ્યા પછી પુંડરિક ગણધરને કોટિ મુનિવરો સાથે ત્યાં રહેવા આજ્ઞા આપતાં શત્રુંજયનો મહિમા વર્ણવે છેઃ- "આ ક્ષેત્રના પ્રભાવથી પરિવાર સાથે તમને થોડા સમયમાં કેવળ જ્ઞાન પ્રાપ્ત થશે ને બાકીના ચાર અઘાતી કર્મોનો ક્ષય કરી તમે આ પર્વત પર જ મોક્ષ મેળવશો." પુંડરિક ગણધરે પ્રભુની આજ્ઞા પ્રમાણે કોટિ મુનિવરો સાથે સર્વ જીવોને ખમાવીને અનશન ગ્રહણ કરીને ક્ષપકશ્રેણીમાં શુકલ ધ્યાનથી ઘાતીકર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન પામ્યા. તે દિવસ ચૈત્રી પૂર્ણિમાનો હતો, ત્યાર પછી તે જ દિવસે બાકી રહેલાં અઘાતીકર્મોને ખપાવીને સર્વ સાધુઓ સાથે મોક્ષે પધાર્યા. જૈનગ્રંથોમાં વર્ણન છે કે શ્રી ઋષભદેવ સ્વામીના પુત્ર ભરત ચક્રવર્તીએ સંઘ કાઢી શત્રુંજય ગિરિરાજની યાત્રા કરી તેમણે સૌરાષ્ટ્રમાં પ્રવેશતા જ સોમયશાને કહ્યું "આ સૌરાષ્ટ્ર દેશના લોકોને તથા અહીં વસનારા પશુ-પંખીઓને ધન્ય છે. કારણ કે તેઓ આ પાવનકારી અને

પાપનો નાશ કરનાર તીર્થના દર્શન અને સ્પર્શનો દરરોજ લાભ લે છે. હું ચક્રવર્તી હોવા છતાં દૂર રહેનાર હોવાથી તેમના જેટલો પુણ્યશાળી નથી." સંઘની ગિરિવર પરની યાત્રા વખતે શ્રી સુધર્મા ગણધરના શિષ્ય શ્રી ચિલ્લિહા મુનિરાજે પોતાના પ્રભાવથી ત્યાં યાત્રાળુઓની તૃષા શાંત કરવા સરોવર બનાવ્યું. જે હાલમાં ચંદન તલાવડી તરીકે ઓળખાય છે. ચક્રવર્તીએ રાયણ વૃક્ષની મહાપૂજા કરી કારણ કે આદિનાથ ભગવાન ત્યાં અનેકવખત સોમસર્યા હતા. ત્યાં સૌ પહેલાં ભરત ચક્રવર્તીએ ૮૪ મંડપોથી સુશોભિત ત્રૈલોક્ય વિભ્રમ નામનો જિન પ્રાસાદ તૈયાર કરાવ્યો ને પ્રતિષ્ઠા મહોત્સવ મોટી ધામધૂમથી ઉજવ્યો. હવે આપણે વર્તમાનકાળનાં શત્રુંજય તીર્થાધીરાજની શોભાનું વર્ણન કરીશું.

પાલીતાણા શહેરથી તળેટી સુધી વડની છાંયાવાળો પાકો રસ્તો છે. વચ્ચે વચ્ચે વાવો ને કુંડો છે. તળેટીમાંથી ઉપર જવા માટે પહોળાં સુંદર પગથિયાં છે. આગળ જ બે બાજુએ પથ્થરના બે હાથી છે, ચડાવમાં વચ્ચે વચ્ચે વિશ્રામસ્થાન છે! ચડાવ સીધો હોવા છતાં સુંદર પગથિયાંને કારણે તથા અશક્તોને માટે ડોળીનો પ્રબંધ હોવાની મુશ્કેલી પડતી નથી. શિખર પાસે આગળ જતાં પગથિયાંનાં બે ફાંટા પડે છે. જમણાં હાથ ઉપર ચડતાં જે સ્વર્ગીય દૃશ્ય નજરે પડે છે તે ખરેખર 'દેવોનું કાવ્ય' છે. એક સાથે કેટલાંયે ધવલ શિખરો પર ફરફરતી ધજાઓ, ઘંટડીઓના ટીંગટાંગ અવાજ, નિસર્ગમાં પ્રસન્ન શાંતિ અને પવિત્રતાની લહરીઓ આવીને યાત્રિકને જાણે નવડાવ્યા જ કરે છે, મંદિરના ગર્ભગૃહ તથા આસપાસ નાની દેરીઓમાં પદ્માસન વાળીને બેઠેલા તીર્થંકરોની પ્રતિમાઓને તેમના નેત્રોમાંથી વરસતી દુઆયોથી પિડાતા માનવો પ્રત્યેની કરૂણતાની ધારાઓ આ બધાના સંપર્કમાં આવનાર નાસ્તિક મનુષ્ય પણ પારમાર્થિક વિચારણાના પંથે વળે તેવું સૌમ્ય વાતાવરણ આ સ્થળે છે. શંત્રુજયનો પર્વત તેના શિખરની બે પટ્ટીઓમાં વહેંચાયેલ છે. બંને પટ્ટી લગભગ ૩૮૦ વાર લાંબી છે, બંને પટ્ટીઓને કોટથી સુરક્ષિત બનાવવામાં આવી છે, અને વચ્ચે મંદિરો બાંધવામાં આવ્યા છે, આ પટ્ટીઓની કુલ મળીને દશ ટૂંકો છે, દરેક ટૂંકના રક્ષણ માટે પણ કોઠા બાંધેલા છે, ને દરવાજાઓ છે જે સાંજે બંધ કરવામાં આવે છે. બંને પટ્ટીઓના શિખરે જનારે યાત્રાળુ ઉત્તર તરફના શિખરે જાય ત્યારે દક્ષિણ બાજુના શિખરને મંદિરના ઘુમ્મટોને મધ્ય ખીણના એવાંજ સુદર મંદિર શિખરો દેખાય છે એ પટ્ટીના મથાળે આદિશ્વર ભગવાન જે તીર્થના મૂળ અધિનાયક છે, તેમના ભવ્ય મંદિરના દર્શન થાય છે. શંત્રુજય પવર્ત પરનું સૌથી મહત્વનું આજ સ્થાન છે ઉત્તર પૂવ તરફના દરવાજામાંથી જમણી બાજુના નાના દરવાજામાં થતા ખરતર વસહિ ટૂક આવે છે. જેમાં જમણાં હાથપર નરશી કેશવજીનું ઈ. સ. ૧૮૬૨માં બંધાયેલું બે માળનું ચતુર્થ તીર્થંકરનું મંદિર દેખાય છે. જરા વધુ આગળ આગળ ચાલતા જમણી બાજુએ પાંચ નાના મંદિરો છે. તેમાં પહેલાંમાં ઋષભદેવ ભગવાન ને હાથીપર બેઠેલાં મરૂદેવીની મૂર્તિ છે. બીજું મંદિર ૧૮૪૮ માં પદ્મપ્રભુજીનું બંધાવેલું છે, બીજા મંદિરો પ્રણાલિકાગત છે. ડાબા હાથ પર ચોમુખ મંદિરો છે. જેમાંનું એક ૧૬૧૮ માં શાહ કમળશી ભણશાળીએ બંધાવેલું છતાં સંપ્રતિના મંદિર તરીકે ગણાવાતું છે. બીજાં ત્રણ ૧૮૨૮ થી ૧૮૩૧ના છે. વેલબાઈનું મંદિર ૧૭૩૪નું છે. આ બધા મંદિરો કુલ કરીને ૬૪ મૂર્તિઓ અને ૮ પાદુકાઓ છે. ખરતર ગચ્છના અમદાવાદના મંદિરો માટે શ્રીમંત શ્રાવકે ૧૬૧૮માં કરાવેલાં જીર્ણોદ્ધારમાં અડતાલીસ લાખ રૂપિયા ખર્ચાયાનું નોંધાયું છે. નીચેથી ઉપર માલ લઈ જવા માટે વપરાયેલાં દોરડાના જ ચોરાસીહજાર ખર્ચાયાનું પણ સાંભળવા મળે છે, પુંડરિક દરવાજામાંથી ઉપર ચડતા આદિશ્વર ભગવાનનું ચોમુખ ઘાટનું પ્રસિદ્ધ મંદિર આવે છે. મૂળ આ મંદિર વિક્રમરાજાએ બનાવેલું પણ અત્યારનું મંદિર તો સોમજીએ ૧૬૧૮માં બનાવેલું છે. આ મંદિર ૫૭ ફૂટ પહોળું ને ૬૭ ફુટ લાંબુ છે. આખું મંદિર બે ચોરસમાં વહેંચાયેલું છે, આગળ પૂર્વમાં મંડપ છે. મંડપમાંથી પગથિયાં ચડી ઉપર જતાં ૩૧ ફૂટનો અંતરાલ આવે છે જેની પર બાર સ્તંભથી વિભૂષિત ઘુમ્મટ છે. સામે ગર્ભગૃહનું દ્વાર છે, ગર્ભગૃહમાં આરસપહાણના સિંહાસન પર થાંભલા છે. જે સિંહાસન ૧૨ ચોરસ ફુટનું લગભગ જણાય છે. આ સિંહાસન પર આદિનાથ ભગવાનની ચાર મૂર્તિઓ જુદી જુદી દિશામાં મુખ રાખીને બેઠી છે. આ મૂર્તિઓ ૧૦-૧૧ ફુટ ઊંચી છે. ગર્ભગૃહ ઉપર ૯૬ ફુટ ઊંચુ વિમાન છે. ગર્ભગૃહના અંતરાલના ગોખલામાં નાની મોટી મૂર્તિઓ છે. ખરતર વસહિ ટૂક પર અનેક નાના મોટાં મંદિરો છે. જેમાંના બે શાંતિનાથ ભગવાનના, એક પાર્શ્વનાથ પ્રભુનું આ મંદિરો જાણીતા છે. આ ટૂકમાં ઈ. સ. ૧૭૧૭ના ત્રણ ચોમુખ મંદિરોમાં જ કુલ અઢી હજાર પાદુકાયુગલ છે. ૧૭૭૯ના શાહ હકમચંદ ગંગાદાસે બંધાવેલા મંદિરમાં છ પાર્શ્વનાથની મૂર્તિઓ છે. ૧૬૨૫ના ભણશાળી સુનશીએ બંધાવેલાં મંદિરમાં ૧૪૫૨ જેટલાં પાદુકાયુગલ છે. આ ઉપરાંત ટૂકમાં ૧૭૨૭, ૧૮૧૩, ૧૮૧૮ ૧૮૩૪, ૧૮૫૫માં બનેલાં એક એક મંદિર છે. ત્યાર પછીના ગાળામાં બંધાયેલાં નાના નાના અનેક મંદિરો વર્ણન કલાની દ્રષ્ટિએ વિશેષતા ધરાવતા નથી. સવા સોમજીનો ચોક અહીં ૨૭૦ ફૂટ લાંબો અને ૧૧૬ ફૂટ પહોળો છે જેમાં જમણી તરફ એક નાની બારીમાં થઈને પાંચ પાંડવોની ટૂક પર જવાય છે. એમાં બે મંદિરો અને એક રાયણનું ઝાડ છે. ૧૮૨૧ માં ત્યાં બનાવાયેલાં મંદિરમાં પાંચ પાંડવોની, એક કુંતાજીની તથા બીજી દ્રૌપદીની મૂર્તિઓ છે. તેની પાછળનું મંદિર ૧૮૦૩ માં બનેલું છે, જેમાં સહસ્રકૂટ ઉપર ૧૦૨૪ મેરૂ પર્વત

ઉપર ૧૬૯ ને એક લોકપાલની મૂર્તિઓ તથા એક સિદ્ધચક્ર છે. સવા સોમજીના ચોકમાંથી ડાબા હાથપર અમદાવાદના શેઠ સાકરચંદ પ્રેમચંદની ટૂકપર જવાય છે. આ ચોકમાં ગઢ છે ને ગઢમાં રહેતાં મુખ્ય મંદિરમાં પાર્શ્વનાથજીની જ બાવીસ પ્રતિમાઓ છે ને તેની આસપાસના જુદાં જુદાં મંદિરો જુદાં જુદાં શેઠોએ કોઈકમાં અગિયાર તો કોઈકમાં પંદર ને કોઈકમાં અઢાર પ્રતિમાઓ પધરાવી છે. આ ટૂકની દક્ષિણે અમદાવાદના હેમાભાઈ વખત ચંદની ટૂકમાં નંદીશ્વર દ્વિપની રચના જુદી જાતની છે. તેમાં ઉપર વિમાન નથી પણ મધ્યમાં એક ને ચાર ખૂણે ચાર એવાં ઘુમ્મટો છે, દિવાલની જાળીઓ કોતરેલી છે ને અંદર ૫૩ વેદીઓ સાથિયાના આકારમાં ગોઠવેલી છે. નંદીશ્વર દ્વિપના દરવાજામાંથી બહાર નીકળતાં હેમાભાઈ વખતચંદની બીજી ટૂક આવે છે. આ ટૂક તેમના પુત્રના નામથી પણ ઓળખાય છે. બે બાજુના તળાવના પગથિયાં ચડીને ટૂકમાં જવાય છે. આ ટૂકમાનું મુખ્ય મંદિર ચોમુખ પ્રકારનું છે જેમાં ૧૦૨ પ્રતિમાઓ, ૩ પંચતીર્થ, સાત સિદ્ધચક્રો અને વખતચંદ ખુશાલચંદ તથા તેમના પત્નીની પ્રતિમાઓ છે. બાકી મુખ્ય મંદિરની આસપાસના ઘણાં નાના નાના દેહરા છે, જે વિગતસર ઉલ્લેખ કરવા જેવાં નથી. દરવાજા બહાર ગૌતમ સ્વામીની પાદુકા ઉપર નાનું દહેરૂ છે. આ ટૂકની બહાર નીકળતાં પશ્ચિમ છેડે અમદાવાદના મોદી પ્રેમચંદ રાયચંદની ટૂક છે. જેમાં ત્રણ મુખ્ય મંદિરો છે ને બીજાં તો ઘણાં નાના નાના મંદિરો છે. વચલું મંદિર સૌથી ઊંચુ અને શોભાવાળું છે. મંદિરના મુખ્ય દ્વારના પગથિયાં ચડીને જતાં સ્તંભશ્રેણી પર ટેકવેલો મંડપ છે, જેમાં લોકપાળોની પ્રતિમાઓ બિરાજે છે. મંડપની મધ્ય દિવાલોમાં હિન્દુ દેવોની મૂર્તિઓ છે. મંડપ ઉપર સાદા ઘુમ્મટો છે ને ગભારા ઉપર ત્રણ શિખરો છે. આ મંદિર ૧૭૮૬માં રચેલું છે ને તેમાં ૬૫ જેટલી મૂર્તિઓ, કેટલાંક સિદ્ધચક્રો અને બે પંચતીર્થો છે. ડાબે પડખે ૧૮૦૩માં બંધાયેલું મંદિર છે, જે આસમાની આરસનું છે. તેમાં પણ મંડપ તે પર ઘુમ્મટને ગભારા ઉપર શિખરો છે. આ મંદિરની સામે જ સૂરતના ઝવેરી પ્રેમચંદ ઝવેરચંદનું મંદિર છે પણ તેમાં બીજાં નાના નાના ૬૦ જેટલાં દહેરાઓ છે. ઉજમબાઈના મંદિર પાસેથી નીચે ઉતરતાં ખડકમાં જ આદિબુદ્ધજીની ખડકમાંથી કોતરેલી ૧૮ ફૂટ ઊંચી અને પલાંઠી ૧૪ ફૂટ પહોળી સુંદર મૂર્તિ છે, જેને લોકો ભીમની મૂર્તિ પણ કહે છે. ત્યારપછી આવે છે બાલાભાઈએ બંધાવેલું મંદિર જેની ટૂક ૧૫૧ ફૂટ લાંબી અને ૧૦૯ ફૂટ પહોળી છે. તેમાં પણ કેટલીયે પથ્થરની થોડી ધાતુઓની મૂર્તિઓ, બે પંચતીર્થો, એક સિદ્ધચક્ર, નાભીરાજાની અને બધા જ તીર્થંકરોની મૂર્તિઓ ચક્રેશ્વરી માતા અને ગોમુખ પક્ષની મૂર્તિઓ છે, ત્યાંથી નીચે ઉતરતાં મોતીશાની ટૂક ૨૩૧ ફૂટ લાંબી અને ૨૨૪ ફૂટ પહોળી છે ને ફરતો મજબૂત ગઢ છે, આ ટૂકમાં પણ અન્યત્ર વર્ણન છે તેવી જ પ્રતિમાઓ, સિદ્ધચક્રો, પંચતીર્થ ઇત્યાદિ છે. શત્રુંજયની દક્ષિણ શિખરની વિમલ વસહી ટૂક બહાર જ ભૂલવણીના મંદિરો છે. આમાં ભૂલભૂલામણી થઈ જાય તેવા અસંખ્ય મંદિરો છે ને પાછળ તળાવ છે. વળી ટૂકમાં અજમેરના જયમલ શેઠનું શતકતમ્ભ મંદિર જેમાં ૬૪ થાંભલાઓ જ છે. અને ત્યાંથી પશ્ચિમે જગત શેઠનું સુમતિનાથનું મંદિર બંને દર્શનીય છે, આ પછી બહારના ચોકમાં જ કુમારપાળનું મંદિર તેના આસમાની રંગના આરસના છત્તરથી ને પીળાં આરસમાં થયેલી કોતરણીથી શોભી રહ્યું છે.

કુમારપાળનું મંદિર જૂના મંદિરમાંનું એક હોવા છતાં તેમાં એટલાં બધાં ફેરફારો થતાં આવ્યા છે કે તેમાંથી મૂળ ભાગ કર્યો હશે તે કહી શકાય નહીં આ બહારના ચોકમાં એક દિગમ્બર સંપ્રદાયનું મંદિર પણ છે. કુમારપાળના મંદિરની પશ્ચિમે હાથીપોળનો દરવાજો આવે છે. તેમાંથી એક બીજાં દરવાજામાં જવાય છે, તેમાં અંદર જતાં શત્રુંજય તીર્થને પોતાના વિચરણથી પરમ પાવન બનાવનાર આદિનાથ પ્રભુનું સૌથી જૂનામાં જૂનું અને પવિત્ર સ્થાન આવે છે.

આદિશ્વર ભગવાનનું મંદિર સૌથી ભવ્ય પણ તેની જેવાં જ બીજાં મંદિરોનું વર્ણન આગળ આવી ગયું છે. મંદિરનો મંડપ બે માળનો છે અને તેની સૌથી મોટી વિશેષતા છે. બર્જેસના માનવા પ્રમાણે મૂળ આ મંદિર લાકડાનું હતું ને પથ્થરનું મંદિર બનાવવામાં આવ્યું ત્યારે પણ તેની મૂળ લાકડાની બાંધણી જાળવી રાખવામાં આવી છે. ત્યારે પણ આદિશ્વર ઋષભદેવની ચિત્તને શાંતિ આપે તેવી ભવ્ય અસાધારણ પ્રતિમા મનમોહક છે, આ મુખ્ય પ્રતિમા ઉપરાંત ગભારામાં જ બીજી ૫૫ તીર્થંકરો ભગવંતોની પ્રતિમાઓ છે. રંગ મંડપમાં ઘણી સુંદર પ્રતિમાઓ પણ છે. બંને મંડપમાં ને ગર્ભગૃહમાં મળીને ૨૭૩ થી યે વધુ પ્રતિમાઓ અને પાદુકાઓ છે.

જૈનોના મંતવ્ય પ્રમાણે તો પહેલું મંદિર ભરત ચક્રવર્તીએ ને પછીની જાણ પ્રમાણે તેરમી વાર જાવડાશાએ તેનો જીર્ણોદ્ધાર કરાવેલો. પણ ચક્રવર્તી ભરતનું કે જાવડાશાના મંદિરો આજે મળતા નથી. ઐતિહાસિક દૃષ્ટિએ જોઇએ તો સોલંકી યુગમાં મંત્રીશ્વર ઉદયનને આ સ્થળે લાકડાના મંદિરો જોઈ તે સળગી ઉઠવાનો ભય લાગતા મંત્રીશ્વરના પુત્ર વાહડે તે જ સ્થાને પિતાની મરતી વખતની ઇચ્છા મુજબ પથ્થરના મંદિર બનાવ્યા અને કુમારપાળ મંદિર પણ લગભગ આજ સમયે રચાયું. કહેવાય છે કે વાહડે આ મંદિરો પાછળ બે કરોડને સત્તાણું લાખ રૂપિયા ખર્ચેલાં. ત્યારપછી વસ્તુપાળે શત્રુંજય પર ચડવાના પગથિયાં બનાવ્યા; ને તળેટીમાં લલિતસાગર તળાવ બનાવ્યું.

અલ્લાઉદ્દીનના સમયમાં શત્રુંજયના મંદિરોને નુકશાન થતાં મૂળ મૂર્તિને સ્થાને સમરકે નવી મૂર્તિ પધરાવી. આદિશ્વર ભગવાનના મંદિર પાસે હીરવિજયસૂરીનું પણ મંદીર છે. આ આદિશ્વરના મંદિરની આસપાસના ચોકમાં જ ગણતરી ન કરી શકાય તેટલી નાની મોટી અર્ધા લાખ જેટલી પ્રતિમાઓ છે. શત્રુંજયતો સ્વચ્છ અને એક એકથી ચડિયાતા મંદિરોનું પવિત્ર ધામ છે. જેનું વર્ણન અસકય છે. તેની શોભા તો દર્શન કરતી વેળા જ પ્રાપ્ત થઈ શકે તેમ છે. આ તીર્થની રક્ષા કાજે બારોટ કોમે આપેલા મોંઘેરા બલીદાનની શૌર્ય કથા આ ગ્રંથમાં જ પ્રકાશિત કરવામાં આવી છે.

**કદંબગિરિ :**

તીર્થોદ્ધારક આચાર્યશ્રી વિજય નેમિસૂરીશ્વરજીની પ્રેરણાથી આ તીર્થમાં નવીન જીનાલયો થયા છે. અહીં જીનદાસ ધરમદાસની પેઢી છે. પાલીતાણાથી ૮ માઇલ દૂર જંગલમાં મંગળ સમાન વિશાળ પટાંગણમાં મંદિરો, ભોજનશાળા–ધર્મશાળાઓ આવેલ છે. શ્રીવૃદ્ધિ વાટીકા જ કદમ્બગિરિમાં પગ મૂકતાં પહેલાં યાત્રાળુઓને આવકારે છે. વૃદ્ધિ વાટિકામાં ઉપાશ્રય–ધર્મશાળા તથા જ્ઞાનશાળા છે. વૃદ્ધિવાટિકા પાછળ યાત્રાળુઓ માટે ૨૮ જેટલી ઓરડીઓ છે. પાછળ બગીચામાં વિવિધ જાતના ફુલઝાડ શોભી રહ્યા છે. સામે ભોજનશાળાની વ્યવસ્થા છે. યાત્રિકોને માટે જમવાની સુંદર સગવડ છે.

કદંબગિરિનું પ્રથમ મંદિર શ્રી કદંબવિરાટ, આ મંદિરની જમણી બાજુ સૂરિ સમ્રાટ આચાર્ય શ્રી વિજય-નેમિસૂરિશ્વરજી મહારાજની પૂરાં કદની મનોહર આરસની પ્રતિમાની દેરી છે. રંગમંડપના પ્રવેશદ્વારની જમણી બાજુ આચાર્યશ્રીનું પંચધાતુનું બસ્ટ છે. મૂળ નાયક શ્રી મહાવીર સ્વામીની મૂર્તિ છે. ભયનીમાં ૭૨ કુલિકાઓ છે. કદંબગિરિની મોટી ટૂક જતાં શ્રી હેમાભાઈ શેઠની વાવ આવે છે. એ ફર્લાંગ ચાલતાં તળેટીમાં યાત્રા કરીને આવનારને ભાતુ અપાય છે. શ્રી આદિશ્વર ભગવાનની ટૂકમાં પ્રવેશતાં સૂરીસમ્રાટ ઉપદેશ આપતા હોય તે દૃશ્ય નજરે પડે છે. મંદિરમાં શ્રી આદિશ્વર ભગવાનની ૯૧ ઈંચની ભવ્ય પ્રતિમા છે, સામે પુંડરિક સ્વામીનું દેરાસર છે. ડાબી બાજુ નીકળતા કલામય મેરૂશિખરની રચના છે. મેરૂપ્રસાદની પાછળ નુતન મંદિર આવેલું છે તેમાં ૧૧૫ ઈંચના ભવ્ય આદિશ્વર ભગવાનની પ્રતિમા છે. અહીં શત્રુંજય તીર્થની રચના કરવામાં આવી છે. આ ઉપરાંત ગણધર પગલાંનો ચતુર્મુખા પ્રાશાદ–નેમિનાથ પ્રસાદ. શ્રી નેમિનાથનું મંદિર પણ જોવા લાયક છે. શ્રી સીમંધર પ્રસાદ પણ દર્શનીય છે કદંબગિરમાં બે માઈલ દૂર વાવડી પ્લોટમાંવિધવિધ રંગના આરસ પહાણની મનોરમ પ્રતિમાઓ દેવ દેવીઓ, યક્ષ યક્ષણીઓ આદિની પ્રતિમાઓ છે, દેશદેશાવરના મંદિરોમાં આ પ્રતિમાની મોટી માંગ રહે છે, કદંબગિરિ જવા માટે રોહીશાળાનો રસ્તો શત્રુંજય બંધને લીધે બંધ થયો છે. હવે બંધના રસ્તે થઈને કદંબગિરિ જવાય છે. શેત્રુંજી બંધ આપણાં લાડીલા, વિશ્વના જ્યોતિર્ધર શ્રી જવાહરલાલ નહેરૂના નામ પરથી નહેરૂબંધના નામથી ઓળખાશે. અહીં જૈન ધર્મશાળા દેરાસરની વ્યવસ્થા છે.

**તાલધ્વજગિરિ :**

તાલધ્વજગિરિ શત્રુંજયની ટુક કહેવાય છે. આ નાનકડો ડુંગર તેમાં રચેલી ગુફાઓ અને દશ્યોથી પ્રાચીન ગણાય છે. ચીનના સુપ્રસિદ્ધ યાત્રિક હ્યુએન સંગ ઇ. સ. ૬૪૦ લગભગ વલ્લભીના દર્શને આવેલ તેમણે તાલધ્વજ-ગિરિને પ્રાચીન વિરાટ કહ્યો છે.

ભાવનગર શહેરથી ૩૨ માઇલ અને પાલીતાણાથી ૧૪ માઇલ તળાજા નામનું સુંદર ગામ તળાજા ટેકરીના ઢોળાવ પર આવેલું છે. પાસે તળાજા નદીના વિશાળ પટને ઓળંગીને શહેરમાં જવાય છે. તળાજા ગામને પોતાની છાયામાં સમાવીને તાલધ્વજગિરિ ઉભો છે. તાલધ્વજગિરિના પગથિયાં પાકા બાંધેલાં છે અને ચઢાણ સરળ છે. શાંતિકુંડ પહોંચતા વચ્ચે ગુફાઓ આવે છે, તેમાં કેટલીક ગુફાઓ પ્રાચીન હોય તેમ લાગે છે. એભલમંડપ અને ખોડિયારની ગુફાઓના વિશાળ સભાસ્થાન જોવા જેવાં છે. આ ગિરિ ઉપર શ્રી પાર્શ્વનાથ ભગવાનનું ભોયરાવાળું મંદિર, શ્રી સાચાદેવ સુમતિનાથનું મંદિર આવેલ છે. આ સાચાદેવની મૂર્તિ તળાજાના કડોળિયા બ્રાહ્મણને ત્યાં મકાનના પાયામાંથી નીકળી હતી. એ વખતે ગામમાં ચાલતો રોગચાળો બંધ થયો હતો. અહીં અખંડ દિપક રહે છે, ને દિપકની શિખાના ઉપરના ભાગમા કેશરવર્ણી મેશ પડે છે. આ મુખ્ય દેરાસર સામે નૂતન કલામય શ્રી મહાવીર જીનપ્રાસાદ છે. બાજુમાં જ્યોતિર્ધરોનું ગુરૂમંદિર છે. સો એક ફૂટ ઊંચે ચૌમુખજીની ટૂક તથા કીર્તિસ્તંભ જોવા જેવાં છે. તળાજા ગામ રળિયામણું છે. શ્રી નરસિંહ મહેતાનું જન્મ સ્થાન તળાજા ગણાય છે. ડુંગર ઉપરનાં ગુફાઓ બૌદ્ધ ગુફાઓ તરીકે ઓળખાય છે.

**ઘોઘા :**

શ્રી નવખંડા પાર્શ્વનાથ થોડાં વર્ષ પહેલાં ઘોઘા બંદર હતું. અહીં નવખંડા પાર્શ્વનાથની ચમત્કારીક મૂર્તિ છે. મૂર્તિ પ્રાચીન છે, ગઢમાં બીજા ચાર મંદિરો છે. હમણાં ઘોઘામાં પ્રતિમાઓ નીકળી છે, તેથી તે પુરાતન શહેર તરીકે પ્રસિદ્ધ હશે એમ જણાય છે. ભાવનગરથી મોટર-બસમાં ઘોઘા જવાય છે, અહીં શ્રી ચંદ્રપ્રભુ તથા જીરાવાળા પાર્શ્વનાથના મંદિર છે, શેઠ હઠીભાઇની ધર્મશાળા છે. અમદાવાદના શેઠ હઠીભાઈના પત્ની હરકુંવર શેઠાણી ઘોઘાના હતા અને તે કુમકુમ પગલાંના ભાગ્યશાળી હતા.

**ભાવનગર :**

ગોહિલવાડનું પ્રગતિશીલ અને રળિયામણું શહેર છે. સ્ટેશન પાસે જ હીરાલાલ અમૃતલાલ તથા ગુલાબ બાગ ધર્મશાળાઓ છે. શહેરમાં જૈનોના પાંચ મોટા દહેરા છે. તેમાં દરબારગઢ સામે આવેલ આદિશ્વર ભગવાનનું મોટું દેરાસર તેમ જ પાસે જ વોરાબઝારમાં ગોડીજી પાર્શ્વનાથનું દેરાસર, દાદા સાહેબમાં મહાવીર સ્વામીનું અને વડવામાં પણ દેરાસરો આવેલાં છે.

શહેરમાં જૈન ધર્મ પ્રસારક સભા, શ્રી જૈન આત્માનંદ સભા, શ્રી યશોવિજયજી ગ્રંથમાળા, શેઠ ત્રિભોવનદાસ ભાણજી કન્યાશાળાના (મેટ્રીક સુધી), શ્રી જૈન વિદ્યાર્થી ભવન વગેરે સંસ્થાઓ છે. ભાવનગરમાં પીલ ગાર્ડન, બોરતળાવ, તખ્તસિંહજી હોસ્પિટલ વગેરે દર્શનીય સ્થળો છે.

**શિહોર :**

પાલીતાણાનું શિહોર જંકશન છે, શિહોરમાં શ્રી પાર્શ્વનાથ ભગવાનનું સુંદર મંદિર છે. ધર્મશાળા તથા ભોજનશાળા પણ છે. શિહોરના પેંડા, ત્રાંબા પિત્તળના વાસણો અને તમાકુ વખણાય છે.

**મહુવા :**

સૌરાષ્ટ્રના દક્ષિણ કિનારે સાગર તટ પર આવેલ પુરાતન બંદરી શહેર મહુવા–મધુમતીના નામથી સુપ્રસિદ્ધ છે. મહુવા–વીરભૂમિમાં શ્રી જીવતસ્વામી–મહાવીરસ્વામીનું સુંદર દેરાસર છે, મહુવાના જાવડશાએ શત્રુંજયનો ઉદ્ધાર કરાવ્યો હતો. કુમારપાળ મહારાજા મહુવા પધાર્યા હતા. હાંસાધારૂના પુત્ર જગડુશાએ સોનૈયાના બોલીથી શત્રુંજય ઉપર તીર્થમાળ પહેરી હતી. પરમાત્માના ચરણે રત્નાની ભેટ ધરી હતી. મંત્રીશ્વર વસ્તુપાળ તેજપાળ મહુવાની યાત્રાએ આવ્યા હતા. મહુવા વીરભૂમિ ગણાય છે. શાસન સમ્રાટ શ્રી વિજયનેમિસૂરી દેશ વિદેશમાં જૈન ધર્મનો પ્રચાર કરનાર આચાર્યશ્રી વિજય ધર્મસૂરી, વિદ્વાનવર્ય આચાર્યશ્રી વિજયદર્શનસૂરિ, અમેરિકામાં જૈન ધર્મનો સંદેશો આપનાર શ્રી વીરચંદ રાઘવજી ગાંધી, મહાન જાદુગર નથુ મંછારામ આ ભૂમિના રત્નો થઈ ગયાં.

**શ્રી મોટા ગોપનાથ :**

આ ધર્મસંસ્થા અરબી સમુદ્રને ખંભાતનો અખાત જ્યાં આગળ મળે છે ત્યાં આવેલી છે. તદ્દન સમુદ્ર કિનારે છે ને ઉનાળા દરમ્યાન ઘણાં માણસો હવા ખાવા માટે અહીં આવે છે, અને રહે છે. આવાં ધર્મસ્થાનોના મૂળમાં ઘણીજ દંતકથાઓ રહી હોય છે, અને દંતકથાઓ સાથે ઇતિહાસે પણ કયારેક વચ્ચે નોંધ લીધી હોય છે, તેથી તેવી સંસ્થાનોનો નાનો એવો ઇતિહાસ પણ છે.

**અમરેલીના જૈન મંદિરો :**

નાનું પણ સમૃદ્ધ અમરેલી ગામ જેમાં જૈનોની સંખ્યાં થોડી પણ ધનિક હતી, પરંતુ ગામમાં એક પણ જિન મંદિર ન હતું તેથી સકળસંઘે ભેગા થઇ સુંદર શિલ્પકળા યુક્ત જિનાલય બંધાવ્યું. અને ૧૮૫૫ ના મહા સુદ ૧૧ના પુણ્ય દિવસે શ્રી સંભવનાથ પ્રભુની પરિકર યુક્ત પ્રતિમા તેમાં પધરાવવામાં આવી.

આ પ્રતિમાજી ખૂબ જ ચમત્કારી છે. કહેવાય છે કે અમરેલીમા કામનાથ, નાગનાથ અને સંભવનાથ મંદિરનું નિર્માણ સમકાલિન થયું છે. આ જિનમંદિર નિર્માણ થયાને ૧૫૦ વર્ષ વ્યતિત થયા હોવાથી પૂ. ભુવન વિ. મહારાજની નિશ્રામાં ૨૦૧૭ ના ચૈ. વ. ૧૩ થી વૈ. સુ. ૪ અષ્ટાહ્નિકા મહોત્સવ કરાવી પુનઃ પ્રતિષ્ઠા કરાવી તે પ્રસંગ ગામમાં અભૂતપૂર્વ ઉજવાઇ ગયેલ. આ સિવાય આ જિનમંદિરની સામે જ શ્રી શાંતિનાથ ભગવતનું નાનું પણ સુંદર દેરાસર છે. જેમાં શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિષ્ઠા ૧૯૯૭ ના મહા સુદ ૬ ના રવિવારે સિદ્ધાંત મહોદધિ શ્રીમદ્ વિજય પ્રેમસૂરિશ્વરજી મહારાજના શિષ્યરત્ન પૂ. મુનિરાજ, શ્રી જંબુ વિ. મ. (હાલ શ્રીમદ્ જંબુસૂરિશ્વરજી)ના વરદ હસ્તે કરાવવામાં આવેલ. આમાં પણ શ્રી સંઘે સારો લાભ લીધેલ. હાલ આ ગામમાં શ્રી નેમિનાથ પ્રભુનું પણ નાનું દેરાસર છે,

**રામજીમંદિર–દામનગર :**

સૌરાષ્ટ્રમાં ઢસા પાસે દામનગરમાં ખાખીબાપુને નામે ઓળખાતા પ્રેમદાસજી સંતે અહીં આવીને પોતાના તપોબળે એક સુંદર રામજીમંદિર ઊભું કર્યું છે. સાધુ સંતોને હરિહર કરાવે છે. નિસ્પૃહિજીવન જીવે છે, પોતાની દિવ્યતા વડે તેમણે આ મંદિરનો મહિમા પણ ઘણો વધાર્યો છે. ઘણાં દર્શનાર્થીઓએ અહીં આવીને જીવન પાવન કર્યું છે.

**વૈજનાથ મંદિર-દામનગર :**

દામનગરમાં આ શિવાલય પણ લગભગ ૩૦૦ થી ૪૦૦ વર્ષ જુનું પુરાણું દેવાલય છે. જ્યાં ડોંગરે મહારાજે કથા કરેલી અને ગામ લોકના પ્રયાસથી જૈનોના સહકારથી રૂ. એકાદ લાખનું ભંડોળ ઊભું કરી ને આ મંદિરનો જીર્ણોદ્ધાર કર્યો, અને મહિમા વધાર્યો છે.

**જલાબાપાનું વીરપુર :**

જલારામ બાપાનું નામ ન સાંભળ્યું હોય કે તેમના એક હાથમાં બેરખો અને બીજા હાથમાં ડંડાવાળો ફોટો ન જોયો તેવાં ગુજરાત–સૌરાષ્ટ્રમાં બહુ ઓછા માણસો નીકળશે. 'જલા સો અલ્લા' એવું જેમના માટે લોકોમાં બોલાય છે તે જલારામ બાપાના પવિત્ર સંસ્મરણો સાથે જોડાયેલું વીરપુર સૌરાષ્ટ્રનું યાત્રાધામ ગણાય છે. મધ્ય સૌરાષ્ટ્રમાં ગોંડલ ને જેતપુર વચ્ચે આવેલું વીરપુર એસ. ટી. દ્વારા કે રેલ્વે દ્વારા પણ પહોંચી શકાય તેવું યાત્રા સ્થળ છે.

વીરપુરના પ્રધાન ઠક્કર અને રાજબાઈને ત્યાં એક મહાત્માના આશીર્વાદ પ્રમાણે સં. ૧૮૫૬ ના કારતક માસમાં સુદ સાતમને સોમવારે રાજબાઈની કૂખે જલારામ ભગતનો જન્મ થયો. નામ તો રાખવામાં આવ્યું દેવજી. દેવજીભગત બાળપણથી જ રામ રામ એ દિવ્ય નામ મંત્રનો જપ કર્યા કરતા. ગામઠી શાળામાં શિક્ષણ મેળવ્યું, ૧૪ વર્ષે લુહાણા જ્ઞાતિના રિવાજ પ્રમાણે જનોઈ દેવાણી. પછી તો જલારામનું સગપણ આટકોટમાં નીરબાઈ સાથે થયું. જલારામને ગમ્યું નહીં પણ રામની મરજી માની આધિન થયા. ૧૬મા વર્ષે લગ્ન થયા. જલારામના દાનપ્રિય સ્વભાવને કારણે પિતાએ જુદાં કર્યા અને વાલજીકાકાની દુકાને બેસવા લાગ્યા. એકવાર ગિરનાર જતી સાધુ મંડળી માટે લોટ, દાળ, ઘી, ગોળની થેલીઓ જલારામ, કાકાની ગેરહાજરીમાં પહોંચાડવા સાધુની પાછળ જતાં હતા, ત્યાં કોઇકના ચડાવ્યા વાલા કાકા રોષે રાતાપીળાં થતા આવ્યા ને પૂછયું, "આ ફાળિયામાં શું બાંધ્યું છે?" જવાબ મળ્યો કે, "સાધુ સંતો માટે છાણા છે." "લોટામાં શું છે. બીજો પ્રશ્ન પૂછાયો, જવાબ મળ્યો કે "પાણી" કાકાએ કહ્યું "બતાવ જોઉં" ને સાચે જ લોટામાંથી પાણી અને ફાળિયામાંથી છાણા નીકળ્યા. દુકાને તપાસ કરી તો વેજામાંથી પાણકોરૂં પણ ઘટતું ન હતું. જલારામને પણ ત્યારથી રામમાં શ્રદ્ધા બેસી ગઈ. સત્તર વર્ષની વય પછી તો જલારામ બે વર્ષ યાત્રા કરી વીરપુર આવ્યા ને પતિ–પત્ની સૌથી અલગ રહી ભજન કીર્તનમાં પડયા. ગુરૂ ભોજલરામ પાસે કંઠી બંધાવી. સદાવ્રત શરૂ કર્યું ને જલારામના નામે ચમત્કારો ચડવા લાગ્યા. પાંચ માણસોની રસોઈ જલાબાપાની હાજરીમાં ૫૦૦ ને પૂરી પડવા લાગી. રોગીના રોગ મટવા લાગ્યા. એક વૃદ્ધ મહાત્માએ જલારામ પાસેથી પોતાની સેવા માટે વીરબાઈમાને માગી લીધા ને જલાબાપાએ માને સાધુના સથવારે સોંપ્યા. પણ સાધુ તો દંડો ને ઝોળી આપી અદશ્ય થઈ ગયા. આકાશવાણી થઈ અને માને જગ્યામાં પાછાં જવા હુકમ થયો. આવાં તો પુસ્તકોનાં પુસ્તક ભરાય તેવાં જલાબાપાના ચરિત્રો છે. વીરપુરમાં આજે પણ સુંદર મઝાનું રામ મંદિર છે. બાજુમાં જલાબાપાનો ફોટો છે અને પગલાં છે. ગભારામાં ધોકો ને ઝોળી છે. લોકો સેંકડોની સંખ્યામાં દર્શને માનતા પૂરી કરવા આવે છે. સદાવ્રત અખંડ ચાલે છે. જગ્યામાં આવનાર સૌને ચા પાણી, દૂધ, ભોજન અપાય છે, ટ્રસ્ટમાંથી સંસ્કૃતમાં સારાં ગુણો મેળવનારાઓને શિષ્યવૃત્તિઓ અપાય છે. શિષ્યવૃત્તિ આપી છાત્રોને પરદેશ પણ મોકલવામાં આવે છે. રાજકોટમાં માતુશ્રી વીરબાઈમા મહિલા કોલેજ પણ ચાલે છે.

**ભગવાન શ્રી ઘેલા સોમનાથ :**

ઘેલા નામની નદીના કિનારે આ ભવ્ય મંદિર છે. તેની આસપાસના પ્રદેશમાં પ્રકૃતિ જાણે સતે ચડી હોય તેવું આહલાદક વાતાવરણ ભાસે છે. મંદિરથી એકાદ માઈલના અંતરે વાઘેશ્વરી ઘેલો ને કાળુભાર નદીઓના ત્રિવેણી સંગમ છે. ઘેલા સોમનાથની વિશે ઐતિહાસિક ગણ.તી કથા નીચે પ્રમાણે છે. જૂનાગઢની ગાદી પર ચુડાસમા વંશી રા' મહિપાળ રાજ્ય કરતો હતો. રા'પોતે અને તેનું આખું કુટુંબ પ્રભાસ પાટણમાં બિરાજતા ભગવાન સોમનાથનું અનન્ય ભક્ત હતું. સોમનાથનો વૈભવ સાંભળી ગુજરાતના સુલતાન જાફરની આંખોમાં સોમનાથનું ખંડન કરી, સમસ્ત ભોમકાને છિન્ન વિછિન્ન કરી નાંખવાનું સ્વપ્ન રચાવા માંડયું જાફરે પોતાની પુત્રી હુરલ અને ગુપ્તચરોને સોરઠ પ્રદેશની તથા પ્રભાસ પાટણની રજેરજ વિગતો પ્રાપ્ત કરી લેવાં સમગ્ર પ્રદેશમાં ફેલાવી દીધા. સોમનાથનું મંદિર તેની રક્ષણ વ્યવસ્થા પૂજારીઓ, જવાના રસ્તા વગેરે માહિતી સુલતાનને પહોંચવા લાગી. તેમાં વળી એવાં સમાચાર મળ્યા કે રા'ની કુંવરી મીનળદેવી એ ભગવાન સોમનાથની સેવા ઉપાસનામાં આ જન્મ કુંવારી રહી પ્રભાસમાં જ પોતાનું જીવન ગાળવાનો સંકલ્પ કર્યો ને તેને માટે હીરણ નદીના કાંઠે આવાસ રચાવા માંડયો છે એ ખબર સાંભળતા હુરલે પોતે મીનળદેને મળી, પોતાને કોઈક વધુ જાણવા મળે તે માટે પ્રભાસ તરફ પ્રયાણ કર્યું. પરંતુ પ્રભાસમાં તેણે સોમનાથ ભગવાનનું ષોડશોપચારથી પૂજન કરતી મીનળદેવીની શ્રદ્ધાભક્તિ જોઇ હુરલના હૃદયમાં પરિવર્તન થયું. હુરલ મીનળદેવને નમી પડી ને પોતાના પિતાના થનારા સોમનાથ પરના હલ્લાની વાત કરી. મીનળદેએ તુરત જ રા'ને સમાચાર પહોંચાડયા.

રા'એ ભગવાન સોમનાથના રક્ષણની તૈયારીઓ આદરી. આ બાજુ મીનળદે પાસે ગયેલ હુરલ પાછી ન આવતાં ગુપ્તચરોમાં ફફડાટ બેઠો ને તેમણે ઠેઠ મીનળદેના નિવાસસ્થાન સુધી ખબર કઢાવી. હુરલે ગુપ્તચરોને જણાવી દીધું કે પોતે પણ ભગવાન સોમનાથના ચરણોમાં જ જીવન ગાળવા માંગે છે. સુલતાન જાફરે તો સમાચાર મળતાં જ તાબડ તોબડ પ્રયાણ આદર્યું ને રાત દિવસ જોયા વિના પ્રભાસ પર હુમલો કરવા તે ઉતાવળો થઈ રહ્યો. પરંતુ ભગવાન સોમનાથના શિવલિંગને લઇને હુરલ અને મીનળદે પાલખીમાં છાને રસ્તે ઉપડયા. પાછળ લાઠીના હમીરજી ગોહિલ પોતાના ચૂંટેલા માણસો લઈ પ્રભુની પાસે મુસલમાનો પહોંચી ન શકે તે રીતની વ્યવસ્થા જાળવતા ચાલ્યા. પ્રભાસપાટણમાં રાજપૂતોએ અને બ્રાહ્મણોએ સુલતાનના લશ્કરનો ભારે સામનો કર્યો, પાલખી ગોરકડે પહોંચતા મુસલમાની સૈન્યના એક વિભાગે ગોરકડી આંતર્યું. પણ રાજપુતોએ ત્યાં પણ યુક્તિપૂર્વક પરાક્રમ દાખવી પાલખી રવાના કરી દીધી. પાલખી ભડલી પહોંચતા ભડલીના શિવોપાસક વેજલભટ્ટ મદદે આવ્યા. પરંતુ શિવલિંગ

ભડલીના કાંઠે જમીનમાં પેસવા માંડતા ત્યાં જ શિવજીની સ્થાપના કરી. આ બાજુ ગોરકડા સર કરી મુસલમાનો ભડલી પહોંચ્યા. વેજલ ભટ્ટે ભારે પરાક્રમ બતાવ્યું. સાત સાત મુસલમાનોનો સામનો કરી તેને સંહારતા વેજલ ભટ્ટ પણ ખૂબ ઘવાયા અને ભૂગર્ભમાં સ્થાપવામાં આવેલાં બાણુ પર જ લોહી નીતરતી હાલતમાં ઢળી પડયા. બાજુમાં વૃક્ષની ઓથે સંતાઇ રહેલ હુરલ અને મીનળદેને પકડયા મુસલમાન સૈનિકો દોડયા પણુ ઊંચી ટેકરી પર ચડી ગયેલાં આ બંને શિવોપાસિકાઓએ સમાધી લીધી. ધરતીમાં સમાઇ ગઇ. શિવલિંગ ધરતીમાં સમાઈ ગયું તેથી મુસલમાનોને દેખાયું નહીં.

ભડલી ગામમાં લોટ માંગીને પોતાનું માંડ માંડ પૂરૂ કરતાં દયારામ ભટ્ટને એકવાર વગડામાંથી પસાર થતાં જમીનમાંથી કંઈક અવાજો થતાં સાંભળ્યા અને તેણે અવાજ આવતો હતો ત્યાં ધૂળ આઘી પાછી કરી ને જોયું તો સુંદર શિવલિંગ જણાયું. તેણે આ શિવલિંગની પૂજા કરી ને જ જમવાનું વ્રત લીધું.

કહેવાય છે કે એક ચોમાસામાં અનરાધાર વરસાદ ને વીજળીઓના તાંડવ વચ્ચે પણુ નિર્ભય રહી દયારામ ભટ્ટ પૂજા કરી રહ્યા હતા, ત્યાં કોઇ સાધુ આવી તેને ઘેલો નદીનાં ઘોડાપુરમાંથી માર્ગ કરાવી સામે પાર મૂકી ગયા. અત્યારે પણુ દયારામ ભટ્ટના વંશજો શિવજીની મહાપૂજા કરે છે.

આ તીર્થધામ રાજકોટ જીલ્લાના જસદણુ તાલુકામાં આવ્યું છે ને રાજકોટથી ગઢડા જતી એસ. ટી.માં ત્યાં જઇ શકાય છે. શ્રાવણુ માસમાં ને આસો માસમાં આસપાસના પ્રદેશની વનશ્રીના સૌંદર્યને સોળે કળાએ ખીલેલું જોઈ હજારો યાત્રાળુઓ શિવજીના દર્શન સેવા કરે છે. યાત્રાળુઓને ઉતરવા રહેવા સારી સગવડ છે. જગ્યાના મહંત હાલમાં દેવગિરિજી વીરગિરિજી મહારાજ બિરાજેલ છે. તેઓ યાત્રિકોમાં ઘણાં જ પ્રીતિપાત્ર બન્યા છે.

**જડેશ્વર મહાદેવ :**

વાંકાનેર અને મોરબી પંથક વચ્ચે મચ્છુકાંઠે શ્રી જડેશ્વર મહાદેવનું સુંદર મંદિર આવેલું છે. સૌરાષ્ટ્રના મધ્યભાગ પાંચાલ પ્રદેશથી માંડીને આજુબાજુ ડુંગરમાળા પથરાયેલી છે. વાંકનેરના પાદરમાં જ કાલિકા, ચાંદેલિયા અને ધોળેશ્વર મહાદેવ બિરાજેલ છે. આ ડુંગરમાળા વાંકાનેરની દક્ષિણુ દિશાને આવરીને પડી છે. આ ધાર ધીમે ધીમે વાંકાનેરની ઉત્તર તરફ નમતી નમતી છેક જડેશ્વર મહાદેવના ધામ પાસે જઇને ઉભી રહે છે. સ્વચ્છ હવા, પાણી અને કુદરતી સૌંદર્યના કારણે આ સ્થાન પ્રખ્યાત છે. જડેશ્વર મહાદેવના મંદિર પાસે એક વિશાળ ધર્મશાળા છે. ખાસ કરીને શ્રાવણુ માસમાં સૌરાષ્ટ્ર–ગુજરાતમાંથી મોટી સંખ્યામાં યાત્રાળુઓ અહીં દર્શન કરવા અને રહેવા આવે છે. મંદિર અને શિવલિંગ ઘણાં ભવ્ય છે. આ સ્થળ વિષે નીચે પ્રમાણેનો દોહરો પ્રસિદ્ધ છે.

જડિયો જંગલમાં વસે, ઘોડાનો દાતાર;
ત્રુઠયો રાવળ જામને, હાંકી દીધો હાલાર.

**ફળેશ્વર મહાદેવ–વાંકાનેર :**

વાંકાનેરમાં મચ્છુ તથા પતાળિયાનો જ્યાં સંગમ થાય છે. ત્યાં ફળેશ્વર મહાદેવની એક વિશાળ જગ્યા આવેલી છે. વાંકાનેરમાં સૌથી મોટું ધાર્મિક સ્થળ છે. લગભગ ૫૦૦ વર્ષનું જૂનું શહેર છે. બાજુમાં નાગાબાવાની જગ્યા છે જ્યાં દરવર્ષે શ્રાવણુ માસમાં દશમનો મેળો ભરાય છે. આ મેળામાં ભજીયા ખાવાનું ચલણુ છે. સામે શાંબાવાની મોટી પૂરાણી ઈમારત ઊભી છે, જે વાંકાનેરની પ્રાચીનતમ વસ્તુ છે. મુનિબાવા ફળેશ્વર મહાદેવની જગ્યા વસાવીને બેઠાં છે. આમ મુનિબાવા, શાંબાવા, નાગાબાવાની ત્રિપુટી બની. ફળેશ્વરની જગ્યામાં પ્રાચીન ભોંયરૂં છે, જે જોવા લાયક છે. આ જગ્યાના સંચાલક મહંત શ્રી રામકિશોર દાસજીએ ટાઇલ્સ પથરાવી રીપેર કર્યું છે. અંદર લાઈટ પણુ ગોઠવી છે. આ ભોંયરામાં શંકર ભગવાન બિરાજે છે. સૌથી પ્રથમ મુનિ સુંદરદાસજી હતા, જેમણે ૯૭ વર્ષ સુધી આ જગ્યાને શોભાવી પાછળથી હાલના મહંત શ્રી રામકિશોરદાસજી અયોધ્યાદાસજી છેલ્લાં ૨૫ વર્ષથી મન-મૂકીને જગ્યાને અધિક શોભાયમાન બનાવવા પ્રયત્ન કરી રહ્યા છે. અહીં શ્રી રામલક્ષ્મણુ સીતાજીનું મંદિર, શ્રી મહાદેવનું મંદિર છે. અને ૩૦૦ વર્ષ જૂની હનુમાનજીની મૂર્તિ ચાંદીના ટૂકડામાં મઢાયેલી ૫ ફૂટ ઊંચી આજે પણુ માનવીને દર્શન આપવા ઊભી છે. લગભગ ૨૦,૦૦૦ ના ખર્ચે રામજીમંદિર ટૂંક સમયમાં બાંધવાનું છે. દાતા તરફથી રકમ આવતી જાય છે. ઉપરાંત અન્નક્ષેત્ર ચાલુ છે. ૧૫ જેટલી ગાયો છે. સંસ્થામાં બાગબગીચાઓ, ભોજનાલય, પ્રાર્થનામંદિર, રામજીમંદિર, કુવો, પંપ વિગેરેની સગવડતા છે. લગભગ ૨૮૦૦ ચો. વાર જગ્યા છે. આ સંસ્થાના સંચાલકો શ્રી હીરાચંદ હિરચંદ, શ્રી ગોરધનદાસ વોરા, શ્રી વીરજી માથકિયા અને શ્રી રતિલાલ દલાલ છે. આ જગ્યાને શોભાયમાન કરવામાં સ્વ. શ્રી નાનાભાઈનો ફાળો ખૂબ હતો. વાંકાનેર આવવાનું થાય તો ફળેશ્વર મહાદેવના દર્શન કરી જીવન ધન્ય બનાવશો.

**તુલસીશ્યામ :**

સૌરાષ્ટ્રમાં પ્રભાસક્ષેત્રનું સ્થળ પુરાણુ પ્રસિદ્ધ છે. આ પ્રભાસક્ષેત્રની પૂર્વે તુલસીશ્યામનું સ્થળ "તપ્તોદક તીર્થ" નામે પ્રસિદ્ધ છે. હજારો વર્ષ પહેલાં દીવના ટાપુમાં જાલંધર નામનો રાક્ષસ રહેતો હતો. તેને એક વૃંદા નામની સતી સ્ત્રી હતી. આ વૃંદાને કારણે જાલંધરને કોઈ મારી

શકતું નહીં. જાલંધરે બધા દેવોને પણ હરાવ્યા હતા. છેવટે ભગવાન વિષ્ણુએ જાલંધરનું રૂપ લઈને વૃંદાનું સતીત્વ ખંડિત કર્યું. વૃંદાએ વિષ્ણુને શ્યામ પથ્થરના સ્વરૂપમાં ફેરવાઈ જવાનો શ્રાપ આપ્યો. ભગવાને તે શ્રાપને માથે ચડાવી વૃંદાને પણ તુલસીનું રૂપ થવાની આજ્ઞા કરી. આ તુલસીશ્યામનું એક મંદિર અમરેલી જીલ્લાના ધારી શહેરથી દક્ષિણ દિશામાં ૧૮ માઈલ દૂર ગીરના જંગલમાં આવેલું છે. ઉના શહેરથી એકવીસ માઇલ દૂર એક 'ભીમચાસ' નામનો ઉંડો ધરો છે. કહેવાય છે કે કુંતીમાતાની તરસ મટાડવા ભીમે પાટુ મારીને ધરતીમાંથી પાણી પ્રગટાવી આ ધરો બનાવ્યો હતો. આ ભીમચાસને પણ તુલસીશ્યામના ક્ષેત્રોમાં ગણવામાં આવે છે.

ગીરના મધ્ય જંગલમાં રળિયામણા ડુંગરાઓની ગાળી વચ્ચે નાનકડી પણ રૂપકડી ચાસી નદીના કિનારે, ભારતીય સંસ્કૃતિની ધજા લહેરાવતા અને ભક્તિ, શૌર્ય, સ્વાર્પણની પ્રેરણા વહેવડાવતા તુલસીશ્યામના પવિત્ર મંદિરને પોતાની ગોદમાં લઈને બેઠેલું તુલસીશ્યામનું પ્રાચીન અને પ્રસિદ્ધ તીર્થધામ એકાદ હજાર વર્ષથી સારાયે પંથકમા ધર્મ અને નીતિનું શ્રદ્ધા અને શક્તિનું સિંચન કરી રહેલ છે. સ્કંદ પુરાણમાં પ્રભાસખંડ તરીકે જે પ્રદેશનું વર્ણન આપવામાં આવેલ છે. એમાં મહત્વના ધામ તરીકે ઉલ્લેખ પામેલ આ તીર્થધામનો શરૂઆતથી કડીબદ્ધ ઇતિહાસ મળતો નથી. પરંતુ પ્રજાજીવનના આરોહ અવરોહના સદીઓ જૂનાં અને અતિ મહત્વના ઈતિહાસને પોતાના કોઠામાં સંઘરીને બેઠેલાં આ તીર્થધામો કાળના પ્રવાહની સાથે અનેક ઉત્થાન પતનના પ્રસંગો નિહાળ્યા હશે એવા કોઈ એક સમયે તુલસીશ્યામના મંદિરમાંથી ભગવાનની મૂર્તિ અદશ્ય થઈ ગઈ. સંભવ છે કે કોઇએ પ્રતિષ્ઠાભંગ કરવાના આશયથી મૂર્તિને ખંડિત કરી હોય અને એ દટાઇ ગઇ હોય. એવો પણ સંભવ ખરો કે ઝનુની આક્રમણકારોથી મૂર્તિની રક્ષા કરવા માટે કોઇ ભાવિક લોકોએ મૂર્તિને જમીનમાં પધરાવી દીધી હોય. ગમે તે કારણ હોય પણ મૂર્તિ અદશ્ય થઈ, મંદિર સૂનું પડયું. અને પ્રાચીન, પ્રસિદ્ધ, પવિત્ર એવું તીર્થધામ કાળના અંધારામાં ઢંકાઈ ગયું.

બસો વર્ષ પહેલાં એક રોમાંચક પ્રસંગ બની ગયો. લોકવાયકા એવી છે કે વખંભર બની ગયેલાં આ અરણ્યમાં એક દિવસ દેવા સતિયા નામના ચારણ માલધારીને રણઝણતી ઝાલર અને ગડગડતી નોબતના અવાજ સાથે જયોતના દર્શન થાય છે. બદરી કેદાર તરફથી આવીને સરસિયા ગામે સ્થિર થયેલાં અને દુધાધારી મહારાજ નામે ખ્યાતિ પામેલાં મહાત્મા પુરુષને એની જાણ થતાં તેઓ ભગવાનના દર્શન માટે આ સ્થાનમાં આકરી તપશ્ચર્યા આદરે છે. આઠ દિવસના ઉપવાસ પછી એને સ્વપ્નમાં ભગવાન દર્શન આપે છે. અને પોતાની દટાયેલી ખંડિત મૂર્તિને ધરતીની બહાર કાઢી એની પુનઃ પ્રતિષ્ઠા કરવાનો આદેશ આપે છે. શ્રી દુધાધારી મહારાજના હાથે શ્યામજી મહારાજની પુનઃ પ્રતિષ્ઠા થઈ. દીવના શેઠ શ્રી જુગલ રાયચંદે મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો અને ગરમ પાણીના કુંડ બંધાવ્યા. ફરી તુલસીશ્યામ મંદિર ઉપર શ્યામજી મહારાજની ધજા લહેરાવા લાગી, શ્રદ્ધાળુ યાત્રાળુઓનો પ્રવાહ વહેતો થયો અને અનેક પ્રેરણાદાયી પ્રસંગો સાથે ગુંથાયેલાં તીર્થધામે લોકજીવનમાં અનેરૂં સ્થાન પ્રાપ્ત કરી લીધું.

**શ્રી સોમનાથ અને પ્રભાસતીર્થ :**

"સૌરાષ્ટ્રે સોમનાથશ્ચ" એમ કહીને શિવના બાર જ્યોતિર્લિંગોમાં ભગવાન સોમનાથને પ્રથમ સ્મરવામાં આવ્યા છે. વળી ઋગ્વેદના ખિલસૂકતમાં પણ—

**यत्र प्राची सरस्वती यत्र सोमेश्वरो देवः ।**

**तत्र मा अमृतं कृधि इन्द्रायेन्द्रौ परिस्रवः ॥**

ઉપર પ્રમાણે જેનો ઉલ્લેખ છે તે શ્રી સોમનાથ ભગવાન અને પ્રભાસતીર્થ વિશે સંખ્યાબંધ ઉલ્લેખો મહાભારત અને પુરાણોમાં મળી આવે છે. કવિ કાલિદાસના નાટકના કણ્વ મુનિ શકુન્તલા પરની આવનારી આપત્તિ જાણી શ્રી સોમનાથમાં તપશ્ચર્યા કરવા ગયા હતા, તેથી લખ્યું છે. વામન પુરાણમાં પ્રહલાદ પિતૃહત્યાનું પાતક ટાળવા પ્રભાસક્ષેત્રમાં જઇ સ્નાન કરી સોમેશ્વરના દર્શને ગયા હતા તેવો ઉલ્લેખ છે, કૂર્મ પુરાણમાં તીર્થોમાં ઉત્તમ પ્રભાસને ગણાવી શિવજીનું સોમેશ્વર તીર્થ સંપૂર્ણ વ્યાધિનો નાશ કરનાર છે એવું લખ્યું છે, વલભીકાળમાં રચાયેલ સ્કંદ પુરાણમાં તો આખું એક 'પ્રભાસખંડ' નામનું મોટું પ્રકરણ જ જોવા મળે છે. જેમાં મંત્રહીન, ધનહીન અરે! માળા કરીને રહેલાં પક્ષીઓ પણ સ્વર્ગને પામશે, એવું મોટું મહિમા વર્ણન પ્રભાસ માટે કર્યું છે. પ્રભાસખંડમાં માત્ર પ્રભાસનગર જ નહીં પણ પૂર્વમાં ઉના, પશ્ચિમે માધવપુર ને ઉત્તરે ભાદરનદી સુધીના પ્રદેશને પ્રભાસખંડ કહી સૌનું વર્ણન કર્યું છે.

પ્રભાસખંડમાંથી સરસ્વતીને દધીચિ ઋષિના પુત્ર પિપ્પલાદેએ ઉત્પન્ન કરેલાં વડવાનલને વિષ્ણુની આજ્ઞાથી પ્રભાસ તરફથી ચાલી રસ્તામાં કૃતસ્મરને બાળીને ભસ્મ કરાવ્યોને વડવાનલને સમુદ્રમાં લઇ ગઇ એવી કથા પ્રભાસખંડમાં વિગતે વર્ણવી છે. વળી મહાભારતના યુદ્ધ પછી પાપ ધોવા શ્રીકૃષ્ણની આજ્ઞાથી અર્જુન પ્રભાસમાં આવ્યા અને સરસ્વતીમાં સ્નાન કરી પવિત્ર થયા, એવી પણ આખ્યાયિકા તેમાં જ છે, હિરણ્યાને સરસ્વતીના આ પરમ પવિત્ર ક્ષેત્રનું ગૌરવગાન કરવા તો પુસ્તકોના પુસ્તકો લખવા પડે ને જીજ્ઞાસુઓને આ સંબંધમાં ગુજરાત સૌરાષ્ટ્રના જાણીતા વિદ્વાન શ્રી શંભુપ્રસાદ દેસાઇનું "પ્રભાસ અને સોમનાથ" નામનું એક અત્યંત શ્રેષ્ઠ પુસ્વક વાંચવા અમારી ભલામણ

છે. ૬૦૦ પૃષ્ઠ ધરાવતા આ ઐતિહાસિક સામગ્રીઓથી ભર પૂર ગ્રંથમાં જહેમત ભર્યા ને દાદ માંગી લે તેવાં સંશોધન પછી પ્રભાસક્ષેત્રની અને સોમનાથ તીર્થની વિગતો આપી છે. ૫૦ હજાર વીર ભારતીય યોદ્ધાઓએ આ પ્રાણપ્રિય મંદિરની રક્ષા કાજે પ્રાણ દીધા છે.

દીર્ઘકાળથી સોમનાથ પ્રભાસ ક્ષેત્ર શૈવ, વૈષ્ણવો, જૈનોના તીર્થધામ તરીકે સંપૂજ્ય બન્યું છે. અહીં સૂર્યોપાસક સૌર સંપ્રદાય પણ ફાલ્યોફુલ્યો હશે કારણ કે સૂર્ય મંદિરના અવશેષો પણ મળી આવ્યા છે. ચંદ્રને થયેલ ક્ષય રોગ દુર કરવા તેણે તૈરવેશ્વર અથવા ભૈરવનાથના નામથી યુગના પ્રારંભથીજ પૂજાતા શિનની ઉપાસના કરી પછી ત્યાં બ્રહ્મ-શિલા ઉપર કુકકુચંડ પ્રકારના શિવલિંગની સ્થાપના કરી ત્યારે બ્રહ્મા, સાવત્રી, બ્રહસ્પતિ, વસિષ્ઠ, મરીચિ, વગેરે સમસ્ત ઋષિગણે તે યજ્ઞક્રિયામાં ભાગ લીધો. વિદ્વાનો માને છે કે મહાભારતમાં સોમનાથનો ઉલ્લેખ નથી એટલે સોમ નામના અત્રિગોત્રના યાદવે સોમેશ્વરની સ્થાપના કરી હશે. શ્રી હરપ્રસાદ દેસાઇ જણાવે છે કે હોળીના દિવસે ભૈરવ-નાથની મૂર્તિ બનાવી તેની આખો દિવસ પૂજા કરી સાંજે તોડી નાંખવામાં આવે છે, હિંદુઓ કદી મૂર્તિ તોડતા નથી આ ઉપરથી લાગે છે કે સોમરાજાએ ભૈરવનાથનું લિંગ ઉત્થાપી ત્યાં સોમેશ્વરની વૈદિક વિધિથી પ્રતિષ્ઠા કરી તેની સાથે આ વિચિત્ર રિવાજને સંબંધ હોવો જોઇએ. તેમનું માનવું એવું પણ છે કે ભૈરવનાથની પૂજા અશ્લિલ રૂપમાં અનાર્યો દ્વારા થતી હોય ત્યાં સોમયાદવે વૈદિક વિધિથી સોમેશ્વરની પ્રતિષ્ઠા પણ કરી હોય તે સંભવિત છે, વિદ્વનો માને છે કે સોમનાથની સ્થાપના ઇસ્વીસન પૂર્વે થઇ ચૂકેલી પુરાણો માને છે કે જગતની ઉત્પત્તિ થઈ ત્યારથી જ સોમેશ્વર છે. પણ મોડામાં મોડી ૨૬૦૦ વર્ષ પહેલાં તો સોમેશ્વરની સ્થાપના થઇ જ હશે. પરંપરા કહે છે કે ત્રેતાયુગમાં રામચંદ્રે સુવર્ણનું મંદિર અહીં બનાવ્યું. રાવણે રૂપાનું બનાવ્યું, દ્વાપરમાં શ્રીકૃષ્ણે કાષ્ઠનું બનાવ્યું. વલભી સમ-યમાં પહેલાં પથ્થરનું થયું ત્યારપછી ભીમદેવ ને કુમારપાળે છેલ્લે અહલ્યાબાઇએ તેમાં સંસ્કરણો કર્યા.

મહાભારત કાળમાં પણ પ્રભાસ તીર્થધામ હતું.

સોમેશ્વર તીર્થ દેવપટ્ટન કહેવાતું. હાલમાં આ ક્ષેત્ર આખું પ્રભાસ તરીકે ઓળખાય છે. સોલંકી કુળમાં લકુલેશ –નકૂલેશ સ્થાપિત પાશુપત મતનું પ્રાબલ્ય અહીં હતું. મહમદ ગીઝનીનો સમકાલિન ઇતિહાસકાર અલ્બેરૂની પણ અહીં રહી ગયેલો. તેણે પોતાના ગ્રંથમાં સોમનાથની જાહોજલાલીનું વર્ણન આપ્યું છે. વિ. સ. ૧૦૮૫માં મહ-ગીઝનીએ સોમનાથ ક્ષેત્રપર ચડાઇ કરી. ઠેઠ સોમનાથ સુધી કોઇએ તેનો સામનો ન કર્યો એવી તેની ધાક પેસી ગયેલી ને સૌ રાજાઓ પણ પોતપોતાનું સાચવવામાં માનતા થયા. પણ સોમનાથ ક્ષેત્રમાં મહમદ ગીઝનીના સૈન્યનો ભારે સામનો થયો. પચાસહજાર શૂરવીરો જેમાં સોલંકી, ચાવડા, ગોહિલો મેર, રબારી, આહિર, કોળી સૌ હતા. તેમણે પોતાના જાન સોમનાથના રક્ષણ માટે આપ્યા પણ સોમનાથનો બચાવ થઈ શકયો નહીં અને હજારો હિંદુ પુરૂષો, સ્ત્રીઓ, બાળકોની કતલ કરવામાં આવી. સ્ત્રીઓની યથેચ્છ આબરૂ લૂંટવામાં આવી, સોમેશ્વરનું લિંગ તોડી સોમનાથના દ્વાર સાથે, ગીઝની લઇ ગયો. કચ્છ ને સિંધમાં તેને ભારે મુશ્કેલીઓ પડી પણ સોમનાથના પવિત્ર લિંગના કટકા તેણે મસ્જિદોમાં પગથીયાં તરીકે જડાવ્યા મહમદના આક્રમણ પછી તુરતજ સોમનાથની ઉપાસના નવું લિંગ સ્થાપી શરૂ કરવામાં આવી કેટલાકના મતે રા' નવઘણે તો કેટલાંક મતે ભીમદેવના હાથે તેની પ્રતિષ્ઠા થઈ. પછી તેની સમૃદ્ધિ ને મહિમા વધવા જ માંડયો. ગુજરાતના પ્રસિદ્ધ મહાપરાક્રમી સિદ્ધરાજ જયસિંહની માતા મીનળદેવીને સોમનાથનું ઘેલું લાગેલું. તેણે એક જૈન કથા ગ્રંથ પ્રમાણે સોમનાથનો બોંતેર લાખનો કર પોતાના પુત્ર પાસે માફ કરાવ્યો. ખુદ સિદ્ધરાજે પણ પોતાનો વંશ ચાલુ રાખવા શ્રી સોમનાથની પૂજા અર્ચના કરેલી તેની પછી કુમારપાળ ગાદીએ આવ્યો. કુમારપાળે પોતાના ગુરૂ હેમ-ચંદ્રાચાર્યજીની પ્રેરણાથી સોમેશ્વરનું મંદિર બે વર્ષની રાત્રી દિવસની કારીગીરી પછી તૈયાર કરાવ્યું ને હેમચંદ્રા-ચાર્યની હાજરીમાં સોમેશ્વરની પૂજા કરી. ખુદ હેમાચાર્યે પણ સોમેશ્વરની વંદના કરી અર્થગર્ભ સ્તુતિ કરી. આ વાત હયાશ્રય ને કુમારપાળ પ્રબંધ નામના જૈનધર્મના કાવ્ય ગ્રંથોમાં છે. પણ પ્રભાસપાટણમાં ભદ્રકાલી મંદિરના શિલાલેખમાં ભાવ બૃહસ્પતિને સિદ્ધરાજ દ્વારા મળેલાં સન્માનનો તથા તેમને કુમારપાળ તરફથી પ્રાપ્ત થયેલાં 'ગંડેશ્વર' બિદુદનો ઉલ્લેખ છે. આ ભાવ બૃહસ્પતિની પ્રેરણાથી કુમારપાળે મંદિર નિર્માણ કર્યાની વાત છે. ગમે તે હોય કુમારપાળના સમયમાં સોમેશ્વર મંદિરનું નિર્માણ પુનઃ થયું ને આ ક્ષેત્રની સમૃદ્ધિ વધી.

**ઇંદ્ર અને સૂર્ય એ બંને દેવોનું પણ આ પ્રિય સ્થળ હતું:**

વળી અલ્લાઉદ્દીનના સૈન્ય અલપખાનના નેતૃત્વનીચે આવ્યું. ને ઈ. સ. ૧૩૦૦ માં આ સૈન્યે સોમનાથને ઘેરો ઘાલ્યો ને સારી લડાઇ પછી ફરીથી સોમનાથના લિંગનું ખંડન થયું. આ વાત કહાન્ડદે પ્રબંધમા લખી છે, ને તે સમયે પણ પુષ્કળ પ્રમાણમાં હિંદુઓની કતલ, સ્ત્રીઓની આબરૂ લેવાના પ્રસંગો, લુંટફાટ વગેરે બન્યા. આ સમયની કથા બીજી એવી છે કે આ શિવલિંગ અલપખાનના આવવા પૂર્વેજ લઈ જવામાં આવેલું. ને આજના ઘેલા સોમનાથનું લિંગ તે આ સમયનું અસલ શિવલિંગ છે, ( વિગતવાર ચર્ચા માટે 'ઘેલા સોમનાથ' ઉપર લખેલી નોંધ જુઓ ). ૧૩૦૦ થી ૧૩૦૮ સુધી પ્રભાસક્ષેત્રમાં આ ભયંકર આક્ર-

મણની પીડા ને વેદના તથા સંતાપ કરાવતા રહ્યાં. ૧૩૦૮માં રા' નવઘણે મુસલમાની થાણા ઉઠાવી મૂકી– સોમનાથની નવેસરથી પ્રતિષ્ઠા કરાવી સોમનાથના પૂજાપાઠ શરૂ થઇ ગયા. મહમદ તઘલખના સૈન્યે સૌરાષ્ટ્ર પર હુમલો કર્યો. વીર મોખડાજી અદ્‌ભુત પરાક્રમ બતાવી સ્વર્ગ સંચર્યા સોરઠમાં પ્રવેશેલાં તઘલખી સૈન્યે સોમેશ્વરનું ખંડન કર્યું.

પ્રભાસના ઠાકોર મેઘરાજે અને રા'એંગારે ૧૩૪૬ પછી ફરીથી સોમનાથની પ્રતિષ્ઠા કરી. પ્રભાસક્ષેત્ર વળી પાછું તેજસ્વી જ બન્યુ. આ પછી ૧૩૭૯માં ઝફરખાને સૌરાષ્ટ્રમાં આવી તે જ કૃત્ય કર્યું. વળી પાછું ૧૩૮૬માં પ્રભાસ સોમેશ્વરની પ્રજા ઉપાસનાથી ધમધમવા લાગ્યું. ૧૩૯૫માં ફરી મુઝફ્ફરના હાથે સોમનાથનો ધ્વંસ થયો. ૧૪૦૨માં ફરીથી તે ઉપર ચડી આવ્યો. ને હિંદુઓની કતલ કરી. વળી એકવાર સોમનાથની પ્રતિષ્ઠાનો પ્રયત્ન થયો ત્યાં ૧૪૦૫માં મુઝફ્ફર ચડી આવ્યો. ને તેણે વિનાશ લીલા કરી. આ પછી અહમદશાહે ૧૪૧૫માં પ્રભાસને વેરાન કર્યું. ૧૪૫૧માં રા' માંડલિકે વળી પાછી સોમનાથની પુનઃ પ્રતિષ્ઠા કરી. ૧૪૯૦ માં મહમદ બેગડાના હાથે ફરી સોમનાથના આંગણે એ જ કત્લેઆમ, એ જ સંહારલીલા ને ધર્માન્તરના જુલમ થયા.

આ પછી પોર્ટુગીઝોએ ૧૫૪૭માં સૌરાષ્ટ્રમાં ખાસ કરીને સોરઠમાં જે હિંદુઓ ને મુસ્લિમો બંને ઉપર જુલમ ગુજાર્યા તેમાં પ્રભાસ પણ બાકી ન રહ્યું ત્યાં હિંદુ મુસલમાનના ઘર લુંટાયા, મસ્જિદો ને મંદિરો તોડાયા. ૧૫૫૧ની આસપાસ પ્રભાસમાં વળી પાછી સોમનાથની પ્રતિષ્ઠા થઇને પૂજા પ્રણાલી ચાલવા લાગી. આ પછી એકાદ–બે વાર સોમનાથ તીર્થ પર આક્રમણો થયાં. સૌથી છેલ્લે અહલ્યા બાઈએ ૧૭૮૩માં સાંકળેશ્વર નામના ભોંયરામાં રહેલાં શિવલિંગ ઉપર મંદિર બનાવી અહલ્યેશ્વરની સ્થાપના કરી, ત્યારથી એ સ્થળે પૂજા ઉપાસના ચાલતી હતી. ૧૯૪૭ના નવેમ્બરમાં સરદાર વલ્લભભાઈ પટેલ સૌરાષ્ટ્રમાં આવ્યા. તેમણે સમુદ્રજળ લઈ સોમનાથની પુનઃ પ્રતિષ્ઠા માટે પ્રતિજ્ઞા કરી અને ના. જામ સાહેબ, શ્રી કનૈયાલાલ મુનશી વગેરેના અવિરત પ્રયત્નોએ કરીને સોમનાથ ટ્રસ્ટની રચના થઈ. જામસાહેબે તત્કાળ રૂા. એક લાખ આપ્યા.

બીજાં પણ મોટાં દાન મળ્યાં ને શિલ્પશાસ્ત્રના ભારતભરમાં અદ્વિતીય નિષ્ણાત ગણાતા શ્રી પ્રભાશંકર સોમપુરાને આર્કિટેકટ સ્થપતિને સુપરવાઈઝર તરીકે નીમવામાં આવ્યા. મંદિરનાં પ્લાન, ડીઝાઇનો વિગતવાર પ્લાન તૈયાર થયાં ને આઠસો વર્ષ પછી નાગરાદિ શિલ્પ પદ્ધતિનો મહાપ્રાસાદ તૈયાર થયો. આ મંદિરના નૃત્ય મંડપ સહિતની લંબાઈ પૂર્વ–પશ્ચિમ ૨૨૫ ફૂટ ને ઉત્તર–દક્ષિણ પહોળાઈ ૧૨૮ ફુટ છે. પોણા બસ્સો ફુટ ઊંચા શિખરમાં નવમજલા છે. આગળના મંડપને ઉપરા ઉપર ત્રણ મજલા ગેલેરીવાળું સ્થાપત્ય છે. મંદિરને ફરતા ચારસો ફુટ લંબાઈમાં મહાપીઠ, હસ્ત, નરથર, અશ્વથર વગેરે થરો છે. સ્તંભો અને કલામય ઘુંમટ તથા ઘુંમટના ઉપરના ભાગમાં સેવરણા છે. આ મહાપ્રાસાદ ૧૬૬ સ્તંભો ઉપર રચાયેલો છે. સંપૂર્ણ બાંધકામમાં ૬૨૪ સ્તંભો છે. આ ઉપરાંત દેવોની, દેવીઓની, દિક્‌પાલોની ગંધર્વ યક્ષ કિન્નરો, કિંપરૂષોની સહસ્ત્રાવધી પ્રતિમાઓ ને પુરાણ કથાઓનું કોતરકામ બાકી જ છે.

૧૯૫૦ના ઓકટોબરમાં આ વર્તમાન મંદિરના નિર્માણનું કાર્ય આરંભાયુ ને ૧૯૫૧માં મે માસમાં ભારતના પ્રથમ રાષ્ટ્રપતિ મહામહિમ રાજેન્દ્રપ્રસાદજીના હસ્તે લિંગ પ્રતિષ્ઠા કરવામાં આવી. ૧૯૫૯માં મંદિરને કલશ ચડાવવામાં આવ્યો. શિખરનું ઇંડુ અગીયારસો મણ વજનના એક જ પથ્થરનું ત્રણ માણસોની બાથમાં સમાય તેવાં પરિઘવાળું છે. ને ઉપર ૬ ફુટનો સુવર્ણ કલશ છે.

૧૯૬૫–'૬૬ દરમ્યાન જ મંદિરની છેલ્લી વિધિ પ્રાસાદાભિષેક ને કલશ સ્થાપન પછીની થઈ. ના. જામસાહેબના અવસાનથી ખાલી પડેલ જગ્યા પર રાજ્યમાતા ગુલાબકુંવર બાને નિયુકત કરવામાં આવ્યા ને મંદિરના તોરણદ્વાર માટે એક મોટાં દાનનો સંકલ્પ કર્યો. આ થઈ મંદિરનાં ઇતિહાસની વાત. પ્રભાસ જૂની બાંધણીનું, વાંકાચૂંકા ખાંચાઓ અને ગલીઓવાળું, સાકડા; ગંદા રસ્તાઓવાળું શહેર છે. તેમાં જીર્ણ સ્થિતિમાં ઉભેલાં શૈવ, વિષ્ણુ. દેવીઓના મંદિરો છે. જેમાંના કેટલાયે ખંડિત છે વળી શહેરમાં સંખ્યાબંધ મસ્જિદો છે. જે મૂળ તો દેવાલયો જ છે. શહેરમાંથી ઘણીવાર ખોદકામ કરતા મૂર્તિઓ, પાયાઓ વગેરે અવશેષો પ્રાપ્ત થાય છે. શહેરમાં ત્રિવિક્રમ વિષ્ણુની શ્યામ, સુંદર, ભવ્ય છ ફુટ ઊંચી મૂર્તિ પણ એક જગ્યાએ છે. ત્રિવેણી પાસે કેટલાંક જૂનાં પાશુપત સંપ્રદાયના હોય તેવાં મુખલિંગો છે.

પ્રભાસથી વેરાવળ તરફ જવાના રસ્તે પગથિયાં અને ઓવારાવાળું હિરણ નદીનું પાણી જેમાં વાળી લેવામાં આવ્યું છે તેવું એક પ્રસન્ન સરોવર છે. સમુદ્રના તટે શશિભૂષણ મહાદેવનું મંદિર છે તે ઘણું જ જૂનું મંદિર સ્થાપત્ય પરથી લાગે છે, કહેવાય છે કે અહીંથી જરા નામના પારાધીએ શ્રી કૃષ્ણ ભગવાન ઉપર બાણ ફેંકેલું. વેરાવળ જતાં જમણી તરફ અને શશિભૂષણના મંદિરથી ઉત્તરે ભાલકા તીર્થ છે. જે સુંદર વૃક્ષ ઘટાવાળું સ્થળ છે. જ્યાં અશ્વત્થ વૃક્ષ નીચે ભગવાન છેલ્લે પોઢેલાં. આ રમ્ય સ્થળે બે મંદિરો છે ને સ્વચ્છ જળનો એક કુંડ તથા આરસનું બાંધેલ સરોવર છે. ભાલકા તીર્થથી પશ્ચિમે વેરાવળ શહેરને બંદર છે. જ્યાં જુમ્મા મસ્જિદ તરીકે ઓળખાતું પણ જૈન મંદિર છે. આ પહેલાં શશિભૂષણ મહાદેવ પાસે હતું. વેરાવળમાં પણ બીજાં ઘણાં જોવા લાયક સ્થળો છે. એક સોમૈયા આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ પણ છે.

હીરણ નદીથી આગળ ચાલતાં અરધો પોણો માઈલના અંતરે પરમ પવિત્ર ત્રિવેણી સંગમ છે. જ્યાં હીરણ ઉત્તરમાંથી, પૂર્વથી કપિલા અને ગીર તરફથી આવતી સરસ્વતી મળે છે. અહીં પિતૃશ્રાદ્ધ કરવામાં આવે છે. ત્રિવેણી જતાં રસ્તામાં રૂદ્રેશ્વર મહાદેવનું પ્રાચીન મંદિર આવે છે. જે શિખરના ભાગમાં ખંડિત થયું છે. પાસે જ એક સૂર્યમંદિર ભ્રમવાળી રચના ધરાવતો પ્રાચીન પ્રાસાદ ગણાવી શકાય. ત્રિવેણી કાંઠે કાંઠે આગળ જતાં હીરણ્યની નદી કાંઠે દેહોત્સર્ગનું તીર્થસ્થળ આવેલું છે. જ્યાં શ્રીકૃષ્ણ ભગવાનના શરીરને અગ્નિ સંસ્કાર કરવામાં આવેલો. એવું કહેવાય છે કે તેમના અર્ધા શરીર પર સમુદ્ર ફરી વળ્યો અને તેનું શરીર પૂર્વમાં જગન્નાથ ક્ષેત્રમાં પહોંચી ગયું જ્યાં હજુ સુધી ચાર ધામમાંથી એક ધામ તરીકે પૂજાય છે. દેહોત્સર્ગના સ્થાને પીપળાનું વૃક્ષ છે. આ સ્થળે પણ ધર્મઝનૂનનો ભોગ બનીને ઘણાં અત્યાચારો સહન કર્યાં છે. અહીં સોમનાથ ટ્રસ્ટે એક ગીતા મંદિર બનાવી ૬ ફુટની કૃષ્ણની સુંદર મૂર્તિ તૈયાર કરાવી છે.

પ્રભાસથી ઈશાન ખૂણામાં એક માઈલ દૂર નાગરા નામનું શીતળાના નામથી ઓળખાતું સ્થળ છે, ત્યાં પ્રભાસ અને વેરાવળના લોકો ઉજાણી કરવા જાય છે. આ સ્થળે એક પશ્ચિમ તરફના દ્વારવાળું ખંડિત સૂર્યમંદિર છે. નાગરામાંથી પુરાતત્વ વિદોને સિંધુ ખીણના કાળની કેટલીક સામગ્રી મળે છે. પ્રભાસ સૂર્યમંદિરો માટે પણ પ્રખ્યાત હતું. વિશ્વકર્માની પુત્રી સંજ્ઞા જે સૂર્યને પરણાવવામાં આવેલી તે સૂર્યનું તેજ સહન ન કરી શકતા અહીં રહેલી. પાછળથી સૂર્ય પણ બાર કળા સાથે અહીં રહેલો.

આ બાર કળા એટલે બાર સૂર્યમંદિરો હશે તેવું વિદ્વાનો માને છે. આ બારમાંથી હાલ બે મંદિરો મળી આવે છે. પ્રભાસ વૈષ્ણવોનું પણ તીર્થ છે. મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજી પ્રભાસની યાત્રાએ પધારેલા ને દેહોત્સર્ગ પાસે શ્રી મહા પ્રભુજીની બેઠક પણ છે. આ સ્થળે તેઓશ્રીએ ત્રિવેણી સ્નાન કરી ભાગવત સપ્તાહ કરેલ ને ખુદ સોમેશ્વર તે કથા સાંભળવા આદરપૂર્વક આવતા. શ્રી મહાપ્રભુજીએ ઘણાં જીવોને દીક્ષા આપી. પ્રભાસની પંચતીર્થ પરિક્રમા પણ તેઓશ્રીએ કરેલી. આ બેઠક સંપ્રદાયમાં ૬૫મી બેઠક ગણાવાય છે. હજી પણ ત્યાં પુષ્ટિ માર્ગીય પ્રણાલિથી સેવા થાય છે.

જૈનોની દૃષ્ટિએ પણ પ્રભાસતીર્થ ઘણું પવિત્ર છે. આ સ્થળે સિદ્ધાચલ હતો અને ત્યાં પશ્ચિમે બ્રાહ્મી નદીને ચંદ્રોદ્યાન હતું ભરત ચક્રવર્તી ત્યાં સંઘ લઈને પધારેલાં. આઠમા તીર્થંકર ચંદ્રપ્રભુનું ત્યાં સમવસરણ થયેલું. આ ચંદ્રપ્રભ પ્રભુના સદુપદેશથી ધરણેન્દ્રે ત્યાં સમુદ્ર પર જ્યાં પ્રભુ કાઉસ્સગ કરીને રહેલાં તે સ્થળ પર જ ચંદ્રકાન્તમણિનું બિંબ પધરાવી ઉપર એક પ્રાસાદ રચેલો. પછી ચંદ્રશેખર રાજાએ ચંદ્રપ્રભાસ નામે તીર્થનું મહિમા વર્ણન કરેલું. પછી તો સોળમા તીર્થંકર શ્રી શાંતીનાથ પ્રભુના પુત્ર ચક્રધરે પણ આ તીર્થમાં અઠ્ઠાઈ મહોત્સવ રચેલો. વલભીનો મ્લેચ્છો દ્વારા વિનાશ થયા પૂર્વે શ્રી ચન્દ્રપ્રભ પ્રભુની પ્રખ્યાત પ્રતિમા અંબાદેવીને ક્ષેત્રપાલની મૂર્તિઓ સાથે પ્રભાસમાં ઉડીને આવેલી. ચામુંડ રાજે અહીં જ ચારિણેશ્વર પ્રાસાદ બંધાવેલો.

હેમાચાર્યે કુમારપાળના સમયમાં ચંદ્રપ્રભુના કાષ્ઠપ્રાસાદને ઉંદરથી દીવેટ તાણી જવાથી થયેલાં અગ્નિથી બચાવ્યો ને કુમારપાળે અષ્ટપદના દેરાસર પર સુવર્ણ કલશ ચડાવ્યો. વસ્તુપાળે શ્રી ચંદ્રપ્રભુની પૂજા સમ્યક્ પ્રકારે કરીને શ્રી આદિનાથનું નવીન ચૈત્ય પણ રચાવ્યું ને પૌષધશાળા બાંધી. આચાર્ય શ્રી ધર્મઘોષસુરીએ મંત્રબલથી સમુદ્રમાંથી રત્નો મેળવી દેરાસરમાં શ્રી ચંદ્રપ્રભ પ્રભુને ભેટ ધર્યાં.

સત્તરમી સદીમાં આચાર્ય શ્રી વિજયસેન સૂરીશ્વરજીએ અંજન શલાકા અને પ્રતિષ્ઠા મહોત્સવો ઉજવાવ્યા. ત્યારપછી પ્રભાસના સમસ્ત જૈનસંઘે સંવત ૨૦૦૮માં પ્રભાસના જૈન તીર્થનો જીર્ણોદ્ધાર કરાવી પાંચ ગભારાવાળા પંચાશી ફૂટ ઊંચા, ત્રણ માળવાળા, ત્રણ ભવ્ય ૧૦૦×૧૦૦ ના માપના શિખરોવાળાં મંદિરમાં તીર્થાધિપતિ શ્રી ચંદ્રપ્રભ સ્વામીને પ્રતિષ્ઠિત કર્યાં. તેમની જમણી બાજુ શ્રી શીતલનાથજી, શ્રી સુવિધિનાથજી, શ્રી સંભવનાથજી તથા શ્રી ચિંતામણિ પાર્શ્વનાથજી બિરાજે છે, ડાબી બાજુ શ્રી મલ્લિનાથજી, શ્રી ચંદ્રપ્રભસ્વામી, ને દાદા પાર્શ્વનાથજી બિરાજે છે. આ ભવ્ય મંદિરની પાસેના ચાર અન્ય જિનાલયોમાં શ્રી મલ્લીનાથજી, શ્રી મહાવીર પ્રભુ, શ્રી આદિનાથદાદા તથા શ્રી અજીતનાથજી બિરાજે છે.

આ પ્રમાણે પ્રભાસ એ સર્વધર્મનું ભારતનું તીર્થસ્થળ છે. પ્રભાસ સોમપુરા બ્રાહ્મણોનું સ્થળ છે, સોમપુરા શિલ્પીઓ પણ પ્રભાસમાં જ વસતા, પછી સૌરાષ્ટ્રમાં જુદાં જુદાં પડી ગયા. પ્રભાસમાં કેટલીક ધર્મશાળાઓ પણ છે, જેમાં ભાટિયા ધર્મશાળા, દુરીબાઈની ધર્મશાળા, ત્રિવેણી મંદિર ધર્મશાળા, લોકલબોર્ડની ધર્મશાળા વગેરે જાણીતી છે. કેટલીકવાર યાત્રાળુઓ ગોરને ત્યાં પણ ઉતરે છે. બ્રાહ્મણો સ્વર સહિત વેદગાનમાં કુશળ છે. વાસુદેવ આચાર્ય, ત્રિકમજી આચાર્ય, જ્યેષ્ઠારામ આચાર્ય, મણિશંકર જાની, માણેકલાલ ભટ્ટ વગેરે પંડિતો પ્રભાસનું શાસ્ત્રીય બાબતોમાં ગૌરવ ઊંચું રાખે તેવાં થઈ ગયા.

**પાંચાલના તીર્થધામો :**

સૌરાષ્ટ્રના સુરેન્દ્રનગર જીલ્લાના ચોટીલા તાલુકાના પ્રદેશને પૂર્વમાં મૂળી, પશ્ચિમમાં વાંકાનેર, ઉત્તરે હળવદ ને દક્ષિણે જસદણ સુધી પાંચાલ પ્રદેશ તરીકે ઓળખાવવામાં આવે છે.

પાંચાલ દેવ દેવતાઓની દેવભૂમિ છે. તેનું મુખ્ય મથક છે થાન. થાન રાજકોટ સુરેન્દ્રનગર રેલ્વે રસ્તે 'થાનના પેંડા' ને થાનના ચીનાઇ માટીના વાસણ માટે જાણીતું જંકશન છે. લીલીછમ વનસ્પતિ કંકુવરણી ભોમકા, પટાધર આદમીઓ ને અતિથિ સત્કાર માટે જાણીતા પંચાળદેશની દેવભૂમિમાં કણ્વ, ગાલવ, અંગીરસ, ઔતિથ્ય વગેરે ઋષિઓ આવીને વસ્યા તેથી આ પ્રદેશનું એક સ્થળ થાન તરીકે ઓળખાયું.

### થાનનું વાસુકી મંદિર :

થાનમાં વાસુકી નાગનુ આદું પણ સરસ મંદિર છે. લખતરના અભેરાજજીએ વાસુકી નાગના દર્શન કરેલાં તેમણે ત્યાં મંદિર બનાવી વાસુકી નાગની પ્રતિમા પધરાવી છે. વાસુકી દાદાને ઘણાંને દર્શન થયા છે ને તે થાન વખતરના રાજકુટુંબના કુળદેવતા છે.

### થાનની સંત સમાધિઓ :

થાન સ્ટેશનથી ઉત્તરે સિગ્નલ પાસે ગિરનારના પ્રસિદ્ધ સિદ્ધ પુરૂષ ગેબનાથની સેવક પરંપરાના આપા મેપા, આપા જહરા, ને આપા ગોરખાની સમાધિઓ છે. આ બધાં વિશે આ ગ્રંથમાં અન્યત્ર વિસ્તારથી લખેલ છે. છતાં જીજ્ઞાસુઓને શ્રી ઝવેરચંદ મેઘાણીના 'સોરઠી સંતો' શીર્ષકથી લખાયેલાં ગ્રંથો વાંચવા.

### થાનના કંડોળીઆ હનુમાન

કણ્વ ઋષિએ મદદ માંગ્યાથી શ્રી હનુમાનજીએ અસુરોને નાશ કરવા થાન પાસે ઝુંપડી બાંધીને રહ્યાને ૧૫૪ માઇલના કુંડાળામાં આવતાં વિસ્તારનું રક્ષણ કરતાં, આ પરથી કંડળિયામાંથી કંડોળિયા હનુમાન કહેવાયા. તેમનું પણ થાનમાં સુંદર મંદિર છે.

### થાન સોનગઢનું સૂર્યમંદિર :

આ મંદિર ઇ. સ. ૧૩૭૯માં કાઠી સિંહજીએ બંધાવેલું ત્યારબાદ આ મંદિરને ઘણી વાર સુધારા વધારા કરી સાચવવામાં આવ્યું છે, મંદિરની બાંધણી રથના આકારની છે, ઉત્તરાયણ હોય કે દક્ષિણાયન પણ સૂર્યકિરણ મંદિરમાં પ્રવેશે તેવી તેની રચના છે. મંદિર પહાડ ઉપર છે, પણ પહાડ ધીમે ધીમે માટીની ખાણોના કારણે કોરાતો જાય છે.

### સતાધાર :

ગીરની ઉત્તર બાજુથી પ્રવેશતાં સત્તાધારની જગ્યા આવે છે. જેના મુળ સંસ્થાપક આપા ગીગા ભગત અલૈયા પરમાર (ગધઈ મુસલમાન) હતા. એક વર્ણન એવું છે કે, આપા ગીગા એ વખતે જીકારા રાજપુત જ હતા. પરંતુ એ સંવાદમાં ઉતરવાનો અત્યારે સમય નથી. તેમની માતાનું નામ સુરૈયાબાઈ. તેમનું મુળ વતન કોઈ ટીંબલા કહે છે તો કોઇ તોરી રામપર કહે છે. કોઇ તેમની માતાનું નામ લાખુ, રહેવાસી ધાજડી અને મોસાળ ચલાળા કહે છે. તેમનો જન્મ સંવત ૧૮૩૩ આસપાસ છે.

તેમના ગુરૂ અને પાલક આપા દાના ભગત, રહેવાસી ચલાળા છે. અને પાળીયાદ ભગતશ્રી વીસામણ બાપુએ તેની માથેથી છાણનો સુંડલો ઉતરાવી અને ભકત સ્થાપ્યા હતા. તેમણે જીવતા સમાધી સં. ૧૯૧૯ આસપાસ લીધી. ત્યારબાદ સત્તાધારની ગાદી ઉપર અનુક્રમે આપા કરમણ ભગત, સજુબાઈમા, આપા રામ ભગત, આપા હરી ભગત, આપા લખમણ ભગત તથા હાલ શ્રી શામજી ભગવ સત્તાધારની ગાદી ઉપર મહંત તરીકે બિરાજે છે.

જગ્યાની અંદર દરેક યાત્રાળુઓને મોંઘેરા મહેમાન સમજી આગતાસ્વાગતા કરે છે. તથા જમવાનું, ચાપાણી, રૂમ, પથારી, પાગરણ, તથા બાળકો માટે પારણા વિ. કંઈપણ ચાર્જ લીધા વગર આપે છે, અને મહંત શ્રી શામજીભગત સૌ યાત્રાળુ સાથે બેસી જમે છે, અને સાધુસંતોને જમતી વખતે નાણાની પણ સહાય કરે છે. તે એક વિશિષ્ટતા છે. ડેલીબંધ જગ્યા છે. અંદર ગૌશાળા, રસોડું, ભોજનાલય, પાણીના નળ, ઘરનું પાવરહાઉસ, તથા આશરે ચાલીશ જેટલા રૂમો છે. વચ્ચે શ્રી રામજીનું મંદિર છે, બાજુમાં આપા ગીગાનો ઓરડો છે. અહીંની રાતની આરતી દર્શન કરવા લાયક છે. પહેલી પુજા નદી કિનારે આવેલ બીલેશ્વર મહાદેવની થાય છે, આશરે ૫૦૦, ૭૦૦ વીઘા જગ્યા નીચે જમીન છે. પાંચસો જેટલા આંબાના ઝાડ છે. એક હજાર જેટલી ગાયો, ભેંસો, તથા બળદ છે. દરરોજ આશરે ૫૦૦, જેટલા યાત્રાળુઓ આવે છે. જગ્યાની બાજુમાં આંબાઝર નદી આવેલ છે, આપા ગીગાની શ્રદ્ધાથી ઘણા લોકોને ઘેર પારણા બંધાયા છે.

સત્તાધારથી પૂર્વે આંબાઝર નદીને કાંઠે એક માઈલ દૂર આંબાઆરો નામે જગ્યા ઉપર સુંદર બગીચાઓ શોભતો આશ્રમ છે. અહિં આંબાઝર નદીનો નાનકડો ધોધ ગૌમુખીમાંથી શિવલિંગ ઉપર સતત પ્રવાહ પાડે છે. આજુબાજુ ગીચ ઝાડી છે. અહિં જમવા તથા રહેવાની જો કે પુરી સગવડ નથી. છતાં પણ સત્તાધાર યાત્રાએ આવતા યાત્રાળુઓ આ રમ્ય આશ્રમ જોવાનું ચુકતા નથી.

### બાણેજ :

જુનાગઢથી તુલસીશ્યામ જતા બસરૂટ ઉપર વીસાવદરથી ૩૦ માઇલ દૂર દક્ષિણે ગીરના જંગલમાં ૩૦૦, ફુટ ઉંચા બાણેજના ડુંગરાની ગોદમાં પક્ષીના માળા જેવો દેવ લોકોને વસવાટ કરવાની ઇચ્છા થાય તેવો મનોહર બાણગંગા આશ્રમ આવેલ છે. અહિં ગુપ્ત વાસમાં પાંડવો રહેલા અને માથા કુંતાને તરસ લાગવાથી અર્જુને પૃથ્વીમાં બાણ મારી ગંગાજી પ્રગટ કરેલ જેના ઉપરથી બાણેજ એવું નામ પડેલ છે. તેમ લોકવાયકા છે. ટાઢોડીયો તથા બ્રામણવા નદીના સંગમ ઉપર આ આશ્રમ છે. ડુંગર ઉપર માતાજી ગંગા મૈયાનું મંદિર છે. નદી ઉપર નાનકડો બંધ છે.

પચાસ યાત્રાળુઓ રહી શકે તેવી પણ ધર્મશાળા છે. જમવા વિ. ની સગવડ છે. આ આશ્રમ ડેવલેપ થતો જાય છે એટલે જો કે પુરી સગવડ નથી છતાં પણ જે હોય તે સગવડ મળી રહે છે. અહિંની આબોહવા તથા લીલી હરીયાળી એવાં સરસ છે કે, માણસ ઓછી સગવડે પણ સ્વર્ગનું સુખ માણે છે. ગીરના બધા સ્થાનોમાં આ સ્થળ ઘણું જ શાંતિપ્રિય છે અને રમ્ય છે. અહિં ઉનાળામાં વાતાવરણ ઘણું જ ઠંડુ રહે છે. કોઈ પંજાબી સાધુ ગુલાબગીરી બાપુ વર્ષો પહેલાં અહિં પર્ણકુટી બાંધીને રહેતા હાલ મહંત તરીકે શ્રી સરસ્વતી બાપુ ખુબ જહેમત ઉઠાવી આ સંસ્થાને સદ્ધર બનાવવા કોસીસ કરી રહ્યા છે.

**થાન અમરાપરનું અનસૂયા મંદિર :**

થાનથી ઉત્તર પશ્ચિમે બે માઇલ દૂર અમરાપર ગામમાં અયોદ્ધા બાજુના સંત ભોળાદાસજીની પ્રેરણાથી થયેલ અત્રિઋષિના સતી અનસૂયાનું મંદિર છે. ત્યાં ગૌશાળા અને ધમશાળા પણ છે.

**પાપનો દ્રન :**

કણ્વ ઋષિ પાસે એક પારધી આવ્યો ને ઋષિના ચીંધ્યા પ્રમાણે તેણે પ્રાયશ્ચિત કરી કુંડમાં સ્નાન કર્યું ને તેના પાપ નાશ પામ્યા. ત્યારથી આ ક્ષેત્ર પાપનાશક તરીકે ઓળખાયું. ત્યાં બે કુંડો છે. તેમાંથી એકમાં પાણી મીઠું છે. ને સ્નાન કરવામાં આવે છે. તે કુંડનું પાણી ખારૂં છે.

**પાંચાલ ભૂમિના ત્રિનેત્રેશ્વર (તરણેતર) મહાદેવ :**

સતીએ દક્ષયજ્ઞમાં દેહત્યાગ કર્યા પછી સમાધિમાં બેઠેલાં શિવને તપશ્ચર્યામાંથી જાગૃત કરીને તારકાસુરનો નાશ કરવા માટે પુત્રોત્પત્તિ તરફ પ્રેરવા ઇન્દ્રની આજ્ઞાથી કામદેવ, પાર્વતી શિવને પ્રસન્ન કરવા માટે સેવા કરવા આવે છે. તે લાગ જોઈ મોહનાસ્ત્રનો પ્રયોગ કરે છે. અકાળે થયેલાં વસંતના સંચાર અને મોહનાસ્ત્રના પ્રયોગથી હૃદયમાં ક્ષોભ પામેલા શિવજીના નેત્રો ખુલ્લી જુએ તો કામદેવને જોયો. શિવનું ત્રીજું નેત્ર ઉઘડતાં કામદેવ ભસ્મીભૂત થઈ ગયો. કામદેવની પત્ની રતિના વિલાપથી આર્દ્ર બનેલાં શિવે રતિ ને દ્વાપરમાં કૃષ્ણાવતાર થાય ત્યાં સુધી રાહ જોવા કહ્યું, શ્રીકૃષ્ણને ત્યાં કામદેવ પુત્ર રૂપે જન્મ લઈ રતિને પામશે એવું વરદાન આપ્યું. રતિ આ પછી કહેવાય છે કે સૌરાષ્ટ્રમાં તરણેતર મહાદેવનું મંદિર બનાવી તેની સેવા કરતી દ્વાપર સુધી રહી.

આ ત્રિનેત્રેશ્વર અથવા તરણેતર આજે પણ પ્રખ્યાત તીર્થધામ છે. ૬૦ વર્ષ પૂર્વે લખતરના રાજવી શ્રી કરણસિંહજી એ ૫૦,૦૦૦ રૂપિયા ખર્ચીને કળા કારીગીરીવાળું શિખર બંધી મંદિર કરાવ્યું. ભાદરવા સુદ ૫ને દિવસે તરણેતરમાં મોટો મેળો ભરાય છે. અધિક માસમાં ભાદરવા વદ છઠ્ઠના દિવસે તરણેતરના કુંડમાં સઘળાં તીર્થો પધારે છે. તેથી હજારો યાત્રાળુઓ ત્યાંના ત્રણ કુંડોમાં સ્નાન કરે છે. તરણેતરનો મેળો ગુજરાતના પ્રખ્યાત બે-ત્રણ મેળામાંનો એક છે. તરણેતરના આ મેળામાં હવે રાષ્ટ્રિયને સમાજકલ્યાણની દૃષ્ટિ તથા લોક કલાના તત્વો જાળવવા તરણેતર ગ્રામપંચાયત સુંદર પ્રયત્નો કરે છે.

**બાંડિયા બેલીનું મંદિર :**

થાનમાં કણ્વ મુનિને મળવા માંડવ્ય મુનિ આવ્યા. માંડવ્ય મુનિ આ ભૂમિની રમણિયતા ને દિવ્ય વાતાવરણ જોઈ પ્રસન્ન થયા અને ત્યાં રહેવાનું પોતાને મન થયું છે એવી ઇચ્છા કણ્વ મુનિ પાસે પ્રદર્શિત કરી. માંડવ્ય મુનિ જે સ્થળે રહ્યા તે માંડવવન કહેવાયું. થાનથી દક્ષિણે ચાર માઈલ દૂર માંડવ્ય મુનિનું સ્થાન છે ને વાસુકી નાગના નાનાભાઈ બંડુકે ત્યાં મુનિના રક્ષણ માટે નિવાસ કર્યાથી બાંડિયા બેલીની જગ્યા પણ ત્યાં આવેલી છે. બાંડિયા બેલીમાં ઠંડા પાણીનો કુંડ પણ છે.

**શ્રી પંચનાથ મહાદેવ રાજકોટ :**

રાજકોટમાં દર્શનીય સ્થળોમાં પંચનાથ મહાદેવનું સુંદર મંદિર છે. પંચનાથમાં નિત્ય કથાકીર્તન થયા જ કરે છે. ને તેનું મંડળ સરસ કામગીરી બજાવે છે. પંચનાથમાં પંચનાથ મહાદેવજી ઉપરાંત લક્ષ્મીનારાયણ, રા. મંદિર, ગાયત્રીમંદિર, પુનિત સભામંડપ ને ગીતામંદિર આવેલાં છે.

**શ્રી સ્વામીનારાયણ મંદિર રાજકોટ :**

રાજકોટમાં શ્રીબાપા પોતે પધારેલાં તે સમયની યાદગીરી ધરાવતું એક ભવ્ય સ્વામીનારાયણ મંદિર છે. આ મંદિરમાં શ્રીજીબાપા પોતે પધારેલાં તે સમયનું લીમડાનું પવિત્ર પ્રસાદી વૃક્ષ પણ હજી છે. રાજકોટના પોલિટિકલ એજન્ટે ભગવાન સ્વામીનારાયણનું ભવ્ય સ્વાગત કરેલું ને ગામમાં સવારી નીકળેલી.

**જુના ઝડકલાની ખોડિયાર :**

(સાવરકુંડલા પાસે) દોઢસોએક વર્ષ પહેલાં આ ઠેકાણેથી જુનું ગામ ફરતો અહીં જુના ગામનો ટિંબો છે. અને ખોડિયાર જે અહીંના સરવૈયા ગિરાસદારોએ સ્થાપેલ છે, તેનું ખૂબ જ પુરાણું સ્થાનક છે. હાલમાં સાધુશ્રી માધવદાસબાપુ રહે છે. જાણે સાક્ષાત નમ્રતાની મૂર્તિ. નથી કોઈ સાધનાનો આડંબર, નથી સાધુતાનો દંભ અને ગમે ત્યાંથી મળી આવતા અન્નનો અતિથિ સત્કાર પછી પણ નથી ખવરાવ્યાનો (હુંકાર) જાણે પરાર્થે વહેતી ગંગા અને પરાર્થે ફળતું વૃક્ષ !

**તરણેતર (ત્રિનેત્ર) : ઝાલાવાડ........**

લાલ માંડલીયો ડુંગરો ભાલ ઠગાની ધાર;
પોલા પાણા સરજીયા કશ કીધી કીરતા.

ખરેખર કુદરતે પંચાળના ડુંગરાને પોલા બનાવી બીજા ડુંગરાઓ કરતાં આ ડુંગરા તરફ વધારે દેખાડયું હોય એમ લાગે છે.

પંચાળના નાનકડા ડુંગરોનું સૃષ્ટિ સૌંદર્ય જોતાં સૌંદય પ્રેમીઓની આંખો થાકતી નથી. આ ડુંગરાઓ વીંધીને ત્રિનેત્રનું પવિત્ર તીર્થ જોવા જનાર મુસાફરો આ માર્ગે વારંવાર જવાનું મન થાય છે, ભારત વર્ષમાં શિવજીના ત્રિનેત્ર તીર્થો બે જગ્યાએ આવેલાં છે. એક બદ્રિકાશ્રમ પાસેનું હિમાચલ પ્રદેસનું ત્રિનેત્ર તીર્થ અને બીજું ઝાલાવાડનું ત્રિનેત્ર તીર્થ મંદિર. ગુજરાતભરમાં જાણીતું છે. સૌરાષ્ટ્રમાં ભરાતા શિવરાત્રીએ ભરાતો જુનાગઢનો મેળો તથા ભાદરવા સુદ ૫ ને દિવસે ભરાતો ત્રિનેત્ર (તરણેતર) નો મેળો એ બે જાણીતા શિવમેળા છે. હજારો ગ્રામ્યવાસીઓ ત્રિનેત્રના મેળામાં ઉતરી પડે છે. ત્રિનેત્રનું હાલનું મંદિર લખતરના મહારાજા સાહેબે પોતાની પુત્રી કર્ણબાની યાદગીરીમાં બંધાવ્યું છે.

એ મંદિરની પ્રતિષ્ઠા ૮–૮–૧૯૦૨ના રોજ કરવામાં આવી હતી. ત્રિનેત્રના હાલના મંદિરમાં જૂનાં મંદિરની શૈલી બાંધકામ પૂરતી બહુ સારી રીતે જળવાઈ છે. પણ શિલ્પકામ પહેલાંના જેવું થયું નથી. શિવલિંગ તો પુરાણું છે જ પણ સાથેસાથ ગૂઢ મંડપની સ્થંભાવલીઓ, શૃંગાર ચોકીઓ અને પિયાતનો ભાગ જૂના જેવો જ બનાવ્યો છે. ચોરસ સ્તંભોના ઉપર બંધાયેલ ગૂઢ મંડપનો અંદરની કોતરણીથી ભરપુર છે. આ ભાગનું શિલ્પ સોલંકી શ્રેણીથી જુદું પડી જાય છે. સ્થંભાવલી ભદ્રક શ્રેણીની છે. ત્રણેય શૃંગાર ચોકીઓ ઉપરનો ભાગ ફાસણા શૈલીનો હોઇને ગૂઢ મંડપનો દેખાવ બહુ સુંદર લાગે છે. શૃંગાર ચોકીઓમાં ઉજ્જન ઉપરનો ભાગ છે.

ચૈત્યબારીના સુશોભનવાળાં રૂપ કષ્મથી શોભી રહ્યો છે મંદિરનો પીઠ ભાગ તથા મંડોદર ઉપર થયેલું કામ ઘણું સુંદર દેખાય છે છજ્જાવિનાનો મંડોદર પુરાણી નાગરશૈલી દાખવે છે. ભદ્ર ભાગ ઉપરનું જળકામ દશમા સૈકાના મંદિરો જેવું દેખાય છે. કંઈક અંશે આ મંદિર કચ્છમાં આવેલ કોટાયના મંદિરને મળતું કહેવાય.

આ મંદિર શ્રેણીની દ્રષ્ટિએ સોલંકી કાળ પહેલાંની નાગર શ્રેણીનું કહેવાય. મંદિરના દર્શન કરી મંદિરની ત્રણ બાજુ આવેલ કુંદને નિરખી અમે સ્વર્ગ–નરકની બારી નામે ઓળખાતી એક દેવકાલિકા પાસે પહોંચ્યા આ દેવકાલિકા સંપૂર્ણ પણે પુરાણી રહી જવા પામી છે. નાનકડી જગતિ ઉપર રચાયેલ નાનકડું મંદિર સોલંકી યુગ પહેલાંની શૈલીનો સુંદર નમુનો બતાવતું હતું. મંડોદરની જગ્યા ઉપરના ગવાક્ષોમાં મુકાયેલ શિવજીની અર્ધપર્ય કાસનવાળી મૂર્તિ ખૂબ સુંદર દેખાતી હતી. મંદિરને ઝીણાવટથી નિરખતા આગળના ભાગથી દ્વાર શા શાખ દેખાણી નહીં. જૈનોના સંવસવરણ જેવું કે બૌદ્ધ ગયાના નાના સ્તુપ જેવું આ મંદિર જોઇને આજુબાજુના પુરાણા શિલ્પના અવશેષો જોઈ અમે થાન જવા અમારી ગાડીમાં બેઠાં. ( એચ. આર. ગૌદાનીના સૌજન્યથી )

## સૌરાષ્ટ્રની લોક સંસ્કૃતિના પ્રતિક રૂપ તરણેતરનો મેળો :

સૌરાષ્ટ્રમાં યોજાતા લોકમેળાઓમાં તરણેતરમાં યોજાતા લોકમેળાનું સ્થાન મહત્વનું વિશિષ્ટ પ્રકારનું રહ્યું છે. આ મેળો તેના સાચા અર્થમાં સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિના પ્રતિક સમાન થઇ રહ્યો છે, સુરેન્દ્રનગર જીલ્લામાં આવેલાં થાનગઢની ઉત્તરે પાંચેક માઇલ પર આવેલાં તરણેતર નામના નાનકડા ગામમાં આવેલાં મહાદેવના મંદિર પાસે આ મેળો ભરાય છે. આવો મેળો દર વર્ષે ભાદરવા સુદ ૪, ૫, અને ૬ના રોજ યોજાય છે. આ વર્ષે પણ સપ્ટેમ્બરની ૭, ૮, ૯મીએ આવો મેળો યોજાયો છે. આ મહાદેવનું મંદિર “ત્રિનેત્રેશ્વર” તરીકે ઓળખાય છે. સમય જતાં તેનું અપભ્રંશ થઇને તરણેતર થયું અને એ જ નામનું ગામ વસ્યું. સૈકાઓ જૂનાં આ મંદિરનો કેટલોક રસપ્રદ ઇતિહાસ છે. લોકમાન્યતા એવી છે કે આ મંદિર નજીક દ્રૌપદીનો સ્વયંવર યોજાયો હતો અને પાંચ પાંડવોમાં નિશાનબાજીમાં નિષ્ણાત ગણાતા અર્જુને મત્સ્યવેધ કર્યો હતો. નિશાનબાજીની આ કસોટીમાં અર્જુનને સફળતા મળતાં પાંડવો સાથે દ્રૌપદીના લગ્ન થયા હતા.

બીજી એક લોકમાન્યતા એવી છે કે, ભાદરવા સુદ પાંચમ ઋષિપંચમીના રોજ વહેલી સવારે ગંગામૈયા આ સ્થળને પાવન કરે છે. કુંડના પાણીની સપાટી આ દિવસે વધે છે એ હકિકત છે. આ દિવસે ઋષિઓ આ કુંડમાં સ્નાન કરવા આવે છે. અને તેથી આ કુંડમાં સ્નાન કરવાનું કાર્ય ઘણું પવિત્ર અને પાવનકારી ગણાય છે. આ લોકમેળામાં સૌરાષ્ટ્ર–ગુજરાતમાં લાખ ઉપરાંત નો માનવ મહેરામણ ઉમટી પડે છે. દેશના જુદાં જુદાં ભાગમાંથી લોકો ભાગ લેવા આવે છે. આવાં મેળાં ઘણી જગ્યાએ યોજાય છે.

## નદીના કિનારે શીતળા સાતમનો મહિમા :

પવિત્ર શ્રાવણમાસ એટલે મેળાઓનો માસ. સારો વરસાદ થઇ ગયો હોય અને ગ્રામ્ય જનતામાં ખાસ કરીને ખેડૂત પ્રજાના દિલમાં એક જાતનો ઉમંગ હોય છે. આ ઉમંગની અભિવ્યકિત મેળાઓમાં થાય છે. સંસારના સર્વ દુઃખદર્દો અને મુશીબતો ભૂલીને આબાલવૃદ્ધ સૌ સાથે મળીને આનંદ કિલ્લોલપૂર્વક મેળાઓમાં ભાગ લે. મેળાઓ એ સૌરાષ્ટ્રની આગવી વિશિષ્ટ લોક સંસ્કૃતિના એક અવિભાજ્ય અંગ સમાન છે. આ મેળાઓની શુભ શરૂઆત શીતળા સાતમથી થાય છે. સૌરાષ્ટ્રમાં વહેતી નદીઓના કાંઠે આવેલાં વર્ષો જૂનાં પુરાણા શીતળામાતાના મંદિરોમા

અને મંદિરની બહાર વહેલી સવારથી માનવ સમૂહનો પ્રવાહ વહેતો હોય છે.

શીતળા માતાના દર્શન કરીને પૂજા કરીને દુઃખદર્દો દુર કરવા માટે માનેલી માનતા બાધા છોડીને પોતાની મનોકામના પૂર્ણ કરવા માટે બહેનો, બાળકો, પુરૂષો હજારોની સંખ્યામાં જમા થતા હોય છે. લોક સમૂહમાં મોટે ભાગે બહેનો અને બાળા જ હોય છે, અખૂટ શ્રદ્ધા, કુલેર, નાગલાં–ચૂંદડી અને નાળિયેર વધેરીને માતા શીતળાને રીઝવ્યાનો આનંદ અને સંતોષ અનુભવતા હોય છે. શીતળામાતાના મંદિરની આસપાસનો ચારેક ફર્લાંગ જેટલો વિસ્તાર ઠાંસોઠાંસ ભરાયો હોય છે. માનવ મહેરામણ વીંધીને મંદિર સુધી પહોંચવાનું, માતાજીના દર્શન કરવાનું કામ કઠિન બનતું હોય છે. શ્રદ્ધા અને અનેરાં પ્રતીકસમા આ મેળામાં હજારો માણસો ભાગ લેતા હોય છે.

**સપ્તમુખી હનુમાન :**

કોઈપણ જડ કે ચેતન વસ્તુને પોતપોતાનો ઈતીહાસ પોતાની આગવી વિશિષ્ટતાનું અનેરૂ મહત્વ હોય છે. આવાં સ્થાનોમાં રાજકોટમાં આવેલ કેટલાક ધાર્મિક સ્થળોમાં પંચનાથ રોડ પર આવેલ અને તાજેતરમાં જ જેનો જીર્ણોદ્ધાર થયો છે એવાં સાત હનુમાનના મંદિરનું મહત્વ રહેલું છે. દર શનિવારે અને મંગળવારે તો આ મંદિરે હનુમાન ભક્તો સારી સંખ્યામાં જોવા મળે છે. પંચનાથ મંદિરે આવતાં ભાવિકો સાત હનુમાનના મંદિરના દર્શનનો લાભ લેવાનું ચૂકતા નથી. ઘણાં લોકો હનુમાનજીની માનતાઓ કરે છે. ભીલ લોકો તો અનાદિ કાળથી હનુમાનજીને તેમના ઇષ્ટ દેવ તરીકે પૂજે છે.

પંચનાથ રોડ ઉપરના ધોરી રાજમાર્ગ પર લીમડાના કદાવર વૃક્ષ નીચે થડને ટેકે આ સાત હનુમાનજીઓ બેઠેલ છે. રોજ રોજ સાંજના ધૂપદીપ થાય છે નગારૂં પણ ધણધણી ઉઠે છે અને ભાવિક માણસોની શ્રદ્ધા અને વિશ્વાસ જાગી ઉઠે છે. એ બળવીર અજય હનુમાનને રામચંદ્રજીના અનન્ય ભક્ત સેવક દુઃખ ભંજકને માણસો દર્શન કરવામાં લિન થઇ જાય છે. સમયના વહેવાની સાથે સાથ મંદિરનું મહાત્મ્ય વધુને વધુ પ્રકાશીત બન્યુ અને છેલ્લા ત્રણેક મહિનાથી તો જીર્ણોદ્ધારમાં મંદિરના સાતમા હનુમાનની મૂર્તિ ભૂગર્ભથી પૂર્ણપણે બહાર આવતા લોકો ભાવનાથી ઘેરાઈ ગયેલ છે.

**રાજકોટનો કડવો લીમડો પણ તેની ડાળી મીઠીછે :**

સૌરાષ્ટ્રની ધીંગી ધરતી સંતો માટે જાણીતી છે. એ સંતોના સંત અને તપની અનેક કથાઓ લોકજીવનમાં વણાયેલી પડી છે. આજના વિજ્ઞાનયુગમાં પણ એ કથાઓ લોકોને ધર્માભિમુખ કરે છે. અને ઇશ્વર ભક્તિની ચિરંતન જ્યોત જલતી રાખે છે. રાજકોટના બેડી નાકાના ગીચ વિસ્તારમાં નીલકંઠનાથનું મંદિર આવેલું છે. એ મંદિર પાછળ પણ સૌરાષ્ટ્રની એક રસપ્રદ લોકકથા વણાયેલી છે. આમતો શ્રીનીલકંઠ માલધારી અને ભરવાડ કોમના ભગવાન લેખાય છે. પરંતુ બીજી કોમો પણ એમાં શ્રદ્ધા રાખે છે.

રાજકોટના સ્વામિનારાયણ મંદિરમાં કાંટા વિનાની બોરડી પાછળ જેવી કથા પડી છે તેવીજ કથા રાજકોટના નકલંક મંદિરના "કડવા લીમડાની મીઠી ડાળ" પાછળ છૂપાયેલી પડી છે. "આશ્ચર્ય" ચમત્કારને માનવાની ના પાડતા બુદ્ધિજીવીઓ નકલંક મંદિરના ચોગનમાં ઉભેલાં કડવા લીમડાની એક ડાળના પાનનો મીઠો સ્વાદથી અનુભવીઓ આશ્ચર્ય અનુભવે છે.

**અઢી હજાર વર્ષ પુરાણું જૈન યાત્રા ધામ ભદ્રેશ્વર :**

કચ્છના કિનારે કંડલા બંદરથી લગગભ ત્રીસેક માઈલ આંતરીને ઈતિહાસની સાક્ષી પુરતું ભરાણી ભદ્રાવતી નગરીના અવશેષ રૂપ ભદ્રેશ્વર ભારતભરમાં જાણીતું બન્યું છે. ખાસ કરીને આ સ્થળે ઐતિહાસિક વસહિતીર્થ હોવાના કારણે ભદ્રેશ્વરનું મહત્વ ઘણું વધેલું છે.

આ તીર્થનો ઈતિહાસ આમતો ઘણો પુરાણો પ્રાચીન છે. વિક્રમની પહેલાં લગતાગ પાંચ સદી પૂર્વે અને પરમ તીર્થંકર શ્રી મહાવીરના નિવાર્ણ પછી તેર વર્ષે ભદ્રાવતી નગરીના તે વખતના રાજા સિદ્ધસેનની સહાનુભુતિ અને સહાયથી ભદ્રાવતીના શ્રી દેવચંદ્રશ્રાકે ભૂમિ શોધન કરી આ તીર્થનું શિલારોપણ કર્યું હતું.

મહાવીર પ્રભુજીના નિર્માણ પછી ૪૫ વર્ષ શ્રી કપિલ કેવલી મુનિએ ભગવાનશ્રી પાર્શ્વનાથજી પ્રભુજીની પ્રતિમા પ્રતિષ્ઠિત કરી હતી. આ પ્રતિષ્ઠા મહોત્સવ વખતે જ ભદ્રાવતી નગરીમાં અનન્ય અને મહાનંદ પતિ વિજયશેઠ વિજ્યા શેઠાણીનું આજન્મ બ્રહ્મચર્ય વ્રત પ્રસિદ્ધિમાં આવ્યું. આ ખ્યાતનામ દંપતિએ આ પુણ્ય પ્રસંગે ભગવતી જૈન દીક્ષા અંગીકાર કરી હતી.

મહાભારત અને ભાગવતમાં ભદ્રાવતી નગરી તરીકે જેનો ઉલ્લેખ થયેલો છે એવી આ પુરાણ પ્રસિદ્ધ નગરીના અવશેષો અને ખંડિયારો પરથી આ સ્થળની પ્રાચીનતાનો આછો ખ્યાલ આવે છે. અહીંનું જૈન દેરાસર સારી સ્થિતિમાં છે. મંદિરના સ્થાપત્યનો નીચેનો ભાગ સૌથી પુરાણો છે. છતાં પુરાતત્વની દૃષ્ટિએ એ બારમી સદીથી ખાસ પહેલાંનો એકેય અવશેષ જોવા મળતો નથી. ભદ્રેશ્વર પાંચ હજાર વર્ષ કરતાં પણ પુરાણી નગરી છે એ વિશે કોઈ શંકા નથી. આમછતાં આ નગરીની સ્થાપના વિશે તેમ જ જૈનમંદિરની સ્થાપના વિશેનો આધારભૂત ઇતિહાસ મેળવવા માટે ઊંડુ સંશોધન આવશ્યક બની રહે છે.

જૈનપ્રબંધોમા ભદ્રેશ્વરને લગતાં ઘણાં લખાણો નીકળે છે. તેમ જ રાજા અક્કડ ચાવડાના વખતમાં ઈરાનથી એ ફોજ આવી હતી; ત્યારે તેમને હરાવીને બાદશાહ સરદાર અને બીજા કેટલાંય મરાયા હતા એવી નોંધ છે. વીરધવળ પ્રબંધમાં 'વીરધવળે' ભદ્રેશ્વર વેળાં કુંડ લીધું એવું લખ્યું છે, તે આ જ ભદ્રેશ્વર. આ દેરાસરની પૂર્વે દુદાશાનું શિવાલય હતું એમ તેનો ઘુમ્મટ કાયમી હોવાથી જણાય છે. ત્યાંથી થોડેક દૂર દુદાશાની બંધાવેલી એક જૂની સેલંત વાવ છે. આ વાવમાં ચાર માળ દેખાય છે, જ્યારે બાકીનો ભાગ પુરાઈ ગયો છે. વાવની કેટલીક વસ્તુ પણ બીજાં બાંધકામ માટે ઉપડી ગયેલ છે. આ વાવના ઓતરંગની એક શિલા સત્તર ફૂટ ને સાત ઇંચ લાંબી અને બબ્બે ફૂટ પહોળી થતી જાય છે. એક લોકોકિત એવી છે કે વસહીના મંદિરનો જીર્ણોદ્ધાર થયો એ અરસામાં જ એક મેઘવાળે વસહીના દેરાસર પર થયેલાં ખર્ચ કરતાં એક દોકડો વધુ ખરચ કરીને આ સેલોટ વાવ બંધાવી હતી.

આ વાવના સાત માળ હતા. એનું સ્થાપત્ય અનેરૂં હતું. યાત્રાળુઓમાં ગુજરાત, સૌષ્ટ્રરા, રાજસ્થાન, દિલ્હી, કાશ્મીર, મ્હૈસુર, ઇત્યાદિ સ્થળેથી અહીં યાત્રા કરવા આવે છે. પ્રતિવર્ષ ત્રીજ, ચોથ, પાંચમને દિવસે તીર્થની વર્ષગાંઠ નો મેળો ભરાય છે. યાત્રાળુઓને બે ટંક વિના મૂલ્ય ભોજન કરાવવાનો પ્રણુ પ્રબંધ છે. આ તીર્થનો વહિવટ શેઠ વર્ધમાન કલ્યાણજીની પેઢી કરે છે. જેનું ટ્રસ્ટી મંડળમાં કચ્છના જુદાં જુદાં ભાગોમાંથી જૈન આગેવાનો લેવામાં આવ્યા છે. કચ્છમાં ભદ્રેશ્વરના આ સુવિખ્યાત યાત્રા ધામની યાત્રાએ આવેલાં જૈન જૈનેત્તરો પશ્ચિમ કચ્છમાં આવેલાં અબડાસામાંના જૈન પંચતીર્થની યાત્રાએ ભકિત ભાવનાનું પવિત્ર સ્થાન છે. જયાં આગળ સર્વે માનવ જીવનને શાંતિ મળે છે. (ઉપરોકત હકિકત નારણદાસ ઠક્કરની એક નોંધના આધારે ટુંકાવીને લીધી છે.)

**રામ લક્ષ્મણ મંદિર બરાડયા :**

"રામ લક્ષ્મણ બે બાંધવા, રામૈયા રામ
સૂરજ ચાંદની જોડ રે, રામૈયા રામ."

દ્વારવતી નગરથી એક ગાઉ દૂર જૂનાં ગામનો ઉજ્જડ ટીંબો આવેલ છે. જૂનું બરડિયા કોઈ કાળે દ્વારકા નગરીનુ પરૂં હશે. આશરે એક હજાર વર્ષ પહેલાં બરડિયામાં ખીમો વાઘેર નામે એક રામ ભક્ત વસતો હતો. ખીમો વાઘેર નાનપણથી જ રામાયણ સાંભળવાનો ભારે શોખીન હતો, તેમના સ્મરણો સાથે સંકળાયેલી આ જગ્યા છે. દ્વારકાથી જામનગર જતાં રાજ્યધોરીમાર્ગ ઉપરથી દ્વારકાની આ બાજુ બે એક માઈલ દૂર ડાબે હાથે એક કાચી સડક ફંટાય છે. એ કાચી સડકને છેડે જૂનાં બરડિયા ગામના ખંઢેરો વચ્ચે અર્ધ તૂટેલાં રામમંદિર, અધુરૂં રહેલું. લક્ષ્મણમંદિર, મહાપ્રભુજીની બેઠક અને સીતાજીનું મંદિર વગેરે મંદિરો આવેલાં છે. રામમંદિરના શિલ્પ ઉપરથી એમ કહી શકાય કે એ મંદિર સંવતના સોળમાં સૈકામાં બાંધવાનું શરૂ થયું હશે. મહાપ્રભુજીની બેઠક કયારે બંધાઇ હશે તે નક્કી થઈ શકતું નથી. સીતાજીનું મંદિર સોળમા સૈકામાં બંધાયું હશે. અહીંથી થોડેદૂર આવેલ ચંદ્રભાગા દેવીની દેરી પણ જૂની દેખાય છે. જૂના બરડિયા ગામ એક માઈલ દૂર વસેલું છે. એ ગામના લોકો ખીમા ભગતની વાત હોંશે હોંશે કરે છે. (એચ. આર. ગૌદાનીના સૌજન્યથી)

**સૌરાષ્ટ્રના પ્રાચીન મંદિરોની નોંધ: (એચ. આર. ગૌદાનીના સૌજન્યથી)**

**૧. ખીમેશ્વરનું મંદિર :**

મૈત્રકાળ જેટલું જૂનું ગણાય છે. એ મંદિરનો પુનરૂધ્ધાર સંવતના સોળમા સૈકામાં થયો હતો.

**૨. નવલખા :**

મંદિર ધુમલી પુરાણું ધુમલી શહેર જેઠવાઓની રાજધાની હતી. સતી સોનહલામણ જેઠવાની વાત સૌરાષ્ટ્રમાં પ્રચલિત છે. મંદિર કોઈ જેઠવા સંતને હાથે ૧૨મા સૈકાની આજુબાજુમાં બંધાવ્યું હતું. પુરાણી નીચી ધુમલી હાલારના ભાણવડ શહેરની દક્ષિણે સાત માઈલ દુર આવેલી છે.

૩. સોનકંસારીનું મંદિર ઉપર ધુમલી જુની ધુમલીથી એક માઈલ દુર બરડા ડુંગરના પેટાળમાં આવેલ છે. તેમાં સોનકંસારીનું પંચાડી મંદિર આવેલ છે. પણ સોન કંસારી અને હલામણનો પ્રસંગ બારમા સૈકાનો હોઇને આઠમા બંધાયું હોય સોન કંસારીનું મંદિર કોઇ સૈંધવ રાજાએ બંધાવ્યું હોય તેમ લાગે છે.

**૪ બિલેશ્વર મહાદેવ :**

બરડા ડુંગરના છેડા ઉપર અને ધુમલીથી દક્ષિણ છ માઇલ તથા પોરબંદર રેલ્વે લાઇનના તરસાઈ સ્ટેશનથી ત્રણેક માઇલ દૂર આવેલ છે. આ મંદિરનું શિવલિંગ કૃષ્ણના સમય જેટલું પુરાણું ગણાય છે પણ મંદિરની બાંધણી સંવતના આઠમા સૈકા જેટલી જૂની છે.

૫. અહલ્યા બાઈનું સોરઠી સોરઠી સોમનાથનું મંદિર ધર્મિષ્ઠ હોલકર વંશીય રાણી અહલ્યા બાઈએ મુસ્લિમોના હાથે નાશ પામેલ તીર્થોમાં નવાં મંદિરો બંધાવ્યા હતા. સોરઠી સોમનાથનું મંદિર સંવતના અઢારમા સૈકાની તરૂઆતમાં રાણી અહલ્યા બાઈના હાથે બંધાવાયું હતું.

**૬. સુત્રાપાડાનું સૂર્ય મંદિર :**

આ મંદિર સંવતના સાતમાં સૈકાના અંતનો હોવાનો સમય છે. એ મંદિર પ્રભાસ પાટણથી છ માઈલ દુર આવેલ છે.

**૭. સોમનાથનું સૂર્યમંદિર :**

એ મંદિર ત્રિવેણી સંગમ નજીક આવેલ છે. એ મંદિર સંવતના દસમા સૈકામાં બંધાયું હોવું જોઇએ.

૮. સોમનાથનું હાલનું મંદિર.

૯. દેહોત્સર્ગ :

એ જગ્યાએ ભગવાન શ્રીકૃષ્ણ જરાપારધિને હાથે મૃત્યુ પામ્યા હતા

**૧૦. દામોદર લાલજીનું મંદિર :**

"ગિરીતળાટીને કુંડદામોદર ત્યાં મહેતાજી નાવા જાય" નરસિંહ મહેતાની સાથે ત્રણાયેલો દામોદર કુંડ ક્ષત્રિયકાળમાં બંધાયો હોવાનું કહેવાય છે.

**૧૧. ધરણીધર મહાદેવ :**

વાંકાનેરથી મોરબી જતાં સાત માઈલ દુર આવેલાં આ સ્થળ જામનગરના જામરાજાએ બંધાવ્યું હોય તેમ કહેવાય છે. પણ હાલનું જડેશ્વરનું મંદિર ૨૦૦ વર્ષથી વધારે પુરાણું નહીં હોય.

**૧૨. માંડવરાયનું સૂર્યમંદિર :**

માંડવરાય એટલે માર્તંડરાયનું અપભ્રંશ થયેલું નામ. માંડવરાયનું સૂર્યમંદિર મૂળતો સોળમા સૈકામાં બંધાયું હશે. પણ ત્યારપછી એ મંદિરનો પુનરૂધ્ધાર થયેલો છે. આ મંદિર સંબંધી શ્રી ઝવેરચંદ મેઘાણીએ એક વાર્તા લખી છે.

**૧૩. દિવનો કિલ્લો :**

આ કિલ્લો રાક્ષસરાય જાલંધરને હાથે બંધાયો હોવાનું કહેવાય છે. આ કિલ્લાના કેટલાંક ભોંયરાં પુરાણા હોવાનો સંભવ છે. પણ હાલનો કિલ્લો પોર્ટુગીઝોએ સોળમા સૈકામાં બંધાવ્યો હોવો જોઇએ.

**૧૪. મુરલી મનોહરનું મંદિર :**

ધોરાજીથી ઉપલેટા જતાં સુપેડી ગામ આવે છે. તે ગામના પાદરમાં સંવતના ૧૮મા સૈકાની શકસાલમાં આ મંદિર બંધાયું હોવું જોઇએ.

**૧૫. રાણકદેવીનું મંદિર :**

આ મંદિર વઢવાણના કોટની રાંગે આવેલ છે. આ મંદિર વઢવાણના પાંપરાઓના વખતમાં બંધાયું હોવાનો સંભવ છે. દસમા સૈકામાં બંધાયેલું આ બારમા સૈકામાં થઈ ગયેલ રાણકદેવીને નામે કેમ ચડી ગયું તે કહેવું મુશ્કેલ છે.

**૧૬. હવા મહેલ :**

આશરે સો એક વર્ષ પહેલાં બાંધવાનું શરૂ કરાવેલ આ રાજમહેલ અધૂરો રહી જવા પામ્યો છે.

**૧૭. ખાંભીઓ :**

વઢવાણના રાજાના વડવાઓના કીર્તિમંદિરો અને સૈનિકોની ખાંભીઓ રાણકદેવીના ચોગાનમાં આવેલી છે.

**૧૮. રાજવંશીઓના સમાધી મંદિર :**

જે રાણકદેવીના મંદિર પાસે આવેલ છે.

**૧૯. બ્રહ્મકુંડ :**

આ કુંડ પુરાણા શિહોરમાં સોલંકીરામ સિદ્ધરાજને હાથે બંધાયો હતો.

**૨૦. જાનીનો ચોરો :**

આ ચોરો સોલંકીકાળમાં બંધાયો હતો. શિહોરના ગિરાસદાર જાની બ્રાહ્મણોએ આ ચોરો બંધાવ્યો હશે.

**૨૧. પથ્થર બન ગયે આખલા :**

આ આખલા બાવલું મોરબીના રાજા લાખાજી રાવે મુકાવ્યું હતું.

**૨૨. મણીમંદિર :**

આ મંદિર મોરબીના ઠાકોર વાઘજીએ તેની પ્રેમિકાની યાદમાં બંધાવ્યું હતું.

**૨૩. વેલીંગ્ડીન સેક્રેટરીએટ :**

આ મકાન મણીમંદિરનો એક ભાગ જ છે.

**૨૪. મોરબીનો ટાવર :**

**૨૫. ત્રણ મંદિરો :**

મુળ દ્વારકા, પોરબંદરથી ૧૨ માઇલ પશ્ચિમે આવેલ વિસવડા શહેરમાં થઈ ગયેલ વીસા ભગતના વખતમાં આ મંદિરો બંધાયા હતા ( સંવતના તેરમા સૈકામાં )

**૨૬. હરસિદ્ધ માતાનું મંદિર :**

આ મંદિર સંવતના બારમા સૈકાના ઉત્તરાર્ધમાં બંધાવ્યું હતું.

**૨૭. હરસિદ્ધનગર :**

હરસિદ્ધ માતાનું તીર્થધામ પોરબંદરથી ૨૨ માઇલ દૂર પૂર્વ તરફ આવેલું છે.

**૨૮. સબળેશ્વર મહાદેવ :**

આ મંદિર પંદરમા સૈકામાં હાલના ધ્રાંગધ્રાનગરના મહારાજાના વડિલોના સમયમાં બંધાયું હતું.

**૨૯. કંકાવટી :**

ધ્રાંગધ્રાથી ૬ માઇલ પશ્ચિમ તરફ આવેલું છે.

**૩૦. ત્રિપુરા પંચાયતન મંદિર પરબડી :**

આ મંદિર સંવતના બારમા સૈકાના અંતમાં બંધાયું હતું. આ મંદિર ચોટીલાથી આનંદપુર ભાડલા જતી સડક ઉપર પશ્ચિમ કાંઠે પરબડી ગામ પાસે આવેલ છે.

**કાનજી સ્વામીનું દેરાસર સોનગઢ :**

આ દેરાસર દિગમ્બર જૈનપંથના પ્રખ્યાત સુધારક કાનજી સ્વામીના હસ્તે બંધાયું છે.

**બુદ્ધેશ્વર મહાદેવ વલ્લભીપુર :**

પુરાણા શિવલિંગ ઉપર બંધાવેલું આ નવું મંદિર પચાસ વર્ષ પહેલાં બાંધવાની શરૂઆત થઈ હતી. જે. હાલમાં અધુરૂં છે.

**કીર્તિમંદિર :**

આ મંદિર ગાંધીજીના રહેઠાણ સ્થળ નજીક તેમની યાદમાં બંધાવેલ છે.

**સમાધિ મંદિર–હળવદ :**

આ સમાધિઓ હળવદમાં થયેલ સતીઓની છે. જ્યારે ધ્રાંગધ્રા રાજ્યની રાજધાની હળવદ હતી ત્યારે આ રાજ્ય મહેલ બંધાયો હતો.

**સૂર્યમંદિર–ઢાંક :**

આ મંદિર ઢાંક શહેર જે ઉપલેટાથી દસેક માઈલ દૂર આવેલ છે. ત્યાં એક ટેકરી ઉપર ડુંગરેશ્વરનું મંદિર આવેલ છે.

**ગોપનું મંદિર :**

સંવતના સાતમા સૈકા જેટલું જૂનું આ મંદિર જામનગરથી તેર માઈલ દૂર આવેલ છે.

**બાલકૃષ્ણ :**

આ મૂર્તિ જામનગરના સ્મશાનમાં આવેલ છે.

**શ્રવણકુમાર :**

આ મૂર્તિ જામનગરના સ્મશાનમાં આવેલ છે.

**ઝાંસીની રાણી :**

આ મૂર્તિ જામનગરના સંગ્રહસ્થાનમાં આવેલ છે.

**લાખોટા :**

જામનગરના લાખોટા તળાવને કાંઠે આવેલો કોઠો.

**ટાવર :**

પાકિસ્તાન સાથેના યુદ્ધમાં માર્યા ગયેલાં માંગરોળના શેખ મેજર શેખ મહંમદની યાદમાં આ ટાવરનું નામ મેજર શેર મહંમદ ટાવર રાખવામાં આવ્યું છે વેરાવળ બંદરથી ૧૧ માઇલ પૂર્વ તરફ ઉનાને રસ્તે પ્રાચીનું પવિત્ર તીર્થસ્થળ આવેલ છે. એ સ્થળ પાસે શિવમંદિર છે. પ્રાચીતીર્થ નજદીક વહેતી સરસ્વતી નદી.

**ઘેલા સોમનાથનું મંદિર :**

જસદણ શહેરથી સાત માઈલ દૂર આવે. આ તીર્થનું મુખ્ય મંદિર છે.

**મીનળ દેવીની સમાધિ** : ઘેલા સોમનાથના તીર્થમાં આ સમાધિ આવેલ છે. જસદણ શહેરની મુખ્ય બજારમાં પંચાયતન શિવમંદિર આવેલ છે.

**રાજસાગર** :–જસદણ શહેરથી ચાર માઈલ દૂર આવેલ એક સરોવર છે.

**દીવાદાંડી દ્વારકા** : દ્વારકાની કન્યાશાળાના કમ્પાઉન્ડમાં આવેલ એક મંદિર દ્વારકા નગરી દ્વારકાધીશનું મંદિર.

**ઉપલેટા શહેરનું પંછી દર્શન રૂક્ષ્મણિજીનું મંદિર :**

દ્વારકા શહેરથી ત્રણ ફર્લાંગ દૂર ઓખાને માર્ગે આવેલ રૂખમણીજીનું મંદિર તથા રૂક્ષ્મણિ મંદિરનું સન્મુખનુ તોરણ ગજેન્દ્ર વટેશ્વર. ઝાલાવાડના સુરેન્દ્રનગર શહેરથી ચાર માઇલ ઉત્તર દિશાએ એક જગ્યા આવેલી છે. એ જગ્યાનો વહિવટ રબારી કોમ કરે છે. એ જ ગામમાં આવેલ એક ઓટલા ઉપર ગજેન્દ્રની મૂર્તિ છે.

વટેશ્વર મહાદેવ દુધરેજની જગ્યાનું મુખ્ય મંદિર દુધરેજથી ચાર માઈલ ઉત્તર તરફ રાજસીતાપુર નામે એક ગામે આવેલ છે. ત્યાંના એક તળાવમાં સમાધિ આવેલ છે. મઠનું મંદિર રાજસીતાપુરના તળાવ કાંઠે મઠના મહંતોના સમાધિ મંદિર છે. ગંગવો ઝાલાવાડના દેદાદરા ગામ પાસે આવેલો એક કુંડ ઝાલવાડના સાયલા શહેરથી ત્રણ માઇલ દૂર આવેલ ધાંધલપુર નજીકની એક પુરાણીવાવ.

ઘુમ્મટ મંદિર :– ઝાલાવાડના ધ્રાગધ્રા શહેરની પૂર્વ દિશાએ બાર માઈલ દૂર આવેલ અને આઠમા સૈકામાં બંધાયેલ એક શિવમંદિર છે. ધુંધલીનાથ :- ધાંધલપુર શહેર નજીક આવેલ વાવના કાંઠા ઉપર આવેલ એક મૂર્તિ જે નાથ સંપ્રદાયના નવનાથ પછીના દશમાનાથ ધુંધલીનાથની એક મૂર્તિ છે. ગોહિલવાડના ગઢડા શહેરથી સાત માઈલ દૂર આવેલાં બેડીયા સંપ્રદાયના સ્વામીનારાયણના મંદિરનો દરવાજો.

દુધરેજના વટેશ્વર મંદિર આખલાની મૂર્તિ. ઝાલાવાડના સાયલા શહેરથી ચાર માઈલ દૂર આવેલ સેજકપુરનું પુરાણું જૈનમંદિર ઝાલાવાડના જસદણ શહેરથી આઠ માઈલ દૂર આવેલાં આનંદપુર માંડલનું શિવમંદિર જે બારમા સૈકામાં બંધાયું હશે.

ખાપરા કોડીયાના ભોંયરા :– આ નામે બૌદ્ધ-ગુફાઓ જૂનાગઢના કાળવા દરવાજાની પાસે આવેલી છે. જૂનાગઢના ઉપરકોટના કિલ્લામાં આવેલ તળાવ. રોજો :– જૂનાગઢના શહેરમાં આવેલ બાબી વંશના એક રાજાનો રોજો. જૂનાગઢ ગિરનાર પહાડ ઉપર આવેલ ભગવાન નેમીનાથનું મંદિર. જેનું કેટલુંક શિલ્પ બારમા સૈકાનું હોવાનો સંભવ છે. ગિરનાર પહાડ ઉપરની પહેલી ટૂંક

ઉપરના દેરાસરોનું વિહંગપપ દશ્ય ગિરનારના જૈન દેરાસરોનું દશ્ય.

## જૂની સાંકળી લવાનું મંદિર :

હાલ જૂની સાંકળી ઊભું છે તે લવાનું મંદિર જોતાં એ મંદિર સોલંકી યુગમાં બંધાયેલ દેલમાલ ગામના બ્રહ્માજીના મંદિર જેવું કહી શકાય. નાના મોટાં શૃંગો અને ઉરૂશૃંગોથી શોભતો એ મંદિરનો ભવ્યભાગ દૂરથી ઘણો જ આકર્ષક લાગે છે. આશરે આઠસો સવા આઠસો વર્ષો વીતી ગયા હોવા છતાં દહેરૂં બહુ જ સારી હાલતમાં ઊભું છે. મેંડોપરની જગ્યા દિશાના દેવોથી શોભી રહી છે.

## પરબવાવડી :

સમાજસેવાની, અને માનવતાની જ્યોત પ્રજવલિત રાખતાં લોકજીવનનાં પ્રવાહોને પ્રબળ સામર્થ્ય અર્પતી આ જગ્યાનો ઇતિહાસ સમજવા જેવો છે. પણ એ કથાને સમજવા માટે આપણે ૧૫૦ વર્ષ પહેલાનો ભૂતકાળ ઉખેળવો પડશે.

૧૫૦ વર્ષ પહેલાની આ વાત છે. કષ્ટ રોગના દર્દીઓને સમાજમાં અછુત અસ્પૃશ્ય અને મહાન પાતકી પાપી ગણી ત્યજી દેવામાં આવતા તે સમયની આ કથા છે.

ઘરના મોભી હોય, વહાલસોયો પુત્ર કે પુત્રી હોય કે પછી પરમ પ્રિય મિત્ર હોય પણ દૈવ ભોગે જો તેને કુષ્ટ રોગ લાગુ પડે તો સમાજમાં કે પોતાના ઘરમાં પણ તેને સ્થાન ન મળતું. ગામ કે શહેરથી દૂર વનવગડામાં કે કોઈ એક અંધારી કોટડીમાં આ દર્દીને રાખી મુકવામાં આવતાં ધીરે ધીરે ખવાતા જતાં અંગો વાળા આ દર્દીઓના ચાંદામાંથી ગંધાતા લોહી અને પરૂ વહેવા લાગે, શરીરે ફુટી નિકળેલ ચાંદાની કાળી બળતરા અને વેદનાની ચીસો પાડતા આવા દર્દીઓને અંતે રત્નાકરને ખોળે પધરાવી દેવામાં આવતાં ત્યારે....

૧૮મી સદીનાં ઉત્તરાર્ધમાં, એક અબૂઝ, અભણ રબારી છોકરો ગીરના જંગલોમાં ઘેટા–બકરાં અને ગાડર ચરાવતો હતો, ડાંગને ટેકે કોણી ટેકવી, બીજો પગ પહેલાં પગને ઢિંચણે ટેકવી ગગનમાં નીરખતો આ અબુઝ કિશોર જાણે અગમનિગમની વાતો વિચારતો હોય તેવો દિશતો. તેની આસપાસ ટોળે વળેલ પશુઓ પણ કોઈ તત્ત્વજ્ઞાની માફક તેના આ પાલકને જોઇ રહેતા, આ કિશોર તે દેવો રબારી.

આ દેવાનો જન્મ પણ જાણવા જેવો છે, તે ઇશ્વર અને ઓલીયાના પ્રસાદી રૂપે તેના મા–બાપને મળ્યો હતો.

દેવાના બાપનું નામ જીવો. જીવા રબારીને પશુધનનો કંઈ પાર નહીં. ગાયો ભેંસો, ગાડર–બકરા વિગેરે તેનું વિશાળ પશુધન પણ શેરમાટીની તેને ખોટ, ત્યાં સંવત ૧૮૮૧ની દુષ્કાળની સાલ આવી, ગીરકાંઠાના મુંજીયાસર ગામના રહીશ જીવાને આ બહોળા પશુધનના પાલન અર્થે ગીરના જંગલોમાં ભટકવું પડયું.

જીવો બે મહાન સંતો જયરામગરજી અને નૂરશા નામના ઓલિયાનાં પરિચયમાં આવ્યેતેની સેવા ચાકરી કરી અને એમાંથી સંતોએ તેને ઘેર રહેલી શેર માટીની ખોટ પુરી પાડી અને દેવાનો જન્મ થયો.

દેવાએ પણ બાપને ચીલે સંતોની સેવા ચાકરી કરી. અને પરણીને બે છોકરાનો બાપ થયો ત્યારે તેને સંસારની માયા છોડી દેવાની મનોવૃત્તિ જાગી.

દેવાએ જયરામગરજી અને ઓલિયા નૂરશાનાં આશિર્વાદ માગ્યા અને દેવાને સેવાવૃત્તિની દિક્ષા મળી.

સેવાની આ મઢુલી માટે જુનાગઢ નજીકનાં વાવડી ગામની પાસે શ્રી દત્તાત્રેયનાં ધૂણાની બાજુમાં આવેલ જસાવોબદાનની સમાધી પાક આદેશ મળ્યો.

દેવાએ અહિં મઢુલી બાંધી દરરોજ ઝોળી લઇ રામરોટી માંગવા આસપાસનાં ગામમાં જાય ઘેર આવ્યા પછી ભોજન સમયે મઢુલી બહાર નીકળી ત્રણ સાદ પાડે, " છે કોઇ સાધુ સંત અભ્યાગત હોય તે રામરોટી લેવા પધારે. "

બસ સાદ સાંભળતા જ બાવા, સાધુ, લુલા, લંગડા, ભીખારી આવી ચડે. સૌને પ્રેમથી માંગી લાવેલ રામરોટી જમાડે. સવાર અને સાંજ તેનો આ ક્રમ.

દેવાએ ગીરનારની સંખ્યાબંધ પરિક્રમા કરી અને કંઈક કેટલીયે વનસ્પતિઓને ઓળખવાની સિદ્ધિ પ્રાપ્ત કરી.

રકતપિત્તના રોગને કારણે કુટુંબે ત્યજી દીધેલ એક ડોશી આ દેવા રબારીને મળ્યા, વનવગડામાં કણસતી તો કયારેક વેદનાથી કાળી ચીસો નાંખતી આ ડોશીને ખભે ઉપાડી મઢુલીમાં દેવા રબારીએ લાવી મૂકી, તેના અસહ્ય દુર્ગંધ મારતાં, ચાંદામાંથી વહેતા લોહી–પરૂ સાફ કરી તેને સ્વચ્છ પથારીયે સુવડાવી ઔષધી આપવા માંડી જોત જોતામાં આ વાત ચોમેર ફેલાઇ ગઇ અને સૌરાષ્ટ્રભરમાંથી રકતપિત્તના દર્દીઓ આ વાવડીની જગ્યામાં ઠલવાવા માંડયાં, જગ્યા વિશાળ બંધાતી ચાલી, હવે એકાદ ગામ માંગવાથી ન ચાલતું, દર્દીઓ, સાધુ, સંતો, અભ્યાગતોનો ઘસારો વધતો ચાલ્યો, માનવસેવાના આ દિક્ષિતે વધુ ગામતરા કરવા માંડયા અને રામરોટીની ઝોળી ફેરવવા માંડી.

રામરોટી માંગે, દર્દીઓ માટે ગાયો રાખી ગાયની સેવા કરે, વનસ્પતિઓ લાવે, પથ્ય બનાવે, દર્દીઓની સેવા ચાકરી કરે, સાધુ સંત અભ્યાગતોને પણ દેવો રબારી સંત દેવીદાસ તરીકે પંકાવા લાગ્યા વાવડીની જગ્યા પરબવાવડી તરીકે ઓળખાવા લાગી.

મધ્યરાત્રી ન વીતી હોય ત્યાં સંતનું સવાર પડે, પ્રાતઃકર્મથી પરવારી ગૌસેવા કરી ગાયોને નીરણ પાણી નાંખે ગાયો દુહે એકતારો લઈ ભજનો ધૂન જગ્યામાં ગુંજતી થાય, રોગીઓ જાગે તેને દાતણ કરાવી તેના લોહીપરૂ સાફ કરી નવડાવી ધોવડાવી તેને સ્વચ્છ કપડાં પહેરાવે, સ્વચ્છ પથારીએ સુવાડે, પથ્ય આપે, અને એ કપડાંનો ગાંસડો ધોઈ નાખે, પછી સંત રામરોટી ઉઘરાવવા ગામડાઓની વાટ પકડે, બપોરે બાર થાય ત્યાં તો રામરોટી હાજર. સાધુ, સંત, અભ્યાગતોને પહેલાં સાદ દેવાય ને જમે, આશ્રિતો જમે, તેનો એંઠવાડ ઉપાડી પછી વધ્યું ઘટ્યું સંત પ્રસાદી રૂપે આરોગે, વળી સાંજના રામરોટી ઉઘરાવાય, સવારનો જ ક્રમ સાંજે પુરો થાય, વેદનાથી ચીસો પાડતા જુદા જુદા દર્દીઓની પથારી પાસે સંત પહોંચી જાય અને છેલ્લે રાત્રીના પ્રથમ પ્રહરે એકતારાનાં તારમાંથી સંગીત પેદા થાય.

**અમરબાઇનો સાથ**

આ દરમ્યાન આયર કન્યા અમરબાઈ સાસુભેગા સાસરીયે જતાં પોરો ખાવા સંત દેવીદાસની જગ્યામાં વીરમ્યાં. અમરબાઈએ દેવીદાસને સેવાસુશ્રુષા કરતાં નિહાળ્યાં, તેના પુણ્યાત્મામાં નવો પ્રકાશ પથરાયો, સંસાર તેને અસાર લાગ્યો, પરમ જ્ઞાનની પ્રગટેલી જ્યોતે તેમણે નિર્ણય કર્યો આજ સંતની જગ્યામાં સેવા કરતા જીંદગી પૂરી કરવાનો તેણે નિર્ણય જાહેર કર્યો અને અમરબાઇ રોકાઇ ગયા. પરભવના આ પિતાપુત્રીએ અવિરત સેવાયજ્ઞ ચાલુ રાખ્યો.

ભેંસાણનો કાઠી યુવાન શાર્દુલ મા–અમરબાઈ અને સંત દેવીદાસના સત્સંગનો પરમ પ્યાસી

સંત દેવીદાસ કાયમ બુકાની રાખતાં હવે સંતને આ પાર્થીવ દુનિયાનું પોતાનું કામ પુરૂં થતું લાગ્યું

તેણે અમરબાઈ અને શાર્દુલને બોલાવી આ બુકાનીમાં છુપાયેલા નિગૂઢ રહસ્યને છતું કર્યું, બુકાની કાઢી, સંતના બુકાની નીચે દબાયેલા હોઠ ઉપરથી પાતળી પડેલ ચામડીના પડો નીકળવા લાગ્યા. સંતને કુષ્ટરોગ લાગુ પડયો હતો. શાર્દુલ અને અમરબાઈ હેબતાઇ ગયા સંતે આશ્વાસન આપ્યું અને નિગૂઢ ઇશ્વરના રહસ્યો સમજાવ્યા.

સંતે હવે સમાધિ લેવાનું જાહેર કર્યું. અમરબાઇએ પણ સમાધિ લેવાની આજ્ઞા માગી, જગ્યામાં બે સમાધિ સ્થળો તૈયાર થયા.

વાત સૌરાષ્ટ્રમાં ચોમેર ફેલાઈ ગઈ, સાધુસંતો સેવકોથી પરબવાવડીની જગ્યા ભરાઇ ગઇ, હજારો સાધુસંતો અને અભ્યાગતોની સંત અને અમરબાઇએ તે દિ' છેલ્લી સેવા કરી, આશ્રમના દર્દીઓને પણ નિત્ય સેવાચાકરીના અનુપાન કરાવ્યા અને ગગનભેદી શંખનાદો સાથે સાધુપુરૂષોના આશીર્વાદ લઇ બન્ને પોતપોતાની જુદી સમાધીમાં ગોઠવાયા. સંતે સમાધી ઉપર મા ધરતીની માટી પધરાવવાની આજ્ઞા આપી, સોરઠની પરમ પવિત્ર ધરતિમાં બે મહામાનવો સમાઈ ગયા. તેમનું પંચમહાભૂતનું શરી, પંચમહાભૂતમાં મળવા ધરતીની ગોદમાં વિરામ પામ્યું. તેમનો અમરાત્મા પરમપિતા પરમેશ્વરની છત્રછાયામાં જઇ વસ્યો.

અંત સમયે શાર્દુલને તેમના સેવા યજ્ઞની આ જ્યોતિ જલતી રાખવાનો આદેશ આપ્યો હતો અને ત્યારથી આ સેવાયજ્ઞ શરૂ થયો જે આજસુધી ચાલુ છે.

( ફુલછાબમાંથી સાભાર )

**શ્રી રામનાથ મહાદેવ :—**

સૌરાષ્ટ્રના ગોહિલવાડ વિભાગના (ઘોઘા તાલુકે) કુકડમાં શ્રી રામનાથ મહાદેવનું અનુપમ તીર્થધામ છે. આ પવિત્ર ધામ ભાવનગર–મહુવા રેલ્વે લાઈનના તણુસા સ્ટેશનથી પાંચ માઈલના અંતરે પૂર્વમાં આવેલું છે. જગ્યાની પૂર્વ તરફ અરબી સમુદ્રના ઘેરા નીલા રંગના નિર્મળ નીર ખંભાતમાં વહી આ સ્થાનને વધારે રમણીય બનાવી રહ્યા છે.

**તલસાણીયા મહાદેવ (તણુસાણુા) :—**

ઝાલાવાડમાં લીંબડીથી આશરે પંદરેક ગાઉ દૂર તલસાણુા નામનું ગામ આવેલ છે. ઘણા લોકો તેને તાઈ તલસાણુાથી ઓળખે છે. આ તલસાણુાના ટીંબે તલસાણીયા મહાદેવનું જીર્ણોદ્ધાર કરેલું નાનું એવું શિવનું મંદિર છે. તેની લગભગ પાંચસો વર્ષ પૂર્વેની એવી દંતકથા છે કે—પુરાણા સમયથી આ નાગદેવને ઘણાં બ્રાહ્મણો વંશ પરંપરાના કુળદેવ માને છે અને ખાસ કરીને ગૌતમ ગોત્રના જોષી તેને કુળદેવ માને છે. લગ્ન, જનોઈ, શ્રીમંત વિગેરે અગત્યના કાર્યોમાં તેનો લાગો ચૂકવે છે. અને બાર માસી તેનું સ્થાપન પોતાને ત્યાં રાખે છે અને તેના કરમાં તલવટ, ખીચડો વગેરે બનાવીને નિવેદ અર્પે છે. મારવાડીઓ પણ તેને માને છે, અને ઠેઠ મારવાડથી માનતા કરવા તેઓ અહીં આવે છે. (ભાનુશંકર જોષીના સૌજન્યથી)

**કાંબીમાતા :—**

હાલારના જોડીયા મહાલના આમરણ અને જોડીયા વચ્ચે માધાપર ગામ પાસે કાંબી માતાની એક પુરાતન જગ્યા આવેલી છે. આ જગ્યા શૌર્યના ઇતિહાસ સાથે સાક્ષી પુરાવે છે. આજથી આશરે પાંચસો વરસ પહેલાં જામનગરના મહારાજા જામ સાહેબ શ્રી રાવલ જામનો સૂર્ય તપતો હતો. જામનગર હાલારની ગાદી પર જામશ્રી રાવલ બિરાજતા હતા, તે વખતના એક પ્રસંગ ઉપરથી હાલ પણ આ જગ્યાએ મંદિર મોજૂદ છે. કાંબીના કુંડ નામે પ્રખ્યાત છે ત્યાં એક પુરાતની વડનું વૃક્ષ આવેલું છે. આ સ્થળ ઘણું

રમણીય અને જોવાલાયક છે. આંજી નદીનાં કિનારા પર પુરાતની જગ્યા આવેલ છે.

**કચ્છનું પ્રાચીન તીર્થધામ કોટેશ્વર:—**

આ સ્થાન કોટેશ્વર નામક બંદર પાસે આવેલ છે. કોટેશ્વર બંદર અગાઉ લખપત તાલુકાનું સમૃદ્ધ એવું બંદર હતું. પણ હાલ અહીં એવી કોઈ વસ્તી નથી. અહીં મોટાં ટીંબ ઉપર કોટેશ્વરનું પુરાણોક્ત પ્રાચીન મંદિર આવેલું છે. આ મંદિરની ઉત્તરે એની પાસે જ ગોડ રાણીએ બંધાવેલ નીલકંઠ મહાદેવનું મંદિર છે. પશ્ચિમાભિમુખ આવેલાં છે. મંદિરોની આગળની ભીંત પથ્થરોની છીપરો થી બાંધેલ છે. તેની છેવાડાની ભીંતે ઝરૂખા પણ મૂકેલ છે.

**શ્રી આશાપુરા પ્રાગસ્થ :—**

કચ્છમાં ભુજથી એક ખૂણે આવેલ મઢ નામનું ગામ છે. તે ગામમાં "રાજ રાજેશ્વરી આશાપુરા માતાજી"નું પૌરાણિક જૂનાં બાંધણીનું ભવ્ય મંદિર છે. તે મંદિરની સાક્ષાત પ્રગટ થયેલ મૂર્તિ કેવી રીતે પ્રકટ થઇ અને આશાપુરી નામ શી રીતે થયું તેનો પૌરાણિક ઇતિહાસ છે.

**પવિત્ર યાત્રાધામ નારાયણ સરોવર :**

સનાતન હિંદુ માટે પરમ પવિત્ર યાત્રાધામ સમાન નારાયણ સરોવર કચ્છ જીલ્લામા છેક પશ્ચિમી સરહદ પાસે લખપત તાલુકામાં આવેલ છે. જીલ્લાના મથક ભુજથી તે બસમાર્ગે ૧૦૧ માઈલ થાય છે. જ્યારે તાલુકા મથક લખપતથી તે ૩૮ માઈલ થાય છે. નારાયણ સરોવર તીર્થ પાસે એક નાનકડું ગામ વસેલું છે. અરબી સમુદ્રની કોરી નાળના પૂર્વ કિનારે પ્રખ્યાત કોટેશ્વરના ધામથી દક્ષિણે એક માઈલ પર, ઉત્તર દક્ષિણ ૧॥ માઇલ અને પૂર્વ પશ્ચિમ બે માઇલના વિસ્તારમાં નારાયણ સરોવર આવેલ છે.

**સંવત ૧૦૧૪ની સાલનો પ્રાચીન ઘંટ :**

શ્રી ગિરનાર પાસેના પ્રભાસ પાટણથી ૨૨ કોશ દૂર આવેલી શ્રી અંજાર પાર્શ્વનાથના નામથી વિખ્યાત થયેલી પંચતીર્થી શ્રી ઉના, અંજાર, દીવ, દેલવાડા એમ ચાર ગામ વચ્ચે આવેલી છે. દરેક ગામ એકથી બે કોશને અંતરે આવેલાં છે. દંતકથા એમ કહે છે કે શ્રી અજાહરા પાર્શ્વનાથની મહાન ચમત્કારી પ્રતિમા દેવલોકમાં એક લાખ વર્ષ સુધી ધરણેન્દ્ર છ સો વરસ સુધી કુબેરે, અને સાત લાખ વર્ષ સુધી વરૂણ દેવે પૂજેલી છે. એ પછી એ પ્રતિમા અજય રાજાના ભાગ્યથી પદ્માવતી દેવીએ એક સાગર નામના શ્રેષ્ઠીને આપી. શ્રેષ્ઠીએ દીવ પાસે ગામે આવી એ અજય રાજાને અર્પણ કરી. આ વખતે અજય રાજાને એક સો સાત જાતની વ્યાધિ પીડા આપતા હતા, તે વ્યાધિઓ ભાવી તીર્થંકર શ્રી પાર્શ્વનાથની અદ્ભૂત પ્રતિમાના દર્શન માત્રથી લય પામી ગયા. એટલે અજય રાજાએ દીવ સમીપમાં અજપુર નામની નવીન નગરી વસાવી તેમાં એક સુંદર પ્રાસાદ બંધાવી તે દેવળમાં એ પ્રતિમાજીને સ્થાપિત કરી પોતે ત્રિકાળ પૂજા કરવા લાગ્યો. એ અજય રાજાના સ્વર્ગ ગમનને પ્રાયે આઠ લાખ વર્ષો વીતી ગયા છે. જેથી દેવલોક અને મનુષ્ય લોકમાં સોળ લાખ વર્ષથી સેવાતી પ્રતિમા કળીયુગમાં જાગતી જ્યોત પેઠે શ્રી અજપુર ગામે છે.

સાડા નવસો વર્ષ પૂર્વેનો સંવત ૧૦૧૨ની સાલનો પુરાણો ઘંટ જોવો હોય, જે દેવળના મોટા ચૌદ ઉદ્ધારો થયેલાં છે તે સ્વર્ગભૂમિ સમાન દેવળ જોવું હોય, કોઈપણ સમયે ન કરમાય તેવી દેવી વનસ્પતિ કે જેને અજેવાળના ઝાડો કહેવામાં આવે છે. તે વનરાજી જોવી હોય તો શ્રી અજારા પાર્શ્વનાથજીની તીર્થમાં પધારો.

**કામળીયાનો નેસ ભંડારીયા :**

સિદ્ધોની પવિત્રભૂમિ શ્રી શત્રુંજય પર્વતની ગોદમાં સૈકાઓથી વહન કરતી પવિત્ર પતિત પાવની ગંગા સમી શેત્રુંજી નદીના કિનારે ભંડારીયા ગામે લોકોમાં ધર્મ ભાવના જાગૃત કરવા માટે કે એક વખત જાગૃત થયેલ ધર્મ ભાવનાને ચિરકાળ ટકાવી રાખવા માટે આજ સુધી કોઈ પવિત્ર સ્થાન ન હતું. આ ભૂમિમાં આજે સુરમ્ય અને મનોહર શિવાલયનું સુંદર દૃશ્ય આવતા જતાં યાત્રિકોને દૃષ્ટિ ગોચર થાય છે.

આ સૂકી વેરાનભૂમિ (ભંડારિયા)માં છેલ્લા સૈકાના અર્ધ ભાગે પચાસ વર્ષ પૂર્વે મુકદાણા અને ધર્મપ્રેમી સદ્‌ગૃહસ્થ સ્વ. વાલજીભાઈ મિસ્ત્રી પોતાનું બચપણ વિતાવી યુવાવસ્થા થતાં મુંબઈમાં ધંધાર્થે સ્થળાંતર કરી ગયાં વર્ષો સુધી મુંબઇમાં રહી સ્વજનો નો પ્રેમ સંપાદન કરી પવિત્ર જીવન જીવતા છેવટની જીંદગીના શેષ દિવસો પોતાની માતૃભૂમી સૌરાષ્ટ્રમાં વિતાવવા વિ. સં ૨૦૨૧ માં પાલીતાણા આવીને રહ્યા. દરમ્યાનમાં માતૃભૂમીનું ઋણ અદા કરવાના શુભ હેતુથી કોઇ પવિત્ર સ્થાન ઊભું કરવા સંકલ્પ કર્યો કે જેથી સ્વ ઉપાર્જીત સંપત્તિનો સદ્વ્યય થતાં આત્મ સંતોષ અનુભવાય. આ પછી બીજે જ વર્ષે સ્વ. શ્રી વાલજીભાઇ મિસ્ત્રીના દેહોત્સર્ગ પછી તેમના વરિષ્ઠ પુત્ર દામુભાઈ એ ઉપરોક્ત શુભ સંકલ્પને સાકાર રૂપ આપવા રૂા. ૧૦૦૦૦ની પ્રાથમીક ઉદાર સખાવત કરી જેના ફળ રૂપે આજે આ શિવાલય ભોળા આમજનોની દેવદર્શનની પવિત્ર ભાવનાને અમીસિંચન કરી રહ્યું છે.

સદ્‌ગતશ્રીના સુપુત્ર દામુભાઇનો વસવાટ તો બચપણથી જ મુંબઇમાં છે, તો પણ પોતાની માતૃભૂમિ સૌરાષ્ટ્ર તરફ એમનો પ્રેમ હંમેશા યોગ્ય સમયે સૌરાષ્ટ્રને ભુલી થ જવાય તેવો સતત જીવંત અને જાગૃતિવાળો અને એ જ જાગૃતિના ફળરૂપે સ્વ. વાલજીભાઇ વિ. સં. ૨૦૨૨ ના અશ્વિન શુકલ ૧૦ ના રોજ સ્વર્ગસ્થ થતાં ભંડારિયા ગામે ધર્મપ્રેમી જનતાના ઉમળકાભેર ઉત્સાહ સાથે તેમ જ શાસ્ત્રોક્ત વિધિસર સુપુત્ર શ્રી દામુભાઇએ પોતાનાં શુભહસ્તે

શિવલિંગની પ્રતિષ્ઠા કરી પિતૃઋણ અદા કર્યું. જેનું ફળ વર્તમાન તથા ભાવિજનતા મેળવી રહેશે. સ્વ. શ્રીના શુભ સંકલ્પને લક્ષમાં લઈ શિવાલયની સ્થાપના અને શિવલિંગની સ્થાપનાના પૂનિતકાર્યમાં પૂ શ્રી પ્રભાબેનનો અવિરત પ્રયાસ અને ઉત્કૃષ્ટ ભાવના, પૂર્ણશ્રમ એટલો જ પ્રસંશનીય છે. આર્ય મહિલા તરીકે પુનિત જીવન જીવી રહેલાં ત્યાગ વૈરાગ્યના જીવંત પ્રતિકરૂપ બહેનશ્રી પ્રભાબેન શિવાલયના કાર્યમાં અદ્યપિ વિશેષ પ્રગતિ કરાવી રહેલ છે.

**ગુરૂમંદિરનું મહાત્મ્ય ઉના :**

આજે જેને પ્રભાસક્ષેત્ર તરીકે ઓળખીએ છીએ તેટલું જ મર્યાદિત ક્ષેત્ર પ્રભાસનું ન હતું. માત્ર સૌરાષ્ટ્રમાં જ નહીં પણ આબુ પર્વત સુધી તેનો વિસ્તાર હતો એમ પુરાણોમાંથી જાણવા મળે છે. આ જ ઠેકાણે ભગવાન સોમનાથ જ્યોતિર્લિંગ સ્વરૂપે સતત વાસ કરે છે આ ક્ષેત્ર શ્રીકૃષ્ણની ક્રીડાભૂમિ હતું. અને અસંખ્ય યોગીઓની તપોભૂમિ હતું. શ્રી ગુરૂ દત્તાત્રેયનો ગુપ્ત સ્વરૂપે અહીં જ વાસ છે. આ સંતભૂમિ પર અગિસ્ત, વસિષ્ઠ, વિશ્વામિત્ર, જમદગ્નિ ઇત્યાદિ અનેક ઋષિ મહાત્માઓએ નિવાસ કરતા અને અનેક યજ્ઞાદિ યાગો તેમણે કર્યા હતા. શ્રી રામે અહીં જ કેટલોક સમય વાસ કર્યો હતો. વચલા ગાળામાં કાળના પેટાળમાં અદ્રશ્ય થયેલી અને ભૂલાઇ ગયેલી આ પવિત્ર ભૂમિમાં કે જ્યાં ઋષિ મુનિઓએ તપશ્ચર્યા અને વિદ્યાનો ઉચાંક સ્થાપ્યો છે.

એવા એ નગરમાં ધાર્મિકવૃત્તિના પરોપકારી અને ઉદાર દિલના શ્રી હિરાલાલભાઈ ગાંધીના નિવાસ સ્થાનમાં શ્રી સ્વામી સમર્થ ભગવાન પરશુરામ, સદ્ગુરૂ શ્રી ગજાનન મહારાજની મૂર્તિઓ છે.

મહારાજશ્રીએ કૃપા પ્રસાદ તરીકે આપેલી રજત પાદુકાઓની શુભ સ્થાપના કરીને કારતક સુદ પૂનમ, ૨૨મી નવેમ્બર ૧૯૬૧ના રોજ કાંઈક દૈવી સંકેતથી ગુરૂમંદિરની સ્થાપના થઈ છે. પાદુકાઓની સેવા પૂજા ભાવનગા શ્રી ગાંધીના કુટુંબમાંથી જ એક વ્યક્તિ ત્યાં રહે છે. પુનામાં અક્કલકાર નિવાસી પરમ સદ્ગુરુ શ્રી ગજાનન મહારાજની પ્રેરણા અને આશીર્વાદથી સ્થપાયેલ આ મંદિરમાં ભક્તિભાવથી લોકો દર્શને આવે છે અને મહારાજશ્રીના ચમત્કારિક પરચાઓ સાંભળીને ભાવિકો ધન્યતા અનુભવે છે.

**ઉના દેલવાડાનું પૌરાણિક દર્શન :**

(પ્રવિણચંદ્ર ભ. ભારદીયાના સૌજન્યથી) ઉના દેલવાડાનું સ્મરણ એટલે લીલાના ઘેર ઉના, દેલવાડા, દીવ, કોડીનાર અને પ્રભાસક્ષેત્ર એટલે હિંદુઓના પ્રાચીન તીર્થધામોનો સમૂહ આર્યવર્તના ૬૮ મહાન તીર્થોમાં આ નગ્નહર (નાઘેર)ના બ્રહ્મભાગના તીર્થોને ૨૧ મું તીર્થ કહેવામાં આવે છે. સૌરાષ્ટ્રનો સોરઠ જીલ્લાનો અત્યુત્તમ સુંદર પ્રદેશ નગ્નહર નાઘેર પ્રદેશ છે. આ વિસ્તારને પ્રાચીન પ્રભાત ક્ષેત્રમાં બ્રહ્મભાગ કહ્યો છે. બ્રહ્મભાગ એટલે બ્રાહ્મણોને અર્પણ કરેલો ભાગ સંવત ૧૩૦૦ વર્ષ પહેલાં સ્કંદ પુરાણમાં આ વિસ્તારને નગ્નહર એટલે જ્યાં દેવોના દેવ મહાદેવ પોતાની સ્વેચ્છાએ દિગમ્બર સ્વરૂપે વિચરેલાં તે ઉપરથી નગ્નહર કહેવાયો. આનું અપભ્રંશ રૂપ નાઘેર. ઉનાને ઉન્નત દુર્ગ ઉન્નત સ્થાન, ઉન્નતમાંથી અપભ્રંશ ઉના થયું.

તેવી રીતે દેલવાડાને દેવકુલ, દેવસ્થળ, દેવલપુર, દેવદારૂવન, દેવવાળું અને મુસ્લિમ (યવન) કાળ દરમ્યાન દેવકુલનું દબલવાડામાં દેલવાડા થયું. દેવકુલ (દેલવાડા) ના આસપાસના વિસ્તારને દારૂકાવન અથવા દેવદારૂવન અને દીવને દ્વિપ જલંધર દ્વિપ કે જલંધર નગરી કહેવાતું તો કોડીનારને કુબેરનગર, કોહિપુર, કોહિનગરનું અપભ્રંશ કોડીનાર થયું. ઉના હસ્તકનું નામ સામ્બરને શબર સ્થાન અને અંજારને અજહરા તથા ઉના-દેલવાડા પ્રાગણમાં વહેતી નદી મચ્છુન્દ્રી નદીને ઋષિત્રોયા કહેલ છે. ઋષિત્રોયા નદી એટલે ઋષિઓને પ્રિય એવી નદી.

નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઇના મામેરાનો પ્રસંગ કેટલાંકના મતાનુસાર ઉના પૂર્વ ભાગે વિસ્તરેલું હતુ આજે પણ ત્યાં બાંધ કામોના અવશેષો દ્રશ્યમાન થાય છે. એ કાળ ના ઉનાના ઝવેરી પરામાં નરસિંહ મહેતાની પુત્રી કુંવરબાઇના શ્વસુર શ્રીધર મહેતા રહેતા. કુંવરબાઈના મામેરા ના ચમત્કારી ભર્યા પ્રસંગો અને ઈતિહાસ પ્રસિદ્ધ મામેરૂ આ ઉનાની ધરતી પર બનેલાં સંવત ૧૪૭૦ની સાલમા ભક્ત શ્રી નરસિંહ મહેતાનો જન્મ અને સંવત ૧૫૦૩માં મહાસુદ ૫ ને રવિવારે કુંવરબાઈની વાહીની પુરી એમ લેખ બોલે છે તે સમયથી દામોદરરાય ઉના પધાર્યા હતા. ઉનાથી પૂર્વમાં અર્ધામાઈલના આશરે છેટે જ્યાં કુંવરબાઈનુ મામેરૂં પુરાવવામા આવેલું ત્યા એક જુદી દહેરી છે. ત્યાં સૂર્યનો પ્રકાશ પડતો નથી પણ છાયા જણાય છે. આ સ્થાનને "શામળાની દેરી" તરીકે ઉલ્લેખ થાય છે. હાલ મુસ્લિમોએ અંદર કબર ધુસાડી દીધી છે અને ગેરઉપયોગ કરે છે. જેમ સંત પુરૂષો અને મહાત્માઓના પગલાથી પગલાથી આ પ્રદેશ પાવન બન્યો છે તેમ આ ધરતીમાં "ભગવાન સહજાનંદસ્વામી"ના પ્રતાપથી આજે પણ ગુપ્ત પ્રયાગનાં કુંડો ભરપુર અને ગુપ્ત ઝરણા મા અખંડ વહેતા રહ્યા છે. સોમનાથના રક્ષણાર્થે મહમદગીઝની સામે સંગ્રામ ખેલવા દિલ્હી અને કનોજથી આવેલાં અજયપાળના તુંવારના ઉતારા પણ અહીં ગુપ્ત પ્રયાગમાં જ હતા.

**ઉન્નત નગરની રચના :—**

ઉનામાં ઉનેવાળોના રાજ્ય સમયે ઉનાને ફરતો ૬૦ ફૂટ ઊંચો દુર્ગ (કિલ્લો) હતો તેને દીવ, અમોહરા, દિલ્હી, કોડીનાર, ભાભળ ગણેશ એ નામે વર પાંચ દરવાજા

હાલનો દેલવાડાનો દરવાજો અસલ મહાકાળનો ઝાંપો ગણાતો.

ઉનેવાળોના નામ :—

ઉનાવાળા, ઉન્નતપુરા, ઉન્નતપાળ, ઉનાવા, ઉનેવાળ જણાય છે.

ઉનામાં સાત સાત માળવાળાં હજારો ઘરો હતા અને તેમાં ઉનેવાળોનું રાજ્ય હતું. જ્યાં મોટાં મોટાં મહર્ષિઓ અને તપસ્વીઓ કે જેઓ વિદ્યા અને તપથી ઉત્કૃષ્ટતા પ્રાપ્ત કરી વિચરતા હતા. ઉના સ્થાનમાં વિદ્યા અને તપથી યુક્ત ઉત્તમ ૧૮,૦૦૦ અગ્નિહોત્રી ઉનેવાળ બ્રાહ્મણો હતા.

ઉનાના વિદ્યમાન મંદિરો :

શ્રી દામોદરરાયજીનું મંદિર, પુષ્ટિમાર્ગની બાલમુકુંદની હવેલી, રામમંદિર (શિખરબંધ) છે, રામમંદિર પાસે જ હાટકેશ્વરનું પુરાતન મંદિર છે. સિધ્ધેશ્વર મહાદેવ, ગુરુ-મંદિર, હર્ષદમાતાનું મંદિર, કનકેશ્વરનું મંદિર, અચલેશ્વર મહાદેવનું મંદિર છે. જે હાલમાં નવયુવક મંડળે જીર્ણોદ્ધાર કરી બે ઘુમ્મટો બનાવ્યા છે. આમાં વાયડા વાણીયાના કુળદેવી છે. કોડીવાડામાં સ્થલકેશ્વર મહાદેવનું સ્થળ આવેલ છે. મહાકાલેશ્વર ઉનાનું અતિ પ્રાચીન શિવમંદિર છે. દેરાસરો કોડીવાડામાં આવેલ છે. ઉનામાં પાંચ દેરાસરો છે.

સ્વામીનારાયણનું મંદિર :

આ મંદિર સુવર્ણના દશ કલશવાળું સૌથી ભવ્યમંદિર શેઠવાડામાં આવેલ છે. અને ઉના નગરની વચ્ચે તનું શિખર ચાર–પાંચ ગાઉથી દેખાય છે.

કનકાઈમાતા :

લાઠીમાં વસતા કપોળ વણિક શ્રી ભીમશાએ પુત્ર માટે સંવત ૧૦૩૫માં માતાજીની યાત્રા કરી, એ હકીકત કપોળ જ્ઞાતિના બારોટશ્રીને ચોપડે છે. ભીમશાને માતાજીએ પ્રસન્ન થઇ પુત્ર આપેલ તેથી તે કનકિયા ને પછી કાણકિયા અટકથી કપોળ જ્ઞાતિમાં જાણીતા છે.

પ્રાચીન સ્થાનક :

ઈ. સ.ની આઠમી સદીમાં થયેલાં વનરાજ ચાવડાના વંશજોમાં અથવા પૂર્વજોમાં કનક ચાવડા નામનો એક રાજા થઈ ગયો. ત્યારે આ કનકાઈ સ્થાનક કનકાવતીનગરી નામે પ્રસિદ્ધ હતું. તેમાં એ રાજા રાજ્ય કરતો હતો. આનું વર્ણન બૌદ્ધ અને જૈનધર્મના ઇતિહાસમાં છે. કનકાઈના સ્થળની આજુબાજુમાં જૂના ખંડેરો છે. તેથી કનકના ડુંગરા વચ્ચે કનકાવતીનગરી હોવાનું અનુમાન થાય છે. માતાજીનું મંદિર નગરીની વચ્ચે બંધાયું હોય અને નગરની અધિષ્ઠાત્રી દેવી તરીકે કનકાઈની સ્થાપના થઈ હોય, તેના ઉપરથી આ નગરીનું નામ કનકાવતી પડયું હોય એ સંભવિત છે.

કનકસેન ચાવડાએ આ નગરીની સ્થાપના કરી હતી એમ કહેવાય છે. એમ પણ કહેવાય છે કે આ રાજાએ હિંગળાજ નામના પ્રાચીન સ્થળેથી માતાજીને પોતાની નગરીમાં આવીને રહેવાની પ્રાર્થના કરી હતી. તે માટે તેણે માતજીને પ્રસન્ન કર્યાં. માતાજીએ કહ્યું, "તું આગળ થા, હું તારી પાછળ ચાલી આવું છું. પણ પાછું વાળીને જોતો નહીં, નહીં તો હું ત્યાં જ રોકાઇ જઇશ." રાજા આ રીતે માતાજીને શીંગવડો નદીને કાંઠે લઈ આવ્યા. નદીમાં ઉતરતાં માતાજીના ઝાંઝરનો અવાજ બંધ થવાથી રાજાને શંકા ગઈ કે માતાજી રોકાઈ ગયા કે શું? એણે પાછું વાળીને જોયું તો માતાજી નદીના પાણીમાં ચાલ્યા આવતા હતા, પણ ત્યાંજ રોકાઈ ગયા. એથી રાજાએ એ જ સ્થળે માતાજીની સ્થાપના કરીને મંદિર બંધાવ્યું અને માતાજીને પોતાના કુળદેવી તરીકે સ્થાપ્યા.

બીજી વાત એમ પણ કહેવાય છે કે વલ્લભીપુરના મૈત્રક વંશનો મૂળ પુરૂષ કનકસેન અયોધ્યાનો સૂર્યવંશી રાજા હતો. તેણે સૌરાષ્ટ્રના વીરનગરમાં આવીને ત્યાંના પરમાર રાજાને હરાવ્યો. તેના વંશજ વિજયસેને વિજયપુર (ધોળકા) વસાવ્યું. વિજયસેનના વંશજ ભટ્ટાર્કે વલ્લભીપુર (વળા) સ્થાપ્યું. આ કનકસેન રાજાએ પ્રભાસ ક્ષેત્રે ગીર વચ્ચે કનકાવતી નગરી વસાવી, નગરીની અધિષ્ઠાત્રી તરીકે પોતાની પ્રાચીન કુળદેવી કનકેશ્વરીની પ્રતિષ્ઠા કરીને તેણે ત્યાંજ રાજ્ય સ્થાપ્યું. કનકાવતી નામે એક નગરી સૌરાષ્ટ્રમાં અરણ્યમાં ભગવાન બુદ્ધના સમયમાં હતી, એમ બૌદ્ધધર્મના ગ્રંથો પરથી જણાય છે. તેથી ઈસ. પૂર્વે પણ આ નગરી હતી અમ માની શકાય. નાગરબ્રાહ્મણોનું વડનગર પણ એ જ અરસામાં બંધાયું હતું. એ વડનગર હાલ કોડીનાર પાસે છે. નાગરબ્રાહ્મણોની કુળદેવી પણ કનકાઈ છે. વડનગર અને કનકાવતી સમકાલિન જણાય છે. જો આ લોકકથાને આધારભૂત ન લેખીએ અને કનકસેન ચાવડાની કથાને વિશ્વસનીય માનીએ તો આ સ્થળ ૧૨૦૦ વર્ષ પહેલાંનું છે એમ માનવું રહ્યું.

વનરાજ ચાવડાના વખતમાં કનકાવતીને ફરતો કિલ્લો હતો. તેમાં બે હજાર ઘોડેસ્વારો રહેતાં. એ ગઢ કનકગઢનામે ઓળખાતો. 'વનરાજ' નામક નવલકથાના ૧૯૩માં પાના ઉપર લખ્યું છે, 'આ કનકાવતી છે. મહારાજ કનકસેનના વંશજ જયશિખરનો કુમાર વનરાજ ધર્મ પ્રમાણે તમારો રાજા છે. એ સમયે વનરાજ પ્રભાસ અને કનકાવતીની ગાદીએ હતો. તેણે સોમનાથના દર્શનનો કર તથા સમુદ્રસ્નાનના અને ત્રિવેણી સ્નાનના કર માફ કરેલો. દાનાજી સોલંકીએ જે કનકાવતીને ઉજજડ કરી નાખીને લોકોને દુઃખ દીધા તે જ આ કનકાવતી હોય તેમ લાગે છે.

માતાજીના મંદિર પાછળ ભૂદરજીનું મંદિર છે. તેમાં

મૂર્તિ નીચે સંવત ૧૪૧૭ ની સાલનો લેખ છે. માતાજીના મંદિરની પાસે એક ખંડિત મૂર્તિ છે. એ મૂર્તિ હાલની મૂર્તિના સ્થાને હતી એમ કહેવાય છે. તેની નીચે લેખ છે કે, "આ કાલિકાની મૂર્તિ છે." આ લેખ સંવત ૧૭૭૪ ની સાલનો છે. તે ઉપરાંત સતીમાના ત્રણ ચાર પાળિયા છે. એ પાળિયા પર સંવત ૧૮૫૭ અને અન્ય સાલના લેખો છે. માતાજીના મંદિરથી આશરે પચાસેક ફૂટને અંતરે શીંગવડો નદી છે. માતાજીના મંદિરથી પૂર્વમાં બે–એક માઈલના અંતરે શીંગવડોના પ્રવાહમાં મૂલકુંડ અને ઝીમછીમ નામે બે કુંડો છે. મૂલકુંડમાં ત્રણ આંખોવાળાં માછલાં છે. ઝાડી જંગલને લીધે ત્યાં જવું જોખમ ભરેલું છે. જૂનાં મંદિરનો જીર્ણોદ્ધાર સંવત ૧૯૬૪ ના માગસર સુદ ૧૩ ને દિવસે કરવામાં આવ્યો હતો, એવો શિલાલેખ મોજૂદ છે. અને ખંડિત મૂર્તિ જે બહાર પડેલી છે તે ત્યારે બદલાઇ હોય એ બનવાજોગ છે.

## મૂર્તિ અને મંદિર :

માતાજીની મૂર્તિનું શિલ્પ અજન્ટા અને ઇલોરાના પ્રખ્યાત શિલ્પોને મળતું છે. વળી શિલ્પ કયાંય જોવા ન મળે તેવું છ હાથવાળું છે. પાંચ હાથમાં અનુક્રમે ખડ્ગ, ઢાલ, ઘંટ, ત્રિશુલ અને પદ્મ અને છઠ્ઠા હાથમાં મહિસાસુર રાક્ષસનું ચોટલીએ પકડેલું મસ્તક છે. એક પગ મહિસાસુરની ઉપર રાખેલ છે. એક પગમાં ઝાંઝર પહેરેલ છે. આ પ્રચંડ અને ભવ્ય મૂર્તિ પીળા આરસમાંથી બનાવેલી છે. તેનું વજન આશરે વીસ મણ જેટલું છે. મૂર્તિની ઊંચાઈ સવાત્રણ ફૂટ, પહોળાઈ બાવીસ ઇંચ અને જાડાઇ અગિયાર ઇંચ છે. મૂર્તિના મુખની ભવ્યતા સન્મુખ ઉભા રહી જોતાં યુવાન, અને બંને બાજુ ઊભા રહી નીરખતા પ્રૌઢ અને બાળક જેવી મુર્તિ દેખાય છે. માતાજીનો પ્રભાવ અજાણ્યો નથી.

કાણુકિયા, ગાંધી, દોશી, રેશમીયા, મહેતા શીખાના કપોળ વણિકો, ઉનેવાળ બ્રાહ્મણોની સમસ્ત જ્ઞાતિ, ગુર્જર સુથાર, નાગર, ગૃહસ્થો, વાંઝા ભાઇઓ (ભદ્રેશ્વર), પંપાણિયા, આહેર વગેરેના એ કુળદેવી છે. કેટલાંક જૈન ભાઇઓ પણ માતાજીને માને છે. નવ વરવધુ મીંઢળ ત્યાં જઈને છોડે છે, બાળકોના બાળમોવાળ ત્યાં ઉતારે છે. માતાજીની અનુજ્ઞાથી ગામડે ગામડે મંદિરો બંધાયા છે. આ મંદિરોમાં તેમની સ્થાપના કરવામાં આવી છે. આ મંદિરો સૌરાષ્ટ્ર તથા ગુજરાતમાં સિદ્ધપુર સુધી પથરાયેલાં છે. દરેકને પોતાનો ઇતિહાસ છે. આવાં મંદિરો લાઠી પાસેના ચાવંડ, પ્રભાસપાટણ, સુત્રાપાડા, તરેડ દેલવાડા, ઉના, મેંદરડા, આલીદર, કોડીનાર, સુરત, શુકલતીર્થ, સિદ્ધપુર વગેરે સ્થળોએછે. માતાજીએ હજારોને પુત્રો આપ્યા છે. રોગોના નિવારણ કર્યા છે. શ્રદ્ધા ફળી છે. આવાં ચમત્કારોની અનેક વાર્તા સંભળાય છે. દરેક જણને આવાં કંઇક ને કંઈક ઇતિહાસ કહે છે. અત્યારે આ જમાનામાં પણ આવી શ્રદ્ધા ફળવાના દાખલા અમારી જાણમાં છે.

## માતાજીના અન્ય મંદિરો :

૧. ચાવંડમાં લાઠી પાસે કાણુકિયાની ડેલીમાં માતાજીનું મંદિર છે. એ મંદિરમાં શ્રીફળ, મોડ, ચૂંદડી વગેરેથી શણગારેલી કાગળપર આલેખેલી માતાજીની મૂર્તિ છે. દરવર્ષે આ આલેખન તથા શણગાર નવરાત્રીના પહેલાં દિવસે બદલાવાય છે. આને માટે કપોળ વણિકના બારોટ શ્રીના ચોપડે હકીકત છે કે ચાવંડમાં વસતાં કાણુકિયા ભાઈઓના પૂર્વજ શ્રીદ્વારકાદાસ કાણુકિયા સંવત ૧૮૪૪માં માતાજીની યાત્રાએ ગીરમાં ગયા હતા. સોનબા સાથે હતા. રસ્તામાં સ્વાનું આવ્યું. સૂચન થયું. કનકાઈથી ફળું લાવી ચાવંડમાં માતા કનકાઈની સ્થાપના કર એ રીતે સ્થાપના તેમણે કરી. આ ફળું એક ગોખલામાં રાખવામાં આવતું અને તેની પૂજા કરવામાં આવતી સંવત ૧૯૫૬માં હાલ જે મંદિર છે તે સ્વ. મકનદાસ રવજી કાણુકિયાએ બંધાવ્યુ દરસાલત્યાં નવરાગાં ઉજવાય છે. અને હંમેશા સવાર સાંજ શ્રી દ્વારકાદાસ ધનજી કાણુકિયા તરફથી માતાજીની પૂજા થાય છે.

૨. માતાજીનું બીજુ મંદિર મહુવા પાસે તરેડ ગામમાં છે. ગીરમાં માતાજીની જેવી મૂર્તિ છે, તેવી જ અહીં છે. તરેડમાં વસતા ગાંધી ભાઈઓ એ સંવત ૧૯૯૭માં આ મંદિર બંધાવ્યું.

૩. માતાજીનું ત્રીજું મંદિર પ્રભાસ પાટણમાં (સોમનાથ પાટણ) છે. અહીં નાગર બ્રાહ્મણોમાં દેસાઇઓના કુળદેવી તરીકે પૂજાય છે. પ્રભાસથી થોડેદૂર મીઠાપુર નામના નાના ગામડામાં આ સ્થાન છે. ગીરમાંના કનકાઈના મૂળ સ્થાનમાંથી આ પ્રતિમા લાવવામાં એમ કહેવાય છે. કે કનકસેન ચાવડાની સાથે આવેલાં પુરૂષોએ અહીં માતાજીની પ્રાર્થના કરી હતી.

પાસે આવેલ વડોદર નામના નાના ગામના રજપૂતો તથા પ્રભાસના કેટલાંક પુરોહિતો પણ કનકાઇને કુળદેવી ગણી પૂજે છે. દેસાઇઓના ગોપાળજી નામના કોઈ પૂર્વજ પર પ્રસન્ન થઈ માતાજી અહીં ગીરનાં જૂનાં રસ્તા ઉપર આવી બિરાજેલાં છે, એને સમર્થન કરતો એક શિલાલેખ છે. નવરાત્રીમાં પ્રભાસથી લોકો દર્શને જાય છે. પ્રભાસમાં એ ત્રણ ઠેકાણે દેસાઇઓના ઘરમાં મંદિરો છે. સુત્રાપાડા પાસેના વડોદર ગામમાં મંદિર છે, એ ગામના ઝાલા રજપુતો તથા પાંપણિયા આહેરભાઇઓ માતાજીને કુળદેવી તરીકે પૂજે છે.

(૪) માતાજીનું ચોથું મંદિર વિસાવદર પાસે આવેલાં

મેંદરડા ગામમાં છે. ત્યાંના સાવણી અટકના જૈન ભાઈઓ માતાજીને પૂજે છે. સંવત ૧૬૫૧ના ચૈત્રમાં માતાજીની સ્થાપના ત્યાં થઈ હતી એવો ત્યાં લેખ છે. મૂર્તિ ગીરમાં છે તેવી જ છે. એ મંદિર શાબરી નદીને કાંઠે છે. વાંજા ભાઈઓ તથા જૈન ભાઈઓ વરઘોડિયાંની છેડાછેડી અહીંયા છોડે છે. સ્થળ ઘણુંજ રમણીય છે.

૫. માતાજીનું પાંચમું મંદિર હડમતિયા પાસે આવેલ આલીદરમાં સાંગાવાડી (સીંગવાડો) નદીને કાંઠે આવેલું છે. કહેવાય છે કે એક વણિક ગૃહસ્થને દર મહીને પગે ચાલીને મધ્યગીરમાં બિરાજતા કનકાઇના દર્શને જવાનો નિયમ હતો. એ નિયમ મુજબ એ કુટુંબ સહિત એક વખત યાત્રા કરવા નીકળ્યો. સાંગાવાડી પાસેના જંગલમાંથી પસાર થતાં તેઓને ડાકુઓએ લુંટવાનો પ્રયત્ન કર્યો. વણિક ગૃહસ્થે માતાજીનું સ્મરણ કરી 'બચાવો, બચાવો,' એમ બુમ પાડી. એજ વખતે ચમત્કાર થયો. લુંટારાઓ આંધળા થઇ ભાગવા લાગ્યા. માતાજીએ સાક્ષાત દર્શન દઈ ભકતને કહ્યું કે 'ગભરાઈશ નહી', ભય ટાળી દીધો છે. આથી આ સ્થળે માતાજી 'ભેટાળી' તરીકે પણ ઓળખાય છે. માતાજીની મૂર્તિ ગીરની મૂર્તિ જેવી છે. માતાજીના કહેવાથી આ મંદિર એ વખતે એ વણિક ગૃહસ્થે બંધાવ્યું છે.

૬. માતાજીનું છઠ્ઠું મંદિર કોડીનારમાં કનકાઈ શેરીમાં છે, વર્ષો પહેલાં પઢિયાર અટકના સુથારે એ મંદિર બંધાવ્યું છે, કહેવાય છે કે આ સુથાર દર ચૌદશે ચાલીને ગીરમાં દર્શન કરવા જતો. પૂનમે દર્શન કરીને પાછો આવતો કાયા ચાલી ત્યાં સુધી આ નિયમ પાળ્યો પછી બે દિવસ ખાધાપીધા વિના રહી માતાજીને પ્રસન્ન કરી કહ્યું કે હવે આવવું આકરું પડે છે. માતાજીએ કહ્યું કે, 'હું તારી સાથે આવું છું.' તું પાછું વાળી ન જોતો ચાલ્યો જજે. સુતાર આગળ અને માતાજી પાછળ, રૂમઝુમ ઝાંઝર થાય છે. શીંગવડો નદી આવતા પાણીમાં અવાજ બંધ થતાં સુતારે પાછું જોયું અને માતાજી ત્યાં જ રોકાઇ ગયાં. ફરી સુતાર અન્નત્યાગ કરી કરગર્યો ત્યારે માતાજીએ કહ્યું કે, "કોડીનાર જઇ પૂનમે બધાને ભેગાં કરી નદીએ આવજે. ઉનાળો છે છતાં પૂર આવશે. તેમાં છાબડી તણાતી આવશે તે તું લઈ લેજે. છાબડીમાં શ્રીફળ –ચુંદડી હશે જેની પધરામણી કરજે. હું ત્યાં પણ રહીશ" હાલ સુથારો ત્યાં માનતા છોડે છે. જે સુથારો છાબડી લેવાં નહોતા ગયા તેમને હજુ માનતા છોડવા ગીરમાં જવું પડે છે.

બીજા મંદિરો ઉના દેલવાડા, ચોરવાડ, માંગરોળ, દીવ વગેરે સ્થળોએ છે. ગુજરાતમાં સુરત, શુકલતીર્થ સિદ્ધપુર, ભુવેલ, ગાંગડ વગેરે સ્થળોએ છે.

(૭) સૌરાષ્ટ્રમાંથી આવીને છેલ્લા ૫૦૦ વર્ષોથી રહેતા ઉનેવાળાએ અને મૂળીના પરમારોએ તેમ જ શાંડિલ્ય ગૌત્રના બ્રાહ્મણોએ અને કાનમ સમાજના ચાર ચોરાના ભાઈઓએ મળીને મંદિર બંધાવી શુકલતીર્થમાં પણ માતાજીની પ્રતિષ્ઠા કરી. સં. ૧૯૨૨માં આ મંદિરનો પાછો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો.

(૮) સિદ્ધપુરમાં આવેલ મંદિરનો ઇતિહાસ છે કે સિદ્ધરાજ જયસિંહે રૂદ્રમાળ બંધાવ્યો ત્યારે ઉનાથી વિદ્વાન બ્રાહ્મણોને બોલાવ્યા. એ બ્રાહ્મણોના નિત્ય નિયમ માટે માતાજીનું મંદિર બંધાવી આપી કનકાઈની પ્રતિષ્ઠા ધામધૂમથી કરવામાં આવી. રાજાએ મંદિરની બાજુમાં એક કૂવો પણ બંધાવી આપ્યો. આ વાત ૮૦૦ વર્ષ પહેલાં બની. કાળબળે મંદિર જીર્ણ થઈ જતાં ત્યાં વસતા ઉનેવાળ બ્રાહ્મણોએ સંવત ૧૯૬૪ માં એ જ સ્થળે નવું મંદિર બંધાવ્યું. મૂળ પાદુકા રહેવા દઈ નવી મૂર્તિની સ્થાપના કરવામાં આવી. આ સ્થળે કનકાઇમાતા કલેશહર (કલેશને હરનારા) અને જ્યોતિના અવતાર તરીકે ઓળખાય છે. બલોચ જાતીના મુસલમાનોને માતાજીએ પરચો બતાવ્યાથી સિદ્ધપુરમાં રહેતાં આ મુસલામાનો આજે પણ નવરાત્રીમાં ઉત્સવ કરે છે.

૯. મૂળ સૌરાષ્ટ્રમાંથી માતાજી ગુજરાતમાં કેમ અને કયારે ગયા તે અંગેનો ઇતિહાસ એમ કહે છે કે ઈ. સ. ૧૦૨૪માં મહમદ ગીઝનીએ સોમનાથ પાટણ લૂંટ્યુ અને સૌરાષ્ટ્રના હિંદુઓ ઉપર કેર વર્તાવ્યો ત્યારે પોરબંદર થી વેરાવળ સુધીના દરિયા કિનારે વસતા ઉનેવાળ જ્ઞાતિના ઠાકર, શુકલ, મહેતા અધ્વર્યુ, પાઠક, ભટ્ટ, જોષી, વૈદ્ય વગેરે અટકના આશરે ૩૦૦ કુટુંબોએ હિજરત કરી સુરત અને તેની આસપાસના કતારગામ, નવસારી વગેરે સ્થળોએ વસવાટ કર્યો. આ વખતે શુકલ કે મહેતા કુટુંબો કુળદેવી કનકાઈની મુર્તિ સાથે લાવ્યા હતા. સુરતમાં રૂગનાથ પુરા વરાછા શેરીમાં જ્ઞાતિની જુની વાડીમાં એ મૂર્તિની સ્થાપના કરવામાં આવી ઇ. સ. ૧૮૯૦માં જૂનું મંદિર જીર્ણ થતાં જૂની મૂર્તિ ત્યાંથી ખસેડી, સુરતના મહિધર પુરામાં રાખી. ઇ. સ. ૧૯૧૯માં ત્યાં વસતા ઉનેવાળોએ મંદિર ફરી બાંધ્યું અને નવી મૂર્તિની પ્રતિષ્ઠા કરી. જૂની મૂર્તિ પણ ત્યાં પધરાવવામાં આવી.

માતાજી કનકેશ્વરી જગતજનની તરીકે સૌરાષ્ટ્રમાં અને ગુજરાતમાં બિરાજે છે, એના હજારો ભકતો આખા ભારતમાં પથરાયેલ છે.

આદ્ય શકિત આરાધતાં,
સફળ થાય અભિલાષ,
ટળે તિમિર અંતર તણું,
પ્રગટે પૂર્ણ પ્રકાશ

# શ્રી જંબુદ્વીપ નિર્માણ યોજના પરિચય (કપડવંજ)

સાંસ્કૃતિક અને વિધ સમ્પદાઓના આગાર રૂપ ભારત ભૂમિ યુગોથી જ્ઞાન વિજ્ઞાનના ક્ષેત્રમાં સર્વદા મોખરે રહી છે. સ્વાર્થની સામાન્ય પરિસીમાને પેલેપારના પરમાર્થનો ઉપદેશ આપી માનવને સત્યના પંથે વાળી મોક્ષના ભોકતા અધિકારી બનાવતા સંત મહાત્માઓની આ પુણ્યભૂમિ રહી છે.

માનવને દેવતાઈ સ્વરૂપ આપવાની શકિત ભારતીય સંસ્કૃતિના મૂળ પાયામાં રહેલી છે અને તેની યર્થાર્થતા ભવ્ય આત્માઓએ મુકત કંઠે વર્ણવી અને પૂરવાર કરી બતાવી છે.

આમ સત્યની શોધમાં અધ્યાત્મચિંતનને આત્મોન્નતિનું બાહુલ્ય રહ્યું છે. આથી આ ભારતની સંસ્કૃતિના વૃક્ષની છત્રછાયા તળે દેશવિદેશના અસંખ્ય વિદ્વાનોએ સંસ્કારનું અખૂટ ભાથું મેળવ્યું ને તેમના સ્વદેશમાં લઈ જઇ પ્રસરાવ્યું. તે ભાથાનો કણ કણ વાગોળીને તે સંસ્કારની વાણીને પચાવીને દેવતાઇ સ્વરૂપ મેળવવાનો પ્રયત્ન વિધવિધ દેશોએ કર્યો. પરંતુ ભારતીય સંસ્કૃતિરૂપી મંદિરમાંના આત્માને સમજવાની તેમની અશકતીએ મંદિરના બાહ્ય ભપકાએ તેમને આકર્ષ્યા.

ફળ સ્વરૂપ નર્યા ભૌતિકવાદનાં મંડાણ વિજ્ઞાનવાદનાં નામે ધીરે ધીરે થતાં ગયાં. આજે એ ભૌતિક વિજ્ઞાને ભૂતલ ઉપર પોતાનું વર્ચસ્વ જમાવવા માંડયું છે.

તત્ત્વજ્ઞાનથી ઓળખાતા આત્મસ્વરૂપ મંદિરમાંની મૂર્તિને આજનો માનવ તદ્દન ભૂલી બેઠો છે. જ્યારે ભૌતિક વિજ્ઞાનના બાહ્ય ચળકીલા સ્વરૂપથી, ભપકાથી એટલો બધો અંજાઇ ગયો છે, કે તને તો જાણે તેની સાથે આજીવન છેડાછેડીજ ન બાંધી લીધી હોય.

બાહ્ય સ્વરૂપના મોહે આજનો માનવ એટલો બધો અંધ બની બન્યો છે કે ફળ સ્વરૂપ અંદરના આત્માને તે ભૂલી બેઠો છે. પાપ, પુણ્ય, સ્વર્ગ નરક જન્મ, પુનર્જન્મની શાસ્ત્રીય માન્યતાઓ તેને પોથીમાંના રીંગણા જેવી લાગે છે. પુણ્યશાળી મહાત્માઓની વાણીમાં તેને વિશ્વાસ નથી રહ્યો.

આ રીતે એની ધર્મનિષ્ઠા એટલી કુંઠીત થઇ ગઇ છે કે મંદિરના દ્વાર ઉપરની ચમકમાં ને સુંદરતામાં અટવાઈ ગયો છે. તે દ્વારને ખોલી અંતરનાં આત્માના દર્શન કરી પાવન થવું તદ્દન ભૂલી ચૂકયો છે. તેના જીવનના પુસ્તકમાં તે આત્માની જાણે છે જ નહિ.

પરદેશી પ્રજાઓ જેમણે આ પુણ્યભૌતિક ભૂમિનો અમૃતાસ્વાદ માણ્યો હતો તે સ્વર્ણભૂમિની મુલાકાતે આવતી જ રહી ને તેમની પાછળ ભૌતિકવાદથી સાંપડતા સુખ સાધનના મોહરૂપી ગોળને ભારતીય પ્રજા માટે પ્રસાદ રૂપે મુકતી ગઈ.

પરદેશી પ્રજાનો મુખ્ય આશય પોતાનો પગદંડો જમાવી રાખવાને મનમાનીતી રીતે ભોકતા થવાનો હતો. પરિણામે વિજ્ઞાન, ભૌકિતકવાદનો તેમણે ફાયદો ઉઠાવ્યો વિજ્ઞાનદ્વારા અવનવા સત્યોની પરિકલ્પનાઓ માનવ સમક્ષ રજુ કરી તેને આકર્ષ્યો તેના દ્વારા સુખ આરામના સાધનોનો એટલો મોટો ઢગ ખડકી દીધો કે તેની આડમાં રહેલ તે જ વિજ્ઞાનદ્વારા જન્મ પામેલ ભયંકર વિનાશક બળોને માનવ બીલકુલ જોઈ શકયો નહીં.

શિક્ષણક્ષેત્રે પણ તેનો જ બહોળો પ્રચાર કર્યો છે. આર્ષદૃષ્ટા ઋષિ મુનિઓ શિક્ષણના મુળભૂત પાયામાં આત્મત્વની શકિત રેડતા, જે શકિતદ્વારા માનવ પોતાનું આ જીવનનું ઘડતર કરી શાશ્વત સુખનો અધિકારી બનતો. જ્યારે આજ એનો એ જ માનવ પશ્ચિમની દેણ સમી શિક્ષણ પદ્ધતિથી તૈયાર બની તે જ ચશ્મે જોતાં શીખ્યો છે. તેની તુલનાત્મક શકિત પણ જાણે વિસરી ગયો હોય તેમ સત્ય શું ? તે પણ સમજી શકયો નથી.

સ્વરાજ્ય મળે આજે બાવીસ વર્ષના વહાણાં વાયાં છતાં પણ ભારતીય માનવની દિશાને દોડ તે જ તરફનાં રહ્યાં છે ન તો તે દિશા બદલી શકયો કે દોડ તેની તે દિશા તરફની ગતિ ઘટવાને બદલે વધતી જ રહી છે. કુણીએ વળગેલા ગોળનો જથ્થો જેમ જેમ વધતો જાય તેમ તેમ તેને પામવાની આસકિત વધતી જ જાય છે એ ગોળનો રસાસ્વાદ ચાખવાની આશામાંને આશામાં અમૂલ્ય જીવનને પતંગિયાની જેમ નિરર્થક હોમી દે છે. ફળ સ્વરૂપે ઉગતી પ્રજાના માનસ પર પણ તે જ વિચાર પ્રણાલિની અસર વારસામાં ઉતરવા લાગી છે તે જ્ઞાન વધુ સારૂ અને તે માટે પશ્ચિમ તરફ મીટ માંડીને બેસેલ પોતાને ડાહ્યા બુદ્ધિશાળી ગણાવતા વડીલો પોતાના જ ફરજંદ દ્વારા તે ઝેરને ભારતભૂમિ પર રેડીને સંતોષનો દમ લઈ ગૌરવ અનુભવ્યું છે.

જે દેશોની સંસ્કૃતિ પતિપત્નીનો પવિત્ર સંબંધ જાળવી ન શકતી હોય કેવળ વાસનાની જ ભૂખી હોય તે સંસ્કૃતિથી બદતર બીજી કઇ સંસ્કૃતિ હોઇ શકે ? સંસ્કૃતિથી ઉત્પન્ન થતા સંસ્સાકરનો પાયો જ્યાં રચાતો હોય તે સ્તંભમાં જ ઉધઇ લાગેલી હોય છતાં ત્યાં જ ઉચ્ચ સંસ્કારનું શિક્ષણ રહેલું છે એમ જેની દૃષ્ટિમાં વસેલું હોય તે માનવની અધોગતિની પરાકાષ્ઠા નહિ તો બીજું શું ?

આજનો માનવબાળ ચંદ્રને આંબી જવા મંથન કરી રહ્યો છે પરંતુ તેની દૃષ્ટિમાં ભાવિનું કોઇ ધ્યેય દૃષ્ટિગોચર

નથી થતું શુન્યમનસ્ક ભૌતિક વિજ્ઞાનના પંખીની પીઠે ઉડી રહ્યો છે. દિશા લક્ષ્યનું કોઇ ભાન નથી તે દિશાને–લક્ષ્યને દર્શાવતી સાધન સામગ્રી પણ જાણે ગુમ થઇ ગઇ હોય નજરે જ ન પડતી હોય તેમ વિસરાઈ ગઇ છે.

આવી વિકટ, વિષમ પરિસ્થિતિમાં કોઈ મહાન માર્ગદર્શકની જરૂરીયાત અવશ્ય ભાસે છે તે મહાન માર્ગદર્શક આત્માની ઝાંખી કરાવતા મહાન સંત મહાત્માઓની પણ તેટલી જ આવશ્યકતા જણાય તે સાહજીક છે.

સદ્‌ભાગ્યે, દેવગુરૂ કૃપાએ એવા મહાન આત્માઓ આપણી વચ્ચે વસી રહ્યા છે. માનવ કલ્યાણ ઉપરાંત જીવમાત્રનું કલ્યાણ થાય એવી વિશ્વ સમસ્તની કલ્યાણ ભાવના જેમને હૈયે વસેલી છે એવા આત્માઓમાંના એક વર્તમાનની વિષમ પરિસ્થિતિ સામે લાલબત્તી ધરનાર પ. પૂ. ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મહારાજના ચરણો પાસક ગણિવર્ય પૂ. શ્રી અભયસાગરજી મહારાજ છે.

નવી પ્રજાના આધ્યાત્મિક વારસાને પુનઃ જાગૃત કરી તેને શાશ્વતરૂપ આપવા તેઓશ્રી કટિબદ્ધ થયા છે. આધ્યાત્મિક વારસાના મૂળ પાયા સમાન આત્મા, પરઆત્મા, જન્મ, પુનર્જન્મ, સ્વર્ગ, નરક આદિ માન્યતાઓ કપોલ કલ્પિત નથી પરંતુ વાસ્તવિક છે તેનું ભાન પ્રજાને થાય એ જરૂરી જણાયું, વિજ્ઞાનદ્વારા પણ સાબિત થઈ ચૂકયું છે કે, પુનર્જન્મ તેમ જ આત્મા જેવી વસ્તુ છે. માનવીની ઉત્પતિ વાનરમાંથી નથી થઈ પરંતુ આત્મા પોતાના કર્માનુસાર ખોળીયાં બદલે છે, અને તેમાનું એક ખોળીયું વાનરનું પણ છે. એ હકીકતનો સ્હેજ પણ ઇન્કાર થઈ શકે તેમ નથી પણ આજે તો શિક્ષણદ્વારા નાનપણથી જ એવું માનસ ઘડાય છે કે, પૃથ્વીએ સૂર્યમાંથી છૂટો પડેલો આકાશમાં અદ્ધર ઘૂમતો એક ગોળો છે એ પૃથ્વીનો માનવ વાનરનો વંશ જ છે. તેને પોતાનું પેટ ભરવા સિવાય કોઇ કર્તવ્ય નથી, અને તે માટે તે આ જીવનમાં અસંખ્ય ગડભાંજ કર્યા કરે છે. આ પ્રકારના માનસને સત્યનું દર્શન કરાવવા પૂ. શ્રીને ભૂગોળ તથા ખગોળનું જ્ઞાન સંપાદન કરવા પ્રેર્યા. દેશવિદેશના ભૂગોળ વિજ્ઞાનનું અધ્યયન અનુશીલન કરવાનો તેમણે પ્રારંભ કર્યો. આજે છેલ્લા ૧૯ વર્ષથી તે બાબતનો તેઓ અભ્યાસ કરી તારવેલ તથ્યો જનતા સમક્ષ રજુ કર્યા છે.

પૃથ્વીનો આકાર ભ્રમણ, ગુરૂત્વાકર્ષણ, ચંદ્ર પર પ્રકાશિત છે વગેરે વિજ્ઞાનની માન્યતાઓ કેવળ ધારણાઓ અને કલ્પનાઓના આધારે રચાઇ છે તેવું સત્ય લાધ્યુ.

જ્યારે મહારાજશ્રીના આ વિચારો દૈનિક પ્રવચનો, વર્તમાન પત્રોના માધ્યમથી જેમ જેમ સમાજને પિરસવામાં આવ્યા તેમતેમ તેની માંગ, તે પ્રત્યેનો રસ વધતા ગયા તે ઉત્કંઠાને સંતોષવા શકય પ્રવચનો દ્વારા, પુસ્તકો દ્વારા, પત્રવ્યવહાર દ્વારા પ્રયત્ન શરૂ થયો પ્રજા પોતાની શંકા કુશંકાઓનું સમાધાન મહારાજજી પાસેથી મેળવી સંતોષ અનુભવતિ જણાય છે. છતાં આ સર્વ વસ્તુઓને સચોટ રીતે પ્રતિપાદિત કરવા પ્રત્યક્ષ પ્રયોગ પરીક્ષણ પણ તેટલીજ આવશ્યકતા જણાઈ અને આમ વર્તમાન કાળની ભૂગોળ ખગોળની વિસંવાદી બાબતોનો ઉકેલની વર્ષોની ભાવના વિ. સં ૨૦૨૨ના ચાતુર્માસ માં પૂ. ગચ્છાધિપતિ આચાર્યશ્રી માણિકયસાગર સૂરીશ્વરજી મહારાજના મંગળ આશીર્વાદ અને કપડવંજ જૈન સંઘના અગ્રગણ્યોની ધર્મ પ્રેમભરી લાગણીથી શ્રાવણ શુદ ૧૦ના રોજ જંબુદ્વિપ યોજનાએ આકાર લીધો.

તદનુસાર ૧૬૦×૧૬૦ ફૂટનુ જંબુદ્વિપનુ ભવ્ય મોડલ બનાવી તેમાં દરેક શાશ્વત પદાર્થો શાસ્ત્રિય પદ્ધતિથી બનાવવા સાથે ૬૫ શાશ્વત જીનાલયનું નિર્માણ કરી યાંત્રિક પદ્ધતિએ સૂર્ય ચંદ્ર ફરતા બનાવી નીચે મુજબની ભૂગોળ ખગોળ ની વિસંવાદી હકીકતોના ઉકેલની શકયતા વિચારાઇ

૧. ભારત અમેરીકા વચ્ચે ૧૦॥ કલાકનું અંતર
૨. ભારત ઓસ્ટ્રેલિયા વચ્ચે ઋતુભેદ
૩. ધ્રુવ પ્રદેશમાં છ મહિના રાત દિવસ
૪. પૃથ્વી નારંગી જેવી ગોળ છે.
૫. પૃથ્વી કરતાં સૂર્ય ૧૧૦ ગણો મોટો છે.
૬. પૃથ્વી સૂર્યની આસપાસ ફરે છે.
૭. ચંદ્રને પોતાનો પ્રકાશ નથી.
૮. ચંદ્રના આકર્ષણથી સમુદ્રમાં ભરતી ઓટ થાય છે.
૯. એપોલો ચંદ્રપર પહોંચી ગયું આદિ.

આ યોજના સિદ્ધક્ષેત્ર પાલીતાણામાં તળેટી રોડ ઉપર આકાર લઈ શકે તે માટે આગમમંદિર પાસે ૮ એકર (૪૦૦૦ચો.ફુટ) નો મોટો પ્લોટ ખરીદાયો છે ઈતિહાસમાં પણ નહિ બનેલ તેવું જંબુદ્વિપનું ભવ્ય મનમોહક મંદિર નું નિર્માણ આપ્લોટમાં કરવાનુ છે તે ભવ્ય નિર્માણની તૈયારીઓ ચાલુ છે. જેનુ ટુંક સમયમાં બાંધકામ પણ શરૂ થશે.

જેમાં વચ્ચે ૪॥ ફુટની ઉંચી પ્લીંથ ઉપર ૫૦×૫૦ ફુટનું ભવ્ય જંબુદ્વિપનું મોડલ જેમાં વચ્ચે ૫૦ ફુટનો મેરૂપર્વત તથા ૬૫ શાશ્વતા જિનાલયો અને ૩૫૦ બીજા મંદિરો વિવિધ કૂટો શિખરો દ્રહો નદિઓ આદિ શાશ્વત પદાર્થોનું સુંદર દશ્ય–વિવિધ કૂટો શિખરો શાસ્ત્રીય માપને આજના ફૂટવેરના સ્કેલથી પ્રમાણ પદ્ધતિએ દર્શાવાશે તથા ફરતી પ્રદક્ષિણામાં જંબુદ્વીપના ૬૫ શાશ્વત જિનાલયોના પ્રતીક રૂપે ૬૫ ચૌમુખજીની દેવ કૂલિકાઓ તથા જંબુદ્વિપના મહાવિદેહ ક્ષેત્રમાં પણ વિહરમાન તીર્થંકરો શ્રી સીમંધર સ્વામી, શ્રી યુગમંદર સ્વામી, શ્રી

બાહુસ્વામી, શ્રીસુબાહુ સ્વામીના ચાર ૩૧ફુટ ઉંચા શિખર બદ્ધ મોટા જિનાલયો આવશે તેમ જ જંબુદ્વીપના મંદિર પાછળ વિશાળ મેદાનમાં ૧૯૦૦ ફૂટનું જંબુદ્વિપનું મોડલ બીજા રૂપમાં બતાવી સૂર્ય ચંદ્ર ફરતા યાંત્રિક પદ્ધતિથી બતાવી દિવસ, રાત, ઋતુઓ છ મહિનાના દિવસ રાત કેવી રીતે? વીગેરે પ્રયોગાત્મક રીતે સમજી શકાય તેવું બતાવાશે.

પુષ્પોમાં ગુલાબ તેની સુગંધ અને કોમાળતામાં સર્વ શ્રેષ્ઠ રહ્યું છે તેથી જ તે પરમ કૃપાળુ પરમાત્માના મસ્તકે સ્થાન પામી શક્યું છે. સદ્‌ગુણો વસ્તુને ઉચ્ચતમ સ્થાને પહોંચાડે છે તેનો આ ઉત્તમ નમુનો છે.

ભારતીય સંસ્કૃતિ આજે પણ તેની સંસ્કૃતિના ઉચ્ચ આદર્શો, ભાવનાઓ, સિદ્ધિઓ અને સિદ્ધાંતોને લીધે વિશ્વમાં સર્વથી મોખરે રહી છે અને પોતાની આદર્શની સુગંધી વિશ્વના ખૂણે ખૂણે પ્રસરાવી માનવોને સુખશાંતિનો પાઠ ભણાવ્યો છે. સંસ્કૃતિની સાચી ઓળખ જેટલી ભારતીય પ્રજાએ કરી છે તેટલી ભાગ્યે જ અન્ય કોઈ સંસ્કૃતિએ કરી હશે ?

કોઈએ ભૌતિકવાદના મૂલ્યોને મહત્વ આપ્યું તો કોઈએ માનવ કલ્યાણવાદનાં મૂલ્યોને મહત્વ આપ્યું પરંતુ વિશ્વના જીવ માત્રનું કલ્યાણ થાઓની મઘમઘતી ભાવનાની સુગંધ તો કેવળ ભારતીય પ્રજાએ જ વિશિષ્ટ સંસ્કૃતિ બળે પ્રસરાવી છે, એમાં સહેજ પણ અતિશયોકિત નથી તેના જેવું વિશ્વ કલ્યાણનું મૂલ્યાંકન એક પણ પ્રજા કરી શકી નથી એ એની પારાશીશી છે.

ભૌતિકવાદ બીજા શબ્દોમાં વિજ્ઞાનના અંજામણા પ્રકાશમાં વિકસિત સંસ્કૃતિએ કેવળ બાહ્ય સુખ સંપત્તિ ને વધુ મહત્વ આપ્યું છે. પરિણામે વાસનાની જ્વાળાઓએ સંસ્કૃતિને હંમેશને માટે ધમધમતી રાખી છે. આમાંથી સુખ મળશે ધારી જે બનાવ્યું તેને સાચવવા બીજું બનાવ્યું ને બીજાને બચાવવા ત્રીજું એમ હારમાળ ચાલી જેનો કોઈ અંત જ ન રહ્યો.

અધ્યાત્મમય તત્વજ્ઞાનના એક અંગ સમું વિજ્ઞાન કે જેના વડે વસ્તુને પ્રત્યક્ષ આકાર સ્વરૂપ આપી શકાય. જેવા ઘાટ ઘડવા હોય તેવા સોનાના ઘરેણાની જેમ ઘાટ કુદરતની વસ્તુનું પ્રમાણબદ્ધ સંયોજન કરવા બની શકે તેમાં કોઈ ચમત્કાર નથી. પરંતુ માનવીમાત્રની સહજ જિજ્ઞાસાવૃત્તિ ચમત્કાર તરફ વધુ અંજાઇ જાય છે ને દીપકની જ્યોતિમાં પ્રાણને હોમી દેતા પતંગિયાની જેમ ભારતીય માનવ પણ એ પશ્ચિમી સંસ્કૃતિના અંજામણી માયાજાળ તરફ દોટ માંડી રહ્યો છે.

જન્મ–મરણ જેટલું નિશ્ચિત છે તેટલો જ નિશ્ચિત છે પુનઃજન્મ, આત્માની નિશ્ચિત હયાતી અને તેની રંગબે કપડાની જેમ અલગ અલગ ખોળીયા ધારણ કરવાની ક્રિયા આ હકીકતો કપોળ કલ્પિત નથી. વિજ્ઞાને પુરવાર કરેલી છે છતાંય આજના બુદ્ધિશાળી કહેવાતો માનવ પોતાને વાનરો વંશ જ જ્યારે માનતો હોય ત્યારે તેના પ્રત્યે કરુણા જ ઉપજે.

સૂર્યમાંથી પૃથ્વીનો જન્મ થવો તેનું ભમવું તેના પર જીવોનું નિર્માણ થવું ને એક દિવસ તેનો પ્રલય થતાં જીવોનો નાશ થવો કોઇ પાપ નહિ કોઇ પુણ્ય નહિ કે સ્વર્ગ નહિ બસ ખાવું પીવું ને મૃત્યુના અંત સુધી સુખ સંપત્તિ પાછળ ધમપછાડ મારવા આ બધું બુદ્ધિગમ પણ શી રીતે ?

આ બધી માન્યતાનો છે કોઇ આધાર ? બસ એક કલ્પનાને પ્રચારનો સાથ મળતાં જનમાનસના ઘરેઘર પહોંચી ગઈ એટલે સાચી જ છે એમ માની લેવું ?

આ સર્વ હકિકતોનો વિચાર કરતાં એક એમાં ભૌગોલિક સંશોધનની જરૂર જણાઈ કે જેનાથી આ સર્વ પ્રશ્નોનું નિવારણ સંતોષકારક થઈ શકે.

કેમકે જરૂરિયાત એ સંશોધનની જનની રહી છે અને તે દૃષ્ટિએ આપણા મહામૂલા ભારતીય તત્ત્વજ્ઞાનની પ્રતિષ્ઠાને ગૌરવ અર્પતા શાસ્ત્રીય ભૂગોળ–ખગોળના જ્ઞાનને વૈજ્ઞાનિક દૃષ્ટિએ રજુ કરવાની જરૂર જણાતાં આ સંદેશને જનતા સુધી પહોંચાડવા તેમ જ તેમાં તેને રસ લેતી કરવાની ભાવના પણ જન્મ પામી સાથે સાથે જનતા દ્વારા ઉપસ્થિત થતી શંકા–કુશંકાઓ સત્યાસત્યો આદિના સમાધાનને સંતોષ પ્રદ પ્રત્યુતરોની માંગ પણ વધતી ચાલી.

આ સર્વ લક્ષ્યમાં લેતાં ગુજરાતી હિન્દી, સંસ્કૃત અને અંગ્રેજી ભાષામાં પૂ. ઉપા. શ્રી. ધર્મસાગરજી મ. ના શિષ્ય રત્ન પૂ. પૂ. વિદ્વાન શ્રી અભયસાગરજી મ. ગણીના વિચારો રજુ કરવાની ઇચ્છાએ જન્મ લીધો. ફળ સ્વરૂપ જિજ્ઞાસુ સદ્‌ગ્રહસ્થો વગેરેના સહકારથી તેને લગતું સાહિત્ય તૈયાર કરવામાં આવ્યું આ સર્વ અક્રિય તૈયારીઓ જોતાં કાર્યનો વિશાળતા ગંભીરતા એવં સ્થિરતાનો ખ્યાલ મહત્વના જણાતા કોઈ સંસ્થા કે જે આ સર્વ જવાબદારીને વહી શકે તેવીની જરૂરીયાત દેખાવાથી ભુ ભ્રમણ શોધ સસ્થાનો જન્મ થયો.

વિ.સં. ૨૦૨૩ના શ્રાસુ. પાંચમને દિને "ભુ ભ્રમણ શોધ સંસ્થાન"ના કાર્યારંભ શરૂ થયો જે દિન પ્રતિદિન વિશિષ્ટ રીતે ચાલુ જ છે.

પૂ. ગચ્છાધિપતિ આચાર્ય શ્રી મણિક્યસાગરજી મ. ના મંગળ આશીર્વાદથી પ. પૂ. ઉપાધ્યાય શ્રી ધર્મસાગજી મ. ના શિષ્ય પૂ. અભયસાગરજી મ. ગણીના છેલા ૧૯ વર્ષના ભુગોળ-ખગોળની સંશોધનની પ્રવૃત્તિને સાકાર બનાવવા માટે જંબૂદ્વિપ નિર્માણ યોજના કપડવંજના જૈન

સંઘે સાકાર બનાવી અને આ યોજનાના સિદ્ધાન્તોને રજુ કરવા ભૂ ભ્રમણ શોધ સંસ્થાન માટે પણ તેની જરૂરીયાત લાગી અને જંબૂ નિર્માણ યોજનાની પેટા સંસ્થા તરીકે બનાવી.

જન માનસમાં વિજ્ઞાનવાદની દોરી છાપના કારણે પૂ. મહારાજશ્રીની સત્ય સંશોધનના પાયા પર રચાયેલી કેટલીક વીગતો જે સ્થાયી રૂપ લઈ શકતી નહોતી તે ભૂ ભ્રમણ શોધ સંસ્થાનના જન્મથી સ્થાયી રૂપ પામી

ભૂ ભ્રમણ શોધ સંસ્થાનનું સંચાલન મુખ્યત્વે ડો. આર. ડી. ત્રિવેદી (M. A P. H. D) દ્વારા શરૂ થયું અને વ્યવસ્થા તંત્ર પત્ર વ્યવહારની અનુકુળતાની દૃષ્ટિએ મહેસાણામાં સંસ્થાનની ઓફિસ રાખી. વ્યવસ્થા સંભાળવાની ઉદારતા શ્રી યશોવિજય જૈન સંસ્કૃત પાઠશાળાના પ્રધાનાધ્યાપક શ્રી યુત્ પંડિત રતીલાલ ચીમનલાલ દોશી તથા દીલીપ નોવેલ્ટી સ્ટોરના સંચાલક શ્રીયુત્ કીર્તિભાઈ એફ પટવા એ સંભાળી લીધી.

આ સંસ્થાન દ્વારા આજ દિન સુધીમાં અનેક પુસ્તકો અંગ્રેજી, ગુજરાતી, હિન્દી તથા સંસ્કૃત ભાષામાં બહાર પડ્યા છે.

પરમ પૂ. મહારાજશ્રીના વિચારો આ સાહિત્ય દ્વારા ભારતની લગભગ દરેક યુનીવર્સીટીઓ ને તેના હસ્તેની શાળા મહાશાળાઓમાં શિક્ષણ સંસ્થાઓમાં ફરી સંવાદો વાર્તા ગોષ્ટી વગેરેના આયોજન દ્વારા જનતામાં તથા તેના શિક્ષિત વર્ગમાં તેમના વિચારોનો બહોળો ફેલાવો કર્યો છે.

જેની વિગત પાલીતાણા પ્રકટ થતાં "સુઘોષા" માસીક વિ. સં. ૨૦૨૩ના જેઠ મહિનામાં દર મહિને નિયમિત રૂપે આવે છે.

સંસ્થાન તરફથી નીચે મુજબ સાહિત્ય વિદ્વાનોના ૩૨ કમલોમાં પહોંચતું કર્યું છે.

સંસ્થાનની સ્થાપના પૂર્વે વ્યવસ્થિત રીતે કપડવંજમાં જંબૂદ્વીપ નિર્માણ યોજનાના પેટામાં જે જંબૂદ્વીપ સાહિત્ય પ્રચાર કાર્યાલય હસ્તે સાહિત્ય પ્રચારનું કાર્ય ચાલું હતું જેનું સંચાલનકાર્ય નિઃસ્વાર્થભાવે પરીખ દિનેશચંદ્ર નગીનદાસ (કાપડ બજાર, કપડવંજ.), સંભાળતા હતા. ત્યારે મને સંસ્થાનની સ્થાપના પછી જે વિવિધ ભાષામાં સાહિત્ય તૈયાર થયું છે તે નીચે મુજબ છે.

### ગુજરાતી

૧. પ્રશ્નાવલી ૨. શું એ ખરૂં હશે? ૩. પૃથ્વીનો આકાર નિર્ણય ૪. પૃથ્વી ખરેખર ગોળ નથી? ૫. શું પૃથ્વી ખરેખર ફરે છે? ૬. કોણ શું કહે છે? (ભાગ ૧) ૭. સત્ય શું ૮. એપોલો ક્યાં ઉતર્યું? ૯. એપોલોની ચંદ્ર યાત્રાનું રહસ્ય.

### ઇંગ્લીશ

1. What Others Say 2. A Questionnaire 3. Dose the Earth Really Rotate ? 4. Q review of The Earth-Shape

### હિન્દી

૧. પ્રશ્નાવલી ૨. ક્યા પૃથ્વીકા આકાર ગોલ હૈ? ૩. ભૂગોલ વિજ્ઞાન સમીક્ષા ૪. સોચો ઔર સમજો ૫. પૃથ્વીકા આકાર નિર્ણય ૬. ક્યા યહ સચ હોગા? ૭. કૌન ક્યા કહતા હૈ? (ભાગ ૧) ૮. પ્રગતિ પરિચય-સંમતિયાં ૯. પૃથ્વીકી ગતિ–એક સમસ્યા.

### સંસ્કૃત

૧. ભૂગોલ ભ્રમભંજની (શ્લોકબદ્ધ) (ગુજરાતી ભાવાર્થ સાથે).

# શ્રી ગુપ્તપ્રયાગ–તીર્થ–માહાત્મ્ય

(બ્રહ્મચારીશ્રી શિવચેતન ગુરૂશ્રી શંકરચેતન–મહંતશ્રી ગુપ્ત પ્રયાગના સૌજન્યથી)

કુદરતના બગીચા સમા સોરઠના પશ્ચિમ દક્ષિણ વિભાગમાં અતિ ફળદ્રુપ, રમણીય નાઘેર (નગ્નહર) પ્રદેશમાં, રેલ્વે લાઇનનાં છેલ્લાં સ્ટેશનો ઊના–દેલવાડા નજીક જ ગુપ્તપ્રયાગ નામે ખૂબ જ જાણીતું આ સ્થળ આવેલું છે. ચારે તરફ ખુલ્લાં મેદાનો વચ્ચે લગભગ માઇલ જેટલા લંબગોળાકાર ખજૂરીના ઝુંડમાં, વડલા પીપળા, લીમડા, આંબા, આંબલી વગેરે અનેક વિશાળ વૃક્ષોની વચમાં સ્વચ્છ નિર્મળ જળથી ભરચક ભરેલાં ત્રણ વિશાળ કુંડો અને તેના કિનારા ઉપરનાં પુરાણાં દેવસ્થાનોનું બનેલું આ અતિ સોહામણું પવિત્ર તીર્થ સ્થાન છે. પુરાણોમાં આ સ્થળનું માહાત્મ્ય ખૂબ વિસ્તાર પૂર્વક મળી રહે છે. પરંતુ તેનો વિચાર થોડીવાર એક બાજૂએ રહેવા દઇએ આજે અત્યારે પણ આપણી પોતાની નરી આંખે જે જોઇ શકાય છે, પોતે જાતે અનુભવી શકાય છે તેની જ વાત કરીએ.

### કુદરતી સૌંદર્ય પવિત્રતા :

આ સ્થળમાં પ્રવેશતાંજ મોટા પૂલની ડાબી બાજુએ જળ ઉપર ઝુકી રહેલી ગીચ વનરાઈની શોભા હરકોઇને આનંદિત કરશે. ગમે તેવો નાસ્તિક પ્રવાસી પણ ચારે તરફ નજરે પડતી સુંદર લીલી વનરાઈ-વૃક્ષોની શોભા તથા સ્વચ્છ વિશાળ જળાશયોની નિર્મળતાથી પ્રસન્ન થશે જ. શાંત, સુંદર વાતાવરણ તેના હૃદયમાં આનંદ, શાંતિ ઉત્પન્ન કર્યા વિના રહેશે જ નહિ. પરાણાં દેવસ્થાનો તથાં ધર્મશાળાના વિશાળ મકાનોની ભવ્યતાની પણ ઊંડી છાપ પડશે જ, અને જો તેને સત્ય અને સૌંદર્યની જરા પણ પરવા હશે તો 'ખરેખર સુંદર સ્થળ!' એમ તેને થયા

વિના રહેશે જ નહિ. તેની નાસ્તિકતા કદાચ તેને આ સ્થળની પવિત્રતાનો ખ્યાલ આવવા નહિ દે. પરંતુ તેમાં તેનો દોષ નથી. જાત તેવી ભાત અધે દૃષ્ટિ તેવી સૃષ્ટિ આંબા બધા આંબા જ અને કેરી બધી કેરી જ કહેવાય. પણ કેરી કેરીમાં કેટલા બધો ફેર હોય છે?

જળ બધું જળ, પણ એક જળ બિમારને સાજું કરે બીજું જળ સાજાને માદું પાડે. જેમ જળે જળે ફેર તેમ સ્થળે સ્થળે ફેર. કેટલાંક સ્થળો કુદરતી રીતે જ પવિત્ર હોય છે. તેમાં વળી જો લીલી વનરાઇ અને સ્વચ્છ જળાશયની શોભા ભળે તો તે આપોઆપ તીર્થરૂપ બને છે. જળ અને સ્થળની સગવડ મળતાં ભજન–પ્રેમી આત્માઓનો ત્યાં વાસ થવા લાગે છે. શ્રદ્ધાળુ ભાવિક જનોની અવર જવર વધતી જાય છે અને આ બધાં આંદોલનો તીર્થને ખરેખર તીર્થરૂપ બનાવી, તેની પવિત્રતા ટકાવી રાખી તેને વિકસાવવામાં ખૂબ મદદ રૂપ થાય છે. શ્રીમદ્ ભાગવતમાં આ અર્થમાં જ કહ્યું છે કે "તીર્થીકુર્વન્તિ તીર્થાનિ, સ્વાન્તઃસ્થેન ગદાભૃતા" (સાચા ભક્તજનો અને મહાત્માઓના હૃદયમાં શ્રી પરમાત્માનું અખંડ ધ્યાન–ચિંતન થયા જ કરતું હોય છે તેથી તેના નિવાસ, સ્નાન–ધ્યાન આદિથી તેઓ જ તીર્થને તીર્થરૂપ બનાવે છે).

આ જ દૃષ્ટિએ આધુનિક તત્ત્વચિંતક શ્રી વિવેકાનંદે પણ કહ્યું છે કે અસંખ્ય શ્રદ્ધાળુ જનોનાં ભાવભીનાં આંદોલનો જ મંદિરોને સાચા અર્થમાં દેવાલયો (દેવને વસવાનાં ધામ) બનાવી દે છે. શ્રી ગુપ્તપ્રયાગનું ધામ આવું જ એક પુરાણું પવિત્ર તીર્થ છે. પુરાણોમાં આવેલ વર્ણનો અનુસાર આ પવિત્ર ભૂમિ અનેક મહાન ઋષિ–મુનિઓની તપોભૂમિ છે. તેઓના નિત્યના વાસ અને ઉત્કટ સાધનાને પરિણામે પરમાત્માનો આવિર્ભાવ આ સ્થળે થયો જ હોય. તેથી આ સ્થળની ભૂમિ, વનરાઈ, જળાશયો વગેરેમાં તેનો વિદ્યુત સંચાર થતાં તે પવિત્ર બન્યું જ હોય. ત્યાર પછી તો ભૂમિની પવિત્રતાએ ઉત્તરોત્તર અનેક મહાપુરુષોને આકર્ષ્યા જ હોય. નજીકના ભૂતકાળની તો પુરાવા સહિત ।। હકીકતો મોજૂદ છે. પરમ ભાગવત શ્રી નરસિંહ મહેતાજી ઊના આવતા આ તીર્થમાં વાસ કરી ગયા. વૈષ્ણવ સંપ્રદાયના પ્રવર્તક શ્રી વલ્લભાચાર્યજી અહિં આવ્યા, ભાવગતી સપ્તાહ કરી, બેઠકની સ્થાપના થઈ તે તો હાલની બેઠકની હવેલી જ પૂરવાર કરી આપે છે. સમર્થ યોગી મહાત્મા શ્રી સહજાનંદજીને આ સ્થળ યોગ–સાધના, ઇશ્વરભજન માટે ખૂબ જ ગમ્યું તેનો ઉલ્લેખ તેના આધારભૂત જીવનચરિત્રમાં મળી આવે છે. દરમિયાન આ તીર્થનો મુખ્ય મઠ (શ્રી આદિ શંકરાચાર્યજીના શૃંગેરી મઠની શાખા રૂપ) છે તેની ગાદી ઉપર અનેક પ્રતાપી સંન્યાસીઓ અને યોગી બ્રહ્મચારીઓ આવી ગયા.

ભાવિક યાત્રિકોનો પ્રવાહ તો એકધાર્યો ચાલુ રહ્યા જ કર્યો હોય. આમ આજ સુધી આ તીર્થની પવિત્રતા જળવાઇ રહી છે. અલબત્ત આ જગતમાં દરેક વ્યક્તિને દરેક વસ્તુનો એક સરખો અનુભવ થઈ શકતો નથી. કારણ ચોકખું છે. પૂર્વના સંસ્કાર અનુસાર અંતરની સ્થિતિ, બુદ્ધિ અને શ્રદ્ધા પ્રાપ્ત થાય છે. તે અનુસાર દૃષ્ટિ સાંપડે છે અને જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિ દેખાય કે અનુભવાય છે.

મુંબઇ, દિલ્હીથી આવતાં આકાશવાણીના શબ્દનાં મોજાં સર્વત્ર એક સરખાં ફેલાઈ રહ્યાં હોય છે. પરંતુ બધે જ સ્થળે, બધાને તે શબ્દો સંભળાતા નથી. જે સ્થળે, જેની પાસે તે શબ્દો ઝીલવાનું યંત્ર હોય તે જ સાંભળી શકે છે. આમ જ બધાં આંદોલનોનું છે. જેનું અંતઃકરણ જેટલા પ્રમાણમાં તૈયાર હશે તેટલા પ્રમાણમાં તેને અહિં પવિત્રતાનો અનુભવ જરૂર થશે. આજથી દસેક વર્ષ ઉપર આ તીર્થમાં આવેલ એક અંગ્રેજ સાધક મહાશયનો આ વિષેનો અભિપ્રાય અહિં અસ્થાને નહિ ગણાય. તેઓ લંડન પાસે ટન્સબ્રીજના રહેવાસી હતા. હિન્દી લશ્કરમાં ઊંચી પાયરીના અફસર હતા. રામકૃષ્ણમીશન અને બીજી તેવી સંસ્થાઓના સંપર્કને પરિણામે નોકરી છોડી, અધ્યાત્મ સાધના માટે સાધુ થયાં. ભારતના લગભગ ઘણાં તીર્થોમાં ફર્યા પછી ગિરનારમાં કમંડલ કુંડની જગામાં થોડો સમય રહ્યા. યોગ–અભ્યાસના ક્યાસ કરતા જણાતા હતા. ત્યરબાદ અહિં તીર્થ નિમિત્તે આવેલ સ્થળ ગમી જતાં ૮–૧૦ દિવસ રોકાયા. તેના શબ્દોમાં "Holiness Showers hare"—"પવિત્રતા અહિં ઝાપટાંબંધ ઝરી રહી છે." આવો અનુભવ આપણને ન થાય તો દોષ તીર્થનો નથી. કોઇને આ કથન અતિશયોકિતભર્યું પણ લાગે. કદાચ હોય–પરંતુ એટલું તો ચોક્કસ જ કે પયા વિનાનું તો નહિ જ.

અહિં એક સવાલ સહેજે થાય. આજ કાલ જમાનાની અસર બધે જ થઇ રહી છે. તીર્થસ્થાનો મોજશોખ, વિષય–વિલાસ, દુકાનદારી ને દોંગાઇનાં ધામ બન્યાં છે. તો અહિં શાંતિ અને પવિત્રતા કયાંથી? વાત ખરી કાળ કોઇને છોડતો નથી. તેની અસર ઓછા–વધતી બધે થાય જ. અને અહીં પણ થઇ હોય જ. છતાં પણ અહિં પ્રમાણમાં પવિત્રતા અને શાંતિ જળવાઇ રહેવાનાં ઘણાં કારણો છેઃ–

(૧) આજુબાજુમાં એક માઇલમાં કોઇપણ નાનું ગામડું પણ નથી–એટલે સંસારી વસ્તી—વાતાવરણનો અભાવ.

(૨) ખાનપાન કે મોજશોખની વસ્તુ પૂરી પાડે તેવી કોઈ દુકાન કે નાની સાદી કેવળ ચા પૂરી પાડે તેવી કોઈ હોટેલ પણ નથી.

(૩) હાથજોડ કરવાનો કોઇને ભાવ થાય અને પંડયાની

જરૂર પડે તો તેટલા પૂરતા પણ કોઈ પંડ્યા અહિ મળે તેમ નથી. તદન અભાવ.

(૪) તે જ પ્રમાણે યાચક માગણ પણ અધિક માસ, ચૈત્ર, શ્રાવણમાસ કે મેળાના દિવસ સિવાય બીલકુલ ન મળે.

(૫) ધર્મશાળાના વ્યવસ્થાપક તથા બેઠકના મુખીયાજી ના કુટુંબ સિવાય ગૃહસ્થાશ્રમી વાતાવરણનો તદન અભાવ.

ભગવાનની દયાથી જ્યાં સુધી આ પરિસ્થિતિ ચાલુ રહેશે ત્યાં સુધી સ્થળની પવિત્રતા અને શાંતિ જળવાઈ રહે તેમાં નવાઈ જેવું નહિ.

**દેવસ્થાનો :**

આટલા પરિચય પછી હવે દેવસ્થાનો તથા જળાશયોનો ખ્યાલ કરીએ. આ તીર્થમાં મુખ્ય દેવસ્થાનો નીચે પ્રમાણે છે : –

(૧) શ્રી પ્રયાગરાજ મહારાજ – માધવ ભગવાનનું મંદિર ( શેષશાયી લક્ષ્મીનારાયણની મૂર્તિ )

(૨) શ્રી બલદેવજીનું મંદિર

(૩) શ્રી નૃસિંહજીનું મંદિર

(૪) શ્રી સંગાલેશ્વર મહાદેવનું (નવું નાનું) મંદિર

(૫) શ્રી સિદ્ધેશ્વર મહાદેવનું મંદિર

(૬) શ્રી બ્રહ્માજીનું મંદિર

(૭) શ્રી રાંદેલ માતાનું મંદિર

(૮) શ્રી મહાપ્રભુજીની બેઠક

(૯) શ્રી રત્નેશ્વર મહાદેવનું સ્થાન (મૂળ સ્થળથી જરા દૂર)

**જળાશયો :**

આ તીર્થમાં મુખ્ય જળાશયનાં કુંડો નીચે પ્રમાણે છેઃ-

(૧) શ્રી ગંગાજીનો કુંડ

(૨) શ્રી યમુનાજીનો કુંડ

(૩) ત્રિવેણી સંગમ યાને પ્રયાગરાજનો કુંડ

(૪) બ્રહ્મા–વિષ્ણુ–રુદ્ર કુંડો (ગંગાજીને પ્રયાગ સાથે જોડતા ત્રણ નાના કુંડો)

આ બધાં જ કુંડોનું જળ બારેમાસ સ્વચ્છ, વહેતું રહે છે.

**યાત્રિકો માટે ઉપયોગી માહિતી :**

આ ગુપ્ત પ્રયાગનું સ્થાન ઊનાથી ત્રણ માઈલ અને દેલવાડાથી આશરે સવા–દોઢ માઈલ જેટલું દૂર છે. ઊના અને દેલવાડા બંને રેલ્વે સ્ટેશનો છે. બંને સ્ટેશને ભાડૂતી ઘોડાગાડી મળી રહે છે. અહિ ઉતારા–પાણી માટે મુખ્યત્વે બે વિશાળ ધર્મશાળા છે. (૧) દેલવાડાના કપોળ શેઠની (૨) દીવવાળા શેઠની. ધર્મશાળામાં ગાદલાં, ગોદડાં, ઠામ, વાસણ, બત્તી (ફાનસ)ની પૂરતી સગવડ છે. આ ઉપરાંત મઠની અંદર પણ ધર્મશાળા છે. તેમાં પણ બધી જાતની સગવડ પૂરતી છે. આ સ્થળમાં એક પણ દુકાન કે હોટેલ નથી તેથી રોકાવું હોય તેણે ચા–પાણી માટેનાં સાધન-સામગ્રી તેમ ભોજન માટેનું રેશન કાં તો સાથે રાખવું અથવા તો ઊના ઉતરી, ત્યાંથી રેશન લઈ, ઘોડાગાડીમાં આવવું સુગમ પડે. ઊના મોટું શહેર છે અને બધી વસ્તુ ત્યાં મળી શકે છે. મઠમાં ગૌશાળા છે તેથી ચા–પાણી પૂરતું દૂધ બધાને મળી રહે છે. તેમ એકાદ ટંક પૂરતા ખાસ જરૂરી રેશનની સગવડ પણ ભંડારમાંથી પૂરી પાડવામાં આવે છે. કોઇને જમવું હોય તો જે કંઇ તૈયાર હોય તે સાદું ભોજન ટંક–ટાણા પૂરતું મળી રહે છે.

સદાવ્રત લેનાર સાધુ–બાવા યાચકોને બંને ધર્મશાળા-માંથી લોટનું સદાવ્રત અપાય છે. સદાવ્રત નહિ લેનાર સાધુ–સંન્યાસીઓને તેની ઇચ્છા પ્રમાણે કાચું સીધું કે તૈયાર ભોજન મઠમાંથી આપવામાં આવે છે. આમ સર્વ કોઈને સામાન્ય બધી જ સગવડ આ સ્થાનમાં મળી રહે છે.

**તીર્થયાત્રાના લાભો :**

આ પ્રદેશમાં ચૈત્ર, શ્રાવણ તેમ અધિક માસમાં આ તીર્થમાં સ્નાનનું તેમ પીપળે પાણી રેડવાનું ખાસ મહા-ત્મ્ય છે. લીલ, નારાયણ બલી આદિ પિતૃકાર્ય માટે પણ લોકો સારા પ્રમાણમાં આવે છે. એટલે ચૈત્ર, શ્રાવણ તેમ અધિક માસમાં આજુબાજુના વિભાગમાંથી સારા પ્રમાણમાં યાત્રિકોની અવરજવર રહે છે. આ ઉપરાંત શ્રાવણ વદ તેરસથી અમાસ સુધી મોટો મેળો ભરાય છે. આ સિવાયના દિવસોમાં તીર્થમાં સારા પ્રમાણમાં શાંતિ રહે છે. કુંડોનું જળ વહેતું રહેતું હોવાથી બારેમાસ સ્વચ્છ નિર્મળ હોય છે. દરિયો નજીક હોવાથી ઊનાળામાં વધારે પડતી ગરમી જણાતી નથી. આમ ભાવિક જનોએ આ તીર્થની યાત્રા અવશ્ય કરવા જેવું છે. કારણ કે આવા પવિત્ર તીર્થની યાત્રાના ઘણા લાભો છે. આવા પવિત્ર વાતાવરણમાં થયેલાં સ્નાન–ધ્યાન, જપ–દાન, આદિ ત્યાંના વિદ્યુતમય આંદોલ-નોને લીધે વિશેષ અસરકારક થાય છે. આ જ સિદ્ધાન્તે કહ્યું છે કે—

" તીર્થક્ષેત્રે કૃતં પાપં....તીર્થમાં કરેલું પાપ વજ્રની જેમ જીવાત્માને ચોંટે છે." પુણ્યનું પણ તેમ જ સમજી લેવું. પરંતુ તેના કરતાં મોટો લાભ તો બીજો જ છે. આવા સ્થળનાં સૌંદર્ય તેમ પવિત્રતાની ઊંડી છાપ ઘેર ગયા પછી પણ લાંબા સમય સુધી મન ઉપર રહ્યા જ કરે છે. સ્મરણ કરતાં જ આખું દૃશ્ય મન સામે ખડું થાય છે. તેથી ઘેર બેઠાં જ નિત્યનો સ્નાન–ધ્યાન આદિનો ક્રમ તીર્થમાં કરી શકીએ છીએ. આમ થોડો અભ્યાસ પાડીએ તો દૂર દૂરના પવિત્ર તીર્થને કાયમ માટે ઘર આંગણે મનોમન પધરાવી શકીએ છીએ. આના સમાન બીજો મોટો લાભ કયો હોઈ શકે ?

**ઝાંઝમેરનું જૈનમંદિર :**

તળાજા તાલુકાનું ઝાંઝમેર ગામ જે દરિયાકાંઠે આવેલું છે. આ ગામ ઘણુંજ પ્રાચીન અને ઐતિહાસિક છે. અહીં આવેલું જૈન દેરાસર પણ ઘણુંજ પુરાણું છે. આ દેરાસરના મુળનાયક શ્રી પાર્શ્વનાથ છે.

લોકવાયકા એમ છે કે ત્યાંની એક વ્યક્તિને આ પ્રતિમાએ સ્વપ્નામાં દર્શન દીધાં અને કહ્યું કે "જમીનમાં દટાયેલ છું બહાર કાઢો" જમીનમાંથી બહાર કાઢી દેરાસરમાં મુળનાયક તરીકે સ્થાપના કરેલ. તે પ્રતિમાજી ઘણા અલૌકિક અને ચમત્કારિક છે. ૧૮૯૦ માં આ પ્રતિમાજી નીકળ્યા હતા—૧૯૨૭માં પ્રતિષ્ઠા કરી, ૨૦૨૪ માં દેરાસરનો જીર્ણોદ્ધાર કરી શાંતિસ્નાત્ર, અભિષેક વિગેરે પાંચ દિવસનો ભવ્ય ઉત્સાહ ઉજવ્યો હતો.

**મહાકાય નંદિ :**

વલ્લભિપુરના એક શિવાલયમાં એક મહાકાય નંદિ છે જે નેપાળના પશુપતિનાથ અને મ્હૈસુરમાં ચામુંડા ટેકરી ઉપર આવેલા મહાકાય નંદિનું સ્મરણ કરાવે છે. આ નંદિ વર્ષો પહેલાં ખંડિત થયો હતો પણ રાજકોટ તરફના મિસ્ત્રી કારીગરીઓ તેને સંપૂર્ણ તૈયાર કર્યો છે. ત્યાના શિવલિંગો પણ પ્રચંડ છે. તેમાં સૌથી મોટું શિવલિંગ સિધ્ધેશ્વરનું છે જે સત્તર ફુટ લાંબું છે અને તેનો ઘેરાવો આઠેક ફુટ છે મહાકાય નંદિ આ શિવલિંગ પાસે આવેલો છે. એમ કહેવાય છે કે લિંગના દર્શન માટે વલ્લભિપુરના પ્રખ્યાત કાકુ શેઠની દિકરી કે જે સોનાની કાંચકીથી પોતાના વાળ ઓળતી હતી તે હંમેશા આવતી હતી. આ ઉપરાંત બુધ્ધેશ્વર અને ભીડભંજનના શિવલિંગો પણ એવાજ આદરણીય છે. વલ્લભિપુરની પ્રાચીન સંસ્કૃતિ અને તેની જાહોજલાલી વિશે અસ્મિતાના પ્રથમ ભાગમાં ઠીક રીતે ઉલ્લેખ થઇ ચૂકયો છે.

**પિયાવાનું જૈન મંદિર :**

૧૯૮૪ની સાલમાં કુંડલા પાલીતાણા રસ્તા ઉપર આવેલા આ ગામમાં સૌના સહિયારા સહકારથી આ સુંદર દેરાસર બંધાયેલું છે. આ જૈન મંદિરમાં પ્રસંગોપાત મહોત્સવો યોજાય છે. તેના ટ્રસ્ટીઓ તરીકે શ્રી પ્રભુદાસ પાનાચંદ, શ્રી મગનલાલ અમીચંદ, શ્રી રસિકલાલ હરજીવનભાઈ વગેરેની સારી એવી દેખરેખ નીચે સુંદર વહીવટ ચાલે છે.

**બાળનાથ :**

ભડી ભંડારિયા સ્ટેશનથી અગ્નિ ખુણામાં ખોખરાના ડુંગરાઓમાં આવેલા છે તેની ગાળીમાં આ પૂરાતન શિવમંદિર આવેલું છે. જે આસપાસના પંથકના લોકોનું આકર્ષણ બનેલું છે. આ મંદિરનો જીર્ણોદ્ધાર શ્રી તખ્તસિંહજી મહારાજાએ સંવત ૧૯૪૫માં કરાવેલ છે. અહિં પાણીનો કુંડ પણ છે. જેમાં બારે માસ પાણી રહે છે.

આ સ્થળ ડુંગરાઓની વચ્ચે આવેલું હોવાથી તેની રમણીયતામાં ઓર વધારો દેખાય છે. શ્રધ્ધાળુ લોકો દર્શનાર્થે સતત આવજા કરે છે. ભાવનગર રાજ્ય તરફથી તેના નિભાવ માટે લગભગ એશીં વિધા જમીન બક્ષિસ મળેલ છે. અગાઉ દિપડા અને ચિત્તાનો આ સ્થળે ભય રહેતો પચ્ચીશેક વર્ષથી એ ભય નાબૂદ થયો છે. શ્રાવણ માસની અમાસે અહિં મોટો મેળો ભરાય છે.

**સરવણીયા મહાદેવ:—**

ઘોઘા તાલુકાના મોરચંદ ગામની પૂર્વમાં ખડસલીયા તથા લાખણુકા ગામની સીમોના ત્રિભેટા ઉપર સરવણીયા મહાદેવની જગ્યા આવેલી છે. આ પુરાણું શિવમંદિર ખંડિત થઇ જવાથી હાલમાં મોરચંદ નિવાસી લોકો તથા એક બ્રાહ્મણ કુટુંબ વગેરેના સહકારથી ત્યાં નવું મંદિર બંધાવેલ છે. આ સ્થાન તદ્દન નિર્જન છે. પાસે પાણીથી નિરંતર ભર્યો કુંડ પણ છે.

કહેવાય છે કે પુરાણા સમયમાં શ્રવણ તેમના માબાપને કાવડમાં લઇને આ સ્થળેથી નીકળેલ. અહીં આવતાં તૃષા લાગેલ. આજુબાજુમાં પાણી મળી શકે તેમ ન હતું એથી શ્રવણે પ્રભુની ભક્તિપૂર્વક પ્રાર્થના કરી પાણીની યાચના કરી, અને અહીં ખાડામાં પાણી જણાયું જે ખાડામાં પાણી જણાયું ત્યાં કુંડ બાંધવામાં આવેલ છે. જે જુના પથ્થરોથી બાંધેલો દેખાય છે. તેની નજીકમાં શ્રવણે સ્થાપેલ શિવલિંગ છે. આ સ્થળ ઘણું પ્રાચીન છે.

**ધારેશ્વર :**

ભડી ભંડારિયાથી બે માઇલ દૂર સાણોદર નામનું ગામ છે તેની ઉત્તરમાં અર્ધા માઈલને અંતરે એક નાની એવી નદી છે. તેના કિનારા ઉપર એક ખુલ્લો મહાદેવનો ચોતરો છે. જે ધારેશ્વર મહાદેવના નામથી પ્રખ્યાત છે. તેની આસપાસ કુદરતે મન મૂકીને સૌંદર્ય પાથરેલ છે. મુંઝાયેલો માણસ આ જગ્યામાં નવી ચેતના અને શાંતિ અનુભવે છે. આ સ્થળની નજીકમાં હનુમાનજીનું પુરાતન મંદિર છે, ત્યાં કેવડાના ઝુંડ અને ચંદનવૃક્ષો તથા અસ્ય વનસ્પતિઓ જોવા મળે છે. દાનવીરોએ અહીં સાધુસંતોના આશ્રયસ્થાન માટે કંઇક કરવાની જરૂર છે.

**પંચતીર્થ :**

શેત્રુંજીના સંગમ સ્થાન પાસે દરિયા કિનારે આ સ્થાન આવેલું છે. તે ધોળનાથ મહાદેવ, સિધ્ધેશ્વર કે દેશળીની જગ્યાના નામે ઓળખાય છે. તળાજાથી પૂર્વ દિશામાં દેવલી ગામે આવેલ છે. ત્યાંથી લગભગ ચાર માઇલ દૂર પાદરીગામની પૂર્વમાં રમણીય સ્થાન ઉપર આ પંચતીર્થ આવેલું છે. સંસારની ઉપાધિથી દૂર એકાંતમાં

કાશીનાથ મહારાજ નામના એક સિદ્ધ પુરુષે પરમાત્માનું ધ્યાન ધરવા સિદ્ધેશ્વર મહાદેવના સાનિધ્યમાં પોતાની પણ કુટિ બનાવી ત્યારબાદ તળાજાવાળા શ્રી હરગોવિંદદાસ જીવણદાસને આ સ્થાન ઉપર શ્રદ્ધા થતા હાલમાં જે મંદિર દેખાય છે તે તેમણે ચણાવી આપેલ છે. કાશીનાથ સિદ્ધપુરૂષ હતા તેની છાપ આ પંથકના છે. ત્યારબાદ એ સ્થળે ચત્રભુજદાસજી થઈ ગયા અને હાલમાં મધુસુદનદાસજી આ જગ્યામાં બિરાજે છે. માણસને શ્રદ્ધા અને ભક્તિ આપો આપ પ્રગટે એવું આ સ્થળ છે.

બીજા સ્થળોની પૌરાણિક વાતોની જેમ આ સ્થળ પણ વિશિષ્ટતા છે. આ વીસમી સદીમા માની ન શકાય તેવી છે. આ સ્થળથી એક માઈલ દુર સમુદ્રમાં ભદ્રેશ્વર મહાદેવનો ઓટો અને બાણ છે. મોટી ઓટ હોય ત્યારે ત્યાંજઈ શકાય છે. સમુદ્રમાં એક માઇલ ઉપર શંકરનું આવું સ્થાન બાધવાની શું જરૂર હશે? તે સમજાતુ નથી છતા સ્થાન છે તે હકીકત છે.

સરકાર તરફથી આ વિસ્તારની જમીન મીઠી બનાવવાના પ્રયોગો ચાલી રહ્યા છે. આ ખાતાનું એક મકાન પણ સાગરકિનારે બંધાયેલું છે.

### મહુવાના ધાર્મિક સ્થળો :

મહુવાનું પ્રાચીન નામ ધર્મારણ્ય હશે તેની પ્રતીતિ સમા આજે પણ અનેક ધર્મમંદિરો આવેલાં છે–જેવાં કે શ્રી દ્વારકાધિશની હવેલી, ખીમનાથ, ગોપાથ, ભિડભંજન, સુખનાથ, રાજરાજેશ્વર અને ભૂતનાથ વગેરે શિવમંદિરો આવેલાં છે. તેમ જ મહાલક્ષ્મી, વાઘેશ્વરી, રાજબાઇ તથા સમુદ્રતટ ઉપર ભવાનીમાતા વગેરે પ્રાચીન દેવમંદિરો આવેલા છે. રણછોડરાયજી, નૃસિંહજી તથા રામજીમંદિર અને જૈન દેરાસરો, આચાર્ય શ્રી વિજયનેમી સૂરીનું ગુરુમંદિર તથા મુસ્લીમ ભાઈઓની ચાર મસજીદો વગર ધર્મસ્થાનો મહુવાનું ધર્મારણ્ય સાર્થક કરે છે.

### ગણેશટેકરી

તળાજા તાલુકામાં દેવલી–ઈસોરા નામે ગામ આવેલાં છે તેની નજીક એક ટેકરી છે. તેના ઉપર શ્રી ગણેશનું એક મંદિર આવેલું છે કહેવાય છે કે ગારીયત નિાન્ત સમુદ્રસ્નાને ગયેલી ચાર બહેનપણીઓ એ સમુદ્રમાં આ મૂર્તિને જોઈ તેથી તેને ઉપાડી લાવી અને આ ટેકરી ઉપર તેની સ્થાપના કરી. તે સ્થળે પાછળથી ભક્ત જનો એ મંદિર બંધાવેલ સથરાવાળા એક દાનવીર ગૃહસ્થે આ મંદિર માટે સારી રકમ દાનમાં આવેલ છે. ઈસોરા ગામના બારોટ લોકોને આ ધર્મિક સ્થળ માટે ઘણોજ ભક્તિ ભાવ રહેલો છે.

### સાંઢીડા મહાદેવ

ભાવનગર રાજકોટ રોડ ઉપર સણોસરા ગામ પાસે સાંઢીડા મહાદેવનું એક સુંદર મંદિર આવેલું છે. જ્યાં હજારો દર્શનાર્થીઓ ભક્તિ પૂર્વક આવે છે. અને ધર્મની પ્રેરણા લ્યે છે.

### રામગુફા

નાના ગોપનાથ અને સિદ્ધનાથની વચ્ચે ડુંગરની નાનકડી ખીણમાં ઝરણાંને કાંઠે રામચંદ્રજીનું મંદિર આવેલું છે. મંદિર સમુદ્રના કિનારા નજીક જ આવેલું છે, તેની બાજુમાંજ એક ગુફા છે. જેમાંથી જુના જમાનામાં સાધુલોકોની ગીરનાર સુધીની આવ–જા થતી હતી તેમ લોકો કહે છે હાલમાં પચીસેક રોડ ફુટની ગુફા દેખાય છે. તેની અંદર પુરાણી મૂર્તિઓ છે. આ ગુફાની આગળનો માર્ગ એક મોટા પથ્થરથી બંધ કરી દેવામાં આવ્યો હોય તેમ દેખાય છે.

### ચામુંડા માતાજી :

ભાવનગરમાં કૃષ્ણનગર રેલ્વે સ્ટેશનની ઉત્તર દિશાએ ભગવતી ચામુંડા માતાજીનું સુંદર રમણીય મંદિર આવેલ છે. મંદિરની આસપાસ સુંદર બગીચો છે. મોટું વડનું ઝાડ છે. કોળી દુદાભાઈએ વર્ષો પહેલાં જુનાગઢથી વેલડાની એક ડાળી લાવીને રોપેલ હતી. જેમાંથી આજે એક મોટું વટવૃક્ષ બનેલ છે.

ભાવિકો મોટી સંખ્યામાં દર્શને આવે છે; પુષ્પો, ફળ વગેરે અર્પણ કરી શ્રદ્ધા વ્યકત કરે છે.

### ચીંથરિયા હનુમાન :

ભાવનગર અમદાવાદ રોડ ઉપર શામપરા અને કરદેજની વચ્ચે ચીંથરિયા હનુમાનની એક મૂર્તિ છે. અતીત બાવા ભીમપરી ઉમરાવપરી બકરાં ચારવાનો ધંધો કરતાં. એક સુભગપળે સંસ્કારની માયાજાળ જુઠી ભાસતા બધું છોડી દઈને તેઓ આ જગ્યાએ બેસી ગયા. હનુમાનજીની પાસે જ મહાદેવનું એક મંદિર છે. ભીમપરી બાપુને અને આ જગ્યાને લોકો શ્રદ્ધાથી જુએ છે.

કરદેજની ઉગમણી બાજુએ શીતળા માતાજીની એક દેરી છે. આસપાસના ગામના લોકો માનતા કરવા આવે છે.

### નાગધણીંબા ખોડીયારમાતા :

ભડી ભંડારિયા સ્ટેશનથી ત્રણ માઇલ દુર બે નદીના સંગમ ઉપર ખોડીયાર માતાનું મંદિર આવેલું છે. બાજુમાં જ ટેકરી ઉપર શિવમંદિર આવેલું છે. આ ટેકરી શિવટેકરીને નામે પ્રખ્યાત છે. દર રવિવારે ભાવનગર તથા આજુબાજુના સ્થળેથી સેંકડો માણસો દર્શનાર્થે આવે છે. બારે માસ લીલોતરીવાળું આ સ્થળ છે તેથી તેનું સૌંદર્ય વિશેષ માલુમ પડે છે.

સુખત્વે માળી લોકોનાં પૂજનીય માતાજી ગણાય છે. ભાવનગરથી નાગધણીબા જવા માટે એસ. ટી ની બસ મળે છે. મંદિરમાં માતાજીની સામે ધાતુની હિંસની કળામય મૂર્તિ છે. આજુ બાજુ સુંદર બગીચો છે. પ્રવાસીઓને રહેવા જમવા માટે મકાનો અને વાસણોની મફત મદદ મળે છે.

**સપ્ત સંગમ**

નાગધણીબા ખોડિયારથી પૂર્વ દક્ષિણના ત્રણ માઈલના પરિધમા જુદાં જુદાં સાત સ્થળેથી ઝરણાઓ ભેગા મળે છે. જેને સપ્તસંગમ કહે છે, આ નાનાં નાનાં ઝરણાઓનો નદીઓમાં થતો મેળાપ મા દિકરીના જેવો મીઠો લાગે છે. શ્રાવણ માસના પવિત્ર તહેવારોમાં શ્રદ્ધાળુ લોકો આ સપ્ત સંગમમાં સ્નાન કરે છે.

**ધાવડી માતા**

ભડી ભંડારિયા સ્ટેશનથી પશ્ચિમ બાજુ વાયવ્ય ખૂણામાં બે માઈલ ઉપર ડુંગરની ગાળીમાં આ રમણીય સ્થાન આમ્રકુંજ અને વડની ઘટાની વચ્ચે આવેલું છે, બાજુમાં ભીલ લોકોની વસ્તીના લગભગ પંદરેક ઘરો છે. મંદિરની બાજુમાં ધર્મશાળા છે.

**ધોળીવાવ**

ભાવનગર અને તળાજા રેલ્વે લાઈન ઉપર બુધેલ અને કોબડી વચ્ચે ધોળીવાવ આવેલી છે. આ વાવમાં પાણી સતત રહે છે. તેની પાસે રામજી મંદિર છે. રામનવમીના દિવસે ત્યાં મોટો મેળો ભરાય છે. તે દિવસે સાધુ, સંતો અને બાખી બાવા વગેરેને રામરોટી આપવામાં આવે છે. પર્યટન કરવા જેવું સ્થળ છે.

**કામનાથ મંદિર**

ભાવનગરથી પચ્ચીશ માઈલ દૂર ત્રાપજ ગામમાં રેલ્વે સ્ટેશનની નજીક કામનાથ મહાદેવનું મંદિર આવેલું છે. આ મંદિરમાં મૌગર ભટ્ટના સતિમા છે. આજથી લગભગ સાતસો વર્ષ પહેલાં કામેશ્વર ભટ્ટનાં નજીકના સગાં દેવકુંવરબા અને સતિ થયેલાં તેમના હાથનો પંજો અત્યારે આ મંદિરમાં છે.

મૌગર ભટ્ટની આ સતિમા પાસે તેમના કુળના વરકન્યાની છેડાછડી છોડવાનો રિવાજ પ્રાચીન કાળથી ચાલ્યો આવે છે. તેમના પહેલા પુત્રની ગોત્રિજવિધિ પણ અહીં જ થાય છે. સતિમાના શુભ આશિષથી તેમના વંશજો હાલ સારી સ્થિતિમાં છે.

**ઈશ્વરધાર મહાદેવ :**

ત્રાપજથી લગભગ બે માઈલ દૂર, જનતા કોલેજથી એક માઈલ અને ત્રાપજ અધ્યાપન મંદિરથી બે માઈલ દૂર ટેકરી ઉપર આ શિવાલય આવેલ છે. ટેકરીની નીચે એક પૂરાતન વાવ છે. અતિ પ્રાચીન સમયમાં ભાવનગર જવાનો રસ્તો આ વાવ પાસેથી થતો. શ્રાવણમાસમાં આ સ્થળનું મહત્વ વિશેષ છે. મંદિરની પાસે જ સાધુને રહેવા માટેની ઓરડી છે.

આ મંદિર ભાવનગરના મહારાજાએ બંધાવેલ છે. તેનાથી થોડે દૂર ગરખેળા નામનું તળાવ છે.

**મેવાસાના ધાર્મિક સ્થળો :**

વલ્લભિપુર પાસે મેવાસાના સિમાડા ઉપર માતા ખોડિયારની એક સુંદર દેરી છે. આસપાસના લોકો તેમજ મુંબઈથી પણ માણસો માનતા કરવા આવે છે. તેમજ આ ગામની સિમમાં એક હનુમાનજીની દેરી છે. ત્યાં પણ લોકો શ્રદ્ધાપૂર્વક જાય છે.

**ભૂરખિયા હનુમાન**

ગઢડા પાસે લાખણકા કરીને એક સુંદર ગામ છે. આ ગામની પાસે નદીના કાંઠા ઉપર ભૂરખિયા હનુમાનનું મંદિર છે. આ જગ્યાનો પ્રાચીન ઈતિહાસ ઘણો જુનો છે. દામોદર સંત નામના એક મહાત્માએ અહીં પોતાની શક્તિ અને સિદ્ધિનાં અનેક પરચાઓ બતાવેલા પરિણામે ત્યાંના કાઠી દરબારો અને ગોવાળિયાઓ આ સંતના સેવક બનેલાં 'પરમાર્થ' માસિમાં વડવાળા હનુમાનને નામે આ જગ્યાની હકીકત સારા પ્રમાણમાં પ્રસિદ્ધ થઈ ચૂકી છે.

**ફિરંગીનું દેવળ :**

સાવરકુંડલા પાસે વાવેરા ગામમાં ફિરંગીનું આ દેવળ આવેલું છે. રાજુલા જંકશનથી માત્ર બે માઈલ દુર વાવેરાનું ફ્લેગ સ્ટેશન છે કહેવાતા આ ફિરંગી દેવળમાં નાગદેવનું સ્થાન છે. ગામ લોકોને કોઇ કોઇ વખત નાગદેવના દર્શન થાય છે. દેવળ અતિશય જર્જરિત અવસ્થામાં છે, સંશોધનની જરૂર છે.

**રોજી આઈ માતાની દેરી :**

રોજી આઈ માતાની દેરી લીલીયાથી ટીંબાવા જતા રસ્તામાં જ આવે છે. આ સ્થળે પહેલા ફક્ત એક પથ્થરની મૂર્તિ હતી. બારેક વર્ષ પહેલાં ભરવાડ લોકોએ એના ઉપર એક પાકી દેરી બંધાવી છે. આ દેરી પાસેના વૃક્ષોનો છાંયો અને પાણીનું પરબ વટેમાર્ગુ માટે વિશ્રાંતિનું સ્થળ બન્યું છે.

**ધારનાથ મહાદેવ :**

રાજુલા તાલુકામાં રાજુલાથી બે એક માઈલ દુર ધારેશ્વર નામનું ગામ આવેલું છે આ ગામ પાસે ધાતરવડી નામની નદી વહે છે. આ નદીમાં ગામથી ઉપરના ભાગમાં એકાદ માઈલ દુર ધારનાથ મહાદેવનું મંદિર આવેલું છે. આ મંદિર શાંત વાતાવરણમાં યાત્રિકોને ગમી જાય તેવા સ્થળમાં ઉંચા ટેકરા ઉપર આવેલું છે. તેના પશ્ચિમે શિવાલય પાછળ પચાસ પગથિયા ઉતરીએ ત્યાં

ત્રિવેણીઘાટ આવેલું છે, તેમાંથી પાણીની ત્રણ અખંડ ધારાઓ વર્ષોથી અહીંના કુંડમાં પડે છે. દુષ્કાળમાં પણ આ ધારાઓ ખંડિત થતી નથી.

**જાગનાથ મહાદેવ :**

ભડીભંડારીયાથી પૂર્વમાં નદીના કાંઠે, સાણોદર, નાગધણીબા અને ભંડારિયા એ ત્રણે ગામના સિમાડે મધ્યમાં જાગનાથ મહાદેવ આવેલા છે. આસપાસ આંબાવડ, પીપર વગેરે વૃક્ષો અને અનેક ફુલછોડોથી સ્થળ રમણીય અને ભક્તિપૂર્ણ બનેલ છે. તેની પાસે ધર્મશાળા અને બાવાજીને રહેવાનું મકાન છે.

**કુલસરિયા હનુમાન :**

બુધેલ પાસે કુલસરિયા હનુમાનની જગ્યા આવેલી છે. તેની પાસેના કેટલાંક અવશેષો જોતા કુલસરનું જૂનું પૂરાણું નગર હશે તેમ જણાય છે. એક ગામથી બીજે ગામ જવા માટે લોખંડનો જબરજસ્ત પુલ હતો અને બબ્બે ફૂટ મોટી ઈંટો હજુ આજે પણ ત્યાંથી નીકળે છે.

આ કુલસરિયા હનુમાનની જગ્યામાં ગરિબદાસ બાપુ ચાર ચાર માસ સુધી (ચાતુર્માસમાં) સતત એકધારા ઉભા રહેવાનું વ્રત લે છે. એ દરમિયાન અન્ન પણ લેતા નથી. આ રીતે બારેક વર્ષ સુધી આવું વ્રત કર્યા બાદ પારાયણ કરીને હનુમાનજીની સ્થાપના કરેલ છે.

આ બાપુ આખા ભારતમાં ફરેલાં છે તેમના ત્યાગ અને તપથી એક ભક્તમંડળ પણ અહીં જોવામાં આવે છે. આ ઉપરાંત અનેક મંદિરો અને ધાર્મિક સ્થળો આવેલાં છે બહુચરાજી માતાનું મંદિર બુધેલમાં જોવા લાયક મંદિર છે.

**જાંજડીયા હનુમાન :**

ભાવનગરથી ચારેક માઇલ દુર અધેવાડા ગામમાં આ સ્થાન આવેલું છે. આ મંદિર નદીના કાંઠા ઉપર આવેલું છે મંદિરની પાસે ધર્મશાળા તથા પૂજારીને રહેવાનું મકાન છે. જાંજડીયા અટકના કણબી પટેલોના આ કુળદેવતા ગણાય છે.

**થાપનાથ મહાદેવ :**

વલ્લભિપુર તાલુકાના અમારડી ગામ પાસે થાપાનો ડુંગર છે. ડુંગર ઉપર નાનું સરખું શિવાલય છે. તળેટીમાંથી શિવાલય સુધી જવાના પગથિયાં છે. તળેટીમાં એક ધર્મશાળા છે આ ધર્મશાળાની દક્ષિણ દિશાના વચલાં ઓરડામાં એક ભોંયરૂ છે. હાલમાં તેને બંધ કરવામાં આવેલ છે. પણ સ્થળ સંશોધન કરવા જેવું છે.

પ્રાચીનકાળમાં વલ્લભીપુરનો વિનાશ કરનાર મહાત્મા ધૂંધલીમલનો વસવાટ આ ભોયરામાં જ હતો. એમ કહેવાય છે.

**કુંભનાથ મહાદેવ**

રાજુલા શહેરની પાસે નદીના કાંઠા ઉપર અને પથ્થરના ડુંગરાઓની નજીક તળેટીમાં કુંભનાથ મહાદેવનું પુરાણું મંદિર આવેલું છે કહેવાય છે કે પાંડવો જે સમયે વનમાં ફરતા હતા તે સમયે માતા કુંતાજીને શિવજીની પૂજા કર્યા સિવાય ભોજન નહીં લેવાનું વ્રત હતું. ફરતાં ફરતાં તેઓ આ સ્થળે આવી પહોંચ્યા. જમવાના સમયે મહાદેવની શોધ કરતા કોઇપણ સ્થળે મૂર્તિ જોવામાં આવી નહીં તેથી ભીમે માટીના કુંભ ઉપર ફૂલ ચઢાવી માતાજીને કહ્યું કે અહીં શિવજી બિરાજે છે. કુંતામાતાએ પ્રેમ અને શ્રદ્ધાથી પૂજન કરી પ્રસાદ લીધો. તેઓ આરામ કરતા હતા ત્યારે ભીમસેને ખુલાસો કર્યો કે એ જગ્યાએ શંકર ન હતા પણ માટીનો કુંભ હતો. માતાજીએ જવાબ આપ્યો કે મેં શિવજી માનીને જ તેની પૂજા કરેલી છે. માટે ત્યાં શંકર હોવા જ જોઈએ. બધાએ તપાસ કરી તો માટીના કુંભ નીચેથી ખરેખર શિવલિંગના દર્શન થયા. આ ઉપરથી આ સ્થાનનું નામ કુંભનાથ મહાદેવ પડયું છે. આ સ્થાન પ્રાચીનકાળનું લગભગ ચાલીસેક વર્ષો પહેલાં જીર્ણોદ્ધાર થયેલ છે. તેની પાસે સુખનાથ મહાદેવનું મંદિર છે.

**વશીયાને ફિરંગીનું દેવળ :**

મહુવા તાલુકાના કળસાર ગામમાં વશી નામથી ઓળખાતું જૂના વખતનું એક ફિરંગી દેવળ છે. લોકોનું કહેવું એવું થાય છે. કે વશી નીચે અઢળક સંપત્તિ છે. તેનું રક્ષણ વર્ષોથી એક સફેદ સર્પ કરી રહ્યો હતો. આ સ્થળે કોઈ જતું નથી. થોડાં વર્ષો પહેલાં આ સાપને મારી નાખવામાં આવેલ છે. આ સ્થળ સંશોધન કરવા જેવુ ગણાય.

**રાજુલાના ધાર્મિક સ્થળો**

ભીડ ભંજન મહાદેવ- રાજુલા શહેરના તોરણ બંધણુ તે વખતનું આ જૂનું પુરાણું સુંદર મંદિર છે.

"તાજનશા મીરબાપુનાં ફૂલો—આ સ્થળે સુરવીરો અને શ્રદ્ધાળુઓ હંમેશા પૂજા કરવા આવતા. આજે પણ હિન્દુ—મુસ્લીમ બધા તેની પૂજા કરે છે.

"શુરવીરોના પાળિયા—રાજુલાના ધાંખડા કુટુંબમાં જે વીરપુરૂષો થઇ ગયા તેના, તથા તે કુટુંબના ઇષ્ટદેવના તેમ જ ધીંગાણામાં કામ આવી ગયેલા શહિદોના પાળિયાઓ આજે પણ જોવામાં આવે છે.

**દુણાવાળા માતાજી :**

રૂવાપરી માતાના મંદિરથી દરિયામાં એકાદ માઇલ દૂર એક ટેકરા જેવું સ્થળ છે. જે દુણાને નામે ઓળખાય છે. આ સ્થળે માતાજીનું સ્થાનક છે. જે જગદંબાને નામે ઓળખાય છે. એક લોકકથા એવી છે કે, આ માતાજીના દર્શન કરવા દેરાણી અને જેઠાણી એકી સાથે જઇ શકતા

નથી. અને જો જાય તો દેરાણી કાદવમાં ખૂંચી જાય છે. (પ્રાચીન માન્યતા છે) આ જગ્યાએ ફકત નવરાત્રીમાં જવાય છે. મંદિરની સામે તળાવડી છે. એ તળાવડીમાં કમળના ફૂલો આજે પણ ખીલે છે.

**સતીમાની દેરી વાળુકડ :**

વાળુકડમાં સતીમાની દેરી આવેલી છે. ત્યાંના દવે કુટુંબમાં આજથી લગભગ અઢીસો વર્ષ પહેલાં તળાજાના ડોસા બધેકાના દીકરી સંતોકબા આ સ્થળે સતી થયેલાં તેની આ દેરી છે.

આ મંદિર અતિશય જીર્ણ થઇ જતા તેમના નવમી પેઢીના વંશજોએ સત્તરેક વર્ષ પહેલાં જીર્ણોદ્ધાર કરી એક અદ્યતન મંદિર બંધાવેલ છે.

**રૂવાપરી માતા :**

ભાવનગર શહેરના ઇશાન ખૂણામાં એરોડ્રામ રોડના નાકે રૂવાપરી માતાનું મંદિર આવેલું છે. દરિયા કિનારે કંઇક કુદરતી વાતાવરણમાં આવેલું હોઇ સ્થળ આહ્‌લાદક લાગે છે. સૌરાષ્ટ્રને પશ્ચિમ કાંઠે સમુદ્ર હતો, અને ભૃગુકચ્છ સ્તંભતિર્થ અને વલ્લભીપુરની જાહોજલાલીના સમયે એક નાનકડા બેટ ઉપર આવેલા આ મંદિરમાં વહાણવટીઓ દર્શન કરવા આવતા. ફરતી ગોરડની ગીચ ઝાડી હતી. અનેક જંગલી પશુઓ પણ રહેતાં.

ભાવસિંહજી એ ભાવનગર વસાવ્યું ત્યારબાદ તખ્તસિંહજી મહારાજાએ મંદિર બંધાવી આરસ જડાવી રૂપાના બારણા મૂકાવ્યા કહેવાય છે કે પ્રાચીન કાળમાં માતાજીની સન્મુખ એક બારી હતી, અને તે બારી દ્વારા ગુનેહગારોની પરીક્ષા થતી જે કોઇ ખોટું બોલે તેનું માથું બારીમાંથી બહાર નીકળી શકતું નહિ આ બારી તોડી નાખવામાં આવેલી જે મંદિરના પાછળના ભાગમાં અવશેષ રૂપે આજે પણ પડી છે.

ભાવનગરના ભારદ્વાજ ગોત્રના ઔદિચ્ય વાળુકડિયા દવે બ્રાહ્મણોનાં ઇષ્ટદેવી છે. આ બ્રાહ્મણો આસો માસમાં નવરાત્રીમાં અહીં વસવાટ કરે છે. નવરાત્રીના છેલ્લા દિવસે હવનની પૂર્ણાહુતિ કરી પોતાને ઘેર જઈ નૈવેદ્ય જમે છે.

આજે શહેર સુધરાઈએ ત્યાં આગળ સુંદર બગીચો બનાવ્યો છે. શ્રાવણ માસમાં આ સ્થળનું મહત્વ વિશેષ રહે છે. દરરોજ લોકો દર્શને જાય છે. ઓળી પણ કરે છે. જન્માષ્ટમીના દિવસે મોટો મેળો ભરાય છે.

આ સ્થાન માટે બીજી પણ એક લોકકથા છે. કે આત પ્રાચીન સમયમાં ભાવનગરનું હાલનું વડવા એક નેસડું હતું અને તેની આસપાસ દરિયો હતો તેમાં એક ભોંયરૂં હતું આ ભોંયરામાં એક દેવીનું યંત્રરાજ હતું જનાર્દન વેદ નામના એક ઔદિચ્ય બ્રાહ્મણ હમેશા વાળુકડથી આ દેવીના દર્શન કરવા આવતા અને સાંજે પાછા વાળુકડ જતા તેમની આ ભક્તિથી માતાજી પ્રસન્ન થયા અને તેમનું પુત્રનું દુઃખ દૂર કર્યું.

આ દરિયાની ગુફામાં રહેલું દેવીનું યમરાજ મહારાજા શ્રી તખ્તસિંહજીએ બ્રાહ્મણો દ્વારા વિધિ પૂર્વક પ્રાણપ્રતિષ્ઠા કરી હાલના સ્થાને સ્થાપના કરી શિખર બંધ મંદિર બંધાવેલ છે.

**બિલેશ્વર મહાદેવ**

કુંડલા તાલુકાના પીઠવડી અને નાના ઝીંઝુડાની સીમમાં અનેક બિલીના વૃક્ષોની વચ્ચે મહાદેવનું આ મંદિર આવેલું છે.

લગભગ એકસો પાંચ વર્ષ પહેલાં અહીં બિલીના વૃક્ષોનું મોટુ જંગલ હતું આ જંગલમાં સ્વયંભૂ મહાદેવની મૂર્તિ હતી. જીર્ણ થયેલું નાનું મંદિર હતું આ સ્થળે બહુજન સમાજ જઈ શકતો નહીં.

ભાવનગરના દિવાન ગગા ઓઝા રાજ્યના કોઈ કામ માટે પીઠવડી આવેલા ત્યારે મહાદેવના દર્શન કરવા સાંજના ગયેલા પ્રકૃતિના સ્વતંત્ર વાતાવરણમાં ગીત ગાતા પક્ષીઓ, ઘટાટોપ ઝાડી, નાનું એવું ઝરણું અને સુંદર વાતાવરણથી તેમનું મન પ્રસન્ન થયું અને જીર્ણોદ્ધાર માગતું આ મંદિર વધારે સુંદર બનાવવાનો તેમણે નિશ્ચય કર્યો.

આજે સુંદર શિવાલય, બાંધેલો કૂવો, વિશાળ ચોગાન, ચારે ફરતો પથ્થરનો ગઢ અને અંદર અનેક ઓરડાની સગવડતાવાળી ધર્મશાળા છે.

કુંડલા તાલુકામાં આ સ્થાન પ્રસિદ્ધ છે. અનેક યાત્રાળુઓ આવે છે, અને કુદરતી વાતાવરણમાં પ્રસન્નચિત્ત થઇ ધન્યતા અનુભવે છે.

**સિહોરી માતા :**

ભાવનગરથી પંદરેક માઈલ દૂર સિહોર આવેલું છે. આ શહેર એક સમયે લગભગ ૨૫ વર્ષ પહેલાં રાજ્યનું પાટનગર હતું આ શહેરમાં અનેક દેવમંદિરો છે.

સિહોરી માતાનું મંદિર શિલાલેખ મુજબ તા. ૩૦–૯–૯૨માં ભાવનગરના મહારાજા શ્રી તખ્તસિંહજીએ બંધાવેલ છે. આ મંદિર સિહોરને અડકીને જ આવેલા અનેક ડુંગરો માંહેના એક ડુંગર ઉપર જ છે. દરવાજામાં દાખલ થતાં જ ગઢની રાંગે રાંગે પગથિયા છે. આ પગથિયાં વાટે જ માતાજીના મંદિરે જઈ શકાય છે. છેક ઉપર સુધી પાકા પગથિયા છે ડુંગર ઉપર એક સુંદર મંદિર છે. તથા ખુલ્લો અને ચોકમાં એક છેડે એક નાનકડી ઓરડી છે. સંભવ છે કે પૂજારીને રહેવા માટેની એ સગવડતા હોઇ શકે.

આ સ્થળેથી ચોતરફ નજર કરતાં અનેક ડુંગરાની ગાળીઓ, ડુંગર ઉપરના અનેક વૃક્ષો, સર્પાકાર વહેતી સિહોરી નદી, અને સિહોર ગામનું દર્શન, આપણા ચિત્તને ખૂબજ પ્રશન્ન બનાવે છે. સુરમ્ય, શાંત અને એકાંત સ્થળે માનસિક શાંતિ અને ભક્તિ માટેનું અલૌકિક વાતાવરણ સર્જે છે.

કોઈ કોઈ કુટુંબમાં લગ્ન પછી વરકન્યાને આ સ્થાને દર્શન કરવા જવાનું ફરજિયાત હોય છે. તથા ઘણાં લોકો લગ્ન પછી છેડાછેડી છોડવાના પ્રસંગે અહીંજ આવે છે. સિહોર ગામ ઉપરથી 'સિહોરી માતાજી' નામ પડયુ હોવાનું મનાય છે.

## ગૌતમેશ્વર

સિહોર ઘણું પુરાતન શહેર છે. પૂર્વે આ શહેરનું નામ સિંહપુર હતું અને ગૌત્તમ ઋષિનો આશ્રમ આ ગામના એક છેડા ઉપર હતો. ગૌત્તમ ઋષિના આશ્રમ પાસેથી એક નદી વહે છે. જેને ગૌત્તમી નદી કહે છે. સિદ્ધરાજ જયસિંહે એક કુંડ બંધાવેલ છે. જેને હાલ ગૌત્તમ કુંડ કહે છે.

આ અને આવા બીજા સ્થળો ઉપર જાણી શકાય છે કે કદાચ સેંકડો વર્ષો પૂર્વે અહીં ઋષિ મુનિઓના આશ્રમ હશે અને કેળવણી તથા સંસ્કારની સુવાસ પ્રસારવાનું આ કેન્દ્ર બન્યુ હશે.

## મદનશા વલિનો તકિયો

આ મદનશા વલિ પીરની મૂળ દરગાહ ઉમરાળા પાસે લોલિયાણામાં આવેલી છે. પરંતુટી માણાના સિપાઈ રહિમભાઈને ત્યાં એક વારસે આવેલ છે. આ મદનશા વલિની તકિયો ગામની વચ્ચે રહિમભાઈને ઘેર છે. આકાશમાં ઉડતી લીલી ધજા સૌને આકર્ષે છે. આ પીરની માનતા કદી અફળ જતી નથી. મુસ્લીમ ભાઈઓના ખાસ તહેવારો અહીં ઉજવાય છે.

## દેવધરીની ખોડિયાર

બોટાદ તાલુકાના રંગપુર ગામથી ચાર માઈલ દૂર ચંદન ના નામથી ઓળખાતા ડુંગરોની હારમાળા પાસે તેની સમાંતરે ત્રણેક માઈલ લાંબુ એક નહેરૂં છે. આ નહેરૂં પાણીની નહેરના જેક તદ્દન સીધુ–વાંકચૂંક વગરનું છે તેની વિશિષ્ટતા છે. આ નહેરાને કાંઠે ખોડિયાર માતાનું મંદિર આવેલું છે.

## રાજનાથ મહાદેવ

ટીમાણાથી દોઢેક માઈલ દૂર જ્યાં શેત્રુંજી ઉતાવળી અને દાંત્રડીયો ત્રણેય નદીઓનો ત્રિવેણી સંગમ સ્થાય છે. તે સ્થળે શેત્રુંજીના ડાબા કાંઠા ઉપર રાજનાથ મહાદેવનુ નાનકડું શિવાલય ઉભું છે આ સ્થળે ભાદરવી અમાસને દિવસે મેળો ભરાય છે. સ્થળ રમ્ય છે.

## ટીમાણિયા હનુમાન

ગામના દક્ષિણ ભાગમાં આવેલું આ હનુમાનનું દહેરૂ માખણિયા ગામના હરિજને બંધાવેલું છે. આ હરિજનને હનુમાનજી પ્રસન્ન થયેલા અને તેને બુધેલથી માખણિયા લાવવા સાજ્ઞા કરી. તેની સાથે એવી શરત કરેલી કે મૂર્તિ લઇ જતી વખતે વચ્ચે પાછું ફરીને જોવું નહી. પરંતુ બુધેલથી મૂર્તિ લઇને ઉપડેલા આ હરિજને ટીમાણાના પાદરમાં આવતાં ભૂલ કરી અને પાછુ ફરીને જોયું પરિણામે મૂર્તિ ટીમાણાથી આગળ ખસી નહીં તેથી આ હરિજને ત્યાં જ દહેરૂ ચણાવી આપ્યું આ જગ્યામાં અત્યારે વીરદાસ મહારાજ રહે છે. તેણે હરિજન ભાઈઓના સાથથી લક્ષ્મીનારાયણના મંદિરની પણ પ્રતિષ્ટ કરેલી છે. આ જગ્યા હરિજન તથા સવર્ણોના તીર્થધામ જેવી બની ગઈ છે.

## ચામુંડા માતા

મહુવા તાલુકાના ઊંચા કોટડા ગામ પાસે ચામુંડા માતાનું સ્થાન છે. સામે અરબી સમુદ્ર છે. કહેવાય છે કે વર્ષો પહેલાં ચામુંડાના ત્રિશુળ સમુદ્ર પાર જતું અને આવતું આ ગામની નવિનતા એ છે કે અર્ધુ ગામ ઉપર અને અર્ધું ગામ નીચે છે. ઉપર જવા માટે બુગદા જેવુ છે. જે ખંડાળ ઘાટની ઝાંખી કરાવે છે.

સમુદ્ર કાંઠે એક વાવ છે. જેમાં ચારેક ફૂટ પાણી રહે છે. આ વાવમાં બત્રીશ કોસ એક સાથે ચાલે છે.

## વારાહી સ્વરૂપ

ગોહિલવાડને સીમાડે જાફરાબાદની પાસે સમુદ્ર કાંઠે વારાહી સ્વરૂપ ભગવાનનું અતિ પુરાણું મંદિર આવેલું છે. મૂર્તિ પણ જર્જરિત થયેલી દેખાયછે. પ્રભુના ૨૪ અવતારો પૈકીના ત્રણ અવતાર કચ્છ સૌરાષ્ટ્રમાં થયેલાં જોયા કે, કચ્છાવતાર (કચ્છનો અખાત) વરાહ અવતાર (શિયાળ બેટ પાસે) અને કૃષ્ણ અવતાર (દ્વારકા) થયેલ છે. સમુદ્ર કિનારે આવેલું આ સ્થાન તદન એકાંતમાં આવેલું છે. લોકોમાં આ ધ્યાન બહું જાણીતું નહીં હોવાથી તેનું મહત્વ બીજા દેવમંદિરો જેટલું નથી.

## મહાકાળીની વાવ

ગામના પૂર્વ ભાગમાં આ વાવ આવેલી છે. તે ખૂબ પુરાણી છે. વાવને ઉગમણે કાંઠે શિવલિંગ અને પશ્ચિમ ભાગમાં કાલિકા માતાનું સ્થાનક આવેલાં છે. મહાકાળીની મૂર્તિ ખૂબજ પુરાતન છે. આવી બે ત્રણ મૂર્તિઓ છે. જેની નીચેના ભાગમાં કંઇક અક્ષરો લખેલા છે. જે ઉકેલી શકાતા નથી. આ વાવના પથ્થરો શી રીતે ચણતરમાં લીધા હશે, એ આશ્ચર્ય ઉપજાવે તેવુ છે. કાલિકા માતાનું મંદિર અને જાજરમાન વાવ આપણને વાવમાં પડી ગયેલા એક કવિ અને તેના ઉપર પ્રસન્ન થયેલાં કાલિકા માતાની યાદ આપી જાય છે. ટીમાણામાં આવનાર નવા આગુંતુકો કાલિકા માતા અને આ વાવની અવશ્ય મુલાકાત લે છે.

### ઉંમર ખતીબની દરગાહ

ગોડી નદીને ડાબે કાંઠે સેંકડો આંબલીના ઝાડોની શિતળ છાયામાં હજારો કબરો છે. આ કબ્રસ્તાનની વચ્ચે ઉંમર ખતીબપીરની દરગાહ આવેલી છે. તેની બાંધણી હિન્દી સ્થાપત્યની છે. આ દરગાહની પાસેના ભાગમાં બીજી નાની મોટી ઘણી દરગાહો પણ છે. ત્યાંનું વાતાવરણ એટલી શાંતિ આપે છે. કે ત્યાં ગયા પછી ત્યાંથી ઉઠવાનું મન થતું નથી. જુમેરાતના દિવસે મુસ્લીમ ભાઇઓ બંદગી માટે ખાસ આવે છે. ઉંમર ખતીબે એક ચારણની ખોવાયેલી ભેંશો શોધી આપેલી ઉપરાંત એક સોનાની શિંગડીવાળો પાડો પણ આપેલો ચારણની શરતચૂકથી પાડો પથ્થર બની કબ્રસ્તાન પાસેના ખેતરમાં હજી પડ્યો છે. જેને 'પીરનો પાડો' કહેવામાં આવે છે. કહેવાય છે. પીરદાદા લીલુડે નેજે ઘોડેસ્વાર થઈ ઘણીવાર નીકળે છે.

### ગેમનશા વલિ

સારા ગોહિલવાડમાં પ્રખ્યાત ગેમનશા પીરની દરગાહ ટીમાણાના મુખ્ય દરવાજાની બહાર સહેજ ડાબા હાથ તરફ આવેલી છે. દરગાહ કિલ્લાની પાસે જ છે. ગેમનશા બાપુ ખૂબ ચમત્કારી હતા.

કિલ્લાના મુખ્ય દરવાજાના બારણા ચડાવેલા રહેતા પરંતુ સવારે તે બારણા નીચે પડી જતા આમ વારંવાર બનતું પીરદાદાએ કોઈને સ્વપ્નમાં કહ્યું હું જે સ્થળે બેઠો છું તે સ્થળની આસપાસના લોકોએ કોઈપણ જાતનો ડર રાખવાની જરૂર નથી.

આ દરવાજાના બારણા હાલમાં મામલતદાર ઓફીસના ફળીયામાં પડયાં છે. આ પીરદાદાની દરગાહમાંથી કયારેક નીકળતો પ્રકાશપુંજ તો ઘણા લોકોએ નજરે જોયો છે. દાદાની સોડ કદી જુની થતી નથી. દરવાજેથી ગામમાં જનાર અને બહાર નીકળનાર પ્રત્યેક માનવી પીરદાદાને સલામ કરે છે.

### સલડીની વાવ

લીલીયા અમરેલીના રાજમાર્ગ ઉપર સલડી ગામ આવેલું છે. આ ગામની બરાબર વચ્ચે અતિપ્રાચીન વાવ આવેલી છે. વાવ પાસે શિવાલય છે.

સલડી ગામ પહેલાંના સમયમાં આજે જેને "સલડીનો ઢેરો" કહેવામાં આવે છે. તે સ્થળે હોવાનું અનુમાન થાય છે. પાણી વધારે સારી જમીન અને અન્ય સગવડતાઓ મળતા ગામ લોકોએ હાલના સ્થળે સ્થળાંતર કર્યો હોય તેમ નહીં માનવાને કોઈ કારણ નથી.

### આશ્રમ

આ સ્થળ લીલીયાથી અમરેલી જવાના માર્ગ ઉપર આવેલ છે. આ સ્થળનું મહત્વ એ છે કે આજના અત્યંત સ્વાર્થી અને ગણતરીના જમાનામાં આ સ્થળે કોઈપણ મુસાફરનું કંઈપણ અપેક્ષા વગર હાર્દિક અતિથ્ય થાય છે. ચા, પાણી, રહેવાનું અને જમવાનું કોઈપણ બદલાની આશા વગર આપવામાં આવે છે. આવું ઉમદા કર્તવ્ય એક માતાજીએ શરૂ કરેલ. તેમનો દેહવિલય થતાં આજે એક સાધુ મહારાજ ત્યાં રહે છે.

દર વર્ષે ગુરૂપૂર્ણિમાની રાત્રીએ ભાવિકજનોનો મેળો ભરાય છે. આખી રાત ભજન હરિકિર્તન અને સત્સંગ થાય છે. સવારના આશ્રમ તરફથી પ્રસાદી–ભોજન લઇ પોતાને ઘેર જાય છે.

### જડેશ્વર મહાદેવ :

ગારિયાધાર તાલુકાના મોટીવાવડી ગામમાં આ મંદિર આવેલું છે. મોટીવાવડીથી થોડે દૂર માંડવી ગામ છે. જેને પૂર્વ માંડગઢ કહેતા.

આ માંડગઢમાં કહેવાય છે કે સાત શિવમંદિર, સાત હનુમાનજીના મંદિર સાત રામજીમંદિર, સાત પીરની દરગાહ, સાત તળાવ અને વાવ, વગેરે હતા. કાળના બળે એ નાશ પામ્યું અને રહ્યો માત્ર ટીંબો ટીંબાની ઉપર અનેક બાવળના ઝુંડ વચ્ચે હાલનું માંડવી ગામ આવેલું છે. ખોદકામ કરતાં પ્રાચીન અવશેષો માલુમ પડતા હોવાનું કહેવાય છે.

આ બાવળનાં ઝુંડ વચ્ચે એક સ્થળ ઉપર એક ગાયના આંચળમાંથી આપમેળે દૂધ ઝરતું. ભરવાડોને નવાઈ લાગતી આ માંડવીથી છ માઇલ દૂર મોટીવાવડીના રતનગીરી બાપુને કંઇક પ્રેરણા થઇ અને ગામલોકોની સાથે આ સ્થળે આવ્યાં ભરવાડોની વાતો ઉપરથી આ બાપુની કોઈક માન્યતા દઢ થઇ. જે સ્થળે દુધની ધાર પડતી હતી ત્યાં ખોદકામ કરતા પીત્તળના થાળા સહિત શંકર, પાર્વતી, અને પોઠિયો મળી આવ્યા.

આ પ્રાચીન અવશેષો મોટીવાવડી ગામે લાવવામાં આવ્યા. તે સમયના પાલીતાણાના રાજવી શ્રી ઉનડબાપુને હસ્તે પ્રાણ પ્રતિષ્ઠા જ્યોતિ મઠમાં કરવામાં આવી આ પ્રસંગે બાપુએ પચાસ વીઘા જમીન ત્રાંબાને પતરે લખી શિવજીના થાળા પાસે અર્પણ કરી.

આ જમીન રતનગીરી બાપુના વંશજો ભોગવે છે. કહેવાય છે કે કોઇ રાત્રે આ મંદિરમાં ઘંટારવ કે શંખનાદ સંભળાય છે. કોઇ વખત ધોળી મૂછવાળો સર્પ પણ જડેશ્વર પ્રભુને વીંટળાઇને બેઠેલો નજરે પડે છે.

આ અને આવી બીજી ચમત્કારિક બાબતોના સાક્ષી શ્રી આત્મારામ સુંદરજી આજે પણ મોડીવાવડીમાં હયાત છે. જેફ ઉંમરે પહોંચેલા છે.

### નાના ગોપનાથ :

ગોહિલવાડના સાગરકાંઠાના ધાર્મિક સ્થળો પૈકીનું એક મહત્વનું સ્થળ તે નાના ગોપનાથ મણાર ગામથી

પૂર્વ દિશામાં એકાદ માઈલને અંતરે બરાબર સમુદ્રકિનારે આવેલું છે. આજુબાજુના ગામડાઓના લોકોનું તીર્થસ્થળ પણ ગણાય. કહેવાય છે કે આ મંદિરમાં રહેલા શિવલીંગની સ્થાપના મહર્ષિ જમદગ્નિના પુત્ર પરશુરામે કરી છે દરેક વર્ષે શિવરાત્રીએ મંદિર બંધ હોવા છતાં ઘંટારવ સંભળાય છે. એક એવી માન્યતા છે કે એ રાત્રિએ ભગવાન પરશુરામ હજી પણ પધારે છે. હાલમાં એક વેણીશંકરભાઈ નામે બ્રહ્મચારી ત્યાં રહે છે, અને કાયમી આસન જમાવી પડયા છે. છેલ્લાં સાતેક વર્ષથી તેઓ ત્યાં રહે છે. સમુદ્રકિનારે નિર્જન, શાંત સ્થળમાં આવેલું આ સ્થળ દિલ અને દિમાગને શાંતિ અર્પે છે. ધાર્મિક તહેવારોમાં આજુબાજુના ગામલોકો મંદિરે આવે છે. સમુદ્રસ્નાન કરી, પ્રભુદર્શન કરી કૃતકૃત્યતા અનુભવે છે. મંદિર, બે નાના ઓરડા, વિશાળ ચોગાન, અને મંદિરના નિભાવ અર્થે જમીન આપેલ છે.

**દડવાની રાંદલ :**

ધોળા જંકશનથી ઉત્તરે ત્રણ માઈલ દૂર દડવા ગામ છે. આ ગામ અતિપ્રાચીન ગણાય છે. અહીં રાંદલમાતાનું પવિત્ર સ્થાનક છે.

કહેવાય છે કે વલ્લભિપુરના વિનાશ સમયે અનેક અનેક મંદિરોનો પણ નાશ થયો તેમાંના એક સૂર્યમંદિર-રન્નાદેની પ્રતિમા મળી જે પાછળથી રાંદલમાતાના નામથી પ્રસિદ્ધ પામેલ.

ભાવનગરના મહારાજા આતાભાઈને આ માતાજીનું સ્મરણ કાયમી આત્મબળ અર્પતું અને વિજય અપાવતું દડવાની ઉત્તર દિશામાં આવેલ વાડીમાં દેવરાજ નામનો પ્રભુપરાયણ સથવારો રહેતો હતો. બન્ને દંપતિ-ધર્મપ્રીય હતા. પરંતુ સંતાન ન હતું અત્યંત ભક્તિથી કહેવાય છે કે માતાજી સ્વપ્નમાં આવ્યા અને કહ્યું, 'હું કૂવામાં તળીએ પડી છું બહાર કાઢી સ્થાપના કર.'

આજ્ઞા પ્રમાણે કૂવાને તળીએથી ભૂખરા પથ્થરની માતાજીની પ્રતિમા નીકળી. કૂવાને સ્થળે વાવ ગળાવી અને તેના એક ગોખમાં માતાજીની સ્થાપના કરી. વખત જતાં સથવારાને પુત્ર થયો. આજે આ કુટુંબ સોરઠમાં છે, પરંતુ દરવર્ષે માતાજીનો થાળ કરવા તે કુટુંબનો કોઈ વંશ જ આવે છે.

ઉમરાળા, વલ્લભિપુર, સિહોર, અને ભાવનગર તાલુકાના ગામોમાં દડવાની દાતારમાં ખૂબ શ્રદ્ધા અને ભક્તિ ધરાવનાર ઘણા માણસો છે. દરવર્ષે લાપશી કરવા અનેક કુટુંબો આ સ્થાને આવે છે આ માતાજીની માનતા પણ જુદી જુદી રીતે કરવામાં આવે છે. અને અંતરની ઇચ્છાઓ આ માતાજી પરિપૂર્ણ કરે છે એવી અત્યંત શ્રદ્ધા પ્રતિદિન વધતી જ જાય છે.

**ભીમનાથ :**

ગોહિલવાડને સીમાડે રેલ્વે લાઈન ઉપર બોટાદથી બીજું સ્ટેશન ભીમનાથ છે. આ સ્થળ કેટલું પ્રાચીન છે તે નીચેની લોકકથા ઉપરથી જાણી શકાય છે.

મહાભારતના સમયમાં સૌરાષ્ટ્રના દક્ષિણ કિનારે જંગલ હતું અને તે હિડીંબાના વનને નામે ખ્યાત હતું પાંડવો વનવાસ દરમિયાન આ જંગલમાં આવેલા અર્જુનને વ્રત હતું કે દરરોજ શિવજીની પૂજા કરી ભોજન લેવું પરંતુ ત્રણ ત્રણ દિવસથી દરેક ભાઇના સતત પ્રયત્ન છતાં શિવલિંગ કોઈ સ્થળે ન દેખાયું અને અર્જુનને ઉપવાસ થયા. ભીમે કે જે અત્યાહારી હતો તેને ઉપવાસીનું દુઃખ સમજાયું અને એક ગોળપાત્રને ઊંધુ કરી આજુબાજુ પ્રાકૃતિક સૌંદર્ય બનાવી, જાણે કે ઘણા સમયથી અપૂજ હોય તેવો દેખાવ ઉભો કર્યો. અને દોડતા જઈને અર્જુનને સમાચાર આપ્યા. અર્જુને સાચાદિલથી પૂજા કરી અને ભોજન લીધું આ વિધિ થઈ ગયા બાદ ભીમે ઘટસ્ફોટ કર્યો પણ અર્જુનનું મન માન્યું નહીં ખાત્રી કરવા હાથમાં ગદા લઈ બન્ને ભાઇઓ ઉપડયા અને ગદાનો એક પ્રહાર મૂર્તિ ઉપર કર્યો. શિવલિંગમાંથી દૂધની ધારાઓ છૂટવા માંડી ભીમે આ ચમત્કાર જોયો અને અર્જુનની પાસે ક્ષમા માગી. બન્ને ભાઈઓએ ફરીથી મહાદેવને વંદન કરી પૂજા કરી.

કહેવાય છે કે આ ગદાના પ્રહારથી લિંગ ઉપરથી અને વચ્ચે બેસી ગયેલું દેખાય છે. આ છે ભીમનાથની કથા.

ભીમનાથ મહાદેવ પાસે ભીમનાથ નામનું ગામ પણ છે. ભાલ પ્રદેશમાં નિલકા નદીને કાંઠે છે. થોડા વર્ષો પહેલાં આ નદીના વીરડાઓ દૂધથી ઉભરાયેલ હતા. આ બાબતની ખાત્રી સત્તાવાળાઓએ કરેલી, વર્તમાનપત્રોમાં પણ આવેલી. શ્રાવણી બળેવના દિવસે બ્રાહ્મણોનું યજ્ઞોપવિત બદલવાનું આ પવિત્ર સ્થળ છે.

આ મહાદેવના મંદિરને ઉપર ઘુમટ નથી ચાર દિવાલો છે. અને ઘુમટના સ્થાને હજારો વર્ષની જુની જાળ (એ નામક વૃક્ષ) જાળના પાંદડામાંથી દરરોજ મીઠો પદાર્થ ઝરે છે. મંદિરમાં એક ગાય છે. નવાઈની વાત એ છે કે આ ગાયના વેલા (વંશ)માં માત્ર એક જ વાછડીનો જન્મ થાય છે. વાછડી મોટી થયા પછી, ગાય બન્યા પછી એ પણ ફકત એક જ વાછડીનો જન્મ આપે છે. આ ગાયનું દૂધ પ્રભુને પ્રસાદરૂપે આપવામાં આવે છે. આ કામધેનુનો વેલો પરંપરાથી ચાલ્યો આવે છે.

આ સ્થાનમાં આજે વર્ષોથી અસ્પૃશ્યતા નિવારણ થઇ ચૂકેલ છે. ભાદરવી અમાસના દિવસે ત્રણ દિવસનો મેળો ભરાય છે. હરિજનો સવર્ણો જેટલાજ હક્કો કોઈપણ અંતરાય સિવાય ભોગવતા હોય તેવું પ્રાચીન સ્થળ આ એકજ

છે. આ બાબતનો કોઇએ ઉહાપોહ કર્યો નથી. વિરોધ કર્યો નથી એટલું જ નહીં પણ એવી વિરોધી ભાવના આ સ્થળમાં કોઈના મનમાં જન્મી પણ નથી.

ગોહિલવાડના તીર્થસ્થાનોમાં પ્રાચીન તેમજ ઐતિહાસિક, અસ્પૃશ્યતા નિવારણ દર્શાવતું અને લોકભોગ્ય બનતું, મન અને આત્માને શાંતિ આપતું પ્રાકૃતિક સૌંદર્યની વચ્ચે માનવીની સાત્વિક ભાવનાઓ જગાડતું આ સ્થળ પવિત્ર છે જે નિ:શંક છે.

**કાળભૈરવની દહેરી :**

લીલીયા તાલુકાના પુંજાપાદર ગામે ચારણદેવી નાગબાઈની દહેરી છે. તેથી બાજુમાં જ ગામના ઝાંપામાં આ સ્થાન આવેલ છે. ૧૯૭૪માં પ્લેગની મહામારી શરૂ થઈ તે અરસામાં એક પવિત્ર બ્રાહ્મણે આ ગામમાં આવી મહામારી ન થાય એવા હેતુથી આ કાળભૈરવની પ્રાણપ્રતિષ્ઠા કરી હતી.

**અંટાળેશ્વર મહાદેવ**

લીલીયાથી ઉત્તરે ચાર માઈલ દૂર, અંટાળિયા ગામથી થોડે દૂર, આ મહાદેવ આવેલા છે. ગાગડીયા નદીને કાંઠે છે. નદી કિનારે આવેલ આ સ્થાન રમણીય છે. સામાન્ય રીતે કોઈ કોઇ સ્થળે સ્વયંભૂ મહાદેવ સબંધમાં જે ઉકિત–કહેવાય છે. તેવી આ સ્થળને વિશે પણ છે કે ગાયના આંચળમાંથી દૂધ ઝરી જતું અને ખોદકામ કરતા મૂર્તિ મળી.

આ શિવલિંગ સબંધે વિશેષ બાબત તો એ છે કે આ લિંગને ગામમાં લઇ જવા માટે ખોદકામ કરતા હતા ત્યારે તે બહાર આવવાને બદલે વધારે ને વધારે ઊંડું ઉતરતું હતું તેથી ગામ લોકોએ ત્યાં જ મંદિર બંધાવ્યું

આ જગ્યામાં બે ખાંભી છે, તે મંદિરના પૂજારી બાવા તેજ પુરી અને જોધપુરીની છે. ગાગડીયાના પટમાં અગાઉ ઘણા હરણો હતાં તે રાત્રે મંદિરમાં ચોત્રાનમાં આશ્રય મેળવતા,

સંવત ૧૯૬૫માં આ મહાદેવના મહંત શ્રી રઘુવીરદાસજી હતા. આજ સમયમાં ગીરધરવાવ (કુંડલા) ના મહંત શ્રી નરસિંહદાસે ગંગા ઉત્સવ યોજેલો. તે ઉત્સવમાં પધારવા મહેતા શ્રી રઘુવીરદાસજીને નિમંત્રણ પત્રિકા લખેલી.

આ પત્રિકા લીલીયાના મોહનભાઇ માનાભાઈ સોલંકી પાસે આજે પણ સચવાઇ રહેલ છે.

**ત્રણ લીંબડી હનુમાન**

લીલીયા ગામથી સ્ટેશન તરફના રસ્તા ઉપર ત્રણ લીંબડી ઉગેલી છે. અને ત્રણેની વચ્ચે શ્રી હનુમાનજીની દહેરી છે. ગામ લોકોએ ફાળો કરીને બાજુમાં જ ઝુંપડી–મઢી બનાવેલ છે. સ્વર્ગસ્થ શ્રી અતિતગર મહારાજના પ્રયાસથી આ સ્થળનું ભક્તિ પૂર્ણ મહત્વ વધેલું છે. દર શનિવારે આ સ્થળ વધારે જીવંત બને છે.

**ભવાનીમાતા (કતપુર) :**

"વર, પાશને અંકુશમાં, અભય મુદ્રા ધારણ કરી;
રક્તવર્ણ સોહાયમાં, ભવાની ભૂવનેશ્વરી"

"સવારે બાળેવેશ, ભરબપોરે યુવતી;
સાંજે પ્રૌઢ રૂપ, તું માં ભવાની સુંદરી"

ભવાની માતાનું મંદિર મહુવાથી લગભગ બે ત્રણ માઇલ દૂર સમુદ્રકિનારે, કતપુરથી લગભગ ચારેક ફર્લાંગ દૂર પૂર્વમાં આવેલું છે. આ મંદિર અત્યંત પુરાતની છે. તેના વિશે એક દંતકથા તથા લોકકથા પ્રચલિત છે.

તેમના સંબંધી એક સુંદર વૃત્તાંત દેવી ભાગવતમાંથી મળે છે કે ક્ષીરસાગરમાં પોઢેલા ભગવાન થાકયા, તેણે વિચાર્યું કે આમ બેસી રહેવા કરતાં કાંઇક પ્રવૃત્તિ કરવી જોઇએ.

બ્રહ્માજીએ પોતે શરૂઆતમાં વિચાર્યું કે આ કમળની દાંડી કયાંથી ઉત્પન્ન થઈ હશે! કમળ કેવી રીતે ઉગ્યું હશે તેને માટે શોધ કરવા કમળની દાંડી પકડીને તેઓ જળમાં નીચે ને નીચે ઉતરવા લાગ્યા આમ કરવામાં તેમનો ઘણો સમય ચાલ્યો ગયો. છેવટે બ્રહ્માજી ભગવાન વિષ્ણુની નાભિમાંથી ઉત્પન્ન થયેલ કમળવાળી જગ્યાએ પહોંચ્યા. આથી તેમણે શેષનાગ ઉપર શયન કરી રહેલાં ભગવાન વિષ્ણુને પોતાના સર્જક માન્યા. તેમણે વિષ્ણુને જગાાવા માટે ઘણા પ્રયત્ન કર્યા છેવટે તપ શરૂ કર્યું સૈકાઓ સુધી તપશ્ચર્યા કરી, પરિણામે ભગવાન વિષ્ણુના શરીરમાંથી છાયાસ્વરૂપ દેખાતાં કોઈ દેવી બહાર આવ્યા તેમણે બ્રહ્માજીને કહ્યું કે "તમે પ્રભુને નિંદ્રા લેવા દો આપણે સમુદ્ર ઉપર તરી રહેલાં પેલા કમળ તરફ જઇએ.

બ્રહ્માએ દેવીની વાત કબૂલ કરીને બન્ને જણાં સાગરના જળ ઉપર તરતા કમળ પાસે આવ્યા થોડા સમયમાં આકાશમાંથી એક વિમાન આવ્યું. એ વિમાનમાં બેસીને જતાં હતાં તેવામાં બ્રહ્મલોક, કૈલાસપુરી, ઇન્દ્રપુરી, વગેરે દેવલોક ઉપર થઈને પસાર થતાં, ત્યારબાદ વિમાન એક દ્વીપમાં જઇ અડયું. આ દ્વીપનું નામ મણીભદ્ર દ્વીપ હતું તેમાં એક સુંદર સ્વરૂપવાળા દેવી બિરાજમાન હતા.

બ્રહ્માજી અહીંનું દ્રશ્ય જોઇને વિસ્મિત બન્યા અને આ સુંદર સ્વરૂપવાળા દેવીજી વિશે જાણવાની જીજ્ઞાસા વ્યકત કરી. બ્રહ્માજીને છેવટે જણાયું કે આ મહાદેવી તે બધા ભુવનો સર્જનારી ભુવનેશ્વરી માતા છે. ભવાની માતા છે. અને વિષ્ણુની નાભિમાંથી ઉત્પન થયેલ કમળમાંથી ચતુર્મુખ બ્રહ્મા ઉત્પન્ન થયા બ્રહ્માએ આંખ ખોલીને જોયું તો ચારે

બાજુ કમળની પાંખડીઓ અને દૂર દૂર સુધી નજર પહોંચી ત્યાં સુધી સમુદ્ર પથરાએલો દેખાયો. ઘણાં સમય સુધી કમળમાં બેસી રહ્યાં પછી બ્રહ્માજી માતા ભવાનીની પ્રેરણાથી બ્રહ્માજીએ ભિન્ન ભિન્ન લોકનું નવું સર્જન કર્યું અને આ રીતે પ્રવૃત્તિ શરૂ કરી.

ઉપરનું વર્ણન દેવી ભાગવતના ત્રીજા સ્કંધમાં આવેલ છે. ભુવનેશ્વરી યા ભવાનીમાતા અંબાજીનું એક સ્વરૂપ ગણાય છે. તેનું વાહન પણ અંબાજીના વાહન જેવું છે. ભવાની માતાની પૂજા ભારત વર્ષમાં કોઇ કોઈ સ્થળે પાંચમાં સૈકાની આસપાસથી થતી આવી છે. જો કે તે પહેલાં પણ ભવાની માતાની પૂજા થતી હશે તેવુ વર્ણન પુરાણોમાંથી મળી આવે છે. દક્ષિણ ભારતમાં દેવી ભવાનીના કેટલાક મંદિરો જોવાં મળે છે. બંગાળા, ઓરિસ્સા, ઉત્તરપ્રદેશ અને રાજસ્થાન વગેરે પ્રદેશોમાં કોઇ કોઇ સ્થળે ભવાની માતાનાં મંદિરો દેખાય છે. ગુજરાત–સૌરાષ્ટ્રમાં બે સ્થળે આવા મંદિરો છે. એક હળવદ શહેરથી ચાર માઇલ દૂર આવેલુ છે. આ મંદિર સુંદરી ભવાની ના નામથી પ્રસિધ્ધ છે અને બીજુ મંદિર આ મહુવા પાસે સમુદ્ર કિનારે આવેલું ભવાની માતાનું મંદિર.

કહેવાય છે કે યાદવો અને શ્રી કૃષ્ણના સમયમાં પણ અહીં ભવાની મંદિર હતું પરંતુ સમય જતાં તે સ્થળ ભૂલાઈ ગયેલ, હાલમાં જે સ્થળે તે ત્રણસો વર્ષ પહેલા અસ્તિત્વમાં આવેલ છે.

શ્રી કૃષ્ણના સમયમાં પણ અહીં આજ માતાજીનું મંદિર હતું મંદિરની આજુ બાજુ ગઢ હતો. પુરાણા ગઢના અને મંદિરના અવશેષો હાલ પણ મળે છે. આ ગઢની દિવાલો પાંચ ફૂટ પહોળી હતી. સમુદ્ર કિનારે આવેલ આ ગઢ સમુદ્રના મોજા, પવન અને કાળના પ્રહારે તૂટી પડેલ જેની ઈંટો તથા માટીના વાસણોના ટુકડાઓ જોતાં એ સ્થળ લોથલ સંસ્કૃતિ જેટલું પુરાણું હશે એમ માનવાને કારણે મળે છે. ઈંટો પૈકી એક ઈંટ પૂરાતન ખાતાદ્વારા તપાસ કરતાં તે ત્રેવીશ સો વર્ષ જુની માલમ પડેલ છે.

હાલનું સમુદ્ર કિનારે આવેલું કતપુર, તે અગાઉનું કનકપુર પ્રાચીન સમયમાં જાહોજલાલી પૂર્ણ શહેર હતું કનકસિંહ રાજા હતો. તેની પુત્રી રૂક્મણી દરરોજ ભવાની માતાનાં દર્શન કરવા જતી હતી અને શ્રી કૃષ્ણે રૂક્મણીનું હરણ આજ સ્થળેથી કર્યું હતું

આ અતિ પ્રાચીન સ્થાને એક ટેકરા ઉપર ત્રણ ઓરડાવાળું માતાજીનું મંદિર આવેલું છે. મંદિરમાં દાખલ થતાં સૌથી પ્રથમ યજ્ઞ મંડપ વાળો ભાગ આવે છે. ત્યાર બાદ ગૂઢ મંડપનો ભાગ, અને છેલ્લે ગર્ભગૃહ આવે છે. આ ગર્ભગૃહમાં બિરાજતા માતા ભવાનીની સુંદર પ્રતિમાંના દર્શન થાય છે. માતાના મંદિરનો કેટલોક ભાગ ટેકરા કરતાં નીચો હોવાથી મંદિરમા થોડુ આંધારૂ રહે છે. પરંતુ ગર્ભગૃહમાં એક જાળીયુ રાખેલ છે. તેથી થોડો પ્રકાશ મૂર્તિની આસપાસ પડે છે.

દર વર્ષે શ્રાવણ સુદ પૂનમને દિવસે આ સ્થળે મોટો મેળો ભરાય છે. તેમાં ઘણાં માણસો ભાગ લે છે. મંદિર પાસે રેતી (પણ્યા)ના ઢગલા આવેલા હોવાથી લોકોને એકાદ ફર્લાંગ રેતીના ઢગલા ચાલવું પડે છે, રસ્તામાં પ્રાચીન અવશેષો નજરે પડે છે.

મહુવાથી ભવાની માતાના મંદિર જતા માર્ગમાં રાજબાઈ માતાનું નાનકડું મંદિર આવે છે. આ માટે પણ એક દંત કથા છે.

કાળયવન નામનો એક રાક્ષસ ભવાની માતાના મંદિરનો નાશ કરવા જતો હતો કનકપુરમાં રહેતી ભવાની માતાની ભકત રાજબાઇ નામની સ્રીએ આ વાત જાણી, એ વખતે તે રોટલા ઘડતી આ વાત જણતાં જ હાથમાંનો લોટનો પિંડ લઈ રાજબાઇ માતાજીના મંદિર તરફ દોડી, કાળયવન પણ એજ તરફ જતો હતો. વચ્ચે જ રાજબાઇ એ કાળયવનને પડકાર્યો "ખબરદાર જો માતાજીના મંદિરનો નાશ કરીશ તો હું મારી સઇ શકિતથી મેળવેલ સિધ્ધિ દ્વારા તારો વિનાશ કરીશ."

કાળયવને જવાબ આપ્યો, "હું પોતેજ કાળનું એક સ્વરૂપ છું જે જન્મે છે તે મરેજ છે, નામ તેનો નાશ છે. જ, હું કાળ છું, મંદિરનો વિનાશ કરવા આવ્યો છું, મારા નિશ્ચયમાંથી હું ચલાયમાન થઈશ નહીં. મારા કામમાં વિઘ્ન નાખવાનો પ્રયત્ન કરીશ તો હું તને શ્રાપ આપીશ"

કાળયવનનો નિર્ણય રાજબાઇને અટલ જણાયો, અને મક્કમ બની ભવાની માતાના મંદિરનું રક્ષણ કરવાનો, બચાવવાનો જીંદગીના ભોગે પણ નિર્ણય કર્યો અને કાળયવનનો પોતાની સર્વ શક્તિથી મળેલ સિધ્ધિદ્વારા વિનાશ કરવા શ્રાપ આપ્યો અને કાળયવનનું એક મોટુ વૃક્ષ બની ગયું રાજબાઇને મંદિર બચાવ્યાનો સંતોષ થયો. રાજબાઇ ને કાળયવનને આપેલ શ્રાપના પરિણામે રાજબાઈ પથ્થર બની ગઈ.

આજે પણ ભવાની માતાના મંદિરે જવાના માર્ગ ઉપર આ ઝાડ અને પથ્થર છે. કહેવાય છે કે આ પથ્થર દર વર્ષે એક ચોખા જેટલો મંદિર તરફ આગળ વધે છે.

ભવાની માતાનું યાત્રા ધામ યાત્રિકોને ભક્તિ અને સદ્દભાવના પ્રેરે તેવુ રમ્ય છે. મંદિરની આગળના ભાગમાં ઘુઘવાટા કરતો સમુદ્ર, આજુ બાજુ તેવોજ રેતીવાળો પ્રદેશ, દૂર દૂર નાળિયેરીના અનેક વૃક્ષો, શાંત અને એકાંત નિર્જન સ્થળ પરમાત્માની કરૂણા અને માનવ હૃદયની ભકિતનો અવિભવિ દર્શાવે છે.

**નિલકંઠ મહાદેવ**

લીલીયા અને ગોઢાવદર ગામની વચ્ચે આ મહાદેવનું

પુરાતન મંદિર આવેલું છે. ભીમ અગીયારસ અને જન્માષ્ટમીના દિવસે અહીં મોટો મેળો ભરાય છે. લીલીયા, પુંજાપાદર, અને ગોઢાવદર ગામની રાસ મંડળીઓ પોતાની કળા આ સ્થળે દર્શાવે છે. ગરબી અને બહેનોના રાસ, લોકગીતો અને દુહાની રમઝટ બોલાવી નિર્દોષ આનંદ મેળવે છે.

સને ૧૯૦૪ની પ્લેગની મહામારીને વખતે મંદિરના દરવાજાની મેડી ઉપર ન્યાય કોર્ટ બેસતી, મંદિરની પાસેના બીજા મકાનોમાં અમલદારી રહેતા.

હાલમાં આ મંદિરનો જીર્ણોદ્ધાર લીલીયાના નાગરિક શ્રી મોહનલાલ ગોપાળજી દવે તેમના માતા પિતાની પવિત્ર યાદ માટે કરાવેલ છે. સ્થળ રમણીય અને નયનમ્ય છે.

**મહાકાળીનું મંદીર**

પાલીતાણામાં તળાવમાં ગૌશાળા પાસે એક મહાકાળીનું મંદિર આવેલું છે. આ મંદિરમાં પ્રસંગો પાત ભજન કીર્તન અને ધાર્મિક વિધીઓ થતી રહે છે.

આ મંદિર પાલીતાણાના બ્રહ્મભટ્ટ ગોપા કાનાએ બંધાવેલું—ગોપા કાનાના પુત્રી સંતોકબા આજે હયાત છે. તેઓ પણ સાધુ સંતોની સેવામાં અને પૂન્યદાનના ભક્તિ માર્ગમાં અવિરત મગ્ન રહે છે.

**લાલદાસનું મંદિર**

પાલીતાણામાં દાણાપીઠ પાસે આવેલા લાલદાસનું મંદિર પણ ઘણું પ્રાચીન છે. આ મંદિરની સાચવણીમાં અને પ્રસંગોપાત અહીંના ધાર્મિક કાર્યક્રમોમાં બ્રહ્મભટ્ટો સારો એવો રસ લ્યે છે.

**હડકમૂઈ માતા**

ઉમરાળા તાલુકાનું તરપાળા ગામ કાળુભાર નદીને કાંઠે આવેલું છે. ગામ નાનુ છે. અહીં એક માતાજીનું સ્થાનક છે. નામ હડકમૂઈ માતા.

કોઈ પણ વ્યક્તિને હડકાયું કૂતરૂં અગર કોઈ હડકાયું જાનવર કરડે તો આ 'હડકમૂઈ માતા' ની માનતા કરે છે.

આ પંથકના માણસોના મોટા ભાગની એવી માન્યતા છે કે આવી રીતે માતાજીની માનતા કરવાથી હડકવા થતો નથી. માતાજીના સ્થાનકમાં બે ઓરડાઓ, વિશાળ મેદાન અને તેમાં લીમડાના ઝાડોની ઘટા, કોઈ પણ મુસાફરને માનસિક શાંતિ આપે છે.

ખૂબીની વાત એ છે કે આ સ્થાનમાં વર્ણાશ્રમના ભેદભાવ નથી જે કંઈ માતાજીનો પ્રસાદ બનાવેલ હોય તે સહુ સાથે બેસીને જમે છે.

તરપાળા ગામ ધોળાથી ત્રણ માઈલ અને ઉમરાળાથી બે માઈલ દૂર છે.

**જીવણી આઈ :**

ધ્રાંગધ્રા પાસે કાળુભાર નદીમાં જીવણીયો નામનો પાણીનો ધરો છે. આ સ્થળે એક જીવણી આઈ નામના એક પરોપકારી અને સાત્વિક મનોવૃત્તિવાળા એક ' આઈ ' થઈ ગયેલા. કહેવાય છે કે એક વખત ખૂબ વરસાદ પડતો હતો વલ્લભીપુરના ઠાકોરશ્રી આતાભાઈને વરસાદની ખૂબ ઠંડી લાગેલી, પલળતા પલળતા ઘોડા પર જ બેભાન થવાની તૈયારી હતી અને આ સ્થળે ઘોડો આવ્યો. જીવણી આઈએ ઠાકોર સાહેબને શેક કરી ગરમી આપી અને નાના ઝુંપડામાં વચ્ચે તલવાર રાખીને સૂતેલા.

આ ધાર્મિક સ્થાન વિષે કહેવાય છે કે મોટી ઉધરસ અને ઉટાંટિયા જેવા દર્દોમાં આ માતાજીની માનતા કરવાથી દર્દ મટે છે.

**સતિમા**

કુંડલા ગામના તોરણ બંધાવવા માટે સામત ખુમાણે ગારિયાધારથી મદન ભટ્ટને બોલાવેલા. આ વિદ્વાન બ્રાહ્મણે કુંડલાનું ખાત કરેલું અને સામત ખુમાણે મદન ભટ્ટને વાડી ખેતર ગરાસમાં આપેલા.

મદન ભટ્ટ વિદ્વાન અને સાત્વિક પુરૂષ હતા. તેમનું કુટુંબ પણ સાત્વિક હતું. મદન ભટ્ટની પાછળ તેમના પત્નિ, તેમના પુત્ર માહન (માંડલ) પાછળ તેમના પત્નિ, અને તેમના પપુત્ર, બોઘા ભટ્ટની પાછળ તેમના પત્નિ એમ એક જ કુળમાં ત્રણ ત્રણ સ્ત્રીઓ સતિ થયેલ.

બોઘા ભટ્ટની પાછળ સતિ થયેલ તેમના પત્નિ રતનબાઈની પાસે તો જોગીદાસ ખુમાણ પણ ગયેલા. આ સતિની સૂચના અનુસાર છેલ્લે જોગીદાસ ખુમાણે ભાવનગર નરેશ સાથે સમાધાન કરેલ.

બોઘા ભટ્ટના પુત્ર મયારામ ભટ્ટ ખૂબ જ ધાર્મિક વૃત્તિના સત્વગુણી વિદ્વાન બ્રાહ્મણ હતા. કુંડલાના તમામ પ્રજાજનો હિન્દુ અને મુસલમાન તેને ઓલિયા પુરૂષ તરીકે ગણતા.

**મુનિ બાવાની જગ્યા—**

લીલીયા ગામની દક્ષિણ દિશાએ જુના વખતની આ જગ્યા હાલ જર્જરિત થઈ ગયેલી સમારકામ માગતી જોવામાં આવે છે. ભૂતકાલમાં આ સ્થાનનું ઘણું મહત્વ હતું અને આજુબાજુના ૩૨ ગામોના ખેડૂતો આ જગ્યાને વાઢ કર્યો હોય તો ગોળની ભેલી અને દરેક ખળાએ માણું અનાજ આપતા.

એમ પણ ઉલ્લેખ મળે છે કે ભાવનગરના મહારાજા જસવંતસિંહે લીલીયા મહાલના બત્રીસેય ગામના પટેલોની સંમતિથી ગામોનો વહિવટ આ જગ્યાના મહંતને સોંપેલ હતો. એ વખતે ખાખી બાવા શ્રી રઘુવીર બાબા મુનિના ચેલા આ વહિવટ કરતા. આ જગ્યાના નિભાવ માટે જમીન

ખેતર છે. હાલ બાવાજી વિઠ્ઠલદાસ જગ્યાનું કામ કરે છે.

જન્માષ્ટમી અને ભાદરવી અમાસે આ સ્થાન સવિશેષ મહત્ત્વનું બની રહે છે.

**જગતપીર—**

જગતપીરના નામે પ્રસિદ્ધિ પામેલ આ જગતપીરનું સ્થાન કુતાણા ગામની પૂર્વે અને વેળાવદર ગામની પશ્ચિમે બન્ને ગામોની વચ્ચે આવેલું છે. ડુંગરાની ગાળીઓમાં આ જગતપીરની જગ્યા છે દરેક વર્ષે હુતાશણીના દિવસે અહ મોટો મેળો ભરાય છે.

જગતપીરની આ પંથકમાં ઘણા લોકો માનતા કરે છે. મુખ્યત્વ ખજુર વહેંચવાની માનતા હોય છે.

નવાઇ તો એ પણ કહેવાય કે જેટલા ખજુરની માનતા માની હોય તેથી બમણો ખજુર પીરદાદાને ધરાવી લોકોને વહેંચી આપવાનો હોય છે. આ ખજુરના અસંખ્ય ઠળીઆ આ સ્થળે જોવામાં આવે છે. ગમે તે કારણ હોય પરંતુ ખજુરનો એક પણ ઠળીયો વર્ષાઋતુમાં પણ ઊગતો નથી.

**ખોડીયાર માતાના સ્થાનકો**

૧. લીલીયાથી અંટાળીયા જતાં સિમાડા ઉપર એક વર્ષોજુની વાવ નજીક બાવળના થડ નજીક આ સ્થાન આવેલું છે. લોકો માનતા પૂરી કરવા આવે છે.

૨. દામનગરથી ગારિયાધાર જતાં રસ્તામાં આવતાં શાખપુર ગામની દક્ષિણ દિશામાં શાખપુરી ખોડીયાર માતાજીનું સ્થાનક છે. ડુંગર ઉપર આવેલું છે. ડુંગર ઉપર હોવાથી આજુ બાજુનો તથા મંદિરનો સ્થાનકનો દેખાવ સુંદર લાગે છે. આસપાસના લોકોનું પૂજનીય અને શ્રધ્ધાનું સ્થાન છે.

૩. આ સ્થાન લીલીયામાં આવેલું છે. લીમડાના વૃક્ષ નીચે કંડાર્યા વગરથી મૂર્તિ હતી. લોકોની શ્રધ્ધા આ સ્થાન ઉપર ખૂબજ હતી. આ શ્રધ્ધાના બળથી આજ જગ્યાએ સુંદર મંદિર બંધાવવામાં આવેલ છે. પુરાતન મૂર્તિને કંડાર કરીને, અદ્ભૂત પ્રતિમાં બનાવી તા. ૧૪-૫-૬૫ના રોજ પ્રાણ પ્રતિષ્ઠા કરી મંદિરમાં પધરાવવામાં આવેલ છે.

આજે પણ અનેક લોકો શ્રધ્ધા પૂર્વક આવે છે. માનતાઓ કરે છે. અને મનનો ભાર ઉતારે છે.

## મસ્તરામની જગ્યા

**અવધૂત યોગીનું સમાધિ સ્થાન**

ગોહિલવાડના પ્રવેશદ્વાર સમા બોટાદમાં આજથી પોણોસો વર્ષ પહેલાં પહેલાં એક સંત થઈ ગયા. તેમનું નામ હતું મસ્તરામજી મહારાજ તેમનું સમાધિ સ્થળ મસ્તરામજીની જગ્યા તરીકે જાણીતું છે. આ સ્થળ બીજા કરતા કંઇક વિશિષ્ઠ પ્રકારનું છે.

સામાન્ય રીતે સિધ્ધ કોટિના મહાત્માઓના દેહવિલય બાદ સંસ્થાઓ અસ્તિત્વમાં આવે છે. ફાલે-ફૂલે છે. સંસ્થાના સંચાલકો ઉત્તરોત્તર વિકાસ કરે છે. પણ આ જગ્યા વર્ષોથી એકધારી સ્થિતિમાં છે. ત્યાં કોઇ ગાદીપતિ નથી કે કોઇ સંચાલક નથી, તેનું સંચાલન ટ્રસ્ટીઓ કરે છે. જે ટ્રસ્ટીઓ છે તેઓ મહાત્મા મસ્તરામજીની માન્યતા મુજબ માયાનો જરા પણ વિસ્તાર વધારતા નથી. જગ્યામાં પૂજારી રહે છે.

તે ભગવાન શંકરની પૂજા કરે છે. જગ્યાનું ધ્યાન રાખે છે. મહાત્મા મસ્તરામજીની સમાધિ પર વર્ષોથી જલતા ધુપદીપનું પણ ધ્યાન રાખે છે. જગ્યાના દ્વાર આખો દિવસ ખુલ્લાં જ હોય છે. લોકો શ્રદ્ધાપૂર્વક આવે છે.

"બ્રહ્મનિષ્ઠ મહાત્માશ્રી મસ્તરામજી" નામક પુસ્તકમાં તેના લેખક શ્રી રેવાશંકર એો. સોમપુરા મહાત્માજીનો પરિચય આપતાં લખે છે કેઃ—

મહાત્માશ્રી મારવાડના રામસ્નેહી સંત હતા; તેઓશ્રીએ હકીકત કદી કહી નથી. તેમના માતાપિતા કે જન્મ સ્થળ વિશે કશી હકીકત મળતી નથી. કોઈ ભકતે તેમની જન્મભૂમી તથા માતાપિતા વિશે પ્રશ્ન પૂછેલો અને તે જાણવા આગ્રહ કરેલો ત્યારે તેમનો ઉત્તર આ પ્રકારનો હતો ! "બ્રહ્મ અમારા પિતા છે. માયા અમારી માતા છે. વિશ્વ અમારી જન્મભૂમિ છે.

તેમની ભાષા પરથી તેમનો જન્મ મારવાડમાં થયેલો હોય એમ માનવામાં આવે છે. એક માન્યતા એવી પણ છે કે તેઓ બાળક રૂપે એક જંગલમાં પ્રગટ થયા હતા. તેમની રચેલી સાખીઓની ભાષા હિન્દી, મારવાડી, અને ગુજરાતી એ ત્રણ ભાષાના મિશ્રણ રૂપ છે. તેમનું બાળપણ અયોધ્યામાં, યુવાની મારવાડમાં અને પ્રૌઢ અને વૃદ્ધાવસ્થા સૌરાષ્ટ્રમાં વિતેલાં જણાય છે. સૌરાષ્ટ્રની ભૂમિ તો ભાગ્યશાળી અને પુણ્યવંત ભૂમિ છે.

શ્રી મીરાંબાઇનું જીવન તો જાણીતું જ છે. મારવાડ–મેવાડમાંથી પસાર થઇ તેઓ પણ સૌરાષ્ટ્રની ભૂમિમાં આવ્યાં. દ્વારકામાં જ વાસ કર્યો. શ્રી રણછોડરાયનું શરણ સ્વીકારી તેમાં જ લય પામ્યાં. એજ પ્રમાણે મસ્તરામજી મહારાજ પણ તેમની પ્રોઢવયમાં સૌરાષ્ટ્રની ભૂમિમાં વિચર્યા ને છેવટે ગોહિલવાકના દ્વારસમાં બોટાદમાં સમાધિસ્થ થયા.

મહાત્મા શ્રી મસ્તરામજીને તે સમયના ભાવનગરના નામદાર મહારાજા સાહેબ સર તખ્તસિંહજી પોતાના ગુરૂ ગણતાં, તથી મસ્તરામજી ઘણીવાર ભાવનગર પધારતા.

મસ્તરામજી કદી કોઈ સ્થળે સ્થાયી રહેતા નહીં તેમનો વૈરાગ્ય અવધિરૂપ હતો. વસ્ત્રમાં માત્ર એક કૌપીન અને બીજી ચાદર કેડે વીંટાળતા. જળપાત્ર પણ પાસે રાખતા નહીં વરતીવાળા ભાગથી અલગ રહેતા. ભિક્ષામાં માત્ર

સારૂં ભોજન મુખત્વે દાળ રોટલો કે છાશ જ લેતા. અલ્પાહાર કરી એકાંત સ્થળે ચાલ્યાં જતાં તેમને ભૂમિરૂપી શૈયા હતી. દિશારૂપી વસ્ત્રો હતા, કરરૂપી પાત્ર હતું રામ-નામનું ગુંજન કરતાં મસ્ત બની તેઓ વિચરતા, તેથી લોકો તેમને "મસ્તરામ" નામથી પિછાનમા.

જે લોકોને મહાત્માશ્રી મસ્તરામજી મહારાજના પુનિત દર્શનનું સૌભાગ્ય પ્રાપ્ત થયુ છે. તેઓ કહે છે કે. શ્રીમદ્ ભગવદ્ ગીતામાં ભગવાન શ્રીકૃષ્ણે સ્થિતપ્રજ્ઞનાં જેજે લક્ષણ વર્ણવી બતાવ્યા છે. તે સર્વ લક્ષણ આ મહાપુરૂષમાં પ્રત્યક્ષ નજરે પડતાં હતાં

મસ્તરામજીનો ત્યાગ અપૂર્વ હતો. ભાવનગર નરેશ એમને ગુરૂ માનતા પણ કદી તેમણે તેમની પાસેથી કોઈપણ જાતની અપેક્ષા રાખેલી નહીં એટલું જ નહીં પણ ભાવ-નગરમાં સ્થાયી નિવાસ ન કરતાં ચારેબાજુ ફર્યા કરતા. મસ્તરામજી તો કહેતા કે 'સાધુ તો ચલતા ભલા' પરિણામે સૌરાષ્ટ્રમાં ખાસ કરીને ગોહિલવાડ-ઝાલાવાડના લોકોને તેમનાં દર્શનનો અને સત્સંગનો લાભ મળ્યો હતો.

મસ્તરામજી જ્યારે ભાવનગર જતા ત્યારે દિવસે તળા-વની પાળ પર પીપરો નીચે અને રાત્રે કોઈ નિર્જન સ્થળે મુકામ કરતા, એક વખતે મહારાજા સર તખ્તસિંહજીએ મસ્તરામજીને કહ્યું: આપ આજ્ઞા આપો તો આપને માટે એક રહેવાનું મકાન આપું. ઈચ્છો એ સ્થળે બંધાવી આપું.

મસ્તરામજીએ હસીને કહ્યું: 'આ ક્ષણભંગુર શરીર માટે મકાન શા ? જંગલમાં ઘણા વૃક્ષો અને આસનો છે તે સર્વ મારા નિવાસસ્થાનો જ છે. મારે કોઈ બંધન ન જોઈએ.' પરિણામે તેમનો ક્યાંય આશ્રમ સ્થપાયો નહીં. સમાધિબાદ તેમના સમાધિ સ્થળ "મસ્તરામજીની જગ્યા" અસ્તિત્વમાં આવી.

તેમની ત્યાગવૃત્તિનો બીજો પ્રસંગ છે મસ્તરામજી મોતીબાગ મહેલમાં પધાર્યા, મહારાજા સાહેબે ઊભા થઇ સન્માન કરી આસન આપી બેસાડ્યા. તેમના ચરણમાં હજાર હજાર રૂપિયાની એક એવી પાંચ થેલી મૂકી હાથ જોડીને સ્વીકારવા પ્રાર્થના કરી. મસ્તરામજીએ પૂછ્યું, 'મારે આ રૂપિયાનું કરવું શું.'

'આપ આ નમ્ર ભેટનો સ્વીકાર કરો. આપને યોગ્ય જણાય ત્યાં વાપરો. યોગ્ય લાગે તો બ્રાહ્મણોને દાન પૂણ્ય અર્થે આપ તેનો ઉપયોગ કરો.

'હું તમારો નોકર નથી. તમારા હાથે તમે દાન કરી શકો છો એટલું કહી ત્યાંથી ચાલી નીકળ્યા.

મસ્તરામજી મહારાજ દિન–રાત ભગવદ્ ભજનમાં લીન રહેતા. તેમના રોમ રોમમાં રામનામ ગુંજતું તેનો અનુભવ પારસી ગૃહસ્થ શ્રી રૂસ્તમજી શેઠને થયેલો એ પ્રસંગ ખૂબ સુંદર છે.

શ્રી રૂસ્તમજી શેઠ બોટાદના જીનના મેનેજર હતા. તેમને સાધુ–સંતો પ્રત્યે સુગ હતી. એક વખત તેમના જીન પાસેથી મસ્તરામજી પસાર થયા. તેમને જોઇને રૂસ્તમજી શેઠે પોતાની પત્ની માણેકબાઇને કહ્યું, 'જુઓ હિન્દુ લોકો આવા બાવા વેરાગીઓને માલ મલીદા ખવડાવે છે. આ લોકો તગડા બની એ ફીકરા સાંઢ જેવા રખડી ખાય છે.

## તીર્થભૂમિ પાળિયાદ

શ્રી કૃષ્ણભગવાનની વિહારભૂમિ સૌરાષ્ટ્રમાં પાંચાળ ધરતી એટલે દેવભૂમિ. એ ધરતી પર અનેક સંતો થઇ ગયા. તેમાંના પૂ. વિસામણબાપુ તો 'પીર' કહેવાણા 'પીર' એટલે સિદ્ધ. પાળિયાદ તેમનું બેસણું.

તીર્થભૂમિ પાળિયાદની જગ્યાના આદ્ય સ્થાપક પૂ. વિસામણબાપુનો જન્મ સં. ૧૮૨૫ ના મહા સુદી ૫ ને રવિવારના રોજ પાળિયાદમાં કાઠી કોમમાં થયો હતો. પિતાનું નામ પાતામન અને માતાનું નામ આઇ રાણ-બાઈમા હતું.

પૂ. વિસામણ બાપુના જન્મ પહેલા તેમના પિતાશ્રી પાતામન ભાવનગરથી સાઠેક માઈલ દૂર ધુફણીયા નામના ગામમાં રહેતા હતા. તે ગામમાં ખુમાણ–મન શાખાના કાઠી ગરાસદારો રહેતા.

પાતામન સૂર્યનારાયણની ભક્તિમાં લીન રહી પોતાનું જીવન વીતાવતા હતા. આધડ ઉંમર છતાં પોતાને કંઇ સંતાન ન હતું. ગામને ટીંબે આવતા કોઇ મુસાફર સાધુ, સંત કે ફકીરની આગતા–સ્વાગતા કરતા, ને સીધુ–સામાન આપતા.

સાંજે ચંદણગીરી પર રહેતા, યોગીના દર્શને જતા યોગી દુધાધારી હતા. પાતામન રોજ તેમને દૂધ પાવા જતાં યોગી ડુંગર પર ભોયરામાં પડી રહેતા. આ ભોયરૂ અત્યારે પણ જીર્ણાવસ્થામાં મોજુદ છે.

એક દિવસ પાતામનને ત્યાં મહેમાન આવ્યાં, સાંજનો સમય હતો. પાતાનન નિયમ મુજબ દૂધનો લોટો ભરી યોગીને આપવા ચાલ્યાં જતાં મહેમાનોને કહેતા ગયા.

'તમે કસુંબો તૈયાર કરો. હું હમણાંજ આવ્યો. મહા-રાજને દૂધ પહોંચાડી ઝટ આવુ છું'

કાઠીની કોમ, વાણી કરડી તો ખરી. મેમાને મરમ કર્યો, 'હા બા હા , મહારાજ અમારાથી મોટા તો ખરા, દીકરો આપે તો ઈ આપે ,

પાતામન ઉદાસ થઇ ગયા. આપા પાતામનને કોઈ દિવસ આવુ લાગ્યું હતુ, આજે લાગ્યુ વિચારમાં તે વિચારમાં તે ડુંગરે પહોંચ્યા. પાતામને યોગી પાસે જઇને દૂધનો લોટો મૂક્યો.

પગે લાગ્યો, પાતામનના મનની અકળામણ યોગીરાજ સમજી ગયા. રોજ તો યોગીરાજ દૂધ પીઈ જતાં પરંતુ આજે તેમ નહીં કરતાં તેમાં થોડા ચાવલ (ચોખા) નાખી ખીર બનાવી પોતે થોડો પ્રસાદ લીધો અને બાકીનો પ્રસાદ પાતામન તથા આઇ રાણબાઈમાને જમવા આપી કહ્યુ : યહ પ્રસાદ તુમ ઘર લે જાઓ., તુમ્હારે ઘર લડકા હોગા વહ અવતારીપુરૂષ હોગા મગર ઈસ ભૂમિમેં નહીં કલ સુબહ ઈસ ગાવકો છોડકર યહાંસે ચલે જાના જહાં ભી સૂર્યાસ્ત હો વહાં સદાકે લિયે રહ જાના' એટલે "બહુ સારૂ બાપુ" કહી પાતામન ઘેર આવ્યા યોગીએ કહ્યા પ્રમાણે બન્ને જણાએ પ્રસાદ લીધો મહેમાનોને પ્રસાદ લેવા કહ્યું એટલે તેઓ હસવા લાગ્યા અને વાતને મશ્કરીમાં ઉડાવી રાતોરાત ઘોડા લઇને જતા રહ્યાં.

સવારે પાતામન પણ યોગીના વચન મુજબ પોતાના ઢોરઢાંખર અને ઘરવખરી લઇને ચાલી નીકળ્યાં ચાલતા ચાલતા પાળિયાદ નજીક આવી પહોંચ્યા....આ પાળિયાદ કાઠી ભાગીદારોનું ગામ હતું તેમાં નાજો ખાચર, રાણો ખાચર, અને રામ ખાચર નામે કાઠી દરબારો રહેતા હતા. તેઓ પાતામનને 'કમખિયા' પાસે મળતા તેમણે ગાડી-વાળાને પૂછયુ "ભાઈ, કોના ઉચાળા છે ?" એટલે ગાડી-વાળાએ કહ્યુ કે, ધુફણીઆના પાતામન પોતાનો ઉતારો બદલે છે, અને સામે માલઢોરામાં છે. આ સાંભળી ત્રણેય દરબારો પાતામન પાસે ગયા ઘોડેથી નીચે ઉતરી રામ રામ કરી, થોડી વાતચીત કરીને કહ્યું 'આપા, અહીંજ રોકાઈ જાઓ આ તમારૂ ગામ છે એટલે પાતામને કહ્યું ભલે ભાઈ, તો, આથી બીજુ સારૂં શું ?' અને યોગીના વચન પ્રમાણે સૂર્યાસ્ત થતાં પાળિયાદમાં જ મુકામ કર્યો.

અહીં જીવન નિર્વાહ માટે રામ ખાચરે એક વાડી તથા રહેવા મકાન આપ્યાં, એટલે સૌની જેમ પાતામન પણ દરબારને લાગ ભાગ આપી આનંદથી રહેવા લાગ્યા.

પાળિયાદમાં નવેક માસ વિત્યા. આગળ લખ્યા પ્રમાણે વસંતપંચમીના શુભ દિવસે પાતામનને ઘેર પુત્રનો જન્મ થયો. આવડી મોટી ઉમરે પુત્ર જન્મની વાત સાંભળી સૌ સ્નેહીજનોને ખૂબ આનંદ થયો. પાળિયાદના દરબારોએ ડાયરો ભરી કસુંબા પાણી લેવરાવ્યા. બાળકોને મીઠાઇ તથા સાકર વહેંચી આખો દિવસ આનંદમાં ગયો.

"રવિ ઉગમતે ભાણુ, પાળેશ્વર પધારિયા ;
પચ્ચીશ અઢારની સાલ, પંચમી વસંત પધારિયા."

આ વિસામણ નાનપણથી તેજસ્વી હતા જેમ જેમ મોટા થતા ગયા તેમ તેમ તેની કિર્તી પણ વધતી ગઇ આ તેજ-સ્વી પુરૂષ આગળ જતાં પ્રખ્યાતી પામનાર બીજા કોઇ નહીં પરંતુ ખુદ 'રામદે પીર' નો અવતાર હતા. તેની વિગત તે વખતમાં થઇ ગયેલા તેમના મિત્ર 'ગુલાબશા પીર' નીચે જણાવી છે.

આપા વિસામણનો સ્થૂળ દેહ પંચતત્વોમાં સમાઇ ગયો સૂક્ષ્મ દેહ અંતરીક્ષમાં રહ્યો રહ્યો હજુ પણ ભકતોને સહાય કરી રહ્યો છે. આપા વિસામણના ખોળિયાની વિધિ સંસાર-રૂઢિની રીતે કરવામાં આવી, ને પછી આપા વિસામણની સમાધિ પર પૂ. લક્ષ્મણજી બાપુએ બાવા રામદાસની દેખ-ભાળ હેઠળ મંદિર બંધાવ્યું. અને તેમાં રામ–લક્ષ્મણની મૂર્તિઓની સ્થાપના કરી.

પાળિયાદની જગ્યા બીજી જગ્યાઓ કરતાં કંઈક જુદી છે. બીજે ગાદીનું મહાત્મય છે. અહીં વ્યક્તિનું છે. આપા વિસામણ પછી જે જે પુરૂષો ગાદીએ આવ્યા, તે બધાજ સિદ્ધ કોટિના આપા વિસામણનો બોલ 'જ્યાં અમે ત્યાં અમારો ઠાકર' એ આજ સુધી ચાલુ જ છે.

જે દિવ્ય શકિત આપા વિસામણમાં હતી તેજ શકિત જાણે કે પૂ. લક્ષ્મણજી મહારાજમાં સંક્રાંતિ થઇ હોય તેમ તેમનું જીવન પણ દિવ્ય, ચમત્કારોથી ભરેલ જીવન બની રહ્યું.

ગાદી ગૃહસ્થી હોવાથી પૂ. લક્ષ્મણજી મહારાજ પછી પૂ. ઉનડ બાપુ અને પછી પૂ. દાદાબાપુ ગાદી ઉપર આવ્યા. ગાદીની સાથેજ પ્રત્યેકમાં દિવ્ય શકિત સંક્રાંત થતી તે બધા સિદ્ધ પુરૂષોના જીવનના પ્રસંગો લખવા બેસીએ તો મોટુ પુસ્તક બની રહે.

હાલ વિદ્યમાન પૂ. ઉનડ બાપુ પ્રત્યે પણ ભકતોની શ્રદ્ધા જેવી છે તેવીજ છે. તેમના સત્સંગનો લાભ લઈ અત્યારે પણ ભકતો ત્રિવિધ તાપમાંથી શાંતિ મેળવે છે.

પૂ. આપા વિસામણે શરૂ કરેલ અન્નક્ષેત્ર અત્યારે પણ ચાલુ જ છે. રોજ હજારો લોકોની પંગત જમે છે. પાળિ-યાદને પાદર કોઇ ભૂખ્યું સૂતું નથી.

# ધર્મનગરી કપડવણજ

—શ્રી પોપટલાલ ડી. વૈદ્ય

સર્જનહારે સૃષ્ટિ રચી, તેમાંએ તેણે ભારતની નૈસર્ગિક સૌન્દર્યતા સરજી હાથ ધોઈ નાંખ્યા છે. અજર અમર ભારત જનનીના દિવ્ય દેહમાં સમાએલ અણુ તે ધર્મનગરી. ઇતિહાસના અવશેષરૂપ, ઇન્દ્રની અવકૃપાને આવાહન આપતુ. મનોહર મહોર નદીના નાનકડા પટને ભાવભીની બાથ ભીડી, ટેકરી પર આરૂઢ થયેલ અર્વાચીન કપડવણજ શોભી રહેલ છે.

પ્રાચીન સમયમાં ' કર્પટ વાણિજ્ય 'ના નામે ઓળખાતુ અર્વાચીન કપડવણજ શહેર કયા ચોક્કસ દિવસે અને કોણે વસાવ્યું, તેની કંઇપણ આધારભૂત માહીતી હજુ મળી નથી.

દંતકથાના સ્મરણ રૂપે પ્રાતઃસ્મરણીય ભગવાન રામચન્દ્રજી, પિતૃઆજ્ઞાને આધીન થઇ વનવાસ સ્વીકારી પ્રયાણ કરતાં પ્રાચીન કર્પટવાણિજ્યની ધરતીને પાવન કરેલ કહેવાય છે. કપડવણજથી સાત માઈલ દૂર લસુન્દ્રા ગામ છે. ત્યાં મહારાજા દશરથનું શ્રાદ્ધ ભગવાને કરેલ. આ સ્થળે ટાઢા–ઉના પાણીના કુંડો છે. તે રામક્ષેત્ર કે લુણપુરના નામે ઓળખાતું હતું. કપડવણજ આસપાસમાં ઋષીમુનીઓનાં આશ્રમો હતા. ઉત્કંઠેશ્વર અને કેદારેશ્વર, ખેરનાથ વગેરે તપોવનોના સમયનાં ધ્યાન માટેનાં પવિત્ર સ્થળ છે. પવિત્ર વેત્રવતી ( વાયક )ના કિનારે મહાત્મા જાબાલીના આશ્રમ બાદ– વસવાટ બાદ ઘણા મુનિઓ પધાર્યા હોય અને યજ્ઞયાત્રાદિ થયા હોય તેમ લાગે છે. આજે પણ ખોદકામ કરતાં યજ્ઞોની ભસ્મો તથા અન્ય યજ્ઞોનો સામાન જડે છે.

રાષ્ટ્રકૂટ વંશના રાજા ધ્રુવસેન રાજાના ભાઇ દંતીવર્માનો પુત્ર અકાલવર્ષ કૃષ્ણ હતો. (વિ. સં. ૯૪૪) અકાલવષના સામંત પ્રચંડનો પિતા ધવલપ્પા ગુજરાતનો તે સમયનો દંડપતિ હતો. કપડવણજમાંથી નીકળેલાં તામ્રપત્રો ધવલપ્પાને ગુજરાતનો દંડનાયક નીમ્યાનું લખે છે.

અકાલવર્ષના સામંત પ્રચંડે ખેટક ( ખેડા ) હર્ષપુર તથા કપડવણજ ( કપટ વાણિજ્ય ) વગેરે ૭૫૦ ગામોના મહાસામંત અને દંડનાયક ચંન્દ્રગુપ્ત હતા. ખેડા જીલ્લો થોડા સમય માટે પ્રતિહાર રાજાના હાથમાં ગયેલો, પણ ધવલપ્પે પ્રતિહાર મહિપાળદેવના હાથમાંથી જીતી. વિ.સં. ૯૬૬ પહેલાં રાષ્ટ્રકૂટ વંશના અકાલવર્ષને સોંપેલો. અકાલવર્ષે, ખેટક મંડળનો વહીવટ ધવલપ્પને સોંપેલો. (અકાલવર્ષ મહારાજાએ આ જીલ્લાના ભાગ મહાસામંત પ્રચંડને જાગીરમાં આપ્યા હશે અથવા તો તેમના પિતા ધવલપ્પાને તેમની બહાદુરી માટે પણ આપ્યું હોય. આ સમયના રાજવીઓ ઉદાર તથા મુત્સદ્દીઓ પણ હતા.)

અકાલવર્ષ ૩જા (કૃષ્ણરાજ) કે જે પૃથ્વીવલ્લભ તરીકે ઓળખાતા .વિ સં. ૯૬૬–૧૦૨૩) હતા ત્યારે ખેટકમંડળના મહામંડલેશ્વર મહારાજ સિયાક હતા એમ લાગે છે. [રાષ્ટ્રકુટ રાજાઓની સત્તાના કાળમાં એક વખત કર્પટ વાણિજ્ય સુધીનો ખેડા જીલ્લાનો ભાગ લાટ મંડળમાં ગણાતો



કપડવણજ કિલ્લાનો પાછળનો ભાગ

પાછળથી રાજ્ય વહિવટની સગવડતા ખાતર બે ભાગ ગણેલા.

ગુજરાતમાં ચાપોત્કર વંશનો અમલ શરૂ થયો ત્યારે તેના માંડલીકો પ્રાચીન કર્પટ વાણીજ્યને શોભાવતા હોય તેમ લાગે છે. તે સમયના રાજપુતોએ હાલની ટાંકલાની ડુંગરી કહેવાય છે તે સ્થળ પાસે એક સરોવર તેમજ કૂળદેવી હર્ષદ માતાનું મંદિર બંધાયેલુ હોવાનો સંભવ છે. આ ટાંકલાની ટેકરી પરના ભગ્નાવશેષો કોઇ મોટું દેવાલય કે મહાલયનાં અવશેષો હોય તેમ લાગે છે.

રાષ્ટ્રકુટ પછીના રાજપુત યુગમાં કર્પટ વાણીજ્યમાં વસતા વાગડ કુળના પ્રતિષ્ઠિત શ્રેષ્ઠી શ્રી ગોવર્ધન શ્રેષ્ઠીએ શ્રી જિણદત્તસુરીના ઉપદેશથી નંદીશ્વર ચૈત્ય નામનું બાવન જિનાલય વાળુ એક ભવ્ય મંદિર બંધાવેલું જેના પર બાવન સફેદ આરસના સોનાથી મઢેલા કળશો સાથેના ઘુમટો હતા. આ શેઠને સોઢા નામની ગુણીયલ ચારિત્રવાન પત્ની અને ચાર પુત્રો તેમજ એક પુત્રી હતી. તેમના નાના પુત્ર શ્રી વીરે શ્રી મહાવીરનું ચરિત્ર (વીર ચરિત્ર) નામનું પુસ્તક શ્રી ગુણચંદસુરી પાસે સંવત ૧૧૩૯ ના જેઠ સુદ ૩ ને સોમવારે રચીને પૂર્ણ કરાવ્યું અને તેમના પહેલા બે પુત્રો અમ્મય અને સિદ્ધ બંનેએ તેમના પિતાશ્રી સાથે દીક્ષા લીધેલી જ્યારે કનિષ્ઠ પુત્ર અન્નઓ તેની ગુણવાન પત્ની સાવિત્રી સાથે પિતાની ગાદી પર કર્પટ વાણીજ્યમાં રહ્યા. (વિ. સં. ૧૧૩૯–ઇ. સં. ૧૦૮૩)

અન્નઓને સાવીત્રીથી બે ધર્મિષ્ટ પુત્રો થયાઃ ગોપાદિત્ય અને કર્પદી. આ બન્ને ભાઇઓએ પોતાની ફોઈના દીકરા યશોનાગ સાથે વતનમાં રહી ધર્મકાર્ય કર્યા. તેમાં કર્પદી શેઠ વધુ ધાર્મિક હતા. તેમણે શત્રુંજય વગેરે ધાર્મિક સ્થળોએ કપડવંજથી મોટા સંઘ પણ કાઢેલા. યશોનાથની સ્ત્રી પાલી પણ ધર્મિષ્ઠ હોઈ તેણે વિ. સં. ૧૧૬૦ (ઈ.સ. ૧૧૦૪) માં શ્રી ચૌમુખજીની સ્થાપના કર્પટ વાણિજ્યમાં કરેલી.

આ સમયે કર્પટ વાણિજ્યમાં જૈન સમાજ સમૃદ્ધિમાં રાચતો હતો. વિ. સં. ૧૧૨૯ ( ઈ. સ. ૧૦૭૩ )માં નવાંગીના ટીકાકાર વિદ્વાન જૈન ધર્મશાસનના પુણ્યાત્મા ચન્દકુળના શ્રી અભયદેવસૂરીજીએ હાલની શાન્તીનાથજીની પોળમાં આવેલ ઉપાશ્રયમાં કાળ કરેલો.

અરબસ્તાનમાં મુસાનો દીકરો જોવૈબ નામે થયો. આ જોવૈલે પોતાના બે શિષ્યો મુલાઈ અબદુલ્લા અને મુલાઈ એહમદને ગુજરાતમાં મોકલ્યા. તેઓ ખંભાતમાં આવ્યા. અને તે જ સમયમાં મુઆબ નામની તવારીખ ખોબીન માલમ નામના મહાપુરૂષે કપડવંજમાં બનાવેલી. લગભગ ૧૧ મી સદીમાં સોલંકીઓના સુવર્ણયુગમાં મુસ્લીમ સંતો પણ આનંદથી રાચતા. આ પુરૂષની કબર ખોજ માલમની} મસ્જીદમાં છે, જે હાલ મીઠા તળાવના દરવાજા બહાર નડીયાદ જવાની સડકના જમણા હાથે છે, તે હાલમાં ખોજ માલમની મસ્જીદ કહેવાય છે.

રાજમાતા મીનલદેવી બાળકુમાર સિદ્ધરાજ સાથે તીર્થયાત્રાએ નીકળ્યાં ત્યારે આ સ્થળે વનમાં તંબુ ઠોકાવી નિવાસ કરેલો. રાજમાતાના સૈન્યમાંના એક અશ્વ રક્ષક વિભુદાસ, કે જે કોઢ રોગથી પીડાતો હતો તે, સૂર્યની અસહ્ય ગરમીથી બચવા જળ શોધતાં તેણે પાસેના તળાવમાં સ્નાન કર્યું. કર્મ સંજોગોએ કોઢ મટ્યો. રાજમાતાએ જોષીઓને પૂછ્યું: આ શો ચમત્કાર? જોષીઓનો અભિપ્રાય મળ્યો કે, આ સ્થળમાં ભગવાન નારાયણનો વાસ જરૂર હોવો જોઈએ. તેમણે આ સ્થળ ખોદાવી પ્રતિમાનાં દર્શન માટે ઉત્કંઠા કરી, પણ તરત જ સંજોગોવશાત્ પાટણ પાછા ફરવું પડયું. આ વાત મહારાજ સિદ્ધરાજ ગાદી પર આવ્યા બાદ આ સ્થળે પાછા પધાર્યા અને નવાં વાવ તળાવનું ખોદકામ કરાવી તપાસ કરતાં ભગવાન નારાયણ, લક્ષ્મીજી, ભગવાન શંકર વગેરેની પ્રતિમાઓ સ્વયં પ્રગટ થઈ.

સોલંકીયુગની અમર કહાણી સમા કિર્તીમાળનું ભવ્ય તોરણ કુંડવાવ પર આજ મોજુદ છે. બત્રીશ કોઠાની વાવ, તથા રેશમ ધોવાતું એવી રાણીવાવ અને મીઠા જળની મીઠા સાગરવાવ જે મહારાણીની લાડીલી દાસી સીગરના નામે બાંધવામાં આવેલી. આ સ્થળ સોલંકીયુગની અમર કથાઓના અવશેષો છે. નવાણો આ સ્થળે બંધાતાં, જુના રાહના આરેથી પ્રજાએ આ બાજુ વસવાટ શરૂ કર્યો. રજપુત યુગમાં આ ગામની આસપાસ કિલ્લો બાંધવામાં આવ્યો (ક્યારે અને કોણે? તે ચોક્કસ કહી શકાય તેમ નથી.)

મુસ્લીમ બાબી વંશ વખતે ફરી તૈયાર કર્યો હોય તેમ લાગે છે.

સૂર્યોદય પછી સૂર્યાસ્ત એ નિયમ પ્રમાણે અહીં થોડાક ધર્માંધ યુગમાં પ્રજાની વાડીઓ વેરાન થઈ સમૃદ્ધિ સળગી ગઈ. ધર્મ ધરતીમાં ગરકાવા લાગ્યો. થોડા સમય પ્રજાએ દુઃખ અનુભવ્યાં. આ ધર્માન્ધ યુગમાં કપડવંજના ભવ્ય સમૃદ્ધિ જીનાલયો તૂટ્યાં મસ્જીદોના રૂપમાં ફેરવાયાં.

કાળ રાત્રીઓ વીતી. વાણિજ્ય સ્થિતિ સુધરી પ્રજાએ શાન્તી અનુભવી. ગુજરાતના ભવ્ય બંદરો સાથેના વહેવારમાં કપડવંજ કેન્દ્ર રૂપે રહી વેપાર શરૂ થયા. ગુજરાતની ભવ્ય મુસ્લીમ બાદશાહના અજવાળાં પડ્યાં જો કે આ સમય પણ યુદ્ધોનો રહેતો પણ પ્રજાને બહુ સહન કરવું પડતું નહિ.



મીઠા તળાવનો દરવાજો

હીજરી સં. ૮૫૫ (ઈ. સ. ૧૪૫૩) સફર માસની ૧ લી તારીખને શુક્રવારે મુઝફરખાન નામના દેશદ્રોહીનું માથું કપડવંજના પૂર્વ દરવાજે લટકાવવામાં આવેલું આ દેશદ્રોહીએ માળવાના સુલતાનને ઉશ્કેરીને અહીં લાવેલો આ શહેર પણ બાબી વંશ શરૂ થાય તે પહેલાં હજરત સૈયદ સાહેબ નામના ઘણા જ પવિત્ર પુરૂષ વહીવટ કરી ગયેલા જેમનું ખૂન મહેમદાવાદ થવાથી, તેમનો તથા તેમના પુત્ર મીશનની કબરો આજ મહેમદાવાદમાં છે.

બાબી વંશના સુબેદારોએ અહીં વહીવટ કર્યો. તેમાં શેરખાન બાબી અને લાડણી બીબી મહત્વનાં શાસકો બની ગયા તે બાદ ગાયકવાડ અમલ અને બ્રીટીશ શાસન શરૂ થયો. સમયનાં વહેણ બદલાતાં સ્વાતંત્રના શહીદોની મીઠી યાદ અને અહિંસક સ્વાતંત્ર સંગ્રામ મંડાણ થયેલો ૧૯૩૦ પછી ૧૯૪૨ એ છેલ્લી લડત લડાઈ. સને ૧૯૪૭ તા. ૧૫–૮–૧૯૪૭ ભારત સ્વાતંત્ર થયું લોકશાહીનાં મંડાણ થયાં કપડવંજમાં સૈનીક ભાઈ–બહેનોએ પોતાની તમન્નાઓ તેજસ્વી રીતે લડી ચૂકયા.

ઉદ્યોગોથી શોભતું આ શહેર અર્વાચીન સમયમાં જેટલું શોભે છે તેટલું જ પ્રાચીન સમયમાં ઉજ્જવલ હતું આ શહેર પહેલા કિલ્લાની વચ્ચે હતું તે હાલ કિલ્લા બહાર પણ ઘણું જ વિસ્તાર પામેલ છે. તેના સાબુ અને કાચનાં પ્રસિદ્ધી પામેલ કારખાનાં જોવા જેવાં છે. તેના પુરાણાં કિર્તી મંદિરોમાં આવેલ કુંડવાવ જેમાં કીર્તિતોરણ છે તે સ્થાપત્યનો નમુનો છે. અને જે કુંડવાવ છે તે સ્થાપત્યની દ્દષ્ટીએ સુભદ્રક શ્રેણીનો શિવ–કુંડ છે તેની પાસેનું ટાવર સમયના ઘંટારવ કરે છે. જુના સ્થાપત્યના અવશેષ રૂપે જુમ્મા મસ્જીદ તથા અમલી મસ્જીદ જોવા જેવી છે. કોમવાર રચના કરેલ પોળો મોટી વહોરવાડ, જૈન મંદિરો અને કોલેજો તથા વોટર વર્કસ વગેરે તેમ જ પૂ૦ બાપુજીની (આઝાદ ચોકમાં આવેલ) પ્રતિમા તથા કપડવંજના સેવક તથા શ્રેષ્ઠીઓની પ્રતિમાઓ જાબીરભાઈ બદરૂદ્દીન મહેતા જનરલ હોસ્પીટલ, શહેર સુધરાઈ, ગાંધી ઉદ્યાન અને મહિલા વિદ્યાલય તથા શિશુ–મંદિર તેમ જ વાત્રક કાંઠે અજમાવતનો કોટ તથા ઉત્કંઠેશ્વર,

કેદારેશ્વર અને કપડવંજથી સાત માઈલ દૂર લસુન્દ્રામાં ટાઢા–ઉના પાણીના કુંડ જોવા જેવા છે. શહેરની પશ્ચિમે વહોરા બિરાદરોનું કબ્રસ્તાન તથા વોટર વર્કસ જોવા જેવાં છે. ત્યાં સારી એવી હોસ્પીટલ–શ્રી જે. બી. મહેતા હોસ્પીટલ તથા શ્રી જયંત સાર્વજનીક હોસ્પીટલ વગેરે સ્થળો જોવા જેવાં છે. કોઈને જેનો લાભ તે સમયમાં નહિ મળેલ તેવી નળ–ગટર યોજનાનો લાભ મ્યુ. અધ્યક્ષ સ્વ. રા. બ. શ્રી વલ્લભરામ છોટાલાલ ત્રિવેદીના ફાળે જાય છે.

જેને કદીપણ વીસરી ન શકાય તેવા સ્વ. પૂ૦ હરિભાઈ દેસાઈ કે જેની પ્રેરણારૂપ આજનું સેવા સંઘ અને તેની શાખાઓ અને પ્રુવૃત્તિઓ કપડવંજના હૃદયસ્થાને છે.

આ કપડવંજની વહેતી જ્ઞાનગંગા રૂપે ગ્રંથાલયો પણ મહત્ત્વનું સ્થાન ભોગવે છે.

આ ભૂમિમાં ભાગ્યશાળી સપુતોએ જન્મ લીધા છે. ચાણક્ય, પદ્મશ્રી, શ્રેષ્ઠીઓ, દાનવીરો, સેવકો, સંતો, સાધ્વીજીઓ, સન્નારીઓ, કવિઓ, કલાકારો, સાહિત્યકારો, ચિત્રકારો, સંશોધકો, રાષ્ટ્રવીરો, પૂર્વના સમયથી આજ સુધી આયુર્વેદ સાથે જીવનાર કુટુંબો તથા હાલમાં સારા એવા વૈદ્યો–ડોકટરો અને સર્જનો સર્જ્યા છે. આ એ ધરતી છે કે જેમાંથી સાધુ–સાધ્વીજીઓ પ્રાપ્ત થયેલ છે, તેવી આ "ધર્મનગરી" છે.

આ શહેરમાંથી દરિયાપારની સફર કરનારાઓની સારી એવી સંખ્યા છે.



# ગુજરાતનું ઇતિહાસ દર્શન

—શ્રી પુષ્કરભાઈ ગોકાણી

**ગુજરાતનો પ્રાગ્વૈદિક ઈતિહાસ :**

ગુજરાતને ત્યારે ગુજરાત નામ નહોતું મળ્યું. ગુજરાત નામ તો છેક વિક્રમના ચોથા શતક પછી જ "ગુર્જરત્રા", "ગુર્જર" એ રીતે પ્રચારમાં આવ્યું અને ત્યારે તે પ્રદેશ જોધપુર રાજ્યની ઉત્તર-સીમાથી ભિનીમાલ સુધી કહેવાતો. હાલના પ્રદેશને ગુજરાત તરીકે વિક્રમની ૧૦મી સદી બાદ ઓળખાવાયો છે.

ત્યારે કચ્છના અખાત આગળથી ટેથ્સ સમુદ્ર ભારતની ઉત્તર-ભૂમિ અને દક્ષિણભૂમિને છૂટો પાડતો. બંગાળના ઉપસાગરને મળતો; ત્યારે તેને દક્ષિણ સમુદ્ર કહેતા. સૌરાષ્ટ્ર દ્વિપ હતો.

મધ્ય એશિયા અને કાસ્પીઅન સમુદ્રને કાંઠે વસતી પ્રજાએ પાષાણયુગનું શિકારીજીવન પૂરું કર્યું હતું. તે ખાદ્ય અને અખાદ્ય વનસ્પતિના ભેદ પાડી શક્યો હતો, અને બીજમાંથી વૃક્ષો ઉગતા જોઈ તે ખેતી કરતાં શીખી ગયો હતો. અને ધીરે ધીરે નદીકિનારે વસતો વસતો સ્થળાંતર કરતો ગયો. લાકડાના ઓજારો—ચક્ર વગેરે બનાવતો થયો. ધાતુ તેણે ખોળી કાઢી હતી. ત્રાંબુ અને કાંસાનો ઉપયોગ સામાન્ય બન્યો હતો. મેસોપોટેમીઆ (પેલેસ્ટાઈન થી અરેબીઆ), એશિયા માઇનોર (ટર્કી અને કાળા સમુદ્ર પાસેનો પ્રદેશ), ગ્રીસ અને મિસરમાં એ વિકાસ પામ્યા. અહિં સુમેર, અસુર, આક્કડ, બેબિલોનીઅન, એટ્રુસ્કન ગ્રીક અને ફારોની સંસ્કૃતિઓ વિકસી. વિક્રમ પહેલા ૭૦૦૦ થી ૩૦૦૦ વર્ષ પહેલાંના સમયમાં તેનો ધીરે ધીરે વિકાસ થયો. કાસ્પીઅન સમુદ્રને કાંઠે આર્યપ્રજાએ અને ત્રિવિષ્ટય ઉપર ત્યાંથી આવેલ દેવ પ્રજાએ ત્યારે આધ્યાત્મિક સત્યો અને સિદ્ધિ તરફ મીટ માંડી હતી. આસીરીયાના સિલાલેખો જોતાં જણાય છે કે ત્યારે તેઓ વહાણવટામાં પારંગત હતા. એ સમયમાં સમુદ્ર રસ્તે આસીરિયામાંથી અસુરો સૌરાષ્ટ્રમાં આવી વસ્યા. દક્ષિણ ભારતમાં ત્યારે ત્યાંની આદીવાસી પ્રજા ગરુડ, નાગ, વાનર, દ્રવિડ અને રાક્ષસો વસતા હતા. આ અસુરોએ સૌરાષ્ટ્ર અને ગુજરાતના તાપી અને નર્મદા વચ્ચેના પ્રદેશોમાં પોતાનો વિકાસ કર્યો. ત્યારે સિંધુ પ્રદેશમાં હરપ્પા સંસ્કૃતિનો વિકાસ થયો. અસુરો અને સુમેર પ્રજાએ ત્યાં પણ પોતાના થાણા નાખ્યા. સૌરાષ્ટ્ર, દક્ષિણ ભારત અને ઉત્તર ભારતને છૂટો પાડતો ટેથ્સ સમુદ્ર સિંધુ, સરસ્વતી, ગંગા, યમુના વગેરે નદીઓના કાંપથી છીછરો થતો ગયો. સૌરાષ્ટ્ર દક્ષિણ ભારત સાથે જોડાઈ ગયું હતું પણ રાજસ્થાન રણપ્રદેશ ઉપર ત્યારે હજુ પાણી હતા. તેથી જ આજે સૌરાષ્ટ્રમાં અને નર્મદા તાપી આજુબાજુ હરપ્પા સંસ્કૃતિના અવશેષો ખૂબ મળી આવે છે—ઉત્તર ગુજરાતમાં નહીં. વિક્રમ સંવત પહેલાં ૫૦૦૦ થી ૨૫૦૦ વર્ષ પૂર્વે આ સંસ્કૃતિઓ ગુજરાતમાં વિકસી હતી. પ્રજા ત્યારે ત્યાં સુખી અને વ્યવસ્થિત હતી. માટીના વાસણો વાપરતી—અનાજ પકવતી. પાકા બાંધેલા મકાનોમાં રહેતી. સુવર્ણ અલંકાર પહેરતી. સારા કિલ્લાઓ બાંધતી. શહેરમાં આયોજીત આધુનિક ગટર વ્યવસ્થા જેવી વ્યવસ્થા પણ રહેતી. આ પ્રજા ભોગવિલાસમાં રહેનારી હતી. તાંબુ, હાથીદાંત અને પત્થરમાંથી વિવિધ વસ્તુ બનાવવાના કારખાના લોથલમાં મળી આવ્યા છે. નાગ, ગરુડ લીંગ યોની આદીની પૂજા કરતી હતી.

આજથી લગભગ ૫૦૦૦ થી ૬૦૦૦ વર્ષ પૂર્વેની વસાહતો-વાળા સ્થળો—કચ્છમાં દેસલપુર, તોડીઆ—સૌરાષ્ટ્રમાં દ્વારકા, પીંડારા, કણુજેતર, દેવળીઆ, વીસાવાડા, બાબરકોટ, કિનીર ખેડા વસઈ, ડાબા બાવળ, ગોપ, રોજડી, આમરા, આટકોટ, થાન, ભાદર કાંઠો, પ્રભાસ, જૂનાગઢ, પીપડીઆ, શિહોર, મોટા મચીઆળા, વલ્લભી, મોટી ધરઇ, રંગપુર, લોથલ—અને દક્ષિણ ગુજરાતમાં મહેગામ, તલોદ, જોળા, ભાગા તળાવ, કામરેજ, નવસારી વગેરેથી હરપ્પા સંસ્કૃતિના અવશેષો હાલ મળી આવ્યા છે.

ત્યારે પણ આ પ્રજા સુમેર, બાબિલ્હ અને લાર સાથે જહાજી વ્યવહારથી સંકળાયેલ હતી. મોહેં-જો-દડો અને કદાચ તેથી વધારે વિકાસ પામેલી પ્રજા ત્યારે ગુજરાતમાં વસતી હતી. મોહેં-જો-દડો સંસ્કૃતિનો તો ઓચિંતો અને વિનાશક લય જણાયો છે જ્યારે આપણે ત્યાં રંગપુર અને લોથલ જેમાં મુખ્ય હતા તેવી લગભગ ઉપરોક્ત ૩૫ સ્થળોએ વસેલ સંસ્કૃતિનો ક્રમિક અને કુદરતી લય થયો હોય તેમ ત્યાં થએલા ખોદકામ ઉપરથી જણાય છે. આ સંસ્કૃતિ આર્યોના હુમલાથી કે અંદરોઅંદર કુસંપથી નાશ પામી હોય તેમ જણાય છે. કદાચ આર્યોના હુમલાઓ જ તેને માટે જવાબદાર હોય.

વિક્રમ સંવતના ૩૦૦૦ થી ૨૫૦૦ વર્ષ પૂર્વે આર્યોનો પ્રથમ હુમલો આવ્યો. ઉત્તરમાંથી—સૌવિર પ્રદેશ (સિંધ)માંથી શાર્યાતો આવ્યા હોય તેમ જણાય છે. ત્યારે ઉત્તર ગુજરાતનો પ્રદેશ ધરતીકંપથી ઉપર આવી ગયો હતો. (જે ધરતીકંપમાં મોહેં-જો-દડો અને હરપ્પાનો વિનાશ થયો હતો.)—ત્યાં સિંધમાંથી જ અસુરો આવીને વસ્યા હતા. સરસ્વતી હવે પૂર્વને બદલે પશ્ચિમમાં સમુદ્રને મળતી હતી. શાર્યાતોએ ત્યાં પોતાનું થાણું નાખ્યું—આનર્તપુર વસાવ્યું. શર્યાતિના પુત્ર આનર્તના નામે તે સઘળો પ્રદેશ પાછળથી આનર્ત તરીકે ઓળખવા લાગ્યો. વિક્રમની પહેલી સદીમાં તેને પ્રાચીન નગર—વૃદ્ધનગર તરીકે ઓળખવામાં આવતું અને હાલ તે વડનગર તરીકે ઓળખાય છે.

આર્યો જ્યારે ઉત્તર તરફથી સૌરાષ્ટ્ર ગુજરાત ઉપર ચડી આવ્યા, ત્યારે ઇરાનમાંથી સમુદ્રમાર્ગે મગ અને ભૃગુ બ્રાહ્મણો પણ ભારતના

પશ્ચિમ કિનારે આવીને વસ્યા હતા. દક્ષિણ ગુજરાતનો અણવિકસિત પ્રદેશ તેઓ સહેલાઈથી જીતી શક્યા હતા. ત્યાં ભૃગુઓએ ભૃગુક્ષેત્ર વસાવ્યું–ઉત્તરમાંથી અને સમુદ્ર રસ્તે હૈહયો આવ્યા. તેણે માહિષ્મતી વસાવ્યું હતું. મગ બ્રાહ્મણો સૌરાષ્ટ્રમાં કુશસ્થલી (દ્વારકા) બંદરે ઉતર્યા. આર્યોના હુમલાથી નાસીને સમગ્ર અસુર પ્રજા સૌરાષ્ટ્રમાં જ એકઠી થઈ હતી. શાર્યાતે પોતા નીપુત્રી સુકન્યાને ભૃગુશ્રેષ્ઠ ચ્યવન સાથે પરણાવી. પરસ્પર સમજુતા પ્રાપ્ત કરી. ભૃગુઓએ હૈહયો ઉપર કાબૂ મેળવ્યો અને શાર્યાતોની મદદમાં સૌરાષ્ટ્ર તરફ વળ્યા. આ અરસામાં કુશસ્થલી સૌરાષ્ટ્રનું પાટનગર હતું. પુણ્યજન અસુરો સમુદ્રમાંથી લૂંટફાટ કરી સમૃદ્ધિ જમાવતા હતા. ત્યારે જ સિંધુ–શત્રુ અને સરસ્વતીને કાંઠે આર્યોએ વેદના દર્શન કર્યા. આમ ગુજરાત આર્યો આવ્યા પહેલાંથી વસાહતી પ્રદેશ રહ્યો છે.

**ગુજરાતનો ભૂમિ ઇતિહાસ** (એક નોંધ) :

ગુજરાતમાં આદિ માનવ રહ્યો છે કે કેમ તે વિષે વિવાદ છે. કારણ કે ગુજરાતના વિશાળ ભાગ ઉપર પ્રથમ ટેથીસ સમુદ્ર હતો એટલે ત્યાં તે શક્યતા રહેતી નથી એમ ઘણાનું માનવું છે. પણ ઋગ્વેદના વર્ણનો અને અન્ય ખોદકામ ઉપરથી જાણી શકાયું છે કે ગુજરાતની ભૂમિ ઉપરનો મોટો ભાગ જ્યારે સમુદ્ર નીચે હતો ત્યારે દક્ષિણ ગુજરાત અને ભારતનો કેટલોક ભાગ આફ્રિકા સાથે જોડાએલો હતો અને તેને લેમુરિઆ એવું નામ ત્યાંની આદીવસ્તી ઉપરથી આપવામાં આવ્યું છે. એટલે આફ્રિકામાંથી જમીન રસ્તે અને સમુદ્ર રસ્તે ત્યાંથી માનવ રહેવા આવ્યો હોય તેમ બને. આફ્રિકાના પૂર્વ કિનારે અને સૌરાષ્ટ્ર તથા દક્ષિણ ગુજરાતમાંથી કેટલાક પ્રાચીન હથિયારો એકસરખા મળી આવ્યા છે, એટલે એવી માન્યતા બંધાઈ છે. પણ આફ્રીકન આદી માનવ નિગ્રોઈડ ગણ્યો છે. જયારે મોહન–જો–દડો વગેરેના ઉત્ખનનમાં મળી આવેલ પ્રતિમાઓ જોતાં તે કોકેસોઈડ જેવો પણ નથી જણાતો એટલે સૌરાષ્ટ્રની ગિરીમાળા અને નદીકાંઠે આદી માનવ હશે, જે આફ્રિકા અને આસીરિયાથી આવેલ પ્રજાને તાબે થઇ તેમાં ભળી ગયો હશે. (–બ્રુસ ફૂટ.)

તે સમયમાં ગુજરાતમાં ૧૦૦ ઈંચથી પણ વધારે વરસાદ થતો હશે કારણકે કોંકણપટ્ટામાં મળી આવતા લેટે રાઈટ સ્તરો સૌરાષ્ટ્રમાં ઘણે સ્થળે મળી આવ્યા છે.

ગુજરાતની ભૂસ્તર રચના જોતાં—દ્વારકા, જામનગર–પોરબંદરની ભૂ–રચના ૧ કરોડ વર્ષ જૂના પ્લીઓસીન ખડકોમાંથી બનેલી છે. સુરત–ભરૂચ આગળથી ખંભાત સુધીની ભૂ રચના ૩ થી ૭ કરોડ વર્ષ જૂની છે. જે ઇઓસીન ખડકોમાંથી બનેલી છે. ગિરનાર–સાતપૂડા–પાવાગઢના પાષાણપડો તે સમય પહેલાં જ બંધાયેલા છે. દહોદ, બારીઆ, વાડાસિનોર, લુણાવાડા અને પંચમહાલની ભૂરચના (ક્રીટેસીઅસ વિભાગ)માં લગભગ ૧૩ થી ૧૬ કરોડ વર્ષ પહેલા બનેલી છે. જ્યારે ધ્રાંગધ્રા વઢવાણ, ભૂજ, ઉમિયા અને કચ્છના ભૂસ્તરો સૌથી જૂના ૧૮ થી ૨૨ કરોડ પહેલા બનેલા છે. જ્યારે ખંભાતના અખાત–કચ્છના રણ અને નર્મદા–તાપી–સાબરમતી–મહીના કાંપમાંથી બનેલ ભૂ–રચના એકદમ નવી કહી શકાય.

**ગુજરાતનો પ્રાગ ઐતિહાસિક કાળ :**

આર્યોએ જ્યારે ઉત્તર ગુજરાતને આનર્ત નામ આપી વસાવ્યું અને આદીવાસી પ્રજા સાથે જંગો માંડી વસાહત વિસ્તારવા માંડી હતી, ત્યારે આદીવાસીઓની લડાઈ કાયમ માટે નિવારવા સમુદ્ર માર્ગે ચન્દ્ર, શિવની પ્રેરણાથી પ્રભાસ આવ્યો હતો. પુરાણોમાં સમુદ્રમંથનમાંથી ચંદ્ર ઉત્પન્ન થયાનું જણાવેલ છે. વાસ્તવિક રીતે સમુદ્ર માર્ગે સૌરાષ્ટ્રમાં આવ્યો હતો, તેની સાથે રણશૂર નાવીક આર્યોનું મોટું જુથ હતું. તેમણે શાર્યાતો અને આદીવાસીઓ (જેમાં અગાઉ આવેલા અસુરો ભળી ગયા હતા) નો નિત્ય લડાતો જંગ જોયો. વસાહતમાં કાયમ થતા હુમલાથી આર્યો વાજ આવી ગયા હતા. એક બીજાની સ્ત્રી, સમૃદ્ધિ અને પશુઓ અપહરણ નિત્ય થયા કરતાં હતાં ચંદ્રે આ યુદ્ધ ટાળવામાં વસાહતનો વિકાસ જોયો, આર્યોની સ્થિરતા જોઈ. તેણે પ્રભાસમાં અનાર્યો સાથે સંબંધ બાંધવા મહેનત શરૂ કરી પ્રથમ અનાર્યોની રહેણી કરણી, રીતભાતથી તેઓ વાકેફ થયા. તેમણે અશ્વિનીકુમારોની મદદથી તેઓના દુઃખ રોગ આદિ વ્યાધિઓ વિદારવા માંડી. શિવની પ્રેરણાથી તેણે અનાર્યોની લિંગ–યોની પૂજા અપનાવી. શિવ અને ઉમા એ લિંગ અને યોનીને પોતાના પ્રતીક તરીકે અપનાવી લોકનિંદાનું ઝેર પીધું. આ રીતે ચંદ્રે પ્રભાસમાં આર્યઅનાર્ય–એકતાની જ્યોતિ પ્રગટાવી. મહાદેવ શિવનું ત્યાં સર્વપ્રથમ જ્યોતિર્લિંગ સ્થપાયું.

આ તરફથી ચંદ્ર અને ઉપરથી શાર્યાતોએ આમ એક સાથે સમજાવટ–કૌટુંબિક સંબંધો અને જરૂર પડે બળ દ્વારા ગુજરાતમાં પોતાના થાણા સ્થાપ્યા. ધીમે ધીમે આર્યો–અનાર્યોના ભેદ દૂર થવા લાગ્યા. ચંદ્રથી પુરુરવા–તેનાથી આયુ નહુષ, યયાતિ થયા. આર્ય કબીલાને વસાવી ચંદ્ર સમુદ્રમાર્ગે ઈરાન અને ત્યાંથી દેવલોક આવ્યો. ત્યાંથી તેણે એ જ માર્ગ અને પંજાબ–સિંધ રસ્તે આર્યોને સૌરાષ્ટ્રમાં કુશસ્થલી બંદરે મોકલવા માંડ્યા. સૌરાષ્ટ્રની ધરતી આર્યોને ખેતી માટે બહુ જ અનુકૂળ જણાઈ. ચંદ્રના વંશમાં યયાતિના પુત્ર યદુએ કરી સૌરાષ્ટ્ર અને ગુજરાત તરફ મીટ જેથી યાદવોએ ધીરે ધીરે સૌરાષ્ટ્રને વતન બનાવ્યું. યદુના પુત્ર સહસ્રાજિતના પૌત્ર હૈહયે માહિષ્મતી વસાવ્યું. ભૃગુઓનું પુરોહિતપદ સ્વીકારી તેઓ ત્યાં વિકાસ પામ્યા. તેના વંશમાં કાર્તવીર્ય સહસ્રાર્જુન થયો. યદુના બીજા પુત્ર ક્રોષ્ટુના વંશજો સૌરાષ્ટ્રમાં જ રહ્યા.

કાલક્રમે ભદ્રશ્રેણ્ય યાદવોના રાજા બન્યા. સહસ્રાર્જુન તેનો ભાણેજ થતો હતો. સહસ્રાર્જુનના સેનાપતિ તરીકે એણે જીવનનો મોટો ભાગ યુદ્ધમાં જ ગાળ્યો હતો. યાદવ કબીલાઓને તેની ગેરહાજરીમાં પડોશના (ઉત્તર ગુજરાતના) શાર્યાતો લૂંટી જતાં. રાવણને હરાવનાર સહસ્રાર્જુને ભારત–વિજય કરવા માંડ્યો. પોતાના ગુરુ જમદગ્નિને ઉવેખ્યા–તેના પુત્ર પરશુરામનું અપહરણ કર્યું–પરશુરામને સહસ્રાર્જુને મામા ભદ્રશ્રેણ્યના કબજામાં સોંપ્યા.

ભદ્રશ્રેણ્યે પરશુરામને યાદવોના ગુરુ તરીકે સ્થાપ્યા. પરશુરામે શાર્યાતોને હરાવી આનર્તને સૌરાષ્ટ્ર સાથે ભેળવી દીધું. તેમણે સહસ્રાર્જુનને ડાર્યો અને તેના અત્યાચારોથી યાદવો અને હૈહયોને છોડાવવા તેને સંહાર્યો. પરશુરામ પછી ૨૧ પેઢી આ યુદ્ધ હૈહયો અને યાદવો વચ્ચે ચાલ્યું. સૌરાષ્ટ્રની રાજધાની તે દરમિયાન ગિરિનગર, આનર્તપુર અને માહિષ્મતી એમ બદલાતી રહી. યાદવે ધીરે ધીરે ભૃગુઓના બળ ઉપર આલંબીને પરતંત્ર બની ગયા. ભૃગુઓએ હૈહયોના રાજ્યવંશનો નાશ કરી ભૃગુ કચ્છ (હાલ ભરૂચ)ને વતન

બનાવ્યું. વારંવાર થતા હૈહયોના વિદ્રોહને દબાવવામાં રોકાઈ રહેલ ભૃગુઓ યાદવોને મદદ કરી શક્યા નહીં અને આનર્તના શાર્યાતોએ પરાવલંબી યાદવો ઉપર આધિપત્ય મેળવ્યું. શાર્યાતોમાં બળવાન રૈવતે આનર્તપુર છોડી ગિરીનગરમાં પોતાની રાજધાની સ્થાપી જેથી યાદવો ઉપર કાયમ દબાવ રહે. આમ શાર્યાતોનું બળ ગિરીનગર અને આનર્તપુર વચ્ચે વહેંચાઇ ગયું. આસીરિયા અને મિસ્ત્રમાંથી ત્યારે અસુરોએ સમુદ્રમાર્ગે સૌરાષ્ટ્ર ઉપર આક્રમણ કર્યું – તેઓ પુણ્યજન નામે ઓળખાતા હતા. આ અસુરોએ રૈવતને હાંકી કાઢ્યો, સૌરાષ્ટ્ર તેને કબજે આવ્યું. રૈવતે આ પુણ્યજનોને હાંકી કાઢવા આર્યાવર્તના બળવાન રાજાઓ તરફ નજર દોડાવી. મથુરામાં રાજા ઉગ્રસેન યાદવોમાં બળવાન હતા. તેના પુત્ર કંસના અત્યાચારમાંથી પ્રજાને મુકત કરી શ્રીકૃષ્ણ અને બળરામે સમકાલિન અવનાશ્વ, જરાસંધ, શિશુપાલ વગેરે રાજવીઓને શેહ આપી હતી. રૈવતે પોતાની પુત્રી બલરામને પરણાવી તેની સાથે કૌટુંબિક સંબંધ બાંધ્યો અને જરાસંધના વારંવાર થતા હુમલાથી પ્રજાને બચાવવા શ્રીકૃષ્ણને યાદવોના મૂળ વતન સૌરાષ્ટ્ર તરફ પધારવા નિમંત્રણ આપ્યું. અઢાર વખત જરાસંધ હાર્યો હતો અને હવે યવન રાજાની મદદ લઈ તે ચડી આવતો હતો ત્યારે પ્રજાના ઉત્કર્ષ માટે શ્રીકૃષ્ણે રૈવતની વાત સ્વીકારી. તેઓ પંજાબ, સિંધ અને કચ્છમાં થઇ કુશસ્થલી આવ્યા. રાજસ્થાનના પ્રદેશ ઉપર હજુ સમુદ્ર હતો. કુશસ્થલીના સાત ટાપુઓમાં પુરાણ કરી, તેની આડે બંધ બાંધી તેણે ત્યાં દ્વારકા વસાવ્યું. રૈવતને ગિરીનગરમાં સ્થિર કર્યો. દ્વારકામાં વિશ્વના ઇતિહાસમાં પ્રથમ ગણતંત્ર અસ્તિત્વમાં આવ્યું. ગણતંત્રની વ્યવસ્થા યાદવો પચાવી શક્યા નહીં. ગ્રીસ, આસરિયા, અશ્વદેશ (અરેબીયા). ઇરાન અને મિસ્રના વ્યાપારથી સમૃદ્ધ બનેલા યાદવો અંદરો–અંદર લડી મૂઆ. તે સમયે જબ્બર ધરતીકંપ થયો. સૌરાષ્ટ્રની ઘણી ખરી વસાહતો નાશ પામી. દ્વારકાની આસપાસનો બંધ તૂટતાં તે સમુદ્રમાં ડૂબી ગયું. રાજસ્થાનનો પ્રદેશ આ ધરતીકંપથી ઉપર આવી ગયો. ઉત્તરભારત, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ભારતને જુદો પાડતો ટેક્ષસ સમુદ્ર દૂર થયો—ભારત એકભૂમિ બની ગયો. આ બનાવ બન્યો ત્યારે વિક્રમ સંવતને ૬૩૦૦ વર્ષની વાર હતી. યુધિષ્ઠીરના હસ્તિનાપુરના રાજ્ય ઉપર અર્જુનનો પૌત્ર જન્મેજય આવ્યો, તેનો સાથ લઈ શ્રીકૃષ્ણના પૌત્ર અનિરુદ્ધનો પુત્ર વજ્રનાભ સૌરાષ્ટ્રમાં ફરી સ્થિર થયો. પણ કુદરતી કોપને કારણે યાદવો ત્યાં બળવાન બની શક્યા નહીં. અવંતીના રાજન્યો અને શૂર્પારકના રાજાઓએ યાદવો ઉપર વારંવાર આધિપત્ય જમાવ્યું હતું. પણ યાદવો તેની સામે પેઢીઓ સુધી લડતા રહ્યાં. અવંતીમાં ઇસુ પહેલા ૮૦૦ વર્ષ પહેલાં યૌધેયો થયા તેમણે યાદવો સાથે કૌટુંબિક સંબંધો જોડી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતને પોતાના આધિપત્ય નીચે આણ્યા હતા. આમ બળવાન બની તેઓ શૂર્પારકના રાજવીઓ સાથે એક બની લડયા હતા. એ જ સમયે યહુદીઓના રાજા હીરમ શૂર્પારકની મુલાકાતે આવ્યા હતા, તેમણે બંને રાજ્યો વચ્ચે સંધિ કરાવ્યાનો ઉલ્લેખ મળી આવ્યો છે.

અવન્તીના રાજા પ્રદ્યોત (ઇ.સ. પૂર્વે ૭૦૦થી૬૦૦)ના નામથી તેના વંશજો પ્રદ્યોતો કહેવાયા. તેના કાર્યસચિવ ગિરિનગરમાં રહી સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના કેટલાક ભાગનું શાસન સંભાળતા હતા. તેઓ ધીરેધીરે સ્વતંત્ર થયા અને અવન્તી સામે લડવા લાગ્યા. અવન્તીના રાજાએ ફરી ગિરીનગર જીત્યું પણ તેના આ કાર્યસચિવે તેને નમતું ન આપ્યું. તેણે સિંહપુર (શિહોર) વસાવ્યું અને ધીમે-ધીમે સૌરાષ્ટ્રના મોટા ભાગ ઉપર કાબૂ જમાવ્યો. ઇ.સ. પૂર્વે ૫૪૪ માં તેના એક રાજપુત્રે લંકાની યાત્રા કરી હતી. જે પાછળથી વિજય–યાત્રામાં પલટાઈ ગઈ. તે રાજપુત્રે ત્યાં લગ્ન કર્યા અને લંકાને જીતી લીધી. તેથી લંકાને તે રાજપુત્ર–વિજયે પોતાના વતન સિંહપુરના નામ ઉપરથી સિંહલ નામ આપ્યું.

લગભગ ૩૦૦ વર્ષ સુધી સિંહપુરનો વંશ સૌરાષ્ટ્ર ઉપર હકૂમત ધરાવતો હતો. ઉત્તર ગુજરાત ત્યારે અવન્તીને કબજે હતું અને ભરુચ નીચેનો પ્રદેશ શૂર્પારકને કબજે હતો. ત્યારપછી સૌરાષ્ટ્ર ઉપર ગ્રીક, બાક્ટ્રિન, પાર્થિયન અને સિકથિયન લોકો દરિયા રસ્તે આવ્યા. તેમણે સૌરાષ્ટ્રને જીતી લીધું હતું– તે સમયનાં ઘણાં સિક્કાઓ મળી આવ્યા છે. અવન્તી ઉપર મૌર્યોની સત્તા આવી. મૌર્યોએ અવન્તીની મદદમાં રહી ગ્રીકો પાસેથી સૌરાષ્ટ્ર જીતી લીધું. તેના કાર્યસચિવ પુષ્પગુપ્તે (જૂનાગઢ) ગિરીનગરમાં સુદર્શન તળાવ બંધાવ્યું તેવો શિલાલેખમાં ઉલ્લેખ છે. ત્યારે સમગ્ર ગુજરાત ઉપર મૌર્યોની સત્તા હતી.

ઇ.સ.પૂ. ૨૫૦ થી ૧૯૭ દરમિયાન સમ્રાટ અશોકના કાર્યસચિવ તુશસ્વ યવને સુદર્શન તળાવમાંથી નહેરો બંધાવી હતી. સમ્રાટ અશોકના પૌત્ર સંપ્રતિના જીવન સુધી ગિરીનગર ઉપર તેનો અમલ રહ્યો હતો.

ઇ.સ.પૂ. ૧૯૦ ની આસપાસ બાકટ્રીયાના રાજા ડેમેટ્રીયસે સરૌસ્ટસ (સૌરાષ્ટ્ર) અને સિગરડીસ (સાગરદ્વીપ=કચ્છ) જીતી લીધા હતા એવો પ્રાચીન ઇતિહાસકાર સ્ટ્રેલો (ઇ.સ.પૂ. ૫૦ થી ઇ.સ.પૂ. ૨૦) પ્લીની અને ઇજીપ્તના ભૂગોળશાસ્ત્રી ટોલેમી (ઇ.સ. ૧૫૦) એ ઉલ્લેખ કરેલો છે.

ઇ.સ.પૂ. ૧૨૬ થી ૧૧૦ દરમિયાન બાક્ટ્રિઅન રાજા મિનાન્ડર જમીન રસ્તે પંજાબ, સિંધ, કચ્છ જીતી સૌરાષ્ટ્રમાં આવ્યો હતો. તેના વંશજો રાજા એપોલોડોટ્સે ઇ. સ. પુ. ૧૦૦થી ઇ.સ. પુ. ૭૦ સુધી ગુજરાત ઉપર આધિપત્ય જાળવ્યું હતું.

**ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ—**

ત્યારપછી ગુજરાત ઉપર શક ક્ષત્રપોનો અમલ ઇ.સ. ૭૦ થી ઇ.સ. ૪૧૦ સુધી રહ્યો હતો ક્ષત્રપો શક કબીલાના હતા. તેઓ ભારત ઉપર ચડી આવ્યા અને ઘણો પ્રદેશ જીતી લીધો. અવન્તીના રાજાઓએ તેને હરાવી દક્ષિણમાં કાઢ્યા. આમ ઉત્તરમાંથી ક્ષત્રપ વંશનો સેનાપતિ નહપાન આવ્યો તેણે ગુજરાત ઉપર સત્તા જમાવી. તેની ચોથી પેઢીએ રુદ્રદામન થયો. તેણે ઇ.સ. ૧૫૦માં ગિરીનગરમાં સુદર્શન તળાવ સમરાવ્યું તેવો લેખ જૂનાગઢમાંથી મળી આવ્યો છે. તે જ સમયે વણીજંકના પુત્રે (શકે ૧૨૨ના મહાક્ષત્રપ સ્વામી રૂદ્રસેન પહેલાના રાજ્યમાં વૈશાખ વદી પંચમીના) પોતાના મિત્ર માટે જીવ અર્પણ કર્યો એવો એક લેખ દ્વારકાથી ૧૨ માઇલ પુર્વે આવેલ મૂળવાસર ગામમાંથી મળી આવ્યો છે, તેથી ફલિત થાય છે કે રુદ્રદામનનું રાજય આખાએ સૌરાષ્ટ્રમાં ફેલાયેલું હતું. અને શક ૧૨૨ એટલે ઇ.સ. ૨૦૦ સુધી ચાલ્યું હતું. શક રાજયની સ્થાપના પછી "શક સંવત" ક્ષત્રપોએ ચાલુ કર્યો હતો.

શુભેચ્છા પાઠવે છે

# શ્રી ઝગડિયા તાલુકા કો-ઓ જીનીંગ

એન્ડ

# પ્રેસીંગ સોસાયટી લી.

ઝગડિયા ( જિલ્લો ભરૂચ )

સ્થાપના ૧૯૫૬

*. આ સોસાયટીમાં ઝગડિયા તાલુકાના ૧૧૦૦ અગીયારસો ખેડુત ભાઈઓ અને ૧૫ પંદર મલ્ટીપરપઝ સોસાયટીઓ સભાસદ તરીકે જોડાએલ છે.

* સભાસદ ભાઈઓના કપાસનું એકત્રીકરણ કરી તેનું પીલાણુ કરી રૂ અને કપાસીયાનું વેચાણુ કાર્ય કરે છે.

* બીજના કપાસીયા તેમજ અન્ય સુધારેલા બિયારણનું વિતરણુ કાર્ય કરે છે.

* સંયોજિત મલ્ટીપરપઝ સોસાયટીઓ તેમજ વ્યક્તિ સભાસદોમાં કપાસનું રૂપાંતર કાર્ય અને વેચાણુ કાર્ય આ સોસાયટીની સ્થાપના સમયથી એકીકરણુ પદ્ધતિથી થાય છે.

નગીનભાઇ ત્રી. પારેખ
મેનેજર.

ગોરધનભાઈ છગનભાઇ પટેલ
પ્રમુખ

નહપાન (ઈ.સ.પુ ૭૦) થી સ્કન્દ સુધી (ઈ.સ. ૪૧૦) ૨૭ ક્ષત્રપો થયા, તે સમયે ગુજરાત નીચે મુજબ ભાગોમાં વહેંચાઈ ગયો હતો અને તે જુદી જુદી સત્તા નીચે હતો–તેમજ તે રીતે ઓળખાતો હતો. તે સમયે નીચે દર્શાવ્યા મુજબ ત્યાં શાસન હતું—

૧. સૌરાષ્ટ્ર–હાલનો સૌરાષ્ટ્ર પ્રદેશ. (ક્ષત્રપોનું શાસન)
૨. આનર્ત–ઉત્તર ગુજરાત અને ભિન્નમાલ ઉપરનો પ્રદેશ. (અવન્તીના શાસનમાં)
૩. શ્વભ્ર–હાલ સાબરકાંઠાને નામે ઓળખાય છે તે ક્ષત્રપોના શાસન તળે હતો.
૪. અનૂપ–મહી અને નર્મદા નદી વચ્ચેનો પ્રદેશ. (ગુપ્ત શાસનમાં)
૫. લાટ–નર્મદા અને તાપી વચ્ચેનો પ્રદેશ (આરબોનું યવન શાસન)
૬. અપરાન્ત નર્મદાથી કોકણ સુધીનો પ્રદેશ. (બાદામીના ચક્રવર્તી પૂલકેશીના અનુગામી ચાલુક્યોનું શાસન.)
૭. પરશુરામ ક્ષેત્ર–સુરત અઠ્ઠાવીસી અને ધરમપુર રાજ્ય તથા શૂર્પારક (સોપારા)નો પ્રદેશ–ચાલુક્યોનું શાસન.

સમ્રાટ સમુદ્રગુપ્તના પુત્ર ચંદ્રગુપ્ત બીજાએ ઈ.સ. ૪૧૦માં ગુજરાત અને માળવા જીતી લઇ ગુપ્તસામ્રાજ્ય સાથે જોડી દીધા હતા અને પોતાના પુત્ર કુમારગુપ્તને તેના કાર્યસચિવ તરીકે ત્યાં નીમ્યો હતો–તેના ઘણાં સિક્કા કાઠીઆવાડમાંથી મળી આવ્યા છે. તેના પુત્ર સ્કન્દગુપ્તનો ગિરીનારના એક ખડક ઉપર લેખ મળી આવે છે. તેના વતી પર્ણદત્ત અને તેના પુત્ર ચક્રપાલિને ગિરીનારમાં રહી શાસન કર્યું હતું. તેણે તે વખતે સુદર્શન તળાવ ફાટયું હતું તેને ફરી બંધાવ્યાનો પણ તે લેખમાં ઉલ્લેખ છે. ત્યારપછી બુધગુપ્ત રાજા થયો. (ઈ.સ. ૪૭૦) તેની નબળી પડતી સત્તાનો લાભ લઈ ઈ.સ. ૫૦૯માં સેનાપતિ ભટ્ટાર્કે ભાવનગર નજીક વલ્લભીપુરમાં વલ્લભીવંશની સ્થાપના કરી રાજ્ય–શાસન પોતાના હાથમાં લીધું.

લગભગ આ ગાળામાં ગુર્જરોએ રાજસ્થાન ઉપર કબજો મેળવ્યો હતો. ઇ.સ. ૪૦૦ થી ૬૦૦ના અરસામાં ગુર્જરનામની પરદેશી જાતિએ વાયવ્ય સરહદને રસ્તે ભારત ઉપર આક્રમણ કરેલું હતું. ધીમે ધીમે તેઓ પંજાબ–રાજસ્થાન થઇ ગુજરાતમાં આવ્યા. શરૂમાં તેઓએ ભારતમાં ત્રણ જગ્યાએ પોતાના થાણા નાખ્યા હતા. (૧) પંજાબમાં (૨) કનોજની દક્ષિણપૂર્વે (૩) રજપૂતાનામાં જોધપુર અને ભિન્નમાળની આસપાસના પ્રદેશમાં ઇતિહાસકાર અલબિરુની (ઇ.સ. ૯૭૦થી ૧૦૩૧) પોતાના ઇતિહાસ કથનમાં કનોજની દક્ષિણપૂર્વે "ગુજરાત" આવ્યો છે એમ જણાવે છે, તેની રાજધાની "બઝાન" ઉર્ફે નારાયણ શહેર તે જણાવે છે, જે જયપુર નજીક આવેલું છે. ગુર્જરપ્રજાનો રાજ્યસીમા મુજબ જુદો જુદો પ્રદેશ ગુજરાત તરીકે ઓળખાયો હોય તેમ જણાય છે. હાલના આ પ્રદેશને ગુજરાત નામ વિક્રમના દશમા શતક સુધી મળ્યું નહોતું, ત્યારના મળી આવેલ તામ્રપત્રોમાં સુરાષ્ટ્ર, વલ્લભી, આનર્ત, શ્વભ્ર અને લાટ એમ જુદાજુદા ઉલ્લેખો જુદાજુદા રાજવીના સમકાલિન કાળમાં મળે છે. વિ. સ. ૯૦૦ના કનોજના પ્રતિહાર રાજા ભોજના દૌલતપુરાના તામ્રપત્રમાં જોધપુરની ઉત્તરસીમા સુધી "ગુર્જરત્રા" પ્રસરેલ હતું એમ જણાવે છે. આમ ગુર્જરો ચોથી સદી પછી આવ્યા પણ આ પ્રદેશ ગુજરાત તરીકે છેક સોલંકીઓના રાજયકાળ પછી જ ઓળખાયો. આ પ્રદેશના ગુર્જર, ગુર્જરમંડલ, ગુર્જરત્રા વગેરે નામે ઉલ્લેખ ત્યારે થતો. સૌથી પ્રથમ આ પ્રદેશને ગુજરાત તરીકે માર્કોપોલો (ઈ.સ. ૧૨૫૪ થી ૧૩૨૪) એ પોતાની યાત્રા નોંધમાં દર્શાવ્યો છે. (ગુજરાતી લીટરેચર એન્ડ લેન્ગવેજ–ગ્રીયર્સન.)

ગુપ્ત સામ્રાજ્ય દરમ્યાન ગુજરાતમાં ભાગવત અને જૈન સંપ્રદાયનો અભ્યુદય થયો. વલ્લભી વંશના સ્થાપક મૈત્રક કુલના ભટ્ટાર્કે શૈવ સંપ્રદાયને ઉત્તેજન આપ્યું હતું. તેઓ પોતાને પરમ માહેશ્વર એ નામે ઓળખતા. મૈત્રકોની સત્તા સૌરાષ્ટ્ર તેમજ ઉત્તર અને મધ્ય ગુજરાત ઉપર વિસ્તરી હતી. [તેમાં થયેલ ધરસેન દ્વારકા યાત્રાએ આવ્યો હતો, ત્યાં તેની યાદમાં ધરસનવેલ નામે ગામ સ્થપાયેલું હતું. હાલ તે ધ્રાસણવેલ તરીકે ઓળખાય છે. જ્યાં મગ બ્રાહ્મણો જે ઈરાનથી આવ્યા હતા તેઓએ સ્થાપેલ તે વખતે પ્રાચીન ગણાતું સૂર્યમંદિર હાલ પણ છે– મૈત્રકો સૂર્યપુજક હોઈ ધરસેને ત્યાં વસાહત ઉભી કરાવી હતી. ઈ.સ. ૫૨૬] તેમાં થએલ ધર્માદિત્ય શીલાદિત્યે (ઈ.સ. ૬૦૫) પોતાનું શાસન પશ્ચિમ માળવા સુધી વિસ્તાર્યું હતું. ધ્રુવસેન બાલાદિત્ય (ઈ.સ. ૬૨૯) ભારત સમ્રાટ હર્ષવર્ધનની પુત્રીને પરણ્યો હતો. ધરસેન ચોથા (ઈ.સ. ૬૪૫) ના સમયમાં તેનું રાજ્ય સહ્યાદ્રિ સુધી હતું, ત્યાં તેના કાકા દેરભટ રાજ્ય સંભાળતા હતા, તે ચક્રવર્તી તરીકે ઓળખાતો હતો– ભટ્ટિકાવ્ય આ રાજાના સમયમાં વલ્લભીમાં લખાયું હતું. શીલાદિત્ય સાતમાના સમયમાં ઈ.સ. ૭૮૮ માં સિંધના આરબોએ વલ્લભી પર ચડાઈ કરી તેનો નાશ કર્યો હતો. આમાં કારણભૂત વલ્લભીમાં રહેતો રંક નામે મારવાડી ગણાય છે. તેનું અપમાન થયાથી તે આરબોને લાવ્યો હતો.

મૈત્રક દેરભટ્ટે ટૂંક સમય માટે મેળવેલ સત્તા દક્ષિણ ગુજરાત ચાલુક્યોએ પાછી મેળવી લીધી હતી. તેની રાજધાની નાંદોદ હતી. તેઓનું રાજ્ય લાટ અને નવસારિકા ઉપર હતું. નાંદોદ આસપાસ શરૂઆતમાં ગુર્જરોના મુખ્ય પુરુષ ધ્ધે– ઈ.સ. ૫૮૦માં રાજ્ય સ્થાપ્યું હતું. તે રાજ્ય ઈ.સ. ૯૩૯માં રાષ્ટ્રકૂટોએ જીતી લીધું હતું. ઈ.સ. ૭૮૮માં વલભીવંશનો નાશ કરી આરબો સૌરાષ્ટ્રમાં સ્થિર થઈ શકયા નહિ– લગભગ છેલ્લા ૩૨ વર્ષથી તેઓ દક્ષિણ ગુજરાતના રાજાઓ સાથે સંઘર્ષમાં હતા– ચાલુક્ય રાજા દન્તિદુર્ગ (ઈ.સ. ૭૫૪માં) તથા ધ્રુવ પહેલાએ તેઓને નસાડ્યા હતા. પણ તેઓને પણ આસપાસના પડોશી રાજ્યો હાથે લડવાનું હોઈ તેઓ સૌરાષ્ટ્ર ઉપર રાજ્ય જમાવી શકયા નહિ– તેની સાથે કાઠીઆવાડના મિહિર (જેઠવા) રાજાએ યુદ્ધ કર્યું હતું તે સમયે તેઓ ઘુમલીમાં રાજ્ય કરતા હતા. તેઓની સત્તા સુદામાપુરી (પોરબંદર) થી વેણુથલી (વંથળી) અને ઉત્તરમાં મોરબી સુધી હતી. આ લડાઈનો ઉલ્લેખ રાષ્ટ્રકૂટ રાજા ધ્રુવના એક તામ્રપટમાં (ઈ.સ. ૮૬૭) મળી આવે છે.

આ સમય દરમ્યાન વલ્લભી અને ઉત્તરગુજરાત ઉપર ઉત્તરભારતના પ્રતિહારોએ સત્તા જમાવી અને દક્ષિણ ગુજરાત ઉપર રાષ્ટ્રકૂટોએ ત્યારમાં સત્તા સ્થિર કરી.

ઉત્તર ગુજરાત ઉપરની હદ અને જોધપુર વચ્ચે વસેલ ગુર્જરોનું જે રાજ્ય તેમની એક શાખાએ નાંદેટ– નાન્દીપુરી (ભરૂચ પાસે) માં ઈ.સ. ૫૮૦માં સ્થાપ્યું તે ઈ.સ. ૭૩૯ સુધી તે રાજાઓ રહ્યા. દરમ્યાન કોઈ ઉલ્લેખનીય બનાવ ન બન્યો તે છતાં આ સમગ્રભૂમિને

ગુજરાત નામ આપવા કારણભૂત બન્યું તે ખરેખર એક આશ્ચર્ય-કારક ઘટના છે.

પ્રતિહારો અને રાષ્ટ્રકૂટો ગુજરાત ઉપર સત્તારૂઢ હતા તે સમયે મહેસાણામાં પંચાસરના રાજા જયશિખરીની દક્ષિણના ચાલુક્યોને હાથે હાર થતાં તેના પુત્ર વનરાજે તે અને આજુબાજુના વિશાળ પ્રદેશ ઉપર એક નવું રાજ્ય સ્થાપી ચાવડાવંશની રાજ્યશાખા વિસ્તારી. તેને અણહિલ્લપુર પાટણની સ્થાપના કરી. (ઈ.સ. ૭૪૬)

આ સમય દરમ્યાન ધર્મશાસ્ત્રા શંકરાચાર્યે દ્વારકામાં શારદાપીઠની સ્થાપના કરી સૌરાષ્ટ્રમાં એક વિદ્યાપીઠ સ્થાપી. તે સમય દરમિયાન ધર્મની રક્ષા માટે ઈરાન ગયેલા પારસીઓ પ્રથમ દીવ આવ્યા અને પછી સંજાણ આવ્યા અને ત્યાંથી ગુજરાતમાં ફેલાયા.

ચાવડા રાજાઓ વ્યસની અને લૂંટારા હતા– જૈનોનું મહત્ત્વ ત્યારથી વધ્યું. ચાવડાઓમાં છેલ્લા રાજા સામંત ચાવડાના દૌહિત્ર મૂળરાજ ચૌલુક્યે ઈ.સ. ૯૬૧માં પ્રજામાં સુવ્યવસ્થા સ્થાપવા સત્તા પોતાના હાથમાં લીધી, અને ધીરે ધીરે પાટણની સત્તા વિસ્તારવા માંડી તે. સિદ્ધરાજ જયસિંહના સમયમાં અવન્તી અને જૂનાગઢ તેમજ લાટ અને શાંકભરી (અજમેર) સુધી તેની સત્તા વિસ્તરી હતી. (ઈ.સ. ૧૦૯૪ થી ૧૧૪૨) તે રાજાઓમાં અન્ય ભીમદેવ, સિદ્ધરાજ, કુમારપાળે ગુજરાતને શ્રી અને સરસ્વતી તેમ જ કીર્તિથી મંડિત કર્યા છે. પ્રજા ખૂબ સુખી હતી. ૫૬ કોટી ટંકાવાળા શ્રેષ્ઠિઓ તો સહજ હતા ત્યારે જૈનધર્મનું પરિબળ ખૂબ જ વધી ગયું હતું. સાંસ્કૃતિક અને શિલ્પક્ષેત્રે ગુજરાતે ત્યારે કરેલી પ્રગતિ અવર્ણનીય છે. ચંદ્રાવતીના વિમલશાહના દહેરા, રૂદ્રમાળ વગેરે તેના જીવંત પુરાવા છે.

ઈ. સ. ૧૨૪૪માં મૂળરાજ સોલંકીના વંશનો અંત આવતા, વીસલદેવ વાઘેલો રાજ્યગાદીએ આવ્યો, એના વંશના ચોથા રાજા કર્ણદેવના સમયમાં અલાઉદ્દીન ખીલજીએ ગુજરાત ઉપર આક્રમણ કરી ગુજરાત જીતી લીધુ. (ઈ. સ. ૧૩૦૪)

વીસલદેવના મંત્રી વસ્તુપાળ તેજપાળે દેલવાડામાં ભારતપ્રસિદ્ધ જૈન દેરાસરો કરાવ્યા તેમજ તે જ સમય દરમ્યાન અન્ય કુંભારિયા, તારંગા અને ગિરીનાર તેમજ પાલીતાણામાં જૈન દેરાસરો કરાવ્યા. આમ શિલ્પકળા ત્યારે બહુ જ ચરમ કક્ષાની હતી. ગુજરાતનો સોલંકીકાળ અને વાઘેલાનો કાળ સુવર્ણકાળ ગણાય છે. આજ સમયમાં સોમનાથનો વારંવાર જીર્ણોદ્ધાર પણ થયો હતો.

**ગુજરાતનો અર્વાચીન ઇતિહાસ—**

ઇ. સ. ૧૩૦૪ થી ૧૪૦૭ સુધી ગુજરાત દિલ્હીના સુબાના વહીવટમાં રહ્યું. ૧૪૦૭માં દિલ્હીનો સૂબો મુજફ્ફરશાહ સ્વતંત્ર બન્યો અને પાટણ ઉપર પોતાની સત્તા સ્થાપી. ઈ. સ. ૧૪૧૧માં તેના પૌત્ર અહમદશાહે અમદાવાદની સ્થાપના કરી. હાલની રાજ્ય-ધાનીની ત્યારે સ્થાપના થઇ. ત્યારપછી ૧૬૬ વર્ષ સુધી ગુજરાત જુદા જુદા મુસ્લિમ રાજાઓના હાથમાં રહ્યુ. તે સમયમાં ફીરંગી-ઓએ ગુજરાતમાં પોતાના અડ્ડા સ્થાપ્યા. ઇ. સ. ૧૫૭૩માં અકબરે ગુજરાત જીતી લીધું. ફરી તે દિલ્હીની હકૂમતનો ભાગ બની રહ્યું.

ઇ. સ. ૧૭૫૮માં પેશ્વા અને ગાયકવાડના સૈન્યોએ ગુજરાત–અમદાવાદ–જીતી લીધું. આ સમય દરમ્યાન કાઠીયાવાડમાં પણ અનેક નાના રાજ્યો ઊભા થયા. કાઠી સરદારોએ કાઠીયાવાડને અંદરોઅંદર વેંચી લીધું. જૂનાગઢનું રાજ્ય પણ તે સમયમાં સ્થપાયું.

પેશ્વા અને ગાયકવાડના આપસ આપસના ઝગડામાં અંગ્રેજોએ દરમ્યાનગિરી કરી સુલેહ કરાવી. (ઈ. સ. ૧૮૧૭) અને ગુજરાતનો ઘણો ભાગ પચાવી પાડ્યો તેમ જ ૧૮૫૭માં સમગ્ર ભારત અંગ્રેજોની હકૂમત ને આવતાં ગુજરાત પણ અંગ્રેજોની હકૂમત તળે આવ્યું.

આ ગુજરાતમાં પછી ભારતને મુક્તિ અપાવનાર મહાત્મા ગાંધી અને સરદાર વલ્લભભાઈ પાક્યા. દેશમાં જાગૃતિ આવી. રક્તહીન ક્રાંતિ થઈ. ભારત ૧૯૪૭માં આઝાદ થયું. સૌરાષ્ટ્રનું અલગ રાજ્ય થયું. કચ્છ અલગ થયું. અને ગુજરાત મુંબઇ રાજ્ય સાથે ભળી ગયું. ૧૯૬૦માં મહાગુજરાતની રચના થતાં પુરાણ પ્રસિદ્ધ ગુજરાત પોતાના અસલ સ્વરૂપમાં આકાર પામ્યું.

આ ગુજરાતે આદીવાસીઓ– ભીલો, અસુરો, આર્યો, શકો, ગ્રીકો, બાકટ્રીઅનો, ગુર્જરો અને પારસીઓને સમાવ્યા છે. મુસલમાનો અને અંગ્રેજોને સમાવ્યા છે. કાળની ચેતનાને ઉરે ઝીલતું આ ગુજરાત કદીએ સ્વાર્થ તરફ ઢળ્યું નથી. શ્રીકૃષ્ણે પ્રયોગ કરેલ આદર્શ પ્રજાતંત્ર જ્યારે આજે સાકાર થઈ રહ્યું છે ત્યારે તેના વિશ્વસંદેશ ગીતાની પ્રેરણા મુજબ દરેક ગુજરાતી– પછી ભલે તે ગમે તે ધર્મ કે સંપ્રદાયનો હોય પણ પોતાનું ખમીર બતાવશે જ. વિશ્વમાન્ય રાષ્ટ્રપિતા ગાંધીજીની આ ભૂમિ તેના સત્યો અને પથદર્શી આદર્શોને કદી ચૂકશે નહીં. ગુજરાત આજે ઇતિહાસ રચી રહ્યું છે, ચાલો આપણે સૌ તેમાં સુવર્ણાક્ષરે બની રહીએ.

**સંદર્ભ સૂચિ**


૧ ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ — ગોવીંદભાઈ હાથીભાઇ દેસાઈ
૨ ચક્રવર્તી ગુર્જરો — કનૈયાલાલ માણેકલાલ મુન્શી
૩ ઐતિહાસિક સંશોધન — દુર્ગાશંકર કેવળરામ શાસ્ત્રી
૪ ૫૦૦૦ વર્ષ પૂર્વેનું ગુજરાત — મણિભાઈ દ્વિવેદી
૫ ગુજરાતની કીર્તિગાથા — કનૈયાલાલ માણેકલાલ મુન્શી
૬ પ્રાચીનકાળનો વિશ્વ ઇતિહાસ — જવાલાપ્રસાદ સિંઘાલ
૭ ગુજરાતની અસ્મિતા — કનૈયાલાલ માણેકલાલ મુન્શી
૮ પરદેશમાં ભારતીય સંસ્કૃતિ — શ્રી નાનુભાઇ દવે
૯ ગુજરાતની રાજધાનીઓ — રસીકલાલ છો. પરીખ
૧૦ ભારતીય પ્રાચીન સંસ્કૃતિ — અંબાલાલ પટેલ
૧૧ ભારતીય સંસ્કૃતિ — રમણલાલ વસંતલાલ દેસાઇ
૧૨ જૈન આગમ સાહિત્યમાં ગુજરાત — ભોગીલાલ જ. સાંડેસરા
૧૩ મહાભારત ભાગ ૧ પ્રસ્તાવના — સસ્તુ સાહિત્ય આવૃતિ ૧૯૨૭
૧૪ ગુજરાત એક પરિચય — સ્વાગત સમિતિ અધિવેનશ ભાવનગર
૧૫ ગુજરાતનો ઇતિહાસ — હરિપ્રસાદ શાસ્ત્રી
૧૬ લોથલ — ઉમાકાંત શાહ
૧૭ પુરાણોમાં ગુજરાત — ઉમાશંકર જોશી
૧૮ દ્વારકા — પુષ્કરભાઇ ગોકાણી
૧૯ પેરિપ્લસ — ગ્રીક સફર કથા
२० प्राचिन भारतीय परंपरा और इतिहास — रांगेय राघव
२१ कल्याण तीर्थांक — १९५७
22 The prehistoric background of Indian Culcture — D. H. Gordon
23 Archeology of gujarat — H. D. Sankalia
24 Prehestronic Ancient Hindu — R. D. Banerji
25 Ecepic india — C. V. Vaidya
26 Lost world — golden prss Newyork
27 Eoic of Man — Editors of Life.


ગુજરાતનો પ્રાગ વૈદિક, પ્રાગ ઐતિહાસિક પ્રાચીન અને અર્વાચીન સંક્ષિપ્ત ઇતિહાસ આ પુસ્તકનો સંપૂર્ણ આધાર લઇને લખાયા છે. જેને શિલ્પ તામ્રપત્ર અને ઉત્પનનો ટેકો છે.

# ગુજરાતનું કાલદર્પણ

| સમયઃ ઈ. સ. પૂર્વે | રાજધાની | વિગત |
|---|---|---|
| ૫૦૦૦ | કુશસ્થલી (દ્વારકા) | પ્રાચીન આદીવાસી કુશાવર્ત પ્રદેશના કબીલા. |
| ૩૫૦૦થી ૩૦૦૦ | લોથલ | મોહજો દડો અને હરપ્પા જેવી વ્યવસ્થિત સંસ્કૃતિ |
| ૩૦૦૦ | આનર્તપુર (વડનગર) | શાર્યાતો–આર્યો ઉત્તર ગુજરાતમાં વસ્યા. |
| ૨૫૦૦–૨૩૦૦ | પ્રભાસ પાટણ | ચંદ્રે અનાર્યો સાથે એકતા સ્વીકારી. |
| ૧૮૦૦–૧૭૦૦ | માહિષ્મતી (ભરૂચ નજીક) | કાર્તવીર્ય સહસ્રાર્જુને દિગ્વિજય કર્યો. સૌરાષ્ટ્રમાં યાદવો વસ્યા. પરશુરામે શૂર્પારક વસાવ્યું. |
| ૧૪૦૦–૧૩૫૦ | ગિરીનગર (જુનાગઢ) | શાર્યાતો આનર્તમાંથી સૌરાષ્ટ્રમાં ફેલાયા. |
| ૧૩૫૦–૧૩૦૦ | દ્વારકા | શ્રીકૃષ્ણે દ્વારકામાં પ્રજાતંત્ર સ્થાપ્યું. |
| ૮૦૦–૭૫૦ | સૂર્પારક (સોપારા) | ગુજરાત અવન્તિને તાબે રહ્યું તો કયારેક શૂર્પારને તાબે રહ્યું. યૌધેયોનું શાસન હતું. |
| ૫૪૪–૩૦૦ | સિંહપૂર (શિહોર) | રાજપુત્ર વિજયે લંકા (સિંહલ)માં રાજ્ય સ્થાપ્યું. |
| ૩૦૦ થી ૨૫૦ | ગિરીનગર (જુનાગઢ) | ગ્રીક બાકટ્રીઅન શાસન હતું. |
| ૨૫૦ થી ૧૯૭ | ગિરીનગર | સમ્રાટ અશોક મૌર્ય મગધને તાબે આનર્ત. |
| ૧૯૦ થી ૧૨૬ | ગિરીનગર | બાકટ્રીઅન રાજા ડેમેટ્રીયસનું શાસન. |
| ૧૨૬ થી ૧૧૦ | ગિરીનગર | બાકટ્રીઅન રાજા મિનાન્ડરની ચઢાઈ. |
| ૧૦૦ થી ૭૦ | ગિરીનગર | બાકટ્રીઅન રાજા એપોલો ડોટસનું શાસન |
| **ઈ. સ.—** | | દરમ્યાન ગ્રીક અને આર્યોની લડાઈનો કાળ. |
| ૭૦ થી ૪૧૦ | ગિરીનગર | ૨૭ ક્ષત્રપો થયા. |
| ૧૪૩ થી ૧૫૮ | | રૂદ્રદામનના સુવ્યવસ્થિત રાજ્યકાળ. |
| ૪૧૦ થી ૫૦૦ | ગિરીનગર | ગુપ્ત સામ્રાજ્ય મગધનું શાસન હતું. કાર્યસચીવ કુમારગુપ્ત ગિરીનગર રહેતો હતો. નહેર યોજના વગેરે અમલમાં હતી. |
| થી ૭૬૬ | વલ્લભિ (વળા) | સેનાપતી ભટાર્કે વલ્લભી વંશ સ્થાપ્યો |
| ૪૦૦ થી ૬૦૦ | વલ્લભિ | ગુર્જરો ભારત ઉપર ચઢી આવ્યા–સમુદ્ર રસ્તે તેમજ વાયવ્ય સરહદે આવી ભારતમાં ત્રણ સ્થળે થાણા નાખ્યા. |
| ૫૮૭ થી ૭૪૪ | નન્દીપુરી (નાન્દોદ) | પરદેશી ગુર્જરોએ દક્ષિણ ગુજરાત ઉપર રાજ્ય સ્થાપ્યું. |
| ૬૦૦ થી ૮૩૪ | ભિન્નમાલ–શ્રીમાલ | જોધપુરથી ગુજરાતની સરહદ પર વસેલ ગુર્જરો. |
| ૭૪૪ | ભૃગુ કચ્છ (ભરૂચ) | દન્તીવર્મા અને ધ્રુવે આરબોને લડાઈ આપી. |
| | ધુમલી (ભાણવડ પાસે) | નસાડમાં–ત્યારે સૌરાષ્ટ્રમાં મિહિર (જેઠવા) રાજ્ય ગણનાપાત્ર હતું. |
| ૭૪૬–૯૬૧ | પંચાસર (જિ. મહેસાણા) | જયશીખરી મરાયો. સોલંકીનું યુદ્ધ– |
| | અણહીલપુરપાટણ (પાટણ) | વનરાજે પાટણ સ્થાપી રાજ્ય વિસ્તાર્યું. |
| ૬૩૦–૯૭૨ | સ્તંભીતીર્થ (ખંભાત) | થોડા સમય ભરૂચ ભટાર્કવંશી દેશભરના હાથમાં હતું ત્યારે રાષ્ટ્રકુટ ખંભાત |
| | ભરૂચ | વસ્યા હતા. રાષ્ટ્રકુટોએ દક્ષિણ ગુજરાતમાં રાજ્ય સ્થિર કર્યું. |
| ૯૬૧–૧૨૪૨ | અણહીલપુર (પાટણ) | મૂળરાજ સોલંકી ચૌલુક્યવંશ સ્થાપ્યો. |
| ૧૦૨૪ | (પાટણ) | મહમદ ગઝની આવ્યો સોમનાથ લુંટ્યું. |
| ૧૨૪૨–૧૩૦૪ | અણહીલપુર (પાટણ) | વીસલદેવથી કરણવાઘેલા સુધીનો સમય |
| ૧૩૦૪થી ૧૪૦૭ | | અલાઉદીન ખીલજીએ ગુજરાત જીતી લીધું. પછી સુબાઓને તાબે જ રહ્યું. |
| ૧૪૦૭થી૧૫૭૩ | અમદાવાદ | મુજફ્ફરશાહ અહમદશાહ મહમદબેગડો વગેરે થયા. |
| ૧૫૭૩થી૧૭૫૮ | અમદાવાદ | મોગલ સલ્તનતનો ભાગ બની રહ્યું. |
| ૧૭૫૮થી૧૮૧૭ | અમદાવાદ | પેશ્વા અને ગાયકવાડને કબજે રહ્યું. |
| ૧૮૫૭ | અમદાવાદ | અંગ્રેજ હકુમતે જુદાજુદા રાજ્યોમાં ગુજરાત વહેંચાયું |
| ૧૯૪૭ | મુંબઈ–રાજકોટ–ભૂજ | ગુજરાત મુંબઈ રાજ્યમાં ગયું સૌરાષ્ટ્ર–કચ્છ અલગ થયા. |
| ૧૯૬૦ | અમદાવાદ | પ્રજાતંત્ર મહાગુજરાત બન્યું. |



# ગુજરાતનું એકમ

—પુષ્કરભાઈ ગોકાણી

ભારત એક ભૌગોલિક ઉપખંડ છે જેની ત્રણ બાજુએ સમુદ્ર અને ચોથી બાજુએ પર્વતો તેને મુખ્ય ખંડથી છૂટા પાડે છે. આમ છતાં ભારતમાં કદી એકતંત્ર રહ્યું નહોતું. ૨૫૦૦ વર્ષ પહેલાં બિંબીસાર અને અજાતશત્રુએ ભારતને એક સામ્રાજ્ય નીચે લાવવા પ્રયત્ન કરેલો, પણ છેક ત્રણસો વર્ષ પછી મૌર્યોના વખતમાં કેટલાક ગણતંત્રોનો કબજો મેળવી અશોક ભારતને એકતંત્ર નીચે લાવી શકયો તે પણ પૂરેપૂરું ભારત નહિ. સોએક વર્ષમાં તો તેની મહેનત ઉપર પાણી ફરી વળ્યું. લગભગ ૫૦૦ વર્ષ પછી ચંદ્રગુપ્ત અને તેના પરાક્રમી પુત્ર સમુદ્રગુપ્તે ભારતના મોટા ભાગને એકતંત્રે બાંધી સુખ અને શાંતિ બક્ષ્યા, પણ તે વ્યવસ્થા લાંબી ચાલી નહિ.

તેના ૪૦૦ વર્ષ પછી ઈસુના ૭મા સૈકામાં સમ્રાટ હર્ષે ઉત્તર ભારતનો મોટો ભાગ પોતાની હકૂમત તળે આણ્યો. પણ આ અને આવા બીજા એકતંત્ર રચવાના પ્રયત્નો ફક્ત એક જ કારણે વારંવાર નિષ્ફળ ગયાઃ સામ્રાજ્યને કાબુમાં રાખનાર પ્રતિભાઓ આવતી પણ રાજ્ય-વ્યવસ્થા એવી બનાવી નહોતી કે એકે તંત્ર લાંબો સમય ટકી રહે. તેથી તે સબળ પ્રતિભાઓનો અસ્ત થતાં જ રાજ્ય વિભક્ત થઈ જતું. તેને જ કારણે ભારત પર હુમલો કરનારા યુનાન, ગ્રીક, શક, કુશાન, હુણ, મોગલ અને છેવટે બ્રિટિશો ફાવી શકયા. કુસંપ, ઈર્ષ્યા, અરાજકતા, સંકુચિતતા વગેરેના કારણે ભારત એક ન બની શકયું કે તેનો સફળ પ્રતીકાર ન કરી શકયું! આઠમા સૈકામાં આરબ રાજવી મહમદ-ઈબ્ની-કાસીમે સિંધ જીતી લીધું; ૧૧મી સદીમાં મહમદ ગીઝનીએ પંજાબ લીધું. ૧૨મી સદીમાં કુતુબુદ્દીન ઐબકે દિલ્હી લીધું ત્યારથી ઈ. સ. ૧૫૨૬ સુધી મુસલમાનોએ ઉત્તર ભારત ઉપર રાજ્ય કર્યું. આટલા ગાળામાં પાંચ જુદા જુદા વંશનાં ૩૩ જુદા જુદા સુલતાનો થયા, તેમાં એક અલાઉદ્દીન ખાલજીએ જ ભારતનો ગણનાપાત્ર ભાગ પોતાની હકૂમત તળે આણ્યો. ઈ. સ. ૧૫૨૬ના પાણીપતના યુદ્ધમાં બાબરે જીત મેળવી મોગલ સામ્રાજ્યના પાયા નાખ્યા. અકબરે ફરી ભારતમાં સામ્રાજ્ય રચવા કાંઈક સફળ પ્રયત્ન કર્યો, પણ ઔરંગઝેબના અવસાન સુધીમાં (ઈ. સ. ૧૭૦૭) આ સામ્રાજ્ય તૂટયું.

દક્ષિણમાં ગોવળકોંડા અને બીજાપુરના તેમ જ હૈદ્રાબાદ અને અન્ય મરાઠી રાજ્યો ઉભા થયા. શિવાજીએ પોતાની પ્રતિભાથી ભારતને ગુલામીની જંજીરમાંથી છોડાવવા પ્રયત્નો કરી આ રાજ્યોને સ્વતંત્રતા આપી. પણ તેના મૃત્યુ પછી તે ચિરંજીવ ન રહી. પેશ્વાઓએ આ સત્તા ટકાવી રાખવા પ્રયત્નો કર્યા પણ તેમના સેનાપતિઓ સિન્ધિયા, હોલ્કર વગેરેના યુદ્ધોમાં મરાઠાશક્તિ તૂટી પડી. પ્રજાને કાઠીયાવાડમાં આ સરદેશમુખી ઉઘરાવનાર-ચોથ ઉઘરાવનાર મરાઠા ઉપર મુસલમાનો જેટલી જ સૂગ ઉત્પન્ન થઈ. આવું જ સમગ્ર ભારતમાં હતું. સુબાઓ રાજવી બની ગયા હતા. ભારત અસંખ્ય રજવાડામાં વહેંચાઈ ગયું. આ સમયે ઈસ્ટ ઈન્ડીયા કંપનીને નામે વેપાર અર્થે અંગ્રેજોએ ભારતમાં પગપેસારો કર્યો. વેપાર-સંરક્ષણના બહાને લશ્કર પણ રાખવા માંડ્યું. અંદરોઅંદર કુસંપનો ફાયદો ઉઠાવી ઈસ્ટ ઈન્ડીયા કંપનીએ નાના નાના રાજ્યોનો પક્ષ એકબીજા સામે લઈને સંધિઓ કરવા માંડી. આ રીતે તેમણે પોતાનું વાલીપણું વિસ્તારવા માંડ્યું, લશ્કર વધારવા માંડ્યું.

રોબર્ટ કલાઇવે આ થાણાનો ફાયદો ઉઠાવ્યો. સિરાજ-ઉદ્-દૌલા, હૈદર, ટીપુ વગેરેને હરાવતાં હરાવતાં પોતાનું સામ્રાજ્ય બંગાળથી દક્ષિણમાં વિસ્તાર્યું. હૈદ્રાબાદ, ત્રાવણકોર, માયસોર, વડોદરા અને ગ્વાલિયર જેવા મોટા મોટા રાજ્યોએ કંપનીનું વાલીપણું સ્વીકારી તેને છૂટો દોર આપ્યો. હવે અંગ્રેજો રાજાઓનાં આંતરિક રાજ્ય-વહીવટમાં પણ શાંતિ અને પ્રગતિના બહાને દખલ કરવા માંડ્યા. તેથી જ્યાં જ્યાં રાજ્યોમાં બિનવારસ રાજાઓ મૃત્યુ પામતા ત્યાં તે રાજ્યને ખાલસા કરી અંગ્રેજો તેને પોતાના સીધા વહીવટ હેઠળ લાવવા માંડ્યા. આમ સતારા, નાગપુર, ઝાંસી, સમ્બલપુર-ભાગલ વગેરે રાજ્યો ખાલસા થતાં લોકો અને તેમના લશ્કરમાં અસંતોષ ફેલાયો. દરમિયાન અંગ્રેજોએ પંજાબ જીતી છેક અફઘાનિસ્તાન સુધી પોતાની વહીવટી સીમા વધારી. અવધના રાજ્યને ખાલસા કરી અંગ્રેજોએ તેના સાઠ હજાર સૈનિકોને નોકરીમાંથી કાઢી મૂકયા જેને કારણે ત્યાં ક્રાંતિ થઈ. આ ક્રાંતિએ અંગ્રેજોને ભાન કરાવ્યું કે ભારતમાં રાજ્ય કરવા માટે તેઓએ નાના નાના રાજવીઓને પોષવા જોઈશે. કારણ કે તે જ રાજવીઓ તેમની અને પ્રજાના અસંતોષ વચ્ચે ઢાલ બની શકશે. આ કારણે ૧૮૫૭ની નિષ્ફળ ક્રાંતિ થયા બાદ અંગ્રેજોએ નાના રાજવીઓને મર્યાદીત સ્વાતંત્ર્ય બક્ષી પોતાનો વહીવટ સુગમ બનાવ્યો.

અને તેથી જ ૧૯૪૭માં સ્વતંત્રતા મળી કે આ રાજવીઓ સ્વતંત્ર બની ગયા. ભારતની સ્વતંત્રતા ટકાવી રાખવા માટે ફરી ખતરો ઉભો થયો. મગધો, મૌર્યો, ગુપ્તો, મુગલોએ કરી હતી તેવી ભૂલ ફરી ન થાય તે માટે સરદાર વલ્લભભાઇ પટેલે ભારતનાં આ રાજ્યોને એકતંત્ર રાજ્યવ્યવસ્થા નીચે આણવાનું અતિ વિકટ અને અભૂતપૂર્વ એવું ભગીરથ કાર્ય હાથ ધર્યું. ઓરીસ્સામાં છત્તીસગઢના ૧૫ રાજ્યોને અને બીજા ૨૬ રાજ્યોનું વિલીનીકરણ કરી તેની તેમણે શરૂઆત કરી. ત્યારપછી દક્ષિણના ૧૮ રાજ્યોને એક વહીવટ નીચે લાવવામાં આવ્યા. હવે તેમણે સૌરાષ્ટ્ર-ગુજરાતના ૩૭૬ રાજ્યોના કુલ ૧૧૩૨ વહીવટી એકમોને ભારત તંત્ર નીચે

લાવવા ધ્યાન કેન્દ્રિત કર્યું.

૧૯૪૭ના ૧૫મી ઑગસ્ટની પરોઢે ભારત સ્વતંત્ર બન્યું. સત્તા છોડતી બ્રિટિશ ગવર્નમેન્ટે ભારતીય શાસન નીચે રહેલ હાલના ભારતના લગભગ ૫૩ ટકા ભાગને સ્વાયત્તતા–સ્વતંત્રતા તો બક્ષી પણ સાથેસાથ ભારતના ૪૭ ટકા ભાગને આવરી લેતાં ૬૦૦ રજવાડાંને પણ સાર્વભૌમત્વ આપ્યું. પાકીસ્તાન થતાં હિન્દુસ્તાનના ૧૬,૩૪,-૩૭૭ ચોરસ માઇલ વિસ્તારમાંથી ૩,૬૪,૭૩૭ ચોરસ માઇલ વિસ્તારનું અલગ શાસન બન્યું. ભારતીય શાસનમાં ૬,૭૬,૮૬૦ ચોરસ માઇલ આવ્યા અને તે વિસ્તારમાં ચોમેર પ્રસરી ગએલા ૫,૯૨,-૭૮૦ ચોરસ માઇલ વિસ્તારના રજવાડાં શાસનથી અલગ અસ્તિત્વવાળા બન્યા જેઓ ભારત કે પાકીસ્તાન સાથે જોડાવું હોય તો જોડાય પણ ખરા અને સ્વતંત્ર રહેવું હોય તો સ્વતંત્ર પણ રહી શકે તેવી જોગવાઇ શાસનની ફેરબદલી કરતી વખતે વિદેશી સરકારે કરી હતી. આ રજવાડાઓ ભારત સંઘમાં છૂટા છવાયા વિસ્તરેલા હોઇ જો તે ભારતમાં ન જોડાય તો તેમનો અને ભારતનો વ્યવહાર, વ્યાપાર, રક્ષણ અને શાંતિ જોખમાઇ જાય તેની પૂરી દહેશત હતી. ભાગલાને કારણે ફાટી નીકળેલ તોફાન, નિર્વાસિતોનો અકલ્પ્ય ધસારો તેના વસવાટની વ્યવસ્થાને પ્રજાના ચાલુ વ્યવહાર વચ્ચે કેમ ગોઠવવી તે એક વિકટ પ્રશ્ન હતો. આ વિકટ પ્રશ્નને હલ કરવાનું ભગીરથ કાર્ય ગુજરાતના લાડીલા–ભારતના લોખંડી પુરુષ સરદાર વલ્લભભાઇએ કર્યું અને તેના જીવનના અંતિમ શ્વાસ સુધી તેઓ આ કાર્ય કરતાં રહ્યા.

ઓરિસ્સામાં ૪૧ રાજ્યોનું વિલીનીકરણ કરી તેમણે આ કાર્યની શુભ શરૂઆત કરી. ત્યારપછી દક્ષિણના ૭૮૧૫ ચો. માઇલના ૧૬,૯૩,૧૦૩ની વસ્તીવાળા રૂ. ૧,૪૨,૧૫,૫૯૯ની ઉપજવાળા ૧૮ રાજ્યોને ભારતમાં ભેળવી લીધા. ૨૨૨ રાજ્યો મળી ૮૭૦ વહીવટી એકમો ધરાવનાર ૨૨૦૦૦ ચો. માઇલના ૪૦ લાખની વસ્તીવાળા ૧૨ કરોડની આવકવાળા કાઠીઆવાડના રાજ્યોને પણ ભારતમાં ભેળવી તેમણે અભૂતપૂર્વ એવું આ દોહ્યલું કાર્ય અથાગ પરિશ્રમથી પાર પાડ્યું. પછી તેઓ ગુજરાત તરફ વળ્યા.

ગુજરાતમાં વડોદરા સહિત ૧૮ મોટા રાજ્યો, ૧૨૭ અર્ધ રાજ્યવહીવટવાળા પ્રદેશો અને અન્ય જાગીરો મળી ડાંગ સહિત ૨૭૩ એકમોને ભારતમાં ભેળવવાના હતા. તેમાં રજપૂત, મુસ્લિમ, મરાઠા અને આદીવાસીઓનો સમાવેશ થતો હતો. રજપૂતોમાં મુખ્યત્વે સોલંકી, ચૌહાણ, વાઘેલા, સિસોદિયા, પરમાર અને ગોહેલો હતા. આદીવાસીઓમાં ભીલ, કોળી, મોલેસલામ અને બારીઆઓનું રાજ્ય પણ નજર ખેંચે તેવું હતું. આમ ૨૭૧૧૭ ચો. માઇલનું ક્ષેત્રફળ ધરાવનાર ૨૬ લાખની વસ્તી ધરાવનાર ગુજરાતના રાજ્યોમાં વડોદરા અને ડાંગનો સમાવેશ કર્યો નથી. આ બધાની આવક ૧,૬૫,૦૦,૦૦૦ રૂપિયાથી વધતી નહોતી. દક્ષિણના કુલ રાજ્યોથી પણ વધારે વિસ્તાર ધરાવનાર વડોદરા ૮૨૩૪ ચો. માઇલનું ૭ કરોડની પુરાંતવાળું રાજ્ય હતું. ૬૫૦ ચો. મા.નો વિસ્તાર ડાંગ તળે હતો.

ઉત્તર ગુજરાતના પાકીસ્તાનને સ્પર્શીને આવેલા રાધનપુરના મુસ્લિમ રાજ્યો પાકીસ્તાનમાં જોડાઈ જવાની પાકી સંભાવના હતી. આ બધા રાજ્યો સ્વતંત્ર નભી શકે તેવી તેમની પાસે ઉપજ નહોતી, લશ્કર નહોતું, રેલ્વે અને ઇતર વાહનવ્યવહારની સગવડ નહોતી; તેને જ કારણે સાર્વભૌમત્વ મળતાં—આ રાજ્યો એક બીજા તરફના અવિશ્વાસ અને વેરઝેરને કારણે તથા લાંબા સમયથી બ્રિટિશ શાસનના ઓશિયાળા હોઈ–મૂંઝાઈ ગયા. તેઓને ભારત અને પાકીસ્તાનમાંથી કોઈ સાથે જોડાવું જરૂરી જણાયું. મુસ્લિમ રાજ્યો સિવાય કોઈ પાકીસ્તાન સાથે જોડાય તે પ્રશ્ન જ નહોતો. પણ સૌરાષ્ટ્રનું એકમ બનતાં કેટલાક રાજવીઓને વિચાર આવ્યો કે વડોદરાના વિશાળ રાજ્ય સાથે જો જોડાણ થાય તો તેઓ એક સ્વતંત્ર સાર્વભૌમ રાજ્ય બની ભારત સાથે જરૂર પૂરતા સંબંધો રાખી સ્વાયત્ત શાસનવાળા બની શકે. વડોદરાનું રાજ્ય ભારતમાંના રાજ્યોમાંનું બીજા નંબરનું મોટામાં મોટું રાજ્ય હતું તેમ જ ઉપજની દૃષ્ટિએ સાત કરોડ જેટલી વિશાળ પુરાંત ધરાવતું હતું. તેની સાથે જો અન્ય સત્તર સલામી રાજ્યો ભળી જાય તો એક વિશાળ એકમ બને અને રાજ્યો તે માટે અંદરોઅંદર મળ્યા પણ ખરા. જ્યારે પ્રજામત તો ભારત સાથે જોડાણની તરફેણ કરતો હતો. લોકો તે માટે લડત ચલાવે તેવી સુવિધા વલ્લભભાઈ પટેલે ઉભી કરી આપી એટલું જ નહિ પણ કેટલાક સારા આગેવાનોને તે માટે પ્રજામત દોરવવા મોકલી આપ્યા. આ મહત્ત્વની બાબત હતી. આ એક કુનેહભર્યું રાજકીય રાજ્યહીતનું પગલું હતું.

વડોદરાના મહારાજા સર પ્રતાપસિંહરાવ ગાયકવાડે ૧૯૪૭માં બ્રિટિશ સરકાર પાસેથી શાસનની ફેરબદલી માટે ઉભી થએલ વચગાળાની સરકારમાં પોતાનો પ્રતિનિધિ મોકલ્યો હતો અને સર્વ રાજાઓને આ ભારતીય શાસનમાં જોડાવાનો જાહેર અનુરોધ કર્યો હતો. ૧૯૪૭ સપ્ટેમ્બરમાં આ જાહેરાત પછી થોડા જ સમયમાં જુનાગઢે પાકીસ્તાન સાથે જોડાણની પ્રજામત વિરુદ્ધ માગણી કરતાં સૌરાષ્ટ્રની સ્થિતિ મૂંઝવણભરી બની અને આંતરયુદ્ધનો પ્રસંગ ઉપસ્થિત થયો. આ સમયે ભારત સરકાર ગાયકવાડ પાસે સહકાર માટે આવી અને મહારાજા ગાયકવાડને ગુજરાત–કાઠીઆવાડના સાર્વભૌમ મહારાજા થવાની મહત્ત્વાકાંક્ષા જાગી. તેમણે સરદાર પટેલને લખ્યું કે ભારતે વડોદરાના મહારાજાને ગુજરાત–કાઠીઆવાડના સાર્વભૌમ મહારાજા જાહેર કરવા, તેમ જ ભારતીય શાસનની ૬ એજન્સી અને તેના પ્રદેશને પણ ગાયકવાડની હકૂમત નીચે મૂકવી. મહિકાંઠા, રેવાકાંઠા, સાબરકાંઠા, પાલનપુર, વેસ્ટર્ન ઇન્ડીઆ સ્ટેટ્સ–પશ્ચિમ હિંદના રાજ્યોની અને ગુજરાત રાજ્યોના વહીવટ માટે, બ્રિટિશ શાસનમાં, આ ૭ એજન્સીઓ વહીવટ કરતી હતી તથા એક બીજા રાજ્યોને લડાવી તેમનું નિયમન કરતી હતી. એ બધી એજન્સી અને રાજ્યો પોતાની પ્રાદેશિક હકૂમતમાં જો ભારત આપે તો વડોદરા સરકાર ગુજરાત અને કાઠીઆવાડમાં શાંતિ અને સુવ્યવસ્થા જાળવવા મદદ કરશે અને પોતાની વફાદારી જાહેર કરવા, વિદેશી બાબત, સ્વરક્ષણ અને વાહનવ્યવહારની ત્રણે બાબતોમાં ભારત સરકારની સલાહને અનુકૂળ રહેશે, એવું સ્પષ્ટ લખાણ પ્રતાપસિંહરાવ ગાયકવાડે સરદારશ્રીને મોકલ્યું હતું તેથી ગુજરાતના ૧૭ રાજ્યોએ જ્યારે ગાયકવાડ સાથે જોડાણની ઇચ્છા બતાવી ત્યારે સરદારશ્રીએ તે વાત ના–પસંદ કરી. આ બધા રાજ્યો વતી પ્રતિનિધિ બનીને

આવનાર લુણાવાડાના મહારાજાએ સૌરાષ્ટ્ર જેવું રાજય રચવા ખૂબ ખૂબ આગ્રહ કર્યો પણ સરદારશ્રીને સર પ્રતાપસિંહ ગાયકવાડના વલણની સખત નાપસંદગી હોઇ તે વાતને તેમણે જરાપણ ઉત્તેજન આપ્યું નહિ, પણ આ રાજ્યો ત્યારના મુંબઇ પ્રાંત સાથે જોડાય જાય તેમાં જ સર્વનું હિત છે તેવી સલાહ આપી.

બધા રાજાઓએ સરદારશ્રીના પ્રતિનિધિ વી. પી. મેનનને મુંબઇ મળવા બોલાવ્યા ત્યાં પણ મેનને તેઓને વડોદરાના મહારાજાની પ્રજાની ઇચ્છાથી વિસંગત મહત્વાકાંક્ષા સમજાવી. છતાં તેઓ વડોદરાના મહારાજાને મળીને આ અંગે નિર્ણય આપશે તેમ જણાવ્યું.

પણ સર પ્રતાપસિંહરાવ ગાયકવાડ વડોદરા રાજયનો આ નવા રાજ્યોના જોડાણમાં લોપ થાય તેમ ઇચ્છતા જ નહોતા તેમ સખત શબ્દોમાં તેમણે અન્ય રાજવીઓને જણાવ્યું. જો સૌ વડોદરા રાજ્યમાં ભળી સર પ્રતાપસિંહરાવ ગાયકવાડની હકૂમત સ્વીકારે તો જ તેઓ હળવા વિચાર કરશે તેમ તેમણે જણાવ્યું. આમ છતાં આ રાજ્યોને ઉતાવળ ઠીક લાગી નહિ અને તેમણે મેનનને ૧૯મી માર્ચ ૧૯૪૮ની મીટીંગમાં થોભી જવા જણાવ્યું. શ્રી વલ્લભભાઇ પટેલ થોભી જવા રાજી નહોતા. અત્યારે જ્યારે વડોદરાએ ના પાડી છે ત્યારે જ જો કબૂલાત મળી જાય તો પછી બાકીના પ્રશ્નોનો નિર્ણય સહેલાઇથી થઈ શકે. તેમણે રાજવીઓની અંગત મિલ્કત, વિશિષ્ટ અધિકાર અને સાલિયાણા માટે સહાનુભૂતિભર્યો વિચાર કરવાનું વચન આપ્યું ત્યારે તેઓએ ૧૧ અઠવાડીઆ પછી વહી-વટ સોંપી દેશે તે શરતે વિલીનીકરણના મુસદ્દા ઉપર સહી કરી.

સૌરાષ્ટ્રના રાજ્યો માફક તેમના સાલિયાણા તેમના ઉત્તરઅધિ-કારી બાબત વિવાદના નિકાલો અને અંગત મિલ્કતો નક્કી કરવામાં આવ્યા. રાજપીપલાના મહારાજાએ બધા રાજ્યો વતી મુંબઇ પ્રાન્તમાં ભળી જઈ મહાગુજરાતના રાજ્ય માટે આ સંમતિ જાહેર કરી.

૧૦મી જૂન ૧૯૪૮ના ૨૭૦૦૦ ચો. માઇલનો વિસ્તાર તેની ૨૬,૨૪,૦૦૦ની વસ્તી સાથે મુંબઇ રાજયમાં ભળ્યો. વિલીનીકરણ થયું તેમાં આ વિતાર વધારેમાં વધારે હતો. તે સાથે વડોદરાનો ૮૨૩૬ ચો. માઇલનો વિસ્તાર ભળતાં આ વિલીનીકરણ બહુ જ વિશાળ બન્યું હતું. ગુજરાત રાજ્યોમાં ૧ દાંતાનું નાનું રાજ્ય હતું. (વસ્તી ૩૧૦૦૦ અને વિસ્તાર ૩૪૭ ચો.માઇલ.) ભીલોની ૮૦ ટકા વસ્તીવાળા આ રાજ્યના રાણા ઉજ્જૈનના પરદુઃખભંજન રાજા વીર વિક્રમના વંશ જ હતા. આ વિસ્તારની ઝનૂની આદીવાસી પ્રજા સાથે કામ પાડવું બહુ મુસ્કેલ હતું. તેઓ કોઇ કાયદાને માન આપે તેવા નહોતા. તેના જોર ઉપર મહારાણા નમતું જોખતા નહતા. તેને વારંવાર મળવા પ્રયત્ન થયો. ત્રણ મહિને તેણે મુલા-કાત આપી. ઘણી સમજાવટને અંતે રાણાએ પોતાની ગાદી પોતાના પુત્રને સોંપી, તેને રાજા જાહેર કરી, પછી જ વિલીનીકરણના મુસદ્દા ઉપર સહી કરી, જેથી તેના પુત્રને સાલિયાણાના મોટા હક્ક મળે. મુંબઈ રાજયમાં આ રાજ્યનો વહીવટ ગુજરાતના વિલીનીકરણ પછી પાંચ મહિને નવેમ્બર ૧૯૪૮માં સોંપાયો.

હવે વડોદરાનો મુખ્ય પ્રશ્ન બાકી રહ્યો. વડોદરાના મહારાજાની ગુજરાત–કાઠીઆવાડના મહારાજા થવાની મહત્વાકાંક્ષા ઉપર તો શ્રી સરદારે આ વિલીનીકરણ કરી પાણી ફેરવી દીધું હતું. તેમ છતાં સર પ્રતાપસિંહરાવ ગાયકવાડ પોતાના દીવા–સ્વપ્નોમાં રાચતા હતાં. તેને અલગ સ્વતંત્ર રાજ્યની મહત્વાકાંક્ષા હતી. પણ ૧૯૪૩માં તેમણે રાજ્યના કાયદા વિરુદ્ધ બીજું લગ્ન કર્યું હતું. તેમજ ૨૫ લાખથી વધારે રકમનો તેનો અંગત ખર્ચ ઠરાવાએલ હોવા છતાં તેઓ રાજ્યમાંથી મોટી રકમ એડવાન્સ લેતાં હતા. આમ રાજય ઉપર તેનો વિશેષ બોજો અને તેના દાદાના પ્રજા–હિત–રક્ષી વલણથી તદ્દન વિરુદ્ધ તેમનું આચરણ રહેલ હોઈ પ્રજા તેના અલગ રાજ્યના વિચારને આવકારતી નહોતી. તેમ વળી સરદારશ્રીએ મોકલેલ આગેવાનોએ પ્રજામતની સાચી માગણીઓ જાહેરમાં મૂકવા માંડી કે જેને કારણે સર પ્રતાપસિંહરાવ ઉપર નૈતિક દબાણ લાવી શકાય. જ્યારે સર પ્રતાપસિંહરાવે જુનાગઢના વિદ્રોહ વખતે મદદ કરવા માટે પોતાને ગુજરાત–કાઠીઆવાડના રાજા બનાવવાની શરત મૂકી ત્યારે સરદારે તેની મદદની જરૂર નથી એવો કડક જવાબ આપ્યો અને ભારતમાં ભળી જવા સ્પષ્ટ સલાહ આપી. તેમ ન કરવાથી અથડામણ અને પાયમાલી કેવી થશે તેના પણ ખ્યાલ પત્રમાં આપ્યો. પણ હવે સર પ્રતાપસિંહરાવને વડોદરાને હૈદ્રાબાદ જેવી રીતનો અલગ દરજ્જો જોઇતો હતો. પણ તેમના સ્વાર્થી વલણને કારણે સરદારે કદાચ આ શકય બની શકત તેવી યોજનાની ઉપર પણ ઠંડુ પાણી જ રેડ્યું. પોતાની મૂંઝવણભરી સ્થિતિમાં આ કાર્ય માટે તેણે દિવાન મહૂર્મ શ્રી બી. એલ. મિત્તરની કસૂર કાઢી. દરમ્યાન દરબાર ગોપાલદાસની આગેવાની નીચે સ્વાયત્તતા માટે કોંગ્રેસે આંદોલન મજબૂત બનાવ્યું. તેને કારણે તેમણે એપ્રિલ ૧૯૪૮માં બંધારણીય સભાની રચના કરી. પણ તેમાં મુસદ્દો તેણે સરદારશ્રીની સુચના મુજબ મેનન અને દરબાર ગોપાલદાસની સાથે નક્કી કર્યો હતો તે કરતાં જુદો જ કર્યો. તેથી ઉશ્કેરાયેલ રાજ્ય પ્રધાન મંડળ વિરુદ્ધ સર પ્રતાપસિંહરાવે ફરીયાદ કરી. સરદારે તેમણે બંધારણ સભાના મુસદ્દાના કરેલા ફેરફાર માટે તેમના ઉધડા લીધા. છેવટ મે ૧૯૪૮માં જીવરાજ મહેતાને વચગાળાના પ્રધાનમંડળમાં મુખ્ય પ્રધાન બનાવી સર પ્રતાપસિંહરાવ યુરોપ ચાલ્યા ગયા.

ત્યાંથી તેણે તેના નામ પર બાકી રહેતી તસલમાત લોનના રૂપિયા બસો વીસ લાખ મંડવાળ માંડી વાળવા હુકમ કર્યો અને બીજા ૧૦૫ લાખ સરકારી તીજોરીમાંથી વધારે ઉપાડ્યા. આ તેના ખર્ચ માટે નક્કી કરેલ મોટી રકમ ઉપરાંત હતા. તે સિવાય ઘણું, મોટી કિંમતનું ઝવેરાત પણ તેણે પરદેશ મંગાવા માંડ્યું. તુરત ૫૮ સભ્યોની બંધારણીય સભા મળી અને તેણે સર પ્રતાપસિંહરાવ ગાયકવાડે પ્રજાનો દ્રોહ કર્યો હોઈ તેમના મોટા પુત્ર ફતેસિંહરાવને ગાદી સોંપી જવા માટે અનુરોધ કર્યો. પ્રજાનો વિશ્વાસ પ્રતાપ-સિંહરાવ પર રહ્યો ન હોવાથી એ સભાએ આશરે ૩૫૦ લાખની રકમ અને ઉપાડેલ ઝવેરાત માટે ભારત સરકારને ઘટતું કરવા સમિતિ નીમવા વિનતિ કરી.

પરીણામે સર ગાયકવાડ દિલ્લી શ્રી સરદારને મળવા આવ્યા. ત્યાં શ્રી જીવરાજ મહેતા અને દરબાર ગોપાલદાસ રૂબરૂ તેમણે મહારાણી શાંતાદેવીના વડપણમાં જવાબદાર રાજયતંત્ર આપવાનું

કમૂલ્યું તથા પોતાના પૂર્વ ઉપાડની રકમ તથા ઝવેરાત માટે પૂરતી તપાસ કરી બાકી નીકળતું લેણું ભરપાઈ કરવાની તૈયારી બતાવી તથા પોતાની ગેરહાજરીમાં મહારાણી શાંતાદેવી, જીવરાજ મહેતા દિવાન અને કાયદા પ્રધાનને પોતાના અધિકારો સોંપ્યા. એમના ઉપાડની તપાસ કરતાં જણાયું કે ૧૯૪૩થી ૪૭ દરમ્યાન ગાયકવાડે વાર્ષિક ખર્ચના પચાસ લાખ ઉપરાંત બીજા ૬૦૦ લાખ રૂપિયા અને સારૂં એવું ઝવેરાત ઉપાડ્યા હતાં.

આ બધી તપાસથી તંગ આવીને, તેમ જ જવાબદાર બંધારણ સભા અને પ્રધાનમંડળ ઉપર તેનો કાબૂ ન રહેતાં, તેમણે સરદારને આ બાબત ફરીયાદ કરી. ફક્ત બંધારણીય વડા તરીકે પ્રધાનમંડળ તેમની સલાહ ન લે તે સ્વાભાવિક હતુ. અહીં મેનને તેમને બીક બતાવી કે આપ વારંવાર હસ્તક્ષેપ કરો છો તેથી પ્રજા ઉશ્કેરાઈ છે અને પ્રજા ગુજરાતી તેમ જ આપ મરાઠા હોઈ, જો તોફાન થાય તો આપના કુટુંબ ઉપર ભય રહેલ હોઈ આપે મુંબઈ રાજ્ય સાથે ભળી જવું બહેતર છે. આખર વડોદરાના માત્ર નામના બની રહેલ મહારાજાએ વિલીનીકરણ સ્વીકારી લીધું. તે માટે સરદારશ્રી ૧૯૪૯ની જાન્યુઆરીમાં વડોદરા આવ્યા, ત્યાં બધું નક્કી થયું. તેમનું સાલિયાણું ૨૬ા લાખ રૂપિયા નક્કી થયું, તેમ જ એક એક કરોડના બે ટ્રસ્ટ (જેમાંથી એકમાં મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ચાલે છે તથા બીજું વડોદરા રાજ્યના ગામડાઓનાં હિત માટે મદદ આપે છે.) રચાયા; દેવું માંડી વળાયુ—પણ પ્રતાપસિંહરાવે બધુ ઝવેરાત પાછું આપવા કરેલ વાયદો પાળ્યો નહીં. ૧૯૪૯ની મેની પહેલીએ આમ વડોદરા મુંબઈ રાજ્ય સાથે ભળી ગયું. ઝવેરાત બાબત વારંવાર મળવા છતાં સર પ્રતાપસિંહે કાંઈ ન કરતાં તેમની ખાનગી મિલ્કતો અંગે મુંબઈ સરકારે બાંહેધરી ન આપી. ડિસેમ્બરના પહેલા અઠવાડીયામાં ૧૯૫૦માં પ્રતાપસિંહરાવ ગાયકવાડે વડોદરાના મુંબઈ રાજ્ય સાથેના વિલીનીકરણને પડકારતી એક અરજી રાષ્ટ્રપતિ ઉપર કરી અને તે બાબત કોર્ટમાં લઈ જવા સૂચના આપી. આનો જવાબ આપવો જરૂરી હતો કે જેથી બીજા રાજ્યો આ પગલે જતાં પહેલાં સાત ગળણે ગાળીને વિચારે. પણ દુર્ભાગ્યે ૧૯૫૦ના ૧૫મી ડિસેમ્બરે મુંબઈમાં સરદાર વલ્લભભાઈ પટેલનું અવસાન થયુ.

તુરત તેમની જગ્યાએ એન. ગોપાલસ્વામી આયંગર આવ્યાં. તેમના પત્રવ્યવહાર અને સહી કરેલ મુસદ્દા હવાલા આપી તેમને લાંબો કાયદેસર કડક જવાબ આપવામાં આવ્યો. પણ સર પ્રતાપસિંહે કાયદેસરની સ્થિતિની દરકાર ન કરતાં એક રાજવીઓનો સંઘ સ્થાપ્યો, જેના તે પ્રમુખ બન્યા. અને શિકારના બહાના હેઠળ તે રાજવીઓને મળી જમીનદાર—જાગીરદારોને સાથે રાખી આંદોલન માટે તૈયાર કરવા લાગ્યા. વડોદરાના જૂના રાજ્યના વિસ્તારમાં તેમણે જાહેર ભાષણો આપ્યા.

આ બાબત માટે ભારત સરકાર શાંત રહી શકે તેમ નહોતી. તુરત રાજ્યો અંગેના પ્રધાન સર ગોપાલસ્વામી આયંગર, ગૃહપ્રધાન રાજગોપાલાચારી અને વડાપ્રધાન નહેરૂએ મીટીંગ ભરી રાષ્ટ્રપતિને સલાહ આપી જેને કારણે બંધારણના ભાગ ૩૬૬ની ૨૨ કલમ મુજબ સર પ્રતાપસિંહરાવ ગાયકવાડને ભારત સાથે કરારથી જોડાએલ મહારાજા તરીકે પદભ્રષ્ટ કર્યા અને તેના પુત્ર ફતેસિંહરાવ ગાયકવાડને વડોદરાના કરારબદ્ધ રાજા તરીકે જાહેર કર્યા. જેને કારણે તેને મળતું ૨૬ા લાખનું સાલિયાણું બંધ કરવામાં આવ્યું. સાલિયાણાના નિયમો મુજબ ફતેસિંહરાવ ગાયકવાડને ૧૦ લાખ રૂપિયાનું સાલિયાણું ચાલુ કરવામાં આવ્યું.

૧૮મી એપ્રિલ ૧૯૫૦માં પ્રતાપસિંહરાવ ગાયકવાડે આ હુકમનો વિરોધ કરતો ખરીતો રાષ્ટ્રપતિને આપ્યો. સુપ્રિમ કોર્ટમાં જવા માટે તેમાં ધમકી હતી, હવે ભારત સરકારે ગંભીરતાથી આકરા પગલાં લેવા નક્કી કર્યું. સર પ્રતાપસિંહરાવથી પૂરી રીતે હેરાન થએલી તેમની મહારાણી શાંતાદેવી ત્યારે તેની મદદે આવી. ૫મી મે ના તેના પ્રયત્નથી વડાપ્રધાન અને રાષ્ટ્રપતિની હાજરીમાં તેને સાંભળવામાં આવ્યા તેની વિનંતિથી સરકારે સર પ્રતાપસિંહ સામે કાયદેસર પગલા ભરવા મોકૂફ રાખ્યા. તેણે તેના પતિ વતી માફી માગી. તેમની ધમકી વગેરે તેમણે પાછા ખેંચ્યા અને આમ વડોદરાના વિલીનીકરણનો પ્રશ્ન કાયમી ધોરણે થાળે પડ્યો. વારંવાર ફરી જવાનો અને ભારતનો દ્રોહ કરવાની પ્રતાપસિંહરાવને પણ આમ આકરી સજા મળી, અને ૨૦મી મે ૧૯૫૦ના વડોદરા સહિત ગુજરાતના રાજ્યોનું વિલીનીકરણ સંપૂર્ણ બન્યું. ભારતના લાડીલા સરદારનુ સ્વપ્ન સાકાર બન્યું !



# અમદાવાદ: ઐતિહાસિક ભૂમિકા

—શ્રી ચીનુભાઈ ચીમનભાઈ

ચોથી માર્ચ, સને ૧૪૧૧ના દિવસે ગુજરાતના નવા પાટનગર તરીકે અમદાવાદ શહેરનો પાયો નંખાયો. એની પાછળ એક મુસ્લિમ સંતની પ્રેરણા હતી. એનું નામ શેખ અહમદ ખટ્ટુ ગંજબક્ષ. એ સંતે ચીંધેલી જગ્યાએ ગુજરાતના સુલતાન અહમદશાહે એક નવા નગરનું ખાતમુહૂર્ત કર્યું.

એ પહેલાં ગુજરાતની રાજધાની અણહિલવાડ પાટણમાં હતી. તેરમી સદીના અંત સુધી પાટણ ભારતવર્ષના પ્રધાન નગરોમાં અગ્રસ્થાને હતું, એ વખતે ગુજરાતનું સ્વતંત્ર હિંદુ રાજ્ય નાશ પામ્યું અને એનો છેલ્લો રાજા કર્ણદેવ વાઘેલા નાસીને દક્ષિણમાં આવ્યો. એ પછી એક સદી સુધી દિલ્હીના બાદશાહોના સૂબા ગુજરાતનો વહીવટ પાટણમાં રહીને કરતા. છેલ્લો સૂબો ઝફરખાં ચૌદમી સદીના અંતમાં મુઝફ્ફરશાહ નામ ધારણ કરીને સ્વતંત્ર થયો અને એણે ગુજરાતમાં સ્વતંત્ર સલ્તનત સ્થાપી. એના પૌત્ર અહમદશાહે અમદાવાદ વસાવી તેને પાટનગર બનાવ્યું.

એ જમાનામાં પણ રાજધાની બદલવી એ નાનો બનાવ ગણાતો ન હતો. રાજધાની બદલતી વખતે સૌ પ્રથમ દૈવી સહાય શોધાતી. ઇતિહાસ ભાખે છે કે સાબરમતીને તીરે અહમદશાહ બાદશાહે નવી રાજધાનીનો પાયો નાંખવા સરખેજના સંત શેખ અહમદ ખટ્ટુ મારફતે પયગમ્બર અલખીઝરની પરવાનગી માંગી હતી.

## આશાવલનું પ્રાચીન નગર

આમ અમદાવાદની સ્થાપનાને આજ સાડાપાંચ સૈકા થયા છે પરંતુ અમદાવાદ સ્થપાયું તે પહેલાં તેની નજીકમાં જ આશાવલ નામનું પ્રાચીન નગર હતું. આશાવલના આશાભીલને હરાવીને સિદ્ધરાજના પિતા કર્ણદેવ સોલંકીએ કર્ણાવતી પણ એ જ સ્થળે વસાવ્યું હતું. એનો ઉલ્લેખ મેરુતુંગાચાર્યે લખેલા "પ્રબંધ ચિંતામણિ" ગ્રંથમાં મળે છે.

ઐતિહાસિક ઉલ્લેખો અને પુરાવાઓ જોતાં એમ જણાય છે કે આશાવલ અને કર્ણાવતી એ બંને નામ એક જ શહેરનાં હશે. કર્ણાવતી નામ પડ્યા પહેલાં પણ આરબ લેખકોના ગ્રંથોમાં આશાવલ નામનો ઉલ્લેખ મળે છે. દસમી સદીના અંતમાં અલ્બેરૂનીએ કરેલી નોંધમાં જણાવવામાં આવ્યું છે કે આશાવલ ખંભાતથી બે દિવસના રસ્તે હતું. અગિયારમી સદીના અંતમાં હિંદની મુલાકાતે આવેલા અલઈદ્રીસી નામના આરબ મુસાફરના પ્રવાસ વર્ણનમાં પણ આશાવલનો ઉલ્લેખ મળે છે. અલઈદ્રીસીના જણાવ્યા મુજબ આશાવલ એ મોટી વસતિવાળું વેપારધંધે પૈસાદાર અને સારી પેદાશવાળું નગર હતું.

દસમી સદીથી માંડીને ૧૪૧૧માં અમદાવાદ વસ્યું ત્યાં સુધીના સમય દરમિયાન ગુજરાતના અગ્રગણ્ય નગરોમાં પાટણ અને ખંભાત પછી આશાવલનું સ્થાન ગણાતું. આશાવલ કે જે કર્ણાવતીના નામે ઓળખાતું તે સુંદર ઉદ્યાનો અને ધનવાન વેપારીઓની મોટી વસતિને લીધે તેમ જ ખંભાત અને ભરૂચ જેવાં ધીકતાં બંદરોથી પાટણ અને મોડાસા થઈ ઉત્તર હિંદમાં જવાના ધોરી માર્ગ પર આવેલું હોવાથી તે ગુજરાતનું એક અગ્રગણ્ય શહેર ગણાતું. તે ઉપરાંત સિંધથી કલ્યાણ સુધીના હિંદના પશ્ચિમ કિનારાનાં બંદરોનાં નામ બાદ કરીએ તો પરદેશી મુસાફરોએ અમદાવાદની સ્થાપના થયા પહેલાં ગુજરાતની અંદરનાં શહેરોના જે ત્રણ ચાર નામ ગણાવ્યાં છે તેમાં આશાવલનો ઉલ્લેખ ખાસ જોવા મળે છે.

વસ્તુપાળ અને તેજપાળે પણ પાટણ અને ખંભાત જેવા તે કાળનાં ગુજરાતના મુખ્ય નગરો સાથે આશાવલનું નામ મંદિરો બાંધવાના વ્યવસાયમાં ગણાવ્યું છે. આશાવલ ઉર્ફે કર્ણાવતીમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય અને ઉદયન મંત્રી જેવી ગુજરાતની તત્કાલિન નામાંકિત વ્યક્તિઓ પણ નિવાસ કરતી હતી. કર્ણદેવ સોલંકી પછી અમદાવાદ વસાવનાર અહમદશાહના પિતા મહમદશાહના રાજ્યકાળ સુધી આશાવલ ગુજરાતની બીજી રાજધાનીનું શહેર રહ્યું હોય એમ જણાય છે.

આવા સુપ્રસિદ્ધ આશાવલની અડોઅડ જ્યારે નવું પાટનગર અમદાવાદ વસ્યું ત્યારે આશાવલની સમૃદ્ધ ઇમારતોના પથ્થરોનો છૂટથી ઉપયોગ થયો હશે એમ અનુમાન કરવામાં આવે છે. નવા બંધાતા અમદાવાદ શહેર માટે શરૂઆતના પથ્થરો પાટણ અને ચંદ્રાવતી જેટલે દૂરથી આવ્યા હોય તે કરતાં આશાવલના જ પથ્થરો વપરાયા હોય એ વધારે માનવાજોગ છે. ભદ્રમાં ખોદાણ કરતાં નીકળેલી હિંદુ મૂર્તિઓ ને જિલ્લા કોર્ટનું મકાન વધારતાં તોડેલા કોટમાંથી નીકળેલ મૂર્તિઓ આશાવલની જ હશે એમ માનવામાં આવે છે.

આ જોતાં અમદાવાદ, અમદાવાદ તરીકે ભલે માત્ર સાડાપાંચ સૈકા જેટલું જ પ્રાચીન હોય પરંતુ અમદાવાદના પૂર્વાવતાર સમા આશાવલની તવારીખ જોતાં આ નગર ઘણું પ્રાચીન છે એ નિર્વિવાદ હકીકત છે.

## અમદાવાદની બાંધણી

એમ કહેવાય છે કે અહમદશાહ અમદાવાદ બાંધવા માટે પાટણથી એક લાખ પાયદળ, આઠસો હાથી, બત્રીસ હજાર ઊંટ, સોળ હજાર પોઠી, સોળસો ગાડાં અને પાંચ કરોડ રૂપિયા લાવ્યા હતા. અહમદશાહ ધાર્મિક મુસલમાન હોવા છતાં તેના વડવા ટાંક રજપૂત હતા. એની નજર સામે અણહિલવાડ પાટણ જેવું તે સમયનું ભારતનું એક મોટામાં મોટું નગર નમૂના તરીકે હતું. નવું શહેર બાંધનારા પણ મોટે ભાગે હિંદુ અગર હિંદુમાંથી તાજા વટલાયેલા મુસલમાન હતા એટલે અમદાવાદની રચના પ્રાચીન નગરરચનાને

અનુસરીને થાય એમાં નવાઈ નહિ. તેથી જ પાટણના ભદ્રના કિલ્લા ઉપરથી અમદાવાદના કિલ્લાનું નામ પણ ભદ્રનો કિલ્લો પાડવામાં આવ્યું. ભદ્રકાળીના મંદિર પરથી એ નામ પડ્યું હોવાની માન્યતા ખોટી છે.

ગુજરાતના પાટનગર તરીકે પાટણના નમૂના મુજબ આ રીતે અમદાવાદનો પાયો નાંખ્યો સુલતાન અહમદશાહે પરંતુ તેનું સૌંદર્ય વધારવા માટેનો યશ સુલતાન કુતુબુદ્દીનને ફાળે જાય છે. એના સમયમાં શહેરનો વિસ્તાર વધ્યો, નવાં મકાનો, મહેલો અને મસ્જિદો વધ્યાં. અમદાવાદની શોભારૂપ કાંકરિયું તળાવ પણ એણે જ ખોદાવ્યું. ત્યારબાદ પાટનગર અમદાવાદની ખરેખર ચઢતી મહંમદ બેગડાના સમયમાં થઈ. આજના અમદાવાદમાં દરિયાપુર, કાળુપુર, સારંગપુર, અને તાજપુર જેવા વિભાગો કુતુબુદ્દીન પછી ગાદીએ આવેલા મહંમદ બેગડાના અમીરોએ પોતાના નામ પરથી વસાવેલાં પરાં હતાં. બેગડાને બાગનો પણ ઘણો શોખ હતો, આથી તેના સમયમાં અમદાવાદમાં ઘણાં બાગ થયા.

અમદાવાદ વસ્યા પછી દોઢ સૈકા સુધી એના સ્થાપકના વંશની સ્વતંત્ર સલ્તનતની કાળજીભરી સંભાળ નીચે પાટનગર વેગથી વિસ્તરતું અને સમૃદ્ધ થતું ગયું.

## અમદાવાદની આબાદી

કાળનું ચક્ર ફરતું રહે છે અને તે મુજબ ૧૫૭૩માં અમદાવાદ સ્વતંત્ર બાદશાહોની રાજધાની મટીને મોગલ સામ્રાજ્યના એક માનીતા પ્રાંતનું મુખ્ય શહેર બન્યું. તે છતાં ઔરંગઝેબના અવસાન સુધી એટલે કે ૧૭૦૭ સુધીનાં ૧૩૪ વર્ષ સુધી અમદાવાદની આબાદી વધતી જ ગઈ.

"શહરે મુઆઝમ"નું બિરુદ પામેલા ગુજરાતનું આ પાટનગર કેવું ભવ્ય, સમૃદ્ધ અને સુંદર હતું એનો ખ્યાલ એ જમાનામાં અમદાવાદની મુલાકાતે આવી ગયેલ દેશ પરદેશના મુસાફરોએ કરેલી નોંધો, લખેલાં પ્રવાસવર્ણનો વગેરે પરથી આવે છે. સુલતાન મહંમદ બેગડાના મરણ પછી બે ત્રણ વર્ષ બાદ પોર્ટુગલના લિસ્બન બંદરેથી હિંદમાં આવેલા મુસાફર બારબોસાએ અમદાવાદનું વર્ણન કરતાં જણાવ્યું છે: "આ શહેર ઘણું ધનવાન છે અને વાડી–બગીચા વગેરે અહીં મોટી સંખ્યામાં છે. રસ્તા મોટા અને સુંદર છે. ચોગાનો વિશાળ છે. ઇમારતો પથ્થરની અને ઇંટ–ચુનાની છે. છાપરાં ઈંટાલીની ઢબથી છાયેલાં છે."

બારબોસાથી થોડા વહેલાં એટલે કે ૧૫૧૦માં આવેલા ઈટાલિયન મુસાફર વર્થેમાયે નોંધ કરી છે કે ખંભાત, દીવ વગેરે અમદાવાદનાં બંદરો હતાં. ૧૬૨૬માં સર ટોમસ હર્બર્ટ અમદાવાદ આવ્યો હતો. તેણે નોંધ્યું છે કે અમદાવાદ શહેરની દુકાનો સુગંધી પદાર્થો, અત્તરો, તેજાના, રેશમી માલ, સુતરાઉ કાપડ, છીંટ અને ચીન તથા હિંદુસ્તાનની બધી જ દુર્લભ વસ્તુઓથી ભરેલી છે.

૧૬૨૩માં આવેલા પીટર ડલા વાલે શહેરના રસ્તા સીધા, સુંદર અને પહોળા હોવાનું પોતાની પ્રવાસનોંધમાં જણાવ્યું છે. ૧૫૯૮માં અહીં આવી ગયેલ સિઝર ફ્રેડરિકને અમદાવાદ ઘણું વિસ્તારવાળું અને મોટી વસતિવાળું લાગ્યું હતું. ૧૬૩૮માં આવેલ મેન્ડેસ્લો અમદાવાદના સૂબા આઝમખાનની મહેમાનગિરી ભોગવી ગયેલા તેણે અમદાવાદના કારીગરો અને વેપારની પ્રસંશા કરી છે. ૧૬૬૬માં શહેરની આબાદીના સમયમાં આવેલ પ્રખ્યાત ફ્રેંચ મુસાફર જીન ડી થેવેનોએ લખ્યું છે કે પરાં સાથે શહેરની લંબાઈ સાડાચાર માઈલની હતી અને કોટના બાર દરવાજા હતા.

"ગુજરાત ગેઝેટીઅર"ના કર્તા અમદાવાદની સમૃદ્ધિનો ખ્યાલ આપતાં જણાવે છે કે ૧૬૬૪માં સૂરત શિવાજીને લૂંટ પૂરી પાડે તેટલું ધનવાન હતું તે જ વખતે ખંભાત એનાથી વધારે અને અમદાવાદ તો સૂરત અને ખંભાત બંનેથી વધારે ધનવાન હતું. એ અરસામાં આવેલ ટેવર્નિયર નામના મુસાફર અમદાવાદમાં રહી ગયેલા. તેણે નોંધ્યું છે કે અમદાવાદ એ હિન્દુસ્તાનનું એક મોટામાં મોટું શહેર છે અને રેશમી માલ તથા કિનખાબનો જબરો વેપાર ચાલે છે.

## ગુજરાતની આણ

જે સમયે યુરોપની પ્રજાઓને સમુદ્રનું સ્વામીત્વ મળ્યું ન હતું તે વખતે સાગર પર ગુજરાતની આણ ફરકતી હતી. ગુજરાતના બાદશાહો સમુદ્રના સ્વામી ગણાતા અને એમની પ્રજા દેશ પરદેશની લક્ષ્મી ગુજરાતમાં ખેંચી લાવતી. આવા સમૃદ્ધ ગુજરાતના પાટનગર અમદાવાદની શોભા અવર્ણનીય હોય એ સ્વાભાવિક છે. દિલ્હી અને આગ્રાની શોભા એ વખતે વધી ન હતી. દિલ્હીનો શહેનશાહ ગુજરાતના બાદશાહની સાગર લક્ષ્મીની જાહોજલાલીથી અંજાતો.

દિલ્હીના મહારાજ્યની ઉપજ જુવાર અને ઘઉંના પાક ઉપર આધાર રાખતી જ્યારે અમદાવાદના બાદશાહોની ઉપજ મોતી અને પરવાળાં પર હતી એમ કહેવાતું. આ ઉક્તિ કોઈ સામાન્ય માનવીની નથી પણ બહલોલ લોદીના પુત્ર સિકંદર સુલતાનની છે. આવી ખ્યાતિ ધરાવતા ગુજરાતના પાટનગરની શોભા, મહત્ત્વ, વિસ્તાર આદિ હિંદમાં તે સમયે અનન્ય અને સર્વોત્તમ હોય એમાં નવાઈ નથી. સુલતાન બહાદુરશાહની હાર પછી બાદશાહ હુમાયુનું વિજયી લશ્કર અમદાવાદમાં પ્રવેશ્યું ત્યારે આવા સુંદર અને રોનકદાર શહેરને કાંઈ નુકશાન ન થાય એની હુમાયુએ ખાસ કાળજી રાખી હતી.

"હીર સૌભાગ્ય કાવ્ય"માં અમદાવાદ વિષે લખ્યું છે:

श्री स्तम्भतीथ पुटभेदनं च, यत्रोभयत्र स्फूरतः पुर द्वे ।
अहम्मदाबाद पुर नितायाः किं कुण्डले गुर्जरदेश लक्ष्म्याः ।।

અર્થાત્ અમદાવાદ શહેરરૂપી મુખારવિંદવાળી ગુર્જરદેશની રાજલક્ષ્મીના અણહિલવાડ પાટણ (પુટભેદન) અને ખંભાત એ બે શોભાયમાન કુંડળ છે.

અકબરના નવ રત્નો પૈકીના એક અબુલફઝલે "આઇને અકબરી"માં અમદાવાદ વિશે લખ્યું છે, "અહીં તમને આખી દુનિયામાં બનતી ચીજો મળી શકે છે. આ શહેરમાં પહેલા ૩૬૦ પરાં હતાં પણ હવે ૮૪ પરાં સારી સ્થિતિમાં છે... ત્રણેક કોસ છેટે સરખેજ છે. ત્યાંની ગળી ઉત્તમ થાય છે અને તે રૂસ તથા બીજા દૂર દેશાવરોમાં નિકાસ થાય છે."

## મોગલાઇની જાહોજલાલી

મોગલ સમયના તવારીખકારોના મત મુજબ અમદાવાદ ૨૦ લાખની વસતિવાળું શહેર હતુ એ જોતાં હાલના યુરોપના દેશોની રાજધાનીઓથી અમદાવાદ કોઈ રીતે ઊતરતું નહિ જ હોય એમ

સહેજે અનુમાન કરી શકાય. "તારીખે ફિરસ્તા"નો લેખક લખે છે કે અમદાવાદ અકંદરે આખા હિંદુસ્તાનમાં સર્વથી સુંદર શહેર છે અને કદાચ આખી દુનિયામાં પણ કહી શકાય.

ગુજરાતની સ્વતંત્ર બાદશાહી આથમી ગયા પછી અમદાવાદ મોગલ સામ્રાજ્યના એક પ્રાંતનું મુખ્ય નગર બન્યું. રાજધાની દિલ્હી અને આગ્રામાં હતી પરંતુ સામ્રાજ્યના સર્વોત્તમ પ્રાંત સમા ગુજરાતના સૂબાઓ તરીકે શહેનશાહજાદાઓ અને રાજકુટુંબના નબીરા ઘણુંખરું નિમાતા. બાદશાહીની જેમ મોગલ સૂબાઓ પણ અમદાવાદમાં દબદબાભર્યા શાહી દરબાર ભરતા.

સત્તરમી સદીની શરૂઆતમાં અંગ્રેજ વેપારીઓને પણ અમદાવાદ મોટું શહેર લાગ્યું હતું. ૧૬૧૭ના ડિસેંબરની ૧૫મી તારીખે ઈંગ્લેંડનો એલચી સર ટોમસ રો અમદાવાદ આવ્યો હતો અને એની સાથે આવેલા માણસોને અમદાવાદ લંડન જેવડું મોટું લાગ્યું હતું. તે વેળાએ અમદાવાદના વેપારીઓએ કાપડ, ગળી અને કરિયાણાનો એવો મોટો વેપાર હતો કે મોસમમાં દર દસ દિવસે ૨૦૦ ગાડાંનો કાફલો ખંભાત બંદરે માલ ભરીને જતો.

૧૬૦૮માં અમદાવાદ આવેલા વિલિયમ ફીન્ચ નામના મુસાફરે નોંધ્યું છે કે શહેરનાં મકાન, એશિયા અને આફ્રિકાના કોઈ પણ મોટા શહેર સાથે સરખાવાય તેવાં છે. વ્હીટીંગ્ટન લખે છે, "અમદાવાદ લંડન જેવું મોટું છે અને દરેક જાતના વેપારી વસે છે." જહાંગીરના સમયમાં આવેલા એડવર્ડ ટેરી પણ જણાવે છે, "શહેરમાં ઝાડ એટલાં બધાં છે કે ઊંચી જગ્યાએથી તો આખું શહેર એક ઉપવન જેવું રમ્ય લાગે."

સત્તરમી સદીના અંતમાં (૧૬૯૫) જેરેમીકેરેમી પણ અમદાવાદને હિંદનું મોટામાં મોટું નગર ગણાવે છે અને પક્ષીઓ અને ફૂલની ભાતવાળા કિનખાબ અને રેશમી કાપડની કામગીરી માટે અમદાવાદ વેનિસથી જરાય ઊતરતું નથી એમ નોંધે છે. ૧૭૦૦–૧૭૨૦માં અમદાવાદની મુલાકાતે આવેલા હેમિલ્ટન અમદાવાદને ધનસંપત્તિમાં સૂરત કરતાં દસગણું અને વિસ્તારમાં યુરોપનાં મોટાં શહેરોનું સમોવડિયું ગણાવે છે.

અઢારમી સદીના પૂર્વાર્ધ પછી તુરતમાં જ લખાયેલ "મીરાંતે અહમદી"માં સત્તરમી સદીની શરૂઆતમાં નિર્માયેલ હફ્ત ઈકલિમ (સપ્તખંડ) નામના ગ્રંથનો ઉતારો ટાંકવામાં આવ્યો છે. તેમાં જણાવ્યું છે કે સ્વચ્છતાની, આબાદ વસતિની અને સુંદર ઇમારતોની બાબતમાં અમદાવાદ અજોડ નગરી છે. અહીંના નરનારીઓ રૂપાળાં છે. આ કારણથી એને શહેરોની શોભા અને દુનિયાની શણગારેલી રાજકન્યાનું બિરુદ મળ્યું છે. અહીંથી સુંદર વણાટનું કાપડ દરિયાપાર દેશદેશાવર જાય છે.

આ પ્રમાણે અમદાવાદ એની સ્થાપનાથી જ એક મહાન શહેર "શહરે મુઆઝમ" તરીકે પ્રસિદ્ધિ પામ્યું હતું. "મિરાંતે સિકંદરી" અને અમદાવાદના કેટલાક સિક્કાઓમાં પણ આ નામ આપવામાં આવ્યું છે તે યોગ્ય જ છે. અમદાવાદની પ્રાચીન મહત્તાના આ બધા પુરાવા પરદેશીઓનાં લખાણોમાં ટાંક્યા છે તે પારકી દૃષ્ટિએ અમદાવાદ કેવું લાગતું હતું અને ગુજરાતના પાટનગર તરીકે તેની મહત્તા કેટલી હતી તેનો ખ્યાલ આપવા માટે જ ટાંક્યા છે.

## મહાનગરીની પડતી દશા

આવા મહાનગરની પડતી દશા મરાઠાઓની સત્તાનાં મંડાણથી બેઠી. મરાઠાઓનો રાજ્યકાળ અંદરોઅંદર લડવામાં અને પૂનાની રાજગાદીની ખટપટમાં ગયો એટલે અમદાવાદ અને ગુજરાત મહારાષ્ટ્રની રાજખટપટ માટે નાણાં પૂરાં પાડવાની એક તિજોરીરૂપ ગણાયું. હિંદુપંત–પાદશાહીમાં ગુજરાતને ભાગે તો સહન કરવાનું જ આવ્યું. ગુજરાત જાણે મરાઠા શેઠની ગાડીમાં જોડેલા ઘોડા જેવું રહ્યું અને કેટલીકવાર ગજા કરતાં પણ વધારે ભાર તેના પર લાદવામાં આવતો એટલે એને તો વેઠવું જ પડતું. ૧૭૫૩માં અમદાવાદ મરાઠી હકૂમત હેઠળ આવ્યું ત્યારથી અમદાવાદની આબાદીનો સૂરજ આથમવા બેઠો.

ત્યાર પછીનાં ૬૩ વર્ષ સુધી મરાઠાઓની સત્તા ચાલી. ૧૮૧૭માં ખેડાના કલેક્ટર ડનલોપે અમદાવાદનો કબજો મરાઠાઓ પાસેથી લીધો ત્યારે અમદાવાદ શહેર સાવ ભંગાર હાલતમાં હતું. ૧૮૧૮માં મરાઠા વહીવટથી ચુંસાયેલું શહેર જ્યારે અંગ્રેજોને મળ્યું ત્યારે એક વિશાળ ખંડેર જેવી તેની હાલત હતી. એક વેળાએ ૨૦ લાખની વસતિ ધરાવતું ગુજરાતનું આ પાટનગર મરાઠાઓના માત્ર ૬૩ વર્ષના રાજ્યકાળમાં ૮૦ હજારની વસતિવાળું થઈ ગયું.

## આબાદીનો ઉષ:કાળ

અમદાવાદના ચુસાયેલા હાડપિંજરમાં અંગ્રેજી રાજ્ય અમલમાં ફરીવાર લોહી–માંસ પુરાવા માંડ્યા. પાટણના ખત્રી અને વાણિયા તથા કડીના કણબી આવી વસ્યા ત્યારે ઉજ્જડ શહેર કંઈક ભરાવા લાગ્યું.

અંગ્રેજી રાજ્ય અમલ શરૂ થયા પછી શહેરના જીવનના બનાવોમાં પણ ફેર પડતો ગયો. અંગ્રેજોએ અમદાવાદ પર યુનિયન જેક ફરકાવ્યા પછીનો અમદાવાદનો ઇતિહાસ એટલે ખરી રીતે અમદાવાદના વેપાર ઉદ્યોગનો ઇતિહાસ. વેપાર ઉદ્યોગ તો અમદાવાદમાં મૂળથી જ ઘણો હતો પરંતુ અગાઉ વેપાર ધંધો એકલો ન હતો. વેપાર સાથે રાજદ્વારી બનાવો, લડાઈઓ વગેરે હતા. ૧૮૫૯માં રણછોડલાલ છોટાલાલે અમદાવાદમાં પહેલી મિલ શરૂ કરી ત્યારથી ઔદ્યોગિક–ક્રાંતિનો યુગ બેઠો. શહેરની આબાદીમાં મિલ ઉદ્યોગે ઘણો મોટો ફાળો આપ્યો.

## સ્વાતંત્ર્ય સંગ્રામનું વડું મથક

૧૯૧૫માં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ ભારતમાતાની વર્ષો જૂની ગુલામીની શૃંખલાઓ તોડવા માટે અહિંસક સ્વાતંત્ર્ય સંગ્રામના વડા મથક તરીકે અમદાવાદને તેમની કર્મભૂમિ તરીકે પસંદ કર્યું ત્યારથી અમદાવાદનો ઉત્કર્ષ થયો છે. આ સૈકાની વિશ્વવિભૂતિના પુનિત પાદસ્પર્શથી અમદાવાદની ભૂમિ પવિત્ર થઈ અને શહેરની રોનકમાં અવનવા ફેરફારો થવા લાગ્યા. શહેરનો ઔદ્યોગિક વિકાસ તો ચાલુ જ હતો પરંતુ ઔદ્યોગિક વિકાસને અનુરૂપ ઔદ્યોગિક શાંતિનો મહામંત્ર મહાત્માજીએ આ શહેરના ઉદ્યોગપતિઓ તેમ જ મજૂરવર્ગને આપ્યો, જે બન્નેએ ઝીલ્યો છે જેને પરિણામે આ ઔદ્યોગિક શહેરમાં છેલ્લાં પાંત્રીસ વર્ષ દરમિયાન એક પણ હડતાલ પડી નથી એમ ઉભય પક્ષો સગર્વ કહી શકે છે. આ સાબરમતીના કાંઠે પ્રાચીન સમયમાં દધિચિ ઋષિએ વૃત્રાસુર રાક્ષસના વધ માટે "વજ્ર" બનાવવા માટે પોતાનાં ગાત્ર સ્વેચ્છાએ ગાળ્યાં હતાં. માનવજાતના

કલ્યાણ અર્થે તેજ સાબરમતીના કિનારે મહાત્માજીએ આશ્રમ સ્થાપીને સમસ્ત માનવજાતના કલ્યાણ માટે પ્રેમ, શાંતિ, સત્ય અને અહિંસાના વર્ષો જૂના પણ ભુલાયેલા સિદ્ધાંતનું પ્રતિપાદન કર્યું અને તેને સરળ રીતે વ્યવહારમાં મૂકવા માટે પોતાની કાયા કસી હતી.

કર્મયોગી સરદાર વલ્લભભાઈએ પણ અમદાવાદને પોતાના કાર્યક્ષેત્ર તરીકે પસંદ કર્યું હતું અને વર્ષો સુધી આ શહેરની અનેક પ્રકારે વિવિધ સેવાઓ કરી. આમ અમદાવાદ આધુનિક ભારતના બે મહાન ઘડવૈયાઓની પ્રેરણાનું પાન કરવા ભાગ્યશાળી બન્યું છે તે એક સદ્‌ભાગ્ય જ કહેવાય.

સ્વ. શ્રી દાદાસાહેબ માવળંકરે પણ આ પ્રસિદ્ધ શહેરની અનેકવિધ સેવાઓ કરી છે તેમ જ શહેરના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે અને જન્મે મહારાષ્ટ્રીયન હોવા છતાં એક ગુજરાતીને પણ શરમાવે તેવી રીતે આ શહેરની સેવા કરી છે.

આજે લગભગ ૩૮૭ વર્ષ બાદ અમદાવાદ ફરી એક વાર ગુજરાતનું મહાનગર બને છે ત્યારે અમદાવાદની ભૂતકાલિન જાહોજલાલીની તવારીખની તેજછાયામાં ઊપસતી આ છબી સૌને પ્રેરણાદાયી બનશે અને અમદાવાદનું ગૌરવ વધારવા પ્રેરશે તેવી આશા રાખીએ. સરખેજના સંતની પ્રેરણાથી વસેલું અને સાબરમતીના સંતની તપોભૂમિ બનેલું અમદાવાદ દિનપ્રતિદિન ઉત્કર્ષ પામતું રહે અને ગુજરાતના અને ભારતના એક મહાન નગર તરીકે યથોચિત કીર્તિને વરે એ જ શુભેચ્છા.

( માહિતીખાતાના સૌજન્યથી. )



# કચ્છની તેજીલી તવારીખની નવતર સાખ

—શ્રી રામસિંહજી રાઠોડ

ભારતના ભૂતકાળના એક સમાન એક જ ઇતિહાસમાંથી સમપ્રકારે સંસ્કૃતિનો વારસો મેળવી કચ્છે ગુજરાતના એક અંગ તરીકે તેની અસ્મિતાને સમૃદ્ધ કરવામાં અનોખા એવી અગત્યની ભાગીદારી નોંધાવી છે. કચ્છના પુરાવશેષો અને પ્રાચીન ઇતિહાસ જેમ એની સાખ પૂરે છે તેમ ગુજરાતના સર્જાતા નવતર ઇતિહાસમાં કચ્છનો ફાળો આદરભર્યો છે. અત્યારલગી એકલઅટડા જેવી ભૌગોલિક અવસ્થામાં રહ્યે કચ્છ પછાત પડ્યું લાગે છે; પણ કચ્છનો અણખેડાયેલો પ્રદેશ સંસ્કૃતિના ક્ષેત્રમાં સમૃદ્ધશાળી અને વિશિષ્ટ એકમ જેવો સચવાયો છે. તેની આવી પ્રાદેશિક પ્રતિભાથી કચ્છની સંસ્કૃતિ તળપદી દેખાય છે, છતાંય તે સર્વાંશે ભારતીય રહી છે. ભારતની આંતરરાષ્ટ્રીય સરહદ સાચવતું અને ગુજરાતના સીમાડાનું ગૌરવ વધારતું કચ્છ અત્યારે ભારતના ઇતિહાસના નવસર્જનમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે.

કચ્છના ભૂસ્તરનો ઇતિહાસ આજથી પંદર કરોડ વર્ષ પહેલાંના ભારતના ભૂતકાળમાં ડોકિયું કરાવે છે તો ભૂગોળનો ઇતિહાસ પત્થરયુગના અતીતમાં લઈ જાય છે. કચ્છના ખુલ્લા ખડકોમાં અને ડુંગરો–કોતરોમાં પૃથ્વીના વિકાસ તબક્કાનો અવનવો ઇતિહાસ ઉકેલવા મળે છે. ભૂસ્તરના અભ્યાસ અને સંશોધનની રસમય સામગ્રી કચ્છમાંથી મળી રહે છે. ઈ. સ. પૂ. ૫૦૦૦થી ઈ. સ. પૂ. ૧૦૦૦૦ ના ગાળામાં પત્થરયુગના જે પ્રકારના ઉપસ્કરો માનવી વાપરતો તેના ઇતિહાસની ગવાહી આપતા અવશેષો કચ્છના જંગી, લોડાઈ, હાજીપીર વગેરે સ્થળેથી ઉપલબ્ધ થાય છે. "મુએં–જો–ડેરો" અને "હડપ્પા"ની ખ્યાતનામ સિંધુ સંસ્કૃતિ (ઈ. સ. પૂ. ૩૦૦થી ઈ. સ. પૂ. ૧૫૦૦) કચ્છમાં પણ વિસ્તરી હતી. લોથલ જ્યારે મહત્ત્વનું બંદર હતું ત્યારે લાટ, સૌરાષ્ટ્રના માર્ગ પર કચ્છમાં ગુંતલી (દેશલપર) "હડપ્પા" વાસીઓનું અગત્યનું વ્યાપાર મથક હતું. હડપ્પા સંસ્કૃતિના ટોડીયાટીંબો, ખડીરનાશોબ્જારેલ, ખેંગારપર વગેરે આવા ઘણા ટીંબા વણતપાસ્યા કચ્છમાં પડ્યા છે. એવા પ્રાગૈતિહાસિક કાળનું પગેરું પકડી ૧૯૬૩–૬૪ માં દેશલપર, ગુંતલીમાં થયેલું અને પછી રાપર તાલુકાના સણવા પાસે સુરકોટડા, ગેડી પાસે કેરાસી, જેશડા પાસે પાબુમઠ, લાખાપર, અંજાર તાલુકાના ચાંદ્રાણી કોટડા, નવાગામ, ભચાઉ તાલુકાના કડોલ ગામે, નખત્રાણા તાલુકાના ભાડલી કોટડા વગેરે સ્થળે સને ૧૯૬૬ માં થએલું સંશોધન "હડપ્પા"ઓના કાયમી વસવાટના સંસ્કાર અને સંસ્કૃતિની અસર કચ્છમાં જમીન માર્ગે સર્વત્ર પ્રસરેલી હતી એ સૂચવી રહે છે.

કચ્છના રણની ઉપસ્થિતિને કારણે હિંદની પ્રાચીન ભૂગોળના ઇતિહાસમાં કચ્છનું ઘણું મહત્ત્વ છે. અહીં થઇ કેટલીયે પ્રજા અને સત્તાધીશોનાં ધાડાં કચ્છ–આભીર પ્રદેશ પર આવ્યાં છે અને તેના સમાજજીવન ઉપર પોતાની છાપ મૂકતાં કાળના અંધકારમાં ગાયબ થયાં છે. કચ્છની જૂનવાણીમાં તેમના ઘણા અવશેષો શોધ્યા જડી આવે છે અને જળવાયેલા મળી રહે છે. યાદવો, મૌર્યો, યવનો, શકો, ક્ષત્રપો, ગુપ્તો, હૈહયો, હૂણો, મૈત્રકો, ગુર્જરો, ચાલુક્યો વગેરે અને પછીથી કાઠી, સુમરા, સમા અને જાડેજાઓ વગેરે જાતિઓની અસર કચ્છની પ્રાદેશિક પ્રથાઓને તળપદી લાક્ષણિકતાનું સ્વરૂપ આપે છે. આ અસલી સંસ્કૃતિનું આખરી સ્વરૂપ જે ભારતીય છે એ અભિન્ન અને અવિભાજ્ય છે. એવી તેના એકીકરણની છાપવાળી આવી પુરાતન સંસ્કૃતિનું એક જ પોષણ પામી ઉછરતી કચ્છ–ગુજરાતની પ્રજા ગુજરાતી તરીકે અસ્મિતા અનુભવે છે.

અગ્નિપુરાણમાં ઋણ કે રણ એવા કચ્છના બળબળતા ખારાપાટનો ઉલ્લેખ છે. એમાં ઉત્તર પશ્ચિમે આવેલા કચ્છભુજના મોટાં રણનો **त्रिभुजाग्नि** નામે ઉલ્લેખ છે અને કચ્છની દક્ષિણપૂર્વમાં આવેલા નાના રણનો **कण्डाग्नि** નામે નિર્દેશ છે જે હાલના કંડલા બંદરના નામમાં તેનો ભાવાર્થ સચવાયો છે. આ કંડલા બંદરના નામમાં તેનો ભાવાર્થ સચવાયો છે. આ કંડલા બંદરના વિકાસ આયોજનને લીધે કચ્છમાં હવે કિસમકિસમની જાત અને સંસ્કારના સર્વદેશીય લોકોનો મેળો ભેળો મળ્યો છે. એટલે અદ્યતન એવી આ સંસ્કાર છાપથી કચ્છની સંસ્કૃતિ હવે અનોખા ઉઠાવથી બહાર આવે છે.

બૃહત્સંહિતામાં કચ્છનું ભવિષ્ય ભાખેલું છે: "જ્યારે શુક્રના સ્પર્શથી ચંદ્રનું વલય મધ્યભાગે બે વિભાગમાં વહેંચાય ત્યારે કચ્છના લોકોને સાત માસ લગી સર્વ પ્રકારની ઉપાધિઓથી ઉપદ્રવ રહ્યા કરશે. વળી જ્યારે તુલા રાશિમાં ગ્રહણ થાય ત્યારે પણ કચ્છના લોકોને સહન કરવાનું રહેશે." મુસીબતોનો સામનો કરતું કચ્છ આથી તો ખડતલ બન્યું છે અને કચ્છીની ખુમારી તેથી ખાલી છે. કચ્છના સાહસિક લોકોએ ઉદ્યોગ, વેપાર અને વાણિજ્ય વડે ઉન્નતિ કરી પોતાના વતનને ભારતની બહાર પણ ઊંચુ માથું રખાવ્યું છે. આધુનિક ગુજરાત પોતાની પરભોમની વસાહતો તથા વહાણવટાં માટે જે ગૌરવ લે છે તેમાં કચ્છનો ફાળો અગ્રિમ અને સૌથી મોટો છે. આવી પચ્છમધરા કચ્છની, આજ લગી જગતમાં ગૌરવ અપાવનાર અણમોલ નિકાસ હોય તો તે એનો માનવી. હજુ ગઈકાલની વાત છે: ૧૯૫૬ નો ભયંકર કાળ પડ્યો. કચ્છીઓ કચ્છ બહાર રોટલો ખાટવા નીકળી પડ્યા અને દીનદશામાંથી દેશને ઉગારી લીધો. પછી તો કાળાનુક્રમે કચ્છની કોમો ભાટીયા ને ખોજા, મેમણ અને લુહાણા, નંદવાણા કડિયા ક્ષત્રિય—મિસ્ત્રીઓ, ઓસવાળો—દશા અને વીસા, કણબીઓ—કડવા અને લેઉવા ભારત અને આફ્રિકા ખુંદી વળ્યા; અને વિવિધ પ્રકારના ધંધા રોજગારમાં કમાણી કરી ત્યાં જમાવટ કરી. કચ્છનો આવો ખડતલ ને ખુમારીવાળો માણસ કામ કરી કચ્છમાં જ્યારે આફત ઉતરે ત્યારે પોતાનાંને અને વતનને તેમાંથી પાર કરે. દુકાળ

આવે, ધરતીકંપ થાય કે સરહદ ઉપર ધાડાં ઉતરે એને કચ્છનો માનવી ખમતી નજરેથી ખાળી લે. એવી પ્રાચીન અને પુરુષાર્થભરી કચ્છની ભોમકાનો વિસ્તાર ૧૬,૫૬૭.૩ ચોરસ માઇલ છે. એની પૂર્વ પશ્ચિમ વધારેમાં વધારે લંબાઇ ૧૭૫ માઈલ અને ઉત્તર દક્ષિણ પહોળાઈ ૫૦ માઇલ જેટલી છે. એમાં નવ તાલુકા અને બે મહાલ છે અને ૧૯૬૧ની વસ્તીગણત્રી પ્રમાણે એની આબાદી ૬,૯૬,૪૪૦ માણસની છે. ૧૯૪૮ લગી કચ્છ વિશિષ્ટતાભર્યું સાર્વભૌમત્વ ધરાવતું પણ ટાંચા સાધનોવાળું અલગ એવું રાજ્ય હતું. એને એના સ્વતંત્ર ચલણની પણ છૂટ હતી. સને ૧૫૪૮માં મોગલ બાદશાહ જહાંગીરે ખાસ પરવાનગીથી જસ્મ–ભૂજમાં ટંકશાળ પાડવાની પરવાનગી આપી. કચ્છના ચલણી નાણાંમાં એક તરફ દેવનાગરીમાં કચ્છના રાજવીનું નામ અને બીજી તરફ પર્શિયનમાં મોગલ બાદશાહના નામ અને સાલ લખવાની પ્રથા હતી. આ પ્રણાલિમાં સને ૧૮૬૦થી ફેરફાર થયો. ત્યારથી મોગલ બાદશાહના નામને બદલે ઈંગ્લાંડના તે વખતના સામ્રાજ્ઞી અને પછીથી અનુગામીઓનાં નામ પર્શિયનમાં લખાવાં શરૂ થયાં. કચ્છનું હિંદી સંઘમાં વિલીનીકરણ થયું અને કચ્છની ટંકશાળ બંધ થઈ તે પહેલાં કચ્છના મહારાવ શ્રી મદનસિંહજીનું કચ્છમાં ત્રણ મહિના લગી રાજ્ય રહ્યું. ભારતની આઝાદી પછી તેમના પડેલા સિક્કામાં પર્શિયન લખાવું બંધ થયું અને બન્ને બાજુ નાગરી ભાષામાં—એક તરફ રાજાનું નામ, સાલ વગેરે અને બીજી તરફ "જય હિન્દ" છાપવામાં આવ્યું. કચ્છના આ ચાંદીના અને બીજા સિક્કાઓમાં એડવર્ડ ૭ (સં. ૧૯૫૬–૬૦), એડવર્ડ ૮ (સં. ૧૯૯૩) અને "જયહિન્દ"ની છાપવાળા સિક્કાનું મૂલ્ય દુનિયાભરમાં હવે સિક્કા સંગ્રાહકોમાં અમૂલ્ય ગણાવા લાગ્યું છે.

ગુજરાતના ઇતિહાસ પર મહત્ત્વનો પ્રકાશ પાડતા સિક્કાઓ કચ્છમાંથી પ્રાપ્ત થયા છે તેમ ભારતીય ઇતિહાસમાં અગત્યની નોંધ મૂકાવતા પહેલી સદીથી સત્તરમી સદી સુધીના કેટલાક અગત્યના એવા પુરાલેખો કચ્છમાંથી ઉપલબ્ધ થયા છે. ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ ભણવાના જૂનામાં જૂનાં ઐતિહાસિક સાધનોમાં એવા મહત્ત્વના આઠ ક્ષત્રપકાલીન શિલાલેખો ભૂજના સંગ્રહસ્થાનમાં છે. તેમ માંડવી તાલુકાના વાંઢ ગામેથી શક સંવત ૧૦૦ નો આ દશકામાં મળી આવેલો તથા ચાલુ સાલે (૧૯૬૮) દોલતપરથી મળી આવેલો આભીરોના ઉલ્લેખવાળા ક્ષત્રપકાલીન શિલાલેખો મહત્ત્વના પુરવાર થઈ નવા ઉમેરાયા છે. ત્યારે બૌદ્ધધર્મનો આભીરોના આદિધામ કચ્છમાં વ્યાપક પ્રચાર હતો. આ શિલાલેખોમાં બૌદ્ધધર્મ બાબત નિર્દેશ મળી આવે છે. કોટેશ્વરના નીલકંઠ મહાદેવના મંદિરના પડથારમાં ચૈત્યાકાર જે ગવાક્ષો હતા તેમાં બૌદ્ધ સ્થાપત્યની અસર વર્તાય છે. તો શિયોતથી સાંયરાગુનેરી જતાં રસ્તે ઉમરસર તરફ કટેશ્વર નજીક (ખાપરા કોડિયાની ગુફાના નામે જાણીતી) બૌદ્ધકાલીન એક નાની ગુફાની નોંધ પણ ચાલુ સાલે તદ્‌વિદોમાં લેવાઈ છે.

ગુપ્તકાળ પછીની અને સોલંકી સમય સુધીની શિલ્પ–સ્થાપત્ય રચનાઓની અનન્ય શૈલીની મહત્ત્વની એવી પશ્ચિમ ભારતમાં ઉપયોગી અને અપૂર્વ કડી કચ્છમાંથી જ મળી રહે છે. કંથકોટ, પુંઅરાગઢ, કોટાય અને કેરાના શિલ્પ સ્થાપત્ય એવા સંસ્કૃત સમયની ગવાહી આપે છે. આર્ય સ્થાપત્ય શૈલીની ગુપ્ત સમયની આખરી કડી જેવા આવા કલા સૌંદર્યના પુરાવા પશ્ચિમ ભારતમાં બીજે ઓછા છે. ભારતીય શિલ્પપરંપરામાં એ છઠા સૈકા અને તે પછીના કાળની શિલ્પકળાની હથોટી તથા શૈલી સાથે સંબંધ ધરાવતી લાગે. તેવી જ રીતે કચ્છમાં તેની પોતીકી ચિત્રશૈલી પણ હતી. એ કચ્છના અંજાર ગામે તૈયાર થયેલાં એક પ્રાચીન જૈન પોથીમાંના કમાગટી ચિત્રોની આ સાલે જ થયેલ પ્રાપ્તિથી પ્રમાણિત થાય છે. કચ્છનું પુરાતત્ત્વ આમ તળપદું છતાંય સર્વાંશે ભારતીય રહ્યું છે. એટલે તો ૧૯૫૪માં ભારતની ઇતિહાસ પરિષદમાં કચ્છના પુરાતત્ત્વના અવશેષોનું ઉચિત સ્થાન અખંડ ભારતના નકશામાં આમે જ કરવાનું જોરદાર પ્રતિપાદન કરવું પડ્યું. એ રીતે કચ્છની ભૂમિની પરંપરિત સંસ્કૃતિ–ગાથાને વણી લેતું "કચ્છનું સંસ્કૃતિ દર્શન" પુસ્તક ૧૯૫૯માં પ્રસિદ્ધ થયું. કચ્છ અને કચ્છ બહારના લોકોને કચ્છની એથી પરખ પડી.

કચ્છ એટલે તેનાં મોટા અને નાનાં તમામ રણ સહિતનો અખંડ પ્રદેશ વિસ્તાર. રણ કચ્છનું, બીજે ક્યાંયનું નહિ, બીજા કોઇનું નહિ. આ કાંઈ આજકાલની વાત નથી. પ્રાચીન કાળથી "કચ્છ" એક અને અખંડ રહેતું આવ્યું છે. મહાભારતમાં કચ્છનો એવો નિર્દેશ છે. સ્કંદપુરાણમાં **कच्छमंडल** અને વાયુપુરાણમાં '**कच्छिप**' તરિકે કચ્છનો નામોલ્લેખ આવે છે. બૃહત્સંહિતામાં એને '**कच्छिप**' કહ્યો છે. "**कच्छादिभ्यस्क, कच्छाग्निवक्त्र गर्त्तोत्तर्पदात, कच्छक**" વગેરેથી પાણિની કચ્છપ્રદેશ અને તેમાં આવેલાં ગામોનો નિર્દેશ કરે છે. તેના બળ અને જોમ માટે જાણીતા કચ્છના આખલાનો એ ઉલ્લેખ કરે છે. કચ્છની કચ્છી પ્રજા વિશિષ્ટ પ્રકારની પાઘડી પહેરતી અને તેમની વાણી અને તેમનું હાસ્ય વિશિષ્ટ પ્રકારનું હતું એ સુધ્ધાં પાણિની વર્ણવે છે. પછી પરંપરામાં કચ્છની ભૂમિની જેમ ખીલવણી થતી ગઈ તેમ તેની સંસ્કૃતિની ઇતિહાસ રચના આકાર લેતી ગઈ. કચ્છ દુકાળ, ધરતીકંપ વગેરે જેવી કુદરતી મુસીબતો સદા પાર કરતું આવ્યું છે. તેમાંય સને ૧૮૧૯ના કચ્છના મહાન ધરતીકંપ અને તેથી સિંધુના વહન અને રણની પરિસ્થિતિમાં જે ફેરફાર થયો તેથી કચ્છની ઉપજાઉ ધરતીને ઘણી અસર થઇ છે. સંવત ૧૬૦૫માં આ અખંડ કચ્છના પાટનગર તરીકે ભુજની સ્થાપના કરી મહારાવ ખેંગારજી પહેલાએ. ત્યારે સિંધમાં મિરઝા ઇશાખાનનો અમલ હતો. તેના બે શાહજાદા બાકીખાં અને ગાઝીખાં વચ્ચે કલહ થયો. ગાઝીખાં ખેંગારને શરણે આવ્યો. ખેંગારે પોતાના ભાઇ સાહેબજીને ગાઝીખાંની કુમકે લાવલશ્કર સહિત સિંધ મોકલી રાજ્યનો ભાગ અપાવ્યો. આ ઉપકારના બદલામાં કચ્છના રણની સરહદ ઉપરનો રાઉમાબજારથી વીરાવાવ સુધીનો સિંધનો ભાગ કચ્છ રાજ્યને આપ્યો. જમાદાર ફત્તેહમહમદે કચ્છ રાજ્યના થાણાં આ બે સરહદ ઉપર નાખ્યાં. પશ્ચિમ હિંદના આ ભાગમાં સને ૧૮૧૩ પછી બ્રિટિશરોનો પગપેસારો થયો. જેમ તે પહેલાં તેમ તે પછીથી પણ કચ્છનું મોટું રણ અખંડ કચ્છની હદમાં જ તેના એક અંગ તરીકે ગણાઈ તેનો વહીવટ થતો આવ્યો છે. ગયા સૈકામાં (૧૮૪૩) ત્યારના કચ્છના બ્રિટિશ પોલીટીકલ એજન્ટ શ્રી જે. જી. લમ્સડને કચ્છના રાજકીય નકશા તૈયાર કરાવેલ. Observations on map of Kutch a showing the poesson and border of Kutch આ ગ્રંથ અને નકશા ઈસ્ટ ઇન્ડિયા કંપનીએ પ્રસિદ્ધ કરેલ છે. તેમાં કચ્છની આ સરહદ અને રણ કચ્છનું છે એમ સ્પષ્ટ કર્યું છે.

Lt. Col Hollandના Route between Cutch and Sind પણ કચ્છનું રણ કચ્છના રણ તરીકે જ દર્શાવ્યું છે. કચ્છ રાજ્ય એટલે કે કચ્છના મહારાવ અને ઈસ્ટ ઇન્ડિયા કંપની અને પછીથી ભારતની બ્રિટિશ હકૂમત વચ્ચે કેટલાંક સંધિપત્રો અને કરારનામાં થયા છે. આમાં સને ૧૮૧૯ માં થએલું તહનામું બહુ મહત્ત્વનું છે. તેની ૨૧ કલમોમાં બ્રિટિશ સરકારે વિવિધ પ્રકારે કચ્છ રાજ્યનું કચ્છ ઉપરનું સાર્વભૌમત્વ અને મહત્ત્વના સર્વાધિકારો સ્વીકાર્યા છે; અને સ્પષ્ટ કર્યું છે કે કચ્છ રાજ્યના કોઈ ભાગમાં કચ્છના મહારાવ એટલે કે રાજ્યકર્તાની મરજી અને હાંસલ વિના બ્રિટિશ સત્તા કાંઈ ફેરફાર નહિ કરે. બ્રિટિશ સત્તાએ હિંદ છોડ્યું ત્યાં લગી આ કરારનું તેમણે પાલન કર્યું છે.

૧૯૪૭ની પંદરમી ઓગષ્ટે બ્રિટિશ હિંદના બે ભાગલા પડ્યા— ભારત અને પાકીસ્તાન. સિંધ પાકીસ્તાનનો ભાગ બનતાં ત્યાંના નિર્વાસિતોને વસાવવાનો મૂંઝવણભર્યો પ્રશ્ન ઊભો થયો. ત્યારે કચ્છમાં કંડલા કાંઠે "ગાંધીધામ" વસાવવાની યોજના ઘડાઈ અને અમલી બની, તે પહેલાં રાષ્ટ્રપિતા ગાંધીજીનું સ્વર્ગારોહણ થયું. આચાર્ય કૃપલાની અને કચ્છના ત્યારના યુવરાજ મદનસિંહજી હવાઈ જહાજમાં મહાત્માજીની અસ્થિભસ્મ ભુજની જનતાના દર્શનાર્થે ભુજ લાવ્યા અને કંડલાના સાગર તટે ૧૯૪૮ના ફેબ્રુઆરીની ૧૨ મી તારીખે તેનું વિસર્જન થયું. પરિસ્થિતિએ ત્યારે જે નવો પલટો ખાધો તેમાં પાકીસ્તાનની દક્ષિણ સરહદે પાકીસ્તાનના મુખ્ય શહેર કરાંચીથી સવાસો માઈલ જેટલે દૂર આવેલા કચ્છનું મહત્ત્વ ઘણું વધી ગયું. એટલે વાદવિવાદ કે સંકુચિત દૃષ્ટિબિંદુને અવકાશ ન હોય તેવા ગંભીર કારણો અને સંજોગોને લીધે કચ્છ હિંદ સરકારની દેખરેખ તળે હોય એ અનિવાર્ય બન્યું. કચ્છના અને આપણા મહાન દેશ ભારત, જેનું સ્વાતંત્ર્ય આપણને સર્વને વહાલું છે, તેના બન્નેના હિતની દૃષ્ટિએ માનનીય અને પ્રૌઢ રાજપુરુષ સરદાર પટેલની સલાહ સ્વીકારવામાં કચ્છના મહારાવ શ્રી મદનસિંહજીને લેશ પણ સંકોચ ન થયો. અને રાજ્યની પ્રજાના સાચા હિત સારુ આ ટાંકણે તેમણે યોગ્ય પગલું ભર્યું. મધ્યસ્થ સરકારના એક એકમ તરીકે હિંદી સંઘ સાથે કચ્છ જોડાયું. ૪ મે ૧૯૪૮થી કચ્છના જાડેજા રાજ્યનું આઝાદ ભારતમાં વિલીનીકરણ થયું. ભારતના ગવર્નર જનરલ અને કચ્છના મહારાવ વચ્ચે થયેલ તહનામા કરારની કલમ ૧ મુજબ કચ્છ રાજ્યના વહીવટનો તમામ સાર્વભૌમ અધિકારી—અબાધિત રીતે ૧૯૪૮ની જૂનની પહેલી તારીખે ભારત સરકારે ગ્રહણ કર્યો. અને હિંદ સરકાર વતી કચ્છના પહેલા ચીફ કમિશ્નર તરીકે શ્રી સી. કે. દેસાઇએ કચ્છનો વહીવટ સંભાળ્યો. ભુજમાં આ દિવસે કચ્છની પ્રજા જોગ સરદાર પટેલનો સ્વાતંત્ર્ય સંદેશ સંભળાવવામાં આવ્યો: "કચ્છનું રાજકીય, ભૌગોલિક અને આર્થિક મહત્ત્વ ઘણું છે. તે હિંદનું એક અગત્યનું સરહદી થાણું છે. વિકાસમાં તે પછાત છે. છતાં તેની કુદરતી સંપત્તિ વિશાળ શક્યતાઓથી ભરેલી છે. ઘરબારથી વિખુટા થઈ ગયેલા નિરાશ્રિતો જેમને મદદ, રાહત અને પુનર્વસવાટની ઘણી જરૂર છે તેમને વસાવવા સારુ કચ્છમાં ઘણો અવકાશ છે. કચ્છની પ્રજામાં તાકાત, ધૈર્ય, સંપત્તિ ને સાહસિકતા ઘણી છે. વેપાર ઉદ્યોગમાં કચ્છીઓએ હિંદભરમાં જે ફતેહ મેળવી છે તે તેમના આ ગુણોની પૂરતી સાબિતી છે." કચ્છના ઇતિહાસના એ યાદગાર પ્રસંગે કચ્છી જનતા અને કચ્છના મહારાવ બન્નેને રાષ્ટ્રના હિત ખાતર તેમણે કરેલા સ્વાર્થત્યાગ અને શાણપણ તથા સ્વદેશાભિમાનથી ભરેલા નિર્ણય સારુ સરદારે અભિનંદન આપ્યાં.

૧૯૪૮માં કચ્છના પાટનગર ભુજની સ્થાપનાને ૪૦૦ વર્ષ પૂરા થયાં. આ વખતે વારાણસીમાં ડો. રાધાકૃષ્ણન બનારસ હિંદુ યુનિવર્સિટીના વાઈસ ચાન્સેલર હતા. સરદાર પટેલનું ત્યારે ત્યાં સત્રાંત ભાષણ હતું. એ વારે સરદારને "ભુજનો ૪૦૦ વર્ષનો ઇતિહાસ" અને "ગુજરાતમાં પેટ્રોલિયમ" લેખ સાદર કર્યા. હિંદના પશ્ચિમ કિનારે ખંભાત અને કચ્છના અખાતના વિસ્તારનો ગુજરાતનો પ્રદેશ પેટ્રોલિયમની ખોજ માટે અતિ આશાસ્પદ હોવાનું સૌ પહેલું આજથી અઢાર વર્ષ પહેલાં પ્રતિપાદિત કરતા અને ગુજરાતના ઘેરા ઊંડાણમાં પેટ્રોલિયમ હોવાની સંભાવનાની પ્રથમ આગમવાણી ઉચ્ચારતા એ લેખમાં તથા કચ્છના સમગ્ર સંસ્કાર અને સાહિત્યમાં સરદારે અંગત રસ લીધો. પછી તા. ૨૦–૨–૪૯ના પત્રમાં સરદાર પટેલે લખ્યું: "અનેક સદીઓ પહેલાંનું પુરાણી દુનયાનું આ જગતમાં કોઈ સ્થળ જોવું હોય તો એ "કચ્છ" છે. જ્યાં આધુનિક દુનિયાની કોઈ હવા લાગી નથી. જેમનું તેમ પડી રહ્યું છે. ત્યાં અત્યારે તો દુષ્કાળ છે, ઢોર અને માણસને બચાવવાનો મોટો પ્રશ્ન છે, તેમાં મધ્યસ્થ સરકાર લાખો રૂપીયા ખર્ચી રહી છે. સાથે સાથે કંડલાને કરાંચી બનાવવાની યોજના તૈયાર થઈ રહી છે. તેની સાથે બે રેલવેઓ જોડવાનો પ્રયત્ન છે. સિંધીઓ બંદરની પાસે એક મોટું નગર વસાવવાના છે. તેની તૈયારી થઈ રહી છે. મોટું એરોડ્રોમ બનાવવાનું છે. આમ ચારે તરફ કચ્છની શિકલ બદલવાનો પ્રયત્ન થઈ રહ્યો છે. ને તેની પાછળ રૂપીઆ ખર્ચવાના છે. ઉમેદ તો છે કે પાંચ વર્ષમાં કચ્છ હિંદુસ્તાનના નકશામાં બંધબેસતું થઇ જાય...પછી તો ઇશ્વરની ઇચ્છા." સરદારના સામર્થ્ય અને શક્તિના વારસાને સાર્થક કરતાં આજે પરિણમેલી કચ્છની બદલાયલી શકલ સરદારશ્રીનું ચિરસ્મરણીય સ્મારક છે.

કંડલાને મહાબંદર બનાવવાની યોજના તૈયાર થઈ જતાં, ૧૯૫૨ના ૧૦મી જાન્યુઆરીના ભારતના પંતપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુના હસ્તે તેનો શિલારોપણ વિધિ થયો. કંડલાનું આ મહાબંદર ખુલ્લું મુકાતાં પશ્ચિમ કંઠારે ભારતનું અદ્યતન એવું નવું પ્રવેશદ્વાર ઉઘડ્યું છે. તેથી રાજસ્થાન, પૂર્વ પંજાબ, હિમાલય પ્રદેશ, જમ્મુ અને કાશ્મીર, દિલ્હી, પશ્ચિમ ઉત્તર પ્રદેશ, ઉત્તર–ગુજરાત વગેરેના લગભગ ૪,૧૨,૩૦૦ ચોરસ માઈલના વિશાળ અને આશરે ૮ કરોડની વસ્તીને આવરી લેતા ભારતીય આંતરપ્રદેશને કંડલા–ઝુંડ રેલ્વે ચાલુ થતાં સાંકળી લેશે. આમ કચ્છ ભારતના બધા ભાગો સાથે સંકળાઈ જતાં વ્યાપાર–વ્યવહારના હેરફેરની જે સગવડો કરાંચીમાંથી મળતી તેનું સ્થાન નવા કંડલાએ લેવા માંડ્યું છે. કંડલાનું જુનું નાનું બંદર ૧૯૩૦ માં બંધાયું હતું ત્યારે તે નેરોગેજ રેલ્વેથી ભુજ સાથે જોડાયેલું હતું. હવે આ જૂના કંડલાને ઓઇલ જેટીમાં ફેરવી નંખાઈ છે. કંડલાથી ભુજ લગી મીટરગેજ રેલ્વે નાંખી દેવાઈ છે; અને કંડલા ગાંધીધામને ડીસા પાલનપુરથી અમદાવાદ–દિલ્હી મીટરગેજ લાઈનથી સાંકળી લેવામાં આવ્યું છે. નાના રણ ઉપર "ઉત્તર સેતુબંધ"નો મહાપુલ બંધાઈ જવામાં છે. કંડલાથી અમદાવાદ રાષ્ટ્રીય ધોરી માર્ગની

કામગિરી પૂરી થવામાં છે. કંડલાથી ઝુંડ બ્રોડગેજ રેલ્વે લાઇનનું કામ ધમધોકાર ચાલુ છે. અને તરતમાં આ બ્રોડગેજ લાઇન ચાલુ થઇ જશે. ગાંધીધામ અને ભુજમાં આંતરરાષ્ટ્રીય મહત્ત્વનાં એવા હવાઇ મથકો કામ કરે છે. કચ્છમાં ૧૯૬૫ના ૧૦મી ઓકટોબરથી આકાશવાણીનું ભુજ કેન્દ્ર કામ કરતું થઇ ગયું છે. કંડલામાં ૨૭૦૦ ફૂટ લાંબા ૪ ધકા ઉપર ૨૧થી વધુ ઇલેકટ્રીક ક્રેઇનો અને અદ્યતન પ્રકારના બે માળના ગોડાઉનો વપરાશમાં છે. અત્યારે ૨૫ લાખ ટન માલની હેરફેર ત્યાં થાય છે. તે દિવસો દિવસ વધતી જાય છે. કંડલામાં મુક્ત વ્યાપાર વિસ્તાર ( ફ્રી ટ્રેડ ઝોન ) કામ કરતું થઇ ગયું છે; જે દર વર્ષે ૨૫ કરોડ રૂપિયાનું પરદેશી નાણું કમાઇ આપવાનો અંદાજ છે. નાના મોટાં કેટલાંક ઉદ્યોગો ત્યાં સ્થપાઇ ચૂકયાં છે. એશિયાભરમાં મોટામાં મોટા મીઠાનાં ઉદ્યોગો પૈકીનું એક તથા તેવા બીજા નાનાં ઉદ્યોગો ત્યાં ચાલુ છે. ૪ લાખ ટનથી વધુ મીઠું અહીંથી નિકાસ થાય છે. ફર્ટિલાઇઝર ફેકટરી તરતમાં કામ કરતી થશે. અહીં વીજળી અને પાણી પુરવઠાની વ્યવસ્થા વિવિધપ્રકારે પૂરી પાડવાની તજવીજ વધતી જ રહે છે. કંડલામાં નવી વસાહતો બાંધવાનું કામ આગળ ધપી રહ્યું છે. તેમાં ભારતીય પ્રજાના પચરંગી સંસ્કારો સેળભેળ થવા માંડ્યા છે. ૨૧૦ માઇલની સાગરકંઠાર ધરાવતા કચ્છની દરિયાવટની જલાલીનો ઓજ કંડલામાં પુનઃ પાધરો પડયો છે. દરિયાઇ ક્ષેત્રે ગુજરાતના એકમાત્ર મહાબંદર કંડલાની ખીલવણી આ રીતે કચ્છને એક મોકાના મથક તરીકે ભારતની સાગર કંઠારે મોખરે મૂકી દે છે.

ભારતની અને કચ્છની વધતી જતી પ્રગતિમાં અશાંતિ આણવા ૧૯૫૫–૫૬માં પાકિસ્તાને કચ્છના મોટા રણની સરહદે છાડબેટ તરફ થોડાં છમકલાં કરવાનું શરૂ કર્યું. કચ્છના મોટાં રણની સરહદના મહત્ત્વની ત્યારથી જ આંતરરાષ્ટ્રીય જાહેરાત થઇ ગઇ. ૧૯૫૬ ના ૨૧મી જુલાઇએ રાત્રે ૯ કલાક, ૩ મિનિટ અને ૪૬ સેકંડે કચ્છને અતિ તીવ્ર એવા ૧૦ સેકન્ડ ચાલેલા ધરતીકંપે ધણધણાવી દીધું. અંજાર અને તેની આજુબાજુના ગામોમાં ધ્વંસલીલા સર્જાઇ ગઇ. ત્યારે જવાહરલાલ નહેરૂએ અંજાર પહોંચી ત્યાંની પ્રજાને સધિયારો દીધો. પછી જે નવરચના થઇ તેમાં ભૂકંપમાં ભાંગીને ભૂકો થઇ ગયેલું ઝુરણ ગામ ફરી ઊભું કરવામાં આવ્યું. અને તેને જવાહરનગર નામ આપવામાં આવ્યું. એનું તોરણ જવાહરલાલ નહેરૂના હાથે બાંધવામાં આવ્યું. ત્યારે નહેરૂને કચ્છમાં એક છપ્પ અસ્મત નડ્યો. તેનું સ્મારક એ સ્થળે કચ્છમાં ઊભું કરાયું છે. ભારત સરકારે કચ્છની પોતાની સરહદની ચોકી સજાગ રાખી સરહદને સમાલી રાખી. ૧૯૫૬માં કચ્છ દ્વિભાષી મુંબઇ રાજ્યનો ભાગ બન્યું. ૧૯૬૦માં ગુજરાત રાજ્યનું નિર્માણ થયું અને તેના સત્તર જીલ્લાઓ પૈકીનું કચ્છ તેની સરહદનો જીલ્લો બન્યું. કચ્છ અને સિંધની પ્રણાલિકાગત સીમા સદીઓથી નિશ્ચિત છે; અને આ સ્પષ્ટ સરહદનો કચ્છનો અબાધિત વહીવટ જેમનો તેમ ચાલુ રહ્યો છે. કચ્છ એટલે કચ્છના રણ સહિતનો કચ્છનો તમામ વિસ્તાર અને કચ્છ રાજ્ય એટલે આ અખંડિત કચ્છ ઉપરની સાર્વભૌમ શાસનસત્તા. ઐતિહાસિક તહનામાં, સંધિપત્રો, વહીવટી પત્રવ્યવહાર અને નોંધો, ઇમ્પિરીયલ, બોમ્બે અને સિંધ ગેઝેટીઅરના ટાંચણ, સર્વોપરિ સત્તા તરીકે બ્રિટિશ રાજ્ય અમલના હુકમો વગેરેમાં કચ્છના રણને કચ્છના એક અંગરૂપ ભૌગોલિક ભાગ તરીકે જ ગણાવ્યો છે; અને કચ્છના રણ ઉપર કચ્છ રાજ્યની સાર્વભૌમ સત્તાનો સર્વત્ર અને સર્વ સમયે પરંપરાથી સ્વીકાર કરવામાં આવ્યો છે. પ્રાચીન કાળથી અત્યાર લગીના તમામ અધિકૃત નકશા અને નોંધોમાં આ આ નિર્દેશ સ્પષ્ટપણે આલેખવામાં આવેલ છે.

રણ એટલે ખારો પાટ. માત્ર ચોમાસામાં ત્યાં ખારામીઠાં પાણીનો ભરાવો થાય છે અને રણ ભીનું બને છે. રણ એ કાંઈ જમીનની અંદર આવેલો દરિયો કે જળસરોવર નથી જ. આંતરરાષ્ટ્રીય જળ સરહદો અંકાવાના ધારા અન્વયે કચ્છના રણમાં પોતાની સરહદ એ રીતે ગણવાની વાહિયાત વાત રજૂ કરી કચ્છના રણમાં એ દાવા બહાને ઘુસણખોરી કરવા પાકીસ્તાને ૧૯૬૫ની શરૂઆતથી કચ્છની સરહદે છમકલાં કરવાનો આરંભ કરી આક્રમણ કર્યું. પાકીસ્તાનની આ કારવાઈ ૧૯૬૦ના વેસ્ટ પાકીસ્તાન ભારતના જમીનના સરહદ બાબત યુ. એન. ચાર્ટરના ખુલ્લા ભંગરૂપ હતી. ફિલ્ડમાર્શલ અયુબે પણ ૧૯૬૫માં જ પોતાના પાકીસ્તાનની જનતા જોગ એક વાયુપ્રવચનમાં કચ્છના રણને ખારોપાટ કહ્યો છે. રણ એ રણ–ખારોપાટ જ છે. અને કચ્છનું રણ એ કચ્છનું જ છે. સિંધનું રણ એ હતું નહિ અને બની શકે જ નહિ. એટલે ૧૯૬૫ના ૩૦મી જૂનના કરાર મુજબ પાકીસ્તાને પોતાનું આક્રમણકારી દળ રણમોરચેથી પાછું ખેંચવા કબૂલ્યું. સંધી–કરાર થયા. તદનુસાર આ પ્રશ્ન ઉકેલવા અને તેનો નિવેડો લાવી આ સરહદની સીમાનો સ્પષ્ટ વહીવટ થાય વાસ્તે મોજણી થઈ. ચોખ થયા મુજબ ખૂંટા ખોડવા ભારત પાકીસ્તાને પોતાનો આ કેસ શરતો મુજબ નિયુક્ત કરેલી લવાદપંચ (ટ્રીબ્યુનલ)ને સુપ્રદ કર્યો છે. પછી કાસ્મીર મોરચે ભારત–પાકીસ્તાન યુદ્ધ વધી પડ્યું ત્યારે ગુજરાતના મુખ્યમંત્રી શ્રી બળવંતરાય મહેતા અને તેમના ધર્મપત્ની શ્રીમતી સરોજબેનનું તા. ૧૯–૯–૬૫ના પાકીસ્તાની વિમાનીઓના હલ્લાથી કચ્છના સુથરી મુકામે વિમાનભંગથી નિધન થયું. એ યુદ્ધની તહકૂબી પછી કચ્છના લવાદપંચની કાર્યવાહી થવામાં છે અને તેનો એ ફેંસલો હવે તરતમાં થવા વકી છે.

ભારત સરકારે પોતાની વિપુલ સાધન સામગ્રીથી કચ્છમાં વિકાસનાં એકસામટાં અનેક કાર્યો ઉપાડી નવ વર્ષ લગી તેના "ક" વર્ગના એક રાજ્ય તરીકે રહેલા કચ્છની શકલ બદલી નાંખી છે. દ્વિભાષી મુંબઈ રાજ્યમાં જોડાઇ તે એક જીલ્લો બન્યા પછી આ વિકાસ કાર્યોનો વેગ જે હળવો બન્યો હતો તેને કચ્છ–સિંધ સરહદ ઝઘડો શરુ થતાં પુનઃ જોમ મળ્યું છે. કચ્છના એક પનોતા પુત્ર શ્રી પ્રેમજીભાઈ ઠક્કર હાલે કચ્છમાંથી પ્રથમ પહેલા નીમાયેલા ગુજરાત રાજ્યની કેબીનેટ કક્ષાના પ્રધાન તરીકે કામ કરે છે. કચ્છમાં તેના બધા તાલુકા–મથકો સારા રસ્તાથી જોડાય ગયા છે અને એકંદર ૧૪૦૦ માઈલ જેટલા નવા રસ્તા ત્યાં બંધાયાં છે. કચ્છની ઘણીખરી નાની–મોટી નદીઓ ઉપર સિંચાઈના જળાશયો બંધાઈ ગયાં છે. ૫૦૦ માણસની વસ્તી ઉપરના ગામેગામ વાહનવ્યવહારની સવલત મળી જવામાં છે. અને કેટલાંક ગામોનું વીજળીકરણ થઇ જવામાં છે. પત્રકારિત્વ, તાર, ટપાલ અને ટેલિફોનની સગવડનો સારો વિકાસ થયો છે. વિદ્યાવૃદ્ધિ થઈ. અત્યારે કચ્છમાં ત્રણ કોલેજો અને ૩૭ હાઈસ્કૂલો ચાલે છે. જેમાં દિવસે દિવસે ઉમેરો થતો જાય

છે. કેળવણીના પ્રમાણમાં કચ્છમાં સારો વિકાસ થયો છે. તાલુકાના અક્ષરજ્ઞાનની ટકાવારી જોતાં તેમાં કચ્છના માંડવી તાલુકાનું કેળવણીનું પ્રમાણ ગુજરાતભરમાં અગ્રસ્થાન લે છે. કચ્છની લોકકળા પણ દેશ પરદેશમાં ખ્યાતનામ થતી જાય છે. સરહદના પ્રદેશ તરીકે કચ્છના પ્રશ્નો હલ કરવા ખાસ નજર રાખવામાં આવે છે; અને ગુજરાતના એક સીમાપ્રાંત તરીકે કચ્છની પૂરી તકેદારી કરવામાં આવે છે. પ્રાંત પ્રાંતની પ્રાદેશિક વિવિધતા જાળવી લઈ એ સંગઠન સાચવી રાખી સંયુક્ત કુટુંબ જેમ રહેવાની ભારતની અપૂર્વ પ્રણાલી છે. ભારતની સમૃદ્ધિ સહભાગે કચ્છની પણ મના બની છે. તેના સહારે કચ્છમાં વિકાસની અનેકાનેક પ્રવૃત્તિઓ હાથ પર લેવામાં આવી અને હિંદભૂમિના એક મહત્ત્વના અંગ તરીકે કચ્છની ખીલવણી થવા માંડી છે.

ભારતમાં આંતરરાષ્ટ્રીય સરહદના ચોકિયાત અને રક્ષક તરીકે ગુજરાતમાં કચ્છનું સ્થાન આગવું છે, અગત્યનું છે. એવા કચ્છ દેશના અતીતની અપૂર્વતાઓ નિર્દેશતો જૂનો ઇતિહાસ તો હવે જાણીતો છે, ત્યારે સ્વદેશાભિમાનની ખુમારીભર્યા કચ્છની સર્જાતી નવતર તવારીખની તેજલી સાખ જે રંગભરી છે ને રસભરી છે, તે તરફ મીઠી નજર નાખતાં હરેક ભારતીયનું હૈયું હામથી થનથની રહે છે.

(શ્રી દિલ્હી ગુજરાતી સમાજ—
હીરક-જયંતિ-મહોત્સવ સ્મૃતિ ગ્રંથમાંથી સાભાર.)





# ગુજરાતના ઈતિહાસ પર આછો દૃષ્ટિપાત

—પ્રો. કેશવલાલ હિ. કામદાર એમ. એ.

ગુજરાતમાં જ્યારે જ્યારે ગુજરાત–સૌરાષ્ટ્ર પ્રદેશના ઇતિહાસની વિચારણા કરવામાં આવતી ત્યારે ત્યારે અભ્યાસીઓ સાધારણ રીતે શ્રીકૃષ્ણના સમયની દ્વારિકાથી તેનો આરંભ કરતા. પ્રાગૈતિહાસિક સમય વિષેની વિચારણા પૂરતી થતી નહિ તેમ તેનો ઉલ્લેખ પણ કરવામાં આવતો નહિ.

હવે આ વિચારપ્રણાલિકામાં ફેરફારો થઇ ગયા છે. સાબરમતી નદીના કિનારાઓ ઉપર ખોદકામ થયેલા છે તે ઉપરથી નિષ્ણાતો એવા અભિપ્રાય ઉપર આવ્યા છે કે આ નદીઓના કિનારાઓ ઉપર અને તેની ખીણોમાં ગુજરાત–સૌરાષ્ટ્રના અતિ આદિવાસીઓ રહ્યા હશે. તેઓ પાષાણયુગી પ્રજાના સમૂહો હતા. તેમનો ઇતિહાસ અત્યારે મળતો નથી.

### પ્રાગૈતિહાસિક સમય

હમણાં ધોળકા પાસે લોથલ, ગોંડલ પાસે રોજડી, લીંબડી પાસે રંગપુર વગેરે સ્થળોએ ખોદકામ થયાં છે એ ઉપરથી આપણે ગુજરાત–સૌરાષ્ટ્ર–કચ્છના પ્રાગૈતિહાસિક સમય વિષે જુદો વિચાર કરવો પડશે. એ ખોદકામો ઉપરથી અભ્યાસીઓ એવા નિર્ણય ઉપર આવ્યા છે કે ગુજરાત, સૌરાષ્ટ્રનાં બંદરો ઉપર તથા તેની નદીઓના કાંઠા ઉપર સિંધુ નદીતટની પ્રજાઓનો વસવાટ થયો હતો. એ વસવાટનો સમય ઈ. સ. પૂર્વે ૧૫૦૦થી ઇ. સ. પૂર્વે ૭૦૦ સુધીનો માનવામાં આવે છે. આ પ્રજાએ આર્ય પ્રજાઓ નહોતી અને તેમની સંસ્કૃતિ નગરસંસ્કૃત હતી. તેમનો સંસર્ગ સિંધુ નદીની પ્રજાઓ સાથે હતો. એ સંસર્ગ પશ્ચિમ એશિયાની પ્રજાઓ સાથે પણ હોઈ શકે.

### આર્યોનું આગમન

એક માન્યતા એવી છે કે ગુજરાત–સૌરાષ્ટ્રમાં જે આર્યપ્રજાઓ વસવા આવી તે તમામ પ્રજાઓ ઉત્તર હિંદુસ્તાનમાંથી ઊતરી આવી નહોતી. તેમના કુળગોત્ર નામો ઉપરથી તે પ્રજાઓ પશ્ચિમ એશિયામાં વસેલી આર્ય પ્રજાઓની શાખાઓ રૂપે હતી. તેમણે ભૃગુપુર, ખંભાત, પાટણ વગેરે બંદરો વસાવ્યાં હતાં અને તે સમુદ્ર વાટે ગુજરાત–સૌરાષ્ટ્રના અંતરભાગમાં વસવા ગઈ હતી. આ આર્યપ્રજાસમૂહો શ્રી કૃષ્ણના સમયમાં ઉત્તર હિંદથી ઉતરી આવેલી પ્રજાઓ સાથે મળી ગયા હતા અને તે મેળમાંથી ગુજરાત–સૌરાષ્ટ્રની આર્યસંસ્કૃતિ ઉદ્‌ભવી હતી. આ આર્યપ્રજાએ સિન્ધુતટથી આવેલી અનાર્ય પ્રજાઓને હરાવી તેમના નગર વસવાટોને તોડી પાડ્યા અને તેમના સમૂહોને પોતાનામાં ભેળવી દીધા. સંભવ છે કે અત્યારની ગુર્જર વસતિમાં આ સમૂહનું મિશ્ર લોહી હોય. પુરાણો અને મહાભારત વગેરે સાહિત્યના અભ્યાસથી નિષ્ણાતો હવે એવા મત ઉપર આવ્યા છે કે શ્રીકૃષ્ણ દ્વારિકામાં વસવાટ કરવા આવ્યા ત્યારે સૌરાષ્ટ્રમાં અનાર્ય પણ સંસ્કારી પ્રજાઓનો વસવાટ હતો. આર્યોએ પ્રજાઓની સંસ્કૃતિઓને દબાવી દીધી અથવા તેમનાં કેટલાંક લક્ષણોને પોતાની સંસ્કૃતિમાં ભેળવી દીધાં. એ મિશ્રણનો અને એ મેળનો કડીબંધ ઇતિહાસ મળી શકે નહિ એ સ્વાભાવિક છે.

### પ્રાચીન સાહિત્યમાં ઉલ્લેખો

ગુજરાત–સૌરાષ્ટ્ર વિષેના ઉલ્લેખો પ્રાચીન સાહિત્યમાં મળે છે, પણ તેના ઇતિહાસની એક અનન્ય કડી ગિરનારની તળેટીએ જતાં ભવનાથ તરફના માર્ગ ઉપર જમણી બાજુએ ત્રણ ખડકલેખોમાં મળી આવે છે. આપણા પૂર્વજો એ કડી આપણા માટે વારસામાં મૂકતા ગયા છે. તેઓ અને તેમના વંશજો તે ઉકેલી શકતા હતા પણ કાળક્રમે આપણે તે લિપિના જ્ઞાનથી વંચિત થઈ ગયા. તે ભાષા આપણે ભૂલી ગયા. એટલે સુધી કે આપણા પૂર્વજોના વારસાને આપણે બિલકુલ સમજી શકતા નહોતા. આપણે તેથી કેવળ અજાણ્યા રહ્યા હતા. આપણું એ અજ્ઞાન સૌરાષ્ટ્રવાસી ઇતિહાસવિદ્‌ પ્રાચીન લિપિવિદ્‌ ભગવાનલાલ ઇન્દ્રજીએ દૂર કર્યું. આ ખડકલેખોની સંખ્યા કુલ ત્રણ છે. એક મૌર્ય મહારાજા અશોકના સમયનો, ઇ. સ. પૂર્વે ત્રીજી સદીનો. મહારાજા રુદ્રદામનનો લગભગ ઈ. સ. ૧૫૦ની સાલનો અને ત્રીજો મહારાજા સ્કંદગુપ્તનો ઈ. સ. લગભગ ૪૫૫ની સાલનો. લગભગ આઠસો વર્ષનો ટૂંકો ગિરિનગરનો પરિચય આ ત્રણ લેખોમાં કરાવવામાં આવ્યો છે અને તેમાં અશોકના પિતામહ ચંદ્રગુપ્ત મૌર્ય મહારાજાના સમયનો અને તેના સુબેદાર રાજા તુષાષ્પનો ઉલ્લેખ સમાવવામાં આવ્યો છે. આ ત્રણ લેખો પૂરવાર કરે છે કે ગિરિનગર ગિરનારની સુવર્ણરેખા–સોનરખ નદીના બંધનો ઉલ્લેખ રાજ્ય દફતરમાં હોવો જોઇએ. તેમાં વર્ષ, દિન, ઘડી બધું દર્શાવવામાં આવ્યું છે. આ લેખોની લિપિ બ્રાહ્મી છે અને ભાષા પ્રથમ લેખની પાલી છે, જ્યારે બીજા બે લેખોની ભાષા સંસ્કૃત છે. ગુપ્ત સમય સુધીની આ ટૂંકી કડીઓ છે.

### ગુજરાત સ્વતંત્ર એકમ

ખુદ ગુજરાતમાં અને ગુજરાત બહાર તો ખાસ હંમેશા એવું કહેવામાં આવે છે કે ગુજરાતમાં કદી સ્વતંત્ર રાજ્ય થયું જ નથી. ગુજરાત ઉપર હમેશાં પરદેશીઓએ જ હકુમત ભોગવી છે. ગુજરાતીઓએ તો વેપાર કરી જાણ્યો છે. તેમને રાજ્ય કરતાં કોઇ દિવસ આવડ્યું નથી, તેમનામાં લડાયકશક્તિ તો કદી હતી જ નહિ અને તેમનું રક્ષણ હંમેશા પરદેશીઓને હાથે જ થયું છે. આ માન્યતા તદ્દન ખોટી છે. ઇતિહાસના પુરાવાઓથી તે વિરુદ્ધ છે. ગુજરાત સ્વતંત્ર રાજ્ય એકથી વધારે વખત હતું. ગુજરાતની પ્રજા આત્મરક્ષણ કરી શકતી હતી. ગુજરાતીઓએ માત્ર વેપાર કર્યો નથી. નીચેની હકીકતો આ બાબત સ્પષ્ટ કરે છે.

ગુજરાત પ્રદેશ ઇતિહાસયુગમાં ત્રણવાર સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે રહ્યો છે. ત્રણવાર ગુજરાત ઐતિહાસિક સમયમાં સ્વતંત્ર –તદ્દન સ્વતંત્ર– રાજ્ય થઇ ગયું છે. શ્રીકૃષ્ણનો સમય લઇએ તો ગુજરાતે સ્વતંત્ર

રાજ્ય તરીકે વારંવાર દેખા દીધા હતા, સિવાય કે આપણે શ્રીકૃષ્ણના યાદવી રાજ્યને હસ્તિનાપુરના અથવા ઇંદ્રપ્રસ્થના એક ભાગ તરીકે ગણીએ તો જુદી વાત. આ ત્રણ સમયોની નોંધ હું અહીં કરી જાઉં– પહેલો સમય વલ્લભી સમય છે, જેનો સમય ઇ. સ. ૪૯૧થી ઇ. સ. ૭૮૯ સુધી કહેવાય છે. બીજો સોલંકી યુગ, મૂળરાજ સોલંકીના સમયથી કરણ વાઘેલાના સમય સુધી, લગભગ ઇ. સ. ૯૭૭થી ઈ. સ. ૧૨૯૮ સુધી અને ત્રીજો સમય મુસ્લિમ સલ્તનતનો સમય, ઇ. સ. ૧૪૧૧ થી ઈ. સ. ૧૫૭૩ સુધી, જ્યારે અકબરે ગુજરાત દેશને મોગલાઇમાં ભેળવી દીધો. આ ત્રણે ય સમયો ગુજરાતના ઇતિહાસમાં જ્વલંત સમયો ગણાય છે.

## વલ્લભી રાજ્યશાસન

વલ્લભના મૈત્રક મહારાજાધિરાજાઓ વંશપરંપરા રાજ્ય ભોગવી ગયા. તેમણે સૌરાષ્ટ્ર, કચ્છ, ગુજરાત, માળવાનો પશ્ચિમ વિભાગ, અને એકવાર સહ્યાદ્રિ પર્વતના થોડાક પ્રદેશોને પોતાના રાજ્યમાં ભેળવી દીધા હતા. આ મૈત્રક મહારાજાઓ સાચા સૌરાષ્ટ્રીઓ–ગુજરાતીઓ હતા. તેમની રાજધાની વલ્લભીપુર–વળા મુકામે હતી તેમનાં વખતમાં સૌરાષ્ટ્ર અને ગુજરાત ભારતના પ્રથમ પંક્તિના પ્રદેશો ગણાતા હતા. વલ્લભી મોટું વિદ્યાધામ હતું. અહીં વૈદિક, બૌદ્ધ અને જૈન પંડિતો વસતા હતા. જૈન આગમ સાહિત્યનો છેલ્લો ઉદ્ધાર–તેનું છેલ્લું સંસ્કરણ– તેની છેલ્લીવારના દેવર્દ્ધિ ક્ષમાશ્રમણ મારફત વલ્લભી મુકામે થયું હતું. હ્યુ–એન–સંગ જેવો ચીની પંડિત અહીં આવી ગયેલો. મૈત્રક મહારાજાધિરાજોએ બ્રાહ્મણ, બૌદ્ધ, જૈન, સંસ્કૃત અને પ્રાકૃત સાહિત્યને ઉત્તેજન આપેલું. એ મહારાજાધિરાજાઓ પોતે વિદ્વાનો હતા. તેમના રાજકુટુંબો બૌદ્ધવિહારોને નિભાવતાં અને ગ્રંથાલયોને પોષતાં. એમાંના એક રાજવીએ કનોજના મહારાજાધિરાજ શ્રીહર્ષ સાથે સંગ્રામ ખેડેલો અને તેની દિકરીને પરણેલો, એમનો કુંવર કનોજની રાજગાદીએ બેઠો હતો અને આર્યાવર્તનો ચક્રવર્તી –મહારાજાધિરાજ બન્યો હતો. વલ્લભી મૈત્રક રાજવંશના લગભગ એકસો જેટલાં તામ્રપત્રો મળી આવ્યા છે, જે સંખ્યા બીજા રાજવંશ માટે નહિ હોય.

કરાંચી પાસે આવેલા દેવબંદરથી ઊતરી આવેલા આરબોએ આ વલ્લભી રાજ્યનો નાશ કર્યો. ત્રણસો વર્ષ સુધી એ રાજ્ય સ્વતંત્ર રાજ્ય તરીકે રહ્યું . વલ્લભી ભંગ ઇ. સ. ૭૮૯માં થયો.

## સોલંકી યુગ

આ બનાવ પછી લગભગ બસો વર્ષ બાદ અણહિલવાડ–પાટણના સોલંકી રાજવંશે ગુજરાતને ફરી સ્વતંત્ર રાષ્ટ્રની કક્ષામાં મૂક્યું. એ રાષ્ટ્ર ઇ. સ. ૧૨૯૮ સુધી, એટલે કે ત્રણસો વર્ષ સુધી ટકી રહ્યું હતું અને એ રાજ્યવંશમાં મૂળરાજ, કરણ, સિદ્ધરાજ, કુમારપાળ વગેરે મહારાજાધિરાજાઓ થયા હતા. આ ગુર્જર રાષ્ટ્રની સત્તા કચ્છ, ગુજરાત અને સૌરાષ્ટ્ર ઉપર હતી. ઉપરાંત કેટલાંક વર્ષો માટે તેની સત્તા માળવા, ચિત્તોડ, ખાનદેશ, કોંકણ સુધી પહોંચી ગઈ હતી. સોલંકીયુગનું ગુર્જર રાષ્ટ્ર પ્રથમ પંક્તિનું ભારતીય રાષ્ટ્ર ગણાતું હતું. પાટણ મોટું વિદ્યાધામ હતું. અને વૈદિક તથા જૈન પંડિતો પાટણ, વડનગર, વઢવાણ, જૂનાગઢ (ગિરિનગર), ખંભાત વગેરે સ્થળોએ વસતા હતા. સોલંકી રાજાઓ વિદ્યાપ્રેમી હતા. એ સમયે બંધાયેલા જૈન મંદિરો ભારતભરમાં ખ્યાતિ પામ્યા હતા. સોમનાથ પાટણ, ભરૂચ, ખંભાત એ મોટાં બંદરો હતાં, જ્યાં કોટિપતિઓ વસતા હતા. આ બંદરોમાં અને શહેરોમાં અનેક પરદેશીઓ મુખ્યત્વે મુસ્લિમો અને પારસીઓ રહેતા હતા. ગુજરાત–સૌરાષ્ટ્ર જેવા ધનાઢ્ય અને વિદ્યાપ્રેમી પ્રદેશો ભારતમાં અજોડ હતા. એ સમયનું પ્રાકૃત સાહિત્ય ત્યારપછીના ગુજરાતી સાહિત્યનું પુરોગામી સાહિત્ય ગણાય છે.

## મુસ્લિમ સલ્તનત

ઇ. સ. ૧૨૯૮માં અલાઉદ્દીન ખીલજીનાં લશ્કરોએ ગુજરાતનો કબજો લીધો તે પછીથી ઇ. સ. ૧૪૧૧ સુધી ગુજરાત દેશ દિલ્હીની તુર્કી સલ્તનતના સુબા તરીકે રહ્યો. ઇ. સ. ૧૪૧૧માં એહમદશાહે અમદાવાદમાં સ્વતંત્ર સત્તા સ્થાપી એટલે ગુજરાત વળી સ્વતંત્ર સલ્તનતની કોટિમાં આવી ગયું. આ સ્વતંત્રતા ઇ. સ. ૧૫૭૩ સુધી રહી. તે રાજ્ય એહમદશાહના વંશનું હતું. એ સુલતાનનો પિતામહ ભટ્ટી રજપૂત હતો. એના વંશમાં ગુજરાત, હિંદુસ્તાનમાં પ્રથમ પંક્તિનું આબાદ રાષ્ટ્ર ગણાતું હતું. પ્રભાસ પાટણ, દીવ બંદર, સુરત, મુંબઇ વગેરે બંદરો એ રાષ્ટ્રમાં આવી જતાં હતાં. એકવાર તો આ મુસ્લિમ રાજવંશે માળવા અને ચિતોડ કબજે કર્યાં હતાં. અને ખાનદેશનું રાજ્ય તેનું ખંડિયું રાજ્ય ગણાતું હતું. અમદાવાદના સુલતાનો દક્ખણના બહમની સુલતાનો સાથે અને ખુદ દિલ્હીના રાજવંશ સાથે હરીફાઇ કરતા હતા. અમદાવાદ દુનિયાનું મોટું નગર ગણાતું હતું અને ગુજરાતના શહેરોમાં તથા બંદરોમાં યૂરોપ એશિયાના વેપારીઓ ઉભરાતા હતા.

## મોગલ સામ્રાજ્ય

ઇ. સ. ૧૫૭૩માં અકબરે ગુજરાત દેશને ખાલસા કર્યો. ઇ. સ. ૧૭૬૧ સુધી તે પ્રાંત મોગલ સામ્રાજ્યના એક અગત્યના ભાગ તરીકે ગણાતો હતો. તૂટતી જતી મોગલાઇનો કારભાર ગુજરાતના નાણાંથી ચાલતો હતો; ગુજરાતનાં લશ્કરોથી તેની આઝાદી નભતી હતી. મરાઠાઓએ આ આઝાદીનો અંત આણ્યો. અમદાવાદ, સુરત, પાટણ ભાંગી ગયાં. કાઠીઓ, ગરાસિયાઓ, મરાઠાઓ, ઠાકરડાઓ, કોળીઓ ઠેર ઠેર ત્રાસ વર્તાવવા માંડ્યા.

આ ત્રાસનો અંત અંગ્રેજોએ ઇ. સ. ૧૮૦૭માં આણ્યો.

## બ્રિટિશરાજ્ય અમલમાં ગુજરાત

ગુજરાત સૌરાષ્ટ્રને વહીવટી વ્યવસ્થાની અપેક્ષાએ એક કરવાનો પ્રયોગ બ્રિટિશ સરકારે અમુક રીતે કર્યો હતો. બન્ને પ્રદેશોમાં થાણાંઓ રાખી તેણે નાના જાગીરદારોની સંસ્થાઓને પોતાની હકુમત નીચે મૂકી હતી અને લગભગ ઇ. સ. ૧૮૯૩ સુધી તો શિક્ષણને પોતાની નીચે આખા પ્રદેશમાં, ગાયકવાડી પ્રદેશને બાકાત રાખતાં, રાખ્યું હતું. આખા ગુજરાતમાં અને ખાસ કરીને સૌરાષ્ટ્રમાં બ્રિટિશ ધોરણે ફોજદારી દિવાની ન્યાય ચાલતો હતો. રાજ્ય વ્યવસ્થા તો ગાયકવાડી રાજ્ય માટે પણ, બ્રિટિશ ધોરણ મુજબ રચવામાં આવી હતી. એટલે સુધી કે વિવિધ કર્મચારીઓની પદવીઓનાં નામો બધે લગભગ એકરૂપ હતાં. માત્ર ગાયકવાડી પ્રદેશમાં સરસુબા, સુબા, નાયબસુબા જેવાં મોગલાઇના જમાનાના અભિધાનો હતાં. આ વ્યવસ્થા લગભગ એકસોચાલીશ વર્ષો સુધી રહી. તેને બ્રિટિશ સરકારે જ નાબૂદ કરવામાં પહેલ કરી. સરકારના દિલ્હીના વાઇસરોય નીચે બધાં મોટાં રજવાડાને સમાવી દેવામાં આવ્યાં ત્યારે નાનાં અતિ નાનાં રજવાડાને પાડોશી મોટાં રાજ્યોમાં સમાવી દેવામાં આવ્યાં. એકમની સ્થાપનાના

ક્રમમાં એ અગત્યનો ફેરફાર હતો. ત્યારપછી આવ્યો સ્વતંત્રતાનો ૧૯૪૭ ઓગસ્ટ ૧૫મીનો દિવસ.

### આઝાદી અને પછીના પરિવર્તનો

ઇ. સ. ૧૮૦૭ થી ઇ. સ. ૧૯૪૮ સુધી ગુજરાત, સૌરાષ્ટ્ર, કચ્છ વિભાજિત અલગ પ્રદેશો તરીકે રહ્યાં. સરદાર વલ્લભભાઈએ તેનો અંત આણ્યો. સૌરાષ્ટ્રનું એકમ થયું. વડોદરા અને બીજાં રાજ્યો મુંબઈમાં ગયાં. એ સમયે ગુજરાત, સૌરાષ્ટ્ર–કચ્છનું એકમ થવું જોઈતું હતું, પણ તે માટે સમય પાક્યો નહોતો. સમય જતાં સૌરાષ્ટ્રના એકમનો અંત આવ્યો. ગુજરાત–સૌરાષ્ટ્ર–કચ્છ બધા પ્રદેશો વિશાળ દ્વિભાષી મુંબઈ રાજ્યના અંગભૂત ભાગો બન્યા, અને હવે ગુજરાત, એક જુદા રાજ્ય તરીકે ભારત પ્રજાસત્તાકમાં પોતાનું સ્થાન લે છે.

( માહિતીખાતાના સૌજન્યથી. )



# ગુજરાત—પાંચ હજાર વર્ષ પૂર્વે : લોથલ

— ડૉ. પ્રિયબાળા શાહ

ખંભાતના અખાતની પાસે લોથલ સરગવાલા વિસ્તારમાં આવેલું હડપ્પા સંસ્કૃતિનું ભારતમાં આવેલું એક અગત્યનું સ્થાન છે. ધોળકાથી ૨૫ માઇલ દૂર અને અમદાવાદથી આશરે ૫૦ માઇલ દૂર લોથલ નામનો એક ટીંબો છે. આ ટીંબામાં સરકારી પુરાતત્ત્વખાતાએ ખોદકામ કરીને આજથી ચાર–પાંચ હજાર વર્ષ જૂની એક નગરી શોધી કાઢી.

આ ખોદકામે શોધી આપ્યું કે હડપ્પા કે સિંધુ સંસ્કૃતિ માત્ર સિંધુ પ્રદેશમાં જ પુરાઇ રહી નથી. સિંધ, કચ્છ, સૌરાષ્ટ્ર, ગુજરાત અને છેક નર્મદા તાપીના પ્રદેશો પર્યંત આ સંસ્કૃતિના સ્પષ્ટ પુરાવા-રૂપ અવશેષો મળી આવે છે.

લોથલનો ટીંબો ૧,૯૦૦ ફૂટ લાંબો, ૧,૦૦૦ ફૂટ પહોળો અને ૨૦ ફૂટ ઊંચો છે. ઈ. સ. ૧૯૫૪માં આ ટીંબાનું ઉત્ખનન કાર્ય શરૂ થયું. પાંચ વરસના ખોદકામને અંતે ત્યાંના નગરનો તેમ જ ત્યાંના લોકોના શોખનો, આર્થિક જીવનનો, તેઓની લિપિનો આપણને ખ્યાલ આવે છે.

લોથલ પ્રાચીનકાળમાં એક સમૃદ્ધ બંદર હતું, જેની સમૃદ્ધિ વેપાર પર નિર્ભર હતી. અહીંના રહેવાસીઓ ભોગાવો અને સાબર-મતી નદીઓનાં પૂરનો અવારનવાર ભોગ બનતા. પૂરનો સામનો કરવા માટે તેઓ કાચી માટીની ઈંટોનાં ઊંચાં સ્થાન બનાવી તેના ઉપર પોતાનાં મકાનો બાંધતાં. જરૂરિયાત પ્રમાણે માટીની ઈંટોના સ્થાન વધુને વધુ ઊંચાં કરતા. કેટલીકવાર કરકસર કરવા તેમ જ મહેનત બચાવવા માટે કેટલાંક ઈંટોના સ્થાનોની વચમાં માટી ભરી દેતા અને તે ઉપર પણ મકાન ચણતા. તેઓની નગરરચના ઘણી આકર્ષક હતી. નગરરચનાનું મુખ્ય લક્ષણ—રાજમાર્ગો, માર્ગો કે ગલીઓનું પણ વ્યવસ્થિત આયોજન આપણને તેમાં નજરે ચડે છે.

પાણીની વ્યવસ્થા પણ ત્યાં હતી. તેમનાં મકાનોમાં નાના મોટા ઓરડા પણ નજરે પડે છે. દરેક મકાન નાહવાની ઓરડી અને રસોડાથી યુક્ત હતું. નાહવાની ઓરડી હંમેશા રસ્તા પરની બાજુએ રાખવામાં આવતી જેથી પાણી તરત જ રસ્તા પરની મુખ્ય મોરીમાં ચાલ્યું જાય.

મોહન–જો–ડેરો, હડપ્પા અને લોથલનાં વાસણોમાં એટલું બધું સામ્ય છે કે જો આપણને ખબર ન હોય કે એ વાસણ ક્યાંથી નીકળ્યું છે તો તે ક્યાંનું છે તે કહેવું મુશ્કેલ પડે. મળી આવેલાં નાનાં કદનાં વાસણો કાં તો બાળકોને રમવા માટે વપરાતાં હોય કે કાં તો દેવ–સેવા માટે વપરાતાં હોય. ઘર–ઉપયોગી વાસણોમાં હાથવાળા વાટકા, ઢાંકણવાળાં નાનાં મોટાં વાસણો, પ્યાલા, થાળી, સુરાહી, ઘોડી કે પાયાવાળી થાળીઓ વગેરે મળી આવ્યાં છે. આ વાસણો ખૂબ સરસ રીતે પકવેલાં છે.

સાદાં વાસણોની સરખામણીએ ચિત્રિત વાસણોના નમૂના ઘણા ઓછા મળે છે. વાસણના ચિત્રોમાં મોટે ભાગે મણકા કે સૂર્યબિંબની હાર ચીતરવામાં આવે છે. આ ઉપરાંત વેલ, પાંદડાં તેમ જ વૃક્ષોની આકૃતિઓ વધારે જણાય છે. થોડોક પ્રયત્ન કરવામાં આવે તો ઝાડ, પાંદડાંની અટકળ લોથલની આજુબાજુનો પાક બતાવી આપે છે. સજીવ આકારોમાં પશુપંખીઓના આકાર જોવામાં આવે છે. ઘણીવાર નાગની આકૃતિઓ દેખાય છે. સાધારણ રીતે દરેક ચિત્રમાં બે નાગ છે. તેમાંના એક ચિત્રમાં એક નાગ પોતાના રાફડામાંથી બહાર નીકળે છે, જ્યારે બીજો નાગ તેમાં પ્રવેશે છે. એક ઝાડ નીચે પણ બે નાગ ફણા ચઢાવીને ડોલતા ઊભેલા છે. અહીંની લોકકથા પ્રમાણે આ લોથલના ટીંબામાં બે નાગ રહેતા હતા. બંનેને આપસમાં ઝઘડો થવાથી એક નાસીને કચ્છ ચાલ્યો ગયો અને પાછળથી નાસી ગયેલા નાગે આવીને કંકાવટીનગરીનો નાશ કર્યો. આ વાસણ ઉપરનાં ચિત્રોમાં હજી સુધી મનુષ્યાકૃતિ મળી નથી.

લોથલમાંથી મળતા અવશેષોને આધારે ત્યાંના લોકોનું આર્થિક જીવન જોઈ શકાય છે. જુદીજુદી જાતના અલંકારોનાં અનેક છૂટક તેમ જ જથ્થાબંધ નંગ મળ્યાં છે. એક માટીની કુલડીમાંથી સોનાના બારીક મણકા મળ્યા છે. જુદા જુદા રંગ અને ઘાટના તેમજ ધાતુઓના તથા અકીકના મણકા પણ મળી આવ્યા છે. ત્રાંબાની તેમજ માટીની વીંટીઓ પણ ક્વચિત નજરે પડે છે. આ છૂટક અવશેષો પરથી ત્યાંના સમાજમાં ચડતીઊતરતી આર્થિક કક્ષાના વર્ગોનું અસ્તિત્વ પણ કલ્પી શકાય છે.

ધાતુના વાસણમાં ફક્ત એક મોટા કદની ત્રાંબાની ગોળી મળી છે. ઘરગથ્થુ સાધનોમાં હાથીદાંત કે હાડકાંની બનાવેલી સોય જેવી ચીજો મળી છે. હથિયારો કે ઓજારોમાં ઘણી વિવિધતા છે. અહીં મળતા પથ્થરનાં વજનિયાં સિંધુ–સંસ્કૃતિનાં વજનિયાં સાથેની સમાનતા તેમજ બન્ને વચ્ચે ઘણું કરીને વેપારનો સંબંધ સૂચવે છે. આ ઉપરાંત પથ્થર કે અકીકનાં સોગઠાં જેવી ચીજો મળી આવી છે.

માટીની ઘડેલી પશુઆકૃતિઓ પણ મળી આવી છે, તેમાં મોટી સંખ્યા વૃષભની છે. ધાતુ આકૃતિઓમાં બે નમૂના—એક કૂતરો અને બીજો બતકના મળ્યા છે.

આ નગરનાં ખંડેરોમાંથી અતિ અગત્યની અને આ સંસ્કૃતિને હડપ્પાની સંસ્કૃતિની સાથે સંગીન અને નિશ્ચિતરૂપે જોડે તેવી માહિતી આપતા લેખો આપણને મળી આવ્યા છે. આ લેખો મુદ્રાઓ ઉપર અંકિત છે. અહિં યાદ રાખવું જરૂરી છે કે આ લેખોની ચિત્રાત્મક લિપિ હજુ નિશ્ચિતરૂપે ઉકેલી શકાઈ નથી. આવી સોએક મુદ્રાઓ મળી છે.

જેને આપણે દફનસ્થાન કહી શકીએ તેવું એક સ્થાન પણ મળી આવ્યું છે. તેમાંથી અગિયાર શબ તો મળ્યાં છે. મળેલાં હાડપિંજરો-માંથી ત્રણમાં તો બબ્બે હાડપિંજરો તદ્દન જોડાજોડ સૂતેલાં છે. એકબીજાના હાથમાં હાથ મિલાવીને સૂતેલાં આ હાડપિંજરો શું સૂચવતાં હશે? શું આ મિસરની પ્રથાને મળતી પ્રથાના સૂચક છે? આપણી પ્રાચીન સતીપ્રથા ઉપર એ કાંઈ પ્રકાશ ફેંકે ખરા? અગર આ કોઈ આકસ્મિક ઘટના હોય કે કોઈ પ્રેમીયુગલની કથા હોય?

આ ઉપરાંત પકવેલી માટીના ઘાટોમાં એક ઘાટ ઇજિપ્તના મમી જેવો, બીજો પીરામિડ જેવો અને ત્રીજો ઇજિપ્તના કે સુમેરના ચોરસ દાઢીયુક્ત માનવ જેવો. આ ઉપરાંત ધ્યાન ખેંચે તેવો ગોરીલા-નો ઘાટ. આ જુદા જુદા ઘાટ આપણને ઇજિપ્ત અને લોથલનો સીધો સંપર્ક હોય તેમ બતાવે છે.

લોથલના ટેકરાના દક્ષિણ ભાગમાંથી એક મોટો પથ્થર મળી આવ્યો છે તેમાં એક મોટું કાણું છે, જે વહાણો બાંધવામાં કામ આવતું. ટેકરાની પૂર્વ બાજુએ નદીના કે દરિયાના પાણીને ખાળવા માટેનો પાકો ઈંટોનો એક 'ધક્કો' (Dock) પણ મળી આવ્યો છે. આ ધક્કો લગભગ ૭૧૧ ફૂટ લાંબો અને ૧,૨૧૬ ફૂટ પહોળો છે. આનો આકાર લગભગ લંબચોરસ જેવો છે. મળેલા ધક્કામાં પણ ત્રણ ચાર જગ્યાએ વહાણને બાંધનારી જગ્યા પણ મળી આવી છે, આ ઉપરાંત ટેકરાની દક્ષિણ દિશાએ આવેલા દરિયા તરફ નજર કરીને ઊભેલી વહાણવટી માતાનું સ્થાનક કેમ ભૂલાય? આ વહાણવટી માતા જ ઇતિહાસવિદોનું ધ્યાન ખેંચતી અને તેમાં પુરાતત્ત્વવિદોએ 'ધક્કો' અને વહાણ બાંધવાનો પથ્થર શોધી કાઢ્યાં. આ રીતે લોથલ ગુજરાતનું પ્રાચીનમાં પ્રાચીન બંદર હશે એમ ખોદકામે પુરવાર કરી આપ્યું છે.

મોહન–જો–ડેરોની સંસ્કૃતિના વિલયનું કારણ સિંધુનદીએ સર્જેલો પ્રલય ગણી શકાય તેમ લોથલ સંસ્કૃતિના નાશને માટે કારણભૂત ભોગાવો અને સાબરમતી માની શકાય. કારણ ગમે તે હો, પણ આ સિંધુ સંસ્કૃતની તેના પછીની બીજી સંસ્કૃતિ સાથેની સાંકળ તૂટી ગઈ હતી તે આ નવા ખોદકામે પાછી જોડી આપી છે. લોથલનો નાશ થતાં પહેલાં અહીંના લોકો રંગપુરમાં આવીને વસ્યા. ત્યારબાદ તેમની સ્થિતિ ઉત્તરોત્તર ક્ષીણ થતી ચાલી. રંગપુર લોથલથી (દક્ષિણ પશ્ચિમ તરફ) ૭૦ માઈલ દૂર છે. રંગપુર, દેસલપર (કચ્છ), દેવાલીયા, ભામપતલ, ગોળી, પણસણા વગેરે આપણને હડપ્પા સંસ્કૃતની ઉત્તર-કાલિન સંસ્કૃતિનો ખ્યાલ આપે છે. આ ઉપરાંત રોડિયા, અમરા, લાખાબાવળ, કિન્નરખેડામાં પણ આ સંસ્કૃતિની ઉત્તરાવસ્થા જણાય છે. ત્યારબાદ હડપ્પા સંસ્કૃતિના લોકોનો એક ફાંટો સૌરાષ્ટ્રમાંથી ભારતની મધ્યમાં અને બીજો ફાંટો ગુજરાતમાં થઈને દક્ષિણમાં ગયો. આ રીતે પુરાતત્ત્વ ખાતાનાં સંશોધનો આપણને હડપ્પાથી માંડીને પ્રાગબૌદ્ધિક (ઈ. સ. પૂ. ૨૫૦૦થી ઈ. સ. પૂ. ૬૦૦) સમયની સંસ્કૃતિની કડીઓ જોડી આપે છે. ઉત્તર ગુજરાતમાં કાનાસુતારિયા અને સોજની-પુર આ સંસ્કૃતિનાં વચલાં સ્થાનો છે.

(માહિતીખાતાના સૌજન્યથી.)



# રાષ્ટ્રીય સંગ્રામમાં ગુજરાતનો ફાળો

—શ્રી ચંદ્રકાંત મહેતા

નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,
ખબર છે એટલી કે માતની હાકલ પડી છે.

ભારતમાતાના મુક્તિસંગ્રામમાં ગુજરાતીની મનોવૃત્તિ આરંભથી જે રહી છે, તેને જ મેઘાણીએ ઉપરની પંક્તિઓમાં સમુચિત વાચા આપી છે. માની મુક્તિ માટે આફત વહોરવામાં, જાનને હથેલી પર નચાવવામાં ગુજરાત કદીય પાછળ પડ્યું નથી. ગાંધીજીના આગમન પૂર્વે પણ ગુજરાતે સ્વાતંત્ર્ય યુદ્ધમાં પોતાની ગુંજાશ અનુસાર ફાળો નોંધાવ્યો છે. ૧૮૫૭નું પહેલું સ્વાતંત્ર્ય–યુદ્ધ ઉત્તર ભારત જેટલી ઉગ્રતાથી નહિ, પણ નોંધ તથા ઉલ્લેખને પાત્ર એવી રીતે તળ ગુજરાતની ભૂમિ પર પણ લડાયું હતું. ભારતીય ક્રાન્તિની આગ નાંદોદ, દાહોદ, ગોધરા, જાંબુગોડા, ખેડા જિલ્લો–ચરોતર, રાજપીપળા, પાટણ, લુણાવાડા એમ અનેક જગ્યાએ સળગી હતી. ૧૮૫૭ની છઠ્ઠી જુલાઇએ દાહોદના અંગ્રેજ થાણેદાર પર પંચમહાલના મુસ્લીમ વતનદારો, જમાદાર ચુનીલાલની આગેવાની નીચે પાંચસો માણસોએ છાપો માર્યો, આખી રાત સામાસામી ગોળીબાર થયા, ગુજરાતી સ્વાતંત્ર્યસૈનિકોનો વિજય થયો અને છ દિવસ ક્રાન્તિ–કારીઓનો અમલ રહ્યો; અને તે પછી અંગ્રેજી ફોજ કુમકે આવતાં, આપણા સૈનિકોની હાર થઈ. તેમાંથી ૪ને તોપને ગોળે ઉડાવ્યા, નવને જન્મટીપની સજા થઈ તથા એકને કાળાપાણી મોકલવામાં આવ્યો. નવમી જુલાઇએ ગુજરાત અશ્વસેનાની ફોજની એક ટુકડીએ દારૂગોળાનો ભંડાર કબ્જે કરવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો. અને તેમાંથી નવને તોપને ગોળે ઉડાવી દેવામાં આવ્યા ને અન્યને ફાંસી અપાઇ. રાજપીપળામાં સૈયદ મુરાદઅલીએ ત્રણસો માણસોને અંગ્રેજો ઉપર હલ્લો કરવાની તાલીમ આપી તૈયાર કર્યા. આ તરફ આણંદમાં મુખી ગરબડદાસે કેટલાક ક્રાન્તિકારીઓને લોટિયા–ભાગોળે ભેગા કરી સંતલસો કરી, તેમાં મૂળજી જોષી, પેટલીના પોલીસ પટેલ દાદાભાઈ પરભુદાસ એ મુખ્ય હતા. તેમણે ગ્રામરક્ષક દળ સ્થાપ્યું અને સેના તૈયાર કરવા માંડી. મૂળજીને સેનાપતિપદ સોંપાયું. એમાં એ ષડયંત્રને પરિણામે, આશરે બે હજારનું પાયદળ અને બસોનું અશ્વદળ તૈયાર કર્યું. એમાં પાટણના મગનલાલ ભૂખણદાસની પણ ખૂબ સહાય મળી. એ સેનાએ પાટણ પાસે અંગ્રેજી સેના પર છાપો માર્યો, અને અંગ્રેજના લશ્કરને માટે ગાયો પકડી હતી તેને છોડાવીને પહેલાં તો અંગ્રેજ લશ્કરને હેબતમાં નાંખી દીધું, પણ પછી અંગ્રેજોને કુમક આવી પહોંચતાં, તેમણે પાછળથી હલ્લો કર્યો ક્રાન્તિકારીઓ પકડાયા. આણંદના ગરબડદાસ મુખીને જન્મટીપની સજા થઈ. તેમના અગિયાર સાથીઓને તોપને ગોળે ચડાવ્યા ને ત્રણને ફાંસી અપાઈ. આનું વેર લેવા અંગ્રેજ લશ્કરે ચરોતરનાં આડત્રીશ ગામોમાં લંકાદહનનો કાંડ સર્જ્યો. આ સમય દરમ્યાન વડોદરા પાસે બ્રિટીશ કેન્ટોનમેન્ટને લૂંટવાનું ષડયંત્ર પણ રચાયું હતું. એમાં પ્રતાપ, સૂરજ, બારૈયા અભા દાના, ભીખા જુસા, સિપાઈ હાથીભાઈ, રામજી મંગળ, મોતીચંદ બેચરદાસ, ગણપતરામ, કોળી ઉમરા વગેરે હતા. કાવત્રાબાજમાંથી એક જણ ગફલતને કારણે પકડાતાં, લશ્કરને જાણ થઈ ને રીતસરનો કેસ ચાલ્યો. તેમાં રાયજી વગેરે ચારને ફાંસી દેવાઈ, અભા દાના વગેરેને તોપને ગોળે ઉડાવ્યા. આ રીતે ૧૮૫૭ના સ્વાતંત્ર્યયુદ્ધમાં ગુજરાતે પણ પોતાની ગુંજાશ પ્રમાણે માની હાકલ ઝીલી હતી અને જાનને હથેલીમાં લઈ તોપને ગોળે કે ફાંસીને માંચડે ચડી, પોતાના દેશપ્રેમની પ્રતીતિ કરાવી હતી.

ત્યારબાદ, ભારતમાં બંગભંગ–આંદોલન ૧૯૦૫માં શરૂ થયું. એણે ગુજરાતમાં વીરત્વ અને જાનફેસાની એક જ્વાલા પ્રગટાવી. ગુજરાતના અનેક યુવાનોએ બોંબ બનાવવાની પ્રવૃત્તિ હાથ ધરેલી. તેમાં બોંબ બનાવવાની તરકીબ "આયુર્વેદની દવા બનાવવાની રીત" એ ખોટા નામે નરસિંહભાઈ પટેલે પ્રચાર કર્યો. એમ કહેવાય છે કે ૧૯૧૧માં અમદાવાદમાં લોર્ડ મીન્ટો પર બોંબ પડ્યો તે બોંબ ગુજરાતની ક્રાન્તિકારી ટોળકીએ બનાવ્યો હતો. એ ક્રાન્તિવાદીઓમાં નડિયાદના ફૂલચંદ બાપુજી શાહ, માધવલાલ ત્રિવેદી, વીરસદના ચત્રભુજ અમીદાસ વગેરે મુખ્યતઃ હતા. સ્વદેશીનો પ્રચાર પણ બંગ-ભંગ આંદોલનની પ્રેરણાથી થયો, અને ૧૯૦૬માં જ્યારે સ્વદેશી પ્રદર્શન ભરાયું ત્યારે એમાં 'વન્દેમાતરમ્'નું રાષ્ટ્રગીત ગવાયું હતું. આ રીતે ૧૮૫૭માં જાગૃત થયેલી ગુજરાતની રાષ્ટ્રીય ચેતના ૧૯૦૫ થી ૧૯૧૧ બંગભંગ વખતે પણ સજાગ હતી.

એ પછી ૧૯૧૫માં મહાત્માજી દક્ષિણ આફ્રિકામાં સશસ્ત્રી બળવાન હકૂમત સામે સત્યાગ્રહના હથિયારનો સફળ ઉપયોગ કરીને ભારતમાં આવ્યા, અને ગુજરાતને એમણે કર્મભૂમિ બનાવી. પંદરવર્ષ ગુજરાતમાં વસવાટ કરી રાષ્ટ્રીય લડતો એમણે જ ચલાવી; અને ગુજરાતને રાષ્ટ્રીય સંગ્રામનું કેન્દ્ર બનાવ્યું. ગુજરાત એ સમયમાં બંગાળ જે રાષ્ટ્રીય સંગ્રામનું કેન્દ્ર હતું તેની જાણે હરીફાઈ કરવા લાગ્યું. ગુજરાતની જાણે એ મહાપુરુષે કાયાપલટ કરવા માંડી. જો કે ગાંધીજીના આવતાં પૂર્વે રાષ્ટ્રીય જાગૃતિમાં અગ્રગણ્ય ભાગ ભજવનાર ને સ્વરાજ્યનો મંત્ર આપનાર દાદાભાઈ નવરોજી હતા. ફિરોજશાહ મહેતા પણ ગુજરાતી હતા. પણ ગુજરાતને અને ભારતને સ્વમાન માટે, સ્વાતંત્ર્ય માટે જાનફેસાની તો એ મહામાનવે જ શીખવી. એ આવ્યા તેવા જ વીરમગામ સ્ટેશને જે જકાતનાકું હતું અને પ્રવાસીઓને જે પારાવાર ત્રાસ પડતો હતો, તે માટે મોતીલાલ દરજીએ ગાંધીજીનું ધ્યાન ખેંચ્યું. ગાંધીજીએ તો બધાને બરાબર ચકાસ્યા, પૂછ્યું: "આ દૂર કરવા માટે તમારી જેલ જવાની તૈયારી છે?" એ તૈયારી છે એમ જોતાં ગાંધીજીએ ગર્વનર, વાઈસરોય વગેરેને

કડક પત્રો લખ્યા, અને બે વર્ષ પછી એમની એ લડત સફળ થઈ ને જકાતનાકું નાબૂદ થયું. ગાંધીજીએ એ જીતને સત્યાગ્રહના પાયારૂપ માની છે. આ પૂરૂં થતાં, અમદાવાદમાં મીલમાલિકો મજુરોનું શોષણ કરતા હતા—એમની લાચારીનો ગેરલાભ ઉઠાવતા હતા. ગાંધીજીએ આ જોયું ને એમણે મજૂરોને તૈયાર કર્યા. અમદાવાદમાં મીલ—મજુરોની હડતાળ જાહેર થઈ. ને ગાંધીજીએ સાબરમતી પાસે પ્રતિદિન બાવળ નીચે બેસી મજૂરોને લડતની પ્રેરણા આપી. એ પ્રસંગે ભારતમાં એમણે પહેલીવાર ઉપવાસનું હથિયાર પણ વાપર્યું. અને આખરે મજદૂરોની માગણી સ્વીકારાઈ.

ખેડા જીલ્લામાં દુકાળ, અતિવૃષ્ટિ એમ એક પછી એક ખરાબ વર્ષો આવતાં ગયાં. સરકારી કાનૂન પ્રમાણે ચારઆની પાકથી ઓછી ઉતરે તેનું જમીન મહેસૂલ માફ થઈ શકે. સરકારી અમલદારોએ ધાકધમકી કરીને, ખોટી આંકણી કરી. અને ચારઆનીથી ઉપર પાક થયો છે એમ જણાવ્યું. પરિણામે જમીન મહેસૂલ વસૂલ કરવાનું નક્કી થયું. લોકોમાં મહેસૂલની વાત સાંભળતા તીવ્ર વિરોધનો ભાવ પ્રગટયો ગાંધીજી તે વખતે બિહારમાં ચંપારણની લડત લડી રહયા હતાં. દાદા માવલંકર વિઠ્ઠલભાઈ પટેલ વગેરેએ તપાસ કરીને જણાવ્યું કે આકારણી સાવ વાહિયાત હતી. એ લોકો સરકારી અમલદારોને મળ્યા ને ધા નાખી, પણ સરકાર મકકમ હતી. એટલે ગાંધીજીને વિગતો જણાવી. ગાંધીજી ચંપારણથી ખેડા આવ્યા. એમણે પરિસ્થિતિનું સર્વાંગી નિરીક્ષણ કર્યું ને ૨૨મી માર્ચે નડિયાદમાં સત્યાગ્રહની હાકલ કરીને સરદાર વલ્લભભાઇને સત્યાગ્રહ સંચાલનની ભળાવણી કરી. જોતજોતામાં આખું ચરોતર રણમેદાન બની ગયું. ગાંધીજીએ તથા સરદારે ખેડૂતોને તૈયાર કર્યા હતા. બલિદાનની જાણે હરીફાઈ ચાલી. સરકાર પણ નમતું મૂકવા તૈયાર નહોતી. એને માટે આ ઇજ્જતનો સવાલ હતો. એણે પોલીસોને છૂટોદોર આપી દીધો. મારપીટ, જપ્તી, પાક સળગાવવો, હરાજી બધા ઉપાયો એણે અજમાવવા માંડ્યા. જપ્ત થયેલા ખેતરમાંથી કાંદાનો પાક ઉતારવા ગાંધીજીએ મોહનલાલ પંડ્યાને જણાવ્યું. એ કામ એમણે પાર પાડ્યું અને એ 'ડુંગળીચોર' કહેવાયા. જપ્તીઓ તો કરી પણ હરાજીમાં જપ્ત થયેલો માલ ખરીદવા કોઈ તૈયાર નહોતું આખરે સરકાર લોકોની માગણી કબૂલ રાખી, મહેસુલ માફ કર્યું અને સરકાર સામે જનતાનો વિજય થયો. ગુજરાતમાં ના—કરની લડતનાં આ શ્રીગણેશ હતા.

તે પછી ૧૯૨૩—૨૪માં બોરસદમાં પાછી એજ રામાયણ થઈ બોરસદ તાલુકામાં બહારવટિયાઓનો ત્રાસ હતો. બહારવટિયા જોડે પોલીસ ભળેલા, એટલે બહારવટિયા પકડાતા નહોતા. એથી સરકારે એ દોષ લોકો પર ઢોળ્યો અને લોકો બહારવટિયાઓને મદદ કરે છે એમ જણાવી લોકો પર બહારવટિયાવેરો—બે લાખ ચૂમોતેર હજાર રૂપિયાનો વેરો—નાંખ્યો હતો. ગાંધીજી તો તે વખતે જેલમાં હતા. પરંતુ સરદાર વલ્લભભાઈ; મોહનલાલ પંડ્યા, રવિશંકર મહારાજ, દરબાર ગોપાળદાસ ભક્તિબા, અને અબ્બાસ તૈયબજી વગેરેએ ગામેગામ છાવણી સ્થાપી. લોકોને તૈયાર કર્યા. લોકોએ મહેસુલ આપ્યું નહિ. સરકારી જુલ્મો સહન કર્યા. મારપીટ વેઠી, જેલ ગયા અને એવો ઉત્સાહ દર્શાવ્યો કે અપાર જુલમ કર્યા પછી પણ બે લાખમાંથી ફક્ત નવસો રૂપિયા જ સરકાર વસૂલ કરાવી શકી. લોકોની મક્કમતા જોતાં, અંગ્રેજ સરકારે નમતું જોખ્યું. અને બહારવટિયા—વેરો ઉઘરાવવાનું માંડી વાળ્યું. આ સંગ્રામમાં કાર્યકર્તાઓને એવી સરસ તાલીમ મળી કે ગાંધીજીની અનુપસ્થિતિ હોવા છતાં સત્યાગ્રહનો કાર્યક્રમ વ્યવસ્થિતરીતે આપ્યો. ગુજરાતની તળ—ભૂમિ પર લડાયેલો આ ચોથો રાષ્ટ્રીય સંગ્રામ હતો.

તે પછી ૧૯૨૬માં બારડોલીમાં રણમોરચો મંડાયો. સરકારે જમીનોની ફરીથી આંકણી કરીને ત્રીસ ટકા જમીન મહેસુલ વધાર્યું. એની સામે જનતાએ અવાજ ઉઠાવ્યો. ગાંધીજીએ એ લડતનો ભાર સરદારના શિર પર નાંખ્યો અને એ સંગ્રામમાં વલ્લભભાઇને 'સરદાર'નું બિરુદ મળ્યું. સરદારે ગામેગામ ફરીને લોકોમાં મર્દાનગી પ્રેરી. ગામેગામ છાવણી નંખાઇ. પોલીસ આવતાં જ ગામના લોકો ઘરનાં તાળાં મારી અંદર પૂરાતા. સરકારે ખેડૂતોને પકડ્યા. એમનાં ઢોરઢાંખર જપ્ત કર્યા. ઘરબાર લઇ લીધાં. રાચરચીલું જપ્ત કર્યું. પણ ખેડૂતો મક્કમ હતા. સરદારનો પડતો બોલ ઝીલતા. ગુજરાતને જુદે જુદે સ્થળેથી લોકસેવકો આવ્યા. મહારાજને મોહનલાલ પંડ્યા, દરબાર સાહેબને ચંદુલાલ દેસાઇ, કલ્યાણજીભાઇ, મીઠુબેન પીટીટ, રાવજીભાઇ પટેલ એમ બારડોલી મોરચે આપણું સૈન્ય સરકારની જુલ્મશાહીનો પૂરો મુકાબલો કરી શકયું. ખેડૂતોએ લાઠી દંડા ખાધા ઘર ને ઘરવખરી હરાજ કરાવી પણ પાછા પડ્યા નહિ. આખરે સરકારે લવાદી સ્વીકારીને પીછે કદમ કર્યા. ને સરદારનો તથા બારડોલીના સત્યાગ્રહીઓનો વિજય થયો.

ત્યાર પછી ૧૯૩૦નો સ્વાતંત્ર્ય સગ્રામ આવ્યો. એ સ્વાતંત્ર્ય સંગ્રામના કર્ણધાર મહાત્માં ગાંધી હતા એટલે એ યુદ્ધનું આયોજન પણ ગુજરાતમાં અમદાવાદમાં જ થયું. ગાંધીજીએ ૨૬મી જાન્યુ—આરીએ યુદ્ધની હાકલ કરી, અને ગુજરાતથી યુદ્ધની શરૂઆત થશે એમ નક્કી કર્યું. આ વખતે સરકારે ગાંધીજી કરતા સરદારને વધારે ભયંકર માન્યા અને એમને પહેલાં જ ઝડપી લીધા. ગાંધીજીએ અમદાવાદથી દાંડી જઇ ત્યાં સમુદ્ર કિનારે મીઠું ઉપાડવાનો કાર્યક્રમ નક્કી કર્યો અને દાંડીયાત્રામાં દેશભરમાંથી ચુનંદા કાર્યકરોને પસંદ કર્યા. આ ઐતિહાસિક યાત્રાની વિશેષતા એ હતી કે એ પદયાત્રા હતી. એમાં ગુજરાતભરમાં સત્યાગ્રહની આગ પેટાવતા દક્ષિણ સુધી પહોંચવાનું હતું. એ યાત્રાનો સઘળો કાર્યક્રમ સરદારને સોંપવામાં આવ્યો હતો. નવમી માર્ચે ૧૯૩૦ને દિને ગાંધીજીએ સત્યાગ્રહ આશ્રમમાંથી લાખોની જનમેદની સમક્ષ આકરા શબ્દોમાં પ્રતિજ્ઞા લીધી કે, "રવડી રખડીને મરીશ, કાગડા કુતરાને મોતે મરીશ પણ સ્વરાજ લીધા વિના આશ્રમમાં પાછો નહિ ફરૂં" અને એમણે મહાભિનિષ્ક્રિમણ કર્યું. બુદ્ધની જેમ જનતાના દુઃખના ઇલાજની ખોજમાં એ નીકળ્યા. ગામેગામ પગપાળા રામધુન જગાવતા એ ગયા. અને દાંડીએ જઈ એમણે ગેરકાયદેસર મીઠું ઉપાડયું ને નમક—સત્યાગ્રહનો દેશભરમાં આરંભ થયો. આ વખતે ગુજરાતે લડતની પહેલ કરી, અને આખા દેશે એ લડત ઉપાડી લીધી. ગાંધીજીની પ્રેરણાથી નમક—સત્યાગ્રહની સાથે સાથે દારૂને પરદેશી કાપડની દુકાનો પર પીકેટીંગનો પણ કાર્યક્રમ હાથ ધરાયો. ગાંધીજી ગુજરાતમાં ને દેશભરમાં લડતની દોરવણી કરતા હતા. ત્યાં

મધરાતે સરકારે ગાંધીજીને ઝડપ્યા ને એમને યરવડા લઈ ગયા. ગાંધીજી જતાં ધારાસણાના મીઠાના અગર પર હલ્લો કરવાનો ગાંધીજીએ નક્કી કરેલો કાર્યક્રમ અમલી બન્યો, અને અબ્બાસ તૈયબજી, સરોજિની નાયડુ વગેરેએ આગેવાની લીધી. એ હલ્લાઓમાં ગાંધીજીના બે પુત્રો રામદાસ તથા મણિલાલ, સવજીભાઇ પટેલ, છોટુભાઇ પુરાણી, દિનકર મહેતા, પ્યારેલાલજી, નરહરિભાઈ પરીખ વગેરે હતા. નરહરિભાઇની ખોપરી લાઠીથી ફાટી ગઇ. અનેક ગોળીબાર થયાં. દૂરદૂર સુધી સત્યાગ્રહીઓ પર પડતા લાઠીઓના અવાજો સંભળાતા. ગોળીબારો થયા અને સત્યાગ્રહીઓ પર અમાનુષી–મધ્યયુગની પાશવી લીલાને પણ શરમાવે એવા–અત્યાચારો થયા. એ હુમલામાં ૪૦૦ જેટલા સૈનિકો સખ્ત રીતે ઘાયલ થયા. લાઠીમારથી હાડકાં તડાતડ તૂટતાં હતાં. માથાફૂટતાં હતાં, લોહીની ધારા સતત વહેતી હેતી. મેઘાણીએ આ જ વાતાવરણને એમના લોકપ્રિય કાવ્ય “ કોઇનો લાડકવાયો ”માં મૂર્ત કર્યું છે. એ જ હુમલા વખતે ભાઇલાલ કાંતિભાઈ પટેલ પોલીસ અત્યાચારને પરિણામે શહીદ થયા. એ હજાર સૈનિકોએ એ હલ્લામાં ભાગ લીધો હતો. ત્યારપછી ખેડા, ભરૂચ ને બારડોલીમાં ના–કરની લડત શરૂ થઇ. ખેડૂતોનાં ઘરબાર લૂંટાયા ને ખેડૂતો ગાયકવાડી રાજ્યમાં હિજરત કરી ગયા. જમીનો હરરાજ થઇ. “ સિર જાવે તો જાવે પર આઝાદી ઘર આવે ” “ નમક લૂંટા લૂંટાકે સ્વરાજ લેંગે ”ના સૂત્રોથી ધરતી ધમધમી રહી. આ જ સમયે મોરારજીભાઇ સરકારી નોકરી છોડી લડતમાં જોડાયા. દારૂ–તાડીની દુકાનો પર અને પરદેશી કાપડની દુકાનો પર મહિલાઓએ પીકેટીંગ શરૂ કર્યું. આ લડત વખતે સ્ત્રીઓ–ગૃહિણી હતી તે બહાર નીકળી–રણચંડી બની. સ્ત્રીઓ લડતને મોખરે રહી. ભક્તિબા–મીઠુબેન પીટીટ, જ્યોત્સનાબહેન શુકલ, મણિબહેન પટેલ, ગંગાબહેન ઝવેરી એમ અનેક સ્ત્રીઓએ રણ–મોરચો સંભાળ્યો. સમગ્ર ગુજરાતે શાનદાર રીતે આ લડતમાં પોતાનું પાણી બતાવ્યું. માર્ચ ૧૯૩૧માં તહકૂબી થતાં યુદ્ધ બંધ પડ્યું. પરંતુ ૧૯૩૨માં પુનઃ યુદ્ધનાં મંડાણ થતાં ના–કરની લડતની પુરજોશમાં શરૂ થઇ.

૧૯૩૦ના સત્યાગ્રહે પછી ગાંધીજી ગુજરાત છોડીને ગયા અને સેવાગ્રામમાં વસ્યા. જ્યારે સત્યાગ્રહે ૧૯૩૭માં વળાંક લીધો અને ચૂંટણીજંગ લડાયો તેમાં પણ ગુજરાતે પોતાનું હીર બતાવી આપ્યું. એકપણ બિન–કોંગ્રેસી ચૂંટણીમાં જીત્યો તો નહીં જ પણ એમણે પોતાની અનામત પણ પૂરી રીતે ગુમાવી.

યુદ્ધ શરૂ થતાં ગાંધીજીએ વ્યક્તિગત સત્યાગ્રહ શરૂ કર્યો. ત્યારે પણ ગુજરાત મોખરે હતું. ગુજરાતના બધા જ નેતાઓ જેલમાં જઇ બેઠાં હતાં.

વ્યક્તિગત સત્યાગ્રહ પૂરો થતાં છેલ્લું “હિંદ છોડો સ્વાતંત્ર્ય યુદ્ધ” “કરેંગે યા મરેંગે” ના સૂત્ર જોડે શરૂ થયું. એમાં પણ ગુજરાતે એ પડકાર ઝીલી લીધો. ગયા યુદ્ધમાં મુખ્ય ફાળો ખેડૂતોનો હતો. પણ આ યુદ્ધ શરૂ થતાં અમદાવાદમાં બધી મીલો બંધ રહી મજૂરો યુદ્ધને માટે કાપડ ઉત્પાદન કરવા તત્પર નહોતાં. ગુજરાતમાં અમદાવાદમમાં લલ્લુભાઇ મજમુદાર, જયંતિ ઠાકોર ઇત્યાદિની ભૂગર્ભ પ્રવૃત્તિઓ પ્રતિ-સરકારના રૂપની બની ગઈ. જનતા સરકારના હુકમો કરતા, એની સ્વયંસેવકો બજવણી કરતાં પોલીસને નિઃશસ્ત્ર બનાવાતા વિદ્યાર્થીઓએ શાળા કોલેજ છોડી યુદ્ધમાં ઝંપલાવ્યું અને લડાઇની શરૂઆતમાં જ અમદાવાદમાં ધ્વજ લઇને સરઘસ લઈ જતાં અને ગોળીબાર થતાં, સામી છાતીએ ગોળી ઝીલતાં ગુજરાત કોલેજના વિનોદ કિનારીવાળા અને ઉમાભાઈ કડિયા શહીદ થયા. આણંદ પાસે અડાસ ગામમાં વિદ્યાર્થીઓનું સરઘસ જતું હતું. વડોદરા કોલેજના વિદ્યાર્થીઓ સૂત્રો ઉચ્ચારતા હતા. તેની પર પોલીસે ગોળીબાર કર્યા ને પરિણામે સવાઇલાલ ભાઈલાલ પટેલ, રતિભાઈ પટેલ, મોહનભાઇ પટેલ, મણિભાઇ પટેલ અને તુલસીદાસ મોદી ૭ જણ શહીદ થયા. એવી જ રીતે નંદરબારમાં સરઘસનો મોરચો સંભાળતાં અને સામી છાતીએ ગોળી ઝીલતાં શિરીષ મહેતા નામના વિદ્યાર્થીએ શહીદી પ્રાપ્ત કરી. ભરૂચ જીલ્લામાં છોટુભાઈ પુરાણીને મેઘજીભાઈની સરદારી નીચે પોલીસ થાણા પર હલ્લાઓ થયા. શસ્ત્રો છીનવાયાં અને રાષ્ટ્રીય સરકારની સ્થાપના થઈ, અને કેટલાય દિવસો સુધી રાષ્ટ્રીય સરકારનું રાજ્ય રહ્યું. વાસુદેવ વગેરે એ જેલ તોડી બહાર આવી ક્રાંતિને આગળ ધપાવી. ના-કર લડતમાં સુરત, ભરૂચ ને ખેડા જીલ્લા મોખરે રહ્યા અને જેલ વેઠી, ઘરબાર હરરાજ થવા દીધાં, સંતાનો જેવાં વહાલાં ઢોર જપ્તી થવા દીધી પણ મહેસૂલ તો ન જ આપ્યું.

આ પ્રમાણે ગુજરાતે ૧૮૫૭ના યુદ્ધથી માંડીને ૧૯૪૨ના ‘હિન્દ છોડો’ સુધીની રાષ્ટ્રીય લડતમાં ગુજરાતના નામને ઉજજ્વળ રાખે, ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામની તવારીખમાં ગુજરાત મોખરે રહે એ જાતનો ફાળો આપ્યો છે. ફક્ત યુદ્ધાંગણમાં નહીં પણ બીજી રીતે જોઇએ તો પણ ધારાસભામાં જઈ અંદર લડતા યુદ્ધમાં પણ ઉપલી ધારાસભાના પ્રથમ પ્રમુખ વિઠ્ઠલભાઈ પટેલ હતા. સ્વાતંત્ર્યની લડતમાં ગુજરાત ૧૯૧૮થી માંડીને ૧૯૩૦ના સંગ્રામ સુધી યુદ્ધનું કેન્દ્ર રહ્યું છે, અને ગુજરાત જ ભારતને યુદ્ધની હાકલ કરતું હતું. ગુજરાતના આ ફાળામાં બધી કોમોને જાતિઓએ સક્રિય ફાળો આપ્યો છે. પારસીઓમાં મીઠુબહેન પીટીટ, વીર નરીમાન, મુસ્લિમોમાં અબ્બાસ તૈયબજી, શ્વેબકુરેશી, અકબરભાઈ ચાવડા, ઇમામસાહેબનાં નામો જાણીતાં છે. અનસૂયાબહેન જેવા ઉદ્યોગપતિના કુટુંબો પણ એમાં હતાં. તો દરબાર સાહેબ જેવા રાજવીઓ પણ હતા. ભણસાળીજી જેવા સંતપુરુષ પણ ખરા ને કાકાસાહેબ, મશરૂવાળા, રામનારાયણ પાઠક, મેઘાણી, ઉમાશંકર, સુન્દરમ્, જયંતિ દલાલ મુનશી, ભીમજીભાઇ સુશીલ, અને સ્નેહરશ્મિ જેવા સાહિત્યકારોને ચિંતકો પણ ખરા જુગતરામભાઈ. રવિશંકર મહારાજ જેવા સમાજ સેવકો પણ ખરા ભોગીલાલ લાલા, વલ્લભભાઇ, વિઠ્ઠલભાઈ, દાદા માવલંકર, ભૂલાભાઇ દેસાઇ જેવા વકીલોઅને ચંદુલાલ દેસાઈ, હરિપ્રસાદ દેસાઇ, ભાસ્કર પટેલ, કાનુગા જેવા ડોકટરો પણ એમાં ખરા. આમ આ લડતોમાં જીવનના સર્વક્ષેત્રોના વ્યવસાયના, હરેક પંથના પ્રતિનિધિઓ એમાં હતા. ગુજરાતના રાષ્ટ્રીય સંગ્રામમાં ફાળા વિષે અંતમાં એ જ કહેવાય કે– **यत्र योगेश्वरो गांधी तत्र वल्लभ दूर्जय:** હોય–તે ભૂમિને દેવનું જ વરદાન છે.

શ્રી દિલ્હી ગુજરાતી સમાજ
હીરક જ્યંતિ મહોત્સવ સ્મૃતિગ્રંથમાંથી સાભાર.





# ગાંધીયુગનું ગુજરાત

શ્રી હરભાઇ ત્રિવેદી

ગાંધીજી ગુજરાતમાં આવ્યા તે પહેલાં ગુજરાતને પોતાની અસ્મિતાનું પૂરેપૂરું ભાન હતું પ્રાચીન યુગના કવિઓથી માંડીને ઠેઠ નર્મદ સુધી સંખ્યાબંધ કવિઓએ ગુજરાતની યશગાથા ગાયેલી છે. ઉદ્યોગ ક્ષેત્રે અને વાણિજ્ય ક્ષેત્રે પણ ગુજરાતે પોતાનું નામ રોશન કરેલું જ હતું. કાપડ ઉત્પન્નની મીલોનો યશસ્વી આરંભ ગુજરાતમાંથી થયો. સંસ્કાર ક્ષેત્રે પણ ગુજરાતનો ફાળો હંમેશા આગળ પડતો રહ્યો છે. રાજકીય ક્ષેત્રે પણ ગુજરાતની સિદ્ધિઓ ગણનાપાત્ર રહી છે. ગુજરાતે અનેક ક્ષેત્રોમાં સાહસવીરો પણ આપ્યા છે. ભૌગોલિક દૃષ્ટિએ ગુજરાતનું સ્થાન અનોખું રહ્યું છે. આપણા રાષ્ટ્રના ઇતિહાસ ઉપર નજર કરીએ તો ગુજરાતની પ્રજાએ નવીન પ્રકારની ભાત પાડે તેવો ઇતિહાસ સર્જ્યો છે. તેમ પણ જોવા મળશે. પુરાતત્ત્વવિદો ભારતની પુરાતન સંસ્કૃતિ શોધવા માટે ગુજરાત તરફ નજર માંડી શકયા છે. લોથલની શોધ તેનું જ્વલંત દૃષ્ટાંત છે. આ દૃષ્ટિએ જોઇએ તો ભારતવર્ષમાં ગુજરાતે દેશની પ્રતિષ્ઠા વધારવામાં અગત્યનો ફાળો આપ્યો છે.

ભારતવર્ષમાં ગુજરાતનું આવું આગવું સ્થાન હોવા છતાં ગાંધીજી આવ્યા પછી તેણે જે સ્થાન પ્રાપ્ત કર્યું છે તે છેક જ જુદા પ્રકારનું ગણાય. ગાંધીજી ગુજરાતને આંગણે ઇ. સ. ૧૯૧૫માં આવ્યા. આવીને તુરત જ પોતાના જાત દૃષ્ટાંતથી એક એવી હવા પેદા કરી કે જેના પરિણામે ભવિષ્યમાં શ્રમનો મહિમા પ્રસ્થાપિત કરવાનું ઘણું અનુકૂળ બન્યું. પોતાના અંગત સામાનની નાની એવી પોટલીને ખભે મૂકીને સ્ટેશનથી ચાર પાંચ માઇલ ચાલ્યા જવું એ પ્રસંગ ગુજરાતને માટે અનોખો હતો. સાબરમતી આશ્રમની સ્થાપના કરીને તેમણે શ્રમ ગૌરવની સાથે સાથે ઉત્પાદક શ્રમની પણ પ્રતિષ્ઠા કરી, જે વ્યક્તિ શક્તિ પ્રમાણે ઉત્પન્ન કરી શકે નહીં તેને સમાજની કોઇપણ સુવિધા મેળવવાનો અધિકાર નથી એવું એમના જીવનમાં ફલિત થયું. આ આશ્રમમાં શાળા શરૂ કરી અને શાળામાં ઉત્પાદન ઉદ્યોગો દાખલ કર્યા આ આગળ જતાં ઇ. સ. ૧૯૨૦માં ગુજરાત વિદ્યાપીઠની શરૂઆત કરી અને એ સંસ્થા દ્વારા જે જુવાનો તૈયાર કરવામાં આવ્યા તે જુવાનોએ તો સમગ્ર ગુજરાતની સિકલ ફેરવી નાખી. ગાંધીયુગનું નવું ગુજરાત પેદા કરવામાં ગુજરાત વિદ્યાપીઠનો અપ્રતિમ ફાળો રહ્યો. રાષ્ટ્રની મુક્તિ અર્થે પ્રાણનું બલિદાન આપવાની તૈયારી આ સંસ્થાએ શીખવી. સમાજ અનેક સડાઓથી ખદબદતો હતો એ સડાઓને સાફ કરવાનું બીડું વિદ્યાપીઠના સમાજ સેવકોએ ઝડપ્યું. માનવી પોતાનું જીવન સેવા અર્થે અને ત્યાગ કરીને જીવી શકે તેવી તાકાત પણ અહીંથી પ્રગટી. આશ્રમશાળાએ અને ગુજરાત વિદ્યાપીઠે હિંમતના, ત્યાગના અને નિર્ભયતાના પાઠો ભણાવ્યા.

હવે, ગાંધીયુગના ગુજરાતની થોડીએક સિદ્ધિઓ તરફ નજર નાખીએ.

એક સિદ્ધિ તે ધર્મ દૃષ્ટિમાં થયેલું પરિવર્તન. આ ધર્મ એટલે સંકુચિત અર્થમાં ધર્મ નહીં પરંતુ વ્યાપક અર્થમાં જીવન–ધર્મ, આપણા રાષ્ટ્રમાં અસ્પૃશ્યતાનું કલંક સૈકાઓથી ઘર઼ાલી બેઠું છે ગુજરાત તેમાં અપવાદ નહીં. ગાંધીજીએ માનવ ધર્મ પ્રબોધ્યો અને એક મનુષ્ય બીજા મનુષ્યથી અભડાય એ તો અધર્મની પરાકાષ્ઠા ગણાય તેમ સમજાવ્યું. અસ્પૃશ્યતા–નિવારણના કાર્યમાં ગુજરાતનો ફાળો ઘણો મોટો રહ્યો છે. આવી જ બીજી મોટી વાત તે દારૂ નહીં પીવાની પ્રજાને શીખ આપવાની હતી. દારૂ પીવાથી કુટુંબમાં અને સમાજમાં કેટકેટલાં અનિષ્ટો પેદા થાય છે તે સૌ કોઇ જાણતું હતું પરંતુ પરદેશી સરકારને તો દારૂની આવકમાંથી પોતાનો વહીવટ ચલાવવો હતો. આ પાપને દેશમાંથી હાંકી કાઢવાનું ગાંધીએ બીડું ઝડપ્યું અને ગાંધીજીની ગુજરાતે એમનો આ આદેશ પણ ઝીલ્યો. આજે પણ રાષ્ટ્રભરમાં દારૂબંધીના કાયદાથી અમલ માટે અને નૈતિક દૃષ્ટિએ સાચું જ્ઞાન આપીને ગુજરાતમાં તેની પ્રતિષ્ઠા વધારી છે.

સ્વદેશીનું આંદોલન તો ગાંધીજી આવ્યા તે પહેલાં શરૂ થયેલું હતું. જ પરંતુ શુદ્ધ સ્વદેશીની સાચી વ્યાખ્યા તો ગાંધીજીએ જ શીખવી. જે દેશમાં કરોડો લોકોને એક વસ્ત્ર પણ પહેરવા મળતું ન હતું તે દેશમાં રેંટિયો અને શાળ દાખલ કરીને સાચા સ્વદેશીનું મહત્ત્વ ગાંધીજીએ સ્થાપિત કર્યું. ગુજરાતની પ્રજાએ તેમનો પડ્યો બોલ ઝીલ્યો છે. ગુજરાત ગૌરવભેર કહી શકે છે કે ગાંધીજીએ ચીંધેલા માર્ગો અમે શ્રદ્ધાપુર્વક ચાલીએ છીએ. ખાદી ઉત્પન્ન અને ખાદી પ્રચારના આંકડાઓ એમ બતાવે છે કે ગાંધીનું ગુજરાત આ ક્ષેત્રે પણ અદ્વિતીય રહ્યું છે.

કેળવણીનો વિચાર કરીએ ત્યારે આપણે એમ સ્વીકારવું જ પડે છે કે જે પ્રજાના બાળકોને જે પ્રકારની કેળવણી મળે છે તે પ્રજાના જીવનનું ઘડતર એવી કેળવણી ઉપર જ આધાર રાખે છે. અંગ્રેજોએ આપણા માટે જે કેળવણીનું માળખું તૈયાર કરેલું તે તો નોકરિયાતો પેદા કરવા માટેનું જ હતું. એ કેળવણી માનવીને ન તો સ્વાશ્રયી બનાવતી કે ન તો સ્વાવલંબી બનાવતી. બુનિયાદી શિક્ષણની પ્રથાની ગાંધીજીની શોધ આ દિશામાં એક વિપ્લવકારી પગલું ગણાય છે. આ ક્ષેત્રે પણ ગાંધીની ગુજરાત, ગૌરવ લઇ શકાય તેવી સિદ્ધિઓ હાસલ કરી શકી છે.

આવી તો ઘણી સિદ્ધિઓ ગુજરાતમાં જોવા મળે છે. અહીં જે સિદ્ધિઓ નોંધી છે તે તો સમાજ જીવનના પાયાના ઘડતર સુધી પહોંચી ગયેલ હોવાથી સ્વાભાવિક પણે જ આપણે તે માટેનું સદ્અભિમાન લઇ શકીએ છીએ.



# ગુજરાતનાં ઐતિહાસિક નગરો

—શ્રી રમણલાલ નાગરજી મહેતા

સમગ્ર ભારતના ઇતિહાસમાં ઉપલબ્ધ પુરાવાઓને આધારે નગરોની રચના આશરે પાંચ હજાર વર્ષ કરતાં જૂની દેખાતી નથી. તેથી ગુજરાતમાં પણ આ સમય કરતાં વધારે જૂનાં નગરો હોવાની માન્યતાઓ વજુદ વિનાની ગણાય. ભારતના તામ્રાશ્મકાળમાં નગરો વસવાની શરૂઆત થઈ હતી અને તે સમયથી ગુજરાતમાં નર્મદા તથા તાપી નદીને કિનારે નાનાં ગામો અથવા નગરોનાં એંધાણ મળ્યાં છે. આ નગરોનો તત્કાલીન ભારતના બીજા ભાગો સાથે સંબંધ હોવાનું સ્પષ્ટ સમજાય છે.

પરંતુ ગુજરાતમાં નગર રચનાનો મહત્ત્વનો યુગ ઇ.સ. પૂર્વે પ્રથમ સહસ્રાબ્દિ હોવાનું, ખંભાત પાસેનું નાગરા, ભરૂચ, કામરેજ તથા ઉત્તર ગુજરાતનાં વડનગર જેવાં ગામોનાં અધ્યયન પરથી સમજાય છે. નાગરા, ભરૂચ અને કામરેજ વડનગર કરતાં થોડાં જૂનાં છે. નદી કિનારે અથવા સમુદ્ર કિનારે કે દેશના અંદરના ભાગમાં મોટી વસાહતો આ યુગથી વસવાની શરૂઆત થઈ ગયેલી હોઈ, એ પ્રક્રિયા ધીમે ધીમે બળવાન થતી ગઈ હતી.

ગુજરાતના પુરાવસ્તુના અભ્યાસ પરથી સમજાય છે કે ગુજરાતનો કિનારો ભારતના પડોશી દેશો સાથેના વ્યાપારને માટે અનુકૂળતા ધરાવતો હતો. પ્રાચીન સાહિત્યમાં ભરૂચ તથા ઉજ્જૈન વચ્ચેના વ્યવહાર માર્ગોની વાતો વાંચવામાં આવે છે, પરંતુ આ વિકસતા વ્યાપાર માર્ગો ઉપર જરૂર પ્રમાણે ગામો અને નગરો સ્થપાયાં હોય એમ લાગે છે.

નર્મદાના ઉત્તર તટે ભરૂચ વસ્યું. તેની રચના શિલ્પશાસ્ત્રમાં વર્ણવેલાં દંડક નગરની છે. આવાં નગરોને આપણે પાવડીપને વસેલાં નગરો કહીએ છીએ. અને નદી કિનારે વસેલાં ઘણાં ગામો આ પ્રકારે બંધાયેલાં હોય છે. ભરૂચ ઇ.સ. પૂર્વે પ્રથમ સહસ્રાબ્દિમાં વસ્યું ત્યારબાદ એ નગર તરફ જતાં માર્ગો પણ વ્યવસ્થિત થતા ચાલ્યા. આ માર્ગોનું અધ્યયન ઘણી પ્રારંભિક દશામાં છે. પરંતુ તેના થોડા અભ્યાસથી જણાય છે કે ભરૂચથી ઉત્તરે આગળ વધતો માર્ગ ટીંબરવા, કારવણ,સલાડ ને માર્ગે વડોદરા, અજબપુરા થઇને પંચમહાલ તરફ જતો. અને તે માર્ગ ગોધરા તથા ઝાલદ ધાર થઇને ઉજ્જૈન પહોંચતો હોવાનો સંભવ છે. આ માર્ગ પર ગુજ-રાતનું મહત્ત્વનું સ્થળ કારવણ આવેલું છે.

કારવણ હાલ નાનું ગામ છે. પરંતુ ત્યાંથી મળેલા પુરાવાઓ પરથી તે ઇ.સ.ની શરૂઆતના સૈકાઓમાં વસેલું ગામ હતું. તેની ઉત્તરે આવેલું સલાડ પણ લગભગ સમકાલીન હતું. આ વખતે વિશ્વામિત્રીને પશ્ચિમ કિનારે પાવડી પને વસેલી અંકોટકની નાની વસાહત આબાદ થઇ ચૂકી હતી. તેમાંથી હાલનું વડોદરા ક્રમશઃ વિકસ્યું છે. અને ત્યાંથી સાવલીની ઉત્તરે આવેલી અજબપુરા પાસેની વસાહત પણ આબાદ હતી. પંચમહાલમાં ગોધરા વસ્યું ન હતું. તેમજ દાહોદ પણ વસ્યું ન હતું. પરંતુ ઝાલદ પાસે મોટાં નગરના અવશેષો છે. આમ ગુજરાતની આ વસાહતો એક માર્ગ પર આવેલી હતી.

ભરૂચની સામે કાંઠે અંકલેશ્વરમાં પણ આ યુગમાં વસ્તી હતી અને તેની દક્ષિણે વાલિયા તાલુકાના જણગામ પાસે મોટું નગર હતું. તેની પૂર્વમાં કડિયા ડુંગરની આજુબાજુમાં સારી વસ્તી હોવાનાં એંધાણ માલુમ પડે છે. આ જગ્યાએથી પૂર્વ તરફના ડુંગરાળ પ્રદેશની વધુ તપાસ થઇ નથી. તેથી તે તરફની પરિસ્થિતિનો ચોક્કસ ખ્યાલ આવતો નથી.

નર્મદા પરથી આમ બે માર્ગો જતા દેખાય છે. તો તાપીને કિનારે સુરતની સામે ઇ.સ.ની શરૂઆતમાં વરીઆવનું સમૃદ્ધ વસી-યાણ નજરે પડે છે. પરંતુ તાપી નદીને દક્ષિણ કિનારે કામરેજ એ મોટું નગર હતું. તે ભરૂચનું સમકાલીન નગર લાગે છે. અને તે પણ તાપી નદીને કિનારે પાવડીપને વસેલું હતું. કામરેજની નગરીની વસાહતને લીધે તેની પાસેનાં જોખા, ઘાતવા, ઘલા વગેરે ગામો પણ વિકસ્યાં. તેમાં ઘાતવા અને ઘલાની આજુબાજુ મળતી લોખંડની કાચી ધાતુ, ચૂનો તથા પુરતું બળતણ અહીંના લોખંડ ગાળવાના ઉદ્યોગને માટે મહત્ત્વ ધારણ કરતું થયું અને તેથી આ પ્રદેશમાં ઇ.સ. પૂર્વે પ્રથમ સહસ્રાબ્દિથી શરૂ કરીને લાંબા સમય સુધી આ ઉદ્યોગ જીવંત રહ્યો હોવાનું સમજાય છે. સુરત જિલ્લામાં આ ઉદ્યોગનાં ઘણાં એંધાણ મળે છે,

પૂર્ણા નદીને કિનારે નાગસારિકા અથવા નવસારી પણ નાનાં બંદર તરીકે વિકસ્યું હોવાનો પૂરતો સંભવ છે. નવસારીની જુની વસાહત પણ નદી કાંઠાની વસાહત હતી અને છેલ્લા બે હજાર વર્ષમાં તેણે અનેક ઉથલપાથલો જોઈ છે.

નર્મદાની ઉત્તર બાજુએ મહિસાગર પર આવતાં મહિસાગર સંગમતીરે દક્ષિણબાજુએ કાવિની વસાહત હતી અને ઉત્તરે નગરા તથા ખંભાત હતાં. કાવિ બંદરની વસાહતનો વિગતવાર અભ્યાસ થયો નથી. પરંતુ નગરાના અભ્યાસના પરિણામે જણાય છે કે અહીંના નાવીડાને કારણે ઇ.સ. પૂર્વે પ્રથમ સહસ્રાબ્દિમાં રોમન વ્યાપારમાં તેણે ઘણો મહત્ત્વનો ફાળો આપ્યો. જ્યારે નગરા પાસેનો નાવીડા પુરાઇ ગયો ત્યારે અહીંના રહીશોએ નગરાની દક્ષિણે સમુદ્ર કાંઠે વસાહત સ્થાપી. જે ખંભાત તરીકે મશહુર બની અને ગુજરાતના મધ્યકાળના વેપારમાં તેણે ઘણો ફાળો આપ્યો. નગરા બંદર હતું ત્યારે નગરાથી ગુજરાતના અંદરના પ્રદેશમાં જતાં બે વ્યાપાર માર્ગો વિકસેલા દેખાય છે. એક માર્ગ તારાપુર, દહેગામ થઈને પૂર્વ તરફ નડિયાદ પાસેથી કપડવંજ, મોડાસા પાસે થઇને

શામળાજીના દુર્ગ પર પહોંચતો. ગુજરાતના ઈશાન ખૂણાપરના પહાડી પ્રદેશના માર્ગ પર દેખરેખ રાખતો શામળાજીનો દુર્ગ ઇ.સ.ની શરૂઆતમાં વિકાસ પામી ચૂકયો હતો. અહીંથી આગળ વધતો માર્ગ મેવાડના પ્રદેશમાં જતો અને ત્યાંથી તે ઉત્તરપ્રદેશને સમુદ્રકાંઠા સાથે સાંકળી લેતો. આ માર્ગ પરનું શામળાજી ઈ.સ.ની શરૂઆતમાં વિકસ્યું હતુ. પણ મોડાસા, કપડવંજ કડલાલ અને નડિયાદ થોડાં મોડાં વિકસ્યાં હોવાની સંભવ છે. પરતુ દહેગામ અને તારાપુર શામળાજીના સમકાલીન ગામો હોવાના પુરાવા છે. નગરાથી નીકળતો બીજો માર્ગ તારાપુર અને ખેડા થઈને આગળ વધીને ઉત્તર ગુજ-રાત તરફ જતો. ઉત્તર ગુજરાતનું વડનગર એ જૂનુ નગર છે. ઈ.સ. પૂર્વે થોડી સદી પહેલાં તે વસ્યું હતુ અને ત્યારથી તેનુ અદ્યાપિ અસ્તિત્વ છે. મોઢેરાની પણ આવી હકીક્તો હોવાનો સંભવ છે, જ્યારે અણહીલવાડ પાટણ, મહેસાણા, પાલનપુર વગેરે ગામો પ્રમાણમાં નવીન છે. આ પ્રદેશમાં ગામોનો ઇતિહાસ તપાસવા માટે પુરાવસ્તુની તપાસ પ્રમાણમાં ઓછી થયેલી હોય આપણી પાસે જરૂરી પુરાવાઓ ઉપલબ્ધ ન હોઈ ઇ.સ. પૂર્વે અહીંની કઈ વસાહતો વિકસી એ આજને તબક્કે કહેવું મુશ્કેલ છે.

પરંતુ ઈ.સ.ની પ્રથમ સહસ્રાબ્દિમાં ઉત્તર ગુજરાતનાં ઘણાં ગામો વિકસી ચૂકયાં હતાં. અણહીલવાડ પાટણ પણ જૈન અનુશ્રુતિ પ્રમાણે વનરાજે વસાવ્યું. આ અનુશ્રુતિમાં આપેલી વાત આપણા અમદા-વાદ જેવાં નગરની સ્થાપના માટે વપરાય છે ઇ.સ.ની પ્રથમ સહ-સ્રાબ્દિના અવશેષો અને સોલંકી તામ્રપત્રોમાં આવેલાં ગામોના નામો જોતાં લાગે છે કે ઉત્તર ગુજરાતના ઘણાં ગામો આ યુગમાં વિદ્યમાન હતાં. અલબત્ત જેમ જેમ વધુ પુરવા મળતા જાય છે તેમ તેમ આ સ્થળોનો ઇતિહાસ સ્પષ્ટ થતો જાય છે. વિજાપુર પાસેનું મહુડી પણ ઇ. સ,ની પ્રથમ સહસ્રાબ્દિમાં સાબરમતી નદીને કિનારે વિદ્યમાન હોવાના પુરાવા છે. જ્યારે તેની પાસેનું બીલોદ્રા પણ ઇ. સ.ની પાંચમી સદી પહેલાં અસ્તિત્વ ધરાવતું હોવાનો પુરતો સંભવ છે. આજ રીતે વિસનગર તાલુકાનું વાલમ પણ જૂનું ગામ હોવાના પુરાવાઓ પૂરા પાડે છે. પરંતુ આ ગામો વડનગર મોઢેરા કે પાટણ જેવાં મોટાં નગરો ન હતાં. ડીસા પાસે પણ જૂનું ગામ હોવાનો સંભવ છે. અને એવા કેટલાક પુરાવાઓ અંબાજી તથા કુંભરિયાજી પાસે છે ખાસ કરીને આ પ્રદેશમાં લોખંડ ગાળવાનો તેમ જ આરસની ખાણોમાંથી પથ્થર કાઢવાનો ઉદ્યોગ ચાલતો હોવાના પુરાવાઓ સ્પષ્ટ છે.

ગુજરાતમાં આમ તેરમી સદી પહેલાં વસેલાં ગામો ઘણાં છે. અનુશ્રુતિઓ બીજાં ઘણાં ગામોનો વસવાટ સૂચવે છે. પરંતુ તે તપાસ કરવા જેવો વિષય છે. આ યુગમાં વિકસેલાં કેટલાંક કિલ્લેબંધ નગરો તેમજ રાજધાનીઓ નોંધવા જેવી છે. તેમાં શહેરા, ડભોઈ, ગોધરા, દાહોદ, ધોળકા, ધંધુકા વગેરે અનેક ગામો ગણાવાય એમ છે, પરંતુ ઉપર જણાવ્યું તેમ આ ગામોનો ઇતિહાસ પુરાવસ્તુના વ્યવસ્થિત અભ્યાસ દ્વારા તારવવાનું કામ હજુ ખાસ થયું નથી.

ગુજરાતમાં મુસલમાનોના આક્રમણને લીધે શરૂઆતની ખાના-ખરાબી પછી તેમણે નવાં નગરો વસાવવાની તેમજ જૂનાં નગરોને આબાદ રાખવાંની પ્રણાલિકા જાળવી રાખી છે. તેમના કબજા હેઠળના પ્રદેસમાં તેમણે અમદાવાદ, મહેમદાવાદ, અહમદનગર વગેરે ઘણાં ગામો વસાવ્યાં. તેમણે જૂનાં સ્વતંત્ર રાજ્યો જીતી લીધાં ત્યારે જૂનાં ચાંપાનેર પાસે તેમજ વડોદરા પાસે નવાં શહેરો બંધાવ્યાં હતાં પણ આ શહેરો પણ અહીંની જૂની વસાહતોને નામે જ ઓળખાતાં રહ્યાં છે. તેમનાં વસાવેલાં અમદાવાદ જેવાં શહેરો ઘણાં આબાદ થયાં તેમનાં યુગમાં ખંભાત બંદરના અસ્ત પછી સુરત જેવાં બંદરનો મુગલ સમયમાં ઉદય થતો દેખાય છે. આ યુગનો ઇતિહાસ તપાસતાં આ યુગમાં અત્યારે અસ્તિત્વ ધરાવતાં ઘણાં શહેરો તેમજ ગામો વિદ્યમાન હોવાની પ્રતિતી થાય છે. પરંતુ પુરાવસ્તુ સંશોધનમાં એક હકીક્ત વારંવાર જોવામાં આવે છે કે ઘણી વસાહતો સત્તરમી સદી પછી નાશ પામી ગઈ હતી. તેમાંની કેટલીક પર જંગલો ફરી વળ્યાં હતાં. તે જંગલો વીસમી સદીમાં દૂર થયાં છે. અને આ વસાહતો માટેના પુરાવાઓ પ્રાપ્ત થતા જાય છે.

આમ સમગ્ર ગુજરાતમાં નગરોની તપાસ કરવાનાં કામનો થોડો ઘણો પ્રારંભ થયો છે. ગઇ સદીમાં તથા આ સદીની શરૂઆતમાં પુરા-વસ્તુવિદ્યાને બદલે સ્થળ-પુરાણો અને સાહિત્યને બળે કેટલાંક નગરોનો ઇતિહાસ આપવાના પ્રયાસો થયા છે. પરંતુ આવા પ્રયાસોની તપાસ કરતાં ઘણીવાર જે ગ્રંથોપર આધાર રાખીને પ્રાચીન ઇતિહાસ આલે-ખવાના પ્રયત્નો કરવામાં આવ્યા હતા તે ગ્રંથો ઘણા અર્વાચીન માલુમ પડયા છે. અને તેમાં આલેખેલો ઇતિહાસ મધ્યયુગ કરતાં વધારે જૂનો હોતો નથી. તેથી ગુજરાતનાં ગામો અને નગરો નો ઇતિહાસ જે તે સ્થળની સ્થળ તપાસ કરીને તેને બળે આલે-ખવાનો પ્રયત્ન કરવાની ઘણી જરૂર છે. આ દિશામાં કેટલાક પ્રયાસો થયા છે અને તેને બળે ગુજરાતનં ગામો માટે જે રૂપરેખા પ્રાપ્ત થઇ છે તેનો કેટલોક ખ્યાલ આ લેખમાં આપ્યો છે. જેથી આપણા ગામો અને નગરોના ઇતિહાસ આલેખવાનું ભારે કામ હજુ કરવાનું બાકી છે તે તરફ અંગુલિનિર્દેશ થઈ શકે.



# ગુજરાતી સાહિત્ય અને ભારતીયતા

—શ્રી ચંદ્રકાંત મહેતા

સ્વાતંત્ર્યપ્રાપ્તિ પછી દેશના ભાષા પ્રમાણે વિભાગો પડ્યા છતાં ભારતીયતા જળવાઈ રહી તેમાં સાહિત્યનો ફાળો કાંઈ નાનોસૂનો નથી. ગુજરાતી સાહિત્ય તો શરૂઆતથી જ ભારતીય દૃષ્ટિ જાળવી રહ્યું છે. ગુજરાતે કદી પણ ભારતના કોઈપણ ભાગને પરાયો માન્યો નથી. પંદરમી સદી સુધી તો ગુજરાત અને રાજસ્થાન–મારવાડમાં એક ભાષા પ્રવર્તમાન હતી જેને ટેસીટોરીએ પ્રાચીન પાશ્ચાત્ય રાજસ્થાની અને શ્રી ઉમાશંકર જોષીએ મારૂ–ગુર્જર નામ આપ્યું છે. ૧૨મી શતાબ્દીમાં અપભ્રંશ વ્યાકરણ રચનાર શ્રી હેમચન્દ્રાચાર્યે જે અનેક દુહાઓ આપ્યા છે તેમાં માળવાના રાજા મુંજ વિષે પણ અનેક દુહાઓ આપ્યા છે. તેરમી સદીમાં રાજશેખર કૃત 'પ્રબંધચિંતામણિ'માં પણ મુંજ–વિષયક દુહાઓ છે. એ પરથી એમની ઉદાર દૃષ્ટિનો પરિચય થાય છે. સોળમી સદીમાં પદ્મનાભે ' કાન્હડદે પ્રબંધ 'મ રાજસ્થાનના ઝાલોરગઢના રાજા વીરમદેવની વીરતાને બિરદાવી છે. નરસિંહ મહેતાએ તો એના અનેક પદોમાં મગધના કવિ જયદેવનો તથા મહારાષ્ટ્રના કવિ માળદેવનો ઉલ્લેખ કર્યો છે. રાજસ્થાનની મીરાં ગુજરાતમાં આવીને વસી અને એણે રાજસ્થાની, હિંદી તેમજ ગુજરાતી પદો લખ્યાં છે એ તો સુપ્રસિદ્ધ છે. નરસિંહના ' વૈષ્ણવજન ' વાળા પદને મહાત્મા ગાંધીજીએ ભારતીય ભજન બનાવ્યું છે અને એ રીતે એમણે નરસિંહને ગુજરાતમ થી ઉઠાવી ભારતીય કવિ બનાવી દીધો.

મધ્યકાલીન ગુજરાતી વૈષ્ણવ સાહિત્ય પર આંધ્રના વૈષ્ણવ આચાર્ય શ્રી વલ્લભાચાર્યજીની પ્રબળ અસર છે. વલ્લભાચાર્યજી એમના પુત્ર વિઠ્ઠલનાથજી અને પૌત્ર ગોકુળનાથજી ગુજરાતમાં આવ્યા હતા. અને એમણે અનેક ગુજરાતી કવિઓને કંઠી બાંધી હતી. ગોપાળદાસ કવિએ વલ્લભાચાર્યજી વિષે આખ્યાન પણ રચ્યું છે. તેમજ અનેક મધ્યકાલીન, ગુજરાતી કવિઓએ એમનાં કાવ્યોના આરંભ વલ્લભાચાર્યની સ્તુતિથી કર્યો છે. એટલું જ નહીં પણ વલ્લભ સંપ્રદાયની અસરને પરિણામે હિંદીના અષ્ટછાપના કવિઓની અસર પણ આપણા કવિઓ પર સારા પ્રમાણમા પડી છે. મહારાષ્ટ્રના મહાનુભાવ સંપ્રદાયના સ્થાપક ચક્રધર ભરૂચના હતા. ઉત્તરભારતના રામાનંદ તથા સહજાનંદજીનો પ્રભાવ પણ આપણા કવિઓ પર સારા પ્રમાણમાં છેં. સહજાનંદજીનો પ્રભાવ પણ આપણા કવિઓ પર સારા પ્રમાણમાં છે. સહજાનંદી– સ્વામીનારાયણી–કવિઓએ કૃષ્ણ–સાહિત્યમાં અને જ્ઞાનાશ્રમી સાહિત્યમાં સારો એવો ફાળો આપ્યો છે. કચ્છમાં કાવ્યશાસ્ત્ર ભણાવવા માટે મધ્યકાળમાં જે પાઠશાળા ચાલતી હતી. તેમાં વ્રજભાષા શિક્ષણનું માધ્યમ હતું. એ પણ ગુજરાતની ભારતીયતાનું સારું દૃષ્ટાંત પૂરું પાડે છે.

મધ્યકાળના અંતિમ કવિ દયારામે તો અનેકવાર ભારતની યાત્રા કરેલી, અને મરાઠી, ઉર્દૂ, વ્રજભાષા અને મારવાડીમાં કાવ્યો લખ્યાં છે. અખાએ પણ એની જ્ઞાનપિપાસા ઉત્તર ભારતમાં તૃપ્ત કરેલી અને એણે પણ અનેક પદો હિંદીમાં લખ્યાં છે. વ્રજભાષાનું તો એટલું બધું પ્રાબલ્ય ગુજરાત પ૨ હતું, કે એમ કહેવાય છે કે જ્યાં સુધી કોઇ કવિ વ્રજ ભાષામાં કાવ્ય ન લખે ત્યાં સુધી એની કવિ તરીકે ગણના થતી નહોતી. મધ્યકાલીન ગુજરાતી કથાઓમાં વિક્રમ જ મોટા ભાગની કથાઓનો નાયક છે. કથાકાર શામળની શ્રેષ્ઠ કૃતિ ગણાય છે તે મદનમોહનાની નાયિકા મથુરાની રાજકુંવરી છે અને એ લગભગ સમગ્ર ઉત્તર ભારતની મુસાફરી કરે છે અને છેક બદ્રી-કેદાર સુધી ઘૂમી વળે છે. શિવાનંદે શિવભક્તિનાં જે પદો લખ્યાં છે તેમાં શંકરના દ્વાદશ જ્યોતિર્લિંગો જે ભારતના ભિન્ન અંચલમાં આવેલાં છે તેનું વર્ણન મળે છે, અને શક્તિભક્ત વલ્લભના અનેક ગરબાઓમાં અનેક દેવીઓ ભેગી મળી ગરબા ગાય છે. તેમાં મહારાષ્ટ્રની તુળજાભવાની, આસામની કામાક્ષી, એ બધાનો ઉલ્લેખ આવે છે. બીજા પ્રતોની જેમ ગુજરાતમાં પણ શિવ–ભક્તો દ્વાદશ જ્યોતિર્લિંગનું નિત્ય સ્મરણ કરે છે અને મોટા ભાગના લોકો સ્નાન કરતી વખતે નદીઓનાં નામસ્મરણમાં, નર્મદા, કાવેરી, ગંગા, યમુના, ગોદાવરી ઇત્યાદિ નદીઓના સ્મરણદ્વારા પોતે ગુજરાતી છે તેટલા જ ભારતીય છે એ વાતનું સ્મરણ કરે છે. આ રીતે મધ્યકાળમાં વાહન–વ્યવહાર વિકસિત નહોતો, તે સમયે પણ ગુજરાતનો અન્ય પ્રદેશો જોડનો સંપર્ક જીવંત હતો અને તેની પ્રતીતિ આપણને સાહિત્ય દ્વારા થાય છે.

નર્મદથી આપણા સાહિત્યના આધુનિકકાળની શરૂઆત થઈ. તેમાં નર્મદે એક તરફ આપણને " જય જય ગરવી ગુજરાત "નું પ્રાદેશિક કાવ્ય આપ્યું તો સાથે " સ્વદેશાભિમાન " શબ્દ આપ્યો. ' સ્વતંત્રતા ' ' હિંદુધર્મની પડતી ' ઇત્યાદિ કાવ્યો દ્વારા તથા ' આપણી દેશજનતા ' જેવા નિબંધો દ્વારા એમણે ગુજરાતને ભારતીય દૃષ્ટિ આપી એમ કહીએ તો ચાલે. એણે ભારતવાસીને સ્થાને દેશી શબ્દ વાપર્યો છે. જેમકે

' દેશીઓનાં દુઃખ જોઈ નર્મદ દીલ દાઝે છે. ' ત્યાં દેશી એટલે ભારતવાસી એ અર્થ લેવાનો છે. નર્મદે આપણે ત્યાં નવી ભાવનાઓને શબ્દદેહ આપવાની શરૂઆત કરી હતી. નર્મદે હિંદુઓની પડતી જેવા કાવ્યોમાં હિંદુ શબ્દ ધર્મનો બોધક નથી, પણ ભારતવાસીના પર્યાય તરીકે એણે વાપરેલો છે. આમ આપણને રાષ્ટ્રીયતાના પાઠ ભણાવનાર નર્મદ હતો. ૧૮૫૭ના સિપાઈ વિદ્રોહને નર્મદે સ્વતંત્રતાનું યુદ્ધ નામ આપ્યું. દલપતરામે પણ એનાં કાવ્યોમાં ' હિંદુસ્તાન ' શબ્દ વાપર્યો છે. નર્મદના સમકાલીન ગણપતરામ ભટ્ટે ' પ્રતાપ ' નાટક લખીને, એ નાટક દ્વારા પ્રતાપને રાષ્ટ્રીય નેતાના રૂપમાં નિરુપ્યો છે. ' કરણઘેલો 'માં નંદશંકરે પણ બાગલાણનું, રાજસ્થાનનું વર્ણન રોચક રીતે કર્યું છે.

કોંગ્રેસની સ્થાપના પછી રાષ્ટ્રીયતાની ભાવનાની હૃદયાભિરામ

આકૃતિ ઘડાવા લાગી. એથી એ પછી, ભારતભૂમિ વિષે પ્રશસ્તિ ગીતો લખાવા માંડ્યાં. કાન્તે હિંદ પર આશીર્વાદ' નામક કાવ્યમાં ભારતની દુર્દશા માટેની પોતાની વ્યથા વ્યક્ત કરી છે. અને ઇશ્વરને હિંદ પર આશીર્વાદ ઉતારવા કહ્યું છે. એમણે 'હિંદમાતાને સંબોધન' નામક કાવ્ય પણ લખ્યું છે. અને એમ એમણે 'જનગણમન' કાવ્યની જેમ જ 'હિંદુ અને મુસ્લિમ, ખ્રિસ્તી, જૈન, પારસી બધા ભારતમાતાનાં સંતાન છે' એવું કહ્યું છે. ભારતના મહાપુરુષોની જે નામાવલિ એમણે એ કાવ્યમાં આપી છે તેમાં વાલ્મિકી, વ્યાસ, નાનક, મીરાં, કબીર, તુલસી, અકબર તથા શિવાજીનાં નામો છે. એ એમની વ્યાપક રાષ્ટ્રીય–ભાવનાનો પરિચય કરાવે છે. કાન્તના આ કાવ્યો અત્યંત સાધારણ કોટિનાં છે પણ એ તો ખંડકાવ્યેતર કાવ્ય પ્રકારોમાં કાન્તની કાવ્ય પ્રતિભા નજરે ચઢતી નથી. પણ એમનામાં જે રાષ્ટ્રીયતા હતી, તેનો પરિચય તો આ કાવ્ય દ્વારા થાય છે. ગોવર્ધનરામે 'સરસ્વતીચંદ્રમાં દેશી રાજ્યોનું સમવાયતંત્ર રચીને ભારતને અખંડ બનાવવાના સ્વપ્નો સેવ્યાં હતાં. ન્હાનાલાલની રાષ્ટ્રીયતા તો જાણીતી છે. એમણે 'વસંતોત્સવ,' 'ઇન્દુકુમાર' આદિ કૃતિઓમાં, ભૂતકાળમાં ભારત મહાન હતો અને ભવિષ્યમાં પણ ભારત પોતાનું એ ગૌરવ પ્રાપ્ત કરશે એવી આશા પ્રગટ કરી છે. એમનાં મોગલ બાદશાહ વિષેના નાટકોમાં 'સંઘમિત્રા' તથા 'વિશ્વ–ગીતા'માં એમની ભારતીયતાનો પરિચય થાય છે. એમણે 'વિશ્વ–ગીતા'માં તો ભારતના તેમજ વિશ્વના અનેક મહાપુરુષોને ભેગા કર્યા છે. આ ભારતમાતાને મુખે જ ભારતનું કરુણ ચિત્ર આલેખ્યું છે. કલાપીના 'કાશ્મીરનો પ્રવાસ'માં પણ એમની ભારત ભક્તિની આપણને વારેવારે ઝાંખી થાય છે. બળવંતરાય ઠાકોરે 'માજીનું સ્તોત્ર' કાવ્યમાં, ભારતમાતાની છબી આંકી છે અને હિમાલય એ એના ભાલની ત્રિવલ્લી છે, ગંગા અને સિંધુ એનાં કર્ણફૂલો છે. રામેશ્વર એડીએ છે, એક કરમાં સપ્તશૂલ પંજાબ તો બીજા કરમાં અરવલ્લી પર્વત પરશુ છે. એ જાતની સમગ્ર ભારતનું હૃદયંગમ ચિત્ર આપતી એ કાવ્યકૃતિ છે. આપણા વિવેચકોએ ગુજરાતની રાષ્ટ્રીયતાતાનું વિવેચન કરતાં એમનાં એ કાવ્યની ઉપેક્ષા કરી છે. એમાં એમણે ભારતનો રાજકીય, સાંસ્કૃતિ, ધાર્મિક એમ અનેક દૃષ્ટિએ ઇતિહાસકારની ઢબે પરિચય આપ્યો છે. બળવંતરાયે તો ગાંધીજીની શહીદી, જવાહર જીવન પ્રસંગો પર કાવ્યો લખી, એમની વિશાળ દૃષ્ટિની ઝાંખી કરાવી છે. મુનશીએ એમની 'સ્વપ્ન–દૃષ્ટા'માં 'ભારતની આત્મકથ' નામના પ્રકરણમાં એમણે મા–ભારતીનું આદિકાળથી માંડીને આજસુધીની ક્રમશઃ બદલાતી દશા, ભારતી પાસે જ કહેવડાવી છે, અને એ સિનેમાના પટ પર અંકિત થતાં હોય એમ ત્વરિત ગતિથી પસાર થતાં દૃશ્યોની એમણે પરંપરા રજૂ કરી છે. એમના 'ગુજરાતનો નાથ'માં પણ એમણે કીર્તિદેવના પાત્ર દ્વારા, ભારતની અખંડતાની વાતો કરી છે ગુજરાતની અસ્મિતામાં ગાયક મુનશીની, આ રીતે, દૃષ્ટિ તો ભારતીય એકતાની તરફ જ રહી છે. એમની કૃતિઓનું ફલક જ જોઇએ તો માળવાનો મુંજ, મગધના ચંદ્રગુપ્ત. તથા ચાણક્ય તો નાટકોમાં પણ ચંદ્રગુપ્ત, વશિષ્ટ, શુક્રાચાર્ય, સપ્તસિંધુનાં ઋષિઓ એમ સ્થળ અને પાત્રોનું એમણે વિશાળ ફલક રાખ્યું છે. રણજીતરામ બાબાભાઈ એ પણ પંજાબનીલોકકથાને આધારે 'સુહિણી મેહાર' વાર્તા લખી છે. અખરધારે તો 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' ગાયું. તો બીજી તરફ 'અમે ભારતભૂમિના પુત્રો, અમ માત પુરાણ પવિત્ર' પણ ગાયું. અને એ યુગમાં એમણે બ્સારા પ્રમાણમાં રાષ્ટ્રગીતો ગાયા છે. એમણે 'રાષ્ટ્રિકા' નામનો ગ્રંથ ભારત ભક્તિની સાક્ષીરૂપે આપણને આપ્યો છે.

ભારતીયતાની ભાવના સ્પષ્ટરૂપમા તો ગાંધીજીની અસરથી જ અંકિત થયેલી આપણને જોવા મળે છે. જે પ્રવાહમાં પહેલાં ત્રુટક ત્રુટક દૃષ્ટિએ પડતો હતો એ ગાંધીના રાજકીય આંદોલનોને પરિણામે અસ્ખલિત વહેવા માંડ્યો અને ઝરણામાંથી એણે વિશાળકાય નદીનું રૂપ લેવા માંડ્યું. વળી ગુજરાતના લેખકો પોતાનું ફલક પણ વિસ્તારતા ગયા. 'ધૂમકેતુ' હિમાલયની પહાડીઓ, રાજસ્થાન, મગધ એમ ઉત્તરના લગભગ બધા ભાગને વાર્તાના સ્થળ તરીકે પસંદ કરે છે. અને મૌર્ય ગ્રંથાવલિ, ગુપ્ત ગ્રંથાવલિ એમ ભારતના ભિન્ન ભિન્ન પ્રદેશો એમની ઐતિહાસિક નવલકથાઓ માટે પસંદ કરે છે. રમણલાલ દેસાઇ એમની અનેક વાર્તાઓ તથા નવલકથા માટે ગુજરાત બહારનાં સ્થળો તથા પાત્રો પસંદ કરે છે. મહાદેવભાઈ, ટાગોર તથા શરદબાબુની રસ સૃષ્ટિમાં એમના અનુવાદો દ્વારા આપણને લઈ જાય છે. એમની પૂર્વે પણ નારાયણ, હેમચંદ્ર, કૃષ્ણ-લાલ ઝવેરી વગેરે એ રોમેશચંદ્ર દત્ત, બંકિમચંદ્ર ચટ્ટોપાધ્યાયનાં અનુવાદો દ્વારા બંગાળના જીવનનો ગુજરાતને પરિચય તો કરાવ્યો હતો. આમ છતાં સમગ્ર ભારતનો વ્યાપ લઇને તો આપણી પાસે કાકા સાહેબ જ આવે છે. એમનો 'હિમાલયનો પ્રવાસ' ફક્ત હિમાલયને જ નહીં પણ સારા ય ઉત્તર ભારતની જોડે આપણું ભાવાનુસંધાન કરે છે. 'જીવનનો આનંદ' 'જીવનલીલા' જેવાં એમના એમના પુસ્તકો ગુજરાતી વાચકને સમગ્ર ભારત પોતાનું લાગે એ એ પ્રકારની લાગણી જન્માવે છે. એમ પ્રાંતય ભેદો નથી, સંકીર્ણતા નથી, પણ વ્યાપક, વિશાળ એવી ભારતમાતાની પૂજનીય અને આરાધ્યમૂર્તિ આપણી સમક્ષ તાદૃશ કરે છે. ને ચિત્તમાં સુરેખ પ્રતિમા દૃઢતાથી અંકિત કરે છે કાકાસાહેબ તો ગુજરાતી ઉપરંત હિંદી તથા મરાઠીમાં પણ લખે છે ને ભારતીયતાનો આદર્શ રજુ કરે છે. ગાંધીજીએ પ્રબોધેલી રાષ્ટ્રભાવનાથી પ્રેરાઇને કાકાસાહેબ ઉપરંત મગનભાઈ દેસાઇ, કિશોરલાલ મશરૂવાળા, મહાદેવભાઈ દેસાઇ તેમજ કવિઓમાં સુંદરમ્, 'શેષ,' પિનાકીન ઠાકોર, રાજેન્દ્ર શાહ ઇત્યાદિએ હિંદીમાં લખ્યું છે. મેઘાણીએ એક તરફ સૌરાષ્ટ્રના લોક સાહિત્યનું સંશોધન કર્યું તો બીજી તરફ એમણે આ રને ગંત પ્રાંતના લોકગીતોનો પરિચય એમના લોકસાહિત્ય નામના પુસ્તક દ્વારા કરાવ્યો. ભગતસિંહની શહીદીના ગીતો ગાયા 'અપમાનિતા અપયશવતી' તોય મા તે માની ભક્તિ કવિતા આપી. ટાગોરનાં કાવ્યોના અનુવાદ દ્વારા સાંતાલની નારીને ગુજરાતીને પોતાના જ પ્રદેશની શ્રમજીવી સ્ત્રી લાગે, એવી રીતે એની આત્મીય બનાવી દીધી. રામનારાયણ પાઠકને 'કશીનારા' જોઇને કાવ્ય સ્ફુરે છે. અને મહારાષ્ટ્રના સંત તુકારામના જીવન પ્રસંગને તેઓ રોચક રીતે કાવ્યમાં ગૂથી લે છે. ઉમાશંકરે તો ભારતનું ભાવનાત્મક ચિત્ર આલેખતાં અને પ્રાદેશિક સંકીર્ણતાનો છેદ ઉડાડતા કહ્યું છે કે–

ભારત નહિ નહિ વિન્ધ્ય હિમાલય,
ભારત ઉન્નત નરવર;

ભારત નહિ ગંગા, નહિ યમુના,
ભારત સંસ્કૃતિ નિર્ઝર.
ભારત નહિ વન, નહિ ગિરિગહ્વર,
ભારત આત્માની આતર.

આ રીતે ભારતને સ્થૂલ ભૌગોલિક સીમાથી ઉઠાવીને સૂક્ષ્મ ભાવના-સૃષ્ટિમાં એને મૂકિ દીધો. મનસુખલાલ ઝવેરીએ 'આવું છું હું માડી' કાવ્યમાં 'ભારતમાતાની ભાવનાત્મક તથા વૈચારિક ઊંચાઇનો તથા વ્યાપકતાનો ખ્યાલ આપતાં જણાવ્યું છે કે,

"ક્યાંક માનવ્ય ભાવોને મૂર્ત ગાંધીમહીં કરી,
ક્યાં સૌંદર્યસારેથી સ્રી વાણી રવીન્દ્રની,
તો ક્યહીં વિસ્તરી પુણ્ય પરાગો અરવિન્દથી."

આમ એમણે ભારતના ભિન્ન ભિન્ન ક્ષેત્રે જે મહામાનવો થયા છે, તેમનાં વિધવિધ પ્રદાનથી ભારતીયતા ઘડાઇ છે તે જણાવ્યુ છે.

સુંદરમે એમનાં 'દક્ષિણાયન' પુસ્તકમાં કાકાસાહેબના દક્ષિણ પ્રદેશના લેખોને બાદ કરતાં જે દક્ષિણનો પ્રદેશ લેખકોથી અસ્પર્શ્ય રહ્યો હતો તે પ્રદેશનું વિસ્તારથી, રોચકતાથી અને એ પ્રદેશ ગુજરાત જેટલો જ એમને વ્હાલો હોય એટલી આત્મીયતાથી એમણે વિવિધરૂપે નિરૂપ્યો છે, એટલું જ નહિ, એ પુસ્તક વાંચકના હૃદયમાં પણ દક્ષિણનો એ ભૂભાગ પ્રત્યે આત્મીયતા જગાડે છે. ઉમાશંકર, નાથાલાલ દવે ઇત્યાદિનાં હિમાલય વિષયક કાવ્યો કવિઓની દૃષ્ટિ ગુજરાતની બહાર કેટલે દૂર સુધી પહોંચી છે તે દર્શાવે છે. ગાંધીજીની અહિંસાની ભાવનાએ, બુદ્ધ પ્રત્યે પણ પૂજ્યભાવ જાગૃત કર્યો. અને આપણા અનેક કવિઓએ બુદ્ધ વિષયક વિવિધ પ્રકારનાં કાવ્યો રચ્યાં છે. એ રીતે ગાંધીજીની અહિંસાનું બુદ્ધકાલીન અહિંસાની ભાવના જોડે અનુસંધાન થયું.

ગુજરાતની અલગ રાજ્ય તરીકેની રચના થઇ તેમ છતાં ગુજરાતી સાહિત્યકારો પ્રાદેશિક સંકીર્ણતાથી પર રહ્યા છે. એટલું જ નહિ, ગુજરાતી સાહિત્યકારોએ પોતાની પાર્શ્વભૂમિને વિશેષ વ્યાપક બતાવી છે. શિવકુમાર જોષી, ચંદ્રકાંત બક્ષી, મધુરાય ઉત્તર ભારત તથા બંગાળની ભૂમિને પોતાની કૃતિઓની પાર્શ્વભૂમિ તરીકે પસંદ કરે છે. શિવકુમારનું નાટક 'સ્વર્ણલતા'માં પાત્રો, વાતાવરણ બધું જ બંગાળનું છે. યશોધર મહેતા પોતાની ઐતિહાસીક કૃતિઓ માટે કાશ્મીરનો ઇતિહાસ પસંદ કરે છે. મનસુખલાલ એ. ઝવેરી તામિલનાડની ભૂમિમાં પોતાની વાર્તાઓને લઇ જાય છે. એમની વાર્તાઓમાં કેટલાંક પાત્રો પણ તામિલભાષી છે.

સ્વાતંત્ર્યોત્તર કાળમાં આ રીતે ગુજરાતી લેખકોની ભારતીયતા વિવિધરૂપે દૃષ્ટિએ પડે છે. ચીની અને પાકિસ્તાની આક્રમણ વખતે આ ભાવના જ્વલંત બને છે. એ પોતાની કલ્પનાને નેફા, લડાખ, પૂંચ ઇચ્છોગીલ નહેર પર વિહરાવે તે. વળી પાકિસ્તાન તથા ચીનની ભૂમિકા લઇને, અનેક વાર્તાઓ, નાટકો, નવલકથાઓ તથા કાવ્યો લખાયાં છે. નવનીત સેવકનું 'મોતને મોરચે', પન્નાલાલ પટેલનું 'ઢોલિયા સાગ સીસમના', વિજયગુપ્ત મૌર્યનું 'કચ્છથી કાશ્મીર સુધી લડી જાણ્યું જવાનોએ" એ બધી ગુજરાતીઓની ભારતીયતાના પુરાવા છે. રાજેન્દ્ર શાહ ચીની આક્રમણ વખતે 'જાગ જાગ' કાવ્યમાં ભારતવાસીને કહે છે.

ઘોર તવ નિદ્રા દારુણ ઘોર...
જાગ રે જાગ માલિક, ભવને કોણ ભરાયું ચોર?
તારી જીવન મનોહર સદન સુંદરી તણા કપોલે
કરે કામના સ્પર્શ?
રે જાગ બાંધવા!
પ્રાણ તણી તાકાતભર્યો હુંકાર હશે ત્યાં,
કો ન કરે નાદાની.

આમ રાજેન્દ્ર શાહ કે જેમણે એમનાં આગલાં કાવ્યોમાં રાષ્ટ્રીયતાની ભાવનાને સ્પર્શી નહોતી. તેઓ પણ આ વિષયને કાવ્યબદ્ધ કરવા પ્રેરાયા. 'પુણ્ય ભારતભૂમિ' કાવ્યમાં એમણે ભારતની ભૂમિ જ નહિ પરન્તુ સાગર અને અંબરનો પણ જયજયકાર ગાયો છે.

'જય તું જય જય પુણ્ય ભારત-ભૂમિ સાગર, અંબર'

આમ કવિએ વિશેષ વ્યાપક ભાવના રજૂ કરીને, કવિ વધુ ને વધુ એમનો વ્યાપ વિસ્તારતાં કહે છે:

જય નિમ્ન ઉન્નત, ક્ષુદ્ર ઉર્જિત
એક સંહતિ સર્વ હે
— × — × — ×
જય તું જય જય મત અનાગત, ક્ષણ વિવર્ત નિરંતર.

આ રીતે પ્રત્યેક તત્ત્વનો જય જયકાર કરતું આ કાવ્ય ગુજરાતી સાહિત્યનું ભારતને અપાયલું પ્રદાન છે.

આપણા જે જે કવિઓએ ગુજરાત વિષે કાવ્યો લખ્યાં છે એમણે એટલા જ ઉલ્લાસથી ભારત વિષયક કાવ્યો પણ રચ્યાં છે. ન્હાનાલાલ, ઉમાશંકર, ખબરદાર, ચન્દ્રવદન મહેતા, જયંત પાઠક તેમજ ગુજરાતની અસ્મિતાનો પાઠ પઢાવનાર રણજીતરામ અને મુનશીએ પણ ભારતની એકતાની વાતો એટલાજ ઉલ્લાસથી કરી છે. આ રીતે ગુજરાતનો સાહિત્યકાર ગુજરાતને પોતાનો પ્રેમ અર્પે છે, તેટલો જ પ્રેમ ભારતને પણ અર્પે છે. ઉમાશંકરના શબ્દોમાં કહીએ તો એ ગુર્જર-ભારતવાસી છે એ સત્ય એક ક્ષણ માટે પણ એ વિસરતો નથી.

—માહિતી ખાતાના સૌજન્યથી.



# ગુજરાતની હસ્તપ્રત સંપત્તિ

—ડૉ. જિતેન્દ્ર જેટલી

સામાન્ય રીતે આપણો ગુજરાત પ્રદેશ એ વેપારપ્રધાન અને લક્ષ્મીની પૂજા કરનાર પ્રદેશ ગણાય છે. અલબત્ત આ હકીકત મહદ્‌-અંશે અન્ય પ્રદેશોની સરખામણીમાં ગુજરાત તેમ જ રાજસ્થાનને વિશેષે લાગુ પડે છે. આમ છતાં ગુજરાતમાં સરસ્વતીની ઉપાસના જરાપણ નથી અને સારસ્વતો પ્રત્યે સન્માન નથી એવું તો નથી જ. એક સમયે આ જ ગુજરાતમાં શ્રી અને સરસ્વતીનો સુભગ સુમેળ હતો. આ હકીકતની સાક્ષીરૂપે ગુજરાતમાં અત્યારે જે પ્રાચ્યવિદ્યા-મંદિરો અસ્તિત્વમાં છે એમના હસ્તકની તથા આ પ્રદેશમાં અત્યારે જે જૈન જ્ઞાનભંડારો ખાનગી રાહે અસ્તિત્વ ધરાવે છે એમના હસ્તકની હસ્તપ્રતોની સંપત્તિ છે. અલબત્ત સંખ્યાની દૃષ્ટિએ ગુજ-રાતનો નંબર રાજસ્થાન પછી આ બાબતમાં અત્યારે બીજો ગણી શકાય પરંતુ એક જમાનામાં ગુજરાત અને રાજસ્થાન એટલા તો ગાઢ સંકળાએલા હતા કે એ તદ્દન જુદા પ્રદેશ જેવા ગણાતા ન્હોતા. આ ભેદો અત્યારે ઉભી થએલ પ્રાન્તીય સંકુચિતતા અને ભાષાકીય અસ્મિતાને કારણે વધારે સ્ફુટ બન્યા છે. બાકી ગુજરાતમાં અગ્રગણ્ય જૈન કોમના કેટલાયે વેપારીઓના પૂર્વજો રાજસ્થાનના મૂળ વતની હતા. આ ઉપરાંત એ સમયમાં જૈન મુનિઓ તથા યતિઓનાં વિહાર પ્રદેશ પણ વિશેષે રાજસ્થાન તથા ગુજરાત હતા.

જે જમાનામાં પુસ્તકોનું મુદ્રણ ન્હોતું થતું એ જમાનામાં બ્રાહ્મણો પુસ્તકો હાથે જ લખતા. આ પુ તકોનો અભ્યાસ કરવા માટે જૈન મુનિઓ લહિઆઓ પાસે એની નકલો પણ કરાવતા. અન્ય પ્રદેશોમાં જ પ્રાપ્ય એવા સારાં પુસ્તકોની સંખ્યાબંધ નકલો કરી મોટા પુસ્તકાલયો તથા જ્ઞાનભંડારો ઉભા કરવાની સુંદર શરૂ-આતનો યશ આચાર્ય હેમચંદ્રને ફાળે જાય છે. મૂળ ખંભાતના રહીશ આ આચાર્યે કુમારપાળના સમયમાં એમના ધર્મને રાજ્યા-શ્રય મળતાં ગુજરાતમાં સરસ્વતીભંડારો કિંવા જ્ઞાનભંડારો ઉભા કરી સરસ્વતીનો પ્રવાહ વહેતો કર્યો એ એક ઐતિહાસિક ઘટના છે. એ જમાનામાં મુદ્રણકળા ન્હોતી એટલે એમણે જુદા જુદા પ્રદે-શોના મૂલ્યવાન પ્રાચીન ગ્રંથોની એક કે તેથી પણ વધારે નકલો કરાવવા વિપુલ પ્રમાણમાં લહિઆઓ રોકયા હતા. આ રીતે આ લહિઆઓ દ્વારા સ્હેજે અપ્રાપ્ય એવા પુસ્તકોની નકલો કરાવી જૈન મુનિઓમાં અને ગૃહસ્થોમાં પણ જ્ઞાનનો પ્રચાર થાય એ હેતુથી સારા એવા જ્ઞાન ભંડારો ઉભા કર્યા હતા આનો લાભ જૈન મુનિઓ વિશેષ લેતા અને આ પરંપરા પણ એ જૈન મુનિઓએ ચાલુ રાખી.

મુદ્રણકળાના આવિષ્કાર પછી અને છાપખાનાંઓ ધીરે ધીરે વધવા મંડ્યા પછી ધીરે ધીરે આ પ્રવૃત્તિમાં મંદી આવી. તેમ છતાં વીસમી સદીના પૂર્વાર્ધ સુધી લહીયાઓ દ્વારા પુસ્તકોની નકલ કરાવવાની પ્રથા ઠીક ઠીક પ્રમાણમાં ચાલુ રહી. આ પદ્ધતિનાં ફળરૂપે આજે ગુજરાત અને રાજસ્થાનમાં જે વિપુલ હસ્ત પ્રતોની ત્તિ જોવા મળે છે તે જોતાં આ બંને પ્રદેશોમાં સરસ્વતીનો મહિમા જરાપણ ઓછો ન્હોતો એમ ગૌરવપૂર્વક કહી શકાય. જો કે આ સંપત્તિમાંથી ઘણી સંપત્તિ—હસ્તપતો વિદેશમાં તથા અન્ય પ્રદેશોમાં ચાલી ગઈ છતાં અત્યારે જે છે એ પણ ઓછી નથી એમ આપણે થોડું એક વિહંગાવલોકન કરીશું તો જણાશે.

આપણા પ્રદેશમાંથી તથા રાજસ્થાનમાંથી અનેક હસ્તપતો ઉપર જણાવ્યું તેમ વિદેશમ જવા છતાં નવા જમાનાને અનુરૂપ પ્રાચ્ય-વિદ્યા સંશોધન મંદિર જ્યારે ગુજરાત અને મહારાષ્ટ્ર જુદા ન્હોતા એ સમય પૂનામાં સ્વ. ડૉ. રામકૃષ્ણ ભાંડારકરની પુણ્ય સ્મૃતિમાં સ્થાપવામાં આવ્યું. આ સંશોધન મંદિરને દ્રવ્યની સહાય તથા હસ્તપ્રત સંપત્તિની સહાય મેળવી આપવામાં મુનિશ્રી જિનવિજયજીએ મહત્ત્વનો ફાળો આપ્યો છે. અત્યારે ભાષાવાર પ્રાન્ત રચના થતાં એ હસ્તપ્રતોનો અમૂલ્ય સંગ્રહ મહારાષ્ટ્રને ફાળે ગયો છે. આમ છતાં આજે પણ ગુજરાતમાં હસ્તપ્રતોની સંખ્યા એટલી વિપુલ છે કે પ્રાચ્ય વિદ્યાના જુદી જુદી શાખાના બધા સંશોધકો કામ કરે તો પણ એને પહોંચી વળી શકાય નહીં.

(૧) અત્યારે વડોદરા ખાતે મ. સ. વિશ્વ વિદ્યાલયને અધીન ચાલતા પ્રાચ્ય વિદ્યા મંદિર હસ્તક સારો એવો હસ્તપ્રતોનો સંગ્રહ છે. એની સંખ્યા લગભગ ત્રીસ હજાર આસપાસની છે. આમ વડોદરામાં એકલા પ્રાચ્ય વિદ્યા મંદિરમાં જ ત્રીસ હજાર કરતાં વધારે હસ્તપ્રતો સંગ્રહિત થએલી પડેલી છે. એના મુદ્રિત કેટલોગો જોતાં આ સંગ્રહ કેટલાયે વિવિધ વિષયોની હસ્તપ્રતોનો અમૂલ્ય સંગ્રહ છે. આમાંની કેટલીકએકની નકલ તો અન્યત્ર વિશ્વમાં કયાંય પણ ઉપલબ્ધ નથી. આ પ્રાચ્ય વિદ્યામંદિરે આ હસ્તપ્રતોને આધારે સંશોધકો પાસે સંશોધન તથા સંપાદન કરાવી અનેક મુદ્રિત ગ્રંથો ગાયકવાડ ઓરિએન્ટલ સિરીઝમાં પ્રકાશિત કર્યા છે. આ ઉપરાંત ખાનગી રાહે આ શહેરમાં મુનિશ્રી હંસાવિજયજીનો જ્ઞાનભંડાર પણ આવેલો છે. એમાં પણ ત્રણથી ચાર હજાર જેટલી હસ્તપતો છે. વળી આ જિલ્લામાં જ છાણી ગામે પ્રવર્તક મુનિશ્રી કાન્તિવિજયજી તથા મુનિશ્રી ચતુરવિજયજીના જ્ઞાનભંડારો આવેલા છે. તેમજ ડભોઈમાં મુનિશ્રી જંબૂવિજયજીના જ્ઞાનભંડારમાં પણ સારી એવી હસ્ત પ્રતોનો સંગ્રહ છે. આ બધી હસ્તપ્રતોનો સરવાળો કરવામાં આવે તો એકલા વડોદરા જિલ્લામાં જ હસ્તપ્રતોની સંખ્યા પચાસ હજાર ઉપરની થાય એમ છે.

આગળ ચાલતાં ખંભાતમાં પણ શ્રી શાન્તિસૂરિનો તેમજ શ્રી વિજયનેમિસૂરિનો એમ પ્રસિદ્ધ જ્ઞાનભંડારો આવેલા છે. આ બંને ભંડારોની હસ્ત પ્રતોની સંખ્યા સ્હેજે પંદર હજારની થાય એમ છે. આમ ખંભાતમાં પ્રાચીન જ્ઞાનભંડારો જેવા કે શ્રી કલ્યાણસૂરિનો જ્ઞાનભંડાર નષ્ટ થઈ જવા છતાં ઉપરના જ્ઞાનભંડારોમાં સારા એવા

પ્રમાણમાં હસ્તપ્રતો સંગ્રહાએલ છે.

જ્ઞાનભંડારોનું બીજું મોટું મથક ગુજરાતનું પાટનગર અમદાવાદ છે. અમદાવાદમાં ઈ. સ. ૧૯૫૮ માં સ્થપાએલ શ્રી લાલભાઇ દલપતભાઇ ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર કે જેની સ્થાપના મુનિશ્રી પુણ્યવિજયજીની પ્રેરણાથી કરવામાં આવી છે એની હસ્તક લગભગ ત્રીસ હજારથી વધારે હસ્તપ્રતો છે. એનું વ્યવસ્થિત કેટલોક પણ પ્રસિદ્ધ થયું છે. આ ઉપરાંત હાજા પટેલની પોળનો ભંડાર, ડેલાના ઉપાશ્રયનો ભંડાર, દેવશાના પાડાનો જ્ઞાનભંડાર વગેરે ખાનગી જ્ઞાનભંડારોની પણ સારી એવી સંખ્યા અમદાવાદમાં છે. ગુજરાત વિદ્યા સભા હસ્તક ચાલતા શેઠ ભો. જે. વિદ્યાભવનમાં પણ લગભગ પંદર હજાર હસ્તપ્રતોનો સંગ્રહ છે. અમદાવાદના આ બધા હસ્તપ્રતોના સંગ્રહનો સરવાળો કરવામાં આવે તો એકલા અમદાવાદમાં જ સ્હેજે, હસ્તપ્રતોની સંખ્યા લગભગ સાઠ હજારની કે તેથી વિશેષ થાય. ઓછી નહીં.

અમદાવાદથી આગળ વધતાં હસ્તપ્રતોનું બીજું મોટું અને પ્રાચીન મથક એ ઉત્તર ગુજરાતનું પાટણ છે. પાટણમાં શ્રી હેમચંદ્રસૂરિની સ્મૃતિમાં શ્રી હેમચંદ્રના જ્ઞાનમંદિરના જ્ઞાનભંડારમાં લગભગ વીસ હજાર કરતાં વધારે હ તપ્રતો સંગ્રહિત છે. આ જ્ઞાનભંડાર ઉપરાંત પણ બીજા ખાનગી જ્ઞાનભંડારો પાટણમાં છે. અલબત્ત એ નાના છે. પરંતુ એના સંગ્રહ અમૂલ્ય છે. આપણે જાણીએ છીએ કે પાટણ એક સમયે સોલંકી યુગમાં ગુજરાતની રાજધાનીનું પદ ભોગવતું હતું.

હવે આપણે ગુજરાતના સૌરાષ્ટ્ર પ્રદેશમાં આગળ વધીએ તો ભાવનગરમાં શ્રી જૈન આત્માનંદ સભા વડે તથા શ્રી અભેચંદ ડોસાભાઇનો જ્ઞાનભંડાર એમ બે નાના જ્ઞાનભંડારો છે. આ ઉપરાંત અત્યારે નાના જણાતા સૌરાષ્ટ્રના લીંબડી જેવા શહેરોમાં પણ એકથી વધારે, નાના જ્ઞાનભંડારો છે. સૌરાષ્ટ્રના બધા જ્ઞાન–ભંડારોને એકત્ર કરવામાં આવે તો આ હસ્તપ્રતોનો સરવાળો પણ દશ હજારથી ઉપર જાય એમ છે.

સૌરાષ્ટ્રમાંથી આપણે ગુજરાતના કચ્છ પ્રદેશમાં આવીએ તો ત્યાં કોડાય તેમજ અન્ય જૈન ઉપાશ્રયોને આધીન જ્ઞાનભંડારો છે. આ જ્ઞાનભંડારોમાં પણ હસ્તપ્રતોનો સારો એવો સંગ્રહ છે. આમ એકંદરે સમસ્ત ગુજરાતમાં આવેલ પ્રાચ્ય વિદ્યામંદિરો તથા જ્ઞાનભંડારોમાં સંગ્રહીત હસ્તપ્રતોનો સરવાળો કરવા જઈએ તો આ આંકડો સ્હેજે દોઢલાખની સંખ્યાની આસપાસનો છે. દિવસે દિવસે આ હસ્તપ્રતો જીર્ણ થતી જાય છે અને નાના સંગ્રહો પણ ઘસાતા જાય છે. અલબત્ત ગુજરાત તથા સૌરાષ્ટ્રના મુખ્ય મુખ્ય જ્ઞાનભંડારોને વ્યવસ્થિત કરવામાં અને એને આધુનિક રીતે પણ જ્ઞાનભંડારનું સ્વરૂપ આપવામાં જે અથાગ પરિશ્રમ અઢાર વર્ષની નાની ઉંમરથી શરૂ કરીને આજે સીત્તેર વર્ષની ઉંમર સુધી મુનિશ્રી પુણ્યવિજયજી તથા એમના ગુરુશ્રી ચતુરવિજયજી તેમજ દાદા ગુરુશ્રી કાન્તિવિજયજીએ વેઠ્યો છે એ માટે કેવળ જૈન કોમ નહીં પરંતુ પ્રાચ્ય વિદ્યા સંશોધનમાં રસ ધરાવનાર વિશ્વના સમસ્ત વિદ્વાનો એમના ઋણી છે.

આ હસ્તપ્રતો સારી રીતે જળવાઈ રહે એ માટે કલકત્તામાં નેશનલ તરફથી એને વૈજ્ઞાનિક ઢબે સમારવાનું કામ પણ ચાલે છે. આ ઉપરાંત હસ્તપ્રતોનો વારંવાર ઉપયોગ થતા એ વધુને વધુ જીર્ણ થતી જાય અને છેવટે નષ્ટ પણ થઇ જાય. એમ નાશ થતો અટકાવવા આ વૈજ્ઞાનિક યુગમાં આ હસ્તપ્રતોનો ઉપયોગ માઇક્રો ફિલ્મ પદ્ધતિથી એની માઇક્રોફિલ્મ યના ફોટો સ્ટેટ દ્વારા વિદેશોમાં કરવામાં આવે છે. આપણે ત્યાં પણ આ વ્યવસ્થા છે જ. એટલે આવા અમૂલ્ય વિપુલ સંગ્રહોને યથાસ્થિત રાખવા માટે આ બધી હસ્તપ્રતોની નહિ તો એમાંની અમૂલ્ય હસ્તપ્રતોની યાદી બનાવી એનું માઇક્રો ફિલ્મ કરવું જોઇએ. આવી હસ્તપ્રતોની એક કેન્દ્રિય લાઇબ્રેરી ગુજરાતમાં ઉભી કરવી જોઇએ કે જેથી હસ્તપ્રતો પોતાનાં સ્થાનોમાં યથાસ્થિત રહેવા છતાં એને વધારે જીર્ણ કરવા કરતાં એનો વ્યવસ્થિત ઉપયોગ કરવાની યોગ્ય વ્યવસ્થા થાય આશા છે કે આ બાબતમાં પણ રાજ્ય સરકાર તથા રસ ધરાવતા ગુજરાતના ધનિકો પાછી પાની નહિ કરે.

---



# ગુજરાતી ભાષાનો વિકાસ

—પ્રો. દિનેશભાઈ જાની, એમ. એ.

" A Language is a system of arbitrary vocal symbols by which members of a social group co-operate and inter act."

—Prof startevant.

"ભાષા એ સ્વૈચ્છિક ધ્વનિ–સંકેતોની એક પદ્ધતિ છે. તેનાથી કોઇપણ સામાજિક સ્તરના સભ્યો અન્યોન્યનો સહકાર સાધે છે. અને સંપર્કમાં આવે છે."

પ્રો. સ્ટર્ટવાન.

ભાષા એ એક શાસ્ત્ર છે. એ કંઇ અર્થહીન શબ્દોનો શંભુમેળો નથી. યોગ્ય લયમાં સ્વરોનું આરોહ અવરોહ પ્રમાણે ઉચ્ચારણ કરવામાં આવે તો તેમાંથી ભાષા જન્મે છે. માનવસૃષ્ટિ ભાષાની બાબતમાં માનવેતર સૃષ્ટિ કરતાં કંઇક જુદી પડે છે. પશુ પક્ષીને પણ પોતાની ભાષા તો હોય જ છે પરંતુ તેમની કેટલીક મર્યાદાઓને લીધે તેનો વિકાસ થયો નથી. ભાષાભિવ્યક્તિ એ માનવ–સૃષ્ટિ અને માનવેતર સૃષ્ટિને અલગ પાડતું એક મહત્વનું લક્ષણ છે.

માનવીને પોતાના સંરક્ષણ માટે કુદરતે હાથ–પગ આપ્યા છે. સંરક્ષણ માટે તેણે તેના મુખનો ઉપયોગ કરવાનો હોતો નથી. પશુ કે પક્ષીને તેના પર થતા આક્રમણ સામે પગ ઉપરાંત મોં કે ચાંચનો ઉપયોગ કરવો પડે છે પરિણામે ભાષા વ્યક્ત કરવાનું અંગ ભાષા અને સંરક્ષણ બન્ને મોરચે પહોંચી ન વળવાથી તેનું ભાષાભિવ્યક્તિનું કાર્ય મંદ પડ્યું. તદુપરાંત માનવસૃષ્ટિમાં દીર્ઘકાળ સુધી મા–બાપોએ પોતાના સંતાનોની સારસંભાળ લેવાની હોય છે. દાંપત્યજીવન, કુટુંબભાવ વગેરેનો વિકાસ તેમનામાં વધારે થયો છે, જ્યારે માનવેતર સૃષ્ટિમાં બચ્ચાંની સંભાળ બહુ જ અલ્પ સમય સુધી લેવાની હોય છે. માનવસૃષ્ટિની માફક તેમનામાં દાંપત્યજીવન કે કુટુંબભાવનો વિકાસ થયો હોતો નથી. દીર્ઘકાળ સુધી સ્ત્રી, પુરુષ અને બાળક એક સાથે રહે છે. લાંબા સમય સુધી સાથે રહેવાનું હોવાથી ભાવોનું આદાન પ્રદાન થતું જ રહે છે અને એ રીતે ભાષાનો વિકાસ થયો હોય.

માનવ ભાષાનો પ્રથમ આવિર્ભાવ કઇ રીતે થયો હશે તેના વિષે પણ ભિન્ન ભિન્ન મતો પ્રવર્તે છે. વ્હીપ્ન અને પોલ જેવા ભાષાશાસ્ત્રીઓ અનુકરણ ધ્વનિનો સિદ્ધાંત આપે છે. પશુપક્ષીઓના અવાજને સાંભળી તે જ અવાજ કરી જે શબ્દ યોજાયો તેનો તે તે પશુપક્ષી અથવા તો તેમનું ગાન એવો થયો. અંગ્રેજીમાં આને Bow Wow Theory કહેવામાં આવે છે. અહીં માનવીની અનુકરણવૃત્તિને મહત્ત્વ આપવામાં આવ્યું છે. રેનન, મેકસમૂલર અને જેસ્પર્સન જેવા ભાષાશાસ્ત્રીઓએ આ સિદ્ધાંતનો ઠીક ઠીક વિરોધ કર્યો છે. તીવ્ર ભાવાવેગને લીધે ઘણીવખત આપણા મોંમાંથી આશ્ચર્યના કે દર્દના ઉદ્ગારો નીકળી પડે છે. દા. ત. ઓહ, ઓહો, અરેરે. આ સિદ્ધાંતને ઉદ્ગારમૂલક સિદ્ધાંત તરીકે ઓળખવામાં આવે છે. તિરસ્કારમ કેટલાક આને Pooh Pooh Thcory પણ કહે છે. ઘણી વખત બે ઘન વસ્તુઓ સામસામી અથડાવાથી અમુક પ્રકારનો રણકાર થાય છે અને તેનું અનુકરણ દીર્ઘકાલ સુધી ચાલે છે. આને Ding Dong Theory તરીકે ઓળખવામાં આવે છે. જો કે આ સિદ્ધાંતને કોઇ સ્વીકારતું નથી. નોયરે નામના ભાષા-શાસ્રીના મત મુજબ માનવી જ્યારે કોઈ શ્રમવાળું કામ કરે છે ત્યારે તેના ગળામાંથી અમુક પ્રકારનો અવાજ નીકળે છે. સરકસના તંબુના થાંભલા ઉભા કરતી વખતે કે મજુરો જે અવાજ કરે છે તે કે ચઢાણમાં વજન ભરેલી રેંકડી ચડાવતી વખતે મજુરો જે અવાજ કરે છે તેને માનવવાણીનું આદિ સ્વરૂપ માનવામાં આવે છે. આ સિદ્ધાંતને Ye Ye no Theory કહેવામાં આવે છે. આ ભાષાને ઉદ્ભવ વૈયક્તિક રીતે જીવાતા જીવનમાંથી નહીં પણ સમૂહમાં જીવાતા જીવનમાંથી થયો છે તેથી તેને સમૂહધ્વનિ સિદ્ધાંત પણ કહેવામાં આવે છે. આ સિદ્ધાંત ઘણા વિદ્વાનો સ્વીકારે છે.

ભાષાનો ઉદ્ગમ કઇ રીતે થયો તેનો વિચાર કર્યા પછી આપણે હવે ગુજરાતી ભાષાની ઉત્પત્તિ અને વિકાસ વિષે વિચાર કરીએ. હેમચંદ્રાચાર્યે જે અપભ્રંશ નોંધેલો છે તેમાંથી ગુજરાતી ભાષાની ઉત્પત્તિ અને વિકાસ ક્રમે ક્રમે થતાં ગયાં. ભાલણના ' નળાખ્યાન 'માં (પહેલું) " ગુર્જર ભાષાએ નલરાના ગુણ મનોહર ગાઉં " એ રીતે સૌપ્રથમ ' ગુર્જર ભાષા 'નો ઉલ્લેખ જોવા મળે છે. તેના દશમસ્કંધમાં પણ આવો જ ઉલ્લેખ જોવા મળે છે. પરંતુ આ નામ હજુ પ્રચલિત થયેલું નહીં. ગુજરાતી ભાષા મૂળ અપભ્રંશમાંથી વિકાસ પામેલી છે. ગુર્જરો ઉપરથી તેને ' ગુજરાતી ' એવું નામ આપવામાં આવ્યું છે. ઈ. સ.ની પ ચમી કે છઠ્ઠી સદીમાં ગુર્જર નામની એક જાતિ હિંદમાં ઉતરી આવેલી. ભિન્નમાલ ( હાલનું શ્રીમાળ ) તેમની રાજધાનીનું શહેર હતું. એ વખતે ભિન્નમાલ ગુર્જરોનું સમર્થ શહેર ગણાતું. ઇતિહાસકારોએ એક પ્રબળ રાજ્ય તરીકે તેની ગણના કરી છે. દસમી સદીમાં અસંખ્ય ગુર્જરોએ તેમની રાજધાનીનું શહેર ત્યજ્યું અને માળવાના પ્રદેશમાં વસવાટ કર્યો. ચાલુક્યરાજ મૂળરાજના સમયથી અત્યારનો ગુજરાત પ્રદેશ ' ગુજરાત ' નામથી પ્રચલિત બન્યો.

' ગુજરાત ' શબ્દની વ્યુત્પત્તિ ભિન્ન ભિન્ન રીતે દર્શાવવામાં આવી છે. તેને માટે गुर्जरराष्ट्र અને गुर्जरत्रा એ બે શબ્દોની પસંદગી થઈ શકે. પરંતુ गुर्जरराष्ट्र એ શબ્દ ઉપરથી ' ગૂજરાથ ' શબ્દ મળે છે. ' ગુજરાત ' શબ્દથી તે અલગ પડી જાય છે. गुर्जरत्रा શબ્દ આઠમીથી દશમી સદી સુધીમાં મળે છે. गुर्जरत्रा > गुज्जरत्ता > ગુજરાત એ વ્યુત્પત્તિ ઘણી સાહજિક લાગે છે. આ गुर्जरत्रा એ અત્યારનો ગુજરાતનો સીમાપ્રદેશ નહીં પરંતુ રજપૂતાનાનો પશ્ચિમ ભાગ અને અત્યારના ગુજરાતનો ઉત્તર ભાગ. કેટલાક લોકો 'ઠાકોર'

ઉપરથી 'ઠકરાત' વ્યુત્પન્ન થયું તેમ 'ગુર્જર' ઉપરથી 'ગુજરાત' વ્યુત્પન્ન કરે છે પરંતુ આ વ્યુત્પત્તિને ટેકો આપનાર કોઇ સાધન મળતું નથી.

અપભ્રંશમાંથી ગુજરાતી ભાષાનો વિકાસ કેવી રીતે થયો તેના વિષે કેશવ. હ. ધ્રુવ, નરસિંહરાવ તથા કે. કા. શાસ્ત્રીના ભિન્ન ભિન્ન મતો પ્રવર્તે છે.

નરસિંહરાવ આ વિકાસક્રમને છ વિભાગમાં વહેંચી નાખે છે. અપભ્રંશ. મધ્ય અપભ્રંશ, પ્રાચીન પશ્ચિમ રાજસ્થાની, જુની ગુજરાતી, મધ્યકાલીન ગુજરાતી અને અર્વાચીન ગુજરાતી. કે. હ. ધ્રુવ અપભ્રંશ યુગ, જૂની ગુજરાતી યુગ અને અર્વાચીન ગુજરાતી યુગ એમ માત્ર મોટા મોટા ત્રણ યુગ જ દર્શાવે છે. કે કા. શાસ્ત્રી આ. જ. પરિપાટી ઉપર ચાલીને તેના પેટા વિભાગો પાડે છે. આ મતમતાંતર માત્ર નામ આપવા પૂરતાં જ છે. યુગ વિભાગોને એક બીજા સાથે સરખાવી જોતાં બહુ ઝાઝો તફાવત જોવા મળતો નથી.

નરસિંહરાવના મત મુજબ અપભ્રંશ યુગ વિ. સં.ની ૧૧ મી સદી સુધીનો ગણી શકાય. અપભ્રંશ ભાષાના કેટલાક વિશિષ્ટ લક્ષણો નીચે પ્રમાણે ગણાવી શકાય.

જોડાક્ષરોમાં र્નો કવચિત્ લોપ થાય છે. જેમકે સંસ્કૃતમાં—

**यदि भग्नाः परकीयाः ततः सखि मम प्रिएण ।**
**अथ भग्नाः अस्मदीयाः ततः तेन मारितेन ॥**

તે શ્લોક અપભ્રંશમાં આ રીતે બોલાય છે.

**जइ भग्गा पारक्कडा तो सहि मज्झु पिएण ।**
**अह भग्गा अम्महं तणा तो तें मारिअडेण ॥**

અહીં મૂળ સંસ્કૃતમાં प्रियेण માં र् જોડાક્ષરમાં આવેલો છે તે અપભ્રંશમાં લોપાય છે. અને पिएण થાય છે. प्रियदर्शी અશોકને અપભ્રંશમાં पिअदशीं કહેવામાં આવે છે. અર્થાત્ અહીં પણ र् નો લોપ થયો છે. वर्षारात्रौनुं અપભ્રંશમાં वासारत्ति થાય છે. અહીં સંયુક્તાક્ષરમાંના र् નો લોપ થયો છે. કયારેક र् નો ઉમેરો પણ કરવામાં આવે છે. જેમ કે સંસ્કૃતમાં व्यास છે. તેનું અપભ્રંશમાં व्रासु થાય છે. શબ્દારંભમાં ન હોય તેવા સ્વર પછીના અસંયુક્ત એવા વર્ણોમાં क् નો ग्, ख् નો घ्, त् નો द्, थ् નો ध्, प् નો ब् અને फ् નો म् થાય છે. જેમ કે विक्षोभकरनुं અપભ્રંશમાં विच्छोहगरू થાય છે. અહીં विक्षोभकर શબ્દમાંનો क અનાદિ અને અસંયુક્ત છે તેથી તેનો અપભ્રંશમાં ग થયો છે; सुखेन નું અપભ્રંશમાં सुघे થાય છે અહીં પણ ઉપરના નિયમ પ્રમાણે ख નો घ થયો છે. આજ રીતે कथितं નું कधिदु માં थ નો ध અને तनैाद, सफलक નું सभलकमां फ નો भ, शपथ નું सबधुमां प નો ब થાય છે. અપભ્રંશમાં લિંગની અતંત્રતા રહેલી છે. અર્થાત્ નામોની જાતિમાં કોઇ ચોક્કસ નિયમ પ્રવર્તતો નથી. નરજાતિની જગ્યાએ નારી જાત, નારી જાતિની જગ્યાએ નરજાત એ પ્રમાણે અપભ્રંશમાં થયા કરે છે. જેમકે યાદ विलग्गी अन्त्रडी માં अन्त्रडी એ શબ્દ મૂળ સંસ્કૃત શબ્દ अन्त्रम् નાન્યતર જાતિનો છે. તે નારી જાતિમાં વાપરવામાં આવ્યો છે. शाखाः એ નારીજાતિનો શબ્દ અપભ્રંશમાં डालई નાન્યતર જાતિનો બને છે. म નો वँ વિકલ્પે થાય છે. દા. ત. भ्रमरः નું भवँरु તક્ષ અને शीघ्र નો આદેશ छोल्ल અને वहिल्ल અનુક્રમે થાય છે. शलयायते નું खुडुक्कइ અને गर्जति નું घुडुक्कइ થાય છે. ભવિષ્યકાળના स्य નો स થાય છે. દા. ત. भविष्यति નું होसइ. 'अस्मद्' નો जस् प्र. બ. વ. અને शस् द्वि. બ. વ. पूर्व 'अम्हे' અને अम्हइ એવો આદેશ થાય છે.

મધ્ય અપભ્રંશ યુગ એ વિ. સં.ની ૧૩મી સદી સુધીનો ગણવામાં આવે છે. હેમચંદ્રીય અપભ્રંશ અને મુગ્ધાવબોધ ઔક્તિતની ગુજરાતી ભાષાના ઉદ્‌ગમ વચ્ચેની સ્થિતિનો મધ્ય અપભ્રંશમાં સમાવેશ થાય છે. કવિ બિલ્હણ આ ભાષા વિષે આવો અભિપ્રાય આપે છે: तद् भाषन्ने किमपि भजते यद् जुगुप्सास्पदत्वम् । પ્રાચીન પશ્ચિમ રાજસ્થાનીનો યુગ વિ. સં. ની ૧૩મી સદીથી વિ. સં. ૧૫૫૦ સુધી ગણી શકાય. આ ભાષામાં ગુજરાતી અને મારવાડીના મૂળને વ્યક્ત કરતાં કેટલાંક તત્ત્વો જોવા મળે છે. ગુજરાતી અને મારવાડી બન્ને શૌરસેનીમાંથી ઉતરી આવી છે. એ તો સુવિદિત છે. અપભ્રંશમાંથી જૂ. પ. રા. માં આવતા સંયુક્ત વ્યંજનનું Simplification થાય છે અને પૂર્વ સ્વર લઘુ હોય તો ગુરુ થાય છે. જેમ કે अज्जनुं आज, वदलनुं वादल, चिडभडिनुं चीभड થાય છે. જો કે આમાં પણ કોઇ કોઈ અપવાદ હોય છે ખરો. अइ અને अउ સ્વરયુગ્મમો વિભક્તતા જાળવે છે. બન્ને સ્વારયુગ્માં ભિન્ન ભિન્ન શ્રુતિઓ સચવાઈ રહી છે. દા.ત. અપભ્રંશના अच्छइनुं જૂ. પ રા.માં अछई અને उण्हआलउनुं ऊन्हआलऊ થાય છે. જૂ. પ. રા.માંથીઆ શબ્દોનું અર્વાચીન ગુજરાતી 'છે' અને 'ઉનાળો' એમ થાય છે; અર્થાત્ अइ અને अउ એ બંને સ્વરયુગ્મોનું ए અને ओ થાય છે.

જૂની ગુજરાતીનો યુગ વિ. સં. ૧૫૫૦ થી ૧૬૫૦ સુધીનો ગણવામાં આવે છે. આ યુગની ભાષામાં ख ને બદલે ष વાપરવામાં આવે છે. દા.ત. अखोने બદલે अषो, सवालाखने બદલે सवालाष, राखडीने બદલે राषडी, पांखडीने બદલે पांषडी. આ યુગની ભાષા અપભ્રંશથી થોડી થોડી અલગ થવાની પ્રક્રિયામાં જ છે. અહીં હજુ અપભ્રંશને યાદ કરાવે તેવા पणमेपि, झिज्झइ, वररयणु, वरिस, पभणिसु જેવા શબ્દો જોવા મળે છે. उचरहु જેવા આજ્ઞાર્થ રુપો, વિજયસેનસુરિ રચિત 'खेंतगिरिरासु'નો નીચેનો નમૂનો એ યુગની ભાષાના વૈશિષ્ટ્યને સ્પષ્ટ કરે છે.

परमेसर तित्थेसरह पयपंकय पणमेवी ।
भणिसु रासु रेवंत गिरे अंबिक दिवि सुमरेवि ॥
गामागरपुरवणगहण सग्गिसरवरि सुपएसु ।
देवभूमि दिसि पच्छिमह मणहरू सोरटदेसु ॥
जिणु तहिं मंडल मंडलउ मरगयम उडमहतु ।
निम्मलसालसि हरभरे रेहर गिरि रेवंतु ॥

અહીં પરમેશ્વરને બદલે परमेसर અથાત્ श्‌ને બદલે स् વપરાય છે. આમ ધીમે ધીમે આ ભાષા અર્વાચીન ગુજરાતીનું સ્વરુપ પામતી આવે છે. વિ. સં. ૧૬૫૦ થી વિ. સં. ૧૭૫૦ સુધીના ગાળાને મધ્યકાલીન ગુજરાતી યુગ તરીકે ઓળખવામાં આવે છે પ્રેમાનંદ યુગથી આ ભાષા શરુ થઇ ગણાય. પ્રેમાનંદની ભાષા લગભગ અર્વાચીન ભાષામાં પ્રવેશી ગયેલી છે. જો કે થકી, થકો જેવા શબ્દ પ્રયોગો ધ્યાન ખેંચે છે. થવુંના અર્થમાં હવો શબ્દ, त्यरिना અર્થમાં त्यारि, ऋषिने બદલે ऋषिइं વગેરે આ યુગના વિશિષ્ટ લક્ષણો

છે. આ ભાષા ધીમેધીમે અર્વાચીન ગુજરાતી તરફ સરકતી જાય છે એ તો નિર્વિવાદ છે. ચૌદમા શતકની ભાષા તો એથી પણ વધારે નજીક આવતી જણાય છે. 'વસંત વિલાસ'ની નીચેની પંક્તિઓ જુઓ—

पदमिनि परिमल बहूकइं लहकइं मलयसमीर ।
मयणु जिहां परिपंथीय पंथीय घाइ अधीर ।।

મધ્યકાલીન ગુજરાતી પ્રેમાનંદથી શરૂ થાય છે. પ્રેમાનંદની ભાષા તો અર્વાચીનતાને આરે ઊભેલી છે જ. ક્યાંક ક્યાંક તેના વિશિષ્ટ શબ્દપ્રયોગો અને લઢણ તે પ્રેમાનંદયુગની ભાષા છે તે બતાવી આપે છે. આ યુગની ભાષામાં સંયુક્તાક્ષરો બને તેટલા ઓછા વાપરવાનો પ્રયત્ન થયો છે. સમગ્ર મધ્યકાલીન યુગમાં પદ્યનો જે વિકાસ થયો છે તે ગદ્ય તરફથી થોડી ઉપેક્ષા અથવા તેનો નિકષ થયો છે.

આમ ધીરે ધીરે અર્વાચીન ભાષાનું સ્વરૂપ પગ માંડતું જાય છે.

અખે કીધો ડખો ગોપાલે કીધી ઘેંશ,
નરહરિએ કીધી રાબડી, બુટો કહે શિરાવા બેશ.

એ લોક પ્રચલિત દોહો અથવા ધનદાસની 'અર્જુન ગીતા' ની નીચેની કડી—

સંસારમાં સરસો રહે અને મન મારી પાસ,
સંસારમાં લોપાઇ નહીં તેને જાણુ મારો દાસ.

અથવા દયારામની કેટલીક ગરબીઓમાંની ભાષા—

'કામણ દીસે છે અલબેલા તારી આંખમાં રે'
'વંકું મા જોશો વરણાગિયા, જોતાં કાળજડામાં કાંઇ થાય કે.'
'ઊભા રહો તો કહું વાતડી, બિહારીલાલ.'
'વ્રજ વહાલું રે, વૈકુંઠ નહિ આવું, મને ગમે ન ચતુર્ભુજ થાવું,
ત્યાં નંદકુંવર ક્યથી લાવું ?'
'સામું જો નંદના છોગાળા, મારું ચિત્ત ચોરણવાળા'
'ચાંદલિયા રે ચાલીશ મા અતિ ઉતાવળો રે.'

આ રીતે આ યુગની ભાષા અર્વાચીન જ લાગે છે છતાં અર્વાચીન યુગનો અરુણ તો નર્મદ જ. ઈ. સ. ૧૮૫૦ થી નર્મદ યુગ અને તેની સાથોસાથ અર્વાચીન ગુજરાતી ભાષાનો સ્તબક શરૂ થયો ગણાય. અત્યાર સુધીની ગુજરાતી ભાષા ઉપર અંગ્રેજી ભાષાની અસર દેખાતી ન હતી પરંતુ ઈ. સ. ૧૮૫૭ માં યુનિવર્સિટીની સ્થાપના થઇ. અનેક ભાવનાશાળી યુવકો યુનિવર્સિટીના ગ્રેજ્યુએટો થયા અને ગુજરાતી ભાષામાં આંગ્લ ભાષામાં જેવો પ્રભાવ કેમ ન આવે તે વિચારવા લાગ્યા. કેટલાક અતિ ઉત્સાહી યુવકો આંગ્લ ભાષામાં જ વિચારવા લાગ્યા. પરિણામે જૂના શબ્દ પ્રયોગો ઘસાઈ ઘસાઇને ક્ષીણ થયા અને અંગ્રેજીના પાસવાળી ભાષા વપરાવા લાગી. નવા શબ્દો આયાત થયા, વાક્યો સાદાને બદલે સંકુલ અને લાંબા બન્યા અને શબ્દ રચનામાં ઘણા ફેરફારો થયા. પ્રેમાનંદ, અખો અને દયારામની ભાષા જુઓ અને તેની સાથે નર્મદની ભાષા સરખાવી જુઓ અને તુરત જ બન્ને વચ્ચેનો તફાવત ખ્યાલમાં આવી જશે.

હિંમતે ન હરીભાઈ ઝટ નાતરા કરો,

કે

ડગલું ભર્યું કે ના હઠવું, વેણ કાઢ્યું કે ના લટવું

અથવા

સામે પારથી આવતા તરી કરી ઘેનું ઊંચી ડોકથી.

કે

જટાની શોભ થી અતિશ શરમાઈ શિવ ઉઠ્યા,
જટાને સંકેલી વટ તજી ગિરિએ જઈ વસ્યા.

આ અને આવા અનેક ઉદાહરણો ભાષા વિકાસની ભેદરેખા દોરી આપે છે. ગુજરાતી ભાષાના વિકાસના ત્રણ સ્તબકો ગણાવી શકાય. પ્રાક્ નરસિંહયુગની ભાષા અર્થાત્ નરસિંહ પહેલાના યુગની ભાષા, મધ્યકાલીન ગુજરાતી ભાષા અર્થાત્ નરસિંહથી માંડીને દયારામ સુધીની ભાષા અને તેમાં પ્રેમાનંદના તથા દયારામના સમયથી આ ભાષા બરાબર ઘડાઇને અર્વાચીનતા તરફ પહોંચી ગઇ છે અને છેલ્લે અર્વાચીન ગુજરાતી ભાષા કે જે આપણા ગદ્યપદ્યના આદ્યપ્રણેતા એવા કવિ નર્મદથી રજુ થઇ ગણાય.



# ગુજરાતી પ્રજા: સ્વભાવ લાક્ષણિકતાઓ

—ડૉ. દિલાવરસિંહ જાડેજા (એમ. એ, પી એચ. ડી.)

કાશ્મીરથી કન્યાકુમારી સુધીના ભારતમાં સાંસ્કૃતિક ઐક્ય વ્યાપી રહ્યું છે. આદ્ય શંકરાચાર્યે ભારતની ચારેય દિશામાં ચાર મહાન તીર્થધામો સ્થાપી આ વિશાળ ભારતખંડને ધર્મને એક તાંતણે બાંધ્યો છે. પશ્ચિમે દ્વારિકા, પૂર્વે જગન્નાથપુરી, ઉત્તરે બદ્રી-કેદાર અને દક્ષિણે રામેશ્વર — આ ચાર તીર્થધામો ભિન્ન ભિન્ન પ્રાંતના ભિન્નભિન્ન રહેણી કરણી ધરાવતા કરોડો લોકોના ધાર્મિક જીવનને એક સૂત્રે ગૂંથે છે. ગુજરાતના કોઈ નાના ગામડામાં રહેલો માનવી પણ સ્નાન કરતી વેળાએ 'ગંગેયમુને ચ નર્મદે' કહી, ભારતની આ ત્રણ મહાન સરિતાઓનું સ્મરણ કરી, પોતાના હૃદયનું અનુસંધાન આ વિશાળ ભારત જોડે કરશે. કવિવર રવીન્દ્રનાથ કહે છે એમ, ભારત એક બહુતંત્રી વીણા છે. વીણામાં ઝીણા–જાડા, તીવ્ર–સુકોમળ, એમ ઘણા તાર હોય છે. તેમ થી એક વગર ચાલે નહિ. અનેક સાધનાઓના સમન્વયથી એક પરિપૂર્ણ સંગીત પ્રગટાવવું એજ આપણા ભારતીય મહાપુરુષોની સાધના રહી છે. શ્રી ઉમાશંકરે પણ સૂચવ્યું છે એમ, ભારત અલગ અલગ વૃક્ષોનું ઝુંડ નથી, પણ એમાં વડ કયું અને વડવાઈ કઈ એ શોધવું મુશ્કેલ પડે એ રીતે અડાબીડ જામેલો ઘેઘૂર વડ છે.

ભારતીય સંસ્કૃતિમાં સમન્વયની અજબ શક્તિ રહેલી છે. ભારતીય પ્રજા સામાન્યતઃ સહિષ્ણુ તથા ઉદાર દૃષ્ટિબિંદુવાળી છે. હિંદુધર્મ સર્વધર્મસમભાવી છે; એટલે ધર્મનો કોઈ સંકુચિત પંથ કે વાડો ન બની રહેતાં એ એક જીવનરીતિ બની ગયો છે. પ્રાચીન તેમજ મધ્યકાળમ પરદેશીઓનાં અનેક ધાડાં ભારત પર ઊતરી આવ્યાં છે. પરંતુ લીંબુનો રસ પાણીમાં સમરસ થઈ જાય એમ એ સૌ ભારતીય જીવનમાં એકરસ થઈ ગયાં છે. ખરી વાત તો એ છે કે અહીંની સંસ્કૃતિનો 'તાણો' નંખાયેલો જ છે. બહારની પ્રજાનો 'વાણો' માત્ર એમાં ગૂંથાય છે અને આખરે ભારતની સામાજિક સંસ્કૃતિનું સુઘટ્ટ તાણાવાણાનું પોત ઊપસી આવે છે.

અહીં પ્રશ્ન થાય કે ભારતીય સંસ્કૃતિના સમગ્ર ચિત્રમાં ગુજરાત, શ્રી મુનશીએ ૧૯૨૩માં કહ્યું હતું એમ, એક 'સાંસ્કૃતિક વ્યક્તિ' છે કે કેમ? ગુજરાત એક સ્વતંત્ર સંસ્કૃતિક વ્યક્તિ છે અને નથી તે નીચેના મુદ્દા ઉપરથી સ્પષ્ટ થશે. ગુજરાતી પ્રજાની અહિંસક વૃત્તિ, સ્વભાવની ઉદારતા તથા મુલાયમતા, સહિષ્ણુતા, વેપારી સાહસિકતા, વૈશ્યવૃત્તિ, એક પ્રકારની ખામોશી અને શાણપણ, ઝઘડાઓનો મધ્યમ માર્ગ કાઢવાની કુનેહ, સ્વભાવની અનુનેયતા (Flexibility) લવચિકતા તથા નમનીયતા (Elasticity)–આ બધાં લક્ષણોને લીધે અન્ય પ્રાંતોથી ગુજરાત જરા જુદું પડે છે. બાકી ભારતીય સંસ્કૃતિ તો એક વાયુમંડળ છે, એક ભાવના છે. એ વાયુમંડળ ભારતમાં સર્વત્ર વ્યાપ્ત છે અને એ અન્વયે ગુજરાતના જીવનમાં પણ તે વ્યાપી ગયેલું છે. અન્ય પ્રાંતોની જેમ ગુજરાતની શિરાઓમાં પણ ભારતના મર્મસ્થાનેથી આવતું રુધિર જ વહી રહ્યુ છે. આ દૃષ્ટિએ ગુજરાતનું ભિન્ન કે સ્વતંત્ર સાંસ્કૃતિક વ્યક્તિત્વ હોઈ શકે નહિ.

આ લેખનો મુખ્ય વિષય ગુજરાતી પ્રજાનાં થોડાં વિશિષ્ટ સ્વભાવ–લક્ષણો દર્શાવવાનો છે. હવે આપણે એ તરફ વળીએ. મનુષ્યનો સ્વભાવ અગાઉથી ખાત્રીપૂર્વક વિધાન કરી શકાય એવો (પ્રેડિકટેબલ) નથી, કયારેક બાહ્ય સંજોગો પર પણ એનો આધાર રહે છે. અમુક વિશિષ્ટ સંજોગોથી અમુક વિશેષ ભાવ પેદા થાય છે. એજ રીતે સમગ્ર પ્રજાનાં સ્વભાવ–લક્ષણને ચોકસાઈપૂર્વક વર્ણવી બતાવવાનું કાર્ય કઠિન છે. ઉદ્યમ (Energy) આજની અંગ્રેજ પ્રજાનું એક લક્ષણ મનાય છે. પણ ૧૬મી સદીમાં આળસુપણું અંગ્રેજપ્રજાનું લક્ષણ ગણાતું હતું. અંગ્રેજ અને ફ્રેંચ પ્રજાની જેમ જર્મન પ્રજા કદી ઔદ્યોગિક વિકાસ હાંસલ કરી શકશે નહિ, એમ મનાતું હતું. જર્મન પ્રજાએ સિદ્ધ કરેલો ઔદ્યોગિક વિકાસ જોતાં આજે એ માન્યતા ખોટી પડેલી જણાય છે. ગુજરાતના શિક્ષિતવર્ગના યુવક-યુવતી સામાન્યપણે સુંવાળા મનાય, પણ પર્વતારોહણની પ્રવૃત્તિમાં એમણે હમણાં હમણાં જે પરાક્રમ દાખવ્યું છે તેને કારણે પ્રસ્તુત મત બદલવો પડે એવી પરિસ્થિતિ ઊભી થઈ છે. કોઈ વિશિષ્ટ દેશની પ્રજાનાં સામાન્ય લક્ષણો વિશે બાંધવામાં આવતી ધારણાઓ લોકમત (Public opinion)નો અને વિશેષ કરીને અન્ય દેશો કે પ્રદેશો પેલી ચોક્કસ પ્રજા વિશે કેવો લોકમત ધરાવે છે એનો પડઘો પાડતી હોય છે. એ પડઘામાં તથ્યાંશ સર્વત્ર નયે હોય. માટે જ મોરીસ ગિન્બર્ગ નોંધે છે: Estimates of the potentialities of a People on the basis of its supposed innate character are particularly Precaprious. (કોઈ પ્રજાની સંભાવ્યતાઓ વિશે એની અનુમાનિત સહજ લાક્ષણિકતાઓને આધારે બાંધેલી ધારણાઓ ઘણી અનિશ્ચિત કહેવાય.)[1] છતાં પણ પ્રજાજીવનનો ઈતિહાસ, પ્રજાજીવનની વર્તમાન સ્થિતિ, પ્રજાનું રાજકીય, સામાજિક, આર્થિક જીવન તથા દેશની ભૌગોલિક કે ભૂસ્તરવિષયક પરિસ્થિતિ વગેરેનો અભ્યાસ કરીને પ્રજાનાં સમ–અવસ્થા દરમિયાનનાં સામાન્ય સ્વભાવ–લક્ષણોનો નિર્દેશ કરી શકાય ખરો.

પ્રજાના ઘડતરમાં ઐતિહાસિક ઘટનાઓ અને પરંપરાઓ કામ કરતી હોય છે. ગુજરાતમાં પ્રાચીનકાળમાં અનાર્યો વસતા હતા. એ લોકોમાં વાણિજ્યવૃત્તિ તથા સમુદ્રયાનની વૃત્તિઓ પ્રબળ હતી. એ લક્ષણ હાલની ગુજરાતની પ્રજામાં દેખાય છે. તે ગુજરાતના મૂળ વતનીઓમાંથી–અસુર–નાગ–પણિઓમાંથી કદાચ ઊતરી આવ્યું હશે.[2] ભારતમાં ઘણા જૂના સમયથી વિવિધ જાતિઓનાં ભ્રમણ

થતાં રહ્યાં છે. આમાંની ઘણી જાતિઓ અહીં ઠરીઠામ થઇ છે. ગુજરાતી પ્રજા વિવિધ જાતિઓના સંપર્કમાં આવતી રહી છે. અનેક જણના સંબંધમાં આવતો માણસ અનુભવોથી ઘડાઇને વધારે નમ્ર બને છે, વ્યવહારદક્ષ બને છે, ઉગ્ર થઇ કામ બગાડતો નથી.' ૩ ગુજરાતી પ્રજાની આ અનુભવસમૃદ્ધિ એના વ્યવહારમાં દેખાય છે.

મતાંતરક્ષમા ભારતીય સંસ્કૃતિનું એક લક્ષણ છે. એ મતાંતર સહિષ્ણુતાનું ઊંચું ધોરણ ગુજરાતમાં જળવાયું છે. વૈદિક ધર્મ, બૌદ્ધ ધર્મ, જૈન ધર્મ તથા વલ્લભાચાર્યનો ધર્મ અહીં વિકસી શકયો છે, શૈવ-વૈષ્ણવ મત સાથે જૈન ધર્મે વ્યવહારુ ડહાપણથી સમાધાન વૃત્તિ દાખવી છે. અલબત્ત જૈનો-બ્રહ્મણો વચ્ચે વાગ્યુદ્ધો થયાં છે. પરંતુ દક્ષિણમાં શૈવ રાજાઓએ (પરધર્મી મુસ્લિમો હિન્દુઓને કનડગત કરતા હતાં એમ) વૈષ્ણવોની કનડગત પણ કરી છે.૪ હિંદુ મંદિરો અને મૂર્તિઓનાં ખંડનો હિન્દુ રાજાઓએ જ શૈવ કે વૈષ્ણવ હોવાને કારણે કર્યાં છે. આવાં ઉદાહરણો ગુજરાતમાં નોંધાયા નથી. ગુજરાતમાં તો ખંભાતની મસ્જિદને અગ્નિપૂજકોએ બાળી મૂકી હતી તેનો સિદ્ધરાજે જાતતપાસ કરીને ન્યાય કર્યો હતો એવો દાખલો નોંધાયો છે. સિદ્ધરાજ, કુમારપાળ જેવા રાજ્યકર્તાઓએ મતાંતરક્ષમાના ગુણને ગુજરાતી પ્રજામાં વિકસિત કરવામાં ફાળો આપ્યો છે.

મહમૂદ ગઝનીએ ગુજરાતના ધાર્મિક પાટનગરની અવમાનના કરી હતી. સોમનાથનું એણે ખંડન કર્યું હતું. આ સમયે થયેલી જાનમાલની ખુવારી તો જુદી, પરંતુ ગુજરાતીઓ એ દુઃખ વહેલા ભૂલી ગયા. કારણ શું? પ્રાચીનકાળથી ગુજરાતી મુખ્યત્વે એક વેપારી પ્રજા રહી છે. વેપારીનું મોટામા મોટું દુઃખ મંદી અને મોટામા મોટું સુખ તેજી છે. આ સિવાયના સુખ-દુઃખો ગૌણ ગણાય. ગુજરાતમાં ભીમદેવે સત્તા જમાવ્યા પછી સતત સમૃદ્ધિનો કાળ આવ્યો અને મહમૂદની ચડાઇનું દુઃખ લોકો ભૂલી ગયા.૫ મહમૂદની ચડાઇ જેવો બનાવ ઇતિહાસમાં બન્યો જ ન હોય તેમ ગુજરાતનો ઇતિહાસ ચીલે ચાલવા માંડ્યો.૬ આ વિગત ગુજરાતના માનસની સ્થિતિ સ્થાપકતા દર્શાવે છે. ઇસ્લામના આક્રમણની ભારે ભીંસ ગુજરાતની પ્રજા જીરવી શકી તે આ લક્ષણને કારણે.

મુસ્લિમોના આક્રમણને કાળે એ આક્રમણ ખાળવા હિંદુ સમાજે કાચબાની જેમ પોતાનાં અંગો સંકોડી લીધાં હતાં. સ્વરક્ષણ તેમ જ સંસ્કારરક્ષણ માટે સમાજ નાના નાના ટુકડાઓમાં વહેંચાઇ ગયો હતો. જ્ઞાતિ ઉપર મહાજનોની પકડ મજબૂત બની હતી. સમાજ ઉપર જ્ઞાતિપ્રથાની પકડ મજબૂત બની હતી. જ્ઞાતિવાદનાં દૂષણો પણ દેખાવા લાગ્યાં હતાં. નાતના નાના નાના એકડાઓમાં વહેંચાઇ ગયેલા ગુજરાતે જ્ઞાતિવાદનાં પરિણામો ભોગવ્યાં છે. અને આજે પણ બિનસાંપ્રદાયિક લોકશાહી રાજયમાં જ્ઞાતિવાદનાં હાનિકારક ચિન્હો નામશેષ થયાં નથી.

ગુજરાતની પ્રજામાં જૈનોએ સમાધાનવૃતિ કેળવી છે. આ ઉપરાંત જૈનોએ વિદ્યાની ભારે ઉપાસના કરી છે. સરસ્વતીની આરાધનાની ઉજ્જવળ પરંપરાઓ એમણે ગુજરાતમાં સ્થાપી છે. પરંતુ જૈનોનું સૌથી મોટું અર્પણ ગુજરાતમાં અહિંસકવૃત્તિને અનશ્વર કરવામાં રહ્યું છે. ૭ અશોક-કુમારપાળની આજ્ઞાઓ આ પ્રદેશને પચી ગઇ છે. શાકાહાર અહીં સુલભ છે, એટલે પ્રજા વિશેષે અહિંસક છે. વિનોબાજીએ કહ્યું છે એમ, ગાંધીજી આ પ્રદેશમાં માત્ર અકસ્માતે નથી જન્મ્યા. આ પ્રદેશના ઘડતરમાં ગાંધીજી જેવા અનેક મહાપુરૂષોનો ફાળો રહ્યો છે. રમણલાલ વ. દેસાઇ ગુજરાતની સૌમ્ય શીળી માનવતા, ઉદાર સંસ્કૃતિ, સમન્વયની તત્પરતા, ગુજરાતની ઝીણાવટ અને કૌશલ્ય, ગુજરાતની દયા અને જગબંધુત્વની ટેવ, એ સર્વના નિચોડમાં તપસ્વી ગાંધીનો આગ્રહ જુએ છે.૮

નિરર્થક કલેશ કરવો નહિ અને તકરારનો તોડ લાવવો એવું ગુજરાતીઓનું સમાધાનપ્રિય સ્વભાવલક્ષણ પ્રજાના અહિંસક તથા દ્રવ્યલક્ષી માનસમાંથી જન્મ્યું હશે. વિનયશીલ ચારિત્ર્ય, સર્વવ્યાપી ઉદારભાવ, નમ્ર ધર્મશીલતા અને બધા સાથે મેળથી રહેવાનો ગુણ ગુજરાતીઓમાં જણાય છે.૯ આમ, જૈન ધર્મની વ્યવહારુ સમાધાનવૃત્તિનું લક્ષણ ગુજરાતી પ્રજાની કોમળ આચારનીતિમાં ઉતર્યું છે ગુજરાતમાં પશુહિંસાત્મક મોટા યજ્ઞોનો કાળે કોઇ પ્રચાર હોય એમ જણાતું નથી. ગુજરાતમાં રાજયવહીવટકર્તા ગુપ્તરાજાના એક પ્રતિનિધિએ યજ્ઞમાં ઘીનો હોમ કરીને સંતોષ માન્યો હતો એમ નોંધાયું છે. ૧૦ ગુજરાતના ધર્મજીવનમાં કરાલ હિંસક અંશો ઓછા, જયારે સૌમ્ય કોમલ અંશો સવિશેષ છે.

પરંતુ જીવનવ્યવહારમાં અહિંસા જયારે એના માત્ર સ્થૂળતમ સ્વરૂપમાં રહી ત્યારે ગુજરાતમાંથી શૌર્યભાવના ઘટી ગઈ. બ. ક. ઠાકોરે ગુજરાતી પ્રજાના એક મુખ્ય બળ તરીકે 'જંઘાબળ' એટલું જ ગણાવ્યું હશે! ગુજરાતની અસ્મિતાના પહેલા ગાયક નર્મદે પૂછયું છેઃ અરે શું મારા ગુજરાતીઓ, પ્રથમ થકી છે મોળા?' પછી એ ઉમેરેછેઃ 'ગુજરાતી બાયલા છે, ગાંડી ગુજરાત આગુસે લાત, પીછુસે બાત એવું છે, પણ જયારે જગતમાં શૂરવીર તે કાળે કરીને ત્રંદલ બન્યા છે ને ગુલામ કાળે કરીને મોટા શૂરવીર કેમ ન થાય? ૧૧ 'ઊઠો રે ગુજરાતપુત્ર સજો જુદ્ધ કાજે' એમ કહીને એમ ગુજરાતીઓમાં, એ રીતે કોઇપણ પ્રજામાં, શૌર્યનો આવિષ્કાર સંભાવ્ય છે એમ એ સમજાવે છે. ગાંધીજીના નેતૃત્વ નીચે આત્મબલિદાનના પાઠો ગુજરાત ભણ્યું છે. એ ખરું પણ ગુજરાત 'નિજ સંતતિને પ્રેમશૌર્યની રીત' ભણાવશે એવું કવિદષ્ટિનું સ્વપ્ન હજુ પૂર્ણરીતે સાકાર કરવાનું બાકી છે એ પણ એટલું જ સાચું છે. ગુજરાતી પ્રજા વધારે પડતી સુંવાળી અને સુખપ્રિય બની ગઇ લાગે છે, થોડું'. લડાયકપણું, કઠોરપણું અને પુરૂષપણું કેળવવાની એને જરૂર છે.

---

૧. Morris Ginsberg; Essays in Sociology and Sociae Philosophy, vol I

૨. રત્નમણિરાવ જોટે; ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ ભા. ૧.

૩, ૪. રત્નમણિરાવ જોટે; ગુજરાતનો સાંસ્કૃતિક ઇતિહાસ ભાગ-૧

૫. જોટે; સોમનાથ.

૬. દુર્ગાશંકર શાસ્ત્રી; ગુજરાતનો મધ્યકાલીન રાજપૂત ઇતિહાસ-૧

૭. દુર્ગાશંકર શાસ્ત્રી; ભારતીય સંસ્કારો અને ગુજરાતમાં અવતરણ.

૮. ર. વ. દેસાઇ; ગુજરાતનું ઘડતર.

૯. કેશવલાલ કામદાર; સ્વાધ્યાય-૧

૧૦ ભારતીય સંસ્કાર અને તેનું ગુજરાતમાં અવતરણ.

૧૧ નર્મ કવિતા.

તેલંગણના એક કવિ વેંકટદારીએ ૧૭મી સદીના ગુજરાત માટે એક નોંધ કરી છે અલબત્ત એ નોંધમાં કવિસહજ અતિશયોક્તિ અને કલ્પનાશીલતા છે, પણ એક અન્ય પ્રાંતના કવિજન ઉપર ગુર્જર પ્રદેશ ને પ્રજાની છાપ કેવી પડી હતી તે જાણવા માટે એ વાંચવી રસપ્રદ જણાશે: આ ગુર્જર દેશ જો, ને આંખને ઠાર. સર્વસંપત્તિથી ભરપૂર આ સ્વર્ગલોક. કર્પૂર અને મીઠી સોપારીથી મઘમઘતા પાનથી એના યુવાનોના મુખ શોભે છે....ચંદનથી તેમનાં શરીર મઘમઘે છે. અને રતિ સમી યુવતીઓ સાથે તે મહાલે છે. અહીંની સ્ત્રીઓનું સૌંદર્ય પણ અનુપમ છે. તપ્ત સુવર્ણનો એમનો રંગ છે. લાલ ને મૃદુ એમના હોઠ છે. એમની વાણી અમૃતસમી મીઠી છે. આંખોમાં છે નીલકમલનાં તેજ. ગુર્જર યુવતીઓના મોહિનીથી યુવાનો મુગ્ધ બને એમાં શી નવાઈ? [૧૨] જીવનનો આનંદ માણવાની ગુર્જર પ્રજાની એક લાક્ષણિકતા અહીં પ્રગટી છે. આજના ગુજરાતના જીવન વિશે લાગશે કે એ સોગિયું પણ નથી અને નિર્બંધ ઉલ્લાસથી છલકતું પણ નથી.

પ્રજા અને પ્રદેશનો સંબંધ દેહ અને આત્મા સરખો બતાવવામાં આવ્યો છે. એ રીતે વિચારતં, ગુજરાતના દરિયાકાંઠાની ગુજરાતી પ્રજાના સ્વભાવ ઉપર થયેલી અસર તરત લક્ષમાં આવશે. ગુજરાતને લગભગ ૯૦૦ માઈલનો દરિયાકાંઠો છે. ગુજરાતી પ્રજાના સ્વભાવ ઘડતરમ દરિયાલાલે વિશિષ્ટ ફાળો આપ્યો છે. એક બાજુ દરિયા દ્વારા દેશદેશાન્તરો સાથે સંબંધો બાંધવાની સાનુકૂળતા ગુજરાતને મળી છે, બીજી બાજુથી દરિયાકાંઠાએ ગુજરાતી પ્રજાને સ્વભાવની મોકળાશ બક્ષી છે. દરિયા માર્ગે આવીને અન્ય પ્રજાઓ આ પ્રદેશમાં વસી છે અને સ્થાયી થઇ છે. 'ભારતેર મહામાનવેર સાગરતીરે' જુદી જુદી પ્રજાસરિતાઓ આવીને સમાઈ ગઇ છે. એજ રીતે ગુજરાતમાં જુદી જુદી જાતિઓની સરિતાઓ એકરૂપ થઇ ગઇ છે. ગુજરાતી પ્રજાએ સામાન્યતઃ પોતાની આસપાસ દિવાલો ઊભી કરી નથી. એ દરિયાની અસર હશે. ગુજરાતની વ્યાપારી સાહસિકતાના વિકાસમાં દરિયાએ મોટો ફાળો આપ્યો છે. દ્વારકા, વેલાકૂલા ( વેરાવળ ), પોરબંદર, માંગરોળ, લંકાની લાડીને ઘોઘાનો વર'માં ઉલ્લેખાયેલું ઘોઘા, દીવ. ખંભાત, ભરૂચ, સુરત, માંડવી વગેરે ગુજરાતનાં પ્રસિદ્ધ બંદરો જુદા જુદા સમયે વ્યાપારપ્રવૃત્તિથી ગાજતાં હતાં.

ગુજરાતનો સ્વભાવ દ્રવ્યલક્ષી માનવામાં આવ્યો છે. દ્રવ્ય પ્રાપ્તિ માટે ગુજરાતીઓ ઘણા લાંબા સમયથી સાગર ખેડતા આવ્યા છે. 'નાભિનંદન જિનોદ્ધાર પ્રબંધ' ( કક્કસૂરિ, ૧૪મી સદી )માં નોંધાયું છે કે: 'આ દેશના રહેવાસીઓ સમુદ્રના ઘણા કિનારાઓ ઉપર રહી થોડો વ્યવસાય કરે છે તો પણ અઢળક ધન મેળવે છે. व्यवसाये कृतेऽल्पेऽपि निःसीम श्रियमश्नते ।' બીજી બાજુ ગુજરાતના દ્રવ્યથી આકર્ષાઇને પરદેશીઓ દરિયામાર્ગે ગુજરાતને કાંઠે આવ્યા છે. અને એમણે ગુજરાતને પરાધીન કર્યું છે. 'જે પોતનું તે મારતું' એવો કુદરતી ક્રમ જાણે કે ગુજરાતી પ્રજાના દરિયાઇ જીવનના ઇતિહાસમાં વ્યક્ત થયો છે. દાખલા તરીકે, ભારતના અને ગુજરાતના સાંસ્કૃતિક અવનતિકાળમાં પ્રજાને સ્વભાવની ઉદારતા તથા સહિષ્ણુતા બક્ષવાને બદલે દરિયો પ્રજાની આસપાસ દિવાલરૂપ થઇ ગયો હતો. જે ગુજરાતી પ્રજાએ સમુદ્રના નિઃસીમ પટ પર એક કાળે મુક્ત વિહાર કર્યો હતો, એ જ પ્રજા સંજોગો પલટાતાં સમુદ્રગમનને નિષિદ્ધ તથા ધર્મ-વિરુદ્ધ માનવા લાગી. શ્રી મહીપતરામ નીલકંઠ જેવા સમાજસુધારકને સમુદ્ર ઉલ્લંઘીને પરદેશગમન કરવા માટે શાં શાં દુઃખો વેઠવાં પડ્યાં હતાં તે જાણીતી હકીકત છે. આને કુસંસ્કારનો પ્રભાવ ગણી શકાય.

ગુજરાતે વારંવાર જે પરાધીનતા ભોગવી છે એમાં ગુજરાતીઓની પરાક્રમશીલતા અને શૌર્યની ઊણપ કારણભૂત જણાય છે. માનવશૌર્યના વિવિધ આવિષ્કારો હોઈ શકે છે અને ગુજરાતનું વેપારી સાહસ એ પણ શૌર્યનો એક આવિષ્કાર જ છે, એ સાચું છે. પરતું વેપારી સાહસની જોડે લશ્કરી શિસ્ત અને શૌર્યનો જેટલો વિકાસ થવો જોઇએ તેટલો ગુજરાતમાં નથી થયો. હિન્દની પ્રજા વિષે ઇ. સ. ૬૮૫ પછી નોંધાયેલો ઉમ્મય ખલીફ અબ્દુલ મલિકના સમયનો અભિપ્રાય જાણવા જેવો છે: હિન્દના સમુદ્રોમાં મોતી, પર્વતોમાં માણેક, વૃક્ષોમાં સુવાસિત અગર અને તેનાં પર્ણોમાં પરાગ છે. પરંતુ ત્યાંની પ્રજા બિચારાં કબૂતરોનાં ટોળાં જેવી છે.' [૧૩] આ વાત ગુજરાત માટે કદાચ સવિશેષ સાચી છે. ગુજરાતમાં દરિયાઈ સાહસ છે ખરૂં, પણ વેપાર અંગેનું, દરિયાઇ લશ્કરી વ્યૂહરચના અંગેનું નહિ. એટલે જ 'કબૂતરોનાં ટોળાં' જેવી ગુજરાતી પ્રજાના દરિયાકાંઠા ઉપર આરબો, ચાંચિયાઓ વગેરે લૂંટ ચલાવતા હતા. અને મુસલમાનોના સમયમાં પણ દરિયાકાંઠા ઉપર પોર્ચુગિઝોનો અધિકાર હતો. અહીં અપ્રસ્તુત નથી એટલે બીજી વાત પણ નોંધવી જોઇએ. ગુજરાતીઓએ વેપારમાં જેટલી દૂરંદેશી દાખવી છે એટલી દૂરંદેશી ગુજરાતના આગેવાનોએ, થોડા મહાન અપવાદો બાદ કરતાં રાજકારણમાં દાખવી નથી. રાજકીય દૂરંદેશીના અભાવની વાત આજના ગુજરાત માટે ય સાચી છે.

દરિયાવાટે 'બૃહદ્ ગુજરાત'ની સ્થાપના ગુજરાતીઓએ કરી છે. દેશવિદેશમાં ગુજરાતીઓ પ્રસરી ગયા છે. 'જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત' એમ કવિએ ભાવનાત્મક આવેશમાં ગાયું છે. પણ સામાન્યરીતે એમ જણાયું છે કે, અન્ય પ્રાંતમાં અન્ય દેશમાં વસતા ગુજરાતીઓમાં જેટલી દ્રવ્યલક્ષિતા જણાઇ છે, એટલી સંસ્કારલક્ષિતા જણાઇ નથી. આની સુખદ છાપ અન્ય પ્રદેશવાસીઓ પર પડતી નથી. હમણાં જ આપણે જોયું કે, ગુજરાતમાં શૌર્યવૃત્તિના ભોગે તો વૈશ્યવૃત્તિનો વિકાસ નથી થયોને એવી આશંકા જાગે એવી સ્થિતિ છે. એ જ રીતે વિદ્યોપાસનાની પ્રગાઢતામાં પણ ગુજરાતીઓ થોડા પાછળ રહી જતા હોય એવું લાગે છે. અંગ્રેજો અહીં વેપાર કરવા આવેલા. પણ એ પ્રજામાં વૈશ્યવૃત્તિ ઉપરાંત બ્રાહ્મણવૃત્તિ અને ક્ષાત્રવૃત્તિ પણ એના ઉત્તમ સ્વરૂપમાં વિકસિત થએલી હતી. એટલે જ એ લોકો અહીં રાજ્ય પણ કરી શક્યા અને સાથે સાથે વિવિધ ક્ષેત્રોમાં અગ્રયાયીઓ બનીને ઉત્તમ ખેડાણ પણ કરી શક્યા છે. બ્રિટનને ઘણીવાર તુચ્છકારમાં Nation of Shopkeepers કહેવામાં આવે છે, આપણા નર્મદે પરોક્ષ રીતે અંગ્રેજોને 'વેપારી બકાલ' પણ કહ્યા છે, એ ભલે. પરંતુ ખરું આત્મનિરીક્ષણ તો અંગ્રેજોએ નહિ પણ આપણે કરવાનું છે કે, અન્ય પ્રાંત તથા અન્ય દેશમાં વસતા ગુજરાતીઓનો વ્યવહાર ગુજરાતની Nation of Shopkeepers

૧૨ મુનશી : ગુજરાતની અસ્મિતા

૧૩ ર. વ. દેસાઈ; ગુજરાતનું ઘડતર.

તરીકે છાપ પાડે એવા તે નથીને ? ક્યારેક તો વૈશ્યવૃત્તિની અતિશયતામાં સરી પડેલા જણાતા ગુજરાતીઓના રાજકીય, સાંસારિક કે શૌર્યવિષયક આવિષ્કારો મંદસત્ત્વ તો નથીને ? ગુજરાતી જીવનમાં વ્યવહારલક્ષિતા જોડે ભાવના દૃષ્ટિનો ઇષ્ટ સમન્વય તો થયેલો છે ને ? ઇત્યાદિ પ્રશ્નો ગંભીરતાપૂર્વક વિચારવા જોઈએ.

હવે આપણે ગુજરાતી પ્રજાનાં અન્ય સ્વભાવ લક્ષણો તરફ વળીએ. ગુજરાતમાં પ્રાંતીયાભિમાન ઓછું છે, છતાં સ્વત્વનો વિલોપ થવા દેવાની હદે એ પહોંચે છે ત્યારે આ લક્ષણ દોષરૂપ બને છે. મિથ્યા સંકુચિત પ્રાંતાભિમાન સામે વાંધો હોઈ શકે, પરંતુ સ્વત્વ, પોતિકાપણું જાળવવાની જરૂર જ્યાં ઊભી થાય ત્યાં એ નિર્ભયતાથી જાળવવું, આમ સંરક્ષણ માટે કે હક્કોના સંરક્ષણ માટે જરૂર પડયે હુંકાર પણ કરવો, એમાં ભાગ્યે કાંઈ અજુગતું હોય. આમ કરવામાં નથી આવતું ત્યારે ગુજરાતી પ્રજા વધારે પડતી પોચી અને વ્યક્તિત્વહીન જણાય છે. છતાં અવસર આવ્યે, આ પ્રજાની સ્વસ્થતા, આત્મશાસિતા તથા શાંતિપ્રિયતાને જ્યારે દીનહીનતા તથા દૌર્બલ્ય તરીકે ખપાવી દેવામાં આવે છે ત્યારે આ પ્રજા દૃઢ આગ્રહ, ઠંડી તાકાત તથા ચેતન પણ દર્શાવી શકે છે.

ગુજરાતની પ્રજા વિશે બહાર એવી એક સામાન્ય છાપ છે કે, ગુજરાત ધનિકોનો પ્રદેશ છે. પરંતુ ગુજરાતમાં પણ દરિદ્રતા છે. અન્ય પ્રાંતોની સરખામણીએ એ કદાચ ઓછી હશે અહીં ગરીબી ઓછી જણાય છે. કારણ કે પ્રજાનો ગરીબ ગણાતો વર્ગ પણ આપ કમાઉ અને સ્વાશ્રયી થવા મથે છે. ગરીબીથી એ 'અસંતોષી અને શરમાઉ' છે. ગુજરાત । ખેડૂતો પણ દીર્ઘદૃષ્ટિવાળા અને મહેનતુ છે. ગુજરાતી સમાજની કરોડરજ્જુ સમો મધ્યમવર્ગ 'સમજુ અને શિક્ષિત' છે, કાંડાબળિયો છે.

ગુજરાત વિશે બીજી એક છાપ એવી છે કે, આ પ્રદેશ મહાજનોનો ને વેપારવાણિયાઓનો પ્રદેશ છે. આ પ્રદેશની સંસ્કૃતિ તે મહાજન–સંસ્કૃતિ. આજ મુદ્દા પર જ્યારે વધારે પડતો ભાર મુકાય છે ત્યારે કહેવું જોઈએ કે આ છાપ પૂરેપૂરી સાચી નથી. અમદાવાદ જેવા એકલ દોકલ શહેર ઉપરથી એ બંધાયેલી લાગે છે. ઈ.સ. ૧૩૦૪માં પાટણના છેલ્લા વાઘેલા રાજા કર્ણનો અલ્લાઉદ્દીનના સેનાપતિ અલફખાનના હાથે પરાજ્ય થયો; મુસ્લિમ આક્રમણની કારમી ચોટ ગૂર્જરપ્રજાને અનુભવવી પડી; આ ઘા જીરવવામાં પાટણના મહાજનોએ સારો ભાગ ભજવ્યો હતો. [૧૪] મહાજનોની આવી ઐતિહાસિક સેવાઓનાં ઉદાહરણો નોંધાયાં છે એ સાચું છે. વૈશ્યવૃત્તિ એ ગુજરાતની પ્રજાનું એક પ્રમુખ લક્ષણ છે ખરું; પરંતુ વૈશ્યવૃત્તિ સિવાયના વ્યવસાયોમાં ગુજરાતી પ્રજાનો ઘણો મોટો ભાગ રોકાયેલો છે તે ન ભૂલવું જોઈએ. ગુજરાતના બહુસંખ્ય આદિવાસીઓ, પછાતજાતિના સંખ્યાબંધ લોકો તથા ગુજરાત (સૌરાષ્ટ્ર ને કચ્છ)ના તળપ્રદેશના ખમીરવંત લોકોના જીવનવ્યવહારનો અભ્યાસ કરતાં જણાશે કે ગુજરાત માત્ર વણિકવૃત્તિ ઉપર જીવનારો પ્રદેશ નથી, ગુજરાતનો બહુજન સમુદાય કાંઈ વૈશ્યવૃત્તિની સાધનામાં રોકાયેલો નથી. આના સમર્થનમાં બ. ક. ઠાકોરના શબ્દો જોઈએ : "ગુજરાતી સંસ્કૃતિ 'બ્રાહ્મણ વાણિયા' સંસ્કૃતિ નથી. 'વાણિયા બ્રાહ્મણ' સંસ્કૃતિયે નથી. 'ચાતુર્વર્ણ્ય સંસ્કૃતિ' પણ નથી. ચાતુર્વર્ણ્યથી કાટખુણે અને આડીવડ કાપતી અને ચોખ્ખા વિદેશી પારસી મુસ્લિમાદિ ન્હાની મોટી અસંસ્કારી પરજો પણ ગુજરાતી જ છે. પંચમેળ કે અષ્ટમેળ ઊકળતી દાળમાં સૂરણ બીટ ગાજર આદિના ખુરમા, ગાંઠીયાં ગોળા શેરડા પાપડી શેવ વડાં વડી વગેરે બફાતાં ખદબદતાં હોય એવી આપણી સંસ્કૃતિ હજી બફાઈ રહી છે." [૧૫]

આમ છતાં ગુજરાત મહાજનોનો પ્રદેશ છે એવી છાપ કેમ ઊભી થાય છે? એનું કારણ એ હોઈ શકે કે વૈશ્યવૃત્તિમાં રોકાયેલા લોકો સંખ્યામાં થોડા હોવા છતાં પ્રજાજીવનના ભારે પ્રભાવક અંશરૂપ છે. સમાજજીવનનાં ચાવીરૂપ મહત્ત્વનાં સ્થાનો પર આ મહાજનો બિરાજમાન છે. સમાજજીવનનું, રાજકારણનું અર્થકારણનું અને ઘણીવાર તો સંસ્કારજીવનનું સૂત્ર સંચાલન આ મહાજનો કરી રહ્યા હોવાથી આવી છાપ ઊભી થતી હશે.

ગુજરાત વિષે ત્રીજી એક એવી છાપ છે કે, એ માત્ર દ્રવ્યલક્ષી પ્રદેશ છે; સંસ્કાર સાધનો જોડે એને બહુ નિસ્બત નથી. ગુજરાતના સ્વભાવમાં દ્રવ્યલક્ષિતા છે એમ સ્વીકારીએ તો પણ જે પ્રજાના સ્વભાવમાં દ્રવ્યલક્ષિતા હોય એની સંસ્કારલક્ષિતાનો છેદ સમૂળગો ઊડી જાય એવો કોઈપણ કારણ–કાર્યભાવ પ્રવર્તતો નથી, એમ વિચારવામાં તર્કદોષ પણ છે. બહુ તો એમ કહી શકાય કે વિદ્યોપાસનાની આદર્શ પ્રગાઢતા ગુજરાતમાં નથી. પ્રાચીન તેમજ મધ્યકાળથી વિદ્યાની ઉપાસના અહીં થતી આવી છે. આજે પણ અન્ય પ્રાંતો સમક્ષ મૂકી શકાય એવા વિદ્વાનોને સર્જકો ગુજરાત પાસે છે. આત્મગૌરવ કરવાનો તથા પોતાની જાતને આગળ ધરવાનો સંકોચ ગુજરાતને રહે છે, એટલે ગુજરાતની આ સંસ્કાર સાધનાની વાત બહાર કદાચ ઓછી જાણીતી હોય એમ બની શકે. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદીએ સમુચિત રીતે કહ્યું છે: "ગુજરાતનું કૌટુંબિક જીવન પ્રેમથી રસાયેલું છે. વાવકૂવા, મઠમંદિર મસીદો, શાળા કોલેજ, ગુરૂકૂલો આશ્રમો રાહતકૅડો—આ બધાં માત્ર કીર્તિની લાલસાથી ઊભાં થયાં નથી, તેની પાછળ મૈત્રી, દયા, ભક્તિની ભીની અને પ્રબળ વૃત્તિઓ છે. મહાપુરૂષને, ખાસ કરીને પરપ્રાંતી મહાપુરૂષને, ગુજરાત આદરથી ઓછો ઓછો કરી દે છે... ગુજરાત માત્ર જડ નથી, માત્ર વહેવારુ નથી, તેનું હૃદય ધબકતું છે." [૧૬]

ગુજરાતને 'વિવેક બૃહસ્પતિ' કહેવામાં આવેલ છે:

"उपकारैः सदाचारैः प्रियात्मापैर्यदंगिनाम् ।
मुदितैर्विबुधैः प्रोचे यो विवेकबृहस्पतिः ॥

આમ છતાં ગુજરાતનો સ્વભાવ ઊર્મિશીલ, ક્યારેક તો ઊર્મિલ પણ લાગે છે. ગુજરાતી પ્રજાનું મન અન્ય પ્રાંતોની પ્રજાની સરખામણીએ ભરેલું અને પ્રસન્ન છે. એના સ્વભાવમાં પ્રમાણમાં ઓછી સંકુચિતતા છે, અન્ય પ્રત્યે દ્વેષ નથી; ઊલટાનું પારકાનું ગ્રહણ કરવામાં પટુત્વ દાખવે છે.

માનવસંસ્કૃતિના ભાગ તરીકે ભારતીય સંસ્કૃતિ અને ભારતીય સંસ્કૃતિના ઘટક તરીકે ગુજરાતની પ્રજા સંસ્કારિતાનો અભ્યાસ કરવો ઘટે છે.

---

૧૪. ભોગીલાલ સાંડેસરા: ઇતિહાસની કેડી
૧૫. પ્રવેશકો; ગુચ્છ પહેલો.
૧૬. અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય.



# ગુજરાતી કાવ્ય સાહિત્યમાં ગુજરાત–ભક્તિ

—શ્રી પ્રીતમલાલ કવિ

**जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी।** સ્વર્ગથી પણ મહાન કોઇ વસ્તુ હોય તો તે જન્મભૂમિ છે. જીવનમાં જીવનદાત્રી માતાનું સ્થાન જેમ અનન્ય છે તેમ જનની જન્મભૂમિનું પણ એટલું જ મહત્ત્વ છે. કારણ કે એ જન્મભૂમિના પંચમહાભૂતમાંથી માનવદેહ આકાર પામે છે. વ્યક્તિના ઘડતરમાં એનો ઘણો મોટો ફાળો છે. એક એક વ્યક્તિ પણ પોતે જેમાંથી ઘડાઈ છે તે ધરતીના ઋણમાંથી મુક્ત બની શકતી નથી ત્યારે સમાજ તો ક્યાંથી બની શકે? પોતાની ધરતી પ્રત્યેની આ ભાવસૃષ્ટિમાંથી તેની પ્રશસ્તિ સરી પડે છે.

ગુજરાત એટલે ગુજરાતીઓની પનોતી માતૃભૂમિ! એની વિલક્ષણ ધરતી, એની નર્મદા, મહી અને તાપી જેવી ભવ્ય નદીઓ; ગિરનાર જેવા પર્વતો અને મદમસ્ત ગર્જના કરતો કંદોરાની પેઠે સોહતો એનો વિશાળ સાગરકાંઠે! એના જવાંમર્દ ખલાસીઓ અને સાહસિક વેપારીઓ! ગુજરાતની ભૂમિની આ વિશિષ્ટતાએ ગુજરાતી પ્રજાના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. પચરંગી લોકોના સમુહમાંથી ગુજરાતી માણસ તરત જ તરી આવશે. દેશવિદેશમાં એ પહોંચ્યો છે અને જ્યાં ગયો છે ત્યાં ગુજરાતની સુવાસ પ્રસરાવી છે. એટલે જ તો કવિ ખબરદારે ગાયું છે, "જ્યાં જ્યાં વસે એક ગુજરાતી ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત."

પોતાની માતૃભૂમિ ગુજરાતની આવી ભવ્ય પ્રતિમાને અંતરમાં કંડારતો ગૂર્જર કવિ–પછી એ કોઈ સિદ્ધહસ્ત સાક્ષર હોય કે નવપ્રસ્થાન આદરતો, નવલોહિયો નવોદિત–ગુજરાતની પ્રશસ્તિ ગાયા વિના તેનાથી રહેવાયું નથી.

ગુજરાતી સાહિત્યમાં ઊર્મિ કાવ્યોનો અરુણોદય થતો દેખાય છે. કવિ નર્મદમાં! ગુજરાતી સાહિત્યને તેની માતૃભૂમિની ગરવાઈની પ્રશસ્તિ કરતું પ્રથમ કાવ્યપુષ્પ પણ સાંપડે છે નર્મદથી!

જય જય ગરવી ગુજરાત
દીસે અરુણું પ્રભાત!

એ પંક્તિઓ આજે પણ કાનમાં ગૂંજી ઊઠે છે. તેની પાસે કવિશ્રી દલપતરામે ગાયેલ 'દીઠો આજ આબુ ગિરિરાજ એવો' ઝાંખા પડી જાય છે. પરંતુ તેથી કવિની ગુજરાત ભક્તિ જરા પણ અલ્પ ગણાય નહીં. કવિ ખબરદારે તો ગુજરાત ભક્તિ ખૂબ ગાઇ છે; અનેક કાવ્યો સ્મૃતિપટ પર ઊભરાય છે. કેટલાને ગણાવવા?

'નિશીથ'ના ગાયક અને 'વિશ્વશાંતિ'ના મંત્રો જપનાર કવિ ઉમાશંકર જોષી તેમની આ ભાવનાને અવ્યક્ત શી રીતે રાખી શકે? તેમનું પેલું ગીત...

'મળતાંમાં મળી ગઇ મોંઘેરી ગુજરાત
ગુજરાત મોરી મોરી રે!'

—કેટલું ભાવસભર છે? ગુજરાતની ધરતીમાં જન્મ ધારણ કરવો એ પણ જાણે એક અહોભાગ્ય છે! 'મળતાંમાં મળી ગઇ' કહીને તેમણે જન્મભૂમિનું કેટલું ગૌરવ કર્યું છે? માતૃભૂમિ પ્રત્યેની નિષ્ઠાપૂર્વકની ભક્તિ તેમાં વ્યક્ત થતી જણાય.

સ્મૃતિપટ પર ધીમે ધીમે સ્મરણો તાજાં થતાં જાય છે અને તેમ તેમ આવા ગીતો, કાવ્યો યાદ આવતાં જાય છે. અર્વાચીન ગુજરાતી સાહિત્ય ખૂબ વિકસ્યું છે, ફૂલ્યું ફાલ્યું છે. અનેક કવિઓએ પોતાના ભાવપુષ્પોનો અંજલિ કાવ્યરૂપે અર્પીને માતૃભૂમિનું અર્ચન કર્યું છે. આ બધાને સ્પર્શવાનું મારા માટે શક્ય નથી, અપેક્ષિત પણ નથી. તેમ છતાં કેટલાંક કાવ્યોનું સંક્ષિપ્ત રસદર્શન કરીએ તો સમુચિત ગણાશે.

સંત સાંઇને શાહ શૂરવીર, ગર્જન્તા ગિરે વનરાજ,
દરિયો ખેડે, ધરતી છેડે, સોદાગર કંઈ સાહસબાજ,
સખાવતોથી તું છલકાત,
જય હો જય ગરવી ગુજરાત.

આ પંક્તિઓમાં કવિએ ગુજરાતની એક છબી રજૂ કરીછે. એ કવિ છે શ્રી ચંદ્રવદન મહેતા. તેમને પાવાગઢ, ગિરનાર, ઈડરિયો વગેરે પર્વતો, કલા કસબ, જગતનો તાત ખેડૂત, લોકગીતો અને હરિયાળી, ગરબે ઘૂમતી ગુજરાતણ અને દેશને નવજીવન બક્ષવાની તમન્નાના સ્મરણો જાગે છે અને 'જય હો જય ગરવી ગુજરાત' ઊઠે છે.

માણીગર મોરલો અને ઢેલડ રઢિયાળી
કૂજે કોકિલ ભરી આંબાની વાડી
સામે સારસ જોડ ન્યારી,
કે ગુજરાત બલિહારી રે!

'બલિહારી ગુજરાત'ના ઓવારણા લેતી આ પંક્તિઓ કેટલી પ્રેમભીની છે? એનો ગાયક છે માણીગર મોરલા સમો કવિ બાલમુકુંદ દવે. એનું ભાવભીનું સુંવાળું હૈયું ગુજરાત પ્રત્યેના આદર અને પ્રેમથી છલકાય છે. એના ચાકળા ચંદરવા, ઝરૂખા, જાળી, હિંડોળા ખાટ વગેરે પણ મીઠા લાગે છે. 'મઘમઘતી વાનીઓથી ભર્યા ભર્યા થાળ', 'પાયે નેપૂર, ભાલ દમકંતી દામણી' પહેરેલી ગુજરાતણ એટલે જાણે 'ઉરના ઉમંગની કુંવારી'. 'કાયા કુંદન સમી જેની છે ધન્ય ધરા' એવી 'ભારતની સુન્દર દુલારી' સમી ગુજરાતની ધરતીને બિરદાવતાં કવિ બોલી ઊઠે છે: 'આવી તો એક તને ભાળી.'

ગુજરાતની ધરતી કામણગારી છે એમ લાગે છે. એની મોહિની અનન્ય છે. શ્રી સુરેશ ગાંધી 'ગૂર્જરી ભુવનમોહિની' કાવ્યમાં આ પંક્તિઓ ઉચ્ચારે છે:

પ્રભાતને પહોર મધુર ભૈરવી
સમી, મૃદુ મંગલ સ્નિગ્ધ મૂર્તિ શી
વેણી મહીં કિરણમાળ ગુંથી
અંગે ધરીને નીલરંગી સાડી
તું શોભતી કંકણ કુંડલોથી
જ્યોતિર્મયી તુજ લલાટ રેખ!

ગુજરાતના લલાટની આ જ્યોતિર્મયી રેખા આજે તો અનિવાર્ય બનતી લાગે છે. 'ભારતની ભોમમાં ગરવું ગુજરાત રાજ' એની ધરતીના ગૌરવને વધારી રહ્યું છે. એથી જ તો શ્રી જયમનગૌરી પાઠકજીએ કહ્યું છે:

અંતર ને અંગ મારાં
જેણે ઘડેલ, આજ
તેનાં કરું શાં હુલામણાં જી રે!

ગુજરાતની દક્ષિણે છે ડાંગના ભવ્ય વિશાળ અરણ્યો. કહે છે કે અહીં જૂના વખતનું દંડકારણ્ય હતું. અહીંના વાંસના ઉન્નત વૃક્ષો, ગીચ ઝાડી, ઉપર ખુલ્લું આકાશ અને ચારે બાજુની લીલોતરી! એક મનોરમ દૃશ્ય અહીં નજરે પડે છે. પરંતુ એને કાવ્યમાં ઝીલવું એટલું સુગમ નથી. શ્રી જયંત પાઠક આપણને તેનું કાવ્યમય દર્શન કરાવવામાં સફળ થયા છે તેમ મારે કહેવું જ જોઇએ. કેટલી અર્થસભર છે આ પંક્તિઓ:

પવન-ઉપન્યું સાંભળું ગીત વાંસનું
યાદ આવે કાવ્ય કાલિદાસનું.
. . સાથ ઝૂલે સાગ સીસમ ડાળીઓ,
આર્ય આદિમ લોક નર્તન તાળીઓ.

આ તો અરણ્યો અને સાગર કિનારાની ધરતી! એને તો એના કૈં જૂજવાં રૂપ છે, નવા નોખા રંગ છે. એની માટીમાંથી ઘૂંટાયો છે આવો જ એક રંગ 'કેસરીઓ'! આ કેસરીઆ રંગની ફનાગીરીએ સરસ્વતીચંદ્રને ઘર તજાવ્યું, દયાનંદ સરસ્વતીને આર્ય-ધર્મનો સંદેશ પ્રેર્યો; સોમનાથની સખાવતે જવા હજારો શરીરોને ઘેલછા બક્ષી! આ કેસરીઆ રંગની છોળે દાંડીની કૂચ આરંભાઈ, હિંદ છોડોનો પડકાર ઊઠ્યો અને વિદેશી આક્રમણો સામે પ્રજા દિવાલ બની ઊભી રહી. એવા કેસરીઆ રંગને બિરદાવતાં જ કવિ ન્હાનાલાલે 'મારા કેસરભીના કંથ હો, સિધાવોજી રણવાસ' ગીત ગાયું હતું. આવા કસુંબલ રંગને સોરઠી સાહિત્યકાર શ્રી ઝવેરચંદ મેઘાણીએ 'રાજ મને લાગ્યો કસુંબીનો રંગ' માં વહેતો કર્યો છે. શ્રી ગની દહીંવાળાને પણ સુરતમાં બેઠયે બેઠયે આ કેસરીઆ રંગની મોહિની લાગી ગઇ છે તેમણે તો વિશ્વને આમંત્રણ આપ્યું છે: 'રંગ રે માગો તો તમે કેસરીઓ માગજો.'

ગુજરાતે રંગની રેલમ છેલ
રંગ રે માગો તો તમે કેસરિઓ માગજો!



યૌવનમાં મ્હાલતા યુવાનો ને યુવતી
ખીલેલા મોગરાને અધખીલી કુસુમ-કળી
અલબેલી રસિયણ, છોગાળા છેલ
રંગ રે માગો તો તમે કેસરિયો માગજો!

" સાગર! તારે ને મારે છે સ્નેહ-જૂનો સ્નેહ " એ શબ્દોથી કવિશ્રી પૂજાલાલ ગુજરાતના સાગરને યાદ કરે છે. ત્યારે કવિ પતીલ ગાઈ ઉઠે છે: "માતૃભૂમિનો જયનાદ, જયનાદ જગાવીએ." કલ્લોલતી તેલ સમૃદ્ધ ધરતીને જોઇને કવિ સ્વપ્નસ્થ કહે છે:

" કલ્લોલ હો! મેં આજ તુજ જોઇ ધરા."
જેની ધરતી પર ચરણ ચમકી ઊઠે
જેના ખોળામાં મરણ જીવી ઊઠે
તું છે એવું રૂપ કે જેની ઉપર
માન સહ મંડાઇ છે સહુની નજર.

જેની ધરતીમાં મૃત્યુ પણ જિંદગી બની જાય તેવી અલૌકિક ભૂમિ બીજે કયાં હોય? એ તો કવિની માતૃભૂમિ જ. આ મહત્તા ગાનાર કવિશ્રી ગની દહીંવાળાની આ પંક્તિઓ પણ એટલી જ ભાવસભર નથી?

તવ પ્રજા જાણે નર્યું આંખોનું નૂર
નૂર, જે પથરાયલું છે દૂર દૂર.
તારું સાહસ, થાય જેને પ્રાપ્તફળ
તારી શ્રદ્ધા, તારી ધીરજ પણ અચળ.
આમ તવ અસ્તિત્વનું "ગુજરાત" નામ
કોટિ કોટિ આંખમાં તારો મુકામ!

કોટિ કોટિ ગુજરાતીઓની આંખમાં અને તેમના હૈયામાં મુકામ કરતી ગુજરાતની આ પાવન મૂર્તિ કેટલી ભવ્ય છે? એના ગૌરવની કીર્તિ-પતાકા ચારે દિશામાં ઊડે છે. આ યશગાથાને ગાતાં શ્રી મૂળજીભાઈ પી. શાહ કહે છે:

ચેતન ચમકે ચિત્તમાં, પરિમલ પ્રેમ પ્રતાપ
કલા સોહાગી ગુર્જરી, પ્રસરો કીર્તિ અમાપ
જય હો! જય હો! જય હો!
ગુર્જર ભૂમિનો જય હો!

ગુજરાતની આ પ્રતાપી ધરતીમાં અનેક પ્રતાપી પુરુષો પાક્યા. શાહ સોદાગરો, પંડિતો અને સંતોની સુવાસ આજે પણ ચોતરફ ફેલાઈ રહી છે. મહાત્મા ગાંધીજી જેવી પુણ્યવિભૂતિ આ ધરતીમાંથી પેદા થઈ છે. કાળબળની સામે ઝઝૂમતી પોતાની પ્રતિભા અને પ્રતિષ્ઠાને અક્ષુણ્ણ રાખતી ગુજરાતની આ ધરતી શત શત વંદનને પાત્ર છે. પ્રત્યેક ગુજરાતીના અંતરમાં તેનું ચિરંતન સ્થાન છે. તેનું ગૌરવ પ્રત્યેક ગુજરાતીનું નિજનું ગૌરવ છે.

આ બધું વિચારું છું ત્યારે કવિ શ્રી ત્રિભુવન વ્યાસની આ કાવ્ય પંક્તિઓ મારા શ્રવણપટે ગુંજયા કરે છે:

હિમગિરિ શિખરથી સેતુ પર્યંત ને
પૂર્વબંગાલ દ્વારામતિથી,
પૂર્ણ સ્વાતંત્ર્યની પુનિત વહતી હવા
જીવન જાગી રહ્યાં સંસ્કૃતિથી,
આત્મબળ ચેતના પ્રકટતાં પ્રતિદિને
ઉચ્ચ ભાવો તણી ગંગ ખળકે
ભવ્ય ભારત મહીં ધન્ય ગુજરાત હો
સત્ત્વભર ગૌરવે આજ છલકે!





# 'ગુજરાતી સાહિત્યનાં ચિરંજીવ પાત્રો'

—અધ્યાપક **શ્રી રમેશ એમ. ત્રિવેદી**

ઠેઠ ઉત્તરે કચ્છ અને મારવાડ, દક્ષિણે થાણા જિલ્લો, પશ્ચિમે અરબી સમુદ્ર અને પૂર્વે માળવા–ખાનદેશ : એની વચ્ચેના પ્રદેશમાં બોલાતી, ગુજરાતી ભાષાના લોકોનો આ ગુજરાત પ્રદેશ, તો કેવળ ભૌગોલિક આકૃતિ જ બની સકે. એની સીમારેખાઓ વારંવાર બદલાતી રહી છે, તેમ છતાં એના રાજવી નરેશો, સંતકવિઓ, સાહિત્યકારો અને સાંસ્કૃતિક નેતાઓએ ગુર્જર સંસ્કૃતિ પ્રગટાવવા જે મૂલ્યવાન અર્પણ કર્યું છે, તેથી ગુજરાત પ્રદેશનું એક સૂક્ષ્મ શરીર પણ બંધાયું છે.

ગુજરાત કેવળ દાળભાતખાઉ લોકોનો જ મુલક નથી; એના ઇતિહાસનાં પૃષ્ઠોમાં વાણિજ્યશૂરા શાહસોદાગરો છે, તો કુશળ મંત્રીવર્યો પણ છે. એમાં ક્ષાત્રવટ દાખવનારા રાજવીનરેશો પણ છે અને હેમચંદ્રાચાર્યથી માંડી ઉમાશંકર સુધીના ઉત્તમ સારસ્વતો પણ છે અને તેમનું સાહિત્ય એટલે ગુજરાતપ્રદેશનું એક હજાર વર્ષનું સાહિત્ય. એનું ગૌરવ જેટલું કરીએ એટલું ઓછું. શ્રી ક. મા. મુનશી યોગ્ય જ રીતે કહે છેઃ

"ગુજરાત તો એક ભાવનાવાદી પણ જીવંત સાંસ્કારિક વ્યક્તિ છે. ગુજરાતના વ્યક્તિત્વના ભાનથી પ્રેરાઈ, એનું વ્યક્તિત્વ સિદ્ધ કરવાનો જેણે સક્રિય સંકલ્પ કર્યો હોય, તેનામાં ગુજરાતની अस्मिता હોય. આ વ્યકિતત્વના ઘડતરમઃ પર્વત અને નદીઓનું સ્થાન ગૌણ છે. મુખ્ય સ્થાન તો છે જે મહાપુરુષોએ ગુજરાતની આ ભાવના સરજાવી છે, તેમનું છે. તેમનાં પરાક્રમો અથવા સાહિત્યકૃતિઓ, ગુજરાતીઓની કલ્પના અને ઇચ્છાને કેન્દ્રસ્થ કરે છે. તે ઇતિહાસ કે સિદ્ધાંત રચી જાય છે, ઉત્સાહ અને આનંદ પ્રેરે છે. ગૌરવકથાઓનાં મંડાણ માંડે છે, ગુજરાતનું સૂક્ષ્મ શરીર પણ બાંધી જાય છે."

આ ગુર્જર-દેશની अस्मिताને સૌ પ્રથમ પ્રકટાવી કલિકાલ સર્વજ્ઞ આચાર્ય હેમચંદ્ર જેવા સંસ્કારસ્વામીએ, રાજકીય રીતે સંસ્થાપી વીર વનરાજ ચાવડાએ અને સોલંકી નરેશ 'સધરા–જેસંગે.' નરસિંહ, મીરાં જેવાં સંતકવિઓએ અને પ્રેમાનંદ જેવા ભાષાકવિએ તેને સંસ્કારી. ત્યારપછી એકાદ સૈકા જેટલો સમય વહી ગયો. એ દરમ્યાન, નરમ પડવા માંડેલી એ અસ્મિતાને ફરી સંકોરી નર્મદે. 'ગરવી ગુજરાત'ના અરુણું પરભાત તરફ સંકેત કરી, 'પ્રેમ–શૌર્ય'ના બુલંદ લલકાર વડે, જુવાનીના 'જોરસા'થી થનગનતા નર્મદે એ અસ્મિતાનું શ્રદ્ધાપૂર્વક ગાન કર્યું. સદ્. રણજિતરામ વાવાભાઇ મહેતા, ગોવર્ધનરામ ત્રિપાઠી, ન્હાનાલાલ કવિ, રા. ખબરદાર અને લોકલાડીલા શાયર ઝવેરચંદ મેઘાણીએ પણ સમયધર્મ બજાવ્યો. એ જ ભાવના, સાહિત્યક્ષેત્રે અખિલ ભારતકક્ષાએ, પ્રવર્તમાન સમયમાં શ્રી કનૈયાલાલ મુનશી અને શ્રી ઉમાશંકર જોશી વ્યકત કરી રહ્યા છે.

આવા ગુજરાતનું સાહિત્ય પણ, એના આરંભથી અદ્યાપિપર્યંત જોઇએ તો, ઉત્તરોત્તર વિકાસશીલ રહ્યું છે. આચાર્ય હેમચંદ્રે પોતાના બહુખ્યાત 'સિદ્ધ–હેમ' વ્યાકરણમાં, એ શાસ્ત્રીયગ્રંથના ઉદાહરણાર્થે જે દુહાઓ ટાંકયા છે, તે એતત્કાલીન ગુર્જરપ્રજાના સામાજિક સાંસ્કૃતિક જીવનનું યથાર્થ પ્રતિબિંબ પાડી જાય છે. ગુજરાતી સાહિત્યનો લગભગ એ ઉપઃકાળ છે. કદાચ ત્યાં જ ગુજરાતી સાહિત્યનું, પ્રથમ ચિરસ્મરણીય તેજસ્વી પાત્ર આપણને પ્રાપ્ત થાય છે.

'ભલ્લા હુઆ જુ મારિઆ બહિણિ મ્હારા કન્તુ;
લજ્જે જ્જં તુ વયસિ અહુ; જઇ ભગ્ગા ઘરૂ એન્તુ'

[ભલું થયું, બહેન, કે મારા કંથ (રણમાં) ખપી ગયા. ભાગીને એ ઘેર આવ્યા હોત તો સખીઓ આગળ હું લાજી મરત.] જે સરળતા અને લાઘવથી છતાં સામર્થ્યપૂર્વક, મર્મવેધક રીતે આ દુહામાં વીરરસપૂર્ણ વાત કરી છે તેમાં, શૂરવીરતાને પુરસ્કારતી વીરાંગનાનું અદ્ભુત રેખાચિત્ર, તેના સર્જકે ચિરંજીવ બનાવ્યું છે. એવી જ રીતે પ્રોષિતભર્તૃકા, વિરહિણી નાયિકાનું એક બીજું નખ–ચિત્ર ( Nail-sketch ) જુઓ :

'વાયસુ ઉડ્ડાવન્તિએ પિઉ દિટ્ઠુઉ સહસત્તિ;
અદ્ધા વલયા મહિહિ ગય અદ્ધા ફુટ્ટ તડત્તિ.'

[કાગડાને ઉડાડતી હતી તેણે, સહસા પિયુને આવેલો દીઠો. અરધાં બલોયાં (વિરહકૃશ હાથ પરથી) ધરતી પર પડી ગયા, ને અરધાં (પ્રિયદર્શને ફૂલી ન સમાતાં) તડ દઇને તૂટી પડયાં)

આ અને આવા અનેક દુહાઓ અને ત્યારબાદ પ્રગટેલાં અન્ય સાહિત્ય સ્વરૂપોમાં, આપણે ગુજરાતી સાહિત્યનાં ચિરંજીવ પાત્રો અવલોકીશું. આચાર્ય હેમચંદ્રના સર્જનકાળથી આરંભીને દયારામભાઇની રસવંતી અમર ગરબીઓના રચના સમય સુધીનો ખ્યાલ કરીએ તો, ગુજરાતી સાહિત્યનો એ પ્રાચીનયુગ કે મધ્યકાળ ગણાય છે. ભક્તિ, એ વખતે સમાજનાં અન્ય ક્ષેત્રોની જેમ, સાહિત્યમાં પ્રબળ અંગ ગણાતું હતું. વૈષ્ણવભક્તિની વધુ ગાઢ અસર થઇ હોવાને કારણે, કૃષ્ણભક્તિની ઉપાસનાનું સાહિત્ય વિશેષ મળી આવે એ સ્વાભાવિક છે. આથી જ નરસિંહ, મીરાં, દયારામ વગેરેની શુદ્ધભક્તિની કવિતા હોવા છતાં તેમાં કૃષ્ણ એક પાત્ર રૂપે ઉપસી આવતું દેખાય છે. પ્રેમલક્ષણાભક્તિની ઉપાસના એનું કારણ છે. કૃષ્ણનું પાત્ર મધ્યકાલીન સંતકવિઓથી માંડી અધુનાતન કવિઓ માટે પણ, એટલું જ આકર્ષણ જન્માવી શકયું છે. સર્વવ્યાપક વિભૂતિ ગણાયેલા, શ્રીકૃષ્ણચંદ્રના વ્યક્તિત્વનું કોઇ એક જ પાસુ નથી; પણ ગુજરાતી સાહિત્યમાં કૃષ્ણનું નિરૂપણ, જેના માટે સર્વાત્મભાવ દાખવી શકાય એવા અમરપ્રેમી, પ્રિયતમનું પ્રતિક બની ગયું છે.

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં આખ્યાન અને પદ્યવાર્તા જેવાં

કથાકાવ્યનાં સ્વરૂપોમાં કેટલાંક ચિરસ્મરણીય પાત્રો આપણને અવશ્ય મળી આવે. આખ્યાન તો મિશ્રભક્તિ દાખવતું કથાકાવ્ય છે. ક્યારેક ('ચંદ્રહાસાખ્યાન' જેવામાં) ભક્તિ એમાં ન પણ હોય. એ ચરિત્રકાવ્ય તો છે જ. કવિશિરોમણી પ્રેમાનંદે તો—

'પૂર્વે જે જે કવિજન વૈષ્ણવે કહ્યાં ચરિત્ર ઉદાર જી,
તે સર્વેનો જોડ કરીને બાંધ્યું શુભ આખ્યાન જી.'

એમ કહી તત્કાલીન સમાજજીવનમાં ઊંચા સંસ્કારોનું સિંચન કરવા, પુરાણાદિમાંથી પોતાના આખ્યાનનાં પાત્રો પસંદ કર્યાં અને સ્વપ્રતિભાના બળે અમર બનાવ્યાં. મધ્યકાળના સમગ્ર સાહિત્યાકાશને, તેનો કાવ્યપ્રકાશ, તેની બહુમુખી પ્રતિભા દ્વારા ભરી દે છે. વ્યવસાયે તો તે માણભટ્ટ હતો. ઉદર અર્થે તેણે કથાકીર્તનસેવન કર્યું હતું; તેમ છતાં પેટિયું નીકળ્યું એટલે 'હાંઉ', એમ સંતોષ મેળવીને આત્મવંચના કરે તેવો સર્જક તે ન હતો. એના અંતરમાં રહેલો કલાકાર જ એની પાસે સંસારના અનુભવોને સ્વસ્થતાથી, યથાવકાશ હૂબહૂ અને લગભગ પૂર્ણતાની કક્ષાએ નિરૂપણ કરાવે છે. 'दर्शनात् वर्णनात् चैव कविः' એ ન્યાયે તે કવિપદ પામ્યો છે.

'મામેરું', 'સુદામાચરિત્ર', 'નળાખ્યાન' તેની યશોદાકૃતિઓ છે; 'ઓખાહરણ', 'ચંદ્રહાસઆખ્યાન', 'રણયજ્ઞ' અને 'દશમસ્કંધ' પણ લોકહૃદયમાં સ્થાન મેળવ્યું છે. છેક આરંભકાળના 'ઓખાહરણ'માં, ભાવાવેગમાં ધસી જતી પ્રેમાનંદની કલમ જુઓ, કે એની પરિણત પ્રજ્ઞાનું અધૂરું રહેલું સુફળ એવા 'દશમસ્કંધ'ના ભાવશમનમાં વિરમતી કલમ જુઓ; એની ખૂબી એણે ઊભી કરેલી પાત્રોની વીથિ—Picture-galleryને અમર કરવામાં રહેલી છે. એમાં તત્કાલીનતાની સાથે સર્વકાલીનતા ભળેલી છે. એમ માનવસ્પર્શની જીવંતતા અનુભવાય છે. કથાના માળખામાં જે જીવંતતા અને પ્રત્યક્ષતા, કહો કે ચૈતન્ય લાવી શકયો છે. તેમાં એની પાત્રનિરૂપણની કુશળતા જવાબદાર છે. એની વર્ણનકળા લો કે રસનિરૂપણની શક્તિ તપાસો, કે ચરિત્ર ચિત્રણની કળા જુઓ; એમાં કલાકાર પ્રેમાનંદનું સવ્યસાચીપણું અછતું રહેતું નથી. કાવ્યસર્જનવેળાએ એની દૃષ્ટિમાંથી સંસારનો એકપણ પદાર્થ છટકી શકયો નથી. કવિશ્રી સુન્દરમે પ્રેમાનંદને અર્પેલી આ અંજલિપંક્તિઓ યથાર્થ છે.

'પ્રતિભાઅંગુલિ એહથી, કોણ રહ્યું અસ્પૃશ્ય ?
ઉતર્યાં અવનિ ઉપર, સહુ થર કેરાં દૃશ્ય ! '

'સુદામા ચરિત્ર'માં સુદામાનું પીંછીના એક જ લસરકે ચિત્ર આલેખતાં પ્રેમાનંદ કહે છેઃ

'સુદામે ગૃહસ્થાશ્રમ માંડયો, મન જેનું સંન્યાસી.'

સંસારથી વિરક્ત, અયાચકવ્રતધારી આ સંત પુરુષને માથે કષ્ટ આવી પડ્યું છે, પોતાના કુટુંબના ભરણપોષણનું. નરસિંહને તો માણેક મ્હેતી સાથ આપતી હતી, તેથી બધું જ 'શ્રીહરિ કરશે' એમ કહેવાનું સુખ હતું; પણ વ્યવહારધર્મ બજાવવામાં વાસ્તવની ભોંય ઉપર ચાલનાર સુદામાપત્ની તો રોકડું જ પરખાવે છેઃ

'એ તો જ્ઞાન મને ગમતું નથી ઋષિરાયજી રે
રૂએ બાળક માગે અન્ન, લાગું પાયજી રે.........'

જાદવપુરી દ્વારકામાં પ્રવેશતા દીનદરિદ્ર, લઘરવઘર સુદામાની છબિ જુઓઃ

'જાદવ સ્ત્રી તાળી દઈ હસે, ધન્ય નગર આવો નર વસે !
જેણે વ્રત તપ કીધાં હશે અપાર, તે સ્ત્રી પામી હશે ભરથાર !'

એવી જાદવસ્ત્રીઓની વ્યંગોક્તિના, પણ ખરેખર તો પૂર્ણસત્ય વચનના નિશાન બનેલા ગૃહસ્થી સુદામાની છબિ—વાચકો (તે જમાનાના શ્રોતાઓ)ના મનમાં રમતી કરી મૂકી છે. કૃષ્ણના વૈભવી જીવનને જોઈને કશું જ માગવાની સુદામા હિંમત કરી શકતો નથી, અને તેથી દેખીતી રીતે નિષ્ફળતા અનુભવતો, 'રંડાએ ઉપજાવ્યું અપમાન' એમ પત્નીને મનોમન ભાંડતો સુદામો—

'હળાહળ વિષ પીને પોઢિયે, પણ મિત્ર આગળ હાથ ન ઓડિયે'
એવું પશ્ચાદ્જ્ઞાન જ પ્રાપ્ત કરે છે પણ—

'અઢળક ઢળિયો રે શામળિયો મુષ્ટિ તાંદુલ સાટે !'

એમ ભવોભવનાં દરિદ્ર પોતાનાં કપાયેલાં છે એવું ન સમજનાર, દીન અને હવે તો હીન બનેલો લાગતો, બિચારો બ્રાહ્મણ સુદામો પોતાનું ગામ, ઠામ બધા જ વિશે વિમાસણમાં પડી ગયેલો જોવા મળે છે.

'મામેરું' એ લઘુઆખ્યાન તો, ભક્તકવિ નરસિંહના જીવનમાં શ્રીકૃષ્ણે અવારનવાર જે સહાય કરી હતી તેમાંનો એક મહત્ત્વનો પ્રસંગ આલેખતી, રચના છે. સીમંતિની કુંવરબાઈ માટે મામેરુ લઈ જવા વેળા આવી, ત્યારે 'મોસાળું કરશે શ્રીહરિ' એમ ભોળી માન્યતાથી ચાલનાર નરસિંહનાં વેવાઈપક્ષનાં માણસો પૂરાં વ્યવહારડાહ્યાં હતાં. પરણાવેલી પુત્રીની કયારેય દરકાર ન કરનાર પિતા, માતા નથી તેવે સમયે, જીવનના આનંદના ચરમ પ્રસંગે પણ, કોડભરી દીકરીની શી ઇચ્છાઓ હશે એટલુંય ન સમજે તો, એવા કમનસીબ નમાઇ દીકરીની મનોવ્યથા શી હશે? લાંગલા મહિયરથી ઓશિયાળાપણાનો ભાવ અનુભવતી કુંવરબાઇ બેઉ પક્ષે ભીંસમાં લેવાય છે અને તેથી જ—

'ગોળ વિના મોળો કંસાર, માત વિના સૂનો સંસાર.'
'ઘડો ફૂટે રઝળે ઠીકરી, મા વિના એવી દીકરી.'
'ટોળાં વછોઇ જેવી મૃગલી, મા વિના એવી દીકરી.'

વગેરે પંક્તિઓમાં કુંવરબાઇનું ધબકતું ચિત્ર લેખકે ઉપસાવ્યું છે. કુટુંબજીવનના વણાયેલા ભાવોને સરળ છતાં માર્મિક રીતે અહીં નિરૂપ્યા છે.

આખ્યાનકવિ પ્રેમાનંદનું ઉત્તમ સર્જન 'નળાખ્યાન' છે. ત્રિભુવનસુંદર પુણ્યશ્લોક રાજા નળ, અને દેવો પણ જેને વરવા ઉત્સુક હતા, તે વળી—

'બાળ યૌવન ને વળી વૃદ્ધા, તેને દમયંતી પરણ્યાની શ્રદ્ધા' એમ માનવોને પણ ઘેલું લગાડનાર ત્રૈલોક્યમોહન સુંદરી દમયંતી, પરસ્પર સ્નેહગાંઠે બંધાયેલાં હતાં. તેમ છતાં જીવનની ઊલટી થતી જતી બાજુમાં, જગતની પરિતાપની ભઠ્ઠીમાં જે રીતે તવાય છે તેમાં દમયંતીનું પાત્ર અદકું નીવડી આવે છે. મૃતસંજીવનીનું દેવદત્ત વરદાન પણ કમનસીબે શાપરૂપ બની બેસે છે. ત્યારે, વિસ્મૃતિમાં આળોટતા પતિ પાસે 'ક્ષુધાપાપિણીએ મચ્છ ભખાવ્યાં' એમ દમયંતીને કબૂલવા મજબૂર કરે છે. કેમેય નળનું મન માનતું નથી અને કળિની કુબુદ્ધિથી પ્રેરાયેલો—

'તું નહિ નારી, હું નથી કંથ, આ તારા પિયરનો પંથ'

એમ રાંકડું પરખાવી દેતો નળ, બેજવાબદાર પુરુષના વર્તનથી કશું જ વિશેષ દાખવતો નથી. તેમ છતાં પતિપરાયણા દમયંતી, ગમે તેટલી અપમાનિત થવા છતાં નળના સાન્નિધ્યમાં જીવન વ્યતીત કરે છે પણ ઘડીકમાં દમયંતીને તજી દેવાનો અને ઘડીકમાં દમયંતી પ્રત્યે પ્રીતિભાવ દાખવવામાં ડૉ. જેકિલ અને મિ. હાઈડની મનોવૃત્તિમાં ઝોલા ખાતો નળ, (ઉ. ત. 'આવાગમન નળ હીંડોળે ચઢ્યો') વિચાર ચકાવે ચઢી જાય છે, અને ક્રોધાંધ બની દમયંતીને તજવામાં અનાયાસે અદૃષ્ટ–દુરિતનું રમકડું બને છે. આવી અભિજાત દમયંતીની દશા આગળ જતાં 'ઘરની દાઝી વનમાં ગઈ તો વનમાં લાગી આગ' એ ન્યાયે અજગરના મુખમાં અને પછી કામી પુરુષોના પેંતરામાં ફસાય છે. દમયંતીને જે બાહ્ય દુઃખો પડ્યાં છે તેથી વધુ તો આંતરિક દુઃખોએ તેને ભાંગી પાડી છે. અને તેથી જ માશીને ત્યાં છૂપે વેશે કામ કરતી દમયંતી પર. ઇંદુમતીના હારની ચોરીનું આળ આવી પડે છે ત્યારે તો—

'હો હરિ! સત્ય તણા સંઘાતી, હરિ હું કહીયે નથી સમાતી,
હરિ મારાં કોણ જનમનાં કરતું? પ્રભુ ચોરી થકી શું નરતું?'

એમ કકળે છે ત્યારે 'अपि ग्रावा रोदित्यपि दलति वज्रस्य हृदयमा' એ ભવભૂતિની ઉક્તિ સાચી ઠરતી અનુભવાય છે. બાહુક વેશે નળ દમયંતીને પુનઃસ્વયંવર વેળાએ કસોટીએ ચઢાવે છે ત્યારે પણ મનોમન પતિપ્રેમનું સાક્ષ્ય અનુભવતી દમયંતીને—

'નથી રૂપનું કામ રે હો ભૂપ મારા...'એ મર્માળી પંક્તિઓમાં અશ્રુમૂર્તિ બની રહેતી આપણને લેખકે બતાવી છે.

'ઓખાહરણ'ની **ઓખા** મુગ્ધ છતાં પ્રગલ્ભયુવતી છે. જો તેને કોઈ પરણે તો તેનો વડસસરો, પોતાનો ઘાતક થાય એવી શિવવાણીથી ગભરાઈને પિતા બાણાસુર પુરુષના સહચારથી દૂર રાખવા ઓખાને એકદંડિયા મહેલમાં દાસી ચિત્રલેખાની કાળજી હેઠળ પૂરી રાખે છે. યૌવનપ્રવિષ્ટ ઓખાને કુંવારું જીવન દુઃખી લાગે છે. તેથી—

'આંહી કોઈ પુરુષ આવે તો સદા પરણું, ના પૂછું જોશીને લગ્નજી.'

એમ પણ બોલે છે. અહીં કેદમાં પુરાયેલી ઓખાની ઝંખનાનો પ્રબળ ઝંઝાવાત પ્રેમાનંદે અસરકારક રીતે નિરૂપ્યો છે. ઓખા પોતાના સ્વપ્નપુરુષને ખોળી લાવવા, પોતાની દાસી સખી ચિત્રલેખાને વિનવે છે. ચિત્રલેખાને પણ ઓખાની વિરહવેદના પ્રત્યે સહાનુભૂતિ છે. અને તેથી ઓખાના વર્ણન પ્રમાણે દેશદેશના રાજકુમારોનાં ચિત્રો આલેખ્યે જાય છે. એમ કરતાં કરતાં અનિરુદ્ધની આકૃતિ દોરતાં હર્ષોલ્લાસ પામેલી ઓખા ચિત્રને જ વળગી પડે છે. ત્યારે, 'હાં હાં વળગ્યામાં કાગળ ફાટે...' એવી મર્મોક્તિ પણ ચિત્રલેખા ઉચ્ચારે છે.

ચિત્રલેખા અનિરુદ્ધનું હરણ કરી લાવી, નારદની સાક્ષીએ ઓખાની સાથે ગાંધર્વવિધિએ પરણાવે છે. બાણાસુરના પ્રધાન કૌભાંડને આ વાતની ખબર પડી જાય છે ત્યારે અનિરુદ્ધને તો લડવા સિવાય કોઈ બીજો ઉપાઈ રહ્યો નથી. આમ અપેક્ષિત લડાઈ થાય જ છે. રણસંગ્રામમાં પણ વીરોચિત શૂરવીરતા દાખવતા અનિરુદ્ધને જોઈ—

'મે તો આવડું નહોતું જાણ્યું
ચિત્રલેખાએ રત્ન જ આણ્યું.'

એવા પ્રસન્નતાના બોલ ઓખા બોલે છે. અહીં જ આપણને પ્રેમાનંદની પાત્ર સર્જન કળાનો ખ્યાલ આવે છે. ઓખા પ્રેમાનંદના હાથે માનવીય ભાવોનો સંસ્પર્શ પામી છે. તો 'હુંડી'માં આવતા **શામળશા શેઠ**નું શબ્દચિત્ર પણ પ્રેમાનંદના શબ્દોમાં જ અમર થયેલું જુઓઃ

'વાહાલો ગોમતીજીના ઘાટમં રે, મળ્યો તીરથવાસીને વાટમાં રે.
વેશ પૂરો આણ્યો માહારે વાહાલે રે, નાથ ચૌટાની ચાલે ચાલે રે.
છે અવળા આંટાની પાઘડી રે, વાહાલાજીને કેમ બંધતાં આવડી રે.
દીસે વાણિયો ભીને વાને રે, એક લેખણ ખોસી છે કાને રે.
હસતાં ખાડા પડે બહુ ગાલ રે, મોટું કપાળ જાણે વેતાલ રે.
અધર બેઉ જાણે પરવાળી રે, મોટી આંખ દીસે અણિયાળી રે.
બે કાને કુંડળ ઝળકે રે, નાસિકા દીવાની શળકે રે.
દીસે દાંત રૂડા હસતા રે, હીરા તેજ કરે છે કસતા રે.
ત્રિકમજી વણિકની તોલે રે, નાથ ઉતાવળું બોલકું બોલે રે...'

પ્રેમાનંદે 'દશમસ્કંધ'માં વાત્સલ્યનું જે થોડું ઘણું ચિત્ર ઉપસાવ્યું તેમાં **જશોદા**નું પાત્ર મહત્ત્વનો ભાગ ભજવે છે. દેવકીએ તો કૃષ્ણને ફક્ત જન્મ જ આપ્યો છે, પણ કૃષ્ણને પુત્ર તરીકે ઉછેરવાનો સંપૂર્ણ લ્હાવો જશોદાને મળ્યો છે. બાળકૃષ્ણનાં તોફાનોની અનેક ફરિયાદો છતાં માતાને પુત્રનો દોષ મનમાં વસતો નથી. પણ કયારે જશોદામૈયાને પણ, કૃષ્ણને દોરડે બાંધવા જેવી શિક્ષા કરવી પડે છે, ત્યારેય માતા જશોદાનું મન તો ખિન્નતા જ અનુભવે છે.

કૃષ્ણ જ્યારે નાગદમન ખાતર યમુનાના ધરામાં ઝંપલાવે છે ત્યારે જશોદાના મુખે ગવાયેલું 'મારું માણેકડું રિસાયું.'નું કરુણ રસસભર વિલાપનું એ ગીત વાત્સલ્યરસનું સજીવ ચિત્ર ખડું કરી આપે છેઃ

'તે મખાંતર દડાનું કીધું, મનમાં દુઃખ કાંઈ આવ્યું,
ઉખળનું બંધન આજ સાંભર્યું, તે માટે ઝંપલાવ્યું રે.
શામળિયા.'

આમ પુત્રવિરહી માતાને, પોતે કૃષ્ણને ખાણિયા સાથે બાંધ્યા હતા તે યાદ આવે છે તેથી પશ્ચાત્તાપ થાય છે અને કૃષ્ણે રિસાઈને જ જમનાના ધરામાં ઝંપલાવ્યું છે એમ એ વડી માને પણ છે. એટલામાં જ ધરામાંથી કૃષ્ણ હસતા હસતા બહાર આવે છે ત્યારે માતાના આનંદનો પાર નથી રહેતો. આમ 'દશમસ્કંધ' દ્વારા પ્રેમાનંદે વત્સલ માતા જશોદાના પાત્રની અમર ભેટ ધરી છે.

આવી જ રીતે વ્યવહારદક્ષ સુદામાપત્ની, ચતુર જાદવ સ્ત્રીઓ અને સુભદ્રાની નણંદો, પુણ્યશ્લોક નળરાજા, ઈશ્વરાધીન જીવન જીવતો નરસિંહ, વીર અભિમન્યુ અને અનિરુદ્ધ, ટીખળી નારદ, અભિજાત મંદોદરી, વાંકાબોલાં સત્યભામા તથા મામેરાની નાગર-સ્ત્રીઓ—આ અને આવાં ઘણાં પાત્રોનો માનવમેળો પ્રેમાનંદના સર્જનવ્યાપારની ભાતીગળ સૃષ્ટિ બની રહે છે. એક કૃષ્ણનું પાત્ર જ પ્રેમાનંદે પોતાનાં જુદાં જુદાં આખ્યાનોમાં કેટકેટલી રીતે આલેખ્યું છે એ જ અલગ અભ્યાસનો વિષય બને એમ છે.

"વ્યાપક અને વેધક સંસાર નિરીક્ષણબળે, કોઈ સહજસૂઝવાળા માનવચિત્ત જ્ઞાનથી, તેમજ સર્જક કલાકાર પાસે હોવા જોઈતા પરકાયા પ્રવેશના કીમિયાથી, પ્રેમાનંદે જુદા જુદા જીવનસંદર્ભમાં

મૂકાયેલાં ભાતભાતનાં સ્વભાવ, સંસ્કાર અને વૃત્તિઓવાળાં બધાં મોટાં તેમજ થોડો વખત કામ બજાવી શ્રોતા–વાચકોની વિદાય લેતાં નાનાં પાત્રોના મનોવ્યાપારો અજબ વાસ્તવિકતાથી નિરૂપ્યા છે."

વિદ્વાન વિવેચક શ્રી અનંતરાય રાવળે કલાકાર પ્રેમાનંદ માટે ઉચ્ચારેલા આ શબ્દો પ્રેમાનંદે કરેલા પાત્રાલેખન માટે વધારે સાચા પુરવાર થયા છે.

માનવીની મનુષ્યતાનું જ રસમય કથન કરનારી અને લોકોની કલ્પનાની રંગભરી સૃષ્ટિના મુક્તવિહારે લઈ જઈ, જીવનનો થાક ભુલાવનારી વાર્તાઓની ઝડી વરસાવી, પોતાનાં ગુજરાતી ભાંડુઓને વાર્તાનંદ સાથે ચતુરાઈ, વ્યવહારજ્ઞાન અને નીતિબોધની શામળે કરેલી લ્હાણીમાં જ એની સેવાની વિશિષ્ટતા રહેલી છે. મૂળે મનોરંજનનું લક્ષ્ય તાકતી અને તે સાથે સંસાર ડહાપણ શીખવતી વાર્તાઓ રચવાનું શામળનું પ્રયોજન આ પંક્તિઓમાં સ્પષ્ટ છે :

'નરનારીની ચાતુરી, નરનારીનાં ચરિત્ર,
શૂરપણું ને શાણપત, પ્રાક્રમ પુણ્ય પવિત્ર;
તે કાવ્યથી ડહાપણ શીખે, જનમનરંજન થાય,
અદ્ભુત ને જનભાવતું, વર્ણન બહુ વખાણાય.'

શામળ અદ્ભુતરસખચિત વાર્તા સફળતાપૂર્વક રચી શકે છે. તેનું એક કારણ તેની પાત્રસૃષ્ટિ પણ છે. એ સૃષ્ટિમાં પરદુઃખભંજક રાજા કે રાજપુત્રો, પ્રધાનપુત્રો, રાજકન્યાઓ, વણિકકન્યાઓ, વગેરે હોય છે; તો વીર વિક્રમથી માંડી દેવદમની શ્રાંચણ સુધીનું પાત્ર પણ શામળની વાર્તામાં સ્થાન પામે છે. વાર્તારસને પોષક ચમત્કૃત જનાવરો પશુ, પંખી, આધિભૌતિક તત્ત્વો પણ શામળની વાર્તાસૃષ્ટિમાં અનિવાર્ય ભાગ ભજવે છે. આવી બહુરંગી–varied પાત્રસૃષ્ટિ શામળની વાર્તાઓની છે.

'સિંહાસન બત્રીશી' શામળની મહત્ત્વાકાંક્ષી વાર્તામાળા છે. જનસ્વભાવની નાડ પકડી પાડનાર આ કુશળ વાર્તાકારે જાણે વાર્તાની પરબ માંડી છે. એક એકથી ચડિયાતી વાર્તાઓ – કેવળ સંસારી રસની કથાઓ નિરૂપીને, ભક્તિભર્યા વાતાવરણમાંથી ઈહલોકના કથાઓ કહીને, કદીક તો પ્રેમાનંદને પણ ભુલાવે તેવો લોકપ્રિયતાનો તેણે ખંગ વાળી દીધો છે. કથારસ તરફ વિશેષ ઝોક રાખનાર શામળ, જરૂર પડ્યે ચમત્કૃતિનો આશ્રય લઈ એકવાર તો પોતે રચેલા વાર્તાપ્રવાહમાં, વાચકને અવશ્ય ઘસડી જાય છે એજ એની સિદ્ધિ છે.

પરદુઃખભંજક રાજા **વીર વિક્રમ** 'સિંહાસન બત્રીશી'નું એક આકર્ષક પાત્ર છે. પ્રજાવત્સલ રાજા રાત્રિ સમયે નગરચર્યા કરવા નીકળે અને જાનના જોખમે, જાતે આપત્તિ સહી લઈને પણ પ્રજાકલ્યાણમાં તે કેવો રચ્યોપચ્યો રહેતો તેનું એમાં આલેખન છે. એક રીતે આખ્યાનકાવ્યમાં આવતા નરપુંગવો અને વીરાંગનાઓ અથવા પુણ્યશ્લોક રાજાઓ કે અભિજાત સ્ત્રીઓ જેવી જ સૃષ્ટિ જરાતરા જુદા સંદર્ભમાં મુકાયેલી છે; પણ વાર્તાનો નશો એવો છે કે ક્યારેક અસંભવનો આશ્રય લઈ નિરૂપાયેલી પરાક્રમગાથાઓ પણ તેમાં આવતી ચતુરાઈ, જનમનરંજન અને વ્યવહારજ્ઞાનથી વધુ લોકપ્રિય બનતી. ધર્મનાં બંધન જે ધીમે ધીમે શિથિલ થવા લાગ્યાં હતાં તે શામળના સમયના શાંતિકાળમાં મુક્ત ઉલ્લાસ, આનંદ, પ્રેમ, સાહસ વગેરે ભાવોમાં વિકસવા લાગ્યાં હતાં. વળી વાર્તારસિકોને એમાંનું પ્રગતિશીલ વાતાવરણ પણ કામણ કરી ચૂક્યું હતું.

'મદન મોહના' શામળની મૌલિક રચના તરીકે ધ્યાન ખેંચે છે. **મોહના** એ વાર્તાની નાયિકા છે. શામળનું એ તેજસ્વી પાત્ર છે. મદન કરતાં તે વધુ ચતુર છે. પંડિત પાસેથી વિદ્યાગ્રહણ કરી સમસ્યા કસોટીમાંથી તે પાર પડે છે. મદન સાથે ચક્ષુરાગ જન્મતાં જ

'એ વિના પુરુષ પૃથ્વી વિશે માહારે તાત ને ભ્રાત.'

એમ બોલી, પરણું તો મદનને જ, એવી હઠ લઈને તે બેસે છે. મદન અને મોહનનાં લગ્ન થાય છે. રાજાને આ વાતની ખબર પડતાં મદનને દેશવટો દે છે. ત્યારે મોહના પણ સાથે જવા આગ્રહ કરે છે. પુરુષવેશે ચોરીછૂપીથી નગર બહાર નીકળી ભાગી જવાનું સાહસ કરે છે. ગણિકાના હાથે ફસાય છે, ત્યાંથી પણ નાસી છૂટે છે અને મદનથી છૂટી પડેલી, મદનની શોધમાં દેશદેશાવર ફરે છે.

રસ્તામાં અનેક પરોપકારનાં કાર્યો કરતી, સમય વર્તે સાવધ રહી પુરુષવેશે પાંચ સ્ત્રીઓને પરણી, મદનને પરણાવી પણ આપે છે. આમ મદન અને મોહનાનું સુખી મિલન યોજાય છે.

માતાને પોતાના સ્નેહની વાત કરવામાં નીડરતા દાખવતી, પુરુષવેશે મદન સાથે દેશાવર ઘુમવામાં સાહસ ખેડતી, પતિને વફાદાર રહેનાર અને છતાં ચતુરાઈ દાખવતી શુદ્ધપ્રીતિવાળી આ આકર્ષક કન્યા શામળની, પુરુષસમોવડી નારીસૃષ્ટિનું, જીવંત પાત્ર બની રહે છે.

આ તો થઈ મધ્યકાળના ગુજરાતી સાહિત્યની વાત. ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં ગુજરાતી સાહિત્યમાં સ્વરૂપ પ્રત્યે, વિષય પ્રત્યે, અભિવ્યક્તિ પ્રત્યે પરિવર્તન જોવા મળે છે. એ સૌ પશ્ચિમના સાહિત્યના બહોળા અને ગહરા સંપર્કને આભારી છે. અત્યાર સુધી ગુજરાતી સાહિત્ય કેવળ પદ્યમાં જ રચાતું તેને બદલે ગદ્યમાં લખાવા લાગ્યું. પદ્યમાં પણ અનેક નવાં સ્વરૂપો વિકસ્યાં. ગદ્યમાં અનેક નવા પ્રકારો ખેડાયા. છેલ્લા સો વર્ષમાં ગુજરાતી ગદ્યમાં એના ભિન્ન ભિન્ન સાહિત્યકારોએ નિબંધ, નવલકથા, નવલિકા, નાટક, એકાંકી, જીવનચરિત્ર, આત્મકથા, ડાયરી, પત્રલેખન અને પ્રવાસ વર્ણન એમ જુદાં જુદાં સાહિત્ય સ્વરૂપો દ્વારા અભિવ્યક્તિની દૃષ્ટિએ નવલાં શિખરો સર કર્યાં છે.

આપણે પ્રસ્તુત લેખમાં ગુજરાતના સાહિત્યકારોના હાથે નવલકથા, નવલિકા, ખંડકાવ્ય, પદ્યનાટકો, નાટકો અને એકાંકીનાં સ્વરૂપો દ્વારા જે તેજસ્વી પાત્રપરંપરા સર્જાય છે તેનો આછો પરિચય કરી શું.

**જીવરામ ભટ્ટ** એ કવિશ્રી દલપતરામ રચિત હાસ્યરસનું નિરૂપણ કરતું ઓગણીસમી નાટક 'મિથ્યાભિમાન'નું એક પાત્ર છે. રતાંધળા હોવા છતાં ઢોંગ અને મિથ્યાભિમાન ન મૂકતા, અને તેથી જ જાતે દુઃખી થતા અને સમાજમાં સગાંસંબંધીઓથી ઉપહાસ પામતા જીવરામ ભટ્ટ અહીં આલેખાયા છે. રઘુનાથ ભટ્ટની દીકરી સાથે રજોતાં લગ્ન થયેલાં છે. તે સાસરે જવા નીકળ્યા છે. રસ્તો ન જડતો હોવા છતાં કોઈને ન પૂછતા, અને પાડીનું પૂછડું પકડી આગળ વધતા જીવરામ ભટ્ટ ખાડામાં પડે છે. અને ત્યાં જ રાત વિતાવવાનું નક્કી કરે છે. સસરાના મનાવ્યા જેમ તેમ રાત્રે ઘેર આવે છે પણ ત્યાંય પોતાનું આંધળાપણું છુપાવવા એક પછી એક જુઠાણું ઉચ્ચાર્યે રાખે છે. સાસરિયામાં રાત્રે ભૂલથી સાસુના ખાટલે પહોંચી જતાં ચોર, ચોર તરીકે ટિપાઈ જાય છે, અને મરણતોલ મારથી પિડાતા જીવરામ ભટ્ટની દવા પણ ઊંટવૈદ્યને કારણે

બરાબર થતી નથી. આખરે પોતાના મિથ્યાભિમાનનો ભારે પશ્ચાત્તાપ તેમને થાય છે પણ ત્યારે તો ઘણું મોડું થઈ ગયું હોય છે. ભદ્રંભદ્રની માફક જીવરામ ભટ્ટ પણ ગુજરાતી સાહિત્યમાં અમર બની ગયા છે.

ગુજરાતી સાહિત્યના ઇતિહાસમાં ૧૮૮૭નું વર્ષ શકવર્તી બની ગયું છે. તત્કાલીન ગુજરાતી વાસ્તવિક જીવનને નિરૂપતી પહેલી શિષ્ટ ગુજરાતી નવલકથા ' સરસ્વતીચંદ્ર ' રચાઇ. કવિશ્રી ન્હાનાલાલ કહે છે તેમ તે તિથિએ ગુજરાતી સાહિત્યે જગત્ સાહિત્યમાં પગ મૂકયો. મહાનવલ, મહાકાવ્ય, પુરાણ આદિ પ્રશસ્તિશબ્દો પામેલી આ નવલકથા 'પ્રેમકથા નિમિત્તે સંસ્કૃતિની કથા' બની છે. સ્થળ અને કાળના વિશાળ ફલક ઉપર આલેખાયેલી સામાજિક, રાજકીય, ધાર્મિક તેમજ સાંસ્કૃતિક પ્રશ્નોની વિશદ અને તલસ્પર્શી છણાવટ કરતી આ મહાનવલમાં પ્રાચીનપૂર્વ, અર્વાચીનપૂર્વ અને અર્વાચીન પશ્ચિમની વિચારધારા અને સંસ્કૃતિનો ત્રિવેણી સંગમ સધાયો છે. એથી જ આ નવલકથાએ પોતાના જમાના ઉપર તો મોહિની ફેલાવી જ; સાથે સાથે સર્વકાલીન કૃતિ પણ બની શકી.

આ કથાની રચના પાછળ તેના લેખકનો આશય કેવળ જન–મનરંજનનો નથી. તેમને તો 'વાચકોના જિજ્ઞાસારસને દ્રવતો કરી મિષ્ટવાર્તા ભેગો ઉપદેશ ' પાઈ દેવાનો છે તથા 'ઇશ્વરલીલાનું સદર્થે ચિત્ર આપવું એજ પ્રયાસ છે ' તેથી તેમાં એક કરતાં વધારે કથાઓની 'ફૂલગુંથણી' હોય એ સ્વાભાવિક છે. વળી પાત્રવૈવિધ્ય આવી મહાકાય નવલકથામાં અપેક્ષિત છે જ. 'સરસ્વતીચંદ્ર'માં પાત્રોના આલેખન દ્વારા સમકાલીન ભારતનો નકશો ઉપસાવવાનો લેખકનો હેતુ હતો અને તેથી પ્રત્યેક ક્ષેત્રમાંથી પ્રતિનિધિરૂપ પાત્રો પસંદ કરી તેમાં સજીવતાના રંગો તેમણે પૂર્યા છે અને તેથી જ આદર્શ અને વાસ્તવિક પાત્રોનો સુમેળ જોવા મળે છે. શ્રી અ. મ. રાવળ યથાર્થ જ કહે છે:

"સરસ્વતીચંદ્ર'ની પાત્રસૃષ્ટિ વિવિધ અને બહુરંગી છે."

સ્વનામધન્ય **સરસ્વતીચંદ્ર** વિદ્યાગુણસંપન્ન, ગર્ભશ્રીમંત છતાં જન્મજાત વિરાગી યુવક છે. ગોવર્ધનરામનો એ માનસપુત્ર એમના જેવો જ આદર્શવાદી, અંતર્મુખી અને સ્વદેશહિતચિંતક છે. સરસ્વતી અને લક્ષ્મી સાથે વિનય અને શીલનો વિરલ એવો નંગકુંદનયોગ તેનામાં થયેલો જોવા મળે છે. કુમુદ જેવી આદર્શ પતિવ્રતાના ગુણોથી શોભતી, અભિજાત વ્યક્તિત્વસંપન્ન રસિક મુગ્ધા છતાં તપસ્વિની એવી સુકન્યા સાથે તેનું વેવિશાળ થયું હતું. અને પરસ્પર ઉત્કટ પ્રીતિ ધરાવતાં તે બન્યાં હતાં. પરંતુ સરસ્વતીચંદ્રને, અપરમા ગુમાનની ભંભેરણીથી પિતા લક્ષ્મીચંદ્રન તરફથી અણઘટતો ઠપકો મળ્યો ત્યારે, પોતે ઘરમાં આવનાર કુમુદને સુખી નહિ કરી શકે, તથા પિતાના વાત્સલ્ય વગર જીવવું શા કામનું એવી સંવેદના અનુભવો, મિત્ર ચંદ્રકાન્તના વાર્યા છતાં ગૃહત્યાગ કરી 'ભવસાગરના એક અગોચર મોજારૂપે' ભળી જવા કયાંક નીકળી પડે છે.

પોતાની સૂક્ષ્મ પ્રીતિના કારણરૂપ કુમુદને સોનેરી શાહીથી—

'શશી જતાં પ્રિય રમ્ય વિભાવરી,
થઇ રએ જતી અંધ વિયોગથી;
દિનરૂપે સુભગા બની રહે,
કર પ્રભાકરના મનમાનીતા !'......

આવું આવું લખી પોતે કુમુદને દુઃખમાં પડતી બચાવ્યાનો ભાવ (!) અનુભવે છે.

ગૃહત્યાગ પછી કેવળ ગૃહના જ નહીં, સમાજના અને રાજ્યની ખટપટોના અનુભવોથી તે ઘડાયો. સુવર્ણપુરનો અતિથિ બની કુમુદની સાસરે શી સ્થિતિ છે તે જોઈ. કુમુદની દશા તો 'ભણેલાએ પરણ્યા પહેલાં છોડી, વગર ભણેલાએ પરણીને છોડી' એવી અંતર્ગૂંઢન વ્યથાથી ભરેલી હતી તે જોઈ. પુનઃ ગૃહત્યાગ કર્યો. રસ્તામાં બહારવટિયાઓથી લૂંટાયો, અર્થદાસ જેવા લોભી વાણિયાથી છેતરાયો, સર્પદંશથી માંડ માંડ બચ્યો અને સાધુઓના સહારે સુંદરગિરિનો અતિથિ બન્યો.

મધુરીમૈયા તરીકે ઓળખાતી વિધવા કુમુદનું અહીં મિલન થયું. જીવનની વિશ્રમ્ભવના વાગોળતાં વાગોળતાં સરસ્વતીચંદ્ર, કુમુદની લાગણીઓને સમજવા મથ્યો. તેના જ કહેવા પ્રમાણે કુસુમ સાથે તેણે લગ્ન કર્યું. એના ચિત્તમાં રહેલી પ્રચ્છન્ન વૈરાગ્યવૃત્તિને સક્રિય બની વિકસવાનું બળ મળ્યું. એની ભાવનાપરાયણતા અને કલ્યાણગ્રામની યોજના—એના પાલકપિતા ગોવર્ધનરામનું મનોરાજ્યઆકાર લે એ, ઘડી આવી પહોંચી.

" **કુમુદ** એટલે હૃદયમાન્ય પુરુષને પરણી ન શકાતી,
અસંસ્કારી પતિ જોડે લગ્નસંબંધે જોડાયેલી, સુશિક્ષિત
સંસ્કારી યુવતીઓની પ્રતિનિધિ." (અ. મ. રાવળ,)

એના સંસ્કાર ઘડતરમાં ગુણિયલ માતા ગુણસુંદરી અને વત્સલપિતા વિદ્યાચતુર તથા પોતે કરેલા સાહિત્યસેવનનો મોટો ફાળો છે. ગોવર્ધનરામના ભાવનાલોકનું એ અજરામર પાત્ર છે. વિદ્યારસિક માતાપિતાની દક્ષતા, નમ્રતા, સહનશીલતા, પવિત્રતા, વિદ્યાપ્રીતિ, અભિજાત્ય અને ચારિત્ર્યના ગુણોનું સિંચન એનામાં થયું છે.

મનથી સરસ્વતીચંદ્રને વરી ચૂકેલી કુમુદ દેહલગ્ને પ્રમાદધન જેવા વિલાસી, અસંસ્કારી પુરુષ સાથે વિધિવશાત્ જોડાય છે. મુખે ' પ્રમાદ ધન મુજ સ્વામી સાચા' એમ રટણ કરવા છતાં સરસ્વતીચંદ્ર સાથેની સૂક્ષ્મપ્રીતિ તે વીસરી શકતી નથી. તેમ છતાં વિદ્યા–સંસ્કારના બળે, ગમે એટલી આપત્તિમાં પણ ચલિત થતી નથી. અંતરમાં ઘનીભૂત થયેલા વિષાદને હસતેમુખે જીરવી જાય છે. પ્રમાદધન તરફથી માનભંગ થયો ત્યારે સરસ્વતીચંદ્ર ઘરમાં જ નજીક હતો. પળવાર ક્ષણિક આવેગને વશ થઈ સરસ્વતીચંદ્રને મળવા ગઈ પણ શરીરનો વિકાર બળવત્તર બને તે પહેલાં તેને પોતાના પડછાયામાં વત્સલમાતા ગુણસુંદરીની છાયા દેખાઈ અને આપોઆપ મનશુદ્ધિ કેળવાઈ. આવી આત્મવિશુદ્ધ સ્વભાવસરલ નારીની સહનશીલતા માટે ખુદ સરસ્વતીચંદ્ર કહે છે: 'કુમુદ–સુંદરી, ખરે તું સતી છે.' તે યથાર્થ છે. ખરે જ તે, કારુણ્યમૂર્તિ છે.

સુવર્ણપુરથી સરસ્વતીચંદ્રના ગયા પછી માનસિક રીતે દુઃખી કુમુદ, માતાને મળવા ભદ્રેશ્વર જવા નીકળે છે. વિચાર ચકરાવે ચડેલી કુમુદ સુમતુલા ચૂકી જતાં, સુભદ્રા નદીમાં ગબડી પડે છે. તણાતી તણાતી તે સુંદરગિરિ ઉપરના ચંદ્રાવલિ મૈયા આદિ સાધ્વીઓના સંપર્કમાં આવે છે, ત્યાં મધુરીમૈયા નામે તે ઓળખાય છે. અહીં જ નવીનચંદ્ર રૂપે ઓળખાતા સરસ્વતીચંદ્રનું મિલન થાય છે. સાધુ–જનોના સહકાર વડે સૌમનસ્યગુફામાં પરસ્પરની આપવીતી જાણવા

મળે છે. એ ચર્ચાઓમાં કુમુદ સરસ્વતીચંદ્ર માટે માર્ગદર્શક નીવડે છે. કુસુમ સાથે લગ્ન કરાવી આપવામાં તે સફળ નીવડે છે. આમ જાણે કુમુદનો પ્રીતિયજ્ઞ પૂરો થાય છે.

"લજ્જાભર્યા અજબ કૈં અવગુંઠનેથી,
સૌશીલ્યથી વિનયથી નતમસ્તકેથી,
નિષ્કામ સ્નેહરસથી દ્રવતી દયાથી,
શોભાવતી સદન જ્યાં શુચિસદ્મલક્ષ્મી."

આવો કવિશ્રી બોટાદકરે વર્ણવેલો ગુર્જરનારીનો આદર્શ કુમુદમાં જોવા મળે છે.

'સૌન્દર્યોદ્યાનના સુંદર કુસુમ ! તારું ભાગ્ય રાત્રિવિકાસી કુમુદ જેવું નથી.' આ શબ્દો લેખકે પોતાની માનસપુત્રી **કુસુમ** માટે ઉચ્ચારેલા છે. તે વિદ્યાવાન અને વિચારવંત કન્યા છે. વિદ્વાનપિતા અને ગુણિયલ માતાનો સંસ્કારવારસો તેને મળ્યો છે. તે જેટલી ચબરાક તેટલી જ બટકબોલી છે. તેણે પોતાની બહેનની દુઃખી અવસ્થા જોઇ છે. સંયુક્ત કુટુંબના લાભાલાભ તેણે અનુભવ્યા છે. એ બધાએ તેના હૃદયમાં જે પ્રત્યાઘાતો પાડ્યા છે તેણે જ. તેના મન સાથે, નહિ પરણવાનો નિશ્ચય કરાવ્યો છે. વળી મિસ ફ્લોરા જેવી શિક્ષિકાના ઘડતરથી વિચારસ્વતંત્ર્ય પણ દાખવે છે.

એની સુંદરકાઠીનો વિરોધ કરીને પણ સાદું, સાધુજીવન ગાળવાની તેણે શરૂઆત કરી દીધી હતી. તે કહેતી.

'શરીરનો રથ અને મનની સવારી,
કુસુમ કાઢે સંઘ, ત્યાં આનંદની વારી,'

આમ તપોમય જીવન ગાળવા મીરાબાઇનો કાળો કામળો એણે ઓઢ્યો છે. સરસ્વતીચંદ્રની સાથે પરણવાની બાબતમાં કહે છે :

"સરસ્વતીચંદ્ર જડે ને પોતાના વિચારો ફેરવે તો પણ તેટલાથી કંઇ મારે મારા વિચાર ફેરવવા નથી—પણ હું પૂછું એ બધા. પ્રશ્નોના ઉત્તર આપે ને એવા ઉત્તર આપે કે જેથી મારા મનનું સમાધાન થાય ને મારા વિચાર ફરે ને તેમનો ને મારો વિચાર એક થાય તો પછી હું મને ઠીક લાગે તેમ વિચાર કરું—તે વિચાર કરું—દા–વિચાર કરું : બીજું કાંઇ અત્યારથી બંધાવાનું નહીં."

આમ નાની ઉંમરમાં મોટી દુનિયા જોઇ વળેલી અને અનુભવનું ભાથું એકત્ર કરી રહેલી કુસુમનો આ આખાબોલો જવાબ, સરસ્વતીચંદ્ર, કુમુદના જેવા કેવળ આદર્શ વિચારો કરતાં તેના વાસ્તવિક વિચારો વધુ ઉપયોગી છે, એમ સાબિત કરે છે. સુંદરગિરી ઉપર કુમુદ અને સરસ્વતીચંદ્રનું મિલન યોજાય છે, ત્યાં કુમુદના વૈધવ્યની વાતની અને સરસ્વતીચંદ્રે કુમુદનો ત્યાગ કર્યો તે બાબત સરસ્વતીચંદ્રના નિષ્કપટ હૃદયની પ્રતીતિ કુસુમને થાય છે. અને તેથી કુમુદની સમજાવી કુસુમ સરસ્વતીચંદ્ર સાથે લગ્નગ્રંથિએ જોડાય છે. કુસુમે અર્વાચીન યુવતીનો આદર્શ આપણી સમક્ષ સ્થાપી આપ્યો છે.

**અલક કિશોરી**—એ અમાત્ય બુદ્ધિધનની અત્યંત લાડકવાયી દીકરી હોવાને કારણે તેનામાં ઉન્મત્તતા અને નિરંકુશતા પ્રવેશ્યાં હતાં. તેનું જિદ્દીપણું અને તોછડાઈ તેને વધુ ગુમાની બનાવે છે. રંક અવસ્થા તેણે જોઈ નથી. અમલ ચલાવવાની તેને ટેવ પડી છે. પતિસુદ્ધાં કોઈપણ પુરુષને લેખામાં ગણતી નહીં. અન્ય સાથેના વ્યવહાર–વર્તનમાં પોતે ચડિયાતી છે એવો 'હુંકાર' તેનામાં ડોકાતો અને તેથી જ એના છુપા હિતશત્રુઓ ઘણા હતા. જમાલવાળા પ્રસંગમાં તેનો અભિમાની સ્વભાવ અને કડવી જીભ જ કારણભુત છે, એમ કહી શકાય. તેનામાં સંસ્કારી માતાપિતાના આનુવંશિક ગુણો ઊતર્યા હતા એથી પવિત્ર મનવાળી હતી છતાં હલકી સ્ત્રીઓની સોબત તેના મનમાં પોતાના પતિ પ્રત્યે પણ છુપો અસંતોષ જન્માવે છે. પોતાની ભાભી કુમુદના સરલ સ્વાભાવથી તે ભારે પ્રભાવિત થઈ હતી અને એકમાત્ર એના જ કહ્યામાં થોડે ઘણે અંશે હતી. સરસ્વતીચંદ્ર સાથેનો થોડોક પણ સંપર્ક તેના ચારિત્ર્યની ઉચ્ચતર સ્થિતિ ઘડવામાં મદદરૂપ થાય છે.

કુટુંબવત્સલ, વ્યવહારદક્ષ, સત્યશીલ અને કર્તવ્યનિષ્ઠ વિશેષણો જે પાત્ર માટે અત્યંત સ્વભાવિક્તાથી યોજી શકાય તેવું **ગુણસુંદરી**નું પાત્ર ગોવર્ધનરામની પાત્રાલેખન શક્તિના ઉત્તમ દૃષ્ટાંત રૂપ છે. અવિભક્ત કુટુંબની ગૃહિણીમાં જે ધીરજ, વત્સલતા અને કર્તવ્ય–પરાયણતાનાં અનિવાર્ય લક્ષણો હોવા જોઈએ તે બધાં જ અહીં ચરિતાર્થ થયાં છે. શિક્ષિતપતિ વિદ્યાચતુરના સંગમાં શિક્ષણ અને સંસ્કારનું મૂલ્યવાન ભાથું પામી ગુણસુંદરીએ ઉદાત્તતા અને આત્મ–વિલોપનના ગુણો વધુ સારી રીતે ખીલવ્યા છે. આથી જ ભિન્નરૂચિ કુટુંબીજનોમાં મીઠાશથી, સ્વયં ઉદાહરણરૂપ બની આત્માસમર્પણ તે દાખવી શકે છે.

પ્રસૂતિ સમયે થોડોક વખત ગૃહવ્યવસ્થાનો ભાર છોડવાની તેને ફરજ પડે છે ત્યારે, ઘરમાં અવ્યવસ્થા અને અતંત્રતા ફેલાય છે. તે જોઈ ગુણિયલવહુની યાદી ધર્મલક્ષ્મીને આ રીતે આવે છે,

'નાની વહુ ઘરમાં હરતી ફરતી હોય તો મારે આ વખત ન આવે !' માનચતુર જેવો ભડ આદમી પણ કહે છે 'મારું કુટુંબ એક આ વહુથી ઊજળું' છે.'

તેના દામ્પત્યજીવનના પરિપાકરૂપ કુમુદ અને કુસુમ બે ખરેખર કન્યારત્નો હતાં. તેના સંસ્કારો કુમુદમાં સમય આવ્યે એવા પ્રગટ થાય છે કે કુમુદના મનોવિકાર સમી જાય છે, અને વિશુદ્ધ ચિત્તવાળી બની પુનર્જીવન જીવવું શરૂ કરે છે. (જવનિકાનું છેદન અને વિશુદ્ધનું શોધન. સ્વ. ભાગ–૧) આમ ગુણસુંદરીના પાત્રા–લેખન દ્વારા ગોવર્ધનરામે હિન્દુ આર્યસ્ત્રીનો ઉત્તમ નમૂનો પૂરો પાડ્યો છે.

"ગયા સૈકાના છેલ્લા ચરણમાં સુધારકો અને સંરક્ષકો વચ્ચે વૈમનસ્ય અને વિગ્રહનું જે વાતાવરણ ઊભું થયેલું તેમાંથી આ કૃતિ ('ભદ્રંભદ્ર')નો જન્મ થયો છે." સદ્. રમણભાઈ નીલકંઠની સળંગ હાસ્યરસની આ નવલકથાનું મુખ્ય પાત્ર **ભદ્રંભદ્ર** ગુજરાતી સમાજમાં વિશેષનામ જેવું બની ગયું છે. સનાતન આર્યધર્મનો વિજય કરવા અને સુધારાવાળાઓને પડકાર આપવા મુંબઇની માધવબાગની સભામાં પોતાના મિત્ર અને શિષ્ય અંબારામ સાથે ધર્મયાત્રાએ–mission પર–જતા ભદ્રંભદ્ર તેમના વિચાર, વાણી અને વર્તનથી પોતાના સ્થિતિ ચૂસ્ત માનસની ઝાંખી કરાવે છે; અને અવ્વલ દરજ્જાનું હાસ્યસ્પદ પાત્ર બની રહે છે. સુધાકર રમણભાઇએ ભદ્રંભદ્રના પાત્રદ્વારા સનાતનીઓ ઉપર પ્રહાર કરવાનો આશય રાખ્યો હોવાથી નર્મમર્મ દ્વારા પાત્રગત અને પરિસ્થિતિગત હાસ્ય પ્રગટાવી બુદ્ધિલક્ષી વિનોદે રેળવ્યો છે.




નાનકડું કુટુંબ



પૂરતી સંભાળ
પ્રેમભરી હૂંફ





બાળકોને ઉચ્ચશિક્ષણ
અને
વિકાસની તકો



તંદુરસ્ત જીંદગી
સુખી ઘર





સંતોષભર્યાં સુખી
અને
સ્વસ્થ જીવન માટે

એકજ માર્ગ
કુટુંબ નિયોજન કરો.



'રાઈનો પર્વત' નાટકની ચર્ચા કરતાં વિદ્વાન વિવેચક શ્રી અ. મ. રાવળ કહે છે,

'રાઈના નિરૂપણમાં નાટકનો તેમજ રમણભાઈનો વિજય છે...એ પાત્રમાં રમણભાઈએ પોતાને અભિપ્રેત ભાવનાઓ અને સંસ્કારોનું નિરૂપણ કર્યું છે.'

આ અર્થમાં **રાઈ,** સ્વ. રમણભાઈનો માનસપુત્ર છે. જાલકા તેને 'કાગળ અને શાહીનો' પંડિત કહે છે એનું વિચારચંક્રમણ અને સ્વભાવ હેમ્લેટની યાદ આપે છે. અલબત્ત હેમ્લેટ જેટલો તે અકર્તવ્યશીલ નથી. 'કપટથી મળનાર રાજ્યનો મારે ખપ નથી' એમ ભાવનાપરાયણ અને નીતિપ્રેમી રાઈ કહે છે ખરો, તેમ છતાં માતૃપ્રેમને વશ થઈ, રાજા બનવા તૈયાર થાય છે. પરંતુ પર્વતરાયનું પાત્ર ભજવવા જતાં લીલાવતીના પતિ પણ બનવું પડશે, એવો ખ્યાલ આવતાં જ તેનો અંતરાત્મા કકળી ઊઠે છે :

"થાઓ તિરસ્કાર! વિનાશ થાઓ!
ન એક થાજો પ્રભુપ્રીતિ નાશ!"

આમ રાઈ નીતિપરાયણ આદર્શ યુવાન છે. ગુજરાતમાં ગાંધીજીના આગમન પહેલાં ગુજરાતી સાહિત્યના ક્ષેત્રે સરસ્વતીચંદ્ર અને રાઈ જેવાં પાત્રોમાં ગાંધીજીના કેટલાક ઉચ્ચ આદર્શો મૂર્તિમંત થયેલા જોવા મળશે.

'નાટકનું ('રાઇનો પર્વત') વિશેષ તેજસ્વી પાત્ર સત્ત્વગુણી રાઈ નહિ પણ રજોગુણી જાલકા છે.' (અ. મ. રાવળ)

રાજા રત્નદીપદેવની રાણી અમૃતદેવીનું છૂપાવેશનું નામ **જાલકા** હતું. પોતાના પતિનું રાજ્ય છીનવી લેનાર પર્વતરાયના રાજ્યમાં જ માલણ તરીકે રહી, પોતાની કાર્યસાધક તીક્ષ્ણબુદ્ધિશક્તિ દ્વારા પોતાનું ધ્યેય સિદ્ધ કરવા મથે છે. પોતનો પુત્ર રાઇ, આ જ રાજ્યની ગાદીએ બેસે તો જ પોતાની વેરતૃપ્તિ થાય, અને મૃત પતિનું સાચું તર્પણ થયું ગણાય એમ માને છે, અને તેથી સાધનશુદ્ધિની પરવા કર્યા વગર, પોતાની મહત્ત્વાકાંક્ષા સંતોષવા ઝુકાવે છે. તેનામાં સંકલ્પશક્તિ, ત્વરિત નિર્ણયશક્તિ આદિ ગુણોનો સમન્વય થયો હતો.

ચિરયુવાની પ્રાપ્ત કરવાના પ્રયોગમાં પર્વતરાય મૃત્યુ પામે છે. રાજ્યમાં આ વાતની ખબર પડે તો કટોકટી જાગે અને રાજ્ય પરિવર્તન સરળ ન પણ બને; તેથી આદર્શવાદી રાઈ (કે જે ખરેખર આ ગાદીનો હકદાર છે જ.) ને રાજકારણની ફિલસૂફી સમજાવે છે :

'રાઈ અને જાલકા એ તો બાજીનાં સહુ સોગઠાં.'

પોતાના પતિની વેરતૃપ્તિ માટે ખટપટી શિતલસિંહને પણ પક્ષમાં લઇ લે છે. રાઇને રાજ્ય મળે તે માટે જાલકાનું અડગ મનોબળ, સાધનની શુદ્ધિ અશુદ્ધિ માટે તદ્દન બેતમા હતું અને તેથી જ એના પાસા સફળ થવા છતાં વ્યક્તિગત પરાજ્યના ઓછાયા, તેના પર પડેલા જ છે. અરમાનોની પ્રતિમા સમી સૌન્દર્યમૂર્તિ લીલાવતી, મૃત રાજાની પત્ની હતી. તેના શીલની રક્ષાનો પ્રશ્ન, જાલકાને મહત્ત્વનો લાગતો નથી. તેથી જ લીલાવતીની આંતરડી કકળી ઊઠી, અને તેના શાપથી જાજરમાન, મુત્સદી જાલકા ભાંગી પડે છે. અને પાપનો ખ્યાલ આવતાં, એક દુઃખી કરુણાસભર પાત્ર, નાટક । અંત ભાગમાં બની રહે છે.

નખશિખ કલાકૃતિવાળાં ખંડકાવ્યો રચનાર કવિશ્રી કાન્તે, પોતાના 'વસંતવિજય' ખંડકાવ્યમાં, **પાંડુનું** આલેખેલું પાત્ર, માનવજીવનની કરુણતાનું પ્રતીક બની રહે છે. મૂળે મહાભારતમાં આવતા પાંડુરાજાની આ કથાના વસ્તુને 'મંથનશીલ સત્યશોધક' કાન્તે, પોતાની સર્વશક્તિથી સુંદર બનાવ્યું છે. ધીરુભાઇ ઠાકર કહે છે તેમ,

"'વસંતવિજય' માનવના જ્ઞાનમાત્રમાં રહેલી અપૂર્ણતાનું દર્શન કરાવતું, નિયતિના અગમ્ય તત્ત્વ પાસે માનવની અસહાયતા । નિરૂપતું, પાંડુરાજાના જીવનકારુણ્યને આલેખતું આપણું અનુપમ ખંડકાવ્ય છે.'

વનમાં મૃગયાએ ગયેલા પાંડુરાજા કિંદમઋષિનો શાપ પામીને પાછા આવે છે, અને તેથી ગૃહસ્થાશ્રમનો ત્યાગ કરી સ્વેચ્છાએ વાનપ્રસ્થાશ્રમ સ્વીકારે છે. પોતાની પત્નીઓ કુંતી અને માદ્રી સાથે, રાજાએ વનવાસ શરૂ કર્યો છે. તપોમય જીવન ગાળવા માંડ્યું છે; પરંતુ વસંતઋતુની અસર હેઠળ પાંડુરાજાના હૃદયમાં કામ ઉત્પન્ન થાય છે અને,

"શાને થવું પતિત આશ્રમધર્મનાથી?
સૌન્દર્ય શું? જગત શું? તપ એજ સાથી!'
એમ એક ઘડી વિચારતો, અને બીજી જ પળે—
'નહીં મારે જોઇએ, તપ ફૂલ ભલે એ સહુ જતું.'

એમ વિચારતો શાપિત આત્મા પાંડુ, જબરદસ્ત માનસિક સંઘર્ષ મનોમંથન અનુભવે છે. અંતે વસંતનો વિજય થાય છે, અને કામવિહ્વળ પાંડુનો કરુણ પરાજય, સમગ્ર માનવજીવનની કરુણતાનો સંકેત બની રહે છે.

'સરસ્વતીચંદ્ર'ના સર્જન દ્વારા ગુજરાતી નવલકથાનું ઉત્તમ શિખર સર કરનાર ગોવર્ધનરામ પછી શ્રી કનૈયાલાલ મુનશી ગુજરાતી નવલકથાને એક ડગલું આગળ ભરાવે છે. શ્રી મુનશી પ્રતિભાવંત સર્જક છે. એક કવિતાનું ક્ષેત્ર બાદ કરતાં, સઘળા સાહિત્યપ્રકારો ઉપર તેમણે હાથ અજમાવ્યો છે. તેમ છતાં તેમની નવલકથાઓએ તેમને ચિરંજીવ યશ અપાવ્યો છે. પ્રા. રવિશંકર જોશી કહે છે તેમ –

'કાવ્યક્ષેત્રે જેમ કાન્તે અભિનવ કલાવિધાન દાખવ્યું તેમ શ્રી મુનશીએ નવલકથામાં ગ્રંથનકલા અને સપ્રમાણતા પરત્વે સાચું કલાવિધાન દાખવ્યું.'

વાચકચિત્ત ઉપર પકડ જમાવવામાં, તેઓ કુશળ કસબી **પુરવાર** થયા છે. એક સર્જકની પૂરી આવડતથી પાત્ર સર્જી પછી તેમાં ઇશ્વરસદશ તાટસ્થ્ય દાખવી, તેમને રમતાં મૂકી દે છે. આદર્શપ્રિય ભાવનાશીલ સ્વપ્નદ્રષ્ટાઓ, યોદ્ધાઓ, મુત્સદ્દીઓ, રાજવીઓ, પ્રતાપી અને જાજ્જવલ્યમાન સ્ત્રીઓ, સુકોમળ રમણીઓ એમ વૈવિધ્યવંતી પાત્રસૃષ્ટિ દ્વારા મુનશીએ ગુજરાતી નવલકથા સાહિત્યને સમૃદ્ધ બનાવ્યું છે.

મુંજાલ, કીર્તિદેવ, કાક, મુંજ, પરશુરામ, સામંત જેવાં પુરુષપાત્રો તો મીનળ, પ્રસન્ન (કાશ્મીરાદેવી), મંજરી, ચૌલા, ધ્રુવાદેવી, શશીકળા જેવી સ્ત્રીઓ એનાં થોડાંક ઉદાહરણ છે.

શ્રી મુનશીની આરંભકાળની અને ઓછી પ્રસિદ્ધ એવી નવલકથા 'વેરની વસૂલાત'માં આવતું **તનમનનું** પાત્ર અનુપમ રૂપ, ગુણ અને શુદ્ધિએ ભરેલું છે. તેમ છતાં સામાજિક રૂઢિના પિંજરામાં પુરાયેલા પંખી જેવી તેની દશા હતી. જગતકિશોર સાથે પોતાની

રમતિયાળ બાલ્યાવસ્થા વિતાવતી આ નિર્દોષબાળા સંજોગવશાત્ છૂટી પડી જાય છે અને અપરમાનો ત્રાસ વેઠે છે. કરમદાસ જેવા માથે ટોકી બેસાડેલા પુરુષ સાથે લગ્ન નહિ કરવાની બાબતમાં તેને મક્કમ અને અદ્‌ભુત સંકલ્પ બળવાળી બનતી આપણે જોઈએ છીએ. તેની તેજસ્વી નિર્દોષતા આપણા સૌના માનની અધિકારિણી બનાવે છે.

સમાજના જુલ્મી રિવાજોનો મક્કમતાથી સામનો કરતી તનમનનું તેના પિતાના શબ્દોમાં દોરાયેલું અંતિમ ચિત્ર જુઓ:

'એ સાચે જ હંસિણી મરણગાન કરતી હતી. કોમળ, હસમુખી, દેવાંગના સમી તનમન કોઈ સહાર કરનારી દુર્ગાની દઢતાથી, મગરૂરીથી ઓરડા બહાર નીકળી. મરવા તૈયાર થતી રાજહંસિણી પાંખો બીડે તેમ તેણે લુગડું સંકેલ્યું......'

કુમુદની માફક 'પડ્યું પાનું નિભાવી લેવામાં' તે માનનારી નથી. એનું સામ્ય કૈંક અંશે કુસુમ સાથે જોવા મળશે. 'સરસ્વતીચંદ્ર' નવલકથાની અસર ઝીલતી, આરંભકાળની આ નવલકથામાં તનમનનું પાત્ર સર્જી લેખકે ગુજરાતનાં અનેક ભાવનાશીલ હૈયાંને ખળભળાવી મૂક્યાં હતાં.

શ્રી મુનશીની પ્રસિદ્ધ ઐતિહાસિક નવલત્રયી 'પાટણની પ્રભુતા', 'ગુજરાતનો નાથ' અને 'રાજાધિરાજ'માં પોતાનું સમગ્ર વ્યક્તત્વ પાથરીને બેઠેલો **મુંજાલ**. મુનશીની કલમની કોઈ ધન્ય પળનું સર્જન છે. એના પાત્ર દ્વારા લેખકે, તે સમયના ગુજરાતની મુત્સદ્દીગીરીનો પરિચય કરાવ્યો છે. પાટણમાં મુંજાલનો પ્રભાવ સત્તા, બળ અને નામના સર્વવ્યાપી છે. પાટણની કશી જ વાત તેના ધ્યાન બહાર રહેતી નથી. એનું ગૌરવ, એનો પ્રતાપ અસાધારણ છે. 'આખા આર્યાવર્તને તે એક આંગળીએ ધારે છે' આ અર્થમાં તે સાચે જ ગુજરાતનો નાથ છે.

'ગુજરાતનો નાથ' નવલકથાના પ્રારંભે કાકે જોયેલા મુંજાલનું ચિત્ર જુઓ:

"તેની ભવ્ય મુખરેખા. તેની અંગાર વર્ષાવતી આંખો ને આછી મૂછોની છાયા નીચે રહેલું ગર્વઅંકિત મુખ એ તેણે જોયાં, મંત્રીશ્વરનાં સાંભળેલાં વખાણ યાદ આવ્યાં. ઓછાં લાગ્યાં.'

યુવાન રાજા જયસિંહ તેને, 'તમે અમાત્ય છો, પણ સોલંકી નથી' એમ કહે છે ત્યારે, ખેદયુક્ત પણ મક્કમતાથી બોલે છે:

'મારા જેવો મંત્રી કોઇ રાજાને મલ્યો નથી અને મળશે નહિ...'

મુત્સદ્દી મુંજાલ કાકની ચતુરાઇ જોતાં તરત જ સમય પહેલાં પાળ બાંધે છે:

'ભટ્ટજી! તમે હોશિયાર છો. તમારી રીતભાત મને ગમે છે, પણ કૂદાકૂદી કામની નહીં!'

આખા આર્યાવર્તને એક કરવાની કીર્તિદેવની દલીલો સાંભળી લીધ। પછી મુંજાલ દઢપણે કીર્તિદેવને રાજનીતિના પહેલા પાઠ ભણાવે છે:

'મહામહેનતે મેં ઝુંપડી ઊભી કરી છે. આર્યાવર્તનો મ્હેલ ચણવા જાઉં તો એ ઝુંપડી ચગદાઈ જાય......મુંજાલ તો એની મઢૂલી જ સંભાળશે!'

કીર્તિદેવ માટે 'પર્વત પણ પીગળાવે એવું એની જીભમાં જોર છે' એમ કહે છે. સાચે જ મુંજાલ મનુષ્યોનો હીરાપારખુ હતો. કીર્તિદેવને જોતાંવેંત જ મુંજાલને પોતાની પત્ની ફૂલકુંવર યાદ આવે છે. પુત્ર યાદ આવે છે. તરત જ બોલી ઊઠે છે:

'મુંજાલને સંતાન કેવું? મારું સંતાન પાટણ!'

કીર્તિદેવને મારવા તૈયાર થયેલા મુંજાલને, કાક દ્વારા સમયસરના થયેલા ઘટસ્ફોટથી ખબર પડે છે કે, એ જ એનો પુત્ર છે ત્યારે, કઠોર મુત્સદ્દી મુંજાલનું હૈયું પાતાળ ફોડી, વાત્સલ્યની સરવાણી વહાવે છે.

મીનળ મુંજાલના ત્યાગને યોગ્ય રીતે સંભારે છે:

"મારે રાણી થવું હતું. મારા પાટણને પ્રભાવશાળી બનાવવું હતું. મારા દીકરાને તેનો માલિક બનાવવો હતો. એ બધું કામ કરવાનું તેં મારી પાસે વચન લીધું અને પાળ્યું... આ વચન પાળવા તેં અભિમાનનો, સુખનો, સ્વાર્થનો, સંસારનો ત્યાગ કર્યો. ભરજુવાનીમાં મારા જેવી સ્વાર્થીનું હાસ્ય, તારું ધ્યેય બનાવી તું પણ પ્રેમતપ આચરી રહ્યો. તારી બાહોશી અને બુદ્ધિનો અખૂટ ભંડાર મારા પગ આગળ તેં ખાલી કર્યો. તું સ્વાર્થી હતો છતાં મારી ખાતર પરમાર્થી બન્યો. મુંજાલ! મુંજાલ, તેં શું કરવામાં મણા રાખી? હું જોઉં છું, તું નહિ હોત તો મારું મારા છોકરાનું શું થાત?"

તેનો પ્રતાપ અમાપ હતો, અસીમ હતો છતાં તેની એકલતા હૃદયવેધક હતી. બધાની વચ્ચે તે 'અરણ્યના એકલ મહાવૃક્ષ' જેવો લાગે છે......અને આ બધું ગુજરાતની કીર્તિ વધારવા માટે, રાજ્ય પ્રત્યેની વફાદારીને કારણે.

'તેની **(કાકની)** નાની પણ તેજસ્વી આંખો, સશક્ત અને મજબૂત હોવા છતાં એકવડિયું શરીર, સુખી અને દઢમુખ, સાંકડું છતાં તીક્ષ્ણ નાક, પક્ષીરાજની સચોટ તરાપ, શક્તિ અને સાવધાનતા દાખવતાં.'

એની રાજનીતિ મુંજાલને પણ એવડી હરીફ પાક્યો હોય તેવો ભાવ પેદા કરાવે છે. ધીરે ધીરે કાક પાટણના રાજતંત્રમાં પોતાનો પગ જમાવતો જાય છે. વખતસરની ચાલાકી, તેનું ધાર્યું કામ પાર પાડે છે. અને લાટનો આ બ્રાહ્મણ પાટણ આવ્યા પછી જોતજોતામાં તો મોટો મુત્સદ્દી બની જાય છે. મુંજાલના વ્યક્તિત્વથી બે ઘડી ડઘાતો કાક, ઝડપથી શ્રદ્ધા પ્રાપ્ત કરી, આત્મશ્રદ્ધાપૂર્વક તરત જ કહે છે:

'તમે સત્તાધીશ છો, મહાપુરુષ છો તો ભલે પણ તમને થાપ આપું અને તમને દેખાડું કે લાટનું પાણી કેવું છે અને તમારી પાસે જ રાજ્યતંત્રમાં મારો એકડો કબૂલ કરાવું ત્યારે જ મારું નામ કાક.'

આવી દઢતા, પરાક્રમશીલતા, પ્રામાણિકતા અને રાજ્ય પ્રત્યેની વફાદારીથી કામ કરનાર કાક ઉપર મુંજાલને પણ વિશ્વાસ છે. અને તેથી જ મીનળને કહે છે; તે 'સમય જતાં બધાંને ટક્કર મારશે.' રાજા હોવા છતાં બિનઅનુભવી જયસિંહને તેની અદેખાઈ આવે છે, અને તેના વિશે કહે છે: 'મારે એક રાજ્યમાં બે મુંજાલ નથી જોઇતા.' 'ગુજરાતનો નાથ' કોણ એ પ્રશ્નમાં કાકને પણ આપણે ઉમેદવાર ગણવો જ પડે.

ઉદા મહેતા પાસેથી મંજરીને છોડાવી લાવવાનું તેનું પ્રથમ પરાક્રમ પ્રશંસનીય છે. મંજરીને જોતાં જ તેનું હૃદય રસિકતા ધારણ

કરે છે. પણ પોતાને ખબર છે કે પોતે ગમે તેટલો પરાક્રમી મુત્સદ્દી હોય; મંજરીના શબ્દોમાં, 'નથી આવડતું સંસ્કૃત કે નથી મોટો યોદ્ધો કે નથી પૂરા સંસ્કાર' અને એથી હતાશ પણ થાય છે. પણ હારે તો કાક નહીં. આભારવશ બનેલી મંજરી એક વાતે તો સ્પષ્ટ છે કે કાકની તે હૃદયેશ્વરી બનવા માગતી નથી. કાકને સ્પષ્ટ સમજાવે છે: 'મારી વિરુદ્ધ મને પરણશો તો આખો જન્મ ધિક્કારીશ.' લગ્નની મિલનરાત્રિએ મંજરીનાં કઠોર વચનોથી કાક માનભંગ થાય છે અને સ્વપરાક્રમે, તેને યોગ્ય બનવા, પુરુષાર્થ આદરે છે.

ધીમે ધીમે કાક પાટણના રાજકારણમાં અગ્રિમ ભાગ ભજવે છે. પાટણનું રાજ્ય એક ચક્રે સ્થાપવાની તેની રાજનીતિ મુંજાલને મુખે પણ બોલાવડાવે છે કે, 'કાક પાટણની સત્તાનો પ્રતિનિધિ છે.' કાક પરાક્રમ માટે જ સરજાયો છે અને તેથી ગુજરાતની ધરતીને તો ખૂંદી વળ્યો છે. પોતાના રાજા જયસિંહ, રાણકદેવડી પર જે પ્રેમભેટ મોકલાવે છે તે આપવા જવાનું મિત્રકાર્ય કાક બજાવે છે, તેમ છતાં તેનો મિત્ર ખેંગાર, રાણકદેવડીનું હરણ કરી જતો હતો ત્યારે કાક તેને રોકે છે. એકબાજુ મિત્રધર્મ અને બીજી બાજુ જયસિંહદેવ તરફની વફાદારી. છતાં ય કાક મુંઝાતો નથી. સીધો રાણકને જ સવાલ પૂછે છે, 'દેવડી કોની થવા માગે છે? રાણક ખેંગારની કે જયસિંહની?' એનો જવાબ: 'હું તો સોરઠના ધણીની, તેના જીવતાં કે તેના મર્યે!' એવો તે સાંભળે છે કે તરત જ પોતાની ઘોડી પણ મિત્રને આપી દઇ મિત્રકર્તવ્ય બજાવે છે. અને કાકમંજરી રાએંગાર અને રાણકનો વેશ લઇ જયસિંહ પાસે જાય છે, એમ જાહેરમાં રાજાનું નાક કપાતું પણ બચાવે છે.

આમ તેનાં પરાક્રમ ધીમે ધીમે, વખત જતાં મંજરીના હૃદયને જીતવા પણ સમર્થ બને છે. મંજરીનાં, પ્રેમના અનુનય રૂપે પ્રગટેલાં આંસુ જોઈ કાક વધુ કઠોર બનતો નથી તેનું હૃદય **मृदुनि कुसुमादपि** બની કોમળતા ધારણ કરે છે. આમ કાકનું પાત્ર બુદ્ધિવંત અને તેજસ્વી છે. તે પ્રેમી, ત્યાગી અને પરાક્રમશીલ છે. સ્વબળે અને સ્વપ્રતિભાએ જ બીજાં રાજ્યોમાં પણ તેને માન મળે છે છતાં પાટણને તો એટલો જ વફાદાર છે. આથી જ મુંજાલને પણ એના પ્રત્યે પુત્ર જેવી–જેટલી લાગણી થાય છે.

**મંજરી**એ શ્રી મુનશીની કલ્પનાસૃષ્ટિનું એક અનોખું સર્જનપુષ્પ છે. ગોવર્ધનરામની કુમુદ, કુસુમ કરતાં જુદી જ માટીમાંથી મંજરી ઘડાઈ છે. કાકના ચિત્ત ઉપર મંજરીનો પડેલો પ્રભાવ જુઓ:

> 'કાકની આંખે અંધારાં આવ્યાં, આવું સૌન્દર્ય તેણે જોયું કે કલ્પ્યું નહોતું. મોદાની કુમાશ પરથી તે બાલાની ઉંમર સત્તર અઢાર વર્ષની લાગતી હતી. તેનું શરીર ઉંચું ભરેલું, પૂર્ણકળાએ પામવાની આગાહી આપતું હતું... કોઈ અદ્ભુત શિલ્પીની દૈવી કલ્પના પરિણામ લાગતા વિધિએ અનુપમ રસ-સૌન્દર્યની, રસમૂર્તિ પેદા કરી હોય એવી લાગતી બાલાને જોઈ કાક સ્તબ્ધ થઈ ગયો.'

કેવળ બાહ્ય સૌન્દર્ય જ નહિ, તેનું આત્મસૌન્દર્ય, તેનું આત્મબળ, તેની આત્મશ્રદ્ધા, તેનો આત્મસંયમ પણ એટલાં જ પ્રશંસનીય છે. તેનામાં ટેક, ગર્વ અને અણખૂટ હિંમત છે. તેને પોતાના કૂળનું, ધર્મનું, વર્ણનું ગૌરવ છે. પોતાને કવિકુલગુરુ કાલિદાસની પુત્રી તરીકે ઓળખાવે છે. કાશ્મીરદેવી (પ્રસન્ન) આગળ તે પોતાના લગ્નસંબંધી વિચારો આ રીતે વ્યક્ત કરે છે:

> 'હું તમારા કાલની નથી. ત્રિભુવન ગજાવતા મહાકવિઓના કાલની છું, હું પાટણની બ્રાહ્મણી નથી પણ બ્રહ્મા, વિષ્ણુ ને રુદ્રને ખોળામાં છુપાવવાના હોંશ ધારતી બીજી અનસૂયા છું.' (પ્રકરણ-'મંજરીઓના સ્વામી').

મંજરીને વીરતા અને લક્ષ્મી જેટલાં નથી ખપતાં તેટલાં ખપે છે સંસ્કાર અને શુદ્ધતા. આવી ભાવનાશીલ માનસવાળી મંજરી નવોઢાની લાલી અનુભવતી, **कैलासमिव दुर्धर्षः कालाग्निमिव दुःसह** એવા તેજસ્વી ભાર્ગવ પરશુરામને આદર્શ તરીકે કલ્પ્યા છે; તે લાટના આ સામાન્ય બ્રાહ્મણને શી રીતે પ્રેમ કરી શકે? ઉદા મહેતા સાથે તો લગ્ન કરવાની તેની માને સાફ ના પાડે છે એટલું જ નહિ, ઉદા મહેતાના પંજામાંથી બે બે વાર બચાવનાર કાકની તે આભારી હોવા છતાં 'મને બચાવી છે માટે જન્મભર તમારા પર હેત રાખીશ પણ મને મારી મરજી વિરુદ્ધ પરણાવશો તો આખો જન્મ ધિક્કારીશ!' એમ સાફ સંભળાવે છે.

લગ્નની અનિવાર્ય પરિસ્થિતિમાં કાક સાથે પરણે છે ખરી, પણ પરણ્યા પછી પોતાના દાદાને ઘેર, (જૂનાગઢ) મૂકી આવવાનું વચન કાક પાસેથી લે છે. લગ્નની મિલનરાત્રિએ કાક તેને ચુંબન કરે છે ત્યારે આ ગર્વિલી માનુનીનાં વાક્બાણ કાકનું હૃદય વીંધી નાખે છે:

> "શું મને લાટની બ્રાહ્મણી ધારી કે આ બહાદુરી (ઉદા મહેતાના પંજામાંથી છોડાવી તે) પર વારી જઈ હું તમારી હૃદયેશ્વરી થઇશ. કાક ભટ્ટજી! તમારામાં અનેક પ્રકારની ક્ષુદ્રતા મેં કલ્પી હતી પણ આવી ન્હોતી ધારી.'

આવા દામ્પત્યજીવનનો આરંભ જ શેષજીવનને વિષમય–કલેશમય બનાવી દે .

તેમ છતાં નિરાશ ન થયેલા કાકે મંજરીનો કલ્પના પુરુષ બનવા મહેનત કરી. એનાં એક એક પરાક્રમ મંજરીના ખ્યાલો બદલવામાં મહત્ત્વનો ભાગ ભજવે છે. કીર્તિદેવના મુખે સાંભરેલી કાકની પ્રશંસા, મંજરી માટે ગૌરવની લાગણી જન્માવે છે. હવે કાલિદાસ અને પરશુરામ કરતાં કાક જ તેને સાચો હૃદયેશ્વર લાગે છે. મંજરી પણ કાકનાં પરાક્રમોમાં ભાગીદાર બને છે. મંજરીના રોમેરોમમાં રહેલું સ્ત્રીત્વ હવે કાકને મેળવવા તલસતું હતું. બંનેના હૃદય પુનર્મિલન સાધે છે, કાકની જતી હોડી બતાવીને કાશ્મીરાદેવીને મંજરી કહે છે, કે 'પોતાની બધી જ પંડિતાઇ સમાઇ ગઈ ત્યાં!' આમ કાકની ગૃહિણી બનવાની બધી યોગ્યતા હવે મંજરીએ પ્રાપ્ત કરી લીધી છે.

'પાટણની પ્રભુતા'માં **મીનળ** 'સ્વપ્નો અને મહેચ્છાઓથી તરવરતી, ધાર્યું જ કરાવવાની ઘેલછામાં જિદ્દી, ખટપટી રાણી' લાગે છે જ્યારે 'ગુજરાતનો નાથ'માં સ્થિરબુદ્ધિ પ્રૌઢ રાજમાતા લાગે છે. તેને મુંજાલ માટે અનહદ પ્રેમ છે. તે કહે છે: 'મુંજાલ મારો જમણો હાથ છે.' **મીનળ** ચંદ્રપુરની કુંવરી હતી અને મુંજાલને લીધે પાટણની મહારાણી બની શકી. મીનળને રાજમાતા બનાવવાની વફાદારીએ જ મુંજાલે સ્વસુખનો ત્યાગ કર્યો હતો. આનંદસૂરિની ખટપટનો ભોગ બની મીનળ મુંજાલને કેદ કરે છે ત્યારે મુંજાલ અને સમગ્ર પાટણના લોકોને તેમનો સામનો કરવો પડે છે.

મીનળ અને મુંજાલ રાજ્ય પ્રત્યે વફાદારી પ્રકટ કરવામાં પોતાના

# G. I. D. C.

## WELCOMES YOU AND OFFERS

*Developed land with excellent roads, 24 hour Water Supply, power drainage etc. Available in iudustrial areas of the Corporation on easy terms. In its industrial areas the Corporation also provides ready built up sheds of different sizes of 1207 sq. ft. to 7210 sq. ft. built up areas under the Hire Purchase Scheme.*

*Special concessions for qualified Entrepreneurs Tochnicians.*

## CORPORATION'S INDUSTRIAL AREAS

| | | DISTRICT |
|---|---|---|
| (1) | Naroda (2) Odhav (3) Vatwa | Ahmedabad |
| (4) | Nadiad (5) Combay (6) Vitthal Udyognagar | Kaira |
| (7) | Nandesari (8) Makarpura | Baroda |
| (9) | Surat (10) Udhna | Surat |
| (11) | Bulsar (12) Vapi (13) Umbergam | Bulsar |
| (14) | Saij-Sertha (15) Mehsana | Mehsana |
| (16) | Palanpur | Banaskantha |
| (17) | Surendranagar | Surendranagar |
| (18) | Bhavnagar (19) Mahuva | Bhavnagar |
| (20) | Jasdan (21) Gondal 22) Rajkot | Rajkot |
| (23) | Junagadh (24) Porbandar | Junagadh |
| (25) | Jamnagar | Jamnagar |

*For details please contact :*

THE CHIEF EXECUTIVE OFFICER,

**Gujarat Industril Development Corporation,**

3rd Floor, Fadia Chambers,

Ashram Road,

AHMEDABAD 9

Phone Nos. 50354, 50417

પ્રેમની આહુતિ આપે છે. પોતાના બાળક જયસિંહને ખરો પાટણ-પતિ બનાવવા મીનળ, મુંજાલને સર્વસત્તા સોંપે છે. પોતાને ખાતર પાટણને ખાતર મુંજાલે બ્હેન ખોઈ, પત્ની ગુમાવી અને પુત્ર પણ ગુમાવ્યો છે. એ સમજાતાં મીનળ કહે છે:

'મારે તને દુઃખી થતો નથી જોવો...મારું સ્ત્રીત્વ તું પરણે ત્યારે જ પૂર્ણ થાય.'

મીનળની આ ઉક્તિઓમાં મીનળ–મુંજાલના પ્રણય પ્રકરણનો, અંગત જીવનનો પડદો ખૂલે છે અને તેના કરુણસ્વર સંભળાય છે.

મીનળ આરંભમાં કઠોર રીતે સ્વાર્થપરાયણવૃત્તિથી ચાલતી હતી, તેને બદલે એનામાં ત્યાગભાવનાની ઉદારદૃષ્ટિનો આપણને અનુભવ થાય છે. મુંજાલ પણ કહે છે: 'દેવી તમે પાટણનાં ખરેખરાં જગદંબા છો!...' અને મીનળ પણ જવાબ આપે છે: 'મુંજાલ! એ તારે લીધે જ!' મીનળનો મુંજાલ સાથેનો દોઢદાયકા જેટલો જૂનો સંબંધ સંયમ અને તપથી અધિકાધિક ઉજ્જવળ રહ્યો છે.

આમ મીનળનું પાત્ર પ્રખર બુદ્ધિવંત તેજસ્વી નારીનું છે. સત્તા અને ખટપટમાં કાબેલ અને પ્રભાવશાળી રાજરાણી છે. ગુજરાતની રાજમાતા થવાની તેની મહત્ત્વાકાંક્ષા મુંજાલની સહાયથી પાર પણ પડે છે.

લાટના દંડનાયક ત્રિભુવનપાલ સાથે **પ્રસન્ન (કાશ્મીરાદેવી)**-નો પ્રેમસંબંધ લગ્નમાં પરિણમે છે. તે ચાલાક અને સાહસિક છે. તેનો પ્રભાવ લોકો પર અદ્ભુત છે. તેથી પાટણના લોકો પણ, તેને રાજ્યલક્ષ્મી તરીકે ગણે છે. આવડત, મિઠાશ, પ્રેમ અને વિનયથી લોકોનાં તે દિલ જીતી લે છે. ઉત્સાહની તે પ્રેરણાદાત્રી હતી. પ્રસન્નતા અને મધુર સૌમ્ય પ્રતિભાના તેનામાં રહેલા ગુણો સૌને આકર્ષે તેવા છે. 'પાટણની પ્રભુતા'માં આવતી ચંચળ પ્રસન્ન 'ગુજરાતનો નાથ'માં પૂરતો વિકાસ સાધે છે.

'ગુજરાતનો નાથ'માં વાચકોની સહાનુભૂતિ અને આદર વધારેમાં વધારે મેળવ્યાં હોય તો તે **કીર્તિદેવે** જ!' (દર્શક).

લેખકે તેનું વર્ણન આ પ્રમાણે કર્યું છે:

'તે યુવક નહોતો પણ મુખની કોમળતા ઉપરથી બાળક પુરુષવેશમાં બાલા હોય એવો લાગતો હતો. તેના શરીર પર શસ્ત્રોનો બોજો હતો, છતાં શરીરની છટામાં કે ચાપલ્યમાં નવોઢાને પણ શરમાવે એવો હતો. તેનું મુખ ખરેખરું મુખારવિંદ જ કહી શકાય. તેની મોટી આંખોમાં અપાર્થિવ તેજ હતું......'

યવનોના હુમલા સામે સમગ્ર આર્યાવર્તને એક તંતુએ બાંધવાની મહત્ત્વાકાંક્ષા લઇને અવંતિથી તે પાટણ આવવા નીકળે છે. તે સંધિ-વિગ્રાહક છે. તેને પોતાની મુત્સદ્દીગીરી સફળ થશે જ એવી શ્રદ્ધા છે. નિઃસ્વાર્થી, નિષ્કપટ, નિખાલસ આ માલવયોદ્ધો કાકના હૃદયને જીતી લે છે. મુંજાલને પણ અંદરખાનેથી મ્હાત કરે છે. પોતાની યોજના ભાંગી પડતી લાગે છે ત્યારે મુંજાલને લગભગ પડકાર પણ આપે છે.

'શું છોકરો! શો તેનો પ્રભાવ! આવો પુત્ર હોય તો ઇકોતેર પેઢી તારે... પર્વત પણ પીગળાવી નાખવાનું તેની જીભમાં જોર છે!'

એમ એને મનોમન અભિવંદ્યા વગર મુંજાલ પણ રહી શકતો નથી. મુંજાલ તેને કેદ કરે છે અને મારી નાખવા તૈયાર થાય છે ત્યારે અચાનક કાકનો પ્રવેશ થાય છે અને તેના દ્વારા મુંજાલ અને કીર્તિદેવના પિતા–પુત્ર તરીકેના સંબંધનું રહસ્યોદ્ઘાટન થાય છે, ત્યારે ભાવ પરાકાષ્ઠાની સ્થિતિનું નિર્માણ થાય છે.

ભરતખંડની એકતાનાં સ્વપ્ન સેવનાર આ ભાવનાપરાયણ સ્વપ્નદ્રષ્ટા, પોતાના ઉચ્ચ અને નિઃસ્વાર્થી આદર્શોને લીધે બધાં પાત્રોમાં, આગળ તરી આવતું એક ઉમદા પાત્ર બની ગયું છે.

'જય સોમનાથ' નવલકથામાં ગુજરાતના રાજા ભીમદેવે મહમદ ગઝની સામે ભગવાન સોમનાથની રક્ષા કાજે જે ધર્મયુદ્ધ કર્યું તેની પરાક્રમ કથા છે તે ઉપરાંત તેમાં ભીમદેવ અને **ચૌલા**ના પ્રણયની પણ કથા ગૂંથાયેલી છે. સ્વપ્નસૃષ્ટિમાં વિહરતી, શિવભક્તિમાં તલ્લીન બનેલી આ ભાવનાશીલ નર્તકીને એક જ લગની લાગી હતી અને તે ભોળાશંકરને પોતાના અતિ લાવણ્યવંતા નૃત્ય દ્વારા પ્રસન્ન કરી સાક્ષાત્કાર પામવાની. 'હું શિવનિર્માલ્ય છું' એમ કહેનાર આ અબુધબાળા, અપૂર્વ પ્રતાપી અને પરાક્રમી ભીમદેવમાં શિવનું દર્શન કરે છે, અને પોતાને પાર્વતીસદૃશ માને છે અને એ શ્રદ્ધાથી જ પોતાનો સ્નેહ ભીમદેવ પર ઢોળે છે.

લડાઇમાં ભીમદેવ સોમનાથના મંદિરની રક્ષા કરવા અસમર્થ બને છે ત્યારે ભીમ એ સર્વશક્તિમાન, રુદ્રાવતાર, દૈવી શંકર નથી અને પોતે પાર્વતી નથી એ દુઃખદ સત્ય તેને સમજાય છે. વળી માનવ ભીમના સંસર્ગથી પોતે ગર્ભવંતી પણ બની છે એ સમજાતાં તેનું હૃદય આઘાત અનુભવે છે. ભાવનાનાં ખંડેર થતાં નજર આગળ નિહાળે છે એથી હતાશા પણ અનુભવે છે.

પાછળથી વિજય પ્રાપ્ત કરી ભીમદેવ જ્યારે અંતઃપુરમાં રાણી (અને હવે માતા બનેલી) ચૌલાને મળવા આવે છે ત્યારે મનોમન, સ્વપ્નનો ભાંગીને ભુક્કો કરનાર, ભીમદેવ પ્રત્યે પરોક્ષપણે નફરત અને અવગણના દાખવે છે. સોમનાથના મંદિરના પુનરુદ્ધારના વ્રતનું બહાનું કાઢી તે પ્રભાસ ચાલી જાય છે. ત્યાં જ નૃત્ય કરતાં કરતાં શિવ-ચરણોમાં ઢળી પડવાની, પોતાની અંતિમ ઇચ્છા આ ભાવનાપુષ્પ પૂરી કરે છે.

'ગુજરાતનો નાથ' અને 'જય સોમનાથ' પછીની શ્રી મુનશીની ત્રીજી યશોદા કૃતિ 'પૃથિવી વલ્લભ' છે. **મુંજ** એ વાર્તાનો નાયક છે. મૂળ ટૂંકી ઐતિહાસિક કથાવસ્તુને શ્રી મુનશીએ પોતાની સજીવ કલ્પનાનો સ્પર્શ આપીને રમણીય કલાકૃતિ ઉપસાવી છે. તૈલંગણના રાજા તૈલપને વારંવાર હરાવનાર માલવપતિ મુંજનો સૌ પ્રથમવાર થયેલો પરાજય અહીં વર્ણવાયો છે. આવા રાજવીને હરાવી તૈલપ ગૌરવ લે એમાં નવાઇ નથી; પણ મુંજને અપમાનિત કરવાના જે જે ઉપાયો તે અજમાવે છે તેમાં તે નિષ્ફળ જાય છે, ઊલટું અત્યંત ગૌરવપૂર્ણ રીતે પોતાના વ્યક્તિત્વથી મુંજ, મૃણાલ તથા સમસ્ત તૈલંગણની પ્રજાનું દિલ જીતી લે છે. આ અર્થમાં તે કેવળ અવંતીનાથ ન રહેતાં, સાચો પૃથિવીવલ્લભ બની રહે છે.

મુંજના પાત્રમાં શ્રી મુનશીએ પોતાનો પ્રિય એવો 'જીવનનો ઉલ્લાસ'નો વિચાર સફળ રીતે નિરૂપ્યો છે. જડનીતિ ભાવનાને વળગી, કેદી મુંજને અપમાનિત કરવા અને હાર કબુલાવવા પ્રયત્ન કરતી તૈલપની મોટી બહેન મૃણાલ, મુંજના મેઘધનુરંગી વ્યક્તિત્વથી આકર્ષાઇને, તેના જ મોહપાશમાં પડે છે, આથી દ્વિગુણિત ખિજાયેલો તૈલપ, મૃણાલ અને સૌ પ્રજાના દેખતાં જાહેરમાં હાથીના પગ નીચે

મુંજને કચડાવી નાખવાની શિક્ષા કરે છે. આમ છતાં મુંજનું મૃત્યુ એના વ્યક્તિત્વને ગૌરવ અપાવે એવું બન્યું છે.

'ભગવાન પરશુરામ' એ 'લોમહર્ષિણી' વાર્તાની ઉત્તરકથા છે. એમાં **પરશુરામ**નું પાત્ર He came, he saw and he conquered એવા પ્રતાપવાળું આલેખાયું છે. જ્યાં જાય ત્યાં વિજયની પતાકા ફરકાવતા પરશુરામનું વીરત્વ, બુદ્ધિપ્રભા અહીં કથામાં ગૂંથ્યો છે. વેદ પ્રસિદ્ધ દાશરાજ્ઞ વિગ્રહને કેન્દ્રમાં રાખી આર્યાવર્ત અને આર્યસંસ્કારોની ઉજ્જવળ પરંપરાઓ, ભાવનાઓને રજૂ કરવાનો આ પાત્રદ્વારા લેખકનો પ્રયત્ન છે. આથી Super man અતિમાનવ જેવા લાગતા ભગવાન પરશુરામની પરાક્રમગાથા તેજસ્વી બની છે.

કીર્તિદેવ જેવું જ ભાવનાથી તરવરતુ, નિર્દોષતા અને લાગણીથી સભર **સામત**નું પાત્ર મુનશીની સૃષ્ટિનું એક અવિસ્મરણીય પાત્ર છે. તેની સુકુમાર નિર્દોષ કાંતિ, આજ્ઞાધીનતા અને નિર્ભયતાના ગુણો પ્રથમ દૃષ્ટિએ જ આકર્ષે એવા છે. ગરજનના હમ્મીર પર હુમલો કરવાની તેની ચેષ્ટામાં તેની નિર્ભયતા તથા ઘોઘાબાપાના ભૂતનો સ્વાંગ સજી સ્વભૂમિની રક્ષા માટેની તેની તમન્ના દાદ માગી લે તેવી છે. ચૌલાનું લાવણ્ય ઘડીભર તેને આકર્ષે છે. પણ, ભીમની તે પ્રેયસી બની ચૂકી છે તેની જાણ થતાં જ, ચૌલાના હાથે કુમકુમતિલક પામી તેનો ભાઇ બને છે. તેના જ પ્રયાસથી ચૌલાનાં ભીમદેવ સાથે લગ્ન થાય છે.

અલ્પધન ગુજરાતી નાટક સાહિત્યમાં શ્રી મુનશીનો ફાળો મહત્ત્વનો છે. મુનશીએ જ્યારે નાટકો લખવાની શરૂઆત કરી ત્યારે 'કાન્તા', 'રાઈ નો પર્વત' જેવાં આશ્વાસન લઈ શકાય તેવાં થોડાં જ નાટકો હતાં. ન્હાનાલાલનાં ભાવનાપરાયણ પદ્યનાટકો Verse plays ના થોડાક નમૂનાઓ હતા. પશ્ચિમની અસર હેઠળ બર્નાર્ડ શૉ, ઈબ્સન આદિનાં નાટકોએ આકર્ષણ જમાવ્યું હતું. મુનશીએ પોતાનાં નાટકોમાં વાસ્તવદર્શન, રંગદર્શિતા અને અભિનયક્ષમતાનો સુમેળ સાધ્યો. ધસમસતો કાર્યવેગ, જીવંત પાત્રાલેખન, ધારદાર Pointed સંવાદો દ્વારા સમકાલીન સમાજની સંવેદના આલેખી, ગુજરાતી નાટક સાહિત્યમાં મૂલ્યવાન અર્પણ કર્યું.

'ધ્રુવસ્વામિનીદેવી' શ્રી મુનશીનું એક માત્ર ઐતિહાસિક નાટક છે. ભારતીય ઇતિહાસના સુવર્ણયુગ સમા ગુપ્તયુગમાં ચંદ્રગુપ્ત વિક્રમાદિત્યનું નામ જાણીતું છે. સુવર્ણયુગની સિદ્ધિ એના સમયમાં પરાકાષ્ઠાએ પહોંચી હતી. એની પહેલાં રામગુપ્ત રાજા હતો, તે કુલકલંકી અને ભોગવિલાસી હતો. ધ્રુવસ્વામિની દેવી તેની પત્ની હતી. રામગુપ્તની અધમતા, નિર્માલ્યતા, ધ્રુવસ્વામીની દેવીને તેના દિયર વીર ચંદ્રગુપ્ત તરફ સ્નેહભાવમાં ઢળવામાં જવાબદાર બનાવે છે.

**ધ્રુવસ્વામિનીદેવી** આ નાટકનું કેન્દ્રવર્તી પાત્ર છે. ગૌરવશીલ આ માનુની પોતાના પતિની અધમતાથી અંતરમાં બળતી હતી. બીજી બાજુ પોતાના દિયર ચંદ્રગુપ્તનાં પરાક્રમોથી તે હર્ષપુલકિત થતી હતી. પોતાના રાજ્ય પર ચઢી આવેલા શક આક્રમણખોરોને રોકવાની વાત તો બાજુએ રહી પણ રામગુપ્ત જ્યારે ધ્રુવદેવીને શક સેનાપતિને સોંપવાની વાત કરે છે.

> 'ચંદ્ર મહાદેવી અહીંયાં રહે તો પણ શું ને સુરાષ્ટ્રમાં રહે તો યે શું?'

આમ કહે છે ત્યારે ચંદ્રગુપ્તની ધીરજનો પણ અંત આવે છે. જીવનું જોખમ ખેડીને ચંદ્રગુપ્ત શકોની સામે વિજયી બની પાછો આવે છે ત્યારે પણ રામગુપ્ત તો ચંદ્રગુપ્ત ઉપર રાજ્ય પડાવી લેવાનો અને ધ્રુવદેવી તરફ અણછાજતા વર્તનનો આરોપ મૂકે છે. આથી ખિજાયેલો ચંદ્રગુપ્ત રામગુપ્તને મારી નાખે છે. ચંદ્રગુપ્તનાં પરાક્રમ, પ્રતિભા અને વીરતાને અનુભવતી ધ્રુવદેવી મનોમન તેના પ્રત્યે સ્નેહની લાગણી ધરાવતી હતી તે, રામગુપ્તના મૃત્યુ પછી ચંદ્રગુપ્તને પરણે પણ છે.

**રામગુપ્ત** આ નાટકનું દુષ્ટ પાત્ર villain છે. તે કુળકલંકી ક્ષુદ્રબુદ્ધિ છે. તેની બેદરકારી અને નફિકરાઈ આપણને અકળાવી મૂકે છે. દા. ત. જ્યારે તે કહે છે:

> 'ચાર પેઢીના પરાક્રમે જીતેલી પૃથ્વી કોઈએ ભોગવવી તો ખરીને!' તથા 'હું મરેલાંની કીર્તિ માટે રાજ્ય કરતો નથી, મારી મોજ માટે કરું છું. આ ચંદ્રને કીર્તિ જોઈએ તો ભલે કપાઈ મરે!'

ત્યારે રાજ્યકર્તા તરીકે તે જરાપણ લાયક લાગતો નથી.

રુદ્રસેન સાથે પરાજય પામ્યા પછી, જ્યારે ધ્રુવદેવી સોંપી દેવાની માગણી થાય છે ત્યારે 'રુદ્રસેન એને લઈ જા, અને થાય તો મજા કર' આવું બોલનાર, બેજવાબદાર રામગુપ્ત વિલાસી છે. જગતથી એની વિચારસરણી તદ્દન નિરાળી છે. એનું વર્તન ક્યારેક વિચિત્ર લાગે છે. નાટકના આરંભથી અંત સુધી તે પાત્ર વિચાર, વાણી અને વર્તનમાં અપરિવર્તનશીલ રહે છે. આમ રામગુપ્તના પાત્ર દ્વારા એક ઉત્તમ દુષ્ટ પાત્ર ચીતરી આપવાનો યશ શ્રી મુનશીને ફાળે જાય છે.

'કાકાની શશી' નામના સામાજિક નાટકમાં **શશીકળા**ના દ્વારા શ્રી મુનશીએ આધુનિક નારીના માનસનું સાચું પ્રતિબિંબ પૂરું પાડ્યું છે. શશીની રાહબરી હેઠળ સ્ત્રી સમાનતા સંઘ સ્થાપવા સહુ સ્ત્રીઓ પ્રેરાય છે, પરંતુ અંદરખાને દરેક સ્ત્રી અતૃપ્ત કામવાસનાથી પીડાય છે. તેથી, મુખે પુરુષ પ્રત્યે દ્વેષ વ્યક્ત કરનારી છે, છતાં અંતરમાં પુરુષના સહચાર વિના ઘડીવાર પણ ચાલતું નથી.

શશીના કાકા મનહરલાલ સ્ત્રીસ્વાતંત્ર્ય અને એવી કોઈપણ ચળવળના વિરોધી છે. એકવાર શશી તેમની પાસે પોતાની મિલ્કતનો હિસાબ માગે છે ત્યારે તેના બાલ્યજીવનની બધી વિગત તેને જાણવા મળે છે, તથા આ પાલક કાકાએ પોતાની ઉપર જે ઉપકાર કર્યો છે તે સમજાતાં તે આભારવશ બની જાય છે. નાટકના અંતે શશી મનહર કાકા સાથે જ પરણી જાય છે!

કવિ શ્રી ન્હાનાલાલે મુખ્યત્વે સ્નેહ અને લગ્નના પ્રશ્નો ચર્ચીને કેટલાંક ભાવનાપ્રધાન પદ્ય નાટકો verse plays ડોલનશૈલીમાં રચ્યાં છે. 'જયા–જયંત' અને 'ઈન્દુકુમાર' એમાં મુખ્ય છે.

'જયા–જયંત'માં આત્મલગ્નની, અદ્વૈતભાવનાની રસમય કથા તેમણે રચી છે. એ નાટકની નાયિકા **જયા**, કે જેણે જયંતના અંતરમાં આત્મલગ્નની જ્યોત પ્રગટાવી છે, તે ગુજરાતી નાટક સાહિત્યનું અમર પાત્ર છે.

કાશીરાજ સાથે લગ્ન કરવાની અનિચ્છાથી પિતાને ઘેરથી નાસી છૂટેલી જયા વામાચાર્યના સકંજામાં સપડાય છે. પારધી

તેને ઉપાડી જાય છે. કાશીના મંદિરમાં તીર્થગોરને હાથે પડે છે. તેમ છતાં ઉર્ધ્વમુખી જયા હિંમત હાર્યા વગર પોતાના શીલની રક્ષા કરે છે.

દાનવો જીતીને પાછો આવેલો જયંત શરૂઆતમાં દુન્યવી સુખોને વાંછે છે પણ જયા તેની પ્રેરણાદેવી બની જયંતના જીવનમાં માર્ગદર્શકનું કામ કરે છે. તે કહે છે તેમ:

'દિલમાંના દૈત્યોને જીત,
દેવોને વસાવ દુનિયામાં,
ને બનાવ અવનીની અમરાપુરી.'

દામ્પત્યમાં જો પુર્ણતા હોય, અદ્વૈત હોય, આત્મીયતા હોય તો જ પોતાનું અને જગતનું કલ્યાણ સાધી શકાય. જયા માને છે કે:

'સૌન્દર્ય શોભે છે શીલથી, ને યૌવન શોભે છે સંયમ વડે.'

આમ જગતમાં સ્નેહલગ્નનાં તપસ્વીઓને બ્રહ્મચર્યનો આદેશ આપતી જયા. અનોખા નૈષ્ઠિક બ્રહ્મચારિણી છે. 'જિન્દગી એટલે કલ્યાણયાત્રા' એવું અનુપમચિંતન તેને યુવાન વયે લાધ્યું છે, અને તેથી જ ગંગાને સામસામે તીર જયા સ્થાપે છે સીતાવાડી. ને જયંત સ્થાપે છે રામવાડી. એમનું આત્મલગ્ન વ્યક્તિનિષ્ઠ ન રહેતાં સમગ્ર સૃષ્ટિ સુધી વિસ્તરે છે.

**કાન્તિકુમારી** એ ત્રિઅંકી નાટક 'ઇન્દુકુમાર'ની નાયિકા છે. આ નાટકમાં કવિશ્રી ન્હાનાલાલે સ્નેહલગ્નનો પ્રશ્ન ચર્ચ્યો છે. કાન્તિકુમારી સ્નેહલગ્નની ઝંખના કરતી કુમારી છે. તેની ભાભી પ્રમદા 'લગ્ન કરશો કે કુંવારાં રહેશો' એવો પ્રશ્ન કરે છે. ત્યારે કાન્તિકુમારી જવાબ આપે છે:

'કુંવારાં ને તો કરમાવાનું,
પછી હોય શું પુરુષ
કે શું સુન્દરીના વેલ,'

*

'પરણવું તે તો પ્રભુતામાં પગલાં માંડવાં.'

તેનો આદર્શ તો–

આત્મા ઓળખે તે વર
ને ના ઓળખે તે પર' —આવો છે.

તેનામાં સેવાભાવનાના ઉચ્ચ આદર્શો છે. એ આદર્શોને સિદ્ધ કરવા મથતી વધુ પડતી લાગણીમાં રાચનારી બિન અનુભવી બાલા છે. તેને દોરનાર કોઇ નથી. અમૃતપુરના શેઠ જગન્નાથના પુત્ર ઇન્દુકુમાર સાથે તેને પ્રેમ થયો છે, પણ ગુરુની આજ્ઞા પ્રમાણે એક વર્ષનું બ્રહ્મચર્યવ્રત લઇ ઇંદુકુમાર અજ્ઞાતવાસ સેવે છે. તે પાછો અમૃતપુર ફરે છે તે દરમ્યાન કાન્તિકુમારીનું નૈતિક રીતે પતન થાય છે. પછી આત્મભાન થતાં ભારે પશ્ચાત્તાપ અનુભવે છે, તેમ છતાં ઇંદુકુમાર કાંતકુમારીને પરણતો નથી. અને કહે છે:

'અમે જોગીના જોગ માફ કરજે બાલા
ત્હારા ભોગીના ભોગ અંગ ધરજે બાલા.'

ઇંદુકુમાર સેવાને ખાતર સ્નેહનો ત્યાગ કરે છે.

કાન્તિકુમારી સ્નેહની તૃષા છીપાવવા જતાં જીવનના સર્વ આદર્શોનો ક્ષણિક ત્યાગ કરે છે અને ઇંદુકુમારે સ્હેજ તેનામાં જન્માવેલા સ્નેહને ધ્યાનમાં રાખી—

'હળવે તે હાથ નાથ મહીડાં વલોવજો,
મહીડાંની રીત ન્હોય આવી રે લોલ.
ગોળી નંદાશે ને ગોરસ વહી જશે,
ગોરીનાં ચીર પણ ભીંજશે રે લોલ.'

એવી મર્મવાણી ઉચ્ચારે છે.

આમ કાન્તિના જીવનમાં ઇંદુકુમારે જગાવેલાં પ્રચંડ તોફાનો જ તેના જીવનને કલંકિત બનાવવામાં ફાળો આપે છે, અને તેથી જ કાન્તિને દામ્પત્ય જીવનની ચિંતા થાય છે: 'હીંચકો કોણ દેશે રાજ!'...ઇંદુકુમાર થોડો ઓછો વિચારશીલ હોત અને કાન્તિકુમારી થોડી ઓછી લાગણીવિવશ હોત તો... !

કવિનું મહત્ત્વાકાંક્ષી ત્રિઅંકી નાટક 'વિશ્વગીતા'માં કવિશ્રી સૃષ્ટિના આદિકાળથી આજ સુધીના મહાપ્રશ્નોને વિષય તરીકે આલેખે છે. એમાં પાયાનો પ્રશ્ન છે 'પાપ શા માટે?' આટઆટલા પયગમ્બરો થઇ ગયા છતાં હજી એ પ્રશ્ન કેમ ઉકેલાતો નથી એનો જવાબ ઉકેલવા કવિ મન્થન કરે છે. સાથે સાથે ત્રિકાલાબાધિત સનાતન મૂલ્યોની પણ ચર્ચા કરે છે. 'ભરતગોત્રનાં લજ્જાચીર' નામના દશ્યમાં કવિ આવો જ કાળજૂનો, એક પ્રશ્ન આલેખે છે.

પાંડવો સમક્ષ 'હસ્તિનાપુરની રાજસભા'માં દ્રૌપદીના થયેલા વસ્ત્રાહરણની કથા અહીં રજૂ થઇ છે. અપમાનને કારણે ગૌરવહીન થયેલી **દ્રૌપદી** યાજ્ઞસેનીને શોભી રહે તેવી રીતે દુર્યોધનને પૂછે છે:

'શું પાંડવ કૌરવો ભરતગોત્રના નથી?
પાંડવની લાજ કૌરવ લૂંટે છે આજ,
ભરતગોત્રની લૂંટાતી નથી એ લાજ?'

*

'હસ્તિનાપુરની રાજસભામાં
વીર છે કોઈ આજ?
શૂર સભામાં સુંદરીનાં અપમાન શાં?'

*

'આ તો જાણે અનાર્યત્વનો અખાડો.'

દુર્યોધન આદિ કૌરવો, પાંડવોની ઉપસ્થિતિ છતાં નફટાઇથી વર્તે છે ત્યારે પાંડવોને ઉપાલંભ આપતાં દ્રૌપદી વ્યગ્રવાણી ઉચ્ચારે છે—

'ધર્મરાજ! અધર્મ ક્‌યહાં સૂકાયો?
સવ્યસાચી! સ્વયંવરમાં વીરને વરી છું હું.
ભીમસેન! ગદા ક્‌યહાં ફૂટી ગઈ?
સહદેવજી! કંઇક તો ભાખવી'તી,
આવીક ભવિષ્યવાણ કાલે?
નકુલજી! ઊતર્યાં નથી શું
વરણાગીનાં એ ઘેન હજી?'

અત્યાર સુધી મૌન રહેલા ભીષ્મપિતામહ પણ–

'ખરે! એ કાલનેત્રી કાલીકા છે
એનાં લોચનમાંથી વરસે છે
ભરતવંશનો મહાવિનાશ!'

*

અને

'ભરતકુલનો ભાળું છું હું ઉચ્છેદ આજ.'

એવાં ક્રોધવચનો કૌરવોને સંભળાવે છે. આમ દ્રૌપદીના પાત્ર દ્વારા અહીં ભરરાજસભામાં સતીના શીલના અપમાન દ્વારા આર્યત્વના લોપનો પ્રશ્ન કવિ ચર્ચે છે. મહાભારત રચિત દ્રૌપદીનું પાત્ર અને કવિ ન્હાનાલાલે સરજાવેલું દ્રૌપદીનું પાત્ર તત્ત્વતઃ સ્વ–ભાગવત જુદું પડે છે.

મુનશીએ જેમ ઐતિહાસિક નવલકથાઓ દ્વારા ભૂતકાળના ગુજરાતને આલેખ્યું તેમ રમણલાલ વસંતલાલ દેસાઈએ સામાજિક નવલકથાઓ દ્વારા, તેમના સમયના ગુજરાતને આલેખ્યું છે. સાહિત્યનાં લગભગ તમામ ક્ષેત્રો અજમાવ્યાં હોવા છતાં તેમની સાહિત્ય પ્રતિભા સવિશેષ નવલકથાકાર તરીકે વધુ ખાલી છે. શ્રી સુન્દરમ્ તેમને 'ગાંધીયુગના પ્રવર્તમાન જીવનના પહેલા સફળ નવલકથાકાર' તરીકે ઓળખાવે છે. 'વાંચનારને વાર્તા સહજ ગમે એવું મારે માટે બસ છે' એમ તેઓ માનતા હતા. વાચકોને પોતાની કૃતિઓ વાચનક્ષમ –readable બને એ એમનું ધ્યેય હતું. તેમણે તત્કાલીન ગુજરાતી સમાજનું અને ગાંધીયુગનું નિરૂપણ કરતી, પ્રજા-જીવનની એષણાઓનો ધબકાર ઝીલતી સામાજિક વાર્તાઓ બહુધા રચી. અને એનો મોટો વાચકવર્ગ પેદા થયો. શ્રી વિશ્વનાથ ભટ્ટે તેમને સમુચિત રીતે જ 'યુગમૂર્તિ વાર્તાકાર' તરીકે ઓળખાવ્યા છે.

**કોકિલા**નું પાત્ર એ જ શીર્ષક હેઠળ રચાયેલી તેમની સામાજિક નવલકથાનું એક ચિરંજીવ પાત્ર છે. સુશીલ, સંસ્કારી અને શિક્ષિત કોકિલાએ ઘરનાં બધાંની ઉપરવટ થઈને ચંચળ મનોવૃત્તિવાળા જગદીશ સાથે લગ્ન કર્યાં. આર્થિક ભીંસ તેમના ગૃહજીવનને કચડી નાખતી પણ સહનશીલતાની મૂર્તિ અને સદાયે હસમુખી કોકિલાએ પોતાના કથળેલા ગૃહજીવનને બરાબર સમાલી લીધું. તેના પતિની માંદગીમાં કોકિલાએ સંનિષ્ઠપણે પતિસેવા કરતી આર્યનારીની ઝાંખી કરાવી. કોકિલા અને જગદીશ આત્મસંતોષ કેળવી આદર્શ ગ્રામજીવન જીવવા લાગ્યાં તે પણ કોકિલાના કારણે જ. તેનો આત્મભોગ પ્રશંસનીય છે. લેખકે કોકિલાના પાત્ર દ્વારા પ્રાચીન અને અર્વાચીન સ્ત્રી । આદર્શોનો સુમેળ સાધી આપ્યો છે.

'દિવ્યચક્ષુ'ના નાયક **અરુણ**ના પાત્ર દ્વારા ગાંધીજીના પાયાના આદર્શો અહિંસા અને સત્યાગ્રહનું નિરૂપણ કર્યું છે. અરુણ ધૂની અને ભાવનાપરાયણ શિક્ષિત યુવાન છે. એમ. એ. જેટલું ભણ્યો હોવા છતાં સરકારી નોકરી તેના સ્વતંત્ર મિજાજને બહુ બંધબેસતી નહોતી. તેની રગેરગમાં માતૃભૂમિ પ્રત્યેનો પ્રેમ અને ભક્તિ ભરેલાં છે. અને તેથી માતૃભૂમિના સ્વાતંત્ર્યનો પ્રશ્ન બને તેટલો જલદી ઉકેલવા તે મથે છે. વળી અભ્યાસે તેને યુરોપીય ક્રાન્તિનું ઘેલું લગાડ્યું છે અને તેથી જ તે જરૂર પડ્યે હિંસા આચરવાનું પણ મનોમન નક્કી કરે છે.

જનાર્દન નામના એક ગાંધીવાદી યુવકના સંપર્કે જ 'હિંસા નહિ, પણ અહિંસા જ સમગ્ર માનવજાતને માનવતાના પ્રેરકદીપના તેજનું ભાન કરાવશે!' એવી ગાંધીવાણી તેને સમજાય છે. આમ તેના વિચારોમાં થોડું પરિવર્તન આવે છે. પછી તો એકવર્ષ સુધી અહિંસા પાળવાની પ્રતિજ્ઞા પણ લે છે, તે દરમ્યાન અનેક મુશ્કેલીઓ આવવા છતાં પ્રતિજ્ઞા પાર પાડે છે. એક વખત અંગ્રેજ માત્રને, જોતાંની સાથે મારવા તૈયાર થનાર અરુણ, આગમાં સપડાયેલા એક ગોરા કુટુંબને બચાવે છે અને તેમ કરવા જતાં પોતાની આંખો ગુમાવે છે. સ્વાભાવિક છે કે તેના જીવનમાં નિરાશા વ્યાપી જાય. ઘણીવાર આત્મહત્યાનો પણ વિચાર તે કરી લે છે ત્યારે ધનાભગત કહે છે: 'બેટા! તારી આંખ ખૂલી ગઈ, પ્રભુએ તને દિવ્યચક્ષુ આપ્યાં.' આ શ્રદ્ધાવાણીની તેની ઉપર ઘેરી અસર થાય છે. તેની આખી જીવનદૃષ્ટિ બદલાઈ જાય છે.

૧૮૫૭ના ઐતિહાસિક આંદોલનની પૂર્વછાયા લઈને લેખકે રચેલી 'ભારેલો અગ્નિ' એટલી જ સુવાચ્ય અને આદર્શપ્રેરક નવલકથા બની છે. **રુદ્રદત્ત** એ આ નવલકથાનું મહત્ત્વનું પાત્ર બની રહે છે. માતૃભૂમિની સ્વતંત્રતા પ્રાપ્તિ માટેની જાનફેસાની, ગોરા અમલદારો તરફનો રોષ, હિંસાનો સહજ ઉપયોગ વગેરેથી તત્કાલીન વાતાવરણ તંગદિલીથી કેવું ભર્યુંભર્યું હોય તે સમજી શકાય એમ છે. અને તેથી રુદ્રદત્તના પાત્ર દ્વારા લેખકે, ગાંધીજીના સક્રિય અહિંસા વિશેના વિચારો સુંદર રીતે નિરૂપ્યા છે.

ગ્રામોદ્ધારના સ્વપ્નને સાકાર કરતી 'ગ્રામલક્ષ્મી' નવલકથામાં **અશ્વિન**નું પાત્ર મુખ્ય છે. મધ્યમવર્ગના ખાધેપીધે સુખી, પણ સમય જતાં ઘસાતા જતા ઘનશ્યામરાય (રાયજી શેઠ)ના કુટુંબમાં અશ્વિન ઊછર્યો છે. તેણે ઇજનેરી વિદ્યાની ડીગ્રી મેળવી છે તેમ છતાં નોકરી નથી મળતી. વળી પોતે પરિણીત છે. અને નજીકના ભવિષ્યમાં પોતે એક બાળકનો પિતા પણ થવાનો છે. આ બધું સમજાતાં, પોતાની પરાધિન દશા તેને સાલે છે, અને એકરાત્રે આત્મહત્યા કરવાનો નિર્ણય લઈ લે છે. ત્યાં જ તેને આશાનું – જીવનનું નવું કિરણ લાધે છે. કાદવમાંથી કમળ અને કમળમાંથી જેમ લક્ષ્મી પ્રગટતી દેખાઈ, તેમ ગામડાંની એની ધૂળમાંથી ગ્રામલક્ષ્મી પેદા કરવાનું સ્વપ્ન સેવ્યું.

નોકરી કરવાની મનોદશા વિસારે પાડી, ગ્રામોદ્ધારના કાર્યમાં લાગી ગયો. એમાં એની પત્ની કુસુમ અને બાળગોઠિયણ તારાની સહાય તેને અમૂલ્ય થઈ પડ્યાં. તેણે ગામના રસ્તાઓ સુધાર્યા અને ગામનું તળાવ સમરાવ્યું, ખેતરમાં પાણી પહોંચાડ્યું, વધુ પાકની ઝુંબેશ ઉપાડી, લોકો સ્વતંત્ર જીવન જીવી શકે એવી રીતે ગૃહઉદ્યોગો શીખવ્યા, સ્વચ્છતા અને સુઘડતાના પાઠ શીખવ્યાં. આ બધું રચનાત્મક કાર્ય કરતાં કરતાં, અનેક અવરોધો આવ્યા પણ બધી સમસ્યાઓ કુનેહપૂર્વક હલ કરી. ગામડાના લોકોનાં તનમનની શુશ્રુષા કરી અશ્વિને ગ્રામજીવનમ નેતાગીરીનું ઉત્તમ દૃષ્ટાંત પૂરું પાડ્યું છે. આમ તે ભાવનાશીલ યુવક હતો. જંગલમાં મંગલ પ્રગટાવવાનો તેનો પુરુષાર્થ પ્રશંસનીય નીવડ્યો. હિન્દુસ્તાનમાં પાંચ લાખ ગામડાંમાં કામ કરવા તેણે નાની અમથી એક જ્યોતિ પ્રગટાવી.

નવલકથાકાર રમણલાલે જે થોડીક નવલિકાઓ આપી છે તેમાં **કુસુમાયુધના** પાત્ર દ્વારા 'ખરી મા' અને **પ્રમોદરાયના** પાત્ર દ્વારા 'વૃદ્ધસ્નેહ' વાર્તાઓ પ્રખ્યાત બની છે. પ્રેમના અનેક અંશોમાં એક છે વાત્સલ્ય. 'ખરી મા' એ અપરમાતાના બાળક પ્રત્યે વાત્સલ્ય દાખવતી વાર્તા છે. સામાન્ય રીતે હિન્દુસમાજમાં અપરમાતાની મથરાવટી મેલી થયેલી છે; પરંતુ અહીં, અપરમા ખરી મા બનવાની, પ્રામાણિક કોશિશ કરતી હોવા છતાં નિષ્ફળ જાય છે.

કુસુમાયુધની માતા ગુજરી જવાથી પિતાએ પોતાના બાળકની સંભાળ બરાબર થઈ શકે તેથી અને તેવી શરતે જ બીજીવારનું લગ્ન કર્યું હતું. આવનાર સ્ત્રી પણ આ ઘરના નવા વાતાવરણમાં

ભળી જવા તત્પર હતી. એ માટે પોતાની બધી જ શક્તિઓને તેણે કામે લગાડી હતી. બાળક કુસુમાયુધનું લાલનપાલન સમય-પત્રકની નિયમિતતાથી, કરતી હતી. પરંતુ પરિણામ ધાર્યા કરતાં ઊલટું જ આવ્યું.

બાળક કુસુમાયુધ કોઈ અગમ્ય કારણોસર એકલો એકલો મુંઝાવા લાગ્યો. એની એકલતા એને માંદગીમાં પટકે છે. તાવમાં પણ તેની લવરી મા વિશેની ઝંખનાની જ છે. ડોકટરની સારવાર તથા નોકરની સતત દેખરેખ પણ નાકામિયાબ નીવડે છે. જ્યારે અપરમાને સમજાય છે કે એ કેવળ માને ઝંખે છે ત્યારે માતૃવત્સ-લભાવે 'ઓ દીકરા' અને 'તું' જેવાં મીઠાં સંબોધનથી બોલાવે છે. હવે તેનો તાવ ઊતરી જાય છે. હવે તેને કોઈ સારવારની જરૂર પડતી નથી...ઉત્તરોત્તર વિકસતો જતો માતૃપ્રેમ જ અપરમામાંથી તેને ખરી મા બનાવે છે.

'વૃદ્ધસ્નેહ' વાર્તા દ્વારા સુખી કુટુંબમાં પાકટવયે પ્રેમાળ પત્નીનું અવસાન થાય ત્યારે ઘરમાં શિરચ્છત્ર જેવા માણસની વેદના, કેવી અસહ્ય હોય છે તે **પ્રમોદરાયના** પાત્ર દ્વારા લેખકે બતાવી છે. પ્રમોદરાયના જીવનનો તો સૂર્ય જ આથમી ગયો છે. આનું કારણ તેમના દામ્પત્યજીવનનો પૂર્વાશ્રમ, સુખ અને દુઃખમાં સમાન ભાગી-દારીથી વીત્યો છે તે છે. જેની સાથે જીવનનાં ઉત્તમ વર્ષો ગાળ્યાં હોય તેવું સ્વજન–જીવનસાથી ગમે તે ઉંમરે ચાલ્યું જાય તો પણ, આખું ઘર ભલે ભર્યુંભર્યું હોય, એકલતા નિરાધારી અને લાચારી અંતરને કેવી કોતરી ખાય તેનું કરુણાસભર ચિત્ર અહીં સરસ ઊઠાવ પામ્યું છે.

'નાયક નહિ, નયિકા નહિ, પ્રેમનો ત્રિકોણ નહિ: એવી આ સોરઠી જીવનની નવલકથા છે. એ કથાનો નાયક આખો જનસમાજ છે.' (નિવેદન.)

લેખક કહે છે તેમ આ ('સોરઠ, તારાં વહેતાં પાણી') નવ-લકથા વાતાવરણપ્રધાન છે. તેમ છતાં એમાં આલેખાયેલું સોરઠની **'કાંટીયાવરણ'** નામે ઓળખાતી જાતિનું ચિત્ર અહીં સરસ રીતે ઉપસી આવ્યું છે.

**સપારણ** સદ્‌૰ મેઘાણીની તેજસ્વી કલમનું અમર સર્જન બની ગયું છે. સપારણનું લેખકે દોરેલું એક રેખાચિત્ર તેમના જ શબ્દોમાં જોઈએ:

'ઊંચી ઓસરી ઉપર એક સ્ત્રી દેખાઈ...એ કોઈ શેઠાણી નહોતી. હરિકેન ફાનસને અજવાળે એનો સોટા જેવો દેહ ઘેરદાર મોટા ઘાઘરાને મોજાં ચડાવતો હતો...અટલસનું તસ-તસતું કપડું, ઉપર આછી ચૂંદડી ને ઘેર ઝુલાવતો ઘાઘરો, તેના વચ્ચે સહેજ ભીનાવરણું સુડોલ મોં જોતાં જ લાગે કે કાં તો ઇદ રમીને કે કાં તો તાજિયાના ચાકોરા ફૂટીને સીધે-સીધી કોઇ સિપારણ અહીં ચાલી આવેલ છે.'

ગામડાના ખડતલ સ્ત્રીત્વને ચીતરી બતાવવાનો અને એ રીતે વાસ્તવમાં, નિર્ભયતામાં પુરુષસમોવડી નારી આલેખવાનો લેખકનો એક ભગીરથ પુરુષાર્થ અહીં પાર પડ્યો છે.

અન્યાય સામે બહારવટે ચઢવામાં અને ગોરી હકુમત સામે આખડવામાં અજબ હિંમત બતાવનાર એ સપારણ અને એનાં જેવાં બીજાં અનેક પહાડી સંતાનોની પ્રેમ અને વેરની, બંધુતા અને ધિક્કારની, દગાદિલાવરીની, યુદ્ધ અને દોસ્તીની ધીંગી કથાનું સબળ રીતે આલેખન થયું છે એવાં પાત્રોની બહાદુરી–Native genius અત્યારે તો કિંવદતી માત્ર બની રહે. આમ મેઘાણીએ સપારણના પાત્ર દ્વારા સોરઠના ગરવા ભૂતકાળને તાદૃશ કર્યો છે.

**ભાભુ** એ મેઘાણીની કીર્તિદા નવલકથા 'વેવિશાળ'નું પ્રાણવાન પાત્ર છે. મુંબઈ જઈ વસેલા અને બે પૈસા એકઠા થવાને કારણે પ્રાપ્ત થયેલી મોટાઇ જેમને હજી બંધબેસતી થઇ નહોતી, એવા મોટા શેઠ—ચંપકશેઠનાં તે ધર્મપત્ની હતાં. તેથી યે વિશેષ તો દિયર અને તેની પુત્રી સુશીલા માટે તો તે આધારશિલા હતાં. આકસ્મિક પ્રાપ્ત થયેલી સંપત્તિને કારણે તેના હૃદયની સંસ્કારિતા અને ખાન-દાની નાશ પામ્યાં નથી તેથી મનુષ્યની કોઈપણ નિર્બળતા, પામરતા માટે તેમના મુખમાંથી એક જ શબ્દ નીકળે છે: 'બચાડા જીવ!'

ભાભુ પ્રૌઢ છે છતાં રસિક છે, અને તેથી જ સુશીલાના હૃદયની તરુણવૃત્તિથી તે અજાણ નથી. પોતે નિ:સંતાન છે અને પતિ સાથે વિચારોના અનેક મતભેદો છે તેથી પોતાનું સઘળું વાત્સલ્ય ભત્રીજી સુશીલા ઉપર ઢોળ્યું છે. સુશીલાની તો તે રહસ્ય સખી બની શકયાં છે. અને તેથી જ મોટા શેઠનો તિરસ્કાર પામતા ભાવિ જમાઈ સુખ-લાલ પ્રત્યે તેમને પૂરી હમદર્દી છે. સુશીલાની અનેક મુશ્કેલીઓમાંથી એ જ માર્ગ કાઢી આપે છે. આમ તે સાચા અર્થમાં સુશીલા માટે Friend, philosopher & guide બની ગયાં છે.

વેવિશાળ માટે સુશીલાની સર્વવાતે કસોટી કરી જોયા પછી અને સુખલાલને પણ પૂરેપૂરો તાવી જોયા પછી આખાયે ઘરની–પોતાના પતિશુદ્ધાંની વિરુદ્ધમાં જઈ વેવિશાળ કરાવી આપવાની સ્ત્રી દુર્લભ હિંમત દાખવે છે, ત્યારે તેની ચતુરાઈ, સૂઝ અને કાર્યદક્ષતા આદિ ગુણોને અંજલિ આપ્યા વગર આપણે રહી શકતા નથી. સુશીલાએ પોતાનું હૃદય જો કોઇ એક જ વ્યક્તિ પાસે ખોલ્યું હોય તો તે ભાભુ છે. આમ ભાભુના પાત્ર દ્વારા શ્રી મેઘાણીએ એક આદર્શ ગૃહિણીનું પાત્ર આલેખ્યું છે.

અલ્પધન નાટક સાહિત્યના વિકાસમાં શ્રી મુનશી અને ચંદ્રવદન મહેતાનો ફાળો નોંધપાત્ર છે. ચંદ્રવદન મહેતા ગુજરાતી રંગભૂમિ ઉપર નાટક લઇને આવ્યા ત્યારે ધંધાદારી રંગભૂમિ અને સાહિત્યના પાસાવાળું નાટક–આ બેને માત્લોનું અંતર હતું. આથી ધીમે ધીમે ગુજરાતી નાટક અને રંગભૂમિ બંનેનો વિકાસ રૂંધાયો. એ દિશામાં પહેલ કરનાર સ્વ. બેરિસ્ટર નૃસિંહ વિભાકરને ગણાવી શકાય. ત્યારબાદ ચંદ્રવદન મહેતાએ નાટ્યલેખનની અને ભજવણીની પ્રવૃત્તિથી ગુજરાતી નવી રંગભૂમિને સ્પષ્ટ આકાર આપ્યો. 'પાંજરા-પોળ', 'આગગાડી', 'સોના વાટકડી', 'ધરા ગુર્જરી', 'દેડકાંની પાંચશેરી', 'મૂંગી સ્ત્રી', 'હો–હોલિકા' જેવાં ઘણાં નાટકો વસ્તુ, વિચાર, તખ્તો આદિને ધ્યાનમાં રાખીને લખાયેલાં તેમનાં પ્રયોગશીલ નાટકો છે. 'આગગાડી' એ નાટકમાં, રેલ્વે સૃષ્ટિમાં કચડાયેલા **બાપર** જેવા દેશી નોકરિયાત પર ગોરા અધિકારીઓ તુમાખી દ્વારા જે ત્રાસનું સામ્રાજ્ય ફેલાવતા, તેનું સચોટ નિરૂપણ છે. રેલ્વેમાં કામ કરતા કામદારોને ગોરા સાહેબોની જોહુકમી અને રેલ્વેતંત્રની ગેરરીતિઓના કારણે કેવી કેવી યાતનાઓ ભોગવવી પડે છે તેની વાસ્તવિક પરિસ્થિતિને સચોટતાથી નિરૂપતું આ કરુણાંત

નાટક છે. બાધરના જીવનની કરુણતા આ નાટકમાં પરકાશએ છે. પોતાની ઉપર ગોરા સાહેબની રહેમ નજર રહે માટે, પોતાનાં છોકરાંને દિવાળીના તહેવારોમાં મિઠાઈ વગર ટળવળતાં રાખી બાધરને નાતાલમાં ખાસ યાદ રાખીને, સાહેબ માટે ફળના કંડિયાઓ ભેટ મોકલવા પડે છે. નાતાલની સ્પેશ્યલ ટ્રેન, ગોરા સાહેબોની અનુકૂળતાએ નીકળે, ત્યારે વધારાના કામે ચઢવાની આનાકાની છતાં જવું પડે અને કોણ, સાહેબની મહેરબાની વધુ જીતી લે એની ઈર્ષ્યા, વૈરવૃત્તિના પરિણામરૂપ જ ખ્રિસ્તી બનેલ પોતાનો જ પિતરાઈ ભાઈ દારૂ પીને બાધરને મારીને ગાડી નીચે ફેંકી દે છે. એ વિશેષ કરુણ છે. આમ બાધરનું કરુણ મૃત્યુ થાય છે.

૧૯૧૮માં પ્રગટ થયેલી, મલયાનિલ કૃત 'ગોવાલણી' વાર્તાએ ગુજરાતી ટૂંકી વાર્તાના ક્ષેત્રે શકવર્તી સ્થાન પ્રાપ્ત કર્યું છે. આરંભકાળની એ કૃતિ હોવા છતાં, સુરેખ કલાઘાટ વાળી બની શકી છે. લેખકે પોતે જ **ગોવાલણી**નું દોરેલું શબ્દચિત્ર જુઓ :

'તે લણી જ જુવાન હતી. કોઈને પંદર વર્ષની ઉંમરે અધર પર ગુલાબ ફરકે છે. કોઈક તો સત્તર અઢાર વર્ષે આંખમાં ચમક ચમકાવે છે. એને સોળમી શરદે કંઠમાં કોયલ ટહુકતી હતી. નિર્દોષતાએ હવે રજા લેવા માંડી હતી... માથા ઉપર પિત્તળની ઝળકતી તામડી મૂકી ભાગોળેથી ગામમાં પેસે ત્યારે જાણે લક્ષ્મી પ્રવેશી... એ ગુજરાતી ગોવાલણી હતી... એ હંમેશાં રાતો સાલ્લો જાડો પણ સ્વચ્છ, નવો ને નવો સાચવી પહેરતી. એને પીળી પટ્ટીની કોર હતી અને કાળો પાલવ હતો. પરોઢમાં જેમ પ્રભાતિયું મીઠું લાગે તેમ એનો રણકાર મીઠો લાગે છે : એથી અરધી જાગતી અવસ્થામાં સવારનું–શુભ શુકનનું સ્વપ્ન આવે અને આખો દિવસ આનંદમાં જાય. આખા ગામને એ આશીર્વાદ રૂપે ફેરી હતી.'

આ વાર્તાનું પુરુષપાત્ર સંદનભાઈ પણ **ગોવાલણી**ને જોઈ ત્યારથી 'તે દિવસ જ મને થયું કે હું ભરવાડ જન્મ્યો હોત તો ઠીક થાત !' એવા વિચારો કરે છે. કારણ 'ગાંડો બનાવનાર ગોવાલણી પણ રાખવાની જાતવાળી !' એમ તેને સમજાય છે. સંદનભાઈની કામવૃત્તિને બરાબર પારખી ગયેલી આ દલી ગોવાલણી પોતાની સાથે પ્રેમપ્રસંગ પાડવા તૈયાર થયેલા આ કામી પુરુષને, સ્ત્રી સહજ ચતુરાઈથી તેની પત્નીને બોલાવી લાવી જે રીતે બુધ્ધુ બનાવે છે, એથી તો લેખક પણ વાર્તાને અંતે આફરીન થઈ બોલી ઊઠે છેઃ

'ચિત્રકારને અહીં ત્રણ ચિત્ર ચીતરવાનાં હતાંઃ એક કાલિકા, બીજી જાદુગરણી ને ત્રીજી બેવકૂફ.'

આરંભકાળની 'ગોવાલણી' જેવી બહુ થોડી વાર્તાઓ બાદ કરતાં ટૂંકીવાર્તાનું ક્ષેત્ર લગભગ અણવિકસિત હતું. શ્રી ધૂમકેતુએ ટૂંકીવાર્તાના ઉત્તમ શિલ્પી તરીકે અમરતા પ્રાપ્ત કરી છે. 'તણખા મંડળ' ભાગ–૧નું પ્રકાશન એ અર્થમાં ગુજરાતી ટૂંકીવાર્તાના ક્ષેત્રમાં શકવર્તી ઘટના છે.

'પોસ્ટ ઑફિસ', 'ભૈયાદાદા', 'ગોવિંદનું ખેતર', હૃદયપલટો', 'રજપૂતાણી', 'આત્માનાં આંસુ', 'પૃથ્વી અને સ્વર્ગ' જેવી 'એક એક પે અદકાં મોતી' સમાન વાર્તાઓ રચી, પોતાની સર્જનકૃતિઓ દ્વારા એક સર્જક તરીકે પોતે જ પડકાર લીધો અને દીધો છે. અત્યાર સુધી ભદ્રવર્ગના અને સુખી સમાજની પાત્રસૃષ્ટિ જે રીતે સાહિત્યમાં પ્રવેશ પામી હતી, તેને બદલે અલીડોસા ને ભૈયાદાદા, કુંતી અને રજપૂતાણી, આમ્રપાલી અને સુકેશી જેવી વૈવિધ્યભરી પાત્રસૃષ્ટિ આલેખાઈ. ધૂમકેતુની વાર્તાઓમાં જ આપણને સૌપ્રથમ દરિદ્રનારાયણની પ્રતિષ્ઠા થતી જોવા મળી એમ આપણને તેમની પાત્રસૃષ્ટિ જોતાં લાગે છે.

દૂરદેશાવર પોતાની દીકરી મરિયમને પરણાવ્યા પછી તેના પત્રની છેલ્લા પાંચ પાંચ વર્ષ સુધી એકધારી રાહ જોયા કરનાર પિતૃવત્સલ હૃદયી **અલી**ને કદાચ કોઈ ઓળખતું નહોતું–સમજવા માગતું નહોતું. ટાઢ તડકો જોયા વિના આમ, કાગળ ન હોવા છતાં દરરોજ પોસ્ટ ઑફીસ સુધી ધક્કો ખાનાર અલી ડોસો લોકોની દૃષ્ટિએ મૂર્ખ નહિ પણ પાગલ આદમી હતો. અને તેથી પોસ્ટઑફીસમાં તો વાત કરવાના એક વિષય–topic તરીકે એની ગણના થતી હતી.

કોઈ એના હૃદયની વેદના સમજતું નથી. એને **પૂર્વા**શ્રમનું જીવન યાદ આવે છે શિકાર વખતે તરફડતાં બચ્ચાંની યાદ આવતાં તેનું હૃદય ભરાઈ આવે છે. પશ્ચાત્તાપમાં ડૂબેલા અલીને સમજાય છે કે, 'કુદરતમાં સ્નેહની સૃષ્ટિ છે અને વિરહનાં તો આંસુ જ છે' જાણે પાતાળ ફોડી કોઈ અનુકંપાની તેના હૃદયમાં સરવાણી વહી રહી. એવા ભલા અલીના હૃદયને અધિકારી માનસવાળા પોસ્ટ માસ્તર પણ સમજી શકતા નથી. અલી હતાશ થઈ ગયો. તેનો આશાતંતુ લગભગ છેદાઈ ગયો હતો. એક દિવસ પોસ્ટ માસ્તરને પણ દૂર દેશાવરથી માંદી દીકરીના સમાચારની રાહ જોતા બેસી રહેવાનું થયું ત્યારે પિતાએ પિતાના હૃદયને સમજવા કોશિશ કરી. તે જ દિવસે અલીની ટપાલ આવી હતી......પણ હવે મોડું થઈ ગયું હતું. અલીના જીવનની કરુણતા એ હતી કે કોઈ એને સમયસર ઓળખી ના શક્યું.

પોતે જે સ્થળે જીવનનાં પચ્ચીસ વર્ષ વિતાવ્યાં છે એ સ્થળ એકાદ સામાન્ય ભૂલને કારણે અધિકારીની જોહુકમી થતાં છોડી દેવું પડે એ પરિસ્થિતિ રંગપુર સ્ટેશનના સાંધાવાળા ભાવનાશીલ ભૈયા બદ્રીનાથ ( **ભૈયાદાદા** ) સહન કરી શકતા નથી. આમ સ્થળ પ્રત્યેની મમતા, અહીં ( 'ભૈયાદાદા'એ વાર્તામાં ) વાર્તાનો વિષય બની છે.

'આપણે માણસ સાથે કામ નથી; કામ સાથે કામ છે. ક્યાં જાય એ જોવાનું એને રહ્યું; કેવું કામ કરે છે એટલું જ આપણે જોવાનું છે.'

જુવાન ઉપરી અમલદારનાં આવા તોછડાઈ ભરેલાં વચન સાંભળી ભૈયાદાદા અસ્વસ્થ બની જાય છે. અને જે વાડી સાથે, જે ભૂમિ સાથે પોતે માયા બાંધી હતી, જેના વિકાસમાં પોતાના લોહીનું સિંચન કર્યું હતું તે સ્થળ ત્યજતાં જાણે ભૈયાદાદાનું ચૈતન્ય હરાઈ ગયું. નોકરીની નિવૃત્તિ પછીની બીજી ઉષા ભૈયા બદ્રીનાથના જીવનમાં ન ઊગી. 'ઝૂપડામાં અડગને અક્કડ વૃદ્ધ ભૈયાદાદા ઓઢીને નિરાંતે ઊંઘતા હતા.'

**કુંતી** એ 'હૃદય પલટો' વાર્તાનું મહત્ત્વનું પાત્ર છે. હિમાલયના ગિરિપ્રદેશ જબલીમાં, આ પહાડી કન્યાને સોમલા તરફથી તીલકુ પરણી લાવેલો પણ તેના જેવા ઠંડી પ્રકૃતિના માણસ સાથે તેનો છૂપો અસંતોષ વધતો જતો હતો. તે સ્વભાવે મનમોજી, ઉડાઉ અને તીખી હતી. તેના આ ઠાઠ તીલકુ ન સાચવી શકે એ સ્વાભાવિક છે.

કુંતીને આ જીવન બંધિયાર લાગવા માંડ્યું. અલબત્ત, તેને દોલત નામનો એક દિકરો હતો, પણ કુંતીના જીવનમાં જ્યારથી છેલછબીલા, નટખટ બીરપાલે પ્રવેશ કર્યો હતો ત્યારથી, આ બાપ દીકરાને ઊંઘતા મૂકીને સીમલા ભાગી જવાનાં સ્વપ્નો સેવતી હતી. અને એક દિવસ તેણે એમ કર્યું પણ ખરું. થોડાક દિવસ તો ઠીક ચાલ્યું. પણ પછી કુંતીની લાગણીઓને ઉશ્કેરનાર બીરપાલ પણ, તેના તેજીલા સ્વભાવને જીરવી શક્યો નહિ, જાળવી શક્યો નહિ અને તે બંને છૂટાં પડ્યાં, ત્યારથી કુંતીના સ્ત્રી હૃદયમાં પુરુષમાત્ર વાસનાના કૂતરા સમાન લાગવા માંડ્યો.

પુરુષમાત્ર ઉપર વેર લેવાની તેની આ ઝનૂની વૃત્તિ જ તેને વેશ્યાગૃહમાં ધકેલાતાં અટકાવી શકતી નથી. તેનું નૈતિક અધઃપતન ક્રમશઃ એવા તબક્કે આવીને ઊભું, જ્યાંથી કોઇ તેને બચાવી શકે નહિ. એકવાર તેનો જ પુત્ર દોલત, માની શોધખોળમાં અને ઘડીક મન સંતોષવા આમતેમ ભટકતો, અહીં આવી ચડ્યો. તેણે કુંતીના મુખમાંથી પુરુષમાત્ર પ્રત્યેની તિરસ્કારયુક્ત વાણી સાંભળી. પોતાની સન્મુખ માતાની આ અવદશા નિહાળતાં તેની આંખમાંથી કરુણ અશ્રુ ટપક્યાં......અને જ્યારે કુંતીને દોલતની ઓળખાણ પડે છે ત્યારે તેનો સ્ત્રીત્વનો નશો ઊતરી જાય છે. અને માતૃહૃદયમાં વાત્સલ્યની સરવાણી ફૂટી નીકળે છે. દોલતની નજરે તો માતા કુંતીનો કોઇ દોષ નથી. દોલત તો કહે છે, 'ઓ મા, તું સર્વથી સુંદર છે; સર્વથી કોમળ છે, સર્વથી પવિત્ર છે.'

'આત્માનાં આંસુ' નવલિકામાં આવતું **આમ્રપાલી**નું પાત્ર શ્રી ધૂમકેતુની કલમનું તેજસ્વી પાત્ર છે. વૈશાલીની જનતા સામે રોષે ભરાયેલી ન્યાય માગતી આમ્રપાલીનું ચિત્રણ લેખકની કલમે જ જુઓ:

'ચાંદની જેવાં તદ્દન શ્વેત વસ્ત્રમાં લપટાયેલી એક સ્ત્રીની મૂર્તિ ત્યાં દેખાઈ...તેણે આછા રેશમી વસ્ત્રનો સાળું સંકોર્યો અને હુકમ કરનારની ઢબથી મહાજન મંડળ સામે જોયું. તેનું નાનું નાક અભિમાનમાં ફૂલ્યું હતું અને ક્રોધ તથા તિરસ્કારથી ભવાં ચઢ્યાં હતાં. ઘણાને આ દૃષ્ટિ અને તેમાં રહેલું પ્રજાસત્તાનું અપમાન ખૂંચતાં પણ તેની રમણીય મોહકતા વિષ પાયેલાં તીરની જેમ હૈયા સોંસરવી નીકળી જતી હતી.'

વૈશાલીના લોકો વચ્ચેના આંતરિક કલહનું મૂળ નાબુદ કરવા, આમ્રપાલીના હાથના ઉમેદવારો વચ્ચેની ગળાકાપ હરિફાઈ ટાળવા, મંત્રી સિંહનમન આમ્રપાલીને વિનવે છે: 'મહાન બનનારનું સ્વાર્પણ પણ મહાન જ હોય!' આમ આમ્રપાલી પાસેથી યૌવન, યશ અને ગૃહસ્થાશ્રમ–એ ત્રણનો મહાન ભોગ માગે છે. આમ્રપાલીએ પોતાના અંગત જીવનનો, દેશને કારણે ભોગ ધર્યો. બિંબિસારથી પોતાને થયેલા બાળકને પણ સોંપી દઈ, આમ્રપાલીએ હૃદય કઠણ કરી વહાલી વૈશાલીને ખાતર પ્રેમ અને માતૃત્વનું અર્પણ કર્યું.

**રજપૂતાણી** એ 'રજપૂતાણી' વાર્તાનું એક ઓજસ્વી પાત્ર છે. ગરાસ્યાને તેના નામની મોહિની લાગી છે, અને તેથી જ ભર ચોમાસે રૂપેણમાં ઘોડી ઝંપલાવી મળવા નીકળ્યો તો ખરો પણ અવગત થયો. રજપૂતને ભૂત થયેલો માની, લોકો ભડકવા લાગ્યા અને રસ્તો ભેંકાર બન્યો. રજપૂતાણીને કાને આ વાત પહોંચી, રજપૂતાણી પણ અવગત થયેલા ગરાસ્યા સાથે એકવાર મુકાબલો કરી લેવા રાહ જોઇને બેઠી છે. ચારણ તેડવા આવતાં જ 'કેતકીના સોટાની જેમ ટટ્ટાર થઇ ગઇ' અને વગર આનાકાનીએ પેલા વડ નીચે આવી પહોંચે છે. ભેંકાર શાંતિમાં થોડીવાર પછી રજપૂતનું રૂપાળું મોં રજપૂતાણીને દેખાય છે ત્યારે પણ રજપૂતાણીનો ચહેરો તદ્દન નિર્વિકાર રહે છે.

'ખરો ગરાસ્યો હો તો તૈયાર થઈ જા' એમ બોલી રજપૂતાણીએ જનોઇવઢ ઘા રજપૂત પર કર્યો. પણ ધીમે ધીમે દૂરને દૂર સરતો જતો ગરાસ્યો પોતે જ્યાં ડૂબી ગયો હતો ત્યાં સુધી રજપૂતાણીને ખેંચી ગયો અને પછી દેખાતો બંધ થયો. રજપૂતાણી પણ પાછળ પાછળ ખેંચાવા લાગી, પણ પાણીમાં ગરાસ્યાનું દયાજનક મુખાકૃતિવાળું પ્રતિબિંબ જોઇ, જાતે પણ આત્મવિલોપન કર્યું. આમ નીડર, નિર્ભય તેમ છતાં પતિવ્રતા રજપૂતાણીનું પાત્ર એકીસાથે કરુણતા અને ગૌરવની મુદ્રા ધારણ કરે છે.

'ખેમી' વાર્તામાં ભાવના અને વાસ્તવનો ઉત્તમ સુમેળ સધાયો હોઇને 'દ્વિરેફ' (સદ્. રા. વિ. પાઠક)ની એ ઉત્તમ વાર્તા બની શકી છે. હરિજન કોમની **ખેમી** એ તેનું મહત્ત્વનું પાત્ર છે. ખેમી અને તેના પતિ ધનિયાનું આલેખન. શ્રી ઇ. ર. દવે કહે છે તેમ, 'લેખકે પ્રસન્ન દામ્પત્યની એમની પ્રિય ભાવના વ્યક્ત કરવા માટે' કર્યું છે. કોઈ એક શેઠને ત્યાં મોટા જમણવાર પ્રસંગે ચોકી કરવા બેઠેલાં ખેમી અને ધનિયો, જાજરૂના પગથિયે બેસી બીડી પીતાં પીતાં પ્રેમગોષ્ઠિ માંડે છે તેટલામાં જ, ફરજમાં બેદરકાર બનેલા ધનિયાને શેઠ ધુત્કારી કાઢી મૂકે છે.

આ અપમાનનો ઘા રૂઝવવા, પ્રેમાળ ખેમી, કાયમ માટે દારૂની વિરોધી છતાં ચાહીને, ધનિયાને દારૂ પીવાના પૈસા આપે છે, પણ એમાંથી તો ધનિયો ધીમે ધીમે દારૂની લતે ચઢી જાય છે. આથી સ્વમાની ખેમી ધનિયો દારૂ ન છોડી દે ત્યાં સુધી ધનિયાને છોડી ચાલી જાય છે. એમનાં રિસામણાં અને મનામણાં ચાલે છે, પણ પરસ્પર એકબીજાનું શુભ જ વાંછતાં તેઓ અંધશ્રદ્ધાથી 'માનતાઓ' માની માનીને વધુ ને વધુ દારિદ્ર અને દેવું વહોરી રહ્યાં હતાં. ધનિયો મૃત્યુ પામે છે ત્યારે તેની સદ્ગતિ માટે કમરતોડ મહેનત મજૂરી કરી ખેમી દેવું પણ વાળે છે અને માનતાઓ પૂરી કરે છે. નાતરું કરી શકાય તેવી આ કોમમાં પણ, 'ના, ના. આટલે વર્ષે મારે જીવતર પર થીંગડુ નથી દેવુ!' એમ કહી જનમજનમના પ્રેમી તરીકે ખેમી, મૃત ધનિયાનાં સ્મરણોમાં પોતાનું શેષ જીવન વ્યતીત કરે છે. ખેમી ગુજરાતી વાચકોમાં અમર રહેવા સર્જાયેલું પાત્ર છે.

**'મુકુંદરાય'** પણ આજ લેખકની એવી જ બીજી ઉત્તમ વાર્તા છે. કોલેજમાં અભ્યાસ કરતો મુકુંદરાય રજાઓમાં પોતાના મિત્રો સાથે ઘેર આવવાની જાણ કરતો તાર પોતાને ગામડે પિતાને કરે છે. મુકુંદરાયનું ઘર ઉચ્ચ કુટુંબવાળું છતાં પૈસે ટકે ઘસાઇ ગયેલું હતું છતાં વૃદ્ધપિતા રઘુનાથ અને બાળ વિધવા બ્હેન ગંગા, ભાઇના આગમને હર્ષઘેલાં બની, બને એટલું સારું આતિથ્ય કરવાના મનસૂબા કરવા લાગ્યાં.

કોલેજમાં ભણતા મુકુંદરાયને કોલજજીવનનો થોડો પાસ લાગ્યો હતો. પિતાની આર્થિક સ્થિતિ તરફ તે બેપરવાઈ દાખવતો અને જવાબદારીના ભાન વગર વર્તતો, પોતાના મિત્રો આગળ પોતાની ગરીબાઇ છુપાવવામાં તે બધી કુશળતા વાપરે છે. વાત્સલ્યથી ક્ષેમકુશળતાની પૂછપરછ કરતા પિતાની વાતો તેને મન ક્ષુલ્લક હતી અને તેથી બને તેટલી ટૂંકાવવા પ્રયત્ન કરતો. ભાવપૂર્વક રસોઇ બનાવી

પીરસતી ગંગાએ, જાણે પોતાની પ્રતિષ્ઠા મિત્રો આગળ હલકી પાડી, એમ માની ગંગા પ્રત્યે મનોમન ધૂંધવાતો, તોછડાઇ પણ દાખવી લેતો. આ બધું જોઇ રઘુનાથ પોતાના મૃત્યુ પછી ગંગાની દરકાર મુકુંદ કેવી લેશે એનો અણસાર તો પામે જ છે અને એથી જ વ્યથાના ભાર તળે તેઓ ચંપાયેલા છે.

સાંજે મિત્રોને વળાવવા જતાં પોતાની રાહ ન જોવાનું કહી મુકુંદ શહેરમાં પાછો ચાલ્યો જાય છે. ગાડીવાળો પણ 'મુકુંદરાય ગયો છે' એવી વાત કરે છે. રઘુનાથને તો મુકુંદ હાથથી તો ગયો જ હતો! આથી વહાલી પુત્રી ગંગાને પાસે બેસાડી વિમળશાહે બંધાવેલાં દેરાંની વાત કરી, તેણે પ્રસન્ન થયેલી અંબા માતા પાસે ત્રણ ત્રણવાર, નખ્ખોદ જ માગ્યું હતું તેની દૃષ્ટાંતકથા કહે છે. ભારે નિશ્વાસ સાથે ગંગા અને આ વાર્તાના સૌ ભાવિકો સૂની એકલતા અને મૃત્યુસદૃશ બેંકાર નિર્જીવતાનો અનુભવ કરે છે. જૂની અને નવી પેઢીના વિચારસંઘર્ષનું તાદૃશચિત્ર કુશળતાપૂર્વક લેખકે અહીં ઉપસાવ્યું છે. આપણને પણ થાય કે 'નવી પેઢી હાથથી ગઇ કે શું?'

'મળેલા જીવ' અને 'માનવીની ભવાઈ'ના સર્જક શ્રી પન્નાલાલ પટેલ કવિશ્રી સુન્દરમ્ કહે છે તેમ, ખરેખર આપણા ગુજરાતી સાહિત્યનો એક ચમત્કાર છે.

પન્નાલાલની કલમે ગુજરાતના ઈશાનિયા ખૂણાનાં સાચ્ચાં ગામડાનાં ધરતીનાં છોરુ અને જીવનના વિશિષ્ટ ધબકારવાળી બોલી બોલતાં 'મનેખ'ની છબિ તેમની વાર્તા –નવલકથાઓમાં સુરેખ રીતે ઝીલી છે. એ વાર્તાઓમાં આવતાં ગામડાંને આત્મીયતાથી સ્પર્શી, એની ધરતી ખૂંદી, શિક્ષણ કરતાં અનુભવના અભિજ્ઞાન વડે જીવંત વાતાવરણ રચી આપ્યું છે આથી જ એમના સર્જનમાં હૃદયની કવિતા ઊતરી આવી છે.

આકર્ષક કથાવસ્તુ, હૃદય ડોલાવે તેવા પ્રસંગો, પ્રકૃતિના મનોહર રંગોનું ચિત્રણ, તજ્જન્ય ભાવપરિસ્થિતિઓ, વેધક મર્મોક્તિવાળા સંવાદો, માનવચિંતન, વર્તન, સંઘર્ષની સ્વાભાવિકતા, નિજી ભાષાને વરેલું સહજ અલંકરણ, એ સાહિત્યસ્વરૂપને અનુરૂપ કવિતા સદૃશ ગદ્યનિરૂપણ, અને નિરાડંબર આલેખન પન્નાલાલ પટેલને સાહિત્યના તેમજ જીવનના સાચા કલાકાર બનાવે છે. 'મળેલા જીવ' અને 'માનવીની ભવાઈ' એથી જ કેવળ કર્તા નહિ, સમગ્ર ગુજરાતી સાહિત્યની ઉત્તમ કૃતિઓ ગણાઈ છે.

> 'કાનજીની ઉંમર પચીસેકની હશે. પાંચ હાથનો તડો જુવાન કહી શકાય એવું એનું કાઠું પણ હતું. એના પહોળી આંખોમાં જેટલી હાસ્યની છાંટ હતી એટલી લાપરવાહી પણ દેખાઇ આવતી હતી. પગમાં અદીશેર વજનના નાળ–જડેલ ફુદડીઓવાળા જોડા હતા. ઘૂંટી સુધીનું ધોતિયું. રંગીન ખમીસ ઉપર સફેદ કોટ અને માથે ગુલાબના ગોટાવાળો લાલ સાફો હતાં સાફાના બાંધણી કોઇ અનેરી હતી અને એમાંય છોગું તો જાણે એ જ મૂકી જાણતો હતો......નવા જ ગોટા બાંધેલા પાવાની જોડ પણ ગળામાં લટકતી હતી.'

'મળેલા જીવ'ના **કાનજી**નું લેખકે કરેલું આ વર્ણન છે.

કાવડિયા ડુંગરની નાળમાં ભરાયેલા જન્માષ્ટમીના મેળે જે જુવાની રમણે ચડી હતી તેમાં કાનજી અને જીવી પણ હતાં. તેમના જીવનમાં ચગડોળે સૂક્ષ્મપ્રીતિનું પરસ્પર માટે કારણ જન્માવ્યું હતું. અને તેથી પાસે ઊભેલી કાળી તો જાણે બોલી પડી 'એનામાં તે શું મોર ટાંક્યો છે તે કાનાભાઇ ટગરટગર તાકી રહ્યા હશે?' કાનજી પણ આ માયાને ખરેખર તાકીતાકીને જોઇ રહ્યો હતો. મેળો મહાલી ઘેર પાછા વળતાં કાનજી જીવીને ઘેર બે ઘડી મહેમાન પણ બને છે. અને એમ આ બે જીવ મળે છે, પણ જ્ઞાતિનો ભારે વાંધો પેદા થાય એથી, ગામના ધૂળા ગાંયજા સાથે જો જીવીને પરણાવી શકાય તો, હીરાના શબ્દોમાં 'એક પંથ ને દો કાજ' થાય, એમ વિચારતો કાનજી જીવી પાસે પોતાને બદલે ધૂળિયાનું માગું લઇને જાય છે. ત્યાંથી જ કાનજીના જીવનમાં ઘમ્મર વલોણું ફરતું થઈ જાય છે. ગામમાં ધીરે ધીરે ધૂળિયાના કાચા કાને એવી વાતો વહેતી થાય છે કે કાનાભાઇએ ધૂળિયાનું તો જ્યાં ત્યાં ઓઠું જ શોધ્યું છ. ધૂળિયો કાનજીનો ગુણ ભૂલી જાય છે અને ઉપરથી જીવીને ઢોર માર મારે છે. ભગતે તો કાનજી જીવીને ધૂળિયા સાથે પરણાવી લાવે છે ત્યારે જ કહ્યું હતું કે, 'લાવ્યો છું તો લાવ્યાપણું રાખજે' તેમ છતાં પોતે ગામમાં હોવા છતાં ધૂળાનો આ ત્રાસ સહી ન શકવાથી તેને ગામ છોડી જતો રહેવા વિચાર કરતો કરે છે. અને કાળજી એમ કરે છે ય.

જ્યારે ધૂળિયાના ખાવામાં ઝેર આવે અને તે મૃત્યુ પામે છે ત્યારે પણ કાનજી જીવીની નિર્દોષતા અને કરુણતા સમજી શકે છે અને ભારે મનોવેદના વચ્ચે લગભગ અર્ધપાગલાવસ્થા ભોગવતી જીવી પ્રત્યે તેની સહાનુભૂતિ પ્રગટે છે. પોતાનું પ્રિયપાત્ર આમ સમાજમાં હાંસી રૂપ થાય તે કરતાં પોતાની સાથે રહે એ બહેતર, એમ વિચારી જીવીને લઇ જવાનું નક્કી કરે છે ત્યારે ભગતને પણ 'જીવ મળી ગયા, પછી એમાં બીજું થાયે શું?' એમ કહેવું પડે છે.

'મળેલા જીવ'નું અમર સર્જન છે **જીવી**નું પાત્ર. જીવી છે તો ગાંયજાની છોકરી પણ ખરું પુછો તો:

> 'જીવીનું રૂપ મોર ટાંક્યા જેવું હતું. ઉંમર વીસની આસપાસ હતી. નમૂનેદાર સાગના સોટા જેવી તેની દેહલતા હતી. ઘાટીલાં અંગોમાં તંદુરસ્તીની સુરખી તપું તપું કરી રહી હતી. લંબગોળ મોંને શોભા આપતી અણિયાળી આંખોમાં કૌમારત્વની લજ્જા તથા યુવાનીની મસ્તી વચ્ચે જાણે દ્વન્દ્વ ચાલતાં હતાં અને એમાંય કાળજાનાં અંજન તો કોઈ જાદુનાં કામ કરી રહ્યાં હતાં...'

ચગડોળમાં કાનજીને મળતાં જ જાણે 'મળી દૃષ્ટોદૃષ્ટ' એ પૂરબહારમાં ફરતા ચગડોળની મજા માણતો કાનજી પણ જીવીના કહે જ પાવામાં ગાવા લાગી ગયો હતો. આમ બંને સાચા અર્થમાં મેળો મ્હાલ્યાં મેળેથી પાછા ફરતાં, કાનજી અને જીવી વચ્ચેના પરોક્ષ સંવાદ પણ બંનેને નજીકનો પરિચય કરાવે છે. જીવી ઘેર જતા કાનજીને મહેમાનગતિએ બોલાવે છે અને આમ પ્રથમ સંગાથ થાય છે. આ સંગાથ જ જીવનભર મહત્ત્વનો બની રહે છે.

કાનજી તરફ તેને હૃદયની પ્રીતિ જન્મી છે અને તેથી જ કાનજી પોતાના માગાને બદલે ધૂળિયાનું માગું લઇને આવે છે ત્યારેય કાનજી પ્રત્યે મનમાં થોડોક રોષ અને નિરાશા જન્મે છે, છતાં કાનજીનું બોલ્યું જીવી પાળે છે. મનના બધા જ અરમાનો કચડી નાખીને ધૂળા ગાંયજા સાથે લગ્ન કરી લે છે. આમ છતાંય કાનજી પ્રત્યે તેના મનમાં સ્નેહભાવ છે. ધૂળા તરફથી મળતા શારીરિક અને માનસિક ત્રાસે જીવીનાં રૂપ અને સ્વભાવ તદ્દન બદલાઇ જાય છે. કાનજી ગામ છોડીને ચાલ્યો ય છે તો પણ જીવીની પ્રીતિ વધુ ને વધુ સૂક્ષ્મ બનતી જાય

છે. કાનજી અને જીવી પરસ્પર વ્યવહારશુદ્ધિ જાળવે છે પણ વહેમી ધૂળો પોતાની જાતે પતન પામે છે અને જીવીને વૈધવ્યની ભેટ આપી વધુ દુઃખી કરે છે. જીવીના જીવનની આ કરુણતા છે શ્રી સુન્દરમ્ કહે છે :

'જીવીનું સર્વાંગી સમર્પણ સાદ્યંત અનેરી કરુણ આહ્લાદકતા ધારણ કરે છે.'

**ભગત**નું પાત્ર કાનજી માટે મિત્ર, મુરબ્બી અને માર્ગદર્શક સમાન છે. વાર્તાના આરંભથી અંત સુધી 'બધી ઈશ્વરની માયા છે' એમ માની-મનાવી ચાલનાર, સંસારની કોઈપણ ઘટનાથી નિર્લેપ રહે છે. તેમ છતાં તે નિષ્ક્રિય નથી. સર્વનિયંતા જગદીશ્વરની માફક તેની હાજરી સર્વત્ર અનુભવાય છે. જીવી સાથેના કાનજીના પ્રેમની વાત તે નિર્લેપ ભાવે સંભાળે છે. જીવીને ધૂળા સાથે પરણાવ્યા પછી કાનજીને 'લાવ્યો તો લાવ્યાપણું રાખજે' એટલું જ છતાં માર્મિક વાક્ય કહે છે. કાનજીને તે યોગ્ય માર્ગદર્શન આપે છે. હીરાને તેની સમજ પ્રમાણે સમજાવે છે. પોતે કોઈ માયામાં લપટાયા નથી છતાં બધી માયાઓ તેમણે જોઈ છે. જીવીની મનોવેદના પ્રત્યે તેમને હમદર્દી છે. સમય આવ્યે ધૂળાને ઠપકો પણ આપે છે. નાગવરામાં નવડાવવાથી જીવીનું પાગલપણું જતું રહેશે એવી લોકવાયકાને જીવીના સુખ ખાતર તેઓ સત્ય માને છે અને પોતે લઈ જાય છે. કાનજી-જીવીના જીવનનું કરુણ નાટક પોતાની ચક્ષુ સમક્ષ ભજવાતું જુએ છે અને તે પણ પૂરી તટસ્થતાથી. કાનજી જીવીના પ્રેમને જોઈ 'વાહ રે માનવી, તારું હૈયું ! એક પા લોહીના કોગળા તો બીજી પા વળી પ્રીતના ઘુંટડા !'... આથી જ સુન્દરમ્ કહે છે :

'એ ઊર્મિઝંઝાઓમાં સુકાની જેવો બેઠેલો, ગીતાના મર્મને પકડવા અને આચરવા મથતો, સદાનો સ્વસ્થ છતાં કદીક આ ગહન કરુણિકાથી કંપી ઊઠતો, સાચી રીતે હસતો છતાં પરમ સમભાવી ભગત એ પણ એક સંતોષપ્રદ આશ્વાસક વ્યક્તિત્વની છાપ મૂકી જાય છે.'

'માનવીની ભવાઈ' કાળુ રાજુના જીવનનાં સુખદુઃખની ભૂખ, ભીખ અને પ્રણયની લીલા રજૂ કરતી, અને તેની પશ્ચાદ્ભૂમાં સમાજ આખાની સંવેદનાને મૂર્તિમંત કરતી, પન્નાલાલ પટેલની સર્જકતાની માટીનો મોંઘેરો મોર છે. ધરતી ખોળે ખેલતાં ઇશાનિયા દેશનાં ધરતીજાયાંની ભૂખ અને ભીખની વાત કરવા એના સર્જકે કાળુ અને રાજુને નાયક નાયિકા રૂપે ચીતર્યાં છે.

સાત ખોટના દીકરા કાળુનો વિવાહ **રાજુ** સાથે બાળપણમાં થયેલો, પણ માલીની વેરભાવના કાળુનું લગ્ન થવા દેતી નથી. તેથી કાળુ ભલી સાથે પરણે છે અને રાજુ વાળજી સાથે. આમ છતાં કાળુ અને રાજુનાં હૈયાં એકમેકની પ્રેમલિપિ ઓળખી-વાંચી શકે છે.

આલાના મેળે કાળુ અને રાજુ પરિચયમાં વધુ નજીક આવે છે. યુવાનીમાં પ્રવેશતી રાજુનું રૂપ 'ચઈતર વઈશાખની ફૂલીફાલી વનરાજની જેમ' ખીલવા માંડ્યું હતું. એની આંખોમાં મસ્તી, ચાલમાં ચમક અને વાતમાં યૌવનમસ્ત ઉચ્છૃંખલતા આકર્ષક બની રહી છે. રાજુ કાળુની પ્રેરણામૂર્તિ છે. એ ડાહી, શાણી ને સ્વમાની સ્ત્રી પોતાની જવાબદારી સમજે છે. કાળુ પ્રત્યે તેને અપાર પ્રેમ છે અને તેથી જ 'મનના મોરલા મનમાં જ રમાડવા અને એમ મનખો પૂરો કરવો' એમ વિચારી કાળુ માટે આત્મવિલોપન સાધે છે.

જ્યારે કાળુના પિતરાઈઓ અને નાતીલા પંચના ખટલવેડાથી તેમનો વિવાહ તૂટે છે ત્યારે રાજુ જ કાળુ માટે ભલી શોધી આપે છે. કાળુ રખેને રાજુ નાનિયાનું ઘર માંડે એમ વહેમાઈ રાજુને ટોણો મારે છે કે

"ભર્યું ભાદર્યું ઘર ને છેલછબીલો મુરતિયો હોય ને ઘર માંડે એમા વત્તાઈ શી ! વત્તાઈ તો ખાલી ઘર ફેરવે ને ગાંડાને ડાહ્યો ગણી નિભાવે એમાં જ તો—'

ત્યારે પોતે એ ભવમાં ત્રીજો ભવ કરવાની નથી એમ કહી છાતી કઠણ કરી ગૌરવપૂર્વક પોતાનું જીવન જીવવું શરૂ કરે તે. સમય આવ્યે રાજુ જ ભલી સાથે વ્યવસ્થિત દામ્પત્યજીવન જીવાળવા કાળુને સમજાવે છે.

અસહ્ય દુકાળમાં જીવવાની આશા નહિવત્ જણાય છે ત્યારે લોકોએ ઘરવખરી અને જાતસુદ્ધાં વેચી દીધી હતી ત્યારે પણ રાજુ ધરતી ગાય પણ વેચવાની ના પાડે છે. પોતે ભૂખ્યા રહીને પણ કુટુંબને સાચવી લેવા મથામણ કરે છે ત્યારે, રાજુમાં આપણને ગૌરવવંતી નારીનું દર્શન થાય છે. દુકાળમાં પોતાના મનની સમતુલા વારંવાર ગુમાવતા કાળુને રાજુ જ હૈયાધારણ આપી શકે છે. અંત સમયે રાજુ કાળુના ખોળામાં જ પોતાનું જીવન પુરું કરવા ઇચ્છે છે. કાળુ ભૂખે ભાંગી પડે છે, ત્યારે રાજુ જ અમીવર્ષા કરાવે છે અને કાળુના ઉજ્જડ જીવનમાં સંજીવની છંટાય છે. આમ રાજુ ઉદાત્ત નાયકા છે. તેના દિલમાં ઉદારતા ધીરતા અને ચારિત્ર્યશીલતા છે.

"મારે ધરતીને ખોળે મેલવો, મોંઘી માટીનો રમતેરો મોરલો.' એમ ગાનાર પન્નાલાલ, ખરેખર કાળુના સર્જન દ્વારા પોતાની સર્જનશક્તિનો ઉત્તમ પરિચય કરાવે છે. **કાળુ** તેમની સર્જનકલાનો મોંઘેરો મોર છે. કાળુમાં નિર્ભયતા અને સચ્ચાઈના ગુણો પિતા તરફથી વારસામાં મળેલા છે. દુઃખને દળી ખાવું એ એનો જીવનમંત્ર છે. નાની ઉંમરમાં જ પિતાનું શિરચ્છત્ર ગુમાવતાં તેના માટે દુઃખના દહાડા શરૂ થાય છે. બાળપણની એકએક પ્રવૃત્તિઓની સાક્ષી, રાજુ સાથેનો વિવાહ તૂટે છે અને મનમાં અણગમો છે એવી ભલી સાથે વિવાહ થતાં એક વખતની પ્રિયતમા રાજુનો તે ભત્રીજાજમાઈ બને છે એમાં જ એના જીવનની Irony of fate વિચિત્રતા રહેલી છે.

રાજુ જ્યારે વાળજી જેવા માંદલા પતિને વરી સાસરે જાય છે ત્યારે કાળુ માટે તે અસહ્ય બને છે છતાં :

'બધાયના અવતારમાં ક્યાં રાજુડીઓ છે ! એનું ય નભે છે તો થાકવાનો ગણો કે શોખનો ગણો પણ એ જ વિસામો સાચો છે.'

એમ મન મનાવી તેડી લાવે છે. રખે ને નાનિયાનું ઘર માંડે એવી દહેશત સેવતા કાળુને રાજુ પોતે એ ભવમાં ત્રીજો કરવાની નથી એમ કહે છે ત્યારે કાળુ પણ કબુલે છે : 'તારા જેવી આપણી નાતમાં ઘણી ઓછી બાઈઓ હશે. રાજુ, હું તો એકેય જોતો નથી.'

કાળુ એ સામાન્ય ખેડૂતપુત્ર નથી. 'પરથીમીનો પોઠી' પ્રકરણમાં તે ખેડૂત સમાજનો સાચો પ્રતિનિધિ બનીને આવે છે. સદાવ્રતની 'દોઢ પાશેરી ખીચડી' ન લેવાનો આગ્રહ કરનાર કાળુને જ્યારે રાજુ અનાજ લેવા સમજાવે છે ત્યારે કાળુનું હૈયું વલોવાઈ જાય છે. તેને મન આ ભૂખ અને ભીખ તો 'ગુમાનને ને આતમાને ય ઓગાળી નાખે તેવી' લાગે છે. ધાનને પકવનાર જ ધાનથી વંચિત રહે એવા દલિતસમાજની જાગૃતિનો પ્રતિનિધિ કાળુ ખેડૂતોનું લૂંટાતું અનાજ

બચાવવા જીવસટોસટની હિંમત પણ દાખવે છે. સરકારને ય એતો કહે છે :

" મારવામાં તારી છત્રી કળા વાપરી ત્યારે એ કરતાં કાંક જિવાડવાનું ઓળી કાઢ્યું હોત તો અમે ય જાણત કે ના, છત્રી કળાનો જાણનારો તું ખરો નીકળ્યો ! '

વળી ' ખેડૂતનો દીકરો છું માટે નઇ લઉં ' એમ સદાવ્રતની ખીચડી નહીં જ લેનાર કાળુ સ્વમાની છે. એની પીઠ થાબડવાનું મન થાય છે.

દુષ્કાળના ઓળા પથરાયા છે ત્યારે પણ ગામલોકોને સાચા માર્ગે દોરતો, વિષમતાઓનું, નીલકંઠ બનીને, આકંઠ પાન કરતો કાળુ કેવળ રાજુનો સહારો ઇચ્છે છે અને તેથી જ છેલ્લી વખત રાજુને મળી પોતાની સાથે લઇ જવા તેને સમજાવે છે. રાજુ જવા તૈયાર થાય છે. રાજુને લઈને દૂર દૂર જવા ચાલી નીકળેલો કાળુ ભૂખ અને વેદનાને લીધે રસ્તામાં જ ફસડાઈ પડે છે ત્યારે એકમાત્ર રાજુની અમીભરી દૃષ્ટિથી જ તેના ઉજ્જડ આભલા જેવા શુષ્ક જીવનમાં નવચેતન પ્રકટે છે. આમ કાળુ ધીર, કર્તવ્યપરાયણ, ટેકીલો, પરગજુ અને માનવ સહજ નિર્બળતાઓ અને સબળતાઓથી ભરેલો છતાં માનવસંસ્કૃતિમાં શ્રદ્ધા ધરાવનાર આશાવાદી ખેડુતપુત્ર છે.

**માલી** એ ' માનવીની ભવાઇ 'નું ખલપાત્ર છે. શ્રી સુન્દરમ્ કહે છે :

' માલીના પ્રમુખપદે ઈર્ષ્યા, વૈર, આદિ વૃત્તિઓનું ધમ-સાણ જાગે છે...માલીની પરમ અસંતુષ્ટતા ખરેખર જીવનની એક જબરી ધાંટી છે, ગુંચ છે !'

રાજુ કાળુના જીવનમાં જો કોઇએ આપત્તિનાં વમળ સર્જ્યાં હોય તો તે હીનવૃત્તિ–સ્વભાવવાળી માલીએ.

વાલો ડોસો નિઃસંતાન મરી જાય; છોકરો બન્મે તો, સારી જગાએ તો ન જ પરણે; રાજુ સાથેના વિવાહ તો લગ્નમાં ન જ પરિણમવા જોઇએ વગેરે વિશે કેવળ આંધળા વેરથી પ્રેરાઈ કટિબદ્ધ થયેલી માલી પારકાના સુખે દુઃખી–saddist પ્રકૃતિની–બાઈ છે. આ માટે તો પોતાના પતિ અને છોકરાને પણ,

' મરી જા મરી, મારા પીટ્યા મોળિયા, અહીંથી ઊઠીને ક્યાંક બાવામાં જતો રે ' ને...વીંવા તો કરાવ્યા છે. પણ જો એ કાળમુખાને પૈણવા દઉં તો મને ફટ ફૂતરી કે ' જે જા.' એમ લઢતાં અચકાતી નથી.

કાળુના પિતાના જીવતાં તો, માલીની ગમે તેટલી દુષ્ટ યોજનાઓ પણ સફળ નહોતી થઈ; પણ પછી કાળુનો વિવાહ તોડાવી શકી અને જનમભરના વેરીની માફક વર્તવા લાગી. છપ્પનિયા દુકાળમાં જ્યારે લૂંટફાટના બનાવો રોજના થઈ ગયા હતા ત્યારેય અધીરી માલી વહુઓનાં ઘરેણાં એકઠા કરી પોતાની છાતીએ જ વેંઢાળી રાખતી. એક દિવસ ધાડમાં અધમણ દૈણું લઇને ફરતી માલી પહેરેલાં કપડાં સો'તી લૂટાય છે અને મરણશરણ હાલતમાં મળી આવે છે ત્યારે સગા દીકરાઓ પણ એના પર ચીડાય છે. મરતી વખતે તેના મોંમાં મૂકવા કશું જ મળતું નથી તેથી મરેલી માને સંબોધીને નાનિયો ચીડાઇને જે બોલી ઉઠે છે તેમાં તેની તીવ્ર લાગણીનો પડઘો પડે છે:

' જતી રઇ–પણ યાદ રાખજે, જો ત્યાં દેવને શ્રેય તારા ગોગળામાં બચકુના ભરું તો તારે પેટ જાણે પાણો અવતર્યો ' તો.'

આવી ગર્વિષ્ઠ, કલેશથી છકી ગયેલી માલીનો કિન્નાખોર સ્વાભવ એનાં મરણ પછી પણ એના જ પેટનાં જણ્યાં છોકરાંને ઉશ્કેરવા કારણ-ભૂત બને છે. લેખકે એનામાં રહેલા આ દુર્ગુણોનું ખુબજ અસર-કારક અને સફળતા ભર્યું નિરૂપણ કર્યું છે.

વાર્તાકાર તરીકે શ્રી પન્નાલાલનો પરિચય કરવા 'વાત્રકને કાંઠે' નામની એક જ નવલિકા લઇએ. વાર્તાની નાયિકા નવલ અને તેના બે પતિના હૈયાની વાત લેખકે અહીં સંક્ષેપમાં છતાં સચોટતાથી કરી છે. એક સાંજે વાત્રકને પેલે કાંઠે ધૂણી ધખાવી બેઠેલા બે સાધુઓ જોઇ, નવલને બબ્બે વાર પરણ્યા છતાં પતિવિહોણું જીવન યાદ આવે છે–અકળાવે છે. અને એ બે સાધુઓ પોતાના બંને પતિ જ છે એમ મનમાં અનુભવ્યા કરે છે.

આઠેક વરસ પર રિસાઇને ઘર ત્યજી ગયેલો પ્રથમવારનો પતિ અને નવલની મશ્કરી કરનાર મુખીના દીકરાનું ખૂન કરી વાત્રકનો કાંઠો ઊતરી પડનાર બીજો પતિ પણ ત્રણ વરસથી લાપત્તા છે. સાંજના પ્હોરે જ્યારે એ બંને સાધૂઓ નવલના ઘર આગળ આવી એનાં માસાની સાથે વાતચીત માંડે છે અને તક મળતાં ' બબ્બે ધણીએ આ વનવગડામાં, તું એકલી !' એમ પૂછે છે. નવલને પોતાના મનની વાત સાચી ઠરતી લાગી.

નવલને તો 'વાત્રકના બેય કડા વ્હાલા' ' ડાબી ફૂટે તોય ને જમણી ફૂટે તોય આંખ તો પોતાની જ હતી ને !' અને તેથી જ આટલા વરસે ઘેર આવેલા, પણ પોલીસના રંજાડથી કંઈક અમંગળ થાય તેથી નવલ તેમને સંઘરી શકતી નથી. એમાંથી એક જણ જો પોલીસના હાથે પકડાઈ જાય તો બીજો તો સુખી–જીવન જીવે એમ પેલા બંને સાધુઓ વિચારે છે અને તેથી પકડાઈ જવામાં પણ બંને હરિફાઈ કરે છે. નવલનું મન પહેલીવારના પતિ પર ઠરેલું છે. એમ જાણી, કોર્ટમાં લંગડો પતિ, પોતાને જેલમાં જવા દેવા ઘણુંય કહે છે; પણ પહેલીવારનો પતિ માનતો નથી જેલ માગી લે છે.

નવલનું મન પોતા તરફ નથી અને તેથી જ એને અવગણીને પાણી ભરવા નદીએ ચાલી ગઈ એ જાણીને નવલને પોતે જોઇતો નથી તો...એમ વિચારી એ પણ ચાલી જાય છે. આમ છતે ધણીએ નવલનું જીવન વધુ કરુણ બન્યું છે. બીજીવાર ગૃહત્યાગ અને પત્ની–ત્યાગ કરી સ્વેચ્છાએ ચાલ્યા જતા લંગડાને જોઈ લેખક પણ બોલે છે:

'હજુય નદીમાં બેસી રહેલી આંસુ સારતી નવલને કોણ કહે કે હાથમાંનું હેવાતન તો એ ચાલ્યું......'

મહીકાંઠા પ્રદેશની પાટણવાડિયા કોમનો સમાજ નિરૂપતી 'જનમ–ટીપ' નવલકથા શ્રી ઈશ્વર પેટલીકરની પ્રથમ છતાં સુંદર કલાકૃતિ બની રહી છે. નાની અમથી વાતમાં પણ ખૂન કરી સજા ભોગવતાં પણ ન અચકાતાં પાત્રોમાંનું ભીમો એક છે. વાર્તાનાયક ભીમો મક્કમ મનનો, સત્યનિષ્ઠ અને શ્રમજીવી આદમી છે, જ્યારે નાયિકા **ચંદા** અલ્લડ મિજાજની, 'પાણીવાળા' આદમીને જ વરવા માટે નાતની પણ પરવા ન કરનારી ગ્રામકન્યા છે. આથી જ કંઈક જુવાનિયાઓને તરછોડી અને વિવાહિત છતાં નમાલા મનોરને ત્યજી દઈ લોકનિંદાને ગણકાર્યા સિવાય, મેળામાં ફક્ત એક વખત જોયેલા પરાક્રમી ભીમાને, ચંદા પોતાનો પતિ માને છે અને લગ્ન કરે છે.

ચંદા સ્વતંત્ર મિજાજની છે, પણ સ્વચ્છંદી નથી. ચંદાનું ચારિત્ર્ય ઊંચી કોટિનું છે. શક્તિમાં ભલભલા જુવાનિયાઓને પણ શરમાવે તેવી ચંદા સાંઢ નાથનારી, સ્વતંત્રતા માણનારી છતાં ખુદવફાઈ દાખવનારી પતિપરાયણ અને કર્તવ્યનિષ્ઠ નારી તરીકે સાસરિયે આવતાં જ સાસુ સસરાનાં દિલ જીતી લે છે. વાસનાપીડિત પૂંજો તેનું અપમાન કરે છે. અને તેથી ભામો પૂંજા પર વેર ન લે ત્યાં સુધી પ્રેમ અને સચ્ચાઈથી જીવન જીવનારી ચંદા ભીમાનું ઘર છોડી પિયર જતી રહે છે. ભામો વેર લેવા જતાં જનમટીપની સજા પામે છે, પણ પરણેતરના અપમાનનું વેર લેનાર પોતાનો માણસ ભડ આદમી છે એની પ્રતીતિ મળતાં ચંદા વિજય સૂચક ચહેરા સાથે આખાયે આયખાનો વિરહ ભોગવવા તત્પર થાય છે; અને પતિવિરહ અનુભવતાં અનુભવતાં સમગ્ર કુટુંબનો ભાર વહેવામાં ધન્યતા અનુભવે છે. આમ ચંદાના પાત્રમાં તેના જીવનનું અંતરંગ સૌન્દર્ય પ્રકટે છે.

> 'દીકરા કમાતા ધમાતા હોય, દીકરી સાસરે હીંડોળા ખાટે ઝૂલતી હોય, ત્યારે હું મા થતી જાઉં એનો કંઈ અર્થ નથી. મંગુની સાચી મા બની રહું ત્યારે જ મારી લોહીની સગાઈ ખરી.'

આમ વિચારતાં **અમરતકાકી** શ્રી પેટલીકર કૃત 'લોહીની સગાઈ' નવલિકાનું અને તેમની સમગ્ર પાત્રસૃષ્ટિનું ચિરસ્મરણીય તેજસ્વી પાત્ર છે. જૂના જમાનામાં ભલાં ભોળા સ્વભાવનાં, કેવળ શ્રદ્ધા ઉપર ચાલનારાં સરલ હૃદયા અમરતકાકી માતૃપ્રેમની સાક્ષાત્ મૂર્તિ છે. અભણ છે અને તેથી તો નિર્મળ વાત્સલ્યથી એમનું હૃદય છલકાય છે.

દીકરી મંગુ પ્રત્યે તેમને પક્ષપાત છે કારણ કે મંગુ જન્મથી ગાંડી છે. બધાં જ સંતાન મંગુનું જતન કરે છે. અરે દવાખાનામાં પણ બધાં સારવાર ઉત્તમ પ્રકારની કરે છે. તો પણ અમરતકાકીનો જીવ કઢામાં તેલ ઊકળતું હોય તેમ, સંવેદનાના જોરે ઊકળે છે. દવાખાનાને પાંજરાપોળ ગણે છે. મંગુને ત્યાં લઈ જતી વખતે મૂંગા ઢોરને કસાઈખાને લઈ જતા હોય તેવો તેમને ભાસ થાય છે. મા જેવી મા થઈને પોતે ત્યાં મૂકી આવી એનો અમરતકાકીને ભારે પશ્ચાત્તાપ થાય છે. અમરતકાકીનું હૃદય એમ પોકારે છે કે

> 'હું મંગુની સાચી મા બની રહું ત્યારે જ મારી લોહીની સગાઈ ખરી.'

આમ વિચારોની ઉન્મત્તતા, અમરતકાકીના મગજની અસમતુલા ઊભી કરવામાં સૌથી વધારે જવાબદાર કારણ બને છે. ગોણ જેવા કોમળ હૃદયમાં વેદનાના ઘા, અમરતકાકીને મંગુ દવાખાને મૂકી આવ્યા પછી, એ ઘડી પણ જંપવા દેતા નથી. ઊંઘમાં પણ ડૂસકું ખાય છે. બીજાને મન ગમે તેમ હોય, પોતાને માટે મંગુ શ્વાસોશ્વાસની માફક જડાઈ ગયેલી છે, અને આથી હૃદયમાંથી પ્રગટેલું વેદનાપૂર્ણ વત્સલ્યનું પાતાળ ઝરણું અમરતકાકીને મંગુમય બનાવી દે છે. લેખક કહે છે તેમ મંગુની નાતમાં વટલાઈ જાય છે.

મહાભારતના એક મુખ્ય પાત્ર કર્ણને કેન્દ્રમાં રાખી, 'પ્રાચીના' માં 'કર્ણ–કૃષ્ણ' પદ્યનાટક દ્વારા, **કર્ણના** પાત્રને કવિશ્રી ઉમાશંકર જોશીએ સરસ ઉઠાવ આપ્યો છે. મહાભારતમાં સૌથી વધુ અન્યાય પામેલું પાત્ર કર્ણ છે. ઉચ્ચકુળમાં જન્મેલો હોવા છતાં સૂતપુત્ર કહીને તેની થયેલી અપમાનના, તેને યુયુત્સુ બનાવે છે:

> 'સમષ્ટિમાં જે સહુ જન્મહીણાં
> જીવે, વળી ભાવિ વિશેષ જીવશે,
> એ સર્વનાં જન્મ કલંક કેરો
> અન્યાય ધોવા મથું છું સ્વરક્તથી.'

આમ કર્ણ વ્યક્તિગત લડાઈ નથી લડતો પણ એનું અપમાન, સમષ્ટિનાં એના જેવાં દલિતોનું અપમાન છે. જ્યારે કૃષ્ણ કહે છે:

> 'અહો ! જનોની ચિરમુગ્ધ શ્રદ્ધા !'

ત્યારે કર્ણ સમજાવે છે:

> 'મારેય હૈયે હિત છે સમષ્ટિનું.
> સ્વયંવરે જીવન સુંદરીના
> જોવાય ના જન્મ પરંતુ પૌરુષ
> એ સ્થાપવા જીવું છું ને મરીશ.
> સમષ્ટિના સત્યનું હું ય રશ્મિ.'

કર્ણની આ મોહન–વાણીમાં જે ખુમારી ભરી છે તે એની જાગ્રત અસ્મિતાનો પુરાવો છે. જન્મગત ભેદભાવ સામેનો તેનો પ્રતિકાર અને જન્મથી હીણાં ગણાયેલાંને ન્યાય આપવાની તેની તૈયારી, એ આખાયે વિચારસરણી માનવતાવાદી છે.

કવિશ્રી ઉમાશંકરનું 'સાપના ભારા' એકાંકી સંગ્રહ દ્વારા ગુજરાતી નાટકસાહિત્યમાં મહત્ત્વનું પ્રદાન થયેલું જોવા મળે છે. એમાં 'સાપના ભારા', 'બારણે ટકોરા', 'ઊડણચરકલડી' નાટકો લેખકની ઉત્તમ સર્ગશક્તિનો પુરાવો છે. 'હવેલી' પણ એવું જ સુંદર નાટક છે.

'સાપનાભારા' એકાંકીમાં **મેનાનું** લગ્ન 'વર નહિ પણ ઘર' જોઈને, પંથકના ઉંચા ગણાતા કુળમાં જન્મેલા માંદલા, નિર્માલ્ય હરગોવન સાથે કરવામાં આવે છે. ભોળી અબુધ મેનાના નસીબમાં બાળરંડાપો લખાયો હતો. તે સસરા નંદરામની પાશવી જાળમાં ફસાય છે અને ગર્ભવતી મેના, સમાજમાં પ્રતિષ્ઠાનો પ્રશ્ન બની રહે છે. મેનાના આ ગોઝારા કૃત્યને પતાવી દેવા શીરામાં કાચ ખવડાવી દેવાનું નક્કી થાય છે. છેક જીવનની અંતિમ ક્ષણે મેના, આ કૃત્ય કરનાર તરીકે નંદરામનું નામ દે છે ત્યારે અદી ચદીને બોલનાર સાસુ ધનબાઈની વાણી હવે મૌન ધારણ કરે છે. લેખકે આખાયે એકાંકીમાં મેનાનું પાત્ર તખ્તા stage ઉપરથી કૌશલપૂર્વક ગેરહાજર રાખી, સૂચિતપાત્ર, બનાવ્યું છે. તેથી પાત્ર તો ઉઠાવ પામે જ છે. નાટકને પણ ઊંચી કોટિનું બનાવે છે.

'બારણે ટકોરા'માં 'અતિથિ દેવો ભવ'ની આર્યભાવના જીવન પર્યંત જાળવી રાખવામાં આવી પડતી આપત્તિઓ, અને એકાદ દિવસની પણ ભૂલથાપ જીવનભર કેવી પશ્ચાત્તાપની વેદના જન્માવે છે તે, સ્વર્ગવાસી થયેલા પરભુગોરનાં પત્ની **નંદુગોરાણીના** પાત્ર દ્વારા બતાવ્યું છે. નંદુગોરાણી માટે વૈધવ્ય એ દુઃખનો મોટો અનુભવ છે. પોતાના દિલાવર દિલના પતિ હયાત હતા ત્યારે તો પોતાને ઘેર અતિથિઓની વણઝાર રહેતી. એ સૌની આગતા સ્વાગતા કરીને તો આખુંયે આયખું લગભગ પુરું થવા આવ્યું પણ પરભુગોર સ્વર્ગવાસી થયા પછી હવે તો આર્થીક સંકડામણ વધી પડી; છતાં

મહેમાનો તો એટલાને એટલા જ. ' આંગણે આવેલો પાછો ન જાય ' એ મૃતપતિની શિખામણ પાળવા તે બનતી કોશિશ કરે છે. ક્યારેક અકળાઈ પણ જાય છે. એકવાર મહેમાનને જાકારો આપે છે ત્યારે તેના અંતરમાં, પોતાના પતિ જીવતા છતાં આવો જ એક પ્રસંગ બનેલો ત્યારે :

" તારે છતે મારી આંખો મીંચાઈ જાય, ને હું કો'ક રાંકને પેટ પડું ને કોક દિ' બારણું ઠોકું, તો તું નો જ ઉઘાડે ને ? "

એ મીઠો ઠપકો યાદ આવતાં જ વિહ્વળ બનેલી નંદુગોરાણી બારણું ખોલી અતિથિને પાછો બોલાવવા જાય છે. પણ દૂર દૂર, અંધારામાં ચાલ્યો ગયેલો અતિથિ, નંદુગોરાણીના મનમાં મૃતપતિની જ આકૃતિ ઊભી કરે છે અને અત્યાર સુધી બધાનો સત્કાર કરનાર પોતે, સ્વજનને જ સત્કારી ન શકી એથી અસહ્ય દુઃખમાં ધકેલાય છે. આમ નંદુગોરાણીનું પાત્ર કરુણાસભર આલેખાયું છે.

' ઊડણ ચરકલડી ' એકાંકીકાર ઉમાશંકર જોશીની કલાકૃતિનું ઉત્તમ પરિણામ છે. **ચંદણી**–કારુણ્યમૂર્તિ ચંદણી અહીં ઊડણ ચરકલડી તરીકે ઓળખાવાઈ છે. કોડભરી કન્યા ઉંમર લાયક થતાં પરણીને સાસરે જાય એવી ભાવના, લોકગીતોમાં ' ઊડણ ચરકલડી ' રૂપે છોકરીને ઓળખાવતાં, વ્યક્ત થયેલી છે. અહીં એ ચરકલડીની પાંખો કપાઈ ગઈ છે સમાજના રિવાજેથી. ચંદણીના પિતા નારાયણ ઘર ઉપરથી જ વરની યોગ્યતા અને માતા, પૈસાથી વરની પસંદગી કરનાર છે. ત્યાં પછી જે પરિસ્થિતિ સર્જાય તે તો કલાપીના શબ્દોમાં જ કહી શકાય :

' વ્હાલાં હાય, અરે ! અરે ! જગતમાં, વ્હાલાં ઉરો ચીરતાં ! ' ચંદણીના કપાળે ચાંલ્લો અને સેંથીમાં સિંદુર ભરવાનો પ્રશ્ન ઊભો થયો ત્યારે સરકારી દફતરોના તુમારોની રાહે એનો ' કેસ ' ધ્યાનમાં લેવાય છે.

જેનું લગ્ન કરવાનું છે તેની સતત ઉપેક્ષા હિંદુ સમાજમાં થતી હોય છે એ વાત ચંદણીના પાત્રમાં પણ સ્પષ્ટ થયેલી જોવા મળશે. પોતાની બહેનપણી વાલીના લગ્નમાં આવેલો અણવર કેશુ અને ચંદણી બે ઘડી વાતો કરી પ્રથમ પરિચયે જ પરસ્પર પ્રેમના અંકુર પ્રકટ કરે છે ત્યાં તો કમોસમી હિમવર્ષા જેમ ઊભા પાકને બેઠું બાળી મૂકે એમ ચંદણીનાં બધાં જ અરમાનો, ચંદણીના પિતા નારાયણે, કેશુના બાપ વિઠ્ઠલ કે જે બીજવર હતો તેની સાથે, ચંદણીનો વિવાહ જાહેર કર્યો ત્યારે, પત્તાંના મહેલની માફક જમીનદોસ્ત થતાં જોવા મળે છે. સામાજિક પ્રતિષ્ઠાનો હાઉ, વ્યક્તિના સ્વાતંત્ર્યને કેવું છીનવી લે છે તે આપણને ચંદણીના લેવાયેલા ભોગમાં જોવા મળે છે. એમાં જ આથી જ લેખકે ઉચિત રીતે ચંદણીને ઊડણ ચરકલડી કહી છે. ચંદણીનું અને હિંદુ સમાજમાં આવા કુરિવાજોના ભોગ બનતી અનેક ગભરું કન્યાઓનું કારુણ્ય વ્યંજનાપૂર્વક દર્શાવાયું છે.

આ જ રીતે હવેલીનું સૂચિત પાત્ર કેશવ કે તેમની નવલિકાઓ ' પગલીનો પાડનાર 'ના શાંતારામ, ' મારી ચંપાનો વર ' વાર્તામાં ચંપાની માનું પાત્ર વગેરે લેખકની કલમનાં ગુજરાતી સાહિત્યને મળેલાં ઉત્તમ પરિણામો છે.

કવિશ્રી સુન્દરમે ' હીરાકણી ', ' પિયાસી ' અને ' ઉન્નયન ' વાર્તાસંગ્રહો દ્વારા ગુજરાતી નવલિકા સાહિત્યમાં થોડાંક અમર પાત્રો સર્જ્યાં છે. એની સાહેદી ' માજાવેલાનું મૃત્યુ ', ' પુનમડી ', 'ખોલકી', ' માને ખોળે ', ' નારસિંહ ' જેવી થોડીક વાર્તાઓ પૂરશે.

' માજાવેલાનું મૃત્યુ ' વાર્તામાં **માજાવેલા**ના પાત્રદ્વારા મૃત્યુનો ઉત્તમ અનુભવ લેખકે આલેખ્યો છે. માજાવેલો અને તેનું કુટુંબ ખૂબ ગરીબ છે. મહેનત મજૂરી કરીને જીવે છે. ક્વચિત ભીખ માંગીને પૂરું કરે છે અને તેમ છતાં પૂરું ન થાય તો ચોરી, લૂંટફાટ કરતાં તેમને સંકોચ નથી. તેમનાં આ પરાક્રમો તેમની ગૌરવગાથાઓ બની ગઈ છે. હવે દિવસો ખૂબ કપરા આવ્યા છે. અને ભાવિ ખૂબ ધૂંધળું દેખાય છે તેથી જૂની પેઢીના માજાવેલાને અજંપો થાય તે સ્વાભાવિક છે.

પોતાનો જમાનો ઘણો સારો હતો, પોતે સારું ખાઈ પી જાણતા. જ્યારે હવે તો પોતાના આ પૌત્રો અને પ્રપૌત્રોની કંગાળ, નિર્માલ્ય, પરાક્રમહીણી પેઢી કશાં જ ' પરાક્રમ ' કરી શકતી નથી એનો માજાવેલાને અફસોસ છે. પોતાનાં આ બધાં સંતાનો કાજુ દ્રાક્ષ જેવા સુકા મેવાથી વંચિત રહી ગયાં છે, સૂતરફેણીને તો ઓળખી શકતાં નથી, એટલું જ નહિ એનું નામપણ પૂરું બોલી શકતાં નથી એવાં અબૂધ બાળકો પ્રત્યે વત્સલ વડદાદા જેવો માજાવેલો આવા નિર્માલ્ય જીવન કરતાં તો મોત સારું એમ બબાપો કાઢે છે. એમને એમ માજાવેલો મૃત્યુ પામે છે. નવી પેઢીના ઉપરોક્ત કંગાળ જીવન કરતાં માજાવેલાનું મોત સુખી હતું તેથી જ વનો કહે છે તેમ :

' માજાવેલો બહુ સારું મોત પામ્યા–બહુ સુખી મોત, બહુ સારું મોત ! '

**શબૂ** એ ' માને ખોળે ' વાર્તાનું અને શ્રી સુન્દરમ્‌ની વાર્તાકલાનું સુભગ ઉદાહરણરૂપ પાત્ર છે. પરણ્યા પછી પિયરે જ રહેતી શબૂને તેડવા તેનો વર મેઘો અને સસરો રૂપાહોણ આવ્યા હતા. માતા, મહીસાગરમાતા અને ધરતીમાતાની એકી સાથે વિદાય લેતી શબૂના પગ કોણ જાણે આજે બાળપણની આ ધરતી અને વાતાવરણ સાથે એવા જકડાઈ ગયા છે કે આ વૃક્ષો, કોતરો, નદી, રસ્તાની ધૂળ, રસ્તામાં પડેલો છાણનો પોદળો, કંથારા વગેરેને છોડીને સાસરે જવાનું તેને મન નથી. તેનું હૈયું ભરાઈ આવે છે. પણ પોતે ગર્ભવતી છે એથી સાસરે જવું અનિવાર્ય છે.

તેને દુઃખ તો એક વાતનું છે કે તેનો પતિ બાપડયો છે એટલે ખાલો ઢીલો છે; અને ' સસરો તે કેવો ! સાવ રાખસ જેવો ' આ સ્થિતિને કારણે તેના પગમાંથી ચાલવાનું જોર જતું રહેતું લાગતું હતું. ચાલતાં ચાલતાં તેના ગળામાં પાણીનો શોષ પડવા લાગ્યો. તેના ઉદરમાં રહેલું બાળક ફરક્યું. અગમ્ય ભયના તંગ વાતાવરણમાં શબૂ કોઈ અદૃષ્ટ ભાવિ તરફ ધકેલાતી હોય એમ લાગે છે. પાણી વગર પોતે રણની વચ્ચે ઊભી હોય તેવું ઘડીભર અનુભવવા લાગી. તેને તમ્મર આવતાં હતાં. એટલામાં જ બાપ દીકરાને અટકેલા જોઈ શબૂ ગભરાઈ. બાપનો ચઢાવ્યો મેઘો શબૂના ચારિત્ર્ય પર વહેમાઈને તેની ગળચી દાબવાનું પરાક્રમ કરવા આગળ વધે છે. શબૂ થોડુંક જોર તો બતાવે છે પણ પળવારમાં રૂપાહોણ જેવા રીઢા ખૂની સસરાનું વરુ જેવું મૂછાળુ બેંકાર મોં તેના ઉપર ઝઝૂમી રહ્યું અને ધીમે ધીમે તેના ગળામાંથી અવાજ નીકળતો બંધ થઈ ગયો. પળવારમાં શબૂ માને ખોળે પોઢી ગઈ. આમ કેવળ વહેમી અને કપટી સસરા અને નિર્બળ પતિને જ કારણે નિર્દોષ શબૂનું અરેરાટી ઉપજાવે તેવું કરુણ મૃત્યુ આપણા–ચિત્તમાં ઘેરી અસર જન્માવે છે.

'વ્યાજનો વારસ', 'વેળા વેળાની છાંયડી', 'લીલુડી ધરતી', 'સધરા જેસંગનો સાળો' જેવી સુવાચ્ય નવલકથાઓ આપનાર શ્રી ચુનીલાલ મડિયા વાચકને જકડી રાખે તેવું નાટ્યાત્મક નિરૂપણ કરવાની બાબતમાં મુનશીની યાદ અપાવે છે, સમર્થ તળપદી છાંટવાળી લોકબોલીનું અસરકારક આલેખન કરવાની બાબતમાં મેઘાણીની યાદ અપાવે છે અને માનવ મનની અંતરતમ ગહરાઈએ જન્મ લેતી સદ્-અસદ્ વૃત્તિઓના સંઘર્ષની ભરમારનું સ્વાભાવિક આલેખન કરવાની બાબતમાં આપણને પન્નાલાલ પટેલનું સ્મરણ કરાવે છે.

'લીલુડી ધરતી' ગ્રામસૃષ્ટિના પ્રાદેશિક રંગોનું વાસ્તવદર્શી સબળ આલેખન કરતી કલાકૃતિ બની છે. સંતુ, ગોબર અને માંડણના પાત્રોની આસપાસ 'લીલુડી ધરતી'ની મુખ્ય કથા વીંટળાયેલી છે. સંતુ અને ગોબરના સુખી દામ્પત્યજીવનમાં ગોબરનો પિતરાઇ **માંડણ**, ઘડીક સ્વજન સ્વરૂપે, ઘડીક દુશ્મન સ્વરૂપે દેખા દે છે. નટખટ સંતુના પ્રત્યે તેના મનમાં કદીક વાસનાના જુવાળ ઊછળે છે અને તેથી તેનામાં શૈતાનિયત પ્રગટે છે. આમ માંડણના પાત્રમાં લેખકે માનવ મનની સદ્અસદ્ વૃત્તિઓનું કૌશલ્યપૂર્વક આલેખન કર્યું છે. ગુંદાસર દરબારનો દીકરો શાદુળભા, કે જેણે સંતુની મશ્કરી કરવા જતાં સંતુના હાથનો સ્વાદ ચાખ્યો હતો અને અદમ્ય વૃત્તિથી ઘવાયો હતો, તેણે માંડણના મનમાં ઇર્ષ્યા પ્રગટાવી. એક દિવસ પથ્થર ફોડવા માટે સુરંગ મૂકવા કૂવામાં ઊતરેલાં ગોબરને ખબર ન પડે તેમ પલીતો ચાંપી દઇને કૂવામાં જ કરુણ રીતે મારી નાખે છે. સગર્ભા સંતુ વિધવા બને છે. સંતુના જીવન પર અણધારી ક્રૂર આપત્તિઓ આવી પડતી જોઇને વાર્તાને અંતે માંડણને હૃદયપલટો અનુભવતો બતાવ્યો છે અને સંતુનો સ્વજન બની સદ્વર્તન દાખવે છે. આમ તે ખલનાયક છે અને નથી પણ.

**સંતુનું** પાત્ર આ નવલકથામાં દીપી ઊઠ્યું છે. ગામમાં શાદુળભા **અને** બીજા છકેલ જુવાનિયા ગામ બહાર પાનના થડા પર બેસી થાળીવાજુ વગાડી 'સંતુ રંગીલી'નું ગીત મૂકી પાણી ભરવા આવતી જતી સંતુની મશ્કરી કરે છે. પણ એક જ વખત નિર્ભય બની સંતુ રાજાના છોકરાને પરચો બતાવે છે, ત્યારથી કોઈ તેનું નામ લેતું નથી. પણ સંતુ અને ગોબરનું સુખી દામ્પત્યજીવન ઘણાથી જોયું જતું નથી. એમાંયે માંડણ તો પોતાને સંતુના હાથનો ઉમેદવાર સમજતો હતો. તેથી વેરવૃત્તિવાળા શાદુળભાએ માંડણના મનમાં ઇર્ષ્યા જગવી અને પિતરાઇ હોવા છતાં સંતુને વૈધવ્ય અપાવ્યું. આમ છતાં હાદા પટેલની આ કુળવધૂ અનેક આપત્તિઓમાં ખડી રહે છે અને લોકનિંદાના ધીમા ઝેરને પણ જીરવી જતી હોય તેવી સુજ્ઞતા નારી તરીકે દીપી ઊઠે છે. સંતુને ધ્યાનમાં રાખીને જ લેખકે એક જગ્યાએ કહ્યું છે :

'અસ્ત્રીનો અવતાર તો લીલુડી ધરતી જેવો છે... એની ઉપર શિયાળે બાળીને ભડથું કરી મેલે એવાં હિમ પડે, ચોમાસે બારેય મેઘ ખાંગા થાય ને કાળે ઉનાળે બાળી નાંખતા તડકા તપે તંયે એના દીદાર જોનારની આંખમાં લોહી આવે, પણ અંતે તો ઇ જ ધરતી વળી પાછી લીલીછમ થઇને લહેરાઈ ઊઠે તંયે આપણી જ આંખ ઠરે......'

મૃત પતિ હવે કોઈ રીતે સાખ પૂરી શકે તેમ નથી તેથી, સૌ કોઇ સગર્ભા સંતુ માથે જાતજાતનાં આળ ચડાવે છે. ગ્રામજીવનમાં પ્રતિષ્ઠારૂપ બની ગયેલો આવો પ્રશ્ન લઇ તેના ભાવતંતુની આસપાસ આખી કથાસૃષ્ટિ યોજી છે તેથી જ સંતુનું પાત્ર કેન્દ્રમાં છે. પોતાની સચ્ચાઇ અને નિર્દોષતા સાબિત કરવા તેલના ઊકળતા કઢામાં હાથ નાખવા તૈયાર થનાર સંતુ સાચે જ તપસ્વિની, જોગમાયા જેવી લાગે છે.

વાર્તા, નવલકથા ઉપરાંત નાટકના સાહિત્યપ્રકાર ઉપર એક સરખું કલા પ્રભુત્વ દાખવનાર શ્રી મડિયા કૃત 'ભવોભવ' એકાંકી, 'અંતસ્રોતા' નામની વાર્તા પરથી કરેલું રૂપાંતર છે. **જાનબાઈ** અને દેવાયતના સુખી દામ્પત્યજીવનની કડી છે, તેમનું સંતાન વાહણ. દેવાયત દિલનો ખૂબ ઉદાર હતો. એકવાર વાહણે કરેલું ખૂન, પોતાને માથે ઓઢી લઇ જનમટીપની કેદમાં પડેલા પતિની આત્મસમર્પણ અને ત્યાગભાવનાથી જાનબાઇ મનોમન કૃતજ્ઞતાની લાગણી અનુભવે છે. પોતાના ઓરમાન દીકરાના સુખ ખાતર જ 'આંગળિયાત તો મારી આંખ્ય–માથા ઉપર,' એમ ગણી પતિએ ઘરડે ઘડપણ દુઃખ વહોર્યું તે કેવળ પુત્ર વાહણને લીધે જ નહિ પણ જાનબાઇ ઉપરના અપાર પત્ની પ્રેમને લીધે જ. જાનબાઇને આ સમજાય છે, અને તેથી જ 'એમના વના દોલિયો દાળીને ય હવે શું ?' એવી પતિ પ્રત્યે વિશુદ્ધ પ્રેમની અકથ્ય લાગણી અનુભવે છે. જાનબાઈ અભિજાત પત્ની છે. વાહણનું એક જ કૃત્ય, જાનબાઈના દામ્પત્યજીવનનું ચિત્ર વેરવિખેર કરી નાખે છે. વિરહના શૃંગારમાં આલેખાયેલું કરુણરસસભર જાનબાઇનું પાત્ર દેવાયત અને જાનબાઇને ભવોભવનાં સાથી બનાવે છે.

'નથી રે પીધાં મેં અજાણી, મેવાડા રાણા
ઝેર તો પીધાં છે જાણી જાણી.'

સત્યકામની ડાયરીના પ્રથમ પૃષ્ઠ ઉપર મોતીના દાણા જેવા સ્વચ્છ અક્ષરે લખાયેલી મીરાંબાઇના ભજનની આ પંક્તિઓ **રોહિણીનો** જીવનમંત્ર હતો. ગોપાળદાસ જેવા પુણ્યશ્લોક પિતાના પુરુષાર્થમય અને ભક્તિમય જીવનના સંસ્કારોની છાપ તેના પર પડી છે. હેમંતને કરડેલા સાપનું ઝેર ચૂસવાનો પ્રસંગ તેની અદમ્ય સેવાવૃત્તિ બતાવે છે તો બાળગોઠિયા સત્યકામ પ્રત્યેની આસક્તિ તેની દૃઢ પ્રીતિ સૂચવે છે. સત્યકામ સાથે તેનાં મનવાંછિત વેવિશાળ થાય છે. પણ વિધિવક્રતા એવી છે કે ધંધાર્થે છેક બિહાર જેટલે દૂર ગયેલો સત્યકામ સમયસર પાછો આવી શકતો નથી. અને વ્હાલસોયા ગોપાળબાપા પણ અવસાન પામે છે. રોહિણીના શિર પરથી જાણે એક પછી એક છત્ર ચાલ્યાં ગયાં.

સત્યકામ પરના એક પત્રનો જવાબ આપતાં તે લખે છે કે :

'આપણે બંને સાથે હોઇશું અને મોત આવે તો પણ એ ડરાવી નહિ શકે. મોતથી હું ડરતી નથી. વિયોગથી ડરું છું'

આવી નિર્ભય અને નિર્દોષ રોહિણીને એક દિવસ સત્યકામના ડૂબી ગયાના સમાચાર મળે છે. એના દુઃખની અવધિ આવી જાય છે. હેમંતને પરોપકાર કરતાં થયેલા ક્ષયના રોગની સારવાર કરવામાં હેમંતની તે જીવનદાત્રી બને છે. હેમંતની તે જીવનસંગિની બની શકે તેમ નથી. પણ આવા નિઃસ્વાર્થી પરમાર્થી હેમંતની સંવેદનાને ધ્યાનમાં લઈ પોતાને એક બળી ગયેલું બી ગણે છે, તેમ છતાં 'ઓલવાઈ જતા દીવા આડે પાલવ' થવા જ હેમંત સાથે લગ્ન કરે છે. થોડા વખતમાં ક્રૂર વિધાતા એને વૈધવ્ય જીવનની ભેટ ધરે છે. છતાં આવી પડેલી આપત્તિને, સાચાં નવલખાં મોતી બનીને, જીરવી જવી એવા કૃતનિશ્ચયે રોહિણી ચિરવિરહિણી કન્યા બની રહે છે. અંધ બનેલો સત્યકામ પંડિત કેશવદાસ સ્વરૂપે તેની નજીક છે. છતાં બે વચ્ચે કેટલું વધુ અંતર વિયોગનું પડેલું છે ! અધૂરી રહેલી

આ નવલકથા પૂરી સ્થાઇ રહે ત્યાર પછી જ આ પાત્ર વિશે કશુંક આધારભૂત કહી શકાય. તેમ છતાં એક વાત તો ચોક્કસ છે કે રોહિણીનું પાત્ર સર્જી શ્રી દર્શકે ગુજરાતી નવલકથા સાહિત્યમાં એક ચિરંજીવ પાત્રની ભેટ ધરી છે.

**સત્યકામ**નું પાત્ર પણ દર્શકે એટલું જ ઓજસ્વી આલેખ્યું છે. ગોપાળદાસના મિત્રનો તે પુત્ર છે. મિત્રના મૃત્યુ પછી ગોપાળદાસ તેને પોતાની છત્રછાયામાં ઉછેરે છે. ગોપાળબાપાની નિર્મળ હૃદયની અંજલિ તે પામ્યો છે. અને તેથી જ તેનામાં અભિજાત હૃદયનો ધબકાર આપણને સાંભળવા મળે છે. રોહિણી સાથે જ તે ઊછર્યો છે. રોહિણી સાથે વેવિશાળ થયા પછી એને જે ભવિષ્યવાણી સાંભળવા મળી હતી તેથી, તે અસ્વસ્થ હતો. ધંધાના કામ અર્થે દૂર દૂર ગયેલો સત્યકામ રોહિણીને કેટલો ઝંખે છે, છતાં એની આશા અદૃષ્ટ ભાવિમાં કેટલી ધૂંધળી બનેલી છે તેનો આપણને તેના એક પત્ર દ્વારા પરિચય થાય છે :

> 'હામ તો છે કે પાછો આવીશ, તું એ વખતે નાહીને ભીનાવાળે કપડાં સૂકવતી હોઇશ. એક બે વાછરડાં તારી આજુબાજુ ફરતાં હશે. આપણી બોરસલ્લીની ઘટામ ચકલીઓ–પોપટો બોલતાં હશે. તારી સાથે માથું ઘસવા આવતી વાછરડીને તું હસીને થોભી જવા કહેતી હોઇશ, એ હાસ્યને નીચે પડતું અટકાવી ઝીલી લેવા હું આવીશ. આવીશ, પણ સંભવ છે કે ન પણ આવું.'

સરસ્વતીચંદ્રે 'શશી જતાં...' કાવ્યપંક્તિઓ દ્વારા કુમુદને જે આશાબળ (!) આપ્યું હતું તેવું જ આશાનું એક આછું પાતળું કિરણ (!) સત્યકામના રોહિણી પરના પત્રમાં અહીં છે! આખીયે વાત કેવી કાવ્યાત્મકતાથી છતાં નિરાશાના એક અદૃષ્ટ સૂરથી વ્યંજિત થઇ છે. શ્રી 'દર્શકે' આ પાત્રના હૃદયમાં લાગણીઓનું કેવું તુમુલ યુદ્ધ ચાલતું હતું તેને ખૂબ જ ઓછા શબ્દોમાં, શબ્દના સંયમની કલા વડે, આલેખ્યું છે.

ગોપાળબાપા પાસેથી સંયમ, ધીરજ, પરોપકારના પહેલા પાઠ શીખેલો સત્યકામ કોઈ ક્રાંતિકારીને બચાવવા જતાં જેલ ભોગવે છે, શીતળામાં અંધ થતાં આવી પડેલી પરિસ્થિતિને ધીરજપૂર્વક સ્વીકારે છે. પ્રજ્ઞાચક્ષુ, દિવ્યચક્ષુથી માનવજાતિના પરમ કલ્યાણ માટે દેશવિદેશ ઘૂમે છે. આમ ઉત્તરોત્તર વિકાસની દિશામાં આગળ વધતું આ પાત્ર છે.

**ગોપાળદાસ** કેવળ રોહિણીના જન્મદાતા પિતા જ નહિ પણ રોહિણી અને સત્યકામ બેઉના વડીલ છે. એ બંનેની આશા નિરાશાઓમાં તેઓ જ સાચા માર્ગદર્શક બની રહે છે. પુરુષાર્થની ભાવનાથી તેમનો દેહ ઘડાયો છે. અને જન્મકુંડળીને પણ કરમકુંડળથી તોળવા–વિધિ સામે બાથ ભીડવા પણ તૈયાર થાય છે. તેમની નિર્ભયતા, સાધુતા અને ઉદારતાના ગુણો તેમનાં સંતાનોને પ્રેરક બની રહે છે. અને એ અર્થમાં તેઓ સક્રિય વડીલ જન છે. રોહિણીનું મન સત્યકામને ઝંખે છે. એની જાણ થતાં વેંત ગોપાળબાપા, હેમંતના પિતા બેરિસ્ટર વિનાયકરાવને સવિનય ઇન્કાર આ રીતે ભણે છે :

> 'રોહિણી લક્ષ્મી વિનાના માણસને વરે, પણ માણસ વિનાની લક્ષ્મીને નહિ વરે.'

આમ ગોપાળબાપાની પાઠશાળામાં માણસાઇના પાઠ વધુ અગત્યના હતા. રોહિણી હેમંતને ચડેલું ઝેર ચૂસે છે, હેમંતના રાજરોગની જે રીતે એ સારવાર કરે છે, આવી પડેલી આપત્તિઓને ઝીલવા તત્પર બને છે તથા સત્યકામ જે રીતે દેશહિતચિંતક ક્રાન્તિકારી તરફ પરમાર્થ દાખવે છે તથા અંધ બનવા છતાં જીવનને નિરાશાથી જોતો નથી–આ બધી પરિસ્થિતિઓ ગોપાળબાપાના આપેલા, જીવનના સાચા પાઠોનું જ ઉજ્જવળ પરિણામ છે. તેમણે જ, પોતાના અલ્પ આયુષ્યમાં અને તેમાંય તેની સાથે ગાળેલા અલ્પ સહજીવનમાં, તેમને 'સાચાં નવલખાં મોતી' બની રહેવાનું શીખવ્યું છે, કે જે ઘણના ઘા નીચે પણ ન તૂટી જાય.

વાર્તાકાર ગુલાબદાસ બ્રોકરે 'લતા શું બોલે?', 'નીલીનું ભૂત', 'ધુમસેર', 'માણસનાં મન', 'ગુલામદીન ગાડીવાળો' વગેરે જાણીતી વાર્તાઓ લખી છે. એમાં 'લતા શું બોલે?'ની લતા, 'ધુમસેર'ના કમલબાબુ અને 'ગુલામદીન ગાડીવાળો'નો ગુલામદીન, ચિરસ્મરણીય પાત્રો છે.

**લતા** અને સુરેશના દામ્પત્યજીવનમાં નિરંજન મિત્ર તરીકે પ્રવેશે છે. સાહિત્યરસિક ચર્ચા નિમિત્તે બેસતી લતા, નિરંજન પ્રત્યે આકર્ષાય છે. અને સુરેશે તેમનામાં મૂકેલા વિશ્વાસનો ભંગ પણ કરે છે. એમાંથી લતાના કારણે સુરેશના મિત્ર તરીકે નિરંજન બેવફાઈ ન કરી બેસે માટે નિરંજન જાતે જ શહેર છોડી ચાલ્યો જાય છે. સુરેશ લતા સાથે નિરંજનને ઘેર તપાસ કરવા જાય છે ત્યારે આવા વિચિત્ર વર્તનનું શું કારણ હશે એવું લતાને પૂછવા છતાં લતા જવાબ આપી શકતી નથી. લતા શું બોલે?

**કમલનયન મુકરજી** પાડોશમાં કોઇ યુવાનના લગ્ન પ્રસંગે વરઘોડામાં જવા તૈયાર થયા છે. તે જ વખતે ચિરૂટ પીતા પીતા ધૂમાડાની સેરે સેરે પોતાના ભૂતકાળનું આલ્બમ ખોલતાં, પોતાનો આવો જ વહાલસોયો, ભાવનાશીલ પુત્ર બિપિન રાષ્ટ્રસેવા કાજે આશીર્વાદ લેવા આવ્યો હતો તે દશ્ય, સાક્ષાત્ અનુભવે છે. અને શહીદી રળવાની અનુમતિ આપી નિ:સંતાન જીવન પસાર કરતા કમલબાબુ કેવા તો લાગણીવિવશ બની જાય છે તેનું કરુણારસસભર ચિત્ર આલેખાયું છે.

રાવલપીંડીમાં ઘોડાગાડી ચલાવતો **ગુલામદીન** આયેશાને પરણ્યો છે તો બધાં સગાંની મરજી વિરુદ્ધ; તેમ છતાં આયેશા પરપુરુષ સાથે વાત કરે તે તેને રુચતું નથી અને તેમાંથી વહેમે ભરાઈ તલ્લાક પણ આપી દે છે! ગુલામદીનના શબ્દોમાં,

> 'આવી ખૂબ સૂરત તો નાઝનીન પાસે કોઈપણ મર્દ લળી પડી, ઝૂકી પડે એવી'

—આયેશા હતી. પણ વહેમી ગુલામદીનની સ્ત્રી વિશેની ફિલસૂફી જરા જુદી છે, એની નજરે તો,

> 'ઔરત તો પગની જુત્તી જેવી છે. એકવાર સીવાઇને પગમાં બરોબર બેસી ગઈ તો ઠીક છે, નહિતર હજારવાર તેને સમારો તોયે એ બંધ બેસતી થવાની જ નહીં. એને તો પગમાંથી જ ઉલાળીને ફેંકી દો તો જ ફાવો નહીંતર હરહંમેશ તમને ક્યાં ને ક્યાં નડવાની!'

આમ બ્રોકરની વાર્તાસૃષ્ટિમાં વિષયની સાથે નિરૂપણનું નાવીન્ય પણ ધ્યાન ખેંચે છે.

ગુજરાતી કવિતાની માફક ટૂંકીવાર્તાને ક્ષેત્રે ઘટનાલોપ, માનવ

ચિત્તનઃ સંવેદનોની સ્વાભાવિક રજૂઆત, પ્રતીક યોજના, ભાષાની તાજગીવાળી કાવ્યાત્મકતા, વગેરે દ્વારા નૂતન પ્રયોગો કરનાર શ્રી સુરેશ જોશી પ્રથમ છે. 'ગૃહપ્રવેશ', 'બીજી થોડીક', 'અપિચ' અને 'ન તત્ર સૂર્યો ભાતિ' એમ કુલ ચાર વાર્તાસંગ્રહો તેમણે આપ્યા છે. આ બધામાં 'ગૃહપ્રવેશ', 'એક મુલાકાત', 'વરપ્રાપ્તિ', 'પ્રત્યાખ્યાન', 'નળદમયંતી', 'વર્તુળ' વગેરે જાણીતી વાર્તાઓ છે.

'ગૃહપ્રવેશ'નો **સુહાસ** દામ્પત્ય જીવનની બેવફાઈમાંથી પ્રગટેલી કોઈ અકથ્ય ભીંસ અનુભવી રહ્યો છે. અને હાસ પોતાનું જીવન જ ભરડો લેતું હોય એમ તેને લાગતું હતું. પોતાની પત્ની માયામાં મૂકેલા વિશ્વાસને લીધે તેની બેવફાઈ સુહાસને અકળાવી મૂકે છે, હતાશ કરે છે. પોતાની આ વ્યથા તે કોઈને કહી પણ શકતો નથી અને જીરવી પણ શકતો નથી. એને એમ લાગે છે કે એનામાં રહેલો પુરુષ સુહાસ ક્યારનોય મરી ગયો છે. દુઃખ ભૂલવા મિત્રના ઘરભણી વળે છે પણ વેદનાના વ્રત વધારે તાજા થાય છે. પોતાના એક મિત્ર પ્રફુલ્લ સાથે મોડી રાતે ઘેર પાછો વળતાં ઘરની અને માયાની એ જ યથાવત્ પરિસ્થિતિ એને ડંખે છે. પ્રફુલ્લ સુહાસના પુનઃ ગૃહપ્રવેશ માટે કંઈક સહ્ય પરિસ્થિતિ જન્માવે છે. પણ લેખક કહે છે:

'એ અંદર ગયો, ત્યારે તેને લાગ્યું કે એ બહાર રહી ગયો હતો અને એનો પડછાયો જ અંદર પ્રવેશ્યો હતો!'

સુહાસની આ મનોદશા હેમ્લેટ અને બીજા અનેક આધુનિક વિચ્છિન્ન માનસની જીવતી જાગતી છબીરૂપ બની રહે છે. એમાં કરુણતા કલાત્મક રીતે લેખકે વ્યંજિત કરી છે. નૂતન વાર્તાકલાના પ્રતીકરૂપ 'ગૃહપ્રવેશ' સીમાચિહ્નરૂપ વાર્તા બની રહી છે.

ગોવર્ધનરામ, મુનશી, રમણલાલ અને પન્નાલાલ પછી ગુજરાતી નવલકથા એક નવા તબક્કે આવીને ઊભી છે એ નિઃશંક છે. હવે છેલ્લા થોડા વખતથી અસ્તિત્ત્વવાદી વિચારધારા દર્શાવતી સાંપ્રત માનવજીવનના ભાવોને યથાતથ રજૂ કરતી નવીન પ્રયોગવાદી નવલકથાઓ રચાવા લાગી છે. શ્રી ચંદ્રકાન્ત બક્ષી પોતાના સર્જન દ્વારા નવલકથા સ્વરૂપની નવીન વિભાવના રજૂ કરનારા લેખકોમાંના એક છે. 'આકાર' અને 'પેરેલિસિસ' તેમની કીર્તિદા નવલકથાઓ છે. 'આકાર'માં એનું મુખ્ય પાત્ર **યશ૦ ન૦ શાહ** કેવળ વર્તમાનને જ માને છે અને માણે છે. આધુનિક માનવમાં રહેલી હતાશા અને નિરાશા આ પાત્ર દ્વારા બરાબર રજૂ થઈ છે. જગતમાં પ્રેમ અને કીર્તિ એ જીવન જીવવા માટે ઊભા કરેલી આશાનાં થાંગડાં છે. એમાં નક્કરતા નથી બલ્કે પોલાણ છે, એમ તેને સમજાય છે અને તેથી જ, મિ. શાહમાં જગત વિશેની બેપરવાઈ, બેફિકરાઈ અને બીજી બાજુ આત્મભાન વધુ વિકસ્યાં છે. જીવ નો એક જ નિચોડ આ પાત્ર પાસે છે કે:

'માણસ જો સમજદાર અને ડાહ્યો થઈને વિચાર કરે તો જિંદગીનો એક જ યોગ્ય અંત હોઈ શકે—આત્મહત્યા.'

'પેરેલિસિસ'ના પ્રો. **આરામશાહ** અતીતને વાગોળતા અને સાંપ્રતને સંતુલિત રીતે જીવવા મથતા પોતાની જિંદગીના 'ભૂતકાળનું આલ્બમ' ખોલીને બેઠેલા, આસ્તે આસ્તે ઓગળતી જતી જિંદગીના ઓગણપચાસમા વર્ષે નવેસરથી જીવવા વ્યર્થ મથામણ કરે છે. પોતાની એકની એક પ્રેમાળ પુત્રી મારીશાના સ્નેહલગ્નનું આત્મહત્યા દ્વારા જે કરુણ પરિણામ પ્રકટે છે તેનું દુઃખદ ચિત્ર પ્રો. શાહના જીવનમાં વિચારવંટોળ ઊભો કરે છે અને એના આઘાતે જ આવી પડેલો પેરેલિસિસનો હુમલો જીરવી રહ્યા છે, તેથી જ જીવનમાં સૌ પ્રથમવાર ખાલીપણાના થયેલા અનુભવથી જે વેદનશીલ વિચારણા એમના મનમાં જન્મી છે તે આ પ્રમાણે છે:

'બિમાર થવાની, પથારીમાં પટકાવાની આ રીત નથી. હાર્ટએટેક આવવો જોઈએ. સેરિબ્રલ હેમરેજ થવું જોઈએ...રગોમાં લોહી અટકી જવું જોઈએ...અપંગની જેમ, અડધું હસતાં હસતાં, અડધું રડતાં રડતાં...આ પ્રકારનું નાન્યેતર જીવન, સુકાઈ રહેલી વનસ્પતિ જેવું, એ એનું ન હતું.'

ઉદયન, અમૃતા અને અનિકેતઃ એ ત્રણ પાત્રોની આસપાસ વ્યક્તિસ્વાતંત્ર્યની અને પ્રેમની બાબતમાં સ્વાતંત્ર્યની સમસ્યા ચર્ચતી નવલકથા 'અમૃતા' યુવાન નવલકથાકાર શ્રી રઘુવીર ચૌધરીની સુંદર કૃતિ છે.

ઉદયન અને અનિકેત બંને અમૃતાના મિત્રો છે. **અમૃતા** ડૉક્ટરેટની ડીગ્રી મેળવે છે તે બદલ બંને અભિનંદન આપવા આવે છે, ત્યાંથી કથા શરૂ થાય છે અને અમૃતા—અનિકેતની ઉપસ્થિતિમાં અંત સુધી પોતાની માન્યતાને વળગી, મોતને પસંદ કરતો પણ પરાજય ન પામતો દેખાતો ઉદયન મૃત્યુ પામે છે ત્યાં કથા પૂરી થાય છે. અમૃતા શ્રીમંત કન્યા છે. તે ઉદયનની ઉપેક્ષા નથી કરી શકતી, તેમ સ્વીકારી પણ નથી શકતી. ઉદયન તેને ચાહે છે, બલ્કે વાંછે છે. અમૃતા તેને સુધારવાની શરતે વરવા માટે તૈયાર થાય. પરંતુ 'તારા જેવી અગણિત અમૃતાઓને હું આવા શરતી મામલામાં હારી જવા તૈયાર છું' એમ કહેનાર ઉદયન બેફિકર, સ્વમાની અને વર્તમાનની પ્રત્યેક ક્ષણ જીવનારો અસ્તિત્વવાદી વિચારસરણી વાળો યુવક છે.

અમૃતા ઉદયનમાં સ્નેહ ને બદલે સંઘર્ષનો અનુભવ કરે છે. મુકાબલે અનિકેત વધુ ઠરેલ, આદર્શવાદી લાગે છે. અનિકેત વ્યક્તિસ્વાતંત્ર્યનો હિમાયતી અને વ્યક્તિસ્વાતંત્ર્યને સન્માનનારો છે અને તેથી જ લગ્ન માટે વરણી કરવા બાબતમાં અમૃતાની સ્વતંત્રતાને તે સ્વીકારે છે. અમૃતા પ્રત્યે તે પણ સ્નેહ વ્યક્ત કરે છે. અમૃતા આ બંનેના વિચારો અને લાગણીઓને સમજવા મથે છે. ઉદયનનો પ્રભાવ તેની બુદ્ધિ તેજ બનાવે છે, અનિકેતનો સહવાસ તેનામાં શ્રદ્ધાની જ્યોત પ્રગટાવે છે. એક સમયે 'મારે સંપત્તિ નથી જોઈતી, સ્વતંત્રતા જોઈએ છે' એમ કહેનારી અમૃતા અનુભવે, 'મારે સ્વાતંત્ર્ય નથી જોઈતું, સ્નેહ જોઈએ છીએ' એમ કહે છે.

તે વિચારે છે, 'ઉદયન અને અનિકેત પણ મારા સમગ્ર વ્યક્તિત્વને સ્વીકારવાને બદલે મને મુખ્યત્વે નારી રૂપે જ ઓળખતા—જોતાં રહ્યા છે......પૂજ્ય બનવા કરતાં સ્વતંત્ર થવાનું નારી વધુ પસંદ કરે, પણ એને પૂછે છે કોણ?' આમ વિચારનાર અમૃતા ઉદયનની પ્રેમ વિશેની બેફિકરાઈ બેસમજ વિશે અકળાય છે; કહે છે:

'એને ખબર નથી પડતી કે અમૃતા એકલી સ્વીકૃતિથી સંતુષ્ટ નથી? શું મારે એને કહેવું પડશે કે નારી તૃપ્ત થવા ઇચ્છે છે, એ આધાન ઇચ્છે છે!'

મનોમન તેણે ઉદયનની વરણી કરી લીધી છે; પણ ત્યારે તો ઘણું મોડું થઈ ગયું હોય છે. અણુરજથી દૂષિત બનેલો અને તેથી એપી રોગનો ભોગ બનેલો ઉદયન, જાપાનથી પાછો આવે છે ત્યારે માતા સદશવાત્સલ્ય દાખવી અમૃતા તેની સારવાર કરે છે: ઉદયનને પણ સમજાય છે કે આ અમૃતા ' મિથ્યા નથી, સૌન્દર્ય છે. શરીર નથી પ્રેમ છે.' અનિકેત તો કહે છે:

'અમૃતા પ્રત્યે મને કશો સ્વાર્થ નથી, પણ હું એના સૌન્દર્ય વિશે, એની સમજ વિશે, એની શાલીનતા વિશે ઊંચો અભિપ્રાય ધરાવું છું... મને એના માટે આદર છે... એની ઉપેક્ષા કરવાનું મારામાં સામર્થ્ય નથી.'

શ્રી દર્શકની ' રોહીણી ' પછીનું રઘુવીરની કલમે આલેખાયેલું અમૃતાનું પાત્ર, ગુજરાતી કથા સાહિત્યમાં ચિરંજીવ રહેવા સરજાયેલું છે.

આપણે જોયું કે ગુજરાતી ભાષાનું સાહિત્ય એની વિરલ પાત્રસૃષ્ટિથી જીવંત રહેલું છે. સમયે સમયે એમાં પ્રગટેલા સર્જકોએ પોતાની સર્ગશક્તિને અનુકૂળ વાહન બનાવી ભિન્ન ભિન્ન સાહિત્ય-સ્વરૂપો ઉપર સફળતાપૂર્વક હાથ અજમાવ્યો છે. આખ્યાનકથાઓ અને પદ્યવાર્તાઓ, ખંડકાવ્યો અને નવલિકાઓ, નવલકથાઓ અને નાટકો, એકાંકીઓ અને પદ્યનાટકોએ તે તે સાહિત્ય સ્વરૂપોની તેના સર્જકોના હાથે ક્ષમતા સાબિત કરી છે અને કદીક એના સર્જકોને આહ્વાન પણ આપ્યું છે તેમ છતાં જે સાહિત્યનો આવો ગરવો અતીત હોય તેનું ભાવિ શું ઓછું ઊજળું હોય!

*

# ગુજરાતી સાહિત્યનાં ચિરંજીવ પાત્રો

| ક્રમ | પાત્ર | શેમાંથી લીધું ? | સાહિત્ય સ્વરૂપ | કર્તા |
|---|---|---|---|---|
| ૧. | સુદામા | સુદામા ચરિત્ર | આખ્યાન | પ્રેમાનંદ |
| ૨. | કુંવરબાઈ | મામેરું | ,, | ,, |
| ૩. | દમયંતી | નળાખ્યાન | ,, | ,, |
| ૪. | ઓખા | ઓખાહરણ | ,, | ,, |
| ૫. | શામળશા શેઠ | હુંડી | ,, | ,, |
| ૬. | જશોદા | દશમસ્કંધ | ,, | ,, |
| ૭. | વિક્રમ | સિંહાસનબત્રીશી | પદ્યવાર્તા | શામળ |
| ૮. | મોહના | મદન મોહના | ,, | ,, |
| ૯. | જીવરામ ભટ્ટ | મિથ્યાભિમાન | નાટક | દલપતરામ |
| ૧૦. | સરસ્વતીચંદ્ર | સરસ્વતીચંદ્ર | નવલકથા | ગોવર્ધનરામ ત્રિપાઠી |
| ૧૧. | કુમુદસુંદરી | ,, | ,, | ,, |
| ૧૨. | કુસુમ | ,, | ,, | ,, |
| ૧૩. | અલકકિશોરી | ,, | ,, | ,, |
| ૧૪. | ગુણસુંદરી | ,, | ,, | ,, |
| ૧૫. | ભદ્રંભદ્ર | ભદ્રંભદ્ર | ,, | ર. મ. નીલકંઠ |
| ૧૬. | રાઈ | રાઈનો પર્વત | નાટક | ,, |
| ૧૭. | જાલકા | ,, | ,, | ,, |
| ૧૮. | પાંડુ | વસંતવિજય | ખંડકાવ્ય | કાન્ત |
| ૧૯. | તનમન | વેરની વસૂલાત | નવલકથા | ક૦ મા૦ મુનશી |
| ૨૦. | મુંજાલ | ગુજરાતનો નાથ | ,, | ,, |
| ૨૧. | કાક | ,, | ,, | ,, |
| ૨૨. | મંજરી | ,, | ,, | ,, |
| ૨૩. | મીનળ | પાટણની પ્રભુતા, ગુ. નાથ | ,, | ,, |
| ૨૪. | પ્રસન્ન | ,, | ,, | ,, |
| ૨૫. | કીર્તિદેવ | ગુજરાતનો નાથ | ,, | ,, |
| ૨૬. | ચૌલા | જય સોમનાથ | ,, | ,, |
| ૨૭. | સામંત | ,, | ,, | ,, |
| ૨૮. | મુંજ | પૃથિવી વલ્લભ | ,, | ,, |
| ૨૯. | પરશુરામ | ભગવાન પરશુરામ | ,, | ,, |
| ૩૦. | ધ્રુવદેવી | ધ્રુવસ્વામિની દેવી | નાટક | ,, |

| ક્રમ | પાત્ર | શેમાંથી લીધું ? | સાહિત્ય સ્વરૂપ | કર્તા |
|---|---|---|---|---|
| ૩૧. | રામગુપ્ત | ધ્રુવસ્વામિની દેવી | નાટક | ક૦ મા૦ મુનશી |
| ૩૨. | શશીકળા | કાકાની શશી | ,, | ,, |
| ૩૩. | જયા | જયા-જયંત | પદ્યનાટક | ન્હાનાલાલ |
| ૩૪. | કાન્તિકુમારી | ઇંદુકુમાર | ,, | ,, |
| ૩૫. | દ્રૌપદી | વિશ્વગીતા | ,, | ,, |
| ૩૬. | કોકિલા | કોકિલા | નવલકથા | ર. વ દેશાઈ |
| ૩૭. | અરુણ | દિવ્યચક્ષુ | ,, | ,, |
| ૩૮. | અશ્વિન | ગ્રામલક્ષ્મી | ,, | ,, |
| ૩૯. | રુદ્રદત્ત | ભારેલો અગ્નિ | ,, | ,, |
| ૪૦. | કુસુમાયુધ | ખરી મા | નવલિકા | ,, |
| ૪૧. | પ્રમોદરાય | ગૃહસ્નેહ | ,, | ,, |
| ૪૨. | સપારણ | સોરઠ, તારાં વહેતાં પાણી | નવલકથા | ઝવેરચંદ મેઘાણી |
| ૪૩. | ભાભુ | વેવિશાળ | ,, | ,, |
| ૪૪. | બાધર | આગગાડી | નાટક | ચંદ્રવદન મહેતા |
| ૪૫. | ગોવાલણી | ગોવાલણી | નવલિકા | મલયાનિલ |
| ૪૬. | અલી ડોસો | પોસ્ટ ઑફિસ | ,, | ,, |
| ૪૭. | ભૈયાદાદા | ભૈયાદાદા | ,, | ધૂમકેતુ |
| ૪૮. | કુંતી | હૃદયપલટો | ,, | ,, |
| ૪૯. | આમ્રપાલી | આત્માનાં આંસુ | ,, | ,, |
| ૫૦. | રજપૂતાણી | રજપૂતાણી | ,, | ,, |
| ૫૧. | ખેમી | ખેમી | ,, | રા. વિ. પાઠક |
| ૫૨. | મુકુંદરાય | મુકુંદરાય | ,, | ,, |
| ૫૩. | કાનજી | મળેલા જીવ | નવલિકા | પન્નાલાલ પટેલ |
| ૫૪. | જીવી | ,, | ,, | ,, |
| ૫૫. | ભગત | ,, | ,, | ,, |
| ૫૬. | રાજુ | માનવીની ભવાઈ | ,, | ,, |
| ૫૭. | કાળુ | ,, | ,, | ,, |
| ૫૮. | માલી | ,, | ,, | ,, |
| ૫૯. | નવલ | વાત્રકને કાંઠે | નવલિકા | ,, |
| ૬૦. | ચંદા | જનમટીપ | ,, | ઈશ્વર પેટલીકર |
| ૬૧. | અમરતકાકી | લોહીની સગાઈ | ,, | ,, |
| ૬૨. | કર્ણ | કર્ણ-કૃષ્ણ | પદ્યનાટક | ઉમાશંકર જોશી |
| ૬૩. | મેના | સાપના ભારા | એકાંકી | ,, |
| ૬૪. | નંદુ ગોરાણી | બારણે ટકોરા | ,, | ,, |
| ૬૫. | ચંદણી | કોડભ્યુ ચરકલડી | ,, | ,, |
| ૬૬. | માઝાવેલો | માઝાવેલાનું મૃત્યુ | નવલિકા | સુંદરમ્ |
| ૬૭. | શમ્બૂ | માને ખોળે | ,, | ,, |
| ૬૮. | સંતુ | લીલુડી ધરતી | નવલકથા | ચુનીલાલ મડિયા |
| ૬૯. | માંડણ | ,, | ,, | ,, |
| ૭૦. | જાનબાઈ | ભવોભવ | એકાંકી | ,, |
| ૭૧. | રોહિણી | ઝેર તો પીધાં છે જાણી જાણી | નવલકથા | દર્શક |
| ૭૨. | સત્યકામ | ,, | ,, | ,, |
| ૭૩. | ગોપાળબાપા | ,, | ,, | ,, |
| ૭૪. | લતા | લતા શું બોલે ? | નવલિકા | ગુલાબદાસ બ્રોકર |
| ૭૫. | કમલબાબુ | ધૂમ્રસેર | ,, | ,, |

| ક્રમ | પાત્ર | શેમાંથી લીધું ? | સાહિત્ય સ્વરૂપ | કર્તા |
|---|---|---|---|---|
| ૭૬. | ગુલામદીન | ગુલામદીન ગાડીવાળો | નવલિકા | ગુલાબદાસ બ્રોકર |
| ૭૭. | સુહાસ | ગૃહપ્રવેશ | ,, | સુરેશ જોશી |
| ૭૮. | યશ ન. શાહ | આકાર | નવલકથા | ચંદ્રકાન્ત બક્ષી |
| ૭૯. | પ્રો. અરામશાક | પેરેલિસિસ | ,, | ,, |
| ૮૦. | અમૃતા | અમૃતા | ,, | રઘુવીર ચૌધરી |



# ગુજરાતના કવિઓ અને લેખકો

—પ્રા. જનાર્દન ચિમનલાલ પાઠક

ગુજરાતની ભૂમિ એ તો સંતો, સુભટો, ભક્તો અને ભજનિકોની ભૂમિ છે. એક બાજૂથી ગુર્જરે તે પોતાની અડગ ભક્તિનો પ્રભાવ બતાવ્યો છે તો બીજી બાજૂથી આ બોમકા માટે લીલુડાં માથાં ધરીને સ્વાર્પણની ભાવના પણ બતાવી છે. આમ ગુજરાતે એકી સાથે ભક્તિ અને શક્તિનો પરિચય કરાવી દેશ સમક્ષ એક ઉચિત અર્ધ્ય ધર્યો છે!

કોઈપણ ભાષાના ઇતિહાસમાં બને છે તેમ ગુજરાતના ઇતિહાસમાં પણ બન્યું છે કે ગુજરાતી સાહિત્યનો મધ્યકાલીન યુગ એ ભક્તિ–યુગ છે. સમગ્ર મધ્યકાલીન યુગ ધર્મરંગી જણાય છે; કારણ કે એના કેન્દ્રસ્થાને હતો ધર્મ. માનવજીવનનું મોટામાં મોટું આશ્વાસક બલ, તેનું જીવન સર્વસ્વ, તેનું મોટામાં મોટું જીવનમૂલ્ય ધર્મ જ હતો. એણે જ લોકોને જીવવા શ્રદ્ધા પ્રેરી અને એણે જ આલોક અને પરલોકનું જીવનભાથું તૈયાર કર્યું, અને એટલે મધ્યકાલીન યુગનો પ્રધાનસૂર ભક્તિ છે. આ પ્રેમલક્ષણા ભક્તિ જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્ય એમ ત્રણ સ્વરૂપે દેખાય છે.

સમગ્ર મધ્યકાલીન સાહિત્ય પદ્યપ્રધાન સાહિત્ય છે. એમાં પદ્ય મુખ્ય વાહન બન્યું છે; કારણ કે નાજુક હૃદયની નાજુક ઊર્મિઓને વ્યક્ત કરવામાં જેટલું પદ્ય ઉપયોગી બને તેટલું ગદ્ય બની શકતું નથી. અને તેથી જ મધ્યકાલીન યુગમાં ગદ્ય નહિવત્ છે. આ પદ્ય ખેડનારાઓ કવિઓ કરતાં ભક્તો વિશેષ. આપણે એમને ભક્તકવિઓ કહી શકીએ; કારણ કે આ કવિઓનો ઉદ્દેશ સાહિત્ય ખાતર સાહિત્યનું સર્જન કરવાનો નથી. સાહિત્ય દ્વારા એમને ગાવી છે, વ્યક્ત કરવી છે ભક્તિ. સાહિત્ય તો તેમને મન એક સાધન છે. સાધ્ય તો છે ઇશ્વર-ભાવના. એમણે પોતાની સમગ્ર કવિતા દ્વારા વ્યક્ત કરી છે કેવળ ઇશ્વર પ્રત્યેની પોતાની લાગણી. અને આ કવિતામાં એક લાંબો વિષય પથરાયેલો દેખાય છે તે ભક્તિ. ભક્તિ જુદા જુદા સ્વરૂપે, નિર્ગુણ અને સગુણ રૂપે કવિતામાં સ્થાન લે છે. આ કવિઓને આલોકની ન્હોતી પડી એટલી પરલોકની પડી હતી. આ સંસાર ક્ષણભંગુર છે, સ્વપ્નવત્ છે એવી એક દૃઢ માન્યતા હતી. એટલે આ ભગતો બને તેટલી આ જગતની ઉપેક્ષા કરતા અને પદો દ્વારા લોકોને ઇશ્વરાભિમુખ બનાવવાનો પ્રયત્ન થતો. અંગ્રેજ કવિ ટી. એસ. એલિયટ કહે છે :

Much is your reading,
but not the word of God,
Much is your building
but not the House of God.

શ્રી અનંતરાય રાવળ કહે છે " પંદરમા શતકથી પ્રવહમાન થયેલી ભક્તિની ગુજરાતી કાવ્યગંગાનું ગંગોત્રી છે નરસિંહ મહેતો. નરસિંહ મધ્યકાલીન ભક્તિકવિ તથા ભક્તકવિઓનો શિરોમણિ છે. અનુકાલીન ભક્તિકવિતા પર એની અસર પણ ઘણી છે." આ શબ્દોમાં ઘણું તથ્ય છે. ભલે વધુ સંશોધનને અંતે ગુજરાતનો આદિ કવિ નરસિંહ નહીં ગણાતો હોય; પણ ગુજરાતના ભક્ત–હૃદયમાં તો એણે આદિ ભક્તકવિ તરીકેનું સ્થાન લઇ લીધું છે. આ એક ભક્તકવિ એવો છે જેના વડે સમગ્ર મધ્યકાલીન સાહિત્ય ઊજળું થયું છે.

પંદરમા શતકના પ્રમુખ કવિ તરીકે નરસિંહ મહેતા છે. જૂનાગઢના આ નાગરનું જીવન સુપ્રસિદ્ધ છે. ભાભીએ મહેણું મારતાં રિસાઇને એણે ગૃહત્યાગ કર્યો. ભાભીએ ઉચ્ચારેલ શાપ (કડવાં વેણ) નરસિંહ માટે તો આશીર્વાદ રૂપ બન્યા. એને ભગવાન શંકરનાં દર્શન થયાં અને એમણે એને ભગવાન કૃષ્ણની રાસલીલા બતાવી. અને ત્યારથી નરસિંહના જીવનમાં જબરુ પરિવર્તન આવ્યું. એ સામાન્ય જનમાંથી હરિનો જન બને છે. આ કંઇ સામાન્ય પરિવર્તન નથી. એણે હરિની લીલા ગાઇ અને જીવનમાં અનુભવી. નરસિંહનું સ્થાન એક ઊર્મિકવિ તરીકેનું છે. એનું સાહિત્યસર્જન મુખ્યત્વે 'શામળદાસનો વિવાહ', 'હાર', 'હૂંડી', 'મામેરું' ને શ્રાદ્ધના પ્રસંગોનાં પદો, 'શૃંગારમાળા', હિંડોળાના પદો, કૃષ્ણલીલાનાં પદો, સુદામા ચરિત્રનાં પદો વગેરે નરસિંહે પૂર્વજીવનમાં શૃંગાર ભક્તિ ગાઇ છે. રાધા–કૃષ્ણ એ મધ્યકાલીન ભક્તિકવિતાનાં પ્રતીકો છે. એ દ્વારા કવિઓએ ભક્તની આનંદ–મસ્તી વર્ણવી છે. નરસિંહે પોતાની ઉત્તરાવસ્થામાં લખેલા જ્ઞાન–વૈરાગ્યને લગતાં પદો એનું ઉત્તમ સર્જન છે. એ પદોમાં કવિતા અને તત્ત્વજ્ઞાનનો સુંદર સમન્વય થયો છે. દૃષ્ટાંત તરીકે—

નીરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો
તે જ હું તે જ હું શબ્દ બોલે
ઝળહળ જ્યોત ઉદ્યોત રવિ કોટમાં
હેમની કોર ત્યાં નીસરે તોલે.
સચ્ચિદાનંદ આનંદ ક્રીડા કરે
સોનાના પારણામાંહી ઝૂલે.

ઝૂલણા છંદ પાસેથી આવું કામ નરસિંહ સિવાય બીજો કોઇ કવિ ભાગ્યે જ કઢાવી શકે. અંગ્રેજી સાહિત્યમાં Beautiful અને Subline સુન્દર અને ભવ્યનાં આલેખનો થાય છે. નરસિંહના આ પદમાં Subline –ભવ્યતા–નો આપણને અનુભવ થાય છે.

'નેત્ર વિણ નિરખવો, રૂપવિણ પરખવો
વિણ જિહ્વાએ રસ સરસ પીવો.'

આમ શ્રી રા. વિ. પાઠક કહે છે તેમ 'નકારની ભવ્યતા'નો સ્પર્શ અનુભવાય છે. તો 'અખિલ બ્રહ્માંડમાં' પદમાં બ્રહ્મની મૂર્તિ ઉપસી રહે છે.

ચિત્ત ચૈતન્ય વિલાસ તદ્રુપ છે,
બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે.

તો 'વૈષ્ણવજન' પદ કેમ ભૂલાય ? ગીતા ભાખ્યા એ શબ્દો—આપણી ચિરકાળની સંપદ્ છે. નરસિંહની કવિતામાં ભક્તિ અને તત્ત્વજ્ઞાન, લાલિત્ય અને ભવ્યતાનો સુંદર સમન્વય થયો છે.

પંદરમા શતકના બીજા બે ગણનાપાત્ર કવિઓ તે પદ્મનાભ અને ભાલણ.

**પદ્મનાભનું** એક જ કાવ્ય 'કાન્હડ દે પ્રબંધ' મળે છે. આ કાવ્ય વીરરસપૂર્ણ એક પ્રબંધ કાવ્ય છે. ઐતિહાસિક વસ્તુ અલાઉદ્દીન ખિલજીએ ગુજરાત પર ચઢાઈ કરી ત્યારે ઝાલોરાના કાન્હડદેએ વીરતાથી તેનો સામનો કર્યો તે આ કાવ્યનું વસ્તુ છે.

બીજો કવિ ભાલણ. ભાલણે સંસ્કૃત કાદંબરીનો પદ્યાનુવાદ, રામાયણ, દશમસ્કંધ, નળાખ્યાન એટલું સાહિત્ય સર્જન કર્યું છે. ભાલણે કૃષ્ણભક્તિના સુંદર પદો આપ્યાં છે. એમાં કોઈ કોઈ સ્થળે નરસિંહની કવિતાનું અનુકરણ પણ છે. એની એક બીજી વિશેષતા તે એ કે નરસિંહે વાવેલ આખ્યાનબીજનો લાભ લઈ 'આખ્યાન' શબ્દનો પ્રયોગ કર્યો અને આખ્યાનકાવ્યનો પિતા ગણાયો. એનાં આખ્યાન મૂળ પૌરાણિક પ્રસંગોની વફાદારી બતાવતાં હોઇ, જોઇએ તેવાં રસલક્ષી બની શક્યાં નથી.

પંદરમા અને સોળમા શતકમાં ગુજરાતી ભાષાનું સ્વરૂપ એટલું બધું વિકસ્યું ન્હોતું. મોટે ભાગે દેવનાગરી લિપિમાં ગુજરાતી ભાષા લખાતી હતી.

નરસિંહ પછીથી ભક્તકવિઓમાં સૌથી વધુ તરી આવતું નામ મીરાંબાઈનું છે. જન્મથી જ જેને ભગવાન કૃષ્ણ સાથે પ્રીત બંધાણી છે એવી હરિલાડકી મીરાંનાં પદો એ ગુજરાતની 'મોંઘી મિરાંત' છે. એનાં જીવનનું દર્દ એણે ખૂબ સુંદર રીતે કવનમાં વણી લીધું છે.

ચૂંદડી ઓઢું ત્યારે રંગ ચૂવે રે રંગબેરંગી હોય,
ઓઢું હું કાળો કામળો દૂજો ડાઘ ન લાગે કોઈ.

આ સામાન્ય જણાતી પંક્તિઓમાં મીરાંબાઈએ 'કાળા કામળા'ના પ્રતીક દ્વારા વૈરાગ્યનો ભાવ તીવ્ર રીતે ગાયો છે. મીરાંબાઈએ વ્રજ, હિંદી ગુજરાતીમાં પદો રચ્યાં છે. એમનું સાહિત્યસર્જન બહુ થોડું છે. પણ જે કંઈ છે તે ઉત્તમ છે. મીરાંનાં પદોમાં એની કૃષ્ણભક્તિ નીતરી રહે છે. દરેક પદમાં મીરાંનું ગોપીહૃદય છલકી ઊઠે છે.

કોઈ માધવ લ્યો, હાં રે માધવ લ્યો, વેચંતી વ્રજનારી રે,
માધવને મટુકીમાં ઘાલી, ગોપી લટકે મટકે ચાલી રે....

* * *

કાનુડો શું જાણે મારી પીડ ?
બાઈ ! અમે બાળકુંવારાં રે...

* * *

કાનુડો કાળજાની કોર છે...

આવાં પદોમાં મીરાંની શૃંગાર ભક્તિનાં દર્શન થાય છે. છતાં મીરાંનો શૃંગાર મર્યાદાવાળો છે. એમાં સ્ત્રીસહજ લજ્જા છે. લોક ભાષાની અભિવ્યંજના શક્તિ દર્શાવતું એક ઉત્તમ ઊર્મિકાવ્ય તો આ છે :

તમે જાણી લ્યો, સાયર સરખા મારા વીરા રે,
દિલ તો ખોલીને દીવો કરો રે, હો જી—

આ સિવાય 'મુખડાની માયા', 'બોલે ઝીણા મોર', 'દીવડા વિના અંધારું' વગેરે પદો ઉત્તમ ભાવગીતો બને છે. તો ભક્તિ અને તત્ત્વજ્ઞાનનો સુંદર સમન્વય કરતું 'રામ–રમકડું' પદ છે. મીરાંનાં પદોમાં વૈવિધ્યનો અભાવ છે એટલે પુનરાવર્તન વિશેષ થાય છે. મીરાં પછીનું ગુજરાતી ભાષાનું પોત અર્વાચીન જણાય છે. એટલે સત્તરમા શતકમાં ભાષા અર્વાચીન સ્વરૂપ ધારણ કરે છે.

સત્તરમા શતકનાં ત્રણ પ્રતિભાવંત કવિઓ તે અખો, પ્રેમાનંદ અને શામળ. ત્રણે કવિઓએ પોતાની આગવી પ્રતિભા બતાવી છે. આ ત્રણેમાંથી જરા જૂદો સૂર પડે છે અખાનો. અખો એક અનોખો કવિ થઇ ગયો. અત્યાર સુધી પ્રેમલક્ષણા ભક્તિના ઉભરામાં બધા લોકો મસ્ત થઇ ફરતા હતા. અખાને લાગ્યું કે આ વ્યક્ત થતી ભક્તિમાં અંધશ્રદ્ધા જોર કરતી જાય છે. અંધશ્રદ્ધા અને અજ્ઞાન એ માનવજાતનાં મોટામાં મોટાં દુશ્મન છે. અખો શાંકરમતને અનુસરતો કવિ છે. બ્રહ્મ એ જ સત્ય છે. જગત મિથ્યા છે. આ ભાવ વ્યક્ત કરતું એનું સાહિત્ય—'પંચીકરણ', 'ગુરુ શિષ્ય સંવાદ', 'અનુભવ બિન્દુ', 'અખેગીતા', 'છપ્પા' વગેરે છે. એણે ગુજરાતી અને હિંદી બન્ને ભાષાઓમાં લખ્યું છે. એમાં ઉત્તમ કહી શકાય તેવાં ત્રણ છે : 'અનુભવબિન્દુ', 'અખેગીતા' અને 'છપ્પા'.

અખાના સાહિત્યનો પ્રધાનસૂર '**ब्रह्म सत्यं जगन्मिथ्या जीवो ब्रह्मैव नापर:**' છે. કેવલાદ્વૈતને અનુસરતો અખો જીવનની બધી આળસ ખંખેરી નાખે છે. એની ઘરગથ્થુ ભાષા અને ઉપમા, દૃષ્ટાંત અલંકારો એક ઉત્તમ ઘરેણું બને છે. એની સમગ્ર રચનાઓમાં જીવ, માયા, જગત અને બ્રહ્મ વિષે ચર્ચા મળે છે. આ સંસારમાં માયા વડે લોકો રંગબેરંગી મોહમાં સપડાય છે. એમાંથી જીવે છૂટવું જોઇએ અને બ્રહ્મમાં લીન થવું જોઇએ એ અખાની કવિતાનો મુખ્ય સૂર છે. અખાની કવિતામાં કવિતા અને તત્ત્વજ્ઞાનનો સુંદર સમન્વય થયો છે. અખાએ લોકોનાં હૃદયને વસ કર્યું હોય તો એક માત્ર 'છપ્પા' વડે. 'છપ્પા'માં એક બાજૂથી હાસ્ય નીતરે છે ને બીજી બાજૂથી કટાક્ષનો કોરડો વીંઝે છે.

જેમ ઊંડો કૂવો ને ફાટી બોખ, શિખવ્યું સાંભળ્યું સર્વે ફોક.

* * *

ઓછું પાત્ર ને અદકું ભણ્યો, વઢકણી વહુએ દીકરો જણ્યો.

* * *

એક મૂરખને એવી ટેવ, પથ્થર એટલા પૂજે દેવ.

અખાની કવિતામાંથી આવાં કેટલાંય દૃષ્ટાંતો આપી શકાય તેમ છે. એની કવિતામાં પણ પુનરાવર્તન વિશેષ થાય છે. છતાં એકંદરે જ્ઞાની કવિ તરીકેનું એનું સ્થાન અદ્વિતીય છે. શ્રી ઉમાશંકર જોશી યોગ્ય જ કહે છે : "ભાષાના ઉત્તમ કવિઓની જોડાજોડ આસનનો અધિકારી છે. ઊર્મિકવિતાનાં શૃંગો જેમ નરસિંહ, મીરાં, દયારામે સર કર્યાં છે, જનસ્વભાવ નિરૂપણની ટોચ જેમ પ્રેમાનંદે પોતાની કરી છે, તેમ અખાએ તત્ત્વવિચાર કવિતાને શિખરે પલાંઠી લગાવી છે".

જેના નામ પ્રમાણે ગુજરાતી સાહિત્યમાં પ્રેમ અને આનંદની છોળો ઉડાડી છે એવા પ્રેમાનંદનું સ્થાન પણ અનન્ય છે.

અખા ભગતથી જૂદી જ રીતે, સંસારમાં સરસો રહી, મન હરિની પાસ રહે એવો કોઈ કીમિયો હાથ લાગ્યો હોય તો તે પ્રેમાનંદને. ગુજરાતી સાહિત્યમાં મધ્યકાલીન યુગથી વિવિધ કાવ્ય-

સ્વરૂપો ખેડાયાં છે. પ્રેમાનંદ પૂર્વેના સાહિત્યમાં મોટે ભાગે પદો છે. પ્રેમાનંદ પાસેથી આપણને એકમાત્ર પ્રધાન સર્જન મળે છે–આખ્યાન. મધ્યકાલીન યુગનાં સૌથી વધુ આકર્ષક કાવ્યસ્વરૂપ હોય તો તે આખ્યાન છે. આખ્યાનનો પ્રધાન ઉદ્દેશ જ્ઞાન સાથે ગમ્મત અને સાથે સાથે ધાર્મિક ભાવનાનો ફેલાવો. પ્રેમાનંદ પૂર્વેના કવિઓ મોટે ભાગે પૌરાણિક પ્રસંગોને વફાદાર રહ્યા છે. જ્યારે પ્રેમાનંદે એ પ્રસંગોમાં પોતાની કલ્પનાનો અનેરો રંગ પૂરી એને રમણીય રૂપસૃષ્ટિ બનાવી છે. પ્રેમાનંદે રામાયણ, ભાગવત, મહાભારત અને નરસિંહ મહેતાના જીવનમાંથી પ્રસંગો લઈ રણયજ્ઞ સુદામાચરિત, ઓખાહરણ, નળાખ્યાન, અભિમન્યુ આખ્યાન, મામેરું વગેરે કૃતિઓ આપી છે. પ્રેમાનંદને એનાં પુરોગામી આખ્યાન કવિઓની કૃતિનો સારો લાભ મળ્યો છે. પણ આ આખ્યાનોની પ્રેમાનંદ જેવી નવરસરુચિરા સૃષ્ટિ બીજો કોઇ કવિ કરી શક્યો નથી. નાટક અને સિનેમા વિહોણા એ યુગમાં જનતાનું મનોરંજન અને ઉપદેશ બંને એણે પૂરાં પાડ્યાં છે. પ્રેમાનંદની સર્જકશક્તિનો આંક કાઢવો મુશ્કેલ છે. પૌરાણિક સૃષ્ટિમાંથી એ આપણને ઉપાડી લઇ સાંપ્રત જીવનમાં મૂકી દે છે.

એટલે જ શ્રી ક. મા. મુનશીએ કહ્યું છે: "એનાં આખ્યાનો ખરેખરાં 'વિમાન' છે; પૌરાણિક કથાઓમાંથી તમને ઉપાડી લઈ, પ્રાંતીય જીવન સાહિત્ય અને આદર્શોના વ્યોમમાં વિહરાવે છે." તો સંસ્કૃત નહીં જાણનાર પ્રજાને સંસ્કૃતજ્ઞ કરવાનો પ્રયત્ન આ ગુજરાતી આખ્યાનોએ કર્યો. પ્રેમાનંદની સૌથી વધુ શક્તિનો પરિચય થાય છે એનાં ગુજરાતીકરણમાં. પૌરાણિક પાત્રોનું ગુજરાતીકરણ એ એની સિદ્ધિ અને મર્યાદાનાં દ્યોતક છે. એણે પૌરાણિક પ્રસંગનું તો માત્ર હાડપિંજર જ લીધું છે એમાં લોહી માંસ અને પ્રાણ તો પોતાના જમાનાના પૂર્યા છે. આ રમણીય સૃષ્ટિમાં એની કથનકલા, પાત્રાલેખનકલા અને રસસંક્રાન્તિકલા મુખ્ય ગણી શકાય. પ્રેમાનંદની ચિત્રાંકનશક્તિ પણ અજબની છે. આ શક્તિનો પરિચય થતાં એને મહાકવિનું પદ પણ મળી ચૂક્યું છે. પણ આ કવિની શક્તિઓ કરતાં મર્યાદાઓનો સૌથી વધુ ખ્યાલ હોય તો તે કવિ કાન્ત, પ્રેમાનંદ વિષે લખે છે: 'પ્રેમાનંદ કંઈ કવિ નહીં, માત્ર પદ્ય જોડનારો હતો એમ વધુ સહેલાયથી સાબિત થઈ શકે. 'આ અભિપ્રાયની સામે થઈ શકવાનું બળ પ્રેમાનંદમાં બહુ ઓછું છે.

પ્રેમાનંદ સાથે બીજો પ્રતિભા સંપન્ન વાર્તાકાર શામળ છે. અત્યાર સુધી પદો અને આખ્યાનો જોયાં. હવે કવિતાનાં ક્ષેત્રે એક નવો પ્રકાર. પદ્યવાર્તા લઇને આવે છે તે શામળ આપણો પહેલો સાચો કૌતુકરાગી વાર્તાકાર છે. શામળની વાર્તાઓએ જીવનને ભર્યું ભર્યું કર્યું છે. 'સિંહાસનબત્રીશી', 'સુડાબહોતેરી', 'વેતાલપચીશી', 'પંચદંડ', 'પદ્માવતી', 'મદન–મોહના' વગેરે એનું સર્જન છે. પરદુઃખભંજન રાજા વીર વિક્રમની કથા ગુજરાતમાં ખૂબ પ્રચલિત છે. આ વાર્તાઓએ જીવનનો રસ પૂરો પાડ્યો છે. અર્વાચીન સાહિત્યમાં ખરેખરી વાર્તા આવે છે તેનાં મૂળિયાં આ વાર્તાઓમાં પડેલાં છે. શામળે પોતાની પાત્રસૃષ્ટિમ માનવો અને પશુ, પંખી, વેતાલો વગેરે લીધાં છે. આમ પાત્રોનાં સ્નેહ શૌર્ય, ચમત્કાર બધું અદ્દભુત રીતે દર્શાવાયું છે. મધ્યકાલીન એ યુગમાં આ વાર્તાકારે સાહિત્ય સાથે ખૂબ વણાઇ ગયેલી નીતિની જરાય પરવા કર્યા વગર સાહિત્ય આપ્યું છે. શામળની આ વાર્તાઓ આજે પણ એટલો જ આનંદ આપે છે. જિજ્ઞાસારસને સતત દ્રવતો રાખે એ પ્રકારની આ વાર્તામાં થોડો ઘણો ઉપદેશ પણ છે.

અઢારમાં શતકમાં ખાસ ધ્યાન ખેંચનારો તે વલ્લભ મેવાડો. વલ્લભનું પદ્યસર્જન બહુ નથી પણ સાહિત્યના ઇતિહાસમાં તે અમર થયો છે એના ગરબા વડે. એ બહુચરાજીનો ભક્ત હતો. મહાકાળીના ગરબા એ આપણા સાહિત્યનો અમર વારસો છે. આ ગરબામાં સંગીત અને સાહિત્યનો સુભગ સમન્વય થયો છે. લોકકંઠે સચવાયેલા આ ગરબાઓનું માધુર્ય અસાધારણ છે.

'મા તું પાવાની પટરાણી કે કાળી કાળકા રે લોલ'

\+ + +

'પ્રથમ પાર્વતીના પુત્રને પાયે નમું રે લોલ......'

આપણી બહેનો નવરાત્રીમાં આવા ગરબાઓ ગાઈને વર્ષો સુધી વલ્લભ મેવાડાને ભૂલશે નહીં. વલ્લભ મેવાડાથી ગુજરાતી સાહિત્યમાં ગરબી પ્રવાહ શરૂ થાય છે. અને આ એનું અર્પણ ચિરંજીવ છે. આ શતકના બીજા ભજનિક કવિઓ તે ધીરો અને ભોજો. ધીરાની કાફીઓ અને ભોજા ભગતના ચાબખા એ પણ ભજન સાહિત્યમાં ગણનાપાત્ર ઉમેરો છે, આમ તો 'કાફી' કે 'ચાબખા' એ એક પ્રકારનાં પદ જ ગણાય. 'જ્ઞાનબત્રીસી' અને 'આત્મજ્ઞા'માં વ્યક્ત થયેલી ધીરાની કાફીઓ જેવી કે—

'તરણા ઓથે ડુંગર રે, ડુંગર કોઈ દેખે નહિ.'

—માં બ્રહ્માનુભવ

\+ + +

તથા—

'અંબાડીએ ગજરાજ ગળિયો,
ઘોડાને ગળી ગયું જીણ...'

—જેવી રહસ્યમય અવળવાણી નોંધપાત્ર છે. આ કાફીઓમાં લોકભાષાનું માધુર્ય અને સરલતા સચવાયાં છે. જેમ અખાએ એક વખત 'છપ્પા' દ્વારા લોકોને જાગૃત કરવાનો પ્રયત્ન કર્યો હતો તેવો જ પ્રયત્ન ધીરાએ કાફીઓ દ્વારા અને ભોજા ભગતે 'ચાબખા' દ્વારા કર્યો.

'પ્રાણિયા! ભજી લેને કિરતાર, આ તો સ્વપ્નુ છે સંસાર'

\+ + +

'મૂરખને કંઈ પેરે સમજાવું, ભાઇ! એને નિશ્ચે નરકમાં જાવું'

\+ + +

'મૂરખો મોહને ઘોડે ચડે રે, માથે કાળ નગારાં ગડે રે'

આવા ચાબખા દ્વારા જનહૃદયમાં રહેલી વાસનાઓનો મોક્ષ કરવાનો આ સીધો પ્રયત્ન હતો. અખો અને ભોજો બન્ને જ્ઞાની અને સાચા કવિ. બન્નેમાં મળતાપણું પણ ઘણું છે.

મધ્યકાલીન સાહિત્યમાં છેલ્લો પ્રતિભાવંત ઊર્મિકવિ પ્રણયીભક્ત તે દયારામ. પ્રેમલક્ષણા ભક્તિને વર્ણવતાં પદો દ્વારા જનસમાજમાં કાયમી સ્થાન લીધું છે એવા દયારામ નરસિંહ અને મીરાં. દયારામ ગરબીકવિ. એની ગરબીઓની મોહિની જબરી છે. સંગીત અને શબ્દનો સુંદર સમન્વય થાય છે. એની ગરબીઓમાં રાધા અને કૃષ્ણ પ્રતીક તરીકે આવે છે આ ભક્તે પોતાની ગરબીઓ દ્વારા વિરહી ગોપીની હૃદયવેદના ઉતારી છે.

'કિયે ઠામ મોહની ન જાણી રે મોહનજીમાં કિયે ઠામ.'

*

'શોભા સલૂણા શ્યામની, તું જોને સખી... '

*

'વ્રજ વહાલું રે... '

દયારામની ગરબીઓમાં સંવાદનું ચાતુર્ય વિશેષ છે. જેથી એ ગરબીઓને આપણે નાટ્યાત્મક ઊર્મિકાવ્યો– Dramatic Lyrics કહી શકીએ. આ ભક્તકવિની કવિતામાં પ્રણયના ભાવો એની મર્યાદા ઓળંગીને પણ વ્યક્ત થયા છે અને તેથી શ્રી મુનશી એને પ્રણયના અમર કવિઓમાં સ્થાન આપે છે. કેટલીક વખત માનુષીમાત્ર વ્યક્ત કરવામાં પ્રણયનો ભાવ તીવ્રતા પામે. તો અંગતજીવન વિષે ઉતાવળિયો અભિપ્રાય અપાય એવું પણ બને. ગમે તે હો. ભક્ત યા પ્રણયી દયારામની ગરબીઓમાં શબ્દ કલાતત્ત્વ પામે છે. છતાં દયારામની ગરબીઓ વિષે કહેવું હોય તો કહી શકાય કે દયારામની કવિતા એક પંક્તિથી બહુ આગળ વિકાસ કરતી નથી. એમાં ઉમંગ ઉછળતો ઉપાડ છે, પણ નિભાવ નથી.

આમ સમગ્ર મધ્યકાલીન સાહિત્યની યાત્રા કરતાં લાગે છે કે નરસિંહથી દયારામ સુધીની વહેતી પ્રેમલક્ષણાભક્તિ એક સૂત્રે ગૂંથેલી દેખાય છે. એમાં જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યની ભૂમિકા સાથોસાથ દેખાય છે. એકંદરે મધ્યકાલીન સાહિત્ય માતબર કહાતું છે. એમાં વિષયનું વૈવિધ્ય નથી છતાં હૃદયને પરિતોષ કરે એવું ઘણું બધું છે!

અત્યાર સુધી આપણે મધ્યકાળના કવિઓ જોયા હવે અર્વાચીન કવિઓ અને લેખકો જોઈએ:

મધ્યકાળમાંથી અર્વાચીન સાહિત્યમાં પ્રવેશ એ નાનકડા ઝરણાંમાંથી જાણે વિરાટ સાગરમાં પ્રવેશવા જેવું લાગે છે.

ગુજરાતી સાહિત્યની કાયાપલટ અર્વાચીન યુગમાં થાય છે. ઈ. સ. ૧૮૮૭માં મુંબઈમાં યુનિવર્સિટી સ્થપાય છે. આપણા ગુજરાતી કવિઓ અને લેખકો એ કેળવણી લેતા થાય છે. એમની દૃષ્ટિમાં પૂર્વ અને પશ્ચિમની કેળવણી ભળે છે. દૃષ્ટિનો વિસ્તાર થાય છે. આનો લાભ લે છે નર્મદ. અર્વાચીન ગુજરાતી સાહિત્ય એના વિષય અને સ્વરૂપની દૃષ્ટિએ લાક્ષણિક બને છે નર્મદ–દલપતયુગમાં. આ યુગમાં કવિતા અને ગદ્ય ઉભય ક્ષેત્રમાં પ્રગતિ થાય છે. અને વિષયમાં જબરું વૈવિધ્ય આવે છે.

ફા૦ ૬૦ ડાના નામથી ગુજરાતના ખૂણે ખૂણે ફરી વળેલા કવિ દલપતરામ ડાહ્યાભાઈ ગુજરાતના 'કવીશ્વર'નું પદ પ્રાપ્ત કરે છે. એમનામાં રહેલો સમાજ શિક્ષક કવિતા દ્વારા બહાર પડે છે. એમણે ગુજરાતને પિંગળનું જ્ઞાન કરાવ્યું ને જીવન અને નીતિને સાહિત્ય સાથે વણી લીધી. એમણે ગુજરાતને નીતિપોષક કવિતા આપી. એમની કવિતામાં 'સદાચાર' હતો, વિનય હતો, કેળવણી હતી ઉમદા શીલનું સર્જન હતું.

મધ્યકાલીન કવિતામાં કેન્દ્રસ્થાને ધર્મ હતો. અને કાવ્યસર્જનમાં પ્રતીક તરીકે હતો ઈશ્વર. અર્વાચીન સાહિત્યમાં એ રીતે ક્રાંતિ આવે છે. એના કેન્દ્રસ્થાને આવે છે માનવતા અને માનવજીવનની આસપાસ સમગ્ર સાહિત્યનું સર્જન થાય છે. અર્વાચીન યુગથી જ શુદ્ધ સાહિત્યના સર્જન તરફ કવિઓ વળે છે. અત્યાર સુધી કવિઓને મન સાહિત્ય એક સાધન માત્ર હતું. અર્વાચીન કવિઓને મન સાહિત્ય એક સાધન નથી. અહીં સાહિત્ય ખાતર સાહિત્યનું સર્જન કરવા તરફ લેખકો વળે છે.

દલપતરામનું માનસ મધ્યકાલીન મંડિત છે અને તેથી તેઓ સાહિત્ય દ્વારા ઉપદેશ આપવો જોઈએ એવા સૂત્રને વળગી રહે છે. પણ ગુજરાતને એનો સાચો કવિ મળે છે નર્મદમાં.

'જય જય ગરવી ગુજરાત'નું ગાન કરી ગુજરાતની અસ્મિતાને ઝળકાવનાર નર્મદ આપણો પહેલો સાચો કવિ છે. એણે સૌ પહેલી પ્રકૃતિ, પ્રણય, દેશાભિમાનને લગતી કવિતા આપી. એનાથી જ ગુજરાતી કવિતાસાહિત્યનું મુખ નવી જ દિશામાં ગતિ કરે છે. નર્મદ કવિતામાં ઋતુ વર્ણનનાં કાવ્યો—

રૂડું ધનુષ્ય જણાયે પીત સૂર્યાસ્ત ભાસ
અતિ ઊજળું કૂંડાળું ચંદ્રની આસપાસ
વીજળી ઘણી ઈશાને, નૈઋતા વા શીતાળા
સકળ જન કહે એ વૃષ્ટિના થાય ચાળા.

*

શોભા વર્ણું શું હું ઝટ પછી મેઘરાજા પધાર્યા,
વૃક્ષાદિએ હરખથી નમી સ્વસ્તિ શબ્દો પુકાર્યા.

આ બધી પંક્તિમાં નર્મદની સ્વાભાવિક વાણી નીતરી રહે છે. નર્મદનો પ્રિય શબ્દ છે 'જોસ્સો'. એ આવેશમાં એણે કાવ્યો લખ્યાં છે. કેટલાક કાવ્યો સારાં મળ્યાં છે.

નર્મદની કવિતામાં વિષયનું વૈવિધ્ય ઘણું છે. પશ્ચિમના કવિઓની કવિતા વાંચી એણે આપણી કવિતાને સમૃદ્ધ કરી છે. એમણે કવિતા દ્વારા પોતાના જમાનાના પ્રશ્નો–અંધશ્રદ્ધા, ગુલામી, ખોટી ધાર્મિકતા, અજ્ઞાન વહેમ વગેરેને માટે જીંદગીભર લડ્યો છે. ગાંધીજી પહેલાં ગુજરાતી સાહિત્યમાં ગુલામી જો કોઈને ખૂંચતી હોય તો તે નર્મદને.– 'દાસપણું ક્યાં સુધી?' એનાં થોડાક ઈશ્કીવેડાએ એને થોડોક નીચો ઊતાર્યો. 'પ્રેમશૌર્ય' જીવનમંત્ર રાખી ફરનારો નર્મદ ગદ્યના ક્ષેત્રે પણ નવું પ્રસ્થાન કરે છે. ગદ્યનો સાચો ચહેરો નર્મદમાં જોવા મળે છે.

દલપતરામ પાસેથી ગદ્ય મળે છે પણ અવ્યવસ્થિત. નર્મદ પાસેથી ભાવ પ્રમાણે આરોહ–અવરોહવાળું, અંગ્રેજી ઢબનું ગદ્ય મળે છે. એણે 'મારી હકીકત' આત્મકથા આપી, નિબંધો આપ્યા; અને આમ ગુજરાતીગદ્ય ઠીક ઠીક રીતે વિકાસોન્મુખ બન્યું.

નર્મદ પાસેથી નિબંધો મળ્યા તો નર્મદના મિત્ર નવલરામ પાસેથી વિવેચનો મળ્યાં. એમણે ગુજરાતના ઊદીયમાન લેખકોને સાચી સાહિત્ય દૃષ્ટિ આપી. પણ ગદ્યનાં ક્ષેત્રે એક નવો વળાંક આવે છે નવલકથાથી. ૧૯મી સદીમાં ગદ્યના ક્ષેત્રે એક નવું પ્રસ્થાન થાય છે શ્રી નંદશંકર મહેતાની 'કરણઘેલો' નવલકથાથી. ગુજરાતની આ પહેલી નવલકથા છે. મધ્યકાલીન સાહિત્યમાં શામળે વાર્તારસ પાયો હતો પણ તે પદ્ય દ્વારા. એ વાર્તા દ્વારા ઉપદેશ પણ પાઈ દેવાની તીવ્ર ઈચ્છા હતી. આ વાર્તા ગદ્યમાં હતી અને તે પણ એવા ઉપદેશના બંધન વગરની. સળંગ એક લાંબી વાર્તાનું સ્વરૂપ ગુજરાતને જોવા મળે છે. એ વાર્તામાં ઘણી કચાશો છે અને અંગ્રેજી સાહિત્યમાંથી ઊતારા કરેલા પણ માલૂમ પડ્યા છે. પણ નવલકથાને એના સાચા સ્વરૂપમાં ગુજરાતે નિહાળી ગોવર્ધનરામ કૃત 'સરસ્વતીચંદ્ર'માં.

'સરસ્વતીચંદ્ર ભા. ૧થી ૪' એ ગુજરાતની પહેલી સાચી નવલકથા છે એ ગુજરાતનું મહાકાવ્ય છે. 'જિજ્ઞાસારસને દ્રવતો કરી મિષ્ટ વાર્તા ભેગો ઉપદેશ પાઈ દેવો' એ એના સર્જકનો ધ્યેય છે. 'સરસ્વતીચંદ્ર' ભારતીય સંસ્કૃતિનો નિષ્કર્ષ છે. એમાં પૂર્વ અને પશ્ચિમની સંસ્કૃતિનો સમન્વય છે અને એટલે એ કથા 'પુરાણ'ની સંજ્ઞા પ્રાપ્ત કરે છે.

'સરસ્વતીચંદ્ર'માં નવલકથાનું સ્વરૂપ યોગ્ય રીતે જળવાયું નથી. ચાર ભાગમાં વહેંચાયેલી આ કથા જગત્ કાદંબરીમાં સ્થાન ભોગવે તેવી, 'યુદ્ધ અને શાંતિ' નવલકથાની હરોળમાં બેસી શકે તેવી મહા નવલ છે.

પંડિત યુગમાં ગોવર્ધનરામે ગુજરાતી લેખકોનું ધ્યાન 'સરસ્વતીચંદ્ર'થી ખેંચ્યુ અને નવલકથા પ્રવાહ શરૂ થાય છે. પણ ગોવર્ધનરામની તેજસ્વી કલમે લખાયેલ આ કથા પછી પંડિત યુગમાં બીજી નવલકથા મળતી નથી. એ તો ઠેઠ પછી મળે છે ગાંધી–યુગમાં.

પંડિત યુગમાં વિદ્વાન કવિઓ અને લેખકો છે. એમની દૃષ્ટિ સંસ્કૃત અને અંગ્રેજી સાહિત્યથી પરિપુષ્ટ થયેલી છે. એટલે કવિતામાં અને ગદ્યમાં સંસ્કૃતનું ભારેખમપણું દેખાઈ આવે છે. છંદોબધ્ધ કવિતાનું સર્જન થાય છે. એમાં પ્રકૃતિ, પ્રણય, તત્ત્વજ્ઞાનને સ્થાન મળે છે. વેદાંતી કવિ મણિલાલ પાસેથી તત્ત્વજ્ઞાની કવિતા મળે છે. પણ એમની પાસેથી પદ્ય કરતાં ગદ્ય વિશેષ સત્ત્વશાળી મળે છે. એમણે પશ્ચિમના સાહિત્યનો અભ્યાસ કરી, પશ્ચિમમાં લખાતાં કરુણાંત નાટકો–ટ્રેજેડીનો પહેલો પ્રયત્ન કરી એક ટ્રેજડી નાટક–'કાન્તા' આપ્યું. 'કાન્તા' કરુણાંત નાટક લખવાના પહેલા પ્રયત્નરૂપ કહી શકાય એવું તદ્દન નિષ્ફળ નાટક છે. એ નાટકના સર્જનમાં લેખકને જરાય સફળતા મળી નથી. એમને સફળતા મળી છે નિબંધોમાં. 'બાળવિલાસ' અને 'સુદર્શન ગદ્યાવલિ' ઉત્તમ નિબંધોનો સંગ્રહ છે.

'આ વાદ્યને કરુણગાન વિશેષભાવે' કહેનારા ગુજરાતના એક ઊર્મિકવિ તે નરસિંહરાવ દીવેટિયા. પશ્ચિમમાં લખાતાં ટૂંકાં ઊર્મિકાવ્યોને મળતાં કાવ્યો 'કુસુમમાળા'માં દેખાય છે. પાલ્ગ્રેવની 'ગોલ્ડન ટ્રેઝરી'ના અનુકરણમાં 'કુસુમમાળા'નાં કાવ્યો જોઈ શકાય. એમણે કુસુમમાળા, હૃદયવીણા, નૂપુરઝંકાર કાવ્યસંગ્રહો આપ્યાં. આ કાવ્યોમાં પ્રકૃતિ અને પ્રણયનું ગાન વિશેષ છે. એમને ચિરંજીવ કીર્તિ અપાવે એવો કાવ્યસંગ્રહ છે—'સ્મરણ સંહિતા'. સદ્‌ગત પુત્રને અંજલિ આપતું આ કાવ્ય—'મંગલ મંદિર ખોલો' ચિરંજીવ કાવ્ય છે.

'રાઇનો પર્વત' નાટક દ્વારા જેમને અક્ષયકીર્તિ મળી છે એવા રમણભાઈ નીલકંઠ સમાજસુધારક અને સાહિત્યકાર છે. એમણે આ નાટક દ્વારા સમાજમાં રહેલી દાંભિકતા, અંધશ્રદ્ધા, અજ્ઞાન વગેરેને દૂર કરવાનો પ્રયત્ન કર્યો છે.

જે સાહિત્યકારો સાહિત્ય દ્વાર સમાજસુધારણા કરવા માગે છે તેઓ સાચા સાહિત્યકાર નથી. એઓ સાહિત્યને એક સાધન તરીકે જ ગણતા હોય એવું લાગ્યા વગર રહેતું નથી. રમણભાઇએ ગુજરાતને પહેલવહેલું હાસ્યરસનું સાહિત્ય આપ્યું. 'ભદ્રંભદ્ર' અને 'હાસ્યમંદિર' દ્વારા એમણે ગુજરાતની જનતાને હસાવી છે પણ એ હાસ્ય પાછળ જે કટાક્ષ છે એ ઘણો વેધક છે.

થોડું સાહિત્ય સર્જન કરી ઝાઝી કીર્તિ રળી હોય એવા સાહિત્યકારો બહુ ઓછા. એમાં જેનું નામ સદાય યાદ રહે તે કવિ કાન્ત. કવિ કાન્તે એક 'પૂર્વાલાપ' કાવ્યસંગ્રહ આપ્યો છે. પણ આ કાવ્યસંગ્રહમાં ફક્ત પાંચેક કાવ્યો જ એવાં છે કે જે વડે કવિને ચિરંજીવ કીર્તિ મળી છે. 'વસંત વિજય', 'ચક્રવાક મિથુન', 'દેવયાની', 'સાગર અને શશી' અને 'ઉપહાર'.

કવિતા બે પ્રકારની: આત્મલક્ષી અને પરલક્ષી. કવિ કાન્તે ગુજરાતી સાહિત્યને પરલક્ષી પ્રકારની કવિતા આપી. ખંડકાવ્ય એ એમનું એક વિશિષ્ટ અર્પણ છે. કવિ આ કાવ્યો દ્વારા આપણને એક એવી તો ભાવસપાટીએ લઈ જાય છે કે જ્યાં આપણે અંગતતા ભૂલી જઈ શુદ્ધ કવિતા આસ્વાદીએ છીએ. ખંડકાવ્યમાં કવિને એક સરખી સફળતા નથી મળી. છતાં એમાં નાવીન્ય ઘણું બધું છે.

તે સૌરાષ્ટ્રના લાઠી–ચાવંડ ગામના બે કવિ મિત્રો કાન્ત અને કલાપી અવિસ્મરણીય જ ગણાય. લાઠીના વતની કલાપીએ સુમધુર ઊર્મિગીતો આપ્યા. ફારસીરંગી ગઝલો એ એમનું વિશિષ્ટ અર્પણ કહેવાય. એક રાજવીમાં છૂપાયેલો કવિ જગતે નિહાળ્યો. કલાપી તો યુવાનોનો માનીતો કવિ છે. એની કવિતામાં પ્રણયની વેદનાના સૂરો રેલાયા છે. જગતનું મીઠું દુઃખ, જીવ અને જગતની તડપન એની કવિતામાં વ્યક્ત થાય છે. 'આપની યાદી' અમર કાવ્ય બન્યું છે: જેમાં કવિનો સ્થૂળમાંથી સૂક્ષ્મમાં થતો વિકાસ દેખાય છે:

'જ્યાં જ્યાં નઝર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની' એમાં તો 'અખિલ બ્રહ્માંડમાં' કવિ સર્વત્ર બ્રહ્મની મૂર્તિનાં દર્શન કરે એ પ્રકારનો ભક્તિભાવ નીતરે છે. કલાપીની કવિતામાં અંગત જીવનનું દુઃખ વિશેષ રેડાયું ને તેને કારણે તેમાં ઊર્મિશૈથિલ્ય પ્રવેશ્યું.

'ઊગ્યો પ્રફુલ્લ અમી વર્ષણ ચંદ્રરાજ' કહી કાન્તે જેની પ્રશસ્તિ કરી હતી એવા કવિ ન્હાનાલાલની કવિતામાં શબ્દ અને સંગીતનો સુંદર સમન્વય થયો છે. છાંદસ અને અછાંદસ કવિતા દ્વારા એમણે સારી સંખ્યામાં કાવ્યો આપ્યાં છે. નાના ગીત કાવ્યથી માંડીને મહાકાવ્ય સુધીના પ્રયોગોનું ખેડાણ એમના હાથે થયું છે. નાનાલાલની કવિતા સંયમપૂર્વકની રંગલક્ષી રહી છે. તેમની કવિતામાં મધ્યકાલીન અવિર્ભાવ પણ દેખાય છે:

'વિરાટનો હિંડોળો', 'બ્રહ્મ બીજ બ્રહ્મવીંઝણો', 'ગોરસ લેઇ લેઇ પીજો' વગેરેમાં જૂનાં પ્રતીકો દેખાય છે. એમનાં 'પ્રેમભક્તિ' ઉપનામ પ્રમાણે પ્રણય, ભક્તિ, પ્રકૃતિને કવિતા વિષય બનાવ્યો છે. કેટલાંક કાવ્યો, ચિત્રદર્શનો અને ન્હાના ન્હાના રાસમાં, સુંદર છાંદસ–અછાંદસ અને રાસ કાવ્યો છે. ડોલનશૈલીમાં રચાયેલાં કાવ્યોનું માધુર્ય પણ જબરું છે. તો 'હરિસંહિતા' મહાકાવ્ય ગુજરાતનું હિમશિખર ગણાય.

નાનાલાલની પ્રતિભા એક સાચા ઊર્મિકવિની છે. ડોલનશૈલીમાં લખાયેલાં જયન્તજયંત, ઈંદુકુમાર વગેરે નાટકો દ્વારા સ્નેહ–લગ્નની મીમાંસા ચિરંજીવ બની છે. એમની કવિતામાં ભારતવર્ષનો ઊંચો જીવનઆદર્શ વ્યકત થાય છે. એમના પછી ગુજરાતે આવો મોટો પ્રતિભાશાળી કવિ નથી જોયો. તો જેમને ગુજરાતી કવિતા 'પોચટ આંસુ સારતી' લાગતી હતી હતા એવા બ. ક. ઠાકોરે કવિતામાં વિચારપ્રધાન કવિતાની હિમાયત કરી અને 'ભણકાર' સંગ્રહ દ્વારા પશ્ચિમની કવિતામાં લખાતાં સોનેટો આવ્યાં. બ. ક. ઠાકોરની સોનેટમાળા ચિરંજીવ સ્થાન ભોગવશે. કવિતામાં કરેલી ભાંગતોડ

અને છૂટછારો આજે વિશાળ પથ બની છે. એમણે ચિંતનાત્મક ઊર્મિકાવ્યની સ્થાપના કરી અને કડક વિવેચના દ્વારા વિવેચનને સાચો આદર્શ બતાવ્યો.

આમ, પંડિત યુગમાં નાનામોટા અનેક કવિઓ વડે ગુજરાતી સાહિત્ય ઠીક ઠીક સમૃદ્ધ થાય છે. એમાં ગુજરાતના સાચા 'ગુજરાતી' 'અમારી ગુણવંતી ગુજરાત' ગાનાર કવિ ખબરદાર ગુજરાતના પહેલા રાષ્ટ્રશાયર છે. દેશાભિમાનને લગતાં કાવ્યો મેઘાણી પહેલાં એમણે આપ્યાં છે.

ત્યાં વીસમી સદીમાં સમગ્ર ભારતમાં એક ઝુંબેશ શરૂ થાય છે અને તે સત્યાગ્રહની. એના સાચા સેનાની બને છે ગાંધીજી. ગાંધીજીનું આગમન જીવનમાં અને સાહિત્યમાં ઘણું જ પારસસ્પર્શ સમું નીવડે છે. સામાજિક અને રાજકીય ક્ષેત્રે એમણે વ્યક્ત કરેલા વિચારોની સાહિત્ય પર જબરી અસર થાય છે. સામાન્ય કોશિયો સમજી શકે તેવી સીધી, સરલ વાણી દ્વારા એમણે ઊંચામાં ઊંચુ સાહિત્ય આપ્યું હતું. કિશોરલાલ મશરૂવાળા, કાકાસાહેબ કાલેલકર, મહાદેવભાઈ વગેરેએ સાહિત્યને ખેડયું.

ગાંધીજીની આત્મકથા, અને કાકાસાહેબના નિબંધો તો અમૂલ્ય વારસો છે. કાકાસાહેબ ગદ્યકવિ છે. પ્રકૃતિને એમણે જેટલી નિરખી છે ને એનું સૌન્દર્ય જેટલું માણ્યું છે તેટલું બીજા કોઈ કવિએ માણ્યું નથી. જીવનનો આનંદ, હિમાલયનો પ્રવાસ આપણું મોંઘેરું ધન છે.

અત્યાર સુધી જેનો પ્રવાહ બંધિયાર લાગતો હતો તે નવલકથાનો પ્રવાહ ગાંધી–યુગમાં શરૂ થાય છે. ક. મા. મુનશી અને ર. વ. દેસાઈ તરફથી સત્ત્વશીલ નવલકથાઓ મળે છે. ઇતિહાસમાંથી પ્રસંગ અને ફ્રેન્ચ વાર્તાકાર ડુમામાંથી વાતાવરણ અને પાત્રો સીધે સીધાં ઉપાડી લઈ મુનશીએ "પાટણની પ્રભુતા", 'ગુજરાતનો નાથ" અને "રાજાધિરાજ" જેવી ઐતિહાસિક નવલો આપી. દૃષ્ટિભંજક મુનશીએ પૌરાણિક નાટકો પણ આપ્યાં. નીતિને કળાની વિષકન્યા ગણનાર મુનશીની કલમ ઘણી તેજસ્વી છે. આકર્ષક શૈલી અને ચોટદાર સંવાદો દ્વારા એમણે ધાર્યું કામ કર્યું છે. અને યુગમૂર્તિ વાર્તાકારનું બિરુદ પ્રાપ્ત કરનાર રમણલાલ દેસાઈની "ગ્રામલક્ષ્મી", "દિવ્યચક્ષુ" નવલકથાઓમાં ગાંધી–યુગનાં લક્ષણો મૂર્ત થયેલાં જોઈએ છીએ. એમનામાં રહેલો ચિંતક અને સમાજસુધારક એમને સાચા સાહિત્યકાર થતાં રોકે છે. એમની વાર્તાઓમાં આદર્શ મોરો પણ Form (ઘડતર) નબળું.

આમ, મુનશીએ ગુજરાતની અસ્મિતાને કેન્દ્રસ્થાને રાખી તો રમણલાલે ભારતની આઝાદી અને વાસ્તવલક્ષિતાને કેન્દ્રસ્થાને રાખી. આ બે નવલકથાકારોથી શરૂ થયેલ આ વાર્તાસાહિત્યમાં ટૂંકી વાર્તા મળે છે ધૂમકેતુ અને દ્વિરેફ પાસેથી.

'ધૂમકેતુ' પાસેથી તણખામંડળ ભાગ ૧થી ૪ ટૂંકી વાર્તાના સંગ્રહો મળે છે. એમની ઊર્મિશીલ વાર્તાઓ હૃદયસ્પર્શી બની છે. 'પોષ્ટ ઓફિસ' એક અમર વાર્તા છે. તો બુદ્ધિલક્ષી વાત કહેનાર દ્વિરેફની વાતો પણ ગણનાપાત્ર ઉમેરો છે.

રા. વિ. પાઠક કવિ, વિવેચક અને વાર્તાકાર. એમની પાસેથી સાચા વિવેચનનો આદર્શ ગુજરાતને જોવા મળ્યો છે. તો 'છેલ્લો કટોરો ઝેરનો આ પી જજો, બાપૂ!' કહેનાર અને રાષ્ટ્રીય શાયરનું બિરુદ પ્રાપ્ત કરનાર ઝવેરચંદ મેઘાણીએ ગાંધી યુગની વંદના વિવેકસભર કરી છે. શૌર્ય અને સમર્પણની ભાવના એમના જેવી કવિ ખબરદારે ગાઈ છે. ગાંધીજીના આદર્શોની અસર ઝીલનારા બે પ્રમુખ-કવિઓઃ સુંદરમ્ – ઉમાશંકર. સુંદરમે 'કાવ્યમંગલા', 'વસુધા' અને 'યાત્રા' દ્વારા વાસ્તવલક્ષી કાવ્યો આપ્યાં. એમની કવિતામાં સત્ય અને સૌન્દર્યનું અજબ મિશ્રણ છે. અરવિંદની અસર છે. અને તત્ત્વજ્ઞાનીની કવિતા છે. ઉમાશંકર જોષીએ ગંગોત્રી નિશીથ દ્વારા સાચી સૌન્દર્યસભર કવિતા આપી. એમનો છેલ્લો કાવ્યસંગ્રહ 'અભિજ્ઞા' જોતાં લાગે છે : 'પ્રતિભાનાં વળતાં પૂર'. કવિએ પહેલાં તો સૌન્દર્યનું પાન ખૂબ કર્યું હતું તેથી હૃદય–સંવેદન જગતાં સાચા અને તાજા શબ્દો મળ્યા હતા. કવિ કહે છે :

પુષ્પો મારી કવિતાના તાજા–ગ–તાજા શબ્દો.

'પ્રાચીના' અને 'મહાપ્રસ્થાન' દ્વારા પદ્યનાટકનો કરેલો પ્રયોગ સ્તુત્ય છે. કવિતા, નાટક વિવેચનનાં ક્ષેત્રે તેમનું કાર્ય ઉત્તમ જણાય છે. અંગ્રેજ કવિ એલિયટની અસર એમના 'મહાપ્રસ્થાન' પદ્યનાટક પર જણાય છે અને તેથી એમ પણ લાગે છે કે ગુજરાતના કવિઓ ભવિષ્યમાં આ પદ્યનાટકનો પ્રકાર ખીલવશે.

સને ૧૯૩૦ના પ્રતિભાસંપન્ન કવિઓ તે—સ્નેહરશ્મિ, જેમણે 'પનઘટ'માં પ્રણય, પ્રકૃતિ અને સ્વદેશાભિમાનને લગતાં કાવ્યો આપ્યાં છે. છેલ્લે એમણે 'હાઈકુ' કાવ્યનું સ્વરૂપ આપ્યું જે બહુ આશાસ્પદ નથી બીજા પ્રજારામ, 'પદ્મા' દ્વારા એમણે અરવિંદ અસરની કવિતા આપી. મનસુખલાલની કવિતા પ્રાસાદિક છે પણ 'ફૂલદોલ' અને 'આરાધના'ની કવિતા બહુ ચિરંજીવ નથી લાગતી. કવિતા કરતાં નાટકના ક્ષેત્રે વધુ સત્ત્વશાળી કાર્ય કર્યું ચન્દ્રવદન મહેતાએ. 'આગગાડી' એક અસફળ કરુણાંત નાટક છે. એમનાં કાવ્યો ઠીક ઠીક નોંધપાત્ર છે. 'અનામી' રણજિત પટેલ એક સંવેદનશીલ કવિ છે. પ્રકૃતિ, પ્રણય અને તત્ત્વજ્ઞાનનો સમન્વય તેમની કવિતામાં છે.

૧૯૩૦ના સર્જકોમાં જાનપદી નવલકથાના સર્જકો–પેટલીકર અને પન્નાલાલ. 'જનમટીપ'થી મળી ગયેલી આબરૂ ઉપર શ્રી પેટલીકર આગળ વધ્યે જાય છે. 'લોહીની સગાઈ' વાર્તાએ એમને કલાકાર તરીકે છતા કર્યા અને ધીમે ધીમે એ મૂડી ઓછી પણ થતી ચાલી. પન્નાલાલની 'માનવીની ભવાઈ' ઉત્તમ સર્જન છે. તે પછી એમણે ઢગલાબંધ કૃતિઓ રચી છે પણ એ તો એક ઉત્તમ રહી છે.

'ઝેર તો પીધાં છે જાણી જાણી' દ્વારા દર્શકે ગોવર્ધનરામનો આદર્શ વ્યક્ત કરવાનો પ્રયત્ન કર્યો છે. ચુનીલાલ મડિયાએ 'લીલુડી ધરતી' અને 'વેળા વેળાની છાંયડી' દ્વારા સુંદર નવલકથાઓ આપી.

૧૯૪૦ પછીના કવિઓમાં નિરંજન ભગત, રાજેન્દ્ર શાહ, બાલમુકુંદ દવે, ઉશનસ અને જયંત પાઠક ધ્યાનપાત્ર કવિઓ છે. નિરંજન ભગતે 'છંદોલય'માં નગરસંસ્કૃતિની કવિતા આપી. એના પર કવિ બોદલેરની પૂરી અસર વરતાય છે. રાજેન્દ્ર શાહની સૌન્દર્યાભિમુખ બનેલી કવિતા પ્રહલાદ પારેખ પછી ગણનાપાત્ર ઉમેરો છે.

છેલ્લા દાયકાનું ગુજરાતી સાહિત્ય અવલોકતાં લાગે છે કે રાજકીય, સામાજિક ક્ષેત્રે ઘણું પરિવર્તન આવ્યું છે. એણે સાહિત્યકારના મનને બદલી નાખ્યું છે. પશ્ચિમના સાહિત્યની પ્રબળ અસર વરતાય છે. અને હિંસ્ર પશુ જેવો આ માનવી અસભ્ય અને સંસ્કારહીન બન્યો છે એની કવિવેદના છે.

આજની કવિતા અછાંદસ વિશેષ બની છે. આ ગદ્યકવિતા પર અસ્તિત્વવાદની પ્રબળ અસર છે. સુરેશ જોષી પ્રિયકાંત મણિયાર, હસમુખ પાઠક, આદિલ મન્સુરી આ પ્રકારની કવિતાનું સર્જન કરે છે. નવીનતા ખાતર નવીનતા આણે છે. પ્રતીકો ખુદ કવિઓ પણ સમજી ન શકે તે રીતે પ્રયોજે છે એ એમની નવીનતા છે. નાટકના ક્ષેત્રે શિવકુમાર જોષી જયંતિ દલાલનાં નામ ધ્યાન ખેંચે તેવાં છે. હજુ એમણે 'એબસર્ડ' નાટકથી અંતર રાખ્યું છે એ સારું કર્યું છે. ટૂંકી વાર્તા અને નવલકથાના ક્ષેત્રે અવનવા પ્રયોગો થાય છે. આ પ્રયોગો જોતાં એમ લાગે છે કે ગુજરાતી સાહિત્યનું ભાવિ ખરેખર આશાસ્પદ છે. સાહિત્યમાં પ્રયોગો તો થવા જ જોઇએ. આ પ્રયોગો–ભાંગફોડ પ્રવૃત્તિ અંતે તો કોઈ અપૂર્વ ઘાટ આપશે એવી કવિશ્રદ્ધા છે! પણ Form અને Matter વચ્ચે ચાલતો તીવ્ર ઝગડો ક્યાંક સાહિત્યનો છેદ ન ઉડાડી નાખે (કારણ કે જીવનમૂલ્યોનો છેદ તો ઉડી જ ગયો છે) એ આ પ્રયોગવીરોએ જોવું જ રહ્યું.





# ગુજરાતી સાહિત્યમાં જૈન ભક્તિ કાવ્યો

—શ્રીયુત પન્નાલાલ ર. શાહ

ઉર્મિ અને વિચારની પ્રધાનતાને અનુલક્ષીને કાવ્યના બે પ્રકાર પાડવામાં આવ્યા. ઉર્મિપ્રધાન અને બુદ્ધિપ્રધાન. તત્ત્વજ્ઞાન જેવા ગહન વિષય માટે કાવ્યનો પ્રકાર ચિંતનપ્રધાન ગણાય. પરંતુ એથી વાચક કાવ્યનો રસાસ્વાદ ન કરી શકે એ હકીકતને લક્ષમાં લઇ, આપણા પ્રાચીન કવિઓએ તત્ત્વને લગતી બાબતો ઊર્મિકાવ્યો દ્વારા પીરસી છે કારણ, ઉર્મિપ્રધાન કાવ્યો હૃદયંગમ હોય છે. પોતાની અનુભૂતિ માત્ર પ્રગટ કરે એટલે કવિ સફળ થતો નથી; પરંતુ તેની સફળતાનો આધાર એની અનુભૂતિ વાચકમાં કેટલે અંશે પ્રગટે છે એના ઉપર રહેલો છે. શ્રી રામપ્રસાદ બક્ષી કહે છે તેમ, "કવિ પોતાની અનુભૂતિને માત્ર વ્યક્ત કરતો નથી, વાચકના હૃદયમાં એવી જ અનુભૂતિ જગાડવાનો એનો પ્રયત્ન હોય છે. વાચકમાં સમભાવ જગાડે એ જ એની કવિશક્તિની અને કલાની સફળતા છે."[1]

મહાકવિઓથી માંડીને સામાન્ય કવિઓનાં કવન માટે બે વિષયો સનાતન છે: એક તો ઈશ્વર અને બીજું, સમસ્ત સૃષ્ટિપ્રત્યેનો સ્નેહ. જગતમાં કોઈ પણ કવિ એવો નહિ હોય જેણે આ બન્ને વિષયો પર પોતાની કલમ અજમાવી નહિ હોય. આ સનાતન વિષયો ઉપર આટલું રચાયા છતાં, દરેકની અનુભૂતિમાં કાંઈક નવીન તત્ત્વ, કાંઇક રસાસ્વાદ કરવા જેવું આપણને મળી રહે છે. ઈશ્વરભક્તિનાં કાવ્યોમાં પણ સૂફીવાદીઓ 'પ્રિયા' તરીકેની કલ્પના સ્વાભાવિક થઈ પડી. ભક્તિરસનો પ્રવાહ ભારતભરમાં અવિરત વહ્યો છે, જેમાં મીરાંબાઇ, નરસિંહ મહેતા, કબીર વગેરે મુખ્ય છે.

જૈનોનાં ભક્તિકાવ્યો અને અન્ય દર્શનોનાં ભક્તિકાવ્યોમાં મૂળભૂત ફરક છે. એનું કારણ જૈન દર્શનની ઈશ્વર પ્રત્યેની દૃષ્ટિ છે. જૈનદર્શનને ઈશ્વરને ઇહલૌકિક વસ્તુથી પર, રાગદ્વેષાદિ બંધનોથી રહિત, પુણ્ય કે પાપ–સોનાની કે લોખંડની બેડીથી મુક્ત કલ્પે છે, છતાં એ સામાન્ય માનવમાંથી પ્રગટતું સંપૂર્ણ દેવત્વ છે. જ્યારે અન્ય દર્શનોમાં ઈશ્વર જગતકર્તા માનવામાં આવ્યો છે, તેમ જ આ બધી પ્રકૃતિની લીલા એમની હોય, ઈશ્વરલીલાનાં કાવ્યો રચાયાં છે. વૈષ્ણવ સંપ્રદાય અને સૂફીમતમાં આ ભક્તિરસ, શૃંગારરસ મિશ્રિત પણ બન્યો છે. જૈનો ઈશ્વરને સ્વામી તરીકે સ્વીકારે છે, પરંતુ સાંસારિક દૃષ્ટિથી નહિ, હૃદયની સાચી ઉર્મિથી, આદર્શની ઉચ્ચ ભૂમિકા સાથે. મીરાંબાઇ વગેરેનાં ભજનોમાં આવી ભૂમિકા છે ખરી. એટલે એવા કવિઓની કૃતિઓ જૈન કવિઓની કૃતિ સાથે સરખાવીશું તો વધુ રસદાયક નીવડશે. સૌ પ્રથમ આપણે આનંદઘનજીના પ્રીતમ જોઇએ.

ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો, ઔર ન ચાહુ રે કંત,
રિઝયો સાહિબ સંગ ન પરિહરે, ભાંગે સાદિ અનંત.
ઋષભ જિનેશ્વર પ્રીતમ માહરો.
—આનંદઘનજી ચોવીશી

સરખાવો—
મેરે તો ગિરિધર ગોપાલ, દૂસરા ન કોઇ રે પ્રભુ.
—મીરાંબાઇ

જૈન કવિઓની ખૂબી એ છે કે ભક્તિકાવ્યોમાં પ્રિય તરીકેના સંબોધનમાં ઈશ્વર વાચ્યાર્થ નથી હોતો. ખાસ કરીને ચિદાનંદજીના પદોમાં આવતાં સંબોધનો વિચારવા જેવાં છે. આપણો આત્મા રાગ-દ્વેષાદિથી ઘેરાયેલો છે, એટલે કુમતિના બાહુપાશમાં જકડાયેલો છે. કુમતિને સુમતિની શોક્ય ગણી ચિદાનંદજીએ પોતાની કાવ્યસરિતા વહાવી છે. જુઓ, સુમતિ પોતાના સ્વામીને કેવી વિનતિ કરે છે:

પિયા! પરઘર મત જાવો રે, કરુણા કરી મહારાજ,
કુમ મરજાદા લોપ કે રે, જે જન પરઘર જાય.
—ચિદાનંદજીના પદો : પદ પહેલું.

પણ પ્રલોભન વસ્તુ એવી છે કે એમાં પડ્યા પછી હાથ ઘસવાના હોય એ જાણવા છતાં પણ સુમતિના પિયા–આપણે–પરઘર જઇએ છીએ, કુમતિનો સંગ કરીએ છીએ. પણ ધીરજ અને ક્ષમા-શીલતાની મૂર્તિ, આર્યસન્નારી કંઇ પોતાની સજ્જનતા છોડે ખરી કે? પરગૃહે જવા છતાં પણ હજુ કાંઇ થયું ન હોય એમ સુમતિ યાચના કરે છે:

પિયા! નિજ મહેલ પધારો રે, કરી કરુણા મહારાજ,
તુમ બિન સુંદર સાહિબા રે, મો મન અતિ દુઃખ થાય.
—ચિદાનંદજીના પદો : પદ બીજું

અને જ્યારે આત્મા સ્વગૃહે પધારે છે, ત્યારે સુમતિ કેવો આહ્લાદ અનુભવે છે તે જુઓ:

આજ સખી મેરે વાલમાં નિજ મંદિર આયે,
અતિ આનંદ હૈયે ધરી, હસી કંઠ લગાયે.
—ચિદાનંદજીના પદો : પદ બારમું.

તો આથી તદ્દન વિરુદ્ધ વિરહિણીની દશા, ઈશ્વરથી અળગાપણું બતાવતાં તેઓ કહે છે:

ઋષભ જિણંદ શું પ્રીતડી
કિમ કિજે હો ચતુર વિચાર,
પ્રભુજી જઈ અળગા વસ્યા
તિહાં કિણે નવિ હો કોઈ વચન ઉચ્ચાર,
ઋષભ જિણંદ શું પ્રીતડી.

ઈશ્વર સાથે પ્રીતડી બાંધવી છે. પણ કેમ બંધાય? કારણ,—

કાગળ પણ પહોંચે નહિ
નવિ પહોંચે હો તિહાં કો પરધાન,
જે પહોંચે તે તુમ સમો

1. જુઓ: વાઙ્મય વિમર્શ. પૃ. ૪૦

નવિ ભાંખે હવે હો કોઈનું વ્યવધાન,
ઋષભ જિણંદ શું પ્રીતડી.

પરંતુ જે પ્રેમાનુભવ કરે છે તેનું શું? એ માટે શ્રી મોહનવિજયજીની પંક્તિઓ જુઓ :

પ્રીતલડી બંધાણી રે, અજિત જિણંદ શું......

આનંદઘનજી, વીરવિજયજી તેમ જ મહોપાધ્યાય યશોવિજયજી સામાજિક વાતાવરણ, ધર્મની બાબતો, તત્ત્વની નિરર્થક ચર્ચા અને સાંસારિક પાપમય જીવન એ બધું છોડી ઇશ્વરને નિહાળે છે, સ્વગૃહે આવે છે ત્યારે કેવા હૃદયંગમ ઉદ્ગારો નીકળે છે!

દુઃખ દોહગ દૂરે ટળ્યાં રે, સુખ સંપદ શું રે ભેટ,
ધિંગ ધણી માથે કિયો રે, કુણ નર ગંજે ખેટ,
વિમલજિન! દીઠાં લોયણ આજ.

—આનંદઘનજી

એ જ રીતે મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ પોતાની આગવી કાવ્યશક્તિ દ્વારા ભૂખ્યાને ભોજન નહિ, પરંતુ ઘેવર જેવાં પકવાન મળે અને જે આનંદ થાય એવો જ આનંદ ભગવાનનાં દર્શનથી ભક્તને થાય છે એ વાતનું યથાર્થ નિરૂપણ કરે છે :

ભૂખ્યા હો પ્રભુ, ભૂખ્યા મળ્યા ઘૃતપૂર
તરસ્યા હો પ્રભુ, તરસ્યા દિવ્ય ઉદક મિલ્યાંજી...દીઠી હો પ્રભુ.

જ્યારે સાધક નિજ પિયાની (સુમતિની) વિનતિ અવગણે છે, અને આખરે પસ્તાય છે ત્યારે—

વિરથા જન્મ ગુમાયો
રે મુરખ! વિરથા જન્મ ગુમાયો.

—એમ ચિદાનંદજી કહે છે.

આપણી રોજની રામકહાણી કોઈને આજે તાત્કાલિક સમજાય છે તો સુમતિને મિલાપનો આનંદ અર્પી શકે છે અને પોતે પણ નિજાનંદ માણી શકે છે. જેને પાછળથી સમજાય છે એને પશ્ચાત્તાપરૂપી ઝરણમાં સ્નાન કરવાનું સદ્ભાગ્ય સાંપડે છે અને તે પવિત્ર થવાનો યોગ પ્રાપ્ત કરે છે, ત્યારે ગત જીવનનાં સંસ્મરણો દિવાસ્વપ્નો જેવા લાગતાં આત્મા પુકારે છે :

રે નર! જગ સપનેકી માયા

—ચિદાનંદજીનાં પદો : પદ સત્તરમું.

સૌથી વિશેષ કારુણ્ય તો ત્યારે પ્રગટે જ્યારે સુમતિની વિનતિ આપણે અંતરાત્માથી અવગણી રહીએ તેમ ન હોયએ અને કુમતિના સકંજામાં સપડાયેલા હોયએ, એટલું જ નહિ પરંતુ તેમાંથી છૂટવાનો અવકાશ જણાતો ન હોય, અને એવી ત્રિશંકુ જેવી દશા હોય ત્યારે!

પ્રભુ મેરો મનડો હટકયો ન માને.'

આપણું મન આપણાં કાબૂમાં નથી. એનો ઉપાય બતાવતાં ખરેખરો સાધક કોણ છે એ દર્શાવે છે ત્યારે 'मनः एव मनुष्याणाम् कारणं बन्धमोक्षयोः। સૂત્ર યાદ આવે છે.

'મન સાધ્યું તિણે સઘળું સાધ્યું
એહ વાત નહીં ખોટી.'

—આનંદઘનજી.

જૈનેતર ભક્તકવિઓએ ભક્તિરસ વહાવવા ઉપરાંત સામાજિક ટીકાઓ કરી છે અને એમાં મોખરે છે. જૈન કવિઓમાં કોઈએ સામાજિક પ્રહારો કર્યા છે કે કેમ, એવો પ્રશ્ન સ્વાભાવિક થાય. આનંદઘનજીએ સમાજ પર પ્રહાર કર્યા છે, જે તુલનાદૃષ્ટિએ અખાની જેમ આકરા નથી, પરંતુ હળવા છે. અખો અને આનંદઘનજી એવા સમયમાં થયા કે જ્યારે સમાજ અંધાધૂંધીમાં, ધર્માંધતાના ગર્તાંધકારમાં સબડતો હતો. લોકોને ભક્તિ તો સદા રુચિ છે, પરંતુ તેની ભાવનાને વિસારી પાડી એટલે માત્ર બાહ્યાચરણ રહ્યું.

જૈન દર્શનમ દરેક વિષયનું સુક્ષ્માતિસુક્ષ્મ અવલોકન થયું છે. એમાં જેટલું બુદ્ધિગ્રાહ્ય છે એટલું જ એ ઉર્મિપ્રધાન છે. સ્યાદ્વાદ મતથી સામા પક્ષની લાગણીનો વિચાર કરવાનો અવકાશ મળે છે એટલે એમના પ્રતિ ઉદ્વેગ થવાને બદલે પ્રેમ, મૈત્રી કે કારુણ્ય પ્રગટશે. જેમ જૈન તત્ત્વજ્ઞાન દરેક વિષયને ઊંડાણથી સ્પર્શે છે તેમ જૈન કવિઓએ કાવ્યમાં ઉર્મિને સુક્ષ્મદૃષ્ટિથી અવલોકી છે. આ સુક્ષ્મદૃષ્ટિમાં જૈનેતર કવિઓ અને જૈન કવિઓમાં થોડોક ફરક છે. અન્ય કવિઓએ શ્રી કૃષ્ણની લીલાનાં બયાન ઉર્મિ—સભર કર્યાં છે, એમના ગુણગાન ગાયાં છે; જ્યારે જૈન કવિઓએ ગુણગાન કરવા ઉપરાંત, અપ્રતિમ ભક્તિ છતાં, જ્યારે ઈશ્વર કૃપકારક ન થતો હોય ત્યારે મીઠો ઉપાલંભ આપતાં કાવ્યો આપ્યાં છે. અગર તો ભક્તિમાં કયાંક ન્યુનતા છે એટલે આત્મનિરીક્ષણ કર્યું છે. મીઠો ઉપાલંભ આપવામાં મોહનવિજયજી, યશોવિજયજી, ચિદાનંદ વગેરે મોખરે છે, જ્યારે આત્મનિંદાના બીજા પ્રકારમાં દેવચંદ્રજી, કુમારપાળ વિરચિત આત્મનિંદા વગેરે આગળ છે.

એટલું ખરું કે જૈન સ્તવનો, સજ્ઝાયાદિ પ્રાચીન છંદો કે અખાની માફક છપ્પામાં રચાયાં નથી એટલે હાલ લોકભોગ્ય નથી. પરંતુ એવી રીતના રાગ—રાગિણીમાં રચાયેલાં છે કે જે સામાન્ય માણસ પણ ગાઈ શકે—એની પ્રવાહિતાનો આનંદ માણી શકે. હાલ માત્ર જરૂર છે તેવા રાગોને પ્રચલિત કરવાની. આપણા સંગીતકારો પાસેથી આટલી આશા રાખવી અસ્થાને નહિ ગણાય.

આજે લોકો મનનાં મેલાં એટલે ઇશ્વરની અમીદૃષ્ટિ થાય નહિ. આ સામે કવિનું હૃદય બળવો પુકારે છે અને મીઠાશથી કહે છે:

શ્રી શુભવીર પ્રભુજી મોંઘે કાળે રે,
દીયંતા દાન રે શાબાશી ઘણી.

બાર વ્રતની પૂજા:
પં. વીરવિજયજી કૃત

તો કોઈ જગ્યાએ આપણી લાગણી આપણા વાલમના ખ્યાલ બહાર રહેતી હોય એવી આશંકા થાય ત્યારે—

ભક્તિ હૃદયમાં ધારજો રે
અંતર વૈરીને વારજો રે,
તારજો દીન દયાળા.

એવી વિનતિ પં. વીરવિજયજી કરે છે.

—ચિદાનંદજીનો નીચેનો ઉપાલંભ જુઓ. તેમાં તેઓ પોતાની આજસુધીની પરિસ્થિતિ માટે ઇશ્વરને જ જવાબદાર ઠેરવે છે—પોતાની ન્યુનતાના સ્વીકાર સાથે!

મોહ મહામદ છાકથી
હું છકિયો હો નાહીં સૂધ લગાર.
ઉચિત સહી ઇણ અવસરે
સેવકની હો કરવી સંભાળ,

પરમાતમ પૂરણ કળા.

પણ મનુષ્યની શક્તિને મર્યાદા છે. આપણાથી ઈશ્વરની સંપુર્ણ કક્ષાએ પહોંચી ન શકાય તો એનો એકાદ અંશ પણ માગી લેવાનો લોભ જતો કેમ કરાય ?

નાણ રયણ પામી એકાંતે
થઇ એ ઠાં મે વા સી,
તેહ માંહિલો એક અંશ જો આપો
તે વા તે શા બા શી,
હો પ્રભુજી ! ઓળંભડે મત ખીજો.

આવી જ ભાવનાને ઉપાલંભ સ્વરૂપે ચિદાનંદજીએ નીચેના શબ્દોમાં આલેખી છે :

જ ગ તા ર ક પદવી લ હી
તાર્યા સહી હો અપરાધી અપાર
તાત કહો મોહે તારતા
કિમ કીની હો ઇણ અવસર વાર ?
પરમાતમ પૂરણ કળા.

પં. વીરવિજયજી પણ કહે છે—

દાયક નામ ધરાવો તો સુખ આપો રે
શિવતરુની આગે રે શી બહુ માગણી ?

આત્મનિંદા માટે તો જૈનોમાં પ્રચલિત 'રત્નાકર પચ્ચીશી' જેવી જોઈએ. આખી રચના હીણપતભર્યા કર્તવ્યની નિંદા કરતી છે. એકાદ કડી તપાસીએ—

હું ક્રોધ અગ્નિથી બળ્યો વળી લોભ સર્પ ડસ્યો મને
ગળ્યો માનરૂપી અજગરે હું કેમ કરી ધ્યાવું તને ?
મન મારું માયાજાળમાં મોહન ! મહા મૂંઝાય છે,
ચડી ચાર ચોરો હાથમાં ચેતન ઘણું ચગદાય છે.

ક્રોધ, લોભ અને માનને માટે યોજેલાં અનુક્રમે અગ્નિ, સર્પ અને અજગરનાં રૂપકો તેમ જ વર્ણાનુપ્રાસ અલંકારથી રચના વધુ આકર્ષક બની છે.

જૈનોમાં મનુષ્ય મરણ–પથારીએ હોય ત્યારે ખાસ કરીને ધાર્મિક રિવાજોમાં 'પુણ્ય–પ્રકાશ'નું સ્તવન સંભળાવાય છે. આ સ્તવનમાં દુર્લભ માનવદેહની સફળતા ક્યારે થાય, આપણે શું કર્યું વગેરેની સરવાળા–બાદબાકી છે. જિંદગીના ધન્ય દિવસો કયા ? એના જવાબ માટે નીચેના ભાવવાહી સ્વરો ગુંજાવો–

ધન ધન તે દિન માહરો
જિહાં કીધો ધર્મ......

ઊર્મિ વસ્તુ જ એવી છે કે જે અનુભવ વિના સમજાતી નથી. જે લોકો ઊર્મિ વિહીન હોય છે, જેમણે પ્રેમાનુભવ કર્યો નથી હોતો, તેઓ સામી વ્યક્તિની લાગણી સમજી શકતા નથી એટલે લાગણીવેડા કરી તિરસ્કારે છે, પણ ખરી વસ્તુ તો અનુભવે જ સમજાય છે. જુઓ–

રહસ્યોનો જ્ઞાતા અનુભવથી ક્યારે થઈશ હું ?

એટલે જ્ઞાતા પણ અનુભવથી થવાની ઇચ્છા વ્યક્ત કરી.

અનંતકાળથી આ જીવડો સંસાર સાગરમાં રઝળ્યો છે છતાં 'મારુ' 'મારુ' કરતાં થાક્યો નથી. આ વાતને લગભગ બધા જ ભક્ત–કવિઓએ કાવ્યના વિષય તરીકે અપનાવી છે.

નથી જીવ તારી રે સુંદર કાયા
છોડીને ચાલ્યો વણઝારા રે હોજી.
—કબીર

મેલી દે મનથી મારું – તારું રે મનવા
પ્રભુ વિના કોઈ નથી તારું,
સ્મશાન સુધી તારાં સગાં સંબંધી વાલાં
આવીને બાળે તન પ્યારું,
રે માનવી ! પ્રભુ વિના કોઇ નથી તારું.
—પીયા ભગત

વાલાં તે વાલાં શું કરો, વાલાં વોળાવી વળશે,
વાલાં તે વનના લાકડાં તે તો સાથે જ બળશે.
એક રે દિવસ એવો આવશે...
—વૈરાગ્યની સજ્ઝાય : ઉદયરત્નકૃત

સાધકને માટે ગીતાજીમાં ત્રણ વસ્તુ પર ખાસ ભાર મૂક્યો છે : પ્રણિપાત, પરિપ્રશ્ન અને સેવા. આ યુગમાં પ્રણિપાત એટલે નમ્રતા, વિવેક ખાસ ખ્યાલમાં રાખવા યોગ્ય છે. પરિપ્રશ્ન એટલે ફરી પૂછવું, જિજ્ઞાસાવૃત્તિ એ આવશ્યક અંગ છે. જૈનોમાં ભગવાન મહાવીરના મુખ્ય ગણધર ગૌતમસ્વામી જ્ઞાતા હોવા છતાંય કોઇપણ બાબત સંશય થતાં ભગવાન મહાવીરને પ્રશ્નો પૂછતા એ રીતે નમ્રતા દાખવવી. સેવા વિનાની નમ્રતા ખુશામતમાં ખપે છે –એટલે સેવા આવશ્યક છે. આ બધા માટે માન અભિમાન છોડવાની જરૂર છે.

કથણી કથે સહુ કોઇ રહણી અતિ દુર્લભ હોઇ
શુક રામકો નામ વખાણે નવિ પરમારથ તસ જાણે
યા વિધ ભણી વેદ સુણાવે, પણ અકળ કળા નહીં પાવે.
—ચિદાનંદજીનાં પદો : પદ અડત્રીશમું.

જૈન સંસ્કૃત સાહિત્યની જેમ જૈન ગુજરાતી સાહિત્ય પણ વિશાળ છે. આ અવલોકન તો એ ચાર ખ્યાતનામ કવિઓ પૂરતું મર્યાદિત રહ્યું છે, એટલે વિશેષ જિજ્ઞાસુઓએ તો પરિશ્રમ લેવો પડશે. એક યા બીજાં કારણોથી આ સાહિત્ય અજ્ઞાત રહ્યું છે. અગર જૈન સમાજ પૂરતું મર્યાદિત રહ્યું છે તેને આપણા સાહિત્યકારો, સંશોધકો વિશેષ પ્રકાશમાં લાવશે એવી શ્રદ્ધા સાથે વિરમું છું.



# મધ્યકાલીન ગુજરાતી સાહિત્યની અમર કૃતિઓ

—શ્રી જયેન્દ્ર ત્રિવેદી

ગુજરાતી ભાષાનું સદ્‌ભાગ્ય છે કે એને બાલ્યાવસ્થામાં નરસિંહ મહેતાના ઉચ્ચ કોટીનાં પ્રભાતિયાં સાંભળવા મળ્યા. હરિરસસભર પદોની સાથે સાથે ઉત્તમ કોટીનાં આધ્યાત્મિક પદો પણ પ્રચૂર માત્રામાં નરસિંહે આપ્યાં છે. 'શામળશાનો વિવાહ', 'રાસસહસ્ત્રપદી', 'શૃંગાર માળા', 'ચાતુરીઓ', 'હિંડોળાના પદો', 'વસંતના પદો', 'કૃષ્ણ લીલાના પદો', 'સુદામાચરિત્ર' વગેરે ગ્રંથો દ્વારા એમણે પુષ્કળ પદ્ય સાહિત્ય ગુજરાતને આપ્યું છે. એ સમયના અનેક ભારતીય કવિઓની જેમ નરસિંહની રચના-ઓનો ઉત્કટ શૃંગાર રસ પણ ભક્તિપરક હોવાથી સર્વમાન્ય થઈ જાય છે અને સૌને તૃપ્ત કરે છે. 'જાગીને જોઉં તો જગત દીસે નહિ, ઊંઘમાં અટપટા ભોગ ભાસે', કે નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો તેજ હું તેજ હું શબ્દ બોલે', કે અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ જુજવે રૂપે અનંત ભાસે' જેવી તત્ત્વજ્ઞાનથી ભરેલી સંગીતમય વાણીનું ગાન તો આજે પણ ગુજરાતમાં હોંશે હોંશે થાય છે. ગાંધીજીની કૃપાથી એનું 'વૈષ્ણવજન તો તેને રે કહીએ' પદ સંસારવ્યાપી બન્યું છે. નરસિંહના પદો ગુજરાતી ભાષી પ્રજાનું આગવું ધન છે.

પદ્મનાભની રચના 'કાન્હડદે પ્રબંધ' એક વિશિષ્ટ ઐતિહાસિક વીર કાવ્ય છે. રાજપૂતોના પરાક્રમને અને સ્વદેશાભિમાનને ગૌરવ આપતું આ પ્રબંધકાવ્ય વીરની સાથે શૃંગાર, કરુણ અને અદ્‌ભુત રસની ગુંથણી પણ ધરાવે છે. ભીમસિંહનું 'ઉષાહરણ' એ વિષયના પ્રાપ્ત આખ્યાનોમાં સૌથી જૂનું છે. આખ્યાન સાહિત્યના આદિ કવિ ભાલણની કૃતિઓમાં 'દશમસ્કંધ', 'નળાખ્યાન', 'કૃષ્ણવિષ્ટિ' 'કાદંબરી', 'રામબાલ ચરિત' વગેરે મુખ્ય ગણાય. બાણની સમાસ-પ્રચુર, અલંકારપ્રધાન ભાષાને તે જમાનાની ગુજરાતીમાં ઉતારવાનો ભારે સફળ પ્રયોગ ભાલણે કર્યો છે.

મીરાંબાઈના પદો હિન્દી તેમજ ગુજરાતી ભાષાની શોભા છે. રાજસ્થાની છાંટ વાળી ગુજરાતી ભાષા દ્વારા મીરાંએ કૃષ્ણભક્તિનાં જે પદો રચ્યાં છે તે આજ પણ રસિક વાચકને સંતૃપ્ત કરે છે. ચિર વિરહિણી મીરાંએ શૃંગારના જે સુકોમળ મનોભાવોને પોતાનાં પદોમાં ગૂંથ્યાં છે તે એક નારીહૃદય જ અનુભવી અને કથી શકે. રાણાજી અને પરિવારના અન્ય સભ્યો તરફથી દાદાગીરી મીરાંની જે સતામણી થઈ છે તેના પડઘા તેમના પદોમાં વારંવાર સંભળાયા છે. ભક્તિની આ અગ્નિપરિક્ષામાંથી મીરાંને વારંવાર પસાર થવું પડ્યું છે પણ તેથી તેનાં પદો તો શુદ્ધ સુવર્ણની જેમ જ નીખરી આવ્યાં છે. સંસારના આ ઝેરના ઘૂંટડાં પચાવી જઈ મીરાંબાઈએ કવિતામાં તો અમૃતના કુંપા જ આપ્યાં છે. પ્રભુમિલન કે પ્રભુવિરહ, શૃંગાર કે વૈરાગ્ય, સગુણ કે નિર્ગુણ જે ભાવ મીરાંએ લીધો છે તે અનુભૂતિની સચ્ચાઈના રણકાને લીધે અને દર્દ, વ્યાકુળતા અને વેદનાના સ્પર્શને કારણે ઉત્તમ ઊર્મિગીતનું સ્વરૂપ પામ્યો છે. ભાવપક્ષના અદ્‌ભુત વૈભવને કારણે કલાપક્ષની ઉપેક્ષા આપણું ધ્યાન પણ ખેંચતી નથી. મીરાંબાઈનું રાજપૂતી ખમીર ડગલેને પગલે દેખાઈ આવે છે. 'મેરો કોઈ નહિ રોકન હાર' કહેનારી મીરાં પોતાનાં ગીરધર ગોપાલને જ વરવા ઉત્સુક છે અને એ પંથે જે કષ્ટ આવે તે ઝીલવાની એની તૈયારી છે—હોની હોઇ સો હોઈ રાધાકૃષ્ણ સિવાય બીજું બોલવાની મનાઈ કરનારી મીરાં ગીરધરને ઘરે ચાકર રહેવા પણ તૈયાર છે તો ગોવિંદાને ખરીદી લેવાની પણ ખુમારી ધરાવે છે. મોહનના મુખડાની માયા જેને લાગી છે તે મીરાં એના વિના જનમની જોગણ છે. એને પ્રેમની કટારી લાગી છે. પ્રેમલક્ષણા ભક્તિના આ નિર્મળ પ્રવાહમાં સ્નાન કરીને સૌ ધન્ય થઈ શકે તેમ છે. સુકુમારતા, અકૃત્રિમતા, તન્મયતા વગેરે ગુણોને કારણે મીરાંના પદો આજે પણ ઘરઘરમાં પ્રચલિત છે, એટલે જ આપણે કહી શકીએ કે 'અમને ગુજરાતીને મોટી મીરાત બાઇ, મીરાં ઘરેણું અમારે સાચું રે !'

ભાલણે શરૂ કરેલા આખ્યાન સાહિત્યમાં ગણનાપાત્ર ઉમેરો કરનાર નાકરની કૃતિઓમાંથી 'વિરાટ પર્વ' ઉલ્લેખનીય છે.

અખાની રચનાઓમાંથી એનાં છપ્પા વક્રોક્તિને કારણે, સચોટ ઉદાહરણને કારણે, નર્મ મર્મને કારણે, આજે ય તાજાં જ લાગે છે અને એટલે લોકજીભે રમે છે પણ જેને 'પ્રાકૃત ઉપનિષદ' નું બિરૂદ મળ્યું છે તે 'અનુભવ બિન્દુ' અને તેની સાથે ઊભી રહી શકે તેવી 'અખે ગીતા' પ્રૌઢ કાવ્યશક્તિને કારણે અમર રચનાઓ જ ગણાશે. જીવ અને બ્રહ્મનો સંબંધ સમજાવતી આ રચનાઓમાં તત્ત્વજ્ઞાન ઠાંસી ઠાંસીને ભરવામાં આવ્યું છે. 'તત્ત્વજ્ઞાન વિણ બીજું અખા તે રમવું જેમ કાચકાંચકાં', પણ તત્ત્વજ્ઞાનની આંગળી પકડીને કવિતા પણ ચાલી આવી છે એટલે જ આ 'ગરવા જ્ઞાનના વડલા' ની વડવાઇઓ જનસાધારણને પણ આકર્ષે છે.

મધ્યકાલનો મહાસમર્થ કવિ તો પ્રેમાનંદ જ. ગુજરાતી ભાષા જ્યાં સુધી રહેશે ત્યાં સુધી પ્રેમાનંદ લોકપ્રિય રહેવાનો. એની પચાસેક જેટલી નાનીમોટી કૃતિઓમાંથી મહત્ત્વની છે, 'અભિમન્યુ આખ્યાન', 'ઓખાહરણ', 'સુદામાચરિત્ર', 'મામેરું', 'રણયજ્ઞ' 'નળાખ્યાન', 'દશમસ્કંધ' વગેરે. કથનકૌશલ, રસજમાવટ, પાત્ર-લેખન, ભાષાભિવ્યક્તિમાં પ્રેમાનંદને કોઇ ન પહોંચે એ આ કૃતિઓને આધારે સહેલાઈથી સિદ્ધ કરી શકાય. ભાવાનુકુલ ભાષા અને પ્રસંગાનુ-કુલ નિરુપણ એ પ્રેમાનંદની મુખ્ય વિશેષતાઓ. પણ પ્રેમાનંદની એક જ કૃતિ પસંદ કરવી હોય તો 'નળાખ્યાન' ને જ વરમાળા પહેરાવવી પડે. સંસ્કૃત ગ્રંથો કે અગાઉના કવિઓની આ વિષયની

રચનાઓ કરતાં પ્રેમાનંદનું ‘ નળાખ્યાન ’ ક્યાંક ક્યાંક સ્વતંત્ર રીતે પણ ચાલે છે, મત્સ્યસંજીવનનો પ્રસંગ ઊભો કરીને પ્રેમાનંદે દમયંતીને વનમાં છોડીને ચાલ્યા જવા માટે નળને એક આછુંપાતળું કારણ આપ્યું છે. નિર્દોષ વ્યક્તિઓને આ સંસારમાં અપરંપાર દુઃખ વેઠવું પડે છે એ વિધિની વિચિત્રતા છે. નળ અને દમયંતીએ જે કષ્ટો સહન કર્યાં છે તેનું આબાદ વર્ણન પ્રેમાનંદે કર્યું છે. નળ કરતાં ય દમયંતી તરફ વાચકોની સહાનુભૂતિ વધુ ઉત્પન્ન થાય તેવું સુંદર તેનું ચરિત્રચિત્રણ છે. વિવિધ રસોની જમાવટમાં તો પ્રેમાનંદ અદ્વિતીય છે. પ્રેમાનંદના આખ્યાનોમાં જેવું ગુજરાતીપણું જોવા મળે છે તેવું એ પૂર્વે કદી જોવા મળ્યું નથી.

અને વાર્તાકળાનો જાણકાર તો શામળ જ. સંસ્કૃત વાર્તાગ્રંથોને આધારે તેણે બનાવેલી પદ્યવાર્તાઓએ લોકોને ભારે મનોરંજન પુરું પાડેલું. ‘ સિંહાસન દ્વાત્રિંશિકા ’, ‘ વેતાલપચવિંશતિ ’, ‘ શુકસપ્તતિ ’, તથા ‘ ભોજપ્રબંધ ’ જેવા ગ્રંથોનો એણે આધાર લીધો છે. એ ખરું પણ એમાં એણે પોતાની કલ્પનાને પણ મોકળા મને ખેલવા દીધી છે. ‘ સિંહાસનબત્રીશી ’ અને ‘ સુડાબહોતેરી ’ એ શામળે અર્પેલાં મોટાં વાર્તાભંડારો છે. જનમનરંજન કરવામાં એનો જોટો નથી. અદ્દભુત રસનો આ વાર્તાઓમાં પ્રચૂર પાત્રામાં પ્રયોગ થયો છે. નરનારીની ચાતુરીથી ભરેલી આ કથાઓમાં બુદ્ધિવિનોદનું તત્ત્વ પણ શામળે ઉમેર્યું છે. લોક વ્યવહારના નિરીક્ષણનો પુષ્કળ અનુભવ હોવાથી શામળના પાત્રો એકદમ જીવંત બન્યા છે.

પ્રીતમ, ધીરો, ભોજો વગેરે સંતકવિઓ પછી એકદમ ધ્યાન ખેંચે છે. રસસમ્રાટ દયારામની કૃતિઓ. નરસૈંયો જાણે ફરી અવતર્યો ! ગુણવત્તા તેમજ સંખ્યાની દૃષ્ટિએ મધ્યકાલીન કવિતામાં કાળક્રમે તે છેલ્લો હોવા છતાં ઘણું જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. ‘રસિકવલ્લભ’ અને ‘ ભક્તિ પોષણ ’ તેના મહત્ત્વના ગ્રંથો છે તે ખરું, ગુજરાતી અને વ્રજભાષામાં મળીને તેની કુડીબંધ રચનાઓ મશહૂર છે તે પણ ખરું, પરંતુ લોકહૃદયમાં અને રસિક સાહિત્યપ્રેમીઓમાં તો તેની ગરબીઓ અનોખું સ્થાન ધરાવે છે. ગરબીની તમામ વિશેષતાઓને કલાત્મક રીતે પ્રગટ કરવામાં તે અદ્વિતીય છે ’ રસરાજ શૃંગારનાં અનેકાનેક ભાવ તેની ગરબીઓમાં વ્યક્ત થયા છે. રાધા–કૃષ્ણની લીલાથી રંગાયેલી તેની ગરબીઓ કવિતાની શુદ્ધ દૃષ્ટિથી પણ ઘણા ઊંચા પ્રકારની છે. પ્રણયગાનને આટલી મસ્તીથી ગાનારો આ પહેલાં ગુજરાતે જોયો નહોતો. મધ્યકાલનો એ અંતિમ અમર ગુજરાતી કવિ હતો.



# ગુજરાતી ભાષા અને લોકબોલીનાં સ્વરૂપો

—પ્રા. વિજય શાસ્ત્રી

જેને આપણે આપણી કહીએ છીએ તે ગુજરાતી ભાષાનું અત્યારનું સ્વરૂપ માત્ર દોઢસોએક વર્ષ જેટલું જ જૂનું છે. આ ઉપરથી જ કોઇ પણ વિચક્ષણ વ્યક્તિ સમજી જશે કે ભાષાનું સ્વરૂપ એ હમેશાં પરિવર્તનશીલ છે. અને અત્યારે પણ આપણે જે ભાષાનો ઉપયોગ કરી રહ્યા છીએ તે ભાષાનું બીજાં સોએક વર્ષ પછી આનું આ સ્વરૂપ નયે રહે એ શક્ય છે. તો ગુજરાતી ભાષા તેના અત્યારના સ્વરૂપમાં પ્રગટ થતાં પહેલાં કેવાં કેવાં પરિવર્તનોમાંથી પસાર થઈ તેનું સંક્ષિપ્ત અવલોકન ખૂબ રસપ્રદ છે.

આખી દુનિયામાં અનેકાનેક ભાષાઓ છે. તેમાં અમુક તત્ત્વોમાં સામ્ય ધરાવતી ભાષાનું એક કુળ તો બીજાં અમુક તત્ત્વોમાં સામ્ય ધરાવતી ભાષાઓનું બીજું એ પ્રમાણે વિભાગો પાડવામાં આવ્યા છે. આવા વિભાગો પાડવામાં બે દૃષ્ટિકોણ રખાયા છે. (૧) જે ભાષાઓ તેમની આકૃતિમાં સમાન હોય તેવી ભાષાઓનું કુળ. દાખલા તરીકે અંગ્રેજી અને ચીનાઈ ભાષાનું સ્વરૂપ એવું છે કે એમાં શબ્દોનાં સ્થાન ઉપરથી વાક્યનો અર્થ સ્પષ્ટ થાય છે. ઉદાહરણ તરીકે ચીનાઈ ભાષામાં ta – kuok (= ત કુઓક) એટલે 'મોટું રાજ્ય' એવો અર્થ થાય પણ તે શબ્દોને ઉલટાવીને મૂકીએ kuok ta (કુઓક ત) તો તેનો અર્થ 'રાજ્ય મોટું છે' એવો થાય. તે જ પ્રમાણે અંગ્રેજીમાં Fire is burning એમાંનો Fire શબ્દ નામ છે જ્યારે તેનું સ્થાન જો બદલાય અને I Fire a piston એમ મૂકાય તો ત્યાં Fire એ ક્રિયાપદ બની જાય છે. આમ ચીનાઈ અને અંગ્રેજી ભાષાઓ સમાન આકૃતિ ધરાવે છે તેથી તેમને એક કુળમાં મૂકવામાં આવે છે. તો બીજી કેટલીક ભાષાઓ સ્વરૂપમાં, ચીનાઈ ને અંગ્રેજી ભાષાની સમાન હોતી નથી પણ એક જ મૂળમાંથી ઉદ્‌ભવેલી હોવાથી તેમને એક કુળમાં મૂકવામાં આવે છે. આ ભાષાઓ એક જ મૂળમાંથી ઉદ્‌ભવેલી હોવાથી, એક જ માતાને પેટે જન્મેલાં સંતાનોની જેમ તેમના શબ્દોમાં સમાનતા હોય છે. સંસ્કૃત, અવેસ્તન, ગ્રીક, લેટિન અને ગોથિક ભાષા એક જ મૂળમાંથી જન્મેલી હોવાથી તેમના અમુક શબ્દોમાં સામ્ય જોવા મળે છે. દા. ત. સંસ્કૃતમાંનો 'પિતા' શબ્દ, અવેસ્તનમાં Pita, ગ્રીકમાં Pater, લેટિનમાં Pater અને ગાથિકમાં Padar એમ સમાન રીતે ઉચ્ચારાય છે. જેમનું એક જ મૂળ છે એવી ભાષાઓના એક કુળને 'ઇન્ડો–યુરોપિયન ભાષા' તરીકે ઓળખવામાં આવે છે. કારણ કે તેમાં ઈરાની અને સંસ્કૃત જેવી ભાષાઓ ભેગી ગ્રીક અને લેટિન જેવી યુરોપની ભાષાઓ પણ સમાવિષ્ટ થાય છે. હવે આ ઇન્ડો યુરોપિયન–ભારતીય યુરોપિય ભાષાકુળમાં યે પાછા અનેક પેટા ભાષાકુળો છે. તેમાંનું એક ભાષાકુળ તે ભારતીય–ઇરાની ભાષાકુળ.

આર્યોનું એક જૂથ એશિયા માઇનર અને મેસોપોટેમિયા ઓળંગીને ઇરાનમાં પ્રવેશ્યું અને ઇરાનમાંથી એક મોટી ટોળી ભારતમાં આવી અને અત્યારના પંજાબ આસપાસ સપ્તસિંધુ નામે ઓળખાતા પ્રદેશમાં વસી સ્થિર થઇ. આ ઘટના ઈ. સ. પૂર્વે ૨૦૦૦ના વર્ષમાં બની હોવાનું અનુમનાય છે. ઉપર જણાવેલા ભારતીય–ઇરાની કુળ એ ભારતીય–યુરોપીય ભાષાઓનો એક પેટા વિભાગ છે. આ ભારતીય–યુરોપીય કુળની ભારતીય–ઇરાની ભાષાની પણ વળી પાછી એક ઉપશાખા ફૂટી અને તે ભાષા તે ભારતીય આર્યભાષા. આ ભારતીય આર્યભાષાનો વિકાસ થયો અને તેમાંથી ક્રમશઃ અનેક પરિવર્તન પછી આજની આપણી ગુજરાતી, બંગાળી, હિંદી વગેરે ભાષાઓનો પ્રાદુર્ભાવ થયેલો છે. ભારતીય– આર્ય ભાષામાંથી ગુજરાતી ભાષા કેવી રીતે થઇ તેની પ્રક્રિયા સંક્ષિપ્તમાં જોઇશું તો તરત સમજાશે કે ગુજરાતીમાંથી ગુજરાતની વિવિધ બોલીઓ કઇ રીતે વિકસી હશે.

ભારતીય આર્યભાષા ભારતમાં આવેલા આર્યોની ભાષા હતી. તેના ત્રણ તબક્કા પાડી શકાય

(૧) પ્રાચીન ભારતીય આર્ય,

(૨) માધ્યમિક ભારતીય આર્ય અને

(૩) અર્વાચીન આર્ય.

આમાંની પ્રાચીન ભારતીય આર્યભાષા એટલે વૈદિક અને સંસ્કૃત ભાષા, માધ્યમિક ભારતીય આર્યભાષા એટલે પાલી–પ્રાકૃત–અપભ્રંશ વગેરે ભાષાઓ અને અર્વાચીન આર્યભાષા એટલે હિન્દી, બંગાળી, ગુજરાતી વગેરે.

આ તબક્કાઓને જ જો જરા ધ્યાનપૂર્વક જોઇએ તો તેમાં પરસ્પર જનક–જન્ય ભાવ રહેલો જણાશે. સંસ્કૃતમાંથી અપભ્રંશ ભાષાઓ અને અપભ્રંશમાંથી હાલની પ્રાદેશિક ભાષાઓ જન્મી હોવાનું જણાય છે. સંસ્કૃત ભાષા જ્યારે પ્રવર્તમાન હતી ત્યારે તેમાં સાહિત્યની ભાષા અને લોકોની બોલચાલની ભાષા એવા બે જુદા ફાંટા પડવા માંડ્યા. કારણ કે જે ભાષા સાહિત્યમાં વપરાય તે તો શિષ્ટ અને આદર્શ જ હોય. તેના વડે સામાન્ય વ્યવહાર કરી શકવામાં મુશ્કેલી પડે. આથી એનાથી જુદી એવી બોલચાલની ભાષા વિકસતી ગઈ. આ બોલચાલની ભાષા શિષ્ટ કે આદર્શ ભાષા ન જ હોય તે સ્વાભાવિક છે એથી કેટલાક તેને સંસ્કૃત નહિ પણ પ્રાકૃત (=સામાન્ય. પ્રાકૃત માનવ બોલે તે) ભાષા તરીકે ઓળખવા માંડ્યા. કેટલાક વળી તેને ભ્રષ્ટ સ્વરૂપની ગણીને નીચે ભ્રષ્ટ થઇ હોય 'અપભ્રંશ' કહેવા લાગ્યા. આમ સંસ્કૃતમાંથી પ્રાકૃત ને અપભ્રંશ ભાષાઓ ઉદ્‌ભવી. કાળક્રમે આ બોલચાલની ભાષા વળી પાછી સુપ્રતિષ્ઠિત થવા માંડી. કારણ કે બુદ્ધ અને મહાવીર જેવા ધર્મસંસ્થાપકોએ તે ભાષાઓને પોતાના ઉપદેશની વાહન બનાવી તેથી તેનું માન વધ્યું. શિષ્ટ સંસ્કૃત ભાષા માત્ર સાહિત્યમાં જ રહી ગઇ ને આવી પાલિ, વગેરે ભાષા બોલી મટી

સાહિત્યની શિષ્ટ ભાષા બની. આથી વળી પાછું સંસ્કૃતના જેવું જ પરિણામ પાલિને માટે પણ આવ્યું. પ્રાકૃત કે અપભ્રંશ ભાષા જે ભારતભરમાં પ્રચલિત હતી તેમાંથી નવી બોલીઓ ઊભી થઈ. જેને અપભ્રંશનીય અપભ્રંશ કહેવાય. આ અપભ્રંશ ભાષા આખા દેશમાં એક જ સ્વરૂપની હતી એમ હેમચંદ્રાચાર્યના પ્રતિપાદન પરથી લાગે છે. કારણ કે હેમચન્દ્રાચાર્યે અપભ્રંશના વિવિધ ભેદોનો ઉલ્લેખ સરખોયે કર્યો નથી. પણ એના પછીના વ્યાકરણકારો અપભ્રંશના પણ અનેક ભેદ હોવાનું કહી ગયા છે. છઠ્ઠી સદીમાં થઇ ગયેલા 'કાવ્યાદર્શ' નામના ગ્રંથના કર્તા દણ્ડિએ આભીર વગેરે ભેદ ગણાવ્યા છે. નવમી સદીમાં થયેલા રુદ્રટે પણ દેશવિશેષ પ્રમાણે અપભ્રંશના પણ અનેક ભેદ છે એવું વિધાન કર્યું છે. અગિયારમી સદીના નમિસાધુ પણ ઉપનાગર, આભીર અને ગ્રામ્ય એવા ત્રણ અપભ્રંશ ભેદોનો ઉલ્લેખ કરે છે. આ બધા પંડિતો હેમચંદ્રાચાર્ય પહેલાં થઇ ગયા એટલે હેમચંદ્ર કરતાં જુદા પડે છે એવી કોઇ દલીલ કરે તો તેને એમ બતાવી શકાય કે હેમચન્દ્ર પછી પણ માર્કંડેય આદિ વૈયાકરણો પણ અપભ્રંશના અનેક પ્રકારો ગણાવે છે. ખરી હકીકત એમ લાગે છે કે હેમચંદ્રના દર્શાવ્યા મુજબ અપભ્રંશ વ્યવહાર પૂરતું જ એકરૂપતા ધરાવે છે. પણ શાસ્ત્રીય દૃષ્ટિએ સૂક્ષ્મતાથી જોતાં એમાં સંભવતઃ ભિન્ન ભિન્ન દેશ-કાળમાં હોય એવાં તત્ત્વો ભળેલા લાગે છે.

આ અપભ્રંશ ભાષા ભારતના જુદા જુદા પ્રદેશોમાં જુદા જુદા સ્વરૂપની હતી. જેવી કે રાજસ્થાનમાં રાજસ્થાની અપભ્રંશ, શૂરસેનમાં શૌરસેની અપભ્રંશ, ગુજરાતમાં ગૌર્જર અપભ્રંશ વગેરે. આમાંની છેલ્લી, ગૌર્જર અપભ્રંશ ભાષા આપણી ગુજરાતી ભાષાની માતા છે.

સંસ્કૃત ભાષા વ્યાકરણબદ્ધ થઇ તે પહેલાં બોલાતી ભાષા હતી. પણ ભારતમાં શક, હૂણ, ગ્રીક વગેરે પ્રજાઓ આવી અને તેમણે સંસ્કૃત શીખવાનો પ્રયાસ કર્યો પણ તેઓ તેને મૂળ રૂપમાં બોલી શકયા નહીં. ઉપરાંત શ્રમલાઘવના નિયમ અનુસાર બોલાતી ભાષામાં ફેરફાર થતો ગયો તેથી ભાષાનું રૂપ બદલાતું ગયું. આમ, સંસ્કૃતમાંથી પાલિ, પ્રાકૃત ને તેમાંથી અપભ્રંશ ભાષા ઉદ્ભવી. આ અપભ્રંશ ભાષાએ પ્રાદેશિક સ્વરૂપ ધારણ કર્યું. તેમાંના શૌરસેની (કે ગૌર્જર ?) અપભ્રંશમાંથી આપણી જૂની ગુજરાતી ભાષા ઉદ્ભવી.

આપણે, ગુજરાતીઓ મૂળ ગુજરાતના નથી. ગુર્જર પ્રજા રજપૂતાનામાં થઇને ગુજરાતમાં આવી અને પોતાની સાથે પોતાની ભાષા લેતી આવી.

નીચે પ્રમાણે ગુજરાતી ભાષાનો ઉદ્ભવ આલેખી શકાય.

શ્રી. નરસિંહરાવ દીવેટિયાના વિભાગીકરણ મુજબ

(૧) ૧૧મી સદી સુધી અપભ્રંશ.

(૨) ૧૧મી થી ૧૩મી સદી સુધીની ભાષા તે મધ્યઅપભ્રંશ. આ ભાષા અપભ્રંશ અને મુગ્ધાવબોધ ઔક્તિકની ગુજરાતી ભાષા વચ્ચેની સ્થિતિમાં છે.

(૩) ૧૩મી સદીથી ૧૫૫૦ સુધી પ્રાચીન પશ્ચિમી રાજસ્થાની ભાષા જેને ગૌર્જર અપભ્રંશ પણ કહેવાય છે અને કેશવ હર્ષદ ધ્રુવ જેને 'પ્રાચીન ગુજરાતી' એવું નામ આપે છે.

(૪) ૧૫૫૦થી ૧૬૫૦ સુધીની ભાષા જેમાંથી એક તરફ રાજસ્થાની અને બીજી તરફ ગુજરાતી વિકસાવા માંડી.

(૫) ૧૬૫૦ થી ૧૭૫૦ સુધીમાં—પ્રેમાનંદના સમયથી ગુજરાતીનો વધુ વિકાસ થાય છે.

(૬) ૧૭૫૦ પછીની છેલ્લી ભૂમિકામાં અર્વાચીન ગુજરાતી ભાષાનું સ્વરૂપ પ્રગટવા માંડે છે.

**બોલીઓ** :—સંસારમાં અનેકાનેક ભાષાઓ છે. તેમ જ બોલીઓ પણ છે. એક જ ભાષાની અંતર્ગત જ્યારે અલગ અલગ રૂપો વિકસે છે ત્યારે તેને બોલી કે ઉપભાષા કહેવામાં આવે છે. આ બોલીઓ ધીમે ધીમે સાહિત્યમાં, ધર્મમાં રાજકારણમાં મહત્ત્વનું સ્થાન પામે છે અને શિષ્ટભાષા બની જાય છે. એ શિષ્ટભાષામાંથી વળી પાછી કથ્યભાષા (Colloquial language) ઉદ્ભવે છે. આમ દરેક ભાષામાંથી એની બોલીઓ છૂટી પડતી જાય છે અને પાછી એમાંની કોઇ બોલી બાહ્ય બળોને કારણે શિષ્ટ ગણાવા લાગે. દાખલા તરીકે સંસ્કૃતમાંથી બોલી તરીકે છૂટી પડી પ્રાકૃત. આ પ્રાકૃત જ્યારે શિષ્ટભાષા બની ત્યારે તેમાંથી બોલી તરીકે છૂટી પડી અપભ્રંશ. આ અપભ્રંશમાથી બોલી તરીકે છૂટી પડી મહારાષ્ટ્રી, હિંદી અને આપણી ગુજરાતી બોલી તરીકે છૂટી પડેલી ગુજરાતી, એક શિષ્ટભાષા તરીકે માન્ય થઇ ત્યારે તેમાંથીયે ઉત્તર ગુજરાતની ચરોતરની, ભરૂચની, સુરતની, કાઠિયાવાડની કચ્છની વગેરે પ્રાદેશિક બોલીઓ છૂટી પડી છે. આ બોલીઓને પણ સાહિત્યમાં સ્થાન મળવા લાગ્યું છે. દાખલા તરીકે પન્નાલાલ પટેલ તેમની નવલકથાઓમાં ઉત્તર ગુજરાતની, ઇશ્વર પેટલીકર ચરોતરની, જ્યોતીન્દ્ર દવે અને ધનસુખલાલ મહેતાએ 'અમે બધાં !'માં સુરતની, મેઘાણીએ સૌરાષ્ટ્રની બોલીઓને સાહિત્યમાં આણી છે.

ગુજરાતમાં આ રીતે મુખ્યત્વે છએક બોલીભેદો પડે છે. ગૌણ ભેદો એથી વધુય હશે. પણ ગુજરાતના જુદા જુદા પ્રદેશોની મળીને છએક જેટલી બોલીઓનો પરિચય હવે મેળવીશું.

શિષ્ટ ગુજરાતી ભાષાના પણ ભૌગોલિક, સામાજિક, વ્યાવસાયિક વગેરે કારણોસર અનેક બોલીભેદો પડયા છે. પ્રાચીન ગુજરાતની સીમાઓ દક્ષિણ રાજસ્થાનથી લગભગ મહી–નર્મદા સુધી વિસ્તરેલી હતી. એમાં બહુધા ગુર્જર જેવી પ્રજાઓ ચોથા સૈકાથી ઉત્તર ભારતમાંથી આવીને વસી. તે સમયે દક્ષિણ ગુજરાતનો સંબંધ કોંકણપટ્ટીનાં અને દક્ષિણનાં રાષ્ટ્રકૂટો સાથે વિશેષ હતો. આને પરિણામે (૧) ઉત્તર અને મધ્ય ગુજરાતની લોકબોલી એક પ્રકારની નળ ગુજરાતી, (૨) સૌરાષ્ટ્રની સૌરાષ્ટ્રી કે કાઠિયાવાડી અને (૩) નર્મદાની દક્ષિણે સુરત અને તેની આસપાસના પ્રદેશની સુરતી કે દક્ષિણ ગુજરાતની એમ ત્રણ સ્પષ્ટ બોલીભેદો નજરે પડે છે. એના પાછા અનેક પેટાભેદો પડે છે તેમ જ ભિન્ન ભિન્ન જાતિઓના જાતિભેદો પણ છે.

ગુજરાતી ભાષાના નીચે પ્રમાણે બોલીભેદો પડે છે.

૧. ઉત્તર ગુજરાત (આનર્ત અને શ્વભ્રનો પ્રદેશ)

૨. મધ્ય ગુજરાત (ચરોતરનો પ્રદેશ)

૩. દક્ષિણ ગુજરાત (ચરોતર નીચેનો લાટ સુરત–ભરૂચ જિલ્લાઓનો પ્રદેશ)

૪. સૌરાષ્ટ્ર

૫. કચ્છ

૬. ત્રણે બાજુની સરહદના પ્રદેશો.

આ પ્રત્યેક ભેદોનાં લક્ષણો નીચે મુજબ છે.

૧. ઉત્તર ગુજરાતની બોલી :

આ બોલીમાં ક્રિયાપદનાં રૂપો શિષ્ટભાષા કરતાં જુદાં છે. ઉપરાંત તૃતીયા અને સપ્તમીનાં રૂપોમાં પણ જ્યાં શિષ્ટભાષામાં પદાન્તે 'એ' હોય છે ત્યાં 'ઇ' આવે છે.

દાખલા તરીકે: કરશે નું કરિછિ
આવે છે નું આવિશિ
ઘરે નું ઘરિ
કને નું કનિ
કેમ નું કિમ
એમ નું ઇમ.

(૨) 'આં'ને બદલે 'ઑં' સંભળાય છે.

કામનું કૉંમ, નાક નું નૉંક, પોણી નું પૉંણી, ગામ નું ગૉંમ વગેરે.

(૩) પદાન્તે આવેલા મહાપ્રાણ 'હ' લુપ્ત થાય છે.

નહીં નું નઈં, અહીં નું અંઇ.

(૪) પદને આરંભે આવેલો 'ઈ' 'એ' જેવો સંભળાય છે. ભીંત નું ભેંત, ભીનું નું ભેનું, મીણ નું મેંણ.

(૫) પદના આરંભમાં આવેલા 'ક', 'ખ', 'ગ' આદિ કંઠ્ય વર્ણોના તાલવ્ય વર્ણને સંયોગે 'ચ', 'છ', 'જ' આદિ તાલવ્ય વર્ણોમાં રૂપાંતરિત થાય છે.

કથન નું ચ્યમ, કયાં નું ચ્યાં, ખેતર નું છેતર, ગયા હતા નું જ્યા'તા.

(૬) 'ચ' નો 'સ' 'છ' નો 'શ' ને 'જ' નો 'ઝ' થાય છે. ચારનું સાર, છાશ નું શાશ.

(૭) દંત્ય 'સ'નું તાલવ્ય 'શ'માં રૂપાંતર થાય છે. પાસે નું પાશી.

(૮) ભવિષ્યકાળના રૂપમાં પણ લાવીશ ને બદલે લાયો.

(૯) આ ઉપરાંત ત્યારે નું તાણે, ત્યાં નું તાં, ચાલ નું હેંડ, મૂક નું મેલ. આપ નું આલ, છોકરી નું છોડી, બેન નું બૂન, અગવડ નું વપત, પવન નું વાયરો એવું ઉચ્ચારણ થાય છે.

**૨. મધ્ય ગુજરાતની ( ચરોતરી ) બોલી :**

ચરોતરી બોલીનો ઉપયોગ ઈશ્વર પેટલીકરે પોતાની નવલકથાઓમાં કર્યો છે. તેનાં લક્ષણો નીચે મુજબ છે.

(૧) ક્રિયાપદનાં રૂપોમાં શબ્દોને અંતે આવેલા 'ઇ' અને 'ઉ'; 'અ' જેવા સંભળાય છે. જે ચરોતરી બોલીની આગવી વિશિષ્ટતા છે. દા. ત. 'હું નેહાળ જાછ.'

(૨) 'ભાઈ' નું 'ભઈ', 'બાઇ' નું 'બઇ' જેવું રૂપ થાય.

(૩) નિશાળ નું નેહાળ અને લીંબડો નું લેમડો જેવું ઉચ્ચારણ થાય છે.

(૪) શબ્દના અંતિમ અક્ષર પરના અનુનાસિકો ઉચ્ચારાતા નથી. દા. ત. જાઉં નું જઉ, કરવું નું કરુ, મહીં નું મઇ.

(૫) પદને આરંભે આવેલા ક, ખ એ કંઠ્ય વર્ણો તાલવ્ય વર્ણનો સયોગ પામતાં ચ, જ રૂપે બોલાય છે. દા. ત. કયાં નું ચ્યાં, ગયા નું જ્યા, ખેતર નું છેતર, ચાર નું સાર, છગન નું સગન, તો કેટલીકવાર 'સ' નો 'શ' બોલાય છે. દા. ત. સેંથો નું શેંથો.

(૬) 'સ' નો 'હ' બોલાય. પાસેનું પાહે. વિશ્વાસ નું વિહવાહ, વિસામો નું વિહામો.

(૭) આ ઉપરાંત લઘુ પ્રયત્ન 'ય' કાર ચરોતરી બોલીમાં વ્યાપક છે. નરસિંહરાવ પણ આમ જ પ્રયોગ કરતા હતા. દા. ત. આંખ નું આંખ્ય, લાવ નું લાવ્ય.

(૮) એક રમૂજી લાગે તેવું ઉચ્ચારણ પણ ચરોતરી બોલીમાં છે. દા. ત. નારી જાતિ બહુવચનનાં નામો સાથે બધાં જ પદો–ક્રિયાપદો સુદ્ધાં, બહુવચનનો –પ્રત્યય ધારણ કરે છે. બાઇડીઓ ઊભીઓ હતીઓ.

(૯) આ સિવાય પણ કેટલીક લાક્ષણિકતાઓ નીચે પ્રમાણે ચરોતરી બોલીમાં દેખાય છે.

ત્યારે નું તારે, ત્યાં નું તાં, પણે નું પેણે, નહીં નું ના, શા માટે નું શીદ, નહીં તો નું નીકર, છોકરો નું છૈયો, દિવસ નું દન વગેરે.

ચરોતરમાં આ ઉચ્ચારણો એટલાં સ્પષ્ટ છે કે સમસ્ત ગુજરાતી પ્રજામાં આ પ્રાંતની પ્રજા ઉચ્ચારણથી ઓળખાઇ જાય છે. જેવી રીતે કોમી બોલી બોલનારી વોરા, પારસી કે ખારવાની કોમો જુદી તરી આવે છે તેવી રીતે. આ બોલીમાં આદિવાસી ભીલો, બારૈયાઓ, વગેરેની અસર વરતાયા વિના રહેતી નથી. શબ્દકોશની દૃષ્ટિએ શિષ્ટ ગુજરાતીની એ વધુમાં વધુ નજીક છે.

**૩ દક્ષિણ ગુજરાતની બોલી**

આ બોલીનાં કેટલાંક ( દા. ત. નિશાળ, લીંબડો વગેરે ) ઉચ્ચારણો શિષ્ટ ગુજરાતી ભાષાના જેવાં જ હોવા છતાં કેટલીક લાક્ષણિકતાઓ પણ છે. 'શ' નો 'સ' બોલાઇ જાય કે 'ટ' નો 'ત' બોલાઇ જાય જેવાં લક્ષણો તો છે જ, તદુપરાંત વાકયના છેલ્લા અક્ષરનો 'એ' સંભળાતો નથી. દા. ત. 'શું કરે છે' માં નો છેલ્લો 'છે' 'છ' એમ જ સંભળાય.

(૧) મૂર્ધન્ય વર્ણોનું દંત્યવર્ણમાં ઉચ્ચારણ થાય છે. દા. ત. છાંટોપાણી નું છાંતોપાની, માણસ નું માનસ, પણ નું પન, એકઠા નું એકથા, બધા નું બદ્ધા, પંદર નું પંડર ઇત્યાદિ.

(૨) કેટલીકવાર ક અને ગ તેમાંના મહાપ્રાણ 'હ' સાથે ભેળવીને બોલાય છે. દા. ત. ગોટાળો નું ઘોટાળો એકલો નું એખલો.

(૩) 'સ' નો 'હ' થવો એ તો દક્ષિણ ગુજરાતના સૂરત જેવા દક્ષિણતમ ભાગનું સામાન્ય લક્ષણ છે. શું ? નું હું ?, સૂરત નું હૂરત કે શાક નું હાક ને વલસાડનું વલહાડ તો બધા જ બોલે.

આ ઉપરાંત બીજી એક વિશિષ્ટતા 'ન' નો 'લ' કરવાની છે; જે નાખ નું લાખ કે નાનું નું નાનલું–માં દેખાય છે.

(૪) 'ચાલ્યો' માં વચ્ચે 'ઈ' ઉમેરીને જેમ 'ચાઇલો' કે ચાયલો' આ બોલીમાં થાય છે તેમ 'કાપ્યો' નું 'કાઈપો' 'મર્યો' નું 'માઇરો' પણ થાય છે.

(૫) 'ળ' નો 'લ' તો ભરૂચમાં યે થાય છે. જ્યોતીન્દ્ર દવેના એક લેખમાં આ વિશે તેમણે એક સુંદર ઉદાહરણ આપ્યું છે. જેમાં બે ભરૂચીઓ વચ્ચેના સંવાદમાં 'ળ' ને બદલે 'લ' વપરાયેલો છે. 'માલ પર બેઠો બેઠો ગાલ પર ગાલ દે છે...' વગેરે. તેવું જ 'મળવા' નું 'મલવા' વગેરેમાં પણ.

(૬) આ ઉપરાંત સુરતી બોલીમાં જ જોવા મળે તેવી લાક્ષણિકતાઓ તે 'હું આવીશ' ને બદલે 'હું આવા' કે મારીશનું 'મારા' જેવું રૂપ.

(૭) ત્યારે નું તીવારે, પણ ને બદલે 'બી' દા. ત. 'હું બી આવવાનો.' છોકરા માટેનો પોયરા જેવો શબ્દ એ સૂરતી બોલીની લાક્ષણિકતા છે.

### ૪ સૌરાષ્ટ્રી બોલી

આમ તો આખા સૌરાષ્ટ્રની બોલીને એક જ ગણવામાં આવે છે તથાપિ તેમાંયે ચારેક જેટલા ગૌણ પેટાભેદો પડે છે. જામનગર અને હાલાર, ભાવનગરની આસપાસના ગોહિલવાડ. એમ કેટલાક ભાગોની બોલી અન્યથી જુદી છે. દા. ત. જામનગર ને હાલાર તરફ ને ઝાલાવાડમાં વિવૃત્ત ‘ એ ’ ને ‘ ઓ ’ (આપણે જે ‘એરિકમો ’ ને‘ડૉક્ટર’માં બોલીએ છીએ તે ) તીવ્રપણે ઉચ્ચારાય છે. તેઓ ‘ ઘોડો ’ એમ નહીં પણ ‘ ઘૉડો ’ એમ બોલે છે. ભાવનગરની આસપાસના ગોહીલવાડની ભાષા શિષ્ટ ગુજરાતીની નજીક જતી જણાય છે તો સુરેન્દ્રનગરની આસપાસના ઝાલાવાડની ભાષા ઉત્તર ગુજરાતની તથા કંઇક અંશે ચરોતરની બોલીની સાથે મળતી આવે છે.

(૧) સૌરાષ્ટ્રીમાં ઉપર જોયા તેવા વિવૃત્ત ( પહોળા ) ‘ એ ’ ‘ઓ’ નાં ક્યારેક ખૂબ કોમળ ઇ, ઉ, જેવાં ઉચ્ચારણ થાય છે. દા. ત. ‘ એ ગયો હતો ’નું ‘ ઇ ગયો હતો ’ એમ થાય. તેમ નું તીમ ને બાયડી નું બાયડિઉં.

(૨) ‘ ય ’ ને વચ્ચે આણવો એ તો આ સૌરાષ્ટ્રી બોલીનો વિશિષ્ટ લહેકો છે. ‘ વાતમાં શો માલ છે ’નું તેઓ ‘ ઇ વાતમાં શ્યો માલ છે ’ એમ ઉચ્ચારણ કરશે.

(૩) ય ઉમેરવાનું તો હ ને કાઢવાનું વલણ છે. પહેર્યું નું પેર્યું. ને ય ની જેમ અનુનાસિકો પણ ઉમેરાય. ખાઇએ નું ખાયેં થાય કે જઇએ નું જાયેં.

(૪) સ, છ, જ, ઝ જેવા વર્ણો પણ પ્રાકૃત રીતે બોલાય. ચાર નો શ્યાર, જમવું જમ્ણુ, છોકરો શૉકો ને છોકરી નું શૉડી એમ બોલે.

(૫) નારી જાતિનાં નામોમાં ગડ્યો નું ગડ્યુ, ભેંસોનું ભેંસ્યું, જેવાં રૂપો. ત્યાં ને બદલે ન્યાં, ક્યારના નું કેદુના, કેવળ નું નકરું, ઉપર નું માથે, પાસે નું ઓગો[1] પથ્થર નું પાણો. બહેન નું બોન, વિસામો નું પોરો વગેરે રૂપો પણ આ સૌરાષ્ટ્રી બોલીનાં જ વ્યાવર્તક લક્ષણો છે.

### ૫. કચ્છી બોલી.

કચ્છી એ સિંધી ભાષાની એક બોલી છે. પરંતુ એના ઉપર ગુજરાતી શબ્દભણ્ડોળની સૂચક અસર છે. કચ્છમાં નાગરો સિવાયની પ્રજા મોટે ભાગે કચ્છી બોલે છે. હાલારમાં એ પ્રજા આગળ વધતાં મુખ્યત્વે ભાટિયા, મેમણ, ખોજાઓ, મિયાણા, મુસલમાન, સિંધી, માછીમારો વગેરેની ગુજરાતીમાં કચ્છી બોલીની અસર ઉઘાડી છે. ઓખામંડળના વાઘેરો તો ચોખ્ખી કચ્છી જ બોલે છે.

### ૬. સરહદની બોલીઓ.

સરહદ પરની વસ્તી પર પડોશના પ્રદેશોની બોલીઓની અસર પડે છે. ગુજરાતને પશ્ચિમ કિનારે બોલાતી બોલીઓમાં મરાઠીની, પંચમહાલ માળવા–ગુજરાતની સરહદ પર હોઈ તેની બોલીમાં માળવીની, એનાથી ઉત્તરે ભીલી બોલીઓની, અસર પડેલી છે.

આ બધા ભૌગોલિક દૃષ્ટિએ પડાયેલા બોલીભેદો ઉપરાંત જ્ઞાતિઓની બોલીઓ જુદી, હિન્દુ–મુસ્લિમ, ખારવા, કોળી વગેરે કોમોની બોલીઓ જુદી, સોરઠના મુસલમાન ઘાંચીઓની બોલીઓ જુદી. સૌરાષ્ટ્રમાંયે મેર લોકો પોતાની આગવી બોલી ધરાવે છે. સૂરત બાજુ પારસી, અનાવલા, બોહોરા વગેરે જાતો પોતાનાં વિશિષ્ટ ઉચ્ચારણો, શબ્દકોશ ને રૂપભેદ ધરાવે છે. ગુજરાતી પ્રજા સાથે ભળી ગયેલા ભીલો, દૂબળાઓ, રાનીપરજો વગેરે સર્વને પોતપોતાની વિશિષ્ટતાઓ છે જ.

‘ બાર ગાઉએ બોલી બદલાય ’ એ કહેવતમાં જેમ સ્થળભેદે બોલીભેદ સરજાય છે તેમ બીજાં પણ કેટલાંક કારણો એવાં છે કે જે બોલીભેદ સર્જે છે. ઉપરની બધી બોલીઓમાં અપરંપાર વૈવિધ્ય હોવા છતાં તે બધી જ ગુજરાતીના જ અંગમાં સમાવિષ્ટ થઈ રહી છે. બધીનું બંધારણ એક જ છે. માત્ર ઉચ્ચારણોના વૈવિધ્યથી જ ભેદ પડે છે. અને આ વૈવિધ્ય તો તે તે પ્રજાની સંસ્કૃતિનું દ્યોતક છે.

સમાન ભૌગોલિક સ્થિતિ હોય તેવા બે પ્રદેશોની બોલીઓ સમાન હોવી જોઇએ. પણ કેટલીકવાર આવા સમાન ભૌગોલિક પરિસ્થિતિવાળા પ્રદેશોમાં જુદી જુદી બોલીઓ જણાય છે. સ્વિટ્ઝર્લેન્ડમાં તદ્દન પાસે આવેલાં બે ગામોની બોલી એકબીજાથી ખૂબ જુદી છે તેનું કારણ શું ? કારણ કે ત્યાંની સામાજિક સ્થિતિમાં મોટો ફેર છે. એક ગામના લોકો પ્રોટેસ્ટંટ છે ને હુન્નર ઉદ્યોગોથી જીવનનિર્વાહ કરે છે. બીજાની વસ્તી રોમન કેથોલિક છે અને પશુપાલનથી જીવન ગુજારે છે. બંને વચ્ચે લગ્નસંબંધો થતા નથી. એક ગામ ૧૪મા સૈકામાં ફ્રાન્સના એક પ્રદેશમાંથી આવેલા લોકોએ વસાવ્યું હતું જ્યારે બીજું ગામ બે સૈકા પછી અન્ય સ્થળેથી આવેલા લોકોએ જંગલ સાફ કરીને વસાવ્યું હતું. આથી બંને વચ્ચે એટલો બધો ભાષાભેદ પડી ગયો હતો કે એકની બોલી બીજાથી સમજી શકાતી નહોતી* બોલીઓમાં ભેદ પડવામાં કેવાં કેવાં કારણો ભાગ ભજવે છે તે આ દાખલા પરથી આપણે ચકિત થઇએ તે રીતે જણાશે.

---

૧ જુઓ ‘ દ્વિરેફની વાતો ભાગ–૧ ’ માંની ‘ બેમી ’ વાર્તામાંની નીચેની પંક્તિ : “ ઓરો આવને કેશલા તારો ઓરતો ટૂટું ”
( પૃ. ૧૪૫ ) નવમી આવૃત્તિ.

* કાન્તિલાલ બ. વ્યાસ કૃત “ ભાષા વિજ્ઞાન ” પૃ. ૩૭૦. આ સાથે સરખાવો : “ Encyclopaedia Britannica ” 1946 Vol 13 ( Language ) P. 698.



# ગુજરાતીમાં ગીતો વગેરેનું કંઠસ્થ લોકસાહિત્ય

**—શ્રી ખોડીદાસ પરમાર**

દરેક દેશને પોતાનું પ્રણાલિકાબદ્ધ તેમ જ નિત્ય નૂતન સાહિત્ય હોય છે. તેમાં પણ શિષ્ટ સાહિત્ય તેમ જ લોકસાહિત્ય એમ બે ભાગ છે. શિષ્ટ સાહિત્ય ભણેલાં-ગણેલાં લોકોનું જ બહુતર રંજન કરે છે, જ્યારે લોકસાહિત્ય સર્વ ગ્રામજનોનું મનોરંજન કરતું કંઠસ્થ-સચોર્મિનું સાહિત્ય છે, તેને વખાણતાં સોરઠીયો સાચું જ કહે છે—

દુહો વસમો વેદ, સમજે એને સાલે;
વિયાતણની વેણ્ય, વાંઝણી શું જાણે?'

આ ગુજરાતની ધીંગી ધરતીમાં લોકસાહિત્યનો અખૂટ ભંડાર ભર્યોભાદર્યો પડ્યો છે. આ સાહિત્ય તે જુનું સંચિત કરેલું પણ બહોળાશમાં વપરાતું કવન-ધન છે. તેનો કોઇ એક માલિક નથી, તે બીજા કોઈનું નથી—તે સવ કોઇનું છે. આમ લોકસાહિત્યને ગ્રામસમુદાયનું જ કવન કહી શકાય. કારણ તો શહેર કરતાં વિશાળપટ પર તે ગામડાંઓમાં જ ફૂલભવ્યું છે અને ત્યાં જ કંઠસ્થ થઇ, સચવાઇને બહોળાપટ પર ગ્રામજનતામાં જ વિસ્તર્યું છે એટલે મોલાત્ય જેમ મેઘના અમી પી પીને ઓમે ને ધોળે પાકે છે, તેમ જ આ ગ્રામકવન-સાહિત્ય લોકોની ઊર્મિના ઉમળકા ઝીલીને, ગામડામાં જ ભર્યુંભાદર્યું નીપજ્યુ છે. તેનો મોંઘે । ફાલ ગામડાંની ધીંગી જુવતીઓએ જ વધારે વેડ્યો છે, ને તેને હળકતા રાગે અને રમઝટભર્યા તાલે ઘૂમીને ગાઇ જાણ્યો છે. મરકલડાં જુવાનો અને ઠગુમગુ ડોસાઓ— સૌએ તેને હળાની રાત લગી સાંભળ્યોય છે તંબૂરાના તાલે ગાયોમ્ે છે અને રસભર્યા ઘૂંટડ પીધાય છે. તેની સરવાણીઓ હજીએ ગામેગામ જોવા-સાંભળવા મળશે—

'તાલ તંબૂરો સતીના હાથમાં હોજી,
સતી કરે છે અલખનો આરાધ.'
જાડેજા હો વચન સંભારી, વે'ણુ...જાગજો હો જી!'

આમ ગ્રામ પ્રજાના જીવનમાં ઉલ્લાસ છે, રસમસ્તી છે અને સૌથી વિશે તો તેને થોડો ઘણોય નવરાશનો વખત મળે છે. તે વખતનો ઉપયોગ આ લોકો રાસડા, ગીત, ગરબી કે ભરતચીતર શીખવા પાછળ ગાળે છે. આમ ગામડામાં નાના બાલ-બાલિકાઓ બોલતાં શીખે તે વેળાથી જ માતા તેને જોડકણાં બોલતાં કરી દે છે. 'પા પા પગી, મામા ડગી' અથવા

"રાંધે ગોવિંદ રાંધે, શીરા પૂરી રાંધે,
શીરાને તો વાર છે, પૂરીઓ તૈયાર છે.
રાંધે હરગોવિંદ, પીરસે ભોળાનાથ."

આમ નાનપણથી જ ગાતું બાળક મૃત્યુની અવસ્થા સુધીના લાંબા જીવનપટમાં કંઇ કેટલુંય ગાઇ સાંભળી નાખે છે. તે સઘળું લોકજીવનમાં ઘડાયેલું હોય છે, તેથી જીવનના નોખતરાળા પાસાનો અનુભવ આ લોકસાહિત્યમાંથી માણસને મળી રહે છે, અને તેથી જીવનરસ મૂલવવામાં આ અનુભવ ઘણો કામ લાગે છે. આ લોકસાહિત્યથી ગ્રામલોકોનું જીવન ઘડાય-પોષાય છે, અને જીવાતી જીંદગીમાં અવનવા રંગો પૂરે છે.

લોકસાહિત્ય ભલે ગ્રામજનતાનું પ્રદાન હોય પણ તેમાં લોકજીવનનું મોટે ભાગે ઉજ્જવળ પાસું જ વિશેષતઃ છે, માત્ર કોઇક જ વાર કાળી બાજુ નિરૂપાય છે, પણ તે સત્ય ઘટના જ હોય છે, તેનાં નિરૂપણમાં નરી વાસ્તવિકતા જ હોય છે, તેથી ગ્રામજનતા આને સાચવી રાખે છે, અને લોકોની સમક્ષ જ મૂકી દે છે. અને આ દ્વારા લાલબત્તી ધરે છે. જેવા કે 'ઝંડા ઝૂલણ અને તેની શેઠાણીનો કિસ્સો', 'કડવી કણબણ અને હનુભા'નું ગીત કે 'ભવાયાની સાથે ભાગી જનાર જવલ'નું ગીત આ રહ્યું—

ધારૂકે ભવાયા રમે, જવલ જોવા ગઇ'તી,
જવલની સાસુ દરણું કરે આટલું જવલ દળજે
હું તો દરણું દળતી નથી, ખાનારા ઈ મરજો.
ઝીણું દળતાં જાડું દળજે, ખાનારને ખમ્મા કે'જે.
અડધી રાતે ભાગી જવલ, ભવાયા ને વૈ ગઈ.

આ સિવાય અપહરણ તેમ જ ભાભીને દિયરની સતામણીના ગીતો પણ છે, જેવા કે—

'તરગાતી દેરીડો આણે આવીઓ રે લોલ'
અને વળી 'સોનલ રમતી ગઢડાને ગોખે,
રમતા ઝલાણી સોલ ગરાસણી.'

જીવનના દરેક પ્રસંગો ગ્રામજનતાના હૃદયમાં એક જાતનું ભાવ સંવેદન જગાડે છે, તેનું મંથન હૃદયમાં થાય છે અને તે ઊર્મિસભર બહાર આવે છે. તે કવન કે વાર્તાને તે બહોળા ગ્રામસમુદાય સમક્ષ મૂકે છે, આ કૃતિમાં ગીત, કથા કે વાર્તા જે હોય તે ગ્રામસમુદાયની જીભે-એટલે કસોટીએ ચડે છે, તેને છોલી, મઠારીને વ્યવસ્થિત કરી ગ્રામ સમુદાય એક ચોક્કસ પ્રકારનું રૂપ આપી દે છે. અને પછી આ રચના તે જ રૂપે ગામેગામ પહોંચી જાય છે. આવી રચનાઓમાં માનવજીવનના દરેક પાસાઓને, આનંદ કે શોક, વિરહ કે મિલન, તડકા કે છાયા અને બીજી કેટલીય બાબતોને મોકળાશથી ગાઈ નાખે છે. લોકબોલીમાં રચાયેલી આ રચનાઓ સીધી અને સાદી હોય છે, લોકોને તેમાં ઊણપ કે ખોડખાંપણ નથી દેખાતી. તેમાંના ઘણાય ગીતો ગૂંજે ભર્યા એલચી જેવા સુગંધમધુર છે જ, અને એ ગીતો લોકનારીઓ ગાય છે ત્યારે તો મધુરા અવાજથી આ ગીતો ધરતીના પટ માથે તેની સાદાઇથી ગૂંજી ઊઠે છે.

'કિયાભાઇ ઘેર અમરત આંબો રોપિયો,
કિયાભાઇ ઘેર આવે વળતી છાય.
તું બોલે રે મારા રુદિયાની કોયલ.'

કે પછી રંગભીની યૌવના ગાય છે તેમ—

'ફાગણ ફેર કરે હોળી રે,
ચૂંદડી મારી કેશરમાં બોળી રે,
કેશૂડાં બહુ નાખ્યા ચોળી રે,
જમના જવા દ્યો પાણી રે.'

આમ લોકસાહિત્ય એ ગ્રામ લોકોનું જ સાહિત્ય છે. તેથી તે ગ્રંથસ્થ થયેલું નથી, પણ કંઠોપકંઠ સચવાતું ચાલ્યું આવ્યું છે. અઘરા શબ્દો જે સહજ લોકજીભે ન ચડી શકે તેવા હોય તેને લોકભાષાની સરાણે ઘાટ ઉતારી, બોલવામાં લોકગતે બોલી શકાય તેવા બનાવ્યા છે.

'રાજા જનરખનો અંગુઠો પાકીઓ
અંગુઠો પાકયોને પીડા બઉ થાય
જનરખ પેટ વાંઝીઆ.'

આમ દશરથનું જનરખ, કૈકેયીનું ખેંગા, વૈદેહીનું વીદરી વગેરે ટૂંકા પણ નવા જ નામ રાખી દીધા છે, છતાં મૂળ કયું નામ હશે તેનો ખ્યાલ તો તરતજ આવી જાય છે. બીજું 'મૃચ્છકટિક' માંના શકારની જેમ ઘણા કથાગીતોમાં પાત્રોની અદલાબદલી થઈ છે. દા. ત.—

'ઓઢીને રાણી રાંદલ ચૂંદડી રાના દેવ,
હું કેમ ઓઢલ એકલી રાના દેવ,
નણદલ સુભદ્રાબાના વાંધા રાના દેવ.'

તેમ જ

'રામ પરભાતીનો પો'ર,
દેવકીજી માતાએ દાતણ માગીઆ,
મગ્યા માગ્યા તે બે વાર,
સીતાજીએ વચન લોપીયા'.

આમ પોતાની રીતે ભલે અજાણથી આ નામો મૂકાયા પણ જે કહેવાનું છે તે તો સર્યુંને. પછી ભલેને ગમે તે નામ હોય ! આમ પ્રફુલ્લ ઊર્મિના ઉછાળે આ સાહિત્ય રચાયું છે, અને ગવાયું છે, અને અદ્યાપિપર્યંત જીવંત રહ્યું છે. લોકમાતા પોતાની આશા વજોટ દીકરીને હીરે મઢ્યા ચણિયા ને કાપડા, જડાવ ઘરેણાંને સાકળા, ચંદરવા સાથે ગીતો ને વ્રતકથાઓનો વારસો ય આપે છે. વળી વિશેષ ગ્રામકન્યાઓ, ભાભીઓ અને સરખી સહિયર પાસેથી અનેરી શીખ મેળવે છે તેમાં ઘણું ઘણું આવી જાય છે. આમ દરેક ગામડાંમાં લોકમાતા, સાહેલીઓ અને ભાભીઓ ચાલી આવતી સંસ્કૃતિનું દીકરીમાં યથા-સિંચન કરીને લોકસાહિત્યનું અખૂટ ભાથું બંધાવે છે. એટલે જ ગ્રામબાલિકા બચપણ કાળની સાથેસાથ હાલરડાંથી માંડીને છાજીઆ-મરશીઆ સુધીનું દરેક પ્રકારનું સાહિત્ય કંઠસ્થ કરીને સાસરે જાય છે. આ રીતે એક ગામથી બીજે ગામ સાસરે જતી કન્યા લોકસાહિત્યનો ફેલાવો કરે જ છે. આમ ગીતો એક ગામથી બીજે ગામ અને પછી ત્રીજે ગામ જાય છે. તેથી લોકસાહિત્યનો ફેલાવો ખૂબ જ ઝડપથી થયા જ કરે છે.

ઘણાં લોકગીતો વિશેષતઃ સાસરવાસી વહુઆરુઓની અંતરની ભાષા છે. 'વઢિયારી સાસુ' ને 'સાપુકી નણંદ' પાસે જે નથી ઉચ્ચારાતું તે આ ગીતો દ્વારા બહાર આવે છે. તે બધી જ વહુઓની વાણી છે, તેમાં કોઈક જ બાકાત હશે. તેથી ગ્રામવધૂઓ પોતાના પ્રણય કે કલહ વિરહ કે મિલન, સુખ અને દુઃખને આવાં લોકગીતો દ્વારા જ ગાય છે ને ? આ ગીતોમાં હૈંડી ફૂરતા છે. જેવી કે—

'નો દીડી પાતળી પરમાર્ય રે જાડેજી મા
મોલુમાં આંબો મોહિયો રે.'

અથવા આવા જ બીજા ગીતની આ રહી તે કડીઓ—

'સોનલા તે વરણી બાની ચેહ બળે રાજ
રૂપલા તે વરણી બાની રાખ ઊડી રાજ.'

આ ગીતોમાં અગનના ભડકાએ બળતી કુલવધૂઓ છે. તો આવાં બીજાં કેટલાંય ગીતોમાં રૂંવાડાં અવળાં કરી નાખે તેવી બળુકાઇ, શૂરાતન અને શૌર્યપ્રેમના ચિત્રો પણ છે. વળી તેમાં શૃંગારભરી વર્ણન-શ્રેણી પણ છે અને રૂડેરી રંગભરી ચિત્રામણ પણ છે. જીવનરસના તલાવડામાં ઝીલતા લોક પાસે જીવનની ભર ભર મરતી છે. અને ગાવાની હલકે અને રાગે તો હૈક હૈયાને હલબલાવી અને ધ્રુજાવી દીધા છે. તેમાં આંતર જ વેદનાઓ અને ઊર્મિઓ રસ નીંગળતી વાણીમાં ગવાય છે. જે કહેવાનું છે તે હૃદયની જ સીધી સાદી વાણીમાં કહી દે છે. તેમાં બુદ્ધિના ચમકારા નથી. તેમાં નરી સાદાઈ ઉચ્ચારાય છે. નથી તેમાં અડવડિયો ઉચ્ચ આડંબર કે વાણીવૈભવનો વિલાસ, માત્ર સાદાઇથી રસ નીગળતી રીતે સૌ એ ગીતો ગાય છે. જેમાં નરી સાદાઈ અને સૌંદર્યના દર્શન થાય છે. તે આવા ગીતો જોતાં લાગે છે—

'મારે આંગણિયે તળશીનો કેરો,
તળશીને કેરે રૂડા રામ રમે,
રૂડા રામ રમે મોર મોતી ચણે.
મોરે મોતી ચણે હૈયું હૂંગે વળે.'

આ કંઠસ્થ લોકસાહિત્ય જે હંમેશા ગ્રામ સમુદાયમાં મોકળાશથી ફરતું અને ગવાતું રહે છે તે લખ્યું કોણે ? આ પ્રશ્ન આપણને જરૂર થવાનો જ, આનો કોઈ રચયિતા હશેને ? તો તે કોણ એમ દરેકને થવાનું જ. તો તેનો જવાબ તો એ છે કે તેની રચના કરનાર આખો લોકસમૂહ છે. જે ગાય છે ને ઝીલે છે, અને, સાંભળીને જે મનભર માણે છે, તે બધા જ. આમ આ લોકસાહિત્ય સર્વનું-સમૂહનું સાહિત્ય છે. દા. ત. કોઇ એક યુવતીને ગીત સ્ફૂર્યું, સાંજે ચોકમાં તે ગીત ગાશે. સૌ તે ઝીલશે. અને સૌ આ ગીતમાં ચાં કંઠે બેસી ના શકે તેવું હોય ત્યાં સુધારો કરીને ગાશે. અને પછી તો સૌને કંઠે અને હૈયે વસી જશે. આ ગીતોની રચના સાવ સાદી જ હશે. તેમાં કોઈ અટપટી કડી નહીં હોય, પણ આનંદોર્મિનો હિલોળો તો હશે જ. આ ગીતમાં સીધે સીધું અને ઘણીવાર તે નિત્યક્રમનું વર્ણન ક્રમબદ્ધ રીતે આગળ ચાલ્યુ જતું હશે. મોટે ભાગે દાતણ દાડમી, નવાણ તો તાંબાકૂંડી કે નદીયું ના નીર, ભોજન તો લાપશી કે સાકરિયો કંસાર, મુખવાસ તો એલચી કે પાનનાં બીડાં, પોઢણ તો ઢોલિયા કે છત્રી-પલંગ અને ઉતારો તો ઓરડા અને મેડિયુંના મોલ જ. આમ ક્રમમાં વ્યવસ્થિત રીતે ગવાતું, સંભળાતું

હોવાથી જલ્દી યાદ રહી જાય છે. એટલે જીવનનો રોજિંદો વ્યવહાર ગીતોમાં પણ ગૂંથાઈ ગયો છે. આ સિવાય રામ અને સીતા, રાધા–કૃષ્ણના વિરહના મહિનાઓ, સાતવાર કે પંદર દિવસનું પખ-વાડિયું એમ ક્રમાનુક્રમ ગવાય છે. દા. ત.

'કારતક મહિને કાન કાળા, મોહન મોરલી
મોરલીઆળાને.
'પડવે પે'લી તવ ગુણ ગાવ તારા રે,
એકલડું કેમ રહેવાય પ્રભુ જ મારા રે.'
'અમાસ તો બાઈજી દીવાળી, શું કાંતુ મારી
બાઈજી રે.'

આ સહિત રામાયણ કે મહાભારત અને પુરાણના કોઈ પ્રસંગોને પોતાની રીતે વર્ણિત કરીને ગાશે. આમ ગીતો, વાર્તા, વ્રત વગેરેને આ લોકો પોતાની આગવી લોકભાષામાં છટાથી રજૂ કરશે. તેના વર્ણનો દરેક જણ સમજી શકશે તેવા સાદા હશે ભાષામાં પણ કશી અટપટી ભંગિમા નહીં હોય, સાદાઈથી ઓળ-ખાતી વનસંપત્તિ અને લાડીલા પશુ પણ સાથે જ વર્ણવાયા હશે; તેમાં વિશાળ કલ્પના અને ગગનગામી ઉડ્ડયનને બહુ અવકાશ નથી, છતાં સુરેખ વર્ણનકળા અને સાદૃશ્ય તો છે જ. ઘેઘૂર આંબો, જાડો જાંબુડો, લીલી આંબલી, ઘેરો વડલો અને પીળો ખાખરો, રૂડેરી રીતે ગવાય છે. ફૂલમાં પીળો, ચંપો રાતી કરેણ, ગંધીલો કેવડો ને મરવો અને ગુલાબી ગલ તો વિસર્યા વિસરે નહીં તેવી રીતે ગવાયા છે. પણ તો એનું મોંઘુ ધન છે, આંગણિયાની શોભા ગોરી ગાવડી અને ભગર ભેંશ. ઘૂઘરમાળ ધમકાવતાં ધોરી દાંઢા અને રોજી, તેજણુ અને માણકીના નાચહણહણાટ પણ રૂડીરીતે વર્ણવાયા છે આમ પાદર શીમેથી તે પાણી શેરડો, અને મોતિયાબંધ ઓરડાં સુધીનું સુંદર દર્શન આ ગીતોમાં જ જોવા મળશે.

'કિયા ભાઈને મોભારે મોતી જડ્યા રે,
રાજાનો બંગલો મેહુલે રંગ્યો રે.'

વળી નરનારીનાં તો લળી લળીને રૂપે મઢ્યાં કંઈ કંઈ કેટલાંય ગીતો રચાયાં છે, જેમાં લેર્યું મંડાય તેવો રૂડો જોબન ભર્યો લાડો, જેની મૂછે લીંબુ રહે તેવો મર્દાનગીભર્યો માટી અને રૂપની અંબોળો લેતી લજામણી નારીને સુપેરે વર્ણવેલ છે. કાળુડા બાળથી માંડીને સાધુ–સંતને અને બહાદૂર બહારવટિયાને પણ ગીતોથી નવાજ્યા છે. આમ સમાજના દરેકે દરેક થરના નોખનરાળા પ્રસંગોને તથા લોકોને–દરેકને કાવ્ય કે કથામાં ઉપસ્થિત કરી વર્ણવી બતાવ્યા છે. આમ લોકગીતોને કથા વાર્તા વગેરેનો ફલકપટ વિશાળ છે. તેમાં રણઝણતી ધ્વનિનો રણકાર જ દેખાય છે, નથી તેમાં ભાષાનો આડંબર કે અર્થઘન કૃતતા. સાદી ભાષામાં, સૌ સમજી શકે તેવી વાણીમાં જીવનના માણેલા—અનુભવેલા પ્રસંગો વર્ણવીને સાદા અખંડ-જીવ-નનો ભીનોસૂકો ચિતાર વર્ણવેલ છે. ભલા ભોળા શ્રદ્ધાળુ લોકો, પરથવીના એ બાળ, પરમકૃપાળુ પરમાત્માને તંબૂરાને તાલે અને મંજી-રાના નાદે આરાધીને ગાય છે. ઇશ્વરની આંખના અમીના એ તરસ્યા લોક ભગવાનને પણ આરાધીને ગાય છે ભજે છે. ઈશ્વિર તરફનાં સ્નેહ–ઝરણનું જે વહેણ વહ્યું તે ભજન. આ ભજનમાં માથડાં નમાવી અને ખોળો પાથરી તેઓએ દેવને આરાધ્યો છે. મંજીરાનો ઝણઝણાટી અને એકતારાના સૂરે ભગવાનને રીઝવીને વહેલી પરોઢ સુધી ભજનની ધૂન મચાવી છે અને રૂડી રીતે દેવને આરાધ્યો છે—

'ભજનનો વેપાર ધણી તારા નામનો આધાર
કર મન ભજનનો વેપારજી.'

આ ગીતો, વાર્તા વગેરે કશે ઠેકાણે લખાયા તો નથી જ છતાં તે ભરપટ્ટે કંઠોપકંઠ સચવાતા રહ્યા છે. આનંદની પળે લોકોએ સૌને માટે રચેલ હોવાથી તે સૌનું ધન છે, અને તેથી જ અભણ ગ્રામ-જનોએ એ ધનને સાચવીને મોઢે કરી લીધા છે. ભાષા, ઢાળ વગેરે સાદા હોવાથી તેમજ પદ્ય હોવાથી લોકોને તે જલદી મોઢે થઇ જાય છે. વળી આ ગીત, રાસ-ગીત, વાર્તા બહુ લાંબા ન હોવાથી ગાનાર એક એક કડી બેવડાવીને ગવરાવે. ગાય છે એટલે ગીત પણ યાદ રહી જાય અને રચના લાંબો વખત સુધી લંબાય. જો કૌટુંબિક ગીત હોય તો તેમાં ક્રમવાર દાદા-દાદી, કાકા, મામા એમ દરજ્જા પ્રમાણે વર્ણનશ્રેણી ગોઠવેલી હોય છે જેથી ગીતો સહેજે યાદ રહી જાય છે. આ ગીતો કે કથા વગેરેમાં વસ્તુનું ટૂંકું છતાં સચોટ બયાન સાદી ભાષામાં હોવાથી લોકોને તે વધારે સ્પર્શ કરી જાય છે. અને તેથી જ એ ગીત પોતીકું લાગે છે.

આમ આ આખા ગ્રામ–સમાજનું સાહિત્ય છે. તેથી તેના પરિ-શીલને આખી ગ્રામસૃષ્ટિનું માનસ, તેના રીત–રિવાજ, તેનો આનંદ અને શોક–ઉદ્ગાર વગેરે આ સાહિત્ય પરથી જ જાણી શકાય છે. આમ આ કંઠસ્થ લોકસાહિત્ય દ્વારા ગ્રામપ્રજા સમસ્તના વિચાર વગેરે જોઈ શકાય છે. તે સંઘજીવનનું ગાન છે, માત્ર એકલ વ્યક્તિનું પ્રદાન નથી અને તેથી જ તેમાંથી એકધારું સંગાથાદી મધુરુંગાન ચાલ્યા જ કરે છે. આમ સર્વ ઊર્મિનો એકધારો પ્રવાહ અહીં ઠલવાઈ છે અને જે ગામડાઓમાં નિર્ઝરણી માફક વહ્યા જ કરે છે. લોક-જીવનમાં સર્વને સરખું માન છે. લોકસાહિત્યનો રચયિતા ભલે કોઈ સ્ત્રી કે પુરુષ હોય પણ તેઓ પોતાના નામનો મોહ રાખતા નથી. તેઓ માને છે—સમજે છે કે હૈયે સૂઝ્યું તે હોઠે આવ્યું. અને તે ગાયું તે માત્ર તેના એકલાના આનંદ માટે નહીં પણ જનસમસ્તના આનંદનો ભાગ તેમાં છે. માટે માત્ર એક વ્યક્તિ એકલપેટી જ નથી, તેને કલા પોતાના ખાતર જ છે તેમાં રસ નથી પણ તેના આનંદ સાથે જન સમસ્તના આનંદને તે ઇચ્છે છે. અહીં રચયિતા પોતે એકલો જ આનંદ નથી માણતો પણ પોતાની રચના પરથી તે પોતાના હક્ક અને નામનિશાન ઉપાડી તેને જન-સમસ્તની બનાવે છે અને સૌનો આનંદ તે પોતાનો આનંદ એમ તે માને છે. તેથી જ લોકસાહિત્યની કૃતિઓ માત્ર એકની નહીં પણ સર્વની થાય છે. તેના રચયિતા બધા જ છે. જેણે આ ગાયું, મહાવ્યું, સંઘ-રીને કંઠે કરી રાખ્યું અને આગળ ધપાવ્યું તે સર્વ.

આમને આમ સચવાતું અને વિશાળ રીતે ગવાતું ખેડાતું. વધતું આ લોકસાહિત્ય સૈકાઓથી ચાલ્યું આવે છે. શિષ્ટ સાહિત્ય કરતાં આ સાહિત્ય જરા નિકૃષ્ટકક્ષાનું હોઈ ગ્રામજનોમાં જ તે ફુલ્યું ફાલ્યું છે. પ્રાચીનકાળમાં જ્યારે સંસ્કૃત રાજભાષા હતી, પંડીતો અને ભદ્રજનોની તે ભાષા હતી ત્યારે સામાન્ય લોકો મોટે ભાગે પ્રાકૃત બોલી બોલતા. વિદ્વાનો સંસ્કૃતમાં સુંદર સાહિત્યનું સર્જન કરતા અને સૌ તેમાં આનંદ માનતા. પણ તે વખતે પણ સમાજનો અમુક

કક્ષાનો થર જ સંસ્કૃત સાહિત્યનો આસ્વાદ માણી શકતો. એ વખતે પણ સામાન્ય કક્ષાના લોકો તેમજ જનપદના લોકોનું શું ? તેઓ આ ઉચ્ચ ભાષાવૈભવને સરળ રીતે ઝીલી શકતા કે બરોબર સમજી શકતા નહોતા. તેઓમાં પણ આનંદ અને ઉલ્લાસ ભર્યાં હતાં. તેઓને પણ ઊર્મિના ઉછાળા ને સ્પંદનો આવતાં હતા. તે આનંદ-છોળોના ઉછાળાને આ લોકોએ પોતાની પ્રાકૃત ભાષામાં ગાયો કે કથ્યો તે લોકસાહિત્ય, જે બધાજ લોકો ગામડાંનાં તેમજ શહેરના સૌ લોકો સમજી શકે તેવું શહેલું અને સાદું, ઊર્મિસભર વળી સંસ્કૃતથી સહેલું પણ રસથી ભરેલું. જે પ્રાકૃત ભાષામાં થયું તે સર્વ લોકનું સાહિત્ય. જેમાંના કોઈ કોઈ ગીતમાં સંસ્કૃત ભાષાની વિચારસામ્યતા પણ હોય છે. દા. ત. 'શાકુન્તલમ્'ના શ્લોક જેવું જ આ અધરણીનું ગીત છે–

'धन्यास्तदंगरजसा मलिनीभवन्ति'

ધન્ય છે તે માતા–પિતાઓને, જેઓનાં વસ્ત્રાભૂષણો એની (પુત્રી) અંગ–રજ વડે મેલાં થાય છે.

'ધોયો ધફોયો મારો સાડલો,
ખોળાનો ખુંદતલ દ્યોને રન્નાદે
વાંઝીઆના મેણાં દખણ દોયલા."

આ લોકસાહિત્ય સામાન્ય લોકોનું તેમજ વિશેષતઃ ગ્રામલોકોનું–તેમની જ બોલીમાં હોવાથી કોઇએ તે ગ્રંથસ્થ તો ન કર્યું, પણ કંઠે તો તેઓએ ભરી જ રાખ્યું. ભાષાનો જુદા જુદા ક્રમમાં વિકાસ થતાં તે સાહિત્ય ક્રમાનુગત નવા પણ તે ચાલુ કાળના ઉમેરણ સાથોસાથ સચવાતું આગળ ચાલ્યું. તેમાં નવો નવો ઉમેરો થતો ગયો. જેમ નરસિંહ અને મીરાંના ગીતો પ્રાચીન હોવા છતાં અદ્યતન ગુજરાતી જેવાં જ છે તેમ. ભાષાના વિકાસ સાથે આ ગીતો પણ નવો નવો શબ્દસ્વાંગ ધરતા આગળ ચાલ્યા આવ્યા છે. પણ તેના મૂળ ગીતનો ભાવ જે પ્રાચીન વખતનો હશે તે જ તેમાં મૂળસ્થાને રહી ગયા છે. આમ આ ગીતો વગેરે કંઠસ્થ હોવાથી તેની મૂળ રચનાઓ, તેના શબ્દો વગેરે મળતા નથી કારણ કે તે લેખિત નથી માટે જ. પણ ભારતની બીજી ભાષામાં આ લોકગીતો જેવાં જ બીજાં ગીતો છે, બંનેને સરખાવતાં તે મૂળ એક જ ગીત હોય તેમ લાગે છે. રાજસ્થાનનું સીતા વનવાસનું એક પ્રભાતિયું આ રહ્યું—

'રામજી પો ફાટી ભયો પરભાત,
માત કૌશલ્યાજી દાંતણ માંગિયો;
રામજી માંગ્યો છે ખર દોયચ્યાર
બહૂ એ આંટીલી સુણૌ એ ન સાંભલૌ.'

બરોબર ઉપરના ગીત જેવું જ ગુજરાતીમાં આ પ્રભાતિયું છે—

'રામ પરભાતીને પો'ર દેવકીજી માતાએ દાતણ માગીઆ,
માગ્યા માગ્યા તે વાર બે–ચ્યાર, સીતાએ વચન લોપીઆ.'

તેમ જ વ્રજભાષામાં પણ એક લોકગીતના જેવું જ આ ગીત છે—

'સોનલા ઇંઢોણી ને રૂપલાનું બેડું રાજ,
રૂપલા બેડું રાજ.
નણંદ ભોજાઈ પાણી સંચર્યાં રાજ;
પાણી ભરે ને મોરલો ઢોળી ઢોળી નાખે રાજ,
ઢોળી ઢોળી નાખે રાજ,
ગોખેથી રાજના કુંવર જોઈ રહ્યા રાજ.'

આમ વર્ષોથી લોક સાહિત્ય નાની સરવાણીરૂપે ઝમઝમ વહ્યા જ કરે છે. મધ્યકાલિન અંધકારયુગમાં આ સાહિત્ય ફૂલ્યું ફાલ્યું છે. વળી વધારે વિશાળ ક્ષેત્ર રચાયું છે. અને વિધવિધ રૂપે વિહરતું થયું છે. આ સાહિત્યનાં મૂળ તપાસતાં ગુણાન્યની પૈશાચી ભાષામાં લખાયેલ વાર્તા "બૃહત્ કથા"માંથી તેના સગડ મળી રહે છે. આ વાર્તાઓ પણ લોકભાષામં જ રચાયેલી હતી અને તેથી જ તે વખતના પશુ-પંખી અને લોકોને આકર્ષી રહી હતી ને ? જૂના સંસ્કૃત નાટકોમાં પણ ગ્રામજનો અને સ્ત્રીઓ ય પ્રાકૃત ભાષા જ બોલે છે. સ્ત્રીઓના મુખે પ્રાકૃત ભાષામાં શબ્દોચ્ચાર વધારે રમણીય લાગે છે. એ ભાષામાં ગવાતાં ગીતો પણ લયવાહી અને મધુર લાગતા. મોટે ભાગે સ્ત્રીઓ જ પ્રાકૃત ભાષામાં રચના કરીને ગાતી કારણ કે એ ભાષામાં બોલવાનો તેને વિશેષ મહાવરો હતો. આમ લોકભાષામાં રચાયેલું સાહિત્ય મોટે ભાગે સ્ત્રીઓએ જ રચ્યું હશે કારણકે સ્ત્રીહૃદયના ભાવ સંવેદનો તેમાં વિશેષ નિરૂપવામાં આવ્યાં છે. અને તેથી જ ગ્રામ–નારીઓએ જ તે કંઠસ્થ કરી સંઘર્યું અને મુક્ત મને ગાયું છે. આ બધું જોતાં લાગે છે– મોટા ભાગે આ ગીતો, વાર્તા, કથા, રાસડા વગેરેની રચના બહુતઃ સ્ત્રીઓજ કરતી હશે. અને આ દ્વારા પોતાના બાળકોના અને પોતાના તેમજ ગ્રામજનોના મનનું રંજન કરતી હશે. આપણે ત્યાં મોટે ભાગે દાદીમા જ વાર્તાઓ કહે છે ને? આમ લોકસાહિત્ય સ્ત્રી, પુરૂષ અને બાળક સહુનું છે, પણ તે સહુમાં સ્ત્રીઓ માટેનું સવિશેષ છે. તેમાં નારીહૃદયના મનોભાવ, મન્થન, મમતા વગેરે ઊંડાણ સુધી દેખાઈ આવે છે. આ સાહિત્ય મોટે ભાગે સ્ત્રીઓને વધારે કંઠસ્થ છે, પુરૂષો તો માત્ર ભજન, રાસ, દુહા, ધોળ, રામવાળા ને ચળુકા આટલું જ ગાય છે. તે પણ બધા પુરૂષોને કંઠે નથી હોતું. જ્યારે ગામડાંની દરેક સ્ત્રી પોતાના બાળકને પારણામાં સંભળાવે છે–

'તું સૂઈ જા બાળ સૂઈ જા
લાડકડા બાળ સૂઈ જા.'

આ રીતે ગીતો ઘર, શેરી ને ગામ ગજવતી સ્ત્રીઓ સૌરાષ્ટ્ર–ગુજરાતમાં ઠેરઠેર જોવા મળશે, જેને એક પણ ગીત ન આવડતું હોય તેવી એક પણ લોકકન્યા કે લોકનારી કોઈ ગામમાં મળશે જ નહીં. અરે, ગ્રામસ્ત્રીઓએ તો લોકસાહિત્યને વહેતું–વધતું રાખ્યું છે. ગ્રામનારીએ જ જુઓ આ ગીત રચ્યું--ગાયું છે—

'નથી ગાયો ભાટ વાણિયે રે,
નથી ગાયો ચારણ ભાટ રે,
ગાયો કુંભણ ગામની કણબણ રે,
એનું અમર રે'જો નામ રે.'

આ લોકસાહિત્ય વિશાળ રીતે લોક, પશુ વગેરેના વિષે પણ વિવિધરીતે, અરે મોકળાશથી પહોળા પટમાં ખેડાયેલું છે. તેના પટ વિશાળ છે. સમગ્રજીવન અને તેના સુંદર પ્રસંગોને અહીં કવનમાં સુંદર રીતે ઝડપ્યાં છે. સ્વ. શ્રી ઝવેરચંદ મેઘાણીએ તેના ભાગ પાડયા છે. (૧) વિશિષ્ટ રૂઢિપ્રયોગ (૨) કહેવતોનો જીવનમાં અનુભવ નિચોડ (૩) ઋતુ બાબતમાં ભડલી વાક્ય (૪) ઉખાણો અને વરતો (૫) જીવનનાં દરેક ક્ષેત્રનાં ગીતો (૬) વ્રત જોડકણાં (૭) વ્રતકથાઓ (૮) લગ્નગીતો (૯) સમુહ કાર્ય અને શ્રમનાં ગીતો (૧૦) રાજીયા (૧૧) પુરુષોનું સાહિત્ય (૧૨) લોકવાણીના ભજનો.

આ રીતે જીવનના દરેક ક્ષેત્રને વર્ણવતું આ સાહિત્ય લોકોને માટે સંપૂર્ણ સાહિત્ય છે. ભાટ, ચારણ રાવળ અને મીરના વ્યક્તિત્વ કંઈ ઓર જ છે! તેઓ પોતાની ખુલ્લી જબાનથી કોઈ મરદની સાચી શૂરવીરતાને બિરદાવે છે. કોઈ વળી લાંબે સૂરે અને મધુર રીતે દોહરા ગાય છે. તો વળી કોઈ આતમરામને સંભારીને જીવનનૌકાને તારવાની આરજૂ કરે છે. બુલંદ અવાજે અને કામડીના ઘુઘરાને ઘમકારે ગાતો રાવણહથ્થાવાળો કંઈકને બિરદાવે છે.

રામવાળાના લગન આવ્યા ને ઢુબકે વાગે ઢોલ

ગોઝારો ગોરીઓ ગાજો, રોકાણો ત્યાં રામવાળો.

કે રાત્રે જજમાનમાં કે ચોરા પાસે વાર્તાઓના રસમાં તરબોળ કરી મૂકતા ભાટ અને ચારણો, ડાકલે કે ડમકારા મારીને લાંબે રાગે દેવીમાની આણિયું ગાતો રાવળ–પાવળિયો, આ બધાય લોકસાહિત્યની રચનાઓને જીવંત બનાવી લોકોના હૃદય સુધી પહોંચાડી દે છે. લોકગીતના ને સાહિત્યના રંગે રંગાયેલા આ લોકો જૂનું નાણું અને વણમોલું ધન છે.

આજથી છેલ્લા થોડાં વર્ષો પહેલાં જ લોકોની જીભે વિહરતા આ સાહિત્યને સ્વ. શ્રી રણજીતભાઇએ પ્રથમ લોકગીતો ભેગા કરી બેનું સંપાદન કર્યું. તે પહેલાં પણ નર્મદે સુરતની સ્ત્રીઓનાં ગીતો ભેગાં કર્યાં હતાં. એક પારસી લેખકે પણ લોક સાહિત્યની વાર્તાઓનો સંગ્રહ ખૂબ મુશ્કેલીથી શોધીને સંપાદિત કરીને તે વખતે બહાર પાડેલો. છેલ્લે છેલ્લે શહેરી અને શિષ્ટલોકો ની સામે રણકતું કરનાર સ્વ. શ્રી ઝવેરચંદ મેઘાણી. તેણે તો આ સાહિત્યને લગભગ બધું યે ગ્રંથસ્થ કરી લીધું છે સૌરાષ્ટ્રના ગામે ગામ, નેસડે નેસડા ફરી તેમણે આ બધું વીણી ચૂંટીને મહામુસીબતે ભેગું કરી શહેરી અને શિષ્ટજનોની સમક્ષ મૂક્યું છે. તેની એક રચનામાં જ પોતે આ બધું કેમ ભેગું કર્યું, તે કેવું છે તે તપાસવા, મૂલવવા લોકોની સમક્ષ મૂકી દે છે.

'રૂપ સુગંધી હું કાંઈ ન જાણું! ડુંગરાનો ગોવાળ,

આવળ બાવળ, બોરડી કેરી કાંટ્યમાં આથડનાર.

મારે ઘેર આવજે બે'ની, નાની તારી ગૂંથવા વેણી.'

—ઝવેરચંદ મેઘાણી.

આમ વીણી ભેગું કરીને આ સર્વ લોક સાહિત્યને તેમણે સર્વની સામે મૂકી દીધું છે.

લોક સાહિત્ય મૂળ ઢાળમાં કોઈની પાસેથી સાંભળવાની તો અનોખી મજા પડે છે. જ્યારે સાતમ, આઠમ કે મોળાકત જેવા પર્વ કે વરત વરતોલાના જાગરણ હોય, મેઘાડંબર આકાશે જામ્યો હોય, સીમમાં સારા વરસાદે સીંચ્યો મોલ હરખે હલમલી રહ્યો હોય ત્યારે સર્વના દિલમાં આનંદના ઓઘ ઉભરાતા હોય ને ગામડેગામ જુવાન–જુવતીઓ મસ્તીમાં આવીને રાસડા–ગરબી ગાય છે ત્યારે તો ધરણી ધણધણી ઊઠે છે. કેડની લચક આપી, લહેકાથી બંસરીના બોલ જેવા હલકભર્યા કંઠે સમગ્ર ગામ અને વાતાવરણને તેઓ ભર્યું ભર્યું અને આનંદમય બનાવી દે છે. આવા ગાનારા પાસેથી લોક સાહિત્ય સાંભળવાની મઝા શે માણવી ન ગમે?

ભારત સ્વતંત્ર થયા પછી ગામડાંઓમાં ઠેર ઠેર નિશાળો થઈ અને ત્યારપછી નાની પ્રજામાં થોડું અક્ષરજ્ઞાન આવ્યું. હિંદી તેમ જ ગુજરાતી ચલચિત્રોની અસર પણ ગામડાંઓમાં પહોંચી. સમાજ–કલ્યાણના કાર્યકરો તેમ જ શહેરી શાળામાં ભણેલા શિક્ષકો ગામોની શાળામાં આવ્યા. આ બધાની અસર ગામડાંના લોકો પર થઈ. નવજુવાનો તેમ જ ગામડાંના સુધરેલા લોકો લોક સાહિત્યને એક બાજુ રાખી દેવા લાગ્યા છે. હવે તો ચલચિત્રોના ગીતોના ઢાળવાળા, સ્વરાજના–દેશ–નેતાના વગેરે ગીતો ગાવા લાગ્યા છે. એમાં ખાસ દમ નથી. તેમાંનાં ઘણાં ગીતો સાવ ફીસાં અને માત્ર શબ્દાળુ જેવા લાગે છે. કરખા અને જીલ્લાની રાસ–ગરબાની હરિફાઇઓમાં પણ હવે તો લોકગીતને બદલે કંઈ અવનવાં ગીતો ગાય છે. ઘણીવાર તો ગીત અને ગરબાનો મેળ જ નથી બેસતો. હવે લોક સાહિત્ય ! ખેતરમાં નાનું છીંડું પડ્યું છે, ધીમે ધીમે ખેતર ભળાવા લાગ્યું છે. હવે શ્રી મેઘાણીભાઈ જેવા રખોપિયાની જરૂર છે, ખેતર ભેળાય તે પહેલાં રહ્યો સહ્યો પાક લણી લે.

★



# અર્વાચીન ગુજરાતી કાવ્યમાં— ગુર્જર નગર-વર્ણન

—ડૉ. પ્રા. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)

નર્મદથી આરંભ પામેલી અર્વાચીન ગુજરાતી કાવ્યસૃષ્ટિમાં ગુર્જર નગરવર્ણન સારા પ્રમાણમાં થયું છે. એમાં અમદાવાદ, ભરૂચ, સુરત, નડિયાદ, વડોદરા, વર્ધમાનપુરી, તુલસીશ્યામ, સિદ્ધપુર, બાલાપુર વલ્લભીપુર, અવલોકિતેશ્વર, તળાજા, મુંબઈ, પાટણ, વલ્લભવિદ્યાનગર, બારડોલી, ધારાસણા, લાઠી, કપડવણજ અને સુદામાપુરી જેવાં સ્થળોનાં વર્ણન એક તરફ થયાં છે તો બીજી તરફ મહાબળેશ્વર, કોલ્હાપુર, કરાંચી, ચંડીગઢ, ખડકવાસલા, એડન, ભાકરા, ચિત્તરંજન, હીરાકુંડ, કાશીઘાટ, જલિયાંવાલા બાગ, શ્રી રંગપટ્ટમ, કાકડાપાર, પાવાગઢ, તારંગા, નહાગા શિખર સોમનાથ, શત્રુંજય, ગિરનાર, આબુ, ગઢ શિવનેરી, ભોગાવાનો કાંઠો, અજંતા-ઇલોરા, અશ્વેશ્વર, એલીફન્ટા, બોરઘાટ, પારનેરા, કબીરવડ, તીથલ કાંઠો, ડાંગ વન, અરવલ્લી, ગુરુશિખર, સુરપાણનો ધોધ અને હંપીનાં ખંડેરો જેવાં સ્થળોનાં વર્ણનો પણ થયાં છે. અન્ય કાવ્ય પ્રકારોની જેમ નર્મદે જ 'સૂરત' કાવ્ય લખીને આવાં કાવ્યો લખવાની પહેલ કરી છે.

આ સર્વે સ્થળ વર્ણનોમાં ગુજરાતનું પાટનગર અમદાવાદ સંખ્યા અને ગુણવત્તાની દૃષ્ટિએ સુપેરે અંકિત થયું છે. એનાં આશરે દશેક કાવ્યો ધ્યાન ખેંચે છે. બ. ક. ઠાકોર 'મારાં સૉનેટ' (ઈ. ૧૯૩૧) સંગ્રહમાં પ્રગટ થયેલા 'અમદાવાદ' નામક સૉનેટમાં સુરત—અમદાવાદના ગજગ્રાહનો ઉલ્લેખ કરીને અમદાવાદની કેટલીક વિલક્ષણતાઓ દર્શાવે છે: "પુરાણું સૂરત અમદાવાદને ભલે 'હરામજાદ' કહે, પણ 'રણછોડભાઈ રેંટિયા'એ અમદાવાદને ઉન્નત કર્યું છે, ફોર્બ્સે ત્યાં વિદ્યાજયોત જગાવી અને ભોગાનાથ, મહિપતરામ, દલપતરામ વગેરેએ તેને પ્રગતિ આપી. ગાંધીજીએ એને રાજપુર બનાવ્યું ને શીલ, તપસ્યા, સેવા ને બંધુતાનો મંત્ર આપ્યો. અમદાવાદ તો છે ગુર્જર પ્રજાદૈવત." 'લલિતનો લલકાર' (સંગ્રહરૂપે ઈ. સ. ૧૯૫૧) માં કવિ લલિત 'ગિરદાબાદ—અમદાવાદ' નામના કાવ્યમાં અમદાવાદને 'ગુર્જર ગુલઝાર' કહે છે. 'અહીં જહાંગીર—નૂરજહાં જેવા પધાર્યાં હતા, સારસના સ્નેહયુગલ અહીં રસરમણે રહે છે. મન મસ્ત બનીને રીઝે છે તથા સુઘડ, સરળ ને ઉદાર મહાજનો છે. ઉત્તરમાં રણરેતીનાં વંટોળો દિન–રાત થાય છે ને અમદાવાદ 'ગિરદાબાદ' દિસે છે. સૂરતનો સહેલાણી દિલ–દરિયાવ હોય છે.' અમદાવાદની પ્રકૃતિનું સૌન્દર્ય અજબ છે. એ જોઈને કવિને થાય છે: "એક ખુદાની ખુદાઈ! ત્યાં ઈન્સાન દિસે જો ક્ષુદ્ર." શ્રી ઉમાશંકર જોશી 'આતિથ્ય' (ઈ.સ. ૧૯૪૬) સંગ્રહમાંનાં 'કાંકરીયા' અને 'સાબરની દીકરી' નામક કાવ્યોમાં અમદાવાદના પ્રાકૃતિક સૌન્દર્યનું આછું વર્ણન કરે છે. કાંકરિયાની નૌકાસહેલ, ત્યાં સેવેલા સ્વપ્નો, તેને હૃદયે નમણી લાડી સમી દજેલી નગીનાવાડી— વગેરે સર્વહૃદયંગમ છે. પ્રસ્તુત કાવ્ય જો કે આત્મલક્ષી છે. છતાં કાંકરિયાની મનોરમતાનો આછો ચિતાર એમાં સાંપડે છે. 'સાબરની દીકરી' માં સાબરમતીને કેન્દ્રમાં રાખી કુદરતની સંગાથે અમદાવાદની કમનીયતાનો ઈષત્ ચિતાર અપાયો છે, મોટા શહેરના અરવેરા બળતા દીવા, સાબરતટે ને શહેરમાં બબ્બે દીવડીયા પાછળ લટકાવીને ઘૂમતા રેંકડીવાળા અને લોઢાના થાંભલાવાળા સક્કડિયા પૂલનું દૃશ્ય દિલચસ્પ છે. શ્રી રમણિક અરાલવાળા 'પ્રતીક્ષા' (ઈ.સ. ૧૯૪૨)ના 'કાંકરિયાની શરદપૂર્ણિમા' કાવ્યમાં અમદાવાદના સૌન્દર્યધામ કાંકરિયાનું સરસ નિરૂપણ કરે છે: "શરદપૂર્ણિમા ટાણે પ્રકૃતિને કવિએ પૂર્ણિમામાં રમતી ગૌર ગોવાલણી શી કલ્પી છે. એને માથે શરદશશીની ગોરસી છે ને સમગ્ર ભુવનમાં તે આનંદહેલી રેલાવે છે. તારાટીપકી જડિત કૌમુદીની કાંચળી એણે પહેરી છે. એ મર્મરોની મધુર મોરલી બજાવે છે અમે કહાન શો કાળ આત્મકેરી ઝૂલભરી ક્ષિતિજની કામળી ઓઢીને સૌન્દર્યમુગ્ધ બન્યો છે. આબાદીના અભમ કરતી અંગુલિઓના પ્રતીક શી મીલની ચીમનીઓ જાણે સૂતેલી અમદાવાદ નગરી પર આશિષ વરસાવે છે. એ વખતે સોનાના કાંગરાવાળા ચાંદીતણા થાળ સમું કાંકરિયા તળાવ સ્વસ્થ સુતું છે. મદનવેગથી અહોનિશ દુખિયારી થતી ખંડિતા યૌવના શી નાવડી વડના ઝાડ નીચેના કિનારે પડી છે. જ્યોત્સ્ના રેલા સરોવરમાં પ્રતિબિંબિત તારાઓ જાણે વિમલ પય વડે ધોવાતા રૂપિયા જેવા લાગે છે. કાંઠા પરની દીપમાળા જાણે પાતાળેથી પધારીને ચંદ્ર સાથે રમવા આવેલી નાગકન્યાઓની ટોળી જેવી દીસે છે. યૌવનાના અંબોડે અડપલું કરતાં છેલ જેવો વાયુ વાડીની પુષ્પમય લતાઓને લહેરાવે છે. અનેરી સહિયરો સોનેરી ઓઢણીઓ ઓઢી રાસ ખેલે છે. આખુ આકાશ સુધાસિંધુના હિલોળે ઝૂલી રહ્યું છે અને આ સૌન્દર્ય જોઈને અકલ ઉપન્યાં બ્રહ્માંડોના કિરીટ સનો માનવી રાચે છે."

શ્રી દેશળજી પરમાર 'ઉત્તરાયન' (ઈ. સ. ૧૯૫૮) સંગ્રહનાં 'એલિસબ્રીજ' અને 'અમદાવાદ' નામક બે કાવ્યો આપે છે. 'એલિસબ્રીજ'માં કવિ તેને કંઈ વર્ષોથી ગ્રીષ્મનો તાપ સહન કરીને સાબરમતીના જલઝૂથનું વહન કરીને હાંફેલા કોઈ મલ્લ સમો કલ્પે છે. 'અહીં રેતના ઢગ ઊડીને ઢળે છે ને દશે દિશાના પવન વળે છે. ક્યારેક અહીં નીરવતા છે તો ક્યારેક કોલાહલ છે. તેની પીઠ ઉપર ઘણાં વાહનોને એ ધારે છે ને હેઠે પ્રગતિધારો વહાવે છે. એ છે હળવોફૂલ પણ હિમ્મત ભડ. લોકહૃદયની વત્સલહેલી, કૌમારની લોચનકેલિ અને રાષ્ટ્રજનકની પદધૂલિને ચૂમીને ને ઝીલીને એ ઊભો છે. એ છે એકલવાયો બજરંગી, વિશ્વમેળનો અવધૂત સંગી ને વ્યોમવિતાને સતત દેખનારો." 'અમદાવાદ' કાવ્યમાં કવિ તેને 'શહેરે મુઆઝમ' કહીને શિલ્પીને સ્થપતિશ્રેયોના પરમ ભવ્ય નિર્માણરૂપ કહે છે.

" આમ્રકુંજની ગુજરાતણનો એ રાસપ્રદીપ છે. અર્થશાસ્ત્ર ને વેપાર-વણજનો એક જમાનનો જગદીશ, રાજપૂત મોગલ દક્ષિણીને આંગ્લલોકોનું એક વેળાનું ક્રીડનસ્થળ, હિંદુ મુસલમાનોના ભેળા ભાગ્યલેખ તણો સંકેત, ભદ્રકાલિ શાહઆલમની અગમ્ય શક્તિ ને તેના પ્રભાવનો નમૂનો, ઈતિહાસનાં સત્ય અને સ્વપ્ન એવાં બે અશ્રુભર ચક્ષુઓનું લાવણ્ય તથા 'ધૂમાડો,ધૂળ ને ધમાલ'ની ધ-ત્રિપૂટીનું કાંચનધામ એ છે. સાબરમતીનાં બે વહેણો શી યુગસંસ્કૃતિનો પ્રવાહ વિશાળ ચરિત જનતામાં નજરે પડે છે. અહીં ગુર્જર ચેતન સ્રોત સહસ્ર પાંખડીએ વહે છે ને ઉત્સવના ભોગી જીવનજ્યોત જગાવે છે. અમદાવાદ છે ધરસુખધેરું, વીરક્ષેત્ર, ચિંતનમણિ ને દેવોનું પ્રિય. "

'અલ્પવિરામ' (ઈ. સ. ૧૯૫૪) સંગ્રહમાં શ્રી નિરંજન ભગત 'અમદાવાદ-૧૯૫૧' નામનું કાવ્ય આપે છે. અહીં કવિને શહેર નહીં પણ માત્ર ધૂમ્રના ધૂંવા દેખાય છે. એનાથી માનવના રુંવેરુંવા રુંધાય છે. અહીંની ઉષા કૌરવોના આશ્રયે પડેલા ઉદાર કર્ણ શી ને મીલમાલિકો તણા સુવર્ણ શી છે. અહીં તો અસંખ્ય નેત્રમાં અદમ્ય રૂપની તૃષા છે, સદા સર્વનાં મુખો મ્લાન છે, સ્વપ્નમાં ય સુખો પ્રાપ્ત થતાં નથી, કુરૂપની કથાને વિરાટની વ્યથા છે. આ કંઈ શહેર નથી " અહીં અમદાવાદની નિરાશા ને નિષ્ફળતાની ચીસ સંભળાય છે તો શ્રી ચીમનલાલ વ્યાસ કૃત 'લહરી' ( ઇ. સ. ૧૯૬૩ ) સંગ્રહના 'અમદાવાદને' કાવ્યમાં પણ એવો જ વિષાદ સાકાર થયો છે. પણ આ વિષાદ જુદા પ્રકારનો છે. " કુદરતી વિલસી રહેલા સૌન્દર્યમાં અનુક્રમે નિજ પુરુષાર્થી અહીં રૂપ આપ્યું છે. " પણ એમાં વિહસલના રુક્ષ ભણકાર, હોટલમાં ખણખણતા કપ-તાસકો ને વાસી ભજિયાની વાનગી, રીક્ષામાં રખડતા અનાડી યુગલો અર્ધઢાંકયા દેહે વસ્ત્રો વણતાં માનવીઓ, બે વાર ભોજન ન પામતી અનેક વ્યક્તિઓ અને કુગ્ન્ન કાયાવાળા લખપતિઓનાં ચિત્રો નજરે પડે છે. દેશભક્તો, જિન-ઓલિયાઓ વગેરેએ એને 'પૃથ્વી પરે સુરતાની નગરીસમાન' કંડારવા ને સજાવવા માટે ઉરમાં સેવેલા કોડ મૂર્તિમંત બન્યા નથી અને તે બદલ કવિ ખિન્નતા અનુભવે છે.

શ્રી સુંદરમ્ કૃત 'ઓહ, અમદાવાદ!" (પ્રગટ અખંડઆનંદ. ઓક્ટોબર ૧૯૬૪)માં અમદાવાદનાં સારાં નરસાં પાસાંનુ આલેખન થયું છે. અમદાવાદમાં ડામરલીંપી રૂડી રૂપાળી શેરી, ગલી ગલીમાં અનેરા રૂપેરી દીવા, પહોળા પ્રલંબિત પંથ. લક્ષ્મીના રેલા દોડતા વાહન, નવીન ઝલકતાં ભવન સોદાગર, સાબર સરિતાના અવનવા પૂલો, શરબત-આઇસક્રીમ તથા રસ-ગૂલની રેલંછેલ, અવનવી નિશાળો, વિદ્યાભવનો, ગગનવાણીનાં મથકો, ગ્રંથાલયો, દવાખાનાં દવા બજારો, ધિંગા રાજભવનો, નવાં મંદિરો, રૂપાળા દુર્ગ-કોટો, દરવાજા તથા સાબરમતી આશ્રમ આદિ સ્થાનોએ હરણફાળ શી પ્રગતિ જોવા મળે છે. બીજી તરફ અહીં હવે નથી મહાત્મા. પ્રતિભા કે તપનાં આવિષ્કારો. મેઘા ! મેરુ તથા કરુણાભીનાં અંતરો, અહીં તો છે 'પૈ પૈમાં બુદ્ધિ વેચાતી, નિષ્ઠુર જૈ જૈ લગની,' 'સરસ્વતી નિજ વીણા વેચી, ભરી ગર્જ જ રૂિયાળા' તથા 'આજ અરે રૂપિયા શા સસ્તા સસ્તી નેતાગીરીઓ ? અહીં ઘડીઘડીએ નવા મોરચા અને ખાંભીઓ મચે છે. આ રીતે અમદાવાદની આબાદ તથા બરબાદ સ્થિતિનું ચિત્ર કવિએ અહીં સારી રીતે અંકિત કર્યું છે!

શ્રી મધુરમ્ 'આ અમદાવાદ' (ઇ, સ. ૧૯૬૫) કાવ્યમાં જેને ધન કુબેરની નગરી થવાનો નાદ લાગ્યો છે એવી નગરી તરીકે અમદાવાદને ગણાવે છે. " અહીં સાબરનાં નીર ખળખળ વહીને શાંતિનો સાદ આપે છે. કુદરત ને કુંદન અહીં દીપે છે. આ તો દધીચ મુનિની તપોભૂમિ-ગુજરાતનો ભવ્ય પ્રાસાદ છે. આ તો છે જાણે વિભુનું ભવ્ય લલાટ. આ શાંતિ ને ક્રાંતિની ભૂમિ છે. ક્યાંક વિષાદ ક્લાંતિ ને શ્રાંતિ અહીં નજરે પડે છે, પણ પ્રમાદ નજરે નથી પડતો. અહીં જગવાદોની કચૂંબર જોઈ શકાય છે, પણ અમદાવાદનો વાદ ને નાદ ન્યારો છે. અહીં વાણીવિદ્યા અનોખા છે. માનવતાની કલગી સમા ગાંધીજીનો સાદ અહીંથી વહેતો થયો છે. ધન-વૈભવનું આ મોટું સ્થાન જાણે લક્ષ્મીજીની ચરણરજના પ્રસાદ જેવું છે. "

અમદાવાદ પછી આપણી અર્વાચીન કવિતામાં સુરતનું વર્ણન સારા પ્રમાણમાં થયું છે. એની ૭ સાત રચનાઓ નોંધપાત્ર બને છે. આમાં અર્વાચીન કવિતાનો જનક નર્મદ 'સૂરત' નામનું સરસ ને ઉત્તમ કાવ્ય આપી જાય છે. આપણાં નગર પ્રશસ્તિનાં સમગ્ર કાવ્યોમાં સર્વોત્તમ સ્થાને બિરાજી શકે એવા આ કાવ્યમાં બેહાલીને લીધે રડતી સૂરત બનેલા સૂરતની ભૂતકાલિન 'સોનાની મૂરત' જેવી ગૌરવગાથા આલેખે છે. અને ઉન્નતિ પછી અવનતિ પામેલી એ કથીર શી દશા બદલ કવિ અફસોસ વ્યક્ત કરે છે. ભારે આગથી તેનો કથળી ગયેલો દેહ, ક્ષોભજનક સ્થિતિ પામેલા બે બુરજ, અદૃશ્ય થયેલા નેનના ચળકાટ, ઢીલા પડેલા ગાલના ઠાઠ, બેહાલ બનેલા દાંત, દુર્દશા પામેલું નાક, ઘુવડ શું ફીકું પડેલું મુખારવિંદ, અમાસ જેવું કારમું થયેલું રૂપ, ઊડી ગયેલી સુરભિ, કિલ્લા-લાતી-ને-કોટની આથમેલી સમૃદ્ધિ, અસ્ત થયેલી કુરજા બંદરની જાહો-જલાલી, લીન થયેલા વખારવાડીવજીફા ને બાગ-હવેલીના પુરાતન ઝગમગાટ, ઊડી ગયેલો હાથી ઘોડા ઊંટને પાલખી-રથનો ચકચકાટ, નષ્ટ થયેલ અપાર શોભા, લોકસંપ, તાપી-શોભાને બંદરનો બહાર, અવગતિ પામેલા શોભિતા કિલ્લા, ડંકાને વહાણોનો ઠાઠ વગેરે સ્વરૂપે આસમાની-સુલતાનીના પ્રતાપે સરજાયેલી તારાજીનો દર્દભર્યો ચિતાર આપી કવિ નર્મદ આર્તનાદે ઉદ્ગાર કાઢે છે. 'હાય હા એ સુરત શેરશેરે ચૂસી લીધી' ને 'હવે તું મરી જવાની' રાત પડી ગઈ છે ને સૂરતનો સૂરજ અસ્ત થયો હોવા છતાં કવિ નિજ ધાયલભૂમિ માટે ઘણું અભિમાન સેવે છે, કેમકે એ તો તેનું વતન છે. દુઃખમાં પણ મીઠાશ, ધીરજ ને સંતોષ સેવનાર સૂરતને કવિ ધન્યવાદ આપે છે. કવિ વળી માને છે. કે બહુ મોટું ગુજરાત, શહેર, ઝાઝાં વિખ્યાતાં; સૂરત તુજ સંતાન, જન્મશુદ્ધિમાં ખાતા." સુઘડતાને શૂરવીરતામાં તે અગ્રણી છે. કવિ સુરત ને અમદાવાદની તુલના અહીં કરે છેઃ ફફણ અમદાવાદી ભલે બડાઈ કરે. તેની પાસે નાણાંનો તોર છે, પણ તેણે સૂરત જેટલાં કારી જખમો વેઠયાં નથી. આજ સૂરતમાં નાણાંનું નૂર નથી પણ કુદરતનું ચકચકતું ને ભરપૂર નૂર છે. 'અમદાવાદી ટેક ને માન ન જાણે,' નાણાંથી તેઓ સારા છે અને 'ઉધમખંતી રોજ, સ્વાર્થને સાધે વ્હેલા,' પણ 'બ્હાર વિવેકી તો ય માંહ્ય મીઠા ને મેલા' ત્યાંના શેઠ ગામના જેવા રોંચા છે, પણ હૈયે પોચા નથી. તેઓ રસરંગ ન જાણનાર ને એકદેશી છે, ધન એકઠું જાણે છે પણ ભોગવી જાણતા નથી. સૂરતનાં

સંતાનો કાબેલ છે.' 'નર્મદ કડખેદ' આ રીતે અંગત મત વ્યક્ત કરે છે ને ગાઇને તાત્કાલીન સૂરતીઓને શૂર ચડાવે છે. અહીં નગરવર્ણન ઓછું છે, પણ વતનપરસ્તી વધારે છે.

શ્રી લલિતકૃત 'લલિતનો લલકાર' (સંગ્રહ રૂપે ઈ. સ. ૧૯૫૧) ની 'તાપીને તીરે' કૃતિમાં 'વનેથી વહેતી સરલ તરલી નિર્મળ' સમી તાપી 'વ્રતતપ ભર્યું જીવન વહેતી' હોવાનો નિર્દેશ છે. તાપી તીરે વસેલા સૂરતને કવિ 'રસિક ગરવી ગુર્જરી ભૂમિ' કહે છે. ને ત્યાં 'વીરતા નર્મદ સમી' ગજવીને મહાલવાની ઈચ્છા રાખે છે.

'ઉત્તરાયન' (ઈ. સ. ૧૯૫૪)માં શ્રી દેશળજી પરમાર 'સૂર્યપુરી સુરતને' તથા 'સૂરત' નામક બે કાવ્યો આપે છે. પ્રથમ રચનામાં 'ભાવ ભાતીગળ સૂરત' કહીને કવિ વાંછે છે 'નવલ ધરી ઉછરંગ શોભશે મારી સૂરત.' તાપી તીરે જેમ નિત નવલાં નીર કૂજે છે તેમ 'હૈયાનાં હીર સાચવી રહેશે સૂરત' ધર્મ–કર્મ ને ધ્યાન–જ્ઞાનનો સુખ-પથ રચીને આતમ ભરી દે તેવું શ્રેયસગાન અહીં ગુંજી રહેશે. અહીં નર્મદ શો સપુત જીવનભર લડ્યો. અહીં શૌર્ય ને સત્પ્રેમ દીપ્યા. સૂરત તો છે પ્રેમશૂરીલું. અહીં રસિક ચતુરતા, નિર્મળ વચનામૃતની ધાર, 'ફૂલગુલાબી હાસરાસના કોમળ ટહૌકા,' લલિત ઉરલાવણ્ય, જગને પમરાવે તેવું રસજન્ય જીવન આદિ નોંધપાત્ર તત્ત્વો છે. કવિને સૂરત 'રસીલી તારી મૂરત' લાગે છે ને ઇચ્છે છે 'હતી એહવી નેટ હજો સોનાની સૂરત.' તથા 'થજો હિંદ વિખ્યાત અમર કુંવરોની માતા.'' બીજી કૃતિમાં મળડોળ્યાં જળપૂરના ઓવારા, પિંજર સરખા પ્રાણવિહોણી કોઠી, કબ્રસ્તાન વગેરે સૂરતના પુરાતન ભાગોનું સ્મરણ કરીને ત્યાં રચાઈ ગયેલાં કાતિલ ઇતિહાસનો નિર્દેશ કવિ કરે છે. તથા અફસોસ વ્યક્ત કરે છે કે આ જ સૂરતનું આંગણ છે જ્યાં ''ગુલામ હિંદનો ગયો પડી જવ અવળો પાસો.''

શ્રી તનસુખ ભટ્ટ કૃત 'કાવ્ય લહરી' (ઇ. સ. ૧૯૫૫) માંના 'તાપી તટે' કાવ્યમાં ત્યાં હરિપુરા મુકામે ભરાયેલા કોંગ્રેસના અધિવેશનના એકાદ સ્મરણીય પ્રસંગનું આલેખન થયું છે, પણ એમાં સ્થળ–વર્ણન નથી.

શ્રી સુશીલા ઝવેરી કૃત 'વિચિમાલા' સંગ્રહમાં 'સૂરત શહેર' નામની રચના છે તેમં તાપી તીરે આવેલા મનોહર સૂરત શહેરનું વર્ણન છે. તાપીના નિર્મળ વારિ, તટ સામે આવેલ સુંદર વનરાજિ, શોભીતા, રમ્ય પલાશો, ખુલ્લા નભ માંડવડા નીચે મન લોભાવતી વલ્લરીઓ, સાત ગાઉ છેટે આવેલા સાસરિયાં ભણી જાણે દોડવા ધપતી તાપી, ગાંધીબાગમાં નજરે પડતી કલાત્મક ફૂલક્યારી, શોભા આપતી સંધ્યા ને પૂનમ તથા કળા–કસબને વિદ્યા વાણિજ્યમાં પગભરતા ને સમૃદ્ધિ વગેરેનો નિર્દેશ એમાં સરસ રીતે થયો છે. અંતમાં કવિની ઉક્તિ છે તેમ સૂરતનો 'મુગટમણિ શું ઝળઝળ થાતું ગુજરાતે' શોભે છે.

નડિયાદનું વર્ણન કરતાં પાંચેક કાવ્યો પ્રાપ્ત થાય છે. કવિ લલિતે (જન્મ ઈ. સ. ૧૮૮૭) 'નડિયાદ નમું' કાવ્યમાં નડિયાદને પાવનભૂમિ ને સુંદરતાની લક્ષ્મી કહે છે. અહીં ચારુ તરુવરનાં સરસ ફલફૂલ છે ને સરસ્વતીના અમી છે. કવિ નડિયાદને નમન કરે છે, કેમકે તે માને છે 'નંદનવન ગુજરાતતણું તો એક જ તું નડિયાદ.'

શ્રી ફૂલચંદ ઝ. શાહ 'જન્મભૂમિ' (ઇ. સ. ૧૯૩૧) કાવ્યમાં 'ધન્ય, મંગળકારી ને મુલ્કમશહૂર' નડિયાદનું ગૌરવ ગાય છે. તેનાં સંતાનોએ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે, કેમકે અહીં થયાં છે ''સાક્ષર, કવિઓ, વિદ્વાન ને વાણીશૂરા સાહિત્ય, કલા, સંગીતના શોખીન પૂરા.'' વળી અહીં ''ધરતીમાં પાકે ધાન મોસમમાં સારો, જલ નિર્મલ વિધવિધ જાતનાં મીઠાં ખારાં.'' રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટે 'અમરકુસુમ નડિયાદ' (૧૯૪૯) નામના કાવ્યમાં ભારતવર્ષરૂપી ભવ્ય બગીચાના નંદનવન સમા ગુજરાતમાં નડિયાદને અમરકુસુમ ગણાવ્યું છે. એમાં સરસ પરિમલ છે. અહીં સાહિત્ય, રંગભૂમિ, રાજકારણ, અર્થશાસ્ત્ર ને ધર્મના ધુરંધરો થઈ ગયા. કવિના શબ્દોમાં કહીએ તો નડિયાદ છે ''ચારુતરના હૃદયસમું અતિ નાનું પણ આબાદ.'' કવિ ચિત્રકાર 'મસ્તમયૂર' નડિયાદને 'ગુર્જરીની રસકુંજ' કહીને અર્ઘ્ય આપે છે. નટપુરની આ રમ્ય રસાળ ભૂમિમાં સરસ્વતી મૂર્તિમંતરૂપે પંડિતયુગમાં રહેતી હતી ને રસગંગા વહેતી હતી. અહીં રસકોકિલના મધુરાં કૂંજન થતાં, રસમોરલી બાજી રહેતી ને રસદૃષ્ટિ શોભી રહેતી. અહીં છગનલાલ પંડ્યા કૃત 'કાદંબરી' તથા મૂળશંકર યાજ્ઞિકકૃત 'માલતી માધવ', 'મૃચ્છકટિક' ને 'શાકુંતલ'નાં ગુજરાતી અવતાર થયા. અહીં મનઃસુખરામ ત્રિપાઠી કૃત 'વિચાર સાગર'ની રચના દ્વારા તત્ત્વની જ્યોત ઝગી, ચંદ્રચકોરીની જોડ સમા સરસ્વતીચંદ્ર–કુમુદસુંદરીનાં પાત્રોવાળી 'સરસ્વતીચંદ્ર' કૃતિ રસવ્યોમમાં ઊગી. અહીં મસ્તકવિ બાલાશંકરની સૂફીવાદની ગઝલસૃષ્ટિ પ્રગટ થઈ અને મણિલાલ ન. દ્વિવેદીની બ્રહ્મનિનાદની બીનમાંથી મધુર અને ભવ્ય સંગીત ગુંજી રહ્યું. અહીં સાહિત્યરસની પૂર્ણિમા ઝગમગતી હતી. શાંતિનું સુંદર સ્વપ્ન અહીં ફળીભૂત થયું ને ક્રાંતિની જ્વાલાને ય અહીંથી જોમ મળ્યું. અહીં બુદ્ધિમાન દિવાનો, ન્યાયમૂર્તિઓ, લોકહિતરત કાર્યકરો, રાજપુરુષો, શાણા દૂરંદેશ રાજસેવકો ને નિઃસ્વાર્થ સેવકો થઈ ગયા. અહીં પ્રકૃતિની પણ કેવી શોભા લસે છે! તરુવરની ઘટાઓ, આમ્રકુંજોની મધુર શોભા, ફળફૂલખચિત કુંજો, કોકિલા પોપટને મયૂરનાં ગાન, શોભીતાં જળાશયો, પુરાતન અર્વાચીન સંસ્કૃતિની સરિતાઓનો સંગમ, તથા પુણ્ય પુરાણના પ્રવચનની અધ્યાત્મજ્ઞાન–ભાગીરથી વગેરે અહીં છે. શ્રી મધુરમ્ કૃત 'આ નડિયાદ' (ઇ.સ. ૧૯૬૫) તથા 'નડીયાદ નગરી' (૧૯૬૬) નામનાં બે કાવ્યો મળે છે. પ્રથમ ગીત રચનામાં કવિ નડિયાદને સાક્ષરનું હૃદય કહે છે. અહીં પ્રકૃતિનો પ્રસાદ છલકાય છે. ગુર્જરીના શિલ્પીની આ ભૂમિ છે. વળી શૌર્ય ને ક્રાંતિ, માનવતા ને શાયરી, શાન અને દાન, કર્મ અને ધર્મ, સુંદરતા અને સ્વમાન, વિવાદ અને વિજયની પણ આ ધરતી છે. બીજા કાવ્યમાં કવિ નડિયાદને ચરોતરભૂમિનું સુંદર ફૂલ કહે છે. આ તો ભૂમિ છે સપૂતોની, દામ અને નામની તથા ધન અને વિદ્યાની. અહીં પ્રકૃતિની રમણીય ઘટા, માનવીની અમૂલ્ય મતા, નમણી લતા સમી રમણીની છટા, ગોવર્ધનગિરાનો રણકો, 'મસ્ત'ની લ્હાણ તથા મણિલાલ દ્વિવેદીનું તત્ત્વતેજ વગેરે સર્વ કંઈ અવિસ્મરણીય છે.

ભરૂચ વર્ણનમાં પાંચેક કાવ્ય આપણું ધ્યાન ખેંચે છે. સાક્ષરભૂમિ ભરૂચના વતની બ.ક.ઠાકોર 'મારાં સોનેટ' માંના 'ભાંગલું'

ભરૂચ' નામક સોનેટમાં શહેરની પુરાનતાનું આછું ઇતિહાસદર્શન કરાવી તેનું પ્રાચીન ગૌરવ કથે છે ને તે પાટણના રાજા, દિલ્હીના સુલતાન, અહમદશાહ, સમ્રાટ અકબર, ડચ, ફીરંગી ને અંગ્રેજોને નમ્યાની વાત કહે છે. પુરાતન વિભૂતિઓની પુનિત પગલી કે ત્યારની પ્રગતિ આજે ભરૂચમાં દેખાતી ન હોવા બદલ કવિ અફસોસ દર્શાવે છે. શ્રી ઉમાશંકર જોશી 'વસંતવર્ષા' (ઈ. સ. ૧૯૫૪) માંના 'નર્મદાના પૂલ ઉપર' નામના ટૂંકા કાવ્યમાં પોતાના લઘુ હૈયે વસવા માટે રેવા સાથે સિંધુને સંદેશો કહાવે છે. અહીં વર્ણન નથી, માત્ર વિચાર કણિકા જ બે પંક્તિના કાવ્યમાં રજૂ થઈ છે. શ્રી નલિન રાવળ 'ઉદ્‌ગાર' સંગ્રહ ( ઈ. ૧૯૬૨ )ના 'મધ્યરાત્રિએ ભરૂચ' નામના કાવ્યમાં ભરૂચ નગરીની મધરાત શોભા આલેખે છે. ત્યારે દ્યુતિની લકીર શી નર્મદા, શાંત ગીત પંક્તિ શી ક્ષિતિજ, ડોલતાં અભ્રો, તરતાં વહાણનાં સઢો, દૂર સુદૂર વૃક્ષની ટોચ પર દેખાતા તારકો, ધીમો શ્વાસ લઈ રહેલ ટેકરી અર્ધઘેનમાં સરતો ને ધુમ્મસથી ભીનો થયેલો ચંદ્રમા, મંદ વાયુ શો શીતલ પુલ આદિ સર્વ અવિસ્મરણીય બની રહે છે. શ્રી જયંત પાઠક 'વિસ્મય' (ઇ. ૧૯૬૩) સંગ્રહના 'રેવા–તટે મધ્યાહ્ન–સંધ્યા' નામક કાવ્યમાં રેવાનું સૌન્દર્ય સરસ રીતે આલેખે છે: "ગ્રીષ્મની બપોર વેળાએ આ વિશાળ નદીનું ભાઠું દગધગી ઊઠયું છે. નદીનાં જળ પર સવાર થઇ ખેલવા માટે હવાની યે આવવાની હિંમત નથી. આસપાસ કોઇ પંખી ઊડતું કે ટહૂકતું દેખાતું નથી. તટ પર કોઈ નાવ નાંગરેલી પડી છે. અને જલમાં શિલા જેવી ભેંસ પડેલી છે. નીલજલમાં ગોવાળિયા ડૂબકીદાવ રમે છે ને તટની ભીની રેતીમાં વિકલ કૂતરા હાંફી રહ્યા છે. વખત જતાં સુરજ પશ્ચિમે ઢળ્યો ને નદી જલમાં દ્રુમ–બેખડના સાંધ્ય ઓળા પથરાયા. ઊઠી, અંગ મરડીને વાયુ જલના તરંગે તરવા માંડ્યો, વિહંગો ટહૂકવા માંડ્યા ને નભપૃથ્વીની મૂર્છા ટળી ગઈ. ભરૂચનગરના નદીકિનારાનું આ કેવું સરસ વર્ણન ! શ્રી મધુરમ્ કૃત 'આ જ ભરૂચ' અને 'રેવાનાં વારિ' નામક બે કાવ્યો મળે છે. પ્રથમ રચનામાં કવિ ભરૂચનગરીને પુરાતનરૂપ ધારીને બેઠેલી કલ્પીને વર્ણવે છે: 'જાણે દૃઢ સમાધિ લઇને કોઈ અવધૂત બેઠો છે. નર્મદાનીર નર્તી રહ્યાં છે. નગરમાં નૂતનતા બહુ ઓછી છે, પણ એ તો સાદું સીધું સોહે છે, જાણે સરલ સંગીત ન હોય, વર્ષોથી તપમાં બેઠેલા ભૃગુઋષિના ધૂપ જેવું આ નગર છે. વિશ્વની આધુનિક અર્વાચીનતામાં અહીં પુરાતત્ત્વનું પૂર ઊભરે છે. લાડતણું આ પુર લાડ કરંતી વાણી બોલે છે. અહીં ધરતી, કુદરત ને નારી નમણાં સ્વરૂપ ધારે છે. અને જનતા તો જાણે ભૂપ જેવી કંઈક પ્રમાદીને રોકીલી છે. પાવનતા શું એને પ્રીત છે પ્રકૃતિની સુંદરતામાં તો જાણે એ કુદરત । નૂપુર સમું છે. જગના ઝરૂખામાં એનું સ્વરૂપ ગાંધીસમું સાદું વિલસે છે.' બીજા કાવ્યમાં કયારેક ધીરગભીર ને પ્રૌઢ નાર શાં તો કયારેક મદોન્મત્ત યૌવના શાં વહેતા રેવાનાં નીરનું સૌન્દર્ય કવિ વર્ણવે છે: 'જાણે નભની ચાદર ઓઢી સરિતા સુતી આંહીં.' જળ પર સુરજ ચળકે છે, મંદ સમીરણ મલકે છે, પંખીકુલ સંગીત પીરસે છે, તારા ટમકે છે, ચાંદો ચમકે છે, કોમળ કન્યાનાં ઝાંઝર શાં વારિ મીઠો કલરવ નાદ કરે છે, નગર–દિશા ને જનના મન આહ્લાદ અનુભવે એવું મનોહરમિત અહીં સુંદરતા સહિત પથરાયું છે. પળપળ પવન પલકે છે ને જાણે મઝાનું મલમલ મલકતું હોય તેમ રેવાનાં વારિ છલકાય છે ને ઠંડક વેરે છે.

પાટણ નગરી પર ત્રણ કાવ્યો મળે છે. નરસિંહરાવ દિવેટિયા કૃત 'કુસુમમાળા' (ઈ. સ. ૧૮૮૭)માંના 'સહસ્રલિંગ તળાવના કાંઠા ઉપરથી પાટણ' નામના કાવ્યમાં પાટણની પડતી પર આંસુ સારે છે: 'અહીં સહસ્રલિંગ વિશાળું સુતું હતું અને જૂનું પાટણ અહીં પથરાયું હતું. રાણીવાવના અહીં અવશેષો પડ્યા છે. અને મોટા બુરજ માટીમાં મળ્યા છે. પુરાણી પાટણપુરીના હાલ–એવા હાલ થયા છે કે ત્યાં તે નિરખીને કોઈનાં પણ નયન ભીંજાયા વિના ન રહે. ત્યાં કુમારી સરિતા નિર્મળ જળ લઇને વહે છે, ધસે છે ને લાજે છે. જાણે ઇશ્વરકરુણા અહીં નદીરૂપે વહી છે ! એ પ્રીતિભર સ્મિત કરીને જાણે પાટણને આલિંગન કરે છે. પાટણ પર એની દયા છે.' શ્રી પૂજાલાલ 'પારિજાત' (ઈ. સ. ૧૯૩૮) સંગ્રહમાં 'પુરાણ પાટણનાં અવશેષોમાં'ના કાવ્યમાં સ્વતંત્ર ગુજરાતની વૈભવવંતી, વિશાળ ને પ્રતાપી રાજનગરીને યાદ કરે છે: 'અહીં સુભટોની વિકટ વીરહાક ગાજતી હતી. અહીંની સ્વદેશ બિરુદાવલી વિદેશોમાં વિહરતી હતી. અહીં સમુન્નત શિરો હિમાલયની જેમ નભને માપતાં હતાં ને તેની ભૂજાઓ દશેદિશાઓને પોતાની બાથમાં ભીડતી હતી. સિંધુના જલ પર અહીંનાં જહાજ અજાણ પથહીન અંતર કાપતાં હતાં અને સાહસથી રત્નોની સિદ્ધિ સાંપડતી હતી, પણ હવે વિપરીત સ્થિતિ છે હવે મુક્તિ મલકતી નથી, શૌર્ય ઝલકતું નથી ને લક્ષ્મી લસતી નથી.' કવિને એનો અફસોસ છે. શ્રી ગોવિંદસ્વામી 'પ્રતિપદા' (ઈ. સ. ૧૯૪૮) સંગ્રહના 'સહસ્રલિંગ જોઇને' નામના કાવ્યમાં પાટણના ભૂતકાલિન ગૌરવને યાદ કરે છે: "અહીં ભવ્યતા ધારણ કરતું સહસ્રલિંગ તળાવ વીતેલા કલાયુગની મિષ્ટ સુરભી ફોરી રહે છે. અભંગ ગુજરાતના ભૂતકાલિન સ્વપ્નદ્રષ્ટા, જગની સાથે બાથ ભરનાર એ પૂર્વજો અને ક્ષિતિજો ખુંદનારા પ્રતાપી નરપુંગવોની અહીં યાદ આવે છે." ભૂતકાળની તેજસ્વી ને ભવ્ય ગૌરવગાથાની યાદ આવતાં એ વિલીન તેજની ભવ્ય ભભક પુનઃ જાગૃત કરવાનો નિશ્ચય કવિ કરે છે.

વડોદરા ઉપરનાં બે કાવ્યો ધ્યાન ખેંચે છે. શ્રી લલિત (ઈ. સ. ૧૮૮૭) 'વડોદરાને વડલે' નામના કાવ્યમાં વડોદરાને વડલારૂપે અને તેનાં નગરજનોને તેની ડાળે કિલકિલાટ કરતાં પંખીઓ રૂપે કલ્પે છે. અહીં જ રસરાજ; પ્રેમાનંદ, દયારામ વગેરેના રસથાળ ઝૂલ્યા હોવાનું સ્મરણ પણ કવિને થાય છે. શ્રી બાલમુકુંદ દવે 'પરિક્રમા' (ઈ. સ. ૧૯૫૫ ) ના 'વડોદરા નગરી' નામક કાવ્યમાં પોતાના વિદ્યાર્થીને કિશોરજીવનના હૃદયંગમ સંસ્મરણો યાદ કરીને વડોદરાનું આછું વર્ણન કરે છે. પાણી દરવાજો ગેંડીગેટ, ચાંપાનેર દરવાજો, લહેરીપુરા, માંડવી, અલકાપુરી, ચોકસીની પોળ, ઘડિયાળી પોળ, સયાજી હાઈસ્કૂલ આદિ શહેરનાં અસલને નવાં સ્થાનોને કવિ યાદ કરે છે. વળી યાદ કરે છે ભૂતકાળ ને માણે છે વર્તમાનકાળ. અહીં પ્રેમાનંદની માણના રમ્ય રણકાર ગુંજયા હતા. અહીં દયારામનગરી ડભોઇથી ગરબીના સૂર વહી આવેલા. શરદની રાતે પોળના પ્રાંગણમાં નમણી નાર સાહેલીઓ સંગાથે દિલ ડોલી જાય તેવો ગરબો અહીં ગાઈ રહે છે. નાગરવેલના જેવી નાજુકડી નાર અહીં જોવા મળે છે. એનો અંબોડો વાંકો છે. લલિત ને લજ્જાળુ એ નાર રસોઇ બનાવવામાં ય ચાવરથી છે. એનો દાળનો વઘાર પણ ટેસદાર છે.

વલ્લભ વિદ્યાનગર ઉપર લખાયેલાં બે કાવ્યો નોંધપાત્ર છે. શ્રી મધુરમ્ કૃત 'ભલું મારું વિદ્યાનગર.' (ઈ. સ. ૧૯૫૭)માં કુદરતની કમનીય સુંદરતાની ગોદે વસેલા વિદ્યાતીર્થસમા વિદ્યાનગરને 'ચારુતર ફૂલ' કવિએ કહ્યું છે. અહીં વિદ્યાર્થી સિવાય અન્ય કોઈ જ્ઞાતિ, જાતિ કે કોમ નથી. અહીં ધાંધલ કે ઘોંઘાટ નથી. સુરંગી જીવન–ઘડતર માટે, દેશના નવનિર્માણ માટે અહીં વિદ્યાની વિરાટ સાધના થઈ રહી છે. શ્રી જશવંત લ. દેસાઈ કૃત 'વલ્લભ વિદ્યાનગર' (ઈ. સ. ૧૯૬૦)માં અગાઉના શુષ્ક અરણ્ય સમા પ્રદેશમાં નિર્મિત થયેલા વિદ્યાનગરને કવિ બિરદાવે છે: 'જ્યાં અગાઉ કેવળ રુક્ષ બાવળનાં વૃક્ષો હતાં, કાગડા–કાબર ઊડયાં કરતાં હતાં, ડાકુ–લૂંટારાનો ભય હતો ને ભેંકાર નિર્જનતા હતી ત્યાં આજે શિરીષની સૌરભ મઘમઘે છે, મયૂર ને પોપટોની વાણી ગુંજી રહી છે ને રાષ્ટ્રની વિભૂતિઓ ઘૂમી રહી છે. કાળ હસ્તે રહેલા સંજીવની કુંભે કેવું હૃદયહારી પરિવર્તન આણી દીધું છે!'

સોમનાથ ઉપરનાં બે કાવ્યો ધ્યાનપાત્ર છે. શ્રી ઈંદુલાલ ગાંધી 'પલ્લવી' (ઈ. સ. ૧૯૫૪) સંગ્રહના 'સોમનાથને' કાવ્યમાં સોમનાથની ગત કીર્તિ અને ક્રાન્તિને યાદ કરે છે: "જ્યાં જમાનાનાં ખંડેર પર ખંડેર જામ્યાં હતાં અને એની ભીતરમાં નારી સમાધિના છાનાં સોણલાં છૂપાયાં હતાં ત્યાં તારું એકેક સ્વપ્ન કરોડો રૂપ લઈને સંસારના વિષકુંડમાં છાંટી ગયું." શ્રી દેશળજી પરમાર 'ઉત્તરાયન' (ઈ. સ. ૧૯૫૪) સંગ્રહની 'સોમનાથ' નામની કૃતિમાં ત્યાંના પ્રકૃતિ સૌન્દર્યનું આલેખન કરે છે: "ભરતીજળમાં અમર કાળ સંગીત અહીં સાંભળવા મળે છે. અહીં ઘોર સમુદ્ર ધસીને બેટે છે. ત્યાં સ્થિતપ્રજ્ઞ યોગી શો તું બિરાજે છે. આજે ત્યાં નજરે નથી પડતી ભૂતકાળની ભવ્યતા. એ ઘુમ્મટ, એ કલશ, એ શંખના નાદ, એ ઝાલરના ટંકા, એ દર્શન માટે થતી ભાવિકોની ભીડ, એ ઘંટારવ, એ મનોહર મૂર્તિઓ તથા એ કલાત્મક કોતરણી. આજે એ સર્વ ત્યાં નથી. માત્ર તેનાં સ્મરણો છે"

કેટલાંક પ્રકીર્ણ નગરોનાં છૂટાં છવાયાં વર્ણનો પણ આપણે ત્યાં થયા છે. શ્રી નાનાલાલ કવિએ 'કેટલાંક કાવ્યો' (ઈ.સ. ૧૯૦૮)માં 'વર્ધમાનપુરી'નું વર્ણન કર્યું છે ને વતનનું ગૌરવ ગાયું છે. 'આ પુરાણ પુરી છે. અહીં સૃષ્ટિ શોભાનું ભાણું, ઉજ્જડ નદી કોતરો ને રાજસતીના વાસ છે. લોલ હાસ્ય ને કલ્લોલ કેલિ અહીં ગાજે છે. ગ્રીષ્મનું આભ ધોમધખતું હોય ને જડજગતના ચેતન જીવો તેમાં દાહકતાની અસહ્યતા વેઠતા હોય ત્યારે અહીં અમૃતવેલ સાંપડે છે." આ કાવ્યમાં વર્ણન કરતાં વતનપ્રશસ્તિ વધારે પ્રમાણમાં છે. શ્રી લલિત 'સિદ્ધપુર' (ઈ.સ. ૧૯૩૪) નામના પોતાના નગરકાવ્યમાં સિદ્ધપુરની પવિત્રતાને વંદે છે: "અહીં સરસ્વતી, કપિલ, કર્દમ ને સિદ્ધપુરનાં સ્મારકો શોભે છે. ધરા વનસ્પતિ, પ્રાણીને માનવીની રમણીયતા ને લીલા અહીં નવી નવી દેખાય છે. અનેકમાં ભવ્યતા દૃષ્ટિગોચર થાય છે. સરસ્વતી તો પુરાણા વેદકાળથી અહીં વિભૂતિરૂપે છે. સ્વતંત્ર ગુર્જરેશની સ્મૃતિઓ અહીં જાગૃત થાય છે." શ્રી વિઠ્ઠલરાય આવસથી 'રસિકનાં કાવ્યો' (ઈ.સ. ૧૯૩૪) ના સંગ્રહમાં 'તળાજાની ટેકરીમાં પ્રભાત' કાવ્યમાં તળાજાનું કુદરતી સૌન્દર્ય આલેખે છે. પ્રારંભમાં ગિરિન્દ્ર નદીપર્યંક પાસે શ્યામ શાલ ઓઢીને રહેલ પ્રભાતના રેશમ શા વાળને પંપાળતો બેઠો હોવાનું ચિત્ર કવિ કલ્પે છે. "નદીના બિછાને નીંદમાં પોઢેલું તરુણ પ્રભાત ને ઉપકંઠ તરુ પર્યંક શું છત્ર ધરીને ખડાં રહેલાં દેખાય છે. જળ ખખડાટથી કંઈ દિવ્ય સંગીત જામે છે ને તેથી પંખીડાં જાગી જાય છે. સહિયર પ્રભાતને તેઓ મીઠા સાદથી બોલાવે છે. પ્રભાતી ઊઠીને આંખ ચોળીને અદ્રિના અંકે ચડી ગઈ. ગહ્વરની સોડમાં શામળી શાલ લુપાઈ ગયા. પવને આંગણું સાફ કર્યું ને પર્યંક ખંખેર્યો, બાલાર્કે ત્યાં રંગોળી પૂરી, હીરા સમાં ફૂલડાં જાણે સ્મિત કરવાં લાગ્યાં ને મરકત શી ભૂમિ મનોહર શોભા આપવા લાગી. ગિરિએ ધર્મથી ને સ્નેહથી ગૃહસ્થ ધર્મ અદા કર્યો ને સૌનો સત્કાર કર્યો. ગિરિરાજ અંધારરૂપી કાળી શાલ કાઢીને હવે તેજવારિમાં સ્નાન કરી કનકમયકાંતિ ધારણ કરી રહ્યા.' આવું છે તળાજાની ટેકરીમાં ઊગતું પ્રભાત. શ્રી રામપ્રસાદ શુક્લે 'બિંદુ' (ઈ. સ. ૧૯૪૩) સંગ્રહમાં 'ભોગાવાને કાંઠે' માં તે પ્રદેશનું વર્ણન કર્યું છે. લૂખા, ઝરણ વિનાની, દ્રુમોની શોભાવિહોણી, હરિતતૃણના ગાલીચાની બિછાતહીન એ ફિક્કી ઉષર ધરતી છે. વૈવિધ્યોની અહીં મજા નથી, પણ સમથલ જમીન પર લાંબા થતા દિન અંતની વિરલદ્યુતિને ધોળી વિશાળ ચાંદની વેરાયેલી જોવા મળે છે. ક્ષિતિજ સુધી ફરતી દૃષ્ટિ જુએ છે અવનિતલની ખુલ્લી છાતી પર ઝૂલતું નભ ને તેના પર અરવ વાયુલહરી રમી રહે છે. આ સ્થળને વિસ્તૃત સમથલ પ્રદેશના વિશિષ્ટ સૌન્દર્યની વિરલી છટા જ વરી છે. શ્રી સુંદરજી બેટાઈ 'વિશેષાંજલિ' (ઈ.સ. ૧૯૫૨) માં આવાં બે કાવ્યો આપે છે. પ્રથમ રચના છે 'શાંતિ તીર્થ' એમાં કવિ સ્થળની શોભા વર્ણવે છે: 'વિશાળ નભપ્રદેશ પર ગૂઢ ચિત્રકારે જાણે તારકચિત્ર અંકિત કર્યા છે! ભૂમિ પર પણ સકલ મોહક ચિત્રોની લીલા પથરાઈ છે. વનસ્પતિ નવલા સુવર્ણ ધરી રહે છે, નિર્ઝરો ઊદ્યમનું નવગીત ગાય છે ને પર્વતો ગગનના ગૌરવમાં ડૂબીને પોતાની વિપુલકાય દિશદિશમાં ફેલાવે છે. પંખીકુલો ઊડે છે. ધણ જતાં ગળામાં ની ઘંટડીઓનો મંજુનિનાદ રણકે છે ને નિદ્રામાંથી જાગી ઊઠીને ઉદ્યમે વળગે છે. પહાડી હવા ફરફરે છે. ડુંગરના કઠણ પ્રદેશનો માર્ગ કુટિલ પગરવ સંભળાતો નથી. જાણે શાંતિનું કાસાર ફેલાયું છે! દૂર સુદૂર ખીણમાં રખડતાં શ્વાનનાં પોકાર સંભળાય છે.' બીજી રચના છે "બાલાપુરનું બારું." એમાં એ બંદરની વર્તમાન દશાનું આલેખન છે. "અહીં અગાઉ દરિયાનાં ઘણાં તુફાનો ખેડી, પરદેશના ખજાના ભરી આરબ ઘોડલા સમા અસંખ્ય વાવટા ફરકાવતાં વહાણો નાંગરતા. એ તો જાણે હતાં અરબી સમુદ્રના રૂડાં બંગલાં અને 'પંખાળ એ અશ્વ ખરા સમીરના.' ઊંચા ને ગર્વ છટા ભરેલા, વિચિત્ર વેશ ને કઠોર બોલવાળા અરબી ખલાસીઓ તથા મલબાર, કચ્છ ને સૂરતનાં વહાણો અહીં જોવા મળતાં. જાણે આ તો અનોખી નૌકાનગરી હતી. પણ તે દિવસો તો ગયા હવે. આજે તો બારું ઉજ્જડ દિસે છે. અહીં તો હવે દેખાય છે રેતીમાં દટાયેલી બે–પાંચ હોડીઓ બે–ચાર તેજહીન વહાણ ધમાલહીન એકાંત વાતાવરણ, રેતાળ કાંઠો, ગતકાલને સોચતું એકાંત, ગિલ્લીદંડા રમતા રખડેલ ગેડિયા, કુંજરબાળની જેમ કુસ્તીદાવ ખેલતાં કદાવર બાળકો તથા છીછરાં નીરમાં હોડલું તફડાવી સરકી જતાં ને ખલાસીઓને હંફાવતા ખલાસી–કિશોરો" શ્રી ઉમાશંકર જોશી કૃત 'વસંતવર્ષા' (ઈ.સ.

૧૯૫૪) ની ' લાઠી સ્ટેશન પર ' નામની રચનામાં લાઠીને કલાપી-નગરી તરીકે કવિ ઓળખાવે છે. અહીંથી એ કવિએ દિવ્ય હૃદયની સ્નેહગીતાનો આલાપ કર્યો. એ સ્નેહથી ઝૂમેલી ભૂમિના દર્શનથી કવિ ધન્યતા અનુભવે છે. શ્રી દેશળજી પરમાર ' ઉત્તરાયન ' માં (ઈ.સ. ૧૯૫૪) અન્ય સ્થળ નગરવર્ણનનાં ચારેક કાવ્યો આપે છે. ' બારડોલી ' રચનામાં કવિ એને ધર્મભૂમિ કહે છે. સત્ય ખાતર શૂર બનેલા રાષ્ટ્રના સપૂતોથી એ ભૂમિ શોભે છે. અહીં જ સ્વાર્પણ માટે અસંખ્ય વીરના પ્રાણ જાગ્યા હતા. અહીં નૃત્યની કરાલલીલા થઈ હતી. જાગૃતિનું અને જગની ઉન્નતિનું એ સાચું સ્વપ્ન બન્યું હતું અને અહીં જ સત્ય ને સ્વપ્રભાનુ તેજ ઝળક્યું હતું. એ જ રીતે "ધર્મક્ષેત્ર ધરાસણ" માં પણ કવિ એને ધર્મભૂમિ કહે છે. " એ ઈશની ચક્ષુ શી શાંત ને સ્વરૂપે પુણ્યદર્શના છે. અહીં મોહક સૌન્દર્ય અને વૈભવવંતુ જીવન નથી, પણ સંતોની સૌમ્ય ઉદાર શાંતિ ને ક્રાંતિ છે. એને સત્તા, પૈસા કે કીર્તિની લાલચ નથી, પણ લોહરસથી એ ગરીબીને જીવાડે છે. અહીં પ્રભુની કલા મધમધે છે. વીરસૂ વીરની અંગના કે પાંચાલપુરી નવદ્રૌપદી શી આ ભૂમિ છે. સંસારને ખપ્પરમાં વધૂંધી મહાયોગિનીની જેમ એ ઊભી છે. જાણે વિષ્ણુની આંગળી કપાતાં અહીં રક્તની ધારા વહી હતી. ધારાસણા તો ભારત ભાગ્યનો તારો છે. ભલે દુઃશાસનોએ તને ક્રૂર દમન આપ્યું, પણ તે સ્વરાજ્યની આજ્ઞા પાળી છે ને મહાભારતની ગોદે ખેલાયેલા ધર્મયુદ્ધમાં સુપુત્રો ધરી દીધાં. તારી મદરત્વ વત્સલ પ્રાણજ્યોતિ ભભૂકે છે. ઈશની ચક્ષુશી ભવ્ય ને પ્રલયે ચંડદર્શના ધર્મશક્તિ ધરાસણા, તને વંદન હજો. " કપડવણજની એક સાંજ "ના કાવ્યમાં કવિ એ સ્થળની પ્રકૃતિ સુંદરતા આલેખે છે. ' નવાં પર્ણોવાળી શાખાઓ અહીં હૃદયને નિમંત્રે છે. પ્રકૃતિ તનના વ્યોમસરમાં પ્રણય રસિયાં સારસનું જોડું શાંતિથી સરતું હતું. ધરતીમાતાને ખોળે નીલમવરણી ચૂંદડી પથરાઈ હતી. ઉપવનોમાં પંખીઓનો ગુંજારવ થતો હતો. મંદ મંદ સમીર વાતો હતો અને તરુની શાખા પર બેઠેલી ઘેલી કોકિલા ટહૂકતી હતી. ' આવી વિરલ હતી એ સુંદરતા ' સુદામાપુરીની સંધ્યા 'ના કાવ્યમાં કવિ સાગરનું સૌન્દર્ય આલેખે છેઃ ' સાગર તટે ઘસાતા છિછળા કઠણ શુષ્ક ખડકો નજરે પડે છે. ધીરે ધીરે ખળખળ કરતી ઓટ વળે છે. સોનેરી સંધ્યાની રસળતી ચળક ચમકે છે. ક્ષિતિજ ઉપર લાલ સોનાગોળો લટકતો નજરે પડે છે અને સરસર વહાણો સરી રહ્યાં છે. રેતી પર ડગડગનાં ચિહ્ન નિહાળી શકાય છે. સાંધ્યની સુંદરતા સાથે ઠંડો વાયુ શીતળજળ સહિત વહી રહ્યો છે. અહીં જ જાણે વર્ષો અગાઉ સાંજ સવારે હરિનું સ્મરણ કરતાં કરતાં સુદામાજી સ્નાન માટે આવાગમન કરતા હશે. ' શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી ' કોડિયું ' (ઈ. ૧૯૫૭)માં ' વલ્લભીપુર ' કાવ્યમાં વલ્લભીપુરનાં ખંડિયેરો પર આંસુ સારે છે. ત્યાં આજે ધૂળના ઢગલા ખડકાયા છે. પ્રલયપૂરના ત્યાં વાયુ વાયા છે, કેટલાય ધામ ધખ્યા છે. તારાઓએ આંસુ ઢાળ્યા છે, પંખીએ કરુણ સ્વર ગાયા છે ને વ્યોમ મુશળધારે રડ્યું છે. આ સૌને વલભીપુરના આજના સૂનકાર બદલ અફસોસ છે. લોક-કવિ શ્રી દુલાકાગ ' કાગવાણી ' ભા. ૧. (ઈ. સ. ૧૯૬૨)ના ' જય તુલસીશ્યામ ' કાવ્યમાં પ્રસ્તુત તીર્થધામની પવિત્રતાનું ગાન કરીને પોતાની હૃદયભક્તિ દર્શાવે છે. એમાં કવિએ સ્થળનું વર્ણન કર્યું નથી.

આમ અર્વાચીન ગુજરાતી કાવ્ય સૃષ્ટિમાં ગુજરાતના નાનાં મોટાં મળીને લગભગ એકવીસ જેટલાં નગર–સ્થળોનું વર્ણન મળી આવે છે. એમાં સ્થળ કે નગરના વર્ણન કરતાં તેનો મહિમા કાં તો કર્તાએ પોતાના એ વતનની પ્રશસ્તિ ગાઈ છે કે કાં તો ત્યાં વીતાવેલા કિશોર જીવન કે કુમાર જીવનનાં સંસ્મરણો આલેખ્યાં છે. નર્યું વર્ણન કરતાં હોય એવાં નગરવર્ણનનાં કાવ્યો આપણે ત્યાં ભાગ્યે જ મળે છે. આમ છતાં ગુજરાતનું દર્શન આ બધાં કાવ્યોમાં સારા પ્રમાણમાં થાય છે અને તેથી કહી શકાય કે આ કાવ્ય પ્રકાર આપણે ત્યાં સારી રીતે ખેડાયો છે. જેવાં છે તેવાં આ સઘળાં કાવ્યોમાં સર્વોત્તમ છે નર્મદ કૃત ' સૂરત. '



# ગુજરાતી લોકસાહિત્ય

—શ્રી રામભાઈ કાગ

## અન્તરનું પૂંભડું

"જય જય ગરવી ગુજરાત,
અમારી જય જય ગરવી ગુજરાત"

સમાજ ઉપર કવિઓનો કેવડો ઉપકાર છે? આ ઉપરના શબ્દોને કાંટે નાખ્યાં હોય તો એની કેટલી કિંમત થાય? ને એની કિંમત કેમ અંકાય? "જય જય ગરવી ગુજરાત" એટલું બોલતાં તો આપણું હૈયું થનગની ઉઠે છે. મહારાણા રાજસિંહે રાજસમંદ તળાવ બંધાવ્યું છે ત્યાં એક છપ્પય એમણે કોતરાવ્યો છે—

**છપ્પય**

કહાં રામ કહાં લખન નામ રહિયો રામાયન
કહાં કૃષ્ણ બળદેવ પ્રગટ ભાગૌ પુરાયન
વાલ્મિકી, શુક,વ્યાસ કથા કવિતાન કરંતા
(તો) કવન સ્વરૂપ સેવતા ધ્યાન મન કરન ધરંતા
જગ અમર નામ ચાહો જકે સુણો સંજ્જીવન અખ્ખરા
રાજશી કહે જગરાણરો તો પુંજો પાય કવેશરા.

કહેવાનો મતલબ એ છે કે આપણી પાસે સમાજનો કંઈ સંદેશ છે, સમાજનો કંઈ વિચાર છે, સમાજની જે કંઈ લાગણી છે એને સમાજ પાસે જ સુંદર રીતે આપણો લોકકવિ, આપણા સાહિત્યકારો, કે આપણા રાસ ગરબા કે ગરબી ગાતી બ્હેનો કે ફૂમકામાં રંગત ડાંડીઆની રમઝટ બોલાવતો યુવાન – જેનાં કડીઆના આભલામાં ઘડીક સુરજને પણ ઉતરીને રાસે ચગવાનું મન થાય એવા આપણાં લોકનૃત્યના અંગ જેવા ડાંડીઆ રાસ દ્વારા સમાજ આગળ રજુ કરતા આવ્યા છે. દરેકે દરેક પ્રદેશને પોતાનું તળપદું સાહિત્ય હોય જ છે; ને આપણું એ સાહિત્ય એટલે આપણું ગુજરાતનું લોકસાહિત્ય. ગુજરાતના લોકસાહિત્ય પર લખવા બેસીએ તો 'અસ્મિતા' જેવડો બીજો ગ્રંથ બને હો! એનો પણ કોઈક મેઘાણી પાકશે ત્યારે લોક રામાયણ લોક–ભાગવત લખશે. એ લોક રામાયણ અને લોક ભાગવત એક વખત સૌ સાંભળતા હશે એવો સમય જ્યારે આવશે ત્યારે જ ખરી લોકસાહિત્યની સેવા કરી ગણાશે.

ગુજરાતનાં લોકસાહિત્યમાં મુખ્યત્વે ગરબા–ગરબી–રાસ–ભજનો અને લોકગીતો અને દુહા છે. આટલાં સુંદર અંગથી શોભતા–મધમધાટ કરતા બગીચામાં કેટલાંય પુષ્પો ખીલ્યાં છે. ગુજરાતનું આપણું લોકસાહિત્ય એટલે તો અત્તરનો ફાયો– જે ભાળે–સુંઘે કે તરત જ ઉપાડે. કારણકે આ તો લોકહૈયાનાં પુષ્પોનો અર્ક છે ને!

ભગવાનની પૂજા કરવા માટે કેટલા વાના જોવે? નિરાકારની આ તો આરતી ઉતારવી છે. પણ પ્રભુને તો ઉત્તમ અને અબોટ વસ્તુ જોઇએ. આપણા કવિએ કહ્યું કે પ્રભુ!

**ગીત—**

અંતરનો આરાધ તમે માની લેજો મહારાજ રે
ફૂલ ચડાવું વ્હાલા પણ મારા ફૂલ નથી ચોખ્ખાં રે...
એને ભમરડે અભડાવ્યાં
કેમ તારી સેવા કરૂં! મહારાજ રે......

ગીત આગળ વધે છે—પણ વાસ્તવિકતા સાથે આગળ વધે છે.

'દૂધ તો ધરાવું વા'લા, આ દૂધ નથી ચોખ્ખાં રે
એને વાછડીએ અભડાવ્યાં
કેમ તારી સેવા કરૂં! મહારાજ રે......'

કવિ ઉઠ્યો. પૃથ્વીના પટ પર બધે ફરી વળ્યો. એક દોહો યાદ આવે છે—એ રીતે.

**દોહો—**

ઘટમાં ઘોડા થનગને મારો આતમ વીંઝે પાંખ,
આજ અણદીઠી ભૂમિ પરે (અરે) મારૂં યૌવન માંડે આંખ...

એમ બધે ફર્યા પછી ઉત્તમ અને અબોટ ક્યાંઈ નો મળ્યાં એટલે હાર્યો કે લાવને મારૂં મન અર્પણ કરૂં. પણ ત્યાં ય શું પરિસ્થિતિ છે?

**ગીત—**

'મનડા અર્પું રે બા'લા, મન નથી ચોખ્ખાં રે
એને માયાએ અભડાવ્યાં
કેમ તારી સેવા કરૂં! મહારાજ રે......'

માનવ–સમાજનો એક જટિલ કોયડો 'હું.' આ પ્રશ્ન નથી ને પ્રશ્ન ગણો તો કેવડો છે? વેદાંતીઓ પણ ગડથોલે ચડે તો બીજા શું આમાં કરી શકે? એક દોહો છે—

બસો ત્રણસો બરડવાને સો બસો સાંધા
પણ માંહી પોલ છે માથા કે અંદર શું બોલે છે શામળા.

આ આપણાં ગાયું ચારતા લોક કવિની કલ્પના છે. જે ઉપર વેદાંતીને સતાવે છે. પણ તેનો આઘાત–પ્રત્યાઘાત બંને નો સરખો! જીવ અને શિવ જે આપણામાં જ રહે છે તેને એક માણે છે ને બીજો જુએ છે. આ કલ્પના એ તો આપણાં ધંટી ગીતમાં બ્હેનોએ ચગાવીને રમતી કરી છે.

**ગીત—**

'કે આવી રૂડી સરવરીયાની પાળ કે બગલા બે બેઠા રે જી
બગલા ઉડી જાશે આકાશ કે પગલા પડ્યાં રે'શે રે જી...'

માણસ મરતાં પહેલાં એક કંકુનું પગલું પાડતો જાય તો પણ બસ છે. આપણું લોક સાહિત્ય એટલે એક ગંગા જેવી નદી. ક્યારેક ખીલખીલાટ બાલિકા શી નિર્દોષ હાસ્ય વેરતી ચાલે છે તો ક્યારેક

ભાવભરેલી ગંભીર–ધીર-ગંભીર રીતે વહે છે તો ક્યારેક પહાડા મારતી તીક્ષ્ણ વેગે વહે છે.

આપણે ત્યાં છ ઋતુઓ છે. શરદ, હેમન્ત, વસંત, શિશિર, ગ્રીષ્મ અને વર્ષા. આ બધીયે ઋતુના કાવ્યો, ગીતો, ગરબા મળી આવે છે પણ વેદકાળથી માંડીને અત્યાર સુધીના દરેક કવિઓએ કે આપણી ગરબા ગાતી બહેનોએ વર્ષાને લડાવી છે તે તો બસ છે! આનું મૂળ કારણ તો વર્ષા છે એ જીવનદાતા ઋતુ છે.

દોહો—

વણ સગે વણ સાગવે વણ નાતરીએ નેહ
વણ માવતરે અમે જીવશું (અરે) એક મરશું તો વિણ મેહ.

રામાયણમાં પણ મહાત્મા તુલસીદાસજીએ એક ચોપાઈમાં કહ્યું છે—

ચોપાઈ—

"દામિની દમક રહી ઘનમાંહી. ખલકી પ્રીતિ યથા સ્થિર નાહીં."

હે લક્ષ્મણ, આકાશમાં વિજળી જો તો ભાઈ! કેવી ચમક થાય છે. પણ 'ખલકી પ્રીત યથા સ્થિર નાહીં.' છોકરિયુંની જેમ દિવસમાં છ ભાઈબંધ કરીને આકાની સાથે કીટ્ટીકીટ્ટી કરે એવી તો તેની પ્રીત – બિલકુલ સ્થિર નહીં. અને એટલે જ મિત્ર કેવો જોઈએ એ અંગે કવિ નીચેનો છપ્પય રજૂ કરે છે—

મિત્ર કીજીએ મરદ મરદ મન દરદ મિટાવે
મિત્ર કીજીએ મરદ, કામ વિપતમાં આવે
મિત્ર કીજીએ મરદ, ખુશામત કર નહીં ભાવે
મિત્ર કીજીએ મરદ જો સ્ત્ય કહકર સમજાવે.
મિત્ર તાહિકા નામ હે લોભ લવ લેશ નવ ડગે
કવિ સત્ય બાત પીંગલ કહે દેહ જાય પર નવ ફરો.

એ અંગે એક દોહો પણ છે—

મિતર એડા કીજીએ જેડા કૂવારા કોસ
પછાડ્યા પાણી દીએ રૂદે રાખ ન રોષ.

રામાયણની પેલી ચોપાઈ આગળ ચાલે છે—

'સિમીટિ સિમીટિ જલ ભરહી તલાવા જીમી સદ્ગુન સજન-પહ અવા.'

જગતમાં એક તળાવને અને બીજા સજ્જનોને એવી રીતે પોતાનું સ્થાન જમાવતાં આવડ્યું છે કે તળાવમાં પાણી આવે છે એમ જ સદ્ગુણો સજ્જન પાસે આવે છે.

વર્ષા ઋતુ આવી છે. જેઠ અર્ધો ઉતરી રહેવા આવ્યો છે. આકાશમાં વાદળી કયારે ક્યારે ભૂલી પડે છે

દોહો—

જેઠ કોરો જાય તો એને ખલકને ખટકો નઈ.
પણ અષાઢનો એક દન એ તો વસમો લાગે વેરડા.

એક બ્હેન પાદર–કૂવે પાણી ભરે છે. લોમિયા હૈયા જેવા કૂવાનાં નીર પણ ઊંડા ઊતરી ગયા છે. માંડ માંડ ઘડો ભરાઈને ઉપર આવે છે ત્યાં ઉપર એક વાદળી ચાલી જતી જુએ છે. એટલે કહે છે કે બ્હેન તુ જરા ઉભી તો રહે.

ગીત—

એક વાર ઉભા રો' ને રંગવાદળી

વરસ્યા વીના શીદને ચાલ્યા જાવ રે. એકવાર ઉભા રો'ને... તો ઈ વાદળી તો હાલી જાય છે. પેલી બેન હવે જરા ઠપકો આપવાના મૂડમાં આવે છે. એ બાઈ! તારાથી ન જવાય. કારણ?

ગીત—

મહાસાગરની તું છો બેટડી રી, એકવાર ઉભા રો'ને રંગવાદળી.
કે તારા દાદા છે સુરજ–ભાણ રે એકવાર ઉભા રો' ને રંગવાદળી.

માવતરની યાદીથી વાદળી શરમાણી તેથી ઊભી રહી પણ આ તો અષાઢની વાદળી હતી. ઘડીકમાં તો વામનમાંથી વિરાટ બની.

દોહો —

આભામડા વિજાજબ્બાં અને પવન ઉડાડે ખેહ
આ તો ઘર આખાંને ધરપાવે મતીપત આવ્યો મેહ.

વરસાદ આવે છે પણ હજો–પાંગળો આવે છે. ત્યાં આપણો લોક–કવિ ખીલે છે. અરે ભાઈ! આ વરસાદ નથી આવતો આ તો કુંવારી કન્યા ધરતીને પરણવા ઘનરાજ આવે છે. એમ કહો કે વર લાડકો આવે છે. આપણાં લોકસાહિત્યમાં આવી સુંદર કલ્પ ાઓ પડેલી જ છે.

સવૈયા—

ઘન ઘોર ઘટા ગહરાન લગી ઉતરાદ દિશ વરસાવત હૈ
લપટાન લતા અરૂ શાન લગી બિજુરી જો અરા ચમકાવત હૈ
કલ કોયલ મોર જીંગોર કરે વિરહીજન કામ સતાવત હૈ
અબ રાવત મોહિ રજા કરીઓ ઘર કામની કાગ ઉડાવત હૈ.

જાન ઝાંપે આવીને બરકંદાજોએ બંદૂકો ફોડી... સોમ કડાક ધણુંણુંણું... પહાડ ખળભળી ઉઠ્યા. માણસ–માલ–ઢોર જડ–ચેતન સર્વેમાં એક રોમાંચિત લહેર ફરી ગઈ. હા! જાન ઝાંપે આવી. ગામની નાની નાની દીકરીઓ જાન જોવા–અરે વરરાજાને જોવા નિકળી. આ કલ્પના એ શિષ્ટ સાહિત્યની સાંકડી નહેરમાં કયાંથી સમાય?

ગીત—

બોલ્યા બોલ્યા મધરાતુંના મોર
બાપૈયાએ દીધાં રે વરના વધામણા રે જી.
(ત્યાં) જલકી લાખમ લાખ મશાલ
છડીયું પોકારે વનના મોરલા રે જી.

ત્યારે વરરાજા કેવા હતા?

ગીત—

'વરરાજાનો કાળો પણ ભીનો વાન
જાનડીયુંએ ઓઢ્યાં રે કાળાં કાળાં ઓઢણાં રે જી'

અરે ભઈ! જરા ઝડપ રાખો. આ જાનતો ક્યારૂં ની ઝાંપે પડી છે, માંડવાવાળા જરા જલ્દી ચોંપ રાખો. સામૈયાની તૈયારી થઈ.

ગીત—

'માથે લીધા કોરા જળના કુંભ
સામૈયામાં હાલી રે ગંગાને ગોદાવરી રે જી.'

સામૈયું થયું એટલે ઢોલની ધમધમાટીને શરણાયુંના શેં શાંટ થયા. જાનડીયું અંદરોઅંદર વાતું કરે છે. અરે બાઈ! ચોરી તો જુઓ. અરે એ બાઈ! આ ચંદરવો તો જુઓ.

ગીત—

ઓલે ઓલે પડઘમ ધમધમ ઢોલ
ડુંગરડાની ચોરી રે ચંદરવો આખ્યા આભનો રે જી...

ત્યાં ગોર મહારાજ ઉતાવળા થવા માંડ્યા. એ બાપા! મુહુરત જાય છે. કન્યા પધરાવો સાવધાન! કન્યા આવી. પણ આ કન્યાએ ટેરીલીનની સાડી નહોતી પહેરી હો! નામ હોય ચંદ્રીકાબહેન પણ પોતે હોય ઠોબારા જેવી. નામ હોય મૃગનયના પણ જમણું મેન્ટલ કાયમ બંધ જ રહેતું હોય એવું ન હતું. આ તો બાપા ગામડાની કન્યા. સાદી સરળ ને જોગમાયા જેવી. આજે આપણે કૃષ્ણ અવતાર ઇચ્છીએ છીએ. આજે આપણે રામાવતાર ઇચ્છીએ છીએ પણ એને માટે આપણાંમાંથી કોઇકે દેવકી બનવું જોશે ને કોકે કૌશલ્યાજી પણ બનવું જોઇએ. તો—

ગીત—

રામને નોતરૂં દેવા જનો કો' એક કૌશલ્યા
પછી સીતાને સાદ ના કરશો, જાનકી રામની છાયા. (ટેક)

કવિશ્રી કાગ કહે છે હે માતાઓ! હે બ્હેનો! રામને નોતરૂં આજે દેવું છે પણ નવમહિના જે ઉદરમાં ભગવાન રહે એવા પેટ-વાળી એક તો તૈયાર થાઓ. આ તો ઇટાલિયન પેન્ટ પહેરીને 'સંગમ' જોવા જતી હોય ત્યાં રામને નોતરૂં દેવાની કલ્પના પણ કેમ કરી શકાય?

ગીત—

"ભલે વીશ વારૂણિ પ્રગટ્યાં, મથ્યો જલધિ અયોધ્યાનો
ભરતની ભેટ ભારતને કૈકેયી વિણુ મળે ક્યાંથી?"

ભરતનું જે ચિત્ર જે મા તરફથી મળ્યું એ મા ના ભલે અગણિત અપકારો હોય પણ એ એક ચિત્ર માટે એના માથે આપણું સઘળું જ ન્યોછાવર કરી નાખવાનું મન થાય છે. "રામ વનમાંથી પાછા નહીં ફરે ત્યાં સુધી અયોધ્યાના પાદરમાં હું ખાડો કરીને રહીશ" એટલું જ નહીં પણ ભરતે કહેલ—

દોહો—

કારણ મારે કોઈ હરી વન પેદલ હાલિઆ
એથી જનમ ન થઓ જોઈ મારો કાચે મહીને કાગડા.

હે મા! મારે માટે થઇને રામ વન જાય ને હું ભરત ગાદી ભોગવું? એ કરતાં તો મારો કાચે મહીને તારા પેટમાંથી ગર્ભસ્રાવ કેમ નો થયો? આ શબ્દો એ ભરત જ બોલે. બીજાની તાકાત નહીં.

પેલુંગીત આગળ ચાલે છે—

મહાબ્રહ્મચર્યની મૂર્તિ પ્રભુ સંકલ્પની પ્રતિમા
હજુરી દાસ હનુમંતા જનમવા અંજની જોશે....... ૨.
રામને નોતરૂં દેવા બનો કો એક કૌશલ્યા......

અખાડામાં બજરંગદાદાની મૂર્તિ મૂકીને મગદળ ફેરવવામાં જ આપણી શોભા નથી. પણ હનુમાન જતિનો વિવેક, એમનું મનોબળ ને રામ પ્રત્યેની નિષ્કામ ભક્તિ એ આપણે એમની પાસેથી લેવું જોઇએ.

'પડી રણમાં કરી ઘાયલ હજારો ફોજ ગોરા તણી
હૃદયથી કાગ એ ઈચ્છે બને કો એક ઝાંસીની રાણી.
રામને નોતરૂં દેવા બનો કો એક કૌશલ્યા...
પછી સીતાને સાદ ના કરશો, જાનકી રામની છાયા.'

ત્યાં ગોર ફરી ઉતાવળા થયા. કન્યા પધરાવો સાવધાન! પાને-તર ઓઢેલી નવોઢાને પગલે કંકુની ઢગલિયું થતી. એ માંડવામાં આવી. પ્રથમ મંગળ શરૂ થાય છે.

ગીત—

પહેલા પહેલા મંગળીઆ વરતાઈ
લાડી કેરે અંગે રે ઓઢી લીલી ઓઢણી રે જી......

આ ચાર મંગળ એટલે આપણાં વર્ષાકાળના ચાર માસ દરેક માસ રૂપી એક મંગળફેરો. ને એ વખતે નવોઢા ધરતી કેવી લાગે છે? ધરતી પર શું ફેરફાર થાય છે તે આમાં આબેહૂબ બતાવ્યું છે. પહેલા મંગળફેરે ધરતી ઉપર લીલી ઓઢણી આવે છે. પહેલા વર-સાદે જ આખા ય ધરતી લીલીછમ થઈ જાય છે. આ તો લોકહૈયાનાં વાણીને લોકહૈયાના ધબકારા છે જે પ્રમાણે પડ્યા એ પ્રમાણે જ ઝીલાણા છે.

બીજું મંગળ વરતાય છે તે જુઓ–
બીજા બીજા મંગળીઆ વરતાય
લાડી કેરે પગલેરે ફુલડાની ફાંકુ જરે રે જી.

બીજે મહિનો આવ્યો ત્યારે ધરતી નવપલ્લવિત થઇને બાગ-બગીચા, જંગલો ફુલડે ગેલફુલ બન્યા એ સુંદર ભાવ અહીં રજૂ કરવાનો પ્રયાસ થયો છે.

હવે ખરા સોરઠી મર્મવાળી ગીતની કડી આવે છે!

ત્રીજા ત્રીજા મંગળીઆ વરતાય
લાડી કેરે હૈડે રે જનેતાના ભાવભર્યા રે જી

વાવણી પછીનો ત્રીજો મહિનો એટલે બાજરામાં દાણોચઢ્યો હોય, શિંગમાં દાણો ભર્યો હોય ને આપણી દાળ્યચોડ તો પાકી પણ ગઈ હોય. એ પાક ધરતીને હૈયે ઝૂલતા હોય ત્યારે કવિ કહે છે કે ધરતી કન્યા મટી, નવોઢા પણ મટીને જાણે એક મા ના હૈયા જેવી દીસે છે. હવે ચોથું મંગળીયું આવે છે. છેલ્લો ફેરો છે ને!

ચોથા ચોથા મંગળીઆ વરતાય
ખેતરડાની થાળી રે કંસારે છલી વળી છ.

ચાર ફેરા પૂરા થયા. કન્યા પક્ષ તરફથી વરરાજા આગળ કંસારની થાળી આવી. ખેતરડાની થાળીએ કંસારે છલીવળી હતી! પછી તો જાનને વિદાય આપવાની હતી. પણ આ તો ધરતીની જાન હતી. એનો વોળાવીઓ શરદપૂનમનોચાંદ થયો ને ધરતીની જાનને વિદાય આપવાનો પ્રસંગ આવે છે. શરદ ઋતુ આવે છે ત્યારે વર્ષાની વિદાય હોય છે. એટલે જ કવિ એ શરદના ચાંદને જાનનો વેળાવીયો કર્યો છે. ને પછી શરદઋતુમાં ઉગમણો વાયરો ગામડામાં (ભુર) કહે છે. તે તીકળો છે. તે પવન રૂપી રથ ઉપર જાનને વિદાય આપવામાં

આવે છે. એ વખતે માંડવા પક્ષની બ્હેનોઝમરખ દિવડો–જમથી રક્ષા આપવાવાળો જમરખ દિવડામાં કપાશિયા પૂરે છે, તેલ નાંખે ને દિવેટ સળગાવે છે. ને આર્દ સ્વરે આંખમાં આંસુ હાલતા હોય ને ગાય છે—

**લગ્નગીત—**

બેની રમતી'તાં માંડવ હેઠ કે ધૂતારો ધૂતીગિઓ,
આવ્યો એક પરદેશી પોપટ કે ધૂતારો ધૂતીગિઓ રે.
બેનીની થેલકીએ દિઓને તાળાં રે બેનલ હાલ્યાં સાસરે
બેનીના ઢીંગલાને પોતાઆં પડથારીઆં રે
બેનન હાલ્યાં સાસરે...

આ પ્રસંગે તો મર્દ જેવો મર્દ પણ રડતો હોય છે. બેન–દિકરીની લગનની વિદાય બહુ જ વસમી હોય છે !

**ગીત—**

એનો વોળાવીઓ શરદપૂનમનો ચાંદ
જાનને તો વળાવી રે ઉગમણે પાદરે રે જી.

જાન ઘરે આવે છે. વરરાજા નવવધૂનો ઘૂંઘટ ઊંચો કરે છે. ત્યાં શું જુએ છે ? કે વધૂની ડોક તો સાવ અડવી જ હોય છે. એટલે એ મોતીડાનો હાર લેવા જાય છે. દિવાળી ઉપર સ્વાતિ નક્ષત્ર આવે છે. કહેવાય છે કે સ્વાતિ નક્ષત્રનો વરસાદ વરસે, તેને દરિયામાં છિપાએ છાંટા ઝીલે છે ને પછી એમાંથી મોતી બને છે. એટલે ધનરાજ દિવાળીની દુકાને–હાટે–મોતીનોહાર લેવા જાય છે.

**ગીત—**

લેવા લેવા મોતીડાનો હાર,
વરરાજો હાલ્યારે દિવાળીને હાટડે રે જી.

આમ આપણા લોક સાહિત્યકારે ધરતી અને મેઘના વિવા' કર્યા. આપણાં ગરબા, રાસકે આપણાં ટીપ્પણી ગીતો. આ બધાં ય એક જ લોકહૈયાનો અવાજ છે જેથી કરીને આજ દિવસ સુધી એક કંઠથી બીજા કંઠે ને બીજાથી ત્રીજા કંઠે એમ ચડતા આવ્યા છે ને વગર છપાણે આજ દિવસ સુધી જળવાઇ રહ્યા છે. તેની પાછળનું કારણ શું છે ? આજે સારા સારા કવિઓનો ગીતો પસ્તીમાં વેચાઇને ચેવડાનાં પડીકાં રૂપે ખરીદાય છે પણ જે સાહિત્યકારો–

**ગીત—**

સહે તડકા પ્રથમ પોતે અવરને છાંયડા દેવા
એનો ન કરતાં વૃક્ષ બકવાદો જીવન ઉપદેશ છે જેનાં.

પોતે તાડની જેમ એકલો પણ છાંયો ન મેળવી શકતો હોય ત્યાં બીજા ક્યાંથી આશા રાખી શકે ? આપણું આ સાહિત્ય તો માના દૂધ જેવું હળવું ફૂલ અને નિર્દોષ, આડંબર વિનાનું સાહિત્ય છે. લોકસાહિત્ય એટલે આડંબર વિનાનું સરળ. 'મેથેમેટીક્સ'ના દાખલા જેવું અટપટું નહીં, પણ અત્તરનું પૂંભડું કહેવાય શ્રી મેઘાણીનું એક ગીત યાદ આવે છે—

**ગીત—**

"જા મન શબ્દને વેપાર જી.
શબ્દને વેપાર ધણીને દરબાર. જા મન શબ્દને વેપાર જી.
એક શબ્દને પુંભડે કોઇકની બધે જીવન વરાળ
જા મન શબ્દને વેપારજી......
આતમની એરણ પર જ્યારે અનુભવ અથડાય જી
જરે શબ્દ ન તણખા ત્યારે રગે રગે કડાકા થાય
જા મન શબ્દને વેપાર જી"

ક્યાં આ બધા ય આપણાં શબ્દના વેપારીને ક્યાં આપણે ?

આપણું લોકસાહિત્ય તો હીરાનો વેપાર છે. એમાં કંઇક રત્નો પડ્યાં છે, કંઇક મોતી પડ્યાં છે.

**દોહો—**

રામ જરૂખે બેઠકે સબકા મુજરા લેત
જેસી જીસકી ભાવના એસા ઉસકો દેત.

માણસને ભાવના પ્રમાણે મળે છે. બને ત્યાં સુધી સદ્‌ગુણ નિહાળવા બાકી તો એક દૂહો છે–

**દોહો—**

સામેરી સાપર ઘુઘવે એમાં રતન તણાતા જાય
(પણ) કરમ હીણો કર ધરે તો (એની) શંખલે મૂઠ ભરાય.

બાકી અમુક કામ તો માણસે હાથે જ કરવાં જોઇએ. એમાં દાડીઓ મજૂર ન ચાલે. આપણાં દોહા પણ એક મંત્ર જ જેવા જ હોય છે. એનો આ એક નમૂનો છે. એ લીટીના દૂહામાં કેટલું આપ્યું છે !

**દોહો—**

ખેતી પાંતીને વિનતિ ખાજ ખુજાવણ અંગ
એટલા પરહથ ન સોંપીએ ગુરુ સેવા ને સતસંગ.

ખેતી જાતે જ કરવી જોઇએ. પત્ર પોતે જ લખવો જોઇએ. વિનંતિ પોતે જ કરવી જોઇએ. ખાવાનું પણ હાથે જ ને ખંજવાળ આવે ત્યાં ખંજવાળાય પણ હાથે જ. ગુરુની સેવા ને સતસંગ આ બધી વસ્તુ પોતાને હાથે જ થાય. બીજાને હાથે ન કરાવાય.



# ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસનું એક ભુલાયેલું પૃષ્ઠ

—ડૉ. ભોગીલાલ. જ. સાંડેસરા.

ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસનું આ ભુલાયેલું પૃષ્ઠ તે એક જૂનો શિલાલેખ છે. ઇ.સ. ૧૩૦૪મા ગુજરાતમાં વાઘેલાઓનું સ્વતંત્ર હિંદુ રાજ્ય નાશ પામ્યું અને મુસ્લિમ સત્તાની સ્થાપના થઈ એ અરસામાં સામંત અને રાજ્યકર્તા વર્ગના કેટલાંયે રાજપૂત કુટુંબો ગુજરાત છોડીને દૂર ચાલ્યાં ગયાં હતાં. છતાં ગુજરાત સાથેનો એમનો સંબંધ લાંબા સમય સુધી એક અથવા બીજી રીતે ચાલુ રહ્યો હતો. આવા એક સામંત કુટુંબના ઇતિહાસ સાથે સંબંધ ધરાવતો આ શિલાલેખ છે. ઉત્તર ગુજરાતમાં, ગુજરાતના ઐતિહાસિક પાટનગર પાટણમાં એક જૂના મકાનની મરામત થતી હતી ત્યારે એના પાયામાંથી આ શિલાલેખ જડ્યો હતો અને પુરાતન વસ્તુઓના ઉત્સાહી સંગ્રાહક અને અભ્યાસી મારા મિત્ર પં. અમૃતલાલ મોહનલાલે એ મેળવી લીધો હતો. આ શિલાલેખ ૧૯"x૮.૧/૨" માપના કાળા આરસની તકતી ઉપર જૈન ધાટીની દેવનાગરી લિપિમાં કોતરેલો છે. લેખની પંક્તિઓ ૧૧ છે. એની ભાષા સંસ્કૃત છે; જો કે અહીં તહીં વ્યાકરણની ભૂલો છે. લેખના પ્રારંભમાં અને અંતમાં એક એક શ્લોક છે, જ્યારે બાકી ભાગ ગદ્યમાં છે. શિલાલેખનું વર્ષ સં. ૧૪૪૭ (ઈ.સ.૧૩૯૧) છે. એટલે કે ગુજરાતમાં મુસ્લિમ સત્તાની સ્થાપના થયાને ત્યારે ૮૭ વર્ષ વીતી ગયાં હતાં; દિલ્હીના પાદશાહ નાસિરૂદ્દીન મહમ્મદના પાટણના સૂબા તરીકે ગુજરાતનું શાસન ઝફરખાનના હાથમાં હતું, જે થોડાંક વર્ષ બાદ ગુજરાતનો સ્વતંત્ર સુલતાન થયો હતો. એના પૌત્ર અહમદશાહે અમદાવાદ વસાવ્યું હતું.

પ્રસ્તુત શિલાલેખની વાત આગળ ચલાવીએ. પરમારવંશીય ખૂંદૂ નામે એક ક્ષત્રિય જે પોતાને અયોધ્યાવાસી કહેવડાવે છે તેણે સં. ૧૪૪૭ના વર્ષમાં પાટણમાં આહડેશ્વર મહાદેવના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હોવાનું શિલાલેખ નોંધે છે. ખૂંદૂની માતાનું નામ સૂતદેવી, પિતાનું નામ ગુર્જર અને પત્નીનું નામ તેજૂ હતું. પોતાના માતૃપક્ષ તેમ જ પિતૃપક્ષના પૂર્વજોના કલ્યાણ અર્થે તેણે મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો.

જીર્ણોદ્ધાર કરાવનાર ખૂંદૂ ક્ષત્રિયના કુટુંબના ઇતિહાસ વિષે શિલાલેખમાંથી ખાસ માહિતી મળતી નથી, પણ એટલું ચોક્કસ છે કે આ કુટુંબ અયોધ્યામાં રહેતું હતું. શિલાલેખમાં નોંધાયા છે એવાં નામ મધ્યકાલીન ગુજરાતમાં સુપ્રચલિત હતાં. જીર્ણોદ્ધાર કરાવનારના પિતાનું નામ ગુર્જર હતું એ વસ્તુ સૂચક છે. એ ઉપરથી એવો તર્ક કરી શકાય કે આ કુટુંબ મૂળ ગુર્જર દેશનું—પાટણનું વતની હશે અને કોઈ કારણસર અયોધ્યા રહેવા ગયું હશે. ઇ. સ. ૧૩૦૪ (સં. ૧૩૬૦)માં કર્ણ વાઘેલાનો પરાજય થયો એ પછી જે રાજપૂત સામંત કુટુંબો પાટણ છોડી અન્યત્ર ચાલ્યાં ગયાં હશે એમાંનું એક આ પણ હોય એવો પૂરો સંભવ છે. ખૂંદૂ ક્ષત્રિયને આ લેખમાં 'અભિનવસિદ્ધ રાજાવતાર' અને 'નૃપતિ' કહ્યો છે એ પણ ભૂતકાલીન ગુજરાતના કોઈ શાસક સામંત કુટુંબનો તે વંશજ હશે એવા અનુમાનને ટેકો આપે છે. પોતાના મૂળ વતન પાટણ સાથેનો એ કુટુંબનો સંબંધ કોઈને કોઈ સ્વરૂપે ચાલુ રહ્યો હશે. એમ જો ન હોય તો એ કુટુંબની એક વ્યક્તિ અયોધ્યા જેવા દૂરના સ્થળેથી ગુજરાતના પાટનગરમાં આવીને, ત્યાં પોતાના પૂર્વજોના કલ્યાણ અર્થે મંદિરનો જીર્ણોદ્ધાર કરાવે એ ભાગ્યે બની શકે.

પ્રસ્તુત શિલાલેખમાં જેમનો ઉલ્લેખ છે એ વ્યક્તિઓ વિષે મધ્યકાલીન ગુજરાતમાં અન્ય ઐતિહાસિક સાધનોમાંથી કંઈ વિશેષ જાણવા મળતું નથી. પણ એટલું સ્પષ્ટ છે કે લેખમાં નોંધાયેલી મુખ્ય હકીકત મધ્યકાલીન ભારતના સામાજિક ઇતિહાસ માટે—ખાસ કરીને એ કાળમાં આન્તર પ્રાન્તીય સંપર્કની દૃષ્ટિએ ઘણી અગત્યની છે.

ખૂંદૂએ આહડેશ્વરના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો. એ મંદિરનો મૂળ બંધાવનાર કોણ હતો એ વિષે આપણે નિશ્ચિતપણે કંઈ જાણતા નથી. પરંતુ શિવાલયના નામ ઉપરથી અનુમાન થાય છે કે તે આહડ નામે કોઈ પુરુષે અથવા તેના કોઈ સ્વજને બંધાવ્યું હોવું જોઈએ. તે બંધાવનાર પુરુષ ખૂંદૂનો કોઈ પૂર્વજ જ હોય એ પણ સંભવિત છે. આહડ નામ મધ્યકાલીન ગુજરાતમાં સારી રીતે પ્રચલિત હતું.

મૂળ શિલાલેખનો પંક્તિવાર પાઠ નીચે પ્રમાણે છે:—

(१) ॥ द. ॥ ॐ नमः शिवाय ॥ अवतु शिवस्त्रिपुरहरः कनकरजः पुंजपिंजरे श (शि)रसि क्षीराहुतिरिव हु

(२) तभुजि निपतति भागीरथी यत्र ॥ १ ॥ स्वस्ति स्ववंर्नोनीर निर्म्मलचरित्रपवित्रशरः । क्षत्रियकुलकमलि

(३) नीविकाशनमार्त्तंडश्वंद्रशेषरचरणारविंद चतुरांच (च) चरीकोभिनवसिद्धराजावतारो देवद्विज

(४) पूजापरोऽनवरतद्रविणतो पततयाचकजनः शौर्यौ (र्या) दार्य गुणान्वितः । मूतदेव्या जनन्या (न्याः) समस्तक्ष

(५) त्रियकुलतिलकस्य । पितृ राजश्रीगुर्जरस्याभिधानस्य चोभयवंशोद्भवपूर्वजानामुद्धरणार्थ्यानि

(६) वासी । परमारवंशोद्भवो बाई तेजूपती राजश्रीखूँदूनृपति रण हिल्लपुरपत्तने श्रीमन्नृपविक्रमा

(७) दित्यसमयातीत संवत् १४४७ वषे शाके १३९३ प्रवर्तमाने वसंतऋतौ वैशाखमासे शुक्लपक्षये २ अनं

(८) तर ३ तृतीयायां तिथौ शुक्रदिने परमेश्वरस्य सुरासुरवंदितचरण युगलस्य देवश्रीआहडेश्वरस्य

(९) जीर्णप्रासादमुदद्धार ॥ चक्रे ॥ शिवः शिविप्रदो नित्यं हरो हरतु किल्विषम् । भवो भवात्तिनाशा

(१०) य शंकरः शंकराय च ॥ छ ॥ प्रासादोऽयं महादेवप्रसादात् श्रीहिमाद्रि यावत्तिष्ठतु ॥ श्रीः ॥

(११) व्यास पुरुषोत्तमेन लिखिता ॥ मंगलम् भूयात् ॥



# ગુજરાતના સાંસ્કૃતિક ઘડતરનાં પરિબળો

—શ્રી કુમારપાળ દેસાઇ

માનવીએ પૃથ્વી પર પોતાનું જીવન આરંભ્યું. જીવનના ઉષઃકાળમાં જ એણે ભૌતિક જરૂરિયાતો મેળવવાના પ્રયત્નો આદર્યા. આ જરૂરિયાતોને મેળવવાના પ્રયત્નોની સાથે સાથે એ મન–ચિત્તનો ઉપયોગ કરે છે, અમુક નીતિ–નિયમો ઘડે છે, પોતે એ નિયમો પાળવાનો આગ્રહ રાખે છે ને બીજા પાસે પળાવવાનો આગ્રહ ધરાવે છે આમાંથી મનમાં એક સંસ્કાર જન્મે છે. ચિત્તમાં આર્દ્રતા, મનમાં સદ્‌ભાવ ને સમભાવ, એકબીજા તરફ ઉપયોગી થવાનું વલણ વગેરેથી એ સંસ્કૃત બનવાની પ્રવૃત્તિ તરફ વળે છે. ધીરે ધીરે માનવીના જીવન–સમગ્રને આ પ્રવૃત્તિ ઘાટ આપવા માંડે છે. આમાંથી એ એની જીવનરીતિમાં અમુક મૂલ્યો સ્થાપે છે. આપણા વિવિધ સંબંધો અને એમાં ય સ્ત્રી–પુરુષ વચ્ચેનો લગ્ન–સંબંધ, એમાંથી એક પત્નીત્વ અને એથીય ઉચ્ચ ભૂમિકાએ પહોંચતો ભાઈ–બહેનનો નાતો આના ફળરૂપ છે. માણસ એને મળેલાં મૂલ્યોનું વધુ ને વધુ ખેડાણ કરતો જાય છે. જો કોઈ પ્રજા પોતાના મૂલ્યોથી વેગળી બની જાય તો એ નિજી સત્ત્વથી પણ વેગળી બને છે. આ મૂલ્યો પ્રજા સમૂહનું માનસિક ખેડાણ કરતાં હોય છે—જીવનને વધુ ને વધુ શુદ્ધ, સમૃદ્ધ અને પરિપૂર્ણ બનાવવાના કાજે.

આ પ્રક્રિયાને પરિણામે સંસ્કૃતિનો એક આગવો આકાર ઘડાય છે. એ આકાર કોઈ એક વિશિષ્ટ પ્રદેશ પર મુખ્યત્વે આધાર લે છે. અને એ ભૂમિ પર વસતી પ્રજાના જીવનમાં સૂક્ષ્મરૂપે આવિર્ભાવ પામે છે. એક સમાજ કે પ્રદેશમાં વિકસતાં આવાં આગવાં તત્ત્વોથી એ પ્રજાનું એક બંધારણ ઘડાય છે. એ પ્રજામાં વિશિષ્ટ એવા જાગૃત ચેતનાનું સાતત્ય વરતાય છે. આ બાબતો એ પ્રદેશના લોકોને એક તાંતણે બાંધે છે. આ મૂલ્યો એ સમાજની રીતરસમો, જીવન–પદ્ધતિ અને વિચારશીલતાને ઘાટ આપતાં હોય છે. એક પ્રદેશ કે સમાજમાં ઊગેલાં આ મૂલ્યોનો વારસો થોડે ઘણે અંશે કુટુંબ, સમાજ, રાજ્ય અને ચોપાસના વાતાવરણ પાસેથી મળે છે. આમ એક સમાજે મેળવેલો, ખીલવેલો અને આત્મસાત્ કરેલો મૂલ્ય-સમુદાય તે એ પ્રદેશની સંસ્કૃતિ.

આ મૂલ્યસમુદાયના ઘડતરમાં એ પ્રદેશની આજીવિકા અને રહેઠાણ માટેની ગોઠવણ. એ પ્રજાનાં માન્યતાઓ, નિર્ણયો, વલણો, ચિંતનો, ખ્યાલો, એ સમાજના નૈતિક અને વ્યાવહારિક ધોરણો, ત્યાં વિકસેલી આર્થિક, સામાજિક, રાજકિય, અને ધાર્મિક સંસ્થાઓનો ફાળો હોય છે. એ ધરતીએ અનુભવેલા ઇતિહાસના વારાફેરા, એનાં યંત્રો, વિજ્ઞાનો ને દર્શનો તેમજ એનો સાહિત્ય, સંગીત, ચિત્ર શિલ્પ અને સ્થાપત્ય આદિ વિષયક કલાવારસો પણ મૂલ્યઘડતરની પ્રક્રિયામાં વત્તેઓછે અંશે ભાગ ભજવે છે. એક સમાજ બીજા સમાજના સંપર્કમાં આવતાં જે ઘર્ષણ–સમન્વયનાં બળો જન્મે છે તે પણ સંસ્કૃતિના ઘડતરમાં ફાળો આપે છે. આવાં મૂલ્યોથી ઘાટ પામેલી સંસ્કૃતિનું તેજ આપણી જીવનશૈલિમાં ઊતરેલું હોય છે.

સંસ્કૃતિની અંદર આ ઘર્ષણ–સમન્વયની પ્રક્રિયા આગવું મહત્ત્વ ધરાવે છે. આપણા જીવનની જેમ સંસ્કૃતિ પણ સતત જીવંત, પરિવર્તનશીલ અને વિકાસગામી હોવી જોઇએ. આવી એક સંસ્કૃતિએ બીજી સંસ્કૃતિના સંપર્કમાં આવતાં ડરવું ન જોઇએ. સંસ્કૃતિમાં બીજા પ્રદેશનાં બીજી પ્રજાનાં– મૂલ્યો સાથે સમન્વય સાધવાની અખૂટ જીવંતતા અને શક્યતા પડેલી છે પણ જો કોઈ એક સંસ્કૃતિ બીજી સંસ્કૃતિના ભયે પોતાનાં અંગો સંકોચી પોતાના કોચલામાં પુરાઈ રહે તો એમાં બંધિયાર-પણું આવે. આ બંધિયારપણું આખીય સંસ્કૃતિને બેઘાટ બનાવી દેનારી વસ્તુ છે. આથી આપણે આપણાં મૂલ્યોને જગતની ખુલ્લી હવામાં ઝૂલવા દેવાં જોઇએ. મનનાં દ્વાર વાસી દઇ પોતાનાં જ મૂલ્યોમાં રાચતા રહીએ તો પ્રગતિ અટકી જાય છે. એટલા માટે સંસ્કૃતિમાં નવી ભાવનાઓ ને નવી શોધોને ઝીલવાનું, અનુભવવાનું અને સમાવવાનું સામર્થ્ય હોવું ઘટે. પણ આ સાથે પરસંસ્કૃતિના પ્રકાશમાં અંજાઇ ન જવાય એવું હીર પણ એમાં હોવું જોઇએ. જો સ્વસંસ્કૃતિનાં મૂલ્યોનો અનાદર કરી પરસંસ્કૃતિની પૂજા કરવા બેસી જઇએ તો આપણે આપણા વારસાને તેમજ સ્વત્વને ગુમાવી બેસીએ છીએ. પરિણામે આપણાં જીવનને ધારી રાખતાં બળોનાં મૂળિયાં ઊખડવા માંડે છે. આમ સંસ્કૃતિનું કામ પોતાનું સત્ત્વ જાળવીને બીજાના સંપર્કમાં આવવાનું અને એના સારભૂત તત્ત્વને આત્મવસાત્ કરી લેવાનું છે. આપણા કેટકેટલા સમર્થ ચિંતકોએ આ હેય–ઉપાદેયનું કામ બજાવ્યું છે !

ગુજરાતના અહિંસા–કરુણાપ્રધાન સંસ્કારો:

ગુજરાતની ભૂમિ પર અનેક પ્રજાઓ આવીને વસી છે અને આ ભૂમિ પર વસતી પ્રજાએ ઘર્ષણ–સમન્વયની પ્રક્રિયા પણ અનુભવી છે. ગુજરાતની પ્રજાના બંધારણમાં અમુક મૂલ્યો વિશેષ જણાઈ આવે છે. અને એને લીધે ગુજરાતની સંસ્કૃતિનાં પટ પર અહિંસા, જીવદયા અને સર્વ ધર્મ–સમભાવની ભાવનાની ભાત વિશેષ ઊપસી આવી છે. ગુજરાતને આ સંસ્કારોની ગળથૂથી ઈ. સ. પૂર્વે ત્રીજા સૈકાથી મળેલી છે; એનીય પહેલાંથી આ સંસ્કારો મળ્યા હોવાનો સંભવ છે. અત્યારના પ્રજાજીવનમાં એકરસ બની ગયેલી દેખાતી આ કરુણાગામી સુકુમાર ભાવનાઓ સૈકાઓ પહેલાં આ પ્રદેશની વસ-તીના જીવનમાં ઓતપ્રોત બનીને સ્થિર થઇ ગઇ છે.

અહિંસાની ભાવનાનો એક વિશિષ્ટ અને વ્યવહારુ આવિષ્કાર જ જીવદયા કે કરુણા છે. પોતાના નિમિત્તે ન કોઇને હણવું કે દુઃખ પહોંચાડવું એ અહિંસા; અને બીજાના ભલા ખાતર પોતાની જાત કે સર્વસ્વને ઘસી નાખવામાં આનંદ માનવો તે કરુણા: આમ અહિંસા અને કરુણા એક જ સિક્કાની બે બાજુ બની જાય છે. આથી આ બંને ભાવનાને સાથે જોવી એ જ યોગ્ય લેખાશે. ઈ.

સ. પૂર્વે ૨૭૪ – ૨૩૭ના કાળમાં થયેલા દેવાનાંપ્રિય પ્રિયદર્શી મહારાજ અશોકની ચૌદ આજ્ઞાઓ ગિરનારના 'શૈલકણ' પર આલેખાયેલી છે. આ શિલાલેખ એ ગુજરાતના ઇતિહાસની પહેલી ખાંટી છે, તો ગુજરાતનાં સંસ્કારબળોનો પ્રથમ આલેખ છે. આમાં પ્રાણીવધની મનાઈ ઉપરાંત પ્રાણીધન જાળવવાની દરકાર પણ ઘણી બતાવાઇ છે. એક આજ્ઞામાં લખ્યું છે : 'જ્યાં જ્યાં મનુષ્યોપયોગી અને પશુ ઉપયોગી ઔષધો ન હતાં ત્યાં ત્યાં તે મંગાવવામાં આવ્યાં ને રોપવામાં આવ્યાં જ્યાં જ્યાં મૂળ અને ફળ નહોતાં ત્યાં ત્યા તે મંગાવવામાં આવ્યા અને રોપવામાં આવ્યાં પશુ અને માણસના ઉપયોગ માટે રસ્તાઓ ઉપર કૂવાઓ ખોદવામાં આવ્યા.' આમાં માનવની સાથે મૂંગા પ્રાણીઓની પણ કેટલી બધી ખેવના રખાઈ છે ! ગુજરાતે અહિંસા અને જીવદયાની ભાવના જીવનમાં અનુભવેલી, ઉતારેલાં અને જીવી જાણેલી છે. પશુઓની માવજત કરવાની અને ખાસ કરીને ખોડાં ઢોરને સાચવવાની પ્રથાનાં મૂળ અહીં જણાય છે અત્યારની પાંજરા• પોળની સંસ્થાના મુળ પણ ગુજરાતમાં જ છે ને !

પણ આ તો બેએક હજાર વર્ષ પહેલાના, પ્રમાણમાં નજીકના ઇતિહાસયુગની વાત થઇ. ગુર્જરભૂમિ ને મળેલ અહિંસા, જીવદયા અને પ્રાણીરક્ષાની ઉત્કટ તેમજ સુભગ ભાવનાના ચીલા તો, ઇતિહાસયુગને વટાવીને, ઇતિહાસયુગના છેક આરંભકાળ સુધી અથવા તો પ્રાગૈતિહસિક સમયના છેલ્લા તબક્કારૂપ મહાભારતના યુદ્ધના કાળ સુધી પહોંચે છે. જૈનધર્મના બાવીસમા તીર્થંકર ભગવાન નેમિનાથ શ્રીકૃષ્ણના પિતરાઈ ભાઈ થતા હતા. પોતાના લગ્ન નિમિત્તે વધ માટે ભેગા કરેલાં મુગાં પ્રાણીઓનો આર્તનાદ સાંભળીને નેમિકુમારે લગનના લીલા તોરણેથી પોતાનો રથ પાછો વાળી લઈને ગિરનારની ગહન ગુફાઓ અને ભયંકર અટવીઓમાં તપ, ત્યાગ, સંયમ અને તિતિક્ષાને માર્ગે વૈરાગ્યની સાધના કરવાનું મંજૂર રાખ્યું હતું. ભગવાન નેમિનાથે વિસ્તારેલ અને આપેલ કરૂણા અને વૈરાગ્યનો આ અમર વારસો ગુજરાતની ભક્તિશીલ,ધર્મ પ્રેમી અને પાપભીરૂ પ્રજાએ છેક અત્યાર સુધી સાચવી અને શોભાવી જાણ્યો છે. એટલે ખરી રીતે સમ્રાટ અશોકે તો ગુજરાતમાં અહિંસા અને કરૂણાની ભાવનાનું પુર્વભારતમાંથી પશ્ચિમ ભારતના આ પ્રદેશમાં મોટે ભાગે પુનરુચ્ચારણ અને અમુક અંશે પુનરૂજીવન કર્યું; બાકી અહિંસા અને દયાની આ ભાવના તો ઘણા જૂના સમયથી ગુજરાતની પ્રજાના જીવનમાં તાણાવાણાની જેમ વણાઇ ગઈ હતી. શ્રીકૃષ્ણનો પશુપ્રેમ પણ એટલો જ જાણીતો છે.

જૈનધર્મની પ્રરૂપણા ભલે પુર્વ ભારતમાં થઈ હોય, પણ, સમય જતાં, એ સ્થિર થયો પશ્ચિમ ભારતમાં, ખાસ કરીને ગુજરાતની ભૂમિમાં. ગુજરાતની ધરતીમાં પરપ્રાંતનું આ બી રોપાયું ને ફૂલ્યું ફાલ્યું એ જ એની અહિંસા પ્રિયતાનો મોટો પુરાવો છે. ક્ષત્રપસમય દરમ્યાન આવેલા યુએન શુઆંગની પ્રવાસ નોંધમાં રાજા શીલાદિત્ય (પહેલા)ની વાત મળે છે. આ શીલાદિત્યે જીવનભર કોઈ પ્રાણીને હાનિ પહોંચાડી ન હતી અને પોતાના હાથીઓ તેમ જ ઘોડાઓ પણ જીવજંતુની હિંસા ન કરે એ માટે એ તેમને ગાળેલુ પાણી પાવાનો આગ્રહ રાખતો. વધુમાં એ લખે છે કે એના રાજ્યનાં પચાસેક વર્ષ દરમિયાન રાજા પશુઓ મનુષ્યો સાથે હળીમળી જતાં ને લોકો એમને મારતા ઝૂડતા નહિ. ઇત્સિંગ પણ આ પ્રદેશનો એક રિવાજ વર્ણવતાં કહે છે કે અહીં ગાળેલા પાણીમાંથી નીકળતાં જંતુઓને પાછાં પાણીમાં નાખી જીવતાં રાખવાનો રિવાજ છે. આમાં બૌદ્ધધર્મની અસર હોઈ શકે. પરંતુ જૈનોએ આ ભાવનાને વ્યાપક અને પ્રબળ બનાવવામાં મોટો ફાળો આપ્યો છે. આમાં સોલંકી યુગના મહારાજા કુમારપાળનો પણ આગવો ફાળો છે.

મહારાજા કુમારપાળની 'અમારિ–ઘોષણા' એ એક મોટી સાંસ્કૃતિક ઘોષણા છે. આમાં એ અશોક કરતા એક ડગલું આગળ વધે છે. આ વિશે શ્રી હેમચંદ્રાચાર્ય એમના '**દ્વયાશ્રય**' કાવ્યમાં નોંધે છે: 'એણે કસાઈઓથી થતી તથા શિકારીઓ દ્વારા થતી હિંસા બંધ કરી, દેવતાઓને મળતા બકરાઓના બલિ પણ બંધ કર્યા અને માંસ આદિના વેચાણથી જેમની આજીવિકા ચાલતી હતી તેમની આજીવિકા બંધ થતાં તેઓને રાજાએ ત્રણ વર્ષનું ધાન્ય આપ્યું.' 'અમારિ–ઘોષણા'નો પ્રચાર કુમારપાળે માત્ર ગુજરાતમાં જ નહિ પણ પોતાના સામંતો મારફતે પોતાના આખાય સામ્રાજ્યમાં ગુંજતો કર્યો હતો. મારવાડના છેક દક્ષિણ ભાગમાં આવેલા રત્નપુરના શિવમંદિરમાંથી અને જોધપુર રાજ્યના કિરાડુમાંથી મળતા હિંસાબંધી ફરમાવતા લેખો આની ગવાહી પુરે છે. આ સિવાય કુમારપાળે રાજાઓ અને રજપુતોમાં પ્રચલિત એવા મદ્યપાન અને માંસ ભક્ષણની બંધી ફરમાવી હતી અને પરદારાગમન અને દ્યૂતનો ત્યાગ કરાવ્યો હતો. આથી ગુજરાતની પ્રજામાં દરેક અનાચાર પ્રત્યે સામાન્ય રીતે જોવા મળતી તિરસ્કારવૃત્તિ માટે આપણે આ રાજવીને શ્રી સહજાનંદ સ્વામી સાથે સંભારવો પડે.

આ અહિંસા અને જીવદયાની ભાવના ગુજરાતની પ્રજાના હૃદયમાં સૈકાઓ સુધી ઘૂંટાતી રહેલી છે એટલું જ નહિ વ્યવહારમાં પણ ઊતરી છે. આ પ્રદેશની એક વિભૂતિ ગાંધીજીએ તો અહિંસાની ભૂમિકા પર જ સ્વાતંત્ર્યનું આંદોલન જગાવ્યું. અહિંસા અને વીરતા એ બે બાબતોને કેટલાક વિરોધી માનતા હતા; પણ ગાંધીજીએ આ તથાકથિત વિરોધી બાબતોને ભેગી કરી એક નવું બળ જન્માવ્યું. અહિંસાથી ભરેલી વીરતાથી યુદ્ધ ખેલવાના નવા જ પાઠ ગાંધીજીએ શીખવ્યા. બળવંતરાય ઠાકોરે આ ભાવનાને યોગ્ય રીતે બિરદાવી છે—

'છે જંગ સાત્વિક બળો પ્રકટાવવાનો,
ચારિત્ર્ય સૌમ્ય વ્રત સાધુ ખિલવવાનો.'

સામા પર ઘા કર્યા વિના જીતવાનો ભગવાન બુદ્ધ અને ભગવાન મહાવીરનો પ્રયોગ ગાંધીજીએ કરી બતાવ્યો. ખરેખર તો આખીય ગુજરાતની અહિંસા અને કરુણામય સંસ્કૃતિજ સત્ત્વ ગાંધીજી સાંગોપાંગ વ્યવહારમાં ઉતારે છે અને આથી એમની સિદ્ધિ ગુજરાતના સત્ત્વનું સામર્થ્ય અને ખમીર પુરવાર કરે છે. આમ અશોકના શિલાલેખમાંની ધર્માસ્તાઓ કોતરાઇ તો દેશના ઘણા ખુણામાં, પણ તે ઉગી તો ગુજરાતના જીવનમાં જ.

## ગુજરાતની સહિષ્ણુતા :

સંસ્કૃત માનવતાનો એક બીજો મોટો પુરુષાર્થ છે પરસ્પરના વિચારો, વલણો અને માન્યતાઓ પ્રત્યે સહિષ્ણુતા કેળવવાનો. ગુજરાતમાં આવી પરધર્મ કે પરપ્રજા પ્રત્યેની સહિષ્ણુતા વ્યાપકરૂપે જોવા મળે છે. પોતાને પરમમાહેશ્વર કહેવડાવતા કેટલાક મૈત્રક

રાજવીઓએ બૌધ્ધ વિહારોને છૂટે હાથે દાન આપ્યું છે. સોલંકી યુગના સ્થાપક મુળરાજે જૈનસ્થાન અને એના પુત્ર ચામુંડે વીરગણિ નામના જૈન સાધુનો આચાર્યપદ મહોત્સવ કર્યાનો ઉલ્લેખ મળે છે. સિદ્ધરાજે વિષ્ણુમંદિર બંધાવ્યાનો અને નેમિનાથની પુજા કર્યાનો ઉલ્લેખ મળે છે; તો શ્રી હેમચંદ્રાચાર્ય સોમનાથના મંદિરમાં મહાદેવ–શંકરની સ્તુતિ કરે છે. મહારાજા કુમારપાળ પરમમહેશ્વરની સાથે સાથે પરમાર્હતનું બિરૂદ પણ ધરાવે છે. ચિત્તોડગઢમાંથી મળેલા લેખમાં દિગંબર આચાર્ય રામકીર્તિએ શરૂઆતમાં શિવની સ્તુતિ કરી છે. વસ્તુપાલ તેજપાલે મસ્જિદ બંધાવ્યાનો અને સોમનાથની પૂજા કરી હોવાનો ઉલ્લેખ મળે છે, તો પુત્રપ્રાપ્તિ કાજે હિંદુ દેવની પૂજા કરતા જગડુશાની વાત એમના ચરિત્રકારો કશીય ટીકા વિના નોંધે છે. કારમા દુકાળમાંથી પ્રજાને બચાવનાર જગડુશાએ ષીમલી મસ્જિદ બંધાવી. વાઘેલા વંશના અર્જુનદેવના સમયનો વેરાવળમાંથી મળેલો એક લેખ સોમનાથ જેવા ધર્મસ્થાનમાં પણ પરધર્મીઓ પ્રત્યે કેટલી ઉદારતા બતાવવામાં આવતી હતી, તે બતાવે છે. નાખુદા પીરોઝે સોમનાથદેવના નગરની બહારના ભાગમાં મસ્જિદ બંધાવી હતી. વળી, આવી ધાર્મિક બાબતોનો વહીવટ મુસલમાનોની જમાત કરે એવી છૂટ પણ હતી. થોડા સમય પહેલાં જે પ્રજાહૃદયે મહમૂદ ગઝનીના આક્રમણનો કારી ઘા અનુભવ્યો હતો, એ જ પ્રજાહૃદય આટલી ઉદારતા બતાવે એ બાબત આપણા સમાજનું હૃદયઔદાર્ય છતું કરે છે. જૈન સંસ્કૃતિના હાર્દરૂપ અનેકાંતવાદે આપેલ પરમતસહિષ્ણુતા, સત્યનો ગમે ત્યાંથી સ્વીકાર કરવાની વૃત્તિ અને ઉદારતાના પાઠે પણ આમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે, એમ સ્વીકારવું ઘટે.

અમદાવાદની એક મસ્જિદમાંથી મળી આવેલ અરબી ભાષામાં લખાયેલો એક લેખ પણ આની ગવાહી પૂરી પાડે છે. આ મસ્જિદનો કેટલોક ભાગ સોલંકી સમયમાં બંધાએલો હોવાનો ઉલ્લેખ મળે છે. આથી સાબિત થાય છે કે મુસલમાનોએ ગુજરાત જીત્યું એની બે દાયકા પૂર્વે તેઓ અહીં શાંતિથી વસવાટ કરતા હતા. આપણે ત્યાં સોલંકી શાસન હતું એ વખતે દક્ષિણમાં શૈવ રાજાઓએ વૈષ્ણવોની કનડગત કરી હોવાના દાખલા મળે છે. ગુજરાતમાં કોઈ શૈવ રાજાએ આવું કર્યું નથી. સંજાણના હિંદુ રાજાએ પારસીઓને આપેલા આશ્રય અને તેમને વસવાટ કાજે આપેલી જમીનનો બનાવ ગુજરાતના સાંસ્કૃતિક ઇતિહાસનો એક મહાન બનાવ ગણાય. આવી રીતે પરધર્મીને પોતાની સાથમાં વસવાટ આપ્યાના દાખલા ઇતિહાસમાં વિરલ છે. ગુજરાતની અહિંસામાંથી ગાંધીજીએ એક સાત્ત્વિક બળ ઊભું કર્યું, તો ગુજરાતની સહિષ્ણુતામાંથી ગાંધીજીએ એક તો જગતને ' વ્યાપક ધર્મભાવના 'નો વિચાર આપ્યો.

ગુજરાતની આ પરધર્મસહિષ્ણુતાની વૃત્તિ કાયરતાનો અંચળો લેખાય તો એ ખોટું કહેવાય. કદાચ કોઈ આ તડજોડ કરવાની વૃત્તિને પોતાની કાયર વૃત્તિને ઢાંકવાની વૃત્તિ તરીકે પણ ગણાવે. પરંતુ, વાસ્તવિક રીતે જોઇએ તો, ગુજરાતની અસ્મિતા આનાથી ક્યારે ય ઘવાઈ નથી. આમાં તો સર્વધર્મસમભાવથી આગળ વધી સર્વધર્મસમભાવ તરફની ગતિ દેખાઈ આવે છે. આમ આ સહિષ્ણુતાથી ગુજરાતને, ગુજરાતના ધર્મોને અને એ ધર્મો આચરતી વ્યક્તિઓને જેમ મળી છે. ગુજરાતની પ્રજા પ્રમાણમાં વધુ સુખ–શાંતિ અને એખલાસનો અનુભવ માણી શકી છે તે પણ આ કારણે જ.

## સંસ્કારઘડતરમાં ઇતિહાસ અને ભૂગોળનો ફાળો :

સંસ્કૃતિનું પ્રતિબિંબ ઇતિહાસમાં જોઇ શકાય છે. આપણી સંસ્કારિતાની સ્થિરતા કે પ્રગતિની છાપ ઇતિહાસમાં, ભલે જુદે રૂપે પણ, આવિર્ભાવ પામે છે. ઘણીવાર તો વિશિષ્ટ વ્યક્તિનાં કાર્યોમાં સંસ્કૃતિનાં આગવાં તત્ત્વોનું વિકસન કે પ્રફુલ્લન જોવા મળે છે. આમ ઇતિહાસ એ સંસ્કૃતિની આરસી છે, તો ભૂગોળ એ સંસ્કૃતિના વ્યક્તિત્વને ઘડનારું બળ છે જેમ માનવીને એની આસપાસની પ્રકૃતિનો પાસ લાગે છે તેમ પ્રકૃતિ પણ માનવીઘડયા ઘાટ ધારણ કરે છે. આથી ગુજરાતના વ્યક્તિત્વને જોવા માટે જે જે ભૂમિ–વિભાગોએ એના વ્યક્તિત્વને ઘડવામાં ફાળો આપ્યો છે તે જોવા ઘટે–પછી ભલેને આજે એ ગુજરાતની રાજકીય સીમાની બહાર હોય. આ માટે અત્યારે રાજસ્થાનમાં આવેલ ભિન્નમાલ કે શ્રીમાલને પણ જોવું ઘટે. ગુજરાતની સંસ્કૃતિના અભ્યાસીએ ગુજરાત એટલે ૨૦.૫ થી ૨૪.૦ ઉત્તર અક્ષાંશ અને ૬૯.૨ થી ૭૪.૯ પૂર્વ રેખાંશ સુધીનો પ્રદેશ નહિ, પરંતુ સૌરાષ્ટ્ર અને કચ્છ સહિતનો પશ્ચિમ–હિંદુસ્તાનનો ભાગ એવી વ્યાપક વ્યાખ્યા આપવી પડશે.

ગુજરાતના સાંસ્કૃતિક ઘડતરમાં સુબદ્ધ સીમાડા, ફળદ્રુપ જમીન, થોડાંક બંદરોવાળો કિનારો, નિયમીત આવતું ચોમાસું અને સમશીતોષ્ણ આબોહવા જેવા ભૌગોલિક સંયોગોએ પણ કેટલોક ભાગ ભજવ્યો છે. ગુજરાતનો સાગરકાંઠો એ એની એક ભૌગોલિક વિશેષતા છે અને એ સાંસ્કૃતિક ઘડતરમાં મહત્ત્વનું બળ બની છે. પ્રાગૈતિહાસિક કાળમાં ગુજરાતની ધરતી પર રહેલી નાગ પ્રજાની સમુદ્રયાનની વૃત્તિ અને વાણિજ્યવૃત્તિમાં આનું પગેરું શોધવાના પ્રયત્નો થયા છે. વળી પ્રાચીન ગુજરાતને પરદેશ સાથે રાજકીય સંબંધો કરતાં વ્યાપારી સંબંધો વિશેષ હતા. આજે પણ ગુજરાતીઓ એમના વેપાર કૌશલ અને વ્યવહારકુશળતા માટે જાણીતા છે. અત્યારે તો હિંદનુ ભાગ્યે જ એવું કોઇ ગામ હશે જ્યાં ગુજરાતી વાણિજ્ય અર્થે વસવાટ કરતો ન હોય ! ગુજરાતના વેપારીઓ કુનેહબાજ પણ ખરા. ગંભૂય ( ગાભૂ ) ગામનો ઠક્કુર નિન્નય, જગડુશા, સમરસિંહ, શાંતિદાસ ઝવેરી અને દિલ્હીના બાદશાહ પાસેથી મુસલમાનોએ તોડેલા જૈન મંદિરોના જીર્ણોદ્ધારનુ ખર્ચ મેળવવાની વગ ધરાવતા અમદાવાદના નગરશેઠના દાખલા મળે છે. આમ સમુદ્રે આપણી વાણિજ્યવૃત્તિ ખીલવી; આ વાણિજ્યે આપણામાં સમાધાનવૃત્તિ આણી.

## મહાજન સંસ્થાનો વિકાસ :

ગુજરાતની સમાધાનપ્રિય અને ક્લેશથી કંટાળવાની વૃત્તિને લીધે ગુજરાતમાં જેટલાં મહાજનો ખાલ્યા છે તેટલાં બીજે ક્યાંય ખાલ્યાં નથી. આ મહાજનસંસ્થા ગુજરાતનું એક નોંધપાત્ર સંસ્કૃતિબળ છે, એનું ગૌરવ છે. સંઘબળનો ભારે મહિમા આ સંસ્થામાં જોવાય છે. કેટલીકવાર રાજસત્તા જે કામ લાંબે ગાળે, મોટા ખર્ચે ને મનસંતાપે કરી શકતી નથી, તે કામ આ સંસ્થા અલ્પ સમય અને દ્રવ્યથી બંને પક્ષના સંતોષ સાથે, પૂરું કરે છે. મહાજનોએ ઘણા વખત સુધી પરદેશીઓને વેપારમાં પેસવા દીધા નહોતા, કોમી વેરઝેર પર કાબૂ રાખ્યો હતો ને સ્વચ્છંદ રાજસત્તાઓને નાથવાના

પ્રયત્નો પણ કર્યા હતા. સામાજિક અને વ્યાવહારિક નિયમો પણ મહાજને ઘડીને પળાવ્યા હતા. મહાજનો વેપાર ઉપર વેરા નાખતા, લાગા મૂકતા ને દંડ પણ કરતા, સુતાર–લુહારના મહાજનોથી લઇને મિલમાલિકોનું મહાજન આજે પણ જોવા મળે છે. ગાંધીજીએ તો 'મજૂર મહાજન' ને જન્મ આપી ઔદ્યોગિક દુનિયામાં એક નવો દાખલો બેસાડયો છે.

### સમાધાનપ્રિયતા અને વીરત્વ :

સમાધાનપ્રિયતા સદા સમન્વય ને સૌમ્યતાને શોધે છે. જૈન મંદિરોમાં થયેલી અંબામાતાની સ્થાપના એ આ સમન્વયવૃત્તિનો પુરાવો છે. તો ગુજરાતમાં ભયાનક રસવાળા સંપ્રદાયો પણ સૌમ્ય બન્યા, એ આનો બીજો પુરાવો છે. ગુજરાતે શિવ ધર્મમાંથી એના ઉગ્ર તત્ત્વને ઓછું કરી નાંખ્યું. કાલીમાતા આ પ્રદેશ પર ભદ્રકાલીમાતા બન્યાં. પરંતુ ગુજરાતની સમાધાનપ્રિયતા અને સૌમ્યતાને જોઇ 'અહીં વીરતા વિકસી જ નથી' એમ કહેનાર થાપ ખાય છે. સિસોદિયા વંશના મૂળપુરુષ બાપા રાવળ ઇડરના હતા. ચાવડા વંશ, સોલંકી વંશ અને વાઘેલા વંશની ઇતિહાસગાથામાં સ્થળે સ્થળે પરાક્રમતેજ છલકાતું જોવા મળે છે. સિદ્ધરાજ અને કુમારપાળ જેવા ક્ષત્રિયોનાં અને વિમળશા અને વસ્તુપાલ જેવા વણિકોનાં હૃદયમાં ધર્મબળ અને હાથમાં યુદ્ધકૌશલ પડેલું દેખાય છે. કચ્છ અને સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર જોવા મળતા પાળિયાઓ આની જ સાક્ષી પુરે છે. ભીલ, કોળી, આહીર, ચારણ, મીર, મિયાણા, વાઘેર અને કાઠી જેવી જાતિઓ આજેય બહાદુર જાતિ ગણાય છે. અસહકારની ચળવળ વખતે આ પ્રદેશના બધા વર્ણના પુરુષો, સ્ત્રીઓ તેમ જ બાળકોએ પોતાની ઠંડી તાકાત બતાવી હતી.

આ બધું હોવા છતાં એટલું તો સ્વીકારવું પડશે કે ગુજરાતની સંસ્કૃતિના આગવા તત્ત્વ લેખે વીરત્વને બતાવી શકીશું નહિ. આનું કારણ એ પણ હોઈ શકે કે જે પ્રજા બહારથી અહીં આવી હોય, તે ઠરીઠામ બનવાની મનોવૃત્તિવાળી બની ગઈ હોય. અહીં આવેલા ક્ષત્રિયો ઠરીઠામ બનવાની વૃત્તિવાળા હતા એમ કહી શકાય. રજપૂતો અહીં આવ્યા ત્યાં લગીમાં એમની રાજપૂતવૃત્તિ ઓછી થઈ ગઈ.

ગુજરાત પાસે વહાણવટાની ગૌરવશાળી પરંપરા હતી ભારતનો લગભગ ત્રીજા ભાગનો સાગરકાંઠો ધરાવતા ગુજરાતમાં ભરૂચ, સોપારા, ખંભાત, દ્વારકા, રાયપુર ( માંડવી બંદર ), સોમનાથ, સુરત વગેરે સાગરસાહસો અને પરદેશી સમૃદ્ધિથી છલકાતાં બંદરો હતાં. સોળમી સદીમાં રાણી એલિઝાબેથે અકબર બાદશાહને પત્ર લખ્યો તેમાં અકબરને ખંભાતનો શહેનશાહ કહ્યો હતો. સમગ્ર હિંદનો સમ્રાટ ગુજરાતના એક બંદરને લીધે વિદેશમાં ઓળખાય તે એ બંદરની જાહોજલાલી સૂચવે છે. કચ્છના નાખવાઓ પોતાની કાબેલિયતથી દૂરદેશાવરમાં ડંકો વગાડતા. આજે આપણે દરિયા તરફ પીઠ કરીને બેસી ગયા છીએ. ઇગ્લૅન્ડની કલ્પનાને જેમ દરિયો ઘડે છે તેવું ગુજરાતને માટે હવે રહ્યું નથી ! 'લંકાની લાડી ને ઘોઘાનો વર ' એ વાત એક ઉક્તિરૂપે જ સચવાઇ રહી છે.

આમ વાણિજ્ય તરફનો ઝોક ને ઠરીઠામ થવાની વૃત્તિને કારણે વીરત્વનો ઉદ્રેક ઓછો થયો હોવાનો સંભવ ખરો. આથી જ કવિ નર્મદે 'ગુજરાતીઓની સ્થિતિ'માં જુસ્સો અને શરીરબળ વધારી 'ઠંડા લોહી'નું સુખ છોડી 'ગરમ લોહીના સુખ' ને ભોગવવાની વાત કરી છે !

ગુજરાતની સંસ્કૃતિ અહિંસા, જીવદયા, સર્વધર્મ સમન્વય, સમાધાનવૃત્તિ જેવાં વિશિષ્ટ તત્ત્વોથી ઘડાયેલી છે. આ બધા તત્ત્વો સૌમ્યતા અને ઉદાત્તતાથી પરિપૂર્ણ છે. આની અંદર એક નવું બળ પ્રગટાવ્યું, મહાત્મા ગાંધીજીએ. એમણે નિર્બળ ગણાતી ભાવનાની સબળતાનું જગતને ભાન કરાવ્યું. ગાંધીજીની વિશેષતા ગુજરાતમાં પડેલાં આ બીજાનો મનભર અને મનોહર વિકાસ સાધવામાં છે. આપણાં સંસ્કૃતિ તત્ત્વો એ મહાન વ્યક્તિના પારસસ્પર્શે ચેતનવંતાં થયાં અને એનો પ્રસાર ભારતમાં જ નહિ, પણ સમગ્ર વિશ્વમાં થયો.

### ભારતીય સંસ્કૃતિનું જ અંગ :

ગુજરાતમાં ખીલેલી આ ભાવનાઓ સર્વાંગ ગુજરાતની જ છે એવું નથી. ખરેખર તો ગુજરાતની સંસ્કૃતિ તત્ત્વતઃ ભારતીય સંસ્કૃતિથી અળગી નથી પણ પ્રાંતીય વૈશિષ્ટયના રંગો ધારણ કરતાં કરતાં એની કેટલીક ભાવનાઓ વિશેષપણે વિકસી છે. પરંતુ આ પ્રાંતીય વિશેષતાઓની રંગબેરંગી પુષ્પમાળાનું સળંગ સૂત્ર તો ભારતીય સંસ્કૃતિ જ છે. ગુજરાતમાં કેટલીક ભૌગોલિક અને સામાજિક વિશેષતા જોવા મળે, પણ આપણા અહિંસા અને સર્વધર્મ સમભાવ જેવા સંસ્કારો માત્ર ગુજરાતમાં જ દેખાય છે એમ નથી; અમુક અંશે એ આખા ભારતમાં પણ દેખાય છે. આને વિશે એટલું કહી શકીએ કે આ સંસ્કારોની વિશેષ ખિલાવટ ગુજરાતમાં થઈ છે. આમ ભારતના જુદા જુદા પ્રદેશોની પ્રજાનાં રીતરિવાજ, ટેવો, વલણો અને માન્યતા ભલે જુદાં હોય, પણ એમનાં મૂલ્યો તો એક જ છે. જેવી રીતે આપણી સ્વાધીનતાની ભાવનાનો ભગતસિંહ, તિલક, રાનડે, ગાંધીજી અને શ્રી અરવિંદમાં જુદે જુદે રૂપે આવિષ્કાર થયો, એવું જ આપણી ભારતીય સંસ્કૃતિ વિશે છે. ઉપમાથી કહીએ તો આનું પોત એક જ છે. એમાં ભાત જુદી જુદી અવનવા રંગોની ઝલકવાળી દેખાય છે એટલું જ.

[ મહાવીર જૈન વિદ્યાલય : સુવર્ણ મહોત્સવ ગ્રંથમાંથી સાભાર. ]



# ગુજરાતની અસ્મિતાના વિધાયકો

—શ્રી ગંભીરસિંહ ગોહિલ

હું ગુર્જર ભારતવાસી.

—ઉમાશંકર જોશી

ભારતવર્ષની યુગસંચિત અસ્મિતા તેના ભિન્ન ભિન્ન પ્રાંતો, પ્રજાઓ અને સમાજોની સ્વકીય અસ્મિતાઓના સમાહારથી સંઘટિત થયેલી છે અને તે પ્રત્યેક ઘટકમાં આ દેશની અસ્મિતા નવા નવા રંગરૂપે પ્રગટેલી છે. આરંભે કંઈક ઉત્તર તરફ અને પછીથી પશ્ચિમકાંઠાના વિશિષ્ટ ભૂમિભાગમાં વસેલી ગુજરાતની પ્રજાએ પોતાના આશાઓ અને ઊર્મિઓ, શ્રમ અને સિદ્ધિઓ, કલા અને કસબ તેમ જ વિચાર અને સર્જનથી એક આગવા સંસ્કારિતાનું નિર્માણ કરીને જે વિશિષ્ટ વ્યક્તિત્વ પ્રગટ કર્યું છે તે જ એની અસ્મિતા. ગુજરાતની આવી અસ્મિતાના ખરાં વિધાયકો તો તેના હજારેક વર્ષના ઇતિહાસમાં જીવન ધારણ કરી ચૂકેલ પ્રત્યેક સ્ત્રી–પુરુષ છે. તેને આકાર આપવામાં હરેકનું ઓછું વત્તું પ્રદાન સીધી યા આડકતરી રીતે રહેલું છે. એમ છતાં કેટલાક મહાનુભાવોનું સ્મરણ કરી શકીએ જેમના થકી ગુજરાતે પોતાની સ્વતંત્ર રીતની હસ્તી સિદ્ધ કરી અને તેમનાં ઉજળાં કાર્યો તેના આજના સ્વરૂપમાં પણ દીપ્તિમંત થતાં દેખાય છે.

ગુજરાતને પોતાનું નામ આપી જનાર ગુર્જરો કોણ હતા, તેમણે આ પ્રદેશ કે પ્રજા માટે શું શું કર્યું, ક્યારે અને કેવી રીતે ગુજરાતના જન–જીવનમાં તેઓ વિલુપ્ત થઈ ગયા, ગુજરાત નામ ચોક્કસ કયા સમયે પ્રચલિત થયું, ત્યારે તેની સીમા–રેખાઓ કઈ રીતની હતી વગેરે પ્રશ્નો ઇતિહાસકારોએ છણ્યા છે અને તેના આછા અધૂરા જવાબો મેળવ્યા છે. ગુજરાત નામથી ઓળખાતા આ પ્રદેશના સીમાડાઓ છેક આજની ઘડી સુધી ઓછા–વધતા પ્રમાણમાં બદલાતા રહ્યા છે. પરંતુ બહુ આગળ ન જઈએ તો પણ મૈત્રક રાજાઓના કાળ પછી જયસિંહ, સિદ્ધરાજ અને કલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રાચાર્યના સમયથી તેની સંસ્કારિતાની ધૂપસળી મ્હેકતી જ રહી છે. રાજકીય આર્થિક, સાંસ્કૃતિક આદિ અનેક દૃષ્ટિએ બારમા સૈકાનો એ સમય ગુજરાતનો સુવર્ણકાળ મનાયો છે. એક પ્રાણવાન પ્રજા તરીકે ગુજરાતે ત્યારથી પોતાના વ્યક્તિત્વનો પ્રભાવ ફેલાવવાનું આરંભ્યું હતું. ગુજરાતની એકતા અને અસ્મિતાના જનક તરીકે એથી સિદ્ધરાજને ઓળખી શકાય તેમ છે. ગુજરાતી ભાષા અને લિપિને પણ તેના સમયથી જ નિશ્ચિત આકાર મળવા લાગ્યો. હેમચન્દ્રાચાર્યે પોતાના પાંડિત્યના આવિર્ભાવોથી વિદ્યાકીય પુરુષાર્થનાં દ્વાર જાણે ખોલી આપ્યાં. તે પછી કુમારપાળ અને વસ્તુપાળ–તેજપાલે પણ ધાર્મિક સહિષ્ણુતા, કાવ્યસર્જન, પાંડિત્ય, ઉત્તમ સ્થાપત્ય વગેરે દ્વારા ગુજરાતની વ્યક્તિત્વના ઘડતરમાં ગણનાપાત્ર ફાળો આપેલો છે. તે પછીનો મુસ્લિમકાળ પણ સ્થાપત્ય, વહીવટ, હુન્નર–ઉદ્યોગ, ભાષા, રહેણીકરણી, સાહિત્ય વગેરે દૃષ્ટિએ ઊંડી છાપ મૂકી ગયો છે.

આ સમયથી આરંભીને અનેક રાજનીતિજ્ઞો અને સાહસિકો, સંતો અને મરમીઓ, કવિઓ અને કલાધરો, વ્યાપારીઓ અને કસબીઓ, પંડિતો અને પ્રજા નાયકોએ પોતપોતાનાં ક્ષેત્રમાં અવનવી સિદ્ધિઓ દાખવતાં ગુજરાતની અસ્મિતાને વિકાસમાન રાખી છે. એવા ઘણા મહાનુભાવોનાં કાર્યો અને સિદ્ધિઓ ઇતિહાસનાં પાનાં પર નોંધાયા વિનાનાં પણ રહી ગયાં હશે, પણ તેના પ્રાણ તો હજી પણ ગુજરાતની પ્રજાના લોહીમાં ધબકી રહ્યા હશે. કેમ કે પડેલા સંસ્કાર નાશ પામ્યા વિના એક યા બીજા સ્વરૂપે ચિરકાળ સુધી જીવતા રહેતા હોય છે. નરસિંહ મહેતા અને મીરાંનાં પદોએ સૈકાઓથી લોકોના કંઠે બસી આનંદ, ઉલ્લાસ અને શાતા આપવા સાથે કૃષ્ણભક્તિ અને ધર્મપરાયણતાના જે સંસ્કાર સિંચ્યા તે ઉત્તરોત્તર દૃઢ થતા જઈ ગુજરાતની વ્યક્તિતાના ઉજળા અંશરૂપ બની ગયેલ છે. એ જ રીતે જૈન કવિઓની રચનાઓ, અખા જેવા જ્ઞાની કવિઓની વાણી, પ્રેમાનંદ જેવા કવિઓનાં આખ્યાનો, શામળ વગેરેની વાર્તાઓ તથા દયારામની ગરબીઓએ ધર્મભાવના પ્રેરવા સાથે ગુજરાતના સંસ્કાર જીવનને સમૃદ્ધ કર્યું છે, બલ્કે તેને નિશ્ચિત આકાર આપ્યો છે.

પરંતુ આ બધા સંસ્કારો તો આજના ગુજરાતના જીવનમાં માત્ર પરોક્ષ રીતે જ વધુ જોઈ શકાય છે. તેના પ્રમાણમાં છેલ્લા સૈકા દોઢ સૈકાના સંસ્કારો વધુ મૂર્ત અને જીવંત દેખાય તે સ્વાભાવિક છે. પશ્ચિમની પ્રજાના સંપર્કે ગુજરાતની અસ્મિતાએ જે નવીન આવિષ્કારો સાધ્યા તેનું પ્રતિબિંબ આજના જીવનમાં વધુ સ્પષ્ટ દેખાય છે. જૂના નવા જમાનાના આવા સંક્રાન્તિકાળે ઉત્સાહથી થનગનતી પશ્ચિમની સંસ્કૃતિના પ્રવાહો ઝીલનારા અને ગુજરાતના પ્રજા–જીવનને નવી દિશાઓમાં વાળનારા અનુરૂપ પ્રજાનાયકો ભિન્નભિન્ન ક્ષેત્રોમાં મળી રહ્યા જણાય છે જો કે મધ્યકાલીન ધાર્મિક મનોભાવનાનું અનુસંધાન જાળવવા છતાં સહજાનંદ સ્વામીના સંપ્રદાયે કાઠી–કોળી જેવી લડાયક કોમોના સંસ્કારોને સૌમ્ય બનાવી નવા જમાનાના પ્રવાહમાં જ મૂકી આપ્યા હતા. વેદાંતી ધારા તો ચાલુ રહી હતી અને દયાનંદ સરસ્વતીના આર્યસમાજે, પ્રાર્થના સમાજ, થીયોસોફી, દુર્ગારામ મહેતાજીની માનવધર્મસભા તેમજ અન્ય પ્રવૃત્તિઓએ લોકોને ધર્મની પીછાન પણ ભિન્ન રીતે કરાવવા માંડી અને કેવળ ઉપલક અને રૂઢિપુર્વક ધર્મપ્રવાહમાંથી તેઓ ધીમેધીમે બહાર આવવા માંડયાં. ધર્મના ક્ષેત્રે થઈ રહેલું પરિવર્તન ક્યાંક સમાજ સુધારણાનું વાહક અને ક્યાંક તે માટેના અવરોધો દૂર કરનારું નીવડ્યું;

અસ્મિતાનો પ્રમુખ આવિર્ભાવ વાણી દ્વારા થતો હોય છે. એ ન્યાયે ગુજરાતની પ્રજાને 'જય જય ગરવી ગુજરાત'નો ચેતનમંત્ર આપનાર કવિ નર્મદ નવીન પ્રેરણાબળોનો જનક બન્યો ગદ્ય સાહિત્યનું પ્રવર્તન અને કાવ્યરચનાની કાયાપલટ કરીને સાહિત્યસેવા તો તેણે મોટી કરી જ, પણ તે સાથે અન્યક્ષેત્રોમાં સાહસ કરાવાય તેણે લોકોને પ્રેર્યાં. એક પ્રજા તરીકેનો સામૂહિક વિકાસ, દેશાભિમાન, સ્વતંત્રતા, સ્ત્રીશિક્ષણ, ઉદ્યોગ-વૃદ્ધિ વગેરે ભાવનાઓ જાગૃત કરવા પણ તેણે પ્રયત્નો કર્યો. દુર્ગારામ મહેતાજી, નવલરામ, ભોળાનાથ સારાભાઇ, મહીપતરામ, હરગોવિંદદાસ કાંટાવાળા, અંબાલાલ સાકરલાલ રણછોડભાઇ ઉદયરામ ઇચ્છારામ સૂર્યરામ દેસાઇ, મનઃસુખરામ સૂર્યરામ વગેરે પણ ધર્મ, શિક્ષણ, સમાજ સુધારણા તેમ જ અન્ય ક્ષેત્રોમાં નવીન હવામાન મૂર્ત કરનારા બન્યા. રણછોડલાલ છોટાલાલ જેવા ઉદ્યોગપતિઓ અને વ્યાપારીઓએ પણ ગુજરાતના આર્થિક વિકાસને નવી જ દિશા આપી. દાદાભાઇ નવરોજજી ફીરોજશાહ મહેતા વગેરે રાજકીય નેતાઓએ પણ ગુજરાતની પ્રજામાં રાજકીય જાગૃતિ ફેલાવવાનું અમૂલ્ય કાર્ય કર્યું. જામ રણજી અને પ્રિન્સ દુલીપસિંહજીએ ક્રિકેટના ક્ષેત્રે નવી પ્રણાલિકા આરંભી તો વડોદરાના સયાજીરાવ ગાયકવાડ, રાજકોટના લાખાજીરાજ, ગોંડલના ભગવતસિંહજી તથા ભાવનગરના કૃષ્ણકુમારસિંહજી જેવા રાજકર્તાઓએ તેમ જ ગગા ઓઝા અને ગોકુળજી ઝાલાથી માંડીને પ્રભાશંકર પટ્ટણી સુધીના દીવાનો રાજપુરુષોએ પણ પ્રજા ઘડતરનું કેટલું-બધું કામ કરેલું છે કર્નલ જોરાવરસિંહજી તથા જનરલ રાજેન્દ્રસિંહજીએ યુદ્ધમોરચે ભારતની યશગાથા રચી.

ગોવર્ધનરામ અને કવિ ન્હાનાલાલે ગુજરાતની પ્રજાને સમૃદ્ધ વ્યક્તિત્વ ખીલવવા પ્રેરી શકે તેવું ઉન્નત ભાવના દર્શન કરાવતું સાહિત્ય સર્જન કર્યું. એ બંનેના સર્જનસૃષ્ટિની મોહિનીએ ગુજરાતના રસજીવનને નવપલ્લવિત કર્યું અને નવા પ્રેરણા-સ્ત્રોતો-આદર્શોથી પલટાતા સમાજજીવન સાથે ગરવી ગુજરાતની નરવાઇભરી મુદ્રા ઉપસી રહી. નરસિંહરાવ, રમણભાઇ મણિલાલ નભુભાઇ, કલાપી, બાલાશંકર, કાન્ત, બલવન્તરાય ઠાકોર, આનંદશંકર ધ્રુવ વગેરે સારસ્વતોએ પણ ગુજરાતની અસ્મિતાના પુનઃ સંસ્કરણમાં મોટો ફાળો આપેલો છે. ગુજરાતની અસ્મિતાનો કદાચ પ્રથમવાર શબ્દપ્રયોગ કરનારા અને તે ભાવના પ્રેરવા જીવનભર વિવિધ સંસ્કારક્ષેત્રે ધૂમી વળનારા હતા રણજીતરામ બાવાભાઇ મહેતા. ગુજરાતની કેટલીયે સંસ્થાઓ અને પ્રણાલિકાઓનો આરંભ કરનારા તેઓ માણસ નહિ પણ ભાવના હતા તેમ યોગ્ય રીતે જ કહેવાયું છે. કનૈયાલાલ મુનશીએ ગુજરાતની અસ્મિતાના સ્વરને પોતાનાં સર્જન, વિચાર અને કાર્યોથી વધુ બુલંદ બનાવ્યો. કાક, મંજરી અને કીર્તિદેવ જેવાં પાત્રો દ્વારા ગુજરાતમાં તેમણે મહત્ત્વાકાંક્ષા, ભાવનાત્મક તેમ જ રાજકીય એકતા, સાહસ અને રસિકતાના સંસ્કારો જાગૃત કર્યા.


આ દરમ્યાન ગાંધીજીએ સાબરમતી આશ્રમ સ્થાપીને ગુજરાતમાં નિવાસ કર્યો અને પ્રજાજીવનનાં નાના મોટાં હરેક ક્ષેત્રમાં કર્મયોગીની જેમ પોતાનો પ્રભાવ ફેલાવીને ગુજરાતની સર્વાંગી કાયાપલટ કરી. અસહકારની લડતે પ્રજામાં ઉત્સાહ અને નવજાગૃતિ આણી, અસ્પૃશ્યતા-નિવારણ, સફાઇ અને ખાદીની પ્રવૃત્તિઓથી પ્રજા એક નવા જ ઢાળામાં ઢળવા લાગી અને વિદ્યાપીઠ તેમ જ નવજીવન તથા હરિજનબંધુ જેવાં પત્રોથી આ સંસ્કારો ગુજરાતી સમાજ-જીવનનાં મૂળ સુધી ઉતરવા લાગ્યા. આદર્શ પરાયણ છતાં આચાર-ધર્મી ગાંધીજીએ ગુજરાતને ખરા અર્થમાં દ્વિજત્વ સંસ્કાર આપ્યાં.


વલ્લભભાઇ પટેલે સરદાર બનીને નીડર અને આગવા મિજાજવાળા ગુજરાતનું સ્વરૂપ ઉપસાવ્યું. અભૂતપૂર્વ પુરુષાર્થદ્વારા તેમણે તેની પોચટતા, ભીરુતા અને જડતા ખંખેરી નાખી અને દેશી રજવાડાઓથી વિભક્ત દેહને સંગઠિત અને સુગ્રંથિત બનાવ્યો. તેમના ઉપરાંત રવિશંકર મહારાજ દરબાર ગોપાલદાસ, ઠક્કરબાપા, ઇંદુલાલ યાજ્ઞિક મોરારજી દેસાઇ, ભાઇલાલભાઈ પટેલ, ઢેબરભાઈ, જીવરાજ મહેતા બળવંતરાય મહેતા તથા અન્ય પ્રજા-નાયકોએ વિભિન્ન ક્ષેત્રોમાં પોતપોતાની રીતે કરેલા કાર્યથી પણ ગુજરાતની અસ્મિતાનું સ્વરૂપ નિર્માણ થતું રહ્યું છે. ગાંધીજીના દર્શનને લેખન તથા પ્રવૃત્તિઓ દ્વારા સ્પષ્ટ કરવામાં તેમ જ ચિન્તનબળથી સર્વાંગી દષ્ટિવિકાસ સાધી આપવામાં કાકાસાહેબ કાલેલકર, કિશોરલાલ મશરૂવાળા, પંડિત સુખલાલજી, સ્વામી આનંદ, મહાદેવભાઇ દેસાઇ નરહરિ પરિખ વગેરે અગ્રણી રહ્યા છે. ગીજુભાઈ, હરભાઇ ત્રિવેદી નાનાભાઈ ભટ્ટ વગેરેએ તો ગુજરાતના શિક્ષણનું નવવિધાન કરવામાં મૌલિક સૂઝ, પુરુષાર્થ અને પરિશ્રમદ્વારા અભૂતપુર્વ સિદ્ધિ પ્રાપ્ત કરી બતાવેલ છે. સ્ત્રી-શિક્ષણ અને મહિલાઓના ઉત્કર્ષમાં લેડી વિદ્યાગૌરી નીલકંઠ, શારદાબહેન મહેતા, હંસાબહેન મહેતા વગેરેની પ્રવૃત્તિઓ અને સિદ્ધિઓ એટલી જ પ્રેરક નીવડી છે.

રાષ્ટ્રીય શાયર તરીકે માન પામેલા ઝવેરચંદ મેઘાણીએ પોતાના સંશોધન કંઠ અને સાહિત્ય-સર્જન દ્વારા ગુજરાતના લોકજીવન, લોકસાહિત્ય અને લોકકલાની પીછાન કરાવીને સમગ્ર સંસ્કારજીવનને તેના ભીતરમાં રહેલા સાચા રંગોથી દીપતું કર્યું. ગુજરાતને જાણે પોતાની જાતઓળખ કરાવી. રામનારાયણ પાઠક, ધૂમકેતુ, રમણલાલ દેસાઈ, ચંદ્રવદન મહેતા, પન્નાલાલ પટેલ, ઉમાશંકર જોશી સુન્દરમ્, સ્નેહરશ્મિ, કૃષ્ણલાલ શ્રીધરાણી રાજેન્દ્ર શાહ નિરંજન ભગત, 'દર્શક', ઈશ્વર પેટલીકર, ચુનીલાલ મડિયા શિવકુમાર જોષી, ગુલાબદાસ બ્રોકર, જયંતિ દલાલ, કિસનસિંહ ચાવડા, ધનસુખલાલ મહેતા, જ્યોતીન્દ્ર દવે, વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, વિજયરાય વૈદ્ય, ડોલરરાય માંકડ, બચુભાઇ રાવત, સુરેશ જોષી વગેરે અનેક સાહિત્યકારોએ પણ ગુજરાતની વ્યક્તિતાને અત્યારનું સ્વરૂપ આપવામાં મહત્ત્વનુ પ્રદાન કરેલું છે. રવિશંકર રાવળ, સોમાલાલ શાહ, કનુ દેસાઇ કુમાર શ્રી મંગળસિંહજી, ખોડીદાસ પરમાર દશરથ પટેલ, શાંતિ ના. શાહ, જેરામ પટેલ વગેરે ચિત્રકારો, જયશંકર સુંદરી, બાપુલાલ નાયક જશવંત ઠાકર, પ્રવીણ જોષી વગેરે નાટ્યવિદો, ઓમકારનાથ ઠાકુર, શિવપ્રસાદ શુક્લ વગેરે અનેક સંગીતકારો, રેવાશંકર સોમપુરા જેવા સ્થપતિઓ, અને મૃણાલિની સારાભાઇ જેવાં નૃત્યકારોએ પણ ગુજરાતી સંસ્કાર અને કળાને આજનું સ્વરૂપ આપવામાં યોગદાન કરેલું છે.

આજની ક્ષણે જોઇએ તો ગુજરાતે જાણે એક નરવી અને ગરવીલી વ્યક્તિતા ધારણ કરી છે. ઉદ્યોગો વિકસતા જાય છે. શિક્ષણ વિસ્તરી રહ્યું છે, કલાપ્રવૃત્તિઓ પાંગરે છે અને નિત્યનૂતન પ્રતિભા-પ્રકાશ પાથરી રહે છે ગુજરાતનું એ સદ્ભાગ્ય છે કે દાયકે દાયકે

તેને પોતાની અસ્મિતાના પ્રાણવાન વિધાયકો મળતા રહે છે. વર્તમાન દાયકો કદાચ પોતાની અસ્મિતાની પ્રતીક તરીકે પ્રતિભાવાન કવિ સારસ્વત ઉમાશંકર જોશીને ઓળખાવશે. એમનાથી જાણે ભારતભરમાં ગુજરાતનું મુખ ઉજ્જવળ બન્યું છે. અન્ય પ્રાંતોનો શિક્ષિતવર્ગ આજે આ પ્રદેશને કદાચ ઉમાશંકર જોશીના ગુજરાત તરીકે ઓળખવા લાગ્યો છે. એમના સર્જન અને પાંડિત્ય, વાણી અને વ્યક્તિત્વે ગુજરાતની સમગ્ર સંસ્કારિતાને મૂર્તરૂપ આપ્યું છે. ગુજરાતની અસ્મિતાનું પ્રાકટ્ય આવા પ્રતિભાવંતો દ્વારા થતું રહે તેમ જ દર્શને પણ ઉજ્જવળ કરતું રહે એમ ઇચ્છીએ.





# ગુજરાતની સંસ્કૃતિ પર મુસ્લિમ અસર

—પ્રો. નરોત્તમ વાળંદ

લગભગ ૧૦૦૦ માઇલનો વિશાળ સાગરકાંઠો ધરાવતા ગુજરાતનું સ્થાન નકશામાં એવી રીતે આવેલું છે કે પૂર્વના દૂર દૂરના દેશો સાથે સીધો જ દરિયાઈ સંપર્ક ધરાવી શકે. ગુજરાતના મુખદ્વાર સમા દ્વારિકાકાંઠે પૂર્વ ભણી મોં રાખીને ઊભા રહીએ તો જમણા હાથે ઇરાનનો અખાત, ડાબા હાથે એડનનો અખાત અને નાકની દાંડીએ અરબસ્તાન આવે. બહેરીન, મસ્તક એડન અને યેમેનનો ગુજરાતનાં વિવિધ બંદરો સાથે અરબીસમુદ્ર દ્વારા સીધો વ્યવહાર પ્રાચીન સમયથી જળવાઇ રહ્યો છે. ભારતભરના મુસ્લિમો માટે ભરૂચ, સુરત અને ખંભાત તો મક્કાની મુસાફરી માટેનાં બારાં બન્યાં હતાં.

દુનિયામાં મોટાં બજારોના માલિક અને વહાણવટામાં કુશળ ગણાતા આરબોનો ભારત અને ગુજરાત સાથેનો સંબંધ ઈસ્વીસન પહેલાંના વર્ષોથી બંધાયો હતો. ઈસ્વીસનની સાતમી આઠમી સદી દરમ્યાન પઠાણ, તુર્ક, મોગલ, અરબ અને અન્ય મુસ્લિમ કોમોનો ભારત અને તેમાં યે ખાસ કરીને ગુજરાત સાથેનો સંપર્ક ખૂબ વધ્યો અને તેઓ ખંભાતથી માંડીને છેક ઉત્તર ગુજરાતમાં પાટણ લગી વિસ્તર્યા. પાટણમાં આવેલો સોદાગર મહોલ્લો એ અરબ સોદાગરોની ત્યાંની વસાહતના પુરાવારૂપ છે.

મહમૂદ ગીઝનીએ રાજા ભીમદેવના સમયમાં ગુજરાત પર આક્રમણ કર્યું અને સોમનાથ પાટણના મહાદેવનું મંદિર લૂટયું ત્યારથી મુસ્લિમ સત્તાનાં પગરણ શરૂ થઇ ગયાં ગણાય. ઇ. સ. ૧૨૯૭માં ગુજરાતના છેલ્લા રાજા કરણદેવ વાઘેલાને અલાઉદ્દીન ખિલજીએ હરાવ્યો, તે પછી પાટણની જાહોજલાલી અસ્ત થઇ. ઈ. સ. ૧૪૧૧માં અહમદશાહે વસાવેલું અમદાવાદ ગુજરાતની નવી રાજધાની અને મુસ્લિમ સત્તાનું કેન્દ્ર બન્યું.

મુસ્લિમ વેપારીઓ અને સૈન્યની પાછળ પાછળ મુસ્લિમ સંતો અને વિદ્વાનો પણ ઇ.સ.ની ૧૦મી–૧૧મી સદી દરમિયાન ગુજરાતમાં આવી વસ્યા. આ ઓલિયાઓને તે વેળાના હિંદુ રાજાઓએ માનપુર્વક સત્કાર્યા, મુસ્લિમ મહાત્માઓએ ગુજરાતની સંસ્કૃતિને અનુરૂપ એવું ઉદાર વલણ અપનાવીને વસવાટ સ્વીકાર્યો ચિશ્તી સંપ્રદાયના ઓલિયાઓ ગુજરાતી મુસ્લિમોને ગૌવધ વિરુદ્ધ, માંસાહાર વિરુદ્ધ અને હિંદુ–મુસ્લિમ ઐક્યનો ઉપદેશ આપતા ઈ. સ. ૯૬૮માં આવેલ મુસ્લિમ પ્રવાસી ઈબ્ન હૌકલ અણહિલવાડમાં વસતા મુસ્લિમ વેપારીઓ સાથે રાજા અને મંત્રીઓ આદરપુર્વક વર્ત્યાની અને તેમને રક્ષણ આપ્યાની નોંધ કરે છે. સુલેમાન, મસ્ઉદી અને અબુ ઝૈદ જેવા અન્ય પ્રવાસીઓએ વલ્લભીના રાજ્યકર્તાઓના મુસ્લિમો તરફના મૈત્રીભર્યા સંબંધની પ્રશંસા કરી છે. સોલંકી સમયમાં રાજવીઓએ મુસ્લિમોને સુખચેનથી રહી શકે તેવી સગવડો કરી આપી હતી. ખંભાતના હિંદુઓ અને જૈનોએ મુસ્લિમ વેપારીઓની કનડગત કરીને તેમનાં મકાન–મસ્જિદ બાળી નાંખ્યાં ત્યારે સિદ્ધરાજે ( ઈ. સ. ૧૦૯૪–૧૧૪૩ ) આ બાબતે તપાસ કરીને હુમલાખોરોને શિક્ષા કરીને મુસ્લિમોને નવાં મકાન–મસ્જિદ બાંધવા માટે નાણાં આપેલાં. વસ્તુપાળ, તેજપાળ અને જગડુશાહે મસ્જિદો બંધાવ્યાના ઉલ્લેખો મળે છે. હિંદુ રાજાઓના રાજ્યમાં મુસ્લિમોને નોકરી પણ મળતી. શિવાજીના સૈન્યમાં મુસ્લિમ સવારોની એક ટુકડી હતી. સામે પક્ષે, મુસ્લિમ રાજવીઓએ હિંદુઓ તરફ સહિષ્ણુતા દર્શાવ્યાનાં પણ દૃષ્ટાંતો મળે છે. શહેનશાહ અકબરે ' દીને–ઈલાહી ' દ્વારા હિંદુ–મુસ્લિમ ધર્મઐક્યનો પ્રયાસ કરેલો. અકબર પવિત્ર ગંગાજળને હમેશાં ઉપયોગમાં લેતો. પોતે દેશના ગમે તે ભાગમાં હોય, તો પણ તેને ડાક–ચોકીઓ દ્વારા ગંગાજળ પહોંચાડવામાં આવતું. આ પ્રથાને ઔરંગઝેબે પણ ચાલુ રાખી હતી. ઔરંગઝેબ, હિંદુઓના દશેરાના તહેવારની ઉજવણીમાં શામિલ થતો. એના સમયમાં ગુજરાતના એક નગરશેઠ શાંતિદાસે ગૌવધ અંગે અરજી કરતાં બાદશાહે, તેમની તરફેણમાં ચુકાદો આપીને હિંદુધર્મ તરફની સહિષ્ણુતા દર્શાવી હતી.

હિંદુ અને મુસ્લિમ એ બેઉ પ્રજાઓએ એક બીજી સાથે અનેક બ બતે સહિષ્ણુતા અને સમાધાનના પ્રયાસો કરવા છતાં બેઉ સંસ્કૃતિઓ એકમેકની સાથે સાવ ભળી ગઈ નથી એ એક નોંધપાત્ર બાબત છે. સરળ જીવનપ્રણાલિ, બંધુત્વની ભાવના અને ધાર્મિક ક્ષેત્રે રાયથી માંડીને રંક લગી સર્વની એક સરખી, ભેદભાવ વિનાની સમાનતાએ સર્વ બાબતોને લીધે મુસ્લિમો હિંદુઓથી નોખા તરી આવતા હતા. મુસ્લિમોમાં શરીરબળ હતું અને ધર્મપ્રચારની ભાવના હતી. આ બાજુ હિંદુઓના બ્રાહ્મણધર્મે બૌદ્ધ ધર્મને હંફાવવામાં પોતાની બધીજ શક્તિ વેડફી નાખી અને તે કર્મકાંડની જંજાળમાં પડીને જીર્ણશીર્ણ થઈ ગયો હતો. રાજપૂત રાજ્યો પણ આંતરિક કુસંપને કારણે નબળાં પડી ચૂક્યાં હતાં. આથી, એક હાથમાં કુરાન અને બીજા હાથમાં તલવાર લઇને આવેલા મુસ્લિમો સામે હિંદુઓ ટકી શક્યા નહિ. વિજેતા મુસ્લિમો અને પરસ્ત હિંદુઓની સંસ્કૃતિઓમાં તીવ્ર મતભેદ હોવાને કારણે એ બેઉ સંસ્કૃતિઓ એકત્ર ન થઈ શકી. મુસ્લિમ સંસ્કૃત આધિ–ભૌતિક હતી, તેના ધર્મમાં વિધિની સાદાઇ અને એક જ પરમેશ્વરની ભાવના હતી. આ જગતમાં જ જીવનનો આદિ અને અંત જોવાની વાસ્તવિક દૃષ્ટિ હતી; તો હિંદુ સંસ્કૃતિ આધ્યાત્મિક હતી, તેના ધર્મમાં ક્રિયાકાંડોની ગૂંચવણો અને ઇશ્વરનું સ્વરૂપ વૈવિધ્ય હતું, આ લોક કરતાં પરલોક ભણીની અને કર્મની અનંતતાની ભાવનાત્મક દૃષ્ટિ હતી. આમ, એક બીજાથી મૂળભુત બાબતે વિરોધ ધરાવતી સંસ્કૃતિઓ પોતપોતાનું આંતરિક સામર્થ્ય ધરાવતી હોવાને લીધે એકમાં બીજીનું સંપુર્ણ વિગલન થઈ શક્યું નહિ,

આમ છતાં એક બીજી પર અનેક રીતે પરસ્પર અસર પડી છે, તેમાં હિંદુ સંસ્કૃતિ પર મુસ્લિમ અસર વિશેષ પડી છે.

મુસ્લિમ સત્તાના આક્રમણે હિંદુ સમાજનું સ્વરૂપ પલટી નાખ્યું. અલ્લાઉદ્દીનના આક્રમણના આરંભ કાળમાં હિંદુ પ્રજાએ સલામતી કાજે નાસભાગ કરવા માંડી અને વિવિધ જ્ઞાતિઓનાં ભ્રમણો શરૂ થયાં. શ્રીમાળ, મોઢેરા, સોમનાથ વગેરે સ્થળોની જ્ઞાતિઓ અત્રતત્ર વેરાઇ પથરાઇ ગઇ. શ્રીમાળી બ્રાહ્મણો અને વણિકો, મોઢ બ્રાહ્મણો વણિકો અને ઘાંચીઓ અને સોમપુરા બ્રાહ્મણો—એ સર્વ જ્ઞાતિઓની સ્થળસૂચક અટકોમાં સ્થળાન્તરના પુરાવા પડેલા છે. સૌરાષ્ટ્રની પ્રજાનું એક મોટુ જૂથ તો દરિયામાર્ગે સામા કિનારે, કોકણ તરફ છેક મદુરા સુધી ગયું. મદુરામાં વસંતા સૌરાષ્ટ્રીઓની બાહ્ય વ્યવહારની ભાષા તામિલ છે, પરંતુ આંતરિક વ્યવહારમાં તેઓ સૌરાષ્ટ્રની ભાષા બોલે છે. 'અ.ાર,' 'આયંગર' એવી અટકો ધરાવતી આ પ્રજાના રીત-રીવાજોમાં કયાંક કયાંક તળપદા અંશો જળવાઇ રહ્યા માલૂમ પડે છે.

મુસ્લિમોના ડરને કારણે હિંદુ પ્રજાએ કાચબાની પેઠે પોતાની સર્વ સામાજિક પ્રવૃત્તિઓનો સંકોચ કર્યો. જ્ઞાતિનાં બંધનો વધુ દૃઢ બન્યાં એમાંથી પેટા જ્ઞાતિઓનાં નાનાં નાનાં જૂથ ઊભાં થયાં ઊંચ–નીચનો ભેદ ભાવ વધ્યો દરેક જ્ઞાતિ અને તેનાં જૂથે ખાવા પીવા જેવી બાબતમાં યે સંકુચિતતા ઊભી કરીને અલગ અલગ વાડા ઊભા કરી દીધા. પરસ્પર રોટી–બેટીના વ્યવહાર બંધ થયા. બાળ લગ્ન, પુનર્લગ્નનિષેધ અને સતીપ્રથાનો આગ્રહ એ બધા અનિષ્ટોએ જોર પકડયું. મધ્યમ અને ઉચ્ચ કુટુંબોમાં પડદાની પ્રથા દાખલ થઈ, સમુદ્રગમન શાસ્ત્રનિષિદ્ધ ગણાયું અને સાહસિકતા તો પ્રજાના હાડમાંથી ઓસરી ગઇ બીજી બાજુ, ધર્માંધ મુસ્લિમ રાજકર્તાઓએ હિંદુ વસતીને ભય અને લાલચથી વટલાવવાની પ્રવૃત્તિ આદરી. ફિરોજશાહ તઘલખ (ઇ.સ. ૧૩૫૧–૧૩૮૮) જેવાએ, હિંદુમાંથી મુસ્લિમ થનારને જજિયાવેરામાંથી મુક્ત કરવાની તેમ જ સરકારી નોકરીમાં મોટા હોદ્દા આપવાની લાલચ આપી અને ધર્મચુસ્ત રહેનારી હિંદુવસ્તીની અનેક રીતે પજવણી શરૂ કરી ધર્મપ્રચારકોએ પણ જોરશોરથી ઇસ્લામ પ્રચાર્યો. આ પ્રવૃત્તિની એવી ઘેરી અસર થઇ કે દસ વર્ષના ગાળામાં સાતસો જેટલાં હિંદુ લોહાણા અને કાછિયા કુટુંબો ઈસ્લામ સ્વીકારીને મેમણ બન્યાં, મેમણ, ખોજા, વહોરા, મતીઆ અથવા આડીઆ મોલેસલામ, કસબાતી, મલેક, ચુનારા છીપા, પીંજારા એમ લગભગ ૮૦ જેટલી જાતો હિંદુમાંથી વટલાઇને મુસ્લિમ બની હોવાનો અંદાજ છે. આવા સંયોગોમાં કેટલાક રાજપૂત રાજવીઓએ પોતાની કુંવરીઓ શાહજાદાઓને પરણાવી હતી, પરંતુ આ પ્રવાહ એકતરફી જ હતો. એ બતાવે છે કે સત્તા સમક્ષ સલામ ભરવાની ખુશામત હતી.

આ વટાળ પ્રવૃત્તિને કારણે હિંદુ પ્રજાની વહુ–બેટીનું બહાર નીકળવું સલામત ન રહ્યું. જાહેર ધર્મસ્થાનોની તેમની અવર–જવર અશક્ય બનતાં ઘરમાં જ નાનકડાં દેવસ્થાનો ઊભાં થયાં ધર્મમાં સાંપ્રદાયિક વલણ વધ્યું. કર્મકાંડની જંજાળ અને ઈશ્વરનાં અનેક રૂપોની ઉપાસના શરૂ થઇ આ પ્રવૃત્તિએ સાચા ધર્મને વીસરાવી દઇને મૂર્તિ–પૂજાના આડંબરમાં, ભિન્ન ભિન્ન ધર્મગુરુઓની કંઠી બાંધવાની હોંસાતુંસીમાં અને માંદલી પ્રારબ્ધ–પરાયણતામાં પ્રજાને ધકેલી દીધી. નરસિંહ–મીરાં જેવા ભક્તોએ ક્રિયાકાંડની જટિલતા અને નાતજાતના ભેદભાવો સામે એથી જ વિરોધ નોંધાવ્યો હશે અને માંડણ અને અખા જેવાને ઢોંગી ગુરુઓ, વિવિધ સંપ્રદાયોના સડા તથા ભક્તિમાં પેસી ગયેલા બાહ્યાચારની ઠેકડી ઉડાવવાનું મન થયું હશે.

મુસ્લિમોના ઝનૂની ધર્મપ્રચારના પ્રત્યાઘાતરૂપે મધ્યયુગમાં હિંદુ–મુસ્લિમ ઐક્યના પ્રચારક સંતોની પ્રવૃત્તિ શરૂ થઇ. રામાનંદ, કબીર, નાનક, દાદુ દયાળ, હજરત નિઝામુદ્દીન ઓલિયા, હજરત ગરીબુન્નવાઝ, પીર ઇમામુદ્દીન જેવા હિંદુ–મુસ્લિમ સંતોએ એકેશ્વરની ઉપાસના, મૂર્તિપૂજાનો ઇન્કાર અને વર્ણભેદનો વિરોધ એ સર્વ સિદ્ધાંતો પ્રચારીને હિંદુ ભક્તિમાર્ગ અને ઇસ્લામ વચ્ચેનું અંતર ઘટાડી દીધું. રામાનંદે સર્વ કોમને ધર્મમાં દાખલ કરી. તેમણે સ્થાપેલા સંપ્રદાયના પાછળથી બે ફાંટા પડી ગયા; જેમાંના વૈદિક ધર્મને વફાદાર ફાંટાના સૌથી મોટા સંત તુલસીદાસ હતા અને બીજા, હિંદુ–મુસ્લિમ ઐક્યતા હિમાયતી ફાંટાના મુખ્ય સંત કબીર (૧૪ મી સદી) બન્યા, તેમણે હિંદુ–મુસ્લિમ બેઉ ધર્મનાં સમાન તત્ત્વો એકઠાં કરીને ઉપદેશ આપ્યો. સૂફીવાદની છાયા ધરાવતો આ ઉપદેશ 'બીજક' રૂપે ૨૧ જેટલા ગ્રંથોમાં તેમના શિષ્યોએ સંઘર્યો છે. કબીરના આ રચનાત્મક કાર્યની અસર પંજાબ, ગુજરાત, અને બંગાળ સુધી વિસ્તરી છે. અઢારમા સૈકાના ઉત્તરાર્ધ અને ઓગણીસમા સૈકાના પૂર્વાર્ધના સંધિકાળે થઇ ગયેલી તેમની શિષ્ય પરંપરામાં ભાણદાસ, ખીમદાસ રવિદાસ, મોરારદાસ, ત્રિકમદાસ અને જીવણદાસ જેવા કબીરપંથી સંતોએ કબીરની વિચારસરણીથી ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ કર્યું છે. નાનકે (જન્મ–નવેંબર ૧૪૬૯) પણ સૂફીવાદી અક્ષરનો, હિંદુ–મુસ્લિમ ઐક્યનો ધર્મ પ્રબોધ્યો. તેમની પણ શિષ્ય પરંપરા ચાલી હતી, પરંતુ અનુગામીઓ રાજકારણમાં પડી ગયા અને તેમનાં મંદિરો લશ્કરી સ્થાનો બન્યાં.

અરબ વેપારીઓના સંપર્કને લીધે અરબીની અને મુસ્લિમ રાજ્યકર્તાઓના સમયમાં રાજ્યભાષા ફારસીની ગુજરાત પર સારી અસર પડી એ સમયમાં શાહી ફરમાનો, સરકારી વટહુકમો, સનદો, દસ્તાવેજો, માફીપત્ર, પરવાના અને અદાલતી કાર્યવહી ફારસીમાં થતાં. ઇ. સ. ૧૫૮૨માં અકબરના વજીર ટોડરમલે ફારસીને દફતરી અને અદાલતી ભાષા બનાવી, જેનો હિંદુઓએ સારો લાભ ઉઠાવ્યો. મુસ્લિમ રાજ્યમાં હિંદુ નાગરો, કાયસ્થો અને બ્રહ્મક્ષત્રિયો ઊંચા હોદ્દા ધરાવતા હોઇ, તેમને માટે ફારસીનું નૈપુણ્ય કેળવવું અનિવાર્ય હતું. નાગરો તો સંસ્કૃત કરતાંય ફારસીને અધિક મહત્વ આપતા અને ફારસીમાં વાત કરવાનો તેમનામાં એક ફેશન ગણાતી તેઓ ફારસીનો અભ્યાસ એટલો સરસ કરતા કે ફારસીમાં શેર બનાવતા અને લગ્નાદિ ઉત્સવના પ્રસંગોએ બેતબાજી કરતા. એમના વિવિધ હોદ્દાઓને લીધે કાનુગા, દીવાન, મુનશી, મજમુદાર, બક્ષી એવી અટકો હિંદુ અમલદારોએ ધારણ કરી. સાથોસાથ મિજલસરાય, સાહેબરાય, ખુશાલદાસ, ચમનલાલ, ગુલાબશંકર, વખતચંદ, ઉમેદભાઇ, બહુભાઇ, જોરાવરસિંહ, ફતેહસિંહ, હિંમતલાલ અને અમીચંદ જેવાં ફારસી નામો પણ હિંદુઓમાં વપરાશમાં આવ્યાં. ખુશાલીના પ્રસંગોએ

અપાતા ખાનબહાદુર, ખાનસાહેબ, રાવબહાદુર, રાવસાહેબ અને શમશેરબહાદુર જેવા ખિતાબો પણ હિંદુ અમલદારોએ હોંશપૂર્વક ધારણ કરવા માંડયા. રાજ્યની નોકરી લેનારને ફારસીનું જ્ઞાન મેળવવું અનિવાર્ય ગણાતું; બીજી બાજુ ફારસીનો જાણકાર નોકરી ધંધા વિનાનો રહે તે તેનું કમભાગ્ય ગણાતું. એટલે તો એક ઉકિત પ્રચારમાં આવી હતી કે—

'પઢે ફારસી બેચે તેલ, દેખો યે કિસ્મતકા ખેલ.'

( ફારસી ભણનારને તેલીનો ધંધો કરવો પડે એ એના નસીબનો જ દોષ ! નહિતર એને કોઇ સારો હોદ્દો ના મળે ? )

સામે પક્ષે, મુસ્લિમોએ સંસ્કૃત ભાષાની પારંગતતા મેળવીને સંસ્કૃત ગ્રંથોના ફારસી તરજુમા કર્યાનાં પણ દૃષ્ટાંતો મળે છે. સુવિખ્યાત વિદ્વાન અને ઇતિહાસ પ્રસિદ્ધ શાહજાદા દારા શિકોહે બનારસમાં કેટલાંક વર્ષ સંસ્કૃતના અભ્યાસ માટે વ્યતીત કર્યાં હતાં. તેણે ઉપનિષદના ગ્રંથોના કરેલા ફારસી અનુવાદોએ બગદાદ અને ઇસ્તમ્બુલની વાટે યુરોપ સુધી જઇને ત્યાંના વિદ્વાનોને પ્રભાવીત કર્યા હતા. 'યોગવાસિષ્ઠ' અને 'ભગવત ગીતા'ના તેણે તરજુમા કરેલા અને હિંદુ શાસ્ત્રોના તત્ત્વજ્ઞાનની પરિભાષા પર પણ એક સ્વતંત્ર પુસ્તક લખ્યું હતું. મહંમદ ગઝનવીના પૌત્ર બહેરામ બિન મસઉદે સંસ્કૃત 'પંચતંત્ર'નો ફારસી તરજુમો કરાવ્યો હતો. બંગાળના મુસ્લિમ શાસકોએ રામાયણ અને મહાભારતના બંગાળી અનુવાદો કરાવ્યાના પણ દાખલા છે. બંગાળી શબ્દકોશમાં મળી આવતા ફારસી ભાષાના લગભગ અઢી હજાર જેટલા શબ્દો એ તેની અસરના જ્વલંત પુરાવારૂપ છે.

મુસ્લિમ શાસકોએ અરબી–ફારસીનું વિપુલ શબ્દભંડોળ ધરાવતી ઉર્દૂ ભાષા સૌ પ્રથમ ગુજરાતમાં જ વિકસાવી હતી, એ પણ એક નોંધપાત્ર ઘટના છે. એ ઉર્દૂ આજે તો કોમી ઐક્યને બિરદાવતી હિંદુસ્તાની' તરીકે ઓળખાતી થઈ છે. આપણાં અખબારો અને નાટકસિનેમામાં ઉર્દૂ જબાને સ્થાન લીધું. આપણી રાષ્ટ્રીય ચળવળો વેળાનાં નેતાઓનાં ભાષણો, 'ઇન્કિલાબ ઝીંદાબાદ' જેવાં સૂત્રો, દેશનાં શહીદોનાં અને દેશભકિતનાં ગીતો અને દેશના સામાન્ય વ્યવહારમાં ઉર્દૂ વપરાતી થઇ. ઇસ્લામી લેખકોમાં પ્રચલિત એક બોલીને 'ગુજરી' નામ આપવામાં આવ્યું છે. મોગલ શહેનશાહ જહાંગીરના સમયમાં હિંદુસ્તાનમાં બાળકોને ફારસી પ્રત્યેનો અનુરાગ કેળવવાને માટે સ્થાનિક ભાષાના મિશ્રણવાળાં પાઠ્યપુસ્તકો ચલાવવામાં આવતાં. એનો પ્રારંભ ગુજરાતમાંથી થયો હોઇ, ગુજરાતી સાથે સંકળાયેલી આ બોલી 'ગુજરી' તરીકે ઓળખાતી હોવાનો સંભવ છે. ગુજરાતના સુલતાનોના સમયમાં મઝહબના પ્રચારાર્થે આવતા ઓલિયા, ફકીરો અને દરવેશો આ ભાષાનો છૂટથી ઉપયોગ કરતા. આ 'ગુજરી'ને 'ગુજરાતી ઉર્દૂ' તરીકે પણ ઓળખવામાં આવી છે. ગુજરાતના મુસ્લિમ સાહિત્યકારો અને સૂફી શાયરો સ્થળાંતર કરીને દખ્ખણમાં બીજાપુર અને ગોવળકોંડા ગયા અને પોતાની ભાષાને સાથે લેતા ગયા, તે 'દક્કની ઉર્દૂ' નામે ઓળખાઇ. 'ગુજરી' નું અંતિમ સ્વરૂપ ઉત્તર ગુજરાતમાં– ખાસ કરીને કડી તાલુકામાં— ભવાઇ ભજવનારા તરગાળા લોકોની ભવાઇ, ગઝલ, જકડી અને ગરબામાં મળે છે. 'મેના ગુર્જરી'ના ગરબામાં આ 'ગુજરી'ના અવશેષો પ્રાપ્ત થાય છે. અરબી, ફારસી અને ઉર્દૂ ભાષાની ગુજરાતી ભાષા પર એટલી બધી અસર પડી છે કે વેપારધંધો, રાચરચીલું, હુન્નરકળા, ખાદ્ય પદાર્થો, પોશાક, ખેતીવાડી, કેળવણી, વહાણવટુ એમ અનેક ક્ષેત્રે તે ભાષાઓના સંખ્યાબંધ શબ્દો, રૂઢિપ્રયોગો અને વ્યાકરણના નિયમો ગુજરાતીમાં વપરાતા થઇ ગયા છે.

ગુજરાતમાં મુસ્લિમ સત્તાની શરૂઆતમાં બૂતશિકન ગાઝીની પેઠે મુસ્લિમોએ ઠેર ઠેર હિંદુ મંદિરો તોડીને, એમાંનો સામાન મસ્જિદો માટે ઉપયોગમાં લીધો. ક્યાંક ક્યાંક તો થોડાક ફેરફાર સાથે એ મંદિરોને મસ્જિદોમાં ફેરવી નાખ્યાં. ધોળકાની ઇ. સ. ૧૩૩૩માં બંધાયેલી હિલાલખાન કાઝીની મસ્જિદ અને ઈ. સ. ૧૩૬૧ માં ફિરોઝશાહ તઘલખના સમયમાં બંધાયેલી જૂની જુમ્મા મસ્જિદ, માંગરોળની ઇ. સ. ૧૩૮૪માં આરામશાહના પુત્ર ઇઝુદ્દીને બંધાવેલી જુમ્મા મસ્જિદ અને અન્ય મસ્જિદો, ખંભાતની ઇ. સ. ૧૩૨૫માં સુલતાન મહંમદ તઘલખના વખતમાં બંધાયેલી જુમા મસ્જિદ, ભરૂચની ઇ. સ. ૧૩૦૨માં બંધાયેલી જુમ્મા મસ્જિદ તેમજ અમદાવાદની અહમદશાહની મસ્જિદ અને જમાલપુર દરવાજે આવેલી હૈબતખાનની મસ્જિદ– આ સર્વ મસ્જિદો હિંદુ–જૈન મંદિરો ફેરવીને કે તેમાંની સામગ્રીનો વિપુલ પ્રમાણમાં ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવી હોવાના પુરાવા સાંપડે છે.

મુસ્લિમો દ્વારા નવી તૈયાર કરાવવામાં આવેલી મસ્જિદોનું સ્થાપત્ય હિંદુ કારીગરોએ સર્જ્યું. આથી ગુજરાત અને ભારતની મસ્જિદો તથા અન્ય સ્થાપત્યો ઇરાન, મધ્ય એશિયા કે ઇજિપ્તની ઢબનાં શુદ્ધ મુસ્લિમ સ્થાપત્યો ન બનતાં હિંદુ ઢબનાં સ્થાપત્યો બની રહ્યાં. મુસ્લિમ સ્થાપત્યની વિશાળતા અને ગંભીરતામાં ગુજરાતી કસબીઓએ લાલિત્ય અને કોમળતા ઉમેર્યાં. શ્રી રત્નમણિ રાવ જોટે નોંધ્યું છે તેમ, 'ભરપૂર અલંકાર સાથે જ સ્વચ્છ સાદાઇનો મજબૂતાઈ સાથે લાવણ્યનો જે સુમેળ ગુજરાતના મુસ્લિમ સ્થાપત્યમાં સધાયો છે એવો હિંદના અન્ય પ્રાન્તના કે હિન્દ બહારના દેશોના સ્થાપત્યમાં જડવો મુશ્કેલ છે." ઉષ્ણ કટિબંધના નિવાસી મુસ્લિમોના સ્થાપત્યમાં ઘુમ્મટો, જાળીઓ, અંદરની વિશાળતા એ બધી અંદરની ઠંડક માટે કરવામાં આવેલી યોજનાથી એ સ્થાપત્યો પડછંદ બન્યાં, પરંતુ લાલિત્યનો તેમાં અભાવ હતો. એ તત્ત્વ હિંદુ કારીગરીએ ઉમેરી આપ્યું. બીજી બાજુ, થાંભલા અને પાટડા પર ઊભાં થયેલાં હિંદુ સ્થાપત્યો ઠીંગણા અને અંધારિયાં હતાં, તેમાં મુસ્લિમ સ્થાપત્યની કમાનોનો છૂટથી ઉપયોગ થવાથી તે ઊંચાં અને ઉજાસ ધરાવનારાં બન્યાં. તસુએ તસુએ નકશીકામથી ખચિત હિંદુ સ્થાપત્યમાં અલંકારનો અતિરેક ભારરૂપ લાગતો તેમાં હવે મુસ્લિમ સ્થાપત્યની સાદાઈ અને સંયમ પ્રવેશતાં તે રળિયામણાં બન્યાં.

હિંદુસ્તાની સંગીતમાં પણ મુસ્લિમોનો સારો ફાળો છે. અકબરના સમયમાં તાનસેને આ કળાને ખીલવી હતી. સંગીતવાદ્ય સિતારની અને હિંદુસ્તાની સંગીતની તરાના અને ખ્યાલ નામની રાગિણીઓની શોધ સુલતાન અલાઉદ્દીન ખિલજીના સમયમાં થઈ ગયેલા હજરત અમીર ખુશરૂએ કરી હતી. મુસ્લિમો દ્વારા આયાત થયેલી ઠુમરી, ગઝલ અને કવ્વાલીની ફારસી તર્જો અને રાગોએ હિંદુસ્તાની સંગીતમાં નોંધપાત્ર ઉમેરો કર્યો.

મુસ્લિમ અમલ દરમ્યાન, મુસ્લિમ પોશાક સભ્યતાના ચિહ્નરૂપ ગણાતો હોઈ, હિંદુ નોકરીયાતોને પણ રાજદરબારમાં એ પહેરવો પડતો. મોહરમ જેવા તહેવારોમાં હિંદુ નાગરિકો મુસલમાની પોશાક પહેરતા. પાયજામો, કુર્તો, પહેરણ, સુરવાલ, અચકન સાફો વગેરેનો પોશાક પ્રચલિત થયો. 'દરજી' શબ્દ પોતે જ અરબી–ફારસી ભાષામાંથી આપણે ત્યાં આવ્યો છે! ખાણા પીણાના શોખીન અને ગરમ મુલકમાંથી આવેલા મુસ્લિમોને મીઠાઈ અને શરબત ખૂબ પ્રિય હતાં. 'મીઠાઈ બનાવનાર' ના અર્થનો 'કંદોઇ' શબ્દ ફારસીમાંથી આવેલો છે. મૂળ સંસ્કૃત 'ખંડ શર્કરા' ના 'ખંડ' શબ્દ પરથી' 'ખાંડ' ગુજરાતીમાં વપરાય છે. આ 'ખંડ'નો સમાનાર્થ ફારસીમાં 'કંદ' થયો અને 'કન્નાદ' એટલે 'કંદોઈ' અર્થ તેમાંથી પ્રાપ્ત થયો. કબાબ, કુલફી, ગુલકંદ, ચપાટી ( રોટલી ), જલેબી, પુલાવ, ફાલુદા, બરફી, બિરંજ, બિરિયાની, મુરબ્બો શીરો, શકરપારા અને હલવો એ સર્વ મુસ્લિમ મીઠાઈઓ અને વાનગીઓ ભારત અને ગુજરાતમાં લોકપ્રિય બની. બાગ બગીચાના શોખીન ગુજરાતના સુલતાનોએ મસ્જિદ અને મહેલ જેવી ઇમારતો પાસે તેમજ અન્યત્ર છૂટી જગાઓમાં બગીચા બનાવડાવ્યા, અંદર હોજ મૂકાવ્યા અને ઈરાન, તુર્કસ્તાન, બલુચિસ્તાન તેમજ અફઘાનિસ્તાનનાં વૃક્ષોને ગુજરાતની ભૂમિમાં વાવ્યાં. અનાર, અંજીર, અંગુર, આલુ, જરદાલું, તરબુચ, નારંગી, નાસપતી, ફાલસા, ફુદીનો, બદામ, સક્કરજન વગેરે લીલા સૂકા મેવાનો ગુજરાતમાં વ્યાપક વપરાશ શરૂ થયો. આનંદ ઉત્સવ, રમતગમત, શિકાર. જલસા, મિજબાની. પાન, આતશબાજી, ફુલ, અત્તર, હીના એ બધાના શોખ પણ મુસ્લિમોએ આપ્યા છે. કાગળ બનાવવાની મૂળ કળા તો ચીનની, પણ તે ઈરાન મારફતે મુસ્લિમો દ્વારા ભારતમાં આવી. અમદાવાદમાં કાગળ બનાવવાનો ઉદ્યોગ ચાલતો. આજે પણ ત્યાં 'કાગદી મહોલો' એની નિશાની જાળવી રહ્યો છે મહોરમના તાજિયાનું કાગદી કોતરકામ પતંગોની બનાવટ અને અન્ય કાગળની કારીગરી આજે પણ મુસ્લિમોને હસ્તગત છે.

છેક પ્રાગૈતિહાસિક કાળથી માંડીને અત્યાર લગી અનેક પ્રજાઓ ગુજરાતમાં આવીને વસી છે, અને ગુજરાતી જ બની ગઈ છે. લડાયક જાતિઓ તો મોટે ભાગે ક્ષત્રિય વર્ણમાં ભળી ગઈ છે. મુસ્લિમ પ્રજા પોતાની વિશિષ્ટ મુદ્રા ધરાવતી હોવા છતાં તેના પર ગુજરાતી વ્યવહારપણું, નમ્રતા અને સહિષ્ણુતાના સંસ્કાર પડ્યા છે. સામે પક્ષે મુસ્લિમ સંસ્કૃતિનો સંપર્ક આપણને એટલો તો માફક આવી ગયો છે કે એના પરદેશીપણાની છાપ લગભગ ભૂંસાઈ જવા આવી છે.

—માહિતીખાતાના સૌજન્યથી



## રોજના યજ્ઞનું પુણ્ય

એક બ્રાહ્મણ.

યજ્ઞ કરે અને દાન આપે.

દાન આપતાં એ નિર્ધન થઈ ગયો.

ઘરમાં ખાવાનો જોગ પણ ન રહ્યો.

ઘરની સ્ત્રીએ કહ્યું: 'તમે યજ્ઞ અને દાનથી ઘણું પુણ્ય એકત્ર કર્યું છે. પાડોશમાં એક શેઠ રહે છે. એ પુણ્ય ખરીદે છે. જઈને થોડું પુણ્ય વેચી આવો ને દાણાદૂણી લઈ આવો.'

બ્રાહ્મણ શેઠના ગામ તરફ ચાલ્યો. સ્ત્રીના આગ્રહ પાસે એ થાક્યો હતો. જઈને ગામના પાદરે બેઠો. સાથે પત્નીએ ચાર રોટલા આપ્યા હતા, તે કાઢીને ખાવા બેઠો.

તરતની વિયાયેલી એક કૂતરી; એ સામે આવીને પૂંછડી પટપટાવીને ખાવાનું માગવા લાગી. બ્રાહ્મણે એક રોટલો તેને આપ્યો, પણ કૂતરી ખૂબ ભૂખી હતી; ધીરે ધીરે ચારેચાર રોટલા ખાઈ ગઈ!

બ્રાહ્મણ મહાજન પાસે પહોંચ્યો. મહાજન જાણકાર હતો. એણે બધાં સુકૃત્યો સાંભળીને કહ્યું: 'મને આજના યજ્ઞનું પુણ્ય આપો. એ હું મોં માગી કિંમત આપીને ખરીદીશ.'

બ્રાહ્મણ કહે 'આજે મેં યજ્ઞ કર્યો જ નથી.'

'તમે કૂતરીને ચાર રોટલા ખવરાવ્યા એ મોટો યજ્ઞ હતો. લાવો, એક તરફ ચાર રોટલા મૂકો, ને સામે મારાં હીરામોતી મૂકું.'

હીરામોતી છાબડામાં ઠલવાયાં, પણ પેલું પલ્લું ઊંચું ન થયું.

બ્રાહ્મણ બોલી ઊઠ્યો, 'શેઠજી! મારું પુણ્ય મારી પાસે. મારે પુણ્ય વેચવું નથી!'

—શુભેચ્છા સાથે

**એક સદગૃહસ્થ તરફથી**



# ગુજરાતની સંસ્કૃતિ

—શ્રી હરકાન્ત શુક્લ

ગુજરાતને હિન્દથી અલગ હોય તેવી કોઈ સંસ્કૃતિ છે નહિ પણ દરેક વિભાગની જેમ તેને પ્રાદેશિક વિશિષ્ટતાઓ તો છે જ જેને કારણે ગુજરાતે અમુક સમયના અંતરે એવા મહાપુરુષો પેદા કર્યા છે જેના વ્યક્તિત્વની છાપ માત્ર ગુજરાતની નહીં પણ સારાયે ભારતની સંસ્કૃતિ ઉપર પડેલ છે. કોઈપણ દેશ કે પ્રદેશનાં સંસ્કાર ઘડનારાં અનેક તત્ત્વો હોય છે પણ આ બધામાં ભૌગોલિક તત્ત્વ એ સૌથી મહત્ત્વનું તત્ત્વ છે. આપણે ગુજરાતનો જ દાખલો લઈએ તો જણાશે કે ગુજરાતના આર્થિક, સામાજિક તથા સાંસ્કૃતિક જીવનના ઘડતરમાં એના એક હજાર માઈલ લાંબા સાગરકાંઠાએ કેવો મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. પ્રાગૈતિહાસિક કાળથી ગુજરાત એ પશ્ચિમનું દરિયાઈ વ્યવહાર અને વ્યાપારનું નાકું ગણાતું એટલું જ નહીં પણ દ્વારકાથી માંડી સોપારા સુધીનાં ગુજરાતના બંદરો પશ્ચિમ હિન્દની સાગરપટ્ટીનાં રક્ષણહાર બંદરો ગણાતાં અને આ બંદરોથી અનેક દેશની સમૃદ્ધિ ગુજરાતમાં ઠલવાતી, એટલું જ નહીં પણ અહીંના તથા દેશપરદેશના સંસ્કૃતિના વહેણો અહીંથી પસાર થતાં. ગુજરાતના સાહસપ્રિય વ્યાપારીઓએ જાવાને તો ગુજરાતની સાંસ્કૃતિક વસાહત બનાવી હતી અને બોરોબુદુરના સુપ્રસિદ્ધ મંદિરના સ્થાપત્યમાં ગુજરાતના શિલ્પકારો તથા સ્થપતિઓએ ઘણો અગત્યનો ભાગ ભજવ્યો હતો તે સુવિદિત છે. સૌરાષ્ટ્રના સિંહપુર ( શિહોર ) ના એક રાજકુમાર વિજયે પાંચમી શતાબ્દિમાં લંકા જીતી તેને સિંહલદ્વીપ નામ આપી ગુજરાતની સંસ્કૃતિનો વિજયધ્વજ ફરકાવ્યો હતો. ગુજરાત, સૌરાષ્ટ્ર તથા કચ્છના સાગરકાંઠે વહાણો બનાવવાનો ધંધો પણ એટલો જ વિકસ્યો હતો. કચ્છના એક વહાણવટીએ વારકોડીગામના વહાણને આફ્રિકાથી હિંદ લાવ્યાની તથા નેલ્સનનું જાણીતું લડાયક જહાજ ટ્રફાલગર નવસારીમાં બંધાયું હતું તે વાતો ગુજરાતને મળેલા સાગરરાણીના બિરુદને યથાર્થ કરનારી ગૌરવપ્રદ કથાઓ છે. ગુજરાતના વિશાળ સાગરપટે આપેલ સમૃદ્ધિ તથા મહા નદીઓએ આપેલ નૈસર્ગિક ફળદ્રુપતાને કારણે દેશપરદેશની જાતિઓ હંમેશા ગુજરાત તરફ આકર્ષાઈ છે. ગ્રીક, રોમન, બેક્ટ્રીયન શક, હૂણ, અરબ, ટર્ક અફઘાન, ફીરંગી, ડચ, ફ્રેન્ચ, અંગ્રેજો વગેરે પડોશી પ્રજાઓ તથા હિંદની અનેક જાતોને ગુજરાતે આશ્રય આપ્યો છે આ બધી જાતો, કોમો અને પ્રજા સાથેના લોહી અને આચાર વિચારોના પ્રચુર સંમિશ્રણમાંથી ગુજરાતની પ્રજા અને સંસ્કૃતિ સમૃદ્ધ બન્યાં છે.

## પ્રાચીન સંસ્કારધામો

આર્યોના આગમન પહેલાંની સિંધુ–સંસ્કૃતિના જે અવશેષો ગુજરાતમાંથી મળ્યા છે તે પણ ગુજરાતના આંતરરાષ્ટ્રીય વ્યાપારના કેંદ્ર તરીકેની ખ્યાતિનો વિસ્તૃત ખ્યાલ આપે છે સિંધુ સંસ્કૃતિ પહેલાંના કાળમાં તાજેતરમાં થતાં નવાં સંશોધનો શું પૂરવાર કરશે તે તો એક કોયડો છે, પણ આ બધા ઉપરથી પ્રાગૈતિહાસિક કાળથી ગુજરાત પાસે પડેલા અતિપ્રાચીન સંસ્કાર વારસાનો ખ્યાલ આવે છે. આર્યોના આગમન પછી જે આર્ય સંસ્કૃતિનો ઉદય થયો તેના પ્રણિતાઓમાં ચ્યવન, ભૃગુ, માર્કંડેય, યાજ્ઞવલ્કય, કણ્વ, સૌભરી જેવાં મહાન તપસ્વીઓ જ હતા અને પુરાણકાળના નાયક શ્રી કૃષ્ણ જેવા રાજપુરુષ, તત્ત્વચિંતક, કલાકાર દ્વારા ગુજરાતને સંગીત, નૃત્ય તથા એ વખતના જાતિશાસ્ત્રનો સમૃદ્ધ વારસો મળ્યો છે. ભારતની સંપત્તિ અને સંસ્કૃતિના કેન્દ્ર સમું દ્વારિકા આજે પણ પુરાણી કથાઓને જીવંત બનાવી ગુજરાતની પ્રજાને પ્રાચીન સંસ્કારિતાની પ્રેરણા આપે છે. દ્વારિકાથી પણ વધુ પ્રાચીન સોમનાથ એ તો ગુજરાતનાં શૌર્ય, સંસ્કાર, આશા–નિરાશા તથા જય–પરાજયનો કડીબદ્ધ ઇતિહાસ રજૂ કરતો ગુજરાતની સંસ્કૃતિનો શિલાલેખ છે. આ મંદિરના વિધાયકો હતા સોમ, રાવણ અને શ્રી કૃષ્ણ જેવા પૌરાણિક કથાના નાયકો અને તેનાં મૂળ તો શિવ અને શક્તિના પ્રાચીન ધર્મસંપ્રદાય જેટલાં પ્રાચીન છે. સાત માળનું સ્થાપત્ય, ૫૬ રત્નજડિત થાંભલાઓ, ૨૦૦ મણની સોનાની સાંકળ અને ૩૫૦ જેટલી નૃત્યાંગનાઓનું નૃત્યાર્ચન, કાશ્મીરથી આવતાં પુષ્પો તથા કાશીથી આવતાં ગંગાજળની એક પરદેશી ઇતિહાસકારે કહેલી કથા આજે પણ ગુજરાતીઓની કલ્પનાને ઉત્તેજે છે. માનવ અસહિષ્ણુતાએ વેરેલા વિનાશ અને સંહારના રાખ અને ધૂળના ઢગલાઓમાંથી ફરી ફરી પુનર્જીવન પામતું આ મંદિર તો ગુજરાતીઓની સંસ્કૃતિ પ્રત્યેની અડગ અને અવિચલ શ્રદ્ધાનું પ્રતીક બની ગયેલ છે.

## ત્રણ સામ્રાજ્યોની સ્મૃતિ–શિલા

શ્રીકૃષ્ણ પછી આવેલા અંધકારયુગ પછી ભારતના ઇતિહાસનું પ્રભાત મૌર્યકાળથી ઉઘડે છે. મૌર્ય, ક્ષત્રપ, ગુપ્તવંશો જેવા મહા સામ્રાજયવાદી સત્તાના હજાર વર્ષના સાતત્યની સાક્ષી આપે છે. ગિરનારનો શિલાલેખ, જ્યાંથી ભારતીય ઇતિહાસને વાચા મળે છે. તે આજથી લગભગ ૨૩૦૦ વર્ષ પહેલાં શાંતિ, પ્રેમ, દયા અને અહિંસા દ્વારા માનવતાનું સામ્રાજ્ય ચલાવવાનો પહેલો પ્રયોગ કરનાર સમ્રાટ અશોકના ઉપદેશના સિદ્ધાંતોનું સમર્થન કરે છે! પ્રાચીન હિન્દનું આધ્યાત્મિક ગૌરવ સાચવી રાખનાર આ શિલા આજે પણ લીગ ઓફ નેશન્સ અને યુનો જેવી સંસ્થાઓ દ્વારા શાંતિ સ્થાપવા મથતી માનવજાતને બોધપ્રદ બની ગયેલ છે. એટલું જ નહીં પણ આજના હિન્દની પરદેશનીતિની આધારશિલા બની ગયેલ છે.

### વલ્લભીનો વૈભવ અને વારસો

ગુપ્તકાળ પૂરો થતાં ગુપ્ત સેનાધિપતિ ભિટ્ટાર્કે વલ્લભીપુરમાં મૈત્રકવંશની સ્થાપના કરી. આ રાજ્યના ત્રણસો વર્ષનો કાળ એટલે ગુજરાતનો પ્રથમ સુવર્ણયુગ. માળવા અને સહ્યાદ્રિનું સ્વામીત્વ સિદ્ધ કરનાર આ રાજ્યકાળમાં નાલંદા અને તક્ષશિલાની બરોબરી કરી શકે તેવા વિદ્યાકેન્દ્ર તરીકે ભારતમાં પ્રસિદ્ધ હતું. સ્થિરમતિ અને ગુણમતિ જેવા બૌદ્ધ ધર્મના સમ્મિતીય શાખાના ઉત્પાદકો વલ્લભીમાં હતા. જૈનધર્મનો ' વલ્લભી-વાચના " નામનો ગ્રંથ અહીં લિપિબદ્ધ થયો. સંસ્કૃત સાહિત્યમાં કાલિદાસ અને ભવભૂતિની હરોળમાં મહાકવિ ભટ્ટી પણ વલ્લભીમાં જ આ કાળે થયા. વલ્લભીમાં સૌથી વધુ તો કોટયાધીશો હતા અને નૌકાયાન માટે પ્રસિદ્ધ થયેલ વલ્લભી-વૈભવની વાતો તો આજસુધી પ્રસિદ્ધ છે.

### સોલંકીયુગની કીર્તિકથાઓ

મહાગુજરાતના પાયા નાખ્યા વલ્લભીના મૈત્રકોએ તો તેને સિદ્ધ કર્યું ગુજરાતના સોલંકીઓએ. આ કાળમાં પણ અણહિલપુર અને વડનગર વગેરે વિદ્યાધામો હતાં. મૂળરાજ, સિદ્ધરાજ, કુમારપાળ. ભીમ, વીરધવળ જેવા સોલંકી રાજવીઓ અને તેના શાન્તુ,ઉદયન, મુંજાલ, વસ્તુપાળ જેવા મહાઅમાત્યો, તથા હેમચંદ્રાચાર્ય સોમદેવ, મેરુતુંગ જેવા અનેક વિદ્વાનોએ ગુજરાતને રાજકીય, સાંસ્કૃતિક તથા સાક્ષરદેહ આપ્યો. સોલંકીકાળની શિલ્પસ્થાપત્યની સમૃદ્ધિ આજે પણ રુદ્રમહાલય, વીસનગર–વડનગરનાં કીર્તિતોરણો, ડભોઇની હીરા-ભાગોળ, મોઢેરાનું સૂર્યમંદિર તથા થાન, ધૂમલી અને સેજકપરના મંદિરોનાં ખંડિત કલેવરો દ્વારા ગુજરાતની પ્રાચીન સંસ્કૃતિનું દર્શન થાય છે.

### હિંદુ-મુસ્લિમ સંસ્કૃતિ–સમન્વય.

ચાલુક્યકાળ પછીના મુસ્લિમકાળમાં ગુજરાતે હિંદુ–મુસ્લિમ સંસ્કૃતિનો સમન્વય કરી અનેક સુંદર સ્થાપત્ય પ્રણાલિકાઓ આપી છે. જેના નમૂનારૂપે આજે પણ અમદાવાદ, ચાંપાનેર, જુનાગઢ, માંગરોળ વગેરેની મસ્જિદો તથા મકબરાઓ મોજુદ છે. આ વખતના ઉત્કૃષ્ટ શિલ્પના નમૂનારૂપે અમદાવાદની સીદી સૈયદની જાળી જગ-મશહુર છે. આ કાળમાં સોળમી શતાબ્દિમાં થયેલ સુલતાન બહાદુરશાહે બૈજુ નામના એક મહાન સંગીતાચાર્યને ગુજરાતના રાજ્ય-ગાયક તરીકેનું સ્થાન આપ્યું હતું. બૈજુ મૂળ ચાંપાનેરનો હતો અને તેણે દેવી કાલિકાની પ્રશસ્તિરૂપે રચેલ સંસ્કૃત પ્રબંધો આજ-સુધી હિંદના શિષ્ટ સંગીતકારોમાં પ્રચલિત છે. દીપક રાગથી પ્રદીપ્ત થયેલ તાનસેનને ગુજરાતના વીસનગરની નાગર કન્યાએ મેઘમલ્હાર ગાઇને શાંત કર્યાની દંતકથા ગુજરાતમાં ઉચ્ચ સંગીતની સમજ કેટલી વ્યાપક હતી તે બતાવવા માટે પૂરતી છે.

### સાંસ્કૃતિક પરાવલંબન

ગુજરાત બલ્કે ભારત ઉપર આવેલ પરદેશી આક્રમણોમાં સૌથી વધુ ખતરનાક કોઈ આક્રમણ હોય તો તે અંગ્રેજોનો. હિન્દ ઉપર માત્ર રાજકીય જ નહીં પણ તેનો સાંસ્કૃતિક વિજય પણ એટલો જ વ્યાપક હતો. અંગ્રેજોએ ભાષાનું માધ્યમ ફેરવ્યું તેની સાથે યુરોપની સંસ્કૃતિ હિંદી સંસ્કૃતિ કરતા વધુ ચડિયાતી હતી તેવી ભાવના પણ હિંદીઓના મનમાં પેદા કરી. ગુજરાતમાં બ્રિટીશ સત્તાનો પગ પેસારો કર્નલ વોકરના આગમન સાથે ઈ. સ. ૧૮૦૭માં થયો. ગાયકવાડી ચોથ તથા પેશકશીને કારણે વડોદરાના ગુજરાતના અન્ય રાજ્યોની સાથે ઝગડા પતાવવાના બહાને અંગ્રેજી વર્ચસ્વ ગુજરાત ઉપર ફરી વળ્યું. ગુજરાતમાં હિન્દના કોઈપણ ભાગ કરતાં દેશી રાજ્યોની સંખ્યા ઘની હોવાથી ગુજરાતની કલા અને સંસ્કૃતિએ દેશી રાજ્યોમાં આશ્રય લીધો. દેશી રાજ્યોમાં સાહિત્ય. વિદ્યા અને કલાને આશ્રય આપવાની પ્રણાલિકાઓ પહેલેથી જ ચાલુ હતી એટલે હિંદના નામાંકિત સંગીતકારો તથા વિદ્વાનોને સહુથી વધુ આશ્રય મળ્યો વડોદરા રાજ્યમાં. પ્રો. મૌલાબક્ષ, ઇનાયતખાં, ફૈયાઝખાં વગેરે રાજ્યગાયકો સ્થાપ્યા એટલું જ નહીં પણ ઉચ્ચ સંગીતનું શિક્ષણ આપનારી સંગીતશાળા પણ સ્થાપવામાં આવી. તેવી જ રીતે જામનગર, ભાવનગર, જૂનાગઢ, વલભી, ધરમપુર વગેરે રાજ્યોએ પણ શિષ્ટ સંગીતને પોષણ આપવામાં સક્રિય ફાળો આપ્યો છે.

આ જ કાળમાં ગુજરાતની રંગભૂમિની પણ સ્થાપના થતાં ગુજરાતી નાટ્યકલાનું પુનરુત્થાન થયું. અને ગુજરાતની રંગભૂમિએ આપેલ નાટ્યકારો, નટો તથા નાટ્યમંડળીઓ જોતાં આ કલા વધુ વ્યવસ્થિત અને વિકસિત બની. પરંતુ બોલતી ફિલ્મો આવતાં ગુજરાતની રંગભૂમિને જે મરણ તોલ ફટકો પડ્યો તેમાંથી તે હજુ બહાર આવી નથી.

મુસ્લિમ અને મહારાષ્ટ્ર સત્તાના વખતમાં ગુજરાતના કાવ્ય–સાહિત્યે તો ઉત્તરોત્તર પ્રગતિ કરી. નરસિંહ, ભાલણ, પ્રેમાનંદ, શામળ, દયારામ જેવા ખ્યાતનામ કવિઓ આપ્યા હતા. પરંતુ ગુજરાતના ગદ્ય અને નવલકથા સાહિત્યે છેલ્લા દોઢસો વર્ષોમાં જે વિકાસ કર્યો તે ખરેખર અદ્ભુત છે. પરિણામે હિંદની વિકસિત અને સ્વતંત્ર ગણાતી ભાષાઓમાં ગુજરાતીએ ઠીક ઠીક સ્થાન મેળવ્યું છે અને આજે પણ ગુજરાતનું વાઙ્મય વિકસતી દશામાં છે. પરા-વલંબનમાંથી છૂટકારો મેળવવા આધુનિક કાળમાં પ્રથમ પ્રયત્ન કર્યો સ્વામી દયાનંદ સરસ્વતીએ. તેમણે આર્યધર્મ દ્વારા સ્વધર્મ અને સ્વરાજ્યની ઘોષણા સારાયે ભારતવર્ષમાં કરી. આ પછી સ્વાતંત્ર્ય અને સ્વરાજ્યની ઘોષણા કરનારા હતા રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી.

### નવગુજરાત:

મહાત્મા ગાંધીજીએ સત્ય અને પ્રેમના પ્રયોગો દ્વારા અહિંસક સ્વાતંત્ર્ય સંગ્રામની શરુઆત ગુજરાતમાં કરી ગુજરાતને સ્વતંત્ર્ય-પ્રવૃત્તિનું એક અજયગઢ બનાવ્યું. આ પ્રવૃત્તિએ ગુજરાતને સરદાર પટેલ, ઠક્કર બાપા, અબ્બાસ તૈયબજી તથા દરબાર ગોપાળદાસ જેવા સન્નિષ્ઠ સેવકો પણ આવ્યા.

બ્રિટિશકાળમાં રાજકીય અને સાંસ્કૃતિક દષ્ટિએ છિન્નભિન્ન બનેલ ગુજરાતના ઇતિહાસે પડખું ફેરવ્યું અને ભાગ્યનું ચક્ર પૂરું કર્યું. સેંકડો વર્ષ પછી રાજકીય નકશા ઉપરથી ભૂંસાઈ ગયેલ ગુજરાત રાજ્યનો તા. ૧ મે, ૧૯૬૦ના રોજ પુનર્જન્મ થયો. ગુજરાતને તેનાં સ્વકીય રાજ્ય, ભાષા અને સંસ્કૃતિ હોવા છતાં ગુજરાતીઓ તેની સંકુચિતતામાં કદાપિ રાચ્યા નથી. હિંદભરમાં પથરાયેલ અને વ્યાપારી સૂઝવાળા ગુજરાતીને ભાષાકીય વાડાબંધી કદાપિ નડી નથી. દિલ્હી હોય કે કલકત્તા, મદ્રાસ હોય કે મહીસુર જ્યાં જ્યાં ગુજરાતી ગયા છે ત્યાં ગુજરાતી જે તે વિભાગના નાગરિક તરીકે જ રહ્યો છે અને ગુજરાતનું નામ રોશન કર્યું છે.

( શ્રી દિલ્હી ગુજરાતી સમાજના સ્મૃતિ ગ્રંથમાંથી સાભાર. )



# ગુજરાતની ગ્રામસંસ્કૃતિ

—શ્રી જોરાવરસિંહ જાદવ એમ. એ.

ભારત એ દુનિયાનું સંસ્કૃતિતીર્થ બન્યું છે. ભારતીય સંસ્કૃતિ એ અનેક સંસ્કૃતિઓનું સંગમસ્થાન બનીને, પોતાનું મૌલિક તીર્થસ્થળ રચ્યું છે. તેની યાત્રાએ પરાપૂર્વથી અનેક પરદેશીઓ આવે છે અને આ ભવ્ય સંસ્કૃતિને નિહાળીને આશ્ચર્યમુગ્ધ બની જાય છે.

પ્રકૃતિના ખોળે વસેલાં કોઇ પણ ગામડાં પર દષ્ટિપાત કરીશું તો જણાશે કે ગુજરાતનું એકે એક ગામડું આગવું સંસ્કૃતિરૂપી સંસ્કારધન સાચવીને બેઠું છે.

આ સંસ્કૃતિની ભવ્યતા નિહાળવી હોય તો ચાલો મારી સાથે. હું તમને ગુજરાતનાં ગામડાં બતાવીશ. આનંદ ઉલ્લાસથી મઘમઘતું, જોબનના ઝળહળતાં રંગોરેલાવતું લોકજીવન બતાવીશ. અહીં ગુજરાતની ગ્રામસંસ્કૃતિનું ધબકતું હાર્દ જોવા મળશે.

સૂરજ ઉગ્યો રે કેવડિયાની ફણશે કે,
વહાણેલાં ભલે વાયા રે.

આમ વહાણું ન વાય ત્યાં તો આખી રાતની મીઠી નિંદ્રામાંથી ગામડું આળસ મરડીને બેઠું થાય છે. ઘમ્મર ઘંટી અને વલોણાંના નાદ સાથે, મીઠા ગળામાંથી ગળાઇને નીકળતાં લોકગીતોનાં ઝરણાંઓ કલકલ સ્વરે વહેવા માંડે છે.

સૈયર મોરી રે,
ચાંદલિયા પછવાડે સૂરજ ઉગિયો રે લોલ.
સૈયર મોરી રે,
ઉતારાનો કરનાર વાલમ વાડિયે રે લોલ.
સૈયર મોરી રે,
વાટલડી જોઇ જોઇને મારો જનમ ગયો રે લોલ.

મંદિરોમાં પાંચ પાંચ વાટ્યોના દીવડા પ્રગટે છે, આરતી ઉતરે છે. પ્રભુની પૂજા થાય છે. મધુર ઘંટારવથી વાતાવરણ રમ્ય બને છે ખેડૂતો સાંતી લઇને ઉતાવળાં ઉતાવળાં ખેતરે જાય છે. ગામડાની ગોરીઓ માથે મોતીની રૂપાળી ઇંઢોણી અને ત્રાંબાવરણી હેલ્ય મુકીને પાણી ભરવા નીકળી પડે છે. સૂરજના સોનેરી કિરણોમાં ગામડું ખૂબ જ રળિયામણું લાગે છે. આ ગામનું પાદર છે. સામે દેખાય છે તે શૂરવીરોની શહાદતના યશોગાન ગાતાં અને પરાક્રમોની યાદ આપતાં પાળીયાં છે. બાજુમાં જે જગ્યા છે ત્યાં દરવર્ષે ફાગણ સુદ પૂનમના દિવસે હોળી પ્રગટાવવામાં આવે છે. ગામના છોકરાઓ ઘેરૈયા બનીને ગાંડાતૂર થઇને નાચે છે ગોઠ ઉઘરાવીને નાસ્તાની ઉજાણી કરે છે. નવપરિણીત વરરાજાઓ હોળી ફરતાં સાત આંટા ફરે છે, અને હોળીના આશિષ માગીને તેમાં નાળીયેર હોમે છે. લોકો બે પક્ષમાં વહેંચાઇને દૂહા અને રામવાળાની રમઝટ બોલાવે છે.

પગ ટુંકા, પારેવડાં, બેઠંતા બેસાણ
જોડાણું એવું જડે, જો લખ્યું હોય લેલાડ.
બીજો પક્ષ ઉપાડે...
કોઇ ઘોડો કોઇ પરખડો, કોઇ શીલવતી નાર
સરજનહારે સરજ્યા તીનુ રતન સંસાર.

જેમ રાત ગળતી જાય તેમ દૂહા પણ જામતા જાય, સવાર થતાં સુધી એકેય પક્ષ થાકે જ નહીં ને!

લગનગાળામાં શણગારેલાં બળદોવાળી અને ઘમ્મર ઘૂઘરા વગાડતી જાનો પણ અહીંથી જ પસાર થવાની.

ત્રાંબાકુંડી નવ ગજ ઉંડી
તે ઘર બહેની પરણજો રે.
માતા જેવા સાસુ હોય તો,
તે ઘર બહેની પરણજો રે.
પિતા જેવા સસરા હોય તો
તે ઘર બહેની પરણજો રે.

ગામનું પાદર આવતાં જાનડીઓને વધુ પોરસ ચડે. વણથાક્યે વરરાજાના ગીતો ગાયે જ જાય...

તારા દેશમાં ઝાઝા વેશ કે
લાડી વીંજણો શું ન લાવી?

ત્યાં તો ગાડા તારવવાની હરિફાઇ જામે અને જોતજોતામાં જાન ત્યાંથી પસાર થઇ જાય છે. દશેરાના દિવસોમાં ઘોડાની હરિફાઇ પણ આ પાદરમાં જ થાય છે.

અખાત્રીજ એ તો ગામલોકોનો માનીતો ઉત્સવ. વ્હેલી સવારથી જ ખેડૂતો દૂધમાં કંકુ ઘોળે છે. થાળીમાં સોપારી, કાચું સુતર, પૈસા, દોરા તથા ગોળ અને કપાસીયા લઇને શણગારેલાં બળદોને કંકુવાળા દોરા બાંધી ગોળ તથા કપાસિયા ખવડાવીને નવા વર્ષનું મુહૂર્ત કરવા નીકળી પડે છે. બળદો ઉપર સુંદર મજાની ભરત ભરેલી ઝુલ્યો, માથે ખાપુવાળા મથરોટિયાં, શીંગડે શિગરોટિયાં નાંખીને ગળે ઘમ્મર ઘુઘરા તથા ખંભાતી ઝણ્ય બાંધીને આખા ગામના સાંતી આ પાદરમાં થઇને મુહૂર્ત કરવા ખેતર જાય છે. ઘમઘમ ઘુઘરા વાગે છે. ઝોલાં લેતી ઝુલ્યો પવનમાં હિલોળા લ્યે છે. ઝુલ્યોમાં ભરેલા આભલાં દાંત કાઢીને સૂરજ સાથે વાતો કરે છે. આખું ગામ જોવા ઉમટે છે. સાંતી પોતપોતાના ખેતરે જઇને પાંચ આંટા હળના ચાસ પાડીને પૈસો તથા સોપારી દાટીને પાછા ફરે છે. વળતાં પણ હરિફાઇ ચાલે છે. પાળ્યે ઉભેલા લોકોના હોંકારા અને રીડિયારમણ સાંભળીને ચમકેલાં બળદોને પણ તાન ચડે છે. તેઓ મોટી મોટી ફાળો ભરીને હરણિયાની માફક દોડે છે. ભડકણ બળદોની ઝુલ્યો ઉડી જાય છે. હળના જુસલાં ભાંગીને ભૂક્કો થઇ જાય છે. હાંક્નારને પણ નીચે પછાડીને પાછળ ઘસડી

જઈ સાંતી વાડમાં કે ખાબમાં ઝીંકે છે ત્યારે આ દૃશ્ય જોઈને સૌ કોઈના શ્વાસ અદ્ધર ચડી જાય છે.

આ ગામનું મોહામણું સરોવર છે. આખા ગામને પુરૂં પડી રહે તેટલું પાણી દર ચોમાસામાં ભરાય છે. ગ્રામ–બાલિકાઓ અને નવીસવી વહુઓ પોતાના નાના મોટા વ્રતો પણ અહીં જ ઉજવે છે. સરોવર કાંઠે વિશાળ વડલો છે. વડપૂજા પણ અહીં જ થાય છે. ગ્રામ–કન્યાઓ ગોર્યમાની માટીની પ્રતિમા બનાવીને થાળીમાં કંકુ, ચોખા, અબીલ, ગુલાલ, અગરબત્તી, કમળકાકડી, ગોળ તથા રૂની માળા લઈને દીવડા પ્રગટાવીને અબીલ ગુલાલનો અભિષેક કરે છે. કોઈ ગોર્યમાને વધાવે છે. કોઈ માળા પહેરાવે છે. સૌ હોંશથી ગાય છે.

ગોર્યમાં ગોર્યમાં રે સાસુ દેજો સવાદિયા
ગોર્યમાં ગોર્યમાં રે સસરા દેજો ભૂખાળવા.

નવીસવી વહુઓ વળી નવું ગીત ઉપાડે છે–

મારા ઘેરે વાણીડા ભલે આવ્યો રે
રૂડી ચુંદડીઓ લઈ આવ્યો રે
પાતળા પાર્વતી માને કાજે રે
ભોળી ભવાનીને કાજે છે રે.

પોષી પૂનમના પરોઢે વડના પાનનાં વાટકા કરીને તેમાં રૂપાળા દીવલડા પ્રકટાવીને કુમારિકાઓ સરોવરમાં તરતાં મૂકે છે. અંધકારને ભેદતાં અને છબછબિયાં પાણીની સપાટી પર લહેરાતી આ દીપમાળા મજાનું વાતાવરણ સર્જે છે.

ભાદરવા સુદી અગિયારસના દિવસે ગામલોકો ઠાકોરજીની પાલખી લઈને સરોવરના જળ વધાવવા માટે આવે છે અને જળાશય કાંઠે જુવાનડાઓ ગરબીની રમઝટ બોલાવે છે.

એ ઓધા કહોને કાન કેમ નાવિયા,
રથ જોડી ઓધાજી કેમ આવિયા ?
ઓવા વ્રજમાં વાતું થાય છે.
કૃષ્ણ મથુરામાં જાય છે.

સરોવરની પૂર્વ તરફ ખખડધજ ખીજડા નીચે ચરમાળીયા (નાગદેવ)ની દહેરી છે. તેમાં નાગદેવની પકવેલી માટીની ત્રણ પ્રતિમાઓ છે. નાગપાંચમના અહીં તલવટ વહેંચાય છે. નોરતામાં ગામના બાળકો ઘોઘા લઈને ગાતાં ગાતાં મૂકવા માટે અહીં આવે છે.

ઘોઘો ઘોઘો ઘોઘ સલામ
નાથીબાઈના વીર સલામ
આગલો બંદુકદાર, પાછલો પહેરેદાર
તેલ દો, ધુપ દો, બાવાને બદામ દો...

જળાશયને આરે પેલી વાવમાં રાંદલનું સ્થાન છે. ગુજરાતને ગામડે ગામડેથી લોકો માનતા અને બાધા પૂરી કરવા માટે આવે છે. વાંઝીયાં મહેણાં ભાંગવા માટે માતાજીને અરજ કરે છે.

લીલો ઘોડો રણુ આઈ રણ રે પાંખડિયો
હેલ દઈ રંદેલ શિરે ચડિયા રન્નાદે,
પહેરતી ઓઢતી વાંઝ કહેવાણી રન્નાદે.
મેંણલા ભાંગો મા ભાણની રાણી રન્નાદે,
હું બલિહારી હું બલીહારી આપી તમારી દાસી.

આ જળાશયની પાળે વડ, પીપળ, આંબલી, લીમડાના વૃક્ષોથી આચ્છાદિત છે. તેના ઉપર આવેલા પક્ષીઓના માળામાંથી મધુર કલરવ સંભળાય છે. અહીં જ ગામનો ગોંદરો છે. ગામના ઢોરો સવારમાં ભેગા થાય છે. વાછરડાંઓ આનંદથી થનગને છે. ગાયો બાંબરડે છે. પેલી આંબલીની ડાળે ગોપબાલોએ હીંચકો બાંધ્યો છે. બબ્બે ભેરૂ ગાતાં ગાતાં હીંચકે છે. પેલો જુવાનિયો તો ફુમતાંવાળા બબ્બે પાવા વગાડે છે. બીજો લીંમડા ઉપર આસન જમાવીને ગીત ગાય છે. સામેની હરિયાળીમાં મોર નૃત્ય કરે છે. ઢેલો ઢુંગે (ટોળે) વળે છે. પેલી વાડ આગળ સાપ અને નોળિયાનું મહાભારત ચાલે છે. સાપને ઉપાડવા માટે સમડી પણ આકાશમાં આંટા મારી રહી છે. આવા દૃશ્ય નિહાળતાં સૂર્યનારાયણ પોતાનો રથ આકાશના માર્ગે દોડાવી મૂકે છે. ભાતવારીઓ ભાત લઈને જતાં, પિયામિલનની હોંશમાં રસ્તો ટૂંકો કરવા ગીતો ગાય છે.

મારી નવરંગી વાડીમાં કેવડો મહેક્યો રે લોલ
હાકોર કેવડો લેતા જાવ કે આગળ નૈ મળે રે લોલ.
આવ્યા શિયાળાના દા'ડા કે લાગે દોત્રલા રે લોલ
ભેળાં રેશમી ગાદલાં લેશું શિયાળો શું કરે રે લોલ.
આવ્યા ઉનાળાના દહાડા કે લાગે દોંથલાં રે લોલ
ભેળાં મિણીઆ માફા લેશું ઉનાળો શું કરે રે લોલ.

આ તો ગામનું પાદર જ જોયું. ગામમાં તો હજુ હવે જવાનું છે. આ ગામશેરી છે. પ્રવેશતાં જ સામે ઠાકરદુવારો આવે છે, કે આ નકળંગની જગ્યાને નામે પણ ઓળખાય છે. જન્માષ્ટમીના દિવસોમાં ગુજરાતના ખૂણે ખૂણેથી, માથે બોકાનાબંધ ખાપુંવાળી લાલ પાઘડી, કાનમાં ફુલ અને કોકરવા, હાથમાં કડાં અને ડોકમાં હીરા કંઠી, હીરના ભરત ભરેલાં કેડિયાં, કબજાને લાલ–લીલી બોરીઓ, ઉપર લાલ–પીળાં ફુમતાંવાળા કંદોરા અને નાડાં લટકાવતાં અને હાથમાં લાકડીઓ વિલોંળતા ભરવાડો અને ઉનના ગલેટા અને ઢાળવા, બાવન દોરાના અટલસનાં કપડાં, સરમલિયા અને ટંગલિયા પહેરીને ભરવાડણો ઠાકોરજીના દર્શન કરવા ઉતરી આવે છે. સાતમ અને ગોકુળ આઠમ બંને દિવસ સ્ત્રી–પુરૂષો આનંદથી ગાંડા બની હાથમાં હાથ ભેરવીને ગાય છે, નાચે છે અને રાસડા લ્યે છે.

પાલવડો મારો મેલો મોહનજી, મારગડે મને જાવા દો;
આવતા આપીશ દાણ તમારૂં, મહી મારૂં વેચાવા દો.
મહી ગોરસનું દાણ જ દેને, વહેલી થા ને વ્રજનારી;
નારી કહીને ના બોલાવતો, છાનો રહેને છોગાળા...

આ ગામશેરી કેવી ચોકખી ને ચટ છે, જાણે કે સુંદર વન ન હોય ? સામે દેખાય એ ગામનો ખાંડો ચોરો છે. દરબારી વખતમાં ચોરો એ ગામડાનું હાર્દ હતો. દરબારોના ડાયરા થતાં મુખી અને અમલદારો અમલ ઘોળતાં, અંજળીયો લગાવતા. કેક નિર્દોષ માનવીઓ માટે પણ અમલ ઘોળાતાં એમના કુકર્મોથી આ ચોરો ખંડીત થઈ ગયો છે. તેથી ખાંડો ચોરો કહેવાય છે. આ જ ચોરે સંસ્કૃતિના દૂતો, ચારણો, બારોટ, ઢાઢી, ભાટ, રાવળ, તુરી, નાથબાવા ઉતારો કરે છે. રાવણહથ્થા ઉપર ઘુઘરીયાળી કામઠી નચાવીને મધુર સુરીવલી સાથે લોક–ગીતની લહાણ કરાવે છે.

ભેખ રે ઉતારો રાજા ભરથરી......

જાણે કે પૂર્વેના પાપોનું પ્રાયશ્ચિત ન થતું હોય તેમ આ ચોરે

રોજ ભજનમંડળી બેસે છે. ભક્તો મીઠી હલકથી ભજનીયાં ગાય છે. નરઘા ઉપર થાપ પડે છે. મંજીરા–ખંજરી તાલ પુરાવે છે.

પહેલા પહેલા જુગમાં રાણી તું રે હતી પોપટી ને
અમે રે પોપટ રાજા રામના,
ઓતરા તે ખંડમાં આંબલો પાક્યો ને
સુંડલે રે મારી મને ચાંચ, રાણી પીંગળા,
ઈ રે પાપીડે મારા પ્રાણ જ હરિયા ને,
દનડા સંભારો આપણા પૂરવ જનમના સહેવાસના.

ભજનના મીઠા સુરો લઈને આગળ ચાલો. પેલો દેખાય તે ગામનો ચોક છે. એ ચોકને વાચા ફુટે તો આપણને શું શું ન કહે? ભવાયાના ભૂંગળો અહીં વાગે છે. રામલીલા, નટ બજાણીયા અને કઠપૂતળીના ખેલ અહિં જ થાય છે. મધુર મોરલીથી વાદી સાપને અહીં ગજ નચાવે છે. ડુગડુગી વગાડતો મદારી માંકડા પાસે નાથી અને રતનીયા ખેલ, શેળો, નોળીયો તથા અજગરના યુદ્ધ પણ અહીં જ બતાવે છે.

આસો માસો શરદપુનમની રૂપેરી રાતના અને જન્માષ્ટમી તથા દિવાળીના ટાણે આ વિશાળ ચોક ગામડાની ગોરીઓથી ઉભરાઈ જાય છે. આવી રઢીયાળી રાતે ખાપુવાળી સુંદર ભરત ભરેલા ઘેરદાર ઘાઘરાઓ, માથે બાંધણી, પટોળા કે ફોડીયા ભાતના સાડલા અને અવનવા ભૂષણો સજ્જ એવી ગ્રામનારીઓનું વૃંદ અમૃત નીતરતી મધુર ચાંદનીમાં વર્તુળાકારે રાસ અને ગરબાની રમઝટ બોલાવે છે. અવનવા અંગમરોડ, અદ્ભૂત લટકા, તાલીઓના તાલ ઝાંઝરના ઝમકાર, બેડિયોના સનકાર સાથે મધુર હલકથી ગીતોની રમઝટ બોલાવે છે ત્યારે જુવાન હૈયા હેલે ચઢે છે. જોબનની છોળો ઉછળે છે અને તેને જ અનુરૂપ જોબનવંતુ ગીત વહેવા માંડે છે.

મારા વાડમાં ગલ વાવીયો કુલમની દોરી
કાલ્યો લચકા લોળ રે, લ્યો ને રામ લ્યો ને દોરી.
ખોળો વાળીને કુલ વીણતી રે કુલમની દોરી,
હાથડાં રાતા ચોળ રે લ્યો ને રામ લ્યો ને દોરી.
સોના ઈંઢોણી રૂપા બેડલું કુલમની દોરી,
નીકળયાં ડેલી હેઠ રે લ્યો ને રામ લ્યો ને દોરી.
ગામને પટેલીયે પુછીયું કુલમની દોરી.
દીકરી છો કે વહુ રે લ્યો ને રામ લ્યો ને દોરી.
આ પરાની દીકરી કુલમની દોરી.
આવ્યા પરાની વહુ રે લ્યો ને રામ લ્યો ને દોરી.

નોરતાના નવ દિવસ ગામના કલાકારોના લોકનૃત્યનું આયોજન થાય છે. તેમાં રામાયણ અને મહાભારતના પ્રસંગો નૃત્યદ્વારા સુંદર રીતે રજુ કરવામાં આવે છે. સુંદર વેશભૂષા ઢોલના તાલ અને મંજીરા સાથેના નૃત્યો જોઈને આપણું દિલ ડોલી ઉઠે છે.

પેલી ધોળી ધજા ફરકે છે તે શિવજીનું મંદિર છે. ત્યાં વાર તહેવારે કથાકીર્તન અને રામાયણનું વાંચન થાય છે. બ્રાહ્મણોને દક્ષિણા અપાય છે. મેઘરાજા રૂઠે તો અહીં ગામલોકો યજ્ઞયાગ કરાવે છે.

આ ઘટાટોપ લીમડાના ઝાડ નીચે માતાજીનો મઢ છે. ગામના લોકો માતાજીમાં ખુબ જ વિશ્વાસ ધરાવે છે. વાર તહેવારે માનતાઓ માને છે. નૈવેદ્ય ધરાવે છે. નાળિયેરના તોરણો બાંધે છે, માટીના ઘોડા મુકે છે. નડતર હોય તો માતાનો માંડવો નાખે છે. ડાકલાં વાગે છે. રાવળ લોકો માતાજીના છંદો ગાય છે, ભૂવા ધૂણે છે, તવો થાય છે. ઉના ધગધગતા તેલમાં સુંવાળી પાપડ નાખીને હાથથી કાઢી લ્યો છતાં તમને કંઈ થાય જ નહીં. લોકો આને માતાજીનું સાચ માને.

ભાદરવા સુદ અમાસ નજીક આવે છે. બારે મહિનાના અથાગ પરિશ્રમથી થાકેલાં યુવક યુવતીઓ વાર તહેવારે ઘરાઈ ધરાઈને જીવનનો આનંદ લૂટે છે. યુવતીઓ સુંદર વસ્ત્રો અને આભૂષણો પહેરે છે મીંડલા લઈને વાળ ઓળે છે. હાથમાં મેંદી મૂકે છે, પોથીથી દાંત રંગે છે, નમણી આંખ્યમાં કાજળ આંજે છે. અને હોકરા લલકારતા જુવાનીયાઓ સાથે મેળો માણવા ચાલી નીકળે છે. પ્રિયતમ અને પ્રિયતમાઓ, રસિલી અને રસિલાઓ જોડે ચગડોળે ચઢી મોજ માણે છે. બપોર નમે ન નમે ત્યાં તો યુવક પોતાની "માનીતી" અને યુવતીઓ પોતાના "માનીતા" માટે એક એકથી ચડીયાતી ચીજો ખરીદ કરે છે, પાન ખાય છે, પ્રેમ કરે છે. બંગડીઓ પહેરે છે, છૂંદણાં છંદાવે છે. પ્રેમીનો વિરહ ન સહી શકનાર યુવતી પ્રિયતમાનું નામ છાતીએ છુંદાવે છે. શ્રી જયમલ પરમાર કહે છે કે "મેળો એટલે સંસ્કૃતિનું સંગમસ્થાન, સંસ્કારોની મિલનભોમ. ત્યાં આવીને દેગો ચડે અને નાત જાતના ભેદભાવ વિના સૌને પેટ પુરતું ખાવા મળે. ત્યાં કથા વાર્તા ચાલે, ભજન અને કીર્તનની ઝૂક બોલે, સાધુ સંતોના સમાગમ અને સત્સંગ થાય, પ્રેમીઓના મિલન થાય. ત્યાં જોબન હેલે ચઢે. લોકજીવનની કંઈક કળાઓ હલવાય, ઉર્મિની અભિવ્યક્તિનું સહિયારૂં સ્થાન તે મેળો."

લોકકલાઓ ગ્રામજીવન સાથે સુંદર રીતે વણાઈ ગયેલી છે. અહીં કલાકારો કલાઓના ઉત્કૃષ્ટ નમૂનાઓ આપે છે. સ્ત્રીઓ મોરપીંછાના ફૂલોના, હીરના ભરત ભરેલા, ખાપુવાળા, સતારા સોનાંળિયા અને મોતીથી ભરેલાં મેઘધનુષ સાથે હરિફાઈ કરે તેવા સુંદર વીંઝણાઓ બનાવે છે. ઉપરાંત ચાકળા, ચંદરવા, તોરણ, બારસાખિયા ટોડલિયા, પડદા, ઘોડાની ગાદલીઓ, બળદની ઝૂલો, મખિયાડા શિંગોટિયા પણ બનાવે છે. મોતી અને સોનાળિયાથી મોઢિયા નાળિયેર કંકાવટી ગૂંથે છે. આવી વિભિન્ન પ્રકારની ચીજો બનાવે છે. રાવળ લોકો બળદના મોરડા ઘોડાની લગામ, સરક, ડાકિયાં અને રંગબેરંગી ફુમતાં વાળી દોરીઓ ગૂંથી આપે છે. સુથાર લોકો હીંડોળા, ઘરના બારશાખ થાંભલિયો અને તેજવામાં સુંદર અને આકર્ષક કોતરણી કરે છે. કુંભાર લોકો ગ્રામજનો માટે માટીની બતકો, વાટી, કુંજા, ગોળા, ભંભલી ભાલિયા, ગાગરડી, પતરડા જેવા વાસણો બનાવે છે. તેના પરનું સુંદર કામ જોઈને તમે વાહ વાહ પોકારી જાવ.

લોક સંસ્કૃતિના પ્રતીકસમા આપણા ગામડાંઓએ મહેમાનોને સદાયે આવકાર્યા છે. ગુજરાતના ગ્રામજીવનમાં આતિથ્ય સત્કારની ભાવના એ તો આગવો આદર્શ છે. સાજનિયા એટલે કે મહેમાનોનું અહીં કેવું સુંદર સ્વાગત થાય છે?

અમ ઘેરે સાજનિયા ભલે આવ્યા રે

સાજનિયાને ઉતારા ઓરડા દેવરાવો રે

સાજનિયાને દાતન દાડમી દેવરાવો રે

સાજનિયાને નાવણુ કુંડિયું દેવરાવો રે

સાજનિયાને ભોજન લાપસી દેવરાવો રે

સાજનિયાને મુખવાસ એલચી દેવરાવો રે

સાજનિયાને પોઢણુ ઢોલિયા દેવરાવો રે

ગ્રામજીવનમાં મહેમાનોને માટે ઉતારા ઓરડાથી માંડીને દાતણુ, નાવણુ, જમણુ, મુખવાસ અને પોઢણુ ઢોલીઆ સુધીની બધી જ કાળજી રખાય છે. ગ્રામસંસ્કૃતિનો કેવો સુંદર આદર્શ છે! આપણને હોંશે હોંશે ગુજરાતના ગામડાંઓમાં મહેમાન બનીને જવાનું મન થાય છે.



# સૌરાષ્ટ્ર–ગુજરાતની લોકસંસ્કૃતિ

—શ્રી પુષ્કર ચંદરવાકર

અંગ્રેજ જેવી સંસ્કારી અને સુશિક્ષિત છતાંય વિલક્ષણ પ્રજાના શાસનકાળમાં આ દેશની પ્રજાને અનેક નવાનવા સંસ્કારક્ષેત્રમાં વિહરવાની ઠીક તકો સાંપડી, તેનો ઇન્કાર કરી શકાય તેમ નથી. અંગ્રેજોના શાસનકાળે જેમ ભારતીય જીવન માટેની દૃષ્ટિમાં પરિવર્તન લાવવા માટે મથામણ કરી, તેવું ભારતીય સાહિત્ય માટે બન્યું છે. ભારત કૃષિકારોનો દેશ હોવાથી અને ભારતીયજનો તે સંસ્કૃતિમય હોવાથી લોકસંસ્કૃતિના થર વણભેદ્યા પડ્યા જ હતાં.

તેના તરફ આંગળી ચીંધવાનું કાર્ય ગુજરાતમાં અંગ્રેજી શિક્ષણના પ્રતાપે થી જાગી ગયેલ કવિ નર્મદે કર્યું અને લોકસાહિત્ય ને લોકસંસ્કૃતિના પ્રદેશમાં ગુજરાતના સૌથી પ્રથમ વિહરનાર પણ તે જ કવિ નર્મદ. પણ તેને લોકોના સંસ્કાર, સંસ્કૃતિ અને સ ક્રિય માટે લોકસંસ્કૃતિ જેવા શબ્દ હજુ જડ્યા ન'તા.

તે પર્યાયવાચક શબ્દ આપનાર પણ પરદેશી છે. પશ્ચિમના દેશોમાં લોકસંસ્કૃતિના ઠીક ઠીક સમય સુધી ફાવતાં પર્યાયો શોધવાની મથામણ કરવામાં આવી છે. ઈ. સ. ૧૮૪૬ પહેલાં તેના માટે અંગ્રેજી ભાષામાં બે પર્યાયો Folklore માટે જડે છે. એક છે લોકાદરને પામેલ સાહિત્ય, Popular literature, તો તે શાસ્ત્રના પશ્ચિમના કેટલાક સંશોધકોએ popular Literature શબ્દનો ઇન્કાર કર્યો અને તેમણે યોજ્યો પર્યાય, popular Antiquities લોકપ્રિય પુરાતત્વ શાસ્ત્ર, અર્થાત્ લોકપ્રિય પ્રાચીન સાહિત્ય તેમજ ચીજ જણસોનું શાસ્ત્ર. આમ લોકસંસ્કૃતિના બદલે લોકપ્રિય સાહિત્ય કે લોકપ્રિય પુરાતત્વ શાસ્ત્ર જેવા શબ્દો પશ્ચિમના દેશોમાં વપરાશમાં હતાં.

માનવજાત જેટલી પ્રાચીન છે, તેટલી પ્રાચીન છે તેની માનવસંસ્કૃતિ. પણ માનવી આ લોકસંસ્કૃતિને માટે યોગ્ય પર્યાયવાચક શબ્દ શોધવા પશ્ચિમમાં વિદ્વાનોએ ઠીક ઠીક મથામણ કર્યા પછી ઈ. સ. ૧૮૪૬માં વિલિયમ થોમ્સ નામના વિદ્વાને એમ્બ્રોસ મર્ટનનું તખલ્લુસ ધારણ કરીને આથેનેયુમ Athenaeum, પત્રમાં લખ્યું કે 'સરસ સૅક્સન સંયુક્ત શબ્દોમાંથી, 'લોકસંસ્કૃતિ' લોકપ્રિય પુરાતત્વના બદલે યોજી શકાય.

ત્યાર પછી 'પોપ્યુલર લિટરેચર' અને 'પોપ્યુલર ઍન્ટીક્વીટી' જેવા શબ્દો વપરાશમાંથી દેશવટે ગયા. અને લોકસંસ્કૃતિ–ફોકલોર–Folklore, શબ્દ પ્રચલિત બનીને હવે રૂઢ બનેલ છે લોક–સંસ્કૃતિને માટે.

યુરોપના દેશોમાં લોકસંસ્કૃતિનો Folklore, અભ્યાસ અને તેને સંરક્ષવાની પ્રવૃત્તિ અઢારમી અને ઓગણીસમી સદીમાં ઠીક ઠીક ફાલીફૂલી હતી. તેના મૂળમાં રાષ્ટ્રવાદ અને બુદ્ધિજીવીઓનો કુતૂહલવાદ Romanticism હતાં. તે સદીઓના બુદ્ધિજીવી સર્જકોએ લોકસંસ્કૃતિ અને લોકસાહિત્યના સંશોધન અને સંપાદનની પ્રવૃત્તિમાં ઊંડો અને જીવંત રસ દાખવી આ સંશોધનકાર્યને ઝડપી વેગ આપ્યો. કેમકે તેઓને સમજાયું કે લોકોના પરંપરાગત અને પ્રાચીન રીતરીવાજો તરફ ઉપેક્ષાવૃત્તિ સેવવામાં આવી રહી છે. દંતકથાઓ Legends અને Myths અને પુરાણકથાઓ ભૂલાવા માંડી છે અને ગીતકથાઓના Ballads માત્ર ટુકડાઓ Fragments સચવાઈ રહ્યા છે, તેને જરૂર સંઘરવા જોઈએ.

પશ્ચિમના દેશોમાં બુદ્ધિશાળી વર્ગના આવા ચૈત્તિક ઝોકે લોકસંસ્કૃતિ અને લોકસાહિત્યના સંશોધનને વેગ આપ્યો. ગુજરાતમાં પણ તે પ્રજાના અને સાહિત્યસંસ્કારના કારણે ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં આ પ્રવૃત્તિ તરફ કવિ નર્મદ વળ્યા અને તેમણે જાતે જ સોનાની આ ખાણ ખોદવાની મથામણ કરી.

પણ હજુય ગુજરાતમાં આ પ્રવૃત્તિમાં પડનાર પાસે આની સુપ્ત શક્તિઓ Potentialities અંગેના જેટલા જોઈએ તેટલા સ્પષ્ટ અને વિશદ ખ્યાલ નથી. ગુજરાતમાં લોકસંસ્કૃતિને લોક–સાહિત્યમાં સમાવવાની પ્રવૃત્તિ ચાલે છે તે પુનઃ વિચાર માગી લે છે.

આ પુનઃ વિચારણા પાયામથી થવી જોઈએ, કેમકે "The Discipline of folklore is an independent one" અર્થાત્ લોકસંસ્કૃતિને પોતાનું જ શિસ્ત છે.

આ પુનઃ વિચારણા કરતી વખતે જે દેશમાં આ શાસ્ત્રનું ખૂબ ખેડાણ થયું છે, તેવા પશ્ચિમના દેશો તરફ નજર રાખવી પડશે, અને તે વિદ્વાનોની સહાય લઈને આ જ શાસ્ત્ર માટેની પુનઃ વિચારણાના શ્રીગણેશ બેસાડવા પડે, તેવી આજે સ્થિતિ છે.

અમેરિકી લોકસંસ્કૃતિના મૂર્ધન્ય વિદ્વાન પ્રા. શ્રી એલાન ડુંડેઝનો મત છે કે આ શાસ્ત્રના અનેક વિદ્વાનો સંસ્કૃતિ–lore, અંગેનો તલસ્પર્શી વિચારણા કરે છે, પણ–Folk, માટે ઓછું વિચારે છે.

લોક અંગે પ્રા. શ્રી એલાન ડુંડેઝ મૌલિક વિચારણા ધરાવે છે. ગુજરાતમાં લોક શબ્દમાં વનજાતિઓ, ખેતીકાર્યને વરેલ જાતિઓ, અને ગ્રામપ્રદેશમાં રહેતા માનવોનો સમાવેશ થાય છે. આવી જ માન્યતા થોડા વર્ષો પહેલાં યુરોપમાં અને અમેરિકાના દેશોમાં હતી. જો વનજાતિઓ અને ગ્રામપ્રદેશોમાં વસતા માનવોને લોક તરીકે સ્વીકારીએ તો નગર અને શહેરોમાં વસતા માનવોને લોકમાં ન ખપાવી શકાય ? વળી લોકસંસ્કૃતિ માટે આજ દિવસ સુધી એમ માનતા આવ્યા છીએ કે પ્રાચીનકાળથી જે કાંઈ રીતરિવાજો, વિધિઓ અને સંસ્કારો ચાલ્યા આવે છે, તે જ લોકસંસ્કૃતિમાં લેખી શકાય.

પણ પ્રા. શ્રી એલાન ડુંડેઝ લોકની વ્યાખ્યા બાંધતા લખે છે :

The term "Folk" can refer to any group of people whatsoever, who share at least one common factor...but what is imp.rtant is that a group formed for whatever reason will have some traditions which it calls its own. In theory a group most consist of at least two parsons, but generally most groups consist of many individuals A member of the group may not know all other members, but he will probably know the common cope of traditions belonging to the group, traditions which it calls its own.

અર્થાત્ પ્રા. એલાન ડુંડેઝના કથન પ્રમાણે લોક એ માનવ-સમૂહ છે, જેમના વચ્ચે એકાદ સંસ્કૃતિકણ સરખો–Common હોય. આ કણ તે સમૂહ પાસે પોતાની પરંપરાગત રીતે પ્રાપ્ત થયેલો હોવો જોઇએ. આવો સમૂહ સિદ્ધાંતદષ્ટિએ ભલે માત્ર બે જ વ્યક્તિનો બનેલો હોય. છતાંય સમૂહમાં સામાન્યતઃ અનેક વ્યક્તિઓનો હોય. આવા સમૂહમાં ઘણી વખતે બધીજ વ્યક્તિઓ બધાને અરસપરસ ન ઓળખતી પણ હોય ! પણ તેમને એક તાંતણે સાંધનાર છે પેલો પોતાનો પરંપરાગત સંસ્કૃતિકણ.

લોક અંગેની પ્રા. શ્રી એલાન ડુંડેઝની આ વ્યાખ્યામાં કોઇ સ્થળે આદિવાસીઓ, વનવાસીઓ, કાંઠા વાસી કે સ્વતંત પ્રદેશના કોઈ અંચલવાસીઓ, એવા શબ્દો કે શબ્દસમૂહનો તેમણે જાણી-બૂઝીને ઉપયોગ કર્યો લાગતો નથી. તેમજ ગ્રામજનો એવો પણ શબ્દપ્રયોગ પણ તેમણે કર્યો નથી. તેમના મત મુજબ લોકને બાંધનાર, સાંધનાર અને એકત્ર કરનાર જો કોઈ બળ હોય તો પોતાની પરંપરાઓ Own Traditions, છે !

સંસ્કૃતમાં લોકની અનેક વ્યાખ્યા મળે છે તેમાંની એક છે **सहस्त्र शीर्ष** એક હજાર શીર્ષવાળો લોક સમુદાય છે, **सहस्त्राक्ष** તે એક હજાર આંખવાળો છે અને **सहस्त्र पाद** એક હજાર પગવાળો જન-સમુદાય છે. અહીં પણ સ્થળનો કોઇ ઉલ્લેખ કરવામાં નથી આવ્યો. તેમ લોકસંસ્કૃતિ અનાર્યો દસ્યુ, દ્રવિડો ઈત્યાદિની જ હતી, તેવું ક્યાંય કહેવાયું નથી.

આથી લોકની વિચારણા કરતાં સ્પષ્ટ થાય છે કે લોક સ્થળવાચક શબ્દ નથી. તે શબ્દ ભૌગોલિક સીમાડામાં પૂરાય તેમ નથી. ગામડાંમાં રહેતા, વનમાં રહેતા માનવો તે લોક, એમ તેઓ નથી, માનતા. તેઓએ લોક શબ્દને સંસ્કૃતિ વાચક બનાવ્યો છે. શ્રી જયમલ્લ પરમારે ' આપણી લોકસંસ્કૃતિ ' માં કહ્યું છે કે ' અનેક જાતિઓના સંસ્કાર – સમન્વય – સંમિશ્રણમાંથી ઉદ્ભવેલી એ ઉદાર અને અજેય નીવડેલી સંસ્કૃતિનો વિચાર કરતાં કોઇ એક કુળ કે કોઇ એક કોમનું કે ધર્મનું અભિમાન કરવાપણું રહેતું નથી." તેમણે વિશેષમાં કહ્યું છે." પ્રદેશે પ્રદેશે સંસ્કૃતિનાં વિશિષ્ટ સ્વરૂપો સર્જાવા છતાં એ વિભિન્ન ન હતા, પણ એકનાં અનેક રૂપ હતા. "

લોકસંસ્કૃતિ માટે ખરો આદર્શ તો છે આ જ. તે સાગરના ઉછાળા અને ઘૂઘવતા જળરાશિ છે. સાગરમાં જેમ ચોદિશથી લોક-માતાઓ આવીને ઠલવાય છે તેવું જ દરેક લોકસંસ્કૃતિ માટે બનવા પામે છે. લોકસંસ્કૃતિ પરત્વે અમેરિકી લોકસંસ્કૃતિકાર સાચું જ કથે છે.*

લોકસંસ્કૃતિમાં અનેક લોકોની સંસ્કૃતિઓના મિશ્રણ સેળભેળ થતાં હોય છે. નવંશશાસ્ત્રીઓના કથન પ્રમાણે સૌરાષ્ટ્રમાં કાબાઓ દ્વારાવતીના દરિયા કિનારાના આદિવાસીઓ છે. સાગર તટે ત્યારે કોળીઓ વસ્યા હતા. તે જ કોળીઓમાંથી કેટલાક જમીન પર સ્થિર થયા, ને તેમનો નૌકાવાનનો ધંધો મૂકીને તેઓ ખેતીના ધંધે વળગ્યા. આવું જ બન્યું, ગુજરાતની સરહદ પરના પર્વતોમાં ભીલો આવીને વસ્યા હતા. તેમના પરત્વે તેઓ નવશાસ્ત્રીના મત પ્રમાણે, દ્રાવિડો હતાં. તેઓને તેમની જીવનરેખાઓ અને જીવન અંગેના સંસ્કૃતિકણો હતાં, જેને પરંપરાથી સાચવતા આવ્યા હતાં. પ્રાગૈતિહાસિક કાળમાં આજના જેટલી જનસંખ્યા નહોતી, તેથી વસ્તીની ગીચતા આજ ા જેટલી ન હતી આથી જંગલોમાં, પહાડોમાં, અને નદીતીરે જનકુળો હતા, નેસડાઓ હતા.

આ નેસડાઓ પણ લોકસંસ્કૃતિનું એક અંગ હતું. આજેય પશુધનને ઉછેરતી ને સાચવતી વનજાતિઓના નેસડાઓ ગિરનારના તેમજ બરડાના ડુંગરાઓમાં જોવા મળે છે. જામનગરથી ખંભાળીયા જતાં ગંગવા નદીના કાંઠા પર આજેય ભરવાડો નેસડાઓ બાંધીને વસે છે. આજનો લક્ષ્મીથી સમૃદ્ધ સમાજ આ નેસડાની કલ્પના પણ ન કરી શકે. ઘરવાસી વસનારને આ સંસ્કૃતિનો અણસારોય ન આવે આજે હવે.

સારે ગુજરાત સૌરાષ્ટ્રમાં જે લોકસંસ્કૃતિ આજે વિકસી રહી છે. તેનો ઉદ્ગમ છે આ નેસડાની સંસ્કૃતિમાં. રોઝડી, લોથલ અને શામળાજીના ખોદકામથી જાણવા મળ્યું છે કે મોહન–જો–દડો અને હરપ્પાની સંસ્કૃતિઓ નગરસંસ્કૃતિઓ હતી. પણ તે પહેલા રખડુ જીવન ગાળતી જાતિઓની લોકસંસ્કૃતિ –nomadic civilization, જોવા મળે છે. ડો. સાંકળિયાના સાબરમતી ખીણના ઉત્ખનના પરિણામોએ કથનને, આથી, ટેકો આપ્યો છે.

તે ગુજરાતી લોકસંસ્કૃતિનું ઉદ્ભવસ્થાન સાબરમતી નદીના કાંઠા પર હોઇ શકે. લોક હજુ કુબા કરીને નદીકિનારે જીવતો હતો. તેના જીવનનિભાવ માટેના અતિ ઓછા સાધનો હતા. ત્યારે હજુ તે લિપિને જાણતો ન'તો થયો તેથી તેનાં લોકગીતો ક્યાંય જડતા

*જુઓ : Folklore comprises traditional creations of peoples, primitive and civilized. These are achieved by using sounds and words in metric form and prose, and include a so folk beliefs or superstitions, customs and performances, dances and plays. Moreover, folklore is not a science about a folk, but the traditional folk science and folk-poetry From the Dictionary of Folklore Mythology and Lagend, Vol one. P. No. 398.

નથી. તે ચિત્રલિપિથી કદાચ કામ લેવો થયો હશે, પણ તેવા આલેખનવાળાં ઠીકરાં મળતાં નથી.

પણ લોકસંસ્કૃતિના સ્પષ્ટ અવશેષ ભીલ, કાબા, કોળી, પઢાર જેવી જાતિઓનાં સમૂહમાંથી આજેય મળે છે. ભીલે તેનું તીરકામઠું છોડયું નથી. માથા પરના ઝુલ્ફાંને તેમ ને તેમ સાચવી રહ્યા છે. મેળાઓ તેમને હજુ ય ગમે છે. વાઘ, દીપડો અને ચિત્તાને દેવ તરીકે પૂજે છે. શામળાજીના મેળે જઈને નદીના પાણીમાં નહાતાં નહતાં ભૂવો પાણીની છાલકો મારી ભૂતને કાઢવાના પ્રયોગો કરતો આજે ય કારતકી પૂનમે જોવા મળશે. શામળાજીના મેળે જતાં તેઓ ગાતાં જાય છે.

શામળાજીનાં મેળે કે રણઝણિયું પીંજણિયું વાગે છે, કાનમાં વનફૂલ ખોસીને તેઓ મેળો માણવા જવાના જ, અને ત્યાં જ તેઓ બઈલાને ખોટીલે, ઘરે આવી ખાટલી પર બેસી ભીલ જુવાન અને બાઈલી સંસાર શરુ કરે !

આ છે તેમની લગ્નવિધિ લૌકિક. ક્યાંય મનુ ભગવાન તેમના આડે નથી ઉતરતો, તેમ ન જોવા મળે તેમાં વૈદિક તત્વ. તેમને ફાવતો. તેમના જીવનમાં જે તત્વો ઓતપ્રોત છે તેને જ તેમના જીવન કામ માટે તેમણે પ્રયોજ્યા છે.

ત્યારે સૌરાષ્ટ્રનો કોળી અને ખારવો પુનઃલગ્ન કઈ રીતે કરે છે ? એક માટલું કે મોરીયો લેશે. માટલામાં દીવો પ્રગટાવશે અને નર અને નારી દીવો જોવા માટલામાં નજર કરશે, ત્યારે તેમનાં માથા ભટકાશે. લગ્નવિધિ ખતમ ! આ છે લોકસંસ્કાર. આ છે લોક જીવનની એકાદ રેખા.

આ લોકોના પછી સૌરાષ્ટ્રની તેમ જ ગુજરાતની ભૂમિ પર પગ મુકનારમાં યાદવો અને આહિરો ખરા. તેઓ મથુરાવૃંદાવનમાંથી તેમની સંસ્કૃતિ લઈને આવ્યા. તેઓનો જનસમૂહ હતો. તેમની પોતાની પરંપરાગત જીવન જીવવાની આગવી રીતિ હતી. મથુરાવૃંદાવનની સંસ્કૃતિમાંથી રાસલીલા તેઓ લાવ્યા. તેઓની પુત્રવધુઓ સપ્તસિંધુના સામા તીરથી આવતી હતી. તેઓ તેમના પિયરઘેરથી લોકનૃત્યો લાવ્યા. જે આજદિન તક સૌરાષ્ટ્રના જનજીવન સાથે ઓતપ્રોત બની ગયેલ છે અને સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિનું વિશિષ્ટ અંગ બનવા પામેલ છે. દાંડિયારાસ આજની ગુજરાતી લોકસંસ્કૃતિનું અતિ આગવું અંગ બનેલ છે.

શ્રી કૃષ્ણના નિધન પછી યાદવો ઉત્તરમાં ચાલ્યા ગયા. બાદ માત્ર આહિરો સૌરાષ્ટ્રની ધરતી પર હતા. તેઓ કૃષિસંસ્કૃતિને વર્યા હતા સાથોસાથ યાદવોની ક્ષત્રિયસંસ્કૃતિને. બંનેને સાચવીને તેઓ સૌરાષ્ટ્રમાં – મધ્ય સૌરાષ્ટ્ર મચ્છુતીર અને ઝાલાવાડમાં સ્થિર થયા. તેમણે યાદવોનાં સંસ્કારોને સાચવવા જ મથામણ કરી છે. પણ તેઓ ઈ. સ. પૂર્વે પાંચમાં શતકમાં સૌરાષ્ટ્રમાં દરિયાવાટે આવેલ આયોનિયન, એક અન અને યોન ગ્રીકજાતિઓના પરિચયમાં આવ્યા. આ ગ્રીકોની મોટી વસાહત યોનાગઢમાં – આજના જૂનાગઢ, હતી. ગ્રીક દેવ સૂર્ય, જોડા અને માથાના ટોપ વિ. સાથે જોવા મળે છે. તેવું તો આહિરોએ તેમની પાસેથી સ્વીકાર્યું લાગતું નથી. પણ વસાહતની સંસ્કૃતિ સ્વીકારી લાગે છે અને નાનકડીય વસાહત ફરતો ગઢ કરવો, તેનો પણ સ્વીકાર તેઓએ કર્યો છે. લાકડાના કોતરકામના સ્થાને ગ્રીકલોકોએ પત્થરનો સ્વીકાર કરાવ્યો. લાકડાનાં દેવ અને દેવીઓ ગ્રીકો અહીં આવ્યા, તે પહેલા આ ભૂમિ પર જ હતા. ગ્રીકજાતિઓના સંપર્કથી લાકડાના સ્થાપત્યના સ્થાને પત્થરનું ઘડતરકામ આવ્યું. આજે ભીલોમાં લાકડાના પાળિયાઓ Memorial Headstones મળે છે, તે લોકસંસ્કૃતિનો એક મહત્વનો કણ છે, એમ માનવુંજ પડશે તો શિકોતર માતાનું મહત્વનું મંદિર સાબરમતી દરિયા કિનારે મળે છે. ત્યાં આવેલું છે ભાલબારામાં. ત્યાં આજે ય શિકોતરી માતાની લાકડાની મૂર્તિ છે. ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક ગામડાઓમાં દેવ દેવીઓનાં ' કડસવા ' મળે જ છે ?

આજના ચોરસ, લંબચોરસ અથતિ લીટીમાંથી થતી આકૃતિની ઘરરચના ભાદર નદીના કાંઠે રોઝડી ગામમાંથી મળેલ સંસ્કૃતિમાં જોવા મળે છે. ડો. સાંકળિયાના ઉત્ખનનમાંથી સાબરમતી ખીણમાં ગોળાકારના કૂબાઓ હતા, જે પઢારગામોમાં અને ગામના પાદરમાં વાસ કરીને પડેલ વાઘરીઓમાં જોવા મળે છે તેને પણ લોકસંસ્કૃતિના અભ્યાસીઓએ સ્મરણમાં રાખવા પડશે. નગરરચનાએ આજના સ્થાપત્યનો નમુનો આપ્યો છે. જે આજે સર્વત્ર જોવા મળે છે પણ સાથેસાથ કૂબાઓની સંસ્કૃતિ પણ અત્રતત્ર જોવા મળે જ છે.

સૌરાષ્ટ્ર ગુજરાતને ડો. ઇરાવતી કર્વેએ ઉત્તરમાંથી દક્ષિણમાં અને દક્ષિણમાંથી ઉત્તરમાં જતી જનજાતિઓના થાકલા માટેનો ગોખ કહે છે. થાકલો ખાવા રોકાયેલ અનેક જનજાતિઓ સૌરાષ્ટ્ર ગુજરાત માં સ્થિર થઈને વસી ગયેલ છે. ગુજરાત મધ્ય પ્રદેશની સરહદ પરના સફેદ ભીલો ખરેખર તો તેઓ ઈ. સ. પૂર્વ ત્રીજા ચોથા શતકમા અત્રે આવેલ ગ્રીકજાતિના જ અવશેષો છે. તે ગ્રીકજાતિના એક કુળની જેમ પછી તો અનેક કુળો અહીં ઉત્તરમાંથી આવતા થયા. માટે જ અત્રે પેલા રૂઢિપ્રયોગને સ્મરવું પડે છે. ' અગત્સ્યના વાયદાઃ ' ઉત્તરમાંથી આર્યકુળો દક્ષિણમાં ગયા ત્યારે તેઓ ગુજરાતમાં થઈને ગયા હોવાનું માની શકાય છે. વૈદિક સમય અને ત્યારપછીના એકાદ હજાર વર્ષના ગાળામાં જનજાતિઓનું સ્થળાંતર ખૂબ મોટી સંખ્યામાં થયું હોવાનું મનાય છે. ઉત્તરમાંથી દક્ષિણમાં. તેમ જ સાગરવાટે ગ્રીકો અને સિરિયન લોકો સૌરાષ્ટ્રમાં આવ્યા હોવાનું મનાય છે. ગ્રીક પ્રજાના અવશેષો, જાતિશાસ્ત્રની દૃષ્ટિએ બરડાના મેરમાં અને પંચમહાલના ભીલોમાં આજે જોવા મળે છે. અને સીરિયનો અહીં આવ્યા હતા. તે ઓખા મંડળમાં આરંભડા ગામના પાદરમાં પાંચ ભાઇઓની વીશ હાથ લાંબી કબરો પરથી પ્રતીતિ થાય છે. ગોરંજના ગામના પૂર્વ સીમાડે સાયબાની કબર છે. તે પણ તેની પ્રતીતિ આપે છે. તદુપરાંત જગતના મંદિરના શિખરના ચણતરમાં એક ગોખ માથે પાંખવાળી પરીની જે મૂર્તિની આકૃતિ છે તે પણ સીરિયન પ્રજાના સંસ્કારનો અહીં અવશેષ જ માનવો રહ્યો. આખાય ઓખામંડળમાં ગોરીજના બીજા સદીના બાદશાહ સક્કર બેલીમ, તેની શાહજાદી પદ્મ અને તેના શાહજાદા રાયબાસાયબાની લોકકથા ખૂબજ જાણીતી અને પ્રચલિત છે. તેમના પરાક્રમની કથા આ દોહામાં મઢી છે.

તોગો ભરત, તમાચો, હાલોને હમીર,<br>
હીકરે પિયા કારણે, મર્યા પંજે વીર !

આ પાંચે વીરના મોતની કથાના તાણાવાણામાં તત્કાલિન જીવનરેખાઓ દોરાયેલ પડેલ છે. તે કથામાં ભારત અને ઇરાન અરબસ્તાનના વહાણવટાની ય રીતિ મળે. ઇમણીબીબીની પરાક્રમગાથા પણ મળે. આમ, પરદેશમાંથી આવેલ સીરિયનોની વસાહત સૌરાષ્ટ્રમાં સ્થપાય, રાજવંશ બને અને મેહેમ ગુડ્ડા જ્યારે સક્કર બેલિમને હરાવી સિંધમાં હાંકી મૂકે છે ત્યારે સક્કર બેલિમને પાછો સૌરાષ્ટ્રમાં આવવાનું સમજાવવા એક બારોટ જાય છે. શી માનવજીવનની મહેક ફોરે છે? સક્કર બેલિમ પરદેશનો, પરસંસ્કારનો. તેની વ્હારે સોરઠીઓમનો બારોટ ચડે!

આ દિલાવર દિલની લોક સંસ્કૃતિનાં આમ, એક લીટે મંડાયો ને! આમ જ, લોકસંસ્કૃતિનો પ્રવાહ પુષ્ટ બને છે.

બીજી સદી પછી લોકસંસ્કાર અને લોકસંસ્કૃતિની લોકમાતાનો જળપ્રવાહ એઉ કાંઠે ભરપટે વહેવા માંડે છે. પ્રમત્ત બનીને! કેટકેટલી પ્રજાઓ સૌરાષ્ટ્ર ગુજરાતમાં ઉભરે છે? ઉત્તરમાંથી તેમનો ધસારો કચ્છના રણ વાટે સૌરાષ્ટ્ર તરફ રહ્યો; અરવલ્લીના ડુંગરાઓ વટાવીને સિદ્ધપુર પાટણ તરફ ઉત્તરમાં ભરવાડો–દેસાઈઓ આવી સરસ્વતી ને બનાસતીરે સ્થિર થયાં. જાટ લોકોની ટોળીઓ અરવલ્લીના ડુંગરાઓમાં આવી વસી. કૃષિ સંસ્કૃતિનો સ્વીકાર કર્યો અને આંજણા પટેલના નામે ગુજરાતમાં સ્થિર થઈ ઓળખાયા ને હડુલાનાં લોકગીતો અને હળોતરાનો તેમનો લોકસંસ્કાર ઉત્તર ગુજરાતમાં સ્થિર થયો. હળોતરાની વિધિ અને વિધિગીતો Ritnal songs, આજે ય ઉત્તર ગુજરાતના આંજણાગામોમાંથી મળે છે. તેમના સાથમાં પટેલોનો વસવાટ તેમની ય સંસ્કૃતિને આંજણાની સંસ્કૃતિનો ચેપ લાગ્યો અને આથી આખાય ઉત્તર ગુજરાતમાં હડુલાં ને હળોતરા ઘૂમવા લાગ્યા. આમ માનવની એક ટોળીએ તેમની જીવનરીતિને એક પ્રદેશમાં વ્યાપક બનાવી. લોકસંસ્કૃતિનો આમ જ, ઓપ અને ઢોળ ચડતો હોય છે.

તો ચોથી સદીમાં મગ બ્રાહ્મણો પણ ઉત્તર ગુજરાતમાં આવ્યા ને સાથમાં સૂર્યપૂજા લાવ્યા. મોઢેરામાં તેનું ભવ્ય મંદિર બંધાવ્યું. તો તે જ સૂર્યપૂજા સૌરાષ્ટ્રમાં કાઠીઓ લાવ્યા. સૂર્યની સાથે રાંદલ આવ્યા અને રાંદલની લોક વાર્તા, રાંદલને તેડવાની વિધિ અને રાંદલનાં લોકનૃત્ય – ઘોડો ખૂંદવો ને હમચ લેવી, ગુજરાતભરમાં સૌ જાતિઓમાં વ્યાપક બન્યા. રાંદલમાતા લોકસ્થાપિત દેવી છે. તેમનો ઉલ્લેખ શાસ્ત્રોમાં ક્યાંય જોવા મળતો નથી. સૂર્યદેવ પર અનેક સૂક્તો ઋગ્વેદમાં મંડાયા છે, પણ રાંદલમાનો તેમાં અણસારોય નથી. પણ રાંદલમાં લોકજીભ્હા પર વિરાજી ગયા અને ગવાય છે.

દડવેથી ન, દડવેથી ન, મા દડવડયા.
તો રાંદલમાની લોકવાર્તા ગુજરાતમાં ગોકળિયામાં જીભો પર આજેય રમ્યા કરે છે. આમ ચોથી સદીમાં પંજાબની ઉપરથી આવેલ મગ પારસી બ્રાહ્મણો રાંદલમાને અત્રે લાવ્યા અને રાંદલમાએ લોકજીવનમાં પોતાનું વિશિષ્ટ પ્રકારનું સ્થાન ઉભું કર્યું અને જનજીવનમાં તેઓ ઓતપ્રોત થઈ ગયા. સૂરજદેવ ન રહ્યા આ મગ્ગ જાતિના કે તે અન્ય કોઇ જાતિના. જે સૂરજદેવ એકલા હતા તે સપત્ની વિરાજમાન બન્યા લોકહૃદયના સિંહાસને. આથી તેઓ સૂર્યમંદિરમાં પણ રાંદલ સાથે આજેય વિરાજતા જોવા મળે છે. આમ, એક જાતિએ પોતાના ઇષ્ટદેવ કે ઇષ્ટ દેવીને લોકસંસ્કૃતિની શેરીમાં રમતા મેલ્યા. ને તે દેવીએ આખીય શેરીને કબજે કરી. આવુંજ કાંઇ શિકોતરી, સિંધુ અને હિંગળાજ મા માટે બન્યું છે. બલુચિસ્તાન તરફથી આવેલ પહારજાતિ હિંગળાજ અને સિંધુ માતાને નળસરોવરમાં લાવ્યા. આજે આ બંને લોકમાતાઓ બની બેઠેલ છે. શિકોતરની દંતકથા કહે છે કે તે લુહાણા જ્ઞાતિ સાથે આવ્યા. આમ, પંજાબ અને સપ્તસિંધુના પ્રદેશના લોહારગઢથી તેઓ ગુજરાતમાં આવ્યા ત્યારે તેમને લાવ્યા. ને આજે શિકોતરમાં દરેકે દરેક ગામના પાદરમાં બેઠા છે. આર. ઈ. એન્થોવન ગુજરાતની લોકસંસ્કૃતિ માટે અંગ્રેજીમાં મૂલ્યાંકન કરતા લખે છે, 'Studunts of folklore may discover meterials of Real value" આવા જનપદનાં દેવદેવીઓની દહેરીઓમાં ને પાળીયાઓમાં લોકસંસ્કૃતિ મૂલ્યવાન બની વિલસતી પડી છે. આવા ગામના પાદરમાં બેઠેલ દેવદેવીઓ લોકસંસ્કૃતિના જીવતા જાગતા સંસ્કારકણો છે. તે સઘળાને એકત્રિત કરીએ તો જ સમગ્ર ગુજરાતની લોકસંસ્કૃતિનું સંપૂર્ણ ચિત્ર ઉપસાવી શકાય.

તો આજે જીર્ણશીર્ણ દશામાં ગામના પાદરમાં ઉભેલ પાળીયાને ય લોકસંસ્કૃતિના આધારસ્થંભો લેખ જોવા પડશે. તેઓના ઉદરમાં જનજીવનના ધબકારો હાંસ્યા છે. ધરતીના માનવીનો મિજાજ અને લોકજીવનનો પ્રબળ લીસોટો તેમાં ચિત્રાયેલો પડ્યો છે. દરેકે દરેક પાળિયા પાસે માનવવંશનો ઇતિહાસ છે, તો મધ્યકાલિન જનજીવનના કેવા અરમાન હતા, તે હવાફરફર તેમાંથી પામી શકાય છે. તે જ પાળિયાઓ ઇતિહાસના અડીખમ પ્રવક્તાઓ બનીને બેઠા છે. આ લોકસંસ્કૃતિકણ કઇ ભૂમિનો? આ લોકસંસ્કારના કણ ક્યાંથી ઉડીને આ ભોમકા માથે આવી વિકસ્યો? તર્ક છે કે પ્રાચીન ગ્રીસની સંસ્કૃતિમાં આ લોકસંસ્કૃતિના કણ હતો. જે ઉડીને આ ધરતી પર આવી ઠર્યો હોય. ઇંગ્લાંડમાં પણ પાળિયા રચવાનો રિવાજ એક કાળે હતો પણ ગુજરાતના ભીલોએ આ સંસ્કૃતિના કણને લહેરાતો મેલ્યો હોય તો ના નહીં! પણ સામન્તશાહી જ્યારે લોકસંસ્કૃતિને બથ્થ ભીડીને પડી હતી, ત્યારે વીરપૂજાનો વિચાર પણ આમાં આવીને સમાઈ બેઠો અને પરિણામે તેણે સંસ્કૃતિનું રુપ ધારણ કર્યું. આમ પાળિયાની કોતરણીમાં એક કમાન – Arch, દોરીને પેલા મંદિરનો ભાવ રેખાની વ્યંજના વડે કંડારીને માનવને મહામાનવ બનાવીને લોકહૃદયમાં સ્થાપવા, પત્થરમાં કોતરી ગામના પાદરમાં તેને બેસાડી દીધો હોય અને પછી તો તેના શિલ્પે તેનું આગવું કલારુપ ધારણ કરવા માંડ્યું હોય!

આ લોકસંસ્કૃતિ રહનસહનની ટેવોમાંથી તત્ત્વજ્ઞાનનું રુપ ધારણ કરે છે. લોકસંસ્કૃતિ તે પોથી માંહિના રીંગણા જેવી જીવારીતિ નથી. લોકસંસ્કૃતિ આચારસંહિતા કારું ધારણ કરે છે. તે જેમ વિધિમાં સમાયેલ છે તેમ ચિત્તની ગુહામાં પ્રવેશીને રોમેરોમમાં તન્મયતાનું રુપ લઇને પાછી આચારરુપે પ્રગટે છે. જે વિધિઓ હતી, વિધિનિષેધો હતા, તે પાછા વિચારદેહ ધારણ કરે છે. આદિમાનવે ટકી જવા માટે હિંસાને જીવનમાં સ્વીકારેલ હતી, તે જ માનવ બૌદ્ધકાળમાં તેમ જ ભગવાન મહાવીરના ઉપદેશોથી જાતને પૂણ્યોદકમાં પખાળે

છે અને અહિંસા, દયા, અને સહિષ્ણુતાને જીવનમાં ઉતારે છે. ધઉંલાની કથાના કથનાર સમાજે કીડીની પણ હિંસા ન થાય, તેની કાળજી લીધી અને લોકગીતમાં તે વિચારકણને ઢાળી દીધો.

આમ લોકસંસ્કૃતિ સ્થગિત તત્વ–stagnant,–નથી પણ તે નદપ્રવાહની જેમ અસ્ખલિત વહેતો પ્રવાહ છે. ગુજરાતની લોકસંસ્કૃતિ માટે આ કથન તેટલું જ સાચું છે.

માનવની આ સંસ્કૃતિનો કણ માનવબોલીમાંય વિલસતો જોવા મળે છે અને તે જ લોકબોલીયો આજે ય ભાષાશાસ્ત્રીઓને મલકાવે છે, તેમના અભ્યાસની ભરપટે સામગ્રી આપે છે. ગુજરાતમાં વિહરતો આ માનવી! સરબેસરખો લાગતો આ માનવ દરિયાકાંઠે જીભ ઉપાડે તો કેવી મીઠી બોલી વદવાનો. 'ન' ની જગ્યાએ 'લ' વાપરતો જોવા મળે બરડાનો મેર 'કાંવ' ઉચ્ચારે, 'નથી' ના સ્થાને 'નથ્થ' 'સાં' ના થાને 'ન્યાં', 'ઉર્જ', ઈત્યાદિ ઉચ્ચારે. 'સ' નું ઉચ્ચારણ પણ ઠીકઠીક પલટાઓ લે. 'ર' ની જગાએ 'લ' પણ બોલાય. ચાલો, હાલો અને હીંડો; આ જ માનવે ઉચ્ચાર્યું. 'ક્યાં જાવ છો' માં 'ક્યાં' જ્યારે માનવને અપશુકનિયાળ લાગ્યો, ત્યારે ઉત્તર ગુજરાતે સતગમ્ જેવો શુભવાચક શબ્દ પ્રયોજ્યો. શી આ લોક-માનવની કલ્પનાશક્તિ છે? તેની લોકવાણી પર તો વરી જવાય! ભલકારા ભણી નખાય! દરિયાકાંઠે બાળક જાય ને છીપલા ઉસરવા માંડે તેમ જ તેના રુઢીપ્રયોગોને બેગા કરવાનું મન સહેજે થઈ જાય છે. પણ કેટકેટલા બેગા કરવા?

આકાશના તારાઓને એકઠા કરવાનું કામ જેટલું શ્રમસાધ્ય છે તેટલુંજ વિરાટ અને શ્રમસાધ્ય આ કાર્ય છે. કોણે આવીને કયો શબ્દ આ ધરતી પર ક્યારે વેર્યો તે ય વિચારવાનું રહે. ત્યારે દ્રવિડો, આર્યો, યવનો, તુર્કો, મોગલો, ગુજરાતી સુલતાનો, મરાઠાઓ, અંગ્રેજોએ આવીને આ લોકભાષાને કેટકેટલા શબ્દો આપ્યા છે? લોકનો સ્વભાવજ એ છે કે કાંઈક પસ્તાનું –deposit–, મૂકીને આગળ જવું કે કરમાઈ જવું! આના કારણે લોકભાષાઓના ભંડાર અખૂટ બન્યા છે. તેના શબ્દો પરત્વે અને સવિશેષ વાણી લહેકા પરત્વે!

લોકસંસ્કૃતિનો આ પણ એક વિલસતો અને ઝગઝગારા મારતો કણ છે! સમૃદ્ધ અને ભરપૂર! લોકને નવનવા વેણે, બોલે, રુઢિપ્રયોગે તેમજ લહેકાએ લડાવતો સંસ્કૃતિ બોલ! તેની સમૃદ્ધિએ ગુજરાતની લોકસંસ્કૃતિ અતિ સમૃદ્ધ છે.

તો માનવે પોતાના દેહને ઢાંકવા ચર્મવસ્ત્રો, વલ્કલથી માંડીને આજ સુધીમાં કેટકેટલા ધારણ કર્યા છે? તેનો એ ઈતિહાસ લોક-સંસ્કૃતિકારે માંડવો પડશે. ગવન. મશિરઓઢણી કાપડું, કમ્જો ઈ. નાં રેખાંકનો સાચવવા પડશે તે. ઝમણું, બેરખાં. ત્રોટી જેવાં અલંકારો આજે ક્યાં જોવા મળે છે? તો પુરુષની વેશભૂષામાંથી પાઘડીઓ, સાફાઓ ઈત્યાદિને પણ લોકસંસ્કૃતિના અંગ જ માનવા પડે. પાઘડીમાં જાડેજા પાઘડી અને મેરનો મેવાડી પાઘડી આજે ય સારા સૌરાષ્ટ્રમાં વિશિષ્ટતા તરીકે લેખાય છે. આ પાઘડીઓ ક્યાંથી આવી, કઈ જાતિના આગમન વખતે તે આવી અને કઈ જાતિએ તેને વિશેષ અપનાવી ને ક્યારે તે સઘળી પાઘડીઓએ સામાજિક મોભાનું સ્થાન પ્રાપ્ત કર્યું. આ સઘળી લોકસંસ્કૃતિના લીસોટા પાડતી રેખાઓ છે.

મેવાડી પાઘડી જેટલી મેર જાતિમાં પ્રચલિત છે, તેટલી જ તે વાઘેરોમાં છે અને રાજસ્થાનના મેવાડમાં તો ઠેરઠેર નજરે પડે છે. આ પાઘડીના કારણે રાજસ્થાનના મેવાડ અને મેર વાઘેરોના સંબંધો અંગે કોઈ તર્ક કરી શકાય? એટલો જ કે લોકસંસ્કૃતિમાં લે દેની પ્રક્રિયા પણ અવિરત પણે ચાલુ રહેતી જોવા મળે છે.

સારા ય સૌરાષ્ટ્રની શોભા સમ ઓખાઈ જોડા સોરઠી સંસ્કૃતિનું આગવું આભરણ છે. ઓખાના નામને સાચવે એક ઓખામંડળ ને બીજો આ જોડો. સારાય ભારતવર્ષના જોડાથી અલગ પડી જતા આ જોડામાં લોકસંસ્કૃતિનો આત્મા કંડારેલ જોવા મળે છે. તે વિસરે લોકસંસ્કૃતિ વિસરાય!

લોકસંસ્કૃતિમાં ચીજ જણસ વેચવા નીકળતી જાતિઓની સાદ દેવાની રીતિઓનો પણ સમાવેશ થાય છે. જે જાતિને ભણતરની ઉજળી સંસ્કૃતિનો પાસ નથી લાગ્યો, તે જાતિ સાદ દેવામાં માત્ર ચીજ કે જણસનું નામ જ બોલશે. જ્યારે શહેરમાં વર્ગ સાથે ભણેલ લોક હશે તે ચીજજણસોની આગળ વિશેષણો મૂકીને તેને સુશોભિત પણ બનાવશે. તેના ગુણમાં વધારો કરશે, વાણી વડે! ઉદાહરણ તરીકે નળકાંઠાનો પઢાર જ્યારે શહેરમાં થેક વેચવા આવે છે ત્યારે બૂમ દે છે માત્ર 'થેક' 'થેલ' ની જ! તે જ શહેરનો લારીવાળો દાડમ વેચવા માટે લલકારતો હોય છે 'લીલુડી દાડમડીના ચલોહડીના દાડમબીજ આલ્યા, લાલમ લાલ દાડમ! આ બંનેની ચીજજણસો વેચવા માટેની રીતિની પણ નોંધ પેલો લોકસંસ્કૃતિનો સંશોધક જરુર લે છે અને બંને વચ્ચેના તાત્વિક ભેદને સમજાવવાનો પ્રયત્ન કરવાનો જ લોકસંસ્કૃતિને ઓપ નથી ખપતો. સરળતા અને સાદાઈ લોકસંસ્કૃતિના કવચ છે. માટે જ નળકાંઠાનો પઢાર માત્ર થેક! થેક! એટલોજ અવાજ દે છે! આમાં સરળતા, સાદાઈ અને અણઘડતા છે!

ત્યારે લોકસંસ્કૃતિમાં લોકસાહિત્યના અંગોનો સંસ્કૃતિની નજરે અભ્યાસ સમાય જાય છે તેની ના કહી શકાય તેમ છે. આ લોક-સાહિત્યના સંપાદકે સાહિત્યના માટે લોકસાહિત્યને એકત્ર કરવાનું છે જ પણ તે સાથે તેણે નજર રાખવાની છે લોકસંસ્કૃતિ પર. અને આથી જ્યારે લોકસંસ્કૃતિજ્ઞ લોકસાહિત્યના સંપાદનના કામે લાગ્યો હોય ત્યારે લોકગીત કે વાર્તામાં સાહિત્યનો કણ વિલસતો જોવા મળે કે ન મળે તોય લોકગીત કે વાર્તાને સંસ્કૃતિના સમર્થ સ્ફોટ કરનાર બળ તરીકે જરુર સંઘરવાનો. તેમાં તે શ્લીલ અને અશ્લીલના રંગ જોવાની પણ મથામણ નહીં કરવાનો. તેમાંથી તેને માત્ર તારવવાની છે લોક-જીવનની એકાદ રેખા. ગુજરાતમાં આ નજરે હજુ કેટાણાનું સાહિત્ય એકત્રિત નથી થયું. દૃષ્ટાંત કથાઓમાંથી પણ ઠીકઠીક બાકી રહી ગઈ છે. તો નાતપંચો, નાતરા અને સવેળા વેળાએ બેસે છે ત્યારે તેઓ ચૂકાદો–ન્યાય, આપવા માટે જાત અનુભવમાંથી, સાંભળેલ કથામાંથી જે ઓઠાંઓ ટાંકે છે તે પણ સંઘરાવવા જોઈએ. જ્યારે તે સઘળાને એકત્રિત કરવામાં આવશે ત્યારે ગુજરાતના લોકના જીવનની તૂટતી એકાદ રેખા પૂરી દોરાશે.

બાકી નર્મદથી લોકસાહિત્યને એકત્રિત કરવાના શ્રી ગણેશ મંડાયા છે તે આજ દિવસ સુધી ચાલુજ રહ્યા છે. લોકકથાઓ. ઉખાણાંઓ, બાળકાવ્યો, હાલરડાંઓ, રાસડાંઓ, ગરબાઓ, ગરબીઓ, ગરબાઓ, લગ્નગીતો, મરશિયાઓ ઈ. સારી સંખ્યામાં ગુજરાતમાં સંઘરાયા છે.

પણ લોકવાર્તાઓ વિશેષે સાહિત્યદષ્ટિએ સંપાદિત બની છે, તેના બદલે હવે વૈજ્ઞાનિક ધોરણે સંપાદિત બને તે સવિશેષ જરૂરી છે, કેમકે તો જ તેમાંથી લોકસંસ્કૃતિનો હીરલો સાંપડે!

ગુજરાતના આ લોકે જેમ દેવદેવીઓને પૂજ્યા ને આરાધ્યા, તેમ વૃક્ષો અને પશુઓને પણ પૂજ્યા છે. હાથીને ગણપતિ ગણ્યા, ગાયને માતા કહી પૂજી છે, કૂતરો કાળદૂતના એંધાણનો જાણુહાર મનાયો છે. વળી ગાયમાં તો તેત્રીશ કોટિ દેવતાઓ આવી વસ્યા છે માટે તે સૌથી વિશેષ પવિત્ર છે આવી લોકમાન્યતાઓ ગાય માટે આખા ય ગુજરાતમાં પ્રચલિત છે. વાંદરમાં લોકે હનુમાનજીને જોયા છે, કેટલાંક પશુઓ દેવદેવીઓના વાહન હોવાનું લોકમાન્યતામાં છે. ઉદાહરણ તરીકે કૂતરો કાળભૈરવનું વાહન છે, પાડો યમનું વાહન છે, સિંહ અંબાજીનું વાહન છે આર્ય દેવદેવીઓના આ વાહનોની પાછળ લોકસંસ્કૃતિના લીસોટા છે જ. આદિ ધર્મ અને પશુપૂજાનાં સંપ્રદાયને સમજવા માટે આ સફળ મબલખ સાધનો છે. લોકસંસ્કૃતિના રાજદરબારમાં જવા માટેની આ સૌ કેડીઓ છે.

તો વૃક્ષપૂજા પણ ગુજરાત સૌરાષ્ટ્રમાં વ્યાપક છે. આની જીવતી શાખ વટસાવિત્રીની પૂજા આજે ગુજરાતસૌરાષ્ટ્રમાં પ્રચલિત છે. તુલશીવિવાહ દર કારતકમાં આવી ઊભો રહે છે. દશેરાના દિવસે ક્ષત્રિયો શમીપૂજા કરે છે. પીપળો પણ પૂજાય છે. જાળના વૃક્ષ નીચે મામા વસે છે ને તેથી મામો જાળવાળો માનીને જાળની પૂજા પણ થાય છે. તો જો કોઈ દેવસ્થાનક પાસે કેરડા હશે, તો કેરડા પર લોકમાન્યતાના કારણે ફાટલ વસ્ત્રો આણીને લોક મૂકી જાય છે. શીતળામાતા બોરડીના થડે વિરાજે છે એવી લોકમાન્યતા હોવાથી બોરડીને પણ પવિત્ર વૃક્ષમાં લેખાય છે. લીમડામાં બ્રાહ્મણનો વાસ છે એમ માનીને લીમડાની પણ પૂજા થાય છે. તે જ માન્યતાના કારણે બાવળને પણ સૌરાષ્ટ્રગુજરાતમાં પવિત્ર માનનાર એક જનસમુદાય છે. આ વૃક્ષ પૂજા લોકસંસ્કૃતિનું એક પ્રબળ અંગ છે.

આ જ લોકશાસ્ત્રની ભાવનાએ લોકોના નામાભિધાનમાં મહત્વનો ફાળો આપ્યો છે. હાથીભાઈ. વાઘજીભાઈ, નાગજીભાઈ, મોભાઈ, ટીડો ઇત્યાદી અનેક આવાં નામો પ્રચલિત છે જ. તે જ પ્રમાણે વૃક્ષાદિમાંથી લોકોએ પોતાના સંતાનોના નામો વીણી લીધા છે. જેમકે દૂધી, તુળશી, આંબો, ગુલાબ ઇત્યાદિને લેખી શકાય. જડી, મીઠી, રુડી, રુખડ, નોધો ઇત્યાદિ નામોમાં લોકસંસ્કાર સ્પષ્ટ તરી આવે છે

આ નામોમાં લોકસંસ્કૃતિના મૂળ જડે છે, લોકમાન્યતાઓ મળે. એક સંસ્કૃતિ બીજી સાથે કેવી રીતે મિશ્ર બની તે પણ તારવી શકાય છે. તો ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ, સમાજશાસ્ત્રની દૃષ્ટિએ, લોકશાસ્ત્ર તેમજ લોકસંસ્કૃતિની દૃષ્ટિએ લોકનામોનો અભ્યાસ મહત્વનો છે, આવો અભ્યાસ જાણીતા વિદ્વાન સર રુસ્તમ મસાણીએ કરીને પુસ્તક પ્રસિદ્ધ કર્યું છે, તેમાં ડા. કત્રે લખે છે: દરેક ધર્મને નામ પાડવાની વિધિ અને રીતિ હોય છે આથી જરા ય આશ્ચર્ય પામવાનું નથી કે આદિવાસીઓએ આ નામકરણવિધિને આશ્ચર્યપ્રેરક અને પ્રભાવવાળી બનાવી. સર મસાણી લખે છે:

"It is besides, a repository of folk culture, and is, so to say, stamped on the forehead of individual human beings reflecting the traditions and usages of the community to which they belong and the level of culture attained by it."

આમ, નામોમાં ય લોકસંસ્કૃતિના ચમકારા શોધનારને જરૂર જડે છે.

આમ લોકકળાઓ અંગે પણ બનવા પામ્યું છે. મોહન-જો-દડોની નગરરચનાનું સ્વસ્તિકનું ચિન્હ આજે સારા ય ભારતમાં લોકસંસ્કૃતિમાં વ્યાપક બને છે. તો ગ્રામજનો તેમનાં કોટડાના ભીંતડા પર દાતણના કુચાથી, નખથી કે હથેળીથી રંગીન ચિત્રોના આલેખ કરે છે. તેવાં ચિત્રો આજે ભીંતચિત્રો તરીકે મહત્વનાં બન્યાં છે. શ્રી રંધવા જેવા કલાપ્રેમીને તે ચિત્રો આકર્ષે છે અને તેની પ્રતિકૃતિઓ દોરાવીને ગ્રંથસ્થ કરે છે. લોક ચિત્રકળામાંથી બંગાળના નામી ચિત્રકાર જામિનીબાબુ પ્રેરણા લે અને તેમની નવી શૈલી સર્જે. ગુજરાતમાં શ્રી ખોડીદાસ પરમારે ભરતકળામાંથી પ્રેરણા લઇને લોકચિત્રકળાના શ્રીગણેશ માંડ્યા છે. પારસી ચિત્રકાર શ્રી શ્યાવક્ષ ચાવડાએ સુરત જીલ્લાના માટીના વાસણો પરના રેખાંકનોનો અભ્યાસ કરી તેમની રેખાઓ અને રંગને ઘૂંટ્યાં છે. તો લોકોના બાળોએ માટીનાં તેમજ લાકડાનાં રમકડાંથી ખેલા ખેલી. તેમાં ય કલાદષ્ટિ જોવા મળે છે. શ્રી અજીત મૂકરજીએ તો તેમાં ભારતીય લોકની આત્મકથા જોઈ છે. તેમના શબ્દો આ રહ્યા: 'In fact, folk toys are in a way the autobiography of the Indian People.' જેમ લોકચિત્રકળામાં નવનવા પ્રતીકો-Symbols-આપ્યા છે, તેમ જ રમકડાં પરત્વે બન્યું છે. તેમાં ય નવનવા પ્રતીકો-Symbols-મળે છે. લોકસમુદાયે ધરઆંગણે ઉગતાં છોડવાઓ, વરખડાઓ, વેલો, બુટ્ટાઓ અને ફૂલડામાંથી રંગની શોધ કરી અને દાતણના કૂચાની પીંછી બનાવીને ફૂલડાઓની તેમજ દેવદેવીઓની ચિતરામણ ભીંત પર કરી, અને જેની નોંધ આજના સુશિક્ષિત સમાજે લીધી છે, કેમકે લોકની તે આગવી કળા હતી.

તેવી જ મહત્વની કળા તે લોકસંગીત અને લોકવાદ્યોની છે. એ સંગીતના સૂરો રેલાવવા માટે શરણાઈ, તૂરી, ભૂંગળ જેવા લોક વાદ્યો લોકે બનાવ્યાં. ઢોલ, ઢોલકા, પખાજ અને ડૂંડી જેવા લોકવાદ્યો આજે યે લોકસંગીત સાથે સૂરાવલિઓના સાથી બને છે. તંબૂર, રાવણહથ્થો ને જંતર તેમ જ મુરલી પણ લોકસંગીતનો સથવારો છે જ. આ સંગીતમાં ય લોકસંગીત સરજીને લોકસંસ્કૃતિના નાનકડા જળપ્રવાહને લોકસંસ્કૃતિના મહાનદ ભણી વહેતો મૂક્યો, ગુજરાતમાં!

તો શુકનઅપશુકન, વ્હેમો અને લોકમાન્યતાઓ ય લોકમાં પ્રચલિત છે. હરણ જમણા હાથથી ડાબા હાથ તરફ જાય તો ફતેહ થાય. શિયાળની લાળીમાંથી શુકનઅપશુકન તારવવામાં આવે. સાપ આડો ઉતરે તો સારા કામે ન જવાય! વરરાજાને નજર ન લાગે તેથી કાન આગળ મસની ટપકી કરવી જોઇએ અને વરને કોઇનો વળગાડ ન થાય. તેવા ખ્યાલથી વરના હાથમાં તલવાર આપવી જોઇએ. રાતે કોઇને લક્ષ્મી ન અપાય ને સંધ્યાકાળે નવરાત્રીના

દિવસોમાં નેવા નીચે ખાટલો ઢાળી ન બેસાય કે સૂવાય. આવી કેટકેટલી લોકમાન્યતાઓ ગુજરાતમાં અને સૌરાષ્ટ્રમાં આજે ય પ્રચલિત છે ! એના સાચવનાર કોણ ? પેલા સહસ્ત્ર શીર્ષવાળા લોક ! પેલા સહસ્ત્ર પદવાળા માનવો ! જનસમુદાય ! તો તે જ લોકે પૂર્વજન્મના સંસ્કારની કેટકેટલી વાતો કથી ? બુદ્ધના જીવનમાં તેણે ડોકિયું કર્યું અને તે વાતોને લોકમાં વહેતી મૂકી. તેવી કથાઓ આજેય સંઘરવા માટે સંશોધન કરવા મથીએ તો જરૂર સાંપડી રહે !

પરલોકની કલ્પનામાં લોક પડ્યો. જીવ અને દેવના સંબંધો અંગે લોકે વિચાર્યું. વૈતરિણી નદીની કલ્પના કરી. યમ અને યમદૂતોનાં કાર્યો માટે વાતો વહેતી મૂકી તેમાં ય લોકની મૃત્યુ પછીના જીવની ગતિની જ વિચારણા વડે. તો મરશિયા દ્વારા મૃત્યુને ગાઈ નાખ્યું. ખાંડનો વેધ કરાવીને લૌકિક રિવાજ સ્થાપ્યો કે તે ક્ષણથી ગતાત્માના સઘળા સંબંધો પૃથ્વી પરના જીવો પરથી તૂટી ગયા છે ! આ તો લોકની ભાવનાત્મક અને વાસ્તવિક કલ્પના જ કહેવાય ! લોક તેમાં ય રાચ્યો છે. લોકે જીવનની ધીંગી ધરતીના વ્યવહાર તરીકે સ્વીકારેલ છે, આથી તે જીવના વિદાયની પણ વિચારણા કરે. સજા પૂરવાનો લોકરિવાજ પણ યોજે !

અનેક વ્યક્તિત્વને ધારણ કરનાર લોકની ચાર પાંખડીની આ લીલા તે જ લોકસંસ્કૃતિ એમ કથીએ તો જ કદાચ આ લોકને પૂરી શકીએ, કોઈ વ્યાખ્યાના માળખામાં !

અંતમાં એક અમેરિકી લોકસંસ્કૃતિના વિચારકને વાગોળવા કાજે જોઈએ :

"Folklore is that part of a peple's cuture which is preserved, conscionsly or unconsciosly, in beliefs and practices, customs and observances of general currency; in myths, legeuds and tales of common acceptance; and in arts and crafts which express the temper and genius of a group rather than of aa individual Because it is a repositary of popnlar traditions and an integral element of the popular "Climate", folklore scrves as a constant source and frame of reference for more formal literature and art; but it is distinct therefrom in that it is essentially of the people, by the people and for the people"

આમ, લોકજીવનમાં આગિયાની જેમ લોકસંસ્કૃતિનો તણખો ચમક મારતો જ્યાં ને ત્યાં પડ્યો જ હોય છે. જેનાથી વિલસે છે આ ચાર પાંખડીઓ–લોકસાહિત્ય, લોકકથાઓ, લોકશાસ્ત્ર અને લોકાચાર.

લોકસંસ્કૃતિના આ ચાર પાયા છે.

**સંદર્ભ ગ્રંથ સુચિ**


૧. કાઠીયાવાડ સર્વ સંગ્રહ, સંપાદક–નર્મદાશંકર દવે
૨. આપણી લોકસંસ્કૃતિ લેખક–શ્રી જયમલ્લ પરમાર
૩. The folklore Notes, Gujarat, Vol I
૪. Folklore, By–Prof. Alan Dunde
૫. A standard Dictionary of folklore, Legends and Myths, By–Maria Leach
૬. ગુજરાત સર્વસંગ્રહ
૭. લેખકની પ્રવાસનોંધ.
૮. Folk Culture Reflected in Names, By–Sir R. P. Masani
૯. The Greeks in India, By–Prof. George Woodcock
૧૦. Folk Toys of India, By–Shri Ajit Mookerjee



# આપણી આદિવાસી સંસ્કૃતિ

—શ્રી જોરાવરસિંહ જાદવ

ભારતવર્ષમાં આદિવાસીઓની સંખ્યા અઢી કરોડ હોવાનું વિદ્વાનો માને છે. તેમાં સાંથલ અને ગોંડની સંખ્યા સવિશેષ છે. ત્રીજે નંબરે ભીલ આવે છે શ્રી રાજેન્દ્ર અવસ્થિ માને છે કે આ બધા આદિવાસીઓ એક જ છે અને તેઓ હિંદુ છે. તેમના દેવ-દેવીઓ અને રિત રિવાજો હિંદુઓનાં દેવ-દેવીઓ અને રિત રિવાજો સાથે ખૂબ જ સામ્ય ધરાવે છે.

ગુજરાત રાજસ્થાનમાં લગભગ ૨૫ લાખ આદિવાસીઓ હોવાનુ અનુમાન કરવામાં આવે છે. નર્મદા-ગોદાવરીના ખીણમાં વિંધ્યાચળ અને સાતપુડા પર્વતોમાં આદિવાસીઓની સૌથી વધુ વસતી છે. આદિવાસીઓ અરવલ્લીના ડુંગરા સુધી ફેલાયેલ છે.

અરવલ્લી પર્વતની હારમાળા ગુજરાતના સીમાડા આળંગીને રાજસ્થાનમાં થઇને પસાર થાય છે અહીં અસંખ્ય નાના-મોટા ડુંગરાઓ અને હરિયાળા ગાઢ જંગલો આવેલા છે. જેમાં ખેર, સીસમ, ટીંબરવું, વાંસ, સાગ, સુખડ, હડાદર, રોહિડો, ધામણ, બીઓ, તણસ વગેરે અસંખ્ય વૃક્ષો થાય છે. ચોમાસામાં અને વસંતમાં વનશ્રીની શોભા નયનરમ્ય દૃશ્યો ખડાં કરે છે. આ જંગલોમાં જંગલી જનાવરો વાઘ, ચિત્તા, હરણ, રીંછ, રોઝ, જુટાર, શિયાળ, શાહુડી, વરુ, લોંકડી, જંગલી બિલાડા, મરઘા વગેરે યથેચ્છા વિહાર કરે છે.

કુદરતની આ રમ્ય ગોદમાં નાનકડા છાપરા ઊભા કરીને ભીલ લોકો વસવાટ કરે છે, જેને આદિવાસીઓના નામે ઓળખવામાં આવે છે. ભીલો પોતાને ગરાસિયા તરીકે ઓળખે છે. રાઠોડ, પરમાર, ચૌહાણ વગેરે રાજપૂતોની શાખા ધરાવતા હોવાથી કલ્પના કરી શકાય છે કે મૂળ તેઓ ક્ષત્રિય હશે. દંતકથા કહે છે કે તેમના ક્ષત્રિય વડવાએ આદીવાસી કન્યા પર મોહી જઇને પ્રેમલગ્ન કરેલું પરિણામે તેઓ આદિવાસી બન્યા છે.

**વસ્ત્રાભૂષણો** :– આર્થિક રીતે પછાત હોવા છતાં આદિવાસીઓ પહેરવાના ખૂબજ શોખીન હોય છે. પુરુષો ટૂંકું પોતિયું, ખમીશ (ઝૂલડી) કે પછેડી પહેરે છે. રંગબેરંગી ઝૂલડી, લાલ-લીલા-પીળા રંગબેરંગી છાપા કે રેશમી રૂમાલ તેઓ માથે બાંધે છે આભૂષણમાં ટૂપિયો મરકી, બેડી, પગમાં તોડો, કાનમાં ઠુટો, ઝૂલરીમાં ચાંદીના બટન તથા કેડયે કંદોરો પહેરે છે.

આદિવાસી યુવતીઓ ઘેરદાર ઊંચો ઘાઘરો, રંગીન ઓઢણું અને રંગબેરંગી કાંચળી પહેરે છે. અલ્લડ યુવતીઓ લાલ-લીલા-પીળા ભાતીગળ ઘાઘરા પહેરે છે. કુંવારી છોકરીઓ કાંચળીને બદલે કબજો પહેરે છે. વસ્ત્રાભૂષણો પરથી કુંવારી અને પરણેલી સ્ત્રીઓ જુદી ઓળખાઇ આવે છે. આદિવાસી કન્યાઓ આભૂષણ માટે તો દિલ દઈ બેસે છે. પગમાં કાંબી-કડલાં, સાંકળા, પુલરિયું, હાથમાં બલૈયા-કાંબડી, ઘૂઘરિયાળી, ફૂલ અંગુઠિયું, માટલિયા, ગળામાં હાંસડી, તેડિયું, વાડલો, કંઠી, સિરીયું, કાનમાં ટોયણું અને ઓગનિયું, માથામાં દામણી, નાકમાં નથણી, તથા હાથે ફૂલ ઘૂઘરીઓવાળી વીંટી પહેરે છે.

**લગ્નપ્રથા**:—

આદિવાસીઓમાં બાળલગ્નની પ્રથા અસ્તિત્વમાં નથી. વીસ-બાવીસ વર્ષે લગ્ન લેવાય છે. સામાન્ય રીતે મા-બાપ લગ્ન નક્કી કરે છે. તેમ પ્રેમલગ્નપ્રથા પણ અસ્તિત્વમાં છે. રસિયો વાલમ મેળામાંથી મન માનેતીને ઉપાડી જઇને લગ્ન કરે છે; મેળો ભરાય ત્યારે જુવાનડો તેના સાથીદારો અને દોસ્તોને કહી રાખે છે. ' આજ મેળામાંથી લાડી તાણવી છે! મેળામાંથી છોકરીને ભગાડતા બન્ને પક્ષો વચ્ચે અથડામણો પણ થાય છે. જુવાનડો કન્યાને નસાડી જાય છે અને પોતાની પાસે રાખે છે ત્યારબાદ કન્યાનો બાપ ગઈ ગુજરી ભૂલી જઇને મેંડુ કરે છે મેંડું કરવું એટલે મેળ કરવો. આ વખતે કન્યાનો બાપ બકરો કે પાડો લાવે છે, તેનો વધ કરીને સૌને જમાડે છે.

મેળા દરમ્યાન છોકરા-છોકરી પરસ્પર ભાગવાની યોજના ગોઠવે છે. કોઈ કન્યાપક્ષ જોરદાર હોય અને જુવાનડાને જીવ બચાવવા કન્યાનો હાથ છોડીને ભાગવું પડે તો તે નાસતા નાસતા પોતાનું નામ અને ઠેકાણું આપતો જાય છે. બધુ શાંત થયા પછી છોકરીનો બાપ તેનું ઘર પૂછતો પૂછતો જાય છે અને બંનેના લગ્ન કરાવી આપે છે. પણ જો માથાભારે બાપ કન્યાને બીજે પરણાવી દે તો ભવોભવનાં વેર બંધાય. ખુનની હોળી સર્જાય. પંચ બંને પક્ષનો ન્યાય તોળે છે, છોકરી માટે જે પક્ષમાં ખુન થયું હોય તેને, પંચ બદલામાં અમુક રોકડ રકમ તથા ૧૦ બળદ, પાંચ વાછરડાં વગેરે આપતી પંચ વેર લડે છે. (સમાધાન કરાવે છે.)

લગ્ન પ્રસંગે ઘર લીંપીગૂંપીને ખડીથી ધોળે છે. મંડપ રચાવે છે. ગોરી, માયરા અને મંગળફેરા ફરે છે. જાનમાં પચાસથી સો માણસો જાય છે. સરગરાને વાજા વગાડવા માટે બોલાવવામાં આવે છે. લગ્નપ્રસંગે ઢોલ, તડતડિયું, શરણાઈ અને થાળી વગાડવામાં આવે છે. સરગરા રંગબેરંગી કલાત્મક ટોપલી લાવીને લગ્નવાળાને ઘેર મૂકે છે. ઘરવાળા તેને બદલામાં વાછડી કે પાડી આપે છે.

કન્યાને સાસરે વળાવતી વખતે તેની સાથે રમણ સુખડી અથવા રોટલા બંધાવે છે, જેને ' ગરણું ' કહેવામાં આવે છે. કન્યા સાસરે જઈને કુટુંબીઓને તે વહેંચે છે, ગુજરાત અને સૌરાષ્ટ્રમાં કન્યાની સાથે અપાતા મા-માટલાની પ્રથા સાથે આ રિવાજ ખુબજ સામ્ય ધરાવે છે.

### સામાજિક રીતરિવાજો—

કન્યા પરણીને સાસરે આવે પછી તેને પ્રથમ બાળક અવતરે તેનો સાસરો રાજિયો કરવા જાય છે, આ પ્રસંગે છોકરા–છોકરી બંને પક્ષનાં સગાંવહાલાં ભેગાં થાય છે. સાથે એકાદ પાડો કે બકરું લાવે છે. તે રાંધીને સૌ આનંદથી જમે છે. પછી રાજિયો જાહેર કરે છે. જો આ વિધિ કરવામાં ન આવે તો બાળક જીવતું નથી, એવી લોકમાન્યતા પ્રચલિત છે.

પરણેલી યુવતીને સંતાન ન થાય તો તે 'મધરો' નવરાવવાની બાધા રાખે છે. શિષ્ટ સમાજમાં સંતાન પ્રાપ્તિ માટે સૂર્યપત્ની રાંદલની બાધા રાખવામાં આવે છે તેના જેવો જ આ રિવાજ છે. પણ બંનેની વિધિમાં આભ–જમીનનો તફાવત છે. શિષ્ટ સમાજમાં રાંદલને પ્રસન્ન કરવા તેનો ઉત્સવ ઉજવાય છે. રાંદલ તેડે છે. તેની પૂજાવિધિ કરે છે. ઘોડો ખૂંદે છે અને ગીતો ગાય છે. જ્યારે આદિવાસીઓ પુત્રપ્રાપ્તી થતાં બાધાની પરિપૂર્તિ અર્થે હરિયાળા ડુંગરાને ચોતરફથી દવ લગાડીને સળગાવી મૂકવામાં આવે છે.

લગ્ન પછી પતિ–પત્ની સ્વતંત્ર ઘર વસાવે છે. બજારની બધી જ ખરીદી ચતુર ગૃહિણીઓ કરે છે. અભણ હોવા છતાં આના પાઇના હિસાબો તેમની જીભને ટેરવે રહે છે. પતિમાં પાણી ન હોય તો રંગીલી સ્ત્રી પતિને ઉભો મૂકીને પોતાના નવા રસિયાનું ઘર માંડે છે.

જમાઇ પોતના સાસુ–સસરાની ખુબ જ આમન્યા રાખે છે. તેમની હાજરીમાં જમાઇ ખાટલે બેસવાનો અવિવેક નથી કરતો. વહુ સાસુ–સસરાના વાસણમાં જમતી નથી. વળી પરણીને સાસરે આવેલી સ્ત્રી સસરા અને જેઠની સાથે સાથે જેઠાણી, સાસુ વગેરેની પણ લાજ કાઢે છે. તેમની સાથે બોલતી પણ નથી. હા, ના નો જવાબ માથું હલાવીને અગર તો મોં ના ઉચ્ચારથી આપે છે.

મધરો નવરાવવાની બાધા રાખવા છતાં જો સંતાન પ્રાપ્તિ ન થાય તો દેવાળાને (ભૂવાને) બતાવે છે. દેવાળો દાણા નાખીને નડતર જણાવે છે. નડતા દેવને રીઝવવા બકરાનો ભોગ ધરાવવામાં આવે છે.

સગર્ભા નારીને પૌષ્ટિક ખોરાક–સાબર અને સસલા મારીને ખવરાવવામાં આવે છે.

**મનોરંજક મેળો** :–મેળો એ મનોરંજન માણવાનું અને આનંદ લૂંટવાનું એક અનોખું સ્થળ છે. આદિવાસીઓ બની ઠની ને નાચતાં કુદતાં મેળામાં જાય છે. ડુંગરાઓમાં વાર તહેવારે ઠેરઠેર મેળા યોજાય છે. મેળામાં રંગબેરંગી વસ્ત્રાભૂષણોથી ઓપતા અસંખ્ય આદિવાસી યુગલો મોકળા મનથી મેળાની મોજ માણે છે. મેળાના દિવસે નાચતા–કુદતા જુવાનડાઓ અને હીંચ લેતી જુવતીઓની ટોળીઓ ગીતો લલકારતી મેળો માણવા ઉપડે છે આગલી હરોળમાં જુવાનડાઓ ગીતો લલકારે છે. પાછળ યુવતીઓનું વૃંદ તેને ઓતડાવતું ચાલે છે.

મેળાઓમાં જુવાનડા અને કોડીલી કામનીઓ વાળમાં કાંસકી લગાવે છે. ગળે અરીસા લટકાવે છે. મોં પર સૌંદર્યના પ્રતીક સમા લાલ–લીલા–પીળા રંગબેરંગી ટપકાં કરે છે. અણિયાળી આંખોમાં મેશ આંજીને મારકણી બનાવે છે. જુવાનડા માથે છત્રી ઓઢીને નીકળે છે. કોઇ ગાય છે, કોઈ નાચે છે તો કોઈ પાવા બજાવે છે. મેળાના મધ્યભાગમાં નાચ ચાલે છે. માથે છોળ અથવા રેશમી રૂમાલ બાંધેલી જુવાનડાઓની, અને અવનવા વસ્ત્રાભૂષણોમાં સજજ એવી યુવતીઓની ટોળીઓ ગળામાં ઢોલકાં બાંધીને નૃત્યમાં જોડાય છે. ગોળ કુંડાળે કુદે છે. અને ગીતોની રમઝટ પણ બોલાવે છે.

છોડી મેરે કાંગરે બોલે પરદેશી પોમણા રે
છોડી કોણ પરૂણા આવ્યા પરદેશી પોમણા રે
છોડી જામલો વેવાઈ આવ્યા પરદેશી પોમણા રે
છોડી દોલિયા ઢળાવો પરદેશી પોમણા રે
છોડી હીરકીઓ વસાવો પરદેશી પોમણા રે
છોડી હાલ ખાંડો કે હેંગરો પરદેશી પોમણા રે.

રંગીલા જુવાનડા ઢોલ મંજીરાની રમઝટ બોલાવે છે. સ્ત્રીઓ માથે જુવારા લે છે. આખો દિવસ નાચ ચાલે છે, સૌ મસ્તીમાં દિવસ પસાર કરે છે.

મેળામાં સૌ સગાંવહાલાં આવે છે. મેળા જેવા આનંદના અવસરે પણ રૂદનના કરૂણ સ્વરો સાંભળીને સૌ કોઇને આશ્ચર્ય થાય તે પણ સ્વાભાવિક છે. દૂરદૂરથી આવતા સગાંવહાલાંઓ મેળામાં એક બીજાને મળે હળે છે. તે દરમ્યાન કોઈ સગાનું અવસાન થયું હોય અને ખરખરે ન જવાયું હોય તો તેને યાદ કરીને એક–બીજાના ખભે માથું મૂકીને રડે છે. બહેની પોતાના વીરાનું હેત સંભારીને મા આગળ રડે છે, મા–દીકરી ઘણા વખતે મળે છે ત્યારે રડે છે.

### લોકનૃત્ય—

લોકનૃત્યો માનવ સંસ્કૃતિના ઉદ્ભવ જેટલાં જ પ્રાચીન છે. આદિવાસીઓના લોકજીવન સાથે નૃત્યો વણાઇ ગયેલાં છે. આખો દિવસ કાળી મજુરી કરનાર આદિવાસીઓ રોજ રાતના ઢોલનો અવાજ સાંભળતાં જ એકઠા થાય છે અને નૃત્યોની રમઝટ બોલાવીને ધરણી ધ્રુજાવે છે અને જીવનનો થાક હળવો કરે છે. ઢોલનો અવાજ કાન પર પડતાં જ આદિવાસી યુવક–યુવતિઓના પગ નાચવા માંડે છે. આ નૃત્યોની એક વિશિષ્ટતા એ છે કે હંમેશા સ્ત્રી–પુરૂષના સમૂહનૃત્યો જ યોજાય છે. એક ટોળી ગવરાવે, બીજી એને ઝીલે. અંદરનું વૃત્ત સ્ત્રીઓનું હોય છે અને બહારનું વર્તુળ પુરૂષો રચે છે. રોજ રોજ નૃત્યોથી મનોરંજન મેળવતી આદિવાસી કોમ સૌ કોઇને મુગ્ધ કરે છે.

### અતિથીસત્કાર—

અતિથિસત્કાર તો આદિવાસીઓનો જ આંગણે મહેમાન–પરોણા આવતાં ભીલ લોકો અર્ધા અર્ધા થઇ જાય છે. તેમને એમ થાય છે કે અમે શું કરીએ તો મહેમાનને ગમે. ગરીબ હોવા છતાં તેમના દિલ તો દિલાવર હોય છે. મહેમાન આંગણે આવતા ઘરમાંથી આઠ આના રૂપિયો નીકળે તો ઠીક નહીં તો ૩–૪ મા....ઇ...લ ચાલતા જઇને ઉધારે ઘી–ગોળ લાવીને થાળીમાં મૂકી મહેમાન આગળ ધરી દેશે. મહેમાનો માટે ઘસાઇ છૂટવાની ભાવના આ સમાજમાં વિશિષ્ટ પ્રકારની છે. પોતાને ખાવા કંઈ ન રહે પણ આંગણે આવેલા અતિથિને જમ્યા વિના તો જવા ન જ દે.

**ધર્મ—**

ધર્મમાં આદિવાસીઓ ખુબ જ શ્રદ્ધા ધરાવે છે. દેવરો, સવજી, કાળા બાપજી, ભાથરવીર નાગદેવ, શીતળામા, મેલડી એમનાં મુખ્ય દેવ દેવીઓ છે. દરેક ગામમાં દેવરાનું મંદિર જોવા મળે છે. દર વર્ષે દેવરાની પૂજા કરવામાં આવે છે. ભુવા ભેગા થઈને ધૂણે છે. બકરાનો ભોગ ધરાવે છે.

ધર્મના નામે ભુવાઓએ આ સમાજમાં ઠીક ઠીક વર્ચસ્વ જમાવ્યું છે. ખેતરમાં સાપ દેખાય તો માને છે કે ખેતરના દેવ રખેવાળી કરે છે દર વર્ષે શકિત મુજબ તેની પૂજા કરે છે. સાપના પ્રતાપે પાક સચવાય છે અને કોઠીઓ ભરાય છે તેમ માનતા હોવાથી નવું અનાજ ખાતાં પહેલાં ઉજાણી કરે છે, અને ખેતરના રખેવાળને દીવો ભરે છે. દીવો ન ભરાય ત્યાં સુધી ખેતરનાં પાકનો દાણો ખાઈ શકતા નથી. ખળાના નવા અનાજનો ઢગલો પડયો હોય તેમાંથી ૨૦–૨૫ શેર જુદું કાઢીને દળીને ચૂરમું કરીને બધાને ઉજાણી કરાવે છે. ખળાની વચ્ચે માટીનો ઘડો અને શ્રીફળ મૂકે છે. ગામના લોકો એકઠા થાય છે અને જેટલા ખળા હોય તેટલી ઉજાણીઓ થાય છે.

આ લોકો ભુતપ્રેતમાં ખુબ જ વિશ્વાસ ધરાવે છે. માણસ માંદું પડે તો ભુવાને ધૂણાવે છે બાધા–આખડી રાખે છે. માંદા માણસને માથેથી બકરું ઉતારીને બલિદાન આપવામાં આવે છે. માંદગી હળવી જણાય તો બકરાના કાન કાપીને જતું કરે છે.

આપણે ત્યાં ભજનકીર્તન થાય છે તેમ આદિવાસીઓમાં કામળિયો પાઠ કરે છે, જે આખી રાત ચાલે છે. વાઘરી કોમમાં આખી રાત ડાકલા વાગે છે તેમ પુરૂષો તંબૂરો અને અન્ય વાદ્યો વગાડે છે. સ્ત્રીઓ મંજીરા લઈને મસ્ત બનીને ડોલે છે. બીજી બાજુ નાચવાનું અને કૂદવાનું ચાલે છે. સ્ત્રી-પુરૂષો નાચમાં સરખાં ઊતરે છે. ધૂણવાનું પણ ચાલે છે. બધા વારાફરતી ધૂને છે, તેને કામળિયો પાઠ આપ્યો એમ કહે છે.

આદિવાસીઓમાં ભયંકર અંધશ્રદ્ધા પણ એટલી વ્યાપેલી છે. જીવતી સ્ત્રીઓને ડાકણ સમજવામાં આવે છે તેવી સ્ત્રીઓ વળગે છે ને માણસને મારી નાખે છે. માણસ માંદું પડે ત્યારે દેવળાને બોલાવી ધૂણાવે છે. બધા દેવળા જેને ભોપા કહે છે તે બધા મળીને નક્કી કરે છે. અમુક ગામની અમુક સ્ત્રી ડાકણ છે તે વળગી છે, માંદા માણસના કુટુંબીઓ તે સ્ત્રીના ઘેર જઈ તેના પતિ અને કુટુંબીઓને વાત કરે છે, તે પોતાના ભોપાને બોલાવીને બધી તપાસ કરાવે છે. જો એનો ભોપો હા કહે તો સ્ત્રીના બાપને બોલાવી માંદા માણસના કુટુંબીઓને આ સ્ત્રી સોંપી દે છે પછી તેના પર અમાનુષી જુલમ ગુજારવામાં આવે છે. સ્ત્રીને ઊંધા માથે ઝાડની ડાળીએ લટકાવવામાં આવે છે, નીચે મરચાનો ધુમાડો કરવામાં આવે છે પછી તેને ડીંગોળીને મારઝૂડ કરવામાં આવે છે. લાચાર સ્ત્રીને કબૂલવું પડે છે કે હું વળગી છું, હવે કોઈને નહીં વળગું અને માંદા માણસને સાજું કરી દઈશ—એવી ખાત્રી આપે એટલે ફરીવાર કોઈને ન વળગે તે માટે કપાળે ડામ દઈને જવા દેવામાં આવે છે. જો સ્ત્રી એમ કહે કે માંદું માણસ નહીં જીવે તો એને ત્યાં જ મોતના માર્ગે પ્રયાણ કરવું પડે છે.

**અંત્યેષ્ટિવિધિ—**

મૃત્યુ બાદ શબને સ્નાન કરાવવામાં આવે છે. પુરૂષના શબ ઉપર સફેદ અને સ્ત્રીના શબ ઉપર લાલ કફન ઓઢાડવામાં આવે છે. મડદાને બાળવાનો રિવાજ છે. આ વિધિ પતાવીને ડાધુઓ મરનારને ત્યાં કોગળો કરવા જાય છે.

સાતમે દિવસે સુંવાળા ઉતરાવે છે. મકાઈનું ભડકું રાંધીને સૌને વહેંચે છે. ઘરના કપડાં વગેરે ધોઈ નાખે છે. રડવાનું અને કૂટવાનું એકાદ માસ સુધી નિયમિત ચાલે છે. વારતહેવારે અને મેળામાં મરી ગયેલા સ્નેહીજનને યાદ કરી આખો દિવસ રડવામાં જ ગાળે છે.

મરનારની પાછળ લોકાઈ કરવામાં આવે છે. જ્યારે પૈસા હાથમાં આવે ત્યારે લોકાઈ કરે છે. લોકાઈને દિવસે સૌ સગાંવહાલાં આવે છે, સાથે રોટલા બાંધી લાવે છે. ઘરવાળાએ માત્ર દાળ જ બનાવવાની હોય છે. ઝાડ નીચે કે ફળિયામાં પુરૂષો ભેગા થાય છે અને સ્ત્રીઓ કૂટે છે અને છાજિયા લે છે આ પ્રસંગે જમાઈ આવે તેને ગોળના દડબા વહેંચવામાં આવે છે. આવનાર લોકો સવા રૂપિયાનો ગોળ અને તમાકુનું પડીકું લઈ આવે છે. કસુંબા–પાણી પણ થાય છે. મરનારની પાછળ પુણ્યદાન પણ કરવામાં આવે છે.

કુદરતના ખોળે વસતા આદિવાસી લોકોએ પોતાની સંસ્કૃતિ અને રીતરીવાજો આજે પણ યથાવત્ જાળવી રાખ્યાં છે. શિષ્ટ સમાજના તદ્દન ઓછાં સંપર્કના પરિણામે આદિવાસી સંસ્કૃતિનાં મૂલ્યો આજે પણ એવી જ હાલતમાં સચવાઈ રહ્યાં છે. આદિવાસીઓનાં રંગ-બેરંગી વસ્ત્રાભુષણો, સાંસ્કૃતિક રીત-રિવાજો, વારતહેવારે યોજાતા મેળા, લોકનૃત્યો અને આનંદોત્સવો આજે પણ સૌ કોઈને આનંદ સાથે આશ્ચર્ય પમાડે છે.



# ગુજરાતના સંતો, ભક્તો અને મુનિવર્યો

—શ્રી ગૌરીદાસજી મહારાજ (વડાલ)

વેદકાળથી જ સારાયે વિશ્વને પ્રેરણા મળી રહે એવા સંતો, ભક્તો અને મુનિવર્યોનો ગુજરાત પ્રદેશને લાભ મળ્યો છે.

સરિયાતીના પુત્ર આનર્તનું રાજ્ય તે જ આજનું સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાત હૈહય વંશના રાજા સહસ્ત્રાર્જુનનું રાજ્ય તે જ આજનો ભરૂચ જિલ્લો.

આયુર્વેદના પ્રયોગો કરી વૃદ્ધાવસ્થામાંથી યુવાવસ્થા પ્રાપ્ત કરનાર ચ્યવન ઋષિ એ જ આજનું ચણાકા. (જુનાગઢ)

ભગવાન વિશ્નુને છાતીમાં પાટુ મારનાર ભૃગુ ઋષિનું નિવાસ-સ્થાન એ જ આજનું ભરૂચ.

બલિરાજાને મહાત કરનાર ભગવાન વામનનું જન્મસ્થાન એજ આજનું વામનસ્થળી અથવા વંથલી.

ભગવાન ગૌતમે આજ ભુમિમાં તપ કર્યું હતું.

હસ્તિનાપુર છોડી ગુપ્તવાસ કરવા પાંડવોએ જે સ્થળ પસંદ કર્યું હતું તે જ આજનું ધોળકા.

કાળયવન અને જરાસંધના દ્વિમુખી આક્રમણથી રાષ્ટ્રને બચાવવા ભગવાન શ્રીકૃષ્ણએ વ્યુહાત્મક દષ્ટિએ આજ ભુમિમાં વસવાટ કરીને યુદ્ધને ખાળ્યું.

ભગવાન બુદ્ધ તથા નેમિનાથ અને પારસનાથ જેવા તિર્થંકરોએ આ જ ભુમિને પોતાના તપથી પાવન કરી હતી.

જીવનનાં સત્ય મૂલ્યોને સમજાવતો મહારાજા અશોકનો શિલા-લેખ જુનાગઢમાં આજે પણ જીવંત છે. ભક્ત મીરાંબાઈએ પણ રાજસ્થાન છોડી અને પોતાની ઉત્તરાવસ્થા અહીં જ વિતાવી.

આવા ગુજરાત પ્રદેશના સંતો, ભક્તો અને મુનિવર્યોના જીવન વિષે આપણે જોઈએ.

**ભક્ત નરસિંહ મહેતા** પણ જુનાગઢમાં થયા છે. ઉચ્ચ ગણાતી નાગર જ્ઞાતિમાં જન્મ હોવા છતાં ભક્તિમાર્ગનો ઝંડો લઈને અછૂત ગણાતી કોમોને આંગણે જઈ કિરતાલ મંજીરાથી ભગવાનની ભક્તિમાં રંગાઈને અભેદ ભાવનો બોધપાઠ આપ્યો. સ્વરચિત આધ્યાત્મિક સત્યો સમજાવતાં પદો રચ્યાં છે. એ વખતના જુનાગઢના રા માંડલિકની આકરી કસોટીમાંથી પસાર થઈ ભગવત્ મહીમાનું સાચું દર્શન કરાવ્યું. મહાત્મા ગાંધીજીનું પ્રિય ભજન "વૈષ્ણવજન તો તેને કહીએ પીડ પરાઈ જાણે રે," એ કૃતિ નરસિંહ મહેતાની છે.

**વિઝાત ભક્ત** પોરબંદર તાબે વિસાવાડા નામે ગામમાં મેર જ્ઞાતિમાં ભક્ત વિઝાતનો જન્મ થયો હતો, જે વિસાવાડા આજે મૂળ દ્વારકાના નામે ઓળખાય છે. વિઝાત ભક્તને દ્વારકાધિશનો સાક્ષાત્કાર થયો હતો. વિસાવાડા ગામમાં તેની યાદગીરી રૂપે સુંદર મંદિરો બંધાવ્યા છે, જે આજે પણ મોજુદ છે.

**ભક્ત ઈસરદાસજી**નો જન્મ રાજસ્થાનમાં ચારણકુળમાં થયો હતો. પૂર્વજન્મના યોગભ્રષ્ટ પુરૂષ હતા. યુવાન વયે ગિરનારની જાત્રા કરવા માટે સૌરાષ્ટ્રમાં આવ્યા અને નવાનગરના જામ રાવળનો ભેટો થયો. તેમની કવિત્વ શક્તિથી આકર્ષાઈ જામ રાવળે તેમને ગામ ગરાસ આપ્યાં. જામનગરના પિતાંબર ભટ્ટને ગુરૂ માન્યા અને ઈશ્વર ભક્તિને રેલાવતો પવિત્ર હરિરસ નામે ગ્રંથ રચ્યો. તેમના બીજા ઘણાં ભક્તિ ગીતો છે. સંચાણા ગામે ઉત્તરાવસ્થા પૂરી કરી.

**કોલવા ભક્ત**નો જન્મ ઓખા મંડળમાં ચારણકુળમાં થયો હતો. ખેતીનો ધંધો કરતા અને અપંગ હતા. એકવાર દ્વારકાધિશનાં દર્શને જતાં ભીડને લઈને દર્શન કરી શકયા નહિં. કહે છે કે દ્વારકાધિશે તેને દેવળ ફેરવીને દર્શન દીધાં હતાં.

**મુરા ભક્ત**નો જન્મ જામનગર તાબે બેડ નામના ગામમાં રબારી કુટુંબમાં થયો હતો. માલધારી હતા. પગરસ્તેથી દ્વારકાની યાત્રાએ જતા સાધુ-સંતોની તે ખૂબ સેવા કરતા, અને તેની સેવાનો નિયમ આજીવન નિભાવ્યો.

દ્વારકામાં મુરા ભક્તની બાંધેલી જગ્યા છે, અને હાલમાં ત્યાં સદાવ્રત ચાલે છે. રબારી જ્ઞાતિ આજે પણ આ મંદિરને માને છે.

**નાથપ્રભુ ( શ્રી નથુરામ શર્મા )**નો જન્મ ઝાલાવાડમાં મોજીદડ ગામે બ્રાહ્મણ જ્ઞાતિમાં થયો હતો. નાનપણથી જ સાધુ-સંતો તરફ તેને ખુબ ભાવ હતો. શિક્ષકની નોકરી સ્વીકારી અને આત્મદર્શન થયા પછી નોકરીનો ત્યાગ કરી બીલખાગામે 'આનંદાશ્રમ'ની સ્થાપના કરી ઉપનિષદો અને બીજા અઘરા સંસ્કૃત ગ્રંથો ઉપર ગુજરાતીમાં ટીકા લખી.

તેઓશ્રીનું શિષ્યમંડળ વિસ્તૃત છે અને બીલખામાં આજે પણ તેમનો પાટોત્સવ ઉજવાય છે.

**લટુર સ્વામી** રામાનુજ સંપ્રદાયના સંત હતા. સૌરાષ્ટ્રના સાવરકુંડલા બાજુના વાંસવાળી ગામની બાજુમાં જંગલમાં રહેતા. જીંદગીભર અતિથિસેવા અને ભૂખ્યાને ભોજન આપવું એ એનું વ્રત હતું. એ વિસ્તારના ઘણા લોકોને સદ્બોધ આપ્યો અને અંતિમવેળાએ જીવતાં સમાધિ લીધી. આજે પણ એમની સમાધિએ માનતા આવે છે.

**બ્રહ્માનંદ સ્વામી**નું મૂળ નામ લાડુ બારોટ હતું. યુવાન વયે સ્વામીનારાયણ સંપ્રદાયના સ્થાપક સ્વામી સહજાનંદથી પ્રભાવિત થયા. તેમની દીક્ષા લીધી. ચારણી સાહિત્યના મહાન કવિ હતા. 'છંદરત્નાવલી' અને બીજા ઘણાંક કાવ્યો લોકમુખે બોલાય છે. તેમનો જન્મ આબુ તાલુકાના ખાણ ગામે ચારણ જ્ઞાતિમાં થયો હતો.

**સંત સૂરજબાઈ**નો જન્મ ઉત્તર ગુજરાતના વિજાપુર તાલુકાના ખરણા ગામે નાગર બ્રાહ્મણ જ્ઞાતિમાં થયો હતો. બાલપણમાં જ વૈધવ્ય પ્રાપ્ત થયું. જોધપુરના રામ સ્નેહી મહાત્મા ઉદયરામના સંપર્કમાં આવ્યાં. ત્યાંથી તેના જીવનમાં પલટો આવ્યો. અને સાચા સંત બન્યા. ગુરુ આશ્રમમાં રહી દીક્ષા લીધી અને એ દીક્ષાને દીપાવી. લોકો તેમના ભક્તિના પ્રભાવથી સૂરજબાઈ ન કહેતાં રામજી મહારાજ તરીકે ઓળખતા. આજે પણ વીસનગરનાં તેનાં સ્મારક રૂપી સમાધિ મંદિર મોજુદ છે.

**ઢાંગર ભક્ત**નો જન્મ મહુવા પાસેના એક ગામમાં લેઉઆ કણબી જ્ઞાતિમાં થયો હતો. ઘરમાં ગરીબાઈ હતી. અતિથિ સેવાના અજોડ ઉપાસક હતા. મહાન રાજવી ભક્ત પીપાજીના આગમન વખતે ઘરની ગરીબાઈના કારણે પોતાની પત્નિની સાડી વેચીને અતિથિધર્મ સાચવ્યો હતો, જે પ્રસિધ્ધ વાત છે. ઢાંગર ભક્તે પોતાનું શેષ જીવન ભક્ત પીપાજી સાથે પીપાવાવમાંજ પુરું કર્યું હતું.

**ગીગા ભક્ત**નો જન્મ તોરી રામપર ગામે ગઢઈ કુટુંબમાં થયો હતો. ચલાળાના સમર્થ ભક્ત આપા દાનાની જગ્યામાં નાનપણથી જ ઉછર્યા. સેવા ભક્તિનો આદર્શ આપા દાના પાસેથી મેળવી સતાધાર ગામે સંસ્થા બાંધીને રહ્યા. ગૌસેવા, ગરીબસેવા, અયાચી વ્રત એ એના જીવનનાં મુખ્ય ધ્યેય હતાં. અમરેલી, બાબાપુર, માંડવડા, બગસરા ભલગામ ને સરસઇ વિગેરે ગામોએ આવાં જ સેવાશ્રમો તેણે ખોલ્યાં. કુંભાર જ્ઞાતિના કરમણ ભગતને પોતાનો આ અમૂલ્ય વારસો સોંપી જીવતાં સમાધિ લીધી. વીસાવદરથી ચાર માઈલ દૂર સતાધાર નામે રેલ્વે સ્ટેશન છે. ત્યાં હજારો લોકો યાત્રાર્થે જાય છે. અને આપા ગીગાની સમાધીનાં દર્શન કરી માન્યતાઓ પૂર્ણ કરે છે.

**દાના ભક્ત** સૌરાષ્ટ્રના આણંદપર ભાડલા ગામે જાદરા ભક્ત અને ભક્તમંડળી સાથે આધ્યાત્મિક જ્ઞાન પ્રચાર માટે ગયેલા. ત્યારે એક બાઇ અંધ બાળકને લઇને જાદરા ભક્તને શરણે આવે છે. બાળકનો અંધાપો દૂર થાય છે. જાદર ભક્તની અમીદૃષ્ટિ પૂર્ણ વરસી રહી. તે જ સમર્થ દાના ભગત ઘણો સમય પોતાના ગુરૂ પાસે રહી ગૌસેવા કરી ત્યાર બાદ પંચાળમાં દુષ્કાળ પડતાં ગાયો લઇ સોરઠમાં આવ્યા. ગરમલી ગામે રહ્યા. અને ત્યાર બાદ ચલાળા ગામે જગ્યા બાંધી સદાવ્રત શરૂ કર્યું. પરોપકારીપણાને લઇ જમીન જાગીર દાનમાં મળી. આજે ચલાળામાં દાના ભગતની જગ્યા અને સમાધી છે.

**મેપા ભક્ત**નો જન્મ થાનગઢમાં કુંભાર જ્ઞાતિમા થયો હતો. ઉચ્ચ પ્રારબ્ધે યુવાવસ્થામાં જ મહાસિદ્ધ ગેબીનાથનો ભેટો થયો. ઘરમાં અજવાળું થયું. આત્માની જ્યાત જાગી. તન અને મન તત્ત્વમાં એકરાર થઇ ગયાં. ગેબીનાથના આદર્શ વૈરાગ્યને મેપા ભગતે પંચાળ દેશમાં પ્રસરાવ્યો. પંચાળમાં થયેલા ભક્તો આપા હતા. આપા જાદરા વગેરેને કુંભાર ભક્ત મેપાનાં કર્તવ્યનિષ્ઠ જીવનમાંથી જ પ્રેરણા મળી છે. આજે થાનગઢમાં મેપા ભગતની સમાધિ છે.

**સ્વામી દયાનંદ સરસ્વતી**નો જન્મ મોરબી પાસે ટંકારા ગામે બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. પિતા ચુસ્ત શિવભક્ત હતા. એક વખત શિવરાત્રિની રાત્રે પોતાની હાજરીમાં જ શિવના લિંગ ઉપર ઉંદરડાને ફરતો જોયો, ત્યારથી જ મૂર્તિ પ્રત્યેની અનાસ્થા પ્રગટ થઈ. આજન્મ બ્રહ્મચર્યવ્રત પાળ્યું. વિરજાનંદ સ્વામી પાસેથી સંન્યાસ્ત વ્રત ધારણ કરી દયાનંદ સરસ્વતી કહેવાયા. ભીષ્મ ને હનુમાનના આદર્શોનું અક્ષરશઃ પાલન કરી સારાયે ભારત વર્ષમાં ઘૂમ્યા. જીંદગીભર અજ્ઞાન, અંધશ્રદ્ધા અને ભ્રષ્ટાચાર સામે ઝઝૂમ્યા. વેદ ધર્મ અને આર્યસમાજની સંસ્થાનું સ્થાપન કર્યું.

**ભક્ત જલારામ**નો જન્મ ગોંડલ પાસે વીરપુર ગામે લોહાણા જ્ઞાતિમાં થયો હતો. નાનપણથીજ સાધુ સંતો ઉપર અપૂર્વભાવ હતો. ફતેહપુર વાળા ભોજા ભગતનો સમાગમ થતાં તેમના શિષ્ય બન્યા. ઘેર સદાવ્રત બાંધી અન્નક્ષેત્ર શરૂ કર્યું. સંવત ૧૯૩૪ના ભયંકર દુષ્કાળમાં અનેક ભૂખ્યાં દુખ્યાંનો વિસામો બનીને રહ્યાં. ભગવાનનો સાક્ષાત્કાર પણ થયો. આજે પણ તેમના પ્રતિક રૂપે ઝોળી અને ડંડો જગ્યામાં પૂજાય છે. અને એમણે શરૂ કરેલું અન્નક્ષેત્ર આજે પણ ચાલુ છે.

**સહજાનંદ સ્વામી**નું મુળ નામ ઘનશ્યામ હતું. ઉત્તર પ્રદેશમાં અયોધ્યા પાસે છપૈયા ગામે બ્રાહ્મણ કુટુંબમાં તેનો જન્મ થયો હતો. બારેક વર્ષની નાની વયે જ ઘર છોડી ફરતા ફરતા સૌરાષ્ટ્રમાં આવ્યા. શીલ પાસેના લોજપુર ગામના મહાત્મા રામાનંદજીના શિષ્ય બન્યા. હિંદુ ધર્મનો પુનરોદ્ધાર કરી સ્વામીનારાયણ ધર્મનું સ્થાપન કર્યું. કચ્છ સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ઘણાં મંદિરો બંધાવ્યાં. અનુયાયી વર્ગ માટે મજબૂત નૈતિક બંધારણ ઘડ્યું. ગામડે ગામડે ઘૂમીને ઉપદેશથી લોકોને દુર્વ્યસનોનો ત્યાગ કરાવ્યો. તેમના અનુયાયી વર્ગમાં ઘણા પ્રસિદ્ધ સંતો પૈકી સ્વામી બ્રહ્માનંદજી, સ્વામી મુકતાનંદજી, સ્વામી નિષ્કુળાનંદજી તથા સ્વામી ગુણાતિતાનંદજી વિ. મુખ્ય છે.

**પીપા ભક્ત**નો જન્મ ઉત્તર પ્રદેશમાં ગાગરગઢ ગામે રાજકુટુંબમાં થયો હતો. નાનપણથી શકિત માતાના ઉપાસક હતા. મોટી ઉંમરે સમર્થ ગુરુ રામાનંદ સ્વામીનો ભેટો થયો. સાત્વિક ભક્તિનો ઉદય થયો. વૈરાગ્ય પ્રગટ થયો સર્વસ્વ છોડ્યું. ઘણી રાણીઓ હતી. તેમાંથી સીતાદેવી નામની રાણીએ ભગતને ન છોડ્યા. જીંદગીભર તે સાથે રહ્યાં. જીવનની ઉત્તરાવસ્થા તેમને સૌરાષ્ટ્રમાં પીપાવાવ ગામે વીતાવેલ છે. તેના નામ ઉપરથી પીપાવાવ ગામનું નામ પડ્યું. અને તેમની બાંધેલી જગ્યા અને સદાવ્રત આજે પણ ચાલુ છે.

**સંત દેવીદાસ**નો જન્મ રબારી જ્ઞાતિમાં થયો હતો. પરબની પ્રખ્યાત જગ્યાના સ્થાપક સંત દેવીદાસ રક્તપીતિયાં અને કોઢિયાંની સેવા પોતે જાતે કરતા. જુવાન આહીર કન્યા અમરબાઈ સાસરે જતાં, રસ્તામાં પરબની જગ્યાએ દર્શને ગયેલ અને સંત દેવીદાસની સેવાનિષ્ઠાથી આકર્ષાઈ સંસારનો ત્યાગ કરીને આ જન્મ તેની સાથે રહ્યાં. અને રક્તપીત્તવાળાં માણસોની સેવા સ્વીકારી. સંત દેવીદાસના ઘણા શિષ્યો હતા. અમરબાઈ, સાદુળ, જીવણદાસ, ફડો કરમણ વિગેરે. આજે પણ ભેંસાણથી બે માઈલ દૂર પરબની જગ્યામાં તેમની સમાધિઓ પૂજાય છે,

**વીસામણ ભક્ત** પાળીયાદ ગામે કાઠી દરબારમાં જન્મ્યા હતા. નાનપણથી જ સંગદોષથી ચોરી લૂંટનો ધંધો કરતા. ચલાળાવાળા દાના ભગતનો ભેટો થયો. ચમત્કાર સર્જાયો. દાના ભક્તે ઉપદેશ આપ્યો. જીવનની સાર્થકતા સમજાવી. વીસામણ લૂંટારો મટીને વિશળો પીર થયા. દાના ભગતની પ્રેરણા અને આશીર્વાદ લઈ

પાળીયાદમાં જગ્યા બાંધી. અને ગોળ ચોખાનું સદાવ્રત શરૂ કર્યું. આજે પણ હજારો માણસો પાળીયાદમાં વિશળા પીરની સમાધિએ દર્શન કરવા જાય છે.

**લાલા ભક્ત**નો જન્મ વાંકાનેર પાસેના સિંધાવદર ગામે વણિક કુળમાં થયો હતો. નાનપણથી જ સાધુસંતો અને દુઃખીઓ ઉપર અપાર પ્રેમ હતો. વાંકાનેરના સંત સેવાદાસજી મહારાજ પાસેથી દીક્ષા લીધી. લાલજી મહારાજ બન્યા. આ-જીવન બ્રહ્મચર્યવ્રત પાળ્યું. અને સોએક જેટલા પવિત્ર સંતોનું મંડળ સાથે રાખી ગુજરાત, સૌરાષ્ટ્રના એકે એક ગામે ઘુમી વળ્યા. ભક્તિ અને અન્નદાનનો મહીમા લોકોને સમજાવ્યો. સાઠેક જેટલાં સદાવ્રતો બંધાવ્યાં. જેમાંનાં ઘણાં અત્યારે પણ ચાલુ છે. સાયલા ગામે પોતે જગ્યા બંધાવી, મંદિર બંધાવ્યાં. આજે પણ એ જગ્યામાં દીન દુઃખીને આશરો મળે છે. અને સાયલા ગામ ભગતના ગામ તરીકે ઓળખાય છે.

**મંડણ ભક્ત**નો જન્મ બજાણા તાબે દેગામમાં ચારણ જ્ઞાતિમાં થયો હતો. મહાન ચારણ ભક્તકવિ ઈસરદાનજીના સંપર્કમાં આવ્યા. ભગવાનનો સાક્ષાત્કાર થયો. દ્વારકાધિશે માંડણ ભક્તને પાઘડી બંધાવી એ વાત પ્રસિદ્ધ છે ઈસર ભક્તની સાથે માંડણ ભક્તનું નામ જોડાયેલું છે.

**ભક્ત બોડાણા**નો જન્મ ગુજરાતના ડાકોર ગામે થયો હતો. યુવાન વયે જ ભગવાન દ્વારકાધિશની રઢ લાગી. વર્ષમાં બે વાર ડાકોરથી પગે ચાલી દ્વારકા જતા.

આમ બોંતેર વર્ષ સુધી આ વ્રત નિભાવ્યું. કહે છે કે ડાકોરના મંદિરમાં શ્રી રણછોડરાયની મૂર્તિ ભક્ત બોડાણા લાવ્યા છે.

**ભક્ત અખા**નો જન્મ અમદાવાદ પાસેના જેતલપુર ગામમાં સોની જ્ઞાતિમાં થયો હતો. નાનપણમાં જ પોતાની બહેનનું મૃત્યુ થતાં સંસાર ઉપર વૈરાગ્ય આવ્યો. તેમને બ્રહ્માનંદ નામના મહાત્માનો ભેટો થયો. વેદાંતનું તત્ત્વજ્ઞાન પ્રાપ્ત કર્યું. ગુજરાતના ભક્તકવિઓમાં ભક્ત અખાનું નામ મોખરે છે.

**ધીરા ભક્ત**નો જન્મ વડોદરા પાસેના સાવલી ગામમાં બારોટ જ્ઞાતિમાં થયો હતો. જે જમાનામાં યાંત્રિક છાપખાનાં ન હતાં એવે વખતે ધીરા ભગતે પોતાનાં કાવ્યોને કાગળ પર લખી વાંસની ભૂંગળીમાં બીડી નદીમાં વહેતા પ્રવાહમાં તરતી મૂકી દેતા. આ રીતે નદી કિનારાના ગામોમાં તેમની કવિતાનો ઝડપી પ્રચાર થયો. ધીરાની કાફીઓ ગુજરાતમાં પ્રસિદ્ધ છે.

**દેવાયત પંડીત**નો જન્મ માલધારી વર્ગમાં થયો હતો. નાનપણથીજ ગાયોનું સેવાવ્રત વારસામાં જ મળ્યું હતું. ગીરનાર પર્વતથી ત્રણ માઈલ દૂર એક નેસડામાં તેઓ રહેતા ગિરનારમાં રોજ ગાયો ચરાવતાં ચરાવતાં એક દિવસ તેણે અનુપમ દૃશ્ય જોયું. એક દૂઝણી ગાય એની મેળે એક સ્થળ ઉપર દૂધ વરસાવતી હતી. તે સ્થળપર શંકા જતાં કુહાડીનો ઘા કર્યો. ભગવાન શંકર બાળક દેવાયત પર પ્રસન્ન થયા અને કૃપા દૃષ્ટિ કરી. પોતાનો શિષ્ય બનાવ્યો. એ સ્થળ આજે દુધેશ્વર તરીકે ઓળખાય છે. દેવાયત માલધારી મટી દેવાયત પંડીત કહેવાયા. તેમની પત્નીનું નામ દેવલદે હતું. તેમના ઘણા શિષ્યો પૈકીનાં રબારી ભક્ત હાલો, આહીર ભક્ત સુરો, ઢાંગો અને રાજા વણવીર મુખ્ય હતા.

**ષષ્ટમસ્વામી**નો જન્મ ઝાલાવાડમાં ધ્રાંગધ્રા પાસે ઝાલા રજપુતમાં થયો હતો. આજના દુધરેજ ગામે તે આવીને રહ્યા. જબરી તપસ્યા કરી. એક વડલાનું દાતણ વાવ્યું. આજે એ વડલો દુધરેજના મંદિરમાં તેની સ્મૃતિરૂપે ઉભો છે, અને વડવાળા દેવ તરીકે ઓળખાય છે. સૌરાષ્ટ્રમાં દુધરેજ ગામે રહેલ દુધરેજની જગ્યામાં મંદિરો કલા કારિગિરિની રીતે બેનમૂન છે. ષષ્ટમસ્વામીના અનુયાયીઓ દુધરેજીઆ સાધુ તરીકે ઓળખાય છે, અને દુધરેજની જગ્યા સમસ્ત રબારી કોમ માટે તીર્થધામ મનાય છે.

**મોરાર સાહેબ**નો જન્મ ઉત્તર-ગુજરાતના વાવ થરાદ ગામે વાઘેલા કુળમાં થયો હતો. ગુજરાતના સમર્થ સંત રવિસાહેબનો ભેટો થયો. તેમના શિષ્ય બન્યા. દસેક વર્ષ ગુરુદેવ પાસે સેવામાં રહ્યા. ગુરુદેવની પ્રેરણાથી હાલારમાં ધ્રોળ પાસે ખંભાળિયા ગામે જગ્યા બાંધી સદાવ્રત શરૂ કર્યું. એ વખતના જામ રણમલ મોરાર સાહેબના શિષ્ય બન્યા, અને જગ્યાની ઘણી સેવા કરી. મોરાર સાહેબનાં બનાવેલાં ભજનો આર્તનાદનાં પર જ ઢાળનાં સહુ ગાય છે. "ભીમે મહીના છ, અને મોરારે મહીના બાર" એમ કાળ ઉપર વિજય મેળવ્યાનું સહુ કહે છે. આજે તે ગામ મોરાર સાહેબના ખંભાળિયા નામે ઓળખાય છે. જગ્યામાં ગુરુદેવ રવિ સાહેબનાં તથા મોરાર સાહેબનાં સમાધિ મંદિરો છે. મોરાર સાહેબનું શિષ્યમંડળ વિશાળ હતું. જેમાંના પ્રસિદ્ધ ટંકારાવાળા જીવા ભક્ત, ખત્રી, મુસલમાન સુમરા સંત હોથી, વડોદરાનાં માતા વાશણસી તથા ચરણ સાહેબ વિગેરે મુખ્ય હતા.

**હોથી ભક્ત**નો જન્મ વટાળથી મુસ્લિમ થયેલ સુમરા જ્ઞાતિમાં નેકનામ ગામે થયો હતો. મોરાર સાહેબના સંપર્કમાં આવ્યા. એક મુસ્લિમ યુવાન મસ્જીદમાં જવાને બદલે મંદિરમાં જવા લાગ્યો. અને ભજન ગાવા લાગ્યો એ ઘણા મુસ્લિમોને રૂચ્યું નહિ. હોથીના પિતાના સહુએ કાન ભંભેર્યા અને એક વચન માટે જેણે પિતાનું આપેલ ઘોળેલું ઝેર પીધું. મોરાર સાહેબના શિષ્યદાસ હોથીની સમાધિ આજે મોરાર સાહેબના ખંભાળિયા ગામે જીવંત છે.

**આચાર્ય શ્રી પ્રાણનાથજી સ્વામી**નું મૂળ નામ મહેરાજ ઠક્કર હતું. જામનગરમાં લોહાણા જ્ઞાતિમાં જન્મ્યા હતા. નાનપણથી જ કથા વાર્તા ઉપર ખુબ જ પ્રેમ હતો. પ્રણામી ધર્મના આદ્યસ્થાપક દેવચંદ્રજી મહારાજનો સમાગમ થયો. તેના શિષ્ય બન્યા. દેવચંદ્રજી મહારાજના સ્વર્ગવાસ પછી પ્રાણનાથજી સ્વામીએ લોકોને જાગૃત કરવા અને સદ્ઉપદેશ દ્વારા ધર્મ પ્રચાર માટે આખા ભારતવર્ષના નાના-મોટા શહેરોનું પર્યટન કર્યું. ફરતાં ફરતાં બુંદેલખંડમાં ગયા. પન્ના નરેશ છત્રસાલજીને ઉપદેશ કર્યો. અને રાજવીએ મંદર બંધાવી આપ્યું. હિંદુ-મુસ્લિમ ઐક્યતાના પ્રખર હીમાયતી હતા. હિંદુધર્મની કસોટીના કાળમાં ઔરંગઝેબ જેવા બાદશાહને પ્રાણનાથજી સ્વામીએ હિંદુધર્મનું સાચું રહસ્ય સમજાવ્યું હતું. આજે સ્વામી શ્રી પ્રાણનાથજી સ્વામીનું સમાધિ મંદિર પન્નામાં છે.

**ભક્ત દયારામ**નો જન્મ નર્મદા કિનારે ચાણોદ ગામે નાગર જ્ઞાતિમાં થયો હતો. નાનપણથી જ માતા પિતાનો સ્વર્ગવાસ થયો. નર્મદા કિનારાના મહાન સંત કેશવાનંદના સંપર્કમાં આવ્યા. તેમનાં

રચેલાં ભગવાન કૃષ્ણ વિષેની અનન્ય ભક્તિનાં સુંદર પદો આજે પણ લોકો પ્રેમથી ગાય છે.

**ભક્ત નિરાંતનો** જન્મ ઉત્તર ગુજરાતમાં પાટીદાર જ્ઞાતિમાં થયો હતો. ડાકોરના રણછોડરાયના પરમ ભક્ત હતા. પાછળથી અદ્વૈત વાદના ઉપાસક બન્યા. તેમનું શિષ્યમંડળ ઘણું હતું. ગુજરાતનાં સંપ્રદાયી સ્થાપકોમાં ભક્ત કવિ નિરાંતનું નામ સંકળાયેલું છે.

**સંત પ્રીતમદાસ** નો જન્મ ખેડા જિલ્લામાં સાંડેકર ગામમાં બારોટ જ્ઞાતિમાં થયો હતો. ગુજરાતના પ્રસિદ્ધ સંત રવિસાહેબના સમાગમમાં આવ્યા. ગુરુ ભક્તિ અને કૃષ્ણ વિરહની છાંટ તેમની કવિતામાં જોવા મળે છે. ગુજરાતના સંત કવિઓમાં પ્રીતમદાસનું નામ અજોડ છે.

**ભાણ સાહેબનો** જન્મ ખેડા જિલ્લાના કાનખીલોડ ગામમાં લોહાણા જ્ઞાતિમાં થયો હતો. પૂર્વના યોગભ્રષ્ટ પુરુષ હતા. મરાઠા અને મોગલોના ઘર્ષણમાં જ્યારે ગુજરાતની જનતા પીસાતી હતી ત્યારે ભાણ સાહેબે ગામે ગામ પર્યટન કરીને લોકોમાં ભક્તિ અને જ્ઞાનનો પ્રચાર કર્યો. વીરમગામ પાસે કમીજડા ગામે તેમની અંતિમ સમાધિ છે.

**રવિ સાહેબનો** જન્મ ભરૂચ જિલ્લાના તણસા ગામે વણિક જ્ઞાતિમાં થયો હતો. મહાન સિદ્ધપુરુષ ભાણ સાહેબના સમાગમમાં આવ્યા. યોગઉપનિષદો તેમજ અઘરાં શાસ્ત્રોને ગુજરાતી ભાષામાં કવિતાબદ્ધ કર્યા. વડોદરા પાસે શેરખી ગામે આ જીવન રહ્યા. "કહે રવિ રામ સંતો ભાણ પ્રતાપે" એ નાદ આજે ગુજરાતમાં ઘેર ઘેર સંભળાય છે.

**મહાસિદ્ધ આણંદા બાવા** નો જન્મ સૌરાષ્ટ્રના ધોરાજી ગામે સોની જ્ઞાતિમાં થયો હતો. નાનપણથી દરિદ્રનારાયણ ઉપર અપાર પ્રેમ હતો. વૈરાગ્ય ઉરમાં આવતાં ઘર છોડી હરસિદ્ધિ માતાના સ્થાનમાં રહી ખુબજ આત્મામંથન કર્યું. એક મહાત્મા મળ્યા, જીવનની કુંચી જડી, જામનગર આવ્યા. સોનીકામ કરતાં જે પૈસા મળે તેમાંથી અનાથોને ચણા આપવા લાગ્યા. જામનગર શહેરમાં સાચા સંત તરીકે ઓળખ થઈ અને આણંદા બાવાએ શરૂ કરેલ સેવા યજ્ઞમાં સમુ સાથ આપવા લાગ્યા. જામસાહેબે પોતાના રાજ્યોમાં માણાં માપાં બાંધી આપ્યાં. બરાબર ૧૦૮ વર્ષની વય સુધી અનાથોનાં દુઃખ દુર કરવા પ્રબળ પરિશ્રમ કર્યો આજે જામનગરમાં આણંદા બાવા સેવા સંસ્થા વિદ્યાલય–ચકનો, અનાથાશ્રમ આણંદાબાવાની તપનિષ્ઠાના ફળરૂપે જીવંત છે. જામનગરમાં તેમની સમાધિ છે.

**શ્રીમદ્ રાજચંદ્રનો** જન્મ મોરબી રાજ્યના વવાણીઆ–ગામમાં વણિક જ્ઞાતિમાં થયો હતો. નાનપણથી જ એક બુદ્ધિશાળી વિદ્યાર્થી હતા, એમની સ્મૃતિ ઘણી તીવ્ર હતી. સાત વર્ષની અલ્પ વયમાં જ તત્ત્વજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી. અઢાર–ઓગણીશ વર્ષની ઉંમરે શતાવધાની બન્યા હતા, સાદું અને ત્યાગમય જીવન ગાળતા. લેખક અને સાહિત્યકાર હતા. દર્શનિક અને સુધારક પણ હતા. મહાત્મા ગાંધીજીએ પણ તેની પાસેથી ઘણી પ્રેરણા મેળવી હતી. તેત્રીશ વર્ષની નાની વયમાં જ તેમનું અવસાન થયું. વવાણીયામાં શ્રીમદ્ રાજચંદ્રનું સ્મારક છે.

**દેવતણખી ભક્તનો** જન્મ જુનાગઢ પાસે મજેવડી ગામે લુહાર જ્ઞાતિમાં થયો હતો. મહાન સમર્થ દેવાયત પંડિત રથ લઈને પ્રવાસે નીકળેલ રસ્તામાં રથનો ધરો તૂટયો. દેવતણખી લુહારે તે સાંધી આપ્યો. ત્યારથી દેવાયત પંડિતના સંસર્ગથી દેવતણખી તેમના શિષ્ય બન્યા. અને પરમ ભક્ત થયા. આજે પણ સમસ્ત લુહાર જ્ઞાતિ મજેવડીમાં તેમની તથા તેમના પુત્રી લીરલબાઈની સમાધિનાં દર્શન કરી ધન્ય બને છે.

**ભક્ત રોહીદાસનો** જન્મ કાશી પાસે હરિજન ચમારમાં થયો હતો. તેઓ રામાનંદ સ્વામીના શિષ્ય હતા. જીવનની ઉત્તરા–વસ્થામાં ભારતની યાત્રાએ નીકળ્યાને જે જુનાગઢ તાબાના સરસાઈ ગામે વસવાટ કર્યો હતો. રાજસ્થાનનાં મહાન કવયત્રિ મીરાંબાઈ ભક્ત રોહીદાસનાં શિષ્ય હતાં. સરસાઈમાં રહીને ચમારકામ કરતા. તેના વખતના કુંડ આજે સરસાઈના પાદરમાં રોહીદાસના કુંડ તરીકે ઓળખાય છે.

**રામબાઈ માતાનો** જન્મ બરડા પ્રદેશમાં મ્હેર ક્ષત્રિય જ્ઞાતિમાં થયો હતો. સૌરાષ્ટ્ર એ તો સિદ્ધો અને સંતોની ભૂમિ છે. તેમાંયે બરડો પ્રદેશ એની જવાંમર્દી અને અટંકીપણાની હજુએ શાખા પૂરે છે. રામબાઈ માતા અડવાણા ગામે રહેતાં. સમર્થ સંતો રવિ સાહેબ અને મોરાર સાહેબનાં અનુયાયી હતાં. આ જન્મ બ્રહ્મચર્ય વ્રત પાળી યોગ તત્ત્વની સાધનાથી ઉચ્ચ કોટી પામ્યાં હતાં. બીલખા આનંદાશ્રમના સ્થાપક શ્રીમાન નથુરામ શર્મા કે જે નાથ ભગવાનના નામથી ઓળખાય છે, તેમણે અડવાણા ગામે શિક્ષક હતા ત્યારે રામબાઈ માતાના આશ્રમે સત્સંગ કરવા જતા. અને જ્ઞાનની ઉચ્ચ ભૂમિકા પ્રાપ્ત કરેલી. આજે અડવાણા પાસે દહે ગામમાં તેની સમાધી છે. આને સહુ જ્ઞાનગેરૂ તરીકે ઓળખે છે.

**જીવણ ભક્તનો** જન્મ ગોંડલ પાસે ઘોઘાવદર ગામે હરિજન કુટુંબમાં થયો હતો. નાનપણથી જ પોતાનો ધંધો કરતાં કરતાં આપ જોડિયાં ભજનો બનાવતા. આમરણવાળા ભીમ સાહેબનો ભેટો થયો. તેમના શિષ્ય બન્યા. અને પછી તો મીરાંબાઈનાં પદોની ઝલકવાળાં સુફીવાદનાં ભજનો દાસી જીવણને નામે રચવા લાગ્યા. ગોંડલના મહારાજા કુંભાજીએ ભામની સાઠ કોરી લ્હેણી રહેતાં તેમને જેલમાં પૂરેલ અને એ જેલમાં પ્રભુને પોકાર એવાં બીજાં ઘણાં ભજનો રચ્યાં. સૌરાષ્ટ્રના ભજનકારી સંતોમાં દાસી જવણનું સ્થાન અનોખું છે. ઘોઘાવદરમાં તેમની સમાધી છે.

**મહાત્મા મૂળદાસનો** જન્મ ઉના તાલુકાના આમોદરા ગામે લુહાર જ્ઞાતિમાં થયો હતો. લુહારકામ કરતા કોલસા પાડતાં એક લાકડામાં અસંખ્ય કીડીઓ સળગતી જોઇ અને તેમનો આત્મા કકળી ઉઠ્યો. અને તેજ વખતે ધંધો ઘર વિ–છોડીને નીકળી પડયા. ફરતા ફરતા ગોંડલના સમર્થ મહાત્મા જીવણદાસનો સમાગમ થયો શિષ્ય બન્યા. આદેશ લઈને અમરેલી આવ્યા. જગતને ત્યાગ અને સેવા આદર્શ પુરો પાડ્યો. અમરેલીમાં જગ્યા બાંધી આજે પણ અમરેલીમાં તેની સમાધિ જીવંત છે.

**ધના ભક્તનો** જન્મ ધોળા ગામમાં કણબી જ્ઞાતિમાં થયો હતો. ગૃહસ્થધર્મનું યોગ્ય પાલન કરતા. અને ઘેર દીન દુઃખીઓ

માટે સદાવ્રત બાંધ્યું. જગ્યા બાંધી આજે પણ ધોળા ગામમાં ધના ભગતની જગ્યા તેના સ્મારક રૂપે ઉભી છે.

**ત્યાગમૂર્તિ મસ્તરામ મહારાજની** પૂર્વાવસ્થા તથા જન્મ સબંધે ખાસ હકીકત મળતી નથી. પણ વિશેષ કરીને ગોહીલવાડમાં પર્યટન કરતાં. જગતના સબંધથી નિરંતર ઉન્મુખ જ અને દિગંબર અવસ્થામાં જ રહેતા. ભાવનગર નરેશે એકવાર કીંમતીશાલ ઓઢાડેલ તે પણ તેણે ટાઢથી થરથરતા એક કુતરાને ઓઢાડી દીધેલ. એમની અંતિમ સમાધિ બોટાદમાં થઈ જ્યાં તેમની યાદી માટે સ્મારક કાર્ય પણ થયું છે.

**મેરામ ભકતનો** જન્મ ગોહીલવાડમાં હરેક ગામે આહીર જ્ઞાતિમાં થયો હતો. વારસામાં જ પ્રભુ ભક્તિના શુભ સંસ્કારો મળ્યા હતા. ધર્મપત્નિ જીવુબાઇ પણ આજ્ઞાંકિત હતાં. આતિથ્ય ધર્મનું પાલન કરી સાધુ સંતોની સેવા કરી રામમય જગત નિહાળ્યું. હરેકમાં જ્યાં મેરામ ભકત રહેતા ત્યાં તેમણે જીવતાં સમાધિ લીધી. આજે પણ તેમની સમાધિ અને મંદિર મોજુદ છે.

**સંત લોયણનો** જન્મ રાજકોટ પાસેના આટકોટ ગામે લુહાર જ્ઞાતિમાં થયો હતો. અપાર સૌંદર્ય હતું. આટકોટના કામાંધ અને લંપટ લાખા નામના જાગીરદારની તેના પર કુદૃષ્ટિ થઇ, સતી લોયણે લાખાને ઘણો ઉપદેશ આપ્યો. સતી તોરલની જેમ લાખાને મહાન ભકત બનાવ્યો.

આજે લાખા–લોયણનાં ભજનો ઘેર ઘેર ગવાય છે.

**ભિક્ષુ સ્વામી અખંડાનંદજીનું** પૂર્વાશ્રમનું નામ લલ્લુભાઇ હતું. નાનપણથી જ ધાર્મિક સાહિત્યના વાંચનનો જબ્બર શોખ હતો. તે વખતના પ્રગટ થતાં પુસ્તકોની કિંમત સામાન્ય માણસો ખરીદી ન શકે તેમ લાગતાં લોકોને તદ્દન સસ્તાભાવે અઢળક ધાર્મિક સાહિત્યનો ખજાનો બહાર લાવવા એમણે સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલયની સ્થાપના કરી.

ગુજરાતની પ્રજા ભિક્ષુ અખંડાનંદજીના આ ઉપકાર બદલ ઋણી રહેશે.

**સંત પુનિતનો** જન્મ જુનાગઢ ગામે બ્રાહ્મણ કુળમાં થયો હતો અમદાવાદમાં બાળપણથી જ ભક્તિના રંગે રંગાયા. ભક્તિ પ્રેમી ગુજરાતની જનતામાં તેમના આખ્યાનો હૃદય સોંસરવા ઉતરી જતાં. સંત પુનિતે પોતાનું સ્વતંત્ર સાહિત્ય ઘણું રચ્યું છે. 'જનકલ્યાણ' નામના માસિકની સ્થાપના કરી ભક્તિના અખંડિત પ્રવાહને વહેતો રાખ્યો છે. ગુજરાતની પ્રજા તેમને કદી ભૂલી શકશે નહિ.

**વાજસુર ભકતનો** જન્મ માણાવદર તાબે ઇંદ્રિા ગામે થયો હતો. નાનપણથી જ બહાદુર હતા. યવન લોકો જ્યારે પશુ હત્યા કરતા ત્યારે તુરત જ દોડી જઇને તેને બચાવવાનો પ્રયત્ન કરતા. એમ કરવા જતાં ઘણીવાર સંગ્રામો કરવા પડતા. આમ જીવનભર જીવદયાના ઉપાસક હતાં ભાણસાહેબના શિષ્ય સંત કાનસ્વામીનો ભેટો થયો. જીવનભર કાનસ્વામી પાસે રહીને સંસ્થાની સ્થાપના કરી. આજે વડાલમાં એ સંસ્થા અને તેમની સમાધિ મોજુદ છે.

**ભકત શાર્ંગીગનો** જન્મ સોરઠના રોડસર ગામે બારોટ જ્ઞાતિમાં થયો હતો. નાનપણથી જ વૈરાગ્યને કારણે દિક્ષા લઈ સાધુ બન્યા. કાઠી, કોળી, કારડિયા વિ. જ્ઞાતિઓમાં ફરીને જ્ઞાન અને ભક્તિની ગંગા વહેવડાવી ઘણા માણસોને ધર્મને માર્ગે દોર્યા. તેમની અંતિમ સમાધિ સાવરકુંડલા પાસે આદસંગ ગામે મોજુદ છે.

**હરદાસ ભકતનો** જન્મ ધોરાજી પાસેના છાડવાવદર ગામે આહીર જ્ઞાતિમાં થયો હતો. મહાન પિતા નથુ ભકતના શુભ સંસ્કારો વારસામાં મળ્યા હતા. માત્ર ૧૪ વર્ષની ઉંમરે પૂર્વજન્મનું જ્ઞાન થયું. ત્યાર પછી સંસારનો વહેવાર જળકમળ માફક કરી નાખ્યો. ગામમાં રહેતા એક અર્ધ ગાંડાએ તેમના પુત્રની હત્યા કરી નાખી છતાં પણ કોઇ વૈર વૃત્તિ નહિ રાખતાં તેમને જીવનભર ઘેર રાખી રોટલા આપ્યા. એકાવન વર્ષની ઉંમરે હીમાલયમાં તપ કરવા ચાલ્યા ગયા.

અત્યારે છાડવાવદરના સરપંચ તરીકેના શ્રી રામભાઇના તેઓશ્રી પિતાજી હતા.

**ગંગા સતીના** પતિ ગોહીલવાડમાં આવેલા સમઢિયાળા ગામના ગરાસદાર હતા. ગરાસ ટુંકો હતો. મહાન વિદુષી ગંગાસતી તેમનાં ધર્મપત્ની હતા. પતિ પત્નિ બન્ને વિચારશીલ અને ધર્મપરાયણ હતા. ગંગાબાઈએ પ્રભુ ભક્તિનાં પદો અને ભજનો પોતાની પુત્રવધુ પાનબાઇને ઉદ્દેશીને ગાયાં છે આજે પણ સમઢિયાળા ગામે આ દંપતિની સમાધિ જીવંત છે.

**મહાસિદ્ધ વેલનાથ** અથવા વેલા બાવા તરીકે ઓળખાતા મહાસિદ્ધ પુરૂષ પછાત ગણાતી કોળી જ્ઞાતિમાં જન્મ્યા હતા. નાનપણથી જ માતાપિતા મરી ગયાં. ખેડૂતોને ત્યાં મજુરી કરી બાળપણ વિતાવ્યું. યુવાવસ્થામાં રંગ લાગ્યો. બાર વરસ સુધી અનાજનો ત્યાગ કરી ઉઘાડે પગે ગિરનારના પહાડની પરકમ્માઓ શરૂ કરી. ઘણી ઔષધિઓના પ્રયોગ કરી વનસ્પતિશાસ્ત્ર હસ્તગત કર્યું. પછાત જ્ઞાતિમાં રહેલા કુસંસ્કારો કાઢવા જીંદગીભર ઘૂમ્યા. રામા નામના શિકારીને શિકાર અને દુર્વ્યસનો છોડાવી શિષ્ય બનાવ્યો. બંને ગુરૂ શિષ્ય ગિરનારના સિદ્ધ ગણાયા. આજે વડીયા પાસે ખડખડ ગામે તેની અંતિમ સમાધિ છે.

**ભકત સગાળશાનો** જન્મ વણિક કુળમાં થયો હતો. તેમની સ્ત્રીનું નામ ચંગાવતી હતું. જુનાગઢ પાસે બીલખામાં તેઓ રહેતાં. ગૃહસ્થધર્મનું યોગ્ય પાલન કરી સાધુ સંતોની ખુબ સેવા કરતા એક સાધુને જમાડીને જમવું તેવું આકરૂં વ્રત તેમણે લીધેલું. એ વ્રતની કસોટી કરવા ભગવાન આવે છે. એકના એક પુત્ર ચેલૈયાને વધેરી ખાંડણીએ ખાંડી ભગવાન આગળ ધરે છે. આકરી કસોટીથી પ્રભુ પ્રસન્ન થઈ ચેલૈયાને સજીવન કરે છે. બીલખામાં એ સ્થળ પ્રભુના પીપળા તરીકે ઓળખાય છે. અને હજુ એ ખાંડણિયો અને સાંબેલાના લોકો દર્શન કરે છે.

**સંત મેકરણનો** જન્મ કચ્છમાં ખાંભડી ગામે રજપુત જ્ઞાતિમાં ભટ્ટીશાખામાં થયો હતો. બાલ્યાવસ્થામાં આશાપુરા તથા હિંગરાજ માતાના પરમ ભકત હતા. ફરતા ફરતા ગિરનારમાં આવ્યા. ત્યાં સિદ્ધ પુરૂષ રૂપે દત્તાત્રેય ગુરુ મળ્યા. સેવાનો આદેશ આપ્યો. સાચો જીવન પંથ સૂઝ્યો સેવાચિન્હ રૂપે કાવડ મળી તે સ્વીકારી કચ્છના ધ્રંગ—લોડાઈ ગામે ધુણો ધખાવ્યો. ક્રાંતિકારી અને નગ્ન સત્ય કહેનાર દાદા મેકરણની સાખીઓ આજે પણ પ્રસિદ્ધ છે. બધા સંતો કરતાં સંત મેકરણની વિશેષતા એ છે કે :- લાલીયો ગધેડો અને મોતીઓ કુતરો જેવાં પશુ પ્રાણીઓ પણ સંતસંગથી અનુચર બની રહ્યાં. આજે પણ સંત મેકરણના અનુયાયીઓ કાપડી સંતો તરીકે ઓળખાય છે.

**જેસલ તોરલ** જેસલનો જન્મ કચ્છ ધરામાં જાડેજા કુટુંબમાં થયો હતો. થોડી ગરાસની જમીન હતી. ચોરી લૂંટનો ધંધો કરતાં લૂંટારાનો સરદાર બન્યો. સૌરાષ્ટ્રની સ્વરૂપવતી કાઠિયાણી તોરલદેના રૂપની મિત્રોમાં ચર્ચા થતાં હોડ કરી, તોરલ, ઘોડીને તલવાર ચોરવા માટે જેસલ સૌરાષ્ટ્રમાં આવ્યા. તોરલદેની મુલાકાત થઇ. જુગજુગની ઓળખાણ તાજી થઈ. તોરલને લઇને જેસલ કચ્છમાં જાય છે. રસ્તામાં હોડી ડૂબે છે. તોરલ જેસલને કરેલાં પાપનું પ્રાયશ્ચિત કરી પ્રકાશ કરવાનું કહે છે. બસ ત્યાંથી જેસલ લૂંટારો મટી ભક્ત બને છે. પાપ પ્રકાશતાં ભયંકર તોફાનથી હોડી સહીસલામત કિનારે પહોંચે છે. અને બંને નરનારી અલખના ઉપાસક બને છે. જેસલ તોરલનું ભક્ત યુગલ સૌરાષ્ટ્ર અને કચ્છના લોક હૃદયમાં અનુપમ સ્થાન ધરાવે છે આજે અંજારમાં બંનેની સમાધિ છે.

**હરસુર ભક્તનો** જન્મ કચ્છમાં ભુજથી પંદરેક માઇલ દૂર ધાણેરી ગામે આહીર જ્ઞાતિમાં થયો હતો. ખેતીકામ કરતા નાત-જાતનો ભેદ ન હતો. હરિજન વાસમાં ભજન કરવા જતા અને પ્રસાદ પણ લેતા. લોકોએ ઘણો વાંધો લીધો પણ પોતાના નિશ્ચયથી ડગ્યા નહિ, મૃત્યુ વખતે તેમના વંશોને આદેશ આપ્યો. જન્માષ્ટમીના દિવસે હરિજનોને ઘેર બોલાવી જમાડવા. આજે પણ ધાણેરીના હરિજનોને તેમના વંશજો જન્માષ્ટમીના રોજ જમાડે છે.

**સંત ઇશ્વરરામનો** જન્મ કચ્છમાં ભુજ તાલુકાના વાંઢાય ગામે થયો હતો. હમલા ગામના સમર્થ સંત દેવા સાહેબના ઉપાસક બન્યા. પ્રબળ પુરુષાર્થથી વાંઢાયમાં ભવ્ય આશ્રમનું સર્જન કર્યું. અંધ અને અપંગોને માટે જ્યારે કાંઈ આશ્રમોની સગવડ ન હતી. એવે વખતે સંત ઇશ્વરરામજીએ અંધ અને અપંગ બાળકોને રાખી.તેમને યોગ્ય કેળવણી આપી. આજે કચ્છ વાંઢાયમાં તેમનો સ્થાપેલ આશ્રમ તેના યાદ કરાવે છે.

**ત્રીકમ સાહેબનો** જન્મ કચ્છમાં રામાવાવ ગામે હરિજન બ્રાહ્મણ (દેદગરોડા) જ્ઞાતિમાં થયો હતો. અવારનવાર રાપર ખીમ સાહેબ પાસે જતા અને રંગરંગ્યો. એકવાર સૌરાષ્ટ્રથી કચ્છમાં રવિસાહેબ વિગેરે હોડી રસ્તે જતા હતા. અછુત ગણીને હોડીવાળાએ ત્રીકમને લીધા નહિ. ત્રીકમ પગે ચાલીને રણમાં થઇને કચ્છમાં ખીમ સાહેબની પહેલાં પહોંચ્યા. આવી ઉત્કટતા જોઇ ખીમ સાહેબે તેને દિક્ષા આપી સંત બનાવ્યા. ચિત્રોડમાં જગ્યા બાંધી તેની છેલ્લી ઇચ્છા ગુરુદેવ ખીમ સાહેબના ચરણમાં સમાધિ લેવાની હતી. પોતે અછુત હોવાના કારણે તેમાં ઘણાં વિઘ્નો આવ્યાં, પણ તે ઇચ્છા તેમની પૂરી થઇ. આજે રાપરમાં ખીમ સાહેબની જગ્યામાં ત્રીકમ સાહેબની સમાધિ જીવંત છે.

**સંત વણારસી માતાનો** જન્મ વડોદરા શહેરમાં બ્રાહ્મણ જ્ઞાતિમાં થયો હતો. બાલ્યાવસ્થામાં જ વૈધવ્ય પ્રાપ્ત થયું. અને તેને પરમ સિદ્ધ પુરુષ મોરાર સાહેબનો ભેટો થયો. તેને આત્માનું દર્શન થયું. દિક્ષા લીધી પોતાની સર્વ સંપત્તિ, ગુરુ ચરણે અર્પણ કરી આજે વડોદરા વાડી છેલ્લી પોળમાં વણારસી માતાનું મંદિર પ્રખ્યાત છે.

**મહાન સંત સંતરામજીનો** જન્મ ખેડા જિલ્લાના નડીયાદ ગામે થયો હતો. નાનપણથી જ અસાર સંસાર ઉપર વૈરાગ્ય હતો. ઘણા સાધુ સંતોના સમાગમમાં આવ્યા. છેલ્લે છેલ્લે ગુજરાત પ્રસિદ્ધ સંત રવિ સાહેબ પાસેથી દિવ્ય જ્ઞાનની પ્રાપ્તિ કરી. લોકોના તીર્થ ધામ જેવું નડિયાદમાં સંતરામજીનું મંદિર પ્રસિદ્ધ છે.

**સંત સરયુદાસજીનો** જન્મ અમદાવાદમાં થયો હતો. નાનપણ જ સાધુ સંતો ઉપર અપાર પ્રેમ હતો. હિંદુસ્તાનના અનેક તિર્થ ધામોમાં ભ્રમણ કર્યું. તેમનું જીવન જ બોધ પરાયણ હતું. અમદાવાદમાં પ્રેમ દરવાજે અતિથિઓના વિસામા સમો તેમનો આશ્રમ પ્રસિદ્ધ છે.

**સંત નરસિંહદાસજી** અમદાવાદના જગન્નાથપુરી આદર્શ મહંત તરીકે સંત નરસિંહદાસજીનું નામ ઉજ્જવળ છે. જમાલપુર દરવાજે રહેલ જગન્નાથજીની જગ્યામાં અતિથિ સેવા, ગૌસેવા, દરદીઓની સેવા, ભૂખ્યાને ભોજન અને સર્વ આત્મ પરમાત્મા જાણીને આ જીવન સેવા કરી. સંતોની સુવાસ તરીકે આજે પણ અમદાવાદની જનતાના હૃદયમાં તેનું સ્થાન અપૂર્વ છે.

**સ્વામી ઉત્તમપુરીજી** પાલનપુર પાસેના રાજપુર મઠના પવિત્ર કારકીર્દીમાં સ્વામી ઉત્તમ પુરીનું નામ ઘણું ઉજ્વળ છે. બારેક ગામની જાગીર રાજપુર મઠની નીચે હતી. તેનો સુવ્યવસ્થિત વહીવટ કર્યો. દિન દુઃખીઓની સેવા અને ગૌપાલન તેનો જીવન મંત્ર હતો. રાજપુર મઠમાં તેમની અંતિમ સમાધિ છે.

**સંત ભાવસ્વામી** ગોંડલમાં થઈ ગયેલા પ્રસિદ્ધ સંત જીવન-દાસ લોહલંગરની શિષ્ય પરંપરામાં ભાવ સ્વામીનું નામ મોખરે છે. ભાલ પ્રદેશમાં ખેડૂત જનતામાં રાત દિવસ ફર્યા. લોકોને ધર્મ અભિમુખ કર્યા. ભાલની જનતાના હૃદયમાં ભાવ સ્વામીનું સ્થાન અપૂર્વ છે. ધોલેરામાં તેમની સ્થાપિત જગ્યા મંદિર વગેરે મોજુદ છે.

**લાલ સાહેબ** ગુજરાતના મહાન સંત રવિ સાહેબના શિષ્યમાં લાલ સાહેબનું નામ અગ્ર સ્થાને છે. ભક્તિ ભાવથી ભરપૂર તેનાં ભક્તિ કાવ્યો ઉત્તર ગુજરાતમાં ઘેર ઘેર બોલાય છે. પાટણમાં તેમની અંતિમ સમાધિ મોજુદ છે.

**ખીમ સાહેબનો** જન્મ ઉત્તર ગુજરાતના રાધનપુર તાબે વારાહી ગામે લોહાણા જ્ઞાતિમાં સમર્થ ભાણ સાહેબને ત્યાં થયો હતો. વારસાગત ઉચ્ચ સંસ્કારો હતા. કોઈ કારણથી વારાહી ગામનો ત્યાગ કરી રાપર ગામે આવી વસ્યા. ત્યાં જગ્યા બંધાવી સેવાશ્રમ બાંધ્યું. ચિત્રોડના હરિજન ભક્ત ત્રિકમને અપનાવી દીક્ષા આપી પોતાની સાથે રાખ્યો. એ વખતમાં એ કામ ઘણું અઘરું હતું. નાતજાતના ભેદ ભુંસવાના શ્રી ગણેશ ખીમ સાહેબે માંડયા. આજે રાપરમાં દરીયા સ્થાનની જગ્યામાં ખીમ સાહેબની સમાધી જીવંત છે.

**સંત હરિદાસજીનો** જન્મ કચ્છમાં માંડવી તાબે શીંગરીયા ગામે રજપુત જ્ઞાતિમાં થયો હતો. આ જન્મ બ્રહ્મચર્ય વ્રતપાળી સમર્થ ગુરુ ચરણ સાહેબ પાસેથી દીક્ષા લઈ આશ્રમ બાંધ્યો. હઠ યોગની બધી પ્રક્રિયા જાણતા, આજે શીંગરિયા ગામે તેમની સમાધિ જીવંત છે.

**સંત મુડિયા સ્વામીનું** મુળ નામ દયારામ હતું. જુનાગઢ તાબાના ડમરાળા ગામે બ્રાહ્મણ કુટુંબમાં તેઓ જન્મ્યા હતા. ડમરાળા ગામમાં કરમણ ભક્ત કુંભારના સત્સંગથી તેમના ઉરમાં વૈરાગ્ય પ્રગટ થયો. ઘર બાર છોડી કચ્છના રાપર તાલુકામાં વિથો-રીયા પહાડમાં રહી યોગસાધના અને આત્મચિંતન કરી ઘણા વર્ષો રહ્યા. યોગસિદ્ધિ પ્રાપ્ત કરી જીવનને કર્તવ્ય-પરાયણ બનાવવા અંજાર આવી સુંદર આશ્રમ બાંધ્યો. સૌરાષ્ટ્રમાં પણ ફરીને મોરબી, જામનગર વિગેરે સ્થળોએ આશ્રમો બાંધ્યા. તેમનું શિષ્યવૃંદ ઘણું હતું. જામનગરમાં તેમની સમાધી છે.



# ગુજરાતીમાં શબ્દકોશ

—શ્રી મોહનભાઈ શં. પટેલ

કોશ શબ્દની વ્યાખ્યા કરવાનું કઠણ છે. કોઈપણ વસ્તુ સંઘરવા–સાચવવાનું પાત્ર: ખાનું, આવરણ અથવા ઘર. શ્રી આપ્ટેના કોશમાં તેના અર્થો આમ આપેલા છે:

1. A vessel for holding liquids, pail.
2. A bucket, cup.
3. A vessel in general
4. A box, cup board, drawer, trunk.
5. A sheath, scalebard
6. A case, cover, covering.
7. A store, mass.
8. A store-room
9. A treasury, an appartment where money is kept.
10. Treasure, money, wealth.
11. Gold or silver wrought or unwrought.
12. A dictonary, lexicon,vocabulary.
13. A closed flower, bud.
14. The stone of a fruit
15. A pod
16. A nut-meg, nut-shell.
17. The cocoon of a silk-worm.
18. Vulba, the womb.
19. An egg.
20. A testicle or the scrotum.
21. The penis.
22. A ball, globe.
23. A term for the five vestures which successively make the body, enshrining the soul.
24. A kind of ordeal.
25. A house.
26. A cloud.
27. The interior of a carriage.
28. A kind of bandage or ligature.
29. An oath.

આમ સંસ્કૃતમાં આવા ભિન્ન ભિન્ન અર્થોમાં તે વપરાયો છે. અન્ય સંસ્કૃત કોશોનો પણ અહીં આધાર લઈ શકાય. પરંતુ મહદ્‌અંશે આ જ અર્થો છે. અંગ્રેજીમાં dictionary, glossary, vocabulary. thesaurus, lexicon આદિ તેના પર્યાયવાચી શબ્દો છે. સંગ્રહ કે તે માટેનું પાત્ર એ સામાન્ય અર્થ છે. ભાષાગત શબ્દો કે વિષયની યાદી અકારાદિક્રમે જે પુસ્તકમાં હોય તેને આપણે કોશ કહીશું. આપણે ત્યાં કોશની પૂર્વે શબ્દ, જોડણી, જ્ઞાન, વિશ્વ, આદિ શબ્દો વાપરીને તેના નોખા નોખા પ્રકારો કે ઉપયોગો દર્શાવાય છે. શબ્દકોશ હોય, જોડણીકોશ હોય, જ્ઞાનકોશ હોય કે વિશ્વકોશ હોય; એ બધા સંદર્ભ ગ્રંથો છે. નવલકથા, વાર્તા કે કાવ્યની જેમ આદિથી અંત સુધી તે વાંચવાના હોતા નથી. જ્યારે કોઈ વિશિષ્ટ પ્રકારની માહિતી કે જ્ઞાન કે સંદર્ભની જરૂર જણાય ત્યારે આ ગ્રંથોનો ઉપયોગ આપણે કરીએ છીએ.

કોશ રચનાનું શાસ્ત્ર હજી આપણે ત્યાં જોઇએ તેટલું વિકસ્યું નથી. આ કામ કોઈ સંસ્થા, યુનિવર્સિટિ કે સુજ્ઞ પ્રકાશક પેઢીઓ તદ્‌વિદોની મદદ વડે હાથ પર લઈ શકે. કોઈ એક વ્યક્તિ, ભલેને ગમે તેટલી સૂઝ સમજવાળી તે હોય, ગમે તેટલી પ્રકાણ્ડ વિદ્વત્તા તે ધરાવતી હોય તોયે તે આ કામ યથાર્થ ન જ કરી શકે. કેમકે ઘણા બધા સંદર્ભો શબ્દની સાથે હોય અને તે બધાની તે વ્યક્તિને જાણ હોય જ એમ ન બને. વળી એક શબ્દ જુદી જુદી વિદ્યાઓમાં ભિન્ન ભિન્ન સંદર્ભવાળો હોય અને તે તમામ સંદર્ભો કોશમાં સંગ્રહાય તો તે કોશ વધારે ઉપયોગી સિદ્ધ થાય.

આ નાના લેખમાં કોશ રચનાના સિદ્ધાંતોનું અશેષ નિરૂપણ શક્ય નથી, અને અહીં તે પ્રસ્તુત પણ ગણ્યું નથી. પરંતુ શબ્દકોશો પણ કેટલી તરેહ તરેહના હોય છે તેની અલપઝલપ જ અહીં ઉદ્દીષ્ટ ગણી છે. ઈસ્વીસનના પહેલા સૈકામાં એપોલોનિયસ ધ સોફિસ્ટે કોશના પ્રકારની એક રચના Homeric Glossary આપી છે. પણ એનું શાસ્ત્ર વિકસવા માંડ્યું મધ્યયુગમાં. ૧૪૪૦માં પ્રગટ થયેલ Promptorium Parvluorum ( a store house for the little ones )માં બારેક હજાર લેટિન શબ્દોના અંગ્રેજી પર્યાયો આપવામાં આવ્યા છે. આ રચના શાળામાં ભણતાં બાળકોના ઉપયોગ માટે જ થઇ હતી. તે પછી તો કોશરચનાના શાસ્ત્રનો વિકાસ અને ઇતિહાસ ઘણો રસિક છે, પરંતુ અહીં આપણે તેમાં નહીં ઊતરીએ.

મુખ્યત્વે શબ્દકોશના ચારેક પ્રકાર ગણાવી શકાય:

૧. ભાષાનો સામાન્ય શબ્દકોશ
૨. અનુવાદ શબ્દકોશ

૩. વિષય શબ્દકોશ

૪. વિશિષ્ટ હેતુવાળો શબ્દકોશ

ભાષાના સામાન્ય શબ્દકોશમાં તે તે ભાષાના શબ્દો અને તેના અર્થો આપેલા હોય છે. આ પ્રકારના કોશો જ આપણા સામાન્ય વપરાશમાં હોય છે.

અનુવાદ શબ્દકોશમાં એક કે વધારે ભાષાઓમાં શબ્દના અર્થો આપવામાં આવે છે. આવા કોશો અનુવાદ કરનારાઓ માટે ખૂબ ઉપયોગી છે.

વિષય શબ્દકોશમાં અમુક એક વિષયમાં વપરાતા શબ્દોના વિશિષ્ટ અર્થો આપેલા હોય છે. એમાં શબ્દની કંઈક મિતાક્ષરી વ્યાખ્યા પણ આપવામાં આવે છે.

વિશિષ્ટ હેતુવાળા શબ્દકોશો અમુક એક ખાસ હેતુને જ અનુલક્ષીને રચાયા હોય છે. અલબત્ત, આપણે ત્યાં તો હજી પહેલા પ્રકારના પણ ઉત્તમ કોશો નથી, ત્યાં વળી આવા વિશિષ્ટ હેતુવાળા કોશોની તો વાત જ ક્યાં કરવી! પરંતુ અંગ્રેજી ભાષામાં તો આવા ઘણા કોશોની રચના થઈ છે. ઉચ્ચાર માટેનો કોશ, જોડણી માટેનો કોશ, વ્યુત્પત્તિ માટેનો કોશ, સમાનાર્થી કે વિરુદ્ધાર્થી શબ્દોના કોશ, રૂઢિપ્રયોગોનો કોશ, (આપણે ત્યાં શ્રી બો. બો. ગાંધી રચિત રૂઢિપ્રયોગ કોશ ઈ. સ. ૧૮૯૮ માં પ્રસિદ્ધ થયો છે, પણ આજે તો એનું નામ પણ કેટલા જાણે છે?) પ્રાસ માટેનો કોશ, લુપ્ત થયેલા શબ્દોનો કોશ, બોલીઓના કોશ (ગુજરાત વિદ્યાપીઠે ભીલી અને કચ્છી બોલીની શબ્દાવલિઓ પ્રસિદ્ધ કરી છે, અને ચોધરી બોલીની શબ્દાવલિનું મુદ્રણ હાલ ચાલે છે. શ્રી શાંતિભાઈ આચાર્યે તે શબ્દાવલિઓ પ્રત્યક્ષ ક્ષેત્ર કાર્ય પરથી તૈયાર કરી છે.), વિશેષ નામોનો કોશ, અપશબ્દોનો કોશ, બાળકો માટેનો કોશ, પરદેશીઓ માટેનો કોશ વગેરે વગેરે...

હવે આજ સુધી આપણે ત્યાં શબ્દકોશ વિશેની પ્રવૃત્તિઓ શી અને કેવી થઇ તેની આછી રૂપરેખા જોઇએ. આપણે ત્યાં શબ્દકોશની રચનાઓ થવા લાગી તેને માટેની ભૂમિકા તો અંગ્રેજી ભાષામાં આ દિશામાં થયેલા પ્રયત્નોએ બાંધી જ હતી.

આપણે ત્યાં આ દિશામાં સૌથી પહેલો પ્રયત્ન ડ્રમંડે 'ગ્લોસરી' ની રચના (ઈ. સ. ૧૮૦૮) કરીને કરેલો. અંગ્રેજો અહીં આવ્યા ને તેમની ભાષાકીય જરૂરીયાતો પણ આગવી હોય એ દેખાતું છે. તેથી થોડા અંગ્રેજો માટે આ 'ગ્લોસરી' તૈયાર કરેલી છે. ફક્ત ૪૬૦ જેટલા શબ્દોની વિસ્તૃત અંગ્રેજી સમજૂતી તેમાં આપેલી છે. અલબત્ત પરદેશીઓને લક્ષમાં રાખીને જ આવી સમજૂતિ તેમાં આપવામાં આવી છે. આ ગ્લોસરી સાદ્યન્ત અકારાદિ ક્રમે આપવામાં આવી નથી. થોડી અવ્યવસ્થા પણ તેમાં છે. તે પછી અંગ્રેજી–ગુજરાતી શબ્દકોશો રચવાના પ્રયત્નો થયા છે, પણ આ પ્રયત્નો ઝાઝા માતબર ન ગણાય. આ બધાં અંગ્રેજી પ્રયત્નોનાં નબળાં અનુકરણો જ ગણાય સોરાબશા ડોસાભાઈ કૃત idiomatic Exercises illustrative of the phreseology and structure of the English & gujarati languages. (૧૮૪૧) એ વિલ્સનની idiomatic Exercises નું મૂળ સાથે ગુજરાતી ભાષાંતર છે. આશરે બે હજાર ઉપરાંત મહત્વના શબ્દોનો આ અંગ્રેજી–ગુજરાતી કોશ છે. મિરઝા મહંમદ કાઝીમ અને નવરોજી ફરદુનજીનો ગુજરાતી–અંગ્રેજી કોશ ૧૮૪૬માં મળે છે. મિરઝા મહંમદ કાઝીમે એમાં પ્રારંભિક કામ કર્યું હતું અને નવરોજીએ એને સુધાર્યું–મઠાર્યું હતું. આમ એની સંયુક્ત મહેનતનું પરિણામ આ કોશ છે. આ કોશમાં સુરતના દલપતરામ ભગુભાઇએ તૈયાર કરેલા કોશને પણ અંતર્ગત કરી લીધો છે. તે પછી નાના પ્રયત્નો થતા રહ્યા છે. પણ ૧૮૫૭માં જેનો પહેલો ભાગ (આઠ ભાગમાંથી) પ્રગટ થયો હતો તે "અંગ્રેજી અને ગુજરાતી કોશ" અરદેશર ફરામજી ખુરુ અને નાનાભાઈ રૂસ્તમજી રાણીનાએ રચ્યો છે. એમાં બધા મળીને લગભગ ૫૦,૦૦૦ શબ્દો છે. એ કોશનો સંક્ષિપ્તકોશ પણ ૧૮૬૨ માં છપાયો છે. એમાં વીસેક હજાર શબ્દોનો સંગ્રહ છે. આ સંક્ષિપ્ત કોશના સંપાદનમાં કવિ નર્મદાશંકર લાલશંકર દવેએ પણ સહાય કરી છે.

કવિ નર્મદાશંકરને કોશ રચવાની તાલીમ આ કોશમાં જોડાયાથી મળી હશે. કદાચ સ્વતંત્ર કોશની રચના કરવાનો ખ્યાલ આ કામ પરથી આવ્યો હશે.

ઈ. સ. ૧૮૬૨માં કરસનદાસ મૂળજી વિરચિત "ગૂજરાતી અને અંગ્રેજી કોશ" ૧૦,૦૦૦ શબ્દોનો સંગ્રહ ધરાવે છે. આ કોશ વિદ્યાર્થીઓને ઉપયોગી થઈ પડે તે હેતુથી જ રચાયો હશે. કરશનદાસને પણ આ કોશ રચવાની પ્રેરણા અંગ્રેજી કોશો ઉપરથી થઇ હશે એમ લાગે છે. શાપુરજી એદલજીનો ૧૮૬૩માં પ્રગટ થયેલો "ગૂજરાતી અને અંગ્રેજી કોશ" (૧૮૬૮)માં તો બીજીવાર છપાય છે. આ કોશમાં ગુજરાતી ભાષાનો ઇતિહાસ આપવાનો પ્રયત્ન પણ કરવામાં આવ્યો છે. એ લેખ આમ વિદ્વત્તાભર્યો નથી પણ એનું ઐતિહાસિક મહત્ત્વ લેખાય. તે પછી કવિ હીરાચંદ કાનજીનો "કોશાવળી"નો પ્રયત્ન મહત્ત્વનો લેખાય તેવો છે. ડૉ. ભોગીલાલ સાંડેસરા નોંધે છે તેમ "સંસ્કૃતનો નમૂનો લઇને પણ ગુજરાતી શબ્દોની શોધ અને સંગ્રહ કરવામાં કવિ હીરાચંદે ઘણી મહેનત લીધી છે."

૧૮૬૮માં એક બીજો કોશ "શબ્દનાં મૂળ" સૈયદ અબ્દુલ્લા અને ખીમજી પ્રેમજી કૃત પ્રસિદ્ધ થાય છે. એમાં નોંધ્યા પ્રમાણે ગુજરાતી શીખનાર અને શીખવાડનારના ઉપયોગ સારુ તે પ્રગટ થયેલું છે. આ કોશમાં ફારશી, અરબી, તુર્કી મૂળના શબ્દો પણ લીધા છે. "ગુજરાતી ભાષાનો આ પહેલો જ ફારસી અરબી કોશ છે. તે પછી ૧૯૧૨માં સૈયદ નિઝામુદ્દીન કૃત "ઉર્દૂ ગૂજરાતી કોશ" તથા ૧૯૨૬માં અમીર મીયાં હમુદમીયાં ફારૂકીનો "ગૂજરાતી ફારસી અરબી શબ્દોનો કોશ" પ્રસિદ્ધ થયા છે. મહિપતરામનો "વ્યુત્પત્તિપ્રકાશ" પ્રાથમિક ધોરણોમાં વાપરવા માટે રચાયો છે. તેવા જ કોશ છોટાલાલ સેવકરામે અને પ્રભાકર રામચંદ્ર પંડિતે રચેલા છે. આમ આ કાળના ત્રણેક વ્યુત્પત્તિ કોશ આપણને મળે છે.

હવે મહત્ત્વના ગણાય તેવા કેટલાક કોશ વિશે વિચાર કરીએ. પહેલાં 'નર્મ કોશ' જોઇએ.

કવિ શ્રી નર્મદાશંકરનો આ કોસ ગુજરાતી કોશ સાહિત્યમાં ઐતિહાસિક મહત્ત્વ ધરાવે છે. એમની પહેલાનાં કોશો ગુજરાતી–અંગ્રેજી કે અંગ્રેજી-ગુજરાતી અર્થાત્ દ્વિભાષી હતા. પણ આ કોશથી ગુજરાતી શબ્દોનાં ગુજરાતી અર્થ મળ્યા, એટલું જ નહીં પણ તેને સાહિત્યના પ્રમાણોથી પુષ્ટ કર્યાં. ઉચ્ચારાનુસારી જોડણીની વ્યવસ્થા કરી ભાષાના ઇતિહાસનો ખ્યાલ રાખી કેટલાક શબ્દોનાં મૂળનો નિર્દેશ

કર્યો. મુંબઈમાં વિદ્યાર્થીઓને 'નર્મ કવિતા'ના કેટલાક અર્થો સમજાતા ન હતા, તેમને માટે નાનો શબ્દાર્થ કોશ તૈયાર કરતાં કરતાં કવિને મોટો કોશ રચવાનું સૂઝ્યું હશે. એના ચાર ભાગો અનુક્રમે સને ૧૮૬૧, ૧૮૬૨ ૧૮૬૪ અને ૧૮૬૬માં તૈયાર થયા. પણ મૂળ ગ્રાહકોની સંખ્યા ઓછી થતાં નર્મદે ચોથો ભાગ ૧૮૬૬માં છાપ્યો ખરો પણ પ્રસિદ્ધ ન કર્યો. બેએક વર્ષ માટે તેણે કોશનું કામ પડતું મૂક્યું અને ભારે જહેમત ઉઠાવી ૧૮૬૭માં પૂરૂ કર્યું. કોશના જે ભાગ અગાઉ છપાઇ ગયા હતા તેમાં વધઘટ કરી ૧૮૬૯માં ફરી છપાવવાનું શરૂ કર્યું અને ૧૮૭૩માં તે કામ પૂરું કર્યું.

૨૫,૦૦૦થી પણ વધુ શબ્દોના આ કોશ વિશે વિવેચક નવલરામે તે વખતે લખ્યું, "નર્મકોષ એ નર્મદાશંકરના લાંબા ધીર ઉદ્યોગ, ભાષા–જ્ઞાન અને શાંત સૂક્ષ્મબુદ્ધિનો મોટો કીર્તિસ્થંભ છે. ગુજરાતી ભાષામાં મૂળ કોષ નહિ ત્યાં આવડો મોટો અને આવો સારો, એકજ માણસના ઉદ્યોગથી અને તે પણ બીજાં સાક્ષરી અને સંસારી કામો અને ઉપાધિની વચમાં બનવો એ ગુર્જર ભાષાને ખરેખર અભિવંદના આપવા યોગ્ય વાર્તા છે." કોઇપણ તબક્કે અપૂર્ણ લાગતા આવા કામમાં કોઇ વિદ્વાનની મદદ વિના, શ્રીમંતોના પડખા વિના નર્મદે કરેલું આ કાર્ય દાદ માગે છે, એટલું જ નહીં પણ તેની પછી જે જે ગુજરાતી કોશો તૈયાર થયા તેમણે નર્મકોશનો આધાર લીધો છે. 'નર્મ પર્યાય કોશ' અને 'નર્મ ધાતુ કોશ' રચવાની નર્મદની ઇચ્છા હતી પણ પાછળથી તે લખી શક્યો લાગતો નથી."

નર્મકોશથી ગુજરાતના કોશ સાહિત્યક્ષેત્રે જાગૃતિનો જુવાળ આવ્યો અને ગુજરાતી ભાષાનો પર્યાપ્ત શબ્દસંગ્રહ રચવા ઉત્તેજન મળ્યું. 'ગુજરાતીનો ગુજરાતી અને અંગ્રેજી કોશ' (રાજકોટ ૧૮૮૫) કર્તા શ્રી કાલિદાસ બ્રીજભૂખણદાસ અને બાલકીસનદાસ બ્રીજભૂખણદાસે પોતાના ગ્રંથમાં કાઠિયાવાડમાં વપરાતા શબ્દો દાખલ કર્યા અને એ પુસ્તક પોતાના પ્રાંતને ઉપયોગી નીવડે તેવી ગોઠવણ કરી.

મોતીલાલ મનસુખરામ શાહ કૃત 'ગુજરાતી શબ્દાર્થકોશ' (પ્રથમ ખંડ, વીસલપુર, તા. સાણંદ, ૧૮૮૬, બીજી આવૃત્તિ, ૧૮૮૮નું ઉપશીર્ષક છે.) માં કર્તા લખે છે તેમ "નર્મકોશ" અને ગુજરાતી શબ્દસંગ્રહ એ બે પુસ્તકો ગુજરાતી ભાષાના શબ્દાર્થકોશ તરીકે પ્રગટ થયાં છે પરંતુ તેમાં ઘરગથ્થુ, ખેડૂત, કારીગરો તથા વેપારીઓમાં વપરાતા ઘણા શબ્દો રહી ગયેલા છે. તે પૈકી અત્યુપયોગી એવા ૧૪૦૦ શબ્દોનો સંગ્રહ મેં આ પુસ્તકમાં કર્યો છે. આમાં ઉલ્લેખિત 'ગુજરાતી શબ્દસંગ્રહ' વિશે કશી માહિતી મળતી નથી.

ગોવિંદભાઇ હાથીભાઇ દેસાઇકૃત 'પ્રાંતિક શબ્દસંગ્રહ' (વીસનગર ૧૯૦૦) ભૂતપૂર્વ વડોદરા રાજ્યના કડી પ્રાન્તમાં (હવે મહેસાણા જિલ્લામાં) વપરાતા તળપદા શબ્દોનો આ સંગ્રહ અમલદારોને સરકારી કામકાજમાં અનુકૂળતા થાય તે માટે છાપવામાં આવ્યો હતો. નર્મકોશ પછી નોંધનીય કોશો તો લલ્લુભાઇ ગોકળદાસ પટેલ કૃત 'ગુજરાતી શબ્દકોશ' આવે છે. સને ૧૮૯૨માં ૪૦,૦૦૦ શબ્દોનો 'અંગ્રેજી–ગુજરાતી કોશ' છપાયો હતો. કોશકાર કહે છેઃ "આ કોશ ખરું જોતાં નર્મકોશને આધારે જ લખાયેલ છે. કહેવત અને રૂઢિપ્રયોગ નર્મદ પ્રમાણે જ રાખવા ઉપરાંત 'રૂઢિપ્રયોગ કોશ'નો આધાર લીધો છે ને કેટલાક સ્થળે સ્વેચ્છાનુસાર અર્થ કરી મૂકવામાં આવ્યું છે." આ કોશની પહેલી આવૃત્તિ સને ૧૯૦૮માં પ્રગટ થઈ. અને બીજી આવૃત્તિ કેટલાંક વર્ષ ૧૯૨૫માં પ્રસિદ્ધ થઈ. એકલે હાથે કોશ તૈયાર કરનાર નર્મદ પછીના પહેલા જ કોશકાર, લલ્લુભાઈ છે.

ગુજરાત વર્નાક્યુ સોસાયટીએ છપાવેલા 'ગુજરાતી શબ્દકોશ' (અમદાવાદ ૧૯૧૨ થી ૧૯૨૩)માં ભાષાશુદ્ધિને અગ્રતા આપવામાં આવી છે. એનો પહેલો સ્વર વિભાગ સને ૧૯૦૮માં ઉજવાયેલા હીરક મહોત્સવના સ્મારક નિમિત્તે પ્રસિદ્ધ થયો હતો. આ શબ્દસંગ્રહ કેળવણી ખાતાની મદદથી અને ખાસ માણસો રોકી તૈયાર કર્યો હતો. સને ૧૮૯૩માં શબ્દોની જોડણીનો પ્રશ્ન ઉપસ્થિત થયો ત્યારે થીઓડોરહોપ સાહેબે 'મહેરબાની કરી' પોતાની વાંચનમાળામાંથી કાઢેલા શબ્દો સોસાયટીને આપ્યા અને સરકારે જોડણી મુકરર કરવાનું જે કામ સોસાયટીને સોંપાયેલું તેને અનુષંગે ૧૮૯૭માં શબ્દ સંગ્રહ છપાવ્યો. તે પછી પણ શાળાખાતાના નિયમોને અનુસરી પોતાના શબ્દસંગ્રહનો એક આધારભૂત શાળોપયોગી કોશ તૈયાર કરવાનો કમિટીએ ઠરાવ કર્યો અને આજ સુધી એકઠા કરેલા કોશના મોટા સંગ્રહ ઉપરથી મિ. મણિલાલ છબારામને રોકી 'સ્વર વિભાગ' છપાવ્યો. આ પ્રમાણે સોસાયટીના કોશનો છેલ્લો ભાગ ૧૯૨૩માં બહાર પડ્યો. જેથી પ્રમાણભૂત બૃહદ્‌કોશ પ્રગટ કરવાની સોસાયટીની યોજના અધૂરી રહી. છતાં ભવિષ્યમાં એ દિશામાં કામ કરનારને ઉપયોગી થાય એ દૃષ્ટિએ વ્યુત્પત્તિ, અર્થ અને પ્રયોગોનાં ઉદાહરણ સાથે એક નમૂનારૂપે, સોસાયટીના પ્રમુખ શ્રી કેશવલાલ ધ્રુવે તૈયાર કરેલો 'प वर्णनो કોશ' ૧૯૪૪માં પ્રગટ થયો.

આ પછી તો ગણેશદત્ત શર્માનો વિસ્તૃત હિંદી–ગુજરાતી શબ્દકોશ' (૧૯૨૪), જીવનલાલ અમરશી મહેતા કૃત 'ગુજરાતી શબ્દાર્થ ચિંતામણિ' (૧૯૨૫) તથા ભાનુસુખરામ મહેતા અને ભરતરામ મહેતાએ કરેલા ૫૧ ૦૦૦ થી વધારે શબ્દોનો 'ગુજરાતી અંગ્રેજી કોશ' (૧૯૨૫) ઉલ્લેખનીય છે.

એ સિવાય કોશ સાહિત્યના મુગટ મણિરૂપ જે બે ગ્રંથો છે તેમાં ગુજરાત વિદ્યાપીઠનો 'સાર્થ જોડણીકોશ' મુખ્ય છે. એની પહેલી આવૃત્તિ 'જોડણી કોશ' રૂપે જ ૧૯૨૯માં પ્રસિદ્ધ થઈ. ત્યારપછી અર્થો ઉમેરી ૧૯૩૧માં 'સાર્થ જોડણીકોશ' રૂપે બહાર પડે છે. આ કોશ પાંચમી આવૃત્તિ સુધી પહોંચ્યો છે. તેમાં શબ્દભંડોળ વધ્યું છે. તે સાથે ગુજરાતી ભાષામાં જોડણી નિશ્ચિત અને વ્યવસ્થિત થતી જતી હતી. "હવે પછી કોઇને સ્વેચ્છાએ જોડણી કરવાનો અધિકાર નથી" એવો ગાંધીજીનો આદર્શ પળાતો જતો હતો. ગુજરાતના સમગ્ર શિક્ષિત વર્ગે એ સ્વીકાર્યો છે. તદ્‌ઉપરાંત વિદ્યાપીઠના 'વિનીતકોશ' અને 'ખિસ્સા કોશ' પણ ખુબ ઉપકારક બન્યા છે. ખિસ્સાકોશની દોઢેક લાખ જેટલી નકલો અત્યાર સુધીમાં છપાઇ છે આ સંસ્થાનું કોશ રચનાનું કામ મહત્ત્વનું છે. 'સંસ્કૃત ગૂજરાતી કોશ', 'હિંદી ગુજરાતી કોશ', ગુજરાતી હિંદી કોશ' આદિ મહત્ત્વનાં છે. વિદ્યાપીઠે આગળનાં વર્ષોમાં પ્રાકૃત કોશ 'અભિધાનાપ્પ દીપિકા' પ્રસિદ્ધ કર્યો છે.

વિદ્યાપીઠ । 'સાર્થ જોડણીકોસ' પછી ગોંડલના ઠાકોર સાહેબ ભગવતસિંહજીએ તૈયાર કરાવેલો 'ભગવદ્ ગો મંડલ' ગ્રંથ સમસ્ત ગુજરાતી ભાષાનો બૃહત્ કોશ છે. સને ૧૯૨૯થી તેનું કામ શરૂ કર્યું તે ૧૯૪૪માં પ્રથમભાગ બહાર પાડી શકાયો. તેનો છેલ્લો

**ગુજરાતના વ્યાપારી**

હિંદના સંસ્કારની દેશ-પરદેશ લહાણ કરતો સાહસિક ગુર્જર વ્યાપારી, ઠેસ મારતાં ધન ઉપજાવી શકે છે. અને હૃદયનો એક પણ ધબકારો વધે નહિ, એવી ઉદારતાથી એ ધનને આપી પણ શકે છે. એ ગણતરીબાજ હશે, છતાં એની ઉદારતા પણ અજોડ છે.

તેમજ નવમો ભાગ ૧૯૫૫માં પ્રગટ થયો. ક્વાર્ટો સાઈઝના ૯૨૭૦ પાનાનાં આ ગ્રંથમાં ૨,૮૧,૩૭૭ શબ્દનો ૫૪૦,૪૫૫ અર્થોનો તથા ૨૮૧૫૬ રૂઢિપ્રયોગોનો સમાવેશ થયો છે. વળી એમાં શબ્દના અર્થને નિશ્ચિત કરવા અવતરણો અપાયા છે. પણ તેના મૂળ પ્રયોગો આપણે નોંધી શકીએ તેવી સ્પષ્ટ રીતે તે નોંધાયા નથી. છતાં એટલું તો સ્વીકારવું જ પડશે કે વિપુલ શબ્દરાશી અને તેની વૈવિધ્યપૂર્ણ અર્થચ્છાયાઓનું પ્રથમવાર દર્શન આ શબ્દ સંગ્રહે કરાવ્યું છે ભારતમાં પણ આવું કામ સતત થતું રહ્યું નથી. 'ભગવદ્ ગો મંડલ'માં જોડણી વિદ્યાપીઠના કોશ અનુસાર રાખવામાં આવી છે. 'જોડણી કોશ,' અને 'ભગવદ્ ગો મંડલ'ના સમકાલીન તરીકે આપણે ત્રિવેદી હરીશંકર દલપતરામ કૃત 'શબ્દાર્થમાલા' મૂળવંતરાય ત્રિપાઠી અને નીતિરાય વોરાકૃત 'ગજવે ઘૂમતો ગુજરાતી શબ્દકોશ' રમણલાલ અમૃતલાલ દેસાઈ કૃત 'અજોડ અંત્યાક્ષરી સાર્થ શબ્દકોશ' કે. કા. શાસ્ત્રી કૃત 'લઘુકોશ' અને ગુજરાતી ભાષાનો અન્ત્યપ્રાસ શબ્દકોશ, ખંડ ૧. એકાક્ષરી દ્વિઅક્ષરી શબ્દો તથા એમનો જ 'પાયાનો ગુજરાતી કોશ' અને ઉપેન્દ્ર ભટ્ટ અને રતિલાલ નાયક કૃત 'નાનો કોશ'ને ગણાવી શકીએ.

આમ કોશ-રચનાના ઇતિહાસને તપાસીશું તો જણાશે કે વિવિધ ઉદ્દેશોથી કોશરચનાના પ્રયત્નો થયા છે.

ભાષાના પ્રત્યેક શબ્દની નોંધ ઉપરાંત પણ ઐતિહાસિક ક્રમ જાળવીને બતાવેલા અર્થવિકાસની સમજૂતિ જેમાં આપી હોય તેવા કોશો વિરલ છે. અત્યાર સુધીના આપણા કોશોના અર્થો ઐતિહાસિક તો શું તાર્કિક ક્રમે પણ ગોઠવાયેલા હોતા નથી. તેમનો ક્રમ આકસ્મિક અને તેઓ ક્યારે પ્રયોજાયા કે લુપ્ત થયા તે અંગે કશી સાચી માહિતી નથી. અથવા તો એમાં એવી માહિતીનો અભાવ રહેવા પામ્યો છે. એ ખ્યાલને નજર સમક્ષ રાખીને કોશમાંની વ્યાખ્યાઓ અને તેમાંના અર્થો આપવામાં આવે તો ઘણી અનુકૂળતા ઊભી થાય. ઐતિહાસિક કોશની આ પ્રાથમિક જરૂરિયાત છે, જે તેણે સંતોષવી જ પડે વ્યુત્પત્તિ પણ તેમાં જરૂરતી છે. કેટલીકવાર તો અર્થવિમર્શ અને વ્યુત્પત્તિ સાથેસાથ જ થઈ શકે છે. હવેના સમયમાં આ કામ અનેક તદ્વિદોના વિના શક્ય નથી.

કોશ રચના વિશે ખૂબ ખૂબ થઇ શકે તેમ છે. આશા રાખીએ કે કોશરચનાના આ બધા પ્રયત્નોના પરિપાકરૂપે એક ઉત્તમ બૃહદ્કોશની રચના થાય. પણ આવા કામ સરકારની માત્ર આર્થિક સહાય વિના થઇ શકે નહીં. ગુજરાતમાં આજે વિદ્યાકીય ચિત્ર આશા જન્માવે તેવું છે. નવી પેઢી તૈયાર થતી આવે છે; ને તેમની અભ્યાસ નિષ્ઠા બળકરતા પણ જણાય છે. એ બધાને Harness કરનારું આયોજક બળ હોય તો ખૂબ સુંદર કામ થઇ શકે તેમ છે.

આ લેખ કેવળ રૂપરેખા જેવો જ સમજવનો છે. સંશોધન કરીને આ વિષયમાં ઊંડા ઊતરીને જો એકાદ લેખ તૈયાર થાય તો ઘણી માહિતી મળે તેમ છે. ડો. ભોગીલાલ સાંડેસરાએ આવો એક લેખ ૧૯૬૨માં અધ્યાપક સંઘના પ્રમુખપદેથી રજૂ કર્યો હતો.

---

આ લેખ તૈયાર કરવામાં ગુજરાત વિદ્યાપીઠના ગુજરાતીના અધ્યાપક શ્રી જયંત પટેલે ખૂબ ઉપયોગી મદદ કરી છે તેમનો આભાર માનું છું. — મો. શં. પ.



# અર્વાચીન ગુજરાતી સાહિત્યના ગદ્યસ્વામીઓ

ભારતમાં ભગિની ભાષાઓની સમકક્ષ ઉભી શકે તેવું સમર્થ તત્ત્વ ધરાવતી ગુજરાતી ભાષાનાં—સાહિત્યનાં ગદ્યસ્વામીઓનો અહીં પરિચય આપ્યો છે. જે તે સમયના પરિબળો, અન્ય વિધાયક તત્ત્વો વગેરેનો પણ તેમાં ફાળો છે જ પણ છતાં જે જે મહાનુભાવોએ સાહિત્યની વિશિષ્ટ પ્રવાહ—સરિતાને વહાવી છે તેઓનો ટુંક પરિચય અત્રે રજૂ કર્યો છે.

### નર્મદ-અર્વાચીનોમાં આદ્ય

મંથનયુગમાં ભારતવાસીઓની દશા અર્જુન જેવી હતી. એવા મંથનયુગમાં નર્મદનું જીવન શુભાશુભ સર્વ તત્ત્વોને પોતાનામાં સાકાર કરે છે જે જમાનામાં જ્ઞાતિવાદ, જડતા, અજ્ઞાનતા, વહેમ, અંધશ્રદ્ધા અને ભીરુતાની જડ ફરી વળી હતી, તે યુગમાં અલૌકિક શક્તિથી આપણા ગુજરાતના પ્રતિનિધિ વીર નર્મદે જે વિકાસ સાધ્યો તેથી નર્મદ પ્રવૃત્તિપ્રવાહનો આદ્યપ્રેરક હતો. જૂનું હરી નવું લાવનાર, બ્યુગલ બજવૈયો, સુધારાનો સેનાની હતો. તેણે ગાયું છે કે—

'સહુ ચલો જીતવા જંગ બ્યુગલો વાગે
યા હોમ કરીને પડો ફતેહ છે આગે'

નર્મદનો જન્મ સુરતમાં ઇ. સ. ૧૮૩૩ના તા. ૨૪ ઑગસ્ટને શનિવારે થયો હતો. જ્ઞાતિ વડનાગરા નાગર. પિતાનું નામ લાલશંકર દવે અને માતાનું નામ નવદુર્ગા હતું.

અઢાર વર્ષની નાની વયે બુદ્ધિવર્ધક સભાની સ્થાપના કરી, સ્વદેશપ્રેમ, ધર્મ, સાહસ અને ઉદ્યોગ, હુન્નર અને વિદ્યાકળાને વેગ આપવા ભાષણો શરૂ કર્યાં. અગાધ વાચન અને વિચારણાથી તે મહાન બન્યો. પ્રવચન અને પ્રચાર તેનાં મુખ્ય શસ્ત્રો હતા. ત્રેવીસમા વર્ષે 'ઘેર આવી, કલમના સામું જોઈ, આંખમાં જળજળિયાં સાથે તેને અરજ કરી કે હવે હું તારે ખોળે છું.'

નર્મદે કાવ્યારંભથી નવો અરુણ પ્રગટાવી શૌર્ય અને પ્રેમના દર્શન કરાવ્યાં. તેમનાં જીવન અને કવનમાં કેવળ શૃંગાર, વીર અને શાંતરસની છોળો જ નથી ઉછળતી પણ શૌર્ય અને પ્રેમનું તેજ પ્રગટે છે. નર્મદ મહાકાવ્ય રચી નથી ગયો પણ મહાકાવ્ય જીવી ગયો છે.

નર્મદ જન્મે અને કર્મે બ્રાહ્મણ હતો, પણ સ્વભાવે ક્ષત્રિય હતો. તેની રસિકતા અને ટેક તેને વટનો કટકો કહાવે છે. પ્રજાને નવજાગૃતિ, જુસ્સો ને સ્વદેશાભિમાન શીખવી તેણે કવિ નર્મદનું બિરુદ પ્રાપ્ત કર્યું. આપણા આધુનિક સાહિત્ય મન્વંતરોમાં એ મનુ હતો. "નર્મકોષ"ની સાધના કરી ભગીરથ કહેવાયો.

નાના મોટા મળી ૧૨૯ લખાણુ તેને લખ્યા છે. આદ્ય ઇતિહાસકાર, ચરિત્રકાર, નિબંધકાર, નાટ્યકાર, પત્રકાર, કવિ અને સમાજસુધારક તે હતો. ગદ્ય સાહિત્યનો આદ્યપ્રણેતા, લાગણી, જુસ્સો અને સ્વદેશાભિમાનનો ઉદ્બોધક, નવયુગનો નિર્માતા અને અર્વાચીન યુગનો સ્વપ્નદ્રષ્ટા હતો.

### કવિ દલપતરામ—સંસારસુધારક ગદ્યકાર

નર્મદયુગના બીજા ગણનાપાત્ર સાહિત્યકાર તે કવિ દલપતરામ. તેમનો જન્મ વઢવાણમાં ઇ. સ. ૧૮૨૦, જાન્યુઆરીની ૨ જીએ થયો હતો. પિતાનું નામ ડાહ્યાભાઈ અને માતાનું નામ અમૃતબા હતું. સ્વામિનારાયણ સંપ્રદાયના સંતો ભુમાનંદ ને બ્રહ્માનંદની છાયા અને સંતસમાગમથી કવિએ કાવ્ય સર્જન શરૂ કર્યું.

સૌમ્ય વ્યક્તિત્વ, સાદા વિચાર અને લોકભોગ્ય કાવ્ય તે જ તેમની વિશિષ્ટતા હતી. નર્મદના ઘોડાપૂરમાં તણાતા યુગને દલપતે રોક્યો એટલું જ નહીં પણ સુધારાના વેગને વિવેકી અને નીતિમય બનાવ્યો. દલપતરામે સમાજને ગમ્મત સાથે જ્ઞાન આપીને 'ધીરે ધીરે સુધારાનો સાર' પ્રજાને પાયો છે. તેમની લેખનરીતિમાં ઠાવકો ઠપકો હાસ્યરસ સરળતા, મધુરતા અને નિર્મળતા છે. ગાન ને શ્રવણપ્રિય શબ્દરચના તો દલપતરામની.

દલપતરામના ગદ્યલેખનનો પ્રારંભ ઈ. સ. ૧૮૫૦થી થયો. તેમનું સાહિત્ય વિદ્વદ્ભોગ્ય નહીં પણ જનતા ઇચ્છે છે તેવું જીવનને સ્પર્શતું, જીવન—પ્રેરણાત્મક, જીવનરસ રેલતું નીતિપથ પ્રદર્શક હતું. નિબંધ, નાટક અને વાર્તા આ રીતે તેઓએ ગદ્યના પચીસ પુસ્તકો લખ્યા હતા. નર્મદ અને દલપત બંને સમકાલીન હતા. પણ દલપતરામની શૈલી સભારંજની જ્યારે નર્મદની શૈલી મસ્તાની. બંને એકબીજાના પ્રતિસ્પર્ધી છતાં પૂરક હતા.

### નવલરામ-કલમનો તપસ્વી

નવલરામ પંડ્યા નર્મદયુગના સમર્થ વિવેચક, વિચારક ને લેખક હતા. તેમનો જન્મ સુરતમાં ઈ. સ. ૧૮૩૬ના માર્ચની ૯મી તારીખે થયો હતો. નાગર બ્રાહ્મણની જ્ઞાતિમાં પિતા લક્ષ્મીશંકર અને માતા નંદકોરના એકના એક પુત્ર હતા.

નવલરામે નર્મદના ગદ્યસાહિત્યને વધુ રસાળ ને સમૃદ્ધ બનાવ્યું. ઇતિહાસ—ગ્રંથ, નિબંધ, છંદ. સર્વક્ષેત્રે પ્રથમ ખેડાણ કરનાર આ વીર હતો. વિશેષતઃ સમર્થયત્ન તો તેમના સાહિત્યના વિવેચનો હતા. તે જ યત્નની ફલશ્રુતિએ તેમને વિવેચક નવલરામ બિરુદ આપ્યું. નવલરામ ગુજરાતી ભાષાના આદ્ય અને શ્રેષ્ઠ વિવેચક હતા. તેમના વિવેચનોમાં તરી આવે છે—ઉદારતા, સમભાવ, સાત્ત્વિકતા, સમપ્રમાણતા ને ન્યાયબુદ્ધિ. કેવળ વિવેચક જ નહીં પણ તેઓ સારા નાટ્યલેખક પણ હતા. ફ્રેંચ નાટકકાર મોલિયેરના જગપ્રસિદ્ધ નાટકનું તેમણે કરેલું રૂપાંતર 'ભટનું ભોપાળું' એ આજે પણ હાસ્યપ્રધાન નાટકોમાં અમર છે.

નવલરામની ગદ્યશૈલી સુગમ અને સરળ છે. તેમની શૈલી અર્થલક્ષી છે. સૌન્દર્યલક્ષી નથી, પણ ભાવાર્થીય છે. આડંબર નથી પણ સૂક્ષ્મ મનન, વિમત, વર્ણન સળંગ વૃત્તકથન, નર્મમર્મયુક્ત વિનોદ અને પ્રબળ લાગણીવાળું સામાર્થ્ય તેમાં છે. શબ્દો પરિચિત અને વાક્યો

ટુંકા છે, છતાં શૈલીમાં અવજ્ઞાપ્રેરક બજારીપણું નથી. તેમની ભાષા સુઘડ છે. તેમની શૈલી પણ સ્મરણીય નહીં પણ સુઘડ તો છે જ.

'મેઘદૂત'નું ગુજરાતીમાં તેમણે ભાષાંતર કર્યું છે. ઇતિહાસ, વ્યાકરણ, ભાષાશાસ્ત્ર, પિંગળ આદિ લખાણોમાં એમની વિદ્વત્તા ને સત્યનિષ્ઠા પ્રગટે છે. શ્રી નવલરામની ઉત્તમકૃતિઓનો સંચય 'નવલ ગ્રંથાવલિ' નામથી પ્રગટ થયો છે.

### નંદશંકર–નવલકથાનો આદ્યપ્રણેતા

નંદશંકરનો જન્મ સુરતમાં સં. ૧૮૯૧માં ચૈત્ર વદ ૪ને દિવસે–૧૮૩૫ની એપ્રિલની ૨૧મી તારીખે થયો હતો. એમના પિતાનું નામ તુળજાશંકર અને માતાનું નામ ગંગાલક્ષ્મી હતું. જાતે નાગર બ્રાહ્મણ હતા.

ગુજરાતની અસ્મિતાની જાગૃતિના દાયકામાં એ યુગપ્રભાવની અસર નીચે જીવનનું સાર્થક્ય 'કરણઘેલો' રચીને તેમણે કર્યું. તેમને સૃષ્ટિ સૌંદર્યના ખુબ દર્શન થયા. તેની છાયા 'કરણઘેલો'માં જોવા મળે છે. સર વોલ્ટર સ્કોટની ઐતિહાસિક નવલકથા નમૂના તરીકે રાખી 'કરણઘેલો' લખાઈ.

'કરણઘેલો'માં નંદશંકરની સંસ્કારિતા, તેમના પ્રવાસ–વર્ણન અને સૃષ્ટિસૌંદર્યના દર્શન, રાજા–રજવાડાઓના વૈભવનું પ્રત્યક્ષ દર્શન જોવા મળે છે. 'કરણઘેલો' એ તેમની ચિરંજીવ કૃતિ છે. તે સમયની આ કૃતિમાં સાહિત્યિક દોષો હશે, પણ રસહીન તો નથી. તેની વર્ણનશક્તિ અદ્ભુત છે.

### ગોવર્ધનરામ ત્રિપાઠી–પંડિતયુગનો પ્રણેતા

ઓગણીસમા શતકના આરંભકાળે બ્રિટિશ સત્તાના પગરણ ભારતમાં મંડાયા અને એક તરફથી પશ્ચિમની નવી લોકશાહી વિચારણાનો સ્વીકાર થતો હતો તો બીજી તરફ આપણી પ્રાચીન સંસ્કૃતિ તરફ પણ ઝોક હતો. એ કાળ બંને યુગો વચ્ચે સંસાર-સુધારા ને ધર્મવિચાર અંગેનો પણ એક વિશિષ્ટ સંધિ (અંકોડો) હતો.

એ સમયે, ગોવર્ધનરામનો જન્મ માધવરામ ત્રિપાઠીને ત્યાં નડિયાદમાં ઈ. સ. ૧૮૫૫ના ઓક્ટોબરની વીસમી તારીખે થયો હતો. બાળપણથી જ તેઓએ લખાણ પ્રત્યે રુચિ કેળવી હતી. બહુ નાની ઉંમરથી પોતાના વિચારો નોંધી લેવાની એમને ટેવ હતી.

એમના લેખોમાં વચને વચને તેમનું જ્ઞાન પ્રતીત થાય છે. તે પ્રમાણે એમનું વાચન વિશાળ અને સર્વદેશીય હતું, એમની અવ-લોકન શક્તિ ઘણી સૂક્ષ્મ અને ત્વરિત હતી.

ગોવર્ધનરામની કૃતિઓમાં ચતુર્ભાગી 'સરસ્વતીચંદ્ર' (૧૮૮૭, ૯૨, ૯૮, ૧૯૦૧) તો "ગોવર્ધનરમરણરૂપ અવિચ્છિન્ન જ્વલંત જ્યોતિ જેવા" સાહિત્ય જગતમાં સર્વોત્કૃષ્ટ શોભે છે. 'સરસ્વતીચંદ્ર' વાસ્તવિક જીવનને નિરૂપતી પહેલી શિષ્ટ ગુજરાતી નવલકથા છે. તેમાં ઓગણીસમી સદીના આપણા દેશના ધાર્મિક, સામાજિક અને રાજકીય મહાપ્રશ્નોની વિશદ અને તલસ્પર્શી ગવેષણા છે, જે તત્કાલીન નહીં પણ પછીની અનેક પેઢીઓને વર્ષો સુધી સાંસ્કૃતિક માર્ગદર્શન આપશે તેવી નક્કર ભૂમિકા પર બંધાયેલી છે. તેમાં સંસ્કૃત મહાકાવ્યની કલ્પના સમૃદ્ધિ છે. તેમ અંગ્રેજી સાહિત્યની રંગ પ્રધાનતા પણ છે. શ્રી આનંદશંકર ધ્રુવે તેને 'પુરાણ' નામ આપ્યું છે તે સર્વથા સાર્થ છે. તેનાં પાત્રો જીવંત, તાદૃશ અને સમગ્ર સંસારને આવરી લે તેટલાં વિવિધ છે. તેનો પ્રત્યેક ભાગ એક જુદી નવલકથા જેવો છે. સમગ્રપણે 'સરસ્વતીચંદ્ર' ગુજરાતી ભાષાએ જગત સાહિત્યને આપેલો મહાનવલની ભેટ છે.

તેમનાં જીવન અને કવન પર વેધક પ્રકાશ પાડતી તેમણે લખેલી ચિંતનપૂર્ણ અંગ્રેજી રોજનીશી સ્ક્રેપબુક' છે. રોજનીશીમાં તેમના તટસ્થ વિચારોનું ગૌરવ જોવા મળે છે.

સ્નેહમુદ્રા'માંના કાવ્યો પણ કાવ્યતત્ત્વની દૃષ્ટિએ અવગણવા જેવા નથી. તેમાં દર્શનતત્ત્વ ઘણું છે પણ આત્મલક્ષી ઊર્મિકાવ્યનું તત્ત્વ પણ એમાં છે જ.

ગોવર્ધનરામ માત્ર લેખક નથી, એ દ્રષ્ટા છે. સાહિત્યના ઇતિહાસના એક યુગને એમનું નામ યથાર્થરીતે મળ્યું છે.

### મણિલાલ ન. દ્વિવેદી–નિર્ભય નિબંધકાર

શ્રી મણિલાલ નભુભાઈ દ્વિવેદીનો જન્મ નડિયાદ મુકામે ઈ. સ. ૧૮૫૮ના સપ્ટેમ્બરની ૨૬મી તારીખે એટલે કે સંવત ૧૯૧૪ના ભાદરવા વદ ૪ને દિવસે થયો હતો.

શ્રી મણિલાલે ખુબ જ ખુલ્લા દિલથી સારા–નરસા અનેક એકરાર કરી નિખાલસતા પૂર્વક પોતાનું 'આત્મવૃત્તાંત' લખ્યું છે. ધર્મ, સાહિત્ય, તત્ત્વજ્ઞાન સમાજસુધારણા અભ્યાસ વગેરે પ્રત્યે શ્રી મણિલાલની સ્વાભાવિક રુચિ હતી. ભવભૂતિના 'માલતી માધવ'નો સમશ્લોકી સટીક અનુવાદ તેમણે પ્રસિદ્ધ કર્યો હતો. એ જ રીતે 'ઉત્તર રામચરિત્ર'નો પણ તેમણે અનુવાદ કર્યો હતો. જે એમના સમયમાં સારો એવો લોકપ્રિય બન્યો હતો પ્રિયંવદા' અને 'સુદર્શન' નામનાં બે માસિકો પણ તેઓ તેર વર્ષ પર્યન્ત ચલાવતા રહ્યા.

શ્રી મણિલાલે આચાર અંગે ' પ્રાણવિનિમય ' નામનું એક પુસ્તક અને વિચાર અંગેનું એક 'સિદ્ધાંતસાર' નામનું એક પુસ્તક પ્રગટ કર્યા હતા. આ ઉપરાંત પ્રણય અને અદ્વૈત ભાવનાના તત્ત્વોનું નિરૂપણ કરી લખાયેલા ચાલીસેક કાવ્યોનો સંગ્રહ તેમણે 'આત્મનિમજ્જન' નામે પુસ્તકમાં કર્યો.

'કાન્તા' અને ' નૃસિંહાવતાર ' નામનાં મૌલિક નાટકો તથા 'ગુલાબસિંહ' નામની નવલકથા પણ તેમણે લખ્યા હતાં.

નિબંધ, નાટક, કાવ્ય, નવલકથા, ધર્મ, વિચાર, સંસ્કાર, સમાજ, દર્શન આદિ પર શ્રી મણિલાલે કલમ અજમાવી છે.

### શ્રી રમણભાઈ નીલકંઠ–' સકલ પુરુષ '

બહુશ્રુત સમાજની કુરૂઢિઓ, વહેમ, પ્રચલિત અજ્ઞાન, માન્યતાઓ, ખોટા આડંબર ને દંભ ઉપર સચોટ. કટાક્ષમય લખાણો લખી ગુજરાતના સાહિત્યનો ઉત્કર્ષ કરનાર, કેળવણીના પ્રખર પ્રણેતા અને હિમાયતી શ્રી રમણભાઈ નીલકંઠનો જન્મ અમદાવાદમાં સને ૧૮૬૮ના તેરમી તારીખે થયો હતો. તેઓશ્રી મહીપતરામના સૌથી નાના અર્થાત્ ત્રીજા પુત્ર હતા.

તેમણે 'વિવાહવિધિ' નામે પુસ્તક પ્રગટ કર્યું. ત્યારપછી તેઓએ 'જ્ઞાનસુધા'માં લખવાનું શરૂ કર્યું. જેમાં તેઓના વ્યક્તિત્વની સુધારક તરીકેની છાપ સ્પષ્ટ જણાઈ આવે છે. તેઓએ એક સમર્થ વિવેચક તરીકે સારી પ્રતિષ્ઠા મેળવી હતી. 'કવિતા ને સાહિત્ય' એ નામથી પ્રસિદ્ધ થયેલો તેમના એ લેખનો સંગ્રહ કાયમી ઉપયોગના એક શિષ્ટ ગ્રંથ તરીકે ગુજરાતી સાહિત્યમાં બહુ ઊંચું સ્થાન ભોગવે છે.

'ભદ્રંભદ્ર'' એ એમની સર્જક પ્રતિભાની એક વિજયસિદ્ધિ છે. ગુજરાતી કટાક્ષકથન–કલાની એ એક અમરકૃતિ છે. હાસ્યરસના સળંગ પુસ્તકમાં હોવા જોઇએ તેવાં વિલક્ષણ પાત્રો, વૈવિધ્યયુક્ત પ્રસંગો, અસરકારક વર્ણનશૈલી, નર્મમર્મનાં અનેક સ્થાનોમાં સરળ પણે પાવારૂપ બનેલી વિદ્વત્તા અને વિરલ ભાષા પ્રભુત્વ આ સર્વ–ગુણોથી "ભદ્રંભદ્ર" ભરપૂર છે.

તેમના વિવેચનોમાં સંસ્કૃતના વ્યુત્પન્ન પંડિતના તલસ્પર્શી પરામર્શ અને મર્મગ્રાહી દૃષ્ટિ જોવા મળતાં નથી. ઘણીવાર તેમના વિવેચનો વકીલના મુકદ્દમા જેટલાં લાંબા અને સપાટી પર જ ફરતા જણાય છે. આમ છતાં છંદ અને કવિતા, વૃત્તિમય ભાવાભાસ, કવિતાની ઉત્પત્તિ, રાગધ્વનિ કાવ્યનું સ્વરૂપ, સ્વાનુભવ રસિક અને સર્વાનુભવ રસિકકાવ્ય વગેરે વિષયોની તેઓશ્રીએ કરેલી ચર્ચા આપણા ગુજરાતી સાહિત્યમાં સમર્થ વિવેચક તરીકે તેમની યાદ ચિરકાળ સુધી જાળવી રાખશે.

તેમના અથાગ જહેમત અદમ્ય ખંત, કર્તવ્યપરાયણતા, સેવા-ભાવ અને એકનિષ્ઠાના ગુણો જોતાં શ્રી ધ્રુવસાહેબે તેમને 'સકલ–પુરૂષ' એ નામે બિરદાવ્યા તે યોગ્ય અને યથાર્થ છે.

### આચાર્યશ્રી આનંદશંકર ધ્રુવ–પરમવંદ્ય વિભૂતિ

આજન્મ વિદ્યાવ્યાસંગી, સાહિત્ય શિરોમણિ, સાક્ષર શ્રી આનંદશંકર ધ્રુવનો જન્મ નાગર દ્વિજશ્રેષ્ઠ શ્રી બાપુલાલભાઇ ધ્રુવને ત્યાં ઈ. સ. ૧૮૬૯ના ફેબ્રુઆરીની પચીસમી તારીખે અમદાવાદમાં થયો હતો.

તેઓએ પોતાની નવનવોન્મેષશાલિની પ્રતિભાવડે સંસ્કૃત સાહિત્યથી વિમુખ બનેલાં અથવા પશ્ચિમના સંસર્ગથી અસ્થિર બનેલા સ્નાતકોના સમૂહને સંસ્કૃતાભિમુખ કર્યા અને અભ્યાસમાં ઐતિહાસિક દૃષ્ટિ અને તુલનાત્મક વિવેચના પર ભાર મૂકયો. તેમની વાણીમાં હૃદયને હરી લે તેવાં જુસ્સો ને જોર, વિવેચનમાં રોમાંચ ઉપજાવે તેવી તર્કવિતર્કની ભવ્યતા અને ઉદાત્તતા હતી. એમનામાં નર્મદનો પ્રચંડ ધોધ નથી કે નરસિંહરાવની ઉગ્રતા નથી પણ શીતળ ચંદ્રની કાન્તિ જેવા 'ડગેલ વિવેકબુદ્ધિના નીર' આચાર્યશ્રીમાં ચળકે છે. અપ્રમેય જ્ઞાન છતાં જ્ઞાનરાશિનો ભાર તેમને લાગતો નથી.

તેમણે વિવેચનકાર્ય આરંભ્યું તે પણ શ્રીમદ્દ્વૈપાયન વ્યાસની નિર્મળદૃષ્ટિથી તે અંતઃકરણના સત્વસંશુદ્ધિના તેજસ્વી ઓજસ અને બળથી જ ! જીવનનો આનંદ, ઉલ્લાસ ને સંયમ તેઓશ્રીએ જ્ઞાન–પ્રાપ્તિના બળથી જ પ્રાપ્ત કર્યા હતા. અને એ વડે જ બ્રાહ્મણ્ય સંસ્કૃતિનો લોકોત્તર આદર્શ એમણે જીવનમાં અને વ્યવહારમાં આચર્યો હતો.

'વસંત'ના તંત્રીપદ દ્વારા તેઓશ્રીએ ગુજરાતી સાહિત્યમાં વસંતની પ્રફુલ્લતા ફોરમ અને નવશ્રી આણ્યાં. વેદ ને ઉપનિષદોનું જ્ઞાન જે મેળવ્યું હતું તે બધું ય જ્ઞાન તેઓશ્રીએ નવનીતરૂપમાં 'આપણો ધર્મ' અને 'શ્રી ભાષ્ય'માં ઉતાર્યું છે. તેમનાં લખાણોમાં અને ગ્રંથોમાં ભારોભાર વિદ્વત્તા, કર્તવ્યનિષ્ઠા, રસિકતા અને વેદ-વાણી અને વૈદિક વિચારો જ્યાં ત્યાં આપણને દૃષ્ટિગોચર થયા કરે છે.

લબ્ધપ્રતિષ્ઠિત વિવેચક શ્રી વિજયરાય વૈદ્ય 'પરમ વંદ્ય વિભૂતિ' એવું જે બિરુદ તેમને આપ્યું છે તે પૂરેપૂરું યોગ્ય છે. વીસમી સદીની અનેક વિષમતાઓ વચ્ચે જેઓ 'સ્થિતપ્રજ્ઞ' રહ્યા છે અને સંસ્કૃતિએ જે બ્રહ્મર્ષિ સમા છે એવા આચાર્ય આનંદશંકર ધ્રુવ સાચે જ પરમવંદ્ય વિભૂતિ હતા.

### શ્રી મોહનદાસ ક. ગાંધી—શકવર્તી સાહિત્યકાર

સાહિત્યના ક્ષેત્રમાં પણ ગાંધીજીનું અર્પણ અમૂલ્ય, સાહિત્યના સમગ્ર રૂપરંગને બદલી નાખનારૂં અને ચિરકાળ પર્યંત જીવંત રહે તેવા પ્રાણના ધબકારાવાળું હતું. તેમનું આવું અર્પણ ગુજરાતી સાહિત્યના ક્ષેત્રમાં જ નહીં ભારતની અનેક ભાષાઓના સાહિત્ય-ક્ષેત્રમાં આમૂલ પરિવર્તન લાવનારું નીવડ્યું છે.

તેમણે પોતાના વિચારો 'નવજીવન', 'હરિજનબંધુ' જેવાં ગુજ-રાતી સાપ્તાહિકો અને 'યંગ ઇન્ડીયા' જેવા અંગ્રેજી સામયિકમાં લખવા શરૂ કર્યા. પણ લેખક થવાની કોઈ ભાવનાથી પ્રેરાઇને તેમણે કંઇ લખવાનું શરૂ કર્યું ન હતું, તેમને તો ભારતની સૂતેલી જનતાને જગાડી અમુક જીવનદૃષ્ટિ, અમુક વિચારોની સૃષ્ટિ લોકો સુધી પહોંચાડવી હતી.

તેમનાં લેખો, વ્યાખ્યાનો અને પત્રોના સંગ્રહોના અનેક પુસ્તકો પ્રસિદ્ધ થયા છે. એમાં 'હિંદ સ્વરાજ', 'પાયાની કેળવણી', 'ખરી કેળવણી'. 'કેળવણીનો કોયડો', ગાંધીજીના પત્રો–ભા. ૧, ૨, ૩', 'ત્યાગમૂર્તિ અને બીજા લેખો', ધર્મમંથન', 'વ્યાપક ધર્મ ભાવના', 'નીતિનાશને માર્ગે', 'દક્ષિણ આફ્રિકાના સત્યાગ્રહનો ઇતિહાસ', 'ગીતાબોધ', 'આત્મકથા અથવા સત્યના પ્રયોગો' વગેરે મુખ્ય છે. એમની આત્મકથા એક મહાન કૃતિ તરીકે આખા જગતમાં પ્રશંસા પામી છે.

ગાંધીજી આજે હયાત નથી છતાં ગુજરાતી સાહિત્યમાં ગાંધી-યુગ ચાલુ જ છે. તેની અસર અર્વાચીન ગુજરાતી સાહિત્યના મોટા ભાગના લેખકો અને કવિઓ પર જોવા મળે છે. ગાંધીજીના વિચારો ઝીલી લેખકો અને કવિઓ પોતાના લેખોમાં અને કાવ્યોમાં સીધી કે આડકતરી રીતે તે વિચારો વ્યક્ત કરવા પ્રયત્ન કરે છે

લેખક તરીકે ગાંધીજી મુખ્યત્વે નિબંધકાર ગણી શકાય. તેમના નિબંધો કેવળ સત્યના પ્રચાર અર્થે લખાયેલા છે. સાદી, સરળ, તળપદી છતાં શિષ્ટ અને સચોટ તેમજ પ્રાસાદિક ભાષામાં મહાન સત્યો સમજાવતી એમની કળા એમાં પરાકાષ્ઠાએ પહોંચતી દેખાય છે. પયગમ્બરી આવેશ, સ્પષ્ટ વિચારસરણી, વાણીવિલાસને સ્થાને નિતાંત સાહજ્યયુક્ત તેમના નિબંધોમાં સર્જકના મહાન વ્યક્તિત્વનો અનુભવ ડગલે ને પગલે થાય છે.

ગાંધીજીની સાહિત્યક્ષેત્રે થયેલી અસર વાયુમંડળ જેવી સૂક્ષ્મ ને વ્યાપક સ્વરૂપની રહેલી છે, બંધિયાર બની નથી. ગાંધીજન્મ શતા-બ્દિના આ –૧૯૬૯ના –વર્ષમાં ગાંધીવિચારોનો વ્યાપક ફેલાવો થશે અને તે ઘણાં લાંબા સમય સુધી સાહિત્ય અને જન–જીવન બંનેને પ્રભાવિત કરતા રહેશે એમાં શંકા નથી.

### શ્રી બળવંતરાય ક. ઠાકોર –વિલક્ષણ સાક્ષર :

'પુષ્કળ કવિતા માત્ર પોપટ આંસુ સારતી' એ દોષ આપણી ગુજરાતી કવિતાને માથે પણ શ્રી બળવંતરાયે માર્યો અને ગુજરાતી કવિતાને એ દોષમાંથી મુક્ત કરવાનું ભગીરથ કાર્ય પણ આ સમર્થ આત્માએ જ પાર ઉતાર્યું. ભરૂચના બ્રહ્મક્ષત્રિય કુટુંબમાં શ્રી બળ-વંતરાયનો જન્મ ઇ. સ. ૧૮૬૯ના ૨૩મી ઓકટોબરે થયો હતો.

કવિ ઉપરાંત શ્રી બળવંતરાયે એક ગદ્યકાર તરીકે પણ સાહિત્ય-ક્ષેત્રે પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમનું ગદ્ય કવિના નિસ્કર્ષરૂપ–કસોટી સમું છે. તેમની સમસ્ત સાહિત્યપ્રવૃત્તિમાં બ્રાહ્મણનું જ્ઞાનતેજ ઝગારા મારતું તો ક્ષત્રિયનું ખમીર પણ વર્તાતું હતું.

સંકુલ, બરછટ તથા લાંબા પરિચ્છેદોવાળી ને જટિલ વાક્ય ગૂંથણીવાળી તેમની શૈલી અનધિકારીઓને તો દુર્બોધ થઈ પડે છે. પરંતુ જે એમાં એક વાર ડૂબ્યો તેને તો જરૂર કોઈ વિચારમોતી લાધે જ છે. તેમની અગેય છંદમાં રચાયેલી વિચારપ્રધાન કવિતા તો નારિકેલ પાક જેવી છે, જે સમજવી ને પચાવવી બંને ભારે છે પણ એકવાર સમજાય તો તેનો રસસ્વાદ પણ અનેરો છે.

'ભણકાર' ધારા ૧, ૨ માં તેમનાં કાવ્યો, 'માલવિકાગ્નિમિત્ર' ને 'શાકુંતલ' કાલિદાસનાં બે નાટકોનાં ભાષાંતર, 'પ્રયોગમાળા' માં તેમના વિવેચનલેખો તો 'ચરિત્રલેખો' માં ચરિત્રચિત્રણો આપેલાં છે. અને 'આપણી કવિતા સમૃદ્ધિ' માં અતિ વિસ્તૃત ને વિલક્ષણ, તેમની પ્રતિભાને ઓપ અર્પતું વિવરણ છે.

જ્યોતીન્દ્ર દવેએ યથાર્થ જ લખ્યું છે કે 'ભવિષ્યમાં ઠાકોરનાં કાવ્યો કરતાં એમનાં ગદ્ય લખાણો વધુ આદરપૂર્વક વંચાશે એમ ઘણાને લાગે છે.

**શ્રી દત્તાત્રેય બા. કાલેલકર–જીવનધર્મી સાહિત્યકાર**

'સવાઈ ગુજરાતી' નું બિરુદ મેળવનાર મહાન કર્મવીર કાકા-સાહેબનું મૂળ નામ દત્તાત્રેય બાળકૃષ્ણ કાલેલકર. તેમનો જન્મ ઈ. સ. ૧૮૮૫ ના ડિસેમ્બર માસની પહેલી તારીખે થયો હતો. તેમના પિતા બાલકૃષ્ણ અને માતા રાધાબાઈ ધર્મનિષ્ઠ, પ્રેમાળ અને નીતિવાન હતાં.

તેઓશ્રીએ કુદરતનું પાન પેટ ભરીને કર્યું અને તેમના હૃદયમાંથી કાવ્યની સરવાણી ફૂટી નીકળી. એ કાવ્યની સરવાણી કલાકોવિદની પોતાની રસ નીતરતી કલમે ગુજરાતી ભાષામાં 'જીવનનો આનંદ.' 'રખડવાનો આનંદ' 'હિમાલયનો પ્રવાસ,' લોકમાતા,' 'ઓતરાતી દીવાલો,' 'સ્મરણયાત્રા' દ્વારા ઉતારી છે. કાકા સાહેબનાં આ સર્વ પુસ્તકો લખાયાં છે તો ગદ્યમાં પણ ખરી રીતે એમની કવિતા જ ગદ્ય વેશે ઉતરી આવી છે, એમ કહીએ તો જરા પણ અતિશયોક્તિ નથી. કાકાસાહેબે કહ્યું છે તેમ "કાવ્ય જીવે એ જ સાચો કવિ." આ અર્થમાં ગંગા અને યમુનાના ઉપાસક યામુન ઋષિ જો કવિ હોય તો ભારતવર્ષની સંખ્યાબંધ સરિતાઓના મુગ્ધ ઉપાસક કાકાસાહેબ કવિ કેમ નહીં ?

ગોવર્ધનરામ પછી જે બે ચાર લેખકોનું ગદ્ય કાવ્યઅંશથી સમૃદ્ધ થયું છે તેમાં કાકાસાહેબનું સ્થાન મોખરે છે. મુગ્ધ સૌંદર્યશક્તિ, સમૃદ્ધ કલ્પના, સંસ્કારસભર ભાવનામયતા, પ્રસંગોમાંથી કે હકીકતમાંથી રહસ્ય તારવતી બુદ્ધિ, સારા કવિને પણ શરમાવે તેવી સુરમ્ય ને સચોટ ઉપમાઓ શ્રી કાકાસાહેબને કવિપદના અધિકારી બનાવે છે.

વર્તમાન યુગના સર્વોત્તમ અને ગુજરાતી નિબંધ સાહિત્યના ઉત્તમ લેખકોમાંના એક નિબંધકાર શ્રી કાકાસાહેબ ગણાય છે. નિબંધોની સંખ્યાની દૃષ્ટિએ, વિષયોના પ્રકારોની વિવિધતાની દૃષ્ટિએ, વિચારોની સમૃદ્ધીની દૃષ્ટિએ કે તેમની પાછળની જીવન દૃષ્ટિએ કે બીજી કોઈપણ દૃષ્ટિએ જોતાં આ યુગના તેઓ ઉત્તમ નિબંધકાર છે જ, અને એક શ્રી મણિલાલ નભુભાઈને બાદ કરીએ તો આપણા સમસ્ત નિબંધ સાહિત્યમાં પણ એમની તોલે આવે તેવો બીજો કોઈ નિબંધકાર નથી.

તેમના ચિંતનાત્મક નિબંધોએ તો તેઓશ્રીને ગુજરાતના અગ્ર-ગણ્ય ચિંતકોમાં સ્થાન અપાવ્યું છે. તેમની આવી અસાધારણ સિદ્ધિ પાછળનું પ્રથમ તત્ત્વ તે તેમની અનેક વિદ્યાવિશારદતા, રસિકતા, કુદરત અને કલા પ્રત્યેનો પ્રેમ, ધર્મ અને તત્ત્વજ્ઞાનની ઊંડી સમજ, સાહિત્ય અને શાસ્ત્રમાં જીવંત રસ તેમ જ ભુગોળ અને ખગોળનું વિશાળ જ્ઞાન જ ગણાવી શકાય. અને એટલે તો વિષયની વિવિધતામાં સમગ્ર ગુજરાતી સાહિત્યમાં કોઈ તેમના પેંગડામાં પગ ઘાલી શકે તેમ નથી બીજું તત્ત્વ તે તેમની સાહિત્ય રસિકતા અને ત્રીજું તત્ત્વ એમની અનુભવ સમૃદ્ધિ છે. એમનું ચોથું આકર્ષક તત્ત્વ એ એમની ચિંતનશીલતા. આ બધાંને કારણે જ તેમના નિબંધો વાચકવર્ગમાં આદરપાત્ર બન્યા છે.

કાકા સાહેબની જીવન દૃષ્ટિના મુખ્ય ત્રણ અંશો જોવા મળે છે. (૧) પ્રાચીન આર્યત્વની અને આર્યસંસ્કૃતિની સાધના, (૨) સમાજની સર્વાંગીણ ઉન્નતિ માટે ગાંધીજીએ ચીંધેલા માર્ગનું સેવન અને (૩) જગતમાં જે કંઈ સુંદર–કલામય છે તેની માનવ્યની દૃષ્ટિએ ચિકિત્સા કરતાં જે ખરેખર સુંદર–કલામય લાગે તેની ઉપાસના. આ ત્રણેય અંશોમાંથી જ તેમની શૈલી ફલિત થતી હોય તેમ લાગે છે.

ગાંધીજીની અસરથી કાકાસાહેબની ભાષા–શૈલી પણ સરળતાને વરેલી જોવા મળે છે. એક પ્રકારનો સાત્વિક રોષ પણ કાકાસાહેબનાં લખાણોમાં ડોકિયું કર્યા વિના રહેતો નથી. તેમનાં લખાણોમાં કટાક્ષને પણ સ્થાન છે. પણ તે કટાક્ષ નિર્દંશ અને ઔચિત્યભંગ વિનાનો હોય છે.

કાકાસાહેબનું ગદ્ય અપૂર્વ સૌંદર્યથી શોભે છે. એની ભાષા સંસ્કૃતમય હોવા છતાં એમાં સાક્ષરી શૈલીનો આડંબર નથી. લોકબોલીનો ઉપયોગ હોવા છતાં એમાં ગ્રામ્યતા કે પ્રાકૃતતા આવતી નથી. તાદૃશ શબ્દ-ચિત્રો, વિવિધ અલંકારો, નવા નવા શબ્દ પ્રયોગો, વિવિધ પ્રકારની વાક્ય રચનાઓ, કોમળ ભાવો, વિનોદ વડે તે પોતાનું વક્તવ્ય એવી સુંદર રીતે રજૂ કરે છે કે તે અત્યંત મનોહર અને રસિક લાગે છે આવા અપૂર્વ ગદ્યસ્વામી, વિરલ નિબંધકાર કાકાસાહેબ માટે ઉચિત જ કહેવાયું છે કે તેઓ 'સંસ્કૃતિના પરિવ્રાજક' છે.

**કવિ ન્હાનાલાલ–સૌંદર્યલક્ષી ગદ્યકવિ**

'ઊગ્યો પ્રફુલ્લ અમીવર્ષણ ચંદ્રરાજ' કહીને તેમના પોતાના જ શબ્દોમાં કવિ કાન્તે જેમને બિરદાવ્યા હતા તે કવિ ન્હાનાલાલ ગુજરાતી કવિતાના આકાશમાં સાચેસાચ અમીવર્ષણ ચંદ્રરાજ જ હતા.

અર્વાચીનયુગના ગુજરાતના પ્રથમ પંક્તિના અગ્રગણ્ય કવિનો જન્મ પણ કવિ પિતાને ઘેર જ ઈ. સ. ૧૮૭૭માં અમદાવાદ શહેરમાં શ્રીમાળી બ્રાહ્મણ જ્ઞાતિમાં કવિ દલપતરામને ઘેર જન્મવાનું સદ્ભાગ્ય તેમને મળ્યું.

કાવ્યો અને નાટકો, સાહિત્યમંથન અને સંસારમંથનના લખાણો, નવલકથા અને પિતાના સુદીર્ઘ જીવન જેવડું જ સુદીર્ઘ જીવનચરિત્ર–અર્ધશતાબ્દિના તેમના સાહિત્યજીવનમાં એકેય ક્ષેત્ર એવું નહીં રહ્યું

હોય કે જેમાં કવિએ પોતાની લીલા વિસ્તારી નહીં હોય. કવિશ્રીનું સાહિત્ય સર્જન ઇયત્તા અને ગુણવત્તા ઉભયની દૃષ્ટિએ વિપુલ છે એમાં છંદોબદ્ધ, ગેય અને અછાંદસ કવિતા છે. બાળકાવ્યો, રાસ, ગઝલો ઉપરાંત 'નવયૌવના' જેવા ચિત્રકાવ્યો, 'વસંતોત્સવ' ને 'દ્વારિકાપ્રલય' જેવાં કથાકાવ્યો, 'કુરુક્ષેત્ર' જેવું મહાકાવ્ય, કવિશ્રીના અવસાનથી અધૂરું રહેલ 'હરિસંહિતા' જેવું પુરાણકાવ્ય અને 'ઇન્દુકુમાર' થી અમરવેલ' સુધીનાં અભિનવ શૈલીના ચૌદેક નાટકો છે. 'ઉષા' અને 'સારથી' જેવી નવલકથાઓ, પાંખડીઓ' ની લઘુકથાઓ તથા 'શાકુન્તલ,' મેઘદૂત,' 'ગીતા' આદિના અનુવાદો છે. 'સંસારમંથન' જેવાં આઠેક વ્યાખ્યાન સંગ્રહ છે. 'સાહિત્યમંથન' જેવું સાહિત્યવિવેચન છે તો 'કવિશ્વર દલપતરામ' જેવો માહિતી-સમૃદ્ધ વિપુલ ચરિત્રગ્રંથ છે.

પણ કવિનું સવિશેષ અર્પણનું ક્ષેત્ર તો તેમનાં કાવ્યો જ બની ગયાં. અવનવીન ભાવ અને ભાષા, ઉન્નત આદર્શો અને તેમનાં ભાવ નાભર્યાં કાવ્યો ગુજરાતનું ચિત્ત હરી બેઠાં. તેમનાં ગીતો ગુજરાતી કવિતાને તેમનું અમર અર્પણ છે.

'જહાંગીર નૂરજહાંન,' 'શહનશાહ અકબરશાહ' વગેરે ઐતિહાસિક નાટકોમાં તેમની કલ્પના ઇતિહાસને સોનેરી રસથી દીપ્તિમંત કરે છે 'વિશ્વગીતા' માં આર્યસંસ્કૃતના શ્રેષ્ઠ અને પ્રોજ્જવલ પ્રસંગોને મણકારૂપે પરોવી એક ભવ્ય દર્શનમાળાનાં ધાર્મિક દૃશ્યો રજૂ કર્યાં છે. 'રાજર્ષિ ભરત' અને 'કુરુક્ષેત્ર' દ્વારા કવિએ ગાંડીવના ટંકાર સંભળાવ્યા છે.

કવિશ્રી સૌંદર્યના કીમિયાગર હતા. શબ્દ પાસેથી એમણે લીધેલું કામ અપૂર્વ છે. કવિના સાહિત્યમાં ઇતિહાસ, કવિતાને ચિંતનની ત્રિવેણી જોનારને દેખાશે.

કવિને માત્ર ઊર્મિનું ડોલન જોઈએ, છંદોનું બંધન નહીં કહી તેમણે આગવી ડોલનશૈલીમાં 'જયા-જયંત,' 'ઇંદુકુમાર' વગેરે નાટકો અને કાવ્યકૃતિઓ ઉતારી.

કવિશ્રીની કલમ એમની પ્રેરણાને વફાદાર રહી. તે પોતાની સૌંદર્યદૃષ્ટિ, કલ્પના, જીવનદૃષ્ટિ ને શબ્દો. શબ્દચિત્રો, અલંકારો, ભાવપ્રતીકો વ્યંગ્યાર્થ વગેરે યોજે છે. શૈલીમાં પ્રૌઢતા, સૂત્રાત્મકતા, અલંકારિતા અને ઉદ્બોધન એ ખાસ લક્ષણો ને મનમાં રમી રહે એવાં સચોટ સૂત્રો રજૂ થયાં છે. ઉર્મિકાવ્યો ને રાસની તો જાણે કવિએ પરબો માંડી છે એમનો અદ્ભુત ભાષાવિભવ, કલ્પનાનાં ઉડ્ડયનો, ભાવનાની સર્વવ્યાપી સમૃદ્ધિ સાથે ઉરના ઉંડાણ ને વિવિધ ભાવો કવિની કાવ્યસમૃદ્ધિમાં મનોહરસ્વરૂપે વિલસે છે.

ભાવની કુમાશ, ભાષાનું કર્ણમધુર ગેયતા પોષક લાલિત્ય, ઊર્મિની એકાગ્રતા અને રસની સઘનતા, લલિત અને ભવ્ય પ્રતિની મોહક કલ્પનાના વિલાસ, સંગીતની મીઠાશ—આ બધું એમની કૃતિઓમાં આબેહૂબ જોવા મળે છે. તેમના સાહિત્યમાં અભિવ્યક્તિ અને રસ સામગ્રીમાં કૌતકપ્રિયતા અને નવીનતા છે. તેમ વક્તવ્ય અને જીવન દૃષ્ટિમાં સૌષ્ઠવપ્રિય પ્રણાલિકાનું અનુસરણ છે, સુભગ અને મધુર સૂત્રાત્મક ઉક્તિ લાઘવ છે તો શબ્દાળુતા ને પ્રસ્તાર પણ છે; લાલિત્ય છે તેમ ભવ્યતા ય છે. શિષ્ટ અને સંસ્કારી વાણી સાથે તળપદા શબ્દો પણ છે. નિયમબદ્ધ સુંદર પદ્યરચના છે તો પિંગળના નિયમોમાં લીધેલ છૂટો છે અને અપદ્યાગદ્ય એવું કાવ્યવાહન પણ છે. તેમનામાં નિર્વ્યાજ સરલતા છે ને આડંબર પણ છે. નવસર્જનની તાઝગી છે ને શૈલીદાસ્ય પણ છે. આમ એમનું વિપુલ સર્જન એમાંનું પરસ્પર વિરોધી ય એવું ઘણું દેખાડે છે. તેમનું સંસ્કારધન ગુજરાતીઓ પૂરેપૂરું નહીં મૂલવે તો ગુજરાત દરિદ્ર અને નગુણું બનશે.

## શ્રી કનૈયાલાલ મા. મુનશી-રંગદર્શી ગદ્યકસબી

ગુજરાતી સાહિત્યના નવલકથાક્ષેત્રે પ્રથમ પદને યોગ્ય એવા માનનીય વડીલ શ્રી કનૈયાલાલ માણેકલાલ મુનશીનો જન્મ ભરૂચ મુકામે ઈ. સ. ૧૮૮૭ ના ડીસેમ્બર માસની ૩૦મી તારીખે થયો હતો.

તેમણે કાવ્ય સિવાયના તમામ સાહિત્યપ્રકારોને છેડ્યા છે અને વિભિન્ન પ્રકારની રચનાઓ કરી છે. નવલકથાઓ, નાટકો, ટૂંકી વાર્તાઓ વિવેચન, ચરિત્ર, પ્રવાસ, ઇતિહાસ, રાજકારણ સંસ્કૃતિ આદિ પર તેમણે પોતાની કલમ ચલાવી છે. એમની કલ્પના ખૂબ જ પ્રબળ હોય છે. એમની શૈલી પ્રતાપી છે. એમનાં પાત્રો કર્તવ્ય-પરાયણ અને ગતિશીલ હોય છે. એમની રચનાઓના પ્રસંગો ઝડપથી ચાલતા હોય છે અને વાચક સમક્ષ વિભિન્ન ચિત્રો ખડાં થતાં હોય છે.

એમનાં સ્ત્રી પાત્રો શરૂઆતમાં તેજસ્વી, કડક. પ્રગતિવાદી, નિર્ભય બુદ્ધિશાળી અને મનસ્વી હોય છે, પરંતુ આખરે પ્રણયના વહેણમાં તણાઈ જઈને પુરુષ આગળ નમતું જોખનાર હોય છે. શ્રી મુનશીની રચનાઓમાં ઊર્મિશીલતા અને લાગણીના પ્રવાહ સર્વત્ર જણાય છે.

સુખદુઃખના સંઘર્ષો, જીવન-મૃત્યુના દ્વંદ્વ, રાગ વિરાગનાં ગજગ્રાહ, નિર્બલતા-કાયરતાની સ્પર્ધા, ઇન્દ્રિય લોલુપ અને જિતેન્દ્રિય પાત્રોનાં મનોમંથન......વગેરે શ્રી મુનશીની કૃતિઓમાં અત્ર—તત્ર—સર્વત્ર જોવા મળે છે, મુંજ, મૃણાલ, મુંજલ, કાક, મંજરી આદિ પાત્રોએ તો શ્રી મુનશીને અને તેમની રચનાઓને અમર કરી મૂક્યાં છે.

મીનલ, મંજરી, મૃણાલ, પ્રસન્ન, તનમન, રમા જેવી તેજસ્વી, સ્નેહાળ અને ગૌરવવંતી નારીઓ આપણા સાહિત્યનું ગૌરવ છે. મુંજાલ, કાક, ત્રિભુવનપાળ જગત, જયસિંહ કીર્તિદેવ વગેરે અનેક પ્રતિભાશાળી પાત્રો બુદ્ધિવૈભવ અને વીરતાથી ચમકી રહ્યાં છે. શ્રી મુનશીના પાત્રોમાં રોતલવેડા, દુર્બળતા, શિથિલતા જેવાં તત્ત્વો તો ભાગ્યે જ જોવા મળશે. એમનાં પાત્રો તો પ્રાણવાન અને નર્મમર્મથી ઓપતાં હોય છે. એમની રચનાઓમાં આવતાં સંભાષણો, સંવાદ અને વર્ણન પણ ખૂબ જ સ્વાભાવિક, કુશળ અને અસરકારક હોય છે.

શ્રી મુનશીએ તખ્તાને લાયક અનેક નાટકોની રચના કરીને ગુજરાતનું નાટ્ય સાહિત્ય સમૃદ્ધ કર્યું. સામાજિક, ઐતિહાસિક અને પૌરાણિક એમ ત્રણ પ્રકારનાં નાટકો તેમણે લખ્યા છે.

શ્રી નર્મદાશંકર અને શ્રી નરસિંહ મહેતાનાં સુંદર ચરિત્રોનું નિર્માણ કરી શ્રી મુનશીએ એ બંને મહાપુરુષોને ભવ્ય અંજલિ આપી છે. આ બે માં 'નર્મદ ચરિત્ર' વધુ આદર પામ્યું છે.

શ્રી મુનશીએ પોતાની આત્મકથા ખૂબ જ રસિક રીતે લખી છે. ગુજરાતી ભાષાની કદાચ આ લાંબામાં લાંબી આત્મકથા છે. એમની આત્મકથામાં શ્રી મુનશીનો અહંકાર અત્ર તત્ર સર્વત્ર ડોકિયાં કરતો લાગે છે; છતાં ગુજરાતી ગદ્ય ઉપર મુનશીના સર્જક વ્યક્તિત્વના ઊંડા સંસ્કાર પડેલા છે.

### શ્રી રામનારાયણ વિ. પાઠક–સર્વક્ષેત્રીય સાહિત્યકાર

ગુજરાતના એ સમર્થ વાર્તાકાર, પ્રતિભાશીલ કવિ, પ્રખર ચિંતક, વિવેચક અને વિદ્વાન રામનારાયણ પાઠકનો જન્મ ધોળકા તાલુકાના ગાણોલ ગામમાં પ્રશ્નોરા નાગર જ્ઞાતિમાં થયો હતો.

ગુજરાતના સમર્થ વિદ્વાનોમાં એમનું સ્થાન અનોખું છે. પ્રજાને શુદ્ધ સાહિત્યરુચિના સંસ્કાર આપવાનું કાર્ય જીવનના અંત સુધી સન્નિષ્ઠપણે એમણે કર્યું.

'દ્વિરેફની વાતો' ભાગ પહેલો પ્રસિદ્ધ થયો ને ગુજરાતે એક સમર્થ વાર્તાલેખક મેળવ્યાનો હર્ષ અનુભવ્યો. 'શેષનાં કાવ્યો' પ્રસિદ્ધ થયાં અને નવીન કવિતાના પ્રબળ વહેણમાં સાહિત્ય રસિક ગુજરાતી જનતા તણાતી હતી છતાં કાવ્ય તત્ત્વોથી ભર્યાં ભર્યાં કાવ્યો મેળવ્યાની પરિતૃપ્તિ તેણે અનુભવી. 'સ્વૈર વિહાર' પ્રગટ થતાં સાથે જ અરે, તેથી યે પહેલાં તેમાં લખાણો 'પ્રસ્થાન'માં પ્રસિદ્ધ થતાં રહેતાં ત્યારથી, મર્મજ્ઞ હાસ્યકારના દર્શને ગુજરાત કૃતાર્થતા માણી રહ્યું. 'કાવ્ય સમુચ્ચય' અને 'પુર્વાલાપ'ના સંપાદને એ સંપાદકની કાવ્ય રસિકતાનો ખ્યાલ તો આપ્યો જ હતો પણ 'કાવ્યની શક્તિ'ના લેખે તેના લેખકને સમર્થ વિવેચક તરીકે પણ પ્રતિષ્ઠિત કરી દીધા અને 'બૃહત્ પિંગલ'ના પ્રકાશને તો ગુજરાતભરમાં સન્માન્ય બની ચૂકેલા એ વિદ્વાનને ભારતભરના સન્માનના અધિકારી બનાવી દીધા. આમ શ્રી રામનારાયણ પાઠકની સર્વતોમુખી પ્રતિભા સાહિત્યના જે જે સ્વરૂપને સ્પર્શ કરતી ગઇ તેને તેને અજવાળતી ગઇ, સમૃદ્ધ કરતી ગઈ.

વાર્તા, કવિતા વગેરે સર્જનના ક્ષેત્રમાં તો તેમણે સુંદર કામ કર્યું જ છે પણ વિવેચન અને વિદ્વત્તાના ક્ષેત્રમાં તેમણે કરેલું કામ તો હજુ સુધી લગભગ અજોડ કહી શકાય તેવું જ રહ્યું છે.

શ્રી પાઠક સૂક્ષ્મ ને દષ્ટિવાળા વિવેચક હોઈ કલાના સિદ્ધાંતોની પરખ અને પકડ એમનામાં વિશેષ હતી. લાગણીને પ્રધાનબિંદુએ રાખીને એમણે લખેલી વાર્તાઓમાં ચિરંજીવ તત્ત્વો આવ્યાં છે. આસપાસના સમાજનું સમભાવપુર્વક નિરીક્ષણ કરી તેની વિશેષતાઓ અને મર્યાદાઓ બંનેને વાર્તાઓમાં આલેખી છે. એમનાં ચિંતનમાં ઊંડાણ અને સ્વસ્થતા છે એમના હાસ્યમાં નિખાલસતા અને નિર્દોષતા છે. એમણે વાર્તામાં શૈલીને અંગે અને વિષયને અંગે અનેક પ્રયોગો કર્યા છે. અનુભવ, ચિંતન, નિરીક્ષણ અને માનસશાસ્ત્રીય દૃષ્ટિએ કરેલું નિરૂપણ એમની વાર્તાઓને સમૃદ્ધ બનાવે છે.

'સ્વૈરવિહાર'માંના નિબંધોમાં એમની શૈલી પણ સ્વૈરવિહારિણી જ બને છે. એમની વિચારણા મૌલિક, તલસ્પર્શી અને સંપૂર્ણ તર્કબદ્ધ છે. આ નિબંધોની શૈલી ઋજુ, હળવી અને સરસ છે. એમની શૈલી સરસ હોવા છતાં એમના વિચારોનો ભાર બહુ ક્ષમતાથી ઝીલી વ્યક્ત કરી શકે છે. ક્યાંય ગૂંચવણ કે સંકુલતાનો ભાવ અનુભવાતો નથી, માટે જ એમના ગદ્યને 'કાચ જેવું પારદર્શક' ગદ્ય તરીકે ઓળખવામાં આવ્યું છે. 'સ્વૈરવિહાર'ના તેમના લેખો વાંચી એક જણે એમને 'હસતા ફિલસૂફ' કહ્યા છે.

તેમની વાર્તાઓ વસ્તુ, વિષય, ભાષા, શૈલી અને ઘાટ–બધાં યે અંગોપાંગમાં અદ્‌ભૂત હતી.

તેમની સાહિત્ય પ્રવૃત્તિનું પ્રેરક, ચાલક અથવા નિયામક બળ તે સિસૃક્ષા નહીં પણ ચિંતનશીલતા છે. એમની જિજ્ઞાસાવૃત્તિ બાળક જેવી પ્રબળ છે. બાલસદૃશ કુતુહલ ધરાવતા આ પ્રૌઢ વિદ્વાને અનેક તરુણ લેખકોની મૈત્રી સાધી 'तरण तरूणायते' એ ન્યાયે તારુણ્યનો ઉત્સાહ ટકાવી રાખ્યો હતો.

### 'ધૂમકેતુ'–યુગમૂર્તિ નવલિકાકાર

'ધૂમકેતુ'—ગૌરીશંકર ગોવર્ધનરામ જોશી—આપણા ગુર્જર સાહિત્યના અગ્રિમ નવલિકાકાર. આ ક્ષેત્રમાં તેઓ અદ્વિતીય સ્થાન ધરાવે છે

ગુજરાતને નવલિકાના કલાસ્વરૂપના ઉચ્ચતમ શિખરનું દર્શન ૧૯૨૬માં પ્રગટ થયેલા ધૂમકેતુના 'તણખા' ભા. ૧માં થયું. મનોરમ કલાદેવને કંડારનાર આદ્યશિલ્પી તરીકે તેમની અખુટ સમૃદ્ધિમય કલાની ફોરમ ચારે તરફ પ્રસરી. રંગદર્શન, ઊર્મિતત્ત્વ, ભાવના લક્ષિતા અને અદ્‌ભુત રસમય નિશ્રણ વડે એમણે નવલિકાને અજબ ઓપ આપ્યો. ઊર્મિસભર ધૂમકેતુએ કુશળ સંવિધાન, ચમકદાર ચિત્રો અને જીવનસંદેશને પોતાની સ્વચ્છ, સરળ છતાં તીક્ષ્ણ વેધકતાવાળી શૈલીમાં નવલિકાઓ દ્વારા પ્રતિબિંબિત કરી. તેમની નવલિકાઓમાં પાત્ર અને પરિસ્થિતિ, સ્થળ અને સમયનું આકર્ષક વૈવિધ્ય દૃષ્ટિગોચર થાય છે.

માનવજીવનની સમસ્યાઓ, આદર્શો અને ચિંતનોને તેઓ એક કલાકારની સિદ્ધિથી રજૂ કરે છે. અને એટલે જ શ્રી ડોલરરાય માંકડ કહે છે, 'ધૂમકેતુની નવલિકા એટલે પહેલેથી છેલ્લે સુધી એક કલાકૃતિ. જેમ કોઈ શિલ્પી નિર્જીવ પથ્થરમાં પોતાના ટાંકણાંથી પ્રાણ પૂરે અને એ શિલ્પાકૃતિ ચેતનવંતી બની જાય તેમ ધૂમકેતુની કલમે કલાથી રસાઈ જાય છે.

તેમણે 'તણખા' ના ચાર મંડળો, અવશેષ, પ્રદીપ, મલ્લિકા, અનાનિકા, ત્રિભેટો, આકાશદીપ, વનછાયા ઇત્યાદિ સત્તર નવલિકા સંગ્રહો આપ્યા છે.

ધૂમકેતુએ નવલકથાઓ પણ સુંદર રીતે આલેખી છે. ચૌલુક્ય વંશની અને ગુપ્તયુગની નવલકથાઓની તેમણે હારમાળા રચી છે. આ નવલકથાઓમાં જીવંત વાતાવરણ, અદ્‌ભુત પ્રસંગ ચિત્રો અને સુંદર, આકર્ષક વસ્તુવિધાન જોવા મળે છે.

'જલબિંદુ' અને 'રજકણ' માંના વિચારક ધૂમકેતુ, 'પડઘા' અને 'એકલવ્ય' માંના નાટકકાર ધૂમકેતુ, હેમચંદ્રાચાર્ય, નેપોલિયન અને હયુ-એન સંગમાંના ચરિત્રકાર ધૂમકેતુ, જીવનપંથ અને જીવનરંગ માંના આત્મકથાકાર ધૂમકેતુ, 'પાન ગોષ્ઠિ' માંના કટાક્ષ લેખક અને વિનોદી ધૂમકેતુ-આમ સાહિત્યના બ્રહ્માંડમાં આ ધૂમકેતુએ ચારે તરફ સરળતાથી સ્વૈરવિહાર કર્યો છે. અને આપણને અમૂલ્ય સર્જનો આપ્યાં છે. સર્વતોમુખી પ્રતિભા ધરાવતા ધૂમકેતુ, આપણા સૌને માટે ગૌરવરૂપ બની રહે છે. 'મારો પ્રિય લેખક તો ધૂમકેતુ' એમ સ્વ. શ્રી મેઘાણી કહેતા. એમ જ એ સૌ કોઇના પ્રિય લેખક છે અને રહેશે.

### શ્રી ઝવેરચંદ મેઘાણી રાષ્ટ્રીય શાયર

લોકસાહિત્યના મહામૂલા વારસાને સંરક્ષી ગુજરાતના ઘર ઘર પહોંચાડવા અથાગ પરિશ્રમ લેનાર ઝવેરચંદ મેઘાણી ગુજરાતના લાડકવાયા છે. એ નર કેસરીએ સાહિત્ય ક્ષેત્રે જે કેડીઓ પાડી છે તે સૌ કોઇને માર્ગદર્શક બની રહે તેમ છે.

સૌના લાડકવાયા મેઘાણીએ સોરઠની ખાણો અને ડુંગરિયાળ નદીઓમાંથી ગામડાંઓ અને ખેતરોમાંથી લોકસાહિત્યનો સંચય કર્યો. ભૂંસાતા જતા લોકગીતો, હાળો, ભજનો અને દુહાઓને, લોકવાર્તાને અને વ્રતોને, શૌર્ય, પ્રેમ અને માનવતાને ગુજરાત સમક્ષ મૂકવા કમર કસીને પારાવાર મુશ્કેલીઓ વેઠીને તેઓએ આ ભગીરથ કાર્ય મહદ્અંશે પૂર્ણ કર્યું. 'રઢિયાળી રાત' ના ચાર ભાગમાં રાસ અને ગરબાઓ ને 'ચૂંદડી' માંના સુંદર લોકગીતો તેઓએ આપણને આપ્યાં 'કિલ્લોલ' અને 'વેણીનાં ફુલ' એમની અણમોલ ભેટ છે.

સ્વાતંત્ર્ય સંગ્રામ સમયે લોકોને નવી ચેતના, નવી સ્ફુર્તિ તેમણે આપી. ગાંધીજીના જીવનના યાદગાર બનાવોને કાવ્યમય બાનીમાં સુંદર રીતે આલેખનાર, બુલંદ કંઠે ગાનાર મેઘાણી જનતાના કવિ બન્યા, રાષ્ટ્રીય શાયર બન્યા. જનતાના આ કવિએ ગીતો ગોત્યાં, ગાયાં અને ગીતઘેલી ગુજરાતણોએ એમને હૃદય ભરી આવકાર્યા.

સાહિત્યના તલસ્પર્શી અભ્યાસે 'રવીન્દ્રવીણા' જેવા અનુપમ ભાવાનુવાદો અને રૂપાંતરો આપ્યાં.

મેઘાણીએ સોરઠની ધરતીની પદ્ય સાથે ગદ્યમાં પણ તસ્વીર ઝીલી છે. સંસ્કારધનથી મઘમઘી ઊઠતી ધરતીને ખૂંદાતે, 'રા'ગંગાજળિયો,' 'ગુજરાતનો જય' ઇત્યાદિ ઐતિહાસિક નવલકથાઓ આપી છે. 'સૌરાષ્ટ્રની રસધાર' દ્વારા એમણે રસધારા વહેતી કરી છે. મેઘાણીની આત્મકથા જેવી અને 'નાયક નહીં, નાયિકા નહીં, પ્રેમનો ત્રિકોણ નહીં' એવા સ્વરૂપની ચિરંજીવીકૃતિ 'સોરઠ તારાં વહેતાં પાણી' માં પ્રવર્તમાન સમાજ, તેની ખૂબીઓ અને ખામીઓ, તેની સમસ્યાઓ અને આદર્શો આલેખાયા છે. એમની સામાજિક નવલકથાઓમાં 'નિરંજન,' 'તુલસીક્યારો,' 'વેવિશાળ' ઈત્યાદિ. 'અપરાધી' એમની અનુવાદ શક્તિની ઉચ્ચકળાનો નમૂનો છે.

નવલકથાકાર મેઘાણી સફળ નવલિકાકાર પણ છે. 'પ્રતિમાઓ', અને 'પલકારા'નું સર્જન સિનેસૃષ્ટિ તરફ વળવાને કારણે થયું. 'વિલોપન' અને 'મેઘાણીની નવલિકાઓ'માં પણ એમની નવલિકા-શક્તિ સારા પ્રમાણમાં ખીલેલી દેખાય છે. તેમની કળશરૂપ કૃતિ 'માણસાઇના દીવા' શ્રી રવિશંકર મહારાજના જીવનપ્રસંગો પરથી આલેખાયેલ છે. આ પુસ્તક તેમનું કલમ પરનું પ્રભુત્વ દર્શાવે છે.

કવિ મેઘાણીએ નાટ્યક્ષેત્રે પણ ડોકિયું કર્યું છે. દ્વિજેન્દ્રલાલ રોયના 'રાણો પ્રતાપ', 'શાહજહાં' અને ટાગોરના 'રાજા-રાણી' નાટકના સુંદર અનુવાદો એમણે આપ્યા છે. આ ઉપરાંત 'સોરઠને તીરે તીરે' અને 'સૌરાષ્ટ્રના ખંડેરો' જેવી પ્રવાસકથાઓ, 'વેરાનમાં' અને 'પરિભ્રમણ'માંના વિવેચનો પણ તેમણે આપ્યા છે.

શ્રી મેઘાણીએ પોતાની કૃતિઓમાં સરળ છતાં વેધક ભાષાનો સુંદર ઉપયોગ કર્યો છે. શ્રી મેઘાણી એટલે વૈવિધ્યમય સાહિત્યના સર્જક-સાહિત્ય સૃષ્ટિના બ્રહ્મા. લોકસાહિત્યના સંશોધન, સંપાદન અને વિવેચન માટે આજીવન ભેખ લેનાર મેઘાણી ગુજરાતી ભાષા જ્યાં સુધી જીવશે ત્યાં સુધી જીવશે.

ગુજરાતી પત્રકારિત્વને નવો ઘાટ ને નવો રંગ આપનાર તો મેઘાણી જ પુરાતન સંસ્કૃતિ અને મધ્યકાલીન સમાજને પ્રકાશમાં લાવનાર મેઘાણીએ ગીતો, રાસો, હાલરડાં અને ગરબીઓ દ્વારા ગુર્જરોના કંઠને ફરીથી ટહૂકતો કર્યો છે.

## શ્રી વિષ્ણુભાઈ ર. ત્રિવેદી-સમદર્શી સમીક્ષક

સંવત ૧૯૫૫ના જેઠ વદ બારસ એટલે ૧૮૯૯ના જુલાઈની ૪થી તારીખે ઉમરેઠમાં વિષ્ણુભાઇનો જન્મ. પિતાનું નામ રણછોડલાલ અને માતાનું નામ જેઠીબાઈ.

શ્રી વિષ્ણુભાઇનો સાહિત્યફાલ પ્રમાણમાં ઓછો છે. પણ ગુણ-વત્તામાં વિપુલતાભર્યો છે. અંગ્રેજી અને સંસ્કૃતભાષાની ઉત્તમ સાહિત્ય કૃતિઓથી, ગુજરાતી ભાષા-સાહિત્યના સર્વાંગી પરિશીલનથી, ઇતિહાસ અને તત્ત્વજ્ઞાનના અભ્યાસથી એમના જીવનનો ચેતોમય વિકાસ સધાયો છે.

વિષ્ણુભાઇના સાહિત્ય વિવેચનમાં એમના સતત અધ્યયન-અધ્યાપનને કારણે પ્લેટો, એરિસ્ટોટલથી માંડી કોલરિજ અને હેઝ-લિટ સુધીના સમર્થ વિવેચકોની અસર પડેલી છે.

વિવેચનનાં સિદ્ધાંતો, સાહિત્યનાં સ્વરૂપો, કાવ્યના લક્ષણો જેવાં શાસ્ત્રીય વિષયોનું ઊંડું પરિશીલન એમણે કરાવ્યું છે. પ્રત્યેક વિષય ઉપર એમણે પોતાનું મૌલિક ચિંતન આપ્યું છે. ગુજરાતી સાહિત્યમાં શ્રી વિષ્ણુપ્રસાદનું સ્થાન સાહિત્ય વિવેચક તરીકે ઉચ્ચ છે. 'ભાવનાસૃષ્ટિ', 'વિવેચના', 'પરિશીલન', 'અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય', ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠી વ્યાખ્યાનમાળામાંના 'ગોવર્ધનરામ' ઉપરના વ્યાખ્યાનો, આમ પાંચ પુસ્તકો જેટલું સાહિત્ય એમની પાસેથી આપણને મળ્યું છે.

'મત્સ્યગંધા' અને 'રાઇનો પર્વત' વગેરે નાટ્યકૃતિઓ, 'ગુજરાતનો નાથ' ને 'સરસ્વતીચંદ્ર' નવલકથાઓ વગેરેનાં વિવેચનમાં વિષ્ણુભાઈની વિવેચનશક્તિનાં લગભગ બધાં જ ઉત્તમ લક્ષણો પ્રગટ થયાં છે. શ્રી વિષ્ણુભાઈની વિવેચક સાધનામાંથી તરી આવતી વસ્તુ એ છે કે તેમણે જાગૃતપણે વિવેચક ધર્મ બજાવ્યો છે. જે કાંઇ થોડાવત્તા પણ સત્ત્વવાળું સાહિત્ય પ્રગટ થયું છે, તેની સમાલોચના કરવા એ સદાયે ઉત્સુક રહ્યાં છે.

## શ્રી જ્યોતીન્દ્ર. હ. દવે-જીવંત હાસ્ય!

કહેવાય છે કે એક શોકસભા શોકસભાની રીતે ન ભરી શકાય જો મંચ પર શ્રી જ્યોતીન્દ્રની ઉપસ્થિતિ હોય તો કેમકે કેવળ વક્તવ્ય જ નહીં તેમનું વ્યક્તિત્વ પણ શ્રોતાગણને માટે હાસ્ય પ્રેરક બની રહે છે.

તેમના હાસ્ય સર્જનને બિરદાવતાં શ્રી મુનશી યથાર્થ જ કહે છે કે એમની ચોર કાકદૃષ્ટિ જીવનમાં ચારે પાસ ફરી વળે છે અને જે જુએ છે તે સામે એમના હોઠ પર આછું સ્મિત ફરકી રહે છે; માણસની નબળાઇને પકડી પાડી, તેને હસતાં હસતાં એ રજૂ કરે, એ વાંચીને મૂરખ બનનાર પોતે પણ હસવા માંડે.

તેમના હાસ્યરસની સૃષ્ટિ વિશાળ છે. એમાં વિવિધતા છે અને છે તેમનું તીક્ષ્ણ નિરીક્ષણ અને તેમની સૂક્ષ્મ દૃષ્ટિ. એમાં નથી દ્વેષ, કટુતા કે ડંખ. તેમના હાસ્યની પાછળ સદા તત્ત્વજ્ઞાન ડોકાતું રહ્યું છે જેથી તેઓ કેવળ સ્થૂળતામાં રાચનારા અનેક વિનોદરસિયા સાહિત્યકારોથી નોખા પડે છે.

'અમે બધાં'ના સહિયારા સર્જન દ્વારા સંસ્મરણોના ખજાનાને ખોલવાનો અભિનવ પ્રયોગ પણ કદરદાન વાચકોની ચાહના પ્રાપ્ત

કરવામાં સફળ બની રહ્યો છે. આમ નિબંધિકાઓ સાથે છે થોડાંક તેમનાં મૌલિક હાસ્યરસ પ્રધાન કાવ્યો. તો વળી પ્રતિકાવ્યો પણ છે, અને તેય ખાસ કરીને કવિવર શ્રી નાનાલાલની પેલી શૈલીમાં ને વાણીમાં.

હાસ્ય નિષ્પત્તિ અર્થે તેમનાં અમોઘ શસ્ત્રો રહ્યાં છે– વિષય પસંદગી, અજબ ગજબની અવનવી, મૌલિકતાસભર, હળવી, રમૂજી કલ્પનાઓ, સૂત્રાત્મક બની નવાં જ સૂત્રો સર્જતી શૈલી, છેકાપહ્નુતિ શ્લેષને અન્ય અલંકારોનો ઉપયોગ–ગહન સત્યોને સરલ બનાવવાની અને સરસ વિષયોને ગહનતર ચીતરવાની તેમની કલા– આ બધાંથી તેમના લખાણમાં ઉપસી આવી છે જ્યોતિ.

રંગતરંગ ભા ૧ થી ૬, ' પાનનાં બીડાં, ' ' વડ અને ટેટા, ' 'નજર લાંબી અને ટૂંકી,' ત્રીજું સુખ,' ' રોગ, યોગ અને પ્રયોગ, ' 'રેતીની રોટલી' જેવાં હાસ્ય પ્રધાન સર્જન આપ્યાં પછી તેમની આગવી શૈલીથી તેમણે પોતાના મિત્ર સહિત ગુજરાતીઓને પોતાની અને પોતાના કુટુંબની, પોતાના વતનની ને પોતાના સ્વભાવની ઓળખ આપતાં સર્જ્યું ' અમે બધાં. !

'હમે એનાં તો ઘર વસે છે ' માટે પ્રાર્થીએ કે લેખક શ્રી દવે આપણાં સહુના હૈયે એમના હાસ્ય દ્વારા સદાયે વસતા રહે.

**શ્રી ઈશ્વર પેટલીકર-સંસારસુધારક સાહિત્યકાર**

ઈ. સ. ૧૯૦૫માં ગુજરાતનાં ખેડા જિલ્લાના પેટલાદ તાલુકાના પેટલી ગામમાં એક ખેડૂત કુટુંબમાં જન્મ. એમણે ' જનમટીપ 'થી સાહિત્યક્ષેત્રે પ્રવેશ કર્યો. તેમણે નીચેની રચનાઓનું સર્જન કર્યું છે—

**નવલકથાઓ—**જનમટીપ, લખ્યાલેખ, કળિયુગ, મારી હૈયાસગડી, ધરતીનો અવતાર, તરણા ઓથે ડુંગર, પંખીનો મેળો અને પાતાળ કૂવો, કાજળ કોટડી, કંકુને કન્યા, આશાપંખી, મધ-લાળ, ભવ સાગર, કલ્પવૃક્ષ, પ્રેમપંથ, શકુંતલા, યુગના એંધાણ, ઋણાનુબંધ, જય–પરાજય, લાક્ષાગૃહ વગેરે.

**નવલિકા સંગ્રહો**–પારસમણિ, કાશીનું કરવત, લોહીની સગાઇ, માનતા, ચિનગારી તાણાવાણા, પટલાઇના પેચ, અભિસારીકા, આકાશગંગા, શ્રેષ્ઠ વાર્તાઓ, મીન પિયાસી, કઠપુતળી વગેરે.

**રેખાચિત્રો**-ધૂપસળી, ગ્રામચિત્રો, ગોમતીઘાટ, વિદ્યાનગરના વિશ્વકર્મા વગેરે.

**આમ સાહિત્ય**-જીવનદીપ, લોકસાગરને તીરે તીરે, સંસારના વમળ, સુદર્શન, મહાગુજરાતનાં નીરક્ષીર વગેરે.

'જનમટીપ' પછી લેખનને વ્યવસાય બનાવી એમણે ચરોતરના ગ્રામ જીવનના ખાસ કરીને પાટીદાર સંસારના વિવિધ પ્રશ્નોની છણાવટ કરતી ઓગણીસેક નવલકથાઓ લખી. 'જનમટીપ', 'ધરતીનો અવતાર', 'લોહીની સગાઇ' અને 'તરણા ઓથે ડુંગર' તેમની પ્રથમ પંક્તિની રચનાઓ ગણાય.

તળપદી ભાષા અને ગ્રામ સંસારનું તેમનું પર્યાલોચન આપણા પર વધુ પકડ જમાવે છે. તેમની વાણીમાં રહેલ એ તળપદી બોલીની મીઠાશે તથા તેમના હૃદયની નિખાલસતા અને સારલ્યે ઘણા વિદ્યાર્થીઓ ને વાચકોને આશ્ચર્યચકિત કરી દીધાં છે.

સમાજદર્શન કરાવતી નવલિકાઓ અને ગ્રામચિત્રો લખ્યા હોવા છતાં મુખ્યત્વે શ્રી પેટલીકરે ગ્રામજીવનની નવલકથાઓ લખી છે. એમની નવલકથાઓમાં મોટે ભાગે ગામડાનાં જનસમાજનું, તેની રહેણીકરણીનું અને વ્યવહારનું ચિત્રણ આવે છે. એમની નવલકથાઓમાં કોઈ નાયક કરતાં જનસમાજ જ વાર્તાનું કેન્દ્ર બને છે. પરિણામે એમની નવલ કથાઓમાં પાત્રો ચિરસ્મરણીય બની વાચકના મનમાં રહેતા નથી. નવલકથાઓમાં પ્રસંગની હારમાળાઓ આવે છે અને આ પ્રસંગો કલ્પવામાં એમની સિદ્ધિ મોટી ગણી શકાય. છતાં પેટલીકરમાં ભાવનાશીલતા અને કલાનું ભાન ચોક્કસ ઓછાં છે. એમની કલામાં સર્વત્ર ચિરંજીવ અંશ દેખાતો નથી.

**શ્રી પન્નાલાલ પટેલ-ગ્રામજીવનનો ગાયક**

જન્મ ઇ. સ. ૧૯૧૩. સાબરકાંઠા જિલ્લાના મેઘરજ ગામના વતની. નિરક્ષર એવી ખેડૂત જ્ઞાતિમાં જન્મેલા અને કુમારાવસ્થામાં જ મજૂરી કરવા શહેરમાં ભટકતા અને જેને સાહિત્ય અને અભ્યાસ સાથે કશો સબંધ નથી એવો માનવી ગુજરાતી વાર્તા સાહિત્યમાં લોકપ્રિય સાહિત્ય સર્જક બને એ વાત જ આશ્ચર્ય-જનક છે.

'માનવીની ભવાઇ,' 'વળામણાં,' 'મળેલા જીવ,' 'ભીરુ સાથી' ભા. ૧, ૨. 'સુરભિ,' 'પાછલે બારણે,' 'ના છૂટકે,' 'સુખ દુઃખનાં સાથી,' લખચોરાસી,' 'જીવોદાંડ,' 'જિંદગીના ખેલ,' પાનેતરનાં રંગ,' 'ઓરતા,' વાત્રકને કાંઠે,' જમાઇરાજ' વગેરે શ્રી પટેલની સાહિત્ય–સમૃદ્ધિ છે.

સામાન્ય રીતે શ્રી પન્નાલાલની કૃતિઓમાં ઉત્તરપૂર્વ ગુજરાતનું ગ્રામજીવન વિવિધ રીતે આલેખાયું છે. એમાં જ તળપ્રદેશનાં પાત્રો ને લોકબોલીનો એવો સુંદર અને સચોટ ઉપયોગ થયો છે કે એનાથી લેખક–વાચક માટે નવો જ રસપ્રદેશ ખુલ્લો થયો છે. તેમની શ્રેષ્ઠ નવલકથા 'માનવી ભવાઇ' છે. તે તેમની લેખન કળાનો ઉત્તમ નમૂનો છે.

**શ્રીમનુભાઇ પંચોળી (દર્શક)–શીલભદ્ર સાહિત્યકાર–:**

ગાંધીયુગની ભાવનાઓ અને આદર્શોના પુરસ્કર્તા, નિત્યધ્યેય સાધેની કર્તવ્યનિષ્ઠા અને ભાવનાશીલતાથી ગુજરાતી સાહિત્ય અને શિક્ષણનાં ક્ષેત્રોમાં ઊંચા શિખરો સર કરવા મથનાર. ઈતહાસના અઠંગ અભ્યાસી, સંસ્કૃતના પ્રવાહોના પારખુ ' દર્શક ' ઉપનામધારી સત્વશીલ સાહિત્યકાર શ્રી મનુભાઈ રાજારામ પંચો-ળીનો જન્મ ઈ. સ. ૧૯૧૪ની ૧૫મી ઓકટોબર ને ગુરુવારે વાંકા-નેર રાજ્યના પંચાશિયા ગામમાં થયો હતો.

જીવનના મુખ્ય ઉદ્દેશ તરીકે આત્મોત્કર્ષની અને જગતસુખની ઝંખના કરતા શ્રી ' દર્શક ' સાહિત્યપ્રવૃત્તિને તો એ ' અતૃપ્ત ઝંખ નાના કેફ ' રૂપે જ ઉપાસે છે.

આજ સુધીમાં નાટક, નવલકથા અને મહાકાવ્યના રસિયા, ઇતિહાસ અને ખેતીના અઠંગ અભ્યાસી ' દર્શક ' પાસેથી ગુજરાતને નાટક, નવલકથા, નિબંધ અને ઇતિહાસના સ્વરૂપમાં 'આપણો વૈભવ અને વારસો,' 'બંધન અને મુક્તિ,' 'પ્રેમ અને પૂજા, ''બંદીઘર,' 'દીપ-નિર્વાણ,' ' ઝેર તો પીધાં છે જાણી જાણી ' અને અન્ય મળી એક-વીસ જેટલી કૃતિઓ પ્રાપ્ત થઈ છે.

શ્રી ' દર્શક 'નું સ્થાન ગોવર્ધનરામની પરંપરા ચાલુ રાખનાર અગ્રણી નવલકથાકારોના હરોળમાં એમની ' ઝેર તો પીધાં છે જાણી જાણી' દ્વારા નિશ્ચિત થઈ ચૂક્યું જ છે. માનવ હૈયાના કરુણ મંગલ ભાવોને કલામય રીતે મૂર્ત કરતી, આંતર રાષ્ટ્રીય ક્ષેત્રે કરુણા

ને વિશ્વશાંતિનો સંદેશ લઈને ઘૂમતાં પાત્રોવાળી, એભાગમાં પ્રસિદ્ધ થયેલી ને હજી લખાતી જતી, ગુજરાતી કૃતિઓમાં સ્થાપિત થયેલી, 'ઝેરતો પીધાં છે જાણી જાણી' દશ'કની શ્રેષ્ઠ નવલકથા ગણાયેલી છે. તેમના જીવનકાર્ય ને સંસ્કૃતિચિંતનનો અર્ક એ નવલકથામાં ઊતરેલો છે. શ્રી ડોલરરાય માંકડે તેનું પૃથક્કરણ કરતાં દર્શાવ્યું છે તેમ મૈત્રી, કરુણા, મુદિતા અને ઉપેક્ષા એ ચાર બુદ્ધ પ્રબોધિત બ્રહ્મવિહારનું નિદર્શન તેનાં પાત્રો એને ઘટનાઓ દ્વારા થાય છે.

લેખકની કથન અને વર્ણનશૈલી સરળ છતાં મોહક છે. તેમાં નવલકથાના પાયારૂપ વ્યક્તિચિત્તના સંવેદનથી અતિરિક્ત ચિંતન ઠાંસી ઠાંસીને ભર્યું છે. તેથી આધુનિક દૃષ્ટિએ તેને બાહ્ય પ્રયોજન યુક્ત શિથિલ રચનાવાળી વિશૃંખલ નવલ ગણવામાં આવે છે. પરંતુ ઐતિહાસિક દૃષ્ટિએ જોઈએ તો યુગબળોની ચિકિત્સારૂપે સત્ય, પ્રેમ, શાંતિ અને કલ્યાણના બુદ્ધ ને ગાંધીબોધિત આશ્વાસક જીવનમંત્રો ગુંજતી આ કથા 'સરસ્વતીચંદ્ર'ની યાદ તાજી કરતી, સંસ્કૃતિ સમન્વયનો સંદેશ આપતી ગાંધીયુગની સમર્થ નવલકથા છે.

શ્રી પંચોલીનોય શિક્ષણક્ષેત્રે આગવો અને સચોટ ખૂબ જાણીતો છે. તે ઉપરાંત તેઓ રાજકારણના અભ્યાસી અને સ્વતંત્ર વિચારક છે. તેમની જ્ઞાન-સાધના, સાહિત્ય-સાધના, વિચાર અને શબ્દની પાછળ મુખ્ય શક્તિ સંવેદનની છે.

ગદ્યસ્વામીઓનાં સાધનો આ પ્રદાન ઉપરાંત ગુજરાતી સાહિત્યને ગતિ–વિધિ દેવામાં સર્વશ્રી સુંદરમ્, ઉમાશંકર જોષી, ચુનીલાલ મડિયા, શિવકુમાર જોષી, પ્રિયકાંત મણિયાર, રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, વિ. ક. વૈદ્ય, અનંતરાય રાવળ અને સ્ત્રી લેખિકાઓમાં લાભુબ્હેન, કુંદનિકા કાપડીયા, સરોજ પાઠકનો ફાળો પણ નોંધપાત્ર રહ્યો છે એ નોંધવું ઘટે.



# ગુજરાતનાં ભીંતચિત્રો

—શ્રી રવિશંકર મ. રાવળ

ભીંત પર ચિત્ર કરવાની પ્રેરણા માણસને આદિકાળથી મળેલી છે. હજારો વર્ષ પહેલાંની પાષાણયુગની ગુફાઓમાં ફ્રાન્સ, સ્પેન, આફ્રિકા ચીન અને ભારતમાં માનવે પોતાના સમયની ભાવના અને સંસ્કારની એંધાણીઓ આપી છે. એ હજારો વર્ષ દરમિયાન પોતાના જીવનની છાપ ઉતારવાની આ કળા ક્રમે ક્રમે કેટલી ઊંચી કક્ષાએ પહોંચી હતી, તેના નમૂના અઢી હજાર વર્ષો પૂર્વેના ભારતમાં અજંટાની ગુફામાં બુદ્ધચરિત્ર અને દૃષ્ટાંતોના ભીંતચિત્રોમાં સર્વ પ્રકારના ભાવો અને રસોને અતિ કૌશલ્યથી પ્રકાશ મળ્યો છે.

પ્રાચીન શાસ્ત્રોમાં સૂત્રરૂપે કહેવાયું છે કે ચિત્ર વિનાનું ઘર સ્મશાનવત્ લાગે છે અને कलानाम् प्रवरं चित्रम् કહી તેનું મહાત્મ્ય વધાર્યું છે તે સાથે ઘરમાં કે રાજભવનમાં અથવા અંતઃપુરમાં કે દેવસ્થાનમાં ચિત્રો કેવાં હોવા જોઈએ તેની સૂચનાઓ આપેલી છે. આ ભાવના ઘસાતી ભુસાતી છતાં ગુજરાતનાં ગામડાં, મંદિરો, હવેલીઓ અને જૂના રાજમહેલોમાં બસો–અઢીસો વર્ષ પહેલાં સચવાતી હતી.

અજન્તાની ગુફાનો વૈભવ ઇ. સ. પૂર્વે બીજા સૈકાથી ઈ. પછી આઠમા સૈકા સુધી ચાલ્યો અને તેની શૈલીમાં કાળક્રમે અવનતિ આવી. આઠમાથી દસમા સૈકા સુધીમાં ઈલુરના ગિરિમંડપોની ભીંતો પર દોઢ ચક્ષુવાળાં પાત્રો ચિતરાયાં છે તેની પ્રથા ૧૧મા સૈકાના ગુજરાતના પોથીચિત્રોમાં ઊતરી છે. તેનો પ્રયોગ જૈન કલ્પસૂત્રોમાં તેમ જ ઇતર લોકકાવ્યો ભાગવત કે દેવી મહાત્મ્ય વિગેરેમાં ૧૫ સૈકા સુધી ઊતરી આવ્યો છે. આ શૈલી પ્રથમ જૈન હસ્તપ્રતોમાં મળી તેથી ગુજરાતી ઠરી હતી. પછી રાજસ્થાન માળવામાં તેના નમૂના મળ્યા એટલે પશ્ચિમ ભારતની ઠરી. તે પછી તે જ સમયના પાલશૈલીનાં ચિત્રો અને તાંજોર તરફની પ્રતોમાં પણ મળ્યા એટલે ૧૦માથી ૧૫મા સૈકા સુધીની ભારતની અપભ્રંશ શૈલી ઠરી.

## પ્રાચીનતાનો તંતુ

આ શૈલીના ભીંતચિત્રો માત્ર ઈલુરના ભીંતો ઉપર મળ્યાં છે, અને તેનો વ્યાપકરૂપે પ્રચાર થયો હશે પણ ઘણા સમયનું અંતર અને યુદ્ધો તેમ જ આક્રમણોના કારણે નગરો, મહાલયો અને મંદિરોનો વિનાશ થયો તે સાથે નષ્ટ થયાં હશે એમ કલ્પી શકાય. વળી તેરમા સૈકાથી ગુજરાતમાં મુસ્લિમ શાસન થતાં માનવમાત્રનું ચિત્રણ અશક્ય બન્યું હશે, તેથી ગુજરાતના રૂપકાળના શિલ્પીઓ રાજસ્થાનમાં આશ્રય પામ્યા હશે. રાજસ્થાનમાં ભીંત સુશોભન માટે સાગોળની ભીંત પર પાકાં ચિત્રો કરવાનો રિવાજ જૂનો છે. ઉદયપુર, જયપુર, બિકાનેર, જોધપુર વગેરે સ્થળોનાં મહેલો, મંદિરોમાં અંદર–બહાર ભીંત પર ધર્મના, વીરોનાં પરાક્રમો તેમજ રસિક વિષયોનાં ચિત્રો ખૂબ જ પ્રમાણમાં અસ્તિત્વ ધરાવે છે, તેનાથી નાગરિકોના મનમાં ચિત્ર માટે આદર અને રસિકતા ટકી રહ્યાં છે.

આ ભીંત ચિત્રોમાં હાથીઓ, મલ્લો, રામ–રાવણ યુદ્ધ, કૌરવ-પાંડવો, લોકવાર્તાનાં પાત્રો કે પરાક્રમ કથાના પ્રસંગો હોય છે. આ જાતના પ્રવાસપટો પણ લોકોને પર્વોમાં કે મેળામાં બતાવવામાં આવે છે. આ ચિત્રોમાં મુઘલ કે રાજપૂત કળાની નિપુણતા કે પ્રતિબિંબનો ઇશારો પણ રહ્યો નથી, પણ તેના આછા સંસ્કારો સાચવતી ખૂણે ખૂણે ગ્રામજનતાએ મંદિરોમાં કે મકાનોની ભીંત પર અથવા વાહન કે પશુ શણગારમાં તેનો કલાપ્રેમ વ્યક્ત કર્યો છે.

આ કળાના કારીગરો મોટે ભાગે શિલ્પકળા સાથે સંબંધિત હોય છે. તેથી તેમનું કાર્ય (શિલાપટ પરથી) સલાટી કળા તરીકે ઓળખાય છે. કારણ કે આવા જ પ્રસંગચિત્રો આરસની તક્તિઓમાં, ઉપસાવેલી આકૃતિઓમાં કોતરવામાં આવતાં. તેને સંસ્કૃત સાહિત્યમાં અર્ધ-ચિત્ર કે અર્ધ–શિલ્પ તરીકે ઓળખાવ્યાં છે. આ કારીગરો, જ્યાં કામ મળે તે સ્થળે જઈ કામ કરી આપતા. તેઓ પ્રવાસી કલાકારનું જીવન ગુજરતા. કેટલાક ગ્રામ ચાહકોને પુરાણચિત્રોમાં મોટાં ટીપણાં કરી આપતા જેમાં ભીંતના ચિત્રોની શૈલી અને રંગોનો પ્રયોગ થતો.

મરાઠા અને બ્રિટિશ સમયમાં આ ચિત્રકામની પ્રથા ગુજરાતમાં ચાલુ હતી એમ જણાય છે. તે પહેલાંના મકાનો જર્જરિત થઈ ભગ્નદશામાં હોઈ ચિત્રકામ ઉપલબ્ધ નથી.

પણ બ્રિટિશ શાસકોએ પ્રારંભથી જ આ દિશાની કોઈ કળા–કારીગરીની શ્રેષ્ઠતા કે મૌલિકતાનો આદર કર્યો ન હતો. તેમ જ તેમણે સ્થાપેલી શિક્ષણ પ્રણાલીમાં તેનો કોઈપણ પ્રકારનો ઉલ્લેખ કે પ્રતિષ્ઠા કરવામાં આવી નહીં એટલે પ્રજામાં તેનો આદર કે પ્રચાર થયો નહીં. બ્રિટિશોના શાસનના આરંભકાળે કોઈ કોઈ સ્થળે આવું ચિત્રકામ કરનારા હયાત હતા પણ તેમની કોઈએ ખાસ નોંધ કરી નથી.

## ગુજરાતના ભીંતચિત્રો વિષે પ્રથમ પ્રકાશ

ગુજરાતના ભીંતચિત્રોની બાબતમાં પ્રથમ ધ્યાન આપવાનો યશ ભાવનગર રાજ્યને આપવો ઘટે છે. શિહોરના જૂના રાજમહેલના ખંડમાં ભીંત પર ઉપરના ભાગે લાંબા પટમાં વખતસિંહજી ઠાકોરે ચિતળ પર ચઢાઈ કરી વિજય મેળવ્યો (ઇ. સ. ૧૭૯૩) તેના મુખ્ય પાત્રો અને સેનાના આ ચિત્રપટ પરથી સરસ નકલ કરાવી, તેના બાવન ખંડ પાડી રંગીન ચિત્રોવાળા ગંજીફા રૂપે ઇંગ્લંડમાં છપાવી પ્રસિદ્ધ કર્યું હતું. મૂળ ચિત્રો લગભગ નષ્ટ થઈ ગયાં છે પણ પ્રસ્તુત નકલો હાલ પણ ભાવનગર ગાંધી સ્મૃતિમાં સુરક્ષિત છે. તેમાં તે વખતના લશ્કરના સરદારો, બખતરિયા ઘોડેસવારો, તોપચીઓ, ભિસ્તીઓ,

આરબ ટુકડીઓ, ઊંટ, ઘોડા ડંકા પરના નિશાનો, અંગ્રેજ સૈનિકો વગેરે. આતાભાઈનું લશ્કર, તે વખતના પોશાકો, પાઘડીઓ અને વાહનો તેમજ સરંજામનો બહુ સ્પષ્ટ ખ્યાલ આપે છે. દોઢ ફૂટ પહોળાઈનો સળંગ પટ સાદી પીળી ભોં પર ચાલ્યાં જતાં પાત્રો, જાડી સફાઈદાર રૈખીની રેખામાં બતાવેલાં નિસ્ચેષ્ટ મુખમુદ્રાઓનું રૂઢ ચિત્રકામ છે.

## વડોદરામાં ત્રિંબકવાડાનાં ચિત્રો

આવું જ રૂઢ ચિત્રકામ દોઢસો બસો વર્ષ પહેલાં થયેલાં ગુજરાતના મહાલયોનાં ચિત્રોમાં જોવા મળે છે. વડોદરાના ત્રિંબકવાડાના દિવાનખાનામાં ભીંત ઉપર તેમ જ બારણા ઉપરનાં ચિત્રો વડોદરા રાજ્યના પુરાતત્ત્વ ખાતાએ નકલ કરાવી પ્રકટ કર્યાં છે. ફેર એટલો જ છે કે સ્ત્રીઓ દક્ષિણી પોષાકમાં છે. પુરુષોના માથે ટીપકાંવાળી દક્ષિણી પાઘડીઓ છે. સાથે સ્થાનિક લોકકથાના ઢોલામારુ જેવા પાત્રો પણ છે. ચિત્રકામ જાડું લોકરંજક છે.

## જામનગરમાં કમાનગરોનું કામ

જામ વિભાના વખતમાં જામનગરમાં કળાકારીગરીને સારું ઉત્તેજન મળતું. તે વખતે કચ્છમાંથી આવેલા કમાનગરોના કુટુંબ ત્યાં વસેલાં. તે કોમ ભીંતચિત્ર–કામનો જ વ્યવસાય કરતી. જામનગરના મહેલની દોઢીની ભીંત પર ભૂચરમોરીનું યુદ્ધ ચિતરેલું છે. તે મોટા ચોરસ આકારમાં છે. તેમાં યુદ્ધના વિવિધ મોરચા બતાવેલા છે. યુરોપી, અરબ, સિંધી, કાઠી કે રાજપૂત યોદ્ધાઓને–અશ્વારોહીઓને –યુદ્ધની વિવિધ ઝપાઝપીમાં બતાવેલા છે. ચિત્ર ઘણું ઝાંખું થઈ ગયું છે. તે તદ્દન નષ્ટ થાય તે પહેલાં તેની સરસ પ્રતિકૃતિ થવી જોઈએ. ચિત્રોનાં પાત્રોની ઓળખાણ આપતાં છૂટાં ચિત્રો પણ થવાં જોઈએ.

જામનગરના જૂના રાજમહેલની એક મેડીમાં તે સમયના જામનગરના લોકજીવનનાં ચિત્રો ઘણી વિગતે છત તેમજ ભીંત પર ચીતરેલાં છે. એ ઘણી સારી હાલતમાં છે. કુશળ ફોટોગ્રાફર તેની રંગીન છબીઓ લઈ શકે તો સમગ્ર કામનો વિસ્તાર ગ્રંથસ્થ કરી શકાય.

## પાંડર સીંગાનાં ચિત્રો

આ પછી નોંધમાં આવેલાં ભીંતચિત્રો સૌરાષ્ટ્રમાં જામનગર પાસેના પાંડરસીંગા ગામના પાદરમાં આવેલી વિશ્વંભરનાથની જગ્યામાં છે. ૨૪ ચોરસ ફીટ ઓતરા પર સાડા છ ફીટના ખડાળી છોટી મંદિરની ભીંતો ઊભી છે, તે પર અંદર ને બહાર ભરપેટ ચિત્રો છે સો દોઢસો વર્ષ પહેલાંના સમાજે પોતાની જીવનભાવના અહીં પ્રકટ કરી છે, તેનો કોઈકને જ ખ્યાલ આવે. અહીં રામાયણ, ભાગવત અને યમલોકની વિવિધ ચિત્રાવલિ છે. સ્થાનિક યજ્ઞ પ્રસંગનું પણ ચિત્ર છે. તેમાં યજમાન પહેલીઆગો અને વણિક ગૃહસ્થો પણ છે અને તેમનાં નામો લખેલાં છે.

અસ્ત પામતા મધ્યયુગની આ ચિત્રકળા આજના પ્રેક્ષકને ઘણો વિનોદ આપે છે. રામ–લક્ષ્મણને મુકુટો કે જટા હોય તે સાથે વિભીષણને માથે અંદર કાંઠાની ખાંગરેળી પાઘડી પહેરાવી છે. કેટલાક પાત્રોને ઘોઘારી ઓખું પહેરાવ્યું છે. અપ્સરાઓને પાંખો આપી છે. ફિરાની બેહિસ્ત અને હિંદુ સ્વર્ગ અહીં એકાકાર બન્યાં છે.

ચિતારાને પરપેંક્ટિવ (દૃષ્ટિસંધાન) કે એનાટમી (શરીર રચના) ના નિયમો નડ્યા નથી. તેને મન ભીંત મોટો ચિત્રપટ છે. પ્રસંગ પૂરો થાય ત્યાં ચારે તરફ લીટીની હદ મારી અડોઅડ બીજું ચોકઠું પાડી જુદો પ્રસંગ મૂક્યો છે. તે જરૂર પડે તેમ માનવીનાં કદ બદલી નાંખે છે. વળી કોઈ પાત્ર શું કરે છે તેની અક્ષરનોંધ પણ કરે છે તે વાચતાં પણ રમૂજ પડે છે.

ચિત્રો જોતાં જ પુરાણ, રામાયણ, ભાગવત આપોઆપ યાદ આવી જાય છે. ભાવિક ગ્રામજનોને યથાર્થતા જ અર્પે છે તેથી તેમની જીવનભાવના અને આદર્શો વધુ દૃઢતા પામે છે અને જીવંત બને છે. પુરાતન અને ઇતિહાસના અભ્યાસીઓ પણ મૂળ સત્ય શું હશે તેમાં વિવાદગ્રસ્ત હોય છે ત્યારે ગ્રામજનોએ નિજ કલ્પનાથી સરજેલી ભાવનાસૃષ્ટિ ભલેને અમર રહે. ૧૯૩૬માં આ લેખકે આ ચિત્રોના સમાચાર વડોદરા રાજ્યના પુરાતત્વ ખાતાને પહોંચાડ્યા ત્યારથી એ મંદિર રક્ષિત ઈમારતમાં મૂકાયું છે.

નજીકમાં લાડી પાસે અંટાળીઆના મહાદેવના મંદિરમાં પણ આ જ પ્રકારનું ચિત્રકામ ઘુમટમાં અને દ્વારદેશ આગળ છે. તેમાં જાણીતી લોકકથાનાં પાત્રો લયલા મજનુ પણ જોવા મળે છે. ઈંગોરાળામાં પણ ચિત્રયુક્ત શિવાલયો છે.

## ગ્રામ ચિત્રકળા પર સંશોધન

હમણાંથી આ ગ્રામ ચિત્રકળામાં વિદ્વાન સંશોધકોનું ધ્યાન ગયું છે. વડોદરાના પ્રસિદ્ધ ગુજરાતી કળા વિવેચક ડો. મંજુભાઈએ જૂની હસ્તપ્રતોના ગ્રંથચિત્રો પરથી ઠીક પ્રકાશ પાડયો છે. જવાહરલાલ નેહરુ અભિનંદન ગ્રંથમાં ગુજરાત–સૌરાષ્ટ્રની આ શિલાપટ ચિત્રકળા પર આ લેખકનો એક લેખ પ્રગટ થયો છે. છેલ્લા બસો વર્ષ ઉપર ગ્રંથોમાં જે પ્રકારનાં ચિત્રો થતાં તે જ પ્રકારનાં ભીંત-ચિત્રો પણ થતાં.

ભાવનગરમાં શહેરની મધ્યમાં ભાયાણીના ડહેલામાં મહિલા પાઠશાળાની શરૂઆત થઈ ત્યારે એ રજપૂત ઘરની પરશાળામાં છતને અડતી ભીંત પર દોઢ ફૂટના પટમાં, સળંગ લંબાઈ ૫૧ ફૂટમાં પુરાણ, ભાગવત તેમજ આબાદની સવારી વગેરે ચિત્રો હતાં. તેનું હુબહુ ટ્રેસીંગ કરી મેનાબેન કાપડીઆએ સંઘરી લીધાં છે. મૂળ ચિત્રો પર તો ચૂનો ફરી ગયો છે. આ ચિત્રોની રેખાટણી બહુ રુચિકર અને સંયોજનપૂર્વક થયેલી છે. આનું સળંગ ટ્રેસીંગ ગુજરાત સરકારના માહિતીખાતા પાસે છે.

## કચ્છમાં ચિત્રકારી

કચ્છનું સાંસ્કૃતિક દર્શન મહાગ્રંથ લખનાર શ્રી રામસિંહજી રાઠોડે આ લેખકને કચ્છનાં અનેક મકાનોમાં ચિત્રકામ છે, એવી માહિતી આપેલી અને આ લેખક સાથે પ્રવાસ કરતાં સાથે રહી કેટલાંક ચિત્રકામ વધારે તેમણે બતાવ્યાં હતાં. તેમાં રાયણ ગામમાં ધોરમનાથ ને ભંડારો કરીને સ્થાન છે. તેની ડેલીમાં ચિત્રો જોવાં મળ્યાં. તેમાં ચિત્રવસ્તુનો વિસ્તાર ઘણો હતો. સુરેખ ભરણીવાળી વેલપટીઓ, મોરલા, વાઘનો શિકાર, પારાબાજી, એક ગામડાનું દૃશ્ય, ફિરાની કલ્પનાનો આંબોવાળો અને સ્ત્રીના મોં વાળો ઘોડો, આરા પૈડાનો શિવરામ, અંબાડીવાળો હાથી, અનેક ચાલ કરાવતા ઘોડેસવારો અને બ્રિટીશ સમયની નવી આવેલી વિક્ટોરિયા ફેટીન ગાડી બધાં ખૂબ કુતૂહલ આપે છે.

અંજારમાં કચ્છના એડમિનિસ્ટ્રેટર મેકમર્ડોના નિવાસસ્થાનમાં તેણે પોતાના ખંડમાં ફૂલવાડી અને ગોપ-ગોપીઓ અને ગોવર્ધન લીલાનાં ચિત્રો કરાવેલાં મોજુદ છે.

આવાં ચિત્રકામો કરનારને કચ્છમાં કમાંગરો કહે છે. તેમના હાથે ચિતરાયેલું એક મોટું ટીપણું મેં ભુજના મ્યુઝિયમમાં જોયેલું તેમાં ઉપર જણાવેલાં ભીંતચિત્રોના બધા પ્રસંગો એ જ શૈલીમાં ચિતરેલા હતા. 'કચ્છનું સાંસ્કૃતિક દર્શન'માં આ કળાની સારી નોંધ લેવાયેલી છે.

મુંદ્રામાં શ્રી અંજારિયાના મકાનમાં સો વર્ષ ઉપરનાં ભીંતચિત્રો સારી સ્થિતિમાં છે. લોકજીવનને બહેલાવતી આ કળાના હયાત નમૂના પર રાજ્ય અને વિદ્વાનો, આ બાબતની નોંધ કરવામાં વિલંબ કરશે તો ગત યુગના નમૂનાઓનો લોપ થઈ જવાનો પૂરો ભય છે.

## ગુજરાતનાં ગામોમાં

ઉત્તર ગુજરાતના નગરો અને ગામોની હવેલીઓમાં ચિત્રકામો વિલય પામવાની સ્થિતિમાં છે. એવી માહિતી સાંપડી છે. ચરોતરમાં શ્રીમંત પાટીદારોના મકાનોમાં તેમ જ બહારની ભીંત પર ભીંત-ચિત્રો હજુ નજરે પડે છે. વૈષ્ણવ હવેલીઓમાં તેમ જ અમદાવાદ અને વડતાલના સ્વામીનારાયણનાં મંદિરોમાં ૧૦૦ વર્ષ પહેલાંનાં ચિત્રો સમયનાં પ્રતિબિંબો છે. રેલવે તે વખતનું મોટું આશ્ચર્ય હતું તેથી રેલવેનાં ચિત્રો લોકપ્રિય થયાં હતાં. વડતાલની ભીંત પરની રેલવેમાં બે માળના ડબ્બા જોવામાં આવે છે. એવા ડબા હતા તે ખરી હકીકત છે. સોજીત્રામાંથી યુવાન કલાકાર ભાઈ દશરથે અંગ્રેજ-મરાઠા યુદ્ધનું દૃશ્ય બતાવતું એક વિશાળ ચિત્રપટ ઉતાર્યું હતું.

રાજપીપળાના જૂના સ્થાનમાં જંગલમાં છત્રી મંડળોની ભીંત પરથી ભાઈ યજ્ઞેશ્વર શુક્લે ચિત્રો ઉતાર્યાં હતાં તે મુગલ શૈલીમાં રાગ રાગિણીઓનાં ચિત્રો હતાં. હવે તે દેવડીઓ હશે કે કેમ તે કોણ જાણે!

ભરૂચ જિલ્લામાં જંબુસર તાલુકાના ગજેરા ગામમાં એક હવેલીની બહારની આખી ભીંત ચિત્રકામથી ભરેલી છે.

બાકરોલના શ્રીમંત પાટીદાર શ્રી ચીમનભાઈ દેસાઈની હવેલીના ત્રીજા માળ પર ચિત્રખંડ છે. તેમાંથી ભાઈ અનિલ વ્યાસે એક ચિત્રપટ ઉતાર્યો છે તેનો સમય પણ જાણી શકાય છે.

## ભીંતચિત્રોની સાર્થકતા

આ ભીંત ચિત્રોમાં પ્રાચીન ભારતીય કળાના ભાવ સંનિવેશો કે રેખાનું માર્દવ અથવા અંગ સૌષ્ઠવ કે વર્ણલીલાની છટા નથી. એકસરખી ઘટ્ટ રેખાઓની આકૃતિઓમાં અહીંતહીં રંગપટ આપીને નેત્રાકર્ષણ કરવા પ્રયત્ન માત્ર થયો છે. લિપીની જેમ ઘણી આકૃતિઓના ચહેરા સરખા જ ઘડતરવાળા હોય છે પણ વિચાર અને વર્ણનથી તે અનુપ્રાણીત થઈને સમાજને સંદેશ આપી શકે છે તેથી સાધારણ જનસમાજને સુગમ અને સુગ્રાહ્ય લાગે છે. વિદ્વાનો પંડિતો કે સૂક્ષ્મ વિવેચકો કે રસિકોના સમાગમ માટે તે યોગ્ય ન ગણાય. પણ અબૂધ નિરક્ષર ગ્રામજનો કે પ્રકૃતિજનોને પ્રસન્ન કરનારી, ધર્મ અને જીવનને સતેજ રાખનારી સંસ્કૃતિનું સ્મરણ આપનારી લોક-કલા છે. એથી જ તેના ચિત્ર-પ્રસંગો વધુ વર્ણનાત્મક કે કથા-પ્રચારક અને લોકપરિચિત હોય છે. તેમાં ભૂતકાળની કે પુરાણકાળની સંસ્કૃતિની પ્રશસ્તિ માત્ર નથી પણ સાથે સમકાલીન પ્રસંગો, પાત્ર અને પરિધાનોનું સ્મારક પણ છે. અઢારમી સદીના સૌરાષ્ટ્ર, કચ્છ ગુજરાતના લોકજીવન અને પોશાકોનું દર્શન કરાવતી આ કલાસંપત્તિ આ યુગને માટે ઉપયોગી અને મૂલ્યવાન વારસો છે. આજે ભારતવર્ષની સામાન્ય જનતાને કલા દ્વારા ઉદ્‌બોધન કરવાનું એક સિદ્ધ સાધન છે.

તેની આ શક્તિને પિછાની બે ચાર તરુણ ચિત્રકારોએ તેનું સંશોધન-અધ્યયન કરી પોતપોતાની આગવી ચિત્રમાળાઓ સરજી છે તેમાં લાઠીના કુમાર શ્રી મંગળસિંહજી તેમ જ લાઠીના સુવર્ણ-શીલના કુટુંબના ભાઈશ્રી વ્રજલાલ ભગત અને ભાવનગરના શ્રી ખોડીદાસ પરમારનો ફાળો નોંધપાત્ર બન્યો છે.

## ચિત્રનો પ્રભાવ

આ ચિત્રોનું સંશોધન અને સંગ્રહ કરવાથી બ્રિટિશ શાસનના આરંભકાળે બચેલી જનપદ સંસ્કૃતિના ઘણાં સ્વરૂપો પ્રત્યક્ષ કરી શકાય છે. લોકજીવનના વિશાળ સ્તર પર વ્યાપક રૂપે થોડી ઘણી પણ પ્રેરણા આપવાની શક્તિ ધરાવતાં આ ભીંતચિત્રોનો જીવનદૃષ્ટિ સાથે સીધો સંબંધ છે. તે સમયના મનુષ્યોની સભ્યતા, સૃજનશક્તિ અને સૌંદર્યભાન સમજાવે તેમાંથી સાધન મળી રહે છે. જો કે અક્ષરજ્ઞાનના સાહિત્યનો પ્રચાર થતાં ચિત્ર પ્રતિ લોકોનો આદર અને આકર્ષણ ઓછાં થયાં છે. તેમાં શિક્ષણ પ્રણાલીનો પણ થોડો ઘણો અપરાધ છે. દૃષ્ટિથી પ્રાપ્ત થતાં જ્ઞાન અને અનુભવને અક્ષરમાં પૂરવા જતાં દૃષ્ટિનો વ્યવહાર પુસ્તકમાં જ સમાપ્ત થાય છે અને સંસારનાં દૃશ્યો કે ભીંતોનું મૌન માણસોને સદી જાય છે.

આજના યુગમાં અનેક નહીં ઇચ્છવા જેવી પ્રવૃત્તિઓનું સમાજ પર આક્રમણ થઈ રહ્યું છે. તે વખતે ચિત્રકળાની ગૌરવપૂર્ણ પ્રતિષ્ઠા કરવાને દેશની પરંપરાનાં વાસ્તવિક સ્વરૂપોનો અભ્યાસ અને સંશોધન કરી તેનો મર્મ પ્રાપ્ત કરવો એ મતિમાનોનો ધર્મ છે. તો જ પર સંસ્કૃતિની છાયા અને પ્રભાવમાંથી ઉગરી શકાશે.

દેશના વાતાવરણ અને સ્વભાવમાંથી પ્રકટ થયેલી આ કલા-પ્રણાલીને બચાવી, લોકશક્તિરૂપે પ્રવાહિત કરવામાં આવે તો તે સત્વરે દેશના અને પ્રગતિકારક બનશે તેમજ જગતના અન્ય દેશો માટે આ દેશના આદર્શો પ્રત્યક્ષ કરાવવાનું માધ્યમ બનશે.

ગુજરાત સંદર્ભગ્રંથના પ્રકાશન પ્રસંગે
શુભેચ્છા પાઠવે

# મેસર્સ બી. પટેલ એન્ડ કંપની

એન્જીનીયર્સ એન્ડ કોન્ટ્રેકટર્સ

સરદાર સોસાયટી (ફોન નં. ૧૫૧.)

વિસનગર [ જિ. મહેસાણા ]

ગુજરાત રાજ્યમાં "એ" કલાસની માન્યતા ધરાવતા
કોન્ટ્રેકટર્સ

રસ્તાઓ, નહેરો, બંધો વિગેરે સરકારી તથા અર્ધસરકારી કામો કોન્ટ્રેકથી રાખીએ છીએ. સોસાયટીના બંગલાઓ, કોલેજો તથા અન્ય મોટી ઈમારતો કોન્ટ્રેકટથી બાંધી આપીએ છીએ.

મેનેજીંગ પાર્ટનર

**શ્રી ભોળાભાઇ ચતુરભાઈ પટેલ**
બી. એસ. સી. ( ઓનર્સ ) એલ. એલ. બી.
વિસનગર

નોંધ : પોલીટેકનીક ઈન્સ્ટીટયુટ પાટણની ભવ્ય ઈમારત અમોએ બાંધી છે



# ગુજરાતની ચિત્રશૈલીનાં પ્રાચીનતમ રેખાંકનો

—ડૉ. મંજુલાલ મજમુદાર

એશિયાની ચિત્રકલાના પ્રાચીનતમ અવશેષો અજન્ટાની ગુફાઓમાંના ભિત્તિચિત્રો છે. જો કે એના અસ્તિત્વની ભાળ નવીન દુનિયાને છેક સને ૧૮૧૯માં પહેલવહેલી એક અકસ્માતરૂપે થઈ હતી.

એક અંગ્રેજ મિલિટરી અફસર પાણીની શોધમાં એ ગિરિમાળાની આજુબાજુ ઘોડા પર ફરી રહ્યો હતો. તેને પર્વતના નીચાણમાં પાણીનાં ઝરણાં દેખાયાં. એ નીચે ઉતર્યો.

સ્વચ્છ અને શીતળ પાણીથી તરસ છીપાવ્યા પછી, આજુબાજુ નજર કરતાં અફસરને પર્વતમાં કોરેલી ગુફાઓ દેખાઈ. એમાં પ્રવેશ કરતાં જ અજન્તાના 'કલા–મંડપો' એની આંખે ચઢ્યા ! એના આશ્ચર્યનો પાર ન રહ્યો.

આ પરદેશી દ્વારા ભવ્ય શિલ્પો અને તેથી યે ભવ્ય ભીંત ઉપરની ચિત્રકલાનાં દર્શન આપણને થયાં. એને રમ્ય અકસ્માત જ કહેવો પડે.

ઈસ્વીસનના પહેલા–બીજા સૈકાથી આરંભીને છેક સાતમા સૈકા સુધીમાં નિર્માણ થયેલાં એવાં અજન્તા, બાઘ, સિત્તાન વાસલ–વગેરે સ્થળોનાં ભિત્તિચિત્રો ભારતમાં પ્રકાશમાં આવ્યાં; અને ભારત બહાર લંકામાંનાં સિગિરિયા અને અનુરાધાપુરનાં ભિત્તિચિત્રોથી, વિશાલ ભારતથી સમાન ચિત્ર–પરંપરાનો પરિચય જનતાને થયો.

આ અરસામાં, ભારતની નાના કદનાં ચિત્રોની છેક સોળમા અને સત્તરમા સૈકામાં, હિંદી–ફારસી શૈલીથી પ્રભાવિત થયેલી "રાજપૂત" અને "મુગલ" કલમ વિશેષ જાણમાં આવી હતી.

પરંતુ અજન્તા પછીનાં લગભગ આઠસો વર્ષના ગાળાનો હિંદી ચિત્રકલાનો ઇતિહાસ જાણવાનું હજી શક્ય બન્યું નહોતું.

દરમિયાન, વીસમી સદીના પ્રારંભના દસકામાં, કેટલાક શ્વેતાંબર જૈન ગ્રંથોમાં તાડપત્ર ઉપરનાં તેમ જ કાગળ, કાષ્ટપટ્ટિકા કે વસ્ત્ર–પટ ઉપરનાં નાના કદનાં ચિત્રોની ભાળ મળવા લાગી.

એટલે એક તરફ અજન્તામાં વ્યક્ત થયેલી ભીંતો ઉપરની સ્વચ્છ ચિત્રશૈલી; અને બીજી તરફ રાજપૂત કે રાજસ્થાની અને મુગલ કલમનાં ચિત્રો વચ્ચેની ભારતીય ચિત્રકલાની ખૂટતી કડી, પ્રાપ્ત થઈ. ઇસ્વીસનના અગિયારમા–બારમા સૈકાથી આરંભી, છેક સોળમી સદી સુધીના સમય સુધી, સ્વતંત્ર વ્યક્તિત્વ ધરાવતી એવી આ ચિત્રશૈલીને "પશ્ચિમ ભારતીય ચિત્રશૈલી" કહેવાનું વિદ્વાનોએ પસંદ કર્યું. અને "પ્રાચીનતમ ગુજરાતી શૈલી" પણ કહી શકાય. વાસ્તવમાં, વિશાળ પટવાળી ભીંતો ઉપર દોરાતાં ચિત્રોની કરામત, નાના કદના માધ્યમ ઉપર, ચિત્રકારોએ અજમાવવી શરૂ કરી.

અજન્તાનાં ગુફા–ચિત્રોના અનુસંધાનમાં, ઇલૂરાના 'કૈલાસ–મંદિર' નામે શિલ્પ–મંડપની ભીંતો ઉપરનાં ચિત્રોની ભાળ, શ્રી ડી. વી. ટોમ્સન નામે અંગ્રેજને સને ૧૯૨૬માં મળી. તેમણે ઈ. સ.ના આઠમા શતકની આસપાસ અને તે પછી ઉમેરાયેલાં નવમા અને દસમા સૈકાનાં જૈન ભીંત–ચિત્રોનો પરિચય કરાવ્યો, જેથી ચિત્ર–કલાના ઇતિહાસમાં એક મહત્ત્વની સંયોગી–કડી ઉમેરાઈ.

ઈલૂરાનાં ભીંત–ચિત્રોમાં એક અવનવી લઢણ તેનાં રેખાંકનોમાં જોવામાં આવી. મુખાકૃતિમાં એ–તૃતીયાંશ ભાગ ત્યાં દેખાડવામાં આવ્યો છે. કેટલીકવાર Profile (અર્ધ–ખંડ) રૂપે દેખાડવા છતાં, બીજી આંખ મુખરેખાની બહાર બતાવવામાં આવી છે. વળી ગોળ આકારને સ્થાને, ખૂણાવાળી મુખાકૃતિઓ દેખા દે છે. દેહનો–હાથ, પગ, આંગળિયો—એ બધાનો વળાંક કોઈક ખૂણાવાળી લઢણથી આલેખવામાં આવ્યો છે.

આ બધાં લક્ષણો, તાડપત્રીય પોથીચિત્રોમાં તેમ જ પાટલી, વસ્ત્રપટ કે કાગળ ઉપર બારમા' સૈકાથી જે ચિત્ર દોરાવા લાગ્યા તેમાં, તે ઊતરી આવ્યાં છે.

લાંબા અણિયાળાં નાક, કંઈક અણિયાળી એવી હડપચી, ગોળને બદલે ચોખંડા આકારની મુખરેખા, અને એક જ બાજુ બતાવતાં એવા મુખોમાં, બીજી બાજુની આગળ પડતી આંખનું, સ્પષ્ટ સૂચન –આ બધી લઢણો, પશ્ચિમ ભારતીય નાનાં કદનાં ચિત્રોમાં સ્વભાવિક બની ગયેલી જણાય છે.

(જુઓ આકૃતિ–૨ ગરુડારૂઢ લક્ષ્મી ઈલૂરાનું ભીંતચિત્રો)

તાડપત્ર ઉપરની નાના કદનાં ચિત્રોની કલા ગુજરાતમાં સોલંકી યુગના ઉદયની સાથે પ્રકાશમાં આવેલી જણાય છે. સંવત ૯૯૮માં મૂળરાજદેવ "ગુર્જર ભૂમિના ચૂડામણિ" બન્યા તે પછી સિદ્ધરાજના શાસનકાળની શરૂઆતમાં જ, સં.૧૧૫૭ (ઈ.સ.૧૧૦૦) માં, ગુજરાતના પ્રાચીન બંદર ભૃગુકચ્છમાં લખાયેલી "નિશીથચૂર્ણી" ની તાડ–પત્રીય પોથી પાટણના સંઘવીના પાડાના ભંડારમાં આજે સુરક્ષિત છે. ગુજરાતની સચિત્ર તાડપત્રીય પોથીનો, તેને પ્રાચીનતમ નમૂનો ગણવામાં આવે છે તેમાં ઊભા સરસ્વતીનું ચિત્ર છે. આ નમૂનાથી પ્રાચીન એવો સં. ૧૧૧૭ (ઈ.સ. ૧૦૬૦) માં ચીતરાયેલી તાડપત્રીય પોથી ઉપર દોરાયેલાં, એવાં અષ્ટમંગલમાંનાં રંગીન ચિત્રો, જેસલમેર ભંડારમાંથી આગમનપ્રભાકર મુનિશ્રી પુણ્યવિજયજી તથા ડૉ. ઉમાકાંત શાહે ૧૯૬૮માં પ્રકાશમાં આણ્યાં છે; છતાં અહીં વર્ણવેલાં તામ્ર શાસનોથી તે અર્વાચીન ગણાય તેમ નથી.

કાષ્ટ–પટ્ટિકાઓ— લાંબાં તાડપત્રની પોથીઓના રક્ષણ માટે, તેની આસપાસ રાખવામાં આવતી હતી. આ પાટલીઓ ઉપર પણ,

પશ્ચિમ ભારતીય શૈલીનાં જ રંગીન આલેખનો કરવામાં આવતાં હતાં.

ખંભાત તથા પાટણમાંના તાડપત્રો ઉપરનાં નાના કદનાં ચિત્રો જોતાં ખાત્રી થાય છે કે, એ કાળની ચિત્રકલા, કોઈ આગલી પેઢીઓના સમયથી સચવાતી, ઉછેરાતી અને માન પામતી હોવી જોઈએ.

માત્ર ચિત્રો દોરવાનો હેતુ અને ચિત્રો દોરવા માટેનાં માધ્યમ બદલાયાં; છતાં મૂળ રેખા-પ્રધાન એવી આલેખન કલાનાં બદલાયેલાં લક્ષણો, કાયમ રહ્યાં.

ભીંતચિત્રો, યાત્રિક–સમૂહોને એક સાથે ઊભાં ઊભાં જોવા માટે નિર્માણ થયાં હતાં; ત્યારે નાના કદનાં પોથીચિત્રો ધાર્મિક સમુદાયોને બેઠે બેઠે, અને એક પછી એક જોવા માટે અથવા બતાવવા માટે યોજાયાં હતાં

આ પોથી–ચિત્રોને, અનેકગણાં વિસ્તારીને, ચિત્રપટ પરનાં કચકડાની પટી ઉપરનાં ચિત્રોની જેમ પડદા ઉપર બતાવવામાં આવે તો ખાત્રી થશે કે ભીંતનું માધ્યમ અને મોટા કદના ફેરફાર સિવાય બધું જ તેમાં એકસરખું છે.

ભારતીય ચિત્રકલાની શાસ્ત્રીય ચર્ચા 'વિષ્ણુધર્મોત્તર પુરાણ'ના "ચિત્રસૂત્ર" અધ્યાયોમાં કરી છે. તેમાંથી નીચેનો શ્લોક બહુ ઉપકાર છે. 'ચિત્ર'ના મુખ્ય અંગોમાં પહેલાં 'રેખા,' પછી 'વર્તના' (પીંછી) તે પછી 'ભૂષણ' (સુશોભન), અને છેવટે 'વર્ણાઢ્ય', ના–રંગની ભભક: આ ચારે, સાથે હોય ત્યારે જ, એક સુંદર ચિત્ર બને છે.

ઉપર બતાવેલાં અંગો, વળી ચડતા ઊતરતા ક્રમે છે:

रेखां प्रशंसन्ति आचार्याः, वर्तनां च विचक्षणाः।
स्त्रियो भूषणमिच्छन्ति, वर्णाढ्यं इतरे जनाः॥

કલાના આચાર્યો રેખાને વખાણે છે, વિચક્ષણો પીંછીની સુરેખતાને વખાણે છે. સ્ત્રીઓ આભૂષણોની ભભકને વખાણે છે, પ્રાકૃત –જનો રંગથી હરખાઈ જાય છે.

અત્યાર સુધીના, પશ્ચિમ ભારતીય ચિત્રકલાના અભ્યાસમાં, ભિત્તિચિત્રોની પદ્ધતિના પ્રચારના, લગભગ આડસો વર્ષ પછી બારમા સૈકાના પ્રારંભનાં તાડપત્રીય લઘુચિત્રો (નિશીથચૂર્ણનું ઇ.સ. ૧૧૦૦માં દોરાયેલું ચિત)ને ગણાવવાં પડે છે. કારણ કે વચ્ચેનાં લગભગ ચારસો વર્ષ દરમિયાન–ભિત્તિચિત્રો અને પોથીચિત્રો વચ્ચેના ગાળાના આરસામાં બનેલાં કોઇપણ ચિત્રો જાણવામાં આવ્યાં નહોતાં.

પર્વતમાં કોરેલી પથ્થરની અણસરખી સપાટી ઉપર, એક પ્રકારનો 'સુધાલેપ' કરવામાં આવતો: ડાંગરના છાલાં, માટી અને ચૂનાને સાથે ભેળવી, તેનું એકસરખું સમતલ પડ ભીંત ઉપર કરવામાં આવતું. તે સૂકાઇ જાય ત્યાર પછી તેના ઉપર શંખજીરૂ (સંગેજિરેદ) જેવા સુંવાળા, પથ્થરની ભૂકીને પાણીમાં ભેળવી તેનાથી 'સુધાલેપ' લગાવવામાં આવતો: આવી તૈયાર થયેલી ભોય ઉપર ચિત્રકાર પછીથી પોતાની કલા અજમાવતો.

આમ ભીંતચિત્રોના વિશાળ ફલકના યુગ પછી, તાડપત્ર ઉપર ઇંચોને હિસાબે મળતી બહુ નાની જગાપર, ચિત્રો નિર્માણ થતાં હતાં.

આ બે માધ્યમોના યુગની વચ્ચે આવતાં, તાંબાના પતરા ઉપર લખાતાં તામ્રશાસનોમાં કેટલાંક રેખાંકનો પ્રાપ્ત થયાં છે જે ચિત્રકલાના ઈતિહાસની દૃષ્ટિએ ખૂબ મહત્ત્વનાં ગણવા જેવાં છે.

ચિત્રનું માધ્યમ તામ્રપટ છે, ચિત્રની શૈલી પણ રેખાંકનની જ પ્રાચીન પરંપરામાં મળી આવી છે અને સુભાગ્યે, આ તામ્રપટ ઉપરના લખાણમાં ચોક્કસ સંવત, વર્ષ, માસ અને તિથિ પણ મળી આવ્યાં છે. શાસન લખાવનારની સહી '**स्वहस्तोयं**' એમ છેવટે લખે છે.

ધારા–નગરીના પરમારો દક્ષિણના સાર્વભૌમ રાષ્ટ્રકૂટોના સામન્તો તરીકે, પશ્ચિમ ભારત ઉપર શાસન કરતાં હતા. એટલે જ ઈલૂરાનાં ભીંતચિત્રોમાં પણ એક સ્થળે, "મૂલરા, પ્રમાર, ઉદયા" (મૂળરાજ ચાલુક્ય અને ઉદયસિંહ પરમાર)–એવા સામસામા સેનાપતિઓના યુદ્ધને અક્ષરોથી ઓળખાવ્યું છે.

ઈસવીસનના દસમા સૈકાનું ધારાના પરમાર રાજા વાક્પતિરાજનું ગરુડના આલેખન સાથેનું તામ્રપત્ર 'જૈન તાડપત્રીય નિશીથચૂર્ણી' (સં. ૧૧૫૭)ના ચિત્ર કરતાં, સવાસો વર્ષ જેટલું વિશેષ પ્રાચીન મળ્યું છે. (સં. ૧૦૩૧ના ભાદ્રપદ સુદિ ૧૪). શાસનને છેડે स्वहस्तोयं श्रीवाक्पतिराजदेवस्य। એવી sign manual પણ છે.

(૧) તામ્રશાસનના આ બીજા પતરાને છેડે, ગરુડનું આલેખન સ્પષ્ટ રેખાંકન જ છે; અને તેમાં પશ્ચિમ ભારતીય ચિત્રશૈલીની લક્ષણો બહુ આગળ–પડતી છે. (જુઓ આકૃતિ–૩) આજુબાજુની સંસ્કૃત લીટીઓથી તામ્ર શાસનની ભૂમિકા સ્પષ્ટ થાય છે.

રેખાંકન, તામ્રપત્રના એક ખૂણામાં યોજેલું છે: તેનો વિશેષ સ્પષ્ટ ખ્યાલ આપવા માટે એ આકૃતિને એન્લાર્જ કરીને રજૂ કરી છે. (જુઓ આકૃતિ–૧).

(૨) બીજું તામ્રપત્ર પરમાર ભોજદેવનું છે. તેમાં પણ ગરુડનું આલેખન છે: અહીં ફેર એટલો છે કે રેખાંકન માટે એક પ્રકારનું ચોકઠું– 'ફ્રેમ' બનાવ્યું છે. તેની અંદર, રેખાંકનને સમાવવામાં આવ્યું છે. તાડપત્રોનું માધ્યમ લઘુ–ચિત્રો માટે જ્યારે સ્વીકારાયું ત્યારે, આ પ્રમાણેના ચિત્રફલકનાં વિભાગો દર્શાવવા માટે, ચોકઠાં યોજવાનું શરૂ થયેલું જોઈ શકાય છે તેની અહીં યાદ આવે છે.

આ તામ્રપત્રમાંથી "સંવત ૧૦૭૮ ચૈત્ર સુદિ ૧૪" સ્પષ્ટ વંચાય છે. (ઈ.સ. ૧૦૨૧.) એટલે આ ગરુડનું રેખાંકન. જ્ઞાન થયેલા તાડપત્રીય લઘુચિત્રો કરતાં, એંશી વર્ષ જેટલું પ્રાચીન છે. (જુઓ આકૃતિ. ૪).

ગરુડની બીજી આંખ સહજ દેખાય છે તે, આલેખનના એન્લાર્જ કરેલા ફોટોગ્રાફમાંથી વધારે સ્પષ્ટ થાય છે. (જુઓ આકૃતિ–૫).

(૩) ત્રીજું તામ્રપત્ર બંગાળમાંથી પ્રાપ્ત થયું છે. બંગાળના સુંદરબનના પશ્ચિમ વિભાગમાંથી જંગલોમાંથી ઢંકાઈ ગયેલાં ખંડેરોની જાડી ભીંતોને તોડતાં, તેમાંથી વિષ્ણુ અને ગરુડના આલેખનવાળું આ તામ્રપત્ર પ્રાપ્ત થયું હતું.

શ્રી ડી. પી. ઘોષ મહાશયે 'જર્નલ ઓફ ઈંડીયન સોસાયટી ઓફ ઓરિયન્ટલ આર્ટ' (JISOA, Dece. 1934, Vol II, No 2.)માં આ આલેખનને નાના સ્વરૂપમાં પ્રગટ કરાવ્યું હતું. અહીં તેને મોટું બનાવીને રજૂ કર્યું છે.

શાકે ૧૧૧૮ (૧૧૯૬ ઈ. સ.) માં કોઈ પાલ્હદેવ અને તેના માંડલિક શ્રી મદનમોહનને કોઈ અયોધ્યાના દાતાએ દાન આપ્યાનો ઉલ્લેખ આ તામ્ર-શાસનમાં છે.

આ પ્રકારે, આપણે જોયું કે ભીંત પછીનું ચિત્ર માટેનું માધ્યમ તામ્રપત્ર જ્યારે ઉપયોગમાં લેવાયું ત્યારે, પશ્ચિમ ભારતીય ચિત્ર-શૈલીનાં લક્ષણો પણ તેમાં સ્પષ્ટ પ્રતિબિંબિત થયેલા મળે છે.

આ રીતે, પ્રાચીનતમ લિપિ સંવતવાળી તાડપત્રીય પોથી કરતાં, તામ્રપત્રના માધ્યમ ઉપર ચીતરાયેલાં રેખાંકનો, એ ચિત્રકલાનો ઇતિહાસમાં ખુબ મહત્ત્વનો અંકોડો બની રહે છે. સો-દોઢસો વર્ષ જેટલો ખાલી ગાળો આ શોધથી સમજાવી શકાય છે.





# મધ્યયુગની ભારતીય ચિત્રકલા અને તેનો ગુજરાતમાં જૈન હસ્તપ્રતોમાં પરિપાક

—શ્રી ખોડીદાસ ભા. પરમાર

ભારતીય ચિત્રકલાના પ્રાચીન ઇતિહાસમાં અજંતાની કલા શાસ્ત્રીય ચિત્રકલા છે. ઈ. સ. પૂર્વેની ૧લી, ૨જી સદીથી આલેખાયેલી આ કલાલક્ષ્મીનો સ્ત્રોત લગભગ ૭મી સદી સુધી તો અવિરત વહ્યા જ કર્યો છે. પણ બૌદ્ધ ધર્મના વળતા પાણી સાથે અજંતાશૈલીનો કળાપ્રવાહ લગભગ લુપ્તપ્રાય થઇ જાય તે છતાં ય કોઈ કોઇક આછી સરવાણીઓ તો ધીમે ધીમે વહ્યા કરે છે એટલે ૭મી સદી પછી અજંતાની ગુફાઓમાં થયા છે તેવા વિશાળપટને આવરી લેતાં ભીંતચિત્રો વિલીન થાય છે. વચલા કાળમાં લગભગ બે ત્રણ સૈકાનો ગાળો વહે છે તે સમયમાં થોડું ઘણું ચિત્રકામ થાય છે પણ તેની ચિત્રશૈલીમાં ધીમે ધીમે અજંતા કરતા થોડી ભિન્નતા આવતી જાય છે. આ ગાળાના સમયના જે ચિત્રો મળ્યા છે તે લગભગ ૯થી ૧૦ સદીમાં થયા હોય તેમ લાગે છે.

લગભગ ૧૦મી સદી પછી પૂર્વમાં "પાલ ચિત્રશૈલી" અને પશ્ચિમમાં એક નવીન જ શૈલી, જે અજંતા શૈલીના રૂપ અનુસરણે અને લોકશૈલીના સમન્વયે, ચિત્રિત થઈ છે. તેને પ્રથમ તો કલા વિવેચક "જૈન ચિત્રશૈલી" જ નામ આપે છે. આ શૈલીનું મૂળ ઈ. સ. ની ૭મી સદીમાંના એક ચિત્રમાંથી મળી રહે છે. દક્ષિણ ભારતના રાજા મહેન્દ્ર વર્માના સમયમાં બંધાયેલ "સિતાન્નવાસલ" ની ગુફામાં એક ચિત્રમાં તે છે. ગુફાની ભીંત પર જુદા જુદા ચિત્રો કરેલા છે. તેમાં ઉપર એક કમળ તળાવડીનું ચિત્ર છે. આ ચિત્રમાં આ કલમની શરૂઆતનું બીજ છે તેમ કલા–વિવેચકોનું માનવું છે. આમ સિતાન્નવાસલની ગુફામાંથી શરૂ થઈ તે શૈલી લગભગ ૯મી, ૧૦મી સદીમાં ઇલોરામાં વધારે વિકસીતરૂપે દેખાય છે જે અજંતા શૈલીથી ભિન્ન પ્રકારની થઈ ગઈ છે અને નવો વળાંક લઈ રહેલી દેખાય છે. તેમાં થોડાંક નવા તત્ત્વો ઉમેરાયા છે. આ ચિત્રો સાથે જૈન પોથીની ચિત્રશૈલીની હસ્તપ્રતના ચિત્રોને સીધો સંબંધ છે. એટલે અજંતાથી ઇલોરા, તે પછી જૈન પોથીઓની શૈલી એમ ભારતીય ચિત્રકળાનો સીધો વારસો મધ્યકાળમાં આ જૈન હસ્તપ્રતોમાં દૃષ્ટાંતચિત્રો સાચવે છે.

આમ ૧૧થી ૧૫મીથી સદી સુધીમાં ભારતીય ચિત્રકળામાં નવીનતા તેમ જ દૃષ્ટાંત ચિત્રોની સુંદર પરિપાટી સર્જવામાં આ શૈલીનો મહત્ત્વનો ફાળો છે. આ યુગમાં કલાકારોએ અમુક નાના કદ, માપની પોથીઓમાં નક્કી કરેલ રૂઢીગત નિયમોમાં રહીને પણ ધીરજથી અને નિષ્ઠાથી ઉત્તરોત્તર સુંદર કામ કર્યું છે તે જૈનહસ્તપ્રતોમાં વિગતથી જોવા મળશે. આ બધું કરાવવાનો યશ પ્રતો – પોથીઓ લખાવનાર દાતાઓને તેમ જ કલા – પ્રિય મુનિઓને આભારી છે. જૈનશૈલીના ચિત્રોવાળી જૈન પોથીઓ મુખ્યત્વે પશ્ચિમ ભારત, ગુજરાત, રાજસ્થાન તેમ જ સૌરાષ્ટ્રમાંથી શ્વેતામ્બર જૈનના ગ્રંથ ભંડારોમાંથી પુષ્કળ મળી આવી છે. આ બધી જ પોથીઓ ૧૧મીથી ૧૫મી સદી સુધીમાં ચિત્રિત થઈ છે.

આ પોથીઓ શરૂઆતના સમયમાં તો તાડપત્ર ઉપર જ લખાતી–ચીતરાતી હતી. શ્રી નામના તાડપત્ર ઉપર વિશેષતઃ જ પોથીઓ લખાઈ–ચિતરાઇ છે. તેનો સૌથી જૂનો ચિત્રિત નમૂનો ઈ. સ. ૧૧૦૦માં ભરૂચમાંથી મળેલી નિશીથચૂર્ણી પ્રતનો છે.

આમ શરૂઆતના સમયમાં તાડપત્ર પર પોથીઓ લખાઈ–ચિતરાઈ. તે પત્રોને સાચવવા ઉપરનીચે લાકડાની બે પટ્ટીઓ રાખવામાં આવતી. તેના ઉપર પણ ચિત્રો થયાં છે. ઉપરનાં ચિત્રોમાં તીર્થંકરો તેમ જ પંચકલ્યાણકનાં ચિત્રો, નેમિનાથનો વિવાહ તેમ જ શોભનતરાહો વગેરે ચિતરેલા જોવા મળે છે. આમ તાડપત્ર, લાકડાની પટ્ટીઓ પર ચિત્રો થયા તે શરૂઆતના કાળમાં, પણ જૈનશૈલીનાં સુંદરમાં સુંદર ચિત્રિત નમૂનાઓ તો કાગળ પરની ચિત્રિત પ્રતોમાંથી મળે છે. લગભગ ૧૪મી, ૧૫મી સદીમાં કાગળ ઉપર પોથીઓ લખાવી શરૂ થઈ હોય તેમ માનવામાં આવે છે. અને પછી તો પુષ્કળ પ્રમાણમાં પોથીઓ લખાઈ–ચીતરાઈ છે. તે સમયમાં વસ્ત્રપટ ઉપર ચિત્રો થતા હતા. તે લાંબા ઓળિયારૂપે થતા, જેમાં આખી સળંગ પ્રસંગમાળા કે અમુક પ્રસંગ–દર્શન ચીતરાતું. આ કાપડના ઓળિયાને ખાસ કરીને વિજ્ઞપ્તિ–પત્ર તરીકે ઉપયોગમાં લેતા. આવા વિજ્ઞપ્તિ–પત્રનું ચિત્ર સાથે ઐતિહાસિક દૃષ્ટિએ પણ ખૂબ જ મૂલ છે. કારણ કે તેમાં તત્કાલીન ઘણી માહીતીઓ લેખિત, ચિત્રિત હોય છે. ચામડા ઉપર જવલ્લે જ ચીતરાયું છે. આ શૈલીનો અપવાદ નમૂનો કોઇ મળી રહે ખરો.

આ જૈન શૈલીનો પ્રથમ પરિચય કરાવનાર ડો. આનંદકુમાર સ્વામી હતા. ૧૯૨૪માં બર્લિન સંગ્રહસ્થાનમાંથી તેમણે કલ્પસૂત્રની પ્રતમાંથી આ ચિત્રશૈલીનો પરિચય આપ્યો. તે કાળે ઉપલબ્ધ થયેલાં ચિત્રગ્રંથો જૈનધર્મના જ હતા, અને આ શૈલીનું ચિત્રકામ વિપુલ પ્રમાણમાં આ પ્રતોમાં હતું. તેથી ડો. આનંદકુમાર સ્વામીએ આ શૈલીને "જૈનશૈલી" એ નામ આપ્યું. પણ ત્યારપછી વિદ્વાનોની શોધખોળથી આ શૈલીના વિશેષ ગ્રંથો પ્રકાશમાં આવ્યા. આ જ ઘાટીએ ચીતરેલા જૈન તેમ જ જૈનેતર ગ્રંથોનો તેમાં સમાવેશ થતો હતો. એ સમયમાં લખાએલ ગ્રંથોમાં આ શૈલીનું જ ચિત્રકામ હતું. તે જૈન તેમજ જૈનેતર બધા સંપ્રદાયના ગ્રંથોમાં મળ્યું તેથી ડો. આનંદકુમાર સ્વામીએ તેને નવું નામાભિધાન આપ્યું :

"પશ્ચિમ ભારતની ચિત્રશૈલી." પણ વધારે શોધખોળ કરતાં તો મારવાડ, જોધપુર, અવધ, પંજાબ વગેરે સ્થળેથી, ભારતના ઘણા ભાગમાંથી આ શૈલીમાં ચિત્રિત ગ્રંથો, ઓળિયા વગેરે મળ્યાં. વિદ્વાનોને હવે માત્ર આ બીજુ નામ પણ અજુગતું લાગ્યુ. કારણકે માત્ર ગુજરાત પુરતી જ સીમિત આ શૈલીનું ચિત્રકામ નહોતું પણ આ શૈલીના ચિત્રો તો ભારતના ઘણાખરા ભાગમાં પ્રચલિત હતાં તેથી આ શૈલીને શ્રી રાયકૃષ્ણદાસે "અપભ્રંશ શૈલી" એ નામ આપ્યું. કારણ કે અજંતાની શાસ્ત્રીય શૈલીની આ અનુગામી વારસ છે, જેમ ભાષામાં તેમજ આ ચિત્રશૈલીમાં પણ બન્યું છે. છતાં હજીયે સામાન્ય લોકો તો આ શૈલીને "જૈનશૈલી" એ નામથી જ ઓળખે છે.

આ જૈનશૈલીનું મુખ્ય આગવું લક્ષણ ઉડીને આંખે વળગે તેવી ભભકાદાર તેનીરંગદર્શીતા અને ચિત્રણની અલંકારિક અને બારિક વિગતો જોઇને ઘડીભર તો માણસ મુગ્ધ બની જાય છે. ઓછા રંગોથી ખૂબજ ઝીણવટભરી રીતે, નક્કી કરેલા નિયમો પ્રમાણે અને અમુક માપના નાના સમચોરસમાં ચિત્રકારોએ ચિત્રનું સુંદર આયોજન કરેલું જોવા મળે છે. આ શૈલી મુખ્ય તો શોભન અને દૃષ્ટાંત ચિત્રો માટેની હોય તેમ લાગે છે. જુના કાળમાં એવો રિવાજ હતો કે, જૈનશાસ્ત્રના ગ્રંથો માત્ર જૈન મુનિમહારાજ જ વાંચે. બહાર શ્રાવકોને તો મોઢેથી જ ઉપદેશ આપે. એક વખત વલભીના રાજા ધ્રુવસેનનો જુવાન કુંવર ગુજરી ગયો. તે એકનો એક જ હતો. તે રાજાને આશ્વાસન આપવા માટે ત્યાંના જૈનસૂરિએ તેની પાસે "કલ્પસૂત્ર" વાંચ્યુ. ત્યારથી જ જાહેરમાં કલ્પસૂત્ર વંચાયુ.

માનવ સ્વભાવથી જ અલંકાર અને શોભનપ્રિય છે. તે જીવનના દરેક ક્ષેત્રમાં કલા પાથરે છે. તો આ કલ્પસૂત્ર તો ધર્મનો મહાન ગ્રંથ છે. તેમાં પૂજનીય તીર્થંકરોના મંગળમય જીવનનો સાર સમાયેલો છે. તે ગ્રંથ વરવો કેમ રાખી શકાય? પૂજનીય ધર્મગ્રંથો તો સુંદર, નયનાભિરામ અને હૃદય આકર્ષી શકે તેવા સુંદર હોવા જોઇએને? તેથી કલાપ્રિય મહારાજશ્રીઓએ, શ્રેષ્ઠીઓએ અને શ્રીમંતોએ આ ગ્રંથોને અલંકારિક રીતે સોનારૂપાની શાહીથી તેમ જ અવનવા રંગોથી ચિત્રિત કરાવવાની શરૂઆત કરી હશે. વળી આ ગ્રંથમાં લખાણ સાથે ચિત્ર મુકવાનું કારણ એ પણ હોય કે અભણ શ્રાવક પણ ગ્રંથનું ચિત્રદર્શન કરીને સમજી શકે કે આ કયા તીર્થંકરનું જીવનચરિત્ર છે.

કલાકારે શોભાન શૈલીમાં છાયા પ્રકાશ કર્યા વગર આ બધા ચિત્રોમાં રંગો ભર્યા છે. આ સપાટ રંગો, વળી અમુક ચોક્કસ ચીલામાં નક્કી કરેલી ધારીપર આ ચિત્રોમાં આકૃતિઓ આલેખી છે. આ બધા ચિત્રોમાં સાદૃશ્યપણું નથી. જો કે અમુક નક્કી માણસની છબી બનાવવાનો પ્રયત્ન થયો છે. પણ તે આજ શૈલીમાં જ. દા. ત. હેમચંદ્રસૂરીશ્વરજી મ. વિગેરે. આમાં વ્યક્તિનું ચિત્ર દોરી તેના નામ પણ લખ્યા છે. આ જોતા લાગે છે કે ભારતીય ચિત્રકળાના ઇતિહાસમાં અમુક માણસોની જ આ છબી છે તે પ્રથમવાર અહીં નામ સાથે જોવા મળે છે. એટલે તે છબીચિત્ર વાસ્તવિક તો નથી તેમ છતાં છબીચિત્રનું શરૂઆતનું બીજ આ કલમથી શરૂ થતું લાગે છે, જે રાજપુત અને મોગલ કલમમાં વિકસીત બને છે. આ શૈલીમાં બધા જ પાત્રો રાજા, રાણી, દાસી, નર્તિકા કે સાધુ સૌ અમુક નક્કી કરેલા રૂઢિગત નિયમમાં બીબા-ઢાળ જેવા છે. તેમાં તીર્થંકરો અને રાજા-રાણીની આકૃતિઓ વધારે મોટી જ્યારે આજુબાજુના સામાન્ય લોકોની આકૃતિઓ સહેજ નાની દોરી છે. આમ કરવાનું કારણ મોટી વ્યક્તિનો પ્રભાવ અને હોદ્દો દેખાડી સૌથી તેને જુદા પાડવાનું છે. વળી દરેક ચહેરો Profile એક આંખ આવે તે રીતે દેખાતો હોવા છતાં તેમાં બીજી આંખ અચૂક ચીતરેલી છે જ. માનવપાત્રના મોઢામાં અર્ધ-વર્તુલાકાર, કાન સુધી લંબાએલી ભ્રમર, સૌથી આગળ પડતુ અણીવાળું નાક, મોટી આંખ અને પુરુષના મુખે દાઢી મૂછ ચીતરી, અર્ધમુખની એક બાજુ કરી છે. તેમાં એક બાજુમાં એક જ આંખ દેખાય છતાં બીજી આંખ નાકની ઉપરથી દેખાડી છે. આ જૈનશૈલીનું પ્રમુખ લક્ષણ છે.

આ શૈલીના ચિત્રમાં રંગભરીને કાળી, જોરદાર છતાં પાતળી રેખાઓથી આકૃતિઓને સુંદર રીતે પૂરી કરી છે. આકૃતિઓ વધારે જડ જેવી લાગે છે. માણસ સાથે હાથી, ઘોડા, હરણ, ગાય, મોર, હંસ વગેરે દૃશ્યમાં ચીતરાયા છે, પણ તે જડ જેવા, રમકડાં જેવા લાગે છે. દૃશ્યમાંના ઝાડ પણ અમુક જ રીતે ચિત્રિત થયા છે. ઝાડમાં બહુ વિવિધતા નથી, પણ શોભનતરાહોમાં તો અસંખ્ય નવીનતા છે. ચિત્રમાંનાં દરેક પાત્રે પહેરેલા પોશાકમાં અવનવી ભાતો છે, જે ચિત્રકારે ખૂબ જ વિગતે આલેખી છે. વળી પાનામાં શોભન માટે વપરાયેલ કલ્પલતાઓનો તો કોઇ સુમાર જ નથી. જૈનગ્રંથોમાં આલેખિ શોભનતરાહો તો જુદી માંગ માગી રહે તેટલી બહુલતા અને વિવિધતાવાળી છે. તેમાં પશુ, પંખી, વેલ, બુટ્ટી વગેરે સુંદર રીતે છંદ ગતિમાં આલેખ્યાં છે. વળી શોભન સાથે જૈન ધર્મનાં આઠ મંગલ પ્રતીકો તેમ જ ચૌદ સ્વપ્નો તો સુંદર કલ્પના વૈભવથી દોર્યા છે.

જૈનશૈલીના ચિત્રોમાં મૂળ આટલા રંગો મુખ્યતઃ વિશેષ છે. લાલ, હિંગળોક, પીળો, નીલો, સફેદ અને કાળો. જ્યારે બાકીના રંગો મેળવણીથી થયેલા છે. પણ આ શૈલીના ચિત્રોમાં સુંદરતાની ટોચ અર્પનાર સાચો સોનેરી અને રૂપેરી રંગ વપરાયો છે, જેનાથી ચિત્ર ઝળાહળાં થઇ જાય છે. ચિત્રમાં સોનેરી રૂપેરી રંગનો, દાગીના, કપડાં વગેરેમાં ઉપયોગ થયો છે. ઘણી પોથીઓ તો સુવર્ણાક્ષરી છે જે માત્ર પૂજવા માટે હશે તેમ લાગે છે. આ સુંદર રીતે સુશોભિત પોથીઓ અત્યારે ઘણાં જૈન ગ્રંથ ભંડારોમાં સચવાયેલી પડી છે. તેમાં મુખ્ય તો પાટણ, અમદાવાદ, જેસલમેર તેમ જ સૌરાષ્ટ્ર-કચ્છના અમુક ભંડારો વગેરેમાં છે.

આ શૈલીમાં ચીતરાયેલ જૈન તેમજ જૈનેતર પોથીઓના પુરુષ પાત્રના : મુનિઓ સિવાયના : કપાળમાં "U" અંગ્રેજી યુ જેવું તિલક છે, અને સ્ત્રીઓનાં કપાળમાં ગોળ બિંદી છે. આ બંને નિશાની તે વખતે કદાચ કોઇપણ સંપ્રદાયના પ્રતીક ન પણ હોય અને કપાળની શોભા વધારવા માટેના મંડન હોઇ શકે અથવા આ પરથી એવું પણ અનુમાન કરી શકાય કે આ પોથીઓ ચીતરનારા જૈનેતર ચિત્રકારો

હશે, જેણે આ પ્રતીકો મૂકયા હોય, અને પછી તે પ્રતીકો પણ ચિત્રોમાં બીજી વિગતોની જેમ પરંપરામાં ચાલ્યા આવ્યાં હોય.

જૈન શૈલીના સૌથી દર્શનીય નમૂનાઓ કાગળ પરની પોથીઓમાંના છે. જેમાં જૈન શૈલીના શ્રેષ્ઠ નમૂનાઓ જોવા મળે છે. આ "અપભ્રંશ શૈલી"નો પરિપાક કરી શકાય તેવા નમૂનાઓ "કલ્પસૂત્ર"ની કાગળની પ્રતોમાં છે. આમ "કલ્પસૂત્ર"માં જૈન તીર્થંકરો, શ્રી મહાવીર, શ્રી નેમિનાથ, શ્રી પાર્શ્વનાથના ચરિત્રો ચીતરેલા હોય છે. આવી "કલ્પસૂત્ર"ની ઘણી સચિત્ર પ્રતો જુદા જુદા સ્થળેથી મળી આવી છે. શ્રી સારાભાઈ નવાબે આવી ઘણી પ્રતોના બહુરંગી પ્રકાશનો કર્યાં છે, તેના છાપેલા ચિત્રો પરથી પણ આ શૈલીનો ખ્યાલ મળી રહેશે.





# ગુજરાતમાં સૌરાષ્ટ્રની ગ્રામપ્રજાના પ્રતીક ચિત્રો

—શ્રી ખોડીદાસ પરમાર

દરેક માનવીનું હૃદય અવારનવાર ઉર્મિનાં સંવેદનો અનુભવે જ છે. આવા ભાવસ્પંદનોથી એનું અંગેઅંગ તરંગિત થઇને, હૈયું અને હોઠ, હાથ અને પગ ક્રિયાશીલ બની જાય છે. હૈયેથી હોઠે અને હાથેપગે ઝીલાઇને તેનો ઉમંગ બહાર આવે છે, અમૂર્ત મૂર્તિમંત થાય છે. ગીત, નૃત્ય અને ચિત્રનો દેહ કંડારાય છે, માનવહૃદયમાં આનંદની પળો જ્યારે જ્યારે ઝબૂકે છે ત્યારે ત્યારે માનવી હંમેશાં કંઇક અવનવું લલિત સર્જન કર્યા જ કરે છે.

પણ માનવજીવન કાચી માટીના ઘડૂલા જેવું છે. તે ક્યારે નંદવાઇ જશે તે કોઇ જાણી શકયું નથી. માનવીમાત્રથી કંઇક અજુગતું પણ થઇ જ જાય છે, પણ તેનો માંહ્યલો હંદે પશ્ચાત્તાપ કરીને આ સર્વ પાપને નિવારવા તે પુણ્ય, દાન અને જાત્રાઓ કરે છે; પવિત્ર ગંગા–ગોમતીમાં નાહીને પાપ ધોઇ નાખે છે. આમ દરેક ધાર્મિક હિન્દુના મનમાં યાત્રાની ઇચ્છા હોય જ છે. સૌરાષ્ટ્રમાં તો જાત્રાનો મહિમા અતિ ઘણો છે. માણસને ઘડપણની છાયા ઘેરવા લાગે ત્યારથી જ તેને જૂનાગઢ કે દ્વારકાની જાત્રા કરવાની ઇચ્છા થાય છે. જીવને ટાઢક વાળવા અને ખોળિયું સંતોષવા સૌરાષ્ટ્રના એક ગામમાંથી એક સાથે મળીને ૨૦ થી માંડીને ૫૦ જેટલાં વૃદ્ધ સ્ત્રી–પુરુષો ચૈત્ર મહિનામાં જાત્રાએ જવા તૈયાર થાય છે. ચૈત્ર પિતૃઓનો મહિનો ગણાય છે. તેમાં વાર તિથિ નક્કી કરી વહાલાં સગાંમાં કંકોતરીઓ લખાય છે, અને જવાના દિવસે એ જાત્રાળુઓને વધાવવા સગાંવહાલાં આવી પહોંચે છે. જાત્રાળુને ઘેર તેમજ ગામ આખામાં એક જાતનો ભક્તિભાવનો હિલોળો ત્યારે ઉછળી રહે છે. સૌ જાત્રાળુ ઠાકરમંદિરે કે ચોરે ભેગાં થાય છે. બાલિકાઓ કંકુચોખાથી એમને વધાવે છે અને સૌ વાજતેગાજતે એમને પાદર સુધી વળાવવા આવે છે. સાથેનું સ્ત્રીમંડળ ધોળમંગલ ગાતું જાય છે.

‘ મારું મન રે મથુરા ને દ્વારકા,  
મારા હૈયામાં શાળીગ્રામ ’  
અમને તેડી હાલ્યાં દ્વારકા. ’

આ ગ્રામજનો ભલે અભણ, પણ નિખાલસ અને કલાવાંછુ છે. તેનો દરેક ધાર્મિક કે સાંસારિક ઉત્સવપ્રસંગની મીઠી સ્મૃતિઓ સાચવી રાખવા ઘરની દિવાલ ઉપર તેનાં પ્રસંગાનુરૂપ ચિત્રો આલેખે છે. ગ્રામ બાલિકાઓ અને સ્ત્રીઓ પોતાની આગવી પરિપાટીએ ઘરની ઓશરીમાં કે બહાર પ્રસંગ પ્રમાણેનું ચિતરામણ કરે છે.

બાર પંદર દિવસનો કે મહિના માસનો વહાડ કરીને જાત્રાએ ગએલાં વડીલો દેવભવનનાં દર્શન કરીને ઘેર પાછાં ફરે ત્યારે તેના સ્વાગત માટે ઘરને વાળીઝૂડી, લીંપીગૂંપીને સ્વર્ગભવન જેવું જ બનાવવું જોઇએને ! એટલે તેવતેવડી વહુ–દીકરીઓ ઘરને લીંપીગૂંપીને ઉજમાળું બનાવી દે છે. ઘરમાં અને ઓશરીમાં ખડીથી ધોળ કરે ને બાકીના બધાય ભાગમાં કુંવળવાળી ગાર લીંપી નાખે છે. ધોળેલા ભાગ ઉપર ઘરના મુખ્ય બારસાખની બાજુમાં જાત્રાળુને ગયાને કેટલા દિવસ થયા તેની યાદ રાખવા રોજેરોજ દિવસ ઊગતાંવેંત જ કન્યા કે વહુ કંકાવટી લઇને ચાંદલો માંડે ને તેને ચોખાએ વધાવીને જાત્રાળુનું મંગળ ઇચ્છે છે. આમ રોજ એક સીધી લીટીમાં એક એક નવો નવો ચાંદલો માંડીને દિવસો ગણે છે. કાલિદાસના મેઘદૂતની યક્ષિણી પણ ઉંબરે ફૂલ મૂકીમૂકીને દિવસો ગણે છે ને ?

‘ પે’લાં બાંધી અવધમહીં જે માસ બાકી રહેલા,  
બેઠી હોંશે ગણતી, કુસુમો મૂકીને ઉંબરામાં ! *

ગુજરાતી લોકગીતમાં પણ વિરહિણી આમજ દા’ડા ગણે છે.

‘ …ભાઇને એટલું કે’જો તમારી ગોરી ધાન ન ખાય રે,  
દાડા ગણે રે પોયર પાંદડે, તેલ માસ છ માસ રે. ’

ઘરમાં નવેસરથી ગારગોરમટી થઇ જાય એટલે સ્ત્રીઓ જાત્રાના શુકનવંતાં ચિતર આલેખે છે. તેમાં ઓશરીમાં મુખ્ય બારસાખની બંને બાજુએ, પાણિયારે, બહારની ગારલીંપેલી ભીંત ઉપર, ફળીમાં અને દોર બાંધવાની કોઢમાં પણ જાત્રાનાં શોભન પ્રતીકો ચીતરી કાઢે છે. આ બધાં ચિત્રો ગામસ્ત્રીઓ પોતાની કલ્પના પ્રમાણે તેમજ અમુક પ્રતીક લઇને દોરે છે. ઓશરીમાં અને પાણિયારે ધોળ કર્યો હોય એટલે ત્યાં માત્ર કંકુથી જ અને જ્યાં ગાર કરી હોય તેના ઉપર ધોળ–ખડીથી ચીતરે છે. પ્રથમ બારસાખની જમણી બાજુએ એક ચોરસ ચાકળો આલેખી તેમાં –કંકુથી પગલાં, સાથિયો, દેવદેરાં, નિસરણી, આંબા અને ટીલાંટપકાંથી શોભા કરે છે. આ થયાં જાત્રાના પગલાં, તેને ‘ જાત્રાના પગલાં પાડ્યાં ’ કે ‘ પગલાં પાડ્યાં કર્યાં ’ કહે છે. આ ચાકળામાં ઘરમાંથી જેટલાં જણ જાત્રાએ ગયાં હોય તે સૌના મોભા પ્રમાણે નાનાં મોટાં પગલાંની જોડ ચીતરે છે. દેવદેરાં, સાથિયો, નિસરણી, આંબો એ સર્વ શુભ અને મંગલકારી પ્રતીકો છે. પછી તો થોડાંક વરસો સુધી આ પગલાંમાં રંગ પૂરીને તે જાત્રાની યાદ તાજી રખાય છે અને જાત્રાએ ગયાના કે આવ્યાના દિવસે શક્તિપ્રમાણે બ્રહ્મભોજન જમાડાય છે. આમ પગલાં પૂજવાનો રિવાજ ‘ રામાયણ ’માં પણ મળે છે. ભરત રામની પાદુકા ગાદી પર પધરાવીને તેને પૂજે છે, તેમજ ઇ. સ. પૂર્વેના બીજા સૈકાનાં સાંચી ભારહૂતનાં શિલ્પમાં તથાગતના પાદપ્રતીકની પૂજા થતી જોવા મળે છે.

સૌરાષ્ટ્રમાં હજી ય લક્ષ્મીનાં ચરણનું પૂજન તો સર્વવિદિત છે. દેવદેવીના ચરણપગલાં તથા ગુરુનાં મંગલ પગલાં પૂજાતાં જોવા મળે છે. જ્યારે સ્વસ્તિક તો ઘણા જૂના વખતથી પૂજાતો ચાલ્યો આવે

*ઉત્તરમેઘ ૨૭–૨૨. શ્રી કિલાભાઇ

છે. સિંધુખીણમાં તેમ જ તે પહેલાંની પાષાણગુફાની ચિત્રકલામાં પણ સ્વસ્તિક પૂજાના અણસાર દેખાય છે. બૌદ્ધ જૈન તેમજ હિન્દુધર્મમાં તો તેની સૌ પ્રથમ માંડણી થાય છે. જમણા હાથ તરફ ચારે દિશાઓમાં ફરતો સાથિયો મંગલકારી લેખાય છે. જ્યારે વૃક્ષ આંબાની પૂજા પણ છેક પ્રાગૈતિહાસિક કાળથી ચાલી આવે છે. મોહે-જો-દરોની મુદ્રા ઉપર પણ જુદાં જુદાં વૃક્ષની છાપ ઉપસાવેલી છે. કલ્પવૃક્ષની ઉપમા વૃક્ષનું જ બહુમાન છે. ગ્રામપ્રજાએ એ લીલુડા આંબાને એ સ્થાન આપ્યું છે. તેનાં પાન મંગલકારી, ફળ મધુરાં અને છાંયડો સુખકારી લેખાય છે. સમગ્ર આંબો એ વિશાળ કુટુંબનું પ્રતીક છે. તેથી જ વારસોની વંશાવળીને 'આંબો' કહે છે. આ આંબાનું આલેખન બે રીતે થાય છે. એકમાં સીધો સોટો કરીને બન્ને બાજુથી ડાળખાં કાઢી તેમા લીટા-લીટા કરીને પાંદડાં મૂકે છે. અને મીંડા મૂકીને ફળ ટાંગે છે તો બીજામાં ચોકડી જેવો આકાર કરીને ઉપર બે કે ત્રણ લીટીઓ કરીને દોરે છે. ધોળ લીંપેલી ભીંત પર કંકુથી અને ગારલીંપણ ઉપર ચોળી ખડીથી સળી કે દાતણ ઉપર રૂ ચડાવીને આ આંબાના ચિત્રો આલેખાય છે. આવા અમૃત આંબાના લોકગીતો પણ મઝાનાં છે.

> કિયાભાઈ ઘેર અમરત આંબો રોપીઓ,
> કિયાભાઇ ઘેર આવે વળતી છાંય,
> તું બોલે રે મારા રૂદિયા પરની કોયલ.'

આ જાત્રા તો આત્માને મંગલ રંગ ચડાવવાનો અનોખો શુભ પ્રસંગ છે. જાત્રાળુ અને ઘરમાં માણસોનાં મનમાં કૂડકપટ ન રહેવું જોઇએ. તેથી જાત્રાળા ઘેર હમેશાં આનંદમંગલ ગવાય છે અને રોજ ચોક પુરાય છે. તેમાં ઘરના ઉંબરા પાસે કુંમકુંમ પગલાં ચીતરી તેની આજુબાજુ ચડતી દેરડી, એટલે જુવારના દાણાની નાની ઢગલી કરાય છે, શગવાળી એ ઢગલી નાનકડી દેરી જેવી લાગે છે. વળી છ થી દશ મીંડાંની પ્રતીકાત્મક દેરડી પણ આલેખાય છે. જાત્રાળુ તો સ્વર્ગના અધિકારી-ત્યાં પહોંચવામાં એમને સરળતા કરી આપવા સ્વર્ગની સીડી પણ ચીતરાય. જાત્રાનાં આ બધાં મંગલ પ્રતીકો છે. સૌ ગ્રામજનો આ પ્રતીકોને રૂડીપેરે ઓળખે છે. કોઈ કોઇ ઘેર તો હોંશીલી વહુદીકરીઓએ વાનેવાનનાં રંગરંગીન તોરણ, ચાકળા અને કાનગોપીના રુડાં ચિત્રોથી શોભાની શગ ચડાવી દીધી હોય છે.

અગરથાં યે ગામડાંમાં મુખ્ય બારસાખની બન્ને બાજુમાં કંકુથી અમુક પ્રતીકો તેમ જ સંજ્ઞાઓ તો ઘેરઘેર ચીતરેલી હોય જ છે. આ બધાંની પાછળ પણ કંઇ ને કંઇ અર્થ કે ભાવના સમાએલી છે. ઘરમાં વહુદીકરીઓ જે વરતવરતોલાં કરે છે તેની પૂજાના પ્રતીકો એ બારસાખે કે પાણીઆરે જ આલેખે છે. જેમ વૃદ્ધોને મન જાત્રાનું મહત્ત્વ છે તેનાથી વધારે સૌભાગ્યવતી કુલનારીને મન ખોળાના ખૂંદનારનું મહત્ત્વ છે. ઘરબાર સૌ રૂડાં રૂપાળાં હોય પણ આંગણે ને ઉંબરે બાળો સાદ ન હોય, ચાનકીનો માગનાર ન હોય તો ઘર સૂનું લાગે છે. એટલે કુલવધુઓ મકરસંક્રાન્તિથી ઘોડિયા (પારણા)નું વ્રત આદરે છે. તે આરંભાય ત્યારે એ ઘરના બારસાખ પાસે ભીંત ઉપર એનું પૂજાપ્રતીક ઘોડિયું દોરીને રાણી રાંદલનું ત્યાં પૂજન કરે છે. રાંદલ માતૃત્વની દેવી છે અને આ વ્રતથી પ્રસન્ન થઇને એ ઘેર પારણું બંધાવશે તેમ તેઓ માને છે. કંકુમાં બોળેલી આંગળીથી મોરવાવા, દાંડી અને ચાર પાયાવાળા, સાવ જ સાદા અને સરળ આકારે એ ઘોડિયું ચીતરે છે. એમાં ખોયા જેવો આકાર કરી વચ્ચે ચાંદલો કરે છે, આ ચાંદલો તે વળી બાળકનું પ્રતિક. એ પછી રોજ તે આ પ્રતીક ઉપર ચાંદલો કરી એને ચોખાએ વધાવી વ્રત ચાલે તેટલા દિવસ તેની પૂજા કરે છે. માતૃત્વ માટે ઘેલી ગ્રામનારી હરતાંફરતાં ગાય જ છે ને ?

> 'ઘરને વા'લું રે ઘોડિયું, ઘોડિયાને વા'લાં લાગે બાળ,
> બાળને વા'લી રે વાટકી, વાટકીને વા'લાં લાગે દૂધ.'

તો ગામડાંની કુંવારકાઓ વળી ટીલીવ્રત રાખે છે. રોજરોજ બારસાખ પાસે ચાંદલો કરી એને વધાવીને પછી ૧૧ કે ૧૩ કન્યા અથવા સુહાગન સ્ત્રીઓનાં કપાળમાં એ ચાંદલા કરી આવે છે. નાનપણમાં આ વ્રત કરવાથી તેનો ચાંદલો-ચૂડલો અખંડ રહે તેવી માન્યતા છે. આ ઉપરાંત કન્યાઓ નિસરણી અને સાથિયાનું વ્રત પણ કરે છે. તેના પ્રતીક પાણિયારે કે બારસાખે કંકુથી દોરીને રોજ સવારે તેની પુજા કરે છે. સાથિયો સાસરવાટમાં તેમ જ પિયરપંથમાં બધુ મંગલ રાખે, અને નિસરણી સ્વર્ગની સીડી બની રહેશે તેવી માન્યતા તેની પાછળ છે. માલઢોરને તેમજ ઘરના માણસને નાગ કરડે નહીં તે માટે લોકનારીઓ શ્રાવણ વદ પાંચમને નાગ પાંચમ તરીકે ઓળખે છે. તે દિવસે ઘરના સ્ત્રી કે પુરુષ નાગપાંચમ રહે છે. ઘરની સ્ત્રી સાંજે પાણિયારે નાગનાગણનું જોડું કે નવકુળ નાગનું આલેખન કરીને ઘીનો દીવો કરી તલવટ અને બાજરાના લોટની કુલેર ધારે છે, સૌરાષ્ટ્રમાં તો ઘેરઘેર નાગપાંચમે આવું નાગપુજન થાય છે. હડપ્પામાંથી મળેલી એક મુદ્રામાં કોઇ દેવતા પાસે ફેણ ચડાવીને બેઠેલાં નાગનું આલેખન છે. લોકો ઘૂંટણિયે પડી તેની પૂજા કરે છે. આ જોતાં લાગે છે કે તે વખતે પણ નાગપુજન થતું હશે. અર્જુને ખાંડવવન બાળીને નાગ લોકોને તગડી મૂક્યા હતા જે પહાડની ઘાટીમાં નર્મદાની આસપાસ તેમજ સૌરાષ્ટ્રમાં જઇને વસ્યા હતા તેમ મનાય છે. સૌરાષ્ટ્રમાં ઘણે સ્થળે નાગ સાથે સંબંધ ધરાવતા નામો અને ગામો મોજૂદ છે. નાગવૈદિક દેવતા તો નથી જ. પરંતુ પાછળથી હિંદુ, બૌદ્ધ, જૈન સર્વધર્મમાં તેને સ્થાન મળ્યું છે. રામના એક અનુજ સાથે નાગકન્યા કુમુદવતીના લગ્નનો તેમજ મહાભારતમાં અર્જુન નાગકન્યા ઉલૂપીને પરણ્યા હોવાનો ઉલ્લેખ મળે છે. ઇ. સ.ની પ્રથમ સદીમાં નાગના શિલ્પો પણ થયા છે અને ગુપ્તકાળમાં તો ચિત્રો પણ ઘણાં થયાં છે. જેમાં તેનું મનુષ્યદેહી નાગરાજ તરીકે તેમજ સર્પ તરીકેનુ આલેખન જોવા મળે છે. બળદેવ પણ શેષનાગનો જ અવતાર મનાય છે ઘણાં ગામને પાદર શરમાળિયા દાદા (નાગ)ની ખાંભી પણ કંડારેલી હોય છે. સાપ કરડે ત્યારે લોકો તેની માનતા કરે છે. વઢવાણ નજીક તો શરમાળિયાનો એક લોકમેળો પણ ભરાય છે પણ ઘરમાં તો નાગદાદાનું સ્થાન પાણિયારે જ હોય છે. પણ લોકપ્રજાએ તેને કયા કારણથી પાણિયારે પુજામાં બેસાડ્યા હશે તે નિશ્ચિત થતું નથી. ઘરની સ્ત્રી આંગળીથી બીનું કંકુ લઇને નાગદાદાનો સમચોરસ ગઢ આલેખે છે. તે ગઢની ચાર દિશાએ ચાર ખુલ્લા દરવાજા રાખે છે. નાગનું સ્થાપન આ ગઢમા જ મંડાય છે. ગઢ સિવાય બીજે તેનું આલેખન કરતી નથી. ગઢની વચ્ચોવચ્ચ નાગનાગણનું જોડું યા પાંચ, સાત કે નવ નાગ આલેખાય છે.

પ્રશ્નોરા બ્રાહ્મણ (અહિછત્ર) પાટલા ઉપર નવકુળ નાગ અને વીંછી પણ ચીતરીને પુજે છે. નાગ સ્થાપન માત્ર કંકુથી જ આલેખાય છે. પણ હોંશીલી સ્ત્રીઓ કંકુ સાથે કાળા રંગનોય ઉપયોગ કરી એક નાગ કાળો અને એક નાગ રાતો આલેખે છે. લાલ અને કાળા રંગથી બનતી એ વળવળિયા ભાત ખરેખર સુંદર લાગે છે. નાગના ગઢ પણ ગોળ અને ચોરસ આકારના કરી તેમાં પોતાની કલ્પના પ્રમાણે સુશોભન કરે છે. નાગની આસપાસ ટીલાં ટપકાં ઉમેરીને ગ્રામસ્ત્રીઓ આખુંય આલેખન એવું રૂપાળું બનાવી દે છે કે ખડી ધોળ્યા પાણિયારાની એક કાયમી શોભા જ બની રહે છે.

પેટના જણ્યાં અને માલઢોરનું ઓખાથી રક્ષણ થાય તે માટે ચૈત્ર વદ ૧૩ને દિવસે ઓખાના દેવ કાકા બળિયાની પૂજા પણ ગ્રામ સ્ત્રીઓ કરે છે, તેને 'ઢોકળા તેરસ' કહે છે. તે દિવસે સ્ત્રીઓ ગોળની કઢી અને ઘઉંની રોટલી જ ખાય છે. સાંજકના નમતા પહોરે કાકા બળિયાનું પ્રતીક આળેખાને તેની પૂજા કરે છે. કાકા બળિયાને ઓરી, અછબડાં, નૂરબીબી વગેરે રોગના દેવતા માનવામાં આવે છે; તેથી તે ઘેર ઘેર પુજાય છે. તેનું પુજન પણ પાણિયારે જ થાય છે. પ્રથમ કંકુથી ચાર દરવાજાવાળો ગઢ આલેખાને અંદર કાકા બળિયાની જોડી ચીતરી, આજુબાજુ બાળકનું ઘોડિયું, સાથિયો વગેરે શોભનો આલેખે છે. કાકા બળિયાની એ માનવાકૃતિઓ અણઘડ હાથે દોરાવા છતાંયે સુંદર લાગે છે. આ આકૃતિઓને પ્રાગૈતિહાસિક કાળમાં આલેખાયેલાં માનવ આકારો સાથે સરખાવી શકાય. પણ પ્રાગૈતિહાસિક ચિત્રોમાં સ્ત્રી–પુરુષોને અલગ તારવતી ઓળખ સંજ્ઞાઓ છે, જ્યારે કાકા બળિયાના જોડાંમાં સ્ત્રી–પુરુષનો ભેદ નથી દેખાતો. શરીરના અંગ–ઉપાંગોની પણ ખાસ વિગતો હોતી નથી. ગોળ માથું, પેટનો લાંબો લીટો, બે હાથ અને બે પગ આટલી જ વિગત આલેખાય છે. પણ તે જોતાં જ માનવ આકાર સ્પષ્ટ થઈ જાય છે. આ કાકા બળિયાની એક દંતકથા સૌરાષ્ટ્રમાં પ્રચલિત છે મહાભારતના યુદ્ધ વખતે ચિત્રાંગદા–અર્જુનનો પુત્ર બભ્રુવાહન લડવા ચાલ્યો ત્યારે તેની માતાએ તેને સત્યના પક્ષમાં રહીને લડવાનું કહેલું. યુદ્ધ વખતે એ જોવા તેનું માથું કાપીને મુખ્ય ધ્વજ ઉપર આરોપિત કરેલું. આમ તેણે મહાભારતનું યુદ્ધ જોયું. એ પછી તેનાં એ ડોકાને અમરત્વ મળ્યું. અને તે કાકા બળિયા તરીકે સ્થપાયું. એટલે કાકા બળિયાના મંદિરમાં માત્ર ડોકું જ પુજાય છે. કાકા બળિયાનું આલેખન પુજન ક્ષત્રિયવર્ણમાં રજપુત કાઠી, ગરાસિયા વગેરેને ઘેર પાણિયારે નહીં પણ ઘરની અંદર કમાડ ઉઘડે તેની પાછળના ભાગમાં જ્યાં જલ્દી ન દેખી શકાય ત્યાં ચિતરાય છે. તેનું કારણ એ જ કે તે મડદાનું ચિત્ર છે. એટલે જો તે પાણિયારે હોય તો લડાઈમાં જતાં ક્ષત્રિયવીરને ઓરડાં બહાર નીકળતાં પ્રથમ દર્શનમાં જ તેનું મુખ દેખાય અને અપશુકન થાય.

દિવાળી જેવાં સપરમા પરબમાં તો સર્વ વર્ણોમાં ઘેર ઘેર ઉંબર પુજાય છે. ઉંબરને નૃસિંહ ભગવાનનું સિંહાસન માનવામાં આવે છે. તેથી તેના પર મંગલ સાથિયો દોરી જુવાર કે ચોખાથી તેને વધાવે છે. ઉંબરાના નીચેના ભાગમાં ઓસરીમાં કંકુથી લખમીજીના પગલાં, સાથિયા, દેરડી અને ખંપાળી દોરે છે. આ સર્વનો અર્થ એવો થાય છે કે આખું વર્ષ સુખમય જાય અને ખૂબ જ બરકત વધે. ખંપાળીયે ખંપાળીયે લખમી અને ધનના ઢગ ઢસરડાય તેવી સમૃદ્ધિ આ નવાં વર્ષે ઘરમાં આવે. ઉજળિયાત વેપારી વર્ણમાં વેપારીઓ લખમીજીની સાથે ગણપતિને પણ પુજે છે અને નવા ચોપડાના આરંભમાં તેનાં પ્રતીકચિત્રો આલેખી વેપાર વણજમાં રત્નાકરસાગરની મહેર અને એકના સવાયા થાય એવો આશીર્વાદ માંગે છે.

આ બધાં પ્રતીકો મોટા ભાગે સ્ત્રીઓ જ આલેખે છે. પણ કેટલાંક પ્રતીકો પુરુષો પણ આલેખે છે. પરંતુ તેઓએ સિંદૂરને ઘીમાં કાલવીને આંગળીથી દોરે છે. જો કે પુરુષો ખાસ વ્રત વરતોલાં તો કરતાં નથી, પણ તેઓ શક્તિના ઉપાસક હોવાથી ખોડિયાર, ચામુંડા, બલ્લાળ વગેરે દેવીઓના ભક્તો હોય છે. આ દેવીઓ સૌરાષ્ટ્રમાં કુળદેવીઓ તરીકે પુજાય છે. તેના નૈવેદ્યને દિવસે પુરુષ દેવીના ડૂબાને કે ત્રિશૂળને સિંદૂર લગાડે છે અને બાકી વધેલાં સિંદૂરથી દેવીના થાનકે તેમજ ઘરના મુખ્ય કમાડ ઉપર એના પ્રતીક રૂપ ત્રિશૂળ આલેખે છે, ત્રિશૂળના ત્રણ પાંખિયામાં વચ્ચે દેવીના માથાની અને આજુબાજુ બે હાથની કલ્પના હોય તેવું લાગે છે. કોઈ સોની મહાજનની દુકાને કે લુહારની કોઢે કરી ત્રિશૂળ વચ્ચેના પાંખિયાની બંને બાજુ આંખો દોરે છે. તે જાણે કે દેવી હાજરા–હજૂર બેઠી હોય તેવું લાગે છે. આ ત્રિશૂળને આદ્યશક્તિનું પ્રતીક માન‑વામાં આવે છે. કોઈ તોતિંગ ઝાડના થડ કે નદી કાંઠાની ભેંકાર બેખડો યા મોટી શિલાઓ ઉપર ત્રિશૂળનાં પ્રતીક દોરીને ઘણા લોકો પુજે છે. આ ત્રિશૂળનું આલેખન ઘણું પુરાણું છે. મોહેં–જો–દરાની એક મુદ્રામાં પશુપતિદેવ યોગાસન લગાવીને બેઠા છે. તેના માથા ઉપર ત્રણ અણીવાળું એક શસ્ત્ર છે. તે જમાનાનું એ સમ્માનિત શસ્ત્ર લાગે છે. કારણ કે તે પશુપતિદેવને માથે સ્થાન પામ્યું છે. શિવ સંપ્રદાયની સાથે સંબંધિત હોવાથી પાછળથી તે શિવની અર્ધાંગના શક્તિના પ્રતીકરૂપ બની ગયું લાગે છે.

ગણપતિદાદા તો આદ્યસ્થાપન માટેના દેવ છે. સૌ પ્રથમ તેની પુજા થાય છે. સૌરાષ્ટ્રમાં વૈશાખ સુદ ચોથ 'ગણેશ ચોથ' મનાય છે. તે દિવસે ગણપતિને સિંદૂર ચોપડીને લાડુ ઝારે છે. અને વધેલાં સિંદૂરથી ઘરના બારસાખ, બારણા અને ડેલીના બારણા તેમજ સાખ ઉપર પુરુષ ઘી–કાલવ્યા સિંદૂરથી થોડાક પ્રતીકો આલેખે છે. તેમાં 'ચડતી દરેડી', 'શ્રી લાભ–શુભ', તેમ 'શ્રી લાભ સવાયા' આ મુખ્ય હોય છે. ગણપતિદાદા સર્વ વિઘ્નહરી, વેપારવણજ અને ધંધામાં તેમજ ખેતીવાડીમાં ચડતી કળા રાખે તેમ આ બધા પ્રતીકો સૂચવે છે.

ગામના શુક્લ કે ગોર વાસ્તુ પ્રસંગે, લગ્નપ્રસંગે ગણેશ સ્થાપન અને ગોત્રીજ સ્થાપન કરે છે. કાર્ય નિર્વિઘ્ને પતી જાય તે માટે આ સ્થાપન કરે છે. કાર્ય નિર્વિઘ્ને પતી જાય તે માટે આ સ્થાપન મંડાય છે. આ આલેખનો ગોર ભીનાં કંકુથી આંગળીવડે હંમેશા ઘરની અંદર જ દોરે છે તેમાં પણ ચોરસ ગઢ ચીતરીને ઉપર ત્રિકોણ છાપરું દોરે છે. જે ઉર્ધ્વતા સૂચવે છે. જેથી ઘરના તેમજ લગ્નજીવનની હંમેશા અખંડિતતા રહે તેવું મનાય છે. ગઢની અંદર ગણેશનું સ્થાપન થાય છે. તેમાં સ્વસ્તિક, દેરડી, મીંડા વગેરે આલેખે છે. ઘણા સ્થળે ગોર, ફૂલ, પાંદડા, મોર વગેરેના શોભનો પણ આલેખીને આખા ગોત્રીજ સ્થાપનને સુંદર રીતે શણગારે છે.

આ બધા પ્રતીકોમાં સ્ત્રીઓના તેમજ પુરુષોએ દોરેલા આલેખનોમાં માધ્યમ તેમજ આકાર બંનેમાં ફેર પડે છે. સ્ત્રીઓએ દોરેલા પ્રતીકોમાં વિશેષતઃ મૂર્તપ્રતીક આકૃતિઓ વિશેષ છે જ્યારે પુરુષોએ દોરેલા આલેખનોમાં મુખ્યત્વે માત્ર એકથી બે પ્રકારની જ આકૃતિઓ જ છે. બાકી મીંડાઓની સંજ્ઞાઓ અને અક્ષરો છે. સ્ત્રીઓના આલેખનો માત્ર પાણીમાં ભીંજવેલા કંકુથી અને કોઈવાર સાથે બીજો રંગ લઈને કરેલા હોય છે. જ્યારે પુરુષો માત્ર સિંદૂરને ઘીમાં કાલવીને તે વડે જ દોરે છે. પુરુષો અને સ્ત્રીઓ આલેખનો હાથની આંગળી વડે જ દોરી શકે છે પણ સ્ત્રીઓ કોઈવાર દાતણ કે ડૂંડાની પાતળી દાંડી પર રૂ વીંટી તેનો પીંછી તરીકે ઉપયોગ કરે છે. વિશેષતઃ પ્રતીક ચિત્રનો રંગ લાલ જ છે. તેમાં કંકૂ અને સિંદુર મુખ્ય છે. લાલ રંગ મંગલ અને શુભકારી મનાયો છે. તેથી જ માંગલિક પ્રસંગોએ કંકુના ચાંદલા થાય છે. સિંદૂરિયો રંગ બલિદાન, શૂરવીરતા અને શક્તિના પ્રતીક રૂપ લેખાય છે. તેનો ઉપયોગ સૌરાષ્ટ્રમાં મુખ્યત્વે પુરુષો જ કરે છે. ગ્રામદેવીને સિંદૂર જ ચડે છે. હનુમાન, ગણપતિ, ખોડીયાર વગેરે દેવોને દેવત્વની આભા દેખાડવા સિંદૂરનો જ ઓપ ચડાવાય છે. આ પ્રતીક આલેખનો લોકોની ધાર્મિક શ્રદ્ધા તેમજ વહેમથી ઉત્પન્ન થતી બીકને લીધે પણ થાય છે. સદીઓના વહાણા વાયા છતાં આ આલેખન હજુય એ રીતે ઘુંટાતા મંડાતા આવ્યાં છે. માનવજીવનમાં પુજા, ધર્મ, વહેમ, મંત્રતંત્ર અને શુભાશુભની માન્યતાઓ તો માનવ ઇતિહાસ જેટલી જૂની છે. પૂજા, બીક, જાતીયવૃત્તિ, મંત્રતંત્ર અને શુભાશુભની માન્યતાઓએ જ માનવજીવનમાં દેવ, દાનવ, માંગલિકતા કે ભયંકરતા માટે અવનવા પ્રતીકો ઉપસાવ્યા છે. જેમાં પાછળથી કલાતત્વ પ્રવેશ્યું ને તે આકારો અમુક સુંદર પ્રતીક બની પૂજાવા લાગ્યાં. જો કે જાતિ ભેદે તેમાં થોડી ઘણી ભિન્નતા તો થઈ જ છે, પણ તેનું મૂળ તત્ત્વ તો એમને એમ જ છે.

ભારતમાં પ્રતીકોની પુજા ઘણી જૂની છે, તેમાંથી ઘણાં પ્રતીકો તો પ્રાગૈતિહાસિક કાળથી માંડી, હડપ્પાની સંસ્કૃતિમાં પણ દેખાય છે. ત્યારપછીના પુરાણકાળ, બુદ્ધકાળ વગેરેની સદીઓ વટાવીને અત્યારના ગામડાંના ઈંટ માટીના ઘરો સુધી છે. તેની સાંકળ અતૂટ સચવાઈ રહી છે. આ ગામડામાં થતાં આલેખનોમાંની ઘણી સંજ્ઞાઓ તો લોથલમાંથી મળેલી. મુદ્રા ઉપરની લિપિ જેવી છે. આ સંજ્ઞાઓ તે કાળમાં શાનાં પ્રતીક રૂપે હશે તે આપણે જાણી શકતા નથી. પણ વર્ષોથી ચાલતી અતૂટ આ સંજ્ઞાઓમાંથી થોડીઘણી સૌરાષ્ટ્રના પ્રતીક આલેખનોમાં સચવાઈ રહી છે. આના મૂળમાં શાની અસર હશે તે તો તેના જ્ઞાતા જ વિચારીને કહી શકે.

(કુમારના સૌજન્યથી)

* * *

પાકે લળૂંબ ઝળૂંબ થતી શરદ ઋતુ પુરી થાય અને શિયાળુ તૂર-વા ફરકવા માંડે કારતક પુરો થાય ને માગશરના મંડાણ થાય ત્યાં તો લોકો ય ખળાશેરો ઉકેલીને કામ આટોપવા માંડે. દેવદિવાળીએ તળશી ઠાકોરના લગન ઉજવ્યા પછી જ લોકો દીકરી-દીકરાના લગન માંડે. આમ ગામેગામ માગશરથી જ ભંગીના ઢોલ ઢબૂકવા માંડે. સૌરાષ્ટ્રમાં ગામેગામ વિવાડો ઉમડે ત્યારે રાત્રે વાળુપાણી કરીને બૈરાંઓ લગન ગાળે ઘરે જામતી રાતે લગનના ગીતો ગાવા માંડે.

"પાળ્યની પછીતે માંડ્યા છે ગણેશ રે,
બાર સાખ લખજો પુતળી રે,
ઈ પુતળડી, ઇ પાતળડી...ભાઈ ઘેર નાર રે,
... વહુની ચૂંદડી રે"

આમ સૌ પ્રથમ ગણપતિદાદાની સ્થાપનાના ગીતો ગવાય છે. દૂંદાળો, દુઃખભંજણો દાદો સર્વવિઘ્ન દૂર કરી રંગેચંગે વિવાહ ઉકેલી દે છે.

ઘરમાં દીકરા કે દીકરીના લગન લખાય ત્યારથી જ ઘરનું મોટાં ભાગનું કામ સ્ત્રીઓના માથે આવે છે. તેથી સ્ત્રીઓ આખો દિવસ લગન પહેલાં કામમાંથી ઊંચુ માથું નથી કરી શકતી. ગામડાંનાં માટીના ખોરડાં અને ચોમાસું માથેથી ગયું હોવાથી ગારલીંપણ ધોવાઈ ગયેલાં છે, ખોરડું જ કેવું ભુંડું નભરમું લાગે છે. અને આવે ખોરડે વેવાઈવેલા જાન લઇને આવે તો ઘરનારીયું લાજી મરેને? હજી તો લાણી ખળાંનો થાકેય નથી ઉતર્યો ત્યાં વિવા માંડ્યા તેથી જાન લઈને આવતાં વેવાણો આવું ખોરડું જોઇને જ ગીત ગાય છે.

"મેં રે......વેવાઈ તને વારીઓ રે,
કારતક માગશરના લગન ન લખ,'
તારા ઘર દૂબળાં રે.
દૂબળી છે ઘર કેરી નાર ખોરડે નથી ગાર,
છોરૂડાં લજામણા રે."

આ ઘરનારીની ઓછી કૃતેજી કહેવાય! ઘર તો બૈરાં માણસનું જ. તેથી ઘરમાં લગન લખાય કે ઇધરતીધર કામ પડતું મૂકી સ્ત્રીઓ ધૂળ ખાણે જઈ રૂપાળી પતાસા જેવી ધોળી ગોરમટી ખોદી લાવે, અને તે ધૂળમાં મજાની લાકુડી જેવી ઘોડાની લાદ ભાંગી ભાંગીને નાખી સુંવાળાં રેશમ જેવાં ગારિયાં નાંખે. ઇ લાગેય કેવાં રૂપાળાં!

"કંકુડાનાં ગારિયા નંખાવો,
દિગોળોની પાડો ઓ કળી રે."

આવી રૂપાળી ગારથી ઘરનારીઓ ઘરને લીંપીગૂંપીને રૂપાળું બબુચ્છબુની ડીંકો આવે તેવું બનાવી દે છે. આમ ગાર લીંપણ બે ત્રણ દિવસે સૂકાઈ જાય એટલે ઘરના મોવડના ભાગમાં પાણિયારે બારસાખ પાસે, ટાંકામાં બધે જ ખડીનો ધોળ કરી દે છે. ઘરની અંદર અને પાછળ પછી તે ગાર એમને એમ લાગે છે. આમ ઘરની ઓશરી, પાણિયારું ધોળાઈ જાય એટલે તેના પર ચિત્રો ઓળખચિત્રો કાઢે છે. તેમાં રંગ સામગ્રી નદીતટ જ છે. ધોળેલી ભીંત હોય તો લાલ ગેરૂ અને પીળી માટીને કૂલડી કે પાટીયામાં પલાળી તેનાથી પોતાની કલ્પના પ્રમાણેના મનગમતાં આલેખન ચિત્રો દોરવા માંડે છે. ભીંત થર એકલી ગાર જ હોય તો ધોળી ખડી પીળી માટી અને ગેરૂનો ઉપયોગ કરે છે. ઘરના બાર-

સાખ ઉપર પ્રથમ ગણેશને જ ચિતરે છે. પછી તો ઘરની લખમી જેવી વધૂને જ પૂતળી રૂપે ચિતરે છે. રૂપાળી તો કેવી જાણે કે ચંદ્રમાનાં તેજ! અને પછી તો ચિતરનાર ગ્રામનારીનીય કલ્પના જે રંગતે ચડે છે તે વાંસની સળી ઉપર રૂ વીંટાળી કે હાથની ચપટીમાં લુંગડું રાખી તે માંડે છે ચિતરવા. લીલુડી ભોમકાનો આંબલો, ઘટાભર્યો વડલો અને કાતળિયાળો સાંઠો, નીલવર્ણી ડોકાળા મોરલા સાથે બાંડી ઢેલડી ઝાડવે પોપટ પઢે લીલુડાં માથાંને રાતુડી ચાંચુ હલાવતા જાણે વેદ ભણે! ઊડણ ચરકલડીના તો કોઈ પાર જ નહીં, એ ચિત્ર વચ્ચે જ્યાં જગ્યા રહી ત્યાં નાનકડી ચકલી તો હોય જ. વનરાજીના વનપંખા ભેળો મદગળતો હાથીડો દોરે ને તેને માથે અંબાડી ઘનગનતી તેજીને માથે પીતળીયા પલાણ અને સવાર ગોરીનો સાયબો દૂધે ભરી ગોરી ગાવલડી અને ચટ્ટાપટ્ટાળો ચિતરો તેની કડ તો મૂઠીમાં સમાય તેવો વળાંકવાળો. અને પછી તો કંઈ કેટલાંય દીઠાં અણદીઠાં શોભનો ગ્રામનારી પોતાની મન ઉદ્‌ભિજ્જ કલ્પનાથી દોર્યે રાખે તેમાં માત્ર ઘણીવાર આકાર દૂબહૂ ન પણ હોય, દેખાય માત્ર કલ્પનાનું અભિજાત મનભર ઉડ્ડયન, આમ મોકળી કલ્પના ભોમમાં વિહરતી અને લાંબા પટપર ચિતરતી લોકનારીને ત્યાં પ્રમાણમાપ કે રંગ રચનાનો તાળો ન હોય હોય ત્યાં તો નરી કલ્પના શોભા. એ શોભામાં રાચતી એ સ્ત્રી અવનવાં ચિત્રો દોર્યે જ જાય છે. અને ભીંત દોરની ઘરની પછીત બધે જ ભાતની ભીંત ચિતરી કાઢે છે. પશુ, પંખી અને વન પછી આવે છે કાનગોપી, લીંપ્યા સ્વચ્છ ઓળિયા જેવું જ લોકનારીનું હૃદય. તેમાં જ કાનગોપીનો વાસ. કાનગોપીના ઘણાંય ગીતો તેણે રાસડામાં ગાયા છે એ કાનગોપીને ને ઘમ્મર વલોણું વલોવતાં ભીંતે આળેખે છે. જેમકેઃ-

"ઉપલે તે નેતરે કાનોજી કાળા.
હેઠલે રાધાજી ગોરા રે લોલ;
આજ મારે વલોણે વાર છે રે લોલ."

આમ મહિયારી અને કાનજી મારાજ,શાવડવાળો સરવણ. ઘરની સાજ સામગ્રી, ફૂલછોડ, કંચોળું ને ચાકળો, ચાકળે તો વરલાડલા ને બેસારશો જોશેને! તેથી જ તો,–

"બેસર નાંખોને ચાકળા રે,
ધૂધરીયા ઢાળો બાજોઠ;
બેસો ને વરરાજિયા રે".

આમ તોરણ ચાકળા તો રૂડી ઘરની શોભા. વળી જાનતો અગનગાડીમાં કે ચીલી બસમાં આવે તેથી ઘરને ખૂણે રેલગાડી ને બસ ચિતરી કાઢે. અંકાશે ઊડતું 'બલમ' પણ રહી ન જાય અને ઝાડવે ઝાડવે વાજતં પડઘમ દોરે. આમ ગ્રામનારી હૈડે ચડે એટલું ચિતર્યે જ રાખે; બસ ચિતર્યે જ જાય, આ બધાંય ચિત્રોને આળખચિત્રો કહી શકાય. જે ખાસ ગોહિલવાડના કંઠાળના ગામોમાં વધારે ચિતરાય છે.

સૌરાષ્ટ્રના ગામડામાં ખરક, કોળી, પલેવાળ અને આયર તેમ જ કોઈ ખેડૂતની સ્ત્રીઓ આવાં ચિત્રો કરે છે વાઘરી અને ભંગી જેવી પછાત કોમમાં પણ કોઈ કોઈ સ્ત્રીઓ ચિત્રો આલેખે છે. જાતિઓ જુદીજુદી હોવા છતાં તે ચિત્રોના આલેખન અને શૈલિમાં ફેર નથી થતો. ઘરેડ અને રીત તો સરખા પણ સૌનું આકાર વૈવિધ્ય મૌલિક હોય છે. કોઈવાર ઓળખચિત્રોમાં ગળી, લાલરંગ, લીલોરંગ વગેરેનો ઉપયોગ ગ્રામસ્ત્રીઓ કરે છે, પણ તે તો જવલ્લે જ. આવાં ચિત્રોમાં લીટી ભૂરા રંગની કરી તેમાં વાનેવચના રંગ પૂરે છે. પણ આવાં વધારે રંગીનચિત્રો બહુ શોભતા નથી. જ્યારે ખડી અને ગેરૂના ચિત્રો ગાર કે ધોળ ઉપર ઓહોના શોભે છે. ઓળખ ચિત્રો, એ માનવીની પ્રાથમિક કક્ષાની ચિત્રની નજદીક બેસે તેવાં છે. આ નારીઓએ વસ્તુ, આકારનું હાર્દ સમજી તેને સાદું શોભન પ્રતીક બનાવી, પોતાની હૈયા ઉકલતથી આ ચિત્રો દોરી કાઢ્યા છે. પણ આ ચિત્રો 'સ્ટાઇલાઇઝ્ડ' વધારે છે. ગ્રામજનતા આ ચિત્રોને મનભર રીતે હોંશથી માણે છે, એ જ દોર્યાની સાર્થકતા છે ને? તેથી જ લગ્ન કે પારાયણ જેવાં ઉત્સવોમાં લીંપ્યા ગૂંપ્યા ઘરે સ્ત્રીઓ આવાં ચિત્રો હોંશે હોંશે આજે પણ દોરે છે, જે ભરત કામના આળેખ જેવાં છે, છતાં દરેક ચિત્ર આકારમાં તે તે નારીની મૌલિકતા સ્પષ્ટ દેખાઇ આવે છે.

(ઉત્તરાના સૌજન્યથી)



# ગુજરાતની સાંપ્રત કલા

**—શ્રી જ્યોતિ ભટ્ટ**

પારંપરિક ભારતીય કલાના ઇતિહાસમાં ગુજરાતનું પ્રતિનિધિત્વ ઘણું ઓછું જોવા મળે છે. મૂર્તિશિલ્પમાં મોઢેરાના સૂર્યમંદિર તથા આબુના જૈનમંદિરોમાં થયેલા શિલ્પો ભારતના બીજા સ્થળોએ થયેલા શિલ્પોની સરખામણીમાં ઘણું ઉંચું સ્થાન ધરાવે છે. પરંતુ ચિત્રક્ષેત્રે એવી પરિસ્થિતિ નથી. મધ્યકાલીન જૈન તેમજ હિન્દુ પોથીચિત્રો કલાના ઇતિહાસમાં ઘણું મહત્વનું સ્થાન પામેલ છે.

નાના મોટા મંદિરો, હવેલીઓ કે રાજ રજવાડાના દરબારગઢોમાં ભીંત પર ચિત્રો ઘણા થયા છે. ગ્રામજનો પોતાના નિજાનંદ માટે તેમજ પૂજા અને અન્ય ધાર્મિક વિધિ પ્રસંગે ભીંતો પર પ્રણાલીગત આલેખો પણ દોરતા રહ્યા છે. પરંતુ આજના કલાકારોના કામને તેની સાથે જોડી શકાય નહીં, કેમકે કલા તેમજ સર્જન પ્રક્રિયા અંગે સભાનતા અને સમજ ધરાવતા સાંપ્રત કલાકારોના કામનું મૂળ એ પરંપરા સાથે જોડાયેલું નથી.

એક સૈકા પૂર્વે બ્રિટિશ જમાનામાં દેશના જુદા જુદા મુખ્ય શહેરોમાં સરકારી કલાશાળાઓની સ્થાપના થવા લાગેલી. તેના પ્રત્યાઘાત રૂપે કલકત્તા તથા શાન્તિનિકેતનમાં (રાષ્ટ્રીય ભાવનાની પ્રબળતા વધતા) કલાના શિક્ષણ અને મુલ્યાંકનની બ્રિટિશ રૂઢીઓમાંથી છૂટી, ભારતીય તથા અન્ય પૌર્વાત્ય કલાશૈલીઓમાંથી પ્રેરણા મેળવવાના પ્રયત્નો શરુ થયેલા. શરુઆત સારી હોવા છતાં વધુ પડતા લાગણી-વેડાને લઈને તે સમયના મોટાભાગના કલાકારોનું કામ નબળું અને સ્ત્રૈણ થતું ચાલ્યું, જે આજે લગભગ ભૂલાઈ જવા પામ્યું છે.

અમદાવાદમાં રવિશંકર રાવળે ગુજરાત ચિત્રકલાસંઘની સ્થાપના ત્રીશીના અરસામાં કરી જેમાં બ્રિટિશ અને બંગાળ શૈલીઓનું મિશ્રણ થયું. બીજી કોઈ સારી કલાશાળાના અભાવે તેમ જ ગાંધીવાદી જુવાળની અસરને લીધે ગુજરાત કલાસંઘની નામના ગુજરાતમાં સારી પેઠે પ્રસરેલી. વળી આજે જેની ખોટ જણાય છે તે–કલાકારો અને લોકો વચ્ચે સાંકળનું કામ કરતા– કલા અંગેના લખાણો પણ 'કુમાર' માં નિયમિત પ્રકાશિત થતા હતા,

ભાવનગરમાં ચાલતી દક્ષિણામૂર્તિ સંસ્થામાં અભ્યાસના બીજા વિષયો સાથે કલાશિક્ષણને પણ મહત્વ આપવામાં આવેલ. ત્યાં સોમાલાલ શાહની દોરવણી નીચે ઘણા વિદ્યાર્થીઓએ ચિત્રકલાની તાલીમ લીધેલી. આ સંસ્થાઓમાં ચિત્રકલાની પ્રાથમિક તાલીમ બાદ વિદ્યાર્થી-ઓ વધુ અભ્યાસાર્થે સરકારી કલાશાળાઓ તેમજ શાન્તિનિકેતન જતા,

ત્રીસીના છેલ્લા વરસો દરમ્યાન દક્ષિણામૂર્તિ સંસ્થા બંધ થઈ જ્યારે ૧૯૫૦ પછીના વર્ષો દરમ્યાન ગુજરાત ચિત્રકલાસંઘની પ્રવૃતિ ઓછી થવાનું શરુ થઈ ગયું. સ્વાતંત્ર્યપ્રાપ્તિ પહેલાના સમયમાં આ સંસ્થાઓ સાથે એક યા બીજી રીતે સંબંધિત ઘણા ચિત્રકારો સારી પેઠે ખ્યાતિ મેળવી ચૂકેલા. ગુજરાતી સામયિકો તેમજ આલ્બમો દ્વારા રવિશંકર રાવળ, કનુ દેસાઇ, સોમાલાલ શાહ, રસિકલાલ પરિખ, છગનલાલ જાદવ, ભીખુભાઈ આચાર્ય તથા બંસીલાલ વર્માના નામનો દરેકે દરેક સંસ્કારી ગુજરાતી જાણતો તેમ જ તેમની કૃતિઓને ઓળખતો થઈ ગયેલ. આ એક એવી સિદ્ધિ હતી કે જે ત્યાર બાદ જોવા મળી નથી. આનો યશ મુખ્યત્વે રવિશંકર રાવળના પ્રયત્નોને મળે છે. ગુજરાતમાં કલાક્ષેત્રે આજે તો ઘણું થયું છે પરંતુ બીજ રોપનાર તરીકે એમનુંજ નામ આપી શકાય. એથીજ તેમને ગુજરાતી-ઓએ 'ગુજરાતના કલાગુરૂ' નામે નવાજ્યા છે.

આજે છગનલાલ જાદવ અને સોમાલાલ શાહ એ બે અપવાદો બાદ કરતા એ સમુહના બીજા કોઇ ચિત્રકારોનું અત્યારનું (Recent) કામ પ્રદર્શિત થયેલું જોવા મળતું નથી. જે કંઇ જોવા મળે છે તે પાઠય પુસ્તકો કે સામયિકોની પુરાણી ફાઇલોમાં મળે છે. કેટલાક કલાકારોએ ચિત્રકલાનો રાહ બદલી ફીલ્મમાં કલાદર્શન, ગૃહ સજાવટ તેમ જ વર્તમાન પત્રો માટે કટાક્ષ ચિત્રો દોરવાનું કામ અપનાવ્યું છે. અને તેમાં વધુ સફળતા પણ થઇ શક્યા છે, (કનુ દેસાઈ, ભીખુભાઇ આચાર્ય, બંસીલાલ વર્મા "ચકોર")

## સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી

બીજા અનેક ક્ષેત્રોની જેમ કલાક્ષેત્રે પણ વિકાસની અનેક શક્યતાઓ ઊભી થવા લાગી. કલાનો અભ્યાસ કરવાની સગવડ વધી તેમ જ તે સરળ પણ બન્યું. કલા અંગેની તેમ જ દેશ પરદેશની કલાપ્રવૃત્તિની માહિતી આપતા અંગ્રેજી પુસ્તકો અને સામયિકો મોટી સંખ્યામાં સહેલાઇથી પ્રાપ્ય બન્યા. કલા તેમ જ કલાકારોના લાભાર્થે સરકારી ધોરણે શિષ્યવૃત્તિઓ તેમ જ અકાદમીઓની શરુઆત થઈ. દેશમાં કલા પ્રદર્શનોની સંખ્યા તેમ જ સ્થળોમાં વધારો થયો. દરિયાપારના કલાકારોની કૃતિઓને મૂળ સ્વરૂપે જોવાની શક્યતાઓ પણ વધતી ચાલી...જોકે આ બધાંનો લાભ મુખ્યત્વે તો દિલ્હી કે મુંબઇ જેવા મોટા શહેરમાં રહેનારને જ મળી શકતો.

મુંબઇમાં વસતા કેટલાક ગુજરાતી કલાકારો કલાક્ષેત્રે યુરોપમાં શરુ થયેલ ક્રાંતિ 'આધુનિક કલા' તરફ આ સમય દરમ્યાન આકર્ષાયેલ (શ્યાવક્ષ ચાવડા, વજુભાઈ ભગત, ભાનુ સ્માર્ત, વિનાયક પંડ્યા, મધુકર શેઠ અને કુમાર મંગળસિંહજી) આ કલાકારો પણ બંગાળ શૈલીના કલાકારો પ્રમાણે પોતાની કલાને અંગ્રેજી "એકેડે-મિક શૈલી"ની અસરથી બચાવી તેને ભારતીય સ્વરૂપે રજુ કરવા ઇચ્છતા હતા. પરંતુ તેમનો આગ્રહ પ્રાચીન ભારતીય કલાનું અનુ-

કરણ કરવાને બદલે તેમાં રહેલ કલાતત્વોને 'આધુનિક' રીતે રજુ કરવા બાબત હતો. તેમના ચિત્રોમાં તેમની આજુબાજુના વાતાવરણ માંથી પ્રેરણા લીધેલ વિષયો જોવા મળતા, (રાધા-કૃષ્ણ કે ગાંગ કી ગોરી ને બદલે મુંબઈની માછણ કે ગોવાનીઝ આયા વગેરે.) પરંતુ તેમાં વિષય વસ્તુ, રંગાલેખન, અવકાશ આયોજન વગેરેને 'ભારતીયતા' નો ઓપ ચડેલો રહેતો, (સ્વર્ગસ્થ) મધુકર શેઠનો કલા અભ્યાસ શાન્તિનિકેતનમાં થયો હોઈ તેમનું કામ જરા જુદુ જણાઈ આવતું જ્યારે વજુભાઈ તથા (સ્વર્ગસ્થ) ભાનુસ્માર્ત ના કામમાં જગન્નાથ અહિવાસીની સ્પષ્ટ અસર જણાતી. શ્યાવક્ષ ચાવડા તથા વિનાયક પંડયા ના કામમાં જોરદાર લયબદ્ધ રેખા માટેનો આગ્રહ ખાસ ધ્યાન ખેંચતો. આ સમુહમાં કુમી દાલાસ તથા રતી પીટીટના નામ પણ ઉમેરી શકાય. આ બધામાં શ્યાવક્ષ ચાવડા એ કદાચ એકજ ચિત્રકાર છે જેમણે દેશભરમાં ખ્યાતિ મેળવી, તથા આજ સુધી સક્રિય રહ્યા છે. એમનું સ્થાન આજે દેશના પ્રથમ પંક્તિના કલાકારમાં ગણવામાં આવે છે.

તે અરસામાં અંગ્રેજી સામયિકો અને 'કુમાર'માં આધુનિક ભારતીય કલાકારોની કૃતિઓ છપાતી હતી. એ દ્વારા ગુજરાતમાં વસતા કલાકારોને આજુ બાજુના કલાજગતની પ્રવૃત્તિ અંગે માહિતી મળવાની શરુઆત થઈ ચૂકી હતી. પરંતુ બેન્દ્રે અને ત્યારપછી હેબ્બરના ગુજરાતના પ્રવાસ દરમ્યાન તેમની જોડે સંપર્કમાં આવેલ કેટલાક કલાકારોએ 'આધુનિક' ઢબે કામ કરવાનું શરુ કર્યું— (છગનલાલ જાદવ, ભાસ્કર ભટ્ટ, વનરાજ માલી). જો કે એમાંથી છગનલાલ જાદવ સિવાય બીજા બન્ને ચિત્રકલાને મુખ્ય વ્યવસાય તરીકે ચાલુ રાખી શક્યા નહીં તેમ જ કલાકાર તરીકે આજે તેમને લોકો ઓળખતા પણ નથી. ભાસ્કર ભટ્ટે કરેલા અવનવા પ્રયોગો સ્થળ-કાળની દૃષ્ટિએ વિચારતા ખરેખર મહત્વના કહી શકાય, તેમ જ ભાવનગરમાં કલાના અભ્યાસની શરૂઆત કરતા કેટલાયે વિદ્યાર્થીઓને નવા રાહે દોરનાર, તથા ઉત્સાહપ્રેરક નીવડ્યા.

ભાવનગરની બે શાળાઓમાં સોમાભાઈ શાહ તથા જગુભાઈ શાહ ચિત્રકલાના વર્ગો ચલાવતા હતા. ત્યાં પણ ઘણા વિદ્યાર્થીઓને આધુનિક કલા તરફની અભિરૂચી કેળવવાની તક મળેલી. (એ વિદ્યાર્થીઓમાંથી કેટલાયે આજે કલાકાર તરીકે નામના મેળવી છે.) જોકે ત્યાં થયેલ બધા 'નવતર પ્રયોગો' મુખ્યત્વેતો આકર્ષક રૂપરચના જ બની રહેતા સૌરાષ્ટ્રની લોકકલાના રૂપો (MOTIFS) પરથી પ્રેરણા લઈ ને ચિત્રો બનાવવાનું કામ ત્યાં ઘણું થયું, જેને ખોડીદાસ પરમારે પોતાની આગવી શૈલી તરીકે વિકસાવ્યું. ત્યાર બાદ તેમના પંથે રાજકોટમાં મનહર મકવાણા અને ભૂપત લાડવા પણ એ પરંપરામાં ભળ્યા.

૧૯૫૦માં વડોદરામાં મહારાજા સયાજીરાવ વિશ્વવિદ્યાલયમાં લલિત કલાનું શિક્ષણ આપતી સંસ્થા શરુ થઈ. તેના મુખ્ય વ્યવસ્થાપક અને વડા શ્રી માર્કંડ ભટ્ટ સંકુચિત મનોવૃત્તિ અને લાગતા વળગતાઓના દબાણોની શેહમાં દબાયા વિના સંસ્થાના મુખ્ય અધ્યાપકો તરીકે રાષ્ટ્રીય ખ્યાતિ મેળવી ચૂકેલા પ્રથમ કક્ષાના કલાકારોને લાવી શક્યા. માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ દેશભરમાં આધુનિક કલાના ક્ષેત્રે આ એક ઘણું જ અગત્યનું પગલું હતું, જે સીમાસ્થંભ બની ગયેલ છે. તેને પરિણામે જ ગુજરાતમાં ત્યાર પછી કલાનો ઉત્તરોત્તર વિકાસ થવાનું શરુ થયું. આ કલાકારો (બેન્દ્રે, પ્રદોશ દાસગુપ્તા, શંખો ચૌધરી, કે. જી. સુબ્રહ્મનિયન) શરુઆતથી જ સંસ્થા સાથે જોડાયા, (દાસગુપ્તા વધુ સમય રહેલ નહીં). પ્રથમકક્ષાના કલાકારો હોવા ઉપરાંત ઉત્તમ શિક્ષકો પણ તેઓ નિવડ્યા. મુંબઈ, ઇન્દોર, કલકત્તા અને મદ્રાસની કલાશાળાઓ ઉપરાન્ત શાન્તિનિકેતન તથા પરદેશોની, કલાશાળાઓ, કલાશૈલીઓ અને કલાકારોની આ શિક્ષકોને જાત માહિતી હતી. બીજી કલાસંસ્થાઓના શિક્ષકો જેમ માત્ર કલાની કારીગીરી જ શિખવવાને બદલે કલાના ઇતિહાસ ફીલસુફી પૌર્વાત્ય તેમજ પાશ્ચાત સૌન્દર્ય શાસ્ત્ર, સાહિત્ય, સંગીત તથા અનેક પ્રકારના હસ્તઉદ્યોગોના તેઓ જાણકાર હોઇ વિદ્યાર્થીઓને તે બધાંનો લાભ પણ આપવા લાગ્યા. થોડા જ વર્ષોમાં વડોદરાની કલાશાળા દેશની અગ્રણી કલાસંસ્થા બની ગઇ. આ શિક્ષકોની રાહબરી નીચે તૈયાર થયેલા કેટલાયે વિદ્યાર્થીઓ આજે કલાકાર તરીકે ખ્યાતનામ થઇ ગયા છે. ગુજરાતમાં ચિત્રકારોની સરખામણીમાં મૂર્તિકારો (શિલ્પિ)ની સંખ્યા ઘણી જ ઓછી હતી. રસિકલાલ પરીખ તથા જગુભાઇ શાહે શિલ્પકલાની તાલીમ મેળવેલી. પરતુ તેમનો સક્રિય ફાળો માત્ર ચિત્રકલાના ક્ષેત્રેજ રહ્યો છે. (જોકે કલા શિક્ષણના ક્ષેત્રે આપેલી સેવાઓ અમૂલ્ય છે.)

વડોદરાની કલાસંસ્થાની સરુઆત પછી શંખો ચૌધરીની દોરવણી નીચે તૈયાર થયેલ યુવાન શિલ્પિઓ –રાઘવ કનેરિયા, રજનિકાન્ત પંચાલ, નરેન્દ્ર પટેલ, મહેન્દ્ર પંડ્યા, ગિરીશ ભટ્ટ, નાગજી પટેલ તથા કૃષ્ણ છાતપાનું સ્થાન આજે ભારતના ગણ્યા ગાંઠ્યા શિલ્પિઓની હરોળમાં છે.

તે સંસ્થામાં તૈયાર થયેલ ગુજરાતી ચિત્રકારો છે :– શાન્તિ દવે, ગુલામ મોહમ્મદ શેખ, ભૂપેન ખખ્ખર, હિમ્મત શાહ, બાલકૃષ્ણ પટેલ, વિનોદ શાહ, વિનોદરાય પટેલ, ભાનુ શાહ હકુ શાહ, ફીરોઝ કાટપિટિયા જયંત પરીખ, પ્રભાબેન ડોંગરે વગેરે આ ઉપરાંત આ યાદીમાં ઉમેરી શકાય તેવા બીજા ઘણા નામો છે જે છેલ્લા ત્રણ ચાર વર્ષ દરમ્યાન પ્રકાશમાં આવવા લાગ્યા છે.

મુંબઇની સર જે. જે. સ્કુલ ઓફ આર્ટસમાં મુખ્યત્વે જગન્નાથ અહિવાસીની દોરવણી કે વ્યક્તિત્વની અસર નીચે તૈયાર થયેલા અત્યારના કલાકારોમાં જેરામ પટેલ પ્રદ્યુમ્ન તન્ના તેમ જ ભૂપેન્દ્ર કારિયાના નામ મહત્વના છે. જોકે શરુઆતનું કામ બાદ કરતા તેઓની નવી કૃતિઓ પર અહિવાસીની છાપ જોવા મળતી નથી એટલું જ નહીં પરંતુ દરેકે પોતાની આગવી શૈલી વિકસાવી છે. જ્યારે દિનેશ શાહ તથા વાસુદેવ સ્માર્ત હજુ એજ અસર તળે નિષ્ઠાપૂર્વક કામ કરી રહ્યા છે. મુંબઈના જ એક ચિત્રકાર રસિક રાવળનું કામ (ગુજરાતમાં કદાચ ખાસ જાણીતુ નથી થયું પરંતુ) આધુનિક કલાના આશ્રયદાતા અને જાણકાર ગણાતા લોકોમાં તેમજ પરદેશી પ્રવાસીઓમાં ખૂબ જ ચાહના મેળવી શક્યું છે. એક જમાનામાં કનુ દેસાઇનું હતું તેવુંજ સ્થાન આજે તેનું છે. કનુ દેસાઇના અને રસિક રાવળના ચિત્રો ઘણી સામ્યતા ધરાવે છે. બન્નેનું કામ નબળું, નીચું (Vulgar) અને સ્ત્રોણ રહ્યું છે. છતાં લોકોના ચિત્તને આકર્ષી શકે છે. રસિક રાવળના ચિત્રોમાં આધુનિક કલાના દરેક બાધ્ય લક્ષણો અને તરકીબોનો ભર પટ્ટે ઉપયોગ થયો હોય છે, તેમ છતાં બીજા કોઇ પણ દેશના લોકો ભારતીય માની બેસે તેવી નગ્ન સ્ત્રીઓ અને નગ્નતાનેજ અગ્રસ્થાને

દેખાડે તેવી ગલગલિયા કરતી રંગ અને રેખાની યોજના તેની સફળતાની ચાવી બની ગયા છે.

લગભગ આવી હકીકત આજના ગુજરાતી કલાકારોમાંથી મોટાભાગને લાગુ પડે છે. આધુનિક કલાના હાર્દને સમજનાર વર્ગ આપણા દેશમાં હજુ ઘણો નાનો છે, પરંતુ સમજવાનો ડોળ કરનારાઓ અનેક છે. એટલે મોટાભાગની આધુનિક કલા ખરેખર જોતાં નવી રીતે-નવા માધ્યમ દ્વારા કરેલા-ચાકળા ચંદરવા કે તોરણ-લટકણિયા જેવી શોભાની વસ્તુ બની રહે છે. તેમાં કિડિયાં મોતી, છીપાઓના લાકડાનાં બીબાં, જરી-પુરાણી ( Antiques ) વસ્તુઓના અવશેષો, રંગના થથેડા, રેતી, ખાલી વગેરે ઘણું ઘણું જોવા મળે છે. દક્ષિણ ભારતની ફીલ્મો પેઠે દરેક જાતની વસ્તુઓની ખાચડી જેવી આવી આધુનિક કલાની સપાટી પહેલી નજરે જોનારને આકર્ષક લાગે તેવી જરૂર હોય છે પરંતુ એ દ્વારા કલાકાર ખરેખર કંઇ કહેવા ધારે છે કે નહી તે અંગે શંકા થાય તેવું છે. તેમજ પ્રયત્ન કરનારને આજની ગુજરાતી આધુનિક કલાની પોકળતા પણ જણાઇ આવ્યા વિના રહે નહીં. જો કે આમાં અપવાદો જરૂર છે, પરંતુ આંગળીના ટેરવે ગણાય તેટલા જ.

મુંબઇમાં વસતા અને દેશ-પરદેશ ભમ્યા કરતા, ભારતના અગ્રગણ્ય કલાકારોમાંના બે, મકબુલ ફીદા હુસેન તથા અકબર પદમસીના કુટુંબના મૂળ ગુજરાત સાથે સંકળાયેલ છે.

એજ પ્રમાણે આધુનિક ભારતીય કલાકારોમાં અગત્યનું સ્થાન ધરાવતા સાબાવાલા, હાથિયેરવાલા તથા પીલુ પોચખાનાવાલા પણ માતૃભાષાને લઇને ગુજરાતી કહેવાય. પરંતુ તેમના કામને ગુજરાતી સાંપ્રતકલામાં સમાવી લેવાનો પ્રયત્ન ચાલતી ગાડીમાં ચડી બેસવા જેવો બેહુદો ગણાય.

૧૯૫૫ પછી ઘણા યુવાન ગુજરાતી કલાકારોને પરદેશ જવાની તેમજ ત્યાં કલાનું શિક્ષણ મેળવવાની તક મળવા લાગી. દેશના જ જુદા જુદા ભાગોમાં વસતા કલાકારોને મળવાનું, એકબીજાનું કામ જોવાનું તથા વિચાર વિનિમય કરવાનું તો બનતું જ રહ્યું હતું. આને લીધે ગુજરાતી કલાકારોમાં પ્રાંતીયતા અને સંકુચિતતા ઓછી થતી ચાલી, જ્યારે તેમના કામની સીમાઓ વધુને વધુ વિકસિત થવા લાગી.

અમદાવાદમાં રશ્મિ ક્ષત્રિય ઘણા સમયથી તદ્દન અમૂર્ત (Abstract) ચિત્રો કરતા હતા. પરંતુ મુંબઇથી વડોદરા થઇને આધુનિક કલાની હવા તો ૧૯૫૬ પછી જ ત્યાં ફેલાઇ. શાંતિ દવે અને ત્યાર બાદ બાલકૃષ્ણ પટેલ તથા હિમ્મત શાહ વડોદરામાં કલા અભ્યાસ કરી પાછા અમદાવાદ ગયા ત્યારે તેમના સંપર્ક અને અસર તળે ઘણા યુવાન કલાકારો રંગાયા. આ તૈયાર વાતાવરણમાં જેરામ પટેલ ત્યાં પહોંચ્યા. તેના કામની તેમજ વ્યક્તિત્વની અસર અમદાવાદના મોટા ભાગના યુવાન કલાકારો પર પડી જે આજે સાત-આઠ વર્ષો બાદ પણ ભૂંસાઇ શકી નથી. (જેરામના કામની દિલ્હી તથા કલકત્તા વ્યવસાર્થે રહેતા કેટલાક ગુજરાતી તથા બીન ગુજરાતી કલાકારો પર પણ ઘણી જ અસર જોવા મળે છે.)

**કલામંડળો :**

વડોદરાના કલાકારોના મંડળ બરોડા ગ્રુપ (૧૯૫૬)ની શરૂઆત પછી ગુજરાતી કલાકારોએ કલાજગતમાં લોકોનું ધ્યાન ખેંચવાનું શરૂ કર્યું. ત્યારબાદ પાંચેક વરસે અમદાવાદમાં પ્રોગ્રેસીવ પેઇન્ટર્સ નામે ગ્રુપ શરુ થયેલ. સુરત, રાજકોટ તથા ભાવનગરમાં પણ કલા મંડળોની સ્થાપના થઇ છે. પરંતુ તેમાંના એકાદ બે સભ્યોના કામ બાદ કરતા મંડળ તરફથી કલાક્ષેત્રે કંઈ ખાસ નોંધપાત્ર ફાળો અપાયો નથી.

બરોડા ગ્રુપના કલાકારોએ કલાક્ષેત્રે ગુજરાતની ખ્યાતિ ગુજરાત બહાર વધારવામાં પહેલ કરી તેમજ ઘણો ફાળો આપ્યો. પરંતુ ગુજરાતમાં તેમણે ૧૯૬૭ સુધી એક પણ પ્રદર્શન કર્યું નહીં તે હકીકત ધ્યાન દોરે તેવી કહેવાય. ગુજરાતમાં કલાકારોની સંખ્યાની સરખામણીમાં કલાપ્રેમીઓ ઘણા ઓછા છે. તેમાં પણ આધુનિક કલામાં રસ ધરાવનારની સંખ્યા તો ઘણી જ ઓછી. (રસ પડે તોયે તેની પાછળ સમય કે પૈસા ખરચનાર ગુજરાતમાં રહેતો ગુજરાતી ગોત્યો પણ જડે નહીં ) તે ઉપરાંત કલાકૃતિઓ પ્રદર્શિત કરવા યોગ્ય ગેલેરી તથા જરૂરી સાધન વ્યવસ્થાનો પણ સદંતર અભાવ રહ્યો છે. (અમદાવાદમાં સંસ્કાર કેન્દ્રમાં કલાકારો પોતાનું કામ રજુ કરી શકે તે માટે ઘણા નિયમો આડા આવતા હતા.) આ કારણોને લઇને ગુજરાતમાં કલા પ્રદર્શનો કરવાનું કામ ઘણુંજ ખર્ચાળ તથા કપરું રહ્યું છે. તેના બદલામાં કલાકારોને આર્થિક લાભ તો જવલ્લેજ મળે, પરંતુ તેમની કૃતિઓની કદર થયાના અન્ય કોઇ લક્ષણો પણ ભાગ્યે જ જોવા મળે.

આવા કપરા સંજોગોમાં પણ પ્રોગ્રેસીવ પેઇન્ટર્સ તરફથી વરસો વરસ અમદાવાદમાં જ ચિત્ર પ્રદર્શનો થયા, એટલું જ નહીં પરંતુ ત્યાંના વર્તમાનપત્રોએ સામાન્યરીતે જોવા મળતી કલા તરફની ઉદાસીનતા ઓછી કરી અને મંડળના તથા અન્ય પ્રદર્શનોની નોંધ છાપવી શરૂ કરી.

ગુજરાતના કલામંડળો પાસે ખાસ કરી કોઇ એવા ધ્યેય કે કાર્યક્રમ ન હતા કે જેને લીધે કલાના વિકાસમાં તેઓ સક્રિય ફાળો આપી શકે. કલા અંગે તેના સભ્યોની માન્યતા, ધોરણો તથા ઉદ્દેશો જુદા જુદા તેમજ મુખ્યત્વે તો અસ્પષ્ટ જ રહ્યા છે. પરંતુ જુથમાં રહીને પ્રદર્શનો કરવાનું, તેમજ ક્યારેક જૂનવાણી વિચારસરણી ધરાવતા પ્રત્યાઘાતીઓ અને સત્તા ધરાવતી વ્યક્તિઓ સામે પ્રતિકાર કરવાનું સહેલું બન્યું. પ્રોગ્રેસીવ પેઇન્ટર્સ મંડળમાં જોડાયેલ સભ્યો છેઃ જેરામ પટેલ, પિરાજી સાગરા, બાલકૃષ્ણ પટેલ, હિમ્મત શાહ, ભાનુ શાહ, રમણિક ભાવસાર, રશ્મિ ક્ષત્રિય, માનસિંહ છારા, દશરથ પટેલ, જનક પટેલ– બરોડા ગ્રુપ તેમજ પ્રોગ્રેસીવ પેઇન્ટર્સ હાલ મંડળ સ્વરૂપે કામ કરતા નથી.

શરૂઆતના કામમાં ગુજરાતી આધુનિક કલાકારોના કામ પર ક્યુબીઝમની અસર દેખાતી હતી, ત્યારબાદ અમૂર્ત કલાએ તેનું સ્થાન લીધું. જે હજી પણ જોવા મળે છે. છેલ્લા ત્રણેક વર્ષથી કામમાં નવા ફેરફારો શરુ થયેલ જોવા મળે છે. કલાકારો ભારતીય વાતાવરણમાંથી, લોકકલા તાંત્રિક કલા, તેમજ શહેરોની ગલીએ ગલીએ જોવા મળતી લોકભોગ્ય (popular) કલામાંથી પ્રેરણાદાયક તત્વો મેળવવા લાગ્યા છે. તેમની કૃતિઓનું સ્વરૂપ અમૂર્તમાંથી મૂર્ત થવા લાગ્યું છે તેમજ તેમાં પ્રૌઢતા પણ વધતી જોવા મળે છે. માત્ર નિરર્થક રૂપ રચના જેવી કૃતિઓને સ્થાને કંઇક કહેવાનો, આજની પરિસ્થિતિ અંગેનો સંકેત તેમજ કલાકારોના મનની મુંઝવણ, વિષાદની ભાવના

અને હતાશા વગેરે ભાવોને પરોક્ષ કે અપરોક્ષ રૂપે પ્રતિકાત્મક રીતે રજુ કરવાનો પ્રયત્ન પણ દેખાવા લાગ્યો છે.

એકંદરે જોતા બાર વર્ષમાં આ બધા કલાકારોએ દેશભરમાં (તેમજ પરદેશમાં પણ) સારી નામના મેળવી છે. મ્યુઝીયમ, આર્ટગેલેરી, જાહેર તેમજ ઔદ્યોગિક ખાનગી પેઢીઓ વગેરેના કાયમી સંગ્રહોમાં તેઓની કૃતિઓ જોવા મળે છે

ઘણાખરા કલાકારોની કૃતિઓ રાષ્ટ્રીય ધોરણે થતા કલાપ્રદર્શનોમાં પ્રદર્શિત થઇ છે તેમજ પુરસ્કારો મેળવી શક્યા છે. આંતરરાષ્ટ્રીય કલા પ્રદર્શનોમાં પણ ભારતનું પ્રતિનિધિત્વ કરવા તેઓની કૃતિઓની પસંદગી વારંવાર થતી રહી છે. ભારતમાં તેમજ પરદેશોમાં તેમના કામના વ્યક્તિગત ધોરણે પ્રદર્શનો (One man shows) પણ ઘણા થયા છે. દિલ્હીના લોકસભાગૃહમાં, રાષ્ટ્રીય કે રાજ્ય ધોરણે ચાલતા સરકારી વિભાગોમાં ખાનગી તેમજ જાહેર પેઢીઓ, શાળાઓ, કોલેજો, રંગભવનો અને ઔદ્યોગિક પ્રદર્શનોમાં ભીંત–ચિત્રો પણ તેઓએ ખૂબ જ કર્યા છે.

આજનો ગુજરાતી કલાકાર જુદા જુદા ઘણા માધ્યમોમાં પ્રાવિણ્ય ધરાવતો થઈ ગયો છે. પ્લાસ્ટિક, એક્રીલિક, ધાતુઓ, પથ્થર, સીમેન્ટ વગેરે પદાર્થોને તેમની કૃતિઓમાં સમાવી શકયો છે. લઘુચિત્રો પણ તે કરી શકે છે અને સાથો સાથ વિશાળ કેનવાસો (૧૫ થી ૨૫ ચોરસ ફૂટ) અને ભીંતચિત્રો (૫૦ થી ૨૦૦૦ ચોરસ ફૂટ) પણ એટલી જ સહેલાઇથી કરી શકે છે.

પરંતુ ઘર આંગણે તેઓના કાર્યપ્રત્યે ઉદાસીનતાનું તેમજ અમુક અંશે દ્વેષભર્યું વાતાવરણ રહ્યું છે. આ ઘણી ખેદજનક તથા નવા તૈયાર થતા કલાકારોને હતોત્સાહ કરનારી પરિસ્થિતિ કહેવાય. આના લીધે કલાકારો પણ આસપાસના વાતાવરણ તરફ બેફિકરાઇ ભર્યું વર્તન રાખતા તેમજ પરિસ્થિતિ સુધારવા અંગેના કોઇના પણ પ્રયત્નોને શંકાની નજરે જોતાં થઈ ગયા છે.

સરકારી ધોરણે ચાલતી લલિતકલા અકાદેમી, મ્યુનિસિપલતંત્ર નીચે ચાલતું અમદાવાદનું સંસ્કાર કેન્દ્ર, જુદા જુદા શહેરોમાં મ્યુઝિયમો, આર્ટ ગેલેરીઓ તથા યુનિવર્સિટીઓમાં લોકોમાં કલાની સમજ તથા અભિરૂચીનું પ્રમાણ વધે તે માટે ખાસ કશો જ પ્રયત્ન થતો જાણવા મળ્યો નથી. કલાકારોની કૃતિઓના રખાખબ્યા પ્રદર્શનો, પ્રધાનોને હાથે ઉદ્ઘાટન તથા પુરસ્કાર વિતરણથી કલાને કે કલાકારોને ખરેખર કંઈ જ લાભ થતો નથી. (કેટલાયે કલાકારોએ ગુજરાતરાજ્ય લલિત કલા અકાદેમીના પ્રદર્શનોમાં ભાગ લેવાનું બંધ કર્યું છે) તેમજ લોકોને પણ સારી કૃતિઓ જોવા મળી શકતી નથી. લેખો, પુસ્તિકાઓ, સ્લાઇડો સાથે વ્યાખ્યાનો તેમજ ખાસ તૈયાર કરેલ પ્રદર્શનો ઇ. દ્વારા સમાજમાં કલાની સમજ વધે એ માટે પ્રયાસ કરવાને બદલે સામાયિકો, વર્તમાનપત્રો તેમજ અધિકારી વર્ગ કલાકારોની અને તેમના કાર્યની હાંસી ઉડાવવાનો પ્રયત્ન વધુ કરે છે.

આજે ગુજરાતી કલાકારો ભૂખે નથી મરતા તેમજ પોતાનું કામ કરવા માટેની સગવડ મેળવી શકે છે. પરંતુ તેમની કૃતિઓની કદર કરનાર કે ખરીદનાર વર્ગ બીન ગુજરાતીઓનો છે. તેમજ એક –બે અપવાદ સિવાય દરેક કલાકારને કોઇને કોઇ સ્થળે નોકરી કરવી પડે છે, ને ત્યારબાદ મળતા ફાજલ સમયમાં જ કલાની ઉપાસના કરી શકે છે. ઉમ્મરમાં પ્રૌઢ, ૧૯૫૦ પહેલા જેમની બોલબાલા હતી તેવા કલાકારો આજના યુવાન કલાકારોને મળતી સફળતા, સંપર્કો, ઇનામો અને પ્રમાણમાં સહેલાઇથી મળતી પ્રસિદ્ધિ વગેરેથી જાણે કે પોતાનો તેજોદ્વેષ અનુભવી રહ્યા હોય તેવું જણાય છે. આના કારણે જૂના તથા નવા, "ઘરડા" અને "છોકરડા" કલાકારોના બે જૂથ પડી ગયા હોય અને અંદરોઅંદર એકબીજા સાથે વિખવાદ ચાલતો હોય તેવી હવા પણ કયારેક જોવા મળે છે. આજનો ગુજરાતી કલાકાર પોતે ગુજરાતી છે એ અંગે ગૌરવ અનુભવી શકે તેવું કંઈ પણ કારણ તેને મળતું નથી. કલાના રક્ષણ અને વિકાસાર્થે સ્થપાયેલી રાજ્ય લલિતકળા અકાદેમીનું કાર્યક્ષેત્ર "બન્ને પક્ષો"ને સંકુચિત અને પક્ષપાતી જણાતું હોઇ તેઓનો વિશ્વાસ ગુમાવી બેઠી છે. એ કમનસીબી છે કે આ પરિસ્થિતિ સુધારવા કંઈ સક્રીય પગલા લેવાને બદલે અકાદેમી આંખ આડા કાન ધરી પોતે જે કર્યું છે તે જ યોગ્ય છે તેવું સાબિત કરવા પોતાનો ઢંઢેરો પીટવામાં વ્યસ્ત રહેલ છે.

આમ છતાંયે સાંપ્રત કલાકારોનું ભવિષ્ય વધું ઉજળું દેખાય છે કેમકે તેમના માધ્યમને ભાષા, સ્થળ કે કાળનું બંધન ખાસ નડતું નથી. સમાજ કે સત્તાધિકારીઓની મરજી કે ટીકાઓને લીધે તેમનું કાર્ય અટકી પડતું નથી. તેમની દૃષ્ટિ અને કાર્યક્ષેત્ર વધુ વિકસિત થઈ દૂર ક્ષિતિજો સુધી પહોંચવા લાગ્યા છે. તેમની કલા–કૃતિઓની કદર કરી જાણનાર–ભલે બીન ગુજરાતી ભારતીય કે પરદેશી–રસજ્ઞોની સંખ્યા પણ વધતી જાય છે.

પરંતુ આજની સ્થિતિ જો ચાલુ રહેશે તો ગુજરાત છોડી બહાર જઈ વસનારા કલાકારોની સંખ્યામાં પણ ઘણો વધારો થશે, અને પોતાને ગુજરાતી કહેવરાવવા બદલ તેઓ શરમ પણ અનુભવશે.



# ગુજરાતનું કાષ્ઠકામ

—ડો. હરિભાઈ ગૌદાની

ગુજરાતની જૂનામાં જૂની આદિવાસી પ્રજાઓ કાબા, કાળા, ભીલ અને નાગ ઘાસ અને વાંસના ઝૂંપડા બનાવવા ઉપરાંત કથરોટ, દસ્તાઓ, રવૈયાઓ અને ખેતીનાં ઉપયોગમાં લેવાતાં થોડા ઓજારો સિવાય બીજું કોઈ પ્રકારનું કાષ્ઠકામ જાણતી નહોતી. ત્યારપછી ગુજરાતની લોથલ સંસ્કૃતિની પ્રજા ઠીકઠીક કાષ્ઠકામ જાણતી હતી. પણ દુર્ભાગ્યે લોથલ કે રોજડીનાં ટીંબાના ઉત્ખનનમાં કાષ્ઠકામનાં કોઈ અવશેષો કે નમૂના મળ્યા નથી.

ત્યારપછી ગુજરાતમાં આર્યો આવ્યા. આર્યો દરેક પ્રકારનું કાષ્ઠકામ જાણતા હતાં આર્યો નગરને રક્ષતા કિલ્લાઓ, ગામને રક્ષતી દિવાલો અને રહેવાનાં મકાનો એકલા કાષ્ઠનાં જ બનાવતા. તદ્‌ઉપરાંત યજ્ઞમંડપો અને દેવમંદિરો પણ કાષ્ઠમાંથી બનાવી શકતા. છેક સમ્રાટ અશોકના સમય સુધી ગૃહનિર્માણમાં મોટે ભાગે કાષ્ઠનો જ ઉપયોગ થતો હતો.

મહાભારત રચાયું ત્યારે એટલે કે નવ—નંદોના સમયમાં નંદોની રાજધાની પાટલીપુત્ર નગર, જે એ સમયનું, દુનિયામાં મોટું શહેર ગણાતું. એ નગરનો આખો કિલ્લો કાષ્ઠનો હતો અને નંદરાજાનાં મહેલો પણ કાષ્ઠનાં જ હતાં. એ સમય બાદ રચાયેલાં કેટલાક ગુફા-મંદિરોમાં રાજમહાલયોનાં પ્રતીકો કોતરાયા હોય તેમ સ્પષ્ટ દેખાય છે. ખાસ કરીને રાજા કનિષ્ક અને હવિષ્કના સમયની હિનયાનપંથી બૌદ્ધધર્મની ગુફાઓનાં સ્થંભો, છતો તથા તોરણિયાઓમાં કાષ્ઠકળાનું અનુકરણ થયેલું દેખાય છે.

બિહારનાં વિષ્ણુપુર ગામનાં તળાવમાંથી એક પ્રતિમા —જે બે હજાર વર્ષ જૂની હોવાનું ડોક્ટર ડી. પી. ઘોષ જણાવે છે —મળી આવી છે. આ બાબતની નોંધ શ્રી કનૈયાલાલ ભાઈશંકર દવેએ લખેલ 'પાટણનાં કાષ્ટશિલ્પ'ના લેખમાં થયેલ છે.

પરદેશી મુસાફરોનાં લખાણ મુજબ સંવતના સાતમા સૈકામાં પ્રભાસપાટણની પુર દિવાલ કાષ્ઠની જ હતી. ચાવડાઓનાં સમયમાં રચાયેલ સોમનાથનું છપ્પનગજ ઊંચું મંદિર મહદ્ અંશે કાષ્ઠનું જ હતું. ગુજરાતભરમાં બંધાતા મોટાભાગના મંદિરો કાષ્ઠનાં જ બાંધવામાં આવતાં. તદ્‌ઉપરાંત ક્યાંક ક્યાંક મંદિરોમાં કાષ્ઠની પૂજનીય મૂર્તિઓ જોવા મળતી. સંવતના બારમા સૈકામાં રચાયેલી એક પૂજનીય ગ્રહમૂર્તિ પાટણની મહાલક્ષ્મીના મંદિરમાં હાલમાં બિરાજે છે.

શિલ્પશાસ્ત્રનાં કેટલાંક પુસ્તકોમાં ઘરોમાં બનતા સુધી પથ્થરનો ઉપયોગ ન કરવો તેમ જણાવેલ છે. આ વાસ્તુપ્રથા ગુજરાતની મોટા ભાગની જનતાએ સ્વીકારી હોય તેમ પુરાણા બાંધકામ ઉપરથી લાગે છે. ગુજરાતમાં સંપૂર્ણ પથ્થરિયા મંદિરો બંધાયા ત્યારપછી પણ ગુજરાતમાં મૈત્રક, ચાપ, રાષ્ટ્રકૂટ, પ્રતીહાર, સોલંકી અને વાઘેલા કાળ દરમ્યાન કોઇ રાજવીઓએ પોતાના રાજમહાલયમાં સંપૂર્ણપણે પથ્થરનો ઉપયોગ કર્યો હોય એમ જાણવા મળ્યું નથી. સંવતના દસમા સૈકામાં રચાયેલ કચ્છના પુંઅરાના ગઢમાં વડી મેડીનો રાજમહેલ, જે હાલમાં ઉભો છે, તેમાં મોટે ભાગે પથ્થરનું બાંધકામ થયેલ છે છતાં તેનાં દ્વારો, કઠેરા વિગેરે કાષ્ટનાં જ હશે તેમ કહી શકાય. મુસ્લિમો આવ્યા તે પહેલાંનાં ગુજરાતનાં રાજાઓ અને શેઠાઓ પોતાનાં મહાલયો કાષ્ટનાં બાંધતા એટલે એ સમયનું કોઈ બાંધકામ હાલમાં જોવા મળતું નથી.

ગુજરાતમાં કાષ્ટમંદિરનું કામ મહમદ ગિઝનીના આક્રમણ પછી લગભગ અટકી ગયું હોય તેમ કહી શકાય. છતાં નાનાં દેવમંદિરો, ઘરમંદિરો ઘર દેરાસરો વિગેરે બ્રિટિશરોના આગમન સુધી સંપૂર્ણ કાષ્ટનાં જ બનતાં એ સમયનાં આવા કેટલાક નમૂનાઓ હાલમાં મોજૂદ છે.

સંવતના ચૌદમા સૈકા પછી ગુજરાત ઉપર વારંવાર થતા મુસ્લિમોના આક્રમણોને લઈને પથ્થરમાંથી બાંધવામાં આવતાં મંદિરોનું બાંધકામ અટક્યું એટલે ગુજરાતનાં સોમપુરા શિલ્પીઓ પથ્થરિયા મંદિરોની પ્રણાલિકાગત બાંધણી ભૂલી ગયા. જ્યારે ગુજરાતનાં સુથાર કાષ્ઠકામની પ્રણાલિકાગત બાંધણી ભૂલ્યા નહી કેમકે દેવમંદિરોનું બાંધકામ અટક્યું પણ રહેવાનાં મકાનો, હવેલીઓ, આલયો વિગેરેનું બાંધકામ તો પુરાણી બાંધણી મુજબ જ ચાલુ રહ્યું.

લોથલનાં બંદરનાં બાંધકામ ઉપરથી નક્કી કરી શકાય કે ઇસ્વીસન પૂર્વે બેથી અઢી હજાર વર્ષ પહેલાં બંધાયેલા લોથલના બંદરમાં સેંકડો વહાણોની આવ જા થતી હશે એટલે એ સમયે ગુજરાતની લોથલ સંસ્કૃતિની પ્રજા વહાણોનું બાંધકામ જાણતી હશે. ગુજરાતનાં પણીઓ (વાણિયા), અસુરદેશ (એસિરીયા), યવનદેશ (અરબસ્તાન), અલકાસુંદર (હાલના ઇજીપ્તનું એલેક્ઝાંડ્રીયા), યવદ્વીપ (જાવા), સુમાત્રા, લક્ષદ્વીપ, સિલોન વગેરે દેશો સાથે સમુદ્રીય વેપાર કરતા. આ સમયમાં ગુજરાતના તળાજા, સોમનાથ ઉના, દ્વારકા, કનકાવતી, ભદ્રાવતી, ઘોઘા અને ધોલેરા બંદર ઉપર વહાણોનું બાંધકામ થતું. સંવતના આઠમાં સૈકામાં ચાવડાઓ સંઘારો, કોળીઓ અને દૈલ રજપુતોનાં વહાણ દરિયા ઉપર કરતા. આ સમયે મધુમાવતી (મહુવા), તાલધ્વજપુરી (તળાજા) વિગેરેનાં વહાણવાડા બાંધકામ માટે પ્રખ્યાત હતાં. ગુજરાતનાં ભૃગુકચ્છ, સ્તંભતીર્થ અને સોપારા તથા કચ્છના માંડવી અને કોટેશ્વર બંદરોમાં વહાણોનું બાંધકામ થતું. વહાણ બાંધકામની વારસાગત પ્રણાલિકા ગુજરાતનાં વહાણ બાંધનારાઓએ આજ દિન સુધી જાળવી રાખી

છે. વહાણોમાં બાંધકામમાં કાષ્ટનો જ ઉપયોગ થતો અને વહાણોને શણગારવા માટે મહોરાં ઉપર પૂતળીઓ અને વહાણનાં કિનારા ઉપર જુદા જુદા પ્રકારની વેલો વિગેરેનું કોતરકામ થતું.

છેક ભગવાન શ્રીકૃષ્ણનાં સમયથી મકાનોનાં બાંધકામમાં ગવાક્ષ, અટારી, દ્વારશાખ, જાળીયા, ડોકાબારી, ગડકબારી, ઝરૂખા, તોરણીયા, નવખાનીયા ત્રણખાનીયા, વળગણિયો, ખીંટીઓ, ઝૂમ્મરો વિગેરે કોતરકામથી ભરપૂર થતાં અને આ બધાં કાષ્ઠમાંથી બનતા. કૃષ્ણનાં સમયની દ્વારકાનું વર્ણન કરતા કવિ પ્રેમાનંદ લખે છે કે -

'અટારી, જાળી, મેડી, માળ, જડીત્ર કડેરાં ઝાકઝમાળ,
ચળકે કામ ત્યાં મીનાકારી, અમરાપુરી નાંખુ ઓવારી.'

એક બીજો કવિ કોઈ રાજાનાં મહેલનું વર્ણન કરતાં લખે છે કે-

'છજા, જાળીયા, માળીયા ખૂબ સાજે
મેડી માળ ને ગોખના રૂપ રાજે.'

પુરાણા મકાનો બાબત આવાં તો કેટલાંય વર્ણનો ગુજરાતનાં કવિઓ કરી ગયાં છે.

મકાનોનાં બાંધકામ ઉપરાંત ગુજરાતનાં સુતારો અનેકવિધ પ્રકારનાં ઘર વપરાશનાં કાષ્ઠનાં રાચરચીલાનું સર્જન કરતા આવ્યા છે. કાષ્ઠના પટારાં, પેટી, મજ્જુ, કોઠલો, છરકોતરાં, ઘંટીના થાળા, પાટલાઓ, સિંહાસન બાજોઠ, સાંગામાચી વિગેરે ગુજરાતનાં સુથારરોનાં ઉત્તમ સર્જન ગણાય.

છેલ્લા અગિયારસો વર્ષથી ગુજરાતનાં સુતારોએ કાષ્ઠકામમાં સંઘેડાનો ઉપયોગ શરૂ કર્યો હોય તેમ લાગે છે. કાષ્ઠકામમાં સંઘેડાનાં આગમન પછી પારણાઓ, પલંગો, ટાચકાઓ, ઓરણીઓ, ખાંટીઓ અને વિવિધ પ્રકારનાં રમકડાનાં સર્જનમાં શુદ્ધ ગોળ પ્રકાર દાખલ થયા. ધીરે ધીરે સંઘેડાની સાથે સાથે સંઘાટમાં રંગકામ અને લાખકામ ભળ્યાં. આ કામ ભળતાં સુખાસનો, સાંગામાચીઓ, હીંડોળાઓ, રથંભો તથા રમકડાઓમાં ઘણી જ શોભા વધી અને આ પ્રકારે તૈયાર થયેલ માલ પરદેશ પણ જવા લાગ્યો. મહુવા તથા સંખેડાનું ફર્નીચર તથા રમકડાનું કાષ્ઠકામ દુનિયાભરમાં જાણીતું થયું છે. છેલ્લા પચ્ચીશ વર્ષમાં પુરાણું કાષ્ઠકામ વિસરાયું છે પણ હાલમાં "ગુજરાત રાજ્ય હસ્તકલા મંડળ" નામની સંસ્થા આ કામનું નવસર્જન કરી રહી છે.



# મહાગુજરાતની સ્તંભસૃષ્ટિ

—ડૉ. હરિભાઈ ગૌદાની

"एवं तारामयः स्तम्भो नास्तमेति न वोदयम् ।
नक्षत्र चन्द्र सूर्यश्च ग्रहास्तारागणेः सह ॥"

નક્ષત્રો, સૂર્ય, ચંદ્ર, તારાગણો, ગ્રહો અને નિહારિકાઓ એ શાશ્વત સ્તંભો છે, જેનો ઉદય કે અસ્ત નથી.

ઉપર જણાવેલ સ્તંભો શાશ્વત ગણાય છે, પણ જેને આપણે સ્તંભો તરીકે સંબોધીએ છીએ તેમાંનાં ઘણાં અલ્પજીવી, સૈકાજીવી, દશ સૈકાજીવી, લાખોવર્ષજીવી હોય છે. અગ્નિસ્તંભ, વાયુસ્તંભ અને જળસ્તંભ અલ્પજીવી હોય છે. કાષ્ઠસ્તંભ એક સૈકાથી માંડીને દસ સૈકાજીવી હોય છે. ઈંટેરી સ્તંભોનું આયુષ્ય કાષ્ઠસ્તંભથી વધારે હોય છે. પથ્થરિયા સ્તંભોમાં તેની જાત પ્રમાણે હજાર વર્ષથી માંડીને લાખેક વર્ષ સુધીનું આયુષ્ય હોય છે. કાટ ન લાગે તેવી ધાતુમાંથી બનાવેલ સ્તંભોનું આયુષ્ય પથ્થરિયા સ્તંભોથી પણ વધારે હોય છે જ્યારે રત્ન સ્તંભોનું આયુષ્ય સૃષ્ટિ પરનાં સ્તંભોમાં સૌથી વધારે હોય છે.

દુન્યવી સ્તંભ સૃષ્ટિમાં કીર્તિસ્તંભ, વિજયસ્તંભ, માણેકસ્તંભ, સમાધીસ્તંભ, યુદ્ધસ્તંભ, સીમારતંભ, વધસ્તંભ. દીપિકાસ્તંભ, જગસ્તંભ, વાયુસ્તંભ અગ્નિસ્તંભ, ધર્મસ્તંભ અને સામાન્યસ્તંભ આવી જાય છે. આ વિશાળ સૃષ્ટિમાં મનુષ્યને સામાન્ય સ્તંભ (થાંભલો) જેવું બીજું કોઈ ઉપયોગી અંગ નથી. ઘર, દેવમંદિર, સમાધિમંદિર, રાજમહાલય, ઝરૂખા, તળાવ, કુંડ અને વાવ ઉપરનાં વિહાર સ્થળો તથા વાવના તાકને ટેકવતા સ્તંભો એ સ્તંભોની વિશાળ સૃષ્ટિમાં સૌથી મહત્ત્વનાં અંગ ગણાય છે.

સામાન્ય સ્તંભો બનાવવાની શરૂઆત ક્યારથી થઈ એ કહેવું મુશ્કેલ છે છતાં એટલું અનુમાન થઈ શકે કે મનુષ્ય ઝૂંપડું બાંધવા શીખ્યો હશે ત્યારે ઝુંપડાને કે ઝુંપડાની ઓસરીને ટેકવવા માટે સાદા સ્તંભની જરૂર પડી હશે આવા સ્તંભો ઝાડનાં ડાળામાંથી બનાવવામાં આવ્યા હશે. સમય જતાં મનુષ્ય થોડો સંસ્કારી બન્યો હશે ત્યારે તેનું લક્ષ્ય કળાકારીગિરી તરફ વળ્યું હશે. એ સમયે મનુષ્યે લાકડાનાં સ્તંભોને પથ્થરથી ઘસીને સુંવાળો બનાવવા પ્રયત્નો કર્યાં હશે. મનુષ્યની બુદ્ધિનો થોડો વિકાસ થયો હશે ત્યારે સ્તંભનાં સુશોભન માટે સ્તંભનાં છેડે તુંબડું ગોઠવ્યું હશે જ્યારે મનુષ્ય સાધારણ ચિત્રામણ કરતાં શિખ્યો હશે ત્યારે માટીનાં રંગોથી કે કોલસાથી સ્તંભો તેમજ દિવાલો ઉપર ચિત્રકામ કર્યું હશે. સમય જતાં મનુષ્ય અલ્પજીવી ચિત્રકામની જગ્યાએ ધારદાર પથ્થર કે જલતા ઊંબાડીયા દ્વારા સ્તંભો ઉપર ખોદકામ કરી કે નિયત જગ્યાએ બાળી સ્તંભને રૂપાળો બનાવ્યો હશે. ઉપર જણાવેલ પ્રકારનાં સ્તંભોનાં નમૂના વર્ષોથી જૂના પ્રણાલિકા જાળવી રહેનાર આદિવાસીઓનાં ઝુંપડામાં હાલમાં પણ જોવા મળે છે.

શરૂઆતમાં મનુષ્યે તામ્રધાતુ શોધી કાઢી. પછી લોહધાતુ શોધી કાઢી. ધાતુઓનું સંશોધન થતાં સ્તંભ સૃષ્ટિમાં ઘણા ફેરફાર થયા. મનુષ્યે ધાતુમાંથી છીણી, હથોડી, કરવત, રંધા, વીંધણા, શારડી તેમજ બીજાં અનેકવિધ હથિયારો બનાવ્યા. પછી એ હથિયારોની મદદથી કાષ્ઠ તથા પથ્થર ઉપર કોતરકામ કરવાનું શરૂ કર્યું. સમય જતાં મનુષ્ય ઢાળ કામ શીખ્યો ત્યારે સખ્ત ગરમી સહી શકે તેવી માટીનાં બીબાં બનાવી તેનાં ઉપર ધાતુના સ્તંભોનું ઢાળકામ શરૂ કર્યું. આવા ઢાળકામાં મનુષ્યે કીર્તિસ્તંભ, ધર્મસ્તંભ તથા આલયનાં બાંધકામમાં ઉપયોગી એવા સ્તંભો બનાવ્યા. આવા ઢાળકામવાળા સ્તંભોનાં બે પુરાણા નમુના હાલમાં ભારતવર્ષમાં મોજૂદ છે. જેમાંનો એક દિલ્હીના કુતુબમિનાર પાસે અને બીજો મધ્યપ્રદેશનાં ધારનગરની લાટ મસ્જિદ પાસે પડ્યો છે.

મનુષ્યે ધાતુનાં સંશોધન પછી પથ્થરિયા સ્તંભસૃષ્ટિમાં ક્રાંતિકારી ફેરફારો કર્યા. ઇસ્વીસન પૂર્વે ચારેક હજાર વર્ષ પહેલાંની સ્તંભ-સૃષ્ટિમાં ધાતુના સંશોધન પછી કોતરકામ વધ્યું, સ્તંભોનાં શણગાર વધ્યા. સ્તંભોની નીચે કુંભી અને ઉપર સરાં ગોઠવાયા.

ભારતવર્ષની સ્તંભ સૃષ્ટિમાં હરપ્પા, મોહન-જો-દડો અને લોથલની સંસ્કૃતિનાં સૌ પ્રથમ ઈંટેરી સ્તંભો કે કાષ્ઠનાં ચોરસ સ્તંભો મૂકાયા હશે. ત્યારપછી ઇસ્વીસન પૂર્વે પાંચસોથી એક હજાર વર્ષ વચ્ચેનાં પાંચસો વર્ષનાં ગાળામાં કાષ્ઠસ્તંભોમાં અનેકવિધ શ્રેણીનાં સ્તંભો બનાવાયાં હશે, આ ગાળામાં નંદોનાં સમયમાં કાષ્ઠસ્તંભો ઉપર સુવર્ણ તથા રૂપાનાં પતરાંઓ જડી તેનાં ઉપર રત્નોનું જડતરકામ કરવામાં આવ્યું હશે તેમ કેટલાક લખાણો ઉપરથી અનુમાન થઇ શકે છે.

ગુજરાતમાં સૌ પ્રથમ સ્તંભો સાણાની, તળાજાની, જુનાગઢની અને કોડીયા ડુંગરની ગુફાઓમાં કોતરાયાં હશે. સૌ પ્રથમ તો આવાં સ્તંભો ચોરસ કે ગોળ વર્તિત પ્રકારનાં કોતરાયાં તેમ ઉપર જણાવેલ ગુફાઓમાંથી મળી આવેલા સ્તંભો ઉપરથી સાબિત થાય છે.

ગુજરાતમાં પથ્થરિયા મંદિરો બાંધવાની શરૂઆત ગુપ્તકાળમાં થઇ હતી તેનો ઉલ્લેખ જુનાગઢનાં અશોકના શિલાલેખમાં થયો છે. આ કાળ પછી રચાયેલ હાલારમાં ગોપનું મંદિર મોજૂદ છે પણ તેમાં કોઇ સ્તંભ દેખાતો નથી. ક્ષત્રપકાળ પછી મૈત્રક કાળ દરમ્યાન ગુજરાતમાં ઘણાં મંદિરો રચાયાં એ મંદિરોમાં વધારે પડતાં ચોરસ સ્તંભો જોવા મળે છે.

ત્યારપછી ચાપ, પ્રતિહાર અને રાષ્ટ્રકૂટો તથા સૈંધવનાં સમયમાં અનેક મંદિરો, વાવો, કુંડો વિગેરે રચાયા. સાથોસાથ ગુજરાતની સ્તંભાવલિમાં રૂપકામવાળા સ્તંભોનો ઉમેરો થયો. આ કાળ પછી સોલંકીકાળમાં તથા વાઘેલાકાળમાં ગુજરાતમાં સેંકડો નહીં પણ હજારોની સંખ્યામાં મંદિરો, વાવો, તળાવો વિગેરે બંધાયા આ કાળ ગુજરાતની સ્તંભસૃષ્ટિમાં સુવર્ણકાળ ગણાય. ત્યારપછી મુસ્લિમકાળમાં મસ્જિદો તથા વાવોમાં ભૂમિતિનાં કોણ તથા ફૂલ સુશોભનનાં નવા આકારોવાળાં સ્તંભો ઉમેરાયાં. છેવટે પરદેશીઓનાં આગમન પછી ગુજરાતમાં ગ્રીક તથા રોમન શૈલીની અસરવાળા પથ્થરિયા તેમ જ કાષ્ઠસ્તંભો બન્યા પણ એ સ્તંભો બહુ લોકપ્રિય બન્યા નહીં.

ગુજરાતનાં જાણીતા શિલ્પશાસ્ત્રનાં પુસ્તક 'દીપાર્ણવ'માં સ્તંભોની પાંચ જાતો વર્ણવી છે–ચોરસ (રુચક), ત્રિનાશક (ભદ્રજાત), પ્રતિરથ (વર્ધમાન), છ ખૂણાવાળો (ષટ્ચક) અને આઠખૂણાવાળો (સ્વસ્તિક). સ્તંભોની આ પ્રકારની જાતો ઉપરાંત ભારતવર્ષની અન્ય જાતો શિલ્પ વિષયક અન્ય પુસ્તકમાં લખાયેલી છે પણ અહીંયા આપણે ગુજરાતનાં સ્તંભો પૂરતું જ વર્ણન કરીશું.

સ્તંભોની જાતોનું મૂળ માનસી શિવલિંગમાંથી ઉત્પન્ન થયું હોય તેમ કહેવાય છે. માનસી શિવલિંગનો નીચેનો બ્રહ્મા ભાગ ચોરસ હોય છે, વચલો વિષ્ણુભાગ આઠખૂણાવાળો હોય છે અને ઉપલો શિવભાગ ગોળાકાર હોય છે. ગુજરાતમાં મળી આવતી સ્તંભશ્રેણીમાં ચોરસ, ભદ્રવાળો (આઠ ચીરીઓવાળો), ઉપભદ્રવાળો (સોળ ખુણાવાળો), બત્રીશ ખુણાવાળો, આઠ ખુણાવાળો, બાર ખુણાવાળો, સોળ ખુણાવાળો, બત્રીશ ખુણાવાળો અને ગોળ એટલી જાતો મળી આવી છે.

[સ્તંભના જુદા જુદા અંગોમાં નીચે કુંભી, તેની ઉપર સ્તંભ, તેની ઉપર કર્ણો અને તેની ઉપર સરું આવે છે. દોઢિયા સ્તંભોમાં નીચેથી કુંભી તેની ઉપર ચાંભલો, તેની ઉપર ઘંટાસરું, તેની ઉપર ટેકી અને તેની ઉપર ભેટાસરું એમ પાંચ ભાગો હોય છે.]

ગુજરાતની સ્તંભસૃષ્ટિમાં કુંભીની શરૂઆત લાકડાનાં સ્તંભ નીચે તુંબડું ગોઠવવાથી થઈ હશે. પછી તુંબડાની જગ્યાએ સુશોભનવાળી કુંભી શરૂ થઈ હશે. સમય જતાં કુંભીઓ ચોરસ અને જુદા જુદા ખુણાઓવાળી બની હશે.

ગુજરાતમાં ચોરસશ્રેણીનો સૌ પ્રથમ સ્તંભ સાણા તથા તળાજાની હિનયાનપંથી ગુફાઓમાંથી મળ્યો છે. ગુજરાતનાં ગોળ સ્તંભનો જૂનામાં જૂનો નમૂનો જૂનાગઢની ઉપરકોટની અશોકગુફામાં જોવા મળે છે. સાદા સ્તંભો પછી ભદ્રવાળા, ઉપભદ્રવાળા અને પ્રતિરથવાળા સ્તંભો ગુજરાતમાં સોલંકીયુગી મંદિરો તેમ જ વાવોમાંથી મળે છે. સોળ ખુણાવાળા સ્તંભો ગુજરાતમાં દેલવાડાનાં દેરાં શિવાય દેખાતાં નથી.

ઉપર જણાવેલી શૈલીઓ ઉપરાંત ગોળાકાર સ્તંભોમાં નીચેથી જાડા અને ઉપરથી પાતળા સાંબેલા આકારનાં, આંબળાના સુશોભનવાળા, નળાકાર સુશોભન વિગેરે પ્રકારનાં સ્તંભો ગુજરાતમાં દેવમંદિરો અને પુરાણા મહાલયોમાંથી મળી આવ્યા છે. સંવતના અઢારમાં સૈકામાં રચાયેલ સુરેન્દ્રનગર પાસેનું દુધરેજનું મંદિર શાસ્ત્રોક્ત ઉપરાંત બીજા અનેકવિધ સ્તંભ સુશોભનથી અંકિત છે.

ગુજરાતીની સ્તંભ સૃષ્ટિમાં સ્તંભો ઉપર અનેકવિધ સુશોભનો જોવા મળે છે. આવા સુશોભનમાં દેવ–મૂર્તિઓ, યક્ષો, ગાંધર્વો, ભક્તો, દ્વારપાળો, કીચકો, પક્ષીઓ, સૈનિકો, પશુઓ, વાહનો, ફૂલવેલો ભુટ્ટીઓ, સુશોભનોવાળી કુંભીઓ, કળશો આમલકો, વર્તીતો, ગ્રાસમુખો, સાંકળો, ઘંટાઓ, આંતર, અને બહિંનલિકાઓ, વર્તીન નલિકાઓ વગેરે ઘણી જગ્યાએ જોવા મળે છે.

ગુજરાતના લોકગીતોમાં લખાયું છે કે—

'વીર મારો, ઘર વચલેલો થંભ, ભાભી કેકાની પૂતળી રે.'

ગુજરાતનાં એક બીજા લોકગીતાં લખાયું છે કે—

"બત્રીશ ભાતનાં થાંભલા, ને ઈને રંગ્યાં ભાતીગળુ રંગ;
રાની સભાળાં મેં તો નીરખ્યા, ખોડાર્યા અમરાપુર સંગ."

વળી એક અન્ય લોકગીમ પણ નોંધે છે—

"આંગળી ન થાય થાંભલો, ન થાય થાંભલો મિનારો;
મિનારે ન યે આભલું, એમ કહે કવિ જોનારો."



# ગુજરાતનું ભરતકામ

—ડૉ. હરિભાઈ ગૌદાની

'ભૃ' એ સંસ્કૃત શબ્દ છે. તેનો અર્થ ધારણ કરનાર થાય છે. ભરવું કે ભરત આ શબ્દ ઉપરથી બનેલા છે. કોઈપણ વાહન ઉપર ભાર ભરવામાં આવે તો તેને વાહન ર ભરત કરેલું કહેવામાં આવે છે. રેશમી, સુતરાઉ, ઊનના કાપડ ઉપર તથા ચર્મ ઉપર રેશમી, સુતરાઉ, ઊની કે ધાતુના તારથી વિવિધ પ્રકારનું ભરતર કરવામાં આવે તેને ભરત કહેવાય છે.

છેક આર્યોના કાળથી સૌરાષ્ટ્ર અને ગુજરાત ઉપર સમુદ્ર માર્ગે તથા જમીન માર્ગે અનેક પરદેશી ચડાઈઓ આવી. આવી ચડાઈઓ લઈ આવનારાઓમાંનાં ઘણાં આ પ્રદેશને લૂંટીને ચાલતા થયા અને ઘણાં આ પ્રદેશમાં રોકાઈ ગયા. ગુજરાતની આદિવાસી પ્રજા નાગ, કાળા, કાબા અને ભીલ કોમો ભરતકામ જાણતી હતી કે નહિ તે અંગે કાંઈ જાણવા મળ્યું નથી. ગુજરાતમાં આવનાર આર્યો અને બીજી આર્યેતર જાતિઓ ગુજરાતમાં આવી ત્યારે પોતપોતાની આગવી ભરતશ્રેણી લેતી આવી અને એ રીતે ગુજરાત ભરતોની અનેકવિધ શ્રેણીઓથી સમૃદ્ધ થયું.

ગુજરાતમાં બહારથી આવી વસનાર કોમોમાં યદુ, કાઠી, સંઘાર, આયર, જત, પબજુગિઆ, ગુર્જરો, શકો, મેરો, આંભીરો, રબારીઓ નાગરો, પાટીદાર અને અમુક કોમોના કારીગરો ગણાય. આ બધી કોમોના ભરતકામે ગુજરાતને ભરતની જુદી જુદી શ્રેણીઓથી સમૃદ્ધ કર્યું.

એક બાજુ કાશ્મીરનું કાશીદા ભરત, પંજાબનું બાગ અને ફૂલકરી ભરત, ચંબાનું રૂમાલ ભરત, પંજાબની ટેકરીઓનું પંજાબી ભરત લખનૌ અને ઢાકાનું ચિકનકરી ભરત, બિહારનું કાશીદા, સુજની અને કતરાઉ ભરત, બંગાળનું કથા ભરત, મુર્શિદાબાદ અને ઢાકાનું બંગાળી ભરત, આસામનું મથીપુરી ભરત, રાજસ્થાનનું રાજસ્થાની ભરત, મધ્યપ્રદેશનું માળવી ભરત, મહારાષ્ટ્ર અને મૈસૂરનું કાસૂતી ભરત નાગાઓનું નાગભરત એ બધી જાતો અને બીજી બાજુ ગુજરાતની ભરતની જાતોને ગણવે તોળીએ તો ગુજરાતના ભરતનું વજન વધી જાય. એટલે કે એક બાજુ આખા ભારતવર્ષના ભરતની જાતો અને બીજી બાજુ એકલા ગુજરાતના ભરતની જાતોને સરખાવવામાં આવે તો એકલું ગુજરાત ભરતની જાતોની દૃષ્ટિએ ભારતના બીજા બધા ભાગો કરતાં વધી જાય.

ગુજરાતની ભરતકામની જાણીતી શ્રેણીઓમાં કાઠી ભરત, મોચી ભરત, મહાજન ભરત, લોહાણા ભરત, અબોટી ભરત, મેર ભરત, સથવારા ભરત, બન્ની ભરત, હાલાસ, ગોહિલવાડી અને ગુજરાતી કણબી ભરત, સગર ભરત, રબારી ભરત, ચારણ ભરત, ખરીયા ભરત, આટ ભરત, બનાસકાંઠાની જુદી જુદી કોમોના ભરત તથા મોલેસલામ ગરાસીયાનું ભરત વિગેરે આવી જાય છે.

ભરતકામ મોટે ભાગે સુતરાઉ, રેશમી તથા ઊનનું કાપડ અને ક્વચિત ચામડા ઉપર થાય છે. ભરત ભરવામાં મોટેભાગે સુતરાઉ, રેશમી કે ઊનના તાર વાપરવામાં આવે છે. ક્વચિત સોના-રૂપા અને તાંબા જેવી ધાતુના તારનો પણ ઉપયોગ થાય છે. આપ, સાકરીયા મોતી, સતારા, કટોરી અને અમુક જાનવરના વાળ તથા પીંછા વિગેરે ભરતકામનાં શૃંગારના અંગો ગણાય.

ભરતના જુદા જુદા પ્રકારોમાં કથીપો, વાડીવેલો, વાંકડી બુટી, આરી ભરત, મોચી ભરત, કેનવાસ ભરત, ડાડવડી ભરત, સાંકળી ભરત, અદ્દડીઆ ભરત, રબારી ચોકડા ભરત, ગાંઠ ભરત, કોળી ફુલ-ભરત, મોતી ચોક ભરત, તાર બપોરીયા ભરત, કનકતાર ભરત અને હલભરત વિગેરે પ્રકારો જાણીતા છે. ભરતકામ મુખ્યત્વે ચાકળા, ટોડલિયા, તોરણ, પાન કોથળીઆ, બેસણ, પછીતપાટી વીંઝણા, નથીયા ગાલમસૂરીઆ, ઓશીકાં, ગોદડા ઢાંકણીઆ ચંદરવા, ઉલેચ વિગેરે શૃંગારના સાધનો ઉપર તથા સાડીની મથરાવટી, કોરો, ચણિયા સાડીના પાલવ, ટોપી, આંગડી, બગલ્યા, કોથળી વિગેરે ઉપર કરવામાં આવે છે. ગોદડા ઢાંકણીઆ, દેવસ્થાપન (ગણેશ સ્થાપન), ગૌમુખી અને વાંસળી ઉપર પણ ભરત કરવામાં આવે છે.

પશુઓનાં શણગારમાં બળદોના શણગારમાં ઝૂલ, ખાંભળા (શિંગડા), મથરાવટી, મોરડા, મોરડા, વિગેરે, ઘોડાના શણગારમાં ધારસીયા, ઘૂઘી અને ખલતો વિગેરે ઉપર ભરતકામ થતું અને થાય છે ગાડાસ ગરાન, વેલ તથા પાલખીઓના માફા ઉપર ભરતકામ થતું જે હવે વિસરાતું જાય છે.

ગુજરાતમાં ભરતકામની દૃષ્ટિએ સૌરાષ્ટ્ર, કચ્છ અને બનાસકાંઠાનો કેટલોક ભાગ એટલા પ્રદેશો ખૂબ જ સમૃદ્ધ ગણાય છે. ગુજરાતનાં બાકીના પ્રદેશોમાં બહુ ઓછું ભરતકામ થતું અને થાય છે.

ગુજરાતના પુરાણા ભરતકામમાં કાઠી ભરત અને મહાજન ભરત વધારે પુરાણા ગણાય. આ બે ભરતશ્રેણીઓમાં કઈ શ્રેણી વધારે જુની હશે તે કહેવું મુશ્કેલ છે.

પુરાણું કાઠીભરત મોટે ભાગે જાંબલી કે ઘેરા વાદળી સુતરાઉ કાપડ ઉપર કરવામાં આવતું. આ ભરતકામમાં મોટે ભાગે રેશમના દોરાનો ઉપયોગ થતો. જૂની કાઠીશ્રેણીના ભરતકામમાં મનુષ્ય, પ્રાણી તથા પક્ષીઓની પ્રતિકૃતિઓનું ભરત થતું. વલોણાના દૃશ્યો, પાલખી, કાવડ, બળદગાડી, ઊંટગાડી વિગેરેના દૃશ્યો, ઊંટ, હાથી, ઘોડા અને ખચ્ચર ઉપર સવારીના દૃશ્યો વિગેરે જૂના કાઠી ભરતના આગવા અંગો ગણાય. કાઠી ભરતમાં ક્યાંક ક્યાંક દેવોની પ્રતિકૃતિઓનું ભરતકામ પણ કરવામાં આવેલું જોવા મળે છે. પુરાણુ કાઠી ભરતકામ રેશમના તારોને વનસ્પતિના રંગોથી રંગીને કરવામાં આવતું. આવાં ભરતકામમાં સફેદ, લીલો અને કથ્થાઈ એમ ત્રણ પ્રકારના રંગોનો ઉપયોગ થતો.

મહાજન ભરત મોટે ભાગે ગૂઢા લાલરંગના સુતરાઉ કાપડ ઉપર કરવામાં આવતું અને એ ભરતકામમાં એ જ રંગના રેશમના તારનો ઉપયોગ થતો. ક્યારેક ક્યારેક સફેદરંગના રેશમતારનો ઉપયોગ સાંકળીમાં અને મોતીદાણામાં કરવામાં આવતો. કણબીભરત અને બીજી કેટલીક ખેતી કરતી કોમોના ભરતમાં વિવિધ રંગના કાપડનો તેમજ રેશમનો ઉપયોગ કરવામાં આવતો. ભરતકામમાં ક્વચિત ઊનના તારનો પણ ઉપયોગ કરવામાં આવતો. કુદરતને ખોળે રમતી કણબી કોમને પોતાના ભરતમાં નજર સામે રમતાં પુષ્પો અને વનસ્પતિના વિવિધરંગો ઉતારવાની પ્રેરણા મળી હોય એ બનવા જોગ છે.

રબારી અને બનાસકાંઠાની કેટલીક કોમોમાં રબારી ચોકડાનું ભરત ઘણું પ્રચલિત છે. આ પ્રકારનું ભરત મુખ્યત્વે ચણિયા, કાપડા, સાડીના પાલવ, કેડીયા, રૂમાલ, થેલીઓ, ચાદરો વિગેરે ઉપર કરવામાં આવે છે. રબારી ભરત મોટે ભાગે વાદળી કે તપખીરીયા રંગના કાપડ ઉપર કરવામાં આવે છે. આ પ્રકારનું ભરત ક્વચિત ચંદરવા તથા ગોદડા–ઢાંકણિયા ઉપર થતું જોવા મળે છે.

બન્ની તથા કચ્છનું લોહાણા ભરત એક બીજાથી જુદું પડે છે. પણ ટાંકા મળતાં આવે છે. કચ્છ પ્રદેશમાં જાણીતું આ 'ભરત મોટેભાગે ચણિયા, કાપડા, ઓઢણા, ઓછાડ વિગેરે ઉપર, કરવામાં આવે છે. આ પ્રદેશની મુસ્લિમ કોમની સ્ત્રીઓને પહેરવાના ઝભ્ભા, ઓઢણા વિગેરે ઉપર થતું ભરત બન્નીનાં તથા કચ્છનાં લોહાણા ભરત અને ચિકનભરતમાંથી ઉપજાવેલ ભરતનાં મિશ્રણ જેવું દેખાય છે.

ગુજરાતની પારસી, વહોરા તથા કેટલીક શ્રીમંત કોમોએ ભારતવર્ષ સ્વતંત્ર થયું તે પહેલાંના પચાસવર્ષના ગાળામાં પશ્ચિમાત્ય શ્રેણીનું ભરતકામ અપનાવ્યું હતું. આવું ભરતકામ મુખ્યત્વે સાડીની કોર. પાલવ, ધન–કોથળી (Money–Purse) વિગેરે ઉપર થતું.



# ગુજરાતમાં સૌરાષ્ટ્રના લોકભરતની શોભનભાતો અને ભરત પરંપરાની એંધાણીઓ

—શ્રી ખોડીદાસ પરમાર

ભલે માનવજાતનું અને પ્રકૃતિનું રૂપ અને સૌંદર્ય ઈશ્વરદત્ત હોય, તેમાં રૂપ, રંગ અને કુમાશ ભરપૂર ભરી હોય, બધે જ સૌંદર્યનો ઓઘ ઉછળતો હોય, પણ સૌંદર્યદર્શી માનવી તો તે પ્રકૃતિપરાયણ સૌંદર્યની સાથે પણ ટાપકટીપક કરી તેને વધારે દીપ્તિમાન બનાવે છે. પાળેલા પશુ, ઉજમાળા ઘરબાર, અને જીવન સાથેની સર્વરૂપ-દર્શી શોભા, સજાવટ, મંડન, સુશોભન વગેરે તો માનવકૃત જ છે. રૂપ અને રસના સૌંદર્યનો ઘેલો માનવી ભલેને આ અખંડ ધરતીનો નાનો શો કણ હોય પણ જે ઇશ્વરે આપ્યું છે, અને પોતે હાથે સર્જ્યું છે તે બધાને તેણે રૂડી રીતે શણગાર્યું છે. અને શોભન-મંડિત કરીને વધારે સૌંદર્યપૂરિત કરી દેખાડ્યું ત્યાં જ તે સૌંદર્ય-વાંચ્છુ છે તેવી ભાવના દેખાઈ આવે છે. વળી આ ક્ષણભંગુર કાયાની માનવ માત્રને માયા તો છે જ ને! કાયાની માયાને લીધે અંગઢાંકણ લુગડાં સાથે, રહેવાના ઘરની ઉપર, પાળેલાં જનાવર સાથે, લગભગ જીવન જરૂરિયાતની દરેક ચીજવસ્તુ ઉપર માનવીએ વિગતે તેમ જ સુરુચિપૂર્ણ શોભા સજાવટ તો કરી જ છે. અને આ બાહ્ય આંગિક સુશોભનથી દરેક વસ્તુ દીપી ઉઠે છે. ઘણીક-વાર દેહ વરવો માનવદેહ પણ શોભનમંડનથી રૂપની રસલોળમાં અંઘોળાતો દીપે છે તેથી જ કહ્યું છે ને કે "એક નૂર માનવી હજાર નૂર કપડાં" સારી રીતે શોભનમંડિત થયેલો માનવદેહ જરૂર રૂપ-સુંદર તો લાગે જ ને, તે નર-નારી કે પાળેલું પશુ ગમે તે હોય, સૌના બાહ્યદેહને શણગાર રૂડી પેરે દીપાવે છે. અને આ રૂપ સૌંદર્ય જાણવું, માણવું અને તેમાં રસ તરબોળ થવું તે જ સૌંદર્યદર્શી માનવીનું સાચું દર્શન હશે ને?

સૌ પ્રાણીઓમાં માનવી જ એવો છે જેનું મન ઉડ્ડયનના વિહાર તરંગે અને ઊર્મિના રસહિલોળે વિચરતું રહે છે, અગમ-અગોચરના ખુણેખુણા ફંફોળતું અને ચકિત ચગડોળે ફરતું મન સૃષ્ટિ અને માનવીના શારીરિક શણગાર માટે હંમેશાં રસલોલુપ હોય છે. પણ તેમાંય તે રૂપભરી નારીનું મન તો જ્યાં જ્યાં રૂપ, રચના, સુંદરતા વગેરે જુએ છે ત્યાંથી મધમાખીની જેમ તે ચૂંટી ચૂંટીને તેનો પુંજ બનાવીને તેમાંથી રચના-શોભાની આભા રચી મઢાવીને મૂર્તરૂપે સાદસ્ય કરી દેખાડે છે. આદિજુગથી જ નારીના હાથો અને હૈયાએ જાત-જીવન અને આજુબાજુનું વાતાવરણ શણગારવા, શોભાવવામાં કશીય મણા રાખી નથી. રૂપ-રચના સૌંદર્યની પિપાસુ નારીએ જ સૌ પ્રથમ શોભા શણગારના શ્રી ગણેશ માંડ્યા છે. જેની કૃતિ અને પરંપરા હજી આજે પણ અખંડ રીતે થયા જ કરે છે. આમ વિશેષતઃ નારીના કરકમળમાંથી જ લોકકળા સર્જાઈ છે. અને ઉત્તરોત્તર અવનવા રૂપે તે સર્વત્ર જોવા મળે છે.

માનવજીવનના ઉષઃપ્રભાતે માનવી જંગલે જંગલ ભટકતો ફરતો હતો, પછી બુદ્ધિચાતુર્યથી તે ગુફામાં વસતો થયો. ઋતુઋતુના વાયરેથી તે પોતાની જાતનું રક્ષણ કરતો જ. અને જ્યારથી શરીર રક્ષણ માટે તે શિકાર કરેલા પ્રાણીઓનાં ચામડાં શરીર ઉપર વીંટતો થયો ત્યારથી જ તેનામાં શરીર શણગાર માટેની વૃત્તિઓ ઉદ્ભવતી ગઈ. તે કાળની ગૃહનારીઓએ બે ચામડાની ખાલોને સીવી ટેભા ભરીને એક બનાવી ત્યારથી આ દુનિયામાં સીવણ ભરતના ટાંકા ટેભાની શરૂઆત થઈ તેમ કહી શકાય. આ સીલાઈ માટે તે કાળે મૃતપ્રાણીના તીણા નહોર, દાંત કે પથ્થરની અણીદાર કરચનો સોય તરીકે ઉપયોગ થયો હશે અને પ્રાણીના પાતળા આંતરડા કે ચામડાની પાતળી લીર વાધરીવડે આ બે ખાલને ફાંક ભરીને જ્યારે તેને એક બનાવી હશે તે સીવણ ટાંકાનો પ્રથમ પ્રકાર બન્યો. આ બે ટૂકડામાંથી એક ખીલવટ ચામડાનો અંગ ઢાંકવાનો ચોફાળ બન્યો, જેની બે ખાલ વચ્ચે વ્યવસ્થિત રીતે એવા ફાંક-ટેભા હશે કે એક બાજુનું ચામડું બીજી બાજુના ચામડા સાથે જોડાઈને બરોબર ખીલાઈ ગયું. વળી આ કામ ઘરમાં સ્ત્રીઓનું જ હોવાથી તેણે તે ટેભા નારીની આવડત પ્રમાણે જરા વધારે વ્યવસ્થિત અને સારા દેખાય તે રીતે લીધા હશે. આમ આ ચામડાની ખાલના ખીલવટ ટેભાબખિયા તે જ સીવણ-ભરતના પ્રથમ અવતાર મંડાણ-રૂપ બન્યા તેમ કહેવાય.

અને માનવીની સંસ્કૃતિ ધીમે ધીમે વિકાસ પામતી ગઈ અને પ્રગતિના પંથે આગળ વધતી ગઈ. ભારતવર્ષની ભૂમિના આદ્ય રહેવાસી અનાર્યો તેમાં મોહેં-જો-ડેરોના રહેવાસી, લોથલ અને રંગપુરવાસીઓ વગેરેના ટીંબાના ખોદાણમાંથી ત્રાંબાની સોય ઘણી મળી છે. ઘરેઘરમાં સોય તો હોવી જ જોઈએ, કારણ કે કપડાંને સાંધવા, ખીલવા, ખીલવા, તૂનવા અને ભરત ભરવા માટે સોય એક અગત્યનું સાધન હતું. વળી મોહેં-જો-ડેરોના ખોદાણમાંથી નીકળેલી પૂજારીની મૂર્તિના ઉપવસ્ત્ર ઉપર જે ત્રણ પાંખડીવાળી ફુદીની ભાત છે તે ઉપસાવેલી હોવાથી તે ભરેલું ભરત હશે તેમ અનુમાની શકાય. કારણ કે ભાત છાપવાની પ્રથા પાછળથી શરૂ થઈ છે. તેથી તે ભરત જ હશે તેમ માની શકાય છે. તે કાળમાં લોકો છૂટા ઉપવસ્ત્રો અને અધોવસ્ત્રો પહેરે ઓઢે છે. તે કાળમાં અનાર્ય સંસ્કૃતિમાં વસ્ત્રો ખાસ રંગીન નહોતા પણ સાદાં ધોળા જ હશે તેવું વિદ્વાનોએ અનુમાન્યું છે. વળી આપણી પ્રજા સૌંદર્યશોખીન તો હતી જ, તેને માત્ર સાવ સાદું કપડું કેમ ગમે? તેથી તે ધોળા કે રાતા કપડાં ઉપર કંઈક ટાપકટીપક ભાત ભરી હશે. તે કાળના માટીના વાસણો જેવાં કે ગોળા, કોઠી કથરોટ, કોડલા, શકોરા વગેરે ઉપર તેઓએ રૂડી રીતે ચીતરામણ કર્યાં છે, જે

લોકો આવી નાની નાની રોજબરોજ ઉપયોગની વસ્તુઓને શોભન-મંડિત કરે તેઓ અચૂક પોતાનાં કપડાંલત્તાં વગેરેને તો શણગારે જ ને ? આ કપડાં પરનાં શણગાર–શોભન ઘેર બેઠેલી સ્ત્રીઓ જ કરે ને ? તેના શોભન સંસ્કારની ભાત સાદી ભૌમિતિક આકારો-વાળી તેમજ, વેલબુટ્ટીને આકૃતિપ્રધાન હોઇ શકે. હડપ્પાના ટીંબાના ખોદાણમાંથી મળેલા એક ઠીકરા ઉપર અત્યારે ભરાતી "સાચી ધરાબંધી" જેવી ભાત છે. તે સાથે ઝાડ, વીંછી વગેરેના આકારો તો હજી યથાતથ જેવા ભરતમાં જોવા મળે છે. આમ દટાયેલી દ્રાવિડ સંસ્કૃતિમાં પણ ભરત થતું જ તે તેમાંથી મળેલી ત્રાંબાની સોયના જથ્થા પરથી, શોભનભાતો પરથી અનુમાની શકાય તેમ છે. વળી તેની અમુક શોભનાભતો આજેય ગ્રામ સ્ત્રીઓ ભરે છે.

પછી તો ઉત્તર સીમાડો વળોટીને ઉજ્વલરંગી અને રૂપદર્શી આર્યો ભારતમાં આવ્યા. ઉજ્વલ મજબૂત શરીર માથે સૂર્યના તેજ જેવો પીત અને કેસર રંગો તેમજ ગેરૂ રંગનો તેમનો પહેરવેશ હતો આવા રંગીન પહેરશ વેદોમાં ઘણા સ્થળે ઉલ્લેખ છે. સ્ત્રીઓ તેમજ પુરૂષો સીવ્યા વગરનાં છૂટા વસ્ત્રો ધારણ કરતા. ધંધામાં પશુપાલન તેમજ ખેતી મુખ્ય હતા, વળી આર્યકુળમાં સંયુક્ત કુટુંબની જ ભાવના મહદ્અંશે હતી. કુટુંબના દરેક સ્ત્રી–પુરૂષોના વસ્ત્રો એક સાથે રહેતા અને વસ્ત્રો સીવ્યા વગરના તેમજ એક સરખા હોવાથી અંદર અંદર બદલાઇ જવાનો સંભવ ખરો, તેથી દરેક વસ્ત્ર ઉપર તેના પહેરનાર અમુક નિશાનીઓ કરતા હશે. દરેક વ્યક્તિના વસ્ત્રના છેડે કે અંદરના ભાગમાં અમુક રંગના ટૂકડાનું થીગડું મરાતું કે નાનું મોહું કે અમુક આકાર રંગીન દોરાથી ભરાતા હશે. જેથી સ્ત્રી–પુરૂષો સ્રો સૌનાં કપડાં જુદાં પડી જાય. આ રિવાજ માલધારી સ્ત્રીઓ પોતાના ઓઢણા, ધાબળી, ચોફાળ, પછેડી વગેરેમાં ઉપર દર્શાવેલી રીતે નિશાનીઓ કરે છે. ભારતીય સંસ્કૃતિમાં હંમેશા રૂઢિપ્રથા તૂટતી નથી, તેની સાંકળનું સાતત્ય જળવાઇ રહે છે તેથી આ વસ્તુ વેદકાળમાં હશે તેમ અનુમાની શકાય તેવી છે. વેદમાં ભરત કામના ઉલ્લેખ તેમજ સોયના ઘણા ઉલ્લેખ છે. તેમાંય ઋગ્વેદ, યજુર્વેદ, ઐતેરેય શતપથ બ્રાહ્મણ વગેરેમાં તો સોયના ઘણા ઉલ્લેખો છે જ.

પૌરાણિક કાળમાં તો વાનેવધના તેમજ ભાતભાતના કપડાં i વર્ણન તેમજ ઉલ્લેખો મળે છે. રામાયણ અને મહાભારત કાળમાં લોકો સુંદર કપડાં પહેરતા તેમાં સોનારૂપાના તારનું જરકશીનું ભરત-કામ પણ ભરાતું તેવું વર્ણન છે અને આ કાળ પછી તો શક યવન, નાગ, અસૂર અને દાનવો વગેરે પરદેશી લોકો ભારતવર્ષમાં આવે છે. તેઓમાં ઘણાંકતો વિવિધ રીતે સીવેલાં કપડાં પહેરે છે, અને સુંદર બખિયાથી સીવેલાં કપડાં ઉપર ભ્રોલરી, સીણ વગેરે બાંધેલી હોય છે, તે ઘણાં જૂના શિલ્પો અને ચિત્રોમાં દેખાય છે. બુદ્ધકાળ તેમજ ત્યારપછીના કાળમાં આ પ્રથા ભારતમાં ઉત્તરોત્તર ચાલુ જ હતી, તે કાળે વિહાર, ભવન, સ્તૂપ વગેરેના શોભન માટે કમળફૂલ છંદગતિવાળી વેલો, વગેરેના સુશોભનો ભીંત ઉપર ચીતરતા, બુદ્ધ-હયાત કાલ દરમ્યાન તેમજ તે પછીના વખતમાં આવું ચિત્રણ થતું હતું તેની વિગતે વાતો જાતકકથાઓમાં મળે છે. આ કાળમાં શોભન વલ્લીઓની ભાતો વિશેષ ભરાતી હશે તેમ કલ્પી શકાય, કારણ કે જેવું ચિત્રણમાં હોય છે, તેમાથી થોડાક જ ફેરફારવાળું જરા વધારે સાદું ભરતમાં ભરી શકાય છે. તેથી મૌર્યકાળ દરમ્યાન ભરત, વણાટના ચિત્રો, વગેરેના જુદાજુદા વર્ણનો કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં જોવા મળે છે. ભરત સોયથી ભરાતું અને ભરેલા ભરતકામને તે 'ખચિતમ્' તેવું કહે છે. ખચિતમ્ શબ્દ દ્વારા તે સોયથી ભરેલા ભરતકામનો ઉલ્લેખ કરે છે. આમ ઈ. સ. પૂર્વે ૩-૪થી સદીમાં અર્થશાસ્ત્રમાં પણ ભરતકામનો ઉલ્લેખ થયો જ છે. બુદ્ધકાલીન સમયમાં લોકો શીવેલાં તેમજ છૂટા બંને પ્રકારના વસ્ત્રો પહેરે છે તો શુંગકાળમાં તો લગભગ સ્ત્રીઓ અને પુરુષો જુદાજુદા પ્રકારે બે થી ત્રણ સીવેલાં અને છૂટા વસ્ત્રો પહેરવા લાગ્યા છે. તેમાં સ્ત્રીઓના વસ્ત્રો વિશેષ રીતે શણગારેલા– ભરત ભરેલા જેવાં છે તેનો ખ્યાલ સાંચી ભારહૂત વગેરેના સ્તૂપોના છીછરા તીક્ષણ ( Low Relief )ના શિલ્પો માંથી જોવા મળે છે. પુરુષના માથાબંધણામાં પણ સુંદર કોરેલી ઉપસાવેલી ભાતો છે, પણ વિશેષતો અહી પશુઓના સાજશણગારમાં ઉપસાવેલી ભાતો પુષ્કળ દેખાય છે. તેમાં હાથીની ઝૂલ માથે, તો ઘોડાના છત અને મોરા પર અત્યારના ખેડૂત ભરતની શોભા આપનારી ભાતો જેવી જ મજાની ભાતો છે. તેમા "પોયણાંવેલ" 'વિજળીવેલ' 'અડદિયા', વગેરે જેવી શોભનભાતો તેમજ હાથી, ઘોડા, ઝાડ, મોર, પોપટ, સિંહ, પ્યાલી વગેરે જેવા સાંચીના તોરણોમાં છે, તેવી જેવાજ પણ જૂજ ફેરફારવાળા હજી આજે ય સૌરાષ્ટ્રના લોકભરતમાં ભરાય છે. ૨૨૦૦ વરસના ગાળા પછી સૌરાષ્ટ્રના લોકભરતમાં સાંચી–ભારહૂતના શિલ્પ કંડારની ભાતો તેવીને તેવી જ ધરેડમાં ભરાતી જોવા મળે છે. અજંતાની ગુફાઓ એ તો ભારતની પરિપકવ કળાલક્ષ્મીનો અદ્‌ભૂત ખજાનો છે લગભગ ઇ.સ. પૂર્વેની ૧લી, ૨જી સદીથી તે આઠમી સદી સુધી તેમા કલાલક્ષ્મી વિવિધ માધ્યમા પાંગરી છે. સ્થાપત્ય, શિલ્પ. ચિત્રનો અહીં ત્રિવેણીસંગમ રચાયો છે. તેના ચિત્રશોભનોમાં ભૌમિતિક તેમજ મુક્તહાથે દોરેલાં છંદગતિવાળા શોભનોથી વિશેષતઃ છંતઅલંકૃત થઇ છે. આવા ભૌમિતિક આકારો ખાસ કરીને કાઠી ભરતમાં કવચિત દેખાય છે. જ્યારે શોભનવેલીઓની ભાતોનો ઉપયોગ તો લોકભરતમાં ઠેર ઠેર થયેલો છે. અજંતાના ચિત્રોના પાત્રોના વસ્ત્રો ઉપર ભાતભાતનું વણાટ, છાપકામ અને ભરતકામ થયેલું દેખાય છે. દા. ત. ગુફા નં. ૨ના વિધૂર પંડિત જાતકના ચિત્રમાં યક્ષપૂરણક જે બેસણા ઉપર બેઠો છે. તે ગાદી ભરતથી ભરેલી છે. કાચ ( ખાંપ ) અને ચોરસા જેવો ભાત છે. સૌરાષ્ટ્રના લોકભરતની ઘણા ભાતો તેમજ ટાબક-ટીબકનાં મૂળ અહીં જ છે. તેમાં અડદિયા, જવલાં, બધાંખડી, છંદા-વેલ, ફૂલવેલ, વગેરે પુષ્કળ ભાતો અહી જોવા મળે છે; આ ભાતો ખેડૂતભરતમાં અત્યારે પણ ખૂબ જ ભરાય છે. કવિ કાલિદાસ તેની કૃતિઓમાં નેમાંગરની વાત કરે છે. તેને આપણે અત્યારે 'કોડીભાત' કે લીંબોળીનો સોટો કહીએ છીએ. કાદંબરી તેમજ 'હર્ષ ચરિત'માં ઠેર ઠેર ભરતના ઉલ્લેખો મળે છે. રાજ્યશ્રીના વિવાહ વખતના કપડામાં ભરતનો ઉલ્લેખ છે. વળી અનિશ્ચિતકાલીન 'મૃચ્છકટિક' નાટકમાં નાયિકા વસંતસેનાની માતા ભરત ભરેલો કબજો પહેરીને બેઠી છે, તેમ વિદુષક વર્ણવે છે. આ ભરતનો પ્રકાર કેવો હશે તેનો કોઈ ઉલ્લેખ નથી કે નમૂનો પણ મળવો અશક્ય છે. તેથી કલ્પના કરી

શકાય કે તેમાં સુંદર મજાની શોભનરેખા ભરેલી હશે અને સાદા ટેભાથી તે ભર્યું હશે એમ અનુમાની શકાય ખરું. દરેક કલા અને કસબની શરૂઆત બહુજ સાદગીથી થઈ હોય છે. જેથી સામાન્ય માનવપણ તે કરી શકે તેવું હોય છે. સૌરાષ્ટ્રની લગભગ દરેક ગ્રામનારી અભણ હોવા છતાં કસબકાર તો છે જ. અને સાદાઈથી સુંદર મજાનું ભરત ભરે છે જેનો ટાંકો સાદો છે, તેથી તે સુંદરરીતે અને સહેલાઈથી ભરી શકાય તેવું છે. તેમાં રંગ, આકાર વગેરેનું વૈવિધ્ય ભળે છે.

૮મી ૧૫મી સદી સુધીમાં છાપકામમાં તેમજ ચિત્ર, ભરત, શિલ્પ વગેરેમાં પુષ્કળ શોભનભાતો જોવા મળે છે. તેમાં ઈલોરાના ચિત્રો અને શિલ્પો, વેરૂળના શિલ્પોની ભાતો, મોઢેરા. આબુ વગેરેના શિલ્પખચિત મંદિરોમાં કંડારેલી ભાતો વગેરેમાં અવનવા પુષ્કળ શોભનો થયા છે. વળી ઈલોરાના મંદિરની ભીંતો ઉપર ચીતરાયેલ જરાક નવીન શૈલીના ચિત્રોના માનવપાત્રોનાં વસ્ત્રોમાં પુષ્કળ અવનવી ભાતો છે. આ ચિત્રોમાં રંગ પણ ઘણા ઓછા પ્રમાણમાં છે. જે ચારથી છ રંગો ત્યાં વપરાયા છે તેની હારમાળા હજી આજે પણ થોડાક ફેરફાર સાથે ભરતકામમાં દેખાય છે. લોકબોલીમાં ભરત–ચીતર સાથે જ બોલાય છે. જે પ્રથમ ચીતરાય છે પછી ભરાય છે. ૧૧ મીથી ૧૪મી સદીમાં ચિત્રિત પાલશલીની પોથીઓમાં પાત્રોના વસ્ત્રોની શોભનભાતો થોડીક "સ્ટાઈલાઈઝડ" બને છે. તેમાં ભૂમિતિના આકારોવાળી ભાતો તેમજ શોભનશૈલીની ભાતો એક જ કપડાં પર ચીતરેલી દેખાય છે. વળી તેમાં કાંટા, કાંગરા, અડદિયા, ચોકડા વગેરે ખેડૂત ભરતના ઘાઘરમાં જેમ અને જે રીતે ભરાય છે તેવી રીતે ઘણાં વસ્ત્રોમાં જોવા મળે છે. તો રંગમાં પણ ધોળો, પીળો, ભૂરો, લીલો, લાલ ગુલાબી, કાળો વગેરે મુખ્ય છે. સૌરાષ્ટ્રના લોકભરતના ઘણા આ પાલશૈલીની ચિત્રપોથીઓની ભાતમાંથી મળી રહે છે. ઉપર કહ્યા તે બધાજ રંગો કાયમ સૌરાષ્ટ્રના લોકભરતમાં વપરાય છે. તેમાં બહુ ઓછો ફેરફાર થયો છે. મધ્યકાલીન અપભ્રંશશૈલી (જૈન પોથીઓ)ની પોથીઓ પરના શોભનોની જુદો જ સ્વાંગ ધારણ કરે છે. તેમાં ઈરાની શોભનની અસર પણ ઉમેરાય છે. તેમાં વેલપત્તીઓ, પશુપંખીઓ, બૂટી અને તરાહો તેમજ અવનવા ભૌમિતિક આકારો આ જૈન કલ્પદ્રુપ કલ્પતરુ, વગેરેમાં પુષ્કળ ચીતરાયા છે. સૌરાષ્ટ્રી લોકભરતમાં થોડા ઘણા ફેરફાર સાથે તેવા આકારો ઠેર ઠેર જોવા મળે છે. દા. ત. સિંહ, વાઘ ગાય, હાથી, વ્યાલી, વગેરેના ઘાટઘૂટ અને આકારો થોડે અંશે જૈન પોથીઓમાંના લઘુ ચિત્રો જેવા જ લાગે છે. વળી કલ્પસૂત્ર, કાલકકથા, વસંતવિલાસ, બાલગોપાલસ્તુતિ, ચંડી માહાત્મ્ય વગેરેમાંના શોભનવૃક્ષો, પશુપંખીઓ, ઘર તેમજ માનવપાત્રો કાલ્પનિક રીતે આલેખાયાં છે, છતાં આકારસહિત પ્રાકૃત અને સીધાસાદા, આંખા મોઢાં અને તેમા રંગો પણ પ્રાથમિક હોવાથી આવા પ્રકારના આકારો ભરતમાં સહેલાઈથી ભરી શકાય તેવા છે. આ રીતે પ્રાકૃતશૈલીનું ચિત્રણ એ લોકશૈલી જ હોવાથી તેનો બહોળી રીતે ભરતકામમાં વખતો વખત ઉપયોગ થયો છે. જેનો અણસાર આપણને કાઠીના લોક ભરતમાં મળે જ છે. વળી વૈષ્ણવ હવેલીઓમાં ૧૬મી સદી પછી લગભગ પીછવાઈઓ ચીતરાવી શરૂ થઈ છે. તે પછીના કાળમાં માતાની પછેડીઓ, ઉલેચ, ચંદરવા ચાખિયા (ગોદડાંઢાંકણિયો) ચંદણી વગેરે ભરાવા શરૂ થયા હશે. શરૂઆતમાં તો દેવસ્થાનોની ભીંતો શોભાવવા માટે આ શણગારરૂપ શરૂ થયા હશે. પછી કાટ નળિયા ચાલ્યા ઘરમાં ઉપરથી ધૂળ ખરે તે ઝીલવા માટે ઉપર ઉલેચ ખાસ કરીને રાજ રજવાડાં, ઠકરાતો તેમજ ઉજળિયાત કસદાર વર્ણમાં બાંધતા. ઉપર બાંધેલા ઉલેચ વરવાધક ન લાગે તેથી ઘરની સ્ત્રીઓ તેમાં નવન મનોહર ભરત ભરીને પછી જ ઉલેચ ટાંગતી, આવા ઉલેચોમા શોભનો ભૌમિતિક આકારો ઉપરાંત કૃષ્ણગોપીની રાસલીલા ખાસ ભરાતી; જે હજી આજે પણ કાઠીદરબારોના ઉલેચમાં જોવા મળે છે. અને છેલ્લી બે સદીઓમાં સમગ્ર ઘર પશુ વગેરેના શણગાર માટે ભરત ભરવા અને પ્રયોજાવા લાગ્યું. જે ભીંતચિત્રની જેમ સ્થિર નથી હોતું. કપડાં ઉપર હોવાથી સારા પ્રસંગે થોડાંક દિવસ ઘર શણગારીને પાછું સાચવીને મૂકી દઈ શકાય છે. ભરત ચીતર એ તો માનવજીવનનો એક અમૂલો સંસ્કાર છે. જે ઘરમાં આવું સુંદર શોભન નથી, જેના બારણે તોરણ નથી, દિવાલો અડવી છે તે ઘર સ્મશાનવત્ છે તેવું મનાય છે. તેથી સૌરાષ્ટ્રમાં ઘણાં જૂનાં વખતથી લોકો મંદિર હવેલી અને ઘર, રાજમહેલ વગેરેમાં હોંશે હોંશે ચિત્રો પડાવતા ઉજળિયાત વર્ણો તેમજ નાગરમાં તો દર બે ત્રણ વર્ષે નવરાત્રમાં નવદુર્ગાનાં ચિત્રો, દશાવતારના ચિત્રો દિવાલ ઉપર ચિતરાવે જ છે. વળી સામાન્ય લોકોમાં પણ ગારમાટીના ઘર ઉપર અને ચોરામાં પણ સ્ત્રીઓ કે ગ્રામીણ કલાકાર પાસે તેઓ ચિત્રો કરાવતા. આવી પ્રથા હજી ગયા છેલ્લાં ૫૦ વર્ષ સુધી સતત હતી. આવાં રંગીન ચિત્રોથી મંદિર, ઠાકરદ્વારા હવેલીઓ, ઘર વગેરે શોભીતા થતા અને ચિત્રો ઘણાં સમય સુધી ભીંતો પર ટકી રહેતા. પણ ગારમાટી લીપ્યા ઘરોમાં આવાં ચિત્રો ભીંતડી કાચી અને ગારની પોપડી ઉખડે તેવી હોવાથી ચિત્રો બે–પાંચ વરસમાં ગારના પોપડા સાથે ઉખડી જતાં તેથી ઘર શોભનમાં રાચતી સ્ત્રીઓને આ ખરાબ લાગતું અને પછી ઉપર ગાર કરીને ચિત્રોને છાંદી દેતી. વળી ગાર કરેલી ભીંતો વરવી ચૂડેલના વાંહા જેવી દેખાતી હશે. તેથી ચિત્રના જેવું પણ વધારે ટકી શકે તેમજ હેરવી ફેરવી શકાય તેવું કાપડ ઉપર ભરત ભરવાનું શરૂ થયું હશે. અને આવું ભરત જો સાચવીને રાખે તો લગભગ ૧૦૦થી ૧૫૦ વર્ષ સુધી સચવાઈ રહે ખરું. વળી જ્યાં બાંધવું-ટાંગવું હોય ત્યાં ફેરવી શકાય. તેથી લોકોમાં ભરતનો ચાલ વિશેષ થઈ ગયો. ગામડાં ગામના ઈંટ, રોડાં, અને માટીના લીંપેલાં ઘરમાં આવું ભરત સુશોભન માટે અતિ રૂડું લાગતું તેથી બધી જ રીતે તે ખૂબ જ લોકપ્રિય થઈ પડ્યું. વળી તે માંડવામાં, ઘરે બાંધવું હોય તો બે–ચાર દિવસ ટાંગીને બે ચાર દિવસે લઈને પાછું મૂકી દેવાનું હોવાથી ઝાઝો સમય સુધી સારું રહે છે. આમ ઘર–શોભન, પશુ–શણગારના ભરતની શરૂઆત થઈ, બાકી પહેરવાના વસ્ત્રો તો ઘણાં જૂના કાળથી ભરાતા આવ્યા છે.

ભરતકાળના જૂનાં નમૂનાઓ મુગલકાળના મળી રહે છે. બાકી કપડું ફાટી જાય તેવું હોવાથી બહુ જૂનાં નમૂનાઓ મળતાં નથી. મુગલો દરેક લલિતકળા અને કસબના શોખીન હતા. તેથી તેઓ જામા, દુપટ્ટા, અચકન, ચંદરવા, ગાલીચા, ચંદણી વગેરેને ભરતથી ભરાવતા હતા. આ ભરત ભરનારા કારીગરો મોટાં ભાગે વ્યાપારી રીતે ભરત ભરતા. ભરતની શોભન ભાતોમાં ઈરાની શૈલીની વેલપત્તી વગેરેની અસર ઘણી છે. વળી સૂતરના રંગમાં પણ જુદાં જુદાં આછા

થેરા ‘ શેઈડ ’ મૂકાયા છે, ઘણીકવાર ફુલપાન વગેરેમાં તે વાસ્તવિક જેવું બનાવવાનો પ્રયત્ન થયો છે. આ ભરતની અસર કચ્છી ભરતમાં થઈ છે, તે દ્વારા તે સૌરાષ્ટ્રના મોચી કોમના ભરતમાં પણ આવી છે, બાકી મુગલકાલિન ભરતની ભાતોની અસર લોકભરત ઉપર બહુ જૂજ છે. કારણ કે તેના વળાંક, રચના ઘણી પાંખડીના ગોટા, પાન, પંખીઓ વગેરેમાં હૂબહુ પણું સાચવવાનો કારીગર પ્રયત્ન કરતો હોય છે; વળી ને ગ્રામનારી કે–ગ્રામચિતારો હાથે ચિતરી શકે તેવાં નથી, થોડાં અઘરાં હોવાથી ગ્રામપ્રજાએ આ અપનાવ્યું નથી. માત્ર થોડીક બુટ્ટી અને બુટ્ટાને વધારે સાદી રૂપરચના આપીને વધારે સહેલાં બનાવી દીધા છે, ૧૭મી સદીમા ગુજરાત સૌરાષ્ટ્રનું ભરત બીજા દેશોમાં પણ ચડતું અને કારીગરો તેનો વ્યાપાર કરતાં ૧૭મી સદી પછીના યુરોપીય છાપકામની ભાતોની અસર ભરતમાં આવી છે, એટલે એ જમાનામાં ઈરાની, મુગલ અને યુરોપીય અસરનો સારો એવો સુમેળ વ્યાપારી ભરતમાં થયો છે, તે કાશ્મીરી ભરતની ભાતોમાં આજે પણ દેખાય છે. ૧૯મી સદીમાં અંગ્રેજી અમલમાં વ્યાપારી રીતે ભરત ભરાતું તેમાં મંદી આવી અને ધીમેધીમે લુપ્ત થયું. પણ ગ્રામસ્ત્રીઓનું લોકભરત તો ઠેરઠેર ચાલુ જ હતું અને તે ઉત્તરોત્તર વધારે ભરાતું ગયું. આમ મુગલકાળથી ભરતકામનો વિકાસ અવનવી રીતે થતો ગયો. તેમાં વેપાર માટેના ભરત સાથે લોકશૈલીનું ભરત પણ લોકો હોંશથી ભરી પહેરતા. અકબરકાલિન ચિત્રોમાં સ્ત્રીઓનાં ભરેલાં કપડાં વગેરે ઠેરઠેર ચિત્રોમાં જોવા મળે છે. ૧૮મી અને પછીની સદીમાં તો લોકભરત ઘેર ઘેર શોભા, સજ્જા માટે ભરાતું, તે ભરતમાં બહુત; ગ્રામીણ આકારો, શોભનભાતો, ભૌમિતિક આકૃત્તિઓ વગેરે તેજસ્વી હીર, સુતર વિગેરેથી ભરાયું છે. રંગરંગીન પોતાના કપડાં ઉપર ભરાયેલું આ ભરત રચના, સૌંદર્ય વગેરેની દૃષ્ટિએ ખૂબજ સુંદર થયું છે,

સૌરાષ્ટ્રની શૂરવીર કોમોના તેમજ કોઈકોઈ કાંઠિયા વરણના ભરતમાં માનવાકૃતિઓ, પશુ–પંખીઓના આકાર, તેમજ રંગમાં ઘણાં ઠેકાણે રાજસ્થાની કલમના ચિત્રોની અસર દેખાય છે તેમાં ઢોલામારૂવાળી સાંઢણી કે કોઈ કોઈ ઘોડેસ્વાર– બનડાના પોશાકમાં કે ઘૂઘરિયાળી વેલમાં બેઠેલી સ્ત્રીના ચિત્રણમાં તે અસર થોડીક દેખાય છે. તે કાળે જૂજ ફેરફાર સિવાય લોકોનો પહેરવેશ આજની જેમ બધે સરખો હતો. તેથી આ ચિત્રણ–ભરત વધારે તો સૌરાષ્ટ્ર શૈલીના જ છે; તે જોતાવેંતજ કહી શકાય કે આ સૌરાષ્ટ્રી જ ભરત છે.

સમકાલિન કાળમાં દરેક કલાકસબની એક બીજા ઉપર અસર તો હોય જ છે. તેથી ચિત્રની અસર ભરતકામ ઉપર વધારે છે. કારણ કે પ્રથમ ચિત્રિત આલેખ કરવો પડે છે. કાં તો ભરનાર પોતે હાથે ચિતરીને ભરે કે પછી કોઈ સ્થાનિક ચિતારા પાસે તે ચિતરાવે છે, તેથી આલેખમાં સ્થાનિક વ્યક્તિત્વની તેમ જ તત્કાલિન શૈલીના ચિત્રણોની અસર આવે છે. આમ છતાં સૌરાષ્ટ્રના લોકભરતમાં ખેડૂત ભરતની ઘાઘરામાં ભરવાની ભાતો અને આકારો મોટાં ભાગના મૌલિક છે. તે આલેખનાર સ્ત્રીઓ જ છે, તેથી તેમાં તેના શોભન સંસ્કાર વ્યક્ત થાય છે. તે વધારે શોભન યુક્ત હોવાથી ભરવામાં સુંદર અને સુંદર ગતિવાળાં લાગે છે.

સૌરાષ્ટ્રના આશરે ૧૮મી સદીના કાઠી ભરત તેમ જ પછીના મોચીભરતમાં મોર, પોપટ, પૂતળી, હાથી, ઘોડા, સિંહ, ફૂલછોડ, કલ્પલત્તાઓ વગેરે ઉપર જૈન પોથી ચિત્રણો તેમ જ રાજસ્થાની ચિત્રકૃતિઓની થોડીઘણી અસર છે ખરી. તેમાંયે મોચી ભરતમાં તો આકારો ઉપર અસર દેખાય છે તેમ છતાં છેલ્લાં ૧૦૦થી૧૨૫ વરસ પહેલાંના કાઠી ભરતમાં તળપદી આકારોની જ વધારે સુંદર રચના છે. તે વધારે સૌરાષ્ટ્રની શૈલીનું વિશેષ છે મોટાં ભાગે તેમાંથી જૂનાં ચિત્રણોની અસર સાવ ઓછી થઇ ગઇ છે અને આકારોની રીત, ઘરેડ વગેરે મૌલિક થઇ ગયા છે. દા. ત. ભાવનગર ગાંધી સ્મૃતિ સંગ્રહાલયમાં ‘શિશુપાલની જાત અને રૂખમણી હરણ’ શુદ્ધ તળપદી કાઠી શૈલીનો સુંદર નમૂનો છે. પુરૂષ પાત્રોની પાઘડીના આંટા, મકાન, પહેરવેશ વગેરે સુંદર રીતે સૌરાષ્ટ્રી શૈલીના જ છે. અને સમગ્ર કરાપાટીમાં નયન મનોહર રંગ, ભરતના વિષયની રચના વગેરે સુંદર છે. કાઠી ભરતમાં માનવ, પશુ, દેવ પરીઓ, પંખી વગેરે જીવંતતત્વો વધારે ભરાય છે. તો ખેડૂત લોકોના ભરતમાં માત્ર શોભનતત્વ જ. તે પણ પ્રાકૃતિક શોભન તેમ જ ભૌમિતિક આકારો વધારે હોય છે. તેમાં લીંબોળી, પાન, પશુ, પુતળી વગેરેના આકાર વ્યવસ્થિત ગોઠવી ને સર્જે છે. વળી ઘણી વાર તો ભરતના વળાંક અને ઘાઘરામાં ભરત ઠાંસો ઠાંસ ભરવા માટે થઇને શોભન ભાતો વળાંકવાળી, સીકલ કે ગોરી આવે તેમ ભરાય છે. જેમાં વધારે વિગતો નથી હોતી પણ વધારે સાદાઇ હોય છે અને વચ્ચે વચ્ચે કાચ (ખાંપ) આવી જાય છે. જૈનપોથી-ચિત્રણમાં સોનેરી રંગની જેમ જ ખેડૂત ભરતમાં કાચ વધારે વપરાયા છે ખેડૂત ભરતના ઘણાં આકારોમાં તો જોવા બેસીએ તો આદિ માનવીના ચિત્રકળાની જેવી પરિપાટી દેખાય છે; તેમાં વીંછી, પૂતળી વગેરે જોવા જેવી છે. આ બધુંય લોકનારીઓએ હાથે આલેખ્યું હોય છે; ત્યાં તેની ખરી મૌલિકતા દેખાય છે. કાઠી તેમ જ મોચી ભરતમાં આકૃતિ ચિત્રણ ચિત્ર સદૃશ છે, જ્યારે ખેડૂત ભરતમાં શોભનો વધારે મૌલિક તેમ જ અતિ પ્રાકૃત માનવીના ચિત્રણ જેવાં છે. સૌરાષ્ટ્રના લોક ભરતના આકારો ઘણાં સીધા સાદા છે. તેમાં ધંધો વ્યાપાર તેના ભરતમાં દેખાય આવે છે. છેલ્લી સદીમાં કાઠીભરત, ખેડૂત ભરત, મહાજનિયા ભરત, મોચી ભરત, કટાવકામ, કેનવાસ ભરત વગેરે પુષ્કળ પ્રમાણમાં ભરાયું છે. પણ અત્યારે તો ગામડાંના લોકભરતના સાવ વળતાં પાણી થયા છે. ઘરમાં જે લોકભરતના નમૂનાઓ છે તે પણ હવે તો ગ્રામસ્ત્રીઓ કાઢવા મંડી છે અને ધીમે ધીમે આ બધુંય ભરત પરદેશની બજારોમાં કળાના સુંદર નમૂના તરીકે વેચાવા માંડયું છે.

માનવીનું મન એવું છે કે તેને કંઇક અવનવું જોવું ખૂબ જ ગમે છે. વળી આધુનિક સંસ્કૃતિ અને સંસ્કારની અસર માનવ જીવન ઉપર દૃઢ થતી જાય છે. નવું અપનાવવાના મોહમાં ઘણી વાર માનવીની જૂની સારી વસ્તુને કથીર જેવી ગણીને વિસારી મેલે છે. આવું જ સૌરાષ્ટ્રના લોકભરતનું થયું છે. આધુનિક શૈલીના આકારોના મોહમાં ગ્રામલોકો પોતીકા આકારો અને રચનાને ગ્રામીણ ગણીને છોડવા માંડયા છે. છેલ્લાં ૩૦થી૩૫ વરસથી ધીમે ધીમે ગ્રામપ્રજામાં યુરોપીયઆકારની અસર વધારે સમૂહગત રીતે થઈ છે. તેમાં ભરતના આકારોમાં યુરોપીય પદ્ધતિના ગોટા–બજરા વગેરે વધુ પ્રમાણમાં દાખલ થયા છે. પણ છેલ્લાં ૧૦ વરસમાંતો લોક ભરતના આકારોની જે હાંસી થઈ છે તે જોઇને દુઃખ થાય છે.

યુરોપીય પદ્ધતિની ફુલ્લડુ શૈલીનો હાથી, સિંહ, હરણ વગેરેને ગામડાંનો ગ્રામ કલાકાર ચિતરવાનો પ્રયત્ન કરે છે. તેમાં પ્રમાણભાવ જળવાતુ નથી ભરત પ્રકારના કોઈ ગુણો સચવાતા નથી તેવો આકાર દોરીને તેના પરથી બીબું તૈયાર કરાવે છે. અને આ આકારને વળી સુથાર વધારે અપભ્રંશ બનાવે છે. તેથી તે પ્રાણી, પશુ કે માનવનો આકાર સાવ બેડોળ થઈ જાય છે. અને ભરાય ત્યારે તો ખૂબ જ ભદ્દા જેવો લાગે છે. ભરત પ્રકારના લગભગ બધાં જ ગુણો તેમાંથી ચાલ્યા જાય છે. વળી સમકાલિન સમાજમાં એકબીજા દેશ અને પ્રાંતની અસરો પણ એકબીજા ઉપર થઈ રહી છે. સૌરાષ્ટ્રના શહેરો તેમ જ ગામોમાં હવે તો અવનવાં ટાકાનાં ભરત ભરાવા શરૂ થયા છે. સને ૧૯૪૭માં સિંધીઓ આવ્યા. તેમણે નાકાભરતનો પણ બહોળો પ્રચાર કર્યો છે. તો મશીન ભરતની મોહિનીએ હાથે ભરવાનું છોડવા માંડયું છે. અને અરધું પરધું ભણેલી સ્ત્રીઓએ લોકભરતને દેશી ગ્રામડા ગણીને કાઢી નાંખવા માડયું છે. તેની જગ્યાએ યુરોપ શૈલીના સામાન્ય આકારોવાળાં ધોળાં કપડાં પરના ભરતે સ્થાન લેવા માંડ્યું છે. બારસાખના રૂપસુંદર લોકભરતના તોરણ કાઢીને તેની જગ્યાએ બે ત્રિકોણ જોડીને બનાવેલાં ધોળાં કપડાં ઉપર ભરેલાં પડદાએ સ્થાન લેવા માંડ્યું છે, જેમાં નાળિયેરી, કૂતરો, લાલજી, એરોપ્લેન, ભદ્રા, ગણપતિ, 'well come,' 'sweet dream,' જયભારત વગેરે શબ્દો પણ ભરાય છે. તો શાકભાજી લેવાની થેલીઓ જૂની કોથળીની જગ્યાએ આવી છે. નવાં પ્રકારના ભરતમાં જો કોઈપણ ઉપયોગી વસ્તુ વખાણવા જેવી લાગે તો આ થેલી છે. તે નવી હોવા છતાં તેમાં સ્ત્રીઓ અવનવી રીતે ભરે છે. તેમાં પોતાનું કૌશલ્ય સારી રીતે વાપરે છે.

આ આધુનિક સંસ્કૃતિની સાથે રહેવા પ્રયત્નશીલ માનવી અવનવી વસ્તુઓ સર્જે કે અપનાવે તે તો જમાનાને અનુરૂપ છે. પોતાના કપડાં-લત્તા પર નવી ઢબના આકારો તેમજ શૈલીનું ભરત ભરીને પોતે યુગની સાથે છે, તે દેખાડવાનો પ્રયત્ન થાય છે. છતાં આધુનિકયુગે અપનાવેલી બધીય ભાતો બહુ રઢિયાળી અને દોરાથી ભરી શકાય તેને અનુરૂપ નથી. દા. ત. લક્ષ્મી અને લાલજીની આકૃતિઓ ભરવામાં ફાવે તેવી નથી તેથી સ્ત્રીઓ તે ભરે છે ત્યારે આકાર વિકૃત થઈ જાય છે. પરંપરાની શોભન ભાતો તેમજ આકૃતિઓને ભરી શકાય તેવી છે. તેનો આળેખનાર વિચાર કરીને આકૃતિનો આળેખ કરતા. પણ અત્યારની શોભન ભાતોમાં તે ભરી શકાશે કે કેમ તેવું ઘણાં આકારોમાં પ્રથમથી વિચાર્યું નથી અને બીબું તૈયાર કરીને છાપવા માંડયું છે. અને નવિનતાના લોભે-સ્ત્રીઓ તે છપાવે છે. પણ ભરતનું માધ્યમ દોરાથી તે આકાર ભરવાનો હોવાથી ભર્યા પછી તે વિકૃત થઈ જાય છે. આમ નવિનતા તેમજ જમાનાની સાથે રહેવા નવિન આકારો ભાતો વગેરે સ્ત્રીઓએ છપાવા માંડયા, પણ તેમાંથી ભરતકામનો ગુણ તેમજ સૌરાષ્ટ્રના ભરતની મૌલિકતા નંદવાતી જાય છે. નવિનતાના મોહમાં બીબાંથી મંડીત (છાપેલી) ભાતો એક જ જાતની હોવાથી બધુંય ભરત બીબાછાપ એકજ થાય છે, તેમાં ક્યાંય વિવિધતા દેખાતી નથી. જ્યારે જૂનાં દેશી ભરતમાં આકારો આળેખ સ્ત્રી કે પુરૂષો હાથે ચિતરીને ભરતા, તેથી ભરતે ભરતના નમૂનામાં વિવિધતા દેખાતી એક નમૂનો બીજાથી થોડોક પણ જુદો થતો જ. અને 'ચાર ગાઉએ બોલી બદલાય' તેમ પંથકે પંથકમાં આળેખનારની કલ્પના પ્રમાણે દરેક આકારમાં સુંદર મૌલિકતા દેખાતી જ. જ્યારે આધુનિક કાળમાં બીબાછાપ ભરતમાંથી વિવિધતા ચાલી ગઈ છે અને એકવિધતા વધી રહી છે.

ગ્રામનારીઓ જો પોતાના મનથી જ વિચાર કરીને પોતે જૂની રીતે ગ્રામશૈલીમાં આળેખનાર સ્ત્રી કે પુરૂષ પાસે આળેખાવીને ભરે તો લોકભરતની જૂની ચમક પાછી જરૂર આવે. પણ હવે તો શહેર કે કસબામાં બીબાએ છાપેલાં તોરણ, ચાકળા, તકિયા વગેરે છાપેલાં તૈયાર લઈને ફેરિયાઓ ગામે ગામ પહોંચી જાય છે. અને સ્ત્રીઓ તેને જ ખરીદીને ભરવા માંડે છે, તેથી બધાંય આકારો બધાં લોકભરતમાં એકસરખાં થાય છે. વળી જૂનું જે ઘરમાં છે તે હવે સ્ત્રીઓએ કાઢી નાંખવા માંડયું છે. જે પાણીને મૂલે ફેરિયાઓ લઈ જાય છે અને મોટાં શહેરોમાં ખૂબ મોટી કીંમત લઈને વેચે છે. ગ્રામસ્ત્રીઓને એટલો પણ જો સદ્વિચાર આવે કે નવું ભરત ન ભરે તો કાંઈ નહીં પણ જૂનું તો જરૂર સંઘરી રાખે. જુનું ભરત ખરેખર કળા કારીગીરી અને સૌંદર્યના દૃષ્ટિએ બહુ જ સુંદર છે. આટલું કરશે તોય દેશની - સંસ્કૃતિ અને કળા સંસ્કારની સેવા કરી ગણાશે. કારણ કે લોકભરત તે તો નારીના કરનો કસબ છે, જે દ્વારા તેની ઉર્મિનું આકલન કળી શકાય છે અને તે ભરત દ્વારાજ તે ગૃહજીવનને રૂપાળું બનાવી શકે છે ને?

' નવખંડ ધરણીમાં બળ બે જણાવ્યા છે નરને નાર્ય,
વધાવો રે આવિયા આભે વરસાવ્યા મેવલા;
ધરણીએ દીધા શણગાર, વધાવો રે આવિયા."

( " સ્ત્રીજીવન " ના સૌજન્યથી. )



# ગુજરાતનું લોકશિલ્પ

—ડૉ. હરિભાઈ ગૌદાની

જીવનનાં દરેક ક્ષેત્રમાં ભારતને ગુજરાતનું કંઈક વિશિષ્ટ પ્રદાન છે. લલિતકલાઓનાં ક્ષેત્રમાં જગતભરમાં ભારતને સ્થાન અપાવનાર ગુજરાતનું શિલ્પસ્થાપત્ય આપણાં બધા માટે ગૌરવનો વિષય છે. 'ગુજરાતીઓ માત્ર વેપાર કરી જાણે' એમ કહેનારને આ શિલ્પ–સ્થાપત્યો પડકારરૂપ છે.

લોકશિલ્પ એટલે સાધારણ જન–સમાજનું શિલ્પ. આ પ્રકારનું શિલ્પ પ્રણાલીગત શિલ્પ કરતાં જુદું પડી જાય છે. લોકશિલ્પમાં લોકરૂચિ અને લોકકળા મુખ્ય ભાગ ભજવે છે.

બે લાખ વર્ષ પહેલાંની પાષાણયુગી મનુષ્યની વસાહતોમાંથી મળી આવેલાં પશુ–પક્ષી અને ફળ–ફૂલનાં અણઘડ આકારો લોકશિલ્પનું પ્રથમ સોપાન કહેવાય.

ગુજરાતની તામ્રયુગી વસાહતોમાંથી મળી આવેલાં પકવેલી માટીનાં રમકડાં ઇસ્વીસન પૂર્વે બેહજાર વર્ષ પહેલાનાં લોકશિલ્પની ઝાંખી કરાવે છે.

ક્ષત્રપકાળ દરમ્યાન ગુજરાતમાં કેટલીક હિનયાનપંથી બૌદ્ધગુફાઓ અને જૈનગુફાઓનું સર્જન થયું. આવી ગુફાઓમાં તળાજા, ખાંભલીડા, જૂનાગઢ, કોડીયો ડુંગર, સાણા, નેર, ઢાંક રાણપુર અને પશ્ચિમ કચ્છની ગુફાઓ વિગેરેની ગણત્રી થઈ શકે. તળાજા, સાણા, નેર, જૂનાગઢની હિનયાનપંથી ગુફાઓમાં ક્યાંક ક્યાંક લોકશિલ્પો નજરે પડે છે. જો કે આ બધી ગુફાઓ મહદ્અંશે સાદી છે. જેતપુર પાસેની ખંભલીડાની ગુફા તથા ભરૂચ જીલ્લાની કોડીયા ડુંગરની ગુફાઓમાં થોડું પ્રણાલિકાગત શિલ્પ દેખાય છે પણ તેમાં લોકશિલ્પની પણ ઝાંખી થાય છે. ઢાંકની જૈન ગુફાઓની મૂર્તિઓના ભાસ્કર્યનો ઝોક વધારે પડતો લોકશિલ્પ તરફી દેખાય છે.

ક્ષત્રપકાળ દરમ્યાન સાબરકાંઠા જીલ્લાનાં શામળાજી નજીકનાં દેવની મોરીનાં સ્તૂપની જગતિ ઉપર અર્હિત પટ્ટિકા (અડદીયાની પટ્ટી)નાં લોકશિલ્પની બે પટ્ટિકાઓ દેખાય છે. દેવની મોરીના આ સ્તૂપમાંથી મળી આવેલ અર્હિતપટ્ટિકાનું લોકશિલ્પ પથ્થર ઉપર તેમજ ભરતમાં જોવા મળે છે.

ક્ષત્રપકાળ પછી મૈત્રકકાળમાં રચાયેલ મંદિરો, વાવો કુંડ વિગેરેનાં બાંધકામમાં ગુપ્તકાલીન ચંદ્રશલાકાનાં શિલ્પો દેખાય છે પણ આ શિલ્પમાં પણ ગુજરાતની લોકકળા દેખાઈ આવે છે. મૈત્રકકાલીન મંદિરો મહદ્અંશે ગુજરાતની સ્થાનિક બાંધણીનાં વિકાસમાંથી ઉદ્ભવેલાં હોઈને આવાં મંદિરો ગુજરાતની લોકકળાનાં અંગો કહી શકાય. મૈત્રકકાલીન લોકશિલ્પના ઉત્તમ નમૂનાઓ ગોપ, વિસાવડા, મિંયાણી, ઉપલી ધુમલી, કળસાર, ખીમેશ્વર, બિલેશ્વર, ભૂવનેશ્વર, પાસ્તર, કદવાડ, સૂત્રાપાડા, ભીમદેવળ, લાકરોડા, બામણા, ઢાંક ઘુમડ વિગેરેનાં મંદિરોમાં જોવા મળે છે.

ગુજરાતનાં મૈત્રકકાળ પછી રાષ્ટ્રકૂટ, સૈંધવ અને ચાપકાળ દરમ્યાન ગુજરાતનું શિલ્પધન ઠીક ઠીક અંશે ગુપ્તકાલીન અસર નીચે આવ્યું છતાં આ શિલ્પમાં ગુજરાતનાં લોકશિલ્પની આગવી અસર જોવા મળે છે. આવા શિલ્પો રોડા થાન, મૈથાણ, દેલાદરા, વર્ધમાનપુર (વઢવાણ), કચ્છનાં કેરાકોટ, કંથકોટ, પુંઅરાનો ગઢ, કારવણ, ધુમકલ, વડનગર વિગેરે જગ્યાએ જોવા મળે છે.

ખાસ કરીને સંવતનાં સાતમા સૈકાથી દસમા સૈકા સુધીમાં બંધાયેલા મંદિરોમાં લોકકળાની ઝાંખી થાય છે. મૂર્તિવિધાનમાં વેશ–પરિધાન અને આભૂષણોમાં લોકશિલ્પની સ્થાનિક અસર સ્પષ્ટ દેખાય છે. દેલાદરા મણવામામાનું મંદિર વિગેરેમાં કોતરાયેલી ફુલપટ્ટીઓ ગુજરાતનાં કાષ્ટકામનાં નમૂનાઓ ઉપરથી કોતરાઈ હોય તેમ સ્પષ્ટ દેખાય છે. ઘુમલી, મૈથાણ વિગેરેનાં દેવમંદિરોમાં કોતરાયેલ ટાચકાઓની પટ્ટી (ગ્રાસ પટ્ટિકા)એ ગુજરાતનાં લોકશિલ્પનું આગવું અંગ કહી શકાય.

ગુજરાતમાં મૈત્રકકાળમાં મંદિરો, રાજમહાલયો, ગૃહો, તડાગો વાપીઓ, કુંડો વિગેરેનાં બાંધકામની કોઈ સ્થાનિક પીઠ શરૂ થઈ હશે તેમ એ યુગના બાંધકામની એકસૂત્રતા ઉપરથી કહી શકાય. ત્યાર પછી રાષ્ટ્રકૂટ સૈંધવ, ચાપ વિગેરેનાં સમયમાં રાજસ્થાન અને હાલનાં ગુજરાતમાં કોઈ પીઠ શરૂ થઈ હોય તેમ એ સમયનાં મંદિરો, કુંડો અને વાવનાં બાંધકામની એકસૂત્રતા ઉપરથી કહી શકાય.

સોલંકીકાળ દરમ્યાન ગુજરાતમાં દરેક પ્રકારનાં બાંધકામો અંગેની વ્યવસ્થિત પીઠ શરૂ થઈ. આ પીઠનાં સોમપુરા સ્નાતકો કે ગુરુપરંપરા જાળવી રાખનાર કારીગરોએ લોકકળાને ખૂબ આદર આપ્યો. ગુજરાતનાં સોમપુરા શિલ્પીઓએ તથા સલાટોએ ગુજરાતની લોકકળાને મૂર્તિવિધાનમાં તેમ જ રૂપકામમાં મઢી લીધી.

ગુજરાતમાં વપરાતા દરેક પ્રકારનાં વાહનો એ સમયનું ગુજરાતનું લોકજીવન, લોકરમતો, વેશભૂષા, આભૂષણો કેશગૂંથન, વસ્ત્ર-પરિધાન, અસ્ત્ર–શસ્ત્રનો ઉપયોગ વિગેરેને ગુજરાતનાં શિલ્પીઓએ મૂર્તિવિધાનમાં સુંદર રીતે વણી લીધું.

સોલંકી કાળમાં ગુજરાતનાં ગ્રામ્ય વિસ્તારમાં રહેતા સાધારણ કારીગરોએ એ યુગની સત્તાવાર સોલંકી શૈલીનું અમુક બાબતમાં અનુકરણ કર્યું હતું. જ્યારે અમુક બાબતમાં તો લોકકળાને જાળવી રાખેલી દેખાય છે. આવા સ્થાનિક કડીયાઓ કે બીજી કોમનાં કારીગરોએ કરેલું કોતરકામ કે મૂર્તિવિધાન વધારે પડતું લોકકળાનું અવલંબન કરતું દેખાય છે. દાખલા તરીકે પોશીના પટ્ટા (સાબરકાંઠા જિલ્લા)માં આવેલ શેખાના મહાદેવનાં મંદિરનું બાંધકામ અમુક અંશે સોલંકી અને પ્રતીહાર શ્રેણીને અનુસરે છે જ્યારે અમુક અંશે લોકકળાને અનુસરે છે. આ મંદિરનાં સ્તંભો ઉપર કોતરાયેલ કીચકકન્યા, ચામરધારીણી વિગેરેનું શિલ્પ લોકકળાથી સભર ભર્યું દેખાય છે. આ જ

રીતે પંચમહાલ જિલ્લો, ઝાલાવાડ, સાબરકાંઠા અને સૌરાષ્ટ્રનાં કેટલાક ભાગોમાં આવેલ મંદિરોનાં શિલ્પકામમાં લોકકળાનાં દર્શન થાય છે. સૌરાષ્ટ્રમાં બંધાયેલ કેટલાક સોલંકીકાલીન મંદિરોનાં મૂર્તિવિધાનમાં એ વિભાગનાં કારીગરોએ લોકકળાને ઇરાદાપૂર્વક ઉતારેલી દેખાય છે.

લોકશિલ્પની વધારે પડતી ઝાંખી પાળિયાઓ અને ખાંભીઓ ઉપર દેખાય છે. સાધારણ કારીગરથી માંડીને સારા શિલ્પીઓ કે આદિવાસી કારીગરોએ ખાંભીઓ કે પાળિયાઓને લોકકળાનાં શિલ્પથી શણગાર્યાં છે. એક હાથમાં ભાલો ધારણ કરી, ભૂંડનો શિકાર કરતો ઘોડેસ્વાર –જેને અજયપાળ કહેવામાં આવે છે– એ પ્રકારની અનેક ખાંભીઓ ગુજરાતનાં લોકશિલ્પને વાચા આપતી ગુજરાતભરમાં જોવા મળે છે. કહેવાય છે કે સંવતના આઠમા સૈકાના અંતભાગે ગુજરાત ઉપર ચઢાઈ લઈ આવેલ પરધર્મીઓ સામે કચ્છનાં અંજાર શહેરમાં અજેપાળ નામના એક સંન્યાસીએ ધર્મયુદ્ધ ખેલવા સેના તૈયાર કરી હતી. આ સેનાના જે સૈનિક યુદ્ધમાં મૃત્યુ પામ્યા તેની યાદમાં અજેપાળ શ્રેણીનો પાળિયો રચાયો.

દેલમાલનાં જેઠી પહેલવાનનાં પાળિયાઓ, સાબરકાંઠાના પોળોનાં જંગલનાં કેન્યારા મહાદેવના મંદિર, સારણેશ્વર મહાદેવનાં મંદિર તથા શામળાજીના રણછોડરાયજીનાં મંદિર પાસેના પાળિયાઓ, સાખડાનાં વૈજનાથ મહાદેવના મંદિરની ખાંભીઓ વિગેરે તત્કાલીન લોકશિલ્પની ઝાંખી કરાવે છે.

સોલંકીકાળ અને તે પછીનાં સમયની ખાંભીઓમાં ઘોડેસ્વાર, શિકરસ્વાર, રથારૂઢ, બળદગાડીમાં બેઠેલ, શરસંધાન કરતાં શિકાર ખેલતા વિગેરે પ્રકારના મનુષ્યનાં શિલ્પો લોકકળાથી સભર દેખાય છે.

સંવતના સત્તરમા અને અઢારમાં સૈકામાં રચાયેલ જૈન મુનિની ખાંભીઓમાં લોકકળાના આગવા અંગની ઝાંખી થાય છે મહેસાણા જિલ્લાના જોરણાંગ ગામ નજીકની જૈન મુનિની એક ખાંભી કુષાણકાલીન શિલ્પથી પણ સુંદર લોકશિલ્પ બતાવતી હાલમાં મોજૂદ છે.

ગુજરાતની રાજ્યસત્તા મુસ્લિમોનાં હાથમાં ગયા પછી મંદિરોનાં બાંધકામમાં ઓટ આવી પણ મસ્જિદોનું બાંધકામ શરૂ થયું. મસ્જિદોનાં બાંધકામમાં ગુજરાતની લોકકળાને આધારિત ફુલવેલો ભૂમિતિના કોણવાળી જાળીઓ, વૃક્ષો, વેલીઓ વિગેરેનાં કોતરકામ મનોરમ્ય રીતે બનાવીને ગુજરાતનાં કારીગરોએ ગુજરાતની લોકકળાને જીવંત રાખી.

સંવતના પંદરમા અને સોળમા સૈકામાં તથા ત્યારપછીના કાળમાં બંધાયેલાં હિન્દુ તથા જૈન મંદિરનાં બાંધકામના કારીગરો સોલંકી શૈલીનું મૂર્તિધાન કે રૂપકામ ભૂલી જતાં મૂર્તિવિધાનમાં લોકકળાનું અનુકરણ કર્યું આ કાળમાં કોતરાયેલી કેટલીક મૂર્તિઓ લોકકળાનાં ઉત્તમ નમૂના જેવી છે. સુપેડી પાસેનું મુરલી મનોહરનું મંદિર, ઝાલાવાડનું દૂધરેજનું મંદિર, રાધનપૂર પાસેનું દેવગામનું હેમજ્માતાનું મંદિર, સુવાળીનું બહુચર માતાનું મંદિર, અમદાવાદનું હઠીભાઈનાં વાડીનું દેરાસર, વડનગરનું હાટકેશ્વર મહાદેવનું મંદિર, બનાસકાંઠાનું જૂના ડીસાનું સિધ્ધામ્બિકાનું મંદિર વિગેરે મંદિરનાં મૂર્તિવિધાન તેમજ રૂપકામમાં લોકશિલ્પ અને લોકકળાનાં કેટલાંક અંગોનો વિકાસ થયેલો સ્પષ્ટ જોવા મળે છે.

કેટલાક ચોખલિયાઓ લોકશિલ્પને કે લોકશિલ્પનાં મૂર્તિવિધાનને બેડોળ ગણે છે પણ નજરે જોયેલ ને મુર્તિવિધાનમાં કે શિલ્પમાં ઉતારવાનો પ્રયત્ન કરવો તેને બેડોળપણું કહેવું તે નરી મૂર્ખાઈ છે. સાધારણ જનસમુદાય, ખાસ કરીને ઊંડે ખૂણે રહેતી આદિવાસી પ્રજાઓ વિગેરેનાં રોજિંદા જીવન વ્યવહારને શિલ્પમાં ઉતારે તેને લોકકળાનો જાણકાર શિલ્પી કહી શકાય, અને જે લોકશિલ્પમાં લોકહાર્દનાં ધબકારા સંભળાય તે જ ખરું લોકશિલ્પ કહેવાય.




ખેતી ઉત્પાદન – એ આપણા દેશનો પ્રાણપ્રશ્ન છે!

## વધુ અનાજ ઉગાડો!!

'કિર્લોસ્કર' – ખેતીવાડીને લગતી દરેક જરૂરીયાત પુરી પાડી દેશના ખેતી ઉત્પાદન ક્ષેત્રે મહત્વનો ફાળો આપે છે.

'કિર્લોસ્કર' – ખેતી ઉપયોગી સાધનો આજે જ વસાવી સમૃદ્ધ બનો.

# કિર્લોસ્કર



## કિર્લોસ્કર એટલે ક્વોલીટી
## કિર્લોસ્કર એટલે કાર્યક્ષમતા

: અધિકૃત વિક્રેતા :

# કે. આર. ગોહિલ એન્ડ કું.

ગરેડીયા કુવા રોડ, રાજકોટ.

| | | |
|---|---|---|
| મહાત્મા ગાંધી રોડ, | ન્યુ માર્કેટ, | વાણીયાવાડ, |
| જુનાગઢ. | સુરેન્દ્રનગર. | ભુજ(કચ્છ) |

# શ્રી તાલધ્વજ ગિરી તીર્થ – તળાજા (સૌરાષ્ટ્ર)

શ્રી સિદ્ધાચલ તીર્થ પાલીતાણાની નજીક તેની અષ્ટમી ટુંક તરીકે પ્રખ્યાત **શ્રી તાલધ્વજ ગિરી તીર્થ** તળાજામાં પ્રાચીન અને ભવ્ય છે. આ તીર્થ તો અનાદિથી શાશ્વતુ છે. પરંતુ તેમાં સમયે સમયે ઉદ્ધારો થતા રહ્યા છે. મુળનાયક સાચાદેવ શ્રી સુમતિનાથ ભગવાન તળાજામાં પ્રકટ થયા. તે ગિરીરાજ ઉપરનાં પ્રાચીન પરમાર્હત શ્રી કુમાળપાળના બંધાવેલ જિનાલયમાં સંવત ૧૮૭૨ના વૈશાખ સુદ ૧૩ના પ્રતિષ્ઠા થઈ. શ્રી ચૌમુખજીની પ્રતિષ્ઠા ૧૮૭૭માં થઇ છે. ત્યારબાદ સંવત ૧૯૮૦માં સાખડાસ ગામે પ્રગટ થયેલા શ્રી ચિંતામણી પાર્શ્વનાથ ભગવાનના જિનાલયની પ્રતિષ્ઠા વૈશાખ ૧૦ના થઈ. ગામમાં શ્રી શાંતિનાથ ભગવાનના જિનાલયની પ્રતિષ્ઠા સંવત ૧૯૨૫ના માગસર શુદ ૬ના થઇ. બાવન જિનાલયની ૧૧ દેરીઓની પ્રતિષ્ઠા ૧૯૮૦ પછી ગુરૂમંદીર વિ.ની થઇ. નદીકિનારે બાબુની **જૈન** ધર્મશાળા હતી. આ બધો વહિવટ તળાજા સંઘ કમિટી હસ્તક ચાલતો હતો. સંવત ૧૯૯૮માં શાસનસમ્રાટ આચાર્યદેવ શ્રી વિજય-નેમિસૂરીશ્વરજી સાહેબની પ્રેરણાથી સુવ્યવસ્થિત વહિવટ ચલાવવા શ્રેષ્ઠિવર્ય શ્રી ભોગીલાલભાઈ મગનલાલ શાહ ભાવનગરવાળાની આગેવાની નીચે **શ્રી તાલધ્વજ જૈન શ્વે. તીર્થ કમિટી**ની રચના કરી તેને આજે ૨૫ વર્ષ પુરા થયા છે. તેમાં તીર્થની પ્રગતિ ઉદ્ધાર જવલંતરીતે થયેલ છે. આ **રજત મહોત્સવનાં** ૨૫ વરસની કાર્યવાહીનું ટુંકુ દિગ્દર્શન સમાજ સમક્ષ રજુ કરતાં આનંદ થાય છે:

(૧) સંવત ૧૯૯૯ માગસર સુદ ૧૦ શ્રી **જૈન** યાત્રિક ભોજનશાળાની સ્થાપના.
(૨) સંવત ૨૦૦૦ વૈશાખ સુદ ૧૧ શ્રી તાલધ્વજ જૈન વિદ્યાર્થીગૃહની સ્થાપના.
(૩) સંવત ૨૦૦૦ થી શ્રી ચૌમુખજી ટુંકનો જીર્ણોદ્ધાર તથા કિર્તીસ્તંભનો જીર્ણોદ્ધાર.
(૪) સંવત ૨૦૦૦ થી શ્રી સાચાદેવની ટુંકમાં બાવન જિનાલયની ૨૪ દેરીઓ, વીશ વિહરમાન દેરાસર તથા મહાવીર પ્રાસાદ બાંધવાની શરૂઆત થઇ. શાંતિકુંડનું મુહૂર્ત થયું. ગામમાં શ્રી શાંતિનાથ દેરાસરનો જીર્ણોદ્ધાર, ચિત્રકામ કરાવવામાં આવ્યું.
(૫) સંવત ૨૦૧૦ ના વૈશાખ સુદ ૫ના મહાવીર પ્રાસાદ, વીહરમાન બાવન જિનાલયની દેરીઓની અભૂતપૂર્વ પ્રતિષ્ઠા થઇ.
(૬) સંવત ૨૦૧૧ ના શ્રી બાબુની **જૈન** ધર્મશાળા જુનીમાં પશ્ચિમ બાજુનો ભાગ બાંધવાની શરૂઆત થઇ.
(૭) સંવત ૨૦૧૪ થી સંસ્થાએ "ઇંટયજ્ઞ" શરૂ કરી તીર્થના જરૂરી કાર્યો કરવા માટે શરૂઆત કરી. પશ્ચિમ બાજુની ધર્મશાળા સં. ૨૦૧૫માં પૂર્ણ કરી.
(૮) સંવત ૨૦૧૫માં ગિરીરાજ ઉપર યાત્રિકોને પૂજાસેવા કરવા માટે "નૂતન સ્નાનગૃહ" આર.સી.સી. પ્લાનથી બાંધવામાં આવ્યું.
(૯) શ્રી સાચાદેવ જિનાલયનો તથા જુની ૧૧ દેરી ગુરૂમંદીરનો જીર્ણોદ્ધાર કરવામાં આવ્યો. ચોકમાં લાદી પથરાવવામાં આવી.
(૧૦) સંવત ૨૦૧૫માં શ્રી જૈન વિદ્યાર્થીગૃહના નવા મકાનનું સ્ટેશન પાસેના સંસ્થાના પ્લોટમાં ખાતમુહૂર્ત કરવામાં આવ્યું. ભવ્ય ગૃહ બંધાયું. સં. ૨૦૧૬માં તેનું ઉદ્ઘાટન થયું.
(૧૧) સંવત ૨૦૧૬માં શ્રી જૈન ભોજનશાળાના નવા મકાનનું ખાતમુહૂર્ત જુની ધર્મશાળાની દક્ષિણ બાજુમાં આર.સી.સી. પ્લાનથી નવું ભવ્ય મકાન બંધાયું. તેનું ઉદ્ઘાટન સં. ૨૦૧૮માં થયું.
(૧૨) સંવત ૨૦૧૯માં ગિરીરાજ ઉપર ચડવાના નવા પગથીયા રાજુલા પત્થરથી સહેલાઇથી ચડી શકાય તેવા બાંધવામાં આવ્યા.
(૧૩) સંવત ૨૦૧૯માં જુની ધર્મશાળામાં ઉત્તર તથા પૂર્વ બાજુમાં નૂતન ઉપાશ્રય, સાધનામંદિર, આયંબીલ ભુવન, જ્ઞાનમંદિર આર.સી.સી. પ્લાનથી બાંધવાનું ખાતમુહૂર્ત થયું અને સં. ૨૦૨૨માં તેનું ઉદ્ઘાટન થયું.
(૧૪) નવી ધર્મશાળાનો જીર્ણોદ્ધાર કરાવવામાં આવ્યો. પારેવાને જુવાર માટે ચોકમાં આર.સી.સી.થી રંગમંડપ બાંધવામાં આવ્યો. નળ, લાઇટ, ગટર કનેકશન, ગેસ્ટરૂમ, બાથરૂમ વિ. આધુનિક સગવડતાઓ વધારવામાં આવી.
(૧૫) સંવત ૨૦૨૦માં શ્રી **જૈન** વિદ્યાર્થીગૃહમાં નૂતન જિનાલય બાંધવા માટે શીલા સ્થાપન થયું અને શ્રી શાંતિનાથ ભગવાનનું ભવ્ય જિનાલય બંધાયું. સંવત ૨૦૨૩ના વૈશાખ સુદ ૧૦ના તેની ભવ્ય પ્રતિષ્ઠા થઇ.
(૧૬) સંવત ૨૦૨૨ના શ્રી જૈન શ્રાવિકા ઉપાશ્રયના નવા મકાનનું ખાતમુહૂર્ત થયું. જે મકાન બંધાઈ રહેલ છે.
(૧૭) સંવત ૨૦૨૩ના જેઠ સુદ ૧૦ના ગામમાં શ્રી શાંતિનાથ જિનાલયની બાજુમાં પ્રાચીન ભવ્ય પ્રતિમાજી શ્રી મલ્લીનાથજી ભગવાનનું નૂતન જિનાલય બાંધવાનું શીલાસ્થાપન કરવામાં આવ્યું. જે કામ ચાલુ છે.

આ રીતે તીર્થ કમિટીએ જવલંત કાર્યો ૨૫ વર્ષની કારકીર્દીમાં કર્યા છે અને ચાલુ છે. 'ઇંટયજ્ઞ" સફળ થયો છે. યાત્રિકો સારો લાભ લઇ રહ્યા છે. તળાજાની આબોહવા, પાણી, નૈસર્ગીક સૌંદર્ય રળીયામણું છે. લગભગ ૧૦ લાખ આ રીતે જીર્ણોદ્ધારમાં ખર્ચાયાં છે. હજુ તે પ્રગતિ ચાલુ છે. સંઘ સમસ્તના સહકાર બદલ આભાર.

ઠે. બાબુની જૈન ધર્મશાળા,
**તળાજા** (સૌરાષ્ટ્ર) ટે.નં. **૩૦**

**શ્રી તાલધ્વજ જૈન શ્વે. તીર્થ કમિટી**



# ગુજરાતમાં નેજવાનું કાષ્ટશિલ્પ

—શ્રી જોરાવરસિંહ

ધરતી પર માનવીનું આગમન થતાં જ એની સર્જનાત્મક અનુભૂતિ જાગી ઊઠી; જે સમય જતાં વિવિધ પ્રકારના કલાભર્યા માધ્યમોદ્વારા અભિવ્યક્ત થઈ. એ અનુભૂતિએ કલાકારને પીંછી, શિલ્પકારને ટાંકણું અને કારીગરને પોતાના સાધનો હાથમાં લેવાની પ્રેરણા આપી. "સંસ્કૃતિનું મહત્ત્વનું અંગ તે કલા. પ્રજાની સર્જનાત્મક શક્તિ સૃષ્ટિના રસ, રંગ, રૂપ અને આકારનો અનુભવ લેતી સૌંદર્યની સંપ્રાપ્તિ મેળવે છે. એના ઊર્મિ ઉડ્ડયન અને ભાવનાજુક્ી જીવન પ્રસંગોમાંથી વાસ્તવના અને આદર્શ શોધતા શોધતા કવિતા કરે છે, ગીત ગાઈ ઊઠે છે, ચિત્રો ઉપજાવે છે, રમકડાંથી માંડીને વિશાળ મૂર્તિઓ ઘડે છે, લતાવિભૂષિત ઝુંપડાંથી મહાન મહાલયો ઊભા કરે છે. પ્રજાજીવનના આવા કલામય પાસા રાજકીય ઇતિહાસ કરતાં વધારે મહત્ત્વના સંસ્કાર સંભાર સાચવી રાખે છે." [૧]

શાસ્ત્રકારોએ તો ભારતીય કલાની વ્યાપકતા ચૌદ વિદ્યા અને ચોસઠ કળાના ભેદો નીરૂપીને બતાવી છે. તેમાંયે ખાસ કરીને શિલ્પ, સ્થાપત્ય, ચિત્ર અને સંગીતકળાએ અપૂર્વ વિકાસ સાધ્યો છે. શિલ્પકલાને વિશ્વકર્માનું ગહન શાસ્ત્ર ગણવામાં આવે છે. આજે તો મોટે ભાગે પાષાણ પર અવલોકવા મળતી શિલ્પકલાને કલાકારોએ પ્રાચીન કાળમાં માટી, ધાતુ અને કાષ્ટમાં ઊતારવાના પણ ભગીરથ પ્રયત્નો કર્યા હતા.

### કાષ્ટશિલ્પના ઇતિહાસ પર દૃષ્ટિપાત

શિલ્પકળાનો પ્રાચીન ભારતમાં પ્રચાર થયો તે પૂર્વે કાષ્ટ-શિલ્પની ભારતમાં બોલબાલા હતી. આજે તો મંદિર, મહાલયો. ગૃહો, કિલ્લાઓ, પ્રાસાદો પાષાણ, ઈંટ, ચૂનો કે સિમેન્ટના બનાવાય છે પરંતુ જૂના સમયમાં તો એ મજબૂત લાકડામાંથી બનાવતા. "આપણું અતિપ્રાચીન સ્થાપત્ય સિંધુની સંસ્કૃતિનું, ઈંટ પથ્થરનું સ્થાપત્ય, મકાનો, મોરી, સ્નાનગૃહ, કોટ વગેરે વેદકાલીન સ્થાપત્યના તો માત્ર વર્ણન મળે છે, કોઈ નમૂના મળતા નથી. કારણ કે મોટે ભાગે કાષ્ટનું સ્થાપત્ય હતુ."[૨] 'વાસુદેવહીંડી' નામના ગ્રંથમાં કાષ્ટ-શિલ્પની એક સુંદર કથા સંગ્રહાઈ છે. તેના આધારે ઈ.સ.ના છઠ્ઠા સૈકામાં કાષ્ટશિલ્પનો પ્રચાર ભારતમાં વ્યાપક બન્યો હોવાનું જાણી શકાય છે. આ પરંપરા પણ ગુજરાતમાં ઉતરી આવી હતી. સોમનાથનું પ્રાચીન મંદિર સૌ પ્રથમ કાષ્ટનું જ બનાવવામાં આવ્યું હતું એમ શ્રી કનૈયાલાલ દવે નોંધે છે. "પ્રાચીનકાળમાં કાષ્ટકળાનો પ્રચાર સારાયે ગુજરાતમાં, શ્રીમંતોથી માંડીને સામાન્ય જનતાના ઘરોમાં સર્વત્ર ફેલાયો હતો એ વાત આજે મળી આવતાં પ્રાચીન ઘરો, મંદિરો અને તેમાં વપરાયેલાં ઉપકરણો દ્વારા જાણી શકાય છે. શત્રુંજય તેમજ બીજા અનેક તીર્થસ્થળોમાં કાષ્ટના અનેક નાનાં મોટાં મંદિરો બનાવવામાં આવ્યાં હતાં. ગુજરાતમાં મકાનોની અંદર કાષ્ટશિલ્પના નાનાં મોટાં અલંકરણો મૂકવાની સામાન્ય પરંપરા પ્રાચીનકાળથી ઊતરી આવી છે—પછી એ ઘર સામાન્ય મનુષ્યનું હોય કે ધનાઢ્ય શ્રેષ્ઠીનું હોય, પણ દરેક જણ પોતપોતાની શક્તિ પ્રમાણે કાષ્ટના અલંકરણો કમાડ. દ્વાર, બારશાખ, સ્થંભો બારવટો, ગોખલાઓ, આવીયાં, જાળીઓ, કબાટો અને સામાન્ય ઉપકરણો પલંગ, કોચ, ટેબલ તથા વિરામાસનો વગેરેમાં કરાવતા. આજ પણ કેટલાંય શહેરો અને ગામડાઓના મકાનોમાં એવા અવશેષો મળી આવે છે." [૩]

### કાષ્ટકળાના પ્રતીક નેજવાં :

ગુજરાતમાં સચવાઈ રહેલા પ્રાચીન કળાના વારસારૂપ જૂનાં મકાનોના કાષ્ટશિલ્પે પરદેશી મહેમાનો, સંસ્કૃતિના સંશોધકો અને કલાપ્રેમીઓ કાજે આગવું આકર્ષણ જન્માવ્યું છે. એવા જૂનાં મકાનો, મંદિરો અને ચબૂતરાઓમાં ગુર્જર કલાધરોને હાથે કંડારાઈને નમણું રૂપ ધરીને બેઠેલાં નેજવાં આ વિષયના અભ્યાસીઓને સંસ્કૃતિ અને કલાની દૃષ્ટિએ અનેક માહિતીઓ પૂરી પાડે છે. ઉપભોગને રૂપાળો બનાવવો એનું નામ જ કળા. જૂના કાળમાં હથિયાર શિકાર માટે જરૂરી ગણાતું. પરંતુ માનવીએ એને કોતરેલાં અને પાછળથી સોનાની મૂઠ લગાવીને સુશોભિત કર્યાં. ખોરાક હાથમાં લઈને ફરતાં ફરતાં ખાઈ શકાય છે, પરંતુ થાળી પાટલા પર બેસીને આંખને ગમે તે રીતે ખાઓ તેનું નામ જ કળા. એવું જ ઘર, મંદિર અને ઝરૂખા શોભાવતા નેજવાં વિશે કહી શકાય. નેજવાં એ ઘર માટે જરૂરીઆતની વસ્તુ ગણાય છે પરંતુ એને કલામય બનાવવામાં જ સાચી સંસ્કૃતિ રહેલી છે. એના વિશે કળાકારો સદાય જાગૃત રહ્યા છે. પરિણામે, પ્રાચીન કલા-વૈભવને સાચવીને બેઠેલાં આવાં નેજવાં આજ ગુજરાતને ગામડે ગામડે જોવા મળે છે.

### ગૃહનિર્માણકલા અને નેજવાં :

ગુજરાતની ગૃહનિર્માણકલા પર દૃષ્ટિપાત કરીશું તો જણાશે કે પીંછા વિનાના મોરની કલ્પના આવવી જેટલી મુશ્કેલ છે તેટલી જ નેજવાં વિનાના ઘરોની કલ્પના કરવી મુશ્કેલ છે. નેજવાં એ તો ઘરની શોભા છે. ગામડાંઓમાં આજે પણ લોકો ઘણું કરીને ઉગમણા કે

---

૧. ભારતીય સંસ્કૃતિ. શ્રી ર. વ. દેસાઈ. જુઓ પૃષ્ઠ ૧૭૧.
૨. ભારતીય સંસ્કૃતિ. શ્રી ર. વ. દેસાઈ. જુઓ પૃષ્ઠ ૧૮૭.
૩. પાટણનું અનુપમ કાષ્ટશિલ્પ. નવચેતન દીપોત્સવી અંક ૧૯૬૫. કનૈયાલાલ ભા. દવે.

ઓતરાદા બારના ઘર બનાવે છે. ઘરને બે કે ત્રણ પડાળ હોય છે. જ્યાં આ પડાળના નેવાં પડે છે એનાથી બે હાથ દૂર મોતિયું આવે છે. મોતિયા નીચે પથ્થરની કે કાષ્ઠની કંડારેલી કુંભીમાં નકશીકામ-સુંદર મજાની થાંભલી હોય છે. થાંભલી અને કુંભી વચ્ચે લાકડાની ગોળ ઈંઢોણી ગોઠવી હોય છે. થાંભલી ઉપર આડો ફાહડો આવે છે. આ ફાંહડા અને થાંભલીને કાટખૂણે નેજવું મૂકવામાં આવે છે. જેટલી થાંભલી હોય એટલાં નેજવાં મૂકવામાં આવે છે. નેજવાંથી ઓશરીની શોભા અનુપમ બને છે. એક ઘરમાં પાંચ પંદરથી માંડીને સીત્તેરથી એંશી જેટલા નેજવાં જોવા મળે છે. જેમ નેજવાં વધુ એમ ઘર નમણું અને રૂપાળું લાગે એવી લોક માન્યતા ગામડાંઓમાં વ્યાપક પ્રમાણમાં પ્રચલિત છે

કાષ્ટના નેજવાં ત્રણ ફૂટથી માંડીને સાતથી આઠ ફૂટ લાંબા હોય છે. સામાન્ય ઘરોમાં અઢીથી ત્રણ ફૂટની લંબાઈવાળાં નેજવાં નજરે પડે છે. ઘરની પાછલી પછીતે નેવાંને ટેકો આપવા પણ નેજવાં મૂકાય છે ધાર્મિક લોક સંસ્કારોની યાદ આપતા કાષ્ટના અબૂતરા-ઓની છત્રી નીચે ગોળ ફરતાં નેજવાં મૂકાય છે. અમદાવાદમાં કાષ્ટશિલ્પના બેનમૂન નેજવાંથી ઓપતાં અબૂતરા આજ પણ મોજૂદ છે પથ્થરના અબૂતરા તથા જૈન મંદિરોમાં પથ્થરમાંથી કંડારીને તૈયાર કરેલાં નેજવાંઓનો ઉપયોગ થાય છે.

કાષ્ટશિલ્પવાળાં જૂનાં મંદિરો અને મકાનોમાં આજે પણ કલાત્મક નેજવાં જોવા મળે છે. પાટણમાં આવેલ ઢેઢરવાડાના મંદિરના કાષ્ટમંડપ અને ઘૂમ્મટ, કુંભારિયાવાડાના કાષ્ટમંડપનો ઘૂમ્મટ તથા કપુર મહેતાના વાડાના મંદિરનો કાષ્ટમંડપ એ સર્વપ્રકારનાં આકર્ષક નેજવાંથી શોભી રહ્યા છે. ધંધુકા તાલુકાના ભીમનાથજીના મંદિરમાં તથા એ તાલુકાના આકરૂ, પરબડી, ખરડ વગેરે ગામોના પ્રાચીન ઘરોમાં સુંદર નેજવાં આજે પણ જોવા મળે છે.

### નેજવાનું અનુપમ શિલ્પ :

ગામડાંઓમાં માટીના ઘરનું ચણતરકામ તો ઓડ લોકો કરે છે, પણ બારસાખ અને બારીબારણાંથી માંડીને પાણિયારા સુધીનું તમામ કામ સુથારો જ કરે છે. ઘરનું ચણતરકામ પૂરું થાય એટલે સુતાર ઘડવા બેસે છે. જરૂર જોગાં નેજવાં પણ એ જ ઘડે છે આવાં નેજવાં સાગ, સીસમ કે હળદરવાના લાકડામાંથી બનાવવામાં આવે છે. નેજવાનાં ઘડતરમાં પ્રાદેશિક કલાકારીગરીનું પ્રતિબિંબ જોવા મળે છે. ગુજરાત, સૌરાષ્ટ્ર અને રાજસ્થાનમાં બનતાં નેજવાંઓની કલામાં ઘણું સામ્ય નજરે પડે છે. આજે નેજવા સાદાં, સુસવાડુ અને સળ-વળિયા ઘાટના વધુ પ્રમાણમાં જોવા મળે છે.

પ્રાચીનકાળમાં તો નેજવાં ઉપર એવી અતિ સુંદર નકશી કોતરાતી કે દેવોનાં એવાં તો સુંદર પ્રતીકો કંડારાતાં કે એક જુઓને બીજું ભૂલો ! એવા પ્રાચીન નેજવાંઓ આજે પણ જૂની કાષ્ટકલાના યશોગાન ગાતાં ઊભા છે. એવા નેજવામાં વિઘ્નનિવારક દુંદાળાદેવ ગણેશ, બંસરી વગાડીને ગાયો ચરાવતો ને ગોપીઓને ઘેલી બનાવીને નચાવતો કનૈયો, હાથમાં પર્વત ઉચકીને હડી કાઢતા હનુમાન, કુકડા પર બેઠેલી બહુચરમાતા વગેરે કંડારાયા હોય છે. દેવસૃષ્ટિ ઉપરાંત પશુસૃષ્ટિમાં છલાંગ મારતો સિંહ, ઘૂરકતો વાઘ, દોડતું હરણ, નાચતો વાનર વગેરે પણ કાષ્ટશિલ્પમાં કંડારાયેલાં નજરે પડે છે એમાં માનવ-સૃષ્ટિ યે આલેખાય છે. હાથમાં તલવાર અને ઢાલ લઈને ઉભેલો યોદ્ધો, રાજાનો દરબાર કે રાજસવારી, ભૂંગળ વગાડતો ભવાયો કે નગારુ વગાડતો માણસ વગેરે પણ નેજવામાં આલેખાયેલાં નજરે પડે છે. આ ઉપરાંત પોતાની સૂઝ અને આવડત અનુસાર સુતાર મજાની ફૂલવેલ કે કાંગરાના પ્રતીકોને પણ નેજવામાં ઉતારે છે.


### સંસ્કૃતિને સમજવા ઉપયોગી બનેલા નેજવાં

આ નેજવાં કેવળ એ સમયની લોકકલા સમજવામાં જ ઉપયોગી નથી બનતા પણ એ સમયની સંસ્કૃતિ-Culture-સમજવા કાજે પણ એટલાં જ ઉપયોગી બની રહે છે. નેજવામાં આલેખાયેલા યોદ્ધાનું આ પુસ્તકમાં અપાયેલું ચિત્ર જુઓ. એના પરથી એ સમયમાં થતાં યુદ્ધો એ સમયના શસ્ત્રો તેમ જ વસ્ત્રાભૂષણો વગેરે અંગે પણ ઠીક ઠીક માહિતી મળે છે. એ ચિત્ર જોતાં જણાય છે કે એ સમયે બેવડી એટીઆળી પાઘડી પહેરાતી. યોદ્ધાઓ કાનમાં સોનાના કુંડળ પહેરતા. પુરુષો પગમાં ચાંદીની બેડીઓ, ગળામાં સોનાનો હાર અને કેડે કંદોરો પહેરતા. થોભિયા રાખવાનો અને મૂછોના આંકડા વાળવાનો રિવાજ પણ એ કાળે હશે એમ લાગે છે.

ભારતની પ્રાચીનકલા ધર્મનું અવલંબન લઈને જ વિકસી છે. એની સાક્ષી તો મંદિરો, ચંદરવાઓ અને નેજવાં આપે છે. સુતારોએ નેજવામાં માનવસૃષ્ટિ અને પશુસૃષ્ટિની જોડે જોડે દેવસૃષ્ટિ પણ ખડી કરી છે. એ સુતારોની દૃષ્ટિ અને કલ્પના વિશાળ હતા એમ કહી શકાય.

### પ્રાચીન કલાનો વિકસતો વારસો

કાષ્ટકલાના આ પ્રકાર પર પ્રાચીન કાળના લોકો મુગ્ધ બનતા. આજે એવુ રહ્યું નથી. પરિણામે આપણી પ્રાચીન અને સમૃદ્ધ કાષ્ટકલાના વળતાં પાણી થયાં છે. આજે ય હજી અલ્પ પ્રમાણમાં નેજવાં સર્જાય છે. પણ એની નકશી અને એની કલામાં હવે ઓટ આવી છે. પ્રાચીન કલાનો આ વારસો આજે વિસરાવા માંડયો છે. ઉત્કૃષ્ટ પ્રકારનું કહી શકાય એવું નવું સર્જન થતું નથી. જ્યારે જૂના સર્જનો હવે વેચાવા માંડયા છે. આજે કલાત્મક નેજવાં ખરીદનારા પરદેશીઓ ગુજરાતમાં ઠેર ઠેર ફરીને મોંમાગી કિંમતે સંસ્કૃતિનો આ વારસો ખરીદી લે છે; પરિણામે લોકોના ઘરમાંથી નમણાં નેજવાં અદૃશ્ય થવા માંડયાં છે. અને આ સમૃદ્ધ પ્રાચીન કલાનો વારસો પરદેશોમાં ચાલ્યો જાય છે. ગુજરાતનો કલાવૈભવ સાચવી રાખવામાં આપણે ખરેખર ઉદાસીન જ છીએ.





# ગુજરાતમાં શિષ્ટ સંગીતનો ઉદ્‌ભવ અને વિકાસ

—શ્રી હરકાન્ત શુક્લ

આર્યોના આગમન પહેલાંની સિંધુ સંસ્કૃતિના સમયમાં હિંદના તે વખતના માણસો સંગીતપ્રેમી હતાં કે નહીં તે અંગે મળેલા અવશેષો ઉપરથી કોઈ ઉલ્લેખ મળતો નથી; તેમ જ ગુજરાતમાં તાજેતરમાં લોથલ, રંગપુર વગેરે સ્થળોનાં થયેલ ખોદકામ ઉપરથી અહીંના સંગીત વિશેનો કોઈ ખ્યાલ આવતો નથી.

આપણે જોઈએ તો ગુજરાતમાં પ્રચલિત થયેલ સંગીત એ ઉત્તર હિંદની પદ્ધતિ પ્રમાણેનું સંગીત છે એટલે તેની ઉત્ક્રાન્તિ તપાસવા માટે આપણે છેક વેદકાળ સુધી જવું પડે છે. છંદ અને પ્રાસમાં રચાયેલા આપણા વેદોના ઋગ્વેદ, યજુર્વેદ, અથર્વવેદ અને સામવેદ એવા ચાર ભાગો છે. વેદના મંત્રો બોલાતા નહિ, પણ ગવાતા અને એ ગાવા માટે ઉદાત્ત, અનુદાત્ત અને સ્વરિત એવા અવાજની સ્થિતિના માત્ર ત્રણ વિભાગો જ નક્કી થયા હતા. હજારો વર્ષો સુધી વેદો બ્રાહ્મણોના ગળામાં ગવાતા રહ્યા છે અને તે બરાબર યાદ રહે તે માટે ક્લિષ્ટ એવા વેદોના જટાપાઠ અને ઘનપાઠની ગાન પદ્ધતિઓ હજુ પણ ચાલુ રહી છે. ગુજરાતમાં વેદઋચાઓ પ્રાચીન સમયમાં બોલાતી તે રીતે આજે પણ બોલાય છે.

યજુર્વેદ પછી એક એવો વેદ આપણે ત્યાં છે, જેને સંગીતનો વેદ એટલે સામવેદ કહેવામાં આવે છે. કહેવાય છે કે આર્યોનો પહેલો સ્વર સમૂહ ત્રણ સ્વરોનો બનેલો હતો. પછી તેમાંથી પાંચ થયા અને સામવેદકાળ સુધીમાં તો રીતસરના સાત સ્વરોનું સમક બનેલું જોવામાં આવે છે. આ સ્વરોના નામ "સા રે ગ મ પ ધ ની સા" ન હતાં, પરંતુ ક્રુષ્ટ, પ્રથમ, દ્વિતીય, તૃતીય, ચતુર્થ, પંચમ અને અતિસ્વાર્ય એવાં નામો જોવામાં આવે છે. કહેવાય છે કે આ સ્વરો પ્રથમ અવરોહમાં શોધાયા હતા, પણ આ સ્વર સપ્તકમાં પ્રથમ સ્વર ક્યાંથી શરૂ થતો અગર તો આ સ્વરગ્રામ કાફી થાટનું હતું કે બિલાવલ થાટનું હતું; અગર તો કોઈ બીજું એ જાણવાનું કોઈ સાધન નથી. શિષ્ટ સંગીતમાં જેમ ઉત્તર ભારત અને દક્ષિણ ભારતનું સંગીત એમ બે પદ્ધતિઓ પડી ગઈ છે તેમ ગ્રામ સંગીતની રાણાયણી, જૈમિની અને કૌથુમી તેવી ત્રણ પદ્ધતિઓ આપણે ત્યાં જોવામાં આવે છે. આમાં ખાસ કરીને પશ્ચિમ હિંદમાં એટલે આપણે ત્યાં પ્રચલિત થયેલ શાખાને કૌથુમી શાખા કહેવામાં આવે છે. કૌથુમી શાખાના સામગાહો આજે પણ સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં હજુ મળી આવે છે; અને ખાસ કરીને જામનગર, પડધરી અને ચાણોદ કરનાલીના બ્રાહ્મણોએ આ પ્રાચીન વેદ સંગીતનો વારસો હજુ સુધી સુરક્ષિત રાખેલો છે; તે ખરેખર આપણું અહોભાગ્ય છે. ગુજરાતના એક જાણીતા સામગાહે ગાયેલી સામઋચાઓ આપણે સાંભળીએ તો આની આપણને ખાતરી થાય છે.

## યાદવ કાળ

વેદકાળ પછી આર્ય સંસ્કૃતિનો ફેલાવો કરનાર જે જે જાતિઓ અને કુળો અહીં આવ્યા છે તેમાં યાદવકુળનો સૌરાષ્ટ્રવાસ ગુજરાત માટે અત્યંત ઉપકારક બન્યો છે. આ યાદવકુળના મહાપુરુષ શ્રીકૃષ્ણ એ એક મહાન વિજેતા હતા એટલું જ નહિ, પણ તેઓ એક વિરલ સંગીતકાર અને નૃત્યકાર પણ હતા, જેમણે આપણા ભારતીય સંગીત અને નૃત્યના વિકાસમાં મહાન ફાળો આપ્યો હોવાનું કહેવાય છે. આપણાં પ્રાચીનતમ વાદ્યો છે ડમરુ અને વેણુ. વેણુના નાદ વડે તો શ્રીકૃષ્ણે બધાંને મુગ્ધ કર્યાં હતાં. દ્વારિકાનું જે જાતનું વર્ણન થયું છે તે જોતાં કહેવાય છે કે, દ્વારિકામાં શ્રી કૃષ્ણ અને યાદવોની મહેલાતો સંગીત અને નૃત્યથી ધમધમતી અને તેની અસર સૌરાષ્ટ્રભરમાં થતી શ્રીકૃષ્ણના વખતમાં પ્રચલિત થયેલ દંડ–રાસક, હલ્લીસક તથા ઉષાએ પ્રચલિત કરેલ લાસ્ય નૃત્યો સૌરાષ્ટ્ર અને ગુજરાતભરમાં આજે પણ લોક–સ્વરૂપે જોવામાં આવે છે.

શ્રીકૃષ્ણ દ્વારિકામાં હતા ત્યારે "છાલિક્યગાન" જે એ વખતે ઉત્તમ કોટિનું શિષ્ટ સંગીત ગણાતું તેનો ઉલ્લેખ મહાભારતના હરિવંશમાં જોવામાં આવે છે. આ છાલિક્યગાનમાં શ્રીકૃષ્ણ, બલરામ તથા કૃષ્ણપુત્ર પ્રદ્યુમ્ન, સાંબ તથા પૌત્ર અનિરુદ્ધ વગેરે કુશળ હતા. કહેવાય છે કે છાલિક્યગાનમાં ષડ્ગ્રામ રાગો આવતા. શ્રીકૃષ્ણનું બંસી ઉપરનું પ્રભુત્વ અદ્‌ભુત હતું. પણ તેમના પુત્ર પ્રદ્યુમ્ન તો જલવાદ્ય– જે જલતરંગ જેવું વાદ્ય હશે તેમ માની શકાય–તથા નાંદિ નામનાં વાદ્ય વગાડવામાં કુશળ હતા. નાંદિ એ એક ઢોલ કે નગારા જેવું વાદ્ય હોવાનું કહેવાય છે. આ વખતે શુષિર વાદ્યોમાં વેણું, તંતુવાદ્યોમાં વીણા અને તંત્રી, અને ચર્મવાદ્યોમાં નાંદિ ઉપયોગમાં હતાં તે હકીકત હરિવંશ ઉપરથી મળે છે. આ ઉપરથી એટલું કહી શકાય કે શિષ્ટ સંગીત અને નૃત્યની બાબતમાં પ્રાચીન સૌરાષ્ટ્રને શ્રી કૃષ્ણ અને તેના સંબંધીઓથી મોટો લાભ થયો હતો.

વેદકાળના સામ સંગીતનો વારસો જેમ આપણા બ્રાહ્મણોએ સાચવી રાખ્યો છે, તે રીતે શ્રી કૃષ્ણની વાંસળીનો વારસો ગુજરાતના ગોપજનોએ જાળવી રાખ્યો છે. આજે પણ ગાયોને ચરાવવા જતા ભરવાડ અગર રબારી પાસે લાકડી, કામળી અને વાંસળી એ ત્રણ વસ્તુઓ તો અવશ્ય હોય જ. અને એની વાંસળીમાંથી નીકળતા સ્વરો સાંભળો તો પ્રાગૈતિહાસિક સ્વરોને લગભગ મળતો આવે છે.

યાદવોના નાશ પછી ગુજરાતમાં લગભગ એક હજાર વર્ષોનો અંધકાર યુગ આવે છે. ઈ.સ. પૂર્વે ચોથી શતાબ્દીમાં ગુજરાતમાં સ્થપાયેલ ચંદ્રગુપ્ત મૌર્યની સત્તાથી આપણો રીતસરનો ઈતિહાસ શરૂ થાય છે. પરંતુ મૌર્ય, ક્ષત્રપ, ગુપ્ત તથા વલ્લભીકાળ સુધી

આપણે ત્યાં શૈવ, બૌદ્ધ, જૈન અને વૈષ્ણવ ધર્મના સંપ્રદાયો પ્રચલિત થયા, પણ આ વખતમાં સંગીતકલાની સ્થિતિનો ક્યાંય ઉલ્લેખ જોવામાં આવતો નથી; સિવાય કે વલ્લભીકાળમાં વલ્લભી વિદ્યાપીઠમાં સંગીત અને નૃત્યના વિષયો અભ્યાસક્રમમાં દાખલ થયેલ જોવામાં આવે છે. હ્યુ.એન.સંગે સાતમી શતાબ્દીમાં આપણા પ્રદેશની મુલાકાત લીધી હતી પણ સંગીત બાબત કશો ઉલ્લેખ કર્યો નથી. સંભવ છે કે તેને સંગીત કરતાં ધર્મ તથા તત્ત્વજ્ઞાનમાં વધુ રસ હોય

## રાજપૂત કાળ

આપણે ત્યાં ચાવડાઓના પતન પછી ગુજરાતના સુવર્ણકાળ સમો સોલંકી યુગ શરૂ થાય છે. આ કાળમાં ગુજરાતની સાંસ્કૃતિક, રાજકીય તેમ જ આર્થિક સમૃદ્ધિમાં મોટો પલટો આવે છે. પરંતુ આ કાળમાં પણ જેટલું સાહિત્ય તથા શિલ્પ–સ્થાપત્યની કલાઓને પ્રોત્સાહન મળ્યું છે તેટલું સંગીતને મળ્યું હોવાનું મનાતું નથી.

આ કાળમાં સૌરાષ્ટ્રમાં નજર કરીએ તો ઘણી રાજકીય અંધાધૂંધી પછી સૌરાષ્ટ્રમાં નવમી શતાબ્દીથી ચૂડાસમાઓનું રાજ્ય સ્થિર થાય છે. અને વંથલી મટીને જુનાગઢ ફરીથી સૌરાષ્ટ્રની રાજધાની બને છે. જેવી રીતે સોલંકી યુગ એ ગુજરાતનો સુવર્ણ યુગ છે. તેવી જ રીતે ચુડાસમા યુગ એ સૌરાષ્ટ્રનો સુવર્ણ યુગ છે. આ સમયે સૌરાષ્ટ્રે સંસ્કાર દૃષ્ટિએ ઘણી પ્રગતિ કરી હતી અને જૂનાગઢ સંગીત અને બીજી કલાઓનું ધામ બની ગયું હતું ચૂડાસમા વંશમાં ઘણા ખેંગારો થઈ ગયા, પણ ખેંગાર ત્રીજા માટે તો કહેવાય છે કે–

"દ્વીપનવ દ્રહર્તા, સોમેશ સ્થાપનાકતા
યવ્વનવંશ નિભર્તા, ખંગારો નાદવેદમુદ્દધર્તા."

આ શિલાલેખ હજુ પણ જૂનાગઢમાં દામાકુંડ તરીકે ઓળખાતા સ્થળે ખેંગારત્રીજાની સંગીત સેવાઓની સાક્ષી પૂરે છે. સોમનાથ જે આ સમયમાં પશ્ચિમહિંદનું મહાન તીર્થધામ હતું ત્યાં ત્રણસો જેટલી નર્તિકાઓ દરરોજ સાંજે આરતીવખતે નૃત્ય કરતી અને તેની સાથે ઉત્તમ કોટિના સંગીતકારો પણ સંગીત કરતા અને વાદ્ય બજાવતા. પંદરમી શતાબ્દીમાં નરસિંહ મહેતાએ કાવ્ય, સંગીત અને ભક્તિનો ત્રિવેણી સંગમ જૂનાગઢમાંથી શરૂ કર્યો. નરસિંહ મહેતા ભક્ત–કવિ ઉપરાંત ઉત્તમ કોટિના સંગીતકાર પણ હતા. કેદાર રાગ ગીરો મૂકનાર કવિએ મલ્હાર, સારંગ, દેશિકા, વેલાવલી, માલવકોશ વગેરે રાગોમાં તેમણે ભજનો લખેલાં અને ગાયેલા. તેમના એક પુત્ર શામળશાનું મૃત્યુ થયું તે વખતે તેની પુત્રી કુંવરબાઈને આશ્વાસન આપવા માટે તેમણે "જે ગમે તે જગતગુરુ દેવ જગદીશને, તે તણો ખરખરો ફોક કરવો" નામનું ભજન લખેલું જે સવારના રાગમાં લખાયેલું છે, જે બતાવે છે કે તેમને સંગીતનું સારું જ્ઞાન હતું. નરસિંહ મહેતાનું 'વૈષ્ણવજન' નું ભજન તો મહાત્માજીએ આપણું લગભગ 'રાષ્ટ્ર–ભજન' બનાવી દીધું છે.

## મુસ્લિમ કાળ

ઈ. સ. ૧૨૯૮માં દિલ્હીના સુલતાન અલ્લાઉદ્દીન ખીલજીના તથા નસ્રતખાના ગુજરાત ઉપરના આક્રમણ પછી ગુજરાતની સંસ્કાર પ્રવૃત્તિમાં જબરદસ્ત ઝોક આવે છે, જે છેક ૧૪૧૧ સુધી ચાલુ રહે છે. આ સો વર્ષ દરમિયાન ગુજરાત રાજકીય રીતે અને સાંસ્કૃતિક રીતે અનેક વખત રગદોળાયું અને ભાંગીને ભુક્કો થયું. ગુજરાતના સુલતાનો દિલ્હીથી સ્વતંત્ર થયા પછી જ ગુજરાતે દમ ખેંચ્યો અને વારંવાર થતા યુદ્ધના ભંગારમાંથી ગુજરાત ફરી પાછું ઊભું થવા લાગ્યું. અમદાવાદની સ્થાપના થઈ. જો કે અમદાવાદના સુલતાનો અને અમીરો વચ્ચે ખૂનખાર સ્પર્ધાઓ ચાલ્યા જ કરી હતી. છતાં આ સો વર્ષ દરમિયાન ગુજરાતે પોતાનો કલાત્મક ફરી પાછો મેળવવા થોડો પ્રયત્ન કર્યો. આ વખતમાં ગુજરાતના સુલતાન બહાદુરશાહ (૧૫૨૬થી૧૫૩૭), જેનું ફિરંગીઓના હાથે કરપીણ રીતે દીવમાં ખૂન થયું, તેને સંગીતનો ઘણો શોખ હતો. અને તે વખતનો હિંદનો સુપ્રસિદ્ધ સંગીતકાર નાયક બક્ષુ ગુજરાતમાં રાજ્યગાયક તરીકે લગભગ દસેક વર્ષ રહ્યો હતો. પણ આ કાળ દરમિયાન ગુજરાતમાં શિલ્પ–સ્થાપત્યમાં જેટલી પ્રગતિ થઈ તેટલી સંગીતમાં ન થઈ.

દિલ્હીમાં મોગલ સત્તાની સ્થાપના થયા બાદ વળી પાછા ગુજરાત પરનાં હલ્લાઓ શરૂ થયા આ કાળમાં એક એવું દૃષ્ટાંત મળે છે કે જેનાથી દરેક સંગીતપ્રેમી ગુજરાતની છાતી ફુલાય છે. આ વાત છે સંગીતાચાર્ય બૈજુની. કહેવાય છે કે બૈજુ ચાંપાનેરનો રહીશ હતો. વૃંદાવનમાં તથા ગ્વાલિયરમાં રહીને તેણે સંગીતની પરમ સાધના કરી, તે ગાયક અને નાયક બંને થયો હતો. આજ સુધી બૈજુની ચીજો આપણા શિષ્ટ સંગીતકારો ગાય છે અને તેનો બંધેજ પણ ખરેખર અદ્‌ભુત છે. અકબરના સમયમાં દિલ્હી અને ઉત્તર હિંદમાં સંગીત ફાલ્યું–ફૂલ્યું, પણ ગુજરાતમાં તેની શી પરિસ્થિતિ હતી તેની ચોક્કસ માહિતી મળતી નથી; સિવાય કે વડનગરની બે નાગર કન્યાઓ તાના અને રીરીએ મલ્હાર ગાઈને તાનસેનનો દીપક દાહ શમાવ્યો. આ દંતકથા સાચી હોય કે નહિ, પણ ગુજરાતની પ્રજા ઉચ્ચ કોટિનાં સંગીતજ્ઞાન માટે પ્રસિદ્ધ હતી તેમ તો આ ઉપરથી જરૂર કરી શકાય.

## ગુજરાતનાં મંદિરોનો ફાળો

હિંદમાં ધાર્મિક સંગીત અને શિષ્ટ સંગીતની અલગ અલગ ઉત્પત્તિ નથી. હિંદનું સંગીત વેદોએ આપેલું સંગીત છે અને તેની પરંપરા જાળવવામાં અને તેના વિકાસમાં મંદિરોનો ફાળો ઘણો છે. બહુધા મંદિર એ આપણી બધી લલિતકળાઓનું કેન્દ્ર હતું. પ્રાચીન ગુજરાતમાં શૈવ ધર્મે અને વૈષ્ણવ ધર્મે સંગીતને વધુ પોષ્યું છે. પ્રભાસ અને દ્વારિકા એ બંને પ્રાચીન ગુજરાતનાં આદિ ધર્મસ્થાનો હતાં. મધ્ય યુગનાં અને ખાસ કરીને મોગલ કાળમાં હિંદના બીજા કોઈ પણ ધર્મ કરતાં સંગીત, નૃત્ય અને કાવ્યની કલાને પ્રોત્સાહીત કરવામાં કૃષ્ણધર્મનો મોટો ફાળો છે. ગુજરાતમાં કૃષ્ણ–ભક્તિએ પરપ્રાન્તના ભક્તોને આકર્ષ્યા છે, જેમાં રાજસ્થાનના મીરાંબાઈનું સ્થાન અજોડ છે. મીરાંએ રાજસ્થાની અને ખાસ કરીને ગુજરાતીમાં જે ગીતો અને ભજનો લખ્યાં છે, તે આજે આપણાં સંગીતના અમૂલ્ય વારસા બની ગયેલ છે. પુષ્ટિમાર્ગના સંસ્થાપક વલ્લભાચાર્યના આગમન પછી વૃંદાવન અને શ્રીનાથજી એ આ ધર્મનાં મહત્ત્વનાં સ્થાનો બન્યાં. અહીંથી કૃષ્ણ–ભક્તોએ જયદેવના સંસ્કૃત પ્રબંધો અને કૃષ્ણ–ભક્તિનાં પદો દ્વારા સંગીતની ધ્રુપદ ધમાર પદ્ધતિનો ફેલાવો કર્યો. રાજસ્થાનમાં આવેલ શ્રીનાથજીએ ચાલુ કરેલ ધ્રુપદ ધમારનાં કૃષ્ણ–ગીતો ગુજરાત સૌરાષ્ટ્રની હવેલીઓમાં પ્રચલિત બન્યાં. ગુજરાતમાં કૃષ્ણ–ભજનો ગુજરાતી અને વ્રજ ભાષામાં રચાયાં. ગુજરાતનાં ભક્તિ–સંગીતમાં

કોઈ ભક્ત–કવિઓનો મોટો ફાળો હોય તો તે જૂનાગઢના નરસિંહ મહેતા, પ્રભાસના કાયસ્થ કેશવદાસ, ડભોઈના કવિ દયારામ અને અષ્ટસખામાંના એક ગણાતા ચરોતરના કૃષ્ણદાસ તથા ગિરધારીનો છે. દયારામે તો કૃષ્ણ–ભક્તિનાં ગીતો, ગરબીઓ તથા ઠુમરીઓ માત્ર ગુજરાતીમાં જ નહિ, પણ વ્રજ, ઉર્દૂ, મરાઠી તથા પંજાબી ભાષાઓમાં પણ લખેલ છે. ગુજરાતની હવેલીઓમાં આ સંગીત હજુ સુધી જળવાઈ રહ્યું છે; એટલું જ નહિ, પણ કેટલાક હવેલીઓના મહારાજો તો હિંદભરના શિષ્ટ સંગીતકારોની હરોળમાં બેસી શકે તેવા સંગીતજ્ઞો હતા, જેમાં જામનગરના સ્વ. વ્રજનાથજી તથા પોરબંદરના સ્વ. ઘનશ્યામલાલજીનાં નામો મોખરે છે. સૌરાષ્ટ્ર તથા ગુજરાતની હવેલીઓમાં હજુ પણ આ જૂની પદ્ધતિએ ગાનારા કીર્તનિયાઓ પડ્યા છે; અને આ બધા અદૃશ્ય થાય તે પહેલાં આ પદ્ધતિ સાચવી રાખવાની જેટલી આજે જરૂરિયાત છે તેટલી કોઈ વખતે નહોતી.

ગુજરાતમાં વૈષ્ણવ ધર્મ પછી બીજા કોઈ સંપ્રદાયે શિષ્ટ સંગીતને પુષ્ટિ આપી હોય તો તે સ્વામીનારાયણ સંપ્રદાય છે, જેમાં ગઈ સદીમાં થઈ ગયેલા સ્વામી પ્રેમાનંદ, મુક્તાનંદ અને બ્રહ્માનંદનાં નામો ખૂબ પ્રચલિત છે. સ્વામી પ્રેમાનંદના તથા બ્રહ્માનંદનાં લગભગ નવ હજાર જેટલાં ગુજરાતી અને વ્રજ ભાષાઓમાં લખાયેલાં ભજનો તથા ગીતો ગુજરાતનો એક સમૃદ્ધ વારસો છે. આ સંપ્રદાયનો સંગીત વારસો આજે તો સ્વામી વલ્લભદાસજીએ જાળવી રાખ્યો છે. કાળે કરીને ગુજરાતનાં જૈન મંદિરોમાં પણ સંગીત દાખલ થયું. ભોજક કોમના ગાયકો જૈન મંદિરોમાં પૂજા ગવડાવતા અને એ રીતે સંગીતને જૈન મંદિરોમાં પણ આશ્રય મળ્યો છે.

## દેશી રાજ્યોનો ફાળો

ગુજરાતમાં શિષ્ટ સંગીતનું રક્ષણ અને વિકાસ કરવામાં મોટો યશ ગુજરાતનાં ધર્મસ્થાનો તથા દેશી રાજ્યોને ફાળે જાય છે. બ્રિટિશ લોકોને સંગીતમાં રસ ન હતો એટલે તેની સીધી હકૂમત તળે ગયેલા ગુજરાતનાં પ્રદેશોમાં જે કોઈ સંગીત હતું તે ધીરે ધીરે અદૃશ્ય થયું અને દેશી રાજ્યોમાં જઈ ભરાયું. ગુજરાતમાં શિષ્ટ સંગીતને રીતસરનો આશ્રય આપી તેના વિકાસમાં સક્રિય ફાળો આપ્યો હોય તેવાં રાજ્યોમાં વડોદરા, જામનગર, જૂનાગઢ ભાવનગર, કચ્છ, ધરમપુર, વાંસદા, છોટાઉદેપુર, વઢવાણ, હડાળા વગેરેનો સમાવેશ થાય છે. વડોદરા રાજ્યે મૌલાબક્ષ ફયાઝખાન જેવા ખ્યાતનામ સંગીતકારોને સંઘર્યા. એટલું જ નહિ, પણ સંગીતની શાળા અને કૉલેજ સ્થાપી ગુજરાતમાં શિષ્ટ સંગીતના સુરક્ષણ માટે સારા પ્રયાસો કર્યા. જામનગરે આદિત્યરામજીને પોષ્યા અને રાજ્યગાયક બનાવ્યા, ભાવનગરે પણ રહીમખાન, ચંદ્રપ્રભા, ડાહ્યાલાલ શિવરામ, હસસુખરામ તથા બીનકાર મહમદખાન વગેરેને રાજ્યાશ્રય આપ્યો. વઢવાણે કેશવરામ વ્યાસ, સીતારવાદક ધારપુરે અને ભવાનરાવ પિંગલેને રાખ્યા. જ્યારે ધરમપુરના ઘણાં રાજવીઓ તો પોતે જ સંગીતકારો હતા અને કુમાર પ્રભાતદેવજી તથા મહારાજ વિજયદેવજીએ તો સંગીત ઉપર ગ્રંથો પણ લખ્યા છે. વાંસદામાં પંડિત વાડીલાલ અને કચ્છમાં લાલખાન વર્ષો સુધી રાજ્યાશ્રય પામ્યા. આ ઉપરાંત રાજકોટમાં રાજકુમાર કૉલેજ નામની સંસ્થાએ પણ સંગીત શિક્ષણ માટે મનહર બર્વેના પિતા ગોપાલરાવ બર્વે, પંડિત ગોવિંદપ્રસાદ તથા માસ્તર લક્ષ્મીશંકર ત્રિવેદી જેવા સંગીતશાસ્ત્રીઓને રોકેલા.

## ગુજરાતના સંગીત-ગ્રંથો

પ્રાચીન ગુજરાત સંગીતશાસ્ત્રમાં પણ રસ લેતું હતું તે પ્રચાર કરવા માટે ગુજરાતમાં સંગીત ઉપર અનેક મનનીય ગ્રંથો રચાયા છે, જેમાં સોળમી શતાબ્દીમાં જામનગરના કવિ શ્રીકંઠે નાટ્ય અને સંગીત ઉપર સંસ્કૃત ભાષામાં "રસકૌમુદી" નામનો ગ્રંથ રચ્યો છે, જે આજે પણ ઉપલબ્ધ છે. સંગીત ઉપર ગુજરાતીમાં લખાયેલા ગ્રંથોમાં જામનગરના આદિત્યરામ વ્યાસનું ૧૮૮૯માં "સંગીતાદિત્ય" તથા ભાવનગરના ડાહ્યાલાલ શિવરામે ૧૯૦૧માં લખેલું "સંગીત કલાધર" ધ્યાન ખેંચે તેવા ગ્રંથો છે. આ પછી ગણપતરાવ બર્વેના ગુજરાતીમાં લખાયેલાં "નાદલહરી" તથા "શ્રુતિસ્વરસિદ્ધાંત", જામનગરના મૂળજી જેઠારામ વ્યાસનુ "સંગીત ચિંતામણિ", વાંકાનેરવાળા નથુરામ સુંદરજીનાં "ભરત નાટ્યશાસ્ત્ર" તથા "સંગીત રત્નાકર"નાં ગુજરાતી ભાષાંતરો, વલ્લભજી જટાશંકર ઓઝાનું "નાદ ચિંતામણિ", હડાળામાં રહીને લખાયેલ સીતારવાદક ભવાનરાવ પિંગલેનું "ઇન્ડીયન મ્યુઝીક", સુરતના મહારાણીશંકરનું "ભારતી સંગીતકલા", ધરમપુરના પ્રભાત દેવજીનું "સંગીત પ્રકાશ", ધરમપુરના મહારાજા વિજયદેવજીનું "સંગીતભાવ", પ્રોફેસર ખરેનાં "સંગીત બાલવિનોદ" તથા "સંગીત રાગદર્શન", વિભુકુમાર દેસાઈનું "ઉત્તર હિંદુસ્તાની સંગીતનો ઇતિહાસ" તથા સંગીતાચાર્ય પંડિત ઓમકારનાથજીનાં "પ્રણવ ભારતી" વગેરે પુસ્તકો હિંદના શિષ્ટ સંગીતના શાસ્ત્ર માટે નોંધપાત્ર ફાળો ગણી શકાય.

આ ગ્રંથ પ્રકાશન પ્રવૃતિ ઉપરાંત પંડિત ભાતખંડેના પ્રયાસથી ૧૯૧૬માં પહેલી અખિલ સંગીત પરિષદ વડોદરામાં ભરાયેલી હતી. આ પછી ૧૯૨૧માં અને ૧૯૨૩માં અમદાવાદમાં સંગીત પરિષદો ભરાઇ અને ૧૯૪૯માં રાજકોટમાં રાષ્ટ્રીયશાળાના સુપ્રસિદ્ધ સંચાલક શ્રી પુરૂષોત્તમભાઈ ગાંધીએ સંગીત પરિષદ ભરી હતી. આમ સમગ્ર રીતે જોઇશું તો ભૂતકાળમાં ગુજરાતમાં શિષ્ટ સંગીતના સુરક્ષણ, વિકાશ અને પ્રચાર માટે છૂટાછવાયા પ્રયત્નો થયા છે.

## અર્વાચીન ગુજરાત અને સંગીત

ગુજરાતની સંસ્કારિતામાં પલટો આવ્યો બ્રિટિશ સત્તાના ઉદય સાથે. બ્રિટિશ સત્તાધીશોને સંગીતમાં કદાપિ રસ થયો જ નહિ. અંગ્રેજીભાષામાં કેળવણી શરૂ થઈ ત્યારથી પ્રાચીન સંસ્કારિતાનાં મૂલ્યાંકનો ફરી ગયા. બીજી તરફથી સંગીત એવા માણસોના હાથમાં હતું કે જેના સ્વભાવોથી માણસોને ખુદ સંગીત પ્રત્યે જ અણગમો થયો. ઊપરાંત સંગીત શીખીને શું કરવું; અને સંગીત જીવનનાં ભરણપોષણમાં શું ઉપયોગી થાય તેવી સહજ વ્યાપારીબુદ્ધિએ પણ સંગીત શીખવા બાબતમાં થોડીક ઉપેક્ષાવૃત્તિ ઉભી કરી. આમ નવી કેળવણી, નવા મૂલ્યાંકનો તથા નવી પરિસ્થિતિના આ બધા પ્રવાહો અને આંતરપ્રવાહોના વમળમાં સંગીત છેક તળિયે જઈ પહોંચ્યું. ગુજરાતમાં શિષ્ટ સમાજથી અળગાં પડી ગયેલાં સંગીતને પ્રજા સંપર્ક કરાવવામાં મહાત્મા ગાંધીજીએ અમદાવાદમાં સ્થાપેલ સાબરમતી આશ્રમનો ફાળો મહત્ત્વનો છે.

આજે જ્યારે સંગીતકારોને માટે સંગીત શીખવાની પૂરી તક છે તેમજ સંગીતકાર ફરી પાછું માન મેળવવા માંડ્યો છે, આજે જ્યારે યુનિવર્સિટીના શિક્ષણક્રમમાં સંગીતને સ્થાન મળવા માંડ્યું છે. ત્યારે કમભાગ્યની વાત એટલી જ છે કે આજે ગુજરાતમા શ્રેષ્ઠ ગણી શકાય તેવા સંગીતકારો આંગળીને વેઢે ગણી શકાય તેટલા જ છે. જે ગુજરાતે પ્રાચીનકાળમાં સૌરાષ્ટ્રિકા, બિલાવલ, અહિર ભૈરવ, ગુર્જરી ટોડી તથા ખંભાવતી જેવી રાગરાગિણીઓની દિવ્ય શિષ્ટ સંગીતને ભેટ ધરી છે અને કેટલાક સંગીતાચાર્યો પણ આપ્યા છે તે પ્રદેશમાં સંગીતકારોનો આટલો દુષ્કાળ તે ખરેખર વિધાતાની બલિહારી કે પુર્વકાળનો પરિપાક છે. સરકાર કે યુનિવર્સિટી તરફથી ચાલતી અગર ખાનગી સંગીત સંસ્થાઓએ જો શિષ્ટ સંગીતને જિવાડવું હશે તો સંસ્કૃત અને હિન્દીમાં મળતા સંગીત ઉપરના ગ્રંથોનું ગુજરાતી ભાષાંતર કરી સંગીત ઉપરનું સાહિત્ય સમૃદ્ધ બનાવવું પડશે. તેમ જ સંગીતશિક્ષણનો પદ્ધતિસરનો અભ્યાસક્રમ ગોઠવી શિક્ષણના આગવી પરંપરા મુજબ સંગીત શીખવવાનું હાથ ધરવું પડશે. અત્યારે કોલેજોમાં અને શાળાઓમાં જે રીતનું ઉપરછલ્લિયું શિક્ષણ અપાય છે તેથી વખતે તેમાંથી સંગીતવેત્તાઓ નીકળશે કે સંગીતના વિદ્યાર્થી નીકળશે, પણ સંગીતના કલાકારો પેદા કરવા હશે તો પ્રાચીન સમયમાં જે રીતે ઘનિષ્ઠજ્ઞાન મળતું તે રીતે શિક્ષણ આપ્યા વિના છૂટકો જ નથી

ગુજરાત પાસે શિષ્ટ સંગીતની બાબતમાં ભલે સળંગ અને ભવ્ય ભૂતકાળ ન હોય, પણ સંગીતની દિવ્યજ્યોતિ પ્રગટાવનારા ગૌજુ, આદિત્યરામ અને ઓમકારનાથજી જેવા મહાન જ્યોતિર્ધરો તો જરૂર જોવામાં આવે છે, જેની કલાનાં તેજસ્વી કિરણો સદીઓનાં અંધારા વચ્ચે આજ સુધી ગુજરાતની ધરતીને પ્રકાશમય અને દૈદીપ્યમાન બનાવે છે. આ જ્યોતને અજવાળે ગુજરાત તે । સંગીત–કલાના જ્ઞાન અને શિક્ષણને વધુ ઉજ્જવળ અને તેજસ્વી બનાવી શકે.

( માહિતીખાતાના સૌજન્યથી )



# ગુજરાતની નૃત્યપરંપરા

—શ્રી ધરમશીભાઈ શાહ

ભારતનાં રાજ્યોમાં ગુજરાતનું પોતાનું આગવું સ્થાન છે. તેનો વિશાળ દરિયાકિનારો, ગિરનાર, પાવાગઢ અને શત્રુંજય જેવાં પર્વતો તથા ડાંગનું જંગલ. સિંહની એક માત્ર ભોમ ગિરનું જંગલ તો અદ્વિતીય છે. તેવી જ વિવિધ જાતિઓ ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છને ખોળે ઉતરી છે. અને એ જાતિઓની ખાસિયતોમાં કળા–સંસ્કારનો વારસો તો અનોખો છે. તેવી જ રીતે ડાંગી આદિવાસી જાતિઓના સંસ્કાર પણ ગુજરાતને મળેલા છે.

વેપારક્ષેત્રે દરિયાપારના દેશોમાં ગુજરાતનું નામ ગૌરવવંતુ છે. કચ્છના વહાણો અને સુરત બંદરનું નામ વિશ્વબંદરોના ઇતિહાસને પાને હજુ પણ ચમકે છે. કળા–લોકકળા ક્ષેત્રે પણ આવો ગૌરવવંતો વારસો સમગ્ર ગુજરાતને મળેલો છે. સંગીત, નૃત્ય, નાટય (ભવાઇ) ક્ષેત્રે પણ વિશિષ્ટરીતે પાંગર્યો છે.

એ ખરું કે ગુજરાતને કેટલાંક રાજ્યોની જેમ શાસ્ત્રીયનૃત્યની પ્રણાલી નથી. પણ આદિવાસી નૃત્ય ( Tribal Dances ) કે લોકનૃત્ય-લોક નાટયની પ્રણાલી વિશિષ્ટરીતે પાંગરી છે. આજે પણ તે લોકનૃત્યો ખાસ કરીને ગરબા–ગરબી, રાસ રાસડા, ટિપ્પણી કે મટકી એમ અનોખી રીતે અસ્તિત્વમાં છે.

લોકનૃત્યો લોકોના હૃદયમાંથી લોકોના સહકારથી અને લોકો માટે ઉદ્ભવ્યા, સરજાયા, વિકસ્યા અને પોષાયા છે. તેથી જ લોકોનું એટલે કે સમાજનું દર્શન લોકનૃત્યોમાં, તેનાં ગીતોના ભાવમાં વ્યક્ત થતાં જોવા મળે છે. સમાજજીવનનાં સુખદુઃખ કે ચડતી–પડતીનું દર્શન દ્રષ્ટિગોચર થાય છે. આ દર્શન જ સમાજના મનનું સ્વાભાવિક દર્શન બને છે.

ભારતના આદિવાસી નૃત્યો ( Tribal Dances ) લોકનૃત્યો કે શાસ્ત્રીયનૃત્ય આમાંનું કોઇપણ લ્યો પણ તેની પૃષ્ઠભૂમિ ધર્મ રહ્યું છે. સમાજ તેનાં વિવિધ વિભાગોનું દર્પણ બનતું રહ્યું છે. અને તેથી જ આજ દિવસ સુધી આ બધી જ કળા સંગીત, નૃત્ય, ગીત ચિત્ર કે ભરત; અરે, શિલ્પ પણ નવા નવા સ્વરૂપ અને આગવી રીતે અસ્તિત્વ ધરાવે છે. આ સર્વ કળાનું સમન્વય તે લોકનૃત્યો, રાસ ગરબા, ગરબી, રાસડા કે ટિપ્પણી આ બધા વિષે વિગતથી જોઇએ તો તો એક પુસ્તક ભરાય એટલી સામગ્રી નીકળે. પણ આપણે ટૂંકમાં જોઇએ.

**ગરબો :**

લોક નૃત્યોની પૃષ્ઠભૂમિ ધર્મ છે, તે આ ગરબા દ્વારા પૂર્ણપણે મૂર્તિમંત થાય છે. ગરબો સમાજમાં કેવી રીતે સ્થાન પામ્યો તે વિષે જુદી જુદી કલ્પનાઓ છે. ગરબો એટલે ગર્ભ–દીપ. ગર્ભ એટલે ઘડો–બ્રહ્માંડની કલ્પના. અને અંદર જ્યોત–જીવનના સાતત્યની ઝાંખી કરાવે છે. સૂક્ષ્મ તથા પ્રગટ રીતે આદ્ય શક્તિ જગન્માતા તરફનો ભક્તિભાવ વ્યક્ત થાય છે. ગરબાની ઉત્પત્તિ વિષે બીજી પણ અનેક માન્યતાઓ છે. જેમાં—

**સૂર્ય પૂજા–શકિત પૂજા :**

વેદકાળથી સૂર્યપૂજા ચાલી આવે છે. પુરાણા કાળમાં ગુજરાતમાં પણ ઠેરઠેર સૂર્યમંદિરો હોવાના ઉલ્લેખો છે. ( મોઢેરા, પ્રભાસ–પાટણ, થાન ) અને તેના અવશેષો આજે પણ જોવા મળે છે. આમાં ગરબો બ્રહ્માંડ અને જ્યોતનું પ્રતીક બન્યું. અને એ રીતે સૂર્યપુજા ગરબા દ્વારા આવી. આજે સૌરાષ્ટ્રમાં કાઠીઓ જેના નામ પરથી કાઠિયાવાડ પડ્યું તેઓ સૂર્ય–પુજક છે. સૂર્યના વંશજ કહેવાય છે.

સૂર્યના પત્ની રન્નાદે–રાંદલની પૂજા અઘરણી વખત થાય છે. પુત્રની દેનારી સૂર્યપત્ની રન્નાદેની પૂજા વખતે ગીતો ગવાય છે અને નૃત્ય થાય તેને રાંદલનો ઘોડો ખુંદવો કહેવાય છે. હમચી ખુંદવી કહે છે ઘોડા સૂર્યના રથના વાહક છે. આમ ગરબો સૂર્યપૂજા અને તેની માન્યતાઓ ધરાવે છે.

ગરબો સામાન્યરીતે આદિ માનવ નૃત્યોની જેમ ગોળાકારે લેવાતો પણ હાલ તેમાં ઘણી વિવિધા છે અને અસલ માતાજીની સ્તુતિ સાથો સાથ બીજા અનેક ગીતો, શ્રીકૃષ્ણની જીવનલીલાના વર્ણનો કે સમાજના અનેક વિષયોને અનુલક્ષીને પણ ગીતો ઉમેરાયા છે. અને તે રીતે ગરબા ધાર્મિક તેમજ સામાજિક પ્રસંગોએ પણ સમાજમાં સ્થાન પામ્યો છે. તે દ્વારા સમાજનાં સુખદુઃખના દર્શન પણ તે ગીતોમાં જોવા મળે છે. કુટુંબીક જીવનની ઝાંખી પણ ગરબા ગીતોમાં જોવા મળે છે.

ખાસ કરીને તળ ગુજરાતમાં કે ગુજરાતનાં બીજાં શહેરોમાં લોકનૃત્યના અંગ સાથે સાથે શિષ્ટ સાહિત્ય અને સંગીતના અવનવા તત્ત્વ સાથે સમાજમાં પ્રદર્શિત થાય છે. જ્યારે ગામડામાં કે સમાજના ઉપલા થર સિવાય લોકવાણીમાં અને લોકોના વિશિષ્ટ અંગથી રજુ થાય છે. શિષ્ટ સાહિત્યની સાથે બુદ્ધિચાતુર્ય પણ ભળ્યું અને નર્તનના અવનવા આકાર–પ્રકાર પણ ઉમેરાયા. તાલની વિવિધતાઓ પણ ભળી. આમ સમાજના સર્વ માન્ય સ્ત્રી વર્ગનો અને સર્વ સ્તરોએ સ્વીકારાયેલ ગરબો લોકપ્રિય લોકનૃત્ય પ્રકાર છે.

ભારતના બીજા પ્રદેશોમાં પણ આવા નર્તન પ્રકારો જરૂર જોવા મળે. જેમકે કેરળમાં " કઇ કુટ્ટી કુલી " પણ આ ગરબો ગુજરાતની સ્ત્રીઓનો મહામુલું પ્રિયનર્તન પ્રકાર છે. અને સર્વ સ્તરનો હોઇ વિવિધતાની સભર છે.

**રાસડો :**

આવો જ બીજો સ્ત્રીઓનો નર્તન પ્રકાર તે રાસડો. આ રાસડામાં અંગમરોડ કે આકાર પ્રકારની વિવિધતા સમીત છે. તેના લાંબા ગીતોમાં વર્ણન મુખ્ય હોય છે અને નર્તનમાં પણ એકતાલી

કે ત્રણતાલી મુખ્ય હોય રહે છે. સામાન્ય ગોળાકારે જ ફરાય છે સરળ હોઈ દરેક સમાન રીતે ભાગ લઈ શકે છે.

ગરબો અને રાસડો જેમ સ્ત્રીઓના નર્તન પ્રકાર છે. તેમ રાસ ગરબી મુખ્યત્વે પુરૂષો યોગ્ય નર્તન પ્રકાર છે.

**ગરબી :**

રાસડામાં જેમ નર્તનની વિવિધતા ઓછી છે તેમ ગરબીમાં પણ તેમ છે. માતાજીની ભક્તિરૂપે રજુ થતો આ પ્રકાર પુરૂષો દ્વારા પ્રદર્શિત થાય છે. એક તાળી અને ત્રણ તાળી આગળ પાછળ સમુહમાં એક સાથે ગોળાકારે અંદર બહાર એવા પ્રકારે રજુ થાય છે. ગરબી નામ નારીજાતક સૂચક હોઇ ઘણા તેને સ્ત્રીઓનું નર્તન સમજે છે પણ તે ભ્રમણા છે.

**રાસ–દાંડિયા રાસ :–**

રાસ એ ખાસ કરીને સૌરાષ્ટ્રનું આગવું એવું લોક નૃત્ય છે. નર્તક તેમજ પ્રેક્ષક બધાયને રસ તરબોળ કરાવતું નૃત્ય પ્રકાર છે. ઐતિહાસિક દૃષ્ટિએ મહાભારતમાં હલ્લિસક ક્રીડાં કે 'દંડ રાસક' તરીકે વર્ણવાયેલું છે તે જ આ રાસ કે દાંડિયારાસ. શ્રીકૃષ્ણનો ગોપ ગોપીઓ સાથેની રાસલીલાનો આ વારસો છે. રાસ એ રીતે ગોપ-સંસ્કૃતિનું એક અંગ છે. પાછળથી જુદી જુદી જાતિ કોમ અને પ્રદેશ પ્રમાણે વિવિધતા ઉમેરાતી ગઇ. અને ખેતી-પ્રધાન જનસમૂહ દરિયાવાસી જનસમૂહ અને ગોપ-પશુપાલન જનસમૂહની એમ સૌની આગવી એવી હલક-ઢબ આ રાસ–દાંડિયારાસમાં ઉમેરાતી ગઇ. રાસમાં પ્રકારો પણ અનેક છે. દોઢિયા, પંચિયા, અઠિયા, બારિયા બેઠિયા, નમન અને મંડલ. એવા અનેક પ્રકારોની ગોઠવણી પણ વિધવિધ છે.

હાલ રાષ્ટ્રિય ઉત્થાન સાથે લોકનૃત્યને માણવાની સમાજની ખ્વાહીશ પણ વધી છે અને લોક–નૃત્યો પાદર કે ચોરા ચોકમાંથી ખસેડાઇને રંગભૂમિનું પ્રદર્શન પ્રકાર બન્યું છે. અને તેથી તેમાં બુદ્ધિ–ચાતુર્ય અને વિજ્ઞાનની નવી શોધોએ પ્રદર્શનને વધુ સભર બનાવ્યું. રંગભૂમિની સાથોસાથ સમય મર્યાદા પણ આવી. અને તેથી ઓછા સમયમાં વધુ તરકીબો બતાવવાની વૃત્તિ પણ ભળી. આ રીતે નવી નવી કલ્પનાને સ્થાન પ્રાપ્ત થયું. અને સર્જન શક્તિને વિકસવા–પ્રસરવાનો અવકાશ વધ્યો અને તેથી રાસમાં ગવાતાં ગીતોને– અનુલક્ષીને આકાર–પ્રકારો પણ રચાતા ગયાં. જેમકે :–ગીતોમાં માતાજીનું વર્ણન હોય તો માતાજીના પ્રતિકો ધજા, સ્વસ્તિક, ત્રિશૂળ વગેરે આકારો રાસ રમતાં રમતાં રચતાં જાય. કાન–ગોપીનું ગીત હોય તો કૃષ્ણ બંશી વગાડે તેવી રચના રચાતી જાય કે વલોણાના આકાર પણ રચે. આમ અનેક વિધ વિવિધતાઓ આવિષ્કાર પામતી જાય છે.

આ રાસમાં બીજી પણ એક ખાસિયત જોવા મળે છે કે જે કોમ દ્વારા પ્રદર્શિત થાય તેનું આગવું અંગ ઉમેરાય. જેમકેઃ– પઢારના રાસમાં સમુદ્રની મસ્તી તાકાત સ્ફુર્તિ વગેરે અચૂક જોવા મળે, તો કોળીકોમ વ્યવસાયે શિકારી હોઇ તેમાં સ્ફુર્તિ કે ચાંચલ્ય પણ અચૂક દૃશ્યમાન થવાનું તેમના પગની ચલન ખૂબી જરૂર તેમના રાસમાં સ્થાન પામવાની.

કણબીના રાસમાં વ્યવસાયે ખેતી પ્રધાન હોઇ સૌમ્યતા વિશેષ જોવા મળશે. તરવરાટ કરતાં પીઢતા પ્રચૂર રાસ મળશે. જીવનની સ્થિરતાને કારણે ભક્તિ–પ્રધાન શ્રદ્ધાભર્યા ગીતો રાસ ચલન વગેરે પર આપણે તેની અસર જોવા મળવાનીજ છે. આમાં વિવિધ કોમના રાસની વિવિધતા સ્વભાવ વ્યવસાય અને તેના લક્ષણોને કારણે રાસ ઘણું વૈવિધ્ય સભર બન્યું છે. અને માટેજ તે ક્ષણે ક્ષણે અને પ્રસંગે પ્રસંગે તે આપણે તેની પ્રદર્શન રીતો નાવીન્ય દેખાડે છે. અને તેથી ચિર રંજન પુરું પાડે છે.

**ટિપ્પણી —**

કેટલાંક નૃત્યો જીવન–વ્યવહારમાંથી ઉદ્‌ભવ્યા છે. જેમકેઃ– ટિપ્પણી થોડાં વર્ષો પહેલાંની વાત છે કે જ્યારે આપણે ત્યાં છત કે અગાશી પર લાદી નાખવાનો રિવાજ નહોતો. ત્યારે છત પર ચૂનાથી ધાબો દેવાતો. આ ધાબો ધરમી ધરમીને પાકો કરાતો, અને છોને લીસી બનવાતી. આ ધરમવા માટે વપરાતું સાધન તે ટિપ્પણી, એક લાંબી લાઠી કે લાકડીને છેડે ગોળ કે ચોરસ લાકડાના વજનદાર કટકા લગાડતા. ક્યાંક લોઢાના પણ વપરાતા. આ ટિપ્પણીથી બાઈઓ ઘણા દિવસો સુધી એક સરખી ટીપ્યાજ કરે. આ એકધારા કંટાળાભર્યા કામમાં રસ લાવવા ગીતોએ સ્થાન લીધું. અને પછી તો કામ જલદી ઉકેલવા માટે સાથે થાક ન લાગે અને રસ જળવાઈ રહે તે માટે ગીત સાથે ઢોલ શરણાઇ ઉમેરાયા. આ ટિપ્પણી કામ કરનાર બ્હેનો મોટે ભાગે કોળી કોમની રહેતી. તેમનો શરણાઈ જેવો તીણો અવાજ ધબ ધબ ટિપ્પણીનો અવાજ આ તાલ–સૂરની રમઝટને કારણે કામ કરવાની રીતમાં પણ નાવીન્ય ભર્યું. અને તેમાંથી નૃત્ય સર્જાયું. બ્હેનોની સંખ્યા–રસ પ્રમાણે તેમાં આકાર–પ્રકારો રચના થવા માંડી. અને આમ વ્યવહારમાંથી લોક–નૃત્ય સર્જાયું. આજે ચોરવાડની બ્હેનોએ ટિપ્પણીમાં પોતાનું આગવું સ્થાન સાચવી રાખ્યું છે.તેમનું અંગ સૌષ્ઠવ–તાકાત, અને અસલ ઝલક જાળવી રાખી છે. અને હવે તો તે એક ઉત્સવનું પ્રતિક બની ગયું છે.

આ કોળી બ્હેનોને ભગવાને શરીર પણ એવાં આપ્યાં છે કે જાણે એકજ બીબામાંથી બધી પુતળીઓ ન ઉતારી હોય! શ્યામ વર્ણ, પાતળી દેહયષ્ટી, છતાં તાકાત પણ કમ નહિ. સાજ શણગારમાં લીલા કમખા, કોથમીર ભાતની સોનેરી કોરની ચુંદડી નાકનાં વાળિયું પગમાં કાંબી અને પછી બન્ને હાથે ટિપ્પણી ઉંચકી નીચે પટકાવે ત્યારે ડાબો હાથ એવો તો મરોડથી પાછળ ધકેલાય કે જાણે કોઈ શાસ્ત્રિય નૃત્ય તેના ચોક્કસ અંગ પ્રત્યંગની રીતે ન ગોઠવાયા હોય! અને જમણા હાથની ટિપ્પણી સાથે શરીરનો હિલોળો લ્યે ત્યારે એવો તો સુંદર શરીર મરડો રચાય કે બસ જોયાજ કરીએ, અને તે પણ દરેકે દરેકનો એક સરખો બિબાંઢાળ પૂતળી જેવો. આમ સૂર–તાલ અને અંગ મરડાની નવી નવી ઉપજ ગતિમાં રચાતી જાય અને રમઝટ જામતી જાય.

ગોહિલવાડના બ્હેનોની ટિપ્પણી જોવા મળતી નથી પણ રાજકોટની ભાલ બ્હેનોની ટીપણી આજે પણ જોવા જેવી છે. તેઓ અનેક પ્રકારોએ પ્રદર્શિત કરે છે. ધીમી હલકથી ગીત નૃત્ય શરૂ કઈ અવનવા વળાંકો સાથે ચગાવતાં જાય છે ને ત્યારે મને ગીત. નૃત્ય. વાદ્ય એવાં તો ચગે છે કે તે ત્રણેની રમઝટન વર્ણનને ભાષામાં વર્ણવવા ફીક્કા ભાસે છે. લોકનૃત્ય તો દૃશ્યકલા છે. ભાષા વર્ણન તેને પૂર્ણ ન્યાય ન

આપી શકે ગીતોના શબ્દો, સ્વરનું ગુંજન, શરણાઈ જેવો બહેનોનાં ગળાં ઢોલશરણાઈની સાથે સાથે ટિપ્પણીનો ટપટપ ટપાકાનો એકધારો તાલ અને સુરનો ધોધ વહે તે રંગના નર્તક અને પ્રેક્ષક રંગાઈ જાય છે. જૂના રજવાડાના સમયમાં આ રંગને માણવા માટે રાજાઓ ફીદા થઈ જતા અને ઓર રંગત લાવવા તેઓ નર્તકોને થોડા થોડા કેફ પણ કરાવતા, જેથી થાક ઓછો વરતાય અને નૃત્યની રંગત જામતી રહે. આજે તો આ બધાં સંભારણા રહ્યાં. સૌરાષ્ટ્રના પ્રદેશે પ્રદેશે થોડા ફેરફારો સાથે આ જોવાનો લહાવો ઓર હતો. આજે તો આ ટિપ્પણી હવે રંગભૂમિનું એક ઘરેણું બની ગયું છે. કારણ વ્યવહારમાંથી તો સીમેન્ટના મકાનો થતાં ધાબાનાં કામો અને કામ કરવાની આ કળા પણ નષ્ટ પામી. હવે તો તેનું નર્તન અંગ સચવાઈ રહ્યું છે.

**મટકીનૃત્ય :**

મનુષ્ય ભાવાવેશમાં આવી પોતાને હાથ પડેલી નાની કે મોટી વસ્તુને માધ્યમ બનાવી ભાવને અદ્વિતીય રૂપે વ્યક્ત કરે છે, તેવા નૃત્યોમાં "મટકીનૃત્ય" તથા "મંજીરાનૃત્ય"ને મૂકી શકાય.

સંભવ છે કે આ મટકીનૃત્ય કૃષ્ણલીલા કે દાણલીલામાંથી ઉદ્‌ભવ્યું હોય. ગોપજીવનમાં પશુપાલનમાંથી દૂધ એ મુખ્ય વ્યવસાય હતો. દૂધ કે ગોરસનું આ સાધન મટકી કે તાંબડી આ નૃત્યનું માધ્યમ બન્યું. આ મટકીનૃત્ય આજે સૌરાષ્ટ્ર અને કચ્છમાં ઘણું જાણીતું છે. કચ્છમાં કચ્છી બોલીમાં "મટકારાંધ"ના નામે ઓળખાય છે. (રાંધ એટલે રમત).

પિત્તળના ખાલી ઘડા કે તાંબડીને આંગળીઓમાં વેઢ પહેરી હાથમાં આ તાંબડી કે ઘડાને આમતેમ ઝુલાવતાં ઝુલાવતાં અનેક અંગમરોડ દ્વારા નવાજ પ્રકારે મસ્તીમાં રજુ થાય છે. ખાસ કરીને જાગરણના દિવસોમાં ભરવાડ ને રબારી કોમમાં બહેનો વેઢ અને તાંબડીના ટકટક સાથે ઢોલીની સંગમાં એવી તો રમઝટ બોલાવે છે કે ઘડીક દુનિયાના બધા જ રસમાંથી ખસીને આ લયમાં લીન થઇ જવાય છે અને ઢોલી પણ આ લયની સાથે મસ્તમાં ઓર ચગે છે.

**મંજીરાનૃત્ય :**

આવું જ બીજું નૃત્ય તે મંજીરાનૃત્ય. મટકીનૃત્ય કરતાં આમાં એક જુદી મજા છે. આ નૃત્યમાં મટકી કરતાં શરીરની સ્થિરતા વધારે છે. પણ તાલ અને લયના વિવિધ પ્રકારોને રજુ કરવાનો વધારે અવકાશ મળે છે.

આવો જ નૃત્ય પ્રકાર રાજસ્થાનમાં છે. જેને તેરાતાલ કહે છે. પણ આપણા ગુજરાતમાં શરીરનો વેગ અને મસ્તી પણ વધુ છે. ગુજરાતમાં ખાસ કરીને બે પ્રકારે આ નૃત્ય રજુ થાય છે. એક ભજનિકો દ્વારા. ભજનિકો ભાવાવેશમાં જ્યારે મસ્ત બને છે ત્યારે તેઓ મંજીરાને અવનવી રીતે ઉછાળીને લયના અનેક પ્રકારે ભજનની સાથે લયનું એક સુંદર વાતાવરણ ખડું કરે છે. અંગમરોડ કરતાં ભાવ અને લયને વિશેષ સ્થાન છે પણ પઢારલોકોના રાસમાં જે દરિયાના મોજાનાં હિલ્લોળા જેવા સરકતા અવનવા પ્રકારો જોવા મળે છે. તેવા જ નાવિન્ય ભર્યા આકાર પ્રકારને રચના પઢારના મંજીરાનૃત્યમાં જોવા મળે છે. તેઓ સામાન્ય રીતે શરૂઆતમાં ગોળ કુંડાળામાં જમીન સરખા સૂઈ જાય છે અને ધીમી ગતિએ મંજીરા વગાડતાં વગાડતાં બેઠા થાય છે અને સુએ છે. આમ સતત ક્રિયા ચાલતી રહે છે અને લયમાં મોજાનાં ભાવ ઉત્પન્ન કરે છે અને એ રીતે સાગરકાંઠાનું તેમના જીવનનું પ્રતિબિંબ ખડું થાય છે. આવી જ બેઠી ક્રિયામાં મોઢું ગોળાકાર તરફ ફેરવી એકબીજાના પગની પહોળાઈમાં ગોઠવાઈને ગોળાકાર તૈયાર કરે છે, અને પછી વિવિધ પ્રકારે મંજીરાના તાલ આપે છે. આમા ક્યારેક પગમાં મંજીરા બાંધી પીડપર સુદ્દ હાથની જેમ બંને પગથી મંજીરાના તાલ આપે છે. આમ અવનવી તરકીબથી મંજીરાના અનેક પ્રકારો યોજી તાલનું અજબ વાતાવરણ સર્જે છે. તાલની સાથોસાથ તીણાં મોરલી જેવા અવાજોએ ગીતો લહેરાય છે. તારસપ્તકના સુરથી વાતાવરણને ભરી દે છે. ઉત્સાહ અને ઉત્તેજના ફેલાવતું આ મંજીરાનૃત્ય એક અનોખી ભાત પાડતું લોકનૃત્ય છે.

**આદિવાસીનૃત્ય :**

લોકનૃત્યની જેમ ગુજરાતને આદિજાતિના નૃત્યનો વારસો પણ મળેલો છે. ડાંગના લોકનૃત્યોમાં આદિમાનવની કેટલીક ખાસિયતો જોવા મળે છે. ગોળાકારની રચના તે તેની વિશિષ્ટતા છે.જે મધ્ય–પ્રદેશ કે બીજા આદિમ જાતિની ખાસિયતો સાથે સરખાવી શકાય.

આવું જ એક બીજું સૌરાષ્ટ્રના જાફરાબાદના દરિયાકિનારે સીદીઓનું મસિરાનૃત્ય છે. જેમાં આફ્રિકાની આદિવાસી જાતિઓના લક્ષણો વિશેષતઃ જોવા મળે છે. જેમાં ભારતની સંસ્કૃતિના તત્ત્વો ઘણાં જ ઓછા છે. ગુજરાતના બીજા અનેક લોકનૃત્યો છે પણ વિવિધતા અને રસની દૃષ્ટિએ આપણે જે કાંઈ જોઇ ગયા એ મુખ્ય પ્રકારો છે.

હવે આપણે શાસ્ત્રોક્ત નર્તનના ત્રણે પ્રકારોનો જેમાં સમન્વય હોય તેવા પ્રકાર વિષે જોઇએ.

**ભવાઇ :**

ભવાઇ એ લોકનૃત્ય નાટકનો એક વિશિષ્ટ પ્રકાર છે. ગુજરાત અને રાજસ્થાનમાં એક જ નામથી પરિચિત અને પ્રવૃત્તિ અને વ્યવહારમાં પણ સમાન રીતે નૃત્ય નાટ્ય છે. આ લોકનાટ્ય ભારતના લગભગ બધા જ રાજ્યોમાં વિવિધ નામથી અને પ્રાદેશિક અંગો દ્વારા રજુ થાય છે. બંગાળમાં તેને જાત્રા કહે છે. જ્યારે બિહારમાં નવટંકી અને આંધ્ર પ્રદેશમાં યક્ષગાનના નામથી ઓળખાય છે. જ્યારે ઉત્તરપ્રદેશમાં રામલીલા અને મહારાષ્ટ્રમાં તમાશાના નામે ઓળખાય છે.

ભવાઇની ઉત્પત્તિ વિષે અનેક માન્યતાઓ છે. રામાયણમાં લવ-કુશ કથા રજુ કરતા અને તેમાંથી કથ્થક નૃત્ય પદ્ધતિ વિકાસ પામી. ભવાઇના તત્ત્વમાં આ બધા જ અંગો આજે પણ વિદ્યમાન છે. સંભવ છે કે તેના મૂળ આ રામાયણથી મંડાયા હોય. આજકાલ કરતાં ગુજરાતમાં ચારસો વરસથી લોકમાનસનું રંજન કરતી ભવાઈ અસ્તિત્વ ધરાવે છે.

સામાન્ય રીતે ભારતની દરેક કળાની પુષ્ટભૂમિ ધાર્મિક છે. ભવાઇમાં ધાર્મિકની સાથોસાથ સામાજિક તેમજ ઐતિહાસિક પણ પુષ્ટભૂમિ રહી છે. ભવાઇના પ્રદર્શનમાં નર્તનના ત્રણે અંગો નૃત્ત, નૃત્ય અને નાટ્ય અને ભાષા સંભાષણ જેટલું જ ગીત સંગીત પણ

સ્થાન ધરાવે છે અને નાટયમા ભાવવિભાવની સાથોસાથ આંગિકા અભિનય અને વાચિકા અભિનય પણ પ્રધાનપદે છે. આ ત્રણે અંગથી વિભૂષિત લોકનૃત્ય નાટય આજે પણ એટલું જ જનરંજન કરે છે.

ભવાઈ સંભવ છે કે ભગવતી માતાજીની ભક્તિ માટે યોજાઇ હશે. આદ્યશક્તિની આરાધના માટે પણ તેનું આયોજન થયું હોય. ભારતીય સંસ્કૃતિમાં વિઘ્નહર્તા ગણપતિની સ્તુતિ પછી શુભકાર્યની શરૂઆત થાય છે.

દૂંદાળો દુઃખભંજનો સદાય વાલે વેશ ।
અવસર પેલો સમરિયે, ગવરી પુત્ર ગણેશ ।।

અને...

ભવાઇ કરીએ ભક્તિથી અંબા મોરી ઈશ ।
ઓછું ઓછું બોલીએ, તે રખે ધરો તમે રીશ ।।

આમ અંબાજીની સ્તુતિ પછી જે કોઇ વેશ કે વાત હોય તે રંગલા રંગલીના વેશથી શરૂ કરાય છે.

ભવાઇમાં સામાન્ય રીતે બધા રસનો સમાવેશ થાય. પણ પ્રધાનપણે શૃંગાર તેમજ હાસ્યરસ દેખા દે છે. ભવાઇનો પ્રેક્ષકવર્ગ સામાન્ય રીતે અભણને ગામડાનો હોઈ તેની ભાષા અને વાત કે વાર્તાની ગુંથણી વધુ અટપટી ન રહેતાં સરળ હોય છે. શિષ્ટ સાહિત્ય સ્તરની દૃષ્ટિએ કેટલીક વખત નિમ્ન પ્રકારની પણ બની જાય છે. મુખ્ય ઉદ્દેશ જનરંજન હોઇ કળાની ટેકનીકમાં પણ છૂટછાટ લેવાતી હોય છે.

આ ભવાઇ પ્રકારને સાચવી રાખવાનો યશ "ભવૈયા"ને (ભોજક) આજે પણ છે. ભોજકની વસ્તી ખાસ કરીને ઉત્તર ગુજરાતમાં છે. ઉત્તર ગુજરાતનું પ્રાચીન નામ આનર્ત છે. આ નર્ત શબ્દ નૃત્ત સાથે સંબંધિત છે. આમ આનર્તને નર્તકો- નટોના પ્રદેશ કહીએ તો અજુગતું નહીં જ કહેવાય. ગુજરાતના રંગભૂમિના ઘણાં નટો, સંગીતકારો, ગાયકો, વાદકોની જન્મભૂમિ આ ઉત્તર ગુજરાત જ છે. ભવાઇને અત્યારસુધી જીવંત રાખવાનું શ્રેય આ અનર્તવાસીઓને ફાળે જાય છે.

ભવાઇની રજુઆત તેના વેશ સ્વાંગ પર આધારિત છે. જે કોઈ મુખ્ય વિષય કે વાત હોય તે જ મુખ્યવેશ રજુ થાય. સામાન્ય રીતે ભવાઇમાં પુરૂષો જ સ્ત્રીઓની ભૂમિકા ભજવે છે. જેને કાંચળિયા કહે છે. મંડળીના નેતાને નાયક કહેવાય છે. ગામડે ગામડે ફરી ભવાઈ રજુ કરાય છે. આગળ કહ્યું તેમ ભવાઇમાં વિષય ધાર્મિક ઉપરાંત, ઐતિહાસિક કે સામાજિક પણ હોય છે. અને વેશમાં હમેશાં જે તે યુગની પરિવર્તિત પરિસ્થિતિ અને ઘટનાઓનો સમાવેશ થાય છે. દરેકવેશમાં એક પ્રસંગ રહે છે જે સંપૂર્ણ હોય છે. ગણપતિના વેશમાં ગણપતિનો, કાલિકાના વેશમાં કાલિકાનો, કાનગોપીના વેશમાં કાનગોપી અને શંકરપાર્વતીના વેશમાં શંકરપાર્વતી, નૃત્ય, સંગીત, અભિનયદ્વારા સ્તુતિ કરવામાં આવે છે. રંગલો અને રંગલીના પાત્ર દ્વારા જે વેશ રજૂ કરવાનો હોય તે દર્શાવાય છે. આવા વેશમાં બ્રાહ્મણ, દરજી, મોચી કંસારા, મીયાંબીબી કે વણઝારા અને વાણિયા આવા અનેક વેશોમાં તે તે જ્ઞાતિ કે વ્યવસાયોની ખૂબી ખામીઓ, ટીકા અને હાસ્ય ભરપૂર વિશિષ્ટતાથી રજૂ કરાય છે.

ભવાઇની એક બીજી ખાસિયત એ છે કે સામાજિક કુરિવાજો પર કડક ટીકા, પ્રહારો, હાસ્યભરપૂર અભિનયો તેનો ઉપહાસ દર્શાવાય છે અને જે વિષય કે વાત કે વિચાર તરફ દોરી જવી હોય તે તરફ અનેક નવી તરકીબો યોજી જનતાની સહાનુભૂતિ ઉભી કરે છે. આમ કરવા માટે કેટલીક વખત કલાની દૃષ્ટિએ નીચું સ્તર જતું જણાય પણ તેને ક્ષમ્ય ગણી વિચારને કે રીવાજને મહત્વનું સ્થાન આપી વેશને રજૂ કરાય છે.

આમ આ લોક–નૃત્યો તથા લોક–નાટય ગુજરાતનું એક મહામૂલું સંસ્કાર ધન છે. સમય–કાળ પ્રમાણે તેમાં નવા નવા પરિવર્તનો પણ પ્રગટી જાય છે. અને તેજ વિકાસની દિશા બતાવે છે. આવો વિકાસ થતો રહે તેવી ઈચ્છા. અને ભારતમાં તેનું આગવું સ્થાન ટકી રહેલી આપણી સૌની મહેનત અને મહેચ્છાઓ રહો.



# ગુજરાતની ગવાક્ષસંપત્તિ

—શ્રી હરિભાઈ ગૌદાની

" ગોખ જોયા મેં બારણે,
જોયા પુર ને દ્વાર.
જોયા મેં દેવ મંદિરે,
જોયા મિનારા માંય."

"ગોખ ગવાક્ષ ને પ્રાગ્રીવ એ ત્રણે મારા નામ.
દીપરક્ષા, દેવાસન, સુસંજ્ઞા એ ત્રણ મારા કામ."

ગવાક્ષને શિલ્પવિષયક ભાષામાં ગોખ, ગવાક્ષ કે પ્રાગ્રીવ કહેવામાં આવે છે. તદ્ઉપરાંત મતાવરણ, મત્તાલય અને મરાલપાણી એ ત્રણે ગવાક્ષનાં અવર નામો છે. જૂના સમયથી ગવાક્ષનો ઉપયોગ મૂર્તિઓ મૂકવામાં, સુઅવસરે દીવા મૂકવામાં અને સંજ્ઞાસૂચક વસ્તુઓ મૂકવામાં થતો આવ્યો છે. એક શિલ્પકાર લખી ગયો છે કે—

"ભદ્રસૂતને ન ઓળખે તે સોમપુરો મ કહેવાય
કડિયો તેને જાણવો, દ્રવ્ય લઇ પોષાય."

ગુજરાતનાં પ્રસિદ્ધ સોમપુરા બ્રાહ્મણ શિલ્પીઓમાં ગવાક્ષ કેટલો જાણીતો અને ગવાક્ષનું સ્થાન કેટલું આદરણીય છે તે ઉપરનો દુહો કહી જાય છે.

મોટે ભાગે ગવાક્ષની ત્રણ જાતો જોવા મળે છે. પહેલી જાત દ્વારશાખની બંને બાજુ મૂકાતા દીવાઓ માટેનાં નાના ગવાક્ષો. બીજી જાત નગરનાં કે પોળનાં દરવાજાઓની બન્ને બાજુ નગર રક્ષક દિક્પાલો અને શુકનદેવો માટે બનાવવામાં આવતા ગવાક્ષો. ત્રીજી જાત મંદિરોના ભદ્ર ભાગ ઉપર બનાવાતા જે તે મંદિરને અનુરૂપ દેવોનાં ગવાક્ષો.

ઉપર જણાવેલ ત્રણ જાતો ઉપરાંત વાવો, કુંડો, તડાગનાં ઘાટો અને કૂપોમાં ગવાક્ષો બનાવી તેમાં દેવદેવતાઓની મૂર્તિઓ મુકવાનો રિવાજ સંવતનાં પાંચમા સૈકા પછી ગુજરાતમાં પ્રચલિત થયો હોય તેમ કેટલાંક પુરાણા બાંધકામોમાં મળી આવેલાં ગવાક્ષો ઉપરથી સાબિત થાય છે.

દેવમંદિરો કે દેવસ્થાનકોમાં ગવાક્ષો બનાવવાનો રિવાજ ભારતવર્ષમાં ઇસ્વીસન પૂર્વે બે-એક સૈકાથી થયો હોય તેમ લાગે છે. સિંધ, પંજાબ, ગાંધાર (અફઘાનિસ્તાન) અને ગુજરાતનાં બનાવાયેલ સ્તૂપની જગતિ ઉપર આવેલ પ્રદક્ષિણા પથવાળા ભાગે સ્તૂપની ચારે બાજુ ગવાક્ષો બનાવવામાં આવતા અને તેમાં ભગવાન બુદ્ધના જુદા જુદા અવતારી પુરૂષોની પ્રતિમા મુકવામાં આવતી. સિંધમાં આવેલ મિરપુર ખાસનાં સંવતનાં બીજા સૈકામાં બંધાયેલા સ્તૂપની ચોપાસ દેવ પ્રતિમાઓનાં ગવાક્ષો મળી આવ્યા છે. પાકિસ્તાનની વાયવ્ય દિશાએ આવેલ તાયક્ષવાળાનાં વિસ્તારમાં મળી આવેલ તખ્તાઇ ભાઇનાં બૌદ્ધસ્તૂપમાં અનેક ગવાક્ષો મળી આવ્યા છે. ગુજરાતમાં શામળાજી પાસે આવેલ દેવની મોરીના સ્તૂપમાં સુંદર દેવગવાક્ષો ઉત્ખનન દરમ્યાન મળી આવ્યા છે. સારનાથનાં ધમ્મક સ્તૂપમાં પણ દેવગવાક્ષોનાં પગેરાં મળ્યા છે.

સંવતના આશરે બીજા સૈકાથી માંડીને ચૌદમા સૈકા સુધી કોતરાયેલ ભારતભરમાં અને ભારત બહાર આવેલ ગુફામંદિરોમાં અનેક દેવગવાક્ષો જોવા મળે છે.

ગુજરાતમાં દેવગવાક્ષો બનાવવાની પ્રથા સંવતનાં બીજા સૈકામાં બંધાયેલ દેવની મોરીનાં સ્તૂપથી થઇ હશે તેમ લાગેછે. મૈત્રકાલીન મંદિરોમાં દેવગવાક્ષો અને સુશોભન ગવાક્ષો મળી આવ્યા છે.

મૈત્રકકાળ પછી ગુજરાત અને દક્ષિણ રાજસ્થાનમાં ઉદ્‌ભવેલ મહાગુર્જર શૈલીનાં મંદિરોમાં, કુંડોમાં, વાવોમાં; કૂપોમાં અને તળાવોમાં કલાપૂર્ણ ગવાક્ષો મળી આવ્યા છે.

સોલંકી કાળમાં ગવાક્ષોનાં સુશોભનો પરાકાષ્ઠાએ પહોંચેલા તેના ઉત્તમ નમૂના ડભોઇની હીરા ભાગોળ અને આબુ ઉપર આવેલા દેલવાડાના દેરાના સમૂહમાં આવેલ વસ્તુપાળ-તેજપાળે બંધાવેલ લૂણીગ વસહીનાં જૈન ચૈત્યોમાં જોવા મળે છે.

મુસ્લિમ કાળમાં મંદિરોનું બાંધકામ અટકી પડ્યું ત્યારે ગુજરાતનાં કેટલાક સોમપુરા શિલ્પીઓએ રોજી મેળવવા માટે મસ્જિદો અને મકબરાનાં બાંધકામમાં હાથ કેળવ્યો, તેના પ્રતાપે ગુજરાતની મસ્જિદો અને મકબરાની દુનિયાભરમાં ખ્યાતિ થઇ. રાજ મહાલય, મકબરા, વાવો, ભમ્મરિયા કૂપો અને તળાવોના સુશોભનમાં ઉત્તમ પ્રકારના ગવાક્ષો બંધાયા. ગુજરાતનાં મુસ્લિમ રાજ્ય અમલ દરમ્યાન ગવાક્ષોમાં દેવતાઓને બદલે ચિરાગ કે કમળફૂલ કોતરવાનો રિવાજ પ્રચલિત થયો અને એ રિવાજ મરાઠાકાળ સુધી ચાલુ રહ્યો.

મરાઠાકાળમાં ગુજરાતની ગવાક્ષ સંપત્તિમાં કે તેના સુશોભનમાં મહારાજા સયાજીરાવ ગાયકવાડના રાજ્ય અમલ સિવાય બીજા કોઇ ખાસ ઉમેરા થયા નથી. મહારાજા સયાજીરાવ ગાયકવાડે ગુજરાતનાં સોલંકી યુગી અને મહાગુર્જર શૈલીનાં પુરાણા અંગોમાંથી ગુજરાતનાં દેવમંદિર બાંધવાની નવીન પ્રથા શરૂ કરી પણ ગવાક્ષ સંપત્તિમાં બહુ ફેરફાર થયા નહીં.

" गवाक्षकांश्च भद्रेषु कुर्यात् निर्गम भूषितान् पश्चार भणकैः
स्तंभै छाद्य तिलक संयुतैः। ब्रह्मविष्णुमहादेवै रीलिकालवणैर्युतान्॥

મંદિરની જંઘા ઉપરના ભદ્ર ભાગ પર આવેલા ભદ્રદેવતાનાં ગવાક્ષો કેવી રીતે કરવા તે બાબત "શિલ્પ-રત્નાકર"માં ઉપરનો શ્લોક લખાયેલો છે.

ભદ્રમાં ગવાક્ષો કરવા અને નિર્ગમે સુશોભિતો પંચાર ભણકો, સ્તંભો, છાદ્યો, તિલકો તેમ જ બ્રહ્મા, વિષ્ણુ અને રુદ્રને સ્થાપી. ઇલ્લિકાલવણો કરવાં.

ગવાક્ષો કેવા બનાવવા અને ગવાક્ષો ઉપર કયા કયા અને કેવા

કેવા સુશોભનો કરવા તે બાબત શિલ્પવિષયક પુસ્તકોમાં ઠીક ઠીક લખાયેલ છે છતાં એ બાબતનું વિપુલ સાહિત્ય મળી શકતું નથી. ઇસ્વીસન પૂર્વે ૧૦૦ વર્ષ પહેલાનાં મળી આવેલા ગવાક્ષો મોટે ભાગે સ્તૂપની ચારે બાજુ એક બીજાને અડી હારબંધ મળી આવ્યા છે. આવા ગવાક્ષોમાં નીચેથી દેવની બેઠક ગવાક્ષની બંને બાજુ અર્ધ–સ્થંભિકાઓ અને ગવાક્ષને મથાળે ગોળાકાર ગડદી કે છજ્જ ઉપર ચૈત્ય કમાનના સુશોભનવાળા શંકુ આકારના ઉદ્દગમો બનાવવામાં આવતાં.

ગુફામંદિરોમાં અમુક મૂર્તિઓ સિવાય ઊભી મૂર્તિઓ મુકવાનો રિવાજ વધારે પ્રચલિત હોઇને ગુફા મંદિરનાં ગવાક્ષોની લંબાઇ ઘણી વધારે અને પહોળાઈ ઓછી બનાવવામાં આવતી. ગુફામંદિરનાં ગવાક્ષોનાં સુશોભનો સ્તૂપના ગવાક્ષોને મળતાં બનાવવામાં આવતાં. ગુફામંદિરોમાં દેવગવાક્ષો ઉપરાંત એક જ ચૈત્યકમાનના મથાળાવાળા નાના નાના સુશોભન ગવાક્ષો બનાવવાની પ્રથા સવંતના ચોથા સૈકાથી શરૂ થઇ. આવા સંખ્યાબંધ ગવાક્ષો ગુજરાત, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, બિહાર અને ઓરિસ્સાની ગુફાઓમાં જોવા મળે છે. ગુજરાતમાં આવેલ તાલધ્વજગિરિ (તળાજા) ઉપર આવેલ એભલ–વાળાનાં ભોંયરાની બાજુના એક ભોંયરામાં ચૈત્યકામનના સુશોભન–વાળો એક સુંદર ગવાક્ષ હાલમાં પણ મોજૂદ છે.

મૈત્રકકાલીન મંદિરોમાં અને બીજા બાંધકામોમાં થયેલ ગવાક્ષોમાં બહુ ખાસ સુશોભનોનો ઉમેરો થયો નહીં પણ ત્યારપછીનાં મહા–ગુર્જરશૈલીનાં સમય દરમ્યાન ગુજરાતની ગવાક્ષ સંપત્તિમાં કેટલાંક નવા અંગો ઉમેરાયા. ખાસ કરીને ગવાક્ષની નીચલી બેઠક ઉપર દ્વારશાખોની જેમ એક શાખા, દ્વિશાખા, ત્રિશાખ અને પંચશાખા સુધીના અંગો ઉમેરાયા. આવી શાખોમાં ફૂલવેલ, કુડચલવેલ, કમળપત્ર વગેરેનાં રૂપકામ કરવામાં આવ્યા. ગવાક્ષને ઉપલે મથાળે ચૈત્યકમાનના ચડઉતર શંકુ આકારના ઉદ્દગમો કોતરવામાં આવ્યા.

સોલંકી કાળની શરૂઆતમાં મૂળરાજદેવના સમયનાં પહેલા વીસ વર્ષમાં ગવાક્ષ સંપત્તિમાં કોઈ ખાસ ઉમેરો થયો નહી. પણ જ્યારે યતિનાદિ શ્રેણીના એકાંકી પ્રસાદો બંધાવાનું ઓછું થયું અને કાંડી પ્રસાદો બંધાવા લાગ્યા ત્યારે ગવાક્ષોનાં સુશોભનોમાં શાખો ઓછી થઈ પણ બન્ને બાજુની થાંભલીઓનાં કોતરકામમાં વલય અને ઉપલે મથાળે શિરાવટમાં ઝીણું કોતરકામ શરૂ થયું. સમયનાં વહેણ સાથે ગવાક્ષોનાં ઉપલે મથાળે સ્થંભિકાઓ ઉપર તોરણિયા બનાવવાનો રિવાજ શરૂ થયો. આ રિવાજ શરૂ થતાં એ ભાગની શોભા ઉદ્દગમને બદલે તોરણિયાથી ખૂબ જ વધી ગઈ.

સોલંકી કાળના અંત ભાગના છેલ્લા સૈકા દરમ્યાન એટલે કે વાઘેલા કાળ દરમ્યાન આબુ ઉપર આવેલ દેલવાડાનાં દેરાનાં ચૈત્ય–સમૂહમાં લૂણીગવસહી નામે વસ્તુપાળ તેજપાળે બંધાવેલા નવા ચૈત્યનો ઉમેરો થયો. એ ચૈત્યનાં બાંધકામમાં દરેક બાબતમાં શિલ્પવિષયક પુસ્તકોમાં ન લખાયા હોય તેવા નવા અંગો શરૂ કરવાનાં આવ્યા. આવા અંગોએ સ્થંભો, વિતાનો, દ્વારો અને ગવાક્ષોની દુનિયામાં ઉથલપાથલ મચાવી દીધી. તેથી તદ્દન નવા ફેરફારો થયા. લૂણીગવસહીના મુખ્ય ચૈત્યમાં દ્વારશાખની બન્ને બાજુ કોતરાયેલ દેરાણી–જેઠાણીના ગોખલાએ ગવાક્ષની દુનિયામાં અજબ પરિવર્તન આણ્યું. શિલ્પશાસ્ત્રની પ્રણાલી મુજબ ગવાક્ષની બંને બાજુ સ્થંભિકાઓ ઉપરાંત શાખો બનાવવી હોય તો એ શાખો મધ્ય–શાખની બંને બાજુ ચડઊતર બનાવવી જોઇએ પણ લૂણીગવસહીનાં ગવાક્ષમાં આ પ્રથા જાળવવામાં આવી નહીં અને ગવાક્ષની બંને બાજુની શાખાને એક પછી એક એમ સીધો ઉતાર આપવામાં આવ્યો. ક્યયાં ઉતર ચડ બનાવવામાં આવી નહીં. આ કારણને લઇને દેરાણી–જેઠાણીનાં ગવાક્ષો દ્વારશાખની બંને બાજુની દિવાલમથી ઉપસી આવતા હોય તેવા દેખાય છે. આ ગવાક્ષને નીચલે ભાગે થરની પટ્ટિકા બનાવવામાં આવી, જે રિવાજ પહેલાં બહુ પ્રચલિત નહોતો.

ગુજરાતમાં મુસ્લિમ સલ્તનત સ્થિર થયા પછી મહમદ બેગડાના સમયમાં અમદાવાદની ઉત્તર દિશાએ સાડા આઠ માઈલ દૂર આવેલ અડાલજ ગામ પાસે એક સુંદર વાવની રચના થઈ છે. આ વાવ બનાવનારા કારીગરો હિન્દુ સોમપુરા હતા છતાં તેમનો હાથ મસ્જિદોનાં બાંધકામને લઇને થોડો મુસ્લિમ શિલ્પ–સ્થાપત્ય તરફ વળ્યો હતો તેથી એ વાવમાં દાખલ થવાની નાળની બંને બાજુએ રચેલા એ સુંદર ગવાક્ષો હિન્દુ–મુસ્લિમ શિલ્પ સ્થાપત્યમાંથી ઉપજાવેલ શિલ્પનાં એક નવા અંગ સમા બન્યા: આ ગવાક્ષોની નીચે બનાવાયેલ પટ્ટીનો થર અને તેમાં થયેલ મૂર્તિઓનું કંડારકામ ખાસ પ્રેક્ષણીય કહેવાય.

મુસ્લિમ કાળમાં બંધાયેલ પુરદ્વાર ( નગર દરવાજા )ની બંને બાજુના ગવાક્ષોમાં મદલના સુશોભનોમાં ઊભા તોરણિયાની જગ્યાએ હાથીના શિલ્પનો ઉમેરો થયો જેનો નમૂનો અમદાવાદ દરિયાપુરનાં દરવાજાની બંને બાજુનાં ગવાક્ષમાં જોવા મળે છે.

દેવ–ગવાક્ષો શિવાય દીપ–ગવાક્ષો બનાવવાનો રિવાજ છેક આર્યોત્તર કાળથી શરૂ થયો હોય તેવા વિધાનો મળે છે. જૂની લોથલ અને મોહન–જોદડો સંસ્કૃતિમાં સાદા દીપ–ગવક્ષો બનાવાયેલાં મળી આવ્યા છે. પણ તેમાં એક ચોરસ ખાડા શિવાય બીજું કોઈ કોતરકામ કે રૂપકામ જોવા મળ્યું નથી. ત્યારપછીના સમયમ દીપગવાક્ષો સાદા જ બનતાં. મૈત્રક કામ અને ચાપકાળનાં મંદિરોમાં દીપ–ગવાક્ષો જોવા મળતા નથી. પણ સંવત તેરમા સૈકા પછી રહેણાંકના મકાનોમાં અને મહાલયોમાં શણગારવાળા દીપ–ગવાક્ષો બનાવવાની શરૂઆત થઈ હશે તેમ લાગે છે

ભારતવર્ષમાં અફઘાનોનાં આગમન પછી બાંધકામમાં ખાસ જાતના ચૂનાનો ઉમેરો થયો. આ ઉમેરો થતાં જ ઈંટ–ચૂનાનાં સંયોગથી અનેક ભવ્ય ઇમારતો ઊભી થઈ. સંવતના પંદરમા સૈકા અને સોળમા સૈકામાં ગુજરાતમાં ચૂના અને ઈંટના ચણતરથી અનેક પ્રકારની ઇમારતો બંધાઈ. આવી ઇમારતોમાં ચૂનાના પ્લાસ્ટર દ્વારા દીપ–ગવાક્ષોની ચોપાસ અને સ્થંભિકાઓ ઉપર વિવિધ પ્રકારનાં સુશોભનો કરવામાં આવ્યા. ખાસ કરીને ફૂલવેલોનાં સુશોભનોએ દીપ–ગવાક્ષની શોભામાં અભિવૃદ્ધિ કરી.

સોલંકી કાળ અને તે પહેલાંના સમયમાં રહેઠાણનાં મકાનનાં બાંધકામમાં, કોઈ કોઈ રાજમહાલયો સિવાય પથ્થરનો કે આરસનો

ઉપયોગ થતો નહીં. એટલે દીપગવાક્ષો કાષ્ટના કે સાદી ઈંટોના બનતાં. આ પ્રથા મુસ્લિમ કાળમાં અને મરાઠા કાળમાં પણ ચાલુ રહી. સોલંકી કાળથી માંડીને સંવતના ઓગણીશમાં સૈકા સુધી કાષ્ઠમાંથી બનતા દીપગવાક્ષોમાં સુંદર કોતરકામ થયે જ ગયું. આવા ગવાક્ષોમાં બંને બાજુ સ્થંભિકાઓ. ઉપરને ભાગે શંકુ આકાર ઉદ્દગમ જેવાં સુશોભનો અને નાની નાની લૂંબીઓનાં સુશોભનો મૂકાયે ગયા. આ પ્રકારનાં ગવાક્ષનો સુંદર નમૂનો રીલીફ રોડ ઉપર આવેલા ગુજરાત રાજ્ય હસ્ત કલા હાટમાં મૂકાયેલ છે. એ નમૂનો મેં પાટણનાં એક મકાનમાંથી મેળવ્યો હતો.

સૌરાષ્ટ્ર તથા કચ્છને દરિયા કિનારે અને બીજે કેટલેક સ્થળે ખારો પથ્થર મળી આવે છે. ત્યાં એક જ પથ્થરમાંથી દીપ–ગવાક્ષો કોતરી કાઢવામાં આવે છે. આ પ્રકારનાં ગવાક્ષનાં ઉત્તમ નમૂના પોરબંદર, મહુવા, દીવ, જાફરાબાદ અને ધ્રાંગધ્રામાં જોવા મળે છે.

સૌરાષ્ટ્રમાં તથા કચ્છમાં એકલી માટીમાંથી મકાન બનાવવામાં આવે છે. ત્યાં દીપ–ગવાક્ષો પણ માટીનાં જ બનાવાય છે. આવા ગવાક્ષોનાં સુશોભનોમાં કોડીઓ, ચણોઠીઓ, છીપો અને શંખલાઓ ચોડવામાં આવે છે. આવા ગવાક્ષોનાં સુંદર નમૂના મહુવા બંદર પાસે આવેલ કતપુર ગામમાં જોવા મળે છે.

સંજ્ઞાસૂચક ગવાક્ષો કોટનાં કાંગરા ઉપર તથા કોટની બહારથી દેખી શકાય તેવા મકાનોનાં ઉપલે ભાગે કરવામાં આવતા આવા ગવાક્ષોમાં જુદી જુદી સંખ્યામાં દીપકો મૂકી સંજ્ઞાઓ કરવામાં આવતી. ક્યારેક જાસૂસો આવી સંજ્ઞાઓનો ઉપયોગ કરતા. પણ મોટે ભાગે ગઢને દુશ્મનોનાં લશ્કરે ઘેરો ઘાલ્યો હોય ત્યારે દુશ્મનના લશ્કરની પાછળ ગોઠવાયેલી ગેરીલા ટુકડીઓને સંજ્ઞા આપવામાં સંજ્ઞા ગવાક્ષોનો ઉપયોગ થતો. શિવાજીના સમયમાં મરાઠાઓએ આ પ્રથાનો ખૂબ લાભ લીધો હતો.

ઘણી વખત રહેવાનાં મકાનના દરવાજાની બંને બાજુએ આવેલ ગવાક્ષમાંથી કોઈ એક ગવાક્ષનો ઉપયોગ અમુક પ્રકારની સંજ્ઞા માટે પ્રેમીઓ કરતા. કોઈ મકાનમાં રહેતી પ્રેયસીને તેના પ્રેમીને અમુક જગ્યાએ મળવાનો સંકેત કરવાનો હોય ત્યારે દ્વારશાખની બાજુના ગવાક્ષનો સુંદર ઉપયોગ થતો. દાખલા તરીકે પ્રેમિકાને તેના પ્રેમીને અમુક જગ્યાએ મળવું હોય તો તે માટે તેનાં ઘરના દ્વારની બાજુમાં આવેલ ગવાક્ષની સોપારી અને તેની પાછળ ખજૂરીનું પાન પ્રેયસી મૂકે તો પ્રેમી સમજી લેતો કે ફોફલશાહનાં ( ફોફલ–સોપારી ) મકાનની પાછળ આવેલ ખજૂરી પાસે મળવું. ખજૂરીનું પાંદડું સીધું હોય તો સવારે મળવું, અર્ધેથી વાળેલ હોય તો બપોરે મળવું અને પાંદડું આડું મૂકાયેલ હોય તો રાત્રે મળવું. એમ સંજ્ઞામાં વખત પણ દર્શાવવામાં આવતો. આવી સંજ્ઞામાં લાકડાનાં ચોરસ ટુકડા ઉપર દિશાદર્શક નામો લખીને તેના ઉપર અમુક પ્રકારના ચિત્રામણો દોરી, શહેરની કઈ દિશાએ ક્યાં મળવું તેનો નિર્દેશ થતો. કોડી, શંખલા, માળાના મણકા, હાથી દાંતના ટુકડા, પાંચીકા વગેરે ચીજોનો ઉપયોગ સંજ્ઞામાં કરાતો. ભાટ, ચારણો અને વાર્તાકારો પાસેથી આ સંબંધે સુંદર માહીતી મળે છે.



# આપણો પ્રાચીન વારસો : ગુજરાતનું સ્થાપત્ય

**—શ્રી જયેન્દ્ર એમ. નાણાવટી**

ઐતિહાસિક અને કળામય ઇમારતો કે તેનાં અવશેષો આપણો પ્રાચીન ગૌરવભર્યો વારસો છે. ભારતીય શિલ્પ સ્થાપત્ય કલાના ઇતિહાસમાં ગુજરાતની કળા–સમૃદ્ધિએ પણ અપૂર્વ અને વિશિષ્ટ ફાળો નોંધાવ્યો છે. આ વાતની પ્રતીતિ કરાવતાં હડપ્પિય સંસ્કૃતિના માટીના પાત્રખંડો, અલંકારો, તે પછીના યુગના શિલાલેખો, તામ્રપત્રો, ગુફા અને વિહારો, સ્તૂપો, મંદિરો અને મસ્જિદો, મહેલો અને કિલ્લાઓ, વાવો તેમ જ કુંડો ગુજરાતની ભૂમિ ઉપર મોજૂદ છે.

૪૦૦૦ વર્ષ જેટલાં જુના સ્થાપત્યનું દર્શન ધોળકા પાસેનું લોથલ અને ગોંડલ પાસેનું રોજડી કરાવી જાય છે. ભારત અને પાકિસ્તાન–ભાગલા પડવાથી જગતની પ્રાચીન સંસ્કૃતિઓમાં અજોડ સ્થાન ધરાવતી હડપ્પિય સંસ્કૃતિના સીમા ચિન્હ સમા મોહન–જો–ડેરો વિગેરે અગત્યના સ્થાનો ભારતીય ભૂમિ ઉપરથી ગુમાવી બેઠા ત્યારે જગતનું જુનામાં જુનું કહી શકાય તેવું દટાયેલ બંદર લોથલ ગુજરાતની ધરતીમાંથી બહાર આવે છે. ભારતીય સંસ્કૃતિની મહામૂલ્ય ભેટ રાષ્ટ્રને ચરણે ધરાય છે, એ ગુજરાત માટે ગૌરવ લેવા જેવી વાત છે. સૌથી અગત્યની વસ્તુ લોથલનું સ્થાપત્ય છે. ત્યાંથી ૭૧૦' લાંબી, ૧૨૦' પહોળી ગોદી જેવી એક મોટી ઇંટથી ચણેલી ઇમારત મળી છે. આ સ્થળ પૂર્વ પશ્ચિમી દુનિયાને સાંધતું અને આંતર રાષ્ટ્રિય સંબંધો દર્શાવતું દરિયાઇ વેપારનું એ યુગનું ધીકતું બંદર હશે, એમાં શક નથી. લોથલ ૪૦૦૦ વર્ષ પૂર્વની ગુજરાતની નગર રચનાનું દર્શન કરાવે છે જ્યારે ગોંડલ પાસે આવેલ રોજડી તાત્કાલિન ગ્રામ રચનાનું દર્શન કરાવે છે.

કોઇપણ પ્રદેશનો આત્મા મૂર્ત સ્વરૂપે ઓળખવો હોય તો તે પ્રદેશનાં શિલ્પ સ્થાપત્ય તરફ દૃષ્ટિ કરવી જોઇએ. આજથી ૨૨૦૦ વર્ષ પહેલાં ભારતીયતા કેવી એક રસ થઇ ઉન્નત અને અજોડ એવો ધર્મ–સંદેશ વિશ્વને આપે છે! જેની સાક્ષી ગિરનાર પાસે અશોકનો શિલાલેખ આપે છે. તેમાં ભારતનું. તે સમયની, ભવ્ય મનોદશાનું પ્રતિબિંબ છે. જે ભાવનામાંથી જન્મે છે. આપણી તત્કાલિન સ્થાપત્ય કલા–ભારતીય કલા– આવી સહજ વૃત્તિનું પરિણામ છે. અને ભારતીય સ્થપતિ એટલી જ ઉચી સપાટીએ ઉડ્ડયન કરે છે. આ ભાવનાના પ્રતીક સમી ગુજરાતની આ ભૂમિ પણ તે સમયનાં વિશિષ્ટ સ્થાપત્ય રજૂ કરે છે. એ યુગના દર્શન કરાવતા પથ્થર તેમ જ ઇંટોના સ્થાપત્ય ખંડેરો સંઘ ભાવનાની સાક્ષી પુરે છે. સાબરકાંઠા જિલ્લામાં આવેલ શામળાજી આગળ દેવની મોરીનો સ્તૂપ અને વિહાર, જૂનાગઢમાં સુદર્શન તળાવ, પચેશ્વર, બાવા પ્યારા ખાપરા–કોડિયાના રહેણાક, ઉપરકોટની ગુફાઓ હજી પણ ઉભા છે. સૌરાષ્ટ્રની શેત્રુંજી નદીની થોડે દૂર તેમજ બાબરીયાવાડાના ઉના પાસે શાણાની ગુફાઓ, ભીમચોરીની ગુફાઓ હજી પણ "બુદ્ધમ્ શરણમ્ ગચ્છામિ" ની યાદ આપે છે. ખંડની પશ્ચિમે ઝીંઝુરીગરમાં કેટલીક ગુફાઓ છે. જામનગર જિલ્લામાં રાણપર ગામમાં કેટલીક ગુફા જોવા મળે છે. ગોંડલ પાસે તાજેતરમાં ખંભાલીડાની ગુફા મળી આવી છે. આ બૌદ્ધ ગુફા ક્ષત્રપ અને ગુપ્તકાળના સંક્રાંતિ સમયે કોતરાયેલી હોય તેમ લાગે છે. આ ગુફાઓમાં વિહાર, સભા–મંડપો અને ચૈત્યગૃહો છે.

ચૈત્યગૃહોનાં પ્રવેશદ્વારાની બંને બાજુએ લગભગ ૬' ઊંચી બોધિસત્ત્વ પદ્મપાણી અને અલૌકિતેશ્વરની મૂર્તિઓ કંડારેલી છે. તેની બન્ને તરફ વૃક્ષો દેખાય છે. જેની છાયાતળે યક્ષ યક્ષીઓના વૃંદો નજરે પડે છે. શિલ્પનાં ભરાવદાર શરીર, ગાત્રોનાં વળાંકો, રેખાઓ, મસ્તર પરનાં પહેરવેશ જોતાં આ ગુફાઓ ઈ. સ. બીજા સૈકાઓની હોય તેમ ફલિત થાય છે. શિલ્પમાં મુખારવિંદના ભાવો, મરોડો, વેશભૂષા અને ચૈત્ય–ગવાક્ષની સ્થાપત્યની શૈલી ગુપ્ત કાળના પ્રારંભની અસર સૂચવે છે.

ભાવનગર જિલ્લામાં તળાજાનાં ડુંગરમાં કંડારાયેલ લગભગ ૩૦ ગુફાઓ આશરે ૩૨૦' ઉંચાઇએ આવેલી છે. આ ગુફાઓમાં એભલ મંડપ સૌથી વધુ ધ્યાન ખેંચે તેવો છે. રાણાના ડુંગરમાં લગભગ ૬૨ જેટલી ગુફાઓ આવેલી છે. આ બધી ગુફાઓ સાધુઓની સત્ય–શિવમ્–સુંદરમ્ની સાધના અર્થે અને વસવાટ માટે રચવામાં આવી હતી. આ બધાં સ્થાપત્યો ખડકોમાંથી કોતરવામાં આવેલ છે. રાષ્ટ્રની આ ધર્મભાવનાનું પ્રતિબિંબ માત્ર પથ્થરોમાં કોતરાઇને ન રહેતાં લાલ ઇંટોના ચણતરમાં પણ મૂર્તિમંત થયું છે. બૌદ્ધ સ્થાપત્યમાં ચૈત્ય અને વિહારની રચના ખાસ પ્રાધાન્ય ભોગવે છે. સ્તૂપ એટલે અંડાકાર, અર્ધગોળ નક્કર રચના જેમાં ભગવાન બુદ્ધના કે મહાન બૌદ્ધ આચાર્યોનાં કંઇક અવશેષો એક નાની પેટીમાં રાખવામાં આવે છે. આવા સ્તૂપ સહિતનાં પ્રાર્થનાગૃહ એટલે જ ચૈત્ય, વિહારોનો અર્થ આશ્રયગૃહ છે. ચૈત્યની બાંધણી પૂર્ણ ચાપાકાર હોય છે. જ્યારે વિહાર ચોરસ આકાર હોય છે. તેની એક બાજુ ખુલ્લી હોય છે. તેને ફરતા વરંડા હોય છે. જેની આજુબાજુ ફરતાં ખંડો હોય છે.

સાબરકાંઠા જિલ્લામાં ઇડર પાસે શામળાજીમાં દેવની મોરી નામની જગ્યાએ એક વિશાળ ઘુમ્મટ સાથેનો આ લાલ ઇંટોનો સ્તૂપ ઘણો અદ્ભૂત લાગે છે. તેની જગતી ૮૬ ચોરસ ફૂટ છે. સ્તૂપની ઉંચાઇ ૩૭ ફૂટ છે અને સ્તૂપનો ૭૦ ફૂટ વ્યાસ મપાય છે. આ ખોદકામમાંથી બુદ્ધ ભગવાનની માટી અને રેતીથી બનેલી ધ્યાન મુદ્રામાં મૂર્તિઓ મળી આવેલ છે. તેમાંથી અમુક સ્પષ્ટ ગાંધારકલાની અસરવાળી છે.

સ્તંભોના શિરોભાગ કપોતના ભાગ અને જુદા જુદા ભૌમિતિક અને ફુલવેલ ભાતની શિલ્પયુક્ત અસંખ્ય ચોરસ ઈંટો સિદ્ધપુરમાં આવેલ મીરપુર ખાસના પ્રખ્યાત સ્તૂપની યાદ આપી જાય છે. આ સ્તૂપ ઈ. સ. ૩૦૦ થી ૪૦૦માં રચાયો હોય તેમ અનુમાન કરાય છે. મહત્ત્વની વાત તો એ છે કે આ સ્તૂપમાંથી એક ઉત્કીર્ણ અસ્થિપાત્ર હાથ આવ્યું છે. સ્તૂપની પાસે જે એક ઈંટોનો બનેલો બોરીયા સ્તૂપ ગિરનારમાં પશ્ચિમ ઢોળાવ તરફ આવેલો છે. આ સ્થળ ગુંદજળી હેમજળીનાં વચ્ચેના વિસ્તારમાં દટાયેલા પડ્યા હશે. હજીએ ઈંટોના ખંડેરો સંઘ ભાવનાની પવિત્ર યાદ આપે છે. ગુજરાતની ધરતીમાં આવા કેટલાયે સ્તૂપો અને વિહારો હજીએ દટાયેલા પડ્યા હશે.

ગુજરાતનાં પ્રાચીન મંદિર સ્થાપત્ય કળાનું દર્શન તો જામનગર જિલ્લામાં આવેલ સૌથી પ્રાચીનતમ મંદિર ગોપથી કરવું રહ્યું. ગોપના મંદિરનો કાળક્રમ ઇ. સ. ૫૭૫ આસપાસ સ્વીકારાયેલ છે. તેના અવશેષો જોતાં લાગે છે કે તેની રચના બહુ સાદી લાગે છે. મંદિરનું ગર્ભગૃહ અંદરથી ૯'–૧૦" છે. તેની ઉંચાઇ ૨૩' ની છે. કોઇપણ પ્રકારના સીમેન્ટનો ઉપયોગ કર્યા સિવાય આવા પ્રાચીન મંદિરો મોટા પથ્થરોથી બાંધવામાં આવતા. સૌથી વધારે ધ્યાન ખેંચે તેવું આ મંદિરનું શીખર છે. કોરેબલ આર્કના સિદ્ધાંત પ્રમાણે અંદરનો ભાગ પોલો છે. અને બહારથી પગથિયાના આકારના પિરામીડની પદ્ધતિએ આગળ વધે છે. તેની દરેક બાજુ બબ્બે મયૂરપીંછો; ચૈત્ય ગવાક્ષો; અને તેની ઉપર એક મયૂરપીંછ કોતર્યું હોય તેવા આકારના ચૈત્ય ગવાક્ષો મૂકવામાં આવ્યાં છે. આ જાતનું શિખર શિલ્પ સ્થાપત્યનાં ઇતિહાસમાં અપૂર્વ ભાત પાડે છે. અને શિખરોની ક્રાંતિની પ્રાથમિક અવસ્થા પૂરી પાડે છે.

ચાલુક્ય કાળ પહેલાના મધ્યકાળમાં એટલે કે સૌરાષ્ટ્રના મૈત્રક અને સૈંધવકાળના શિલ્પ સ્થાપત્યના અસંખ્ય અવશેષો જેવાં કે ગોપ, સોન–કંસારી, વીસાવાડા, બીલેશ્વર, સુત્રાપાડા, કદવાર, રોડા, લાકરોડા, થાન વિગેરે ગુજરાતની ભૂમિ ઉપર અણનમ ઉભા છે. ક્રમે ક્રમે ગુજરાતમાં ઇ. સ. ૧૦૦૦ સુધીમાં તો ૧૦૦ ઉપર સંખ્યામાં તો મંદિરો રચાઇ ગયાં છે. તેમ પુરાતત્ત્વવિદોની શોધખોળ ઉપરથી જાણી શકાય છે. ઈ. સ. ૧૦૦૦ પછી ગુજરાતના ઇતિહાસમાં સુવર્ણયુગના સાક્ષી પુરતા વિકસિત સોલંકી શૈલીના મંદિર–સ્થાપત્ય ગુજરાતની ધરતીને આવરી લે છે. જેનાં દર્શન મોઢેરા, કુંભારિયા, સુણક, ગળતેશ્વર, ચોબારી, સેજકપુર, સોમનાથ, મિયાણી, ઘુમલીયા વગેરેમાં થાય છે. વચ્ચેના ગાળામાં વઢવાણના રાણકદેવીનું મંદિર, થાનનું મુનીબાવાનું મંદિર વિગેરે મંદિર સ્થાપત્યના સંક્રાંતિના અંકોડા સમા બની ઇતિહાસ સર્જે છે. કચ્છમાં કોટાઇ, કેરા, કંથકોટ અને પૂઅરો ગઢના મંદિરો પણ આ યુગનું લાક્ષણિક દર્શન કરાવી જાય છે.

ગુજરાતમાં સોલંકીયુગના એટલે કે ૧૧મી સદીની શરૂઆતથી ૧૩મી સદી સુધીના સુવર્ણકાળમાં ગુજરાતની ભૂમિ ઉપર વિશાળ અને બેનમૂન મંદિરોની રચના જોવા મળે છે. આ યુગના મંદિરોની રચનામાં તેના દરેક ભાગો ભિન્ન અને તેમાં જાડ્યકુંભ અને ગ્રાસપટ્ટી, સ્તંભમંડપ, શિખરો, વિતાન અને તોરણો સંપૂર્ણ વિકાસ પામે છે. પીઠની ગ્રાસપટ્ટીમાં ગ્રાસમૂળોનું મુખ વધારે દૃઢિયુક્ત બને છે અને અત્યાર સુધી નહીં દેખાયેલા તેવા બે થરગજથર અને નરથર પીઠ ભાગમાં ઉમેરાય છે. મંદિરની દિવાલો એટલે કે મંડોવરમાં પણ ક્રાંતિ સર્જાય છે અને ખૂબ જ અલંકૃત શિલ્પયુક્ત થઇ જાય છે. કુંભ ઉદ્‌ગમ અને અર્ધરત્નની શિલ્પથી શોભે છે. પહેલી જ વાર સુંદર નકશીવાળા તોરણોમાં દેવદેવીની મૂર્તિઓ બેઠેલી અત્રે દેખાય છે. કળશ અને અંતરપત્ર સુંદર દેખાય છે. શિખર ઉપર ઉરશૃંગો વધારે ને વધારે લૂછાતાં જાય છે. અને સંપૂર્ણ સોલંકી શૈલીનો ખ્યાલ આપે છે. સ્તંભો પર પણ વિવિધ અલંકારો જોવા મળે છે. આ યુગના સ્થાપત્યમાં સૌરાષ્ટ્ર ગુજરાતની ભાતીગળ શૈલી અને પશ્ચિમ રાજસ્થાનની સ્થાપત્ય શૈલીનો અદ્‌ભૂત સમન્વય જોવા મળે છે. કમનસીબે સોમનાથનાં ભવ્ય પ્રાસાદ આજ આપણી પાસે મોજૂદ નથી. પણ તેના અવશેષોનું દર્શન પ્રભાસ પાટણ મ્યુઝિયમમાં થઇ શકશે. જામનગરથી દક્ષિણમાં ૬૦ માઇલ દૂર બરડાની તળેટીમાં ઘુમલી પાસે એક મહાકાય મંદિરના ભાગના અવશેષો આ યુગના બેનમૂન સ્થાપત્યની સાક્ષી પૂરે છે. ગજથરના એક એક ગજના અંગમરોડો, સૂંઢના મરોડા ૧૩મી સદીના શિલ્પ સ્થાપત્યની કલાનો વિકાસ દર્શાવે છે, અને મૌલિકતાનું દર્શન કરાવે છે. મંડપની દિવાલોમાં હીરાભાત ચકભાત અને હંસાવલિ વિવિધ ભાત પૂરી જાય છે.

ઓખા મંડળમાં બરાડીયાનું મંદિર અને દ્વારકાના મંદિરની રચના આ અંતિમ સમયના દર્શનની યાદ આપે છે. સોલંકી યુગનુ સોળે કળાયે ખીલેલું એવું અદ્‌ભૂત સ્થાપત્ય અને શિલ્પ જગવિખ્યાત મોઢેરાના સૂર્યમંદિરમા જોઇ શકાય છે. જેના સ્તંભો ઉપર તેમ જ વિતાનોમાં ગુજરાતના લોકજીવનનાં અનેક પાસાઓ સુંદર રીતે કંડારાયેલા છે વલોણા ફેરવતી સ્ત્રીઓ, નટના ખેલો, મલ્લયુદ્ધ, સોકાઓ જેવી બેઠક, તત્કાલિન વેશભૂષા અને રાચરચીલા અને આયુધો લોકજીવન ઉપર પ્રકાશ ફેંકે છે. રામાયણ અને મહાભારત પણ આ મંદિરોમાં કંડારાયેલા દેખાવ પરથી જીવંત લાગે છે. છતમાં ભીષ્મની બાણશૈયાના દેખાવ, અર્જુન–કર્ણનું યુદ્ધ, રામાયણનું યુદ્ધ, હનુમાન, મત્સ્યવધ, નૃસિંહઅવતાર, અર્જુન, સુભદ્રા–હરણ, રાધા, કૃષ્ણાવતાર વગેરે આબેહૂબ જોવા મળે છે. સૌથી વધુ કલા સમૃદ્ધિ આ સભામંડપના અનેક સુખાસનો અને ભોગાસનો રજૂ કરે છે.

આ ઉપરાંત ગિરનાર તેમજ શેત્રુંજયના જૈન મંદિર ઇડર પાસે પોળોના જંગલોનાં મંદિરો ગુજરાતનાં મંદિર સ્થાપત્યની કલાના અંતિમ દર્શનની કક્ષા છે. જેનો નજરે જોનારા જ આનંદ માણી શકે.

મુસ્લિમ સ્થાપત્યમાં ઉત્તમ નમૂનાઓમાં અમદાવાદની વિશાળ જુમા મસ્જિદ, કાજીની મસ્જિદ, રાણી શીપરીની મસ્જિદ, સીદી સૈયદની મસ્જિદ કે જેની જાલ સમૃદ્ધિ વિશ્વના કલા–વિવેચકોને અવાક્‌ કરે છે. આવી અસંખ્ય મસ્જિદો અને મિનારાઓ ગુજરાતની ભૂમિ પર રાષ્ટ્રીય એકીકરણની સાક્ષી પૂરે છે. ખંભાતની જુમા મસ્જિદ, પ્રભાસ પાટણની માયાપૂરી અને જામી મસ્જિદ, માંગરોળની જાળી અને રૈયત મસ્જિદ અને અનેક મકબરાઓ વિશાળ અને બેનમૂન છે. અને તે સમયનાં સ્થાપત્યની અદ્‌ભૂત રજૂઆત કરે છે.

મંદિરો સાથે કુંડો અને વાપીઓની રચના ગુજરાતની ધરતીની વિશિષ્ટતા છે. મોઢેરાના સૂર્યકુંડ, શિહોરના બ્રહ્મકુંડ તેના શિલ્પ સ્થાપત્ય માટે ઘણાં જાણીતા છે. જુનાગઢમાં રૈવત કુંડ અને દામોદરકુંડમાં આજ પણ અનેક યાત્રાળુઓ સ્નાન કરી પાવન થાય છે. છેલ્લે છેલ્લે તુલસીશ્યામનાં કુંડો ભૂલાય તેમ નથી. વાપીકાની રચના માળવાળી છે, જેમાં સોપાનની હારમાળા અને સુંદર વિતાનો નજરે

પડે છે. શેઠીની વાવ, વઢવાણમાં માધાવાવ અને ગંગાવાવ, કંકાવટી માત્રાવાવ, મોરબીમાં કુબેરવાવ, જૂનાગઢમાં ખેંગારવાવ, ધૂમલીમા વિકીયા વાવ વિગેરે અનેક વાવો સોલંકી યુગની યાદ આપે છે. ત્યારપછીનાં યુગમાં ગુજરાતનાં સુલતાનનાં સમયમાં ભવ્ય અને બેનમૂન વાવોના નમૂનાઓ અમદાવાદ પાસે અડાલજની વાવ, દાદા હરીની વાવમાં જોવા મળે છે.

ગુજરાતમાં દુર્ગ–સ્થાપત્ય અગત્યનો ભાગ ભજવે છે. જેમાં ડભોઇનો કિલ્લો, ઉપરકોટ, ધુમલી, કંકાવટી, ઝીંઝુવાડા અને પ્રભાસનાં દુર્ગો ઘણાં જાણીતાં છે. ડભોઇનો હિરાભાગોળ તરીકે જાણી તો તેમજ સુરેન્દ્રનગર જીલ્લામાં ઝીંઝુવાડામાં સોલંકીયુગનો ખ્યાલ આપતા, ગુજરાતની સંસ્કૃતિના અમાપ ગૌરવના પ્રતીકરૂપે ઉત્તુંગ અને ભવ્ય સિંહદ્વારો હજુ પણ ઉભા છે.

છેલ્લે છેલ્લે ગુજરાતના રાજવીઓના મહાલયો ગુજરાતના સ્થાપત્ય કળાની અસ્મિતાના દર્શન કરાવે છે. હળવદનો રાજમહેલ ઇ. સ. ૧૭૧૦માં સંપૂર્ણ થયો હતો. જેની કાષ્ટકલા સર્વોત્તમ છે. વડોદરા, ભાવનગર, ધોરાજી, જામનગરના દરબારગઢ તેમના દિવાલચિત્રો માટે મશહૂર છે. જામનગરનો લાખોટા કોઠો ૧૯મી સદીમાં રચાયેલો હોવા છતાં સ્થાપત્યની અપૂર્વ રચના રજૂ કરી જાય છે.

ચાર હજાર વર્ષ પહેલાંની આસપાસના સમયની હરપ્પા સંસ્કૃતિના લોકો અને ત્યારબાદ યાદવો, આહિરો, ઇન્ડો–ગ્રીક, શકો, હૂણો, મેર, કોત્રકો, સંઘવો, ચાવડા, કાઠી, ગોહિલ, જાડેજાઓ અને છેલ્લે સિંધીઓ આ પ્રદેશમાં આવ્યાં, વસ્યાં અને સમાઇ ગયાં. ઉપરા ઉપર ધસી આવતી જાતિઓએ આ પ્રદેશની પાંગરતી સંસ્કૃતિ ઉપર પોતાની મ્હોર મારી અને વિવિધતામાં એકતા એવા ધ્વનિથી ગૂંજતી સંસ્કૃતિનું સર્જન થયું. ભારતીય સંસ્કૃતિના આ ધ્વનિનું ગૂંજન કરતાં આ ભૂમિ ઉપર આવેલા અનેક પ્રકારના અવશેષોનું આજે આપણે મનન કરીએ છીએ. આ અવશેષો આપણો પોતાનો જ ઇતિહાસ છે. ગૌરવભર્યો વારસો છે. રાષ્ટ્રનું પ્રતિબિંબ છે. માનવજાતની મહામૂલી મૂડી છે. ભવિષ્યની પ્રેરણા છે. તે અવશેષોની જાળવણી, તેનું દર્શન અને તેનો અભ્યાસ તે આપણી પવિત્ર ફરજ છે. આ નૈતિક ઋણ આપણે કદી ન ભૂલીએ તે જ પ્રાર્થના.



# ગુજરાતમાં મૃત્યુ સ્મારકો અને તેના શિલ્પ પ્રતિકો

—શ્રી ખોડીદાસ ભા. પરમાર

ગુજરાતની ખમીરવંતી ભૂમિને સાથે એહણાં તો જોરુંકા નર-નારના જ છે. આખું સૌરાષ્ટ્ર ફરો, મલક આખો ફરી વળો, તો ઠેરઠેર ધરમની ધોળુડી ધજા, પીરાણાનો લીલુડો નેજવો અને ગગનચુંબી મંદિરોની માથે દરેક ધરમના દેવના ચિહ્નવાળી વાયે ફરકતી ધજાયું ફરફરતી હશે. દરેક ધરમના ધામ સાથે જાતરાળુના થરેથર ઊભરાતા હશે ને પંડ્યને પાવન કરીને, ઇશ્વરસ્મરણ કરતા સૌ પાછા ફરતા હશે.

આવા એ રૂડા ને દિહત દેશની ચપટી ધૂળ માટે ય માનવી અહીં મરી પરવાર્યા છે. જે સૌરાષ્ટ્રની ભૂમિ, જેની આથમણી ધરાને સીમાડે ઘૂઘવતો મહાસાગર ઉછળી ઉછળીને આ ભૂમિના પગ પખાળે છે. તેવા આ સૌરાષ્ટ્રના દરિયાકાંઠાના ગામડાની કોરપગથારને કાંઠેથી તે ગામે ગામને સીમાડે ને શેઢે, પાદરે ને ટોડે, ગઢની રાંગે ને ત્રણ ગામને તરભેટે, ખળખળિયા નેરાને કાંઠે કે ઊંચા ધારોડીના માથે, જ્યાં જુઓ ત્યાં શૂરવીરોની સિંદૂરરંગી ખાંભીઓ ખોડેલી હશે આ ખાંભીઓ–પાળિયા એ તો સૌરાષ્ટ્રના હાડબળુકા માનવીના પ્રેમ, શૌર્ય ટેક અને નેકની ભવ્ય કથાઓ કહી જાય છે. કોઇ ગામને ખાતર, કોઇ અબળાને ખાતર, તો કોઇ ધર્મને માટે, અરે એક નાના એવા તેતર પંખીડાના કાજે પણ વટને ખાતર, આવો એક એક માણામોતી જેવો જોરાવર આદમી ત્યાં મરાણો છે ને જે મરીને પણ જીવી ગયો છે તેવા શૂરાનાં ને દેવલાંના પાળિયા ને ખાંભીઓ ઠેર ઠેર પૂજાય છે. તે સૌના શૌર્યના આ બધા દેહિત પ્રતીકો ઊભા છે. જેને હજી આજે ય પણ તેના કુળના કુટુંબીઓ ભાવભરી અંજલિ આપે છે, કુલવધૂઓ ત્યાંથી નીકળે તો પણ લાજનો ઘૂમટો તાણીને તેની અદબ રાખે છે અને કુટુંબી પુરુષ પાઘડીનો આંટો છોડી, તેને ગળામાં વીંટીને આ પાળીયા, ખાંભીઓને જુવારે છે.

રૂડેરી એ સૌરાષ્ટ્રની આથમણી ધરાને માથે, પરભાતના પોરમાં જ્યારે સૂરજનારાયણ કિરણ્યું કાઢે છે ત્યારે એ સોનલવર્ણા કિરણોમાં ગામને પાદરે, ટીંબાને માથે સામી છાતી કાઢીને ઊભેલા પાળિયા હસી ઊઠે છે. સિંદૂર ચોપડ્યા ને ખાંભીઓ મઢયા, આ દેશના શૂરા–બંકાઓ ગયા યુગની બળુકાઇની ઝાંખી કરાવે છે, તે સાંજને ટાણે જ્યારે સૂરજ મા'રાજ મેર બેસે છે ત્યારે આથમતા પડછાયે ને સાંજની રૂઝયુફૂઝયુ વેળાએ આ વીરનરોની ખાંભીઓના પડછાયા લાંબા વિરાટ બનતા જાય છે ને મોતને મૂઠીમાં રાખી ફરનાર શૂરવીરોની યાદી તાજી કરે છે અને સંધ્યાટાણે જ માનવી અતીતનું સ્મરણ વાગોળે છે ને ? અને તે જ સમયે ગામમાં ઠાકરદ્વારાની ઝાલર રણઝણી ઊઠે છે. માનવીનું મન ભટકતું ભટકતું ભૂતકાળમાંથી વર્તમાનને સીમાડે, પાદરમાંથી જીવંતજાગત ગામમાં પહોંચી જાય છે. પણ ગામના ગત સમયના મોંઘા માનવીના રૂપ-અરૂપના પડછાયા તો ત્યાં ગામને પાદરે જ ઊભા છે, પાળિયા ને ખાંભીરૂપે !

પાળિયા ને ખાંભીઓ મૃતના સ્મારક તે શું માત્ર મધ્યકાલીન યુગના જ બલિદાનના પ્રતીક છે ? કે તેની પ્રથા સગડ આઘેરા ભુતકાળ ભણી લઈ જાય છે ? આ ખાંભી–પાળિયાના સ્મારક છે શું ? તેની પ્રથા ભારતમાં ક્યારે શરૂ થઈ, આ જો ઝીણી નજરે જોઇએ ને અનુમાન કરીએ તો, આ પાળિયા, ખાંભી સ્મારકનો રિવાજ તો સંસ્કારસિંચી સદીઓ વીંધીને છેક વેદકાળના સીમાડે, મૃત માનવીની રાખ–ફુલ ઉપર ઊભી કરાયેલ દેરડીઓ–સ્તૂપ સુધી જાય છે. ઋગ્વેદમાં આની થોડીઘણી ઝાંખી તો થાય છે. મૃત્યુ પામેલા માનવીના માથે તેના કુટુંબીઓ માટીથી આવી સ્મૃતિઓ રચતા. અનુમાનાય છે કે તેનો આકાર ચૈત્ય–દેરાં જેવો જ હશે તે પાછલા કાળમાં મળતા ચૈત્યસ્તૂપોના ઘાટ–આકાર પરથી કલ્પી શકાય છે, કારણ કે પરંપરા ભારતમાં નાશ પામતી નથી, તેથી જ કહી શકાય છે કે મૃત માનવીની ઉપર નાનો ચૈત્ય કે સ્તૂપ તેના સ્મરણચિહ્ન તરીકે તે કાળમાં બાંધતા. આ પ્રથા પછીના કાળમાં પણ પરંપરાગત ચાલી આવી છે. જેનું રૂપ ઈ. સ. પુર્વેની ૨જી અને ૩જી સદીઓના સ્તૂપોમાં આપણને જોવા મળે છે. દા. ત. સાંચી, ભારહુત વગેરે.

ભારતીય વૈદિક દર્શનોમાં સુવર્ણપીત્ત અગ્નિપ્રકાશનું પ્રતીક છે. તે સૂર્યરૂપે સવારે પ્રાચિમાંથી શત્ શત્ કિરણો સાથે તમસભરી પૃથ્વી ઉપર આવે છે. અને પૃથ્વીમાં તેજોમય સૂર્ય બની પ્રકાશે છે. લોકોને તેજ, જ્ઞાન આપનાર તે સૂર્યદેવ છે. તેને તે કાળમાં સુર્ય-અગ્નિને વેદી બનાવીને તે દ્વારા લોકો પુજતા. લોકો વેદીમાં બલિ હોમીને આ દ્વારા અગ્નિને પૂજતા. આમ અગ્નિના બલિ માટેની વેદી–પૂજાસ્થાન, તે ભારતવર્ષમાં આ રીતે પ્રથમ થયું. અને પછી તો વેદી બ્રહ્મનું પ્રતીક બની રહી. આ બલિવેદીને ગ્રંથમાં "ચૈત્ય" કહે છે, અને પછી આ ચૈત્યમાંથી ઈશ્વરનું મંદિર, યક્ષનું મંદિર, પવિત્ર વૃક્ષનો ઓટો, મૃત ઉપરના સ્મારક વગેરે આવ્યા. આ રીતે મૃત શરીર ઉપરના સ્મારક કે ઓળખસ્થાન તે વેદી-ચૈત્યના રૂપમાંથી ઉદ્ભવ્યા તેમ જ માની શકાય. ત્યારપછીના કાળમાં ધીમે ધીમે વેદીની લાક્ષણિકતાને મંદિર–નિર્માણ અથવા કોઈપણ સ્થાપત્યમાં આવરી લીધીને પછી વિશાળરીતે ધાર્મિક, પૂજનીય કે સ્મારક સંસ્કારનું રૂપ આપી દીધું. આમ મૃત માનવીનું સ્મારક પણ ચૈત્યમાંથી થયું છે.

પૌરાણિક કાળમાં પણ આવો રિવાજ હતો તે ભિન્ન ભિન્ન બાબતોમાં અવનવીરીતે જણાઈ આવે છે. રામાયણમાં જીવંત વડીલ બંધુના સ્મરણનું પ્રતીક લાકડાંની ચાખડીઓ સ્થાપી ભરત પુજે છે

તો અશ્વમેધ યજ્ઞમાં રામચંદ્ર સીતાના પ્રતીક તરીકે દર્ભની સીતા બનાવડાવીને તેને પાસે બેસાડે છે. જ્યારે મહાભારતમાં એકલવ્ય દ્રોણ ગુરુની માટી કે પથ્થરની ખાંભી બનાવીને તેને પુજે છે. વળી મહાભારતના યુદ્ધમાં બભ્રુવાહનના ડોકાને પણ પુજાવાનું વરદાન મળે છે. આમ મૃત કે જીવંતના સ્મારક કે બધા ખાંભી જ ને ? વળી મહાભારત કાળમાં તો ભારતમાં પરદેશીઓ પણ આવ્યા છે. મયદાનવ વાસ્તુમાં ખુબ જ પારંગત હતો. તે અસુર હતો. તેણે સુંદર ભવન નિર્માણ પણ કર્યું હતું. આમ આ કાળમાં ભારતીય શિલ્પ-સ્થાપત્યમાં થોડીક પણ પરદેશી અસર શરૂ થઇ ગઇ હશે જ.

પૌરાણિકકાળથી માંડીને ઇ. સ. પુર્વેની સદીઓમાં પણ મૃત માણસને બાળ્યા કે દફનાવ્યા પછી તેના મોભા પ્રમાણે તેના ઉપર કોઇ ચૈત્ય કે સ્તૂપ બનાવવામાં આવતો જ પણ શરૂઆતમાં આ બધું માટી, પત્થર કે લાકડાનું જ થતું. તેથી તે બહુ ઝાઝો સમય ન ટકી શકતું, પણ થોડા વર્ષોમાં નાશ પામી જતું. છતાં મૌર્ય-કાલીન સમયના તેમ જ તે પછીના બુદ્ધના આવા સ્તુપો આજે હજુપણ ઊભા છે. જેના પરથી મરણ સ્તુપના રિવાજ, આકાર વગેરેનો આપણને થોડો ખ્યાલ મળે છે.

બુદ્ધ સમયની આસપાસ તેમ જ તે પહેલાં પણ આ રિવાજ ચાલુ જ હતો. ત્યારે તે જમાનામાં લાકડાંનો પણ ચાલ હતો. મૃત માણસના સ્મારક તરીકે લાકડાનો અમુક આકારનો સ્તંભ ખોડી તેના ઉપર થોડા કંડાર પણ થતો હશે. જેની રીત "Law Relief"ની હતી. તેમાં શું કંડારાતું તે કોઈ નમૂના મળ્યા નથી, તેથી કહી શકાતું નથી. પણ ગુજરાતના આદિવાસીઓની આવા જ પ્રકારની લાકડાની ખાંભીઓ અત્યારે જોવા મળે છે. જો કે તે બહુ જૂની તો નથી જ પણ પરંપરાનો તેના પરથી ખ્યાલ લઈ શકાય. ભારતીય પરંપરાની સાંકળના અંકોડા એકબીજા સાથે ચોક્કસ જોડાયેલા છે જ. અનુગામી મોટે ભાગે પુરોગામીને અનુસરતો હોય જ છે. તેથી મૂળ રૂઢિગત ચાલી આવતી પ્રણાલિકા ચાલુ રહે છે. વચ્ચે નવો વળાંક મળ્યા છતાંય મૂળ વસ્તુના ગુણો ને તે રીત તો મોટે ભાગે જળવાઇ જ રહે છે. દા. ત. વૈદકાલીન સમયના મૃત્યુ પામેલાના સ્મૃતિ-સ્તુપ કે સ્તંભો નાશ પામી ગયા છે, પણ તે પછીના કાળમાં પણ થોડા ઘણા ફેરફાર સાથે તે તેવા જ ઘાટ ને રૂપમાં બંધાતા રહ્યા છે. બુદ્ધ સમયની આસપાસ પણ આવા ચૈત્ય -સ્તુપ ઠેર ઠેર હતા, અને તેના આકાર પણ તેના અનુગામી પણ સ્તુપો -ચૈત્યો જેવા જ હશે, તેવું અનુમાન જરૂર કરી શકાય છે. રાજા, પ્રધાન કે મહાન ધર્મોપદેશક વગેરેના સ્તુપ કદાચ મોટા મોટા હશે જ્યારે સામાન્ય પ્રજાના સ્તુપ નાના અને લાકડાનાં હશે. તે સમયમાં લાકડું જ વિશેષ વપરાતું તેથી જ તો. પછી મૌર્યકાલ અશોકના વખતમાં શિલ્પ પથ્થરમાં કંડારવું શરૂ થયું અને શુંગ-કાલમાં સાંચીનો સ્તુપ લાકડાં ઉપરથી કંડાર શૈલીની રીતે પત્થરમાં કંડારાઇને બની ગયો. સાંચીના તોરણના અમુક દરવાજામાંના શિલ્પની સપાટ પત્થરની પાટડીઓમાં શિલ્પીઓ તે લાકડામાં કોતરાતા હોય તેવું લાગે છે. છતાં તે શિલ્પ પત્થર ઉપર જ કોરેલું છે. ભારહુત, સાંચી વગેરેના શિલ્પમાં બુદ્ધના પ્રતીક તરીકે સ્તંભ કે સ્તુપને લોકો પૂજે છે. આ રીતે મૃત માણસ ઉપર ચણાયેલ સ્મરણ-સ્તંભ-સ્તુપ વગેરે પુજનીય છે, તેવી જ રીતે લોકો જે પાળિયા-ખાંભી મૃતના પ્રતીક છે તેને પુજે છે. ઇ. સ. પુર્વના સ્તુપ-ચૈત્યનો ઉપરનો બાહ્યાકાર પીપળાના પાન જેવો, ઘોડાની નાળ જેવો, અર્ધગોળ વગેરે પ્રકારનો છે. જ્યારે મધ્યકાલીન વખતના મૃતના સ્મરણ-પાળિયા-ખાંભી વગેરેના મથાળે આવો જ આકાર હોય છે. તેથી માનવાને કારણ મળે છે કે પાળિયા-ખાંભી તે જૂના વખતના સ્તુપના જ રૂપ છે. કાળ પ્રમાણે નામ અને કદ તેમજ અંદરના કોતરકામ પ્રતીકમાં થોડો ફેર પડ્યો છે.

શુંગકાળમાં થયેલા નાટયકાર ભાસે તો 'પ્રતિમાનાટક' નામનું એક નાટક સંસ્કૃતમાં રચ્યું છે; જેમાં મૃત રાજા દશરથ તેમજ તેના વડવાની પ્રતિમા-ખાંભીઓની વાત કરી છે. આ પ્રતિમા માણસના મૃત્યુ પછી જ મુકાય છે. તે જમાનામાં તેને અમુક રાજાની તે 'પ્રતિમા' એમ કહેવાતું હશે. (અત્યારે પણ બાવલા મુકવાની પ્રથા છે જ ને ?). શુંગકાલના પુરોગામી કાળમાં પણ આવી પ્રતિમાઓ મુકાતી તેનો દાખલો મોજુદ છે. ઈ. સ. પુર્વની ૭જી સદીની આસપાસની આવી એક પ્રતિમા મળી છે. તે પરખમમાંથી મળી છે. તેને કોઇ 'યક્ષ' કહે છે તો કોઇ 'રાજા અજાતશત્રુની' પ્રતિમા તરીકે ગણાવે છે. આ પ્રતિમા જોતાં લાગે છે કે તે કાળમાં માત્ર Relief કે Bas Relief નહિ પણ સમગ્ર મનુષ્ય જેવી આખી પ્રતિમાઓ કંડારીને તેનું સ્થાપન કરતા હશે.

ઈ. સ.ની સદીઓમાં પણ આ રિવાજ તો ચાલુ જ હતો. ત્યાં સુધીમાં તો ભારતમાં પવન, અસુર, નાગ વગેરે જાતિના લોકોએ ભારતીય જુદા જુદા ધર્મો અપનાવી લીધા હતા. તેઓમાં પણ પાળિયા-ખાંભીનો સ્મરણ તરીકેનો રિવાજ ચાલુ હશે તેમ જોવા મળે છે દા. ત. કુશવી રાજા કનિષ્કની ખંડિત ખાંભી-મૂર્તિ આજે પણ મોજૂદ છે. અહીંશિલ્પકામમાં પરદેશી શિલ્પની અસર દેખાય છે. વળી ઇ. સ.ની પૂર્વની પ્રથમ સદીની આસપાસની 'ગાંધાર શૈલી'માં આ દેખાય જ છે ને? ગાંધાર શૈલીની શરૂઆતમાં યવન શિલ્પ (ગ્રીક)ની અસર છે જ. તેમ જ ગુપ્તકાળમાં શિલ્પકળા જુદો જ સ્વાંગ ધરે છે. શિલ્પ સ્થાપત્યનાં વિવિધતા સાથે લગભગ સંપૂર્ણપણું આવી જાય છે. આ શૈલીમાં મૃત માણસોની પ્રતિમાઓ-ખાંભીઓ ઘડાઇ છે તે તેમાંની ઘણી તો પાછળથી દેવ થઇને પૂજાવા લાગી છે.

ઈ. સ.ની ૬ઠ્ઠી સદીમાં બાણે હર્ષચરિત્રમાં લખ્યું છે- રાણી યશોમતિ તેના પતિ પાછળ તે સતી થાય છે ત્યારે હાથમાં એક પતાકા (ધ્વજ) હોય છે, જેમાં તેનો પતિ ઘોડા ઉપર બેઠેલો છે તેવું પ્રતીક છે. મધ્યકાલીન તેમ જ અદ્યતન પાળિયા-ખાંભીમાં પાછળથી આ પ્રતીક "મૃતના પાળિયાના પ્રતીક" તરીકે રૂઢ થઈ ગયું છે. જો કે ઈ. સ. પૂર્વની સદીમાં સાંચીના તોરણ ઉપર કંડારેલા આવા ઘોડેસ્વાર શિલ્પ તો છે જ, પણ મૃત સ્મારક પાળિયાના પ્રતીક તરીકે આ છઠ્ઠી સદીની આસપાસ જોવા મળે છે. (જુઓ- **हर्ष चरित्त एक मध्ययन-श्री वासुदेवशरण अग्रवाल**, સાતમી-આઠમી સદીમાં આ પ્રથા ધીમે ધીમે સર્વત્ર પ્રસરી ગઇ. ત્યારપછીના મધ્યકાલીન સમયમાં તો સામાન્ય શૂરવીરોના પાળિયા અને રાજા-મહારાજાઓની છત્રીઓ વગેરે સ્મરણ તરીકે પાછળથી ઉભા થવા લાગ્યા, જેને ખુલ્લું મંદિર જ કહી શકાય, જેમાં મૃત રાજવીની ખાંભી કંડારતા. તેમાં તેના જીવનનો વૃત્તાંત કોતરાતો, સાથે તેની જેટલી રાણીઓ સતી થઇ હોય તેને પણ બે હાથ જોડીને રાજાના

ઘોડા પાસે ઊભેલી કોતરતા.

ભારતમાં મુસ્લિમ પાદશાહના વખતમાં આ પ્રથા વધારે વેગવંતી બની. હિંદુ–મુસ્લિમના યુદ્ધોમાં કંઈ કેટલાં યે લોકો મરાયા ને તેની પાછળ અસંખ્ય સ્ત્રીઓ સતી થઈ. પછી મૃત્યુ પામેલા વીરના અને સતીના પાળિયા ને ખાંભીઓ ઠેર ઠેર ખોડાણા. જૂનામાં જૂનો ઈ. સ. ની આઠમી સદીનો પાળિયો સિંધમાં છે જ્યારે ૧૪મી થી ૧૫મી સદીના પાળિયા માંડીને ગયા વર્ષે બેસાડેલી ખાંભી સૌરાષ્ટ્રમાં જોવા મળશે.

ભારતીય શિલ્પ તેમજ સ્થાપત્ય બંનેની ઢએ સૌરાષ્ટ્રની ખાંભીઓ-પાળિયા વગેરેમાં કંડાર શિલ્પ જોવા મળે છે. પાળિયા અને ખાંભીનો સમગ્ર બાહ્યાકાર એ સમગ્ર સ્થાપત્યનું પ્રતીક છે જ્યારે તેની વચ્ચેનાં ભાગમાં કોતરેલું તક્ષણકામ, તેની પદ્ધતિ આકૃતિ તે શિલ્પકામનો પ્રકાર છે. સૌરાષ્ટ્રનાં પાળિયા- ખાંભીમાં ઈ. સ. પૂર્વેની ૧લી, ૨જી સદીની શિલ્પ શૈલીની રીતનો ભાસ થાય છે. તો ખાંભી–પાળિયાના આકારમાં જૂના સ્તૂપચૈત્ય વગેરે સ્થાપત્યનો અણુસાર છે. આમા પાળિયા–ખાંભીમાં શુદ્ધ ભારતીય પરંપરાની જ ઝાંખી થાય છે. એમ છતાં તેનાં ઉપર પરદેશી થોડી ઘણી અસર તો છે જ. તેમાં યવન તેમજ મુસ્લિમ સં કૃતિની થોડી ઘણી અસર થઈ જ છે, તેની ના નથી.

સૌરાષ્ટ્રના પાળિયા વધારે તો લોક શૈલીના શિલ્પના જ છે. તેથી કહેવું હોય તો કરી શકાય કે ભારતીય પત્થરશિલાના શિલ્પની શરૂઆતનો તબક્કો હતો તેના કરતાં પણ જરા અવભ્રંશ આકારમાં સૌરાષ્ટ્રના પાળિયા ઘડાયા છે. તે તબક્કાની રીત–શૈલી અહીં હજી એમને એમ આટલી સદીઓ ગયા છતાં જળવાઇ રહી છે. હજી આજે પણ ખાંભી–પાળિયાના ઘડનારા ગામડાનાં લોક કલાકારો, સ્થાનિક સલાટો જૂની પરંપરા પ્રમાણે જ ઘડે છે. આ સૌરાષ્ટ્રના મોટા ભાગના પાળિયા આમ સલાટોએ ઘડ્યા હોવાથી તેનો બાહ્યાકાર, પ્રતીકો અને છીછરા તક્ષણની ઘડવાની રીતમાં કશોય ફેર પડતો નથી. બધું ય રૂઢિગત, શાસ્ત્ર પ્રમાણે કર્યું હોય છે. સલાટ ગામડાનાં હોવાથી તેમાં વિગતો ઘણીવાર અધુરી રહી જાય છે. આકાર વધારે પ્રાકૃતિ બને છે, છતાં એક જાતની સળંગ પરંપરા તેમાં અચૂક જળવાઇ રહે છે, તે છે આકાર અને પ્રતીકો.

સૌરાષ્ટ્રના ગામો, શહેરો સંગ્રહસ્થાનો વગેરેમાં જે પાળિયા ખાંભીઓ વગેરે અત્યારે મોજૂદ છે તેમાં જુદી જુદી ચારથી પાંચ કક્ષાઓ થઇ શકે. આ વિભાગો પાળિયાના કોતરકામ પ્રમાણે ન પાડતાં તેની જુદી જુદી કક્ષા પ્રમાણે જેમ કે–તેના દેવત્વ, વીરત્વ તેમ જ સ્મૃતિસ્થાપન વગેરે પ્રમાણે પાડતાં આ પ્રમાણે થાય છે.–:

(૧) શૂરાપૂરા : મેદાન શૂરા કાઠીઓએ સૂર્ય ઉપાસક જાતિના છે. કાઠી લોકો કચ્છમાંથી સૌરાષ્ટ્રમાં આવીને વસેલા છે. તે લોકો એટલા તો બળવાન હતા કે તેના આવ્યા પછી સૌરાષ્ટ્રનું નામ જ કાઠીયાવાડ પડી ગયું. મૂળ તો આ લોકો કોઇ પરદેશી પ્રજા છે, તે સિથિયન હશે કે ગ્રીક તેની વિદ્વાનોએ ચર્ચા કરી જ છે. આ કાઠીની દેહ દષ્ટિ, તેની રણજોધાર ઘોડીઓ અને આ ઘોડીને ઘોડે-સ્વાર બેય રણશૂરા હોય છે. સૌરાષ્ટ્રમાં ઠરીને ઠામ થયા પછી તેઓએ સંપૂર્ણ રીતે દેશી લોકોના રીતરિવાજ અપનાવી લીધા છે. ગામ, દેશ, અબળા અને ટેકને ખાતર તે સામી છાતીએ લડતા મરાયા છે, ત્યારે તેના મૃત્યુ પછી જ્યાં લડતા કામ આવેલો હોય ત્યાં અથવા મૃત્યુ પામેલાનો આત્મા જ્યાં ફરમાવે ત્યાં, પોતાને પાદર કે દુશ્મનોને ગામને પાદર તેનો પાળિયો ખોડાય છે. શૂરવીર-તાપૂર્વક લડનાર દરેક રણ જોદ્ધો પૂરો શૂરવીર છે જ. આથી કાઠી લોકો પોતાના વડવાઓની તેમજ બીજા જણની ખાંભી પાળિયાને 'શૂરાપુરા' નામ આપે છે, તે ખાંભી કે પાળિયાને શૂરાપુરા જ કહે છે જે રણમાં મરાયા છે. તે બધી ય વાતે પુરા શૂરવિર હતા. તેઓ પુરા નીમધારી ટેકરખા ને બહાદૂર હતા તે અહીં પુરા થયા છે. જે રણમાં ખપ્યા છે, તે શૂરા બની ગયા છે. તેની યાદ આ શૂરાપુરાના પાળિયા આપે છે. આ શુરાપુરાનાં કાઠી ગલઢેરાની ખાંભી–પાળિયાની વચ્ચેના ઘોડેસ્વારના પ્રતીક સાથે હોકો લઇને નીચે ચાલતો વાગંદ, વાળી હાડમાં હડેડીને પાતો ચડાવનાર અમલની ખરલ પણ કોતરેલી હોય છે. કાઠીનાં શુરાપુરા આ પ્રતીકોથી પણ ખાસ જુદા તરી આવે છે. આવા પાળિયા ગઢડા, ચિતળ, જસદણ વગેરે તેમ જ કાઠીની વસ્તીવાળા ગામોમાં જોવા મળે છે.

(૨) પાળિયા : સૌરાષ્ટ્રભરમાં ઘણી બધી જાતના લોકો વસે છે. તેમાં ઘણાં શુરવીર જાતિના પરદેશીઓ પણ આ દેશમાં આવી ત્યાંના રીતરિવાજ અને ધર્મ સ્વીકારીને રાષ્ટ્રીય બની ગયા છે પણ પજી તો જ્યારે જ્યારે લાગ મળે ત્યારે બળ પ્રમાણે તેઓએ માથું ઉચક્યુ છે મધ્યકાળમાં તો ભારતભરમાં અવ્યવસ્થા હતી તે કાળમાં સૌરાષ્ટ્રમાં ઘણાં નાના રાજ્યો–ઠકરાતો હતી તેમાં રાજપૂત મુસલમાન કાઠી, મેર, ખસિયા, કોળી વગેરે જાતિમાં [illegible] ઠકરાતો ભોગવતા હતા. એ જમાનામાં " મારે એની તલવાર અને જીતે તેનું રાજ " એવો ન્યાય હતો, તેથી દરેક બળવાન માણસ થોડાં ઝાઝા માણસો ભેગા કરીને આસપાસનું ગામ કે મુલક કબજે કરવા લૂંટવાનો પ્રયત્ન કર્યા કરતો તો રાજાઓ અને ઠાકોરો પણ ઘણીવાર નાની મોટી લડાઈ લડીને કોઇનો મુલક પણ લઇ લેતા બળુકા કાંટિયાવરણના માણસો પણ ટોળી જમાવીને કસદાર ગામડાં લૂંટવાનો પ્રયત્ન કર્યા જ કરતા. તે જમાનો જ એવો હતો. તલવાર સાથે તલવાર અથડાતી, ગામ, ટેક અને નાકને ખાતર પણ માણસ ફના-ફાતિયા થઈ જતો નાક અને ટેક ખોતો નહોતો. સૌરાષ્ટ્રનું પ્રખ્યાત ભૂચર મોરીનું યુદ્ધ એ એક આશરાધર્મની ટેકનું જ યુદ્ધ હતું ને?

જૂના વખતમાં ગામ ઉપર નાનાં નાનાં પાળ ચડી આવતા. આ પાળમાં એક નાયક રહેતો. તે ૪૦ થી ૫૦ માણસોની ટોળી રચી હરકોઈ ગામ જીતવા, ભોગવા કે લૂંટવા ચડી જતો. તે કાં તો કોઈ નાની ઠકરાતનો કોઈ ઠાકોર હોય અથવા કાંટિયા વરણનો બળુકો અને છાતીકટો આદમી જ હોય. આમ તે પાળ નક્કી કરેલા ગામ ઉપર ત્રાટકી પડતો. ત્યારે જે ગામમાં તે પાળ ત્રાટકતું તે ગામનાં લોકો પાવરાં માણસોથી બીને નાસી જતાં જે હાથ પડ્યું હથિયાર આવ્યું તે ઝાલીને સામી છાતીએ ગામનું રક્ષણ કરવા, પાળ સામે લડવા ગામને પાદર જતાં તેમાં પાઘડીનો આંટો લઇ જનાર સૌ જુવાન, વૃદ્ધ અને ઘણીવાર તો સાંબેલા લઇને ગામની સ્ત્રીઓ પણ ગામના રક્ષણ માટે ઉભી રહેતી. લગભગ પાદરમાં જ પાળ સામે સૌ ગામેડુ જબ્બર સામનો કરીને લડતુ. કાં તો પાળાના આદમીઓને

મારીને ગામેઢુ ભગાડી મૂકતું અથવા ગામના સૌ શૂરવીરોના પડયા પછી જ પાળનાં લોકો ગામમાં જઈ શકતા. અને પછી જ ગામનો કબજો લેતા કે લૂંટ ચલાવી પાળ વાળી ચાલ્યા જતા. આમ પાળની સામે ગામનાં લોકો લડતા, ખપી જતા ત્યાં પાદરમાં પાછળથી તેના કુટુંબીઓ તેની શુરવીરતાની યાદીરૂપે પાળિયો ઉભો કરતા ને તેનાં વંશજો જ માત્ર આ પાળિયાને પૂજતા. વળી પાળ સાથે આવેલા માણસો પણ ત્યાં ગામના પાદરમાં મરાતા, તેના કુટુંબીઓ પણ ધીંગાણું થયું હોય તે ગામે આવીને પાળમાં આવેલો પણ લડતમાં મરેલો તેના માણસનો પાળીયો તે ગામના પાદરમાં ખોડી જતા.

આમ પાળિયા બંને પક્ષોનાં ખોડાતા. પાળ સાથે ગામ જીતવા, ભાંગવા કે લૂંટવા આવેલા માણસો તે ગામના લોકોની સાથે લડતા મરાયા તેથી તે પણ શૂરવીર તો ખરાને? તેથી મરાયો માટે તેનો પણ પાળિયો સર્જાયો. તો વળી पालक એટલે રક્ષનાર. આ पालक > पालअ અને पालिअ તે 'પાળિયો' આમ શબ્દ થયો હશે. ગામ લોકો પોતાના ગામનું પાલન કરતા મરી ગયા હોઇ, તેઓએ પોતાના મૃત્યુ સુધી ગામનું રક્ષણ કર્યું ને આમ રક્ષણ કરતાં મર્યા હોવાથી રક્ષણ કરનાર, પાલન કરનારાના અર્થમાં પ્રયોજાઇ ગયો. તેથી તેના અર્થમાં "પાળિયો" શબ્દ વપરાય છે.

(૩) ઠેશ :– સૌરાષ્ટ્રના ગામે ગામના પાદરમાં યુદ્ધ ખેલાણા જ છે. તેમાં કેંક શૂરવીરો કામ આવી ગયા છે. તે સર્વના પાળિયા ગામને તે પાદર હારબંધ ખોડાણા છે. તેમાં ઘડેલા અને કંડારેલા પાળિયાની સાથોસાથ ઘણાંક તો ઘડયા વગરના એમને એમ અણઘડ પથ્થર ઊભા કરીને માથે સિંદુર ચોપડેલાં છે. આવી જાતના જે પાળિયા હોય છે તેને 'ઠેશ' કહે છે.

તે જમાનામાં લડાઇઓ માત્ર રાજ્ય કે પ્રાંતમાં જ નહોતી થતી. એ જમાનો જ એવો હતો કે ભડવીર નર ખડિયામાં ખાંપણ લઇને જ ફરતો. જ્યાં અન્યાય દેખ્યો ત્યાં મારતો કે મરતો. વળી લડવૈયાઓ લશ્કર સાથે લડાઇ લડવા માટે પોતાના ગામ કે દેશથી આવેલા પણ નીકળી જતાં અને પરધર્મીઓ કે દેશના જ કોઇ રાજા સામે મેદાનમાં લડતા લડતા ત્યાં જ ખપી જતા. તેનો દેશ, ઘરબાર તો ખૂબ જ આઘા હતા તેથી તે મરનારનો પાળિયો તેના કુટુંબીઓ ત્યાં લડાઇના મેદાનમાં ન બેસાડતા પણ મરનારની ભૂમિ દ્વારા રજા મેળવીને તેનો પાળિયો પોતાના ગામને પાદર જ ઘડાવી કંડરાવીને ખોડતા. પણ તે રણજંગો જ્યાં અનેક જખમોથી ઘવાયેલો, જેનું શરીર જખમથી ચારણી જેવું થઇ ગયું હતું ને તે પછી ભાન ન રહેતા ધબ્બ દઇને જ્યાં હંમેશને માટે ઢળી પડયો, ભૂમિ શયન કર્યું ત્યાં તેના પડ્યાની સ્મૃતિ પણ તેના કુટુંબીઓ રાખે છે. તે સ્થળે ગમે તેવો પણ ઉપરથી અણિયાળો અણઘડ પથ્થર ત્યાં ખોડીને તેની ઉપર સિંદૂર ચોપડી દે છે. આ થયું મૃત્યુ પામનારનું, તે જ્યાં મેદાનમાં પડ્યો તેનું, સ્મૃતિસ્થળ. અને ત્યાં જ તેના નામનો પથ્થર ઊભો કર્યો તે પેલા મરનારના નામની 'ઠેશ'.

'ઠેશ' બેસાડવાનું કામ વ્યવહારિક પણ છે. ઘણા લોકો પોતાની અતિસામાન્ય સ્થિતિને કારણે પાળિયો કે ખાંભી ન કંડારાવી શકે તે પણ 'ઠેશ' બેસાડે છે. પણ આવું તો જવલ્લે જ બને છે. માથે દેવું કરીને ય લોકો ખાંભી તો કંડરાવે જ છે, તો બીજું કારણ તે ગામથી ખૂબ દૂર મર્યો હોવાથી તેના કુટુંબીઓ દર વર્ષે તેને નાળિયેર વધેરવા કે નૈવેદ્ય ઝારવા જઇ શકતા નથી તેથી પણ માત્ર ત્યાં સ્મૃતિરૂપે પથ્થરની 'ઠેશ' બેસાડીને મરનારની મૃત્યુભૂમિની યાદી રાખે છે. માત્ર લગ્ન પછી વરઘોડિયા કે કુટુંબના પ્રથમ પુત્રના જન્મ પછી ત્યાં પગે લાગવા જવું પડે છે. બાકી તો દર વરસના નૈવેદ્ય તેના ગામને પાદર જે ઘડેલો પાળિયો ખોડ્યો હોય તેને જ ઝારે છે.

(૪) ખાંભી—ખાંભીનો અર્થ ઘડેલી ને કોતરેલી શિલાપાટ, થંભ અને અમુક રીતે કોતરેલી મૂર્તિઓ એવો થાય છે. લગભગ દેવસ્થાનની મૂર્તિ સિવાયની દરેક જાતની કોતરેલી શિલાપાટ કે થાંભલો, ખૂટો વગેરેને ખાંભી જ કહેવાય. પછી ભલે માત્ર તે શિલાલેખ હોય કે દાનપત્ર કે આજ્ઞાપત્ર હોય તેને ખાંભી જ કહે છે. આ ખાંભી શબ્દ મૂળ સંસ્કૃત–સ્થંભ–खंभ પરથી 'ખાંભી' આમ થઇ ગયો હશે તેમ લાગે છે. અને આ ખાંભીના અર્થમાં ઘણી ઘણી બાબતોના થંભ, ખૂંટા, શિલાલાટ વગેરેનો સમાવેશ થઈ જાય છે. દા. ત. લંબચોરસ વખાણવાળી કે કોતરકામવાળી શિલાલાટ, ગોળ થાંભલો, સ્મૃતિ સ્થંભ, આજ્ઞાપત્ર કે દાનપત્ર બાબતમાં કોતરેલું કે કંડારેલું પ્રતીક શિલ્પ પણ હોય છે.

ઘણીવાર મૂંગા પાળેલા જાનવરો અને પશુઓએ માનવતાભર્યા તેમ જ બહાદૂરીના કામો કર્યા હોય તેની યાદમાં પણ તેની પાછળ તેના કંઇક પ્રતીક સાથે તેની ખાંભી ઊભી કરેલી હોય છે. (દા. ત. તળાજા પાસેના સાખડાસરમાં નિમકહલાલ કૂતરાની આવી ખાંભી છે, જેમાં તેના એક પગના પંજાનું પ્રતિક કંડારેલું છે.) તો વળી કોઇએ ગૌહત્યા કરી હોય તો તેના પ્રાયશ્ચિતના પ્રતીકરૂપે ગાયની ખાંભી કરાવીને કોઈ દેવસ્થાને તેને ખોડે છે. (શિહોર પાસે વળાવડમાં આવી સવચ્છી ગાયની ખાંભી છે.) વળી રાજવીઓ ગોચર માટે આપેલી જમીનને કાંઠે પણ વાછરુ ધાવતી ગાયના ખુંટા ખોડાવે છે તેથી ગામ લોકો તેનાથી જાણે છે કે આ ગૌચર છે; તે ખેડાય નહિ. સૌરાષ્ટ્રભરમાં નાગપૂજાનું મહત્ત્વ છે જ. મોટા ભાગના ગામને પાદર, નદીને કાંઠે કે થેથૂર વડલાની છાંયડી હેઠે નાગદાદા (રારમાળિયા દાદા)ની ખાંભી નાગ–નાગણના જોડાવાળી કે માત્ર એક નાગવાળી હોય છે.

આ બધી ખાંભીઓ લંબચોરસ શિલાને કંડારીને તેમાં કોતરેલી હોય છે. તેમાંની ઘણીનો બાહ્યાકાર પાળિયા જેવો જ હોય છે. અંદર પણ સૂર્ય, ચંદ્ર વગેરે પ્રતીકો તેમજ મથાળાનો આકાર ગોળ, સપાટ કે ચૈત્યાકાર હોય છે. ખાંભીનું ને પાળિયાનું બાહ્ય સ્વરૂપ સરખું જ હોવાથી લોકો ઘણીવાર "ખાંભી" અને "પાળિયા" એવો ભેદ જુદો ન કરતાં આવી જાતની શિલાપાટને ખાંભી કે પાળિયો કહે છે. પણ ખાંભી ને પાળિયામાં ભેદ છે જ. પાળિયો મરેલા વીરની સ્મૃતિરૂપે છે. જ્યારે ખાંભીમાં તો દાનપત્ર, આજ્ઞાપત્ર, પશુ, નાગ વગેરેનો સમાવેશ થાય છે. વળી સતી તેમજ વીરાંગનાઓ પરધર્મીના હાથે ન પડતા આત્મબલિદાન આપી 'જૌહર' કરીને મરી જતી કે સતી થતી અથવા સામી છાતીએ લડતાં કોઈ મરતી તો તેની ખાંભી ને પાળિયા ખોડાય છે.

સૌરાષ્ટ્રમાં કોઈક સ્થળે બિભત્સ દૃશ્યના કંડારવાળી ખાંભીઓ કે શિલાઓ જોવા મળે છે. તેમાં સ્ત્રી સાથે ગધેડો, ઘોડો, કૂતરો વગેરેના અકુદરતી સંબંધ કંડારેલો હોય છે આવી જાતની ખાંભીઓ એ દુભાયેલા સલાટોની મૂર્તિમંત ગાળો છે. આવી જાતની ખાંભીઓ વાવ, મંદિર કે કોઈ ગામના ટોડે ખોડેલી જોવા મળે છે. તેને "ગદ્ધા ગાળ" કહે છે. જૂના વખતમાં લોકો તેમજ રાજવીઓ વાવ મંદિર વગેરે બંધાવતા. તે માટે પરગામથી સલાટોને તેડાવતા. તેઓ પ્રેમથી બાંધકામ, શિલ્પકામ કરતા. તેમાં જો બંધાવનાર માલિક તે સલાટોને પૂરા પૈસા કે સારું ખાવાનું ન આપે અને બીજી રીતે કનડગત કરે તો તે સલાટો અધૂરા કામ કે કામ પૂરું થયે આવી રીતે શિલાઓમાં ગંદી ગાળો કંડારીને રાતોરાત તે સ્થળે ખોડીને ભાગી જતા. આ ગાળો બંધાવનાર માલિકને દેતા જે શાશ્વત ટકી રહેતી. વળી રાજા-પ્રજાની તકરારમાં કે ધર્મોના વાડેવાડાની તકરારમાં પણ આવી ગાળો આપી લોકો ભાગી જતા. તેવી ગાળોની બોલીમાં લખાણ પણ લખતા. આવી ગાળોની ખાંભીઓ ઘોઘા, બોખલીવાવ વગેરે સ્થળે છે. તો વળી કોઈ કોઈ ખાંભીઓમાં પશુ-પશુનુ મૈથુન વગેરે કંડારેલું હોય છે. આવી જાતની ખાંભીને "લાંછન" કહે છે. ઘણા લોકો વાવ, મંદિર હવેલી વગેરે સુંદર મજાના બનાવડાવે છે. તે સુંદર મજાના હોવાથી કોઈ મંત્રતંત્ર જાણનારની મેલી નજર તેની ઉપર પડે તેથી મંદિર, હવેલી કે વાવનો દાળોવાટો થઈ જાય છે. તેથી તે સ્થાપત્યમાં અમુક સ્થળે ખરાબ શિલ્પવાળી લાંછનરૂપ એકાદી ખાંભી બાજુમાં ખોડી દે છે. જેમ રૂપાળા બાળકના ગાલે મેશનું ટપકું કરવાથી તેને કોઈની નજર ન લાગે તેમ આ ખાંભીઓ પણ મેશના ટપકાની અહીં ગરજ સારે છે. શિલ્પમાં પણ તે મેશની ટીલીરૂપ જ છે. (આવી કૂતરાની જોડી ખાંભી ગાંધીસ્મૃતિ સંગ્રહાલય-ભાવનગરમાં છે.) ધર્મ કે મંત્રતંત્રના નામે ઘણીવાર માનસિક રીતે સડેલા કે અતૃપ્ત વાસનાવાળાનો આ સીધો ઉભરો જ છે. તુલસીદાસજી તેની વિનયપત્રિકામાં લખે છે કે તે કાળમાં ભાટ લોકોને રાજા મહારાજા ઈચ્છિત દાન ન આપતા તો તેના પ્રતીક પૂતળા બનાવીને તેને ગાળો દેતા, ગામ વચ્ચે ટાંગતા વગેરે કરતા. "પુતલા બાંધના" હજી ય હિંદીમાં કહેવત તરીકે ટંકાય જ છે ને?

કોઈ સ્થળે પાતળી શિલાઓ ઉભી કરેલી હોય છે. તે ચપટ તેમજ ગોળાકાર પણ હોય છે. તેની ઉપર માત્ર લખાણને મથાળે થોડો કંડાર કે કંઈક પ્રતીક હોય છે. તે કોઈના કૂલ દાટયા હોય તેની પર ઉભી કરવામાં આવી હોય છે. આવી જાતના સ્તંભને સૌરાષ્ટ્રમાં 'લાંઠ્ય' કહે છે. મૂળ સંસ્કૃત શબ્દ યષ્ટિ=લાકડી પરથી આ થયું લાગે છે. ભૂતકાળની લાઠીની શુળીને પણ લોકો 'લાંઠીની લાંઠ્ય' કહે છે. આવી લાંઠ્ય ભાગ્યે જ જોવા મળે છે. પાંચ તલાવડામાં આવી એક લાંઠ્ય આજે પણ છે.

(૫) સૂરધન :– બધા જ ક્ષત્રિયો કે બીજા વર્ણના લોકો કાંઈ લડાઈમાં જ ખપી જઈને શુરવીરતાભર્યા મૃત્યુને વરતા નથી અને હવે તો એવી હાથોહાથની લડાઈ જ કયાં છે? જમાનો જ બદલાયો છે છતાં ખાંભીઓ હજુ ય નવનવી ગામડાંમાં ખોડાયેલી દેખાશે, આ ખાંભીઓને 'સૂરધન' કહે છે. આ ખાંભીઓ અકસ્માત, આપઘાત, ખુન કે અકુદરતી રીતે માણસ મરે છે તેની છે. માણસ આ રીતે મરે તેથી પ્રેતયોનિમાં જાય છે તેનો જીવ ભડકે બળે છે. તે વલખા મારે છે. કારણ કે અકુદરતી મૃત્યુ થવાથી તેની વાસનાઓ રહી ગઈ હોય છે. અને તેથી તેની અસદગતિ થઈ હોય છે. તે માટે તે પાછળ રહેલા કુટુંબીઓમાંથી કોઈ ને કનડે છે. કુટુંબીઓ ભૂવા પાસે દાણા જોવડાવે છે. ભૂવો દાણાના વાસા વધાવા (એકી બેકીની ગણતરી) જોઈને અનુમાન કરીને કહે છે કે તમને તમારો પુર્વજ, જે કમોતે મર્યો છે, તે નડે છે. પછી પૂર્વજના નામે ડાકલા માંડી, માંડલુ બેસાડે છે. તેનાં ભૂવો ધૂણે છે. ત્યારે ઘરનાં કે કુટુંબનાં કોઈ આદમીની સરમાં તે પુર્વજ આવે છે, ને પોતાને બેસવું છે તેમ કહે છે, પછી વદાડ પ્રમાણે મરનારની ખાંભી ઘડાવી તેને દેવ સમેતે છે. (સૂરધન તરીકે બેસાડે છે.) આ રીતે સૂરધન બેસાડે છે. ઉચ્ચવર્ણમાં પણ આમ સૂરધન પૂજાય છે. વળી બાવામાં કોઈ મરે ત્યારે તેની સમાધિ ઉપર ખાંભી કોઈક ખોડે છે, તેમાં પલાંઠી મારીને તે સમાધિ ચડાવીને બેઠેલો હોય તેવું પ્રતીક ચિત્ર કંડારે છે સાધુબાવા પણ ધર્મયુદ્ધમાં લડતા મરાયા હોય તો તેનો પણ પાળિયો કંડારાય છે. દા. ત. ભૂચરમોરીના યુદ્ધમાં નાગડા-બાવાનો પાળિયો થયો છે. આવી સમાધિની ખાંભી આખલોલમાં છેલ્લા દસકાની પણ જોવા મળે છે.

સૌરાષ્ટ્રના લોકોમાં નાગપૂજાનો મહિમા ખૂબ જ છે. શ્રાવણ વદ પાંચમનો દિવસ નાગપાંચમ કહેવાય છે. ઘરદીઠ એક એક વ્યક્તિ તે દિવસે ટાઢું ખાઈને નાગપાંચમ કરે છે. પાણિયારે નાગનું જોડું ચીતરી તેની પૂજા કરે છે. આવી નાગદાદાની ખાંભીઓ પણ ઘણાં ગામોમાં છે. સાપ ડસે ત્યારે આ નાગદાદાની માનતા મનાય છે. જ્યારે મોટા ભાગના સૌરાષ્ટ્રના લોકો નાંગને પૂર્વજ રૂપે પણ માને છે. ઘરમાં અઠવાડિયું સાપ દેખાય, સ્વપ્નમાં સાપ દેખાય તો તેઓ માને છે કે પૂર્વજ નડે છે, જે સાપ રૂપે દેખાય છે. વળી કોઈ લોભી ધન દાટીને મરે તો તે અચૂક કાળો નાગ થાય છે, ને તેની માયા માથે બોરીંગ થઈને બેસે છે. શ્રાવણ વદ ૧૪ અને અમાસના દિવસે પુરુષો અને સ્ત્રીઓ આ પૂર્વજને જવ-તલ અને લીલી ધ્રો સાથે બેદાં પાણી રેડીને ટાઢા કરે છે. આમ નાગ શું ખરેખર સૌરાષ્ટ્રી લોકોના પૂર્વજ હશે? વિદ્વાનોએ વિચારવા જેવું છે. વળી પતિ જીવતો હોય ને સ્ત્રી કમોતે કે અકસ્માત મરે તો ઘણી જ્ઞાતિમાં તેની ખાંભી ખોડાય છે. તેને 'શિકોતર'ની ખાંભી કહે છે.

સૌરાષ્ટ્રની સૌ જ્ઞાતિના લોકોને પોતપોતાની કુળદેવીઓ હોય છે. તે દેવીનો કુટુંબદીઠ એક ભૂવો હોય છે. તેને માતાનો 'પોડિયો' કહે છે. તે પોડિયો મરે ત્યારે તેને સમેતીને માતાના મઢમાં બેસાડાય છે. તેની પણ ચૈત્ય-સ્તૂપ આકારની ખાંભી બનાવાય છે. તે માત્ર ચાંદીની જ બનાવવામાં આવે છે. તેમાં કશુંય પ્રતિક નથી હોતું. તેને "ફૂલેલું" કહે છે. આમ એક ભૂવાનું ફૂલેલું માતાના મઢમાં સો વર્ષ સુધી રખાય છે. પછી તે ફૂલેલાને દરિયો કે કૂવામાં પધરાવી દેવાય છે તે તેની જગ્યાએ બીજા ભૂવાનું આવે છે.

આ રીતે સૌરાષ્ટ્રના પાળિયા-ખાંભી વગેરેમાં ઘણી વિવિધતા છે. પણ મોટા ભાગનાનો બાહ્ય આકાર, ઘડતર, ઉપરના કંડાર અને પ્રતીકો તે લગભગ અમુક ચોક્કસ પ્રકારના જ છે. ચાલી આવતી રૂઢિ પ્રમાણે તેના કંડાર 'Motif'નો ચીલો રૂઢિગત રીતે ચાલુ જ છે. ખાસ પરંપરા પ્રમાણે જ તેની રચના થાય છે. વળી આ સર્વ ગ્રામસલાટોએ જ મુખ્યત્વે ઘડયું હોવાથી લોકશૈલીની અસર તેના ઉપર પ્રબળ દેખાઈ આવે છે. ગામડાનાં બધાજ સલાટો પાવરધા

નથી હોતા, તેર્ડ શીખાઉ અને અણઘડ હોય છે. તેણે ઘડેલા પાળિયા–ખાંભીઓના આકાર ઘણાં જ અપભ્રંશ અને પ્રમાણ વગરના તેમજ ઓછી વિગતવાળા હોય છે. તે વધારે ગ્રામીણ દેખાય છે. તો હાથ બેસી ગયેલા સલાટે ઘડેલાં દર્શનીય પણ હોય છે. આ બધા જ કંડારકામની રીત છીછરૂં તક્ષણ ( Law Relief )ની છે. તેના શોભન, પ્રતીકો, સમગ્ર પાળિયા ખાંભીનો આકાર અને રચના માંડણીનું ઘડતરકામ બધુંય ચીલા–ચાલુ જ થાય છે. તેથી અનેક કારીગરોએ જુદે જુદે સ્થળે આ બધુ કંડાર્યું હોવા છતાં અનેકતામાં આકારમાંડણી ને પ્રતીકોની એકતા બધે જ લગભગ સરખી જ લાગે છે.

ખાંભી–પાળિયામાં વપરાતો પથ્થર, રેતીઓ અથવા જ્યાં જે જાતનો પથ્થર મળી શકે તેવો વપરાય છે. તે મૃત્યુ પામેલાનાં સ્મારક હોવાથી તેનો ઉપરનો તેમજ બાહ્યાકાર ચૈત્ય, સ્તૂપ, ગોળ–ઘુમટ. શિખર આકાર કે શંકુ જેવો તેમજ સપાટ પણ હોય છે. તેમાં કોતરેલા પ્રતીકો જે તે પ્રકારની ખાંભી–પાળિયામાં લગભગ મળતા આવતા હોય છે. ઘણામાં જ્ઞાતિભેદ પ્રમાણે પણ પ્રતીકો કંડારાય છે. દા. ત. ગરાસિયા, રજપૂત, કાઠી, આયર, ભરવાડ, કોળી, મોચી, કણબી વગેરે. ક્ષત્રિયો ને કાંટિયા વરણમાં પાળિયા, ખાંભી કે સૂરધન ઉપર ચૈત્યાકાર કે બીજા આકારના ગોળાકારની ચે હંમેશા ચાંદા સૂરજના પ્રતીકો હોય જ છે. તેનો અર્થ જ્યાં સુધી સૂર્ય–ચંદ્ર તપે છે ત્યાં સુધી આ વીરોની કીર્તિ અમર રહેશે. અથવા ચાંદા–સુરજની સાક્ષીએ આ દેવતા સ્થપાયા છે. પણ ચાંદા સુરજ–એ "यावत् चंद्र दिवाकरौ" નું પ્રતીક છે. સતીના પાળિયા અને દાનપત્રમાં પણ આ પ્રતીક સાક્ષીરૂપે, અમરપટારૂપે કંડારાય છે.

સુર્ય–ચંદ્રના પ્રતીકની નીચે, વચલા મધ્ય ભાગમાં જે યોદ્ધો શહીદ થયો હોય છે જેની ખાંભી કંડારેલી હોય તેનું પ્રતીક છીછરા તક્ષણથી કંડારેલું હોય છે જો તે યોદ્ધો ક્ષત્રિય કે કાંટિયા વરણનો હોય તો તેનું પ્રતીક ઘોડેસ્વારનું હોય છે. જમણા હાથમાં ભાલું કે તલવાર, ડાબા હાથમાં ઢાલ અને સામું આખું મોઢું પાળિયામાં કોઇ દિવસ Profile ( એકચક્ષુ ) મોઢું નથી કંડારાતું, કારણ કે એમ થાય તો દેવત્વ પામેલા પુરૂષને જો એક આંખવાળો કંડારે તો તે મૂર્તિની ખોડ કે લાંછન રૂપ લાગે છે. દેવને તો બેજ આંખો હોવી જોઇએ. જૈન લઘુચિત્રોમાં પણ આ જ પ્રણાલિકાથી બે આંખો મૂકાય છે ને? પાત્રને માથે મુગટ કે પાઘડી, કે શરીરે અંગરખું, કે કેડિયું અને નીચે સુરવાલ ઉપર બેટ બાંધેલી અને કેડે તલવાર કે જમૈયો, બરછી આ પુરુષોનો પોષાક. પછી મોઢું મોટા ભાગે 'Profile' જ હોય છે. આ રીતે તે પ્રચલિત પાળિયાનું પ્રતીક કંડારેલું હોય છે. કોઇક પાળિયામાં તે સાથે આબેટનું પશુ સિંહ, વાઘ કે સુવર હોય છે. કોઇ સાથે સતીનો પંજો પણ હોય છે. તે પછીના નીચેના ખાલીભાગમાં તે યોદ્ધાનું નામ, ગામ, તિથિ, સંવત અને કોઇમાં તેની મૃત્યુ કથા ટૂંકમાં લખેલી હોય છે. મોટા ભાગના પાળિયા, ખાંભીના રચના ને પ્રકાર આવા જ હોય છે.

કાંટિયાવરણમાં સ્વારીના પાળિયા–ખાંભીમાં ઘોડાને બદલે તેને સાંઢિયા ઉપર બેસાડેલ હોય છે. તો દરજી, હજામ, સુથાર, મોચી, ભંગી વગેરે વસવાયાના પાળિયામાં તેને નીચે પાયળો લડતા કોતરવામાં આવે છે. તેને હાથમાં ઢાલ તલવાર લઇને રણ વચ્ચે ઝુઝતો હોય તે રીતે કંડારે છે. તેનું કારણ વસવાયાને ઘોડે ન બેસાય એ જ માત્ર છે. જ્યારે કોઇ રાજવી કે મુત્સદ્દી મહાજન દિવાનના પાળિયા ઉપર તેને રથમાં બેસીને લડતા કંડારેલા જોવા મળે છે. મોખડાજી, વત્સરાજ વગેરે અકબંધના પાળિયા કંડારાયા છે. વાળુકડની શૂરવીર કણબણે છાશ વલોવતાં છ લૂંટારાને માર્યા હતા, તેથી તેના પાળિયામાં તેને છાશ વલોવતી કંડારેલ છે. ત્યારે સતીની ખાંભી અને પાળિયા ઉપર સૂર્યચંદ્ર ને વચ્ચે કાટખૂણા જેવો આશીર્વાદ મુદ્રાવાળા હાથનું પ્રતીક હોય છે. કોઇ બ્રાહ્મણ, ચારણ કે બારોટની સ્ત્રી માટે માત્ર હાથનો પંજો પણ હોય છે. ને કોળીની શિકોતરની ખાંભી માથે બંને હાથ કોઇવાર કંડારેલા હોય છે. ઘણી ખાંભીઓમાં ગાય–વાછરૂં, ખારવો, જે દરિયાઇ લડાઇમાં કે અકસ્માતથી મર્યો હોય તો વહાણ સાથે પણ કંડારેલી હોય છે. માતાજીની ખાંભીમાં ત્રિશૂળ જ હોય છે, તેમાં સૂર્ય–ચંદ્રના પ્રતીક હોતા નથી.

આવા સર્વ–પ્રકારના ખાંભી–પાળિયાઓ સૌરાષ્ટ્રમાં ઠેર ઠેર જોવા મળે છે. મોટા ભાગે તેનો આકાર શિલાપાટરૂપે લંબચોરસ હોય છે. તે સવાગણી પ્રમાણે માપીને ઘડાય છે. દર શ્રાવણી અમાસે કે આસો વદ ચૌદસ કે બેસતા વર્ષે પાળિયા સતીને ઘી–સિંદૂર ચોપડીને ચોખા, નાળિયેર વગેરે ઝારે છે તે તેના કુટુંબી સૌ પગે લાગે છે.

ખાંભી અને પાળિયાનો બાહ્યાકાર તેમ જ છીછરા તક્ષણની રીત ઘણી જૂની શૈલીની છે. ભારતીય શિલ્પકળાના ભારહૂત, સાંચી વગેરેની શિલાપાટોમાં આવી શૈલીનું કોતરકામ થયું છે. વળી ઘોડેસ્વારના પ્રતીકો પણ તેમાં સારી રીતે થયા છે. પણ પાળિયા ને ખાંભીના ઘોડેસ્વારોના પ્રતીકો તો મધ્યકાળમાં જ રૂઢ થયા છે. છઠ્ઠી સદીથી શરૂ કરીને લગભગ ૧૨મી–૧૪મી સદીમાં તો તે અત્યારે મળતા ઘોડેસ્વારના પ્રતીકનું ચોક્કસ રૂપ ધારણ કરી લે છે. અને પછીના કાળમાં તો લોકો તેમ જ સલાટોએ એ પ્રતીક ઉપર જ પોતાની મહોર મારી દીધી છે. પાળિયા ખાંભી, સૂરધન વગેરે માટે રૂઢિ પરંપરાનો આ આકાર જ પ્રતીક બની ગયો. વળી ૧૭મી–૧૮મી સદીના સલાટીશૈલીના સૌરાષ્ટ્રના ચિત્રોમાં પણ આ આકાર દૃષ્ટિ ગોચર થાય છે. જેવા કે "ભૂચર મોરીનું યુદ્ધ", જામનગર. વળી "ચિત્તળ અને ટાણાની લડાઇ," શિહોરનો દરબારગઢ વગેરે તેમ જ કાઠી શૈલી, લોકશૈલી, કટાવકામ વગેરેમાં લોકભરતમાં ઘોડે ચડ્યો શૂરવીર, તેની બેસણીને તેના હથિયાર જાણે કે પાળિયા જેવા જ ભાસે છે.

આ પાળિયા–ખાંભી વગેરે દ્વારા સૌરાષ્ટ્રનું જોમ મૂર્તિમંત થાય છે. તેના ભૂતકાળની ઝાંખાનો રંગ સિંદૂરિયો છે જે તેના વીરોના પાળિયા ઉપર જ ચોપડેલો છે. આજેય એ કોઇ કોડભરી રમણીનો નર કેસરિયા વાઘા સજીને ગામેગામ ને પાદર અતીતની આલબેલ દેતો ઊભો છે. —માહિતીખાતાના સૌજન્યથી.

સંદર્ભ—

(૧) भारतकी संस्कृति और कला—श्री राधाकमल मुकर्जी

(२) भारतीय चित्रकला—श्री वाचस्पति गैरोला

(૩) ગુજરાતના પાળિયાનું વૈવિધ્ય—પ્રો. શ્રી ચંદ્રમૌલી મ. મજમુદાર ( લોકગુર્જરી અંક ચોથો. )



# ગુજરાતી રંગભૂમિ

—શ્રી રમણિકલાલ જયચંદભાઈ દલાલ

ભારતની નાટ્ય પરંપરા બે હજાર વર્ષ પુર્વે પાંગરી હતી. પ્રાદેશિક ભાષાઓમાં નાટકનું આગમન છેક ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં થયું. ગુજરાતી નાટ્ય પરંપરા દેવ દેવીઓના વિવિધ ઉત્સવોમાં પાંગરી મંદિરના ચોકમાંથી સમાજના ચોગાનમાં નાટક રમતું થયું.

આર્યોની ભાષા સંસ્કૃત એટલે એમનાં નાટકો પણ સંસ્કૃતમાં હતાં. ગુજરાતમાં પણ બારમી અને તેરમી સદીના ગાળામાં સંસ્કૃત નાટકો હતાં.

સંસ્કૃત ભાષાનો લોકસંપર્ક ઘટતો ગયો ત્યારે પ્રાકૃત ભાષાના કવિઓએ નાટ્ય શૈલીમાં નવપ્રસ્થાન કર્યું. ઉત્તર ભારતમાં નાટકે 'રામલીલા' સ્વરૂપે પ્રાકૃત સ્વાંગ ધારણ કર્યો. વ્રજ ભૂમિમાંથી રાસ-નાટકો ને રાસલીલા ગામેગામ પહોંચતા થયાં.

ગુજરાતમાં ભવાઇ લોકનાટ્ય તરીકે ઓળખાઈ. સંસ્કૃત નાટકને આધુનિક નાટકના વચગાળાની એ અગત્યની નાટ્ય પરંપરા, પરંતુ એને ગુજરાતી નાટકનું મૂળ ન જ કહેવાય.

નરસિંહ મહેતાની કવિતામાં અને પ્રેમાનંદના આખ્યાનોમાં 'નાટક' શબ્દનો ઉલ્લેખ છે, પરંતુ ગુજરાતી નાટકો લખાયાં કે ભજવાયાં હોય એવો ક્યાંય ઉલ્લેખ નથી. કેટલાક ગુજરાતી લેખકો એ ગુજરાતી નાટકો લખેલાં પરંતુ એમાંનું એક પણ નાટક તખ્તા સુધી પહોંચવા પામેલું નહીં.

પરન્તુ મુંબઇમાં પારસીઓએ પ્રથમ નાટ્ય પ્રવૃત્તિ ઉપાડેલી. એમણે રંગભૂમિની ભાષા તરીકે ગુજરાતીને જ અપનાવેલી, છતાં શુદ્ધ ગુજરાતી ભાષાની એમની મોટી મથામણ રહેતી, એવામાં પારસી નાટ્ય પ્રવૃત્તિના અગત્ય શ્રી કેખુશરુ કાબરાજી, મહુધા નિવાસી શ્રી રણછોડભાઈ ઉદયરામના સંપર્કમાં આવ્યા. પરિણામે ઇસ્વીસન ૧૮૬૦ ની સાલથી ગુજરાતી નાટકો રંગમંચ પર મૂકવાનો પ્રારંભ થયો.

મુંબઈની રંગભૂમિના જ્યોતિર્ધર શ્રી ખુરશેદજી મહેરવાનજી બાલીવાલાએ પોતાની કંપની લઈ રંગૂન જઈ, 'ચંદ્રકલા' નામનું ગુજરાતી નાટક ભજવેલું. મુંબઇની પારસી ઇમ્પીરીઅલ નાટક મંડળીએ 'સંસાર નૌકા' ગુજરાતી નાટક ભજવેલું.

શ્રી રણછોડભાઇએ નાટ્યોત્કર્ષ માટે સભાનતા કેળવી, એટલું નહીં પણ જવાબદારી ઉપાડી સિદ્ધ કરી, સાચા અર્થમાં નાટકને લોકપ્રિય બનાવ્યું અને ગુજરાતી લેખકવર્ગને નાટ્યાભિમુખ કર્યો. ઇસ્વીસન ૧૮૭૫માં કેટલાક શિક્ષકોના સહકારથી 'નાટક ઉત્તેજક મંડળી'ની સ્થાપના કરી. છ દશકા સુધી એકલે હાથે નાટ્યોપાસના કરી, પંદરેક નાટકો લખી એ ગુજરાતી રંગભૂમિના આદ્યસ્રષ્ટા મનાયા.

નાટ્યકાર કવિશ્રી નર્મદે પણ ઇસ્વીસન ૧૮૭૬થી નાટ્યપ્રવૃત્તિમાં ઝંપલાવ્યું. ઉદર–નિર્વાહ માટે નાટકો લખનાર શ્રી નર્મદ આમ પ્રથમ વ્યવસાયી નાટ્યકાર ગણાય. 'નાટક ઉત્તેજક મંડળી'એ એમનાં છએ નાટકો ભજવ્યાં.

આમ પારસીઓએ ગુજરાતી રંગભૂમિનો પ્રારંભ કર્યો. ગુજરાતીઓએ એ રંગભૂમિની જમાવટ કરી. એ ગાળાનાં ગુજરાતી નાટકોએ ગુજરાતના શાસ્ત્રીય સંગીતને મશહૂર બનાવવા સંગીન ફાળો આપ્યો. જેનો કંઠ સારો હોય, જે સુંદર ગાઈ શકે તેને જ રંગમંચ પર સ્થાન મળે.

શ્રી રણછોડભાઇના સમયમાં જો રંગભૂમિની પ્રણાલિકા સ્થાપિત થઇ ગઇ હોત અને ઉત્તમ રંગભૂમિ જેટલી માલિકની હતી એટલી જ જો નાટ્યકારની હોત; તો પછીના લેખકોની શક્તિ વધારે સમૃદ્ધ રીતે ફળી હોત. પરન્તુ પાછલા યુગમાં જેમ દલપતરામની કવિતાની અવગણના થઇ એમ શ્રી રણછોડભાઇની રંગભૂમિ પણ અવગણાઇ. ઉત્તમ સાહિત્ય–શક્તિ રંગભૂમિ પ્રતિ આકર્ષાઈ નહીં અને જે આકર્ષાઇ તેને આવશ્યક પ્રોત્સાહન મળ્યું નહિ.

છતાં એક લોકપ્રિય શૈલી ઉપસી આવી. ઇતિહાસ પુરાણનાં નાટકોમાં આ શૈલી લાક્ષણિક સ્વરૂપે ખીલી. અગણિત લોકોનું મનરંજન કર્યું. જનસમાજની ધર્મપરાયણતા તથા મનોરંજનનો પ્રશ્ન લોકનાટ્ય પરંપરા પછી આ વ્યવસાયી રંગભૂમિ નિમિત્તે નવેસરથી સિદ્ધ થયો.

* * *

વિક્રમ સંવત ૧૯૪૫ના અરસમાં ખંભાતના વ્યાપારી શ્રી છોટાલાલ મૂળચંદ પટેલ, જૂનાગઢના શ્રી દયાશંકર વસનજી પુરોહિત, સુરતના શ્રી કિરપારામ અને શ્રી કલ્યાણજી માવજી : આ ચારે જણ ભેગા થઈ અક્ષય તૃતીયાને રોજ 'શ્રી મુંબઈ ગુજરાતી નાટક મંડળી'ની સ્થાપના કરી. શ્રી દયાશંકરે મેનેજર, દિગ્દર્શક અને મુખ્ય નટની કામગીરી સંભાળી. નાયિકા તરીકે શ્રી જેઠાલાલ દુર્લભરામે કામ સ્વીકાર્યું. કવિ તરીકે અમરેલીના વતની શ્રી મૂળશંકર હરિનંદ મૂલાણીને રોકી લીધા. પેટી–માસ્તર શ્રી ગુલામઅલી અને સારંગી માસ્તર શ્રી શિવરામભાઈ હેમચંદ હતા. મુંબઈના ગેઇટી થિએટરમાં નડિયાદના સાક્ષર શ્રી મણિલાલ નભુભાઇ દ્વિવેદીનું 'કાન્તા' નાટકનું 'કુલિન કાન્તા ઉર્ફે વનરાજ વિજય' નામે નડિયાદના બીજા સાક્ષર અને મુંબઇના શરીફ શ્રી ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિકના વરદ હસ્તે તારીખ ૨૯ જૂન ૧૮૮૯ના રોજ ઉદ્દ્ઘાટન થયું. સન્નિવેશ શ્રી ડોસાભાઈ મિસ્ત્રીએ તૈયાર કર્યો હતો. નાટક સારું ઉપડ્યું, એટલે બીજાં નાટકો રજૂ થયાં. શ્રી દયારામ અને શ્રી જેઠાલાલની જોડી મશહૂર બની. ઇસ્વીસન ૧૮૯૦માં શ્રી બાપુલાલ બબલદાસ નાયક

અને સંગીતશાસ્ત્રી શ્રી વાડીલાલ શિવલાલ શાહ જોડાયા. બેરીસ્ટર શ્રી વિશ્વનાથ પ્રભુરામ વૈદે 'હરિશ્ચંદ્ર' લખી આપ્યું. અંગ્રેજી મહિનાના છેલ્લા શનિવારે સ્ત્રીઓ માટે ખાસ ખેલ નાખવાની શરૂઆત થઇ. ઇસ્વીસન ૧૮૯૨થી નવું નાટક રજૂ કરતાં પહેલાં સરકારની પરવાનગી લેવાની પ્રથા દાખલ થઇ. ઇસ્વીસન ૧૮૯૬માં શ્રી મુંબઇ ગુજરાતી નાટક મંડળીએ ગેઇટી થિયેટર ખરીદી લીધું. ભરૂચ અને અમદાવાદમાં પોતાના ખેલ રજૂ કર્યા. તા. ૫ સપ્ટેમ્બર ૧૮૯૬ના રોજ શ્રી નંદશંકર તુલજાશંકર મહેતાનું ' કરણઘેલો ' ભજવાયું. શ્રી મૂલાણીનું 'અજબકુમારી' તેમનું શ્રેષ્ઠ નાટક નીવડ્યું. તેમના 'વિક્રમ ચરિત્ર'માં પહેલી જ વાર શ્રી જયશંકર ભૂધરદાસ ભોજક રંગમંચ પર આવ્યા. પછી શ્રી વિભાકરે રંગભૂમિમાં પરિવર્તન આણવા પ્રયાસો કર્યા. એમનાં નાટકોએ વિષયનું નાવીન્ય, સાહિત્યિક ગુણવત્તા અને તખ્તાલાયકીનો સુમેળ સાધ્યો: શ્રી વિભાકરયુગ જન્મ્યો. શ્રી બાપુલાલ સુંદરીની બોલબાલા થઈ. ઇ વીસન ૧૯૨૨માં શ્રી છોટાલાલ કાપડિયાએ ' શ્રી મુંબઈ ગુજરાતી નાટક મંડળી ' શ્રી બાપુલાલ નાયકને વેચી દીધી.

ગુજરાતમાં અમદાવાદમાં પણ ગુજરાતી રંગભૂમિના પગરણ મંડાયાં હતાં. પાટણનિવાસી શ્રી કેશવલાલ શિવરામ અધ્યાપકે પોતાના મિત્રોના સહકારથી નગરશેઠના વંડામાં વિક્રમ સંવત ૧૯૪૪ની વસંતપંચમીએ પોતાની નાટ્યસંસ્થાની સ્થાપના કરી ' સંગીત લીલાવતી ' ભજવ્યું. અમદાવાદના સંસ્કૃત શિક્ષક શ્રી ડાહ્યાભાઈ ધોળશાજી ઝવેરીને નાટકમાં રસ પડ્યો એટલે ઇસ્વીસન ૧૮૮૯માં એ ભાગીદાર તરીકે જોડાયા. ' શ્રી દેશી નાટક સમાજ ' અસ્તિત્વમાં આવી. અગાઉ સાજમાં સારંગીનો ઉપયોગ થતો હવે હાર્મોનિયમ દાખલ થયું. પેટી માસ્તર શ્રી દુર્લભજી નાયક હતા. શ્રી નિર્ભયશંકર મંછારામ વ્યાસે દિગ્દર્શન સંભાળ્યું. આનંદભુવન થિયેટર બંધાવ્યું. શ્રી ઘેલાભાઈ દોલતરામ દલાલ જોડાયા. ' અશ્રુમતિ ' નાટકમાં ગુજરાતી ગરબાને સ્થાન આપ્યું. ગરબા શ્રી ડાહ્યાભાઈના નાટકોનું મુખ્ય આકર્ષણ થઇ પડ્યું. ઇસ્વીસન ૧૮૯૮માં શ્રી દેશી નાટક સમાજે અમદાવાદમાં પોતાનું શ્રી શાન્તિભુવન થિયેટર બંધાવ્યું. મુંબઈમાં ઝવેરી થિયેટર ઊભું કર્યું. શ્રી દેશી નાટક સમાજના દરેક નાટકમાં શ્રી હરગોવિન્દદાસ મોતીરામ નાયક નાયકની ભૂમિકા ભજવતા અને માસ્તર હિંમત કાજી મીર નાયિકા બનતાં. શ્રી મોતીલાલ બેચરદાસ નંદવાણા ખલનાયકની ભૂમિકા ભજવતા. શ્રી દેશી નાટક સમાજે ધર્મ–નીતિ વિષયક નાટકો ભજવવાનો પરવાનો રાખ્યો હતો. છપ્પનીઆના મહાદુષ્કાળમાં કંપનીએ લાખ રૂપિયાનું દાન કર્યું હતું. ઇસ્વીસન ૧૯૦૩ માં શ્રી દેશી નાટક સમાજ શ્રી ચંદુલાલ દલસુખભાઈ ઝવેરીને વેચી દેવામાં આવી.

મુંબઇની નાટ્ય પ્રવૃત્તિ ધીમે ધીમે ગુજરાતમાં પ્રસરી. એણે સૌરાષ્ટ્રને પણ રંગ લગાડ્યો. મોરબીના શ્રી વાઘજી ઠાકોરની પ્રેરણાથી અને શેઠ વનેચંદ પોપટભાઈની આર્થિક સહાયથી એમના રાજકુમારના શિક્ષક શ્રી વાઘજી આશારામ ઓઝાએ ઈસ્વીસન ૧૮૭૮ માં શ્રી મોરબી આર્યસુબોધ નાટક મંડળીની સ્થાપના કરી. શ્રી વાઘજીભાઇએ લેખન કાર્ય સંભાળ્યું. એમના ભાઇ શ્રી મૂળજીભાઇએ વ્યવસ્થા માથે લીધી. જાતિના સારા સારા માણસોને ભાગીદાર બનાવ્યા. બધા જ શ્રી નૃસિંહાચાર્યના શિષ્યો. નાટ્ય વ્યવસાય ઉપદેશનો–બોધ પ્રસારનો પવિત્ર ધર્મ મનાયો. કંપનીમાં પવિત્ર વાતાવરણ જામ્યું. આખો દિવસ પૂજાપાઠ, સંધ્યા–ગાયત્રી ને ગીતા પાઠ ચાલ્યા કરતાં. બીજી બાજુ નાટકની તૈયારીઓ થતી. વિક્રમ સંવત ૧૯૩૦ ની સાલમાં પહેલું નાટક 'સીતા સ્વયંવર' ભજવાયું. પ્રેક્ષક વર્ગમાં ધાર્મિક વાતાવરણ ફેલાયું. 'ભર્તૃહરિ' નાટકે કંપનીની સુરત ફેરવી નાખી. કીર્તિ ને કલદાર એમના પગ ચૂમવા લાગ્યા. શ્રી વાઘજીભાઇના ધાર્મિક અને ઐતિહાસીક નાટકોમાં વિવિધતા, રસ સમૃદ્ધિ ને સુંદર પકડ હતાં. નીતિમત્તાનું ધોરણ ઘણું જ ઉંચું હતું. અશ્લીલતાનું નામોનિશાન નહોતું. પંદરેક નાટકો લખાયાં. શ્રી વાઘજીભાઇની જાતિ દેખરેખ નીચે ભજવાયાં. પ્રજા પર સારી છાપ પડી. લોકમાનસ ઉત્તરોત્તર નાટ્યાભિમુખ થયું.

* * *

શ્રી ચંદુલાલ દલસુખરામ ઝવેરીએ નડિયાદના શ્રી જયપ્રસાદ મોહનલાલ કંથારિયા, ઉમતાના શ્રી મૂળજી ખુશાલ નાયક, ટીંબાના શ્રી લાલજી નંદા વગેરેના સહકારથી શ્રી દેશી નાટક સમાજનું નાવ આગળ હંકાર્યું. શ્રી મોતીલાલ બેચરદાસ નંદવાણા દિગ્દર્શક બન્યા. સંસ્કૃત સાહિત્યના પરમ ઉપાસક શ્રી છોટાલાલ રૂખદેવ શર્માને કવિપદે સ્થાપ્યા. ઈસ્વીસન ૧૯૦૪માં કંપની કરાંચી ગઇ. શ્રી નંદુભાઈ કાળુભાઈ ત્યાં તાર ઓફિસમાં કામ કરતા. એ કંપનીમાં રસ લેવા માંડ્યા અને ધીમે ધીમે એના વ્યવસ્થાપક બન્યા. પછી ભાવનગર અને સુરત થઇ, કંપની મુંબઈ ગઇ. સાક્ષર શ્રી મણીશંકર રતનજી ભટ્ટ રચિત ' જાલીમ ટુલીઆ ' વડોદરામાં ભજવાયું. ' સતી દ્રૌપદી' અને ' સન્યાસી ' ખૂબ જ લોકપ્રીય થયાં. ' સતી દમયંતી ' માં શ્રી મણિલાલ પાગલે ગાંડા રાજાની ભૂમિકા ભજવી. ઈસ્વીસન ૧૯૬૧-માં શ્રી દેશી નાટક સમાજે સુરતની શ્રી સુંદર વિલાસ નાટક મંડળી ખરીદી લીધી. શ્રી મૂળચંદ વલ્લભ નાયક, શ્રી પ્રાણસુખ હરિશ્ચંદ્ર નાયક ને માસ્તર કાસમ જોડાયા. પ્રથમ શ્રી લાભુપ્રસાદ તથા માસ્તર હિંમતની જોડી અને પછી શ્રી દાદુ અને હિંમતની જોડી ખ્યાતનામ બની ગઇ. શ્રી પોપટલાલ કેસરસીંગ શેઠ વ્યવસ્થાપક બન્યાં. ઈસ્વીસન ૧૯૨૩માં કંપની શ્રી હરગોવિંદદાસ જેઠાભાઈ શાહે ખરીદી લીધી.

શ્રી વાઘજીભાઈના અવસાન પછી શ્રી મોરબી આર્ય સુબોધ નાટક કંપનીનું સુકાન શ્રી મૂળજીભાઇએ સંભાળ્યું. ઇસ્વીસન ૧૯૦૬માં શ્રી મૂળજીભાઈ નડિયાદના કવિ- ચિત્રકાર શ્રી ફૂલચંદભાઈ ઝવેરદાસ શાહના સંપર્કમાં આવ્યા. તેમનું ' મહાસતી અનસૂયા ' ભારે સફળતાને વર્યું. બીજું ' સુકન્યા સાવિત્રી ' પણ સારો લોકાદર પામ્યું. ત્યારપછી શ્રી મોરબી આર્ય સુબોધ નાટક મંડળીમાં નડિયાદના રસકવિ શ્રી રઘુનાથ ત્રિભુવનદાસ બ્રહ્મભટ્ટનો સિતારો ચમક્યો. તેમનો નાટ્યપ્રયોગ ' બુદ્ધદેવ ' ખૂબ જ આકર્ષણ જમાવી ગયો. કવિશ્રી ન્હાનાલાલના ' જયા જયન્ત 'ની ધાટીનું ' શૃંગી ઋષિ ' પણ સારો લોકાદર પામ્યું. ઈસ્વીસન ૧૯૧૯માં શ્રી મૂળજીભાઈનું અવસાન થયું ત્યારે કંપની કીર્તિ અને કલદારની પરિસીમાએ પહોંચી હતી.

શ્રી મોરબી આર્ય સુબોધ નાટક મંડળીના નટો શ્રી ત્ર્યંબકલાલ દેવશંકર રાવલ ને શ્રી ત્ર્યંબકલાલ રામચંદ્ર ત્રવાડીએ શ્રી લવજીભાઈ

મયાશંકર ત્રિવેદી ને શ્રી દુર્લભરામનો સહકાર સાધી ઇસ્વીસન ૧૮૮૪માં શ્રી વાંકાનેર આર્ય હિત વર્દ્ધક નાટક મંડળીની સ્થાપના કરી. શ્રી ત્રંબકલાલ રાવલ એના સંચાલક, શ્રી ત્રંબકલાલ ત્રવાડી મુખ્ય અભિનેતા. કંપનીના કવિશ્રી નથ્થુરામ સુંદરજી શુક્લ. શ્રી ત્રંબકલાલ ત્રવાડી દરેક ખેલમાં નાયકની ભૂમિકા ભજવતા. નાયિકાની ભૂમિકા જુદા જુદા નટો કરતા. શ્રી નથ્થુરામે વીસેક નાટકોની રચના કરી. તેમાં ' નરસિંહ મહેતા ' ખુબ પ્રખ્યાત થયું. ઇસ્વીસન ૧૯૦૯ના મે મહિનામાં ત્રંબકભાઇઓની ભાગીદારી છુટી થઈ.

શ્રી ત્રંબકલાલ રામચંદ્ર ત્રવાડીએ પોતાના ભાગમાં આવેલા વાંકાનેર થિયેટરમાં 'શ્રી વાંકાનેર નૃસિંહ નૌતમ નાટક સમાજ' નામે નવી સંસ્થા શરૂ કરી. અમદાવાદના સાઠોદરા નાગર શ્રી પ્યારેલાલ વિઠ્ઠલરામ મહેતાને મેનેજર નીમ્યા. કવિશ્રી નથ્થુરામના 'ભક્તિવિજય' થી પ્રારંભ કર્યો. પછી 'બિલ્વમંગલ' ઉર્ફે 'સુરદાસ' ભદ્રના મહિલા પુસ્તકાલયના લાભાર્થે રજુ થયું. કવિ–ચિત્રકાર શ્રી ફુલચંદભાઇનું ' મહાશ્વેતા કાદંબરી ' ખુબ જ લોક–પ્રિય થયું. ઈસ્વીસન ૧૯૦૭માં ભાવનગરના શ્રી વિઠ્ઠલદાસ હેમજીએ કંપની ખરીદી લીધી.

શ્રી દેશી નાટક સમાજમાં ઇસ્વીસન ૧૮૯૫ થી ૧૯૦૨ સુધી મેનેજર ને દિગ્દર્શક તરીકે કામ બજાવી ચુકેલા શ્રી ધેલાભાઈ દોલત–રામ દલાલે ઈસ્વીસન ૧૯૦૩માં પોતાની શ્રી દેશી નાટક સમાજ લિમિટેડ નામની નવી સંસ્થા શરૂ કરી. રંગભૂમિના ધંધામાં આ પહેલું જ લિમિટેડ સાહસ. શ્રી નારાયણ ભટ્ટના ' રમાદેવી ' નાટકથી એનો આરંભ થયો. શ્રી મોતીલાલ ભટ્ટે 'વસંતસેના' આપ્યું ને મશહૂર નટ શ્રી ચીમનલાલ બાદશાહ રંગમંચ પર આવ્યા. શ્રી નલિનકાન્ત નરસિંહરાવ દિવેટીઆએ નૂરજહાં લખ્યું. શ્રી જયંતિ–લાલ મણિલાલ મહેતા, શ્રી રણછોડલાલ મહાસુખરામ, શ્રી મનસુખ–રામ ત્રિવેદી વગેરેએ નાટકો લખ્યાં. ખ્યાતનામ નટ શ્રી લાલજી નન્દાનો રંગમંચ પર પ્રવેશ થયો. જાણીના નટ કાસમ મીર પણ આવ્યા. વડોદરા ગુજરાતી શ્રી પ્રભુલાલનાં ' વીર કુણાલ ' કંપનીના માસિક આવક રૂપિયા પચ્ચીશ હજારે પહોંચાડી. પછી આવ્યો ' અરુણોદય ' ને એણે કંપનીની માસિક આવક પીસ્તાલીશ હજાર રૂપિયા સુધી પહોંચાડી. શ્રી રઘુનાથ, શ્રી પ્રભુલાલ ને શ્રી મણી–લાલ ' પાગલ ' એક સાથે મળી નાટકો તૈયાર કરતાં. શ્રી રઘુનાથ ગીતો લખતા, શ્રી પ્રભુલાલ નાટકો લખતા ને શ્રી મણિલાલ 'પાગલ' કોમીક વિભાગ સંભાળતા. શ્રી મૂળચંદ મામા, શ્રી અશરફખાન ને માસ્તર ત્રિકમ જેવા ખ્યાતનામ કલાકારો હતા. એમનો ' માલવપતિ મુંજ ' નાટ્ય પ્રયોગ તો પચ્ચીસ સો વાર ભજવાયો. પ્રભુલાલે ઐતિહાસિક નાટકોની હારમાળા લખી, તેમાં ' સિરાજુદ્દૌલા ' ને ' શાલિવાહન ' ખૂબ ઉચકાયા. શ્રી અશરફખાન ને માસ્ટર ત્રિકમની જોડી કમાલ કરી ગઈ.

આમ અગાઉ એક કે વધારે વ્યક્તિઓએ સ્થાપેલી નાટ્યમંડળીઓ–ની બોલબાલા હતી. એક નાટ્યમંડળીને તેનો એક કવિ એવી પ્રણાલી હતી. કાં તો સ્થાપકો જાતે જ કવિ–નાટ્યકાર હતાં કાં તો કવિ–નાટ્યકારોને બિરદાવતા, ઉચ્ચકોટિના કલાકારો પેદા કરતા. પ્રત્યેક નાટ્યમંડળીના મુખ્ય પાત્રો પણ નક્કી હતાં. તેમને પ્રાચીન કે પૌરાણિક ભાવનાનાં નાટકો રજૂ કરવાની રીત અનુકૂળ હતી. એ નાટકોનો સમ હતો શાન્તરસ. હરેલ ને ડાવકાપણું એનાં ગુણો પ્રેક્ષક માત્રની ચામડી નીચે પ્રવેશી શકે એવું એ નાટક હતું. બધું જ આત્મીય લાગતું.

હવે નાટક કંપનીનો યુગ અસ્ત પામ્યો. કવિઓ ને નાટકનો યુગ ઉદય પામ્યો. અગાઉ નાટ્ય કંપનીઓની પ્રતિભા હતી. હવે કવિઓ અને કલાકારોની પ્રતિભા પર નાટકો નભવા લાગ્યાં. નાટકો વ્યવસ્થિત થયાં. આઠ–દશ પ્રવેશના ત્રણ અંકો ભજવવા એવી પ્રણાલિકા રૂઢ બની, નાટ્ય સંસ્થાઓની સંખ્યા વધી. હરીફાઈ જામી. પ્રેક્ષકોને આંજવા એક એકથી ચડિયાતી સીનસીનેરી રજૂ થવા લાગી. પ્રત્યેક અંકને છેડે પ્રેક્ષકોને ખુરશીમાં ઊભા કરી દે એવા અનોખા દ્રશ્યો કે ટ્રીક–સીનો અજમાવવાની પ્રથાઓ પડી ગઈ.

\+ + +

શ્રી બાપુલાલે શ્રી ભાઇશંકર એમ. ભટ્ટને મેનેજર બનાવ્યા. વ્યવહારુ ને કરકસરની નીતિ અપનાવી અમદાવાદમાં જૂના નાટકોનું આકર્ષણ જમાવ્યું. શ્રી સુરજરામ (સ્પેશિયલ સુંદરી), શ્રી છગન રોમિયો ને પ્રાણસુખ નાયક આવ્યા. શ્રી કેશવલાલ કપાતર પણ જોડાયા. લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકારો પાસે નાટકો લખાવી રંગભૂમિને ગૌરવાન્વિત કરવા શ્રી બાપુલાલે બીડું ઝડપ્યું. સાક્ષર શ્રી રમણભાઈ નીલકંઠ, શ્રી શયદા, ' નવચેતન ' ના તંત્રી શ્રી ચાંપશી ઉદેશી, પ્રાધ્યાપક શ્રી ગજેન્દ્રશંકર લાલશંકર પંડયા જેવા લેખકોનો સાથ મેળવ્યો. કોમિકમાં છગન રોમિયો અને પ્રાણસુખ નાયકની જોડી [illegible] અમદાવાદ ઘેલું બન્યું. સાહિત્ય પરિષદ મળી ત્યારે કંપનીએ ' [illegible] ભામા ' ભજવ્યું. છઠ્ઠી ગુજરાતી સાહિત્ય પરિષદ તો શ્રી ઘેલ[illegible] એ પોતે બોલાવી. શ્રી મદનમોહન માલવિયા અને કવિવર રવિન્દ્રનાથ ટાગોરે હાજરી આપી. ઈસ્વીસન ૧૯૨૫માં એ કુટુંબની નાટ્યપ્રવૃત્તિ પર પડદો પડયો.

શ્રી વાંકાનેર નૃસિંહ નૌતમ નાટક સમાજના મેનેજર શ્રી પ્યારે લાલ વિઠ્ઠલરાય મહેતા ને દિગ્દર્શક શ્રી દીનુભાઈ ચંદુલાલ મહેતાએ ઇસ્વીસન ૧૯૧૨માં શ્રી વિદ્યા વિનોદ નાટક સમાજ શરુ કરી. શ્રી મોહનલાલ લાલજી ને શ્રી છોટાલાલ માણેકલાલ નાયકે મુખ્ય ભૂમિ–કાઓ સંભાળી. શ્રી નારાયણ વિસનજી ઠક્કુરના ' માયામોહિની ' નાટકથી પ્રારંભ કર્યો. શ્રી મણિલાલ પાગલે ' માનવી પ્રપંચ ' લખી આપ્યુ. કવિ–ચિત્રકાર શ્રી ફુલચંદભાઈએ પોતાના ત્રણ ત્રણ ખ્યાત–નામ નાટકો ' માલતી માધવ ' ' મુદ્રાપ્રતાપ ' ને ' શુકદેવજી ' લખી આપી કંપનીને તારી દીધી. કંપની સ્પેશિયલ ટ્રેઇન રિઝર્વ કરાવી કરાંચી ગઇ. શ્રી ભોગીલાલ કાળીદાસ ભોજક રંગમંચ પર આવ્યા. વિવિધ લેખકોના પચ્ચીસેક નાટકો રજૂ કરી કંપની ઈસ્વીસન ૧૯૨૫–ના અરસામાં સમેટાઇ ગઈ.

શ્રી દેશી નાટક સમાજના મશહૂર નટ શ્રી મોતીલાલ બેચર નંદવાણા મેનેજર શ્રી નકુભાઈ કાલુભાઈ ને એક શ્રી અબ્દુલ કરીમ હયુમઅલી પિત્તળવાળાએ એમ. એન. પિત્તળવાળા એન્ડ કંપની બનાવી શ્રી આર્ય નીતિ દર્શક નાટક સમાજ સ્થાપી. ટુંક સમયમાં ભાગીદારી છૂટી થઇ. શ્રી પિત્તળવાળાએ મૂળ કંપની ચાલુ રાખી.

શ્રી મોતીલાલ બેચર નંદવાણાએ શ્રી આર્ય નાટ્ય સમાજ ઊભી કરી. શ્રી નારાયણ વિસનજી ઠક્કુરને કવિપદે સ્થાપ્યા. એક પછી એક એમના સાત નાટકો રજૂ કર્યાં. શ્રી દેશી નાટક સમાજ સાથે

ભારે હરીફાઇ ચાલી. શ્રી મોતીલાલના અવસાન સાથે કંપની વિલીન થઇ.

શ્રી નંદુભાઈ કાળુભાઈ શાહે ગુજરાતી સાહિત્યની મશહૂર નવલકથા રંગમંચ પર રજૂ કરી. શ્રી આર્ય નૈતિક નાટક સમાજ સ્થાપીને જમાવી. કવિ રઘુનાથ બ્રહ્મભટે ' સૂર્યકુમારી ' નાટક આપી કંપનિમાં ચેતન રેડયું. શ્રી વિભાકર, પ્રાધ્યાપક શ્રી ખુશાલ તલકશી શાહ, શ્રી હરિહર દિવાના, શ્રી નારાયણ ઠક્કુર જેવા શ્રી નંદુભાઈના મીઠા સ્વભાવથી આકર્ષાઇ આવ્યા. શ્રી મણિલાલ ' પાગલ ' નું 'રા' માંડલિક ' ખૂબ જ વખણાયું. શ્રી નંદુભાઇએ ' શ્રીમતિ મંજરી ' માં માસ્તર ફકીરને આમેજ કર્યો. ' રાજા સંભાજી ' માં શ્રી નકુભાઇ સાચુકલા ઘોડાને સ્ટેજ પર લઈ આવ્યા. પરંતુ શ્રી પ્રભુલાલ દ્વિવેદીનું ' એક અબળા ' શિરમોર નીવડયું. શ્રી મોહનલાલ ને મુનિબાઇની જોડીએ એને અનેક રીતે સ્મરણીય બનાવી દીધું.

શ્રી ચંદુલાલ હરગોવિંદદાસ શાહ ને શ્રી વાડીલાલ હરગોવિંદદાસ શાહે શ્રી નકુભાઈના પરિચયથી સુરતમાં શ્રી લક્ષ્મીકાંત નાટક સમાજ શરૂ કરી. ઈસ્વીસન ૧૯૧૮માં શ્રી પ્રભુલાલ દ્વિવેદીના 'શ્રી શંકરાચાર્ય' થી મંગળ પ્રારંભ કર્યો. શ્રી મોહન મારવાડી, શ્રી મુન્નીબાઈ, શ્રી અબ્દુલ રહેમાન કાબુલી રંગમંચ પર આવ્યા. શ્રી ભગવાનદાસ ને શ્રી અશરફખાને રંગમંચ પર સંગીતની મહેફિલો આપી અનેક આકર્ષક નાટકોની સજાવટ કરી. શ્રી મુંબઇ ગુજરાતી નાટક મંડળી ઈસ્વીસન ૧૯૪૭માં સમેટાઈ ગઈ.

' એક અબળા ' પછી શ્રી પ્રભુલાલ અને શ્રી મૂળચંદમામાએ શ્રી લક્ષ્મીકાંત નાટક સમાજ છોડી, શ્રી પ્રભુલાલ શ્રી દેશી નાટક સમાજને ડાળે બેસી ત્યાં સ્થિર થયા પણ શ્રી રઘુનાથ બ્રહ્મભટ્ટે શ્રી લક્ષ્મીકાન્ત નાટક સમાજનો સાથ ન છોડ્યો. શ્રી જીવણલાલ બ્રહ્મભટ્ટ મળી ગયા. શ્રી વૈરાટી પણ આવ્યા. શ્રી પાગલને પણ સાથે લાવ્યા. 'અજાતશત્રુ', 'યુગપ્રભાવ', 'સજ્જન કોણ?' જેવાં નાટકો ભજવાયાં. પરન્તુ ઈસ્વીસન ૧૯૩૮માં કંપની બંધ થઈ.

શ્રી ચંદ્રહાસ ઝવેરીના બબ્બે નિષ્ફળ પ્રયાસ પછી શ્રી પ્રાણજીવન ગાંધીએ શ્રી લક્ષ્મીકાંત નાટક સમાજમાં નવું લોહી રેડ્યું. શ્રી પરમાનંદ ત્રાપજકરના ' વીરાંગના ' નાટકે સિનેમા ટાઈપનું સંગીત રજૂ કર્યું. માસ્તર ચોનકર. રામપ્યારી ને ફિલ્મ તારિકા સંધ્યા જેવાં પાત્રો સાથે કવિ–ચિત્રકારનું ' વિશ્વધર્મ ' ભજવ્યું. શ્રી પ્રફુલ્લ દેસાઈ ને શ્રી બાબુભાઈ ઓઝાએ પણ નાટકો આપ્યાં. પરન્તુ ઈસ્વીસન ૧૯૪૭માં એનો પણ અસ્ત થયો.

શ્રી આર્ય નૈતિક નાટક સમાજે પરમાનંદ ત્રાપજકરના રણગર્જના નાટકથી જમાવટ કરી પણ અસહકારની ચળવળથી મુંબઈનું વાતાવરણ ડામાડોળ બન્યું. અમદાવાદમાં શ્રી આર્ય નૈતિક સમાજે નવી રોનક બતાવી. માસ્તર શનિ, શ્રી મૂળજી ખુશાલ, શ્રી મોહન જૂનિયર વગેરે કલાકારોએ શ્રી જીવણલાલ બ્રહ્મભટ્ટ, શ્રી મણિલાલ પાગલ ને શ્રી નંદલાલ નકુભાઈ શાહના નાટકો રજૂ કર્યાં. ઈસ્વીસન ૧૯૪૨માં કંપની બંધ પડી

ખંભાતના સાહસિક સજ્જન શ્રી હરગોવિંદદાસ જેઠાભાઈ શાહે વ્યાપારી ખમીર સાથે નાટયક્ષેત્રમાં પ્રવેશ કર્યો. એક પણ પૈસાની મૂડી વગર એમણે નાટક કંપનીની માલિકી વહોરી લીધી. વ્યવહાર ને વ્યાપારની સૂઝસમજથી આંટ જમાવી, લાખો રૂપિયા ખર્ચી, ગુજરાતી જનતાને અનેક નિરનિરાળી નાટયકૃતિઓ ભેટ ધરી.

તારીખ ૧૮ ઓક્ટોબર, ૧૯૨૪ની રાત્રે ' દીવાન ' નાટકથી એમણે શ્રી દેશી નાટક સમાજનો પ્રારંભ કર્યો. કવિ વૈરાટીએ આપ્યું ' વીરપૂજન '. પછી એમણે શ્રી વિજય નૌતમ નાટક સમાજનાં નાટકો ખરીદી લીધાં. માસ્તર કાસમે દિગ્દર્શન સંભાળ્યું. કોમિકમાં શ્રી કેશવલાલ કપાતર ને શ્રી આણંદજી પંડ્યા–કાઠીયાવાડી કબુતરે– મુંબઈની જનતાને ઘેલું લગાડ્યું. શ્રી વૈરાટીના ' વલ્લભપતિ 'એ ગુજરાતના જલ–પ્રલય સહાય માટે બોંતેર હજાર રૂપિયા આપ્યા. પ્રભુલાલનાં ' સત્તાનો મદ ' ને ' કીર્તિસ્તંભ ' સફળ થયાં હવે સંસ્થાએ લોકમતને માન આપી સ્ત્રી ભૂમિકા માટે સ્ત્રીઓને જ રોકવા માંડી. અભિનેત્રી શ્યામાબાઇ ' સોરઠી સિંહ ' માં ચમકી. કંપનીની આવકમાંથી કવિઓને હિસ્સો આપવાની પ્રથા અપનાવાઇ. ઇસ્વીસન ૧૯૩૮ માં વિખ્યાત નાટક ' વડીલોને વાંકે ' ભજવાયું. મિસ મોતીબાઇએ સમતાની ભુમિકા કરી.

શ્રી હરગોવિંદદાસના અવસાન પછી શ્રી ઉત્તમલક્ષ્મીબહેને અપૂર્વ હિંમત બતાવી. શ્રી મણિભાઈ, શ્રી પ્રભુલાલ ને માસ્તર કાસમ જેવાના સંપૂર્ણ સહકારથી સંસ્થાને ટકાવી. શહેરની અશાન્તિને લીધે બે અંકી નાટિકાઓ રજુ કરવાની પ્રથા અપનાવી. શ્રી પ્રફુલ્લ દેસાઈ કંપનીની કુમકે આવ્યા. તારીખ ૯ સપ્ટેમ્બર ૧૯૪૩ના રોજ 'વડીલોને વાંકે' ભજવી રૂ. ૧૦,૦૦૦ બંગાળ રાહત માટે આપ્યા. કવિ પ્રભુલાલનો પષ્ઠી પ્રવેશ ઉજવી શ્રી જ્યોતીન્દ્ર દવેના વરદ હસ્તે એકત્રીશ હજાર રૂપિયાની થેલી અર્પણ કરી. ગુજરાતી નાટય શતાબ્દી મહોત્સવ નિમિત્તે તારીખ ૨૮ નવેમ્બર ૧૯૫૨ના રોજ 'શંભુમેળો' નાટિકા રજુ થઈ. અભિનેત્રી સરસ્વતી તથા શાલીની કંપનીમાં જોડાયા. પ્રથમ નાટય સંમેલન વખતે 'વડીલોને વાંકે' ભજવવામાં આવ્યું. શ્રી પ્રફુલ્લ દેસાઈના 'સંસ્કાર લક્ષ્મી'થી રજુઆત ને સજાવટની દૃષ્ટિએ નવાં કદમ ઉઠાવવામાં આવ્યાં. સન્નિવેશ યોજના ને પ્રકાશ નિયોજન આકર્ષક ને વાસ્તવિક બનાવવામાં આવ્યાં. ઇસ્વીસન ૧૯૬૪માં કંપનીએ પોતાનો અમૃત મહોત્સવ ઉજવ્યો અત્યારે કવિ ત્રાપજકર અને શ્રી નંદલાલના નાટકો ભજવાય છે. શ્રી નંદલાલભાઇના ' પૈસો બોલે છે ' નાટકે ખૂબ આકર્ષણ જમાવ્યું છે.

આમ ગુજરાતના નટવર્ગે તથા નાટકની રજૂઆત કરનારાઓએ ભારે સાહસો કર્યાં. ઘણા વિક્રમો નોંધાવ્યાં. પચાસ–સાઠ વર્ષ પહેલાનાં હિન્દુસ્તાનમાં કરાંચીથી રંગૂન સુધી વિસ્તરેલા પ્રદેશમાં દંગ કરી દે એ રીતનાં નાટકો ભજવી બતાવ્યાં. રંગભૂમિ પર ગુજરાતી ભાષામાં વૈવિધ્યપૂર્વક રજૂઆત કરી.

રંગભૂમિ પરની રજુઆતની ઢબછબ અનેક પ્રકારની યાંત્રિક કરામતોથી માંડી, ગીત બાંધણી, પડદા ચિતરામણ ને તખ્તા સજાવટ આપી છે.

એ મસ્તી મઝાનો, રોનક રોશનીનો એ યારી દિલ્દારીનો ને ખુમારી–ખુવારીનો કડીબદ્ધ ઇતિહાસ કોણ લખી શકશે ? એ માટે કલમ હશે તો દૃષ્ટિ નહિ હોય. જિગર હશે તો દિલસોજી નહિ હોય; એ ચારેય હશે તો પત્રા પોપડામાંથી સવિસ્તાર સળંગ એ રોમાંચક ઇમારત ઊભી કરી, અને તે વખતના ઝબક ભબકે મઢવા રંગીલી આંખ નહિ હોય. એ બધું ય મળી શકશે ત્યારે જ્યાં જ્યાં આ રંગ–મેળો જામ્યો હતો, જામતો હતો, એ દશ–બાર જગાના નામોનિશાન રહ્યાં નહિ હોય.



# ગુર્જરી નાટ્યકલા—એક નજર

—શ્રી મહેન્દ્ર દવે

આશરે ઇ. સ. ૧૮૫૩ થી ૧૮૭૮ સુધીનો ગુર્જર નાટ્યકલાનો પ્રારંભિક ઇતિહાસ પારસીઓની આજુબાજુ રહેલ છે, ગુર્જર રંગભૂમિના સાચા પ્રણેતાઓ પારસી છે. અને પારસીઓથી જ ગુર્જર રંગભુમિનો પ્રારંભ થયેલ છે. ગુર્જર રંગભૂમિના આ પવિત્ર પુરૂષોને આ તકે સ્નેહાંજલિ અર્પીને બાદમાં આપણે શુદ્ધ ગુર્જર રંગભૂમિના પિતામહો શ્રી મૂળજી આશારામ અને રણછોડરાય ઉદયરામનું સ્મરણ કરીએ. પારસી રંગભુમિના આ અમર રત્નો છે. શ્રી ખુરશેદજી બાલીવાલા, કુંવરજી નાજર, દાદાભાઈ ઠુથી, કાવસજી ખટાઉ, સોરાબજી ઓગરા, જમશેદજી માદન, ખુરશેદજી, ચિનાઈ, મહેરબાઈ, કેખુશરૂ કાબરાજી, દાદાભાઇ પટેલ તથા અનેક...

ગુજરાતના નાટ્યકારો અને ગીતકારોનો ઇતિહાસ તપાસીએ તો કહીશું તો નાટકો અને ગીતો આજે ગુર્જર રંગભૂમિમાં લગભગ ભૂતકાળ જેવાં બની ગયા છે, આજે ગુજરાતમાં આંગળીને વેઢે ગણાય તેટલા જ નાટ્યકારો છે અને તેનાં નાટકો પણ માંડમાંડ ભજવાય છે. જ્યારે ગીત વિશે તો માન એટલું જ કે, ગીત હોય તો ગીતકાર સંભવી શકે ને ? આજે તો ભારતનાટ્ય શાસ્ત્રને આપણે નેવે મૂકી દીધું છે અને નાટકો જેમ નટીશૂન્ય હોય છે તેમ ગીત શૂન્ય પણ હોય છે જ. વૈતનિક સંસ્થાઓ હજુ ગીતો રાખે છે પરન્તુ અવૈતનિક સંસ્થાઓ ગીત–સંગીતની ભારે ઉપેક્ષા કરી રહી છે. પહેલાં વાસ્તવિકતાના અંચળા હેઠળ જ્યારે શાસ્ત્રો ગીત–સંગીતને નાટકનું અવિભાજ્ય અંગ માને છે. ભૂતકાલિન રંગભૂમિમાં એક એક નાટકમાં ૫૦–૫૦ ગીતો આવતા અને તે પણ સાહિત્યિક શ્રેણીમાં સ્થાન પામનારા ગીતો. અને આજે ? નથી ગીતો, નથી ગીતકાર અને નથી એ રંગગીતોની રંગ મહેફીલ. કદાચ તેથી જ ગુર્જર રંગભૂમિના રંગીલા એક જ નાટ્ય કવિ "મનસ્વી પ્રાંતિજવાળા" એ તા. ૨૪–૬–'૬૯ના રોજ આ ( રંગ ) ભૂમિ પરથી ચિરવિદાય લીધી હશે. રાજકોટના નાનુભાઇ ખંભાયતાએ પણ કંઇક એવા જ વિદાય લીધી. હવે રહ્યા માત્ર રંગભૂમિના નિવૃત્ત આદ્યગીતકાર શ્રી રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ કે જેઓ આજે એ રાહે નડીયાદમાં જીવન સાંયંકાળ વ્યતિત કરી રહ્યા છે કે, " જો કોઇ ગીતકાર રસકવિ પાકે તો ? " પરંતુ વર્તમાન કાળે તો રંગલેખન ખરેખર ભૂતકાળ જ બની રહ્યું છે. તેથી જ કદાચ મુંબઇવાસી કલાકારો અનુવાદિત નાટકો તરફ દોડી રહ્યા છે, જ્યારે ગુજરાતના વયોવૃદ્ધ નિવૃત્ત નાટ્યકારો શ્રી જી. એ. વૈરાટી, વાપજકર, ગજેન્દ્રશંકર પંડ્યા વિગેરેના નાટકો કોઈ માંગવા પણ જતું નથી. અરે ! તેઓ જીવે છે, પરંતુ તેની કેટલાંકને ખબર પણ નથી !

સ્વ. જામનના વણભજવાયેલ અનેક નાટકો હજુ પણ તેમના પુત્ર શ્રી નગીનભાઇ પાસે તેમના તેમ જ પડ્યા છે, પરંતુ આ સત્ય બિનાથી કોઇ વાકેફ જ નથી, તેમજ નાટ્ય લેખનના આદ્યપિતા વાલજી આશારામ, ડાહ્યાભાઇ ધોળશાજી " નવીન ", રણછોડરાય ઉદયરામ ફુલચંદ શાહ, મહારાણી શંકર શર્મા, બેરિસ્ટર નૃસિંહ વિભાકર, નારણજી વિસનજી ઠક્કર, હરિહર દિવાના, શ્રીકાન્ત, કૃષ્ણલાલ શ્રીધરાણી, નરભેરામ શુકલ, દોલતરામ પંડ્યા પ્રફુલ્લ દેસાઇ, અદિમર્ઝબાન, નાનાલાલ દલપતરામ, જગજીવન કા. પાઠક, જીવનલાલ બ્રહ્મભટ્ટ, શયદા, નથુરામ શુકલ, મૂળશંકર મૂળાણી તથા સંસ્કૃત નાટ્યકાર મહામહોપાધ્યાય શ્રી શંકરલાલ શાસ્ત્રી જેવા ભૂતકાલિન નાટ્યકારોના સેંકડો નાટકો મઠારીને અથવા જમાનાને અનુરૂપ બનાવીને ભજનીય બનાવી શકાય તેવાં છે. માત્ર પ્રભુલાલ દ્વિવેદી અને મણિલાલ "પાગલ"ના નાટકો, ભારતવર્ષની વચમાં અજોડ એવી સંસ્થા "શ્રી દેશી નાટક સમાજ" ભજવતી રહે છે. અને તેથી જ આજે આપણી પાસે નાટકોની સમૃદ્ધિ ભુતકાળ જેટલી નથી, વળી નાટ્યકારને આજે તેમાં નાટકના પૈસા પણ જોઇએ તેટલાં મળતા નથી. જ્યારે ભુતકાળના સુવર્ણકાળની વાત જ ન્યારી હતી. નાટ્યકાર પાગલ બે–ત્ર હજાર રૂપિયા તો માલીક પાસેથી માત્ર નાટક લખી આપવાના વચનના જ લેતા, બીજા તો અલગ. આજે પરિસ્થિતિ કંઇક જુદી જ છે. બે–ચાર નાટકો લખનાર આજે ગુજરાતમાં ગામેગામ છે. પરંતુ ઐતિહાસિક રીતે નોંધપાત્ર બધાં નથી. છતાં કેટલાંક વર્તમાનકાળના કેટલાંક અવિસ્મરણીય નામો આ રહ્યા—

પ્રહસનોના બેતાજ બાદશાહ દામુ સાંગાણી, 'પ્રિત પિયુ ને પાનેતર' જેવાં વિક્રમ સર્જક નાટકના લેખક શ્રી વિનોદ જાની, ક્રાંતિકારી નાટ્યકાર શ્રી ચિમનલાલ ત્રિવેદી, 'દેશી'વાળા નંદલાલ નકુભાઈ શાહ, ભૂલ્યો 'દેશી'વાળા નહીં પરંતુ "પૈસો બોલે છે" વાળો, રશિયા સુધી જેમના નાટકો ભજવાય છે તે પ્રાગજી ડોસા, લેખક અભિનેતા શ્રી મધુકર રાંદેરીયા, કલકત્તાવાસી શ્રી શિવકુમાર જોષી, સુરતી શ્રી બલદેવ મોલિયા, અમદાવાદી શ્રી જયંતિ દલાલ, સારંગ બારોટ, બાદરાયણ, આ કાળના અતિ સફળ સર્જન "પત્તાની જોડ"વાળા શ્રી પ્રબોધ જોષી, નરહરિ દવે નિરંજન દેસાઇ, વસંત કારીયા, ગુલાબદાસ બ્રોકર, બહેનો માટેના નાટકોમાં આશીર્વાદરૂપ રંભાબેન ગાંધી, " ગુડીલનો ઘડો " જયંતિ પટેલ, લોક નાટ્યકાર કાંતિલાલ મહેતા, કિશોર વેદ, ગોવિંદરામ વ્યાસ, વજુભાઈ ટાંક, રામજીભાઇ વાણીયા, ગુણવંત જોષી, રમેશ મહેતા, અનિલ મહેતા, રતિલાલ ઉપાધ્યાય, સાહુલુદ્દિન રાઠોડ, ઇન્દુલાલ –સુરેશભાઇ ગાંધી, કણજરી ઠાકોર શ્રી ચંદ્રસિંહ એફ. પરમાર દુર્ગેશ શુકલ, તેજસિંહ ઉદ્દેશી, જગદીશ શાહ વિગેરે આજે ગુર્જર રંગભુમિ પર અનેક પ્રખ્યાત અને સમાજને અનુરૂપ નાટ્યકૃતિઓ આપી રહ્યા છે. પરંતુ પેલા "C. C."ની તો વાત જ ન્યારી. તે

તો નાટકો ભજવે, નાટકો લખે, વિવેચન લખે, પરદેશી રંગભૂમિનો ઇતિહાસ આપણને આપે, 'Theatre movement' કરે, ગુર્જર રંગભૂમિ ઉપર ૧૫૭ પાત્રોવાળું 'આગગાડી' જેવું નાટક પણ રજૂ કરે અને C. C. કહો તો ચંદ્રવદન ચીમનલાલ મહેતામાંથી આપ્તજન પણ બની જાય. અરે! તેથી જ તો આજે તે 'પદ્મશ્રી' બનેલ છે ને ? વળી ર. વ. દેસાઈ, ક. મા. મુનશી જેવાં થોડા સાહિત્યકારોએ પણ આ 'અપ્સરા' અને 'ભગીરથ' એવાં નાટ્યલેખનમાં પ્રયાણ આદરેલ હતું. પરંતુ તેમના નાટકો પડદા કરતાં પોથીમાં સારા લાગે તેમ છે.

**(૧) ઇતિહાસકારો :** ગુર્જર રંગભૂમિનો ઇતિહાસ લખવાના છૂટા છવાયા તો અનેક યત્નો–પ્રયત્નો થયા છે. અનેક લેખો પણ પ્રકાશિત થયેલ છે. "રંગભૂમિ" નાટક વિગેરે મેગેઝીનો પણ ભુતકાળમાં પ્રકાશિત થયેલ હતા. પરંતુ બધામાં મુંબઈના "ગુજરાતી નાટ્ય"નો પ્રયાસ સર્વોત્તમ છે. તેના પ્રણેતાઓ સ્વ. ડો. ડી. જી. વ્યાસ, જયંતિલાલ ત્રિવેદી, પ્રાગજી ડોસા, મધુકર રાંદેરીયા, પદ્મકુમાર જોષી, દેના બેંકવાળા પ્રાણલાલ દેવકરણ નાનજી વિ.એ આપણી ભૂતકાલિન રંગભુમિનો ઇતિહાસ ચિતરવામાં પ્રસંશનીય જહેમત ઉઠાવી છે. સિવાયના વડોદરાના રમણીકલાલ શ્રીપતરાય દેસાઇ, અમદાવાદના રમણીકલાલ જેચંદ દલાલ, નડિયાદના રસકવિ રઘુનાથ બ્રહ્મભટ્ટ વિ.એ પણ રંગભુમિના ઇતિહાસની સારી સુશ્રુષા કરી છે. ઉપરાંત જયંતિ દલાલ, ચિત્રપટવાળા ચંદ્રકાન્ત શાહ, તારક ગાંધી, વૃજલાલ વસાણી, અસગર ભાવનગરી, બદરી કાચવાલા, જીતુભાઈ પ્ર. મહેતા, સ્વ. ડો. રમણીકલાલ યાજ્ઞિક (ઇન્ડિયન થીયેટરવાળા) નવચેતનવાળાં ચાંપશીભાઇ વી. ઉદેશી વિ. રંગભુમિના પ્રચારકાર્ય અને ઇતિહાસમાં પત્રોદ્વારા સારી જાગૃતિ આણી રહ્યા છે.

ઉપરાંત કેટલાંક તો ગુર્જર રંગભુમિના જીવંત ઇતિહાસ સમા છે, કે જેમને રંગભુમિનો કડીબદ્ધ ઇતિહાસ કંઠાગ્ર છે. જેવાં કે ધીરેન્દ્ર સોમાણી, જગુભાઈ પાનવાળા, મિજુભાઈ "દવાખાના" વિ.

**(૨) દિગ્દર્શકો :** અર્વાચીન શિક્ષણ પદ્ધતિમાં જેમ શિષ્યપરના નિયંત્રણમાં પરિવર્તન આવ્યું છે તેમ કલાકાર પરના દિગ્દર્શકના નિયંત્રણમાં પણ પરિવર્તન આવ્યું છે. ભુતકાળમાં કોઈ કલાકારે જરાક ભૂલ કરી કે મર્યો સમજવો પડતો. ફલસ્વરૂપ અભિનેતા ખૂબ જ ચીવટપૂર્વક અભિનય કરતા હતા. જો કે વાચિક અભિનયમાં ભુતકાળમાં 'બુમ બરાડા'ને લઇને અવાસ્તવિકતા આવી જતી. પરંતુ છતા 'ટેમ્પો' જમાવવામાં ને દિગ્દર્શકો પ્રેક્ષકો ઉપર કોઈ સંમોહન વિદ્યા જેવો સફળ પ્રયોગ કરતાં અને 'Climex'ની ખૂબ જ માવજત કરતા રહેતા. તેથી જ તે કાળમાં મૂળચંદ મામા જેવા અજોડ દિગ્દર્શકોને માસિક ૧૦૦૦ રૂપિયા જેટલો પગાર મળતો અને કંપનીમાં અદ્વિતીય સ્થાન લેખાતું. વળી તે કાળના દિગ્દર્શકો સંગીત અને સાહિત્યની પણ સરસ સૂઝ ધરાવતા રહેતા. મૂળજી આશારામ, બાપાલાલ નાયક, નંદવાણા, શનિ, છોટાલાલ, બિપિન મહેતા, રંગીલદાસ, હરિભાઇ ભટ્ટ, કાસમભાઇ મીર દયાશંકર પંડ્યા, હરિશંકર "કાણિયા" વિ. ભૂતકાળના મહાન દિગ્દર્શકો આજે પણ ગુર્જર ભૂમિપર અમર છે. હરિભાઇ ભટ્ટ તો વળી ગુસ્સાના દૃશ્યમાં હાથમાં રહેલ કાચનો આખો ગ્લાસ હાથથી ક્રોધમાં દબાવી તોડી નાંખતા કે જેને કારણે હાથમાં પાટા પણ બાંધવા પડતાં. આજે યુગ પલટાયો છે. આજે હવે દિગ્દર્શન ક્ષેત્રે આપણે આગળ વધી રહ્યા છીએ. વધુને વધુ વાસ્તવિકતા લાવવા આજના આપણાં દિગ્દર્શકો યત્ન કરી રહ્યા છે. અને તેમાં ધારી સફળતા પણ મળી રહે છે, આવાં સફળ દિગ્દર્શકો તે 'Int' વાળાં પ્રવિણ જોષી, મનસુખ જોષી, જયંત ભટ્ટ, કાંતિ મડિયા, ચંદ્રવદન ભટ્ટ, તારક મહેતા, બાપાલાલ રાવલ, ચંદ્રકાન્ત સાંગાણી, અજીત શાહ, જશવંત ઠાકર, ઉપેન્દ્ર ત્રિવેદી કચરાલાલ, મોહન મર્ચન્ટ, સોરાબજી કેરાવાલા, હનીછાયા, રાઘવજીભાઇ જોષી, કનુ ગઢવી, મૂળશંકર મહેતા, પ્રતાપ ઓઝા ચં. ચી. મહેતા, ધનસુખલાલ મહેતા, રમણીક ઉપાધ્યાય, જગદીશ શાહ વિજય દત્ત, ફિરોઝ આંટીયા, માર્કંડ ભટ્ટ, વજુભાઇ ટાંક તથા નિવૃત્ત–વડીલ અને સરકાર સન્માનીત શ્રી મુળજી ખુશાલ અને લાલજી નંદા.

**(૩) પુરૂષ કલાકારો :**–ઓહોહોહો......મા–ગુર્જરીનો આ વિશાળ સમુદાય મનઃપટ પર આવતાં જ કલમ અટકી પડી. શું લખું ? શું ન લખું ? હજારો કલાકારોમાં–ગુર્જરીની ગોદમાં રમી રહ્યા છે. આમાં કોનો ઉલ્લેખ કરવો અને કોનો ન કરવો ? છતાં કેટલાંક એવાં નામો રજૂ કરી શકાય જે વધુને વધુ આમજન પ્રિય હોય. છતાં ચીંથરે બાંધ્યું કોઇ રહી જાય તો તેને આ વાક્યથી સ્નેહાંજલિ અર્પું છુ. કલાકારોની નામાવલિ લખવી હોય તો અભિનયના સમ્રાટ અને ગુર્જર રંગભુમિના પિતાશ્રી મુળજી આશારામથી જ પ્રારંભ થાય કે જેને પોતાની રંગભુમિ માટે કેટલું અભિમાન હતું તેનું આજે ગુજરાતના ઘેરઘેર ગવાય છે. ભર્તુહરી બનેલ મુળજી આશારામે ભાવનગરના નરેશને નમતાં કહ્યું હતું કે:–"હું અત્યારે ૯ર લાખ માળવાનો ધણી છું અને તમે તો ખંડિયા છો." આ કિંવદંતી ગુજરાતની કંઇ પેઢી નથી જાણતી. આવો ગુજરાતી રંગભૂમિનો અમરવારસો આજે અર્વાચીન કલાકારો જાળવી રહ્યા છે, તે વિના રંગભૂમિના વિકાસ માટે નાની ન કહેવાય. માગે તો એ આત્મવિશ્વાસ છે કે ભારતીય રંગભૂમિનું ભાવિ અવશ્ય પશ્ચિમના 'બ્રોડવે' જેવું થવાનું જ. અરે! તેથી જ તો હું "Damoi"માં નાટ્યકલાનો કડીબદ્ધ ઇતિહાસ જાળવી રહ્યો છું. ભૂતકાળના કલાકારોમાં એક પ્રથા પ્રચલિત હતી. તે એ કે, તે કલાકારને જે કોઇ ભૂમિકામાં 'Mastery' મળે તે નામ તેના નામ સાથે તખલ્લુસ તરીકે જોડી દેવામાં આવતું. ઉદાહરણાર્થે છગન "રોમીયો", લવજીભાઇ "સુરદાસ", કેશવલાલ "કપાતર", જયશંકર "સુંદરી", વિ. આજે જે લોકપ્રિયતા ચિત્રઉદ્યોગના તારકો ભોગવી રહ્યા છે તે જ લોકપ્રિયતા ભૂતકાલિન નાટ્ય અભિનેતાઓ હતા. "સુંદરી" બહાર નીકળતા ત્યારે ચાહકોની તેમને જોવા માટે લાઇન લાગી જતી. અને પડાણાના પહેરા નીચે તેમને બહાર મોકલાતા હતા. મોહનલાલ એ કાળમાં રંગભૂમિના રાજા જેવાં ગણાતા અને તેનો પાઠ કોઇ કરી શકતા નહીં. તેની સામે પાત્ર ભજવણીમાં માસ્ટર શનિ જેવાં મહાન કલાકારો પણ વિચાર કરી જતાં હતા. સામેના પાત્રને 'કવર' કરવાની અભિનેતાની કુશળતા તે કાળમાં ઘણી જોવા મળતી. સામાજિક દુષણો તો સમાજમાં ચાતરફ પ્રવર્તતા જ હોય. પરંતુ રંગભુમિમાં પણ તે કાળે શરાબ– સામ્રાજ્ય ખરું જ. આપણા મોહનલાલ તો પેલા કવિ પાગલની જેમ શરાબને બદલે જ પાણી પીનારા.

મોહનલાલના અભિનય અને શરાબ બધું જ અન્યોન્ય પૂરક. પરંતુ શરાબીની પણ એક સમજ હોય છે જ, એક મસ્તી હોય છે. લાલા ભલે નેપથ્યે લથડીયાં ખાતા હોય, પરંતુ સ્ટેજ પર જાય અને દશ્ય તથા પ્રેક્ષકાલયને એક નજરે જોઇ લે એટલે બસ, વાચાપર જાણે સરસ્વતી દેવીનો વાસ અને અંગમાં જાણે ખુદ રંગદેવતાનો વાસ. શરાબ તો શોધી પણ ન જડે. અને તે કાળનો તેમનો અભિનય એટલે મોટાં મોટાં રાજવીઓ પણ તેમના ચાહક બનતાં. કવિ પાગલના નાટકોના આ લાલા તો જાણે માનસ પુત્ર...... જો કે ભુતકાળમાં અભિનયમાં હલનચલન તથા અંગોપાંગનો મરોડ અને મોટી ત્રાડ વધુ ઠેરઠેર દષ્ટિગોચરથતાં રહેતાં.

મુખપરના ભાવો આજે જેટલાં ઊંડા દર્શાવાય છે તેટલાં પ્રમાણમાં નહોતા દર્શાવાતા. અથવા કહો કે તે કાળના નાટકો પણ લગભગ ઐતિહાસિક અને ધાર્મિક રહેતા કે જેમાં એ બધું આવશ્યક પણ હતું જ. ભુત અને વર્તમાનની અભિનય શક્તિનો સુંદર સમન્વય એટલે મુંબઇની "દેશી નાટક સમાજ" કે જ્યાં ભુતકાળના ગૌરવવંતા કલાકારો પણ હતા અને વતમાન કાલિન કલાકારો પણ અભિનયના ઓજસ પાથરી રહ્યા છે. 'દેશી' એટલે ગુજરાતની અભિનયશાળા. આજના ચિત્ર ઉદ્યોગની માનીતી તારિકા સંધ્યા (શાંતારામની શોધ) પણ દેશીની જ ભેટ છે. દેશીમાં તેનું કામ જોઇને શાંતારામે તેને ચિત્ર ઉદ્યોગમાં 'Lift' આપી. દેશીના કલાકારોનો ઇતિહાસ એ જ લગભગ ગુજરાતના કલાકારોનો ઇતિહાસ છે. કારણ કે ઇ. સ. ૧૮૮૯થી અગણિત કલાકારોની પ્રસાદી તેણે રંગદેવતાને ચરણે ધરી છે. જેવાં કે–દાદુ મીર, માસ્ટર ત્રિકમ, મા. રમણ શાલિની, કાસમભાઇ મીર, કચરાલાલ, મોહનલાલ, મા. શનિ, મોતિલાલ નંદવાણા, સૂર્યકુમાર, રૂપકમલ, મોતીબાઈ, અશરફખાન, મા. વસંત, ચુનીલાલ નાયક, જાલેજાર, માધવલાલ નાયક, કુમાર, મા. ભોગીલાલ, ચમન મારવાડી, રામપ્યારી, તથા અનેક. ઉપરાંત ગુર્જર રંગભુમિના મહત્વના કલાકારોમાં નાનો–મોટો ત્ર્યંબક, લવજીભાઈ "સુરદાસ" મણિભાઇ ભટ્ટ, હરિભાઇ ભટ્ટ, બાપાલાલ નાયક, મૂળચંદમામા, હરિશંકર "કાણીયા", મુળજી ખુશાલ લાલજી નંદા, માસ્ટર ધુલિયા, અલિદાદન, હરિષ રાવલ, જામન તથા અમૃત કેશવ નાયક અને વલ્લભ કેશવ નાયક વિ. મુખ્ય હતા તેમાંયે જેમ મોરબી રંગભુમિનું તીર્થધામ છે, તેમ ઉત્તર ગુજરાત તો રંગભુમિનું ઘર છે. મુળજી આશારામે જેમ મોરબીમાં શુદ્ધ વૈતનીક ગુર્જર રંગભુમિનો પાયો નાંખ્યો તેમ ઉત્તર ગુજરાતે ઘેરઘેર કલાકારોને જનમાવ્યાં અને ત્યાંના ભોજક નાયક વગેરેનો મુખ્ય વ્યવસાય રંગભુમિ જ બની ગઇ. આજે પણ વૈતનીક કલાકારો શ્રી ચમન 'ચકુડો', લલ્લુભાઇ કોમીક અનંત ત્રિણ, ચાંપશીભાઇ નાગડા, વિષ્ણુ વ્યાસ, પ્રાણસુખ નાયક, મા. છન્નાલાલ કે જેણે અનેક ગુજરાતી ચિત્રોમાં નાયકપદ સંભાળેલ છે. ભગવાનદાસ, તેરસિંહ ઉદેશી ગુણવંત જોષી, મગનલાલ દવે, કનુભાઈ વિ.ના નામો પ્રખ્યાત છે. ઉપરાંત જો ગુર્જર રંગભુમિની અસલ જમાવટ જોવી હોય તો મુંબઇનગરીના શનિ–રવિના બધાં જ નાટયગૃહો જોવા. રંગભુમિની સાચી પ્રગતિ ત્યાં જોવા મળશે. તમને ઓડવે હાથવેંત જ ભાસશે. મુંબઇ જેવાં પંચરંગી શહેરમાં થીયેટરોમાં ગુજરાતી નાટક ભજવાય એટલે ગજબજ ને ? ત્યાંના પ્રસિદ્ધ કલાકારો છે : "સો ટચનું સોનુ"વાળા તેરસિંહ ઉદેશી, 'હું પ્રધાન બન્યો''વાળા જગદીશ શાહ, "મેજર ચંદ્રકાન્ત"વાળા ઉપેન્દ્ર ત્રિવેદી, આજનો માનીતો ચિત્રતારક સંજીવકુમાર ઉર્ફે હરીજરીવાલા, 'દેશી "વાળા મા. રમણ અનેક સફળ નાટકોના સર્જક ચંદ્રવદન ભટ્ટ, એફ. આર. ઇરાનીના કલાકારો જયંત ભટ્ટ, દિનેશ હિંગુ, સૂર્યકુમાર, "રંગભુમિ" અને 'રંગરાગ"ના અનેક કલાકારો, એરચ તારાપોર, લાલુ શાહ, કૃષ્ણકાંત વસાવડા, મૂળરાજ રાજડા, "કાણા એ મારી આંખ''વાળા અમૃત પટેલ, કિશોર ભટ્ટ, "int"ના સુત્રધારો શ્રી પ્રવિણ જોષી–મનસુખ જોષી વિગેરે. અમદાવાદમાં જશવંત ઠાકર અગ્રસ્થાને છે, અને હમણાં જ સરકારશ્રીએ તેમનું બહુમાન કર્યું હતું. ઉપરાંત વડોદરાના માર્કંડ ભટ્ટ પણ તેમની સંસ્થા "ત્રિવેણી" દ્વારા સારી જહેમત ઊઠાવી રહ્યા છે. સુરતમાં વજુભાઈ ટાંક, બલદેવજી મોલિયા તથા અનેક અવેતન કલાકારો યતકિંચિત્ રંગ ક્ષેત્રે સુશ્રુષા કરી રહ્યા છે. નડિયાદ કલાકેન્દ્રવાળા ગોવિંદરામ વ્યાસ પણ પોતાના "ટ્રુપ" સાથે નાટય પ્રયોગો કરતા રહે છે. તેમાંયે અમદાવાદવાળા પી. ખરસાણી તો ગુજરાત રાજ્યના માહિતી ખાતાના ઉપક્રમે ગુજરાતના ગામડાઓમાં પણ પ્રચારાત્મક નાટકો ભજવતા રહે છે. ઉપરાંત કૈલાસ પંડયા, રતિલાલ ઉપાધ્યાય વિગેરે પણ સારૂં કામ કરી રહ્યા છે.

સૌરાષ્ટ્ર વિભાગમાં રાજકોટ, પોરબંદર, જામનગર અને મોરબી, ભાવનગર વિ. સ્થળોએ હજારો કલાકારો છે. અરે ! માત્ર મોરબીમાં ૩૦૦ કલાકારો છે. હવે સૌરાષ્ટ્રના નામાંકિત કલાકારો તે :— બાપાલાલ રાવળ, રમણીક ઉપાધ્યાય, ગુલાબદાસ શાહ, નિર્ભય ભટ્ટ જયંત ચંદારાણા, જશવંત જાની યાને જોતી, પારાશર ભટ્ટ, સુરેશ રાવલ, નલિન દવે, ચંદ્રકાંત ઠક્કર, જશવંત કારેલીયા, કનુ ઠક્કર, સનત ઠાકર, ભરત યાજ્ઞિક, પ્રેમશંકર યાજ્ઞિક, અબ્દુલખાન કુરેશી, દિલાવરખાન બ્લોચ, ભાનુલાલા મોહનલાલા, વિજય દવે, ગીરીશ રાવલ, અરવિંદ રાઠોડ, જયંત પંડયા, હરિશ પંચાલ, કિશોર મહેતા, અંજન દવે, યશવંત મહેતા, શંકરલાલ નાયક, મીનુ કાપડીયા, શીવ, પી. આચાર્ય, પ્રતાપ રાવલ તથા કચ્છના શ્રી પ્રવિણ શુકલ, પુષ્પાબેન સાવલા, પ્રાણકુંવર શાહ પિયુષ શુકલ, નિરંજન અનંતાણી, શરદ અનંતાણી, જયંત સરદે, રશ્મિબેન વોરા, બિનુ શુકલ, મધુબેન સાવલા, મૃદુલા અનંતાણી, રશ્મિ મહેતા વિગેરે અનેક નામી - અનામી કલાકારો...

વળી ગુર્જરી કલાકારોની સુષુપ્ત અભિનય શક્તિ જાગૃત કરવા અમુક સાંસ્કૃતિક સંસ્થાઓ અને અમુક પ્રસંગો પણ અગ્રભાગ ભજવે છે. જેમ કે ગુજરાત રાજ્યના કામદાર કલ્યાણ કેન્દ્ર પ્રતિવર્ષ રાજ્ય કક્ષાએ એકાંકી, ત્રિઅંકી અને અન્ય ભાષાના નાટકોની સ્પર્ધાઓ યોજે છે. આ પ્રસંગે અનેક ઘરઘરના ભાઈ–બહેનો કલાકાર સ્વરૂપે રંગભુમિ પર પાદાર્પણ કરી રહે છે જેમકે તા ૬–૩–૬૯ થી તા. ૧૩–૩–૬૯ના રોજ મોરબીમાં યોજાયેલ નાટય સ્પર્ધામાં ગુજરાતના અનેક નાગરીકોએ ભાગ લીધો હતો. લગભગ સો એક જેટલી જુદા જુદા ગામની નવોદિત બહેનોએ પણ આ સ્પર્ધામાં સફળ નાટકો રજુ કરેલ હતા, કે જેમાંથી રેણુકા યાજ્ઞિક અને લાભુબેન ઓસમીયાનો અભિનય તો વિવેચનની ચાસણીમાંથી પણ પસાર થઇ શકે તેવા હતા. આ તો એક જ પ્રસંગનું ઉદાહરણ થયું; ગુજરાતમાં તો આવા અનેક પ્રસંગો બને છે.

અને સેંકડો કલાકારો બહારથી આવી રહ્યા છે ત્યારે એ વાતની કલ્પના અતિશયોક્તિભરી તો નહીં જ ગણાય કે ભાવિમાં રંગભુમિની પણ અસ્મિતા બહાર પાડવી પડે. આજે અભિનયક્ષેત્રે ગુજરાત હરણ ફાળે ફાલી રહ્યું છે. અને ત્યારે અમારા મુરબ્બી વિશ્વ વિખ્યાત કલાકાર ચ. ચી. મહેતાને કેમ ભૂલાય ? એમ તો 'ધનસુખલાલ મહેતાએ વળી સી. સી.ની "આગગાડી"ના હીરો જ ને વળી ?

**(૪) સ્ત્રી કલાકારો :** ગુજરાતી રંગભુમિનો સ્ત્રી કલાકારોનો ઇતિહાસ કંઇક વિચિત્ર અને જુદો જ છે. ભુતકાળમાં તો જાણે રંગભુમિ પર ક્યાંય સ્ત્રીઓ જોવા જ ન મળતી સેકસપીયર યુગમાં પણ કોમળ બાળકો જ સ્ત્રી ભુમિકા કરતા અને તેથી જ શેકસ–પીયરની હીરોઇન 'TEEN AGEO' રહેતી. આપણે ત્યાં તરગાળા, ભોજક અને નાયકના બાળકો પોતાની રંગ કારકીર્દી બાલિકાઓના પાઠથી પ્રારંભ કરતા. બાદમાં હીરોઇન સુધી પહોંચી અને છેવટે કંઠ, અંગ અને સ્ત્રી ભુમિકા ભજવવાના ગુણોની ખોટને કારણે પુરૂષ ભુમિકાઓ તરફ વળતા. આજના ચંપકલાલ કે જેઓ હુબહુ શેઠ વિ.ની ભુમિકાઓ કરે છે તે ભુતકાળમાં સ્ત્રીની સુંદર ભુમિકા કરતા. ભુતકાળમાં કલાકારો સ્ત્રી–પુરૂષ ગમે તેવો પાઠ ભજવતા જ. ત્યારે કંઇ ખાસ વર્ગીકરણ ન થતું. નાટ્યકાર પ્રાગજી ડોસાની સ્ત્રી ભુમિકાની છબી જો તમારે જોવી હોય તો "સ્મૃતિ–મંદિર"માં આવજો. ગુર્જર રંગભુમિ પર પ્રથમ સ્ત્રી કલાકાર તો હતી મિસ મેરી ફેન્ટોન અને બાદમાં જ મુન્નીબાઇ, મોતીબાઇ વિ. આવ્યા. પરંતુ ત્યાં સુધી અને હાલમાં પણ રંગભૂમિ પર પુરૂષ કલાકારો જ મહત્વના 'રોલ' કરતા રહ્યા છે. સ્ત્રીની ભૂમિકામાં પારંગત અને અજોડ ગણાતા વિસનગરના શ્રી જયશંકર ભુદરભાઇ ભોજક યાને "સુંદરી"ને તેથી જ તો સરકારે પદ્મશ્રી અને J. P.નો ઇલ્કાબ આપેલ છે ને ? ગુર્જર નાટ્યકલા પર પુરૂષોએ ભજવેલ સ્ત્રીપાત્રોના તેઓ પિતામહ છે. તેમના સૌંદર્ય, ચાલ, પહેરવેશની ઢબ, વર્તન વિ. નું અનુકરણ તો મુંબઇની અનેક સ્ત્રીઓ કરતી રહેતી. જ્યારે 'સુંદરી' આ બાબતમાં ખુબ જ નિખાલસ ઉત્તર આપે છે, "હું તેનું જ તેમને આપતો." તેના પછીના ઉત્તમ સ્ત્રી પાત્રો ભજવ–નાર કલાકારો તે સુરજરામ "સ્પેશ્યલ સુંદરી," પ્રભાશંકર "રમણી," સોમનાથ "કલ્યાણી," અમૃત જાની, રતિલાલ પટેલ, ચાંદમીયા, ગોવિંદજી ભટ્ટ, ભોગીલાલ ભોજક, માસ્ટર ગોરધન, ચંપકલાલ વિ. આવે છે. આજે બહુ જ ઓછાં પુરૂષ પાત્રો સ્ત્રીની ભૂમિકા કરે છે. છતાં વેતનિક સંસ્થાઓમાં સ્ત્રીઓના આસમાને ચડેલા ભાવને કારણે કોઇ કોઈ વેળા પુરૂષો સ્ત્રીની ભૂમિકા કરે છે. તેમાં જુશબ મીર, પ્રાગજી ગોહિલ, બાબુલાલ હીરજી વિ. ઉલ્લેખનીય ખરા. ગુજરાતની ગ્રામ્ય જનતામાં રામલીલા, ભવાઇ તથા તરગાળાના ખેલો લઇને ફરતા તરગાળા (ત્રણ ઘરવાળા) લોકો તો હજુ પણ પુરૂષને જ સ્ત્રી પાત્રમાં રજૂ કરતાં રહે છે, અને ગમે તે પુરૂષ કલાકાર સ્ત્રીની ભૂમિકાઓ કરી લેછે. પ્રતિતી રૂપે આપ જોઈ શકશો કે તરગાળાની આખી કંપનીવાળાના વાળ સ્ત્રી જેટલાં લાંબા હોય છે. પરંતુ હવે રંગભૂમિ વાસ્તવિકતા તરફ હરણ ફાળે આગળ વધી રહી છે અને તેથી હવે અનેક સ્ત્રીઓ રંગમંચ પર આવી રહી છે અને તેમાં મુંબઇના સ્ત્રી કલાકારો શ્રી કલ્પના દિવાન, વનલત્તા મહેતા, તરલા જોષી, ઉર્મિલા ભટ્ટ, નટમંડળવાળી દિના ગાંધી, સરીતા ખટાઉ, રેહાના ઝરીવાલા, ઇન્દ્રમતી રાજડા, રમા પટ્ટણી, શાલિની, પદ્મારાણી, રાધારાણી, રંભારાણી, ચિત્ર ઉદ્યોગમાં જામી રહેલ અરૂણા ઇરાની, સગુણાદેવી, સરસ્વતીદેવી, કમળાબાઇ કર્ણાટકી, વિણા પ્રભુ, રૂપકમલ, સુશીલા, મનોરમા, સરોજ નાયક, જયાબેન ભટ્ટ, કુમારી હંસા. બકુલ કીનારીવાલા વિ. મુખ્ય છે. ઉપરાંત લીલા જરીવાલા, અનસૂયા ચોકસી, અનસૂયા શાહ, ઉમા જોષી, તારા પટેલ, દામિની મહેતા, દેવયાની જોષી, મનીષા પટેલ, ભદ્રા ત્રિવેદી, નિર્મળા ચાવડા, ઉષા ચોકસી, જયશ્રી મહેતા, રક્ષા દેસાઇ, અંજના, આદર્શ નાટક સમાજવાળાં ઇન્દુમતિ, તેમના બહેન તથા તેમના માતુશ્રી બાલુબાઈ, "સિંહણ," ક્ષિણાકુમારી માયાદેવી, મંજુ મહેતા, શીલારાણી, જયાબેન માંગકેર, ઉષા ગઢવી વિમલ તાંબે, આશા–શીલા–ઉષા–શશી ગાયકવાડ ઉર્ફે ગાયકવાડ સીસ્ટર્સ, ઇલા–ઉષા માંકડ, પારૂલ–ઉષા ઝરીવાલા, ઇન્દુ ત્રિવેદી, પ્રતીમા વ્યાસ, રેણુકા યાજ્ઞિક, દમયંતિ ઠાકર વિ. અનેક બહેનો રંગભૂમિ પર બહેનોના રંગભૂમિના પ્રારંભિક વિકાસના પ્રણેતાઓ બની રહેલ છે. મરાઠી બહેનોની ગુર્જર રંગભૂમિ પરની કારકીર્દી નોંધનીય છે. ઘણીવાર ચાલુ નાટકે જ્યારે બહેનો પુરૂષ કલાકારોને 'Prompting' આપતી મારા જોવાથી પકડાઈ જાય છે. ત્યારે તો બહેનોની સ્મરણ શકિત ખરેખર દાદ માંગી લે છે. અંતમાં સ્ટેજની રાણી સ્વ. રાણી પ્રેમલત્તા કે જે અન્ય નાટ્યકારોની પ્રેરણા મૂર્તિ હતા. તેમને નિવાપાંજલી અર્પી આ વિભાગ પૂર્ણ કરીએ.

**(૫) બાલ કલાકારો :** ગુજરાતની રંગભૂમિ પર બાલ કલાકારોની દશા ખરેખર બાલ્યાવસ્થામાં જ છે. આ રંગભૂમિ પર ન તો કોઈ બાળકોના નાટકો લખે છે, ન તો કોઈ નાટકો રજૂ કરે છે, કે નતો કોઈ બાલ કલાકારોને તક આપે છે. કેમ જાણે ગુર્જર રંગભૂમિને બાલ્યાવસ્થા તરફ કોઈ સુગ ન હોય ? અને કેમ જાણે ત્વરાથી યુવાવસ્થાના સુવર્ણકાળ ભણી પ્રસ્થાન ન કરી રહ્યા હોય ? અવેતન રંગભૂમિ પર તો ખાસ કોઈ એવાં નાટકો જ નથી કે એમાં બાળકોને સ્થાન મળ્યું હોય. (કદાચ તેથીજ મહેન્દ્ર દવે તેમના નાટકોમાં બાલપાત્ર રાખતા હશે.) બાળકોની અભિનય શકિતને રૂંધનારા પરિબળોમાં મુખ્ય પરિબળ તરીકે નાટ્યકાર ઝડપે ચડે છે. કારણ કે તે જો કોઈ બાલ નાટક લખે તો કોઈ બાળકો નાટક ભજવે ને ? અથવા કોઈ નાટકમાં બાલપાત્ર રાખે તો કોઈ બાલ કલાકાર આગળ આવે ને ! જેમ કે રંભાબેન ગાંધી સ્ત્રીઓના અનુરૂપ નાટકો લખે છે તેથી આજે અનેક ગુજરાતની બહેનો નાટ્યક્ષેત્રે આગળ આવી રહી છે. તેમજ એવો કોઈ નાટ્યકાર ગુર્જર રંગભૂમિ પર પાકવાની આવશ્યકતા છે કે જે માત્ર આ જીવન બાળ નાટકો જ લખ્યે રાખે. અને તો જ બાળકોની સુપ્ત અભિનય શક્તિ પુષ્પની પરાગ માફક ખીલી ઉઠશે. બાલ પ્રવૃત્તિના એક અગ્રણી શ્રી કનુભાઈ આચાર્યને આ પ્રસંગે યાદ કરવા આવશ્યક ખરાં. હું વાસ્તવિકતાનો દાવો કરનાર વર્તમાન નાટ્યકારોને વિનમ્ર ભાવે એ પ્રશ્ન પૂછું છું કે, "તમે શા માટે બાળકોના પાત્ર તમારાં નાટકોમાં નથી રાખતા ? શું તમારા બધાંજ પાત્રો બાળકો વિનાના છે ? શું તમે સંતતિ નિયમનને પ્રોત્સાહન આપવા તેમ કરી રહ્યા છો ?" ઉત્તર આપણે બંને જાણીએ છીએ એટલે અહીં નહીં ટપકાવું. પરંતુ તમે ભૂતકાળના તમારા પૂર્વજોનો ઇતિહાસ તપાસો. એમાં શું બાળકોની ભૂમિકા ન આવતી ? શું તમે

તે ઇતિહાસથી વંચિત છો? તો સાંભળો ઉદાહરણ આપું છું:- આજે ગુજરાતમાં જ્યાં જ્યાં વ્યવસાયી રંગભૂમિ અને જ્યાં જ્યાં જૂના નાટ્યકારોના નાટકો છે ત્યાં બધેજ બાલકલાકારો કંપનીમાં તૈયાર કરવા જ પડે છે. કારણ કે તેમને વ્યવસાય કરવો પડે છે. એટલે જો ગુજરાતે બાળકોનો અભિનય જોવો હોય તો વ્યવસાયી મંડળીઓની જ મુલાકાત લેવી રહી, દેશી નાટક સમાજમાં કામ કરતાં બાલકલાકારો શ્રી દશરથ અને હરીશનો અભિનય "પૈસો બોલે છે" માં મુંબઈગરાઓએ ખુબ માણ્યો છે "પ્રવિણ નટકલા મંડળ" વાળાં પ્રવિણ ગઢવીનું કામ પણ આકર્ષક છે, બાકી સવેતન કલાકારોતો આંગળીને વેઢે ગણાય એટલાં પણ નથી. છતાં થોડાં ઉલ્લેખનીય ખરાં તેમાં એક ખાસ તે હર્ષવર્ધન ઉર્ફે માસ્ટર ટીંગુ કે જેને અનેક નાટ્ય સ્પર્ધાઓ અખબાર નવેશો અને વિવેચકોએ બિરદાવેલ છે. પરંતુ આવાં એક-બે ટીંગુ-બીંગુથી રંગભૂમિ કેમ ચાલે? ઉપરાંત બેબી ભારતી કાપડીયા, તુરાબ આઝાદ અને પ્રદિપ ગીજુભાઈ જોષી તથા I N. T ના "ચાલો બહુરૂપીના દેશમાં" વાળા પંદર બાળ કલાકારો પણ સારાં અભિનય આપે છે, પરંતુ આપણે તો સેંકડો બાળ કલાકારો જોઈએ છીએ. તે માટે પ્રથમ ફરજ નાટ્યકારોની જ છે. આ માટે કલકત્તાની આંતર રાષ્ટ્રિય સંસ્થા "ચિલ્ડ્રન્સ લીટલ થીયેટર" નું અનુકરણ કરવા જેવું છે.

હે ગુજરી-ગોદમાં સુષુપ્તાવસ્થા ગાળી રહેલ બાળ કલાકારો! કાં તો તમે તમારે અનુરૂપ નાટકો લખાવવા ગુર્જરી નાટ્યકારો સામે ઉપવાસ-આંદોલન પ્રારંભો અને કાં તો તમે જ તમારામાંથી કોઈ ભાવિ બાલ નાટ્યકાર બને તેવી પ્રતિજ્ઞા કરો કે જેથી તે બાળક ભાવિમાં માત્ર બાળકોના જ નાટકો લખે અને ગુજરાતની રંગભૂમિમાં કલાકારોનું સ્થાન અવિભાજ્ય બનાવે.

(૬) **સંગીત અને સન્નિવેષ:**— ભૂતકાળની રંગભૂમિનો મોટો ગુણ અને વર્તમાન રંગભૂમિનો મોટો અવગુણ તે સંગીત. વાસ્તવિકતાનો દાવો કરનારે ભરતનાટ્ય શાસ્ત્રનો "જન મન રંજન" નો નિયમ ન ભૂલવો જોઈએ કે જેમાં સંગીત અવિભાજ્ય અંગ નોંધાયું છે, જે પાંચમો વેદ આપણે માટે ગીતા, બાઈબલ, કુરાને શરીફ ગ્રંથ સાહેબ્યા કે જરથોસ્તીગ્રંથ બરોબર છે તે "નાટ્ય વેદ" જ્યારે બ્રહ્માજીએ બનાવ્યો ત્યારે ચાર વેદોમાંના સામવેદમાંથી ખાસ સંગીત લીધેલ હતું. તાત્પર્ય કે નાટક સંગીત વિહોણું કલ્પી જ ન શકાય. તો ભજવણીની તો વાત જ ક્યાં રહી? જ્યારે વર્તમાન કાળે અવેતન નાટકો તો બધાં સંગીત શૂન્ય જ હોય છે. "ગાન દુર્લભ" એ પણ વર્તમાન સંગીત શૂન્યતાનું કારણ હોઈ શકે. જ્યારે ભૂતકાળમાં કલાકારનું સારું ગળું એ એક લાયકાત ગણાતી. વળી ૫૦થી૬૦ જેટલાં તો ગીતો આવતા. આજે યંત્રયુગ ચાલે છે એટલે સમયાભાવે ભલે તેટલાં ગીતો ન આવે પરંતુ પ્રાસંગિક કે "Theme song" જેવાં થોડાં ગીતો તો નાટક માણવા આપો. ખરેખર 'સંગીત વીણ નર પશુ સમાન" વ્યવસાયી રંગભૂમિ પર પ્રારંભમાં નાન્દી, પૂર્વરંગ અને સુત્રધારના આગમન અને બાદમાં પ્રાર્થના 'ધ્રુપદ ધમાલમાં થતાં તેનું મુખ્ય કારણ પ્રેક્ષકોની 'નજરબંધી જેવું જ આકર્ષણ હતું. સંગીતમાં ધ્રુપદ ધમાલ શ્રોતાઓ ઉપર સંમોહન વિદ્યા જેવો જાદુ કરે છે, આજે આપણે આવાં શાસ્ત્રોના નિયમાનુસાર રજૂ થતાં નાટકો પ્રતિ સુગ ધરાવીએ છીએ, આજે જ્યારે હું ભૂતકાળ સાગરમાં ડુબકી મારું છું ત્યારે નાટ્ય મહર્ષિ શ્રી પ્રભુલાલભાઈ દ્વિવેદીના ગુજરાતની બહેનો દ્વારાં ચોરે ચોરે ગવાતા રાસડા;— "મીઠાં લાગ્યા છે મને આજના ઉજાગરા" અને "પારેવડા જાજે વીરાના દેશમાં" કોઈ અજબ, અજનબી અને આહ્લાદક ધરા પર ઢસડી જાય છે. આજે પણ મનસ્વી પ્રાંતિજવાળાનું "ઝટ જાઓ ચંદન હાર લાવો ઘુંઘટ નહીં ખોલું રે......" નવી પેઢીને પણ ક્યાં નથી આકર્ષી શક્યું? વૈરાટજીના "વલ્લભીપતી" નું આ ગીત જ્યારે આણંદજી "કાઠીયાવાડી કબુતર" ગાતા ત્યારે પ્રેક્ષકાલયમાં કોઈ અજબસી મસ્તી છવાઈ જતી. ભૂતકાળના ગીતો જો હજુ પણ આટલું આકર્ષણ જમાવી શકતા હોય તો વર્તમાન કાળના ગીતકારો અને સંગીતકારો શા માટે આ વિકાસ પામી રહેલ સમાજમાં, તેવી લોકપ્રિય તરજો ન બનાવી શકે! ફિલ્મી ગીતોનો વિકાસ તો જુઓ! પાંચ વર્ષનું બાળક પણ 'યે મેરા પ્રેમ પત્ર પઢકર' ગાતુ જોવા મળે ત્યારે રંગભૂમિ પર અગર કોઈ ગીત સાંભળવા ન મળે તો પછી પ્રેક્ષકો ચલચિત્રોને જ વધુ મહત્વ આપે ને? હે નાટ્યકારો! ખરેખર તમારાં નાટકમાં ગીતો આપો જ. કલાકારની કંઠ્ય શક્તિ ન તો પાર્શ્વ સંગીત તો કામે લાગશે.

ભૂતકાળમાં હલસુખ ગવૈયા (વડનગર), હીરાલાલ ગવૈયા રામલાલ નાયક, કાસમભાઈ મીર વિગેરે અનેક સફળ સંગીતકારો થઈ ગયા કે જેઓ ભોજક-નાયકના બાળકોને રોજ સુવર્ણ પ્રભાતે રીયાઝ કરાવતા હતા તે કાળમાં સંગીતમાં શાસ્ત્રીયતા પ્રધાનપદે રહેતી અને આલાપ. રાગરાગીણી તથા અનેક રાગોમાં સંગીત વહેતું રહેતું. પ્રસંગની જમાવટમાં તે ખાસ ઉપયોગી ન રહેતું. કારણ કે તે કાળમાં વાદ્યો પણ માત્ર તબલાં-પેટી અને સારંગી રહેતા. જ્યારે આજે એટલાં વાદ્યો અસ્તિત્વ ધરાવી રહ્યા છે કે તે નાટકના કોઈ પણ પ્રસંગને વધુમાં વધુ જમાવી શકે છે અને પ્રેક્ષકને રડાવી-હસાવી શકે છે, ચિત્રપટનું પાર્શ્વ સંગીત કેટલું વેધક અને અસરકારક હોય છે? આજે ચિત્રપટનું સંગીત સદંતર બંધ થઈ જાય તો 'pho' નો એક મહા નિબંધ લખાય તેટલાં તેના પ્રત્યાઘાતો પડે. શું આપણાં નાટક રજુકર્તાઓ આ વાત ગંભીરપણે અને સંશોધનાત્મક દૃષ્ટિકોણથી નથી વિચારતા?

છતાં પણ ગુજરાતી રંગભૂમિના સંગીતનો અમર વારસો જાળવવા ગુજરાતના પ્રખ્યાત સંગીતજ્ઞ શ્રી અવિનાશ વ્યાસ, પીનાકીન ઠાકોર, ગૌરાંગ વ્યાસ, પુરુષોત્તમ ઉપાધ્યાય. એહમદ દરબાર, અજીત શેઠ, ભાનુ ગજ્જર. પેટ્રીક માર્કસ નવીન ગજ્જર. વીસનજી મારૂ. જગદીપ વીરાણી, ચંદ્રકાન્ત ધ્રુવ, કિશોર મહેતા, બકુલ ત્રેટક, જેઠાલાલ નાયક, બી. કે. માસ્તર, બાબુભાઈ ભટ્ટ. "દેશી" જેવી આર્યાવર્તની અજોડ મંડળીના સંગીતકાર મોહન જુનિયર તથા સૌરાષ્ટ્રના મીર લોકો સારો પ્રયાસ કરી રહ્યા છે. ગુજરાતની ધંધાદારી રંગભૂમિ હજુપણ ગીતોની રસલ્હાણ પીરસી રહી છે. આ 'Out burst' (ઉભરો) તો માત્ર કહેવાતી અવેતન સંસ્થાઓ માટેનો છે. આપને એ વાત જાણી આશ્ચર્ય થશે કે ભૂતકાલિન રંગભૂમિના સંગીતની અસરને લઈને હું મારા એકાંકી નાટકોમાં પણ પાંચ-પાંચ ગીતો લખી કાઢું છું. ખરેખર સંગીતના શ્રવણથી અભિનયમાં મસ્તીના પૂર આણી શકાય છે.

**સન્નિવેષ-પ્રકાશ આયોજન** :–સન્નિવેષનું મહત્વ જેટલું ભૂતકાળમાં હતું તેટલું જ વર્તમાન કાળમાં છે. માત્ર જરા વહેણમાં ફેર છે. ભૂતકાળમાં ઐતિહાસિક અને ધાર્મિક નાટકો પ્રાધાન્યતા ભોગવતા એટલે સેટીંગ્ઝ રાજાની કચેરી, મહેલ, જેલ, સિંહાસન, મંદિર વિ. હૂબહૂ બનતા. તેથી જ હજુ પણ ધંધાદારી રંગભૂમિ પર પડદાના નામોઃ–મેઈન ડ્રોપ, કોમીક કવર, ટ્રેજીક કવર, કચેરી પડદો, વિગેરે બોલાય છે. વળી તે કાળમાં ચિતારાઓ પડદા ઘણાં સરસ બનાવતા અને 'ટ્રીકસીન'ની તો જાણે પરંપરા સર્જાતી. મૂળજી આશારામની "મોરબી કંપની"ના ધાર્મિક નાટકના સેટીંગ્ઝ અને ટ્રીક સીન્સ તો તે કાળમાં ઇજારાશાહી ભોગવતા હતાં. 'સુકન્યા સાવિત્રી'ના તેમના સેટતો આજે પણ મોરબીના મ્યુઝીયમમાં જોઇને મુલાકાતીઓ મુગ્ધ બની જાય છે. આ નાટકમાં મૂળજીભાઇએ તે કાળમાં પણ 'રીવોલ્વીંગ સેટ' જેવી રચના કરેલી અને એક–બે મિનિટમાં તો સ્ટેજ પર બ્રહ્મા–વિષ્ણુ–મહેશને બદલે ત્રણ બાજોઠોનું દશ્ય આવી જતું. ધ્રાંગધ્રાના અજીતસિંહ તો સાચો હાથી સ્ટેજ પર લાવતા અને જુનાગઢના નવાબ તો શોખ ખાતર અજ્ઞ્ય આભૂષણાદિથી પોતાને સ્ત્રી પાત્રમાં શણગારાવતા. અપશુકનની વાસ્તવિક ભજવણી માટે બિલાડીને આડી ઉતારવાનો મૂળજીભાઇનો પ્રયોગ તો અહીં નોંધ્યા વિના રહેવાય જ શેં ? સ્ટેજ પર અપશુકન થવાની તૈયારીવાળું દશ્ય ભજવાઈ રહ્યું છે. અપશુકનની વાસ્તવિકતા લાવવા બિલાડીને એક સામેની વીંગમાં ઊભી રાખવામાં આવી છે. બિલાડીને આખો દિવસ ભૂખી રાખવામાં આવી છે. હવે બસ જ્યારે આ દશ્ય ભજવાતું હોય ત્યારે સામેની વીંગમાં દૂધનો એક કટોરો બરોબર સામેની વીંગમાં બેઠેલી બિલાડી જુએ તેમ રાખવામાં આવે છે, પછી બરોબર એક અપશુકનના સંવાદ પ્રસગે પેલી બિલાડીને સામેની વીંગમાંથી છોડી મુકવામાં આવે છે. ક્ષુધાતુર બિલાડી દોટ મૂકીને સામેની વીંગમાં સ્ટેજ પરથી ચાલી જાય છે. અને આમ આબાદ રીતે અપશુકનનું દશ્ય ભજવાઈ જાય છે. તદ ઉપરાંત ઉંદર, કુતરા, ઘોડા વિ.ને પણ પ્રસંગે સ્ટેજ પર લવાતા હતા. "આર્ય નૈતિક"વાળાં નકુભાઇ કાળુભાઇ શાહના એક જાજરમાન નાટકમાં ધનવર્ષાના દશ્યમાં રોજ મુંબઈના અમૃતલાલ ખોખાણીની પેઢીમાંથી એક લાખ રૂપિયા લવાતા અને સાચે જ 'પૈસાનો વરસાદ વરસાવવામાં આવતો. આવાં તો સેંકડો પ્રસંગો અને દશ્યો છે. આજે પણ "દેશી"ના 'પૈસો બોલે છે'નું અંતિમ દશ્ય એટલી જ ટેકનીકથી દર્શાવવામાં આવે છે અને મધ્યખંડના ટેબલ ઉપર સૂર્યકુમાર પડતાં ટેબલ દબાઈ જાય છે. અને સામેની દિવાલમાંથી એક જગ્યા થઇને જબ્બર રહસ્ય ખુલ્લું થાય છે.

તે કાળના ઉચ્ચ કોટીના સેટીંગ્ઝ માસ્ટર તરીકે શ્રી રંગીનલાલ, કશ્યપ, લક્ષ્મણ વર્મા વિ. કહેવાય છે. જોકે આજે પણ આપણે ટેકનીકમાં ખુબ વિકાસ સાધી રહ્યા છીએ. આજે સામાજિક અને હાસ્યપ્રધાન નાટકો ખાસ ભજવાય છે તેથી સેટીંગ્ઝ પણ કાળ, પ્રસંગ અને કથાને અનુરૂપ જ બનાવાય છે.

મુંબઇના નાટકો જોવાથી વર્તમાન વિકાસ જોઇ શકાય છે. જો કે ગુજરાતમાં ભજવાતા એકાંકીઓ પ્રતિ બહુ ધ્યાન અપાતું નથી. પરંતુ મુંબઈમાં હવે સરકતું સ્ટેજ, આયના પદ્ધતિ, ફ્રી ફ્લોડ પ્રથા, રીવોલ્વીંગ સ્ટેજ, સ્લાઈડ સીસ્ટમ વિ. અનેક આધુનિક પદ્ધતિઓ અપનાવાઇ રહી છે, કે જે ખરો યશ નારણ મીસ્ત્રી, રમેશ જમીનદાર વિ. ને આપી શકાય. ગુજરાતની વ્યવસાય રંગભુમિ પર ભજવાતા માંગડાવાળો શેતલને કાંઠે, વિ. નાટકોમાં પણ આજકાલ સારાં 'બીઝનેસ' અને 'ટ્રીક સીન્સ' યોજાતા રહે છે. મનસુખ ઉસ્તાદની કંપનીમાં આવા 'બીઝનેસ' જોવા મળતા હતા. મનમોહન નાટક મંડળીવાળા હીરજીભાઈ પેઈન્ટર પણ સારા સેટ રજૂ કરતા રહે છે. સૌરાષ્ટ્રમાં જશવંત સયદે, રાજકમલવાળા દિનુભાઇ રાવલ વગેરે નોંધવા યોગ્ય ખરાં.

પ્રકાશ આયોજન ભુતકાળમાં કારબેટ દીવાઓને કારણે ખાસ નહોતું. પરંતુ હવે તો દશ્યની જમાવટમાં પ્રકાશનું આયોજન ખૂબ જ મહત્ત્વનો ભાગ ભજવે છે. આજે તો પ્રકાશ આયોજન દ્વારા એક સ્ટેજ પર એકી સાથે બે દશ્યોની યોજના થઈ શકે છે. અને જે વિભાગ પર કામ ચાલતું હોય ત્યાં જ પ્રકાશ રેલાય છે. શેષ વિભાગ અંધકારમય રાખવામાં આવે છે. શ્રી રમેશ જમીનદાર આ બાબતમાં અગ્રણી પ્રકાશ આયોજક છે. વળી રંગભુમિ પર હવે પ્રકાશનું મહત્ત્વ દિનપ્રતિદિન વધતું જાય છે. કોઈપણ કરૂણ દશ્ય વેળા ઝાંખો વાદળી પ્રકાશ વધુ અસરકારક બની શકે છે અને કોઈ પણ આનંદ ઉલ્લાસના પ્રસંગે 'Full Light' વધુ 'Appropriate' બની શકે છે, જો કે પ્રેક્ષકો સુધી અદાકારનો અવાજ ખુબ જ મધુર રીતે પહોંચાડવામાં આપણે ત્યાં પ્રયોગાત્મક અખતરાઓ કરવામાં આવતા નથી. પરંતુ પાશ્ચિમાત્ય દેશોમાં તે પરત્વે પણ ખાસ સંશોધન થયેલ છે અને હવે તેઓ મધુરધ્વનિ માટે સ્ટેજ અને પ્રેક્ષકોની વચ્ચમાં એક લંબગોળ પાણીનો નાનો કુંડ બનાવે છે, જેથી અદાકારનો અવાજ આ પાણીના કુંડ દ્વારા થઇને પ્રેક્ષકો સુધી પહોંચે છે તેથી તે ધ્વનિ ખુબ જ રણકતો અને અસરકારક હોય છે. વળી એકો પદ્ધતિ માટે અમુક ખાસ પ્રકારના અને પદ્ધતિના ઝુલતા પડદાઓ ટાંગવામાં આવે છે, જેથી અદાકારનો અવાજ ધારી સફળતા લાવી શકે. આપણે પણ આવી ઝીણવટભરી દષ્ટિ કેળવવાની આવશ્યકતા તો ખરી જ. તો જ અમેરીકાનું 'બ્રોડવે' સંભવી શકે.

(૭) **નૃત્યપ્રકાર** : નૃત્યનું જો કે નાટકમાં બહું મહત્ત્વ નથી. પરંતુ તેને લઇને નાટક વધુ દીપી નીકળે તે વાત નિર્વિવાદ છે. ભુતકાળની રંગભુમિ પર મધુરનૃત્ય, ભીલનૃત્ય, સર્પનૃત્ય વિ. યોજાતા, પરંતુ તેમાં બહુ શાસ્ત્રીયતા ન આવતી. હા, તાલબદ્ધતા અવશ્ય સ્વાભાવિક જ આવી જતી. તે કાળના તરગાળાના છોકરાઓ ગીતો ગાતા, વન્સમોર પડતા અને પેલે નિંદ્રાદેવીને આધિન થયેલો છોકરો હાથ અને પગ ઊછાળીને ગીત પુરૂં કરી કાઢતો. પરંતુ આજે કંઇક ફેર છે. આજે પ્રેક્ષકો સર્પને બદલે રાંઢવું ચલાવી લેવા તૈયાર નથી, આજે તો તે પણ વાસ્તવિકતાની આકાંક્ષા સેવે છે. એટલે નૃત્યો પણ જો પદ્ધતિસરના શાસ્ત્રીય હોય તો જ દાદ માંગે. ગુજરાતમાં નૃત્યનો લગભગ યશ મૃણાલિની સારાભાઇને અને તેમની સંસ્થા "દર્પણ"ને જાય છે. નૃત્યક્ષેત્રે તેમનું પ્રદાન ગુર્જર રંગભુમિમાં અમર રહેશે. જો કે હવે રંગભુમિની એ શુભ નિશાની છે કે આ ક્ષેત્રમાં કામ કરતી બહેનો પણ હવે પદ્ધતિસરના નૃત્યો કરવા લાગી છે. પારૂલ જરીવાલા તેમજ અન્ય બહેનો હવે નાટકોમાં ખાસ નૃત્યો

કરવામાં સારો રસ લે છે. પરંતુ અફસોસ કે પુરૂષ કલાકારો હજી નૃત્ય ભણી પ્રસ્થાન કરી શકયા નથી. તેથી જ કદાચ મહેન્દ્ર દવે 'Bollet Drama" ભજવતા હશે. ખરેખર જો સ્ત્રી–પુરૂષ ઉભય નૃત્યના જમાવટ સ્ટેજ પર કરે તો પ્રેક્ષકના આકર્ષણમાં એક ખુબ જ મહત્ત્વનો ઉમેરો થઇ શકે તેમ છે. ઇ. સ. ૧૯૬૫માં "પંથ ભુલેલાં"માં તેથી જ પારૂલ જરીવાલાએ અને મહેન્દ્ર દવેએ આવા દ્વન્દ્વનૃત્ય રજૂ કરેલ હતા. ટુંકમાં આપણી રંગભુમિ પરનો નૃત્ય વિભાગ બાલ્યાવસ્થામાં ગણી શકાય. વ્યવસાયી રંગભુમિ પર "Business"નો દૃષ્ટિકોણ રાખીને નૃત્યો યોજાય ખરાં પરંતુ શાસ્ત્રીયતા જોઇએ તેવી તો નહીં જ. મુંબઈમાં યોગેન્દ્ર દેસાઇ અને અવિનાસ વ્યાસ આવા 'Ballet Drama' ( નૃત્ય નાટિકાઓ ) સારાં પ્રમાણમાં રજૂ કરતા રહે છે.

### (૮) વેતન–અવેતન સંસ્થાઓ અને માલીકો :-

ગુજરાતમાં લગભગ પચાસ જેટલી શુદ્ધ વૈતનીક નાટ્ય સંસ્થાઓ ઉલેખનીય છે. અને બાકીની બાહ્ય રીતે અવૈતનીક પરંતુ ખરેખર વૈતનીક એવી નાટ્ય સંસ્થાઓ તો અસંખ્ય છે. છતાં મુંબઇ–અમદાવાદ થઇને સારી એવી જાજરમાન વીસેક સંસ્થાઓતો ખરી જ. બાકી સમગ્ર ગુજરાતમાં તો બસો જેટલી અવેતન સંસ્થાઓ છે. હવે આ વેતન– અવેતનની વાળાબંધી ખૂબજ ગંભીર અને ચિંતા જનક છે. કહેવાતા અવૈતનિક કલાકારોનો ખર્ચ, વૈતનિક કલાકારોના પગારથી પણ ઘણી વેળા વધી જતો હોય છે. રંગભૂમિની ખરી સેવા વૈતનીક સસ્થાઓ જ કરી શકે, કારણ કે તેમનું જીવન એ જ રંગભૂમિ અને રંગભૂમિ એ જ જીવન હોય છે. જ્યારે અવેતન સંસ્થા એટલે શોખ માટેની સંસ્થા. શોખ એ સર્વસ્વનો નહીં જ. ગાંઠને ગોદડે'માં માનનાર કલાક્ષર તે જ સાચો અવેતન કલાકાર અને તે જ સાચી રંગદેવતાને ચરણે ધરેલી ભાવનાઓ.

ઇ.સ. ૧૯૨૩માં 'મોરબી આર્ય સુબોધ નાટક મંડળી' નું વિસર્જન થયું તે પૂર્વે તેની મૂડી લગભગ બે લાખની હતી. "આર્ય નૈતિક", "મુંબઇ–ગુજરાતી", "લક્ષ્મીકાંત નાટક સમાજ", "પાલીતાણા ભક્તિ પ્રદર્શક નાટક કંપની", "વાંકાનેર આર્ય હિતવર્ધક નાટકમંડળી", "નાટક ઉત્તેજક મંડળી" રણજીત નાટક સમાજ, દેશીનાટક સમાજ, સરવિજય નાટક સમાજ નરહરિ પ્રાસાદિક નાટક કંપની, વિદ્યા વિજય નાટક કંપની, સત્યબોધકનાટક મંડળી આર્યોદય નાટક મંડળી, વિ. પાસે અઢળક સંપત્તિ હતી. અને આજે ? કારણ ?

–તે કાળમાં માલીકો માત્ર વ્યવસાયી દૃષ્ટિબિંદુ રાખતા જ્યારે આજે માલીકો તે જ કલાકારો હોય છે એટલે તેમનામાં અમુક એવાં મસ્તીખોર દોષો ઘર કરી ગયા હોય છે કે તે દોષો પૈસો ભેગો કરવા જ દેતા નથી વળી તે કાળમાં કરાર પદ્ધતિ ખુબજ ઉપયોગી હતી જ્યારે આજે કલાકાર અને કંપની વચ્ચે કશાજ કરારો હોતા નથી. તેથી કલાકારો ગમે ત્યારે EYEN સ્ટેજપર જતાં પણ ભાગી જાય છે, અને માલીકને મુશીબતમાં મૂકી દે છે. નહીંતર હું છાતી ઠોકીને જાહેર કરૂં છું કે આજે પણ રંગભૂમિ લાખો રૂપિયા આપે જ છે, માત્ર તે મેળવવાની કુનેહ જોઇએ. અથવા *Adjustment Copacity* પૂરે જેવી નથી. અત્યારના માલીકો જો જરા વ્યવહારૂ બને તો વળી એ જ બાદશાહી ઠાઠ પુનઃ પ્રસ્થાપિત થઇ શકે તેમ છે. અને સમય આવ્યે હું આ પ્રયોગ ગુજરાત ભારત સામે કરી બતાવીશ. ભુતકાળના માલીકો પોતે જેટલું પુનિત જીવન વ્યતીત કરતાં, તેટલું જ પુનિત જીવન કલાકારો પાસે માંગતા; અને આજ તેમના સાફલ્યની ગુરુચાવી હતી. ભારતની જૂનામાં જૂની નાટ્ય સંસ્થાનું ગૌરવ ગુજરાતને અપાવનાર 'શ્રી દેશી નાટક સમાજ' માં પણ આવી જ જૂની–નવી વ્યવસાયી કુનેહ રખાય છે; કે જેનો યશ તેમના મેનેજર શ્રી મણીભાઇ ભટ્ટને જાય છે. કલાકાર એ પુત્ર અને માલીક એ પિતા એ રંગભૂમિની પ્રાચીન ભાવના, વર્તમાન રંગભૂમિ પર કયારે પુનઃ પ્રવેશશે ? છતાં આજે ગુર્જર રંગભૂમિના વિકાસ સાથે રહેનારી અનેક સધ્ધર સંસ્થાઓ પણ છે. જેમાંની મુંબઇની તેરસિંહ ઉદ્દેશાની 'મધર ઇન્ડીયા થીયેટર્સ', જગદીશ શાહનું, નીલા થીયેટર્સ, રંગભૂમિ, રંગફોરમ, રંગરાગ, નાટ્ય સંપદા, અભિનિત ભારતી, લક્ષ્મી કલા કેન્દ્ર (સ્વ. એફ. ઇરાનીનું), વડોદરાવાળાં માર્કંડ ભટ્ટની 'ત્રિવેણી', અમદાવાદનું નટમંડળ, જવનિકા, દર્પણ સૌરાષ્ટ્રની સૌરાષ્ટ્ર કલાકેન્દ્ર, મોરબી કલાકેન્દ્ર, થાન કલાકેન્દ્ર, કચ્છ કલાકેન્દ્ર, સપ્ત કલાકેન્દ્ર, અમે બધા, નૂતન કલા મંદિર. મીઠાંપુર મનોરંજન કલાકેન્દ્ર, વડવા વ્યાયામ મંદિર, સૌરાષ્ટ્ર કલા રસોત્સવ મંડળ વિ. છે.

વૈતનિક સંસ્થાઓમાં મનમોહન નાટક સમાજ, ઓમ કલા–કેન્દ્ર, ઉદય નાટક સમાજ, આદર્શ નાટક સમાજ, કમલ કલાકેન્દ્ર, પ્રવિણ નટ કલા મંડળ, કલા નિકેતન, મોરલી નાટક સમાજ, ભારત નાટક સમાજ તથા નામી–અનામી અને અવારનવાર ઉદય–અસ્ત પામતી અનેક સંસ્થાઓ છે.

કંપનીના માલીકો ભુતકાળ અને વર્તમાનકાળના લગભગ આગળ ઉપર આપણે જોઈ ગયા છીએ–તેમાં બાકી રહી જાય છે તેઓ આ પ્રમાણે છે :–શ્રી હાસુ ઝવેરી, ચન્દ્રવદન કિનારીવાલા, આર. જમનાદાસ, રાજેન્દ્ર શાહ, ચંદ્રહાસ ઝવેરી, અભય શાહ, લાલુ શાહ સ્વ. ઇરાની, સ્વ. પ્યારેલાલ મહેતા વિ. છે. ઉપરાંત ગુજરાતમાં અનેક વેતન–અવેતન સંસ્થાઓ બિલાડીના ટોપ ી જેમ ઉદય–અસ્ત પામી રહી છે, કે જેનો વિસ્તૃત ઇતિહાસ અહીં આવશ્યક નહીં ગણાય. ગાગરમાં સમાવવા, દુર્લભ યત્ન કરતાં કંઈ ઓછું, કંઈ વધુ, કંઈ અસત્ય, કંઈ અર્ધ સત્ય લખાઈ ગયું હોય તો આપ સર્વે પાસે ક્ષમાપન. છતાં કોઇ રસજ્ઞને નાટ્યકલાનો વિસ્તૃત ઇતિહાસ જોઇતો હોય તો તેણે અમારા " DAMOI "નો સંપર્ક સાધવો. ત્યાં રંગભુમિનો વિસ્તૃત ઇતિહાસ સંગ્રહસ્થાન રૂપે ઉપલબ્ધ છે કે જેના સૌજન્યથી આ ઇતિહાસ ટુંકાવીને લખાયેલ છે. અસ્તુ...આભાર.

### અવેતન રંગભુમિ

**શ્રી વાલજીભાઇ પી. કીકાણીના સૌજન્યથી.**

નાટ્યકલાનું કોઇ ક્ષેત્ર પાંગળું નથી. દુનિયાના મહાન કવિ-નાટ્યકાર શેકસપિયર ભરવાડ જાતીના હતા. છતાં તે કીર્તિને ટોચે પહોંચ્યા હતા. આપણી કલાનું ક્ષેત્ર ખાબોચિયા જેવું ધારીએ અને ગંદુ પાણી હોય તેવાં ખાબોચિયા જેવા માનસમાં વિચારો રાખીએ તો એ સંકુચિતતા આપણને નીચા પાડી દે છે, ખરાબ છાંટા ઉડાડે છે. જીવનમાં મનની સબળતા માનવીને–કલાકારને રંગભુમિની યશ–ગાથા અપાવે છે.

સૌરાષ્ટ્ર અને કચ્છની રંગભુમિ ઘણી પછાત છે, જોઈએ તેવો લોકજાગૃતિનો દીવડો હજી પ્રગટ્યો નથી. છાશવારે ઉભાં થતાં નાટ્ય મંડળો હજી પુરો વિકાસ ન પામે ત્યાં પાછા કાળની ગતિમાં ઝાંખપ પાડતા લોપ થઇ જાય છે, પછી તો તેનું નામનિશાન નથી રહેતું. સૌરાષ્ટ્રમાં ભવાઇના પ્રસંગો રાત્રે ગોઠવાય છે, થાક્યો પાક્યો ગામનો એક એક માણસ સાંજે ચોરાએ ખાટલા નાખી મનોરંજન મેળવવા ચોરે ભેગાં થાય છે. સૌરાષ્ટ્રની ભવાઈમાં જે ખેલો ભજવાય છે તે ધાર્મિક પ્રસંગોના ખેલો રજૂ કરે છે, ગામનો ડાયરો સારી રીતે નીરખે છે. ઘણી વખત રામ–સીતાના ખેલ સવાર સુધી ચાલે છે. કચ્છની ધરતી અને સૌરાષ્ટ્રની ધરતી આમ જૂગ જૂનાં એંધાણને ભૂલી નથી. આજની રંગભુમિનો ખરો વિકાસ થયો છે. સાંસ્કૃતિક મંડળો, સંસ્થાઓનો ફાળો નાનોસુનો નથી. ગુજરાતની કદરદાન પ્રજાને એવા નાટકો રુચે છે, જે લોકવાર્તાઓ પર આધારિત હોય; તેવા નાટકોના ખેલને આવકાર ને સફળતાની વરમાળા મળે છે. આજની રંગભુમિમાં કુશળ નટોમાં શ્રી જશવંત ઠાકર, શ્રી માર્કંડ ભટ્ટ, મહેશ દેસાઇ, તરલા મહેતા, ઉર્મિલા ભટ વગેરે ગણી શકાય છે. રંગભુમિની વિવિધ સંસ્થાઓ ‘દર્પણ’, ‘ત્રિવેણી’, ‘નેપથ્ય’ વગેરે ગણી શકાય.

અવેતન રંગભુમિને વિકસાવવા જો નગરપાલિકાઓ ‘નાટ્ય થીયેટરો’ બાંધી નગરમાં નાટ્ય રસિક વર્ગ માટે અને રંગભુમિના વિકાસ માટે ‘થીયેટરો’ની માંગણીને સંતોષે તો તે પણ પ્રેરણારૂપ બનવા પામે. આપણાં અવેતન રંગભુમિના કલાકારો કલાને માટે બહુ ઓછો સમય આપે છે. તેઓ આર્થિક રીતે બીજી બાજુએ જોડાયેલા હોય છે તેથી વિશેષ લાભ ન મળતો હોવાથી રંગભુમિ પ્રત્યે વફાદારીપૂર્વક વધુ સમય નથી આપી શકતા. આ ખામીને દૂર કરવા તેમને નાણાકિય આર્થિક મદદો આપી વિકસાવવાનું માનવ સમુદાયના નાટક રસિક જનતાના હાથમાં છે. આ હાથ ત્યારે જ ઉંચા થઇ શકે જ્યારે કલા મંડળો તેમની ચાહના પ્રાપ્ત કરી શકે. આમ થવું જરૂરી છે. અને તેમ થતાં જ લોકાદર પામવાનો પ્રસંગ મળી આવશે. આવી અવેતન રંગભુમિ માટે પથિકોની આવશ્યકતા છે.

રંગભુમિ વિશે સાહિત્ય ઘણું ઓછું લખાયું છે. આજે લોકોને જોઇએ છે સુઘડ સંસ્કારિક રંગભુમિ. માસિકો, સામાયિકો, દૈનિક પત્રોમાં વિવિધ લેખન સામગ્રી રંગભુમિ વિશે બહુ થોડી રજૂ થાય છે. ઘણાં માસિકોમાં તો રંગભુમિ વિશેના લખાણોને સ્થાન જ નથી આપવામાં આવતું તે ખેદજનક છે. આમ થવાનું કારણ કદાચ એ પણ હોઇ શકે કે રંગભુમિ વિશેની સામગ્રી તેમને પૂરી પાડવામાં આવતી ન હોય અથવા તો સુઘડ રીતે તેને આકાર ન આપી શકાતો હોય. જો આમ હોય તો કલાકારોની એ ફરજ થઇ પડે છે કે તેમણે સુંદર ભાષા–શૈલીમાં તેની રજુઆત કરવી જોઇએ અને વાચકોમાં આકર્ષણ પ્રગટાવવા સંપાદકોનો સહકાર સાથ મેળવવો જોઇએ.

*　　*　　*



# ગુજરાતના પ્રાચીન લોકકવિઓ

—શ્રી કેશુભાઇ માનસીંગભાઇ બારોટ

સમસ્ત ભારતના કાવ્ય જગતમાં ગુજરાતે પણ પનોતા સરસ્વતી પુત્રો આપ્યા છે. કેટલાક કવિઓ ગુજરાતમાં જન્મ્યા હોવા છતાં કવિતામાં તેનું માધ્યમ તે સમયની ભાષા–ખડી હિંદી રાખેલ છે.

ભાષાની ઈમારતમાં સુંદર રીતે ચોસલા ગોઠવનાર સાહિત્યિક–કવિઓ ઉપરાંત આમજનતાની ભાષામાં કાવ્યરચી લોકહૃદયમાં આગવું સ્થાન પ્રાપ્ત કરનાર લોક કવિઓ પણ આપણે ત્યાં છે.

છેલ્લા પાંચસો વર્ષમાં થયેલા કવિઓ કબીર, સૂર, તુલસી, રહીમ, દાદુ તેમજ કવિ ચંદ, કવિ ગંગ, નરહરદાન, સ્વરૂપદાસ, કેશવદાસ, બિહારી અને રસખાનના કાવ્ય–પ્રવાહો ગુજરાતે ઘણા ભાવથી ઝીલ્યાં છે. ભલે તેનું માધ્યમ હિંદી–વ્રજ ભાષા હતી છતાં તે પોતાની ગુજરાતી ભાષા જેટલાં જ આવકાર પામ્યા છે.

ત્યાર પછી ગુજરાતમાં જે લોક કવિઓ થયા તેમણે પણ ઉપરના કવિનું અનુકરણ કર્યું હોય તેમ લાગે છે.

અહીં આપણે છેલ્લા ચારસો વર્ષમાં થઈ ગયેલા નામી–અનામી લોક કવિઓનો પરિચય મેળવશું. કારણ કે— નવા રસ.ણી મુખે મુખે ।

અનુષ્ટુપ

રસાળી ગુર્જરી તારૂં, સાહિત્યરૂ ફાલીને,
પત્રો પુષ્પો ફૂલો ચારૂ, પંકાવું પૃથ્વી વિષે.

**કવિ કલ્યાણ**

ડાકોરના વતની. ‘ છંદ ભાસ્કર ’ અને ‘ રસચંદ્ર ’ના કર્તા સાધુ કવિ કલ્યાણ કવિ મહિમા આ રીતે ગાય છે—

છપ્પય–

દશરથ, બલિ, હરિચંદ, યુધિષ્ઠિર ધર્મ સુહાયે
ચક્રવર્તી સતવ્રત, કવિન કે કહે કહાયે.
ભૂપ વિક્રમાજિત, ભોજ, પૃથુરાજ પ્રવીને
ઈન્દ્રજીત, શિવરાજ, પાય કવિ પૂજન કીને.
જિહિ કરની કરી નરન્દ્ર., ઉદા ઠ. ન્દન ડા ક.ડો
‘ કલ્યાણદેવ ’ કવિરાજ બીન, યશદાતા દુજા નહિ.

**કવિ કાશીરામ**

કુતિયાણાના વતની અને બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં જન્મેલા કવિ કાશીરામની નજરે જગતમાં પૈસા ( ધન ) નું કેટલું પ્રાધાન્ય છે તે આપણે તેના આ કવિત્તમાં જોઈશું—

કવિત્ત–

પૈસે બિન બાપ કહે, પુત તો કપુત ભયો
પૈસે બિન ભાઈ કહે, મેરો દુઃખ દાયી હે
પૈસે બિન કાકા કહે, કૌન કો ભતીજા લગે
પૈસે બિન સાસ કહે, કૌન કો જમાઈ હે.
પૈસે બિન પંચનમે, બેઠીબો કો ઠોર નહિ
પૈસે બિન આઈધિર, રોય રોટી ખાય રે
કહે કવિ “ કાશીરામ ” સુનો નર શ્યાને સબ
આજુકે જમાના માંહી પૈસે કી બડાઈ હે !

**કવિ કેવલ**

અમદાવાદના નાગરબ્રાહ્મણ કેશવરામના પુત્ર જેણે જુનાગઢના નવાબની પ્રશંસામાં “ બાબી વિલાસ ” ગ્રંથ લખ્યો. તે કવિ કેવલે ખાન કમાલની પ્રશંસામાં પણ કમાલ જ કરી છે ને ?

કવિત્ત–

ગંજન કમાલ, ગઢ ભંજન કમાલ
રૂરત રસાલ, મન રંજન કમાલ હે
પ્રીતમેં કમાલ, રણજીતમેં કમાલ
રીતમેં કમાલ દેખ્યો, પ્રજાપતિ પાત્ર હે
રાજમેં કમાલ, કાજમેં કમાલ દિલ
સાજમેં કમાલ, સદા વેરી શિર સાલ હે
બાગમેં કમાલ, અરૂ ત્યાગમે કમાલ દેખ્યો
ખાનહુ કમાલ, સબ બાતમેં કમાલ હે.

**કવિ કેસરી કે કેશરીસિંહ**

ધ્રોલ–કાઠીઆવાડમાં ક્ષત્રિય જ્ઞાતિમાં જન્મેલા કવિ કેસરી કે કેશરીસિંહ તેની કવિતામાં સત્કર્મ વિના માનવ કાયાની નિરર્થકતા આ રીતે સમજાવે છે—

કવિત -

આવત હે કામ ચામ, પશુકે અનેક ઠામ
હસ્તિ કે અસ્થિ મેદ, દામ તે બિકાવે હે.
ગડરી કે બાલકો, સુધારી કે દુશાલે રચે
કુરિંગ કે ખં.નડી, ઠલગી બનાવે હે
છીપન કે પેટનતેં મુક્તા અમૂલ્ય હોત
મોરા કે પંખા કો કૃષ્ણ કો ચઢાવે હે
‘ કેસરી ’ કહત ઐસે, જાની કે સકલ ચેતો
મરે હુવે માણસ કો. ઠુકરા ખાવે હે.

**કવિ ગોપ**

બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં જન્મેલા ‘ હમીરશતક ’ અને ‘ કાવ્ય પ્રભાકર ’ ગ્રંથના રચયિતા કવિ ગોપે કચ્છ–ભુજ પાઠશાળામાં શિક્ષક તરીકેની સેવા લાંબા સમય સુધી આપેલ. તે શૃંગાર રસની કવિતામાં રાધા–કૃષ્ણને સમસ્યા પૂર્તિમાં આમ વર્ણવે છે—

કવિત્ત—
મનકો હરત રંભા થહરત હય હોત
એંડ માન હાવે ગજ, જોતી મણિ ગાઈએ
વૃંદ સુખદાની, પારજાત, સીલ સુરભીને
શીતલ પ્રકાશ ઈંદુ લોલમાં ભમાઈએ
ધુમે મદ દર્દ જાની, વૈદ મારે ગરલ જયોં.
વસુધા સુપેત, કંબુડોએ ધુનિ ઠાઈએ
'ગોપ' કહે કાહે કૃષ્ણ, સિંધુ મથ કિનો શ્રમ
ચૌદેહુ રતન રાધા, નૈનનમેં પાઈએ.

**કવિ ગોવિંદ**

શિહોરના વતની અને રજપૂત (ખવાસ) જ્ઞાતીમાં જન્મેલા તેમજ "ગોવિંદ ગ્રંથમાલા"ના કર્તા કવિ ગોવિંદ કનૈયાની મુરલીને આ રીતે બિરદાવે છે.

છપ્પય—
સુનત મદન મન લજ્યો, તજ્યો પતિવ્રત વ્રજનારી
સિદ્ધ સમાધ છૂટ ગઈ, વેદ ધૂનિ બ્રહ્મ વિસારી
પશુ ચરત ત્રણ ચકિત, થકિત નભ–ચંદ ઉડુગન
થકિત પવન પુનિ જમત, નીર ગિરિ ચલ્યો પુલકતન
પય પિવત ન બાલક–વચ્છ સબ, ખગ, મૃગ રસ બસ પ્રતિ મુદિત
બંસી 'ગોવિંદ' વ્રજ ચંદ કી, સો વૃંદાવન બાજત વિદિત.

**કવિ જસુરામ**

ગુજરાતના ભરૂચ પાસેના આમોદ ગામમાં ચારણ જ્ઞાતિમાં જન્મેલા અને 'જસુરામ રાજનીતિ'ના કર્તા કવિ જસુરામ શૃંગાર રસમાં સોળ શણગારનું વર્ણન આ રીતે કરે છે—

કવિત્ત—
આદિ કિયે મંજન, શરીર ચીર ઉર એન,
નેન હું કો અંજન, તિલક લાલ દિજીએ.
કટિ મની ઘુંઘરાવલી, ઘૂંટીકા પે નેપૂરની,
નાકન કો મોતી ઔર ચંદન કર લિજીએ.
કાનન હુ કુંડલ, ઉરોજ પે કંચુકી,
મુખકો તંબોલ, કેશપાશ ભરી લિજીએ.
રાજનીતિ કુંકી રીત, દેખ દેખ 'જસુરામ',
કરી વે કે સો પરી, સિંગાર ઐસે કિજીએ.

**કવિ જીવન**

ભાવનગરના વતની રાજપૂત જ્ઞાતિમાં જન્મેલા જીવા ભગત યુવાવસ્થાએ પરમહંસ થઈ ગુજરાતમાં નર્મદા આજુબાજુ વિચરતા રહ્યા. તે કવિતામાં જીવન નામ રાખતા. આ છે તેની ભક્તિસભર કવિતાનો એક નમૂનો—

સવૈયા—
પાનિ તે દાન કિયો ન કછુ અરૂ, પાય તે વિશ્નુપદી નહિ ધાયો
નૈન તે ના, રણછોર લખે પુનિ, કાન મે બેદ કો શબ્દ ન પાયો.
રામકો નામ લિયો રસના નહિ, સંત સમાગમમેં નહિ આયો;
'જીવન' તો નર દેહ ધરિ કહો, આ જગમેં તુમ આપ કમાયો.

**કવિ જેષ્ટાલાલ**

વીજાપુર નિવાસી અને બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં જન્મેલા કવિ જેષ્ટાલાલને તલોદરા ગામ ઈનામમાં મળેલું. આ છે તેનું સુખ સ્વભાવનું હાસ્યાસ્પદ ચિત્રણ—

સવૈયા—
પિંગલ કોઉ પુરાન પઢે, શુધ અક્ષર કાવ્ય કો દાખનો હે;
ગુણવાન ઘણો બિન દાન ખુશી, ઉર માન નહિ સત લાખનો હે.
નિજ ગાંઠકા ખોય કે ગાય રિઝાવત, ઈસકી બાતકો આખનો હે;
કોઈ ઐસો કવિવર આન મિલે. તો જરૂર હમે વહ રાખનો હે.

**કવિ ત્રિકમ**

વીરમગામના વતની અને બારોટ જ્ઞાતિમાં જન્મેલ કવિ ત્રિકમે 'ત્રિકમ પ્રકાશ' ગ્રંથ લખ્યો છે, તે કવિતામાં સંગ અને સ્વભાવની મિમાંસા આ રીતે કહે છે—

દુહા—
પારસ કે પરતાપ સે, સોના ભઈ તલવાર.
'ત્રિકમ' તીનો ના મિટે માર, ધાર, આકાર.
સંતરૂપ સોનાર કર, ધરો પ્રેમકો પ્યાર,
'ત્રિકમ' તબ તિનો મિટે માર. ધાર, આકાર.

**કવિ દાદુ**

દાદુ પંથ જેમના પછી વિકસ્યો તે ભક્ત કવિ દાદુનો જન્મ પીંજારા જ્ઞાતિમાં, અમદાવાદમાં થયાનું માનવામાં આવે છે. આ કવિ દાદુ દયાલના નામે ઓળખાય છે. કવિતામાં પોતાની જાતને તેઓ આ રીતે સમજાવે છે—

દુહા—
'દાદુ' મન મર મરકત ભયા, ઇન્દ્રિય અપને હાથ;
તો ભી કદિ ન કિજીએ, કનક કામિની સાથે....૧
મનહી મંજન કિજીએ, 'દાદુ' દર્પન દેહ
માંહી મૂરતિ દેખીએ, એહી ઔષડ કરી લેહ....૨

**કવિ કેશવ**

જામનગરના રાજ્યકવિ અને બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં જન્મેલા કેશવ કવિએ 'કેશવ કાવ્ય' નામે ગ્રંથ રચ્યો છે. આ છે તેમની કવિતાના નમૂનારૂપે એક સવૈયો—

સવૈયા—
ભરનેકુ ચલે જમના તટ પે જલ, આહિર રૂપવતી જગ પે
જલસંગ પરી સફરી ઘટમે, પર આઇ નઇ પ્રિય કે દેગ પે
મનમોહન બાંસુરી મોહનકી, સુની 'કેશવ' નૈન ગયે ન ગયે
અતિ વિહ્વલ વ્હે નર ગોપ સુતા, મછલી જલ છાંડી ચલી મગ પે

**કવિ કરણસિંહજી**

કવિ કરણસિંહજીનો જન્મ લખતરમાં થયો હતો. તેણે 'કરણ જસ્ત મણિ' નામે ગ્રંથ લખ્યો છે. આ છે તેની રચનાનું એક કવિત્ત—

કવિત્ત—
શ્યામકી સલૌની, ગજગૌની, મૃગદૌની નૈન
કોકિલ કલ બેની યોં, રિઝોની રાસ રાંગેકી,
જયા દિન સે ઉધ્ધવ, મેન કરી બાત માધવકી
તા દિન તે સુધી મો પે, સુનતીન સાંગેકી.
કહે 'કરનેશ' એશ, થોરી પેન બોરી લેશ.
ગજની ગુજારો એશ, તા સમે તમાસેકી
કરો જો કરાર સો, સુનિયે મોસર મોરી,
જો મેં સુનાર તો, સુનાર લાડે સાંગેકી.

**કવિ દીન દરવેશ**

દીન દરવેશ નામે જાણીતા થયેલા કવિ દીન દરવેશ મૂળ તો પાલનપુરમાં લોહાર જ્ઞાતિમાં જન્મેલા પણ પછી કોઇ ફકીરની સોબત થતા મુસલમાન થયા.

સંસારની અસારતા અને ક્ષણભંગુર શરીરનો મિથ્યા ગર્વ નહીં કરવા કવિ આ નીચેની કુંડળિયામાં શુ કહે છે?

બંદા બાજી જુઠ હે, મત સાચી કર માન
કહાં બીરબલ, ગંગ હે, કહાં અકબરખાન
કહાં અકબરખાન, બડેકી રહે બડાઈ
ફતેસંગ મહારાજ, દેખ ઉઠ ચલ ગયે ભાઇ
કહે 'દીન દરવેશ', સભર પેદા હી કરંદા
મત સાચી કરમાન, જૂઠ હે બાજી બંદા.

**કવિ નથુરામ**

વાંકાનેર ગામમાં બ્રાહ્મણ જ્ઞાતિમાં કવિ નથુરામનો જન્મ થયો હતો. તેની કવિતા ઉપરથી અનુમાન કરી શકાય કે તે શિવભક્ત હશે. આ છે તેણે કરેલું શંકર ભગવાનનું સ્વરૂપ-વર્ણન

છપ્પય—
અંબક તીન વિશાલ, ભાલ મધ્યે છે હિમંકર
દેવધુનિ શિર વહે, કંઠ વિષ મહા ભયંકર
મુંડમાલ ગલ ધરી, ભવ્ય વપુ હે ભસ્મીભર
વામ અંગ નગ સુતા, બહુત લપટાયે વિષધર
વાઘામ્બર, ગજચર્મ અરૂ, ત્રિશૂલ, ડાક, ડમરૂ, ધરે.
'નથુરામ' ઘોર ધ્વનિ ભેર કે, ગન સબ હર હર હર કરે.

**કવિ નરસિંગદાસ :–**

કવિ નરસિંગદાસનો જન્મ કુતિયાણા ગામમાં કનોજીઆ બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં થયો હતો. તેણે 'પતિવ્રતા પ્રભાવ', 'સુરદાસ ચરિત્ર' અને 'દાણલીલા' વિગેરે ગ્રંથો રચ્યા છે. આ રહ્યું તેના એક કવિત્તમાંનું વહેવારૂ વર્ણન.

કવિત્ત—
રાજા જબ રિઝે, તબ દેવે-ધન ધામ ગામ
શ્રીમંત રિઝે બે તે, વિપુલ ધન પાવે હે
વણિક જબ રિઝે તબ, હસે ઔર દેવે તાલી
યોગિઓકે રિઝાવે સો, મુક્તિ દ્વાર જાવે હે
નારી જબ રિઝે તબ, બુદ્ધિ, બલ, તેજ હરે
કોવિદ કી કરુના હો, તત્ત્વ સો બધાવે હે
'નરસિંગ' નારાયણ, કૃપા ભવ પાર કરે
કવિ જબ રિઝે તબ, સુજન જશ ગાવે હે.

**કવિ નરોત્તમદાસ**

કવિ નરોત્તમ સીતાપુરમાં બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મ્યા હતા. તે 'સુદામા ચરિત્ર' ગ્રંથમાં કૃષ્ણ–સુદામાનું અભૂતપૂર્વ મિલન આ સવૈયા દ્વારા આ રીતે રજૂ કરે છે—

સવૈયા—
આગે ચના ગુરુ–માતુ દિયે, લિયે તુમ ચાવી હમે નહિ દીને
શ્યામ કહે મુસકાય સુદામાસોં, ચોરી કી બાનીમેં હો તુ પ્રવીને
ગાંઠરી કાંખમેં ચાંપી રહે તુમ, ખોલત નહિ સુધારસ ભીને
પાછીલી બાની અજો ન તજી તુમ, વૈસે હી ભાભીકે તંદુલ કીને

**કવિ ઇશરદાનજી**

ભક્ત કવિ ઇશરદાનજીનો જન્મ મારવાડમાં ભાદ્રેસ ગામમાં થયો હતો. પણ પછી જામ રાવળની મુલાકાત પછી જામનગર પાસેના સંચાણા ગામે રહ્યા હતા. તેણે ભક્તિરસ સભર 'હરિરસ' નામે ગ્રંથ લખ્યો છે અને તેનું 'દેવિયાણ' નામે પુસ્તક પણ છે.

કવિ આ ચાર ચરણના દુહામાં પણ કેટલું બધું કે' છે!

ભાગ્ય બડા તો રામ ભજ, બખત બડા કછુ દેહ
અકલ બડી ઉપકાર કર દેહ ધર્યા ફળ એહ.

## કવિ ભાણ

કચ્છ-માંડવીના વતની આ ગિરનારા બ્રાહ્મણ કવિએ-ભાણે-"ભાણવિલાસ" ગ્રંથ રચ્યો છે. એક કવિત્તમાં તે તલવારને આ રીતે વર્ણવે છે.

કવિત્ત–

લીલમ હરિદ્વાર, બંદરી હલબ્બી પટ્ટા
માનાશાહી, ખાંડા ધોપ, ઉનો તેગ તરનો
મિસરી નેવા જ માની, ગુપતી જયુ નબ્બીખાની
ઈલિમાની, ખુરાસાની, કતી તેગ ફરનો
સૈફ ગુજરાતી, અંગરેજી દુદુંભી રુસી
મઝી દૂધારો નામ, ડોત નામ ધરતો
ગુરદા મગરબી, સિરોહી, ઓ પીરોજખાની
'ભાણ' કવિ એતી તલવાર જાત બરનો.

## કવિ મુક્તાનંદ

ગઢડા-સ્વામીના નિવાસી ભક્ત કવિ મુક્તાનંદ સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુ હતા. 'વિવેક ચિંતામણિ' અને 'સત્સંગ શિરોમણિ, તેમણે લખ્યા છે. તેમની રચનાઓ ભક્તિપ્રધાન છે.

સવૈયા-છંદ–

ચંદસે શીતલ રૂપ અનંગસે દેવ ગજાનનસે જગ માને
સિદ્ધ શિરોમણિ, ગોરખસે, કવિરાજ હું કાવ્યરસે ખૂબ સ્યાને
શૂર જરાસંધ, રાવનસે, રિપુ જીત કે દેશ સબે ધર આને
ઐસો ભયો તો કહાં "મુક્તાનંદ" કારણરૂપ શ્રીકૃષ્ણ ન જાને.

## કવિ રવિરાજ

મૂળીનિવાસી કવિ રવિરાજનો જન્મ ચારણ જ્ઞાતિમાં થયો હતો. તેમણે 'નર્મદા લહરી' લખ્યું છે. ચારણી ભાષામાં તેમણે કરેલું નૃસિંહાવતારનું વર્ણન રેણુંકી છંદમાં કેવી છટા ધરાવે છે!

છંદ રેણુંકી–

સુનિયત અત ભ્રમત નમન હરિસન, ભગત મુગત ભગવત ભજનં
સુરપત પત મહત રતિ સમરત, સદ્ર દર વ્રત ગત મન સજનં
બ્રત લખત રખન જગપત ઉર ધારણ, સુરત પુકારણ શ્રવણ સુને
ભટ્ટ થટ્ટ અસુરાણ પ્રગટ ઘટ ભંજણ, બિકટ રૂપ નરસિંઘ બને.

## કવિ રવિરામ

જામનગરમાં બ્રાહ્મણ જ્ઞાતિમાં જન્મેલ કવિ રવિરામે 'સંગીતા-હિત્ય, ગ્રંથ લખ્યો. કવિતામાં તેઓ રવિરામ યા આદિત્તરામ નામ રાખતા. તેમનું આ ઉદાહરણ 'जगतमिथ्या' છે કહી કંઈક આપી જવા કહે છે.

કવિત્ત–

ઉત્તમ જનમ ધરી, કરીના કમાઈ કછુ
ઉંમર ગુમાઈ એતી, કોઉ કામ નાયગે.
બાઇ ઔર ભાઇ ભાઇ, કોઉના સહાય સબ
સ્વાર્થકે સગે લગે, ભગે સબ જાયગે.
'રવિરામ' પૂરે મહેલ, પુલ કરો પરમાર્થ
કાલ બિકરાલ આયે સબે પસ્તાયેગે
કરી કે સુ ધુમધામ, ધધક ધસેંગો તબ
ધરા, ધન, ધામ સબ, ધરે રહ જાયગે.

## કવિ બ્રહ્માનંદ

આબુ પાસેના ખાણ ગામમાં જન્મેલા અને લાડુ બારોટ નામે ઓળખાતા આ ચારણ કવિએ સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુ થયા પછી બ્રહ્માનંદ નામ ધારણ કર્યું અને 'બ્રહ્મવિલાસ', 'સુમતિ પ્રકાશ' અને 'છંદ રત્નાવલી' વિગેરે ગ્રંથો લખ્યા.

જગતમાં ચાલતા દંભ અને પાખંડ તરફ કવિને કેટલી અરૂચિ છે તે તેમના આ છંદમાં સ્પષ્ટ છે.

છંદ ત્રિભંગી–

ભટ્ટ વેદ પઢંગા, સંધ્યાવંદા, કર્મન ફંદા ઉર્જંદા
ઓમકાર જપંદા, મુન્ય રહંદા, અંતરમંદા મુર્જંદા
પુનિ કથા કહંદા, લોક ઠગંદા, વિકલ ફરંદા વર્તંદા
સદ્ગુરુકા બંદા 'બ્રહ્માનંદ', સાચ કહંદા, સબ હંદા.

## કવિ હરિસિંહ

કાઠીયાવાડમાં ક્ષત્રિય જ્ઞાતિમાં જન્મેલા કવિ હરિસિંહ તેમની 'જ્ઞાન કટારી'માં આ સવૈયો આપે છે—

સવૈયા–

લોહ કટારી સબે કોઉ બાંધત, જ્ઞાન કટારી સુ દુર્લભ ભાઈ
લોહ કટારી જુ ખાઈ મરે, સો અવતાર ધરે ભવ ભાઈ
જ્ઞાન કટારી કુ ખાત હે સંત, બ્રહ્મસ્વરૂપ અખંડ હો જાઈ
ફેર કબુ ન જન્મે ન મરે 'હરિસિંહ' સંતાપ કછુ ના રહે.

## કવિ મુરાદ

ભક્ત કવિ મુરાદનો જન્મ ગાયકવાડના પીલવાઇ ગામમાં મીર જ્ઞાતિમાં થયો હતો. તેને રામ-રહીમમાં કોઇ ભેદ નહોતો. ઈશ્વર ભક્તિમાં લીન થયેલ કવિ ભગવાનને અહીં કેવા ભાવે આજીજી કરે છે!

કવિત્ત–

ગજ કોતરાયો ચઢી, આવને કુ જાવને કુ
ગાવને રિઝાવને કુ, ગુનિકા તરાય હે
તારે ગોહિદાસ તંગ, તો બરા બનાવને કુ
ચાકરી કરાવને કુ, તારે સેન નાઇ હે
તારે જયદેવ ઋષિ, વેદ હી સુનાવને હુ
રસોઇ પકાવને કુ, તારી મીરાંબાઈ હે
કહત મુરાદ' મેરી લાલચ, ન કિજે લાલ
મોહીકુ જો તાર્ય તામે આપકી બડાઇ હે.

## કવિ હરિદાસ

આ હરિદાસ કવિ મૂળ કાઠીયાવાડના વતની પણ પછીથી ગોકુળ-નિવાસી થયેલા. તેમની ગુજરાતી રચનાઓ ઘણી પ્રચલિત છે.

દુન્યવી દુશ્મનો હટાવવા તો માણસ તીર, બરછી, તલવાર, ભાલા, બંદૂક જેવા હથિયાર ધારણ કરે છે પણ કાળની ફોજ-જમની ફોજ તગડવા તારે કેવા કેવા હથિયાર પકડવા પડશે તે આ છપ્પયમાં સુંદર રીતે કહ્યું છે.

છપ્પય–

રામ નામ તલવાર કમર કિરતાર કટારી
શિવ સુમરણ કી ટોપ જુરે જુગ દિસ વિહારી
હોઠ હિલે હરનામ બદન પર જુલમ જુહારી
ધનુષ બાંધી સધર્મ કર્મકી ફોજ વિદારી.

"હરિ" રામ નામ કે ચેત નર, કૃષ્ણ નામ બંદુક ભર.
ઝટ માર ડાર જમ ફોજ કુ, હર હર યહ હથિયાર ધર.

### કવિ હમીરજી

કચ્છ–ભુજના કવિ હમીરજીનો જન્મ ચારણ જ્ઞાતિમાં થયો હતો. આ છે તેમણે રચેલા સ્તુતિ–ગીતની એક કંડિકા—

ગીત–
દેવા દાતારા, જુજારા ચારા વેદા અવતારા દશા
ધરા, હરા, ગ્યારા રવિ, બારા ચારા ધામ
સંતિયાં જતિયાં સારા શુરા પુરા રિખેસરા
પીરાં, પેગંબરા, સીધા સાધકા પ્રણામ.

### કવિ રાણીંગ

કાઠીયાવાડના લાખેણી ગામના વતની અને વહીવંચા બારોટ જ્ઞાતિમાં જન્મેલા રાણીંગ કવિ વીર રસનું વર્ણન આ સપાખરા ગીતમાં કેવી ચોટદાર છટાથી કરે છે. આ રહી તેની એક પંક્તિ—

ગીત–
શુરા હાક પડે રોગા, ખડેડે ભવાની ચૂડા
વરેવા રંભા કે ઝુંડ, કડેડે વચાળ
તોપકા ખડેડે ગોળા, ધડેડે પ્રેતકા ટોળા
ઝડેડે આગકી જવાળા, હડેડે જંજાળ.

### કવિ રઘુનંદન

કવિ રઘુનંદન સ્વામીનારાયણ સંપ્રદાયના સાધુ હતા અને તે કાઠીયાવાડના વતની હતા તેમ મનાય છે.

વાત કરવાની કળાને આ કવિતમાં કવિએ કેવું પ્રાધન્ય આપ્યું છે !

કવિત્ત–
બાતનસે દેવી અરૂ દેવતા પ્રસન્ન હોત
બાતનમે સિદ્ધ ઓર સાધુપતિ આત હે
બાતનસે ખાન સુલતાન ઓ નરેશ માને
બાતનસે મૂંદ લોક લાખન કમાત હે
બાતનસે ભૂત ઔર દૂત સબ તાબે હોત
બાતનસેં પુન્ય ઔર પાપ હો જાત હે
બાતનસે કીર્તિ અપકીર્તિ સબ બાતનમેં
માનવકે આનનમેં બાત કરાફાત હે.

### કવિ ગીગા ભગત

સૌરાષ્ટ્રના ડેળિયા ગામના વતની અને વહીવંચા બારોટ જ્ઞાતિમાં જન્મેલા આ કવિના સપાખરા ગીતો કવિ આલમમાં ઘણાં પ્રચલિત છે.

આ છે તેના વર્ષાવર્ણનના ગીતની એક પંક્તિ. તેની દરેક પંક્તિનું શબ્દ–ચયન આવું જ આકર્ષક છે.

ગીત–
ગહેકી ઉઠયા મોરલા બાધા, હડૂડયા અષાઢ ગાઢા
ચોમાસા શ સજયા ત્રણ, સઘળે સમાઢ.
વરામેલી ધરા સરે, ચડી ફોજ ઈન્દ્રવાળી
ગડયા મેઘરાજા, તૂટયા છપનારા ગાઢ.

### કવિ પિંગળશી

'ચિત્ત ચેતાવની' ના કર્તા અને ભાવનગરના રાજ–કવિ પિંગળનો જન્મ ચારણ જ્ઞાતિમાં શિહોર મુકામે થયો હતો.

ભાવિની પ્રબળતા કવિએ આ છપ્પયમાં સચોટ રીતે રજૂ કરી છે. ભાવિને વશ તો દેવોને પણ થવું પડે છે તો માણસનું તો શું ગજુ ? આ રહ્યો તે છપ્પય.

છપ્પય–
કરબો થો જહાં રાજ તહાં ભયો બનમેં નીકરબો
હરબો થો મૃગ પ્રાન, તહાં ભયો સીયકો હરબો
જરબો થો કવિ અંગ, તહાં ભયો લંકા જરબો
સરબો થો સુર કાજ, તહાં ભયો સુધિ બિસરબો
યહ બાત દેવ દાનવ અગમ, "પિંગલ" કહે પ્રત્યક્ષ યે
જગત કે લોગ જાને કહાં, ભાવિ કે વશ સબ ભયે.

### કવિ હરદાસ

ભાવનગર તરફના ખદડપુર નિવાસી કવિ હરદાસ રામાનુજ સાધુ હતા. તેમણે 'હરિ વિલાસ' ગ્રંથ રચ્યો છે.

નીચેના મૃદંગ–ગણિકાના સમસ્યા સંવાદ દ્વારા કવિ કેવો બોધ આપે છે !

સવૈયા–
પ્રભુ પક્ષમેં દ્રવ્ય જો ભ્રાંતિ લગે, ધન હે ધન હે તિનકુ ધનકુ
હરિ નામ વિસારીને નાચ નચે, જબ પ્રેમ કથા ન રૂચે ઉનકુ
મૃદંગ કહે ધિક હે ધિક હે, તાલ કહે કિનકુ કિનકુ
તબ હાથ પસારી કહે ગણિકા, ઈનકુ, ઈનકુ, ઈનકુ, ઈનકુ.

### કવિ સુંદર

કવિ સુંદર, દાદુ દયાળના શિષ્ય હોવાથી અનુમાન થઈ શકે કે તે ગુજરાતના હશે. તેણે 'સુંદર વિલાસ' અને 'જ્ઞાન સમુદ્ર' જેવા ગ્રંથો લખ્યા છે.

માનવ–સ્વભાવની વિચિત્રતા કવિએ આ સવૈયામાં આલેખી છે.

સવૈયા–
જો દશ, વીસ, પચાસ ભયે, સત હોય હજાર સુ લાખ મગેગી
કોટિ અરબ્બ, ખરબ્બ, અસંખ્ય ધરાપતિ હોનેકી ચાહ જગેગી
સ્વર્ગ, પાતાલ કુરાજ કરો, તૃષ્ણા કી અધિક આગ લગેગી
'સુંદર' એક સંતોષ બિન શઠ, તેરી તો ભૂખ કદી ન ભગેગી.

### કવિ મૌડજી

કાઠીઆવાડના માળિયા ગામમાં ઠાકોર જ્ઞાતિમાં કવિનો જન્મ થયો હતો. તેણે "પોસ્ત પચીસી" નામનો અફીણ નિષેધક ગ્રંથ બનાવ્યો છે. સામાન્ય રીતે અફીણ લેનારની દુર્દશા થાય છે. અફીણની સ્થિતિ–હૃદયવેદના કવિએ આ કવિત્તમાં આલેખી છે—

કવિત્ત–
હોતી જો મે વિધવા તો સાંખ્ય કે સિદ્ધાંત હી તે
ધ્યાન ધરી ઈશ્વરમેં, મનકો લગાવતી
હોતી જો મે સધવા તો રસ કે ઉદ્દીપન તે
પ્રેમ લપટાઈ, રતિ નાથકો રિઝાવતી.
હોતી જો કુમારિકા, તો પેખતી ના અન્ય નર
રોગી તે અનુપમ(?)ા, મોહકો મિલાવતી.

હાય નહિ સધવા ન વિધવા કુમારિકા ન
અમલી પતિ સે નાહિ એકો ગતિ પાવતિ.

**કવિ મેરામણજી**

મેરામણજી એટલે રાજકોટ–યુવરાજ કે જેમણે પોતાના સાત મિત્રોના સહકારથી "પ્રવીણ સાગર" નામે નવરસયુક્ત બૃહત્ ગ્રંથ લખ્યો. તેના ઘણાં સવૈયા લોકોમાં ખૂબ પ્રચલિત છે. અહીં તેનું એક કવિત્ત રજૂ કર્યું છે—

કવિત–
કટિ ફેંટ છોરનમેં, ભૃકુટિ મરોરનમે
શિરપેચ તોરનમેં, અતિ ઉર જાય કે
મંદ મંદ હાસનમે, બરની બિલાસનમે
આનન ઉજાસનમે, ચક ચોંધ છાય કે
મોતી મણિ માલનમે, સોસની દુશાલનમે
ચિકુરીકે તાલનમેં, ચેટક લગાય કે,
પ્રેમ બાન દે ગયો, ન જાનીએ કીતે ગયો
સુપંથી મન લે ગયો, ઝરખો દગ લાય કે.

**કવિ હરજીવન**

કવિ હરજીવનનો જન્મ પોરબંદરમાં બ્રાહ્મણ જ્ઞાતિમાં થયો હતો. તે નીચેની કવિતામાં કહે છે કે ભાવિ પ્રબળ છે, ભાગ્ય ભોગવવું જ પડે છે. અને તે માટે કવિએ સુંદર દૃષ્ટાંત પણ આપ્યા છે.

કુંડલિયા–
અપની ભાવિ ભોગવી, સગર, કૃષ્ણ, રાવન
ગાંધારી ગેલી ભઇ, સત સુતકે કારન.
સત સુત કે કારન, ભૂખે મરી ભઇ દીવાની
કહાન માન્યા કાહું, અંબ ફલ ખાવા છાની
એ તે સુત એકે ન, તો કર્યો કહાં આવી
સગર, કૃષ્ણ, રાવન ભોગવી અપની ભાવિ.

**કવિ લખપતિજી**

કવિ લખપતિજી કે જે કચ્છના મહારાજા હતા તેમણે ભુજમાં કવિને સનદ આપનારી પાઠશાળા સ્થાપી. આ રહ્યો તેમનો શૃંગારી વર્ણનનો સવૈયો—

સવૈયા–
બાતે વિનોદકી મર્દન, ચુંબન, આસન રીત અનેક બનાવે
એસી કરે સત પ્રીતિ બહાર્ષ, તઉ કૈનકો પતિ સંગ સુહાવે
પ્રાંત ન જાન્યો પરે પિયકો, જાનતીએ ચતુરાઇ ઉડાવે
પાવની ફૂલ સકાય હે કામની, આપ દુકુલ તે તારો પિછાન.

**કવિ ઝવેરચંદ મેઘાણી**

સૌરાષ્ટ્રના બગસરા ગામમાં લોકશાયર મેઘાણીનો જન્મ વણિકજ્ઞાતિમાં થયો હતો. 'વેણીના ફૂલ', 'કિલ્લોલ', 'સિંધુડો', હાલરડા વગેરે તેમની રચનાઓ છે. સૌરાષ્ટ્રનો કોઇપણ સાહિત્યપ્રેમી મેઘાણીના નામથી અજાણ્યુ નહીં હોય. આ છે તેમના રચેલા હાલરડાની એક પંક્તિ—

લાકડી, પોપટ ઘૂઘરા, ઘાવણી, ફેરવી લેજે હાથ
તે દિ' તાર હાથ રે'વાના, રાતી બંબોળ ભવાની.

**કવિ અલરાજ**


કુંભાજીની દેરડી પાસેના સનાળી ગામના વતની કવિ આલાભાઇ અથવા અલરાજનો જન્મ ચારણ જ્ઞાતિમાં થયો હતો. તેણે "અમર વિલાસ" ગ્રંથ લખ્યો છે. સારા કામમાં ઢીલ ન કરવા વિષેનો આ છપ્પય લઇએ—

છપ્પય–
રાણે સાંગે રીત, ઢીલ રણમાં બહુ ધારી
સાહસ બાબર સાથ, હિંમત પણ ગ્યો તે હારી
સુર સદાશીવ રાવ, પાણીપત ઢીલ પ્રસારી
અબ્દાલી દળ એમ, મહાબળ નાખ્યો મારી.
જગ સરે કૈંક હાર્યા જુઓ, વેદ પ્રમાણ વકીલથી,
"અલરાજ" કહે આ જગતમાં, ધાર્યું બગડે ઢીલથી.

**કવિ કરણદાન**

આ કવિનો જન્મ પણ સનાળી ગામે થયેલો. જ્ઞાતિ ચારણની. તેમણે "જશભૂષણ" અને "રણવીર ચાંપરાજવાળા" કૃતિઓની રચના કરી છે. આ છે તેમના ઝુલણાની એક કડી—

ઝુલણા–
અધર્મ તેં આદર્યું પાપકે આવડું
એ બધું થાય છે સહન આજે
"કરણ" પ્રભુ જે દિ' જાગશે કારમો
મારવા તુને મુજ કાજે.
શ્યામના ઠોરડા લાગશે સામટા.
સંતાણો મિત્ર વિચાર સેવે
કર્યું તે પાળીયું ભરદ કેવા ખરો
કવિને પાપ સનમુખ કે'વે.



# ગુજરાતનાં પ્રાચીન અને અર્વાચીન વિદ્યાધામો

—શ્રી જમિયત પંડયા

## [ અતિ પ્રાચીન ]

વિદ્યાદાન અને વિદ્યોપાર્જન માટેની પરંપરા તો ભારતમાં વૈદિકકાળથી ચાલતી આવેલી છે. તે યુગમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય-કુમારો ઋષિઆશ્રમોમાં ચાલતાં આવા ગુરુકુલમાં અનેકવિધ વિદ્યા–સંસ્કાર ગ્રહણ કરતા હતા. આ આશ્રમોને આપણે વિદ્યાપીઠો કહી શકીએ.

કણ્વ, અત્રી, ભરદ્વાજ, શાંડિલ, વસિષ્ઠ, શૌનક, પરાશર, અંગિરસ, સાંદિપની અને જમદગ્નિ વગેરે ઋષિઓ આ ગુરુકુલોના ઉપકુલપતિઓ હતા. વિશાળ આશ્રમોમાં કુદરતના ખોળે, ગુરુકુલો ચાલતા હતા અને તેમાં પાલન, પોષણ અને અધ્યાપનની સુવિધાઓ મળતી હતી. કુલપતિની વ્યાખ્યા છે કે—

> दश सहस्त्र विद्यार्थीन् पालयती च
> पोषयती च अध्यापयती, स ईव
> कुलपति स्मृताः ।।

આવા ગુરુકુલોમાં અભ્યાસ પૂરો કરીને વિદ્યાર્થી વિદાય માગે ત્યારે, યોગ્યતા પ્રમાણે અને પ્રકારે ગુરુદક્ષિણા લેવાતી–અપાતી. આ સંસ્થાઓ ભણવા-ભણાવવાના બ્રાહ્મણધર્મના આદર્શ પ્રમાણે ચલાવાતી હતી વિદ્યાનું નિઃસ્વાર્થ આદાનપ્રદાન થતું. ધર્મ અને રાષ્ટ્રહિત સાચવવાનું ધ્યેય રહેતું. શિસ્તને અગ્રસ્થાન અપાતું તેમજ શિષ્યવૃંદ કુટુંબ–ભાવના કેળવીને અભ્યાસ કરતા હતા.

દીક્ષાન્ત પ્રવચનમાં ગુરૂ શિષ્યોને આદેશ આપતા—

> वेद मनुच्य,....आचार्यो अन्तेवासिन्
> शास्ति...सत्यंवद...धर्मचर...स्वाध्यायात्
> मा प्रमद...! વગેરે, વગેરે.

આવા ગુરુકુલોમાં પક્ષપાતરહીત વિદ્યાદાન અપાતું હતું. છતાં કેટલાંક ગુરુકુલ માત્ર રાજકુમારો માટેનાં અને વળી રાજ્યાશ્રીત હતા. જ્યારે કેટલાક રાજા અને રંક બન્ને કુમારો પ્રત્યે સમાન ધોરણે ચાલતા હતા.

પ્રભાસમાં પ્રાચી નદીના કિનારે શેપાવન–શેષશાયી પાસે જ્યાં શ્રી શંકરાચાર્યનો મઠ છે ત્યાં નકુલિશ ઋષિનું ગુરુકુલ હતું અને તે શ્રેષ્ઠ હતું એમ કહેવાય છે.

ધર્મારણ્ય–ધોળકામાં વિદગ્ધ શાકલ્ય ઋષિનું ગુરુકુલ હતું.

શ્રીસ્થલ–સિદ્ધપુરમાં કર્દમ પ્રજાપતિનું ગુરુકુલ હતું.

ઉજ્જયનીમાં ઘોરાંગીરસ–સાંદિપની ઋષિનું ગુરુકુલ હતું કે જ્યાં શ્રીકૃષ્ણ, બલરામ અને સુદામાજીએ સાથે વિદ્યાભ્યાસ કરેલો.

અત્યારે કોઈ અભણ–વજ્રમૂર્ખને મશ્કરીમાં ધોળકા યુનિ–વર્સિટીના સ્નાતકની પદવી આપવામાં આવે છે પરંતુ સાચોસાચ ધોળકા વિદ્યાપીઠ હતી. પુરાણયુગમાં અને વાઘેલા રાજાઓના શાસન કાળમાં જેનું વર્ણન આપણે આગળ ઉપર કરીશું. અહીં વિદગ્ધ શાકલ્યઋષિના આશ્રમમાં યાજ્ઞવલ્કય અભ્યાસ કરતા હતા. ધારું છું કે એ શાખાના કોઇ ઋષિકુમાર હશે. એ ખુબ જ તેજસ્વી, સ્વ-માની અને શિસ્તપાલન માટેના આગ્રહી હતા. તેઓએ પોતાના ગુરૂના પક્ષપાતી વલણને કારણે આશ્રમનો ત્યાગ કરેલો. વાત જાણવા જેવી છે :

ઋષિના અંગત સંબંધમાં આવેલ એક રાજા રોગગ્રસ્ત હતો. અને આ આશ્રમમાં ઉપચાર માટે આવેલો. એના રોગની શાંતિ માટે, ક્રમશઃ પ્રત્યેક શિષ્યને સવારમાં આહ્નિકકાર્ય પછી તે પવિત્રો-દકનું માર્જન કરવાનો ઋષિએ આદેશ આપેલો. એક વહેલી સવારના જ્યારે યાજ્ઞવલ્કય માર્જન માટે એની કુટિરમાં આવ્યા ત્યારે રાજાએ સ્નાન પણ કર્યું નહોતું. તેણે જરા થોભવા જણાવ્યું. યાજ્ઞવલ્કયે કહ્યું કે 'આશ્રમમાં પ્રમાદ વર્જ્ય છે.' રાજાને અપમાન લાગ્યું અને તે ત્રભાણાનું પાણી કુટિર સામેના સૂકાયેલા વૃક્ષના ઠૂંઠાપર છાંટીને પધારી જવા જેવો વ્યંગ કર્યો.

યાજ્ઞવલ્કયે તેના કહેવા પ્રમાણે ઠૂંઠા પર પાણીનું માર્જન કરીને ચાલવા માંડ્યું. રાજા સ્નાન કરીને બારણે આવ્યો અને જોયું તો એ સૂકાયેલ વૃક્ષ નવપલ્લવિત થતું જતું હતું. આશ્ચર્ય વિમૂઢ બનેલો ક્ષોભ પામતો રાજા ઋષિ પાસે દોડી ગયો અને વિનંતિ કરી કે યાજ્ઞ–વલ્કય ફરી આહ્નિક કરીને પોતાને માર્જન કરે. ગુરૂએ શિષ્યને બોલાવી તેમ કરવા આજ્ઞા કરી. પરંતુ સ્વમાની શિષ્યે ઈન્કાર કર્યો. ગુરૂએ રાજાનો પક્ષ લઇને દુરાગ્રહ કર્યો રાજા પાસે માફી મંગાવીને શિષ્યને દયાવાન બનાવવા પ્રયત્ન કર્યો હોત તો કદાચ તે માની જાત પરંતુ દુરાગ્રહ સામે શિષ્ય ન નમ્યો. ગુરૂ આજ્ઞા ન માની. વાતનુ સમાધાન ન થયું. કહેવાય છે કે ગુરૂને વિદ્યા પાછી આપી (!) યાજ્ઞવલ્કયે આશ્રમનો ત્યાગ કર્યો.

અસ્તુ હવે આપણે તે પછીના તબક્કાને જોઇએ.

## [ પ્રાચીન ]

ગિરિનગર (જૂનાગઢ), વલ્લભીપુર (વાળા), ભિન્નમાલ અથવા ભિલ્લમાલ (શ્રીમાળ), પાટણ ધવલક્કપુર, (ધોળકા), શ્રીસ્થલ (સિદ્ધપુર), નગરક (નગરા, જ્યાં પહેલાં સ્તંભતીર્થ હતું ), ખેટક (ખેડા), આનંદપુર (વડનગર), ભૃગુકચ્છ (ભરૂચ), નવસારી અને જંબુસર વગેરે એક સમયનાં નગરોમાં બ્રાહ્મણો, જૈનો અને બૌદ્ધોની ઓછા

વધતાં પ્રમાણમાં વસતી હતી. મૈત્રકયુગમાં વલ્લભીપુર તેમ જ સ્તંભ-તીર્થ–ખંભાત જેવા મહાનગરોમાં ત્રણે ધર્મોના અનુયાયીઓ હતા. ગુરૂકુલો, વિહારો અને મંદિરો રાજ્યદ્વારા સ્થપાતાં અને નિભાવતાં હતા.

જેટલાં ગુરૂકુલો અંગેની માહિતી મને ઉપલબ્ધ થઇ છે તેની વિગત મેં આ લેખમાં આપવાની કોશીશ કરી છે. અન્ય નગરોમાં પણ આશ્રમો તો હશે જ અને હતા, પરંતુ બધા જ ઋષિઓ ગુરુકુલ ચલાવતા હશે એમ માનવાને કારણ નથી. એટલે તેમના વિદ્યાર્થીઓ અને ત્યાંના વિદ્યાર્થીઓ કાંઇ નિકટના ગુરુકુલમાં અભ્યાસ કરવા જતા હશે એ અનુમાન અસ્થાને નથી.

## વલ્લભીપુર

ગિરિનગર (જૂનાગઢ)થી વલ્લભીપુર આવી અને રાજધાની સ્થાપનાર અને તેને સૌરાષ્ટ્ર–ગુજરાતનું પાટનગર બનાવનાર સેનાપતિ ભટ્ટાર્કે અને તેના વંશજોએ વળામાં ઘણા વિહારો અને મંદિરો બંધાવેલાં. અહીં જૈન આગમોની વાચના તૈયાર થતી હતી. બ્રાહ્મણો અને બૌદ્ધોને પણ તેમના ધાર્મિક સાહિત્યના વિકાસ માટે સમાન અનુકુળતા સાંપડતી.

અહીં મોટામાં મોટી વિદ્યાપીઠ હતી. જેનું નાલંદા અને તક્ષશીલાથી ત્રીજુ સ્થાન હતું. એક હજાર વિદ્યાર્થીઓ અહીં અભ્યાસ કરતા હતા. આથી વધુ સંખ્યા હશે પણ ઓછી તો કયારેય રહી નથી.

અહીં શરૂઆતમાં વિદ્યાર્થીઓને અક્ષરજ્ઞાન અને અંકજ્ઞાન અપાતું હતું અને તે પછી વ્યાકરણ શિખવાતું. ઉત્તરોતર અભિરુચિ અનુસાર અને યોગ્યતા પ્રમાણે શિલ્પ–સ્થાપત્ય, જ્યોતિષ, આયૂર્વેદ, ચિકિત્સા, ન્યાય વગેરે. શાસ્ત્રોનાં અધ્યયન કરીને બ્રાહ્મણ વિદ્યાર્થીઓ દ્વિવેદી, ત્રિવેદી કે ચતુર્વેદીની ઉપાધીઓ મેળવતા અને અન્યોને પણ પ્રમાણો ઈનાયત થતાં જેનું ભારતમાં માન થતું. ત્યાં પંચયજ્ઞો અને અગ્નિહોત્ર થતા, ઉત્તિર્ણ થયા પછી બ્રાહ્મણ વિદ્યાર્થીઓને રાજ્ય તરફથી ભૂમિદાન મળતું અને તેઓ પુરોહિત, અધ્વર્યૂ, દિક્ષિત, ઉપાધ્યાય ઈત્યાદિની વૃત્તિ કરતા.

આ પ્રમાણે પ્રાચીન વિદ્યાલયોમાં વલ્લભીપુરનું સ્થાન હતું. ગુજરાત–સુરાષ્ટ્ર પર આધિપત્ય ધરાવતા આ સમૃદ્ધ નગરનો બાર માઈલ સુધીનો વિસ્તાર હતો. આ મહાનગરમાં સો જેટલા તો કરોડપતિઓ હતા. અહીં વિશાળ મહાલયો હતા. ભરૂચની બરાબર સામે આવેલ આ નગર સૌરાષ્ટ્રનું વ્યાપાર અને યાત્રા માટેનું સર્વોપરી અને ભવ્ય બંદર પણ હતું.

અહીંના વિદ્યાલયમાં દાખલ થવા માટે વિદ્યાર્થીઓને આકરી કસોટીમાંથી પસાર થવું પડતું હતું. સત્રાન્તે અહીં વિદ્વાનોની પરિષદ ભરાતી અને રાજ્ય તરફથી તેમનું સન્માન થતું હતું. આ મહાવિદ્યાલયનો સૂર્ય ત્રણસો વર્ષ સુધી અવિચ્છિન્ન પણે તપતો રહ્યો. ત્યાર પછી પણ ઇ. સ. ૮૪૫ સુધી એનું સ્થાન અને મહત્ત્વ જળવાઈ રહેલું જણાય છે.

મૌર્યોના સેનાપતિ છતાં સંપૂર્ણ શાસનસત્તા ધરાવતા મૈત્રક રાજા ભટ્ટાર્કે પાંચમી સદીની લગભગમાં ગિરિનગરથી ગમે તે કારણે પોતાની રાજધાની વલ્લભીપુરમાં સ્થાપેલી. તેના મરણ પછી ધ્રુવસેન, ગુહસેન, ધરસેન, શીલાદિત્ય, દ્રોણસિંહ વગેરે રાજાઓની કારકિર્દી ખૂબજ યશસ્વી રહેલી છે. શીલાદિત્ય નામાભિધાન સાત રાજાઓએ ધારણ કરેલું જણાય છે.

મૈત્રક રાજાઓનો માહેશ્વર કુલધર્મ હતો. જેના પ્રતિક રૂપે તેમણે નંદીની પસંદગી કરેલી. આ ચિહ્ન રાજદૂત પર અંકિત થતું હતું અને રાજમુદ્રાઓ પર ત્રિશુલાકૃતિ કોતરાતી હતી. આજે પણ ગામબહારના શિવાલયમાં હુબહુ આકારની ભવ્ય નંદી જોવા મળે છે.

ઈ. સ. ૬૪૦માં હ્યુ–એન–સ્વાંગે વલ્લભીપુરની મુલાકાત લીધેલી અને આ મહાનગરથી તે ખૂબ જ પ્રભાવિત થયેલો. વાણિજ્ય, શૈક્ષણિક, ધાર્મિક તેમજ સાંસ્કૃતિક ક્ષેત્રે આ સમય જાહોજલાલીથી ભરપૂર હતો.

અહીં કવિ ભટ્ટીએ રાવણવધ કાવ્ય લખેલું જે નવી જ શૈલીનું મહાકાવ્ય ગણાય છે. એમાં કથાવસ્તુ અને ઉદાહરણો કાવ્યશાસ્ત્રની દૃષ્ટિએ યોગ્ય પ્રકારે નિરૂપાયેલ છે.

વલ્લભી વિદ્યાપીઠ પ્રાચીન કલાસાહિત્યમાં પણ આગવું સ્થાન ધરાવતી હોવાનો ઉલ્લેખ મળે છે. આ વિદ્યાપીઠનાં મકાનો તેમજ મહાન ગ્રંથાગારનાં આજ તો કયાંય નામનિશાન મળતાં નથી. કાળાંતરે આ શહેરને નષ્ટપ્રાય કરી નાખ્યું. કયારેક ઉત્ખનન કરતાં પુરાણા અવશેષો મળી આવે છે.

અહીંથી થોડે દૂર અર્હંત અચલે વિહાર બંધાવેલો, જ્યાં રહીને વસુબંધુ જૈનનાં શિષ્ય સ્થિરમતિ ગુણમતિએ અનેક ગ્રંથો રચેલા. જ્યારે ક્ષમાશ્રમણે વલ્લભીનાં જૈન આગમોની વાચના તૈયાર કરેલી, જે શ્વેતાંબર જૈનોમાં આજે પણ પ્રચલિત છે.

## ભિલ્લમાલ

વલ્લભીપુરની ઉત્તરે આવેલ શ્રીમાલ નામના ગુર્જર પ્રદેશના જેઠવાઓની રાજધાનીનું શહેર ભિન્નમાલ યાને ભિલ્લમાલ એક સમૃદ્ધ નગર હતું. એ ભાંગ્યું અને તેની શ્રી–સમૃદ્ધિ સાથે રાજધાની પાટણ ગઈ. ગીચ વસતી વાળા આ નગરમાં પણ હિન્દુ, જૈન અને બૌદ્ધ ધર્મના અનુયાયીઓ હતા.

અહીં એક હજાર જેટલી બ્રાહ્મણશાળાઓ હતી. અને ચાર હજાર જેટલા મઠ હતા, જ્યાં બધી જ શાખાઓનો વિદ્યાભ્યાસ ચાલતો હતો. એક સંસ્કૃત કાવ્યનું સર્જન પણ અહીં થયેલું એમ જાણવા મળે છે. આ જ સમયમાં બ્રહ્મગુપ્તે ખગોળશાસ્ત્ર પર 'બ્રહ્મસ્ફુટ સિદ્ધાન્ત' નામનો ગ્રંથ લખેલો.

અહીંની પ્રજા શ્રીમાલી તરીકે આજે પણ ઓળખાય છે. વિ. સં. ૧૨૦૩માં આ નગરનું પતન થયું. અહીં એલિફન્ટા પદ્ધતિનાં શિલ્પનો એક વલ્લરૂપ હતો એમ પણ કહેવાય છે.

## પાટણ

ઈ. સ. ૯૪૨માં લાખ્ખારામ પાસે અણહિલપુર પત્તન–પાટણ વસાવનાર વનરાજ ચાવડાના વંશજ પાસેથી એ પ્રદેશ મૂલરાજે જીતી લઇને સોલંકી સત્તાની સ્થાપના કરી. ગુજરાત નામાભિમાન પણ સોલંકીયુગની શરૂઆતમાંજ પ્રચલિત થયું. આ યુગે ગુજરાતના સાંસ્કૃતિક ઘડતરમાં ઉમદા ફાળો આપ્યો છે. અલબત્ત સીમાવિસ્તાર અને સ્થાપત્યસમૃદ્ધિ તેમજ જળાશયો સિવાય વિદ્યાક્ષેત્રે સિદ્ધરાજના શાસન પહેલાં સંગીન ફાળો અપાયેલો જણાતો નથી.

૭. સં. ૧૦૯૪માં સિદ્ધરાજના શાસન દરમિયાન સુવર્ણયુગ શરૂ થયેલો ગણાય. જો કે, સિદ્ધરાજ જયસિંહે પણ ઓછી લડાઇઓ નથી લડી. એણે પણ ગુજરાતની સીમા ઘણી વિસ્તૃત કરેલી પરંતુ એક તરફ ગુજરાત વિસ્તૃત થતું ગયું અને બીજી તરફ સૂરીશ્વર શ્રી હેમચંદ્રાચાર્ય, દેવબોધ, શ્રીપાલ, ભાવ બ્રહસ્પતિ, વર્ધમાન સૂરિ, મહિભદ્ર અને વાગભટ્ટ વગેરે વિદ્વાનોએ ગુજરાતને અસ્મિતા અને સંસ્કાર ક્ષેત્રે ઘણું પ્રદાન કર્યું. વિદ્યાવિકાસ વધતો ગયો.

જયસિંહ સિદ્ધરાજે અવંતિમાંથી ભોજરાજાનો ગ્રંથભંડાર પાટણ આણેલો. ભોજવ્યાકરણની સ્પર્ધામાં જયસિંહ તેમજ કુમારપાલના સમયમાં, વિદ્યા અને સાહિત્ય ક્ષેત્રે અગ્રભાગ ભજવનાર કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે તૈયાર કરેલ 'સિદ્ધહેમ શબ્દાનુશાસન' નામના વ્યાકરણે વિદ્યાક્ષેત્રે ઉત્તમ ફાળો આપ્યો છે. અભિધાન ચિંતામણી નામનો નામસંગ્રહ, દેશીનામમાલા વગેરે શબ્દકોશ તૈયાર થયા. આચાર્યે સિદ્ધરાજ પછી કુમારપાલના સમયમાં છંદાનુશાસન, કાવ્યાનુશાસન, પ્રમાણ મિમાંસા, યોગશાસ્ત્ર ઉપરાંત દ્વયાશ્રય નામનું મહાકાવ્ય અને ત્રિષષ્ઠિશલાકા પુરુષ ચરિત્ તેમજ વીતરાગ સ્તુતિઓ વગેરેની રચના કરી.

આચાર્યના શિષ્યોએ પણ આ ક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપ્યો છે. આ જ સમયમાં આચાર્ય મલયગિરિએ કેટલાક આગમ ગ્રંથો પર ટીકાઓ લખેલી અને આ જ સમયમાં અપભ્રંશ સંસ્કૃત ગુજરતીમાંથી આજની ગુજરાતી ભાષાનો જન્મ થયો.

### કટુકેશ્વર પ્રાસાદ

આપણે જોઇ ગયા કે પાટણમાં જૈન ધર્મનું પ્રાબલ્ય વધારે હતું છતાં દરેક શાખાની વિદ્વાન બ્રાહ્મણો પાટણમાં આવી વસ્યા હતા. આ સમયમાં સહસ્ત્રલિંગ તળાવના તીરે કટુકેશ્વર પ્રાસાદની મહાશાળા મૂર્ધન્ય ગણાતી હતી. જૈનેતર કુમારો અહીં ધાર્મિક અને અન્ય જીવનોપયોગી શિક્ષણ મેળવતા હતા. આ પાઠશાળા વિશળદેવના શાસન સુધી અવિચ્છિન્ન પણે ચાલુ રહેલી અને વિદ્યાદાનની પરંપરા સચવાઈ રહેલી. અહીં કેટલાય આચાર્યોએ વિદ્યાદાન સાથે નવસંસ્કારનાં બીજ પાયાં છે. જેમાં આચાર્ય કુમારદેવ અને તેમના પુત્ર ગુર્જરેશ્વરના પુરોહિત સોમેશ્વરદેવનો આગળ પડતો ફાળો છે.

આચાર્ય કુમારદેવે ધર્મના ભેદભાવોને સંઘર્યા નહોતા. એમણે વસ્તુપાલ, તેજપાલને આ પ્રાસાદમાં જ શિક્ષણ આપેલું છતાં જૈન ઉપાશ્રયમાં વંદના કરવા માટે જવાનો પણ બોધ આપેલો. જે આચાર્યે વસ્તુપાલ-તેજપાલનાં માતા કુંવરબાઈ કે જે વિધવા હતાં, તેમની રત્નગર્ભા કૂખે, સામુદ્રિકશાસ્ત્રના આધારે નરરત્નો પાકશે એવી આગાહી કરેલી એ હરિભદ્રસૂરિ પાસે બન્નેને જાતે લઇને ગયેલા અને આશિર્વાદ અપાવેલા. આચાર્યના શિષ્ય વિજયસેનસૂરિ અને કુમારદેવના પુત્ર સોમેશ્વરદેવ પણ ત્યારે હાજર હતા. જે વસ્તુપાલ-તેજપાલ સાથે જ સંસ્કૃતનો અભ્યાસ કરતા હતા આ બન્ને આચાર્યો કુમારદેવ અને હરિભદ્રસૂરિ ત્યારે પ્રેમથી મળેલા. 'બધા જ ધર્મો ઇશ્વર તરફ લઇ જનારા છે તો બધા ધર્માવિલંબીઓ ભેદભાવ સિવાય એક બનો' આવી ભાવના બન્ને આચાર્યોએ ભાવી હતી.

### સિદ્ધપુર

આપણે આગળ જોઈ ગયા છીએ કે, શ્રીસ્થલ, સિદ્ધપુરમાં પૂર્વે કર્દમપ્રજાપતિનું ગુરુકુલ હતું.

રુદ્રમહાલયનું બાંધકામ થયું ત્યારે ઉત્તરમાંથી સકુટુંબ વિદ્વાન બ્રાહ્મણોને પ્રતિષ્ઠાપર્વ પર મૂળરાજે બોલાવેલા, અને મહાયજ્ઞ કરેલો. આ સમયે યજૂ વાજસનેય શાખાના ચંદ્રત્રી-કૃષ્ણાત્રી તેમજ અન્ય શાખાના બ્રાહ્મણો પણ હતા. એ ઉત્તરમાંથી આવેલા ઉદિચ્યો કહેવાયા. આ બ્રાહ્મણોને પાછળથી સિદ્ધપુર, શિહોર, સ્તંભતીર્થ વગેરે શહેરોમાં વસાવેલા.

આ બ્રાહ્મણોના પુરુષાર્થે તેમજ રાજ્યના સંપૂર્ણ સહકારે ગુરુકુલનો ફરીથી અભ્યુદય થયેલો. ઉત્તરપંથકના જ બ્રાહ્મીકુમારો નહીં પરંતુ અન્ય હિન્દુ જ્ઞાતિના વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં વિદ્યાસંપાદન કરતા હતા.

### ધવલકક-ધોળકા

ભીમદેવ બીજાના સમયમાં અર્ણોરાજના વંશજ અને જયસિંહ સિદ્ધરાજ પછી ગુજરાતની અસ્મિતામાં તેમજ ગુજરાતના અભ્યુદયમાં જેણે સારો એવો ફાળો આપેલો અને યુદ્ધ સંઘર્ષ સ્વીકારેલ એવા લવણપ્રસાદને સર્વેશ્વર બનાવીને ભીમદેવે ગુજરાતની રખેવાળી સોંપેલી. એ લવણપ્રસાદ અને તેના પુત્ર વીરધવલે, વસ્તુપાલ અને તેજપાલને અનુક્રમે મહામંત્રી અને સેનાપતિ બનાવીને ગુજરાતના દુશ્મનોને હંફાવેલા-માંડલિકોને વશ કરેલા.

લવણપ્રસાદે પાટણમાં વસવાટ રાખેલો પરંતુ વીરધવલે ધોળકા રાજધાની બનાવી. વસ્તુપાલ-તેજપાલના સહકારે ધોળકાને સમૃદ્ધ બનાવવાના પ્રયાસો આદર્યા. ભીમદેવ બીજાની નબળાઈથી પાટણની પ્રજામાં અસંતોષ વધ્યો હતો અને સલામતી જોખમાતી લાગતી હતી જેથી ત્યાંના શ્રેષ્ઠીઓ અને નાગરીકોમાંના ઘણાએ ધોળકામાં આવીને વસેલા. ધીમેધીમે ધોળકા વ્યાપાર કલાકૌશલ્ય અને સંસ્કારનું કેન્દ્ર બનતું ગયું.

વિદ્યા અને સંસ્કાર ક્ષેત્રે વસ્તુપાલ-તેજપાલના સમકાલિન ગુરુબંધુ સોમેશ્વરદેવનું આ ક્ષેત્રે પ્રશંસનીય પ્રદાન છે. તેઓ રાજ્ય પુરોહિતની પ્રતિષ્ઠા પામ્યા. તેમના જ પુરુષાર્થે 'સરસ્વતી મંદિર' ગુરુકુલ ખ્યાતનામ થયું. જૈનો બ્રાહ્મણો અને ક્ષત્રીય વિદ્યાવાંચ્છુઓ શિક્ષણ મેળવવા લાગ્યા. દૂરદૂરનાં સ્થળેથી પણ વિદ્યોપાર્જન માટે કુમારો આવતા હતા અહીં શૈવ અને જૈન બે મુખ્ય ધર્મો હતા. બન્ને વચ્ચે સહકારની ભાવના હતી.

આ સમયમાં વસ્તુપાલે 'નરનારાયણ' મહાકાવ્ય લખ્યું.

સોમેશ્વર, અરિસિંહ, બાલચંદ્ર, અમરચંદ્ર, જયસિંહસૂરિ વગેરે વિદ્વાનોને ઉત્તેજન મળ્યાં. સોમેશ્વરદેવે કીર્તિકૌમુદી નામનો પ્રશસ્તિ ગ્રંથ સંસ્કૃતમાં આ સમયે લખેલો. ઉપરાંત અન્ય વિદ્વાનોએ સુકૃતસંકીર્તન, વસંતવિલાસ, સુરથોત્સવ જેવાં મહાકાવ્યો તથા ઉલ્લાસરાઘવ, દૂતાંગદ, હમ્મીરમદમર્દન અને અનર્ઘરાઘવ નામનાં નાટકો લખાયાં. ઉપરાંત પ્રબંધો, સ્તોત્રો તેમજ પ્રશસ્તિ કાવ્યો પણ ઘણાં લખાયાં.

### સ્તંભતીર્થ

આ પુરાણ-પ્રસિદ્ધ મહાનગર અત્યારે જ્યાં નગરા ગામ છે ત્યાં હતું. વલ્લભીપુરની માફક અહીં પણ હિન્દુ, જૈન અને બૌદ્ધ ધર્માનુયાયીઓની વસતી હતી. આ શહેર પણ દટ્ટંતરમાં ગર્ક થઈ ગયું. ઉત્ખનન કરતાં જયાદિત્ય-સૂર્ય-ની મૂર્તિ તેમજ બુદ્ધની મૂર્તિ મળી આવેલ, આજે પણ નગરામાં છે. ઉપરાંત બ્રહ્મા-સાવિત્રીની

: Gram :
ROUNDSHAFT

Phone : : Office : 370836
Resi : 552897

# Dalichand & Co.

## IRON & STEEL MERCHANTS

- ☆ Heavy Marine Propeller Shafts
- ☆ M. S. Rounds
- ☆ Plates, Flats
- ☆ Squares
- ☆ Axle Forgings
- ☆ EN–8 Specn Bars

Darukhana, Mazgaon,
BOMBAY–10

મૂર્તિઓ પ્રસ્થાપિત કરેલ મંદિર પણ છે. અને એક અલગ બ્રહ્માની મૂર્તિ છે. આ બ્રહ્માનું મંદિર ભારતભરમાં ત્રીજુ ગણાય છે. ઘણાઓ માને છે કે બ્રહ્માની પૂજા થતી નથી, પણ અહીં થાય છે.

દેશકાળને અનુસરીને અહીંની મૂર્તિઓને, મંદિરો બંધાવી અત્યારે ખંભાત છે ત્યાં ખસેડી તેમની પ્રતિષ્ઠા કરવામાં આવેલી. પુરાણકાળથી ખંભાત પાશુપત સંપ્રદાયનું બ્રાહ્મણ સંસ્થાન ગણાતું આવ્યું છે. શ્રી પુષ્કર ચંદરવાકરના પ્રયત્ને ઉત્ખનનમાં નિકળેલી મૂર્તિઓનું નાનું સરખું મ્યુઝિયમ પણ બનાવાયું છે જે જોવાલાયક છે.

સ્તંભતીર્થ એક સમયે ભારતનું મોટામાં મોટું વ્યાપાર કેન્દ્ર હતું. એણે ઘણી ચડતી–પડતી જોઇ છે. અહીં વિદ્યાવ્યાસંગીઓ અને કવિઓનો સુમેળ રહેતો જ આવ્યો છે.

અત્યારે જ્યાં એક વખતનું નગરક શહેર હતું એ નગરામાં અનેક સુવિધા અને વિદ્યાકલા તેમજ સંસ્કાર પ્રદાન કરતું અને પોષતું ગુરુકુલ હતું. ચારે બાજુ એની સંસ્કાર સુવાસ ફેલાયેલી હતી. અહીંથી માઇલ દૂર આવેલ શકરપુર ગામમાં વસ્તા વિશ્વંભર નામના વિદ્વાન કવિ થઇ ગયા જે વિદ્યાલય ચલાવતા હતા. એક યજુર્વેદ પાઠશાળા બ્રાહ્મણવાડામાં હતી. જે પચીસેક વર્ષો પહેલાં જ બંધ થઇ ગઇ. ત્રીજી એક સંસ્કૃત પાઠશાળા સારણેશ્વર મહાદેવમાં ચાલતી હતી.

જયસિંહ સિદ્ધરાજના સમયમાં કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્યે અહીં દીક્ષા લીધેલી. સોલંકીઓ અને વાઘેલાઓના શાસન દરમિયાન આજના ખંભાતે ખૂબ જ સાંસ્કૃતિક પ્રગતિ કરેલી. ઉદયન મંત્રીના સમયમાં સિદ્ધરાજના સૈનિકોના હાથમાં પકડાઇ જવાના ભયે નાસતો ફરતો કુમારપાલ ખંભાતમાં આચાર્ય હેમચંદ્રસૂરિના શરણે આવેલો, જેને આચાર્ય સાગલવસહિકામાં પુસ્તકોના ઢગલા નીચે સંતાડીને બચાવેલો.

અહીં હિન્દુ અને જૈનોનાં ભવ્યાતિભવ્ય મંદિરો હતાં અને છે, તેમજ તેના અપ્રાપ્ય ગ્રંથભંડારો પણ છે. પ્રજા એટલી સુસંસ્કૃત અને સંસ્કારી હતી કે, કવિ જયસિંહસૂરિ કૃત સંસ્કૃત 'હમ્મીરમદમર્દન' નાટક વસ્તુપાલના પુત્ર જયંતસિંહની આજ્ઞાથી ભીમેશ્વરના ઉત્સવના વરઘોડામાં ભજવાયેલું. આ હકીકત હિન્દુ અને જૈનોના કોમી ઐક્યની સૂચક છે.

જૈનકવિ ઋષભદાસ પણ અહીં થઇ ગયેલા, જેમણે બત્રીસ જેટલા રાસ લખેલા છે. જેમાં હીરવિજયરાસ, ભરતબાહુબલિરાસ, હિતશિક્ષા, કુમારપાલરાસ વગેરે મુખ્ય છે. હીરવિજયસૂરિ તેમજ વિજયસેનસૂરિ પણ સમર્થ આચાર્યો હતા. ચોર્યાસી બંદરના વાવટા અહીં ફરકતા હતા. ખંભાતે ગુજરાતને વિદ્યા, સંસ્કાર અને સભ્યતાનાં અમી પાયાં છે. ખંભાતનો પોતાનો ખંભાવતી રાગ પણ છે.

### ભૂજ ( કચ્છ )

કચ્છના મહારાવ શ્રી દેશલજીના પુત્ર શ્રી લખપતસિંહજીએ ભૂજમાં વ્રજભાષાની મહાપાઠશાલા સ્થાપેલી. તેઓનો જન્મ ૧૭૦૭માં થયેલો. બાલ્યકાળથી જ તેમને કાવ્ય રચવાનો શોખ હતો. તેઓ કવિ અને કલાકારોના કલ્પવૃક્ષ સમાન હતા. તેમણે પોતે શિવવિવાહ, લખપત શૃંગાર, લખપતિ માનમંજરી, રાસતરંગિણી, મૃદંગમોહરા ને રાગસાગર નામના છ ગ્રંથો લખેલા છે. આ રાજવીના દરબારમાં એક હમીરદાન રતનજી નામના સારા કવિ હતા. રાજ્યે તેમને ચાર ગામ આપેલાં. તેઓ અયાચક હતા અને તેમના વંશજો આજે પણ અયાચી અવટંક વાપરે છે. તેમણે લખપત પિંગળ તેમજ એક શબ્દકોશ તૈયાર કરેલો. ઉપરાંત હમીરનામમાલા, જ્યોતિષજડાવ, બ્રહ્માંડપુરાણ વગેરે પુસ્તકો લખેલાં. તેમના સહકારે મહારાવ લખપતસિંહે વ્રજપાઠશાલા સ્થાપવાનો નિર્ણય કર્યો. અને ૧૬૫૨ના અરસામાં અમલમાં મૂકયો.

આ ચુમોતેર ભાષાઓની પાઠશાલાના આચાર્યશ્રી તરીકે કિશનગઢથી જૈનસાધુ ભટ્ટાર્ક કનકકુશલજીને બોલાવેલા, વાર્ષિક ત્રણ હજારનું સાલિયાણું તેમજ એક 'રેહા' નામનું ગામ ઇનાયત કરેલ. આ સાધુના પટ્ટશિષ્ય કુવરકુશલ પ્રથમ શિક્ષક તરીકે નિમાયેલા. વિદ્યાર્થીઓને રાજ્ય તરફથી રહેવા જમવાની સગવડ અપાતી હતી. અભ્યાસક્રમ પૂરો કરનારને યોગ્ય ઇનામ, પોશાક તેમજ કવિ તરીકેની પદવી મળતી હતી. ભારતભરમાં આ પ્રકારની આ એક જ પાઠશાળા હતી.

પાઠ્યક્રમમાં અલંકાર, રસ, પિંગળ, પ્રબંધ અને મુક્તકો આટલા વિષયો હતા. પરીક્ષા મૌખિક લેવાતી, ગ્રંથો કંઠસ્થ કરવા પડતા. ઉત્તિર્ણ થયેલ વિદ્યાર્થીને છેલ્લે એક ખંડકાવ્ય લખવું પડતું જેનો વિષય પાઠશાલાની પરીક્ષા સમિતિ નક્કી કરતી. આ સમિતિમાં પ્રધાનાચાર્ય અને રાજ્યના વરિષ્ટ અધિકારી રહેતા. વિદ્યાભ્યાસનો કોર્સ પાંચ વર્ષનો હતો. ઉત્તીર્ણ થનારને યોગ્ય ઇનામ અપાતાં સુરાષ્ટ્ર–ગુજરાતના ઘણા રાજકવિઓએ આ પાઠશાળામાં અભ્યાસ કરેલો. કાવ્ય–ખંડ કાવ્યમાં બાવની લખનારને છેલ્લે છેલ્લે સાહિત્યપ્રેમી શ્રી મણિભાઈ જસભાઇએ સો કોરી ઇનામ આપવાનો ઠરાવ કરેલો. તેઓશ્રી કચ્છના દીવાનપદે હતા. અત્યાર સુધી સોળ બાવનીઓમાં ખંડકાવ્યો લખાયાં છે. જે આ પાઠશાલાની વિશિષ્ટતા ગણાય છે.

અહીંના આચાર્યોની પરંપરામાં, નાયક–નાયિકા ભેદ અને લખપત જસસિંધુના લેખક કુવરકુશલ પછી વીરકુશલ, રાજકુશલ, જયકુશલ, ધર્મકુશલ, વલ્લભકુશલ અને જીવનકુશલ આટલાં નામ આવે છે. તે પછી આ જૈનાચાર્યોમાં પ્રમાદ પેઠો એટલે મહારાવ પ્રાગમલસિંહજીના સમયમાં આચાર્યપદ શ્રી પ્રાણજીવન ત્રિપાઠી નામના વિદ્વાનને અપાયું. એમના શિષ્યોની પરંપરામાં ગે.પાલ જયદેવ (ગોપ), ભૈરવદાનજી, ખેતજી લાલસ, હમીરદશોંદી અને કેશવ હરશાના નામો મળે છે.

આપણા લોકલાડિલા કવિશ્રી દલપતરામે અહીં અભ્યાસ કરેલો અને કવિ તરીકેની પદવી મેળવેલી.

બસો વર્ષ સુધી ચાલેલી આ રાષ્ટ્રીય સંસ્થાનું ખુબ જ મહત્વ હતું. અંતે સંસ્થા, વિલીનીકરણ થતાં બંધ થઈ ગઈ. અહીંનો અપ્રાપ્ય સંસ્કૃત અને વ્રજભાષાનો ગ્રંથભંડાર પણ અસ્તવ્યસ્ત થઇ ગયો.

ઘણા જૂજ મહાનુભાવો જાણતા હશે કે, મહારાવ લખપતસિંહજીએ સાહિત્ય અને કલા માટે કેટલું ઉત્તેજન આપ્યું છે, એ સાચા પ્રજાવત્સલ હતા. બાજરો એમના જ પુરુષાર્થે ભારતમાં આવેલો.

રામસિંહ નામના હોલેન્ડ જઇ આવેલા માલમને તેમણે રાજ્યના ખર્ચે બે વાર યુરોપ મોકલેલા અને તેમના સહકારે માધાપુરમાં કાચનું કારખાનું સ્થાપેલું મીનાની કામગીરી પણ આ માલમ યુરોપમાંથી શીખીને કચ્છમાં લાવેલા. અહીં તોતિંગ જહાજો બનાવાતાં હતાં, તોપો ઢળતી હતી, બંદૂકો અને જંજાળો બનતી

હતી. રિવોલ્વરો બનતી અને ગુપ્તીઓમાં જડાતી હતી. પાણીદાર હથિયારો પણ બનતાં હતાં. કિમખ્વાબ અને ઝરિયાન ભરતના પોશાકો માટેના કાપડનું સુંદર વણાટકામ અહીં થતું હતું. આ ઉપરાંત ખાનદાની નસ્લના ઘોડાઓનો કાળજીપૂર્વક ઉછેર થતો હતો. આ માટેનો બધો જ યશ મહારાવ લખપતસિંહજીને ફાળે જાય છે. ભૂજનો આયનામહેલ એક ભવ્ય આકર્ષણ છે. અહીંના દરિયામાં ખનીજ સંપત્તિનો ભંડાર છે.

મને ઉપલબ્ધ થયેલ પ્રાચીન વિદ્યાધામોની આટલી માહિતી આપી શક્યો છું. તે તે વિદ્યાધામો, ત્યાંના વિદ્વાનો, તેમનાં ગ્રંથ સાહિત્ય અને અન્ય ઐતિહાસીક વિશિષ્ટતાઓ પણ નિર્દેશેલ છે. આ ઉપરાંત માંગરોલ, પેટલાદ, નવસારી, ભરૂચ વગેરે સ્થળોએ પણ સંસ્કૃત પાઠશાળાઓ સો વર્ષ પહેલાં ચાલતી હતી જે કાળબળે બંધ થઈ છે.

## [ અર્વાચીન ]

### ગુજરાત વિદ્યાપીઠ

આપણે આગળ જોઈ ગયા તે પ્રમાણે ભારત જ નહીં પણ જગત સાથે, એક માધ્યમ રૂપે ગુજરાત પરાપૂર્વથી રહેલું છે. વ્યાપાર, વિદ્યા, કલાકૌશલ્ય, વીરતા, મુત્સદ્દીગીરી, ત્યાગ, ભક્તિ અને બલિદાન –તપશ્ચર્યામાં એક અને અજોડ તરીકે આપણા ગુજરાતની પ્રતિષ્ઠા છે.

કેળવણીના ક્ષેત્રે ગુજરાત સતત્ પ્રયત્નશીલ રહેલું છે. ઇ. સ. ૧૮૪૯ થી હાઈસ્કૂલો અને કન્યાશાળાઓ સૌરાષ્ટ્ર–ગુજરાત એટલે કે સમસ્ત ગુજરાતમાં સ્થપાવાની શરુઆત થયેલી. પહેલી કોલેજ સૌરાષ્ટ્રમાં ભાવનગર ખાતે શામળદાસ કૉલેજ સ્થપાયેલી. આ સમગ્ર પ્રવૃત્તિમાં ઘણા સખી ગૃહસ્થોએ ખાતભર પણે આર્થિક ફાળો આપેલો છે. આ સમયની સંસ્થાઓ આજે પણ ચાલુ છે. આ ક્ષેત્રે સૌરાષ્ટ્રના રાજવિઓએ અને કૈલાસવાસી સયાજીરાવ ગાયકવાડે પણ યોગ્ય પ્રદાન કરેલ છે.

પરંતુ વિદ્યાપીઠ માટેની કોઈ જોગવાઇ ત્યારે થઇ હોય તેમ જણાતું નથી. ઇ. સ. ૧૯૧૬માં મુંબઇ માફક કેળવણીની ભાવનાને મૂર્ત કરવા માટે પહેલી એક પરિષદ મળેલી; જેમાં પ્રત્યાઘાતી કેળવણીને દુર કરીને ગુજરાતની આગવી સંસ્કારસમૃદ્ધિએ ઓપતી અસ્મિતાને જાગૃત કરવાના પ્રયત્નો થયા. આમાં આગેવાની ભર્યા ભાગ લેનારાઓની સંનિષ્ઠાના પરિપાકરૂપે ૧૯૨૦માં ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના થઇ. એના પ્રથમ કુલપતિ મહાત્મા ગાંધી હતા, જ્યારે કુલનાયક તરીકે સરદાર પટેલ હતા. તે પછી ડૉ. રાજેન્દ્રપ્રસાદ કુલપતિ તરીકે અને શ્રી મોરારજીભાઇ કુલનાયક તરીકે આવ્યા. શ્રી મગનભાઇ દેસાઇ મહામાત્ર તરીકે ને પછી વર્ષો સુધી જીવનપર્યંત રહ્યા અને અત્યારે તે સ્થાને શ્રી રામલાલ પરીખ છે. મહાત્મા ગાંધીજીની વિચારસરણી પ્રમાણે આ વિદ્યાપીઠે વિકાસ સાધ્યો છે. રાષ્ટ્રીય લડતને કારણે ૧૯૩૦ થી ૩૫ દરમિયાન અને ' હિન્દ છોડો ' ની ચળવળમાં ૧૯૪૨ થી ૪૫ દરમિયાન આ સંસ્થાની પ્રવૃત્તિ બંધ પડેલી. ૧૯૪૫ થી યુનિવર્સિટીના ઉચ્ચ શિક્ષણ સુધીનો અભ્યાસક્રમ અહીં ચલાવવામાં આવે છે.

૧૯૪૭ થી શ્રી મહાદેવભાઈ દેસાઈ મહાવિદ્યાલય શરૂ થયું છે

આ બન્ને સંસ્થાઓએ ઘણા સ્નાતકો ગુજરાતને આપ્યા છે. મહાત્માજીના સમયથી ગુજરાત વિદ્યાપીઠ, વિદ્યાર્થીઓના ગુણવિકાસ અને ચારિત્ર્ય પર નજર રાખતી આવી છે.

ગુજરાત વિદ્યાપીઠમાં મહાવિદ્યાલય ઉપરાંત કુમારમંદિર અને વિનયમંદિર પણ ચાલે છે. સ્નાતક સુધીના શિક્ષણની વ્યવસ્થા છે. રાષ્ટ્રભાષાના શિક્ષણનું કાર્ય પણ ચાલુ છે, જેમાં સેવક સુધીનો અભ્યાસક્રમ યોજેલ છે. આ સંસ્થાએ પાઠ્ય પુસ્તકો પણ તૈયાર કરેલાં છે–કરે પણ છે. મતલબ કે, ગુજરાતભરમાં પ્રચારકાર્ય આ વિદ્યાપીઠ દ્વારા ચાલે છે.

### ગુજરાત યુનિવર્સિટી

યુનિવર્સિટીનો કાયદો અમલમાં આવતાં ૧૯૫૦ ના નવેમ્બરની ૨૩ મી તારીખે ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના થઈ. એની શિલારોપણવિધિ સરદારશ્રીના હસ્તે થયેલી. જ્યારે કાર્ય શરૂ થયું ત્યારે એકવીસ જેટલી સંસ્થાઓ સંકળાયેલી હતી. અત્યારે લગભગ એકસોએક કોલેજો આ યુનિ. સાથે જોડાયેલી છે. ૧૯૫૫ થી પરીક્ષાના માધ્યમ તરીકે ક્રમિક રીતે ગુજરાતી ભાષા અપનાવેલ છે. યુનિ. ના છાત્રાલયોમાં સારી સંખ્યામાં વિદ્યાર્થીઓ રહે છે. તેઓને માટે પૂરતી સગવડો પણ છે.

સંસ્થા દ્વારા કલ્યાણકર પ્રવૃત્તિઓ ચાલે છે.

અહીં મોટું ગ્રંથાલય છે અને ડોકટરની પદવી માટે Research ની અનુકૂળતા છે. અર્થશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર, તત્ત્વજ્ઞાન, મનોવિજ્ઞાન, ગુજરાતી, રસાયણશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, ગણિતશાસ્ત્ર વગેરે અગિયાર વિષયોમાંથી ગમે તે લઇને ડોકટર થઈ શકાય છે.

અહીં ફોરેન યુનિ. ઇન્ફર્મેશન બ્યુરોનું સંચાલન પણ થાય છે.

અભ્યાસક્રમોમાં પ્રવેશ અને પરીક્ષા અંગેનાં ધોરણોનું કાર્ય અકાદમિક કૌન્સિલ કરે છે. આ યુનિ.ની સેનેટ એક જવાબદાર સંસ્થા છે. એના ૧૮ સભ્યો છે. નિયમાનુસાર અત્યારે એના કુલપતિ પદે રાજ્યપાલશ્રી શ્રી મન્નાનારાયણજી છે અને ઉપકુલપતિ તરીકે શ્રી ઉમાશંકર જોશી છે.

### સયાજીરાવ યુનિવર્સિટી વડોદરા

આ યુનિવર્સિટીની સ્થાપના ઈ.સ. ૧૯૪૯ના મેની પહેલી તારીખે થયેલી. વડોદરા આર્ટ્સ અને સાયન્સ કોલેજ, પ્રતાપસિંહ કોલેજ ઓફ કોમર્સ અને ઇકોનોમિક્સ, સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કોલેજ, કલાભવન, એન્જિનિયરીંગ કોલેજ અને ઓરિયેન્ટલ ઇન્સ્ટિટ્યુટ: આ ૬ સંસ્થાઓથી સ્થાનિક યુનિવર્સિટી શરૂ થયેલી.

મેડિકલ કોલેજ અને વડોદરા સંસ્કૃત મહાવિદ્યાલય મુંબઈ સરકારના અંકુશ હેઠળ હતાં જેમાં સંસ્કૃત મહાવિદ્યાલયનો વહીવટ ૧૯૫૧ થી આ યુનિ. કરે છે જ્યારે મેડિકલ કોલેજનો વહીવટ રાજ્ય સરકારની દેખરેખ નીચે છે.

૧૯૫૦માં ફેકલ્ટીઓ રચવામાં આવી. ઉપરાંત લલિતકલા, ગૃહવિજ્ઞાન તેમજ સમાજસેવાના ત્રણ નવા વિભાગો શરૂ કરવામાં આવ્યા છે.

વિદ્યાર્થી ભાઈ-બહેનો માટેનાં અલગ છાત્રાલયો છે.

અહીં મેડિકલ કોલેજના મકાનમાં શેઠ યુ. પી. આયુર્વેદિક રીસર્ચ યુનિટ ચાલે છે જેમાં સંશોધન માટેની સારી સુવિધા છે. આયુર્વેદનું સમૃદ્ધ શાસ્ત્રીય પુસ્તકાલય પણ છે તેમ જ વનસ્પતી અને દવાઓના નમૂનાઓનું સંગ્રહસ્થાન પણ છે.

આ યુનિ.નું પ્રાચ્ય વિદ્યામંદિર છે જ્યાં ભારતીય સાંસ્કૃતિક ગ્રંથોનો સંશોધન વિભાગ છે અને પ્રકાશન માટેની પ્રવૃત્તિ પણ ચાલે છે અહીં હસ્તલિખિત ગ્રંથોનો સારો એવો સંગ્રહ પણ છે.

અત્યારે આ વિદ્યાસંસ્થાના કુલપતિ શ્રી ફતેસિંહરાવ ગાયકવાડ છે. અને ઉપકુલપતિ શ્રી ચતુરભાઈ પટેલ છે.

### સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યાપીઠ

આ વિદ્યાપીઠ વર્તમાન દેશકાળને અનુસરીને તેને અનુરૂપ ગ્રામજનતાના વિકાસ પુનરોદ્ધાર અને પુનર્રચનાને લક્ષમાં રાખીને, વિઠ્ઠલભાઈ પટેલ આર્ટસ અને સાયન્સ કોલેજ સ્થપાઈ અને તે જ સરદારશ્રીની પ્રેરણાથી સ્થાપવામાં આવી છે. ૧૯૪૭ માં અરસામાં કૃષિ વિદ્યાલયનું મંગલાચરણ થયું. બીજે વર્ષે–૧૯૪૮માં બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય સ્થપાયું. બે વર્ષ પછી ૧૯૫૦માં વાણિજ્ય વિદ્યાલયની સ્થાપના થઈ. આ રીતે ચરોત્તર વિદ્યામંડળે સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃત્તિની શરૂઆત કરી. આ સંસ્થાઓ પહેલા મુંબઈ સાથે જોડાયેલી હતી તે પછી ગુજરાત યુનિ. સાથે સંકળાઈ તેનો અભ્યાસક્રમ અપનાવ્યો પરંતુ હિન્દી દ્વારા શિક્ષણ પ્રદાન કરતી ગ્રામવિસ્તારને અનુરૂપ વિદ્યાપીઠની જરૂરત પૂરી કરવા સરદારશ્રીના જન્મદિને એટલે ૩૧-૧૦-૫૫ના રોજ 'સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ' નામથી કાયદેસર રીતે સ્થપાઈ. અને ૧૫-૧૨-૫૬ થી સ્વતંત્ર રીતે કાર્ય શરુ કર્યું. ૧૯૫૮ના સત્ર પછી એણે સ્વતંત્ર પરીક્ષાઓ લેવી શરૂ કરી. સેનેટ અને સિન્ડિકેટની બંધારણ પૂર્વકની શરૂઆત તો ૧૯૫૯ ના નવેમ્બરથી જ થઈ ગઈ હતી.

આ વિદ્યાપીઠના સૌ પ્રથમ ઉપકુલપતિ શ્રી ભાઈલાલભાઈ પટેલ હતા. ૧૩-૧-૫૯ ના દિવસે પ્રથમ પદિદાનનો સમારંભ યોજાયેલો. ઉપાધિ વિતરણ તે વખતના કુલપતિ શ્રી શ્રીપ્રકાશજીના હસ્તે થયેલ.

૧૯૫૮ માં હિન્દી, અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, ઇતિહાસ, અર્થશાસ્ત્ર, રસાયનશાસ્ત્ર, રાજકારણ, તત્ત્વજ્ઞાન, ગણીત, વાણિજ્ય, ભૌતિકશાસ્ત્ર અને વનસ્પતી-જંતુશાસ્ત્રમાં અનુસ્નાતક વર્ગો શરૂ થયા. ઇજનેરી અને કૃષિશાસ્ત્રની અનુસ્નાતક કક્ષાની ઉપાધિઓ માટે પણ આ વિદ્યાપીઠને માન્યતા મળેલી છે. ૧૯૬૦ માં આ વિદ્યાપીઠે સેકન્ડરી ટીચર્સ ટ્રેનિંગ કોલેજ શરૂ કરી આમ ખાસ કરીને ગુજરાત–ચરોતર વિભાગ માટે આ વિદ્યાપીઠ એક આશીર્વાદ સમાન છે.

### સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

ગુજરાત યુનિવર્સિટીનું ભારણ વધી ગયું હોય સૌરાષ્ટ્ર લોકનેતાઓના પ્રયત્ને. વિદ્યાર્થીઓની સુવિધાને નજર સામે રાખીને, આ વિભાગની કોલેજોની અનુકૂળતાને ખાતર એક યુનિ.ની જરૂર જણાયાથી, ૧૯૬૭ માં રાજકોટ ખાતે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી.

આ યુનિવર્સિટીમાં આર્ટસ, સાયન્સ, એન્જિનિયરીંગ, ખેતીવાડી, ઇતિહાસ, તત્ત્વજ્ઞાન, સેકન્ડરી અધ્યાપન વગેરે શિક્ષણ આપતી સૌરાષ્ટ્રની લગભગ એકતાલીસ જેટલી કોલેજો સાંકળી લેવામાં આવી છે. સૌરાષ્ટ્ર માટે આ સંસ્થા પણ એક ગૌરવ લેવા યોગ્ય છે, જે ઉત્તરોત્તર વિકાસ પામતી જાય છે.

ઉપકુલપતિ શ્રી ડોલરરાય માંકડ એક સમર્થ શિક્ષણશાસ્ત્રી અને અનુભવી વહીવટકર્તા હોઈ આ વિદ્યાપીઠ એક સઘન વડલા રૂપ બનતી જાય છે. અત્યારે એના કુલપતિ શ્રી શ્રીમન્નારાયણ છે.

### અન્ય આદર્શ વિદ્યાધામો અને બુનિયાદી–નઈ તાલીમ–કેન્દ્ર

થોડી આડવાત ગણાશે છતાં બાલમાનસશાસ્ત્રી અને બુનિયાદી તાલિમ માટેના સફળ પ્રયોગશીલ શિક્ષણશાસ્ત્રી શ્રી ગિજુભાઈ બધેકાને અંજલિ આપ્યા સિવાય તેમજ **શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન**નો ઉલ્લેખ કર્યા સિવાય નહીં ચાલે. બરાબર તો યાદ નથી પરંતુ લગભગ ચોપન વર્ષો પહેલાં આ મહાનુભાવે ભાવનગરમાં શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવનની સ્થાપના કરેલી. ત્યારે શ્રી નાનાભાઈ ભટ્ટ, શ્રી હરભાઈ ત્રીવેદી અને શ્રી તારાબહેન વગેરેનો સાથ હતો. આ સંસ્થાએ, અત્યારના શિક્ષણક્ષેત્રે જે નઈતાલીમ માટેનું કાર્ય શરૂ થયું છે તેનો પાયો નાખેલો. સમસ્ત અધ્યાપન ક્ષેત્રે નવી જ ક્રાન્તિનાં પગરણ માંડવાની પણ પહેલ કરી. અને સ્વાવલંબન માટેની નવી જ દૃષ્ટિ આપેલી. આ સત્ય સ્વીકારવું જ પડશે. આ સંસ્થાએ ગુજરાતને ધીરવિચારકો. સમર્થ કાર્યકર્તાઓ, ચિંતન સભર વિદ્વાનો અને આચાર્યો આપ્યા છે. શ્રી ગિજુભાઈ સાથેના વિચારભેદને કારણે શ્રી હરભાઈ ત્રિવેદીએ 'ઘરશાળા' નામની સંસ્થા શરૂ કરેલી છે. બન્ને ચાલુ છે. ગિજુભાઈના અવસાન પછી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થી ભવન તેમના પુત્ર શ્રી બચુભાઈ ચલાવતા હતા તેમનું અવસાન થતાં અત્યારે શ્રી વિમુબહેન ચલાવે છે પરંતુ પહેલાંની રોનક અત્યારે રહી નથી.

અસ્તુ.

હવે આપણે બીજી દિશા તરફ વળીએ.

પ્રત્યાઘાતી કેળવણીથી અલગ, રાષ્ટ્રની સાંસ્કૃતિક અસ્મિતાને જાગૃત કરે, એના વિકાસ માટેના જીવંત પ્રવાહને નવો મોડ આપે, સ્વદેશાભિમાન સ્વાશ્રય અને ચારિત્ર્યની એના ઘડતરને અનુરૂપ કેળવણી વિષયક સંસ્થાઓની જરૂર, ગુજરાત વિદ્યાપીઠ સ્થપાયા પછી જણાઈ અને સર્વ સામાન્ય જનતા માટેની રાષ્ટ્રીય ભાવનાની દ્યોતક એવી કેળવણી માટેની ચળવળ શરૂ થઈ.

વલ્લભ વિદ્યાલય–બોચાસણનું ગ્રામ સેવા કેન્દ્ર તેમ જ બુનિયાદી શાળા, સુરત જિલ્લાનું અંબેટી–બુખાક્ષા, કોચરબ સ્મારક આશ્રમ, ઉદ્યોગ મંદિર–ભકાડા અને ગ્રામ વિદ્યાલય–દેથલી વિદ્યાલયને હસ્તક ચાલે જ છે.

આપણા રાષ્ટ્રની ઉન્નતિ માત્ર શહેરો પર જ અવલંબતી નથી પરંતુ ગામડાંઓ પર અવલંબે છે એટલે ઉપરની સંસ્થાઓ સિવાય અન્ય સંસ્થાઓનો પણ ઉદય થતો ગયો, જેમાં સ્વરાજ આશ્રમ–વેડછી અને વિઠ્ઠલ કન્યા વિદ્યાલય–નડીયાદ મુખ્ય હતાં

મહાત્માજીના અને સરદારશ્રીના કેળવણી ક્ષેત્રે નવચેતના લાવવાના ક્રાંતિકારક વિચારોને અમલી બનાવવા માટેનો પુરૂષાર્થ શ્રી જુગતરામભાઈ, શ્રી નાનાભાઈ, શ્રી ઢેબરભાઈ, શ્રી મોરારજીભાઈ અને શ્રી

ગોપાલદાસ વગેરેએ આરંભ્યો અને પરિણામે રચનાત્મક કાર્યક્રમ સાથે સ્વરાજ આશ્રમ–બારડોલી, ગુંદીઆશ્રમ-ગુંદી, હરીજન આશ્રમ–અમદાવાદ, આશ્રમ શાળા–દાહોદ, હરિજન આશ્રમ-ગોધરા, લોકભારતી–સણોસરા, રાષ્ટ્રીયશાળા–રાજકોટ, કસ્તુરબા આશ્રમ–મરોલી, દરબાર ગોપાલદાસ મહાવિદ્યાલય-અલીઆબાડા, શારદાગ્રામ–માંગરોળ, કસ્તુરબા આશ્રમ–કોબદ વગેરે રાષ્ટ્રહિતને અનુકૂળ સંસ્થાઓ ધીરેધીરે સ્થપાતી ગઈ જેમાં સ્વાવલંબન, વ્રતપાલન અને સંનિષ્ઠા સાથે ગૌપાલન ગ્રામોદ્યોગ, ખાદીઉદ્યોગ, ગૃહઉદ્યોગ તેમ જ કૃષિક્ષેત્રે, વર્તમાન સાધનોનો સમન્વય કરતા નવા નવા અખતરા વગેરે કાર્યક્રમો યોજાયા. પોતપોતાના પ્રદેશના ગૌરવના મૂલ્યોનું પુનર્મુલ્યાંકન થવા લાગ્યું આથી વર્તમાન જગત સાથે તાલેતાલ મિલાવવાનું કાર્ય રાષ્ટ્રીય દૃષ્ટિએ કેળવણીકારોએ ઉપાડી લીધું છે. એમણે ઘણી દિશાઓને આવરી લીધી છે–હવે પ્રજા સ્વયંભુ બનતી જાય છે.

આ સંસ્થાઓ પૈકીની ખાસ સંસ્થાઓના ઉપલબ્ધ પરિચય આપવાનો પ્રયત્ન કરું છું.

### શારદામંદિર – શારદાગ્રામ

આ સંસ્થા ૧૯૨૧માં શારદામંદિરના નામથી કેટલાય અંતરાયો છતાં કરાંચીના એક જાહેર બાગમાં શરૂ થયેલી. જ્યાં બેસવા માટે–બેસાડવા માટે માત્ર ચટાઈનો ઉપયોગ થતો હતો. તે પછી સંસ્થાનો વિકાસ થતાં હિન્દભરમાં પ્રખ્યાત થઈ ગઈ. મહાત્માજી શરૂઆતથી જ આ સંસ્થામાં ઝીણવટ ભર્યો રસ લેતા હતા. ૧૯૪૫માં રજત જયંતિ ઉજવાઈ ત્યારે ડૉ. રાધાકૃષ્ણને શિક્ષણ પ્રદર્શનનું ઉદ્ઘાટન કરેલું. આ સમયે શારદામંદિરમાં બારસો જેટલા વિદ્યાર્થીઓ હતા. સામાજીક, સંસ્કારિક તેમ જ રાજકીય ઉત્થાનમાં આ સંસ્થાએ ઐતિહાસીક ફાળો આપ્યો છે.

પાકિસ્તાન સર્જાતાં આ સંસ્થા ૧૯૪૯માં ભારતમાં આવી. અને સૌરાષ્ટ્ર સરકારે તેમજ મધ્યસ્થ સરકારે બધી રીતનો સહકાર આપ્યો. પરિણામે શારદાગ્રામ નામ ધારણ કરીને તે માંગરોલ પાસે સ્થપાઈ. અત્યારે આ સંસ્થાએ સારો એવો વિકાસ સાધ્યો છે. આ સ્થાન સૌરાષ્ટ્રના કાશ્મીર તરીકે પંકાય છે. આમ્રવૃક્ષો, નાળિયેરીઓ અને અન્ય વૃક્ષની ઘટાઓથી સંસ્થા હરિયાળી બનેલી છે.

અહીં વિવિધલક્ષી વિનયમંદિર છે, ખેતીવાડીના અભ્યાસ માટેનું મંગલાયતન છે, આજુ બાજુનાં ગામોમાં ત્રણ સ્થળોએ બાલશિક્ષણ અપાય છે. અંગ્રેજી શિક્ષણની ખાસ વ્યવસ્થા છે. સંસ્કૃત માટેના વિશેષ વર્ગો છે. કલા માટે જે. જે. સ્કૂલ ઑફ આર્ટના અભ્યાસક્રમ પ્રમાણેનું શિક્ષણ અપાય છે, ફોટોગ્રાફી માટેનું તાલીમ કેન્દ્ર પણ છે, શાસ્ત્રીય પદ્ધતિએ ગાયન–વાદનના શિક્ષણ વર્ગો, સુગમ સંગીત તેમ જ લોક ગીતોના અભ્યાસ માટેની વ્યવસ્થા તેમ જ નાટ્યકલાનું નિષ્ણાતો દ્વારા શિક્ષણ અપાય છે. વ્યાયામ, રમતગમત, એન. સી. સી. તેમ જ સ્કાઉટીંગની તાલીમ માટેની વ્યવસ્થા પણ છે જ. દેશપરદેશના વિદ્યાર્થી પણ આ સંસ્થાનો લાભ લે છે. અહીં ગૌશાળા છે, સંવર્ધન કેન્દ્ર છે તેમ જ ખેતીવાડીમાં સંશોધન-વિસ્તરણ, કૃષિશિક્ષણ, જમીન સુધારણા વગેરેનું શિક્ષણ અપાય છે. ગ્રામોદ્યોગ હાટ અને ઔષધશાળા પણ ચાલે છે.

સંસ્થાના અધ્યક્ષપદે શ્રી હેમરભાઈ છે અને ઉપાધ્યક્ષ શ્રી દુર્લભજી વિરાણી છે. આગેવાન નાગરીકોનું ટ્રસ્ટી મંડળ છે અને સહુ સાથ અને સહકારે સંસ્થાનો વિકાસ સાધી રહેલ છે.

૬૮–૬૯માં આ સંસ્થાનો ૭૯૬ વિદ્યાર્થીઓએ લાભ લીધેલો.

### ગંગાજળા વિદ્યાપીઠ, અલીઆબાડા

જામનગર જિલ્લામાં અલીઆ અને બાડા ગામોથી સંકળાયેલી શિક્ષણ, સંસ્કાર અને પુનર્રચનાના કેન્દ્ર સમી આ ગંગાજળા વિદ્યાપીઠ લગભગ ૧૯૫૩માં સ્થપાયેલી એક આદર્શ સંસ્થા છે. દરબાર શ્રી ગોપાલદાસ મહાવિદ્યાલયનો ગુજરાત યુનિ. સાથે બાર વર્ષ સંબંધ રહેલો–મતલબ કે વિનયન વિભાગ જોડાયેલો જે ૧૯૬૫ના જૂનથી બંધ કરવામાં આવ્યો છે.

અહીં સ્નાતક કક્ષાની તાલીમ અપાય છે. ૧૯૬૫–૬૬માં સાડત્રીસ જેટલા સ્નાતકોએ તાલીમ લીધેલી.

અહીં અધ્યાપન મંદિર છે, કૃષિ વિદ્યાલય છે, પંચાયત મંત્રી તાલીમ શાળા છે, શૈક્ષણિક અને વૈજ્ઞાનિક દૃષ્ટિએ ચાલતું વિદ્યામંડળ ફાર્મ છે જ્યાં સુધરેલી ખેતીની તાલીમ અપાય છે. ગંગાજળા ફાર્મમાં ફૂલઝાડની ખેતીની પણ તાલીમ અપાય છે. લોકશાળા –સયાણામાં બુનિયાદી ઢબે ચાલતી માધ્યમિક શાળા પણ સંસ્થા ચલાવે છે. સામાજીક અને ઔદ્યોગિક પ્રવૃત્તિઓ દ્વારા વિદ્યાર્થીનો સર્વાંગી વિકાસ સધાય છે. કેન્દ્રિય સમાજ કલ્યાણ બોર્ડ–દિલ્હી તરફથી શાળાંત વર્ગ– કન્ડેન્સ્ડ કોર્સ ચાલે છે જેમાં અભ્યાસ છોડી દીધેલ બહેનો પગભર થવા માટેનું શિક્ષણ મેળવે છે. બાલમંદિર તેમ જ મહિલા છાત્રાલય પણ છે. આયુર્વેદ ઔષધાલય અને ગ્રામોદ્યોગ વગેરે અનેકવિધ શિક્ષણ પ્રવૃત્તિથી આ વિદ્યાલય સાર્થકતા અનુભવે છે.

સંસ્થાના પ્રમુખ કર્મઠ અને શિક્ષણ ક્ષેત્રે ચીવટ ભર્યો રસ લેતા શ્રી કાંતિલાલ પી. શાહ છે અને મંત્રી તરીકે શિક્ષણ શાસ્ત્રી શ્રી ડોલરરાય માંકડ છે. સંસ્થાએ શ્રી ગોપાલદાસ દેસાઈના આદર્શો ફલિત કર્યા છે.

### લોકભારતી – સણોસરા

ભાવનગર જિલ્લાના સણોસરા ગામ પાસે તા. ૨૮, મે ૧૯૫૩ના રોજ શિક્ષણાચાર્ય શ્રી નાનાભાઈ ભટ્ટના શ્રમથી અને હસ્તે સ્થપાયેલ આ લોકભારતી સંસ્થા પણ એક મહાન આદર્શ પૂરો પાડે છે. સંસ્થાના ટ્રસ્ટી મંડળના પ્રમુખ શ્રી મોરારજીભાઈ દેસાઈ છે અને સંસ્થાના વર્તમાન વિકાસ અને ઘડતરમાં જેમનો મહાન ફાળો છે એવા સુવિખ્યાત વિદ્વાન લેખક શ્રી મનુભાઈ પંચોળી તથા ઉત્સાહી યુવાન શ્રી કુમુદચંદ ઠાકર બન્ને મેનેજીંગ ટ્રસ્ટીઓ છે.

આ લોકભારતી સંસ્થા લોક સેવાનું મહાવિદ્યાલય છે; જ્યાં ગામડાંના વિવિધ પ્રશ્નોના ઉકેલમાં ઉચ્ચ વિદ્યા, અધ્યયન સંશોધન અને વિસ્તરણ માટેના પ્રયોગો થાય છે. ભારતીય સંસ્કૃતિને અનુરૂપ કેળવણી દ્વારા સમાજનું ઘડતર થાય અને ગ્રામ જનતાની શુભ તત્ત્વોની અપ્રગટ શક્તિ કેળવણી દ્વારા બહાર આવે તે માટેના આ સંસ્થાના કોડ છે.

અહીંનાં છાત્રાલયોમાં ચારસો જેટલાં ભાઈ બહેનો રહે છે, જે ઉપયોગી શ્રમ પણ આપે છે અને તે શિક્ષણ ફીમાં ગણી લેવાય છે. બધા વિદ્યાર્થીઓ અને આચાર્યો કૌટુંબિક જીવન જીવે છે.

અહીં લોકસેવા વિદ્યાલય નામની ઉચ્ચ શિક્ષણ આપતી કોલેજ છે. સ્નાતક થવા માટે ચાર વર્ષનો કોર્સ છે જેમાં ઉત્તીર્ણ થનારને બી. આર. એસ. [ બેચલર ઑફ રૂરલ સ્ટડીઝ ] ની પદ્વિ સૌરાષ્ટ્ર યુનિ. આપે છે.

એસ. એસ. સી. ઉત્તીર્ણ વિદ્યાર્થી માટે પ્રથમ વર્ષનો એક સરખો અભ્યાસક્રમ છે. અહીં ગોપાલન-શિક્ષણ, ખેતી વિષયક આધુનિક જ્ઞાન, ગ્રામ શિક્ષણ તેમ જ માનવીય વિષયોનું શિક્ષણ અપાય છે. ખેતી–ગોપાલન , ગ્રામનિર્માણ અને લોક શિક્ષણ આ ત્રણમાંથી વિદ્યાર્થી એક વિષયની પસંદગી કરી લે છે ૪૦ ટકા જેટલું સ્થાન દરેક અભ્યાસક્રમમાં અન્ય બે વિષયો માટે રહે છે. ચાર વર્ષનો કોર્સ પૂરો થયે દરેક વિદ્યાર્થીને ગુજરાત, સૌરાષ્ટ્ર કે કચ્છના કોઈ એક ગ્રામ સેવા કેન્દ્રમાં ગૌશાળા, બાગ, ફાર્મ અથવા ઉત્તર બુનિયાદી વિદ્યાલયમાં પ્રત્યક્ષ તાલીમ લેવી જરૂરી હોય છે. અહીંના ૭૧૦ જેટલા સ્નાતકો સમાજના જુદા જુદા ક્ષેત્રોમાં કાર્ય કરે છે અને રાષ્ટ્રના નવનિર્માણમાં ફાળો આપે છે.

રૂરલ ઈન્સ્ટિટ્યુટનો બે વર્ષનો કોર્સ છે જેમાં કૃષિ અને પશુપાલન મુખ્ય છે.

પ્રાથમિક શિક્ષણ, બુનિયાદી શાળા, તે માટેનું તાલીમ કેન્દ્ર છે જેમાં શિક્ષકો તૈયાર કરવામાં આવે છે. શાળાંત થયેલાઓ માટે બે વર્ષનો અને એસ.એસ. સી. થયેલાઓ માટે એક વર્ષનો કોર્સ છે. લોકભારતી પોતાનાં પ્રમાણપત્રો આપે છે જે માટેની રાજ્ય સરકારે મંજુરી આપેલી છે.

ઉપરાંત પંચાયતી રાજ તાલીમ કેન્દ્ર પણ છે જેમાં એક હજારથી વધુ સરપંચો અને મંત્રીઓ તાલીમ લે છે. મુખ્ય મુખ્ય પાકોનાં બીયારણ, ખાતર, પાણી, તેમ જ તે માટેના ખેતરની જરૂરિયાત માટેના પ્રયોગો કરવામાં આવે છે. આર્થિક, સામાજીક મોજણીનું જ્ઞાન પણ અપાય છે.

ખેતી સુધાર, બી, રોપા, ખાતર, ગોબર–ગેસ પ્લાન્ટ, પાણી, જમીનોના નમૂનાઓનું રસાયણિક પૃથકરણ, પશુપાલન, રોગચિકિત્સા વગેરે અંગેનું શિક્ષણ, યોગ્ય સલાહ અને સેવાઓ પણ આપવામાં આવે છે.

અહીં સમૃદ્ધ લાયબ્રેરી છે જેમાં સંશોધન માટેની અદ્યતન સુવિધા છે.

આ સંસ્થા પણ સ્વાવલંબી અને ગૌરવ લેવા યોગ્ય પુરૂષાર્થનું પ્રદાન છે.

### મહાવીર જૈન ચારિત્ર રત્નાશ્રમ-સોનગઢ

ભાવનગર જિલ્લાના સોનગઢ ગામમાં ગુરૂકુલ તો છે જ, ટીચર્સ ટ્રેનિંગ કોલેજ પણ છે જે ઘણાં વર્ષોથી ચાલે છે.

પરંતુ ચારિત્ર રત્નાશ્રમ પણ એવી સંસ્થા છે. કે જ્યાં સ્વાવલંબન રૂપે વાડાથી પર, વિદ્યાર્થીઓના જીવનને ઉપયોગી શિક્ષણ આપવામાં આવે છે. અહીં રહેવાની તથા જમવાની પણ વિદ્યાર્થીઓને સગવડ અપાય છે. સંસ્થાના સ્થાપકનો તો દેહાન્ત થઈ ગયો અને તેના વર્તમાન સંચાલક પણ અત્યારે સો વર્ષની ઉંમરે પથારીવશ અને અપંગ બની ગયા છે છતાં આ સંસ્થાને ઋષિ આશ્રમની માફક વર્ષોથી ચલાવનાર ઉદાર, માનવતાપ્રેમી આયુર્વેદના જાણકાર ચારિત્ર્યશીલ એવા શ્રી કલ્યાણચંદ્રજીના પુરૂષાર્થને અંજલી આપ્યા સિવાય નહીં ચાલે. આ કર્મઠ પુરુષે આશ્રમને પગભર બનાવવામાં ઘણો શ્રમ લીધો છે. સદાચાર, ચારિત્ર્યઘડતર. નૈતિક જીવનનાં મૂલ્યાંકન વગેરેથી ઓપતો આ આશ્રમ ખરેખર નિર્દંભ અને આદર્શવાન છે.

### ગાંધી આશ્રમ—ઝીંઝાવા

આ સંસ્થાનો જન્મ ૧૯૬૫માં જ થયો છે છતાં પણ એણે બુનિયાદી નઈતાલીમના ક્ષેત્રે ખૂબ જ ઉપયોગી કાર્ય કર્યું છે.

આ સંસ્થા ૧૭ બુનિયાદી શાળાઓનું સંચાલન કરે છે. ઉપરાંત કૃષિવિજ્ઞાન ક્ષેત્રે નવ પ્રયોગોને આવકાર્ય ગણ્યા છે. સંસ્થા મારફતે અંબર ચરખાના ઉપયોગે ખાદીનું ઉત્પાદન અને વિતરણ આમજનતા માટે ઉપયોગી બન્યું છે. બાજુના ગામોના ગુનાહિત કૃત્યો કરનારાઓને આ સસ્થાએ શ્રમનો મહિમા સમજાવીને ગૃહસ્થી જીવન જીવતા કર્યા છે.

આ સંસ્થાની ગૌશાળા પણ છે.

સસ્થાના સંચાલક ઉત્સાહી અને કર્મયોગી એવા શ્રી બાબુભાઈ શાહની ચીવટ સંસ્થાનો વિકાસ કરી રહી છે.

ગુજરાતના સંદર્ભ ગ્રંથ માટે "ગુજરાતના પ્રાચીન અને અર્વાચીન વિદ્યાધામો" શીર્ષકના આ લેખમાં મેં શક્ય એટલી માહિતિ જે ઉપલબ્ધ થઈ તે આપવા પ્રયત્ન કર્યો છે.

---

### ગુજરાતનું શિલ્પ–સ્થાપત્ય

"બૌદ્ધ ચૈત્યો કે દક્ષિણનાં ગોપુરવાળાં મહામંદિરોની ભવ્યતા ગુજરાતમાં નથી, છતાં સૌમ્ય, સુરેખ, નાજુક નકશી; ભાવવાહી મૂર્તિવિધાન અને કોતરકામમાં હજી સજીવન રહેલા અવશેષો ગુજરાતના કીર્તિસ્તંભો જેવા છે. તે સમયની ભવ્ય–કલાસમૃદ્ધિ આજે પણ આપણી સાચી ઈસ્કયામત છે. 'પ્રાચીન પશ્ચિમ કલાશાલા'ના અનુસંધાનમાં ઘડાયેલાં શામળાજી વગેરેનાં પાષાણશિલ્પો અને અકોટા જેવાં ધાતુશિલ્પો હિંદભરની શિલ્પકલામાં માર્ગ મુકાવે તેવાં છે. તાડપત્ર તથા કાગળ ઉપરનાં ઇલૂરાના ભિત્તિ ચિત્રોની પરમ્પરામાં દોરાયેલાં જૈન તથા બ્રાહ્મણીય પોથી ચિત્રો રાજપૂત ચિત્રકલાના પિતૃસ્થાને છે, એ હકીકત ગૌરવપ્રદ છે : આ ચિત્રકલા રાજ્યાશ્રિત નહિ, પરંતુ સમૃદ્ધ મધ્યમવર્ગના પ્રોત્સાહનથી જીવતી રહેલી હતી. ગુજરાતના શિલ્પીઓ અને કારીગરોને ફત્તેહપુર સિક્રીના બાંધકામ માટે ખાસ નિમંત્રવામાં આવ્યા હતા એમ ઈતિહાસ કહે છે. અસલ પાટણના વતની મંડન સૂત્રધારના 'વાસ્તુગ્રંથો' હિંદભરમાં માન્ય થયેલા છે, તેની અહીં નોંધ લેવી ઘટે છે."

—હલીચંદ એન્ડ કું. મુંબઈના સૌજન્યથી.



# ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણની સવલતો

—શ્રી મૂળશંકર પ્રા. ભટ્ટ

ઉમાશંકર જોષીને એક વખત કહેતા સાંભળેલા કે "ગુજરાત શિક્ષકોની બાબતોમાં નસીબદાર છે." સરસ્વતીના અઠંગ ઉપાસક અને તેજસ્વી વિદ્વાનનું આ વિધાન ગુજરાતના એક અતિ ઉજળા પાસાનું દર્શન કરાવે છે. જે પ્રદેશ સમૃદ્ધ શિક્ષકોથી વિભૂષિત હોય ત્યાંનું શિક્ષણ સંગીન અને સર્વાંગીણ હોય તે સહજ છે.

ગુજરાતની શિક્ષણ તવારીખ પર ઉડતો દૃષ્ટિપાત કરવાથી આ બાબતની ખાતરી થશે. ઉર્ત્તીસાર ગુજરાતના શિક્ષણવિકાસના આંકડા શિક્ષણના પ્રસાર અને પ્રસ્તારના સાક્ષીરૂપ છે.

ઈ સ ૧૯૪૯માં જ્યારે ગુજરાતને ગુજરાત યુનિવર્સિટી મળી ત્યાં સુધી ઉચ્ચ શિક્ષણનું વિતરણ મુંબઈ યુનિવર્સિટી દ્વારા થતું હતું. ૧૯૨૦ માં મહાત્મા ગાંધીજીને હસ્તે ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના થઇ હતી. પણ સ્વાતંત્ર્ય પ્રાપ્તિ સુધી શિક્ષણ પ્રદાન જેટલું જ મહત્ત્વ વિદ્યાપીઠે સ્વાતંત્ર્ય ચળવળને આપ્યું હોવાથી ૧૯૪૭ સુધી શિક્ષણની દિશામાં ગુજરાત વિદ્યાપીઠ પાસે સંગીન કાર્યક્રમ હોવા છતાં ઉચ્ચ શિક્ષણનું કામકાજ વિધિસર ચાલી શક્યું નહિ.

૧૯૪૯ માં ગુજરાત યુનિવર્સિટી અને મહારાજા સયાજીરાવ (વસાહતી) યુનિવર્સિટીની સ્થાપના થઈ. ૧૯૫૫ માં વલ્લભ-વિદ્યાનગરમાં સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠનો પ્રારંભ થયો. વિદ્યાપીઠોના વિસ્તરતા કાર્યક્ષેત્રને અને પ્રાદેશિક મહત્વાકાંક્ષાઓને ધ્યાનમાં લઈ ૧૯૬૬ માં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી સ્થપાઈ. ૧૯૬૭ના પ્રારંભમાં શુદ્ધ આયુર્વેદમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ શિક્ષણ આપતી ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની સ્થાપના થઇ. આમ લગભગ તમામ વિદ્યાશાખાઓમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ હાલ ૯૦,૦૦૦ થી વધુ વિદ્યાર્થીઓ ઉચ્ચ શિક્ષણની ૨૦૦ થી વધુ સંસ્થાઓમાં અભ્યાસ કરી રહ્યા છે

ગુજરાતની આ સાત યુનિવર્સિટીઓ અને મુંબઈની શ્રીમતી–નાથીબાઈ દામોદર ઠાકરસી મહિલા વિદ્યાપીઠ મળી કુલ આઠ વિદ્યાપીઠો પાસે પોતાનું આગવું ધ્યેય છે, ઉચ્ચ આદર્શ છે. અભ્યાસાર્થીઓની સંખ્યા પ્રતિવર્ષ વધતી જાય છે. આથી કોલેજો ઓછી પડે છે. આને પરિણામે વિવિધ વિદ્યા–શાખાની નવી કોલેજો ખૂલતી રહે છે.

ઉચ્ચ શિક્ષણની સંસ્થાઓની અને તેમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની સંખ્યા અહોભાવ પેદા કરે તેવી હોવા છતાં અભ્યાસવૃત્તિ અને ઉંડાણમાં જાણે કે ઓટ આવી હોય તેવું દેખાય છે. અન્ય રાજ્યોના વિદ્યાર્થીઓના પ્રમાણમાં ગુજરાતની યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓમાં ગેરશિસ્ત કમ છે છતાં રાષ્ટ્રભૂમિકાએ ગુજરાતની યુનિવર્સિટીઓના વિદ્યાર્થીઓ અગ્રતાક્રમમાં પાછળ રહી જાય છે એ હકીકત છે. વિદ્યાપીઠ સંચાલકોના લક્ષ બહાર આ વસ્તુ નહિ હોય અને એ દિશામાં શા પગલાં લેવાં તે વિચારાઈ રહ્યું હશે એવી શુભાશા સેવવી રહી.

વિવિધ વિદ્યાશાખાઓમાં જ્ઞાનોપાર્જન કરતા આ લાખેક યુવક-યુવતીઓના સર્વાંગીણ વિકાસ માટેની રૂપરેખા આ સર્વ યુનિવર્સિટીઓ પાસે છે. મન અને શરીર નિરોગી બને તથા રહે તે માટે વિવિધ પ્રવૃત્તિઓ યોજાય છે. લાયક અલ્પસાધન વિદ્યાર્થીઓ માટે સરકાર તથા પંસ્થાઓ દ્વારા આર્થિક સહાય આપવામાં આવે છે. મર્યાદિત પ્રમાણમાં છાત્રાવાસો પણ ચલાવાય છે.

પ્રાથમિક તથા માધ્યમિક શિક્ષણનાં અગિયાર વર્ષ પૂરાં કરી માધ્યમિક શાળાંત પરીક્ષા (S. S. C.)માં ઉત્તીર્ણ થયા પછી વિદ્યાર્થી ઉચ્ચ શિક્ષણ માટે લાયક બને છે. કોલેજો દ્વારા ચાલતા પૂર્વ વિદ્યાપીઠ વર્ગ (Pre university class) માં તે દાખલ થાય છે. ત્યાર પછી જુદી જુદી વિદ્યાશાખાઓમાં ત્રણથી કરી ૭–સાડા ૭ વર્ષ બાદ પદવી મેળવી શકાય છે. પૂર્વ વિદ્યાપીઠ વર્ગ પછી ત્રણ વર્ષે વિનયન, વિજ્ઞાન અને વાણિજ્યમાં સ્નાતકની પદવી મળતી હોવાથી આ અભ્યાસક્રમને ત્રિ–વર્ષીય અભ્યાસક્રમ (Three year's Degree course) તરીકે ઓળખાવવામાં આવે છે. સ્નાતક કક્ષાએ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ અનુસ્નાતક અભ્યાસ અને સંશોધન માટે પણ વિપુલ સગવડો સુપ્રાપ્ય છે. કોલેજો દ્વારા થતા શિક્ષણવિતરણ ઉપરાંત તમામ વિદ્યાપીઠો પુસ્તક પ્રકાશન, વ્યાખ્યાન-માળા, ગ્રંથાલય વગેરે દિશામાં પણ પ્રશસ્ય કામગિરી બજાવે છે.

ગુજરાતને આંગણે આપણી ભાવિ આશાઓ–ગુજરાતના યુવક, યુવતીઓ માટે ઉચ્ચ શિક્ષણ દ્વારા ઉજ્જવળ ભવિષ્યની તક સર્જતી એ સર્વ વિદ્યાપીઠો વિશે સંક્ષેપમાં માહિતી મેળવીએ.

### ૧. ગૂજરાત વિદ્યાપીઠ (વસાહતી), અમદાવાદ

"सा विद्या या विमुक्तये" ના ધ્યાનમંત્રવાળી આ યુનિવર્સિટીની સ્થાપના વેળા ઈ. સ. ૧૯૨૦ માં ગાંધીજીએ કહ્યું હતું કે આ વિદ્યાપીઠની સ્થાપના દ્વારા "જો વણિક પુત્ર કરી શકતો હોય તો મેં ઋષિકાર્ય કર્યું છે."

૧૯૪૭ માં 'મહાદેવભાઈ દેસાઈ સમાજ સેવા મહાવિદ્યાલય"ની સ્થાપના કરી વિદ્યાપીઠે કાર્યશીલ બનવાની દિશામાં બીજું ચરણ માંડ્યું. આ મહાવિદ્યાલયમાં અત્યાર સુધીમાં લગભગ ૭૦૦ સ્નાતકો તૈયાર થયા છે. હાલ ૩૦૦ જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

૧૯૬૩ થી ભારત સરકારે આ વિદ્યાપીઠને કાયદા સ્થાપિત યુનિવર્સિટીઓની સમકક્ષ જાહેર કરી હોવાથી ઉચ્ચ શિક્ષણની વિવિધ સંસ્થાઓનો વિકાસ થઈ રહ્યો છે.

શિક્ષણની પ્રક્રિયા અખંડ છે એ વિચારથી પ્રેરાઈ વિદ્યાપીઠમાં બાલમંદિરથી શરૂ કરી પીએચ. ડી. સુધીના અભ્યાસની વ્યવસ્થા છે.

વિદ્યાપીઠના સમૃદ્ધ ગ્રન્થાલયમાં દોઢેક લાખ જેટલાં પુસ્તકો છે. ગુજરાતી ભાષામાં ૧૦,૦૦૦ પાનાનો સળંગ જ્ઞાનકોશ તૈયાર કરવાનું કામ હાલ ચાલે છે.

વિદ્યાપીઠમાં વિદેશી વિદ્યાર્થીઓ માટે ભારતીય સંસ્કૃતિ અને ગાંધી–વિચારના ટૂંકા અભ્યાસક્રમની જોગવાઈ છે. તેનો લાભ ખાસ કરીને અમેરિકાના વિદ્યાર્થીઓ દર વરસે લે છે.

વિદ્યાપીઠ દ્વારા લેવાતી હિંદી વિનીત પરીક્ષા પાસ કરનાર અથવા એસ. એસ. સી. કે તેની સમકક્ષ પરીક્ષા, પ્રાવેશિક પરીક્ષા કે ગાંધી વિચાર પ્રવેશ પરીક્ષા પાસ કરનાર " સમાજ વિદ્યાવિશારદ " ( બી. એ. ) ના ત્રણ વર્ષના અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી વિશારદ ( સ્નાતક ) બની શકે છે.

સમાજ વિદ્યા વિશારદ, બી. એ. કે તેની સમકક્ષ પરીક્ષા આપનાર ગુજરાતી, હિન્દી, ગ્રામ અર્થશાસ્ત્ર, નૃવંશ શાસ્ત્ર, ગાંધી દર્શનના મુખ્ય વિષયો લઈને તથા સંસ્કૃત, અંગ્રેજી ગૌણ વિષયો લઈને પેપર્સથી બે વર્ષમાં અને થિસીસ ( મહાનિબંધ )થી ત્રણ વર્ષમાં પારંગત ( M. A ) ની પરીક્ષા આપી શકે છે. પારંગતના વર્ગો સવારના સમયે ચાલે છે.

સમાજવિદ્યાવિશારદ, બી. એ. કે સમકક્ષ પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર એક વર્ષમાં શિક્ષણ વિશારદ ( B. Ed ) અને ત્યારબાદ પેપર્સથી બે વર્ષે અને મહાનિબંધથી ત્રણ વર્ષે શિક્ષણ પારંગત (M. Ed.)ની પરીક્ષા આપી શકે છે.

હિન્દી સાથે બી એ. થનાર, હિંદી સેવક, રાષ્ટ્રભાષા રત્ન અથવા સાહિત્ય સુધાકર હિન્દી શિક્ષા વિશારદ ( હિન્દી બી. એડ. )ના ૧ વર્ષના અભ્યાસક્રમમાં જોડાઈ શકે છે.

એસ. એસ. સી. કે તેની સમકક્ષ ઉપરાંત હિન્દી વિનીત કે તેની સમકક્ષ પરીક્ષામાં પાસ થનાર માટે ૧ વર્ષનો હિંદી શિક્ષા વિનીત (હિન્દી ટી. ડી.)નો અભ્યાસક્રમ રાખવામાં આવ્યો છે.

ગુજરાતી ભાષા સાહિત્યમાં પીએચ. ડી. ના અભ્યાસની પણ જોગવાઈ છે

વિદ્યાપીઠમાં ભણનાર તમામ વિદ્યાર્થીઓ માટે સંસ્થાની ભૂમિ પર છાત્રાલયની સગવડ છે, તથા છાત્રાવાસ અનિવાર્ય છે. બહાર રહીને અભ્યાસ કરનારાઓ માટે પણ રોજ પ્રાર્થના, કાંતણ તથા પ્રમાણિત ખાદીનો પોષાક પહેરવાનું ફરજિયાત છે.

## ૨. શ્રીમતી નાથીબાઇ દામોદર ઠાકરશી વિમેન્સ યુનિવર્સિટી

ઇ. સ. ૧૯૧૬માં ભારતરત્ન સ્વ. ડૉ. ધોન્ડો કેશવ કર્વેએ આ વિદ્યાપીઠની સ્થાપના કરી. ઇ. સ. ૧૯૨૦માં સ્વ સર વિઠ્ઠલદાસ દામોદર ઠાકરશીનાં માતુશ્રી નાથીબાઇના નામ પરથી વર્તમાન નામાભિધાન થયું. ભારતભરમાં આ એક જ મહિલા વિદ્યાપીઠ છે. જ્યાં કેવળ મહિલાઓને જ નિયમિત ( Regular ) અને ખાનગી ( External ) વિદ્યાર્થી તરીકે શિક્ષણ અપાય છે.

આ વિદ્યાપીઠે માન્ય કરેલી ગુજરાતમાં સ્થપાયેલી છ કોલેજોમાં વિનયન ( Arts ) અને શિક્ષણ ( Education ) કક્ષાએ સ્નાતક અને અનુસ્નાતક થઇ શકાય છે. આ બધી કોલેજોમાં મળી લગભગ ૨૨૦૦ વિદ્યાર્થિનીઓ અભ્યાસ કરે છે. આ અભ્યાક્રમમાં અંગ્રેજી વિષય સિવાય સાથે S. S. C. કે સમકક્ષ પરીક્ષા ઉત્તીર્ણ કર્યાથી પ્રવેશ મળે છે.

ગુજરાતમાં આવેલી કોલેજોની હકીકત નીચે પ્રમાણે છેઃ

| કોલેજનું નામ | શિખવાતા વિષયો (કઈ કક્ષા સુધી) |
|---|---|
| ૧. મહિલા વિદ્યાલય, વડોદરા. | બી. એ., બી. એડ. |
| ૨. એસ. એલ. યુ. કોલેજ ફોર વિમેન, અમદાવાદ | ,, ,, |
| ૩. એન. સી. ગાંધી મહિલા કોલેજ, ભાવનગર | ,, , એમ. એ. |
| ૪. ઝેડ. એફ. વાડિયા વિમેન્સ કોલેજ, સુરત | બી એ. |
| ૫. શ્રી એમ. એમ. શાહ મહિલા કોલેજ, સુરેન્દ્રનગર | બી એ. |
| ૬. શ્રી મહિલા આર્ટ્સ કોલેજ, વીસનગર | બી. એ. |

બધી કોલેજોમાં ગુજરાતી માધ્યમ દ્વારા શીખવાય છે. વડોદરાના મહિલા વિદ્યાલયમાં ગુજરાતી તેમ જ મરાઠી માધ્યમ દ્વારા શીખવાય છે.

એક્સટર્નલ વિદ્યાર્થી તરીકે પૂર્વ-વિદ્યાપીઠ ( Pre Uni. ), એફ. વાય. એ , બી. એ. ( સ્પેશ્યલ તથા જનરલ ), એમ. એ. તથા એમ. એડ. ની પદવી મેળવી શકાય છે. તે માટે—

**રજિસ્ટ્રાર**
**એસ. એન. ડી ટી. મહિલા વિદ્યાપીઠ**
**૧, નાથીબાઈ ઠાકરસી રોડ, મુંબઇ-૧**

એ શરનામે લખવાથી માહિતી મળી શકે છે.

માત્ર સ્ત્રીઓને માટે જ હોય એવી ઉચ્ચ શિક્ષણની જુદી સંસ્થા કાઢવામાં આવે તો પણ ઘરને લગતી ફરજોને અવગણીને કોલેજમાં નિયમિત રીતે જવું સ્ત્રીઓ માટે શકય ન બને એ વાત ધ્યાનમાં રાખી ખાનગી રીતે અભ્યાસ કરી પરીક્ષા આપી શકાય એવા આ અભ્યાસક્રમની યોજના ઘડી છે. આ વ્યવસ્થાને કારણે હજારો સ્ત્રીઓ ઉચ્ચ શિક્ષણ મેળવી શકી છે અને વિદ્યાપીઠના ધ્યેયમંત્ર संस्कृता स्त्री पराशक्तिःને સાર્થક કરી પોતાના ગૃહજીવનની તેમ જ પોતાના વ્યવસાયની સમસ્યાને સારી રીતે ઉકેલી શકી છે.

## ૩ ગુજરાત યુનિવર્સિટી

૧૯૪૯માં સ્થપાયેલી ગુજરાત યુનિવર્સિટીએ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતની અલગ યુનિવર્સિટીઓ થયા સુધીના ૧૬ વર્ષના ગાળામાં એટલે કે ૧૯૬૬–૬૭ સુધીમાં તમામ ક્ષેત્રે ગણનાપાત્ર પ્રગતિ કરી છે.

योगः कर्मसु कौशलम्‌ને જેણે ધ્યેયમંત્ર તરીકે સ્વીકાર્યો છે, અને વિદ્યાદેવી સરસ્વતીના વાહન અને ગુજરાતના કલાપ્રેમના સૂચક મયૂરને અજ્ઞાનરૂપી અંધકારનો ઉચ્છેદ કરનાર જ્ઞાનદીપ નીચે નર્તન કરતો પ્રદર્શિત કર્યો છે એવી મુદ્રાવાળી આ યુનિવર્સિટીએ ૨૧ કોલેજોથી શરૂઆત કરેલી. ૧૯૬૬–૬૭માં ૧૪૧ કોલેજો હતી અને વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, કાનૂન, શિક્ષણ, ઈજનેરી, આયુર્વેદ અને કૃષિ એમ વિવિધ વિદ્યાશાખાઓમાં શિક્ષણ અપાતું હતું.

સૌરાષ્ટ્રની લગભગ ચાલીસેક કોલેજો અને ૨૦,૦૦૦ વિદ્યાર્થીઓ અને તેટલી જ સંખ્યામાં દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીની ગણતરી બાદ કરીએ તો પણ આજે ગુજરાત યુનિવર્સિટીમાં ચાલીસેક હજારની આસપાસ વિદ્યાર્થીઓ તથા ૬૦ની આસપાસ કોલેજોની સંખ્યા હશે.

સ્નાતક કક્ષાનું શિક્ષણ સંલગ્ન કોલેજો દ્વારા અપાય છે. અનુસ્નાતક શિક્ષણનું સંચાલન યુનિવર્સિટીએ પોતાને હસ્તક રાખ્યું છે. પોતાની પૂર્ણ દેખરેખ હેઠળ, શક્તિશાળી શિક્ષકો દ્વારા વિવિધ કેન્દ્રોમાં અનુસ્નાતક વર્ગો ચાલી રહ્યા છે. આ વર્ગોમાં અર્થશાસ્ત્ર, રાજ્યનીતિશાસ્ત્ર, ઇતિહાસ, સમાજશાસ્ત્ર. મજૂરકલ્યાણ, ગુજરાતી, હિન્દી, અંગ્રેજી, સંસ્કૃત, ફારસી, માનસશાસ્ત્ર, દર્શનશાસ્ત્ર, શિક્ષણ, ભૌતિક અને રસાયણ વિજ્ઞાન, વનસ્પતિ તથા પ્રાણી વિજ્ઞાન, ગણિત તથા આંકડાશાસ્ત્ર એમ વિવિધ વિષયો શીખવાય છે.

શિક્ષણ અને પરીક્ષાના માધ્યમ તરીકે ગુજરાતી ભાષા માન્ય કરવામાં આવી છે છતાં કોઇપણ માન્ય કોલેજ હિન્દી કે અંગ્રેજી માધ્યમ દ્વારા શિક્ષણ આપી શકે છે અને પરિક્ષાર્થી પણ પોતાની પસંદગી મુજબ હિન્દી, અંગ્રેજીમાં જવાબો લખી શકે છે.

વિનયન વિભાગમાં બહારથી બેસીને પણ પરીક્ષા આપી શકાય છે. પ્રતિવર્ષ લગભગ ૭,૦૦૦ વિદ્યાર્થીઓ આ એકસટર્નલ પરીક્ષાઓનો લાભ ઉઠાવે છે.

યુનિવર્સિટીના ગ્રન્થાલયમાં ૧ લાખ ૩૦ હજારથી વધુ પુસ્તકો છે. વર્ષ દરમ્યાન વિવિધ વિષયોના ૮૫૩ સામયિકો અહીં આવે છે.

વધુ અભ્યાસ માટે પરદેશ (ખાસ કરીને અમેરિકા, યુ.કે., જર્મની) જનારા વિદ્યાર્થીઓને માર્ગદર્શન અને સલાહસૂચના આપવાના હેતુથી વિદેશી વિદ્યાપીઠ માહિતીકેન્દ્ર ( The Foreign Universities Information Bureau ) ચલાવવામાં આવે છે. આ કેન્દ્ર વિદ્યાર્થીઓને પ્રવેશ વગેરે સવલતો મેળવી આપવામાં સહાય કરે છે.

અનુસ્નાતક શિક્ષણ અને ખાસ કરીને સંશોધન માટે નીચેની સંસ્થાઓ માન્ય થયેલી છે:

| સંસ્થાનું નામ | વિષય |
|---|---|
| ૧. બો. જે. અધ્યયન અને સંશોધન વિદ્યાભવન, અમદાવાદ | પ્રાચીન ભારતીય સંસ્કૃતિ |
| ૨. અમદાવાદ ટેક્સટાઇલ ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિએશન (Atira) અમદાવાદ | રસાયણ અને ભૌતિકવિજ્ઞાન |
| ૩. ફિઝીકલ રિસર્ચ લેબોરેટરી, અમદાવાદ | ભૌતિક વિજ્ઞાન |
| ૪. શેઠ કે. એમ. સ્કૂલ ઓફ પોસ્ટગ્રેજ્યુએટ મેડિસિન એન્ડ રિસર્ચ, અમદાવાદ | એમ.ડી., એમ. એસ., ડી.એ., ડી.જી.ઓ., ડી.ઓ., ડી.બી.ડી., ડી.પેડ., ડી.એલ. ઓ. (E.N.T.) ડી. એમ. આર. ઈ. |
| ૫. એલ. ડી. ભારતીય સંસ્કૃતિ વિદ્યા મંદિર, અમદાવાદ. | સંસ્કૃત અને પ્રાચીન ભારતીય ભાષાઓ |
| ૬. બી.એમ. ઇન્સ્ટીટ્યૂટ, અમદાવાદ | મનોવિજ્ઞાન |

યુનિવર્સિટી દ્વારા દેશી તેમ જ પરદેશી મેદાની રમતોની આંતર વિભાગીય અને આંતર યુનિવર્સિટી સ્પર્ધાઓ યોજાય છે. શારીરિક ક્ષમતામાપક કસોટીઓ સુદઢ શરીર હરીફાઈ, પર્વતારોહણ પ્રવૃત્તિ, નિબંધ તેમ જ વક્તૃત્વ સ્પર્ધા વગેરે પ્રવૃત્તિઓ દ્વારા અભ્યાસેતર ક્ષેત્રે પણ વિદ્યાર્થીઓને તાલીમ મળે તેવી યોજના કરવામાં આવે છે.

કુલસચિવ ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ-૯, પાસેથી વિશેષ માહિતી મળી શકે છે.

## ૪. મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વડોદરા

જુના વડોદરા રાજ્યના પ્રતિભાવંત રાજવી સયાજીરાવનું ના જે યુનિવર્સિટી સાથે જોડાયેલું છે અને " सत्यं, शिवं, सुन्दरम् "ના ધ્યાનમંત્ર મંડિત વિકસતા કમળ પર પ્રકાશતા જ્ઞાનદીપ વાળી મુદ્રા જ્યાં અંકિત થયેલી છે તે વસાહતી યુનિવર્સિટીની સ્થાપનાનો વિચાર તો છેક ૧૯૦૯માં વહેતો થયેલો. ૧૯૨૫માં વડોદરા વિદ્યાપીઠ પંચે પણ આવી વિદ્યાપીઠની તાત્કાલિક સ્થાપના માટે જોરદાર ભલામણ કરેલી. ૧૯૪૭માં વડોદરાના તત્કાલીન રાજવી પ્રતાપસિંહે આ પ્રશ્નની ફેરવિચારણા માટે એક સમિતિ નિયુક્ત કરી. ૧૯૪૮માં એ સમિતિએ ભલામણો રજૂ કરી અને ૧૯૪૯ના એપ્રિલની ૩૦મી તારીખે આ યુનિવર્સિટીએ પોતાનું કામકાજ શરૂ કર્યું.

વડોદરા રાજ્ય પાસે એક આગવી વહીવટી દૃષ્ટિ હતી. એથી ઉચ્ચ શિક્ષણની કેટલીક સંસ્થાઓ પાટનગર વડોદરામાં સ્થપાઈ ચૂકી હતી. એ સર્વ સંસ્થાઓને સંકલિત કરી આ યુનિવર્સિટીએ કાર્યારંભ કર્યો. ત્યારથી શરૂ કરી અત્યાર સુધીમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં લગભગ ચારગણો વધારો થયો છે. પુરુષવિદ્યાર્થીઓની સંખ્યા ત્રણગણી થઇ જ્યારે મહિલા વિદ્યાર્થીઓની સંખ્યા સાડા છ ગણી થઇ. હાલ આ યુનિવર્સિટીની વિવિધ વિદ્યાશાખાઓમાં લગભગ ૧૪,૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરી રહ્યા છે.

નીચેની વિદ્યાશાખાઓમાં સ્નાતક, અનુસ્નાતક અને પીએચ.ડી. કક્ષાનું શિક્ષણ આપવામાં આવે છે.

વિનયન, વિજ્ઞાન, શિક્ષણ, માનસશાસ્ત્ર, વાણિજ્ય,
તબીબી, પ્રાવૈધિક વિજ્ઞાન ( Technology ), ઇજનેરી,
લલિતકલા, ગૃહવિજ્ઞાન, સમાજસેવા, કાનૂન,
ભારતીય સંગીત, નૃત્ય અને નાટ્યકલા તથા પોલિટેક્નીક.

પ્રત્યેક લગભગ ૧૫ વિદ્યાર્થી દીઠ સરાસરી ૧ શિક્ષકના પ્રમાણમાં અહીં શિક્ષકો રાખવામાં આવ્યા છે. યુનિવર્સિટીએ જ્ઞાનક્ષેત્રોના વિસ્તરતા સીમાડાને લક્ષમાં રાખી અભ્યાસક્રમમાં આમૂલ પરિવર્તન કરેલ છે. પ્રશિક્ષણ અને સંશોધનના નવા કાર્યક્રમો અમલમાં મૂકાયા છે શિક્ષણ પ્રસાધનો વૃદ્ધિ કરવામાં આવે છે. શિક્ષક અને શિક્ષાર્થી વચ્ચેના સંપર્ક ગાઢ બને એવું વાતાવરણ પેદા કરવામાં આવે છે.

૧૯૬૫માં પાદરા ખાતે શ્રી મણિભાઈ કાશીભાઇ અમીન આર્ટ્સ અને સાયન્સ કોલેજ તથા કોલેજ ઓફ કોમર્સ શરૂ કરવામાં આવેલ છે.

પોલિટેક્નીકમાં સીવીલ, મીકેનીકલ અને ઇલેક્ટ્રિકલ ઇન્જીનિયરિંગના ત્રણ વર્ષના ડિપ્લોમા અભ્યાસક્રમ શીખવવામાં આવે છે. ભારત સરકારની યોજના મુજબ ૧૯૬૩થી ચાર વર્ષના સીવીલ,

મીકેનીકલ અને ઇલેક્ટ્રિકસ એક્સ્ટેન્ડેડ ડિપ્લોમા કોર્સ શરૂ કરવામાં આવેલ છે.

શ્રીમતી હંસા મહેતા લાયબ્રેરીમાં ૩૩ લાખ રૂપિયાથી વધુ કિંમતના લગભગ અઢીલાખ પુસ્તકો, પત્રિકાઓ, હસ્તલિખિત પ્રતો રાખવામાં આવેલ છે. વર્ષ દરમ્યાન ૮૯૦ સામયિકો વાચનાલય માટે મંગાવાય છે

બરોડા સંસ્કૃત મહાવિદ્યાલયમાં બે વર્ષનો 'વાચસ્પતિ'નો અનુસ્નાતક તથા ઉત્તમ કક્ષાનો સ્નાતક અભ્યાસક્રમ ચલાવાય છે.

ભારતીય સંગીત, નૃત્ય અને નાટ્યકલા મહાવિદ્યાલયમાં ડિપ્લોમા, સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ શિક્ષણ અપાય છે. કંઠ્ય સંગીત ઉપરાંત સારંગી સિતાર, વાયોલીન, દિલરૂબા અને તબલાનું વાદ્યસંગીત; નૃત્યકલામાં કથ્થક અને ભારતનૃત્યમના વિષયો શીખવાય છે.

ગુજરાતી અને સંસ્કૃત ભાષામાં અનુસ્નાતક અને સંશોધન શિક્ષણ પ્રાચ્ય વિદ્યામંદિરમાં લઈ શકાય છે. લલિતકલા વિદ્યાશાખામાં પ્રયુક્ત કલા ( Applied Arts ), ચિત્રકળા, કળાવિવેચન સ્થાપત્ય કળા, ટેક્સટાઈલ ડિઝાઈન, બ્રોન્ઝ કાસ્ટિન્ગ, લીથોગ્રાફી, છાપકામ, ફોટોગ્રાફી વગેરે વિષયોનું વિવિધ કક્ષાએ શિક્ષણ અપાય છે.

શેઠ યુ. પી. આયુર્વેદ સંશોધન–સંસ્થા કેવળ સંશોધનનું જ કાર્ય કરે છે.

રજીસ્ટ્રાર, મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી વડોદરા ૨ એ શરનામે લખવાથી ઉપયુક્ત માહિતી પ્રાપ્ત થાય છે.

### ૫. સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ, વલ્લભવિદ્યાનગર

ખેડા જિલ્લામાં આણંદથી પાંચેક કિલોમીટરને અંતરે આણંદ–ખંભાત રેલ્વે પર વલ્લભવિદ્યાનગર આવેલું છે. ત્યાં અને એની આજુબાજુ આઠ કિલોમીટરના વિસ્તારમાં વિવિધ અભ્યાસક્રમોને લગતી ઉચ્ચ કેળવણીની સંસ્થાઓ ઊભી થઇ છે અને વિકસી છે. અહીં આવેલી સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ વસાહતી કોટિની છે. તેની સ્થાપના ૧૯૫૫માં થઈ હતી.

ગ્રામપ્રદેશની વચ્ચે આ વિદ્યાકેન્દ્ર વિકસ્યું છે. અને દેશ ! નવનિર્માણ સાથે પોતાનો તાલ મેળવતું રહ્યું છે. આજે અહીં વિનયનની પાંચ, વિજ્ઞાનની બે, તથા વાણિજ્ય, શિક્ષણ. કાનૂન, કૃષિ, ડેરીવિજ્ઞાન તથા વેટરનરી વિજ્ઞાનની એકેક મળી કુલ ૧૩ સંસ્થાઓમાં નવેક હજાર વિદ્યાર્થીઓ અધ્યયન કરે છે. ઉપરાંત વિનયન, વિજ્ઞાન, વાણિજ્ય, શિક્ષણ, ઈજનેરી ને કૃષિમાં ,અનુસ્નાતક કક્ષા સુધીના અભ્યાસક્રમની પણ સુવિધા છે.

વિદ્યાર્થીઓ તથા વિદ્યાર્થિનીઓ માટે પ્રત્યેક સંસ્થાનું અલગ છાત્રાલય પણ છે. હાલ બધા છાત્રાલયોમાં ૩૨૦૦ થી વધુ છાત્રોના નિવાસની વ્યવસ્થા છે. કરકસર અને સ્વાશ્રયથી રહેવા ઇચ્છતા ૧૨૦ છાત્રો 'વલ્લભ સેવાશ્રમ'માં પણ રહી શકે છે એ ઉપરાંત ચારુતર વિદ્યામંડળે માન્ય કરેલાં કેટલાંક ખાનગી મકાનોમાં પણ આ સંસ્થાના વિદ્યાર્થીઓ રહી શકે છે.

વિનયન વિભાગમાં એસ. એસ. સી. પછીનો અંગ્રેજી સાથેનો તથા અંગ્રેજી વિનાનો એમ બેઉ પ્રકારનો અભ્યાસક્રમ છે.

અર્થશાસ્ત્ર, ઇતિહાસ, સંસ્કૃત, હિન્દી, ગુજરાતી, દર્શનશાસ્ત્ર, આંકડાશાસ્ત્ર તથા વાણિજ્યના વિષય સાથે એમ. એ. અને પીએચ. ડી. થવાય છે

અંગ્રેજી, રાજ્યનીતિશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, માનસશાસ્ત્ર તથા ગણિતશાસ્ત્રના વિષયોમાં એમ. એ. થવાય છે.

વિજ્ઞાન વિદ્યાશાખામાં ભૌતિકવિજ્ઞાન, રસાયણવિજ્ઞાન, વનસ્પતિશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રમાં અનુસ્નાતક અને સંશોધન કક્ષાએ અભ્યાસ થઇ શકે છે.

બિરલા વિશ્વકર્મા મહાવિદ્યાલયમાં બી.ઈ. નો પાંચ વર્ષનો અભ્યાસક્રમ છે. પૂર્વ વિદ્યાપીઠ વર્ગમાં મેથેમેટિક્સ, ફિઝિક્સ અને કેમેસ્ટ્રીમાં ૪૫% ગુણ મેળવી ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીને આ અભ્યાસક્રમના પ્રથમ વર્ષમાં પ્રવેશ મળી શકે છે. પણ તે માટે વિદ્યાર્થીને કોમ્પિટેટિવ સિલેક્શન ટેસ્ટમાં ઉત્તીર્ણ થવું જરૂરી છે. આ ટેસ્ટ ૨૫૮ બેઠકો માટે લેવાય છે. વિદ્યાર્થીઓને ગુણ મેળવ્યાના અગ્રતાક્રમમાં પ્રવેશ માટે પસંદ કરવામાં આવે છે. તેમાંથી ૪૦ બેઠકો ઈન્ટર સાયન્સ અથવા એફ. વાય. બી એસ.સી.ની પરીક્ષામાં મેથેમેટિક્સ, ફિઝિક્સ તથા કેમેસ્ટ્રીમાં ૪૫% ગુણ મેળવીને ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓ માટે અનામત રાખવામાં આવે છે.

અભ્યાસની તમામ કક્ષાએ લાયક વિદ્યાર્થીઓને યોગ્ય આર્થિક સહાયની પણ સગવડ છે

વધુ માહિતિ રજિસ્ટ્રાર, સરદાર વલ્લભભાઈ વિદ્યાપીઠ, વલ્લભવિદ્યાનગરને લખવાથી ઉપલબ્ધ થશે.

### ૬. સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

૧૯૬૭ના સપ્ટેમ્બર માસની પહેલી તારીખે આ યુનિવર્સિટીના પ્રથમ ઉપકુલપતિ શ્રી ડોલરરાય માંકડે મંગલ પ્રવચનમાં કહ્યું હતું કે, "આ યુનિવર્સિટીની સ્થાપનાથી સૌરાષ્ટ્રવાસીઓની ઘણા લાંબા વખતની ઇચ્છા પૂર્ણ થાય છે."

એ જ મંગલપ્રવચનમાં એમણે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની કેટલીક વિશેષતાઓ તથા અપેક્ષાઓ તરફ અંગૂલીનિર્દેષ કર્યો હતો.

૧. આ યુનિવર્સિટીમાં આજે ભારતની કોઈ પણ યુનિવર્સિટીમાં નથી એવી ગ્રામવિદ્યાશાખા શરૂ કરવામાં આવેલ છે.

૨. પરીક્ષા સુધારણા અને સફળ છાત્રાલય સંચાલન માટે પરીક્ષા નિયામકની તથા છાત્રાલય સમિતિની નિમણૂંક કરવામાં આવશે.

૩. યુનિવર્સિટીનો અભ્યાસક્રમ શિક્ષકો જ ઘડે અને સંસ્કારે, તેના ઉપર પ્રયોગો કરે અને કરાવે તથા એના વિશે સંશોધનો કરે અને કરાવે એવી અપેક્ષા રાખવામાં આવે છે.

૪. સમુદ્રવિદ્યાના અભ્યાસની જોગવાઈ કરવામાં આવશે.

૫. સૌરાષ્ટ્રના લોક સાહિત્ય અને લોક સંસ્કૃતિના વિશિષ્ટ પાસાઓનો અભ્યાસ કરવાની વ્યવસ્થા કરવામાં આવશે.

આવા ઉચ્ચ ધ્યેયની ભૂમિકા પર જેનું હમણાં જ ( ઓગસ્ટ ૧૯૬૬ માં ) મંડાણ થયું એ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં વિનયન, વિજ્ઞાન, શિક્ષણ, વાણિજ્ય, તબીબી, કાનૂન, ઈજનેરી સહિત ટેક્નોલોજી તથા ગ્રામવિદ્યાશાખામાં સ્નાતક, અનુસ્નાતક તથા સંશોધન કક્ષાએ શિક્ષણ આપવામાં આવે છે.

હાલ આ વિદ્યાપીઠ સાથે સંલગ્ન ૩૯ કોલેજોમાં લગભગ ૨૦,૦૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે.

અનુસ્નાતક અને સંશોધન શિક્ષણ માટે નીચેનાં બે સંશોધન કેન્દ્રો પણ યુનિવર્સિટીમાં છે.

૧. શ્રી દ્વારકાધીશ સંસ્કૃત એકેડેમી અને ઇન્ડોલોજીકલ રિસર્ચ ઇન્સ્ટીટ્યૂટ દ્વારકા.

૨. સેન્ટ્રલ સોલ્ટ અને મરાઈન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટીટ્યૂટ ભાવનગર.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, ધરમપુર હાઉસ, કવિ નાનાલાલ માર્ગ, રાજકોટ–૧, એ શરનામેથી વિશેષ માહિતી મળી શકશે.

સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીઓએ સાથે જ કામ શરૂ કર્યું છે. બન્ને પાસે વિશિષ્ટ કાર્યક્રમો છે, ગરવાં સ્વપ્ન છે, ઉત્સાહ છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રથમ ઉપકુલપતિ શ્રી માંકડના મંગલ પ્રવચનના અંત ભાગના શબ્દોને થોડી છૂટછાટથી વાપરીને કહી શકય કે આ બન્ને યુનિવર્સિટીઓ જ્યાં સ્થપાઈ છે તે "દેશ રમણીય છે અને વિશદ છે. એની એ વિશદતા, નિર્મળતા જળવાઈ રહે અને આ યુનિવર્સિટી દ્વારા આરંભાતી એની સારસ્વત ઉપાસના તેજસ્વી અને નિત્ય નવાં સ્વાદુ ફળો આપનારી બને એવી આપણે સૌ પ્રાર્થના કરીએ."

નવસ્થાપિત બન્ને વિદ્યાપીઠો માટે આ પ્રાર્થના સફળ નિવડો એ જ શુભેચ્છા હોઈ શકે.

ગીરના વનરાજથી ઓપતી ઓજસ અને ગૌરવના પ્રતીક સમી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની મુદ્રાનો ધ્યેયમંત્ર ' पावका नः सरस्वती " ઋષિનો ધ્યેયમંત્ર છે. તેમાં પ્રાપ્તિની આકાંક્ષા નથી. ઇચ્છા છે કેવળ 'સરસ્વતી અમને પાવન કરો' એવી વિનમ્ર ભાવનાની.

## ૭ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી

તાપી અને રેવાવારિથી પરિપ્લાવિત સસ્યશ્યામલ દક્ષિણ ગુજરાત પ્રદેશની આ યુનિવર્સિટી બધી મુખ્ય વિદ્યાશાખાઓમાં સ્નાતક, અનુસ્નાતક અને સંશોધન કક્ષાએ શિક્ષણની સગવડો પૂરી પાડે છે. તમામ વિદ્યાશાખાઓની સંસ્થાના વિદ્યાર્થીઓ માટે છાત્રાલયોની સગવડ પણ છે. યોગ્ય વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ તેમ જ આર્થિક સહાય આપવામાં આવે છે.

સુરતમાં આવેલ 'ચુનિલાલ ગાંધી વિદ્યાભવન' ગુજરાતી ભાષા સાહિત્યમાં અનુસ્નાતક અને સંશોધન કક્ષાનો અભ્યાસક્રમ શીખવે છે.

રજિસ્ટ્રાર, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત, એ સરનામેથી અન્ય માહિતી મળી શકે છે.

## ૮. ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી

આયુર્વેદનાં શિક્ષણ, સંશોધન અને પ્રચાર દ્વારા આર્યસંસ્કૃતિની તથા જનતાની સેવાના ઉદ્દેશથી તથા અષ્ટાંગ આયુર્વેદનો વિકાસ સાધવાના ઉદ્દેશથી ઈ.સ. ૧૯૪૦માં જામનગર ખાતે "શ્રી ગુલાબકુંવરબા આયુર્વેદિક સોસાયટી"ની સ્થાપના કરવામાં આવી. ૧૯૪૬માં આયુર્વેદ મહાવિદ્યાલયનો પ્રારંભ થયો. ૧૯૫૩માં ભારત સરકારે આયુર્વેદ સંશોધનનું મધ્યસ્થ કેન્દ્ર પણ જામનગરમાં સ્થાપ્યું. ૧૯૫૬માં કેન્દ્ર સરકારે અહીં જ આયુર્વેદનું અનુસ્નાતક અધ્યાપન કેન્દ્ર શરૂ કર્યું. ૧૯૬૩માં આ ત્રણે સંસ્થાઓનું એકીકરણ કરી "ઇન્સ્ટીટ્યુટ ફોર આયુર્વેદિક સ્ટડીઝ એન્ડ રિસર્ચ"ની સ્થાપના થઈ.

આ પૂર્વભૂમિકાના પરિપાકરૂપ અને ગુજરાતમાં અન્યત્ર પણ આયુર્વેદનો પ્રચાર થતો હોઈ તેના પ્રચાર, પુનરુત્થાન, પ્રતિષ્ઠાન અને શિક્ષણ સંશોધન માટે આયુર્વેદ યુનિવર્સિટીની સ્થાપનાની આવશ્યકતા સમજાઈ.

છેવટે ૧૯૬૭ના જાન્યુઆરી માસમાં ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીની સ્થાપના થઈ. તેનું મુખ્ય કાર્યાલય જામનગર ખાતે રાખવામાં આવ્યું.

સમગ્ર ભારતમાં આ પ્રકારની આ પ્રથમ જ યુનિવર્સિટી હોવાનું માન ગુજરાત લઈ જાય છે. આ સંસ્થા દ્વારા આયુર્વેદના શિક્ષણ, સંશોધન અને તાલીમના ક્ષેત્રને વિકસાવવાનું કાર્ય આયુર્વેદના ઉપાસકો અને તેની પ્રગતિમાં રસ ધરાવતા નાગરિકોના હાથમાં સોંપીને ગુજરાતે પહેલ કરી છે.

આ યુનિવર્સિટી સાથે નીચેની સંલગ્ન છે.

| | |
|---|---|
| ૧. આયુર્વેદ કોલેજ અખંડઆનંદ હોસ્પીટલ, | અમદાવાદ |
| ૨. આયુર્વેદ મહાવિદ્યાલય | નડિયાદ |
| ૩. આયુર્વેદ કોલેજ | વડોદરા |
| ૪. આર્યકન્યા આયુર્વેદ કોલેજ (કેવળ બહેનો માટે) | વડોદરા |
| ૫. જે. પી. આયુર્વેદ મહાવિદ્યાલય | ભાવનગર |
| ૬. એન. એમ. આયુર્વેદ મહાવિદ્યાલય | પોરબંદર |
| ૭. શ્રી બાલાહનુમાન આયુર્વેદ કોલેજ | લોદરા (જિ. મહેસાણા) |
| ૮. આયુર્વેદ કોલેજ | જુનાગઢ |
| ૯. એ. હિ. નાઝર આયુર્વેદ મહાવિદ્યાલય | સુરત |
| ૧૦. સહકારી આયુર્વેદિક ફાર્મસી કોલેજ | રાજપીપળા |
| ૧૧. આયુર્વેદ અભ્યાસ અને સંશોધન સંસ્થા | જામનગર |

આયુર્વેદ મહાવિદ્યાલયોમાં સાડાપાંચ વર્ષનો શુદ્ધ આયુર્વેદિક સ્નાતક અભ્યાસક્રમ (બી. એસ. એ. એમ.) તથા સ્નાતકોત્તર પ્રશિક્ષણની પ્રવૃત્તિ ચલાવવામાં આવે છે. સ્નાતકોત્તર અભ્યાસક્રમ બે વર્ષનો છે. વિદ્યાલયોના અધ્યાપકો માટે ત્રણ માસનો ઓપવર્ગ તથા ગ્રામવૈદ્યો માટેનો રિફ્રેશર કોર્સ ચલાવવામાં આવે છે.

ઉપરિ કથિત વિદ્યાલયોમાં હાલ બે હજારથી વધુ વિદ્યાર્થી ભાઈબહેનો અભ્યાસ કરી રહ્યાં છે.

સંસ્કૃત સાથે એસ. એસ. સી. પરીક્ષા પાસ કરનારને આયુર્વેદાચાર્ય (B.S.A M.)ના અભ્યાસક્રમમાં પ્રવેશ મળે છે. આયુર્વેદાચાર્યોને સરકાર દ્વારા એલોપથી ડોકટરોના સરખા જ પગારો તથા તેટલું જ ગૌરવ આપવાનું જાહેર થયું હોવાથી સર્વ રીતે ઘણો જ લાભ થયો છે

આયુર્વેદ યુનિવર્સિટીની મુદ્રામાં પૂર્ણવિકસિત કમળ વચ્ચે અભયદાતા બે હસ્તોમાં ધન્વંતરિનો અમૃત કુંભ મૂકવામાં આવેલો છે. ઉપર आयुर्वेदः अमृतानाम्‌નો ધ્યેયમંત્ર મૂક્યો છે.

રજિસ્ટ્રાર, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટી જામનગર અથવા આયુર્વેદ મહાવિદ્યાલયના આચાર્યશ્રી સાથે પત્રવ્યવહાર કરવાથી વધુ માહિતી સુલભ બને છે.





# ગુજરાતના આર્થિક વિકાસની સમસ્યા

—શ્રી રામુ પંડિત

અલગ રાજ્યની સ્થાપના ગુજરાત માટે કાંઈક શુકનવંતા સંજોગોમાં થઈ હોવી જોઈએ; નહીં તો સમસ્યાસભર પરિસ્થિતિ ધીમેધીમે સુખદ વળાંક લે એવું આપણા દેશમાં ક્યાંથી સંભવે? ૧૯૬૦ના મેની પહેલી તારીખે ગુજરાત રાજ્યની સ્થાપના થઈ એ જ વખતે ગુજરાત અતિસમૃદ્ધ અને આર્થિક રીતે સુખી પ્રદેશ હોવાનો ભ્રમ ભાંગ્યો હતો. જૂના મુંબાઈ રાજ્યમાં ગુજરાત હમેશાં કચવાટ અનુભવતું હતું; એની આવક બધી મહારાષ્ટ્રના વિકાસમાં ઠલવાતી હોવાના ખ્યાલથી એ પીડાતું હતું. જૂના મુંબાઈ રાજ્યના જિલ્લાવાર તૈયાર કરવામાં આવેલા આંકડા (૧૯૫૪ના) તપાસીએ તો સ્પષ્ટ થાય છે કે અમદાવાદ સિવાયના બધા જીલ્લાઓમાં ખર્ચનું પાસું મહેસૂલી આવક કરતાં વધારે હતું. મહારાષ્ટ્રની પરિસ્થિતિ પણ લગભગ એવી જ હતી માત્ર મુંબઈ શહેર એ બન્ને પ્રદેશો માટે દૂઝણી ગાય સમું હતું. એનો લાભ ગુજરાતને ઉત્તરોત્તર ઘટતા ક્રમે મળતો હતો તે પણ હવે બંધ થશે. સદ્‌ભાગ્યે ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાત પોતાના ટાંટિયા મજબૂત કરી શક્યું છે ને પ્રચંડ શક્યતાઓથી સભર એવી નવી ક્ષિતિજ ગુજરાત સમક્ષ ખુલ્લી થઈ છે.

૧૯૬૧ની વસતી ગણતરી પ્રમાણે ગુજરાતની વસતીમાં છેલ્લા દાયકામાં ૨૭ ટકાનો વધારો થયો છે. ગુજરાતની કુલ વસતી ૨, ૦૬, ૩૩, ૩૫૦ લોકોની હતી તે ૧૯૬૯માં લગભગ ૨, ૫૭. ૨૫,૦૦૦ થઈ છે. નોંધપાત્ર હકીકત એ છે કે પછાત જીલ્લાઓ (દા.ત. ડાંગ, પંચમહાલ, સાબરકાંઠા, બનાસકાંઠા વગેરે) માં વસતીવૃદ્ધિનું પ્રમાણ ઊંચું છે, શિક્ષણનું પ્રમાણ નીચું છે ને રોજગારીની તકો અત્યંત મર્યાદિત છે. ગુજરાત રાજ્યમાં કુલ વસતીનો માત્ર ૩૩ ટકા વર્ગ અક્ષરજ્ઞાન ધરાવે છે. ૧૯૫૧ થી ૧૯૬૧ના દસકામાં ભણતર ૭ ટકા વધ્યું હતું તે આ દસકામાં ૧૬ ટકા વધવા સંભવ છે. આજે પણ ૭૨ ટકા ગુજરાતીઓ ગામડાંમાં વસે છે, માત્ર ૨૮ ટકા શહેરમાં. કુટુંબનિયોજનના કાર્યક્રમને વેગ આપવામાં ગુજરાત રાજ્યે અભિનંદનીય પુરૂષાર્થ કર્યો છે. વળી તાજેતરમાં કન્યા કેળવણી પણ ફીમુક્ત કરી છે. આ પગલાંથી જવાબદારીની સભાનતાવાળી માતાઓની સંખ્યામાં લાંબે ગાળે વૃદ્ધિ થશે અને એની અસર સંતતિની સંખ્યા ને ગુણવત્તા બંને ઉપર પડશે.

વસતીની ગીચતા પ્રમાણમાં ઓછી (ગુજરાતના દર ચોરસ કીલોમીટરે ૧૧૨, ભારતની ૧૩૬) હોવા છતાં ઉત્પાદિત સાધનોના પ્રમાણમાં એ વધારે છે. જે પ્રદેશોમાં ઉદ્યોગીકરણ અને ઉત્પાદન-શક્તિ ઓછાં છે ત્યાં વસતીવૃદ્ધિ વધુ હોવાથી જીવનધોરણ ઉલટું કથળે છે. સંતતિ નિયમનનો પ્રચાર પછાત વિસ્તારોમાં કરવો બહુ સહેલો નથી; આમ છતાં સમગ્ર રાજ્યની વસતીવૃદ્ધિનું પ્રમાણ ૨.૪૧ થી ઘટાડીને ૧.૫ ટકા સુધી લઈ જવામાં સફળતા મળે તો જ ગુજરાતની પ્રજાના જીવનધોરણમાં વૃદ્ધિ થશે.

ગુજરાતની કુલ વસતીના ૫૭.૫ ટકા લોકો ખેતી ઉપર નભે છે; ખેતી સિવાયના વ્યવસાયો ઉપર ૧૫.૩ ટકા અવલંબે છે વેપારમાં ૮.૫ ટકા લોકો રોકાયેલા છે, વાહનવ્યવહારમાં ૧.૯ ટકા ને પ્રકીર્ણ ધંધાઓમાં ૧૬.૮ ટકા. ગુજરાતી વાણિયો વેપારે શૂરો ગણાય છે; પરંતુ ઔદ્યોગિક સાહસ પ્રત્યે એની અભિરુચિ પૂરતી જાગી નથી. જો કે પરિસ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે. ગુજરાતી મૂડી કાપડની મિલો, રસાયણનાં કારખાનાં, વનસ્પતિ, તેલ ને સિમેંટ ઉદ્યોગમાં જ વિશેષ રોકાઈ છે. મારવાડી મૂડી મુંબાઈ, કલકત્તા ને દિલ્હી પ્રત્યે જ વિશેષ આકર્ષાઈ છે. હજુ ગુજરાતમાં નોંધપાત્ર મૂડીરોકાણ એ વર્ગે કર્યું નથી (સિમેન્ટ, ગરમ કાપડ અને સોડાએશ ઉદ્યોગ બાદ કરતાં). કલકત્તામાં વણસેલી રાજકીય પરિસ્થિતિ જોતાં મારવાડી મૂડીરોકાણ ત્યાંથી ખસવા યત્નશીલ બનશે. ગુજરાતની રાજકીય સ્થિરતાએ મૂડી રોકાણ માટે એક નવું આકર્ષણ જન્માવ્યું છે. આમછતાં આજે રાજ્યો વચ્ચે ખાનગી ઉદ્યોગને આકર્ષવા માટે જબરી હરીફાઈ જામી છે. આ સંજોગોમાં ગુજરાતે ઝડપી આર્થિક વિકાસાર્થે બીજાં રાજ્યોની સરખામણીમાં પોતે શી વિશેષ સવલતો આપી શકે એ વિચારવું પડશે.

વિદેશી મૂડી રાજકીય સ્થિરતા અને ઔદ્યોગિક શાંતિ જ્યાં પ્રવર્તતી હોય એ વિસ્તારભણી સ્વાભાવિક રીતે નજર દોડાવવાની. આથી ભવિષ્યમાં ભારતભણી આકર્ષાતાં વિદેશી સાહસો ગુજરાતને પોતાના ઔદ્યોગિક કેન્દ્ર તરીકે અપનાવે એ માટે રાજ્ય પ્રયત્નો જારી રાખવા જોઈએ પેટ્રો-કેમિકલ સંકુલે નવી ઔદ્યોગિક ક્ષિતિજ ખોલી છે. આ આધુનિક ઉદ્યોગનો સંપૂર્ણ વિકાસ આવતા દસકા દરમિયાન કરોડો રૂપિયાનું મૂડીરોકાણ માગી લેશે. એની સ્થાપના માટે વિદેશી ટેકનીકલ સહાયની પણ ખૂબ જરૂર પડશે. આથી ગુજરાતના ઉદ્યોગપતિઓ ધારે તો કુદરતે આપેલી આ તકનો ઉપયોગ ઔદ્યોગિક વિકાસને પ્રચંડ વેગ આપવામાં કરી શકે. વળી આફ્રીકાના ઝનૂની રાષ્ટ્રવાદથી ગભરાઈને ઈંગ્લાંડમાં ભરાઈ બેઠેલી ગુજરાતી મૂડી નક્કર ઔદ્યોગિક દરખાસ્તો દ્વારા સરકાર ગુજરાતભણી જરૂર આકર્ષી શકે. આ પગલું દીર્ઘદૃષ્ટિ અને થોડી બાંધછોડ કરવાની તૈયારી માગી લે છે.

ગુજરાતની ધરતી ધારીએ છીએ એવી કસવાળી નથી ગુજરાતના ૭૧,૧૩૭ ચોરસ માઈલ વિસ્તારમાંથી માત્ર ૫૫ ટકા જેટલી જમીનમાં જ વાવેતર થાય છે. વાવેતરને યોગ્ય પડતર જમીન માત્ર ૨.૭ ટકા છે. આથી વસતી વધતી જશે એમ અન્નક્ષેત્રે ગુજરાત

વધુને વધુ પરાવલંબી થતું જશે. આજે પણ વસતીની જરૂરિયાતના પ્રમાણમાં અનાજની કુલ ખાધ ૯ ટકા જેટલી છે. ૧૯૬૭–૬૮ નું કુલ અન્ન ઉત્પાદન લગભગ ૩૩ લાખ ટન હતું. એકર દીઠ અન્ન ઉત્પાદન વધારવામાં ગુજરાતે નોંધપાત્ર પ્રગતિ કરી છે, પરંતુ અન્નક્ષેત્રે સ્વાવલંબન સિદ્ધ કરવા માટે વધુ પુરૂષાર્થ જરૂરી છે. આ ધ્યેય હાંસલ કરવું ગુજરાત માટે બહુ અઘરૂં નથી. ખેતીમાં આધુનિક પદ્ધતિ અપનાવવાના પ્રયત્નો ખેડા ને સુરત જીલ્લામાં સફળરીતે થયા છે. તેલીબિયાં ને મગફળીનું ઉત્પાદન વધારવાના પ્રયોગોમાં સૌરાષ્ટ્રમાં નોંધપાત્ર પ્રગતિ થઈ છે. ત્રીજી પંચવર્ષીય યોજના દરમિયાન તેલીબિયાંનું સરેરાશ વાર્ષિક ઉત્પાદન વધીને ૧૩.૫૨ ટને પહોંચ્યું અને રૂનું ઉત્પાદન ૧૪.૩૯ લાખ ગાંસડી સુધી.

ગુજરાતની ચોથી પંચવર્ષિય યોજના દરમિયાન અન્ન ઉત્પાદન ઉપર વધુ ભાર મૂકવામાં આવ્યો છે. અન્નક્ષેત્રે લગભગ સંપૂર્ણ સ્વાવલંબન કેળવવાના હેતુથી ૧૯૭૪ના અંત સુધીમાં ૧૫ લાખ ટન વધુ અનાજ ઉત્પન કરવાનું લક્ષ્ય સિદ્ધ કરવાની ગુજરાત સરકારની મુરાદ છે. આ માટે ૪૫૦ કરોડ રૂપિયાના આયોજિત મૂડી રોકાણમાંથી ૩૦૦ કરોડ રૂપિયા એટલે કે ૬૬ ટકા માત્ર કૃષિક્ષેત્રે, નહેર યોજના અને વિજળી પુરવઠા માટે ફાળવવામાં આવ્યા છે.

રાજ્ય સરકારે ખેતી સુધારકેન્દ્રો ખોલીને ખેતીવાડી યુનિવર્સિટી સ્થાપી ખેતઉત્પાદન વધારવાના પ્રયત્નમાં નોંધપાત્ર ભાગ ભજવ્યો છે. ભારતના દરેક રાજ્યે અન્નક્ષેત્રે સ્વાવલંબી હોવું જરૂરી નથી, પરંતુ અન્નઝોનને કારણે સર્જાયેલી પરિસ્થિતિને પહોંચી વળવા માટે અન્નક્ષેત્રે સ્વાવલંબનની નીતિ ગુજરાતના હિતમાં છે. માથાદીઠ આવક ( કે જે આજે આદિવાસી વિસ્તારોમાં વાર્ષિક માત્ર રૂપિયા ૯૭ છે ને અન્ય પ્રદેશોમાં રૂા. ૨૦૫ ) વધારીને માથાદીઠ રાષ્ટ્રીય આવક જેટલી ઊંચી લઈ જવી હોય તો આર્થીક વિકાસ ઝડપી બનાવ્યા વિના છૂટકો નથી. નાણાંપંચના તાજેતરના અહેવાલ પરથી એટલું સ્પષ્ટ થાય છે કે ગુજરાતનો કુનેહભર્યો આર્થિક વહીવટ કેન્દ્ર પાસેથી વધુ નાણાંકીય સહાય મેળવવામાં ઉલટો આડે આવવાનો છે. આ પરિસ્થિતિમાં ગરીબાઈ ઘટાડવાના રાજ્યનાં અરમાનોની સિદ્ધિ ઝડપી આર્થિક વિકાસ ઉપર જ અવલંબે છે.

સિંચાઈની સગવડ વિના ખેતીનું ઉત્પાદન ઈચ્છિત પ્રમાણમાં વધી શકે નહીં. ગુજરાતનું ૯૦ ટકા ખેતઉત્પાદન મેઘરાજાની મહેરબાની ઉપર અવલંબે છે. વરસાદ ન આવે તો ખેડૂતોની બિચારાની આકરી મહેનત ધૂળધાણી થાય છે. સારાય દેશની લગભગ ૧૮ ટકા જમીન સિંચાઈ હેઠળ છે, પરંતુ ગુજરાતના વાવેતર હેઠળના કુલ વિસ્તારની માત્ર૭.૮ટકા જમીન જ સિંચાઇ હેઠળ છે. સિંચાઈ યોજનાઓ પૂરેપૂરી અમલમાં મૂકાય તો ૩૧ ટકા જેટલી વાવેતર હેઠળની જમીનને સિંચાઇની સગવડ પૂરી પાડી શકાય એમ છે. ઉકાઈ બંધ યોજના તાપી નદીને નાથશે ને ૧૪ લાખ એકર જમીનમાં બે વખત પાક લઈ શકાય એવી સગવડ ક્રમેક્રમે ઉભી થશે. ત્રીજી પંચવર્ષીય યોજના દરમિયાન સિંચાઈની નાની યોજનાઓ હેઠળ કુલ ૩૦ લાખ એકર જમીનને પાણી પુરૂં પાડવાની ક્ષમતાએ પહોંચેલું ગુજરાત ૧૯૬૯ના અંત સુધીમાં ૩૭ લાખ એકર ક્ષમતા સિદ્ધ કરી શકશે એવું લાગે છે. મુખ્ય સિંચાઇ યોજના હેઠળ વધુ ૮.૪૨ લાખ એકર જમીનને પાણી પૂરૂં પાડવામાં આવતું હતું. ૧૯૬૯ના અંત સુધીમાં ૧૧.૨૯ લાખ એકર જમીનને પાણી પૂરૂં પાડવામાં આવશે. આમ છતાં નર્મદા યોજના અંગે કાંઈ પ્રગતિ ન થઇ શકવાને કારણે ગુજરાતના ખેતીવિકાસને વિના વાંકે સહન કરવું પડશે. જ્યાંસુધી વિશાળ સિંચાઇ યોજનાનો લાભ ગુજરાતના ખેડૂતને નહીં મળે ત્યાંસુધી પાકમાં વૈવિધ્ય નહીં આવે ને ઉત્પાદન ક્ષમતામાં વૃદ્ધિ થવી મુશ્કેલ બનશે.

૧૯૭૧માં ઉકાઈ બંધ પૂરો બંધાઈ રહેશે ત્યારે સિંચાઇની સગવડ વધવા ઉપરાંત પ્રથમ હાઇડ્રો પાવર સ્ટેશન પણ ગુજરાતને મળશે જેને કારણે ૨,૫૦,૦૦૦ કિલોવોટ જેટલો વીજળી પુરવઠો પણ વધશે. નર્મદા યોજના રાજકીય ગજગ્રાહનો ભોગ બની ગઇ છે એટલે એ કયારે અમલમાં આવશે એ કહેવું મુશ્કેલ છે; પરંતુ ગુજરાતની ખેતીવિષયક તેમજ ઔદ્યોગિક સમૃદ્ધિનું ભાવિ મહદ્અંશે આ યોજના ઉપર નિર્ભર છે. નર્મદા વિકાસ યોજના પ્રમાણે નવાગામનો બંધ બંધાય તો પ્રથમ દસ વર્ષમાં ગુજરાતની દસ લાખ એકર જમીનને પાણી મળે ને ખેતઉત્પાદનમાં અનેકગણી વૃદ્ધિ થાય. આ યોજનાથી ૧૦૫૪ મેગાવોટ વીજળી પણ ઉત્પન્ન થઇ શકે. આનો સૌથી વધુ લાભ મધ્યપ્રદેશને અને સરખો લાભ ગુજરાત અને મહારાષ્ટ્રને થશે; પરંતુ મધ્યપ્રદેશે જે વલણ અપનાવ્યું છે એથી યોજનાની પ્રગતિ અટકી છે. આ યોજનાના ઝડપી અમલ માટે કાંઇક વ્યવહારૂ ઉકેલ આવે તે રાષ્ટ્રના હીતમાં છે. હાલમાં ગુજરાત રાજ્યની વીજળી ઉત્પાદન શક્તિ ૬૧૮ મેગાવોટ છે. ચોથી પંચવર્ષીય યોજના દરમિયાન વધુ ૮૨૪ મેગાવોટ વીજળી ઉત્પન્ન કરવાની યોજનાઓ હાથપર છે. આ ઉત્પાદનશક્તિ સિદ્ધ કરવા માટે ૪૮૦ મેગાવોટનું એક થર્મલ પાવર સ્ટેશન ઊભું કરવાનો પ્રસ્તાવ વિચારણા હેઠળ છે. આ ઉપરાંત ૩૫ કરોડ રૂપિયાના ખર્ચે ધુવારણ મથકની ઉત્પાદક ક્ષમતા વધારીને ૨૮૦ મેગાવોટ સુધી પહોંચાડવાની નેમ છે. ગામડામાં વીજળી પુરવઠો વધારવાની યોજના હેઠળ ત્રીજી પંચવર્ષીય યોજના દરમિયાન કુલ ૧૦૨૩ નાનાં નગર અને ગામડાંમાં વીજળી પૂરી પાડતાં રાજ્યનાં કુલ ૧૩ ટકા જેટલાં નાનાં નગર અને ગામડાં (કુલ ૧૮૪૬) વીજળીનો પ્રકાશ માણતાં થયાં હતાં. ગુજરાતનાં ૫૦ ટકા ગામડાંમાં વીજળી પૂરી પાડતાં હજુ કેટલા દસકા વીતશે એની કલ્પના કરી શકાય એમ છે. વળી ગામડાંના વીજળી પુરવઠાનો લાભ ગ્રામજન કેટલો ઉઠાવી શકશે એનો આધાર એની આવકવૃદ્ધિ ઉપર ઠીકઠીક પ્રમાણમાં રહેશે.

૧૯૬૦ માં ગુજરાત રાજ્યની સ્થાપના થઈ ત્યારે ગુજરાતમાં ૩૯૧૧ કારખાનાં હતાં. એ નવેમ્બર ૧૯૬૮ સુધીમાં વધીને ૫૬૪૦ જેટલાં થયાં છે ઔદ્યોગિક કામદારોની સંખ્યા ૩,૪૬,૦૦૦ થી વધીને આજે ૪,૫૦,૦૦૦ જેટલી થઇ છે. અનેક નવા ઉદ્યોગો છેલ્લા ૭–૮ વર્ષમાં ગુજરાતમાં સ્થપાયા છે. ૧૯૬૦–૬૧માં રાજ્યની આવકમાં ઉદ્યોગોનો હિસ્સો ૧૯.૮ ટકા જેટલો ( રૂા. ૧૫૫.૪૮ કરોડ ) હતો. એને કારણે ગુજરાત ઔદ્યોગિક વિકાસમાં તમામ રાજ્યોની સરખામણીમાં ચોથુ ઉભું રહી શક્યું. સમગ્ર ભારતની રાષ્ટ્રીય આવકમાં ઉદ્યોગોનો હિસ્સો ૧૩.૭ ટકા છે. માત્ર બે રાજ્યો ગુજરાત કરતાં ઔદ્યોગિક ક્ષેત્રે આગળ છે. મહારાષ્ટ્ર ( ૨૧.૨ % ) અને પશ્ચિમ બંગાળ ( ૨૦.૪ % ).

રોજગારી પૂરી પાડવામાં પણ ગુજરાત સમગ્ર દેશની સરખામણીમાં સારી સ્થિતિમાં છે. ૧૯૬૦–'૬૧માં મજૂર પુરવઠાનો ૧૦-૧ ટકા વર્ગ ઉદ્યોગોમાં રોકાયેલો હતો. સમગ્ર ભારતની ટકાવારી એ જ વર્ષમાં ૯.૬ ટકા હતી. એ જ વર્ષમાં ગુજરાત રાજ્યમાં મોટાપાયાના ઉદ્યોગોમાં રોકાયેલા મજુરોની ટકાવારી ૩૪.૮ હતી. જ્યારે સમગ્ર ભારતની સરેરાશ માત્ર ૧૭.૮ ટકા જ હતી. સંકલિત નાના ઉદ્યોગોમાં રોજગારીની અખિલ ભારતીય સરેરાશ ૪-૧ ટકા હતી જ્યારે ગુજરાતની ૮-૨ ટકા હતી.

૧૯૬૦ થી ૧૯૬૯ સુધીના દસ વર્ષમાં ગુજરાતે સાધેલો ઔદ્યોગિક વિકાસ નોંધપાત્ર હોવા છતાં શક્યતાઓની સરખામણીમાં વામણો છે. ઔદ્યોગિક રોજગારી ઉપર નભતી વસતીનું પ્રમાણ ખૂબ નાનું છે ગુજરાત રાજ્ય સ્થપાયું ત્યારે એની મુખ્ય નબળાઇ એ હતી કે એમાં ઔદ્યોગિક વૈવિધ્યનો અભાવ હતો. આજે સમગ્ર દેશના ઉત્પાદનમાં ગુજરાતના કાપડ ઉદ્યોગનો ફાળો ૩૨ ટકા, મીઠા ઉદ્યોગનો ૬૦ ટકા, સોડાએશનો ૯૪ ટકા, ફાર્માસ્યુટીકલ્સનો ૨૬ ટકા, એઝોડાઇઝનો ૯૨ ટકા, નેપ્થલ અને સલ્ફર બ્લેકસનો ૫૩ ટકા, સિમેન્ટનો ૧૫ ટકા અને ભીંત ઘડીયાળોનો ૪૪ ટકા છે. ત્રીજી યોજનાની શરૂઆતમાં માત્ર કાપડ ઉદ્યોગ જ મોખરે હતો. આજે અન્ય ઘણા ઉદ્યોગો વિકસ્યા છે. ઓક્ટોબર ૧૯૬૮ સુધીમાં અપાયેલાં ૫૬૯ પરવાનામાંથી ૫૧૪ કાપડ ઉદ્યોગ સિવાયના ઉદ્યોગોની સ્થાપના માટે હતાં. એન્જીનીયરીંગ ઉદ્યોગો માટે ૧૭૩ અને કેમિકલ ઉદ્યોગો માટે ૧૦૦ જેટલાં લાયસન્સ આપવામાં આવ્યાં હતાં.

૧૯૬૦થી ૧૯૬૮ના ગાળામાં ઉત્પાદક મૂડી રૂ. ૧૫૬-૪૨ કરોડથી વધીને રૂ. ૪૩૪ કરોડ જેટલી થઇ. ચોખ્ખા ઉત્પાદનની કિંમત રૂ. ૩૪૦-૫૬ કરોડથી વધીને રૂ. ૪૩૪ કરોડ જેટલી થઈ. ૧૯૬૦–'૬૭ના ગાળામાં ૪૨૮ કંપની રૂ ૯૨૦૦ કરોડની મંજૂર થાપણોથી સ્થપાઈ. ( આમાં જાહેરક્ષેત્રની કંપનીઓનો સમાવેશ થઇ જાય છે. ) રાજ્ય સરકારે શાણપણ વાપરી ઔદ્યોગિક વિકાસ માટે પોષક વાતાવરણ ( Infra Structure ) ઊભું કરવા જરૂરી મૂડી રોકાણ ન કર્યું હોત તો રાજ્યનો ઔદ્યોગિક વિકાસ આટલો ઝડપી ન બન્યો હોત. કમનસીબીની વાત છે કે ઉત્પાદક વસ્તુઓ બનાવનાર એક પણ પાયાનો ઉદ્યોગ ગુજરાતમાં વિકસ્યો નથી. રાજ્યનું ઉદ્યોગીકરણ હજુપણ એકાંગી અને અસમતુલ રહ્યું છે. સાધારણ આર્થિક મંદી પણ રાજ્યના અર્થકારણને હચમચાવી દઈ શકે છે એ અનુભવ તાજો જ છે. વળી ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં પ્રાદેશિક અસમતુલા ધ્યાન ખેંચે તેવી છે. કેટલાય પ્રદેશો એવા છે કે જેમને ઉદ્યોગીકરણની હવાનો સ્પર્શમાત્ર થયો નથી. અલબત્ત, રાજ્યના આર્થિક સાધનો એટલા મર્યાદિત છે કે, આર્થિક વિકાસની પ્રક્રિયામાં પ્રાદેશિક સમતુલા જાળવવાનો અખતરો ઝટ આદરી શકાય એમ પણ નથી; આમ છતાં ભિન્નભિન્ન પ્રદેશો વચ્ચે આર્થિકવિકાસની અસમાનતા દૂર કરવા ભણી રાજ્યનું મોં તો હોવું જ જોઇએ. નહી તો લોકશાહી રાજ્યને અનેક અંતરાયો નડે તે આંધ્ર પ્રદેશમાં જે પરિસ્થિતિ ઉભી થઈ છે એ મોડી-વ્હેલી ગુજરાતમાં પણ ઉદ્ભવે.

ગુજરાતરાજ્યે પાણી, વિજળી, સંદેશ વ્યવહાર, ઔદ્યોગિક વસાહતો, પાકા રસ્તા વગેરે પૂરા પાડીને ઔદ્યોગિક શાંતિ અને ગુજરાતી પ્રજાની સાહસપ્રિયતા અને આગળ વધવાની ધગશ પણ અન્ય પ્રદેશોની સરખામણીમાં નોંધપાત્ર છે.

ગુજરાતના ઝડપી આર્થિક વિકાસ વિષે શ્રદ્ધા જન્માવે એવાં બે મોટાં સાહસો જાહેરક્ષેત્રે ઝડપી પ્રગતિ કરી રહ્યાં છે. આ સાહસો સફળ નીવડે તો વિપુલ શક્યતાઓ ગુજરાત સમક્ષ ઉભી થાય છે. એક છે ખાતર ઉદ્યોગ. બીજો છે ખનિજ તેલ ઉદ્યોગ. વડોદરા પાસે જાપનના સહકારથી ખાતર ઉત્પન્ન કરવા માટે એક ગંજાવર કારખાનું ઉભું થયું છે. રૂપિયા ૧૫ કરોડની મુડીવાળો આ ઉદ્યોગ ગુજરાત સ્ટેટ ફર્ટીલાઇઝર લિમિટેડ ઉત્પાદનની પૂર્ણ ક્ષમતાએ પહોંચશે ત્યારે રોજના ૪૫૦ ટન એમોનિયા, ૩૨૩ ટન યુરિયા, ૪૭૦ ટન એમોનિયમ સલ્ફેટ ને ૩૪૧ ટન ડાયમોનિયમ ફોસ્ફેટ ઉત્પન્ન કરશે. જાહેર સાહસો સામાન્યરીતે મૂડી વધુ પડતી ભરખી જતાં હોય છે ને કાર્યક્ષમતામાં નબળાં હોય છે; પરંતુ આ જાહેર સાહસે કુનેહભર્યા વહીવટથી સરસ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. તાના ઉદ્યોગે પણ ગુજરાતમાં ખાતરનું મોટું કારખાનુ નાખવા માટે રજુ કરેલી યોજના દિલ્હીના રાજકીય શતરંજમાં અટવાઈ ગઈ છે. આ યોજના જો મંજુર રાખવામાં આવે તો ગુજરાતના ઔદ્યોગિક વિકાસને સારો વેગ મળે.

ખનિજ તેલની શોધ એ તો ગુજરાત પરનો અણચિંતવ્યો કુદરતી ઉપકાર છે, નવ જ વર્ષમાં ગુજરાતનું ઔદ્યોગિક વ્યક્તિત્વ સ્પષ્ટ ઉપસાવવામાં આ શોધે જબરો ભાગ ભજવ્યો છે. આથી માત્ર ગુજરાતને નહીં, સારાય ભારત દેશના અર્થકારણને આશાસ્પદ વેગ મળ્યો છે. જે ગામના નામ ગુજરાત રાજ્ય અસ્તિત્વમાં આવ્યું ત્યારે ઘણાંએ સાંભળ્યાં પણ નહોતા, એ ગામ આજે ગુજરાતના અરમાનોનાં દ્યોતક નીવડ્યાં છે. કોયલી, અંકલેશ્વર, સેરથા, કલોલ નવાગામ વગેરે વિસ્તારોમાં તેલ અને વાયુનો વિપુલ જથ્થો મળી આવ્યો છે. ખંભાત, કોસંબા અને ચોલવાડમાં કુદરતી વાયુ પૂરતા પ્રમાણમાં નીકળ્યો છે. ગુજરાતના વિશાળ સાગરકાંઠા ઉપર પણ તેલ શોધવાના પ્રયત્નો ચાલુ છે. ૬ થી ૭ કરોડ ટન જેટલા તેલના જથ્થામાંથી વિશુદ્ધિકરણ કરીને ઉપયોગમાં લેવા માટે ૩૦ લાખ ટનની ઉત્પાદન શક્તિવાળી કોયલી રિફાઇનરી ભારત સરકારે ઉભી કરી છે. રશિયન સરકારના સહકારથી વધુ તેલનો જથ્થો શોધવાના પ્રયત્નો હજુ ચાલુ છે. ખનીજ તેલની શોધે પેટ્રોકેમિકલ ઉદ્યોગની સ્થાપના માટે અવનવી તકો ઉભી કરી છે. માત્ર આ એકજ ઉદ્યોગમાં દર વરસે રૂ ૧૦ કરોડ રોકવામાં આવે તો પણ આવતાં દસ પંદર વર્ષ સુધી એ મૂડીરોકાણ પૂરતું ન નીવડે એવી વિપુલ શક્યતાઓથી પેટ્રોકેમિકલ કોમ્પ્લેક્સ સભર છે. કેરોસીન, પાતળો ડામર, કૃતિમ રબર, ખાતર, રંગ, વાર્નિશ, નાયલોનના રેસા, પ્લાસ્ટિકની ચીજવસ્તુઓ બનાવા માટેનો રેઝિન પાવડર, કાર્બન બ્લેક વગેરે ઉત્પન્ન કરતા નાના મોટા ઉદ્યોગો ગુજરાતમાં સ્થપાય તો ઠેક સુરતથી માંડીને કલોલ સુધીનો ભૌગોલિક વિસ્તાર ઉદ્યોગોથી ધમધમે. ગુજરાતના ઉદ્યોગોમાં પણ વૈવિધ્ય આવે અને સ્થગિત થઇ ગયેલા કાપડ ઉદ્યોગ વિષે રોદણાં રડવાને બદલે નવી ક્ષિતિજ ખોલતા ઉદ્યોગો ભણી નવા સાહસ વીરોનું મોં વળે. ગુજરાતના જાહેર જીવનમાં એક જ ઉદ્યોગનો સ્થાપિત વર્ગ પકડ જમાવીને બેઠો છે. પોતાના ઉદ્યોગનાં પૂરાં

ઠેકાણું ન હોય અને એ રાજ્ય સંચાલિત ઉદ્યોગો, વેપારી સંસ્થાઓ, ઔદ્યોગિક અને નાણાં નિગમોમાં આગવું સ્થાન ભોગવે છે. ભારતના આર્થિક ને સામાજિક ધ્યેયો સિદ્ધ કરવામાં આ સ્થિતિ બાધક નીવડવા સંભવ છે. પ્રણાલિકાગત ઉદ્યોગ સંચાલનના ઢાંચામાં ઢળેલો વર્ગ ગુજરાત સમક્ષ આવી પડેલી આ મોટી તકને યોગ્ય દિશામાં વળાંક નહીં આપી શકે. જૂની સંચાલન પદ્ધતિ અને વૈજ્ઞાનિક ઉદ્યોગ સંચાલન વચ્ચેના ઘર્ષણમાંથી નવો જ વર્ગ ઉભો થતો જાય છે. આ વર્ગ જ અર્થકારણમાં વધુ કાર્યક્ષમતા આણી શકશે અને લોકશાહી રીતરસમોને ઉદ્યોગો સુધી પહોંચાડી શકશે. ઔદ્યોગિક સંચાલન પદ્ધતિમાં આમૂલ પરિવર્તન આણવામાં ગુજરાત નિષ્ફળ નીવડશે તો એની માઠી અસર પ્રાદેશિક આર્થિક વિકાસ ઉપર પણ પડશે જ.

એલ્યુમિનિયમ, મેંગેનિઝ, બોકસાઈટ, ચૂનો, સીલીકા વગેરે ખનિજો પ્રાદેશિક ઔદ્યોગિક વિકાસ માટે ઘણી તકો પૂરી પાડે છે. સૌરાષ્ટ્રમાં અને કચ્છમાં આ ખનિજોનો જથ્થો સારા પ્રમાણમાં છે; આથી સિમેન્ટ ઉદ્યોગનો વિકાસ પણ આ પ્રદેશમાં સારા પ્રમાણમાં થઈ શકશે.

ગુજરાતની અમુલ ડેરીએ તો આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા મેળવી છે. એવી વધુ ડેરીના વિકાસ માટે ગુજરાતમાં ઘણી શક્યતાઓ છે આવી ડેરી માટે જરૂરી યંત્ર સામગ્રી બનાવવાનાં કારખાનાં પણ ઉભાં કરી શકાય.

ઇજનેરી ઉદ્યોગ ગુજરાતમાં નાના પાયા ઉપર ખૂબ વિકસ્યો છે. જેમ નવાં કારખાનાં ઉભા થતાં જશે એમ યંત્રોના ભાગની પુષ્કળ માગ ઉભી થવાની. જે કાપડ ઉદ્યોગ માટેનાં યંત્રો બનાવતાં કારખાનાં પણ ઉભાં થશે ને આડકતરી રીતે અન્ય નાના ઉદ્યોગોના વિકાસને વેગ મળશે આવા ઉદ્યોગો માટે ઊંચી ગુણવત્તા ધરાવતા યંત્રવિદો અને વૈજ્ઞાનિકો બહાર પાડવા વિષે રાજ્યની શિક્ષણ સંસ્થાઓએ જાગૃત રહેવું પડશે; નહીં તો આર્થિક વિકાસે ઉભી કરેલી રોજગારીની તકનો લાભ રાજ્યની પ્રજાને નહીં મળે. પ્રાંતવાદ અને ભાષાવાદનાં જે અનિષ્ટો મહારાષ્ટ્ર, પશ્ચિમ બંગાળ અને મદ્રાસમાં ઉભાં થયાં છે એ ગુજરાતમાં ન જન્મે એ વિષેની કાળજી ઉદ્યોગીકરણના આ તબક્કે જ રાખવી ખુબ જરૂરી બને છે.

ગુજરાત રાજ્ય નાણા નિગમે (Gujarat state Finace Corporation) રૂ. ૩૭.૭૫ લાખની નાનકડી નાણાંકીય સહાયથી ૧૯૬૦ માં એની પ્રવૃત્તિ આરંભેલી. ૧૯૬૮, ૬૯ માં આ સહાય રૂ. ૨૬૫ લાખનો આંકડો વટાવી ગઈ છે. જુદાંજુદાં સાધનો દ્વારા અપાતી નાણાંકીય સહાય છેલ્લાં સાત વર્ષમાં રૂ. ૧૮ ૬૬ કરોડથી વધીને રૂ ૯૪.૩૬ કરોડની થઈ છે.

ગુજરાત ઔદ્યોગિક વિકાસ નિગમ (Gujarat Industrial Development Corporation) ની સ્થાપના ૧૯૬૦ માં થઈ. નિગમે લગભગ ૩૫૦૦ એકર વિસ્તાર ઓદ્યોગિક વિકાસ માટે પસંદ કર્યો છે. ચોથી યોજના દરમિયાન રૂ ૧૫.૨૫ કરોડ ખર્ચવાનો નિગમનો અંદાજ છે. અત્યારસુધીમાં નિગમે ૧૦૩ ઔદ્યોગિક શેડઝ બાંધ્યા છે, ૨૮૧ નું કામ ચાલુ છે અને ચોથી યોજનામાં બીજા ૧૫૦ શેડઝ ઉમેરાશે. ઔદ્યોગિક વિકેન્દ્રીકરણનું ધ્યેય લક્ષ્યમાં રાખીને ગુજરાત સરકાર ચોથી પંચવર્ષીય યોજના દરમિયાન મુખ્યત્વે આમ ઔદ્યોગિક વસાહતો પાછળ રૂ. ૬૦ લાખ ખર્ચશે. ૧૯૫૬ માં રાજકોટમાં ભારતની સૌપ્રથમ ઔદ્યોગિક વસાહત શરૂ થઈ ત્યારપછી આ ક્ષેત્રે સારી પ્રગતિ થઈ છે ચોથી યોજનાને અંતે ગુજરાતના ૧૭ જીલ્લાઓમાં ઔદ્યોગિક વિસ્તારનું વિસ્તરણ થયું હશે. ખાનગીક્ષેત્ર, સહકારીક્ષેત્ર અને નગરપાલિકાઓ દ્વારા શરૂ થયેલી ઔદ્યોગિક વસાહતોની સંખ્યા પણ ઠીકઠીક વધતી જાય છે. આવાં ૫૧૮ શેડઝનું કામકાજ તો પૂરું પણ થયું છે.

ગુજરાતની પ્રજામાં વીજળીનું ચેતન હશે; પરંતુ પૂરતી વીજળીનો પુરવઠો ઉપલબ્ધ નહીં બને તો ઝડપી આર્થિક વિકાસનાં અરમાન અધૂરાં રહેશે. અલબત્ત, અગાઉ જણાવ્યું એમ થર્મલ વીજળી પુરવઠો વધારવા માટે ગુજરાત વિદ્યુત મંડળે ઠીકઠીક પુરૂષાર્થ કર્યો છે. ત્રીજી પંચવર્ષીય યોજનાનાં વીજળી ઉત્પાદનનાં લક્ષ્યાંકો ગુજરાત રાજ્યે લગભગ ૧૦૦ ટકા સિદ્ધ કર્યા એ હકીકત અભિનંદનીય છે; પરંતુ હાઇડ્રો વીજળી વહેલામાં વહેલી તકે ઉત્પન્ન થાય તો જ વીજળી ખર્ચ ઘટે ને ઉદ્યોગોને પણ ફાયદો થાય. ગુજરાતમાં આજે ૧૫,૦૦૦ ખેતીના ૫૫ વીજળીથી ચાલે છે. ચોથી પંચવર્ષીય યોજના દરમિયાન ગ્રીડ યોજનાનો લાભ દરેક વિસ્તારને મળે એ જોવાની સરકારની મુરાદ બર આવે તો વિકેન્દ્રીત ઉદ્યોગોને જબરૂં પીઠબળ મળે. સમગ્ર રાજ્યમાં ગમે તે સ્થળે વીજળી સરખે દરે પૂરી પાડવામાં આવતી હોવાથી ઉદ્યોગોના વિકેન્દ્રીકરણને અને પ્રાદેશિક વિકાસને સારૂં પ્રોત્સાહન મળ્યું છે. ઇલેક્ટ્રોકેમિકલ ઉદ્યોગોને ખાસ ઓછા દરે વીજળી પૂરી પાડવાની દરખાસ્ત સહાનુભૂતિભરી વિચારણા માગી લે છે. ટૂંકમાં વીજળી પુરવઠાની દિશામાં ગુજરાત રાજ્યે કરેલો પ્રચંડ પુરૂષાર્થ ઔદ્યોગિક વિકાસ માટે અનુકૂળ ભૂમિકા સર્જવામાં સફળ નીવડયો છે, પરંતુ આ પુરૂષાર્થ અવિરત ચાલુ રહેશે તો જ વિકાસનો દર ટકાવી ને વધારી શકાશે.

ગુજરાતનું આર્થિક આયોજન બેરોજગારીની સમસ્યા હલ કરવામાં હજુ જોઇએ તેવી સફળતા પ્રાપ્ત કરી શકયું નથી. ઔદ્યોગિક ને સામાજીક શાંતિનો આધાર મુખ્યત્વે આ સમસ્યા હલ કરવા ઉપર છે. ગુજરાતની ચોથી યોજના રોજગારી–અભિમુખ નથી રાજય રોજગારી વિનિમય કેન્દ્રમાં ૧૯૬૬-૬૭ માં નોંધાયેલા ૧૫૩,૯૭૪ ઉમેદવારોમાંથી ફક્ત ૧૪,૬૮૩ ને રોજગારી આપી શકાઈ હતી. વળી માંદી કાપડની મીલોએ બેકારીનો પ્રશ્ન વધુ વિકટ બનાવ્યો છે. આ સ્થિતિ લક્ષમાં લઈને રોજગારીના પ્રજળતા પ્રશ્નને કાંઈક હળવો કરે એવી જોગવાઈ ચોથી યોજનામાં થઈ હોત તો સારું હતું. તાજેતરમાં બેકાર ઈજનેરોને આત્મનિર્ભર કરવાની દિશામાં રાજ્યે ભરેલું પગલું અભિનંદનીય છે; પરંતુ બેકારીની સમગ્ર સમસ્યા હળવી કરે ને માનવશક્તિનો યોગ્ય ઉપયોગ કરે એવા ઉદ્યોગો વધુ પ્રમાણમાં સ્થપાય એ દિશામાં કાંઈક કરવું જરૂરી છે.

ગુજરાતમાં સૌથી નોંધપાત્ર વિકાસ સહકારી પ્રવૃત્તિનો થયો છે. ત્રીજી પંચવર્ષીય યોજનાને અંતે લગભગ બધાં ગામડાંમાં પ્રાથમિક સહકારી શાખ સંઘની સગવડ પૂરી પાડવાનું ધ્યેય સિદ્ધ થયું હતું. આ સંઘો ૫૧ ટકા ખેતીવિષયક ને ૩૩ ટકા ગ્રામપ્રજાને આવરી લે છે. ચોથી યોજના દરમિયાન સહકારી સંઘોની સભ્યસંખ્યા અઢી લાખ

જેટલી વધારીને કુલ સાડા પંદર લાખે પહોંચાડવાનું ધ્યેય છે.

રાજ્યની રાષ્ટ્રીય આવક મુખ્યત્વે ખેતી અને ઉદ્યોગો પર અવલંબે છે. આ બે ક્ષેત્રોનો ફાળો રાજ્યની કુલ આવક ૫૫ ટકા જેટલો છે. ૧૯૬૦–૬૧ માં રાજ્યની આવક રૂ. ૮૯૭ કરોડ હતી તે ચોથી પંચવર્ષીય યોજનાને અંતે રૂ. ૧૨૬૭ કરોડ થશે એટલે કે લગભગ ૩૦ ટકા વધશે.

વિદેશી મૂડી જોઈએ એટલા પ્રમાણમાં ગુજરાત પ્રત્યે આકર્ષાઈ નથી, એનું એક કારણ એ પણ હોઈ શકે કે અત્યારસુધી ઉદ્યોગની ફરકસરભરી સ્થાપના માટે જરૂરી સુવિધાઓ ગુજરાત રાજ્ય પૂરી પાડી શકતું ન હતું. પરિસ્થિતિ ધીમેધીમે બદલાઈ રહી છે; આમ છતાં રાજ્યસરકાર તરફથી આ દિશામાં કાંઈ વધુ જલદ પ્રયત્નની જરૂર છે. આપણે પ્રાદેશિક હિત આગળ ધરતાં અચકાઈએ છીએ; રાષ્ટ્રીય ક્ષેત્રે સંકુચિત દૃષ્ટિવાળા સાબિત થવાનો ડર સેવીએ છીએ. પરંતુ સ્વાતંત્ર્ય પછીનાં બાવીસ વર્ષના રાજ્ય-કેન્દ્ર સંબંધના ઈતિહાસનું વિશિષ્ટ લક્ષણ એ રહ્યું છે કે બોલે એનાં જ બોર વેચાય છે ને ત્રાગું કરનાર જ ઘણીવાર ફાવી જાય છે. આ એક કમનસીબ પરિસ્થિતિ છે. કેન્દ્ર સરકારે રાજ્યોના આર્થિક વિકાસ અંગે ફાળવવાનાં સાધનો માટે ચોક્કસ માપદંડ નક્કી કરવો જોઈએ. દિલ્હીમાં બધી યોજનાઓ ને એની પ્રાદેશિક વહેંચણી માત્ર ગુણવત્તાને આધારે નક્કી થાય છે એ ભ્રમમાંથી આપણે સત્વેળા મુક્ત થવાની જરૂર છે. ઔદ્યોગિક વિકાસ પાછળની આપણી દૃષ્ટિ સંકુચિત ને પ્રાદેશિક ન જ હોવી જોઈએ; ગુજરાત એ ભારતનું અવિભાજ્ય અંગ છે એ પણ આપણે ન ભૂલવું જોઈએ; સાથે સાથે ગુજરાતની વિશાળહૃદયતા ટકી રહે ને રાષ્ટ્રીય અસ્મિતાના દર્પણમાં એને પોતાનું પ્રતિબિંબ ધૂંધળું થતું જતું ન લાગે એવી પરિસ્થિતિ ઉભી કરવા માટે સર્વ રાષ્ટ્રપ્રેમી હિન્દીઓએ પ્રામાણિક પુરુષાર્થ કરવો જોઈએ.

ગુજરાતની રાજકીય, ઔદ્યોગિક અને સામાજિક નેતાગીરીએ છેલ્લાં નવ વર્ષમાં ઘણી લીલીસૂકી જોઈ છે. રાજ્યના આર્થિક વિકાસ વિષે ધગશની માત્રા સત્તારૂઢ પક્ષ અને વિરોધપક્ષ બંનેમાં સરખી તીવ્ર છે. આથી ગુજરાતના ઔદ્યોગિક ભાવી વિષે આશાવાદી બનવાને પૂરતાં કારણો છે. અત્યારે હતાશાનું જે વાતાવરણ જન્મ્યું છે એ તો રાષ્ટ્રીય નિષ્ફળતાનું ચિહ્ન છે; આવું વાતાવરણ લાંબું ન ટકી શકે. ગુજરાત પોતાની મંઝિલને વળગી રહેશે તો આ સદીના અંત સુધીમાં ગુજરાત ભારતનું આર્થિક વિકાસની ગતિમાં બીજા નંબરનું રાજ્ય બની રહેશે.



# ગુજરાતમાં સૌરાષ્ટ્રનો લોકઉદ્યોગ

—શ્રી ખોડીદાસ પરમાર

**સોરાષ્ટ્રના કાચી માટીના કોઠી, કોઠલાં અને મજુસ**

સૌરાષ્ટ્રની ગ્રામનારી બધી જ કંઈ કલાકાર તો નથી હોતી, પણ કસબકાર તો તેમાં મોટા ભાગની છે જ. આ નારીની કલાપ્રિય દૃષ્ટિથી તેના ઘરની દરેક વસ્તુ તેમજ રાચરચીલું અનોખી રીતે રૂપસજ્જા પામે છે. તેમાંય તે આયરાણી, રજપૂતાણી અને કાઠીયાણીઓની ચોળાફળીશી કરાંગુલિઓ તો ધૂળ ઢેફાંમાંથી કૈંક અવનવા ઘાટો સર્જે છે. ઘરની માંજના કોઠી, કોઠલાં અને મજુસને અવનવા ઘાટ ઉપર શોભન તરેહના રૂપ આપી, તેની માંડ ગોઠવી, ઘરને તો તેઓ ઇન્દ્રપુરી જેવું શોભાવી દે છે! અને માનવી માતરને ઘરની તો અનેરી માયા હોય જ ને! જનમભોમકાનું પોતીકું ઘર, માનવીને સરગ(સ્વર્ગ), કરતાંય અધિક હોય છે, અને એ પોતાના જ ઘરમાં જ્યારે અંગના મરમાળાં માનવીએ શણગાર–સજાવ્યા હોય તો એ ઘરની મોહીની શે મૂકાય? તે ઘર તો હૈયે જ વસેલું હોયને! તેથી જ ઘરને ધરતીનો છેડો કહ્યું હશે ને?

દરેક ઠેકાણે ને ગામેગામ ઘરને શણગારે તો છે ગૃહનારી જ, પછી તે માતા હોય, બહેન હોય કે કુલવધુ હોય. પોતાના ઘરને વાળીચોળી, લીંપીગૂંપીને ફુલઝપટ ચોખ્ખુંચણાક રાખવું, તેતો ઘરનારીની મોંઘેરી મમતા છે. માટીલીંપ્યા ઘરમાં, માટીરચ્યા ઠામવાસણની રૂડી માંડ ગોઠવી, તેને ઓળપસજ્જ કરી, તેની કલામયતા વધારવી તેમાં જ આ ગ્રામનારીનો કસબ કળાઈ આવે છે.

સૌરાષ્ટ્રના ગામડાં વધારે ખાબડ ખોબડ છે. મેલાયેલા રસ્તા ઉપર ધૂળના થરમાં પગ રજોટાઈ જાય તેવાં રસ્તામાંથી જો કોઈ ગ્રામજનોના ઘરમાં જાવ, તો ઝાંખી સુઘડતા તો જરૂર જોવા મળશે જ. એક બાજુ ઢોઢમાં બાંધેલી ભગર ભેંશો ને ગોરી ગાવડીની ગમાણુ હશે, તો સામે જ ઊંચા પગથારે હારબંધ એકથી માંડીને એક ઓશરીએ ચારથી છ ઓરડા જોવા મળશે ઘરની માટી લીંપી રમણિયતા જોઈ હૈયે એક જાતનો ટાઢો મીઠો આનંદ થશે. પણ જો કોઈ પગથાર ચડી, ઓશરી વળોટીને ઘરમાં ડોકિયું કરશે, તો ઝાંખા અજવાળે જળુંમળું થતો ઓરડો જોઈને જોનાર ખુશી જરૂર અનુભવશે. એના ખપેડાબંધ ઓરડામાં દેશી નળિયાવાળાં ઘરમાં નળિયાના ખસી જવાથી તડમાંથી સૂર્યનો પ્રકાશ ચાંદરડા રૂપે ઘરમાં ઈધરતીધર વેરાતો ઉપરથી નીચે લાંબો લીસોટો થઈને જળકતો દેખાતો હશે, ખડીએ ધોળેલી પછીત અને કરાની નીચે વેંત એક ઊંચી બનાવેલી લાંબી પેઢલી ઉપર પેટીપટારા ગોઠવ્યા હશે. પટારા ઉપર હેલ, ગોળી ને ઓઘડાંની માંગ હશે. માંડથી થોડીક ઊંચેરી અભરાઈ હશે. અને તેની ઉપર ઠામવાસણની ચળક ચળક થતી માંડ ગોઠવી હશે. આ બધું તો દરેક ઘરમાં અચૂક હશે જ. પણ પેટીપટારાની સાથે, પછીતે કે કરાની બાજુએ માટીમાંથી બનાવેલાં કોઠી, કોઠલાં, અને મજુસડી (મંજુષા) ને લાકડાનો ડામચિયો પણ હશે. આ ઘરમાં ગોઠવેલી બધીય કોઠી, કોઠલાં અને મજુસ ગ્રામનારીઓએ જ પોતાના હાથે માટીમાંથી ઘડી, ટીપી, ધોળીને ઘરમાં ગોઠવી દીધેલ હોય છે. ક્યાંક ઘરમાં તો ૫૦ થી ૬૦ વરસનાં જૂના કોઠી કોઠલાં પણ એમને એમ હોય છે! આમ નાના મોટાં જરૂરત પ્રમાણેના કોઠી કોઠલાં ગ્રામનારીઓ માટીમાંથી જ બનાવી લે છે, ને ઘરમાં ગોઠવી દે છે, જે વખત જતાં ખૂબજ રીઢાં થઈ જાય છે.

જૂની સંસ્કૃતિઓના ખોદાણમાંથી પણ અનાજ ભરવાની મોટી-મોટી કોઠીઓ મળી આવી છે, જો કે તે અગ્નિથી પકાવેલી છે. આવી કોઠીઓ મોંહે-જો-દડો લોથલ વગેરેના ખોદાણમાંથી મળી છે. આવી કોઠીઓમાં તે વખતે અનાજ ભરાતું હશે, એમ મનાય છે. હજી પણ સૌરાષ્ટ્રના ગામડાંમાં માટીમાંથી બનાવેલી કોઠીઓમાં અનાજ જ ભરાય છે; પણ તે પકાવેલી નથી હોતી. સૌરાષ્ટ્રની ગ્રામનારીઓ અનાજ–કઠોળ ભરવા માટે હજુય જુદાં જુદાં માપની કોઠી, કોઠલાં મજુસ વગેરે પોતાની રીતે ઘરની જગ્યાની મોકળાશના આધારે ઘડીને ઘરમાં ગોઠવે છે. તેને સૂર્યના તાપમાં જ સૂકાવા દઈ ને સૂકાયા પછી ઉપર ધોળ કરીને, રૂડી રૂપાળી બનાવી દે છે.

દરેકે દરેક ગામડાં ગામમાં તો કારતક મહિનો તો કામનો હોય, માગશર–મહા મહિને વિવા વાજન મંડાય, ને ચૈતર, વૈશાખ ને જેઠ એ ગ્રામનારીઓ માટે નવરોધૂપ દિ'. એ નવરા દિવસોમાં જ ગ્રામનારીઓ આવાં નવીન કામ કોઠી, કોઠલાં ને મજુસડીના ઘડતર શરૂ કરે છે. મગ, અડદ, કળથી વગેરે કઠોળના માટે નાના કોઠલાં ઘડે, જ્યારે બાજરો, જાર ભરવા માટે મસ મોટી બેથી અઢી કળશી દાણા સમાય તેવી મોટી કોઠીઓ ઘડે. આવડી મોટી કોઠી જો ફળિયા વચાળે ઘડે તો ઘરમાં તેને લાવવી શી રીતે! તેથી તે માટીના ખૂબ મોટા વાસણ બનાવવા હોય તો તે બધાંય ઘરની અંદર જ બનાવે. ધીમે ધીમે રોજબરોજ વેંતવેંતનો થર ચડાવે. ટીપી, થાબડી મઠારીને સરખો કરતાં કરતાં રોજબરોજ સૂકાતું જાય તેમ તેમ થર ચડાવતા જાય છે, અને બીજે દિવસે બીજા થરની માંડણી માંડે છે. મોટી, લાંબી ને ઊંચી મજુસડી પણ ઘરમાં જ સ્ત્રીઓ ઘડે છે. એમાં બે માળ કે ત્રણ માળ અને માલીપા ચારથી છ ખાનાં પણ કોઈ વાર ઘડે છે. જે જુદા જુદા ખાનામાં ચીજવસ્તુઓ રહી શકે.

ખેડૂત, વસવાયા, કાંટિયાવરણ અને ગરાસિયા સૌના માટીરચ્યા ઘરમાં કોઠી, કોઠલાં તો હોય જ. માનવી માતર માટીમાંથી પેદા થયો ને ધૂળમાં જ મળી જાય છે. જનમ ભોમકાની ધૂળેય પાવની

હોવાથી, ધૂળ રજોટયા ગ્રામજનો ધરતીની ધૂળની આ રીતે પૂજા કરે છે. ગામની ધરતી સૌની મોંઘી માવડી છે. અને આ માવડીના સંતાનો વિશેષતઃ તેનો જ ઉપયોગ કરે છે. ગામસ્ત્રીઓ મોટા ભાગે લગભગ હરેક પ્રકારની જરૂરી જણસો ધૂળમાંથી જ ઘડી કાઢે છે. જેવી કે ઘંટીનાં માટીનાં થાળા, માંડ ગોઠવવાની અભરાઈ, દહીં, દૂધ અને રોટલાં મુકવાની મજુસડી, કઠોળ અને કમોદ ભરવાનાં કોઠલાં, અને અનાજ ભરવાની મસમોટી કોઠીઓ; આમ દરેક ચીજો, ગામ સ્ત્રીઓ માટીમાંથી જ ઘડી કાઢતી ને હજુય ઘડતી રહી છે. ચોખાની કમોદ ભરડવા માટે મોટાં રીંઝડા (ઘંટલા) પણ માટીમાંથી જ તેઓ બનાવી લે છે.

૧૯૪૭માં દેશ સ્વતંત્ર થયો, અને પંચવર્ષિય યોજનાઓ પછી ગામડાંઓમાં થોડીકેય તેજી તો આવી જ. ગામેગામના સામટી ખેતીવાળાં થોડાંક લોકો 'બે પાંદડે' થયા, એટલે તેઓએ દેશી નળિયાં છાયાં ખપેડા બંધ કાચા મકાનો કાઢી નાંખ્યા, તેની જગ્યાએ વિલાયતી નળિયે રાતા અને સીમેન્ટ ચૂનાનાં પાકાં ખોરડા ઊભા કરી દીધાં. આવાં પાકાં ખોરડામાંથી પછી માટીની વસ્તુઓને તો રૂખસદ જ મળે ને? અને તેની જગ્યાએ કૂડના ખાલી થયેલાં ટીપને સમા કરાવી, રંગરોગાન કરાવી ગોઠવી દીધાં ને પછી તો તેમાં જ દાણા ભરવાના શરૂ કર્યા અને હવે તો ધીમે ધીમે આવી જાતનાં ટીપ લોકોના ઘરમાં આવતાં જાય છે તે સાથે કાચી માટીના વાસણ–કોઠી, કોઠલાં વગેરે અદશ્ય થતાં જાય છે. તો પણ હજુય ગામડાંમાં અરધ ભાગથી જાજા લોકોના ગારલીંપ્યા ને ધોળભૂસ્યા ઘરમાં કોઠી, કોઠલા ને મજુસની માંડો જૂના વખતની એમ ને એમ રૂડીપેરે ગોઠવેલી છે જ. પણ જમાનો બદલાયો તેની સાથે જૂની કસબ કારીગરી તો ઝાંખી પડી જ છે. આજથી ૩૦ થી ૩૫ વરસ પહેલાંના મજુસ અને કોઠલાં જોતાં, હાલ નવાં બનાવેલ કોઠલાં મજૂસડીની કસબ કારીગરીમાં ઓછપ અને કંડાર થોડાંક ઓછાં દેખાય જ છે. તે નવાં જમાનાના પ્રતાપે જ ને વળી!

સૌરાષ્ટ્રમાં આ કોઠી, કોઠલાં વગેરે ઘડવા બનાવવાની રત તે કોરોધાકોર ઉનાળો છે. ચૈતર, વૈશાખ કે જેઠ મહિનામાં બાયું દિકરીયું ધૂળખાણે જઈ ને જોતી કારવતી ૧૫ કે ૨૦ સૂંડલા ધૂળ ખોદી લાવે છે. ધૂળ ઉધઈવાળી ન હોય તેનું ધ્યાન રાખે છે. ધરતીના કળણ પ્રમાણે ધૂળ કાળી, ભૂંખરી પીળી કે ગોરમટી હોય તો પણ ચાલે છે. જે ગામમાં જેવી ધૂળ, તેનો જ મુખ્યત્વે ઉપયોગ કરે છે. પણ આ કામ વાસણ ઘડવા માટે ધોળો ભૂતડો મળી જાય તો કોઠી, કોઠલાં ને મજુસનો શોભારંગ ઓર વધી જાય છે. આ ભૂતડામાંથી બનાવેલો ઘાટ એને મઝાનો ધોળો બરફીના પતીકાંએ ચણ્યો લપેટયો હોય તેવો રૂડો બને છે. અને પછી એની ઉપર ધોળી ખડીના લીંપણને આગીપાના વાટાથી ભાત્યું ઉપસાવી, ઉપર ટાબક ટીબક ચોંડી દીધા પછી તો તે કોઠલો, કોઠી કે મજુસ તો ઘરનું ઘરેણું જ બની જાય છે! બીજી માટી–ધૂળમાંથી બનાવેલાં ઘાટ, રંગ ને રોગાન છતાં ભૂતડાના રંગ પાસે ઝાંખા ને નમાણાં લાગે છે.

કોઠી, કોઠલો કે મજુસડી બનાવવાના હોય ત્યારે સ્ત્રીઓ એક દિવસ માટી ખોદી લાવે છે, અને તેનો ફળિયામાં જ ઢગલો કરે છે. તેને ધોકાથી ધોકાવીને ઢેફાં ભાંગી, કાંકરા વીણી લઇ, પહોળી કરે, પછી ભેગી કરીને સૂકવેલી ઘોડાની લાદને ભાંગીને ધોકાવી નાંખે છે. તેનો સાવ જેર (ભૂકો) થઇ જાય, પછી તેને ચારણીએ ચાળી નાંખી, ચારણીમાં રહેલું ઉપરનું ગોરાણ અને કસ્તર કાઢી નાંખી, ઓલી સૂકવેલી ધૂળમાં આઠ ભાગ માટી અને બે ભાગ લાદ ભેળવીને, જેવડી વસ્તુ બનાવવી હોય તેનું અટકળ બાંધીને તે પ્રમાણે ગારિયું નાંખે છે. બે થી ચાર દિવસ ગારિયાંને સડવા દઇને એકરસ થઇ જાય ત્યાર પછી જ આ માટીથી બાઇઓ ઘાટ ઘડવાના શરૂ કરે છે.

આ વાસણ જો પ્રમાણમાં નાનાં નાનાં જેવડાં કે ઘરના બારસાખમાં થઇને ઘરમાં લઇ જઇ શકાય તેવડાં કરવાનાં હોય, તો તો બહાર જ ઘડે છે; પણ જો પ્રમાણમાં મોટાં કરવાના હોય તો તે ઘરમાં જ ઘડે છે. કારણ કે, તે મોટાં હોવાથી તેને ઘરમાં લઇ જવા મુશ્કેલ પડે છે; તેથી ઘરમાં જ તે ઘડાય છે. તેના ઉપરથી જ સૌરાષ્ટ્રમાં દેહ-દમડા આળસુ માણસને કહેવાતી કહેવત કહી છે કે, 'ઘરમાં ઘડયા ને ઘરમાં જડયા' જે એકને એક ઠાર (ઠેકાણે) પડયા રહે છે.

વાસણ ઘડવા માટે દિવસના આખાયે વખતમાં છાંયો રહેતો હોય તેવી જગ્યા પસંદ કરીને એક બે સ્ત્રીઓ ત્યાં ઘડવા બેસે છે. સૌ પ્રથમ ખજૂરી કે સુરવાળીની સાવરણીથી ત્યાંની જમીન વાળી-ચોળીને બધી ધૂળ અને કચરો સાફ કરીને ટાકરડી બનાવી દે છે પછી તેના ઉપર ચૂલામાં બળેલાં છાણાંની રાખ ત્યાં ભભરાવીને પાથરે છે. પછી મજબૂત વાંસનાં ખપાટિયાંની ચપોતરીઓને માપ-સર કાપે છે. જો કોઠલો ઘડવો હોય તો તે કેવડો પહોળો બનાવવો છે તેના માપ પ્રમાણે ખપાટિયાં બાંધીને તેનું ચોરસ માળખું તૈયાર કરે છે. મજુસ ઘડવી હોય તો ખપાટિયાનું ચોરસ લંબચોરસ માળખું તૈયાર કરે છે, અને જો કોઠી ઘડવાની હોય તો વાંસની ખપાટોમાંથી જ ગોળાશવાળું માળખું બનાવે છે. આ બધું તૈયાર થયા પછી ગારિયામાંથી બે હાથમાં સમાય તેવડાં પીંડાને, જોઈતા પ્રમાણમાં પાણી ને કોરી ધૂળ ઉમેરી, કાલવતા જઈને ઓલી રાખ ભભરાવેલી જગ્યા ઉપર છાણા થાપે તેવી રીતે બે થી ત્રણ ઈંચની જાડાઈનો ચોરસ કે ગોળ થર બનાવી તેના ઉપર ઓલ્યું ખપાટિયાનું માળખું મૂકી દે છે. માળખું મૂક્યા પછી તેના ઉપર પાછો માટીનો એટલો જ જાડો બીજો થર ચડાવી, ખપાટોના માળખાંને બરોબર બે થરની વચ્ચે લઈ લે છે. આમ વચમાં ખપાટિયાનું માળખું આવી જાય છે તેથી વાસણનો તળિયાનો થર ભાંગી કે ફસકી જતો નથી, વચ્ચે ખપાટિયાં હોવાથી તે પકડાઈ રહે છે.

આમ કોઠી, કોઠલો કે મજૂસનું તળિયું તૈયાર કર્યા પછી તેને તે લીલું હોય ત્યાં જ તવેથા કે પતરાથી બરોબર ચોરસ, સમચોરસ કે ગોળ બનાવી આજુબાજુ જે લાંબી ખાંચાખૂચી હોય તે કાઢીને સરખો ઘાટ કરીને પછી સૂકાવા દે છે. આ તળિયાની જાડાઈ તે ઘાટના આકાર કદ પ્રમાણે ૫ ઈંચથી ૭ ઈંચની હોય છે.

આ રીતે તળનો ભાગ તૈયાર કર્યા પછી તેને એકબે દિવસ છાંયડે સુકાવા મેલે છે. ત્યારપછી તેને વેંતવેંતના ઊંચા ને ૮ થી ૧૦ ઈંચની ગોળાઈ–વ્યાસવાળાં કે ચોરસ કંડારેલાં પાયા કરે છે. કોઠલાં ને તેના કદ પ્રમાણે ભારે વજન ઝીલી શકે તે માટે ચારથી છ પાયા કરવા પડે છે. તેના તળિયાનો આકાર સમચોરસ કે ગોળ હોવાથી તેનાં પાયા છેટાછેટા રહે છે, તેથી નીચેના વચલા ભાગમાં ખૂબ જ મોકળાશ રહે છે. તેથી કોઈવાર સમતોલન ગુમાવીને વચ્ચેથી કોઠયો કે મજુસ ફસકી પણ જાય, તેથી પણ વચ્ચે બીજા

બે પાયા મૂકવા પડે છે, અને શોભાની દૃષ્ટિએ પણ વચલો ભાગ ઓછો ને વરવો લાગે છે, તેથી પણ દેખાવની દૃષ્ટિએ પણ ૭ પાયા જરૂરના છે જ. કોઠલાં અને મજુસના પાયા મોટાં ભાગે ચોરસ આકારના જ કરે છે. આવાં પાયા ઉપર માટીના વાટાથી તેમ જ માટીમાંથી કોર ખેંચી કાઢી સુંદર કંડારણ કોરે છે, જેવાં કે, હાસ્યું, પટ્ટા અને ગોળ દોળિયાં, જ્યારે માટીની કોઠીના પાયા સાવ સાદા જ કરે છે. તે પાયા ઉપરથી જાડા અને તળિયે જ્યાં જમીન ઉપર માંડેલાં હોય ત્યાં તે પાતળાં રાખે છે, આમ કોઠીને હમેશા ચાર જ પાયા બનાવે છે. તેનું કારણ, કોઠીનું તળિયું હંમેશા ગોળ અને સાંકડું હોવાથી, નીચે જગ્યા ઓછી રહેવાથી ચાર જ પાયા બરોબર સમતોલનમાં આવી શકે છે આ રીતે તળિયા સાથે પાયા બરોબર ચોંટાડી, પાયા સાવ સૂકાઈ જાય પછી બે સ્ત્રીઓ થઈને તળિયાને ઉલટાવી નાંખે છે, એટલે પાયાના તળિયા જમીન ઉપર આવી જાય છે, અને જેના ઉપર ઘડવાનું હોય તે ઉપર આવી જાય છે. પાયા બરોબર સમથળ રીતે જમીન પર ગોઠવાય જાય છે, જો કોઈ રાંટો, ટેડો કે ઊંચો નીચો લાગે તો તેની ઉપર માટી દાબી દે છે, ને બધાં પાયાને જમીન સાથે સમતળ રાખી દે છે.

આમ પાયા ને તળિયું તૈયાર થયા પછી ઉપરના ભાગમાં કોઠી, કોઠલો કે મજુસની બાંધણીના પીંડ ચડાવી પાળ ચણવા લાગે છે. એની જાડાઇ લગભગ ત્રણથી ચાર ઇંચ જેટલી હોય છે. આ દિવાલ રોજરોજ એક વેંત કે તેથી થોડીક વધુ ચણે છે. એક દિવસે આટલી ચણ્યા પછી થોડા થોડા અંતરે ચણે છે. વચ્ચે વચ્ચે દિવાલમાં વાંસની જરૂર પ્રમાણે આઠથી દશ જેટલી ચપોતરીઓ. જે લગભગ ૭ થી ૮ ઇંચની હોય છે તેને. અરધી ચણેલામાં ખૂંતાડે છે ને અરધી બહાર રાખે છે. બાકીના ચણેલા ઉપરના ભાગ ઉપર વાની (ઝીણી ચાળેલી રાખ) ભભરાવી દે છે. ચણેલી ઉપલી જાડાઈવાળી ધારમાં વચ્ચે વાંસની ચપોતરી ખૂંતાડી તેની ઉપરના બહારના ભાગમાં મુઠી જેવડાં માટીના મુઠીઆં ચપોતરી પર કરી લે છે, જેથી રોજબરોજ કરેલા ચણતરને એ પકડી રાખે છે એથી દિવાલ સળંગ બંધાતી રહે છે. આમ કરી કરીને રોજ વેંતવેંતના થર ચણતા જાય છે. ગઈ કાલે ચણેલો થર વાસુક થઈ ગયો હોય છે, ને તેના ઉપર વાની ભભરાવેલી, તેમજ ચપોતરી ને પાંડીઆ મૂકયા હોવાથી સુકાયા પછી પ્રથમ ચણેલો થર અને બીજાં દિવસે ચણેલો થર સુકાયા પછી, જો જુદાં જુદાં કરવા હોય તો થઈ શકે છે. બે થર ટિફિનના ખાનાની જેમ જ છૂટાં પાડી શકાય છે. કોઠલો ને મજુસ ચોરસ કે લંબચોરસ હોવાથી તેને મકાનની દિવાલની જેમ જ સીધી દિવાલ ચણવાની હોય છે. કડિયાની જેમ ઓળંબાની જરૂર પડતી નથી. અટકળે ચારે દિવાલો મજાની સીધી જ ચણાય છે. કોઠલાંની ઊંચાઈ લગભગ ચારથી ૭ ફૂટ કરે છે. મજુસની ઊંચાઈ લગભગ ૪ થી ૫ ફૂટ લે છે; જ્યારે કોઠીની ઊંચાઈ ૫ ફૂટ થી માંડીને ૮ ફૂટ સુધી લઇ જાય છે. કોઠી હંમેશા ગોળ જ ઘડે છે. તળિયેથી સાંકડી કોઠી, વચમાં પેટાળ પાસે થોડીક વધારે ગોળ કરીને ડેબુ બહાર કાઢે છે. પછી પાછી ધીમે ધીમે સાંકડી કરતાં, ઉપર જતાં તળિયા જેટલી જ સાંકડી થઈ જાય છે. ઉપર પછી પાછા ખપાટિયાંનું માળખું કરી, ઉપર ખાલી ગોળ મોઢિયું બનાવે છે. કોઠીમાંથી દાણા તો નીચેના "સાણા" માંથી કઢાય છે. આ સાણું કોઠીમાં તળીયેથી આશરે ૮થી૧૦ ઈંચ ઊંચે પેટાળના નીચેના ભાગમાં આશરે ૩ ઈંચ વ્યાસના વર્તુળ જેટલું હોય છે. તેને કપડાંના ડૂચા ગોઠવી ગોળ ડાટો કરી તેનાથી બંધ કરી દેવાય છે, ને જ્યારે કોઠીમાંથી અનાજ કાઢવું હોય ત્યારે સૂંડલી કે સૂપડું ધરીને ડાટો ખેંચી કાઢે છે, તે વખતે સાણામાંથી અનાજની ધાર નીચે થાય છે, જોઈતું અનાજ નીકળી જાય, પછી ભીંસ દઇને ડાટો બંધ કરી દે, એટલે અનાજ નીકળતું બંધ થઈ જાય છે. સૌરાષ્ટ્રમાં અનાજ ભરેલી કોઠીનું એક વરત છે કે 'તારી માનો ભોલ ફાટયો, મારી મા સૂપડું લઇને દોડી.' ઉત્તરઃ સાણામાંથી નીકળતું અનાજ.

કોઠલો ઊભો સમચોરસ ઘાટનો હોવાથી, તેમજ બહુ મોટો ન હોવાથી, તેમાં પેટાળમાં સાણું નથી બનાવતા. તેમાં તો ઉપરથી જ કઠોળ ભરાય છે ને ઉપરથી જોઈએ તેટલું પાલી બે પાલી કઠોળ કાઢી લેવાય છે. પછી ઉપર ચોરસ ઢાંકણું ઢાંકી દે છે; જ્યારે મજુસ એ તો ગામડા ગામનું ચીજવસ્તુ રાખવાનું પાંજરૂં જ જોઈ લ્યો. તેને તો ઉપર મથાળે પણ તળિયાની જેમ જ માળીને પેક કરેલું હોય છે. તેનાં ઘડતી વખતે આગળના ભાગમાં સુતાર પાસે તૈયાર કરાવેલ બારસાખવાળું બારણું વચોવચ ગોઠવીને આખી મજુસને પેક પેક કરી દે છે. એ દોઢથી બે ફૂટ લાંબુ પહોળું હોય છે. તેને એવી રીતે ગોઠવે છે કે મજુસમાંના દરેક ખાનામાં ચીજવસ્તુ મૂકી શકાય. સ્ત્રીઓ મજુસમાં બે માળ અને ચાર ખાનાં તો બનાવે જ છે, જેથી જુદા જુદા ખાનામાં દહીં, દૂધ, ઘી, રોટલાં વગેરે મુકી શકાય. આ બારસાખને નાનાં નાનાં એક કે બે બારણાઓ હોય છે. તેને નકૂચા પણ નાંખ્યા હોય છે તેથી તે બંધ કરીને મજુસને તાળું પણ દઈ શકાય છે. મજુસના ઉપરના ભાગમાં (તે હાથ પહોંચે તેવડી ઊંચી હોવાથી) હાતદડાં. તેલ કચોળું ને કાંગસી, રોજના ઘર વપરાશના ઠામવાસણ કોરી રાખથી ઉટકીને વહતાં (ઊંધાં) વાળી રાખે છે. આ મજુસના આગળના ભાગમાં સ્ત્રીઓ ખુબ જ સુંદર વાટાશિલ્પથી ભાત ઉપસાવે છે, તેમ જ કાચ આભલાં ને કંઈ કેટલુંય–ચણોઠી, મોતી ને મણકા વગેરે ચોડે છે.

કોઠીઓ મસમોટી તોતીંગ હોવાથી તેને મોટે ભાગે ઘરમાં જ રાખે છે. તેમાં બાજરો જાર, ઘઉં કે માંડવી અને ખાણખુંટણના કપાસિયા પણ ભરે છે. કોઠીને માલીપા ગાર કરે છે ને બહારના ભાગમાં ધોળી ખડી ચોપડી દે છે. તેના ઉપર માટીના વાટા વણીને કશીય કારીગરી કરતા નથી. માત્ર તળિયા પાસે કે છેક મથાળે માત્ર કાંગરા કે વળિયાં પાડે બાકી ગેરૂથી તેના ઉપર આળેખ ચિત્રો પણ કોઈ કોઈ ચિતરે ખરાં. પણ કોઠલાં ઉપર સ્ત્રીઓ માટીના ગોળ ગોળ વાટા વણીને તેને ચોંટાડીને ખજુરી, મોર, પોપટ, ફરકરિયાં, સૂરજ વગેરે કોરે છે. પણ સૌથી રૂડો રૂપાળો શણગાર તો તે મજુસડી ઉપર કોરે છે. તેમાં ફૂલવેલ, ઝાડવાં મોર, પોપટ વગેરે વાટાથી બનાવી તેનો કંડાર કરી આસપાસ આભલાં કોડી, ચાંદલા, મોતી વગેરે ખુંતાડે છે અને બધા ઉપર ધોળ કરીને પછી ભીના લૂગડાથી ઘસી ઘસીને કાચ, મોતી, આભલા વગેરે પરથી ધોળ કાઢી નાંખીને સૌને ધોળ સૂકાયા પછી ઉજમાળી નાંખે છે. જે પછી આછા અંધારાવાળાં ઘરમાં સૂર્યના

નળિયા વાટે પડતા ચાંદરડાના ઉજાસમાં ચળક ચળક ચળક્યા કરે છે, ને તેથી ઘર આખુંય હળુહળુ આખો દિવસ દાંત કાઢ્યા કરે છે !

હવે તો આ માટી ઘડી માંઝો ધીમે ધીમે ઓછી થતી જાય છે. ખેડૂત સ્ત્રીઓ હજી આજે પણ જૂના વખતની મોટી મોટી કોઠી, કોઠલાં ને મજુસને સાચવી રહી છે, પણ ગરાસણી, આયરાણી, મેરાણી કે રજપૂતાણીની તોલે કોઈના ઘાટ શણગાર આવી શકતા નથી. તેઓના રૂપમઢતા ઓરડામાંના આ માટીના વાસણોમાં રૂપસર્જનની ભાતીગળ તરેહોથી આખો માંડ શોભી ઉઠે છે. ખડીધોળ્યા ઘરમાં, ખડી ધોળ્યા કોઠી, કોઠલાં ને મજુસ બહુ જ રૂડાં દેખાય છે. ઘર આખામાં એક જાતની ધોળી લીસી ચોખ્ખાઈ અનુભવાય છે.

આ કોઠી, કોઠલાં ને મજુસ ચોખ્ખી માટીના હોવાથી તેમાં અનાજ જલદી સડી જતું નથી કે ઘી દૂધ બગડી જતાં નથી. અનાજ સાથે ચોળેલી રાખ અને લીંબડાના પાન નાંખેલાં હોવાથી અનાજમાં જીવાત પડતી નથી ને ઝાઝો વખત ટકી રહે છે. આગ લાગે તો પણ કોઠીનું દળ જાડું હોવાથી અનાજ બચી જાય છે. અહૂરસવાર કોઠીમાં કોઈને સંતાડવું હોય તો કોઈને કશી ગંધ પણ મળે નહીં એવડી તે મોટી હોય છે.

હજી આજેય સૌરાષ્ટ્રના ગામેગામ ગ્રામસ્ત્રીઓ પોતાને જેવડી જોઈએ તેવડી કોઠી, કોઠલાં માટીમાંથી હાથે જ બનાવી લે છે.

( લોકગુર્જરીના સૌજન્યથી )



# ગુજરાતની સહકારી પ્રવૃત્તિની યશગાથા

**—શ્રી કાન્તિલાલ ધીયા**

"કોઈ પણ પ્રવૃત્તિ કરતા સહકારી પ્રવૃત્તિ મને વધુ પ્રિય છે. કારણ કે તે એક જીવનરાહ, મનોવૃત્તિ અને કાર્યપદ્ધતિ છે. આ પ્રવૃત્તિ વધુને વધુ વિકસે એમ હું ઇચ્છું છું, કારણ કે તે દરિદ્રનારાયણનો સાચો સાથી અને લોકશાહી સમાજવાદ પ્રસ્થાપિત કરવાનું ઉત્તમ સાધન છે."

– સ્વ. જવાહરલાલ નહેરુ.

વિશ્વના સમૃદ્ધ દેશોએ સહકારના સહારે અનેકવિધ ક્ષેત્રે જવલંત સિદ્ધિઓ હાંસલ કરી છે. ભારત એ કૃષિ પ્રધાન દેશ છે. ૭૦ ટકા લોકો ખેતીવાડી સાથે સંકળાયેલા છે. ભારતના ગરીબ અને શાહુકારોના હાથે બેફામ લૂંટાતા ખેડૂતોનો અને દેશના કચડાયેલા અને પછાડાયેલા વર્ગના લોકોના જીવનમાં આર્થિક અને સામાજિક ક્રાંતિ કરવાનો એક માત્ર માર્ગ તે સહકારી પ્રવૃત્તિ છે તે વાત દીવા જેવી સ્પષ્ટ છે. આથી સહકારી પ્રવૃત્તિનો રાષ્ટ્રના નવનિર્માણનાં અગત્યનાં સાધન તરીકે સ્વીકાર કરવામાં આવ્યો છે.

ગુજરાતના ખેડૂતો અને સામાન્ય જનતાના આર્થિક જીવનમાં ક્રાંતિકારી પરિવર્તન લાવીને સૌ કોઈને માટે આશીર્વાદરૂપ બનેલી સહકારી પ્રવૃત્તિનો ઇતિહાસ જાણવો રસપ્રદ થઈ પડે તેવો છે. ઇતિહાસના ઓવારે ઉભા રહીને ઓગણિસમા સૈકા પર દષ્ટિપાત કરીશું તો જણાશે કે ભારતદેશ અંગ્રેજોની ગુલામીમાં જકડાયેલો હતો. ખેડૂતો પરંપરાગત ખેતી કરતા હતા શાહુકારોના શોષણે માઝા મૂકી હતી. ખેડૂતોની દેવાદારીએ ગંભીર સ્વરૂપ ધારણ કર્યું હતું. ગરીબ ખેડૂતોનું કોઈ રણી-ધણી રહ્યું નહીં ત્યારે ખેડૂતોને દેવાદારીમાંથી રાહત આપવાના શુભ હેતુથી સહકારી પ્રવૃત્તિની શરૂઆત કરવામાં આવી. સાધનવિહોણા ગરીબ ખેડૂતો અને બીજા લોકોમાં કરકસર, સ્વાશ્રય અને પરસ્પર સહાયની ટેવોને ઉત્તેજન આપવાના ઉદ્દેશથી સને ૧૯૦૪નો સહકારીશરાફી મંડળીઓનો કાયદો પસાર કરવામાં આવ્યો. આ કાયદા હેઠળ એ જ વરસમાં ગુજરાતમાં સૌ પ્રથમવાર અમદાવાદ જિલ્લામાં વિસલપુર ગામમાં શરાફી મંડળી શરૂ કરવામાં આવી.

આ રીતે ગુજરાતમાં વિધિસર રીતે સહકારી મંડળીના શ્રી ગણેશ મંડાયા, ત્યાર પછી સૂરત જિલ્લા દેગામ શરાફી મંડળી રચવામાં આવેલી. તે પછી ક્રમેક્રમે બીજી મંડળીઓ રચાવા લાગી.

સને ૧૯૦૪ના સરકારી શરાફી મંડળીઓના કાયદા હેઠળ ખેડૂતો માટે અમર્યાદિત જવાબદારીવાળી મંડળીઓ અને ખેડૂત સિવાયના બીજા લોકો માટે મર્યાદિત જવાબદારીવાળી નાગરિક મંડળીઓ રચવામાં આવેલી. ગુજરાતમાં સને ૧૯૦૪ પછી તરતજ રચવામાં આવેલી કેટલીક નાગરિક મંડળીઓનો વિકાસ સંપૂર્ણ નાગરિક બેંકો તરીકે થયો.

સને ૧૯૧૨માં સહકારી મંડળીઓનો કાયદો પસાર કરવામાં આવ્યો ત્યારે ધિરાણ સિવાયના બીજા કામો માટેની તેમજ મંડળીઓના સંઘો રચના માટેની જોગવાઈ પણ થઇ હતી. આમ થવાથી માલ પૂરો પાડવાની મંડળીઓ, ઘરમંડળીઓ વગેરે ધિરાણ સિવાયના બીજા કામો માટેની મંડળીઓ, જિલ્લા સહકારી બેંકો તેમજ મંડળીઓના જુદા જુદા પ્રકારના સંઘોની રચના કરવામાં આવી. આવી મંડળીઓ પૈકીની ઘણી મંડળીઓ સૌ પ્રથમ સૂરત અને ભરૂચ જિલ્લામાં શરૂ કરવામાં આવેલી.

સને ૧૯૧૫માં સરકારી પ્રવૃત્તિના વિકાસ માટે હિન્દ સરકારે નીમેલી મેકલેગન કમિટિની ભલામણો અનુસાર ખેતી વિષયક ધિરાણ માટેના સહકારી તંત્રની રચના કરવામાં આવી મંડળીઓની દેખરેખ માટે તાલુકા સંઘો રચવામાં આવ્યા. સુરત જિલ્લામાં કપાસના વેચાણ માટે સહકારી મંડળીઓ રચવાના સાહસનો પ્રારંભ થયો. અને સહકારી શિક્ષણ માટે સને ૧૯૧૮માં મુંબઈ પ્રાંતીક સહકારી ઇન્સ્ટીટયુટની સ્થાપના કરવામાં આવી. સને ૧૯૧૯ ના મોન્ટફર્ડ સુધારા પછી સહકારનો વિષય પ્રાંતીક વિષય બન્યો. પ્રથમ વિશ્વયુદ્ધ પુરું થતા ખેડૂતોની દેવાદારી ચરમ સીમા પર પહોંચતા તેણે ઉગ્રસ્વરૂપ ધારણ કર્યું હતું. તે વખતે સહકારી લેન્ડ મોર્ટગેજ બેંકો રચવાનો સૌ પ્રથમ વિચાર ૧૯૨૩ માં ગુજરાત વિભાગીય સહકારી પરિષદમાં રજૂ કરવામાં આવ્યો. તે પછી બે વરસ બાદ ૧૯૨૫માં મુંબઈ પ્રાંતનો સહકારી મંડળીઓ માટેનો કાયદો પસાર કરવામાં આવ્યો. ૧૯૦૯ માં ભરૂચ જિલ્લામાં અખતરા તરીકે લેન્ડ મોર્ટગેજ બેંક શરૂ કરવામાં આવી. ત્યારબાદ વડોદરામાં ૧૯૩૨ માં બીજી લેન્ડ મોર્ટગેજ બેંક આરંભાઈ. આ તો માત્ર શરૂઆત જ હતી. લેન્ડ મોર્ટગેજ બેંકીગની ખરેખરી શરૂઆત તો સને ૧૯૩૩ પછી જ ખેતક્રાંતિની દિશામાં પગરણ માંડી રહેલ સૂરત, ભરૂચ, ખેડા અને વડોદરા જિલ્લામાં કરવામાં આવી.

કોડિનાર તાલુકાના આર્થિક ઉત્થાનમાં સહકારી મંડળીઓનો ફાળો કેટલો અસરકારક નીવડ્યો તેનું વર્ણન કરતા શ્રી મણીલાલ નાણાવટી કહે છે કે, ૧૯૧૨ના દુષ્કાળમાં મેં જે જોયું હતું અને ૧૯૧૯માં જે જોયું તેમાં મહત્ત્વનો તફાવત માલમ પડ્યો. ૧૯૧૨માં લોકો નિરૂત્સાહી, ચિંથરેહાલ અને ગરીબાઈમાં સપડાયેલા હતા. કારડિયા લોકો કપડાં ફાટી જાય ત્યારે કાઢતા અને વરસાદ આવે ત્યારે નહાતા તેને બદલે તેઓ સારી રીતે પહેરતા ઓઢતા થયા હતા. દેવાદારીમાંથી મૂક્ત અને સ્વાશ્રયી થયા હતાં.

## સહકારી શિક્ષણ અને તાલિમનો પ્રારંભ

સહકારી શિક્ષણ અને તાલિમ માટે છેક સને ૧૯૧૮માં સ્થપાયેલી મુંબઈ પ્રાંતીક સહકારી ઇન્સ્ટીટયુટે જિલ્લાઓમાં પોતાની

શાખાઓ ખોલીને ધીમે ધીમે સહકારી શિક્ષણના કાર્યને વિકસાવવા માંડ્યુ અને મંડળીઓના મંત્રીઓ માટે વર્ગો ચલાવવા માંડ્યા. ૧૯૨૯મા ગુજરાતમાં સૌ પ્રથમવાર સુરત ખાતે સહકારી તાલિમ શાખા શરૂ કરવામાં આવી.

આ સમય દરમ્યાન ખેતી વિષયક સહકારી ધિરાણની પ્રવૃત્તિ સરળ રીતે પાંગરતી જતી હતી અને ઠીક ઠીક કામગીરી બજાવી રહી, ત્યાં ૧૯૩૦ની આર્થિક મંદીએ સહકારી ધિરાણ પ્રવૃત્તિને કમરતોડ ફટકો માર્યો. એ વખતે સહકારી પ્રવૃત્તિની ખામીઓ અને નબળાઇઓ સૌ પ્રથમવાર બહાર આવી. સહકારી પ્રવૃત્તિની પ્રગતિનો માર્ગ ભયમાં મૂકાયો. સહકારી પ્રવૃત્તિની આ નબળાઇઓ દૂર કરવા માટે ૧૯૩૭માં મહેતા-ભણસાલી સમિતિ નીમવામાં આવી. સહકારી પ્રવૃત્તિની નબળાઇઓના નિવારણ અર્થે આ સમિતિએ કરેલી ભલામણો અનુસાર વિવિધ પગલા ભરવામાં આવ્યા.

## સહકારી પ્રવૃત્તિને પુનર્જીવન

૧૯૩૦ની આર્થિક મંદીના ફટકાને કારણે લગભગ મૃતઃપ્રાય બનેલી સહકારી પ્રવૃત્તિને ૧૯૪૭ દરમ્યાન પુનર્જીવન પ્રાપ્ત કરવાનો સુઅવસર સાંપડયો. બીજુ વિશ્વયુધ્ધ શરૂ થતા સહકારી પ્રવૃત્તિ માટે વિકાસના તમામ દ્વાર ખુલ્લાં થઇ ગયા અને વિકાસના સંજોગો સામે ચાલતા આવ્યા. યુધ્ધને પરિણામે રોજબરોજની જરૂરિયાતોની અછત અને શહેરી વિસ્તારોમાં મકાનોની ઊભી થયેલી તંગીને લીધે તેમજ વેપારીઓ અને મકાનમાલિકોની સમાજ વિરોધી પ્રવૃત્તિઓને પરિણામે ખાસ કરીને મોટા શહેરોમાં ગ્રાહક સહકારી પ્રવૃત્તિનો અને ઘર મંડળીઓનો સારો એવો વિકાસ થવા પામ્યો. પાણીની સિંચાઇ માટેની મંડળીઓ, દૂધ ઉત્પાદકોની મંડળીઓ, ઔદ્યોગિક મંડળીઓ વગેરે વિવિધ પ્રકારની મંડળીઓ મોટી સંખ્યામાં રચવામાં આવી. ખેતીની પેદાશના વેચાણ માટેની સહકારી મંડળીઓ રચવાના પગલાં લેવામાં આવ્યા. ખેતી વિષયક માલ પૂરો પાડનારી તથા રોજબરોજની વપરાશની વસ્તુઓની વહેંચણીના કામમાં સહકારી મંડળીઓને સરકાર તરફથી પ્રથમ પસંદગી આપવામાં આવી હોવાથી એ કામ માટે તાલુકા અને જિલ્લા ખરીદ વેચાણ સંઘોથી રચના કરવામાં આવી. યુદ્ધ દરમ્યાન અને યુદ્ધ પૂરું થયા પછી અનાજની ખરીદીમાં અને ચીજ વસ્તુઓની વહેંચણીમાં તેમજ નિયંત્રિત વસ્તુઓની વહેંચણીમાં સહકારી મંડળીઓને સરકારે આપેલી પસંદગીને પરિણામે સહકારી પ્રવૃત્તિની સમાજ સેવા માટેની ઉપયોગીતા સાબિત થઈ અને ભાવિ વિકાસ માટે જરૂરી નાણાંકિય શક્તિ અને આંતરિક તાકાત સહકારી પ્રવૃત્તિએ આ સમય દરમ્યાન પ્રાપ્ત કરી લીધી.

## આઝાદી બાદ સહકારી પ્રવૃત્તિનો વિકાસ

૧૯૪૭ના વર્ષ દરમ્યાન ભારતના આંગણે આઝાદીની ઉષા પ્રગટી. આઝાદી આવતાં જ સ્વતંત્ર ભારતમાં સહકારી પ્રવૃત્તિના વિકાસનો રાજમાર્ગ ખૂલ્લો થયો. ૧૯૪૭ પછી ખેતી વિષયક ધિરાણની સંકલિત યોજના અમલમાં આવી. ખેતી વિષયક ધિરાણ મંડળીઓને બદલે વિવિધ કાર્યકારી મંડળીઓ રચવામાં આવી. ટૂંકી અને મધ્યમ મુદતના ખેતી વિષયક ધિરાણનું આખું તંત્ર મજબૂત બનાવવામાં આવ્યું. દેખરેખ સહકારી શિક્ષણ અને તાલિમની વ્યવસ્થિત યોજના કરવામાં આવી. આ સમય દરમ્યાન બીજા ક્ષેત્રોમાં પણ પ્રવૃત્તિનો યોજનાબદ્ધ વિકાસ કરવામાં આવ્યો. પરંતુ કમનસીબે આ અરસામાં લેન્ડ મોર્ટગેજ, બેન્કો અને ગ્રાહક સહકારી ભંડારોનો વિકાસ થંભી ગયો. સહકારી ખેતીના અખતરા પણ હાથ ધરવામાં આવ્યા. સહકારી પ્રવૃત્તિ આર્થિક રીતે નબળા માણસોની જ નહીં પરંતુ બધા લોકોની આર્થિક ઉન્નતિના સાધન તરીકે આયોજનમાં તેને સ્થાન આપવામાં આવ્યું. અને રાજયનાઅર્થકારણમાં સહકારી પ્રવૃત્તિએ અગત્યનો ભાગ ભજવવાનો હતો. આ સમય દરમ્યાન રીઝર્વ બેંકે પણ ખેતી વિષયક ધિરાણમાં વધુને વધુ પ્રમાણમાં સહાયભૂત થવાનો આરંભ કર્યો.

દેશમાં પ્રથમ અને બીજી પંચવર્ષીય યોજનાઓ દરમ્યાન સહકારી પ્રવૃત્તિના જુદા જુદા ક્ષેત્રોના વિકાસ માટેનાં લક્ષ્યાંકો નક્કી કરવામાં આવ્યા. ખેતી વિષયક ધિરાણની નીતિમાં ફેરફાર કરવામાં આવ્યો અને જમીનની જામીનગિરીને બદલે ખેડૂતને ઉગાડવાના પાકને લક્ષમાં લઇને તેને પાકધિરાણ કરવા ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. અખિલ ભારત ગ્રામધિરાણ સમિતિની ભલામણો અનુસાર બીજી પંચવર્ષીય યોજના દરમ્યાન સહકારી પ્રવૃત્તિને વિવિધ રીતે રાજયની ઉદાર સહાય આપવામાં આવી અને ધિરાણ, વેચાણ, રૂપાંતર વખાર અને સહકારી તાલિમની સંકલિત યોજનાવાળુ વિવિધ કાર્યકારી સહકારી તંત્ર વિકાસ પામ્યું. બંને પંચવર્ષીય યોજના દરમ્યાન મોટા કદની વિવિધ કાર્યકારી મંડળીઓ, વેચાણ મંડળીઓ, ખેતી મંડળીઓ, પશુઉછેર મંડળીઓ નીચલા વર્ગ માટેની અને પછાત વર્ગોની ઘર મંડળીઓ, ઔદ્યોગિક મંડળીઓ, દૂધ મંડળીઓ, અને દૂધ ઉત્પાદક સંઘો માછીમારોની મંડળીઓ વગેરે મોટી સંખ્યામાં રચવામાં આવી તથા બધી કક્ષાએ સહકારી શિક્ષણ, તાલિમ પ્રચાર અને પ્રકાશનોની વ્યવસ્થા કરવામાં આવી.

ખેતી વિષયક ધિરાણ બાબતમાં રાષ્ટ્રિય વિકાસ સમિતિના સને ૧૯૫૮ના ઠરાવ પછી હવે સેવા સહકારી મંડળીઓ રચવા ઉપર ભાર મૂકવામાં આવે છે. ગુજરાતમાં ગ્રામ્ય વિસ્તારની સહકારી પ્રવૃત્તિના વિકાસના ભૌતિક લક્ષ્યાંકો મહદ અંશે પૂર્ણ થાય છે. કેટલાક કિસ્સાઓમાં તો લક્ષ્યાંક વટાવાઈ પણ ગયા છે. સંકલિત ખેતી વિષયક ધિરાણની પાયલોટ યોજનાઓનો અમલ બીજી પંચવર્ષીય યોજનાઓમાં સૌ પ્રથમ ભરૂચ જિલ્લામાં કરવામાં આવ્યો હતો. તે પછી યોજના રાજયના બીજા જિલ્લાઓમાં વિસ્તારવામાં આવી હતી.

મુંબઈ રાજયના વિભાજન પહેલાં જૂના મુંબઈ રાજયના વખતના ગુજરાતના વિસ્તારમાં સહકારી પ્રવૃત્તિના વિકાસની ગતિ સમસ્ત મુંબઈ રાજયની પ્રવૃત્તિના વિકાસની સાથે જ રહી હતી.

મુંબઇ રાજયના વિભાજન વખતે મહારાષ્ટ્ર અને ગુજરાતના પ્રદેશોમાં સહકારી પ્રવૃત્તિના વિકાસની પરિસ્થિતિ નીચે મુજબ હતી. તા. ૩૦–૬–૧૯૫૯ ના રોજ જૂના મુંબઈ રાજયની કુલ ૩૬૦૦૦ સહકારી મંડળીઓ પૈકી મહારાષ્ટ્ર વિસ્તારની સહકારી મંડળીઓની સંખ્યા ૨૪,૮૯૬ હતી. જયારે બાકીની ગુજરાતમાં હતી. સને ૧૯૫૯–૬૦ના સહકારી વર્ષને અંતે મહારાષ્ટ્ર રાજયમાં આશરે ૨૭૦૦૦ મંડળીઓ હતી જયારે ગુજરાતની સહકારી મંડળીઓની સંખ્યા ૧૨,૪૦૦ ઉપરાંત હતી. તા. ૩૦–૬–૫૯ના રોજ મુંબઈ

રાજ્યમાં મંડળીઓની સભ્ય સંખ્યા ૪૭. ૮૪ લાખ જેટલી હતી. જે પૈકી ૩૨. ૬૦ લાખ મહારાષ્ટ્રમાં અને બાકીની ગુજરાતમાં હતી. તા. ૩૦-૬-૫૯ના રોજ મુંબઈ રાજ્યની મંડળીઓનું કાર્ય ભંડોળ રૂા ૨૮૦ કરોડનું હતું જે પૈકી રૂા. ૧૯૦ કરોડનું મહારાષ્ટ્રની મંડળીઓનું હતું.

૧૯૬૦માં ગુજરાત રાજ્યની રચના થયા બાદ સહકારી પ્રવૃત્તિનો અબાધિત વિકાસ થઈ શકે તે માટે રાજ્યકક્ષા (ટોચ) ની જુદી જુદી કક્ષાની સહકારી સંસ્થાઓની ઝડપી રચના કરવાની વ્યવસ્થા કરવામાં આવી. ગુજરાત રાજ્યની સહકારી પ્રવૃત્તિમાં કેટલાક પ્રગતિકારક તત્વો દાખલ કરીને સહકારી મંડળીઓનો નવો વિધાન ૧૯૬૧ માં પસાર કરવામાં આવ્યો. એજ વર્ષમાં માર્ચની આખરે ખેતી વિષયક અને બિન ખેતી વિષયક સહકારી મંડળીઓએ રાજ્યના ૯૮ ટકા ગ.મોને આવરી લીધા હતા. ટૂંકી અને મધ્યમ મુદતનું ધિરાણ રૂા ૨૧. ૨૬ કરોડ પર પહોંચ્યું.

તા. ૩૦મી જૂન ૧૯૬૨ના રોજ ગુજરાતમાં સહકારી મંડળીઓની સંખ્યા ૧૪,૫૯૬ ની હતી. તેની સભ્ય સંખ્યા ૨૨,૦૧,૬૫૫ ની હતી. મંડળીઓનું કુલ શેર ભંડોળ રૂા ૨૯, ૧૨, ૧૬૦૦૦ જેટલું, રીઝર્વ ફંડ રૂા ૧૩,૩૮,૭૩૦૦૦ જેટલું અને કાર્ય ભંડોળ રૂા ૧૭,૫૫,૫૩૦૦૦ જેટલું હતું. આ મંડળીઓ પૈકી ગ્રામ વિસ્તારની પ્રાથમિક મંડળીઓની સંખ્યા ૭૭૨૮ ની હતી. અને રાજ્યના ૧૯,૦૧૭ જેટલાં બધાજ ગામોને પ્રવૃત્તિએ આવરી લીધા હતા.

## ગ્રામવિસ્તારમાં ખેતી વિષયક સહકારી ધિરાણ મંડળીઓ

સહકારી પ્રવૃત્તિના મહત્ત્વના અંગ સમી ગણાતી ખેતી વિષયક મંડળીઓ ગ્રામકક્ષાએ વિકાસના સાધન તરીકે ખૂબજ ઉપયોગી બનવા લાગી. ૧૯૬૦ના જૂન મહિનાને અંતે ગુજરાતમાં ખેતી વિષયક સહકારી મંડળીઓની કુલ સંખ્યા ૭,૦૫૩ જેટલી હતી. જે વધીને સને ૧૯૬૨ના જૂન માસને અંતે ૭,૭૨૮ જેટલી થઇ હતી. જેમાં ૧,૦૧૩ મંડળીઓ મોટા કદની ૩,૦૪૯ નાના કદની અને ૩,૬૬૬ સેવા સહકારી મંડળીઓ હતી. ૩૦-૬-૧૯૬૩ના રોજ આ મંડળીઓની સંખ્યા વધીને ૭૯૨૦ જેટલી થઈ હતી. રાષ્ટ્રિય વિકાસ સમિતિએ નક્કી કર્યા મુજબ હવે તો ખેતી વિષયક શાખ અંગે નીમવામાં આવેલી મહેતા સમિતિની ભલામણો અનુસાર ચાલુ નાની મંડળીઓની પુનર્રચના કરીને અગરતા નવેસરથી માત્ર સેવા સહકારી મંડળીઓજ રચવામાં આવે છે.

## રાજ્ય સહકારી બેંક

સને ૧૯૬૦નાં એપ્રિલમાં સૌરાષ્ટ્રરાજ્ય મધ્યસ્થ સહકારી બેંકનું રૂપાંતર કરીને ગુજરાત રાજ્ય સહકારી બેંક લી. ની સ્થાપના કરવામાં આવી. ૧૯૬૦ના મે માસથી બેંકે પોતાનું કામકાજ શરૂ કરી દીધું. બેંકની સ્થાપના વખતે તેમાં ૧૬૦ વ્યક્તિ સભ્યો અને ૧,૭૨૨ મંડળી સભ્યો હતા. આ બેંકે પ્રારંભના ત્રણ વર્ષમાં ધ્યાન ખેંચે તેવી પ્રગતિ સાધી.

## મધ્યસ્થ સહકારી બેંકો

ગુજરાતમાં ડાંગ સિવાયના બીજા બધા જિલ્લાઓમાં મધ્યસ્થ ધિરાણ સંસ્થાઓ અસ્તિત્વમાં આવી છે. ડાંગ જિલ્લામાં રાજ્ય સહકારી બેંકની શાખા દ્વારા મંડળીઓને ધિરાણ કરવાની વ્યવસ્થા કરવામાં આવી છે. ગુજરાતમાં કુલ ૧૬ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો અને ૫ તાલુકા સહકારી બેંકો છે. ગ્રામધિરાણની સંકલિત યોજના હેઠળ તમામ જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો અને રાજ્ય સહકારી બેંક સંતોષકારક રીતે કામગિરી બજાવી રહી છે.

## ગુજરાત રાજ્ય સહકારી જમીન વિકાસ બેંક

ભૂતપૂર્વ સૌરાષ્ટ્ર મધ્યસ્થ સહકારી લેન્ડ મોર્ટગેજ બેંકના કાર્યક્ષેત્રનો વિસ્તાર આખા રાજ્ય જેટલો કરીને ગુજરાત રાજ્યની રચના વખતે સૌરાષ્ટ્ર જમીન સુધારણા કાયદા હેઠળ જમીન માલિકો પાસેથી ગણોતિયાઓ પોતાનો જમીન માલિકી હક ખરીદી શકે તે માટે તેમને લાંબી મુદતનું ધિરાણ કરવાના ઉદ્દેશથી ગુજરાત રાજ્ય સહકારી લેન્ડ મોર્ટગેજ બેંકની રચના કરવામાં આવી. બેંકના હેતુઓ અને વધતા જતા કામકાજને ધ્યાનમાં લઇને બેંકનું નામ બદલીને ગુજરાત રાજ્ય સહકારી જમીન વિકાસ બેંક રાખવામાં આવ્યું. આ બેંક ગુજરાતમાં કૃષિક્ષેત્રે આર્થિક ક્રાંતિનું સર્જન કરવામાં મહત્વનો ફાળો આપી રહી છે.

## નાગરિક સહકારી મંડળીઓ અને બેંકો

શહેરી અને અર્ધશહેરી વિસ્તારના, કારીગરો, નાના વેપારીઓ તેમજ પગારદાર નોકરોને ધિરાણ તેમજ બેંકીંગની સગવડો પૂરી પાડવા માટે બિન વિષયક ધિરાણના ક્ષેત્રમાં નાગરિક શરાફી મંડળીઓ, નાગરિક બેંકો, પગારદાર કર્મચારીઓની શરાફી મંડળી, અન્ય ખાસ પ્રકારની સરાફી મંડળીઓ શરૂ કરવામાં આવી. ૩૦-૬-૧૯૬૩ ના રોજ રાજ્યમાં ૪,૩૫,૦૦૦ સભાસદો ધરાવતી આવી ૯૨૩ મંડળીઓ હતી.

## ઔદ્યોગિક સહકારી બેંકો

ઔદ્યોગિક સહકારી મંડળીઓ અને વ્યક્તિ કારીગરોને ધિરાણ કરવા માટે ૩ ઔદ્યોગિક બેંકોની સ્થાપના કરવામાં આવી છે. ત્રણે બેંકો મધ્યસ્થ ધિરાણ સંસ્થા તરીકે કામ કરે છે.

## સહકારી વેચાણ પ્રવૃત્તિનો વિકાસ

ગુજરાત રાજ્યની સહકારી વેચાણ પ્રવૃત્તિમાં રાજ્ય સહકારી વેચાણ મંડળી, જિલ્લા અને તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘો, કપાસ વેચાણ મંડળીઓ અને અન્ય પેદાશની વેચાણ મંડળીઓનો સમાવેશ થાય છે. કપાસ વેચાણ મંડળીઓના સંઘોમાં ૧૯૩૦માં સ્થપાયેલ કપાસ વેચાણ મંડળીઓના સંઘે નોંધપાત્ર વિકાસ સાધ્યો છે. આ સંઘ પોતાની સભ્ય મંડળીઓનો કપાસ બજારની માહિતી પૂરી પાડીને તેમ જ રૂના વેપારીઓ સાથે મંડળીઓના વતી સોદા કરીને સેવાઓ આપે છે.

દક્ષિણ ગુજરાતમાં તથા અમદાવાદમાં ફળો અને શાકભાજીનું વેચાણ સહકારી ધોરણે સફળતાપૂર્વક હાથ ધરવામાં આવ્યું છે. સુરત જિલ્લાની સહકારી મંડળીઓ પરદેશમાં કેળાની નિકાસ કરે છે.

સરદાર વલ્લભભાઈ પટેલની પ્રેરણાથી ખેડા જિલ્લામાં દૂધ ઉત્પાદક સંઘની રચના થઈ અને અમૂલ ડેરીની સ્થાપના થતા ગુજરાતમાં સહકારી ધોરણે ડેરી વિકાસનો તબક્કો શરૂ થયો. અમૂલ ડેરીએ એશિયાના બીજા દેશો માટે સમૂહ નેતૃત્વ અને કાર્યદક્ષ વ્યવસ્થા માટેનું અનુકરણીય ઉદાહરણ પૂરું પાડયું. એ પછી ગુજરાતમાં દૂધ મંડળીઓના ૭ સંઘો અસ્તિત્વમાં આવ્યા અને મહેસાણા, વડોદરા, સુરત અને ભરૂચમાં સહકારી ડેરીઓ રચાઈ.

રાજ્યમાં રચવામાં આવેલા તાલુકા અને જિલ્લા ખરીદ વેચાણ સંઘોનું મુખ્ય કામકાજ નિયંત્રિત વસ્તુઓની વહેંચણી, સુધારેલું બિયારણ, રસાયણિક ખાતર, જંતુનાશક દવાઓ અને ખેતી વિષયક વસ્તુઓ પુરી પાડવાનું છે.

**રાજ્ય સહકારી માર્કેટીંગ મંડળી**

૧૯-૪-૬૦ના રોજ ગુજરાત રાજ્ય સહકારી માર્કેટીંગ મંડળીની સ્થાપના કરવામાં આવી. રાજ્યમાં રસાયણિક ખાતરની વહેંચણી માટે જથ્થાબંધ (સેલ એજન્ટ) વેપારી તરીકે મંડળીની નિમણુંક કરવામાં આવી છે. ઇન્ડીયન ઓઈલ કંપનીના કેરોસીનની વહેંચણીનું કામ પણ આ મંડળી કરે છે. રાષ્ટ્રિય સહકારી વેચાણ મંડળ દ્વારા મંડળી પરદેશમાં કઠોળની નિકાસ અને પરદેશમાંથી સુકા મેવાની આયાત કરે છે આ મંડળીએ ખેડૂતો વધુ ઉત્પાદન મેળવી શકે તે માટે જાપાનથી કુબોટા પાવર ટીલર નામના યાંત્રિક હળોની આયાત કરવાની વ્યવસ્થા કરી છે.

**સહકારી રૂપાંતર મંડળીઓનો વિકાસ**

ગુજરાત રાજ્યની રચના થતા સહકારી રૂપાંતર મંડળીઓમાં કપાસના જીનો અને પ્રેસો, ખાંડના સહકારી કારખાના, ડાંગરની મીલો અને મગફળી માટેની મંડળીઓનો મુખ્યત્વે કરી વિકાસ થયો છે. દક્ષિણ ગુજરાતમાં મોટા ભાગના કપાસનું પિલાણ સહકારી જીનોમાં થાય છે, અને તેનો વહીવટ તેના સભાસદ ખેડૂતો સંભાળે છે.

સુરેન્દ્રનગર જિલ્લામાં લીમડી ખાતે રાજ્યની સૌ પ્રથમ કાંતણ મીલ આરંભાઈ, તે પછી વિસનગર, સુરત, ભરૂચ, સાબરકાંઠામાં કાંતણ મીલો શરૂ થઈ.

ગુજરાતમાં થતા શેરડીના પાકને લક્ષમાં લઈને તેના રૂપાંતર માટે કોડિનાર, બારડોલી, ગણદેવી અને ઉનામાં ખાંડના કારખાના શરૂ થયા.

મગફળી, ડાંગર જેવી બીજી પેદાશોનું સહકારી ધોરણે રૂપાંતર કાર્ય કેટલીક ચાલુ મંડળીઓએ હાથ ધર્યું છે. અને તે માટેની કેટલીક સ્વતંત્ર મંડળીઓ પણ રચવામાં આવી છે. ઇસબગુલ, કેળાનો પાવડર, લીબુંનોરસ, ઢોરોનું ખાણુ અને હવામુક્ત ડબ્બાઓમાં ફળોનો સંગ્રહ વગેરે કાર્ય પણ સહકારી ધોરણે હાથ ધરવામાં આવ્યું છે.

**સહકારી ધોરણે મત્સ્યઉદ્યોગ**

ગુજરાતમાં ૧૦૦૦ માઈલ લાંબો દરિયા કિનારો છે ત્યાં સહકારી ધોરણે મત્સ્ય ઉદ્યોગ ખીલી શકે તેમ હોવાથી માછીમારોની સહકારી મંડળીઓ રચવામાં આવી. આવી મંડળીઓ અમરેલી, જૂનાગઢ જિલ્લાઓમાં તથા સુરત અને ભરૂચ જિલ્લાઓમાં છે. આ મંડળીઓ મુંબઈ, દિલ્હી અને અમદાવાદના બજારોમાં માછલીઓનું વેચાણ કરે છે. આ મંડળીઓનો રાજ્યકક્ષાનો મધ્યસ્થ-સંઘ ગુજરાત માછીમારોનું મધ્યસ્થ સહકારી મંડળ વેરાવળમાં છે. તે સભ્યોને યાંત્રિક બોટો અને અન્ય સુવિધાઓ પૂરી પાડે છે.

**સહકારી ખેતી મંડળીઓ અને ખેતી વિષયક શરાફી મંડળીઓ**

નાના અને ઓછી જમીનવાળા ખેડૂતો સાથે મળીને વધારે ઉત્પાદન લઈ શકે તે હેતુથી ૧૯૪૯થી અમલમાં મૂકવામાં આવેલી સહકારી ખેતીની યોજના ત્રીજી યોજનામાં પણ ચાલુ રહી. સહકારી ખેતી માટેના કાર્યકર જૂથની ભલામણ અનુસાર ભારત સરકારે કરેલા નિર્ણય અનુસાર જ્યાં અનુકૂળતા હોય ત્યાં સંયુક્ત અને સામુહિક ખેતી મંડળીઓ રચવામાં આવે છે. સહકારી ખેતી મંડળીઓ માટે રાજ્ય તરફથી લોન અને રોકડ મદદ તેમજ શેરફાળો અને વ્યવસ્થા ખર્ચ માટે અનુદાન મળે છે. ત્રીજી યોજના દરમ્યાન નક્કી કરેલા પાયલોટ વિસ્તારોમાં તેમજ અન્ય વિસ્તારોમાં સહકારી ખેતી મંડળીઓ રચવાની યોજના અમલમાં મૂકવામાં આવી છે.

રબારી ભરવાડોની સ્થિતિમાં સુધારો કરવાના ઉદ્દેશથી પશુ સંવર્ધન-સહકારી ખેતી મંડળીઓ માટેની રબારી-ભરવાડ પુનર્વસવાટ યોજનાનો અમલ ૧૯૫૫થી શરૂ કરવામાં આવ્યો. આ મંડળીઓ પર દેખરેખ રાખવા અને નવી મંડળીઓ રચવા ગુજરાત રાજ્ય ગોપાલક સહકારી સંઘની સ્થાપના કરવામાં આવી.

સહકારી ખેતી મંડળીઓના વિકાસ માટે સહકારી ખેતી બોર્ડની સ્થાપના કરવામાં આવી છે. વધુ અનાજ ઉગાડવા સહકારી ધોરણે પાણીની સિંચાઈ યોજનાઓ શરૂ કરવામાં આવી.

**ઔદ્યોગિક સહકારી મંડળીઓ**

ગુજરાત રાજ્યની ઔદ્યોગિક સહકારી મંડળીઓ વણકરોની મંડળીઓ, તેલઘાણી મંડળીઓ, ચામડા પકવનારાઓની મંડળીઓ, રેશમ માટેની અને ઊનના વણકરોની મંડળીઓ. જંગલ કામદારોની મંડળીઓ, હસ્તઉદ્યોગના કારીગરોની મંડળીઓ, મજૂર સહકારી મંડળીઓ અને અગરિયાઓની સહકારી મંડળીઓનો સમાવેશ થાય છે. આમાં વણકર મંડળીઓની સંખ્યા નોંધપાત્ર છે.

રાજ્યના ૧૬ જિલ્લાઓમાં જિલ્લા ઔદ્યોગિક સહકારી સંઘોની રચના કરવામાં આવી છે. રાજ્ય કક્ષાએ ઔદ્યોગિક સહકારી સંઘ કામગિરી બજાવે છે

**ગ્રાહક સહકારી પ્રવૃત્તિ**

નિયંત્રણના સમય દરમ્યાન ગ્રાહક સહકારી પ્રવૃત્તિએ સારો એવો વેગ પકડયો હતો. ચીજવસ્તુઓ પરના નિયંત્રણો ઉઠી જતા ખાનગી વેપારીઓની તીવ્ર હરીફાઈ સામે ગ્રાહક ભંડારો સ્થગિત જેવા થઈ ગયા. આજે અમદાવાદ-સુરત-રાજકોટમાં અસ્તિત્વમાં આવેલા સુપરબજારો સુંદર કામગીરી બજાવે છે. ગ્રામવિસ્તારોમાં સેવા સહકારી મંડળીઓ, તાલુકા ખરીદ વેચાણ સંઘો ચીજ વસ્તુઓની વહેંચણીનું કાર્ય કરે છે.

**સહકારી ઘર મંડળીઓ**

જૂના મુંબઈ રાજ્યનાં પાંચ ઔદ્યોગિક શહેરોને લાગુ પાડવામાં આવેલી ઘર મંડળીઓની યોજના સને ૧૯૪૯થી અમલમાં આવી હતી. પાછળથી તે પાછી ખેંચી લેવામાં આવી. ગુજરાતમાં ૧૯૬૦માં ગુજરાત સ્ટેટ કો. ઓ. હાઉસીંગ ફાઈનાન્સ સોસાયટીની સ્થાપના થતાં ગુજરાતમાં સહકારી ગૃહનિર્માણ પ્રવૃત્તિને સારો વેગ મળ્યો. આ સોસાયટી સહકારી ઘર મંડળીઓને લાંબી મુદતનું ધિરાણ આપવાનુ કાર્ય કરે છે. ગુજરાતમાં સહકારી ગૃહનિર્માણની પ્રવૃત્તિનો ઘણો નોંધપાત્ર વિકાસ થયો છે.

**અન્ય પ્રકારની મંડળીઓ**

ગુજરાતમાં વિદ્યુત પૂરી પાડનારી ૬, શિક્ષણ મંડળીઓ ૧૨ અને આરોગ્ય મંડળીઓ ૯ આવેલી છે. આરોગ્ય સહકારી મંડળીઓ સભ્યોને વ્યાજબી ભાવે વૈદિય સહાય આપવા રચવામાં આવે છે. આવી મંડળીઓમાં સુરતની સ્વામી આત્માનંદ સરસ્વતી આયુર્વેદીક સહકારી ફાર્મસીએ નોંધપાત્ર પ્રગતિ કરી છે.

## સહકારી શિક્ષણ, તાલિમ, પ્રચાર અને પ્રકાશન

સહકારી શિક્ષણ તાલિમ અને પ્રચારની પાયાની કામગીરી પર જ સહકારી પ્રવૃત્તિનો વિકાસ નિર્ભર હોય છે. આ બાબતને ધ્યાનમાં લઈને ૧૯૬૦માં ગુજરાત રાજ્ય સહકારી સંઘની સ્થાપના કરવામાં આવી. ગુજરાતમાં ૧૭ જિલ્લા સહકારી સંઘો આવેલા છે આ સંઘો મંડળીઓના સમિતિ સભ્યો, સામાન્ય સભ્યો અને ભાવિ સભ્યોને માટે વર્ગો ચલાવે છે. રાજ્યની મંડળીઓના સંઘ તરીકે સહકારી શિક્ષણ અને તાલિમને માટે જવાબદાર સંસ્થા રાજ્ય સહકારી સંઘ છે. સંઘે નીમેલા કો. ઓપરેટીવ એજ્યુકેશન ઇન્સ્ટ્રક્ટરો જિલ્લાઓમાં આવા વર્ગોનું સંચાલન કરે છે. જિલ્લા સહકારી સંઘો તાલુકા અને જિલ્લા કક્ષાની સહકારી પરિષદો અને સેમિનારો યોજે છે. તથા સહકારી શિક્ષણ અને પ્રચારને લગતી પ્રવૃત્તિઓ ચલાવે છે.

ગુજરાતની અને દેશની સહકારી પ્રવૃત્તિના વહેણોને આવરી લેતું સાપ્તાહિક "સહકાર અને ગ્રામસ્વરાજ" નામનું ત્રિમાસિક પ્રગટ કરવામાં આવે છે. આ ઉપરાંત પુસ્તક–પુસ્તિકાઓનું પ્રકાશન તથા પ્રદર્શન અને સહકારી નાટકોનું આયોજન કરવામાં આવે છે. શ્રેષ્ઠ મંડળીને સંઘ તરફથી શિલ્ડ અપાય છે. સહકારના વિષય પર વક્તૃત્વ અને નિબંધસ્પર્ધાઓ યોજાય છે. જિલ્લાઓમાં સહકારી ફિલ્મોના કાર્યક્રમો યોજવામાં આવે છે. રાજ્ય સંઘ તરફથી સુરત પાટણ, ભાવનગર અને ઉત્તરસંડામાં સહકારી તાલિમ કેન્દ્રો ચલાવવામાં આવે છે. તથા સહકારી મંડળીઓના પ્રશ્નો ઉકેલવાની દિશામાં રાજ્ય સંઘનો ફાળો ઘણો મહત્ત્વનો છે.

## સહકારી વિધાન

ગુજરાતના નવા રાજ્યને મુંબઈનો સને ૧૯૨૫નો સહકારી મંડળીઓનો વિધાન લાગુ પાડવામાં આવ્યો હતો. પરંતુ તરતજ નવો વિધાન તૈયાર કરવામાં આવ્યો. (સને ૧૯૬૨નો ગુજરાત એક્ટ નં. ૧૦) અને તેનો અમલ તા. ૧ મે ૧૯૬૨થી કરવામાં આવ્યો. નવા વિધાનમાં રાજ્ય સહકારી પરિષદની રચના માટેની જોગવાઈ કરવામાં આવી છે તે પ્રમાણે ગુજરાત રાજ્ય સહકારી પરિષદની રચના કરવામાં આવી છે. આ પરિષદે અત્યાર સુધીમાં મંડળીઓ ઉપરની દેખરેખ મધ્યસ્થ ધિરાણ સંસ્થાના વ્યાજના દરો વગેરે કેટલાક અગત્યના પ્રશ્નો અંગે વિચારણા કરી છે. સહકારી પ્રવૃત્તિના વિકાસની યોજનાઓ અંગે આ પરિષદ સરકારને વખતો વખત માર્ગદર્શન અને સલાહ આપવાનું કામ કરે છે.

## સહકારના નવા સિદ્ધાંતો

સમગ્ર વિશ્વની સહકારી પ્રવૃત્તિમાં અત્યાર સુધી રોશડેલના સિદ્ધાંતનો અમલ થતો રહ્યો હતો. પરંતુ સમય અને સંજોગો અનુસાર મૂળ સિદ્ધાંતોમાં ફેરફાર કરવો જરૂરી છે કે કેમ અને જરૂર હોય તો સિદ્ધાંતો નવેસરથી કેવી રીતે ઘડી શકાય તેની તપાસ કરી ભલામણો તૈયાર કરવા સને ૧૯૬૩માં બોર્નમાઉથ (સ્વીટ્ઝર્લેન્ડ)માં મળેલ આંતર રાષ્ટ્રિય સહકારી સંઘની કોંગ્રેસે કરેલા ઠરાવ અનુસાર ઇન્ટરનેશનલ કો. ઓ. એલાયન્સની મધ્યસ્થ સમિતિએ ડૉ. ડી. જી. કર્વેના અધ્યક્ષપદે પંચની નિમણુંક કરી. આ પંચે ૧૯૬૬ના માર્ચ માસમાં આંતરરાષ્ટ્રિય સહકારી સંઘ સમક્ષ પોતાનો અહેવાલ રજૂ કર્યો. સપ્ટેમ્બર ૧૯૬૬ના વિએના (ઓસ્ટ્રિયા) ખાતે મળેલી આંતરરાષ્ટ્રિય સહકારી કોંગ્રેસે પંચની ભલામણોનો સ્વીકાર કર્યો. આ ભલામણોનો સ્વીકાર થતાં સહકારના નવા સિદ્ધાંતો અસ્તિત્વમાં આવ્યા.

(૧) સ્વૈચ્છિક સભ્યપદ
(૨) લોકશાહી વ્યવસ્થા
(૩) મૂડી ઉપર મર્યાદિત વ્યાજ
(૪) ન્યાયી વહેંચણી
(૫) સહકારી શિક્ષણ
(૬) સહકારી સંસ્થાઓ વચ્ચે સહકાર.

## સહકારી પ્રવૃત્તિની વણથંભી વિકાસ કૂચ

૧૯૦૪ની સાલમાં નાનકડી કેડી રૂપે આરંભાયેલી સહકારી પ્રવૃત્તિએ આજે વિકાસ પામીને વિશાળ રાજમાર્ગ ધારણ કર્યો છે એટલુંજ નહીં પણ ભારતભરમાં સહકારી પ્રવૃત્તિના વિકાસના ક્ષેત્રે કેટલાક સભ્યોની ગણના થાય છે. તેમાં ગુજરાતનું સ્થાન મોખરે રહેલું છે. તેની પ્રતીતિ ૧૯૬૮–૬૯ના સહકારી પ્રવૃત્તિના વિકાસના આંકડાજ કરાવે છે.

## ૧૯૬૮–૬૯ સુધીની પ્રગતિ

ત્રીજી પંચવર્ષીય યોજના અંતે મંડળીઓની સંખ્યા ૧૭,૯૨૪ની હતી. તે વધીને ૧૯૬૬–૬૭નાં અંતે ૧૮, ૬૬૭ ની થઈ છે. આ મંડળીઓની સભ્ય સંખ્યા જે ત્રીજી પંચવર્ષીય યોજનાને અંતે ૨૮.૧૫ લાખ હતી, તે વધીને ૧૯૬૬-૬૭ને અંતે ૩૪. ૧૪ લાખ થઈ છે. શેર ભંડોળ જે ૪૫૬૧ કરોડ હતું તે વધીને ૫૬. ૯૪ કરોડ થયું છે અને કામકાજનું ભંડોળ જે ૨૭૫-૯૩ કરોડ થયું હતું, તે વધીને ૩૭૭.૬૯ કરોડ થયું છે.

## પ્રાથમિક ખેતી વિષયક સહકારી મંડળીઓ

આ મંડળીઓની સંખ્યા ૩૦મી જૂન ૧૯૬૬ના રોજ ૮૫૫૭ હતી વધીને ૩૦મી જૂન ૧૯૬૭ના રોજ ૮૬૭૨ની થઇ છે. રાજ્યનો સમગ્ર વિસ્તાર આ મંડળીઓ દ્વારા આવરી લેવામાં આવ્યો છે. ટૂંકી અને મધ્યમ મુદ્દતનું ખેતી વિષયક ધિરાણ જે ૧૯૬૫–૬૬ના અંતે રૂ.૪૬ કરોડ હતું અને ૧૯૬૬–૬૭ના અંતે રૂ.૫૬ કરોડ થશે એવી ધારણા છે. ચોથી પંચ. યોજનાને અંતે ટૂંકી અને મધ્યમ મુદ્દતનું ખેતી વિષયક ધિરાણ રૂ.૮૨ કરોડ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. પ્રાથમિક ખેતી વિષયક સહકારી મંડળીઓની સભ્ય સંખ્યા જે ત્રીજી યોજનાને અન્તે ૧૧.૫૦ લાખ હતા તે વધીને ૧૯૬૬–૬૭ ના અંતે ૧૧.૯૮ લાખ થઈ છે. અને ૫૩.૪ ટકાની ખેડૂત વસ્તી આવરી લેવામાં આવી છે. ૧૯૬૮–૬૯ સુધીમાં આ મંડળીઓની સભ્ય સંખ્યા ૧૩ લાખ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. ચોથીયોજનાને અંતે આ સભ્ય સંખ્યા ૧૫.૫૦ લાખ કરી ૬૯ ટકા ખેડુત વસ્તી આવરી લેવાનો અંદાજ નક્કી કરવામાં આવ્યો છે

રાજ્ય જમીન વિકાસ બેન્કે ૩૦મી જૂન '૬૭ સુધીમાં નવા કૂવા, કૂવા એન્જિન તથા ઇલેકટ્રીક પમ્પ નાખવા, ટ્રેક્ટરો ખરીદવા વગેરે પ્રકારના જમીન તથા સુધારણાના કામ માટે રૂા. ૫૫.૯૮ કરોડનું લાંબી મુદ્દતનું ધિરાણ કર્યું હતું. ૧૯૬૭–૬૮ના વર્ષ સુધીમાં આ બેન્કનું ધિરાણ ૭૨.૬૯ કરોડનું થાય છે. ૧૯૬૮–૬૯ના વર્ષમાં રૂા. ૧૯ કરોડનું ધિરાણ કરવાનો લક્ષ્યાંક બેન્કે રાખ્યો છે ચોથી પંચવર્ષીય યોજના દરમ્યાન બેન્કના ધિરાણનો લક્ષ્યાંક રૂા.૯૦ કરોડનો રાખવામાં આવે છે.

**ગૃહ નિર્માણ મંડળીઓ**

સહકારી ગૃહ નિર્માણ મંડળીઓની પ્રવૃત્તિ ગુજરાત રાજ્યમાં સારી વિકસી છે. ૧૯૬૦–૬૧ના વર્ષને અંતે આવી મંડળીઓની સંખ્યા ૧૭૨૦ ની હતી તે વધીને તા. ૩૦મી જૂન ૧૯૬૮ ના અંતે ૩૬૬૦ ની થઈ છે. જેમાંથી ૧૨૪૫ મંડળીઓ તો અમદાવાદ શહેરમાં જ છે. આ મંડળીઓની નાણાંકીય જરૂરિયાત ગુજરાત સ્ટેટ કો. ઓપરેટીવ હાઉસીંગ ફાઈનાન્સ સોસાયટી દ્વારા પૂરી પાડવામાં આવે છે. તા. ૩૦મી જૂન ૧૯૬૮ સુધીમાં આ સોસાયટીએ ૧૯.૮૨ કરોડનું ધિરાણ કર્યું છે. આ ધિરાણની મદદથી સહકારી ગૃહ મંડળીઓએ ૧૧, ૪૬૫ મકાનો બાંધ્યા છેઃ અને ૭૦૭૯ મકાનોનું બાંધકામ ચાલુ છે. પી. ડબ્લ્યુ. આર. સ્કીમ ૨૧૯ નીચે પછાત વર્ગના લોકોની ઘર બાંધનારી મંડળીને સરકારી સહાય આપવામાં આવી છે. ૧૯૬૭–૬૮ના વર્ષ દરમ્યાન ૭.૫૫ લાખની સહાય લોન રૂપે આ મંડળીઓને આપવામાં આવી હતી. ૧૯૬૮–૬૯ના વર્ષ દરમ્યાન રૂ ૧૩ લાખ લોન આપવા માટે તથા રૂ ૭ લાખ મદદ આપવા માટે ફાળવવામાં આવ્યા છે. ૧૯૬૯–૭૦માં પણ આ મંડળીઓને સહાય આપવા માટે જરૂરી રકમ ફાળવવામાં આવી છે.

**સહકારી ખરીદ વેચાણ કરનારી મંડળીઓ**

રાજ્ય સહકારી માર્કેટીંગ સોસાયટી જિલ્લા સહકારી સંઘો તથા પ્રાથમિક સહકારી મંડળી મારફતે ખેડૂતોને રાસાયણીક ખાતર પહોંચાડવાની પ્રવૃત્તિ કરી રહ્યું છે. ખાતરની વહેંચણી માટે રાજ્ય માર્કેટીંગ સોસાયટીને રૂ ૫ કરોડનું રીઝર્વ બેન્કનું ધિરાણ સહકારી ગેરંટી પર મંજુર થયું છે ગુજરાત રાજ્યમાં ૨૦૨ ખરીદ વેચાણ કરનારી સહકારી મંડળીઓ છે.૧૯૬૭–૬૮ના વર્ષ દરમિયાન રૂ ૧૪ કરોડના ખાતરની વહેંચણી કરવામાં આવી હતી. ૧૯૬૭–૬૮ના વર્ષ દરમ્યાન રાજ્ય માર્કેટીંગ સોસાયટી દ્વારા રૂ ૨૩ કરોડના ખાતરની વહેંચણી થશે એવો અંદાજ છે. વેચાણ સહકારી મંડળીઓના માલની સંગ્રહ શક્તિ વધારવા માટે ૧૧૮૬ નાના કદનાં ગોદામ, ૧૯૪ મધ્યમ કદના ગોદામ અને ૭૦ મોટા કદનાં ગોદામ મંજૂર કરવામાં આવ્યાં છે. અને ૩૧–૩–૬૮ સુધીમાં ૧૧૬૧ ગોદામોનું બાંધકામ પુરું થઈ ગયું છે. ૧૯૬૮–૬૯ના વર્ષમાં ૬૩ ગોડાઉનો બાંધવા માટે જરૂરી રકમની ફાળવણી કરવામાં આવી છે. ૧૯૬૯–૭૦માં ૬૨ ગોદામ બાંધવા વિચારાયુ છે.

રાજ્યમાં ખાંડના ૪ સહકારી કારખાનાં ઉત્પાદન કરી રહ્યાં છે. મઢી મુકામે નવું કારખાનું ઉભું કરવામાં આવ્યું છે. જેણે હજુ ઉત્પાદન શરૂ કર્યું નથી. આ ઉપરાંત ખેડા જિલ્લાના પેટલાદ વિભાગ માટે, અમરેલી જિલ્લાના ગાવડકા વિભાગ માટે રાજકોટ જિલ્લાના ધોરાજી–સુપેડી વિભાગ માટે અને જૂનાગઢ જિલ્લાના તાલાલા વિભાગ માટે એક એક ખાંડનું કારખાનું રજિસ્ટર કરવામાં આવ્યું છે. આવા ખાંડના કારખાઓને ૬૬૮. ૧૫ લાખનો સરકારી શેર ફાળો આપવામાં આવ્યો છે. જે ચાર કારખાનાં ઉત્પાદન કરી રહ્યાં છે, તેમણે ૧૯૬૭–૬૮માં ૪. ૦૧ લાખ ટન શેરડી પીલી૦. ૪૭ લાખ ટન ખાંડનું ઉત્પાદન કર્યું છે.

**સહકારી પ્રવૃત્તિના ભાવિ વિકાસની શકયતાઓ**

ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિએ નોંધપાત્ર વિકાસ સાધ્યો હોવા છતાં પ્રવૃત્તિના ભાવિ વિકાસ માટેની અસંખ્ય શકયતાઓ પડેલી છે તેનો નિર્દેશ કરવો અત્રે અસ્થાને નહીં ગણાય.

અમેરિકા અને ભારતની સહકારીસંસ્થાઓના સહયોગથી રૂ ૯૦ કરોડના ખર્ચે કંડલા મુકામે રસાયણિક ખાતરનું કારખાનું આકાર લઈ રહ્યું છે. આ કારખાના દ્વારા તૈયાર થતા રસાયણિક ખાતર વડે દર વર્ષે ૨૨ લાખ ટનથી વધુ ઘઉં અગર ચોખાની ઉપજ લઈ શકે એવો અંદાજ છે.

ગુજરાતમાં પેટલાદ, તળાજા અને ગાવડકામાં ખાંડના સહકારી કારખાના શરૂ કરવા માટેની તડામાર તૈયારીઓ ચાલે છે. રાજ્યમાં સહકારી ધોરણેઃ–૧. વનસ્પતિ ઘીનું કારખાનું ૨. સોલવન્ટ એકસ્ટ્રેકશન પ્લાંટ ૩. શાકભાજીને ડીહાઈડ્રેટ કરીને જાળવવા અને ફળોને ડબ્બામાં પેક કરી જાળવવાનો પ્લાંટ તથા ૫. કપાસિયામાંથી તેલ બનાવવાનું કારખાનું ઉભું કરવા સરકારે જાહેર ત કરી છે.

આપણે ત્યાં ડેરી ઉદ્યોગ ઠીક ઠીક વિકાસ પામ્યો છે છતાંયે ગુજરાતના જિલ્લે જિલ્લે સહકારી ધોરણે ડેરી ઉભી કરવાની વિશાળ શકયતાઓ પડેલી છે.

બીજા રાજ્યોની માફક ગુજરાતમાં પણ સહકારી પ્રવૃત્તિએ હજી જમીન વિહોણા અને બીજા મજૂરો, મહિલાઓ અને યુવકોને ગણનાપાત્ર સંખ્યામાં આવરી લીધા નથી. ગ્રાહક સહકારી પ્રવૃત્તિને ધાર્યા મુજબની સફળતા પ્રાપ્ત થઈ શકી નથી. ગ્રાહક પ્રવૃત્તિને વિકસાવીને શહેરી અને ગ્રામ વિસ્તારોના ગ્રાહકોને વ્યાજબી ભાવે જીવન જરૂરિયાતની ચીજો મળે તે દિશામાં સહકારી ગ્રાહક ભંડારોએ ઘણી લાંબી મંઝિલ કાપવાની છે.

ગુજરાતની સહકારી પ્રવૃત્તિએ આજ સુધી પ્રાપ્ત કરેલ અનુભવોને આધારે વેચાણ, રૂપાંતર, અને માલ વહેંચણીનું કામ મોટા પાયા પર અને કાયમી ધોરણે હાથ ધરી શકે તેવા સંજોગો ઊભા થયા છે.

રાજ્યમાં કૃષિક્ષેત્રે હરિયાળી ક્રાંતિનું સર્જન થઈ રહ્યું છે ત્યારે ખંતીલા ખેડૂતોને ટ્રેકટરો અને સુધારેલા ઓજારો પૂરતા પ્રમાણમાં મળી શકતા નથી. સહકારી ધોરણે એગ્રોઈન્ડસ્ટ્રીઝ ઊભા કરવાની શકયતાઓ પડેલી છે.

રાજ્યની નાની સિંચાઈ યોજનાઓ, અને જળવિદ્યુત યોજનાઓ પરિપુર્ણ થતા ઊભા થનારા નવાક્ષેત્રો, ખનિજ તેલ, રસાયણિક ઉદ્યોગોના અને અન્ય નાના ઉદ્યોગોના વિકાસની શકયતાઓ, હવે પછીના વર્ષોમાં વધુને વધુ સંખ્યામાં નિયંત્રિત બજારોની અને વખારોની સ્થાપના વગેરે માટે સહકારી પ્રવૃત્તિનું કાર્યક્ષેત્ર વધતું જશે અને નવા નવા પ્રકારની સહકારની સંસ્થાઓ રચવાની રહેશે.

આજ દિન સુધી ગુજરાતમાં સહકારી પ્રવૃત્તિને જે વેગ મળ્યો છે. તે વેગ બમણી ઝડપે વધતો જ રહેવો જોઈએ અને પ્રવૃત્તિની સમક્ષ ઊભી થતી દર કોઈ તકનો તેણેય લાભ લેવો જોઈએ.

આઝાદી બાદ ભારત દેશમાં સહકારી પ્રવૃત્તિ દ્વારા તંદુરસ્ત લોકશાહી માર્ગે સમાજવાદી સમાજ રચના લાવવાનું આપણે એક ચિત્ર કલ્પ્યું છે. આ ચિત્રને સાકાર કરવા, સમાજમાંથી બેકારી અને ગરીબાઈના ગુણાકાર મિટાવવા, સાધનવિહોણા ખેડૂતો, જમીન-વિહોણા મજુરો, અને સમાજના નીચલા થરના લોકોની આર્થિક અને સામાજિક કાયાપલટ કરવી પડશે. સહકારી પ્રવૃત્તિ આ દિશામાં પુરુષાર્થ કરશે તો લોકોમાં સહકારી પ્રવૃત્તિ પ્રત્યે શ્રદ્ધાનો રણકાર ઉઠશે. ત્યારે આપણું સ્વપ્ન મૂર્તિમંત બની ચૂકયું હશે.

: કર્તવ્યનો દીવડો :

આજે શબ્દો સોંઘા બન્યા છે, કર્તવ્ય મોંઘુ બન્યુ છે; પણ
યાદ રાખજો કે કર્તવ્યનો દીવડો પ્રગટશે તો જ પ્રકાશ મળશે.
કર્તવ્ય વગરના ભાષણોથી તો, છે એના કરતાંય અંધારુ વધશે.

—ચિત્રભાનુ



# ગુજરાતના બૌદ્ધકાલીન અવશેષો

—ડૉ. જયતિલાલ જમનાદાસ ઠાકર

ભારતવર્ષમાં ઇ. સ. પૂર્વે છઠ્ઠી સદી પહેલાંના યુગમાં કળા, કારીગીરી, શિલ્પ અને સ્થાપત્યની બાબતમાં કોઇ પ્રકાશ લાધતો નથી. એ યુગના ઇતિહાસનાં પાનાં પણ એટલા જ અંધારામાં અટવાયાં છે. રાજ્યો અનેક હતાં, પ્રબળ સામ્રાજ્ય પણ હતાં, પરંતુ પ્રજાના જીવન, કળા, સંસ્કૃતિ પર અજવાળાં પાથરતા કોઇ આધારભુત આલેખન ઉપલબ્ધ થયાં નથી. વેદો, ઉપનિષદો, પુરાણો આર્યપ્રજાના ઇતિહાસનાં આલેખન કરે છે, ભૂગોળના વર્ણન કરે છે, સંસ્કૃતિની સમીક્ષા કરે છે પરંતુ વિદ્વાનોના મતમતાંતર એ સાહિત્યના સર્જનનાં યુગની અનિશ્ચિતતાને અદ્યાપિ આપી શકતા નથી.

છતાં માનવીના વિકાસ સાથે વિજ્ઞાન અને માનવ સંસ્કૃતિનો વિકાસ સદા સધાતો ચાલ્યો આવે છે. માનવ સંસ્કૃતિનું એક અંગ તે શિલ્પકળા અને સ્થાપત્ય અને તેથી માનવ વિકાસના ક્રમમાં શિલ્પકળા અને સ્થાપત્યનો વિચાર થવો ઘટે.

આર્યાવર્તમાં આર્યપ્રજાનું આગમન થયું તે પહેલાં અતિ પ્રાચીનકાળમાં એટલે કે પ્રાગ્ઐતિહાસિક સમયમાં આપણા દેશના જુદા જુદા વિભાગોમાં માનવકુળો વસતાં હતાં તે હવે વૈજ્ઞાનિકો અને પુરાતત્ત્વવિદો સિદ્ધ કરી ચૂકયા છે

વૈજ્ઞાનિકોના મંતવ્ય પ્રમાણે બે અબજ વર્ષ જુની આ પૃથ્વીના પટ ઉપર ત્રીસ કરોડ વર્ષ પૂર્વે જીવંતસૃષ્ટિનાં પાગરણ થયાં. આશરે ત્રણ લાખ વર્ષ પહેલાં ગોરીલા ચિંપાઝી કે ઉરાંગ ઉટાંગ ગોત્રના અર્ધમાનવ દેખાયા! હજારો વર્ષો બાદ આ અર્ધમાનવ માનવી તરીકે જીવતાં ...ખ્યો. માત્ર અણઘડ પત્થર કે હાડકાંના હથિયાર વાપરવા ... ઘર બાંધવા કે માટીના વાસણ ઘડવાનું આ માન...ડ્યું નથી એ યુગ પાષાણયુગ તરીકે પંકાયો!

... આશરે પંદરેક હજાર વર્ષ પહેલાં માનવીએ ... કુહાડી, જેવાં સફાઈદાર શસ્ત્રો અને સાધનો ...કુ...ાંધી રહેવાની, માટીનાં વાસણો બનાવવાની, ...ાને ઉગાડવાની, તેને રાંધીને ખાવાની, ઉન, ...દીના વસ્ત્રો વણી પહેરવાની કળા વિકસાવી ...ષાણયુગમાં પ્રવેશ્યો.

... બાદ એટલે કે આજથી છ સાત હજાર વરસ ... સંશોધન કરી માનવી તામ્રયુગમાં આવીને

પાષાણયુગના અવશેષો ગુજરાતમાં કચ્છ અને સૌરાષ્ટ્રના જુદાજુદા વિસ્તારોમાંથી મળતા રહે છે તેથી આ સ્થાનોમાં પાષાણ યુગનો માનવી વસતો હશે એમ નિશ્ચિત માની શકાય!

નૂતન પાષાણ યુગના અંત ભાગમાં માનવીએ જે અદ્ભુત અને અસાધારણ શોધ કરી તે ધાતુની હતી. માનવીને પ્રથમ સોનું અને ત્યારબાદ ધીમે ધીમે વખત જતાં ચાંદી, તાંબુ, જસત અને બીજી ધાતુઓ મળી આવી અને ત્યારબાદ ઘણે વખતે આધુનિક લોહયુગ શરૂ થયો.

આ યુગમાં આપણને સિંધુની ખીણની સંસ્કૃતિ, જે હડપ્પા સંસ્કૃતિ તરીકે વિશ્વ વિખ્યાત બની તેના ઉપર, વેધક પ્રકાશ આપી જાય છે. અહીંયા આપણને પ્રાગ્ઐતિહાસિક યુગનાં સ્થાપત્યોનાં પ્રથમવાર દર્શન થાય છે.

શિલ્પ અને સ્થાપત્ય કળાના આ યુગમાં પ્રાદુર્ભાવ સાથે માનવીનું પ્રાવિણ્ય પણ આ યુગનાં નગરોનાં સ્થાપત્યમાં જણાઈ આવે છે.

ગુજરાત, સૌરાષ્ટ્રમાં છેલ્લા દાયકામાં થયેલાં સંશોધન કાર્યે ખંભાત પાસે આવેલા લોથલ અને ગોંડલ નજીક રોજડીમાં હરપ્પાની સંસ્કૃતિ અહીં પણ વ્યાપ્ત હતી તે સિદ્ધ કરી બતાવ્યું છે.

પ્રાગ્ઐતિહાસિક કાળ અને મૌર્યકાળ વચ્ચે સ્થાપત્ય કળા કેટલે અંશે, કેવા સ્વરૂપે પાંગરતી રહી તેનું કથન અનિશ્ચિત અવસ્થામાં છે. પણ મૌર્યકાળ એટલે ઈસુની પૂર્વે ચોથી સદીથી શિલ્પ અને સ્થાપત્ય કળાએ મૌર્ય સમ્રાટોના આશરા હેઠળ જે સ્વરૂપ ધારણ કર્યું તેનું હવે ભારતભરમાં ઠેર ઠેર પ્રાકટ્ય થઈ રહ્યું છે, અને તેથી પ્રાપ્ત થતા એવા અવશેષોને બૌદ્ધકાલીન અવશેષો નિશ્ચિતરૂપે કહી શકાય.

બૌદ્ધકાલીન અવશેષો છ શ્રેણીમાં જોવા મળે છે એ આ યુગ છે કે જ્યારે શિલ્પ અને સ્થાપત્યની ચિરંજીવિત લાકડાં કરતાં પત્થરોમાં વિશેષ હોવાની માન્યતા રૂઢ બની છે અને શિલ્પીનાં ટાંકણાં પત્થરો ઉપર પડ્યાં છે. વાંસ અને લાકડાની બાંધકામની ઘણી લાક્ષણિકતાઓ પત્થરના બાંધકામની શૈલીમાં ઉતરી આવતી જણાય છે.

શ્રેણી ૧ પત્થરો અગર ગિરિશૃંગો પર આલેખાયેલા શિલાલેખો.

„ ૨ સ્તૂપો, ચૈત્યો, વિહારો.

„ ૩ વિવિધ કારીગીરી અને કોતરકામથી વિભુષિત પત્થ-

રના સ્થંભો.

,, ૪ પત્થરની વેદીઓ– Shrines.

,, ૫ પત્થરના પ્રાસાદો, મહાલયો, દેવાલયો.

,, ૬ પત્થરોમાં કોતરેલી ગુફાઓ, ચૈત્યો, વિહારો, કંદરાઓ.

મૌર્ય સમ્રાટોની રાજનીતિ, આદર્શો અને બૌદ્ધધર્મ પ્રત્યેના અભિગમને કારણે આ પ્રકારનાં સ્થાપત્યોનાં ઠેર ઠેર સર્જનો થયા હોવાનું જાણી શકાય છે.

કાળના ઝંઝાવાતોમાં ચૈત્યો, સ્તૂપો, વેદીઓ કે પ્રાસાદોના વિનાશની શકયતા સમજીને મૌર્ય સમ્રાટોએ પત્થરના સ્થંભો, ગિરિશૃંગો અને પહાડોની ગુફાઓને નીતિ, ધર્મ, સંસ્કૃતિનાં પ્રચારના ચીરંજીવ સ્મારકો બનાવવાની ભારતમાં પહેલ કરી છે.

એ આજ સમય હતો કે જ્યારે ભારતના પડોશના દેશો જેવા કે બેક્ટ્રીઆ, ઈરાન, ઇજીપ્ત અને ગ્રીસ વગેરેમાં શિલ્પકળા અને સ્થાપત્યનો વિવિધ રીતે વિકાસ સધાઈ ચૂકયો હતો અને તેથી મૌર્ય રાજાઓનો આ દેશની પ્રજાઓ સાથેના ઘનિષ્ટ સંબંધોને કારણે બૌદ્ધકાલીન સ્થાપત્યો ઉપર greeco–persion પ્રજાનો શિલ્પ સંસ્કૃતિની અસર જોવા મળે છે.

મૌર્યકાલીન સ્થાપત્યો જેવાં કે સ્થંભો, કમાનો, પ્રાસાદો ઇ.માં વનચર પશુઓનાં શિલ્પ દૃષ્ટિગોચર થાય છે. એ સ્થાપત્યોમાં સિંહ, હાથી, ઘોડા, બળદ કોતરાયેલા જોવા મળે છે. આવાં શિલ્પની પાછળ કોઇને કોઈ ભાવના રહેલી હોય છે. ઋગ્વેદમાં આવા દરેક પ્રાણીઓની મહત્તા બતાવેલી છે. બૌદ્ધકાલીન શિલ્પ સ્થાપત્યો, વેદની એ ભાવનાને અનુસરીને આવાં પશુઓના પ્રતિકો વડે વિભુષિત બન્યા છે.

બૌદ્ધકાલીન શિલ્પ અને સ્થાપત્યો માટે વિદેશી કારીગરોને નોતરવામાં આવેલા હોવાનાં આલેખન છે. પરંતુ ભારતીય શિલ્પીઓના ટાંકણાઓએ કળાને વધુ વિકસિત અને વિભૂષિત કરવા માટે વિશેષ મહત્વનો ભાગ ભજવ્યો છે એ પણ નક્કર હકીક્ત છે. બૌદ્ધકાલીન અવશેષોના ભિન્ન ભિન્ન સ્વરૂપો પણ આ સ્થળે ઉલ્લેખ માગી લે છે.

**સ્થંભો**

એક પ્રચંડ શિલાખંડને ઘડી એક અખંડ સ્તંભ રચવામાં આવતો જોવા મળે છે. આવા સ્તંભ ૫૦ ફુટ ઉંચા અને લગભગ ૫૦ ટન જેટલા વજનના જણાયા છે. આ મહાન સ્તંભોની સપાટી ઘસી ઘસીને કાચ જેવી લીસી કરવામાં આવી છે. સ્તંભની ટોચ પર ઘંટ યા કમળની આકૃતિ ઉત્કીર્ણ થતી દેખાય છે. તેના પર પીઠિકા (Abacus) અને તેની ઉપર સિંહ, હાથી, ઘોડા યા બળદની આકૃતિ યોજાયેલી નજરને આકર્ષે છે. આ જાતના સ્મારકોમાં કોઈ જગાએ હંસોની હાર કોતરવામાં આવી છે. કોઇની પીઠિકા ઉપર સારચક્ર ને વચમાં સિંહ, હાથી, બળદ અને ઘોડાની આકૃતિ છે, કોઈના પણ ચાર સિંહો છે અને સિંહો પર ધર્મચક્ર છે. સિંહોની આકૃતિ એટલી આબેહુબ છે કે તે જોઈને આપણે દિગ્મૂઢ બની જઇએ છીએ.

**ચૈત્યો, વિહારો. મૂર્તિઓ**

પહાડ પર કોતરવામાં આવેલા ચૈત્ય વિહારની કંદરાઓના નમુના આજીવકોને અર્પણ કરવામાં આવેલી ગુફાઓ છે. કઠણ ખડકને કોરી વિહારો બનાવનારા અને તેના અંદરના ભાગને ઘસી આરસ જેવા ચમકદાર અને લીસા કરનારા કારીગરોનું કામ જોતાં મૌર્યયુગના કલાકારો શિલ્પ સ્થાપત્યમાં તેમજ મૂર્તિનિધાન જેવી કળામાં ખુબ જ પ્રવિણ હતા તે જાણી શકાય છે.

**સ્તૂપો**

બુદ્ધ ભગવાનના અથવા ભિક્ષુઓના અવશેષો પર ગોળાઈ આકારે જે બાંધકામ થતાં તેને સ્તૂપ કહેવામાં આવે છે. સ્તૂપની ફરતી પ્રદક્ષિણા કરવા માટે ઉંચી પગથી બાંધવામાં આવતી અને તેના ફરતી લાકડાની વાડ રચવામાં આવતી.

ભાષાઃ– સ્તૂપોમાંથી મળી આવેલા અવશેષપાત્રો તેમજ સ્તંભો અને શિલાલેખો પર ઉત્કીર્ણ થયેલા લેખોની ભાષા બ્રાહ્મી અથવા ખરોષ્ટી છે. જાહેર સ્થળોએ મૂકાયેલા આવા સ્મારકો પરની આ લિપિ લોકો વાંચી શકતા હોય તો જ લખવી પ્રમાણ ગણાય અને સ્મારકોનો હેતુ સરે!

**ગુજરાતના મૌર્યકાલીન અવશેષો**

ઈ. સ. પૂર્વે ૩૨૨ થી મૌર્યસમ્રાટ ચંદ્રગુપ્તના રાજ્યશાસને ગુજરાત સૌરાષ્ટ્રના ઇતિહાસના પાનાં ચમકાવ્યાં છે.

મૌર્ય સમયનું ગુજરાત એટલે દ્વારકા, પ્રભાસ, ગિરિનગર (ગિરનાર), શત્રુંજ્ય અને સોપારા!

સીકંદરના સેનાપતિ અને બેકટ્રયાના યવનરાજ સેલ્યુકસ નિકેટરનો સખત પરાજ્ય કરી ચંદ્રગુપ્તે મગધના સામ્રાજ્યનો વિસ્તાર સૌરાષ્ટ્રના છેડા સુધી વધાર્યો. ભારતનો એ સૌથી પહેલો સમ્રાટ હતો કે જેણે હિંદમાં પરદેશીઓના પગપેસારાના પ્રયાસનો કરૂણ રકાસ કર્યો હતો.

પુષ્પગુપ્તને તેણે સૌરાષ્ટ્રનો સુબો નિમ્યો હતો.

નંદવંશનો ઉચ્છેદ કરી ચંદ્રગુપ્ત મૌર્યને મગધને સિંહાસને આરૂઢ કરનાર બ્રાહ્મણ ચણકના પુત્ર વિષ્ણુગુપ્ત-ચાણકયની ચંદ્રગુપ્ત પર અજબ અસર હતી. નંદવંશ... છેલ્લા રાજા મહાપદ્મ ધનનંદથી અપમાનિત બનેલા ... ચાણકયે મગધની ગાદી ઉપર બ્રાહ્મણ ધર્મની પ્રતિ... પિત કરવાની પ્રતિજ્ઞા લીધી હતી. ચંદ્રગુપ્તને ... નંદનો નાશ કરાવી ચાણકયે મગધની ગાદી ... રાજ્યાભિષેક કર્યો અને પોતે તેનો પ્રધાન બ... બન્યો.

ચંદ્રગુપ્ત બ્રાહ્મણોને સન્માનતો અને ... પ્રત્યે આદરભાવ રાખતો. તેના સમયમાં શ્રી... પ્રચલિત હતી.

સીકંદરની ચઢાઈ અને એોગણીસ મ... તેના વસવાટને લીધે ગ્રીક અને ઈરાની પ્રજા...

પ્રજાના સંપર્કમાં આવી તેમ સેલ્યુકસ નીકેટર સાથેના મૌર્ય મહારાજ્યના જીવનભર મૈત્રીભર્યા સંબંધને કારણે એ પ્રજાઓ સાથેનો ભારતનો સંબંધ ગાઢ બન્યો છે. પરિણામે બન્ને દેશોની પ્રજાને ઘણો લાભ થયો છે. ભારતીય સંસ્કૃતિ ધર્મના સિદ્ધાંતો જેમ ત્યાંની પ્રજાએ અપનાવ્યાં છે, તેમ ભારતની શિલ્પકળા સ્થાપત્ય ઉપર ગ્રીક અને ઈરાનની અસર પડી છે. ભારતમાં શિલ્પકળાનો વિકાસ ત્યારથી વધ્યો છે.

ગ્રીક અને ઈરાની શિલ્પકળાની અસરવાળું દ્વારકાનું ત્રૈલોક્ય સુંદર જગત મંદિર આ સમયના પોતાના નિર્માણ કાળના એંધાણો અન્ય પ્રમાણો સાથે આજે પણ સાચવીને બેઠું છે.

ચુનાની ઢબનાશિષ–મુગટવાળી પાંખાળી પરીઓ અને પાંખાળા પ્રાણીઓ (હાથીઓ વ.)ની શિલ્પકૃતિઓ આજે પણ એ મંદિરના સુશોભનમાં દૃષ્ટિગોચર થાય છે.

મંદિરના પુનરોદ્ધાર સમયે આ મંદિરના આદિકાળના અવશેષોને યોગ્ય સ્થળે ગોઠવી દઇ બુદ્ધિમાન મીસ્ત્રીઓએ પોતાના પૂર્વજોની કિર્તિને અખંડ જાળવી રાખી છે.

ઈ. સ. પૂર્વેની સદીઓમાં પ્રચલિત એવી બ્રાહ્મી લિપિમાં કોતરાયેલો એક શિલાલેખ પણ આ મંદિરમાં મળી આવ્યો છે. જે આ મંદિરની પ્રાચીનતાને છેક બૌદ્ધ કાલ સુધી લઇ જાય છે.

ધર્મ, સંસ્કૃતિ કે શિલ્પ અને સ્થાપત્યના વિકાસમાં રાજ્યાશ્રય હંમેશા મહત્વનો ભાગ ભજવતો રહે છે. આજે નજરે પડતા આવા બૌદ્ધકાલિન અવશેષોની વિશિષ્ટતા પણ રાજયાશ્રયને આભારી છે.

આશરે ૨૫૦૦ વર્ષ પૂર્વે ભગવાન બુદ્ધનો પ્રાદુર્ભાવ થયો. પાંત્રીસ વર્ષની ઉંમરે તેમનામાં પરમ જ્ઞાનનો ઉદય થયો. એંસી વર્ષની ઉંમરે તેઓ નિર્વાણ પામ્યા. જીવનના પિસ્તાલીસ વર્ષ દરમ્યાન તેઓએ બૌદ્ધ ધર્મના સિદ્ધાંતોનો ધર્મોપદેશ કરી પ્રબળ શિષ્યવૃંદ તૈયાર કર્યું. જેણે ભગવાન ...ના પરિનિર્વાણ પછી અલ્પ સમયમાં ગુરૂદેવનાં ઉપદેશ... સુગ્રંથિત સ્વરૂપે સંકલિત કર્યા. આ સંગ્રહ 'ત્રિપિટક' ...સિદ્ધ છે. વિનય, સુત્ત અને અભિધમ્મ એમ ત્રણ વિભાગ છે. આ ત્રણ વિભાગમાં બૌદ્ધસંઘની ...ભિક્ષુઓએ અનુસરવાના નિયમો, બુદ્ધદેવનાં ધાર્મિક ...ને બાદ્ધધર્મના સિદ્ધાંતોનું વિવેચન કરવામાં ... ભગવાન બુદ્ધના પૂર્વજન્મોની અનેક કથાઓનું ... કરતી જાતક કથાઓ પ્રસિદ્ધ થઈ. બુદ્ધનાં વચના... ...વૃત્તક' રૂપે સંગ્રહાયા, અને 'થેરગાથા' નામના ...સાધ્વીનાં ગીતો રૂપે પ્રગટ થયાં. અને આ ...વસ્તુ, લલિતા વિસ્તાર, બુદ્ધ ચરિત્ર, મિલિ... ...શતક, દિવ્યાવદાન, સદ્ધર્મપુંડરિક આદિ ...ર્મની પ્રબળતા છેક રાજવિઓમાં પ્રસરાવી

## ભગવાન બુદ્ધના સમયમાં રાજકીય પરિસ્થિતિ

બુદ્ધના જન્મથી શરૂ થતો પ્રાચીન યુગની કથા હર્ષ (સમ્રાટ) ના મરણ સાથે પુરી થાય છે. આશરે અગીયાર સદીઓની આ તવારીખ છે. આ પ્રાચીન ઇતિહાસને પાને પાને અગત્યના બનાવો નોંધાયા છે. મોટા મોટા સામ્રાજયો આ સમયે સ્થપાયાં. હિંદુ ધર્મ અને સંસ્કૃતિની આ યુગમાં ઉન્નતિ થઇ, અને આ જમાનાએ બૌદ્ધ ધર્મની ચડતી પડતી પણ જોઈ. ગ્રીક, શક, કુશાન, હુણ વગેરે પરદેશી જાતો હિંદમાં પ્રવેશી. ભારતીય ધર્મ અને સંસ્કૃતિ અપનાવી લઈ પરદેશી પ્રજા અહીંની જનતામાં ઓતપ્રોત થઈ જતી. શિલ્પ અને સ્થાપત્યના વિકાસનો આ સમય હતો.

સમગ્ર ભારત વર્ષ પર શાસન કરતી કોઈ એક સત્તા ભગવાન બુદ્ધના જન્મ પૂર્વે અસ્તિત્વમાં ન હતી. ઉત્તર હિંદમાં માંહે માંહે લડતાં નાનાં મોટાં અનેક રાજયો હતાં. બૌદ્ધ સાહિત્યમાં સોળ મહાજનપદો અથવા રાજયોનો ઉલ્લેખ છે જેમાંના કેટલાકમાં આજના જેવી પ્રજાશાસનની પ્રથા હતી.

કપિલવસ્તુની શાકય જાતીમાં વૈશાલીના લિચ્છવીઓમાં, મિથિલાની વિદેહ જાતીમાં તથા પાવા અને કુશીનારાની મલ્લ પ્રજામાં આવા ગણતંત્રો હતા. એ ઉપરાંત મોરિય, ભગ્ગ, કોલિય વગેરે જાતીઓમાં પણ આવી રાજયપ્રથા હતી.

બીજા રાજયો રાજસત્તાક હતાં. તેમાં મગધ, કોશલ, વત્સ અને અવન્તી મુખ્ય હતાં. મગધની રાજધાની રાજગૃહમાં બિંબિસાર વંશની સત્તા હતી. કોશલ અથવા સાકેતની રાજધાની શ્રાવસ્તીમાં ઇક્ષ્વાકુ વંશની આણ ચાલતી. વત્સરાજયના પાટનગર કૌશાંબીમાં પૌરવ વંશ રાજય કરતો. અવન્તીમાં પ્રદ્યોતવંશનું રાજય હતું. ગાંધાર (તક્ષશિલા) મથુરા, અંગ (ચંપા) આદિ રાજયો નાનાં ગણાતાં. મુખ્ય ચાર રાજયો પોતાની સત્તા વધારવા મથતાં. કોશલપતિએ કાશી, શાકય, કુરૂ અને પંચાલના રાજયો પર પોતાનું આધિપત્ય જમાવ્યું. શૂરસેન, ભોજ અને મત્સ્ય પર અવન્તીનાથે આણ વર્તાવી. ભગવાન બુદ્ધના જન્મ વખતે મગધની મહત્તા વધવા લાગી અને આખરે સર્વોપરી સત્તા માટે ચાલતી સ્પર્ધામાં મગધનું રાજય વિજયી થયું.

બૌદ્ધ ધર્મનો ઉદય આ પ્રદેશમાં થયો એટલુંજ નહીં પણ તેનો પ્રચાર અને પ્રસાર પણ અહીંથીજ આરંભાયો. અહિ જુદા જુદા વંશના સામ્રાજયો સ્થપાયાં. મૌર્ય સમ્રાટોના સામ્રાજયનો વિસ્તાર અહીંથી છેક સૌરાષ્ટ્રના સીમાડાઓ સુધી ફેલાયો અને બૌદ્ધકાલીન શિલ્પ અને સ્થાપત્યોએ ગુજરાત સૌરાષ્ટ્રમાં પહેલ વહેલી દેખા દીધી.

અસુરરાજ જરાસંધના વંશના છેલ્લા રાજા રિપુંજયનો વધ કરી જે વંશના રાજાએ મગધ ઉપર આધિપત્ય જમાવ્યું તેમાં બિંબિસાર શ્રેણીક નામે એક પરાક્રમી રાજા થયો.

આ રાજાના સમયમાંજ ભગવાન બુધ્ધે બૌદ્ધ ધર્મના પ્રચારનો આરંભ કર્યો. મગધની રાજધાની આ વખતે રાજગૃહ નામે નગરી હતી જે ગિરિવ્રજ પણ કહેવાતી. બિંબિસારે બાવન વર્ષ રાજ્ય કર્યું અને મગધની મહત્તા વધારી. પરંતુ તેના પિતૃઘાતક પુત્ર અજાતશત્રુએ પિતાનો વધ કરી મગધની ગાદી મેળવી. તેણે કોશલપતિ પ્રસેનજીતને હરાવી કાશી જીત્યું લિચ્છવીઓને હરાવ્યા. અજાતશત્રુને બૌદ્ધ ધર્મ પ્રત્યે અણગમો હતો, તિરસ્કાર હતો. તેના રાજ્યકાળના આઠમા વર્ષમાં ભગવાન બુદ્ધ નિર્વાણ પામ્યા.

અજાતશત્રુના પુત્ર ઉદયે ગંગા અને શોણ નદીના સંગમ પર પાટલી પુત્ર નામે રાજધાની વસાવી, જે મગધ-દેશ–બિહારનું આજનું પટણા સુપ્રસિદ્ધ છે.

બિંબિસાર વંશ પછી મગધની ગાદીએ શિશુનાગ વંશના રાજાઓ થયા. એ વંશમાં મહાનંદિન નામે રાજા થયો. તેના પુત્ર મહાપદ્મે પાટલી પુત્રની ગાદી ઉપર નંદવંશની સ્થાપના કરી. અને નંદવંશના છેલ્લા રાજા ધનનંદને મારી ચંદ્રગુપ્ત મૌર્યે ઈ. સ. ૩૨૨ માં મૌર્યવંશની સ્થાપના કરી.

### સુદર્શન તળાવ

મૌર્ય સમ્રાટોના સમયમાં સૌરાષ્ટ્ર તેઓની હકુમત નીચે હતું. ગિરિનગર (જુનાગઢ) માં ચંદ્રગુપ્તે હકુમત ચલાવવા પુષ્યગુપ્તને સુબો નિમ્યો હતો. પાટલી પુત્રથી આશરે એક હજાર માઈલ દૂર સૌરાષ્ટ્રમાં ગિરનારની ગોદમાં પુષ્યગુપ્તની દેખરેખ નીચે એક વિશાળ સરોવર–જળાશય બંધાવ્યું. સૌરાષ્ટ્રના કૃષિકારોના લાભાર્થે મોટો મજબુત બંધ બંધાવી નદીનાં પાણી આ સરોવરમાં વાળ્યાં. ચંદ્ર-ગુપ્તના પૌત્ર દેવાનામ પ્રિય સમ્રાટ અશોક આ વિશાળ જલાશયમાંથી નહેરો બંધાવી ચંદ્રગુપ્તનું અધુરૂં રહેલું કાર્ય પરિપૂર્ણ કર્યું, અને મૌર્ય સમ્રાટોની પ્રજા કલ્યાણની ઉન્નત ભાવનાનાં સૌરાષ્ટ્રની પ્રજાને દર્શન કરાવ્યાં. સાથે નદીના ઉગ્ર તોફાનો સામે ચાર ચાર દિવસ સુધી ટકી રહે તેવાં પાકાં બાંધકામ કરનારા ગુજરાતના કારીગરો પણ કેવા કુશળ હશે તેની આપણને ઝાંખી થાય છે.

નિદાન ચારસો વર્ષ સુધીની પોતાની લોકભોગ્ય અસ્મિતા ટકાવી રાખનાર સુદર્શન તળાવ ઉપર આખરે કાળનો ક્રૂર પંજો પડ્યા વિના ના રહ્યો.

શક સંવત ૭૨ ના માગશર વદ એકમ એટલે કે ઈ. સ. ૧૫૦ માં ગિરિનગર ઉપર બારે મેઘ તૂટી પડ્યા. ગિરનાર અને તેની આજુબાજુનો પ્રદેશ સર્વત્ર જળ–બંબાકાર થઈ ગયો. સુદર્શન તળાવને તૂટતો બચાવવા શક્ય તેટલી માનવ શક્તિને કામમાં લેવામાં આવી પણ આખરે તળાવની પાળો તૂટી અનેક વૃક્ષો, પર્વત, શિખરો, ઘરો ધરાશાયી થયાં. સુદર્શન તળાવનું પાણી વહી ગયું અને ગીરનારનો પ્રદેશ રણ જેવો વેરાન બની ગયો.

અને સુદર્શન તળાવનું પુનઃનિર્માણ કર્યું મહાક્ષત્રપ રૂદ્રદામને!

રૂદ્રદામને આ તળાવને પહેલા કરતાં લંબાઈ પહોળાઈમાં ત્રણગણું વધારી નવેસરથી બાંધ્યું. આમ કરવાની પ્રેરણા રૂદ્રદામનને તેના બુદ્ધિમાન સૌરાષ્ટ્રના સુબા પહલન સુવિશાખે આપી રૂદ્રદામનની પ્રજા કલ્યાણની રાજનીતિ ઉપર કીર્તિ કળશ ચઢાવ્યો હતો. પ્રજા પાસેથી વેઠ, કર કે નજરાણા રૂપે નાણા લેવાને બદલે રાજ્યની તિજોરીમાંથી આવા વિપુલ ખર્ચનો પ્રવાહ વહ્યો હતો.

ગિરનાર ઉપરના રૂદ્રદામાના શિલાલેખમાં ઉપરોક્ત સર્વ હકિકતોને સમર્થન મળી રહે છે.

ગિરનાર પાસેનો એક શિલામાં ગુપ્તસમ્રાટ સ્કન્દગુપ્તનો પણ એક શિલાલેખ છે જેમાં પણ સુદર્શન તળાવ ઉપર ઉતરી આવેલો અતિવૃષ્ટિનો આફતનો ઉલ્લેખ છે.

ઈ. સ. ૪૫૫ થી ૪૬૮ વચ્ચે સૌરાષ્ટ્ર ઉપર ગુપ્તસમ્રાટ સ્કન્દગુપ્તની આણ પ્રવર્તતી હતી. તેના સમયમાં ગિરનારના પ્રદેશમાં અસહ્ય રેલ સંકટ ઉતરી આવ્યું, જેણે સુદર્શન તળાવના બંધને તોડી નાખ્યો અને સર્વત્ર જળ બંબાકાર થઈ ગયો.

આ વેળા સ્કન્દગુપ્તે પર્ણદત્તને સુબો નિમી સૌરાષ્ટ્રનું શાસન સોંપ્યું હતું.

પુર્ણદત્ત અને તેના પુત્ર ચક્રપાલિતે ફરીથી એકવાર સુદર્શન તળાવનો બંધ બંધાવ્યો. ગુપ્ત સંવત ૧૩૭ માં આ બંધના સમારકામને શરૂ કરવામાં આવ્યાનો શિલાલેખમાં ઉલ્લેખ છે ચિરકાર પર્યંત સુદર્શન તળાવ ટકી રહે તેને માટે એકસો હાથ લાંબી. અડસઠ હાથ પહોળો સો મથોડાં ઉંચી બસો હાથની જાડાઇવાળી બંધની દિવાલ આ વેળા બંધાવવામાં આવેલી. ગુજરાતના કારીગરોનો આ વેળા બંધ બાંધવાનો અથાગ પરિશ્રમ ઇતિહાસને પાને નોંધાયેલો છે.

ગિરનારના જે ખડક ઉપર સમ્રાટ અશોક અને રૂદ્રદામાના શિલાલેખ કોતરેલા છે તે જ ખડક ઉપર સ્કન્દગુપ્તના લેખ છે તેની રચના પદ્યમાં છે તેના પુર્વ ભાગમાં સુદર્શન તળાવના બંધના સમાર કામનો પ્રશસ્તિ છે, ને બીજા ભાગમાં ચક્રપાલિતે બંધાવેલા વિષ્ણુ મંદિરનો. આ શિલાલેખ ઈ. સ. ૪૫૮માં લખાયો છે.

અને એ સઘળું આજે તો ગિરિનગરના પ્રાચીન કિલ્લા ઉપરકોટથી તે છેક ગિરનારની તળેટી સુધીના લાંબા વિસ્તારમાં વૃક્ષો, ઝાડીઓ, થોરના ઝુંડથી આચ્છાદિત થઇને પડેલા તેના ભગ્નાવશેષો માત્ર તેના ભવ્ય ભૂતકાળને આપણા સ્મૃતિપટ પર વિષાદનો ઘેરી છાયામાં મૂકી રહ્યા છે.

ચંદ્રગુપ્તનો રાજ્યકાળ ઈ. સ. પૂર્વે ૨૯૮માં પૂરો થયો. જૈન ધર્મની માન્યતા એવી છે કે મગધમાં જ્યારે બાર વર્ષનો દુષ્કાળ પડયો ત્યારે રાજ્યત્યાગ કરી ચંદ્રગુપ્ત આચાર્ય ભદ્રબાહુ અને જૈનધર્મના બાર હજાર અનુયાયી જોડે મૈસુર આવેલા શ્રવણ બેલ્ગોલા નામના તીર્થધામમાં ગયો ત્યાં બાર વર્ષ ગાળ્યા પછી અનશન વ્રત કરી પ્રાણ-ત્યાગ કર્યો.

ચંદ્રગુપ્ત પછી તેનો યશસ્વિ પુત્ર બિંદુસાર મગધની ગાદીએ આવ્યો. ઇતિહાસમાં તે અમિત્રઘાતના ઉપનામે સુપ્રસિદ્ધ છે. ૨૫ વર્ષના તેના શાંત અને સમૃદ્ધ શાસનકાળમાં તેણે પિતાના અધુરાં રહેલા મનોરથો પરિપૂર્ણ કર્યો. આ શિવાય તેના સમયના કોઈ સ્થાપત્યોનો ઉલ્લેખ ઇતિહાસને પાને નોંધાયો નથી.

બિંદુસારના મરણ પછી ઇ. સ. પુર્વે ૨૭૪માં મુખ્ય પ્રધાન રાધગુપ્તની મદદથી યુવરાજ અશોકને મગધની ગાદી મળી. રાજ્યારોહણ પછી ચારેક વર્ષે અશોકનો વિધિપૂર્વક રાજ્યભિષેક કરવામાં આવ્યો હતો. આ વિલંબ થવાનું કારણ તેના વડીલ બંધુ સુસીમના પક્ષનો પ્રબળ વિરોધ હોય એમ માનવામાં આવે છે. રાજ્યાભિષેક પછી તેણે દેવાનાં પ્રિય પ્રિયદર્શી એવું પદધારણ કર્યું હતું.

રાજ્યાભિષેકના નવમા વર્ષે એટલે કે ઇ. પૂર્વે ૨૬૨માં અશોકે કલિંગ દેશ ઉપર આક્રમણ કર્યું. તેની મહત્ત્વાકાંક્ષા તો દક્ષિણ હિંદના કલિંગ, ચોલ, પાંડય, કેરલ વગેરે રાજ્યો જીતી છેક લંકા સુધી મૌર્ય સામ્રાજ્યનો વિસ્તાર વધારવાની હતી. પરંતુ કલિંગનો વિજય મેળવતાં થયેલી લાખોની માનવહત્યાએ એના હૃદયને પિગળાવી નાખ્યું. આ ભિષણ હત્યાઓ કરી એના રોમે રોમમાં પશ્ચાતાપનો અગ્નિ પ્રજવળી ઉઠયો. એ અગ્નિને ઠારવા તેણે ખુબજ મનોમન્થન કર્યુ અને આખરે શાંતિ અને અહિંસાના સદુપદેશને જીવનમાં ઉતારવા બૌદ્ધધર્મનો અંગિકાર કર્યો. માત્ર ભારત નહિ બલકે જગતના ઇતિહાસમાં એ સંત રાજવિનો જોટો મળે તેમ નથી. માનવ જીવનનાં સુખ, શાંતિ અને સમૃદ્ધિને કાજે તેણે ભારતમાં ઠેર ઠેર ચિરંજીવ સ્મારકો ઉભાં કર્યાં. જાણે કે એ સ્મારકોમાં પોતાની આત્મકથા આલેખાતી હોય! કોઈ સ્થળે પત્થરના વિવિધ શિલ્પાકૃતિથી વિભુષિત શિલા સ્થંભો ઉભા કરીને, કોઈ કોઈ સ્થળે પર્વતોની શિલાઓમાં શિલાલેખો કોતરાવીને, ઠેક ઠેકાણે સ્તૂપો ઉભા કરીને અને વિહારો બંધાવીને તો કયાંક કયાંક ચૈત્યો અને ગુફાઓ કોતરાવીને એ સંત સમ્રાટે આજ્ઞાપત્રો (Edicts) પ્રકટ કર્યાં.

ગુજરાતમાં ગિરનાર, સિદ્ધપુર અને સોપારામાં અશોકના શિલાલેખો છે. બીજા પ્રાંતોમાં પણ એવા લેખો, ખડક કે સ્થંભ પર કોતરેલા મળ્યા છે. આ શિલાલેખની લિપિ ઉકેલતાં અશોકનાં જીવનના પ્રસંગોના વર્ણન પ્રાપ્ત થાય છે.

જુનાગઢની પૂર્વમાં આશરે એક માઇલને અંતરે ગીરનારને રસ્તે એક ખડક આવેલો છે. આ ખડકના ઉપલા ખુણાની પશ્ચિમ બાજુએ ૧૨ ફૂટ ૧ ઇંચની પહોળાઇ અને પાંચ ફૂટની ઉંચાઇમાં વીસ લીટીમાં લખાયેલા શિલાલેખમાં અશોકના ચૌદ આજ્ઞાપત્રો ઉત્કીર્ણ થયા છે.

આ બધા લેખોમાં પ્રાણીઓ પ્રત્યે દયા, અહિંસા, સર્વ ધર્મ સંપ્રદાય પ્રત્યે સમભાવના, ગુલામો અને સેવકો પ્રત્યે [illegible], વૃદ્ધો પ્રત્યે આદર, સહુ તરફ સદ્‌વર્તાવ, સેવા, ધર્માચરણ, ધર્મદાન, ધર્મઉપદેશ ઇ.ના આદેશ આપેલા છે. પોતાની સર્વધર્મ સમભાવના કેવી ઉચ્ચ હતી અને સમ્રાટ હોવા છતાં અન્ય રીતે તેને યશ કે કીર્તિની ભૂખ ન હતી તેનું આ શિલાલેખ વિવરણ કરે છે.

સોપારાના શિલાલેખમાં પણ ચૌદ લેખો ઉત્કીર્ણ થયા છે. ગીરનાર અને સોપારાના શિલાલેખ પહેલા વર્ગના મનાય છે. જ્યારે બીજા વર્ગના મનાતા સિદ્ધપુરના શિલાલેખમાં સાત શાસનો કોતરવામાં આવ્યા છે.

મૌર્ય સમ્રાટના સમયમાં થયેલા શિલ્પ અને સ્થાપત્ય કળાનાં સર્જનોનું અનુસરણ શુંગવંશના, આંધ્રના, ક્ષત્રયો તથા ગુપ્ત રાજવીઓના શાસનકાળ સુધી થતું રહ્યું છે. જેમાં ભારતીય કારીગરોએ સૌરાષ્ટ્ર ગુજરાતના સ્થાપતિઓએ શિલ્પકળાને વિકસાવી પ્રારંભના સર્જનોના સ્થપયમાં અવનવું ઉમેરી એ યુગમાં પોતાના ઉર્ધ્વગામી ઉડયનનાં દર્શન કરાવ્યાં છે.

કચ્છ પ્રદેશના ખાવડા તાલુકાના અંધાઉ ગામના એક ટેકરા ઉપર પત્થરમાં કોતરેલા છ શિલાલેખો મળી આવ્યા, જેમાંના ચાર ઉપરનું લખાણ વંચાઈ શકયું છે. મહાક્ષત્રપ રૂદ્રદામનના સમયમાં આલેખાયેલા આ શિલાલેખો લષ્ટિશ તરીકે ઓળખવામાં આવતા. ભુજના ફરગ્યુસન મ્યુઝિયમમાં આજે તે જોવા મળે છે. અને ક્ષત્રપ રાજવિઓના આરંભકાળમાં ઉભા કરવામાં આવ્યા હોય એમ મનાય છે.

દ્વારકાથી દશ માઇલના અંતરે ગુળવાસર ગામેથી પ્રાપ્ત થયેલી એક વિશાળ કદની શિલા ઉપર બ્રાહ્મિ લિપિમાં આલેખાયેલો શિલાલેખ પ્રાપ્ત થયો છે.

મહાક્ષત્રપ રૂદ્રસેન પહેલાના ઈ. સ. ૨૦૦ના રાજ્ય સમયના આ શિલાલેખમાં નીચે પ્રમાણેનો ઉલ્લેખ છે :

"મહાક્ષત્રપ સ્વામિ રૂદ્રસેન પહેલાના રાજ્યમાં શકે ૧૨૨ના વર્ષે વૈશાખ વદી પંચમીના રોજ વાણિજકના પુત્રે પોતાના મિત્ર વાસ્તે પોતાનો જીવ અર્પણ કર્યો– તેના માનમાં આ શિલાલેખ ઉભો કરવામાં આવે છે."

આ શિલાલેખ દ્વારકા સાર્વજનિક પુસ્તકાલયના વિશાળ ખંડમાં સંગ્રહાયેલો છે.

## ગુફાઓ

બૌદ્ધકાલીન સ્થાપત્યોનું બીજું વિશિષ્ટ આકર્ષણ એ યુગમાં પર્વતો અને શૈલોમાં કંડારાયેલી ગુફાઓ અને ચૈત્યગુફાઓ છે.

જુનાગઢમાં શહેરના પૂર્વ ભાગમાં બૌદ્ધ સાધુઓ માટે એક મઠ બાંધવામાં આવેલો જોવા મળે છે. આ સ્થાનકને 'બાવા પ્યારા'ના મઠ તરીકે ઓળખવામાં આવે છે. અહીં બૌદ્ધગુફાઓના અવશેષો દેખાય છે અને આ ગુફાઓ બાવા પ્યારાની ગુફાઓ તરીકે ઓળખાય છે.

આ ગુફાઓ ત્રણ હારમાળામાં વહેંચાયેલી છે. પહેલી ઉત્તરમાં દક્ષિણાભિમુખ આવેલી છે, બીજી [illegible] છેલ્લી

હારમાળાના પૂર્વ છેડેથી દક્ષિણ તરફ જતી જણાય છે અને ત્રીજી હારમાળા આ ગુફાઓની પાછળ પશ્ચિમ અને વાયવ્ય ખુણે આવેલી છે.

આ ગુફાઓની પહેલી–બીજી હારની ગુફાઓ સપાટ મથાળાંવાળી છે અને તેમાં એક ચૈત્ય ગુફા છે. તેમાં ચૈત્ય નજરે પડતો નથી પરંતુ તે ગુફાના અર્ધગોળાકાર છેડા ઉપરથી માની શકાય તેમ છે કે આ ગુફામાં પ્રદક્ષિણા કરી શકાય તેવો એક સ્તુપ હશે. ભાજા, કાર્લા, બેડસા, નાશિક કે અજન્ટાની બૌદ્ધકાલીન ગુફાઓને મળતી આવતી આ ગુફાઓ ચોરસ કે લંબચોરસ આકારની ઓરડીઓ જેવી છે, જેમાં કોઈ શિલ્પકળા કે સુશોભન જોવા મળતું નથી. પ્રારંભિક રહેઠાણના સ્થાનકો તરીકે આ ગુફાઓનું મહત્વ ઓછું આંકી શકાય નહિ. આ ગુફાઓમાં વિશાળકદના કમરાઓ પણ છે અને તેની પરશાળો–ઓસરીઓ પણ છે. સુશોભનની દૃષ્ટિએ આકર્ષક એવા બે ચૈત્ય–ગવાક્ષોની અર્ધગોળાકાર કમાનો શિલ્પકળાથી અલંકૃત જોવા મળે છે. ચૈત્ય ગવાક્ષો બૌદ્ધ ધર્મની અગત્યની નિશાનીઓ મનાય છે.

બૌદ્ધધર્મમાં પિપળાના વૃક્ષનો ઘણોજ મહિમા છે. બોધિગયામાં ભગવાન બુદ્ધને પિપળાના વૃક્ષ નીચે જ્ઞાન પ્રાપ્ત થયેલું હતું. પિપળ વૃક્ષ જ્ઞાનના પ્રતિક તરીકે ચૈત્ય-ગવાક્ષ રૂપે અસ્તિત્વમાં આવ્યું હોય તેવું જણાય છે. આ ચૈત્યગવાક્ષો ઉપરથી આ ગુફાઓનો નિર્માણકાળ ઈ. સ. પૂર્વે પહેલી-બીજી સદીનો માની શકાય.

**સ્તંભો**

આ ગુફામાં જોવા મળતાં સ્તંભો નાશિકના નહપાન વિહારનાં સ્તંભોની માફક પૂર્ણ કળશ અને ત્રિપદી પિઠિકાની ટોચવાળા ત્રાંબા પિત્તળના પાણી રાખવાના દેગડા જેવા કુંભો અને શિરોવાળા ગોળ થાંભલા, જે રામેશ્વરની ગુફામાં, ઈલોરામાં અને ભારહુતની ગુફામાં નજરે પડે છે, તેના જેવા જણાય છે. આ સ્તંભોનો ટોચ વિભાગ બહુ જ વિશાળ ઘંટ જેવો દેખાય અને તેની ઉપર ઘેટાઓ બેઠેલાં હોય તેવા લાગે છે.

આ ગુફાઓમાં રહેનારા જૈનો હશે તે હકિકતને આ ગુફા પૈકી એકમાંથી મળી આવેલા શિલાલેખનું સમર્થન મળે છે. જૈનોના ખાસ પારિભાષિક શબ્દ 'કેવલી' આમાં મળી આવે છે તેનો અર્થ 'પરમજ્ઞાની' એવો થાય છે. જૈનોના તીર્થંકર પછી તરતજની આ બીજી પદવી છે. આ ઉપરાંત આ ગુફાઓમાં જૈનધર્મના પ્રતિકો જેવાં કે સ્વસ્તિક, ભદ્રાસન, નંદિપદ, મીનયુગલ અને કળશ વગેરે નજરે પડે છે. આ જાતના પ્રતિકો મથુરાના જૈન સ્તુપોમાં જોવામાં આવ્યા છે. આ પ્રતિકો બુદ્ધધર્મના નથી કારણ કે 'ભાજા' 'કુડા'ની ગુફાઓ અગર ભારહુત કે સાંચીના બૌદ્ધ સ્થાપત્યોમાં તે જોવા મળતા નથી. માત્ર એટલું કહી શકાય કે આ ગુફાઓ પ્રારંભમાં બુદ્ધધર્મીઓની હોય અને પાછળથી એ ઉપરાન્ત જૈનોએ પોતાના લેખ અને પ્રતિકો કોતર્યા પોતાના ઉપયોગમાં લીધી હોય. એક ધર્મનું પ્રબળ ઓછું થતાં તેના સ્થાનકોનો ઉપયોગ બીજા ધર્મવાળાઓએ કર્યાના દાખલા આજદિ સુધી બનતા આવતા હોવાનું હજુ ચાલુ જ રહ્યું છે.

આ ગુફાઓનો સમગ્ર રીતે અભ્યાસ કરતાં તે બે કે ત્રણ એમ જુદાજુદા સમયમાં કોતરાવેલી હોય તેવું લાગે છે. (૧) ચૈત્ય ગુફા અને સાદી ઓરડીઓ આશરે ઈ. સ. પૂર્વેના સમયમાં બની હોય તેમ જણાય છે. એ સમયે બૌદ્ધ ભિક્ષુઓ ગુજરાતમાં પહેલી જ વાર આવ્યાનું જણાય છે. ઈ. સ. પૂર્વે ૨૦૦૦. (૨) જ્યારે ઓરડીઓ અને ખંડો જેમાં જૈનોનાં પ્રતિકો છે અને જે વિકસિત સ્વરૂપની કારિગીરીવાળા સ્તંભો જડીત છે તેનો નિર્માણ સમય ઇ. સ.ના બીજા–ત્રીજા સૈકાનો હોય તેમ ગણાય છે

**ઉપરકોટની ગુફાઓ**

જુનાગઢમાં ઉપરકોટની ગુફાઓ બે માળવાળી છે. નીચલા માળે એક કુંડ છે. આ કુંડ ૧૧ ચોરસ ફુટનો છે. તેની ત્રણ બાજુએ છતવાળી પરસાળ ઓસરી છે. તેને લગીને જ મથાળાની છતને ટેકવતા છ સ્તંભોવાળો એક વિશાળ ખંડ છે. બાર્ક.ના વિસ્તારમાં અલંકૃત બેઠકો છે. તેની ઉપર ચૈત્યો, ગવાક્ષો છે. કળામય ચૈત્યકાશ, સુંદર કમાનો અને થાંભલાનું શિલ્પ નજરને ખુબ જ આકર્ષે છે. બીજા માળ ઉપર પણ આવા જ ઓરડાઓ, પરસાળ, ઉપરની છતને ટેકવીને ઉભેલા સ્તંભો, અલંકૃત બેઠકો અને અલંકૃત ચૈત્ય–ગવાક્ષ છે.

આ ગુફાઓનો સમય નક્કી કરવા માટે સ્તંભો અને અલંકૃત ચૈત્ય–ગવાક્ષનું સુશોભન ઉપયોગી છે. બાવા પ્યારાની ગુફાના ચૈત્ય-ગવાક્ષના શિલ્પ કરતાં આ ગુફાના ચૈત્ય–ગવાક્ષનું શિલ્પકામ વધુ વિકસિત દશામાં જોવામાં આવે છે. અંદરનો કોતરેલો ભાગ લગભગ ગોળાકાર છે. તેના નીચેના ભાગમાં 'વેદિકા' છે જ્યારે ઉપરના ભાગમાંથી બે સ્ત્રી શરીરની શિલ્પાકૃતિઓ બહાર ડોકિયાં કરતી હોય તેમ જણાય છે. ચૈત્ય–ગવાક્ષો બૌદ્ધ કમાનોથી શણગારેલા છે. પશ્ચિમ ભારતની શરૂઆતની ગુફાઓ કરતાં આનું સ્વરૂપ થોડા મોડા સમયે સધાયું હોય તેમ જણાય છે. કારણ કે તેમાં લાકડાના જેવી શિલ્પકૃતિ નહિવત્ જેવી છે. જ્યારે ગોપના મંદિરના, ઈલોરાના અને અજન્ટાના ચૈત્ય–ગવાક્ષ કરતાં આ ગવાક્ષ પૂર્વ સમયના છે તે ચોકસપણે કહી શકાય! કારણ કે ઉપરોક્ત સ્થાનોના ચૈત્ય–ગવાક્ષોમાં બુદ્ધ યા હિંદુધર્મના કોઈ દેવની પ્રતિમા છે. જ્યારે ઉપરકોટના ચૈત્ય–ગવાક્ષમાં જીવંત નર–નારીઓની શિલ્પાકૃતિઓ છે જે માત્ર ભારહુત, સાંચી અને ઓરિસામાં આવેલા કટકની ગુફાઓમાં જોવા મળે છે.

**સ્તંભો**

આ ગુફાઓમાં જુદાજુદા ચાર પ્રકારના સ્તંભો નજરે પડે છે. ઉપલા માળની પરસાળમાં બે સ્તંભો ગોળ તેમજ

# વિસનગર તાલુકા મજુર સહકારી મંડળી લીમીટેડ.

**દરબાર રોડ, વિસનગર.**

સ્થાપના સને ૧૯૫૨–૫૩
નોંધણી નંબર : ૨૨૭૩
૧૯૬૮–૬૯ જુન સુધીમાં કોન્ટ્રેકટથી રાખેલા કામો
રૂા. ૨૦૮૨ લાખથી વધુ.
૧૯૬૮–૬૯ જુન સુધીમાં કરેલા કામના
રૂા. ૧૦૫૯ લાખથી વધુ.
ખેડુતો, પંચાયતો અને ગુજરાત સરકારને ૧૯૬૮–૬૯ સુધીમાં ટયુબવેલ કરી આપ્યા નંગ ૧૦૧૪
રૂા. ૧૦ લાખથી વધુ કિંમતના.
ટયુબવેલ માટે રીગ–૧ અમેરીકન અને
મંડળીના વર્કશોપમાં બનાવેલી રીગો નંગ ૭.
મંડળીના સભ્યો : ૪૨૬

—મંડળીના જુદા જુદા ભંડોળો—

| | | |
|---|---|---|
| મંડળીની શેર કેપીટલ | .... | ૦. ૩૫ લાખથી વધારે |
| રીઝર્વ ફંડ | .... | ૨૫ લાખથી વધારે |
| મકાન ફંડ | .... | ૬ લાખથી વધારે |
| બીજા ફંડો | .... | ૧૩ લાખથી વધારે |
| મશીનરી | .... | ૬૭ લાખથી વધારે |

મંડળી બીલ્ડીંગ, પુલ, ડેમ, વિમાન માટે રનવે વિગેરે દરેક પ્રકારના કોન્ટ્રેકટના કામ રાખે છે.

**બળદેવભાઈ એમ. પટેલ** — ચેરમેન
**નરેન્દ્ર એન. વ્યાસ** — મંત્રી
**પ્રભુદાસ બી. પટેલ** — મેનેજર

તાર : "સુપરવર્કસ" ફોન : ૨૬૧૪૬

# સુપર એન્જીનીયરીંગ વર્કસ

દરેક જાતના મોટરકાર, ટ્રકસ, ડીઝલ ટ્રકસના સ્પેરપાર્ટસ તેમજ મશીન-ગેરેજ ટુલ્સ, એસેસરીઝ વગેરે મળશે, તેમજ દરેક જાતના મોટરકાર, ટ્રકસના એન્જીનોનું સંપૂર્ણ ઓવરહોલીંગ, ડીનામેનાઇઝીંગ, એસેમ્બલીંગ વગેરે રીપેરીંગ કામ સંતોષકારક કરી આપવામાં આવશે.

પોસ્ટ બોકસ નં. ૫૩, ગોન્ડલ રોડ,
**રાજકોટ.**

'બૃહદ ગુજરાતની અસ્મિતા' ને
શુભેચ્છાઓ સાથે...

# મે. પટેલ વાસા વીરા એન્ડ કું.

**એન્જીનીયર્સ એન્ડ કોન્ટ્રાકટર્સ**

અને

# મે. ઈન્ડીયન કન્સ્ટ્રકશન કું.

**એન્જીનીયર્સ એન્ડ કોન્ટ્રાકટર્સ**

પટેલ ચેમ્બર, કાશી વિશ્વનાથ મંદિર રોડ
**જામનગર**
–: ફોન :–
ઓફીસ : ૬૫૨૫ ૬૩૦૩ ઘર : ૯૫૧

મધ્યમાં ગોળ વળદાર કાંગરીવાળા છે. તેની બેઠણી અષ્ટકોણ તેમજ ટોચ ગોળ છે. આ સ્તંભોની ટોચ ઉપર પશુઓ કોતરવામાં આવેલા છે. આવા સ્તંભો પશ્ચિમ ભારત, ઈલોરા અને અજન્ટાની ગુફાઓમાં જોવામાં આવતા નથી. આવા સ્તંભો મધ્યભારતની ગુફાઓમાં નજરે પડે છે પરંતુ તેમાં અષ્ટકોણ બેઠણી હોતી નથી.

બીજા પ્રકારના સ્તંભોમાં વચ્ચેનો ભાગ ચોરસ છે જે તેના મધ્યભાગમાં અષ્ટકોણ બની જાય છે. બેઠણી કોઈપણ જાતના સુશોભન વગર ચોરસ છે. જ્યારે ટોચ ગોળાકાર અને તેના ઉપરની પિઠિકા અંદર વળતી પગથી સહિત ચાર વિભાગમાં છે. ખડકમાં કોતરાયેલા પલ્લવ મંદિરને મળતું આ છે.

ત્રીજા અને ચોથા પ્રકારના સ્તંભોમાં ટોચ અને અલંકરણમાં થોડો તફાવત છે. આ પ્રકારનાં સ્તંભો ગોળ અને ઘણી બાજુ બતાવતા ઉપસેલા ખાંચાવાળા છે. તે જ રીતે બેઠણીઓ છે. ઉપસેલા ભાગોની ગ્રિવાના સ્થળે ઊંડા કાપ છે. અને બહારની બાજુ ફુલ પાંખડી જેવા લટકતા તોરણની હારથી અલંકૃત છે. તેની ટોચ ત્રણ વિભાગમાં વહેંચાણી છે.

સૌથી ઉપરની પિઠિકા (Abacus) ચોરસ છે અને તેના ઉપર દરેક ખૂણામાં સિંહ તથા બાજુઓમાં વામણા માણસો નજરે પડે છે. ટોચનો મુખ્ય ભાગ જુદાજુદા મરોડમાં સ્ત્રીઓની આકૃતિને સમાવી શકે તેટલો ઉંચાઈમાં છે. આ સ્ત્રીઓની આકૃતિ કમરના ઉપરના ભાગમાં નગ્ન છે. કાન તથા ગળાંના અલંકારો પત્થર પરવાઈ જવાને કારણે ઓળખી શકાતા નથી. એક સ્તંભમાં ટોચની નીચેનો ભાગ પહોળો છે અને તેમાં જોનાર પ્રત્યે ડોકિયાં કાઢતાં મેંઢાનું શિલ્પ છે. બીજા સ્તંભમાં આ ભાગ સાંકડો છે તેમાં નાના ગોળ ચકદા કોતરેલા છે. આ સ્તંભો તેની શિલ્પકળામાં અજોડ છે કારણ કે ઈલોરાની વિશ્વકર્માની ગુફાના સ્તંભો અને મથુરાના સ્તંભોની સંયુક્ત કામગીરી અહીંના એક જ સ્તંભમાં દેખાય છે. સ્તંભની પિઠિકાઓ અને તેના બીજા ભાગોમાં કોતરવામાં આવેલા પ્રાણીઓ, કન્હેરી, કાર્લા અથવા બકસાની ગુફાઓના સ્તંભો કરતા નિરાળાં છે. હાથીઓનું શિલ્પ કે જે ત્યાં સામાન્ય છે તે અહીં જોવા મળતું નથી. તેવી જ રીતે બીજી શિલ્પાકૃતિઓ જેવી કે સ્ત્રીઓની જવલ્લે જ જોવા મળે છે.

સ્તંભો,ગવાક્ષો અને બેઠકોના અલંકરણો ઉપરથી આ ગુફાઓ જુદેજુદે સમયે ક્રમશઃ કોતરી હોય તેમ જણાય છે. તેનો સમય ઇ. સ.ના પહેલા સૈકાથી તે સાતમા સૈકા સુધીનો હોય તેમ સંભવિત જણાય છે.

આ ગુફાઓમાં વસનારા માનવીઓનો ધર્મ કયો હશે તેનો યોગ્ય પુરાવો ઉપલબ્ધ નથી પરંતુ બુદ્ધ ધર્મના ખાસ પ્રતિકોને અભાવે અને બાવા પ્યારાનાં મઠની જૈન ગુફાઓ સમિપમાં જ હોવાને કારણે આ ગુફાઓ માનવામાં આવે છે તેમ બૌદ્ધોની નહિ પરંતુ જૈનોની મનાય, એ પણ સંભવિત છે. આ ગુફાઓ શરૂમાં બૌદ્ધોની હોય, પછી જૈનો વસ્યા હોય અને ફરી પાછા તેમાં બૌદ્ધો દાખલ થયા હોય! કારણ કે ઈ. સ.ની સાતમી સદીમાં હ્યુ–એન્ત–સીઆંગ જ્યારે જુનાગઢ આવ્યા ત્યારે તેમણે બૌદ્ધધર્મના મહાયાન પંથના સ્થવીર વિભાગના ભિક્ષુકો અને સાધુઓને આ ગુફાઓમાં વસતા જોયા છે.

### ખાપરા કોડિયાની ગુફાઓ

જુનાગઢની ઉત્તરે જે ગુફાઓ આવેલી છે તે બેંગાર કે ખાપરા–ખોડિયાની ગુફાઓ તરીકે પ્રસિદ્ધ છે. બે માળવાળી આ ગુફાઓમાં ઓરડા, ઓરડીઓ ઘણા છે. ઉપરના માળનો નાશ થઈ ગયેલો જણાય છે. માત્ર અવશેષ તરીકે સ્તંભો નજરે પડે છે. આ ગુફાઓમાં બૌદ્ધ કે કોઈ બીજા ધર્મના પ્રતિકો જોવા મળતા નથી. પરંતુ તેની કોતરણી ઉપરકોટની ગુફાઓને બરાબર મળતી આવે છે. આ ગુફાઓ પણ બૌદ્ધકાલીન હોવાની સંભવિતતા ખરી!

### તળાજાની ગુફાઓ

સૌરાષ્ટ્રના અગ્નિકોણમાં શેત્રુંજી નદીના મુખથી દૂર શંકુ આકારના તળાજાના ડુંગરમાં ગુફાઓ આ આ ડુંગર આશરે ૩૨૦ ફીટ ઉંચો છે. ફળદ્રુપ લીધે ડુંગરની આસપાસનું વાતાવરણ ઘણું જ રમ્ય લ તેના વાયવ્ય ખુણામાં નાની ટેકરીઓ છે અને તેની શેત્રુંજો પર્વત મસ્ત થઈને ઉભેલો દેખાય છે.

તળાજાના ડુંગર ઉપર ૩૨૦ ફુટની ઉંચાઈએ લ ત્રિસેક ગુફાઓ છે. આ ગુફાઓની આજુબાજુ વીસેક ટાંકાઓ મળી આવેલ છે. પંચોતેર ફુટ લાંબો, સણસઠ ફુટ પહોળો અને સાડા સત્તર ફુટ ઉંચો એવો એભલ મંડપ આશરે સો ફુટની ઉંચાઈએ કોતરવા આવેલો છે. આ મંડપની અંદરના ભાગમાં નાની ઓરડીઓને દિવાલો નથી, કે જેથી ઓરડા ઓસરીને જુદા બતાવી શકાય મંડપની છતને ટેકવવા માટે ચાર અષ્ટકોણ સ્તંભો હતા જે અત્યારે નષ્ટ થયેલા જણાય છે. તેના દર્શનિક ભાગ ઉપર ચૈત્યગવાક્ષો અને તેની નીચે પહોળી પટ્ટીનો વેદિકા નજરે પડે છે. આ ચૈત્યગવાક્ષો અસાધારણ આકૃતિના છે. આ ગવાક્ષ અર્ધ લંબ–ગોળાકારમાં છે. અને અંદરના ભાગમાં ફરીથી અર્ધ ગોળાકાર કમાનવાળા છે. આની નીચે એક ચતુષ્કોણ છે જેની બન્ને બાજુએ નાના ગોળાકાર છે. નાના પ્રકારના આ ચૈત્ય ગવાક્ષો બાવા પ્યારાની ગુફાઓના ચૈત્ય ગવાક્ષોને કેટલેક અંશે મળતા આવે છે, જો કે આ ગવાક્ષોની કલા વધુ વિકસીત હોય તેમ જણાય છે.

આ ગુફાઓમાં કોઇને મેડી, ચંબેલી, ખોડીયાર, મોર, રાંકા, વાંકા વગેરે નામોથી ઓળખાવાય છે. એક ગુફામાં વિશાળ ખંડ છે જેને ફરતી ગર્ભગૃહ જેવી આઠ નાની ગુફાઓ છે. બૌદ્ધ સાધુઓના રહેઠાણ તથા સભાસ્થાન તરીકે આ ગુફા ઉપયોગમાં લેવાતી હોય તેમ જણાય છે. ડુંગર ઉપર ગઢની અંદર પણ ગુફાઓ છે જેમાંની એકમાં અત્યા પણ ઉંચી વેદિકા જણાય છે. બીજી એક નાની ગુફા ગ કૂટી– બૌદ્ધ ચૈત્ય હશે એમ જણાય છે.

### ચૈત્ય ગુફા

ડુંગર ઉપર ઉંચે નષ્ટપ્રાય અવસ્થામાં સપાટ છત–છાપરાવાળી એક ચૈત્ય ગુફા છે. ચૈત્યનો મધ્યભાગ નીકળી ગયો છે,માત્ર ચૈત્યનો નિચેનો ભાગ અને "તોરણ" કે જે છતને અડીને રહ્યું છે તે દેખાય છે.

આ ગુફાઓ બૌદ્ધ ધર્મની છે તેના પુરાવા તરીકે આ ગુફાઓમાં ચૈત્ય અને વિહાર નજરે પડે છે. ગુફાઓની સાદાઈ અને શિલ્પનો અભાવ આ ગુફાઓને ઈ. સ. પૂર્વેની માનવાને પ્રેરે પરંતુ આ ગુફાઓમાં લાકડાના સ્થાપત્યનું અનુકરણ ન જણાતુ હોવાથી અને સ્તૂપ ગુફાની વચ્ચે તેમજ તેની ટોચ ઉપર છાપરા સાથે ચોંટેલી હોવાથી આ ગુફાઓ વનેરી, જુન્નારની ગુફાની પેઠે ઈ.સ.ના શરૂઆતના સૈકામાં શકાય તેમ છે. વેદિકાના અલંકરણનું સ્વરૂપ પણ આ જ સૂચવી જાય છે.

### સાણાની ગુફાઓ

દ્રના દક્ષિણ કિનારા પર રાજુલાની પશ્ચિમે સાણા કરી છે. બીજી રીતે બાબરીઆવાડમાં ઉનાથી લ દૂર વાંકીયા ગામની પાસે આ ટેકરી આવેલી ણાના ડુંગર તરીકે પણ જાણીતી છે.

ંગર ઉપર બાસઠ જેટલી ગુફાઓ આવેલી છે. લગભગ ઉજ્જડ, કરાળ અને જંગલ નજીકનો પ્રદેશને રમ્ય બનાવતી રૂપેણ નદી આ ડુંગર ડે છે.

કરાની તળેટીમાં તળાજાના એભલ મંડપ જેવોજ અને તેવા જ માપનો એભલ મંડપ છે. આ મંડપના ભાગમાં છ સ્થંભો છે. અંદરના ભાગમાં એકપણ સ્થંભ નથી.

આજ ટેકરી ઉપર ૧૨૦ ફુટની ઉંચાઇએ ઈશાનાભિમુખે ભીમ ચોરીની ગુફા આવેલી છે. આ ગુફાના આગલા ભાગમાં ઓસરી આવેલી છે. જેના ચાર સ્તંભો છતને ટેકવીને ઉભા છે. આ સ્તંભો ઢેગડા જેવી આકૃતિની ટોચ અને બેસણી-ળા છે. પિડિકા અને ઉભણી સમચોરસ તકતી–પાટ પર છે. નાશિકની નહયાનની ગુફાના સ્તંભની માફક હીંના સ્તંભની ઢેગડા જેવી આકૃતિની ટોચ અને બેસણી પૂર્ણ કળશનું રૂપ ધારણ કરે છે.

આ ગુફાની બાજુમાં એક ચૈત્ય ગુફા છે. તેનું માપ ૧૮ ફુટ પહોળું, ૨૧ ફુટ ઉંડું અને ૧૩ાા ફુટ ઉંચું છે. આ ચૈત્ય ગુફાની છત સપાટ છે. પરંતુ ગુફાનો પાછળનો ભાગ અર્ધ ગોળાકાર સ્વરૂપનો છે. આ ચૈત્ય ગુફાને પ્રદક્ષિણા માર્ગ નથી. સ્તૂપ ઘણો જ સાદો અને અલંકાર વિહીન છે. ચૈત્યનો વ્યાસ ૭ ફુટ ૧૦ ઇંચ છે. તેની ટોચનો ભાગ કાળક્રમે નષ્ટ થયેલો હોય તેમ જણાય છે. લોકો તે સ્તૂપને શિવલિંગ તરીકે પૂજી રહ્યા છે. આ ઉપરાંત સ્તૂપોવાળી બીજી બે ગુફાઓ પણ નજરે પડે છે.

બાકીની ગુફાઓ પરશાળવાળી નાની ઓરડીઓ અને મંડપો છે. મંડપની પાસે પણ નાની ઓરડીઓ ઓટલાની સગવડ સાથે કોતરવામાં આવેલી છે. મોટા મંડપ પાસે પાણીના ટાંકાંની સગવડતા કરવામાં આવેલી છે.

આ ગુફાઓનો સમય જુન્નારની શિવનેરીની ચૈત્ય ગુફાની સરખામણીએ જોતાં ઇ.સ.ની શરૂઆતની સદીનો જણાય છે.

આ સ્થાનની પાસેથી પ્રાપ્ત થયેલા પ્રાચીન માટીના વાસણો, ઘંટો વગેરે આ સ્થાનની પ્રાચીનતા પુરવાર કરે છે. ગુફાઓની વિવિધ રચના પ્રકાર જોતાં આ સ્થાન બૌદ્ધધર્મનું એક અગત્યનું કેન્દ્ર હોય તેમ જણાય છે. બૌદ્ધસંઘના જુદીજુદી કક્ષાના સાધુઓ માટે, અભ્યાસી તેમજ ચૈત્યપૂજા માટે નિમાયેલા સાધુઓના ચિંતન, મનન અને રહેણાક માટે જુદીજુદી ગુફાઓ કોતરી કાઢી હોય તેમ જણાય છે. જૈનો માટે પણ આ ગુફાઓ રચાયાની સંભવિતતાનો પણ ઉલ્લેખ છે.

### ઢાંકની ગુફાઓ

જુનાગઢથી ૩૦ માઇલ દૂર વાયવ્ય ખૂણામાં ઢાંક નામનું ગામ આવેલું છે. આ ગામની નજીક તીલ તીલ પાટણ, પ્રેહપાટણ નામના પ્રાચીન નગરના અવશેષો પડેલા છે. આ ડુંગરાળ પ્રદેશમાં માંજેસરી નામે અત્યારે ઓળખાતો એક કુવો છે. બૌદ્ધધર્મની મંજુષીની તે યાદ આપે છે. પ્રારંભની જૈન વસાહતોના પણ ઢાંકમાં એંધાણો મળે છે. ઢાંકના વિદ્યમાન ગામની પાસે એક ટેકરીની પશ્ચિમે એક બખોલ (–ઉંડી ખીણ–Raviue)માં કેટલીક નાની નાની ગુફાઓ છે જેમાં નહિવત્ જેવું શિલ્પકામ છે. આ બખોલ ઉપર દિવાલના દર્શનિક ભાગમાં થોડું કોતરકામ છે. ટેકરીના નીચલા છેડાથી પહેલી ગુફા શરૂ થાય છે. આ ગુફા વાયવ્યાભિમુખ છે. તેમાં ૪ફૂટ ઉંચુ પણ વ્યવસ્થિત કોતરેલું નાનું પ્રવેશદ્વાર છે. આ ગુફા કે, જે ૭'–૯"×૮'–૪"ની છે તેની અંદર ત્રણ ગોખલા છે–(મૂર્તિ રાખવાના–Niches) જેમાંનો એક પ્રવેશ દ્વારની સામે અને બીજા બે બાજુઓએ એક બીજાની સામે ઉભેલા દેખાય છે. બન્ને બાજુના ગોખલામાં દેવ દેવીઓની મૂર્તિઓ નજરે પડે છે. બખોલની ઉપર થોડે ઉંચે ખડકના દર્શનિક ભાગમાં થોડું સાદું શિલ્પકામ છે.

ઢાંકની પશ્ચિમે પાંચ માઇલ દૂર સિદ્ધેશ્વર નામના ગામની પાસે પાંચ ગુફાઓ છે જે ઝીંઝુરીઝરને નામે જાણીતી છે. આ બધી ગુફાઓ બૌદ્ધ હોવાનું સાબીત થયું છે. આમાંની એક ગુફા અગત્યની છે. તેના બે અષ્ટકોણી સ્તંભો આગળના ભાગમાં એક વેદિકા સાથે જોડયેલા છે. ઉપરકોટના ચૈત્ય–ગવાક્ષોનો થોડો ભાગ અને તળાજાના ચૈત્ય–ગવાક્ષની નીચેનો આકૃતિના ભાગ આ સ્તંભની આકૃતિમાં મળતા આવે છે. આવી વેદિકાની આકૃતિઓ પશ્ચિમ ભારતની ગુફાઓમાં મળે છે. આ કળાકૃતિ છેક ઢાંકની બાજુમાં પહોંચી એ એક રસપ્રદ હકિકત છે. ઉપરોક્ત પ્રમાણ ઉપરથી આ ગુફાનો સમય ઈ. સ. ના પહેલા-બીજા સૈકા સુધીનો લેખાય છે.

### રાણપુરની ગુફાઓ

ખરડા ડુંગરમાં ભાણવડ ગામેથી બાર માઇલ દૂર પાઈતર નજીક રાણપરના ગામ પાસે એક ચૈત્ય ગુફા તથા ત્રણ નાની ગુફાઓ મળે છે. ચૈત્ય, ગુફાની વચ્ચે આવેલો છે તેની ઉંચાઇ આશરે ૭" છે. લોકોએ તેની ટોચનો ભાગ સરખો કરીને તેને ધીંગેશ્વર નામના શિવ તરીકે પૂજે છે. આ ગુફાની પાસે આવેલ ગુફા સાદી છે પરંતુ આ સ્થળથી થોડે દૂર એક ઝરમાં ત્રણ નાની સાદી ગુફાઓ છે. તેના સ્થંભો ચોરસ છે. અને અંદર બેઠક છે. આ ગુફાઓ ઈ. સ ના શરૂઆતના સૈકાની હોય તેવું જણાય છે.

### ખંભાલીડાની ગુફા

થોડા સમય પહેલાં ગોંડલ પાસે ખંભાલીડાની ગુફા શોધાઈ છે. આ બૌદ્ધ ગુફા ક્ષત્રપ અને ગુપ્તકાળના સંક્રાંતિ સમયે કોતરાયેલી હોય તેમ લાગે છે.

### તારંગા અને જોગીડાની ગુફાઓ

તળ ગુજરાતની ભૂમિમાં તારંગાની ટેકરી આવેલી છે, જ્યાં તારંગા રોડ સ્ટેશનેથી જવાય છે. આ ટેકરીઓની તળેટીમાં ઉત્તર દિશામાં તારણમાતાની નાની ગુફા છે. એ ગુફા–મંદિરમાં બુદ્ધમાતા તારા દેવીની મૂર્તિ છે. બીજી ...ઓની પેઠે આ મૂર્તિ આજ પણ પૂજાય છે. આ મૂર્તિ ...લોક કોતરાયેલો છે જે સામાન્ય રીતે બૌદ્ધ ...રાયેલો હોય છે. આ ગુફા–મંદિર પાંચમા ...નાય છે.

... જોગીડાની ગુફા કહે છે. ગુફામાં લાલ ... બાજુએ ચાર બૌદ્ધ મૂર્તિઓ કોત-

...દિર અજીતનાથથી ટીંબા ગામ ... ગુફાઓ બાંધેલી છે. ... બૌદ્ધોનું સ્થાન છે જે માત્ર ... સિદ્ધ કરી શકાય છે.

... વિહારો

... એ યુગમાં માત્ર પર્વ- ... પરંતુ ઇંટોના ચણ- ... સ્થાપત્યના ચૈત્યો, ...તની શિલ્પ શૈલી

... એવો ઇંટોનો ... આવેલો છે. ... વિસ્તારમાં ... ૮૪ ફૂટનો ... વિશાળ ... વિશેષ ... આજે ... છ ... ના

પાયા ખોદકામ કરતાં પ્રકાશમાં આવ્યા છે. આ વિહારમાંથી ક્ષત્રપ કાળની માટીની મુદ્રાઓ પણ પ્રાપ્ત થઇ છે. આ વિહારના ખંડેરો આજે પણ ગુજરાતના માનવ–હૃદયમાં રહેલી સમૂહ ભાવનાની પવિત્ર યાદ આપી જાય છે.

ઈ. સ.ના પહેલા સૈકાની શરૂઆતમાં બંધાયેલા મનાતા આ બૌદ્ધ વિહારની ઇંટોનું માપ ૧૮"×૧૨"નું છે. આ વિહારના નૈઋત્ય કોણમાં ૨૦'×૩૦'ની લંબ ચોરસ ફરસાળ આવી છે જે પ્રાર્થના ખંડ હોવાનો સંભવ છે. આ સિવાય પૂર્વ તરફના ભાગમાં ૧૦'×૧૦'ના અને ૨૬'×૧૦' ફૂટના સાત ખંડો જણાય છે. આવા ખંડો ઉત્તર–દક્ષિણ બાજુએ પણ મળી આવે છે. ખંડોને ફરતો ૫'–૧૦"નો વરંડો આવેલો છે. આ વિસ્તારની પૂર્વમાં ૪૦'×૪૦'ફૂટનો પ્રસાદ સાથેનો ખંડ જણાય છે, જેની દિવાલની પહોળાઈ જોતાં તે કોઠાર હોય તેમ લાગે છે.

આ રીતે ઈ. સ. પૂર્વે ત્રીજી સદીથી તે છેક ગુપ્ત... અંતભાગ એટલે કે ઇસુની પાંચમી સદી સુધીના ... વર્ષમાં ગુજરાત સૌરાષ્ટ્રમાં પર્વતો, ડુંગરો ઈ.માં કો... શિલાલેખો, ગુફાઓ, ચૈત્યગુફાઓ, સ્તંભો, તેમજ ... ઉભા કરેલા સ્તૂપો, વિહારો વગેરેએ બૌદ્ધકા... વડે ...સ્થાપત્યોના પ્રારંભ, સ્થિતિ અને વિકાસના વિવિધ ... દર્શન કરાવ્યાં છે. આ સ્થાપત્યોમાં બૌદ્ધીસત્વ, પદ્મપ...કારે અવલોકીતેશ્વર તથા વજ્રપાણીની મૂર્તિઓ, યક્ષ–યક્ષણિઓના વૃંદો, તેમના ભરાવદાર શરીર, ગાત્રોના વળાંકો, રેખાઓ, મસ્તક પરના પહેરવેશો, મુખારવિંદના ભાવો, અંગમરોડ અને વેશભૂષા ઈત્યાદિ જોતાં ગુજરાતના સ્થપતિઓએ ... શિલ્પશાસ્ત્રીઓએ શિલ્પકળામાં ઉત્તરોત્તર કેવો વિ... સાધ્યો છે. શિલ્પ સંસ્કૃતિમાં કેવાં ઉર્ધ્વગામી ઉડ્ડયન ... છે તે જોઈ જાણીને ગુજરાત નિઃશંક ગૌરવની લાગણી ... ભવતું રહ્યું છે.

અને ત્યાર બાદ સમ્રાટ હર્ષના સમયમાં અને વલભી... મૈત્રક રાજવિઓ અને રાણીઓએ દાનો આપી પો... અસંખ્ય સંઘારામો કે જેમાં છ સાત હજાર બૌદ્ધ ભિ... પડ્યા પાથર્યા રહેતા તેના અવશેષો તો હજુ લગણ ... પડ્યા છે. ઈ. સ.ની સાતમી સદીમાં ચિની યાત્રી હ્યુ–એન–સાંગે નિરખેલાં અને વર્ણવેલાં સેંકડો સંઘારામો એ યુગમાં બૌદ્ધ સંસ્કૃતિનો ગુજરાતના ઘડતરમાં કેવી અસર હશે, ગુજરાતના પ્રજા–જીવનના ઉત્કર્ષમાં કેવો ફાળો આપી રહ્યા હશે તેનો ખ્યાલ તો એ સંઘારામોના અવશેષો જ્યારે પ્રકટ કરવામાં આવશે ત્યારેજ વધુ આપી શકશે !

આજે તો માત્ર એટલું નિશ્ચિત છે કે કાળના ... તોએ, હૂણોના હલ્લાઓએ અને આરબોએ એ બૌ... શિલ્પ સ્થાપત્યો આપણને અવશેષો રૂપે જોવા સમય સર્જી દીધો છે.

ઇતિ ૐ સત્યં-શિવં સુંદરમ્



# ગુજરાતની પાષાણ ખનિજ-સંપત્તિ

—શ્રી પ્રભાશંકર સોમપુરા

ગુજરાતમાં પુષ્કળ પ્રમાણમાં-વેર વિખેર અવસ્થામાં-ઇમારતી પાષાણ ભૂમિમાંથી મળી આવે છે. સૌરાષ્ટ્રના કાંઠાના પ્રદેશમાં પૂર્વે તળાજાથી ફરતાં કાંઠે કાંઠે દ્વારકા સુધીમાં વિશેષ ભાગે લાઈમ સ્ટોન છે. અમુક ભાગમાં સારી-ઊંચી જાતનો લાઈમ સ્ટોન ચોરવાડ અને હાટીના માળીયા તરફ અને તેથી કંઇક ઉતરતો પોરબંદર-રાણાવાવમાં મળે છે. આ પોરબંદરી પત્થરો ઘડાઇમાં સારા છે. તેનાં મોટા મોટા ગચ્છાંને નિયત કદમાં કરવતીથી વહેરી મકાનના બાંધકામમાં તે વપરાય છે. પોરબંદરનો પત્થર પહેલાં મુંબઇ સુધી વહાણ દ્વારા જતો. આ ઉપરાંત પોરબંદરનાં બારીક પોગરનો પીળો પત્થર સારો નીકળે છે. તેમાં બારીક નકશીકામ બહુ સારૂં થાય છે.

સૌરાષ્ટ્રના વચલા ભાગમાં પણ જુદી જુદી જાતના પાષાણો મળી આવે છે. મધ્યભાગમાં કેટલેક સ્થળે દોઢથી બે ફૂટના "બેલા"ને નામે ઓળખાતો પત્થર મળે છે અને તે મકાનના ચણતરમાં વપરાય છે. ચોરવાડના બેલા કે પાટણના બારાની ખાણના બેલા ઉપર હવાની અસર નથી થતી. ૧૦ કે ૧૧ ઇંચની પહોળી જાડી દીવાલોવાળા ત્રણચાર માળના મકાનો, સમુદ્ર નજીક, વા ાઝોડાઓ સામે પણ સુરક્ષિત ઉભા છે, આ બેલાના પત્થરોનો ચુનો નથી થતો. જુનાગઢની ડુંગરપુરની બેલાની ખાણો સમૃદ્ધ છે. ગોંડલ રાજ્યના વિસ્તારમાં પણ બેલા વિપુલ પ્રમાણમાં મળે છે.

ચોરવાડથી માંગરોળના ભાગમાં "સેરીયાજ" નામે ઓળખાતો ઉમદા પત્થર મળી આવે છે. મુસ્લિમ રાજ્યકાળની શરૂઆત સુધી આ સેરીયાજ જ આ તરફ વપરાતા. એને સમુદ્રની હવાની અસર થતી નથી. આ પત્થર પર પાત્મ 'કાર્વિંગ' થઇ શકે છે. ચાલુકય કાળમાં બંધાયેલ ીયામનાથ મંદિર તે પાષાણનું છે. તેનાં ઘણાં અવશેષો પાટણ તરફ મળી આવે છે. આ ઉમદા પત્થરની ખાણો મુસ્લિમ રાજ્યકાળથી બંધ થઈ ગઈ. પ્રાચ્યા માગ ાગના ઉપર સુધીનો પચાસેક માઇલના દરીયા કિનારાનો પાંચ-છ માઈલનો પટ્ટો આ જાતના પત્થરોથી ભરપૂર છે. માંગરોળ પાસેના સેરીયાજ ગામના નામ પરથી આ જાતના પત્થરનું નામ સેરીયાજ પડયું જણાય છે. સૌરાષ્ટ્રના આ ઉત્તમ જાતના પત્થરો જ્યાંથી નીકળે છે તે જમીનનો કેટલોક ભાગ "શારદાગ્રામ" સંસ્થાને વાવેતર અર્થે સરકારે આપ્યો છે અને તેથી આ પત્થર ત્યાંથી કાઢવાનું કાર્ય લગભગ બંધ પડી જશે. આ જાતના પાષાણ અઢાર-વીશ ફૂટના લાંબા પત્થરો હોય છે-જે પૂરતી જાડાઈમાં હોય છે. પછી આવશ્યકતાનુસાર તેના કદ-માપ કરવામાં આવે છે.

ઝાલાવાડમાં થાન, મોરબી, ધ્રાંગધ્રા તરફ પણ 'સેન્ડ સ્ટોન' ની જાતના પત્થર-ઓછા વત્તા પ્રમાણમાં મજબૂતાઈવાળો-મળે છે. તે ઝીણા પોગરના જ મળે છે. તેને હવાની અસર લાગે છે પણ મોટા પોગરના પત્થરને તે અસર જલદીથી નથી લાગતી. છતાં આ પાષાણ સમુદ્રકિનારાના પ્રદેશના વપરાશ માટે યોગ્ય નથી. આ પાષાણોમાં સારૂં કાર્વિંગ-કોતરકામ-કરી શકાય છે. આ પત્થરોને 'ખારો' પત્થર કહે છે. ખારા પત્થરની ખાણો હીમતનગરમાં મોટા પ્રમાણમાં મળે છે. અને તે પત્થરનો પોગર સારો છે. હીંમતનગરની આ ખાણો અમદાવાદ શહેરની સ્થાપનાના સમયે મોટા પ્રમાણમાં ઉપયોગમાં લેવાયેલી. જો કે તે ખાણો ઘણી જૂની છે. ચાવડા રાજ્યકાળમાં અને વિશેષ તો ચાલુકય રાજ્યકાળમાં તે ખાણો અસ્તિત્વમાં આવી. રૂદ્રમહાલ મોઢેરાના પ્રસાદો અને અણહીલપુર પાટણના રાજ્ય પ્રસાદો તથા ધનાઢયોની હવેલીઓમાં તે પાષાણનો ઉપયોગ થયેલો. તેના અવશેષો વર્તમાન પાટણમાં લાવી લાવીને તેનો કોર, પગથિયા અને પ્લીંથમાં ઉપયોગ થાય છે. સહસ્રલિંગ સરોવરમાં પણ હીંમતનગર અને ધ્રાંગધ્રાનો પાષાણ વપરાયો હશે તેમ તે પત્થરના પોગર પરથી જણાય છે. ધ્રાંગધ્રા હળવદમાં આ પત્થર સિવાય ઘંટીયાની જાતનો પત્થર પણ મોટા પ્રમાણમાં મળે છે. તેની ઘંટીઓ અને મશીનના ચકો બની બહાર જાય છે.

સૌરાષ્ટ્રના પૂર્વ કીનારા તરફ દાદા-બાંભોર ગામનો પાષાણ ઈમારતી છે. તે ખાણોમાંના પત્થરથી શત્રુંજય પહાડ પરના પુષ્કળ મંદિરો બંધાય છે. જો કે તેને અંગ પડ છે. પરંતુ જોઇતા પ્રમાણમાં જાડાઇ-લંબાઈમાં તે મળે. આ પાષાણમાં લાઈમનો અંશ ઓછો છે. આ ખાણોના પત્થરો સને ૧૮૩૦માં વહાણ રસ્તે મુંબઈ જતા, સુરત પણ જતા. આ સમયમાં મુંબઈના એક મોટા કામ પર મારા પૂજ્ય પ્રપિતામહ સ્થપતિ તરીકે હતા. તેમના કાગળોમાં "જાબાર પત્થર તો વપરાય છે પણ હવે પોરબંદરના

પથ્થરો પણ વહાણુ રસ્તે આવવા માંડ્યા છે" તેમ લખે છે. પોરબંદરના પથ્થરની મોટી આયાતથી અને કેટલીક સુલભતાના કારણે બાંલોર પથ્થરનો વપરાશ ઓછો થયો.

કાળા પત્થર નામે ગ્રેનાઇટ સ્ટોન સૌરાષ્ટ્રના પાલિતાણા શિહોર, ખોડીયાર વગેરે સ્થળેથી મોટા પ્રમાણમાં મળે છે. આનાથી કંઈક નરમ જાતનો કાળો પત્થર રાજકોટ પાસે ખોરાણા આસપાસથી નીકળે છે. સૌથી વધુ સખત ગ્રેનાઈટ તો પાલિતાણા અને શિહોરના પહાડોમાંથી મળે છે. લગભગ તેવો જ કાળો બોટાદ પાસે પણ નીકળે છે. બરડાના પૂર્વ ભાગમાં પણ ગ્રેનાઈટ જાતના પત્થરો નીકળે છે. પણ તેનો ખાસ ઉપયોગ થયો જણાતો નથી. જુના વખતમાં મૂર્તિઓ કે લિંગ તરીકે તે વપરાયો હોય. અગિયારમા સૈકાના સોમનાથજીના વિશાળ મંદિરની ફરસ-લાદી કાળા પત્થરની હતી. પ્રભાસમાં કાળા પત્થરની મોટી છ-છ ફૂટની વિષ્ણુ કે દેવીની મૂર્તિઓ અને મોટા લિંગ (રાજલિંગ) તથા વિશાળ જળાધરીઓ પણ તે કાળા ગ્રેઇ પત્થર-ગ્રેનાઇટની બનાવેલ હાલ પણ જોઈ શકાય છે.

રાજુલાનો અંગવાળો કે એક રંગો પત્થર- સખત ભૂરા કે લીલા રંગનો- ઉંચી જાતનો છે જે ઈમારતી કામમાં સર્વોત્તમ મનાય છે. મુંબઇમાં મલાડ પત્થરને મળતો આ રાજુલો છે. તેના અંગવાળા પત્થરની લાદીઓ મજબૂત બને છે.

ઉપર કહેલો કાળો પત્થર ગુજરાતના ઉત્તર પ્રદેશમાં પાલનપુર તરફ અને દક્ષિણમાં ગણદેવી ભગવાડા તરફ તથા પૂર્વમાં ડાકોરથી ઉગમણી બાજુ સેવાલિયા અને સોનગઢ વિસ્તારમાં મળે છે. તે ઘણો સખ્ત હોવાતી ઘડાઇના ઇમારતી કામમાં ઓછો વપરાય છે. પરંતુ તે રોડ-કાંકરી અને આર. સી. સી.ના કામમાં હવે વિશેષ વપરાવા લાગ્યો છે. કાળો પત્થર ઘડવામાં સખ્ત હોવાથી તેના રોળા=રબલ સ્ટોનનું ચણતર સારા કારીગરોના હાથે મજબૂત બને છે.

જુના ગોંડલ રાજ્યમાં પાનેલી વગેરે ભાગમાં પણ ઈમારતી સારા પત્થર- મોટા નંગ મળે છે. ભાણવડ તરફ પણ ચારથી પાંચ ફૂટ લાંબા નંગો મળે છે. જુનાગઢ તરફ ચણતરી ખાણનો પત્થર, બેલાનો ઇમારતી કામમાં ખાસ કરીને વપરાય છે.

ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છમાં હજુ લાઈમસ્ટોન બહુ મળેલો ઓછા પ્રમાણમાં જોવા મળે છે. લાઈમસ્ટોન, સેન્ડસ્ટોન અને ગ્રેનાઇટસ્ટોન સિવાય આરસ (માબલ)ની જાતના પાષાણો સૌરાષ્ટ્રમાં જૂના ભાવનગર રાજયમાં કુંડલા મહાલમાં, ગુજરાતમાં ઉત્તરે પાલનપુર જીલ્લામાં અને કચ્છમાં સફેદ, કાળો અને પીળો માર્બલ પણ મળે છે. ગુજરાતના પૂર્વ ભાગમાં છોટા ઉદેપુરમાં પણ સફેદ માર્બલ મળે છે. તે ઉપરાંત સોનગઢ-વિયારા તરફ મોતીપરાનો લીલો માર્બલ-સફેદ છાંટોવાળો કીમતી પાષાણ મળે છે. આ જાત ઇટાલીમાં ઘણી જ કીંમતી ગણાય છે પરંતુ આપણે ત્યાં હજુ સરકારે આ ઉદ્યોગના વિકાસાર્થે કંઇ કર્યું નથી.

આવા કીંમતી પત્થરોની પ્રાપ્તિ અંગે અન્ય ભાગોમાં સંશોધનની જરૂર છે અને તેને ટેકો આપવા સરકારે ઉત્તેજન આપવું જરૂરી છે.

સૌરાષ્ટ્રમાં કેશોદથી પશ્ચિમે સુલતાનપુર અને માંગરોળ આસપાસ અને સીલ જતાં તે ભાગમાં તેમ જ ઉના તરફ અને ભાવનગર જીલ્લાના તળાજા પાસે ઝાંઝમેરનાં તથા કચ્છમાં પીળો આરસ-સારો પોલીશ થાય તેવો-મળે છે આ ઉપરાંત દ્વારકા જતાં ખાડીના કાંઠે પીંડારા પાસે પીળો માર્બલ મળે છે. તે જો કે સહેજ નરમ છે, તેના ત્રણ-ચાર ફૂટ લાંબા નંગ મળે છે. અને તેને સાધારણ પોલીશ થાય છે. તે પત્થર જામનગરનાં મહારાણીસહેબાએ આયુર્વેદ કોલેજમાં વપરાવેલ છે પીળા માબલના મંદિરોના અવશેષો અને, હાલમાં, પૂજાની મૂર્તિઓ પણ સોરઠ જીલ્લામાં ઘણી જોવામાં આવે છે. સુલતાનપુરનો પીળો માર્બલ આઠસોએક વર્ષો પહેલાં વપરાયાના દાખલા પ્રભાસ પાટણમાં મળે છે. માંગરોળમાં પણ તે ખૂબ વપરાયેલો છે. વાઘેલા વંશના અંત સમયે અલાઉદ્દીનના સરદાર અલફખાને સોમનાથજીનો બીજો ધ્વંસ સં. ૧૩૫૨માં કર્યો પછી તે મંદિરની ફરસ આખી સુલતાનપુરના પીળા માર્બલની હતી.

ગુજરાતની ઉત્તરે આરાસણની (અંબાજી-કુંભારિયાની) ખાણો સફેદ માર્બલની-ઘણી છે. આ સુપ્રસિદ્ધ આરસથી આબુ ઉપરના મંદિરોની રચના થયેલી છે. કુંભારિયાના જૈન મંદિરો પણ આજ આરસની ખાણોના છે.

આરસને ઉત્તર ભારતમાં 'સંગે મરમર' કહે છે. આપણે ત્યાં અંબાજી પાસેની પ્રાચીન આરાસણ નગરી પાસે આ પાષાણ મળતો હોવાથી તેને આરાસણ પરથી 'આરસ' નામે ઓળખે છે. નાના રાજ્યોના કબજામાં આ પ્રદેશો હોવાના કારણે છેલ્લાં ત્રણસોએક વર્ષથી તેનો વિકાસ થઇ શકયો નહીં જયારે જોધપુર રાજયના મકરાણાના આરસને દીલ્હીના મોગલ બાદશાહોના સમયમાં વધુ ઉત્તેજન મળ્યું.

પરદેશથી આવતા માર્બલનાં આયાત હાર્ડ-એકસચેંજના કારણે ઘણીજ ઓછી થઈ ગઇ છે. તેથી દેશના આ ઉદ્યોગને વિકસવા હવે પૂરતી તક છે. જાણીતા નિષ્ણાતો અને સરકારી સહાયથી આ ઉદ્યોગ ખીલવવા જેવો છે.

જીપશીય, ચિરોડી અને ચિરોડો આ જાતના પત્થરો નહીં પરંતુ 'મટીરીયલ' સૌરાષ્ટ્રમાં સારા પ્રમાણમાં મળે છે. તેનો ઉપયોગ સીમેન્ટના કારખાનામાં-ઘરના પ્લાસ્ટરમાં મુખ્યત્વે થાય છે. ચિરોડો એ પાસાદાર નાના નાના મોટી સાકર જેવા પારદર્શક ટુકડા નીકળે છે. અને તે ચિરોડો જો અપરિપકવ સ્થિતિમાંજ જમીનમાંથી કાઢી લેવામાં આવે તો તેને ચિરોડી કહે છે. ચિરોડી નરમ હોય છે તેને પડ હોય છે. ગોહિલવાડનો આખો કાંઠો-ઠેઠ જાફરાબાદ સુધીનો લાઈમસ્ટોનથી ભરચક હોવાને કારણે સીમેન્ટ ઉદ્યોગ કે ટાટા કેમીકલ જેવા ઉદ્યોગને સ્થાન છે. આ તરફના સીમેન્ટ ઉદ્યોગના અનુકૂળ ક્ષેત્રની ખાત્રી શ્રી ત્ર્યંબકલાલ એ.

સોમપુરા ( પાલિતાણા ) એ ખૂબ શ્રમ લઈને કરેલી અને તેના ટેસ્ટ જર્મની–અમેરિકા કરાવી સીમેન્ટ–પ્લાન્ટની આખી સ્કીમ પરદેશી મશીનરી કું. અને અમેરિકન એવીસ ચેમ્બરના મોટા કારખાનાઓ દ્વારા તૈયાર કરેલી. તે નાણાં-કીય સહાયના અભાવે અને બ્રિટીશ અમલની અગવડના કારણે પડી રહેલી. હવે સ્વાતંત્ર્ય પ્રાપ્તિ પછી જો સરકાર ખાસ સગવડો આપે તો આવા ઉદ્યોગો શરૂ થઈ શકે.

સૌરાષ્ટ્રના કિનારે કિનારે દ્વારકાથી પોરબંદર, માંગરોળ, ચોરવાડ, વેરાવળ, કોડીનાર, ઉના, જાફરાબાદ, મહુવા, દાઠા, (બાંભોર કાટકડા) અને તળાજા સુધીના સમુદ્ર કિનારે લાઇમ સ્ટોનની જુદીજુદી જાતો મળી આવે છે. દ્વારકાના પ્રાચીન મંદિરમાં પોરબંદરીથી જરા કઠણ જાતનો પાષાણ વપરાયો છે તે ઓછામાં ઓછો ચારસો–પાંચસો વર્ષ પહેલાનો છે. દ્વારકાનો આ પત્થર પોગરમાં જીર્ણ શંખલાઓનો સમુહનો બંધાયો હોય તેમ લાગે છે. દ્વારકા પાસે મૂળ વાસરમાંથી મળેલો પાળિયો ઈ સ. ૩૧૦નો ગુજરાતનો જૂનામાં જૂનો પાળિયો આ જાતના પાષાણનો છે જે દટાયેલી હાલતમાં સચવાઇ રહ્યો હતો.

સામાન્ય રીતે નિર્જીવ મનાતા આ પાષાણો એકેન્દ્રિય જીવ છે. જ્યાં સુધી તે ભૂગર્ભમાં હોય છે ત્યાં સુધી તેનામાં વૃદ્ધિ શક્તિ રહેલી હોય છે. પાષાણની ભિન્ન ભિન્ન જાતોની શોધ અર્થે ગામડાની સીમોમાં રખડી પ્રયત્ન કરતા લોકોને પ્રોત્સાહન મળે એ જરૂરનું છે. પોરબંદર અને તેની આસપાસની ખીણો જે આજકાલ ઉદ્યોગપતિઓને અપાઇ રહી છે તેને સરકાર પોતે જ રાખે, રક્ષે અને ઉપયોગી બનાવે એ જરૂરનું છે. આમ કરવાથી ભારે ઉદ્યોગોની અગત્યતાને ય આંચ નહીં આવે અને કામ કરનારાઓની રોજી પણ ટકી રહેશે. જો આમ બને તો ઈમારતી પાષાણની ખાણોના એરીયા રીઝર્વ રાખીને ખાણના વેપારીઓના સહકારથી ફેક્ટરીની ખાણોના એરીયા થોડોક નક્કી કરી આપવો જેથી તે બંનેનો હેતુ સચવાશે.



# ગુજરાતના
## ચિંતકો, સારસ્વતો, વિવેચકો અને પત્રકારો

—શ્રી સિ. જિગર વાંકાનેરી

બહુરત્ના ગુજરાતની ભૂમિ પર જે ચિંતકો, વિવેચકો અને સારસ્વતોએ તેમની વિશિષ્ટ છાપ પાડી છે અને ગુજરાતને જે આગવું સ્થાન અપાવ્યું છે તેમાંના કેટલાકનો આછેરો પરિચય અહીં આપીએ છીએ. અહીં જેમના ઉલ્લેખ કરાયા છે તે સિવાયના નામી–અનામી ચિંતકો, સારસ્વતો અને પત્રકારોને પણ અમે વંદન કરીએ છીએ.

**શ્રી જયકૃષ્ણ ઈન્દ્રજી**

"શ્રી જયકૃષ્ણ ઈન્દ્રજી એ ગુજરાતનું ભૂષણ છે. ગુજરાતમાં પોતાના વિષયમાં તન્મય થયેલી થોડી જ વ્યક્તિઓ છે, તેવી પ્રધાન વ્યક્તિઓમાં શ્રી જયકૃષ્ણ ઈન્દ્રજી શોભે છે."— ગાંધીજી.

પોરબંદર રાજ્યના જંગલ અધિકારી તરીકે પંદર વર્ષ સુધી બરડાના ડુંગરોમાં નિવાસ કરીને આ વનસ્પતિશાસ્ત્રીએ ત્યાંના ઝાડ–પાન, પશુ–પક્ષી સકળ સૃષ્ટિ સાથે તાદાત્મ્ય સાધ્યું. પચાસ વર્ષની જીવન–સાધનાના ફળરૂપે તેમણે ૯૫ પ્રકારની ૬૧૧ વનસ્પતિઓને લગતું એક અજોડ પુસ્તક તૈયાર કર્યું– "વનસ્પતિ શાસ્ત્ર." આ ચિરંજીવ ગ્રંથ ગુજરાતી ભાષામાં તો અજોડ છે જ. ભારતની અન્ય ભાષાઓમાં આવો ગ્રંથ સુલભ નથી. તેમની આવી અભ્યાસ–નિષ્ઠાથી પ્રભાવિત બની પંડિત મદનમોહન માલવિયાજીએ તેમને બનારસ વિશ્વ વિદ્યાલયમાં વનસ્પતિ શાસ્ત્રનાં અધ્યાપક પદ માટે આમંત્રણ આપેલું પણ વૃદ્ધાવસ્થાને કારણે તેઓ ત્યાં જઈ ન શકયા.

આ વનસ્પતિપ્રેમીનો મહાન આત્મા ૮૨ વર્ષની ઉંમરે આ લોક છોડી પરલોકે સિધાવ્યો.

**શ્રી રેવાશંકર શાસ્ત્રી**

ભારતમાં આંગળીને વેઢે ગણાવી શકાય તેવા સામવેદ જ્ઞાતાઓમાં સામવેદ માર્તંડ શાસ્ત્રીજીનું સ્થાન મોખરે છે. સામવેદની ઉપાસના, તેનું તલસ્પર્શી અધ્યયન અને ઉચ્ચારણ શુદ્ધતા ખૂબ કઠિન ગણાય છે. શુદ્ધ બ્રાહ્મણત્વથી શોભતા ૭૬ વર્ષના શાસ્ત્રીજી જ્યારે મંત્રોનું ઉચ્ચારણ કરતા હોય છે ત્યારે વાતાવરણ પણ પવિત્ર બને છે. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ અને રાષ્ટ્રપતિશ્રીએ પણ તેમના અગાધ જ્ઞાનની કદર કરી છે. શ્રીમદ્ જગદ્ગુરુ શંકરાચાર્યએ પણ તેમને વિદ્યાલંકારની પદવીથી વિભુષિત કર્યા છે. આકાશવાણીએ શાસ્ત્રીજીના સામગાનનું રેકોર્ડીંગ કર્યું છે અને આ મહાવિદ્વાનની વાણીને સાચવી છે.

**શ્રી રણછોડજી અમરજી**

દીવાન રણછોડજી ગુજરાતી, ફારસી અને વ્રજના પરમ વિદ્વાન હતા. વ્રજભાષામાં તેમનો લખેલો "શિવ રહસ્ય" નામનો ગ્રંથ પ્રમાણભૂત સાહિત્યકૃતિ મનાય છે. ફારસીમાં લખેલ "તવારીખ–એ–સોરઠ" ઇતિહાસનો આધારભૂત ગ્રંથ તેમનું ઉત્તમોત્તમ પ્રદાન છે. અમર તવારીખકાર તરીકે રણછોડજી ચિરકાળ અમર રહેશે.

**પ્રજ્ઞાચક્ષુ પંડિત ગટ્ટુલાલ**

શીઘ્રકવિનું બિરૂદ પામનાર પ્રજ્ઞાચક્ષુ પંડિતજીએ જોધપુરના મહારાણા સમક્ષ, પંડિતોની સભામાં "कंसवध" કાવ્ય રચી પ્રથમ પંક્તિના શીઘ્ર કવિનું સ્થાન મેળવ્યું. સંસ્કૃત અને વ્રજ ઉપરાંત ગુજરાતીમાં પણ તેમના કાવ્યો "સુભાષિત લહરી" નામથી પ્રસિદ્ધ થયા છે. તેમના જ્ઞાન અને પંડિત્યથી મુગ્ધ થઈને તેમને "ભારત માર્તંડ"ની પદવી આપવામાં આવેલી.

**શ્રી મણીશંકર જ. કીકાણી**

જે વખતે સુરતમાં ત્રણ દહાની સુધારક પ્રવૃત્તિ આકાર લેતી હતી તે જ અરસામાં મણિશંકરે જુનાગઢમાં સુપંથ-પ્રવર્તક મંડળી કાઢી. "દેશસુધારા" પરના તેમનાં પ્રવચનોથી અંજાઈને નર્મદ, નવલરામ, ભોળાનાથ સારાભાઈ વ. એ તેમને "સૌરાષ્ટ્રના સુધારક" તરીકે ઓળખ્યા. સૌરાષ્ટ્ર દર્પણ માસિક પ્રગટ કરવામાં તેમજ સ્વ. કાંટાવાળાના "વિજ્ઞાન વિલાસ"ના સંચાલનમાં તેમનો અગત્યનો ફાળો હતા. "માનવીની ભાષા" નામના લાંબા નિબંધે તત્કાલીન સાહિત્યક્ષેત્રમાં મણિશંકરને "પ્રમાણભૂત ભાષાવિદ્" ની ખ્યાતી અપાવી હતી. સોરઠી ધરાના એ સાચા સપૂતની કર્તવ્યદીક્ષા ઉલ્લેખનીય રહેશે.

**ડૉ. ભગવાનલાલ ઇન્દ્રજી**

સ્વસૂઝ અને જ્ઞાનપ્રતિભા વડે અશોક–શિલાલેખની લિપિ ઉકેલનાર, પ્રખર સંશોધક, પુરાતત્વવિદ આ પ્રશ્નોરા નાગર યુવકનો જન્મ જૂનાગઢમાં ૭–૧૧–૧૮૩૯ માં થયેલો. તેમણે ૧૮૬૧માં અજંતાની ગુફાઓના શિલ્પલેખોની પુરોગામી અંગ્રેજો કરતાં વધુ સાચી–શુદ્ધ, પ્રમાણિત વાચનાઓ તૈયાર કરી. સમગ્ર ભારતનો પોતાના સંશોધનકાર્ય માટે તેમણે ભારે પરિશ્રમથી પ્રવાસ કર્યો. છેક નેપાળ સુધી તેમણે કરેલ આ જ્ઞાનયાત્રાનું પાથેય અમૂલ્ય અને અપ્રતિમ છે.

ડૉ. બર્જેસ, પીટરસન, કૉડિંગ્ટન જેવા પુરાત્વવિદો તેમને પ્રમાણભૂત ગણતા,

મુંબઈની રૉયલ એશિયાટીક સોસાયટીએ તેમને માનાર્હ સભ્ય બનાવી બહુમાન કરેલું. ૧૮૮૨માં મુંબઈ યુનિવર્સિટીએ ફૅલો તરીકે, ૧૮૮૩માં હેગની રૉયલ ઇન્સ્ટિટયુટે "ફૉરીન મેમ્બર" રૂપે અને ૧૮૮૪માં લંડન યુનિવર્સિટીએ તેમને "ડૉકટર ઑફ લિટરેચર"ની પદવીઓ આપી સન્માન્યા હતા. આ અપ્રતિમ વિદ્વાનની શતાબ્દી ૧૯૩૯માં ગુજરાતે ભારે ઉત્સાહ અને ગૌરવથી ઊજવી.

### શ્રી વલ્લભજી હ. આચાર્ય

ડૉ. ભગવાનલાલ ઈન્દ્રજી સાથે શિલાલેખોની નકલના કામમાં જોડાયેલા આ વિદ્વાને ૧૯૧૯માં પાટણના પુરાતન શિલાલેખોની લિપિ સારી રીતે ઊકેલી અને એજ વર્ષે વૈદકીય "નિઘંટુકોશ" પણ તૈયાર કર્યો. પુરાતત્ત્વપ્રેમ ધરાવતા સ્વ. આચાર્યની પ્રાચીન યુગની ઓળખની સાક્ષી, તેમણે પોતાની અપ્રતિમ મેધા દ્વારા વૉટસન મ્યુઝિયમમાં એકત્ર કરેલાં શિલ્પો અને શિલાલેખો પૂરે છે. આ ઉપરાંત તેમણે "પ્રબોધ ચંદ્રોદય"–સંસ્કૃત નાટકનો અનુવાદ, રામાયણનો સમશ્લોકી અનુવાદ વ. આશરે ૨૦ જેટલાં પુસ્તકો પણ લખ્યાં છે.

### શ્રીમન્નથુરામ શર્માજી

ગુજરાતી પ્રજાના સંસ્કાર ઘડતરમાં જે જે મહાન વ્યકિતઓનો ફાળો છે તેમાં શ્રીમન્ નથુરામજીનું નામ પણ અગ્રિમ છે. સામાન્ય કોટિના અભ્યાસમાંથી પ્રકાંડ વિદ્યાવરેણ્ય પુરુષ, પ્રાચીન વૈદિક સંસ્કૃતિ અને ઉપનિષદકાલીન ગુરૂ પરંપરાના દ્યોતક, સનાતન ધર્મને સાચા અર્થમાં લોકભોગ્ય બનાવનાર આચાર્ય શર્માજીનો જન્મ વિ. સં. ૧૯૧૪માં લીંબડી સંસ્થાનનાં મોજીદડ ગામમાં થયેલો.

સ્વાભાવિક ધર્મ, મનુષ્ય મિત્ર, પરમપદબોધિની અને યોગ કૌસ્તુભ પુસ્તકો ઉપરાંત સનાતન ધર્મના સાચા રહસ્યનો ઉપદેશ પણ શરૂ કર્યો. ધર્મના પ્રચારાર્થે તેમણે સ્થાપેલ પાંચ આનંદાશ્રમો સૌરાષ્ટ્રમાં અને કરાંચી ખાતે હતા.

### શ્રી મદનજિત મ. વોરા

'બર્માના ગાંધી' બિરૂદધારી મદનજિતે જાતનીય પરવા કર્યા સિવાય દિવસ–રાત લોકોની સેવા કરી તેનો ઉલ્લેખ ગાંધીજીએ 'આત્મકથા'માં પણ કર્યો છે.

૧૯૦૫માં સ્વદેશ આવી બંગભંગની લડતમાં ઝૂકાવ્યું. ૧૯૦૬માં રંગૂન ગયા અને "યુનાઈટેડ બર્મા' પાક્ષિક શરૂ કર્યું. રાજકીય પ્રવૃત્તિઓ અને સ્વાધીનતા સંગ્રામ સાથે સતત જોડાયેલા રહેવાના કારણે તેઓ કલકત્તા, નાગપુર વ. સ્થળે એ ફરતા જ રહેતા. સ્વાધીનતા સંગ્રામના દિવસોમાં જ જેલવાસ ભોગવતા આ સેવાપરાયણ ક્રાન્તદ્રષ્ટાનું અવસાન થયું.

### શ્રી અમૃતલાલ સુ. પઢિયાર

કવિવર ન્હાનાલાલે "સૌરાષ્ટ્રનો સાધુ" અંજલિકાવ્યમાં જેને "ન્હાનકડા ગુજરાતના ન્હાનકડા બુદ્ધ" કહી સંબોધ્યા છે તે અમૃતલાલ સુંદરજી પઢિયારની જન્મશતાબ્દી પણ ગાંધી શતાબ્દીના આ વર્ષમાં જ ઉજવાઈ રહી છે. સ્વર્ગની કૂંચી, સ્વર્ગની કેડી, સ્વર્ગનું વિમાન ઈ. સ્વર્ગસોપાન શ્રેણીના સર્જક તરીકે એમણે ગુજરાતી સાહિત્ય સમાજમાં આધ્યાત્મિક ચિંતન અને દર્શનનો અમર સંભાર સરળતાથી અને સહજતાથી લોકભોગ્ય બનાવ્યો. કદાચ, સ્વામીનારાયણ સંપ્રદાયના કુલવસિષ્ઠ સહજાનંદ સ્વામી પછી સામાન્ય લોકસમુદાયના માટે આટલી સરલ, પ્રાસાદિક શૈલીમાં ઉચ્ચ સાહિત્ય અને તત્વજ્ઞાન પીરસનાર તેઓ એક માત્ર હતા. એક સાચા કર્મયોગીની નિષ્ઠાથી તેમણે સમાજસેવાનો યજ્ઞ આરંભ્યો. વૈદક સારવાર, વાચનાલયોની સ્થાપના, પ્રાથમિક શિક્ષણની સુવિધાઓ અને ઉચ્ચ શિક્ષણનો પ્રસાર, વ્યાયામશાળાઓ, રાત્રી શાળાઓ, સ્ત્રી શિક્ષણ–સંસ્થાઓ વ. નો તેમણે પ્રારંભ કર્યો. આજીવન સેવાવ્રતની દીક્ષા ધારનાર પઢિયારજી માત્ર સોરઠના નહીં, સમગ્ર ગુજરાતના ગૌરવમણિ હતા.

### શ્રી મોતીલાલ રવિશંકર ઘોડા

ચારે વેદોનું એક જ ભાષામાં ભાષાંતર એક જ પંડિત પુરુષે કર્યું હોય અને તે પ્રગટ પણ તેના જીવનકાળ દરમિયાન જ થયું હોય તો આ પ્રાજ્ઞ પુરુષના ફાળે એ ગૌરવસિદ્ધિ આવે છે. વેદજ્ઞાતા અને પ્રાચીન આધ્યાત્મિક વારસાના સામાન્ય જન માટેના એક માત્ર સરળ ભાષાંતરકર્તા તરીકે સ્વ. ઘોડાની કારકિર્દી યશોજ્જવલ રહેશે.

### શ્રી જયસુખરાય પુ. જોષીપુરા

વાઙ્મય, ધર્મ અને સંસ્કૃતિના ઊંડા અને પ્રખર અભ્યાસી શ્રી જોષીપુરાએ "સાક્ષરમાળા" જેવું સુંદર સંદર્ભગ્રંથરૂપ પુસ્તક પ્રગટ કરેલું. ઉન્નતિવિચાર અને સ્વ. રામજી સાહેબનું બે ખંડોમાં લખેલ જીવન ચરિત્ર તેમના ઊંડા અભ્યાસના દ્યોતક છે. શ્રી સયાજી સાહિત્યમાળા, બાલ સાહિત્યમાળાની યોજનાઓ સાકાર કરવામાં તેમનો ફાળો મહત્ત્વનો હતો. "સયાજી વૈજ્ઞાનિક શબ્દ સંગ્રહ" જેવો મહત્ત્વનો કોશ તૈયાર કરવામાં પણ તેમણે ભારે જહેમત ઉઠાવેલી.

**શ્રી ગિરિજાશંકર વ. આચાર્ય :** – પાલીભાષાના વિદ્વાન પુરાતત્ત્વપ્રેમી શ્રી આચાર્યએ "ગુજરાતના ઐતિહાસિક લેખો" ભા. ૧, ૨ નામે અભ્યાસપૂર્ણ ગ્રંથ આપણને આપ્યો છે. મોહન–જો–ડેરોના સંશોધક સ્વ. રાખાલદાસ બેનરજીની તેમની પર ઘેરી અસર હતી. તેમની સાથે આચાર્યજીએ થોડો વખત કામ પણ કરેલું. તેમનાં ઐતિહાસિક લેખો અને વૉટસન મ્યુઝિયમની સજાવટ–રખાવટ તેમના ચિરંજીવ સંભારણારૂપે ગુજરાતમાં અમર રહેશે.

બૅરિસ્ટર **શ્રી નૃસિંહદાસ વિભાકર** :— ગુજરાતી નાટ્ય સાહિત્યના અને રંગભૂમિના ઇતિહાસમાં પોતાનું નામ આંકી જનારા મહાનુભાવોમાં નૃસિંહ વિભાકરનું નામ પ્રથમ પંકિતએ આવે છે. નાટક અને રંગભૂમિનો ઉત્કર્ષ બિન

કેળવાયેલા ઉપર છોડવાને બદલે સાહિત્યકારોએ આ જવાબદારી ઉઠાવવી જોઈએ એવી તેમની દૃઢ માન્યતા હતી. આ અંગે એમણે પોતે જ નાટકો લખી, ભજવવાની શરૂઆત કરી. 'સિદ્ધાર્થબુદ્ધ', 'સ્નેહસરિતા', 'સુધાચંદ્ર' 'મધુબંસરી' અને 'મેઘમાલિની' દ્વારા રંગભૂમિને અવનવા વિષયોની તેમણે લહાણ કરી. આ તમામ નાટકો એક નવી હવા, ચેતના ને ઉજ્જવળતાથી ભરેલાં હતા. "રંગભૂમિ" નામે એક ત્રૈમાસિક પણ તેમણે શરૂ કરેલું. "નાયગ્રાના ધોધ જેવી વેગવંતી વાણી, તેજસ્વી શૈલી, રાષ્ટ્રભાવના અને રંગભૂમિના ઉત્કર્ષની ઉત્કટ ઝંખના તેમનામાં ઠાંસોઠાંસ ભર્યા હતાં."

### સ્વ. ગોકળદાસ રાયચુરા

શ્રી ગોકળદાસ રાયચુરા સ્વ. મેઘાણીભાઈની માફક જ લોકસાહિત્યના અનન્ય ઉપાસક ચાહક. અને સંપાદક હતા. સેંકડો દુહાઓ તેમને કંઠસ્થ હતા. સન ૧૯૨૪થી શરૂ કરેલ "શારદા" માસિક દ્વારા તેમણે લગભગ ત્રીશ વર્ષ સુધી ગુજરાતી ભાષા-સાહિત્યની અનુપમ સેવા કરી. "દાલચીવડાની વાતો" દ્વારા નિર્દોષ વ્યંગ કથાઓ, "રસીલી વાતો" અને "રસાળ ગીતો" દ્વારા લોકસાહિત્યની અમર વાનગીઓ તેમણે ગ્રંથસ્થ કરી.

### કવિ મણિલાલ નાણાવટી

છ દશકા પૂર્વે વિવિધ વૃત્તો અને નવા આયાત થયેલા ફારસી કાવ્યપ્રકાર ગઝલ-કવ્વાલીમાં પોતાની કાવ્ય રચના કરનાર મણિલાલે ૧૯૧૮માં પ્રકટ કરેલા કાવ્યસંગ્રહ "મણિ કાવ્યવિનોદ"માં આધ્યાત્મિક ભાવની અને વ્યવહારિક દર્શનની કવિતા જોડાજોડ પ્રસ્તુત કરી છે. નરસિંહરાવની જ લાગે તેવી તેમની આ પંક્તિઓ જુઓ—

"અરે મેં તો જાણ્યું, સફર ભવની નિર્ભય હશે.
ફરી પસ્તાણો છું, અનુભવ થયો આ ભવ વિષે.
નથી મ્હારે પાછી, સફર કડવી એ જ કરવી
ભવાબ્ધિમાં મ્હારે, નથી હરિ ફરી સ્હેલ કરવી."

### શ્રી જન્મશંકર મ. બુચ 'લલિત'

સરળ શબ્દો, નિર્વ્યાજ શૈલી, હૃદયંગમ પ્રાસાદિકતા અને મધુર પદાવલીથી શોભતા, ભક્તિરસ, શ્રદ્ધાથી નીતરતા કાવ્યોના કવિ "લલિત" ગુજરાતી સાહિત્યમાં એક આગવી પ્રતિભા હતા. "લલિતનાં કાવ્યો", "વડોદરાને વડલે", "લલિતનાં બીજા કાવ્યો", "લલિતના લલકાર" તેમનાં કાવ્યસંગ્રહો છે. શ્રી સુંદરમ્ કહે છે તેમ "તેમના કાવ્યોમાં વિરહણી બંસરીનો વિલાપ પ્રગટ થાય છે." કવિવર ન્હાનાલાલ નોંધે છે એ પ્રમાણે- "લલિતના કાવ્ય છોડ ઉપર આસપાસના તરૂવરોની છાયાઓ પડેલી છે, છતાં તે છોડના ફૂલડાંઓના રંગ અને સુગંધ તો પોતાનાં જ."

### ભક્ત કવિ શ્રી દુલાભાઇ કાગ

ચારણ બીજલના વંશમાં સંવત ૧૯૫૮ના કારતક વદ ૧૧ને શનિવારે મધરાતે જન્મ. તેર વર્ષની ઉંમરે પિતાએ તેમને સાધુ મુક્તાનંદજીને સોંપ્યા. યાદશક્તિ અતિ તેજસ્વી અને કંઠમાં સ્વ. મેઘાણીભાઈ લખે છે તેવો ઘુમટના ઘંટનો રણકાર. ભક્તિરસથી ભીંજાયેલું હૃદય, અનુભવમાંની ઉતરતી વાણી, શાસ્ત્રોનો અભ્યાસ, ધરતીના ખોળાનો જ ઉછેર અને પડેલ પ્રજાનાં દુઃખોથી કરૂણા નીતરતો આત્મા એમની કવિતાનાં પ્રેરક બળ બની રહ્યા. એમની કવિતામાં સાર્વજનિક સંવેદન છે. લોક પ્રાણનાં ધબકાર ઝીલાયેલા છે. એમની વાણીમાં વંશીકરણ છે. છંદ-ગાન ઉપર એમનું અજબ પ્રભુત્વ છે. મેઘાણી તો મિત્ર હતા પણ કવિવર ટાગોરે પણ તેમની કવિતાથી પ્રસન્ન થઈ બહુમાન કરેલું. પદ્મશ્રી દુલાભાઈ માત્ર ગુજરાતની જ નહીં ભારતવર્ષની મહામૂલી મૂડી છે.

### શ્રી શંકરદાનજી

લીંબડીના વસવડી ગામે સંવત ૧૯૪૮ના અષાઢ સુદી બીજના રોજ એમનો જન્મ. લીંબડી ઠાકોર સાહેબે તેમને રાજકવિ બનાવ્યા ત્યારે તેમની ઉંમર માત્ર ૨૫ વર્ષની, એમના નિર્ભય અને વેધક વ્યક્તિત્વનો સંસ્કાર એમની કવિતામાં પણ ઉતર્યો. એમની કવિતા વિચારપ્રેરક અને પ્રૌઢ છે. સુકાવ્ય સંજિવની, કીર્તિ- વાટિકા, કાવ્ય ઉપહાર અને પ્રભાનાથ વગેરે સંગ્રહો તેમણે સર્જ્યા છે.

### શ્રી મેરૂભા ગઢવી

સોરઠના ઘેડ વિસ્તારનું છત્રાવા ગામ એમની જનમભોમકા. સંવત ૧૯૬૨ના ફાગણ સુદ ૧૪ના રોજ એમનો જન્મ. મેરૂભા પાસે ચારણી સાહિત્યનો નિજનો વારસો હતો. મહારાજા સયાજીરાવે તેમને સાંભળ્યા ને મુગ્ધ બની વડોદરા લક્ષ્મી વિલાસ પેલેસમાં એમણે સુવર્ણચંદ્રક એનાયત કર્યો. મેઘાણીભાઈનાં ગીતો મેરૂભાને કંઠે ચડીને ખૂબ ઓપ્યાં. "કસુંબીનો રંગ" સ્વ. મેઘાણીભાઈને કંઠે નથી ઓપ્યું એવું શ્રી મેરૂભાને કંઠે ઓપે છે. લોકઢાળોનો ભાવ, એની ખૂબીઓ, એનું જોમ અને એના સાર્વજનિક સંવેદનનું સ્વરૂપ આજે જો ક્યાંય યથાતથ જળવાઈ રહ્યું હોય તો તે શ્રી મેરૂભાના કંઠમાં. શ્રી મેરૂભા બે વખત આફ્રિકાનો લોકસાહિત્યનો સંસ્કાર પ્રવાસ ખેડી આવ્યા છે.

### શ્રી માવદાનજી રત્નુ

સ્વામીનારાયણ સંપ્રદાયના ચુસ્ત અનુયાયી શ્રી માવદાનજી પર શ્રી બ્રહ્માનંદ સ્વામીની ખૂબ અસર. એમના પ્રત્યેના ભક્તિ--આદર છેવટ કવિશ્રીએ 'બ્રહ્મસંહિતા' લખીને અભિવ્યક્ત કર્યા. "યદુવંશ પ્રકાશ" અને જામનગરનો ઇતિહાસ એ બે કૃતિઓનું બહુ ઊંચું મૂલ્ય છે. તે ઉપરાંત સતી ગીતા, જૂનાગઢના જોગી, સ્વામીનારાયણના સમકાલીન તથા "વિજયવિલાસ", "ચંદ્ર કિરણાવલી" (પ્રોળ), "શ્રી મૂળરાજ બત્રીસી" (લોપીકા) વગેરે રાજવીઓનાં પ્રશસ્તિ કાવ્યો પણ લખ્યા છે.

**શ્રી પિંગળશીભાઈ**—સૌરાષ્ટ્રના લોકસાહિત્ય વિદ્યાલયના આચાર્યપદે રહેલા પિંગળશીભાઈએ પિંગળશાસ્ત્રનો

અભ્યાસ કર્યો અને સૌરાષ્ટ્રદર્શન, સોરઠની ગ્ર્રામ્યાણી પ્રગટ થયા. દ્વિપાળ દે, શેણીવીજાણંદ અને ધૂંધળીમલ તેમની નૃત્યનાટિકાઓ છે. જીવતરનાં જોખ અને પ્રાગવડનાં પંખી તેમના વાર્તાસંગ્રહો છે. પણ તેમનું સૌથી મોટું કાર્ય તો શ્રી મદ્ ભગવદ ગીતાનો હિંદી દોહામાં ૭૦૦ શ્લોકના ૭૦૦ દુહા–માત્ર ૧૮ દિવસમાં કરેલું છે તે છે. શ્રી કાકાસાહેબ પણ એ વાંચી મુગ્ધ બન્યા અને સંત તુકારામના એવા જ પ્રયાસ સાથે તુલના કરી મૂલ્યવાન પ્રસ્તાવના લખી આપી. હિંદીભાષી વિદ્વાન અગરચંદ નાહટાએ પણ તેની પ્રસ્તા–વના લખી. નવયુગના આ સાહિત્યકાર પાસેથી હજુ ઘણું મેળવવાનું બાકી છે.

### શ્રી લાલચંદભાઇ ગાંધી

પંડિતવર્ય શ્રી લાલચંદભાઇનો ગોહિલવાડ જીલ્લાના દાઠા ગામમાં ૨૩–૮–૧૮૯૪ના રોજ જન્મ. કાશીમાં આઠેક વર્ષ સંસ્કૃત–પ્રાકૃત, વ્યાકરણ, કોશ, ન્યાય વ. ના અભ્યાસ પછી પ્રાચીન ગ્રંથોના સંશોધન–સંપાદનનો પણ અનુભવ મેળવ્યો. વિખ્યાત ભાષા વિશારદ ઇટાલિયન વિદ્વાન ડો. એલ. પી. ટેસીટોરી સાથે એક ગ્રંથના સંશોધનમાં સહાય કરવા માટે પણ રહેલા. પંડિતજીની વિદ્વતા અને કાર્ય-પદ્ધતિથી પ્રસન્ન થઈ ડો. ટેસીટોરીએ એક પ્રસંશાત્મક પ્રમાણપત્ર પણ તેમને આપ્યું. શ્રી યશોવિજયજી જૈન ગ્રંથ-માળા, ગાયકવાડ ઓરિએન્ટલ સિરીઝ જેવી સંસ્થાએ તેમણે સંપાદિત કરેલ અનેક પ્રાચીન ગ્રંથો પ્રકટ કર્યા છે. જૈન સાહિત્યના વિવિધ ક્ષેત્રે મૂલ્યવાન સેવાઓ બદલ તેમને "શ્રી વિજયધર્મસૂરિ જૈન–સાહિત્ય સુવર્ણચંદ્રક" પણ એનાયત થયો છે.

### ગુજરાતના સક્રિય શુભેચ્છક અલેકઝાંડર ફારબસ

અલેકઝાંડર કિનલોક ફારબસનું નામ ગુજરાતમાં જાણીતું છે. મુખ્યત્વે ગુજરાતના જૂના સાહિત્યના તથા ઇતિહાસના સમુદ્ધાર સાથે અને તે કાળને રુચે તેવું ગુજરાતી સાહિ-ત્ય રચાવવા અને ઉત્તેજવામાં તેમનું નામ વિશેષ જોડાયેલું છે. 'રાસમાળા' તેમણે રચેલું પ્રસિદ્ધ પુસ્તક છે.

### શ્રી ઉમાશંકર જોષી

શ્રી ઉમાશંકર અર્વાચીન ગુજરાતી ભાષાના મૂર્ધન્ય કવિ અને સાહિત્યના વિદ્વાન વિવેચક છે. 'વિશ્વશાંતિ', 'ગંગોત્રી' અને 'નિશીથ' (ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર પ્રાપ્ત), 'આતિથ્ય' તેમ જ 'વસન્ત વર્ષા' અને 'અભિજ્ઞા' તેમના કાવ્યસંગ્રહો છે. "સમસંવેદના', 'અભિ-રૂચિ', 'શૈલી અને સ્વરૂપ' 'નિરિક્ષા', 'શ્રી અને સૌરભ' વ. વિવેચન ગ્રંથો છે. તો "સાપના ભારા" અને 'શહીદ' એકાંકી સંગ્રહો અને "શ્રાવણી મેળો" તથા "વિસામો" વાર્તાસંગ્રહો છે. સંસ્કૃત નાટકો "ઉત્તરરામચરિત્ર" અને "શાકુંતલ"ના અનુવાદો પણ યાદ કરવા ઘટે. "અખો–એક અધ્યયન" અને "પુરાણોમાં ગુજરાત" તેમની શોધ-દષ્ટિના પરિચાયક છે.

સાહિત્યના વિવિધ ક્ષેત્રે તેમની પ્રતિભા ઝળકી છે. નમણું વ્યક્તિત્વ, અપાર વિદ્વત્તા અને ગુજરાતના આ સંસ્કાર દત્ત રસિકતા, વિદ્વતા અને સંસ્કારિતાનું મનહર પ્રતીક છે.

### શ્રી 'સુંદરમ્'

કાવ્યમંગલા, વસુધા, યાત્રા વ. કાવ્યસંગ્રહો દ્વારા પોતાની વિસ્તરતી ચેતનાને અભિવ્યક્ત કરતા આ કવિ અંત-ર્મુખી પ્રકૃતિ, ઉર્ધ્વગામી દષ્ટિ અને સાત્વિક સાદગી ધરાવે છે. કવિતાઓ ઉપરાંત 'હીરાકણી', 'ઉન્નયન' અને 'પિયાસી'ની વાર્તાઓ, 'દક્ષિણાયન' પ્રવાસ–ગ્રંથ, 'અર્વાચીન કવિતા' અને 'અવલોકના' (ભારતિય સાહિત્ય અકાદમી પુરસ્કાર–પ્રાપ્ત વિવેચન સંગ્રહ) પણ આપણને તેમની પાસેથી મળ્યા છે. "દક્ષિણા" ના તંત્રી તરીકે પણ તેમનો ફાળો નોંધપાત્ર છે. આ વર્ષે સાહિત્ય પરિષદના પ્રમુખ વરાયેલા શ્રીસુંદરમ્ ચૈતન્યની દિવ્ય દિશામાં પ્રગતિ કરી "દિવ્યા વાર" ને પૃથ્વીપટે અવતારવા પ્રયત્નશીલ બની રહ્યા છે. તેમાં ઈશ્વિર તેમને સહાય કરે એ જ અભ્યર્થના !

### સ્વ. ઝવેરચંદ મેઘાણી

જેમણે સૌરાષ્ટ્રના લોકહૃદયને પુનઃ સંપાદિત કર્યું, જેના કંઠે લોક–કવિતા વેણ વહ્યાં, જેનાં બુલંદ અવાજે ગુર્જર સાહિત્ય–કુંજમાં નવચેતન ચમક્યું, જેમની કલમે લોકકથાને વાચા આપી, જેની કવિતાએ જનતાનાં દિલ હરી લીધાં, જેનાં શૌર્ય ગીતોએ નિદ્રિતને ઢંઢોળી, રાષ્ટ્ર-પ્રેમવન્તા બનાવ્યા, જેના દિલમાંથી ઊર્મિની અખંડધારા સ્ત્રોત પામી, જેની રસધાર–કથાઓને શબ્દે પાળિયાઓને વાણી દીધી, જેણે દલિતોનાં ઊના આંસુ લૂછી એમને હસતાં ર્ક્યાં, જેણે શહીદીની સુંદરતાનો કસુંબી રંગ જગા-વ્યો–એ સોરઠી રાષ્ટ્રશાયર અને લોકદિલની મૂંગી કવિતાના અમર ગાયક ઝવેરચંદ મેઘાણીનો કંઠ, કલમ અને કવિતા સોરઠની પ્રેમધરતીનું અમૂલું ધન છે. બોટાદના ઇતિહાસનું એક સુવર્ણઅંકિત પાનું છે. બેઠી દડીની કાયા, મસ્તીલી આંખો, વાંકડીયા ઝુલ્ફાં, શરમાળુ હાસ્ય અને સદાય હેત પાથરતું સુલાયમ હૈયું એટલે મેઘાણીભાઈ. શ્રી મેઘાણીનું બાળપણ ગીરની કદરા જેવું ગૌમુખીના અખંડ પ્રવાહથી યાત્રામાર્ગ બનેલું લાખાપાદર. એ પ્રદેશની નદીઓએ, વન-રાજીઓએ, ધરતીએ એના દિલમાં કવિતા ભરી દીધી હતી. પહાડોના પથ્થરોએ એમનામાં શૌર્ય પૂર્યું, સરિતાના નિનાદે એમનામાં ગાણુ પ્રેર્યું. ચોક, દાઠા, ચોટીલા અને લાખાપાદર, આમ એમની પ્રકૃતિમસ્તીના પાયામાં અખંડ સ્મૃતિ રૂપે જડાયેલાં હતાં. હડાળાના દરબાર વાજસુરવાળા સંગે પરિચય જાગ્યો. એમને કંઠેથી વહેતી લોકકથાઓ સાંભળી અને મેઘાણીભાઈનું પાતાળ ઝરણું ફૂટી ઉઠયું. આ કાળમાં જ એમને "સૌરાષ્ટ્ર"નું મિત્રમંડળ લાધ્યું. "કુરબાનીની કથાઓ" અને "ડોશીમાની વાતો"એ સાહિત્યમાં નવો રંગ પૂર્યો. ભાવનગરના એમના મિત્ર સ્વ. અમૃતલાલ દાણીએ એમનું દિલ જાણ્યું અને મહિલા વિદ્યા-લયમાં નોતર્યા. એ પ્રોત્સાહનમાંથી પ્રગટ્યાં–કિલ્લોલ અને

"વેણીનાં ફૂલ." એમને લોકસાહિત્યનો નાદ હતો એવોજ નાદ હતો રાષ્ટ્રસેવાનો. "ઝેરનો કટોરો" ગાંધીજીએ અમર બનાવ્યું. "સિંધૂડો"એ સ્વાતંત્ર્ય યુદ્ધનાં રણશિંગા ફૂક્યાં, જુવાનીમાં નવો જુસ્સો પ્રેર્યો.

૧૯૩૩માં બોટાદની ધરતીની એમને માયા બંધાણી. ઘર કર્યું અને સાહિત્ય–વિવેચનની એમની કટારોએ સર્વને મુગ્ધ કરી દીધા. ૧૯૪૭માં એમનો જીવનદીપ બુઝાઈ ગયો. સૌરાષ્ટ્રની ધરતીના કણેકણમાં એની સ્મૃતિ ગુંજી રહી છે.

**સ્વ અમૃતલાલ દાણી**

સ્ત્રીશિક્ષણના એક સન્નિષ્ઠ સેવક ભાવનાશીલ કાર્યકર અને અનેકના અપૂર્વ મિત્ર–દાણીભાઈ ગુજરાત–સૌરાષ્ટ્રની બહેનોને જાગૃત, શિક્ષિત સંસ્કારી અને બંધનમુક્ત કરવાની ભાવનાની સિદ્ધિ માટે તપ કરનારા તપસ્વી હતા. પોતાના રક્તનું પ્રત્યેક બિન્દુ એમણે સ્ત્રીજીવનમાં ઉલ્લાસ પ્રગટાવવાની જ પ્રવૃત્તિમાં ગાળ્યું હતું. ભક્તિપૂર્ણ મુખમુદ્રાથી એ બધામાં તરી આવતા હતા.

અમુભાઇ ઉપર ગાંધીજીના જીવનસંદેશે ઉંડી અસર કરેલી. યુવકોમાં નવી ભાવના અને ઉત્સાહ પ્રેરવો, એ એમને ગમતું. બહેનોનાં સમાજ–બંધનો અને અંતરનાં આંસુ એમને અસ્વસ્થ બનાવી દેતાં. ગ્રેજ્યુએટ થયા પછી યુવકો પ્રત્યેના આકર્ષણથી તેઓ ભાવનગરની દક્ષિણામૂર્તિમાં જોડાયા. વિચારભેદને કારણે જ્યારે એમણે એ સંસ્થા છોડી ત્યારે વિદ્યાર્થીઓની અશ્રુ–અંજલિ, એમની લોકપ્રિયતાની પ્રતીતિ કરાવી ગયું.

પણ એમનું ખરૂં સ્વપ્ન એ હતું કે સૌરાષ્ટ્રમાં શિક્ષણનું એક કેન્દ્ર રચવું. મિત્રોએ ભાવનગર મહિલા વિદ્યાલયની સ્થાપના કરી. એક પાઈની પણ મૂડી વગર દાણીભાઇએ પોતાના વ્યક્તિત્વની મહોર એ સંસ્થા પર મારી. પાંચેક વર્ષમાં તો આ વિદ્યાલય મહોરી ઉઠયું. સુરત અને ભાવનગરમાં એમનું શિક્ષણ પામેલી અનેક બહેનો આજે સેવાના ક્ષેત્રે અનુપમ ફાળો આપી રહેલ છે.

**શ્રી કકલભાઈ કોઠારી**

ગુજરાતના પત્રકારિત્વમાં મુખ્ય ફાળો શ્રી કકલભાઈ કોઠારીનો હતો. શ્રી કકલભાઈએ રાષ્ટ્રીય મહા–વિદ્યાલયમાં રાજકારણ અને અર્થશાસ્ત્ર સાથે સ્નાતકની પદવી માટેનો અભ્યાસ પૂરો કર્યો હતો.

વિદ્યાર્થી અવસ્થામાં તેમણે ગોંડલમાં એક બંગાલની ક્રાંતિકારીનું વ્યાખ્યાન સાંભળેલું અને ત્યાર પછી જલિયાવાલા બાગની કતલ આવી. મહાત્માજીનું નેતૃત્વ હિંદને સાંપડયું. આ બધાની વિદ્યાર્થી શ્રી કકલભાઈ પર ભારે અસર થઈ અને રાષ્ટ્રીયતાના રંગે રંગાયા.

એ દિવસોમાં પ્રત્યેક જુવાનની મહત્વાકાંક્ષા પુનાની સર્વન્ટ્સ ઓફ સોસાયટીના આજીવન સભ્ય બની ગરીબાઈનું વ્રત લઈ દેશને જીવન અર્પવાની રહેતી હતી. રાષ્ટ્રીય મહા વિદ્યાલયમાં રહી શ્રી કકલભાઈએ પણ એ મહત્વાકાંક્ષા સેવી.

શ્રી કકલભાઈની કલમ ક્રાંતિકારી હતી. તેમની કલમમાં ઉર્મીલતા હતી અને તેથી દેશી રાજ્યોની પ્રજામાં જાગૃતિ ફેલાવવામાં તેમની કલમનો ફાળો ઘણો હતો. સૌરાષ્ટ્રના પત્રકારત્વનું ઘડતર કરવામાં જેવી રીતે સ્વ. મેઘાણીની કલમનો છે તેવી રીતે પ્રહારો કરવામાં અને લોક જાગૃતિ લાવવામાં શ્રી કકલભાઇની કલમનો ફાળો નોંધનીય છે. ભાવનાની સૃષ્ટિ લઇને પત્રકારત્વના ક્ષેત્રમાં આવેલા શ્રી કકલભાઈ ક્રાંતિકારી સાહિત્યના અભ્યાસી હતા. તેમણે ઈટાલી, રશિયા, ફ્રાંચ વગેરેની ક્રાંતિના ઇતિહાસની વાતો પોતાની કલમે લોકો સમક્ષ રજુ કરી અને તે ઘણી લોકપ્રિય બની.

સ્વ. શ્રી કકલભાઈ પાસે આઝાદી સંગ્રામના સંભારણાનો ભંડાર હતો. રાજાશાહી સામેની આકરી તાવણીની અનુભવસિદ્ધ કહાણીઓ હતી. એ કહાણીઓને શબ્દદેહ આપી શકે તેવી તીખી કલમ હતી. પત્રકારિત્વને ક્ષેત્રે એમણે સૌરાષ્ટ્ર ગુજરાતની ભારે મોટી સેવા કરી છે.

**શ્રી મેઘાણંદ બેંગાર ગઢવી**

જન્મ ૧૯૧૮માં બાંટવા પાસે આવેલા છત્રાવા ગામે થયો હતો. પિતા માલઢોરનો ઉછેર કરતા ને થોડી ગીરાસની જમીન હતી તેમાંથી જીવનનિર્વાહ ચાલતો. જીવન સાદુ હતું. નાની વયમાં માતાપિતાનું સુખ ગુમાવેલું અને પોતે બે ભાઇઓ સંસારમાં છત્રછાયા વગરના થઈ ગયા. અનેક તડકા છાયા વટાવીને મુશ્કેલીઓમાં પણ ધીરજ અને સહનશીલતા કેળવી સરસ્વતીની ઉપાસના ચાલુ રાખી. જીજીભાઇ નામના એક ચારણ કવિ પાસેથી છંદ, વાર્તા, કવિતા વિગેરે શીખ્યા.

આઇ નાગબાઇ અને જીજીભાઇના આશિર્વાદથી મેઘાણંદભાઇની જીભે સરસ્વતીએ વાસ કર્યો અને કુળપરંપરામાં ઉતરી આવેલી સાહિત્યની સરવાણીઓ તેના મુખમાંથી નીકળી અને જીવનના અંતિમ દિવસો પર્યંત વહેતી રહી. તેમને જેટલું સાહિત્ય કંઠસ્થ હતું એટલું સાહિત્ય કોઈ સાક્ષરને પણ કંઠે નહિ હોય. લોકસાહિત્યથી લઇને શિષ્ટગ્રંથો, પીંગળ, સંસ્કૃત શ્લોકો, છંદો, કવિતાઓ, રમુજી ટુચકાઓ અને સોરઠના ઇતિહાસના નાના મોટા પ્રસંગો તેમની જીભે હતા. કાવ્યો અને વાર્તાઓ દ્વારા નીતિ, શુરવીરતા, દેશપ્રેમ ધર્મસેવા વિગેરેનો પ્રચાર કરવાનો છે અને ચારણ એક સ્પષ્ટ વકતા નિડર અને ન્યાયપ્રિય વ્યક્તિ છે તેમ માનતા. તેમના દીર્ઘજીવનમાં તેઓ નિષ્કામ. નિર્દંભ, નિસ્વાર્થ અને નિર્મળ ચારણ હતા, મનુષ્ય હતા, ઋષિ હતા, દેવ હતા.

**શ્રી વિજયગુપ્ત મૌર્ય**

અખંડ આનંદમાં 'જ્ઞાનગોષ્ઠિ' વિભાગ દ્વારા, અને નવચેતન, રમકડું, બીજ, વગેરે સામાયિકોમાં, તેવી જ રીતે દૈનિકોમાં રાજકારણ, અને પશુપક્ષી વિષેનાં તેમનાં સંખ્યાબંધ લેખોથી આખું ગુજરાત તેમને સારી રીતે ઓળખે છે. તેમનો જન્મ પોરબંદરમાં ૧૯૦૯માં થયેલો.

માધ્યમિક શિક્ષણ પોરબંદરમાં જ લઈ શ્રી વિજયગુપ્ત મૌર્ય મુંબઈમાં અભ્યાસ કરી એડવોકેટ થયા ને સનદ મેળવી. પછી પોરબંદર રાજ્યમાં ન્યાયમૂર્તિ જેવી ગંભીર જવાબદારી વાળી પદવી શોભાવી. ૪૨ ના આંદોલનમાં ભાગ લેવા માંડયો. ૧૯૪૪ થી જન્મભૂમિ પત્રોમાં પ્રવાસીમાં લેખન પ્રવૃત્તિ ઉપાડી. 'પ્રકૃતિનાં લાડકવાયાં' નામનું પક્ષીજીવનનું પુસ્તક, જંગલની કેડી, મોતનો સામનો, કવિના પરાક્રમો, શિકાર અને શિકારી, જાદુગર કબીર, તરાપ વગેરે તેમના પુસ્તક પુસ્તીકાઓ જાણીતાં છે

### શ્રી સુખલાલજી સંઘવી

પંડિત સુખલાલનું નામ તત્વજ્ઞાનના ક્ષેત્રમાં કોણે ન સાંભળ્યું હોય ? જન્મ ઝાલાવાડમાં ૧૮૯૦ માં. સાત ચોપડી ભણી દુકાને બેઠા. પંદર સોળ વર્ષની વયે બળિયાના રોગમાં અંધ થયા. પરંતુ સુખલાલજી તો ગુજરાતના રાહુલ સાંકૃત્યાયન જેવા પંડિતવર્ય થવા સર્જાયા હતા. તેમણે જૈન સાધુ–સાધ્વીઓ પાસેથી પ્રાકૃત ને સંસ્કૃત શીખવા માંડયું. ૧૯૦૪માં કાશી ગયા ને ત્યાં વ્યાકરણ, ન્યાય, સાહિત્યનો ઉંડો અભ્યાસ કર્યો. પછી ગયા મિથિલા. ત્યાં પણ સંસ્કૃત–પ્રાકૃત વ્યાકરણ અને તત્વજ્ઞાનનો અભ્યાસ કર્યો. ૧૯૧૩ થી ૧૯૨૧ના વર્ષોમાં તેમણે જુદે જુદે સ્થળે જૈન સાધુમહારાજોને આગમો શીખવ્યા. ૧૯૨૨માં ગુજરાત વિદ્યાપીઠના પુરાતત્ત્વ મંદિરમાં તત્ત્વજ્ઞાનના અધ્યાપક તરીકે જોડાયા. ૧૯૩૧માં શાન્તિ નિકેતન તથા ૧૯૩૩ થી લગભગ દસ અગિયાર વર્ષ તેમણે બનારસ હિન્દુ યુનિવર્સીટીમાં જૈન દર્શનના અધ્યાપક તરીકે કામ કર્યું. ૧૯૪૭ પછી અમદાવાદના ભો. જે. વિદ્યાભવનમાં અધ્યાપક થયા.

તત્ત્વજ્ઞાનની અનેક શાખાઓ પર પંડિતજીનું પ્રભુત્વ અદ્ભુત છે. સન્મતિતર્ક, તત્ત્વાર્થસૂત્ર, યોગદર્શન, દર્શન અને ચિંતન, કર્મગ્રંથ, વગેરે ત્રીસેક જેટલા પુસ્તકો અને ગ્રંથો તેમની ઊંડી વિદ્વતા અને આમૂલ વિચારણાના દ્યોતક છે. મુંબઈ યુનિ. માં તેમણે હરિભદ્રસુરી વિષે યુનિ. વ્યાખ્યાનો પણ આપેલાં છે. 'દર્શન અને ચિન્તન' નામના તેમના પુસ્તકને ૧૯૫૬–૫૭માં સાહિત્ય અકાદમીનું તે વર્ષના શ્રેષ્ઠ પુસ્તક તરીકે પારિતોષિક પણ આપવામાં આવ્યું છે.

### શ્રી ચંદ્રકાન્ત શાહ

'ગુજરાત સમાચાર', વગેરેમાં દેશ અને દુનિયાના વહેતા પ્રવાહો વિષે કટારો લખતા શ્રી ચંદ્રકાંત શાહ મૂળ ભાવનગરના, જન્મ ૧૯૩૮ માં. ભાવનગરમાં જ તેમણે માધ્યમિક અને ઉચ્ચ શિક્ષણ મેળવ્યું અને બી. કોમ. થયા. ત્યાર પછી પી. ટી. આઈ. ના ભાવનગરના પ્રતિનિધિ તરીકે તેમણે થોડો સમય કામગીરી બજાવી, અને ભાવનગરમાં પહેલીવાર શરૂ થયેલા 'સૌરાષ્ટ્ર સમાચાર' દૈનિકમાં સમાચાર તંત્રી તરીકે જોડાયા. ૧૯૬૧ પછી 'ગુજરાત સમાચાર' ના તંત્રી વિભાગમાં જોડાયા, ને પછી તે અમેરિકન માહિતી કચેરી મુંબઈના પુસ્તક પ્રકાશન વિભાગમાં સહાયક સંપાદક તરીકે કામ શરૂ કર્યું. તેમની રાજદ્વારી બનાવો પરની કટારો બુદ્ધિમત્તાપૂર્વકની અને પૂરતા અભ્યાસ પછી લખાયેલી હોવાથી ઘણી લોકપ્રિય છે.

### સ્વ. ચુનીલાલ વર્ધમાન શાહ

સાહિત્યજગતમાં "ચુનીકાકા"ના નામથી સુપરિચિત એવા સ્વ. ચુનીભાઈનો જન્મ વઢવાણ શહેરમાં થયો હતો. જીંદગીની શરૂઆત શિક્ષક તરીકે કરી હતી. પણ તેમનો જીવનરસ હતો સાહિત્ય! પણ સાહિત્યને સાહિત્ય વ્યવસાય બનાવાય તેવો જમાનો ત્યારે ન હતો. આથી શ્રી ચુનીલાલભાઈએ "રાજસ્થાન" નામના પત્રમાં કામગીરી શરૂ કરીને પત્રકારત્વની કારકીર્દી આરંભી. ત્રણ વર્ષ બાદ ૧૯૦૯માં "પ્રજાબંધુ" સાપ્તાહીકમાં તેઓ જોડાયા અને લાગલગાટ ૪૪ વર્ષ સુધી એ પત્ર ૧૯૫૪માં બંધ થયું ત્યાં સુધી એમાં જ સતત કામ કરી રહ્યાં હતા.

લેખનકાર્ય તેમણે કવિતાથી શરૂ કરેલું. પ્રતિષ્ઠિત માસીકો "વસંત", "સમાલોચક"માં એમની કવિતાઓ આવતી. અંગ્રેજી, ગુજરાતી, સંસ્કૃત, પ્રાકૃત, મરાઠી, હિંદી અને થોડું ઉર્દુ ભાષાનું જ્ઞાન ધરાવતા. ગુજરાતી પત્રકારત્વમાં "સાહિત્યચર્ચાનું સૂક્ષ્માવલોકન" મથાળાથી સાહિત્ય વિષયક ચર્ચા તેમણે જ સૌથી પહેલી "પ્રજાબંધુ" માં પ્રારંભેલી. એ કંડીકાઓમાં તેમનું ભાષાજ્ઞાન અને સાહિત્યજ્ઞાન દીપી નીકળ્યું.

જૂની પેઢીના રહ્યા છતાં સાહિત્યકારોમાં તેઓ સહુથી વૃદ્ધ મુરબ્બી હતા. ચીવટ, નીષ્ઠા, સંતોષ, સાદાઈ, અને નીરાડંબર તેમના સદ્ગુણો હતા. તેઓએ જીવનમાં, રહેણીકહેણીમાં પણ સાદાઈ અપનાવેલી. તેમની સાદાઈ સંતોષી જીવનની હતી. વ્યવસાય તરીકે લેખન કાર્ય સ્વીકાર્યું છતાં દ્રવ્ય અંગે કોઈ લોલુપતા બતાવી ન હતી. પોતાના સાહિત્યિક જીવન દરમીયાન લગભગ ૫૦ જેટલી ઐતિહાસીક, સામાજીક નવલકથાઓ અને સંખ્યાબંધ ટુંકી વાર્તાઓ લખેલ છે. તેમની "જીગર અને અમી" નામની નવલકથાઓ તો એક સમયે ભારે ચકચાર જગાવી હતી અને એ પુસ્તક ખુબ લોકપ્રીય બન્યું હતું. તેમની "નીલકંઠનું બાણ", "કર્મયોગી રાજેશ્વર", "રૂપમતી" વગેરે પણ ખુબ ઉચ્ચ કોટિની નવલકથાઓ તરીકે જાણીતી છે.

### શ્રી મોહનલાલ ચુ. ધામી

જેની નવલકથાઓથી ગુજરાતીભાષી આખો યે સમાજ સુપરિચિત છે તે આપણા લોક લાડિલા સાહિત્યકાર શ્રી વૈદ્ય મોહનલાલ ચુનીલાલ ધામીનો બાલ્યકાળ અને કિશોર અવસ્થાનો ઘણો મોટો ગાળો સૌરાષ્ટ્રના ચોટીલા ગામે વ્યતિત થયેલ હતો.

શ્રી ધામીભાઈને બચપણથી જ સાહિત્ય પ્રત્યે ઘણો મોટો અનુરાગ રહ્યો છે અને તેમણે માત્ર અગીયાર વર્ષની

જ ઉંમરથી કાવ્યો લખવાની શરૂઆત કરી હતી. ઉપરાંત વિશાળ પૃથ્વીપટનાં અનેક પર્યટનો કરી તેના અનુભવો આપણાં સમક્ષ સાહિત્ય રૂપે મૂકતા રહ્યાં છે. એમની વીસ વર્ષની ઉંમરે તો ઘણાં કાવ્યો અને તેના અન્ય પ્રકારોનું સંશોધન કરવા માંડયુ હતું. ત્યાર પછી ગુજરાતી સાહિત્ય ઉપર ગાંધીવાદની અસર ઉપસવા લાગી અને તેનાથી ધામી પણ રંગાયા અને તે ત્યાં સુધી કે શ્રી ધામીએ પૂજ્ય ગાંધીજીની હાંકલને ઉપાડી પોતે પણ આઝાદીની લડતમાં જોડાયા હતા. અને સક્રીય રીતે સાહિત્યની આઝાદીની લડતમાં ઉપયોગીતા સાબીત કરી બતાવવા તનતોડ મહેનત કરવા લાગ્યાં.

આઝાદીની લડતમાં રસ લીધા પછી શ્રી ધામીભાઇની નવલકથાઓના પાત્રો પણ દેશદાઝ અને દેશસેવાનાં આહલેક જગાવતા જોવા મળવા લાગ્યા.

ધામીભાઇએ પ્રથમ જ ઐતિહાસિક નવલકથા "અમર બલીદાન" પોતાની ચોવીસ વર્ષની જ વયે ગુજરાતી સાહિત્યના ખોળે ધરી અને ત્યાર બાદ એક જ વર્ષ પછી સામાજીક વિટંબણાઓ અને અન્યાયો સામે મસાલ ધરતી ક્રાન્તિકારી નવલકથા "લોહીના લેખ" આપણી સમક્ષ મૂકી. ત્યાર પછીથી તો અવિરતપણે શ્રી ધામીભાઈની કલમ ગુજરાતી સાહિત્યની અનુપમ સેવા બજાવતી જ રહી છે.

### શ્રી પ્રભુદાસ બેચરદાસ પારેખ

આપણા જીવનમાં પ્રાચીનકાળથી વણાયેલી મહા સંસ્કૃતિના ચિંતક અને પ્રખર અભ્યાસી પ્રભુદાસ બેચરદાસ પારેખ મૂળ રહીશ રાજકોટના છે. પ્રાચીન ભાષાઓ તથા તત્વજ્ઞાનના પણ સારા અભ્યાસી, તેમણે નાના મોટા લગભગ ૬૦ ઉપરાંત પુસ્તકો લખેલા છે જેમાં આંતરરાષ્ટ્રિય પરિસ્થિતિના વિચારો વિસ્તારથી આપેલાં હોય છે.

તેઓ માત્ર દર્શનિક વિદ્વાન છે એટલું જ નહીં, પરંતુ એક સારા શિક્ષણશાસ્ત્રી પણ છે એ વિષેના તેમના વિચારો ઘણા ઉચ્ચ છે. આજના વિજ્ઞાન અને જીવન ધોરણ વિશે તુલનાત્મક વિચારણા પણ રજુ કરી શકે છે. દરેક પ્રસિદ્ધ ધર્મના ઉંડા અભ્યાસી તરીકે પણ જણાઈ આવે છે.

### સ્વ. દામોદરરાય બોટાદકર

કાવ્યદેવીની પરમકૃપા પામનાર દામોદરનો જન્મ બોટાદમાં દશા મોઢ વણિક જ્ઞાતિમાં ખુશાલદાસ મૂળજીને ત્યાં ૧૮૭૦ના નવેંબરમાં થયો. કુટુંબનો ધંધો તમાકુના વેપારનો. પણ લક્ષ્મીની લાલચે રૂનો વેપાર કરવા જતાં પિતાજીએ ખોટ ખાધી. અને દામોદર સાત વર્ષનાં થયા ત્યાં પિતાએ લીલા સંકેલી લીધી. છઠ્ઠું ગુજરાતી ધોરણ પુરુ કરી, ચૌદ વર્ષની વયે દામોદરે મદદનીશ શિક્ષકની નોકરી માસિક રૂા. અઢીથી સ્વીકારી. વધુ અભ્યાસની એમની તક ગઈ પણ દેવશંકરભાઈ ભટ્ટ પાસેથી પિંગળ શીખ્યા હતા. તેની ઉપર દામોદરે કવિતાનો વેપાર ખેડવાનું આરંભ્યું. સત્તર વર્ષની વયે એમણે કાવ્યો લખ્યાં અને પ્રગટ પણ કર્યાં. મિત્રો એને કવિ કહેવા લાગ્યા આ પછી એક સુંદર તક એમને મળી. ગોંસાજીના કારભારી તરીકે એમને મુંબઈનું આમંત્રણ મળ્યું. અહીં સંસ્કૃતનો અભ્યાસ કર્યો અને સંસ્કૃતમાં શ્લોક–રચના કરવા માંડી. સો જેટલી ગુજરાતી કહેવતોને એમણે સંસ્કૃતમાં શ્લોકબદ્ધ કરી નાખી તે આનું ફળ.

એમનું આખું જીવન ભાવનગર રાજ્યના બોટાદ મહાલનાં જુદાં જુદાં ગામડામાં પ્રાથમિક શિક્ષકની નોકરીમાં જ પૂરુ થયું. પંચાવનમે વર્ષે, એમના અવસાન સમયે પગાર અઢાર રૂપિયાનો હતો, એમનો નોકરીનો ટોચ–પગાર જીવનને અંતકાળે તેમનો અફસોસ હતો : "મારા બચ્ચાંઓ માટે હું કંઇજ બચત મૂકી જઇ શકતો નથી." આમ જો કે લક્ષ્મીદેવી એ કવિ પર અમી નજર ફેંકી નહિ તો ભગવતી સરસ્વતીએ એના પર પોતાનો વરદ હસ્ત થાપી એમને પોતાના ભક્ત બનાવ્યા. અને તેથી આવી આર્થિક અવદશા હોવા છતાં એમની કાવ્ય–સરવાણી અખંડ વહેતી રહી, મોટી બનીને નદી રૂપે વહેતી જ રહી.

### શ્રી રવિશંકર રાવળ

સૌરાષ્ટ્રના સંસ્કૃતિધામ સમા ભાવનગરમાં ઇ. સ. ૧૮૯૨ની પહેલી ઓગસ્ટે આ કલાકારનો જન્મ થયો. પિતા મહાશંકર રાવળ કેવળ સ્વાશ્રયથી હેડ પોસ્ટ માસ્તર અને બેંક–મેનેજરના પદ સુધી પહોંચ્યા હતા; અને સરકાર તરફથી 'રાવ સાહેબ' નો ખિતાબ પામ્યા હતા. માતા ઉજમબા સંસ્કાર અને ઉર્મિલતાની પ્રેરણાદાત્રી હતાં. શિશુવયમાં જ તેમના ભાવિ કલાકારનાં બીજ જોઇને પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકે 'આ વિદ્યાર્થીને ચિત્રો દોરવાનો ખૂબ શોખ છે. એવી નોંધ કરી કરી હતી. કોલેજના પગથિયે પગ મૂકતાં સુધીમાં તો એમણે પોતાની ચિત્રકલાની શક્તિથી સર પ્રભાશંકર પટ્ટણી સુધીનાની પ્રશંસા પ્રાપ્ત કરી.

મુંબઇની જે. જે. સ્કુલ ઓફ આર્ટમાં માત્ર ૧૯ વર્ષની વયે દાખલ થઈ ભારતીય તેમજ આંગ્લ કલાગુરુઓના હાથ નીચે તાલીમ લેતા તેમની નૈસર્ગિક પ્રતિભા પૂર્ણતયા પાંગરી અને ચિત્રકલાના વિદ્યાર્થી તરીકેની એમની યશસ્વી કારકીર્દિ પ્રકાશમાં આવી. ભારતની પ્રાચીનતમ ચિત્રકલાના અભ્યાસના પરિપાકરૂપે 'અજંટા કલામંડપો' નો ચિત્રસંપુટ તેમણે પ્રગટ કર્યો. ગુજરાતના સાહિત્ય સર્જકોનો તસ્વીર સંપુટ અને શ્રી કનૈયાલાલ મુનશીની ૭૫મી જયંતી પ્રસંગે પ્રગટ થયેલ 'Munshi's World of Imagination' માં શ્રી મુનશીની નવલકથાઓ અને નાટકોના મુખ્ય પાત્રો અને પ્રસંગોની ૩૫ કૃતિઓનાં ચિત્રસંપુટ એ પણ તેમનું નોંધપાત્ર પ્રદાન છે.

ગુજરાતમાં કલાનું નવનિર્માણ સાધવાની અદમ્ય ઝંખનાથી તેમણે ઈ. સ. ૧૯૩૪માં અમદાવાદમાં 'ગુજરાત કલાસંઘ ચિત્રશાળા'ની સ્થાપના કરી. વિના મૂલ્યે કલા

શિક્ષણ આપતી આ શાળા અનેક નામી કલાકારોની સાધનાભૂમિ બની રહી.

વાણિજ્ય પ્રધાન ગુજરાતમાં કલાનાં સર્વોચ્ચ શિખરો પ્રાપ્ત કરનાર, પૂર્વગ્રહમુક્ત દૃષ્ટિ ધરાવનાર, શાન્ત, સૌમ્ય અને સરળ સ્વભાવના નિરાભિમાની આ કલાગુરુએ ચિત્રો અને લેખો દ્વારા ગુજરાતની પેઢીની જીવનના છ દાયકા સુધી સેવા કરી છે. ભારત સરકારે તા. ૨૬મી જાન્યુઆરી ૧૯૬૫ના ગણતંત્ર દિને તેમને પદ્મશ્રીના ઈલ્કાબથી વિભૂષિત કરીને તેમની કલાનું સન્માન કર્યું છે. આ સન્માનના અનુસંધાનમાં અમદાવાદની ૨૫ જેટલી સાંસ્કૃતિક અને સાહિત્યિક સંસ્થાઓએ તેમને સન્માનીને પોતાનો ઉમળકો વ્યક્ત કર્યો. એ વેળાએ રવિભાઈએ જવાબમાં કહેલું : 'રાજ્ય સન્માનનો આ સમારંભ મારા મનથી એક પવિત્ર પ્રસંગ છે. મારા જીવનની સંધ્યા સમયે રાજ્યના પ્રકાશનું કિરણ મારા પર પડ્યું તેથી હું અંજાઈ જાઉં કે પરમ સંતોષનો ગર્વ ધારણ કરું તો મારી સાધના લાજે, પરંતુ આથી ગુજરાતમાં કલાક્ષેત્રની પ્રતિષ્ઠા વધી છે, કલાકારનું સ્થાન અને માન સમાજ તથા રાજ્યની નજરમાં ઉચ્ચ કક્ષા પામ્યાં છે, તો હકીકતને આવકારી, તેનું ગૌરવ કરવાનો મારો ધર્મ છે, એમ સમજું છું.' તેમના આ શબ્દો કલાકાર જગતના ગૌરવને પૂર્ણ રીતે પ્રગટ કરે છે. તેમની કલાસાધના ગુજરાતમાં હજી વિશેષ કાળ સુધી સંસ્કાર સીંચતી રહે, એ માટે પરમ કૃપાળુ પરમાત્મા તેમને નિરામય દીર્ઘાયુષ્ય અર્પો એ જ અભ્યર્થના !

### શ્રી પીંગળશી પાતાભાઈ

ભાવનગર રાજ્યના રાજકવિ પીંગળશી પાતાભાઈ લોકસાહિત્ય અને ચારણી સાહિત્યના અજોડ જાણકાર, અને અનેક પ્રકારના કાવ્યો, કવિતા, છંદો, દુહાઓ અને ભજનો લખી ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ બનાવેલ છે. વૃજભાષા ઉપરનો એમનો કાબુ ઘણો જ ઉચ્ચ હતો. એમની વાર્તા કહેવાની શૈલી ખૂબ જ પ્રેરક અને ચેતનવન્તી હતી સારાયે ભારતમાં મોટા મોટા રાજ્યોમાં પીંગળશી પાતાભાઇનું વિસિષ્ટ સ્થાન હતું. એમના ભજનો દેશમાં તો પ્રચલીત હતા પરંતુ વિદેશમાં પણ ભારતના વસતા લોકો ગાતા એ એની કલમની સિદ્ધિ હતી. સ્વભાવે સરળ, નમ્ર અને મીલનસાર હોવાથી એમની ડેલીએ ખૂબ જ ડાયરા જામતા અને ઘણા ઘણા આશ્રીતો એમને ત્યાં રહી લાભ મેળવતા. તેઓ ભાવનગર રાજ્યના રાજકવિ હતા.

### શ્રી જયભિખ્ખુ

ગુજરાત–સૌરાષ્ટ્રમાં પોતાની આગવી વાર્તાઓ અને નવલકથાઓથી જાણીતા 'જયભિખ્ખુ'નું મૂળનામ છે શ્રી બાલાભાઈ વીરચંદ દેસાઈ. જન્મ ૧૯૦૮માં તેમના મોસાળ સૌરાષ્ટ્રના વિંછિયા ગામમાં થયેલો. વરસોડા અને અમદાવાદમાં પ્રાથમિક ને થોડું માધ્યમિક શિક્ષણ મેળવ્યા પછી મુંબઇ, કાશી, આગ્રા અને ગ્વાલિયર રાજ્યના શિવપુરીમાં ઘણા વર્ષ સંસ્કૃત, હિંદી, વગેરે ભાષાઓનો અભ્યાસ કર્યો. ન્યાયતીર્થ અને તર્કભૂષણ ઉપાધિઓ પ્રાપ્ત કરી. વાચન અને લેખનનો જયભિખ્ખુને ઘણો શોખ છે. તેમનાં સાહિત્યમાં કિશોરોને તરવરાટ ઉત્પન્ન થાય તેવું જોશ છે, મોટાઓને ગમી જાય તેવું રસતત્વ છે. મુંબઈ ખાતે સાક્ષરવર્ય દી. બ. શ્રી કૃષ્ણલાલ ઝવેરીના હસ્તે તેમને ૨૦૦૯ની શ્રેષ્ઠ કૃતિ બદલ શ્રી બુદ્ધિસાગરજી સુવર્ણચંદ્રક અપાયો છે. તેમનું ગદ્ય મધુર અને શૈલી મનોહર છે. પહેલી સાહિત્ય કૃતિ તેમણે 'ભિક્ષુ સાયલાકર' નામથી લખેલી; ને તે વિજયધર્મસૂરિનું જીવનચરિત્ર. સ્વમાની, સાહસી ને ભાવનાશીલ જયભિખ્ખુએ કલમને ખોળે જ પોતાનું મસ્તક મૂકી જીવન પસાર કર્યું છે. જૈન ધર્મનાં ત્યાગ, તપશ્ચર્યા, કથાઓનાં તત્વોથી તેમનું સર્જન કર્યું છે. માદરે વતન, જવામર્દ, ભગવાન ઋષભદેવ, નરકેસરી વા નરકેશ્વરી, કાળ વિજેતા સ્થૂલભદ્ર, પ્રેમભક્ત કવિ જયદેવ, આગેકદમ, વીરધર્મની વાતો, સિંહપુરુષ, બેઠો બળવો, વગેરે તેમની સંખ્યાબંધ કૃતિઓમાંની કેટલીક અત્યંત પ્રસિદ્ધ કૃતિઓ છે.

તાજેતરમાં જ તેમણે ચિરઃ વિદાય લીધી.

### શ્રી શંભુપ્રસાદ હરપ્રસાદ દેસાઈ

પુરાતન પવિત્ર પ્રભાસના અગ્રગણ્ય દેશાઇ કુટુંબમાં શ્રી શંભુપ્રસાદ દેશાઈનો ૧૯૦૮માં જન્મ થયો. તેમના પિતાશ્રી હરપ્રસાદ ઉદયશંકર દેશાઇ જૂનાગઢ રાજ્યમાં એક ઊંચી પદ્રી ધરાવતા અમલદાર હોવા છતાં સૌરાષ્ટ્રના લોકસાહિત્યમાં જાણીતા છે. તેઓ ઈતિહાસ, ધર્મશાસ્ત્ર અને કાવ્યના રસિક મર્મજ્ઞ પુરુષ હતા. તેમનું ફારસી, અરબ્બી અને ઉર્દુ પર અસાધારણ પ્રભુત્વ હતું. શ્રી શંભુપ્રસાદભાઈના માતુશ્રી પણ સાહિત્ય રસિક અને સેવાભાવી સન્નારી હતા. આવા માતાપિતાને ત્યાં અવતરેલા શ્રી શંભુપ્રસાદભાઈ પણ માતાપિતાના સદ્ગુણો ને વિદ્વતા વારસામાં ધરાવે છે. તેમણે મુંબઈ યુનિ.ની બી.એ. એલ. એલ. બી. પ્રાપ્ત કરેલ છે. તેમણે થોડો સમય પ્રભાસમાં વકીલાત કરી. ત્યાર પછી જૂનાગઢ રાજ્યના મહેસુલ ખાતામાં જોડાયા. તેમણે રાષ્ટ્રીય લડતમાં અને કાઠિયાવાડ રાજકીય પરિષદમાં પણ ભાગ લીધેલો. તેઓએ ૧૮૨૬માં 'સોમનાથનો ઘેરો' નામનું સાત સર્ગનું મહાકાવ્ય લખેલુ; તે પછી પ્રભાસયાત્રા વર્ણન નામની પુસ્તિકા પણ પ્રસિદ્ધ કરેલી. તે સિવાય તેમણે સંખ્યાબંધ નાટકો, નવલિકાઓ, કાવ્યો વગેરે લખ્યાં છે. તેમના શ્રેષ્ઠ સર્જનો મુખ્યત્વે બે ગણાવી શકાય. (૧) પ્રભાસ અને સોમનાથ (૧૯૬૫) (૨) સૌરાષ્ટ્રનો ઈતિહાસ (૧૯૫૮) હાલમાં તેઓ સૌરાષ્ટ્રના ઇતિહાસનું સુધારા–વધારાવાળું સંસ્કરણ પ્રસિદ્ધ કરવાના પ્રયત્નમાં છે. શ્રી શંભુપ્રસાદદેસાઈએ પ્રભાસના સામાજિકક્ષેત્રે પણ ઘણું મહત્ત્વનું કામ કર્યું. છે.

### શ્રી કપિલભાઇ મહેતા

ગુજરાતના એક ધ્યેયનિષ્ઠ પત્રકાર સ્વ. શ્રી કપિલરાય મહેતા આઝાદી યુદ્ધના યુગે ઘડેલા પત્રકારોની અડીખમ

પેઢીના એક પ્રતિનિધિ હતા. ભાવનગરના વતની શ્રી કપિલભાઈએ ૧૯૩૦ની લડતમાં ઝુકાવ્યું હતું. ત્યાર પછી પણ સ્વાતંત્ર સંગ્રામમાં તેમણે સતત ફાળો આપ્યો હતો. સાથે સાથે આઝાદી જંગના જસ્સાદાર પત્રિકારિત્વનાં ક્ષેત્રે વિહરવાનું ચાલુ રાખ્યું હતું. ગુજરાત સમાચારમાં વરસો પર્યન્ત તેમણે મદદનીશ તંત્રીની અને ત્યારબાદ તંત્રી તરીકેની યશસ્વી કામગીરી બજાવી હતી. છેલ્લા સાત આઠ વર્ષથી સ્વ. કપિલભાઈ સંદેશના તંત્રીપદે નિયુકત થયા હતા.

અભ્યાસી વૃત્તિ, ઠરેલ પ્રકૃતિ, રાજકીય પરિસ્થિતિને પારખવાની આગવી સૂઝ સમઝ અને વ્યવસાય પ્રત્યેની ભારોભાર નિષ્ઠા સ્વ. કપિલભાઈના એક અખબારનવેશ તરીકેના વ્યકિતના વિશિષ્ટ લક્ષણો હતા.

ગાંધી યુગે ગુજરાતને કેટલાક ધ્યેયનિષ્ઠ અને સદા જાગૃત રહે તેવાં "પહેરેગીર" કક્ષાના પત્રકારો આપ્યા છે. આજે એ પેઢી ધીમે ધીમે વિદાય લઈ રહી છે.

# ગુજરાતની જુની પેઢીની પ્રતિભાસંપન્ન વ્યકિતઓ

પોતાની વિલક્ષણ પ્રતિભાથી ગુજરાતને ગૌરવશાળી બનાવે એવી વ્યક્તિઓનો સદ્દભાગ્યે ગુજરાતમાં તૂટો રહ્યો નથી. એક યા બીજે ક્ષેત્રે પોતાની આગવી સૂઝ, દૃષ્ટિ, સાહસ અને કર્તવ્ય નિષ્ઠાના કારણે ગુજરાતના ઇતિહાસમાં તેઓનું નામ કાયમ રહેશે. આવી કેટલીક પ્રતિભાસંપન્ન વ્યક્તિઓનો અહીં પરિચય આપીએ છીએ.

### શ્રી અમૃતલાલ વિ. ઠક્કર 'ઠક્કર બાપા'

સને ૧૮૬૯ના નવેમ્બરની ૨૯મી તારીખે ભાવનગરમાં જન્મેલા આ પરગજુ લોહાણા સદ્દગૃહસ્થથી કોણ અજાણ્યું છે? કાશ્મીરથી કન્યાકુમારી અને દ્વારકાથી દિબ્રુગઢ સુધી બે હજાર માઈલના વિસ્તારમાં હરિજનો, ગિરિજનો, સાગરજનો, નગરવાસી, ગ્રામવાસી અને વનવાસી, દલિતજનો અને મહાજનો—સૌ કોઈ ઠક્કર બાપા નામથી પરિચિત છે. અઢારમે વર્ષે મેટ્રીક થઈ એન્જિનીયરીંગના અભ્યાસ માટે પુના ગયા. ઇજનેર બનીને તેમણે કાઠીયાવાડ રેલ્વે, વઢવાણ, પોરબંદર, સાંગલી વગેરે રજવાડાઓમાં પ્રમાણિકપણે નોકરી કરી. પૂર્વ આફ્રિકામાં બંધાતી નવી રેલ્વેના ઇજનેર તરીકે પણ કાર્ય કરવાની તેમને તક મળી. મુંબઈ આવી વસ્યા પછી સમાજ સેવક વિઠલરાયજી શિંદેના કાર્યમાંથી માર્ગદર્શન અને પ્રેરણા મેળવી તેઓ સમાજ જીવનની સુધારણા તરફ વળ્યા.

હરિજનો, આદિવાસીઓ અને દુઃખીઓની સેવાના વ્રતધારી ઠક્કરબાપા ગોખલેજીએ સ્થાપેલ ભારત સેવક સમાજના પણ આજીવન સેવક હતા. દલિતોના આરોગ્ય માટે, તેમનામાં સ્વમાનની ભાવના પ્રગટાવવા માટે રાત–દિવસ અવિરત પ્રયત્નરત રહેનાર આ 'બાપા'ને સરદાર પટેલે યોગ્ય જ અંજલિ આપી છે. "ઠક્કર બાપાના દિલમાં જે દયા છે તે તો ખુદ ઈશ્વરનાં દર્શન જેવી જ છે."

### શ્રી ઉત્તમચંદ દીવાન

કુતિયાણા ગામનો વણિક કુટુંબનો ઉત્તમચંદ નામે યુવાન ધંધાર્થે પોરબંદર આવ્યો અને કાકાની લાગવગથી જકાત ઉઘરાવવાનું કામ મેળવ્યું. પણ તેની હોંશિયારી અને ચીવટ તો એવાં કે રાણા સાહેબે ખુશ થઈ તેને દીવાનગિરી આપી.

પોતાની બુદ્ધિમત્તા, પ્રતિભા, સત્યપ્રિયતા અને બહાદૂરીથી આ પ્રતાપી પુરુષે એ પદ શોભાવ્યું. રાણા સાહેબના અવસાન પછી રાજ્યનો બધો કારભાર ઉત્તમચંદ ચલાવતા. ખીમા ખજાનચી વિરુદ્ધ રાણી સાહેબના કોઇકે કાન ભભેર્યા અને પરીણામે તેને કેદ કરવાનો હુકમ છૂટ્યો. ખીમો દીવાનજીને શરણે આવ્યો. અભયદાન માગ્યું. કાંચન સમ શુદ્ધ ચારિત્ર્યનો ખજાનચી હોવાની દીવાનને તો ખાત્રી હતી જ. પણ રાજહઠ અને રાણી સાહેબાની સ્ત્રી હઠ સામેય દીવાનજી ઝૂકવાનું શીખ્યા નહોતા. સત્યને ખાતર હોમાઈ જવાનું પસંદ કરી, બહારથી તોપમારો ચાલતો હોવા છતાં તેઓ ખજાનચીને રક્ષણ આપી રહ્યા. આ મામલાની જાણ રાજકોટ થતાં એજન્સી વચ્ચે પડી અને દીવાન કુટુંબનો નૈતિક વિજય થયો.

પોરબંદરની નોકરી છોડ્યા પછી જુનાગઢ નવાબને ડાબા હાથે સલામ કરનાર આ વફાદાર દીવાને "નામદાર! જમણો હાથ તો પોરબંદર રાજ્યને એકવાર અર્પણ થઈ ચૂકયો છે, એટલે એ હાથે બીજાને સલામ ન થાય" જણાવેલું એ તો પ્રસિદ્ધ છે.

આ ઉત્તમચંદ દીવાન તે જ પૂ. મહાત્મા ગાંધીના દાદા. સત્યને ખાતર મરી મિટવાની અમૂલ્ય વિરાસત મોહનદાસમાં પણ ઉતરે એમાં પછી શી નવાઈ!

### શ્રી લલ્લુભાઈ શામળદાસ મહેતા

૧૪મી ઓકટોબર ૧૮૬૩ના રોજ ભાવનગરમાં, ભગા તળાવમાં, 'ગગા ઓઝાનો ખાંચો' એ નામે ઓળખાતી ગલીમાં મામા ગૌરીશંકરને ત્યાં લલ્લુભાઈનો જન્મ. ઘણાં લાંબા સમયે પુત્ર જન્મનો શુભ અવસર આવ્યો હોવાથી ઘરમાં આનંદ છવાઈ રહ્યો. પણ થોડા સમયમાં જ લલ્લુભાઇએ માતૃછાયા ગુમાવી. એ પછી મામી દિવાળીબા અને વિધવા કાકીબા અચરતકુંવર પાસે તે ઉછર્યા.

ઈ. સ. ૧૮૭૮માં ગોવર્ધનરામ ત્રિપાઠીનો તેમને પરિચય થયો. ગોવર્ધનભાઈની સાદાઈ, જ્ઞાન અને સંસ્કારની તેમના પર ઊંડી અસર થઈ. ગોવર્ધનરામે અહીં રહીને શામળદાસના અમાત્ય જીવનનું નિરીક્ષણ કર્યું. લલ્લુભાઈ નોંધે છે: મેં 'સરસ્વતીચંદ્ર' પહેલવહેલું વાંચ્યું ત્યારે લાગેલું કે એમાંનું વસ્તુ તેમણે અમુક પ્રમાણમાં ભાવનગરમાં કરેલ દર્શન ઉપરથી લીધેલું.......મને તો લાગે છે કે બુદ્ધિધનનું પાત્ર મારા પિતા ઉપરથી ઉપજાવેલું છે.'

તા. ૧–૧–૧૮૮૧થી, ખાનગી અભ્યાસ ચાલુ રાખવાની શરતે, તેઓ ભાવનગર આવી મહારાજાના 'અંડર સેક્રેટરી' બન્યા. અઢાર વર્ષના લલ્લુભાઈને રાજ્ય વહીવટનો સામાન્ય

અનુભવ પણ નહોતો પરંતુ ત્રણ ત્રણ પેઢીની દીવાનગિરીનું લોહી તેમની મદદમાં હતું. પિતાના વખતમાં ઘેર યોજાતી અમલદારોની બેઠક રાજ્ય નીતિશાસ્ત્રની શાખાની ગરજ સારતી. ઈ. સ. ૧૯૦૦ માં ભાવનગર છોડી તેઓ મુંબઈ ગયા. ઈ. સ. ૧૯૦૫ માં મુંબઈમાં ઔદ્યોગિક પ્રદર્શનના મંત્રી તરીકે તેમણે કાર્ય કર્યું. ૧૯૦૬ માં ઉદ્યોગપતિઓના સહકારથી 'બેંક ઓફ ઈન્ડીયા' સ્થાપી. ૧૯૦૮ માં ગાયકવાડ સરકાર સાથે વાટાઘાટ ચલાવી 'બરોડા બેંક' નું નિયોજન કર્યું. અને ૧૯૦૮ માં જ મિત્રોના સહકારથી વીમાના ક્ષેત્રમાં 'બોમ્બે લાઈફ ઈન્સ્યુરન્સ કંપની' સ્થાપી. સહકારી મંડળીઓને નાણાંકીય સહાય માટે સહકારી બેંકની મધ્યસ્થ સંસ્થાની જરૂરિયાત અંગે સરકાર સમક્ષ રજૂઆત કરતાં ૧૯૧૧-૧૨ માં 'ધી સેન્ટ્રલ કો-ઓપરેટીવ બેંક' સ્થપાઈ. પછી તો સહકારી મંડળીઓ-બેંકોનું કામ એવું ચાલ્યું કે તેઓ "**સહકારી પ્રવૃત્તિના પિતા**" કહેવાયા. સરકારે તેમને ૧૯૧૩ માં C I I. નો ઇલકાબ આપ્યો. 'સિંધિયા સ્ટીમ નેવીગેશન કું.' તેમણે જ સ્થાપી. 'ધી ઈન્ડીયન સુગર કં.' તાતાની વિવિધ ઇલેક્ટ્રીકલ પાવર-કંપનીઓ, તાતા આયર્ન એન્ડ સ્ટીલ કું. તેમ જ કેટલીય બેંકો અને વીમા કંપનીઓ લલ્લુભાઈની ઋણી છે.

ઈ. સ. ૧૯૧૨ થી, મૃત્યુ પર્યંત, ૧૯૩૬ સુધી તેઓ મુંબઈ યુનિવર્સિટીના સેનેટ સભ્ય તરીકે રહેલા. મુંબઈ ઈલાકામાં, ગવર્નર જ્યોર્જ સિડનહામ સાથે વાટાઘાટ કરીને, તેમણે 'સિડનહામ કોલેજ ઓફ કોમર્સ' સ્થાપવામાં સફળતા મેળવી. ૧૯૨૬માં પંચમ જ્યોર્જ પાસેથી 'નાઈટહૂડ' નો ઈલિકાબ પણ મેળવ્યો.

અંગ્રેજીમાં જેને 'બ્લ્યુ બ્લડ' "પ્રતાપી લોહી" કહેવાય તેવા લોહીનો વારસો લલ્લુભાઈની પેઢીને મળ્યો હતો. પિતાથી પુત્ર સવાયો પાકે એવો અનુભવ પણ તેમની પેઢીને થયા કર્યો છે. પાંચ પાંચ પેઢી સુધી સંસ્કારપ્રવાહ સતત વહી રહ્યો હોય એવી પેઢીઓ ગુજરાતમાં વિરલ છે. ૧૪મી ઓકટો. ૧૯૩૬ના રોજ શ્રી લલ્લુભાઈનું અવસાન થયું. પણ તેઓ તેમની પાછળ મહામૂલી મૂડીરૂપે ત્રણ સંસ્કારીપુત્રો-વૈકુંઠભાઈ, જ્યોતીન્દ્રભાઈ અને ગગનવિહારીભાઈને મૂકતા ગયા છે.

### શ્રી રણછોડલાલ છોટાલાલ

ગઈ સદીમાં ગુજરાતમાં જે અગ્રગણ્ય વ્યક્તિઓ અનેક ક્ષેત્રોમાં પાકી છે તેમાં વેપાર-ઉદ્યોગ અને જાહેરસેવાના ક્ષેત્રમાં ભારે મહત્ત્વ સંપાદન કરનાર વ્યક્તિઓમાં રણછોડલાલ છોટાલાલનું સ્થાન મોખરાનું હતું. ૧૮૨૩માં તે જન્મ્યા ત્યારે બ્રિટનમાં યંત્રયુગ ઊગી ચૂકયો હતો. અને ભારતમાં બ્રિટીશ સામ્રાજ્ય સંગઠીત થઈ રહ્યુ હતું. ઉદ્યોગધંધા અને હુન્નરોના વિકાસથી જ દેશ આગળ આવે છે અને પુરુષાર્થ એ જ મનુષ્યનો મિત્ર છે એવી માન્યતા તરફ દેશ વળી રહ્યો હતો. ભારતમાં લોર્ડ ડેલહાઉસીના સુધારાઓનો આ સમય હતો. જ્ઞાતિએ નાગર રણછોડલાલની કોમ અને ભૂમિકા રાજ્યાશ્રય વાળી હતી. એમણે સરકારી નોકરી લીધી અને કાબેલિયતથી ત્રીશ વર્ષની વયે તો તેઓ રેવાકાંઠાના આસિ. પોલિટીકલ એજન્ટ બન્યા. રાજા-રજવાડાઓને ગાદીએ બેસાડવા-ઉઠાડવા એ તેમનો વ્યવસાય બન્યો.

સરકારી નોકરી દરમ્યાન મેજર ફુલજેમ્સ નામના અંગ્રેજ અમલદારની મદદથી તેમણે બ્રિટનના મિલ ઉદ્યોગ અને યંત્રો અંગે પત્રવ્યવહાર ચલાવ્યો. પણ લગભગ એ જ સમય દરમિયાન લાંચ લેવા બદલ તેમની પર આક્ષેપ મૂકાયો અને એક કમિશન નીમવામાં આવ્યું. આ આક્ષેપમાં નિર્દોષ ઠર્યા છતાં તે વખતના પોલિટિકલ એજન્ટ કર્નલ વોલેસે સરકારને લખ્યું કે શ્રી રણછોડલાલ નોકરીમાં રહે તે ઠીક નથી. પણ સરકારી જવાબ આવે તે પહેલાં તેઓ પોતે જ રાજીનામુ આપી છૂટા થયા. વર્ષોથી જે વાત ખોરંભે પડી હતી તેની પાછળ પોતે એકાગ્રતાની લાગ્યા અને આખરે સન ૧૮૫૯માં અમદાવાદમાં પહેલી મીલ સ્થપાઈ. જો કે એ પછીય ઘણી મુશ્કેલીઓ તેમને નડી છતાં આ સાહસવીરે અનેક ક્ષેત્રોમાં પોતાની સેવાઓ આપવાનું ચાલુ રાખ્યું.

### સર મણિલાલ બા. નાણાવટી

એક આદર્શ સરકારી અધિકારીની કામગીરી કેવા પ્રકારની હોવી જોઇએ તેનું દૃષ્ટાંત પૂરૂં પાડનાર સર મણિભાઇએ દલિત, પીડિત અને શોષિત આદિવાસીઓના ઉદ્ધાર અર્થે આજથી લગભગ પાંચ દાયકા અગાઉ અદ્‌ભુત સેવા બજાવી છે. રિઝર્વ બેંકના ડેપ્યુટી ગવર્નર તરીકે એમણે દેશના કરોડો રૂપિયા બચાવ્યા છે. અને સરકારી સેવામાંથી નિવૃત્તિ લીધા પછી 'ઇન્ડિયન સોસાયટી ઓફ એગ્રિકલ્ચરલ ઇકોનોમિકસ" સંસ્થાની પણ ભારે સેવા બજાવી છે. શ્રી મણિભાઈએ વડોદરા રાજ્યમાં કલેકટર પોર્ટ કમિશનર, એકાઉન્ટન્ટ જનરલ, રેવન્યુ કમિશનર, નાયબ દીવાન અને પ્રધાનના હોદ્દાઓ શોભાવ્યા હતા. સરકારી અમલદાર તરીકે કચેરીના કામ ઉપરાંત એમણે "જૈનોના જ્ઞાતિ રિવાજો" "જૈનોમાં મૂર્તિપૂજા", "ગિલ્ડ સિસ્ટમ ઈન ગુજરાત" "એ સ્પેશિયલ સ્ટડી ઓફ ધી ઈકોનોમિકસ કોનફરન્સ ઈન માયસોર સ્ટેટ" "નોટ્સ ઓન ધી ઇન્ડસ્ટ્રીઅલ ડેવલપમેંટ ઈન બરોડા સ્ટેટ" "ગુજરાતનું ગ્રામજીવન" "રૂરલ લાઇફ પ્રોબ્લેમ્સ" વગેરે પ્રકાશનો તૈયાર કર્યા.

શ્રી મણિભાઈને સહકારી પ્રવૃત્તિમાં જીવનભર ઊંડી શ્રદ્ધા રહી છે. ખેડૂતોને સહાયક બને તેવી લેન્ડ મોર્ટગેઇજ બેંકની સ્થાપનાનો યશ તેમને જાય છે. વડોદરા રાજ્યમાં વિવિધ ઉદ્યોગોની સ્થાપના માટે તેમણે ભૂભૌતિક અવલોકન કરાવી એક મનનીય અહેવાલ તૈયાર કર્યો. સરકારી નોકરીમાંથી નિવૃત થયા ત્યારે વડોદરા રાજયનો સર્વોચ્ચ ઈલિકાબ "અરુણાદિત્ય" તેમને એનાયત કરાયો. ઓખા બંદરના યોગ્ય બાંધકામ-વિકાસ માટે સાત સાત વર્ષ સુધી સખત મહેનત કરનાર આ અધિકારીએ સાચું જ કહ્યું'તું કે "આ બંદર માટે મેં મારૂં લોહી રેડયું છે." શ્રી મણીભાઈને

પોતાના એક પ્રિય પ્રાધ્યાપક પાસેથી મળેલો આ ગુરુમંત્ર દરેક અધિકારીએ યાદ રાખવા જેવો નથી ?–એ ગુરુમંત્ર છે : " In the world you have always difficulties. If you don't find remedies for them, it is your fault. God has provided remedies for oll things."

**સ્વ. પરીક્ષીતલાલ મજમુદાર**

ગુજરાતની હરિજન પ્રવૃત્તિના પ્રાણસમા અને ગાંધીજીના ચૂસ્ત અનુયાઈ શ્રી પરીક્ષીતલાલભાઈનો જન્મ પાલીતાણામાં થયેલો. રાષ્ટ્રિય પ્રવૃત્તિમાં પોતાનું સમસ્ત જીવન ન્યોછાવર કર્યું. તેઓ ગુજરાતની હરિજન પ્રવૃત્તિના પ્રાણસમા હતા.

**શ્રી રવિશંકર મહારાજ**

પૂજ્ય રવિશંકર દાદા ગુજરાતની તથા સમગ્ર ભારતની મહાન વિભૂતિ ગણાય છે. સમાજમાં જે લોકો હડધૂત થયા હતા, અવગણનાને પાત્ર બન્યા હતા, દલીત અને શોષીત હતા એવા લોકોને અપનાવ્યા, હરિજનો અને આદિવાસીઓના કલ્યાણને માટે કમર કસી, પછાત વર્ગોની સેવાના ભેખ લીધો. દેશમાં દુષ્કાળ પડે, રેલસંકટ આવે, ધરતીકંપ થાય કે એવી કુદરતી આફતો વખતે મહારાજ ત્યાં અવશ્ય પહોંચ્યા જ હોય. ગરીબોના આંસુ લુછવામાં અને શક્ય હોય તે રીતે મદદરૂપ બનવામાં મહારાજ સદા તૈયાર હોય.

**સૌજન્યમૂર્તિ શ્રી વૈકુંઠભાઈ**

શ્રી વૈકુંઠભાઈએ સહકારી પ્રવૃત્તિને પોતાનો પ્રાણ આપ્યો. ગ્રામપ્રજાનાં અર્થકારણનો ઊંડો અભ્યાસ એમને આમાં સહાયભૂત થયો અને આજે સહકારી પ્રવૃત્તિનાં મૂળ જો દેશમાં ઊંડા નખાયાં હોય અને એ પ્રવૃત્તિને પરિણામે ખેડૂતો તેમજ ગ્રામપ્રજાને કશો પણ લાભ થયો હોય તો તેમાં શ્રી વૈકુંઠભાઈનો હિસ્સો મોટો છે.

ગાંધીજીની વિચારસરણીના તેમના જેવા ચુસ્ત હિમાયતીઓ દેશમાં ઓછા જ છે. આઝાદીની શરૂઆતના કાળના વિશાળ મુંબઈ રાજ્યના શ્રી બાળગંગાધર ખેરના પ્રધાનમંડળમાં તેઓએ નાણાં, સહકાર અને ગ્રામોદ્યોગ ખાતાનાં પ્રધાન તરીકે કિમતી સેવા આપી હતી. રચનાત્મક પ્રવૃત્તિની કોઈ પણ શાખા એવી નથી જેમાં શ્રી વૈકુંઠભાઈનું એક કે બીજા પ્રકારનું પ્રદાન ન હોય. રાજકરણથી સામાન્ય રીતે તેઓ અલિપ્ત રહેતા હતા એટલે પહેલી સામાન્ય ચૂંટણીમાં દેશનેતાઓના ઘણા આગ્રહ છતાં તેઓએ ઉમેદવારી કરવાનું પસંદ કર્યું ન હતું. ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ અને પછીથી ખાદી ગ્રામોદ્યોગ પંચના અધ્યક્ષપદે ૧૯૬૩ સુધી તેઓ હતા અને એ રચનાત્મક ક્ષેત્રમાં તેમની કામગીરીની યશસ્વી નોંધ લીધા વિના ચાલે એમ નથી. બ્રિટીશ સરકારે એમને ખિતાબથી નવાજ્યા હતા. પણ રાષ્ટ્રિય આંદોલનમાં તેણે ગુજારેલા દમનના વિરોધમાં તેમણે એ ખિતાબ ફગાવી દીધો હતો. ભારત સરકારે તેમને પદ્મભૂષણ બનાવીને રચનાત્મક સેવાઓની કદર કરી હતી.

**શ્રી મોહનભાઈ વીરજીભાઈ પટેલ**

અમરેલીના એક જૂની પેઢીના, વડોદરા રાજ્યના સમયથી એક પ્રજાસેવક છે. મહાત્મા ગાંધીજી, સરદાર વલ્લભભાઈ જેવા પ્રખર રાષ્ટ્રનેતાઓ સાથે તેમણે પ્રજાની સેવાઓ કરી છે અને આજે એંશી વર્ષની ઉંમરે પણ તેઓ શિક્ષણક્ષેત્રે પોતાની સેવાઓ આપી રહ્યા છે.

ઈ. સ. ૧૯૫૨ની સાલમાં તેઓ ગુજરાત પ્રદેશ કોંગ્રેસના એકસ–ઓફિસિયો સભ્ય હતા. અને તે જ સાલ તેઓ અમરેલી જિલ્લાના ઓખા, ધારી, ખાંભા મત વિસ્તારોના મુંબઈ રાજ્યની ધારાસભામાં પ્રતિનિધિ તરીકે ચૂંટાયા હતા.

આ ઉપરાંત અમરેલી જિલ્લા પંચાયત, અમરેલી કેળવણી મંડળ, સૌરાષ્ટ્ર પાટીદાર લેઉવા જ્ઞાતિના મંડળ–સૌરાષ્ટ્ર પટેલ કેળવણી મંડળ, અમરેલી જિલ્લા મધ્યસ્થ બેન્ક, અમરેલી રામકુંવરબા જિમખાના વગેરે અનેક સંસ્થાના પ્રમુખ તરીકે તથા અન્ય ગુજરાત, સૌરાષ્ટ્રની સંસ્થાઓના સભ્ય તરીકે રહી સેવાઓ આપી છે.

**સ્વ. શંભુભાઈ ત્રિવેદી**

ગાંધીવાદી પેઢીના સાચા બે પ્રતિનિધિ–એક શ્રી આત્મારામભાઈ અને બીજા શ્રી શંભુભાઈ–ગોહિલવાડના આ બે સપૂતોએ ગાંધીવાદના સિદ્ધાંતો, જીવનપ્રણાલી અને પરાને પચાવવો જેમ અઘરો તેવા જીવનના સનાતન સત્યને પચાવીને શ્રી શંભુભાઈએ જે સત્યાગ્રહ અને અનિષ્ટોનો સામનો કરવાની પગદંડી ઊભી કરી છે–તે યુવાન પેઢી માટે ખરેખર પ્રેરણાદાયી બની રહેશે. શ્રી શંભુભાઈ ગાંધીયુગના મહર્ષી હતા. તેમના શુદ્ધ પારદર્શક જીવનની સૌરભતાની વિગત કોઈએ તો કંઈક રીતે કંડારવી પડશે–તો સૌરાષ્ટ્રની ધરતીની સંસ્કૃતિના પય પીને ઊછરેલી આ વ્યક્તિએ ગાંધીવાદની ગંગાને પચાવીને રિયાસતી રાજ સામે જેહાદ જગાવી હતી, એટલું જ નહિ પણ સામાજિક અને આર્થિક ક્ષેત્રે જ્યાં જ્યાં અશુદ્ધિ દેખી છે તે તે સ્થળે પ્રચંડ પુણ્ય પ્રકોપ મિત્રો સાથે પણ તેમણે બતાવ્યો હતો.

સમસ્ત ગુજરાતની પ્રજાના હૃદયમાં આ સંત પુરુષ માટે આદર અને માન હતાં. ગાંધીવાદનાં જીવનનાં મૂલ્યોને પચાવવામાં કાળજીપૂર્વક જીવન જીવી ગયા.

**શ્રી ગગનવિહારી મહેતા**

દેશવિદેશમાં ભારતની શાન વધારનાર અને પશ્ચિમી છાવણીમાં પણ માન–આદર મેળવી જનાર ભારતની એક અનન્ય વ્યક્તિ શ્રી ગગનવિહારી લલ્લુભાઈ મહેતા મૂળ ભાવનગરના એ રહીશ ! એમની દક્ષતા અને કુશાગ્રતાની વિવિધ ક્ષેત્રોને સેવા મળી છે. ઇન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ ફેડરેશન ઓફ ઇન્ડીઅન ચેમ્બર ઓફ કોમર્સ, ફેડરેશન ઓફ ઈન્ડીઅન ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીઝ, વગેરેના પ્રમુખ બનેલા. તેમની બુદ્ધિ પ્રતિભાની આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પણ સેવા લેવાઈ છે. જીનિવા ખાતે વેપાર અને રોજગારને લગતી આંતરરાષ્ટ્રીય પરિષદમાં તેમણે ભાર-

તનું પ્રતિનિધિત્વ સંભાળેલું. ટેરિફ કમિશનના અધ્યક્ષપદે પણ તેમની નિયુકતી થયેલી.

૧૯૫૨ ના સપ્ટેમ્બરમાં એમને અમેરિકા તથા મેકિસકો ખાતેના ભારતના એલચી તરીકે મુકાયા એ એમની સેવાનો ઉચિત આદર હતો. લાગટ છ વર્ષો સુધી એ પદે રહી ત્યાં પોતાની કુશાગ્રતા તથા સરળતાથી એમણે અમેરિકી રાજપુરૂષોનાં હૈયાં એટલા તો જીતી લીધેલાં કે એ પહેલાં ભારત પ્રત્યે સદા ઉપેક્ષા તથા દુશ્મનાવટથી જોતા અમેરીકી તંત્રનેય હૃદય પલ્ટો કરાવેલો. એ દરમ્યાન તેઓ કયુબા માટેના ય ભારતના પ્રતિનિધિ રહેલા. એ પદેથી નિવૃત્ત થયા બાદ તેમની સેવા 'ભારતની ઔદ્યોગિકકરણ અને રોકાણ સંસ્થા ઇન્ડિસ્ટ્રીયલ ક્રેડિટ એન્ડ ઇન્વેસ્ટમેન્ટ કોર્પોરેશન ઓફ ઇન્ડિયાને પ્રાપ્ત થઈ છે. ભારત સરકારે એમને આ સંસ્થાના અધ્યક્ષ તરીકે નીમ્યા છે. તેઓ આપણા ગૌરવ સમાન છે.

## સ્વ. જગજીવનબાપા

હજુ હમણાં જ જેમને અમરેલીએ બિરદાવ્યા અને જેમની સેવાઓનું ઋણ ચૂકવ્યું એવા અમરેલીના એક સન્નિષ્ઠ, વયોવૃદ્ધ સમાજ સેવક, અને જિલ્લાના જાહેર જીવનના વટવૃક્ષ સમા શ્રી જગજીવનબાપાએ ઓચિંતી વિદાય લીધી. ગુજરાતના એક સુપુત્ર ડૉ. જીવરાજભાઈ મહેતાના વડીલબંધુ હોવાને કારણે નહિ, પરંતુ પોતાની આગવી પ્રતિભા અને સેવાને કારણે સારાયે અમરેલી જિલ્લામાં લોકપ્રિય અને સૌના આશ્વાસન રૂપ બનેલા શ્રી જગજીવનબાપાનો વીરનગર ખાતે દુઃખદ દેહવિલય થયો. શ્રી જગજીવનદાસ મહેતાની ઉંમર આશરે ૮૫ વર્ષની હતી. જિંદગીની શરૂઆતમાં ચારેક વર્ષ ખાનગી વ્યાપારી જીવનમાં ગાળ્યા. બાદ સુખદુઃખની ટાઢ–તડકાની છાંયડી પછી જગજીવનબાપા રીતસરના આશ્રમમાં જોડાયા નથી પણ બાપાએ આશ્રમ બહાર રહીને ભરતની માફક આશ્રમ જીવનને ધ્યેય બનાવી પ્રજાની અનેક સેવાઓ કરી છે. આ સેવાનો રંગ તેમને મહાત્મા ગાંધીજી સાથેના સંપર્કથી જ લાગેલો. તેઓ તથા તેમના પત્ની શ્રીમતી ત્રિવેણીબેને અનેક વર્ષો ગાંધીજી સાથે ગાળેલાં તેની ખાતરી રૂપ શ્રી જગજીવનબાપા પર મહાત્મા ગાંધીજીના પ્રેમ અને લાગણીભર્યા આત્મીયતા દર્શાવતા અનેક પત્રો મોજૂદ છે. નાનાં મોટાં શિક્ષણનાં છાત્રાલયો ચલાવવા, રેલ સંકટ કે દુષ્કાળ સંકટ નિવારણમાં માનવી અને પશુઓને રાહત પહોંચાડવી. ખાદી કે હરિજન સેવા દ્વારા દીન દુઃખી તરછોડાયેલાઓની વહારે ધાવું, યુવાનોનો સર્વાંગી વિકાસ સાધવો અને તે કારણે શિબિરો અને અખાડા, વ્યાયામ પ્રવૃત્તિઓ ચલાવવાં, અપંગો કે વૃદ્ધોની ભક્તિ ભાવે સેવા કરવી, દેશી રાજ્યો કે બ્રિટિશ સલ્તનતના જુલમોનો સામનો કરવો વગેરે અનેકવિધ કાર્યો શ્રી જગજીવનબાપાએ નિષ્કામ ભાવે જીવનના ૭૦–૭૫ વર્ષો સુધી અવિરતપણે કર્યા છે.

## શ્રી માયારામજી

સોરઠના પાટનગર જુનાગઢમાં નવાબી યુગના કોમવાદી તંત્રમાં હિંદુઓને આશ્રય આપવા ઉઘાડી મર્દાનગી દેખાડનાર અને જવાબદાર રાજતંત્રની પ્રથમ સભા પોતાને ત્યાં ખૂનની ધમકીઓને ઠોકરે મારી ભરનાર, માનવસેવાના આજીવન ભેખધારી, અનાથોનો–નાથ, નિષ્ઠાવાન, સંસ્કારી, કર્મવીર પંડિત માયારામદાસે કેશોદ પાસેના માણેકવાડા ગામે આહિર કુટુંબમાં જન્મીને ઊગતી ઉંમરે સંસાર વૈભવનો ત્યાગ કર્યો.

માયારામદાસજીએ સેવાના ઝંડાધારી બનીને, ભેખધારી બનીને એકધારી સતત ૪૪ વર્ષ સુધી જાતી દેખરેખ નીચે વેદાંતનો જાપ લઇ અન્નપૂર્ણા અને સરસ્વતીના ઉપાસક બની અનાથ, બાળકો, સ્ત્રીઓ, વિદ્યાર્થીઓ અને યાત્રાળુઓને વિવિધ રીતે સેવાઓ આપી મુકસેવક બની આશીર્વાદ મેળવેલ. ૧૯૩૯માં જ્યારે રાજાશાહી હતી અને જ્યારે વટાળ પ્રવૃત્તિ ચાલતી ત્યારે હિજરત કરતી હિન્દુ જનતાની બહેન–દીકરીઓને સામે ચાલીને આશરો આપેલ. કોમીવાદમાં વચમાં જ્યારે કોઇ હરફ ઉચ્ચારી શકતું નહિ ત્યારે જાહેરમાં મર્દાનગી વાપરી લોકોને મદદે આવેલ. આ સમાજસેવકે દેહની પણ ખેવના કર્યા વગર જિંદગી આખી રાષ્ટ્રસેવામાં ગાળી.

## શ્રી આત્મારામભાઇ ભટ્ટ

સ્વરાજ્યની લડત દરમ્યાન–જેમની સચ્ચાઇ, અને અજોડ સત્યાગ્રહી તરીકેની કામગીરીને કારણે ગોહિલવાડની પ્રજાએ "વીર આત્મારામભાઇ" નું બિરુદ આપ્યું–એ શ્રી આત્મારામભાઈ નાનપણથી સચ્ચાઈ તરફ વળેલા હતા. સુખી કુટુમ્બના આ પુત્રે પૂ. બાપુના સત્યાગ્રહ આંદોલનથી પ્રેરાઈને મા–ભોમની મુક્તિ જંગમાં ઝૂકાવ્યું અને ભાઈ–બહેનની જોડીએ ધગધગતા અંગારા જેવી વીરતાથી રાજ્યની લડતનો આદેશ હોય કે ગાંધીજીનો આદેશ હોય–સ્વસ્વ કુરબાન કરીને મોખરે જ હોય. તેમનો સત્ય પ્રત્યેનો આગ્રહ–ખાદી તરફની મમતા અને પૂ. ગાંધીચિંધ્યા માર્ગે નખશીખ વ્યવહારમાં વર્તવાના આગ્રહે તેમના જીવનમાં ઘણાએ ઝંઝાવાતો પસાર થયા છે. મીઠાના સત્યાગ્રહ દરમ્યાન એક મુઠ્ઠી મીઠું તેમના હાથમાંથી લેવા માટે બ્રિટિસ પોલીસોની ટુકડીને દિવસે તારા જોવા સમાન પુરૂષાર્થ કરવો પડતો. રિયાસતી રાજયની પોલીસ હોય કે બ્રિટિશ સલ્તનતની પોલીસ હોય પણ સત્યના આગ્રહને કારણે તેમને શારીરિક માર ખૂબ જ સહન કરવો પડયો છે. પારદર્શક નિષ્પાપ જીવનની સૌરભભર્યા તેમના જીવનમાં ડોકિયું કરવાનો કોઈ પુરૂષાર્થ કરે તો પ્રેરણાદાયક તત્ત્વો–રત્નો મેળવવાની પૂરી શકયતાઓ પડી છે. સૌ કોઈને તેમના તરફ મમતા, માન અને આદર છે.

## ભક્તકવિ શ્રી શિવજીભાઈ

જ્યાં સાહસિક શાહસોદાગરોએ જન્મ લઈ માતૃભૂમિનું નામ દુનિયામાં રોશન કર્યું છે એવી કચ્છની ધીંગી ધરામાં આજથી ૮૪ વર્ષ પહેલા સાધારણ માતપિતાને ત્યાં જન્મ લીધો. પુત્રના લક્ષણ પારણાએ તે ન્યાયે શિવજીભાઇને રમતગમત અને ખેલકૂદનો ભારે શોખ, સંગીત માટે ઉજાગરા કરે અને નાટકનો પણ એવોજ ચસકો. પ્રવાસપર્યટનો દ્વારા નવુ નવુ જાણવા જોવાની જિજ્ઞાસા. બાળલગ્ન થયા અને પિતાએ નોકરીની ધૂસરીમાં જોડયા. પણ આ ક્રાંતિકારી જીવડાએ એ ધૂસરી ફગાવી દીધી. નળીયાના એક ગુરૂ મળી ગયાં અને તેમના ચરણે બેસી આધ્યાત્મિક રસનું પાન કર્યું. દીક્ષાની ભાવના જાગી પણ લાલનસાહેબ જેવા સંતપુરૂષ મળી ગયાં અને જીવનપરિવર્તન થયું.

વીશ બાવીશ વર્ષની વયે સમાજ કલ્યાણની ભાવના જાગ્રત થઈ. બોર્ડિંગ અને વિદ્યાશ્રમ જેવી સંસ્થાઓ માટે ભેખ લીધો. વિદ્યા પ્રસારકવર્ગ દ્વારા ૬૦ જેટલા ધર્મ અને જૈન સાહિત્યના પુસ્તકો પ્રકાશિત કર્યા. શિવસદન ગ્રંથમાળા તરફથી ૦ જેટલી પુસ્તીકાઓ પ્રગટ થઈ.

પાલીતાણાની ગોઝારી હોનારતે તેમની ત્રણ સંસ્થાઓને ભસ્મીભૂત કરી નાખી. પુનશ્ચ હરિ ૐ કરી મઢડામાં આશ્રમની સ્થાપના કરી. કન્યાવિક્રય, વૃદ્ધવિવાહ અને બાળલગ્ન જેવા ગોઝારા લોહીપીતા રીવાજો માટે વિદ્યાચંદ્ર અને સુમતિ પુસ્તકોની પંદર જેટલી આવૃત્તિઓ પ્રગટ થઈ. રાષ્ટ્રની આઝાદી માટે ઘૂમ્યા. મઢડાની વિકસતી જતી સંસ્થાઓને સંકેલી લેવાનો પ્રસંગ આવ્યો ત્યારે પણ અડોલ રહી બધુ સમેટી લીધું. શ્રી અરવિંદના પોંડીચેરી આશ્રમે શાંતિ બક્ષી અને નવનિત પુસ્તકની ભેટ મળી. કાશ્મીર ગયા અને મગનબાબાના નામથી હજારોના પૂજ્ય બની ગયાં. કુટુમ્બની લીલમલીલી વાડીના એ તો મહેમાન જ રહ્યાં. પૂરા ૮૨ વર્ષ સુધી જગતભરના ચિર પ્રવાસી રહ્યાં. તેમના વારસદારો શ્રી સુધાકરભાઈ, સુમતિચંદ્રભાઇ, પૌત્રો હેમેન્દ્રભાઇ, ઉપેન્દ્રભાઇ વિગેરેએ આ વારસાને દીપાવી જાણ્યો છે.

## સ્વ. શ્રી મસ્તરામભાઇ હરગોવિંદભાઈ પંડયા

જેમનો સદાય સ્મિતભર્યો ચહેરો ભૂલાય તેમ નથી, અનેક માણસો વચ્ચે જેમનું વ્યક્તિત્વ પ્રકાશ, આનંદ અને ઉત્સાહ પ્રસારતુ–ભાવનગરના વીસરાતા યુગમાં લાંબા સમય સુધી સંસ્કાર સાહિત્ય અને સમાજમાં અગ્રપદનો માનમોભો જેમણે ભોગવ્યા છે. નાવીન્યસભર આવકાર અને સત્કારની કળા જેમને હસ્તગત હતી એવા સ્વ. શ્રી મસ્તરામભાઇ બિલ્ડીંગ કોન્ટ્રેકટરનું અને એ વિષેના નિષ્ણાત તરીકે એક સલાહકાર, વર્ષોથી તેઓ કામ કરતા હતા. ભાવનગરની શામળદાસ કોલેજ, નટરાજ થીએટર અને ગાંધીસ્મૃતિ એ એમના કુશળ સ્થાપત્યનિર્માણના સુંદર નમૂનાઓ છે.

ભાવનગર ખાતે શ્રી દક્ષિણામૂર્તિ વિદ્યાર્થીભવનના વિસર્જન બાદ ઘરશાળા–હોમસ્કૂલ તેમણે તથા શ્રી હરભાઈ ત્રિવેદીએ સાથે મળીને ઉભી કરી હતી. સ્વ. મોહનલાલ મોતીચંદના અવસાન બાદ ઝીથરીની ટી. બી. હોસ્પીટાલના સેક્રેટરી તરીકેનું કામ વર્ષો સુધી સંભાળ્યું હતું. તેઓ ગુજરાતી સાહિત્યના એક સિદ્ધહસ્ત લેખક હતા. તેમની લેખિનીને એક કલાકારનું સૌષ્ઠવ વરેલું છે. તેમના જીવનના અનેક પાસાઓમાં સુરુચિનું હૃદયંગમ દર્શન થતું.

વ્યવસાયથી સ્વ. મસ્તરામભાઇ વેપારી હતા પરંતુ તેમની સામાજિક ફિલસૂફી સહિષ્ણુતાના અને પ્રેમના પાયા પર રચાયેલી હતી એટલા માટે જ તો સમાજની વિકટ સમસ્યાઓના ઉકેલ માટે અનેક મિત્રો તેમની સલાહસૂચના લેવા આવતા. તેમની કલાદૃષ્ટિ એક વિશિષ્ટ પ્રકારની રહેલી. તેમણે કરેલું સુશોભન કાર્ય જૂઓ કે તેમની નીચે તૈયાર થયેલ કોઈપણ મકાનનું સ્થાપત્ય જુઓ તો તેની પાછળ કલાનો અભ્યાસી આત્મા દેખાયા વિના રહેજ નહિ. રાજકારણથી તો પોતે હમેશાં દૂર રહેતા. પરંતુ તેમની વેધકદૃષ્ટિ રાજકારણના ગંદવાડને અને અંધારાને વીંધીને આરપાર નીકળી જતી અને તેથીજ ભાવનગરના દેશીરાજ્યના કુશળ દિવાન સ્વ. શ્રી અનંતરાયભાઈ પટણીએ મસ્તરામભાઇને પોતાના સલાહકાર નીમ્યા હતા.

આ રીતે સ્વ. મસ્તરામભાઇનું જીવન અનેકરંગી રહ્યું. તેમના જીવનની મીઠાશ અદભૂત હતી. તેમની સજ્જનતા પારદર્શી હતી. એમનું જીવન રસિક, પ્રેમાળ અન્યને માટે ઘસાઈ જનારૂ હતું.

તેમના સુપુત્ર શ્રી જગતભાઇએ તેમના ઉજ્જવળ વારસાને દીપાવી જાણ્યો છે. બી. એ. સુધીનો તેમનો અભ્યાસ પણ એન્જીનીયરીંગ લાઈનમાં તેઓ પણ નોંધપાત્ર પ્રગતિ કરી રહ્યાં છે. સૌરાષ્ટ્ર સ્ટેટ બેન્ક, દેના બેન્ક વિગેરે મહત્ત્વના કામોમાં તેમની શક્તિના દર્શન થાય છે. ભાવનગરમાં રાઈફલ કલબ, શુટીંગ કલબ વિગેરે સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. હાલમાં લો–ઈનકમ ગ્રુપના મકાનોની ડીઝાઇનો માટેનું એક પુસ્તક તૈયાર કરી રહ્યાં છે.

મીલનસાર સ્વભાવના શ્રી જગતભાઈ આજ ગંદા રાજકારણથી તદ્દન અલિપ્ત રહ્યાં છે. તેમનો આથિત્યસત્કાર અજોડ છે. તેમને ત્યાંથી કોઈ કદી નિરાશ થઇને પાછું ગયું નથી. ભાવનગરની પ્રગતિશીલ પ્રવૃત્તિઓમાં અને વિકાસના નાના મોટા કામોમાં શ્રી પંડ્યા કુટુંબનો ફાળો અનન્ય અને અજોડ રહ્યો છે. સ્વ. શ્રી મસ્તરામભાઈ ભાવનગર અને સારાષ્ટ્રનું ખરેજ ગૌરવસમાન હતા.

### ૨૧. સરોજબહેન મહેતા

મૂળ નામ સાવિત્રીબહેન, પિતાનું નામ જીકુભાઈ અને માતાનું નામ તાપીબહેન. શ્રી સરોજબહેન દાણીભાઈ અને બળવંતભાઈએ શરૂ કરેલ વિદ્યાલયમાં પ્રથમ વિદ્યાર્થીઓમાંનાં એક. શ્રીમતી રમાબહેન ત્રિવેદીનાં સૌથી મોટાં બહેન તાપીબહેનનાં પુત્રી. માસી, ભાણેજ અને અન્ય સાહેલીઓએ દેશની કારમી કંગાલિયત, સ્ત્રીઓની સ્થિતિ વગેરે પ્રશ્નોની ભીતરમાં ઊતરતાં તેમના દિલમાં આગ લાગી અને કંઈક એવું કરવાની મહત્ત્વાકાંક્ષાઓના નકશા કરવાની મનસૂબા કરતાં સરોજબહેને આખરે તેમના જીવનમાં એ મહત્ત્વાકાંક્ષાને સાકાર કરી બતાવી.

તેમનો સ્વભાવ શાંત હતો. તેમની તીવ્ર બુદ્ધિશક્તિ પલમાત્રમાં રાજકારણની હોય કે સમાજ જીવનની કોઈપણ સમસ્યા હોય તેનું તત્ત્વ પકડી શકતાં. આ શક્તિઓ શ્રી બળવંતભાઈની જાજરમાન વ્યક્તિત્વનું અલોપન કરી એક પડછાયાની જેમ ગોહિલવાડ કે દેશના ઉત્થાનની કોઈ લડત હોય કે કોઈ પ્રશ્ન હોય તેને ઉકેલવાના તાણાવાણામાં શ્રી સરોજબહેનની શક્તિઓ પાયામાં પડી હતી.

### વીર મણિભાઈ

નૂતન કુંડલાના ઘડવૈયા વીર મણિભાઈ, આખું નામ શ્રી મણિશંકર શામજી ત્રિવેદી પણ તેમને બધા 'વીર મણિભાઈ'ના લાડીલા નામથી ઓળખે. તેમનો જન્મ એક ધર્મપ્રેમી, શ્રદ્ધાવાન અને આસ્તિક કુટુંબમાં થયો હતો. પિતાશ્રી શામજીભાઈ પોતે જ વિદ્યાવ્યાસંગી હતા. એટલે પુત્ર ખૂબ જ વિદ્યાભ્યાસ કરીને વિદ્વાનમાં ખપે તેવી મહત્ત્વાકાંક્ષા ધરાવતા, શ્રી મણિભાઈ બાળપણથી જ અભ્યાસ કરતા રહેતા. અભ્યાસક્રમ દરમિયાન ભારતમાં નેશનલ કોંગ્રેસમાં બાલ, પાલ અને લાલની ત્રિપુટીનું વર્ચસ્વ હતું. એ તરફ તેઓ આકર્ષાયા. રાષ્ટ્રીય ભાવનાથી પ્રેરાઈને તેમણે સાવરકુંડલામાં 'બાલમિત્ર મંડળ'ની સ્થાપના કરી.

જ્યારે મહત્મા ગાંધીજીએ ભારતના રાજકારણમાં પ્રવેશ કર્યો ત્યારે શ્રી મણિભાઈ એમ. એ. નો અભ્યાસ કરતા હતા. મહાત્માજીની ત્રિવિધ બહિષ્કારની હાકલને માન આપી લડતમાં ઝંપલાવ્યું. જીવનભર રાષ્ટ્રીયતા કાજે ઝઝુમ્યા અને છેવટે મુંબઈની એક સભામાં અચાનક મૃત્યુ થયું.

### ૨૧. કેશવજી હરિભાઈ મોદી

શ્રી કેશવજીભાઈનો જન્મ સંવત ૧૮૯૬ માગશર સુદ ૧૦ ના રોજ થયો હતો. માધ્યમિક અભ્યાસ પૂરો કર્યા બાદ વકીલાત અંગેનો અભ્યાસ શરૂ કર્યો. હાઈકોર્ટ પ્લીડર તરીકેની પરીક્ષામાં ૭૦૦ ઉમેદવારો બેઠા હતા, તેમાંથી ફકત ૧૩ ઉમેદવારો પાસ થયેલા. તેમાં શ્રી કેશવજીભાઈ પ્રથમ નંબરે પાસ થયેલા એવા તેઓશ્રી વિદ્વાન હતા. શરૂઆતમાં થોડો સમય તેમણે વકીલાત કરેલી. ત્યારબાદ વાંકાનેર રાજ્યની નોકરીમાં જોડાયા ત્યાં બે વર્ષ નોકરી કરેલી ત્યારબાદ તેમને ભાવનગર રાજ્યમાં નિમણુક મળતા ગોહિલવાડમાં પાછા આવેલા.

ભાવનગર રાજ્યમાં ન્યાયાધીશ તરીકેની તેમની કારકિર્દી ઘણી જ યશસ્વી અને દક્ષતાપૂર્ણ હતી. તેઓ ન્યાયાધીશના પદેથી નિવૃત્ત થયા બાદ રાજ્યે તેમની વિદ્વતા અને ન્યાયખાતાના કાયદાઓ, પરિપત્રો અને ઠરાવોનું ઊંડું જ્ઞાન જોઈ તેનું સંશોધન, સંકલન અને સંગ્રહ કરવા માટે તેમની અથાગ મહેનત બાદ એક મોટું પુસ્તક પ્રગટ કરેલું. જે "મોદી સંગ્રહ" તરીકે લોકોકિતમાં બોલાય છે. વાસ્તવિકતામાં આ ગ્રંથ ન્યાયખાતાના કામને માટે આધારભૂત ગ્રંથ મનાય છે.

### શ્રી રામભાઈ ભાયાભાઈ ધોરાજીયા

લીલીયા મહાલના હાથીગઢના વતની શ્રી રામભાઈ જે જમાનામાં પરદેશી હકૂમતની ધાક બેસતી—આગળ આવી કોઈ હિંમતપૂર્વક બોલી શકતુ નહિ તેવા ગુણાલી યુગનાં પ્રગતિશીલ વિચાર ધરાવનારા એક આગેવાન ખેડૂત હતા. એ વખતે રાજ્ય તરફથી તેમને જમીન ખાલસાનો હુકમ આપ્યો હોવા છતાં તેને મચક નહિ આપતા નિડરતાથી તેનો સામનો કર્યો. એ અરસામાં ઇન્કીલાબનો નાદ જ્યારે ગૂંજતો હતો ત્યારે આપણા સ્વ. બળવંતરાયનો લીલિયા વિસ્તારમાં પ્રવૃત્તિ હોય ત્યારે સ્વ. મહેતાનો ઉતારો શ્રી રામભાઈને ત્યાંજ હોય, રામભાઈની અનન્ય રાષ્ટ્રભક્તિ અને બધીજ જાતના પ્રેરક સહકારને લીધે શ્રી બળવંતભાઈ લીલીયાને કાર્યક્ષેત્ર મથક બનાવ્યું હતું. ૮૦ વર્ષની વયે શ્રી રામભાઈ સ્વર્ગવાસ થયા, સુવાસ મૂકતા ગયા. તેમનું વિશાળ કુટુંબ પરિવાર આજ સારી સ્થિતિમાં છે.

### સ્વ. શ્રી ભીમબાપા

મોટી મારડના વતની શ્રી ભીમબાપાએ ૧૮ વર્ષની ઉંમરે તેમણે જાહેર જીવનની દીક્ષા લીધી હતી. સૌરાષ્ટ્રના એક કિસાન આગેવાન હોવા છતાં જીવનના છેલ્લા વર્ષો સુધી તેમને જાતે હળ ચલાવીને ખેતી કરી હતી. સ્વરાજ્ય પહેલા સામાજિક પ્રવૃત્તિની દષ્ટિએ તેઓશ્રી બહેનોની ફરજિયાત કેળવણીના કામમાં, સમાજની અંદર કુરૂઢી જેવી કે બાળલગ્નની નાબૂદી, મરણ પાછળ ભોજન અને અસ્પૃશ્યતા નિવારણનું કામ ૬૦ વર્ષ સુધી કરેલું. તેઓએ અસ્પૃશ્યતા નાબૂદીના કામમાં પોતાના વતનમાં ગામમાં એક વિશાળ સંમેલન ૧૯૧૬માં પૂજ્ય મહાત્મા ગાંધીજીના પ્રમુખપદે યોજી તે દ્વારા તે વિચારના પ્રચારને વેગ આપેલો. રાજકીય દષ્ટિએ સ્વર્ગસ્થશ્રીએ કાઠિયાવાડના ખેડૂતો દેશી રાજ્ય સામે નિર્ભય બને એ દષ્ટિએ સંગઠિત કરવા માટે સને ૧૯૨૧માં રાજકોટ મુકામે સ્વ. શ્રી વિઠ્ઠલભાઈ પટેલના પ્રમુખપદે મળેલ કાઠિયાવાઢ રાજકીય પરિષદમાં અસંખ્ય ખેડૂતોને લઈ ગયેલા અને તે સંમેલનના સ્વાગત મંત્રી તરીકે કામ કરેલું.



# ગુજરાતના
## તેજસ્વી અધ્યાપકો અને નિષ્ઠાવાન આચાર્યો

—શ્રી સિ. જિગર વાંકાનેરી

ગુજરાતના કેટલાક તેજસ્વી–નિષ્ઠાવાન અધ્યાપકો–આચાર્યોનો પરિચય અહીં આપ્યો છે. સંભવ છે કે કેટલાક તેજસ્વી–નિષ્ઠાવાન અધ્યાપકોનો અહીં ઉલ્લેખ પણ ન થયો હોય. એવા સૌ અનામી–મૂક સેવકોની હું ક્ષમા યાચું છું.

**શ્રી અનંતરાય મ. રાવળ**

૧–૧–૧૯૧૨ના જન્મ. અભ્યાસમાં પહેલેથી જ ખૂબ તેજસ્વી. ૧૯૩૪માં એમ.એ.માં પ્રથમ વર્ગ મેળવ્યો. ગુજરાત કોલેજમાં ગુજરાતીના અધ્યાપક તરીકે કાર્ય કરી ચૂકેલા શ્રી રાવળ ગુજરાતી સાહિત્યના એક સારા વિવેચક પણ છે. તેમણે '૪૭ના લલિત–લલિતેતર ગ્રંથસ્થ વાઙ્મયની સમીક્ષાનું પણ કાર્ય કરેલું.

**શ્રી આર. કે. અમીન**

૧૯૨૩માં ખાવળામાં જન્મેલા શ્રી અમીન અર્થશાસ્ત્રની અનુસ્નાતકની ઉપાધિ ધરાવે છે. અમદાવાદની એલ. ડી. આર્ટ્સ કોલેજ તથા સરદાર પટેલ વિદ્યાપીઠમાં અર્થશાસ્ત્ર–વિભાગના વડા તરીકે કાર્ય કરતા શ્રી અમીને અર્થશાસ્ત્રના પુસ્તકો પણ લખ્યા છે.

**શ્રી કરસનદાસ માણેક**

૨૮ નવેમ્બર ૧૯૦૧માં કરાંચીમાં જન્મ. અભ્યાસ પણ ત્યાં જ. બાકીનો થોડો અભ્યાસ અમદાવાદમાં. એ પછી વિવિધ શાળાઓના આચાર્ય તરીકે રહી ચૂકેલા આ કવિ એક અચ્છા કીર્તનકાર પણ છે. એ પછી ય તેમનો સાહિત્ય–રસ તેમને રાણપુર લઈ ગયો ને ત્યાં તંત્રીમંડળમાં જોડાયા. હાલ અમદાવાદમાં, આપણાં પ્રચીન ગ્રંથોની સમૃદ્ધિ આખ્યાનરૂપે રજૂ કરે છે.

**શ્રી કમળાશંકર ત્રિવેદી**

પ્રેમચંદ રાયચંદ ટ્રેઈનિંગ કોલેજના આ નિષ્ઠાવાન આચાર્ય સંસ્કૃતના પ્રખર વિદ્વાન હતા. જર્મનીથી પણ સંસ્કૃતજ્ઞ પંડિતો અહીં આવી તેમના જ્ઞાનની પ્રશંસા કરતાં શ્રી મહિપતરામ, નવલરામ અને કમળાશંકરે શરૂ કરેલું શાળા પત્ર આજે પણ "જીવન–શિક્ષણ" નામે પ્રસિદ્ધ થાય છે.

**શ્રી કે. કા. શાસ્ત્રી**

ઉચ્ચશિક્ષણ મેળવી અધ્યાપક તરીકે કાર્ય કરતા શ્રી શાસ્ત્રીજી તેમનાં જ્ઞાન–પ્રતિભાથી ગુજરાતમાં જાણીતા જ છે. વિવિધ વિષયોનાં અનેક પુસ્તકોનાં પ્રકાશન પછી આજે ય તેમની સંશોધનવૃત્તિ એટલી જ જાગૃત છે. તેમના આ કાર્યની કદરરૂપે તો શ્રી રણજીતરામ સુવર્ણચંદ્રક તેમને મળ્યો છે. પ્રભાવી પ્રતિષ્ઠા છતાં આ નિષ્ઠાવાન અધ્યાપકે આજે પણ સતતકાર્યની ધગશ પ્રગટાવી રાખી છે.

**શ્રી કૌશિકરામ વિ. મહેતા**

સુરત, જૂનાગઢ, ભાવનગર અને રાજકોટ એમ વિવિધ સ્થળોએ આચાર્ય તરીકે રહી ચૂકેલા શ્રી મહેતા તેમની કડક શિસ્તની હિમાયતને કારણે જાણીતા હતા. તેજસ્વી નિષ્ઠાવાન આચાર્યોની યાદીમાં તેમને ન જ ભૂલી શકાય.

**શ્રી ગટુભાઇ ધ્રુ**

૧૮૮૧માં અમદાવાદમાં જન્મ. ઉમરેઠ, અમદાવાદ અને મુંબઈમાં શિક્ષણ પ્રાપ્તિ. વિવિધ શાળાઓમાં સેવા આપી નિવૃત્તિ થયા. ૧૯૬૫માં યુરોપના ઘણાં દેશોની મુલાકાત લીધી ને સમાજ સેવા તથા અનેક સંસ્થાના પરિચય મેળવ્યા. કેટલાક પુસ્તકોનાં પ્રકાશન પછી 'જ્યોતિર્ધર' ના તંત્રી તરીકે પણ તેમણે કામ કર્યું.

**શ્રી ગૌરીશંકર જોશી–ધુમકેતુ**

ગુજરાતી સાહિત્યના આ પ્રસિદ્ધ વાર્તાકાર લાંબા સમય સુધી શિક્ષક તરીકે પણ રહેલા. સ્વભાવે જ લાગણી-પ્રધાન એવા આ જીવને બીજો ધંધો ફાવે પણ શાનો? રસસભર વાર્તાઓ–નવલકથાઓ વગેરેનું પ્રદાન કરનાર આ તેજસ્વી અધ્યાપક કેમ ભૂલાય?

**શ્રી છોટુભાઇ સુથાર**

ખેડા જીલ્લામાં ૧૯૧૧માં જન્મ. ચકલસી અને નડીયાદમાં શિક્ષણ–પ્રાપ્તિ. એ બાદ વડોદરામાં અભ્યાસાર્થે આગમન. શારદામંદિર, વલ્લભવિદ્યાનગરના આચાર્ય તરીકે કાર્ય કરતા શ્રી છોટુભાઈ ખગોળ વિદ્યાના પણ શોખીન છે. વિવિધ સામયિકોમાં તેમના લેખો આજે પણ જોવા મળે છે.

**શ્રી છોટુભાઇ નાયક**

શ્રી નાયકને ભો. જે. વિદ્યાભવનમાં પ્રો. અબુઝફર નઝવી જેવા ફારસીના વિદ્વાન સાથે કાર્ય કરવાની તક સાંપડી હતી. વલસાડમાં જન્મેલા શ્રી નાયક ઉચ્ચ શિક્ષણ પ્રાપ્તિ પછી આજે ગુજ. યુનિ. માં ભાષા–સાહિત્ય વિભાગમાં ફારસીના રીડર તરીકે સેવાઓ આપે છે.

**શ્રી ઝીણાભાઈ દેસાઈ (સ્નેહરશ્મિ)**

૧૬ એપ્રિલ ૧૯૦૩માં જન્મ. ગુજરાત વિદ્યાપીઠમાંથી સ્નાતકની પરીક્ષા પાસ કરી. ત્યાં જ ઈતિહાસના અધ્યાપક

બન્યા. ૧૯૩૮માં શેઠ ચી. ન. વિદ્યાવિહારનાં આચાર્ય તરીકે જોડાયા. ઈતિહાસના આ અભ્યાસી અધ્યાપક સાહિત્યમાં પણ એટલો જ રસ ધરાવે છે. કાવ્ય સંગ્રહો અને અન્ય પ્રકાશનોથી સાહિત્યકાર તરીકે પણ તેમનું આગવું સ્થાન છે.

### શ્રી બ. ક. ઠાકોર

રાજકુમાર કોલેજ, રાજકોટમાં અધ્યાપક તરીકે રહી ચૂકેલા પ્રો. ઠાકોર ગુજરાતી સાહિત્યમાં ઉચ્ચાસને બિરાજે છે. વડોદરા કોલેજમાં અને સિંધમાં પણ તેમણે કાર્ય કરેલું. ૧૯૧૩માં તેઓ કેળવણી અધિકારી પણ બનેલા. પ્રતિભાશાળી જ્ઞાનગંભીર પ્રો. ઠાકોરના વ્યક્તિત્વમાં અનેરૂ આકર્ષણ હતું.

### કવિ શ્રી દલપતરામ ડાહ્યાભાઇ

ગુજરાતી સાહિત્યમાં ક. દ. ડા.ના નામે પરીચિત કવિ શ્રી દલપતરામનો જન્મ વઢવાણ મુકામે–૧૮૨૦ની સાલમાં એક વિદેશી હિતચિંતક ફાર્બસ જોડે મૈત્રી. અમદાવાદની રણછોડલાલ છોટાલાલ હાઇસ્કુલમાં તેમ જ પ્રેમચંદ રાયચંદ ટ્રેઇનિંગ કોલેજમાં ગુજરાતી–અધ્યાપક તરીકે પણ કાર્ય કર્યું. આ નિષ્ઠાવાન અધ્યાપકને આપણા શત શત વંદન!

### શ્રી દુર્ગારામ મહેતાજી

"દુર્ગારામની નિશાળનો કોઈ છોકરો મૂર્ખ નહીં"ની ઉક્તિ જેને માટે કહેવાઇ છે તે શ્રી દુર્ગારામનો જન્મ ૧૮૦૯માં. સુધારાવાદી એવા આ આચાર્ય માત્ર અધ્યાપન કાર્ય જ ન કરતા–સાહિત્ય સેવા–સમાજ સેવા પણ કરતાં. સાહિત્યમાં, કદાચ, તેમનું વિશિષ્ટ પ્રદાન નહીં હોય પણ શિક્ષણ–અધ્યાપન–અને સમાજ સેવાના કાર્યમાં એ સમયે તેમની તોલે આવે એવું અન્ય કોઈ નહોતું.

### શ્રી નરેન્દ્ર બધેકા

દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન મંદિર, ભાવનગરના એક ઉત્સાહી અને કાબેલ અધ્યાપક શ્રી નરેન્દ્રભાઈ આજે તો આપણી વચ્ચે નથી પણ એક અધ્યાપક–સાચો શિક્ષણ આપનારો–કેવો હોવો જોઇએ તેનું પ્રત્યક્ષ દ્રષ્ટાંત પોતાના જીવન દ્વારા આપી જનાર શ્રી બધેકાને પણ અહીં યાદ કરીએ.

### શ્રી નાનાભાઇ ભટ્ટ

શ્રી નૃસિંહપ્રસાદ કાળીદાસ ભટ્ટ (નાનાભાઈ)નો જન્મ ૧૨મી નવે. ૧૮૮૨ના રોજ ભાવનગરમાં. ઉચ્ચ શિક્ષણ મેળવી મહુવા (સૌરાષ્ટ્ર)ની હાઇસ્કૂલના આચાર્ય થયા અને પછી શામળદાસ કૌલેજ, ભાવનગરમાં જ અધ્યાપક તરીકે કાર્ય કર્યું, પણ ખરી કેળવણી આ નહીં એમ માની તેમણે ગ્રામ દક્ષિણામૂર્તિની સ્થાપના કરી. ૧૯૧૩માં તો અધ્યાપક તરીકેનું કામ પણ છોડી દઈ, માત્ર સંસ્થા અર્થે જ જીવન શરૂ કર્યું. ૧૯૪૮માં ભાવનગરથી, ૨૨માઇલ દુર ગ્રામદક્ષિણામૂર્તિ અને બીજી સંસ્થા સણોસરા પાસે "લોકભારતી" સ્થાપી આજે પણ કેળવણીના વિવિધ પ્રયોગો આ સંસ્થાઓ કરે છે અને સૌ કોઈ આ સંસ્થાઓ તરફ ઉત્સુક નજરે–નવું પામવાની આશાએ–જુએ છે.

સત્યાગ્રહ–ચળવળમાં જેલ ભોગવી આવેલા શ્રી નાનાભાઈ સૌરાષ્ટ્રની પ્રથમ સરકારમાં (૧૯૪૮માં) કેળવણી પ્રધાન પણ બનેલા. રામાયણ અને મહાભારતનાં પાત્રો સરળ–શૈલીમાં પ્રસ્તુત કરનાર શ્રી નાનાભાઈની ઘડતર અને ચણતર–જીવન વૃત્તાંત પણ દરેક અધ્યાપકે વાંચવા જેવું છે.

### શ્રી પુરુષોત્તમ ગ. માવળંકર

ગુજરાતના બુદ્ધિજીવીઓમાં જેમનું સ્થાન ગણાય તેવા અભ્યાસી, નવયુવાન, ઉત્સાહી અધ્યાપક શ્રી માવળંકરનો જન્મ ૧૯૨૮માં. તેઓ અમદાવાદની એલ. ડી. આર્ટસ કોલેજમાં ફેલો–વ્યાખ્યાતા અને આચાર્ય તરીકે રહી ચૂકયા છે જર્મન અને બ્રિટન સરકારના આમંત્રણથી વિદેશના અભ્યાસ પ્રવાસે પણ ગયા. 'અભ્યાસ'ના સામયિક દ્વારા તેઓ પોતાના વિચારો રજુ કરતા રહે છે. તેઓશ્રી રાજ્ય-શાસ્ત્રના અભ્યાસી છે.

### શ્રી ફીરોજ કા. દાવર

પ્રો. દાવર તરીકે જાણીતા પારસી વિદ્વાનનો જન્મ તો અહમદનગરમાં પણ કાર્યક્ષેત્ર ગુજરાતમાં. એમ. એ. એલ.એલ. બી. થઇ અમદાવાદની જ હાઇસ્કૂલમાં આચાર્ય બની ચૂકેલ શ્રી દાવર સાહેબ પછી તો પૂનામાં અધ્યાપક બન્યા. એ પછી અમદાવાદની ગુજરાત કોલેજમાં ૭ વર્ષ સુધી અંગ્રેજી ભાષાના અધ્યાપક તરીકે કાર્ય કર્યું. "આપણા પારસી બંધુઓ"ની પુસ્તિકા ઉપરાંત કેટલાક મનનીય લેખો પણ તેમણે લખ્યા છે. જ્ઞાન સમૃદ્ધ–અનુભવી–ઉદાર અને સરળ પ્રો. દાવર એક નિષ્ઠાવાન અધ્યાપક છે.

### શ્રી બચુભાઈ રાવત

મેટ્રીક સુધી અભ્યાસ કરીને તુરત શિક્ષક તરીકેનું કાર્ય શરૂ કરનારા શ્રી બચુભાઈ આજે તો 'આવતી કાલના નાગરિકો માટેનું' માસિક "કુમાર" થી વિશેષ જાણીતા છે. સાહિત્ય–કલાના શોખીન શ્રી રાવતે નોકરી છોડી ૧૯૨૪ થી "કુમાર" શરૂ કર્યું અને તે દ્વારા અનેકોનાં જીવન–ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપ્યો.

### શ્રી મગનભાઈ દેસાઈ

૧૧ ઓકટોબર ૧૮૮૯ માં જન્મેલા શ્રી મગનભાઈ પ્ર. દેસાઈ એક જાણીતા કેળવણીકાર હતા. ૧૯૨૦ માં રાષ્ટ્રની સેવામાં જોડાયા અને '૩૨ તથા '૪૨ ના વર્ષોમાં જેલ નિવાસ પણ ભોગવ્યો. એમ. ડી. કોલેજ ઓફ સોશિયલ સર્વિસના આચાર્ય તરીકે કાર્ય કર્યું. ગુજરાત યુનિવર્સિટીના વાઈસ–ચાન્સેલર તરીકે પણ તેમણે સેવાઓ આપેલી.

### શ્રી મનુભાઈ પંચોલી 'દર્શક'

શ્રી નાનાભાઈ સાથે આંબલામાં–સણોસરામાં તન–મનથી કાર્યરત રહેનારા શ્રી મનુભાઈથી સૌ પરીચિત છે. આ શિક્ષક–પુત્રનો જન્મ લુણસરમાં. લોકભારતી જેવી પ્રખ્યાત સંસ્થાના પ્રારંભથી જ પાયાના પત્થર બની રહેલા શ્રી

પંચોલી તે સંસ્થાના આટલા ત્વરિત વિકાસ અને પ્રગતિના પ્રણેતા છે. નઈ તાલિમની નમૂનેદાર શાળા ઉપરાંત વિશાળ જમીન, મકાનો, મશીનો અને વિપુલ વિદ્યાર્થી–ધન ધરાવતી આ સંસ્થા માત્ર ગુજરાતની જ નહીં, ભારતની એક વિશિષ્ટ સંસ્થા છે. શ્રી દર્શક એક ઉમદા અધ્યાપક હોવા ઉપરાંત સાહિત્યકાર અને ગુજરાત વિધાનસભાના પણ સદસ્ય છે. "ઝેર તો પીધાં છે જાણી જાણી" દ્વારા તેઓ સાહિત્યકાશમાં વિશેષ પ્રકાશે છે.

### રા. સા. મહીપતરામ નીલકંઠ

વડનગરા નાગર ગૃહસ્થને ત્યાં ૩–૧૨–૧૮૨૯ માં જન્મ. અભ્યાસ પછી અમદાવાદમાં એકટીંગ હેડમાસ્તર થયા. કેળવણીનું કામ વધુ સારૂં થઈ શકે માટે ૧૮૬૦ માં ઇંગ્લેંડ ગયા. અને વિદેશથી પાછા ફરી ટ્રેનિંગ કોલેજના આચાર્ય પણ થયા. આ નિષ્ઠાવાન અધ્યાપક ૧૮૯૧ માં મૃત્યુ પામ્યા.

### શ્રી મૂળશંકર મો. ભટ્ટ

૧૯૦૭માં ભાવનગરમાં શ્રી મૂળશંકરભાઈનો જન્મ. સ્નાતક થયા પછી લલિત કળા વિશારદની પદવી પણ મેળવી. આમ દક્ષિણામૂર્તિ, ઘરશાળા–ભાવનગર, અને સણોસરા–લોકભારતીમાં પણ તેમણે કાર્ય કર્યું. બુનિયાદી તાલિમના અધ્યાપન મંદિરના આચાર્ય તરીકે રહી ચૂકેલા શ્રી ભટ્ટ વિદ્વાન–પ્રતિભાવાન અધ્યાપક છે. સાથોસાથ લેખનકાર્ય પણ કરે છે. સંગીત, કુમાર કથાઓ અને ઈતર સાહિત્યના શોખીન છે.

### શ્રી હરિપ્રસાદ શાસ્ત્રી

શ્રી હરિપ્રસાદ શાસ્ત્રીનો જન્મ ૧૯૧૯ની સાલમાં મલાતજ (જી. ખેડા) મુકામે. સંસ્કૃત સાથે બી. એ. અને અર્ધમાગધી સાથે એમ. એ. થયા અને પછી "વલ્લભી રાજ્યના અભિલેખો" મહાનિબંધ દ્વારા પી. એચ. ડી. પણ થયા. અમદાવાદના વિદ્યા ભવનમાં ભારતીય સંસ્કૃતિના અનુસ્નાતક અધ્યાપક તરીકે પણ તેમણે કાય કર્યું. અને આગળ જતાં આ જ સંસ્થાના ઉપાધ્યક્ષ પણ બન્યા. ઇતિહાસના સંશોધન અંગે આ તેજસ્વી અધ્યાપકને રણજીતરામ સુવર્ણચંદ્રક પણ અપાયો છે. આ ઉપરાંત શ્રી રામપ્રસાદ બક્ષી, શ્રી લાલભાઈ દેસાઈ, ડો. લીલાબેન શાહ, શ્રી વિનોદીની નીલકંઠ, શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી, શ્રી વિશ્વનાથ ભટ્ટ, શ્રી રવિશંકર જોશી, પંડિત સુખલાલજી, સૌ. હર્વિદાબેન પંડિત, નૃત્ય પારંગત મૃણાલિની સારાભાઈ, શ્રી ડોલરભાઈ માંકડ, સ્વ. શ્રી છોટુભાઈ પંડિત, શ્રી જયેન્દ્ર ત્રિવેદી, શ્રી અનિરુદ્ધ બ્રહ્મભટ્ટ, પ્રિ. એસ. આર. ભટ્ટ, શ્રી જે. જે. દવે, શ્રી નાથાલાલ દવે અને શ્રી પ્રજારામ રાવળ વગેરેનો પણ અહીં તેજસ્વી–નિષ્ઠાવાન અધ્યાપક તરીકે ઉલ્લેખ કરવો જોઈએ.

### શ્રી લલિતાગૌરી દેરજી જોષી

વાંકાનેરની કન્યાશાળામાં છ ધોરણ સુધી વિદ્યાભ્યાસ કરી સમાજના રીવાજે અભ્યાસ છોડવો પડ્યો. લગ્ન બાદ થોડા વર્ષોમાં પતિ સ્વર્ગે સીધાવતા કૌટુંબિક જવાબદારીઓ ઉપરાંત ભરણપોષણની જવાબદારી પોતાના શીરે આવી પડી. ૧૯૩૮ માં ફરી પ્રાથમિક પરિક્ષા આપી અને રાજકોટમાં બાર્ટન ટ્રેઈનીંગ કોલેજમાં ત્રણ વર્ષ ૧૯૪૧ માં પૂરા કર્યા. આજે વાંકાનેરની કન્યાશાળામાં મૂખ્ય આચાર્ય છે.

સ્ત્રીઓને સ્વમાનથી રહી શકવા અને સ્ત્રી જાતનું રક્ષણ કરવા ધાર્મિક શિક્ષણ આપવું જરૂરી છે તેમ તેઓ માને છે.

### શ્રી બી. એલ. કાજી સાહેબ

મોરબીમાં શિક્ષણની પ્રગતિ ઘણા વર્ષોથી ચાલુ છે. મોરબીની વી. સી. હાઈસ્કુલના આચાર્યપદે ૧૯૩૯ થી ૧૯૪૬ સુધી સેવાઓ આપી શ્રી કાજી સાહેબે શિક્ષણની એક નવી જ પગદંડી ઉભી કરી હતી. સૌના સન્માનીય બની શકયા હતા. શ્રી કાજી સાહેબે ૧૯૪૨ માં સુવર્ણ–મહોત્સવ ઉજવ્યો તે વખતે રૂા. ૧૫૦૦૦/– કાયમી ફંડ એકઠું કર્યું. એ રકમના વ્યાજમાંથી ગરીબ વિદ્યાર્થીઓને પુસ્તકો અપાય છે.

### શ્રીમતી કાન્તાદેવી પાટડિયા

પ્રાથમિક શિક્ષણ બાલંભા અને જામનગરમાં લીધું. પિતા પી. સી. મકવાણા જામનગરમાં ઈન્સ્પેકટર હતા. પ્રખ્યાત કેળવણીકાર શ્રી આનંદીબહેન મચ્છર જેવા આચાર્ય પાસે જ્ઞાન પ્રાપ્ત કર્યું. કોલેજ શિક્ષણ રાજકોટમાં લીધું. ૧૯૬૧ માં રાજકોટ જિલ્લા કલેકટર હસ્તક સર્ટી. તથા ચંદ્રક મેળવ્યા. હાલમાં વાંકાનેરની કન્યાશાળામાં સેવા આપી રહ્યાં છે. શિક્ષક હોવા ઉપરાંત તેજસ્વી શિક્ષીકા છે. સ્ત્રી–કેળવણીમાં ખૂબ રસ ધરાવે છે. દૈનિકો અને સામાયિકોમાં તેમના કાવ્યો પ્રગટ થતાં રહ્યાં છે.

બુદ્ધિ વાચાળ હોય છે ત્યારે પરા બુદ્ધિ મૌનધારી હોય છે. આપણી એવી કરૂણ સ્થિતિ છે કે જેઓ ઈશ્વર વિષે થોડું જાણે છે તે વાક્પટુ હોય છે, પરંતુ જેઓ ઈશ્વરને જાણતા નથી પણ પામ્યા છે તેઓ ચૂપ બની જાય છે અને ફોડ પાડીને કશુ કહેતા નથી, કેમકે એ અનુભવ કહેવા જેવો હોતો નથી, પરંતુ પ્રત્યેકે જાતે મેળવવાનો હોય છે.

—પ્રોફેસર દાવર

## શ્રી કૃષ્ણકુમારસિંહજી જાડેજા

પ્રાથમિક શિક્ષણ માળીયામાં લીધું, માધ્યમિક શિક્ષણ રાજકોટમાં અને તે પછી જુદેજુદે સ્થળે અભ્યાસ કરી બી. એ., બી. એડ થયાં. શ્રી ડોલરભાઇ માંકડનો તેમના જીવનમાં મહત્વનો ફાળો છે. હાલમાં વાંકાનેર તાલુકાના કેળવણી નીરીક્ષક તરીકેની સેવા આપી રહ્યાં છે. શાળાની શૈક્ષણિક પ્રવૃત્તિ ઉપરાંત તેમને રમતગમતનો ઘણો જ શોખ છે

## શ્રી ગંભીરસિંહ આર રાઠોડ

કાજલ, રંગતરંગ, ચાંદની જેવા માસિકોમાં અવારનવાર જેમના લેખો પ્રગટ થતાં રહ્યાં છે, તે શ્રી ગંભીરસિંહ રાઠોડ ગોંડલમાં વિસ્તરણ અધિકારી તરીકે સેવા આપી રહ્યાં છે. કેળવણીના પુરા હીમાયતી છે. તેઓ સ્પષ્ટ માને છે કે મૂક્ત વાતાવરણમાં બાળકોને તેના માનસ પ્રમાણે ઘડતર થવું જ જોઇએ. તેમના લગ્ન તખુબાબેન પરમાર સાથે થયાં, જેઓ આજે વાંકાનેર ગ્રાન્ય કન્યાશાળામાં મુખ્ય આચાર્ય છે.

## શ્રી પ્રાગજી થકુભાઈ મકવાણા

જામનગરમાં ડેપ્યુટી એજ્યુ ઇન્સપેક્ટર તરીકે પંદર વર્ષ કામ કર્યું, કેશોદ તથા મોરબી વી. સી. હાઇસ્કુલમાં પણ કેટલાક વર્ષો સેવા આપી, વડીય સુરગવાળા હાઇસ્કુલમાં પણ કામ કર્યું. વડીયા અધ્યાપન મંદિરમાં ત્રણ વર્ષ હિંદી શિક્ષક તરીકે કામ કર્યું. તેમના લેખો કાવ્યો ઘણા સામયિકોમાં પ્રગટ થયાં છે ખૂબજ મિલનસાર સ્વભાવના અને મળતાવડા વ્યક્તિ છે. હાલમાં બિહારની એક ખાનગી શાળા ચલાવી રહ્યાં છે ગુજરાતની પ્રજાપતિ જ્ઞાત માટે ગૌરવ લેવા જેવું છે, કે જ્ઞાતિમાં આવા કર્તવ્યનિષ્ટ અધ્યાપક હોય.

## શ્રી ચંદુલાલ ગોવિંદજી ભાયાણી

મૂળ વતન દ્વારકા, શારદા મંદિર કરાંચીમાં કેળવણી લીધી. હાલમાં વાંકાનેર ગર્લ્સ હાઇસ્કુલમાં પ્રિન્સીપાલ તરીકે સેવા આપે છે. કેળવણી વિષે નવા વિચારો અને ચોક્કસ આયોજન દૃષ્ટિ ધરાવે છે બાલમંદિરથી માંડી કોલેજ સુધીનો સળંગ અભ્યાસક્રમ આશ્રમ પદ્ધતિ અનુસારનો હોવો જરૂરી છે. મશીનરી સ્પીરીટથી કામ કરનારા શિક્ષકો હોવા જોઇએ તેમ સ્પષ્ટ માને છે મોતીબાઈ હેમચંદ સઘરી હાઇસ્કુલનું આબાદ સંચાલન કરી રહ્યાં છે.

## તખુબાબેન પરમાર

વાંકાનેરની ગ્રાન્ય કન્યાશાળામાં મુખ્ય આચાર્યા તરીકે સેવા આપી રહ્યાં છે બચપણથી જ તેઓ તેજસ્વી વિદ્યાર્થીની હતા. જી પી ટી સી. ૧૯૫૨માં થયાં, સી. બી ટી. સી ૧૯૬૦માં થયાં. કેળવણી ક્ષેત્રે હજુ પણ આગળ વધવાની નેમ રાખે છે. સુધારક મનોવૃત્તિવાળા છે.

## શ્રી દેવીસિંહ સિસોદીયા

નાનપણમાં પિતા ગુજરી જતાં નાની ઉંમરથી જ શિક્ષકનો વ્યવસાય સ્વીકાર્યો. ૧૯૫૬માં શ્રેષ્ઠ શિક્ષક તરીકે પસંદ થયેલા અને સુવર્ણચંદ્રક પણ પ્રાપ્ત કર્યો હતો. ઉપરાંત જુદી જુદી પ્રવૃત્તિમાં રસ ધરાવતા હોઇ બીજા ઘણા ચંદ્રકો પ્રાપ્ત કર્યા છે. રમતગમત ઉપરાંત લોકસાહિત્ય, ભજન-દુહા વિગેરેના પણ શોખીન છે. બાલજીવનમાં તેમના ઘણા કાવ્યો પ્રગટ થયેલાં છે. ફરજ એજ ધર્મ છે એમ માનીને આચરણ કરનારા આદર્શ શિક્ષક છે. વાંકાનેર તાલુકાશાળા નં. ૧ માં મૂખ્ય આચાર્ય તરીકે સેવા આપી રહ્યાં છે.

## શ્રી નરભેરામ દેવમુરારી

શ્રી નરભેરામભાઇ લુણસરના વતની છે ૧૯૪.માં મોરબીની ઇન્ટર ટ્રેઇનીંગ કોલેજમાં ટ્રેઇન્ડ થયાં વાંકાનેરની તાલુકા શાળા નં. ૨ માં આચાર્ય તરીકે કામ કરે છે. વૈજ્ઞાનિક પદ્ધતિ પ્રમાણે-પાણી ધાતુ વિગેરેના સંશોધનમાં ખુબજ રસ ધરાવે છે. શિસ્તના પ્રખર હીમાયતી છે છતાં સૌની સાથે સહકારથી કામ લેવામાં માને છે

## શ્રી પ્રતાપરાય મગનલાલ સંઘવી

મહુવા તાલુકાના મોટાજાદરાના કપોળ વણીક છે; મુળજી જેઠા મારકેટ-મુંબઇમાં દલાલી કરે છે. અને સાર્વજનિક કામોમાં રસ લઇને વતનને માટે ઘણો ભોગ આપે છે.

## શ્રી બચુભાઈ કલ્યાણજી

મહુવાના જૈન અગ્રણી વ્યાપારી છે, કમીશન એજન્ટ છે, જૈનોના સાંપ્રદાયિક કામોમાં અગ્રણી છે, તેમના જેવું કડવું સત્ય કહેનાર વેપારી ઘણા ઓછા જોયા છે-શ્રી બચુભાઇ ખુબજ ઉદાર અને નાનીમોટી સામાજિક પ્રવૃત્તિઓમાં સહકાર રૂપ થનાર વ્યક્તિ છે.

## શ્રી દ્વારકાદાસ દુર્લભદાસ

કાંત્રોડીના રહેવાસી અને મુંબઇમાં પ્લાસ્ટીકનું કામકાજ કરતાં શ્રી દ્વારકાદાસ મુંજીયાસરા વતનના ગામાયત કામો માટે મુંબઈમાંથી રકમ એકત્રીત કરી આપે છે. વતનપ્રેમી અને નિખાલસ સ્વભાવના છે.

## શ્રી વસંતરાય શેઠ

બચપણથી રંગભૂમિના સફળ કલાકાર તરીકે જાણીતા અને વ્યવસાયમાં કાપડની દુકાન ધરાવતા શ્રી વસંતરાય ઉર્ફે ભીખાલાલ શેઠ પાલીતાણામાં જૈન અને જૈનેત્તર સંસ્થાઓ સાથે સંકળાઈને જુદા જુદા પ્રસંગોએ ભજવાયેલા નાટકોમાં પોતાના પાત્રને સફળતા પૂર્વક ન્યાય આપ્યો છે એટલું જ નહિ માન બહુમાન અને ચાંદીના ચંદ્રકો પ્રાપ્ત કર્યા છે, પ્રમાણપત્રો મેળવ્યા છે. પાલીતાણામાં ભજવાયેલા આ નાટકો-એટમબોમ્બ, કરશનકાકાનો ડાયરો, જયચિત્તોડ, પાવકજ્વાળા, લગ્નનો ઉમેદવાર, પાતળી પરમાર વિગેરેમાં મહત્વના પાત્રો તરીકે સુંદર વ્યક્તિત્વના દર્શન કરાવ્યા છે.

મનોરંજન કાર્યક્રમો, પ્રવાસ પ્રર્યટનો અને જાહેર સમારંભોમાં તેમની આગેવાની અને હાજરી અચૂક હોયજ. એક સારા કલાકાર તરીકે પાલીતાણાનું તેઓ ગૌરવ છે.

## શ્રી ટીનાલાલ સી. વ્યાસ

આઠ વર્ષની નાની વયે બન્ને પગ ગુમાવ્યા છતાં ઇન્ટર સુધીનો અભ્યાસ, મેરીટ તરીકે ઠેઠ સુધી સેન્ટ્રલ ગવર્નમેન્ટની સ્કોલરશીપ પ્રાપ્ત કરી, ખુબજ અશકત શરીર છતાં અસાધારણ મનોબળ અને ઘરનું તમામ કામકાજ-બજારમાંથી લાવવું મુકવુ વિગેરે હિંદી, અંગ્રેજી, સંસ્કૃત વિગેરે ભાષાઓ ઉપરનો સારો એવો કાબુ છે. ભાવનગર જિલ્લા પંચાયતમાં સર્વીસ કરે છે.



# ગુજરાતના કેટલાંક સાહિત્યકારો

—શ્રીમતી કાન્તાદેવી જે. પાટડિયા

ગુજરાતની અનેકવિધ પ્રગતિની જેમ જ સાહિત્યમાં પણ ગુજરાતી સાહિત્ય ભગિનીભાષાઓની હરોળમાં ઊભું રહી શકે તેવું છે. બંગાળી જેટલી ત્વરિત પ્રવાહોને ઝીલવાની શક્તિ કદાચ ગુજરાતી ભાષા–સાહિત્યમાં ન પણ હોય કે દક્ષિણની કોઈ ભાષા સમો શબ્દની વિવિધ છાંય પણ દર્શાવી શકતો શબ્દ સમૂહ તેની પાસે કદાચ ન હોય, પણ અનેક સાહિત્યકારોની આગવી પ્રતિભાના કારણે, તેમ છતાં, ઉત્તમ સાહિત્ય સર્જન પણ આ ભાષામાં થયું છે. અહીં કેટલાક સાહિત્યકારોનો પરિચય–માત્ર આપીએ છીએ.

### શ્રી અનંતરાય ઠક્કર "શાહબાઝ"

સારા એવા આ ગઝલકાર તેમના ગઝલ–સંગ્રહ "પાલવ કિનારી"થી પ્રસિદ્ધ છે. તેમની ગઝલોમાં ચેતનાનો પ્રકાશ છે, ઊર્મિનો ધબકાર છે. તેમના અકાળ અવસાનથી આપણે એક તેજસ્વી ગઝલકાર ગુમાવ્યો છે.

### શ્રી આનંદશંકર બા. ધ્રુવ

ગુજરાતી સાહિત્યના આ સમર્થ સાહિત્યકાર તેમના નીતિશિક્ષણ, આપણોધર્મ અને "વસંત"માંના તેમના લેખોથી સુપરિચિત છે. આ ચિંતક સાહિત્યકાર જ્ઞાન, ભાષા ઉપર પ્રભુત્વ અને સૂક્ષ્મ દૃષ્ટિને કારણે ગુજરાતી સાહિત્યકારોમાં પ્રથમ હરોળમાં સ્થાન પામ્યા છે.

### શ્રી ઈંદુલાલ ગાંધી

અવાર–નવાર રેડીયો ઉપરથી જેમનાં નાટકો રજૂ થયા કરે છે. તે શ્રી ઈન્દુભાઈ કવિ પણ છે. 'ગોરસ', 'ખંડિત-મૂર્તિઓ', 'શતદલ', 'પલટાતા તેજ' 'નારાયણી અને બીજા નાટકો' વ. તેમની કૃતિઓ છે.

### શ્રી 'કલાપી'

લાઠી નરેશ સુરસિંહજી ગોહિલ 'કલાપી'ની કવિતા કોમળ–ભાવનાશીલ છે. 'કલાપીનો કેકારવ' કાવ્યસંગ્રહ અને 'કાશ્મીરનો પ્રવાસ' પ્રવાસવર્ણનના પ્રદાનથી તેમણે ગુજરાતી સાહિત્ય સમૃદ્ધ કર્યું છે.

### શ્રી 'કાન્ત' મણિશંકર ર. ભટ્ટ

ગુજરાતી ખંડ કાવ્યોને પોતાના કાવ્યોથી સમૃદ્ધ કરનાર કાન્તના 'વસંતવિજય' 'ચક્રવાકમિથુન' અને 'અતિ-જ્ઞાન' ખંડકાવ્યો ગુજરાતી કવિતાના શિરમોર સમાન છે. 'પૂર્વાલાપ' કાવ્યસંગ્રહ તેમને ચિરંજીવ રાખશે.

### શ્રી મો. ક. ગાંધી

ભારતીય જન–જીવનને અનેકરીતે પ્રભાવિત કરનાર 'બાપુ' એ તેમની આત્મકથા–'સત્યના પ્રયોગો' એ ગુજ-રાતી સાહિત્યને આપેલી અણમોલ ભેટ છે. આડંબરહીન, સત્યવક્તા અને સરળ ગાંધીનાં તેમાં દર્શન થાય છે. વિશ્વની શ્રેષ્ઠ આત્મકથાઓમાં સ્થાન પામે તેવી આ કૃતિ છે. હરિ-જનબંધુ, સ્વરાજ્ય વ. માં ના લેખો પણ ગાંધીજીને એક નવા સ્વરૂપે આપણી સામે પ્રસ્તુત કરે છે.

### શ્રી ગોવર્ધનરામ મા. ત્રિપાઠી

સ્નેહમુદ્રા, લીલાવતી–જીવનકલા, દયારામનો અક્ષરદેહ, સાક્ષરજીવન અને "સરસ્વતીચંદ્ર' જેવી મહાનવલ શ્રી ગોરધનભાઇનું પ્રદાન છે. ગુજરાતી સમાજવ્યવસ્થા, રાજ-નીતિ–રીતિ અને જીવનદર્શનનો સુભગ સમન્વય તેમણે સરસ્વતીચંદ્રમાં કર્યો છે.

### શ્રી ચુનીલાલ મડિયા

ઘૂઘવતા પૂર, પદ્મની, તેજ અને તિમિર, રૂપ–અરૂપ, ચંપો અને કેળ, શરણાઈના સૂર, પાવકજ્વાળા, ઈંધણ ઓછા પડ્યા, લીલુડી ધરતી, વેળા વેળાની છાંયડી, ઈન્દ્રધનુનો આઠમો રંગ, સધરા–જેસંગનો સાળો જેવી કૃતિઓ ઉપરાંત કવચિત વિવેચન લેખો અને 'રૂચિ' જેવા માસિક દ્વારા તેમણે ગુજરાતી સાહિત્યની સેવા કરી છે.

### શ્રી જ્યોતીન્દ્ર દવે

ગુજરાતી સાહિત્યના એક ઉત્તમ હાસ્યલેખક શ્રી જ્યો-તીન્દ્ર દવે તેમની રંગતરંગ, અલ્પાત્માનું આત્મપુરાણ, પાનના બીડા, રેતીની રોટલી, અમે બધાં. વ. કૃતિઓ દ્વારા જાણીતા છે. કટાક્ષ છતાં નિર્દોશ હાસ્ય એ તેમની આગવી વિશેષતા છે.

### શ્રી ન્હાનાલાલ દ. કવિ

'ચિત્રદર્શનો', 'જયા–જયંત' 'ઇન્દુકુમાર' 'વિશ્વગીતા', 'જહાંગીર', 'નૂરજહાં' વ. કૃતિઓ દ્વારા પ્રસિદ્ધ કવિવર

ન્હાનાલાલના કાવ્યો ઊર્મિસભર છે. છંદના ધમાંથીકિખવંતાને મુક્ત કરી, લયને પ્રાધાન્ય આપી તેમણે ડોલનશૈલીનો આવિષ્કાર કર્યો. ઐતિહાસિક નાટકો અને અંજલિ કાવ્યો પણ વિશિષ્ટ ભાત પાડે એવાં છે. ચિત્રદર્શનોમાંના તેમના કેટલાંક કાવ્યો તેમની શ્રેષ્ઠ રચનાઓ ગણાય છે.

### શ્રી ર. વ. દેસાઈ

ગાંધીયુગના રંગે રંગાયેલા આ લેખકની ગ્રામલક્ષ્મી, દિવ્યચક્ષુ, કોકિલા હૃદયનાથ વ કૃતિઓ આજે પણ લોકો વાંચે છે. કહેવાય છે કે ગાંધી-યુગના પ્રત્યેક બનાવની પ્રત્યેક અસરની શ્રી દેસાઈની કૃતિઓમાં છાપ છે. 'ખરી મા' 'કાંચન અને ગેરુ' જેવી વાર્તાઓ દ્વારા પણ ગુજ સાહિત્યને તેમણે સમૃદ્ધ કર્યું છે.

### શ્રી પીતાંબર પટેલ

ગુજરાતના ગ્રામ-જીવનની વાતો તેની વિશિષ્ટ બોલી-વાતાવરણ આ બધું આપણને ભાઈ પીતાંબરની કૃતિઓમાં જોવા મળે. તેમનો સુધારવાદી દૃષ્ટિકોણ પણ તેમાં આવે. આશાભરી, ઉગ્યું પ્રભાત, ખેતરને ખોળે, અંતરના અજવાળા શ્રદ્ધાદીપ, જીવનરંગ વ. કૃતિઓ દ્વારા ગુજરાત તેમને જાણે છે.

### શ્રી બોટાદકર

કલ્લોલિની, સ્ત્રોતસ્વિની, નિર્ઝરીણી વ. સંગ્રહો દ્વારા કેટલાંક ઉત્તમ કાવ્યો આપી જનારા શ્રી બોટાદકરના ગીતો હજુ આજેય ઘેર ઘેર ગૂંજે છે. "જનનીની જોડ સખી નહીં જડે રે લોલ." જેવી પંક્તિઓ તેમનાં કાવ્યોમાં જ મળે. સરળ, સંસ્કૃતમય, છંદબદ્ધ કાવ્યો એ તેમનો ગુજ. સાહિત્યનો અમર વારસો છે.

### શ્રી મહાદેવભાઈ દેસાઈ

પૂ. બાપુના અંગતમંત્રી તરીકે રહેલા શ્રી મહાદેવભાઈની ડાયરી ઐતિહાસિક દૃષ્ટિએ તેમજ સાહિત્યિક દૃષ્ટિએ પણ મૂલ્યવાન છે. આ ડાયરી ઉપરાંત ચિત્રાંગદા, વિરાજવહુ, શરદબાબુની વાતો, જવાહરલાલની આત્મકથાના અનુવાદો તેમની અનુવાદક તરીકેની શક્તિને પણ આપણી સમક્ષ મૂકે છે.

### શ્રી રા. વિ. પાઠક

ભોળાદના આ પ્રશ્નોરા નાગર કવિએ 'શેષ' ઉપનામે કાવ્યો લખ્યા, દ્વિરેફ ઉપનામે વાર્તાઓ લખી, 'સ્વૈરવિહારી' ઉપનામે નિબંધો લખ્યા અને સાહિત્ય વિવેચનમાં પણ આગવું પ્રદાન કર્યું. બહુવિધ પ્રતિભા ધરાવતા શ્રી પાઠક તેમની વાર્તાઓ, નિબંધો અને વિવેચન ગ્રંથથી વિશેષ જાણીતા છે.

ભક્ત કવિ નરસિંહથી માંડીને નિરંજન ભગત સુધી, નંદશંકરથી શરૂ કરીને રઘુવીર અને મધુરાય સુધી અને નવલરામથી શરૂ કરીને તે સુરેશ જોષી-અનિરુદ્ધ બ્રહ્માનંદ સુધી પહોંચતામાં શ્રી અનંતરાય રાવળ, શ્રી અશોક હર્ષ, શ્રી કે. કા. શાસ્ત્રી, શ્રી કે. હ. ધ્રુવ, કવિ ખબરદાર, શ્રી હરિશ્ચંદ્ર ભટ્ટ, શ્રી કૃષ્ણલાલ શ્રીધરાણી, શ્રી ધૂમકેતુ..., શ્રી પન્નાલાલ પટેલ, શ્રી સ્વાસ્થય, શ્રી કિશનસિંહ ચાવડા, શ્રી બ્રોકર, શ્રી ચુ. વ. શાહ, શ્રી ચં. ચી. મહેતા, શ્રી જયભિખ્ખુ, શ્રી પ્રજારામ રાવળ, સ્વ. પ્રહલાદ પારેખ, શ્રી પુષ્કર ચંદરવાકર, શ્રી મનસુખલાલ ઝવેરી, શ્રી મો. ચુ. ધામી, શ્રી યશવંત પંડ્યા, શ્રી રામપ્રસાદ બક્ષી, શ્રી રાજેન્દ્ર શાહ, શ્રી વિજયગુપ્તમૌર્ય, શ્રી શિવકુમાર જોશી, શ્રી ચંદ્રકાંત બક્ષી, શ્રી વિશ્વનાથ ભટ્ટ, શ્રી મુકુંદ પારાશર્ય, શ્રી નાથાલાલ દવે, શ્રી વિજયરાયભાઈ તથા બીજા અનેકોએ આ સાહિત્ય પ્રવાહને વહેતો રાખવામાં યથાશક્તિ પ્રદાન કર્યું છે. વિસ્તારભયે અહીં માત્ર તેઓનો નામોલ્લેખ કરી અટકીએ છીએ.

શરતચૂકથી જો કોઈ સાહિત્યકારોના નામ અહીં રહી ગયા હોય તેમની અમે માફી ચાહીએ છીએ.



# ગુજરાતના યાદગાર વર્ષો

—શ્રી સી. જિગર વાંકાનેરી

ઈ. સ. ૬૭૪ શીલકુમાર જેઠવાએ બજાવેલી મહત્ત્વની સેવામાં દિલ્હીના શાસક અનંગપાળે પોતાની પુત્રી પરણાવી.

ઈ. સ. ૭૪૬ વિ. સં. ૮૦૨માં અણહીલપુર પાટણની સ્થાપના થઇ.

ઇ. સ. ૧૦૨૫ જાન્યુ. ૧૦–૧૦૨૫માં મહમદ ગઝનવી સૌરાષ્ટ્ર–ગુજરાતનું સોમનાથ મંદિર ૩૦ હજારના સૈન્ય સાથે લૂંટી ગયો.

ઇ. સ. ૧૦૪૪ રા'નવઘણનું (પહેલાનું) મૃત્યુ.

ઈ. સ. ૧૧૭૮ ગુજરાત પર મુસલમાનોના આક્રમણ શરૂ થયા જે ૧૨૪૧ સુધી સતત ચાલુ રહ્યા.

ઈ. સ. ૧૧૭૯ (i) અર્થાત્ વિ. સં. ૧૨૩૫માં ભોળો ભીમદેવ ગુજરાતની ગાદીએ બેઠો.

(ii) શાહબુદ્દીન ઘોરી ગુજરાત પર ચઢી આવ્યો.

ઇ. સ. ૧૩૪૯ શ્રી રાજશેખરસૂરિએ 'પ્રબોધકોશ'ની રચના કરી.

ઈ. સ. ૧૪૧૧ અમદાવાદ શહેરનો પાયો નખાયો.

ઈ. સ. ૧૬૪૯ ગુજરાતના પ્રસિદ્ધ આખ્યાનકાર માણભટ્ટ પ્રેમાનંદનો જન્મ.

ઇ. સ. ૧૭૦૩ ભાવનગર શહેરનું નિર્માણ અને ગોહિલ રાજવંશ શરૂ થયો.

ઈ. સ. ૧૭૭૮ મોરબીમાં આર્ય સુબોધ નાટક મંડળીની સ્થાપના દ્વારા રંગભૂમિનો પાયો નખાયો.

ઇ. સ. ૧૮૧૭ સૌરાષ્ટ્રનો બધો વહીવટ અંગ્રેજોના હાથમાં આવ્યો.

ઇ. સ. ૧૮૨૦ સૌરાષ્ટ્રમાં એજન્સીની સ્થાપના.

ઇ. સ. ૧૮૨૨ અમદાવાદમાં સરકીટ હાઉસમાં ગાંધીજીનો ઐતિહાસિક મુકદ્દમો ચાલ્યો.

ઇ. સ. ૧૮૨૭ અમદાવાદમાં બે સરકારી–ગુજરાતી શાળાઓ શરૂ થઈ.

ઈ. સ. ૧૮૩૩ 'અર્વાચીનોમાં આદ્ય' કવિ–સુધારક વીર નર્મદનો જન્મ.

ઈ. સ. ૧૮૪૨ સુરતના દુર્ગારામ મહેતાજીએ સુધારકોની "ટોળી" સ્થાપી.

ઈ. સ. ૧૮૪૬ અમદાવાદમાં પહેલવહેલી અંગ્રેજી નિશાળની સ્થાપના.

ઈ. સ. ૧૮૪૮–૪૯ એલેકઝાંડર ફાર્બસે કવિ દલપતરામની સહાયથી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના કરી.

ઈ. સ. ૧૮૫૦ આ.આ. એદલજી ડોસાભાઇએ પ્રથમ "ગુજરાતનો ઈતિહાસ" લખ્યો.

ઈ. સ. ૧૮૫૪ ગુજ. વર્ના. સોસાયટીનું સામયિક 'બુદ્ધિપ્રકાશ' પહેલીવાર પ્રગટ થયું.

ઈ. સ. ૧૮૫૫ સાક્ષર શ્રી ગોવર્ધનરામ મા. ત્રિપાઠીનો નડીયાદમાં જન્મ.

ઇ. સ. ૧૮૫૬ ઉચ્ચ કેળવણી માટે અમદાવાદમાં ગુજરાત કોલેજની સ્થાપના.

ઈ. સ. ૧૮૬૨ સુરતમાં "ગુજરાત મિત્ર"ની શરૂઆત.

ઈ. સ. ૧૮૬૭ ટેલરનું ગુજરાતી ભાષાનું વ્યાકરણ બહાર પડયું.

ઈ. સ. ૧૮૬૮ (i) રા. બા. નંદશંકર તુળજાશંકરે "કરણઘેલો" દ્વારા નવલકથા તેમજ ઐતિહાસિક વાર્તા-આલેખનનો પ્રારંભ કર્યો.

(ii) અમદાવાદમાં પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કોલેજની સ્થાપના.

ઈ. સ. ૧૮૬૯ ૨ ઓકટો. '૬૯માં પોરબંદરમાં મહાત્મા ગાંધીનો જન્મ.

ઈ. સ ૧૮૭૩ ગુજરાતી પ્રથમ શબ્દાર્થ સંગ્રહ 'નર્મકોશ' પ્રગટ થયો.

ઈ. સ. ૧૮૮૦ રાંદેર જીમખાના (જિ. સુરત)માં ક્રિકેટની રમતનો જન્મ.

ઈ સ. ૧૮૮૧ અમદાવાદથી અજમેર સુધીની રેલ્વે શરૂ થઈ.

ઈ. સ. ૧૮૮૫ ભાવનગરમાં શામળદાસ કોલેજની સ્થાપના.

ઈ. સ. ૧૮૮૭-૯૧ શ્રી ગો. મા. ત્રિપાઠીની પ્રસિદ્ધ કૃતિ 'સરસ્વતીચંદ્ર'નો સર્જન-કાળ.

ઈ. સ. ૧૮૮૮ ગાંધીજીનું વધુ અભ્યાસાર્થે પરદેશ-ગમન.

ઈ સ. ૧૮૯૨ શ્રી મહીપતરામ રૂપરામ અનાથઆશ્રમની સ્થાપના.

ઈ સ. ૧૯૦૧ જૂનાગઢમાં બહાઉદ્દીન કોલેજની સ્થાપના.

ઈ. સ. ૧૯૦૨ અમદાવાદમાં શ્રી સુરેન્દ્રનાથ બેનરજીના પ્રમુખપદ હેઠળ પહેલીવાર રાષ્ટ્રીય કોંગ્રેસનું અધિવેશન.

ઈ. સ. ૧૯૦૫ અમદાવાદમાં શ્રી ગો મા. ત્રિપાઠીના પ્રમુખપદ હેઠળ પ્રથમ ગુજરાતી સાહિત્ય પરિષદ મળી.

ઈ. સ. ૧૯૧૧ સંગીતજ્ઞ ગજાનન ડી. ઠાકુરનો ભાવનગરમાં જન્મ.

ઈ. સ. ૧૯૧૫ (i) અમદાવાદમાં સત્યાગ્રહ આશ્રમની સ્થાપના.

(ii) ગાંધીજીને રસશાળા-ગોંડલ તરફથી માનપત્ર અર્પણ.

ઈ. સ. ૧૯૧૬ ગાંધીજી સાબરમતી આશ્રમ સ્થાપી-સ્થિર થયા.

ઈ. સ ૧૯૧૭ (i) મજુર મહાજનની અમદાવાદમાં સ્થાપના.

(ii) સત્યાગ્રહ આશ્રમ કોચરબથી ખસેડી સાબરમતી લઈ જવાયો.

ઈ. સ ૧૯૧૮ ખેડા સત્યાગ્રહ

ઈ સ. ૧૯૧૮-૧૯ શ્રી ક. મા, મુનશીની પ્રથમ ઐતિહાસિક નવલકથા "ગુજરાતનો નાથ" પ્રકટ થઇ.

ઈ. સ ૧૯૨૦ પૂ ગાંધીજીના શુભહસ્તે ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના.

ઈ. સ. ૧૯૨૧ (i) અખિલ ભારત યુવક કોંગ્રેસ અધિવેશન (રાજકોટ)નું પૂ ગાંધીજીએ ઉદ્ઘાટન કર્યું.

(ii) શ્રી લાખાજીરાજે રાજકોટમાં રાષ્ટ્રીયશાળા સ્થાપી.

ઈ. સ. ૧૯૨૫ પૂ મહાત્મા ગાંધીની કચ્છ-યાત્રા.

ઈ સ ૧૯૨૭ પૂ. મહાત્મા ગાંધીની આત્મકથા-સત્યના પ્રયોગો-નું પ્રકાશન.

ઈ સ ૧૯૨૮ બારડોલી સત્યાગ્રહ-શ્રી વલ્લભભાઈ 'સરદાર' બન્યા.

ઈ. સ. ૧૯૩૦ (i) દેશભરમાં સ્વાતંત્ર્યપ્રાપ્તિ અંગેની પ્રતિજ્ઞા લેવાઈ.

(ii) ૧૨ માર્ચ '૩૦ ના પ્રસિદ્ધ 'દાંડીકૂચ'નો પ્રારંભ.

ઈ. સ. ૧૯૩૪ (i) ગુજરાત ક્રિકેટ એસોસીએશનની સ્થાપના.

(ii) સ્ત્રી–કલ્યાણનું કાર્ય કરતી સંસ્થા "જ્યોતિસંઘ"ની સ્થાપના.

ઈ. સ. ૧૯૩૮ હરિપરા (સુરત)માં નેતાજીના પ્રમુખપદે રાષ્ટ્રીય કોંગ્રેસનું અધિવેશન.

ઈ. સ. ૧૯૪૨ "હિન્દ છોડો"—ચળવળ.

ઈ. સ. ૧૯૪૮ (i) સૌરાષ્ટ્રનું દ્વિભાષી મુંબઈ રાજ્ય વિલીનીકરણ.

(ii) પૂ બાપુનું અવસાન

(iii) શ્રી બળવંતરાય ગો. મહેતા ભાવનગર–રાજ્યના મુખ્યપ્રધાન.

ઈ. સ. ૧૯૪૯ (i) ગુજરાત વર્નાક્યુલર સોસાયટી 'ગુજરાત વિદ્યાસભા' નામે ઓળખાવા માંડી.

(ii) વલ્લભવિદ્યાનગર ગ્રામ યુનિવર્સિટીની સ્થાપના.

ઈ. સ. ૧૯૫૦ (i) ૧૫ ડીસે.ના લોહપુરૂષ સરદારનું અવસાન.

(ii) ગુજરાત યુનિવર્સિટીની સ્થાપના.

ઈ. સ ૧૯૫૫ સરદાર પટેલ યુનિવર્સિટીની સ્થાપના.

ઈ. સ. ૧૯૬૦ દ્વિભાષી મુંબઈ રાજ્યનું વિભાજન અને ગુજરાત રાજ્યની સ્થાપના.

ઈ. સ. ૧૯૬૧ રાષ્ટ્રીય કોંગ્રસનું ૬૬મું અધિવેશન ભાવનગરમાં ભરાયું.

ઈ. સ. ૧૯૬૫ ગુજરાતના મુખ્યપ્રધાન શ્રી બ. ગો. મહેતા સુથરી (કચ્છ) ગામે વિમાની અકસ્માતમાં મૃત્યુ પામ્યા. સાથે તેમનાં ધર્મપત્ની સરોજબહેન પણ અવસાન પામ્યા.

ઈ સ. ૧૯૬૮ તાપી નર્મદાની રેલ હોનારત. કરોડો રૂપિયાનું નુકશાન.



# ગુજરાતના બંદરો

—શ્રી પુષ્કરભાઇ ગોકાણી

ખોરાકની શોધમાં ફરજિયાત સ્થળાંતર કરતો માનવી વનવગડા અને પહાડો ઓળંગી, પાણી પર તરતાં થડીઆં ઉપર બેસીને નાળાં પાર કરતાં શીખ્યો હશે. આ થડીઆં કોરાતાં નાવડીઓ બની અને જળવિસ્તાર વધતાં મછવા, વહાણુ અને વિશાળ જહાજ બન્યાં.

વૈદિક પ્રમાણો પરથી જાણી શકાય છે કે ભારતમાં વહાણુ બાંધવાની કળા સારી વિકસેલી હતી. અસુરોમાં વહાણવટું વ્યાપક હતું. આચારધર્મમાં ગૂંચવાયેલ આર્યોએ પ્રથમ વહાણયાત્રાને તિરસ્કારી હતી અને સર્વપ્રથમ મહર્ષિ અગસ્ત્યે વહાણયાત્રા કરી ભારતની સંસ્કૃતિને દરીયાપાર કરી હતી. કહેવાય છે કે, રાવણના સમયમાં વહાણવટુ રાજ્યનીતિનું બળ ગણાતું. મધ્ય અમેરિકા વસ્તીમય સંસ્કૃતિ-રાવણનું માતૃકૂળ હતું. અને ત્યાંથી તે લંકા વહાણ દ્વારા આવ્યો. ભારતનો સાગર કિનારો ત્યારથી સંસ્કૃતિ, માનવ અને માલની આપ-લે કરી રહ્યો છે. હજુ ઇસુને જન્મવાને ૨૫૦૦ વર્ષની વાર હતી ત્યારની મોહેં-જો-દડો સંસ્કૃતિની વાત કહેતી એક મુદ્રામાં કુવાથંભવાળા વહાણની અંકિત થએલી આકૃતિ ભારતની પશ્ચિમ કંઠાળના ઉજ્જવળ વહાણવટાની કથા આલેખે છે.

ભારતનો લગભગ ૩૦૦૦ માઇલ લાંબો સાગરકિનારો તેના વ્યાપારની ધોરી નસ છે. ગુજરાતને કુદરતે તેમાંથી ૧૦૦૦ માઇલથી વધુ સાગરકિનારો બક્ષ્યો છે. આપણા દેશમાં, ગુજરાતનો દરિયાકાંઠો, તેના પરનાં બંદરો અને તે પર થતી આયાત-નિકાસ અગત્યનુ સ્થાન ધરાવે છે, આ બંદરો માર્ગ-વ્યવહારના કેન્દ્ર તરીકે, વેપાર માટે માલની અવર-જવરના કેન્દ્ર તરીકે તથા આંતર પ્રાંતિય અને આંતર રાષ્ટ્રિય વેપારના કેન્દ્ર તરીકે મહત્વનો ભાગ ભજવી રહ્યા છે.

ભારતમાં ખાસ કરીને ગુજરાતીઓની સાહસિકતા અને પરદેશી વસવાટમાં આ સાગર-કિનારાની મોટી દેણગી છે અને તે દ્વારા આજ દેશ બહુમૂલ્ય હૂંડીયામણ રળી પણ રહ્યો છે.

ભારતના દરિયાકાંઠા ઉપર આઠ મોટા અને ૧૫૦ મધ્યમ અને નાના બંદરો આવેલાં છે, તેમાં પણ ગુજરાતમાં ૧ મોટું બંદર, ૧૦ મધ્યમ કક્ષાના બંદરો અને ૩૮ નાના બંદરો મળી કુલ ૪૯ બંદરો છે. તેમાં ૭ બંદરો બારમાસી છે અને એ બંદરોનો બારમાસી બંદરો તરીકે વિકાસ આયોજનમાં છે.

**ગુજરાતના કાંઠા ઉપરના બંદરો**

| નં. | નામ | કક્ષા | જીલ્લો |
|---|---|---|---|
| ૧ | કંડલા | મોટું | કચ્છ |
| ૨ | માંડવી | મધ્યમ | કચ્છ |
| ૩ | નવલખી | મધ્યમ | રાજકોટ |
| ૪ | બેડી | મધ્યમ | જામનગર |
| ૫ | સિક્કા | મધ્યમ | જામનગર |
| ૬ | ઓખા | મધ્યમ | જામનગર |
| ૭ | પોરબંદર | મધ્યમ | જુનાગઢ |
| ૮ | વેરાવળ | મધ્યમ | જુનાગઢ |
| ૯ | ભાવનગર | મધ્યમ | ભાવનગર |
| ૧૦ | ભરૂચ | મધ્યમ | ભરૂચ |
| ૧૧ | મગદલ્લા | મધ્યમ | સુરત |
| ૧૨ | કોટેશ્વર | નાનું | કચ્છ |
| ૧૩ | જખૌ | નાનું | કચ્છ |
| ૧૪ | મુંદ્રા | નાનું | કચ્છ |
| ૧૫ | જોડિઆ | નાનું | જામનગર |
| ૧૬ | સલાયા | નાનું | જામનગર |
| ૧૭ | પિંડારા | નાનું | જામનગર |
| ૧૮ | બેટ | નાનું | જામનગર |
| ૧૯ | દ્વારકા | નાનું | જામનગર |
| ૨૦ | લાંબા | નાનું | જામનગર |
| ૨૧ | માંગરોળ | નાનું | જૂનાગઢ |
| ૨૨ | દીવ | નાનું | જૂનાગઢ |
| ૨૩ | માઢવડ | નાનું | જૂનાગઢ |
| ૨૪ | નવા બંદર | નાનું | જૂનાગઢ |
| ૨૫ | સીમાર | નાનું | જૂનાગઢ |
| ૨૬ | રાજપરા | નાનું | જૂનાગઢ |
| ૨૭ | કોડદા | નાનું | અમરેલી |
| ૨૮ | કોડીનાર | નાનું | અમરેલી |
| ૨૯ | જાફરાબાદ | નાનું | અમરેલી |
| ૩૦ | રાજુલા | નાનું | અમરેલી |
| ૩૧ | મહુવા | નાનું | ભાવનગર |
| ૩૨ | તળાજા | નાનું | ભાવનગર |
| ૩૩ | ઘોઘા | નાનું | ભાવનગર |
| ૩૪ | ધોલેરા | નાનું | ભાવનગર |
| ૩૫ | ખંભાત | નાનું | ખેડા |
| ૩૬ | કાવિ | નાનું | ભરૂચ |
| ૩૭ | ટંકારી | નાનું | ભરૂચ |
| ૩૮ | દહેજ | નાનું | ભરૂચ |
| ૩૯ | ભગવા | નાનું | સુરત |

| | | | |
|---|---|---|---|
| ૪૦ | ઓંજળ | નાનું | સુરત |
| ૪૧ | વાંસીબોરસી | નાનું | સુરત |
| ૪૨ | બિલિમોરા | નાનું | સુરત |
| ૪૩ | ઉમરસાડી | નાનું | સુતર |
| ૪૪ | કોલક | નાનું | સુરત |
| ૪૫ | મરોલી | નાનું | સુરત |
| ૪૬ | ઉમરગાંવ | નાનું | સુરત |
| ૪૭ | કલઈ | નાનું | સુરત |
| ૪૮ | વલસાડ | નાનું | વલસાડ |
| ૪૯ | દમણ | નાનું | વલસાડ |

+ દ્વારકા, ઘોઘા, સુરત અને ભરૂચ પ્રાગૈતિહાસિક કાળથી જાણીતા છે.

+ દીવ અને દમણ કેન્દ્રશાસિત નાના બંદરો છે કંડલા કેન્દ્રશાસિત મોટું બંદર છે.

+ માંડવી, નવલખી, બેડી, સિક્કા, ઓખા, પોરબંદર, વેરાવળ, ભાવનગર, જખૌ મુન્દ્રા, સલાયા, નવાબંદર, જાફરાબાદ, રાજુલા અને કંડલા મળી ૧૫ બંદરોએ જ સ્ટીમર આવી શકે છે.

+ કંડલા, ઓખા, ભાવનગર, બેડી, સિક્કા, સલાયા, નવલખી અને પોરબંદર ( યોજનામાં ) મળી આઠ બંદરો બારમાસી બંદરો છે. બાકીના બંદરોએ ૧૫મી સપ્ટેમ્બરથી ૧૪મી મે સુધી કામ ચાલે છે.

+ કંડલાનો વહીવટ સ્વતંત્ર પોર્ટ ટ્રસ્ટ ચલાવે છે.

+ લખપત (કચ્છ), મિયાણી (જૂનાગઢ), માધવપુર (જૂનાગઢ), સુત્રાપાડા (જૂનાગઢ) અને શીલ ( જૂનાગઢ ) આ પાંચ બહુ જ નાનાં બંદરો છે. અને તેથી તેનો ઉપર ઉલ્લેખ કર્યો નથી. વાસ્તવમાં ગુજરાતના કાંઠા ઉપર ૫૪ બંદરો છે. બેડી પાસે આવેલ રોઝડી બંદર બેડીમાં ગણી લેવામાં આવ્યું છે.

—વહીવટ માટે આ બંદરોને આઠ વિભાગમાં વ્હેંચી નાખ્યા છે.

| નં. વિભાગ | બંદરોના નામ | કુલ |
|---|---|---|
| ૧ માંડવી | માંડવી, જખૌ, મુંદ્રા, કોટેશ્વર, લખપત | ૫ |
| ૨ બેડી | બેડી (રોઝડી સાથે), સિક્કા, નવલખી, જોડીઆ, પિંઢારા, સલાયા | ૬ |
| ૩ ઓખા | ઓખા, દ્વારકા (રૂપેણ), બેટ (બાલાપુર, પાર સાથે) | ૩ |
| ૪ પોરબંદર | પોરબંદર, લાંબા, મિયાણી, માધવપુર | ૪ |
| ૫ વેરાવળ | વેરાવળ, કોડડા, માંગરોળ, કોડીનાર, માઢવડ, નવાબંદર, સુત્રાપાડા, શીલ. | ૮ |
| ૬ ભાવનગર | ભાવનગર, તળાજા, ઘોઘા, ધોલેરા | ૪ |
| ૭ મહુવા | જાફરાબાદ, રાજુલા, મહુવા, સીમાર, રાજપરા | ૫ |
| ૮ ભરૂચ | ભરૂચ, મગદલ્લા, ખંભાત, કાવી, ટંકારી, દહેજ, ભગવા, ઓંજળ, વાંસીબોરસી, બિલીમોરા, વલસાડ ઉમરસાડી, કોલક મરોલી, કલઈ, ઉંબરગાંવ. | ૧૬ |
| * કંડલા – દમણ – દીવ કેન્દ્ર વહીવટ હેઠળ | | ૩ |
| | | ૫૪ |

આ બંદરો પર ત્રણે પંચવર્ષીય યોજનાઓમાં નીચે મુજબ ખર્ચ થયેલ છે.

| | | | |
|---|---|---|---|
| ૧ લી | યોજના | ૧૩૫.૫૨ | લાખ |
| ૨ જી | યોજના | ૩૮૩.૧૧ | લાખ |
| ૩ જી | યોજના | ૪૪૧.૯૨ | લાખ |
| | | ૯૬૦.૫૫ | લાખ |

આ ખર્ચમાં કંડલા બંદર ઉપર કરેલ ખર્ચ બતાવાયો નથી. ચોથી પંચવર્ષીય યોજનામાં રૂા. ૧૨૮૫ લાખનો ખર્ચ થશે અંદાજ છે.

બંદરોના વિકાસ અને જાળવણી માટે થતા ખર્ચમાં બર્થ, ગોડાઉન, પાણી, ડકા, શેડ રહેવાની સગવડ, બંદરના વિસ્તારમાં રેલ્વે તથા રસ્તાઓ, ટગ, ડ્રેજર વગેરેનો સમાવેશ થાય છે.

પણ આવડા વિશાળ ખર્ચ સામે આ બંદરો દ્વારા થતા માલની આયાતનિકાસ દ્વારા દેશને થતો વિશેષ લાભ લક્ષ્યમાં રાખવો જોઈએ. ગુજરાત રાજ્યની રચના પછી તેના બંદરો ઉપર થએલ માલની હેરફેરના આંકડાઓ નીચે આપ્યા છે.

| સાલ | ટન | મળેલ પરદેશી હુંડીયામણ |
|---|---|---|
| ૧૯૫૯–૬૦ | ૨૧૪૯૪૭૧ | ——— |
| ૬૦–૬૧ | ૨૩૮૩૭૫૯ | ——— |
| ૬૧–૬૨ | ૨૪૬૪૯૦૧ | ——— |
| ૬૨–૬૩ | ૩૦૨૮૧૩૩ | ૨૨૪૬૫૪૯૧૧ |
| ૬૩–૬૪ | ૩૧૪૪૩૮૨ | ૨૮૭૯૦૦૨૩૮ |
| ૬૪–૬૫ | ૩૧૯૪૫૨૧ | ૨૪૭૪૯૬૧૬૯ |
| ૬૫–૬૬ | ૩૨૬૨૭૫૯ | ૧૮૦૯૮૪૨૮૮ |
| ૬૬–૬૭ | ૩૫૭૦૧૬૨ | ૨૯૬૦૫૪૧૬૩ |
| ૬૭–૬૮ | ૩૬૫૩૭૭૦ | ૩૦ કરોડથી વધારે |

## માલની હેરફેર

| | સ્ટીમર દ્વારા ટન | વહાણ દ્વારા ટન | કુલ | પરદેશી (ટનમાં) | દેશી (ટનમાં) | આયાત (ટકાવારી) | નિકાસ (ટકાવારી) |
|---|---|---|---|---|---|---|---|
| ૧૯૫૯–૬૦ | ૧૪૭૮૭૩૮ | ૬૫૩૮૬૫ | ૨૧૪૯૪૭૧ | આંકડા ઉપલબ્ધ નથી | — | — | — |
| ૬૦–૬૧ | ૧૬૬૬૦૨૪ | ૭૧૭૭૮૬ | ૨૩૮૩૭૫૯ | ૧૦૧૨૨૭૮ | ૧૩૭૧૦૩૧ | ૩૩% | ૬૭% |
| ૬૧–૬૨ | ૧૮૬૨૭૯૬ | ૬૦૬૧૦૫ | ૨૪૬૪૯૦૧ | ૮૬૩૨૦૧ | ૧૬૦૪૭૦૦ | ૩૭% | ૬૩% |
| ૬૨–૬૩ | ૨૪૫૫૨૮૫ | ૫૭૨૮૪૮ | ૩૦૨૮૧૩૩ | ૧૧૧૧૧૦૮ | ૧૯૧૭૦૨૫ | ૩૯% | ૬૧% |
| ૬૩–૬૪ | ૨૫૭૪૪૯૩ | ૫૬૯૮૮૯ | ૩૧૪૪૩૮૨ | ૧૨૦૧૨૭૬ | ૧૯૪૩૧૦૬ | ૩૮% | ૬૨% |

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૬૪–૬૫ | ૨૫૮૭૭૧૪ | ૬૦૬૮૦૭ | ૩૧૯૪૫૨૧ | ૧૪૯૯૧૨૦ | ૧૬૯૫૪૦૧ | ૪૪% | ૫૬% |
| ૬૫–૬૬ | ૨૬૯૨૮૨૭ | ૫૬૯૯૩૨ | ૩૨૬૨૭૫૯ | ૧૫૨૦૬૩૦ | ૧૭૪૨૧૨૯ | ૪૯% | ૫૧% |
| ૬૬–૬૭ | ૩૦૮૮૪૭૫ | ૪૮૧૬૮૭ | ૩૫૭૦૧૬૨ | ૧૭૮૪૮૧૮ | ૧૮૮૫૩૪૪ | ૪૯% | ૫૧% |
| ૬૭–૬૮ | ૩૧૩૦૭૪૩ | ૫૨૩૦૨૭ | ૩૬૫૩૭૭૦ | ૧૮૪૨૨૮૭ | ૧૮૧૧૪૮૩ | ૪૭% | ૫૩% |
| એવરેજ | ૮૫% | ૧૫% | ૧૦૦% | ૪૩% | ૫૭% | ૪૩% | ૫૭% |

ભારતના બધા રાજ્યો–જે સમુદ્ર ધરાવે છે–તેના આંકડા જોતાં, ભારતના વિકાસમાં ગુજરાતનો ફાળો ગણનાપ્રદ છે. તે નીચેના આંકડા જોતાં જણાઈ આવે છે. ( ૧૯૬૬–૬૭ )

| કુલ હેરફેર ટન | બંદર સંખ્યા | રાજ્ય | — આયાત ટન — દેશની | પરદેશની | કુલ | — નિકાસ ટન — દેશમાં | પરદેશમાં | કુલ | કુલ હેરફેરની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૩૫૭૦૧૬૨ | ૪૬ | ગુજરાત | ૭૬૮૫૪૦ | ૯૭૭૬૬૧ | ૧૭૪૬૨૦૧ | ૧૦૧૬૮૦૪ | ૮૦૭૧૫૭ | ૧૮૨૩૯૬૧ | ૫૦% |
| ૬૧૯૩૭૮ | ૪૯ | મહારાષ્ટ્ર | ૧૭૯૩૩૩ | — | ૧૭૯૩૩૩ | ૨૨૫૪૨૩ | ૨૧૪૬૧૮ | ૪૪૦૦૬૧ | ૯% |
| ૧૨૪૯૪૨૫ | ૧૯ | માયસોર | ૧૦૪૭૫૪ | ૬૫૩૬૨ | ૧૭૦૧૧૬ | ૩૮૮૪૪૬ | ૭૩૪૮૬૩ | ૧૦૭૯૩૦૯ | ૧૮% |
| ૩૬૯૫૦૭ | ૧૧ | કેરાલા | ૫૩૨૦૫ | ૧૫૦૦૭૭ | ૨૦૩૨૮૨ | ૧૨૯૪૧૭ | ૩૬૭૬૮ | ૧૬૬૨૨૫ | ૫% |
| ૩૨૪૮૮૪ | ૭ | આંધ્ર | ૨૩ | ૧૧૬૮૫૧ | ૧૧૬૪૭૪ | — | ૨૦૮૪૧૦ | ૨૦૮૪૧૦ | ૪% |
| * ૯૭૬૮૭૮ | ૩ | કેન્દ્ર શાસિત | ૩૪૦૦૮૬ | ૨૪૩૧૨૧ | ૫૮૩૨૦૭ | ૨૬૧૮૫૯ | ૬૩૧૮૧૮ | ૩૯૩૬૭૧ | ૧૪% |
| — | ૨ | ઓરિસ્સા | — | — | — | — | — | — | — |
| ૭૧૧૦૨૩૦ | — | ભારત | ૧૪૪૫૯૪૧ | ૧૫૬૨૬૭૨ | ૨૯૯૮૬૧૩ | ૧૯૭૭૯૮૯ | ૨૧૩૩૬૨૮ | ૪૧૧૧૬૧૭ | ૧૦૦% |

* અહીં કંડલા–મુંબઈ–ગોવા–કોચીન–મદ્રાસ–વિશાખાપટનમ અને કલકત્તાને સમાવ્યા નથી.

આમ ભારતમાં મુખ્ય સાત બંદરો બાદ કરતાં ( કેન્દ્ર વહીવટના ) ગુજરાત રાજ્ય અડધે ભાગે માલ–વહનનો બોજો ઉપાડે છે. મહારાષ્ટ્રને નાના અને મધ્યમ બંદરો વધારે હોવા છતાં તેની માલવાહન શક્તિ ફક્ત ૯% છે.

ગુજરાત રાજ્ય તુરતના ભવિષ્યમાં ૪૦થી૫૦ લાખ ટનની હેરફેર કરી શકશે અને પરદેશી ટ્રાફીક પણ લગભગ ૫૦% જેટલો થઈ જવા સંભવ છે. ગુજરાત રાજ્ય નિકાસ દ્વારા રૂા. ૩૦ કરોડથી વધારે હૂંડિયામણ કમાઈ આપે છે. બે લાખથી વધારે ઉતારૂઓની હેરફેર કરે છે. લગભગ ૧૦૦૦ થી ૧૨૦૦ સ્ટીમરો અને ૧૫ થી ૨૦ હજાર વહાણો દ્વારા આ બંદરોમાં માલ અને ઉતારૂઓની હેરફેર થાય છે. ભારતના વિકાસમાં આમ ગુજરાત રાજ્યની દેણગી મોટી છે. શ્રીકૃષ્ણના વખતથી ભારતના દરિયાઈ વ્યવહારમાં મોખરે રહેનાર ગુજરાત હજુ પણ મોખરે જ છે, અને મોખરે જ રહેશે.

ગુજરાતમાં દેશ અને પરદેશમાંથી નીચે મુજબ માલ ઠલવાય છે— અનાજ, ગ્યાસતેલ, પેટ્રોલ, ડીઝલ, ક્રુડ ઓઈલ, ફર્નેસ ઓઈલ, લુબ્રીકન્ટ્સ, કોલસો કોક, બાંધકામનો માલ–સામાન, સલ્ફર લાકડું, એમોનિયમ સલ્ફેટ, શણની ગુણીઓ, ખજૂર, રોક સલ્ફેટ, યુરીઆ, ખાતરની પેદાશો, ડુંગળી, લોખંડ. સુપર ફોસ્ફેટ, કપાસિયા, કાથી, ડામર, નાળિએર, કાચું રૂ, યંત્રો, એરંડા, મસાલા, ધાતુઓ, ચૂનો, કાચું ઊન. રસાયણો, ગોળ, સોપારી, ચા, કાગળ, સુતર, વીજળીનો સામાન, મોટર કાર, કાચનાં વાસણો, ખાંડ અને પરચુરણ માલ-સામાનની વસ્તુઓ ગુજરાતમાં ભારતનાં અન્ય ભાગમાંથી અને પરદેશથી આવે છે.

જ્યારે મીઠું, સીંગ-ખોળ, સીમેન્ટ, સીમેન્ટની ઈંટો, બોકસાઈટ, સીંગતેલ, કલે, સીંગદાણા, લસણ, બટાટા, રૂ, મચ્છી, એરંડીયું, લાકડું, કઠોળ, બાંધકામનો સામાન, પથ્થર, જીપ્સમ, ભાટી રસાયણો, સોડા, હાડકા, પશુઓ, લોખંડનો ભંગાર, ઘી, સુતર, કાળો ગોળ, વેસ્ટ રૂ, યંત્ર વગેરે દેશમાં અને પરદેશમાં ગુજરાતના બંદરોએથી બહાર જાય છે.

**૧૯૬૬-૬૭ની મુખ્ય આયાત નિકાશના આંકડાઓ નીચે મુજબ છે :-**

| | આયાત (ટન) દેશી | પરદેશી | | નિકાસ (ટન) દેશમાં | પરદેશમાં |
|---|---|---|---|---|---|
| અનાજ | ૮૮૧૫૩ | ૫૧૩૨૯૯ | મીઠું | ૨૨૫૪૦૭ | ૭૦૨૦૮૮ |
| ખાદ્ય તેલ | ૩૯૨૧૩૩ | ૧૦૦૧૨૯ | સીમેન્ટ | ૪૬૫૫૬૦ | ૨૪૫ |
| ખાતર | — | ૨૬૩૬૬૪ | ખોળ | ૩૮૬૬ | ૩૮૦૧૫૪ |
| કોલસો | ૯૮૬૭૯ | — | ફલ-ફ્રુટ | ૧૩૧૮૪૫ | — |
| બાંધકામનો સામાન, લાકડું વ. | ૧૨૯૨૪૬ | — | બોકસાઈટ | ૪૦૭૧ | ૭૧૬૧૧ |
| શણની કોથળી | ૩૦૦૯૨ | — | ખાતર | ૪૧૪૬૩ | — |
| રોક ફોસ્ફેટ | — | ૨૫૦૦૦ | રસાયણ | ૭૬૧૫૮ | — |
| | ૨૦૯ | ૧૮૧૬૦ | સીંગતેલ | ૨૮૭૧૧ | — |

| | | |
|---|---|---|
| સીમેન્ટ | ૧૩૦૨૦ | — |
| લોખંડ | ૧૧૭૩૭ | — |
| ડામર | ૧૦૫૩૩ | — |
| હાર્ડવેર | ૯૦૨૭ | — |
| ગંધક | ૩૨૪૧ | ૩૮૩૧ |
| મીઠું | ૬૯૯૭ | — |
| કપાસિયા | ૬૭૩૪ | — |
| ડુંગળી | ૬૨૭૮ | — |
| પત્થર | ૪૦૪૩ | — |
| પશુ | ૩૨૩૮ | — |
| સુતર | ૨૭૪૫ | — |
| રૂ | ૧૧૬ | ૨૧૭૮ |
| નાળિએર | ૧૯૬૧ | — |
| અન્ય | ૨૦૩૫૮ | ૧૪૦૦ |
| કુલ | ૭૬૮૫૪૦ | ૯૭૭૬૬૧ |
| ટકા | ૪૮.૩૪ | ૫૧.૬૬ |
| | | (૪૯.૧૧) |

૧૭૪૬૨૦૧ ટન

| | | |
|---|---|---|
| ચૂનો તથા તેનો પત્થર | ૨૮૦૯૮ | — |
| માટી | ૨૪૧૨૦ | — |
| લો. અંગાર | ૭૪ | ૨૦૫૭૭ |
| ચોખા | — | ૧૪૩૭૦ |
| ડુંગળી | ૯૨૮૮ | ૩૨૯૯ |
| મચ્છી | ૧૦૨૭૧ | — |
| લાકડું | ૭૦૬૩ | ૨૩૭૦ |
| કાચું રૂ | ૬૩૫૦ | ૧૧૨૪ |
| હાડકાં | — | ૫૦૩૬ |
| કપાસ | ૪૪૭૭ | — |
| પત્થર | ૪૭૨૨ | — |
| બાંધકામનો માલ | ૩૯૦૭ | — |
| પશુ | ૩૬૭૪ | — |
| કાચુ ઊન | ૩૬ | ૨૮૮૬ |
| લોખંડ | ૨૮૦૫ | — |
| એરંડા | ૨૬૩૨ | ૪ |
| ફળ | ૦૫૨૧ | ૧૪૧૨ |
| અન્ય | ૧૮૨૮૨ | ૨૯૮૫ |
| કુલ | ૧૦૧૬૮૦૪ | ૮૦૭૧૫૭ |
| ટકા | ૫૮.૨૬ | ૪૧.૭૪ |
| | | (૫૦.૮૯) |

૧૮૨૩૯૬૧ ટન

આ આંકડાઓ જોતાં જણાશે કે મીઠું, સીમેન્ટ, ખોળ કલીન્કર અને ઓકસાઈટની મોટી નિકાસ ગુજરાતના બંદરોથી થાય છે. અને તેનો મોટો ભાગ હુંડીઆમણ રળી આપે છે. જ્યારે ગુજરાત રોકડીયો પાક વધારે ઉતારતું હોઈ, ખાધ રહેવાથી, અનાજની મોટી આયાત થાય છે. તે સિવાય પરદેશી કંપનીઓ સાથેના કરારો હોઈ ખનીજ તેલની પણ આયાત થાય છે પણ ટુંક સમયમાં તે આયાત ગુજરાતમાં તેલ નીકળ્યું હોઈ, ઘટી જઈ, નહિવત્ થઈ જશે. મીઠાપુરમાં ખાતરની યોજના સાકાર થશે તો ગુજરાતના બંદરો ખાતર પણ આયાત કરશે નહીં. ખજૂર, ગંધક અને રૂની સરેરાશ પરદેશી આયાત ૧૯૬૬–૬૭ જેવી જ દરવર્ષે રહ્યા કરશે. દેશમાંથી મોટે ભાગે ઈમારતી લાકડું, ખનીજ તેલ, કોલસો, બાંધકામનો સામાન અને શણના કોથળા મુખ્ય છે અને તે ગુજરાતના વિકસેલ ઉદ્યોગોની પૂર્તતા કરે છે. આ નમુનાના આંકડાઓ ગુજરાતના બંદરી કામકાજની તાસીર દર્શાવે છે. આ દરેક વિગતોમાં કંડલાની ગણત્રી લક્ષ્યમાં લેવામાં આવી નથી. કારણ કે તે મુખ્ય બંદર હોઈ સ્વતંત્ર પોર્ટ ટ્રસ્ટ દ્વારા તેનો વહીવટ કેન્દ્ર સંભાળે છે.

હવે આપણે ગુજરાતના માધ્યમિક અને મહત્ત્વના નાના બંદરોની મહત્ત્વની વિગતો જોઈશું.

(૧) **માંડવી** ( ૨૨° ૪૯' ઉ. ૬૯° ૨૧' પૂ ) આ માધ્યમિક કક્ષાના બંદર ઉપર પેસેન્જર ટ્રાફીક ઘણો હતો. પણ સિંધીયાની સ્ટીમર પાકિસ્તાની આક્રમણ સમયે પકડાઈ જતાં, સ્ટીમર દ્વારા માલ અને પેસેન્જર ટ્રાફીકમાં મોટી ઘટ પડી છે. કચ્છ જીલ્લાનું આ મધ્યમ કક્ષાનું બંદર છેલ્લી ૧૫ સદીથી બંદર તરીકે સેવા આપે છે. આફ્રિકાને ગુજરાતનું પરું બનાવનાર આ બંદર હવે ફક્ત સપ્ટેમ્બરથી મે દરમ્યાન જ કામ આપે છે. ૧૯૬૧–'૬૨માં ત્યાં ૩૩,૧૧૫ ટનની હેરફેર થઈ હતી. વાર્ષિક ૭૦૦થી ૮૦૦ વહાણ હાલ ત્યાં નાંગરે છે. મુખ્યત્વે મકાન બાંધવાનો સામાન, માટી, નાળીએર, એરંડા તેમજ તેલિબિયાં તથા અનાજ વગેરેની નિકાસ આ બંદરેથી થાય છે. જ્યારે સીમેન્ટ, ગોળ, લાકડું, તમાકુ વગેરેની આયાત થાય છે. આ બંદરે ૪ મોટા ગોડાઉન ( ૬૫૪૭ ચો. ફી. ) એક પેસેન્જર શેડ ( ૩૫૧૭ ચો. ફૂ. ) અને બીજે માલ રાખવા ઘણી ખુલ્લી જગ્યા છે. ભરતી–ઓટની વચ્ચે ૧૧ ફૂટ નો ગાળો રહે છે. અહીં વહાણનું રીપેરકામ બહોળા પ્રમાણમાં થાય છે. દેશ–પરદેશ બન્ને ટ્રાફીક માટે આ બંદર ઉઘાડું રહે છે. ખાસ પ્રકારની માટીની નિકાસદ્વારા આ બંદર જૂજ હુંડીઆમણ પણ રળી આપે છે.

(૨) **મુંદ્રા** : ( ૨૫° ૪૯' ઉ. ૬૯° ૩૪' પૂ. ) કચ્છ જીલ્લાનું નાનું પણ ધીકતું બંદર છે. ૧૯૬૫–'૬૬માં ૮૫૦૦૦ ટનની માલની હેરફેર આ બંદરેથી થઇ હતી. આ બંદરેથી મીઠું અને ચીરોડી લગભગ ૮૦૦૦૦ ટન જેટલાં નિકાસ થાય છે જ્યારે ૪૦૦૦ થી ૫૦૦૦ ટન જેટલી સીમેન્ટ આ બંદરે આવે છે. પરદેશી ટ્રાફીક નથી. ભરતી–ઓટની વચ્ચે ૨૦ ફૂટ જેટલો ગાળો રહે છે. લગભગ ૨૫૦ જેટલાં વહાણ વર્ષે અહીં નાંગરે છે. બંદર ઉપર શેડ કે ગોડાઉનની સગવડ નથી. મીઠાની નિકાસ દ્વારા આ બંદરે ૪,૭૪,૨૧૦ રૂપિયાનું હુંડીઆમણ ૧૯૬૬–૬૭માં મેળવી આપ્યું હતુ. ..

**જખૌ** : કચ્છ જીલ્લાનું આ નાનું બંદર સ્ટીમર દ્વારા જ મીઠાની મોટી નિકાસ કરે છે. લગભગ ૮૪૦૦૦ ટન ( ૧૯૬૩-૬૪ )ની હેરફેર,

વધુમાં વધુ, આ બંદરેથી થઇ હતી. જૂજ પ્રમાણમાં ચીરોડીની નિકાસ પણ થાય છે. હાલ આ બંદરે ટ્રાફીક ઘટી રહ્યો છે. આ બંદરે કશી આયાત થતી નથી તેમજ બંદરી સગવડ પણ બહુ જૂજ છે. મીઠાંની નિકાસ દ્વારા ૩ ૪૧,૬૯૫ રૂપિયાનું હુંડીઆમણ ૧૯૬૬–૬૭માં રળી આપ્યું હતું. કચ્છ જીલ્લાના માંડવી ગ્રુપના આ ત્રણ બંદરો ખાસ મોટા પરદેશી વેપાર કરી શકતાં નથી. છતાં માલની મોટી હેરફેર કરે છે.

(૩) **બેડી :** ( ૨૨° ૩૩' ઉં. ૭૦° ૨' પૂ ) આ બારમાસી બંદરેથી પેસેન્જર તેમજ માલનો દેશી અને પરદેશી બન્ને ટ્રાફીક પૂરતા પ્રમાણમાં રહે છે. જામનગર જીલ્લાનું આ બંદર ૧૪થી ૧૫ કરોડ રૂપિયાનું હુંડીઆમણ ખોળ, ઊન, હાડકાં, રદ્દી રૂ અને ચોખાના થૂલાનું સત્ત્વ નિકાસ કરી, રળી આપે છે. લગભગ પાંચ સ્ટીમર એક સાથે કામ કરી શકે તેવો જેટી આ બંદરે છે. સાત મોટા ગોડાઉન ( ૯૬૭૬૫ ચો. ફૂટ - ૬૦૦૦ ટન ) તથા ટ્રાન્સીટ શેડ ( ૧,૬૦,૭૮૬ ચો. ફૂ ૭૨૦૦ ટન ) તથા માલ રાખવા માટે ઘણી મોટી ખૂલ્લી જગ્યાની સગવડ છે. બાર્જ, ક્રેઇન વગેરેની મોટી સગવડ આ બંદરે છે. વર્ષે લગભગ ૧૫૦થી ૨૦૦ સ્ટીમર અને ૫૦૦ થી ૬૦૦ વહાણ આ બંદરે નાંગરે છે. ૧૯૬૩–'૬૪ માં આ બંદરેથી વધારેમાં વધારે ૫,૦૮,૪૮૦ ટન જેટલા માલની હેરફેર થઇ હતી જેમાંથી ૪,૦૦,૦૦૦ ટન તો પરદેશી નિકાસ હતી. ૧૯૬૬–૬૭માં આ ટ્રાફીક થોડો ઘટયો છે. નાળીએર, કાથી, લોખંડ, ખોળ, સુતર, ચ્હા અને ઊનની મુખ્યત્વે આયાત થાય છે અને ખોળ, મીઠું, ખજૂર, લોખંડ, સીંગદાણા, વનસ્પતિ તેલો અને કાચા ઊનની મોટી નિકાસ આ બંદરેથી થાય છે. ગુજરાત રાજ્યના લગભગ ૧૦ થી ૧૨ ટકા માલની હેરફેર આ બંદરેથી થાય છે. વાર્ષિક ૭૦૦થી ૧૦૦૦ પેસેન્જરો અહીંથી પરદેશ જાય છે. પેસેન્જર ટ્રાફીક મુખ્યત્વે રોઝી બંદરેથી જ થાય છે. લગભગ ૬ થી ૭ ફેધમ ( ૪૦' ) જેટલું પાણી રહેતું હોઈ ભરતી–ઓટની ગાળાની બહુ ચિંતા અહીં રહેતી નથી અને જહાજો ગમે ત્યારે નાંગરી શકે છે.

**સિક્કા** ( ૨૨° ૩૨' ઉ. ૬૯° ૫૧° પૂ ): ભરતી–ઓટનો ગાળો ૨૦' નો હોઈ, જામનગર જીલ્લાના આ બંદરે મોટી સ્ટીમરો માટે કાળજી રાખવાની જરૂર રહે છે. ૧૯૬૩–'૬૪માં આ બંદરેથી ૨,૯૭,૦૭૭ ટન માલની વધારેમાં વધારે હેરફેર થઈ હતી. ૧૯૬૬–'૬૭માં તે ૨,૩૬,૬૧૯ ટન જેટલી રહી છે. વર્ષે લગભગ ૨ લાખ ટન માલની ( મીઠું ) પરદેશી નિકાસ કરી આ બંદર રૂપિયા બે લાખથી વધારે હુંડીઆમણ રળી આપે છે આ બંદરે ૫૦ થી ૭૦ હજાર ટન જેટલી આયાત દેશમાંથી જ થાય છે. લગભગ ૭૫ સ્ટીમરો અને ૨૫૦ થી ૩૦૦ વહાણ દર વર્ષે આ બંદરે નાંગરે છે. મુખ્યત્વે કોલસો, કોક, શણના કોથળાની આયાત આ બંદરે થાય છે. અને ક્લીન્કર (સીમેન્ટની પથરી), સીમેન્ટ તથા મીઠાની નિકાસ થાય છે. આ બારમાસી મધ્યમકક્ષાનું બંદર છે.

**નવલખી** ( ૨૨° ૨૮' ઉ. ૭૦° ૨૭' પૂ ) રાજકોટ જીલ્લામાં આવેલ આ બારમાસી મધ્યમ કક્ષાનું બંદર વર્ષે દિવસે મીઠાની નિકાસ કરી આશરે ત્રણ લાખ રૂપિયાનું હુંડીયામણ રળી આપે છે. વાર્ષિક ૪૦ સ્ટીમરો અને વહાણો ( ૭૦૦ ) દ્વારા નવલખી બંદરે ૧૯૬૬–'૬૭માં ૩,૮૧,૪૭૦ ટન માલની હેરફેર થઈ હતી. લગભગ ૩ લાખ રૂપિયાનું હુંડીયામણ રળી આપતું આ બંદર મીઠું અને ખોળની નિકાસ કરે છે. અને લગભગ ૩,૪૦,૦૦૦ ટન જેટલું અનાજ પરદેશથી આયાત કરે છે. શણની કોથળીઓ અને ખાતર પણ આયાત થાય છે. ભારતની અનાજની મોટી જરૂરિયાત આ બંદરેથી આવે છે.

**ઓખા** ( ૨૨° ૩૦.૫' ઉ. ૬૯° ૫' પૂ ) ગુજરાત રાજ્યમાં આ બારમાસી મધ્યમ કક્ષાનું બંદર બધી જ અદ્યતન સગવડો ધરાવે છે. ૪૦૦' ની મુખ્ય જેટી અને ૯૦૦'ની નવી ઓઈલ જેટી તથા ૩ મોટી ક્રેઈન, ૩ ફરતી ક્રેઈન અને બે હાથ-ક્રેઇન દ્વારા આ બંદરેથી ૧૯૬૬–૬૭માં ૮,૪૭,૫૫૮ ટન જેટલી હેરફેર કરાઈ છે આશરે ૧૭૫ સ્ટીમર અને ૬૦૦ વહાણ દ્વારા આ બંદર ગુજરાતના અન્ય મધ્યમ કક્ષાના બંદરોમાં સૌથી વધારે માલની હેરફેર કરે છે. એટલું જ નહીં પણ ગુજરાતના સઘળા બંદરોમાં ફક્ત આ એક જ બંદર પુરાંતવાળું બંદર છે. લગભગ ૨૫% જેટલી ગુજરાતની સમગ્ર હેરફેર આ બંદરેથી થાય છે. બોક્સાઈટ, સીમેન્ટ અને બનાવટ તેલો દ્વારા લગભગ રૂપિયા ૨૫ લાખનું હુંડીયામણ આ બંદરેથી ભારત મેળવેછે. ચાર લાખ ટન બંદરી આયાત અને એક લાખ ટન પરદેશી આયાત તથા ૭૦ હજાર ટન પરદેશી નિકાસ અને ૨,૭૦,૦૦૦ ટન બંદરી નિકાસ આ બંદરેથી થાય છે. પેટ્રોલ, ડીઝલ, કેરોસીન, લુબ્રીકન્સ ફ્રુડ, ફર્નેસ તેલ બીટુમેન, ડામર, અનાજ અને શણના કોથળાની આયાત કરવામાં આવે છે જ્યારે ઓખાથી બોક્સાઈટ, સીમેન્ટ, સોડા રસાયણો અને મીઠાની નિકાસ થાય છે. આ બંદરે કુદરતી, સ્ટીમર ડક્કા ઉપર આવી શકે એવી સગવડ છે, અને ગુજરાતમાં બધી સગવડોમાં, માલની હેરફેરમાં અને કાર્યકુશળતામાં ( પુરાંતવાળું હોઈ ) આ બંદર વર્ષોથી પ્રથમ જ રહ્યું છે. અહીં બધા બંદરો કરતાં વધારે સ્ટીમરો આવે છે. સુએજની કેનાલ બંધ પડ્યા પછી આ બંદરેથી થતી નિકાસમાં ફટકો પડ્યો છે. ઘણી વખત ૭–૭ સ્ટીમરો આ બંદરે એકીસાથે આવી હોય તેમ પણ બન્યું છે, અને ડક્કા શિવાય પણ આ બંદરે ૬૦ હજારથી વધારે ટન જેટલા માલની હેરફેર વાર્જ અને ટગ વડે કરવામાં આવી છે. ૨૦ ગોડાઉન ( ૧,૬૬,૯૭૦ ચો. ફૂ ) અને ૧,૮૮,૦૦૦ ચો. ફૂના ત્રણ ઉઘાડા પ્લેટફોર્મની સગવડ આ બંદરમાં છે. નાની ટગ, લોંચ વગેરેના રીપેરીંગ માટે અહીં સ્લીપ–વેની સગવડ છે. બંદરની સામે આવેલ સમિઆણી અને બેટના ટાપુઓ ભયંકર તોફાનમાં પણ અહીં જહાજોને સારૂં રક્ષણ પૂરૂં પાડે છે. મુંબઇથી ૩૩૦ દરિયાઈ માઈલ દૂર આવેલ આ બંદર સ્ટેટ હાઈ–વેથી જામનગર સુધી અને નેશનલ હાઇવેથી ત્યારપછી સંકળાએલું છે. આ બંદરે ભારી ક્રેઇનો સુક્કો ધક્કો મૂકવામાં આવે તો તે હજુ ખૂબ વિકસી શકે તેમ છે. આ બંદરમાં દરેક ગોડાઉન રેલ્વે તેમ જ વ્યવસ્થિત રસ્તાઓથી સાંકળેલ હોઈ બંદરમાં ભરાયેલ માલ સુવ્યવસ્થિત સચવાઈ રહે છે. દ્વારકાનું એ. સી. સી. ( સીમેન્ટ કું. )નું કારખાનું, મીઠાપુરનું તાતા કેમીકલ્સનું કારખાનું, મળી આવતું બોકસાઈટ અને ઓખામાં આવેલ બર્માશેલ, એસો. સ્ટાન્ડર્ડ અને ઇન્ડીઅન ઓઈલ કોર્પોરેશનના ડેપો આ બંદરનો મોટો ઉપયોગ

કરી ગુજરાત અને દેશ તેમ જ પરદેશની જરૂરિયાતો પૂરી પાડે છે. જેટી પાસે લગભગ ૨૫' થી ૩૦' પાણી ગમે તેવી ઓટમાં પણ રહેતું હોઈ બંદરી કામકાજમાં ખૂબ સરળતા રહે છે. ઓખા બેટ અને ઓખા–માંડવી વચ્ચે મોટો પેસેન્જર ટ્રાફીક આ બંદરથી ચાલે છે. ભારતના પશ્ચિમ કંઠાળ ઉપર આના જેવું મધ્યમ કક્ષાનું બીજું કોઈ બંદર નથી.

**પોરબંદર** ( ૨૧° ૩૮' ઉ. ૬૯° ૩૭' પૂ. ) જૂનાગઢ જીલ્લાનું આ મધ્યમકક્ષાનું બંદર મોસમી બંદર છે. અને આ પંચવર્ષિય યોજનામાં તેને બારમાસી બંદર બનાવાશે. ૧૯૬૭–૬૮માં ત્યાં નીચે મુજબ ૨,૮૨,૨૮૮ ટન માલની હેરફેર થઈ હતી.

| | | | | |
|---|---|---|---|---|
| નિકાસ પરદેશી | ૧૦,૬૬૨ ટન | – | દેશમાં | ૧,૮૭,૧૪૪ ટન |
| આયાત પરદેશમાંથી | ૫,૧૪૬ ટન | – | દેશી | ૨૯,૩૩૭ ટન |

૯૦ સ્ટીમર અને લગભગ ૫૦૦ વહાણ દ્વારા આટલી હેરફેર થઇ હતી. આ બંદરે માલની હેરફેર ઉત્તરોત્તર વધતી જ રહી છે. ૧૯૬૬–૬૭માં આ બંદરેથી ભારત સરકાર ખોળ, મીઠું, સિમેન્ટ, મસાલા વિગેરે નિકાસ કરી રૂા. ૧,૪૧,૬૨,૮૦૯નું હુંડીઆમણ રળી શકી હતી સ્ટીમર બંદરથી ૧॥ માઇલ દૂર ઉભી રહે છે. બંદરી આયાતમાં લાકડું, શણની કોથળીઓ, લોખંડ વગેરે મુખ્ય છે જ્યારે ઉપરોક્ત નિકાસ સિવાય દેશમાં જ આ બંદરેથી ચૂનો, માટી, વનસ્પતિ તેલ, રૂ, ડુંગળી અને શાકભાજી તથા ફળની નિકાસ થાય છે. ફક્ત આફ્રિકાથી આ બંદરે ૧૯૬૬–૬૭માં ૧૫૧૩ પેસેન્જર આવ્યા હતા અને ૮૫૩ પેસેન્જર ગયા હતા. આફ્રિકા સાથે આ બંદરેથી મોટો વ્યવહાર છે.

**વેરાવળ** ( ૨૦° ૫૪' ઉ. ૭૦° ૨૨' પૂ. ) જૂનાગઢ જીલ્લાનું આ મધ્યમકક્ષાનું બંદર ૧૫મી ઓગસ્ટથી ૧૫મી મે સુધી બંદરી વ્યવહાર માટે ખુલ્લું રહે છે. બંદરથી એક માઇલ દૂર સ્ટીમરો ઉભી રહે છે. ૧૯૬૭–'૬૮માં ત્યાં નીચે મુજબ માલની હેરફેર થઇ હતી.

| | પરદેશમાં | દેશમાં |
|---|---|---|
| નિકાસ | ૧,૦૬,૬૮૧ | ૬૩,૬૦૯ ટન-ખોળ. ડુંગળી, ચૂનો, રૂ, પત્થર મચ્છી, વનસ્પતિ, તેલ, લાકડું |
| આયાત | ૮૮,૭૭૩ | ૬૮,૧૨૫ ટન અનાજ, ખાતર, શણની કોથળી, નાળીએર, કાથી, લાકડું સોપારી, કપાસિયા હાર્ડવેર વગેરે. |

કુલ ૩,૨૭,૪૮૮ ટનની હેરફેર ૭૯ સ્ટીમર અને ૪૮૮ વહાણ દ્વારા થઈ. ૧૯૬૬–'૬૭માં ભારતને આ બંદર મારફત રૂા ૫,૩૫,૮૬,૧૭૨નું હુંડીઆમણ ખોળ, ડુંગળી અને લાકડાની નિકાસથી મળ્યું હતું.

**ભાવનગર** ( ૨૧° ૪૫' ઉ. ૭૨° ૯' પૂ. ) ભાવનગર જીલ્લામાં આવેલ આ મધ્યમ કક્ષાનું બારમાસી બંદર કુદરતી રીતે રક્ષાએલું હોવા છતાં ખંભાતના અખાતમાં પડતી નદીઓના કાંપને લીધે કાયમ કાંપ ઉલેચવાની કામગિરીમાં રહે છે. બંદરે ૪૦' પાણી હોવા છતાં આ મુશ્કેલીથી સ્ટીમરો ફક્ત ભરતી સમયે બંદરમાં આવી શકે છે. ૧૯૬૭–'૬૮માં આ બંદરેથી ૭,૪૮,૩૪૯ ટનની કુલ હેરફેર થઈ હતી પણ ૧૯૬૬–૬૭માં આ બંદરે માલની હેરફેર અત્યાર સુધીમાં વધારેમાં વધારે નીચે દર્શાવ્યા મુજબ હતીઃ

| | દેશી | પરદેશી |
|---|---|---|
| નિકાસ | ૧,૧૩,૨૬૨ ટન | ૧,૧૨,૨૨૮ ટન–ખોળ, મીઠું, લોખંડ, હાડકાં, રૂ, ડુંગળી, વનસ્પતિ તેલ. |
| આયાત | ૯૮,૪૯૭ ટન | ૪,૪૮,૫૨૧ ટન–અનાજ, ખાતર, કોલસો, રોક ફોસ્ફેટ, લાકડું, બાંધકામનો સામાન, ગુણીઆ, પોલાદ, બળતણ, તેલો, લુબ્રીકન્સ, નાળીએર. |

આ બંદરેથી ખોળ, લોખંડનો ભંગાર, મીઠું, હાડકાં, રસાયણ વગેરેની નિકાસ કરી ભારતે એ વર્ષમાં રૂા. ૫,૯૩,૭૭,૩૯૫નું હુંડીઆમણ રળ્યું હતું. આ બંદરે તે વર્ષમાં ૧૨૧૭ વહાણ અને ૧૫૯ સ્ટીમરો આવી હતી.

આ બંદર ઉપર ૪૨' × ૮૮૨' લાંબી કોન્ક્રીટ જેટી ૩૦' × ૧૮૩' ની સ્ટીલ જેટી છે. તે શિવાય પણ બાર્જ અને ટગ દ્વારા પણ ચાલતી મોટી ઉતરાઈ ચડાઈ થાય છે. ૫,૯૯,૫૭૦ ચો. ફૂ.ના ૪૮ શેડ અને ૩ ગોડાઉનો તથા કોન્ક્રીટ જેટી ઉપર ૧,૨૮,૨૭૧ ચો. ફૂ. ના ૪ ટ્રાન્સીટ શેડ અને સ્ટીલ જેટી ઉપર ૧,૧૧, ૧૩૫ ચો. ફૂ. ના ૭ ટ્રાન્સીટ શેડ અને ૨ ગોડાઉનમાં માલ સચવાય છે. આ બંદર ઉપર મીઠું પાણી, કેર્ઇન, બાર્જ, વહાણ ભથ્થા માટે સામાન વગેરેની બંદરી સગવડો સારી છે આ બંદર રાષ્ટ્રીય ધોરી માર્ગ, રેલ્વે ( મીટર ગેઈજ ) અને હવાઈ રસ્તે સંકળાયેલું છે.

**ભરુચ** ( ૨૧° ૪૨' ઉ. ૭૩° ૨' પૂ ) ભરુચ જિલ્લાનું આ મધ્યમ કક્ષાનું બંદર ઓગષ્ટથી મે સુધી જ બંદરી કામકાજ માટે ઉઘાડું રહે છે. ૧૯૬૨–'૬૩માં આ બંદરમાં સૌથી વધારે ૨૫,૮૯૮ ટન જેટલો ટ્રાફીક રહ્યો હતો. મુખ્યત્વે બાંધકામનો સામાન, મીઠું અને ડુંગળી આપણા દેશમાંથી જ આ બંદરે આયાત થાય છે અને કપાસિયા, લાકડું અને નાળિયેરની નિકાસ થાય છે.

**સુરત** ( મગદલ્લા ) ( ૨૦° ૫૫' ઉ. ૭૨° ૩૯' પૂ ) સુરત જીલ્લાનું આ મધ્યમ કક્ષાનું બંદર મોસમી બંદર છે. ૧૯૬૬–'૬૭માં ૨૪૯૮૨ ટન માલની હેરફેર આ બંદરેથી થઈ હતી. આખા ગુજરાત રાજ્યમાં વધારેમાં વધારે ડુંગળી અહીં આયાત થાય છે. અને ફળ અને શાકભાજીની નિકાસ પણ વધારેમાં વધારે છે. અન્ય આયાતમાં ખાતર, બાંધકામનો સામાન, પત્થર, નાળિએર વગેરે ગણી શકાય. તે વર્ષે ૪ પરદેશી જહાજ અને ૩૧૬ વહાણ આ બંદરે નાંગર્યા હતા. ફળની નિકાસ કરી આ બંદરે ૮,૫૪,૭૭૦ રૂા. નું હુંડીઆમણ આપ્યું હતુ.

અન્ય નાના બંદરોની વિગતો સામે મુજબ છેઃ

શુભેચ્છા પાઠવે છે

## જેતલસર જંકશન રેલ્વે કર્મચારીઓની ગ્રાહક સહકારી ભંડાર લી.

મુ. જેતલસર

( તાલુકો-જેતપુર ) ( જિલ્લો-રાજકોટ )

| | | | | | |
|---|---|---|---|---|---|
| સ્થાપના તારીખ | : | ૨૯-૪-૬૪ | નોંધણી નંબર | : | ૧૦૧૫ |
| શેરભંડોળ | : | ૧૦૧૩૦ | સભ્ય સંખ્યા | : | ૪૫૯ |
| અનામત ફંડ | : | ૩૬૨ | ખેડૂત | : | — |
| અન્ય ફંડ | : | — | બીનખેડૂત | : | ૪૫૯ |

ગંગદાસ રણછોડ — મંત્રી

સુરેશકુમાર શ્રીવાસ્તવ — ખ

શુભેચ્છા પાઠવે છે

## ગારીયાધાર સેવા સહકારી મંડળી લી.

મુ. ગારીયાધાર

( તાલુકો-ગારીયાધાર ) ( જિલ્લો-ભાવનગર )

| | | | | | |
|---|---|---|---|---|---|
| સ્થાપના તારીખ | : | ૨૬-૯-૫૫ | નોંધણી નંબર | : | F. ૪૨ |
| શેરભંડોળ | : | ૯૯૦૦૦ | સભ્ય સંખ્યા | : | ૨૪૭ |
| અનામત ફંડ | : | ૧૫૦૦૦ | ખેડૂત | : | ૨૪૭ |
| અન્ય ફંડ | : | ૫૦૦૦ | બીનખેડૂત | : | — |

ઠાકરશી ઉ. પટેલ — મંત્રી

નારણ ભુરાભાઈ — પ્રમુખ

શુભેચ્છા પાઠવે છે

# શ્રી થોરડી સેવા સહકારી મંડળી લી.

મુ. થોરડી

( તાલુકો-સાવરકુંડલા ) ( જિલ્લો-ભાવનગર )

| | | | | | |
|---|---|---|---|---|---|
| સ્થાપના તારીખ | : | ૨૭-૨-૫૧ | નોંધણી નંબર | : | ૫૦૫ |
| શેરભંડોળ | : | ૨૯૫૪૦-૦૦ | સભ્ય સંખ્યા | : | ૧૧૮ |
| અનામત ફંડ | : | ૧૮૧૧-૪૦ | ખેડૂત | : | ૧૦૯ |
| અન્ય ફંડ | : | ૧૪૦૯-૫૪ | બીનખેડૂત | : | ૯ |

પુરુષોતમભાઈ મો. પટેલ — મંત્રી

આંબાભાઈ ભગવાનભાઈ કાનાણી — પ્રમુખ

— વ્યવસ્થાપક કમિટિના સભ્યો —

| | |
|---|---|
| (૧) શ્રી ગોરધન નારણ | (૨) શ્રી ગોકળ ખોડા |
| (૩) ,, કચરા લખમણ | (૪) ,, બાબુ ભીખા |
| (૫) ,, બાલા ભવાન | (૬) ,, લાખા રણછોડ |
| (૭) ,, તુલસી દુદા | (૮) ,, વ્રજલાલ વેણીરામ |

| નામ | વધારેમાં વધારે માલની હેરફેર ટન | મળતું પરદેશી હુંડીઆમણ (૧૯૬૬-૬૭) | મુખ્ય આયાત | મુખ્ય નિકાસ |
|---|---|---|---|---|
| કોટેશ્વર | ૫૨ (૬૧-૬૨) | — | મીઠું | — |
| જોડીઆ | ૪૭૮ (૬૬-૬૭) | — | લાકડું | ઊન |
| સલાયા | ૬૨,૪૭૪ (૬૫-૬૬) | ૯,૨૨,૭૮૧ | લાકડું | બોકસાઈટ, મીઠું, સીમેન્ટ |
| પીંડારા | ૩૧૩ (૬૧-૬૨) | — | — | પત્થર |
| +બેટ | ૫૧૧ (૬૧-૬૨) | — | લાકડું | — |
| દ્વારકા (રૂપણ) | ૬,૫૯૨ (૬૨-૬૩) | — | લાકડું | સીમેન્ટ |
| લાંબા | ૨૦૨ (૬૨-૬૩) | — | લાકડું | મરચાં |
| માંગરોળ | ૫,૪૫૨ (૬૨-૬૩) | — | કપાસિયા, લાકડું | તેલ, ફળ, શાકભાજી |
| કોડીનાર(મૂળ દ્વારકા) | ૩૫૭ (૬૨-૬૩) | — | લાકડું | ગોળ |
| કોટડા | ૨૧૪૧ (૬૫-૬૬) | — | બળતણ તેલ | મચ્છી |
| માઢવડ | ૩,૧૫૩ (૬૧-૬૨) | — | લાકડું | મચ્છી |
| +નવાબંદર | ૬,૬૬૯ (૬૩-૬૪) | — | બાંધકામનો સામાન | મીઠું, ચૂનાનો પત્થર, તેલ |
| સીમાર | ૬૩૨ (૬૨-૬૩) | — | અનાજ | — |
| રાજપરા | ૨,૨૪૩ (૬૨-૬૩) | — | અનાજ | મચ્છી |
| +જાફરાબાદ | ૩૮,૦૧૨ (૬૨-૬૩) | ૧,૫૮,૪૦૦ | લાકડું, કપાસિયા | મીઠું, મચ્છી |
| પીપાવાવ (રાજુલા) | ૬૭,૪૭૯ (૬૪-૬૫) | ૫,૭૩,૯૩૮ | લાકડું, ગુણીઆ | મીઠું, પત્થર |
| મહુવા | ૫૬,૦૬૧ (૬૪-૬૫) | — | ખાતર | સુતર |
| તળાજા | ૧૬,૪૮૪ (૬૨-૬૩) | — | બાંધકામનો સામાન | ડુંગળી, ભૂતડો |
| ઘોઘા | ૧૨,૨૭૨ (૬૩-૬૪) | — | લાકડું | પ્રાણી, ડુંગળી, માટી |
| ધોલેરા | ૭૯૯ (૬૧-૬૨) | — | બાંધકામનો સામાન | અનાજ |
| ખંભાત | ૬૧૬ (૬૩-૬૪) | — | લાકડું | લોખંડી સામાન, પત્થર |
| કાવિ | ૧,૧૯૩ (૬૧-૬૨) | — | ડુંગળી, કોલસો | — |
| ટંકારી | ૨૮૩ (૬૩-૬૪) | — | બાંધકામનો સામાન | — |
| દહેજ | ૧,૩૭૫ (૬૫-૬૬) | — | પ્રાણી, પત્થર, ડુંગળી | પ્રાણીઓ |
| ભગવા | ૩,૧૧૪ (૬૬-૬૭) | — | પ્રાણીઓ, ડુંગળી | — |
| ઓંજળ | ૧,૭૯૮ (૬૧-૬૨) | — | બાંધકામનો સામાન | મચ્છી |
| વાંસી બોરસી | ૩,૬૮૮ (૬૧-૬૨) | — | ,, | ,, |
| બિલીમોરા | ૧૩,૧૫૫ (૬૨-૬૩) | — | સીંગદાણા, ચૂનાનો પત્થર | લાકડું |
| વલસાડ | ૨૫ ૯૦૨ (૬૫-૬૬) | — | મીઠું, ડુંગળી | લાકડું, કોલસો |
| ઉમરસાડી | ૩,૦૪૧ (૬૩-૬૪) | — | માછલી | લાકડું |
| કોલક | ૨,૨૬૬ (૬૧-૬૨) | — | બાંધકામનો સામાન | લાકડું |
| મરોલી | ૫૫૫ (૬૫-૬૬) | — | ,, | — |
| કલઈ | ૬૨૧ (૬૧-૬૨) | — | મચ્છી | લાકડું |
| ઉમરગાંવ | ૨૪૫૯ (૬૨-૬૩) | — | બાંધકામનો સામાન, ડુંગળી | લાકડું |

+ પેસેન્જર ટ્રાફીક રહે છે.

ગુજરાતના બધા બંદરોની કુલ શક્તિ ૫૦ લાખ ટનથી પણ વધારે છે.

**થોડું કંડલા વિષે—**

૧૯૩૦માં કચ્છના મહારાવ ખેંગારજી ત્રીજાએ આ બંદરનો પાયો નાખ્યો હતો. પાકીસ્તાન થતાં, કરાંચી જેવું મોટું બંદર જતાં, રાજસ્થાન, પંજાબ, ઉત્તરપ્રદેશ અને મધ્યપ્રદેશ માટેનો બોજો સહી શકે એવા બંદરની પશ્ચિમ કાંઠા ઉપર જરૂરત ઊભી થઈ. ૧૯૫૦માં કાળજીપૂર્વકના અભ્યાસ પછી સરકારે કંડલાનું નાનું બંદર ખીલવવાનું નક્કી કર્યું. ૧૯૫૧ની ૧૦મી જાન્યુઆરીએ ભારતના લાડીલા વડાપ્રધાન નહેરૂએ કંડલાના મોટા બંદરનો પાયો નાખ્યો. ૧૯૫૨ ઓકટોબરમાં ભારતના રાષ્ટ્રપતિ ડૉ. રાજેન્દ્રપ્રસાદે અને તે વખતના રેલ્વે પ્રધાન શ્રી લાલબહાદૂર શાસ્ત્રીએ કંડલાને ગુજરાત અને અન્ય ભાગો સાથે ડીસા દ્વારા જોડતી મીટરગેજ રેલ્વેનું ઉદ્ઘાટન કર્યું. ૧૯૫૫ની એપ્રિલમાં વાહન વ્યવહાર ખાતાના

પ્રધાન શ્રી લાલબહાદૂર શાસ્ત્રીએ તેલ જેટીના ઉદ્દઘાટન વખતે કંડલાને મુખ્ય બંદર તરીકે ઘોષિત કર્યું. ૧૯૫૭ના અંતમાં ત્યારે વાહનવ્યવહાર ખાતાના પ્રધાન શ્રી જગજીવનરામે એ નવા માલના ધક્કાનું ઉદ્દઘાટન કરી બંદરની પ્રગતિના નવા શિખરો આંબ્યા. ૧૯૬૫ના માર્ચની ૭ મીએ શ્રી લાલબહાદૂર શાસ્ત્રીએ આયાત–નિકાસ જકાત મુક્ત ઝોન રચી કંડલાના વિકાસ માટે નવી તકો ખુલ્લી કરી આપી છે. ભારતના મુખ્ય ૮ બંદરોમાંનું આ એક વિશાળ બંદર કચ્છ જીલ્લામાં છે.

**કંડલા** ( ૨૨° ૪૬' ઉ. ૭૦° ૦' પૂ. ) ભારતસરકાર સ્વતંત્ર પોર્ટ ટ્રસ્ટ દ્વારા કંડલાનો વહીવટ ચલાવે છે. લશ્કરી દૃષ્ટિએ અને અન્ય જરૂરિયાતની ધોરી નસ જેવું આ સુરક્ષિત બારમાસી બંદર–"ટાઈડલ–પોર્ટ" છે, જેથી મોટા જહાજો ભરતી સમયે જ ત્યાં નાંગરી શકે છે. આ બંદરનું બાંધકામ ધરતીકંપ સામે ટક્કર ઝીલે તે રીતે કરવામાં આવેલ છે. ૧૯૬૪માં પસાર કરેલ કાયદા મુજબ પોર્ટ ટ્રસ્ટની રચના નીચે મુજબ થાય છે.

એક ચેરમેન સરકાર નિયુક્ત હોય છે. મજૂરનું પ્રતિનિધિત્વ ધરાવનાર બે ટ્રસ્ટીઓ સહિત આઠ ટ્રસ્ટીઓની નિમણુંક ભારત–સરકાર બે વર્ષ માટે કરે છે. ગાંધીધામ બરો મ્યુનિસિપાલિટિનો એક, ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સનો એક, ગુજરાત વેપારી મહામંડળનો એક, રાજસ્થાન વેપારી મહામંડળનો એક, ઉત્તર ભારત વેપારી મહામંડળનો એક, રાષ્ટ્રીય સ્ટીમરો–માલિકો તરફથી એક અને ભારતીય વહાણ ઉદ્યોગ સંઘનો એક એમ બીજા છ ટ્રસ્ટીઓ મળી કુલ ૧૪ ટ્રસ્ટીઓ આ વહીવટ ચલાવે છે.

આ બંદર ઉપર પાઈલોટ, રેડીઓ, વાયરલેસ, રડાર, રેડીઓ–ટેલીફોન, સ્ટોર્મ–સિગ્નલ વગેરેની અદ્યતન સેવાઓ છે.

માલની હેરફેર માટે પાંચ બર્થની ૩૮૭૫' ના જેટીમાં સગવડ છે. ૩૬' ઊંડાઈ ઉપર એક તરતો ધક્કો પણ છે, તે શિવાય મીઠું અને દારુગોળો તથા સળગી ઉઠે તેવા માલ માટે અલગ અલગ તરતા ડક્કા પણ છે. ૩૦૦' લાંબો પ્રવાહી–માલ માટેનો સીમેન્ટ કોન્ક્રીટનો જેટી, ખનીજ તેલ, આલ્કોહોલ, મીથેલોન, એસીટોન વગેરેની ટેન્કરો ખાલી કરવામાં મદદરૂપ બને છે. વહાણ માટે ૩૦૦' × ૬૦૦'ની ગોદી વીજળીક ક્રેઈનથી સુસજ્જ બનાવવામાં આવી છે. માછલીના હેરફેર માટે અલગ જેટી છે. પેસેન્જરો માટે બે તરતા ઉતારૂ પ્લેટફોર્મની સગવડ છે.

બંદર ઉપર ૬૦ ટનની ક્રેઈન, ૪ વગ્થી ૭ ટનની ક્રેઈન અને પાંચ ટ્રક તથા બે સામાન લઇ જતાં પદ્ઘાઓથી બંદરનું કામકાજ રાતને દિવસ ચાલે છે. ૬૦ હજાર ટન માલ સાચવી શકે તેવા ચાર ૫૦૦' × ૧૨૦'ના બે માળના ગોદામો, ૪૫૦' × ૧૪૦' ના ત્રણ ટ્રાન્સીટ શેડ, ૧૫.૫ એકરની માલ રાખવાની ખુલ્લી જમીન, વનસ્પતિ તેલ માટે ૩ ટેન્ક –દરેક ૨૫૦ ટનની– તથા જોખમી માલ માટે ૩૨૦ ટન અને ૪૮ ટનના ખાસ શેડ બનાવવામાં આવ્યા છે.

**કંડલાની પ્રગતિ દર્શાવતી માલની હેરફેર નીચે મુજબ છે :**

| વર્ષ | જહાજ | પરદેશી ટનમાં | | દેશી ટનમાં | | ટનમાં કુલ |
|---|---|---|---|---|---|---|
| | | આયાત | નિકાસ | આયાત | નિકાસ | હેરફેર |
| ૧૯૫૭ ૫૮ | ૨૦૭ | ૩૪૮૩૮૧ | ૧૮૪૯૩૧ | ૨૬૦૫૯૭ | ૫૦૩૪૬ | ૮૪૪૨૫૫ |
| ૬૫-૬૬ | ૨૭૯ | ૧૫૯૬૮૭૩ | ૧૬૭૮૩૪ | ૧૮૪૩૫૮૫ | ૯૪૫૫૫ | ૨૫૦૪૮૯૪ |
| ૬૬-૬૭ | ૨૯૨ | ૧૮૭૫૩૪૦ | ૧૫૦૮૯૨ | ૫૪૮૫૫૦ | ૮૬૫૪૮ | ૨૬૬૧૩૩૧ |
| ૬૭-૬૮ | ૨૭૧ | ૧૭૨૯૩૭૩ | ૧૧૦૬૫૧ | ૫૩૦૬૩૯ | ૯૮૪૦૮ | ૨૪૬૫૦૭૧ |

આ બંદરેથી ૭૫% પરદેશી માલની હેરફેર થાય છે. જ્યારે ૨૫% દેશમાં આયાત નિકાસ થાય છે. ભારતની અનાજ, અન્ય ખનીજ–તેલની અને ખાતરની જરૂરિયાત આ બંદરેથી જ આયાત થાય છે અને નિકાસમાં મીઠું મુખ્ય છે.

હાલ કંડલાને ઝુંડ-વીરમગામ દ્વારા બ્રોડગેજ રેલ્વેથી સાંકળવામાં આવી રહ્યું છે. ગાંધીધામ વિમાન–મથક દ્વારા અને રાષ્ટ્રીય ધોરી માર્ગ દ્વારા કંડલા દિલ્હી, અમદાવાદ અને મુંબઇ સાથે સંકળાએલું છે. કચ્છનાં નાના રણ ઉપર પણ હાલ પૂલ બંધાયો છે. આ બંદરના વિકાસમાં ભારત સરકારે અર્બો અબજથી વધારેરૂ પિયા ખર્ચ્યાં છે. મુક્ત વ્યાપાર ઝોન થતા સ્ટેનલેસ–સ્ટીલ, યાંત્રિક–ભાગો, બોલ–બેરીંગ, દવા વગેરે બનાવવાના ઘણાં કારખાના ત્યાં ઉભા થયાં છે. આ બંદર દ્વારા ઘણું મોટા પ્રમાણમાં પરદેશી આયાત પણ થાય છે.

દમણ અને દીવ બંદરો દ્વારા લાકડું અને મચ્છીની હેરફેર મોટા પ્રમાણમાં થાય છે. આમ ગુજરાતના સઘળા બંદરો તથા કંડલા અને કેન્દ્રશાસિત બંદરો ભારતનાં આર્થિક પાસાને સાચવવામાં મહત્ત્વનો ફાળો આપે છે. સમગ્ર ગુજરાતમાં બ્રોડગેજ રેલ્વે,સીમેંટ–કોન્ક્રીટ મુખ્ય માર્ગો અને સારી હવાઈ હેરફેરની વ્યવસ્થા વિકસાવવામાં આવે તો ગુજરાત ભારતની હજુય વિશેષ સેવા કરી શકે તેમ છે.

શ્રીકૃષ્ણ ભગવાનના વખતથી આ કાંઠો ભારતમાં સમૃદ્ધિ લાવતો હતો. રજપૂતયુગ અને મુસલમાન શાસન દરમ્યાન પણ આ કાંઠેથી પરદેશનો વ્યવહાર વિકસ્યો હતો. અંગ્રેજી શાસન દરમ્યાન ગુજરાતીઓએ આફ્રિકા, મડાગાસ્કર અને ઈરાનના અખાત આજુબાજુના અન્ય દેશોને પોતાના ઘરા જેવાં બનાવી વેપારની છોળો ઉડાડી છે.

પરદેશી જહાજોને માર્ગ–ચિહ્ન બની રહે તેવી ભારતમાં **સૌથી** વિશાળ, શક્તિશાળી દિવાદાંડી ( ૧૦લાખ કેન્ડલ–પાવર ) ગુજરાતને કાંઠે દ્વારકા બંદરે ઊભી કરવામાં આવી છે. ઓખામાં મત્સ્ય ઉદ્યોગની એક કોલેજ પણ છે.

ગુજરાત, ભારતના પરદેશી જહાજી–વ્યાપારનું સીમા–દ્વાર છે. ભારતની પ્રગતિ આ કંઠાળને વિકસાવવામાં જ રહેલી છે. હવે જ્યારે ગુજરાતના કાંઠા ઉપર ખનીજ–તેલની છોળો ઊડી રહી છે, ત્યારે ભારતે તેની પ્રગતિ માટે નજર દોડાવવી જ રહી.

ભારતના ત્રીજા ભાગનો કાંઠો ધરાવનાર ગુજરાતને એ કાંઠાએ વેપાર, સાહસ અને જોખમનાં જે અમી પાયા છે તેથી જ સાર્થક થયું છે : " જ્યાં જ્યાં વસે એક ગુજરાતી, ત્યાં સદાકાળ ગુજરાત "





# ગુજરાતમાં ગરમ પાણીના ઝરાઓ

—શ્રી રશ્મિન્ મહેતા

ખનિજ તત્ત્વો ધરાવતું જળ એ કોઈપણ દેશની દોલત ગણાય છે. આપણા દેશમાં–તેમજ ગુજરાતમાં–પણ આવા જળભંડારોનો હજુ જોઈએ તેવો ઉપયોગ થતો નથી. ખાસ કરીને ગરમ પાણીના ઝરણાંઓ એના પાણીમાં સમાયેલા ખનિજ તત્ત્વો, એના વિવિધ ઉપયોગો, ગુણો વગેરે વિશિષ્ટ અભ્યાસ માગી લે છે.

યુરોપમાં તો ગરમ પાણીના ઝરા ધરાવતા સ્થળોના વિકાસ માટે ખાસ પ્રયત્નો કરવામાં આવે છે. જર્મની, ફ્રાન્સ (Aix les Bains), ઈંગ્લૅંડ (Bath) અને જાપાન જેવા દેશોમાં ગરમ પાણીના ઝરાઓનો રંધિવા અને અન્ય દર્દોમાં રાહત માટે બહુ મોટા પ્રમાણમાં ઉપયોગ કરાય છે.

ભારતમાં પણ જે કેટલાક રાજ્યોમાં ગરમ પાણીના ઝરાઓ આવેલા છે તેમાં હિમાચલ પ્રદેશ, મહારાષ્ટ્ર અને ગુજરાત રાજ્ય મુખ્ય છે. આખા દેશમાં સૌથી વધુમાં વધુ ગરમ પાણીનો ઝરો હિમાચલ પ્રદેશમાં કુલુ ઘાટીમાં આવેલો છે. આમ છતાં કુદરતી સંપત્તિરૂપ આવા ઝરા ધરાવતા સ્થળો અને એની આસપાસના વિસ્તારોના વિકાસ માટે આપણે ત્યાં જોઈએ તેવા વ્યવસ્થિત પ્રયાસો થયા નથી. કેટલાક ઝરાઓ વિષેની વિગતો તો હજી પૂરેપૂરી પ્રકાશમાં પણ આવી નથી. અલબત્ત; મહારાષ્ટ્ર રાજ્યમાં વ્રજેશ્વરી (રાજેશ્વરી) ખાતે આવેલા ગરમ પાણીના ઝરા જાણીતા છે અને તેનો કંઈક અંશે વિકાસ પણ થયો છે. દેશ ભરમાં વેરવિખેર પથરાયેલા ગરમ-પાણીના ઝરાઓનો લોકોને ખ્યાલ આપવામાં આવે, સારા, વાહન વ્યવહારને યોગ્ય માર્ગોથી તેમને સાંકળવામાં આવે અને પ્રવાસધામો તરીકે તેમને વિકસાવવામાં આવે, યોગ્ય સુવિધાઓ પૂરી પાડવામાં આવે તો લોકો કુદરતી ગુણ ધરાવતા જળ રાશિનો ઉપયોગ પણ કરી શકે અને સૃષ્ટિ–સૌંદર્ય ધરાવતા કેટલાંક સ્થળો પ્રવાસીઓને મુલાકાત માટે આકર્ષે પણ ખરાં.

સામાન્ય રીતે લોકોમાં એવી માન્યતા પ્રવર્તે છે કે ગરમ પાણીના ઝરાઓ એ ફક્ત અશક્તો અને પીડાતા લોકો માટે જ લાભદાયી છે. પરંતુ તંદુરસ્ત અને નિરોગી લોકો પણ જો આવાં સ્થળોએ યોગ્ય સવલતો પૂરી પાડવામાં આવે તો તેની મુલાકાતે ઉમટે. કેટલાક લોકોના મનમાં એવા પ્રકારની બીક પણ ઘર કરી ગઈ હોય છે કે રોગિષ્ટ લોકો જ્યાં સ્નાન કરતાં હોય ત્યાં સ્નાન કરવાથી પોતાને પણ રોગ લાગુ પડશે. પરંતુ આવી બીક લોકશિક્ષણ અને યોગ્ય પ્રચાર દ્વારા દૂર કરી શકાય.

દેશભરના ગરમપાણીના ઝરાઓમાં સરેરાશ કેટલું પાણી વહે છે; આખું વર્ષ પાણી રહે છે કે નહીં અને રહેતું હોય તો તેનું પ્રમાણ, આવા પાણીનું વધુમાં વધુ ઉષ્ણતામાન અને ઓછામાં ઓછું ઉષ્ણતામાન ચોમાસા પહેલાં અને પછી ગરમ પાણીના ઝરામાં થતા ફેરફાર, પાણીના ઔષધિય ગુણો વગેરેનો વિગતવાર અભ્યાસ કરીને જે ઝરાઓ સુયોગ્ય લાગે તેનો 'હાઇડ્રો-થેરાપી' કેન્દ્રો તરીકે પણ ઉપયોગ થઈ શકે.

ગુજરાતમાં સુરત જિલ્લામાં ઉનાઈ, પંચમહાલ જિલ્લામાં ટુવા; ખેડા જિલ્લામાં લસુન્દ્રા અને જૂનાગઢ જિલ્લામાં તુલસીશ્યામ ખાતે આવેલા ગરમ પાણીના ઝરાઓ થોડા–ઘણા જાણીતા છે. મહદ્ અંશે ગરમ પાણીના ઝરાઓ સાથે ધાર્મિક મહત્ત્વ પણ સાંકળી લેવામાં આવે છે અને તેની આસપાસ એકાદ મંદિર પણ હોય છે. અમુક દિવસોએ ત્યાં મેળા ભરાય છે અને એ પ્રસંગે ત્યાં માનવમેદની ઉમટે છે— કેટલાક શ્રદ્ધાળુ યાત્રાળુ તરીકે અને કેટલાક કેવળ કુતુહલથી. જ્યારે બહુ મોટી સંખ્યામાં લોકો ઉમટતા હોય ત્યારે આવાં સ્થળોએ લોક તંદુરસ્તીની સહીસલામતી અને ચેપી રોગચાળો ફાટી ન નીકળે તે માટે યોગ્ય પગલાંઓ પણ ભરવામાં આવે છે.

ગરમ પાણીના ઝરાઓ અગ્નિય [ Igneous ] ખડકોને આભારી છે, એ તો સુવિદિત છે.

**ઉનાઈ**– વલસાડ જિલ્લાના વાંસદા તાલુકામાં આવેલા ઉનાઈ ખાતેના ગરમ પાણીના ઝરાઓ દરિયા કિનારાથી ૧૬ માઈલ દૂર આવેલા છે. આ ઝરાના પાણીનું ઉષ્ણતામાન ૧૩૦° થી ૧૩૫° ફે. રહે છે અને દર કલાકે પાણીનો સરેરાશ પ્રવાહ ૪,૦૦૦ ગેલન જેટલો હોય છે. આ ઝરાનું પાણી મુખ દ્વારા પીવાથી તેની ખાસ કંઈ ઔષધીય અસર થતી નથી; પરંતુ તેમાં ફ્લોરિન [ Fluerine ] નાં જે તત્ત્વો હોય છે તેનાં કારણે પીવાના પાણી તરીકે લાંબો સમય તેનો સતત સામાન્ય ઉપયોગ કરવામાં આવે તે સલામતિ ભર્યું નથી. આમ છતાં હાઈડ્રો–થેરાપી ઉપચાર માટે તેનો ઉપયોગ થઈ શકે તેમ છે.

ઉનાઈ એ બીલીમોરા–વઘાઈ લાઈન ઉપર (પ. રેલ્વે)નું રેલ્વે સ્ટેશન છે. અને જો મોટર રસ્તે જવું હોય તો બીલીમોરાથી ફક્ત ૩૦ માઈલ દૂર આવેલું છે. બીલીમોરાથી વાંસદા જતી એસ. ટી. ની બસ મારફતે પણ ત્યાં જઈ શકાય છે. રસ્તો સારો છે અને રસ્તાની બંને બાજુએ વૃક્ષો હોવાથી રળિયામણો લાગે છે. ત્યાં રેસ્ટ હાઉસ અને ધર્મશાળા પણ છે. જુદી જુદી કોમના લોકો જુદી જુદી ધર્મશાળાઓનો ઉપયોગ કરી શકે છે. ઉનાઈ એ ઈમારતી લાકડાના વ્યાપારનું કેન્દ્ર છે.

ઉનાઈનું ઉષ્ણતામાન શિયાળામાં ૫૦° ફે. જેટલું હોય છે, જ્યારે ઉનાળામાં ૧૧૫° ફે. હોય છે. આ સ્થળની મુલાકાત લેવા માટે સપ્ટેમ્બરથી નવેમ્બર અને ફેબ્રુઆરીથી માર્ચનો સમય સારામાં

સારો જણાય છે. આ સમય દરમ્યાન ત્યાંનું હવામાન સારું હોય છે. ઉનાઈમાં સરેરાશ વાર્ષિક વરસાદ ૧૦૦ ઇંચ જેટલો પડે છે. ત્યાંની આબોહવા સૂકી અને તંદુરસ્તી બક્ષે તેવી હોય છે

એ વિસ્તારના લોકોમાં કોઈ મુખ્ય રોગચાળો જોવા મળતો નથી; પરંતુ ત્યાંના પછાત જાતિના લોકોમાં દાદર અને ખરજવા જેવા રોગો જોવા મળે છે. ઉનાઈની ઉત્તરે ત્રણેક ફર્લાંગ દૂર 'અંબિકા' નદી વહે છે. એમાં બારેય માસ પાણી રહે છે. ઉનાઈની આસપાસનું વાતાવરણ વાડીઓ અને વૃક્ષોના કારણે રળિયામણું લાગે છે.

ગરમ પાણીનો ઝરો ઉનાઈ ગામની વચમાં આવેલ ઉનાઈ માતા; રામ અને દેવશ્રી ઉનાઈના મંદિરો પાસે આવેલો છે પાણીનો કુંડ પાંચેક ફૂટ ઊંડો અને ૪૦' × ૩૦' ની વિશાળતા ધરાવે છે. પાણીનું ઉષ્ણતામાન ૧૩૦° ફે. થી ૧૬૫° ફે. જેટલું રહે છે; વળી પાણીમાં ગંધકની કે એવી બીજી કોઇ તીવ્ર વાસ હોતી નથી. પાણી નિર્મળ છતાં સ્વાદમાં સ્હેજ ખારાસયુક્ત છે.

આ સ્થળે ચૈત્ર સુદ પૂર્ણિમાને દિવસે અને મકરસંક્રાંતિના દિવસે એમ વર્ષમાં બે વખત લોકો મોટા પ્રમાણમાં ઉમટે છે. ચૈત્રી પૂર્ણિમાને દિવસે તો ત્યાં મેળો ભરાય છે. આ બંને તહેવારોએ ૨૫ થી ૩૫ હજાર માણસો આ સ્થળની મુલાકાત લે છે. સંધિવા અને ચામડીના અન્ય દર્દો માટે આ કુંડમાં સ્નાન કરવાથી ફાયદો થાય છે એવું લોકો માને છે. પીવા માટે લોકો આ પાણીનો ઉપયોગ કરતા નથી અને કરવો પણ ન જોઈએ.

જૂના વડોદરા રાજ્યે આ સ્થળે-ઝરા પાસે જ-થોડાક સ્નાનગૃહો પણ બાંધ્યા છે. અને ઝરામાંથી પમ્પની મદદથી પાણી ખેંચીને પાઇપવડે આ સ્નાનગૃહમાં પાણી પહોંચાડવાની વ્યવસ્થા કરી હતી; પણ હાલમાં એ વ્યવસ્થા ચાલુ રહી હોય એવો ખ્યાલ નથી. આ સ્નાનગૃહોની પાસે જ બે બીજા કુંડ પણ છે.

આરોગ્યધામ તરીકે ઉનાઈને વિકસાવી શકાય તેમ છે. કુંડની આસપાસ વિકાસ માટે અનુકૂળ જગા નથી; પરંતુ કુંડથી અર્ધોએક માઈલ દૂર રહેવા માટે 'સેનેટોરિયમ' બંધાવીને આ સ્થળ વિકસાવી શકાય. કુંડની આસપાસ સ્ત્રી-પુરુષને નાહવા માટે વધુ સંખ્યામાં સ્નાનગૃહો બંધાવવા પણ જરૂરી છે. આમાંથી કેટલાંક સ્નાનગૃહો ચામડીના દર્દોથી પીડાતા લોકો માટે અનામત રાખવા જોઈએ. દર્દીઓ માટે તો 'ટબ' માં સ્નાન થઈ શકે તેવી વ્યવસ્થા પણ કરી શકાય. મેળા વખતે પણ સ્ત્રી પુરુષોને નહાવા માટે અલાયદી વ્યવસ્થા થવી જોઇએ. એ વખતે પીવાના પાણીની તંગી દૂર કરવા, શૌચાલયો બાંધવા અને લોકોની તંદુરસ્તી જળવાય તથા રોગચાળો ફાટી ન નીકળે તે માટે પણ મોટા પાયા પર પગલાં ભરવા જરૂરી છે. સ્નાન કર્યા પછીના ગંદા પાણીના નિકાલ માટે પણ વ્યવસ્થા થવી જોઈએ. આ સ્થળને વધારે રમણીય બનાવવા માટે કુંડની આસપાસ નાનકડા બાગ-બગીચા પણ બનાવી શકાય.

**લસુંદ્રા**-ખેડા જિલ્લામાં કપડવંજથી ૧૧ માઈલ દૂર આવેલા લસુંદ્રા ગામમાં પેસતાં ગરમ પાણીના ઝરા ઉપર બાંધવામાં આવેલા ચોરસ કૂવા ધ્યાન ખેંચે છે. નડિયાદથી કપડવંજનું રેલ્વે સ્ટેશન ૧૩ માઈલના અંતરે આવેલું છે. આણંદ-ગોધરા રેલ્વે લાઈન પર આવેલા ડાકોર સ્ટેશનથી ત્યાં એસ. ટી. ની બસ મારફતે પણ જઈ શકાય છે. કપડવંજથી લસુંદ્રા એસ. ટી. બસ દ્વારા જઇ શકાય છે.

લસુંદ્રાની આબોહવા સૂકી છે. ત્યાં વાર્ષિક સરેરાશ વરસાદ ૨૭ ઈંચ પડે છે. આસપાસ ખાસ વનરાજિ નથી. ઉનાળામાં ક્યારેક પીવાના પાણીની તંગી પણ ઊભી થાય છે. ત્યાનું પાણી સહેજ ખારાશયુક્ત છે.

લસુંદ્રાના ગરમ પાણીના ઝરા ત્રણ જૂથમાં વહેંચી શકાય તેમ છે: દરેકની ઉપર કુંડ બાંધેલા છે. પ્રથમ જૂથમાં ૯ ઝરાઓનો સમાવેશ થાય છે; પણ એમાંનો એક જ ઝરો ગરમ પાણીનો છે. ૮ ફૂટ ઊંડો આ કુંડ ૪'-૩"× ૪'-૩" ના માપનો છે. જ્યારે બીજા કુંડો ૨' × ૨' ના માપના છે. આ ગરમ પાણીના ઝરામાંથી ગંધકની તીવ્ર વાસ આવે છે. જ્યારે ઠંડા પાણીના કુંડમાંથી કોઈ વાસ આવતી નથી.

બીજા જૂથમાં ૭ ઝરાઓનો સમાવેશ થાય છે. એમાંના છ ઉપરના કુંડનું માપ ૨' × ૨' છે અને મધ્યમાં આવેલા એક કુંડનું માપ ૪' ૬" ×૪'-૬" નું છે. આ કુંડ ૧૧ ફુટ ઊંડો છે. આ બધામાં ઠીક ઠીક ગરમ કહી શકાય તેવું છતાં ખૂબ ગરમ નહિ એવું સ્વચ્છ પાણી છે. એમાંના એક કુંડમાંથી ગંધકની તીવ્ર વાસ આવે છે.

ત્રીજા જૂથમાં એક મોટો કુંડ આવેલો છે. ૧૦ ફુટ ઊંડો આ કુંડ ૮' – × ૮' ના માપનો છે. આ કુંડનું પાણી પણ સહેજ ગરમ અને સ્વચ્છ છે. આ બધા ગરમ પાણીના ઝરાઓનું ઉષ્ણતામાન ૧૧૦°-ફે થી ૧૨૦° ફે. રહે છે. પાણી ક્ષારયુક્ત હોવાથી તેનો કોઈ પીવા માટે ઉપયોગ કરતું નથી. આ બધા ઝરાઓનો દરરોજનો પ્રવાહ ૪,૦૦૦ ગેલન જેટલો છે. કેટલાક લોકો એવું માને છે કે અપચો-મરડા ઉપર આ પાણી પીવાથી ફાયદો થાય છે. આસપાસમાં વસતા લોકો સંધિવા અને ચામડીના અન્ય દર્દોની સારવાર માટે કુંડમાંથી ગરમ પાણી કાઢીને સ્નાન કરે છે. અને તેનાથી ફાયદો થાય છે તેમ માને છે. ગામના મોટા ભાગના લોકો આ કુંડના ગરમ પાણીનો નહાવા માટે ઉપયોગ કરે છે.

કુંડની આસપાસ સરકારી ખરાબાની જમીન આવેલી છે અને તેમાં આ સ્થળના વિકાસ માટે જરૂરી બાંધકામ થઈ શકે તેમ છે.

કુંડની નજીકમાં રામજી મંદિર અને સોમનાથજીનું મંદિર આવેલું છે. આ સ્થળે ગોકળ આઠમે અને શિવરાત્રિ પર મેળા ભરાય છે અને તે પ્રસંગે દસ-દસ હજારની મેદની ત્યાં ઉમટે છે.

લસુંદ્રાના ગરમ પાણીના ઝરાઓમાં જે ક્ષાર તત્ત્વો છે તેનું પ્રમાણ ગુજરાતના આવા તમામ ગરમ પાણીના ઝરાઓમાં સૌથી વધુ છે. આમ છતાં આ સ્થળનો હજુ વિકાસ થયો નથી.

**ટુવા**-પંચમહાલ જિલ્લાના ગોધરા તાલુકામાં આવેલું ટુવા ગામ એ આણંદથી ૪૦ માઈલ અને ગોધરાથી ૯ માઈલ દૂર છે ટુવા રેલ્વે સ્ટેશનથી ગરમ અને ઠંડા પાણીના ઝરા દોઢેક ફર્લાંગના અંતરે આવેલા છે એ સ્થળે બે ટેકરીઓની વચ્ચેના નીચાણવાળા પ્રદેશમાં આ ઝરાઓ આવેલા છે. આમાંની એક ટેકરી પર સોમનાથનું મંદિર આવેલું છે. અને બીજી ટેકરી પર ખારી નદીના જમણા કિનારે ભગવાન 'શિવ' નું એક પુરાણું મંદિર આવેલું છે. આ શિવાલયનો મુખ્ય ભાગ હજુ સારી સ્થિતિમાં જળવાઈ રહેલો છે; પરંતુ પટાંગણની આસપાસની દીવાલનો ભાગ ખંડેર હાલતમાં છે. મંદિરોના

દેખભાળ માટે તુવાના ગ્રામજનોની એક સમિતિ કાર્ય કરી રહી છે. પરંતુ ઝરાઓની દેખભાળ માટે કોઈ પ્રબંધ કરવામાં આવ્યો નથી. ઝરા પાસે જમીનની સપાટી કરતાં ત્રણેક ફૂટની ઊંચાઈએ પથ્થરના ઘાટ બાંધવામાં આવ્યા છે. તેના ઉપર છાપરી છે. આ સ્થળે ૬૦'×૭૫' ના વિસ્તારમાં જુદાજુદા કદના કુંડ આવેલા છે. ૨'×૨'ના ગોળાકાર એવા આઠ કુવાઓ વચ્ચે ૫ાા'×૫ાા' ના કદનો 'રમણ કુંડ' તરીકે ઓળખાતો કુવો મધ્યમાં આવેલો છે, નૈઋત્ય ખૂણામાં ૪ ફૂટ સમચોરસ માપનો એક બીજો કુંડ પણ આવેલો છે. આ બધા કુંડ લસુંદ્રામાં જેમ બાંધવામાં આવ્યા છે તેમ બાંધકામથી રક્ષિત નથી; પણ પાણીના નિકાલ માટે ત્યાં કાચું નાળું બાંધવામાં આવ્યું છે. આસપાસના લોકો કપડાં ધોવા માટે પણ આ કુંડના પાણીનો ઉપયોગ કરતાં નજરે પડે છે.

દર વર્ષે મહાશિવરાત્રી, ફાગણ સુદ ૧ ૨.ને માઘ સુદ બીજના દિવસે ત્યાં મેળાઓ ભરાય છે. અને તેમાં આસપાસના ચાર–પાંચ હજાર માણસો ભાગ લે છે, તેમાં મુખ્યત્વે આદિવાસીઓનો સમાવેશ થાય છે. બહારગામથી ત્યાં સ્નાન માટે જનારાઓની સંખ્યા જૂજ હોય છે.

તુવા નાનકડું ગામ છે. સાધારણ રીતે ત્યાંની આબોહવા ગરમ હોય છે. ગામનો સરાસરી વાર્ષિક વરસાદ ૩૫ ઈંચ હોય છે. ત્યાં ઉતારુઓ માટે વ્યવસ્થા થવાની જરૂર છે. મંદિરના ટ્રસ્ટે પણ આ સ્થાનના વિકાસ માટે પ્રયત્ન કરવો જોઈએ; કારણ કે આસપાસ મંદિરની જમીન ઘણા મોટા પ્રમાણમાં છે.

ઝરાની આસપાસનું પાણી કાળાશ પડતા રંગનું દેખાય છે; પરંતુ તુવા ગામમાં પીવા માટે મીઠું પાણી મળી રહે છે.

તુવાના ગરમ પાણીના ઝરાનું ઉષ્ણતામાન ૧૨૦° થી ૧૩૦° ફે. હોય છે. સ્નાન માટે તે પૂરતું ગરમ હોય છે. ઝરાના પાણીનો પ્રવાહ દર કલાકે લગભગ ૫૦૦ ગેલન જેટલો વહે છે. સ્થાનિક લોકો માને છે કે આ ઝરાઓનું પાણી સંધિવા અને ચામડીના રોગો દૂર કરવા માટે ઉપયોગી થઈ પડે છે. અલબત્ત, આ ગરમ પાણીનો ઉપયોગ માત્ર સ્નાન માટે જ થાય છે, પીવા માટે થઈ શકતો નથી. પાણીમાં ગંધકની વાસ છે.

સામાન્ય દિવસોમાં રોજના માંડ પચાસેક જણા આ ઝરા પર નહાતા નજરે પડે છે. ચોમાસામાં ખાડી નદીમાં પૂર આવે છે એટલે પણ આ સ્થળનો નહાવા માટે ખાસ ઉપયોગ થઈ શકતો નથી.

ઉનઈ અને લસુંદ્રાની સરખામણીમાં તુવાને વિહારધામ કે આરોગ્યધામ તરીકે વિકાસ કરવામાં ઘણી મુશ્કેલીઓ રહેલી છે. છતાં થોડીક સગવડો કરાય તો પ્રવાસીઓ તુવા તરફ આકર્ષાય ખરા. સ્ટેશન પાસેના જે વિસ્તારમાં પીવાના મીઠા પાણીની સગવડો થઈ શકે તેમ છે ત્યાં ધર્મશાળા બંધાવાની જરૂર છે. મુલાકાતીઓ માટે છાપરાવાળા આશ્રયસ્થાનો, પાણીના નિકાલ માટે મોરી અને ઝરાઓની આસપાસ દીવાલ બાંધવાની જરૂરિયાતો પ્રાથમિક છે. દેવસ્થાનના સત્તાવાળાઓ આ કામ હાથ ધરી તેમ છે.

આ ઉપરાંત જૂનાગઢ જિલ્લામાં પ્રભાસ ક્ષેત્રની પૂર્વે 'તુલસી-શ્યામ' તરીકે જાણીતું પવિત્રસ્થળ આવેલું છે. તુલસીશ્યામ અમરેલી જિલ્લાના ધારીશહેરથી તેમ જ જૂનાગઢથી જઈ શકાય છે. 'તુલસી-શ્યામ' માં પણ ગરમ પાણીના કુંડ હોવાનું તાજેતરમાં જ જાણવા મળ્યું છે; પરંતુ તેમની ટેકનિકલ વિગતોનો અભ્યાસ હજુ થઈ શકયો નથી.

ગુજરાતમાં જે ગણ્યાગાંઠ્યા ગરમ પાણીના ઝરા છે તેનો સંશોધનાત્મક અને વૈજ્ઞાનિક ઢબે અભ્યાસ થવો જરૂરી છે. આ ઝરાના પાણીનું રાસાયણિક પૃથક્કરણ કરી તેની ગુણવત્તા ઉપર પણ પ્રકાશ પાડવાનો પ્રયત્ન થવો જોઈએ. જ્યાં શકયતા હોય ત્યાં પ્રવાસ-ધામ, આરોગ્યધામ કે વિહારધામ તરીકે પણ આવા સ્થળો વિકાસ કરવાનું સૂચન છે.



# આપણા દિવાનો

—શ્રી શંભુપ્રસાદ દેસાઇ

પુરાતન ભારતમાં રાજાઓ અને સમ્રાટો પાસે પુરોહિતો, અમાત્યો, મંત્રીઓ આદિ અધિકારીઓ રહેતાં. અને રાજ્યતંત્ર, ધર્મશાસ્ત્રો અને નીતિશાસ્ત્રોના નિયમાનુસાર આ અધિકારીઓની સલાહથી ચાલતું. આ પ્રકારની વ્યવસ્થા સૌરાષ્ટ્રમાં ઈ. સ. ૭૭૦ સુધી બરાબર ચાલતી રહી અને તે પછી રજપૂત રાજાઓની રાજ્ય વ્યવસ્થામાં તે પદ્ધતિનો અંશ હતો, પણ વાસ્તવિક રીતે જોઈએ તો મૂળ સિદ્ધાંતો અને આવશ્યકતાઓ વિચારી એક નવીન જ પદ્ધતિ અને વ્યવસ્થા સ્વિકારવામાં આવી હતી.

ગુજરાતના સોલંકી રાજાઓનું તંત્ર મૂળરાજ પછીથી કૌટિલ્યના અર્થશાસ્ત્રના આધારે સ્થિર થયું હતું તેમ જણાય છે. અને તે સમયના અન્ય રાજ્યોમાં પણ વત્તા-ઓછા અંશે રાજકર્તા સમય, પ્રજા, આર્થિક સ્થિતિ, વગેરે તત્વોને લક્ષમાં રાખી તેવી વ્યવસ્થા થતી પરંતુ જોઇએ તેટલી તેની વિગતો ઉપલબ્ધ નથી અને તેથી તેની ચર્ચા કરવાનું પણ બરાબર નથી.

ઈ. સ. ૮૭૫માં વંથળીમાં રાહ ચંદ્રચુડે, ચુડાસમા વંશની સ્થાપના કરી અને તેના વંશજ રાહ માંડલિકે ઈ. સ. ૧૪૭૦ માં સોરઠનું સિંહાસન ગુમાવ્યુ ત્યાં સુધીના લગભગ ૬૦૦ વર્ષમાં માલજી, કલ્યાણ, વીશળ, વિમલ, વગેરે મંત્રીઓના નામો અને તેમના ઉલ્લેખો પ્રાપ્ત થયા છે. તેની સ્વામીભક્તિની કેલૂણહલાલની વાતો પણ વાર્તા સ્વરૂપે કહેવાતી રહી છે. તેમાંથી એક જ સારાંશ નીકળે છે કે મંત્રીઓ રાજ્ય વ્યવસ્થાની જવાબદારી સંભાળતા અને રાજાઓને તેમના ખાનગી જીવનમાં, રાજતંત્રમાં સંધિ અને વિગ્રહમાં સલાહ આપતા અને રાજા તથા પ્રજાની વચ્ચમાં સાંકળરૂપ થઈ ન્યાય અને વ્યવસ્થાનો પ્રબંધ કરતાં.

ઈ. સ. ૧૪૭૨માં મુસ્લીમ સુલતાનોનું સૌરાષ્ટ્ર ઉપર વર્ચસ્વ થયું અને કેટલાક રાજપૂતો રાજ્યનું અસ્તિત્વ હતું તો પણ તેમની શક્તિ અને સત્તા ન્યૂન અને નહીંવત થઈ ગયા. રાજતંત્રનું આખું માળખું બદલાઈ ગયું અને સલ્તનતના અંતિમ વર્ષોમાં તો મંત્રીઓ સુલતાન કરતાં વિશેષ બળવાન થયા અને નીતિના નિયમોને નેવે મૂકી એવી તો ચાલ કરી, કે પરિણામે સુલતાનો અને સલ્તનતનો અંત આવ્યો તે પછી બાદશાહ અકબરે સ્થાપેલી રાજવ્યવસ્થા સર્વત્ર સ્વિકૃત અને પ્રચલિત થઈ છતાં સામ્રાજ્યના ભાગ બનેલાં અને કેન્દ્રના સર્વોપરિપણાં નીચેના દેશી રાજ્યોમાં તો જૂની પદ્ધતિ જ સમયાનુસાર ફેરફાર સાથે ચાલુ રહી. પરંતુ તેમાં કૌટિલ્યના અર્થશાસ્ત્ર અને મનુસ્મૃતિમાં દર્શાવેલાં સિદ્ધાંતો અને નિયમો સાથે મુગલ પદ્ધતિના નિયમોનો સમન્વય કરવામાં આવ્યો. અને મુગલાઈના અસ્તકાળે દેશી રાજ્યોમાં તંત્રવહનની એક નવી જ વ્યવસ્થા જન્મી અને તે બ્રિટીશ સાર્વભૌમત્વના કાળમાં પણ જેવી ને તેવી સ્થિર રહી.

આ વ્યવસ્થા અનુસાર રાજ્યમાં રાજા જ સર્વોચ્ચ પદાધિકારી હતો. તે ' મેલ્કી, માલી અને જંગી " એટલે સીવીલ, ફાઈનાન્સ અને મીલીટરી બાબતોનો સર્વોપરી અધિકારી હતો. તેની મરજી એ કાયદો હતો અને તેની આજ્ઞા વિવાદથી પર અને અંતિમ હતી. તે કાયદો બાંધી શકતો, ફેરવી શકતો અને રદ કરી શકતો. કાયદાનું અર્થઘટન પણ એ જ કરતો. તેને કોઈ કાયદો સ્પર્શી શકતો નહીં. રાજા કાયદાથી પર અને સર્વ તંત્રથી સ્વતંત્ર હતો. પ્રજાની મિલ્કત, રાજ્યની મિલ્કત, પ્રજા અને પ્રજાના પ્રાણનો તે સ્વામી હતો. તેણે "માલિક, અન્નદાતા, ગરીબ પરવર" એવાં બિરૂદો ધારણ કર્યાં હતા અને ગરીબોનું પાલન કરવાનો, ન્યાય કરવાનો, પ્રજાને અન્ન આપવાનો તે પોતાનો ધર્મ છે એમ સમજતો. પણ તે સમજ, સમય સંજોગ અને તેની પોતાની શક્તિ ઉપર નિર્ધારિત હતી.

આવાં રાજાને યુદ્ધોમાંથી સમય મળતો નહીં. તેઓ પાસે રાજ્યના વિકાસની કોઈ યોજના કે વિચારણા ન હતી. ખેતીવાડી, વ્યાપાર, હુન્નર ઉદ્યોગ કે અન્ય સાધનોનો વિકાસ કરી રાજ્ય અને પ્રજાની ઉન્નતિ કરવાનો પ્રશ્ન તેમના વિચાર ભવનને સ્પર્શી શકતો ન હતો. પડોશી રાજ્યોના માણસો લૂંટવાની, નિર્દોષ પ્રજાની કતલ કરવાની, તેમના ખેતરો ભેળી દેવાની અને શક્ય હોય ત્યાં રાજ્ય વિસ્તાર વધારવાની તેમની નીતિ હતી. જ્યારે યુદ્ધોમાંથી સમય મળતો ત્યારે તેઓના ભોગવિલાસની વૃત્તિને પોષવા માટે નાચરંગ અને ગાનતાનનાં જલસાઓ અને ખાણાંપીણાંમાંથી તેમને સમય મળતો નહીં. તે સાથે તેમના ખર્ચને પહોંચી વળવા માટે તેમના તંત્રવાહકોને સતત જાગૃત રહેવું પડતુ અને જે અધિકારી આ ખર્ચ સુપચાપ પુરો પાડી શકે તેઓ જ તંત્રમાં રહી શકતા.

રાજાને આવો અધિકારી આવશ્યક અને અનિવાર્ય હતો. તેણે રોજરોજનું તંત્ર ચલાવવાનું હતું. પ્રજાની ફરિયાદો દૂર, રાજ્યની મહેસુલ અને અન્ય આવક એકત્ર કરવાનું અને રાજાનો, રાજ્યનો અને અંગત ખર્ચ પૂરો કરવાનું કાર્ય હતું. જ્યારે ખર્ચ પૂરો પડે ત્યારે તેને રાજાને કહેવાતો હક્ક પણ મળે, તેથી તેનું રાજા ઉપર પણ વર્ચસ્વ રહેતું. આ અધિકારીને જૂનાં કાળમાં મંત્રી કહેતા, તે પછી કારભારી થયા અને તેમાંથી

તંત્રમાં દિવાનનો મોટો હોદ્દો હતો, તે ઉપરથી ઠાકોર અને દરબાર, રાજા મહારાજા થયા ત્યારે આ કારભારીઓ દિવાન થઈ ગયા.

ઈ. સ. ૧૭૦૭માં ઔરંગઝેબના મૃત્યુ પછી મુગલ સામ્રાજ્યનો સૂર્ય અસ્તાચળે ગયો. અંતિમ શહેનશાહો નિર્બળ અને નિસ્તેજ થયા. મરાઠાઓએ તેમની નામશેષ કીર્તિને સંપૂર્ણપણે ભુંસી નાંખી અને એક ઉર્દૂ કવિએ કહ્યું હતું એમ " હકૂમતે શહેનશાહે આલમ અમે દિલ્હીના પાલમ " રહી. મુગલોની રાજ્ય પદ્ધતિની પ્રણાલિકાનો સર્પ મૃત્યુ પામ્યો તેનાં ચિહ્નો જ રહ્યા.

સૌરાષ્ટ્રમાં ઈ. સ. ૧૭૪૮માં શેરખાન નામના ફોજદારે બહાદર-ખાન નામ ધારણ કરી જૂનાગઢ અને તેની નીચેના પરગણાનું સ્વતંત્ર શાસન શરૂ કર્યું અને તે સાથે મુગલ સામ્રાજ્યના અંત અને બ્રિટીશ સામ્રાજ્યના પ્રારંભની વચ્ચેનો એક યુગ શરૂ થયો. આ યુગમાં જૂનાગઢ, જામનગર, અને ભાવનગરમાં ત્રણ મોટાં રાજ્યનો વિકાસ થયો. અને તેમના વિસ્તાર, સમૃદ્ધિ અને શક્તિમાં વૃદ્ધિ થઈ. તે સાથે પોરબંદર, માંગરોળ, રાજકોટ, સાયલા, ગોંડલ વગેરે રાજ્યો પણ પ્રકાશમાં આવ્યા અને મોટાં રાજ્યોની સામે હોડમાં ઉતરી તેના સ્વપ્નો સાકાર થાય તે માટે પ્રયત્નશીલ થયા.

ઇતિહાસના પૃષ્ઠોનું ઝીણવટભર્યું વાંચન કરતાં જણાશે કે આ રાજ્યોની પ્રગતિ, વિકાસ કે ઉન્નતિને આ રાજ્યોના કુશળ અને કુનેહબાજ દિવાનો અથવા વીર અને પરાક્રમી રાજવીઓના પુરૂષાર્થનું પરિણામ હતું. ઈ. સ. ૧૭૫૭ માં જૂનાગઢના અવિચારી નવાબ મહાબતખાન પહેલાએ તેના પિતાને જૂનાગઢના નવાબ થવામાં સંપૂર્ણ સહાયભૂત થયેલાં અને તેના દિવાન જગન્નાથ ઝાલાનું ખૂન કરાવ્યું. અને તેના વિચિત્ર સ્વભાવને કારણે તેણે શત્રુઓ ઊભાં કર્યા. તેના આરબ જમાદારોએ બળવો કરી તેને ઉપરકોટમાં કેદ કર્યો. અને મહાબતખાનનું રાજ્ય ખૂંચાવી લેવા માટે શત્રુઓ કટિબદ્ધ થયા. ગોંડલના દૂરદેશી અને પરાક્રમી ઠાકોર કુંભાજીએ શેરખાન સામે વસંતરાય જુમ્લીયા તથા માણરીયા ખાટે કરેલાં યુદ્ધમાં દિવાન દલપતરામને સક્રિય સહાય કરેલી અને આ સમયે પણ તેના સિવાય કોઈ મદદ કરે તેમ હતું નહીં. દરમ્યાન પોરબંદરના થાણાના જમાદાર સાલચીનના વકીલ અમરજી કુંવરજી નાણાવટીએ માત્ર ૧૮ વર્ષની વયે નવાબની સંમતિ લઈ આરબોને મહાત કરી નવાબને ઈ. સ. ૧૭૬૦ માં મુક્તિ અપાવી અમરજી જૂનાગઢના સરસેનાપતિ થયા અને તે પછી દિવાન થયા. ઈ. સ. ૧૭૮૪ માં નવાબ હમેદખાને તેનું ખુન કરાવ્યું તે ૨૪ વર્ષોના ગાળામાં તેણે જૂનાગઢના એક નાના રાજ્યનો વિસ્તાર ભાદરથી સમુદ્ર સુધી અને ધડેથી બાબરીયાવાડ સુધીનો વધારી દીધો. યુદ્ધવીર દિવાન અમરજીનો રણહાક એકલાં સૌરાષ્ટ્રમાં જ નહીં પણ ઓખામંડળ, વાગડ અને થરાદ સુધી વાગી. તેણે મુગલાઈના અવશેષ સત્તાધારીનો સ્વાંગ સજી સૌરાષ્ટ્રના રાજ્યો પાસેથી ભેટ તલબી લીધી અને તેની નીતિ રીતિ અને ન્યાયી સદ્વર્તનથી તે સમયના સેનાધ્યક્ષો અને સેનાપતિઓમાં ઊંચું સ્થાન મેળવ્યું. તેના ખુનના સમાચારથી સારાયે સૌરાષ્ટ્રમાં હાહાકાર થઈ ગયો અને ગાયકવાડ તથા સિંધિયાની સંયુક્ત સેનાએ જૂનાગઢના પાદરમાં ઉપસ્થિત થઈ ત્યારે નવાબે અમરજીના કારાવાસમાં પડેલા કુટુંબને મુક્ત કરી જ્યેષ્ઠ પુત્ર રઘુનાથજીને દિવાનગીરી આપી અને રણછોડજી પિતાના ઘાતક વતી સંયુક્ત સૈન્યોને પાછા જવા સમજાવી શકયા. રઘુનાથજી તથા રણછોડજીએ તે પછી જૂનાગઢનાં સીમાડા દૂર દૂર સુધી નાંખ્યા અને નવાબના ધનકોષને સમૃદ્ધ કર્યો અનેક અપમાનો, અનેક યાતનાઓ અને અનેક ભૂલો સહન કરીને પણ તેણે તેના સ્વામીનું નિશાન ઉન્નત અને ઊંચું રાખ્યું.

આ દિવાન ભાઈઓના સમકાલિન દિવાનો હતા જામનગરના મેરૂ ખવાસ, પોરબંદરના પ્રેમજી દામાણી, અને ગોંડલના દિવાન ઈશ્વરજી બુચ અને તે પછી વાસણજી બુચ કલમ અને કટાર ધારતા, મુત્સદી અને મહારથી હતા. વાસણજી બુચ જામનગરના મેરૂ ખવાસની નોકરીમાં રહેલ ત્યારે તેના મૂળ માલિક લાખાજીરાજ ઠાકોરનું અપમાન કરતાં તેની જ છાવણીમાં પ્રગટ વિરોધ કરેલો.

આ પિતા પુત્ર પણ અમરજી તથા રઘુનાથજીની જેમ દિવાનોની પરંપરામાં ઉલ્લેખનીય છે. દોશિયાના આકટપદેથી જામનગરનો ' ડીકેધરો ' રાજવી થનારે મેરૂ ખવાસ એક સામાન્ય કક્ષાનો માનવી હોવા છતાં બુદ્ધિબળ અને દીર્ઘદૃષ્ટિથી એક વિશાળ રાજ્યનો સર્વ-સત્તાધીશ થયો. જામસાહેબને કેદમાં રાખી રાજમાતાનું ખૂન કરી જાડેજા રાજાઓ અને ભાયાતોને વશમાં રાખી તેણે ૪૦ થી વિશેષ વર્ષ જામનગરમાં એકધારી હકુમત ભોગવી. જો તેણે જામસાહેબ કે રાજમાતા પ્રત્યે ક્રુર, અમાનુષી અને અઘટિત વર્તાવ ન કર્યો હોત તો તેનું પાત્ર ઈતિહાસનું એક સુંદર પાત્ર બની શકત.

પોરબંદરના પ્રેમજી દામાણીમાં બુદ્ધિ હતી, શક્તિ હતી, કુનેહ હતી પણ ભાગ્ય ન હતું. તેણે ખરેખર પ્રબળ પુરૂષાર્થ કર્યો. રાણાના રાજ્યના નિશાન તેણે દૂર દૂર રોપવા, પોરબંદરના રાજ્યને ગણના-પાત્ર રાજ્યની કક્ષાએ પહોંચાડવા તેણે અનેક પ્રયાસો કર્યા પણ તેમાં ધારી સફળતા મળી નહીં તેમ છતાં તે પણ એક કુશળ કુનેહ-બાજ, ક્રુર, મુત્સદી અને મહારથી હતો તેમ કહેવામાં લેશમાત્ર અતિશયોક્તિ નથી.

ઇ. ૧૮૨૦માં રાજકોટમાં ઈસ્ટ ઇન્ડિયા કંની કોઠી પડી. અને રાજાઓના નિરંકુશ વહીવટ ઉપર નિયંત્રણ આવ્યું. નિયંત્રણ થતાં યુદ્ધોથી થાકેલાં રાજાઓ અને પ્રજાએ રાહતનો દમ ખેંચ્યો અને તે સાથે બ્રીટીશ કાયદાઓ અને કાનૂનો ઉપર નિર્ધારિત રાજ્ય તંત્ર સ્થાપવા, સ્થિર કરવાં અને રાજ્યોની પ્રણાલિકાઓ અને રાજાઓની મનોવૃત્તિને અનુકૂળ વહિવટના ધોરણે બાંધવાની જવાબદારી દિવાનો ઉપર આવી. રાજાઓ માનતા કે તેઓ દેવોના અંશ છે અને રાજ તથા પ્રજાના માલીક છે જ્યારે એજન્સીના અંગ્રેજ અધિકારીઓ, રાજા, રાજ્યની મિલ્કતના ટ્રસ્ટીઓ અને તંત્રના બંધારણીય વડા છે, તે સિદ્ધાંતો ઉમેરેલાં હતા. તેથી બંને વચ્ચે વિચારોનું ઘર્ષણ ઉત્પન્ન થયું અને આ બે બળવાન તત્ત્વોની વચ્ચમાં દિવાનોની સમતુલા જાળવવાની આકરી ફરજ બજાવવાની રહી. અંગ્રેજ અધિકારીઓનું ગુજરાતી કે હિન્દીનું જ્ઞાન પરિચિત હતું અને દિવાનોનું અંગ્રેજી જ્ઞાન નહીંવત હતું. તેમ છતાં સૌરાષ્ટ્રના દિવાનોએ કુશળતા પૂર્વક તેમની કઠિન અને જોખમી ફરજ બજાવી, જૂના જમાનાની ઘરીમાંથી દેશી રાજ્યોને બહાર લઈ આવી, કાયદાઓ અને કાનૂનો પ્રમાણે ચાલતાં રાજ્ય તંત્રનાં પાયા નાંખ્યા અને મનસ્વી, એક હથ્થુ અને પક્ષપાતી રાજવહીવટના આધારે વનમાં, આધુનિક પદ્ધતિએ કાયદા

અને નિયમોને આવિન એવાં તંત્રની કેડી પાડી અને તેના ઉપર આગળ વધીને તેમના અનુગામીઓએ દેશી રાજ્યોના તંત્રને દૃઢ અને વ્યવસ્થિત કર્યું.

આવાં દિવાનોની પરંપરામાં ભાવનગરના પૂ. ગૌરીશંકર ઉદયશંકર ઓઝા અને સર પ્રભાશંકર પટ્ટણી શામળદાસ મહેતા, જૂનાગઢના ગોકુળજી ઝાલા, અનંતજી અમરચંદ અને હરિદાસ વિહારીદાસ, ધ્રાંગધ્રાના મકનજી ધનજી ધોળકીયા, મોરબીના કલ્યાણરામ જેઠા બક્ષી અને શ્રી રણછોડદાસ પટવારી, પોરબંદર–રાજકોટના કરમચંદ ગાંધી, જામનગરના શ્રી મેહવાનજી શેઠ વગેરે અવશ્ય ઉલ્લેખનીય છે.

આમ તો બસોથી અધિક રાજ્યોમાં દિવાનો આવ્યા અને ગયા. તેમાંના પ્રથમ વર્ગના રાજ્યોથી સાતમા વર્ગના તાલુકા સુધીના રાજાઓ અને દરબારો પાસે અનેક મુત્સદ્દીઓ તેમનાં કાર્યક્ષેત્રમાં લોકપ્રિયતા અને રાજકર્તાની કૃપા પ્રાપ્ત કરી ગયાં. પણ તે દરેકના ચરિત્રો કે તેમના કોઇ મહાન કાર્યની નોંધ એક નાના લેખમાં કરવાનું શક્ય નથી. કેટલાંક દિવાન કે કારભારીઓ દીર્ઘકાળ પર્યંત તેમના સ્થાને રહ્યા અને તેમની કારકીર્દી દરમ્યાન કોઇ મહાન કાર્ય કરી ગયા. તેમની બારિક વિગતોનો સમાવેશ કરવો શક્ય નથી. તેમ છતાં ઇતિહાસના પૃષ્ઠો ઉપર તેમણે કરેલાં કાર્યોની નોંધ, તેમની મહત્તા અને સ્વામી ભક્તિના, કુનેહના, અને મુત્સદ્દીગીરીના અનેક દૃષ્ટાંતો પૂરાં પાડે છે. પ્રથમ વર્ગના રાજ્યોના દિવાનોને પ્રજાકિય કાર્યો કરવાની પૂરતી તક હતી. વિશાળ અધિકારીઓ હતા અને સાર્વભૌમ સત્તાનો ટેકો હતો. પણ નાના રાજ્યોમાં બાપુની કૃપા ઉપર જીવવાનું હતું. અને તેમના ખર્ચને પ્રજા ઉપર વિશેષ કરબોજન હતા, ત્યાં ગાડું ગબડાવવાનું હતું. જમાનાની અને ભાયાતોની ખટપટમાંથી માર્ગ કાઢવાનો હતો. તેમાં પણ ગીરધરલાલ માધવલાલ ધોળકીયા, જગજીવનભાઈ કોઠારી જેવાં કુનેહબાજ મુત્સદ્દીઓ તેમની નામના અમર કરી ગયાં છે.

ઈ. સ. ૧૯૪૮માં સૌરાષ્ટ્રના રાજ્યોનું સૌરાષ્ટ્રના સંયુક્ત રાજ્યમાં વિલિનકરણ થયું, ત્યારે આ દિવાનો અને કારભારીઓના શ્રમ, લોકપ્રિયતા બુદ્ધિચાતુર્ય અને સ્વદેશ ભક્તિના પરિણામે સૌરાષ્ટ્રને સમૃદ્ધ ધનકોષ અને સુવ્યવસ્થિત તંત્ર સાંપડ્યું. અને શ્રી અનંતરાય પટ્ટણી, શ્રી માને પાટીલ, શ્રી ડોલરભાઈ બુચ જેવાં કુશળ દિવાનોએ સૌરાષ્ટ્રની રચના કરવામાં અગત્યનો ભાગ ભજવી અમર નામના મેળવી

૧. નોંધઃ– આ લઘુલેખમાં સર્વ રાજ્યોના દિવાનો કે કારભારીઓનો સવિસ્તાર ઉલ્લેખ કરવાનું શક્ય નથી. તેથી જે નામો લખ્યા છે તે ઉદાહરણ રૂપ લખ્યા છે. કોઇના નામ રહી ગયા છે. અને તેવાં મુત્સદ્દીઓને તેમ કરવામાં અન્યાય કરવામાં આવ્યો છે, તેવું કોઇએ માની ન લેવાની વિનંતી કરું છું છતાં કોઇ ક્ષતિ કે અપૂર્ણતા જણાય તો ક્ષમા યાચું છું. —લેખક.

## શ્રી લ્હાસા વિ.વિ.કા.સ. મંડળી લી.

### મુઃ લ્હાસા

તાલુકોઃ ખાંભા, જિલ્લોઃ અમરેલી

શેર ભંડોળ: ૪૬૦૦૦

સભ્ય સંખ્યા: ૭૫

ખેડૂત: ૭૫

ક. લ. જોષી, મંત્રી.

છગનલાલ લવજીભાઈ જોષી. પ્રમુખ

---

ગ્રામ—"*NILUSHA*" ટેલીફોન નં ૩૧૫૧૩૬

## મેસર્સ ગીવ એન્ડ ટેઈક (ઈંડીયા)

૮૧, પ્રીન્સેસ સ્ટ્રીટ,

મુંબઈ–૨

---

શુભેચ્છા પાઠવે છે

## શ્રી બગડાણા જુ. ખે. વિ. વિ. કા. સહકારી મંડળી લી.

### મુ. બગડાણા

( તાલુકો–મહુવા ) ( જિલ્લો–ભાવનગર )

| | | | |
|---|---|---|---|
| સ્થાપના તારીખ : | ૩-૫-૫૦ | નોંધણી નંબર : | ૩૮૬ |
| શેરભંડોળ : | ૪૭૮૮૦ | સભ્ય સંખ્યા : | ૧૭૨ |
| અનામત ફંડ : | ૪૭૯૬=૪૧ | ખેડૂત : | ૧૫૪ |
| અન્ય ફંડ : | ૨૭૦૧=૩૯ | બીનખેડૂત : | ૧૮ |

**જશવંતરાય ભાઇચંદભાઇ દોશી** મંત્રી

**માયાભાઈ જીવરાજભાઇ** પ્રમુખ

મંડળી દ્વારા ખાતર, બિયારણ, માલતારણ વગેરેનું કામ થાય છે. મંડળીને પોતાની માલીકીનું પાકું ગોડાઉન છે. સભ્યોનો તેમ જ બીન સભ્યોનો ખેત ઉપજનો માલ મંડળી કમીશનથી કરી આપે છે. આ મંડળીના વ્ય. કમિટિના સભ્યશ્રીઓ સંપૂર્ણ સહકાર આપે છે. કમિટિના સભ્યો સાત છે.



# ગુજરાતના સ્વર સાધકો

—શ્રી યશવંત ડી. ભટ્ટ "સંગીતાચાર્ય"

**તાના–રીરી** **અમદાવાદ**

ભારતીય સંગીતના સુવર્ણ પાનાના સંગીત ઈતિહાસમાં સંગીત સંસારની શ્રી તાના–રીરી નામની બે નાગર કન્યાઓએ સંગીતની મહાન આરાધના કરી રાગ તથા રાગિનિઓનો ભક્તિથી સાકાર સાક્ષાતકાર કર્યો હતો. શ્રી તાના–રીરીએ રાગ ભૈરવ, વસંત, દીપક, મલ્હાર રાગોનો સાક્ષાતકાર કરી તે રાગોને જીવનમાં ઉતારી તથા ઋતુઓ પ્રમાણે ગાઈને માનવજીવન ઉપર રાગની પ્રતિભાનું ઉંચ દર્શન કરાવતી હતી વસંતરાગ ગાઈને વસંતઋતુનું આવાહન થતું તથા વનોમાં નવરંગી ફુલો ખીલી ઉઠી ભ્રમર તથા મધુર અવાજે મોરલાઓ નાચી ગુંજન કરતા હતા, તથા દિપક રાગથી દીવા થતા અને મલ્હાર રાગથી વર્ષા વરસાવવાની આ બન્ને ભગીનીઓએ પ્રેમ ભક્તિભાવના પ્રાધાન્યની સાધનાથી જીવનમાં રાગોની પ્રતિમાઓનું સાક્ષાત્ દર્શન કરાવતી. જ્યારે સંગીત સમ્રાટ તાનસેનજીએ મુગલ સમ્રાટ અકબરના જન્મદિન પ્રસંગે ગાઈકીના સંગીત પ્રભાવથી સર્વે દરબારીઓના મન આનંદ વિભોર કરી દીધા હતા. ત્યારે મુગલ દરબારના કેટલાક સંગીત કલાકારોએ ઈર્ષાદ્વેશ ભાવથી તાનસેનને દીપક રાગ ગાવાનું કહ્યુ આ સુચન તેઓએ લખી અકબર બાદશાહને સુપ્રત કર્યું તે ખત વાંચી બાદશાહે તાનસેનને દિપક રાગ ગાવાનો આદેશ આપ્યો. તાનસેને દીપક રાગ ન ગાવા માટે આનાકાની કરી, પણ સમ્રાટ અકબરના આદેશ આગળ કશું ચાલ્યું નહિ. તાનસેને દિપક રાગ ગાઈને રાજ્ય દરબારના સર્વ દિપક પ્રગટાવ્યા. આ હતો તાનસેનની સંગીત ગાયકીનો પ્રભાવ. અને અકબર સમ્રાટ પણ તાનસેનની સંગીતકળાથી પ્રસન્ન થયા. પણ દીપક રાગ ગાવાથી તાનસેનનું આખું શરીર બળુંબળું થઈ રહ્યું હતું. ત્યાર પછી તે દીલ્હી છોડી ચાલતા ચાલતા અમદાવાદ આવે છે. જ્યારે તેને પાણીની તૃષા લાગે છે. તેથી તે પાણીની પ્યાસ બુજાવા કુવા પાસે આવે છે. જ્યાં આગળ આ બન્ને બેનો તાના–રીરી પાણી ભરવા આવી. તે તાનસેનની આ હાલત જાણી ઘણી દુઃખી થઈ. તાનસેનને તેઓ તેમને ઘરે તેડી ગઈ અને મલ્હાર રાગથી વર્ષા વર્ષાવી તાનસેનના ઉષ્ણતા ભરેલા જીવનને શાંતી આપી. અને તાનસેનને મલ્હાર રાગની શિક્ષા આપી. તેમને વિદાય આપી. તાનસેનને વિદાય આપતી વખતે તાના–રીરી બંનેએ મલ્હાર રાગ પાછો અદ્ભૂત પ્રાવિણ્યતાની સાથે સંભળાવ્યો. તેના શબ્દો નીચે પ્રમાણે છે.

રાગ મલ્હાર ત્રિતાલ

તનનન તુમ તુમ તાનારીરી ગાયે,
મધુર સુર મલ્હાર આલાપે.
ઋતુ સુહાવન સાવન આયે,
મોર પપૈયા પિયુ પિયુ બોલે.

તાનસેન આ રાગ સાંભળી ઘણો ખુશ થયો. પણ આ બે બેનોએ તાનસેન પાસે વચન માંગ્યું કે અમારી સંગીત સાધનાની વાત કોઈને કહેવી નહિ. પરંતુ જ્યારે તે દિલ્હીની રાજધાનીમાં ગયો ત્યારે તેણે અકબર બાદશાહને આ વાત કરી કારણકે અકબર બાદશાહ જીદ્દી સ્વભાવના હતા. તેથી આ વાત શ્રી બાદશાહને કહી જ્યારે આ વાતની ખબર તાના–રીરીને પડે છે ત્યારે આ ઉંચ પરિવારની સંગીત સાધીકાઓ સામસામી કટાર ખાઈ મરી જાય છે. પાછળથી સંગીત સમ્રાટ તાનસેનને પણ પશ્ચાત્તાપ થાય છે. સંગીતના ઇતિહાસમાં તાના–રીરીની તેમનોમ આજ પણ અમરતા ધરાવે છે.

**પંડિત ઓમકારનાથ ઠાકુર**

તેમનો જન્મ દિનાંક ૨૪મી જુન ૧૮૯૭માં ગુજરાતના જહાજ નામના ગામમાં ઉંચ બ્રાહ્મણ પરિવારમાં થયો હતો. માતા તથા પિતાના ઉંચ આચારવિચારોનો વારસો પંડીતજીના જીવનમાં શિશુ વયથી ઉતરી આવ્યો હતો. સંગીતની પ્રત્યે બચપણથી અભિરૂચી હોવાથી વિદ્યાભ્યાસમાં રૂચી રહી નહિ. પંડિતશ્રીના પિતાશ્રી ગૌરીશંકર ઠાકુર યોગ તથા સંગીતવિદ્યાના સાધક હતા. જેથી કરીને પંડીતજીના જીવનમાં સંગીત સાધનાના ઉંચ વિચારોની જાગૃતિ થવા લાગી અને યોગ્ય ગુરૂની શોધમાં તેઓ ઘર છોડી ચાલ્યા ગયા કારણ કે તેમને તો સંગીત સાધના કરી સારાયે વિશ્વમાં સંગીત દ્વારા કલા ઉન્નતિનો પ્રચાર કરવાનો હતો. આખરે મહાન દુઃખનો સામનો કરી....સંગીતના મહાન ગુરૂ સંગીતોદ્ધારક પંડીત શ્રી વિષ્નુ દિગંબર પલુસ્કરજી તેમને મળી ગયા અને તેમની પાસે સંગીત સાધનાનું ૨૫ થી ૩૦ વર્ષ સુધી વિદ્યાધ્યન કરી કલા ઉપાસનામાં સંગીત પ્રાવિણ્યતા સંપાદન કરી ભારત તથા પાશ્ચમાત્ય દેશોનો પ્રવાસ કરી ભારતિય સંગીતને પોતાની અદ્ભૂત સાધનાથી સર્વોપરી સાબીત કરી દેખાડી. ગુરૂશ્રી તેમના શિષ્ય પ્રત્યે બહુ જ માન ધરાવતા. પંડીત શ્રી ઓમકારનાથજી ઠાકુર એક નિરાભિમાની તથા એક દેવ ગાંધર્વ ગાયક હતા. તેમણે તેમના જીવનમાં સ્વર, લય, શબ્દ, રસ, ઇત્યાદિ

ભાવ રસને પોતાની સંગીત ગાયકીમાં પ્રાવિણ્યતા આપી હતી.

પંડીતજીએ સંગીતકલાની સાધનાદ્વારા મહાન સંગીત ગ્રંથોનું પણ સર્જન કર્યું છે કે જે સારાયે સંગીત કલાસાધકો માટે અતિ ઉપયોગી છે. પંડીતજીનું જીવનધન તે સંગીત કલા અને સાધના હતી. પંડીતજી વિશ્વ ભારતી સંગીત કોલેજ બનારસના સંગીત પ્રિન્સિપાલ હતા. તેમના સંગીત શિષ્ય–શિષ્યાઓ તેમની સંગીત કલાનો પ્રચાર સમસ્ત વિશ્વમાં કરી રહ્યા છે. આ સંગીતનો મહાન તેજસ્વી સુર્ય તારીખ ૨૯–૧૨–૧૯૬૭ના રોજ પોતાના આત્માની સાથે તંબુર લઈ દેવગંધર્વની દુનીયામાં પોતાનું દૈવિ સંગીત સંભળાવવા ચાલ્યા ગયા. સારાએ વિશ્વમાં આજ પંડીતજી જેવા સંગીત સાધક મળવા મુશ્કેલ છે. પંડીતજી ગયા પણ તેમની કલા અમર છે.

### પ્રો. નારાયણરાવ વ્યાસ

સંગીત સંસારના આધુનિક સંગીત તાનસેન તથા સંગીત સમ્રાટ શ્રી નારાયણરાવ જી. વ્યાસે સંગીતનું ઉંચ અધ્યન ભારતીય સંગીતક્ષેત્રના સુપ્રસિદ્ધ સંગીતોધ્ધારક સ્વર્ગસ્થ પંડીત શ્રી વિષ્નુ દિગંબરજી પાસે પચીશ વર્ષ સંગીત આરાધના કરી સંગીતના ક્ષેત્રમાં મહાન તપસ્વી ગાયકની ઉંચ પ્રાવિણ્યતા ભરી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. શ્રી વ્યાસજીએ તેમનું પ્રારંભિક સંગીત જીવન અમદાવાદમાં નિવાસ કરી ગુજરાતની સંગીત પ્રિય જનતામાં સંગીતનો પ્રણવ શુભ સંદેશ પ્રસારીત કર્યો. આપની સંગીત રેકોર્ડ "હિઝ માસ્ટર્સ વોઈસ" કુંપનીએ પ્રસિદ્ધ કરી છે. તથા આપે આકાશવાણી દિલ્હી, અમદાવાદ, મુંબઇ, ઈત્યાદિ રેડિયો સ્ટેશનથી ઉંચ સંગીત ગાયકના પ્રોગ્રામ પ્રસારીત કરેલ છે. આપશ્રી સંગીતની "વ્યાસ સંગીત અકાદમી" મુંબઇ સંસ્થાના આચાર્ય છે.

### સ્વ. પ્રો. શંકરરાવ વ્યાસ

ભારતિય સંગીતક્ષેત્ર તથા ગુજરાતના મશહુર સંગીતશાસ્ત્ર વિશારદ સ્વ. શ્રી શંકરરાવ જી. વ્યાસે સંગીતશાસ્ત્ર તથા સંગીત ગાયકીઓનું વિવિધ શૈલીઓનું અધ્યન ભારતીય સંગીતક્ષેત્રના મશહુર ગુરૂશ્રી સ્વ. શ્રી વિષ્નુ દિગંબરજી પલુસ્કર પાસે કરી ભારતીય સંગીત તથા વાદનકલામાં ઉંચ પ્રાવિણ્યપદ સંપાદીત કર્યું હતું. આપની સંગીત ગાયકીની રેકોર્ડ "હિઝ માસ્ટર્સ વોઇસ" કુંપનીએ પ્રસિદ્ધ કરી છે. સ્વ. વ્યાસ ભારતવર્ષના પ્રખર સંગીત શાસ્ત્રવેતા તથા મહાન ગાયક હતા. આપે ઘણાએ સંગીત ગ્રંથોનું સર્જન કર્યું છે. સ્વ. વ્યાસે પ્રકાશ પિકચર્સના "રામરાજ્ય" 'પનઘટ' અને "સંસારલીલા" માં શાસ્ત્રીય ઉંચ સંગીતનું સર્જન કરી ભારતમાં સારી પ્રસિદ્ધિ સંપાદન કરી છે. આ સંગીતકલાના મહાન સ્વામિનો પંદર વર્ષ પહેલાં સ્વર્ગવાસ થયો છે.

### સ્વર્ગસ્થ પંડીત વિષ્નુનારાયણ ભાતખંડે

ભારતિય સંગીત જગતના મહાન સંગીત મહર્ષિ, સંગીતાચાર્ય, સ્વર્ગસ્થ પંડીત શ્રી વિષ્નુનારાયણ ભાતખંડે બી.એ. એલ. એલ. બી. એ ગાયન તથા સંગીત વાદનનું ઉચ્ચ સંગીત શિક્ષણ ભારતના ઉચ્ચ ઘરાનાના મુસ્લીમ ગાયકો પાસેથી ગ્રહણ કરી ગાયીકી તથા સંગીતની કલામાં મહાન પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી, સૌરાષ્ટ્ર, ગુજરાત, પંજાબ કર્ણાટક ઇત્યાદી દેશોમાં ભારતીય ગાયકીનો પ્રચાર કરી શુભ સંદેશ પ્રસારિત કર્યો. પહેલાના મુસ્લીમ ગાયકો પાત્ર જોઇ વિદ્યાનું દાન આપતા હતા. શ્રી. ભાતખંડેજીએ તેમનું સારૂએ જીવન સંગીત કલા સાધના તથા વાદન સાધનમાં સમર્પિત કરી દીધું. શ્રી ભાતખંડેજીની સંગીત પ્રણાલિકા ભારતના દેશોમાં સર્વોપરી સાબીત થઇ અને સંગીત વિદ્યાલયોમાં શ્રી. ભરતખંડેજીયે સંગીતનું વિદ્યા દર્શન સંગીતના સાધકોને આપી ઉત્તમ શિષ્યો તૈયાર કરી તથા ઉત્તમ સંગીત પુસ્તકોનું સર્જન કરી સમસ્તવિશ્વમાં સંગીતનો પ્રચાર કર્યો. આ સંગીતના મહાન સ્વામિનું દિવાંક ૧૯–૯–૩૬ રોજ સ્વર્ગવાસ થયેલ છે.

### વિશ્વના સંગીત કલા સર્જક સ્વ. શ્રી વિષ્નુદિગંબર પલુસ્કર

સંગીત જગતના મહાન કલા આરાધક સ્વર્ગસ્થ પંડીત શ્રી. વિષ્નુ દિગંબરજીએ ગાન વિખ્યાતું ઉંચ સાધના મય જીવન સંગીત કલાધાત્રિ દેવી સરસ્તિને સમર્પિત કરી વિશ્વભરના સર્વોપરી ગાયકોમાં પ્રણવ સ્થાન પ્રાપ્ત કર્યું. તેમણે સંગીત સાધના દ્વારા ઉત્તમ સંગીત શિક્ષા આપી સંગીતના ધુરંધર શિષ્યો દ્વારા ભારતીય સંગીતનો પ્રચાર કરી દેશેદેશમાં શાસ્ત્રીય સંગીતનો પ્રચાર કર્યો. શ્રી. પલુસ્કરજી રામાયણના ભક્તિગ્રંથનું અધ્યન અહરનિશ કરતા હતા. વિશ્વભરમાં તેમના જેવી રામાયણની ચોપાઈ ગાઇ શકતુ ન હતું. તેમણે રામાયણ ગ્રંથનું અધ્યન ભક્તિ ભાવના પ્રાધાન્યની ઉચભાવનાથી પોતાના જીવનમાં તથા હૃદયમાં ઊતાર્યું હતું શ્રી પલુસ્કરજી ભારતના વિદ્વાન ગાયક વાદક હતા તેમણે મહાન સંગીત ગ્રંથોનું સર્જન પણ કર્યું છે. ભારતિય સંગીતક્ષેત્રમાં આ બન્ને વિષ્નુભાઇઓની સેવાઓ સ્મરણિય છે. આ સંગીત કલાના મહાન સાધક દિનાંક ૨૧–૮–૩૧ ના રોજ સ્વર્ગવાસ થયા છે.

### સ્વામિ શ્રી કૃપાલાનંદજી. મલાવ.

મલાવ ગુજરાતનિવાસી શ્રી કૃપાલાનંદજી મહારાજ સંગીત તથા યોગવિદ્યાના મહાન આચાર્ય છે. સંગીતની શિક્ષા તેમણે શ્રી માસ્ટર વસંત, શ્રી ફયાઝ હુસેનખાન સાહેબ ઈત્યાદિ કલાકારોની પાસે લઈ સંગીતમાં ઉંચ પદની પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી છે. આપ સંગીતની સાથોસાથ સાહિત્યકલાના પણ સાધક છો; આપે સંગીત, યોગ, ભક્તિ, ઇત્યાદિ મહાન ગ્રંથોનું સંયોજન કરેલું છે. આપે "રાગ જ્યોતિ" નામના સંગીત ગ્રંથનું સર્જન કર્યું છે કે જે ભારતિય સંસારના કલા સાધકો માટે ઉપયોગ સિદ્ધ ગ્રંથ છે. સ્વામીજીની સંગીત રચનાઓ તથા સંગીત લેખ "સંગીત" માસિક તથા "સંગીત કલા વિહાર" માં પ્રકાશિત થાય છે. સ્વામિજી ભારતિય સંગીત સંસારના મહાન ગાયક છે.

### શ્રી વિષ્નુ શામરાવ અત્રે. અમદાવાદ

સંગીતશાસ્ત્ર વિશારદ શ્રી વિષ્નુ શામરાવ અત્રે ગ્વાલીયર ઘરાનાની ઉંચ ગાયકીના પ્રસિદ્ધ ગાયક છે. તેઓએ તેમનું સારૂંએ જીવન સંગીતની સાધનામાં વ્યતિત કરેલ છે. આપના શિષ્ય તથા શિષ્યાઓ આપની કલાનો પ્રચાર કરે છે. અમદાવાદ રેડીયો સ્ટેશનથી આપના સંગીત પ્રોગ્રામ પ્રસારીત થાય છે.

### શ્રી કાશિનાથ તુલપલે. અમદાવાદ

સંગીતાચાર્ય શ્રી કાશિનાથ તુલપલે ગ્વાલીયર ઘરાનાના મહાન

પ્રતિભાશાળી ગાયક છે. આપને આપની ગાયકીનું સંગીત પ્રોગ્રામ મુંબઈ રેડીયો, અમદાવાદ રેડીયો, તથા રાજકોટ રેડીયો પરથી પ્રસારીત થાય છે. સ્વર, શબ્દ, તાલ, લય અને તાનના પ્રકારોમાં આપ બહુજ પ્રાવિણ્યતા ધરાવો છો. ભારતવર્ષના સર્વશ્રેષ્ઠ ગાયકોમાં આપની વર્ણિ થાય છે. આપનું શિષ્યવૃંદ આપની ગાયકીનો પ્રચાર કરે છે.

**શ્રી વિલાસ ખાંડેકર — અમદાવાદ**

શ્રી વિલાસી ખાંડેકર સંગીત વિશારદ ખ્યાલ ગાયકી પ્રત્યે અદ્ભુત માધુર્યતા દર્શાવે છે. તેમણે સંગીત વિદ્યાનું ઉંચ શિક્ષણ પ્રાપ્ત કરી અમદાવાદ સંગીત મંચ પરથી પોતાના મધુર કંઠ દ્વારા અમદાવાદની સંગીત પ્રિય જનતાના મન રંજીત કરેલ છે. સંગીત કલા ક્ષેત્રમાં આપની ગાયકીનું પ્રાણવસ્થાન છે. આપના સંગીત શિષ્યો આપની ગાયકીનો પ્રચાર કરે છે. આકાશવાણી પરથી આપના સંગીત પ્રોગ્રામ પ્રસારિત થાય છે.

**શ્રી ક્રિષ્નારાવ ટેંડુલકર — અમદાવાદ**

સંગીતાચાર્ય શ્રી ક્રિષ્નારાવ ટેંડુલકરજીએ સંગીતની ઉંચી શિક્ષા ભારતના સંગીતરત્ન પંડિત અનંત મનોહર જોશી પાસેથી ગ્રહણ કરી ગ્વાલીયર ઘરાનાની ગાયકીમાં અતિ પાંડીત્ય સંપાદન કર્યું. આપે ભારતીય સંગીતનો સંદેશ પૂર્વ આફ્રિકા, ગુજરાત, સૌરાષ્ટ્ર ઈત્યાદિ દેશોમાં સંગીત સાધના દ્વારા પ્રસારીત કર્યો છે. આપ એક ભારતવર્ષના સર્વશ્રેષ્ઠ ગાયક છો. હિઝ માસ્ટર્સ વોઈસ રેકર્ડ કંપનીએ આપની ધ્વનિ મુદ્રિકાઓ પ્રકાશીત કરેલી છે. કે જે ઘણી જ પ્રશંસનીય છે. આપે ઉત્તમ સંગીત ગ્રંથોનું સર્જન કરેલ છે. કે જે 'સુબોધ ભજનાવલી" અને "ગીત વિહાર" કે જે સંગીત પુસ્તકો ભારતીય સંગીત કલા સાધક માટે ઉપયોગ સિદ્ધ છે. "ગુજરાત સંગીત મહાવિદ્યાલય"ના આપ સંગીત પ્રિન્સીપાલ છો. આપે સંગીતમાં ઘણા શિષ્યો અને શિષ્યાઓ તૈયાર કરેલ છે. જે આપની કલાનું દર્શન સંગીત દ્વારા પ્રકાશીત કરી રહ્યા છે.

**શ્રી રવજીભાઇ એચ. પટેલ — અમદાવાદ**

શ્રી રવજીભાઈ પટેલે સંગીતનું ઉચ્ચ શિક્ષણ સ્વર્ગસ્થ સંગીત શાસ્ત્રી શ્રી નારાયણ મોરેશ્વર ખરે પાસેથી સંપાદીત કર્યું હતું. ત્યાર પછી ઉચ્ચ ગાયકીનું અભિનવ દર્શન ભારતીય સંગીતસમ્રાટ સ્વ. ઉસ્તાદ ફયાઝ હુસેનખાન પાસેથી લઇ આપે સંગીત સમારંભોમાં ગાયકીની પ્રાવિણ્યતા બતાવી સારાયે ગુજરાતમાં સંગીતનો સાધના દ્વારા પ્રચાર કર્યો. આપ એક ગુજરાતના સર્વશ્રેષ્ઠ ગાયનાચાર્ય છો. આપ બૃહદ ગુજરાત સંગીતના સંગીત આચાર્ય તથા પ્રિન્સીપાલ છો. આપે ઘણાએ સંગીત ગ્રંથોનું સર્જન કર્યું છે. સંગીતક્ષેત્રમાં આપે ઘણા સંગીત શિષ્યો તથા શિષ્યાઓ તૈયાર કરી છે. આપ આપનું જીવન સંગીત સાધનામાં વ્યતિત કરો છો.

**શ્રી પ્રાણલાલ વી. શાહ — અમદાવાદ**

શ્રી પ્રાણલાલ શાહ સંગીત અલંકાર સંગીતનું ઉચ્ચ અધ્યયન તથા પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી છે. આપ સંગીત ગાયકીમાં તથા વાયોલીનમાં અતિ પ્રાવિણ્યતા ધરાવો છો. આપે સંગીતક્ષેત્રમાં ઘણા સંગીત શિષ્યો અને શિષ્યાઓ તૈયાર કરેલ છે. આપે સંગીત પુસ્તકનું સર્જન કરેલ છે. "સરળ સંગીત શાસ્ત્ર" કે જે સંગીત વિદ્યાર્થીઓને માટે ઘણું જ ઉપયોગી છે. આપ એક ભારતીય સંગીતના વિદ્વાન કલાકાર છો.

**સ્વામી શ્રી મુક્તાનંદજી મહારાજ — ગણેશપુરી**

ગણેશપુરી ગુજરાતના સ્વામી શ્રી મુક્તાનંદજી મહારાજ સંગીત, સાહિત્ય, યોગ, મંત્રના મહાન ઉપાસક છે. તેઓએ સંગીતકલાના નાદ વેદ ઉપર એટલી બધી ઉંચ સાધના કરી છે કે જેની સીમા નથી. શ્રી સ્વામીજી ગાન તથા વાદન કલાના એક મહાન આરાધક તથા પાંડીત્યપદ ગ્રહણ કરેલ છે. તેઓનો ગણેશપુરીમાં આશ્રમ છે. જ્યાં તેઓ તેમનું સારૂંએ જીવન લલિત કલાઓના સાધનામાં વ્યતિત કરે છે. તેઓ ગાન વિદ્યાની સાધનાની સાથોસાથ સાહિત્યવિદ્યાના પણ એક મહાન આચાર્ય છે. ભારતીય જગતના ઘણા સંગીતકલા વિશારદો તેમના પાસે આવે છે અને સ્વામીજી પાસેથી સંગીતનું રસ પાન કરે છે.

**સ્વ. શ્રી નાગરદાસ એ.—દીલરૂબા સમ્રાટ — અમદાવાદ**

અમદાવાદના સુપ્રસિદ્ધ દિલરૂબા સમ્રાટ શ્રી નાગરદાસભાઈએ સંગીતનું અધ્યયન તેમના પિતાશ્રી તથા મુંબઈની 'વિક્ટોરીયા મેમોરીયલ સ્કુલ ફોર ધી બ્લાઈન્ડ"માં સંગીતનું શિક્ષણ તથા જીવનમાં ઉંચ સંસ્કારોનો વારસો મળ્યો હતો. ત્યાર પછી દિલરૂબા વાદનનું ઉંચ શિક્ષણ શ્રી નાગરદાસે શ્રી શંકરરાવ કેશવ પાસેથી ગ્રહણ કરી સંગીતના સંસારમાં દિલરૂબા વાદનમાં અતિ પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી, તેઓ અમદાવાદ રેડીયો સ્ટેશન પર સંગીતના એક મહાન "કલાવંત" તરીકે સંગીતના વિભાગમાં નોકરી કરી હતી. શ્રી નાગરદાસે દિલરૂબા વાદનની સંગત સ્વ. શ્રી ઓમકારનાથ, પ્રો. નિસારહુસેન, શ્રી રજબઅલીખાં, પ્રો. રાતાનજનકર, પ્રો નારાયણ વ્યાસ, પ્રો. વિનાયકરાવ પટવર્ધન, મા. વસંત ઈત્યાદિ સંગીતાચાર્યો સાથે વાદન સંગત કરી ખ્યાતિ પ્રાપ્ત કરી હતી. શ્રી ભાતખંડજી તથા શ્રી વિષ્ણુદિગંબરજીના પણ તેઓ સમાગમમાં આવી ગયા હતા. એકવાર તેઓએ તેમના દિલની રંગતથી દિલરૂબા ઉપર મોરલી વગાડી સર્પ જેવા જીવને પણ મંત્રમુગ્ધ કરી દીધો હતો. ભારતના તેઓ સર્વશ્રેષ્ઠ વાદક હતા. થોડાએક વર્ષ પહેલા આ દિલરૂબાના વાદનના ઉંચ કલાનિધિનો સ્વર્ગવાસ થયેલ છે.

**શ્રી શારદા (મશહુર ગાયિકા) — વડોદરા**

ફીલ્મ જગતની મશહુર પાર્શ્વગાયીકા શ્રી શારદાએ સૂરજ, એરાઉન્ડ ધી વર્ડ, પ્યાર મહોબ્બત ઈત્યાદિ ફિલ્મોમાં કંઠ આપી ભારતીય સંગીતના રસિયા પ્રેક્ષકોને પોતાના મધુર અવાજથી મન આકર્ષિત કરી દીધેલ છે. તેમણે સંગીતનું માર્ગદર્શન ફિલ્મોના મશહુર સંગીતસર્જક શ્રી જયકીશન દ્વારા સમર્પિત થયેલ છે. આ નવી સંગીત ગાયીકાને ફીલ્મ સંસારમાં લાવવાનું માન શ્રી જયકીશનને ઘટે છે. શ્રી શારદા ચિત્રજગતની એક મહાન મધુરસ્વર સાધીકા છે.

**શ્રી ભાઇલાલ શાહ — અમદાવાદ**

અમદાવાદના સંગીત અલંકાર શ્રી ભાઇલાલ શાહે સંગીતનું ઉચ્ચ અધ્યન તથા સંગીતકલાની પ્રાપ્તિમાં પોતાનું જીવન સમર્પિત કરેલ છે. તેઓ શાસ્ત્રીય તથા સુગમ સંગીતના મહાન સાધક છે

તેમના ઘણા શિષ્ય–શિષ્યાઓ સંગીતમાં તૈયાર થઈ ભારતીય સંગીતક્ષેત્રમાં ઘણી જ પ્રશંસા પ્રાપ્ત કરી છે. તેઓ ઉંચ કક્ષાના સંગીત ગાયક તથા સંગીતના મહાન ગ્રંથ "વિદ્યા વિહાર ગીત–માલા"ના સર્જક છે. સંગીત સંસારમાં તેમની સેવાઓ ઘણી જ મહત્ત્વની છે. આપના સંગીત પ્રોગ્રામ આકાશવાણી અમદાવાદથી પ્રસારિત થાય છે.

**શ્રી ધ્રુવકુમાર શાસ્ત્રી** **અમદાવાદ**

શ્રી ધ્રુવકુમાર શાસ્ત્રી ગાયન-વાદનના એક ઉમદા કલાકાર છે. તેમણે તેમનું જીવન સંગીત સાધનામાં તથા સાહિત્ય સાધનામાં સમર્પિત કરેલું છે. આપના સંગીત ગાયકીના પ્રોગ્રામ અમદાવાદ રેડીયો સ્ટેશનથી પ્રસારિત થાય છે. આપ "ગુજરાત સંગીત નાટ્ય એકેડેમી"ના સેક્રેટરી છો. આપની સંગીત સેવાઓ ઘણોજ પ્રસંશનીય છે. ભારતીય સંગીત સંસારના ઉચ્ચ કોટીના સંગીતાચાર્ય છો.

**શ્રી ખુશાલદાસ મકવાણા** **અમદાવાદ**

શ્રી ખુશાલદાસ મકવાણા સંગીત વિશારદને સંગીતનું ઉંચ સાધનામય સંગીતાધ્યન સ્વ. શ્રી નાગરદાસ દિલરૂબાવાદનાચાર્ય પાસેથી સંપાદન કર્યું હતું. ગુજરાતના આપ એક નામી સંગીત કલાકાર છો.

**શ્રી લક્ષ્મણરાવ–તબલાવાદનાચાર્ય** **અમદાવાદ**

અમદાવાદના મશહુર તબલાવાદનાચાર્ય ભારતીય સંગીતક્ષેત્રના તથા ગુજરાતના એક નામી તબલાવાદક છે. આપે તબલા વાદનની સંગતી ભારતના ગુણી કલાકારો સાથે કરી છે. આપે આપનું સારૂંયે જીવન તબલાવાદનની સાધનામાં વ્યતીત કરેલ છે. શ્રી ગજાનન સંગીત વિદ્યાલયના આપ આચાર્ય છો.

**શ્રી શશિકાંત ગુંદાણી** **અમદાવાદ**

ગુજરાતના આ મશહુર વાયોલીનવાદનાચાર્યએ સંગીતનું ઉંચ સંગીત સાધનામય અધ્યન કરી અમદાવાદના રેડીયો સ્ટેશન પરથી વાયોલીન વાદનના સુરો પ્રસારિત કર્યા. આપ એક ઉંચ કોટીના વાયોલીન વાદક છો. આપ વાદનકલામાં લય તથા સ્વરો પર પાંડીત્ય ધરાવો છો.

**શ્રીમતી લીલા ખાંડેકર** **અમદાવાદ**

સંગીત વિશારદ શ્રીમતી લીલા ખાંડેકરમાં સંગીતના ઉંચ સંસ્કારનો વારસો તેમના પરિવારમાંથી ઉતરી આવ્યો હતો. તેઓ ગ્વાલીયર ઘરાનાના ઉંચ કલાના સંગીત સાધિકા છે. આપના સંગીત પ્રોગ્રામો અમદાવાદના રંગમંચો પર પ્રસારિત થયેલ છે. તથા આકાશવાણી અમદાવાદથી પણ પ્રસારિત થાય છે. "ખાંડેકર સંગીત વિદ્યાલય"ના આપ સંચાલિકા છો. આપ સંગીતની ગાયીકામાં પ્રાવિણ્યતા ધરાવો છો.

**શ્રી રામચંદ્ર ખરે** **અમદાવાદ**

શ્રી રામચંદ્ર ખરે સંગીત આચાર્યએ ઉંચ શિક્ષા તેમના સ્વર્ગસ્થ પિતા શ્રી નારાયણ મોહેશ્વર ખરેસાહેબપાસેથી સંપાદન કરી સંગીતમાં બહુજ સારી પ્રાવિણ્યતા સંપાદન કરેલ છે. ગ્વાલીયર ઘરાનાના આપ એક ઉંચ કોટીના ગાયક છો. આપના સંગીત ગાયકીના ઉત્તમ પ્રોગ્રામ અમદાવાદ રેડીયો પરથી બ્રોડકાસ્ટ થાય છે. ભારતના ઉંચ કલાકારોમાં આપનું સ્થાન છે.

**શ્રી નટવરલાલ પરીખ** **અમદાવાદ**

શ્રી નટવરલાલ સંગીત વિશારદે સંગીતનું ઉંચ અધ્યન કરી સંગીતક્ષેત્રે ગુજરાતમાં સારી ખ્યાતિ સંપાદિત કરેલ છે. તેમણે તેમનું જીવન સંગીત કલા પ્રાપ્તિમાં વ્યતિત કરેલ છે. તેઓ ગુજરાતના એક નામી સંગીતકાર છે.

**શ્રી કાંતીલાલ આર્ય** **અમદાવાદ**

ગુજરાતના નામી તબલાવાદનાચાર્ય શ્રી કાંતીલાલે તેમનું સમગ્ર જીવન તબલાવાદનની સાધનામાં વિતાવેલ છે. આપે અમદાવાદના સંગીત મંચો પર તબલાવાદનની કલાથી ગુજરાતના સંગીત શ્રોતાઓના મનરંજીત કરી દીધેલ છે. આપ એક ગુજરાતના સારા તબલાવાદક છો.

**શ્રી રામભાઉ મોરે** **અમદાવાદ**

અમદાવાદના આ ખ્યાતિ પ્રાપ્ત તબલાવાદનાચાર્યએ તબલાવાદન ઉંચ કલા પ્રાપ્ત કરી છે. શ્રી રામભાઉ મોરેએ સંગીતક્ષેત્રમાં ઉંચ પ્રાવિણ્યતા સંપાદિત કરેલ છે. આપના તબલાવાદનનું પ્રોગ્રામ અમદાવાદ રેડીયો સ્ટેશનથી પ્રસારિત થાય છે. આપે તબલાની સંગત ભારતના નામી સંગીતાચાર્યો સાથે કરી અતિ પ્રાવિણ્યતા સંપાદિત કરેલ છે. આપનું સ્થાન ઉંચ તબલાવાદકોમાં છે.

**શ્રી સુખરાજસિંહજી પી. ઝાલા** **અમદાવાદ**

ભારતના સિતારવાદનાચાર્ય શ્રી સુખરાજસિંહજીએ મેટ્રીક પાસ કરી સંગીતની ગાયકીની શિક્ષા શ્રી રાવજીભાઈ પટેલ સંગીત પ્રવિણ પાસેથી સંપાદન કરી સંગીતની ગાયકીમાં નિપુણતા પ્રાપ્ત કરી અમદાવાદ–બરોડા રેડીયો પરથી સંગીતના પ્રોગ્રામ પ્રસારિત કર્યા હતા. ત્યારબાદ સિતારનું શિક્ષણ ભારતવર્ષના મશહુર સિતાર વાદનાચાર્ય શ્રી નિખિલ બેનરજી પાસેથી ઉંચ શિક્ષા લઈ સિતારની વાદનકલામાં પ્રાવિણ્યતા પ્રાપ્ત કરેલ છે આપના શિષ્ય તથા શિષ્યાઓ આપની સંગીત સાધનાનો પ્રચાર કરે છે. અને આપને માટે ગર્વ ધરાવે છે. આપ સૌરાષ્ટ્રના લાઠીઆદ ગામના વતની છો.

**શ્રી ચંપકલાલ પી. બાદશાહ** **અમદાવાદ**

સંગીત ગાયન વાદનાચાર્ય શ્રી ચંપકલાલ બાદશાહે સંગીત ગાયકીની ઉંચ તાલીમ પ્રો. નારાયણ મોહેશ્વર ખરે, સ્વ. શંકરાવ વ્યાસ, પં. વિનાયકરાવ પટવર્ધન તથા સ્વ. શ્રી દત્તાત્રય પલુરકરજી ઈત્યાદી ભારતીય સંસારના વિદ્વાન ગુરૂજનો પાસેથી સંગીત શિક્ષા ગ્રહણ કરી સંગીત સંમેલનોમાં પોતાના મધુર કંઠથી ગાયકી ગાઈ ભારતીય સંગીતક્ષેત્રમાં પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી છે. અને આપે સિતારવાદનની શિક્ષા ભારતવર્ષના સિતારનવાજ શ્રી ગુલામહુસેનખાન પાસેથી ગ્રહણ કરી સિતારવાદનની કલામાં પાંડિત્ય પ્રાપ્ત કરેલ છે. આપની સંગીત શિષ્યાઓ તથા આપના શિષ્ય આપની સંગીત કલા સાધનાનો પ્રચાર કરે છે. આપનો વિદ્યાભ્યાસ ઈડર સુધીનો છે.

**શ્રી સુધીર ખાંડેકર** **અમદાવાદ**

અમદાવાદના મશહુર વાયોલીનવાદનાચાર્ય શ્રી સુધીર ખાંડેકરે

બી. એ. સુધી વિદ્યાભ્યાસ કર્યા પછી વાયોલિનવાદનનું શિક્ષણ તેમના પિતાજી પાસેથી લીધું હતું, ત્યારબાદ ઉંચ સંગીતની શિક્ષા ભારતના ગુણીજનો પાસેથી લઈ વાયોલિન વાદનમાં આપે ઘણીજ પ્રાવિણ્યતા પ્રાપ્ત કરેલ છે. અમદાવાદ રેડીયો ઉપરથી આપનું વાયોલિન વાદન સમય સમય પર પ્રસારિત થાય છે. આપે ઘણા સંગીત સાધકો સાથે વાયોલિનની સંગત કરી પ્રશંસા પ્રાપ્ત કરેલ છે.

### શ્રી નન્હેખાન — અમદાવાદ

સંગીત કલા વિશારદ શ્રી નન્હેખાન સાહેબે સંગીતનું શિક્ષણ આગ્રા ઘરાણાના સ્વર્ગસ્થ ઉસ્તાદ શ્રી ફૈયાઝ હુસેનખાન સાહેબ પાસેથી લઈ આગ્રા ઘરાનાના સંગીત સુરો અમદાવાદની તથા ગુજરાતની ધરતી ઉપર પ્રસારિત કર્યા. તેઓ શાસ્ત્રીય સંગીતના એક અજોડ સંગીત સાધક છે.

### શ્રી ગુલામ રસુલખાં — વડોદરા

ભારતીય સંગીત સંસારના અદ્‌ભુત હારમોનીયમ વાદક શ્રી ગુલામ રસુલખાને સંગીતની તાલીમ સ્વર્ગસ્થ શ્રી ફયાઝહુસેનખાન પાસેથી ગ્રહણ કરી. હારમોનિયમવાદન કલામાં નિપુણતા પ્રાપ્ત કરી ભારતના ઘણાંયે સંગીત સાધકોની હારમોનીયમવાદનમાં સંગત કરી સંગીત સંસારમાં સારૂં સ્થાન પ્રાપ્ત કરેલ છે. ભારતના ઉંચ વાદનકલામાં તેઓ સારૂં માન ધરાવે છે.

### શ્રી મથુરીબ્હેન ખરે — અમદાવાદ

શ્રી મથુરીબેન ખરેએ સંગીતનું શાસ્ત્રોક્ત શિક્ષણ તેમના સ્વર્ગસ્થ પિતા શ્રી નારાયણ મોરેશ્વર ખરે સાહેબ પાસેથી ગ્રહણ કરી. આકાશવાણી અમદાવાદ કેન્દ્ર પરથી સંગીતના મધુર નાદ પ્રસારીત કર્યા કે જે મધુર સંગીત ભાવનાઓનું ગુંજન તથા તાલનું મધુર મિલન મથુરીબ્હેનની સંગીત કલામાં દેખાઈ આવે છે. કે જે બ્હેનનું સંગીત ભક્તીભાવના પ્રાધાન્ય છે.

### શ્રી ચંપકલાલ સી. નાયક — અમદાવાદ

અમદાવાદના શ્રી ચંપકલાલ સી. નાયક સંગીત વિશારદને સંગીતના સંસ્કાર તેમના પરિવારમાંથી સ્ફુરીત થયા હતા. ખ્યાલ, ધ્રુપદ, ધમાર ઠુમરીની ગાયકીના તેઓ એક ઉંચકક્ષાના ગાયક છે. અમદાવાદમાં "શ્રી ભાતખંડે" સંગીત વિદ્યાલયના તેઓ સંગીતાચાર્ય છે. તેમણે સંગીતના ક્ષેત્રમાં ઘણાયે શિષ્ય તથા શિષ્યાઓને શિક્ષા આપી સારી ખ્યાતિ પ્રાપ્ત કરી છે. અને તેઓએ સંગીતના ઉંચગ્રંથ લખી પ્રકાશિત કર્યા છે અમદાવાદ રેડીયો પરથી તેમનો સંગીત પ્રોગ્રામ પ્રસારીત થાય છે. અને "સંગીત" માસિકમાં તેઓની રચનાઓ પ્રકાશિત થાય છે.

### શ્રી અરવિંદ એન. પરીખ — અમદાવાદ

શ્રી અરવિંદ પરીખ સિતારવાદનાચાર્યએ પ્રારંભિક દિલરૂબા વાદનનું સંગીત શિક્ષણ શ્રી ગોપાલરાવ જોશીજી પાસેથી ગ્રહણ કર્યું હતું. દિલરૂબાવાદનની સાથોસાથ મેંડોલીન તથા વાયોલીન વાદનની સાધના કરી આ ત્રણે વાદ્યોની વાદનકલામાં સારી પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી, ત્યારપછી તેઓએ શ્રી રવિશંકર પંડિત તથા વિલાયત હુસેનખાંની સિતાર સાંભળી તે વાદ્યનો તેમને ઘણોજ શોખ વધ્યો. અને સિતાર વાદનનું ઉચ્ચ શિક્ષણ શ્રી વિલાયત હુસેનખાં પાસેથી સંપાદીત કરી સંગીતની દુનિયામાં સારી ખ્યાતિ પ્રાપ્ત કરી. ભારતના ઘણાએ સંગીત સમારંભોમાં આપના સિતાર વાદનના સંગીત પ્રોગ્રામ થયેલા હતા જેમાં આપે આપની સિતાર વાદનની સાધનાથી ઘણાંએ સંગીત પ્રેમી શ્રોતાઓને મનોમુગ્ધ કરી દીધા હતા. સિતાર વાદનના આપ શ્રેષ્ઠ કલાકાર છો.

### શ્રીમતી કીશોરી પરીખ — અમદાવાદ

શ્રીમતી કીશોરીબેન પરીખે સંગીતનું પ્રારંભિક દર્શન શ્રી હર્ષે માસ્તર તથા શ્રી કાદીરબક્ષખાં પાસેથી ગ્રહણ કર્યું હતું. ત્યાર બાદ કીરાના ઘરાનાના પ્રખ્યાત સ્વર્ગસ્થ ગાયનાચાર્ય શ્રી યશવંત પુરોહીત પાસેથી તાલીમ લઈ સંગીતક્ષેત્રમાં સારી નામના મેળવી. શ્રી ઉસ્તાદ નિયાઝ અહમદ તથા ઉસ્તાદ ફૈયાઝ અહમદ પાસે પણ સંગીતના ઉંચસંસ્કારો મેળવી સંગીતની ગાયકીમાં અતિ પ્રાવિણ્યતા સંપાદિત કરી સંગીત કલામાં સારી પ્રભુતા પ્રાપ્ત કરી. ત્યાર બાદ આપને નૃત્ય કલાનું ઉંચ શિક્ષણ ગુરૂ શ્રી વિપિનસિંહ પાસેથી સંપાદીત કરી, ભરતનાટયમ્, કથક, મણીપુરી નૃત્યમાં ઘણી જ પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી. સંગીતની ગાયકીમાં આપને સ્વર્ગસ્થ ગાયકશ્રી વિલાયતહુસેનખાનનું સારૂં માર્ગદર્શન મળ્યું. સંગીતના ઘણાએ સમારંભોમાં ભાગ લઈ સારી ખ્યાતિ પ્રાપ્ત કરી. સિતાર વાદનાચાર્ય શ્રી અરવિંદ પરીખની આપ ધર્મપત્ની છો. આપે આકાશવાણીના વિભિન્ન રેડીયો પરથી સંગીત પ્રોગ્રામ પ્રસારીત કર્યા હતા.

### સંગીતાચાર્ય ડૉ. પ્રદીકુમાર દિક્ષિત — વડોદરા

સંગીતાચાર્ય શ્રી દીક્ષિતજીએ સંગીત કલા સાધનાની ઉંચ કલા પ્રાપ્તિ ભારતીય સંગીતસમ્રાટ સ્વ. પૂજ્ય પંડીત શ્રી ઓમકારનાથજી દ્વારા ગ્રહણ કરી હતી. શ્રી દિક્ષીતજીએ ખ્યાલ, ધ્રુપદ, ધમાર, ઠુમરી ઈત્યાદીની ગાયકીઓ પર સ્વર સાધના કરી ભારતીય સંગીત કલા ક્ષેત્રમાં પ્રતિષ્ઠાવાન ગાયકનું ઉંચ પદ પ્રાપ્ત કરેલ છે. સ્વ. પંડીતજીની સંગીત કલાને પોતાના જીવનમાં ઉતારી સારાયે ગુજરાતમાં શ્રી દિક્ષીતજીએ પ્રચાર કર્યો છે. શ્રી વિશ્વ ભારતી કોલેજ—બનારસના આચાર્યપદે આપ સંગીત કલાના શિષ્ય તથા શિષ્યાઓ તૈયાર કરી રહ્યા છો. ભારતીય સંગીત કલા સાધકોમાં આપનું સર્વશ્રેષ્ઠ સ્થાન છે.

### શ્રી વિભુકુમાર એસ. દેસાઈ — વડોદરા

શ્રી વિભુકુમાર દેસાઈ સંગીત તથા સાહિત્યક્ષેત્રના ઉંચા કલા સાધક છે. શ્રી દેસાઈજી ભારતવર્ષના ઘણાએ સંગીત વિશારદોના સમાગમમાં આવી સંગીત વિદ્યાના ઉંચ જ્ઞાનની પ્રાપ્તિ કરેલ છે. શ્રી દેસાઈએ વરોડામાં રહી સંગીત ગાયકીનો પણ અભ્યાસ કરેલ છે અને વરોડા તો લલિતકલાનું ધામ છે. અને ઘણાએ કલા સાધકોને જન્મ આપેલ છે શ્રી દેસાઈજીએ સંગીત તથા સાહિત્યના ઘણાએ ગ્રંથો સર્જન કરી ભારતીય કલા ક્ષેત્રે સ્થાન [illegible] કરેલ છે. આપ એક કલાના જીવંત સાધક છો.

**શ્રી ચિનુભાઇ શાહ** **અમદાવાદ**

ગુજરાતના સ્વરસાધક શ્રી ચિનુભાઇ શાહે સંગીત કલાનું ઉંચ અધ્યયન કરી સંગીત કલા ક્ષેત્રે સારી પ્રસિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. આપ આપનું સારૂંએ જીવન સંગીત સાધનામાં વ્યતીત કરો છો. આપ સંગીતના એક ઉંચકક્ષાના કલાકાર છો. આપના સંગીત પ્રોગ્રામ અમદાવાદ રેડીયો પરથી પ્રસિદ્ધ થાય છે.

**શ્રી ભાઇલાલ બારોટ** **અમદાવાદ**

શ્રી ભાઈલાલભાઈ બારોટે બંસરી વાદનકલાની ઉંચ તાલિમ ગ્રહણ કરી ભારતીય સંગીત કલાક્ષેત્રે પોતાનું નામ સર્વોપરી સાબીત કરેલ છે. શ્રી બારોટે સંગીતના સપ્ત સુર ઉપર બંસરી વાદનમાં ઘણું જ પ્રાવિણ્યપદ સંપાદીત કરેલ છે. તેઓ ગુજરાતના નામી કલા વાદનાચાર્ય છે. અમદાવાદ રેડીયો પરથી તેઓનું બંસરીવાદન પ્રસારીત થાય છે.

**શ્રી પેટ્રીક માર્કસ** **અમદાવાદ**

શાસ્ત્રીય તથા સુગમ સંગીતના સાધક શ્રી પેટ્રીક માર્કસ અમદાવાદના પ્રખ્યાત સંગીતવાદનાચાર્ય છે. તેમણે સંગીતક્ષેત્રમાં ઘણાંએ સંગીત શિષ્યો તથા શિષ્યાઓ તૈયાર કરેલ છે. શ્રી માર્કસ હારમોનીયમ, સિતાર, મેંડોલીન, વાયોલીન, ગિટાર ઈત્યાદિ વાદ્યો પર સારૂં પ્રભુત્વ ધરાવે છે. શ્રી માર્કસ 'સેન્ટ જેવિયર્સ કોલેજ''ના મ્યુઝીક એન્ડ ફાઈન આર્ટસ છે. શ્રી માર્કસે ભારતના મશહુર નૃત્ય પદ્મશ્રી સમ્રાજ્ઞી મૃણાલની સારાભાઈ સાથે સંગીતના ઉંચ કાર્યક્રમો સમર્પિત કરી ગુજરાતના સંગીત ઈતિહાસમાં સારૂં નામ પ્રાપ્ત કરેલ છે. ભારતવર્ષના સિતારનવાજ શ્રી વિલાયતહુસેનના માર્ગ-દર્શનથી ઈંદોર ઘરાનાના ઉસ્તાદ શ્રી ગુલામહુસેનખાં સાથે સંપર્ક સાધી સિતારવાદનકલામાં ઘણુંજ પ્રાવિણ્યતા સંપાદિત કરેલ છે. શ્રી માર્કસ ગુજરાતના પ્રતિભા સંપન્ન ઉંચ સંગીત સાધક છે. શ્રી માર્કસ સંગીતક્ષેત્રના નામી સંગીત કલાકાર છે.

**સંગીતાચાર્ય શ્રી મધુકર પેંડસે** **વડોદરા**

શ્રી મધુકર પેંડસેએ સંગીતની ઉંચ તાલિમ શ્રી મધુસુદન એસ. જોશીજી પાસેથી સંપાદિત કરી ખ્યાલ, ઠુમરી, ધ્રુપદ, ધમાર ઈત્યાદિ ગાયકીમાં અતિ ઉંચકક્ષાનું પ્રાવિણ્યપદ પ્રાપ્ત કર્યું હતું. શિશવયથી આપને સંગીત પ્રત્યે પ્રેમભાવનાની ઉંચ સંસ્કારોની જાગૃતિ થવા લાગી. હાલમાં આપ દક્ષિણ હૈદ્રાબાદમાં સરકારી સંગીત મહાવિદ્યાલયમાં આચાર્યપદે છો. આપ સંગીતના સર્વશ્રેષ્ઠ કલાકાર છો.

**શ્રી લાલજીભાઈ વી. ચૌહાણ** **અમદાવાદ**

શ્રી લાલજીભાઈ ચૌહાણે સંગીતનું ઉંચશિક્ષણ અમદાવાદના મશહુર સંગીતાચાર્ય શ્રી રાયજીભાઈ પટેલ પાસેથી પ્રાપ્ત કરી સંગીત વશારદની પદવી સંપાદિત કરેલ છે. અમદાવાદ રેડીયો પરથી આપના ઉંચકોટીના સંગીતના પ્રોગ્રામ પ્રસારિત થાય છે. 'સંગીત' હાથરસ માસિકમાં આપની ઉંચકોટીની સ્વર રચનાઓ પ્રસારિત થાય છે. ગુજરાતના એક નામી ગાયકમાં આપની ગણના થાય છે

**શ્રી ભિખુભાઇ બી ભાવસાર** **વલસાર**

ભારતીય સંગીત સંસારના શ્રી ભિખુભાઈ ભાવસારે સંગીતની ઉંચશિક્ષાનું અધ્યયન કરી સંગીતના ક્ષેત્રમાં સારી ખ્યાતિ સંપાદીત કરેલ છે. તેઓ ખ્યાલ ગાયકીના ગુજરાતના એક નામી સ્વર સાધક છે. સંગીતના ક્ષેત્રમાં તેઓ સારી પ્રતિષ્ઠા ધરાવે છે. અમદાવાદ રેડીયો પરથી આપના સંગીત પ્રોગ્રામ પ્રસારીત થાય છે. ભારતીય સંગીતક્ષેત્રમાં આપનું શિષ્યવૃંદ ઘણુંએ છે.

**શ્રી બચુભાઇ સોની** **નવસારી**

શ્રી બચુભાઇ સોનીએ સંગીત ગાયકીની ઉંચ સાધના સાધી ભારતીય સંગીતક્ષેત્રમાં ઉંચ નામના સ્થાપિત કરેલ છે. શ્રી બચુભાઇએ ખ્યાલ, ઠુમરી, ધ્રુપદ ઈત્યાદી ગાયકીઓમાં સારૂં સ્થાન પ્રાપ્ત કરેલ છે. શ્રી બચુભાઈ સારાએ ગુજરાતના સુપ્રસિદ્ધ સંગીત કલા સાધક છે અને સંગીત કલા સાધકોમાં ઉંચ પ્રતિષ્ઠા ધરાવે છે. તેમના ઘણાએ શિષ્ય-શિષ્યાઓ તેમની સંગીત કલાનો પ્રચાર કરે છે. અમદાવાદના આકાશવાણી પરથી આપના સંગીત પ્રોગ્રામો પ્રસારીત થાય છે.

**સંગીત વિશારદ શ્રી સોમનાથ વ્યાસ** **અમદાવાદ**

શ્રી સોમનાથ વ્યાસે સંગીતની ઉંચશિક્ષાની તાલીમ લઇ ગુજરાતની સંગીત કલા રસીક જનતામાં સંગીતના ઉંચ સંસ્કારોનું સર્જન કર્યું. તેઓ સંગીત કલાના એક નામી સ્વર સાધક છે. સંગીતક્ષેત્રમાં તેઓએ ઘણા શિષ્ય તથા શિષ્યાઓ તૈયાર કરી ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. સંગીત સંસારની આપ પ્રતિભાશાળી વ્યક્તિ છો. આપ આપનું જીવન સંગીત સાધનામાં વ્યતીત કરો છો.

**શ્રી હંસા દવે** **અમદાવાદ**

શ્રી હંસા દવેએ સંગીતની આરાધનાનું ઉંચ અભિનવ દર્શન કરી સુગમ તથા શાસ્ત્રીય સંગીતમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલ છે. તેમણે તેમના અતિ મધુર કોકીલ કંઠથી ગુજરાતના સંગીત રસીક પ્રેક્ષકોના મનરંજીત કરી દીધેલ છે. શ્રી હંસા દવેને ગુજરાતી ચિત્ર ''કંકુ''માં પ્લેબેક આપવા સંગીતસર્જક શ્રી દિલીપ ધોળકીઆ તેમના મધુરસ્વર સાધનામય મધુર કંઠને સ્વર લ્હેરી દ્વારા પ્રસારીત કરશે. હિંદી ચિત્ર સંગીતસર્જક શ્રી જયદેવ પણ તેણીને તેમના ચિત્રમાં પ્લેબેક આપવા વિચારી રહ્યા છે. શ્રી હંસા દવે ગુજરાતની એક મધુર કંઠ સાધિકા છે.

**શ્રીમતી જયશ્રી જી. પાઠક** **અમદાવાદ**

સંગીત વિશારદા શ્રીમતી જયશ્રી પાઠકે મધુરકંઠ દ્વારા સ્વર-સાધના કરી સંગીતક્ષેત્રમાં સારી પ્રસિદ્ધિ સંપાદન કરી છે. શ્રીમતી જયશ્રીએ સંગીતક્ષેત્રમાં સંગીતની શિષ્ય સાધિકાઓ તૈયાર કરી ગુજરાતને અમૂલ્ય ભેટ સમર્પિત કરેલ છે. તેઓ શાસ્ત્રીય ગાયકી પર સારૂં પ્રભુત્વ ધરાવે છે. શ્રીમતી પાઠક ગુજરાતની પ્રતિષ્ઠાવાન સ્વર સાધિકા છે.

**શ્રી મકરંદ બાદશાહ** **અમદાવાદ**

ગુજરાતના સુપ્રસિદ્ધ ગાયન વાદનાચાર્ય શ્રી મકરંદ બાદશાહે સંગીત વિદ્યાનું ઉંચ અધ્યયન કરી સંગીતના ક્ષેત્રમાં ઉંચ ગાયક

તથા વાદકનું સ્થાન પ્રાપ્ત કરેલ છે. ગાયકીની સાથોસાથ આપ સિતાર, દિલરૂબા, તબલા ઇત્યાદિ વાદ્યવાદનમાં સારી પ્રવીણતા ધરાવો છો. અમદાવાદ રેડીયો પરથી આપના સંગીત પ્રોગ્રામ પ્રસારીત થાય છે. ગુજરાત સંગીત ક્ષેત્રના આપ નામી કલાકાર છો.

**સ્વ. શ્રી રામભાઉ બટ્ટ** — **અમદાવાદ**

અમદાવાદના સુપ્રસિદ્ધ તબલા વાદનાચાર્ય સ્વ. શ્રી રામભાઉ બટ્ટે તબલા વાદનની ઉંચ ઉપાસના કરી ભારતીય સંગીત ક્ષેત્રમાં એક શ્રેષ્ઠ તબલા વાદનાચાર્ય તરીકે સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. દિલ્હી, પુરબ, અજરડા, લખનવી ઈત્યાદી તબલાનો બાજ બજાવવામાં આપે વાદન નિપૂણતા પ્રાપ્ત કરી હતી. આપના તબલા વાદનનો પ્રોગ્રામ અમદાવાદ રેડીયો પરથી પ્રસારીત થતો હતો આપનો થોડા વર્ષ ઉપર સ્વર્ગવાસ થયેલ છે.

**શ્રી નવનીતલાલ ચોકસી** — **અમદાવાદ**

ભારતીય સંગીત ક્ષેત્રના શાસ્ત્રીય સંગીતના ઉપાસક શ્રી નવનીતલાલે સંગીતશાસ્ત્રનું ઉંચ અધ્યન કરી સંગીત કલા ક્ષેત્રમાં સારી પ્રસિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. આપ ખ્યાલ, ધ્રુપદ ઠુમરી ઇત્યાદી ગાયકીઓ પર વિશિષ્ટતા ધરાવો છો. આપનુ સંગીત ગાયકીના પ્રોગ્રામ અમદાવાદ રેડીયો પરથી પ્રસારીત થાય છે.

**શ્રી શ્રીનિવાસ ચિનોય** — **રાજકોટ**

શ્રી શ્રીનિવાસ ચિનોયે ભારતનાટયમ્ નૃત્યની ઉંચ સાધના કરી નૃત્યના ક્ષેત્રમાં આપે સારી પ્રાવિણ્યતા ધરાવી છે. નૃત્યના ક્ષેત્રમાં ઘણાએ શિષ્ય તથા શિષ્યાએ તૈયાર કરી ભારતીય નૃત્ય સંસારમાં પ્રગતિ કરી છે. આપે કથક નૃત્યમાં પણ સાધના કરી ઉંચ પ્રાવિણ્યપદ સંપાદીત કરેલ છે. આપ નૃત્યના એક મહાન

**શ્રી એસ કે. ભટ્ટનાગર** — **જામનગર**

શ્રી એસ કે. ભટ્ટનાગરે સંગીનના ભિન્ન ભિન્ન પ્રકારોના નૃત્યનું અધ્યન તથા સાધના કરી નૃત્યના ક્ષેત્રમાં સારી નામના પ્રસિદ્ધ કરી છે. આપે આપની સાધના દ્વારા નૃત્ય નાટીકાઓનું સર્જન કરી ભારતીય કલા જગત ક્ષેત્રમાં સારી પ્રતિષ્ઠા સંપાદીત કરેલ છે. ભારતીય નૃત્ય, સંગીત, તથા વાદન ઈત્યાદિ કલાઓમાં આપ પ્રાવિણ્યતા ધરાવો છો.

**શ્રી યોગેંદ્ર દેસાઇ** — **અમદાવાદ**

ગુજરાતના કલાક્ષેત્રમાં શ્રી યોગેન્દ્ર દેસાઇએ સંગીત તથા નૃત્ય સાધનામાં પ્રાવિણ્યતા સંપાદન કરી, આધુનિક નૃત્ય નાટિકાઓનું સર્જન કરી ભારતીય કલા જગતમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. કથક નૃત્ય તથા સંગીતની ગાયકી તથા વાદનકલામાં પ્રભુતાપદ આપે પ્રાપ્ત કર્યું છે. આપની નૃત્ય નાટિકાઓ સૌરાષ્ટ્ર, પંજાબ, મદ્રાસ ઈત્યાદી ભાગોમાં સારી પ્રતિષ્ઠા પામેલ છે. આપ કલાના એક મહાન સર્જક તથા ગાયન, વાદન અને નૃત્યના આરાધક છો.

**શ્રી હિંમતસિંહજી તથા શ્રી શોભાદેવી ચૌહાણ** — **અમદાવાદ**

ગુજરાતના સુપ્રસિદ્ધ નૃત્યાચાર્ય શ્રી હિંમતસિંહજી તથા તેમની ધર્મપત્ની શ્રીમતી શોભાદેવીએ નૃત્ય, ગાયન, વાદનનું ઉંચ શિક્ષણ પ્રાપ્ત કરેલ છે. તેઓએ કથકલી નૃત્યની શિક્ષા કેરલના મશહુર નૃત્યાચાર્ય શ્રી કુંજુનાયર દ્વારા પ્રાપ્ત કરી. નૃત્યની ભિન્ન ભિન્ન પદ્ધતિ જેવી કે ભરતનાટયમ્, કથક, કથકલી, મણીપુરી ઇત્યાદિ ભારતીય નૃત્યશૈલીઓનું અધ્યન કરી નૃત્યની સૃષ્ટિમાં આપ બંનેએ પ્રભુત્વ સ્થાન પ્રાપ્ત કર્યું છે. ભારતીય નૃત્ય તથા સંગીત સંસારના આપ બંને મહાન તપસ્વી સાધક છો.

**શ્રી નરેન્દ્ર શર્મા** — **રાજકોટ**

ગુજરાત તેમજ સારાયે સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ નૃત્યસાધક શ્રી નરેન્દ્ર શર્માએ કથક નૃત્ય તથા સંગીતનો ઉંચ અભ્યાસ કરી ભારતીય સંગીત કલા ક્ષેત્રમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. આપ રાજકોટ નૃત્ય સંગીત અકાદમીના નૃત્યાધ્યાપક છો. આપ ભારતીય નૃત્યની સઘળી શૈલીઓમાં સારૂં પ્રભુત્વ ધરાવો છો. ભારતીય ગાયન, નૃત્ય અને વાદનકલાના આપ મહાન સાધક છો. આપનું શિષ્ય તથા શિષ્યાઓનું વૃંદ આપની કલાનો પ્રચાર કરે છે

**શ્રી બિંદુ માધવ તેંડુલકર** — **અમદાવાદ**

મશહુર વાયોલીન વાદનાચાર્ય શ્રી બિંદુ માધવ તેંડુલકરે સંગીતની શિક્ષા શ્રી મંગેશરાવ તથા શ્રી કીશનરાવ તેંડુલકર પાસેથી સંપાદન કરી વાયોલીન વાદનાચાર્યમાં પાંડિત્ય ધરાવેલ છે. તેમનું વાયોલિનવાદન અમદાવાદ રેડીયો સ્ટેશન પરથી પ્રસારીત થાય છે. જેમાં તેમની લયસાધનાના અદ્ભુત દર્શન થાય છે. તેઓ ભારતમાં ઉંચકક્ષાના વાયોલિન વાદકનું સ્થાન ધરાવે છે.

**શ્રી સાદતઅલીખાન** — **અમદાવાદ**

અમદાવાદના મશહુર ગવૈયા સાદતઅલીખાને સંગીતનું ઉંચ શિક્ષણ તેમના જગમશહુર સ્વર્ગસ્થ પિતાશ્રી અશરફખાન પાસેથી લીધેલું કે જેમણે રંગભૂમિ તથા સંગીતના અભિનય રસદર્શનથી ગુજરાતની જનતાને મુગ્ધ કર્યા હતા. તે તેમના પુત્ર સાદીતઅલીખાં સંગીતની દુનિયામાં સારી ગાયકીની પ્રાવિણ્યતા ધરાવે છે.

**સ્વ. વાડીલાલ એસ. નાયક** — **અમદાવાદ**

સ્વ. શ્રી વાડીલાલ નાયકે સંગીતશાસ્ત્ર તથા ગાઈકીનું ઉંચ અધ્યન પંડીત વિષ્ણુનારાયણ ભાતખંડેજી પાસે તથા ભારતના સર્વશ્રેષ્ઠ મુસ્લીમ ઉંચ ઘરાનાના ગાયકો પાસે રહી ભારતીયશાસ્ત્ર તથા ગાયિકીમાં અતિ પ્રાવિણ્યતા સંપાદન કરી હતી. સ્વ. શ્રી વાડીલાલે સંગીતના ક્ષેત્રમાં ઉંચ શિષ્ય તથા શિષ્યાએ તૈયાર કરી સારાયે ગુજરાતમાં સંગીતનો પ્રચાર કર્યો. શ્રી ભાતખંડેજીના તેઓ સંગીતપ્રિય શિષ્ય હતા. સ્વ. વાડીલાલે નાટ્ય સંસાર પ્રવૃત્તિમાં પણ એક સારા હારમોનિય વાદક તરીકે સર્વશ્રેષ્ઠ પદ પ્રાપ્ત કર્યું હતું. આ કલા શાસ્ત્રના મહાન સાધકનો થોડા વર્ષો પહેલા સ્વર્ગવાસ થયો છે.

**સ્વ. નારાયણ મોરેશ્વર ખરે** — **અમદાવાદ**

ગુજરાતના સુપ્રસિદ્ધ સંગીતશાસ્ત્રી શ્રી નારાયણ મોરેશ્વરે સંગીતનું ઉંચજ્ઞાન તથા સાધના ભારતના નામી ગાયનાચાર્ય સ્વ શ્રી વિષ્ણુદિગંબરજી પાસે કરી સંગીતશાસ્ત્રમાં તથા ગાયકી અને વાદનમાં સર્વશ્રેષ્ઠ પદ પ્રાપ્ત કર્યું હતું. આપે ખ્યાલ, ધ્રુપદ, ધમાર, ઠુમરી

ભજન ઈત્યાદી શૈલીની ગાયકીમાં અદ્દભૂત પાંડીત્ય સંપાદીત કર્યું હતું. સાબરમતી આશ્રમમાં આપે ભજન ગાયકીનો પ્રચાર કરી નિપૂણતા પ્રાપ્ત કરી હતી. જ્યારે સ્વ. ગાંધી બાપુજી સાબરમતી આશ્રમમા આવતા ત્યારે શ્રી ખરે સાહેબને ભજન સંભળાવવાનું કહેતા હતા. સ્વ. પુજ્ય ગાંધી બાપુ પણ તેઓના ભજન સાંભળી મનોમુગ્ધ તો થઇ જતા હતા. શ્રી ખરેએ "આશ્રમ-ભજનાવ-ી" તથા સંગીતના ઉત્તમ પુસ્તકોનું સર્જન કર્યું છે. આપ સિતાર, દિલરૂબા, વાયોલીન ઇત્યાદિ વાદ્યો બજાવવામાં સારી પ્રાવિણ્યતા ધરાવતા હતા. વર્ષો પહેલા આ કલાના સ્વામિનો સ્વર્ગવાસ થયો છે. આપના શિષ્ય તથા શિષ્યાઓ આપની કલાનો પ્રચાર કરે છે.

### શ્રી નારાયણરાવ તાંબે — સુરત

ગુજરાતના સુપ્રસિદ્ધ સંગીતાચાર્ય શ્રી નારાયણરાવ તાંબેએ સંગીતની ઉચ્ચ આરાધના તેમના સ્વ. પિતાશ્રી દત્ત બુવા (કિર્તનાચાર્ય) પાસે સતત દસ વર્ષ રહી સંગીત વિદ્યામાં આપે કુશળતા ગ્રહણ કરી. આપ ખ્યાલ, ધ્રુપદ, ધરાના, ઠુમરી ઇત્યાદિ સંગીતની ગાયકીમાં કલા કૌશલ્યતા ધરાવો છો. આપે સંગીત ગાઇડોઓના ગ્રંથોનું પણ સર્જન કર્યું છે. શહેરમાં આપે સંગીત વિભાગમાં ધણાએ શિષ્ય, શિષ્યાઓ તૈયાર કરેલ છે. આપ ભારતીય સંગીત ક્ષેત્રના પ્રસીદ્ધ સંગીતનિધિ છો આપ આપનું અમૂલ્ય જીવન કલાસાધનામાં વ્યતિત કરો છો.

### શ્રી રસીકલાલ ભોજક — અમદાવાદ

શ્રી રસીકલાલ સી ભોજકે બી. એ. સુધી વિદ્યાભ્યાસ કરી સંગીતનું શિક્ષણ શ્રી ગજાનન ઠાકુર પાસેથી ગ્રહણ કર્યું હતું તેઓએ સુગમ તથા શાસ્ત્રીય સંગીતમાં પ્રાવિણ્યતા મેળવી ગુજરાતમાં સારી પ્રસિદ્ધિ સપાદન કરી છે. તેઓ અમદાવાદ રેડીયો સ્ટેશનના સુગમ સંગીતના સંગીત નિર્માતા છે. તેઓનું મુળ વતન ભાવનગર છે.

### શ્રી ઓચ્છવલાલ શાહ — અમદાવાદ

અમદાવાદ "ધી ઓરિજીનલ મ્યુઝિક સ્કુલ"ના પ્રિન્સિપાલ શ્રી ઓચ્છવલાલ એસ. શાહે સંગીતનું શાસ્ત્રીય શિક્ષણ પુજ્ય ગુરૂ શ્રી પ્રભાકર મહાદેવ કોલંબેકર પાસેથી સંપાદીત કરી અમદાવાદની સંગીત પ્રિય જનતામાં સારી ખ્યાતિ પ્રાપ્ત કરેલ છે. અને તેમણે દિલરૂબા વાદનની તાલીમ શ્રી વાડીલાલ ગોવિંદલાલ ભાવસાર પાસેથી ગ્રહણ કરી ગાયન તથા વાદન સાધનામાં ધણી પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી છે અને ભારતીય સંગીત ક્ષેત્રમાં તેમણે મહાન સંગીત ગ્રંથો લખી પ્રકાશિત કર્યા છે, જે સંગીતગ્રંથો ભારતીય સંગીત સંસારને અતિ મહત્વના છે. તેમણે સંગીતમાં ધણા શિષ્ય-શિષ્યાઓ તૈયાર કરેલ છે.

### ડૉ. મુળજીભાઇ પી. શાહ — અમદાવાદ

સંગીત સાહિત્ય આચાર્ય ડૉ. મુળજીભાઈ પી. શાહે સંગીતનું પ્રાથમિક શિક્ષણ તેમના પિતાશ્રી પાસેથી પ્રાપ્ત કરી સંગીત તથા સાહીત્યમાં ધણીજ સારી કિર્તિ સંપાદન કરેલ છે. અને તેઓ ભારતના પ્રસિદ્ધ સંગીત કલા સાધકોનો સંપર્ક સાધી સંગીતમાં પ્રાવિણ્યતા પ્રાપ્ત કરેલ છે તેમણે ભારતીય સંગીત કલાકારોના જીવન ચરિત્ર પ્રાપ્ત કરી પ્રકાશિત કર્યા છે, જે ભારતીય સાહિત્ય સર્જનમાં સાહિતથા ભૂષણ સાહિત્ય મહોપાધ્યાય ઈત્યાદી પદવીઓથી વિભુષિત થયેલ છે. ભારતીય કલા ક્ષેત્રમાં તેઓ સારૂં માન ધરાવે છે. તેઓ અમદાવાદ રેડીયો સ્ટેશનના એક સાહિત્ય સંગીત લેખક છે.

### શ્રી હરિહર શિવશંકર પંડયા — વડોદરા

બરોડા મ્યુઝિક કોલેજના મશહુર તબલાવાદનાચાર્ય શ્રી હરીહર એસ. પંડ્યાએ તબલાની શિક્ષા શ્રી વાડીલાલ ગોવિંદલાલ ભાવસાર પાસેથી લઈ તબલા વાદન ક્ષેત્રમાં સારી પ્રાવિણ્યતા ગ્રહણ કરી છે. અને તેઓએ તબલાવાદનમાં ધણાં શિષ્યો તૈયાર કરેલ છે. તેઓ ગુજરાતના એક સારા તબલાવાદનાચાર્ય છે.

### શ્રીમતી કૌમુદીની લાખીયા — અમદાવાદ

ગુજરાતની સુપ્રસિદ્ધ નૃત્યાંગના શ્રીમતી કૌમુદીની લાખીયાએ નૃત્યનું ઉંચ અધ્યન શ્રી મૃણાલીની સારાભાઈ તથા શ્રી ઉદયશંકર પાસેથી ગ્રહણ કરી ભારતીય કથક નૃત્યમાં સારી પ્રાવિણ્યતા સંપાદીત કરેલ છે. આપે ભારતીય કથક નૃત્યની સાથે સાથ કથકલી, મણીપુરી તથા ભરતનાટ્યમ્‌ની પણ સાધના કરી નૃત્યક્ષેત્રમાં એક અનોખી પ્રતિષ્ઠા જમાવી છે. ભારતીય નૃત્યક્ષેત્રમાં આપે ધણીએ શિષ્યાઓને નૃત્ય પ્રાવિણ્યતામાં તૈયાર કરેલ છે. આપ નૃત્યની સાથે શાસ્ત્રીય સંગીતમાં પણ નિપુણતા ધરાવો છો.

### શ્રીમતી સુવર્ણા દલાલ — અમદાવાદ

સુગમ સંગીતના સ્વર સાધીકા શ્રી સુવર્ણાદલાલે સુગમ સંગીતની ઉંચ સાધના શ્રી. ભાઈલાલભાઈ શાહ પાસે કરી સંગીત વિધ્યામાં પ્રાવિણ્યતા પ્રાપ્ત કરેલ છે. અમદાવાદ રેડીયો પરથી આપનો સુમધુર કંઠ પ્રસારીત થાય છે.

### શ્રીમતી પાર્વદી દેસાઈ — અમદાવાદ

ગુજરાતની સુપ્રસિદ્ધ શાસ્ત્રીય સંગીત ગાયીકા શ્રી પાર્વદી દેસાઈએ સંગીત શાસ્ત્રનું ઉંચ અધ્યન કરી સંગીત ગાયકીમાં અતિ પ્રાવિણ્યતા ભર્યું સ્થાન તથા પ્રતિષ્ઠા સંપાદીત કરેલ છે. આપ ખ્યાલ, ઠુમરી, ધ્રુપદ ઈત્યાદી ગાયકીઓમાં સારૂં પ્રભુત્વપદ સંપાદીત કરેલ છે. ભારતીય સંગીતક્ષેત્રની આપ ઉંચ કલાધાત્રિ છો. આપનું સંગીત પ્રોગ્રામ રાજકોટ રેડીયો પરથી પ્રસારીત થાય છે.

### શ્રી સરોજ ગુંદાણી — અમદાવાદ

શાસ્ત્રીય તથા સુગમસંગીતની સ્વરસાધિકા શ્રી સરોજ ગુંદાણીએ સંગીતની ઉંચ સાધના શ્રી ભાઈલાલભાઈ શાહ પાસે કરી સંગીતના ક્ષેત્રમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે આપના પ્રોગ્રામ આકાશવાણી અમદાવાદ પરથી પ્રસારીત થાય છે. આપ ભારતીય સંગીતક્ષેત્રની એક ઉંચ સ્વરસાધીકા છો.

### શ્રીમતી શાંતા ચોકસી — અમદાવાદ

ગુજરાતની શાસ્ત્રસિદ્ધ ગાયીકા શ્રી શાંતા ચોકસીએ શાસ્ત્રીય સંગીતની ઉચ આરાધના કરી સંગીતજગતમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલ છે. આપે ખ્યાલ, ધ્રુપદ, ઠુમરી ઈત્યાદી ગાયકીઓ પર સારૂં પ્રભુત્વ ગ્રહણ કરેલ છે. આપ આપની સુમધુર ગાયકીની સ્વરલહેરી આકાશવાણી અમદાવાદ પરથી પ્રચારીત કરો છો.

**શ્રીમતી પિનાકીન અંજારીયા** — **અમદાવાદ**

શ્રીમતી પિનાકીન અંજારીયાએ ભારતનાટય, કથક, કથકલી, મણીપુરી ઈત્યાદી નત્યશૈલીનું અધ્યન કરી નૃત્યક્ષેત્રમાં સારી પ્રાવિણ્યતા મેળવી છે. આપ નૃત્યકલા ક્ષેત્રની આપ એક ઉંચ નૃત્યસાધીકા છો. આપ આપનું જીવન નૃત્ય સાધનામાં વ્યતીત કરો છો.

**શ્રીમતી નિમળા ભટ્ટ**, એમ.બી.બી.એસ. — **ભાવનગર**

શ્રી નિર્મલા ભટ્ટે સંગીતનું ઉંચ અધ્યન તેમના પિતાશ્રી ડૉ. વિજયશંકર ભટ્ટ પાસેથી કરી સંગીતક્ષેત્રમાં સારી પ્રસિદ્ધતા પ્રાપ્ત કરી છે. આપે આપનું જીવન કલા સાધનાને અર્પિત કરેલ છે. આપના પ્રોગ્રામ આકાશવાણી રાજકોટ પરથી પ્રસારીત થાય છે આપ સુગમ તથા શાસ્ત્રીય સંગીતની સાધીકા છે.

**શ્રી બાબુરાવ કર્ણિક** — **વડોદરા**

ગ્વાલીયર ઘરાનાના મશહુર સંગીત કલા સાધક વિદ્વાન સંગીત કલાકાર છે. તેમનું બરોડામાં "અરુણ સંગીત વિદ્યાલય" માં ઘણાએ સંગીત વિદ્યાર્થીઓ સંગીતની સાધના કરવા આવે છે. શ્રી બાબુરાવ કર્ણીક ઉપરોક્ત સંગીત વિદ્યાલયના સંચાલક તથા સંગીતાચાર્ય છે. શ્રી કર્ણીક સંગીતની ઉંચ શિક્ષા ભાતખંડેજી પાસેથી ગ્રહણ કરેલી. ભારતના નામી ગાયકોમાં આપનું સ્થાન અગ્રગણ્ય છે.

**સ્વર્ગસ્થ શ્રી અશરફખાન** — **અમદાવાદ**

સ્વર્ગસ્થ અશરફખાને દેશી નાટક, લક્ષ્મીકાંત નાટક તથા નાટકની અન્ય રંગભુમિ ઉપર પોતાનો ઉમદા અભિનય તથા સંગીતના મધુર સ્વરોની ભાવનાઓનું રસદર્શન કરાવી સિદ્ધિને મહાન શિખરે પહોંચી ગયા હતા. તેમણે અભિનય તથા સંગીતના મધુર કંઠ દ્વારા ગુજરાત, સૌરાષ્ટ્ર, મુંબઈરાજ્યના નાટય પ્રેમી તથા સંગીત પ્રેમી જનતાના મન આનંદ વિભોર કરી દીધા હતા શ્રી અસરફખાન એક મધુર કંઠના સુર સ્વામી હતાં તેમની "હિઝ માસ્ટર્સ વોઈસ" કુંપની ઘણીજ સંગીત રેકોર્ડ પ્રસિદ્ધ કરી છે. ભારતીય જગતના આ લોકલાડીલા ગાયક તથા નાટય અભિનય દર્શનના સ્વામી સદાય સમચિની ગોદમાં અમદાવાદની ભુમિમાં નિદ્રાધિન થઈ ગયા છે. તેમના પુત્ર શ્રી સાદતઅલીખાન ઉંચ કક્ષા । સંગીત કલા વિશારદ છે

**શ્રી આણંદજી કે પંડયા** — **લીંબડી**

રંગભુમિ તથા લોકગીતોના સુપ્રસિદ્ધ શ્રી આણંદજભાઈ પંડયા ભારતવર્ષ તથા ગુજરાતની રંગભુમિના સુપ્રસિદ્ધ અભિનયકાર તથા લોકસંગીતના એક પ્રસિદ્ધ કલાકાર છે. તેમણે નાટય સંસારની દુનિયામાં પ્રણવ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. તેઓએ સંગીતનો મધુર કંઠ હિઝ માસ્ટર્સ વોઈસ રેકર્ડ દ્વારા પ્રસારીત કરેલ છે દેશી-નાટક ઈત્યાદી રંગભૂનિ ઉપર ઉત્તમ સંગીત તથા અભિનય દર્શન આપી આ નાટય નટે પોતાનું પ્રણવ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

**શ્રી શામળજી કેભાઈ પંડયા** — **લીંમડી**

શ્રી શામળજીભાઈ પંડયાએ લોક સંગીત તથા ભજન સંગીતની ઉંચ સાધના દ્વારા પોતાનું સ્થાન સૌરાષ્ટ્રમાં મોખરે રાખેલ છે. તેમની ઘણીએ લોકસંગીત તથા ભજન સંગીતની રેકોર્ડ "હિઝ માસ્ટર્સ વોઈસ કુંપની" એ પ્રસિદ્ધ કરી છે. ગુજરાત તથા સૌરાષ્ટ્રના એક નામી લોક સંગીત ગાયક છે. તેઓ હારમોનિયમ પ્રાવિણ્યતા ધરાવે છે.

**સ્વામી શ્રી વલ્લભદાસજી** — **વડોદરા**

સ્વામીનારાયણ સંપ્રદાયના સ્વામી શ્રી વલ્લભદાસજી સંગીતસમ્રાટે સંગીતની શિક્ષા આગ્રા ઘરાનાના મહાન ઉસ્તાદ સ્વ. શ્રી ફૈયાઝ હુસેન પાસેથી ગ્રહણ કરી સંગીતની સાધનામાં ઉંચ પ્રાવિણ્યપદ સંપાદિત કર્યું. સ્વામીશ્રીએ પચીશ વર્ષ સંગીત સાધના કરી રસ, તાલ, લય ઈત્યાદી સંગીતના અગત્યના અંગો પર અદ્દભુત કાબુ મેળવ્યો. સ્વ. ખાનસાહેબને સ્વામીજીની ગાયકી ઉપર ઘણોજ પ્રેમ તથા ઉંચ ભાવનાઓ હતી. ભારતવર્ષના સર્વશ્રેષ્ઠ ગવૈયામાં તેમનું પ્રણવસ્થાન છે તેમની ગાયકી ભક્તિભાવના પ્રાધાન્ય છે. સ્વામીજીનુ 'શ્રી વલ્લભ સંગીતાશ્રમ' નામની સંસ્થા શીવ–મુંબઈમાં ચાલે છે. જેમાં સંગીતના વિદ્યાર્થીઓ સંગીતની શિક્ષા લે છે. હાલમાં સ્વામીજી અમેરીકાના પ્રવાસે પોતાની ગાયકીનો પ્રચાર કરવા માટે ગયેલ છે.

**શ્રી રજનીકત વી. દેસાઇ** બી.એ. — **વડોદરા**

આગ્રા ઘરાનાના સંગીતાચાર્ય શ્રી રજનીકાંત દેસાઇએ સંગીતની શિક્ષા સ્વ ઉસ્તાદ શ્રી ફૈયાદહુસેનખાન પાસેથી ગ્રહણ કરી સંગીત ક્ષેત્રમાં પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી. તેમને સંગીતનો વારસો તેમના પરિવારમાંથી ઉતરી આવ્યો હતો. શ્રી દેસાઇએ બી.એ. સુધી વિદ્યાભ્યાસ કર્યો હતો. તેઓ આગ્રા ઘરાનાના એક મહાન રંગીલા સંગીત કલાકાર છે. સંગીતકલા વિહારમાં તેમના સંગીત લેખન કલા કૃતિઓ પ્રકાશિત થાય છે કે જે ઘણીજ ઉપયોગી તથા વિદ્વતા. ભરેલી છે. હાલમાં મુંબઈ મહિલા કોલેજમાં સંગીતાચાર્ય પદે છે.

**શ્રી રમણલાલ સી. મહેતા** બી.એ. — **વડોદરા**

બરોડા મ્યુઝીકના પ્રિન્સીપાલ સંગીતાચાર્ય શ્રી રમણલાલ મહેતાએ સંગીતનું પ્રારંભિક દર્શન શ્રી કચનલાલ મામાવાળા પાસેથી સંપાદીત કર્યું હતું. ત્યારબાદ કિરાના ઘરાનાના ગાયક વહિદખાન તથા શ્રી અબુલકરીમખાં પાસેથી ઉંચશિક્ષણ પ્રાપ્ત કરી સંગીતક્ષેત્રમાં સારી ખ્યાતિ સંપાદન કરી. આપે સંગીતના ઉમદા પુસ્તકોનું સર્જન કર્યું છે. 'ભારતીય સંગીતનો ઇતિહાસ" તથા સંગીતની રચનાઓનું લેખન સંગીત કલા વિહારમાં પ્રકાશિત થાય છે. આપ ભારતીય સંગીતના પ્રચારર્થે અમેરીકા આદિ દેશોમાં ભ્રમણ કરી આવ્યા છો આપ કીરાના ઘરાનાના મહાન ગાયક છો. આપ સંગીતના મહાન સાહિત્ય વિદ્વાન તથા સંગીતાચાર્ય છો.

**આશા પારેખ** ( ચિત્ર જગતની અભિનેત્રી ) — **મહુવા**

ફીલ્મ જગતની સુપ્રસિદ્ધ અભિનેત્રી આશા પારેખે સંગીત તથા નૃત્ય વિદ્યાની ઉંચસાધના કરી ભારતિય કલા જગતના ચિત્ર પ્રેક્ષકોના મન આનંદવિભોર કરી દીધા છે. અને શ્રી આશા પારેખે ભરત નાટયમ, મણીપુરી, કથકલી, કથક આદી નૃત્ય અભિનય ક્ષેત્રમાં પ્રણવસ્થાન પ્રાપ્ત કર્યું છે. સંગીતમાં સિતારવાદનમાં પણ તેઓ પાંડીત્ય ધરાવે છે. આજ સારાયે વિશ્વમાં પારેખ તેમની કલા

સાધના દ્વારા સર્વોપરિપદ સંપાદિત કરી રહ્યા છે. તેઓએ નૃત્ય તથા સંગીત સાધનામાં તેમનુ સારૂંએ જીવન અર્પિત કરેલ છે. કલા એ માનવજીવનનો સાચો સાથી છે. જીવનમાં આરાધના તથા સાધના વિના સિદ્ધિ નથી.

**શ્રીમતી અંજલી વ્હોરા ( નૃત્ય વિશારદ )                    વડોદરા**

શ્રીમતી અંજલી વ્હોરાએ નૃત્યની ઉંચ શિક્ષા શ્રીમતી રૂકમણી દેવી પાસેથી સંપાદીત કરી નૃત્ય ક્ષેત્રમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. શિશુ વયથી તેમને નૃત્ય કલા પ્રત્યે અનુરાગ હતો. તેથી શ્રીમતી વ્હોરાએ નૃત્યમાં કથક તથા મણીપુરી નૃત્યની સાધના બાલ્યવયથી કરી નૃત્ય કલાક્ષેત્રમાં પ્રાવિણ્યતા પ્રાપ્ત કરેલ છે ભરતનાટયમની શિક્ષા લીધા પછી કલાક્ષેત્રમાં "બરોડા મ્યુઝીક કોલેજ" માં શિક્ષણ કાર્ય કર્યું કર્ણાટકી સંગીત, હિંદુસ્તાની સંગીત ઉપરાંત ગુજરાતી ભાવ સ્વર ગીતોને તેમણે ભરતનાટય નૃત્ય શૈલીમાં રજુ કરવાનો સારો પ્રયાસ કર્યો છે.

**શ્રીમતી ઈલાક્ષી ઠાકોર                    વડોદરા**

શ્રીમતી ઈલાક્ષી ઠાકુરે સંગીત તથા નૃત્યની ઉંચ આરાધના કરી સંગીત તથા નૃત્ય ક્ષેત્રમાં અતિ પ્રાવિણ્યતા સંપાદન કરેલ છે. કથક, મણીપુરી, કથકલી તથા ભરતનાટયમ નૃત્ય કલાદર્શન આપે ગુજરાતના ઘણાયે સંગીત સમારંભોમાં કરી આપે આપની કલાનો પરિચય કરાવેલ છે. આપ સારાએ ગુજરાતની સંગીત તથા નૃત્ય કલાધાત્રી છો. તેઓની શિષ્યાઓ નૃત્ય ક્ષેત્રમાં તેમની કલાનો પ્રચાર કરે છે.

**શ્રીમતી મૃણાલીની એસ. દેસાઈ                    અમદાવાદ**

શ્રીમતી મૃણાલીની દેસાઇએ નૃત્યની ઉંચશિક્ષા ભારતના શ્રેષ્ઠ નૃત્યાચાર્ય શ્રી ઉદયશંકર પાસેથી સંપાદન કરી નૃત્ય સંસારમાં સારી પ્રતિષ્ઠા મેળવી છે. શ્રીમતી દેસાઇએ ભારતીય નૃત્યનો સંદેશ ભારત, યુરોપ અમેરીકા, ફ્રાન્સ આદિ દેશોની નૃત્યયાત્રાઓ કરી સારાએ વિશ્વમાં પ્રચાર કરી પદ્મશ્રી પદવીથી વિભુષિત થયા છે. આપ "દર્પણ" નામની સંસ્થાનું સંચાલન કરો છો. કથક, મણીપુરી, ભરતનાટયમ, કથકલી આદિ નૃત્યના આપ મહાન નૃત્ય સાધિકા છો

**સ્વ. ગણપતરાવ વસઇકર                    વડોદરા**

વડોદરા રાજ્યના સુપ્રસિદ્ધ શહનાઈવાદનાચાર્ય સ્વ. શ્રી ગણપતરાવે સંગીત ગાયકી-તબલાવાદનનું ઉંચશિક્ષણ શ્રી નજીરખાનસાહેબ પાસેથી લીધું હતું. ભારતના સર્વોપરી શહનાઈવાદકમાં શ્રી વસઇકરનું સ્થાન પ્રથમકક્ષામાં આવે છે. તેઓ સંગીતશાસ્ત્રના એક અદ્દભુત જ્ઞાતા હતા તેઓએ અખીલ ભારતીય સંગીત પરિષદોમાં સુવર્ણ પારિતોષકો સંપાદીત કરેલ છે દિલ્હી, મદ્રાસ, અલ્હાબાદ, મુંબઈ, નાગપુર, લખનૌ કલકત્તા આદિ શહેરોમાં સંગીત સમારંભના આયોજનોમાં શહનાઇવાદનની વિદ્વતા બતાવી સર્વોપરીપદ સંપાદીત કર્યું હતું. આપે તબલાવાદનની કલામાં પણ પ્રાવિણ્યતા સંપાદીત કરી હતી આપના શિષ્યો સ્વ. ગણપતરાવ બિવડે, સ્વ. શંકરરાવ પેરલાદકર, શ્રી ગોવિંદરાવ શિંદે, શ્રી ભગવંતરાવ વાઘમારે આદિના નામો ઉલેખનીય છે. આ સંગીતસાધક તા. ૨૧-૨-૪૯ના સ્વર્ગવાસ થયા.

**સ્વ. શંકરલાલ નાયક                    વડોદરા**

વડોદરાના મશહુર કલા ઉપાસક સ્વ. શ્રી શંકરલાલ નાયકે સંગીતનું શિક્ષણ તેમના પિતાશ્રી નથુરામ નાયક પાસેથી ગ્રહણ કર્યું હતું. શ્રી નાયકના પિતા એક મશહુર સારંગીવાદક હતા. તેથી સંગીતના ઉંચ સંસ્કારો શિશુવયથી જ આપના જીવનમાં ઉતરી આવ્યા હતા. ત્યારબાદ સંગીતની ઊંચ ગાયકીનું શિક્ષણ ગુરૂ શ્રી મગનલાલ નાયક અને કવિ નારણદાસ મોતીરામ નાયક આદિ પાસેથી સંપાદીત કરી સર્વશ્રેષ્ઠ ગાયકોમાં સર્વોપરીપદ પ્રાપ્ત કર્યું. આપે સાહિત્ય, સંગીત તથા કાવ્ય રચનાઓ આદિ કલાના સાહિત્યોમાં પાંડીત્ય પ્રાપ્ત કર્યું હતું. ભારતની ભિન્ન ભિન્ન રંગ-ભુમિઓ પર આપે રસ અભિનય દર્શન કરાવી સવશ્રેષ્ઠ ભુમિકાઓ ભજવી શ્રેષ્ઠ કલાકારનું પદ પ્રાપ્ત કર્યું હતું. આપે તબલાવાદનની કલામાં પાંડીત્યપદ સંપાદીત કર્યું હતું. આપે તબલાની શિક્ષા ઉસ્તાદ નારણદાસ મનસુખલાલ નાયક પાસેથી લીધી હતી. આપના તબલાવાદનની પ્રશંસા સ્વ. શ્રી ઓમકારનાથજી, સ્વ. ફૈયાઝહુસેન, શ્રી અહમનજાન થીરકવા, વિલાયતહુશૈનખાન આદિ કલાકારોએ કરેલી અને તેઓ સાથે તબલાની સંગત કરી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. હિઝ માસ્ટર્સ વોઈસમાં આપનું ધ્વનીદર્શન પ્રસિદ્ધ થયેલ છે. વડોદરા, અમદાવાદ રેડીયો પરથી આપના સંગીત પ્રોગ્રામો પ્રસારીત થતા હતા. આપનું શિષ્યવૃંદ ગુજરાતમાં ઘણું જ છે. આ કલાના સરસ્વામિનો ૨૧-૨-૪૯ના રોજ સ્વર્ગવાસ થયો.

**સ્વ. કુમાર શ્રી નરપતસિંહજી                    રાજપીપળા**

સંગીતાચાર્ય કુમાર શ્રી નરપતસિંહજીસાહેબે મેટ્રીક સુધી વિદ્યાભ્યાસ કરી અને સંગીતમાં પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી. બાલ્યવયથી સંગીત પ્રત્યે પ્રેમ હોવાથી વિદ્યાભ્યાસમાં મન લાગ્યું નહિ. તેમણે સંગીતની પ્રારંભિક શિક્ષણાત્મક તાલિમ ઉસ્તાદ રહીમખાન મિસરી પાસેથી ગ્રહણ કરી ત્યારપછી તબલાના મશહુર ઉસ્તાદ નારણદાસ મનસુખરામ પાસેથી ગ્રહણ કરી હારમોનીયમ પર પાંડીત્ય પ્રાપ્ત કર્યું. તેમની રેકોર્ડની તર્જ હારમોનીયમ ઉપર હિઝ માસ્ટર્સ વોઈસ કંપનીએ પ્રકાશિત કરેલ છે. તેમની સંગીતકલાની પ્રશંસા ભારતીય સંગીતસમ્રાટ સ્વ. પંડીત શ્રી ઓમકારનાથજી ઠાકુરે કરેલી કુમારશ્રીએ 'સંગીત તાલ માર્ગદર્શક' નામનો ભવ્ય સંગીત ગ્રંથ પણ પ્રકાશીત કરેલો છે. તેમના શિષ્યવૃંદમાં શ્રી યશવંત ડી. ભટ્ટ, સ્વ. પરશોત્તમ મિસ્ત્રી શ્રી હરેંદ્રસિંહ ભુપતસિંહે તેમની પાસેથી સંગીત શિક્ષણ સંપાદન કર્યું હતું. તેઓ લય તથા સ્વરના મહાન પંડીત હતા. આ સંગીતરત્નનો દેહ ૭૨ વર્ષની ઉંમરે ૧૯૬૩માં વિલય પામ્યો.

**સ્વ. મહારાજા વિજયદેવજી સાહેબ                    ધરમપુર**

સંગીતાચાર્ય સ્વ. શ્રી વિજયદેવજીસાહેબ સંગીતના એક ગુણી વિદ્વાન હતા. તેમણે ભારતીય સંગીતના મહાન પંડીત શ્રી વિષ્ણુનારાયણ ભાતખંડેજી પાસેથી સંગીત શિક્ષા સંપાદન કરી સારાયે ભારતમાં સંગીતનો પ્રચાર કર્યો શ્રી વિજયદેવજીસાહેબ બંસરી, સિતાર, દિલરૂબા, વાયોલીન આદિ વાદ્યવાદનમાં પાંડિત્ય

ધરાવતા હતા. તેમણે 'સંગીત ભાવ' નામનો મહાન સંગીત ગ્રંથ પ્રગટ કર્યો છે. કે જે મહાન સંગીત ગ્રંથ ભારતીય સંગીત કલા સાધકો માટે ઘણોજ ઉપયોગ સિદ્ધ છે. તેમણે તેમના રાજ્યમાં ઘણાંએ સંગીત ઉસ્તાદોને આશ્રય આપી પ્રણવસ્થાન આપેલ છે. શ્રી મહારાજાસાહેબે બિનવાદનની શિક્ષા તેમના સ્વ. ભાઈ શ્રી પ્રભાતદેવજીસાહેબ વિશ્વવિણાકર પાસેથી લીધી હતી. મહારાજા સાહેબે શ્રુતિ હારમોનીયમ નામનું વાદ્ય ઉત્પન્ન કર્યું હતું. આ સંગીતના મહાનસાધક ચાર પાંચ વર્ષ પહેલા સ્વર્ગવાસી થઈ ગયેલ છે. મહારાજશ્રીને શ્રી યશવંત ડી. ભટ્ટ પ્રત્યે સારો પ્રેમભાવ હતો

**શ્રી જયસુખલાલ ટી. શાહ** **ભરૂચ**

શ્રી જયસુખલાલ ટી. શાહ સંગીત વિશારદે સંગીતનું ઉંચ શિક્ષણ સ્વ. ફયાઝહુસેનખાનના શિષ્ય શ્રી બાબુરાવ ફલસાણકર પાસેથી લીધું હતું. આપનો સંગીતપ્રોગ્રામ મુંબઈ રેડીયોથી પ્રસારિત થાય છે. આપ ગાયક તથા સંગીતના કાવ્યકાર છો. સંગીત કલા વિહાર મુંબઈમાં આપની સંગીતની રચનાઓ પ્રકાશિત થાય છે. આપ મિલનસાર અને શાંત સ્વભાવના છો.

**સ્વર્ગસ્થ શ્રી પ્રભાત દેવજી સાહેબ** **ધરમપુર**

ધરમપુર સ્ટેટના રાજકુમાર શ્રી પ્રભાત દેવજી સાહેબ ભારતીય સંગીત તથા સાહિત્યના વિદ્વાન જ્ઞાતા છે. જેમણે તેમનું સારૂએ જીવન સંગીત વિદ્યાની શોધમાં વિતાવેલ છે. તેઓ એક સારાએ જગતના "વિશ્વ વિણા કલાકાર" છે. જેમણે બીન વાદનની શિક્ષા શ્રી બંદેઅલીખાના શિષ્ય શ્રી કાદિરખાન ઉસ્તાદ પાસેથી લીધી હતી. તેઓએ બીન વાદનની ઉત્તમ શિક્ષા લઈ સમસ્ત વિશ્વમાં તેમણે પ્રણવ સ્થાન પ્રાપ્ત કરેલ હતું. તેમણે "સંગીત પ્રકાશ" "સંગીત પ્રવેશિકા" "સંગીત મેગેઝીન" આદી મહાન સંગીત પુસ્તકોનું સર્જન કરી ભારતીય સંગીતમાં ખ્યાતિ પ્રાપ્ત કરેલ છે. શ્રી વિષ્નુનારાયણ ભાતખંડેજી તથા શ્રી વિષ્નુ દિગંબરજીના સંપર્કમાં આવી ગયા હતા. આ સંગીત કલાના મહાન પુજારી થોડા વર્ષ પહેલાં સ્વર્ગવાસ થયા છે. ભારતમાં તેમનું શિષ્ય વૃંદ ઘણુંએ છે

**શ્રી દોસ્ત મહમદ ઇબ્રાહિમ સિંધી** **ધરમપુર**

સંગીતાચાર્ય શ્રી દોસ્ત મહમદે સંગીતની ગાયકી તથા બીન વાદનની શિક્ષા સ્વર્ગસ્થ શ્રી પ્રભાત દેવજી સાહેબ પાસેથી કરી હતી તેઓએ સંગીતની ઉંચ શિક્ષા પ્રાપ્ત કરી સંગીત ક્ષેત્રમાં પ્રાવિણ્યતા સંપાદિત કરી હતી. શ્રી દોસ્ત મહમદની સંગીત રચનાઓ "સંગીત" માસિક હાથરસમાં પ્રકાશિત થાય છે. તેઓ સંગીતના એક ઉંચ કલા સાધક છે

**શ્રી જનારદન તાંબે** **સુરત**

સુરતના સુપ્રસિદ્ધ સંગીત શાસ્ત્રી શ્રી જનારદન તાંબેએ ગ્વાલીયર ઘરાનાની ઉંચ ગાયકી પ્રાપ્ત કરી સંગીત જગતમાં પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી છે. આપ સુરત શહેરના ઉંચ કોટીના સંગીતજ્ઞ છો. આપની ધર્મપત્ની શ્રીમતી ઉષા તથા આપની પુત્રી માધુરી પણ સંગીતની ગાયકીમાં નિપુણતા ધરાવે છે. આપ એક ગ્વાલિયર ઘરાનાના ઉંચ કોટીના સંગીતના કલાવંત છો.

**શ્રી હરેંદ્રસિંહજી બી. દશાંદી** **રાજપીપળા**

શ્રી હરેંદ્રસિંહજ દશાંદીએ સંગીતનું ઉંચ શિક્ષણ કુમારશ્રી નરપતસિંહજી, પંડીત ઓમકારનાથજી ઠાકુર અને ભાતખંડેજીના શિષ્ય શ્રી વાડીલાલ પાસેથી ગ્રહણ કર્યું હતું. શ્રી દશાંદી સંગીતક્ષેત્રમાં સંગીતના વિદ્વાનો પાસે શિક્ષણ લઈ ખ્યાલ, ધ્રુપદ, ધમાર, ઠુમરી, ઇત્યાદી ગાયકીઓની શૈલીપર સારી પ્રાવીણ્યતા ધરાવે છે. તેઓ ગુજરાતના એક નામાંકીત સંગીતાચાર્ય છે. આકાશવાણી પરથી તેમના પ્રોગ્રામ પ્રસારીત થાય છે.

**સ્વ. શ્રી વિશ્વનાથ પંડયા** **રાજપીપળા**

સ્વ. શ્રી વિશ્વનાથ પંડ્યાએ હારમોનીયમ તથા તબલાવાદનની ઉંચ સંગીત શિક્ષા સ્વ. સંગીતાચાર્ય કુમારશ્રી નરપતસિંહજી પાસે કર્યું હતું. તેઓએ હારમોનીયમ તથા તબલાવાદનની કલામાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. થોડા વર્ષ પહેલા તેઓ સ્વર્ગવાસી થયા છે. તેઓ સંગીતના ઉચ સાધક હતા.

**સ્વ. શ્રી પરશોતમદાસ મિસ્ત્રી** **રાજપીપળા**

સ્વ. શ્રી પરશોતમદાસ મિસ્ત્રીએ સંગીતનું પ્રારંભિક શિક્ષણ શ્રી નટવરલાલ તાનસેન પાસેથી સંપાદીત કર્યું હતું. ત્યારપછી સંગીતની ઉંચ શિક્ષા શ્રી એસ. બી. દેશપાંડે પાસેથી ગ્રહણ કરી, સંગીતના એક ઉંચ કલાકાર તરીકે સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. આપે શ્રી ગુરૂદેવ સંગીત વિદ્યાલયની સ્થાપના કરી હતી. આપે સ્વામિ શ્રી કૃપાલાનંદજી સ્વામીજીનું ગુરૂત્વ ગ્રહણ કર્યું હતું શ્રી મિસ્ત્રી ૧૯ ૧-૬૮ના રોજ આ દુનિયાનો ત્યાગ કરી સ્વર્ગવાસી થયા છે. તેઓ એક સંગીતના ઉંચ સ્વરસાધક હતા. તેમણે સંગીતમાં ઘણાએ શિષ્ય-શિષ્યાઓ તૈયાર કર્યા છે.

**સ્વ. મહમદ ખત્રી** **રાજપીપળા**

સ્વ. શ્રી મહમદભાઈ ખત્રીએ સંગીતની ઉંચ આરાધના કુમાર શ્રી નરપતસિંહજી પાસેથી કરી હતી. શ્રી મહમદભાઇ સારંગી, દિલરૂબા, સિતાર, બંસરી અને હારમોનીયમ ઈત્યાદી વાદ્ય વાદનકલામાં અતિ પ્રાવિણ્યતા પદ ધરવતા હતા. ગુજરાત સંગીતક્ષેત્રમાં આપે એક ઉંચ ગાયન વાદનાચાર્ય તરીકે સારી પ્રતિષ્ઠા સંપાદીત કરી હતી. સંગીતક્ષેત્રમાં આપે ઘણાએ શિષ્ય શિષ્યાઓ તૈયાર કરેલ છે. આ કલાના સાધક તા. ૩૧-૮-૬૮ના રોજ સ્વર્ગવાસ થયા છે.

**સ્વ. શ્રી રમેશચંદ્ર ઠાકુર** **ભરૂચ**

ભારતીય જગતના સુપ્રસિદ્ધ સંગીત ગાયન વાદનાચાર્ય શ્રી રમેશચંદ્ર ઠાકુરે સંગીતની ઉંચ વિદ્યાનું અધ્યન તેમના વડીલ બંધુ વિશ્વ સંગીત સમ્રાટ શ્રી ઓમકારનાથજી ઠાકુર પાસે કર્યું હતું શ્રી રમેશચંદ્રએ સારાએ વિશ્વની યાત્રા કરી ભારતીય સંગીતનો શુભ સંદેશ સારાયે વિશ્વમાં પ્રસારીત કર્યો હતો. શ્રી રમેશચંદ્ર સિતાર, દિલરૂબા, સારંગી, બીન, તબલા આદિ વાદ્ય વાદનો કલામાં સારી પ્રાવિણ્યતા ધરાવતા હતા. તેઓએ તબલા તરંગ વાદ્યનો આવિષ્કાર કરી ભારતીય સંગીતક્ષેત્રમાં ઉંચ કોટીના સુપ્રસિદ્ધ વાદનાચાર્ય તરીકે ઉંચ પ્રતિષ્ઠા ગ્રહણ કરી હતી. આ સંગીત કલાકાર ગાયન તથા વાદનકલામાં ઘણુંજ ઉંચ સ્થાન ધરાવતા હતા. ભારતીય જગતનો મહાન તેજસ્વી સંગીત સિતારો

કેટલાએક વર્ષો પહેલા સદાને વાસ્તે ગંધર્વ લોકમાં સંગીતની સાધના કરવા ચાલ્યો ગયો છે. પણ આજ આ કલાના સ્વામીની કિર્તિ અમર છે.

**શ્રી અંબાલાલ સિતારી** **ધરમપુર**

શ્રી અંબાલાલ સંગીતક્ષેત્રના એક સુપ્રસિદ્ધ સિતાર વાદનાચાર્ય છે. શ્રી અંબાલાલે ભારતીય સંગીત શાસ્ત્રની તથા સિતારવાદનની આરાધના ભારતના વિણા સમ્રાટ કુમાર શ્રી પ્રભાત દેવજી પાસે કરી સંગીતવાદનક્ષેત્રમાં ઉંચ સિતારવાદકનું સ્થાન તથા પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલ છે. આપના પ્રોગ્રામ આકાશવાણી અમદાવાદ બરોડા પરથી પ્રસારીત થાય છે. આપ એક સંગીતક્ષેત્રના ઉંચ સિતાર વાદક છો. સાધના એ આપનું સાચુ ધન છે.

**શ્રી દેવેન્દ્રવિજય** **વડોદરા**

ગુજરાતના નામાંકીત સંગીત કલાકાર શ્રી દેવેન્દ્રવિજયે સંગીતની ઉંચ સાધના સ્વ. પંડીત શ્રી ઓમકારનાથજી ઠાકુર પાસે કરી સંગીતક્ષેત્રમાં સારી પ્રસિદ્ધિ સંપાદન કરી છે. તેઓ ખ્યાલ ગાયકી, ધ્રુપદ, ધમાર. ઠુમરી. ગાયકી ઉપર સારૂં પ્રભુત્વ ધરાવે છે. ભારતના ઉંચ કોટીના ગાયકોમાં આપનું સ્થાન છે.

**શ્રી ચંદ્રશેખર** **અમદાવાદ**

ગુજરાતના પ્રતિભાશાલી ગાયક પંડીત શ્રી ચંદ્રશેખરે સંગીત વિદ્યાની ઉંચ શિક્ષા સંગીતાચાર્ય સ્વ. પંડીત શ્રી ઓમકારનાથજીની પાસેથી લઈ સંગીત ક્ષેત્રમાં સારી નામના પ્રસિદ્ધ કરી છે આપ ખ્યાલ, ધ્રુપદ, ઠુમરી આદિની શૈલીઓના પ્રભાવશાલી ગાયક છો. ભારતના ઉંચ કલા સાધકમાં આપની ગણના થાય છે.

**બરોડાના રાજય ગાયક સ્વ. શ્રી અબ્દુલ કરીમખાન વડોદરા**

કિરાના ઘરાનાના ગાયક સમ્રાટ સ્વ. અબ્દુલ કરીખાંએ સંગીતનું ઉંચ શિક્ષણ તેમના પિતાશ્રી કાલેખાંની પાસેથી ગ્રહણ કરી કિરાના ઘરાનાની ઉંચ પ્રતિભાશાળી ગાયકીમાં પ્રાવિણ્યપદ પ્રાપ્ત કરી સારાએ ભારતની સંગીતયાત્રા ભ્રમણ કરી સંગીતની સાધનામાં અતિ પ્રાવિણ્યતા સંપાદિત કરી. સ્વ શ્રી સયાજીરાવ મહારાજા પ્રો મૌલાબક્ષ સંગીતાચાર્ય સ્વ. શ્રી અબ્દુલ કરીમખાંની ગાયકી ઉપર પ્રસન્ન થઈ તેમને બરોડા રાજ્યના રાજય ગાયક બનાવ્યાં. શ્રી ખાનસાહેબે કિરાના ઘરાનાની ગાયકીનો સારાયે ભારતવર્ષમાં પ્રચાર કરી ઉત્તમ શિષ્ય–શિષ્યાઓ તૈયાર કરી કીરાના ઘરાનાની સર્વશ્રેષ્ઠ ગાયકીમાં અદ્‌ભુત નિપુણતા પ્રાપ્ત કરી. આ સુરનો સુરીલો ગાયક થોડા વર્ષો પહેલાં સ્વર્ગવાસી થયો.

**આગ્રા ઘરાનાના ઉસ્તાદ સ્વ. શ્રી ફૈયાઝખાં** **વડોદરા**

સંગીત કલાનો સાધક જ્યારે સિદ્ધિના શિખરે પહોંચે છે ત્યારે સંસારને ચકિત કરી મુકે છે. આગ્રા ઘરાનાના સુપ્રસિદ્ધ ગાયક શ્રી ફૈયાઝખાંએ સંગીતનું ઉંચ શિક્ષણ તેમના પિતા સફદર હુસેનખાં તથા તેમના દાદા રાજ્ય ગાયક ઝાલાવાડ સ્ટેટના મશહુર ગવૈયા શ્રી મહમદઅલીખાં પાસે લીધેલું હતું. મુગલસમ્રાટ શહેનશાહ અકબરના માનીતા સંગીત સમ્રાટ તાનસેને પોતાની પુત્રી સુજાણદાસ સાથે પરણાવી હતી એ સુજાણદાસના વંશમાં ગુલામ અલાસખાં થયા. એમની દીકરીના દીકરા તે ફૈયાઝખાં. આ સંગીતના મહાન સુર્યએ પોતાની સંગીત સાધનાથી બરોડા, ઈંદોર. ગ્વાલિયર, માયસોર, આદી નરેશોએ પ્રસન્ન થઈ સોનાના ચંદ્રકો તથા તોડાઓ સમર્પિત કર્યા હતા. શ્રી ફૈયાઝખાં બરોડા સ્ટેઈટના રાજ્ય ગાયક તરીકે રહ્યા હતા આગ્રા ઘરાનાની ગાયકીમાં તેઓએ ઘણાએ શિષ્ય શિષ્યોને તૈયાર કર્યા છે. આ સંગીતના મહાન ખુદાઈ ફીરસ્તે ૫–૧૧–૫૦ ના રોજ સંસારમાંથી વિદાઈ લઈ ગંધર્વ લોકની સંગીતની દુનીયામાં સદાને માટે ચાલ્યા ગયા. તેમની સંગીતની સ્મૃતિયો આજ ભારતવર્ષમાં અમરતા ધરાવે છે.

**પ્રો. શ્રી નિસાર હુસેનખાન** **વડોદરા**

સુપ્રસિદ્ધ પ્રો. નિસારહુસેનખાંએ સંગીત ગાયકીની શિક્ષા તેમના સ્વ. પિતાશ્રી ફિદાહુસેનખાન પાસેથી લીધી હતી. શ્રી નિસારહુસેનખાં સહસવાન ઘરાનાના એક ઉંચ કોટીના નામાંકીત ગાયક છે. આજે સારાએ ભારતમાં તેમની ગાનકલા નિપુણતાએ સારૂં ગૌરવ ધરાવ્યું છે. તેમને તેમના પિતાશ્રી ફિદાહુસેનખાન હોલીકા ઉત્સવ પર તેમને વડોદરા લાવ્યા હતા. વડોદરામાં હોલીકા ઉત્સવમાં મહાન સંગીત સમારંભનું આયોજન કરવામાં આવતું હતું. તેમાં સ્વ. સયાજીરાવ સરકાર દેશેદેશના સંગીતકલા વિશારદોને આમંત્રણ આપી સંગીતની મહેફીલ ગોઠવતા હતા. આ સંગીતની મહેફીલમાં શ્રી નિસારહુસેન ખાનની સંગીત–ગાયકીનો શ્રીમંત સયાજીરાવ મહારાજા ઉપર પ્રભાવ પડયો અને તેમને વડોદરાના રાજ્ય ગાયક તરીકે ખાનસાહેબની નિમણુંક કરી શ્રી નિસારહુસેનખાન ખ્યાલ, તરાના, ધ્રુપદ, ધમાર, ટપ્પા આદિ ગાયકીઓ પર સારી પ્રતિષ્ઠા ધરાવે છે. હિઝ માસ્ટર્સ વોઈસ રેકોર્ડ કું એ તેમની ધ્વની મુદ્રિકાઓ પ્રસિદ્ધ કરી છે. ભારતના સર્વ રેડીયો સ્ટેશન પરથી આપની પ્રતિભા સંપન્ન ગાયકી પ્રસારીત થાય છે. આપના શિષ્ય–શિષ્યાઓ આપની કલા તથા ગાયકીનો પ્રચાર કરે છે. ભારતના આપ એક સર્વશ્રેષ્ઠ ગાયક છો.

**સ્વ. પ્રો. શ્રી મૌલાબક્ષ** **વડોદરા**

સ્વ. ગાયનાચાર્ય પ્રો શ્રી મૌલાબક્ષે સંગીતનું ઉંચશિક્ષણ શ્રી ઘીસિટખાં પાસેથી ગ્રહણ કર્યું હતું. ઉસ્તાદ ઘીસીટખાં સંગીત ગાયકીમાં સારી પ્રાવિણ્યતા ધરાવતા હતા. તેઓ સારાએ ભારતના ઉંચકલા આરાધક હતા. તેમની પાસે સંગીતની પચીસ વર્ષ સુધી પ્રો. મૌલાબક્ષે સાધના કરી સંગીતમાં સારી પ્રતિષ્ઠા સંપાદન કરી ભારતીય સંગીતક્ષેત્રમાં ગાયન તથા વાદનમાં ઉંચ પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી. તેઓ ગાયકીની સાથેસાથ વિણાના અદ્‌ભુત વાદનાચાર્ય હતા. તેમણે શ્રી ઘીસીટખાં પાસે તંત્રકારી તથા ગાયકી આ બંને વિદ્યામાં પ્રાવિણ્યતા લીધી હતી. કલકત્તાની સંગીત પરિષદમાં લોર્ડ નોર્થ બ્રુકે તેમનું વિણાવાદન સાંભળી 'પ્રોફેસર ઓફ ઇંડિયન મ્યુઝીક"ના પદથી તેઓને વિભૂષીત કર્યા. વડોદરા રાજ્યના તેઓ ગાયન વાદનાચાર્ય હતા. તેમના પિતાનું નામ ઘીસેખાન હતું. અને તેઓ દિલ્હી પાસેના ચંહડ ગામના ઉંચ પઠાણ પરિવારના સંગીત કલાકાર હતા. પ્રો. મૌલાબક્ષે સંગીતના ઉત્તમ ગ્રંથોનું સર્જન કરેલ છે. જે પુસ્તકો ભારતીય સંગીતકલા પ્રેમીઓ માટે ઘણાજ ઉપયોગી છે. તેમના સંગીત શિષ્ય પ્રો. ઇનાયતહુસેન સુફીએ સારાએ વિશ્વમાં સંગીતનો પ્રચાર કર્યો હતો. સંગીતકલાના આ મહાન સ્વામિ ઈ. સ. ૧૮૯૬માં સ્વર્ગવાસી થયા.

**શ્રી લક્ષ્મીબાઇ જાદવ** વડોદરા

વડોદરા રાજ્યની રાજ્યગાયિકા શ્રી લક્ષ્મીબાઇ જાદવે સંગીતની ઉંચ સાધના સંપાદીત કરી સંગીતની ગાયનકલામાં સર્વશ્રેષ્ઠ પદ પ્રાપ્ત કર્યું. આપની સંગીત ગાયકીમાં શબ્દ, લય, ભાવને પ્રાબલ્ય સ્થાન આપવામાં આપ પ્રાવિણ્યતા ધરાવતા હતા. ભારતીય સંગીત કલા ક્ષેત્રમાં આપે સારી ખ્યાતિ સંપાદીત કરી હતી. ભારતની સુપ્રસિદ્ધ કલા સંગીત સાધિકાઓમાં આપનું પ્રણવસ્થાન છે. ખ્યાલ, ઠુમરી આદિ ગાનકલામાં આપે પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી હતી.

**સ્વ. હંસાબાઇ** વડોદરા

સ્વ. હંસાબાઇ સંગીતશાસ્ત્ર તથા સંગીત ગાયકીમાં સાધના દ્વારા પોતાનું પ્રણવસ્થાન સંપાદીત કર્યું હતું. આપ ખ્યાલ, ઠુમરી, ટપ્પા આદિ ગાયકીઓમાં સારી એવી પ્રતિષ્ઠા ધરાવતા હતા. ભારતમાં સર્વશ્રેષ્ઠ સંગીત સાધીકાઓમાં આપનું પ્રણવસ્થાન હતું. આપની ગાયકી મધુર તથા ભાવોત્પાદક હતી.

**સ્વ. ઇંદનબાઇ** વડોદરા

સ્વ. ઇંદનબાઇએ સંગીતની ઉંચ આરાધના તથા શિક્ષણ સંપાદન કરી સારાયે હિંદુસ્તાનમાં સર્વોપરી ગાયીકા તરીકે પ્રસિદ્ધિ મેળવી હતી આપે ભારતના ઉંચ સંગીત ઉસ્તાદો પાસે સંગીત શિક્ષણ લઈ સારાયે ભારતમાં સંગીતગાયકીમાં સુપ્રસિદ્ધ પદ પ્રાપ્ત કર્યું. આપની ગાયકી, મધુર, તાલ શબ્દ, રસ, ભાવના પ્રાધાન્ય હતી. ખ્યાલ, ઠુમરી, દાદરા, ટપ્પા આદિ ગાયકીઓમાં આપ પ્રાવિણ્યતા ધરાવતા હતા.

**સ્વ. શ્રી રમજાનહુસેનખાન** વડોદરા

વડોદરારાજ્યના મશહુર જલતરંગ વાદક સ્વ. શ્રી રમજાનખાંએ સંગીતની ઉંચ આરાધના તેમના સ્વ. પિતાશ્રી પ્યારખાન પાસે કરી હતી શ્રી રમજાનખાંએ સંગીતની ગાયકી તથા વાદનકલાની સાધનામાં અતિ પ્રભુત્વપદ સંપાદીત કર્યું હતું શ્રી ખાનસાહેબે સારાએ ભારતની સંગીત યાત્રા કરી ભારતીય સંગીતમાં સર્વોપરીપદ પ્રાપ્ત કર્યું છે શ્રી ખાનસાહેબે સિતાર, દિલરૂબા, વાયોલીન, બીન આદિ વાદનકલામાં પણ પાંડીત્યપદ સંપાદીત કર્યું હતું. આપ હિંદુસ્તાની વાદ્ય તથા પાશ્ચિમાત્ય વાદ્ય બજાવવામાં અતિ નિપુણ હતા. આપના ઘણાએ શિષ્ય-શિષ્યાઓનું વૃંદ છે. સ્વ. સયાજીરાવ મહારાજા આપનું જલતરંગ વાદન સાંભળી મોહમુગ્ધ થઈ જતા હતા. હિંદુસ્તાનના આ સ્વરના સ્વામિનો ઘણા વર્ષ પહેલા સ્વર્ગવાસ થયેલ છે. પણ તેઓનું સ્વર સર્જન અમર છે. શ્રી ખાનસાહેબનું મુળવતન આગ્રા હતું.

**શ્રી હીરજીભાઈ ડોકટર** વડોદરા

વડોદરાના સુપ્રસિદ્ધ સંગીત વાદનાચાર્ય ડોકટર શ્રી હીરજીભાઈ બી એ સુધી વિદ્યાધ્યન કરી સંગીતની ઉંચ ઉપાસનામાં તેમનું જીવન વ્યતિત કર્યું. તેમણે વાયોલીન વાદનની પ્રારંભિક શિક્ષા શ્રી બરજોરજી પાસેથી ગ્રહણ કરી વાયોલીન વાદનમાં અદ્ભુત પાંડીત્ય પ્રાપ્ત કર્યું. ત્યારપછી સંગીતનું ઉચ્ચ વાદન અધ્યન દિલરૂબા, સિતાર, વીણા આદી વાદ્ય કલાનું શિક્ષણ ભારતના મશહુર વિણા વાદનાચાર્ય પાસેથી ગ્રહણ કરી સંગીતના ક્ષેત્રમાં સર્વશ્રેષ્ઠ વાદન કલાકાર તરીકે પદ પ્રાપ્ત કરી સંગીતશાસ્ત્રનો અભ્યાસ શ્રી ભાતખંડેજી પાસે કર્યો. આપની વાદન કલાનો પ્રોગ્રામ અમદાવાદ, વડોદરા રેડીયો પરથી પ્રસારીત થાય છે. આપ ગાયન, વાદનનું એક પુસ્તક પણ લખી રહ્યા છો. ભારતીય સંગીત સંસારના એક પ્રતિભાશાલી સંગીત કલાવિશારદ છો.

**શ્રી ઉસ્તાદ જમાલુદ્દીનખાં** વડોદરા

ભારતીય સંગીત કલા જગતના મશહુર વિણા વાદનાચાર્ય શ્રી જમાલુદ્દીનખાન સાહેબે સંગીત વાદનનું ઉંચ શિક્ષણ તેમના પિતાશ્રી અમીરખાં પાસેથી ગ્રહણ કરી કલા સંગીત વાદકોની દુનિયામાં સર્વશ્રેષ્ઠ સ્થાન પ્રાપ્ત કર્યું છે સ્વ સયાજીરાવ સાહેબે શ્રી જમાલુદ્દીન ખાનને "વિણા વિનોદ આચાર્ય"ની પદવીથી વિભુશિત કર્યા હતા. આપનું મુળવતન જયપુર હતું. ૧૯૧૯માં શ્રી જમાલુદ્દીનખાં સ્વર્ગવાસી થયા.

**શ્રી અબીદ હુસેનખાન** વડોદરા

શ્રી અબીદહુસેનખાનસાહેબે સંગીતની ઉંચ ગાયકી તથા બીન, સિતારવાદન કલાની ઉંચ આરાધના તેમના સ્વ. પિતાશ્રી જમાલુદ્દીનખાનસાહેબ પાસેથી કરી હતી. ભારતીય સંગીતક્ષેત્રના આપ એક ઉંચ કોટીના ગાયક તથા વાદનાચાર્ય છો. આપ સંગીતની ગાયકી ઉપર પણ સારું પ્રભુત્વ ધરાવો છો. શ્રી અબીદહુસેનખાનના શિષ્ય-શિષ્યાઓ તેમની ગાયકીનો પ્રચાર કરે છે. વડોદરાના આપ એક નામી ગાયક છો.

**શ્રી બાપુરાવ ફ્ણસલકર** વડોદરા

શ્રી બાપુરાવ ફ્ણસલકરે સંગીતની ઉંચ શિક્ષા ભારતના ખ્યાતિ પ્રાપ્ત સ્વ. ગાયક શ્રી ફૈયાઝહુસેનખાનસાહેબ પાસેથી ગ્રહણ કરી સંગીતના ક્ષેત્રમાં ગાયનાચાર્ય પદ સંપાદીત કર્યું હતું. શ્રી ફ્ણસલકરજીયે સંગીતની ગાયકીમાં વિદ્વતા ભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. આગ્રા ઘરાનાની ગાયકીના તેઓ નામી કલાકાર હતા. થોડા વર્ષ પહેલાં તેઓનો સ્વર્ગવાસ થયેલ છે.

**શ્રી કંચનલાલ મામાવાળા** સુરત

સંગીત તથા સાહિત્ય કાવ્ય કલાના આરાધક શ્રી કંચનલાલ મામાવાળાનું નામ ભારતીય સંગીત સંસારમાં ઘણુંજ પ્રશંસનીય છે. શ્રી કંચનલાલે સંગીતની ઉંચ સાધના કરી ગુજરાતમાં સારી પ્રસિદ્ધિ સંપાદીન કરેલ છે. શાસ્ત્રીય સંગીતની ઉસ્તાદી ગાયકીનું પણ તેઓએ ઉંચ પદ પ્રાપ્ત કર્યું છે. ભારતીય સંગીત જગતના એક નામી કલા સાધક છે. તેમણે ઘણા શિષ્ય-શિષ્યાઓને તૈયાર કરી સંગીત ક્ષેત્રમાં સારી નામના સંપાદીત કરી છે. આપ એક વિદ્વાન સંગીત ગાયક છો.

**શ્રી મુસ્તાન હુસેનખાં** વડોદરા

શ્રી મુસ્તાક હુસેનખાને સંગીતનું ઉંચ શિક્ષણ તેમના સ્વ. પિતાશ્રી રમજાન હુસેનખાન સાહેબ પાસેથી લીધું હતું. શ્રી મુસ્તાક સેને સિતારવાદનની કલામાં અતિ પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી.

અમદાવાદ–વડોદરા રેડીયો સ્ટેશન પરથી તેમના ઉંચકક્ષાના પ્રોગ્રામ પ્રસારીત કરે છે. ભારતીય સંગીતક્ષેત્રના શ્રેષ્ઠ સિતારવાદક છે. સંગીત સંસારમાં તેમણે ઘણા શિષ્ય–શિષ્યાઓ તૈયાર કરેલ છે.

**શ્રી તસ્લીમખાંન** **વડોદરા**

ભારતીય સંગીત સંસારના સુપ્રસિદ્ધ સંગીત ગાયનાચાર્ય શ્રી તસ્લીમખાંએ સંગીતનું ઉંચશિક્ષણ તેમના સ્વ. પિતાશ્રી રમજાન હુસેનખાન પાસેથી ગ્રહણ કર્યું હતું. આપ ખ્યાલ, ધ્રુપદ, ઠુમરી આદિ ગાયકીઓની શૈલી પર સારૂં પ્રભુત્વ ધરાવો છો. આપ સંગીતક્ષેત્રના ઉંચ નામી ગાયક છો.

**શ્રી સલામતખાં** **વડોદરા**

શ્રી સલામતખાને મેંડોલીન તથા વાયોલીન વાદનકલાનો અભ્યાસ તેમના સ્વ. પિતાશ્રી રમજાન હુસેનખાં પાસેથી કર્યો હતો. આપ વાદનકલાના સિદ્ધહસ્ત કલાકાર છો. આપે વાદનકલામાં સંગીતક્ષેત્રે ઘણા શિષ્યો તૈયાર કર્યા છે.

**શ્રી ગોવિંદરાવ શિંદે** **વડોદરા**

ભારતીય સંગીતક્ષેત્રના સુપ્રસિદ્ધ શહનાઇ વાદનાચાર્ય શ્રી ગોવિંદરાવ શિંદેએ શહનાઇ વાદનની ઉંચ શિક્ષા સ્વ. શ્રી ગણપતરાવ વસઇકર પાસેથી ગ્રહણ કરી હતી. આપ વડોદરા રાજ્યના મશહુર શહનાઇ વાદનાચાર્ય છો. શહનાઇ વાદનની કલામાં આપે ઘણીજ પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી છે. ભારતના રેડીયો સ્ટેશન પરથી આપની વાદનકલાના પ્રોગ્રામ પ્રસારીત થાય છે.

**શ્રી હેમેન્દ્ર દિક્ષીત** **અમદાવાદ**

શ્રી હેમેન્દ્ર દિક્ષીતે સંગીતશાસ્ત્ર વિદ્યાનું ઉંચ અધ્યન કરી બંસરીવાદનકલામાં ઉંચ પ્રાવિણ્યપદ સંપાદિત કર્યું છે. ભારતના ઉંચ બંસરીવાદનકલામાં આપનું પ્રણવસ્થાન છે. આપ બંસરી વાદનમાં લય, સ્વર ઉપર અદ્ભુત કાબુ ધરાવો છો. અમદાવાદ રેડીયો પરથી આપનું મધુર બંસરીવાદન પ્રસારીત થાય છે. આપનું સ્થાન ઉંચ બંસરીવાદન કલાકારોમાં છે. આપ કલાની સાધનામાં આપનું જીવન વ્યતિત કરો છો.

**શ્રી વસંત ભોંડે** **અમદાવાદ**

ગુજરાતના સુપ્રસિદ્ધ બંસરી વાદનાચાર્ય શ્રી વસંત ભોંડેએ શાસ્ત્રોક્ત બંસીવાદનની સાધનામાં ઉંચ પદ પ્રાપ્ત કરી સંગીતના ક્ષેત્રમાં તેઓએ સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. સ્વર, તાલ, લય અને મધુર રસદર્શન દર્શાવવાની આપની બંસરી વાદનમાં અદ્ભુત સાધના છે. ભારતના ઊંચ બંસરી વાદકોમાં આપનું પ્રણવસ્થાન છે. અમદાવાદ–વડોદરા રેડીયો પરથી આપની મધુર સ્વરવાહિની પ્રસારીત થાય છે.

**શ્રી શંકરરાવ ગાયકવાડ** **વડોદરા**

ભારતીય સંગીત ક્ષેત્રના શહનાઈ વાદન સમ્રાટ શ્રી શંકરરાવ ગાયકવાડે શહનાઈ વાદનની ઉંચ કોટીની સંગીત સાધના કરી ભારતીય સંગીત જગતમાં વાદન કલાની સાધનામાં ઉંચ પ્રાવિણ્ય પદ તથા પ્રતિષ્ઠા પદ સંપાદિત કર્યું છે. આપની "હિઝ માસ્ટર્સ વોઈસ" કંપનીયે એંસીથી નેવું રાગરાગીનીની ઉત્તમ રેકોર્ડનું સર્જન કરેલ છે. જે ભારતીય કલા વાદક માટે અતિ ઉપયોગી છે. આપ બરોડા રાજ્યના સુપ્રસિદ્ધ શહનાઈ વાદનાચાર્ય છો. આપે ઘણીયે સંગીત સ્પર્ધામાં ભાગ લીધેલ છે.

**શ્રી ભગવંતરાવ વાઘમારે** **બરોડા**

ગુજરાતના સુપ્રસિદ્ધ દિલરૂબા વાદક શ્રી ભગવંતરાવ વાઘમારેએ વાદનની ઉંચ કોટીની શસ્ત્રોક્ત શૈલીથી ઉંચ સંગીત સાધના કરી ભારતીય સંગીત કલા ક્ષેત્રમાં દિલરૂબાવાદનમાં પ્રણવ સ્થાન પ્રાપ્ત કર્યું છે. આપનું દિલરૂબા વાદનનું સંગીત પ્રોગ્રામ આકાશવાણી અમદાવાદ વડોદરા પરથી પ્રસારીત થાય છે.

**શ્રી ચંદ્રકાંત શેટયે** **અમદાવાદ**

ગુજરાતના સુપ્રસિદ્ધ વાયોલીન વાદક શ્રી ચંદ્રકાંત શેટયે વાયોલીનની અદ્ભુત આરાધના કરી ભારતીય સંગીત ક્ષેત્રમાં ઉંચ વાયોલીન વાદકનું સ્થાન પ્રાપ્ત કર્યું. આપના વાદનના સંગીત પ્રોગ્રામ અમદાવાદ રેડીયો પરથી પ્રસારીત થાય છે. આપ વાયોલીન વાદનના સર્વ શ્રેષ્ઠ કલાકાર છો.

**શ્રીમતી મીરાબાઇ વાડકર** **બરોડા**

શ્રીમતી મીરાબાઈ વાડકર ગુજરાતની સુપ્રસિદ્ધ ગાયકાએ સંગીતની ઉચ આરાધના શ્રી ખાદીમ હુસેનખાન તથા શ્રી અનવર હુસેનખાન પાસે લીધી હતી. આ ભારત વર્ષના બંને ખ્યાતિ પ્રાપ્ત ઉસ્તાદો પાસે દસ વર્ષ સંગીતની શ્રીમતી મીરાબાઈ વાડકરે સાધના કરી સંગીત વિદ્યાના ક્ષેત્રમાં અત્યંત ઉંચ પદ તથા સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલ છે. આપ ખ્યાલ, ઠુમરી, ધ્રુપદ, ઇત્યાદી ગાયકીઓની શૈલી પર સારૂં પ્રભુત્વ ધરાવો છો. ભારતની એક ઉચ કોટીની આપ સંગીત કલાધાત્રિ છો. અમદાવાદ રેડીયો સ્ટેશન પરથી આપની સંગીત ગાયકી પ્રસારીત થાય છે. બરોડા સંગીત વિદ્યાલયની આપ સંગીત અધ્યાપીકા છો. સંગીત ક્ષેત્રમાં આપે ઘણીએ સંગીત શિષ્યાઓ તૈયાર કરેલ છે.

**શ્રી રામજી ભગત** **બરોડા**

ગુજરાતના સુપ્રસિદ્ધ સંગીતાચાર્ય શ્રી રામજી ભગતે સંગીતનું પ્રારંભિક દર્શન વડતાલ મઠના શ્રી ગુંસાઈજી પાસેથી સંપાદન કર્યું હતું. ત્યાર બાદ ભારતીય સંગીત ક્ષેત્રના મશહુર સંગીતાચાર્ય શ્રી સતાહુસેન તથા અનવર હુસેનખાન પાસેથી સાત વર્ષ સુધી ગાયકી સિદ્ધિની તપસ્યા કરી ગાન વિદ્યામાં આગ્રા ઘરાનાની ગાયકીમાં પ્રણવ પદ સંપાદન કર્યું. ભારતના સર્વ શ્રેષ્ઠ ગાયકોમાં આપનું પ્રથમ પંકતીમા સ્થાન છે. આપ ધ્રુપદ, ધમાર, ખ્યાલ, ઠુમરી, ઇત્યાદી ગાયકીઓ પર સારૂં પ્રભુત્વ ધરાવો છો. આપનું સંગીત વિદ્યાલય મુંબઈમાં છે તેના આપ આચાર્ય પદે છો. મુંબઇ રેડીયો પરથી આપની સંગીત ગાયકી પ્રસારીત થાય છે.

**શ્રી ભાર્ગવ પંડયા** **ભાવનગર**

ભાવનગરના શ્રી ભાર્ગવ પંડયાએ સંગીતનું ગાયન વાદનનું ઉંચ અધ્યન "શ્રી સપ્તકલા"ના સંગીત પ્રિન્સિપાલ સ્વ. શ્રી જગદીપ વિરાણીજી પાસેથી કરી, સુગમ સંગીત તથા શાસ્ત્રીય ગાયન વાદન વિદ્યામાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. આપ સિતાર. વાયોલીન. ગિટાર તથા મેંડોલીન ઇત્યાદી વાદ્યવાદનમાં સારૂં પ્રભુત્વ ધરાવો

છો. સંગીત સાધના સાધવી તે આપના જીવનનું ઉંચ ધ્યેય છે. આપે ભાવનગરમાં ઘણાંએ શિષ્ય–શિષ્યાઓનું સંગીત વૃંદ તૈયાર કરેલ છે.

**શ્રી દ્વારકાદાસ વૈષ્ણવ** **ભાવનગર**

ભાવનગરના પ્રસિદ્ધ સંગીત સાધક શ્રી દ્વારકાદાસજી વૈષ્ણવે સંગીતનો તથા તબલાવાદનનો ઉચ્ચ અભ્યાસ શ્રી આદિત્ય રામજી પાસે કરી સંગીતની ગાયકી તથા તબલાવાદનમાં સારી પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી છે. આપ સંગીતના ઉંચ સાધક છો.

**શ્રી વિનાયક વોરા** **ગુજરાત**

શ્રી વિનાયક વોરાએ સંગીતની પ્રારંભિક શિક્ષા તેમના પિતાજી પાસેથી લીધી હતી. તેઓએ "તાર–શહનાઇ" નામના વાજીંત્ર પર પાંડીત્ય પ્રાપ્ત કરેલ છે. સ્વર્ગસ્થ ગાયક શ્રી યશવંતરાય પુરોહીત સાથે તાર શહનાઈની સંગત કરી આપે બહુજ પ્રશંસા પ્રાપ્ત કરી. આપે શ્રી યશવંતરાય પુરોહીત પાસેથી પણ સંગીતની શાસ્ત્રોક્ત શિક્ષા સંપાદન કરેલી. મુંબઈ રેડીયો સ્ટેશન પર આપ સગીત કલાકાર તરીકે કામ કરો છો.

**શ્રી સુંદરલાલ ગાંગાની** **વડોદરા**

જયપુર ઘરાનાના શ્રી સુંદરલાલ ગાંગાનીએ નૃત્યની તાલીમ ગુરૂ શ્રી ગૌરીશંકર પાસે લીધી હતી. હાલ તેઓ વડોદરા સંગીત મહા વિદ્યાલયમાં કથકનૃત્યના અધ્યાપક તરીકે કાર્ય કરે છે. નૃત્ય ઉપરાંત તબલાં વાદનમાં નિષ્ણાત છે. ગુજરાતમાં તેમના ઘણાં જ શિષ્ય–શિષ્યાઓ છે.

**શ્રી કનૈયાલાલ જાંવડા** **રાજકોટ**

શ્રી. કનૈયાલાલ જાંવડાનું પ્રાથમિક નૃત્ય અભિનવ દર્શન તેમના પિતા સ્વ. શિવપ્રસાદજી તથા તેમના મામા શ્રી હજારીલાલજી દ્વારા થયું હતું. શ્રી. જાંવડાએ જયપુર કથક નૃત્યશૈલીમાં પ્રાવિણ્યતા સંપાદિત કરી હતી તેઓ સંગીત નૃત્ય–નાટય ભારતમાં નૃત્ય અધ્યાપક તરીકે કાર્ય કરે છે. રાજકોટમાં તેમના ઘણાંજ શિષ્ય શિષ્યાઓ નૃત્યનો પ્રચાર કરે છે. હાલ તેઓ રાજકોટમાં નિવાસ કરે છે.

**શ્રી બાકર હુસેનખાં** **વડોદરા**

વડોદરાના મશહુર સિતાર વાદક શ્રી બાકર હુસેનખાંએ સિતારની શિક્ષા શ્રી અલીઅકબર સરોદનવાજ પાસેથી લીધી હતી. સિતાર વાદનમાં તેણે સારી ખ્યાતી પ્રાપ્ત કરી ગુજરાત તેમજ ભારતમાં પ્રથમ સિતાર વાદનાચાર્યનું સ્થાન સંપાદન કરેલ છે. તેઓ ભારતના સ્વર્ગસ્થ મશહુર ઉસ્તાદ શ્રી ફયાઝ હુસેનખાં સંગીતાચાર્યના પુત્ર થાય છે.

**શ્રી મુરલી છાંતપાર** **રાજકોટ**

શ્રી છાંતપારજીને સિતારની શિક્ષા આપના પિતાશ્રી સુંદરદાસ પાસેથી પ્રાપ્ત કરી, બાદમાં શ્રી આત્મારામ વાસુ પાસેથી ગ્રહણ કરી. આકાશવાણી રાજકોટ કેન્દ્રના આપ કલાકાર છો.

**શ્રી શિવકુમાર શુકલ** **વડોદરા**

પંડીત શ્રી શિવકુમાર ગોંડલના વતની છે. તેમણે સંગીતની શિક્ષા પૂ શ્રી ઓમકારનાથજી ઠાકુર પાસેથી સંપાદન કરી, ભારતિય સંગીતમાં પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી. આપે સ્વ. ઉસ્તાદ અમાન અલી ખાન પાસેથી પણ સંગીત તાલીમ ગ્રહણ કરી હતી. હાલમાં આપ વડોદરા સંગીત મહા વિદ્યાલયમાં રીડર તરીકે કાર્યવાહી કરો છો. સરગમ અને લયના વિશિષ્ટ પ્રકારો મુખ વિલાસ પરનું તેમનું કૌશલ્ય અદ્‌ભુત છે. ભારતીય સંગીતના ઉચ્ચકક્ષાના સંગીત મહાન કલાકારમાં આપની ગણના થાય છે.

**શ્રી અતુલ દેસાઈ** **અમદાવાદ**

શ્રી અતુલ દેસાઇએ સંગીતની શિક્ષા પં. શ્રી ઓમકારનાથજી પાસેથી ગ્રહણ કરી સંગીતની દુનીયામાં પ્રણવસ્થાન પ્રાપ્ત કરેલ છે. બનારસમાં બી. મ્યુઝીકની પરીક્ષા પ્રથમ શ્રેણીમાં પસાર કરી છે. સુંદર અવાજ ધરાવનાર આ આશાસ્પદ યુવાન કલાકારે અમદાવાદમાં "સંગીત ભારતી" નામની સંસ્થાની સ્થાપના કરી છે. અને તેઓ અમદાવાદ રેડીયો સ્ટેશનનાં ઉમદા કોટીના સંગીત કલાકાર છે. તેઓ ભારતીય સંગીતના પ્રથમ કોટીના ગાયક છે.

**શ્રી સુધીરકુમાર સકસેના** **વડોદરા**

શ્રી સુધીરકુમાર સકસેનાએ તબલાંવાદનની શિક્ષા ભારતના તબલાં વાદનાચાર્ય ઉસ્તાદ હબીબુદીનખાં પાસેથી લીધી હતી. તબલાં વાદનમાં તેઓએ અજરડા તથા દિલ્હીના બાજ પર પ્રાવિણ્યતા પ્રાપ્ત કરેલ છે. ભારતના તબલાં વાદકોમાં તેમનું પ્રથમ સ્થાન છે. લયમાં તેઓ બહુ જ અદ્‌ભૂતતા ધરાવે છે. ગાયન વાદન તથા નૃત્ય આ ત્રણેય કલાઓમાં તેઓ કુશળતાથી સંગત કરે છે તેઓ બરોડા એકેડેમીમાં તબલાં વાદનાચાર્ય તરીકે કાર્યવાહી કરે છે.

**શ્રી સુલતાનખાં** **રાજકોટ**

શ્રી સુલતાનખાં રાજસ્થાનના યુવાન સારંગી વાદક છે. તેમની સંગીતની શિક્ષા તેમના પિતાશ્રી ગુલામખાં તથા અહમદ ગુરા રાજવૈદ પાસે થઈ હતી. તેઓ ઇંદોર ઘરાનાના મહાન સારંગી વાદક છે. હાલમાં તેઓ ઓલ ઇંડીયા રેડીયો સ્ટેશન રાજકોટમાં સારંગીવાદનાચાર્ય તરીકે કાર્યવાહી કરે છે. તેઓ ઉંચકક્ષાના સારંગી વાદક છે.

**શ્રીમતી સરોજાદેવી**

વિદ્વાન મધુકુમાર પિલાઈનાં આદિ શિષ્યોમાંના એક શ્રીમતિ સરોજાદેવી ખોકરે બાલ્યવયથીજ શ્રી રામગોપાલની નૃત્ય મંડળીમાં કલાકાર તરીકે જોડાઇને તેમની સાથે ઘણો પ્રવાસ ખેડ્યો છે. તેમણે થોડો વખત વડોદરામાં સંગીત યુનિવર્સિટીમાં "ભરત નાટયમ"ના અધ્યાપક તરીકે કાર્યવાહી કરી હતી. અને તેમણે કથક નૃત્ય, મણીપુરી નૃત્ય, કથકલી નૃત્ય તથા ભરત નાટયમ નૃત્યના અનેક સ્વતંત્ર કાર્યક્રમો આપ્યા હતા. નૃત્ય કલા વિવેચક દિલ્હી સંગીત નાટક એકેડેમીનાં સ્પેશિયલ ઓફીસર શ્રી મોહન ખોકરનાં તેઓ પત્નિ છે.

**શ્રી સુબલક્ષ્મી નૃત્યવિશારદા**

શ્રી સુબલક્ષ્મીએ બાલ્યાવસ્થાથી શાસ્ત્રીય સંગીતની શિક્ષા સંપાદન કર્યા બાદ નૃત્યકલા સદન મુંબઈમાં સાત વર્ષની "ભરત નાટયમ" ની તાલીમ લીધી. તેમના ગુરૂશ્રી મણી આ કલાના નિષ્ણાત છે. ગુજરાતના સંગીત નૃત્ય મહોત્સવો અને ફીલ્મ ચિત્રોમાં નૃત્યો આપેલ

છે, કે જે નૃત્યો ઘણાંજ પ્રશંસાને પ્રાપ્ત કરેલ છે.

### શ્રી નયના ઝવેરી, શ્રી રંજના ઝવેરી, શ્રી સુવર્ણા ઝવેરી

ગુજરાતની આ ત્રણ ઝવેરી બેનોએ સંગીત તથા નૃત્યની તાલીમ ગુરૂશ્રી બીપીન સિંહા પાસેથી ગ્રહણ કરી હતી. અને ભારતની ઘણી સંગીત પરિષદોમાં પ્રણવ સ્થાન પોતાની કલાદારા સંપાદન કર્યુ હતું. આ ત્રણે બેનોએ આસામનું મણીપુરી નૃત્ય, ભરત નાટયમ, કથકનૃત્ય તથા કથકલી નૃત્યમાં પ્રાવિણ્યતા પ્રાપ્ત કરેલ છે.

### શ્રી પ્રફુલ્લા પટેલ વડોદરા

શ્રી પ્રફુલા પટેલ સંગીત નૃત્ય નાટય મહાવિદ્યાલય વડોદરામાં કથક નૃત્યનો અભ્યાસ કરી. તેમણે આ તાલીમ જયપુર ઘરાનાના શ્રી સુંદરલાલ ગાંગાની પાસેથી મેળવી છે. દિલ્હી ખાતે થયેલ હિંદના વિશ્વવિદ્યાલયોની નૃત્ય હરીફાઈમાં અને મુંબઈમાં હરિદાસ સંગીત સંમેલનની હરીફાઇમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ગુજરાતની પ્રથમ કક્ષાની આ કલાધાત્રિ છે અને કલા તેની સાધના છે

### શ્રીમતી અંજલી મેઢ વડોદરા

શ્રીમતી અંજલીદેવીએ "ભરત નાટયમ"ની શિક્ષા શ્રી રૂક્ષ્મણી દેવી પાસેથી પ્રાપ્ત કરી. આપ સંગીત નૃત્ય નાટય મહાવિદ્યાલયમાં વડોદરામાં પ્રાધ્યાપક છો.

### ચિત્રજગતના સંગીત સર્જક શ્રી કલ્યાણજી-આણંદજી કચ્છ

ફિલ્મી જગતના મશહુર સંગીત સર્જક શ્રી કલ્યાણજી તથા શ્રી આણંદજી ભાઈઓએ શાસ્ત્રીય તથા સુગમ સંગીતનો અભ્યાસ કરી સારાએ વિશ્વમાં સંગીતની પ્રાવિણ્યતા ધરાવે છે. તેમણે પ્રથમ ફિલ્મચિત્ર 'નાગીન'માં કલેવાયોલીન નામના વાજિંત્ર પર સુમધુર સપેરાબીન બજાવી સારાએ વિશ્વના માનવોને સંગીતના મધુર સ્વરોથી મનોમુગ્ધ કરી દીધા હતા. તે બંને ભાઈની યુગલબંધીએ સરસ્વતીચંદ્રમાં સર્વશ્રેષ્ઠ સંગીત સર્જી માનવજીવનના મન-રંજીત કરી દીધા હતા. ફીલ્મી સંગીત જગતના મહાન સીતારાઓ-એ શાસ્ત્રીય સંગીતની ઉત્તમ રચનાઓ ફીલ્મમાં પ્રસિદ્ધ કરી છે. કે જે સંગીત રચનાઓ ભારતીય સંગીત સંસારમાં સદાય સ્મરિત રહેશે. શ્રી કલ્યાણજી તથા શ્રી આણંદજીભાઈ એ ભારતીય ફીલ્મ જગતમાં જે મધુર સ્વર બંદીશો સમર્પિત કરી છે તે સદાય માનવ હૃદયના અંતરમાં અમર રહેશે. આ બંને ભાઈઓનો જન્મ કચ્છના ઉંચ વણીક પરિવારમાં થયો હતો. ચિત્રજગતમાં તેમણે ઘણીએ ફીલ્મોમાં શાસ્ત્રીય તથા સુગમ સંગીતને સજીવ રૂપો અર્પિત કરેલ છે. આ સંગીત સાધકોની ઉંચ ભાવનાઓ સદાય અમર રહેશે.

### ચિત્રજગતના મહાન સંગીત સર્જક શ્રી શંકર જયકિશન વડોદરા

ચિત્ર જગતના સુપ્રસિદ્ધ સંગીત સર્જક શ્રી શંકરજયકિશને વસંત બ્હારમાં શાસ્ત્રીય તથા સુગમ સંગીત સમર્પિત કરી સંગીત કલા વિશારદોના મન રંજીત કરી દીધેલ છે. ભારતીય સંગીત ફીલ્મોમાં આ બંને ભાઈઓની યુગલ બંધીએ ફીલ્મોમાં ઉંચ ભાવના પ્રાધાન્ય સંગીત સર્જીત કરી માનવ હૃદયમાં જાગૃતિની ઉંચ ભાવનાઓનું અભિદર્શન કરાવેલ છે. આપની ફીલ્મ ચિત્ર "વસંત બહાર"માં વસંત રાગમાં શ્રી ભીમસેન જોશી દ્વારા ગાયેલ ચીજની બંદીશ ઘણી જ ઉંચ કોટીની તથા ભાવના પ્રાધાન્ય છે. શ્રી જયકીશન ગુજરાતના એક અજોડ હારમોનીયમ વાદક છે. તથા તબલા ઉપર પણ પાંડીત્ય પ્રાપ્ત કરેલ છે. અને શ્રી શંકર મદ્રાસના છે. તેઓ તબલા વાદન ઉપર સારો કાબુ ધરાવે છે. "આમ્રપાલી" "દીલ એક મંદીર" "સીમા" "બેટી બેટે" આદી ફીલ્મ ચિત્રોમાં આપની યુગલબંધીએ શાસ્ત્રોક્ત સંગીત ઉત્તમ પ્રકારની બંદીશો સમર્પિત કરી છે. વિશ્વની ચારે દિશામાં આપ બંને ભાઈયોનો સંગીત વિજય ધ્વજ ફરકી રહ્યો છે. ભારત, રશિયા, અમેરીકા, આફ્રીકા આદી ફોરેન દેશોમાં પણ આપની સંગીતની પ્રશંશા થઈ રહી છે. આપની સંગીતકલા ચિત્ર જગતના ઈતિહાસમાં સદાય અમર રહેશે.

### ચિત્ર જગતના મશહુર ગાયક શ્રી મહમદ રફી

ભારતીય ચિત્ર સંસારના સુપ્રસિદ્ધ પ્લેબેક ગાયક શ્રી મહમદ રફીએ પોતાના સુમધુર કંઠ દ્વારા ગુજરાત, પંજાબ, મહારાષ્ટ્ર, કર્ણાટક તથા સારાયે વિશ્વમાં સંગીતના સુમધુર સ્વરો પ્રસરાવ્યા છે. શ્રી રફીએ સુગમ સંગીત તથા શાસ્ત્રીય સંગીતની અદ્‌ભુત આરાધનાથી સારાયે ચિત્ર જગતના સંગીત પ્રેમીયોના મન હરી લીધા છે. પરમાત્માએ બક્ષેલ મધુર અવાજના ગુંજન તથા સાધ-નાથી આજે સારાયે વિશ્વને શ્રી રફી સાહેબે સંગીત ગાયકી દ્વારા આનંદ વિભોર કરી દીધેલ છે. હિઝ માસ્ટર્સ વોઈસ કુંપનીએ તેમની બારથી પંદર હજાર રેકોર્ડ ભારતમાં પ્રસિદ્ધ કરી છે.

### ચિત્રજગતના સુપ્રસિદ્ધ ગાયક શ્રી મુકેશ

સંગીતના સારાયે વિશ્વ ક્ષેત્રના ગાયક શ્રી મુકેશે પોતાના મધુર નાદ મય અવાજની સાધનાથી ગુજરાત, મહારાષ્ટ્ર, દક્ષિણ, પંજાબ તથા પાશ્ચિમાત્ય દેશોમાં પોતાની નાદ સુમધુર સ્વર લ્હેરીથી ભારતીય સંસારના પ્રેક્ષકોના મન આનંદ રંજીત કરી દીધેલ છે. શ્રી મુકેશે રાતદિવસ સંગીતની મહાન સાધના દ્વારા સુગમ સંગીત તથા શાસ્ત્રીય સંગીતમાં સારી પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી છે. મનુષ્ય જીવનમાં સાધના કરવાથી નાદની સિદ્ધિ તથા પરમાત્માનું મિલન થાય છે. શ્રી મુકેશ સાહેબે સંગીતની સિદ્ધિ પોતાના મધુર નાદોના આંદોલનના સ્વરો સારાએ વિશ્વમાં પ્રસરાવ્યા છે.

### મધુર ગાયકીના સ્વર સમ્રાટ સ્વ. કે. એલ. સહગલ

સારાએ વિશ્વના મધુર ગાયકીના સ્વર સમ્રાટ શ્રી સહગલનું ચિત્ર સંસારના ઇતિહાસમાં કદી પણ ભુલી શકાશે નહિ. તેમણે ચિત્ર સંસારમાં અભિનય દર્શન તથા શાસ્ત્રીય સંગીતની ઉંચ ભાવનાઓનું દર્શન કરાવી ભારતીય ક્ષેત્રના ચિત્ર પ્રેક્ષકોના મન આનંદ વિભોર કરી દીધા હતા. આ સ્વરના મધુર સમ્રાટે દેવદાસ, પ્રેસીડેંટ, તાનસેન, ધરતીમાતા, ચંડીદાસ આદી ઘણાયે ન્યુથીએટર્સ ચિત્રોમાં અભિનય તથા સંગીતની ઉંચ સાધનાનું દર્શન કરાવી ભારતિય ચિત્ર સંસારમાંથી સદાને માટે સમાધી લઈ વિણાધારી સરસ્વતી દેવીનું સદાને માટે આરાધના કરવા ચાલ્યો ગયો. આજ પણ તેમના મધુર કંઠની મુદ્રિકા ધ્વનીઓની સ્વર લ્હેરીથી અને કલાથી સદાય અમર સંગીત સાધક છે. આ ચિત્ર સંસારમાં

તેમની સ્મૃતિઓ અહરનિશ યાદ આવે છે.

### ચિત્રજગતની સુપ્રસિદ્ધ ગાયીકા શ્રી લતામંગેશકર

ભારતિય ચિત્ર સંસારની સુપ્રસિદ્ધ ગાયીકા શ્રી લતા મંગેશકરે શાસ્ત્રીય તથા સુગમ સંગીતની અદ્ભુત સાધનાથી ભારતિય ચીત્રક્ષેત્રમાં સારી પ્રાવિણ્યતા ધરાવી છે. શ્રી લતાએ પોતાના કોકીલકંઠ દ્વારા ચિત્ર જગતના પ્રેક્ષકોના મન રંજીત કરી દીધેલ છે. આ સંગીત કલાધાત્રીયે સારાયે વિશ્વમાં અવાજની મહાન સાધનાથી સારાએ વિશ્વમાં પોતાનો મધુર કંઠ પ્રસારીત કરેલ છે. ભારતિય સંગીતક્ષેત્રમાં તેમની વીશ હજાર સંગીતની રેકોર્ડ "હિઝ માસ્ટર્સ વોઈસ" કુંપનીએ પ્રસિદ્ધ કરી છે.

### ચિત્ર સસારની મશહુર ગાયીકા શ્રી આશા ભોંશલે

ચિત્ર ક્ષેત્રની સુમધુર ગાયિકા શ્રી આશા ભોંસલેએ સુગમ તથા શાસ્ત્રીય મધુર સંગીતની આરાધના કરી ચિત્રજગતમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલ છે. શ્રી આશાદેવીએ ઘણાયે ચિત્રોમાં પ્લેબેક આપી તેમની મધુર ગાયકી દ્વારા ચિત્ર પ્રેક્ષકોના મન આનંદ રંજીત કરી દીધા છે. હિઝ માસ્ટર્સ વોઈસ કુંપનીએ તેમની ઘણીએ ધ્વની મુદ્રિકાઓ પ્રકાશિત કરી છે. ગુજરાત તથા સારાએ વિશ્વમાં અવાજની મધુર સાધનાથી સારી પ્રસિદ્ધી પ્રાપ્ત કરી છે. શ્રી આશા સંગીતકલાની સાધનામાં મસ્ત રહે છે.

### ચિત્ર ક્ષેત્રની મધુર ગાયીકા શ્રીમતી સુમન કલ્યાણપુર

ફિલ્મ ચિત્ર સંસારની સુમધુર ગાયીકા શ્રી સુમન કલ્યાણપુરે ભારતીય શાસ્ત્રીય તથા સુગમ સંગીતનો અભ્યાસ કરી ફિલ્મી ચિત્ર સંસારમાં પ્લેબેક ગાયીકા તરીકે સારી પ્રતિષ્ઠા સંપાદીત કરેલ છે. ઘણાએ ચિત્રોમાં પોતાનો મધુર કંઠ પ્રસરાવી ચિત્રજગતના પ્રેક્ષકોના મન આનંદ વિભોર કરી દીધેલ છે. ભારતીય ચિત્રજગતની આ એક સારી પ્રતિભાશાળી સ્વર સાધીકા છે. હિઝ માસ્ટર્સ વોઈસ કુંપનીએ તેમની ઘણીએ રેકોર્ડ પ્રસિદ્ધ કરી છે.

### ચિત્રની મધુર સ્વર સાધીકા શ્રી ગીતાદત્ત

ચિત્ર સસારના ક્ષેત્રમાં ગુજરાતી તથા હિંદી ગીતો ગાઇને પોતાની મધુર કંઠની સ્વર લ્હેરીથી સારાયે ગુજરાત તેમજ સારાયે ભારતવર્ષના સંગીતપ્રેમીઓનું મનરંજીત કરી દીધલ છે. શ્રી ગીતાએ શાસ્ત્રીય તથા સુગમ સંગીતનું આરાધન કરી ચિત્રક્ષેત્રમાં પ્લેબેક ગાયીકાની સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલ છે. શ્રી ગીતાદત્તની હિઝ માસ્ટર્સ વોઈસ કુંપનીએ ગુજરાતી તથા હિંદી રેકોર્ડો પ્રસિદ્ધ કરી છે. ભારતીય ચિત્રજગતની એક મધુર સુપ્રસિદ્ધ સંગીત સાધિકા તથા ઉંચ કલાધાત્રી આપ છો.

### શ્રી અજીત મરચંટ

ગુજરાતના સંગીતાચાર્ય શ્રી અજીત મરચંટ ગુજરાતના ગીત સંગીતમાં વાદ્ય વૃંદની વિશિષ્ટ સંગીત રચના અંગેની પાશ્ચાત્ય સૂઝને અવતારવા માટે સ્મરણિય રહેશે. તેમની ગીત સંગીત રચના માત્ર રેડીયો પર જ નહિ પણ ગ્રામોફોન, રંગ મંચ અને નૃત્ય નાટીકાઓ તથા ચલચિત્રો દ્વારા ગુજરાતમાં લોકાદાર પામી છે. છેલ્લાં કેટલાક વર્ષોથી તેઓ આકાશવાણી (મુંબઈ) ના ગુજરાતી સંગીત વિભાગના નિયામક છે.

### શ્રી અજીત શેઠ

અજીત શેઠ શૈશવથી શ્રી પંકજ મલીક અને રવિંદ્ર–સંગીતના સંસ્કારોમાં ઘડાયેલા અજીત શેઠ રેડીયો અને રંગમંચના ગાયક તરીકે તેમ જ શિષ્ટ સંગીતિક પ્રવૃત્તિઓમાં સંયોજક તરીકે પ્રતિષ્ઠા પામ્યા છે. શ્રી દિલીપકુમાર રોય અને શ્રી પંકજ મિલકના નિકટ સંપર્ક અને પ્રોત્સાહન ને પણ તેઓ પાત્ર થાય છે. શ્રી શેઠ ગુજરાતના સુગમ સંગીતના એક શ્રેષ્ઠ કલાવિશારદ છે.

### શ્રી એ. આર. ઓઝા

મુંબઈ રેડીયો જ્યારે બેલાર્ડ પિયર પરથી સંગીત રેલાવતી એક બીન સરકારી સંસ્થા માત્ર હતી ત્યારથી ગુજરાતી ગીતો વહાવતા શ્રી એ. આર. ઓઝાના અનુભવે અનેક ઘાટનાં પાણી પીધાં છે. સ્વ બાબુ ખેમચંદ પ્રકાશ તથા અવિનાસ વ્યાસના સંચાલનના અનેક પાર્શ્વગાન આપ્યાં છે. અનેક હિંદી તેમજ ગુજરાતી ગ્રામોફોન રેકોર્ડોએ તેમના કંઠનું જાદુ સંઘર્યું છે.

### શ્રી અરવિંદ પંડયા

ગુજરાત વડોદરાનાં સંગીત મહાવિદ્યાલયમાં શિક્ષણ પામેલાં શ્રી અરવિંદ પંડયા ૧૯૪૨ માં મુંબઈ આવ્યાં. ત્યારથી જ રેડીયો અને ચલચિત્રો દ્વારા પોતાનો કંઠ રેલાવતાં રહ્યા છે. પાર્શ્વગાન ઉપરાંત અભિનય ક્ષેત્રે પણ શ્રી પંડયાએ કિર્તિ મેળવી છે.

### શ્રી મિનળ મહાદેવીઆ — અમદાવાદ

અત્રેની "દર્પણ" સંસ્થામાં શ્રીમતી મૃણાલીની સારાભાઈ પાસેથી ઉંચ માર્ગદર્શન મેળવવા ઉપરાંત આ કલાકાર રવિંદ્ર સંગીતની પણ તાલીમ લઈ રહ્યાં છે. અમદાવાદની "ગીતાલી" સંસ્થાની સંગીત પ્રવૃતિ સાથે સંકળાયેલા છે.

### શ્રી કોકીલા જોશી

બાળવયથી જ સંગીતના અનુરાગી કોકીલા જોશી રેડીયો, ફીલ્મ ગ્રામોફોન તેમજ રંગમંચ પરથી સંગીતના સુર રેલાવતાં વર્ષો જુના કલાવિશારદ છે. નામ એવોજ કંઠ પામેલા 'ગીત કોકીલા'ની અનેક રેકોર્ડો લોકાદર મેળવી ચુકી છે. સંગીતની શિક્ષા શ્રી મનહર બર્વે પાસેથી તેઓએ શાસ્ત્રીય સંગીતની શિક્ષાસંપાદન કરેલ છે. કોકીલા બ્હેને ગાયેલા રાસ ગરબા ગુજરાતના ખુણે ખુણે પ્રસિદ્ધી પામી ચુકયા છે. સંગીત નિયોજક શ્રી જયંતિ જોશીના તેઓ પની છે.

### કૌમુદી મુનશી

શૈશવથી સંગીત પ્રત્યે ઉન્મુખ કૌમુદી મુનશીએ સુગમ સંગીત ક્ષેત્રે ગૌરવભરી સિદ્ધિ હાંસલ કરી છે. બનારસમાં શાસ્ત્રીયસંગીતની તાલીમ પામેલાં આકાશવાણી મુંબઈના આ નામી કલાકારની ગાયકીમાં બનારસી ઠુમરીની બહાર મધમથે છે. રેડીયો સીવાય ફીલ્મમાં પણ તેમણે પાર્શ્વગાયિકા તરીકે તથા રંગમંચ અને નૃત્ય નાટિકાઓ માટે પોતાનો કંઠ વહાવ્યો છે. ગુજરાતના ખ્યાતનામ નિર્દેશક શ્રી બિનુ મઝમુદારના તેઓ પત્ની છે.

### શ્રી જયંતિ જોશી

સંગીતરસીક પિતાનો વારસો પામેલા જયંતી જોશી ૧૯૪૨માં મુંબઈ આવ્યા. શ્રી અલારખાંના સહાયક તેમજ હી મા વો માં

ગુજરાતી સંગીત નિયોજક તરીકે કામગીરી બજાવ્યા બાદ શ્રી અવિનાશ વ્યાસ સાથે બહુ લાંબો સમય સુધી સંકળાયેલા રહ્યા. કુશળ ગાયક અને ગુજરાતના રાસ, ગરબા, સંગીત નિયોજક તરીકે રાસ, ગરબા તથા નૃત્ય નાટીકાઓમાં જયંતી જોશીની શક્તિ બહોરી છે.

### શ્રી તેહમી એન્ટિ

ગુજરાતના નિનુ મઝમુદારની સ્વરશૈલીમાં શિક્ષા પામેલાં તેહમી એન્ટી આકાશવાણી પરથી છેલ્લા પાંચેક વર્ષથી પોતાનો મધુરસ્વર રંજીત કરી વહાવે છે. રેડીયો સીવાય નૃત્ય નાટીકાઓમાં પણ તેમણે ઉત્સાહભેર પોતાનો મધુરકંઠ ગાયકીદ્વારા રજુ કરેલ છે. ગુજરાતના ખૂણે ખૂણે તેમણે તેમના સુગમ સંગીતની મધુર ગાયકીની સૌરભ પ્રસરાવી છે.

### શ્રી દક્ષેશ ધ્રુવ

બાલ્યવયથી જ સંગીત પ્રત્યે અભીરૂચી ધરાવતા દક્ષેશ ધ્રુવની સંગીત સાધનાને શ્રી નિનુ મઝમુદારે ઘાટ આપ્યો. આજે તેઓ આકાશવાણી પરથી તેમજ રંગમંચ પરથી ગુજરાતની ધરતી ઊપર મધુરસ્વર પ્રસરાવે છે

### શ્રી દિલિપ ધોળકિયા

૧૯૨૧માં સંગીતપ્રેમી પરિવારમાં જન્મેલા દિલીપ ધોળકીયાનો મધુરસ્વર ૧૯૪૪માં મુંબઇના આકાશવાણી પર ગુંજતો થયો. ૧૯૪૭ પછી અનેક સંગીત રૂપકોના સંગીત નિયોજક તરીકે તથા ગુજરાતી ચલચિત્રોના પાર્શ્વગાયક તરીકે તેઓએ પ્રસિદ્ધિ મેળવી. ૧૯૫૦-૫૧માં શ્રી એસ. એન. ત્રીપાઠી તથા શ્રી ચિત્રગુપ્તના સહ નિયોજક તરીકે અને હવે સ્વતંત્ર સંગીત દિગ્દર્શક તરીકે પ્રશંસા પામી રહ્યા છે.

### શ્રી નિનુ મજમુદાર

લોકસંગીત અને ભારતીય શાસ્ત્રીય સંગીતના સાધક શ્રી નિનુ મજમુદારને સંગીતકલાનો વારસો તેમના પિતા અને વડોદરા જેવી સંસ્કારભૂમિમાં મેળવી, કાશીની ધરતી અને તેનું સંગીત સેવ્યા પછી વિશિષ્ટ સ્વરશૈલીના કવિ સંગીતકાર તરીકે પ્રણવસ્થાન પ્રાપ્ત કર્યું છે. ચલચિત્રોના સંગીત નિયોજન, આકાશવાણી અને રંગભૂમિ પરથી તેમણે પોતાની કલા પ્રસરાવી છે. હાલમાં મુંબઇ આકાશવાણી પર 'વિવિધ ભારતી'ના સંગીત વિભાગના સંચાલક છે.

### શ્રી પિનાકીન મહેતા — ભાવનગર

શૈશવથી સંગીતનું વાતાવરણ પામેલા શ્રી પિનાકીન મહેતાએ ભાવનગરની 'સપ્તકલા' સંસ્થાદ્વારા તેમજ રાજકોટ આકાશવાણી દ્વારા પોતાના મધુરકંઠનો કસબ ઝળકાવ્યો છે શાસ્ત્રીયસ્વરોની લગાવટ કરવાના પક્ષપાતી શ્રી પિનાકીનભાઈ બાંધેલી સ્વર યોજનાવાળા એકના એક ગીતને પણ વૈવિધ્યપૂર્ણ કરવાની શક્તિ ધરાવે છે.

### શ્રી બાબુભાઇ પરમાર

છેલ્લા દશેક વર્ષથી રેડીયો, ગ્રામોફોન તથા રંગમંચ પરથી શ્રી બાબુભાઈ પરમારે સંગીત પ્રસારીત કરેલ છે. ગુજરાતી ફિલ્મોમાં પણ પોતાનો કંઠ પ્રસારિત કરેલ છે. શ્રી અવિનાશ વ્યાસના લાંબા સમયથી સંપર્કમાં છે.

### શ્રી પિનાકીન શાહ

શ્રી રતિકુમાર વ્યાસના સંપર્કથી લોકગીતોના ગાયક બનેલા પિનાકીન શાહ છેક ૧૯૪૫થી આકાશવાણી, રંગમંચ, નૃત્યનાટીકા અને ચલચિત્રોદ્વારા પોતાની કલા રજુ કરે છે. પાર્શ્વગાન ઉપરાંત અભિનયક્ષેત્રે પણ તેમણે અજવાળા પાથર્યા છે. ૧૯૪૭થી શ્રી અવિનાશ વ્યાસની સંગીત પ્રવૃતિના એક અવિભાજ્ય અંગરૂપે રહ્યા છે. ગુજરાતની ધરતી પર તેમણે તેમનો મધુરકંઠ પ્રસરાવ્યો છે.

### શ્રી પિનાકિન ત્રિવેદી

ગુરૂદેવ રવિન્દ્રનાથ ઠાકુરના પ્રીતિપાત્ર બનેલા શાંતિનિકેતનના આશ્રમીક પિનાકીન ત્રિવેદી રવિન્દ્ર સંગીત ઉપરાંત ભક્તિ સંગીત તેમજ સ્વરચિત ગીતો દ્વારા છેલ્લા ત્રીશ વર્ષથી પોતાનો કંઠ વહાવતા આવ્યા છે. ૧૯૩૫થી તેમણે આકાશવાણીને અનેક વિવિધ સેવાઓ આપી છે. સંસ્કાર અને શિક્ષણ પ્રવૃત્તિમાં પિનુભાઇ હંમેશા પ્રણવસ્થાને રહ્યા છે.

### શ્રી પુનિતા કંથારિયા — અમદાવાદ

શાસ્ત્રીયસંગીતની પ્રારંભીક તાલીમ પામેલા પુનીતા કંથારીયાએ ૧૨ વર્ષની નાની વયથી જ આકાશવાણી અમદાવાદ પરથી પોતાનો કંઠ પ્રસારિત કરેલ છે. આકાશવાણી દિલ્હી ઉપરથી પણ તેમના ગીતો પ્રસારીત પામ્યા છે. ૯ વર્ષની નાની વયે તેમણે કલકત્તાના એક સંગીત સંમેલનમાં ભાગ લીધો હતો. આકાશવાણી ઉપરાંત રંગમંચ તેમજ નૃત્યનાટીકાઓમાં પણ કંઠ પ્રસારીત કરેલ છે.

### શ્રી પુરૂષોત્તમ ઉપાધ્યાય

બાલ્યવયથી જ સંગીતક્ષેત્રે પ્રવૃત થયેલા શ્રી પુરૂષોત્તમ ઉપાધ્યાય શ્રી અવિનાશ વ્યાસની સંગીતપ્રવૃત્તિમાં જડેલું એક અનોખું સંગીતરત્ન છે. શ્રી સલામત-નજાકતઅલીના સંપર્કમાં આવ્યા પછી તેમની સ્વરશૈલી એક નવીન સર્જન પામી છે. આટલી નાની વયમાં પણ તેમની ગાયકી અને તેમનું સંગીત આકાશવાણી, ફીલ્મ, રંગમંચ, ગ્રામોફોન તથા નૃત્યનાટીકાઓમાં ઘણાંજ પ્રસારીત થયેલા છે. ગુજરાતના આપ મહાન સુગમ સંગીતના ગાયક છો.

### શ્રી પ્રજ્ઞા છાયા — વડોદરા

શ્રી પ્રજ્ઞા છાયા છેલ્લા ૧૦ વર્ષથી આકાશવાણી વડોદરા અને બીજા અનેક કેન્દ્રો પરથી ગુજરાતી ગીતો પ્રસાર કરતાં વડોદરાના જાણીતા કલાકાર છે. આકાશવાણી ઉપરાંત રંગમંચ તેમજ નૃત્ય નાટીકાઓ પણ તેમના સ્વરની માધ્યમ બની છે. ગુજરાતના ઘરે ઘરમાં સંગીતના સ્વર પ્રસરાવ્યા છે.

### શ્રી બદ્રીનાથ વ્યાસ

કુટુંબના સંગીતમય વાતાવરણમાંથી પ્રેરણા ઝીલી તૈયાર થયેલા શ્રી બદ્રીનાથ વ્યાસને શ્રી દિલીપ ધોળકીયાએ ગુજરાતી સંગીત તરફ પ્રેર્યા. અને ૧૯૪૪થી આજ સુધી તેમનો કંઠ રેડીયો, નૃત્ય નાટીકાઓ તેમજ ગ્રામોફોનના માધ્યમ દ્વારા ગુંજતો થયો છે. ખ્યાતનામ સંગીત નિયોજકો સાથે ફીલ્મોના પાર્શ્વગાયક તરીકે પણ તેમણે પ્રશંસા મેળવી છે.

**શ્રી બાલમલજી**

નાનીવયે સંગીત પ્રવૃતિમાં રંગાયેલા શ્રી બાલમલજી આકાશ-વાણી રંગમંચ તેમજ નૃત્યનાટીકાઓ દ્વારા પોતાના કંઠનો ગુજરાતને પરિચય કરાવતા રહ્યા છે. ગ્રામોફોન તેમજ રેડીયો પર તેમના ગીત ગુંજન પ્રસારીત થયેલા છે.

**શ્રી રામપ્યારીબાઈ**

બચપનથી સાંગીતીક વાતાવરણમાં ઉછરેલા શ્રી રામપ્યારીબાઈ જુની રંગભૂમિના આપણા એક અગ્રગણ્ય કલાકાર છે. છેક નવ વર્ષની નાની વયથી તેમણે આજ પર્યંત સંગીતના સુરો વહાવ્યાં છે. ઘણી નાની વયમાં શ્રી સોરાબ મોદીની નાટ્યપ્રવૃત્તિમાં અને ત્યારબાદ દેશી નાટક સમાજમાં પણ તેઓ ગાતા આવ્યા છે. શાસ્ત્રીયસંગીતની શિક્ષા ઇંદોરના સારંગીયા શ્રી આલાદીયાખાં પાસેથી સંપાદન કરેલી. જુની રંગભૂમિના હારમોનિયમ માસ્તર મોહન જુનીયરના તેઓ પત્ની છે.

**શ્રી મોહન જુનીયર** — **અમદાવાદ**

શ્રી મોહનભાઈ જુનીયર શ્રી આર્યનૈતિક નાટક સમાજના હારમોનીયમવાદક હતા. તેમને સુગમ તથા શાસ્ત્રીય સંગીતનો ઘણો અનુભવ છે. તેઓએ પોતાનો મધુરકંઠ કોલંબીયા રેકોર્ડ તથા ગુજરાતી ફીલ્મ "ચુડીચાંદલો"માં પણ સંગીત સર્જન કરી સુગમ સંગીતના મધુર ગીતો પ્રસરાવ્યાં છે. હાલમાં તેઓ એક રંગભૂમિના કુશળ હારમોનિયમ વાદક છે.

**શ્રી વિણા મહેતા**

ગળથુથીમાંથી લોકસંગીતના સંસ્કારો સાથે ઉછરેલા વિણા મહેતા છેલ્લા ૨૧ વર્ષથી રેડીયો સાથે સંકળાયેલા છે. 'ભગીની સમાજ' ના સ્ટેજ પરથી રજુ થતાં ગરબા દ્વારા ગુંજતા થયેલા એમના સ્વરે અનેક સંગીત અનેક નૃત્ય અને રૂપકોમાં તથા રેકર્ડો દ્વારા ગુજરાતના લગભગ બધા જ અગ્રગણ્ય સંગીત નિર્દેશકોની રચનાઓ રજુ કરી છે.

**શ્રી સુલોચના વ્યાસ**

જન્મે મહારાષ્ટ્રીયન પણ સંસ્કારે ગુજરાતી શ્રી સુલોચના વ્યાસ ગુજરાતના ખ્યાતનામ સંગીત કલા વિશારદ શ્રી અવિનાશ વ્યાસના પત્ની છે. તેમના પિતાશ્રી કૃષ્ણરાવ ચોનકર પોતે જ એક શાસ્ત્રીય સંગીતના ગાયક છે. અને ગુજરાતી દેશી નાટક સમાજમાં અભિનય કરતા હોવાથી સંગીતના બીજ અને ગુજરાતી કલા સંગીતના સંસ્કાર સુલોચના બ્હેનને નાની વયથી મળ્યા. અનેક હિંદી ગુજરાતી ચલચિત્રોમાં પાર્શ્વ ગાયીકા તરીકે તેમણે પ્રાણ રેડ્યો છે. ગુજરાતી નૃત્ય નાટીકાઓ, રંગમંચ અને રેડીયો પર પણ તેમણે ગુજરાતી ગીતો ગાયા છે.

**શ્રી અવિનાશ વ્યાસ** — **અમદાવાદ**

ગુજરાતના મહાન કાવ્ય તથા સાહીત્ય સંગીતાચાર્ય શ્રી અવિનાશ વ્યાસને બાલ્યવયથી જ સંગીતના ઉચ્ચ સંસ્કારો પ્રાપ્ત થયા હતા. સંગીત કલાની સાથે તેમને સાહિત્ય તથા કાવ્યરચનાનો ઉત્તમ વારસો મળેલ છે. તેમના ગુજરાતી કાવ્યો આજે ગુર્જર ભૂમિની ચારે દિશાએ પ્રગતિમાન થયેલ છે. તેઓ ચિત્ર જગતના એક મહાન સંગીત દિગ્દર્શક છે. તેમનું મધુર સંગીત આજે ઘણી ફિલ્મોમાં દર્શનીય થઇ ગયું છે. તેઓ એક ભારતીય સંગીત સંસારના શાસ્ત્રીય ગાયક પણ છે. તેમની સંગીત કાવ્ય કૃતિઓ આજે રેડીયો, રંગમંચ, ગ્રામોફોન રેકોર્ડ તથા નૃત્ય નાટીકાઓમાં પ્રસારીત થાય છે. તેઓ ભારતીય સંગીત સંસારના એક મહાન કલાસાધક છે. આજે પણ ઘણી પ્રશંસા ચિત્ર જગતમાં તેમની છે. ભારતમાં તેમના ઘણાં શિષ્ય-શિષ્યાઓ છે.

**શ્રી સુષમા દ્વિવેદીયા**

અમદાવાદના સુપ્રસિદ્ધ દ્વિવેદીયા પરિવારમાં જન્મેલા સુષમા બ્હેન દ્વિવેદીયાએ સંગીત શિક્ષા શ્રી જયસુખલાલ ભોજક પાસે લીધી હતી. ૧૯૪૧-૪૨ માં તેઓ મુંબઈ આવ્યા. ત્યારથી રેડીયો ઉપર સંસ્કૃત, ગુજરાતી, કાવ્ય પાઠનો મહિલા મંડળના ગીતો તેમજ રાસ ગરબા અને નૃત્ય નાટીકાઓ દ્વારા પોતાના કંઠનો અલભ્ય લાભ આપતાં રહ્યાં છે.

**શ્રી સુર્યકાંત દવે** — **વડોદરા**

શ્રી સુર્યકાંત દવેએ સંગીત પ્રત્યે અભિરૂચી વારસામાં મેળવી અને શાસ્ત્રીય સંગીતની શિક્ષા શ્રી શાંતીલાલ વ્યાસ પાસે લીધી. રેડીયો પરના કાર્યક્રમોમાં પોતાની સ્વરરચના અને ગાયકી રજુ કરતાં સુર્યકાંત દવે વડોદરાના એક નામી સંગીત કલાકાર છે. તેમનું મુળ વતન વઢવાણ છે.

**શ્રી શરદ અંતાણી** — **ભુજ**

કચ્છના કલાકારોમાં અગ્રગણ્ય એવા શરદ અંતાણી છેલ્લાં દશ વર્ષથી આકાશવાણી પરથી ગાતા આવ્યાં છે. રેડીયો સિવાય તેમની ગ્રામોફોન રેકોર્ડ પણ તૈયાર થઈ ઘણીજ પ્રસિદ્ધિ પામેલી છે. સંગીત ગાયકી ઉપરાંત ફીલ્મી ક્ષેત્રે સંગીત નિયોજન પણ ભાઈ અંતાણી કરી રહ્યા છે.

**શ્રી હરિશ ભટ્ટ** — **પોરબંદર**

બાલ્યકાળથી સંગીતના વાતાવરણમાં ઉછરેલા હરીશ ભટ્ટે તેમના મોટા ભાઈ અને ગુજરાતના લોક ગાયક શ્રી યશવંત ભટ્ટની પાસે સંગીતનું શિક્ષણ લીધેલ હતું. રેડીયો, ફીલ્મ અને રંગમંચ પરથી પોતાનો સ્વર પ્રસારીત કરેલો છે. ૧૯૫૦ થી તેમણે રેડીયો દ્વારા અનેક ગુજરાતી ગીતો તેમજ સંગીત રૂપકો ગાયાં છે. કોલંબીયા કંપનીએ પ્રકાશિત કરેલી તેમની રેકોર્ડ પણ પ્રસિદ્ધિ પામી છે.

**શ્રી વિભા દેસાઇ (વૈષ્ણવ)** — **અમદાવાદ**

૧૯૬૧ની આકાશવાણી સુગમ સંગીત હરીફાઈમાં દ્વિતિય આવેલ આ રેડીયો કલાકારે અન્ય અનેક સ્પર્ધાઓમાં ભાગ લઈ અનેક પારિતોષકો મેળવ્યાં છે. ૧૯૬૪માં અમદાવાદના પ્રતિષ્ઠિત સંગીત કલાકાર શ્રી રાસ બિહારી દેસાઈ સાથે લગ્ન ગ્રંથીથી જોડાયાં. ગ્રામોફોન રેકોર્ડ દ્વારા પણ આ કલાકારનો અવાજ વહેતો થયો છે.

**શ્રી સુધા દિવેટીયાં** — **અમદાવાદ**

ગ્રામોફોન રેકોર્ડોના રસિક શ્રોતાઓથી સુધા લાખીયાનું નામ અજાણ્યું નથી. તેઓ સ્વર નિયોજક ક્ષેમુ દિવેટીયાનાં પત્ની છે.

તેઓ બહુજ જુના ગ્રામોફોન કલાકાર છે. આ ઉપરાંત અખિલ ભારતીય આકાશવાણી કાર્યક્રમોમાં તથા રાસ ગરબા સ્પર્ધાઓમાં માર્ગદર્શક તરીકે પણ તેમની સંગીતજ્ઞતાનો ફાળો આપતાં રહે છે

**શ્રી હર્ષદા વ્યાસ** **અમદાવાદ**

અમદાવાદ નિવાસી હર્ષદા વ્યાસનો જન્મ લીંબડીમાં થયો હતો. બી. એ. સુધીના Academic જ્ઞાનથી જ સંતોષ ન પામતાં તેમણે સંગીતનો વિધિસર અભ્યાસ પણ ચાલુ રાખી કોલેજની સંગીત હરીફાઈમાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરવા ઉપરાંત તેમણે દિલ્હીના યુથ ફેસ્ટીવલમાં પણ સાંસ્કૃતિક પ્રતિનિધિ તરીકે હાજરી આપી છે. રેડીયો તથા સંગીત નૃત્ય નાટીકાઓમાં તેમના અવાજની સુરીલી હીરતતાનની કલા જોવા મળે છે અમદાવાદના કલાકાર શ્રી જનાર્દન રાવળનાં તેઓ પત્ની છે. ગુજરાતના ખુણેખુણે સંગીત સૂરો પ્રસરાવ્યાં છે.

**શ્રી કેતુમાન પારધી** **અમદાવાદ**

સ્વર્ગસ્થ શ્રી ઓમકારનાથજી જેવા સિદ્ધહસ્ત સંગીત મહર્ષિની સંગત શિક્ષાનો લાભ પામેલા આ રેડીયો કલાકાર એક નકસીદાર ગાયકીના જ સ્વામિ નથી, પરંતુ સ્વર નિયોજનની પણ સુજ ધરાવે છે. સુન્ની શાસ્ત્રીય લગાવટ અને અવાજની ફિરત જેમની વિશેષતા છે. એવા કલાકારની પ્રતિભા ૧૯૪૮થી વડોદરા રેડીયો પરથી પાંગરવી શરૂ થઈ. આજે તેઓ આકાસવાણી અમદાવાદના સુપ્રતિષ્ઠિત કલાકાર છે.

**શ્રી જનાર્દન રાવળ** **અમદાવાદ**

મુળ સૌરાષ્ટ્રના આ કલાકાર કાયદાના સ્નાતક તથા વ્યવસાયે સરકારી કર્મચારી હોવા છતાં સંગીતમાં જીવંત રસ ધરાવે છે. મધુર ગંભીર અવાજ ધરાવતાં આ કલાકાર ગીતોની ભાવવાહી અને વિશિષ્ટ રજુઆત માટે નોંધનીય છે.

**શ્રી દિલીપ પટેલ** **અમદાવાદ**

અમદાવાદની ગુજરાત કોલેજમાં બી. એ. પાસ કરવા સાથે કોલેજ જીવન દરમિયાન પણ સંગીત સાધના ચાલુ રાખી અનેક સંગીત હરીફાઈઓમાં પ્રથમ સ્થાન સંપાદીત કરી ચુકેલા આ કલાકારે સંગીતની વિધિસરની શિક્ષા મેળવી ગાંધર્વ મહાવિદ્યાલયની સંગીત વિશારદની ઉપાધી હાંસલ કરી છે. ૧૯૫૨ થી તેઓ આકાશવાણી પરથી સુગમ સંગીત રજુ કરતાં આવ્યાં છે. રેડીયો સિવાય અનેક જાહેર સંગીત કાર્યક્રમો આપેલાં છે. અને સંગીતની હરીફાઇ ઓમાં પણ ભાગ લીધેલ છે. વ્યવસાયે તેઓ જીનીંગના કર્મચારી છે

**શ્રી જયંત દેસાઇ** **અમદાવાદ**

બાલ્યવયથી જ સંગીત શોખ ધરાવતા શ્રી જયંત દેસાઇ ૧૯૪૯થી રેડીયો કલાકાર તરીકે સંગીતના કાર્યક્રમો આપી રહ્યા છે. ગુજરાત યુનિવર્સિટીના તેઓ સ્નાતક છે. ૧૯૫૫ ના યુથ ફેસ્ટીવલમાં સાંસ્કૃતિક પ્રતિનિધિ તરીકે ગુજરાત યુનિવર્સિટી તરફથી તેમણે હાજરી આપેલી.

**શ્રી રાસબિહારી દેસાઇ** **અમદાવાદ**

મૂળ વિસનગરના આ સંગીત કલાકાર એમ. એસસી. હોવા ઉપરાંત હાલ પી. એચડી.ના અભ્યાસી તથા ગુજરાત કોલેજના પ્રાધ્યાપક છે. તેમણે મૃદુ ગહન અવાજની શાસ્ત્રીયતા સાથે પ્રયોગ શીલતાનો સમન્વય સાધી સંગીત ક્ષેત્રે અવનવી પ્રતિષ્ઠા જમાવી છે. અમદાવાદની સ્વર સંસ્થા સંગીત 'શ્રુતિ'ના તેઓ સંચાલક છે.

**શ્રી મધુસુદન શાસ્ત્રી** **અમદાવાદ**

છેલ્લા પંદર વર્ષથી અમદાવાદ–વડોદરા આકાશવાણી પરથી ગુંજતો થયેલો શ્રી મધુસુદન શાસ્ત્રીનો મધુર ગંભીર અવાજ ગીતોની ભાવવાહી શબ્દ સ્વરરચના સાથે પ્રશંસનિય છે. વડોદરા સંગીત મહાવિદ્યાલયમાં ત્રણ વર્ષ સંગીતની શિક્ષા લઈ બી. ઈ. થયેલા આ વ્યવસાઈ ઈજનેરે કલકત્તા ખાતે યોજાયેલ રવિંદ્ર સંગીતની સભામાં પણ ભાગ લીધો હતો.

**શ્રી સુરેશ જાની** **અમદાવાદ**

સ્વર્ગસ્થ પંડીત શ્રી ઓમકારનાથજી ઠાકુર સાંનિધ્યમાં શાસ્ત્રીય સંગીતની શિક્ષા પામેલા શ્રી સુરેશ જાની છેલ્લા બે દાયકાથી ગુજરાતમાં સંગીત ગીતો ગાતા આવ્યાં છે. છેલ્લા પંદર વર્ષથી આકાશવાણીના અમદાવાદ, દિલ્હી ઇત્યાદિ કેન્દ્ર ધરોથી તેમણે કંઠ વહેતો મુકયો છે. રેડીયો સિવાય નૃત્ય–નાટિકાઓમાં પણ તેમનો સ્વર પ્રસારિત થાય છે. સંગીત ગાયકી ઉપરાંત સ્વર નિયોજન ક્ષેત્રે પણ તેમની કલાસિદ્ધિ ઉલ્લેખનિય છે.

**શ્રી પુષ્પા છાયા** **રાજકોટ**

જુનાગઢમાં જન્મેલા શ્રી પુષ્પા છાયાએ સંગીતના વિષય સાથે એમ. એ. કરવા ઉપરાંત સંગીત વિશારદની પદવી મેળવી છે. એમનો મધુર અવાજ રાજકોટ રેડીયો પરથી પ્રસારિત થાય છે. તેઓ સુપ્રસિદ્ધ સ્વર નિયોજક શ્રી ઉપેંદ્ર ત્રિવેદીના પત્ની છે.

**શ્રી કમલ બારોટ**

દારેસલામમાં જન્મેલા આ સુપ્રસિદ્ધ પાર્શ્વગાઈકાએ મુંબઈની સેન્ટઝેવીયર્સ કોલેજમાં બી. એ ની પરિક્ષા પસાર કરી સુવ્યવસ્થિત ઉસ્તાદ અબ્દુલ રહેમાનખાન તથા સ્નેહલ ભાટકર પાસે સંગીતની સુવ્યવસ્થિત તાલીમ પ્રાપ્ત કરી, આજ સુધીમાં ઘણા હિંદી ફીલ્મોમાં પ્લેબેક આપી ચુકેલ છે. હાલમાં તેઓ ઉસ્તાદ ગુલામ મુસ્તફાખાની રાહબરીમાં સંગીત શિક્ષા લઈ રહ્યા છે. ભારતની ઉંચ કલાયાત્રીમાં સંગીતપ્રાવિણ્ય પ્રાપ્ત કરેલ છે.

**શ્રી નીના શાહ**

ઈન્ડો અમેરીકન સોસાયટીના સંગીત નૃત્ય વિભાગના માનદ મંત્રી શ્રી નીના શાહની સુગમ સંગીતની ભૂમિકા શાસ્ત્રીય સંગીતના વિધિસરના અભ્યાસમાં રહેલી છે. મુંબઈ રેડીયો પરથી તેમના સુગમ સંગીત તથા શાસ્ત્રીય સંગીતના મધુર સ્વર પ્રસારિત થાય છે. તેઓએ સંગીત શિક્ષા શ્રી હાફીઝઅલીખાન પાસેથી સંપાદન કરી હતી.

**શ્રી નિરૂપમા શેઠ**

ગોંડલના દિવાન પરિવારમાં જન્મેલ અને અભિજાત સંસ્કાર

સિંચન પામેલાં નિરૂપમા શેઠ આજ સુધી રેડીયો, ગ્રામોફોન, નૃત્યનાટીકા, તેમજ રંગમંચ દ્વારા પોતાનો કંઠ પ્રસારિત કરેલ છે. કોલેજના વર્ષો દરમિયાન મુંબઈના કોકિલ કંઠ તરીકે તેમણે પ્રાવિણ્યતા મેળવી હતી. ૧૯૫૭માં તેઓશ્રી અજીત શેઠ સાથે લગ્નગ્રંથીથી જોડાયાં. શ્રી પંકજ મલીકના નિકટ સંપર્ક દરમિયાન પોતાના કંઠ માધુર્ય અને સ્વરની ગ્રહણ શિલતાથી શ્રી પંકજ બાબુને પણ એમણે પ્રભાવિત કર્યા હતા ભારતિ વિદ્યા ભવનના સુગમ સંગીત વિભાગમાં તેઓ માનદ મંત્રી છે. ફીલ્મી ચિત્રોદયામાં પણ પાર્શ્વ ગાયકી આપવાનું શરૂ કર્યું છે.

### શ્રી પુર્ણિમા ઝવેરી

તેર વર્ષની ઉંમરથી બહુરૂપીના કાર્યક્રમથી શરૂ કરીને આજ સુધી શ્રી પુર્ણિમા ઝવેરીએ રેડીયો, નૃત્ય નાટિકા, તથા ગરબા મહોત્સવોમા પ્રણવ સ્થાન પ્રાપ્ત કરેલ છે. તેમણે શાસ્ત્રીય સંગીતની શિક્ષા શ્રી નારાયણરાવ દાતાર પાસે લીધી હતી. ૧૯૫૭ના રશિયા ખાતે યોજાયેલ યુથફેસ્ટીવલમાં ભાગ લઈ તેમણે ગુજરાતી સંગીતનું ગૌરવ વધાર્યું છે.

### શ્રી પૌરવી દેસાઈ

શૈશવથી જ સાંગીતીક વાતાવરણમાં ઉછરેલા પૌરવી દેસાઇએ નવતર પેઢીમાં સારી પ્રતિષ્ઠા સંપાદન કરી છે. ૧૯૬૧થી તેઓ આકાશવાણી પરથી સુગમ સંગીત પ્રસારીત કરી રહ્યાં છે. રંગમંચ તેમજ નૃત્યનાટીકામાં પણ તેમનો સ્વર સંભળાતો રહ્યો છે. હાલમાં તેઓશ્રી મીનાક્ષી મુદ્બીદ્રી પાસે શાસ્ત્રીય સંગીતની શિક્ષા લઈ રહ્યાં છે

### શ્રી સુભાષ દેસાઈ

વડોદરાના સંસ્કારધામમાં ઉછરેલા આ કલાકારે બી.એસ.સી. સુધીના વિદ્યાભ્યાસ ઉપરાંત મહારાજા સયાજીરાવ મ્યુઝીક એન્ડ ફાઇન આર્ટસમાં શાસ્ત્રીય સંગીતની શિક્ષા લીધી હતી. શ્રી ભાનુપ્રસાદ ઠાકરની પ્રેરણાથી સુગમ સંગીતમાં ગાયન અને સ્વરરચનાના ક્ષેત્રે પણ સ્મરણિય ફાળો નોંધાવ્યો છે. સંગીત રંગમંચ ઉપરથી અનેક પ્રકારના મધુર ગીત પ્રસરાવ્યાં છે.

### શ્રી રાજુલ મહેતા

સુપ્રસિદ્ધ સંગીત નિર્દેશક શ્રી નીનુ મજમુદારના પુત્રી શ્રી રાજુલ મહેતા શિશુવયથી જ સંગીતમય વાતાવરણમાં ઉછર્યા હતા. આકાશવાણી મુંબઇ પરથી વર્ષોથી તેમનો સુમધુર કંઠ પ્રસારીત થાય છે આ કલા સાધીકાએ સંગીતનું શાસ્ત્રીય શિક્ષણ બનારસ યુનીવરસીટી તથા ભારતીય વિદ્યા ભવનની સંગીત વિદ્યાપીઠમાં લીધું હતું. ગુજરાતની જનતામાં તેમણે સંગીતનો સંદેશ પ્રસરાવેલ છે.

### શ્રી અમલ ભટ — ભાવનગર

ભાવનગરની "સપ્તકલા" સંસ્થામાં સાંગીતીક માર્ગદર્શન પામેલા આ નવોદીત સંગીત કલાકાર તેના ગંભીર, ગહન અને માર્દવયુકત અવાજથી સંગીત રસીકોમાં ટુંક સમયમાં સારી ખ્યાતિ પ્રાપ્ત કરી શકયા છે. તેઓ શ્રી પુરૂષોત્તમ ઉપાધ્યાયના માર્ગદર્શન નીચે સંગીતનું અધ્યન કરી રહ્યા છે.

### શ્રી જયોતિંધર દેસાઇ

મોસાળમાં સંગીતનો વારસો પામેલા શ્રી જ્યોતિધર છેલ્લા ૧૫ વર્ષથી વડોદરા આકાશવાણી કેંદ પરથી સુગમ સંગીત પ્રસારીત કરી રહ્યા છે. શાસ્ત્રીયસંગીતની શિક્ષા ભારતીય સંગીત મહાવિદ્યાલય વડોદરામાં લઇ આકાશવાણી મુંબઇ કેંદ્રમાં ગુજરાતી વિભાગના કર્મચારી છે.

### શ્રી બાલકૃષ્ણ ઘોડા — વડોદરા

વડોદરાના સુગમ સંગીતક્ષેત્રે આ અગ્રણી કલાકાર મુળ સૌરાષ્ટ્રના વતની છે. સંગીત પ્રવૃત્તિ એમને વારસાગત મળી હોવા ઉપરાંત એમણે પ્રાથમીક તાલીમ પણ લીધી છે. છેલ્લા દસકાથી તેઓ આકાશવાણી અમદાવાદ–વડોદરા પરથી સંગીતના કાર્યક્રમો આપી રહ્યા છે. આકાશવાણીના લાઈટ મ્યુઝીક કોન્સર્ટમાં એમણે સક્રિય ભાગ લીધો છે. તે ઉપરાંત તેઓ સ્વરચિત રચનાઓ પણ કરે છે. વ્યવસાયે સરકારી કર્મચારી છે.

### શ્રી નિલધારા દેસાઇ — વડોદરા

વડોદરા યુનીવરસીટીના એમ મ્યુઝીકની પદવી મેળવેલાં આ સંગીત કલાકાર છેલ્લા બાર વર્ષથી રેડીયો કાર્યવાહી આપી રહયા છે. શાસ્ત્રીય સંગીતની શિક્ષા તેમણે શ્રી શિવકુમાર શુકલ પાસેથી ગ્રહણ કરી હતી. વડોદરાની સ્થાનિક પ્રવૃત્તિમાં હંમેશા સક્રિય ભાગ લે છે. એમનો અવાજ શાસ્ત્રીય સંગીતની ઉંચ ભાવનાશાળી મધુર શૈલીનો છે. અને ગાયકીમાં પણ પ્રાવિણ્યતા છે.

### શ્રી મૃદુલા પરીખ — વડોદરા

શાસ્ત્રીયસંગીતની સુવ્યવસ્થિત શિક્ષા લઈ રહેલાં આ સંગીત કલાકાર બી.એ. વીથ મ્યુઝીક છે, અને એમ.એ. (મ્યુઝીક)ના વિદ્યાર્થીની છે. તેઓના પિતાશ્રી "ગાંધર્વ મહાવિદ્યાલય"ની શિક્ષણ પ્રવૃત્તિમાં લાંબા સમયથી સંકળાયેલાં છે. શાસ્ત્રીય સંગીતની તાલીમથી ઘુંટાયેલા મધુરકંઠ સ્વર સુગમ સંગીતમાં વિશિષ્ટ અસર ઉત્પન્ન કરે છે. તેઓ સફળતાપૂર્વક સ્વતંત્ર સ્વરરચનાઓ કરી શકે છે.

### શ્રી મુકુંદ વ્યાસ — અમદાવાદ

ખ્યાતિપ્રાપ્ય ગાયનાચાર્ય પંડીત શિવકુમાર શુકલના પટ્ટશિષ્ય શ્રી મુકુંદ વ્યાસ વડોદરા યુનીવર્સીટીના એમ.એ. મ્યુઝીક છે. વડોદરાના સંગીતક્ષેત્રે ઘણા જુના અનુભવી સંગીત કલાકાર છે. શાસ્ત્રીય ખ્યાલ, ગાયકી ઠુમરી, દાદરા ઉપરાંત ગઝલ ઇત્યાદી મધુર ભાવથી રજુ કરી શકે છે. અને તેઓ સ્વરચિત સંગીત રચનાઓ પણ કરે છે. સંગીતના ક્ષેત્રે તેઓ પ્રગતિ કરી રહયા છે.

### શ્રી મનુભાઇ પરમાર — ભાવનગર

શ્રી મનુભાઇ પરમાર સુગમ સંગીતના સારા અભ્યાસી છે. તેઓએ સંગીતની શિક્ષા તેમના ભાઈ બાબુભાઇ પરમાર પાસેથી લીધી હતી. ગઝલ, ભજન તથા લોકગીત ઉપર સારી ખ્યાતી પામેલ છે. હાલ કચ્છ રેડીયો સ્ટેશનના સંગીત કલાકાર છે.

### સ્વ. મહારાજા શ્રી ભાવસિંહજી સાહેબ — ભાવનગર

ભાવનગરના સ્વ. મહારાજા સાહેબ શ્રી ભાવસિંહજી સાહેબ સંગીતસાહિત્ય તથા કાવ્યશાસ્ત્રના પ્રખર વિદ્વાન હતા. તેમણે સંગીત

દ્લીયડ નામના સંગીતના મહાન ગ્રંથનું સાત ભાગોમાં સર્જન કર્યું હતું. તેમણે ભાવનગર રાજ્યમાં પોતાની પાસે મહાન ગાયકો, ગાયીકાઓ, વાદનકારોને આશ્રય આપી સાહિત્ય, સંગીત તથા કાવ્યકલાને વિકસાવી હતી. સ્વર્ગસ્થ મહારાજા સાહેબે તેમના રાજ્યમાં શ્રી ડાયાલાલ શિવરામ નાયક, શ્રી વિઠલરામ, શ્રી દલસુખરામ શ્રી હમીરખાં, શ્રી રહીમખાં સિતારી, સુરશદ, શ્રી માનકુંવર ગાયીકા, શ્રી ચંદ્રપ્રભાદેવી ઇત્યાદિ કલા વિશારદોને પોતના રાજ્યમાં આશ્રય આપી નાદ કલાને ઘણુંજ પ્રોત્સાહન આપ્યું હતું. શ્રી ડાયાલાલ શિવરામ પાસે વિશ્વનો મહાન સંગીત ગ્રંથ "સંગીત કલાધર" લખાવી તેમને પ્રકાશિત કરાવી સંગીતની દુનીયામાં શ્રી મહારાજ સાહેબે અમર કિર્તિ પ્રાપ્ત કરી છે. શ્રી સ્વર્ગસ્થ મહારાજા સાહેબ સંગીતની સાથેસાથ કાવ્ય રચનાકાર પણ હતા.

## સ્વ. મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી — ભાવનગર

ભાવનગરના સ્વ. મહારાજા સાહેબ શ્રી કૃષ્ણકુમારસિંહજી સાહેબે સંગીત તથા સાહિત્ય સંસારમાં મહાન કલા વિશારદોને આશ્રય આપી લલિતકલા પ્રત્યે ઘણીજ સહાનુભુતી દર્શાવી હતી તેમણે પણ તેમના પિતાશ્રીની જેમ પોતાના રાજ્યમાં સંગીત તથા સાહિત્યકલાને પ્રણવસ્થાન આપી સાહીત્ય તથા સંગીત કલાઓના ગ્રંથોનું સર્જન કર્યું હતું. તેમણે તેમના રાજ્યમાં શ્રી મહમદખાં બિનકાર, શ્રી નારાયણરાવ આંબાડે સિતારીસ્ટ, શ્રી ગજાનંદરાવ આંબાડે જલતરંગ વાદક, શ્રી વાસુદેવ ઠાકુર, શ્રી ગજાનન ઠાકુર, શ્રી બાબાએન ઇત્યાદિ ગાયક, વાદક વિશારદોને પ્રોત્સાહન તથા આશ્રય આપી નાદ વિદ્યાનો અમુલ્ય ફાળો આપ્યો હતો. સને ૧૯૬૩માં ભાવનગરમાં જ્યારે સંગીત પરિષદને આયોજીત કરવામાં આવી ત્યારે વિશ્વના મહાન ગાયક પુજ્ય પંડીત શ્રી ઓમકારનાથજીને આમંત્રણ આપી પોતાના રાજ્ય બંગલામાં નિવાસ કરવા માટે તેડી ગયા. સ્વર્ગસ્થ પંડીતશ્રી ઓમકારનાથજી ઠાકુરને ભાવનગરના નરેશશ્રી પ્રત્યે ઘણુંજ માન તથા પ્રેમાદર્શ ભાવ હતો. ભાવનગરના રાજવિઓનો સંગીત તથા સાહિત્ય પ્રત્યેનો ઉમદા અમર પ્રેમ ભાવના સગીત સાહિત્ય સંસારની કલાની મહાન ભાવનાઓ કદી પણ વિસરી શકાશે નહિ. તેમણે કલાવિશારદોને રાજ્યાશ્રય આપી નાદ વિદ્યાને અહરનિશ સજીવન રાખી છે. તેમાં ભાવનગર રાજ્યનો તથા રાજવીઓનો કલાની ભાવના માટેનો અમર સંદેશ છે.

## મહારાજા શ્રી વિરભદ્રસિંહજી સાહેબ — ભાવનગર

ભાવનગરના નરેશ શ્રી વિરભદ્રસિંહજી સાહેબ સાહિત્ય તથા સંગીતકલાના સાધક છે. આપશ્રી સંગીતનું ઉંચ શિક્ષણ સંગીતાચાર્ય શ્રી ગજાનનભાઈ ડી. ઠાકુર પાસેથી સંપાદીત કરી સિતાર તેમજ તબલા વાદનની કલામાં પાંડીત્ય ધરાવો છો. આપે આપના રાજ્યમાં ઉચ્ચ કક્ષાના સંગીત ગાયકોને તથા સંગીત વાદકોને આશ્રય આપી સંગીતકલાને તથા સાહિત્યને ઘણુંજ ઉત્તેજન આપ્યું છે. આપ સાહિત્ય સંગીત પ્રત્યે ઉંચ ભાવના ધરાવો છો. આપશ્રીએ કલાને જીવન અર્પિત કરેલ છે.

## કુમાર શ્રી શિવભદ્રસિંહજી — ભાવનગર

કુમાર શ્રી શિવભદ્રસિંહજી સાહેબે સંગીત સાધનાનું ઉંચ અધ્યન ભાવનગરના રાજ્ય ગાયક શ્રી ગજાનનભાઈ ઠાકુર પાસેથી સંપાદિત કર્યું હતું. દીલરૂબા, સિતાર, તબલા ઈત્યાદિ વાદનકલાનો અભ્યાસ સાધના દ્વારા કરી આપે સંગીતમાં પ્રાવિણ્યતા પ્રાપ્ત કરેલ છે. શાસ્ત્રીય સંગીત પ્રત્યે આપ ઉંચ ભાવનાઓ ધરાવો છો. આપ આપનું સારૂંએ જીવન સંગીતકલા પ્રાપ્તિમાં વ્યતિત કરો છો. સંગીતકલા એ માનવ જીવનનું સાચું ધન છે. અને પ્રભો પ્રાપ્તિ પણ સંગીત દ્વારા થાય છે.

## મહારાજા શ્રી જશવંતસિંહજી સાહેબ — સાણંદ

શ્રીમાન મહારાજા સાહેબ શ્રી જસવંતસિંહજી સાહેબ ભગવતિ કાલિકા માતાના પરમ ઉપાસક છે. અને સાહિત્ય શાસ્ત્રના પ્રખર વિદ્વાન છે. ભારતની સંગીત સાધનામય સંગીતકલાના તેઓ મહાન પુજારી છે. તેમણે તેમના રાજ્યમાં ભારત વર્ષના નામી ગુણી ગાયકો તથા વાદકોને આશ્રય આપી સંગીતકલાને માનવ જીવનમાં જાગૃતિની ભાવનાઓનુ મધુર મિલન અર્પિત કરેલ છે. શ્રી મહારાજા સાહેબ એક સારા કાવ્ય રચનાકાર છે. તેમની કાલીમાતાની બનાવેલી કાવ્ય રચનાઓ ભારતના નામી ગાયક પંડીતશ્રી જસરાજજી સંગીતાચાર્ય સમય સમય પર ગાય છે. તેમણે બીન, સિતાર, દિલરૂબા, સુરબહાર ઈત્યાદિ વાદ્યોની સંગીત તાલિમ ભારતવર્ષના ઉસ્તાદ વહીદખાન પાસેથી ગ્રહણ કરી હતી. અને ગાયકી શ્રી વિષ્નુનારાયણ ભાતખંડેજી તથા શ્રી વિષ્નુ દિગંબરજી પાસેથી સંપાદિત કરી હતી. ભારતના પ્રથમ કક્ષાના તેઓ સંગીતાચાર્ય છે.

## શ્રી યશવંત ડી. ભટ્ટ — ભાવનગર

સંગીતસમ્રાટ પં. શ્રી ઓમકારનાથજીના શિષ્ય શ્રી યશવંત ભટ્ટે સંગીતનું પ્રાથમિક અભિનવદર્શન પોતાના પિતાશ્રી દુર્ગાશંકર ભટ્ટ દ્વારા સંપાદિત કર્યું. સંગીતના ઉંચ સંસ્કારોની જ્યોત પુજ્ય પંડીત શ્રી ઓમકારનાથજી ઠાકુરના માર્ગદર્શનથી વધારે પ્રતિભાશાળી બની. શ્રી ભટ્ટજી દિલરૂબા, સિતાર, વાયોલિન, મેંડોલિન, રાવણહથ્થો, ફ્લુટ, ટાઇસોકોટો, હારમોનિયમ તારશહનાઇ આદિ વાદ્યો પર સારૂં પ્રભુત્વ ધરાવે છે અને સાહિત્ય તથા સંગીતના ઉંચ પ્રભાવશાળી કલાકાર છે. તેમની સંગીતકૃતિઓ 'સંગીત હાથરસ'—યુ. પી., 'સંગીત કલા વિહાર'—મિરજ, "સંગીત કલા"—ગ્વાલીયર "કલાવંત"—વર્ધા, "રાગિની હાથરસ"—યુ પી, "સંગીતમાધુરી"—બનારસ આદિ સંગીત માસિકોમાં સમય સમય પર પ્રકાશિત થાય છે. શ્રી ભટ્ટની કલા પ્રત્યે શ્રી ઓનકારનાથજી ઠાકુર, શ્રી પંકજ મલીક, શ્રી પંડીત જસરાજ, પંડીત ફીરોજ દસ્તુર, સ્વામી શ્રી વલ્લભદાસજી, સ્વ. પં. ફીરોજ ફ્રામજી, કુમાર શ્રી નરપતસિંહજી, શ્રી ધરમશીભાઇ શાહ, શ્રી આચાર્ય બ્રહસ્પતિ, સ્વ. મહારાણા શ્રી વિજયદેવજીસાહેબ, સ્વ. શ્રી પ્રભાતદેવજી, પ્રો બી. આર. દેવધરજી, પ્રો આર. સી. મહેતા આદિ ગુણી કલારત્નો સારૂં માન તથા ગર્વ ધરાવે છે. ભટ્ટજીની સંગીત કલા કૃતિઓ ભારતીય સંગીત જગતમાં અમરત્વ અને સર્વોપરી છે. શ્રી યશવંત ભટ્ટની શિષ્યા શ્રી સુશીલા દિવાકર, શ્રી કેટી ભરૂચા તથા શિષ્ય શ્રી મહેંદ્રકુમાર ગોહીલ, શ્રી શિવકુમાર સરનૈયા, શ્રી જાલ ભરૂચા, શ્રી દારા મહેતા, શ્રી ફ્રેડી ભરૂચા તેમની ગાયકીનો પ્રચાર કરે છે.

**શ્રી રસિકલાલ અંધારિયા — ભાવનગર**

શ્રી રસીકલાલે તેમના વડીલબંધુ શ્રી બાબુલાલ અંધારીયા પાસે સંગીતનું ઉંચશિક્ષણ ગ્રહણ કરી, સંગીત સંસારની દુનિયામાં તેમનો મધુર કંઠ તાલ સાધના દ્વારા પ્રસારીત કર્યો. શ્રી રસિકભાઇએ ચારચાર કલાક સુધી રિયાજ તથા સાધના કરી ગુણીજનોમાં પ્રવણસ્થાન પ્રાપ્ત કર્યું છે. તેમની શિષ્યા શ્રી યોગીની દેસાઇ તથા શ્રી સરલા ત્રિવેદી તેમની મધુર ગાયકીનો પ્રચાર કરી રહ્યા છે. શ્રી રસીકભાઇનો કાર્યક્રમ આકાશવાણી રાજકોટ દ્વારા પ્રસારિત થાય છે. તેમની ગાયકી શબ્દ, સ્વર, તાલપ્રાધાન્ય છે. હાલ તેઓ માજીરાજ ગર્લ્સ હાઇસ્કુલમાં સંગીતાચાર્યપદે નોકરી કરે છે. શ્રી રસીકલાલ ઉંચકોટીના ગુજરાતના સંગીત સાધક છે ખ્યાલ, ગાયકી, ધ્રુપદ, ઠુમરી આદિ ગાયકી ઉપર તેઓ પ્રભુત્વ ધરાવે છે. તેમની ગાયકીમાં ઉત્તમ ભાવરસ તથા તાલદર્શનનો ઉંચ ભાવ મિલાપ છે.

**સંગીત સમ્રાટ સ્વ. શ્રી યશવંત પુરોહિત — ભાવનગર**

કિરાના ઘરાનાના સુપ્રસિદ્ધ ભારતવર્ષના સ્વર્ગસ્થ શ્રી યશવંત પુરોહિતે મેટ્રીક સુધી વિદ્યાધ્યન ભાવનગર શ્રી દક્ષિણા મુર્તિ ભવનમાં કરી જીવનના ઉંચ ભાષા સિદ્ધાંતો ગ્રહણ કર્યા હતા. તેમણે સંગીતનું પ્રારંભિક અભિનવ દર્શન સ્વર્ગસ્થ સંગીત શાસ્ત્રી શ્રી શંકરરાવ વ્યાસ પાસેથી લીધુ હતું. ત્યાર પછી સંગીતની ઉંચ કક્ષાની સંગીત સાધનાનો અભ્યાસ સ્વર્ગસ્થ શ્રી ઓમકારનાથ ઠાકુર સંગીતાચાર્ય તથા કિરાના ઘરાનાના સંગીતશાસ્ત્ર વિશારદ શ્રી બાલકૃષ્ણ કપિલેશ્વરી બુવા પાસે સંપાદન કરી સંગીત જગતમાં ઉચ્ચ કોટીના ગાયકનું સ્થાન સંપાદિત કર્યું હતું. ભારતવર્ષના નામી ગાયકોમાં આપ પ્રણુવ સ્થાન ધરાવતા હતા. આપની સંગીત ગાયકી મધુર તાલ, સ્વર, શબ્દરસ તથા ભાવના પ્રાધાન્ય હતી. આપે ભારતના સઘળા રેડીયો સ્ટેશનોથી સંગીત પ્રોગ્રામ પ્રસારીત કર્યા હતા. ભારતમાં આપના ઘણાએ શિષ્ય શિષ્યાઓ આપની ગાયકીનો પ્રચાર કરે છે. આ સંગીતના મહાન સાધક સ્વર્ગવાસ થયા છે, પણ તેમની કલા અમર છે.

**વાયોલીન સમ્રાટ સ્વ. શ્રી જગદિપ વિરાણી — ભાવનગર**

ભાવનગરના સ્વ. શ્રી જગદીપ વિરાણી સારાએ ગુજરાતના એક અજોડ વાયોલીન વાદનાચાર્ય હતા. તેમણે ઈન્જીનીયરીંગનો વિદ્યાભ્યાસ કરી, વિદ્યાધનમાં તથા ચિત્ર કલામાં પણ ઘણીજ પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી હતી, પરંતુ સંગીતના ઉંચ સંસ્કાર તેમના પરિવારમાંથી ઉતરી આવ્યા હતા. તેમણે વાયોલીનની પ્રારંભિક વાદન સાધના ભાવનગરના સ્વર્ગસ્થ શ્રી હરિભાઈ શર્માજી પાસેથી પ્રાપ્ત કરી હતી ત્યાર પછીની ઉંચ સાધના તેમણે એકાંતમાં રહી વાયોલીનના અભ્યાસની સાધના રાત દિવસ કરી પોતાના જીવનમાં તેમણે સાંગોપાંગ ઉતારી વાયોલીનના પ્રથમ કક્ષાના સંગીત કલાકાર તરીકે સ્થાન પ્રાપ્ત કર્યું. આપના સંગીતના પ્રોગ્રામ આકાશવાણી પરથી પ્રસિદ્ધ થતા હતા. આપે સંગીતના ઉમદા ગ્રંથોનું પણ સર્જન કર્યું છે અને કાવ્ય રચનામાં પણ પ્રાવિણ્યતા સંપાદન કરી હતી. આપના શિષ્ય તથા શિષ્યાઓ આપની કલાનો પ્રચાર કરે છે આ સંગીતના સાધક ગંધર્વલોકની દુનિયામાં સંગીન કરવા ચાલ્યા ગયાં છે.

**શ્રી ગુલભાઇ દેખૈયા — ભાવનગર**

શ્રી ગુલભાઈ દેખૈયાએ સંગીત તથા કાવ્ય રચનાઓ ઉપર પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી સૌરાષ્ટ્રમાં પોતાની ખ્યાતિ સંપાદન કરેલ છે. આપે કાષ્ટતરંગ, સિતાર, વાયોલિન, વાદ્યો ઉપર સારૂં પ્રાવિણ્ય પદ સંપાદિત કરેલ છે "ગુલના ગીતો" એ કાવ્યનો ગ્રંથ આપનો પ્રકાશિત થવાનો છે. આપના શિષ્ય તથા શિષ્યાઓ આપની કલાનો પ્રચાર કરે છે.

**રાજયગાયક સ્વ. શ્રી દલસુખરામ ઠાકોર — ભાવનગર**

ભાવનગરના રાજ્ય ગાયક સ્વ. શ્રી દલસુખરામ ઠાકોરે સંગીતની પ્રારંભીક આરાધના તેમના પિતાશ્રી પાસે કરી હતી. ત્યારપછી ઉંચશિક્ષા જુનાગઢના નવાબ શ્રી બડે મહોબતખાનજી પાસે લીધી હતી. જુનાગઢના નવાબ ગાયન તથા વાદનકલાના અદ્દભુત સાધક હતા. સ્વ. શ્રી દલસુખરામ ઠાકોરે ઉંચ સાધના કરી ભારતીય સંગીતક્ષેત્રમાં નામી ગવૈયા તરીકે ઊંચપદ સંપાદીત કર્યું હતું. દિલ્હી, લખનઉ, બરોડા, જામનગર, જયપુર, ઉદેપુર આદિ શહેરોનાં યોજાયેલ મહાન સમારંભોમાં પોતાની કલાની પ્રાવિણ્યતાથી ઉત્તમ પદ સંપાદન કર્યું હતું. પ્રો. મૌલાબક્ષ શ્રી ઠાકોરની ગાયકી સાંભળી ઘણાજ પ્રભાવીત થયા હતા. શ્રી ઠાકોર નાટય રંગભુમિના એક ઉમદા અભિનય નટવર્ય તથા સ્વરસમ્રાટ હતા. આ કલાનો સ્વામી સ્વર્ગવાસી થયેલ છે. સ્વ. ભાવસિંહજી મહારાજાને શ્રી ઠાકોરની કલા પ્રત્યે અનહદ પ્રેમભાવ હતો.

**શ્રી નરેન્દ્ર એમ. ધોળકીયા — ભાવનગર**

ભાવનગરના ડોકટર શ્રી નરેંદ્ર ધોળકીયામાં સંગીતના ઉંચ સંસ્કારનો વારસો તેમના પિતાશ્રી તથા તેમના પરિવારમાંથી ઉતરી આવ્યો હતો. શ્રી ધોળકીયાએ સંગીતનું ગાયન, વાદન શિક્ષણ લખનઉના શ્રી બરકલઉલ્લાખાં પાસેથી લઇ સંગીતકલાની સાધનામાં પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી હતી. હાલમાં પણ તેઓ સગીત કલાની વિદ્યામાં રસ ધરાવી શ્રી અભિનવ સંગીત કલા મંડળમાં પોતાની સેવાઓ આપે છે. સંગીત કલાના સાધક છે.

**શ્રી વિજુભાઈ એ. અજવાળિયા — ભાવનગર**

શ્રી વિજુભાઇ અજવાળીયાએ સંગીતનું ઊંચ શિક્ષણ શ્રી અનંતરાય સ્વરમંડલે પાસે લઇ સંગીતક્ષેત્રમાં સારી પ્રગતિ પ્રાપ્ત કરી છે. તેઓ ગાયકી તથા સંગીતના શાસ્ત્રમાં સારો રસ ધરાવે છે. તેઓ ભારતના ઘણાંયે સંગીત ગુણીયોના સમાગમમાં આવી ગયા છે. શ્રી અજવાળીયાભાઇ હારમોનીયમવાદનમાં સારી ખ્યાતિ ધરાવે છે. હાલમાં પણ તેઓ સંગીતની સાધનામાં જીવન વ્યતીત કરે છે.

**સ્વ. શ્રી નારણદાસ ડી. ઠાકોર — ભાવનગર**

ભાવનગરના વાદનાચાર્ય સ્વ. શ્રી નારણદાસ ઠાકોરે તબલા વાદનની આરાધના તેમના પિતા પાસેથી ઉંચ શિક્ષણ લઇ કરી હતી. સ્વ. દલસુખરામે શ્રી નારણદાસને તબલામાં પરન, મુખડા, તોડા, કાયદા આદિ અંગોનું શિક્ષણ આપી શ્રી નારણદાસને તબલાના વાદનાચાર્ય બનાવ્યા હતા. પરંતુ આ કલાના પુજારીનો થોડા વર્ષ પહેલા સ્વર્ગવાસ થયો.

**શ્રી લાભુભાઇ કે. પુરોહીત** — **ભાવનગર**

શ્રી લાભુભાઇએ તબલાવાદનની શિક્ષા શ્રી બાબુભાઇ અંધારીયા તથા શ્રી રસીકભાઈ અંધારીયા પાસેથી ગ્રહણ કરી હતી. સૌરાષ્ટ્રના ઘણાએ સંગીત કલાકારો સાથે તેમણે સંગત કરેલ છે. તેઓ સંગીતપ્રેમી તથા કલાના સાધક છે.

**શ્રી નટવરસિંહજી રાઠોડ** — **ભાવનગર**

શ્રી નટવરસિંહજીએ તબલાવાદનનું શિક્ષણ શ્રી છોટેખાન બીજનોરીવાળા પાસેથી લીધું હતું. આપ અજરડા, દિલ્હી, પુરબ ઘરાનાના તબલાવાદક છો. આપે સૌરાષ્ટ્રના ઘણાએ કલાકારોને તબલાની સંગતી આપેલ છે.

**શ્રી મહેન્દ્રકુમાર જે. ત્રિવેદી** — **ભાવનગર**

શ્રી મહેન્દ્રકુમાર ત્રિવેદીએ સુગમ તથા શાસ્ત્રીય સંગીતની શિક્ષા શ્રી યશવંત ભટ્ટ તથા શ્રી હર્ષદરાય શર્મા પાસેથી લીધી હતી. સૌરાષ્ટ્રના ઘણાએ સંગીતમંચ ઉપર તેઓએ પ્રોગ્રામો આપ્યા છે. તેઓ એક પ્રભાવશાળી કલાકાર છે.

**શ્રી હરિહર એમ. કાપડી** — **ભાવનગર**

શ્રી હરિહર કાપડીએ એમ.એ. સુધી વિદ્યાધ્યન કરી, વાયોલીન તરફ તેમને શિશુવયથી પ્રેમ હોવાથી વાદનની ઉચ્ચ સંગીત શિક્ષા તેમણે શ્રી અનંતરાવ સ્વરમંડલે પાસેની ગ્રહણ કરી વાયોલીનવાદનમાં પ્રાવિણ્યતા પ્રાપ્ત કરેલ છે. તેઓ લોકગીત અને સુગમ સંગીતનું સર્જન કરે છે. તેમના પિતાશ્રી મોહનલાલ કાપડી ઉંચ સંગીતના સાધક છે.

**શ્રી હર્ષદરાય એચ. શર્મા** — **ભાવનગર**

શ્રી હર્ષદરાય શર્માએ સંગીતનું તથા વાયોલીનવાદનનું શિક્ષણ તેમના સ્વ. પિતાશ્રી હરિભાઇ શર્મા પાસેથી લીધું હતું. તેમના પિતાજી સારાએ સૌરાષ્ટ્રના વાયોલીનવાદક હતા. શ્રી હર્ષદરાય ગુજરાતી કાવ્યો તથા સ્વર સર્જક છે. સ્વભાવે શાંત તથા વિવેકશીલ કલાકાર છે.

**શ્રી કાંતિલાલ દવે** — **ભાવનગર**

ભાવનગરના સિતારવાદક શ્રી કાંતિલાલ દવે એક ઉંચકોટીના સિતારવાદક છે. તેમણે અભિનવ સંગીત મંડળમાં સંગીત દ્વારા ઘણી સેવાઓ આપી છે. તેઓ કલાના સાધક તથા નમ્ર સેવાભાવી કલા પુજારી છે.

**શ્રી રમણલાલ એસ. પંડયા** — **ભાવનગર**

શ્રી રમણલાલ પંડયાએ સંગીતનું શિક્ષણ શ્રી જીવરાજભાઇ પાસેથી લીધું હતું. શ્રી રમણલાલભાઈ સંગીત તથા સાહિત્યના ગુણી કલાકર છે. આપ આપનું સારૂંએ જીવન પ્રભુભક્તિ તથા સંગીતની સાધનામાં વ્યતિત કરો છો. આપ ભારતના ઘણાં ગુણી કલાસાધકોના સમાગમમાં આવી ગયા છો. સંગીતમાં આપ ધ્યામ મગ્ન થઈ જાવ છો. સંગીનમાં હરિગુન ગાવા એ આપનું કર્તવ્ય છે.

**શ્રી વાસુદેવ ડી. ઠાકુર** — **ભાવનગર**

શ્રી વાસુદેવભાઇ સંગીતાચાર્યે સંગીતનું ઉચ્ચ શિક્ષણ તેમના સ્વ. પિતા શ્રી દલસુખરામ ઠાકુર પાસેથી ગ્રહણ કરી ઉંચ પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી. સૌરાષ્ટ્રમાં ઘણાંએ શિષ્ય–શિષ્યાઓ તૈયાર કર્યા. આપ એક ભાવનગરરાજ્યના "પ્રવિણ ગાયક" ની પદવી ધરાવો છો. સંગીતની સાધનામાં આપનો અગત્યનો ફાળો છે. આપની ગાયકી તાલ, લય, રસ, સ્વર ભાવના પ્રાધાન્ય છે.

**શ્રી મદનજીત મહેતા** — **ભાવનગર**

ભાવનગર નિવાસી શ્રી મદનજીત મહેતા વર્ષોથી વિલેપારલે (મુંબઇ)ના રહીશ છે. તેઓને સંગીતનો વારસો તેમના સ્વ. માતુશ્રી વિદ્યાબેન તરફથી મળેલો છે. સ્વ. વિદ્યાબેન મહેતા ૧૯૩૮થી ૧૯૪૫ સુધી "આકાશવાણી" મુંબઇના ગાયક કલાકાર હતા. બાલ્યવયથીજ શ્રી મદનજીત મહેતા તબલાવાદક તરીકે મુંબઈ અને ઉપનગરોમાં ખુબજ જાણીતા છે. મુંબઈના લોકપ્રિય, સ્વરકારો, વાદકો અને ગાયકો, શ્રી મહેતાની સંગીતકલાથી પરિચિત છે. સ્વભાવે આનંદિત તથા નમ્ર છે. શ્રી મહેતાની સંગીતકૃતિઓ જાણીતા કલાકારોના કંઠે ગવાય છે.

**શ્રી શાંતિલાલ બગડીવાળા** — **ભાવનગર**

ભાવનગર નિવાસી શ્રી શાંતિલાલભાઇએ તબલાની સાધના બાલ્યવયથી જ કરેલી છે. તેમણે તબલાંની સંગત સ્વ. ગાયક શ્રી શંકરરાવ વ્યાસ તથા માસ્તર વસંત સાથે કરી તબલાવાદનની કળામાં કુશળતા બતાવી અને આ બંને સંગીતકારોના મન જીતી લીધા. શ્રી શાંતીલાલ એક સૌરાષ્ટ્રના સારા ગુણી તબલાવાદક છે. તેમણે તબલાવાદનની તાલીમ તેમના ઘણાંએ શિષ્યોને આપી છે. તબલાંમાં આપ લય તથા શુદ્ધ લયકારીની ભાવનાઓનું દર્શન કરાવો છો.

**શ્રી બળવંતરાય જી. ભટ્ટ** — **ભાવનગર**

સંગીતાચાર્ય શ્રી બળવંતરાય ભટ્ટે સંગીતનું પ્રારંભિક અભિનવદર્શન મુંબઈના સંગીત વિદ્યાલયમાં કર્યું હતું. ત્યારબાદ સંગીતનું શિક્ષણ ભારતીય સંગીત જગતના મહાન ધુરંધર સ્વ. પંડીત શ્રી ઓમકારનાથજી પાસેથી ગ્રહણ કરી શ્રી ભટ્ટજીએ ગાન વિદ્યામાં સર્વોપરીપદ સંપાદન કર્યું છે. શ્રી ભટ્ટજી ભારતિય કલા ક્ષેત્રના મહાન ગાયક છે. તેઓ ખ્યાલ, ધ્રુપદ, ધમાર, ઠુમરી ઇત્યાદી ગાયકીઓ પર સારૂં પ્રભુત્વ ધરાવે છે. અને બનારસની "હિંદુ વિશ્વ વિદ્યાલય" ના સંગીતાચાર્ય પદને શોભીત કરી રહ્યા છે. તેઓ ગાયકીની સાથે સાથ દિલરૂબા તથા તબલાવાદનમાં પણ સારી પ્રાવિણ્યતા ધરાવે છે. શ્રી ભટ્ટજીએ "ભાવરંગ સંગીત લહેરી" નામના સંગીતના ઉંચ કોટીના ગ્રથનું સર્જન પણ કર્યું છે. જેમાં તેમણે ઉંચકક્ષાની કાવ્ય રચના, મધુરસ્વર તથા કઠીન ભાવોનું ભાવદર્શન કરાવેલ છે. આકાશવાણી અમદાવાદ પરથી આપનો પ્રોગ્રામ પ્રસારીત થાય છે. ભારતમાં આપના ઘણાએ શિષ્ય–શિષ્યાઓ આપની કલાનો પ્રચાર કરે છે

**શ્રી લાલજીભાઇ કે. મઢીયા** — **ભાવનગર**

શ્રી લાલજીભાઇએ સંગીતનું પ્રાથમિક અધ્યન "શ્રી કૃષ્ણકુમાર સિંહજી અંધ ઉદ્યોગશાળા" માં કર્યું હતું. ત્યારબાદ સંગીતનું શાસ્ત્રીય અધ્યન કાંતીલાલ વી. શાહ દ્વારા ગ્રહણ કરી તેઓ સિતાર, દિલરૂબા, બંસી, તબલા આદિ વાદ્યો બજાવવામાં સારી પ્રગતિ કરી. શ્રી લાલજીભાઈ શ્રી સત્યનારાયણ સંગીત વિદ્યાલયનું પચીશ વર્ષથી સંચાલન કરે છે.

**શ્રી કાંતિલાલ વી. શાહ** **સોનગઢ**

શ્રી કાંતીલાલ શાહે સંગીત તથા વાદનની ઉંચસાધનાનું સંગીત શિક્ષણ સંપાદીત કરી, ગુજરાતમાં તથા સૌરાષ્ટ્રમાં ઘણાએ શિષ્ય–શિષ્યાઓ તૈયાર કરેલ છે શ્રી. શાહ ગુજરાતના તથા સૌરાષ્ટ્રના ઉંચકોટીના ગાયક તથા વાદક છે. તેમણે સંગીતની શિક્ષા અમદાવાદના સુપ્રસિદ્ધ દિલરૂબા વાદનાચાર્ય શ્રી નાગરદાસભાઇ પાસેથી લઈ દીલરૂબા વાદનમાં શાહ ભાઇએ અતિ પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી. ત્યાર પછી તબલાવાદનની કલામાં પણ તેઓએ પ્રસિદ્ધિ સંપાદીત કરી. સોનગઢના મહાવીર જૈન ચારિત્ર રાનાશ્રમમાં તેઓ સંગીતાચાર્ય છે. અને સંગીતની ગાયકીમાં પણ મહતા ધરાવે છે. તેઓએ કામ તરંગ નામના વાદ્યની સોધ કરેલ છે તેઓ પ્રજ્ઞાચક્ષુ છે.

**શ્રી ધરમશીભાઈ શાહ** **ભાવનગર**

નૃત્યઅલંકાર શ્રી ધરમશીભાઇ શાહે ઈંટર સુધી વિદ્યાભ્યાસ કરી સંગીત તથા નૃત્યકલાની સાધના તરફ તેમની મનોવૃતીઓ જાગૃત થઈ. બાલ્યવયથી લલીતકલાઓ પ્રત્યે સહાનુભૂતિ હોવાથી વિદ્યાભ્યાસમાં મન લાગ્યું નહિ. શ્રી શાહભાઇને જીવનમાં સંગીત તથા નૃત્યની સાધના કરવાની તમન્ના જાગી. નૃત્યાભ્યાસનું પ્રારંભીક શિક્ષાદર્શન શાંતિનીકેતનથી શરૂ કરી, ત્યારપછી મલબારમાં રહી " કથકલી નૃત્ય " માટે નૃત્યાચાર્ય શ્રી કુંજુ નાયર પાસે એક વર્ષની નૃત્યશિક્ષા લીધી અને ૧૯૪૩માં ભારતના ખ્યાતિપ્રાપ્ત નૃત્યાચાર્ય શ્રી ઉદયશંકર પાસે શિક્ષા લઇ નૃત્યશૈલીમાં પ્રાવિણ્યતા સંપાદીત કરી. ભારતનાટયમ્‌ની ઉંચ શિક્ષા મદ્રાસમાં રહી શ્રીમતી રૂખમણીદેવીના શિષ્ય રાજગોપાલ પાસે ગ્રહણ કરી ભારતનાટયમ્‌માં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. ત્યારબાદ 'કથકનૃત્ય'ની સાધના શ્રી સુંદરલાલ ગાંગાની પાસે વડોદરા યુનિવર્સિટીમાં લઈ કથકનૃત્યમાં ખ્યાતિ પ્રાપ્ત કરી. આપ સંગીતમાં દીલરૂબાના વિશારદ છો તથા નૃત્યમાં નૃત્યઅલંકાર છો. આપે નૃત્યમાં ઘણાએ શિષ્ય–શિષ્યાઓ તૈયાર કરેલ છે. શ્રી શાહ ભારતીય નૃત્યના એક મહાન સાધક છે.

**શ્રીમતી ઝવેરીબહેન શાહ** **ભાવનગર**

સંગીતવિશારિદા શ્રીમતી ઝવેરીબેન શાહે સંગીતનો અભ્યાસ શ્રી રાવજીભાઈ પટેલ પાસે કરી પ્રાવિણ્યતા પ્રાપ્ત કરેલ છે શ્રી ઝવેરીબેન શાહ નૃત્યાચાર્ય શ્રી ધરમશીભાઈ શાહના ધર્મપત્ની છે. તેઓ બંને સંગીતકલાના સાધક છે. સંગીતસાધનામાં તેમનું જીવન વ્યતીત કરે છે. શ્રી ઝવેરીબહેન શાહ શાસ્ત્રીયસંગીત પ્રત્યે બહુજ પ્રેમ ધરાવે છે.

**શ્રી જીતુભાઈ પ્ર. મહેતા** **ભાવનગર**

સાહિત્ય તથા સંગીતજગતના મહાનસાધક શ્રી જીતુભાઈ પ્ર. મહેતા સ્વ. ખાનસાહેબ અબ્દુલ કરીમખાના સંપર્કમાં આવી કીરાના ઘરાનાની ગાયકીની સાધના કરવાનો તેમને શોખ લાગ્યો. કીરાના ઘરાનાના શ્રી યશવંત પુરોહીતજી પાસે સંગીત વિદ્યાનું શિક્ષણ લઈ તેઓએ સારી પ્રગતિ કરી છે. શ્રી મહેતા સંગીતની સાથોસાથ સાહિત્ય જગતના એક સુપ્રસિદ્ધ ફીલોસોફર તથા મહાન લેખક છે શ્રી મહેતાની ઉંચકક્ષાની શબ્દભાવના પ્રાધાન્ય લેખન કૃતિઓ માસિકોમાં તથા અખબારોમાં પ્રસિદ્ધ થાય છે.

**સ્વ. શ્રી હરિલાલ એમ. શર્મા** **ભાવનગર**

સ્વ. શ્રી હરીલાલ શર્માએ ગુજરાતી સાત ધોરણ સુધીનો અભ્યાસ કરી સંગીત વિદ્યાનું ઉંચશિક્ષણ ભાવનગરરાજ્યના મશહુર સિતારવાદનાચાર્ય શ્રી રહીમખાન પાસેથી ગ્રહણ કર્યું હતું. શ્રી શર્મા સિતાર, દિલરૂબા, વાયોલીન આદિ વાદ્યો ઉપર સારૂં પ્રભુત્વ ધરાવતા હતા. તેઓએ ખાસ કરીને વાયોલીનમાં અતિ પ્રાવિણ્યતા સંપાદન કરી હતી. સારાયે ગુજરાત તથા સૌરાષ્ટ્રના સ્વ. શર્મા ઉંચકોટીના વાયોલીનવાદક હતા. સ્વ. શર્માજીએ અન્ય સંગીત શિક્ષા શ્રી ત્રિકમલાલ ભોજક પાસેથી પણ પ્રાપ્ત કરેલી. આ સંગીતના મહાન વાયોલીન વાદનાચાર્ય તારીખ ૭–૫–૬૩ના રોજ પ્રભુના દરબારમાં સદાને માટે ચાલ્યા ગયા. સ્વ. શર્માજી ૪૦ વર્ષ સુધી શ્રી કાઠીયાવાડ સંગીતશાળાના સંચાલક હતા.

**કલેરીયોનેટ વાદક શ્રી બાબુભાઇ (મીઠુ બેંડ)** **ભાવનગર**

ભાવનગર તેમજ સૌરાષ્ટ્રના મશહુર કલેરીયોનેટવાદક શ્રી બાબુભાઇએ કલેરીયોનેટ વાદનની શિક્ષા તેમના પિતાશ્રી સ્વ. શ્રી બચુભાઈ પાસેથી ગ્રહણ કરી સારાયે ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં વાદનકલામાં તેમણે પ્રસિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. અને શાસ્ત્રીયસંગીતના પણ તેઓ સાધક છે.

**કલેરીયોનેટ વાદક શ્રી રઝાકભાઈ** **ભાવનગર**

ભાવનગરના મશહુર કલેરીયોનેટવાદક શ્રી રઝાકભાઇએ કલેરીયોનેટની ઉંચ શિક્ષા શ્રી બચુભાઇ પાસેથી સંપાદન કરી કલેરીયોનેટવાદનમાં સારાયે ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં પ્રાવિણ્યતા ધરાવે છે. હાલ શ્રી રઝાકભાઈ અમદાવાદ રેડીયો પર કલેરીયોનેટના કલાવંત તરીકે નોકરી કરે છે. અમદાવાદ રેડીયો પરથી શ્રી રઝાકભાઇનો વાદન પ્રોગ્રામ પ્રસારીત થાય છે. તેઓ એક ઉંચકક્ષાના કલેરીયોનેટવાદનાચાર્ય છે.

**શ્રી નુરમોહમદ અલારખ દેખૈયા** **ભાવનગર**

શ્રી નુરમોહમદ દેખૈયાએ કલેરીયોનેટ વાદનની ઉંચશિક્ષા શ્રી જમાલભાઇ અલારખ દેખૈયા પાસેથી ગ્રહણ કરી વાદનકલામાં સારી ખ્યાતિ પ્રાપ્ત કરેલ છે. શ્રી દેખૈયા વાદનકલાની સાથોસાથ કાવ્યરચનામાં પણ પ્રાવિણ્યતા ધરાવે છે. તેઓ તરફથી એક કાવ્યરચનાનો ઉત્તમ ગ્રંથ પ્રકાશિત થયેલ છે કે જે ગ્રંથમાં ઉત્તમ ગઝલોની ઉમદાઢંગની શાયરીઓ છે. રાજકોટ રેડીયો પરથી તેમની શાયરીઓના પ્રોગ્રામો પ્રસારીત થાય છે સૌરાષ્ટ્રમાં તેઓ વાદન તથા કાવ્યરચનાની શાયરીમાં સારૂં માન ધરાવે છે.

**બીનકાર સ્વ. શ્રી મહમદખાન** **ભાવનગર**

ભાવનગરરાજ્યના સુપ્રસિદ્ધ બીન તથા સિતારવાદનાચાર્ય શ્રી મહમદખાં દેસાયે સંગીતની ઉંચ સાધનાના દર્શન દ્વારા સારાયે ભારતમાં ઉંચ કલાકારની હરોળમાં પોતાનું નામ પ્રસિદ્ધ કરેલ છે. તેઓ સિતાર, બીન, દીલરૂબા આદિ વાદ્યો પર સારૂં પ્રભુત્વ ધરાવતા હતા. હિઝ માસ્ટર્સ વોઇસ રેકોર્ડ કંપનીએ તેમની રેકોર્ડ પ્રસિદ્ધ કરેલ છે તેઓના વાદનકલાના પ્રોગ્રામ મુંબઇ, અમદાવાદ, રાજકોટ રેડીયો સ્ટેશન પરથી પ્રસારીત થતા હતા. રાજકોટ સંગીત

અકાદમીમાં તેઓ સિતાર તથા બીનના સંગીત અધ્યાપક હતા. ભાવનગરરાજ્યના તેઓ બીન તથા સીતારવાદનાચાર્ય હતા સાત વર્ષ પહેલા તેમનો સ્વર્ગવાસ થયો છે.

**સ્વ. શ્રી ચુનીભાઈ એસ. ત્રિવેદી ભાવનગર**

ભાવનગરના ખ્યાતિપ્રાપ્ત સંગીતશાસ્ત્રી સ્વ. ચુનીભાઇ ત્રિવેદીએ સંગીતની પ્રારંભીક તાલીમ તેમના પિતાશ્રી પાસેથી લીધી હતી. ત્યારબાદ સિતાર, દીલરૂબાવાદનની ઉંચશિક્ષા તેમણે ઉદયપુર જઈ સિતાર સમ્રાટ શ્રી આલાબંદેખાં તથા ઝાકુરૂદીનખાં પાસેથી ગ્રહણ કરી સંગીતક્ષેત્રમાં સિતારવાદનાચાર્યનું ઉંચપદ ધારણ કર્યું. ભાવનગરની સ્કુલોમાં આપે સંગીત માસ્તર તરીકે સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. શ્રી ત્રિવેદીજીએ "સિતારકી ગતે" નામના પુસ્તકનું પણ સર્જન કરી પ્રકાશિત કરેલ છે. આ સંગીત કલા સાધકનો ૧૬-૬-૬૫ના રોજ સ્વર્ગવાસ થયો છે.

**સિત રસસ્રાટ સ્વ. શ્રી રહીમખાન ભાવનગર**

ભાવનગરરાજ્યના તથા ભારતવર્ષના જગમશહુર સિતારસમ્રાટ શ્રી રહીમખાને સંગીત સાધનાનું ઉંચ અભિનવદશ ન કરી સંગીત સંસારની દુનીયામાં પ્રણવસ્થાન સંપાદિત કર્યું હતું. સ્વ ખાન-સાહેબનું મૂળ વતન તો જયપુર હતું, પણ તેમને સ્વ. ભાવસિંહજી મહારાજા તેમની સિતારવાદનની કલાથી મુગ્ધ થઈ ભાવનગરમાં લાવ્યા હતા. શ્રી ખાનસાહેબે પોતાની સિતારવાદનની કલાથી સમસ્ત વિશ્વના મહારાણી વિકટોરીયાને આનંદવિભોર કરી દીધા હતા. ભારતના ઉંચકોટીના વાદકોમાં આપનું મહત્વનું સ્થાન અંકીત હતું.

**સ્વ. મસ્તફકીર ગાયક મુરશદ ભાવનગર**

ભાવનગરના મસ્તફકીર ઓલીયા ગાયક મુરશદ કે જેઓ મસ્ત સંગીતસમ્રાટ હતા. જેમણે પોતાના મધુર તથા બુલંદ અવાજની કુદરતી બક્ષીસથી રાગોની શાસ્ત્રીય ગાયકીદ્વારા સ્વ. ભાવસિંહજી મહારાજાને પણ આનંદરંજિત કરી દીધેલ હતા. તેઓ ફકીરના વેશમાં ફરતા હતા અને એક રાગ ત્રણ કલાક ગાતા હતા. તેઓ બોરતળાવની પાળ ઉપર બેસી રાત્રે બાર વાગે ભૈરવી રાગીની ગાતા હતા ત્યારે તેના અવાજની ધ્વની ઠેઠ પિલગાર્ડન સુધી સંભળાતી હતી. આટલો તો તેમનો અવાજ બુલંદ હતો.

**શ્રી વિઠ્ઠલભાઇ વી. બાપોદરા ભાવનગર**

ભાવનગરના સંગીત વિદ્યાલંકારે સંગીતનું પ્રારંભિક માર્ગ-દર્શન તેમના પિતાશ્રી તથા ગુણીજનો પાસેથી પ્રાપ્ત કર્યું હતું. ત્યારપછી સંગીતનું ઊંચ જ્ઞાનપ્રાપ્તિ ભારતના સુપ્રસિદ્ધ સંગીતાચાર્ય સ્વ. પંડીત દ્વારકેશલાલજી પાસેથી મેળવ્યું હતું. શ્રી બાપોદરાએ સંગીતની સાધના દશ વર્ષ કરી મૃદંગવાદન તથા સંગીતની ગાયકીમાં ઉંચ પ્રાવિણ્યપદ સંપાદીત કર્યું. હવેલી સંગીતના માર્ગદર્શનથી ધ્રુપદ, ધમાર તથા અષ્ટ પદ કવિયોની કૃતિયોમાં આપ સારૂં પ્રભુત્વ ધરાવો છો અને ખ્યાલ ગાયકી તથા મૃદંગ, તબલાવાદનમાં પણ સારી પ્રતિષ્ઠા ધરાવો છો. આપ ભાવનગર મહીલા કોલેજના આચાર્યપદે હતા. આપના શિષ્ય તથા શિષ્યાઓ આપની કલાનો પ્રચાર કરે છે.

**શ્રી ડૉ. વિજયશંકર બી ભટ્ટ ભાવનગર**

શ્રી ડોકટર વિજયશંકર ભટ્ટે એમ. બી બી એસ. નો અભ્યાસ સંપૂર્ણ કર્યા પછી સંગીતની સાધના તરફ તેમનું લક્ષ દોરાયું. શિશુવયથી આપને સંગીતના ઉંચ સંસ્કારોની જાગૃતિની ભાવનાઓ જાગી અને હારમોનીયમ વાદનની પ્રારંભિક સગીત શિક્ષા શ્રી અલારખભાઇ પાસેથી ગ્રહણ કરી હારમોનીયમ વાદનમાં ઉંચકક્ષાની પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી હતી. ત્યાર પછી દિલરૂબા વાદનનું ઉંચ અધ્યયન જામનગરના દીલરૂબાવાદક શ્રી રાજાભાઇ ચારણ પાસેથી સંપાદન કરી. સંગીતના ક્ષેત્રે ઉંચપદ તથા પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી. કચ્છના સ્વ. લાલખાં પાસેથી પણ આપે સંગીતની શિક્ષા દર્શનીક તાલીમ ગ્રહણ કરી હતી. આપ દીલરૂબા તથા હારમોનિયમના કુશળ વાદનાચાર્ય છો.

**શ્રી શ્યામસુંદર આર. પુરોહિત ભાવનગર**

શ્રી શ્યામસુંદરે સંગીતની ઉંચ શિક્ષા તેમના પિતાશ્રી સ્વ. રતિશંકર પાસેથી ગ્રહણ કરી. હારમોનીયમ તથા તબલા વાદનની કલામાં આપે પાંડીત્ય પદ પ્રાપ્ત કરેલ છે. આપે સંગીતના ઘણાએ સમારંભોમાં સંગીત પ્રોગ્રામ આપી સંગીત શ્રોતાઓના મનરંજીત કરી દીધેલ છે. આપે જાદુના પ્રયોગ તથા હાસ્યરસના પ્રયોગોનું દર્શન આફ્રિકા, મુંબઈ, નૈરોબી, અમદાવાદ, કલકત્તા. નાગપુર ઇત્યાદી સ્થળોની યાત્રા કરી પ્રેક્ષકોના મન રંજીત કરી દીધેલ હતા. આપ હારમોનીયમ તથા તબલા વાદનાચાર્ય છો. ક્વીન રેકોર્ડ કુંપનીએ આપની હાસ્યરસની રેકોર્ડ પ્રસિદ્ધ કરી છે.

**શ્રી દલસુખ ટી. અંધારીયા ભાવનગર**

શ્રી દલસુખ અંધારીયાએ સંગીતની શિક્ષા શ્રી બાબુભાઇ અંધારીયા પાસે લઈ સંગીત ગાયકીમાં પ્રાવિણ્યતા સંપાદિત કરેલ છે. આપનું જીવન આપ સંગીતની સાધનામાં વ્યતિત કરો છો.

**શ્રી યશવંત ભટ્ટ પોરબંદર**

પોરબંદરના સુપ્રસિદ્ધ સુગમ સંગીત તથા લોકગીતોના સંગીત ઉપાસક શ્રી યશવંત ભટ્ટ સંગીત કલાના ક્ષેત્રમા સારૂં માન ધરાવે છે. તેમણે કોલંબીયા રેકર્ડ દ્વારા તેમના મધુરકંઠથી લોક ગીત તથા ભજન ગીતના ભાવવાહી પદો પ્રસારીત કરેલ છે. સંગીતના તેઓ અનન્ય ઉપાસક છે. તેઓનો મધુર કંઠ રાજકોટ, અમદાવાદ, બરોડા રેડીયો પરથી પ્રસારીત થાય છે. સંગીત સાધના એ તેનો મંત્ર છે.

**શ્રી દલસુખરામ રેવાશંકર ભોજક ભાવનગર**

ભાવનગરના સંગીત કલા સાધક શ્રી દલસુખરામ ભોજકે સંગીતનું પ્રારંભિક શિક્ષણ દર્શન શ્રી શિવલાલ મનસુખરામ નાયક પાસેથી કર્યો હતો. ત્યાર પછી સંગીતનું ઉંચ શિક્ષણ ભાતખંડેજીના શિષ્ય સ્વ. પંડીત વાડીલાલ શિવરામ વાંસદા વાળા પાસેથી ગ્રહણ કરી સંગીત ક્ષેત્રમાં સારી પતિષ્ઠા પ્રાપ્ત કરી હતી. શ્રી ભોજકભાઈને નાટ્ય રંગભુમિનો પણ પચીશ વર્ષનો અનુભવ છે. તેઓ એક સારા સંગીત અધ્યાપક છે તેમને સંગીતમાં ઘણાએ શિષ્ય શિષ્યાઓ તૈયાર કર્યા છે.

**સ્વ. પંડિત દ્વારકેશલાલજી પોરબંદર**

સ્વ. પંડિત દ્વારકેશલાલજી સંગીતાચાર્યે સંગીતનું ઉંચ અધ્યયન

તેમના સ્વ. પિતાશ્રી ઘનશ્યામલાલજી પાસે કર્યું હતું. સ્વ. ઘનશ્યામલાલે હારમોનીયમ વાદનકલામાં ઉંચ પ્રાવિણ્યપદ સંપાદીત કર્યું હતું. તેઓ ભારતવર્ષના નામી ગુણી વિદ્વાન સંગીત કલાકાર હતા. તેમના સંગીતનો ઉંચ વારસો સ્વ. દ્વારકેશલાલજીના જીવનમાં ઉતરી આવ્યો હતો. સ્વ. પંડિત દ્વારકેશલાલજીએ હારમોનીયમ વાદનમાં કલા પ્રાવિણ્ય મેળવી, ત્યાર પછી તેઓએ બિન, સિતાર, દીલરૂબા, તબલા અને મૃદંગમાં પણ પાંડિત્ય સંપાદન કરી ભારત વર્ષના સર્વશ્રેષ્ઠ કલાવાદકમાં પોતે સારી પ્રતિષ્ઠા જમાવી. તેમણે હારમોનિયમ વાદનની સંગત ઓમકારનાથ, શ્રી ઉસ્તાદ ફયાઝ, વિલાયત હુસેનખાન, પ્રો. નારાયણરાવ વ્યાસ, પંડીત દતાત્રય પલુસ્કર આદિ સંગીતના મહાન કલા વિશારદો સાથે હારમોનીય વાદનનું પાંડીત્ય સંગતી દ્વારા બતાવી સ્વર, લય તથા તાલનું અદ્દભુત દર્શન કરાવ્યું હતું ભારતમાં તેમના ઘણાંયે શિષ્ય શિષ્યાઓ છે. આ સંગીત કલાના સ્વામીનો દિનાંક ૯-૯-૬૩ના રોજ સ્વર્ગવાસ થયો છે.

**પંડીત શ્રી રસીકરાયજી — પોરબંદર**

સીતાર વાદનાચાર્ય કલા આરાધક શ્રી રસીકરાયજીએ સંગીતનું પ્રારંભિક સંગીત માર્ગદર્શન તેમના સ્વ. પિતાશ્રી દ્વારકેશલાલજી પાસેથી મેળવ્યું હતું. ત્યાર બાદ સંગીતનું ઉંચ અધ્યન વિશ્વના મશહુર સિતાર વાદનાચાર્ય પંડીત શ્રી રવિશંકર પાસેથી મેળવી સિતાર વાદનની કલામાં ઉચ પાંડીત્ય પદ સંપાદિત કર્યું હતું. શ્રી રસીકરાયજી ભારતના એક ઉંચકોટીના સિતાર સાધક છે. શ્રી દ્વારકેશલાલજીના ઉંચ સંગીત સંસ્કારો શ્રી રાયજીના જીવનમાં સ્ફુરીત થયા.

**પંડીત શ્રી માધવરાયજી — પોરબંદર**

પંડીત શ્રી માધવરાયજીએ પણ સંગીતનું શિક્ષણ દર્શન શ્રી રસિકરાયજી પાસેથી ગ્રહણ કરી સિતાર તથા તબલાની સાધનામાં પ્રભુત્વ સંપાદિત કરેલ છે. અને ત્યાર બાદ સંગીતનું ઉંચ અધ્યન પિતાશ્રી દ્વારકેશલાલજી પાસે કરી સંગીત કલાક્ષેત્રમાં સારી નામના પ્રસિદ્ધ કરી છે. તેઓ સંગીત ક્ષેત્રના એક નામી કલા સાધક છે.

**શ્રી ઇલીયાસભાઇ ઈસાભાઈ — ધ્રોળ**

ધ્રોળના શ્રી ઇલીયાસ ભાઇએ શહનાઇ તથા કલેરીયોનેટ વાદનની ઉંચ સાધના કરી સૌરાષ્ટ્ર તથા ગુજરાતમાં સારી પ્રસિદ્ધિ મેળવી છે. તેઓ શહનાઇના એક સારા સાધક છે.

**શ્રી જયદેવ વી ઠાકોર — ભાવનગર**

ભાવનગરના શ્રી જયદેવ ઠાકોરે સંગીતનો પ્રાથમિક અભ્યાસ તેમના પિતા શ્રી વાસુદેવ ભાઈ પાસે કર્યો હતો. ત્યાર પછી ઉંચ ગાયકીનું શિક્ષણ શ્રી ગજાનન ભાઈ ઠાકુર પાસે લઈ સંગીત ક્ષેત્રમાં સારી કિર્તિ સંપાદન કરી હતી. હાલમાં શ્રી જયદેવભાઈ વડોદરા રેડીયો સ્ટેશન ઉપર સેવાઓ આપી રહ્યા છે. તેઓ સંગીત સંસારના નામી ગાયક કલાકાર છે.

**શ્રી ઉપેન્દ્રભાઇ ત્રીવેદી — ભાવનગર**

ઉપેન્દ્રભાઈ ત્રિવેદી ભારતીય સંગીત સંસારના ગાયક તથા વાદક છે. શ્રી ત્રિવેદીએ સંગીત સાધનાનું ઉંચ જ્ઞાન પ્રાપ્ત કરી બંસરી, વાયોલીન, મેન્ડોલીન, સિતાર, ગિટાર, તથા તબલાવાદનમાં સારી પ્રતિષ્ટા પ્રાપ્ત કરી છે. હાલમાં આપ આકાશવાણી રાજકોટના સુગમ-સંગીતના સ્વરસર્જક ડાયરેકટર છો. આપના ધર્મપત્ની શ્રીમતી પુષ્પા છાયાએ પણ ગાન વિદ્યામાં પ્રાવિણ્યતા સંપાદીત કરેલ છે. શ્રી ત્રિવેદી ભારતીય સંગીત ક્ષેત્રના ઉત્તમ સંગીત કલાવંત છે.

**શ્રી લતીફભાઈ — ભાવનગર**

શ્રી લતીફભાઈ ભાવનગરના એક વાયોલીનવાદનના કલાકાર છે. તેમણે વાયોલીનની કલા શ્રી યશવંત ભટ્ટ તથા હર્ષદ શર્મા પાસે પ્રાપ્ત કરી હતી. આપ સુગમ સંગીતના સ્વર સાધક છો.

**શ્રી સુશીલા એસ. દિવાકર — ભાવનગર**

શ્રી સુશીલા દિવાકરે બી. એ. સુધી વિદ્યાભ્યાસ કરી સંગીત કલાનું ઉંચ શાસ્ત્રીય તથા સુગમ સંગીતની શિક્ષા શ્રી યશવંત ડી ભટ્ટ સંગીતાચાર્ય પાસેથી ગ્રહણ કરેલી. આકાશવાણી રાજકોટ પરથી તેઓ મધુર કંઠ દ્વારા પોતાનો સંગીત પ્રોગ્રામ પ્રસારીત કરતા હતા. તેમના પરિવારમાંથી સંગીતનો વારસો ઉતરી આવ્યો હતો.

**શ્રીમતી પ્રજ્ઞાબહેન જી. શાહ — ભાવનગર**

શ્રીમતી પ્રજ્ઞાબ્હેન શાહે બી. એ. સુધી વિદ્યાભ્યાસનું અધ્યન કરી શાસ્ત્રી સંગીતની તાલિમ શ્રી અનંતરાય સ્વરમંડલે પાસેથી સંપાદન કરી રાજકોટ રેડીયો પરથી તેમણે સુગમ સંગીતની સ્વર લ્હેરીયો પ્રસારીત કરેલ છે. સુગમ સંગીતની શિક્ષા તેમણે શ્રી ગુલભાઇ દેસૈયા પાસેથી ગ્રહણ કરી હતી.

**શ્રી કુંદનબહેન ખાંડેકર — ભાવનગર**

સંગીત વિશારદા શ્રી કુંદન બ્હેન ખાંડેકરે બી. એ સુધી વિદ્યાધ્યન કરી, સંગીત શિક્ષાની ઉંચ તાલિમ શ્રી અનંતરાવ સ્વર મંડલે પાસેથી સંપાદીત કરી સૌરાષ્ટ્રમાં સારી પ્રશંશા પ્રાપ્ત કરી છે. સંગીતની અન્ય શિક્ષા તેમણે શ્રી રસીકલાલ અંધારીયા પાસેથી પણ ગ્રહણ કરેલી સંગીતકલાનો વારસો તેમના ઉંચ પરિવારમાંથી ઉતરી આવ્યો હતો.

**શ્રીમતી સરલાબહેન આર. ત્રિવેદી — ભાવનગર**

સંગીત અલંકાર શ્રીમતી સરલાબ્હેન ત્રિવેદીએ એમ. એ. સુધી વિદ્યાધ્યન કરી સંગીતનું પ્રારંભિક અભિનવ દર્શન તેમના પિતાશ્રી રમણીકલાલ પાસેથી ગ્રહણ કરેલું ત્યાર બાદ સંગીત શિક્ષાનું ઉંચ સંગીત અધ્યન શ્રી રસીકલાલ અંધારીયા પાસેથી પ્રાપ્ત કરેલું, સંગીતના ઘણા સમારંભોમાં પોતાની મધુર ગાયકી દ્વારા શ્રોતાઓને મનારંજીત કરી દીધેલા અને સંગીતમાં ઘણી જ પ્રાવિણ્યતા પ્રાપ્ત કરેલ છે.

**શ્રી માતંગીબહેન એન. ધોળકીયા — ભાવનગર**

શ્રી માતંગીબ્હેન ધોળકીઆએ સંગીતનું પ્રાથમિક શિક્ષણ પોતાના પિતા શ્રી નરેન્દ્ર ધોળકીયા પાસેથી ગ્રહણ કરી સંગીતમાં નિપુણતા મેળવી છે. તેમના પરિવારમાંથી સંગીતનો ઉંચ વારસો ઉતરી આવ્યો છે. તે બ્હેને બી. એ. સુધી વિદ્યાભ્યાસ કર્યો છે.

**શ્રી વસંત અમૃત** — **સુરત**

સંગીતાચાર્ય શ્રી વસંત અમૃતે મેટ્રીક સુધી વિદ્યાધ્યન કરી સંગીતની સાધનામાં તેમનું જીવન અર્પિત કરેલ છે. તેમણે સંગીતનું ઉચ્ચ અધ્યન ભારતના સંગીતમહર્ષિ શ્રી વિષ્ણુદિગંબરજી તથા સ્વ. શ્રી ઓમકારનાથજી ઠાકુર પાસેથી સંપાદિત કર્યું હતું. ઠુમરી, ધ્રુપદ, ગઝલ, ખ્યાલ, ભજન આદિ ગાયકીઓ પર આપ સારી પ્રાવિણ્યતા ધરાવો છો, ભારતના આપ એક સુપ્રસિદ્ધ કલા-રત્ન છો. આપે ગાયકીથી લોર્ડ ઇરવીનને મોહમુગ્ધ કરી દીધેલ હતા. આપનું સંગીત સાંભળી લોર્ડ ઇરવીને આપને "બાલ-ગાંધર્વ"નો ઇલ્કાબ સમર્પિત કર્યો હતો. ગુજરાતની તથા સૌરાષ્ટ્રની સંગીતપ્રેમી જનતામાં આપે ઘણીજ પ્રસિદ્ધિ સંપાદીત કરેલ હતી. આપની ગાયકીની રેકોર્ડ "હિઝ માસ્ટર્સ વોઇસ કું." એ પ્રસિદ્ધ કરેલ છે. આપે હારમોનીયમ વાદનકળામાં ઘણીજ પ્રાવિણ્યતા સંપાદિત કરેલ છે.

**સ્વ. શ્રી નારાયણરાવ આંબાડે** — **ભાવનગર**

ભાવનગરરાજ્યના આ મશહુર સિતારવાદકે વાદનસિદ્ધિમાં એટલી બધી પ્રાવિણ્યતા પ્રાપ્ત કરેલી કે, સ્વ. મહારાજાસાહેબ શ્રી કૃષ્ણકુમારસિંહજી આંબાડેજીનું સિતારવાદન સાંભળી મનોમુગ્ધ થઈ જતા હતા. તેઓ તાલ તથા લયના અદ્‌ભુત પંડીત હતા. તેઓનું મુળ વતન વડોદરા હતું. "હિઝ માસ્ટર્સ વોઇસ કું."એ તેમની સીતારની રેકોર્ડ પણ પ્રકાશિત કરેલ છે. ભારતના નામી સિતારવાદકોમાં તેમનું શ્રેષ્ઠસ્થાન છે. સંગીતકલાના આ સ્વામીનો થોડા વર્ષ પહેલાં સ્વર્ગવાસ થયો છે.

**શ્રી ગજાનનરાવ આંબાડે** — **ભાવનગર**

જલતરંગવાદનાચાર્ય શ્રી ગજાનનરાવ આંબાડેએ સંગીત ઉંચ-શિક્ષણદર્શન તેમના વડિલબંધુ સ્વ. શ્રી નારાયણરાવ આંબાડે પાસેથી લીધું હતું. તેઓની પણ ભાવનગરરાજ્યના જળતરંગના સારા ઉસ્તાદમાં ગણના કરવામાં આવી હતી. શ્રી ગજાનનરાવે જળતરંગવાદનમાં ઘણીજ પ્રાવિણ્યતા સંપાદીત કરી હતી. ભારતના ઉંચ વાદકોમાં આપનું પ્રવણસ્થાન છે. આપ બંને ભાઇઓની સિતાર તથા જળતરંગની જુગલબંધી હતી. આપ હાલમાં વડોદરામાં નિવાસ કરો છો.

**ડૉ. મહેન્દ્રકુમાર એન. ગોહિલ** — **ભાવનગર**

શ્રી મહેન્દ્રકુમાર ગોહલે સંગીત, ગાયકી તથા સિતારવાદનની શિક્ષા શ્રી યશવંત ડી. ભટ્ટ પાસેથી ગ્રહણ કરેલ છે. સંગીત મંચ તથા રંગભૂમિ ઉપર અભિનયદર્શન આપી તથા મધુરસ્વરોનું રસ-પાન કરાવી આપે સૌરાષ્ટ્રની જનતામાં સારી ખ્યાતી પ્રાપ્ત કરેલ છે. હાલમાં તેઓ અમેરીકામાં ડોકટરપદે પોતાનું સ્થાન શોભાવી રહ્યા છે

**શ્રી બચુભાઇ એન. પટેલ** — **ભાવનગર**

શ્રી બચુભાઈ પટેલે વાયોલીનવાદનની શિક્ષા સ્વ બચુભાઈ ( મીઠુ બેંડવાળા ) પાસેથી લીધી હતી. ત્યારપછી સંગીતનું અન્ય જ્ઞાન શ્રી બાબુભાઈ અંધારીયા પાસેથી લીધું હતુ. આપ સૌરાષ્ટ્રના એક સારા વાયોલીનવાદક છો.

**શ્રી હસમુખ ડી. વિરાણી** — **ભાવનગર**

શ્રી સપ્તકલા-ભાવનગરના સંચાલક શ્રી હસમુખ વિરાણીએ તબલા તેમજ હારમોનીયમની ઉંચશિક્ષા તેમના સ્વ. વડીલબંધુ શ્રી જગદીપ વીરાણી પાસેથી ગ્રહણ કરી હતી. તેઓએ વાદનકલામાં અતિ પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી છે. તેઓએ ઘણા શિષ્યો તૈયાર કરેલ છે.

**શ્રી નેનીભાઇ ડી. વિરાણી** — **ભાવનગર**

શ્રી નેનીભાઇ વિરાણીએ ગીટાર, હારમોનીયમ, મેંડોલીન આદિ વાદ્યોની ઉંચ સંગીતશિક્ષા સ્વ. શ્રી જગદીપભાઇ વીરાણી પાસેથી ગ્રહણ કરી વાદ્ય તથા સુગમસંગીતની ગાયકીમાં પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી છે. આપ સૌરાષ્ટ્ર સંગીતક્ષેત્રના સારા સંગીત સાધક છો.

**સ્વ. શ્રી જયમલકુમાર એમ. સરવૈયા** — **ભાવનગર**

સ્વ. શ્રી જયમલકુમારને સંગીતનો ઉંચ વારસો તેમના પિતાશ્રી પાસેથી મળ્યો હતો. તેઓ હારમોનિયમ, સિતાર, વાયોલીન, જલતરંગ, તબલા આદિ વાદ્યો પર સારૂં પ્રભુત્વ ધરાવતા હતા. તેની સાથોસાથ ગાયકી ઉપર પણ પાંડીત્યપદ સ્થાપિત કર્યું હતું. થોડાક વર્ષ ઉપર આ સંગીતના સાધકનો સ્વર્ગવાસ થયો છે.

**શ્રી કમલ ડી. વિરાણી** — **ભાવનગર**

શ્રી કમલ વીરાણીએ સંગીતનું પ્રાથમિક શિક્ષણ તેમના પિતા સ્વ. શ્રી જગદીપ વીરાણી પાસેથી સંપાદીત કરેલું. ત્યારપછી સંગીત ઉંચશિક્ષા બરોડા મ્યુઝીક કોલેજમાં નિપુણતા પ્રાપ્ત કરી છે સિતાર, મેંડોલીન, વાયોલીન, તબલા, ગીટાર આદિ વાદ્યોમાં આપે પ્રતિષ્ઠા તથા પ્રભુત્વ પ્રાપ્ત કર્યું છે. આપ "સપ્તકલા" ના આચાર્યપદે છો.

**રાજ્યગાયક સ્વ. શ્રી ડાહ્યાલાલ એસ. નાયક** — **ભાવનગર**

ભાવનગર રાજ્યના ગાયક સ્વ. શ્રી ડાહ્યાલાલ નાયકે ઉંચભાવના પ્રાધાન્ય સંગીતશિક્ષણ તેમના પિતાશ્રી શિવરામ નાયક પાસેથી ગ્રહણ કર્યું હતું. આપ સંગીત વિદ્યાના મહાન કલાધરે સંસ્કૃત, હિંદી, ઉર્દુ તથા કાવ્યની ભાષા શાસ્ત્રોનું અધ્યયન કર્યું હતું. શ્રી ડાહ્યાલાલે સંગીતની ચોવીસે કલાક સાધના કરી સંગીતસાહિત્યનો ઉંચ પ્રતિભાશાળી મહાન સંગીત ગ્રંથ તૈયાર કર્યો છે કે જે " સંગીત કલાધર " ગ્રંથ ભારતીય સંગીત કલાક્ષેત્રના કલાધરો માટે ઘણો જ ઉપયોગી છે શ્રી નાયકે ખ્યાલ, ધ્રુપદ, ધમાર, ઠુમરી ઇત્યાદી ગાયકીમાં પ્રાવિણ્યપદ સંપાદિત કરેલ હતું. ભાવનગરના રાજવીઓએ સંગીત તથા સાહિત્ય અને કલાના નિષ્ણાતોને રાજ્યાશ્રય આપી ભાવનગરના સાંસ્કૃતિક જીવનને સર્વાંગી બનાવવા યશસ્વી ફાળો આપ્યો છે. શ્રી નાયક ભારતના એક ઉંચ કોટીના મહાન ગાયક વાદનાચાર્ય હતા. સંગીતકલાના આ સાધકનો ૧૯૩૫માં સ્વર્ગવાસ થયો.

**શ્રીમતી દિવ્યાબેન સંઘવી** — **ભાવનગર**

સંગીતવિશારદ શ્રી દિવ્યાબેન સંઘવીએ બી. એ. સુધી વિદ્યાધ્યન કરી ઉંચ સંગીતની શિક્ષા જુનાગઢનિવાસી શ્રી વિઠ્ઠલભાઇ બાપોદરા પાસેથી સંપાદીત કરી હતી અને સિતારની શિક્ષા શ્રી અનંતરાવ સ્વરમંડલે પાસેથી લીધેલી. બૃહદ્ ગુજરાતની સંગીત પરિક્ષામાં પ્રથમ કક્ષામાં ઉતિર્ણ થઇ ચંદ્રક સંપાદિત કરેલ છે. સૌરાષ્ટ્રમાં તેમણે પોતાના મધુર કંઠથી અનેક પ્રોગ્રામો પ્રસારિત કરેલ છે.

**રાજ્યગાયક સ્વ. શ્રી વિઠ્ઠલદાસ એસ. દેસાઇ — ભાવનગર**

સંગીત કલાવિશારદ ભાવનગર રાજ્યના ઉંચકોટીના ગાયક શ્રી વિઠ્ઠલદાસે સંગીતનું ઉંચ સાધનામય સંગીતાધ્યન પોતાના સ્વ. પિતાશ્રી સૂર્યરામ પાસે કરી, ગાયકીની વિદ્યામાં ઉંચકોટીનું પ્રાવિણ્ય-પદ પ્રાપ્ત કર્યું. ભારતીય સંગીતજગતના સુપ્રસિદ્ધ ગાયક–વાદકોમાં આપની ગણના થાય છે. શ્રી દેસાઇએ સંગીતક્ષેત્રમાં ઘણાએ શિષ્યો તૈયાર કરેલ છે. શ્રી દેસાઇ સાહિત્ય તથા કાવ્ય રચનાના મહાન પંડીત હતા. ભાવનગરના " સંગીત કલાધર "માં તેઓની અમુલ્ય સંગીત કલાકૃતિયો પ્રકાશિત થયેલ છે. શ્રી દેસાઇજીના પુત્ર શ્રી શિવકુમારે હારમોનીયમ પર અદ્‌ભુત કાબુ મેળવ્યો છે. કલાના આ મહાન પુજારી ૧૯૩૮માં સ્વર્ગવાસ પામ્યા છે.

**શ્રી લક્ષ્મીદાસ મારૂ — ભાવનગર**

ભાવનગરના તબલા–વિશારદ શ્રી લક્ષ્મીદાસ મારૂએ તબલા-વાદનની સાધના કરી સૌરાષ્ટ્રમાં સારી ખ્યાતિ પ્રાપ્ત કરેલ છે. શ્રી મારૂએ સંગીતકલાના ઘણાએ સંગીત સમારંભોમાં તબલાવાદનની કલાથી સંગીત પ્રેમીજનોને મનોરંજીત કરેલ છે. શ્રી મારૂએ સૌરાષ્ટ્ર તથા ગુજરાતના ઘણાએ સંગીતસાધકો સાથે સંગત કરી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલ છે. શ્રી મારૂ ગુજરાત તથા સૌરાષ્ટ્રના શ્રેષ્ઠ તબલા સાધક છે.

**શ્રી યોગીનીબેન દેસાઇ — ભાવનગર**

શ્રી યોગીનીબેન દેસાઇએ મેટ્રીક સુધી વિદ્યાધ્યન કરી સંગીતની ઉંચશિક્ષા શ્રી રસીકલાલ અંધારીયા પાસેથી પ્રાપ્ત કરેલી. તેઓ સુગમસંગીત, લોકગીત તથા રાસ ગરબામાં પ્રાવિણ્યતા ધરાવે છે.

**શ્રી બાબાબેન ગાંધર્વ — ભાવનગર**

ભાવનગર રાજ્યની રાજ્યગાયકા " સંગીતગાંધર્વ " શ્રી બાબાબેને ગ્વાલીયર ઘરના તથા કિરાના ઘરાનાની ઉંચશિક્ષા અદુ હુસ્સુખાં તથા ઉસ્તાદ કલનખાન સાહેબ પાસેથી સંપાદીત કરી હતી. અન્ય સંગીતનું ઉંચ અધ્યયન ખાનસાહેબ અબ્દુલ કરીમખાં પાસેથી ગ્રહણ કરી ભારતિય સંગીત સંસારમાં કિરાના ઘરાનાની ગાયકી દ્વારા પ્રાવિણ્યપદ સંપાદિત કરેલ છે. ભાવનગરના નરેશ સ્વ. શ્રી કૃષ્ણકુમાર-સિંહજી સાહેબ સંગીત તથા લલીત કલાઓના પ્રેમી હતા. શ્રી મહા-રાજાને બાબાબાઇની ગાયકી ઉપર બહુજ પ્રેમ હતો. અને તેમણે તેમને પોતાના રાજ્યમાં રાજ્યગાયીકા તરીકે સ્થાન સમર્પિત કર્યું. હાલમાં બાબાબેન અમદાવાદમાં રહે છે.

**સ્વ. શ્રી ચંદ્રપ્રભાદેવી — ભાવનગર**

ભાવનગરની પ્રતિભાશાળી ગાયકીનું ગૌરવ ધરાવનાર ભાવનગરની રાજ્ય ગાયીકા સ્વ. શ્રી ચંદ્રપ્રભાદેવીએ સંગીતનું ઉંચ અધ્યયન આગ્રા ઘરાનાના ઉસ્તાદ નથ્થન ખાનસાહેબ પાસેથી ગ્રહણ કરી ભારતવર્ષની સંગીતની દુનિયામાં પ્રણવસ્થાન પ્રાપ્ત કર્યું હતું. શ્રી ચંદ્રપ્રભાદેવી ગુરુદત્તના ઉપાસક હતા. સંગીતની ઉમદા ઢંગની ગાયકીમાં તેઓ સ્વર, લય ઉપર બહુજ પાંડીત્ય ધરાવતા હતા. સંગીત સંસારમાં તેમના જેવી ભૈરવી રાગિની કોઈ પણ સંગીત કલાકાર ગાતા નહિ. ભૈરવી રાગિની ઉપર તેમણે કલાસિદ્ધિ મેળવી હતી.

**સ્વ. શ્રી દુર્ગાશંકર ટી. ભટ્ટ — ભાવનગર**

સાહિત્ય એવં સંગીતાચાર્ય દુર્ગાશંકર ભટ્ટજીએ સંગીતની ઉચ્ચ કક્ષાની સંગીતશિક્ષા કચ્છના રાજ્યગાયક શ્રી લાલખાંજી પાસેથી લીધી હતી. અને દિલરૂબા વાદનની તાલીમ ભાવનગર રાજ્યના ખ્યાતિ પ્રાપ્ત સિતાર સમ્રાટ શ્રી રહીખાંજી પાસેથી લીધી હતી. શબ્દ ભાવના પ્રાધાન્ય ગાયકી દ્વારા ભાવનગર નરેશ સ્વ. શ્રી કૃષ્ણ-કુમારસિંહજી તથા ભાવનગરના દિવાનસાહેબ શ્રી પ્રભાશંકર પટ્ટણી સાહેબને શ્રી ભટ્ટજીએ પોતાની ગાયકીથી મનોરંજીત કરી દીધા હતા. તેમના પુત્ર શ્રી યશવંત ભટ્ટ તેમની ગાયકીનો પ્રચાર કરે છે.

**શ્રી શિવકુમાર કે. સરવૈયા — ભાવનગર**

શ્રી શિવકુમાર સરવૈયાએ સંગીતનું પ્રારંભિક શિક્ષણ શ્રી મોહનલાલ કાપડી પાસેથી લીધું હતું. ત્યાર પછી સંગીતની ઉચ્ચ સંગીત શિક્ષાની તાલીમ શ્રી યશવંત ડી. ભટ્ટ તથા વિઠ્ઠલભાઈ બાપોદરા પાસેથી ગ્રહણ કરી છે. તેઓ કાવ્ય રચનામાં પણ પ્રાવિણ્યતા ધરાવે છે. અને સંગીતના નિર્દેશનનું કાર્ય સર્જન કરે છે.

**શ્રી મોહનલાલ કાપડી — ભાવનગર**

શ્રી મોહનલાલ કાપડીએ સંગીતનું પ્રારંભીક શિક્ષણ તેમના પિતાશ્રી રામદાસજી પાસેથી લીધું હતું, અને ત્યારપછી સંગીતનું ઉંચ અધ્યન કીરાના ઘરાનાના ગાયક બાલકૃષ્ણ કપીલેશ્વરી બુવા પાસેથી સંપાદન કરેલું શ્રી કાપડીજી ગુજરાતના એક નમ્રભાવી સંગીતસાધક છે. શ્રી કાપડીજીના પુત્ર શ્રી હરીહરભાઇ કાપડી એક સારા વાયોલીન કલાકાર છે.

**શ્રી અનંતરાવ સ્વરમંડલે — ભાવનગર**

શ્રી અનંતરાવ સ્વરમંડલેજીના પિતાશ્રી કિર્તનાચાર્ય તથા સંગીતાચાર્ય હતા, એટલે શિશુવયથી સંગીતની પરંપરા શ્રી સ્વર-મંડલેજીમાં સ્ફુરી હતી. તેમનું મુળવતન કોલ્હાપુર છે. સંગીત કલાનું ઉંચ અભિનવદર્શન સ્વ. શ્રી રામકૃષ્ણ વઝેબુવા તથા પં. વામનરાવ પાધ્યાય બુવા પાસેથી સંપાદન કર્યું હતું. તેઓ સિતાર, વાયોલીન તબલા આદિ વાદ્યો પર પ્રભુત્વ ધરાવે છે અને મહિલા કોલેજ ભાવનગરમાં સંગીત આચાર્યપદે છે. તેમની શિષ્યા શ્રી કુંદનબહેન ખાંડેકર તેમની કલા તથા ગાયકીનો પ્રસાર કરે છે. તેમના શિષ્ય શ્રી હરિહર કાપડી વાયોલીનવાદનમાં પ્રાવિણ્યતા ધરાવે છે.

**શ્રી વિરેન્દ્રકુમાર સી. દેસાઇ — ભાવનગર**

સાહિત્ય તથા સંગીતના સાધક શ્રી વિરેન્દ્રકુમાર દેસાઇએ સંગીતનું શિક્ષણ શ્રી યશવંત ડી. ભટ્ટ પાસેથી લઇ સંગીતક્ષેત્રમાં સારી પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી છે. શ્રી દેસાઇ સંગીત તથા સાહિત્ય કલામાં પોતાનું જીવન વ્યતિત કરે છે.

**શ્રી તરૂલતા ગાંધર્વ — રાજકોટ**

શ્રી તરૂલતાએ સુગમ સંગીતની તથા શાસ્ત્રીયસંગીતની સાધના કરી સંગીતક્ષેત્રમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. આપના પ્રોગ્રામ રાજકોટ રેડીયો પરથી પ્રસારીત થાય છે. આપ આપનું જીવન સંગીતની સાધનામાં વીતાવો છો.

**શ્રી મહમદભાઇ દેખૈયા — ભાવનગર**

શ્રી મહમદભાઇ દેખૈયાએ તેમનું જીવન સંગીતકલાને સમર્પિત કરી સાધનામાં ઉચ્ચપદ પ્રાપ્ત કરેલ છે. તેમણે સંગીતક્ષેત્રમાં ઘણાયે શિષ્યો તૈયાર કર્યા છે. શ્રી દેખૈયા સંગીતના ગાયક તથા વાદન–કલાના સારા કલાકાર છે.

**શ્રી બાલકૃષ્ણ એલ. ત્રિવેદી — ભાવનગર**

શ્રી બાલકૃષ્ણ ત્રિવેદીએ સંગીતની સાધના શ્રી હર્ષદ શર્મા પાસે કરી સારી પ્રગતિ કરી છે. શ્રી ત્રિવેદી હજુ પણ સંગીત સાધનામાં જીવન વ્યતીત કરે છે. તેઓએ ગાયકીમાં પ્રાવિણ્યતા મેળવી છે.

**શ્રી દીના ગાંધર્વ — રાજકોટ**

શ્રી દીના ગાંધર્વએ સંગીતની સાધનાનું શિક્ષણ શ્રી હેમુભાઇ ગઢવી તથા તેમના પરિવાર દ્વારા પ્રાપ્ત કર્યું હતું. સુગમ સંગીત તથા ભજનશૈલીની ગાયકીમાં તેઓ સારૂં પ્રભુત્વ ધરાવે છે. આપની રેકોર્ડો પ્રસિદ્ધ થઇ છે.

**સ્વ. શ્રી ઝવેરચંદ મેઘાણી — રાણપુર**

સાહિત્ય તથા લોકસંગીતના મહાન ગાયક શ્રી મેઘાણીજી લોકગીત ગાયકીમાં સારી પ્રાવિણ્યતા ધરાવતા હતા. લોકસાહિત્ય સૃષ્ટિના તેઓ મહાન સર્જનાચાર્ય હતા. ભારતીય સાહિત્ય સંસાર તથા લોકગીતોના એક અદ્‌ભુત પ્રતિભાશાળી સાધક હતા. કલાની તથા સાહિત્યની દુનિયામાં આપનું ઘણું જ માન હતું. આ સાહિત્ય તથા લોકસંગીતના ગાયક કેટલાક વર્ષ પહેલાં સ્વર્ગવાસી થયા છે પણ તેમની કલાકીર્તિ અમર છે.

**સ્વ. શ્રી સુરસિંહજી ઠાકોર (કલાપિ) — લાઠી**

સ્વ. શ્રી સુરસિંહજી કલાપિ સાહિત્ય તથા સંગીતના મહાન આરાધક હતા. તેમણે કાવ્યકલા તથા સંગીતની મહાન સિદ્ધિને પોતાનું સારૂંએ જીવન સમર્પણ કરેલ હતું. કાવ્ય તથા સંગીત-કલાના તેઓ પ્રખર શાસ્ત્રજ્ઞ હતા. તેઓએ " કલાપિનો કેકારવ " નામના કાવ્યગીતના મહાન ગ્રંથનું સર્જન કર્યું છે. આપ સારાએ ગુજરાતના કવિ તથા સંગીત સાહિત્ય સમ્રાટ હતા. આપ ગયા પણ આપની કલા અમર છે.

**કુમાર શ્રી મંગલસિંહજી — લાઠી**

કુમારશ્રી મંગલસિંહજી સંગીત તથા ચિત્રકલાના મહાન સાધક છે. અને સાથોસાથ સાહિત્યના પણ રસસાધક કલાકાર છે. આપે તોડી, આશાવરી, હિંડોળ, ભૈરવ, મલ્હાર, બાગેશ્રી, વસંત, ઇત્યાદિ રાગોના રસભાવ પ્રાધાન્ય ઉમદા ચિત્રોનું સર્જન કરી ગુજરાત તથા સૌરાષ્ટ્રને સમર્પિત કરેલ છે. આપશ્રીનું ચિત્રસર્જન રાગોના ભાવ તથા નવરંગ ભાવ પ્રાધ્યાનતાના ભાવોની ઉંચ ભાવનાથી રંગાયેલી પ્રતિભાશાળી રાગ રાગિનીયોની ચિત્ર પ્રતિમાઓ ભારતીય કલાક્ષેત્રમાં ઉચ્ચ આદર્શ ભાવ ધરાવે છે. આપશ્રી આપની કલાઉપાસનામાં આપનું સાધકજીવન વિતાવી રહ્યા છો.

**કવિશ્રી દુલા કાગ**

કાવ્ય, સાહિત્ય તથા લોકસંગીતના ઉપાસક શ્રી દુલાભાઇ કાગે પોતાનું સારૂંએ જીવન લોકસાહિત્ય તથા લોકસંગીતના ગીતો અને ભજનની ઉંચ ભક્તિ પ્રાધાન્ય ભાવનામાં અર્પણ કરેલ છે. તેઓ ભારતીય સાહીત્ય તથા કાવ્ય ક્ષેત્રના સુપ્રસિદ્ધ કલાચાર્ય છે. તેમની રેકોર્ડ હિઝ માસ્ટર્સ વોઇસ કંપનીએ પ્રસિદ્ધ કરેલ છે. આપનું લોકગીત તથા લોકસાહિત્યનું ઉંચ કલાદર્શન આકાશવાણી રાજકોટ કેંદ્ર પરથી પ્રસારિત થાય છે. આપ ગુજરાત તથા સૌરાષ્ટ્રના લોક-સાહિત્ય આચાર્ય છો.

**શ્રી મેરૂભા ગઢવી — રાજકોટ**

શ્રી મેરૂભા ગઢવીએ લોકગીત તથા ભજનની ઉંચ સાધના કરી સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરેલ છે અને સાથોસાથ લોકસાહિત્ય સંસારના એક ઉમદા સર્જક છો. આપના લોકગીતો હિઝ માસ્ટર્સ વોઇસ રેકોર્ડ કંપનીએ પ્રસિદ્ધ કર્યા છે. તથા આપના લોક ગીતોનું ભજનોનું સંગીત પ્રોગ્રામ રાજકોટ રેડીયો પરથી પ્રસારીત થાય છે. આપ સાહિત્ય, સંગીત પ્રત્યે ઉંચ ભાવનાઓનું પ્રાબલ્ય દર્શાવો છો. આપ લોકસાહિત્ય જગતના ઉંચ કલાજ્ઞ છો. આપનું સ્થાન ગુજરાત તથા સૌરાષ્ટ્રમાં પ્રતિભાશાળી તથા સારી પ્રતિષ્ઠામય છે.

**શ્રી હરકાંત શુકલ — લાઠી**

સાહિત્ય એવં સંગીતાચાર્ય શ્રી હરકાંત શુકલે સંગીતની શિક્ષા સંગીતાચાર્ય સ્વ. શ્રી ઓમકારનાથજી ઠાકુર પાસેથી પ્રાપ્ત કરેલી હતી. સંગીતની સાથોસાથ આપ સાહિત્યના પણ ઊંચકક્ષાના વિદ્વાન જ્ઞાતા છો. આપે સંગીતની રચનાઓમાં પણ પ્રાવિણ્યતા અને સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આપના સંગીત તથાસ ાહિત્યના લેખો માસિકોમાં તથા અખબારોમાં પ્રસિદ્ધ થાય છે.

**શ્રી કાંતીલાલ અમીન — વઢવાણ**

શ્રી કાંતીલાલ અમીન સંગીતવિશારદે સંગીતવિદ્યાનો અભ્યાસ મશહુર સંગીતશાસ્ત્રવિશારદ શ્રી વિનાયકરાવ પટવર્ધન પાસે કર્યો હતો. આપે સંગીતની સાધનાદ્વારા સંગીત ગાયકીમાં પ્રભુત્વ પ્રાપ્ત કરેલ છે "ગાંધર્વ સંગીત વિદ્યાલય"માં આપ આચાર્ય પદે છો, આપના શિષ્યો આપની ગાયકીનો ગુજરાતમાં પ્રચાર કરે છે.

**શ્રી સવિતાબહેન તથા શ્રી નિર્મલાબહેન મહેતા પોરબંદર**

શ્રી નાનજી કાળીદાસ શેઠ આફ્રીકાવાળાની બંને પુત્રીઓ શ્રી સવિતાબહેન તથા શ્રી નિર્મલાબહેને સિતારવાદનનું વાદનશિક્ષણ લખનઉના પં. શ્રી ડી. ટી. જોશી પાસેથી લીધું હતું. આ બંને બહેનોએ સિતારવાદનકલાની યુગલબંધીમાં પ્રાવિણ્યતા સંપાદીત કરી છે. અને સંગીતની ગાયકીની તાલીમ પ્રો. બી. આર. દેવધર તથા પ્રો. કૃષ્ણારાવ ટેંકુલકર પાસેથી ગ્રહણ કરી સંગીતમાં પણ આ બંને બહેનોએ યુગલબંધી ગાયકીમાં પણ ઉંચ સિદ્ધિ પ્રાપ્ત કરી છે. નૃત્ય કલામાં પણ અતિ પ્રાવિણ્યતા ધરાવે છે. નૃત્યમાં ભરત-નાટ્યમ્, મણીપુરી, કથક તથા કથક્લી આદિમાં પણ પોતે પારંગત છે. શ્રી સવિતાબેન તથા શ્રી નિર્મલાબેને ગાયન, વાદન અને નૃત્યમાં પરિપૂર્ણ સાધના કરી સારાએ વિશ્વની તેઓએ સંગીત યાત્રા કરી છે ભારતીય નૃત્યનું અભિનવ દર્શન તથા સંગીત ગાય-કીનું મધુર રસભાવદર્શન બતાવી, કલાસિદ્ધિનું દર્શન કરાવેલ છે, મુંબઈમાં આ બંને બહેનો " સંગીત નૃત્ય ભારતિ "નું સંચાલન કરે છે. કલામાં જાગૃતિની ઉંચ ભાવના લાવવી તે તેના જીવનનો આદેશ છે. ભારતીય કલાપ્રેમીઓ સંસાર કલાની આ દેવીઓ તરફ ગર્વ ધરાવે છે.

**સંગીતવિશારદ શ્રી ફિરોઝખાન બાબુખાન — રાજકોટ**

સૌરાષ્ટ્ર સંગીત નાટક એકેડેમીમાં દાખલ થઇ શ્રી ફિરોજખાને સંગીત વિશારદની પરિક્ષા પાસ કરેલ છે. તેમણે સંગીત ગાયકીનું ઉંચ શિક્ષણ શ્રી અમુભાઈ દોશી પાસેથી ગ્રહણ કરી સંગીત ગાયકીમાં નિપુણતા સંપાદિત કરેલ છે. શ્રી ફીરોજખાન કિરાના ઘરાનાની ગાયકીના ઉંચ સંસ્કારો ધરાવે છે. ગુજરાત સંગીત નૃત્ય નાટક એકેડમી દ્વારા અખિલ હિંદ શાસ્ત્રીય સંગીત પંડિત શ્રી ઓમકારનાથજી સ્પર્ધામાં પ્રથમ કક્ષાના વિજેતા છે.

**સંગીતવિશારદ શ્રી ગજેન્દ્ર બક્ષી — રાજકોટ**

શ્રી ગજેન્દ્ર બક્ષીએ શાસ્ત્રીય સંગીતની ઉચ્ચ કલાનું સંગીત શિક્ષણ શ્રી અમુભાઇ દોશી પાસેથી સંપાદિત કરેલ છે. શ્રી બક્ષીજીએ કુદરતી અવાજની બક્ષિસથી કલાની સાધના દ્વારા સંગીત શ્રોતાઓના મન રંજીત કરેલ છે. ગુજરાત યુનિવર્સિટીમાં શાસ્ત્રીય સંગીતની સ્પર્ધામાં પ્રથમ કક્ષામાં ઉતિર્ણ થયેલ હતા. અને પંડિત ઓમકારનાથજીની સંગીત સ્પર્ધામાં પણ પ્રથમ નંબર સંપાદીત કરી રાજકોટનું ગૌરવ વધાર્યું છે.

**સંગીતવિશારદ શ્રી પ્રવિણસિંહજી જાડેજા — રાજકોટ**

શ્રી પ્રવિણસિંહજી જાડેજાએ સંગીત કલાની સાધનાનું ઉંચ સંગીતશિક્ષણ ભારતીય સંગીતકલાભૂષણ શ્રી અમુભાઇ દોસી પાસેથી ગ્રહણ કરી દિલરૂબા વાદનમાં અદ્ભુત પાંડિત્ય પ્રાપ્ત કરેલ છે શ્રી પ્રવિણસિંહજીએ દિલરૂબાની સંગત ભારતીય સંગીત કલાકારોની સાથે કરેલ છે. આકાશવાણી રાજકોટ સ્ટેશનેથી દિલરૂબા વાદનના આપના સંગીત કાર્યક્રમો પ્રસારિત થાય છે. આપ એક કુશળ વાયોલીન તથા દિલરૂબા વાદક છો.

**વાયોલિનવાદક શ્રી નગીનદાસ સોલંકી — રાજકોટ**

રાજકોટનિવાસી શ્રી નગીનદાસ ભાઇએ વાયોલીન વાદનની ઉંચ શિક્ષા શ્રી ગજાનનરાવ જોશીજીની પાસેથી સંપાદિત કરી વાયોલીન સાધનામાં પાંડિત્ય પ્રાપ્ત કરેલ છે. આપ એક ગુજરાત તેમજ સૌરાષ્ટ્રના ઉચ્ચ વાયોલીનવાદક છો. રાજકોટ રેડીયો સ્ટેશનથી આપના વાયોલીનવાદનના પ્રોગ્રામ પ્રશારિત થાય છે. આપે સ્વર તથા લય ઉપર અદ્ભૂત કાબુ પ્રાપ્ત કર્યો છે.

**સંગીતાચાર્ય શ્રી અમુભાઈ વી. દોશી — રાજકોટ**

સંગીતાચાર્ય શ્રી અમુભાઈ દોશીએ બી. એ. સુધી વિદ્યાભ્યાસ કરી બાલ્યવયથી જ સંગીતનું શિક્ષણ શ્રી લક્ષ્મણરાવ બોડસજી પાસેથી ગ્રહણ કર્યું હતું શ્રી દોશીજી એક મહાન સંગીત કલાનિધિ છે તેમણે સંગીતની ગાયકીનું ઉચ્ચ શિક્ષણ પતિયાલા ઘરાનાના ખ્યાતિ પ્રાપ્ત ગાયક સ્વ. મુબારકઅલીખાં પાસેથી પતિયાલા ઘરાનાની ગાયકીનો પંદર વર્ષ સુધી સંગીત અભ્યાસ કરી પતિયાલો ઘરાનાની ગાયકીમાં ઉંચ પ્રાવિણ્યતા સંપાદિત કરી છે. ત્યાર બાદ તેઓએ સંગીત વાદન કલાની સાધના મહેર સ્ટેટના નામાંકીત ઉસ્તાદ શ્રી અલાઉદ્દીન ખાન સાહેબ પાસે સરોદ, સિતાર, દિલરૂબા, વાયોલિન, સુરબહાર આદિ વાજીંત્રો ઉપર સારાયે ગુજરાતમાં સંગીત પાંડિત્ય સંપાદિત કરેલ છે. શ્રી દોશીજીએ સંગીતના ઉમદા ગ્રંથોનું પણ સર્જન કરેલ છે કે જે "સંગીત મધ્યમા" "સંગીત વિશારદ" "સિતાર શિક્ષા" આદિ ભારતિય સંગીત ક્ષેત્રના કલા સાધકો માટે ઘણાં જ ઉપયોગ સિદ્ધ છે. તેમના શિષ્ય શ્રી યશવંત ડી. ભટ્ટ, શ્રી પ્રવિણસિંહજી જાડેજા, શ્રી મુક્તાબેન વૈદ્ય આદિ પ્રશંસનિય કામ સેવા કરી સંગીતનો સંદેશ ગુજરાત તેમજ સૌરાષ્ટ્રમાં સંગીત કલા દ્વારા પ્રચાર કરે છે. હાલમાં તેઓને અમેરીકાની સંગીત વિદ્યાપિઠનું આમંત્રણ આવેલ છે. શ્રી દોશીજી ભારતીય સંગીત સંસારના મહાન સંગીતશાસ્ત્ર નિપુણ છે.

**સંગીતકલાનિધી શ્રી ગુલામકાદીરખાં — રાજકોટ**

ગાયન-વાદનાચાર્ય શ્રી ગુલામ કાદીરખાંએ સંગીત વાદનનું શિક્ષણ આપના પિતાશ્રી વહીદનખાં સાહેબ પાસેથી મેળવેલું. સંગીતની ગાયકીમાં આપ પ્રાવિણ્યતા ધરાવો છો. સાથોસાથ બિન તથા સિતારવાદનકલામાં પણ આપ પ્રાવિણ્યતા ધરાવો છો. આપના પ્રોગ્રામ રાજકોટ રેડીયો પરથી પ્રસારીત થાય છે. આપ ગાયકી તથા વાદનમાં સ્વર, તાલ અને લયને વધુ મહત્વ આપો છો. શ્રી કાદરખાંનું મુળવતન ઇંદોર છે. સંગીતક્ષેત્રમાં સંગીતાચાર્ય તરીકે આપનું કાર્ય પ્રસંશનીય છે. આપની કલા પ્રત્યે સૌરાષ્ટ્ર તથા ગુજરાત ગર્વ ધરાવે છે.

**તબલાવાદનાચાર્ય શ્રી પરશુરામ ભોરવાણી — રાજકોટ**

"સંગીત નૃત્ય ભારતી કોલેજ"ના તબલાવાદનાચાર્ય શ્રી પરશુરામ ભોરવાણીએ તબલાવાદનની શિક્ષા નામી સંગીતાચાર્ય શ્રી સુધીરકુમાર સકસેના પાસેથી ગ્રહણ કરી સંગીતની દુનિયામાં પ્રાવિણ્યતા પ્રાપ્તિ કરેલ છે. ભારતના ઘણાએ કલા સંગીત સાધકો સાથે આપે તબલાવાદનની સંગત કરેલ છે. આપ સૌરાષ્ટ્ર તથા ગુજરાતના કુશળ તબલાવાદનાર્ય છો.

**સારંગીવાદનાચાર્ય શ્રી બાબુખાન — રાજકોટ**

શ્રી બાબુખાનસાહેબ ગુજરાતના એક અજોડ સારંગીવાદનાચાર્ય છે. રાજકોટ રેડીયોના ઉમદા કલાકાર છે તેમણે સારંગીની સંગત ગુજરાતના ઘણાએ સંગીત વિશારદો સાથે કરેલ છે. સારંગીવાદનમાં તેઓ ઘણીજ પ્રાવિણ્યતા ધરાવે છે. સારંગીવાદકોની નામાવલીમાં તેમનું અગ્રગણ્ય સ્થાન છે.

**સંગીતાચાર્ય શ્રી બાબુલાલ અંધારીયા — રાજકોટ**

શ્રી બાબુલાલ અંધારીયાએ સંગીતની પ્રારંભીક શિક્ષા તેમના પિતાશ્રી પાસેથી લીધી હતી સંગીતકલાનો વારસો તેમને તેમના પરિવારમાંથી સંપાદીત થયેલો હતો. તેઓએ મેટ્રીક સુધી વિદ્યાભ્યાસ કરી. સંગીતની સાધનામાં તેમનું જીવન સમર્પિત કરેલ છે. તેમણે ઘણાએ શિષ્યો તૈયાર કરેલ છે તેઓ "સંગીત નૃત્ય ભારતી"માં સંગીત અધ્યાપક તરીકે કાર્યવાહી કરે છે. રાજકોટ આકાશવાણી ઉપરથી તેઓની ગાયકીઓના પ્રોગ્રામ પ્રસારીત થાય છે. ગુજરાતના એક નામી સંગીતાચાર્ય છે.

**શ્રીમતી ઉષા ચિનોય — રાજકોટ**

શ્રીમતી ઉષા ચિનોયે સુગમ સંગીતનો તથા લોકગીતોનો અભ્યાસ કરી આકાશવાણી રાજકોટ સ્ટેશન પરથી તેમનો મધુરકંઠ પ્રસારીત કરેલ છે. સંગીતક્ષેત્રમાં આપ સારી પ્રતિષ્ઠા ધરાવો છો. સુગમ સંગીતમાં આપ સારી ખ્યાતિ ધરાવો છો.

**શ્રી વલ્લભદાસ બાપોદરા** રાજકોટ

શ્રી વલ્લભદાસ બાપોદરાએ હવેલી સંગીતની ધ્રુપદ, ધમારની ઉંચ તાલીમ ગ્રહણ કરી સંગીતક્ષેત્રમાં સારી પ્રસિદ્ધિ મેળવી છે. આપ ધ્રુપદ, ધમારના હવેલી સંગીતની ગાયકીમાં પ્રાવિણ્યતા ધરાવો છો. આપના પ્રોગ્રામ આકાશવાણી રાજકોટ, અમદાવાદ વડોદરા પરથી પ્રસિદ્ધ થાય છે.

**શ્રી અરવિંદ એમ. ધોળકીયા** એમ.એ. રાજકોટ

શ્રી અરવિંદ ધોળકીયામાં સંગીતના સંસ્કારો તેમના પરિવાર-માંથી ઉતરી આવ્યા હતા. તેમણે સુગમ સંગીત તથા લોકસંગીતનું ઉંચ અધ્યન કરી આકાશવાણી રાજકોટકેન્દ્ર પરથી પ્રોગ્રામ પ્રસારીત કરેલ છે. આપ એક સંગીતના સાચા સાધક છો. આપ આકાશ-વાણીના એક કર્મચારી તરીકે કાર્યવાહી કરો છો.

**શ્રી કનુભાઇ બારોટ** રાજકોટ

શ્રી કનુભાઇ બારોટ ભારતીય લોકગીત, ભજન તથા સુગમ સંગીતમાં સારી પ્રતિષ્ઠા ધરાવે છે. આપે સંગીતનો અભ્યાસ શ્રી હેમુભાઈ ગઢવી પાસે કરી લોકસંગીત તથા ભજન સંગીતમાં સારી પ્રસિદ્ધિ પ્રપ્ત કરેલ છે. આપની રેકોર્ડ "કોલંબીયા", "હિઝ માસ્ટર્સ વોઇસ કું." આદિ દ્વારા પ્રસિદ્ધિ પામેલ છે. આપનો રાજકોટ રેડીયો પરથી ભજનો તેમજ લોકસંગીતનો પ્રોગ્રામ પ્રસારીત થાય છે.

**શ્રી પ્રેમજી હાથા બારોટ** રાજકોટ

ભજન તેમજ લોકસંગીતના સંગીતસાધક શ્રી પ્રેમજીભાઇ લોકસંગીતની સાધના કરી આકાશવાણી રાજકોટ કેન્દ્ર પરથી તેમનો મધુરકંઠ પ્રસારીત કરેલ છે. આપે લોકસંગીત તથા ભજનની સાધનાની સાથે રાવણહથ્થાના વાદનમાં પણ અતિ પ્રાવિણ્યતા સંપાદન કરી છે લોકસંગીત તથા ભજનની ગાયકીમાં આપ સારી પ્રતિષ્ઠા ધરાવો છો. આપે લોકસંગીત તથા ભજનની સાધના સ્વ. શ્રી હેમુભાઇ ગઢવી પાસેથી લીધી હતી.

**તબલાવાદનાચાર્ય શ્રી છોટેખાન** રાજકોટ

આકાશવાણી રાજકોટ સ્ટેશનના તબલાવાદનાચાર્ય શ્રી છોટે-ખાનસાહેબે તબલાવાદનની કલાનો અભ્યાસ ઉસ્તાદ ચાંદખાં બીજ-નોરવાળા પાસે કર્યો હતો. અજરડાબાજનો અભ્યાસ ખલીફાતુલનખાં પાસેથી ગ્રહણ કરેલો હતો. શ્રી છોટેખાનસાહેબે દિલ્હી, પુરબ, અજરડા આદિ તબલાબાજમાં નિપુણતા પ્રાપ્ત કરેલ છે. ભારતના નામી સંગીત કલાવંતો સાથે તબલાની સંગત કરેલ છે. તેઓ તબલાના નામી ઉસ્તાદ છે.

**શ્રી બંસીલાલ શાહ** રાજકોટ

શ્રી બંસીલાલ શાહે શાસ્ત્રીયસંગીતનું અધ્યન કરી આકાશ-વાણી રાજકોટ કેન્દ્ર ઉપરથી પોતાનો મધુરકંઠ પ્રસારીત કર્યો છે. શ્રી શાહે ખ્યાલ, ધ્રુપદ, ઠુમરી આદિ ગાયકીની શૈલીઓ ઉપર અધિકાર પ્રાપ્ત કરી શાસ્ત્રીય કલા સંગીતક્ષેત્રમાં સારી નામના પ્રાપ્ત કરેલી છે. આપની ગાયકી મધુર તથા તાલ ભાવના પ્રાધાન્ય છે.

**શ્રીમતી ઉષા આર. તેજવાણી** રાજકોટ

શ્રીમતી ઉષા તેજવાણીએ શાસ્ત્રીયસંગીતની આરાધના કરી ખ્યાલ ગાયકીમાં પ્રાવિણ્યતા સંપાદીત કરેલ છે. આપે આપનો મધુરકંઠ આકાશવાણી રાજકોટ પર પ્રસારીત કરી શાસ્ત્રીયસંગીત પ્રેક્ષકોને આનંદ આપેલ છે. આપ શાસ્ત્રીયસંગીતની સ્વરસાધીકા છો. કલાસાધક બનવું એ આપના જીવનનો ધ્યેય છે.

**શ્રીમતી પરમેશ્વરી બક્ષી** રાજકોટ

શ્રીમતી પરમેશ્વરી બક્ષી શાસ્ત્રીયસંગીતની એક ઉંચકોટીની સ્વરસાધીકા છે. તેમણે ખ્યાલ ગાયકી, ધ્રુપદ, ઠુમરી આદિ ગાયકી-ઓની શૈલી પર સારી પ્રતિભા સંપાદન કરી છે. આપની મધુર ગાયકીના પ્રોગ્રામ આકાશવાણી રાજકોટ કેન્દ્ર પરથી પ્રસારીત થાય છે. આપ આપનું જીવન કલાસાધનામાં વ્યતીત કરો છો.

**શ્રીમતી તરૂલતા દાસાણી** રાજકોટ

કથકનૃત્ય સાધીકા શ્રી તરૂલતાએ નૃત્યની સાધના કરી નૃત્યના ક્ષેત્રમાં પ્રણવસ્થાન સંપાદીત કર્યું છે. આપ કથકનૃત્યની સાથોસાથ મણીપુરી, ભારતનાટયમ્, કથકલી આદિ નૃત્યોની સાધના પણ કરો છો. નૃત્યના ક્ષેત્રમાં આપે કલા નિપુણ્યપદ પ્રાપ્ત કર્યું છે. આપ એક કલાની સાધીકા છો. કલા એ આપનું જીવન છે.

**શ્રી મખદુમબક્ષખાં** રાજકોટ

શ્રી મખદુમબક્ષખાંએ તબલાવાદનની સાધનાદ્વારા સંગીતક્ષેત્રમાં સારી નામના પ્રસિદ્ધ કરી છે. તેઓ રાજકોટ રેડીયોના તબલા-વાદનના એક ઉંચકોટીના તબલા "કલાવંત" છે. તેમણે દિલ્હી, અજરડા, લખનવી, ફ્રેબાદી આદિ શૈલીઓ પર સાધના કરી તબલાવાદનની કલામાં અતિ નિપુણતા પ્રાપ્ત કરી છે. આપ લય, શુદ્ધબોલ, રસમાધુર્ય ઇત્યાદી અંગો પર સારી પ્રતિભા ધરાવો છો.

**શ્રી મુક્તાબેન વૈદ્ય** રાજકોટ

સંગીતઅલંકાર શ્રી મુક્તાબેન વૈદે સંગીતની પ્રારંભિક શિક્ષા "શ્રી ભાવનગર દક્ષિણામૂર્તિ"ના અધ્યાપક શ્રી મુળશંકર ભટ્ટ પાસેથી ગ્રહણ કરી હતી. અન્ય સંગીતશિક્ષા શ્રી અમુભાઈ દોશી પાસેથી સંપાદીત કરી હતી. રાજકોટ રેડીયો સ્ટેશન પરથી આપના સુગમસંગીતના પ્રોગ્રામ પ્રસારીત થાય છે. આપે "સંગીત પ્રવેશિકા" પુસ્તકોનું બે ભાગમાં સર્જન કર્યું છે, કે જે સંગીતના વિદ્યાર્થીઓ માટે ઘણું જ ઉપયોગી છે. આપનું આ કાર્ય ઘણુંજ પ્રસંશનીય છે.

**શ્રી પુરૂષોત્તમદાસ એન. ગાંધી** રાજકોટ

સંગીતશાસ્ત્રવિશારદ શ્રી પુરૂષોત્તમ ગાંધીએ સંગીતનું અધ્યન સ્વ. સંગીતશાસ્ત્રી શ્રી નારાયણ મોરેશ્વર ખરે પાસેથી કર્યું હતું. સંગીતની સાથોસાથ સાહિત્યવિદ્યાના પણ આપ પ્રખર વિદ્વાન છો. આપે ભજનાત્મક ગાયકી તથા ખ્યાલ ગાયકીનો અભ્યાસ પ્રાવિણ્યતા પૂર્વક કર્યો છે. અને "સંગીતનું પુનરજીવન ઇતિહાસ" નામનો સંગીતગ્રંથ આપે પ્રકાશિત કર્યો છે. જે ગ્રંથ સંગીતકલા પ્રેમી માટે ઉપયોગી છે. આપ "રાષ્ટ્રીય સંગીત વિદ્યાલય"ના સંચાલક છો. સંગીતમાં આપે ઘણા શિષ્યો તૈયાર કર્યા છે.

**સ્વ. શ્રી હેમુભાઈ ગઢવી** — **રાજકોટ**

લોકસંગીતના લાડીલા મધુર ગાયક શ્રી હેમુભાઈ ગઢવીએ લોક સંગીતની શિક્ષા કવિ દુલાભાઇ કાગ પાસેથી ગ્રહણ કરી હતી. તેમણે લોકગીતોનું અધ્યન કરી રેકોર્ડો પ્રસારીત કરેલી છે. આપે લોકસંગીત સાથે રંગભુમિ પર અભિનય દર્શન કરાવી પ્રસિદ્ધિ મેળવેલી હતી. આકાશવાણી રાજકોટ ઉપરથી સમય સમય પર આપના ઉંચ લોકગીતોનું તથા ભજનોનું રેકોડીંગ પ્રકાશિત થાય છે. આપના શિષ્યો આપની કલાનો પ્રચાર કરે છે. ભારતના લોક ગીતના આ સર્વશ્રેષ્ઠ કલાકાર થોડા વર્ષ પહેલાં આ દુનિયા છોડી સ્વર્ગવાસી થયા છે.

**શ્રી નાનજીભાઈ મિસ્રી** — **રાજકોટ**

વાયોલીનવાદનાચાર્ય શ્રી નાનજીભાઇ ઉચ્ચકક્ષાના વાયોલીનવાદક છે. તેઓ રાજકોટ રેડીયો પર વાયોલીનના એક કલાવંત છે. બરોડા મ્યુઝીક કોલેજમાં તેઓએ વાયોલીન સિક્ષા લીધી હતી. આકાશવાણી રાજકોટ પરથી તેમના પ્રોગ્રામ પ્રસારિત થાય છે. સૌરાષ્ટ્રના તેઓ ઉંચ વાયોલીનવાદનાચાર્ય છે.

**શ્રી વિનુ વ્યાસ** — **રાજકોટ**

ચુડા–સૌરાષ્ટ્રના વતની શ્રી વિનુ વ્યાસ દોઢ દાયકાથી ગુજરાતના રેડીયો કલાકાર તરીકે જાણીતા છે. રાજકોટ આકાશવાણીના કોરસના તેઓ પ્રથમકક્ષાના કલાકાર છે. તેઓ શ્રી ઉપેન્દ્ર ત્રિવેદીની રચનાઓ મધુરતાથી ગાય છે.

**શ્રી ચંદ્રવદન કાપડીયા** — **જામનગર**

કચ્છના સંગીતક્ષેત્રમાં શ્રી ચંદ્રવદને પ્રિતી સંપાદિત કરી છે. કેટલાક સમયથી આકાશવાણી રાજકોટ પરથી એમનો મધુરકંઠ ગુંજી રહ્યો છે. શિશુવયથી તેમણે સંગીત પ્રયે બહુજ પ્રેમ હતો. તેથી તેઓમાં બાલ્યવયથી સંગીતના અંકુરો સ્ફુરીત થયા હતા.

**શ્રી અલીભાઈ અમીરભાઇ** — **મહુવા**

ભજન તથા રંગભુમિના લોકલાડીલા સ્વ. શ્રી અલીભાઇએ સંગીતની તથા તબલાવાદનની શિક્ષા તેમના પિતાશ્રી પાસેથી સંપાદીત કરી હતી. તેમના પિતાજી સારા મૃદંગાચાર્ય હતા. અલીભાઇએ પોતાનો મધુરકંઠ ભજન સ્વરલ્હેરીથી લ્હેરાવી ગુજરાતની સંગીત પ્રિય જનતામાં સારૂં સ્થાન સંપાદન કર્યું હતું તેઓ ભજનના એક ઉંચકક્ષાના મધુર ગાયક હતા તેમની સંગીત રેકોર્ડો પ્રસિદ્ધ થયેલ છે કે જે સદાય સ્મરિત રહેશે. શ્રી અલીભાઇનો બે વર્ષ પહેલા સ્વર્ગવાસ થયો છે. તેઓની ગાયકી આજે પણ ગુજ–રાતમાં અમર છે.

**શ્રી ક્ષમા મહેતા-બિંદુ મહેતા** — **અમદાવાદ**

જુગલબંધી અને શાસ્ત્રીયસંગીતના ક્ષેત્રે તેમની મધુર ગાયકી ઘણીજ લોકપ્રિય થઈ છે. સુગમસંગીતની દુનિયામાં આ બે બહેનોએ એવું જ ઉંચસ્થાન સંપાદીત કર્યું છે. આ બંનેના કંઠનું માધુર્ય શ્રોતાઓના મન મનોરંજીત કરી દે છે.

**શ્રી બાબુભાઈ ટી. ભટ્ટ** — **ભાવનગર**

શ્રી બાબુભાઇ ભટ્ટે શાસ્ત્રીયસંગીત તથા તબલાવાદનનો અભ્યાસ શ્રી યશવંત ડી. ભટ્ટ પાસેથી ગ્રહણ કર્યો હતો. સ્વ. બાબુલાલભાઇએ નૃત્યનાટીકા તથા રંગમંચ પર પોતાની ગાયકી તથા તબલાવાદનની અદ્દ્ભુત કલાથી શ્રોતાઓના મન રંજીત કરી દેતા હતા. શ્રી બાબુ-લાલભાઇનો તારીખ ૨૧–૧–૬૯ના રોજ સ્વર્ગવાસ થયો, પણ તેની કલા અમર છે.

**સંગીતાચાર્ય શ્રી મધુસુદન** — **મોરબી**

સંગીતાચાર્ય શ્રી મધુસુદન આચાર્યએ બી એ. સુધી વિદ્યાધ્યન કરી સંગીત ગાયકીની શિક્ષા સંગીત સમ્રાટ સ્વ. ખાનસાહેબ અબ્દુલ કરીમખાં પાસેથી લીધી હતી. શ્રી આચાર્યજીએ કીરાના ઘરાનાની ગાયકીના મધુર સ્વરો સૌરાષ્ટ્ર તથા ગુજરાતમાં ગુંજીત કરી સંગીત-પ્રેમી શ્રોતાઓના મન રંજીત કર્યા. આજથી પચીસ વર્ષ પહેલા તેમણે "કિનારા" નામની ફીલ્મનું સર્જન કર્યું હતું. સંગીતના ઉંચ કલાકારમાં આપની ગણના થાય છે.

**શ્રી મહમદ રહિમતુલ્લા** — **મોરબી**

શ્રી મહમદ રહિમતુલ્લાએ સંગીતનું શિક્ષણ તેમના પરિવારમાંથી સંપાદિત કર્યું હતું. આપની સંગીતની ગાયકી મધુર શબ્દ તાલ–ભાવના પ્રાધાન્ય છે. આપની ગાયકીમાં શ્રી અમીરખાંની ગાયકીનો ભાસ થાય છે. આપની ગાયકીનો મધુર પ્રોગ્રામ અમદાવાદ વડોદરા રેડીયો પરથી પ્રસારીત થાય છે. સંગીત કલામાં આપનું સ્થાન અગ્રગણ્ય છે. આપ ગાયકીના પંડીત, સુરના સિતારા છો.

**શ્રી કાંતિલાલ પાટણવાળા** — **પાટણ**

શ્રી કાંતીલાલ પાટણવાળાએ સંગીતવિદ્યાનું અધ્યન શ્રી માસ્તર વસંત દ્વારા સંપાદિત કર્યું હતું. શ્રી કાંતીલાલ સુગમ સંગીત તથા શાસ્ત્રીય સંગીતના એક ઉમદા ઢંગના મધુર સ્વર સાધક છે. તેમની રેકોર્ડો "કોલબીયા" તથા "હિઝ માસ્ટર્સ વોઇસ કું" માંથી પ્રસિદ્ધી પામેલી છે. શ્રી કાંતીલાલે સંગીતની સાધનાની સાથે ફીલ્મમાં પણ ઉત્તમ અભિનય દ્વારા પોતાનુ સ્થાન અમર કરેલ છે. તેઓએ રણજીત કુંપનીમાં ઘણાએ ચિત્રોમાં ભૂમિકા ભજવી પ્રેક્ષકોના મન હરી લીધા છે. સંગીત કલા સંસારના તેઓ એક ઉત્તમ શાસ્ત્રીય ગાયક છે.

**શ્રી ગજાનન ડી ઠાકુર** — **ભાવનગર**

ભાવનગરના ખ્યાતિપ્રાપ્ત સંગીતાચાર્ય શ્રી ગજાનન ઠાકુરે સંગીતનું પ્રારંભિક અભિનવદર્શન તેમના સ્વ. પિતાશ્રી હસસુખરામ ઠાકુર પાસેથી ગ્રહણ કર્યું હતું. ત્યારબાદ સંગીતની ઉંચશિક્ષા શ્રી વામનરાવ ઠાકુર પાસેથી લીધી હતી. આપથી ગાયકી ઘણીજ ઉંચ કક્ષાની છે. આપ ગાયકીની સાથે સિતાર, દિલરૂબા, સુરબહાર, હારમોનીયમ, તબલા, વાયોલીન આદિ વાદ્યો પર પણ સારૂં પ્રભુત્વ ધરાવો છે. આપે ભાવનગરની દક્ષિણામુર્તિ ભવનમાં મેટ્રીક સુધી વિદ્યાભ્યાસ કરી જીવનમાં ભાષા તથા આચારવિચારના ઉંચસંસ્કાર ધરાવો છો. સંગીતમાં આપના ઘણાએ શિષ્ય–શિષ્યાઓ આપની કલાનો પ્રચાર કરે છે ભાવનગરરાજ્યના આપ રાજ્યગાયક હતા. હાલમાં "બરોડા મ્યુઝીક કોલેજ"ના આચાર્યપદે છો. આપની મધુર ગાયકીના પ્રોગ્રામ અમદાવાદ રેડીયો પરથી પ્રસારીત થાય છે.

### સ્વ. શ્રી લાલખાં — કચ્છ

કચ્છના મશહુર રાજ્યગાયક શ્રી લાલખાંજીએ સંગીતનો અભ્યાસ ભારતના સુપ્રસિદ્ધ સ્વ. ઉસ્તાદ નાસીરખાં પાસે કર્યો હતો. શ્રી લાલખાં ગ્વાલિયર ઘરાનાના નામી સંગીત કલાકાર હતા. શ્રીમાન કાશ્મિર નરેશના દરબારમાં પખવાજી તરીકે તેમણે નોકરી કરેલ હતી. ઉસ્તાદ નાસીરખાંએ ગાયકી તથા પખવાજનું ઉત્તમ જ્ઞાન આપી અને પોતાની દીકરી શ્રી લાલખાંને પરણાવી સ્વ. નાસીરખાં શ્રી લાલખાંની ગાયકી ઉપર મોહમુગ્ધ થઈ જતા. થોડા વર્ષ પહેલા એટલેકે ૧૯૫૦માં આ ગાયક કલાકાર સ્વર્ગવાસી થયા છે.

### શ્રી ભગવતીશંકર પી. ભટ્ટ — ધ્રાંગધ્રા

સંગીતઅલંકાર શ્રી ભગવતીશંકર ભટ્ટજીએ સંગીતની શિક્ષાનું પ્રાથમીક દર્શન તેમના દાદાશ્રી કાનજીભાઈ ભટ્ટ પાસેથી મેળવ્યું હતું. મેટ્રીક સુધી આપે વિદ્યાધ્યયન કરી સંગીતનું ઉંચશિક્ષણ ડૉ. દેવશંકર તથા બાબુરાવ ગોખલે પાસેથી લીધું હતું. આપ ધ્રાંગધ્રામાં 'ભગવત સંગીત નિકેતન'ના આચાર્યપદે કાર્યવાહી કરી રહ્યા છો. આપના વિદ્યાલયમાં સંગીતની શિક્ષા પ્રાચીન પ્રણાલીકા પ્રમાણે દેવામાં આવે છે. ગાયકીની સાથોસાથ ઘણાએ વાદ્યો પર પણ પ્રભુત્વ ધરાવો છો. સંગીતક્ષેત્રમાં આપે ઘણાએ શિષ્ય શિષ્યાઓને તાલીમ આપી તૈયાર કરેલ છે. આપ એક ઉંચ કલાકાર છો.

### શ્રી વસનજી મારૂ — કચ્છ

સંગીતરત્ન શ્રી વસનજી મારૂએ મેટ્રીક સુધી અભ્યાસ કરી, સંગીતની ઉંચસાધનામાં તેમનું જીવન સમર્પિત કરેલ છે. તેઓએ સંગીતનું પ્રારંભીક શિક્ષણ શ્રી બી. આર. દેવધરજીની પાસેથી સંપાદન કર્યું હતું. ત્યારબાદ સંગીતનો અભ્યાસ પ્રખર સંગીતાચાર્ય સ્વ. શ્રી ઓમકારનાથજી ઠાકુર પાસેથી ગ્રહણ કર્યું હતું. આપ ધ્રુપદ, ખ્યાલ, ઠુમરી આદિ ગાયકીઓ પર સારી પ્રાવિણ્યતા ધરાવો છો. સમય સમય પર રાજકોટ આકાશવાણી પરથી આપના પ્રોગ્રામો પ્રસારીત થાય છે. આપના શિષ્યો તથા શિષ્યાઓ આપની ગાયકીનો પ્રચાર કરે છે. આપ એક ભારતના સુપ્રસિદ્ધ સંગીતાચાર્ય છો. આપે આપનું જીવન સંગીતકલાને અર્પણ કરેલ છે.

### સંગીતાચાર્ય સ્વ. આદિત્યરામ — જામનગર

જામનગરરાજ્યના આ જગમશહુર ગાયનવાદનાચાર્યે સંગીતનું પ્રારંભિક સંગીત શિક્ષણ લખનઉના ઉસ્તાદ શ્રી નન્નુમિંયા પાસેથી સંપાદિત કરી સંગીતના ક્ષેત્રમાં અદ્‌ભુત પ્રાવિણ્યતા ભરેલુંપદ સંપાદિત કર્યું. શ્રી આદિત્યરામજીએ સંગીતગાયકીની સાથે સાથ મૃદંગ વાદનની પણ સાધના કરી પાંડીત્યપદ પ્રાપ્ત કર્યું હતું. ત્યાર બાદ ધ્રુપદ, ધમારની ગાયકીનું શિક્ષણ શ્રી વ્રજનાથજી મહારાજ પાસેથી સંપાદન કરી સંગીતની દુનીયામાં સારી કિર્તિ સંપાદન કરી શ્રી આદિત્યરામે શ્રી વ્રજનાથજી મહારાજ પાસેથી ઘણી રચનાઓ લઇ તેમના "સંગીતાદિત્ય" નામના સંગીત ગ્રંથમાં પ્રકાશિત કરેલ છે. જે સંગીત ગ્રંથ ભારતિય સંગીત કલાસાધકો માટે ઘણોજ ઉપયોગી સિદ્ધ છે. આ સંગીત મહાન સાધકનો ૧૮૮૦ માં સ્વર્ગવાસ થયો. તેમના શિષ્ય–શિષ્યાઓ તેમની સંગીત કલાનો પ્રચાર કરે છે.

### સંગીતાચાર્ય સ્વ. શ્રી કાનજીભાઈ ભટ્ટ — જામનગર

શ્રી કાનજીભાઈ ભટ્ટમાં સંગીતનો વારસો તેમના પરિવારમાંથી ઉતરી આવ્યો હતો. સ્વ. કાનજીભાઇ ભટ્ટે સંગીતની આરાધનાનું ઉંચ અધ્યયન શ્રી આદિત્યરામ પાસે કર્યું હતું. સંગીતની અન્ય તાલીમ શ્રી વ્રજનાથજી મહારાજ પાસેથી અષ્ટછાપ ભક્ત કવિઓની ગાયકી સંપાદીત કરી હતી. અને જીવણલાલજી મહારાજ પાસેથી વાદનવિદ્યામાં પ્રાવિણ્યતા પ્રાપ્ત કરેલી હતી. સ્વ. શ્રી કાનજીભાઈ ભારતીય સંગીત-સંસારના મહાન ગાયક તથા વાદનાચાર્ય હતા. મુંબઈની સુપ્રસિદ્ધ ગાયીકા બાપુતારાના ગુરૂ પાસેથી ખ્યાલ, ટપ્પાની ગાયકી સંપાદીત કરી હતી. તેઓ જામનગરરાજ્યના રાજ્યગાયક તથા ધ્રાંગધ્રારાજ્યના પણ ઉંચકક્ષાના નામી ગાયક હતા. સંગીતકલાના આ મહાન સાધકનો ૧૯૨૩માં સ્વર્ગવાસ થયો. તેમના બંને પુત્રો તથા તેમના શિષ્યો તેમની કલાને સજીવ જાગૃતિની ભાવનાઓ આપે છે.

### સ્વ. શ્રી લક્ષ્મીશંકર રણછોડજી ત્રિવેદી — રાજકોટ

રાજકોટના સ્વ. સુપ્રસિદ્ધ સંગીતશાસ્ત્રી શ્રી લક્ષ્મીશંકર ત્રિવેદીએ સંગીતનું શિક્ષણ પુનાના ખ્યાતિપ્રાપ્ત સંગીતાચાર્ય શ્રી જી. બી. આચરેકર પાસેથી લઇ સંગીત સાધનામાં પ્રાવિણ્યપદ સંપાદીત કર્યું હતું. પુનાના શ્રી આચરેકર ગાયન–વાદનકળાના પ્રખર શાસ્ત્રજ્ઞ હતા. શ્રી ત્રિવેદીએ સંગીતના ઘણા ગ્રંથોનું સર્જન કરી સારી ખ્યાતી પ્રાપ્ત કરેલ છે. શ્રી ત્રિવેદી "હંટર મેઈલ ટ્રેનીંગ કોલેજ–રાજકોટ"ના સંગીત આચાર્યપદે નોકરી કરતા હતા. ગુજરાત–સૌરાષ્ટ્રના પ્રખર સંગીતશાસ્ત્રી હતા. થોડા વર્ષો પહેલા આપનો સ્વર્ગવાસ થયો.

### વિશ્વ સંગીતસમ્રાટ શ્રી અલાઉદ્દીનખાં

ભારતવર્ષ તથા વિશ્વના સંગીતસમ્રાટ શ્રી અલાઉદ્દીનખાં સાહેબે તેમનું સારૂંએ જીવન સંગીત કલાની સાધનામાં વ્યતિત કરી સારાયે વિશ્વમાં સંગીતનો શુભ સંદેશ પ્રસારિત કર્યો છે. તેઓએ નૃત્યકાર શ્રી ઉદયશંકરજીની સાથે રહી નૃત્યકલા ક્ષેત્રમાં વિશ્વમાં ભારતિય સંગીતને સર્વોપરી કરી દેખાડી સારી પ્રસિદ્ધિ પ્રાપ્ત કરી છે. તેઓએ ગુજરાત, પંજાબ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, યુરોપ, અમેરીકા, ફ્રાન્સ આદિ દેશોની વિશ્વ સંગીત યાત્રા કરી છે. વિશાળ શિષ્ય–શિષ્યાઓનું વૃંદ તૈયાર કરી સંગીત ભાવનાનો ઉંચસંદેશ એકસો પંદર વર્ષની ઉંમરે પણ સંગીતકલાના આ મહાન સાધકે સારાએ વિશ્વને એક અમુલ્ય સેવા અર્પી છે તે સંગીતના ઇતિહાસમાં સદાય સ્મરિત રહેશે.

### ભારતવર્ષના તબલાસમ્રાટ શ્રી કંઠે મહારાજ

ભારતવર્ષના સુપ્રસિદ્ધ તબલાસમ્રાટ શ્રી કંઠે મહારાજે તબલાવાદનની ઉંચ આરાધના કરી સંગીતક્ષેત્રમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. તેઓએ તબલાવાદનની કલામાં સુપ્રસિદ્ધ શિષ્યો તૈયાર કરી, ગુજરાત, સૌરાષ્ટ્ર, પંજાબ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ આદિ પ્રદેશોમાં તબલાવાદનની કલાનો સારો પ્રચાર કર્યો છે. શ્રી કંઠેજી ભારતીય સંગીત સંસારના એક મહાન તપસ્વી પ્રતિભાવંત તબલાવાદનાચાર્ય છે, જેઓ લય અને તાલના મહાન પંડીત છે. આજ તેમના સુપ્રસિદ્ધ શિષ્ય શ્રી કિશન મહારાજ આપના કલા સાધનાનો સારાએ ભારતવર્ષમાં પ્રચાર કરે છે. આપની પાસે તબલાની શિક્ષા લેવા દુર દેશોમાંથી પણ ઘણા સંગી-

તપ્રેમિઓ આવે છે.

## સિતાર સમ્રાટ પંડિત રવિશંકર

સિતારસમ્રાટ પંડિત શ્રી રવિશંકરજીએ સિતારની આરાધના ૨૫ વર્ષ સુધી ભારતવર્ષના સુપ્રસિદ્ધ સિતારવાદનસમ્રાટ શ્રી અલ્લાઉદીન ખાન પાસેથી ગ્રહણ કરી સિતારની વાદનકલાથી ગુજરાત, સૌરાષ્ટ્ર, પંજાબ, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, યુરોપ, અમેરીકા, ફ્રાન્સ, રશીયા આદિ સારાએ વિશ્વના દેશોના સંગીતપ્રેમીજનોના મન પોતાની દૈવી સિતારવાદનની કલાથી આનંદવિભોર કરી દીધા હતા. પંડિત શ્રી રવિશંકરે સિતારની શિક્ષા પોતાના શિષ્યોને સમર્પિત કરી સારાયે વિશ્વમાં સિતારવાદન કલાનો પોતાની અદ્‌ભુત સાધનાનો સંદેશ પ્રસારિત કર્યો. કોઈ પણ લલિતકલાનું દર્શન સાધના સિવાય થતું નથી. જે કલાનું સાચું દર્શન કરવું હોય તો સાધનામાં વર્ષોના વર્ષ સુધી એકાગ્રચિતની ઉમદાપ્રકારની ભાવનાની જાગૃતિ સાધવાની સંગીતસાધકને ઉચ્ચભાવદર્શન હોવું જોઇએ. રસ, ભાવના વિના સિદ્ધિ મળતી નથી. પંડીતશ્રીની કલામાં સાધના તથા માધુર્યતાની ઉચ ભાવનાનું દર્શન થાય છે.

## વિશ્વના મહાન સિતારવાદક શ્રી વિલાયતખાન

વિશ્વના સિતારાચાર્ય શ્રી વિલાયત ખાને સિતારવાદનની કલાનો અભ્યાસ તેમના સ્વ. પિતાશ્રી ખાનસાહેબ શ્રી ઇનાયત હુસેનખાન પાસેથી કરી વિશ્વના સારાએ સંગીત સંસારમાં પ્રાવિણ્ય પદ પ્રાપ્ત કર્યું છે. તેમણે તેમની સિતાર વાદનની અદ્‌ભુત શૈલીથી ભારતભરમાં તેમજ યુરોપ, અમેરીકા, ફ્રાન્સ, રશિયા આદિ દેશોની સંગીત યાત્રા કરી સારાએ વિશ્વના સંગીત પ્રેમીજનોનાં મન મુગ્ધ કરી દીધા હતા. શ્રી વિલાયતખાન લય, સ્વર, રસ, અને તાલ ઉપર અદ્‌ભુત પાંડિત્ય ધરાવે છે. ભારત તથા પાશ્ચાત્ય દેશોમાં ઉત્તમ શિષ્ય–શિષ્યાઓ શ્રી ખાનસાહેબે તૈયાર કરી સિતારવાદનની ઉચ્ચ ભાવનાઓનું સાધના દર્શન સારાએ વિશ્વમાં કરાવ્યું છે. શ્રી વિલાયતખાન તેમનું જીવન હજુ પણ તેમના રિયાજ તથા સાધનામાં વ્યતિત કરે છે. સંગીતની ઉંચ સાધનામય ભાવનાથી પરમાત્મા અથવા ખુદાનું અદ્‌ભુત દર્શન થાય છે. કલાસાધક જ્યારે સાધના કરે ત્યારે પ્રભો દર્શન થાય છે.

## શ્રી મહાસુખરાય પટ્ટણી ભાવનગર

કાવ્ય તથા સાહિત્ય સંસારના સાધક શ્રી મહાસુખરાય પટ્ટણીમાં સાહિત્યની ઉચ્ચશૈલીનો વારસો તેમના પરિવારમાંથી ઉતરી આવ્યો હતો. તેઓ બી. એ. એલ. એલ. બી ની પરીક્ષા પાસ કર્યા પછી કાવ્ય તથા સાહીત્યક્ષેત્રમાં પોતાનું જીવન સમર્પિત કરવા લાગ્યા. ભારતીય સાહીત્યક્ષેત્રમાં તેમની નવલીકાઓ તથા કાવ્યો પ્રકાશિત થવા લાગ્યા. શ્રી પટ્ટણી સાહિત્ય તથા કાવ્યક્ષેત્રના એક પ્રખર સાધક છે. તેમના કાવ્ય સર્જનનું એક પુસ્તક પણ થોડા વખતમાં તૈયાર થશે. તેમણે સાહિત્યના ઉંચ નિબંધો પણ પ્રકાશિત કર્યા છે.

## ચિત્ર જગતના એડીટર શ્રી પ્રતાપ એન. દવે

ભારતીય રજતપટના સુપ્રસિદ્ધ એડીટર શ્રી પ્રતાપ દવેએ ઘણાએ ઉંચ ફીલ્મોનું એડીટીંગ સર્જન કરી સારાયે ભારતમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. અને શ્રી દવેએ ફીલ્મ એડીટીંગના સર્જનમાં ઘણાએ એવોર્ડ સંપાદિત કર્યા છે. ભારતિય ફીલ્મક્ષેત્રના શ્રી દવે એક મહાન કલા સાધક છે. ભારતીય ચિત્ર જગતમાં તેઓ પાંત્રીસ વર્ષથી એડીટીંગની કાર્યવાહી કરી રહ્યા છે. આપે "રામ રાજ્ય", "બૈજુ બાવરા", "શિકસ્ત", "હરિયાલી ઔર રાસ્તા", "આયા સાવન ઝુમકે", "કન્યાદાન", "ન્યુ દિલ્હી" આદિ ઘણીએ ફીલ્મોમાં ઉંચ ભાવના પ્રાધાન્ય એડીટીંગનું સર્જન કરી ઉંચ પ્રસિદ્ધિ પ્રાપ્ત કરેલ છે. ભારતના સર્વ શ્રેષ્ઠ એડીટરોમાં આપનું પ્રણવસ્થાન છે. ચિત્રજગતની આપ એક નિરાભિમાની વ્યક્તિ છો.

## સરોદસમ્રાટ અલી અકબરખાન

સરોદસમ્રાટ શ્રી અલીઅકબરખાને સરોદવાદનની શિક્ષા તેમના પિતાશ્રી અલાઉદ્દીનખાન પાસેથી ૨૦ વર્ષની અદ્‌ભુત સાધના દ્વારા સંપાદીત કરી વિશ્વમાં સર્વોપરીપદ પ્રાપ્ત કર્યું. સરોદવાદનની સાધના ઘણીજ કઠીન તથા તાલની અતિ મહત્વતા ભરી છે. સરોદ વાદનની સાધનામાં સ્વરમાધુર્ય, તાલદર્શનનું તથા તાલ, લય, ભેદનું કાર્ય અતિ ગહનતાભર્યું છે. શ્રી અલીઅકબરે રસદર્શન, સ્વરદર્શન તથા તાલદર્શન આદિ વિવિધ અંગોનું વાદનસાધનામાં તેમનું જીવન વ્યતીત કરેલ છે. શ્રી અલીઅકબરખાને પોતાની વાદનકલાથી દેશ–પરદેશની યાત્રાઓ કરી સંગીત પ્રેમીઓના મન આનંદવિભોર કરી દીધેલ હતા. સારાએ વિશ્વમાં તેમના શિષ્યો તેમની ઉંચ કલા ભાવનાઓનું સંગીતદર્શન કરાવી રહ્યા છે. શ્રી અલીઅકબર ભારતીય સંગીતના મહાન કલાદર્શક છે.

## શહનાઇસમ્રાટ શ્રી બિસમિલ્લાહખાન

સુપ્રસિદ્ધ શહનાઈવાદક શ્રી બિસમિલાહખાંએ શહનાઇવાદનની શિક્ષા તેમના પિતાશ્રી પાસેથી ગ્રહણ કરી પ્રણવસ્થાન સંપાદીત કરેલ છે. ચિત્રજગત, આકાશવાણી તથા ધ્વની મુદ્રીકાઓ દ્વારા શ્રી બિસમિલાહખાનની શહનાઇની સુમધુર સ્વરની સ્વરલ્હેરીઓ સાંભળી સંગીત કલા પ્રેમીઓના મન આનંદવિભોર થઇ જાય છે. તેમણે સતત્ સંગીતની સાધનાઓ કરી શહનાઇવાદનની કલામાં ઉંચ પાંડીત્ય પ્રાપ્ત કર્યું છે. આ સુરકલાના મહાન સાધકે ભારતભરનો તથા આફ્રીકા, યુરોપ, અમેરિકા આદિ દેશોનો પ્રવાસ કરી પોતાની મધુર શહનાઈવાદનની સાધનામય કલાથી સંગીત પ્રેક્ષકોના મન મનોમુગ્ધ કરી દીધા હતા. શ્રી ખાનસાહેબ પોતાની શહનાઈવાદનની કલામાં સિતાર, વાયોલીન, બિન આદિ વાદ્યોની ધીસાટ, મીંડ કલાઓનું ઉંચદર્શન કરાવે છે. શ્રી બિસમિલાહખાં વિશ્વના શ્રેષ્ઠ શહનાઈવાદક છે. તેઓ સ્વર, લય અને તાલના મહાન પંડીત છે.

## નૃત્યાચાર્ય ઉદયશંકર

નૃત્યસમ્રાટ શ્રી ઉદયશંકરજીએ નૃત્યકલાનું ઉંચ ભાવનાત્મક અભિનવ રસભાવદર્શન શિક્ષણ સ્વ. શ્રી શંકર નામ્બુદરી નૃત્યાચાર્ય પાસેથી ગ્રહણ કરી આપે ભારતનાટ્યમ્, કથક, કથકલી, મણીપુરી આદિ નૃત્યોની શૈલીઓ પર સારી પ્રતિષ્ઠા સંપાદન કરેલી છે. આપશ્રીએ નૃત્યકલાનું દર્શન ભારતની તેમજ યુરોપ, અમેરીકા, ફ્રાન્સ, રશિયા આદિ દેશોની નૃત્યકલા પ્રેમી જનતા સમક્ષ કરી વિશ્વના નૃત્યાચાર્યનું પ્રણવસ્થાન પ્રાપ્ત કરેલ છે આપે આપની નૃત્યકલાદ્વારા ભારત તથા પાશ્ચમાત્ય દેશોમાં ઘણાં શિષ્યો તૈયાર કરી ભારતીય નૃત્યનો સંદેશ વિશ્વમાં પ્રસારીત કરેલ છે. આપે ઘણા વર્ષો પહેલા "કલ્પના" નામની ફિલ્મ તૈયાર કરી હતી, કે જે નૃત્ય

ચિત્ર શ્રેષ્ઠ નૃત્યકલા ચિત્ર છે. આપની નૃત્યભાવનાઓ સદાય સ્મરિત રહેશે.

### મહાન સંગીતકાર શ્રી ભીમસેન જોષી

કિરાના ઘરાનાના સુપ્રસિદ્ધ મધુર સ્વર ગાયનાચાર્ય શ્રી ભીમસેન જોશીજીએ સંગીત ગાયકીનું ઉંચ ભાવાત્મક શિક્ષણ સ્વ. શ્રી સવાઈ ગાધર્વ પાસેથી ગ્રહણ કરી ભારતીય સંગીત ક્ષેત્રમાં અત્યંત ઉંચ કક્ષાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે. કિરાના ઘરાનાની ગાયકીનો પ્રચાર ગુજરાત, સૌરાષ્ટ્ર, પંજાબ, મહારાષ્ટ્ર, મધ્ય પ્રદેશ, ઈત્યાદી પ્રાન્તોમાં આપ આપની સુમધુર ગાયકી દ્વારા કરી રહ્યા છે. આપ ખ્યાલ, ઠુમરી, ભજન, ધ્રુપદ, ધમાર ઈત્યાદી ગાયકીના પ્રખર પંડીત છે. ચિત્ર જગત, આકાશવાણી, ધ્વનીમુદ્રીકાઓના આપ સુપ્રસિદ્ધ ગાયક છે. આપની ગાયકી મધુર તથા તાલપ્રાધાન્ય છે.

### મહાન ગાયક શ્રી અમીરખાન

ભારતીય ક્ષેત્રના કિરાના ઘરાનાના સુપ્રસિદ્ધ સંગીત મહાન પ્રતિભાસાળી ગાયક શ્રી અમીરખાંએ સંગીતની ગાયકીનું ઉંચ મધુર ભાવનાત્મક સંગીત અધ્યન તેમના પિતાશ્રી પાસે કર્યું હતું. આપ ખ્યાલ, બડા ખ્યાલ, ધ્રુપદ ધમાર ઈત્યાદી ગાયકીઓમાં અતિ પ્રાવિણ્યતા ધરાવો છે. "બૈજુ બાવરા", "ઝનક ઝનક પાયલ બાજે" ઇત્યાદિ ચિત્રોમાં આપે આપનો મધુર કંઠ આલાપી ભારતીય સંગીત પ્રેમીઓના મન ંદ વિભોર કરી દીધા હતા. ગુજરાત, સૌરાષ્ટ્ર, પંજાબ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ ઇત્યાદી દેશોમાં આપની સંગીત કલા પ્રચારિત છે.

### કિરાના ઘરાનાની ગાયીકા શ્રીમતી સુધા દિવેકર (બી. એ.)

કિરાના ઘરાનાની સંગીત મહાન સ્વર સાધિકાએ સંગીતનું ઉંચ શિક્ષણ કિરાના ઘરાનાના ખ્યાતિ પ્રાપ્ત ગાયક પંડીત ફીરોજ દસ્તુર પાસે ગ્રહણ કરી, ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, પંજાબ, ઈત્યાદિ દેશોમાં શ્રીમતી દિવેકરે પોતાની સ્વર સાધનાના મધુર આલાપે આલાપી સંગીત પ્રેમીઓના મન રંજીત કરી દીધેલ છે. આપ ખ્યાલ, ઠુમરી, ધ્રુપદ, ધમારની ગાયકીમાં પણ પ્રાવિણ્યતા ધરાવો છો. ભારતીય સંગીત ક્ષેત્રની આપ એક સુમધુર ગાયીકા છો.

### યુગલબંધી ગાયકા શ્રીમતી સુલભા એન્ડ જયોત્સના મોહિલે

કિરાના તથા ગ્વાલિયર ઘરાના ક્ષેત્રની સુપ્રસિદ્ધ યુગલબંધી ગાયીકી શ્રી સુલભા મોહિલે તથા જયોત્સના મોહિલેએ સંગીતની પ્રારંભિક તાલીમ તેમના સ્વ. પિતાશ્રી મોહિલે સાહેબ પાસેથી લીધી હતી. ત્યાર બાદ કિરાના તથા ગ્વાલિયર ઘરાનાની ઉંચ ગાયકીનું શિક્ષણ લઇ ગુજરાત, સૌરાષ્ટ્ર, મહારાષ્ટ્ર, પંજાબ ઈત્યાદિ દેશોના સંગીત પ્રેમીઓના નાદાલયના સુમધુર કંઠથી મન મુગ્ધ કરી દીધા હતા. આપની યુગલબંધી સંગીત ગાયકીનો પ્રોગ્રામ મુંબઈ રેડીયો પરથી પ્રસારિત થાય છે

### મહાન તબલાવાદક શ્રી અલ્લારખાં

ભારત તથા વિશ્વના સુપ્રસિદ્ધ તબલા વાદનાચાર્ય શ્રી અલ્લારખાં સાહેબે તબલાવાદનની ઉંચ આરાધનાનું શિક્ષણ લઇ ગુજરાત, સૌરાષ્ટ્ર, પંજાબ મહારાષ્ટ્ર આદિ પ્રાંતોમાં તેમજ યુરોપ, અમેરિકા, ફ્રાન્સ, આફ્રિકા ઈત્યાદિ દેશોમાં સિતાર સમ્રાટ શ્રી રવિશંકર પંડિતજીની સાથે જઇ; સિતાર સાથે તબલા સંગત કરી સારાયે વિશ્વના સંગીત પ્રેમીઓના મન તબલા વાદનની અદ્ભુત સાધનાથી મનોમુગ્ધ કરી દીધા હતા. તબલા વાદકોમાં આપની આમ પ્રતિષ્ઠા ઘણીજ પ્રસંશનિય છે. આપ તાલ-લય વાદનનાં પ્રતિભાશાળી વાદન કલાવંત છો. આપનું તબલાવાદન મધુર તથા અત્યંત ભાવનારસ પ્રાધાન્ય છે. આપ આપની સાધનામાં સદાય મગ્ન રહો છો.

### ભારતવર્ષના મશહુર તબલાવાદક શ્રી અહમદજાન થિરકવા

ભારતિ સંગીતક્ષેત્રના મશહુર તબલાવાદક સમ્રાટ શ્રી અહમદજાન થિરકવાએ તબલાવાદનનું ઉંચ સંગીતજ્ઞાન સ્વ. મુનીરખાં પાસેથી ગ્રહણ કરી સંગીતકલા જગતમાં ઉંચ કોટીના તબલા વાદનાચાર્યોમાં પ્રણવ સ્થાન મેળવ્યું છે. શ્રી થિરકવા સ્વતંત્ર બાજ તથા સંગીતકારીમાં પણ અદ્ભુત પ્રભુત્વ ધરાવે છે. શ્રી થિરકવાએ ગુજરાત, સૌરાષ્ટ્ર, પંજાબ, મહારાષ્ટ્ર ઇત્યાદી પ્રદેશોમાં પોતાની વાદનકલાનો પ્રચાર તેમના શિષ્ય દ્વારા પ્રસારિત કરેલ છે. તેઓ ભારતિય સંગીત ક્ષેત્રના ઉંચ તબલા વાદનાચાર્ય છે.

### વિશ્વના તબલા સમ્રાટ શ્રી શાંતાપ્રસાદ

વિશ્વના મહાન તબલા વાદનાચાર્ય શાંતાપ્રસાદે તબલાવાદન કલાનું ઉંચ શિક્ષણ આપના સ્વ. પિતાશ્રી પંડીત વાચાજી મિશ્રા તથા પંડીત શ્રી વિકકૂજી પાસેથી સંપાદીત કરી ગુજરાત, પંજાબ, મહારાષ્ટ્ર, મદ્રાસ, આફ્રીકા, યુરોપ, રશિયા ઇત્યાદિ દેશોના સંગીત કલા પ્રેમીઓના મન શ્રી શાંતાપ્રસાદે તેમની અદભુત તબલાવાદનની કલાથી મન રંજીત કરી દીધા હતા આપના શિષ્યો આપની સંગીત સાધનાનો પ્રચાર સારાયે વિશ્વના દેશોમાં કરે છે. આપ તબલાના મહાન પંડીત છો.

### ભારત વર્ષના તબલા સમ્રાટ શ્રી કિશન મહારાજ

ભારતિય સંગીત ક્ષેત્રના સુપ્રસિદ્ધ તબલા વાદનાચાર્ય શ્રી કિશન મહારાજે તબલા વાદનની ઉંચ કળાનું શિક્ષણ ભારતીય જગતના પ્રસિદ્ધ તબલાવાદનાચાર્ય પંડીત શ્રી કંઠે મહારાજ પાસેથી ગ્રહણ કરી ગુજરાત, સૌરાષ્ટ્ર, પંજાબ, મહારાષ્ટ્ર, રાજસ્થાન ઇત્યાદિ દેશોમાં પોતાની તબલા વાદનની અદભુત સાધનાથી ભારતિય ક્ષેત્રના સંગીત પ્રેમીઓના મન મનોમુગ્ધ કરી દીધા હતા. શ્રી કિશન મહારાજે તબલાની સંગત પં. રવિશંકર, પ્રો. નારાયણ વ્યાસ, પ્રો વિનાયકરાવ પટવર્ધન નૃત્યકાર શ્રી ગોપીકૃષ્ન, નર્તિકા સિતારાદેવી ઇત્યાદી મહાન કલા સાધકો સાથે તબલા સંગત કરી સંગીત ક્ષેત્રમાં અતિ પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી છે.

### ભારતિય તબલા સમ્રાટ શ્રી નિખિલ ઘોષ

ભારતિય સંગીત જગતના મશહુર તબલા વાદનાચાર્ય પંડીત શ્રી નિખિલ ઘોષે તબલા વાદનનું ઉંચ જ્ઞાન સ્વ. તબલા સમ્રાટ અમીર હુસેનખાન પાસેથી સંપાદન કરી ભારતિય સંગીત સંસારમાં તબલા વાદનની કલામાં ઉંચ પ્રાવિણ્ય પદ સંપાદિત કર્યું. આપ સ્વતંત્ર તબલાવાદન તથા સંગીતની ગાયકીના તબલા વાદનમાં ઉંચ પ્રતિષ્ઠા ધરાવો છો. આપે તબલા સગત સ્વ. શ્રી ઓમકારનાથજી

ઠાકુર, સ્વ. પન્નાલાલ ઘોષ ( બંસરી વાદક ) ઇત્યાદી કલા વિશારદો સાથે કરી હતી. ભારતના આપ સર્વશ્રેષ્ઠ તબલાવાદનાચાર્ય છે.

**સ્વામી શ્રી લક્ષ્મણુ ચૈતન્ય**

સ્વામી શ્રી લક્ષ્મણુ ચૈતન્યએ શાસ્ત્રીય સંગીતની ઉચ્ચ સાધનાનો બનારસમાં અભ્યાસ કરી સંગીતની ગાયકી તથા સિતાર અને તબલાવાદનમાં સારી એવી પ્રાવિણ્યતા સંપાદિત કરી છે. સ્વામીશ્રીએ યોગસાધના તથા વેદોના અધ્યયનમાં પણ પરિપુર્ણતા કરી પાંડીત્ય પદ વિભુષિત કરેલ છે. તેઓએ પોતાનું સારૂંએ જીવન વેદ સાધના, યોગસાધના તથા સંગીત સાધનાને અર્પીત કરેલ છે. આપે શિહોરમાં લક્ષચંડી યજ્ઞ કરી સારાએ ભારતવર્ષમાં ભક્તિ–ભાવના પ્રાધાન્યનો ઉચ્ચ માર્ગ તથા શાંતિનો સંદેશ પ્રસારિત કરેલ છે. આપ આપના જીવનમાં સાધનાને ખુબ મહત્વ આપો છો. માનવ-જીવનમાં સાધના સિવાય શાંતિ તથા પ્રભુ પ્રાપ્તિ થતી નથી. જો મનુષ્યને પ્રભુ પ્રાપ્તિ કરવી હોય તો સંગીત સાધના સિવાય બીજી કોઇ પણ સાધના સાધવાની અગત્યતા રહેતી નથી. " वेदानां साम-वेदोस्मि " " साम वेद " ના ગાનથી પરમાત્માનો સાક્ષાતકાર થાય છે તેમના જીવનનું સાચુ ધન સંગીત તથા રાગ–રાગિનિ છે.

**શ્રી દામોદરદત્ત શાસ્ત્રી** — **અમદાવાદ**

મુજ્જફર નગરના આ સુપ્રસિદ્ધ સંગીતાચાર્યમાં સંગીત તથા સંસ્કૃત શાસ્ત્રનું પ્રારંભિક અભિનવ દર્શન તેમના ઉચ્ચ પરિવારમાંથી ઉતરી આવ્યું છે. શ્રી શાસ્ત્રીજીના માતા–પિતા સંગીત તથા સંસ્કૃત સાહિત્યના આરાધક હતા. શ્રી દામોદર શાસ્ત્રીજીએ સંગીત ગાયકીનું ઉચ્ચ સાધનામય વિદ્યાધ્યાયન શ્રી ભાતખંડે સંગીત વિદ્યાલયમાં કરી સંગીત વિશારદની પદવી સંપાદિત કરી હતી. તેમ જ ગ્વાલી-યરમાં રહી સંગીત વાદન કલાનું ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કરી સિતાર, દિલરૂબા. વાયોલીન તથા તબલાવાદનમાં સારી પ્રાવિણ્યતા સંપાદન કરી, સંગીતની સાથો સાથ રામાયણ, ભાગવત ઇત્યાદી વેદોક્ત ઉચ્ચ ગ્રંથોના આપ સાહિત્યકાર તથા કિર્તનાચાર્ય છો. આપશ્રીએ બનારસ વિશ્વ વિદ્યાલયની શાસ્ત્રીની પદવી મેળવી છે. શ્રી શાસ્ત્રીજીયે સંગીત તથા રામાયણ દ્વારા તથા રામાયણની ઉચ્ચ શાસ્ત્રીય સંગીતની ચૌપાઇ દ્વારા સંગીત સાહિત્યનો ઉચ્ચ સંદેશ દેશ–વિદેશમાં પ્રસારિત કરેલ છે.

**સંગીતાચાર્ય પંડીત ફીરોજ દસ્તુર**

કિરાના ઘરાનાના સંગીતાચાર્ય પંડીત શ્રી ફીરોજ દસ્તુરે સંગીત વિદ્યાનું ઉચ્ચ શિક્ષણ સ્વર્ગસ્થ શ્રી સવાઇ ગંધર્વ તથા શ્રી બાલક્રીષ્ન કપિલેશ્વરી બુવા પાસેથી લીધું હતું. આપ ખ્યાલ, બડા ખ્યાલ, ઠુમરી, ધ્રુપદ, ધમાર ઇત્યાદિ સંગીત ગાયકિના ઉત્તમ સંગીત કલા સાધક છો. આપે સંગીત ક્ષેત્રમાં ઘણાએ સંગીત શિષ્ય–શિષ્યાઓ તૈયાર કર્યા છે, જે આપની ગાયકીનો ગુજરાત, સૌરાષ્ટ્ર, પંજાબ, મહારાષ્ટ્ર ઇત્યાદિ પ્રદેશોમાં પ્રચાર કરે છે.

**શ્રી મહીદરભાઈ બી. દવે** — **ભાવનગર**

શ્રી અભિનવ સંગીત મંડલ–ભાવનગરના સંચાલક શ્રી મહીદર-ભાઇ દવે સંગીતના સાધક અને સંગીત પ્રેમી સજ્જન છે. ભાવ-નગરને આંગણે ઉત્તમ સંગીતકારોને આમંત્રિત કરી ભાવનગરની સંગીતપ્રિય જનતાની અમુલ્ય સેવાઓ બજાવી છે. શ્રી મહીદરભાઈ સંગીતપ્રેમી ઉપરાંત તબલાવાદનના એક ઉચ્ચ પ્રકારના સંગીત સાધક છે. શ્રી અભિનવ કલામંડલ દ્વારા આપે જે સંગીત સમર્પિત કરેલ છે તે સેવાઓ આપની સદા માટે સ્મરિત રહેશે.

**વાયોલીનવાદક શ્રી ગફારભાઈ** — **ભાવનગર**

ભાવનગરના સંગીતના પ્રેમી શ્રી ગફારભાઇએ વાયોલીનવાદનની સાધના કરી સારી પ્રતિષ્ઠા સંપાદન કરી છે. આપે ભાવનગરમાં ઘણાએ સંગીત પ્રોગ્રામો આપી ભાવનગરની સંગીત પ્રિય જનતાને વાયોલીનવાદનથી આનંદ કરાવેલ છે. આપ શાસ્ત્રીય સંગીતના કલાસાધક છો. આપ ઘણાએ સંગીત કલાસાધકોના પરિચયમાં આવી ગયા છો. આપ ભાવનગરના સંગીત સાધક અને કલા પ્રેમી જ્ઞાતા છો.

**સિતારવાદક શ્રી પુનિતકુમાર** — **ભાવનગર.**

શ્રી પુનિતકુમાર એસ. વૈદે સંગીતની આરાધના સ્વ. શ્રી જગદીપ વિરાણી પાસે કરી સંગીત સાધનામાં સારી પ્રતિષ્ઠા સંપા-દિત કરેલ છે. આપે સિતારવાદનની કલામાં સારી પ્રગતી કરી ભાવનગરના સંગીત પ્રેમી જનતાના મન જીતી લીધેલ છે. આપને સંગીતના ઉચ્ચ સંસ્કારોનો વારસો આપના પરિવારમાંથી પ્રાપ્ત થયો હતો. આપ સિતારના એક સારા સાધક છો.

**શ્રીમતી ઉમા ઓઝા** — **અમદાવાદ**

ગુજરાતની સુપ્રસિદ્ધ ગાયકા શ્રીમતી ઉમા ઓઝાએ શાસ્ત્રીય તથા સુગમ સંગીતની ઉચ્ચ સાધના કરી સંગીતના ક્ષેત્રમાં સારી કિર્તી પ્રાપ્ત કરેલ છે. શ્રીમતી ઉમાએ આકાશવાણી અમદાવાદ પરથી પોતાનો સુમધુર કંઠ પ્રસારીત કરી સારાયે ગુજરાતમાં પ્રસંશા પ્રાપ્ત કરી છે. શ્રી ઉમા ઓઝા તેમનું સારૂંયે જીવન સંગીત સાધનામાં વ્યતિત કરે છે. ભારતીય સંગીત ક્ષેત્રમાં તેઓ સારૂં માન ધરાવે છે. તેમણે સૌરાષ્ટ્ર તથા ગુજરાતના ઘણાયે સંગીત સમારંભોમાં સંગીત–ગાયન કલાનું ઉત્તમ દર્શન કરાવેલ છે. ગુજરાતની આ સંગીત ગાયીકા પોતાના મધુરકંઠથી સંગીત સંસારમાં ઉંચુ સ્થાન સંપાદિત કરશે.

**સિતારવાદક સ્વ. શ્રી ભિખનખાં** — **વડોદરા**

વડોદરારાજ્યના સુપ્રસિદ્ધ સિતારનવાઝ સ્વ. ભિખનખાંએ સિતારવાદનનું પ્રાથમિક શિક્ષણ તેમના સ્વ. પિતાશ્રી બનુખાન પાસે તથા તેમના સ્વ. દાદા શ્રી મીરાંબક્ષખાન પાસેથી ગ્રહણ કર્યું હતું. તેઓએ ત્યારબાદ સિતારવાદનની શિક્ષા વાદનકલાના મશહુર સિતાર સમ્રાટ સ્વ. વઝીરખાં પાસેથી ગ્રહણ કરી. સિતારવાદનમાં તેઓશ્રીએ ઉચ્ચ પ્રતિષ્ઠા સંપાદીત કરી. તેઓ સિતાર, બિન, દિલરૂબા તથા જલતરંગવાદન ઉપર પણ સારૂં પ્રભુત્વ ધરાવતા હતા. "ઓલ ઇંડીયા મ્યુઝીક કોન્ફરન્સ–બનારસ"એ તેઓશ્રીને "ત્રિતંત્રિવિશારદ"ની પદવીથી વિભુષીત કર્યા હતા. આ મહાન કલા સાધક તા. ૧૨–૬–૪૩ના રોજ સ્વર્ગવાસી થયા છે.

**શ્રી મહેશકુમાર** **અમદાવાદ**

શ્રી મહેશકુમાર ગુજરાતના સુપ્રસિદ્ધ સુગમ સંગીત તથા ફિલ્મ ક્ષેત્રના એક ગાયક તથા વાદનના ઉચ્ચ કલાકાર છે. તેઓ પોતાના મધુરકંઠથી શ્રી લતા મંગેશકર, શ્રી મહમદ રફી, શ્રી મુકેશ આદિ ફીલ્મી પાર્શ્વગાયક–ગાયીકાઓની આબેહુબ નકલ કરી સંગીતક્ષેત્રમાં પ્રસિદ્ધતા પ્રાપ્ત કરેલ છે. શ્રી મહેશકુમારે તેમની સંગીત પાર્ટી તૈયાર કરી ગુજરાત, સૌરાષ્ટ્ર, પંજાબ, મહારાષ્ટ્ર આદિ દેશોમાં ફીલ્મી ગીતો ગાઈ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. શ્રી મહેશકુમારે ઘણી ફીલ્મોમાં પ્લેબેક આપેલ છે. શ્રી મહેશકુમારે શ્રી લતા મંગેશકરના ગાયનની કોપી કરી શ્રી લતાજીને ઘણાંજ ખુશી કરી દીધા હતા.

**શ્રી ગોવિંદરાવ એલ. નાતુ** **ભાવનગર**

શ્રી જી. એલ. નાતુએ શાસ્ત્રીયસંગીતનો અભ્યાસ શ્રી રસિકલાલ અંધારીયા પાસે કરી ગાન–કલાની સાધનામાં પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી છે. આપ ગાયકી ઉપરાંત બંસરીવાદન કલામાં નિપુણતા ધરાવો છો. આપ આપના મુખ મુદ્રાની ધ્વનીથી સિતાર શરણાઈ આદિ વાદ્ય સ્વરોનું દર્શન કરાવી શકો છો. આપે અભિનયદર્શનમાં સિદ્ધિ મેળવી છે.

**શ્રી કરીમભાઈ તબલચી** **ભાવનગર**

શ્રી કરીમભાઈ તબલચીએ તબલા તેમજ વાયોલીનવાદન દ્વારા સૌરાષ્ટ્રની જનતામાં સારી પ્રસિદ્ધિ મેળવી છે તેમણે સૌરાષ્ટ્રમાં ઘણાએ પ્રોગ્રામદ્વારા તેઓની સંગીત સાધનાનો પરિચય કરાવ્યો છે.

**સિતારવાદનાચાર્ય શ્રી અનવરખાન** **વડોદરા**

"બરોડા મ્યુઝીક કોલેજ"ના મશહુર સિતારવાદનાચાર્ય શ્રી અનવરખાને સિતારવાદન કલાનો અભ્યાસ તેમના સ્વ. પિતાશ્રી ભિખનખાં સાહેબ પાસે કરી સિતારવાદન કલામાં પ્રાવિણ્યપદ પ્રાપ્ત કર્યું હતું. ભારતીય સંગીતક્ષેત્રના આપ શ્રેષ્ઠ સિતારવાદક છો. વડોદરામાં સિતારવાદનની કલામાં આપે ઘણાએ શિષ્યો તૈયાર કરી પ્રતિષ્ઠા મેળવી છે. આપના સિતારવાદનનો પ્રોગ્રામ આકાશવાણી વડોદરા પરથી પ્રસારીત થાય છે. આપે 'સિતાર–દર્પણ" નામનો સિતારશિક્ષાનો ઉમદા ગ્રંથ પ્રગટ કર્યો છે. જે ગ્રંથ સિતારકલાના પ્રેમી સાધકો માટે ઘણોજ ઉપયોગી સિદ્ધ છે.

**સિતારવાદક શ્રી અબ્દુલહમીદ ઝાકીર**

ફીલ્મજગતના સુપ્રસિદ્ધ સિતારસમ્રાટ શ્રી અબ્દુલહમીદ ઝાકીરખાંએ સિતારવાદનની શિક્ષા તેમના પિતાશ્રી પાસેથી કરી ભારતીય સંગીતક્ષેત્રમાં તથા ફીલ્મસંસારમાં પ્રતિષ્ઠા સંપાદીત કરી છે. તેમણે સિતારવાદન કલાનો સંદેશ ભારત તેમજ આફ્રીકા, રશિયા, યુરોપ આદિ દેશોમાં પોતાની વાદનકલાની શૈલીથી પ્રસારીત કરેલ છે. તેઓ સિતારવાદન કલાના મહાન આરાધક છે. તેમના શિષ્યો તેમની સાધનાનો પ્રચાર કરે છે.

**શ્રી પ્રમોદકુમાર ત્રિવેદી** **ભાવનગર**

શ્રી પ્રમોદકુમાર ત્રિવેદીએ સંગીતની સાધના તથા અભ્યાસ કરી જલતરંગવાદનની કલામાં પ્રાવિણ્યતા સંપાદન કરી છે. તેઓએ સૌરાષ્ટ્રના સંગીત જલ્સાઓમાં જલતરંગવાદનની કલાથી સંગીત પ્રેમીઓના મનરંજીત કરેલ છે. તેઓ સૌરાષ્ટ્રના કલા સાધક છે.

**શ્રી ખુરશીદભાઈ મરચન્ટ** **ભાવનગર**

સિતારસાધક શ્રી ખુરશીદભાઈ મરચંટે સિતારની શિક્ષા શ્રી અનંતરાવ સ્વરમંડલે પાસેથી લઈ સિતારવાદનમાં સારી પ્રભુતા ગ્રહણ કરેલ છે. આપનો પરિવાર પણ સંગીત વિદ્યાનો સારો શોખ ધરાવે છે. આપ સંગીતની આરાધનામાં આપનું જીવન વ્યતીત કરો છો. આપ ઘણાએ ગુણી સંગીતકલા સાધકોના પરિચયમાં આવી ગયા છો. સિતાર વાદનકલાના આપ ગુણી સ્વરસાધક છો.

**મહાન બંસીવાદક સ્વ. શ્રી પન્નાલાલ ઘોષ**

બંસીવાદન સમ્રાટ શ્રી ઘોષે બંસરીવાદનની સાધનાનો અભ્યાસ ભારતવર્ષના પ્રસિદ્ધ વાદનસમ્રાટ શ્રી અલાઉદ્દીન ખાનસાહેબ પાસે ૧૫ થી ૨૦ વર્ષ સુધી કરી સંગીતોપાસનામાં મહાન વાદન સિદ્ધિ પ્રાપ્ત કરી, આપશ્રીએ બંસરીવાદનનો પ્રચાર સારાએ વિશ્વના દેશોમાં પ્રચાર કરી તથા આપની બંસરીની સુમધુર સ્વર લહેરીના મધુર ભાવથી દર્શન કરાવી વિશ્વના સંગીત પ્રેમીયોના મન આનંદવિભોર કરી દીધા હતા. ભારત તથા પાશ્ચાત્ય દેશોમાં આપે બંસરીવાદનની કલામાં ઘણાએ શિષ્યો તૈયાર કરી, ભારત તેમજ યુરોપ અમેરીકા ફ્રાન્સ આદિ દેશોમાં પ્રચાર કરી રહ્યા છે. આપ વિશ્વના મહાન બંસરી સાધક હતા આ બંસરીકલાના મધુર સ્વરસાધક દસ વર્ષ પહેલા સ્વર્ગવાસી થયા છે. પણ તેમની કલા આકાશવાણી તથા ધ્વની મુદ્રાઓમાં અમરતા ધરાવે છે.

**શ્રી દીપકભાઈ** **ભાવનગર**

શ્રી દિપકભાઈએ સંગીતની સાધના કરી એકોર્ડીયનવાદન કલામાં સારાએ સૌરાષ્ટ્રમાં નિપુણતા પ્રાપ્ત કરી છે. આપ આપનું જીવન સંગીત સાધનામાં વ્યતિત કરો છો. આપે ભાવનગરમાં ઘણાએ સંગીતના પ્રોગ્રામો આપેલ છે. આપ કલાના એક ઉમદા સાધક છો.

**શ્રી કમલેશ અવસ્થી** **ભાવનગર**

શ્રી કમલેશ અવસ્થીએ સુગમસંગીતનું શિક્ષણ લઇ સારાએ સૌરાષ્ટ્રમાં પોતાનો મધુરકંઠ પ્રસરાવી સંગીતપ્રેમીઓના મન રંજીત કરી દીધેલ છે. સુગમસંગીતક્ષેત્રમાં આપે સારૂં સ્થાન પ્રાપ્ત કર્યું છે અને સુગમસંગીતની આરાધના પાછળ આપનું જીવન વ્યતીત કરો છો.

**પાર્શ્વગાયક શ્રી પંકજ મલીક**

ફિલ્મક્ષેત્રના સુપ્રસિદ્ધ પાર્શ્વગાયક શ્રી પંકજ મલીકે શાસ્ત્રીય તથા સુગમ સંગીતનો ઉચ્ચ અભ્યાસ કરી ફિલ્મક્ષેત્રના પ્રેક્ષકોના મન તેમના સુમધુરકંઠ દ્વારા આનંદવિભોર કરી દીધા છે ફિલ્મીજગતમાં ઉચ્ચ ભાવનારસ પ્રાધાન્ય સંગીત સર્જન કરી કલાનો સારો પ્રચાર કર્યો છે. તેઓ ન્યુ થીએટર્સ ફીલ્મ કંપનીના એક ઉમદા કોટીના નાદ સર્જક તથા સંગીતસાધક હતા. તેઓ તેમના મધુરકંઠ દ્વારા શાસ્ત્રીય તથા ભિન્ન ભિન્ન પ્રદેશના લોકગીતોનો પ્રચાર કરવા સારાએ ભારતની તથા વિદેશોની યાત્રાઓ કરે છે. શ્રી પંકજ મલીકની સંગીતની કરેલી સેવાઓ સદાય સ્મરિત રહેશે. તેઓને સ્વ. સાયગલ ઉપર ઘણોજ પ્રેમ તથા તેમના કંઠના ચાહક હતા શ્રી પંકજ મલીક શાસ્ત્રીયસંગીતના મહાન ઉપાસક છે. શ્રી યશવંત ડી. ભટ્ટ સાથે તેઓ ચાહના ધરાવે છે. શ્રી પંકજ મલીકના ચિત્રોનું સંગીત આજ પણ ભારતીયક્ષેત્રમાં અમરતા ધરાવે છે.

**શ્રી નુરખાં** — **ભાવનગર**

ભાવનગરરાજ્ય મિલીટરી બેન્ડના સુપ્રસિદ્ધ બંસરીવાદક શ્રી નુરખાંએ ભારતીય તથા પાશ્ચમાત્ય સંગીતની સાધના કરી સંગીત ક્ષેત્રમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. ઉપરાંત આપ "કરવત તરંગ"ની વાદનકલામાં પણ સારૂં પ્રભુત્વ ધરાવો છો. આપ ગુજરાત તથા સૌરાષ્ટ્રના ઉંચકક્ષાના વાદનાચાર્ય છો. તેઓ તેમનું જીવન સંગીત સાધનામાં વ્યતીત કરે છે.

**શ્રી મુરલીબહેન મેઘાણી** — **ભાવનગર**

શ્રી મુરલીબહેન મેઘાણીએ સંગીત તથા નૃત્યની સાધના કરી સારી પ્રગતી સાધી છે. આપે મણીપુરી, કથકનૃત્યમાં સારી સાધના સંપાદીત કરેલ છે. આપે આપનું અમુલ્ય જીવન કલા પ્રાપ્તિ તથા સાધનામાં વ્યતીત કરેલ છે સૌરાષ્ટ્રની સંગીતપ્રેમી જનતાને આપે આપની નૃત્યકલાથી આનંદવિભોર કરી દીધા છે આપે નૃત્યનું શિક્ષણ શ્રી ધરમશીભાઈ શાહ પાસેથી લીધું હતું.

**કવિવર ગુરુદેવ રવિંદ્રનાથ ટાગોર**

વિશ્વના સાહિત્ય તથા રવિંદ્ર સંગીત સમ્રાટ સ્વ. કવિ શ્રી રવિંદ્રનાથ ટાગોર સાહિત્ય તથા સંગીત કલાના મહાન સાધક હતા. તેમણે સાહિત્ય તથા રવિંદ્ર સંગીતનું ભાવનામય દર્શન સંદેશ જગતભરમાં પ્રસારીત કરેલ હતો. કવિ શ્રી ટાગોર સારાએ વિશ્વના મહાન કલા સાધક હતા. વિશ્વમાં તેમણે પોતાની લલિત કલાઓનો પ્રચાર કરી ઉંચ પ્રતિષ્ઠા સંપાદન કરી હતી. તેઓની સાહિત્ય તથા કાવ્યોની શબ્દ ભાવના પ્રાધાન્ય કૃતિઓ આજ સારાયે વિશ્વમાં અજર અમર છે. આ કલાના મહાન પુજારી આજે આપણા દેશમાં હયાત નથી છતાં પણ તેમની સંગીત સાહિત્ય તથા કાવ્યોની ઉંચ કૃતિયોનું અભિનવ દર્શન સદાય નજર સમક્ષ રમરિત છે. આ સાહિત્ય સંગીત કલાના મહાન સ્વામીની યાદ અહર્નિશ આવ્યા કરે છે.

**બંસરીવાદનાચાર્ય શ્રી હરિપ્રસાદ ચોરાસીયા** — **અમદાવાદ**

ગુજરાતના સુપ્રસિદ્ધ બંસરી વાદનાચાર્ય શ્રી હરિપ્રસાદજીએ નાદનું અધ્યયન કરી સારાએ ભારતવર્ષમાં બંસરી વાદનની કલામાં પ્રતિષ્ઠા સંપાદિત કરી છે. આપની મધુર સ્વર લ્હેરીનું દર્શન અમદાવાદ, બરોડા આદિ રેડિયો પરથી પ્રસારીત થાય છે. કે જેમાં ઉંચ મધુર ભાવનાઓનું દર્શન આપની વાદન કલા દ્વારા થાય છે. આપ ભારતિય સંગીતક્ષેત્રના ઉંચ સ્વરસાધક છો. આપના શિષ્યો આપની સંગીત કલાનો સારો પ્રચાર કરે છે સંગીતમાં આપ સાધનાને ઉંચ મહત્વ આપો છો.

**સ્વ. નંદલાલ કલ્યાણજી બારોટ**

પાલીતાણામાં છેલ્લા સાડાત્રણ દસકાથી સંગીક્ષેત્રે ઘણુ મોટુ પ્રદાન રહ્યું હોય તો તે બારોટ નંદલાલ કલ્યાણજીના કુટુંબનું રહ્યું છે. જૈન સમાજના નાના મોટા સમારંભોમાં માત્ર પાલીતાણામાંજ નહિ પણ હિન્દના ઘણા ભાગોમાં તેઓ અને તેમનું કુટુંબ ખ્યાતિ પામ્યું છે.

નંદલાલ કલ્યાણજીના એક પુત્ર સ્વ. મંગુભાઈએ તેમની હયાતી દરમ્યાન સંગીતપ્રેમી જનતાની ઘણી મોટી ચાહના મેળવી હતી. તેમના પહાડી અવાજના પડઘા આજે પણ સંભળાય છે. શ્રી નંદલાલભાઈએ તેમના પુત્રો-પૌત્રોને પણ આ ક્ષેત્રે સારી એવી તાલીમ આપી તૈયાર કર્યા છે. નંદલાલભાઈના જ્યેષ્ઠ પુત્ર શ્રી દલપતભાઈએ પિતાના વારસાને બરાબર જાળવી રાખ્યો છે. તેઓ પણ ઘણુજ માનપાન પામ્યા છે. તેમનો સુરીલો કંઠ સાંભળનારાઓને મુગ્ધ કરી દે છે. તેમની સંગીત મંડળીનો લ્હાવો મ્હાણવા જેવો છે. બારોટ જ્ઞાતિમાં એવાજ સંગીતકાર શ્રી રાયમલભાઈ જોરસીંગે પણ સંગીત સાધનામાં પ્રાવિણ્ય મેળવ્યું છે અને સંગીતક્ષેત્રે કીર્તિ સંપાદન કરી છે.

**શ્રી દુર્ગાપ્રસાદ બી. રાવ** — **તબલાવાદનાચાર્ય**

શ્રી દુર્ગાપ્રસાદજી તબલાવાદનાચાર્યે તબલાનું ઉંચ શિક્ષણ ભારત વર્ષના તબલા નવાજ સ્વ. ઉસ્તાદ અમીર હુસેનખાન પાસેથી ગ્રહણ કરી ભારતિય સંગીતક્ષેત્રમાં સારી ખ્યાતિ પ્રાપ્ત કરી છે શ્રી દુર્ગા પ્રસાદજીએ અલ્હાબાદ સંગીત યુનિવર્સિટીની ગાયન એવં તબલા વિશારદની પરિક્ષા પાસ કરેલ છે. તેઓ બનારસી બાજના એક ઉમદા કોટીના કલાવાદક છે. તેઓ તબલા ઉપર અદ્ભુત પાંડીત્ય ધરાવે છે. તેઓનું મુળ વતન કોટા (રાજસ્થાન) છે. હાલમાં તેઓ ગુજરાતમાં તબલાવાદનનો પ્રચાર કરે છે. અને કીર્તનાચાર્ય શ્રી દામોદરદત્ત શાસ્ત્રી સાથે તબલાવાદનની સંગત કરે છે.

**શ્રી આત્મારામ ડી. જોશી** — **જામનગર**

જામનગરના રાજ્યગાયક શ્રી આત્મારામ જોશીએ સંગીતનું ઉંચ શિક્ષણ કચ્છના મીર ઉસ્તાદ ઉંમરભાઈ તથા ફતેમહમદભાઈ પાસેથી સંપાદીત કર્યું હતું. તે બન્ને ભાઈઓ જામનગર રાજ્યના ગાયકો હતા. જામનગરના નરેશ સ્વ. શ્રી દિગ્વિજયસિંહજી ગાયન, વાદન તથા નૃત્ય-કલાના પ્રેમી હતા. પોતાના રાજ્યમાં સંગીત કલા વિશારદોને આશ્રય આપી માન આપતા હતા. શ્રી જોશીએ "સંગીત ગીતાવલી" નામનું પુસ્તક પ્રકાશિત કર્યું છે. આપ સંગીતની ગાયકીની સાથોસાથ તબલાવાદન કલાના પણ સાધક છો.

**શ્રી સુલેમાન જુમા** — **કચ્છ**

શ્રી સુલેમાન જુમા કચ્છના ઉંચ કક્ષાના સંગીત કલાકાર છે. નોબત વાદનની કલા તેમના પરિવારમાંથી ઉતરી આવેલ હતી. તેઓ નોબત વાદનની કલામાં અતિ નિપુણતા ધરાવે છે. સ્વર લયની, નાદની સપ્રમાણતા, શાસ્ત્રીય સંગીત તેમ જ લોક-સંગીતના વિવિધ અંગો પર તાલ પરનો કાબુ એ તેમની વિશિષ્ટતા છે. આકાશવાણી રાજકોટ કેન્દ્ર પરથી આપના સંગીતવાદના પ્રોગ્રામ પ્રસારીત થાય છે. સંગીત ક્ષેત્રમાં આપ સારૂં માન ધરાવો છો.

**સ્વ. વલ્લભરામ જટાશંકર ઓઝા** — **વાંકાનેર**

સ્વ. શ્રી વલ્લભરામ ઓઝાએ સંગીત વિદ્યાની અને તબલા વાદનની પ્રારંભિક શિક્ષા શ્રી નારણદાસ તબલચી પાસેથી લીધી હતી. ત્યારબાદ મૃદંગ તથા તબલા વાદનની ઉંચ વિદ્યા દિલ્હીના મશહુર મૃદંગ વાદનાચાર્ય શ્રી નન્હેખાન પાસેથી સંપાદીત કરી હતી. ત્યારપછી શ્રી ઓઝાજીને સંગીતની ગાયકીનો શોખ લાગ્યો અને સંગીત શાસ્ત્ર તથા ગાયકીનો અભ્યાસ મુંબઈના મશહુર સંગીત શાસ્ત્રી શ્રી ગણપતરાવ ગોપાળરાવ બર્વે પાસે ગ્રહણ કરી સંગીતની ગાયકીની વિદ્યામાં અતિ પ્રાવિણ્યતાભર્યું પ્રણવસ્થાન પ્રાપ્ત કર્યું હતું.

# શ્રી ભુવનેશ્વરી પીઠ, ગોંડલ (સૌરાષ્ટ્ર)

ભગવાન વેદવ્યાસ રચિત ૧૮ પુરાણમાં દેવી ભાગવત શ્રેષ્ઠ છે. તેમાં શ્રી ભુવનેશ્વરી દેવીનાં ચરિત્રો અને વિવિધ કથાઓના વર્ણન છે. હાલમાં જગતના ક્રાન્તિકાળમાં અને આ કળિયુગમાં બધાં સુખ મેળવવા તથા અનેક જાતનાં કષ્ટોમાંથી બચવા દેવીની ઉપાસના કરવાનું શાસ્ત્રો કહે છે. બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, ઇન્દ્ર, યમ, વરુણ, કુબેર, હનુમાન, ગણપતિ, ક્ષેત્રપાળ, યક્ષ, ગંધર્વ, વિદ્યાધર વગેરે દેવતાઓ અસુરા દૈત્યો, શ્રી રામચંદ્ર અને શ્રી કૃષ્ણ જેવા અવતારી પુરુષો, ઋષિમુનિઓ, સંપ્રદાયના આચાર્યો, ભુતકાળના ચક્રવર્તી રાજકર્તાઓ, મહાકવિ કાલીદાસ જેવા મહાકવિઓ, વિદ્વાનો શ્રી ભુવનેશ્વરી માની ઉપાસનાને લીધે વિશ્વવિખ્યાત થયા હતા. ભારતમાં અનેક દેવદેવીઓનાં મંદિરો છે, તે બધા ભુવનેશ્વરીના અંશાવતાર રૂપ છે. ભુવનેશ્વરીની સેવાભક્તિ કરવાથી બધા દેવતાઓની અને દેવીઓની ઉપાસનાનું ફળ મળે છે. ભુવનેશ્વરી માનો મણિદ્વીપ અંતરીક્ષમાં રહેલો છે. તે કૈલાસ વૈકુંઠ બ્રહ્મલોક અને સૂર્યલોક ઉપર આવેલો છે. ત્યાં શ્રી ભુવનેશ્વરી દેવી પોતાના પતિ ભુવનેશ્વર મહાદેવ સાથે રહે છે. ત્યાં બધા દેવતાઓ, દેવીઓ, યક્ષો, વિદ્યાધરો, કિન્નરો વગેરે શ્રી ભુવનેશ્વરીની સેવા કરે છે. ભુવનેશ્વરી મા ભૂર્લોક ભુવર્લોક અને સ્વર્ગલોક વગેરેનું સંચાલન કરે છે.

મણિદ્વીપમાં આવેલા ચિંતામણિગૃહમાં બિરાજતાં ભુવનેશ્વરી માના સ્વરૂપનું વર્ણન દેવી ભાગવતમાં તેવા સ્વરૂપની અને ચિન્હો ધારણ કરેલી શ્વેત આરસની દેદીપ્યમાન મૂર્તિ ગોંડલના ભવ્ય મંદિરમાં સંવત ૨૦૦૨માં માની આજ્ઞાથી પ્રતિષ્ઠા કરી પધરાવી છે. બધા ધર્મના અને બધી કોમના પ્રજાજનોમાં જુદા જુદા નામથી રૂપથી દેવીની પૂજા થાય છે અને તે પોતપોતાની કુળદેવી કહેવાય છે. ભુવનેશ્વરીની સેવાભક્તિ કરવાથી પોતાની કુળદેવીનાં પૂજનનું ફળ મળે છે. દરેક મનુષ્યે કે દરેક દેશે આ સંસારમાં દુઃખ કષ્ટ રોગ ચિંતા શત્રુઓનું આક્રમણ વગેરેથી મુક્ત થવા પોતે અને પોતાની પ્રજાને સુખી કરવા ભુવનેશ્વરીની સેવાભક્તિ કરવાથી તેઓનું અને દેશનું રક્ષણ માતાજી કરે છે. બધા ધર્મ અને સંપ્રદાયવાળા, બધી કોમના જૈન બૌદ્ધ પારસી ખ્રીસ્તી મુસલમાન સૌ કોઇ ભુવનેશ્વરીની સેવાભક્તિ કરી શકે છે અને માતાજીનાં મંદિરમાં દર્શન કરી શકે છે.

હાલમાં વિષમ કાળ ચાલી રહ્યો છે. સં. ૨૦૧૮ થી નવગ્રહની યુતીવાળો ભયંકર સમય બેસી ગયો છે તેનું પરિણામ સં. ૨૦૩૩ સુધી ભારત અને દુનિયાના દરેક દેશને ભોગવવું પડશે રોગ યુદ્ધ અતિવૃષ્ટિ ભૂકંપ દુષ્કાળ શત્રુઓનું આક્રમણ અને બીજી કુદરતી અને મનુષ્યકૃત આપત્તિઓ દુનિયા ઉપર ઘણી આવી છે અને હજી આવવા સંભવ છે. તેમાંથી પોતાના કુટુંબ પરિવારનું અને દેશનું રક્ષણ કરવાં દરેકે પોતપોતાના ધર્મમાં રહીને ભુવનેશ્વરી મા ની સેવાભક્તિ કરવી. વિશેષ હકીકત શ્રી પીઠ પરિચયની ગુજરાતી, હિંદી, મરાઠી, ઇંગ્રેજી, કાનડી વગેરે ભાષાની પુસ્તિકાઓમાં વર્ણવેલ છે.

બધો પત્રવ્યવહાર :—**શ્રી ભુવનેશ્વરી પીઠ—ગોંડલ (સૌરાષ્ટ્ર)**

આપે "નાદ–ચિંતામણી" નામના મહાન ગ્રન્થનું સર્જન કરી સંગીત ક્ષેત્રમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. આપ નાટ્યની રંગ–ભૂમિના પણ એક અભિનય સાધક અભિનેતા છો. કલા એ આપનું જીવન છે કેટલાએક વર્ષ પહેલાં આ કલાના સર્જકનો સ્વર્ગવાસ થયેલ છે

### શ્રી મહેન્દ્રકુમાર બી. જોશી — ભાવનગર

શ્રી મહેન્દ્રકુમાર જોશીએ સંગીતનું ઉચ્ચ અધ્યયન શ્રી ગજાનન ઠાકુર દ્વારા કરી શાસ્ત્રીય સંગીતમાં અતિ પ્રાવિણ્યતા પ્રાપ્ત કરી છે. શ્રી જોશીએ 'રાગરંજના', 'સરગમ', 'ટહુકાર', 'ગીતાલાપ' આદિ બાલ–કાવ્ય ગીતોના ગ્રન્થનું રચનાત્મક શબ્દ ભાવના પ્રાધાન્ય સર્જન કર્યું છે જે સદાય સ્મરણીય રહેશે. આપ સંગીતના ઉંચ કલાવિશારદ છો. સાથે સંગીત ક્ષેત્રમાં ઘણા શિષ્ય–શિષ્યાઓ તૈયાર કર્યાં છે.

### બંસરી વાદનાચાર્ય શ્રી અરવિંદ ગજેન્દ્ર ગડકર — વડોદરા

ગુજરાતના મશહુર બંસરી વાદનાચાર્ય સમ્રાટ શ્રી અરવિંદે બંસરીવાદન આરાધના કરી સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. આપે આપની મધુર બંસરીની સ્વર લહેરીએ અમદાવાદ–બરોડા આદિ રેડીયો પરથી પ્રસારીત કરી સંગીત પ્રેમીઓના મન આનંદવિભોર કરી દીધેલ છે. સંગીત ક્ષેત્રના આપ પ્રતિષ્ઠાવાન સંગીત કલા–સાધક છો. આપનું બંસરીવાદન ઘણું જ ઉંચ કક્ષાનું છે.

### શ્રી સુખદેવ શર્મા તથા શ્રી ગોપાલ શર્મા

કિર્તનાચાર્ય પંડીત શ્રી સુખદેવ તથા શ્રી ગોપાલ શર્માએ રામાયણની ઉંચ ભાવના તથા સાધનામય કથાઓનું ભાવનાત્મક શાસ્ત્રીય સંગીત દર્શન ભારતભરના લોકોને રામાયણની વિવિધ કથાઓ દ્વારા મધુરભાવથી કરાવ્યું છે. આપ બન્ને બંધુઓએ ઉંચ વિદ્યાભ્યાસ સાથે સંગીત તથા સાહિત્યનું ઉંચ અધ્યયન કરેલ છે. આપ સંગીત તથા સાહિત્યિક લલિત કલાઓના સાધક છો. આપ સારાયે ભારતમાં કથા–વાર્તાનો સંગત દ્વારા પ્રચાર કરો છો.

### પ્રોફેસર ઈનાયતખાં સુફી — વડોદરા

સ્વ. પ્રો. ઈનાયતખાં સુફીએ સંગીત વાદનનું ઉંચ શિક્ષણ સ્વ. પ્રો. મૌલાબક્ષ પાસેથી લઈ સારાએ વિશ્વની સંગીત યાત્રા કરી, ભારતીય ગાયન–વાદનની ઉંચ કલાની ભાવનાએનુ સમસ્ત વિશ્વના લોકોને દર્શન કરાવ્યું હતું. શ્રી ઈનાયતખાં સંગીતના એક મહાન સાધક તથા ખુદાઈ ફીરસ્તા હતા. આજ પણ ભારત તથા પાશ્ચાત–દેશોમાં તેમના ઘણાયે શિષ્યો છે.





# ગુજરાતમાં નઈતાલિમ પ્રવૃત્તિઓ

—શ્રી દિલખુશ બ. દિવાનજી

ગુજરાતનું સદ્ભાગ્ય તો એ રહ્યું છે કે બાપુ ગુજરાતમાં જન્મ્યા અને દ. આફ્રિકાથી આવી એમણે ગુજરાતને જ પોતાનું કાર્યક્ષેત્ર ગણ્યું. બાપુએ વિશેષ કાળજી તો એ રાખી કે ગુજરાત સત્ય–અહિંસાના મંત્રો પચાવે તે માટે ગુજરાતના નાના મોટા કાર્યકરોને એમણે હુંફ અને માર્ગદર્શન આપ્યા, એમનું ઘડતર પણ કર્યું. સરદાર વલ્લભભાઈ, ઠક્કરબાપા, મોરારજીભાઈ, નાનાભાઇ ભટ્ટ, કાકાસાહેબ, જુગતરામભાઈ, વિનોબાજી, મગનભાઇ દેસાઇ, કિશોરલાલભાઇ, મહાદેવભાઇ. કલ્યાણજીભાઈ, નરહરિભાઈ, રવિશંકર મહારાજ મનુભાઇ પંચોળી, દરબાર ગોપાળદાસ, ઢેબરભાઇ વગેરેને એમણે પ્રથમકક્ષાના પોતાના સાથી ગણ્યા. ગુજરાતની પ્રજાએ પણ બાપુને સમજી લઇ એમના કઠીન આદેશોને પણ ઉપાડી લીધા. મજૂરોની હડતાલ, ખેડા, બોરસદ, બારડોલી સત્યાગ્રહો, દાંડીકૂચ, રેલસંકટ, પ્લેગ નિવારણના રાહતકામો વગેરે પ્રેરક કઠિન પ્રવૃત્તિઓ મારફત ગુજરાતની પ્રજાને અને તેના કાર્યકર્તાઓને અજબ લોકશિક્ષણ આપી ત્યાગ અને સ્વાર્પણના ગંગાજળમાં તરબોળ રાખ્યા.

બાપુનું આ બધું ધર્મકાર્ય ગુજરાતે એવી જ ધર્મબુદ્ધિથી અપનાવી લીધું. એટલે જ ઘણી બાબતમાં ગુજરાત ભારતભરમાં આગળને આગળ રહ્યું. મરોલી આશ્રમના પારસી ગ્રામસેવિકા, ભક્તિબા, બોચાસણના વયોવૃદ્ધ તપસ્વીની બેન ગંગાબેન, જ્યોતિસંઘના મૃદુલાબેન, હેમલતાબેન, સરલાબેન સારાભાઇ વગેરે ભડવીર બેનોને પણ બાપુની શીતળછાયા મળતા બધા પ્રથમકક્ષાના કાર્યકર્તાઓ થયા અને બેનોની જાગૃતિના અને તેના સંગઠનના પ્રણેતાઓ થઈ પડ્યા.

આવા સર્વવ્યાપી અને સર્વાંગી વાતાવરણમાં બાપુની નઈતાલિમ પણ બીજા રાજ્યો કરતાં કંઇક અવનવો અને દૃષ્ટાંત આપે તેવો આકાર લે એ સ્વાભાવિક હતુ. સાબરમતી આશ્રમની રાષ્ટ્રીય શાળામાં 'કાકાસાહેબ, નરહરિભાઇ, જુગતરામભાઇ, મગનભાઈ વગેરેએ' બાપુના શિક્ષણ વિચારોને અમલી બનાવ્યા. ગુજરાત વિદ્યાપીઠે તેને ખીલવ્યા અને વ્યાપક બનાવ્યા. દક્ષિણામૂર્તિએ તેને ઝીલી લીધા અને એ રીતે ગુજરાતમાં નઇ તાલિમના અંકુર ઠેર ઠેર ફૂટવા માંડ્યા. રીતસરના રાષ્ટ્રીયશિક્ષણના પ્રયોગો તો થવા જ માંડ્યા. પરંતુ આગળ જણાવેલી સત્યાગ્રહની લડતો વગેરેએ રાષ્ટ્રીય શિક્ષણને સમગ્ર પ્રજાના તેજસ્વી લોકશિક્ષણમાં પાંગરવાનું વાતાવરણ આપી દીધું. ૧૯૩૬–૩૭ના અરસામાં પ્રાંતોમાં કોંગ્રેસે પ્રધાનપદા સંભાળ્યા ત્યારેતિથલમાં ગુજરાતના રાષ્ટ્રીયશિક્ષણના કાર્યકરો બાપુને મળ્યા. તે જ અરસામાં ગુજરાતના ૫૦–૬૦ નાનામોટા કાર્યકરો ગામડાઓમાં જઇ ગ્રામસેવાનું કામ કરવા પહોંચી ગયા હતા. તિથલમાં વિશેષ કરીને ગ્રામપ્રજામાં રાષ્ટ્રીયશિક્ષણનું કામ કઇ રીતે કરવું તેની સમજ અમે બધાએ બાપુ પાસે મેળવી લીધી. તે પ્રસંગે તો પાયાની કેળવણી કે નઈતાલિમની પરિભાષા તિથલમાં વપરાઈ ન હતી, પરંતુ વર્ધામાં મળેલા અખિલ ભારત શિક્ષણ પરિષદને તિથલ સંમેલનમાં થયેલા વિચારોનો આધાર મળી ગયેલો.

બાપુનુ ચિંતન વધુ પ્રગતિશીલ થવા માંડ્યું મઢી, વેડછી, બોચારણ, આંબલાના શિક્ષણ પ્રયોગો તો ચાલુ જ હતા. કરાડા આશ્રમમાં પણ ઉદ્યોગપ્રધાન શિક્ષણ શરૂ થયેલું. તેના શિક્ષણના શરૂ થયેલા આ પ્રયોગને પણ બાપુના આશીર્વાદ મળતા રહ્યા. '૩૦–'૩૪ની લડતોમાં જપ્ત થયેલી અને પછી મળેલી વિદ્યાપીઠમાં પણ રાષ્ટ્રીયશિક્ષણની માધ્યમિકકક્ષાના અવનવા અનુભવો મળવા માંડ્યા. નડિયાદના વિઠ્ઠલ કન્યા વિદ્યાલયમાં તેમજ અનસૂયાબેનના સંચાલન હેઠળ ચાલતી અમદાવાદના કન્યાગૃહમાં પણ આવા કંઇક પ્રયોગો શરૂ થઇ ચૂક્યા હતા. બાપુના ચિંતન–મનનમાં ગુજરાતની આ વિધવિધ રાષ્ટ્રીય શિક્ષણ સંસ્થાઓના અવનવા અને પ્રગતિપ્રેરક અનુભવોનું ભાથું તો બાપુ પાસે વર્ધા શિક્ષણ પરિષદ વખતે હતું જ. વર્ધામાં વિનોબાજી અને પછી કાકાસાહેબ જઇને બેસી ગયા હતા. કિશોરલાલભાઇ તો બાપુની નજીક હતા જ. જમનાલાલ બજાજે મહિલા વિદ્યાલય શરૂ કરેલું. આર્યનાયકમજીએ અને આશાદેવી પણ બાપુની નજીક આવવા લાગ્યા. શ્રીમન્નારાયણજીને પણ બાપુનો રંગ લાગી ચૂક્યો હતો એટલે જ વર્ધા શિક્ષણ સંમેલનના સંયોજકનું કામ બાપુએ એમને સોંપ્યું.

બાપુએ વર્ધા સમેલનમાં પ્રાથમિક શિક્ષણનું જ વિશેષ ચિંતન કર્યું કોંગ્રેસના શિક્ષણપ્રધાનો પણ પહોંચેલા એટલે ભારતભરના પ્રાથમિક શિક્ષણને પાયાની કેળવણી ગણી તેને ઉદ્યોગદ્વારા શિક્ષણનું તેજસ્વી સ્વરૂપ બાપુએ આપી દીધું. ઝાકીરહુસેન સમિતિએ પાયાની કેળવણીને વ્યવહારૂ આકાર આપી દીધો. ખેતી, વસ્ત્રઉદ્યોગ અને સુથારી ઉદ્યોગને જ પ્રાથમિક શિક્ષણનું માધ્યમ ગણવામાં આવ્યું અને ઉદ્યોગનો સમય ત્રણ કલાક વીસ મીનીટ રાખ્યો.

મુંબઇરાજ્યમાં જ તે વખતે ગુજરાત હતું. અને મુંબઇરાજ્યની મહોર મળી જતાં ગુજરાતમાં સ્કુલ બોર્ડ દ્વારા ચાલતી હજારો પ્રાથમિક શાળાઓમાંથી સુરતજીલ્લાની બાલોડ વિભાગ તેમજ કરાડી મરવાડની શાળાઓને નઇતાલિમના પ્રથમ પ્રયોગો કરવાનું સદ્ભાગ્ય મળી ગયું. ગુજરાતની આગળ જણાવેલી રાષ્ટ્રીયશિક્ષણ

સંસ્થાઓમાં તો એક રીતે વર્ષોથી હવે પ્રસિદ્ધ થયેલી નઇતાલિમના અવનવા પ્રયોગો થયા જ હતા. વર્ધા સંમેલન બાદ આ બધી સંસ્થાઓએ એ દિશામાં ઝપાટાબંધ પ્રગતિ કરી.

ગુજરાત વિદ્યાપીઠમાં સુરતજીલ્લાની કેટલીક શાળાઓના પસંદ કરેલા શિક્ષકોનો પ્રથમ પાયાની કેળવણીનો તાલિમવર્ગ ૭ માસ માટે ચાલ્યો. મુંબઇરાજ્યના ઉચ્ચકક્ષાના અધિકારીઓએ સેવાગ્રામ હિંદુસ્તાની તાલિમ સંઘની સંસ્થામાં નઈતાલિમનું વાતાવરણ મેળવી આવ્યા.

૧૯૩૮ના મહાવિગ્રહને કારણે કોંગ્રેસે પ્રધાનપદા છોડી દીધા. '૪૨ની ભવ્ય લડત આવી એટલે નઇતાલિમમાં ઓટ આવી. સ્વરાજ્ય મળવા માંડ્યું એટલે ૧૯૪ થી અને વિશેષ કરીને ૧૯૩૭ પછી નઇતાલિમની શાળાઓ પલ્લવિત થવા માંડી. સેંકડો શાળાઓ નઇતાલિમ માટે પસંદ કરવામાં આવી. સેંકડો શિક્ષકોને આશ્રમ–સંસ્થાઓમાં ઉદ્યોગ તાલિમ તેમજ આશ્રમ સંસ્કારો મેળવવા માટે ત્રણ માસ માટે મોકલવામાં આવ્યા વેડછી બારડોલી, ભીમપોર, કરાડી, ઓચાસણ, નડીયાદ, આંબલા–સણોસરાની સંસ્થાઓ એ રીતસરના તાલિમ વર્ગો ચલાવી આશ્રમ–સંસ્કારો શિક્ષકભાઇઓને આપ્યા. પ્રા નિ:શાળાના શિક્ષકોના અધ્યાપનમંદિરોને પણ નઈતાલિમનો વળાંક મળી ગયો ગુજરાતમાં સ્નાતકોને પાયાની કેળવણીની તાલિમ આપવાનું વિદ્યાલય શરૂ થઈ ગયું.

સરકારે આમ તો પાયાની કેળવણીને અપનાવી લીધી. પરંતુ તેમાં કેટલાક મહત્વના અને ઠીક ઠીક હાનિકર્તા ફેરફાર કર્યા. ઉદ્યોગનો સમય ત્રણ કલાકને વીસ મીનીટને બદલે એક કલાકને વીસ મીનીટનો જ રાખ્યો. વિદ્યાર્થીઓની સંખ્યા ૩૦ ને બદલે ૪૦–૪૫ સુધી થવા દીધી. પરિણામ એ આવ્યું કે નઈતાલિમની ગુણવત્તા ઓછી થઇ ગઈ. ઉદ્યોગનો સમય બે કલાક ઘટી ગયો એટલે નઇતાલિમમાં રહેલી સંસ્થા સ્વાવલંબન કે વસ્ત્રસ્વાવલંબની શક્તિ લગભગ મરી પરવારી. સ્વરાજ્ય બાદ રેંટિયા–ખાદીનુ વાતાવરણ પણ શિથિલ થયું એટલે ઉદ્યોગવાળી શાળાઓ પ્રતિ લોકોને અણગમો થવા માંડ્યો.

ગુજરાતનું અલગ રાજ્ય થતાં ફરી પાછી કાંઇક જાગૃતિ નઇતાલિમમાં આવી ૧૯૪૭માં કાકાસાહેબ, નાનાભાઇ ભટ્ટ, જુગતરામભાઇ, નરહરિભાઇએ સાબરમતીમાં ગુજરાત નઇતાલિમ સંઘની સ્થાપના કરી કરાડીમાં તેનું પ્રથમ સંમેલન મળ્યું. ગુજરાત નઇતાલિમ સંઘે સરકારની તેમજ રાજ્યની નઈતાલિમ શાળાઓ તેમજ અધ્યાપનમંદિરોને યોગ્ય અને અસરકારક માર્ગદર્શન આપવાનું સંગીન કામ કરવા માંડ્યું. અંગ્રેજી પાંચમા ધોરણમાં દાખલ કરવા સામે નઇતાલિમ સંઘે પ્રચંડ ઝુંબેશ ઉઠાવી. નાનાભાઇ ભટ્ટના ભાષા વાપરીએ તો ગુજરાતને સંસ્કૃતિના આપઘાતમાંથી બચાવી લીધું. વાર્ષિક સંમેલનો દ્વારા ગુજરાત નઈતાલિમ સંઘે ગુજરાતની સરકારને તો નઈ તાલિમની ગુણવત્તા વધારવા વારંવાર ચેતવણી આપી જ, નઇતાલિમની સંસ્થાઓને પણ નઇતાલિમનો પ્રાણ સાચવવાના વ્યવહારુ અને સંગીન ઉપાયો બતાવવા માંડ્યા. ગુજરાત સરકારનું સદ્ભાગ્ય રહ્યું છે કે તેના શિક્ષણ પ્રધાનોને પણ નઇતાલિમમાં નિષ્ઠા રહેલી છે. પરીણામે નઈતાલિમને વ્યાપક કરવા તેમજ તેની ગુણવત્તા વધારવા માટે સરકારે નઈતાલિમ સંઘને પૂરો સહકાર આપ્યો. વાતાવરણ અનુકૂળ થતું ગયું એટલે ગુજરાત નઇતાલિમ સંઘે સરકારના સહકારથી બે મહત્વની પ્રવૃત્તિઓ શરૂ કરી,

(૧) વેડછીમાં મળેલા ૧૯૬૦ના વાર્ષિક સંમેલનમાં સંઘે ગુજરાતની પ્રતીક શાળા તેમજ અધ્યાપન મંદિરોનું મૂલ્યાંકન કરવા મૂલ્યાંકન સમિતિ રચી. બધુ મળીને ૧૮૧ સંસ્થાઓની પ્રત્યક્ષ મુલાકાત લઈ વ્યવસ્થિત મૂલ્યાંકન અહેવાલ તૈયાર કર્યો. એ અરસામાં ગુજરાત સરકારે બૈઝીક એજ્યુકેશન બોર્ડ રચી એમાં મુખ્યત: નઇતાલિમ સંઘના અગ્રણીઓને બોર્ડના સભ્યો તરીકે નીમેલા ગુજરાત નઇતાલિમ સંઘની મૂલ્યાંકન સમિતિની મહત્વની ભલામણો તો સરકારે સ્વીકાર કર્યો. અને એ દિશામાં પ્રત્યક્ષ કાર્યની શરૂઆત ધનિષ્ઠ નઈતાલિમ યોજના સંઘે તૈયાર કરી. ખાદી ગ્રામોદ્યોગ કમીશને આ યોજનાની ૧૯૬૪થી આર્થિક જવાબદારી ઉપાડી લઇ દર વર્ષે લગભગ ૭૫૦૦૦)નું બજેટ મંજુર કર્યું આ યોજનાને સરકારે મંજુર રાખી, જીલ્લા શિક્ષણ સમિતિઓને પરિપત્ર મોકલી ગુજરાત નઈતાલિમ સંઘને આ કાર્યમાં સંપૂર્ણ મદદ આપવા સરકારે આદેશ આપ્યો. સંઘે ૧૫–૧૬ જીલ્લાઓમાં માર્ગદર્શકો રોકી લીધા અને શિક્ષકોના વણાટ–પિંજણ–મોઢિયા વર્ગો શરૂ કર્યા. આ યોજનાનું સંચાલન દફતર કરાડી રાખેવામાં આવ્યું. આ યોજના અનુસાર નઇ તાલિમ શાળાઓમાં નીચે પ્રમાણે મુળભુત ફેરફાર શરૂ થયા.

(૧) શાળા દરમ્યાન વિદ્યાર્થીઓ કાંતે તેની ખાદી એમને જ આપી દેવાની વ્યવસ્થા થઇ. વિદ્યાર્થીઓ આમ સ્વાવલંબી થતા ગયા.

(૨) વિદ્યાર્થીઓ પોતાના રેંટિયા કરી શકે એ માટે સસ્તા રેંટિયાની યોજના સરકારે મંજુર કરી, વિદ્યાર્થીઓને રેંટીયાની ખરીદીમાં ૩૦ થી ૪૦ ટકા સહાય આપવાનું ઠરાવ્યું.

(૩) તુનાઇની પદ્ધતિ બાળકો માટે બહુ કાર્યક્ષમ ન નીવડી એટલે હાથપિંજણ મોઢિયા દાખલ કરવામાં આવ્યા.

આ ત્રણ પ્રવૃત્તિઓ શરૂ થતાં વિદ્યાર્થીઓનું સૂતર સુધરવા માંડ્યું અને બાળકોને પોતાની સૂતરની ખાદી મળતાં કેટલેક અંશે તેઓ વસ્ત્ર સ્વાવલંબી થતા ગયા. ૧૯૬૪ થી ૧૯૬૮ના ડીસેંબર સુધી આ યોજના દ્વારા—

(૧) ૧૦૧૨૦ રેંટિયા વિદ્યાર્થીઓએ પોતાના કરી લીધા.

(૨) ૩૦૨૩૪ વિદ્યાર્થીઓએ પોતાના સુતરમાંથી ૪૦૬૧૪ મીટર ખાદી અને ૧૫૨૬૭ નંગ તૈયાર કપડા લીધા જેની કિંમત ૯૪૩૯૯–૪૨ થઇ.

(૩) ૨૮૫ શાળાઓએ પિંજણ મોઢિયા વસાવી લીધા.

(૪) ૭૧૮ શિક્ષકોને પિંજણ મોઢિયા તાલીમ મળી તેમજ ૨૫૮ શિક્ષકોને વણાટ ઉદ્યોગની વિશેષ તાલીમ મળી.

ગુજરાત નઈતાલિમ સંઘે સરકારની માધ્યમિક શિક્ષણની કક્ષાએ પણ નઈતાલિમના ઉત્તર બુનિયાદી વિદ્યાલયોની યોજના તૈયાર કરી તેને સરકાર પાસે મંજૂર કરાવી તેનું અભ્યાસ ધોરણ એસ.એસ.સી. સમકક્ષ મંજૂર કરાવી દીધું.

૧૯૬૮ના ડીસેંબર સુધીમાં ગુજરાતમાં લગભગ ૭૦ જેટલાં ઉત્તર બુનિયાદી વિદ્યાલય શરૂ થઇ ગયા છે. એમાં લગભગ ૨૫૦૦ ઉપરાંત વિદ્યાર્થી ભાઈ–બેનો માધ્યમિક કક્ષાની નઈતાલિમ લઈ રહ્યા છે

ઉત્તર બુનિયાદી વિદ્યાલયની સંખ્યા વધવા માંડી એટલે ગુજરાતમાંની સણોસરાની લોકભારતી તેમજ અમદાવાદની ગુજરાત વિદ્યાપીઠ ઉપરાંત ઉચ્ચશિક્ષણ તેમજ અનુસ્નાતક શિક્ષણ માટે ૧૯૬૭માં વેડછીમાં ગાંધી વિદ્યાપીઠ શરૂ થઈ તેમજ ૧૯૬૮માં મહેસાણા જીલ્લામાં સરસ્વતિ વિદ્યાપીડ શરૂ થઈ.

બાળમંદિરોની દિશામાં પણ ગુજરાત નઈતાલીમ સંઘના માર્ગદર્શન હેઠળ બુનિયાદી તાલીમની શરૂઆત ગુજરાતમાં થઇ ગઇ છે. બાળવાડીઓ સંખ્યાબંધ શરૂ થતી જાય છે. દર વર્ષે મે માસમાં ગુજરાત નઈતાલિમ સંઘ ૧૫ દિવસનો બાળવાડી શિબીર ચલાવી સેંકડો બાળ શિક્ષક–શિક્ષિકાઓને પૂર્વ બુનિયાદીની યોગ્ય તાલિમ આપ્યા જ કરે છે. બાળકોનો સ્વભાવ જન્મથી જ ક્રિયાશીલ છે એટલે જુગતરામભાઇએ ગીજુભાઇની બાળક ભક્તિને નઇ તાલિમનો વળાંક આપી, બાળકોને જીવનવ્યવહારોના નાના નાના કામો જાતે કરવાની દિશામાં નાના ઉદ્યોગો અને નાની પ્રવૃત્તિઓની તાલિમ આપવા માંડી છે બાળવાડી શિબીરોમાં આવી જ તાલિમ શિક્ષક-શિક્ષિકાઓને અપાઇ છે.

આ રીતે ગુજરાતમાં ૩૦ વર્ષથી શરૂ થયેલી નઈ તાલિમે ગુણવત્તાની બાબતમાં તેમજ તેનો વિસ્તાર કરવામાં બીજા રાજ્યો કરતાં ઠીક ઠીક આગળને આગળ પગલાં ભર્યા છે. ગુજરાત નઈતાલિમ સંઘે તેમજ ગુજરાતની નાની મોટી નઇતાલિમ સંસ્થાઓએ પણ આ કામનું મહત્ત્વ સમજી નિત્ય નવીન પ્રગતિ કરવાની જાગૃતિ સતત ચાલુ રાખી છે, એ ગુજરાતનું સદ્ભાગ્ય છે. શતાબ્દિના આ વર્ષમાં હજી પણ આ કાર્ય વધુને વધુ આગળ વધારવામાં આવશે. ગુજરાત સરકારની હૂંફથી જીલ્લા શિક્ષણ સમિતિઓએ પણ શતાબ્દિના નઇતાલિમ વિશેષ કાર્યક્રમો અમલમાં મૂકવા માંડયા છે





# ગુજરાતની લોક સંસ્કૃતિના પ્રતીકો અને લગ્નના રીતરિવાજો

—શ્રી જોરાવરસિંહ જાદવ

## લોકસંસ્કૃતિનું પ્રતીક કળામય કંકાવટી

ગુજરાતના ગરવા લોકજીવન સાથે અનેક કલાત્મક ચીજો સંસ્કાર સ્વરૂપે ઓતપ્રોત થયેલી જોવા મળે છે. લોકસંસ્કૃતિનું એવું એક પ્રતીક તે કંકાવટી.

કંકાવટી શબ્દ 'કુંકુમવાટિકા' પરથી ઊતરી આવ્યો હોય એમ માનવાને કારણ છે કંકાવટી એટલે કંકુ રાખવાની વાટકી એમ કહી શકાય. કંકુનો ઉપયોગ શુભ પ્રસંગે થાય છે. કંકુ ઘોળવા માટે ઉપયોગમાં લેવાનું નમણું સાધન તે કંકાવટી.

કંકાવટીનો ઉદ્‌ભવ પણ કંકુ વપરાશની શરૂઆત જેટલો પ્રાચીન છે. આ રિવાજની સાંકળ છેક ઋગ્વેદ સુધી લંબાવી શકાય તેમ છે.

શરૂઆતમાં કંકાવટીના નમૂના આજના જેટલા કળામય અને વિશિષ્ટ પ્રકારના નહિ હોય, પણ ક્રમેક્રમે તેમાં કળાનાં તત્ત્વોનો આવિષ્કાર થયો હશે.

### લોકજીવનમાં કંકાવટી

ગુજરાતને ગામડે ઘેરઘેર કંકાવટી જોવા મળે છે. મોટે ભાગે દરેક કોમમાં શુભ પ્રસંગે વૈવિધ્યસભર કંકાવટીઓનો વપરાશ જોવા મળે જ છે.

કંકાવટી સોની, સુથાર અને સંઘાડિયા કોમની નમણી કળાનું પ્રતિનિધિત્વ ધરાવે છે. સુથાર અને સંઘાડિયા સંઘેડા પર લાકડું ચડાવીને કળામય કંકાવટીઓના અવનવા આકર્ષક ઘાટ ઉતારે છે. અને તેના પર રૂપાળા લાલ, પીળા રંગો ચડાવીને નયનરમ્ય બનાવે છે. ગામડામાં સામાન્ય રીતે લોકો લાકડાની કંકાવટીઓ વાપરે છે. વિવિધકોમની ચતુર અને કળાપારખું યુવતીઓ રંગબેરંગી ચળકતા મોતીથી કંકાવટીને મઢે છે.

સોની લોકો ચાંદીમાંથી અનેક પ્રકારની આકર્ષક કંકાવટીઓ બનાવે છે. લાકડાની કંકાવટીઓ મોટે ભાગે ઉપરથી ખુલ્લી હોય છે, જ્યારે ચાંદીની કંકાવટી પર સુંદર મજાનું ઢાંકણ હોય છે અને બાજુમાં ચોખા રાખવા માટે નાનકડી રકાબી હોય છે. તેની નીચે નાનકડા ત્રણ પાયારૂપી બેઠક હોય છે. કંકાવટીની બાજુમાં સીંગોવાળી પાંદડીઓ અને ફૂલો હોય છે. ધનિક લોકો સોનાની મોતી જડેલી કંકાવટીઓ પણ વાપરે છે.

પ્રાચીન કાળમાં વપરાતી કંકાવટીઓના અદ્‌ભુત નમૂના આજે પણ ઉપલબ્ધ થાય છે. રાજપૂત રાજાઓના રાજ્યાભિષેક વખતે તેઓની માતા અથવા બહેન સુવર્ણથાળમાં કંકાવટી મૂકીને તિલક કરે છે, છાંટણા નાખે છે અને ચોખાથી વધાવે છે. વીર યોદ્ધાઓને સમરાંગણમાં જતાં પહેલા તેમની બહેની કુંકુમતિલક કરે છે.

### કંકાવટીનો ઉપયોગ

લગ્ન જેવા શુભ પ્રસંગે કંકાવટીનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં થાય છે. તેથી લોકજીવનની જેમ લોકગીતોમાં પણ તેણે અનોખું સ્થાન મેળવ્યું છે. આ રહ્યું લગ્ન પ્રસંગે ગવાતું ગીત :

કંકુ છાંટી કંકોતરી મોકલે,
કોડે કહાવે સુભદ્રા બહેની;
વીરા વહેલા આવજો.
દેવ દુંદાળાને લાવજો,
એ છે પાર્વતીનો પુત્ર.

બીજું ગીત જોઈએ:—

માંડવડે કંઈ ઢોળોને બાજોઠી,
કે કંકુ ઘોળી લ્યો કંકાવટી;
બોલાવો રે સહુ સાજન સ્નેહે કે,
શોભે માંડવ બેઠા લખપતી.

એવા જ બીજા ગીતમાં કંકાવટીનું સ્થાન બતાવ્યું છે. કંકોતરી લખવા માટે પણ મુહૂર્ત જોવરાવાય છે અને કંકાવટીને બાજોઠીની જમણી બાજુ મૂકવામાં આવે છે.

માંડવડે કંઈ ઢાળોને બાજોઠી
કે જમણી મેલોને કંકાવટી,
તેડાવો રે કંઈ જાણપરના જોષી
કે આજ મારે લખવી છે કંકોતરી.

લગ્ન પ્રસંગે ગણેશપૂજા, ગોત્રજપૂજા, ઊકરડી, ચાકડો તથા મંડપ, મામેરું, દહેજ વધાવવા અને વરરાજાને પોંખવા સામૈયું કરવા માટે કંકાવટીનો ઉપયોગ થાય છે.

### વ્રત પ્રસંગે

ગામડાની કુંવારી કન્યાઓ અને યુવતીઓ ધામધૂમથી અનેક વ્રતોની ઉજવણી કરે છે. વડપૂજન જેવા વ્રતની ઉજવણી પ્રસંગે કન્યાઓ થાળીમાં કંકુઘોળી કંકાવટી, દીવડો, સોપારી, કાચું સુતર, પૈસો અને કમળકાકડી વગેરે લઈને વડની પૂજા કરે છે. કુંકુમના છાંટણાં નાખે છે.

તુલસીપૂજન કરતી નારીઓ પણ તુલસીને કુંકુમનાં છાંટણાં નાખીને તેની આરાધના કરે છે. સ્ત્રીઓના સીમંત પ્રસંગે પણ કંકાવટીનો ઉપયોગ થાય છે. પેટમાં ૪-૬ માસના બાળકવાળી ભરવાડણ માતાઓ પરસ્પર એકબીજાના પેટ પર ચાંલ્લા કરીને સગાઈ નક્કી કરે છે ત્યારે પણ કંકાવટીનો ઉપયોગ તો થાય જ છે.

અખાત્રીજના દિવસે ખેડુતો મુહૂર્ત કરવા નીકળે તે પહેલાં બળદને અને પોતાને ચાંલ્લા કરે છે. કંકાવટીમાં બોળેલાં કંકુવાળા દોરા બાંધે છે અને અખાત્રીજ ઊજવે છે.

**કરિયાવરમાં કંકાવટી**

લગ્ન બાદ એકાદ વર્ષે કન્યાનું આણું કરવામાં આવે છે. ત્યારે કરિયાવરમાં જીવન જરૂરિયાતની અનેક ચીજ વસ્તુઓની સાથે ખાસ યાદ કરીને સૌભાગ્યના પ્રતીક સમી કંકાવટી પણ આપવામાં આવે છે કન્યા રોજ સવારે ઊઠીને કંકાવટીમાંથી ચાંદલો કરે છે. પિતા શક્તિ અનુસાર કરિયાવર કરે છે. સારી સ્થિતિ હોય તો ચાંદી કે સોનાની કંકાવટી કરાવી આપે છે, નહિતર પ્રેમાળ પિતા લાડલી પુત્રીને મોતીથી મઢેલી આકર્ષક કંકાવટી આપે છે. કરિયાવરમાં આવેલી કંકાવટી કન્યાને પિયરની યાદ હંમેશને માટે આપે છે.

આ રિવાજ ગુજરાત, સૌરાષ્ટ્ર અને રાજસ્થાનના રજપૂતો અને કણબી પટેલમાં વિશેષ જોવા મળે છે.

લોક-સંસ્કૃતિના પ્રતીક તરીકે પ્રાચીન પરંપરાથી ઊતરી આવેલી કંકાવટીએ આજે પણ પોતાનું આગવું સ્થાન યથાવત્ જાળવી રાખ્યું છે, એજ એની વિશિષ્ટતા છે. તેમ છતાં દિનપ્રતિદિન પ્રગતિના પંથે પ્રયાણ કરતો લોકસમાજ આવા સાંસ્કૃતિક પ્રતિકોને વિસરવા લાગ્યો છે ત્યારે આ પ્રતિક પણ વહેલું મોડું સમાજ-જીવનમાંથી લુપ્ત થાય તેવી શકયતાઓ નકારી શકાય તેમ નથી. એ વખતે લોકજીવનમાંથી અદૃશ્ય થયેલી કંકાવટીની યાદ માત્ર સાહિત્ય જ આપશે.

## પામરી મારી પચરંગી

કેટલીક કલાત્મક ચીજવસ્તુઓએ આપણા લોકજીવનમાં વિશિષ્ટ સ્થાન મેળવ્યું છે, તેમાંની એક છે પામરી. પોતાના નયનરમ્ય રંગોને લઈને પામરી લોકસંસ્કૃતિનું પ્રતીક બની છે.

પામરી અમદાવાદ, સુરત, જામનગર, કચ્છ વગેરે શહેરોમાં બનાવવામાં આવે છે. તેની લંબાઈ-પહોળાઈ ૧ વાર-૧ વારથી માંડીને ૧ ફૂટ-૧ ફૂટ સુધીની હોય છે. સાચા મુલાયમ રેશમના તાણાવાણા નાંખીને તે તૈયાર કરવામાં આવે છે હળવી ફૂલ જેવી પામરીને મસ્તીખોર વાયરો પણ આપણા હાથમાંથી ઉડાડી મુકે છે.

તેના નયનરમ્ય આકર્ષક રંગોએ લોકહૈયા પર કામણ કર્યું છે. ફરતી કિનારીએ આવેલો લીલો રંગ, વચ્ચે પીળા રંગનો પટ્ટો અને અંદર ઘેરા ગુલાબી રંગ આગળ મેઘધનુષ્યના રંગો પણ ઝાંખા લાગે છે. ગુલાબી રંગમાં બાંધણીની જેમ લીલા-પીળા રંગના દાણા પામરીને વધુ આકર્ષક બનાવે છે.

આજે તો પામરીનો વપરાશ ઓછો થતો જાય છે, પણ પ્રાચીન સમયમાં યૌવનને આંગણે પ્રવેશતા જુવાનડાઓ અને અલ્લડ યુવતીઓ પામરી પાછળ પોતાનું દિલ દઈ બેસતાં. પ્રેમિકાને પ્રેમના રૂપાળા પ્રતીક તરીકે મધુર ફોરમ રેલાવતું અત્તર છાંટીને પામરીની ભેટ અપાતી. મેળામાં પામરી પહેરીને જુવાનડાઓ મહાલતા. ગામની રાણીઓ તો વળી પામરીને ઘમ્મર ઘૂઘરિયો પણ ટાંકતી. અને વડલા નીચે, નદી-સરોવરને કાંઠે, ચાંદની રાતે, ચોરીછૂપીથી પિયુને ભેટ આપતી.

લગ્ન જેવા મંગલ પ્રસંગે અને ધાર્મિક મહોત્સવ વેળા પામરી કેમ ભૂલાય? વરરાજા પામરીને તલવાર સાથે બાંધે છે, ચંદેરી પાઘડીમાં બાંધે છે અથવા ખિસ્સામાં છેડો લટકતો રાખીને મૂકે છે. જમાઈ ને પોંખતી વખતે સાસુ ખભે પામરી નાંખીને પોંખે છે.

જન્માષ્ટમી જેવા તહેવારો તથા મેળામાં રાસગરબીની રમઝટ બોલાવતા જુવાનડાઓ હાથે પામરી બાંધીને વધુ રંગીલા દેખાવા પ્રયત્ન કરે છે.

ગામડામાં મુખી હોય છે. મુખી હંમેશા પાઘડીમાં પામરી બાંધે છે. એટલે પાઘડીમાં પામરી બાંધી હોય તે મુખી જ ગણાય છે. આજે આ રિવાજ ઓછો જોવા મળે છે.

જન્મેલા બાળકને તેનાં સગાંસંબંધી બોલાવવા માટે જાય છે ત્યારે રૂપિયો, નાળિયેર અને પામરી આપે છે, બાળકને ગળે બાંધે છે. તેને 'પામરી ઓઢાડવા જવું' એમ કહેવાય છે.

બાળકના વાળ ઉતરાવે ત્યારે તેના માથે પામરી બાંધે છે. માતાની પૂજામાં પણ પામરી વપરાય છે. ચંડીપાઠ વખતે નાળિયેર પામરીમાં વીંટીને હોમવામાં આવે છે.

લોકહૈયાએ પામરીને રંગરંગીલી રૂપાળી પામરી, છબીલી પચ-રંગી પામરી; વ. અનેક રૂપાળાં વિશેષણોથી લોકગીતોમાં લડાવી છે. લગ્ન વખતે સેવપાપડ વણતાં આ ગીત ગવાય છે:

> તાણો તે તાંણ્યો ભાલમાં
> હાંજી વાંણો વણ્યો ગુજરાત,
> છબીલી પામરી રે.
> આપણી નગરીમાં આવડો શો શોર ?
> કોઇ કહે રાણો ને કોઇ કહે રાજિયો.
> હાંજી કોઇ કહે ગુજરાતનો રાય.
> નહીં રે રાણો નહી રાજિયો
> હંજી નહીં રે ગુજરાતનો રાય.
> કુંવર આવે...દેવના.
> છબીલી પામરી.

ફુલેકા વખતે ગીત ગવાય છે, તેમાં પણ પામરીનો ઉલ્લેખ જોવા મળે છે. તેમાં પામરીનાં મૂલ પણ કેવાં થાય છે!

> માસે છ માસે કાંતું કાંતણું
> છ મહિને કાંતું શેર.
> છબીલી પામરી.
> એક લાખે તે વાપરી પામરી.
> આવી રહી છે આકરૂ ગામને ચોરે,
> છબીલી પામરી.
> આપણે ચોરે કયા ભાઇનાં બેસણાં
> આપણે ચોરે બળવંતભાઇનાં બેસણાં.
> વીર કરજો પામરિયુનાં મૂલ રે,
> છબીલી પામરી.

હાથ ભરામણુ એને હાથીડા,
ગજ ભરામણુ એને ગામ.
છબીલી પામરી.

સિંધ દેશના સુમરાની કથા લઈ આવતા આ લોકગીતમાં પામરીનો ઉલ્લેખ મળે છે :

આવી આવી સુમરાની જાન,
નણંદભોજાઇ પાણી સંચર્યાં મોરા રાજ.
બેડાં મૂક્યાં સરોવરિયા પાળ,
ઈંઢોણી વળગાડી ચંપા કેવડે મોરા રાજ.
આવી આવી સુમરાની જાન,
ઘડો ભરીને પાણી પી ગયા મોરા રાજ.
નણદલ મોરા સુમરાને જાવ,
સુમરો ઓઢાડે પામરી મોરા રાજ.
નણંદબાને ચટકે ચડિયેલ રીસ,
બેડલાં ઉપાડી ઘેર આવ્યા મોરા રાજ.
માતા મોરા બેડલિયાં ઉતરાવો રે,
છાતી રે ફાટે ને ધરતી ધમધમે મોરા રાજ.
દીકરી મારી કોણે દીધી ગાળ,
ભાભી મેવાસી મેણાં બોલ્યાં મોરા રાજ.
વીરા મારા સાંઢણી શણગાર,
મારે જાવું સુમરાના દેશમાં મોરા રાજ.
દાસી મારી દીવલડો અજવાળ,
મારે જાવું સુમરાને દેશ મોરા રાજ.
આવ્યો આવ્યો સુમરાનો દેશ,
રતના રાયકા સાંઢણી ઉભી રાખ;
આવ્યો આવ્યો સુમરાનો દેશ,
સુમરે ઓઢાડી લીલી પામરી મોરા રાજ.

તરસ્યા સુમરાને નણંદે પાણી પાયું–ભાભીએ મહેણું માર્યું : ‘સુમરા પ્રત્યે હેત હોય તો એને જ વરોને!’ નણંદને કારી ઘા વાગ્યો. સાંઢ સાબદી કરીને સિંધમાં ગઈ. અને સુમરાને હકીકતથી વાકેફ કર્યો સુમરાએ એને લીલી પામરી ઓઢાડી અને પોતાની પત્ની તરીકે સ્વીકારી લીધી.

આ પરથી ફલિત થાય છે કે, પુરુષ સ્ત્રીને અપનાવવા માગતો હોય તો તેને પામરી ઓઢાડતો. પામરી ઓઢાડયા બાદ સ્ત્રી તેની પત્ની બની જતી. આ રિવાજ લોકજીવનમાં અસ્તિત્વમાં હશે એમ આ ગીત સાક્ષી પૂરે છે.

આમ પામરીએ લોકજીવનમાં અમૂલું સ્થાન મેળવ્યું છે, પણ આજે દિનપ્રતિદિન લોકસંસ્કૃતિના પ્રતિકને લોકહૈયાં વિસરવા માંડયાં છે.

## ત્રાંબાકુંડી

‘ત્રાંબા કુંડી નવ ગજ ઊંડી,
તે ઘર બે'ની પરણજે રે.’

નાચતીકૂદતી ગભરુ બાળા યૌવનના આંગણે પગ મૂકે છે ત્યારે સંસારસાગરમાં જીવનનૈયા હંકારતી સરખી સાહેલીઓ તેને શિખામણ આપે છે, ‘હે બે'ની! તું લગ્ન માટે એવો વર અને એવું ઘર પસંદ કરજે જ્યાં ધનની છોળો ઊડતી હોય. ઊંડી ત્રાંબાકુંડીમાંથી પાણી ખૂટતું નથી તેમ મોટા ઘરમાંથી સમૃદ્ધિવૈભવ ઓછો થતો નથી.’

### લોકસંસ્કૃતિનું પ્રતિક

ત્રાંબાકુંડી લોકજીવનમાં તાણાવાણાની પેઠે વણાઇ ગયેલી છે. તેથી જ લોકસંસ્કૃતિમાં તે આગવું સ્થાન જમાવીને બેઠી છે. ગુજરાતના કોઇ પણ ગામડે જઈ ચડો તો તમને એક પણ ઘર એવું નહીં મળે કે જ્યાં ત્રાંબાકુંડી ન જોવા મળે.

ત્રાંબાકુંડી નામ તામ્રકુંડ પરથી ઊતરી આવ્યું હોય એમ લાગે છે. તાંબાનું નાનકડું વાસણ, જે અર્ધગોળાકાર અને નીચે બેઠકવાળું હોય છે બન્ને બાજુ પકડવા માટેનાં કડાં હોય છે. કેટલીક વાર ત્રાંબાકુંડી પિત્તળની પણ જોવા મળે છે.

**ન્હાવા માટે :** ત્રાંબાકુંડી નહાવાં માટે વપરાય છે. આજે તેનું સ્થાન ડોલોએ લીધું છે પણ પ્રાચીન સમયમાં ત્રાંબાકુંડી એ ન્હવા માટેનું કલાત્મક વાસણ ગણાતું. જ્યારે મહેમાન આવે ત્યારે નાવણ તો ત્રાંબાકુંડીમાં જ અપાતું.

**કરિયાવરમાં :** સૌરાષ્ટ્ર અને ભાલપ્રદેશમાં કોઈપણ જ્ઞાતિના માણસને ઘેર ત્રાંબાકુંડી તો હોવાની જ. કન્યા સાસરે જાય ત્યારે કરિયાવરમાં અન્ય વસ્તુઓની સાથે ત્રાંબાકુંડી ખાસ યાદ કરીને આજે પણ અપાય છે.

ત્રાંબાકુંડીનું લોકજીવનમાં મહત્ત્વનું સ્થાન છે તેની પાછળ આયુર્વેદની દૃષ્ટિ પણ સમાયેલી છે. શરીરને ત્રાંબા જેવું નીરોગી બનાવવું હોય તો તાંબાના લોટામાં ભરી રાખેલું પાણી પીવામાં આવે છે, તેમ ત્રાંબાના વાસણમાં ભરેલા પાણીથી નહાવાથી અનેક શારિરિક ફાયદાઓ થાય છે.

**કળાકારીગરી :** આમ લોકસંસ્કૃતિમાં જેનું સ્થાન આટલું મહત્ત્વનું હોય છે તે લોકગીતોમાં કેમ ન હોય! ગુજરાતનાં લોકગીતોમાં અનેક જગ્યાએ ત્રાંબાકુંડીના ઉલ્લેખો મળે છે.

## રામણ દીવડો

કળાત્મક વસ્તુ કોને ન ગમે? લોકજીવનમાં સામાન્ય વસ્તુને પણ કળામય ઘાટ આપીને આકર્ષક રીતે વાપરવાની ચતુરાઈ જોવા મળે છે, અને તેથી ગુજરાતને ગામડે ગામડે લગ્નસમયે વપરાતો રામણદીવડો આપણી લોકસંસ્કૃતિનું પ્રતીક બનીને બેઠો છે.

### દીવડાની રચના

સામાન્ય રીતે ગીલેટવાળા ચકચકિત પાતળા પતરામાંથી રામણદીવડો ઘડવામાં આવે છે. તેની લંબાઇ–પહોળાઈ ૧ ફૂટ×૧ ફૂટ જેવડી હોય છે. કેટલીક વાર થોડો મોટો પણ જોવા મળે છે. ઉપરના ભાગમાં મધ્યમાં આંકડો વળેલો હોય છે. નીચે મધ્યમાં સાડું હોય છે. કેટલીક વાર આવા ૩ સાડાં પણ હોય છે. તેમાં દીવડો પ્રગટાવવામાં આવે છે.

દીવડાની મધ્યમાં મંગલચિહ્ન સમો સાથિયો હોય છે. દીવડા પર ગુલાની અને લીલો રંગ પણ જોવા મળે છે. તેના પર વરકન્યા

શુભેચ્છા પાઠવે છે

## શ્રી વરતેજ વિ. વિ. કા. સહ. મં. લી.

### મુ વરતેજ

| ( તાલુકો-ભાવનગર ) | | ( જિલ્લો-ભાવનગર ) | |
|---|---|---|---|
| સ્થાપના તારીખ : | ૩૦-૩-૫૭ | નોંધણી નંબર : | ૧૯૮૨ |
| શેરભંડોળ : | ૩૪૮૫૦-૦૦ | સભ્ય સંખ્યા : | ૧૧૪ |
| અનામત ફંડ : | ૧૨૫૭૦-૦૦ | ખેડૂત : | — |
| અન્ય ફંડ : | ૫૮૫-૦૦ | બીનખેડૂત : | — |

**સરતાનજી આણંદસિંહ ગોહિલ** — મંત્રી
**રામસિંહ સારાભાઇ ગોહિલ** — પ્રમુખ

આ મંડળી ખેડૂત તથા બીનખેડૂત સભાસદોને ટૂંકી મુદત મધ્યમ મુદત અને મર્કેટીંગ ધીરાણ કરે છે. સહકારી હાટ ચલાવે છે. જીવન જરૂરીયાતની તમામ વસ્તુઓનું વેચાણ કરે છે. તેમજ ખેતી ઉપયોગી વસ્તુઓ વિ. નું કામકાજ કરે છે.

શુભેચ્છા પાઠવે છે

## શ્રી મેથી વિવિધ કાર્યકારી સ. મં. લી.

### મું. મેથી

| ( તાલુકો-કરજણ ) | | ( જિલ્લો-વડોદરા ) | |
|---|---|---|---|
| સ્થાપના તારીખ : | ૬-૩-૧૯૫૯ | નોંધણી નંબર : | ૧૭૨૩ |
| શેરભંડોળ : | ૩૪૬૫૦-૦૦ | સભ્ય સંખ્યા : | ૮૪ |
| અનામત ફંડ : | ૧૭૮-૮૧ | ખેડૂત : | — |
| અન્ય ફંડ : | ૬૩૮૪-૮૯ | બીનખેડૂત : | — |

**શાંતિભાઇ શંભુભાઇ** — મંત્રી
**દેસાઇભાઇ બેચરભાઇ પટેલ** — પ્રમુખ

**વ્ય. ક. સભ્યો**—(૧) પા. દેસાઇભાઈ બેચરભાઈ (૨) પા. રણછોડભાઇ પરશોતમભાઇ (૩) પા. નાગજીભાઈ નાથાભાઈ (૪) પા. નારણભાઇ મથુરભાઈ (૫) પા. અંબાલાલ છોટાભાઈ.

**અન્ય નોંધ**—ખેડૂતોને સસ્તા દરે ધીરાણ રકમ, ખાતર, દવા વગેરે માલ પૂરો પાડી દેશમાં અનાજ ઉત્પાદનમાં પોતાનો યત્કિંચિંત ફાળો આપે છે.

શુભેચ્છા પાઠવે છે

## શ્રી બોડા જૂથ સહકારી મંડળી લી.

### મુ. બોડા

| ( તાલુકો-મહુવા ) | | ( જિલ્લો-ભાવનગર ) | |
|---|---|---|---|
| સ્થાપના તારીખ : | ૩૦-૧૦-૫૦ | નોંધણી નંબર : | ૪૫૮ |
| શેરભંડોળ : | ૩૯૪૨૦-૦૦ | સભ્ય સંખ્યા : | ૩૪૪ |
| અનામત ફંડ : | ૮૨૦-૦૦ | ખેડૂત : | — |
| અન્ય ફંડ : | — | બીનખેડૂત : | — |

મંડળી નાણા ધીરધારનું કામકાજ કરે છે.

**ર. વ. વસાયા** પ્રમુખ

— વ્યવસ્થાપક કમિટિના સભ્યો —

(૧) બાધાભાઇ (૨) નાજાભાઈ સોમાતભાઈ
(૩) ભીખાભાઇ વસ્તાભાઇ ૪) વલ્લભભાઈ ઝવેરભાઈ

સુખી રહો એવું લખાણ પણ હોય છે.

### ઉદાત્ત ભાવના

રામણદીવડાનું અસલ નામ તો ઓળામણ દીવડો. પણ લોકબોલીમાં તે અપભ્રંશ થઈને રામણદીવડો થઈ ગયું છે. લગ્નપ્રસંગે કન્યાને સાસરે ઓળાવવામાં આવે છે ત્યારે રામણદીવડો સાથે આપવામાં આવે છે તેની પાછળની લોકહૈયાની ભાવના પણ કેવી ઉદાત્ત છે? કન્યાને રામણદીવડો આપવાનો અર્થ એવો થાય છે કે 'મારા ઘરનો દીવો, મારા ઘરનું અજવાળું તમને સોંપું છું. તે હવે તમારા ઘરમાં સંસ્કારોરૂપી અજવાળાં પ્રાથરશે.' એ ભાવનાના પ્રતીક રૂપ સંભારણું કન્યા સાથે અપાય છે. આ છે લોકહૈયાની ઉદાત્ત ભાવના. કેવી મધુર કલ્પના! કેવો નિરાળો લોકરિવાજ!

### લગ્નપ્રસંગે ઉપયોગ

અગ્નિની સાક્ષીએ લગ્નની ઉજવણી કરવાનો આર્યસંસ્કાર રામણદીવડા દ્વારા આજે પણ જળવાઈ રહ્યો છે. રામણદીવડાનો ઉપયોગ લગ્નપ્રસંગે કેવી રીતે શરૂ થયો હશે તે પણ જાણવું જરૂરી બની રહે છે. ગામડાઓમાં ગાડામાં જાન લઈને જવાનો રિવાજ પ્રચલિત છે. સામાન્ય રીતે જાન સાંજના સસરાપક્ષને ત્યાં પહોંચે છે. રાતના સામૈયું થાય છે. ચોરા આગળ સાસુ વરને પોંખવા માટે આવે છે ત્યારે માથે મોડિયો નાખે છે. અંધારું હોવાથી હાથમાં રામણદીવડો પ્રગટાવી લાવે છે. દીવડાના સાડામાં કપાસિયા પૂરે છે. અને કપડાની વાટ વણીને તેમાં તેલ પૂરીને દીવડો પ્રગટાવાય છે. ગામડાંઓમાં વીજળીનાં દીવાબત્તી હોતાં નથી એટલે પોંખતી વેળા વરરાજાનું મોં જોઈ શકાય તે માટે રામણદીવડાનો રિવાજ લોકપ્રચલિત બન્યો હોવાનું અનુમાન કરી શકાય છે.

### લગ્નનું મધુર સંભારણું

દરેક કન્યા પરણીને સાસરે આવે છે ત્યારે રામણદીવડો લઈ આવે છે. આ એક લોકરિવાજ છે. રામણદીવડો વર કન્યાને પોતાના લગ્નની મધુર યાદનાં સંસ્મરણો તાજાં કરાવે છે. આમ રામણદીવડો લગ્નની યાદ હંમેશને માટે જીવંત બનાવી રાખે છે.

સાસરે ગયેલી કન્યા પુત્રીઓની માતા બને છે ત્યારે તેમના લગ્નપ્રસંગે પોતે પિયરથી લઈ આવેલ રામણદીવડો લઈને જમાઈને પોંખે છે અને પુત્રીને નવો દીવડો ઓળાવતી વખતે સાથે આપે છે.

### લોકગીતોમાં દીવડો

લોકજીવનની જેમ લોકગીતોમાં પણ રામણદીવડાએ અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું છે. એવાં કેટલાંક લોકગીતો પર ઊડતો દૃષ્ટિપાત કરીએ. કન્યા સાસરે જાય છે ત્યારે દાદાને માંડવ સૂનો સૂનો લાગે છે.

વાળી વાળી દાદા પૂછે વાત,
આજ માંડવ કેમ અણુદૂરો રે;
દીવડો હતો વિમુબાને હાથ,
મેલીને ચાલ્યાં સાસરે રે.

વહુ વિના તો ઘરમાં અંધારું જ હોય ને! એટલે વેવાણને ગીત દ્વારા શિખામણ અપાય છે કે તારો કન્યારૂપી દીવડો અજવાળીને વહેલોવહેલો મોકલી આપ (જલદી જલદી લગ્ન લો), તો મારી ડેલીનું અંધારું દૂર થાય

ડેલીમાં કંઈ ઘોર અંધાર,
ઊઠય વેવાણ્ મેલ્ય દીવડો;
ચુલા ઉપર ચંદ્રમાનાં તેજ,
ઘંટી ઉપર તારોડિયાનાં તેજ.
ઊઠય પાપડ મેલ્ય દીવડો.

ગોરા બળવંતભાઈ રે ચાલ્યા દરબાર
કે રંગભર્યો ફૂલભર્યો દીવડો અજવાળજો

હાં હાં રે હમલી લીલી દાંડીનો ઝમરખ દીવડો.
હાં હાં રે હમલી દીવડીઆએ ઓરડીઆ અજવાળો.
,, ,, અજિતભાઈના ઢોલિયા ઢળાવો.
,, ,, હેમલતા વહુ વગર તેડયાં શીદ આવ્યાં.
,, ,, પાંતળિયા પગ ચાંપવાને આવ્યાં.
,, ,, થાળભર્યો સુખડ જમવાને આવ્યાં.
,, ,, આછા સાળુની સોડય લેવાને આવ્યાં.

આમ રામણદીવડો રંગભર્યો, ફૂલભર્યો, ઝમરખદીવડો વગેરે વિશેષણો રૂપી સાજ સજીને લોકજીવન અને લોકગીતોમાં અમર બન્યો છે.

## લોકસંસ્કૃતિનું પ્રતિક : માણેકસ્થંભ

આજની લગ્નપ્રથા એ આપણને વારસામાં મળેલી આર્ય સંસ્કૃતિની આગવી ભેટ છે. હિંદની 'સુજલામ્ સુફલામ્' ભૂમિ પર આવીને વસેલાં આર્યોની લગ્ન સંબંધી ભાવના વિશેની પ્રાચીનતમ હકીકતો દુનિયાના સૌથી પુરાણા કહી શકાય એવા વેદોમાંથી સાંપડે છે. સમાજની એ બાલ્યવસ્થામાં પણ લગ્ન એક સામાજિક સંસ્થાનાં સ્વરૂપમાં સ્થાપિત થયેલું હતું.

આજે લગ્નપ્રસંગે ગણેશ અને ગોત્રજની સ્થાપના, મંડપારોપણ ઉકરડી નોતરવી, જડવાસવી, પીઠી ચોળવી, મીંઢળ બાંધવું, ચોરીએ ચડવું, દોરે રમવું, કૂલેકું ફેરવવું, માયરા કરવા વગેરે જે વિશિષ્ટ પ્રકારની વિધિઓ કરવામાં આવે છે એવી જ એક સુંદર વિધિ લગ્નપ્રસંગે માણેકસ્થંભ રોપવાની છે. મંડપારોપણ વખતે જેનાથી શુભ આરંભ કરવામાં આવે છે એવો આ માણેકસ્થંભ મૂળ તો પ્રસંગ નિર્વિઘ્ને ઉકેલાય એવા ઉદ્દેશથી, પ્રજાપતિ બ્રહ્માના પ્રતિક સ્વરૂપે સ્થાપવામાં આવે છે.

માણેકસ્થંભ રોપવાની પ્રથા ક્યારથી આરંભાઈ હશે તે વિશે સ્પષ્ટ નિર્ણય પર આવી શકાય તેમ નથી. ઇતિહાસના ઓવારે ઊભા રહીને વેદો પર દૃષ્ટિપાત કરશું તો જણાશે કે, ઋગ્વેદ અને અથર્વવેદમાં લગ્નનાં જે મંત્રો મળે છે એ, એ વખતના લગ્નના રીતરિવાજો પર છૂટોછવાયો પ્રકાશ પાથરે છે. વેદના સમયમાં લગ્ન એ આજના જેવાં અનેક પ્રકારની રૂઢિઓથી વીંટળાયેલો પ્રસંગ ન હતો. શ્રી મંડલિક કહે છે તેમ "એ વખતનો લગ્નનો વિધિ સીધો સાદો અને હાલ તે તેવો બાહ્ય ચિહ્નો વિનાનો હતો."* આ પરથી એટલું તો સ્પષ્ટ થાય છે કે લગ્ન એ આજની જેમ પ્રાચીન સમયમાં પણ મંગળ પ્રસંગ મનાતો. અત્યારે લગ્નની આસપાસ રૂઢિઓનાં જે વળગણો

*શ્રી ગો. મા. ત્રિપાઠીકૃત marriage Forms under Ancient Hindu law ના મૂકેલું અવતરણ......પૃષ્ઠ. ૪.

લાગેલા છે તે એ સમયે નહોતા. ઋગ્વેદના જે મંત્રો પરથી લગ્નવિધિ- ઓ જાણી શકાય છે તેમાં કયાંય મંડપારોપણ કે માણેકસ્થંભની સ્થાપનાનો ઇશારો સરખો જોવા મળતો નથી.

"વેદ પછીનો સૌથી વિશેષ ધ્યાન ખેંચનારો સમય તે મહાભારતનો છે. રામાયણ અને મહાભારત એ આપણા દેશના મહાકાવ્યો (epic) છે. એ સમયે હિંદમાં વસતા આર્યોમાં લગ્ન એક સામાજિક સંસ્થા તરીકે સ્થાન મેળવી ચૂકયું હતું."° આ બંને મહાકાવ્યો એ સમયના સમાજની ખૂબ જ ઝીણવટભરી માહિતી આપે છે. તેમાં વર્ણવવામાં આવેલ લગ્નપ્રથા અને વિધિઓમાં પણ કયાંય માણેક–સ્થંભનો ઉલ્લેખ જોવા મળતો નથી.

આપણા ધર્મશાસ્ત્રના ગ્રંથોમાં ગૃહ્યસૂત્ર તથા ધર્મસૂત્ર સૌથી પ્રાચીન છે. આ સૂત્રો એ સમયની લગ્નવ્યવસ્થા અને લગ્નવિધિઓ અંગે ખૂબજ ઝીણવટભરી માહિતી આપે છે. ગૃહ્યસૂત્રના સ્તોત્રો અને શ્લોકોમાં હિંદુ લગ્નવિધિઓનું ખૂબ જ વિસ્તારથી વિવેચન કરવામાં આવ્યું છે. તેમાં પણ માણેકસ્થંભની વિધિ અસ્તિત્વમાં હોવાનો નિર્દેશ મળતો નથી. ત્યારબાદ રચાયેલી શ્લોકાત્મક સ્મૃતિઓમાં પણ માણેકસ્થંભ વિશે કંઇ જાણી શકાતું નથી એટલે માણેકસ્થંભ રોપવાનો વિધિ ખૂબ મોડો મોડો દાખલ થયો હશે એમ કહી શકાય. પ્રાચીનસમયમાં શુભકાર્ય વખતે 'યૂપ' થાંભલી રોપવાનો રિવાજ હતો. આમ થાંભલી રોપવાનો રિવાજ હતો. આ થાંભલીની આસપાસ મંડપ રચાતો. નાટય વખતે પણ ઇન્દ્રધ્વજ રોપાઇને મુહુર્ત થતું. આ રીતે વિચારીએ તો માણેકસ્થંભ એ મંડપના એક ભાગરૂપે જ ગણી શકાય. 'યૂપ'માંથી માણેકસ્થંભની પ્રથા ઊતરી આવી હોય એમ સહેજે જણાય છે.

ગુજરાતમાં ગૃહ્યસૂત્રોના નિયમો અનુસાર વડનગરા નાગરોમાં લગ્ન થાય છે ત્યારે મંડપારોપણ વખતે માંડવામાં એક જગ્યાએ ખાડો ખોદી, તેમાં કંકુ, સોપારી, દૂધ, દહીં અને ત્રાંબાનો પૈસો મૂકે છે. સુતારે ઘડી આપેલ શમીવૃક્ષ (શીમળા)ના લાકડાનો કકડો મુકવામાં આવે છે જેને આપણે માણેકસ્થંભના નામે ઓળખીએ છીએ.

આજે તો આ મંડપ બંધાઇ ગયા પછી લગ્નના એકાદ–બે દિવસ અગાઉ આ વિધિ કરવામાં આવે છે. ખરી રીતે તો પ્રાચીન સમયમાં માંડવો બાંધતા પહેલાં જ આ રિવાજનો વિધિ હશે. આ રીતે બ્રાહ્મણોએ માણેકસ્થંભ વિધિને માંડવા મુહુર્તમાં જ સમાવી લીધો છે. કેટલાંક બ્રાહ્મણો લગ્નપ્રસંગે મોટો માંડવો રચવાની વિધિમાં ન પડતાં માંડવાનું નાનકડું પ્રતીક રચે છે. આ મુહુર્ત વખતે જ ખાડા ખોદે છે. તેમાં પહેલામાં ગૂગળની થાંભલી રોપે છે, બાકીના ત્રણ ખાડામાં લીલા વાંસની થાંભલીઓ રોપે છે. ગૂગળની થાંભલી જ માણેકસ્થંભનું એક સ્વરૂપ છે. 'મંડપ મુહુર્ત એ ધરતીમાતાની પૂજા છે!'* નવું મકાન બાંધતી વેળા એનું ખાતમુહુર્ત કરવામાં આવે છે એ વિધિ આને ખુબ જ મળતો આવે છે.

લગ્નપ્રસંગે માણેકસ્થંભની સ્થાપના ગુજરાતની મોટાભાગની કોમોમાં કરવામાં આવે છે. એની રચનાવિધિ અને ઉપયોગમાં પ્રાદેશિક ભિન્નતા દૃષ્ટિગોચર થાય છે. બનાસકાંઠાના રજપુતો માણેકસ્તંભની વિધિને 'માણકો બેહાડવો' એમ કહે છે. ગુજરાત–સૌરાષ્ટ્રના ભરવાડ લોકો 'થાંભલી–રેપવી' એમ કહે છે. કેટલીક જગ્યાએ * માંડવ ને પણ થાંભલી રોપવી એમ કહે છે

ગુજરાત અને સૌરાષ્ટ્રના સીમાડા જેને અડીને ઉભા છે એવા ભાલ અને કનેર પ્રદેશમાં લગ્નપ્રસંગે જ્યારે માંડવો નંખાઇ છે ત્યારે ગામનો સુથાર ખીજડાના લાકડામાંથી માણેકસ્થંભ ઘડે અને કાથાથી રંગીને માંડવે લઇ આવે છે મંડપમુહુર્ત વખતે બારશાખની જમણી બાજુ ખાડો ખોદીને અંદર કંકુના છાંટણા તથા ત્રાંબાનો પૈસો અને સોપારી મુકીને અંદર માણેકસ્થંભ રોપવામાં આવે છે વરરાજાની સાથે માણેકસ્થંભને પણ રૂપાળી રંગીન નાડાછડીવાળું મીંઢળ બાંધવામાં આવે છે આમ માણેકસ્થંભ ઘરમાં ઊજવાતા મંગળ પ્રસંગનો ખ્યાલ આપે છે. માણેકસ્થંભની સ્થાપના પ્રસંગે ફળિયાની બહેનો એકઠી થાય છે અને ગીતોની રમઝટ બોલાવે છે–

'સોનાનો સ્થંભ હીરે જડયો રે
થંભનું નામ ન જાણું, વિવાહ આપણે ઘેર રે,
થંભનું નામ કનુભાઈ, વિવાહ આપણે ઘેર રે.
સોનાનો ગજ હીરે જડયો રે
દોશી વાણિયાનું નામ ન જાણું...વિવાહ.
દોશી વાણિયાનું નામ ઝવેરભાઇ...વિવાહ.
લાંબી લેખણે લેખાં લખે રે
લેખાંવટીનું નામ ન જાણું રે...વિવાહ.
લેખાવટિયા બળવંતભાઈ નામ
સાંગામાચીએ બેઠા પુણ્ય કરે રે....વિવાહ.
પુણ્યવંતાનું નામ જાણું
ઓરડામાં લક્ષ્મી વાસો વસે રે
લક્ષ્મીનું નામ સજ્જન વહુ...વિવાહ.

...અને એ રીતે મંડપ અને માણેકસ્થંભ રોપવાનો વિધિ થાય છે. લગ્ન ઊકલી ગયા પછી જયારે અષાઢ માસની હેલીઓ નદી–સરોવર છલકાવી મૂકે છે ત્યારે માણેકસ્થંભને નવા જળમાં પધરાવી દેવામાં આવે છે.

**ભરવાડનો માણેકસ્તંભ :**

ગુજરાત અને સૌરાષ્ટ્રની કોમની સંસ્કૃતિના પ્રતીક સમો માણેકસ્થંભ લોકસાહિત્યકારો અને સંસ્કૃતિના રસિયા જીવોને રસ પડે તેવો હોય છે. અન્ય જાતિઓમાં માણેકસ્થંભ લાકડાના નાનકડા કકડારૂપે રોપવામાં આવે છે. જ્યારે ભરવાડનો માણેકસ્થંભ ખીજડાના આખા વૃક્ષમાંથી તૈયાર કરવામાં આવે છે.

આજે પણ ભરવાડ કોમમાં સમૂહલગ્નની પ્રથા ટકી રહી છે. એક માંડવે અને એક જ માણેકસ્થંભ આગળ અનેક કન્યાઓ ચોરીએ ચડે છે માણેકસ્થંભની રચનાનો વિધિ પણ જાણવા જેવો છે. લગ્નપ્રસંગે શુભ મુહૂર્ત જોઇને, ઢોલ શરણાઈ સાથે વાજતે ગાજતે જઇને, ખીજડાના વૃક્ષનું પ્રથમ તો પૂજન કરે છે પૂજન બાદ એ ખીજડાને કાપી લાવીને એના થડમાંથી સુથાર મોટો માણેકસ્થંભ ઘડે છે. 'જમીનમાં લાંબો સમય દટાવા છતાં ખીજડાના લાકડાને ઊધઈ લાગતી

°સરોજીનીબ્હેન મહેતા કૃત "ગુજરાતની લગ્નવ્યવસ્થા અને કુટુંબપ્રથા" પૃષ્ઠ ૨૦.

* એંથોવન લિખિત Bombay folkloreમાંથી.

નથી એટલે જ કદાચ એની પસંદગી થતી હશે. આમે ય ખીજડા (શમી)નું પૂજન તો અન્ય કોમોમાં પણ શુભ ગણાયું છે.' ૪

ભરવાડોનો માણેકસ્થંભ એક પણ સાંધા વિનાનો અને એકેય ખીલી વાપર્યા વગરનો ૬ થી ૮ ફૂટ ઊંચો અને એકાદ ફૂટની પહોળી એવી ચાર બાજુઓવાળો ચોરસ હોય છે. એનો બે એક ફૂટ જેટલો ભાગ જમીનમાં રોપાય છે. બહાર રહેતા ભાગ ઉપર સુથાર કારીગરી કરે છે એમાં જમીનથી ઉપર એકાદ ફૂટને અંતરે પહેલા ખાનામાં ત્રાંબાનો કળશ્યો, સવા રૂપિયો, કંકુ, ચોખા ને સોપારી પધરાવી તેના ઉપર પીપળ પાનને નાળિયેર મૂકી નાડાછડી પહેરાવી, ચાંલ્લો કરી સ્થાપન કરવામાં આવે છે એથી ઉપર જતાં સ્થંભને ધોળાં ને લીલાં લીર પહેરાવી, નાડાછડી પહેરાવીને મીંઢળ બધાય છે. એથી ઉપર પંખીઓને ચણ નાખવાની પરબડી જેવું ગોળ ફરતું છત્તર અને ચારેકોર લાકડામાંથી કોરેલી સાંધા વગરની સાંકળો લટકાવાય છે. થંભની ટોચે બેડું-હેગડું, ગાગરને લોટો અને એના ઉપર શ્રીફળ અને લાકડાનો મોર મૂકાય છે. સ્થંભ ઉપર સુથાર શ્રીગણેશ, હનુમાનજી, ઘોડો, હાથી, પોપટ, નાળિયેર તથા વલોણું કરતાં કહાન ગોપી ને હોકો પીતા ભાભા સાથે ફૂલવેલની ભાત પણ ઉપસાવે છે. આ માણેકસ્થંભ અને એના માટેના સમગ્ર વિધિ પાછળ આ કોમ સહેજે પાંચસો-હજાર રૂપિયા ખર્ચી નાખે છે.

રાત્રે આ માણેકસ્થંભ પાસે સોળ દીવા પ્રગટાવીને ઝાકમઝોળ બનાવાય છે. એની સંભાળનું કામ નાતના ભગતને માથે હોય છે. તે સ્થંભનો દીવો અખંડ રાખે છે. સગાંવહાલાં ત્યાં ભજનોની રમઝટ બોલાવી પ્રસંગને ગાજતો રાખે છે. લગ્ન ઊકલી ગયે, અન્ય જાતિઓમાં માણેકસ્થંભને નદી તળાવમાં ચોમાસાના નવા નીર ઉભરાય ત્યારે પધરાવી દેવામાં આવે છે, પણ આ કોમનો માણેકસ્થંભ લગ્ન પતી ગયા પછી નદી તળાવની પાળે કે શંકરની દેરી આગળ રોપી દેવામાં આવે છે. આ કોમની ઝાઝી વસતિવાળાં ઘણાં ગામોને પાદર લોકસંસ્કૃતિનાં અને લોકકળાનાં આ પ્રતીકો જોવા મળે છે.

આવા મોટા માણેકસ્થંભની રચના એ માત્ર ગુજરાતની ભરવાડ કોમની જ વિશિષ્ટતા છે એવું નથી લગ્ન પ્રસંગે આવા સ્થંભની રચનાનો રિવાજ હિમાલયની તળેટીના નૈસર્ગિક સૌંદર્યમાં આનંદ અને ઉલ્લાસથી જીવન વીતાવતી આદિવાસી કોમોમાં પણ કરવામાં આવે છે.

લગ્ન એ આદિવાસી કોમનો અનેરો આનંદોત્સવ છે. આ પ્રસંગે "હિમાલયની તળેટીમાં વસતી ભૈગા અને અન્ય આદિવાસી કોમોમાં મંડપ રોપવાનો રિવાજ છે. ભૈગા લોકો લગ્નની ઉજવણી પ્રસંગે લાકડાનો મોટો સ્થંભ બનાવે છે અને તેની પૂજા કરે છે.' ૫ આ સ્થંભોની રચના પાછળ પ્રાદેશિક ભિન્નતા અવશ્ય દૃષ્ટિગોચર થાય છે. પણ એની પાછળની ભાવનામાં ખુબ જ સામ્ય જણાઈ આવે છે. ભૈગા જાતિના સ્થંભ ઉપર માત્ર એક જ દેવની આકૃતિ જણાય છે જ્યારે ભરવાડોનો સ્થંભ તેમની સંસ્કૃતિના અનેકવિધ પ્રતીકોને આલેખે છે. ભરવાડોમમાં સ્થંભ સાથે ઘણું નિકટનું સામ્ય ધરાવતા સ્થંભો મધ્યપ્રદેશની મુરિયા નામની આદિવાસી જાતિમાં મળી આવે છે. આ સ્થંભ ઉપર આદિવાસી લોકસંસ્કૃતિનાં અનેકવિધ પ્રતીકો દૃષ્ટિગોચર થાય છે. સ્થંભ ૬થી૭ ફૂટ જેટલો ઊંચો અને ભરવાડોનાં સ્થંભ જેવો ચોરસ હોય છે. આમ ભરવાડો, ભૈગા અને મુરિયા જાતિઓનાં સ્થંભો ત્રણે કોમની વિશિષ્ટ સંસ્કૃતિનો ખ્યાલ આપે છે. આ આદિવાસીઓ અને ગુજરાતની ભરવાડ કોમની સંસ્કૃતિ વચ્ચેનું સામ્ય તથા સંબંધ એ જુદો જ લેખ માગી લે તેવો વિષય છે.

આ બધા સ્થંભો આપણા વિદ્વાનોના અભ્યાસનો વિષય બનવાની રાહ જોતાં બેઠાં છે.

આજે તો માણેકસ્થંભનું મહત્ત્વ વિખરાવા માંડ્યું છે શહેરોમાંથી માણેકસ્થંભ ભૂલાવા માંડ્યો છે. લગ્ન પ્રસંગે ખીજડાની ડાળી લાવીને બારીએ બાંધી દીધી એટલે કામ ચાલ્યું. લગ્ન પછી તેને છોડી લેવામાં આવે છે. વિજ્ઞાનયુગમાં સંસ્કૃતિનો લોપ થવા માંડયો છે તે જોતાં તો એમ જ લાગે છે કે, નજીકના ભવિષ્યમાં માણેકસ્થંભ ભારતીય સંસ્કૃતિનું માત્ર સંભારણું જ બની રહેશે.

લોકસંસ્કૃતિને મૂલવતા ભરવાડોનાં માણેકસ્થંભ જેવા વિશિષ્ટ પ્રકારનાં પ્રતીકો આજે ગુજરાત અને સૌરાષ્ટ્રના ગામડે ગામડે છૂટાછવાયા-વેરવિખેર પડ્યા છે. સંગ્રહસ્થાનોમાં જો એને સાચવી રાખવામાં આવે તો સંસ્કૃતિની મોટી સેવા કરી ગણાશે.

**માંડવો**—લગ્નપ્રથા એ આર્યસંસ્કૃતિની આગવી સિદ્ધિ છે. લગ્ન દ્વારા સમાજરૂપી સરોવરને સંયમરૂપી પાળ બાંધીને, માનવજીવનને આનંદથી મઘમઘતું બનાવવાનો આ સંસ્કાર વેદકાળથી વહ્યો આવે છે. મંડપ વિના લગ્નની શોભા અધૂરી જ ગણાય. મંડપને લોકબોલીમાં માંડવો પણ કહે છે. માંડવો શબ્દ માંડવું, બેસાડવું એ અર્થમાં પણ વપરાય છે.

**મંડપનું આયોજન**—જેને ઘેર લગ્ન લેવાતાં હોય તે બ્રાહ્મણ પાસે શુભમુહૂર્ત જોવરાવીને લગ્નની ત્રણ વર્ધ્યુ (દિવસો) અગાઉ મંડપ રોપાવે છે. આ મંડપ વરકન્યા બંનેને ઘેર રચવામાં આવે છે. માંડવો નાખતી વખતે ગામડાગામમાં હજામ ઘેર ઘેર જઈને નોતરું આપી આવે છે કે 'ફલાણાભાઈને ઘેર માંડવો નાખે છે તે આવજો' જોતજોતામાં આડોશી પાડોશીઓ અને ગામલોકોની અવરજવર શરૂ થાય છે. ગોળ, સાકર, પતાસાં અગર ખોબલે ખારેકો વહેંચાય છે. વરરાજાને ઘેર સ્ત્રીઓ મધુર હલકથી ગીતો ગાય છે.

લીલવા દ્રાક્ષનો છાયો
　　વીરનો માંડવો;
રેમુભાઈ દાદાને પૂછે
　　આપણે આંગણે આનંદ શાનો ?
દીકરા, તુજને પરણાવું,
　　જાડી જાન જોડાવું;
દીકરા, આપણે આંગણિયે
　　આનંદ એનો.
લીલવા દ્રાક્ષનો છાયો
　　વીરનો માંડવો;
કાકા, આપણે આંગણિયે
　　આનંદ શાનો ?
ભત્રીજા, તુજને પરણાવું

૪. 'ભરવાડોનો માણેકસ્થંભ' કુમાર-ડિસેમ્બર' ૬૫. લે. જોરાવરસિંહ ડી. જાદવ.

૫. 'हमारे आदिवासी' ले. राजेन्द्र अवस्थी.

કળશી કુટુંબને તેડાવું,
ભત્રીજા આપણે આંગણિયે
આનંદ એનો.
લીલવા દ્રાક્ષનો છાયો
વીરનો છાયો

**વરપક્ષનો માંડવો –**

વરપક્ષે માંડવાની ખાસ ધમાલ હોતી નથી માંડવો નાખતી વખતે સૌ કુટુંબીઓ એકઠાં થાય છે. એક બાજુ ગોળ વહેંચાય છે, બીજી બાજુ માંડવો નંખાય છે સાંતી લાવીને તેના સાંતીડા જમીનમાં રહે તેવી રીતે રોપે છે. તેમાં કયાંય ખાલી ન હોય તે જોવામાં આવે છે. ઉપર ફરતા વાંસ નાખે છે. વાંસ ઉપર ઘાસના ૫ ૬ પૂળા નાખે છે, અને કયારેક ચંદરવો બાંધે છે. વરપક્ષનો માંડવો આવો સાદો હોય છે.

બ્રાહ્મણ મંડપ નીચે વરરાજાને પૂજનવિધિ કરાવે છે. મીંઢોળ બાંધે છે. અને વરમાળા પહેરાવે છે. આ બધો વિધિ મંડપમાં જ થાય છે

**કન્યાપક્ષનો માંડવો—**

વરરાજા જાન જોડીને કન્યાવાળાને ત્યાં આવવાના હોય છે એટલે કન્યાપક્ષે તડામાર તૈયારીઓ ચાલે છે. કન્યાનો મંડપ ઠાઠમાઠથી શણગારે છે. ચોતરફ વળીઓ અને વાંસથી મંડપ રચે છે. ઉપર રૂપાળા ભરત ભરેલા ચંદરવા બાંધે છે. ફરતાં અંદર અને બહાર ખાપુ ભરતનાં અને રંગબેરંગી મોતીવાળાં તોરણ બાંધે છે. વળી વળીએ દેવોનાં ફોટા મૂકે છે. વળીઓ સાથે પડદા બાંધે છે. એક તરફ મંડપને શણગારાય છે જ્યારે બીજી તરફ સ્ત્રીઓનો હરખ માતો નથી. તેઓ ગીતોની રમઝટ બોલાવે છે :

હું તમને પૂછું મારા શ્રીકૃષ્ણ
માંડવા સોજે રચાવો રે.
પહેલે તે માંડવે પૂતળી
બીજે જાવંત્રીના છોડ રે.
ત્રીજે આદિત તેડયા
ચોથે રન્નાદેવ—માંડવા.

શુભ પ્રસંગે વિઘ્નો ન આવે માટે દેવોને યાદ કરીને ગીતો ગાય છે પછી વરકન્યાનાં નામ દઇને ગીતો ગવાય છે.

મંડપ નીચે રેતી પથરાય છે. ચીતરેલ વાસણોની ચોરી રચવામાં આવે છે. સાત સાત વાસણોની ઉતરડ ચાર ખુણે મૂકે છે.

એક સાથે બે કન્યાનાં લગ્ન હોય તો બે માંડવા રચે છે જો ત્રણ કન્યાના એક સાથે લગ્ન લેવાતાં હોય તો કન્યાના માંડવા એક સાથે ન નાખતાં ત્રીજી કન્યાનો માંડવો તેના કાકા કે કુટુંબીને ત્યાં નાખે છે. એક સાથે ત્રણ મંડપ નાખવા વિઘ્નરૂપ હોવાની લોકકલ્પના છે

માંડવો રચાયા પછી માંડવે આવવાનાં નોતરાં અપાય છે. જુદા જુદા સગાના નામ દઇને આ ગીત ગવાય છે :

મારો માંડવો ફાલ્યોફૂલ્યો રંગભર્યો,
મોટા મોટા અજિતભાઇના
બાપુ દાનુભાઇ
મારે માંડવે પધારજો.
તમે આવ્યેથી માંડવાનો રંગ રહેશે,
નહીં તો જાશે માંડવાની લાજ,
મારો માંડવો ફાલ્યોફૂલ્યો રંગભર્યો.

વરરાજાની જાન આવે છે. સામૈયાં થાય છે. ઉતારા અપાય છે. પછી માંડવા નીચે માયરાં થાય છે. ચોરીનો વિધિ મંડપ નીચે થાય છે. આ પ્રસંગે વરકન્યાનો હસ્તમેળાપ થાય છે. આજુબાજુ સાજન માજન બેસે છે. ત્યારે કન્યાપક્ષવાળાં મીઠા સૂરથી ગીતો ગાય છે. ગીત અનુરૂપ હોય છે :

નાણાવટી રે સાજન બેઠું માંડવે.
લેખાવટી રે સાજન બેઠું માંડવે.
જેવા ભરી સભાના રાજા
એવા બળવંતભાઈના દાદા
નાણાવટી રે સાજન બેઠું માંડવે.
જેવા હાર માંયલા હીરા
એવા બળવંતભાઇનાના વીરા
નાણાવટી રે સાજન બેઠું માંડવે.
જેવા અતલસના તાકા
એવા બળવંતભાઇના કાકા
નાણાવટી રે સાજન બેઠું માંડવે.
જેવી ફુલવાડીઆની વેણી
એવી બળવંતભાઇની બહેની
નાણાવટી રે સાજન બેઠું માંડવે.
જેવા ચૈતર-વૈશાખના આંબા
એવા બળવંતભાઇના મામા
નાણાવટી રે સાજન બેઠું માંડવે.

**મંડપ નીચે ફટાણાની રમઝટ**

સાળી પરણતી હોય એટલે જમાઇરાજ મીઠી પણ હોંશે હોંશે આવે જ. કન્યાપક્ષની અલ્લડ યુવતીઓ જમાઇરાજની મશ્કરીઓ કદી ન વીસરે. લગ્ન વખતે ફટાણા ગાઇને આનંદ માણે, ફટાણા પણ કેવા ?

માંડવે મથુરીનો વેશો,
મારા વેવાઇઓ રે;
માવસંગ એની બૈયરનો ચેલો,
મારા વેવાઇઓ રે.
બૈયરે લૂંગડાં ધોવા મેલ્યા
મારા વેવાઇઓ રે,
સાડલો ધોયો, કાપડું ધોયું
ઘાઘરો ધોતાં આવડે નહીં;
રોતો કકળતો એની
બૈયર પાસે આવ્યો
મારા વેવાઇઓ રે.
છાનો રહે છોકરડા
તને કોને રોવડાવ્યો રે ?

જાદવોના નાને મોટે
ઢાબડ ઢીબડ ઢીબ્યો રે.

આ વખતે વરપક્ષની જાનડીઓ પણ આનંદવિભોર બનીને વેવાઇઓના માંડવાની વાતો કરે છે. અને સામા ફટાણા છેડે છે :

વેવાઇઓના માંડવે રમવાને ગ્યા'તા.
પરાણે પાળી ઈંડું વળગાડયું
મારા બાબુભાઇને...
અમારા બાબુભાઈ બાળા ને ભોળા,
જગના ધુતારા પેલા વેવાઇ રે;
વેવાઇઓના માંડવે જમવાને ગ્યા'તા,
છૂટા ચોખા ને કળશી કાંકરા રે,
મારા હોંશી વેવાઇઓ રે.
હોંશે જમાડયા અમને ખાંતે જમાડયા,
હોંશી વેવાઇઓ, ખાંતી વેવાઇઓ,
કાચા ચોખા ને કળશી કાંકરા રે
મારા હોંશી વેવાઇઓ રે.

આમ ધામધૂમથી લગ્નની ઉજવણી થાય છે. મંડપ લગ્નનો સાક્ષી બને છે. લગ્ન પછી મંડપનો શણગાર ઉતારી લેવામાં આવે છે. પણ મંડપની રોપેલી વળીઓ અને વાંસ લગ્નમાં માણેલી મોજની એક વર્ષ સુધી યાદ આપે છે. વર્ષાન્તે સારું મુહૂર્ત જોવડાવીને મંડપ ઉઠાવી લે છે.

### લોકગીતોમાં માંડવો—

માંડવાએ લોકસંસ્કૃતિના પ્રતીક તરીકે જેમ લોકહૈયામાં વિશિષ્ટ સ્થાન મેળવ્યું છે તેમ લોકગીતોમાં પણ વિશિષ્ટ સ્થાન જમાવીને બેઠો છે એવાં મંડપનાં કેટલાક ગીતો નીચે આપ્યા છે:

માન સરીખો માંડવો રે,
જોયા સરીખી છે જાન;
વેવાઇઓ મન દેજો રે.
કડું લાવ્યાને લોકેટ લાવશું રે,
પટ્ટા ઘડાવે વહુના બાપ,
વેવાઇઓ મન દેજો રે.
માન સરીખો છે માંડવો રે,
જોયા સરીખી છે જાન,
વેવાઇઓ મન દેજો રે.
હાર લાવ્યા ને બંગડી લાવશું,
બ્રેસલેટ ઘડાવે વહુનાં વીર
વેવાઈઓ મન દેજો રે;
માન સરીખો છે માંડવો રે,
જોયા સરીખી છે જાન,
વેવાઇઓ મન દેજો રે.

o o o

માંડવે લીલી અકડી ને પીળી થાંભલી,
માંડવે બેસે રાજા ને બેસે રાજિયા,
માંડવે બેસે ટેમુભાઈ દેહોત રે,
વીરાજીનો માંડવો.

o o o

ઊંચો ઊંચો દાદાજીનો માંડવો રે
તેથી ઊંચે પરહર બેચાર,
દાદાજીનો માંડવો રે.
માંડવે લીલી દાંડીને રાતી થાંભલી રે,
માંડવે થઈ છે મીઠી નાગરવેલ્ય;
દાદાજીનો માંડવો.

o o o

લીલાં સરોવર લીલો માંડવો
લીલી છે કંઈ તારા જગની વાડી.
એનો છાંયો ને લીલો મારો માંડવો.
માંડવડે કોઇ ચાર મોટેરાં તેડાવે.
માંડવ દીસે છે રળિયામણો.

o o o

માંડવો નાખ્યો મલપતો
સોનીડા ઘડે સોના ઘાટ,
મારે જાદવરાયનાં બેસણાં
રૂક્ષ્મણી ઢોળે વાય.
સોનીડાં ઘડય રે કરશનજીનાં મોળિયાં,
ઘડય રે નવલખા હાર,
કયા દેવ ઘોડે, કયા દેવ હાથીએ,
કયા દેવ તેજીના અસ્વાર;
રામ ઘોડે, લક્ષ્મણ હાથીએ,
શત્રુઘ્ન તેજીના અસ્વાર રે;
માંડવો નાખ્યો મલપતો,
ત્યાં સમરો ઢળાવો રે.
કયા વહુ ઓરડે, કયા વહુ ઓશરિયે,
કયા વહુ માંડવે મ્હાલે રે;
સજ્જનવહુ ઓરડે, શાંતુવહુ ઓશરિયે
હેમલતા વહુ માંડવે મ્હાલે રે;
માંડવો નાખ્યો મલપતો.

જ્યાં સુધી લગ્નનો સંસ્કાર સમાજમાં અસ્તિત્વમાં રહેશે ત્યાં સુધી લોકહૈયામાં માંડવાના યાદ સદાને માટે ચિરંજીવ રહેશે. આજે શહેરમાં મંડપની ભવ્યતા ઓછી થતી જાય છે, વીસરાતી જાય છે તેમ કહીએ તો પણ ચાલે; પરંતુ ગ્રામસંસ્કૃતિમાં–લોકસંસ્કૃતિમાં તેનું સ્થાન વિશિષ્ટ છે.

### વરઘોડો—

લગ્ન પ્રસંગ એ માનવ–જીવનનો મહામૂલો આનંદનો અવસર ગણાય છે. લગ્ન પ્રસંગે ઉકરડી નોતરવી, પીઠી ચોળવી, ગણેશ બેસાડવા, માણેકસ્તંભ અને મંડપ રોપવા વિ. જેવી જ એક વિધિ ફુલેકુ એટલે કે વરઘોડો ફેરવવાની છે. આ પ્રસંગે વરરાજાને ઘોડા ઉપર બેસાડીને આખા ગામમાં ફેરવવામાં આવે છે. પરિણામે વરઘોડો શબ્દ પ્રચલિત બન્યો છે.

લગ્ન નિર્ધારિત કર્યા પછી કન્યાપક્ષવાળા ગોરમહારાજને બોલાવે છે. અને સારું મુહૂર્ત જોઈને લગ્ન લખે છે. લગ્નની ચાર વરધું અગાઉ ઘરમાં ગોત્રજનું સ્થાપન કરવાનાં આવે છે. ત્રણ વરધું બાકી રહેતાં રૂડો માંડવો અને રઢિયાળો માણેકસ્થંભ રોપાય છે. ગામ આખું માંડવે આવે છે. એક બાજુ ખોબલે ખારેકું વહેંચાય છે અને બીજી બાજુ ગાણાં ગણાય છે—'લીલવા દ્રાક્ષનો છાયો વીરનો માંડવો.'

માંડવાના દિવસે રાતના વરરાજાને પહ ભરાવવામાં આવે છે, અથવા ફુલેકું ફેરવવામાં આવે છે. મોતી અને હીરના ભરતથી શણગારેલી પંચકલ્યાણી વછેરી પર વરરાજા લગ્નનો પોશાક પહેરીને સવાર થાય છે. હાથમાં નાળિયેર અને તલવાર રાખે છે. બે જણ ઘોડીની વાઘ ઝાલીને ચાલે છે. ઢોલીવાળો આગળ ઢોલે રમે છે. શરણાઈવાળો અવનવા રાગ ઉપાડે છે. આગળ આગળ પુરુષો ચાલે છે. પાછળ પાછળ સ્ત્રીઓનું વૃંદ વરઘોડાનાં ગીતો ગાતું ગાતું ચાલે છે :

' વરઘોડો રે કંઈ વિઠ્ઠલજીનો
ઘોડાને રે ઓરડીએ બંધાવો જી રે,
ઘોડાને રે કંઈ નાગરવેલ્ય નિરાવો રે.
ઘોડાને રે કંઈ ત્રાંબાકુંડિયે નીર પાઓ રે,
ઘોડાને રે કંઈ તેત્રીસ
શણગાર સજાવો રે.
બા'ર ઘણા કંઈ ઢોલીડાં
વગડાવો રે.
ઘોડાને રે કંઈ પવન-
વેગે ચલાવો રે.
વેવાણ રે તું વહેલેરી આવજે રે,
થાળ ભરીને મોતીડાં લાવજે રે.
ઉપર રે કંઈ શ્રીફળ મેલાવજે રે.'

વાજતે ગાજતે વરઘોડો દેવમંદિરે દર્શનાર્થે જાય છે. શંકરની દેરીએ અગર ઠાકરમંદિરે જઈને વરરાજા પગે લાગે છે. અને પાછા ઘોડા ઉપર બેસીને ઘેર આવવા નીકળે છે. આ વખતે વરઘોડામાં આખું ગામ ઉમટે છે. ખડકીએ ખડકીએ, ડેલીએ અને શેરીમાં ઊભેલી બહેનો વરરાજાને વધાવે છે, દુઃખણા લે છે, હાથમાં રૂપિયો અને નારિયેળ આપે છે. એક માણસ નાળિયેરી ભરેલો કોથળો લઈને સાથે ચાલે છે. રસ્તામાં ઢોલી ધરણી ધ્રુજાવે એવો ઢોલ વગાડે છે બે-ત્રણ ઢોલી ઢોલે રમે છે. બંદુકોના ભડાકા કરવામાં આવે છે, વરરાજાની ઘોડીને નચાવવામાં આવે છે.

ચોકમાં અથવા ચોરે આવતાં લાકડીઓ સમનારા બે હાથમાં એક એક લાકડી રાખીને સમણે છે. બેઠા બેઠા, ઊભા-ઊભા અને ફરતા ફરતા એવી સુંદર રીતે ઝડપથી લાકડીઓ સમણે છે કે જોનાર તેના હાથમાં લાકડી જોઈ પણ શકતો નથી. કેટલાક લોકો બબ્બે તલવારો સમણે છે. ખુલ્લી તલવાર ફેરવવામાં સહેજ ચૂક થાય તો ધડથી માથું છેદીને ધરતી પર પડે. લોકોના શ્વાસ અદ્ધર ચડી જાય છે. સમણનારને બહુ તાન ન ચડે તે માટે બહુવાર સમણવા દેતા નથી.

આ પ્રસંગે ઢોલી ઢોલની રમત બદલે છે. એક ઢોલ ઉભો મૂકે છે. લોકો તેના પર છૂટા પૈસા મૂકે છે અને ઢોલી બીજા ઢોલના અવાજથી ઢોલ પરના પૈસાને નચાવે છે અને નચાવતાં નચાવતાં નીચે પાડે છે. નીચે પાડેલા પૈસા એ લઈ લે. આ રમત એવી તો ચગે છે કે ઘણીવાર ઢોલના કટકા પણ થઈ જાય છે. લોકો ઢોલીને પાઘડી-પછેડી-પહેરણ વગેરે લૂગડાં પણ આપે છે.

ફુલેકું ફરીને ચોરે આવે ત્યારે ઠાકરમંદિરના મહારાજ સલુકા બોલે છે. ઘણીવાર બે રસિયા જુવાનડા વચ્ચે હરીફાઈ થાય તો તો ઓર રંગત જામે. એક જણ ઉપાડે છે કે—

સરસ્વતી માતા અવિચળ વાણી,
આપો અકલ તો કહીએ પ્રમાણી.
અમે સલુકો કહીએ સારો,
દાસ માતાજી છીએ તમારો.
અવળાં વેણ કાઢીએ અમે,
પાંસરા કરો માતાજી તમે.
કહે શારદા સાંભળ સઈ,
કહીએ સલુકો ચોકમાં જઈ.
ચડી ચાનક ને કર્યો ખોંખારો,
કહીએ સલુકો દિયો હોંકારો.

આમ રામાયણનો સલુકો બોલાય છે. બોલનાર બે બે ટૂક બોલીને શ્વાસ લે છે. બાજો જણ લાંબે સાદે હોંકારો દે કે 'ભ...લે...!' પછી આગળની ટૂકો આરંભાય.

' રાજા જનકને ઘેર કુંવરી,
એનું નામ છે સીતમા નારી.
એને ઇચ્છા વર વરવાની થઈ,
ઢાળી ધનુષ ચોકમાં જઈ.'

મધરાત ગળવા માંડે તોય સલુકો પૂરો ન થાય. આવા તો કરણ, લવકુશ, ભોગાવો, રેલગાડી, બુટમાતા, શ્રીકૃષ્ણના અનેક સલુકા બોલાય. પછી ફુલેકું ફરીને ઘેર આવે અને વરરાજા ઘરમાં જઈને ગણેશજીને પગે લાગે.

ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આજે ફુલેકું ફેરવવાનો રિવાજ પ્રચલિત છે. કેટલીક સુધારક કોમોએ ફુલેકાનો ખોટો ખર્ચ અને વરરાજાનું પ્રદર્શન ગણાવીને આ રિવાજને તિલાંજલિ આપી છે. પરંતુ પ્રાચીનકાળમાં બબ્બે કે ત્રણ ત્રણ રાતો વરરાજાનો વરઘોડો ફરતો. ત્રણ ત્રણ દિવસે એક સલુકો પૂરો બોલી શકાતો. આજે તો લોકસંસ્કૃતિના પ્રતીક સમો આ રિવાજ સાપના લિસોટાની જેમ નામશેષ બનવા માંડયો છે. છતાં પણ કેટલીક કોમોએ પોતાની સંસ્કૃતિનું જતન કરી રાખ્યું છે ત્યાં આ રિવાજ સચવાઈ રહ્યો છે.

**કન્યાનું ફુલેકું—**

વરરાજાને ઘોડા ઉપર બેસાડીને વરઘોડો ગામમાં ફેરવવામાં આવે છે તેવી જ રીતે કન્યાનું ફુલેકું ફેરવવામાં આવે છે. કન્યાને ઘોડા ઉપર બેસાડવામાં આવતી નથી પણ ચાલતાં ચાલતાં વાજતે-ગાજતે ફુલેકું આખા ગામમાં ફેરવવામાં આવે છે.

વણઝારા જેવી ભટકતી અને મહેનતુ કોમ મોટે ભાગે લગ્ન માટે ચોમાસા જેવી નવરાશની મોસમ વધુ પસંદ કરે છે. લગ્નની પાંચ–છ વરધુ અગાઉ સ્ત્રીઓ કુંભારને ત્યાં વાજતે ગાજતે માટીના ગણેશ લાવીને તેમનું લગ્નવાળા ઘેર સ્થાપન કરે છે. ગણેશની સ્થાપના બાદ વરકન્યા બંનેના ડેલામાં ફુલેકાં ફરે છે, ઢોલ અને થાળી વગાડે છે. આમ ત્રણ–ચાર દિવસ સુધી ફુલેકાં ફરે છે. કન્યાપક્ષના ફુલેકાને 'મીંદણી' અને વરપક્ષના ફુલેકાને 'વાંદાબારા' કહેવાય છે. ફુલેકું ફરવા નીકળે છે ત્યારે સ્ત્રીઓ ગીતોની રમઝટ બોલાવે છે.

'હોવે હોનારો વટિયો રેશમ,
દોરા દોરા ઘંટિયો તો,
મેં વનારા જેલીથી,
મેં વજારી નડતી તી.
પાલી ગ્યા'તા વનાસા પાલી ગ્યા'તા
વળતા સુડલો લેતા આવજે.
ભૂલે ગ્યા બીડી ભૂલે ગ્યા,
મુંબઈ જજે વનાસા મુંબઈ જાજે,
મુંબઇ બજારમેં સુંદરી લઈ જે.
ભૂલે ગ્યા બાડીસા ભૂલે ગ્યા
વેપારમેં ભૂલે ગ્યા...............'

## જુદી જુદી કોમોમાં ફુલેકું—

સુરત જિલ્લામાં વસતા હળપતિ દુબળા લોકોમાં પણ ફુલેકાનો રિવાજ પ્રચલિત છે. આ પ્રસંગે વરરાજાને માથે ફુલની ટોપી, ગળામાં ફૂલનો હાર, હાથમાં ફુલગજરો તથા નારિયેળ અપાય છે. હાથમાં સાગની સોટી લઇને કન્યાને ઘેર જવા નીકળે છે. થાળીમાં ચોખા અને દીવડો લઇને સ્ત્રીઓ પાછળ પાછળ ગીતો ગાતી ચાલે છે. પછી આ સ્ત્રીઓ કન્યાના ઘેર જઇને ખાંડણીઆ પાસે બેસીને કન્યાનું માથું ઓળે છે. સેંથીમાં સિંદૂર પૂરે છે. પછી કન્યાની માતા વરને વધાવવા જાય છે. વરઘોડો કન્યાના ઘર તરફ જતી વખતે વરરાજાનો બનેવી વરને પોતાના ખભા ઉપર બેસાડીને નાચે છે. વરઘોડો માંડવે આવે ત્યારે કન્યાનો ભાઇ માંડવે ચડીને વરરાજા ઉપર ગુલાબજળ અને ચોખા નાખે છે. વરરાજા એને સવા રૂપિયાની ભેટ આપે છે.

પંચમહાલ જિલ્લાની ડુંગરાળ ભોમકા માથે ભીલ, રાઠવા, ધાણકા અને નાયકા લોકો વસે છે. આ કોમમાં પણ ફુલેકું ફેરવવાનો રિવાજ પ્રચલિત છે. લગ્નપ્રસંગે સારું મુહૂર્ત જોઇને આંગણે થાંભલી રોપે છે. આ પ્રસંગે ગોળ કે પાણી વહેંચે છે. હનુમાન કે ઇષ્ટદેવને તેલ ચડાવવામાં આવે છે. વરરાજાનું ફુલેકું ફેરવવામાં આવે છે. ફુલેકું આખી રાત ફરે છે. વરરાજાને બધા લોકોની સાથે આખી રાત નચાડવામાં આવે છે. વરરાજાનો હોંસીલો મામો ભાણેજને ખભે બેસાડીને ઢોલના તાલે તાલે નાચે છે. આમ ફુલેકાનો વિધિ ખૂબ ધામધૂમથી ઉજવાય છે. રેવાના રળિયામણા તટે વસતી માછીમાર કોમમાં પણ આ રિવાજ પ્રચલિત છે.

કચ્છમાં આવેલા બન્ની પ્રદેશમાં 'જત' નામની માલધારી મુસલમાન કોમ વસે છે આ કોમની તો સંસ્કૃતિ જ નિરાળી છે હિન્દુ મુસલમાન બંને કોમના સંસ્કારોનું સુભગ મિલન તેમના સમાજ-જીવનમાં દષ્ટિગોચર થાય છે. જત કોમ મુસલમાન હોવા છતાં લગ્નપ્રસંગે ગણેશ બેસાડે છે, માંડવો રોપે છે અને હિંદુ વિધિ અનુસાર પીઠી પણ ચોળે છે અને અરબી ભાષામાં કલમા પઢે છે. આ કોમમાં પણ ફુલેકું ફેરવવાનો રિવાજ પ્રચલિત છે.

## લોકસંસ્કૃતિનું સંભારણુ—વેલ્ય

ભારતીય લોકસંસ્કૃતિના અનેક પ્રતીકોમાંનું એક વિશિષ્ટ પ્રતીક તે વેલ્ય છે. વેલ્યનો ઇતિહાસ આપણને આંગળી પકડીને વેદકાલીન સમાજમાં લઈ જાય છે. જ્યારે આર્યસમાજમાં લગ્નપ્રથા વ્યવસ્થિત આકાર લઈ ચૂકી હતી, આર્યલગ્નની ભાવના મૂર્ત બની હતી ત્યારે વરરાજા રથમાં બેસીને કન્યા પરણવા જતા રથને ફૂલોથી શણગારવામાં આવતો. ધામધૂમથી લગ્નની ઉજવણી થતી, કન્યા રથમાં બેસીને પતિગૃહે આવતી.

એ રથમાં કાળબળે સમયાનુકુલ પરિવર્તન થતાં આજે એ વેલ્યના નામે ઓળખાય છે. લોકબોલીમાં તેને વેલડું પણ કહે છે. સૌરાષ્ટ્રની લોકસંસ્કૃતિમાં વેલ્ય મહત્ત્વનું સ્થાન ધરાવે છે. પ્રાચીન સમયમાં લગ્નપ્રસંગે ચાર પૈડાવાળી રથ જેવી વેલ્ય વપરાતી આજે પણ સૌરાષ્ટ્રમાં એવી વેલ્યનાં નમૂના ક્યાંક ક્યાંક દષ્ટિગોચર થાય છે. ત્યારબાદ સિગરામ અસ્તિત્વમાં આવ્યો. દરબારો અને જાગીરદારોની બહેનો–દીકરીઓની વેલ્ય સિગરામમાં જતી તેઓની મુસાફરી પણ સિગરામમાં થતી. ક્રમે ક્રમે એ બધું વીસરાવા લાગ્યું અને આજે તો ગાડાને શણગારીને તેના પર માફો બનાવીને વેલ્ય તૈયાર કરવામાં આવે છે.

ગુલાબી ઠંડીના દિવસો ધરતી પરથી વિદાય લે ન લે ત્યાં તો વૈશાખની સવારી આવી પહોંચે છે. યુવાનીના ઉંબરે આવીને ઉભેલા જુવાનડા અને જુવતીઓનાં દિલમાં મીઠી ઝણઝણાટી પ્રસરાવતાં વૈશાખી વાયરા શરૂ થાય છે.

ગાર ગોરમટીથી ઘર લીંપાય. ખડી ઘોળીને ફુલ ફટાક જેવું બનાવાય. ચાકળા, ચંદરવા, ટોડલિયા, બારસાખિયા અને તોરણોથી ઘરને શણગારાય. પ્રભાતિયાનાં કર્ણપ્રિય સૂરો સંભળાય. પાપડ–સુંવાળીઓ વણાય. ઢોલ–શરણાઇથી વાતાવરણ ગુંજી ઉઠે. સારૂં મુહૂર્ત જોવરાવીને લગ્ન લખાય, અને કંકોત્રીઓ મોકલાય.

વરપક્ષે પણ તૈયારીઓ ચાલે છે. મંડપ નંખાય છે. માણેકસ્થંભ રોપાય છે. મીંઢોળ બંધાય છે. જાન જોડવાની તૈયારી થાય છે. જુવાનિયા સાથે ઘરડા પણ આનંદમાં આવી જાય છે. જાનમાં જવા નવાં કપડાં–ઘરેણાં પહેરી લોકો તૈયાર થાય છે.

લગ્નને દિવસે વરરાજા માટે વેલ્ય શણગારવામાં આવે છે. વેલ્યને માટે માફો બનાવીને ભરત ભરેલા ચાકળા ઢાંકવામાં આવે. વેલ્ય હાંકવા શાંત અને ઠરેલ માણસને બેસાડવામાં આવે એ. તેની પાછળ એક બે જાનૈયા બેસે. વેલ્યના ગાડાની ડાગળીમાં કડબ કે પરાળ પાથરીને તેના પર ગાદલું નાખેલું હોય. તેના પર વરરાજા તલવાર અને શ્રીફળ સાથે બેસે. પાણીદાર માલાજાળીયા બળદોને

ઘૂઘરમાળ, મખરોટિયા, શીંગરોટિયા અને હીરભરતની ઝૂલ્યોથી શણગારીને વેલ્યે જોડવામાં આવે. વરરાજાની આજુબાજુ જાનડીઓ ગોઠવાય. માતા પરણવા જતા પોતાના પુત્રના મીઠડા લઇને આશિષ આપે છે. વેલ્યના પૈડે નાળિયેરના પાણીથી સિંચવામાં આવે છે. બળદને ગળે બાંધેલા ઘૂઘરમાળ અને ઘૂઘરા મીઠાં રણઝણાટ સાથે વેલડી ચાલી નીકળે છે. પાછળ જાનના બે-ચાર ગાડાની હારમાળા હોય.

વરની બ્હેન ત્રાંબાના લોટામાં સોપારી અને પૈસો નાખી વીરને માથે ખખડાવે છે. જાનડીઓમાં ગીતોની રમઝટ બોલે છે—

ચૈતર વૈશાખના તડકા રે પડશે
ધોરી બળદના પગ રે તળવાશે.
ગોરા જાનૈયા રજે ભરાશે
ગોરી જાનડીઓ શામળી થાશે.

ત્યાં બીજી જાનડીઓ નવું ગીત ઉપાડે—

કોયલ બેઠી જૂનાગઢને ગોંખ
મોરલિયો બેઠો રે ગઢને કાંગરે હો રાજ
કોયલ માગે રે ચુંદડિયુંની જોડય......

ધમધમ કરતા જાનના ગાડા રસ્તામાં આવતા ગામોમાંથી પસાર થાય. ગામના પટેલિયા, પૂછે પણ ખરા કે કયાંની જાન છે ? ઓળખાણવાળા નીકળે તો ચાહપાણી પીવા રોકે પણ ખરા.

પછી તો સસરાનું ગામ નજીક આવતાં તો ગાડાઓ આગળ કાઢવાની હરીફાઈ થાય. ઇશારો કરતાં જ બળદો હરણફાળે ઊપડે. હીરથી ભરત ભરેલી ઝૂલ્યોના સૂરજ સામા સનકારા કરે છે. માથે શીંગરોટિયા અને મખિયાડા અને રંગબેરંગી મોરડાવાળા બળદો ખૂબ જ સુંદર દેખાય છે. જાનના ગાડામાંથી જેનું ગાડું માંડવે વહેલું પહોંચે તેના બળદને ઘી ની એક એક નાળ્ય પાવામાં આવે છે.

માંડવા પક્ષથી પાંચ જણ ગોળનું પાણી લઇને જાનૈયાઓને પાય છે જેથી રસ્તાનો થાક હળવો થાય. સામૈયા થાય, ચોરી અને માયરા થાય. આમ ધામધૂમથી લગ્ન થાય.

ત્રીજે દિવસે કન્યાને જાન સાથે વળાવવામાં આવે. ત્રાંબાની ગોળી અને બોઘરણામાં સુંવાળી સુખડી, મગજના લાડુ વગેરે ભરીને તેના પર લીલું રેશમી કપડું બાંધીને વેલ્યમાં મા-માટલું મૂકવામાં આવે છે. અને ધમ્મર ઘૂઘરા વગાડતા બળદો ગામ ભણી ઉતાવળા ઉતાવળા ચાલી નીકળે છે. આ જાનમાં જવાની અને મ્હાલવાની મઝા પણ હંમેશા યાદ રહી જાય તેવી અનોખા પ્રકારની હોય છે. આ રિવાજ ખાસ કરીને રજપૂતો, ગિરાસદારો અને પટેલો ઉપરાંત અન્ય જ્ઞાતિઓમાં પણ જોવા મળે છે.

### ખાંડામાં વેલ્ય—

ગુજરાત સૌરાષ્ટ્ર અને રાજસ્થાનના ગિરાસદારોમાં ખાંડાનો રિવાજ પ્રચલિત છે. લગ્નપ્રસંગે વરપક્ષ તરફથી વેલ્ય તૈયાર કરવામાં આવે છે. વેલ્યના ગાડાને માફો બનાવીને ભરત ભરેલા ચાકળાથી ઢાંકે છે. ઓજલ-પ્રથાને કારણે માફાની પ્રથા અસ્તિત્વમાં આવી હશે. વેલ્યમાં વરરાજા પરણવા નથી જતા પણ તેમનું ખાંડું એટલે કે તલવાર જાય છે. વેલ્ય કન્યાને લેવા માટે જાય ત્યારે તેમાં વરપક્ષની ૪-૫ કન્યા સાથે જાય છે. તેમાંથી એક કુંવારી કન્યા હાથમાં તલવાર લઈને જાય છે.' પરણનાર કન્યા સાથે તે એક ફેરો ફરે છે. બાકીના ફેરા પરણનાર કન્યા સાસરે જઈને વરરાજા સાથે ફરે છે. વેલ્ય પાછી ફરે છે ત્યારે કન્યાપક્ષ તરફથી વેલ્યમાં મા-માટલું મૂકવામાં આવે છે. ત્રાંબાની ગોળીમાં મુકાયેલી સુંવાળી સુખડી ને મગજના લાડુ કન્યા સાસરે જઈને આડોશી-પાડોશી સૌને વહેંચે છે વેલ્ય રવાના થાય છે. જાનડીઓ ગીતો ગાય છે. ઉમળકાભેર સાસરે પગ મૂકતી નવી-સવી વહુને સંભળાવે છે :

આવા ઉનાળાના તડકા કે લાડી
વીંજણો શું નો લાવી ?
તારા બાપે તને અડાણે મેલ્ય કે લાડી
વીંજણો શું નો લાવી ?

### વેલ્ય સંતાડવી—

ગિરાસદાર કોમમાં વેલ્ય સંતાડવાનો રિવાજ પરાપર્વથી ઉતરી આવેલો છે તે આજે પણ સૌને આનંદ પમાડે છે. કન્યાને લઈને વેલ્ય સાંજના વરરાજાને ગામ આવીને પાદર નિશાળમાં કે ઝાડ નીચે ઉતારો કરે છે. રાતના અંધારૂ થતાં કન્યા સાથે વેલ્ય ગામમાં કોઈના ઘેર સંતાડી દેવામાં આવે છે. વરરાજા ઘોડો લઇને વેલ્ય શોધવા નીકળે છે. હજામ હાથમાં મશાલ લઇને આગળ આગળ ચાલે છે. લોકો આશ્ચર્યથી વરરાજાની પાછળ પાછળ જાય છે. ચતુર વરરાજા જલદી વેલ્ય શોધી કાઢે છે. ભોળા વરરાજા વેલ્યની શોધમાં આખી રાત ગામમાં ફરે છે. વરરાજાના ચાતુર્યની અહીં ખરી કસોટી થાય છે. વેલ્ય શોધ્યા પછી જ વરરાજાનાં લગ્ન લેવાય છે. આ પ્રથા આજે પણ અસ્તિત્વમાં છે.

### આણામાં વેલ્ય—

જેમ પરણવા માટે વેલ્ય જાય છે તેમ પરણ્યા બાદ કન્યાના આણા પ્રસંગે આણું તેડવા માટે પણ વેલ્ય જાય છે. બળદો શણગારીને વેલ્યનાં ગાડાં તૈયાર કરવામાં આવે છે. વેલ્યમાં કુટુંબના ૫-૭ માણસો જાય છે. બે ત્રણ કન્યાઓ પણ સાથે જાય છે. અને વહુને સાસરે તેડી લાવે છે. અને કરિયાવરનાં ગાડાં ભરી લાવે છે.

### લોકગીતોમાં વેલ્ય—

લોકગીતોમાં આપણને વેલ્યના ઉલ્લેખો સાંપડે છે. બાળપણમાં પરણીને સાસરે ગયેલી કન્યા ઉંમરલાયક થાય છે જોબનથી થનગનતી આ નવવધૂ ફળિયામાં લીંબડાની ડાળી પકડીને ઊભી છે, ત્યાં આંગણે અજાણ્યાં ગાડાં આવી ઊભાં. તે ભોજાઇને પૂછે છે.

આપણા ચોકમાં વેલ્યું કોની વછૂટી,
તરકુંના આણાં કેનાં આવ્યાં...હો રાજ.
માથલિયાં ગુંથ્યું ને સેંથલિયા પૂરું,
તરકુંના આણાં તમારાં આવ્યાં...હો રાજ.

પોતાનો સસરો અને દિયર આણે આવ્યા તેથી કોડીલી કન્યાને ઓછું આવ્યું. તેને મનમાં આશા હતી કે સાયબો આણે આવશે. પણ તેની આશા ફળી નહીં. તે વેલડીએ બેસવાની સ્પષ્ટ ના કહી દે છે. વળી જવાબ પણ કેવો ચતુરાઇથી આપે છે ! કે 'નણદીનો વીરો હજુ નાનો છે !'

સામા શેઢે વેલડી આવે,
વેલડીનો હાંકનાર ના આવ્યો !
કે નણદીનો વીરો નાનો,
હું વેલડીએ નહીં બેસું વાલમજી.
સામા શેઢે વેલડી આવે,
વેલડીનો હાંકનાર ના આવ્યો !
સાડીઓનો વહોરનાર ના આવ્યો,
કે નણદીનો વીરો નાનો,
હું વેલડીએ નહીં બેસું વાલમજી.
સામા શેઢે વેલડી આવે,
વેલડીનો હાંકનાર ના આવ્યો !
ચણિયાનો વહોરનાર ના આવ્યો.
કે નણદીનો વીરો નાનો,
હું વેલડીએ નહીં બેસું વાલમજી.
સામા શેઢે વેલડી આવે,
વેલડીનો હાંકનાર ના આવ્યો.
સાંકળાનો વહોરનાર ના આવ્યો
કે નણદીનો વીરો નાનો,
હું વેલડીએ નહીં બેસું વાલમજી.

પણ જ્યારે પરણ્યો આણે આવ્યો ત્યારે પ્રિયતમાનું અંતર આનંદથી નાચી ઊઠયું. રસિક પ્રિયતમા સાયબા સાથે વેલ્યમાં જતાં કેવો હર્ષ અનુભવે છે !—

આવી રૂડી વેલ્યે ચડું, વેલ્યે ચડું,
વેલ્યે ચડું રે.
બળદ કેરાં શીંગડા ડોલે,
ઝૂલ્યું ઝોલાં લે,
એવી રૂડી વેલ્યે ચડું, વેલ્યે ચડું,
વેલ્યે ચડું, રે.
સાયબો મારો હાંકવા બેઠો
માથે જોગાળો સાફો,
એવી રૂડી વેલ્યે ચડું, વેલ્યે ચડું,
વેલ્યે ચડું રે.

બહેની સાસરે ગઇ વર્ષોનાં વહાણાં વાયા. વીરાનું લગ્ન આવ્યું બહેનીને ઊડતા સમાચાર પહોંચ્યા, તે બિચારી રાત–દિવસ રાહ જુએ છે કે વીરો મારો તેડવા આવશે. પણ એક દિવસ બહેનીએ મેડાની બારીમાંથી દૂર દૂર પિયરનાં પંથ ભણી નજર કરી તો—

ઊંડા તે રણમાં કંઇ ઊડે,
ઝીણી ખેપુ જો.
વેલડિયું આવે ધડુકતી રે
ઝબકયા ઝબકયા તે કંઈ
ડોળીડાના શીંગ જો
ઝબકયા વેલડિયુંના કાંગવા રે,
ઝબકી ઝબકી તે કાંઇ વીરાજીરી
મોળ્યું જો.

બહેનીના ઉમંગનો પાર નથી. ભાઇ પોતાને તેડવા આવ્યો છે. બહેની વીરાનું સ્વાગત પણ કેવું સુંદર કરે છે !—

વેલ્યું છોડજો રે, વીરા,
લીલા લીંબડા હેઠ રે,
ગોધા બાંધજો રે સામા ઓરડે,
નીરજો, નીરજો રે, વીરા,
લીલી નાગરવેલ્ય રે,
ઉપર નીરજો રે સાકર શેરડી રે.
પાજો પાજો રે, વીરા નદિયુંનાં નીર રે,
ઉપર પાજો રે કઢિયેલ દૂધ રે.

બહેની વીરાની વેલ્યમાં બેસીને પિયર જાય છે. અને વીરાનાં લગ્ન મહાલે છે.

આમ બહેન–દીકરીને તેડવા માટે પણ વેલ્યનો ઉપયોગ થાય છે. તેથી લોકજીવનમાં મંગળ પ્રસંગે વેલ્યનું મહત્ત્વ વિશિષ્ટ પ્રકારનું અંકાય છે. માફાવાળી વેલ્ય ભલે ઓઝલપ્રથાને કારણે અસ્તિત્વમાં આવી હોય પરંતુ તે દૂર દેવાવરથી આવતી કન્યાને માટે તો ખરેખર આશીર્વાદરુપ છે. માફાની કન્યાનું તાપ અને ધૂળથી રક્ષણ થાય છે.

આજે ગુજરાતનાં ગામડાંઓમાં જાનમાં વેલ્ય જોડી જવાનો, બહેન દીકરીને તેડવા માટે, આણાં તેડવા વેલ્ય લઇને જવાનો રિવાજ નામશેષ બનતો જાય છે. યાંત્રિક સાધનોની સગવડો વધતા વેલ્ય જોડીને જવાનો અને આનંદ લૂંટવાનો રિવાજ વીસરાવા લાગ્યો છે. કદાચ થોડાં જ વર્ષોમાં આ રિવાજ નામશેષ થઈ જાય તો પણ નવાઈ નહીં. ત્યારે આ લોકસંસ્કૃતિનું આ અનોખું પ્રતીક તો માત્ર સંભારણું બની રહેશે.

## પટારો

લોકજીવનની સાથે લોકકલા ઓતપ્રોત થયેલી છે પરિણામે લોક-જીવન સદાયે કળાનું રસિયું રહ્યું છે. ઘરમાં અને સમાજજીવનમાં તથા માંગલિક પ્રસંગોએ ઉપયોગમાં લેવાતી ચીજવસ્તુઓને એવાં તો નમણાં રૂપ એણે આપ્યાં છે કે જોનાર બે ઘડી મન મોકળું મૂકીને બસ નીરખ્યા જ કરે.

આજે સંસ્કૃતિએ વિકાસની હરણફાળ ભરવા માંડી છે ત્યારે લોક-જીવનમાંથી આવા ઘણાંય પ્રતીકો વીસરાઇ ચૂક્યાં છે અને વીસરાતા જાય છે. લોકસંસ્કૃતિના પ્રતીક તરીકે જેણે મોખરાનું સ્થાન જાળવી રાખ્યું હતું તે પટારો આજે લોકજીવનમાંથી ભૂલાવા માંડયો છે. ગામડામાં વસતી કેટલીક કોમો જેમણે પોતાની જૂની લોકરૂઢિઓ જાળવી રાખી છે એમાં આજે પણ એ સચવાઈ રહેલ છે.

### કાષ્ઠકળાનું બેનમૂન પ્રતીક

મજૂડાં અને ડામચિયાનો વપરાશ શરૂ થયો ત્યારપછી લોક-જીવનની જરૂરિયાતમાંથી ઉદ્‌ભવેલું પ્રતીક તે પટારો છે. જૂના વખતમાં લોકો નાણાં, ઘરેણાં વગેરે જમીનમાં દાટી રાખતા. ધીમે ધીમે માનવીને એના ગેરલાભો જણાતાં તેણે આ વસ્તુઓ મૂકવા માટે નવું સાધન શોધી કાઢયું. તે સાધન હતું પટારો. પટારામાં

ગાદલાં, ગોદડાં, આણા–પરિયાણાનો સામાન, ઘરેણાં તથા રોકડ નાણું મૂકવામાં આવે છે.

પટારો એ ગુજરાતની કાષ્ઠકળાનું એનમૂન પ્રતીક છે. ગુજરાતના સુથારો આખો પટારો લાકડાંમાંથી ઘડે છે અને એના ઉપર એવું તો આકર્ષક અને મજબૂત જડતર કરે છે કે ભલભલા ચોર અને લૂંટારૂં એને સહેલાઈથી તોડી શકતા નથી. પટારાની લંબાઈ ૫ થી ૭ ફૂટ અને પહોળાઈ ૪ થી ૫ ફૂટ જેટલી હોય છે. એનું લાકડું ન દેખાય તે રીતે એને ગીલેટવાળા પતરાથી મઢવામાં આવે છે. આ પતરા પર રંગબેરંગી મોર, પોપટ, ચકલીઓ, ગણેશ, ઘોડા, હરણ વગેરેનાં ચિત્રો ઉપસાવેલાં હોય છે અંદર રૂપિયાની વાંહળિયું મૂકવાનાં નાનાંમોટાં ખાના હોય છે ગામડાંનાં અભણ સુથારો આ પટારામાં એવાં ચોરખાનાં બનાવે છે કે રીઢો ચોર પણ ગોથું ખાઈ જાય.

પટારાની નીચે ચાર પૈડાં હોય છે. જેથી તેને સહેલાઈથી ફેરવી–હેરવી શકાય છે. તે ઉપરથી ઊઘડે છે, અને એની પાંદડિયું અને નકુચામાં ખંભાતી તાળાં વાસવામાં આવે છે.

લોકજીવનમાં ઘરની શોભારૂપ પટારા વિનાનું ઘર ખાલી લાગે છે. રજપુત, ભરવાડ, કણબી, કાઠી, મેર અને ગરાસિયા કોમોનાં ઘરોમાં દષ્ટિપાત કરીશું તો બબ્બે ત્રણત્રણ પટારા હોવાના. સામાન્ય રીતે એકક–બેકના ઉપયોગમાં લેવાતા ભાતના અવનવા આળેખોથી ઓપતી બે હાથની વેંત ઊંચી પેઢલી ઉપર પટારા મુકવામાં આવેલાં હોય છે. તે પર ત્રાંબા–પિત્તળની માંજા અને માંજા ઉપર કલાત્મક માળી હોય છે.

**કરિયાવરમાં પટારો –**

પરણીને સાસરે જતી કન્યાને જુના વખતમાં આણામાં પટારો આપવામાં આવતો. આજે પટારાનું સ્થાન લાકડાના–લોખંડના કબાટોએ લીધું છે. તેમ છતાં કેટલીક કોમોમાં આ રિવાજ આજે પણ સચવાઇ રહ્યો છે. કન્યાને કરિયાવરમાં કપડાં, ભરત, ઘરેણાં વ. આપવામાં આવે છે. એ પટારો સાસરે ગયેલી કન્યા પોતે જ વાપરે અને ચાવી પણ પોતાની પાસે જ રાખે છે. જેમ ચિત્તળની ચૂંદડી, જામનગર, કચ્છ અને રાજસ્થાનની બાંધણું; ઘોઘાના ઘોડલા, ગિરના બળદ, વાયકની વેલડી, સુરતની બારબંધવાળી બગડી, હાલારના હાથીડા, દખ્ખણનાં ડોળિયા અને સંખેડા તથા મહુવાનું લાકડાકામ વખણાય છે તેમ ઘોલેરા તથા વીરમગામના પટારા વખણાય છે. ગુજરાતમાં પટારા ખરીદવા માટેનાં આ બે મથકો ખુબ જાણીતાં છે લોકો દૂરદૂરથી ગાંડા જોડી પટારા લેવા માટે આવે છે. આ પટારાની કિંમત આજે ૨૫૦થી માંડી ૭૦૦ અને ૧૦૦૦ રૂપિયા જેટલી થાય છે. જો કે પટારાની કળામાં આજે ઓટ આવવા માંડી છે. જૂના વખત જેવા મજબૂત પટારાં અને એવું જડતરકામ આજે તો ભાગ્યે જ જોવા મળે છે.

ઘણીવાર પટારાનો ઉપયોગ માણસોને સંતાડી રાખવા માટે પણ થાય છે પટારામાં પુરીને દુશ્મનોને મારી નાખ્યાનાં દાખલા પણ નોંધાયા છે. સામાન્ય રીતે પટારો એટલો મજબુત હોય છે કે જલ્દી તૂટતો નથી. પરંતુ બળિયા લોકોને તો એવા પટારા કોઈ વિસાતમાં હોતા નથી.

સૌરાષ્ટ્રમાં આવેલા વાવડી ગામના બહારવટિયા વીર રામ–વાળાથી ગુજરાત અપરિચિત નથી. રામવાળાનાં બહારવટા વખતની આ વાત છે: એક વખત મંધરાતનાં ર.નવાળાએ એક ગામ લાંગ્યું. એક ઘરમાં પટારો હતો. પટારાની ચાવીઓ હાથ ન આવતાં તેણે પાટુ મારીને પટારો તોડી નાખેલો. રામવાળાના રાસડામાં લોકગાયકો ગાય છે કે—

'પાટુ રે મારીને પટારો તોડિયો;
કંઇ વાગી છે ડાબા પગમાં ચૂંક,
ઘેલી ગરના રાજા.'

પટારાનો ભૂકો તો કરી નાંખ્યો પણ દુર્ભાગ્યે એના બૂટનું તળિયું તોડીને એક ચૂંક એના પગમાં પેસી ગઇ. ચૂંકનો આ સામાન્ય ઘા વીર રામવાળા માટે જીવલેણકારી ઘા નીવડયો.

આજે પણ ગુજરાતના ગામડે ચારસો–પાંચસો વર્ષ જુનાં પટારાં સચવાયેલા મળી આવે છે. આવાં પ્રતીકોનો અભ્યાસ હાથ ધરાય તો લોકસંસ્કૃતિના રસિયાઓને ઘણી સામગ્રી હાથ આવે તેમ છે.

## હીર ભરેલો ચાકળો

ગુજરાતનું લોકજીવન હંમેશા કલા તરફ આકર્ષાયેલું રહ્યું છે. ગ્રામજીવનમાં રોજબરોજના વપરાશમાં લેવાતી સામાન્ય ચીજ–વસ્તુઓને પણ લોકનારીઓએ આગવી હૈયાસૂઝથી નમણુંરૂપ આપ્યું છે. કલાની દષ્ટિ પુરૂષો કરતાં સ્ત્રીઓમાં વધુ ખીલી છે, તેમ કહીએ તો ખોટું નથી લોકસંસ્કૃતિનું પ્રતીક ચાકળો એ ઘરનો શણગાર અને લોકનારી કલાનું નમણું પ્રતીક છે.

ચાકળાના મુખ્ય બે પ્રકારો છે: એક ઓશરીને ઓપાવતા ભરત ભરેલા ચાકળા અને બીજા મહેમાનોને જમવા બેસવા માટે વપરાતા રૂ ભરેલા ચાકળા.

ગુજરાત–સૌરાષ્ટ્રની કાઠિયાવરણની કોમે ભરતકામને ખુબ જ વિકસાવ્યું છે. ભરત પણ ભાત ભાતનું. આણાનું ભરત, ઘરના શણગારનું ભરત અને ઘોડા, બળદ વગેરે જાનવરોના શણગારનું ભરત. ગ્રામનારીઓ બપોરના નવરાશના વખતમાં ભરત ભરે છે. લાલ, લીલા, પીળા રંગનું કાપડ લઇને તેમાં વિવિધ પ્રતીકો આલેખે છે. તેના ઉપર રંગબેરંગી હીરનું ભરત ભરે છે. આવો ચાકળો ચોરસ હોય છે. ભરેલા ચાકળા નીચે અસ્તર મૂકીને દરજી પાસે એની કિનારી ઓટાવવામાં આવે છે. ચાર છેડે ચાર નાકાં મૂકવામાં આવે છે. વારતહેવારે અને ખાસ કરીને લગ્નપ્રસંગે ચંદરવા બાંધવાનો રિવાજ ખુબ જ જાણીતો છે.

ગુજરાતમાં રાજપૂત, કણબી, આડ, કચ્છમાં જત અને કોળી કોમની સ્ત્રીઓ સુંદર મજાના ચાકળા બનાવે છે. આજે તો હીર મોંઘું થયું છે, સ્ત્રીઓને કામ પણ ખુબ વધ્યાં છે એટલે આ કળાના વિકાસનો વેગ અટકી ગયો છે.

**બેસવાના ચાકળા –**

આતિથ્ય સત્કારની ભાવના તો ગુજરાતની જ. જુના કાળમાં તો ગામડાનાં લોકો મોસમ પૂરી થાય અને ખળાં ઉકલી

જાય પછી ગાડાં જોડીને ગામતરાં કરવા નીકળી પડતા. બબ્બે દિવસ નહીં પણ બબ્બે મહિના મે'માનગતિની મોજ માણતા. મે'માન ઘેર આવે તો ગામડાના લોકો હરખઘેલા બની જતા. મે'માનને શું કરીએ તો ગમે એ માટે અછો અછોવાનાં કરતા. મે'માન રોટલા શિરાવવા બેસતાં ત્યારે પટારામાં સાચવી રાખેલા કે ઘરની દિવાલે લટકાવેલા હીર કે સુતર કે કટાઉ ભરતના ચાકળા નાખે અને પ્રેમથી જમાડે.

બેસવાના ચાકળાનું ભરત પણ બે જાતનું હોય છે : એક સુતર અથવા હીરનું ભરત, બીજું કટાઉ ભરત. રજપુત, કોળી, કણબી, બ્રાહ્મણ, બોડ વગેરે કોમની સ્ત્રીઓ ધોળા અને રંગીન લૂગડા ઉપર નાના નાના આલેખો કાઢીને ફૂલવેલ કોરીને ઉપર સુતર અથવા હીરનું ભરત ભરે છે. દરજી કોમની નારીઓએ કટાઉ ભરત વિકસાવ્યું છે.

ગામડામાં, દીકરી પરણીને સાસરે જાય તે પછી આણું કરવામાં આવે છે. સઈ બબ્બે મહિના આણું સીવવા બેસે છે. કપડાં અને ઘાઘરા સીવે છે. તેને વેતરતાં જે નાના કાપલા (ટૂકડાં) પડે છે તે લઈને દરજણો સરખા કાપે છે. પછી ચાકડાના માપનું ચોરસ કાપડ લઈને તેના પર સાચા અને અતલસના કટકા–કાપલા મૂકીને સોયદોરાથી ટાંકા લઇ રંગબેરંગી ભાતો ઉપસાવે છે. નીચે અસ્તર અને ચારે બાજુ લાલ, લીલા કે વાદળી રંગની ગોટ મૂકાવીને ચાકળાનું કવર તૈયાર કરવામાં આવે છે. તેની અંદર રૂ ભરવામાં આવે છે. આણામાં ચાકળા આપવાનો રિવાજ કેટલીક કોમોમાં આજે પણ જળવાઈ રહ્યો છે. કટાઉ ભરતના ચાકળા તો આજે ભૂલાતા જાય છે. આજથી પંદર વર્ષ પહેલાં દરજણો રૂપિયાના ચાર ચાકળાના કવર બનાવી આપતી આજે ય હજુ કાઠીયાવાડમાં કયાંક કયાંક જુના સાચવી રાખેલા આવા ચાકળા નજરે પડે છે.

નકામા, બિનઉપયોગી ચિંદરડામાંથી સુંદર મજાના ચાકળા બનાવવાની કળા સ્ત્રીઓએ હસ્તગત કરી હતી. આજે લોકજીવન-માંથી જેમ અન્ય કળાઓ ભૂલાતી જાય છે તેમ આ કળા પણ ભૂલાવા માંડી છે લોકસંસ્કૃતિનું જતન કરનારી કેટલીક કોમો પણ આમાંથી બાકાત રહી નથી. આજે તેમની પાસે ચાકળા જેવાં જુનાં પ્રતીકો જરૂર સચવાયાં છે. પણ નવાં સર્જાતાં બંધ થયાં છે

આજે રૂપાળા હીર ભરત અને કટાઉ ભરતના ચાકળાનું સ્થાન સાદા અને આસનિયાંએ લીધું છે. કયાં રૂ ભરેલા રંગબેરંગી મનોહર ચાકળા અને કયાં આજના સુધરેલા આસનિયાં ! આજે સમાજ સુધરી રહ્યો છે, આગળ વધી રહ્યો છે એવું ગૌરવ આપણે લઇએ છીએ ત્યારે એ રખે વિસરીએ કે, લોકજીવન પોતાની કળા અને સંસ્કૃતિનાં મૂલ્યો ગુમાવતું જાય છે.

## પાણી ભરવાનું ઠામ : બતક

ગુજરાત અને કાઠિયાવાડને અડીને પાવડીપને પથરાયેલ ભાલ વિસ્તારમાં તમે જાઓ તો મેંમૂઝણામાં અથવા તો હરણકાના તુંબલા તૂટી જાય એવા ખરા બપોરે સાંતી લઇને જતા કે આવતા ખેડૂતો નજરે પડવાના જ. સાંતીના સાંભડાં સાથે બાંધેલા સીંકામાં મૂકેલી પાણીની બતક તમારૂં ધ્યાન ખેંચ્યા વિના નહીં રહે.

બતક એટલે પાણી ભરવાનું ઠામ. બતક એ કુંભારનું માટી-કામનું એક ઉપયોગી અને રૂપાળું પ્રતીક છે. ગામડામાં કુંભાર લોકો માટીના ભાલિયા, મોરિયા, ગાગરડી, રામપાતર, પતરડાં ને પાટિયા, હાંડા, માણ અને ગોળા બનાવે છે ત્યારે બતકો પણ બનાવે છે.

આ બતક ભંભલીને નામે પણ જાણીતી છે. માટીના વાસણનું નામ બતક શાથી પડ્યું હશે તે પણ કલ્પનાનો મજાનો વિષય છે. બતક નામનું પક્ષી પાણીમાં જ રહે છે માટીના વાસણને પાણી સાથે વિશેષ સંબંધ છે. વળી બતકનો ઘાટઘૂટ પણ કંઈક અંશે બતકને મળતો આવે છે. તે પરથી માટીના આ વાસણને કદાચ બતક નામ આપવામાં આવ્યું હશે.

બતક એ ખેડૂતો માટે સગવડિયું સાધન છે. ખેડૂતો ગાડું જોડીને ખેતરે જાય તો સીંકે માણ મુકતા જાય છે. એકાદ સાંતીનો ભોંવાળો મોળો પાતળો ખેડૂત સાંતી લઇને સીમમાં જાય ત્યારે પાણી ભરેલી બતક સાથે બાંધી જાય છે. બતકમાં પાણી સરસ ઠરે છે. ખેતરે જઇને ભાત ખાઇને કે રોંઢા કરીને ખેડુત બતકમાંથી પાણી પીએ છે. બતક નાનામોટા આકારોમાં પણ મળે છે એક સાંતીની, બે સાંતીની અને ત્રણ સાંતીની બતક હોય છે. એક ખેડુતને બપોર સુધી ચાલે તેટલું પાણી સમાય તે એક સાંતીની બતક. બે ખેડુતોને બપોર સુધી ચાલે તેટલું પાણી સમાય તે બે સાંતીની બતક અને ત્રણ ખેડુતોને બપોર સુધી ચાલે તેટલું પાણી સમાય તે ત્રણ સાંતીની બતક કહેવાય છે.

બતકનું મોં ખુબ જ સાંકડું હોય છે. જેથી ખેતરમાં લઈ જતાં લાવતાં તેમાંથી પાણી ઢોળાતું નથી; અને પાણી કાઢતી વેળા પણ જરૂર પુરતું પાણી કાઢી શકાય છે. પાણી ઢોળાતું કે બગડતું નથી. સીમશેઢે ધોમધખતા તાપમાં પાણી માંડ મળતું હોય ત્યાં પાણીનો બગાડ શે પોષાય ? આ વાત અભણ કુંભારો પણ સમજે છે, તેને પરિણામે બતક જેવું સગવડિયું અને ઉપયોગી માટીનું વાસણ જે કુંભારલોકોની હોંશયારી અને આવડતનું અનોખું પ્રતીક છે તે અસ્તિત્વમાં આવ્યું.

સામાન્ય રીતે કુંભાર લોકો શિયાળે-ઉનાળે કાળી માટી લાવીને ચીકળે છે; તેમાંથી નમૂનેદાર માટીનાં વાસણો ઘડે છે. શિયાળામાં બનાવેલાં માટીનાં વાસણો ઠંડા હીમ જેવાં હોય છે. ઉનાળામાં માટીનાં કોરા વાસણો પર પાણીનાં ચમકતાં મોતી જેવાં બિંદુઓ બાઝે છે અને વાસણોમાં પાણી ઠરે છે.

માટીની બતકો બનાવીને કુંભાર લોકો તેને નીંભાડામાં પકવે છે. પકવ્યા બાદ બતક લાલ રંગ પર ધોળા અને કાળા રંગથી લોકશૈલીના મજાનાં આલેખો દોરે છે. આ રંગ એટલા તો પાકા હોય છે કે બતક ફૂટી જાય તો પણ તેની ઉપરના રંગો એવાને એવાજ રહે છે. પાણી ભરી ભરીને રીઢી થઇ ગયેલી બતકો પાંચ પાંચ વરસ સુધી ફૂટતી નથી.

હુતાસણી પર ખળાં લેવાતાં હોય ત્યારે કુંભાર લોકો સૂંડલો ભરીને ખેડૂતોના ખળે બતકો મૂકી જાય છે ખેડુતો બાર મહિના ચાલે તેટલી બતકો મૂકાવે છે; અને કુંભારને તેના બદલામાં કાંટ ભરીને ઘઉં આપે છે. રોકડ વ્યવહાર ભાગ્યે જ થાય છે. વિનિમય

પ્રથા ગામડાંમાં આજે ય ચાલુ છે. સીધું સાદું લોકજીવન આજે પણ સંતોષી અને સુખી છે.

લોકસંસ્કૃતિનાં પ્રતીકો જેને જૂનાં, ગઈ સદીના ગણવામાં આવતાં હતાં તે પ્રતીકો તરફ શહેરના લોકોને આકસ્મિક લાગણી પ્રગટી હોય તેમ જણાય છે. માટીના ઘોડા, ભરત કરેલા ઘોડા, ચંદરવા, લોકભરત, લોકશિલ્પ આજે શહેરોમાં ફેશન તરીકે અપનાવવાં શરૂ થયાં છે આજે રેફ્રીજરેટર આવ્યાં હોવા છતાં બે–ચાર બતક ઘરમાં રાખવી અને મહેમાનોને બતકમાંથી બમ બમા બમ મધુરો અવાજ કરતું પાણી કાઢીને પાવું એ એક ફેશન થઈ પડી છે.

આ રીતે લોકજીવનનું પ્રતીક શહેરની સંસ્કૃતિમાં આવે છે તે ગૌરવની વાત છે. શહેરનો સમાજ એ રીતે લોકજીવન પ્રતિ કંઈક અંશે અભિમુખ થતો જાય છે, લોકસંસ્કૃતિ ભણી તેનું આકર્ષણ વધતું જાય છે એ હર્ષની વાત છે. ભૂલાતાં પ્રતીકો પુનર્જીવન પામે તો લોકસંસ્કૃતિ કોળી ઊઠે.

## કસબી કાપડું

કાપડું એ લોકજીવનના પહેરવેશનું પ્રતીક ગણાય છે. સૌરાષ્ટ્રમાં રજપૂત, કણબી, ભરવાડ, કાઠી, રબારી, આહેર, કોળી, ગાડલિયા, ચારણ અને કાંટિયા વરણની સ્ત્રીઓમાં કપડાંનો બહોળો વપરાશ જોવા મળે છે ગુજરાતની સ્ત્રીઓમાં પણ ક્યાંક ક્યાંક એનો વપરાશ ચાલુ છે. આજે તો સંસ્કૃતિને સાચવીને બેઠેલાં ગામડાંઓના લોકજીવનમાંથી પણ કાપડું વિદાય લઇ રહ્યું છે. કપડાનું સ્થાન કબજાએ લેવા માંડયું છે.

માનવીનો પહેરવેશ, માનવજાતિની સભ્યતા જેટલો પ્રાચીન ગણાય છે. કાપડું એક યા બીજા સ્વરૂપે પુરાણા કાળથી લોકજીવનના પહેરવેશનું પ્રતીક રહ્યું છે. તેના મુખ્ય બે પ્રકારો : એક સાચું, બીજું ખોટું. કિનખાબ, બાંરજાળી અને અતલસનાં કપડાં સાચાં ગણાય છે, જ્યારે વાયલ, ટાફેટો, પોપલીન વગેરે કપડાં ખોટાં ગણાય છે. સાચા કાપડાની કિંમત આજે પંદરથી વીશ રૂપિયા જેટલી થવા જાય.

કાપડાને ચાર ચાર કસો મૂકવામાં આવે એમાં ખિસ્સી તો હોય જ. મારવાડી રજપૂતાણીઓ ગાડલિયા, ઘંટિયા કોમની સ્ત્રીઓ અને આદિવાસી સ્ત્રીઓ લાંબી સાળનું કાપડું પહેરે છે. એવી જ લાંબી સાળનું કાપડું કચ્છી ભરવાડણોમાં ખૂબ જાણીતું છે. લોક પહેરવેશમાં ઝડપી પરિવર્તન આવી રહ્યું છે છતાં રજપૂત, કણબી અને ભરવાડ જેવી કોમોએ કાપડાને આજે પણ જાળવી રાખ્યું છે.

કાપડાં પહેરનારી કોમોમાં સાચા અને ભારે કાપડાં ઉપરાંત ભરત ભરેલાં પહેરવાનો પણ રિવાજ છે. રાજપૂત અને કણબી કોમની સ્ત્રીઓ રંગબેરંગી ભરત ભરેલાં કાપડાં પહેરે છે. રબારી સ્ત્રીઓ ખડીથી છાપેલાં કાપડાં પહેરે છે. યુવાન–પરણેલી એટલે માંડેલી સ્ત્રીઓ રંગબેરંગી અને સાચાં કાપડાં પહેરે છે. જ્યારે રાંડેલી એટલે કે વિધવા નારીઓ ઘેરા, ગૂઢા અને કાળા રંગના કાપડાં પહેરે છે વાણિયા કોમની મોટી ઉંમરની સ્ત્રીઓ કથ્થઈ રંગના કાપડાં પહેરે છે વાણિયા–બ્રાહ્મણની સ્ત્રીઓ ભરત ભરેલાં કાપડાં પહેરતી નથી. એમને ભરતકામની કડાકૂટ ઓછી ગમે છે.

એક રીતે કહીએ તો કાપડું જ લોકનારીની ઓળખાણ આપે છે. કાપડા ઉપરથી એની પહેરનારી કઈ કોમની હશે તે તરત કળાઈ આવે છે. સ્ત્રી પરણેલી છે કે વિધવા છે તે પણ કાપડું જ કહી આપે છે. આદિવાસીઓમાં લાંબી સાળવાળો કમખો પહેરવાનો રિવાજ છે કુંવારી છોકરીઓ અમુક પ્રકારનો જ કમખો પહેરે છે જ્યારે પરણેલી સ્ત્રીઓ બીજા પ્રકારનો કમખો પહેરે છે કમખો જ કહી આપે છે કે છોકરી કુંવારી છે કે પરણેલી. લોકજીવને સ્ત્રીઓને ઓળખવા માટેનાં વસ્ત્રભૂષણોમાં પણ કેટલું વૈવિધ્ય આણ્યું છે!

### કાપડાનો રિવાજ

કાપડાં પહેરનારી રજપૂત અને કણબી જેવી કોમમાં તો કન્યા જન્મે ત્યારથી તેના કરિયાવર માટે ભરત ભરવાનો આરંભ કરવામાં આવે છે. કન્યાને પરણાવ્યા પછી આણું કરવાનું આવે ત્યારે ખંડનું ભરત, ઘરનું ભરત, જાનવરોનું ભરત અપાય છે. તેમાં ભરેલાં કાપડાં પણ આપવામાં આવે છે. પાંચ સાત સાચાં કાપડાં, પચ્ચીસેક ભરેલાં તથા પચાસ જેટલાં ખોટાં કાપડાં આપવાનો રિવાજ આજે પણ ચાલુ છે.

બહેનને કાપડું કરવાનો રિવાજ ગુજરાત અને સૌરાષ્ટ્રમાં જાણીતો છે. સાસરે ગયેલી બહેન બાર–બાર મહિને પિયર આંટો ખાવા જાય છે ત્યારે વીરો બહેનને કાપડું દે છે. લગ્નપ્રસંગે બહેન પિયર આવે ત્યારે કાપડું આપવાનો રિવાજ છે. કાપડામાં એક જોડ કપડાં આપવામાં આવે છે હોંશીલો વીરો બહેનને સોનાની જણત પણ કરાવી આપે છે. બહેનને સગો ભાઈ ન હોય તો જીભનો માનેલો વીર બહેનને કાપડું કરે છે.

### લોકગીતમાં કાપડું—

લોકગીતોમાં કાપડાનો ઉલ્લેખ ઠેર ઠેર મળી આવે છે. માતાજીના ગરબાઓમાં માતાજીના કાપડાંનાં હૃદયંગમ વર્ણનો મળે છે. કણબણ કડવલીના લોકગીતમાં કણબણનાં મન કોણી ઉતાર કાપડે ઠરે છે એવી વાતનો ઉલ્લેખ મળે છે :

ઊગમણાં ઓરડાં કડવી તે નવ ગમ્યાં રે,
ખપેડાબંધ ઓરડે મનડાં મોહ્યાં રે;
રણમાં રોળી રે કણબણ કડવલી રે.
કાચાળાં કાપડાં કડવીને નવ ગમ્યાં રે,
કોણી ઉતાર કાપડે મન મોહ્યાં રે;
વનમાં રોળી રે કણબણ કડવલી રે.

આ તો થઇ રંગીલી નારીની વાત. લોકગીતોમાં કુવડ નારીની ફજેતીનાં ગીતો પણ મળી આવે છે. કુવડ નારીઓ ફૂલફટાક થઇને ફરતી હોય છે પણ એના ઘર તરફ તો જરા નજર કરો, ફૂવડના કેવા હાલ હોય છે! 'પઢારના લોકગીતો'માં શ્રી પુષ્કર ચંદરવાકરે આ લોકગીતનું સંપાદન કર્યું છે :

પાંચ રૂપિયાનું કાપડું રે લીધું,
પે'રીને હાલી પાણી.

પાણી ભરીને ઉંબરે આવી
ત્યારે ઉંબરા વચ્ચે બેડું ફૂટ્યું.
આંબજો મૂકી દેને મડકાળી,
ઊંબળા ઝુંબળાની ઘરવાળી
સસરો બિચારો દળણાં દળે ને
જેઠ ભરે છે પાણી.
નાનો દિયરિયો વાસીદાં વાળે,
ને નણદલ કરે છે લાણી.
આંબજો મૂકી દેને મડકાળી
ઊંબળા ઝુંબળાની ઘરવાળી.
પારકા મૂવે પીતાંબર પહેરતી,
ને નાકમાં નાખતી વાળી,
ઘરના મરે ત્યારે રોતાં નો આવડે
મેલી દે મૂડીઓ વાળી.
આંબજો મૂકી દે ને મડકાળી
ઊંબળા ઝુંબળાની ઘરવાળી.

વઢિયાર કોમની સ્ત્રીઓને મેળે જવાનું મળે એટલે આનંદનો પાર નહિ. નવાં નવાં કપડાં અને ઘરેણાં પહેરીને મેળો મા'લવા ચાલી નીકળે મેળામાં નેડાનો ઝોલો લાગે પછી પુછવું જ શું?

રંગમાં કાપડું બોળ્યું, છબીલા!
તારા નેડાનો મને ઝોલો લાગ્યો છે.
અરધું બોળ્યું ને અરધું કોરું, છબીલા!
તારા નેડાનો મને ઝોલો લાગ્યો છે.
એકવાર હાંલલ શહેર જાજે, છબીલા!
તારા નેડાનો મને ઝોલો લાગ્યો છે.
હાંલલની હાંલડી લાવે, છબીલા!
તારા નેડાનો મને ઝોલો લાગ્યો છે.
લાવીને માનેતીને આલે, છબીલા!
તારા નેડાનો મને ઝોલો લાગ્યો છે.
માનેતી મજરો લેશે, છબીલા!
તારા નેડાનો મને ઝોલો લાગ્યો છે.
અણમાનણી આંસુડાં ઝરે, છબીલા
તારા નેડાનો મને ઝોલો લાગ્યો છે.

લોકનારીની કલ્પના તો જુઓ! સવા મણ સોનાનું સાચું કાપડું છે એવા કાપડામાં અધમણ હીરનું ભરત ભર્યું છે. સુખી ઘર અને ખાનદાનની રાઠોડ વહુ એ કાપડું લઈને સાસરે આવે છે. મોંએ ચડાવેલી નણદી એ જ કાપડાની માંગણી કરે છે. 'અરેરે, નણદીબા, તમને હાથી, ઘોડા, વેલડી, ભગરી ભેંશો માગો તે આપું. પણ મારા દિલના ટુકડા જેવું, મારી માતાની મનતારૂપ આ કાપડું તો મારી માનું સંભારણું છે. એ એક જ મારી પાસે રહેવા દો'. પણ હઠીલી નણદી એ જ કાપડું માગે છે અને બળતી ઝળતી ભાભી નણંદને રડાવે છે:

સવામણ સોનાનું કાપડું રે,
અધમણ હીરનું ભરત, નાનીબા!
કાપડું ભરતે ભર્યું રે.
કાપડાંની લાગી છે રઢ રે,
રાઠોડ ભાભી, કાપડું.
મારા મહિયરનું કાપડું રે
તે કેમ કરી આપ્યું જાય રે,
નાનીબા! કાપડું.
સામી કોઢમાં ઓટડિયો રે
મનગમતી લઈ જાઓ રે,
નાનીબા! કાપડું.
કાપડાની લાગી રઢ રે,
રાઠોડભાભી! કાપડું.
સામા ઓરડામાં રૂપિયા રે
જેટલા જોઈએ તેટલા લ્યો રે,
નાનીબા! કાપડું.
કાપડાની લાગી છે રઢ રે,
રાઠોડ ભાભી! કાપડું.
સામા ડહેલામાં હાથીડા રે
સારા સારા જોઈને લ્યો રે.
નાનીબા! કાપડું.
કાપડાની લાગી છે રઢ રે
રાઠોડ ભાભી! કાપડું.
સામી ઓશરિએ ઘોડીલા રે
મનગમતા લઈ જાઓ રે,
નાનીબા! કાપડું.
કાપડાની લાગી છે રઢ રે,
રાઠોડ ભાભી! કાપડું.
સામી વળગણિયે કાપડું રે
એ લઈ ને અદીઠડાં થાવ રે,
નાનીબા! કાપડું.
સામા તે મળજો ચોરટા રે
થાશે કાપડાંની લૂંટાલૂંટ રે,
નાનીબા! કાપડું.
સામા તે મળજો સાપડા રે,
નણદીને ડસાડસ રે, નાનીબા!
સવામણ સોનાનું કાપડું રે,
અધમણ હીરનું ભરત, નાનીબા!
કાપડું ભરતે ભર્યું રે.

દૂર દેશાવર પરણાવેલા બહેની બે પાંચ વરસે પિયરિયાનાં મોં જોવા પામે છે. આવા પછી સાત સાત વરસનાં વાણાં વાયાં પણ વીરાના કંઇ સમાચાર નથી, એવી બહેનની હૃદયવ્યથાને આ ગીતમાં આલેખવામાં આવી છે. બહેનને મનમાં થાય છે, કદાચ મારા ભાઇને મનમાં એવું હોય કે, 'હું ગરીબ ભાઇ, બહેનને શું કાપડું કરીશ?' પણ બહેન કહે છે, 'વીરા, મારે કાપડું નથી જો'તું; મારે તો તારું મોં જોવું છે, ભઈલા, બહેનને મળવા એક વાર આવી જા.'

આંગણિયે વવરાવું લીલી લીંમડી રે,
કંઇ ટાઢી હજો છાંય,
એની શીતળ હજો છાંય.
ઊંચે અહું ને નીચે ઊતરું રે,
અરરર મારી દુઃખિયારીના પિયેર,
મારી પરદેશણના પિયેર
બે'નને હેતે મળવા આવ્ય.
બારણે ઊભેલી નણદી મે'ણાં
બોલિયાં રે,
તારા કુળમાં નથી કોઈ,
અરરર મારી દુઃખિયારીના પિયેર,
મારી પરદેશણના પિયેર
બેનને હેતે મળવા આવ્ય.
હું રે કેમ આવું, બે'નીબા,
એરે કાલે !
આડા ડુંગરડા દસ બાર,
આડાં વેરિયુંનાં ગામા...

બહેનના હૃદયની લાગણી તો જુઓ :–

ડુંગર પડાવી વીરા દુર કરું રે,
વેરીને બંધાવું કસબા ધોતિયાં રે,
બહેનને હેતે મળવા આવ્ય.
નથી રે જો'તું બંધવા કાપડું રે
બહેનને હેતે મળવા આવ્ય.
અરરર મારી દુઃખિયારીના પિયેર,
મારી પરદેશણના પિયેર
બહેનને હેતે મળવા આવ્ય.

આજે તો લોકજીવનમાંથી કાપડું અને કાપડાંના લોકગીતોય વીસરાવા માંડયા છે. આવાં પ્રતીકોનાં ગીતો જળવાઇ રહે એવું ન થઇ શકે ?

## ફુલફગરનો ઘાઘરો

કહેવતમાં ખરું કીધું છે કે –' એક નૂર આદમી હજાર નૂર કપડાં.' લઘરવઘર વેશ રૂપાળા આદમીનું નૂર નંદવી નાખે છે, જ્યારે મોળા પાતળા આદમીને સુંદર વેશ પહેરાવવામાં આવે તો રાજાના કુવર જેવો રૂડો દેખાવા માંડે છે. ગુજરાતના લોકજીવનમાં રંગ-બેરંગી કળામય પહેરવેશનું મહત્ત્વ વિશેષ છે. જેમ કોમ કોમના રિતરિવાજો જુદા તેમ કોમ કોમના પહેરવેશ પણ જુદા–પહેરવેશમાં ય જાણે હરીફાઇ ચાલતી હોય ! લોકજીવનનો ભાતીગળ પહેરવેશ જોવો હોય તો લોકસંસ્કૃતિના રસિયા જીવોએ મેળો માણવાનું વીસરવું જોઇએ નહીં

પહેરવેશના પણ નોખનોખા કેટલા બધા પ્રકારો ! ચૂંદડીના તો છત્રીસ છત્રીસ પ્રકારો. ઘાઘરાની પણ અનેક ભાતો, જાતો અને પ્રકારો જોવા મળે છે. અને ઘાઘરો પણ કેવો ? ફુલફગરનો ! જેવું નયનરમ્ય મનોહર રૂપ એવું જ નમણું નામ. આ ઘાઘરો ' ચણિયા ' ના નામે પણ ઓળખાય છે.

ગુજરાતમાં અસંખ્ય કોમો વસવાટ કરે છે. ઘાઘરો જુદી જુદી કોમોમાં જુદાં જુદાં નામે ઓળખાય છે. રૂપની રૂડી રબારણ રંગબેરંગી ખડીથી છાપેલા ઘાઘરા પહેરે છે. ગોખે બેસનાર કૂલગરાસણી રંગબેરંગી ઘેરદાર ઘાઘરા પહેરે છે. ભોળી ભરવાડણો ઘાઘરાને ઠેકાણે ઊનનાં જીમી પહેરે છે. રજપૂત અને કોળી કોમની સ્ત્રીઓમાં થેપાડું પહેરવાનો રિવાજ જાણીતો છે. વહુવારૂ અને કન્યાઓ રંગીન ભરત ભરેલાં થેપાડાં પહેરે છે. બરડાની મેર કોમની સ્ત્રીઓમાં પણ થેપાડાનો રિવાજ ખરો. વહુવારૂ રંગીન થેપાડા પહેરે જ્યારે બોન–દીકરીયું ધોળાં. દીકરીયું સાસરેથી આવે ત્યારે ગામના સીમાડેથી રંગીન થેપાડું ઉતારીને ધોળુ થેપાડું ધારણ કરે છે. થેપાડું જ તે પહેરનારી વહુ છે કે દીકરી તેની ઓળખ આપે છે. હરિજન કોમની સ્ત્રીઓ કાળું આંબલિયા ભાતનું છાપેલું પહેરણુ પહેરે છે. કાઠીયાવાડમાં નાની છોકરીઓ માથે ઓસલો તથા ઘાઘરી અને કબજો પહેરે છે.

સૌરાષ્ટ્રમાં ખાસ કરીને ઝાલાવાડમાં–ભરવાડણો કાળા રંગની ' રામ દુવાઈ ' અથવા તો ' રામરાજ ' પહેરે છે. પહેરવેશ અને કળાની સાથે ધર્મની ભાવના પણ કેટલી ઓતપ્રોત થઇ ગઈ છે ! બનાસ–કાંઠા વિસ્તારમાં વસતી આદીવાસી નારીઓ પોપટની ચાંચ સરખા રાતા રંગનો ઘાઘરો પહેરે છે. વૃદ્ધ સ્ત્રીઓ ધોળી ટીલડીઓ વાળા કાળા ઘાઘરા પહેરે છે. કચ્છની જત નારીઓ ડોકથી પગ સુધીના ઘાઘરા પહેરે છે.

લોકજીવનમાંથી ઉદ્દભવેલાં લોકગીતોમાં પહેરવેશના અસંખ્ય ઉલ્લેખો મળી આવે છે. અહીં આપણે લોકગીતોમાં મળતા ઘાઘરાના ઉલ્લેખો જોઈ એ:

સ્વામી ગામ સિધાવે છે. ને પોતાની ગોરાંદેને મનગમતી ચીજ મંગાવવા કહે છે. ચતુર નારી કેવી માગણી કરે છે ?—

ઊંચા તે મેઘરાજા ગાજ્યા રે લોલ
કાળી ચોપાટનાં એ આંબલા રે લોલ
બળવંતભાઈ ગામ સિધાવિયા રે લોલ
શાંતુવહુ જે જોઈ તે મગાવજો રે લોલ
આભ જેવડી ઓઢણી
ને ધરતી જેવડો ઘાઘરો
જુવાર માથે જીંડવું
ને કપાસ માથે પોંક
એ વસ્તુ નહીં મળે રે લોલ
ગોરીનાં રૂસણાં નહીં મટે રે લોલ.

લગ્ન પ્રસંગે માંડવા નીચે મીઠી મશ્કરી કરવામાં આવે છે. વેવાઈ માટે કેવો ઘાઘરો સિવડાવવો ? — શરબતી મલમલનો ઘાઘરો ! લોકનારીની કલ્પના તો જુઓ !

શરબતી મલમલ મંગાવો રે.
અમદાવાદી મલમલ મંગાવો રે.
એનો ઘાઘરો સિવડાવો રે.
ઘાઘરો જૂઠાભાઈને પે'રાવો રે.
માંહી સપઇને બેસાડો રે.

ખડડડ રોપ ખડડડ રોપ કરે રે
ભાઇનો ઘાઘરો બહુ સારો રે.

અલબેલા સાહ્યબા પાસે રસિક નારી વસ્ત્રાલંકારોની માગણી કરે છે--

પગ પરમાણે મારે ઝાંઝર, નાયક જી!
ઘૂઘરિયાળો શણગાર રે, નાયક જી!
વો'રી આલો અલબેલા સાહેબ જી!
કેડ પરમાણે મારે ચણિયો નાયક જી!
ઝૂમ્મુંવાળો શણગાર રે, નાયક જી!
વો'રી આલો અલબેલા સાહેબ જી!

સુંદરી સોળ વરસની થઇને જોબન ભરાણું, પણ નાવલિયો નાનેરું બાળ છે; માંડ બાર વરસની ઉંમર છે. સુંદરીનું આણું થાય છે ત્યારે તેના કાળજાના કકડા થાય છે. એની વેદના આ ગીતમાં વર્ણવી છે :–

આગનો મોટો પાતળો રે
કંઈ ખાલ્યો ગોટાગોટ,
ખોળો વાળીને ફૂલ વીણતી રે
મને ડસિયો કાળુડો નાગ;
અખોવન રોઝડી રે
રંગમાં રેલી જાય.
બાર પટાનો મારો ઘાઘરો રે
કંઈ ભમ્મરિયાળી ભાત,
સારું કરીને સૂઇ ગૂંથજે રે
મારે રે'વું આજુની રાત;
અખોવન રોઝડી રે
રંગમાં રેલી જાય.
વાંદરા ઠેકે વાડિયું ને
કંઈ હરણાં ઠેકે વાડ,
મારી જુવાની ઠેકે ધરતી રે
મારું દિલ હિંચોળા ખાય;
અખોવન રોઝડી રે
રંગમાં રેલી જાય.

નવી સવી સાસરે આવેલી વહુ બિચારી નણંદબાની ઘાઘરી સીવવા બેઠી ઘાઘરી સીવતાં સોય ખોવાણી. પછી તો વહુને માથે પસ્તાળ પડી-

ઘાઘરી સીવતાં સોય ખોવાણી
અમારા નણદીબાની.
અરેરે મારી સાસુ મેણાં બોલે,
અરેરે મારી જેઠાણી મેણાં બોલે;
અરેરે મને પિયરિયું દેખાડો
અરેરે મને મારગડો બતાવો.

પછી તો નણદીનો વીરો ઘેર આવ્યો. તેણે સોય ગોતી આપી અને મેણાં ભાંગ્યાં.

## નવરંગી ચૂંદડી

તજ, તલ, તમાલપત્ર, કેસર. કસ્તુરી, ઇલાયચી અને જાયફળ જેવાં બત્રીસ વસાણાંની અદ્ભૂત મિલાવટમાંથી બનાવેલા 'બત્રીસા' ધૂપની સોડમ રેલાવતી ચુંદડીનું લોકકવિઓએ કેવું અદ્ભૂત આલેખન કર્યું છે!—

ચુંદડીને ચારે છેડે ઘૂઘરી
વચમાં આળેખ્યાં ઝીણા મોર;
સંકેલું તો ઘમકે રૂડી ઘૂઘરી
ઉખેળું તો ટહુકે ઝીણા મોર.'

ચુંદડી એ નારીના સૌભાગ્યનો શણગાર છે. એ વિનાના શણગારો અધૂરા જ ગણાય. પરણીને સાસરે જતી કન્યા નવરંગી ચુંદડી ઓઢે છે. એ ચુંદડી પણ કેવી છે? ચારે છેડે બગલાની પાંખને પણ ઝાંખપ આપે એવા શ્વેત રૂપાની ઝીણીઝીણી ઘૂઘરીઓ ટાંકી છે. વચમાં ઝીણા ઝીણા મોર આલેખ્યા છે. નવોઢા નારી કહે છે કે 'ચુંદડી સંકેલું છું તો ઘુઘરીઓ રણઝણી ઊઠે છે, ઉકેલું તો મોર ઝીંગોરે છે.'

### ચૂંદડીની અનેક જાતો—

પહેરનારના અંતરમાં અકથ્ય લાગણીનાં મધુર સ્પંદનો જગાડતી લોકસંસ્કૃતિના પ્રતીક સમી કુલ ૩૬ જાતો લોકજીવનમાં વિવિધ નામે જાણીતી છે. છાયલ, સેલારિયું, સાળું, સેલું, સણિયું, શાલપોત, બાંધણી, બિરોદક, ગવન, ગંડેરી, ગાળો, ઘરચોળું, ઘેર, કસુંબો, કાઠોરિયું, કાસ્ચોળી, પામરી, પોમચો, લેરિયું, મગિયું, અમ્બર, ઘાટ, ભમરિયું, સેફળિયું, વસંતિયું, પટોળું, ચંદ્રકળા, ચૂંદડી, ઓઢણી, નગરિયું વગેરે.

યંત્રયુગના આગમન પૂર્વે આપણે ત્યાં જે ઉદ્યોગો ખીલ્યા હતા તેમાંનો એક બાંધણી ઉદ્યોગ હતો. રાજસ્થાનમાં આવેલા જયપુરની બાંધણી વખણાય. પરંતુ એને પણ બે ઘડી ભૂલાવી દે એવી બાંધણી ગુજરાતના કારીગરો કચ્છ અને જામનગરમાં બેસીને તૈયાર કરતા. આજે તો મિલની સસ્તી બાંધણીઓ લોકપ્રિય બનતાં આ ઉદ્યોગનાં વળતાં પાણી થયાં છે, છતાંય આજે પણ આ ઉદ્યોગ ટકી રહ્યો છે. કાપડ ઉપર આળેખેલી રેખાઓ ઉપર બાંધણી । કારીગર એકેએક દાણો બાંધી ડીઝાઈન પૂરી કરે છે.

### પાટણના પટોળા—

ઢાકાની મલમલની માફક એક જમાનામાં પાટણનાં પટોળાની બોલબાલા હતી. પટોળાંની બેનમૂન કળા દુનિયાભરમાં વખણાતી. કહેવાય છે કે ૮૦૦–૯૦૦ વર્ષ પૂર્વે સોલંકીયુગમાં કુમારપાળ ઔરંગાબાદથી સાળવી કુટુંબને પાટણમાં લાવેલો. એ વખતે સાળવીઓના ૭૦૦ કુટુંબો આ ધંધામાં રોકાયેલા હતા. ગુજરાતના આ પ્રાચીન પટોળા–ઉદ્યોગને વિકસાવવાનો યશ કુમારપાળને ફાળે જાય છે.

કેમિકલ ડાઇગની શોધ નહોતી થઇ તે પૂર્વે મજીઠ, કીરમીજ, હળદર, ગળી, હરડે, બહેડાં, ફટકડી વગેરેમાંથી રંગો તૈયાર કરવામાં આવતા. પટોળાની બંને બાજુએ રંગ એક સરખો જ દેખાય, અવળું

સવળું એ કળવું પણ મુશ્કેલ બને ! એક પટોળું તૈયાર થતાં સહેજે એક કુટુંબને ચાર-છ માસ લાગતા હોઇ એની કિંમત પણ છસોથી માંડીને હજાર પંદરસો રૂપિયા સુધી થાય છે. એના વણાટમાં જે અદ્દભુત કળા ઠલવાય છે એવા વિશે એક કહેવત ખૂબ પ્રચલિત છે, 'પડી પટોળે ભાત ફાટે પણ ફીટે નહીં.'

**રંગ, ભાત અને સુવાસ –**

ચૂંદડી એના અપ્રતિમ મનમોહક રંગોને લઇને લોકપ્રિય બની છે કારીગર બાંધણીના કાપડ ઉપર દાણા બાંધે છે જેટલા રંગ હોય એટલા દાણા બાંધવા પડે છે અને કપડું રંગવું પડે છે. રંગ કર્યા બાદ બાંધણી પરથી દોરા ઉકેલી લેતાં નયનરમ્ય ભાત ઉપસી આવે છે આ ભાતના રંગો એટલા પાકા હોય છે કે બાંધણી ફાટે પણ રંગ ઝાંખા થતા નથી.

ચૂંદડીમાં વિવિધ ભાતો જોવા મળે છે: ચોખલિયાળી ભાત, કીડિયા ભાત કોથમરી ભાત, દાણા ભાત, મોર પોપટની ભાત વ૦ આજે વિશેષ લોકપ્રિય બની રહી છે અને જ્યાં રૂપ હોય, દિલ હોય ત્યાં સુગંધ કેમ ન હોય ! એકલા ગુગળ કે એકલા સુખડનો નહીં, પણ સૌરાષ્ટ્રમાં જેને બત્રીસો ધૂપ કહેવામાં આવે છે એ તથા સોંધા નામના ધૂપને કપડામાં ભરતાં મહિનો મહિનો એની સુવાસ ન જતી, એટલું જ નહીં પણ સુગંધી વસાણામાંથી તૈયાર કરેલ પાંદડીનો ભૂકો પણ ચૂંદડીમાં ભરીને જાળવી રાખતાં એની મહેક મહિનાઓ સુધી ટકી રહેતી.

**લગ્ન પ્રસંગનો સંસ્કાર—**

ગુજરાત, સૌરાષ્ટ્ર અને રાજસ્થાનમાં લગ્નપ્રસંગે કન્યાને પાનેતર પહેરાવવાનો રિવાજ પ્રચલિત છે. પરણવા જતી કન્યાને માથે મોતીભરતનો રૂપાળો મોડિયો મુકાય છે. મોડિયા ઉપર પાનેતર ને પાનેતર ઉપર ચૂંદડી ઓઢાડીને કન્યાના મામા કન્યાને માંડવે લાવે છે. માતાના પ્રેમના પ્રતીકસમી અને લગ્નની યાદગિરી રૂપ આ ચુંદડી કન્યા સાસરે લઇ જાય છે.

**લોકસાહિત્યમાં ચૂંદડી—**

લોકસાહિત્યમાં હૃદયના શૃંગારના ચેતનસમી ચૂંદડીનાં વર્ણનો ઠેર ઠેર મળે છે. ગોરાંદે વાલમને પૂછે છે, રંગરસિયા ! આખી રાત ક્યાં રમી આવ્યા ? હીંગળા જેવી લાલચોળ આંખ ચાડી ખાય છે કે રાતનો ઉજાગરો માથે લીધે છે—

'હો રંગરસિયા'
ક્યાં રમી આવ્યા રાસ જો,
આંખલડી રાતીને
ઉજાગરો બહુ થયો જો'

રસિયો જવાબ આપે છે કે, ગોરાંદે, એ બધું તમારે કારણે છે–

'આજ ગ્યા'તા કસૂંબીને હાટ જો,
ઘરચોળાં વસાવતાં વહાણલાં વહી ગયાં.'

ગુજરાતના નાયક ઉપર અન્ય પ્રદેશોની કન્યાઓ વારી જાય છે—

'દોશીડાને હાટે ઘોડો અટકી ઊભો,
ચુંદડીયું વસાવતાં લાગી વાર રે,
નગારાં વાગે રે ઝીણાં ઝીણાં રે.
મારો નાયક છે જી ગુજરાતનો,
મારો કેશરીયો ભીનોભીનો જાય રે,
નગારાં વાગે રે ઝીણાં ઝીણાં રે'.

છીંટ અને છાયલ ક્યાંના વખણાય તે પણ આપણા લોકગીત બતાવે છે. સંસ્કૃતિનાં આવાં અનેક પ્રતીકોની માહિતી લોકગીતોમાં આજે પણ સચવાયેલી મળી આવે છે—

'અમદાવાદી છાયલાં ને બરાનપોરી છીંટ,
દ્વારકાંઠે કેવડો તે વાએ વાંકો થાય,
જીયાવરના બાપનો હાથી દોર્યો જાય.
ઝીણા મારુજી હો રાજ...
ત્રાંબની ટોયલી ને હીંગનો વઘાર,
જીયાવરના બાપ તો દેશના સરદાર.
ઝીણા મારુજી હો રાજ.
રાયપુર ચકલે ગડગડ ઘોલવેલ જાય,
માંહે નાંખો ચુંદડી, લાડકડી સાસરે જાય.'

નાગરીનાતમાં ગવાતા એક લોકગીતમાં ચુંદડીનું વર્ણન આવે છે. આ નવરંગી ચુંદડી પણ કેવી ! ચુંદડી ઓઢીને જતી નારને નિરખી રાજાએ ઘોડાની લગામ ખેંચી અને પ્રધાનને પૂછ્યું, આ કોની એટડી આવી સુંદર ચુંદડી ઓઢીને નીસરી છે ?

'સોવન ફૂલડે ફૂલિયું હતું,
રત્ને ઝીંડવું હોયે.
સોએ પિંજારડે પીંજ્યું, હતુ વીણ્યું રે,
વણારલા હોય નવરંગ ચુંદડી રે.
રંગભર્યા રે કચોળડા હતા,
રસે અમી ભર્યાં તળાવ, નવરંગી રે.
રંગ કસુંબો રે ઊકળે,
એવી ચુંદડીની ભાત પડાય.
તાપીને તટે નારવ્યું
એવું વીંછળ્યું છે ત્રિવેણીને તીર.
લાખે આણી અધલાખે સાટવી,
એવાં સવા લાખે ખર્ચ્યાં દ્રવ્ય...
નવરંગી ચુંદડી.
ઓઢી પહેરી સંચર્યાં
એવાં રાણોજિયા ગઢ હેઠ
રાયે રે ઘોડાને ખંચ્યો,
પ્રધાનને પૂછી છે વાત.
કેરસ કેરી બેટડી
હેવી કેરસ કળાવડુ હોય.
ઓઢી નવરંગી ચુંદડી......'

રાણકદેવડીના સૌંદર્યમાં ચૂંદડી અપ્રતિમ વધારો કરે છે :

'વાયા વાયા રે
કંઈ ઓતરદખણના વાય રે,
ચૂંદડીના છેડા ફરુકિયા
દીઠો દીઠો રે
એનો કેડય કેરો લાંક રે
દીઠો સવા ગજનો ચોટલો.'

લોકસાહિત્યમાં આનંદને ઉલ્લાસનાં ગીતો મળે છે તેમ કારુણ્ય રેલાવતાં ગીતો પણ આપણાં હૃદયને ભીંજાવી દે છે. સૌરાષ્ટ્રનું એક ખૂબ પ્રચલિત લોકગીત જોઈએ—

'માડી ! બાર બાર વરસે આવિયો
માડી ! નો દીઠી પાતળી પરમાર્ય રે
જાડેજી મા !
મો'લુમાં દીવડો શગ બળે રે !'

યુદ્ધમાં ગયેલો અલબેલો બારબાર વરસે ઘેર આવે છે. ઘરમાં પોતાની પાતળી પરમાર્યને શોધે છે. આખરે ભેદ ખુલે છે કે પોતાની માતાએ પત્નીને મારી નાખી છે. અલબેલો પત્નીની બચકી તપાસે છે તેમાં પોતાની ગેરહાજરીમાં પત્નીએ પાળેલા વિજોગણના વ્રતના કારણે ચુંદડી પણ કોરીને કોરી અકબંધ પડી છે. આ જોઈને સ્વામી મસાણમાંથી મડાં પણ બેઠાં થઈ જાય એવું કલેજાફાટ રુદન કરે છે. એનો સંસાર કડવો ઝેર જેવો બની જાય છે—

'એની બચકીમાં કોરી બાંધણી
એની બાંધણી દેખીને બાવો થાઉં રે
ગોઝારણ મા !
મો'લુમાં આંબો મોડિયો રે.
એની બચકીમાં કોરી ટીલડી
એની ટીલડી દેખીને તરસૂળ તાણું રે
ગોઝારણ મા !
મો'લુમાં આંબો મોડિયો રે.'

લોકસંસ્કૃતિના પ્રતીક સમી ચુંદડીનું મહત્ત્વ લોકજીવનમાં આજે પણ એવું ને એવું જ સચવાઈ રહ્યું છે.

## કનાત

કનાત એ જુના કાળની ઓઝલ પ્રથાને યાદ આપતી અને આજે ય ગિરાસદાર કોમમાં સચવાઈ રહેલો અવશેષ છે. વહુ–દીકરીઓ ઓઝલમાં રહી શકે તે માટેના વિચારમાંથી કનાત અસ્તિત્વમાં આવી છે.

બહુ જુના કાળમાં તો ઓઝલપ્રથાનું અસ્તિત્વ જ નહોતું. કાળક્રમે અને વિશેષે મોગલ સમયથી સ્ત્રીઓને ઓઝલમાં રહેવાનું, રાખવાનું શરૂ થયું એમ કહી શકાય ત્યારથી ઓઝલની પ્રથા ચાલી આવે છે અન્ય કોમોમાં આ પ્રથા ભૂંસાતી ચાલી છે. પણ ગિરાસદારોમાં આ પ્રથા આજે ય એવીને એવી અકબંધ સચવાઈ રહી છે. ગિરાસદારોની વહુ દીકરીઓ દિવસના ગામમાં પણ નથી નીકળતી. પાડોશીને ઘેર બેસવા જવાનું હોય તો રાતના ટાણે જ જાય છે; કારણ કે વહુ–દીકરીની પગની પાની પણ પતિ સિવાય બીજો કોઈ જોઈ ન શકે તેવી ભાવના આની પાછળ રહેલી છે.

### કનાતની રચના—

ઓઝલની પ્રથાને કારણે અનેક મુશ્કેલીઓ આવવા માંડી. ઘણી વાર જરૂરી કામ હોય, લગ્નપ્રસંગે કે ગામમાં કોઈને ત્યાં બેસવા જવાનું હોય, પગે લાગવા જવાનું હોય ત્યારે શું કરવું ? ત્યારે એમણે કનાતનો ઉપયોગ શરૂ કર્યો.

કનાતની રચના સીધી સાદી અને એટલી સરળ હોય છે કે એને માટે કોઈ સુથાર કે કારીગરની જરૂર પડતી નથી. કનાત એ ઘરગથ્થુ સગવડિયું સાધન છે. છત્રી તો આપણા ઘરઘરની વપરાશ છે. એવી એક છત્રી લઈને આખી છત્રીને ઢાંકીને જમીન સુધી લટકે એવું નાનકડું તંબુ જેવું આવરણ ( 'કવર' ) કરવામાં આવે છે. તેના આગળના ભાગે રંગભૂમિના પડદાની જેમ બે છેડા એકબીજાની પર હેઠે વળેલા હોય છે. તેમાં થઈને કનાતમાં પ્રવેશી શકાય છે. છત્રીનો દાંડો હાથમાં પકડીને ચાલી શકાય છે.

દરબારોની વહુ–દીકરીઓ ગામમાં કે પાડોશમાં બેસવા કે લગ્ન પ્રસંગે કંઈ કામે નીકળે તો ગાંયજી કનાત લઈને આગળ ચાલે છે. તેની પાછળ કનાત નીચે વહુ–દીકરીઓ ચાલે છે. કનાત જમીન સુધી ઘસડાતી હોય છે, પરિણામે કનાતમાં જનારની પગની પાની પણ દેખી શકાતી નથી.

### મોભાની અભિવ્યક્તિ—

કનાત એ મોભાની અભિવ્યક્તિ છે. વ્યક્તિનું વિશિષ્ટ ગૌરવ તે પ્રસ્થાપિત કરે છે. જેમ રાજાની સવારીની સાથે તેનું છત્ર હોય તે તેનું ગૌરવ ગણાય છે તેવી જ રીતે કનાતમાં જનાર વહુ–દીકરીનો મોભો આદરણીય ગણાય છે. કનાતવાળા ઘરની કિંમત પણ વિશિષ્ટ અંકાય છે.

દીકરી પરણીને સાસરે જાય ત્યારે કન્યાને 'સંયમ, મર્યાદા અને ઓઝલમાં રહેજે' એવી ભાવનાની અભિવ્યક્તિ કરતી કનાત કરિયાવરમાં આપવામાં આવે છે. સારા ઘરની કન્યા સાથે તેની સરભરા માટે હજામ કે કોળીની કન્યાને મોકલવાનો પણ રિવાજ છે.

### લોકકળાનું પ્રતીક કનાત—

કનાત એ માત્ર ઓઝલનું પ્રતીક છે એવું નથી. કનાત એ લોકકળાનું પણ પ્રતીક છે. તે લોકજીવનના એક વિશિષ્ટ–રિવાજનું તેમજ લોકકળાનું પણ દર્શન કરાવે છે.

કનાત દરજી સીવી આપે છે. વિવિધરંગી કાપડ લઈને તેને ઝાલર મૂકે છે. દરજણો રંગીન લૂગડાના કટકા-કાપલા લઈને તેના પર મનોહર કટાઉ ભરત કરે છે.

કનાત પર રંગબેરંગી ભરતકામ પણ કરવામાં આવે છે. શોખીન અને રંગીલા સ્વભાવની નારીઓ કનાત પર હીર અને ખાપુનું ભરત ભરીને રૂપાળા પોપટ અને મોર પણ ભરે છે. ફરતી સોનાચાંદીની ઘૂઘરીઓ ટાંકે છે. એ કનાત પણ કેવી હોય ! લોકનારીની ભવ્યોદાત્ત કલ્પના તો જુઓ–

'જતાં વાગે ઘમ્મર ઘૂઘરી
વળતાં ગીગેરે લીલા મોર'

### કનાત અને બુરખામાં સામ્ય—

ગિરાસદારો અને મુસલમાનો બંને કોમોમાં ઓઝલનો રિવાજ સરખો જોવા મળે છે. ગિરાસદારોની સ્ત્રીઓમાં કનાત વપરાય છે જ્યારે મુસલમાન સ્ત્રીઓ બુરખો ઓઢે છે. મુસ્લિમ બાનુઓ બહાર જાય ત્યારે કાળો, કથ્થઈ અગર જાંબુડી રંગનો રેશમી બુરખો પહેરે છે. ગિરાસદારની વહુ–દીકરીઓ કનાતમાં નીકળે છે.

આ પરથી અનુમાન એવું બાંધી શકાય કે દરબારો અને મુસલમાનોમાં ઓઝલની પ્રથા સમાનઅંતરે થઇ હશે.

ગુજરાતને ગામડે ગામડે ગિરાસદારોની વહુ–દીકરીઓ આજે ય કનાતમાં ફરતી નજરે પડે છે. આમ કનાતની એક આગવી વિશિષ્ટતા છે.

## માટીના ઘોડા

સાબરકાંઠા, બનાસકાંઠા, પંચમહાલ, મધ્યપ્રદેશ અને હિમાચલ પ્રદેશના આદિવાસી વિસ્તારોમાંથી પસાર થનારને માટીના અસંખ્ય ઘોડાઓથી વીંટળાયેલા દેવો દૃષ્ટિગોચર થશે. ધાર્મિક વિધિઓમાં કેટલાંક પ્રતીકોનો ઉપયોગ થાય છે. તેમાં માટીકળાના પ્રતીકસમા ઘોડાનો પણ સમાવેશ થાય છે. ઘોડો ખુબ જ શક્તિશાળી–તાકાતવાન પ્રાણી ગણાય છે. આર્યોએ ભારત પર વિજય મેળવવા માટે ઘોડાઓનો જ ઉપયોગ કર્યો હતો એમ ઇતિહાસ પણ નોંધે છે.

રામાયણ અને મહાભારતના કાળમાં અશ્વમેધ યજ્ઞો થતા. યજ્ઞના ઘોડાને છૂટો મૂકાતો. ઘોડો જે પ્રદેશમાંથી પસાર થાય ત્યાં ચક્રવર્તી રાજાની આણ રહેતી. પ્રદેશનો રાજા બળિયો હોય તો લડાઇ પણ આદરવી પડતી. ત્યારબાદ ઘોડાનો ઉપયોગ માલ વહેવા, સવારી કરવા અને કેટલેક ઠેકાણે ખેતીકામમાં પણ શરૂ થયો.

ઘોડાનું બલિદાન આપવાના પ્રાચીન રિવાજ ઉપરથી કદાચ દેવોની દેરીએ જઇને તેમને માટીના ઘોડા ચડાવવાનો રિવાજ આવ્યો હોય તેવી શક્યતા નકારી શકાય તેમ નથી.

### માટીના કલાત્મક ઘોડા—

માટીના ઘોડા એવા તો કલાત્મક ઘાટ ઘૂટવાળા બનાવાય છે કે ન પૂછો વાત! આવા સુંદર ઘોડા જોઇને આપણને કલ્પના સરખી પણ ન આવે કે ગામડાનાં અભણ કુંભારો માટીના આવા ઉત્કૃષ્ટ પ્રકારના નમૂના બનાવી જાણતા હશે. રાજસ્થાનની સરહદને અડીને ઊભેલા દાંતા (ભવાનગઢ) અને હડાદ ગામોના કુંભારો બબ્બે ફૂટ ઊંચા ઘોડા બનાવીને તેના પર ઘોડાનો સામાન બનાવે છે, શણગાર સજાવે છે, ઉપર અસ્વાર બેસાડે છે

વધારે નવાઇ પમાડે તેવી વાત તો એ છે કે કુંભાર લોકો માટીના આ બેનમૂન ઘોડા ચાકડા ઉપર તૈયાર કરે છે. ન મનાય તેવી બાબત હોવા છતાં તે સત્ય હકીકત છે. માટીના નળિયાની જેમ જ ઘોડાનો શરીરનો ભાગ ચાકડા ઉપર ઉતારે છે. એને પૂંછડી નથી હોતી, પૂંછડીની જગ્યાએ ગોળાકાર પોલો ભાગ જ હોય છે. ઘોડાનું મોં ગોળાકાર ખુલ્લું અને પગ પોલા હોય છે, ને તે ઊભો રહી શકે તે માટે પગ નીચે ગોળાકાર બેઠક હોય છે. પગ અને મોં પણ ચાકડા ઉપર તૈયાર કરીને હાથથી ઘોડાના શરીર સાથે સંધાડી દેતાં આખો ઘોડો તૈયાર થાય છે. ઘોડાના શણગાર, અસ્વાર એ કુંભાર પોતાના હાથ વડે હૈયા ઉકલતથી જ કરે છે. તૈયાર થયેલા કાચા ઘોડાને નિભાડામાં પકવવા માટે મૂકવામાં આવે છે. ઠામડાં અને નળિયાની સીઝન પૂરી થતાં નવરાશની પળોમાં કુંભારો માટીનાં આ બેનમૂન પ્રતીકો સર્જે છે. આવા અસંખ્ય ઘોડા બનાવી તે કોઢમાં મૂકી રાખે છે આજુબાજુ પંથકમાં વસતા આદિવાસીઓ જ્યારે જરૂર પડે ત્યારે આઠાને આઠ–દશ આના આપીને આ ઘોડા દેવને ચડવવા માટે ખરીદી જાય છે

### વીર બાવજીની માનતા—

ધરતીના ખોળે વસતાં આદિવાસીઓ કુદરતની શક્તિથી વધુ ડરે છે. પરિણામે ધર્મ પ્રત્યે ખૂબ જ આસ્થા રાખે છે. દેવોનો ડર તેમને વિશેષ લાગે છે, પરિણામે તેમની આરાધના–પૂજા કરે છે પાણીનો ડર દૂર કરવા માટે મગરદેવની પૂજા કરે છે. લાકડામાંથી કોરેલા મગરની આકૃતિ મૂકે છે, વૃક્ષ નીચે આવા અસંખ્ય મગરદેવ જોવા મળે છે. આવાં તો અનેક પ્રકારનાં દેવ–દેવીઓની પૂજા કરે છે.

બનાસકાંઠામાં વસતા આદિવાસીઓ વીર બાવજીદેવને વધુ માને છે. આ દેવ સીમ–શેઢાના રખેવાળ મનાય છે. તેમનું થાનક ખેતરને શેઢે ઝાડ નીચે હોય છે. આદિવાસીઓ માને છે કે આ દેવ સીમમાં ચરતાં ઢોરનું રક્ષણ કરે છે. સાંજે ઢોર ઘેર ન આવ્યું હોય, ઢોર માંદુ પડ્યું હોય, તો આદિવાસી વીરબાવજીને માટે ઘોડો ચડાવવાની બાધા રાખે છે કોઈ સ્ત્રીને દિવસે ન ચડતા હોય તો ઘોડો ચડાવવાની માનતા માને છે. એને દીકરો અવતરે તો 'વીરો' એવું નામ પણ પાડે છે. માનતા સફળ થતાં આદિવાસીઓ માની હોય તેટલા માટીના ઘોડા લઇને વીરબાવજીને ચડાવે છે, દીવો કરે છે ને નાળિયેર વધેરે છે.

### ભારતભરમાં પ્રચલિત—

દેવને માટીના ઘોડા ચડાવવાનો રિવાજ પંચમહાલ, સાબરકાંઠા અને બનાસકાંઠાના આદિવાસીઓ પૂરતો જ અસ્તિત્વમાં છે એવું નથી. પણ છોટાનાગપુર વિસ્તારનાં સંથાલ, નર્મદાખીણ વિસ્તારના ગોંડ, કોલ, કોરકુ, ભીલ અને બૈગા, દક્ષિણમાં કૃષ્ણા નદીની નીચે નીલગિરિની ટેકરીઓમાં વસતા ટોડા, બડગા, ખોંડ મલાવરમાં રહેતા કુરમાન, ઈરૂલા, પનિયન, ત્રાવણકોર કોચિનમાં કદન કનિકરન, મલયન અને આંદામાન નિકોબારમાં પણ દેવતાને માટીના ઘોડા ચડાવવાનો રિવાજ આજે ય એકસરખો પ્રચલિત છે

પશ્ચિમ બંગાળમાં એક ધાર્મિક સંપ્રદાય છે જેનું નામ 'ધર્મ-સંપ્રદાય' છે. એ સંપ્રદાયમાં પશુબલિ એક મહત્ત્વનું અંગ છે. આ સંપ્રદાયના કોઇ પણ મંદિરમાં દેવની પાસ્ખીની બાજુમાં માટીના ઘોડાઓની હારમાળા જોવા મળશે માટીના આ ઘોડા 'ધર્મઠાકુર' નામના દેવને ભેટ તરીકે ચડાવાય છે જે રિવાજ ધીમેધીમે મનસા અને અન્ય દેવ દેવીઓનાં સ્થાનકો સુધી પહોંચ્યો છે. પચમુંડાના કુંભારોએ માટીના સર્જનહાર તરીકે ભારે નામના મેળવી છે

ડુમ, હાડી, કેયત તથા હિંદુઓની અન્ય નીચી ગણાતી કોમોમાં ધર્મઠાકુરની પૂજા પ્રચલિત છે. એ દેવ તરત પરચો આપનાર ગણાય છે. આ દેવનું સ્થાનક ગમે તે જગ્યાએ કોઈ એક વૃક્ષ હેઠળ હોય છે. તેમને ભેટ સ્વરૂપે ચડાવેલા માટીના ઘોડાઓની હારમાળા આજુબાજુ નજરે પડે છે.

### પ્રાદેશિક કળાભિન્નતા—

આદિવાસીઓની અનેક જાતિઓ છે દરેકના દેવ પણ જુદાજુદા નામે ઓળખાય છે, તેમ છતાં દેવને ઘોડાની ભેટ ધરવાનો રિવાજ એક સરખો છે.

માટીના ઘોડા કુંભાર બનાવે છે. પોતાની રીતે એને સજાવે છે. નમણાં રૂપ અને ઘાટ આપે છે. પરિણામે પ્રદેશવાર ઘોડાને

રચનાકળામાં ઘણા પ્રકારની ભિન્નતા જોવા મળે છે. કેટલીક જગ્યાએ ચારથી પાંચ ફૂટ ઊંચા ઘોડા જોવા મળે છે પંચમહાલ અને બનાસકાંઠાના કુંભારોની કળામાં પણ એટલું જ વૈવિધ્ય વરતાઈ આવે છે. કેટલાક કુંભારો ઘોડાની ડોક ખૂબ ઊંચી બનાવે છે તેમ છતાં આ ઘોડા એવા પાકા અને મજબૂત બનાવે છે કે વર્ષો સુધી એ ફૂટતા કે તૂટતા નથી. દેવોની દેરીઓ આગળ પચાસપચાસ વર્ષ પુરાણા જૂના રીઢા ઘોડા આજે પણ આખા જ મળી આવે છે. આદિવાસી સંસ્કૃતિના આ પ્રતીકો એ સંસ્કૃતિની સાથે ઉદ્‌ભવ્યા છે અને વિકસ્યા છે. આદિવાસીઓએ પોતાનાં આ પ્રતીકોને આજે પણ જાળવી રાખ્યાં છે.

પશ્ચિમ બંગાળના પંચમુંડા ગામમાં કુંભારો આજે પણ રંગીન માટીમાંથી સુંદર મજાના ઘોડાનું સર્જન કરે છે. કુંભારોની આ કળા બહુ પ્રાચીન નથી. છેલ્લાં ૧૦૦–૨૦૦ વર્ષમાં જ આ કળા વિકાસ પામી છે. પંચમુંડાના કુંભારે બનાવેલો ૨ ફૂટ ઊંચો બાંકુડો ઘોડો આજે અઢી રૂપિયે વેચાય છે. બાંકુડા ઘોડાનાં રૂપરંગ અને કલાત્મકતા મોહક અને ચિત્તાકર્ષક હોવાને કારણે 'ફેશનેબલ' લોકોનાં ઘરમાં પણ આ ઘોડા સુશોભનના પ્રતીક તરીકે સ્થાન પામી ચૂક્યા છે.

## માનવીનુ માંડણ ઘર

કહેવતમાં કીધું છે કે 'ધરતીનો છેડો ઘર.' ઘર એ સાચે જ માનવીનો વિસામો છે, પણ એ ઘર કેવાં ? ઘર માથે મેડી ઓપતી હોય, મેડીનું માંડણ ઓરડો હોય, ઓરડાનું માંડણ રૂડી ઓશરી હોય, ઓશરીનું માંડણ ઘોડિયું અને ઘોડિયાનો માંડણ રૂપાળો પુત્ર હોય મેડિનો શણગાર ઢોલિયા વગર અને ઢોલિયાનો શણગાર રસિયા વાલમ વિના અધૂરો જ રહે. લોકજીવને ઘરની પણ કેવી મધુર કલ્પના કરી છે. આટલી સાહ્યબી હોય તો માનવીનું આયખું ધન્ય બની જાય. આથી વિશેષ માનવીને જોઇએ પણ શું ?

**સંસ્કૃતિનો સર્જક માનવી** –

શિકારીની જંગલી અવસ્થામાં ધરતી ખૂંદતા માનવીએ જંગલી પશુ–પ્રાણીઓથી બચવા માટે વૃક્ષ પર માળો બનાવીને પોતાનું રહેઠાણ બનાવ્યું. શિયાળાની સૂસવતી ટાઢ અને ઉનાળાના ધોમ-ધખતા તાપથી રક્ષણ મેળવવા માટે એણે ગુફાઓ ગોતી કાઢી. અગ્નિની શોધ કરી એણે અંધકાર પર વિજય મેળવ્યો. એનો જાતિગત પ્રથમ સંસ્કાર તે કૃષિ સંસ્કાર. ઓજારો તો અગાઉ મેળવ્યાં જ હતાં. આમ કૃષિ, અગ્નિ અને ઓજારોએ મળીને માનવીને ઘર આપ્યું, હુન્નર આપ્યો, કલાજીવનમાં પ્રવેશ કરાવ્યો ત્યારથી જ કલા સંસ્કૃતિના પદધબકાર શરૂ થયા.

જુદા જુદા પ્રદેશોમાં ભૌગોલિક પરિસ્થિતિ અનુસાર ઘરોનો વિકાસ થવા લાગ્યો. વધુ વરસાદવાળા પ્રદેશમાં વરસાદથી રક્ષણ મળે એવાં, ઉનાળામાં ગરમ પવન અને લૂથી રક્ષણ મળી શકે એવાં અને શિયાળામાં ટાઢથી રક્ષણ મળે એવાં ઘરોનું માનવીએ સર્જન કર્યું. ઘરમાં જેમ જેમ લાકડું વધુ વપરાવા લાગ્યું તેમ તેમ કાષ્ટ-કલા ખીલવા લાગી અને ઘરની બાંધણીમાં કલાનો સુભગ સમન્વય થવા લાગ્યો.

કાઠિયાવાડ અને રાજસ્થાનમાં જ્યાં ડુંગરાની હારમાળા છવાયેલી છે અને જમીનના પેટાળમાંથી અઢળક પથ્થર મળે છે, ત્યાં પથ્થરનાં જ મકાનો બનવા લાગ્યાં. ગીરકાંઠો, બનાસકાંઠો, સાબરકાંઠો અને ડાંગ કે જ્યાં કુદરતે છૂટે હાથે વન્યસમૃદ્ધિ બક્ષી છે ત્યાં પથ્થર અને માટીની સાથે વાંસ, લાકડા અને ઘાસના મકાનો અસ્તિત્વમાં આવ્યા, જે આજે ય મોટા પ્રમાણમાં જોવા મળે છે. ગુજરાતમાં મોટા ભાગનાં મકાનો ઈંટોના જોવા મળે છે. છાપરાં પર પતરાં અને નળિયાં બંને વપરાય છે.

**ભાલ પ્રદેશની ઘરરચના—**

ગુજરાત અને સૌરાષ્ટ્રને અડીને આવેલા ભાલપ્રદેશમાં માટીનાં ઘરો જોવા મળે છે એનું કારણ એ છે કે ત્યાંની માટી ઈંટો બનાવવા માટે અનુકુળ નથી એની ધરતીમાંથી પથ્થર મળતો નથી, જ્યારે માટી ખૂબ ચીકણી હોઈને ત્યાંના લોકો માટીમાંથી જ ઘરનું સર્જન કરે છે ચોમાસાની ઝાપટું ઝીલતાં આ ઘરની પાંચસો પાંચસો વરસ લગી કાંકરી સરખી ય ખરતી નથી.

ભાલપ્રદેશમાં મોટેભાગે ઉગમણા અથવા ઓતરાદિ' બારન ઘર બનાવવામાં આવે છે. ઓશરીવાળું પડાળ લાંબુ અને પછીતવાળું પડાળ ટૂંકું હોય છે. એક ઓશરીએ બેથી ત્રણ ઓરડા અને રાવટી તથા આંગણું કાઢેલું હોય છે. સામે ઢાળિયું, પડખે રસોડું, ઢાળિયા ઉપર મેડો, એને અડીને કોઠ અને કુવળિયું હોય છે. મકાનોમાં સાગ અને હળદરવાનું લાકડું મોટા પ્રમાણમાં વપરાય છે. મજબૂત, અને સુંદર નકશીથી શોભતા બારસાખ નીચે કલાત્મક કુંભિયું પડખે સાખું અને સાખું પડખે કોપરાં મૂકે છે ઉપર શોભાવતું ઓતરંગ મૂકે છે ટોડલા ઘોડલા અને દાબણ ઘરની નમણાઈ વધારે છે. પથ્થરની કુંભિયુંમાં લાકડાની થાંભલિયું અને થાંભલિયુંની સાથે કાષ્ઠશિલ્પના બેનમૂન પ્રતીક શમાં નેજવાં મૂકવામાં આવે છે.

**કચ્છમાં વસતા કોળીના કુડ—**

કોળી કોમના ઘર જ એમની સંસ્કૃતિનો સાચો પરિચય આપે છે. કચ્છમાં વસતા કોળીલોકોનાં પાંચ–પંદર કુટુંબો ગામને છેડે પાંચ સાત હાથ પહોળાઈવાળાં શંકુઆકારનાં ઝૂપડાં બનાવે છે જે કૂબા અથવા કુડને નામે જાણીતાં છે. આ કૂબા ઝાંખરાંઝાંખરા અને લીમડાથી સાજે છે અંદર ગારનું લીંપણ કરે છે કબાડાથી બાંધેલા કૂબાને માડુ કહેવામાં આવે છે. કૂબાના મજૂડાં તો અવશ્ય જોવા મળે જ. આવા કૂબાનો સમૂહ વાંઢને નામે ઓળખાય છે.

**પાટીદારોનાં ઘર—**

ગુજરાતના પાટીદારો આજે તો ધાબાવાળા મકાનો બનાવે છે, પણ એમનાં જૂનાં ઘરો ઈંટો અને માટીથી જ ચણેલાં જોવા મળે છે. ધોળકાથી માંડી સમગ્ર ચરોતર સુધી આવા જ ઘર મળી આવે છે.

સુરત જીલ્લાના હળપતિઓનાં ઝૂંપડા જેવાં ઘરોમાં તો વાંસ વણીને દાખલ થવું પડે છે માટીની ભીંતો અને ઉપર શેરડીનાં પાંદડાથી ઢાંકેલું છાપરું હોય છે કેટલાંક ઘરો કપાસની સાંઠીઓ અને જુવારનાં રાડાંમાંથી પણ બનાવેલાં નજરે પડે છે જ્યારે કુકણા કોમનાં ઘરો કામઠી અને છાણના લીંપણવાળા જોવા મળે છે ઘરની આગળ પાછળ બારણાં એ એની વિશેષતા છે. ઘર પછવાડે ગારથી લીંપેલો ઓટલો હોય છે જેના ઉપર આખું કુટુંબ સૂઈ શકે છે.

કુકણા કોમના ઘરમાં ધ્યાન ખેંચે એવી વસ્તુ તો તાડના થડનું પાણિયારું હોય છે. તાડના થડનો અર્ધો ભાગ કાપીને તેના પર પાણી પીવાનું માટલું હળતું રાખે છે. વંઘારાના પાણી માટે ભીંતમાં કાણું પાડીને થડનો છેડો બહાર કાઢેલો હોય છે.

**ઓડ : ઘરના ઘડવૈયા—**

કહેવાય છે કે સિદ્ધરાજ જયસિંહે જ્યારે પાટણનું સહસ્રલિંગ તળાવ ગળાવ્યું ત્યારે તેણે જુદા જુદા પ્રદેશોમાંથી ઓડ લોકોને નોતર્યા હતા. આની સાથે જસમા ઓડણનો કિસ્સો સંકળાયેલો છે. માળવામાંથી ઊતરી આવેલી એ કોમ માટીકામની મહારથી ગણાય છે. માટીના ઘરનું સંપૂર્ણ ચણતર કામ ઓડ લોકો કરે છે આખું કુટુંબ આ કામમાં મદદરૂપ બને છે. ભેંસ પર બાંધેલી પખાલમાં પાણી લાવે છે, પાવડે ખાંપીને ગારો બનાવે છે. ઓડ ઘરની ભીંતો ચણે છે અને ઓડણ ગારાના ગળિયા આપે છે. એકાદ મહિનામાં તો કોટડાં ઊભાં કરી દે છે. ઓડનાં ચણેલાં ઘર એટલાં તો મજબૂત હોય છે કે વર્ષો સુધી વરસાદની સામે ટક્કર ઝીલે છે.

**ઓરડાંનાં નમણાં રૂપ —**

શ્રી જયમલ્લ પરમાર 'આપણી લોક-સંસ્કૃતિ'માં કાઠિયાવાડનાં ઓરડાંનાં રૂપ વર્ણવતાં લખે છે કે: 'કાચી ઈંટોનાં ગારવાળાં ઘર આગળના ભાગમાં ડેલી જ્યાં પુરુષોની અને મહેમાનોની બેઠક-ઊઠક રહે. ડેલી કેવી ? તો ધતૂરાના ફૂલ જેવી ઝીણી અને સુઘડ. ડેલીની બંને બાજુ છો-બંધ ઝમારા મારતી ચોપાટ, એ ચોપાટ ઉપર હિંગળોકિયા ઢોલિયા. કોતરણીવાળા ગઢ જેવા મજબૂત એનાં કમાડ, ડેલીની થાંભલિયું કડી રીતે કંડારેલી.'

ડેલીમાંથી આગળ વધીએ એટલે વિશાળ ફળિયું આવે. ફળિયામાં ઠંડી હવાની લહેરખીઓ નાખતું એકાદ ઝાડ હોય, સામે તુલસી-ક્યારો, ઘરના બારસાખ ઉપર દૂંદાળા ગણેશની મૂર્તિ હોય, પડખે પાણિયારું હોય, સોનલા વરણનાં બેડાં અને મોં દેખાય એવાં લોટા, પ્યાલા ને ઝારિયું જોઈને પરાણે પાણી પીવાનો ભાવ થાય.

ઓશરીમાંથી ઓરડામાં દાખલ થઈએ તો લોક-સંસ્કૃતિ અને કળાનાં અસંખ્ય પ્રતીકો ઊડીને આંખે વળગે. સામે લીંપેલી પેડલી ઉપર માટી કામના અદ્દભુત નમૂના સરખાં મજૂસ અને રીતા ચોરને ગોથું ખવરાવે એવા ચોરખાનાવાળા પટારા, પડખે ડામચિયાં, ડામચિયા ઉપર છાપેલો ધણિયો હોય, પટારા ઉપર ત્રાંબાની માંડ હોય ઘરમાં કુળદેવી કે માતાનો ગોખલો હોય, ઘરમાં મોતીસેરનાં ઝુમખિયાં લટકતાં હોય, ઘરોનાં આવાં આવાં તો કંઈક રૂપો વર્ણવી શકાય. લોક-સંસ્કૃતિના અભ્યાસ માટે આવાં ઘરો અનેકવિધ સામગ્રી પૂરી પાડે છે. ગુફા અને ઘરનો આશ્રય લેતો લેતો સંસ્કૃતિનો સર્જક માનવી આજે સંસ્કૃતિ વિકાસની ચરમ સીમા પર બેઠો છે.

## સોનલા વરણી માંડ

લોક-જીવનમાં દીકરાની શોભા ગુણિયલ અને લજ્જાશીલ વહુ, ઘરની શોભા સ્વચ્છ અને સુઘડ ઓરડો અને ઓરડાની શોભા તેમાં ગોઠવેલી સોનલા વરણી માંડ ગણાય છે. આજે નામશેષ થવા બેઠેલી આપણી લોક-સંસ્કૃતિનું પ્રતીક 'માંડ' એ શબ્દ પણ ઘણાને અપરિચિત લાગશે. માંડ એટલે ઓરડામાં ગોઠવેલા પટારા પર વાસણોની વ્યવસ્થિત ગોઠવણી. જે વાસણો મૂકવામાં આવે છે એને ય 'માંડ'નું નમણું નામ આપવામાં આવ્યું છે.

પ્રાચીનકાળથી ઘરની શોભા વધારવા માટે સ્ત્રીઓ અવિરત પુરુષાર્થ કરતી આવી છે. પરિણામે ભારતીય સંસ્કૃતિના વિકાસમાં સ્ત્રીઓનો ફાળો નોંધપાત્ર રહ્યો છે. ઇતિહાસ તો ત્યાં સુધી કહે છે કે ખેતીની આદ્યશોધક પણ સ્ત્રીઓ જ હતી. પુરુષો શિકાર કરવા માટે દૂર દૂર જંગલોમાં ચાલ્યા જતા ત્યારે સ્ત્રીઓ ઘર-આંગણે શાકભાજી અને અનાજ ઉગાડતી હતી. સ્ત્રીઓએ ઘેર બેઠાં બેઠાં પોતાની દૃષ્ટિ, હૈયા ઉકલત અને સૂઝ મુજબ ઘરની શોભા વધારવા પ્રયત્નો કર્યા છે.

**ઘર શણગારનો સંસ્કાર—**

કાઠિયાવાડમાં કણબી, કાઠી અને રજપુત કોમનાં ઘર જુઓ. એ ઘર જ એ કોમ અને એમની સંસ્કૃતિનો સુંદર પરિચય આપશે. ડેલીમાં દાખલ થતાં જ હીર અને મોતી ભરતના ચાકળાથી શોભતી ઓશરી દેખાય, ઓશરિયે રૂપાળા ઓરડા હોય, ઓરડામાં સામે હાથ દોઢ હાથની પહોળી અને વેંતેક ઊંચી ખડી કરેલી પેઢલી હોય, પેઢલી ઉપર પૈડાંવાળા પટારા હોય, પટારા ઉપર ત્રાંબા-પિત્તળનાં મોં દેખાય એવાં ચકચકિત ગોળી, હેગડા, ગોંણિયા, ડોલ અને બોઘરણાની માંડ હોય, તેના ઉપર માળી એટલે કે અભરાઈ હોય. માળીમાં થાળી, લોટા, પ્યાલા, તાંસળિયું, છાલિયાં અને વાટકા ગોઠવેલા હોય. એ થાળી ઉપર એક એક વાટકી અને થાળી આગળ લોટો કે પ્યાલો હોય. વચ્ચે વચ્ચે ટબૂડિયોની મનોહર હારમાળા હોય. માંડ નીચે મોતી ભરતની પછીત પાટી હોય. જોનાર તો એ ઘડી આશ્ચર્યમુગ્ધ બનીને જોઈ જ રહે.

ઘરને શણગારવાનો આ લોક-સંસ્કાર હજારો વર્ષ પુરાણો છે. ઘરની શોભા પરથી ઘરની સ્ત્રીની હોંશિયારીનું માપ નીકળે છે. આજે ય પ્રાચીન સંસ્કારને સાચવી રહેલાં ને કલામય માંડથી શોભી રહેલાં કાઠિયાવાડનાં કેટલાંક ઘરો તો પરદેશીઓ માટે અભ્યાસનો વિષય બની રહ્યાં છે.

**માંડની રચના—**

પ્રાચીનકાળથી ત્રાંબા-પિત્તળનાં વાસણો વસાવવાનો શોખ લોક-જીવનમાં ખૂબ વ્યાપક બનેલો છે. આ વાસણોને વ્યવસ્થિત રીતે, ઘરની શોભામાં અભિવૃદ્ધિ કરે તે રીતે ગોઠવવાના વિચારમાંથી માંડ અસ્તિત્વમાં આવી હશે એવી કલ્પના કરી શકાય. માંડનાં વાસણોમાં વસ્તુઓ પણ ભરી રખાય છે, એટલે શોભાની શોભા અને ઉપયોગનો ઉપયોગ એમ બે દૃષ્ટિ એની પાછળ રહી છે.

ગામડાંમાં આજે પણ માટીનાં ઘરનું ચણતર કામ ઓડ લોકો કરે છે કેટલીકવાર આ ઓડ લોકો જ માટીની માળી બનાવી આપે છે. તેને ઓળપથી લીંપીને ધોળી બાસતા જેવી ખડી કરવામાં આવે છે. ઘણી જગ્યાએ હોશિયાર સ્ત્રીઓ માટી લાવીને તેમાં ઘોડાની લાદ, રખ્યા વગેરે નાખીને તેમાંથી માળી બનાવે છે. માળી કેવી કલામય ! માળીની આગલી ધાર ઉપર સુંદર મજાના કાંગરા હોય, કાંગરામાં ખાપ ખોડી હોય, ઉપર સુંદર મજાની ભાત ઉપસાવી હોય, એવી માંડ પ્રાચીનકાળમાં ખૂબ પ્રચલિત હતી. આજે માટીની માળીનું સ્થાન લાકડાની માળીએ લીધું છે. સુથાર લોકો લાકડાની માળી

બનાવે છે. મજાના કાંગરા અને ફૂલવેલ કોરે છે. નીચે ઝૂમ્મર લટકતા મૂકે છે માળી નીચે લાકડાની કોતરેલી પૂતળિયું મૂકે છે અને પોતાની કલ્પના મુજબ તેને અવનવા ઘાટથી અલંકૃત કરે છે.

સામાન્યરીતે દરેક ઘરમાં માંડ હોય છે. ઘરનો દીકરો પરણે અને વહુ આણું વળીને આવે ત્યારે આણામાં કપડાંની સાથે ગોળી, ડોલ, લોટા–પ્યાલાથી માંડીને થાળી-વાટકા પણ લાવે છે. આમ માંડ વધતી જાય છે. એ ઘરની કન્યા આણું વળીને જાય ત્યારે માંડ ઘટાડતી જાય છે. પરંતુ ઘરમાં વહુ વાસણો લાવી હોય તેના પર હક તો વહુનો જ રહે છે જ્યારે કુટુંબ વિભક્ત બને ત્યારે વહુ પિયરથી લાવેલી પોતાની ચીજો માગી લેતી હોય છે. તે પોતાના નવા ઘરમાં માંડ મૂકે છે. જો વાસણો ઓછાં હોય તો થોડેથોડે ખરીદ કરીને માંડ ભરી દે છે.

**માંડ ઊટકવી—**

માંડ ઉપર એટલાં બધાં વાસણો હોય છે કે રોજબરોજ ઊટકવાનું શક્ય હોતું નથી. મહેમાનો આવે તો માંડ ઉપરથી વાસણો ઊતારીને એમને જમવા આપવામાં આવે છે તે વાસણો પછીથી ઊટકીને માંડ ઉપર મૂકી દે છે. દિવાળી જેવા વાર–પરબે, લગ્ન જેવા મંગલ પ્રસંગે માંડનાં બધાં વાસણો નીચે ઉતારીને ઊટકવામાં આવે છે. તળાવ–કૂવાના પાણીથી વાસણો કાળાં પડી જતાં હોવાથી ચોમાસામાં વરસાદનું પાણી ઝીલીને તેનાથી વાસણો ઊટકવામાં આવે છે પરિણામે બારબાર માસ ચકચકિત અને ઊજળાં રહે છે. આ માંડને ઊટકતાં ૨થી ૪ દિવસ લાગે છે.

આજે તો માટીનાં મકાનોનો જમાનો જવા માંડ્યો છે. સીમેન્ટ–કોંક્રીટનાં મકાનો થતાં માંડનો કલાત્મક સંસ્કાર વીસરાવા લાગ્યો છે. ગામડા આજે પણ આ સંસ્કારને સાચવીને બેઠાં છે. આજે વાસણો વસાવવાનો મોહ પણ ઓછો થતો જાય છે. લોકસંસ્કૃતિ ને લોકકલાના રસિયા જીવોએ તો કલાત્મક માંડ જોવાનું અને એનો અભ્યાસ કરવાનું નહિ ચૂકવું જોઈએ

## આનંદનું અનેરું પર્વ : મેળો

આપણાં આનંદોત્સવો એ આર્ય સંસ્કૃતિની આગવી ભેટ છે માનવજીવનને નવી ચેતના, નવી તાજગી બક્ષનાર ઉત્સવોમાં મેળાનું સ્થાન ખૂબજ મહત્વનું ગણાય છે શ્રી ગીંદારામ વર્મા રાજસ્થાની લોકોત્સવમાં લખે છે કે, આર્ય સંસ્કૃતિમાં આશા, ઉત્સાહ અને ઉલ્લાસનું સ્થાન મહત્વનું છે. આર્યો ખૂબ મહત્વાકાંક્ષી, સાહસી અને વીર હતા. પરિણામે આર્ય સંસ્કૃતિએ મોટી સંખ્યામાં આપણને તહેવારો અને ઉત્સવોની ભેટ આપી છે. સુખી દેશમાં જ આટલા બહોળા પ્રમાણમાં મેળા અને ઉત્સવો જોવા મળે છે. ભારતવર્ષ પ્રાકૃતિક દૃષ્ટિએ ધનધાન્યથી પૂર્ણ છે. ચોમાસાનાં આનંદદાયક જળવાયુ અને ડુંગરાળ પ્રદેશોને કારણે આપણે ત્યાંનું પ્રાકૃતિક સૌંદર્ય જગવિખ્યાત છે. પરિણામે મેળા અને આનંદોત્સવોએ લોકજીવનમાં વિશિષ્ટ સ્થાન મેળવ્યું છે!

**લોકસંસ્કૃતિનું અભ્યાસસ્થળ—**

કોઈપણ જાતિની સંસ્કૃતિનો અભ્યાસ કરવો હોય તો એના મેળાની મુલાકાત બહુ ઉપયોગી થઈ પડે છે. મેળામાં એનાં વસ્ત્રા-ભૂષણો, નૃત્યો, વાદ્યો, લોકગીતો, રીતરિવાજોનું સુભગ દર્શન થાય છે. શ્રી જયમલ્લ પરમાર ‘આપણી લોકસંસ્કૃતિ’માં લખે છે કે ‘મેળો એટલે સંસ્કૃતિનું સંગમસ્થાન. સંસ્કારોની મિલનભોમ ત્યાં આવીને હૈયો ચડે અને નાતજાતના ભેદભાવ વગર સૌને પેટ પૂરતું ખાવા મળે. ત્યાં કથાવાર્તાઓ ચાલે. રાસ, ભજન અને કીર્તનની ઝૂક બોલે. સાધુસંતોના સમાગમ અને સત્સંગ થાય. પ્રેમીઓનાં પણ મિલન થાય. ત્યાં જોબન ઝોલે ચડે ત્યાં લોક–જીવનની કંઈક કળાઓ ઠલવાય. સૌને પોતાની શક્તિ અને કળા બતાવવાનો અવકાશ મળે. ઊર્મિઓની અભિવ્યક્તિનું સહિયારું સ્થાન તે આ મેળો. ત્યાં લોકજીવનનો સંસ્કાર વિનિમય થાય દૂર દૂરનાં ગામડાંમાંથી, નેસમાંથી કે ટીંબામાંથી આવેલા સૌંદર્ય, શક્તિ અને ભક્તિની ત્રિવેણીથી ભીંજાતાં–ભીંજવતાં વધુ બળ, વધુ શ્રદ્ધા અને વધુ આત્મવિશ્વાસ મેળવી, અખૂટ આનંદનું ભાથું ભરીને પાછાં ફરે. વર્ષભર શક્તિનો વધુ સંચય કરી બીજા વર્ષના મેળામાં મુક્તિનો આનંદ મેળવવાની અચૂક ગાંઠ વાળે.’

**મેળાનું મૂળ—**

વીરપૂજાની ભાવના ઘણા દેશોમાં પ્રચલિત હોય આવા વીર–નાયકની સ્મૃતિમાં આવા મેળાઓનું મૂળ જોવા મળે છે. આ વીરોની યાદને ચિરંજીવ બનાવવા માટે રાજસ્થાનમાં પાબુજી રાઠોડ, ગોગા ચૌહાણ, તેજાજી જાટની સ્મૃતિમાં મેળા ભરાય છે. આવા મેળા લોકજીવનમાં ખુમારી અને મહાન ઉદ્દેશ માટે જીવન કુરબાન કરવાની ભાવના પ્રકટાવે છે.

ભારતદેશ એ સંતો અને મહાત્માઓનો દેશ ગણાતો હોઈ તેમની યાદમાં પણ મેળાઓ ભરાય છે. રાજસ્થાનમાં આજે પણ રામદેવજીની સ્મૃતિને જીવંત બનાવતો ‘રામદેવરો’ મેળો ભરાય છે.

માનવી સંકટ સમયે પોતાના ઇષ્ટદેવ દેવીની સહાય માગતો આવ્યો છે. આવા દેવ હનુમાનજી, શંકર ભગવાન, આશાપુરી, બહુચરી માતા. શંખેશ્વર તથા ઠાકોરજીનાં પણ વિવિધ સ્થળોએ મેળા ભરાય છે. ધંધુકા તાલુકામાં નીલકા નદીને તીરે આવેલ ભીમનાથ મંદિરનો મેળો, આકરૂ ગામમાં જન્માષ્ટમીએ ભરાતો તરણેતરનો મેળો, સાળંગપુરમાં હનુમાનજીના મંદિરે ભરાતો મેળો, દહેગામનો ઊંટડીયા મહાદેવનો મેળો, વિરમગામ શંખેશ્વરમાં ભરાતો બહુચરાજીનો મેળો, ખંભાતમાં ભરાતો સિકોતરીમાતાનો મેળો એ ખુબ જાણીતા છે.

નૈસર્ગિક સૌંદર્ય માનવીના મનને મુગ્ધ બનાવતું હોઇને તળાવ, સરોવર, નદી–ઝરણાં, નદીઓના સંગમસ્થાન, ડુંગરાની તળેટી વ. સ્થળોએ મેળાઓ વિશેષ પ્રમાણમાં ભરાય છે. રાજસ્થાનમાં પુષ્કર, ગળાતા અને લોહાર્ગલના મેળા આવા રમણીય સ્થળે એ ભરાય છે. ગુજરાતમાં વૌઠાનો મેળો પણ નદીઓનાં સંગમસ્થળે જ યોજાય છે. શ્રાવણ અને ભાદરવા માસમાં વરસાદને લઈને ધરતી નવલાં રૂપ ધરે છે, તેથી આ માસમાં મેળા ખુબ જ ભરાય છે.

**વેચાણ, વિનિમય, ખરીદી—**

વેચાણ અને વિનિમય તથા ખરીદી માટે પણ મેળા ભરાય છે. ડુંગરાળ પ્રદેશોમાં આદિવાસીઓ છૂટા છવાયા વિસ્તારમાં વસે છે. ત્યાં નક્કી વાર મુજબ મેળા ભરાય છે આ મેળામાં ખરીદી, વેચાણ

અને વિનિમય થાય છે. રાજસ્થાનમાં ઢોરના વેચાણ માટે પણ મેળા ભરાય છે. ઢીમા, ધરણેધર તથા મારવાજબ્બના મેળા જાણીતા છે. નાગોર અને ભરતપુરના મેળાની જેમ ગુજરાતમાં ભરાતો વૌઠાનો મેળો પણ ગધેડાના વેચાણ માટે ખુબ જાણીતો છે.

મ.નવજીવનમાં આર્થિક પ્રશ્ન ખુબ મહત્ત્વનો હોઇ મેળાનો આનંદોત્સવ એની સાથે જ સંકળાયેલો છે. જો વરસ સારું આવ્યું હોય અને ખેતરો ધનધાન્યથી લચી પડે તો મેળાની રંગત પણ એવી જ જામે છે. નબળા વરસે મેળામાં ઝાઝો કસ જણાતો નથી. આનંદોત્સવની દૃષ્ટિએ એ ફિક્કા અને ચેતનહીન જણાય છે.

**આદિવાસીઓના મેળા—**

શ્રી વિમળ શાહ 'ગુજરાતના આદિવાસીઓ'માં જણાવે છે કે 'દાંતા તાલુકામાં પથરાયેલ ડુંગરોની હારમાળા શરૂ થઈ પોશીના, ખેડબ્રહ્મા અને વિજયનગર તરફ વળીને દક્ષિણ તરફ નીચે ઉતરી અને પૂર્વ સીમાને આવરી લઈ, દક્ષિણે આવેલ નાનકલ વિભાગમાંથી પસાર થઈ સુરત જીલ્લાના માંડવી તાલુકાથી આગળ વધી વાંસદા, ડાંગ અને અને ધરમપુર સુધી પહોંચતી ટૂંકીનો ડુંગરાળ અને જંગલવાળો પ્રદેશ આદિવાસીઓનું મુખ્ય રહેઠાણ છે.'

આ આદિવાસીઓનો અનોખો ઉત્સવ તે એમનો મેળો. આવા મેળા વાર તહેવારે યોજાય છે. દાંતા વિસ્તારની ડુંગરાળ પટ્ટીમાં માણેકનાથ, મગર અને ખેરમાળની જગ્યાએ મેળો ભરાય છે.

આદિવાસી વિસ્તારોમાં જ્યાં મેળો ભરાવાનો હોય ત્યાં તે ગામમાં આગલે દિવસે સાંજે ઢોલ સૂચવે છે કે આવતીકાલનો મેળો ચાલુ છે. જો ઢોલ ન વાગે તો મેળો કંઈક મુશ્કેલીના કારણે મુલતવી રહ્યો છે એમ સૌ સમજે છે.

મેળાના ઢોલનો અવાજ સાંભળીને બીજા ગામવાળા પણ ઢોલ વગાડવાની શરૂઆત કરે છે અને અન્યત્ર સંદેશો પહોંચાડે છે. મેળા માટેનો પ્રથમ ઢોલ કોણ વગાડે તે પણ નક્કી હોય છે. જેને જવાબદારી સોંપી હોય તે માણસ ઢોલ પર સાત દાંડી વગાડે તે પછી ગમે તે માણસ તે ઢોલ વગાડે છે.

બીજે દિવસે વહેલી સવારથી મેળો માણવા માટે લોકોનાં ટોળાં ઊમટે છે. જુવાનીયાં રંગબેરંગી કપડાં પહેરીને, મોં પર લાલ-લીલાં ટપકાં કરીને ગીતોની રમઝટ બોલાવતા ચાલે છે. પાછળ યુવતીઓનું ટોળું ગીત ઉપાડી લેતું ચાલે છે.

આદિવાસીઓ મેળામાં છત્રી લઈને જવાના ખુબ શોખીન હોય છે. પરિણામે મેળામાં અસંખ્ય છત્રીઓ જોવા મળે છે. છત્રીઓ પણ કેવી ? એમાં રંગબેરંગી ઝુમખાં લટકતાં હોય, એકાદ નાનકડો અરીસો પણ ગોઠવ્યો હોય !

દરેક ગામવાળા મેળામાં પોતાના નક્કી કરેલા પડાવે ધામા નાખે છે. પછીથી સાથે લાવેલ રોટલા ઓળખીતા અને સગા-સંબંધીઓને વહેંચે છે.

**નાચગાનનો ઉત્સવ—**

મેળાનાં મધ્યભાગમાં તો નાચગાનની છાકમછોળ ઊડે છે. નવી નવી ટોળીઓ નાચમાં જોડાતી જાય અને થાકેલા લોકો આરામ કરવા એમાંથી નીકળતા જાય. દરેક ટોળી ઢોલકું લાવે છે. ઢોલકું ગળામાં નાખીને એને તાલેતાલે ગાંડાતુર બનીને નાચે છે. નાચ કુંડાળાંની વચ્ચે ૨-૪ જુવાનડાં વર્તુળની વચ્ચે ઊભા રહીને પાવા વગાડે છે. કેટલીક સ્ત્રીઓ માથે જુવારા લે છે. નૃત્ય બાદ સૌ મેળામાં ફરવા નીકળે છે. એવામાં ભાઈબંધુ ભેટી જાય તો તેના કાનમાં અગર માથે બાંધેલ ફાળિયામાં જુવારા ખોસીને આનંદ માણે છે. આ નાચગાન આખો દિવસ ચાલે છે.

મેળો એ આનંદ માણવાનું સાધન હોવાં છતાં ઘણીવાર મેળામાં કરૂણા પણ છલકાય છે. દૂરદૂર રહેતાં સગાં-સંબંધીઓ લાંબે ગાળે મેળામાં ભેગાં મળે છે. એ સમય દરમ્યાન કોઈ સગાંનું મરણ થયું હોય અને કામના બોજને કારણે એની કાણે ન જવાયું હોય તો મેળા વખતે એને રડવામાં આવે છે. સ્ત્રીઓ ભેગી થઈને એક બીજાના ખભા પર હાથ મૂકીને ખુબ રડે છે. અને મૃત સગાને સંભારે છે.

વળી ઘણીવાર બહેની મેળામાં વીરાને મળી જાય છે ત્યારે તેને માતાનાં હેત અને લા પ્રેમ યાદ આવતાં મોકળા મને રડે છે. ક્યારેક અદાવત અને જૂના વેરની પતાવટ પણ મેળામાં થાય છે. પરિણામે ધિંગાણા થાય છે. આમ એક બાજુ રુદનથી વાતાવરણમાં એક જાતથી કરુણા છવાઈ રહે છે.

**લોકસાહિત્ય અને મેળો—**

મેળો એટલે તો લોક સાહિત્યનો ખજાનો મેળામાં ગામે ગામ. ભજનમંડળીઓ આવે છે; સામસામા અબીલ ગુલાલ ઉડાડતા ભજનોની રમઝટ બોલાવે છે.

શ્રી જયમલ્લ પરમાર લખે છે કે, "કોળી એ સૌરાષ્ટ્રની રંગીલી કોમ છે. ભલે એ હોય અધઘરડો આદમી પણ ઉત્સવટાણે આંખમાં સુરમો, માથે લાલ અધરાશિયાની આંટીઆળી ગોળ પાઘડી ને આભલા ભરેલ લીલા પટ્ટાનું બંધણું, કેડ્ય બાંધી હોય, વળી વધારે રંગીલો હોયતો રાસની વચ્ચે બબ્બે હાથમાં બે છત્રીઓ ઝૂલાવતો જાય. છત્રી પણ કેવી ? અપરૂપ ભરત ભરેલી, ૧૬-૧૬ સળિયાની અને સળિયે સળિયે લાલ, પીળા અને લીલા રેશમી રૂમાલ ફરકતા હોય. કોળીઓનું રંગીલાપણું જોવું હોય તો થાન પાસેના તરણેતર (ત્રિનેત્રેશ્વર)ના મેળામાં જોવા મળે છે."

શ્રી ઝવેરચંદ મેઘાણી સોરઠી ગીતકથાઓમાં શિવરાતના મેળાનું વર્ણન કરતાં લખે છે— "ગિરનારની શિવરાતનો મૂળ મેળો ગાંડાતૂર, એમાં વધુ ગાંડા કરી મૂકનાર બે તો બે જણાં : એક કોર આપણાં બગસરા ગામના લુકમાનભાઈ વોરો અને બીજી કોર બરડાના બરખલા ગામની અદીઅમ મેરાણી. મેળાને પહેલે દિવસે ઊઘડતા પ્રભાતથી એ બે જણાંનો સામસામો કવિતાસંગ્રામ મંડાય. બેઉને વીંટળાઇ વળીને સેંકડો સોરઠવાસીઓ જાણે ગઢ-કિલ્લાના મોરચા માંડ્યા હોય તેમ ગોઠવાઇ જાય. વેણ વેણને ઝીલી રસના ઘૂંટડાં પીતાં એ માનવીયુંના મેળા અને એની વચ્ચે આ વોરા ને આ મેરાણી ત્રણ ત્રણ દિવસ સુધી સામસામા દુહા-સોરઠા લલકારે."

અહોહો, ભાઈ ! એ તો કવિતના સંગ્રામ, પણ સમશેરોના સંગ્રામ કરતાં યે વધુ કાતિલ. સામસામા ઝાટકા મારતા હોય,

કલેજાના કટકા કરી નાખતા હોય એમ બે જણાં એકએકથી ચડિયાતા દુહા વીણી વીણીને છાતીમાં ચોડવા માંડે. સેન–હલામણ. મે–ઉજળી, ઢોલામારૂ, ઓઢા–હોથલના, વીજાણંદ–શેણંના, આઈ નાગદેના, માંગડા ભૂતના–અરેરે હો અખંડ ભંડાર! વીણીવીણીને કાઢે, સાંભળનારની છાતિયુંમાં મીઠી બરછીયું ચોંટે. પણ કોણ જીતે? કોણ હારે? બેયજણા વટના કટકા. બેયને હજારું દોહા હૈયે નોંધેલા. અખંડ દિ'ને અખંડ રાત તે ધારાઓ રેલે. શી દુહાની મર્મવાણી!

દુહો દસમો વેદ. સમજે તેને સાલે,
વિયાતણની વેણ્ય, વાંઝણી શું જાણે?

શામળાજીને મેળે જતાં ભીલ લોકો પણ લલકારે છે કે—

'હાલો શામળાજીને મેળે
રણઝણિયું રે મેંઝણિયું વાજે'

કોઈ અજ્ઞાત લોકકવિના હૃદયના ઉદ્‌ગારો તો જુઓ—

'હાલો હાલો માનવીઓ મેળે
ઈરે મેળામાં એક આંટીયાળી પાઘડી
ઈરે મેળામાં એક ઘોડલા ખેલવતો વીર છે
ઈરે મેળામાં મારો મનનો માનેલ (૨)
એક તાર છે.'

લોકસંસ્કૃતિના સંગમસ્થળ સમો મેળો મ્હાલવો એ જીવનનો એક લ્હાવો છે. ગુજરાતમાં ઠેર ઠેર આવા અસંખ્ય મેળા ભરાય છે પણ તરણેતર, શામળાજી અને વૌઠાનો મેળો તો મ્હાલવા જેવો છે.

## પ્રીતનું રૂપાળું પ્રતીક : પાવો

'બઈ મારી આંશ્યુનો અલગારી
કે જોડિયો પાવો વાજ્યો કે લોલ
બઈ મારી નીંદરાયું નંદવાણી
કે જોડિયો પાવો વાજ્યો રે લોલ.'

નિંદરાયુને નંદવી મૂકનાર આંખના અલગારી પાવાને લોકજીવનમાં પ્રીતનું રૂપાળું પ્રતીક ગણવામાં આવે છે. લોકસંગીતમાં સ્વતન્ત્ર રીતે કોઇ વાદ્યનું સ્થાન હોય તો તે પાવા અગર બંસીનું છે ગોપીઓને ગાંડીતૂર બનાવી મૂકનાર શ્રીકૃષ્ણની વેણું કરતાં પણ પાવાને વધુ પુરાણો ગણી શકાય.

સામાન્ય રીતે પાવાના ત્રણ પ્રકારો પાડી શકાય : પિત્તળીઓ પાવો, લાકડાનો પાવો અને જોડિયો પાવો. લાકડાના પાવાની લંબાઇ એક હાથ જેટલી હોય છે. ખાસ કરીને સંખેડીયા સંખેડા ઉપર લાકડાંના રમકડાંની ભેળા રૂપાળા પાવા પણ ઉતારે છે. નવાઇની વાત તો એ છે કે કુંભાર લોકો પણ મજાના પાવા બનાવે છે. બોટાદ પંથકના ખસખગડ ગામમાં વરિયા અને માટલિયા અથવા ઘાટઘડા કુંભાર વસે છે, તેમાં વરિયા કુંભારની વસતી ઠીક ઠીક છે. આ કુંભારો લાકડાની માળાઓ બનાવે છે જે કાશી અને મથુરા સુધી જાણીતી છે. આ લોકો રમકડાં ભેળા રંગત પાવા અને જોડિયા પાવા પણ ઉતારે છે.

મેળો એ આદિવાસીઓનો આગવો ઉત્સવ. જુવાનડા અને જુવતીઓની ટોળીઓ નાચતી ગાતી પાવા વગાડતી અને આનંદ કિલ્લોલ કરથી મેળો માણવા ઊમટે છે. મેળામાં મંડાયેલ હાટડીઓમાં રમકડાં ભેળા પાવાય વેચાય. એને મૂલવનારાં રસિયાં જુવાનડાંનો તોટો ન મળે. કોઇ રંગત પાવો મૂલવે તો વળી કોઇ માનીતીને ચીડવવા માટે જોડિયો પાવો વો'રે છે. કોઇ છેલબટાઉ જુવાનિયા ચગડોળમાં બેઠાં બેઠાં સાફાનું છોગલું ફરકાવતા રંગરંગીલા ફૂમતાવાળો પાવો વગાડીને વાતાવરણમાં નવો ઉન્માદ પ્રગટાવે છે.

હૈયાને હરનારા પાવાના એ માદક સૂરો એ હૈયાંનાં અગોચર ખૂણામાં પ્રીતને જન્મ આપે છે. જોબનિયું હાથ ઝાલ્યું ન રહેતાં નટખટ જુવતીઓ કુટુંબ–કબીલાનો વિચાર કર્યા વિના હાલી નિકળ્યાના બનાવોની ઇતિહાસે પણ હજુ નોંધ લીધી નથી.

### લોકગીતોમાં પાવા—

જન્માષ્ટમી જેવાં લોકોત્સવના સમયે ગામડાંઓમાં સ્ત્રીઓ ગામડાની રમઝટ બોલાવે છે જ્યારે પુરુષો ગરબીની. નરઘાં અને પાવો ગરબીને બરાબર ચગાવે છે, ગરબી ગાતા પુરુષોના પગમાં નવું જોમ પ્રગટાવે છે. આવી ગરબીઓ જોવી એ પણ એક લ્હાવો છે

લોકગીતોમાં લોકસંસ્કૃતિનાં અસંખ્ય પ્રતીકોના ઉલ્લેખો મળી આવે છે પાવા વિશેનાં પણ ઘણાં લોકગીતો છે. સ્વ. શ્રી નિરંજન સરકારે ચુંવાળના બોચકા ગામની સીમમાં બાજરી વાઢતાં વાઢતાં ઠાકરડા બહેનો પાસેથી સાંભળેલું ગીત અહીં ઉતારું છું!

પોનમની અજવાળી અધરાતે
કે જોડિયો પાવો વાજ્યો રે લોલ.
બઈ મારા હીયાનો હરનારો
જોડિયો પાવો વાજ્યો રે લોલ.
બઈ મારા દલડાનો દળનારો
જોડિયો પાવો વાજ્યો રે લોલ.
બઈ મને ભોળીને ભરમાવી
કે જોડિયો પાવો વાજ્યો રે લોલ.
બઈ મારી આંસ્યુંનો અલગારી
કે જોડિયો પાવો વાજ્યો રે લોલ.
બઈ મારી નીંદરાયું નંદવાણી
કે જોડિયો પાવો વાજ્યો રે લોલ.

રંગીલો લોકકવિ પાવાને આંખ્યુંના અલગારીની મજાની ઉપમા આપે છે નીચેના ગીતમાં પ્રેમી અને પ્રેમિકાનાં હૈયાનાં મીઠાં ભાવોનું આલેખન જોવા મળે છે :

પિત્તળિયા તારા પાવા 'લ્યા માલિયા,
પિત્તળિયા તારા પાવા.
તારા પાવે ઝાઝા હીરા, રે વાગડિયા!
પાડા પાવા 'હેંડી ક્યા મણુથી
પાડા પાવા હેંડી
પેલો માલિયો બેઠો ના'વા રે, વાગડિયા!
હરવો હરવો ના'જે રે, 'લ્યા માલિયા,
ધીમો ધીમો ના'જે રે, વાગડિયા!

બેડું ભડચી જાશે, 'લ્યા !
　　　　ડોબાં ભડચી જાશે.
મારાં દખણી ચીર ભીંજાશે
　　　　'લ્યા વાગડિયા !
સોમાં તો ભોંયરા ગાળ્યાં,
　　　　'લ્યા વાગડિયા !
મઈ શેલડિયું રોપાવી રે, વાગડિયા !
જાડો ને સાંઠો ભાંગ્યો,
　　　　'લ્યા માલિયે.
સાંઠે ને સાંઠે સોરી રે, વાગડિયા !
હરવો હરવો માર્યો રે, માલિયા,
છોસડાં નાનાં બાળ રે, વાગડિયા !

શ્રી કૃષ્ણની વેણુ વાગે એટલે ગોપીઓ બહાવરી બની જતી. ક્યાં વેણુ વાગી એની ભાળે નીકળતી. આ મજાના ભાવને આ લોકગીતમાં અજાણ્યા લોકકવિએ વણી લીધો છે :

વેણ વાજે ને ડમર ઢળે
　　　　ને મધરા બોલે મોર;
　　　　　　　　વેણુ વાજે સે.
ભઈ રે ગાયુંના ગોવાળી
　　　　અમને ગોવિંદજી બતાય
　　　　　　　　વેણુ વાજે સે.
એવા તમારા ગોવિંદજી
　　　　કંઈ એંધાણી બતાય
　　　　　　　　વેણુ વાજે સે.
કાળા અમારા કરશનજી,
　　　　એના મોરલીયે એંધાણ
　　　　　　　　વેણ વાજે સે.
માથે મેવાડી મોળિયા
　　　　એનાં અંબોડે પાકાં તેલ;
　　　　　　　　વેણુ વાજે સે.
ખભે ખંભાતી ધોતિયાં
　　　　એને છોડલે ચંપા ચાર;
　　　　　　　　વેણુ વાજે સે.
હાથે બાજુબંધ બેરખા
　　　　એને દસે આંગળિયે વેઢ
　　　　　　　　વેણુ વાજે સે.
એને પગે મિયોતી મોજડી
　　　　એ તો હેઠ ચમકતી ચાલ;
　　　　　　　　વેણુ વાજે સે.

શહેરોમાંથી લોકસંસ્કૃતિના પ્રતીકો લુપ્ત થવા માંડ્યા છે, ત્યારે આદિવાસી, ભરવાડ, કોળી, કણબી, રજપૂત જેવી કોમોએ પાવાનું જતન કરીને એને જાગતી રાખ્યા છે. લોકસંસ્કૃતિના રસિયાઓ માટે આ ઓછા આનંદની વાત નથી, આવાં તો અનેક પ્રતીકો લોકજીવને જાળવી જાણ્યાં છે.

## ત્રંબાળુ ઢોલ

ઢોલી, ઢોલ વગાડય
　　　　મારે હીંચ લેવી છે.
બળવંતભાઇને છોગલિયે
　　　　મારે હીંચ લેવી છે.
શાંતુ વહુના ઘુંઘટડે
　　　　મારે હીંચ લેવી છે.
ઢોલી ઢોલ વગાડય
　　　　મારે હીંચ લેવી છે.'

વસંતના વાયરે કોયલો ટહુકી ઉઠે છે. વર્ષાની એંધાણીએ મોરલા ગહેકી ઊઠે છે, તેમ ઉત્સવોના આગમનથી લોકહૈયાં ઝૂમી ઊઠે છે. ત્રંબાળુ ઢોલના તાલેતાલે હીંચ–ટીટોડો લેતી જોબનવંતી નારીઓ ધરતી ધ્રુજાવે છે. એક બાજુ ગોરી ચગે તો બીજી બાજુ ઢોલે રમનારીયું અંગના ત્રણ ત્રણ કટકા કરીને લેવાતા હીંચને નિહાળનારના પગ પણ અજાણ્યે તાલ દેતા માંડે છે.

ઉત્સવો ટાણે વગાડવામાં આવતો ઢોલ લગ્ન, જન્મ, જનોઈ અને મેળા વખતે ગુજરાતમાં જ નહીં પણ કચ્છ, સૌરાષ્ટ્ર, રાજસ્થાન અને ભારતના અન્ય પ્રદેશોમાં જાણીતો છે.

**ઢોલની ઉત્પત્તિ—**

ઢોલની ઉત્પત્તિ વિષે એક દંતકથા મળી આવે છે. ઉત્તર પ્રદેશમાં એક રાજા થઈ ગયો. તેને ફૂલ જેવી કોમળ રાજકુમારી હતી. તે પરણવા લાયક થઈ ત્યારે રાજાએ જાહેર કર્યું કે રાજકુમારીના લગ્નપ્રસંગે જે કોઈ માણસ સારું વાદ્ય લાવશે તેને જાહેર ઈનામ આપવામાં આવશે. એક ચમારે ચામડું લઇને પોલા લાકડા ઉપર બાંધ્યું. ઉપર હાથ માર્યો તો ગંભીર અવાજ થયો તેને નવું વાદ્ય મળી ગયું. રાજકુમારીના લગ્ન વખતે તે વગાડવામાં આવ્યું રાજાએ ખુશ થઈને ચમારને ઈનામ માંગવા કહ્યું. તેણે કહ્યું 'બાપુ! આ ઢોલ અમારી નાતના માણસ વિના કોઈ ન વગાડી શકે એવું કરી આપો' ખુશ થયેલા રાજાએ હા પાડી અને તેને સોનામહોરો આપી ખુશ કર્યો. ત્યારથી ઢોલ પ્રચલિત બન્યો. જો કે આ દંતકથામાં ઝાઝું તથ્ય જણાતું નથી, કેમકે માનવીએ આદિકાળથી વાદ્યો શોધી કાઢ્યાં હતાં, અને ઢોલ તથા નગારું ઘણાં પ્રાચીન વાદ્યો છે ગુજરાત અને સૌરાષ્ટ્રમાં ભંગી લોકો ઢોલ વગાડે છે. રાજસ્થાનમાં હજામ અને ઉત્તર ગુજરાતમાં રાવળ લોકો ઢોલ વગાડે છે.

**ઢોલના સંકેતો—**

ઢોલ સાંભળતાં સામાન્ય માનવીને કંઈ ખ્યાલ આવતો નથી પણ ઢોલનો વાગવાનો પ્રકાર અનેક સંકેતો સૂચવે છે ગ્રામલોકો તેનાથી પરિચિત હોય જ છે. એવા કેટલાક સંકેતો અહીં જોઇએ.

ગુજરાતમાં ગામને પાદર વસતો ઢોલી જૂના કાળમાં ગામનો સાચો રક્ષણહાર ગણાતો. જ્યારે પણ કટક ચડી આવે, લુટારુ ગામની ગાયોનું ધણ વાળીને હાલતા થાય, ધાડપાડુઓ ગામ ભાંગવા આવે કે ગામનું તળાવ તૂટવાની અણી પર હોય ત્યારે ઢોલી તળાવની પાળ પર ઊભો રહીને 'ધિરજાંગ! ધિરજાંગ!' કરતો

બૂંગિયો ઢોલ વગાડતો પળવારમાં સૌ હથિયારો સજીને ગામનું રક્ષણ કરવા ઊમટી પડતા. બૂંગિયો ઢોલ શૂરવીરોમાં શૂરાતનની સરવણી પ્રગટાવે છે

ઢોલ દ્વારા સંદેશો મોકલવાનો રિવાજ આદિવાસી વિસ્તારમાં ખૂબ જાણીતો છે. આજે શહેરોમાં તાર–ટેલિફોન આવ્યા છે. પણ આદિવાસી વિસ્તારોમાં ઢોલ દ્વારા જ તાર–ટેલિફોન મોકલવામાં આવે છે. ખેડબ્રહ્મા, ડાંગ, બનાસકાંઠા, પોશીના પટ્ટીના આદિવાસી વિસ્તારોમાં દર અઠવાડિયે નિયત સ્થળે મેળા ભરાય છે આવતી કાલનો મેળો ભરાશે કે બંધ રહેશે તેના સમાચાર મેળાનો નિયત કરેલો માણસ આગલી સાંજે ઢોલ વગાડીને મોકલે છે. પ્રથમ ઢોલ સાંભળનારા આજુબાજુના ગામવાળા પોતે ઢોલ વગાડીને બીજાં ગામોનાં એની જાણ કરે છે,

ઉત્સવો વખતે પણ વિવિધ પ્રકારનો ઢોલ વગાડવામાં આવે છે. ગરબા અને ગરબીના રમઝટ વેળા ચલતી અને હીંચ વગાડવામાં આવે છે. હીંચ અને ટીટોડો લેતી વખતે હીંચનો ઢોલ વગાડવામાં આવે છે. લગ્ન જેવા મંગળ પ્રસંગે તો લગ્નવાળા ઘેર શરણાઇઓના મધુરા સૂર સાથે પાંચપાંચ દિવસ ઢોલ વગાડે છે સૌરાષ્ટ્રના કાઠી, કચ્છના કોળી અને વઢિયારના ઠાકરડા કોમ ઢોલી પાછળ ગાંડાતૂર. લગ્નપ્રસંગે દૂરદૂરથી જાણીતા ઢોલીઓ તેડાવે, અને એક નહીં પણ સામટા પાંચપાંચ ઢોલી ઢોલની રમઝટ બોલાવતા ઢોલે રમે એ દશ્ય જોનારના સ્મૃતિપટ પર કાયમને માટે કંડારાઈ જાય છે.

નીચેની કહેવત કાઠીભાઈની જાનમાં ઢોલનું મહત્ત્વ બતાવે છે—

' કાઠીભાઈની જાનમાં
ઢોલ વાગે તાનમાં;
રમે ઘોડા મેદાનમાં
હાલો કાઠીભાઈની જાનમાં. '

કાઠીભાઈઓની જાનમાં પાંચ પચ્ચીસ ઘોડા જ હોય. ઘોડા ઉપર જાન જાય મેદાનમાં ઘોડા રમાડતા જાય. એમની જાનમાં ઢોલ પણ તાનમાં વાગે છે આવી જ કહેવત કોળીભાઈની જાન વિશે કચ્છમાં જાણીતી છે.

'હાલો કોળીભાઈની જાનમાં
ઢોલ વાગે તાનમાં.
સુવું મેદાનમાં, રમવું આસમાનમાં
ખાવુંપીવું જાનમાં. '

કોળીભાઈની જાનમાં બાયલાને પણ તાન ચડે એવો ઢોલ વગાડે છે. જાનમાં ખાવાપીવાનું અને મહાલવાનું હોય છે. સૂવાનું મેદાનમાં હોય છે. છતાં તેઓ એટલા બધા ગુલતાનમાં હોય છે કે જાણે આસમાનમાં ન મહાલતા હોય!

લગ્નપ્રસંગે વરઘોડામાં, ચોરી, માયરા અને મામેરામાં ઢોલી ઢોલ વગાડે છે, અને ઢોલે રમે છે. ધરતી માથે એક ઢોલ ઊભો કરે છે જાનૈયા કે માંડવિયા તેના પર છૂટા પૈસા મૂકે છે ઢોલી પડખે ઊભો રહીને બીજો ઢોલ વગાડે છે. તેના અવાજથી ઢોલ પરના પૈસા નીચે પડે છે એટલે ઢોલી લઇ લે છે મશ્કરા લોકો મળીવાળા પૈસા મૂકે છે. પરિણામે પૈસા પાડવાના તાનમાં ઢોલી ઢોલ પણ તોડી નાખે છે!

સાતમ–આઠમ, ભીમ અગિયારસ, દીવાળી અને નવરાત્રિના તહેવારોમાં ગામડાંના જુવાનિયાઓ ગરબીઓ ગાય છે. જુવતીઓ રાસડા લે છે. ઢોલી ઊભોઊભો ઘડીમાં હીંચ તો ઘડીમાં ચલતી વગાડીને સૌને ગાંડાતૂર બનાવી મૂકે છે રાત જેમ જેમ ગળતી જાય તેમ તેમ રાસડાની રંગત જામતી જાય. પલકવારમાં તો મોંસૂઝણું થઈ જાય અને રાત વહી જાય. રાસડાની રમઝટ દિવસભરનો થાક ઉતારી દે છે અને નવી તાજગી આપે છે. આદિવાસી સ્ત્રી પુરુષો તો રોજ રાતે ઢોલના તાલેતાલે નાચે છે.

કચ્છમાં કોળી નરનારીઓ લગ્નપ્રસંગે રોજ રાતે ઢોલે રમે છે. કચ્છી કોળણો અને વઢિયારની નારીઓને ઢોલે રમતી, મારવાડી રજપૂતાણીઓને દાંડવો લેતી તથા ગુજરાતી કુંવારી કન્યાઓને ટીટોડો લેતી જોવી એ પણ જીવનનો એક લહાવો છે.

**ઢોલીઓની લોકકથા—**

લોકસાહિત્યમાં ઢોલીઓની અનેક કથાઓ પણ મળી આવે છે. કચ્છના લોકસાહિત્યમાં શ્રી દુલેરાય કારાણી નોંધે છે કે : ' કચ્છમાં આવેલા વાગડના વ્રજવાણી ગામના રસમસ્ત આહિરાણીઓ રાસ રમણામાં ચકચૂર બનીને ઢોલીઓના ઢોલ ઉપર ઝૂમી રહી છે, અને એ વસંતની કોયલડીઓના કમનીય કંઠ પર કુરબાન બની જતો રસઘેલો ઢોલી ઢોલના તાનમાં ગુલતાન છે ત્યાં એકાએક વ્રજવાણિના વહેમી આહિર યુવાનો તલવાર વડે ઢોલીનું મસ્તક તેના ધડથી જુદું કરી નાંખે છે; છતાં માથા વગરના રણશૂરા ઢોલીના હાથની દાંડી ઢોલને રમાડતી જ રહે છે, અને આ ભયંકર દૃશ્યથી એબાકળી બનેલી સાતવીસું આહિરાણીઓ પોતાના પ્રિયપાત્ર ઢોલી પાછળ સતી થાય છે.' એનું ગીત આજે પણ ગવાય છે :

ઢોલી ! તારા ઢોલની મનોહર બોલી
વ્રજવાણીના રે હો ઢોલી !
ઢોલી તારે ઢોલડે મધુરરસ પાયાં,
મનડાં મારાં મોહાયાં.
ઢોલી તેં તો લૂંટાવી લ્હાણ અણમોલી
વ્રજવાણીના રે હો ઢોલી
ઢોલી તેં તો મૃત્યુના અમૃત પીધાં
દેહનાં દાન તેં દીધાં.
ઢોલી તેં તો પ્રગટાવી પ્રેમની હોળી
વ્રજવાણીના રે હો ઢોલી.

સ્વ. મેઘાણીભાઇએ સૌરાષ્ટ્રની રસધારમાં નોંધેલ છે કે, કાઠિયાવાડની ધરતી પર આવેલા જેતપુર પર દિલ્હીનું કટક ચડી આવ્યું. ચાંપરાજવાળાને અપ્સરાઓએ ખબર આપી કે જોગડો ઢોલી કોઇ જોગીના વરદાનથી દિલ્હીની રાજકુમારીને અહીં રોજ રાતે લાવે છે, તેથી બાદશાહ લડાઇ કરવા આવે છે; તેમાં જોગડો પહેલો મરાશે. અપ્સરાએ રડતાં રડતાં કહ્યું.' મારે એને વરવું પડશે.' વાળાએ કહ્યું, ' રો મા ! હું જોગડાને પહેલો નહીં મરવા દઉં.'

જોગડાને ગઢના કોઠામાં પૂરી રાખવાનું નક્કી કર્યું ત્યારે બીજા જુવાનિયા બોલી ઊઠ્યા—" જોગડાનો તરઘાયો વાગ્યા વિના શૂરાતન

થોડું ચડવાનું છે? બીજાના હાથની દાંડી પડયે કંઇ માથા નો પડે ને ધડ નો લડે." ત્યારે એભલવાળાએ કહ્યું કે, "જોગડાને લઇ જાવ કોડાને માથે, એના ડીલને દોરડાથી બાંધી રાખો, હાથ છૂટા રાખો ને હાથમાં ઢોલ ઉપર એકો બેકો વગાડે, હેડે ધિંગાણું હાલે, મજબૂત બાંધજો, તોડાવી ન નાખે."

જોગડાને કોઠા માથે બાંધતા એને કહેવામાં આવ્યું કે, "બાદશાહનું કટક આવ્યું છે. માણસો થોડા છે. જેતાણું આજ ખોગાઇ જશે. તું ને બાંધ્યો છે એટલા સારું. ભુંજાયું તોડી નાખજે; પણ તરઘાયો થોભાવીશ મા."

બાદશાહનું લશ્કર આવતાં ઢોલ પર દાંડી પડવા લાગી. અને ડેલીમાંથી વાળા રજપૂતોનું કેશરી દળ દાંતમાં તલવાર અને હાથમાં ભાલા સોંતું દોટ દેતું નીકળ્યું. તલવારોનાં તોરણ બંધાણાં અને ઝીંકાઝીંક બોલી. જોગડાથી ન રહેવાયું. એની ભુજાઓએ અંગ ઉપરનાં બંધનો તોડી નાંખ્યાં. ગળામાં ઢોલ સાથે એણે ઊંચા કોઠા ઉપરથી ડીલનો ઘા કર્યો. સૌથી પહેલા એના પ્રાણ નીકળી ગયા—

આગે છેલ્લી ઊઠતો,
પેલી ઊઠયો પાંત,
ભૂપાંમાં પડી ભ્રાંત,
જમણ અભડાવ્યું જોગડા.

'હે જોગડા ઢોલી ! તું તો નીચા કુળનો. અગાઉ તારે સૌથી છેલ્લી પંગતમાં જમવા ઊઠવાનું હતું, પણ આજ યુદ્ધરૂપી જમણમાં તેં તો પહેલી પંગતમાં બેસીને તલવારના ઘા રૂપી જમણ લીધું. તેં તો ભૂપતિઓમાં ભ્રાંતિ પડાવી, ભોજન અભડાવી નાખ્યું.'

**લોકગીતોમાં ઢોલ—**

ઢોલ અને ઢોલીની લોકકથાઓ મળે છે તેમ ઢોલનાં લોકગીતો પણ મળી આવે છે. એવાં કેટલાંક ગીતો જોઇએ.

સામાન્ય માણસને ત્યાં બાળકનો જન્મ થાય ત્યારે થાળી વાગે પણ રાજાને ત્યાં બાળક જન્મે ત્યારે ઢોલ વાગતો—

'ગઢમાં લાગ્યા રે
કંઈ જાંગીના ઢોલ રે (૨)
રાજાને ઘેર કુંવરી અવતર્યાં.'

ઉમંગી લોકનારી ઢોલીને ઢોલ વગાડવા કહે છે, કારણ કે—

ઢોલી ઢોલ વગાડ,
મારે હીંચ લેવી છે.
જેરુકાઈના છોગલિયે,
મારે હીંચ લેવી છે.
સજુવહુના ઘૂંઘટડે
મારે હીંચ લેવી છે.
ઢોલી ઢોલ વગાડ
મારે હીંચ લેવી છે.
મેં તો ઓઢી છે
નવરંગ ચુંદડી રે લોલ.
હું તો ઢોલે રમું
ને ફરું ફૂદડી રે લોલ.
ઢોલી ઢોલ વગાડ
મારે હીંચ લેવી છે.
વીરા ઢોલીડા, દઉં તને
ઝાંઝરું રે લોલ.
વીરા વેગે વગાડ ઢોલ
હીંચે રમું રે.
ઢોલી ઢોલ વગાડ
મારે હીંચ લેવી છે.

ઘાટ સુધારનાં ઘરેણાં પહેરીને ઢોલ રમવા જવાની હામવાળી લોકનારી સ્વામીને વિનંતી કરે છે—

'મેલો તો રમવા જાઉં.
સોનાનું ઝાંઝર સાહ્યબે ઘડાવ્યું
ઝાંઝરમાં ઝણ્ય વાગે હો રાજ.
મારવાડી ઢોલ મારું ઝાંઝર રમે,
મેલો તો રમવા જાયેં મારા વાલમા,
ઢોલે રમું ને ઝણ્ય વાગે હો રાજ,
મારવાડી ઢોલ મારું ઝાંઝર રમે.
સોનાનું ઝાંઝર સાહ્યબે ઘડાવ્યું,
ઝાંઝરમાં ઝણ્ય વાગે હો રાજ.'

રજવાડી અમલ દરમિયાન જીવીદારો પ્રજાને કેવી રીતે હેરાન પરેશાન કરતા તેનું ચિત્ર આ ગીતમાં સુંદર રીતે ઉપસાવ્યું છે :-

આકરૂ ગામને ગોંદરે
ઢોલ વાગેને પરજા ભેગી થાય.
મોજડીદાર મહેતા,
આવડાં દુઃખના દઇએ લોકને.
ઘેર ઘેરથી દુધલિયા મંગાવ્યાં
ધાવણું વના છોકરાં દુઃખી થાય.
ઘેર ઘેરથી ઘઉં ઉઘરાવ્યા
રોટલા વના છોકરાં રોઇ જાય.
મોજડીદાર મહેતા,
આવડાં દુઃખના દઇએ લોકને.

સારા રાજમાં પ્રજા કેવી સુખી હતી. ઉદાર દિલના દિલાવર રાજવીઓની કથા પણ લોકગીતોમાંથી સાંપડે છે. સંવત્ ૧૯૫૬માં કચ્છમાં કારમો દુકાળ પડ્યો ત્યારે મહારાઓ શ્રી ખેંગારજીએ દરિયાપારથી અનાજ મંગાવીને છૂટે હાથે અનાજ આપેલું—

હીમીરસરની પાળે, ઢોલીડા ધ્રુસક્યા
કચ્છ કેં'વાણો ગરીબોની ગુજરાત રે.
કચ્છ ભુજના, ખજાના ખોલ્યા રે
છપ્પનની સાલમાં.
દેશ રે પરદેશ વહાણો મોકલ્યાં
મગ ચોખા ને બાજરાનો નહિ પાર રે,
કચ્છ.
ગામે ગામે ખાણેતરાં ખોલિયાં
ધણી ખમ્મા તું તે ગરીબોના
આધાર રે, કચ્છ.

લોકજીવનમાં ઢોલનું સ્થાન વિશિષ્ટ પ્રકારનું છે. પરાપૂર્વથી ઢોલ લોકજીવન સાથે વણાઈ ગયો છે, પરિણામે અન્ય લોકવાદ્યો અને લોકરિવાજો લોકજીવનમાંથી લુપ્ત થયાં હોવા છતાં ત્રંબાળુ ઢોલે પોતાનું સ્થાન આજે ય એવું ને એવું જ જાળવી રાખ્યું છે.

## વાવ અને કુવા

'અડી કડી વાવને નવઘણ કુવો,
ન જુએ તે જીવતો મૂઓ'

જૂનાગઢમાં ઉપરકોટ પર આવેલી અડીકડી વાવ અને નવઘણ કુવા વિશેની આ કહેવત ખૂબ જ પ્રચલિત છે. આપણે ત્યાંના આવા વાવ–કુવા વર્ષો પુરાણી ઐતિહાસિક સાંસ્કૃતિક તવારીખો અને લોકકથાઓને સંઘરી બેઠેલાં હોઈ એમનો અભ્યાસ પણ શોખનો વિષય બની શકે એમ છે.

પોતાના રાજ્યમાં નવાનવા સુધારા દાખલ કરનાર ક્રાંતિકારી રાજવી શેરશાહના નામથી ઇતિહાસના અભ્યાસીઓ અપરિચિત નથી. શેરશાહે ધોરીમાર્ગો પર ઠેર ઠેર વાવ અને કુવા ગળાવ્યા હતા. પ્રિયદર્શી સમ્રાટ અશોકે પણ વાવ અને કુવા ગળાવ્યા હતા તેની ઇતિહાસ સાક્ષી પૂરે છે. ગાયકવાડ સરકારે સૌરાષ્ટ્રમાં ભીંગરાળના સીમાડે બંધાવેલી ત્રણ વાવ આજે પણ મોજૂદ છે. આમ ઉત્સાહી રાજવીઓએ લોકોની સગવડો માટે વાવ–કુવા ગળાવ્યાના ઉલ્લેખો મળી આવે છે.

પ્રાચીનકાળમાં આજના જેવા પાકા રસ્તા અને ઝડપી વાહનો નહોતાં ત્યારે પોઠો, બળદો અને ઘોડા ઉપર માલસામાનની અવર-જવર થતી. ભક્ત લોકોના સંઘો જાત્રા કરવા નીકળતા. આ બધા લોકોને પાણી પીવા માટે વાવો ગળાવવામાં આવતી. આપણી ધાર્મિક માન્યતા એવી છે કે તરસ્યા માણસને પાણી પાવા જેવું પુણ્ય બીજું એકે નથી લોકોની ધર્મ અને પુણ્ય વિશેની કલ્પનાએ વાવોને જન્મ આપ્યો એમ કહીએ તો ખોટું નથી.

વણઝારના સરદાર લાખા વણઝારાને લોકહૈયા આજે પણ વિસર્યાં નથી લાખા વણઝારાની પોઠો ભારતભરમાં ફરતી, આ લાખા વણઝારાએ પણ ઘણી વાવો બંધાવી હતી જે એના નામ પરથી લાખાવાવ તરીકે જાણીતી છે.

આ જીવન સંસારની માયાજાળમાં અટવાયેલો માનવી અંતકાળે પોતાની પાછળ કંઈક નામના રહે, આત્માને શાંતિ મળે, જીવનનું કલ્યાણ થાય અને પરોપકારનું કાર્ય થઇ શકે એટલે પોતાના પુત્રોને પોતાની પાછળ વાવ બંધાવવાનું કહે છે. આવી અસંખ્ય વાવો ગુજરાત અને સૌરાષ્ટ્રના સિમાડે વેરાન વગડામાં આજે પણ જોવા મળે છે.

### માતાનુ સ્થાનક : વાવ—

વાવોમાં દેવીનો વાસ હોય છે. વાવના નાનકડા ગોખમાં માતાની મૂર્તિ અવશ્ય જોવા મળવાની જ. જળદેવીના પ્રતીક તરીકે માતાની મૂર્તિ મૂકાતી હોવાની કલ્પના કરી શકાય છે. પછી લોક કલ્પનાએ એને જુદીજુદી માતાનાં નામ આપ્યાં હોય તે સંભવિત છે.

સૌરાષ્ટ્રમાં આવેલા દડવા ગામમાં રાંદલ માતાનું સ્થાન વાવમાં જ છે. વાંઝિયામેણું ભાગવા અને લીધેલી બાધા પૂરી કરવા ગુજરાતના ખૂણેખૂણેથી લોકો ત્યાં આવે છે દડવાની દાતાર મા રન્નાદેના આશીર્વાદથી પુત્ર પ્રાપ્તિ થાય છે એવી લોકશ્રદ્ધા ખૂબ જાણીતી છે. ધંધુકા તાલુકાના આકરુ ગામના તળાવની ૧૫૦ વર્ષ પુરાણી વાવમાં પણ માતાજીનું સ્થાનક છે.

ઘણીવાર મંદિર આગળ પણ વાવો ગળાવવામાં આવે છે. દર્શનાર્થે આવેલા યાત્રાળુઓને પાણીની સગવડ માટે ગળાવેલી વાવો પૈકીની અમરેલી જિલ્લાના કેરાલા ગામ પાસે બિડિયા હનુમાનની વાવ ખૂબ જાણીતી છે. કેરાળાથી દોઢ માઈલ દૂર આતમપરી વાવ આવેલી છે, જે 'આતમપરી' નામના મહારાજે બંધાવી હોવાનું કહેવાય છે.

વાવ અને કુવા વચ્ચે ઘણું સામ્ય હોવા છતાં એટલું જ વૈષમ્ય પણ જોવા મળે છે. ધરતીના પેટાળમાંથી પાણી મેળવવા માટે જ વાવ અને કુવા ગાળવામાં આવે છે કુવા મોટે ભાગે ગામમાં જોવા મળે છે જ્યારે વાવો વટેમાર્ગુઓને પાણી પીવા માટે ગળાવેલી હોવાથી સીમશેઢે જોવા મળે છે તેમ છતાં ગામમાં પણ કેટલીક વાવો આવેલી હોય છે. કુવામાંથી પાણી સીંચીને બહાર કાઢવું પડે છે જ્યારે વાવમાં પગથિયાં મૂકેલા હોવાથી માણસ અંદર ઉતરીને સહેલાઇથી પાણી ભરી શકે છે અથવા તો પી શકે છે. પાંચ પાંચ પગથિયાં પછી એક પાવઠડું આવે છે. વગડામાં વિહરતા પ્રવાસીઓ પાસે પાણી સિંચવાનું સાધન તો હોતું નથી, એટલે જ વાવોના જન્મદાતાઓએ કુવાને બદલે વાવો બંધાવવાનું વધુ ઉચિત માન્યું હશે. તેમની ઊંડાઇ પાણીના તળ ઉપર આધાર રાખે છે. જ્યાં પાણીનું તળ ઊંડું હોય ત્યાં ઊંડી અને જ્યાં પાણીનું તળ છીછરૂં હોય ત્યાં છીછરી વાવો જોવા મળે છે. સામાન્ય રીતે ૨૦ થી ૪૦ અને ૬૦ થી ૭૦ હાથ સુધીની ઊંડી વાવો જોવા મળે છે.

### ઐતિહાસિક સામગ્રી પીરસતી વાવો—

જુનાગઢની અડીકડી વાવ, દડવાની રાંદલમાતાની વાવ વઢવાણમાં ભોગાવાને તીરે આવેલી માધાવાવ, આવી બધી પ્રાચીન વાવો અનેકવિધ ઐતિહાસિક માહિતી પૂરી પાડે છે વાવ કોણે બંધાવી, ક્યારે બંધાવી, શા માટે બંધાવી એની માહિતી આપતા લેખો પણ વાવોમાં કોતરેલા જોવા મળે છે, જે ઇતિહાસ માટે અમૂલ્ય ગણી શકાય.

પ્રાચીનકાળમાં વાવ અને કુવાનું શિલ્પસ્થાપત્ય પણ ખુબ વિકસ્યું હતું. અડીકડીવાવના અટપટા રસ્તા અને માધાવાવના સાત કોઠા. એનાં પાવઠડાં અને બેનમૂન પથ્થરમાંથી કંડારેલું નકશીકામ જોઇને સૌ કોઈ આશ્ચર્યમાં ગરકાવ બને છે. ઉપર્યુક્ત બંને વાવો શિલ્પશાસ્ત્રના ઉત્કૃષ્ટ નમૂના છે.

વાવો સાથે પ્રણય, બલિદાન અને વહેમોની અનેક કથાઓ અનાયાસે સંકળાઈ ગઈ છે. કાઠિયાવાડની વણઝારી વાવ સાથે લાખા વણઝારાની પુત્રી અને કણબીના પુત્રની પ્રણયકથા સંકળાયેલી છે. દંતકથા તો એમ પણ કહે છે કે બંનેએ આંતરજ્ઞાતીય લગ્ન કરેલા.

માધાવાવ સાથે બલિદાનની કથા સંકળાયેલી છે. નવાણ ગળાવ્યાં પણ પાણી ન આવ્યાં. વશરામજી વિચારમાં પડ્યા. બ્રાહ્મણે

કહ્યું, ધરતીમાતા બલિદાન માગે છે. વણારામજીના તાજા પરણેલા પુત્ર અને પુત્રવધૂ પોતાના જીવનનું બલિદાન આપવા તૈયાર થયાં. વાઘેલી વહુએ પિયર સંદેશો મોકલ્યો કે, મારા બા અને બાપુને કે'જો કે મોળિયો ને ચૂંદડી લઇને આવે. વાઘેલી વહુનાં બા અને બાપુ દોડતાં આવ્યાં. પતિપત્નીએ લગ્નના સોળે શણગાર સજ્યા અને વાવનાં એક પછી એક પાવઠડાં ઊતરવા લાગ્યાં—

પહેલે પાવઠડે જઈ પગ દીધો
કાંડા સમાણાં નીર આવ્યાં જી રે;
બીજે પાવઠડે જઇ પગ દીધો
ઢીંચણ સમાણાં નીર આવ્યાં જી રે.

એમ સાતમે પાવઠડે જ્યાં પતિપત્નીએ પગ મૂકયો ત્યાં તો ગળાબૂડ પાણી ભરાઈ ગયાં. દંપતીના આ અનેરા બલિદાનની યાદ આપતી આ માધાવાવ આજે પણ મોજુદ છે. પરોપકાર માટે જીવતર હોમનાર મરજીવાની કથાઓ વાવો સંઘરીને બેઠી છે.

ગુજરાતના સીમ શેઢે આવેલી વાવોમાંની ઘણી વાવો તો આજે અવાવરુ બની બેઠી હોઇ આવી વાવો સાથે ભૂતપ્રેતની કલ્પનાઓ લોકમાનસે જોડી દીધી છે. લાઠીના ઊગમણા દરવાજાની રાંગમાં આવેલી વાવ બાબરા ભૂતે એક જ રાતમાં બાંધી હતી એવી કથા પ્રચલિત છે. આ વાવમાં માતાજીનું સ્થાનક છે. ત્યાં દૂધ ચડાવવાથી બાળકને તાવ આવવો, ગળું પડવું વગેરે રોગો મટતા હોવાનું કહેવાય છે.

### આયુર્વેદની દૃષ્ટિએ—

કેટલાંક વાવ–કુવાનું પાણી આયુર્વેદની દૃષ્ટિએ ખૂબ ઉત્તમ પ્રકારનું ગણાય છે. પાટણમાં આવેલી વાવનું પાણી પાવાથી બાળકને ઉંટાટિયું મટી જાય છે. ગુજરાતભરમાં આ વાવ પાણીના ચમત્કારને કારણે જાણીતી બની છે. આ પાણીમાં ધરતીના પેટાળમાંથી કેટલાંક દ્રવ્યો ભળેલાં હોવાથી પાણી ગુણકારી છે. લોકો એને ચમત્કાર માને છે.

સામાન્યરીતે વાવોમાં પાણીનો પુરવઠો એના તળ ઉપર અવલંબે છે. સામાન્યતઃ એક, બે, ચાર કે છ કોશ સીંચાય એટલું પાણી હોય છે. પરંતુ અમરેલી પાસે આવેલા ( જોગાણીના ) ઓતરાદિ દિશામાં ૫ માઇલ દૂર આવેલી સલડી ગામમાં વાવમાં ભરપેટે પાણી મળ્યું છે. એ વાવમાં ૪ એન્જીન અને ૧૨ કોશ એકી સાથે ચાલવા છતાં પાણી માગ દેતું નથી.

ગુજરાત અને સૌરાષ્ટ્રમાં આવી તો અસંખ્ય વાવો આવેલી છે. જેનો અભ્યાસ અનેક દૃષ્ટિએ થઇ શકે એમ છે. એ પોપડા કોણ ઉખેડશે ?

## પાળિયા

તમે સૌરાષ્ટ્રમાં જઇ ચડો તો એક પણ ગામનું પાદર એવું જોવા નહિ મળે કે જ્યાં પાળિયા ન હોય. પાળિયો સંસ્કૃત શબ્દ 'પાલ' પરથી આવ્યો છે, પાલનો અર્થ થાય છે. સ્મૃતિચિહ્ન અથવા ખાંભી. સોરઠી બોલીમાં પાળિયાને 'પાવળિયા' પણ કહે છે. પાવળિયા એટલે મૃત્યુસ્તંભ. એની રચના પાછળનો હેતુ મૃતાત્માની સ્મૃતિને આદરપૂર્વક સાચવી રાખવાનો હોય છે. આવા પાળિયા ખાંભીને નામે પણ ઓળખાય છે. 'ખાંભી ખોડવી' એ લોક કહેવત પણ એના પરથી જ પ્રચલિત બની છે.

લડાઈ–ધીંગાણામાં માર્યા ગયેલા, અકસ્માતથી મરણ પામેલા અથવા કોઈ કારણસર પ્રાણની આહુતિ આપનારની કીર્તિને, કાયમ કરવા માટે સ્વજનો તરફથી પાળિયારૂપી સ્મારકો ઊભાં કરવામાં આવે છે. વિરહની વેદના સહીને હસતે મુખે મોતને ભેટેલા પ્રેમીઓના પાળિયા પણ આજે મોજુદ છે. આમ સ્ત્રી અને પુરૂષ બંનેના પાળિયા મળી આવે છે.

### પાદરમાં પાળિયા –

આવા પાળિયા મોટે ભાગે ગામના પાદરમાં અથવા તળાવની પાળ ઉપર છૂટાછવાયા અગર સમૂહમાં જોવા મળે છે. ઘણીવાર સીમ–શેઢે મૃતાત્માઓના મૃત્યુસ્થળે પણ પાળિયા ઊભા કરેલા જોવા મળે છે. સામાન્યતઃ પૂર્વ દિશામાં તે ખોડેલા હોય છે અને પશ્ચિમ દિશામાં સહેજ ઢળેલા હોય છે. કેટલીક જગ્યાએ પાળિયા ઉપર છાપરી જેવું પાકું ચણતર પણ જોવા મળે છે.

### પાળિયા પરનાં ચિત્ર પ્રતિકો—

સામાન્યરીતે સલાટ લોકો પથ્થરની પાટમાંથી પાળિયા ઘડે છે. આ પાટ ખરબચડા પથ્થરથી અને આશરે ૪ થી ૬ ફૂટ સુધીની લંબાઈની હોય છે. તેના પર સલાટ લોકો પોતાની કળાનો કસબ કંડારે છે. લડાઇ–ધીંગાણામાં મરણ પામેલા મૃતાત્માની ઘોડા ઉપર બેઠેલી આકૃતિ હોય છે. હાથમાં ઢાલ તથા તલવાર જોવા મળે છે. કેટલાક પાળિયા પર રથમાં બેઠેલા મૃતાત્માની આકૃતિ ઉપસાવેલી જોવા મળે છે આ આકૃતિઓ ઉપર સૂર્ય અને ચંદ્રનાં પ્રતીકો હોય છે, જેનો અર્થ એ, કે આ શૂરવીરો, જગતમાં સૂર્ય–ચંદ્ર અસ્તિત્વ ધરાવતા હશે ત્યાં સુધી અમર રહેશે.

### પાળિયાની પૂજા –

સ્ત્રી–પુરુષનાં પાળિયા વચ્ચે મહત્ત્વનો તફાવત રહેલો છે. સ્ત્રીના પાળિયા પર આખું ચિત્ર ન મૂકતાં કાટખૂણાની જેમ વાળેલો હાથ હોય છે. હાથનો પંજો ખુલ્લો અને કાંડા પર બંગડીઓ પહેરાવેલી હોય છે. આવા પાળિયા 'સતીમા' 'વેરાઇમા' વગેરે નામે લોકાદર પામ્યા છે. લોકો વાર તહેવારે તેમની બાધા–માનતા રાખે છે. સિંદુર ચડાવી દીપ પ્રગટાવી નાળિયેર વધેરે છે. આવો એક પાળિયો ધંધુકા તાલુકાના ખરતા ગામના તળાવ પર હાલ મોજૂદ છે. બીજું એવું પૂજનીય સ્થાન જોધપુર પંથકમાં ભાટિયાજીનું છે, જ્યાં ઘણાં લોકો માનતા–બાધા પૂરી કરવા માટે આવે છે.

રાજસ્થાનમાં સ્ત્રી–પુરુષનાં સંયુક્ત પ્રતીકોવાળા પાળિયા પણ મળી આવે છે. આબુની ગિરિમાળાની ગોદમાં આવેલા દાંતા ગામમાં લડાઇમાં કામ આવેલા દાંતાના મહારાણાનો પાળિયો આવેલો છે, જેના પર ઘોડે બેઠેલા મહારાણાનું ચિત્ર છે. અને સામે ૨ મહારાણીઓ ઊભેલાં છે જે મહારાણાની પાછળ સતી થયાં હતાં. સતી થયેલી જગ્યાએ આ પાળિયો લોકજીવનના એક રિવાજની યાદ આપતો ઊભો છે.

પુરુષોના પાળિયા સામાન્ય રીતે જનસમૂહથી ઓછા પૂજાય છે. પરંતુ મૃતાત્માનાં સ્વજનો વારતહેવારે સિંદૂર ચડાવી દીવો કરીને

નાળિયેર વધારે છે. આની પાછળ પિતૃપૂજાનો સંસ્કાર દૃષ્ટિગોચર થાય છે.

**ઇતિહાસનું અમૂલ્ય સાધન—**

લોકસંસ્કૃતિનાં પ્રતીક એવા પાળિયા ઇતિહાસ માટેના માહિતી-પૂર્ણ અને નક્કર પુરાવા પૂરા પાડે છે. તેથી તેને ઇતિહાસના એક સાધન તરીકે પણ ગણી શકાય. પાળિયા પરની ચિત્રકૃતિ નીચે કોનો પાળિયો છે, કોણે રચાવ્યો છે, મૃતાત્માનું પરાક્રમ, તેની સાલસંવત્ અને તિથિ લખવામાં આવી હોય છે જે વર્ષો સુધી કાળબળની સામે ટકી રહે છે.

પ્રાચીનતમ પાળિયા સ્થાનક સંસ્કૃતિના અભ્યાસ માટે પણ એટલા જ ઉપયોગી બની રહે છે. પાળિયા પરનાં ચિત્રાંકનો પરથી એ યુગનો પહેરવેશ, ઘોડાની જાતો, લડાઇના હથિયારો જેવાં કે ઢાલ, તલવાર, ભાલા, બરછી વગેરે તથા વિવિધ પ્રકારનાં રથ અને વાહનોની વિગતે માહિતી મળે છે.

લોકરિવાજો પર પણ પાળિયા પ્રકાશ પાડે છે. જેમ કે દાંતાના પાળિયા પર મહારાણા અને તેમની ૨ પત્નીનાં ચિત્રો આલેખાયેલા છે જે બતાવે છે કે મહારાજા મૃત્યુ પામ્યા ત્યારે લડાઇઓ ખૂબ થતી. લડાઈમાં મરણ પામનાર રજપૂતોની પાછળ તેમની સ્ત્રીઓ સતી થતી. આમ સતીનો રિવાજ એ યુગમાં પ્રચલિત હતો. બહુ પત્નીત્વની પ્રથા પણ અસ્તિત્વમાં હતી જેની સાક્ષી પાળિયા પરની ૨ મહારાણીઓની પ્રતિકૃતિ પૂરી પાડે છે. આમ પાળિયા પ્રાચીનયુગના લોકસંસ્કૃતિના ધબકાર રજૂ કરે છે.

**લોકસાહિત્યમાં પાળિયા—**

લોકસાહિત્યમાં પાળિયાનો ઉલ્લેખ ખાંભીના નામે થયેલો જોવા મળે છે. જામનગર તાબાના રાવલ ગામની બાજુમાં સોન નદીને કાંઠે ખેમરા—લોડણની પ્રણયબેલડીની ખાંભીઓ ઊભી છે લોકકથા કહે છે કે પ્રાચીનકાળમાં રાવળિયા આહીર લોકો અહીં રહેતા. ખેમરો એ કોમના આગેવાનનો જુવાન દીકરો હતો, જ્યારે લોડણ ખંભાતથી દ્વારકા જતા યાત્રાળુઓના સંઘના સંઘપતિની ભક્તિમાં લીન જોબનવંતી પુત્રી હતી. તેણે આજીવન કુંવારી રહેવાનું નીમ લીધું હતું. ભરજોબનમાં વિના કારણે વૈરાગી બનેલી લોડણને જોવાનું મન થતાં ગામની આહીરાણીઓ સંઘમાં જવા તૈયાર થઇ. પોતે પુરુષ હોવાથી સ્ત્રીને મળી શકે નહીં તેથી તેણે સ્ત્રીનો વેશ પહેર્યો. સંઘમાં જઇને સ્ત્રીઓ વારાફરતી લોડણને બાથ ભરીને ભેટી. સ્ત્રીવેશે આવેલ ખેમરાને બાથમાં લેતાં જ લોડણના દિલમાં આનંદની મધુર રોમાંચક ઝણઝણાટી પ્રસરી. સઘળો ભેદ તે પામી ગઈ અને બંને વચ્ચે પ્રેમના અંકુરો પ્રગટ્યા.

સંઘ જાત્રાએ જવા ઉપડતાં ખેમરો લોડણને રોકાઈ જવા વીનવે છે. લોડણ આઠ દાંડાનો વદાડ કરીને જાય છે, પણ ખેમરાની ધીરજ ખૂટે છે. આઠમે દિવસે તે વિરહની આગમાં ઝૂરતો ઝૂરતો મરણ પામે છે મસાણ માથે તેની ખાંભી રચાય છે તે જ દિવસે ઉત્સાહભરી લોડણ પાછી ફરે છે, પણ ન જોવાનું જુએ છે. ખેમરાની ખાંભી જોતાવેંત જ ભલભલાના હૃદયને ચીરી નાખે તેવો કરુણ વિલાપ કરે છે.

"મારગ માથે મસાણ
ઓળખ્યા નહીં આયર તણાં;
ઉતારીં આરસપાણ
તારી ખાંભી કરાવું ખીમરા."

( હું આવતી હતી ત્યારે આ આહિરપિયુનું સ્મશાન ઓળખ્યું નહીં. હે ખીમરા, હવે તો હું આરસપાણ કોતરાવીને તારી ખાંભી બનાવરાવીશ. )

"જાતાં જોયો જુવાન
વળતાં ભાળ્યું પાળિયો;
ઉતરાવું આરસપાણ
ખાંતે કંડારું ખીમરા."

( જાત્રાએ જતી વેળા મેં જેને જીવતો જુવાનડો જોયેલો તેને હું પાછા ફરતાં પથ્થરને પ્રાણહીન પાળિયો બની ગયેલો જોઉં છું. હવે તો આરસપાણ ઉતરાવીને મારા ખીમરાની મૂર્તિ આ હાથો વડે કંડારીશ. )

"રાવળિયા મું રાત
વગડાની વેરણ થઇ;
સગા દેને સાદ
ખાંભામાંથી ખીમરા."

( હે પિયુ, જંગલની રાત મને ત્રાસ આપી રહી છે. એકલતા મારાથી સહેવાતી નથી. હે સ્વજન ! તારી ખાંભીમાંથી મને એકવાર સાદ દે. )

વિલાપ પરાકાષ્ઠાએ પહોંચે છે. પથ્થરને પિગળાવે તેવાં વેણ લોડણ કાઢે છે.

"સિંદુર ચડાવે સગા,
દીવો ને નાળિયેર હોય;
પણ લોડણ ચડાવે લોહી
તારી ખાંભી માથે ખીમરા."

( હે ખીમરા ! બીજા સગા તો અહીં આવીને તારી ખાંભી માથે સિંદૂર ચડાવે છે, દીવો પ્રગટાવે છે. નાળિયેર વધેરે છે; પણ જનમની વિજોગણ લોડણ તો લોહી ચડાવી રહી છે. )

એમ કહેતાં તે પોતાના પ્રાણનું બલિદાન આપે છે, અને ખીમરાની ખાંભી જોડે જ તેની ખાંભી રચાય છે.

આવી જ બીજી એક કથા સૌરાષ્ટ્રના બોરાણ્ય ગામમાં આજથી ૧૦૦ વર્ષ પૂર્વે બનેલી છે. ગામમાં ભરવાડોનો નેસ હતો નેસની બાજુમાં વાલા રબા નામનો સત્યવાદી ચારણ રહેતો હતો એક દિવસ લૂંટારાએ ભરવાડની ગાયો વાળી. વાલા રબા પોતાની તાજણ ઘોડી લઇને ઉપડ્યા લૂંટારુને ગાયો પાછી આપવા વિનંતી કરી પણ તેઓ ન માન્યા ત્યારે વાલા રબાએ ગળે કટારી ખાઇને પ્રાણની આહુતિ આપી. ચારણ પુત્રની આત્મહત્યાથી લૂંટારુ ગાયો પાછી આપી ગયા. બોરાણા ગામના પાદરમાં વાલા રબાની ખાંભી રચાઇ. ભરવાડ લોકો કાળી ચૌદશના દિવસે સિંદૂર અને નાળિયેર ચડાવીને તેમની પૂજા કરે છે. બહારગામ હોય તો પણ તે દિવસે આવીને પૂજન કરવું પડે છે.

આવી અનેક કથાઓ ભાટ અને ચારણો ગામડે ડાયરા જમાવીને પોતાની આગવી શૈલીમાં કરે છે. રાવણુ હથ્થો લઇને ફરતા નાથબાવા અને રાવળ લોકો દૂહા, કથાગીતો અને રાસડા દ્વારા આવા વીર અને પ્રેમીઓની યાદ તાજી કરાવે છે.

આજે ગુજરાત અને સૌરાષ્ટ્રના ગામડે ગામડે ભાંગેલ તૂટેલ અને ઘસાઇ ગયેલ હાલતમાં વેરવિખેર પડેલ પાળિયા પ્રેમ, શૌર્ય અને શહાદતની યાદ આપતા ઉભા છે.

## શિલ્પધન સમા આપણા ચબુતરા

ભારતીય સંસ્કૃતિના પ્રતીકરૂપ એવા ચબુતરાઓ લોકોની પરોપકારની ભાવના, ધાર્મિકવૃત્તિ તથા કલાકારોની કલાના યશોગાન ગાતા શહેરોમાં પોળે પોળે, ચૌટે ચૌટે અને ગુજરાતને ગામડે ગામડે ઊભા છે.

કબુતર ઉપરથી "ચબુતરો" નામ ઉતરી આવ્યું છે. કબુતર ખુબ જ ભોળું, ગભરું અને શાંત પક્ષી છે. વળી નિરામિષહારી છે તેથી ઘર આંગણે ચણ મળે ત્યાં સુધી બહાર જવાનું ઓછું પસંદ કરે છે. આથી જ્યાં કબુતરો એકઠા મળીને ચણ ચરે છે તેને 'ચબુતરો" કહેવાય છે. ચબુતરામાં અન્ય અસંખ્ય પક્ષીઓ આવે છે પણ વધુ પ્રતિનિધિત્વ તો કબુતરોએ જ જાળવી રાખ્યું છે.

ગામડામાં ચબુતરાને છત્રી પણ કહેવામાં આવે છે છત્ર ઉપરથી છત્રી શબ્દ આવ્યો હોય એમ જણાય છે. પથ્થરના ચબુતરાઓ ઉપર છત્ર જેવા નાનકડા ઘુમ્મટ હોય છે. નીચે થાંભલો હોય છે તે પરથી છત્રી પણ કહેવાય છે.

ચબુતરાને માટે બીજો શબ્દ "પરબડી" પણ વપરાય છે. પરબ એટલે પાણીની પરબ કે જ્યાં તરસ્યા વટેમાર્ગુઓ પોતાની તરસ છિપાવી શકે છે. આ રીતે પરબે આવનારને કંઇક મળે જ. પરબ પક્ષીઓ માટે પણ બાંધવામાં આવે છે. એક ડીબ અથવા કુંડામાં દોરી વાટે ઉંચે લટકાવવામાં આવે છે. પરબ પાછળ પરોપકારની ભાવના જોવા મળે છે. આ રીતે ચબુતરો દાણાની પરબ છે એમ કહીએ તો ખોટું નથી. તેથી પરબડી નામ પણ લોક પ્રચલિત છે.

### ચબુતરાની ઉત્પત્તિ અને ધર્મભાવના —

વર્ષોથી પક્ષીઓને પોષતા આ ચબુતરાઓની ઉત્પત્તિનો ઇતિહાસ પણ રસપ્રદ છે. ભારતીય સંસ્કૃતિ ધર્મના અનેરા રંગે રંગાયેલી છે તેથી ભારતવાસીઓમાં ધર્મ ભાવના અને પરોપકારવૃત્તિના દર્શન આપણને થયા વિના રહેતા નથી.

વેદકાળમાં આર્ય ઋષિમુનિઓ માનતા કે આપણને જે કંઈ મળ્યું છે તેમાં બધાનો કણ છે. તેથી તેઓ પંચભાગ કાઢતા. તે કૂતરાને રોટલા ગાયને ઘાસ અને પક્ષીઓને ચણ વગેરે નાખતા હતા. આ ભાવના આપણા લોહીમાં ઊતરી આવી છે.

ઉપનિષદના જ્ઞાનકાંડમાં જણાવવામાં આવ્યું છે કે મનુષ્યને તેના સારા ખોટા કર્મ પ્રમાણે સારી ખોટી ગતિ થાય છે. સંતપુરૂષ ચંદ્રલોક કે બ્રહ્મલોકમાં જાય છે. પરમાત્માનો સાક્ષાત્કાર થાય છે. અને જન્મ જન્માંતરનો ફેરો ટળી જાય છે. સમગ્ર માનવજાતને આઘાત પહોંચાડનાર મૃત્યુથી માનવી ડરે છે. મૃત્યુ પછી શું ગતિ થશે ને વિચારથી સવિશેષ ડરે છે; તેથી પુણ્ય કરવા પ્રેરાય છે. પિતૃપૂજાની વ્યાપક ભાવનાને પરિણામે મૃત્યુ પામેલા પિતૃઓના આત્માને શાંતિ મળે એવા હેતુથી તેમની પાછળ દાન કરવામાં આવે છે, અને તેમની યાદગીરી રાખવા, સ્મારક રચવાની ઈચ્છામાંથી સર્જાય છે આપણા શિલ્પધન સમા ચબુતરા.

માણસ જ્યારે મૃત્યુને માર્ગે જવાની તૈયારી કરતો હોય છે ત્યારે તે શાંતિથી પોતાને માર્ગે પ્રયાણ કરે તે માટે તેના પુત્રો કહે કહે છે કે, "તમારી પાછળ ચબુતરો બંધાવશું, અથવા ચબુતરામાં ચાર મણ ચણ નાખશું."

ગામડાઓમાં સાપ અને વીંછીનું ઝેર ઉતારનારા અને ઉતરી ગયેલા હાથપગ ચડાવનાર, ભાંગેલા હાથ સાજા કરનાર, જાનવેરોની સારવાર કરનાર લોકો સેવાભાવની વૃત્તિથી દરદીઓ પાસેથી પૈસા નથી લેતા. પણ કહે છે કે, "તેમને શ્રદ્ધા હોય એટલા દાણા ચબુતરે નાખજો, ગાયને ખડ નીરજો અથવા કૂતરાને રોટલા નાખજો" આમ ચબુતરાઓના જન્મ પાછળ ધર્મભાવનાનું પ્રાબલ્ય વિશેષ રહેલું છે. લોકો ચબુતરા બનાવીને ટ્રસ્ટને સોંપી દે છે. કેટલીક જગ્યાએ પોળના પંચો અને મહાજનોએ પણ ચબુતરાઓ બનાવેલા છે. ધર્માદાફંડનો ઉપયોગ પ્રાચીનકાળમાં આ રીતે થતો.

રાજા મહારાજાઓએ પણ ચબુતરા બંધાવ્યાના ઉલ્લેખો મળી આવે છે. કીર્તિદાનની ભાવનાથી શેઠિયાઓ પણ ચબુતરા બનાવતા. આપણે ચબુતરાને પ્રશ્ન કરીએ કે ભાઈ ચબુતરા, તારી રચના કોણે કરી? તરત જવાબ મળશે. નીચે લગાવેલી તકતી જ વાંચો લો ને! તેમાં નામ, કામ, સાલ, સંવત સઘળું મળી રહેશે.

### ચબુતરાનું શિલ્પ સ્થાપત્ય—

ગુજરાતના ગામડાઓમાં સામાન્ય રીતે ગામની વચ્ચે અને શહેરોમાં પોળને છેડે કલાત્મક ચબુતરાઓ આવેલા છે. તેના સર્જનમાં સ્થપતિઓ, સુથારો, શિલ્પીઓ, લુહારો, કડિયાઓ અને ચિત્રકારોનો સહિયારો ફાળો હોય છે. કળા અને રચનાની દષ્ટિએ આપણે તેનો વિચાર કરીશું તો તેના બે મુખ્ય પ્રકારો ઉડીને આંખે વળગશે

૧ પત્થરના શિલ્પસ્થાપત્યવાળા ચબૂતરા અને

૨ કાષ્ટના શિલ્પવાળા ચબૂતરા.

### ૧. શિલ્પ સ્થાપત્યવાળા ચબૂતરા—

જ્યાં ધરતીના પેટાળમાંથી સહેલાઈથી પુષ્કળ પ્રમાણમાં પથ્થર મળી રહે છે. ત્યાં આ પ્રકારના ચબૂતરાઓ સવિશેષ જોવા મળે છે. કેટલીકવાર ધનિક લોકો દૂર સુદૂરથી પથ્થરો મંગાવીને પણ આવા સ્થાપત્યવાળા ચબૂતરાઓ તૈયાર કરાવે છે તે માટે ખરબચડો પથ્થર વપરાય છે. પણ કેટલીક જગ્યાએ આરસ પણ વપરાયેલો મળી આવે છે. આવા ચબૂતરાઓ પથ્થરમાંથી ઘડી કાઢવામાં આવે છે આવા ચબૂતરાઓમાંના કેટલાકનો આકાર સપ્રમાણ હોય છે. જ્યારે કેટલાક એકદંડિયા મહેલ જેવા પણ જોવા મળે છે. તેની ઉંચાઈ ૧૫ થી ૨૦ ફૂટ સુધીની હોય છે. નીચે ચોતરા જેવી બેઠક હોય છે. કેટલીકવાર બેઠકને વાડ કરેલી પણ જોવા મળે છે. તેની વચ્ચે રોપેલા પથ્થરના કલાત્મક સ્થંભ પર ચણ અને પક્ષીઓ માટેની બેઠક અને તેના પર ઘુમ્મટ આકારનું છત્ર જોવા મળે છે. ગોળ, ચોરસ, પંચકોણ અને ષટ્કોણ આકારમાં ચબૂતરા વિશેષ મળે છે. બાજુમાં લોખંડની સીડી હોય છે. જેના દ્વારા ઉપર જઇને ચણ નાખવામાં આવે છે.

કેટલાક ચબૂતરામાં ઇંટો અને ચૂનો વપરાય છે. જે પ્રદેશોમાં પથ્થર મળતો નથી ત્યાં આવા ચબૂતરાઓનું પ્રમાણ વિશેષ હોય છે. ઇંટોવાળા ચબૂતરા કેટલીકવાર એ બાજુ સુધીના પણ મળી આવે છે. કેટલાક ચબૂતરાઓ મકાન જેવા આકારમાં પણ મળે છે. સિમેન્ટ કોંક્રિટના ચબૂતરા પણ તૈયાર કરવામાં આવે છે.

આબુની પર્વતમાળાના ગોદમાં દાંતા નામનું રળિયામણું ગામ છે. ત્યાં પાકા ચબૂતરા નીચે પાણીની ઓરડી છે. જે પાણીનાં પરબ તરીકે વપરાય છે. ઓરડીમાં ટાંકા જેવો કૂવો છે, ફરતો ચોતરો છે ચોતરા પર ષટકોણ આકારનું દસ ફુટ ઉંચુ ચબુતર છે. ઉપર અષ્ટકોણ આકારની અગાશી છે. તેના પર આઠ કલાત્મક થાંભલીઓ ઉપર ગોળ ઘુમ્મટ જેવું છત્ર છે. અંદર હૃદયંગમ ચિત્રોની હારમાળા છે. આ ચબૂતરો ઓપી રહ્યો છે.

## ૨. કાષ્ટશિલ્પ ધરાવતા ચબૂતરાઓ—

જેમ પથ્થરમાંથી એકદંડિયા મહેલ જેવા ચબૂતરા બનાવવામાં આવે છે તેમ જ્યાં વિપુલ જંગલ સમૃદ્ધિ હોય છે, ત્યાં લાકડાના એકદંડિયા મહેલ જેવા ચબૂતરાઓ બનાવેલા જોવા મળે છે. આવા ચબૂતરા નીચે પથ્થરનો ચોતરો હોય છે. વચ્ચે લાકડાના સ્થંભ ઉપર લાકડાનો ચબૂતરો હોય છે. સ્થંભ અને ચબૂતરા વચ્ચે કલાત્મક કોતરણીવાળા ટેકવા જોવા મળે છે. કેટલાક ચબુતરા પર ગરબડી આવેલી હોય છે. જે ગરબડી સાથે દોરાવાળી છાબડી હોય છે. જેની દ્વારા છાબડી નીચે ઉતારી તેમાં દાણા અથવા કુંડુ હોય તો પાણી મુકીને તેને ઉંચે ચડાવી દેવાય છે આવા ચબુતરા પર પતરાનું છત્ર વિશેષ જોવા મળે છે. લાકડાના ચબુતરાઓ મકાન જેવા આકારના અને વિવિધ ઘાટના પણ જોવામાં આવે છે.

પત્થરના ચબુતરાઓ, પત્થરને ઘડીને બનાવવામાં આવે છે છત્ર નીચે કલાત્મક કોતરણીવાળી થાંભલીઓ મૂકવામાં આવે છે. સુશોભન માટે પુતળીઓ અથવા ભક્તજનોની મૂર્તિઓ પણ મૂકેલી જણાય છે. ક્યાંક ક્યાંક લોકજીવનના પ્રતીકો રજૂ કરતી મૂર્તિઓ પણ જોવા મળે છે. કેટલાક ચબુતરામાં લાલ પત્થર વાપરવામાં આવે છે જે રંગની ગરજ સારે છે અને દૂરથી રળિયામણા લાગે છે.

લાકડાના ચબુતરાઓ પર કાષ્ટની પૂતળીઓ, કૃષ્ણલીલાના દૃશ્યો, ભવાઈના દૃશ્યો, ગણેશની મૂર્તિઓ જોવા મળે છે. લાકડું ટકાઉ ન હોવાથી ચોમાસાના વરસાદને કારણે સડી જાય છે તેથી આવા કેટલાક કલાત્મક ચબુતરાઓ મોટે ભાગે ભાંગી તૂટી હાલતમાં જોવા મળે છે.

ચબુતરાઓની કલા સ્થાનિક રંગે રંગાયેલી હોય છે. પ્રાદેશિક લોકજીવનની ભિન્નતાની જેમ કલામાં પણ અવનવી વિવિધતાઓ જોવા મળે છે. કલાકારોએ પોતાની આગવી કલાસૂઝથી મૌલિકતા દ્વારા સ્થાનિક રંગોની પૂરણી પૂરીને ચબુતરાનું સર્જન કર્યું છે વિવિધ રૂપ અને રેખાવાળો પ્રાદેસિક કળા સૌષ્ઠવનું રસદર્શન કરાવતો કાળા પથ્થરથી ચણાયેલો ચબુતરો ભૂજ ( કચ્છ ) ના ભીડના ચોકમાં ઊભો છે. ૫૫ થી ૬૦ ફૂટ ઉંચાઇ ધરાવતો આ ચબુતરો છ ઝરુખા, ત્રણ લોબી અને કબુતરોના રહેઠાણ માટે અસંખ્ય નાના નાના ગોખથી સુશોભિત છે અને તે ૪૦ ફૂટનો વ્યાસ ધરાવે છે.

ઐતિહાસિક દૃષ્ટિએ પણ આ ચબુતરોનું મહત્ત્વ ઓછું આંકી શકાય તેમ નથી. ચબુતરાની તકતી જણાવે છે કે જાદવજી ખોડીદાસની વિધવા બાઈ રામકુંવરબાઈ તે મોરારજી હંસરાજની પુત્રીએ આ ચબુતરો વિક્રમ સંવત ૧૯૫૨ ના જેઠ વદ ૧૨ ને રવિવારે ચણવાની શરૂઆત કરી અને મહારાવશ્રી ખેંગારજીના ૨૧ મા વર્ષમાં બંધાવીને ઈષ્ટદેવને અર્પણ કરેલ અને તેના ખર્ચ પેટે ૨૦૦૦૧ કોરી ( કચ્છી સિક્કો ) આપેલ છે. આજે પણ આ ચબુતરામાં પ્રતિદિન ૬૬૫ રતલ ચણ કબુતરો માટે નાખવામાં આવે છે. આ ચબુતરાના તળિયાના ભાગમાં ચણની ગુણીઓ રાખવા માટે મોટો રૂમ છે. અને ત્રણેય લોબીમાં ચણ નાખવા જવાની અંદરથી ગોળાકાર પથ્થરની સીડી છે. એની બાંધણી એવી તો મજબુત છે કે ૬૮ વર્ષ દરમ્યાનનાં વાવાઝોડાં, મુશળધાર વરસાદ અને ધરતીકંપના સખ્ત આંચકા લાગ્યા છતાં આ ચબુતરાની એકેય કાંકરી ખરી નથી કચ્છની સ્થાપત્યકળાનો સર્વોત્તમ નમૂનો ગણી શકાય તેવો આ વિશિષ્ટ શૈલી ધરાવતો બેનમૂન ચબુતરો છે.

## ચંદરવાના ચિતારા

કલ્પના સરખી પણ કોને આવે કે અમદાવાદ જેવા રળિયામણા નગરનાં ભાંગ્યાંતૂટ્યાં ઝૂપડાંઓમાં વસતા ગરીબ વાઘરીઓ ઊડીને આંખે વળગે એવા ચંદરવા છાપતા હશે ? એમના ચંદરવા ભારતનાં 'એમ્પોરિયમો'માં અને સંગ્રહસ્થાનોમાં તો સ્થાન પામ્યા જ છે, પણ ભારતીય કલાના સુંદર નમૂનાઓ તરીકે જાપાન, અમેરિકા, રશિયા, સિલોન, બ્રહ્મદેશ વગેરે દેશોમાં પણ એ ચંદરવાઓએ લોકપ્રિયતા મેળવી છે. જૂગજૂની આ કલાનું જીવની પેઠે જતન કરીને વાઘરી કોમે એ કલાને વંશપરંપરાગત જાળવી રાખી છે

રંગબેરંગી ચંદરવાનો ઉપયોગ વિશેષતઃ ધાર્મિક કાર્યોમાં થાય છે. વાઘરી, કોળી, ઠાકરડા, ભરવાડ, રબારી વગેરે કોમોમાં વિવિધ માતાઓનું વિશિષ્ટ વર્ચસ્વ જોવા મળે છે એ લોકો વાર તહેવારે કે બાધા આખડી રાખે ત્યારે માતાને ચંદરવો માને છે. કાર્યમાં સફળતા મળતાં માતાને ચંદરવો ચઢાવે છે. માતાના મઢમાં ચંદરવો બંધાય છે. તેમાં જે માતાને ચંદરવો માન્યો હોય તેની છાપ અંકિત કરવામાં આવે છે.

માતા સિવાય રામજી મંદિર, ઠાકર મંદિરમાં પણ આ ચંદરવા વપરાય છે નવરાત્રિ જેવા ધાર્મિક મહોત્સવ પ્રસંગે ભવ્ય મંડપો બંધાય છે તેમાં ચંદરવો બાંધવામાં આવે છે. લોકબોલીમાં તેને 'છંદણી' ( ચંદણી ) કહેવામાં આવે છે. આવા મોટા ચંદરવા આજે તો ખાસ જોવા મળતા નથી, પણ પ્રાચીન કળાના પ્રતિનિધિરૂપ એવા મોટા ચંદરવા હજુ યે ક્યાંક ક્યાંક દૃષ્ટિગોચર થાય છે. એમાં રામાયણનાં સંપૂર્ણ ચિત્રો આલેખાયલાં હોય છે આવો એક વિશિષ્ટ ચંદરવો ધંધુકા પાસે આવેલા બરવાળા ( ઘેલાશાહ )માં આવેલ રામજી મંદિરમાં છે.

નવરાત્રિ ઉપરાંત રામલીલા અને ભવાઈ વખતે પણ આવા ચંદરવા બાંધવામાં આવે છે. ગામડાઓમાં કેટલીક જગ્યાએ એનો ઉપયોગ ડામચિયા ( ગાદલાં–ગોદડાં મૂકવાની ઘોડી ) પર ઢાંકવા માટે થાય છે, જે ગ્રામલોકોની કલાપ્રિયતાની પ્રતીતિ કરાવે છે.

ચંદરવાના ચિતારાઓ બજારમાંથી માદરપાટ ( એક પ્રકારનું કાપડ ) લાવી તેના પર કાળો રંગ પાકો બેસાડવા માટે હરડે અને હિમેજમાંથી બનાવેલું પીળા રંગનું પડ ચડાવે છે. કાપડ સૂકાઈ ગયા પછી કચુકાના લોટમાંથી તૈયાર કરવામાં આવેલ કાળા રંગમાં બીબાઓ બોળીને ચંદરવા પર અવનવી, કળામય અને આકર્ષક છાપો છાપવામાં આવે છે. ચંદરવા તૈયાર કરવામાં કુટુંબનાં બધાં જ એક કે બીજી રીતે સહાયરૂપ બને છે. આ ચંદરવાઓની સાઈઝ સામાન્ય રીતે ૨॥ વાર × ૬૦", ૩ વાર × ૭૨ ", ૩ા વાર × ૭૨ ", ૩ વાર × ૫૪ " તથા ૩૦ " × ૩૨ " હોય છે.

ચંદરવા પર બીબાની કાળી છાપો છપાયા પછી તેમાં જે ચિત્રને તેમ જ પડદાના ભાગને લાલ રંગ કરવાનો હોય તેટલા ભાગ પર સળી વડે ફટકડીનું પાણી પૂરવામાં આવે છે. આ કામ સામાન્યતઃ કુટુંબની બહેનો જ કરે છે. ચંદરવાનાં જે ચિત્રો કાળાં બનાવવાનાં હોય ( જેમ કે બકરો પાડો વગેરે ) તેમાં હાથ વડે જ કાળો રંગ પૂરાય છે એ પછી તૈયાર ચંદરવાનો લાલ અલ્ઝરીયન રંગની ભઠ્ઠીમાં પકવવામાં આવે છે, જેથી ફટકડીવાળા ભાગ પર લાલ રંગ પાકો બેસી જાય છે.

ચંદરવાને ધોતાં હરડેવાળો પીળો રંગ ધોવાય જાય છે અને રૂપાળા લાલ, કાળા અને સફેદ રંગમાં છપાયેલાં ચિત્રો નજર સમક્ષ ઊપસી આવે છે આ રંગોની મેળવણી અને પૂરણી એ વાઘરી લોકોની આગવી સિદ્ધિ છે. આ રંગો ફાટી જાય તો પણ દેશી વનસ્પતિમાંથી બનાવેલા આ રંગો સહેજ પણ ઝાંખા પડતા નથી.

એક ચંદરવો તૈયાર કરતાં એક માણસને બેથી ત્રણ દિવસ લાગે છે. એની કિંમત એની કલાકારીગરી અનુસાર રૂપિયા છથી માંડીને રૂપિયા પચાસ સુધીની હોય છે.

ચંદરવાના ચિતારા પોતાની આગવી કલાસૂઝથી એક અનોખી સૃષ્ટિ સર્જે છે. માતાના મંદિરમાં ચંદરવા વિશેષ વપરાતા હોવાથી તેની મધ્યમાં પાડા પર બેઠેલાં ચામુંડા અને વિસોતમાતા હોય, સામે દૈત્ય યુદ્ધ ખેલતો હોય, દૈત્ય જોડે લડતાં કાળકામાતા હોય, કૂકડા પર બેઠેલાં બહુચરમાતા હોય વાઘના વાહન પર અંબાજી હોય, બકરા પર મેલડીમાતા હોય, રથમાં જોગણી હોય. હાથી પર હર્ષદમાતા હોય અને ઊંટ પર રણની માતા ( ઊંટવાળી ) હોય. જુદા જુદા ચંદરવા પર જુદી જુદી માતા હોય છે. જે માતાને ચંદરવો ચડાવવાનો હોય એ માતા પડદાની મધ્યમાં આલેખાયાં હોય છે.

માતાનાં ચિત્રો ઉપરાંત ચંદરવામાં પૌરાણિક કથાઓ પણ જીવંત બને છે મોટા ચંદરવાઓ પર તો મહાભારત અને રામાયણની ચિત્રમય કથાઓ જોવા મળે છે. ચંદરવાનો ઉપયોગ ધાર્મિક દૃષ્ટિએ થતો હોવાથી તેમાં ધાર્મિક પ્રતીકો વિશેષ હોય છે. કાળીનાગને નાથતા શ્રીકૃષ્ણ, ગોપીઓ માળણો. સાત સતીઓ, જોગણી, ભુવા, ડાકલાવાળા, વાજિંત્રવાળા, કાળભૈરવ, બાવા. પનિહારીઓ, રાજાનું લશ્કર ચોપદાર, ઘોડેસ્વાર, સિપાઈઓ, પૂજારીઓ. રામલક્ષ્મણ, સીતાને ઊપાડી જતો રાવણ મૃગ મારતા રામ, પર્વત ઊપાડતા હનુમાન, આંધળાં માબાપને કાવડમાં લઈને જાત્રા કરાવતો શ્રવણ, પ્રકાશતો સૂર્ય, હરિશ્ચંદ્ર–તારામતી, રાધાકૃષ્ણનું રાસમંડળ વગેરે આલેખાય છે.

પશુપક્ષીઓ અને જળચરો પણ ચંદરવાના સુશોભનમાં ઉપયોગી પ્રતીકો બની રહે છે. હાથી, ઘોડા, વાઘ, સિંહ, હરણ, ભૂંડ, પાડો, બકરો, રોઝ, બે માથાવાળો મૃગ, પોપટ, મોર, ચકલા, માછલી, મગર વગેરે ઉપરાંત અસંખ્ય પ્રકારની હૃદયંગમ આકૃતિઓ ચંદરવા પર છાપવામાં આવે છે.

ચંદરવાનાં ચિત્રોની લોકશૈલી પણ કલાકારોની મૌલિક અને આગવી છે. માતાનું ચિત્ર, એમનો મુગટ, આભૂષણો એ સૌ આગવી લોકકલાના આકર્ષક નમૂના છે. કલામય શૈલીમાં ચિતરાયેલું ઊંટ કે આલેખાયેલો બકરો જોતાં જ આપણા મુખમાંથી પ્રશંસાના ઉદ્‌ગાર સરી પડે છે.

પ્રાચીન કાળથી ચાલી આવતી આ શૈલી આજે પણ એ જ સ્વરૂપે બીબામાં કંડારાતી રહી છે. જો કોઈ બીબું ખંડિત થાય તો એ છાપનું ચિત્ર બનાવીને તેના પરથી ખત્રી અને બીબા બનાવનાર પાસેથી વલસાડી સાગના લાકડામાંથી નવું બીબું બનાવી લેવામાં આવે છે. આવું બીબું પચીસથી માંડીને સો રૂપિયા સુધીમાં તૈયાર થાય છે. હજી યે ચંદરવા બનાવનારાં કેટલાંક કુટુંબોમાં બસો વર્ષ પહેલાં બનાવેલાં કલામય બીબાં મોજુદ છે!

વાઘરી જેવા પછાત વર્ગદ્વારા પાંગરેલી અને આજ સુધી ઉવેખાયેલી આ કળા આજે સુધરેલા સમાજમાં જ નહિ, પણ અમેરિકા, ઈંગ્લાંડ, જાપાન અને સિલોનમાં પણ વિશિષ્ટ લોકાદર પામી છે. ગુજરાતના વાઘરીઓની ચંદરવાની આ કલા પર પરદેશીઓ મુગ્ધ બન્યા છે. જાપાનમાં તો લોકો ચંદરવામાંથી વસ્ત્રો બનાવીને પહેરે છે! પ્રાચીન ભારતીય કળાની આ શું ઓછી સિદ્ધિ છે?

## વૈશાખી વાયરા

ધીંગી ધરતી પરથી ઋતુની રાણી વસંત વિદાય લે ન લે ત્યાં તો આવી પહોંચે છે વૈશાખ. અને શરૂ થાય છે લગ્નને આરે છબછબિયાં કરતાં જુવાનીયાઓ અને જુવતીઓના દિલની સિતાર ઝણઝણાવતાં વૈશાખી વાયરા. મિલનોત્સુક હૈયાં પ્રસન્ન પરિમલની માદક ખીલી ઊઠે છે અવનવી ઊર્મિઓ, મધુરા સંવેદનો તથા ભાવિના અનેરા સ્વપ્નો સાકાર થતાં જણાય છે અને સંભળાય છે પ્રેમની શરણાઈના માદક સૂર...

આંગણે લગ્ન લેવાતા હોય ત્યારે કોનાં હૈયાં આનંદથી નાચી ન ઊઠે? વરરાજાની બહેની તો રંગબેરંગી ચોળી અને ચણિયો, પગમાં રૂમઝુમતાં ઝાંઝર, હાથમાં રૂપાળી મજાની બંગડીઓ, ગળામાં રામનોમી, ઝરમર પહેરીને આનંદથી ઘેલી ઘેલી થઈને ફરે છે. તેના દિલમાં અવનવા વિચારોની વણઝાર શરૂ થાય છે તે દયામણે ચહેરે ભાઈ આગળ નમણાં હૈયાંની આરઝૂ રજૂ કરતી પ્રશ્ન પૂછી બેસે છેઃ ભાઈ! તમે તો હવે ભાભીવાળા થવાના ખરું ને? પણ ભાભીને લાવીને આ લાડલી બહેનને ભૂલી તો નહીં જાવને? ભાઈનું હૈયું પણ બહેની આગળ લાડ કરે છે તે તરત જ બોલી ઊઠે છેઃ અરે ગાંડી! જો તું એમ જ માનતી હોય તો ચાલ મારે નથી પરણવું. મારા સ્નેહની સરવાણી મારી લાડલી બહેન તરફ જ આજીવન વહેશે બહેની તો બિચારી મજાનું ગાય જેવી ભોળી છે. તે તો રૂઠેલા ભાઈને મનાવવા કાલાવાલા કરે છે અને બહેનીના પરવાળા જેવા હોઠ પરથી ગીત સરી પડે છેઃ

કળીજુગના વાયરા, સરકારી કાયદા,
અજિતભાઈ પરણ્યા વિના કેમ ચાલશે?
કહો તો અજિતભાઈ વીંટી ઘડાવી દઉં,
મીનો પુરાવી દઉં પરણ્યા વિના કેમ ચાલશે?

ચતુરબહેની ભોળા ભાઇ પાસે પરણવાની હા પડાવી લે છે. પછી તો શરૂ થાય છે લગ્નની ધમાલ. વરકન્યાના ઘરને ગાર ગોરમટીથી લીંપી-ગુંપીને વાદળી ઝાંયથી ઓપતી ખડી કરીને ફુલફટાક જેવું બનાવે છે. ભીંતે ચંદરવા, ચાકળાં, ટોડલિયા, બારશાખિયા વ. સુંદર ભરતના ભરતકામથી સજાવવામાં આવે છે. લગ્નના દિવસો નજીક આવતા જાય છે તેમ તેમ લગ્નવાળા ઘેર આડોશી પાડોશીઓ તથા સગા સંબંધીઓ ભેગા થાય છે. મા–માટલામાં પુરવા માટે કાપડ તથા સુંવાળીઓ વણાય છે. ઢોલ–શરણાઇ અને ત્રાંસાના મંગળનાદથી વાતાવરણ આનંદી બને છે. ને ગવાય છે રોજ વહેલી પરોઢે પ્રભાતિયાં.

વરના દાદાને ઊંડા ઘરરે ઉકેલો વિવાહ આવ્યા ઢૂંકડા,
વરના દાદારે લીધી માઝમ રાત કે નાકે ડેરા તાણિયા
આકરૂ ગામની બધળી બજાર કે વચમાં લીલો માંડવો,
માંડવડે રે મારે બળવંતભાઇની જૂઇ કે શાંતુ વહુની ચૂંદડી.

આ બાજુ કન્યાપક્ષવાળા લગ્નની ધમાલમાં પડે છે. ગોરમહારાજને બોલાવીને લગ્ન માટે સારો વાર તથા તિથિ જોઇને મુહૂર્ત નક્કી થાય છે. લગ્ન લખાય છે. દ્રાક્ષ, સોપારી, કંકુ, સાકર અને લગ્નનાં એમ પાંચ પડા, સવા હાથનું લીલારંગનું રેશમી કપડું તથા ખેસ લગ્ન સાથે મોકલાઇ છે. સર્વ સગા સંબંધીઓને યાદ કરી કરીને નોતરાં દેવાય છે. નોતરાં પણ કોની સાથે મોકલાય છે?

લીલી પીળી પાંખનો ભમરલો રે
ભમિયો દેશ પરદેશ જો.
જાજે ભમરા નોતરે…

મોર તારી સોનાની ચાંચ, મોર તારી રૂપલા પાંખ
મોર જાજે ઉગમણે દેશ, મોર જાજે આથમણે દેશ.
વળતા જાજેરે વેવાયોને માંડવે લો રાજ…

સખીઓ સાથે પાદર ફરવા ગયેલી કન્યાને પિયુમિલનની યાદ સતાવે છે. તે વૃક્ષની નમેલી ડાળીને હેતથી વળગીને ઊભી છે. વૈશાખી વાયરાની લહેરખીઓ તેને ડોલાવી જાય છે. વૈશાખી વાયરાને દૂત કલ્પીને કોડીલી કન્યા રાયવરને સંદેશો પણ મોકલી દે છે.

રાયવર વહેલેરો આવ, સુંદર વર વહેલેરો આવ;
નાગ ચઢિયા લગ્ન રાયવર વહી જશે રે.

ત્યારે મુગ્ધિયો પણ મોંઘો થાય છે. એ લાડથી પ્રત્યુત્તર પાડવે છે:

હું તો કચરાની ચોરીએ નહિ પરણું,
હું તો પતરાને તોરણ નહિ પરણું;
હું તો લાકડાને બાજોઠ નહિ પરણું.

ભોળી કન્યા કહે છે કે તને કોણ કચરાની ચોરીએ કે લાકડાને બાજોઠે પરણાવે છે? મારા વહાલેરા કંથ તને તો નાળિયેરને તોરણ, રૂપલા બાજોઠ અને ત્રાંબાની ચોરીએ પરણવાનું મળશે માટે વહેલેરા આવો. નહીં તો ઘડિયા લગ્ન રાયવર વહી જશે. ત્યારે વરરાજાને નવી મધુર કલ્પના સૂઝે છે એ તો કહે છે અત્યારે કેમ લગ્ન ગોઠવ્યા છે? અત્યારે તો—

ચૈતર વૈશાખના તડકારે પડશે
ગોરી બગદના પગરે તળવાશે
ગોરા જાનૈયા રજે ભરાશે,
ગોરી જાનડીઓ શામળી થાશે.

પણ ચતુર કન્યા જવાબના મીઠા જાદુથી વરરાજાનું હૃદય જીતી લે છે. ત્યારે વરરાજા ઠાવકા થઇને માની જાય છે.

લગ્ન નિર્ધાર્યાની તિથિ અગાઉ ચોથે દિવસે વરકન્યાના ઘરમાં જમીન લીંપીને તેના પર બાજોઠ મૂકીને ઉપર ચોખાની ઢગલી પર ગોત્રીજની સ્થાપના કરીને વરકન્યાને તેની પૂજા કરાવવામાં આવે છે. ગામડામાં ગામલોકો નાળિયેર લઇને ગણેશ વધાવવા આવે છે. અને બધાને ગોળ વહેંચવામાં આવે છે.

લગ્ન અગાઉ ત્રીજે દિવસે મંડવો નાખવામાં આવે છે. સુથાર માણેકસ્થંભ લઇને આવે છે. તેનું પૂજન કરીને તેને મીંઢોળ બાંધીને વરરાજાને મીંઢોળ બાંધવામાં આવે છે. ગ્રામલોકો માંડવે આવે છે. સાકર, પતાસા અને ગોળ વહેંચાય છે. ગીતો ગવાય છે:

લીલવા દ્રાક્ષ છાયો વીરનો માંડવો
ટેમુભાઇ દાદાને પૂછે
આપણે આંગણિયે આનંદ શાનો?
દીકરા તુજને પરણાવું કળશી કુટુંબ તેડાવું—
આપણે આંગણિયે આનંદ તેનો.

માંડવાના દિવસે સાંજે પસ ભરાવવામાં આવે છે, અથવા ફુલેકુ ચડાવવામાં આવે છે. શણગારેલી પંચકલ્યાણી ઘોડી પર વરરાજાને બેસાડીને વાજતે ગાજતે દેવમંદિરે દર્શનાર્થે લઇ જવામાં આવે છે. સ્ત્રીસમુદાય ગીતો ગાય છે:

આ ખાદીનો સાફો ભરતે ભર્યો
આવેલો કોમલાને દેશરે, આ સાફો ક્યાંથી વાપર્યો?
ઓઢી પહેરી જેરૂભાઇ નિસર્યા,
જોઈ રહ્યાં આકરૂ ગામના શેઠ રે…

ફુલેકામાં ફરીને બધા ઘેર આવે છે, વરરાજાને અથવા કન્યાને ગણેશસ્થાપનાવાળા ઘરમાં બાજોઠ ઉપર ઊભા રાખીને હાથમાં ચોખા અને ઘઉંનો ખોબો ભરાવીને સ્ત્રીઓ ઉકરડીની સ્થાપના કરવા માટે જાય છે. બધી સ્ત્રીઓ ઉકરડીનું સ્થાપન કરીને પાછી આવે ત્યાં સુધી વર કન્યાને મૌન પાળવાનું હોય છે. જો મૌન ન પાળે તો તેની સાસુ મૂંગી બની જાય એવી લોકમાન્યતા છે. વિવાહ હોય ત્યાં વીસ પ્રકારના વા વાય. એટલે શાંતિથી કામ લેવું ઉકરડો જેમ બધો કચરો સમાવે છે તેમ ઉકરડીના સ્થાપનાથી ઇર્ષા, રાગ, દ્વેષ વ સમાઇ જાય છે.

ત્યાર પછી વર–કન્યાને જડ વાસવામાં આવે છે. વરકન્યાના ફોઇબા લોઢાની કડી માથાના વાળની લટ સાથે બાંધે છે. આથી ભૂત વગેરેથી વરકન્યા રક્ષાય છે એવી માન્યતા છે પછી શરૂ થાય છે પાટ ઉતરાવવાની વિધિ. ત્યારે પણ વાતાવરણ લગ્નગીતથી રળિયામણું બને છે.

વીરનો સાફો તે સવા લાખનો
બાંધજો બાંધજો સાસરિયાને ઘેર રે
હોંશિલા વીરા, તમારે જાવું છે કન્યા પરણવા.

પછીથી મગ, હળદર અને તેલમાંથી બનાવેલી પીળી ધમ્મરક પીઠી વરકન્યાને ચોળાય છે.

પીઠી ચોળે પીઠી સોળે પિતરાણી
હાથપગ ચોળે રે વરની ભાભી.
મુખડા નિહાળેરે વરની માતા.

પહેલી પીઠી ચડશે રે મારા જીયાવરને
ઉતરતી ચડશેરે પેલી ઢોડીને...

બળદોને મખિયાડા, મોરડા, શિંગરોટિયા અને રંગબેરંગી આભલાં ભરેલી ઝૂલ્યોથી શણગારીને જાન જોડવામાં આવે છે. એ પાંચ ગાડામાં બેસીને જાન સાથે જાનૈયાઓ સાસરીવાસ તરફ પ્રયાણ કરે છે વરની બહેન તો ફૂલી પણ સમાતી નથી તે ત્રાંબાની લોટીમાં સોપારી ને પૈસો નાખીને વરરાજાને માથે ખખડાવે છે. ગાડા તારવવાની હરીફાઈ થાય છે અને મંગળગીતો ગવાય છે.

કોયલ બેઠી જૂનાગઢને ગોખ,
મોરલિયો બેઠો રે ગઢને કાંગરે હો રાજ.
કોયલ માગે ચુંદડીઓની જોડ્ય
અજિતભાઇ માગે રે ભણિયેલ લાડડી હો રાજ.

સાસરે પહોંચ્યા પછી ધામધૂમથી વરરાજાના સામૈયા થાય છે; અને જાન ઉતારે જાય છે. જમવાનો વિધિ પૂરો થાય ન થાય ત્યાં તો માયરાની તૈયારીઓ ચાલે છે. વરરાજા પોંખાય છે. માટીના કોડીયામાંથી બનાવેલા સંપટિયા ફોડવામાં આવે છે. પછીથી વરરાજાને મંડપમાં ઉગમણા મોંએ બેસાડીને ગોર મહારાજ બૂમ પાડે છે. કન્યા પધરાવો સાવધાન. ત્યાં કન્યાના મામા કન્યાને લઈ મંડપમાં આવે છે. અને ગીતો ગુંજવા લાગે છેઃ

ત્રાંબાકુંડી નવગજ ઊંડી તે ઘર બહેની પરણજો રે.
માતા જેવાં સાસુ હોય તો તે ઘર બહેની પરણજોરે,
પિતા જેવા સસરા હોય તો તે ઘર બહેની પરણજોરે.
બહેની જેવા નણદી હોય તો તે ઘર બહેની પરણજોરે,
વીરા જેવા દિયર હોય તો તે ઘર બહેની પરણજોરે.

માયરામાં નવદંપતિના છેડા છેડી બંધાય છે. નવગ્રહોનું પૂજન થાય છે. હસ્તમેળાપથી વરકન્યાના આત્માનું ઐક્ય સધાય છે. પછીથી ચોરીની વિધિ થાય છે. કુંભાર ચોરી રચવા માટે માટીના નાના મોટા ૨૮ વાસણો લઈ આવે છે. મંડપની ચારે બાજુ ચોરી રચાય છે અગ્નિ દેવની સાક્ષીએ વરકન્યા આજીવન સાથે રહેવાના પરસ્પર કોલ આપે છે. ક્ષેત્રપાલનું પૂજન થાય છે અગ્નિમાં જવતલ હોમાય છે. માતાપિતા તરફથી કન્યાદાન દેવાય છે અને મંગળ ફેરા થાય છે.

માયરામાં પહેલું મંગળ વરતાય રે.
પહેલે મંગળ ગૌરીના દાન દેવાય રે.
બીજે મંગળ ચાંદીના દાન દેવાય રે.
ત્રીજે મંગળ સોનાના દાન દેવાય રે.
ચોથે મંગળ કન્યાદાન દેવાય રે...

કન્યાદાન પછી વરકન્યાને ઘીથી તરબોળ સાકરિયો કંસાર પીરસવામાં આવે છે. પરસ્પર કોળિયા લેવાય છે. ત્યાં એને અનુરૂપ ગીત પણ વહેતું થાય છે. વરપક્ષની જાનડીઓ તો ખૂબજ રંગમાં છે.

લાડો લાડી જમેરે કંસાર, લાડીની માડી ટળવળેરે
દીકરી મને આંગળી ચટાડ, કંસાર કેવો ગળ્યો લાગેરે ?
માડી તું તો પરણી છો કે નહીંરે કંસાર કેવો ગળ્યો લાગે રે ?

આમ ધામધૂમ અને આનંદોત્સવમાં ચોરી અને માયરાં પૂરાં થાય છે, અને તે દિવસે સાંજના વરકન્યા લગ્નની યાદીના મીઠા સંભારણારૂપે બધા કુટુંબીઓના ઘેર કંકુના થાપા મારે છે. બીજે દિવસે વહેલી સવારે જાન જવાની તૈયારી થાય છે. વેલડીમાં મામાટલું બંધાય છે ગાડાના પૈડાં પર નાળિયેરનું પાણી સિંચાય છે કન્યાના માતાપિતા, દાદા, કાકા, કુટુંબી તથા સગાસંબંધીઓ પાદર સુધી વળાવવા માટે આવે છે. વસમી વિદાયથી વાતાવરણ કારુણ્યથી ઘેરું બને છે. કન્યાના મનમંદિરમાં પિયામિલનનો મીઠો તરવરાટ હોવા છતાં માતા પિતાની શીળી છાંય છોડવી પડે છે તેનું દુઃખ અકથ્ય અને અસહ્ય છે. કન્યા રડતે હૈયે માતાપિતાને પગે પડીને પોતાના નવજીવનના માંગલ્યપંથે પ્રયાણ કરતા પૂર્વે પોતાના જીવનમાંગલ્ય માટે આશીષ માગે છે

દાદા ! અમેરે લીલા વનની ચરકલડી
ઉડી જાશું પરદેશજો.
દાદાને વહાલા દીકરા, અમને દીધાં પરદેશજો.

માતપિતાએ જીવની પેઠે જતન કરીને સાચવી રાખેલા રતનના વિયોગથી ધ્રુજી ઊઠે છે સૌ કોઇના આંખમાં ચોમાસુ બેસે છે સરખી સાહેલિયો સાસરે સિધાવતી સાહેલીને શીખામણ આપે છે

સસરાના અડક ઘૂંમટા, સાસુને પાયેરે પડજો,
જેઠ દેખી જીણા બોલજો, જેઠાણીનો વાદ ન વદશો
નાના દેરીડો લાડકો, તેના હસવાં ખમજો.
નાની નણદલ જશે સાસરે તેના માથલડાં ગૂંથજો.
માથા ગૂંથીને સેથા પૂરજો પછી સાસરિયે વળાવજો.

ધમ્મર ઘૂઘરા વગાડતા બળદો હરણફાળે ગામભણી દોડે છે. જાન ઘેર પાછી ફરતાં ધામધૂમથી સામૈયા થાય છે. વરની માત વધાવે છે. વરકન્યા ગુલાલે રમે છે ગોત્રજ આગળ રૂપિયે રમાય છે રૂપિયો જીતે તેનું ઘરમાં ચલણ રહે છે એમ સૌ માને છે. કુળદેવતાના સ્થાનકે મીંઢોળ છોડાયા બાદ વહેલી વહેલી આવી પહોંચે છે મિલનોત્સુક હૈયામાં મીઠી ઝણઝણાટી પ્રસરાવતી અમૃત જેવી મધુર મિલનની રાત્રિ અને થાય છે અખંડ કૌમાર્યવ્રતના આનંદથી ઉજવણા.

## ગુજરાતનું રાચરચીલું

"ગુજરાતની આગવી એવી ગૃહવિધાનની શૈલી છે. સીધો પ્રકાશ ટાળવાને માટે ઘર વચ્ચે ખુલ્લો ચોક રાખી લેવાની યુક્તિ પ્રશંસનીય છે. એનું ઘરને સાચું વિશ્રામસ્થાન બતાવતું એવું ઉપસ્કર સાહિત્ય પણ નોંધપાત્ર છે. સુવર્ણ સાંકળોથી ઝૂલતો એવો હીંચકો એ ગુજરાતનું પ્રિય રાચ છે. 'વસંતવિલાસ'ના દુહાઓમાં એનું કાવ્યમય વર્ણન છે : ગુજરાતનાં તોરણ, ચાકળા, ચંદરવા જેવા ગૃહના શણગાર, બળદને તથા ઘોડાને ઓઢાડવાના રંગબેરંગી ઓઢા તથા સાજ સુધી આ ગૃહકલા ફેલાયેલી છે—અથવા હવે તો 'હતી' એમ કહેવું પડે છે. સાંગા-માંચી જેવાં ઉપસ્કર, વાંસની આડી પટ્ટીના બનેલા ચકના પડદા—એ ગુજરાતની આબોહવાને અનુરૂપ જીવનસામગ્રી છે."



# ગુજરાતની ગૌરવગાથા : કલા-સ્થાપત્ય

—શ્રી રવિશંકર મ. રાવળ

ઇતિહાસનાં અનેક પ્રકરણોનો પ્રારંભ થયા પહેલાના પ્રાચીન અવશેષોમાં ગુજરાતનાં કલા અને સ્થાપત્યનાં સ્વરૂપો અચૂક અને સ્પષ્ટ આકારોમાં હવે પ્રત્યક્ષ થયાં છે.

મહાભારતના યુગ પૂર્વેની એંધાણી આપતાં તામ્રયુગનાં, હરપ્પા અને મોહેં–જો ડેરોનો ખંડેર નગરો અને સિંધુ ખીણમાં મળેલી વસાહતોની પરંપરાવાળાં સૌરાષ્ટ્રનાં રંગપુરમાં અને લોથલમાં મળી આવેલાં વિકસિત માનવ સંસ્કૃતિનાં પુરાવારૂપ નિવાસો, માટી મુદ્રાઓ, અલંકારો અને પાત્રો જોઇ કોઇને પણ પ્રતીતિ થાય કે આ ભૂમિની પ્રજામાં લેખન વાચન અને કલા રસિકતાની ઉંચી સમજણ પ્રકટી હતી. પાત્રો પરનાં સુશોભનોમાં માપ મેળ અને સુરચના તેમ જ માટી મુદ્રાઓમાં પરિચિત પ્રાણીઓનાં સુરેખ આકારો અને મણી–મણકા તથા આભરણોમાં, સુવર્ણકાળની, કળાની એક પ્રકારની સંસિદ્ધિ નજરે પડે છે. તે સાથે એવી સમૃદ્ધિના કારણરૂપ વાણીજ્ય, વેપાર અને નાગરિક વ્યવસ્થા સૂચવતા માર્ગો, જળવાહિનીઓ અને ભવનના ભૂતળખંડો પણ જોવામાં આવે છે.

આવી સંસ્કૃતિમાંથી ગુજરાત સૌરાષ્ટ્રનાં જનપથો, નગરો અને લોકજીવનની પરંપરા ફેલાતી આવી છે. તેમાંથી જ સૈકાઓ પછી કુષાણ, ગુપ્ત ને મૈત્રક મહારાજ્યોના શિલાલેખો, તામ્રલેખો અને સિક્કાઓએ ઇતિહાસને આકાર આપ્યો છે.

તાજેતરમાં ઉત્તર ગુજરાતમાં શામળાજી પાસે દેવની મોરીના પ્રદેશમાંથી વિશાળ બૌદ્ધ–વિહાર અને સ્તૂપના ઉત્ખનન સંશોધને સ્તૂપમાંથી મળેલ અસ્થિ અવશેષના દાભડા પરની તિથી–સંવત્સર, નામો અને પકવ માટીના રૂચિશ્રેષ્ઠ સુશોભનો અને શિલ્પોએ ગુજરાતની ભૂમિજાત, કલા પ્રતિભાના, અપૂર્વ નમૂના આપણને સાંપડ્યા છે. ઇતિહાસનો માર્ગક્રમ આ રીતે સુસ્પષ્ટ થતો આવે છે. ભારતના ઇતર પ્રદેશોના સમકાલીન પ્રકારોમાં તે ખુલ્લી સ્પર્ધા કરે છે. સામાન્ય માનવીને આ વસ્તુ વિશેષના વૈજ્ઞાનિક મૂલ્યોની ગૂંચમાં ન નાખતાં સાદી વિચારસરણી સૂઝાડે છે કે સમૃદ્ધ સામ્રાજ્યોના આશ્રયે ધર્મ–ચિંતન, કલા કારીગરી અને સ્થાપત્યનો બહોળા વિસ્તારમાં વિકાસ થઇ રહ્યો હતો.

વલ્લભી સામ્રાજ્યની નજરે જોયેલી પરિસ્થિતિનાં વર્ણનો તથા સમ્રાટ હર્ષની રાજ્ય સંપત્તિ ને સંસ્કાર પ્રવૃત્તિઓની સાક્ષી ચીની પ્રવાસી હ્યુ એન. સંગે આપ્યાં છે તેમાં પ્રજાના વ્યાપાર ઉપરાંત અતુલ સમૃદ્ધિ અને સંસ્કારનો ખ્યાલ આપી સાધુઓ માટે ગુફા વિહારોની કળા માટે વિશેષ આદર અને આશ્ચર્ય બતાવ્યાં છે દેવો અને યક્ષોએ કર્યાં હોય એવાં મહાલયો અને ગિરી–વિહારોની પ્રતીતિ કરાવતાં પરંપરાગત અન્ય સ્થાનો આજે પણ ઇ. સ બીજા સૈકાથી આઠમા સૈકાનાં પશ્ચિમ ભારતમાં થઇ રહેલ વિરાટ કલાપ્રભવની દૃષ્ટિગોચરમ શક્તિ છે.

ગિરીવિહારથી અલગ એવા પત્થરના બાંધકામથી નિર્માણ પામેલાં દ્રવિડ સ્વરૂપી મંદિરો, ગોપ કદવાર કે કળસારમાં છે તેનાં ગોત્ર દક્ષિણના મહાબલિપુરમના ખડકમંદિરો સુધી કે જાવામાં રચાયેલાં તે કાળનાં મંદિરો સુધી નીકળે છે તે બધાં ભારતના સ્થાપત્ય કળાના આદિ સ્વરૂપોમાં ગણના પામ્યાં છે.

ગુપ્ત સામ્રાજ્યમાં કળા–શિલ્પની સંસ્કૃતિએ સુવર્ણયુગ સર્જ્યો હતો. અશોકની ધર્મઘોષણા જેમ જ સૌરાષ્ટ્રના ગિરી નગરમાં કે કચ્છના કોટાઇ કેરાના મંદિરો સુધી જાતીય સમાનતા અને કક્ષા નિઃશંક બતાવી શકે છે. કાળના ઝંઝાવાતમાંથી બચેલા થોડા પણ આ અવશેષો શ્રેષ્ઠ કલાધરો અને સ્થપતિઓ સમાજમાં મળી આવતાં હશે એવું સહજ અનુમાન કરાવે છે પરંતુ અન્ય નાગરિક કલાઓ—પુરાણ, દંતકથા કે કાવ્ય સાહિત્યના શિલાલેખો દ્વારા જ ખ્યાલ મેળવી શકાય. અજન્તાની શિષ્ટ પરિપાટીવાળી કળા પ્રણાલિ ગુજરાતમાં હતી જ એના દૃષ્ટાંતરૂપે ગુજરાત–માળવાના સીમાડે આવેલ બાગની ગુફાઓ મોજૂદ છે. અજંતાની કળા સમગ્ર એશિયાના કલા-ચક્રની ધરી હતી તેનો પ્રભાવ ગુજરાતના ખુણે ખુણા સુધી પ્રસર્યો હોય એમ માનવામાં જરા પણ અતિશયોક્તિ ન ગણી શકાય. આજે કોઇને ખાત્રી કરવી હોય તો અજંતાના ચિત્રમાંનાં કેટલાંક અલંકરણો કોટાઇના મંદિરના શિલ્પમાં હૂબહૂ મળી શકે છે.

પણ ગુજરાતની કળાની સંસિદ્ધિ ત્યાં જ સમાપ્ત થતી નથી. ઇ. સ. છઠ્ઠા સૈકામાં તિબેટના એક ઇતિહાસ લેખક તારાનાથે લખ્યું છે કે ભારતમાં મરૂદેશમાં શૃંગધર નામના ચિત્રકારે એક નવી ચિત્ર શૈલીનો પ્રસ્તાર કર્યો છે. શૃંગધર કનોજના રાજાનો અશ્રિત હતો અને ત્યાંથી મૈત્રીકોના રાજ્યમાં તેને વધુ સત્કાર મળ્યો હોય તેવા ઉલ્લેખો છે.

આ શૃંગધરે જે ચિત્રશૈલી પ્રસારી તેના નમૂના ગુજરાતમાં અપ્રાપ્ય છે પણ સાતમા–આઠમા સૈકાનાં અજંતાના તેમજ ઇલૂરના શિવ તેમજ જૈન ગુફાનાં ચિત્રોમાં એક નવી શૈલીનો ઉદ્ભવ થયો જણાય છે જેમાં અજંતાની પ્રાચીન સુકોમળ ભાવવાહી રેખાવલીનો લોપ થયો છે. ઊર્મિ–સભર ચહેરાને બદલે એક ઉપજાવેલી રીતિ પ્રમાણે અણિયાળાં નાક અને એક ચક્ષુ બહાર પડતું હોય એવા દોઢ ચક્ષુવાળા ચહેરા અને લિપી મરોડ જેવા અંગ–ઉપાંગોના

આલેખનો નજરે પડે છે. તે આ શૈલી હોય તેવું માનવાને વિદ્વાનોને પૂરતાં કારણો મળ્યાં છે. ઇલૂરના કૈલાસ મંદિરની છત ઉપર આવાં ચિત્રની સાથે ભોજપ્રવાહ એવો ઉલ્લેખ છે. આ ભોજ પરમાર તે ૧૧ મા સૈકાનો જયસિંહ સિદ્ધરાજનો સમકાલીન ધારાનગરીનો ભોજ રાજા હોઇ શકે. તો પછી બારમા સૈકા પછી મળી આવતાં તાલપત્ર પર ચીતરાયેલાં કલ્પસૂત્રો અને ગ્રંથ પાટલીઓનાં ચિત્રોની પરંપરાના મૂળ એ જ ચિત્રો હોઇ શકે. વળી પછીના સૈકાઓમાં ગુજરાતમાં પંદરમા સૈકા સુધી એ જ શૈલીમાં ગ્રંથ ચિત્રો થયાં જ કર્યાં છે. આ ગ્રંથચિત્રોની વિપુલતાને લીધે એક વખત તેને જૈન કળાનું નામ મળેલું પરંતુ ચિત્રવિદોના સંશોધને હવે રાજસ્થાન, માળવા, મારવાડ અને પશ્ચિમભારતની અજંતા પછીના અપભ્રંશકળા તરીકે તે વ્યાપક હતી એવું સ્વીકાર્યું છે. એટલું જ નહીં પણ બંગાળ, નેપાળ અને દક્ષિણ ભારતમાં તે જ શૈલીનો વધતા ઓછા અંશે પ્રસાર થઈ ચૂક્યો હતો એવાં પ્રમાણભૂત ચિત્રગ્રંથો મળી આવ્યા છે પણ ગુજરાતમાં ૧૫ મા સૈકા સુધી તે જ શૈલીમાં વસંતવિલાસ, બાળગોપાળ સ્તુતિ, દેવી સ્તોત્ર વગેરે ચિત્રયુક્ત ગ્રંથો મળી આવ્યા છે અને શૃંગધરની સળંગ પરિપાટી ગુજરાતમાં વ્યાપક રીતે સુપ્રાપ્ય બની છે તે ગુજરાતની ગૌરવગાથા છે મુસ્લિમ સમયમાં પણ ગુજરાતનાં શ્રીમંતજનોએ એ શૈલીનાં કલ્પસૂત્રો ચિત્રિત કરાવવા લાખો રૂપિયા ખર્ચ્યાના ઉલ્લેખ છે.

મુગલ સમયમાં અપભ્રંશશૈલીના ઘણાં ચિત્રકારો ગુજરાત તેમજ રાજસ્થાનમાંથી દીલ્હી ગયા તેમાં અગિયાર જેટલા ગુજરાતમાંથી ગયા હતા એવું અબુલ ફઝલનું વિધાન છે. અને તેમણે પોતાનાં નામો સાથે ભીમ ગુજરાતી –સૂર ગુજરાતી એવાં ઉપનામો જોડયાં છે.

કનોજ અને ગુપ્ત રાજ્યના શાસન કાળમાં તેમના સામંત પ્રતિહારો । રાજ્યમાં ઇડરપ્રદેશમાં નાના વિસ્તારના ઘણા સુંદર મંદિરો ને શિલ્પ પ્રતિમાઓ થયાં તે આજે પણ રોડા હિંમતનગર શામળાજીની આસપાસના વેરાન પ્રદેશમાં જોવા મળે છે તેનું તક્ષણકામ, દ્વાર પ્રદેશો મંડપો અને પ્રતિમાનિર્માણની સપ્રમાણતા અને સૌષ્ટવ ગુજરાતની શિલ્પ સમૃદ્ધિ છે. તેમાંની વિશ્વદર્શનની પ્રતિમાઓની પરંપરા કઠલાલ અને મુંબઈ–પરેલ વિસ્તારોમાંથી મળી આવી છે. એલીફન્ટા યા ધારાપુરી ગુફાની ત્રિમૂર્તિ એ સંપ્રદાયનું એક મહાન કેંદ્ર હોય તે પણ સંભવી શકે.

સોલંકી યુગ પૂર્વની શિલ્પકળાના શ્રેષ્ઠ નમૂના રૂપ અકોટા સ્થાનમાંથી મળેલી ધાતુની જિનમૂર્તિ અને એક નારી પ્રતિમા ધાતુ શિલ્પમાં ગુજરાતને અનોખું સ્થાન અપાવી શકી છે. ઉત્તર ગુપ્તકાળના સ્થાપત્ય અને શિલ્પ પ્રકારો ઉપર ડૉ. ઉમાકાન્ત શાહે સળંગ સૂત્રતા સિદ્ધ કરી છે. અને સોલંકી યુગની પૂર્વની કળા સમૃદ્ધિ પર પ્રકાશ નાખ્યો છે.

કનોજના સામ્રાજ્યનો અંત આવતાં ગુર્જર પ્રતિહારો સ્વતંત્ર બન્યા અને મૂળરાજે મહારાજાધિરાજ પદ ધારણ કરી, સરસ્વતી તીરે, પોતાના ઇષ્ટદેવતા મહારૂદ્રનું મંદિર શ્રીસ્થળમાં યત્ન કરી બાંધવાનું શરૂ કર્યું ને તેના વંશજ જયસિંહ સિદ્ધરાજે તે પૂર્ણ કર્યું. રૂદ્રમહાલયના અલબત્ત અવશેષો તો છે પણ ઇતિહાસના વર્ણન પ્રમાણે તે અતિવિસ્તારવાળું બાર રૂદ્રના બાર પાળવાળું એક ઉતુંગ મંદિર હશે. કહેવાય છે કે તેની ધ્વજા પાણી ભરવા જતી સ્ત્રીઓ જોઈ શકતી.

જયસિંહ સિદ્ધરાજના સમયમાં બંધાવેલ ત્રિપુરવી પ્રાસાદનું કાવ્યમય વર્ણન મળે છે તે પરથી પ્રાસાદો, મંદિરો અને શિલ્પાઓ-તોરણો બાંધનારા ઉત્તમોત્તમ સ્થપતિઓ રાજ્યમાં હતા એવું પ્રમાણ મળે છે. તેજ સમયની આસપાસ બંધાએલું મોઢેરાનું સૂર્યમંદિર અને રંગમંડપ તથા કુંડ તેમની કલ્પના શક્તિના સચોટ પુરાવારૂપે આજે ગુજરાતનું એક દર્શનીય સ્થાન ગણાય છે.

સિદ્ધરાજ પછી કુમારપાળે અતુલ રાજ્ય સમૃદ્ધિને શોભે તેવાં દેવમંદિરો, પ્રાસાદો–વાવો બંધાવ્યા અને સોમપુરા શિલ્પીઓએ મંદિરોની રચનામાં સ્તંભોની શોભા વધારી મંડપોના અકાંશ વધારી વિસ્તારવંતા હળવા રૂપની વિશાળ રચનાઓ કરી અને શ્રેષ્ઠ ન ના ભીમદેવના સમયમાં તેનાં મંત્રી વિમળશાહે દેલવાડામાં, આરસ મંદિરોમાં અમર કર્યાં છે.

તેરમા સૈકામાં અલાઉદ્દીનના સૈન્યોએ ગુજરાતના ઘણા સ્થાપત્યોનો નાશ કર્યો તો પણ પછીથી ગુજરાતના ધનિક–શ્રીમંતોએ શત્રુંજય, આબુ, ગિરનાર ઉપર કારીગરોની જમાતોને કામે લગાડી સ્થપત્ય સ્વરૂપોથી ગિરીતીર્થો શણગાર્યાં, તેની નિર્માણકળા અને શોભા જગતના પ્રવાસીઓને આકર્ષે છે. હજુ પણ સોમપુરા શિલ્પીઓનાં પરિવારમાં એવા જ્ઞાતાઓ પડયા છે કે જેઓને નવા યુગનાં બાંધકામોમાં તક આપવામાં આવે તો એવા જ ભવ્ય નિર્માણો કરી શકે ઘણી બાબતોમાં પશ્ચિમની કેળવણીએ ભારતની શિલ્પ અને સ્થાપત્યની પરંપરાનો અનાદર કર્યો છે તેનું પ્રાયશ્ચિત ભારતના નવવિધાતાઓ કરવા સજાગ નહીં બને તો હજારો વર્ષની કલા સંસ્કૃતિનાં સર્વ ઝરણાં લુપ્ત થશે.

મુસ્લિમ યુગમાં સ્થાપત્યની રૂપકલાનો અનાદર થયો હતો. પરંતુ શિલ્પીઓનાં ટાંકણાં અટકયા નહોતો. રાણપૂરના મેઘનાદ મંડપ પર રચાએલી અમદાવાદની જુમ્મા મસ્જીદ, લાલદરવાજાની સીદી મસ્જીદની વૃક્ષઘટાવાળી જાળીઓ, હિંદી અલંકરણોવાળા મિનારાઓ અને અડાલજ કે દાદા હરીની વાવ આધુનિક પરદેશીઓને પણ આ પુરાતન રચનાઓમાં દેખાતી કલ્પના અને રચનાશક્તિ મંત્રમુગ્ધ કરી શકે છે.

અઢીસો વર્ષ પછી મુગલ સમ્રાટ અકબરે ફતેહપુર સીક્રીના મહાલયો બાંધવામાં ગુજરાતના સ્થપાતિઓનું માર્ગદર્શન મેળવ્યું હતું તે ઐતિહાસિક દફતરમાં છે.

ઠેઠ ૧૮ મા સૈકા સુધી હઠીસિંગનું મંદિર બાંધવાને ગુજરાતમાં શિલ્પજ્ઞાતાઓના જૂથ મળી શકયાં હતાં.

શિલ્પ સ્થાપત્યના પ્રકારો સાથે બીજી અનેક કલાઓ ગુજરાતના નાગરિક જીવનમાં પાંગરતી હતી. ખરાટીકામ, ધાતુકામ અને વણાટકામ માટે ગુજરાત જગમશહૂર હતું. ગુજરાતના શ્રીમંતો અને સુખી ઘરોના જરૂખા, દ્વારદેશો બારીઓનું લાકડકામ નકશીઓના લૂમખાથી ઝાકમઝોળ લાગતું. એ લાકડાની કારીગરીની વિવિધતાનો

કોઈ પાર નથી પથ્થરકામની સ્પર્ધામાં ઉતરતા હોય તેમ સુતારોએ મંદિરોની તમામ નકશીવાળાં ઘર, દેરાસરો બનાવ્યાં. ઢોલીયા, પાટો, માચીઓ વગેરે ખરાદી કામ પર લાખ રસના રંગબેરંગી સુશોભનો ઉતાર્યાં અને તે પરના ગાદલાં, ગલીચા, તકીયા માટે રેશમી મશ-રૂઓના કારખાનાં થયાં તેનો વેપાર દેશ પરદેશ ફેલાગે.

મંદિરની ધાતુપ્રતિમાઓની કળા સાથે આકૃતિઓ અને અલંકારેવાળી દીવીઓ, હીંડાળાની કતાવેલો જેવી સાંજો, તેવા જ સોનારૂપાના પત્રાવાળા બાજઠોવાળી ગૃહસ્થાઇનું દ્રવ્ય સમાજના કારીગરોએ પહોંચતું અને ગ્રામજનોમાં ભરત ભરેલા ચાકળા તોરણ અને મોતીથી ભરેલા પટા, ઇંદ્રાણીઓમાં અજબ ધીરજ અને કલ્પનાથી નિરક્ષરનારીઓનાં હાથોમાંથી પ્રકટેલી કળાવાડીઓ આજનાં મ્યુઝિયમના આશ્ચર્ય બન્યા છે. કાઠી જાતિ પરાક્રમશૂરી હતી તેવી જ કળા કરામત તેમની ગૃહદેવીઓ પાસે હતી. કાઠીયાણીનો ઓરડો, પટાગ, ડાભડા ભરતકામની સમૃદ્ધિમાં કુટુંબ માટે જ નહીં પણ પાળેલા ગાય, બળદ અને અશ્વને પણ શણગારી દૈવી બનાવી દેતાં

કચ્છને સીમાડે બન્નીની ગૃહરાણીઓના ભરેલાં કાપડાં અને બદનો આજે પણ રંગ અને આકારની એક નૈસર્ગિક બક્ષિસ છે. નગર જોયું પણ નથી એવી રબારી કોમની રમણીઓ ધૂડ માટીના થેપડાને સજાવીને ઉપર કમાવેલ અને નકશી ઉપજાવે છે તેના પાઠ શી રીતે તેમણે મેળવ્યા એ પણ આજના અમેરિકન પ્રદર્શનોમાં નવાઈ બની છે.

અને ગુજરાતની નાગરાણીઓનાં નવલાં વસ્ત્રોની વાત કહેવા ગ્રંથ કરવો પડે. પાટણનાં પટોળાં, અમદાવાદનાં કિનખાબ મશરૂ, છાયલ છાપો અને પાર વિનાની અલંકારોમાંની એની કળાવી કૃતિઓ, જાતિ જાતિવારની વસ્ત્રો અને અલંકારો પરની રૂપકૃતિઓ હજુ વણનોંધી પડી છે.

આ પાર્થિવ પદાર્થોમાં ગુજરાતે પોતાની સમૃદ્ધિ–સંસ્કાર અને મંગળકલ્પનાઓને આકાર આપ્યો છે. તેમાં ગુજરાતની અલૌકિક અસ્મિતાનું દર્શન થાય છે. જેના વડે ગુજરાતની સૌંદર્યભાવના અનોખા રોશની ધારે છે, તેનો સ્વીકાર આદર અને પુનઃ પ્રતિષ્ઠા કરવી એ આજની તરુણ પેઢીનું, લોકનેતાઓનું અને પ્રજાવિધાયકોનું તેમજ નગર વિધાયકોનું પ્રાધાનલક્ષ્ય અને પરમ કર્તવ્ય બનવું જોઈએ. અને સમગ્ર ભારત ગુજરાતને પોતાનો લાડીલો પ્રદેશ ગણે એવી તમન્ના સેવવી જોઈએ. જય ગુજરાત—જય ભારત.



શુભેચ્છા પાઠવે છે

## શ્રી રાણીવાડા ખે.વિ.કા. સહ મંડળી લી.

મુ. રાણીવાડા

(તાલુકો મહુવા) (જિલ્લો-ભાવનગર)

| | | | |
|---|---|---|---|
| સ્થાપના તારીખ : | — | નોંધણી નંબર : | — |
| શેરભંડોળ : | ૧૭૬૮૦-૦૦ | સભ્ય સંખ્યા : | ૯૭ |
| અનામત ફંડ : | ૪૮૨૦-૦૦ | ખેડૂત : | — |
| અન્ય ફંડ : | ૮૦૦ | બીનખેડૂત : | — |

ઈચ્છાશંકર દયાળજીભાઈ દેશાઈ — મંત્રી
ભીખાભાઇ આધાભાઇ — પ્રમુખ

— વ્યવસ્થાપક કમિટિના સભ્યો —

(૧) ભૂપતભાઈ નાનાલાલ જોષી
(૨) મોહનલાલ રૂગનાથ જોષી
(૩) જેઠાભાઇ નાનભાઈ
(૪) કાના નાનભાઇ
(૫) હરસુર ડાયાભાઇ
(૬) સીબા ભીખા

શુભેચ્છા પાઠવે છે

## શ્રી સાવરકુંડલા નાગરિક સહ. બેંક લી.

મુ. સાવરકુંડલા

(તાલુકો-સાવરકુંડલા) (જિલ્લો-ભાવનગર)

| | | | |
|---|---|---|---|
| સ્થાપના તારીખ : | ૫-૩-૫૬ | નોંધણી નંબર : | ૧૫૩૧ |
| શેરભંડોળ : | ૭૬૨૧૦-૦૦ | સભ્ય સંખ્યા : | ૨૭૦૦ |
| અનામત ફંડ : | ૫૮૭૯૬-૦૦ | | |
| અન્ય ફંડ : | ૨૧૩૨૫-૦૦ | | |

ભાનુપ્રસાદ જ. ત્રિવેદી — મંત્રી
લલ્લુભાઇ શેઠ — પ્રમુખ

શુભેચ્છા પાઠવે છે

## શ્રી કાંત્રોડી ખે. વિ. વિ. કા. સહ. મંડળી અનલી.

## મુ. કાંત્રોડી

(તાલુકો-સાવરકુંડલા) (જિલ્લો-ભાવનગર)

ખેડુત સભ્ય સંખ્યા : ૧૧૭ બીનખેડૂત સભ્ય સંખ્યા : ૮

* ટૂંકી મુદત તથા મોસમી ધીરાણ.
* રાસાયણીક ખાતરો તથા બીયારણ વગેરેનું વેચાણ.

ખેતીવાડી ક્ષેત્રે કાયાપલટ કરવાનું તેમજ ઉત્પાદન દરમાં વધારો કરવાનું કાર્ય સહકારી પ્રવૃત્તિથી જ હાંસલ થઇ શકશે.

**ખોડાભાઇ દેવશીભાઈ** — મંત્રી
**દેવરાજભાઇ ભવાનભાઈ પટેલ** — પ્રમુખ

— વ્યવસ્થાપક કમિટીના સભ્યો —

ખોડાભાઈ પ્રેમજીભાઈ
જેરામભાઇ શામજીભાઇ
કાળુભાઈ દેવરાજભાઈ
જીતુભાઇ



# ગુજરાતમાં પારસીઓ

**—પ્રો. ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)**

પારસીઓ ઇરાનથી નાસીને હિંદમાં આવી વસ્યા છે પણ તેમના આગમનના ચોક્કસ સમય વિશે સવિસ્તર હકીકત દર્શાવે એવો પારસી ઇતિહાસ મળી આવતો નથી.

ભારતમાં પારસીઓના આગમન વિશે જુદા જુદા મતો પ્રચલિત છે. ડૉ. સ્પુનર તો અથર્વવેદ રચવામાં મુખ્ય જરથોસ્તી ધર્મગુરુઓનો હાથ હોવાનું માને છે. અને તે રીતે ઇ. પૂ. ચોથી સદીમાં યા તેની આસપાસમાં ઈરાની ધર્મગુરુઓ અહીં આવેલા હોવાનું જણાવે છે. 'ભવિષ્ય પુરાણ' મુજબ પારસીઓ વિષ્ણુના આઠમા અવતાર ભગવાન શ્રી કૃષ્ણના સમયમાં આવ્યા છતાં, પુરાણોમાં અને અન્યત્ર વપરાયેલો 'યવન' શબ્દ પુરાતન જરથોસ્તીઓ માટે પ્રારંભમાં વપરાયેલો હોવાનું ડૉ. સ્પુનરે પુરવાર કર્યું છે. બીજા એક મત મુજબ ઇ. સ. પૂર્વે છઠ્ઠી સદીમાં દારાયસ હીસ્તાપીએ પંજાબ જીત્યું ત્યારથી પારસીઓ ભારતમાં આવવા માંડ્યાનું મનાય છે, પણ તે બરાબર નથી. ઈ સ. આઠમી સદી અગાઉ પારસીઓનો અત્રે પ્રવેશ થવા માંડ્યો અને એક પારસી રાજ્ય પણ ઓરિસ્સામાં સ્થપાયેલું જણાય છે. સિકંદરની ચઢાઈ વેળા તેના લશ્કર સાથે પારસીઓ અત્રે આવ્યા હતા. તે જ ચઢાઇ વેળા તે જ લશ્કરમાં એક પારસી સરદાર આવ્યો હતો અને તેણે છેક બિહાર ભણી મગધ ખાતે નવું પારસી રાજ્ય સ્થાપ્યું હતું તવારીખમાં તે ચંદ્રગુપ્ત I હિંદુ નામે પ્રખ્યાત થઇ ગ I છે રજપૂતાનામાં ઉદેપુર, મેવાડ વગેરે રાજ્યોની સ્થાપના ઇરાનના સાસાની પારસી અમલ વેળા પારસી રાજવંશીઓથી જ થયાની કર્નલ ટોડે દર્શાવેલી વાત સાચી હોય તો પારસી બુનિયાદના મહારાજા હિંદમાં રાજ્ય ભોગવી ગયેલા કહેવાય.*

આ રીતે જરથોસ્તીઓનો હિંદ સાથેનો સંબંધ તો હજારો વર્ષથી છે. બે દેશો બહુ ગાઢ સમાગમમાં આવ્યા હતા. આ બંને પ્રજાના પૂર્વજો અસલ એક જ હતા અને એ બંનેના ધર્મો તથા રીતરિવાજોમાં બહુ સામ્ય હતું. તક્ષશિલાનાં ખંડેરોમાંથી સેંકડો ઇરાની સિક્કાઓ તથા મુદ્રાઓ મળી આવ્યાં છે. વળી ત્યાં એક જરથોસ્તી આજશક દેવ (અગ્નિમંદિર)નું ખંડેર પણ મળ્યું છે. ડૉ. ભાંડારકરે પણ પારસીઓની એક સભામાં અવસ્તા ભાષા અને સંસ્કૃત ભાષા વચ્ચે ઘણા પ્રાચીનકાળથી સંબંધ હોવાનું કહ્યું હતું.

આમ છતાં આધુનિક યુગમાં પારસીઓના હિંદના આગમનની ઘટના કંઈક જુદી જ છે. સર્વમાન્ય થયેલો ત્રીજો મત આવો છે. તેમના અસલ વતન ઈરાનમાં ઈ સ. ૬૪૧માં નહાવંદના રણક્ષેત્ર પર જરથોસ્તી રાજ્યનો અંત આવ્યો. ઈરાનનો છેલ્લો કમનસીબ પાદશાહ યજદગર્દ શહેરિયાર આરબો સાથેની લડાઇમાં હારી ગયો. તેને આમતેમ રખડવું પડ્યું તથા ખોરાસ્તાનમાં ભાગી જવું પડ્યું. અને ઇ. સ. ૬૫૧માં તેનું ખૂન પણ થયું. તેની સાથે જ સાસાની વંશનો અંત આવ્યો અને મુસલમાનોનું રાજ્ય સ્થપાયું. પારસીઓની પડતીનો અને કમનસીબીનો દિવસ ત્યારથી શરૂ થઈ ગયો. આરબ સામ્રાજ્યની સ્થાપના પછી લગભગ ૨૫૦ વર્ષો બાદ ખલીફા અલ મુતવક્કિલના ઇ. સ. ૮૪૭–૮૬૧ના શાસન દરમ્યાન શાસકોની ધર્માંધતા ખૂબ વધી ગઇ અને પારસીઓ પર અત્યાચારો પણ અવધિએ પહોંચ્યા. એમાંથી બચવા તેઓ ઇરાનની છેક પૂર્વેના ખોરાસાન પ્રાંતના પહાડી પ્રદેશ કોહિસ્તાનમાં જઇને રહ્યા. ત્યાં પણ આરો ન આવ્યો ત્યારે દક્ષિણે ઇરાની અખાત પરનાં હોરમજ બંદરમાં રહ્યા. ત્યાંથી યે એમને છેવટે નીકળવું પડ્યું ત્યારે ઈરાનભૂમિ છોડી દરિયામાર્ગે કાઠિયાવાડના દીવ બંદરે ઊતર્યા. ત્યાં કેટલાંક વર્ષો રહ્યાં, પણ ત્યાં ન ફાવ્યુ ત્યારે ત્યાંથી નીકળેલા પાછા જળમાર્ગે સંજાન બંદરે આવી પહોંચ્યા... ઇ. સ. ૧૬૦૦ના અરસામાં દસ્તૂર બહમન કેકોબાદ સંજાના નામના પારસી ધર્મગુરુએ ફારસીમાં લખેલા 'કિસ્સે–એ–સંજાન'ના કાવ્યમાં આ ઘટનાનું લંબાણથી વર્ણન કર્યું છે, પણ તેમાં અમુક નક્કી વર્ષનો ઉલ્લેખ નથી. છતાં દસ્તૂર બહમનના કહેવા મુજબ યજદગર્દના પરાજય પછી જરથોસ્તીઓ વેરવિખેર હાલતમાં કેટલાંક વર્ષો સુધી જ્યાં ત્યાં ફરતા ફર્યા. કેટલાક આ સમયને ૫૦ વર્ષનો ગણે છે, કેટલાક ત્યારબાદના કોહિસ્તાનના નિવાસના ૧૦૦ વર્ષ, હોરમઝના નિવાસના ૧૫ વર્ષ તથા દીવમાંના વસવાટનાં ૧૯ વર્ષ ગણે છે. આટલા પરથી કેટલાક ૧૮૪ વર્ષ ગણી પારસીઓની સંજાન ઉતર્યાની તારીખ સાધારણ રીતે ગણે છે છતાં આ સંબંધી એક નોંધ ખાસ ધ્યાનપાત્ર છે. "સંવત ૭૭૨ વર્ષે, શ્રાવણ સુદી ૯ વાર શુક્રે, રોજ ૨, માહે ૪, સને ૮૫ ઇયજદજરદી એવેદને શ્રી જાદિરાણાના વખતમાં આવેઆ" આ નોંધ એ જ કાળમાં લખાયેલી નથી પણ એમાં દહાડો, વાર વગેરે જે રીતે આપ્યા છે તે જોતાં એમ લાગે કે એમાં કંઇક સત્ય હશે. સંવત ૭૭૨માં બે શ્રાવણ હતા. પણ એકેમાં સુદ ૯ના દિવસે તો ન તો શુક્રવાર હતો. ન તો તેને મળતો પારસી રોજ બીજો માહ ચોથો હતો. જે રૂપમાં આ નોંધ છે તેમાં માત્ર સંવત તથા પારસી સનનો જ મેળ મળે છે, પણ ઇતિહાસકાર શ્રી પાલનજી બ દેસાઈ તો તે અરસામાં જાદીરાણાના અસ્તિત્વ તથા સંજાણ નામના કોઇ સ્વતંત્ર પ્રદેશના અસ્તિત્વ વિશે શંકા સેવે છે. આથી પારસી વિદ્વાન સદ્ગત ખરશેદજી રૂસ્તમજી કામાએ આ નોંધ બાબતમાં ઝીણવટપૂર્વકની સવિસ્તર તપાસ કરી હતી. તેમને જણાયું કે સંવત ૯૯૨માં શ્રાવણ સુદ ૯ને દિવસે શુક્રવાર હતો એટલું જ નહિ પણ તે દિવસે પારસી રોજ બીજો માહ

---

* 'સાહિત્ય' જુલાઈ ૧૯૧૬, પાલનજી બ દેસાઈનો લેખ

ચોથો હતો. આ પરથી એમણે અસલ નોંધનો ઉતારો કરનારની કાંઇક ભૂલચૂક થઇ હોવાનું જણાવીને સંતોષ માન્યો, અને વધુ શોધ ન કરી. પણ ઇ. સ. ૧૯૧૩માં જૂનાગઢ કોલેજના પ્રિન્સિ. હોડીવાલાએ મુંબઇની રોયલ એશિયાટિક સોસાયટી સમક્ષ કરેલા એક ભાષણમાં એ નોંધનો ખરો ઉકેલ કર્યો. તેમનું કહેવું એ છે કે જે આ નોંધમાં આપેલો ૭૭૨નો આંકડો વાસ્તવમાં ૯૯૨ વંચાવો જોઇએ. એના સમર્થનમાં તેમણે નવડો સાતડા જેવો લખાયો હોવાના અનેક દાખલા પ્રાચીન લેખોમાંનાં ટાંક્યા છે. એ નવડો બે રીતે લખાતો : એક તો ગુજરાતી ૭ કે જેવો અને બીજો નાગરી ૯ જેવો એટલે ઉપરનો મીંડા સાથે જોડેલો વળાયો કાએ યા જમણે બંને રીતે લખાતો એક સંસ્કૃત લેખમાં વર્ષ ૭૭૩ વંચાય છે, પણ તે પછી તરત જ संवत्सरशतेषु नवसु त्र्यस्ति शदधिकेषु એમ સ્પષ્ટ આપ્યું છે. આ પરથી સાબિત થાય છે કે પારસીઓનું હિંદમાં આગમન સંવત ૯૯૨ના શ્રાવણ સુદ ૯ ને દિવસે—આજથી એક હજાર વર્ષ ઉપરાંતના સમય પુર્વે થયું હતું. આ સંવત સ્વીકારવાથી વાર, તિથિ, માસ તેમ જ પારસી રોજ–માહ બધાં મળે છે.× ડો. શ્રી ક. મા. મુન્શી પણ કહે છે : A few persians, flying before the iconoclastic year of the Arabs laft persia and settled near Sanjana, in the surat District about 758*

'સંજાન' નામ પણ ઇરાની શબ્દ 'સંજમન'નું સંસ્કૃત કરેલું રૂપ છે. 'સંજમન' નો અર્થ છે : "એકઠા થયેલા." અત્યારે વપરાતા 'અંજુમન' શબ્દનું એ પ્રાચીન રૂપ છે એટલે 'સંજાન' નામનો અસલ અર્થ 'એકત્ર થવાનું સ્થાન' ( Meeting Place, Colony) થઇ શકે. સંજાણ ખાતે પારસીઓ ઉતર્યા બાદ તેઓ, વસ્તી વધવાથી ધીમે ધીમે બીજે સ્થાને જવા લાગ્યા. એ રીતે આશરે ત્રણસો વર્ષમાં તેઓ ગુજરાતમાં બધે ફેલાઇ ગયા. અને નવસારી, સુરત, ભરૂચ, અંકલેશ્વર વગેરે તેમનાં મુખ્ય ધામ બન્યાં. છેલ્લી ગણતરી મુજબ હિંદમાં પારસીઓની વસ્તી આશરે એકલાખ દસહજાર ઉપરાંતની ગણાય છે. આમ તેમનું ઇરાનનું રાજ્ય ગયા પછી તેઓ 'દેશ નિજ તજી ધર્મને કાજ' ભારતમાં આવીને વસ્યા છે. આ મત સ્વીકાર્ય થઇ શકે તેવો છે.

પારસીઓને ચોક્કસ શરતોથી સંજાણના જાદી રાણાએ પોતાના રાજ્યમાં રહેવાની સંમતિ આપી હતી. આમાં મુખ્ય શરતો આ હતી : ( ૧ ) પારસીઓએ હથિયાર રાખવા નહિ. ( ૨ ) પોતાના રાજ્યની એટલે કે સંજાણ રાજ્યની માતૃભાષા શીખવી. (૩) પારસી સ્ત્રીઓએ દેશી સ્ત્રીઓની જેમ પોષાક સજવો (૪) લગ્નવિધિ સંધ્યા સમયે કરવી. પારસીઓએ આ શરતો કબૂલ રાખી અને ખાત્રીપૂર્વક કહ્યું : "યા હમે હિન્દુસ્તાન રા યાર બાશમ" ( અમે તમારા આખા હિન્દુસ્તાનના મિત્ર થઇ રહીશું.) આ શરતોથી પારસીઓનાં જૂથ ગુજરાતના સંજાણ શહેરમાં આવ્યા. તેમણે શરતોનું પાલન કરીને ગુજરાતને પોતાનું વતન બનાવ્યું. ગુજરાતની ભાષા તેમણે અપનાવી તથા ગુજરાતની રહેણીકરણી પણ તેમણે સ્વીકારી. શ્રી જેહાંગીર મા. દેસાઇ નામના એક પારસી કવિના ' રહું તો ગુજરાતે ' કાવ્ય દ્વારા પારસીઓનો ઉત્કટ ગુજરાતપ્રેમ જોઇ શકાય છે.+

સંજાણના જાદી રાણાની એક શરત મુજબ પારસીઓએ તે રાજ્યની માતૃભાષા ગુજરાતી ભાષાને અપનાવી લીધી છે. ચારસો વર્ષનો કીર્તિવંત રાજ્યઅમલ ભોગવી ગયેલા સાસાનિયોના જમાનાનું એક પણ કાવ્ય, હાલરડું કે પદ્યની એકાદ પંક્તિ પણ તેમના હાથમાં રહેલ નથી. સાસાનિયન તવારીખના પહેલવી લેખો પણ આજે ઉપલબ્ધ નથી. 'શાહનામું' પણ મુસલમાન શાયર ફીરદોસની કલમે લખાયું, એવી તો પારસીઓની અવદશા ! આજે પારસીઓ પોતાની માતૃભાષાને બાજુએ મૂકીને ગુજરાતી ભાષામાં બોલતાં, વાંચતાં અને લખતાં શીખ્યા. 'यथा भाषकः तथा भाषा'ના ન્યાયે પારસીઓની ગુજરાતી ભાષામાં દોષો હશે પણ તેઓ ગુજરાતી ભાષાને માતૃભાષા ગણી લીધી હોવાથી તેને તિલાંજલિ આપવા તૈયાર નથી. ગુજરાતી ભાષામાં પારસીઓ ક્યારથી રસ લેતા થયા એ ચોક્કસપણે કહી શકાય એમ નથી, તો પણ ઘણી સદીઓ પહેલાંથીજ તેઓ એમાં સારો ફાળો આપતા આવ્યા છે. કમમાં કમ ૧૪ મી સદીથી તેઓ ગુજરાતી લેખો લખતા જણાયા હોવાનું મંતવ્ય જેહાંગીર માણેકજી દેસાઇ ધરાવે છે.° અગાઉ પારસી લેખકો ત્રણ પ્રકારના હતા. પ્રાચીન ને મધ્યયુગમાં ધર્મના ઉપાધ્યાયોએ ફક્ત ધાર્મિક સાહિત્ય લખવામાં જ પોતાની શક્તિનો ઉપયોગ કર્યો હતો. તેમની લેખન પદ્ધતિ આજના લેખકોથી ઘણે અંશે જુદી હતી. (૧) કેટલાક લેખકોએ અવસ્તા પહેલવીના મૂળાક્ષરો શીખ્યા વગર ફક્ત નકલનવેશ ( Copyists ) તરીકે ખ્યાતિ મેળવી હતી. (૨) જે લેખકોને અવસ્તા પહેલવીનું જ્ઞાન હતું, તેમણે અભ્યાસપૂર્વક લેખો લખીને પ્રજામાં નવીન જ્ઞાન અને વિચારોનો પ્રચાર કર્યો અને મૌલિક લેખો લખી પ્રસિદ્ધિ પામ્યા (૩) કેટલાક વિદ્વાનો મૌલિક ગ્રંથો લખવાની સાથે સાથે નકલ કરવાનું કામ પણ કરતા હતા.

પારસીઓ સ્વભાવે મિલનસાર હોવાથી નાની જનસંખ્યા છતાં સમર્થ બન્યા અને ધંધામાં, સરકાર–દરબારમાં તથા સાહિત્ય અને રાજકીયક્ષેત્રમાં અગ્રગણ્ય સ્થાન પામ્યા. ધન તેઓ કમાયા અને દાન–સખાવતમાં તેનો સદુપયોગ કરી Parsi, thy name is Charity નું બિરુદ પામ્યા. તટસ્થ વૃત્તિ રાખી જ્યાં રહ્યા ત્યાંના જ બનીને જનપ્રેમી બન્યા અને જનપ્રીતિ પામ્યા દાદાભાઇ નવરોજી, ફીરોજશાહ મહેતા, જમશેદજી ટાટા, મલબારી, વાડીયા, વીર નરીમાન, ડો. ભાભા, પીટીટ, બાટલીવાળા, તારાપોરવાલા, મહેરજી રાણા અને કવિ ખબરદાર જેવાઓએ પોતાની કોમનું અને દેશનું ગૌરવ વધાર્યું છે.

ગુજરાતી ભાષાનો પહેલો પત્રકાર પારસી છે, ગુજરાતી ભાષાનો પહેલો શબ્દકોશ રચનાર પારસી છે. ગુજરાતી ભાષાનો મોટો અંગ્રેજી–ગુજરાતી કોશ સર્વપ્રથમ પારસીઓથી રચાયો છે. ગુજરાતી ભાષામાં જ્ઞાનચક્ર જેવો પહેલો એન્સાયક્લોપીડિયા યુરોપીઅન ઢબે રચનાર પારસી છે. ગુજરાતી કથા સાહિત્યમાં પ્રથમ પદાર્પણ કરનાર પારસી

× 'વાર્ષિક વ્યાખ્યાનો'–૨' માંનો ડો. એરચ જહાંગીર તારાપોરવાળાનો 'પારસીઓનું હિંદમાં આગમન' નામક લેખ પૃ. ૧૪૦–૧૫૮.

* Gujarat and its literature પૃ. ૨૧૧.

+ 'ચમકારા,' પૃ. ૫૦.

° 'પારસી સાહિત્યનો ઇતિહાસ' ( પિલાં મકાટી ) પ્રકરણ : ૧

છે. ગુજરાતી રંગભૂમિનો પરદેશમાં સર્વપ્રથમ ડંકો વગાડનાર પારસી છે. ગુજરાતી રંગભૂમિમાં સૌ પ્રથમ કરામતી દશ્ય (Trick Scenes) અને સ્ત્રીના પાત્રમાં સ્ત્રીને ઉતારનાર પણ પારસી છે તથા ગુજરાતી ભાષાનું સૌ પ્રથમ છાપખાનું કાઢનાર પણ પારસી છે. મુદ્રણકળા માટે જરૂરી બિબાક્ષરો (Types) સૌ પ્રથમ ગુજરાતીમાં દાખલ કરનાર પણ પારસીઓ જ છે. ભારતના તેજસ્વી આદ્યમહિલા ક્રાંતિકાર શ્રીમતિ ભીખાઈજી કામા નામનાં પારસી બાનુ છે તેમણે ઇ.સ. ૧૯૦૮માં જર્મની ખાતે ભરાયેલી પરિષદમાં ભારતનો નિજી રાષ્ટ્રધ્વજ રોપ્યો ને સૌ પ્રથમ રજૂ કર્યો ભારતીય ઉદ્યોગોના પિતા જમશેદજી તાતા ગણાય છે તેમણેજ તાજમહાલ હોટેલ બંધાવી અને બેંગ્લોરનાં ઇંડિયન ઇન્સ્ટિટ્યૂટ ઓફ સાયન્સની સ્થાપના કરી. દાદાભાઇ નવરોજી જેવા પારસી પરદેશમાં પ્રાધ્યાપક પદ મેળવનાર પ્રથમ હિંદી છે. ઇ.સ. ૧૮૯૨માં આમસભામાં સ્થાન મેળવનાર સર્વપ્રથમ હિંદી પણ તેઓ જ હતા. અને 'સ્વરાજ્ય' શબ્દ પણ તેમણે જ સૌ પ્રથમ આપ્યો. ગુજરાતી ભાષાના ટાઇપોના શિલ્પી અને ગુજરાતી ભાષાના મેકમિલન અને ગટનબર્ગ પારસી ફરદુનજી મર્ઝબાન હતા, કેમકે દલપતરામના ઇ.સ. ૧૮૪૯ માં પ્રગટ થયેલ 'ભૂતનિબંધ' પહેલાં ઇ.સ. ૧૮૪૧માં 'શરીર શાંતિ', 'સુખશાંતિ' નામક ગુજરાતી ભાષાનો સૌ પ્રથમ ગદ્યગ્રંથ પ્રગટ કરનાર તેઓ જ હતા. કવિ વીર નર્મદની પૂંજી ચાર આના પર આવી ગઈ હતી ત્યારે ઉગ્ર આપત્તિકાળમાં પોતાનું નામ આપ્યા વિના છૂપી રીતે રૂા. ૫૦૦ની મોકળે હાથે એમને સહાય કરનાર પારસી કવિ મલબારી જ હતા. કવિ દલપતરામની કાવ્યકૃતિને બક્ષિસ આપી પ્રોત્સાહન આપનાર પહેલા પારસી બેરોનેટ જ હતા આમ ઉદારતા, સાહસિકતા અને સાહિત્યપ્રીતિ એમના લોહીમાં જ વહે છે.

'બોમ્બે કેરિયર' નામના અંગ્રેજી અખબારમાં ગુજરાતી જાહેરાત છાપવા માટે સૌથી પહેલા ગુજરાતી અક્ષરો ઈ.સ. ૧૭૯૭માં ઢાળવાનું માન પણ પારસી અધ્યારૂ શ્રી બેહારામજી છાપગરને ફાળે જાય છે સૌથી પ્રથમ પંચાંગ છાપીને પ્રગટ કરવાની શરૂઆત પણ ઇ.સ. ૧૮૧૪માં 'મુંબઈ સમાચાર'ના પારસી માલિકોએ જ કરી હતી. સુરતના પારસી નવરોજી રૂસ્તમ માણેક શેઠ આશરે ૨૦૦ વર્ષ ઉપર ઇ.સ. ૧૭૨૩માં મરાઠા સરદાર રાઘોબાના વકીલ નીમાઇને છેક લંડન સુધી જઈ આવનાર સર્વપ્રથમ ગુજરાતી જ નહિ પણ સર્વપ્રથમ ભારતીય હતા. ઈ.સ. ૧૮૩૪માં હિંદમાં ગેસલાઇટનો સર્વપ્રથમ ફતેહમંદ અખતરો કરનાર શેઠ અરદેશર વાડિયા હતા. ઇ.સ. ૧૮૫૯માં શેઠ નસરવાનજી અરદેશર ખરશેદજી વાડિયાએ 'સ્ટીમ બોઇલર'ની બનાવટમાં સંશોધન કરી તથા નવો સુધારો દાખલ કરીને ઇંગ્લેંડની સરકાર પાસેથી તેનો સર્વપ્રથમ પેટન્ટ મેળવ્યો હતો. ગુજરાતીમાં સોનેટ કાવ્યપ્રકાર પર 'પ્યારનો પોકાર' નામક કૃતિમાં પ્રથમ હાથ અજમાવનાર પારસી કવિ શ્રી જ. ન. પિટિટ જ છે. 'દાંડીયા' એટલે ઢોલકી વગાડી રાત્રે લોકોને જાગ્રત રાખવાની ચોકીની પ્રથા સર્વપ્રથમ શરૂ કરનાર સુરતના સરદાર અરદેશ કોટવાલ બહાદુર (ઈ.સ. ૧૭૯૬–૧૮૫૬) છે. અંગ્રેજી ભાષા શીખવામાં અર્થાત્ પશ્ચિમની કેળવણી અપનાવવામાં પારસીઓ લગભગ પહેલા જ છે. ભારતના અણુવિદ્યુત મથક કેન્દ્રના સર્વ–પ્રથમ પ્રમુખસ્થાને બિરાજનાર પારસી સર હોમી ભાભા જ છે. મુંબઇ જનાર સૌ પ્રથમ ગુજરાતી તરીકે ઈ.સ ૧૬૪૦માં મુંબઇ જનાર સુમારી ગામના દોરાબજી નાનાભાઇ પટેલનું નામ જ ગણી શકાય. ભારતમાં એક હજાર ટન સુધીનાં વહાણો બાંધનાર સૌથી પ્રથમ પારસી વાડિયા હતા. જમશેદજી વાડિયાએ ઇસ્ટ ઈંડીયા કંપની માટે યુદ્ધ જહાજો બાંધ્યા હતાં. તેમનાં કુટુંબે જ બાંધેલું એક યુદ્ધ જહાજ ૧૮૦૫માં ટ્રફાલ્ગરના યુદ્ધમાં ગયું હતું. કન્યા કેળવણીમાં પણ પારસીઓ જ સર્વપ્રથમ છે. આથી સૌથી પ્રથમ સ્ત્રી ડૉક્ટર કે સ્ત્રી વકીલ પારસી કોમની જ મળી આવે છે. વળી પશ્ચિમ ભારતમાં પહેલી મીલ કાઢનાર કાવસજી નાનાભાઇ દાવર નામના પારસી જ હતા. ભારતના પ્રથમ બેરોનેટ સર જમશેદજી જીજીભાઈ પણ પારસી જ છે. દાન–ધર્મની બાબતમાં પણ તેમની પહેલ જાણીતી છે. તાતા, પીટિટ, વાડિયા, ગાર્ડી આદિ નામો આ ક્ષેત્રમાં ખુબ તેજસ્વી છે. ઓગણીસમી સદીમાં નાટકો લખવામાં, લખાવવામાં કે નાટકશાળા કાઢવામાં મોખરે રહેનાર પણ પારસીઓ જ હતા. પારસીઓનો આટલો ને આવો ઉજ્જવળ ફાળો ગુજરાતનાં જાહેરજીવનમાં ને તેનાં વિવિધ ક્ષેત્રોમાં રહ્યો છે. આ બાબતમાં પ્રો. ફીરોઝ દાવરે 'આપણા પારસી બંધુઓ' નામક પુસ્તિકામાં જે ઠીક ઠીક પ્રકાશ પાડ્યો છે તે ધ્યાનપાત્ર છે.





# ગુજરાતનાં સૌંદર્યધામો

—ડૉ. હરિભાઇ ગૌદાની

માનવીને કુદરત પ્રિય છે તેને ખોળે રમવા તે ઝંખતો હોય છે. પહાડોની ખીણો, દુર્ગમ જંગલો, પડછંદ મોજાંઓ ઊછાળતો મહાસાગર, ખળખળ વહેતાં ઝરણાં, પક્ષીઓનું ઉડ્ડયન અને કાંતાર જંગલોમાં વિચરતા પ્રાણીઓ માનવીને આકર્ષતાં હોય છે અને એટલે જ અવકાશ મળ્યે સાચી પ્રકૃતિનાં દર્શન માટે તે તત્પર બને છે

કુદરતના ખોળે જઈ, તેની વચ્ચે રહી આનંદ અને પ્રેરણા મેળવી શકીએ તેવાં કાશ્મીર, કુલુની ખીણ, નિલગીરી, દાર્જીલિંગ, દહેરાદૂન રંગનદી બેંગલોર જેવા સ્થળો કદાચ આપણાં ગુજરાતમાં નહીં હોય તો પણ મનને પ્રસન્નતા અને તાજગી આપે એવાં ઘણાં સ્થળો છે.

જે સ્થળેનું સૌંદર્ય નીરખતાં જ મનુષ્ય કુદરતના સ્વરૂપમાં ખોવાઈ જાય તે સ્થળને સૌંદર્યધામ કહી શકાય ભવભૂતિએ ઉત્તર-રામચરિતમાં લખ્યું છે કે, જે વસ્તુ ક્ષણે ક્ષણે નવીનતા ધારણ કરે તેને સૌંદર્ય કહી શકાય. કવિ કાલિદાસે 'મેઘદૂત'માં અનેક સૌંદર્ય-ધામોનું વર્ણન કર્યું છે. કવિ કલાપી લખી ગયા છે કે—

"સૌંદર્ય વેડફી દેતાં, ના ના સુંદરતા મળે;
સૌંદર્ય પામતાં પહેલાં સૌંદર્ય બનવુ પડે.'

ગુજરાતની ધરતીમાં વિવિધ પ્રકારનાં આબોહવાવાળા અને રણથી માંડીને વાડામાં ધાડી વનરાજીવાળા પ્રદેશો આવેલાં છે. ગુજરાતની ધરતી ઉપર પહાડી પ્રદેશોથી માંડીને ટેકરાળ અને છેલ્લે સપાટ મેદાનો આવેલાં છે. આ ધરતીમાં કીચડવાળા પ્રદેશો પણ આવેલાં છે. ગુજરાતની ફરતો વિશાળ દરિયા કિનારો, બેટો, ગુજરાતની નદીઓ બારે માસ પાક લઇ શકાય તેવી ફળદ્રુપ જમીન, નદી-મુખનાં ત્રિકોણ પ્રદેશો અને ક્ષારવાળા સપાટ મેદાનો આવેલાં છે. એટલે ગુજરાતમાં અનેકવિધ સૌંદર્યધામો સર્જાયાં છે.

કચ્છના મોટા રણમાં વૈશાખ મહિનામાં કોટીનાળ મારફત સમુદ્રની ભરતીનું પાણી ભરાઇ જાય છે. એ પાણીની સાથે ચોમાસામાં સિંધ, મારવાડ, બનાસકાંઠા, મહેસાણા જિલ્લો અને ઝાલાવાડની નદીઓનાં પાણી મળતાં કચ્છનાં રણકાંઠાની કીચડવાળી ધરતી ઉપર ક્ષારવાળા પ્રદેશમાં થતું ઘાસ ઊગી નીકળે છે. કચ્છની ઉત્તર સરહદ ઉપર આવેલ બન્ની પ્રદેશમાં આ પ્રકારનું ઘાસ ઊગી નીકળતાં લીલા ઘાસનાં સમુદ્ર જેવો દેખાવ થાય છે એ વખતે આખો બન્ની પ્રદેશ સૌંદર્યધામ જેવો બની જાય છે. કીચડને લઇને એ પ્રદેશમાં જવું મુશ્કેલ હોવા છતાં આ પ્રદેશ જોવા કેટલાક સૌંદર્યપ્રેમીઓ જાય છે.

કોઈ કાળે ભારતવર્ષનાં પશ્ચિમ કિનારે કચ્છપ (કચ્છ) અને સુરાષ્ટ્ર નામે બે બેટો હતા દરિયો પૂરાતાં અને ધરતીકંપથી જમીન ઊંચી આવતાં ગુજરાત અને સૌરાષ્ટ્ર વચ્ચેનો દરીયો પુરાઈ ગયો. દરીયો પૂરાઇને બનેલા સૌરાષ્ટ્ર અને ગુજરાતને જોડતાં પ્રદેશમાં કેટલોક નીચાણવાળો ભાગ રહી ગયો. ત્યાંએ પ્રદેશ વરસાદનું પાણી ભરાઇ રહેતા નળ સરોવર નામે એક વિશાળ સરોવર બન્યું. મોટે ભાગે પાંચ સાત ફુટની ઊંડાઇ ધરાવતા ચાળીસ ચો. મા જગા રોકતા નળ સરોવરમાં, શિયાળામાં ઉત્તર પ્રદેશની ઠંડીથી ત્રાસેલા યાયાવર પક્ષીઓની ઝૂંડો આવી ચડે છે ત્યારે નળ સરોવર એક સુંદર સૌંદર્યધામ બની જાય છે. નળસરોવરના સૌંદર્યધામના વિકાસ માટે ગુજરાતરાજ્ય સરકારે અમદાવાદથી નળસરોવર સુધી પાકો રસ્તો બંધાવી, સરોવર પર રહેવા માટે તથા સરોવરમાં સહેલ કરવાની સુંદર વ્યવસ્થા કરી છે

સૌંદર્યપ્રેમી આર્યપ્રજા ગુજરાતમાં આવી વસી ત્યારે એ પ્રજાએ ગુજરાતનાં સૌંદર્યધામોમાં આશ્રમો સ્થાપ્યાં. સમય જતાં આવાં આશ્રમોના જગ્યાએ દેવમંદિરો બંધાયા. આમ બનતાં સૌંદર્યધામો ધર્મસ્થાન અને સહેલ સ્થળની બેવડી ગરજ સારવા માંડ્યા. આવા અનેક સૌંદર્યધામો ગુજરાતભરમાં આવેલાં છે.

બનાસકાંઠા જિલ્લાનાં પાલનપુર શહેરની ઉત્તરે નવ માઇલ દૂર ઘાડાં જંગલો અને નાના-મોટા ડુંગરો વચ્ચે થઇ બાલારામ નામની એક નાની નદી વહે છે. આ સદાય સેંજળ વહેતી નદીને કિનારે બાલારામનું સૌંદર્યધામ આવેલ છે. આ સ્થળે નદીનાં જમણા કિનારાની ભેખડ એંસી ફુટ જેટલી ઊંડાઇ ધરાવે છે. આ ભેખડો-માંથી અનેક ઝરણાં ફુટી નીકળી બાલારામ નદીને મળે છે. કુદરતી ઝરણાનાં જળને લઇને ભેખડો ઉપર ઘાટી વૃક્ષરાજિ જામી ગઇ છે. ઘણાં વૃક્ષો નદીનાં જળપ્રવાહ ઉપર ઝૂમી રહ્યા છે. નદીનાં જળને અંશતઃ સંગ્રહી રાખવા માટે આ સ્થળે એક નાનકડો આડબંધ બાંધવામાં આવ્યો છે. આ આડબંધને લઇને એક કૃત્રિમ જળધોધ બના જતાં બાલારામનાં સૌંદર્યમાં ઘણો વધારો થયો છે. આ સ્થળે નદીને જમણે કિનારે ઊંચો ઘાટ બાંધી તેનાં ઉપર નાનકડું મેદાન બનાવી એ સ્થળે સૃષ્ટિસૌંદર્ય નીરખવા માટે આવતાં સહેલાણીઓ માટે અનેક બેઠકો ગોઠવવામાં આવી છે. આ નાનકડા મેદાનની વચમાં જ બાલારામ મહાદેવનું મંદિર આવેલું છે. મંદિર પાછળની ભેખડોમાંથી આવતા ઝરણાને નાળી દ્વારા બાલારામ મહાદેવના મંદિરમાં થઇને નદીમાં વહેવડાવવામાં આવે છે. આ સ્થળ પાલન-પુરથી આબુ જતાં રાજ્ય ધોરી માર્ગ ઉપર આવેલું હોઇને તથા આ સ્થળની નજીકમાં ચિત્રાસણીનું રેલ્વે સ્ટેશન હોઇને બાલારામ જતાં-આવતાં યાત્રિકોને વહાનોની બેવડી સુવિધા મળે છે.

ગુજરાતની ઉત્તર સરહદે આવેલ અંબાજીના પ્રખ્યાત તીર્થ-ધામથી ત્રણેક માઇલ દુર કોટેશ્વર મહાદેવનું સૌંદર્યધામ આવેલ છે. આરાસુરના ડુંગરાઓમાંથી નીકળતી સરસ્વતીનાં વહેણમાં નાના કુંડો બનાવીને આજુબાજુમાં દેવમંદિરો રચી કોટેશ્વરના સૌંદર્યધામમાં યાત્રાધામ બનાવાયું છે. કોટેશ્વર મહાદેવ નજીકથી સરસ્વતી નદી, ડુંગરાઓ ઉપરથી, નીચે ઉતરતાં ચાલીશ ફુટ ઊંચો જળધોધ સર્જાયો છે. આ સ્થળે જવા માટે ખેડબ્રહ્મા તેમજ અંબાજી તરફથી બસ સર્વીસ મળે છે. અહીંથી આગળ વધતી સરસ્વતી નદી પર વીશેક માઇલ દુર મોકેશ્વરનું સૌંદર્યધામ આવેલ છે. અહીંયા ઊંચા ડુંગરાઓને ઘસાઇને સરસ્વતી નદી વહે છે લીલી વનરાઇઓથી ઢંકાયેલા એક ડુંગર પર પાંડવોની ગુફા અને મોકેશ્વરનું મંદિર આવેલ છે.

સાબરકાંઠા જિલ્લામાં વહેતી સાબરમતી નદીને તીરે સપ્તધારેશ્વર (સાંતરડા), મહુડીનું કોટિયાર્કધામ તથા ગળતેશ્વર એમ ત્રણ સૌંદર્યધામો આવેલાં છે. સપ્તધારેશ્વર નજીક સાબરમતી એંશી ફુટ જેટલી ઊંડાએથી વહે છે. નદી કિનારાની ભેખડોમાંથી નીકળતા સાત ઝરણાઓ સપ્તધારેશ્વરના લિંગને નવડાવીને એક કુંડમાં થઇને સાબરમતીને મળે છે. આ સ્થળે જવા માટે સાબરકાંઠાના હિંમત-નગર થઇને જાદર-દાવડ અને એકલારા સુધી બસ સર્વીસ મળે છે. મહુડીનું કોટિયાર્ક તીર્થધામ મહેસાણા જિલ્લાનાં પિલવાઇ ગામથી ત્રણેક માઇલ દુર સાબરમતીને કિનારે આવેલ છે. આ સ્થળથી મહુડી સુધી જવા માટે પિલવાઇથી કાચી સડક બંધાયેલી છે. મહુડી ગામથી એક ઊંડી ખીણ દ્વારા કોટિયાર્કનાં તીર્થસ્થળ નજીક જવાય છે. આ સ્થળ નજીક સાબર-કિનારાની ભેખડો કેટલીક જગ્યાએ એકસો વીસ ફુટ જેટલી ઊંચાઇ ધરાવે છે. આવી એક ભેખડ ઉપર એક હજાર વર્ષ જુનું વિષ્ણુમંદિર આવેલ છે. ભેખડ ઉપરની ધાડી વનરાઇઓ, સાબરના ઊંડા કોતરડા અને ખીણમાં વહેતી સાબરમતી નદી વિગેરેનું દૃશ્ય જોતાં સહેલાણિઓ સૌંદર્ય-ધામનાં રૂપમાં ખોવાઇ જાય છે. સાબરકાંઠાના પ્રાંતિજ શહેરથી ત્રણ માઇલ દૂર પ્રાંતિજનું ગળતેશ્વર નામે સૌંદર્યધામ આવેલ છે. આ સ્થળે જવાનો રસ્તો ઊંડી કરાડો પાસેથી પસાર થાય છે. આવી કરાડોની એંસી ફુટ ઉંચાઇ પર ગળતેશ્વર મહાદેવનું મંદિર અને યાત્રિકોને રહેવા માટેની આરામદાયી ધર્મશાળા આવેલ છે. આ સ્થળ નજીકથી અમદાવાદ-હિંમતનગરનો રાજ્ય ધોરી માર્ગ પસાર થતો હોઇને આ સ્થળે જવાની સગવડ મળી જાય છે.

પંચમહાલ જિલ્લાનાં સંતરામપુરનગરથી સાતેક માઇલ દૂર મહી-સાગરને કિનારે નદીનાથનું સૌંદર્યધામ આવેલું છે. ભયંકર જંગલો વચ્ચે આ સ્થળે રાજસ્થાનમાંથી આવતી મહી નદીનું નામ મહી માતાને બદલે મહીસાગર પડે છે. આ સ્થળે મહી નદી સાગર જેવી બને છે. બંને બાજુએ ઉભેલા બસોથી ત્રણસો ફુટ સુધીના ડુંગરા-ઓને કાપી ઊંડી અને સાંકડી ખીણ બનાવતી મહી નદીનું સૌંદર્ય આ સ્થળે સોળે કળાએ ખીલી ઉઠે છે. આજુબાજુ ધાડા જંગલો હોઇને આ સ્થળે જંગલી પ્રાણીઓનો ભય રહે છે. આ સ્થળે નદીને અડીને ઉભેલા નદીનાથનાં ડુંગરના પેટાળમાં સો એક ફુટ જેટલી ઊંચાઈએ નદીનાથ મહાદેવની કુદરતી ગુફા આવેલી છે. એ ગુફામાં નદીનાથ મહાદેવનું શિવલિંગ બિરાજે છે આ સ્થળે જવા માટે સંતરામપુરથી કાચી સડક છે અને આ સ્થળ નજીક આવેલા કડાણા ગામ સુધી સંતરામપુર તથા ગોધરા વાયા લુણાવાડાની બસ સર્વીસો ચાલુ છે.

મહી નદીના કિનારા ઉપર ખેડા જિલ્લાના યાત્રાધામ ડાકોરથી આઠેક માઇલ દૂર સારનોલ ગામ પાસે ગળતેશ્વરનું સૌંદર્યધામ આવેલું છે. ઊંચી પથ્થરિયાળ ભેખડો વચ્ચેથી વહેતી મહી નદી અને ગળતી નદીના સંગમ સ્થળ ઉપર ગળતેશ્વર મહાદેવનું આઠસો વર્ષ પુરાણું શિવમંદિર આવેલું છે. આ પુરાણું શિવમંદિર સોલંકી તથા પ્રતિહાર મિશ્ર શૈલીનું ભૂમજા પ્રસાદ મંદિર છે ઊંડી [illegible] નદીનાં વહેણમાં આવેલાં અનેક આકારનાં પથ્થરો, ગળતીનાં જળ-ધોધ વિગેરેથી આ સૌંદર્યધામનાં રૂપમાં ઘણો વધારો થાય છે. આ સ્થળે ધર્મશાળાની સુંદર વ્યવસ્થા છે. તેમજ આ સ્થળે જવા માટે ગોધરા ડાકોર લાઇનનાં અંબાવ સ્ટેશનથી પાકી સડક પણ છે

ભરૂચ જિલ્લાનાં ભરૂચ શહેરની પૂર્વ દિશાએ નવેક માઇલ દૂર નર્મદા નદી વચ્ચે આવેલા એક બેટ ઉપર કબીરવડનું સૌંદર્યધામ આવેલ છે. કોઇ કાળે આ બેટ ઉપર સંત કબીર આવી ચડયા અને તેણે રોપેલ દાતણની ચીરથી કબીરવડ ઉગી નીકળ્યો. એ એક ચોરસ ફર્લાંગનાં વિસ્તારમાં પથરાયેલ આ તડલાની વડવાઇઓનાં બનેલ અનેક થડીયાઓથી આ સ્થળનાં રૂપમાં અનેકગણો વધારો થયો છે. વડની ઘટાઓની વચ્ચે સુંદર ધર્મશાળા અને કબીરમંદિર આવેલાં છે. આ સ્થળે જવા માટે યાત્રાધામ શુકલેશ્વ થી થોડે દૂર આવેલ મંગળેશ્વરથી જવાય છે. ભરૂચથી મંગળેશ્વર પાકા સડક દ્વારા જવાય છે.

વડોદરા જિલ્લાના નર્મદા કિનારે ચાણોદ-કરનાળી તીર્થધામની પૂર્વ દિશાએ નાવડીઓ દ્વારા સૂરપાણેશ્વરનાં સૌંદર્યધામ સુધી જવાય છે. ચાણોદ-કરનાળીથી હોડીઓ દ્વારા ત્રણ દિવસમાં સૂર-પાણેશ્વર પહોંચાય છે આ સ્થળે નર્મદા નદી ખડકો વચ્ચે થઇ વહે છે તેથી આ વહેણમાં સૂરપાણેશ્વરનો જળધોધ સર્જાયો છે. ગુજ-રાતના સારામાં સારા સૌંદર્યધામોમાંનું આ એક ગણાય ચાણોદ જવા માટે વડોદરાથી બસ સર્વીસ તેમજ નેરોગેજ રેલ્વે લાઇનની સગવડ મળે છે. ચાણોદથી ચોવીસેક માઇલની હોડીની મુસાફરી કર્યા પછી સૂરપાણેશ્વર પહોંચાય છે.

દક્ષિણ ગુજરાતના ડાંગ જિલ્લાને છેવાડે મહારાષ્ટ્રના નાસિક જિલ્લાની સરહદને અડીને ગિરીનગરનો આકાર લેતું, સમુદ્રની સપાટીથી બાવીસસો ફુટ ઊંચાઈએ આવેલું સાપઉતારાનું સૌંદર્ય-ધામ હમણા હમણા ગુજરાતની સૃષ્ટિ સૌંદર્ય પ્રેમી જનતામાં જાણીતું બન્યું છે. ડાંગ જિલ્લાના ધાડા સાગવનોને છેડે પીળા ઘાસ મઢયું સાપ ઉતારાનું 'સન-સેટ પોઇંટ'નું ગિરિશિખર ઊભું છે. ડાંગના જંગલોના સૃષ્ટિ સૌંદર્યને નીરખવા આ ગિરિશિખર ઉપર રાજ્ય સરકારે બેઠકોની વ્યવસ્થા કરી છે. આ ગિરિશિખરની પેલી બાજુ વહેતી એક નાનકડી નદીને નાથી લઈને એક જળાશય આકાર લઇ રહ્યું છે. આ સ્થળે રાજ્ય સરકારે સોએક યાત્રિકોને સમાવી શકે તેવા આરામગૃહની વ્યવસ્થા કરેલ છે. વળી રાજ્ય સંચાલિત ઉપહારગૃહ પણ અહીં છે. મુંબઇ-અમદાવાદ રાજ્ય ધોરી માર્ગ

ઉપર આવેલ નવસારી શહેરથી આગળ વધતાં, વલસાડ બાજુ જતાં ડાબા હાથ તરફ જતી સાપઉતારાની સડક ફંટાય છે. આ સ્થળે ઉનાઈ થઈને વઘાઈ દ્વારા સાપઉતારા જવાય છે સાપઉતારાથી સાઇઠ માઇલ દૂર મહારાષ્ટ્રનું તીર્થસ્થાન નાસિક આવેલું છે.

સૌરાષ્ટ્રનાં ઝાલાવાડ પંથકના હળવદ શહેરથી સાતેક માઇલ દૂર સુંદરી ભવાનીનું સ્થળ આવેલ છે. આછી વનરાઇઓમાં ડોકીયા કરતા ટેકરા જેવા. સુંદરીભવાની નજીકના ડુંગરડાઓ આ પ્રદેશમાં, સૃષ્ટિસૌંદર્યની દૃષ્ટિએ વખણાય છે.

ઝાલાવાડનાં જસદણ શહેરથી આઠ માઈલ દૂર ઘેલાસોમનાથનું સૌંદર્યધામ આવેલું છે. લીલાં જંગલ મઢયાં ડુંગરાઓની વચ્ચે આવેલ આ સહેલાણીઓને આનંદ આપે તેવું છે. આ સૌંદર્યધામ વચ્ચે આવેલું ઘેલા સોમનાથનું મંદિર શ્રાવણ મહિનામાં મહાયાત્રા-ધામ બની જાય છે.

ગિરનાં ઘાડા જંગલો વચ્ચે તુલસીશ્યામનું સૌંદર્યધામ આવેલું છે ઘાડી વનરાઈઓની વચ્ચે આવેલ આ સૌંદર્યધામ ગરમ પાણીના કુંડો માટે પ્રખ્યાત છે. આ સૌંદર્યધામમાં રહેવા માટેની રાજ્ય સરકારે ઉત્તમ સગવડ કરી છે. આ સૌંદર્યધામમાં તુલસીશ્યામનું ભવ્ય મંદિર આવેલ છે. આ સ્થળે જવા માટે ઊના, ખાંભા, ધારી વગેરે સ્થળેથી બસ સર્વીસ મળે છે.

ગિરનાં જંગલનાં દખણા દે છેડે બાણેજ અને ટપકેશ્વરનાં સૌંદર્યધામો આવેલ છે. બાણેજનું સૌંદર્યધામ મધ્યગિરમાં આવેલ છે. નાનકડી નદીને કાંઠે ઉભેલ એક ઊંચા ડુંગરના પેટાળમાં ગંગા મંદિર બંધાવીને અહીં ગંગાતીર્થ રચાયું છે. આ સ્થળે નદીમાં એક આડબંધ બાંધવામાં આવ્યો છે. ઊના-વેરાવળ લાઈનના ગિરગઢડા સ્ટેશનથી બાણેજ જઈ શકાય છે. ગિરગઢડાથી પાંચેક માઈલ દૂર ટપકેશ્વરનું સૌંદર્યધામ આવેલ છે. ગિરના ઘાઢાં જંગલો વચ્ચે આવેલ આ સૌંદર્યધામમાં કુદરતકૃત ગુફાઓ આવેલી છે આ ગુફાઓની છતમાંથી ટપકતા ચૂનાના ક્ષારવાળા પાનીને લઈને ગુફાના તળિયે અનેક શિવલિંગો સર્જાયા છે. અને ગુફાની છતમાં ચૂનાનો ક્ષાર કરતાં ગાયના આંચળ જેવા અનેક આકારો રચાયાં છે. કુદરતની આ કરામત જોતાં અહીં આવનાર યાત્રિકો કુદરતની કરામત ઉપર મુગ્ધ બની જાય છે. આ ત્રણ સ્થળ ઉપરાંત ગિરનાં જંગલમાં કનકાઇ અને ભીમચાસનાં સૌંદર્યધામો આવેલાં છે.

મહદ્ અંશે ગુજરાતનો સાગર કિનારો ખંભાતથી માંડીને દમણ સુધી સમુદ્રને મળતી અનેક નદીઓને લઇને કીચડવાળા બનેલ છે. સૌરાષ્ટ્રનાં સાગર કિનારે મોટે ભાગે ખારા પથ્થરના ખડકો આવેલાં હોઇને સૌરાષ્ટ્રનો મોટા ભાગનો સાગર કિનારો ખડકો કે ખડકોથી બનેલી રેતીનાં ટેકરાવાળો છે. સૌરાષ્ટ્રના સાગર કિનારે નાના નાના બેટો અને નાની નાની ખાડીઓ આવેલ છે એટલે સૌરાષ્ટ્રનો સાગર કિનારો સૃષ્ટિ સૌંદર્યની દૃષ્ટિએ ઘણો સુંદર છે. કચ્છનો દક્ષિણ અને પશ્ચિમ સાગર કિનારો સૌરાષ્ટ્રનાં જેવો છે. આખા ય ગુજરાતનાં સાગર કિનારાના સૌંદર્યધામમાં દક્ષિણ ગુજરાતથી કચ્છનાં કોટેશ્વર સુધીમાં અનેક સૌંદર્યધામો આવે છે. આવા સૌંદર્યધામોમાં રાજ્ય સરકારે હોલીડે કેમ્પ બનાવી સહેલાણીઓ માટે સહેલ કરવાની સુવિધા કરી આપી છે. સાગર કિનારાનાં હવા ખાવાનાં સ્થળોમાં તીથલ, ડુમસ, ઉભરાટ, કાવી, હાથબ, ગોપનાથ, દીવ, વેરાવળ, સોમનાથ, માંગરોળ, ચોરવાડ, મિયાણી, ઓખા, દ્વારકા, માંડવી અને કોટેશ્વર વિ આવી જાય છે. આ બધે સ્થળે જવા માટે મોટે ભાગે બસ સર્વીસ મળે છે. ઘણે ઠેકાણે ટ્રેઈનની સગવડ પણ મળે છે.

સાગર કિનારનાં સૌંદર્યધામો ઉપરાંત બીજા કેટલાંક સૌંદર્યધામો ગુજરાતમાં જુદી જુદી જગ્યાએ આવેલાં છે. તેમાં સાબરકાંઠા જિલ્લાનું શામળાજી તથા વિજયનગર નજીકનાં વીરેશ્વર તથા સારણેશ્વરનાં સૌંદર્યધામો, ઈડરના ડુંગરા ઉપરનું રણમલચોકી અને ભૂરાબાવાની ગુફા નજીકનું સૌંદર્યધામ, તારંગાની ટેકરીનું સૌંદર્યધામ, તળાજા-સાણાની ગુફાનાં સૌંદર્યધામો, પાલીતાણા, ગિરનાર, બોદાનો નેસ વિગેરેનો જૈન તીર્થધામો-સૌંદર્યધામો વિગેરેનો ઉલ્લેખ અહીં કરીએ તો ખોટું નથી.





# ગુજરાતનું પક્ષીજગત

**—શ્રી કવીન્દ્રભાઇ મા. મહેતા**

'ગુજરાતનું પક્ષી જગત' એ શીર્ષક નીચે જ્યારે મને મારા મિત્ર અને સ્નેહી શ્રી નંદલાલભાઈ દેવલુક તરફથી એક નોંધ લખી આપવા આમંત્રણ મળ્યું ત્યારે સૌથી પ્રથમ વિચાર મને એ આવ્યો કે અંગ્રેજીમાં–અંગ્રેજી ભાષામાં ગુજરાત સંશોધન મંડળે શ્રી સલીમ અલી દ્વારા " birds of Gujarat " નામનું પુસ્તક ઇ.સ. ૧૯૫૬ ની સાલમાં પ્રસિદ્ધ કર્યું છે. પરંતુ ગુજરાતનાં પક્ષીઓ ઉપરનું એક પણ પુસ્તક ગુજરાતી ભાષામાં–જેને સંદર્ભગ્રંથ કહી શકાય તેવું એક પણ પુસ્તક હજુ સુધી પ્રસિદ્ધ થયું નથી. એટલે " ગુજરાતનું પક્ષીજગત " એ વિષય પર જો મારે લખવું હોય કે લખવાનું હોય તો તે માટે એટલું બધું સાહિત્ય અને સામગ્રી–અલબત્ત અંગ્રેજીમાં– છે કે જો તે નોંધીને લખવા બેસીએ તો " સૌરાષ્ટ્રની અસ્મિતા " જેવો એક સંપૂર્ણ બીજો ગ્રંથ લખી શકાય. એટલે એટલું વિસ્તૃત લખાણ આ લેખમાં આપવાની શક્યતા તો નથી છતાં ગુજરાત રાજ્યમાં સામાન્યરીતે જે પક્ષીઓ આપણને બધી જગ્યાએ એટલે કે ઘરમાં અને ઘરની બહાર, બાગ કે બગીચામાં, બીડ કે જંગલમાં, નદીકાંઠે કે સરોવરકાંઠે, દરિયાકાંઠે કે ડુંગર ઉપર, મેદાનમાં કે ગીચ ઝાડી કે ઝાડોના ઝૂંડમાં જે સામાન્ય રીતે દેખાય છે એટલે કે જે પક્ષીઓ ત્યાં વસવાટ કરી રહેતાં હોય છે તે બધામાંના કેટલાકનો આ લેખમાં પરિચય આપવા પ્રયત્ન કર્યો છે.

આપણે ગુજરાતનાં પક્ષીઓને ઓળખવા અને તેના વિષે ઉપરછલ્લો પરિચય મેળવીએ તે માટે પ્રથમ આપણે ગુજરાતનો ભૌગોલિક પરિચય કરવો ઉપયોગી થશે. કારણકે પ્રકૃતિના કોઈ એક અંગને પુરેપુરૂં સમજવા માટે તે તે સ્થળ કે દેશની ભૌગોલિક પરિસ્થિતિ પ્રકૃતિના તે અંગ માટે અગત્યનો ભાગ ભજવતી હોવાથી આપણે પણ તેનો અભ્યાસ કરવાની જરૂર છે.

વિસ્તારની દૃષ્ટિએ જોઇએ તો ગુજરાતનો વિસ્તાર આશરે ૧,૨૭,૧૧૫ ચો. કિ.મિ. છે. એટલે આજે જે ગુજરાત રાજ્ય છે તેમાં ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના બનેલા ૧૯ જીલ્લાઓ ઉપરાંત થાણાં જીલ્લાનાં ૫૦ ગામો, પશ્ચિમ ખાનદેશના ૩ અને તાલોડા તાલુકાનાં ૧૫૬ ગામોનો સમાવેશ થઈ જાય છે ટુંકામાં ગુજરાતમાં કચ્છ, સૌરાષ્ટ્ર તથા બનાસ અને દમણ ગંગા નદીઓ વચ્ચેના પ્રદેશનો સમાવેશ થઈ જાય છે. ગુજરાતની ઉત્તરે મેવાડ–મારવાડ અને કચ્છનું રણ છે. દક્ષિણે થાણા જીલ્લો છે; પશ્ચિમે વિશાળ સાગરકાંઠો છે અને પૂર્વમાં સાતપુડા અને પશ્ચિમ ઘાટની ગિરિમાળાઓ છે.

ગુજરાતના પર્વતોમાં ગિરનાર, શેત્રુંજો, ચોટીલો, બરડો, આરાસુર પાવાગઢ અને તારંગાની ટેકરીઓ છે. અને ગુજરાતના નોંધપાત્ર ગણાય એવાં જંગલોમાં ગીરનું, પંચમહાલનું અને ડાંગનું– એ જંગલો ખાસ નોંધપાત્ર ગણાય છે.

જાન્યુઆરી ૧૯૬૧માં ભાવનગર ખાતે ભરાએલા કોંગ્રેસના ૬૬ માં અધિવેશન પ્રસંગે 'ગુજરાત એક પરિચય' નામના સ્મૃતિગ્રંથમાં જસદણ યુવરાજ શિવરાજકુમારશ્રીએ ગુજરાતનાં પક્ષીઓ ઉપર જે અભ્યાસપૂર્ણ નોંધ લખી છે તે આ લેખમાં પણ આપવી ઉપયોગી લાગતાં અહીં સાભાર રજૂ કરૂં છું. તેઓશ્રી લખે છે કે 'વિસ્તારની દૃષ્ટિએ ગુજરાત નાનું છે છતાં પક્ષીઓની જુદી જુદી જાતો ઘણી છે. ગુજરાતના પક્ષી જગતના અભ્યાસ માટે તેઓશ્રીએ ગુજરાતને નીચે જણાવેલા ૭ વિભાગોમાં વહેંચ્યો છે. (૧) ડાંગના જંગલનો પહેલો વિભાગ (૨) પૂર્વ ગુજરાતના પર્વત ઉપરનાં જંગલોનો બીજો વિભાગ (૩) મધ્ય ગુજરાતનાં મેદાનોનો ત્રીજો વિભાગ (૪) ગુજરાતનાં લાંબા દરિયાકાંઠાનો ચોથો વિભાગ. (૫) ઉત્તર ગુજરાતનો પાંચમો વિભાગ તથા છઠ્ઠો અને છેલ્લો વિભાગ તે (૬) કચ્છનો સૂકો રણપ્રદેશ. આ દરેક વિભાગમાં વિશિષ્ટ પક્ષીઓ વસે છે. બીજુ આખા ગુજરાતમાં એક જ જાતિ અથવા યોની ( Species ) નાં સંખ્યાબંધ પક્ષીઓ જોવા મળે છે.

આ સિવાય એ જ ગ્રંથમાં વડોદરાની મ. સ. યુનિવર્સિટીના પ્રાણીશાસ્ત્ર વિભાગના અધ્યક્ષ ડો. જોન સી. જ્યોર્જ ગુજરાતનાં પશુ–પક્ષી ઉપર નોંધ લખતાં જણાવે છે કે આ પ્રદેશમાં (ગુજરાતમાં) પક્ષીઓની ગણી ગાંઠી જાતો વિશિષ્ટ છે ભારતના અન્ય ભાગોમાં દેખાતાં સામાન્ય પક્ષીઓ અહીં પણ મળી આવે છે. દા.ત. કાગડો, સાતભાઈ, બુલબુલ, દયડ, પીલક કાળો કોશી, કાબર, સુગરી ચકલી, અબાબીલ, શક્કર ખોર, લક્કડખોદ કોયલ, કલકલિયો, ઘુવડ, ગીધ, કબુતર, કપીંજર, તેતર, સારસ, ખંજન, બતક, બગલાં વગેરે.

પક્ષીઓના શાસ્ત્ર વિષેનું જ્ઞાન આજે માનવ ઉત્કર્ષની દૃષ્ટિએ ખૂબ જ મહત્ત્વનું મનાવા લાગ્યું છે. કારણ કે ભારત ખેતી પ્રધાન દેશ છે. તેથી ખેતી વિષયક જ્ઞાનના એક ભાગ તરીકે ખેતીવાડી કોલેજમાં Poultry Farming એટલે મરઘાં–બતકાંનો ઉછેર, તેનો ખોરાક, તેની સંભાળ વગેરે બધી રીતે તે વિષય ઉપર સમજાવવામાં આવે છે ને શીખવવામાં આવે છે. એટલે તેમાં પક્ષીઓ વિષેનું જ્ઞાન ઘણું ઉપયોગી થાય. આપણી ભારતની યુનિવર્સિટીઓમાં Zoology પ્રાણીશાસ્ત્ર વિભાગમાં મુખ્યત્વે Eutoniology એટલે કે જીવડાં અંગેનું શાસ્ત્ર અને મત્સ્યશાસ્ત્ર **Fisheries** ઉપર શીખવવામાં આવે છે. કારણ કે તે શાસ્ત્રની આપણા જીવનમાં તાત્કાલિક અને વ્યવહારિક ઉપયોગિતા છે જ્યારે પક્ષીશાસ્ત્રના અભ્યાસ માટે તેવું નથી.

ભારતનાં કે ગુજરાતનાં પક્ષીઓ વિષે જે કાંઈ આજે નોંધાયું છે તેમાં મુખ્યત્વે ભારતમાં રહી ગયેલા અંગ્રેજોએ તેમના અંગત શોખને કારણે લખ્યું છે ને લખતા ગયા છે. ભારતમાં આજે ભારતનાં પક્ષીઓ વિશે વૈજ્ઞાનિક પદ્ધતિથી કે સામાન્ય વાચકને સમજણ પડે તે દષ્ટિથી લખનાર લેખકોનાં નામો તો આંગળીને વેઢે ગણી શકાય તેટલા જ ફક્ત છે. તેથી હવે "સૌરાષ્ટ્રની અસ્મિતા" નામના સંદર્ભગ્રન્થમાં જે પક્ષીઓની નોંધ આપી છે તે બધાં પક્ષીઓની નોંધ આ ગ્રન્થમાં ફરી આપવાની જરૂર નથી એટલે તે બધાં પક્ષીઓ સિવાયનાં બીજાં અને જે અગત્યનાં ખાસ ખાસ પક્ષીઓ છે કે જેને સામાન્ય રીતે ઘણાખરા ઓળખતા હોય છે તેવાં પક્ષીઓની તથા તે સિવાયનાં કેટલાંક બીજાં વિશિષ્ટ ગણાતાં પક્ષીઓની નોંધ આ ગ્રંથમાં આપવામાં આવી છે. તો આશા રાખું છું કે પક્ષીઓમાં રસ લેતા દરેક શોખીનને આ નોંધ વાંચ્યા પછી તે વિષે વધારે જાણવાની જો ઉત્કંઠા થાય તો મારો આ પ્રયાસ યથાર્થ થાય.

" ગુજરાતનું પક્ષી જગત " એની ઉપર જ્યારે કાંઇ લખવાનું હોય ત્યારે સૌરાષ્ટ્ર–કચ્છમાં જોવામાં આવતાં કે વસવાટ કરતાં પક્ષીઓ તો જરૂર આવી જ જાય કારણ કે ગુજરાત એટલે સૌરાષ્ટ્ર–કચ્છ અને તે સિવાયનો ગુજરાતનો બાકી રહેતો–ભૌગોલિક ભાગ–એટલે તે તે વિભાગમાં વસનારાં કે બહારથી આવનારાં પક્ષીઓનો સમાવેશ થઇ જાય. એટલે " સૌરાષ્ટ્રની અસ્મિતા "માં " સૌરાષ્ટ્રનું પક્ષી જગત " એ શીર્ષક નીચે જે એક નોંધ આવી છે તે પર અહીં ફરીથી એક ઉડતી નજર કરી લઇએ—

તો પ્રથમ લઇએ—દરેકના ઘરમાં જે પક્ષીની હાજરીથી કંટાળી જવાય તે પક્ષી ચકલી.

**ચકલી**—આ પક્ષીને અંગ્રેજીમાં The House Sparrow કહે છે. તેનું શાસ્ત્રીય નામ છે Fasser domesticus eudicus. આ પક્ષીને કોઈ ઓળખતું હોય નહીં એવું બને જ નહીં. કારણ કે આ પક્ષી તો ચકોરાણો ને ચકીરાણી તરીકે બાળવાર્તામાં ગુંથાઇ ગયું છે. આ પક્ષીને હિન્દીમાં ગોરૈયા કહે છે. મનુષ્યના જીવનની સાથે સદાય જો કોઇ સાથે રહેનારાં હોય તો તે ત્રણ-બે પક્ષી અને એક પ્રાણી. અને તે ચકલી-કાગડો અને ઉંદર. આ ત્રણે મનુષ્યનાં જીવનની સાથે હમેશાં ભળી ગએલાં દેખાય છે. જ્યાં મનુષ્યનો વસવાટ ત્યાં આ ત્રણેનો વસવાટ હોવાનો જ. આ ચકલાંને ઘણીવાર ખેડુતોના દુશ્મન તરીકે ગણાવવામાં આવે છે. કારણ કે આ પક્ષીઓ ખેડૂતના દાણાંનો ઘણો જ બગાડ કરે છે. છતાં તેને અન્યાય ન થાય તે માટે આપણે કહેવું જોઇશે કે તેનાં બચ્ચાં ઉછેરવાના સમય દરમિયાન ખેડૂતના પાકને નુકશાન કરતી જીવાતો ને નુકશાન કરતાં જીવડાંઓને પોતાના બચ્ચાંને ખવડાવી તથા તેઓ પણ તેને ખાઇને ખેડૂતનાં પાકને એ બધાં જીવ–જીવડાંથી થતું નુકશાન અટકાવવાનાં કામમાં ઘણાં જ ઉપયોગી છે. તેથી આ પક્ષીઓ ખેતીને નુકશાન કરે છે તે કરતાં ઘણું જ, પાકને રક્ષણ આપવાના કામમાં મદદ કરે છે. ટુંકામાં ચકલાંઓને ખેડૂતનાં પાકનું નુકશાન જ કરતાં માનવાનું વ્યાજબી નથી.

કાગડો—આ પક્ષી પણ ઘર ઘરનું એટલુ જ પરિચિત પંખી છે. ભાગ્યે જ કોઈ બાળક આ પક્ષીથી અજાણ્યું હોય છે કારણ કે બાળવાર્તામાં કાગડા-કાબરની વાત તો મશહુર છે. આ પક્ષીને અંગ્રેજીમાં The Indian House Crow કહે છે. અને તેનું શાસ્ત્રીય નામ છે Corvus S. splendens. આ કાગડા માટે જેટલું લખીએ તેટલું ઓછું છે. કાગડો ચતુરાઈ તથા લુચ્ચાઇ માટે ખૂબ જ જાણીતો છે. છતાં તે બચ્ચાં આપવાની ઋતુમાં કોયલથી આબાદ છેતરાઇ જાય છે. તે માને છે કે તે પોતાનાં ઈંડા સેવે છે ને પોતાનાં બચ્ચાંને ખવરાવે છે જ્યારે વાસ્તવમાં તે કોયલનાં ઇંડા સેવે છે ને કોયલનાં બચ્ચાંને ખવરાવે છે. ઉપર જે બે પક્ષીઓ વિષે જણાવ્યું છે તે સિવાય પણ સૌરાષ્ટ્રનાં કહી શકાય તેવાં અને એટલા જ ઘર ઘરનાં જાણીતા થઇ ગયેલાં પક્ષીઓમાં કબૂતર, બંને જાતની કાબરો, પોપટ, તુર્ક, હોલાં, શમળી, કોયલ, બુલબુલ વગેરે પક્ષી આવી જાય છે. આ સિવાય પણ હજી બીજા સૌરાષ્ટ્રનાં કહી શકાય તેવાં પક્ષીઓ ઘણાં છે જેને આપણે ગુજરાતનાં પક્ષીઓ તરીકે ઓળખાવીએ તો તેમાં જરાય ખોટું નથી. દાખલા તરીકે શીરાજી કાબર, બગબાઇ, ગિરનારી કાગડો, દૈયડ, સુગરી, કાળી દેવ, લલેડાં, દરજીડો, કાળો કોશી, લક્કડખોદ, ટુકટુક અથવા કંસારો, કલકલિયો, મોર, નાનો પત્રીંગો, મોટો નીલકંઠ, દિવાળી ઘોડો, ખંજન, ટીટોડી સબજક વગેરે પક્ષીઓ ગુજરાતમાં ઘણીખરી જગ્યાએ દેખાય છે. એટલે આ સંદર્ભગ્રંથ માટે જે પક્ષીઓ વિષે નોંધ આપવાની છે તે એવાં પક્ષીઓની છે કે જેના વિષે ' સૌરાષ્ટ્રના પક્ષી જગત ' નામના લેખમાં કાંઇપણ ઉલ્લેખ કરાયો નથી.

હવે આપણે ગુજરાતમાં થતાં પાણીનાં, તળાવનાં પક્ષીઓ કે જેને સામાન્ય લોકો બગલાના અથવા બતકના નામથી ઓળખે છે–અને જેની ૬૨ જેટલી જુદી જુદી જાતો જોવામાં આવે છે, એટલે–તેમાંના કેટલાક ખાસ પાણીનાં પક્ષીઓની નોંધ અને ઓળખ કરવાની છે.

દા. ત. ગુજરાતમાં– અંગ્રેજીમાં જેને Flamingo કહેવામાં આવે છે અને જેને ગુજરાતીમાં બળો કે હુંજ કહેવામાં આવે છે તેવી જાતનાં બે–Flamingo જોવામાં આવે છે. અંગ્રેજીમાં જેને Goose કહેવામાં આવે છે એટલે કે Anser કુલ (Family)ના ત્રણ હંસ દેખાય છે. Eastern Grey Lag Goose (ગાજહંસ), The Bar Headed Goose (રાજહંસ) અને The white Fronted Goose (શ્વેતભાલ ગાજહંસ). અને Cfngus કુલનું એક પક્ષી જેને અંગ્રેજીમાં Swan કહે છે ને ગુજરાતીમાં દેવહંસ કહે છે તે થાય છે. ત્યારપછી Dendrocygna કુળની બે જાતની Teal જોવામાં આવે છે. The lesser whistling Teal અને The Larger Whistliug Teal જેને ગુજરાતીમાં નાની સીસોટી બતક અને મોટી સીસોટી બતક તરીકે ઓળખવામાં આવે છે Anas કુલની Teal નીચે પ્રમાણે જોવામાં આવે છે. The Common Teal નાની બતક The Bronze-Capped teal અથવા Falcatid Teal ચોટીલી લુહારબતક, The Garganey Teal અથવા Blue wenged Teal ચૈત્યા, ત્યાર પછી Nettapus કુળની Teal એક થાય છે જેને The Cotton Teal કહે છે. તેને ગુજરાતીમાં ગીરના કહે છે આમ Teal થી ઓળખાતાં છ જાતનાં પક્ષીઓ જોવા મળે છે.

અંગ્રેજીમાં જેને Pochard કહે છે –Axthya કુળની–ત્રણ ચાર જાતની પોચાર્ડ જોવામાં આવે છે. The Pochard or Dun-Bird લાલ શીર બતક, The Tuftid Pochard ચોટીલી કાબરી બતક, The white eyed pochard કારચીયા ધોળી આંખ અને એક Netta કુળની પોચાર્ડ The Red Crested Pochard લાલ ચાંચ બતક આમ ચાર જાતની પોચાર્ડ બતકો જોવામાં આવે છે. Tadorna કુળનાં બે જાતની Sheldrake બતકો The Brahming Duck અથવા The Ruddy Sheldrake અને The Sheldrake સુરખાલ અને સફેદ સુરખાલ. આ ઉપરાંત પણ બીજી જાતની બતકો જોવામાં આવે છે. દા. ત. The Marbled Duck ધોળી મુરઘાબી, The pintail શીંગપર. The spot bill or Grey Duck ટીલાવાળી બતક The Mallard નીલશીર, The Gad wall લુહાર બતક, The wigeon પીયાસણી બતક. આ બધી Anas કુળની બતકો છે. The Shoveller પગ્તી ચાંચ –આ બતક Spatula કુળની છે. Sarkidiornis કુળની The Nukta અથવા The Comb Duck નુકતા બતક છે.

Podiceps કુળમાં Grebe તરીકે ઓળખાતાં ત્રણ જાતનાં પક્ષીઓ દેખાય છે. The little Grebe or Dabchick' The Black necked Grebe and The Great Crested Grave. આ ત્રણેનાં ગુજરાતી નામો ડુબકી, શ્યામગ્રીવ ડુબકી અને ચોટીલી ડુબકી છે. Pelecanus કુળનાં Pleican તરીકે અંગ્રેજીમાં ઓળખાતાં ત્રણ જાતનાં પક્ષીઓ થાય છે The Rosy Pelican. The spotted billed pelican અને The Dalmatian pelican. જેને ગુજરાતીમાં ગુલાબી પેંણ. ટીપકીદાર ચાંચવાળી પેંણ અને ચોટીલી પેંણ કહે છે. ત્યારપછી Phalacrocorax કુળનાં, અંગ્રેજીમાં જેને Cormorant પક્ષી કહે છે તેવાં બે જાતનાં પક્ષીઓ દેખાય છે. The large Indian cormorant અને The little cormorant. આ બંનેને ગુજરાતીમાં મોટો જળ કાગડો અને નાનો જળ કાગડો કહે છે. અંગ્રેજીમાં જેને Heron કહે છે તેવી જાતનાં પાંચ નીચે જણાવેલાં પક્ષીઓ થાય છે. The Purple Heron ( નડી ), The Grey Heron ( કબુત ). The pond Heron ( કાણી બગલી ), The Indian Reef Heron ( કાળું અથવા દરીયાઈ બગલું ). The Night Heron ( અવાક ) Biheru ત્રણ જાતની થાય છે. The little Green Bittern લીલી બગલી ), The yellow Bittern ( પીળી બગલી ), The Bittern ( પરદેશી પાન બગલી ). Egret તરીકે જાણીતાં ચાર જાતનાં પક્ષીઓ દેખાય છે: The Cattle Egret ( ઢોર બગલી ), The Large white Egrat ( મોટા સફેદ બગલો ), The Indian smaller Egret ( બુલા ), The little Egret ( કીલીચિયો ). આમાં cattle Egret Budulcus કુળનું ને બીજી બે Egret Egretta કુળની છે. આ ઉપરાંત ૭ જાતનાં stork પક્ષીઓ દેખાય છે. The paintee stock ( ઢોંક ), The open-billed stork ( ગુંગલા ), The Black stork ( કાળી ડુક ), The white stork ( ઉજળી ), The black stork ( કાળી ઢોંક ), The black necked stork ( બનારસ ). Adjutant બે જાતનાં જમાદાર ઢોંક The adjutant અને The smaller Adjutant નાનો જમાદાર ઢોંક. ત્રણ જાતનાં Ibis–The white Ibis સફેદ કાંકણસર, The Indian black Ibis કાળી કાંકણસર અને The Glossy Ibis પાન કાંકણસર Spoon bill ચમચો એક જાતનો. ઉપર મુજબ પાણીનાં પક્ષીઓની ટૂંક નોંધ કરીને હવે આપણે તેમાંના ખાસ ખાસ પક્ષીઓની વધારે વિગત જાણીએ.

The Flamingo:– આ પક્ષીને અંગ્રેજીમાં Flamingo કહે છે. તેનું શાસ્ત્રીય નામ Phoenicopterus ruber roseus છે. અને ગુજરાતી નામ છે બળો અથવા હુંજ. આજ પક્ષીને સુરપાળ પણ કહે છે ઉત્તરભારતમાં આ પક્ષીને રાજહંસ અથવા બગહંસ કહે છે. જુનાગઢ, વેરાવળ, પોરબંદર બાજુ એટલે કે સોરઠના દરિયાકાંઠા તરફના પ્રદેશમાં આ જ પક્ષીને " ઠાકોરજીના જાનૈયા " તરીકે ઓળખવામાં આવે છે. આ પક્ષી દેખાવમાં બતક જેવું દેખાય પણ તેની ડોક અને પગ સારસ પક્ષીની જેમ શરીરના પ્રમાણુ કરતાં જરા વધારે લાંબા લાગે. આ પક્ષીમાં જો કોઈ ખાસ પ્રકારની રચના જણાતી હોય તો તે તેની ચાંચમાં છે. આ પક્ષીનું કાયમનું નિવાસસ્થાન તો સ્પેન, આફ્રિકા, અરબસ્તાન, ઈરાન આદિ હોવાનું કહેવાય છે. આ પક્ષીનું જો કોઈને એક વિશાળ Flamingo city–ફ્લેમીંગોનું શહેર– જેવું હોય તો તેણે સૌરાષ્ટ્ર પાસેના કચ્છના દરિયાકાંઠે જવું જોઇએ. કારણકે ત્યાં આ પક્ષીઓ હજારોની સંખ્યામાં ભેગાં રહી કચ્છના દરિયાના છીછરા પાણીના વિશાળ પટની રેતીમાં ઈંડા મુકે છે. ભારતની એક માત્ર જગ્યા–કચ્છમાં આ ફ્લેમીંગો બચ્ચાં આપે છે. તેની પ્રથમ શોધ કરવાનું માન ભૂતપૂર્વ કચ્છ રાજ્યના નામદાર મહારાવ શ્રી ખેંગારજીના ફાળે જાય છે. આ પક્ષીઓની માળો બાંધવાની ઋતુ ( Nesting Season ) જુલાઈથી નવેંબર હોય છે તે એક કે બે સફેદ લાંબા જેવાં ઈંડા મૂકે છે આ પક્ષીઓ અંગે બીજી વિચિત્રતા એ છે કે તેનાં બચ્ચાં જન્મે કે તરત જ એકાદ કલાકમાં જ દોડવા માંડે છે. મુંબઈની નેચરલ હિસ્ટરી સોસાયટીના મૃત પક્ષીઓનાં સંગ્રહસ્થાનમાં આ પક્ષીઓ માટેનું જે કાચનું કેઇસ બનાવવામાં આવ્યું છે તે–જેઓ આ પક્ષીને કચ્છમાં જઈ તે કે તેનાં માળા કંઈ જ ન જોઈ શકે તેઓને માટે અભ્યાસ કરવા અંગે જરૂર જોવા જેવું છે.

**સારસ** :–આ પક્ષીને અંગ્રેજીમાં The Indian Sarus Crane કહે છે અને તેનું શાસ્ત્રીય નામ Grus autigone છે. કદમાં આ પક્ષી ગીધ કરતાં મોટું અને તેની ઉંચાઈ માણસની ઉંચાઈ જેટલી હોય છે. જ્યારે તે સીધું ઊભું હોય ત્યારે તેને ઓળખવામાં મુશ્કેલી પડે તેવું નથી. આ પક્ષીનાં નર અને માદાનાં રંગ સરખા હોય છે. તેના પગ રાતા, લાંબા અને ખુલ્લી ચામડીવાળા હોય છે. ગરદન અને માથુ પણ ખુલ્લું ચામડીવાળું અને રાતું હોય છે. સામાન્ય રીતે નર–માદાની જોડી સાથે જ ચરતાં જણાય છે. આ પક્ષીઓ ઉત્તર તથા મધ્યભારતમાં, ગુજરાત અને પશ્ચિમ આસામમાં સ્થાનિક વસનારાં છે. આ પક્ષીઓનાં નર અને માદા જીવનભર સાથી તરીકે રહે છે. એટલે જ્યારે તેમની જોડી

બંધાય છે ત્યારે તે જોડી જીવનના અંત સુધી એકની એકજ હોય છે. સારસ સૌરાષ્ટ્રમાં અને ખાસ કરીને ગુજરાતમાં ખૂબ જ જાણીતું પક્ષી છે. કચ્છમાં તેની વસ્તી ઘણી જ ઓછી છે. પાણીવાળા અને ખેતરાળ પ્રદેશને આ પક્ષી સામાન્ય રીતે વધારે પસંદ કરે છે. એટલે જંગલ કે વગડામાં આ પક્ષી જોવા નહીં મળે. તળાવડી, નદી કાંઠે કે ઝીલ પ્રદેશમાં આ સારસ પક્ષીની જોડી અથવા જો તેનાં બચ્ચાં પણ સાથે હોય તો તે બધાં સાથે જ ગૌરવપૂર્વક ખેતરમાં ચરતાં દેખાશે. અને ત્યારે જ આપણને સારસની ભવ્યતાનો ખ્યાલ આવશે. આ પક્ષીઓ માટે કહેવાય છે કે જો એ પક્ષી—નર કે માદા—માંથી કોઇ એક મરી જાય તો બીજું પક્ષી તેની પાછળ ઝૂરી ઝૂરીને મરી જાય છે. આવી છે આ સારસ પક્ષીઓની એકબીજા તરફની મમતા અને વફાદારી. આ પક્ષીઓનો ખોરાક દાણા, વનસ્પતિ, દેડકાં, તીડ, કાકીડા, કરચલા અને સાપ સામાન્ય રીતે હોય છે. આ પક્ષીઓને બચ્ચાં આવવાની ઋતુનો સમય ઘણું ખરું જુલાઈથી ડીસેંબર મહિનાના ગાળા વચ્ચે હોય છે. સારસ સામાન્ય રીતે બે ઇંડા મૂકે છે. ઇંડાનો રંગ આછો લીલાશ પડતો અથવા સફેદ ગુલાબી ઝાંયવાળો હોય છે. કોઇવાર ભૂરાં કે જાંબુડા રંગના છાંટણા પણ હોય છે. ઇંડા સેવવાનું કામ મુખ્યત્વે તો માદા કરે છે છતાં નર પણ થોડુંક સેવવાનું કામ કરી લે છે. જો કે તેથી ખાસ કામગિરી તો માદા અને ઇંડાનું રક્ષણ અને ચોકી કરવાની છે. સારસનાં બચ્ચાંને જો તે ખૂબજ નાનાં હોય ત્યારથી તેને પાળીને ઉછેરવામાં આવે તો તે પાળેલાં કુતરા જેવાં આપણાં હેવાયાં થઇ શકે આવો એક સારસ ભાવનગરના પક્ષીપ્રેમી સ્વ. મહારાજા ભાવસિંહજીના ખાસ ટાયડા જમાદાર તરીકે ઓળખાઇને જાણીતા થયેલા સ્વ. હસન જમાદાર પાસે હતો. તે એવો હેવાયો થઈ ગયો હતો કે જ્યાં સુધી તેને પકડીને આંખો ન રાખે ત્યાં સુધી કોઇની તેની પાસે જવાની હિંમત થતી નહીં. ખેડૂતોએ અથવા વનવગડામાં રહેનારાઓએ સારસને બચ્ચેથી પાળી તેની પાસેથી Watch-dog તરીકે કામગિરી લેવાનો અખતરો કરી જોવા જેવો છે. આ પક્ષીઓ જ્યારે સંવનન કરતા હોય છે ત્યારે તેઓનું નૃત્ય જોવા જેવું હોય છે.

**કુંજ**—આ પક્ષીને અંગ્રેજીમાં The Eastern common crane કહે છે. તેનું શાસ્ત્રીય નામ Grus grus Lil Fordi છે. આ પક્ષી આપણે ત્યાં શિયાળામાં આવે છે. શહેરોમાં કે ગામડાઓમાં કોઇ એવો માણસ નહિ હોય જેણે કુંજડીઓનાં ટોળાં જોયા ન હોય. કાઠિયાવાડનાં લોકગીતોમાં તો તે બહુ જ જાણીતું અને રાસડામાં ઉલ્લેખાયેલું પક્ષી છે. દા. ત. નીચેની પંક્તિ—"કુંજલડી રે સંદેશો અમારો જઈ વાલમને કે જો જી રે." આ પંક્તિ કોણે નહીં સાંભળી હોય? લોકસાહિત્યમાં એવાં અનેક બીજા પંખીઓ છે જે સંદેશવાહકો બન્યાં છે. દા. ત. મોર અને પોપટ, કાગડો અને કોયલ પરંતુ આ ચારે ય પંખીઓ દેશનાં જ છે એટલે એમનું સંદેશવાહક તરીકેનું બહુ મહત્ત્વ નથી. પરંતુ મહત્ત્વ તો એવા સંદેશવાહક પંખીનું છે કે જે આખો સમુદ્ર ઓળંગીને આપણા ભારત દેશમાં ઉતરી આવતુ હોય. અને એવું દરિયા પારથી ઉડીને આવતું જો કોઇ સંદેશવાહક પંખી ભારતમાં આવતું હોય તો તે આ કુંજ પક્ષી છે. રખે કોઇ એમ માને કે આ કોઈ કવિની કલ્પના માત્ર છે. કારણ કે હકીકતમાં તો આ કુંજ પક્ષીઓ દક્ષિણ યુરોપ અને ઉત્તર તથા મધ્ય એશિયાનાં મૂળ વતની. પરંતુ શિયાળાની ઠંડી ઋતુમાં તેઓ આપણે ત્યાં થોડા મહિનાના મહેમાન તરીકે આવે છે. તેનું માથું, ડોક અને છાતીના લાંબા ઝૂલતા કાળા રંગના વાળ, એ કાળા રંગ વચ્ચે તેની આંખ પાસે સફેદ વાળનો ગુચ્છો હવામાં ફરકતો હોય છે. તેનાં શરીરનો રંગ આસમાની ભૂરો, પાંખના ઊડવાનાં પીંછાં લાંબા, ઝૂલતાં અને સફેદ રંગના - આંખો રાતી, પગ કાળા અને ચાંચના મૂળમાં લીલાશ, વચમાં પીળાશ અને તદ્દન છેડે ગુલાબી હોય છે. આ પક્ષીઓને સમી સાંજના આકાશમાં માથા પર કરરર......કરરર......ર અવાજ કરતાં, વિવિધ આકારો રચતાં, અનેકોની સંખ્યામાં ઉડતાં જોવા એ એક અદ્દભૂત દૃશ્ય અને અનેરો લ્હાવો છે. તેઓ જમીન પર પીળા કાબરા રંગના ઇંડા મૂકે છે. આ પક્ષીઓ તેમનાં ગર્ભાધાનકાળે બહુ જ ચિત્તાકર્ષક નૃત્ય કરતા હોવાનું કહેવાય છે. આ પક્ષીઓનો ખોરાક દાણા—ચણા ને માંડવી છે. એવું પણ નોંધાયું છે કે આ પક્ષીઓને લીલા મગની શીંગો તો એટલી બધી ભાવે છે કે તેઓ તેને દીઠી મૂકે નહીં. કયારેક નાની જીવાત અને જીવડાં પણ ખાય. દૂર દેશાવરથી ખોરાકને અભાવે આપણે ત્યાં મહેમાન તરીકે આવેલાં આ કુંજ પક્ષીઓને ખેતરોમાંથી ઉડાડી મૂકવામાં ખેડૂતો પાપ સમજે છે તેથી સવારના પહોરમાં કુંજડાઓ ખેતરમાં નિરાંતે દાણા ખાય છે. આમ જયારે માહ મહિનો આવે, ખેતરોમાંથી ઘઉં લણાઇ જાય ને લણતાં લણતાં જે દાણાઓ ખેતરમાં પડી રહે તે તે વીણી લીધા પછી હોળીનાં દિવસોમાં ઠંડી થઇ ગયેલી પાંખોને ઉષ્ણ કરી આ પક્ષીઓ માદરે વતન જવા રવાના થાય છે. મહેમાન થઈ આવેલાં કુંજડાઓ અરબી સમુદ્ર ઓળંગી ધીરે ધીરે પોતાને વતન જવા લાગે છે.

**ઘોરાડ**:— આ પક્ષીને અંગ્રેજીમાં Great Indian Bustard કહે છે અને તેનું શાસ્ત્રીય નામ Ardiotis nigriceps Vigors છે. સામાન્ય રીતે આ પક્ષી ગીધ પક્ષી કરતાં ઉંચું આશરે ત્રણ ફીટની ઉંચાઈવાળું હોય છે. આનો રંગ ગળા નીચેથી ડોકનો તથા છાતી અને પેટ સુધી સફેદ અને પીઠ ઉપર બ્રાઉન એટલે કે તમાકુના રંગ જેવો કથ્થાઇ હોય છે. તેને માથે કાળી ટોપી અથવા કલગી હોય છે પુખ્ત ઉંમરના પક્ષીની છાતી ઉપર એક કાળો પટો હોય છે. ચાંચનો રંગ પીળાશ પડતો ને છેડે જતાં કાળો હોય છે આ પક્ષીનું કદ જોતાં તેની ચાંચ ટૂંકી અને વધારે પહોળી હોય છે. જ્યારે આંખો પીળી અને કયારેક કથ્થાઇ ઝાંયવાળી. ઘોરાડ એકાંતપ્રીય પક્ષી હોઇને કાં તો એકલું કે નાના ટોળામાં અંદરના ચરણવાળા ભાગમાં ફરતાં દેખાય છે તે ખેતરોનાં પાકમાં કે કપાસના ખેતરોમાં પણ દેખાય છે છતાં હકીકતમાં ઉજ્જડ પથ્થરવાળી જમીનમાં તે સામાન્ય રીતે નજરે પડે છે. ઉત્તર સૌરાષ્ટ્રમાં ખાસ કરીને ધ્રાંગધ્રાંની આજુબાજુનાં પ્રદેશોમાં તે હોય છે જો તેને કનડવામાં ન આવે તો પોતાનાં ચરવા—રહેવાનાં સ્થળથી તે દુર જતાં નથી. શિયાળામાં આ પક્ષીઓ, ખોરાકની શોધમાં, તેમનું રહેણાક છોડીને બીજે જાય છે ખરાં, કેટલાક તો તેમની

ગર્ભાધાન ઋતુ વખતે ઘણે દૂર સુધી જાય છે. આ પક્ષીની સંખ્યા સૌરાષ્ટ્ર-ગુજરાતમાંથી દિવસે દિવસે ઘટતી જાય છે. બીજી મુશ્કેલી આ પક્ષીની એ છે કે તે ફક્ત એક જ ઈંડુ મૂકે છે. તેથી આ પક્ષીની, કાળે કરીને, હસ્તી નાબૂદ થઈ જાય તે પહેલાં તેને માટે કંઈક સંરક્ષણાત્મક પગલાં લેવાવાં જોઈએ. સામાન્ય રીતે તેઓની ગર્ભાધાન ઋતુ જુનથી ઓક્ટોબર હોય છે. પણ તેના વિષે કહેવાય છે કે આખું વર્ષ તેઓ ઈંડા મૂકતાં હોવાનું જણાયું છે. નર બહુપત્નીત્વમાં માનતો હોવાથી તેની સાથે બે કે તેથી વધારે માદા ફરતી જોવામાં આવે છે. આ પક્ષીઓની દૃષ્ટિ ખૂબ જ તીક્ષ્ણ હોય છે. પક્ષીઓનો ખોરાક ટીડડાં, મોટાં ટીડ, જીવડાં, નાનાં સાપ, ગરોળી, ઘાસ અને કેટલીક જાતનાં બીયાં છે. તે ફળો પણ ખાય છે.

**ચકવો ચકવી**–આ પક્ષીનું અંગ્રેજી નામ છે Indian Stohe curiew અને તેનું શાસ્ત્રીય નામ Burhinus oedicnemus indicus Salvadon છે. કદમાં આ પક્ષી તેતરથી જરા મોટું છે. તેના પીઠનાં પીંછાનો રંગ ગ્રે-બ્રાઉન જ્યારે નીચેનાં છાતીનાં પીછાં ઝાંખા સફેદ રંગના હોય છે. માથું તથા ગરદન-છાતી સુધી ખાખી બ્રાઉન રંગનાંને વચ્ચે વચ્ચે કાળા બ્રાઉન લીટાઓ. માથું પ્રમાણમાં જરા મોટું, આંખો સોનેરી પીળી, મોટી અને ગોળ. ચાંચ અણીવાળી–પીળી અને છેડે જતાં કાળી. પાંખ ઉપર આછા-સફેદ અને ગ્રેશબ્રાઉન લીટા જેનાથી તેઓ તત્કાળ ઓળખાય છે. પગો લાંબા અને પીળાથી ફીક્કા પીળા. સામાન્ય રીતે આ પક્ષીઓ નમતી સાંજે ચારો ચરવા બહાર આવે છે. અને રાતના પોતાનો ખોરાક મેળવે છે. સામાન્ય રીતે તેઓ જોડીમાં દેખાય છે અને પાંચ કે છ નાં ટોળાં પણ નજરે પડે છે. દિવસ દરમિયાન નિષ્ક્રિય રહે છે. તેઓની આંખ તીક્ષ્ણ છે જેથી સહેજ પણ ભય દેખાતાં તેઓ જમીન ઉપર તદ્દન સીધાં સૂઈ જાય છે. આ પક્ષીઓ સારાં દોડનારાં છે. અને આ પક્ષીઓ ગુજરાત, કચ્છ ને સૌરાષ્ટ્રમાં લગભગ બધી જગ્યાએ દેખાય છે. તેમની માળો બાંધવાની ઋતુ માર્ચથી ઓક્ટોબર હોય છે. ઘણાં ખરાં પક્ષીઓ ગરમ ઋતુમાં ઈંડા મૂકે છે. એટલે કે એપ્રિલથી જૂન સુધીમાં એ ઈંડા મૂકે છે. સેવવાનું કામ નર-માદા બંને કરે છે. તેમનો ખોરાક સામાન્ય રીતે દાણા ને જીવડાં હોય છે.

Eagle :— અંગ્રેજીમાં (Eagle) ઇગલ તરીકે ઓળખાતાં પક્ષીઓ અગિયાર જાતનાં જોવામાં આવે છે. જેવાં કે The Crested Eagle (મોરબાજ), Bonelli's Eagle (સાંસાગરજ), Booted Eagle (પરદેશી સાંસા ગરજ), The Imperial Eagle (શાહી ઝુમસ), The Indian Tawny Eagle (દેશી ઝુમસ), The Steppe Eagle (પરદેશી ઝુમસ), The Greater spotted Eagle (ટપકાંવાળો ઝુમસ), The Black Eagle (કાળો ઝુમસ), The white Billed See Eagle (દરિયાઈ ગરુડ), Palla's Fioring Eagle (પલ્લાસનો મચ્છીમાર ગરુડ), The Grey Headed Fishing Eagle (રાખોડી શિર મચ્છીમાર ગરુડ.)

Vulture—અંગ્રેજીમાં જેને વલચર (Vulture) કહે છે. તે છ જાતનાં જોવામાં આવે છે. The Black or King Vulture (રાજગીધ), The Cinereous vulture (ડાકુ ગીધ), The Fulvous Vulture (બદામીઅથવા પરદેશી ગીધ), The Long Billed Vulture (ભૂખરો ગીધ), The White Seavinger Vulture (સફેદ ગીધ અથવા ખેરો) અને The White Backek Vulture (ગીધ).

હવે ગુજરાતીમાં જેને શિકારી પક્ષીઓ એટલે કે જેને લોકો બાજ, શિકરો, ભેરી વગેરેના નામથી ઓળખે છે તેના વિષે જણાવું—પહેલાં લઇએ **શકરો**. આ પક્ષીને અંગ્રેજીમાં The Indian Shikra કહે છે. આ જાતનાં પક્ષીઓમાં એક વિચિત્રતા છે કે માદા હમેશાં નર કરતાં કદમાં મોટી હોય છે. અને બીજી વિચિત્રતા એ હોય છે કે માદા અને નરનાં જુદા જુદા નામો હોય છે. દા. ત. માદાનું નામ શકરો અને નર પક્ષીનું નામ **શીકરી** છે. ગુજરાતી વ્યાકરણકારોએ 'ઇ' પ્રત્યયથી નારી જાતિ સૂચવવાનું જણાવ્યું હોય પરંતુ દરેક શબ્દને છેડે 'ઇ' આવતાં તે શબ્દ નારી જાતિનો જ બને તેવું નથી. તે મુજબ શીકરી કેવી નહીં પણ શીકરી કેવો કહેવાનું. કારણ કે શીકરી એ માદા નથી પણ નર પક્ષી છે. એવું જ બીજું પક્ષી લઇએ **બેસરો** (માદા) આ પક્ષીના નરનું નામ છે **ધોતી.** આ પક્ષીને અંગ્રેજીમાં The Besra Hawk કહે છે. ગુજરાતી વ્યાકરણ પ્રમાણે ઓ પ્રત્યય નર જાતિ સૂચક છે છતાં બેસરો કેવો નહીં પણ બેસરો કેવી કહેવાનું. કારણ કે બેસરો તરીકે ઓળખાતું પક્ષી હકીકતમાં નર પક્ષી નથી પણ માદા પક્ષી છે. આ કુળમાં નીચે પ્રમાણે બીજા શિકારી પક્ષીઓ છે. ગુજરાતીમાં જેને **બાશા** (માદા) અને **બશીન** (નર) કહે છે તે પક્ષીઓ. અંગ્રેજીમાં આ પક્ષીને The Asiatic Sparrow Hawk કહે છે. અંગ્રેજીમાં જેને The Buzzard કહે છે એટલે જેને Upland Buzzard કહે છે. અને જેનું ગુજરાતી નામ છે હિમાલયનો **ટીસો.** આજ જાતનું બીજું પક્ષી છે. Long Legged Buzzard જેનું ગુજરાતી નામ છે **મેસમી ટીસો.** ત્રીજું આ જાતનું પક્ષી છે Crested Honey Bezzar જેનું ગુજરાતી નામ છે **મધીયો.** આ મધીયો ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ બધને આખા ભારતમાં દેખાય છે ત્યાર પછી અંગ્રેજીમાં જેને ફેકન (Falcon) કહે છે તેમાં બીજી બે જાતો આ પ્રમાણે છે- એક છે The Legger Falcon. આ પક્ષીની માદાને ગુજરાતીમાં **લગડ** અને નરને **જગડ** કહેવામાં આવે છે. બીજું શિકારી પક્ષી છે તે The Peregrine Falcon. આ પક્ષીની માદાને **ભેરી** અને નરને **ભેરીબચ્ચો** કહે છે. અને ત્રીજું પક્ષી છે The Red-Capped Falcon. ગુજરાતીમાં તેને **લાલ માથાની શાહીન** (માદા) અને **શાહીનચો** (નર) કહે છે. આ ઉપરાંત ગુજરાતીમાં જેને **તુરતી** (માદા) અને **ચટવો** (નર) કહે છે તે પક્ષી અંગ્રેજીમાં The Red Headed Merlinના નામથી ઓળખાય છે. પછી આવે છે The Hobby. આ પક્ષીનું ગુજરાતી નામ છે **ધોતી** (માદા) અને નરને **ધુનાર** કહે છે. આ પછી જેને અંગ્રેજીમાં Saker Falcon અથવા Cherrung કહે છે તે પક્ષી આવે છે. આ પક્ષીની માદા **ચરગ** અને નર **ચરગેલો** કહેવાય છે. આમાંનાં બધાં જ બાજ તરીકે ઓળખાતા પક્ષીઓ ગુજરાત-સૌરાષ્ટ્રનાં નથી. 'ગુજરાતનું પક્ષીજગત' એ શીર્ષક નીચે

આ ઉપર જણાવ્યાં તે પક્ષીઓમાંના બધાં જ પક્ષીઓને હકીકતમાં ગુજરાતના પક્ષીઓ તરીકે ઉલ્લેખ કરાય નહીં છતાં તે બધાં પક્ષીઓ વિષે જાણવું રસપ્રદ છે, પણ તે તો હવે એક જુદા સ્વતંત્ર લેખ દ્વારા.

તેતર તરીકે ઓળખાતું ને ભારતભરમાં જાણીતું પક્ષી લઇએ. એક તેતર તે **તલીયો તેતર.** જેનું અંગ્રેજી નામ છે Printed Partridge. વૈજ્ઞાનિક નામ છે Francorinus Pietus (Linnalus) અને બીજો તેતર તે Common Grey Partridge or Francolin જેને ગુજરાતીમાં ખડીયો તેતર કહે છે. આ બંને પક્ષીઓ કચ્છ, સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં દેખાય છે. એટલે કે ભારતના ઘણાખરા ભાગમાં તે દેખાય છે. તેતરની ત્રીજી જાત તે Black Partridge or Frahalin. તેનું વૈજ્ઞાનિક નામ Francolinus–francolinus–(Linnaeus). ખડિયો તેતર એ માંસાહારીઓ માટે ઉત્તમ ખાદ્ય છે. એવું કહેવાય છે કે આ ખડિયો તેતર પાણી વિના બહુ લાંબા વખત સુધી રહી શકે છે. આ પક્ષીને પકડવાની શિકારી રમત માટે બાજદારો–પોતાનાં બાજને આ તેતર પકડવા તેના ઉપર છોડે છે. શોખીનો આ પક્ષીને બીજાં કારણોસર પણ ઉછેરે છે–પાળે છે. એક તો એની બોલી માટે શોખીનો પાળે છે. બીજું તે કૂતરાની જેમ તેના પાળનાર શોખીનની પછવાડે પછવાડે દોડતું આવે છે. તેતર લડાઈ માટે પણ એટલું જ જાણીતું છે અને ઘણીવાર આ પક્ષી ઉપર મોટી હારજીત રમાય છે. ઉપર જણાવ્યો તે કાળા તેતરની બોલી માટે એવું કહેવાય છે કે એક રસ્તે જતા માણસે આ તેતરને બોલતાં સાંભળ્યું એટલે તેણે એક બીજા માણસને કહ્યું કે આ તેતર એમ કહે છે કે 'સુભાન તેરી કુદરત.' ત્યારે ત્યાંથી પસાર થતા બીજા કોઇકે કહ્યું કે–ના,ના એ તેતરે તો એમ કહ્યું કે 'લસણ, પ્યાજ અને અદરક.' ત્યારે ત્રીજાએ કહ્યું કે 'રામ, સીતા ને દશરથ.' ટુંકમાં મનુષ્યે પોતાનો જેવો ધંધો તેવી બોલી આ તેતર માટે બંધ બેસાડી છે.

હવે જે પક્ષીઓને ગુજરાતીમાં રાજાલાલ તરીકે ઓળખાવવામાં આવે છે તે લઇએ.

**રાજાલાલ**—આ પક્ષીનું કુળ Pericrocotus છે. અને એ કુળમાં ત્રણ જુદા જુદા રાજાલાલ આવે છે. આ પક્ષીઓને અંગ્રેજીમાં Minivet કહે છે. The orange Minivet–આ પક્ષીનું ગુજરાતી નામ છે કેસરિયો રાજાલાલ. ત્યાર પછી The Little Minivet તેને ગુજરાતીમાં રાજાલાલ કહે છે અને ત્રીજી જાત તે The White bellied Minivet જેને કાબરો રાજાલાલ કહે છે આ ત્રીજી જાતના રાજાલાલ માટે આર.એસ. શ્રી ધર્મકુમારસિંહજી પોતાના પુસ્તકમાં નોંધે છે કે સૌરાષ્ટ્રમાં પ્રથમવાર જસદણના શ્રી લવકુમાર ખાચરે તથા શ્રી શિવરાજ ખાચરે આ કાબરા રાજાલાલ પક્ષીની નોંધ કરી છે. જસદણમાં એ સ્થાનિક પક્ષી હોવાનું દેખાય છે. એક રાજાલાલ છે તે શ્રી ધર્મકુમારસિંહજીનો નાનો રાજાલાલ આ રાજાલાલ સંભવતઃ કચ્છ તથા પશ્ચિમ ભારત, દક્ષિણ રાજસ્થાન અને સૌરાષ્ટ્રનાં ઘણાખરા ભાગમાં દેખાય છે. તેનું અંગ્રેજી નામ છે-Dharmakumar's Small Minivet. આ પક્ષીઓના રંગ ઉડીને આંખે વળગે તેવા હોય છે.

**પીલક**—હવે બીજું સુંદર પક્ષી લેવાનું છે તે પીલક. આ પક્ષીઓનું કુળ Oriolus છે તેની બે જાતો થાય છે. એક જાતના પીલકને અંગ્રેજીમાં The Indian Golden Oriol કહે છે. તેનું શાસ્ત્રીય નામ Oridus Oriolus Kundoo છે. ગુજરાતીમાં માત્ર પીલક તરીકે જ તે ઓળખાય છે.

પીલકની બીજી જાત જેને ગુજરાતીમાં કાળામાથાનો પીલક કહે છે તે છે. અંગ્રેજીમાં તેને Black Headed Oriole કહે છે. તેનું શાસ્ત્રીય નામ Oriolus Xanthornus Linnalus છે. કદમાં બંને જાતના પીલક મેનાનાં કદ જેવડા હોય છે પીલકનો રંગ ચકચકીત સોનેરી પીળો, કાળી પાંખો, આંખ પાસે ટુંકી કાળી પટ્ટી અને પૂંછડી પીળો તથા કાળાં પીંછાવાળી. ચાંચ ગેરીથી ચકચકીત રાતી. આંખો લાલ ને પગ ભૂખરા રંગના. "ગોલ્ડન ઓરીઅલ" તરીકે ઓળખાતાં પીલકો સદાય લીલાં રહેતા ઝાડોમાં તથા વિશાળ વન જેવા બગીચાઓમાં દેખાય છે. જેને આપણે કાળા માથાનો પીલક કહીએ છીએ તે ઉપર જણાવી તે જાત કરતાં તદ્દન જુદી જાતનો Species (કુળ) નો છે. તેનું માથું ને પાંખો કાળાં હોય છે. આંખો રાતી અને પગ કાળાશ પડતા હોય છે.

**દૂધરાજ**— ગુજરાતીમાં આપણે જેને દૂધરજ કહીએ છીએ અને અંગ્રેજીમાં જેને Paradisi Fly–Catcher કહે છે તેનું શાસ્ત્રીય નામ Terpsiphone Pavadisi Paradisi છે. આ પક્ષીના નરનો રંગ સફેદ દૂધ જેવો અને માથું ડોક સુધી ચળકતા કાળા રંગનું, માથા પર કાળી કલગી. આમ તો આ પક્ષી કદમાં નાનું છે પણ તેની પૂંછડી લાંબી હોઇને તેની લંબાઈ મોટી જણાય છે. આ જાતનાં પક્ષીમાં નર તથા માદાના રંગ એટલા બધા તો જુદા છે કે કોઈ તેને બે જુદી જાતનાં પક્ષીઓ પણ માની બેસે. માદા અને બચ્ચાનો રંગ ઉપરથી-પીઠનો ચેઢીવટ અને પેટનો ભૂખરો સફેદ. નર પક્ષીને બે લાંબા સફેદ રીબન જેવાં પીછા હોય છે. માદાને તે નથી હોતા. નરપક્ષી જ્યારે તેનાં તે બે સફેદ રીબન જેવાં પીછા સાથે ઉડતો હોય છે ત્યારે જાણે હવામાં તરવાર વીંઝાતી હોય એવું જણાય છે. એટલે તેને તરવારીયો પણ કહે છે. તેની પાંખો ટુંકી ને ગોળાઇવાળી હોય છે. આ પક્ષી તેના ગર્ભાધાનકાળમાં મધુર ગીત ગાય છે. સદાય લીલાં રહેતાં ઝાડોમાં વસનારૂં આ પક્ષી બગીચાઓમાં, જંગલોમાં તથા ઝાડનાં ઝૂંડોમાં નજરે પડે છે. આ પક્ષીનો આહાર કેવળ જીવડાંઓનો છે. માખી તથા અન્ય ઝીણાં જીવડાં ખાનાર આ પક્ષીને તેથી તો Fly Catcher કહે છે. ફેબ્રુઆરીથી જુલાઇ તેની ઇંડા આપવાની ઋતુ છે. તે સામાન્ય રીતે ત્રણથી પાંચ ઇંડા મૂકે છે આ પક્ષીઓ ઘણાં શરમાળ છે અને તેથી તેમને વારંવાર જોવાં સહેલાં નથી. ખાસ કરીને આ પક્ષી આંબાના વનમાં અથવા પાણી નજીક હોય ને જ્યાં ઉંચા ઉંચા વૃક્ષો હોય ત્યાં જોવામાં આવે છે. આ પક્ષીઓ ખૂબ ચપળ હોય છે. ભારતમાં સામાન્ય રીતે બધી જગ્યાએ વસનારૂં અને સૌરાષ્ટ્રનું આ સ્થાનિક પક્ષી છે. ગિરના જંગલમાં તથા જૂનાગઢ પંથકમાં ઘણાં દૂધરાજ પક્ષીઓ જોવામાં આવે છે, જ્યાં તેઓ નિયમિત બચ્ચાંઓ આપતાં હોય છે. પૂર્વ અને દક્ષિણ સૌરાષ્ટ્રમાં તેઓ મોટી સંખ્યામાં દેખાય છે. આ પક્ષીને

# શ્રી નવકાર મહામંત્ર

## એક વિશ્વ આરાધ્ય–પ્રાર્થના

ૐ નમો અરિહંતાણં
ૐ નમો સિદ્ધાણં
ૐ નમો આયરિયાણં
ૐ નમો ઉવજ્ઝાયાણં
ૐ નમો લોએ સવ્વસાહૂણં

એસો પંચ નમુક્કારો, સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઈ મંગલં.

શાસ્ત્રસિદ્ધ વસ્તુ છે કે નાનો એવો પણ મંત્ર જો શ્રદ્ધાપૂર્વક ધ્યાનથી ગણવામાં આવે તો અનેક સીદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

મંત્રશીરોમણી નવકારમંત્ર શાશ્વતો ગણાય છે જેના ઉપર અનેક મહાપુરૂષોએ અસંખ્ય પુસ્તકો લખેલા છે અને તે એક વિશ્વ-આરાધ્ય મંત્ર છે તેમ હર્બર્ટ વોરન –ફીલોસોફર ઓફ લંડન. શ્રી જયદયાળ શર્મા પ્રોફેસર ઓફ ડુંગર કોલેજ બીકાનેર, શ્રી હરીસત્ય ભટ્ટાચાર્ય Ph. D ફીલોસોફર કલકત્તા, શ્રી જયન્તીલાલ દવે–પ્રોફેસર ઓફ શામળદાસ કોલેજ ભાવનગર, શ્રી ઘનશ્યામ જોષી–પ્રોફેસર ઓફ ખાલસા કોલેજ મુંબઈ, મુલ્લા અબ્દુલ તૈયબ રંગવાળા–મુંબઈ, પ્રોફેસર ગઢવી બી. ટી. કોલેજ ઓફ વડોદરા, શ્રી પ્રભાકરભાઈ બળવંતરાય મ્હેતા–મુંબઈ વીગેરે અનેક પ્રોફેસરો ફીલોસોફરોએ આ પ્રાર્થનાને વિશ્વ આરાધ્ય તરીકે બીરદાવેલ છે—મંત્રાક્ષરોમાં અનંતા અર્થ હોય છે પણ તેનો સામાન્ય અર્થ પણ પ્રભાવીત કરે છે.

(૧) ૐ નમો અરિહંતાણં—અરિ એટલે રાગદ્વેષ રૂપી આત્માને લાગેલા શત્રુઓ—તેનો જેઓએ નાશ કર્યો હોય તેવા કોઈ પણ મહાપુરૂષ હોય તેઓને મારા નમસ્કાર હો.

(૨) ૐ નમો સિદ્ધાણં—જે કોઈ મહાપુરૂષો આંતરિક બંધનો—કર્મનો નાશ કરીને નિરંજન-નિરાકાર મોક્ષ સુખને પામેલા છે તેવા પરમાત્માઓને વંદન હો.

(૩) ૐ નમો આયરિયાણં–ચક્ષુ આદિ પાંચે ઇંદ્રીયો ઉપર જેનો કાબુ છે, ક્રોધ–માન–માયા–લોભને જેણે વશ કર્યા છે, જેઓ બ્રહ્મચર્યના ધારણ અને અહિંસા સત્ય આદિ પંચ મહાવ્રતના પાલક એવા સદ્ગુરૂઓને અમારા વંદન હો.

(૪) ૐ નમો ઉવજ્ઝાયાણં–વ્યવહારિક કેળવણી સામાન્ય શિક્ષક આપી શકે પરંતુ આત્મા એ જડથી જુદો છે તેવા સ્વ–પર કલ્યાણસહ આધ્યાત્મિક જ્ઞાન આપનાર શિક્ષક–સમા મહાપુરૂષોને અમારા વંદન હો.

(૫) ૐ નમો લોએ સવ્વસાહૂણં–જેઓ સચ્ચારિત્રનું પાલન કરવા પૂર્વક પોતાનુ કલ્યાણ સાધી રહ્યા છે અને બીજાઓનુ પણ ઉપદેશ આપવા દ્વારા કલ્યાણ સાધી રહ્યા છે એવા આ લોકમાં વર્તતા સાધુ પુરૂષોને વંદન હો.

ઉપરની મહાન વ્યક્તિઓને કરેલા નમસ્કાર, નમસ્કાર કરનારના સર્વ પાપનો નાશ કરનાર છે. અને જગતમાં મંગળ કરવા વાળી સર્વ વસ્તુઓમાં શ્રેષ્ઠ મંગળ છે.

ઉપરના અર્થથી સ્પષ્ટ થાય છે કે શ્રી નવકાર મહામંત્રમાં, શ્રીરામ કે રહેમાન, શ્રીકૃષ્ણ કે શ્રી મહાવીર, શ્રી બુદ્ધ કે શ્રી ક્રાઇસ્ટ, શ્રી મહાદેવ કે શ્રી જરથોસ્ત, એવી કોઈ પણ વ્યક્તિના નામનો નિર્દેષ નથી અને દરેક પદ ગુણવાચક છે–એવા સર્વ ગુણો જે જે મહાપુરૂષોમાં હોય તેનો નિર્દેષ કરતી પ્રાર્થના કોઇપણ આત્મા માટે કલ્યાણકારી છે–શ્રી લુધીયાણા–અંબાલા–પંજાબની અનેક હાઇસ્કુલ અને કોલેજોમાં આ પ્રાર્થના નિત્ય બોલાવવામાં આવે છે. મુંબઈમાં શ્રી વડગાદી બાળમંદિર તેમ અનેક સંસ્થાઓમાં તથા શ્રી તળાજા શેઠ મ૦ પ્ર૦ ન૦ નવકાર મંત્ર ગર્લ્સ હાઈસ્કુલમાં બોલાવવામાં આવે છે. બાળકોમાં સુસંસ્કાર બાલ્યવયથી રેડવામાં આવે તો આલોક અને પરલોક બન્ને સુધરે તેવા આશયથી બીજી શૈક્ષણીક સંસ્થાઓ આ પ્રાર્થના ચાલુ કરે તેવી નમ્ર વિનંતિ–"શિવ મસ્તુ સર્વ જગત :"

કૃષ્ણનિવાસ, મુમ્બાદેવી, લિ.
મુંબઈ–૨. ખાંતિલાલ લાલચંદ શાહ

અંગ્રેજીમાં ' પેરેડાઇઝ-ફ્લાઈ-કેચર 'નું જે નામ આપવામાં આવ્યું છે તે તેનાં લાંબા પીંછા ને તેનો રંગ વગેરે જોતાં કોઇ પણ ને એમ જરૂર લાગે કે તે પક્ષી ખરેખર સ્વર્ગનું પક્ષી છે.

**હરેવા :**-હરેવા તરીકે ગુજરાતીમાં ઓળખાતાં પક્ષીઓની બે જાતો થાય છે. એક જાત તે જર્ડોનનો હરેવો જેને Jerdon's chloropsis કહે છે અને જેનું શાસ્ત્રીય નામ Chloropsis jerdoni Blyth કહે છે, તે. આ પક્ષી ભારતનાં ઘણાખરા ભાગમાં અને ગુજરાતમાં થાય છે. કચ્છમાં આ જાતના હરેવા દેખાતા નથી. આ હરેવા બે થી ત્રણ ઈંડા મૂકે છે. આ જાતના હરેવાનો રંગ માથાથી ગરદન સુધી- બીજી જાતના હરેવા કરતાં તદ્દન જુદા પ્રકારનો હોય છે. જર્ડોનના હરેવાની મૂછની લીટી જાંબુડિયા ભૂરા રંગની. આંખ પાસેનો, દાઢી પાસેનો અને ગળા પાસેનો રંગ કાળો હોય છે. કપાળ કાળા રંગનું જ્યારે આજુ-બાજુની પટ્ટી લીલાશ પડતી પીળી હોય છે. આ સિવાય આખા શરીરનો રંગ લીલો હોય છે. આંખ કથ્થાઈ, ચાંચ કાળી, પગ ભૂરા યા ઝાંખા સ્લેટિયા હોય છે. આ જાતના હરેવાની માદાનો રંગ ભુરાશ પડતો લીલો અને ગાલ ઉપરની લીટીઓ લીલાશ પડતા ભૂરા રંગની હોય છે.

હરેવાની બીજી જાતને The Gold Frontid Chloropsis કહે છે. તેનું વૈજ્ઞાનિક નામ Chloropsis aurifrous Temminick. આ જાતના હરેવાના કપાળનો રંગ સોનેરી-નારંગી, દાઢી-ગાલ અને ઉપલું ગળું ચળકતા જાંબુડીયા રંગનું, બાકીનું ગળું, કાન, આંખની આસપાસ અને પડખે તથા નાક સુધીની લીટી કાળા રંગની હોય છે. ખભા ભૂરા રંગના, પૂછડી નીચેનો ભાગ રાખોડી લીલો અને બાકીના શરીરનો રંગ ડાભના જેવો લીલો હોય છે. આંખ કથ્થાઇ, ચાંચ કાળી-અંદરથી ભૂરી. પગ લીલાશ પડતા રાખોડી રંગના હોય છે. પાળવા માટે આ પંખી -શોખીનોનું ખૂબ જાણીતું અને પ્રિય પક્ષી છે. કુદરતે આ પક્ષીને જેવો સુંદર રંગ આપ્યો છે તેવું જ સુંદર ગળું આપ્યું છે. ગાયક તરીકે જે પક્ષીઓ ગણાય છે તેમાં હરેવાનું સ્થાન આગળ પડતું છે. જુદા જુદા પક્ષીઓની બોલીનું અનુકરણ કરી-અવનવા સુર કાઢવામાં આ પક્ષી મોખરાનું સ્થાન ધરાવે છે. હરેવો કહેવત પ્રમાણે, જે પાળતો હોય તેનું લુણ ભલે ગમે તેટલો વખત ખાધું હોય, કે પછી ભલે ને બચ્ચું હોય ત્યારથી પાળ્યો હોય પણ જો ગફલતથી ય પાંજરામાંથી ઉડી ગયો તો પછી ભગવાનનો જ આશરો. આઝાદી પામેલો હરેવો ફરી પોતાના માલિક પાસે કદી પાછો ફરતો નથી. આવી નિમકહરામ છે હરેવાની જાત.

**ભીમરાજ.**—આપણે જે પક્ષીને ભીમરાજ તરીકે ઓળખીએ છીએ તેને અંગ્રેજીમાં Racket Tailed Drongo કહે છે અને તેનું શાસ્ત્રીય નામ Dicrurus Paradiseus છે. તેનું આખું શરીર ચળકતા કાળા રંગનું હોય છે. અને માથામાં કલગી જેવાં બે-ચાર પીંછાનો ગુચ્છો હોય છે પૂંછડી કાળી ને લાંબી હોય છે. અને તેની બંને બાજુએથી બાર તેર ઈંચ લાંબુ એક એક પીંછું 'મોરપીંછની આંખ'ના જેમ ફેલાઇ જાય છે. આંખો લાલ અને પગ કાળા હોય છે નર અને માદા રંગમાં એક સરખાં હોય છે. ભારતનાં ગાયક ( Songster ) પક્ષીઓમાં ભીમરાજનું સ્થાન પ્રથમ પંક્તિનું છે. તે ગીચ જંગલમાં રહેનારૂં પક્ષી છે. તેની બીજા પક્ષીઓની બોલીનું અનુકરણ કરવાની શક્તિ અદ્દભૂત છે. દક્ષિણ ગુજરાત તથા ભારતના ગીચ ઝાડવાળાં જંગલોમાં રહેનારૂં છે. તેનો ગર્ભાધાનકાળ ગરમીના મહિનાઓ તથા વર્ષાઋતુ છે. ભીમરાજનું સંવનન ખૂબ જ રસદાયી હોય છે. આ પક્ષીઓને સંવનન કરતાં નિહાળવા એ પણ એક લ્હાવો છે.

**ધોળા પેટનો કોશીટ :**— જેને ગુજરાતીમાં સફેદ પેટનો કોશીટ કહેવામાં આવે છે તેને અંગ્રેજીમાં The white Bellied Drongo કહેવામાં આવે છે. અને તેનું શાસ્ત્રીય નામ Dicrurus Calrulescens calruscens છે. તેનું કદ બુલબુલના જેવડું અને લાંબી પૂંછડી. સામાન્ય રીતે રંગમાં કાળા કોશીટ જેવો પણ તેના ઉપલા ભાગનો રંગ ભૂખરો-ભૂરો અને છાતીનો નીચેનો ભાગ-દૂમ સુધી સફેદ. છાતીનો ઉપરનો ભાગ ઝાંખાથી ઘેરો ભૂખરો. આ પક્ષી ઝાઝા વૃક્ષવાળા બગીચાઓમાં કે જંગલમાં રહેનારૂં છે. આ પક્ષી સૌરાષ્ટ્રમાં શિયાળામાં સ્થાનિક સ્થળાંતરી છે. આ સફેદ છાતીનો કોશીટ પણ સારૂં ગાયક પક્ષી છે. અને બીજા પક્ષીઓનું સરસ અનુકરણ કરે છે. કચ્છમાં આ કોશીટની જાત જોવામાં આવતી નથી.

**નવરંગ તથા હરિયો :**— ગુજરાતીમાં જેને આપણે નવરંગ કહીએ છીએ તેનું બીજું નામ છે હરિયો. આ પક્ષીને અંગ્રેજીમાં The Indian Pitta કહે છે. તેનું શાસ્ત્રીય નામ છે Pitta brachyura (Linn.) યથા નામઃ તથા ગુણઃ જેવું આ પક્ષીનું નામ છે તેવા તેના રૂપરંગ મનોહર છે. નવરંગ એટલે રંગની સરગમની સુરાવલિ. જો રંગોનું મિશ્રણ ધ્વનિ ઉત્પન્ન કરે તો આ નવરંગ જરૂર કોઇને કોઈ અપ્રચલિત સુરાવલિ દ્વારા એક અતિ અદ્દભૂત રાગની સજાવટ કરે. ભારતના અને ગુજરાતનાં ઘણાં ખરા ભાગોમાં આ પક્ષી નજરે પડે છે. નવરંગના માથા ઉપર ત્રણ કાળા રંગની પટ્ટીઓ છે, બે બંને આંખ પાસે અને એક તેના માથાનાં ઉપરનાં ભાગમાં હોય છે. ચાંચનો રંગ કાળાશ પડતો અને મૂળમાં રતાશ પડતો. પાંખો લીલા રંગની અને છેડે ભૂરા-લીલા લેસરવીંગ-કોવટર્સ. ઉપર છાતીથી પગ સુધી ખાખી પીળાશથી ચળકતો બદામી. પગ લાંબા અને ગુલાબી. આંખો મોટી અને ઘેરી તપખીરીયા રંગની. નવરંગ અતિ શરમાળ પક્ષી છે. અને તેથી આપણી દૃષ્ટિથી દૂર રહેવાનું પસંદ કરે છે. તે જંગલોમાં, ઘટાવાળા ઝાડોનાં બગીચામાં તથા ફળોનાં બગીચામાં કે જ્યાં નીચેના ભાગમાં ખૂબ જ ગીચ લીલી વનસ્પતિ ઉગી હોય ત્યાં-તેવા સ્થળોએ રહેનારૂં છે. આ પક્ષી એકલું વિહાર કરનારૂં અને સ્વભાવે કજીયાખોર છે. એપ્રિલથી જુલાઇ-ઓગષ્ટમાં તેઓ ગર્ભાધાનકાળમાં આવે છે. અને મે થી સપ્ટેમ્બર સુધીમાં તેઓ ઇંડા આપે છે. તે ચાર થી છ સફેદ-ગોળ ઇંડા મૂકે છે. ક્યારેક તે કાળા છાંટણાવાળા પણ હોય છે આ પક્ષી પર ઘણું લખી શકાય પણ આ લેખની કેટલીક મર્યાદા હોવાના કારણે અહીં વધારે વિગત આપવાનું શક્ય નથી.

**અધરંગ :**— આ પક્ષીને અંગ્રેજીમાં Tickell's Blue Fly catcher કહે છે. તેનું શાસ્ત્રીય નામ છે Niltava tickeliae

Blyth. નર અધરંગનો રંગ માથું અને ઉપરના ભાગથી પૂંછડી સુધી ઘેરો ભૂરો, આંખો ઉપર તથા પાંખો ચળકતી ભૂરી. નીચેનો ભાગ ગળાથી છાતી સુધીનો-ઝાંખો કેસરી–રાતો. પેટ અને પૂંછડી નીચેના પીંછા ધોળાશ પડતાં. ચાંચ અને પગ કાળાં. માદા અધરંગ નરના રંગથી ઝાંખા–આછા રંગની હોય છે. આ ખૂબસુરત પક્ષી છાંયાવાળા જંગલો, બગીચાઓ, પ્લાન્ટેશનોમાં–ફળવાડીઓમાં વસતાં હોય છે. બધી જાતનાં Fly catchers માખીમારો–માં આ પક્ષી ઘણું જ ચપળ છે અને નાનાં જીવડાં પાછળ ઝડપથી ઉડતું હોય છે અધરંગ પક્ષીનું ગીત આકર્ષક હોય છે. જે અને જેવાં સ્થળોમાં દૈયડ–The Mag-pie Robin વસવાટ કરે છે તે અને તેવાં જ સ્થળોએ આ અધરંગ પણ વસવાટ કરે છે. તેથી આ બંને પક્ષીઓને એકબીજાથી થોડે દૂર નિહાળવાં અસંભવિત નથી. આ પક્ષી બીજા પક્ષી જેટલું શરમાળ નથી. અધરંગનો મનગમતો વસવાટ નદી કાંઠે, વહેતાં ઝરણાં પાસે અથવા જ્યાં સદાય પુષ્કળ લીલી વનસ્પતિ કે ઘાડી નીચી લીલોતરી હોય તેવાં સૂકાં કોતરો આગળ હોય છે. સામાન્ય રીતે અધરંગનો નર એકલો જ નજરે પડે છે છતાં તે તેની માદાથી બહુ છેટે નથી હોતો. ખાસ કરીને તેની બચ્ચાં આપવાની ઋતુમાં. આ પક્ષી ગુજરાત સહિત ભારતનાં ઘણાંખરા ભાગોમાં દેખાય છે પરંતુ તેની હસ્તી કચ્છમાં નથી. સૌરાષ્ટ્રનાં સ્થાનિક સ્થળાંતરી પક્ષી હોવા છતાં કેટલાક ભાગમાં તે સ્થાયી વસવાટ કરે છે. શ્રી ધર્મકુમારસિંહજીના જણાવ્યા પ્રમાણે આ પક્ષી ગીરનાં જંગલમાં, જુનાગઢમાં, ગીરનાર પર્વત ઉપર, બરડાની ટેકરીઓમાં, પાલીતાણાના શત્રુંજય પર્વતની ખીણમાં બચ્ચાં આપે છે. આ પક્ષીની માળો બાંધવાની ઋતુ મે થી ઓગષ્ટ છે. તે ચારથી પાંચ ઈંડા મૂકે છે. ઇંડાનો રંગ બદામી તપખીરીયો અથવા પીળાશ પડતો તપખીરીયો હોય છે. કેટલાંક ઈંડા લીલી છાંયવાળા પીળાં હોય છે. જ્યાં પુષ્કળ મચ્છરો હોય છે તેવા ભાગમાં અધરંગ રહે છે. કારણ કે તે અત્યંત નાનાં જીવડાં ને જીવતનો આહાર કરે છે.

**શૌબીન્ગા** :— આ પક્ષીને આપણે નાનો પીલક કહીએ છીએ. તેને અંગ્રેજીમાં The common Iora (ધ કોમન આયોરા) કહીએ છીએ તેનું શાસ્ત્રીય નામ છે Aegithinia tiphia tiphia. કદમાં તે ચકલી જેવડું હોય છે. નર શૌબીન્ગાનો રંગ ચળકતો સોનેરી પીળો અને માથાપર કાળી ટોપી. બચ્ચાં આપવાની ઋતુમાં નર શૌબીન્ગાનો રંગ –કપાળ, તાળવું, પીઠ, પૂંછડી ઉપરનાં પીંછા અને પૂંછડી –કાળાં હોય છે કેડનો ભાગ લીલો, પાંખ કાળી અને બે સફેદ લીટાઓવાળી હોય છે. કાન માથાની બાજુ અને નીચેનાં તમામ પીંછાં પીળા રંગનાં હોય છે. પણ બાજુ અને દુમ ઉપર લીલાશ પડતી ઝાંય હોય છે. જ્યારે ગળે અને છાતી ઉપર સૌથી વધારે ચળકતો પીળો રંગ હોય છે. આંખ સફેદ–પીળી, ચાંચ સ્લેટિયા ભૂરા રંગની. પગ અને આંગળા ચાંચ જેવા રંગના હોય છે આ નાના પિલકને ફૂદીફૂજાસ પણ કહે છે. તેની માદાનો રંગ પીળાશ પડતો લીલો, પાંખ કાળીને બદલે કથ્થાઈ અને નીચેનો રંગ પીળો હોય છે. આ પક્ષી ભારતના ઘણાખરા ભાગોમાં અને સૌરાષ્ટ્રમાં બધી જગ્યાએ દેખાય છે. આ પક્ષીનું સંવનન વર્ષાઋતુમાં શરૂ થાય છે તેઓ એપ્રિલથી જુલાઈ સુધીના સમયમાં માળા બાંધતા હોય છે. તે પ્યાલાઘાટનો સુંદર માળો બાંધે છે ને તેમાં–અંદરની બાજુએ- ઘાસ પાથરે છે. અને બહારના ભાગને કરોળિયાના સુંવાળા જાળાંથી પ્લાસ્ટર કરે છે. તે બે થી ત્રણ ઈંડા મૂકે છે. જો કે આ પક્ષીને પક્ષીશોખીનો ગાયક પક્ષી તરીકે નથી ગણતા પણ તેની સીટી ખૂબ મીઠી ને મધુર હોય છે. આ પક્ષી જમીન ઉપર ઉતરતું નથી, તે ઝાડ ઉપર જ રહેનારું છે. જ્યાં લીલાં વૃક્ષોથી શોભતી વનશ્રી હોય છે ત્યાં આ પક્ષી વસે છે.

**ચિલોત્રો** :– આપણે જેને ગુજરાતીમાં ચિલોત્રો કહીએ છીએ તેને અંગ્રેજીમાં The common Grey Horn Bill કહે છે. તેનું શાસ્ત્રીય નામ છે. Tocksis birostris scopoli. આ પક્ષીનો રંગ રાખોડી ભૂખરો હોય છે. પાંખો નાની પણ પૂંછડી એક ફૂટથી જરા વધારે લાંબી, પહોળી, સખ્ત કઠોર ને કાળી ને તેના ઉપર ચપટો બેઠા ઘાટનો હાડકાનો લોચો નરની આંખોનો રંગ લાલાશ પડતો અને માદાની આંખોનો તપખીરીયો. ચાંચનો રંગ તપખીરીયો કાળો. તેની ચાંચ–જડબું - જેને અંગ્રેજીમાં Casqhe કારક કહે છે તેનો રંગ કાળો અને હાથીના દાંત જેવો સફેદ. આ પક્ષી ખીણોમાં ઉગતાં ઘટાવાળાં ઝાડોની સૌથી ઉંચામાં ઉંચી ડાળે બેસતાં હોય છે. ખાસ કરીને વડનાં તથા પિપળાના ઝાડ ઉપર તે બેસે છે. શિયાળામાં આ પક્ષીઓ દશ બારની સંખ્યામાં એક સાથે દેખાય છે અને એક ઝાડ ઉપરથી બીજા ઝાડ ઉપર એક હારમાં ઉડીને જતાં જોવામાં આવે છે. સ્વભાવે આ પક્ષીઓ શરમાળ હોઈને તેઓ એકાંત વધારે પસંદ કરે છે.

આ ચિલોત્રો તેની માળા બાંધવાની વિશિષ્ટ રીતથી જાણીતો છે નરચિલોત્રો તેની ઈંડા મૂકવાની ઋતુમાં –જ્યારે માદા ઈંડા મૂકવાની થાય ત્યારે –ઝાડના ઝૂંડમાં આવેલા એકાદા ઊંચા ઝાડમાં, એકાદી ઊંડી બખોલ શોધી કાઢી તેમાં બે યા ત્રણ સફેદ ઈંડા મૂકી જ્યારે માદા તેને સેવવા બેસે ત્યારે નર ચિલોત્રો તે બખોલનું કાણું છાણ, કાદવ અને તેની ચરક વગેરેથી છાંદીને -માત્ર પોતાની ચાંચ પેસી શકે એટલું જ કાણું બાકી રાખીને -માદા ચિલોત્રાને કેદીની જેવી અવસ્થામાં મૂકે છે અને પછી નર માળાના છીદ્રમાં ચાંચ પરોવી, જેટલો ખોરાક પોતાના નાના ગળામાં લઇ આવી શકે તેટલો લાવીને, માળામાં ચાંચ ઉઘાડી રાખીને બેઠેલી માદાને ખવરાવે છે. ઈંડામાંથી બચ્ચાં બહાર આવ્યા પછી તેને પણ નર આ જ રીતે ખવરાવે છે. આ પ્રમાણેનું ખવરાવવાનું બે મહિના સુધી ચાલે છે તેથી જ્યારે બચ્ચાં ઉડવા જેટલાં મોટાં થાય ત્યાં સુધીમાં નર બિચારો આ કામગિરી કરીને અધમૂઓ થઇ જાય છે એ પછી માળાના છીદ્રને ચાંચથી તોડી માદા તથા બચ્ચાંને બહાર કાઢે છે.

બીજું આ પક્ષી માટે એમ કહેવાય છે કે જો કોઈ સ્ત્રીને સુવારોગ થયો હોય તો તેને આ ચિલોત્રાનાં માંસનો સૂપ પીવરાવે તો તે રોગ મટી જાય છે આ હકીકત હોવાથી આ પક્ષીને પણ લોકો સારી સંખ્યામાં મારી નાખતાં હોય છે. એટલે આ પક્ષી પણ સૌરાષ્ટ્ર ગુજરાતમાંથી ધીરે ધીરે અદશ્ય થતું જાય છે. આની હસ્તી જ ન રહેવા પામે તેવી સ્થિતિ આવે તે પહેલાં આ પક્ષીને ગુજરાત સરકારે રક્ષણ આપવાની ખાસ જરૂર છે. ખુદ સૌરાષ્ટ્રમાં

ય આ પક્ષીની હસ્તી હોવાનું મનાતું નથી. શ્રી ધર્મકુમારસિંહજી તેમના પુસ્તકમાં નોંધે છે કે સૌરાષ્ટ્રમાં આ પક્ષીની જાત ગિરના ડુંગરી વન વિભાગમાં ૧૯૫૦ની સાલમાં નજરે દેખાઇ છે. આજે ઓગણીસ વર્ષ પછી ત્યાંની પરિસ્થિતિ શું હશે તેની કાંઇ જ ખબર નથી

**કનરો બુલબુલ :—** આ બુલબુલને ગુજરાતીમાં કનરો બુલબુલ કહે છે. તેનું અંગ્રેજી નામ છે White Eared Bulbul. તેનું શાસ્ત્રીય નામ છે Prgenonotus leucogenys lencotis golded. કદમાં સામાન્ય બુલબુલ જેટલું. આ બુલબુલને ગાલ ઉપર સફેદ ભાગ અને પૂંછડી નીચે આછો પીળો રંગ હોય છે. આ બુલબુલના માથા પર કલગી જેવું હકીકતમાં કાંઇ હોતું નથી પરંતુ માથા પર કાળા વાળના એક ગુચ્છા જેવું હોય છે. પીઠ ઉપરનો રંગ જાંબુડીઓ–ભૂખરા રંગનો. આ પક્ષીઓ બગીચામાં, જંગલમાં અને જ્યાં વનસ્પતિ ઉગી હોય તેવા દરિયા કાંઠાના ભાગમાં દેખાય છે. નર અને માદા બન્ને રંગનાં સરખાં હોય છે. આ પક્ષી ઠંડા હવામાનમાં રહેનારૂં છે. ભારતમાં તે સૌરાષ્ટ્ર–કચ્છ અને ગુજરાતમાં દેખાય છે. એપ્રિલથી ઓક્ટોબર એનો ઇંડા આપવાની ઋતુ છે. શ્રી ધર્મકુમારસિંહજી નોંધે છે કે પોરબંદર તથા માંગરોળમાં નિયમિત બચ્ચાં આપતાં જણાયા છે. માંગરોળમાં વિશેષ કરીને થોરનાં જંગલમાં તે ત્રણ ઇંડા મૂકે છે.

**સિપાહી બુલબુલ :—** આ પક્ષીને ગુજરાતીમાં સિપાહી બુલબુલ કહે છે. અંગ્રેજીમાં Redwhiskered Bulbul કહે છે. તેનું શાસ્ત્રીય નામ Pyenonotus Jocosus Linnaeus. આ બુલબુલ પણ કદમાં લાલદુમના બુલબુલ જેટલો છે. માથે અણીવાળા કાળા રંગની કલગી અને આંખના પાછળના ભાગમાં લાલ રંગનાં લંબ આકારના ડાઘ. પીઠનો રંગ–એટલે નીચેનો ભાગ સફેદ. લાલદુમ અને છાતીના ભાગ ઉપર કાળા રંગનો એક પટો હોય છે ઝાડના સૌથી ઉંચા ભાગ ઉપર બેસનારાં આ પક્ષીઓ છે. તેઓ જીવડાં અને ફળો ખાય છે. ઉત્તર-પશ્ચિમના સૂકા ભાગ સિવાય સમગ્ર ભારતમાં આ બુલબુલો દેખાય છે.

**સફેદ નેણનો બુલબુલ :—** જેને આપણે ગુજરાતીમાં સફેદ નેણનો બુલબુલ કહીએ છીએ તેને અંગ્રેજીમાં White Browed Bulbul કહે છે. તેનું શાસ્ત્રીય નામ છે Pycnonotus luteolus Lesson : કદ લાલદુમનાં બુલબુલ જેટલું. આ બુલબુલના ઉપરના ભાગનો રંગ ફીક્કો લીલાશ પડતો-બદામી. આને કલગી જેવું કાંઇ હોતું નથી. પરંતુ ભમરનો ભાગ તથા માથાનો ભાગ સફેદ, આંખો લાલ અને છાતી તથા તે પછીનો ભાગ ઝાંખો સફેદ, જેમાં લીલા રંગની ઝાંય હોય છે. તે વડના ટેટા તથા પીપળાની પેપડીઓ ખાય છે. કરોળિયા ને જીવડાં પણ તે ખાય છે. દક્ષિણ ગુજરાતથી વડોદરા સુધી તે દેખાય છે બે થી ત્રણ ઇંડા તે મૂકે છે.

**લલેડાં :-** જે પક્ષીઓને આપણે લેલાં કે લલેડાં તરીકે ગુજરાતીમાં ઓળખીએ છીએ તેની નીચે જણાવેલી જાતો થાય છે. ટપકાવાળું લલેડુ –The spotted Babbler, વાપી લેલું કે લલેડુ –The Deccan Scimitar Babbler, કરમદીનું લેલું–Small white Throated Babbler, ભારતીય પીળીપાંખનું લલેડુ જેને "ગુલાબ ચશ્મ" કહે છે તે –The western yellow eyed Babbler, મુંબઇનું લલેડુ –The Bombay Babbler, વન લલેડું– The Jungle Babbler, શેરડી– The common Babbler, The large grey Babbler લલેડુ અને સીટીમાર લલેડુ –The Bombay Quaker Babbler.

Zurdoides જાતિનાં ચાર જાતનાં લલેડાંઓ ગણાવી શકાય– પહેલી જાતિનું તે The Bombay Babbler– મુંબઇનું લલેડું, બીજી જાતિનું તે The jungle Babbler– વન લલેડું, ત્રીજી જાતિનું તે The common Babbler-શેરડી અને ચોથી જાતિનું તે The large grey Babbler– લલેડું. ટૂંકમાં, નવ જુદી જુદી જાતનાં લલેડાંઓ હોય છે.

લલેડાંની નવ જાતિઓમાં ટરડોઇડીસ જાતિનાં –Turdoides speciesનાં ફક્ત ચાર જ લલેડાં છે. જે નીચે પ્રમાણે છે :

| ગુજરાતી નામ | અંગ્રેજી નામ | વૈજ્ઞાનિક નામ |
|---|---|---|
| મુંબઇનું લલેડુ | The Bombay Babbles | Turdoides Somer Villie |
| વન લલેડુ | The jungle Babbler | Turdoides Somer Villie (sykes) |
| લલેડુ | The large Grey Babbler<br>Grey Babbler (ધર્મકુમારસિંહજીનું) | Turdoides Malcolm<br>(Sykes) |
| શેરડી | The common Babbler | Turdoides Caudatu Dumont. |

બાકીનાં પાંચ જાતનાં લલેડાં નીચે પ્રમાણે છે :–

| | | |
|---|---|---|
| ટપકાવાળું લલેડુ | The spotter Babbler | Pellorneum Vaficeps |
| વાપી લલેડુ | The Deccan Scimitar Babbler | Pomatornius Horsfieldi |
| કરમદીનું લલેડુ | The small white Babbler | Dumetia hyperythra albogularis |
| ગુલાબ ચશ્મ અથવા શ્રી ધર્મકુમારસિંહજીનું નામ<br>ભારતીય પીળીઆંખનું<br>શ્રી સલીમઅલીનું નામ | Indian yellow eyed Babbler<br>The western yellow eyed Babbler | Chrysomma<br>Slmuse hypo Leuea |
| સીટીમાર લલેડુ | The Bombay Queker Babbler | Alcippepoioee-phalabrucei. |

**ઘુવડ —** ઘુવડ તરીકે આપણે જે પક્ષીઓને જાણીએ છીએ તેને અંગ્રેજીમાં Owls કહે છે. આ Owls તરીકે ઓળખાતાં પક્ષીઓની કુલ નવ જાતિઓ–Species–થાય છે. તેમાં ubo જાતિનાં ત્રણ ઘુવડો થાય છે જે નીચે પ્રમાણે છે :–

ઘુવડ Great Horned owl Bubo Bubo Leengalensis.

રાડીયો ઘુવડ Dusky Horned owl Bubo Coromandus Coromandus.

માછીમાર ઘુવડ Browll Fish owl Bubo Zeylonesis gmelin.

Otus જાતિનાં ચાર ઘુવડો થાય છે જે નીચે જણાવ્યાં છે :-

ભારતી ચુગડ Indian Scops ow Otus Scops Linnalus.

લીટાવાળી ચુગડ Strialed Scops owl Ctus brueei Hame

પરદેશી ચુગડ Eastern Scops owl Otus Scops Pulchellus pennaus.

દેશી ચુગડ Collared Scops owl Otus Bakkamoela Pennant.

આ ઉપરાંત—

રેવી દેવી અથવા કરેલ arn owl Tyto alba Scopoli

રવાઇડું Short eared owl Asio flammeus flammeus pontopiddan.

ગિરનારી ઘુવડ Large Motiled wood owl Strix Oceliata grandis kollr.

અને ગુજરાતીમાં બાજઘુઘુ તરીકે જાણીતું The rown Hawk owl છે જેનું વૈજ્ઞાનિક નામ Ninox scutulata. છે તે થઇ ઘુવડની અગિયાર જાતો થઇ.

હવે આપણે એવાં પક્ષીઓની નોંધ કરીએ છીએ કે જે પક્ષીનાં સંગીત માટે આંગ્લ કવિઓએ અદ્‌ભુત કહી શકાય તેવાં કાવ્યો Poems અંગ્રેજી ભાષામાં આપ્યાં છે. P. B. shelly નું "To A SKYLARK" આવું એક ખ્યાતનામ અંગ્રેજી કાવ્ય છે. આ પક્ષીઓ બે જુદી જુદી જાતનાં આવે છે–એક આપણે જેને **ચંડુલ પક્ષી** તરીકે ઓળખીએ છીએ તે sykes Crested Lark જેનું વૈજ્ઞાનિક નામ Galerida deva sykes છે. આ ચંડુલ ખૂબ જ સુંદર ગાયક પક્ષી છે. ભારતનાં પક્ષી શોખીનોમાં આ પક્ષી તેની **અદ્‌ભુત** અનુકરણશક્તિ માટે ખૂબ જ જાણીતું છે–માનીતું છે. આ પક્ષી પર એક સ્વતંત્ર લેખ લખી શકાય તેટલી હકીકતો તેના **અંગેની** મળી આવે છે. ભારતનાં પક્ષી શોખીનોનું બીજું માનીતુ પક્ષી તે **અગનપખી** છે. તેને અંગ્રેજીમાં Singing Bush Lark કહે છે. તેનું શાસ્ત્રીય નામ છે Mirafra javanaica Horsfield. આ પક્ષી માટે પણ એક અલગ લેખ લખી શકાય તેટલી હકીકતો તેના અંગે નોંધાએલી છે. આ ઉપરાંત ભારતનાં પક્ષી શોખીનો જે બે પક્ષીઓ પાળે છે તે **ઘાવસ ચંડુલ** જેને અંગ્રેજીમાં Franklin's Crested Lark કહે છે તેનું શાસ્ત્રીય નામ છે–galerida cristata chandoola Franklin અને બીજું તે **જળઅગન** જેને અંગ્રેજીમાં The Small Skylark કહે છે તે, જેનું શાસ્ત્રીય નામ છે Alauda gulgula Franklin. આપણે જ્યારે ચંડુલ અને અગનની વાત કરીએ છીએ ત્યારે એક નવી જાતિનો **રેતલ ચંડુલ** જેની **સૌ** પ્રથમ શોધ **અને** જાણ આર. એસ. ધર્મકુમારસિંહજી **સાહેબે** કરી **અને** ભાવનગરના રેતલ ચંડુલની તદ્દન નવી જ જાતિ તરીકે શોધ કરીને પક્ષી શાસ્ત્રના અભ્યાસક્ષેત્રે અનન્ય માન મેળવી, આ ક્ષેત્રમાં, દેશ–વિદેશના ઉચ્ચકક્ષાના પક્ષી–નિષ્ણાતોમાં સ્થાન પ્રાપ્ત કર્યું છે તે બદલ તેમને ધન્યવાદ આપવા ઘટે. આ પક્ષીનું શાસ્ત્રીય નામ તેમના શોધક ઉપરથી પડ્યું છે– Calandrella Vatal Krishnakumarsinhji Vaurie and Dharmakumarsinhji. ચંડુલ અને તેનાં જેવાં બીજાં બાકી રહેલાં પક્ષીઓ નીચે પ્રમાણે છે-

| | | |
|---|---|---|
| કાઠીયાવાડી અગિયો અગન | The Red winged ush Lark | Mivafra erythtroptira siudiana |
| ભોં ચકલી | The Black Bellied Finch Lark Ashy-Crowned Finch Lark | Eremopterix grisea Scopoli. |
| ખેતરીયો | Rufus Tailed Finch Lark | Ammomanes Phoeniculus phoe |
| રણચંડુલ | Desert Lark The Hoopoe Lark or Large Desert Lark | Alaemon alaudipes dorial |
| પુલક | The yark and Short Toed Lark | Calandrell cimerea lougipenuis |
| સીંધુનો પુલક | The Indus Sand Lark | alandrella raytal adamsi |
| મલબારી નાનો ચંડુલ | The Malabar crested Lark | Galerida Malabarica |

ટૂંકમાં, ચંડુલ–અગન બંને જાતનાં થઇ અગિયારેક જાતનાં પક્ષીઓ દેખાય છે.

"ગુજરાતનું પક્ષીજગત" નોંધ પૂરી કરું તે પહેલાં એક, બે પક્ષીઓ વિષે જાણી, પછી આ નોંધ આપણે પૂરી કરીશું.

પ્રથમ લઇએ સુઘરી તરીકે જે પક્ષીઓ ગુજરાતમાં ખૂબ જાણીતાં છે તે પક્ષીઓ સુઘરી– સુ એટલે સુંદર અને ઘરી અર્થાત્ ઘરવાળી–સુંદર ઘરવાળું પક્ષી તે સુઘરી. એક વણકર જે ખૂબીથી કાપડનું વણાટકામ કરે તેવી જ ખૂબીથી પોતાના ઘાસના માળાનું કામ તે કરે છે તેથી તેનું અંગ્રેજી નામ The common weaver Bird છે. હિન્દીમાં તેને બૈયાં કહે છે. તેનું શાસ્ત્રીય નામ છે Ploceus Philippinus Linnaeus. આ પક્ષીની ત્રણ જુદી જુદી જાતો આપણે ત્યાં દેખાય છે. બીજી બે જાતોમાંની એક છે કાળાગળાની સુઘરી– The Block Throated weaverBird–જેનું શાસ્ત્રીય નામ છે ploceus benghalensis Linnacus અને બીજી જાતની સુઘરી તે લીટીવાળી સુઘરી –The streaked weaver Bird જેનું શાસ્ત્રીય નામ ploceus manger Horsfield. જે

પક્ષીઓ પાસેથી સરકસમાં કે અન્ય સ્થળે તાલિમ આપી કામ લેવામાં આવે છે તેમાં સુઘરીનું પણ સ્થાન છે.

આ પછી આવે છે દેશી શામો તેને The Blue Rock Thrush કહે છે. આ પક્ષીનું શાસ્ત્રીય નામ છે. Monticola Solitaria pandoo sykes. આને પાંડુ શામો પણ કહે છે. સ્વ. નેક નામદાર મહારાજા સાહેબ શ્રી ભાવસિંહજી બીજા આ પક્ષીના એટલા બધા શોખીન હતા કે જેટલા આ જાતના શામા શિયાળામાં આવતા તેટલા પકડી મગાવવામાં આવતા. આ શામો એક અદ્દભૂત સંગીતકાર –Songster– ગણાય છે. આ શામાની એક બીજી પણ જાત છે. તેને ગુજરાતીમાં ભૂરો માથાનો કસ્તુરો અથવા ભૂરા માથાનો દેશી શામો પણ કહે છે તેનું અંગ્રેજી નામ છે The Blue headed Rock Thrush અને તેનું શાસ્ત્રીય નામ છે Monticola Jularis cinclorhyncha vigors. ખ્યાતનામ ગાયક પક્ષી ગોરખપુરી શામાના નામથી જાણીતાં પક્ષી– The Shama–નું શાસ્ત્રીય નામ છે. copsychus macrourus malabaricus scopoli–

આ છે " ગુજરાતનું પક્ષી જગત " એટલે કે ગુજરાત રાજ્યમાં સ્થાનિક વસવાટ કરીને રહેલાં કે રહેતાં અને શિયાળાની ઋતુમાં આવી પહોંચતા કેટલાક ગણ્યાગાંઠ્યા પક્ષીઓની નોંધ. આ અંગે ઘણું સાહિત્ય ઉપલબ્ધ છે પરંતુ સ્થળ સંકોચને લીધે તે બધું જ અહીં રજુ કરી શકાય નહીં. આ નોંધ તૈયાર કરવામાં R. S. Dharmakumarsinhji નું પુસ્તક Birds of Saurashtra, ગુજરાત સંશોધન મંડળે પ્રસિદ્ધ કરેલું શ્રી સલીમઅલીનું The Birds of Gujarat અને The Book of Indian Birds ( પ્રસિદ્ધકર્તા –નેચરલ હીસ્ટરી સોસાયટી, મુંબઇ ) અમદાવાદ પ્રકૃતિ-મંડળના પ્રકૃતિનાં અંકો, સાહિત્યવર્ધક કાર્યાલય દ્વારા પ્રકાશિત થયેલું શ્રી વિજયગુપ્ત મૌર્યનું પ્રકૃતિનાં લાડકવાયા પંખીઓ અને કુમારમાં પ્રસિદ્ધ થયેલા શ્રી આચાર્ય (વનેચર)ની લેખમાળા વગેરેનો ઉપયોગ કરાયો છે જેનો હું અત્રે જાહેર આભાર માનું છું. કેટલીક સામગ્રી જે મેં અંગત રીતે સ્વ. મુ. કંચનકાકા પાસેથી મેળવી નોંધ રાખી હતી તેનો પણ અહીં ઉપયોગ કર્યો છે.

આ નોંધ વાંચ્યા પછી જો કોઇ ભાઈ–બહેન આ વિષયમાં રસ લેતાં થશે તો ય મારો પ્રયત્ન સાર્થક માનીશ. અસ્તુ.





# ગુજરાતની સામાજિક પ્રવૃત્તિઓ

—પુષ્પાબહેન મહેતા

ભારતનો છેલ્લા સૈકાનો ઇતિહાસ એટલો પલટાતો છે કે પ્રજાજીવન પર એની કેટલી, કઈ અને ક્યારે અસર થઈ એ વિચારવું પડે તેમ છે. ૧૮૫૭ સુધીનું ભારત જુદું હતું. અનેક આપત્તિમાંથી, આક્રમણોમાંથી અને અથડામણમાંથી રાષ્ટ્ર પસાર થઈ રહ્યું હતું. નબળી પડતી રાજ્ય સત્તા, પરસ્પરના ઝગડા અને યુદ્ધો, અવ્યવસ્થિત રાજ્યતંત્ર અને અનિશ્ચિત જીવનની અસર પ્રજાજીવન પર થઈ હતી. શિક્ષણ ઘટયું હતું, અંધશ્રદ્ધા અને અજ્ઞાને પ્રજાજીવનને ઘેરી લીધું હતું. સંસ્કારને બળે પ્રજા ટકી હતી પણ એની સંસ્કૃતિ પર આવરણ આવી રહ્યું હતું.

૧૮૫૭ પછી પરતંત્રતા આવી—પરરાજ્ય આવ્યું. પણ નવા રાજ્યે સ્થિરતા અને શાંતિ આપ્યાં. પરિણામે પ્રજાનો એક વર્ગ સજાગ થયો, શિક્ષિત થયો અને વિચારતો થયો. ભૂલાયેલી ભૂતકાળની સંસ્કૃતિ સજીવન થઈ અને સમાજ ક્યાં છે, કયું બળ ધ્યાન માગે છે, ક્યાં શું કરવું આવશ્યક છે એ વિચારે બળ પકડયું. યુદ્ધો, રાજ્યક્રાન્તિ અને રાજ્યપલટાની ઘેરી અસર પ્રજા જીવન ઉપર પડે છે. આ અસર વર્ષો સુધી રહે છે. કેટલીક પ્રણાલિકા અને આચારવિચારનું જન્મસ્થાન આવી અસર જ હોય છે. પ્રજાજીવન ઘણીવાર આવી અસરમાંથી યુગો સુધી મુક્ત થતું નથી

ઘણીવાર એવું પણ બને છે કે પ્રજાની શક્તિ આગળ ઊભી થયેલી અસરનાં પરિબળોને ખસેડવાની રહેતી નથી અને સામાન્યતઃ તો આ પરિબળોનાં બળને પણ પ્રજા ભૂલી ગઈ હોય છે. આ ઉપરાંત ઘણું સમજવા છતાં એ ભૂલવા—છોડવા માટે પ્રયત્નશીલ હોવા છતાં તેમાંથી નીકળી શકાય એવી શક્તિ અને વાતાવરણ હોતું નથી.

ગુજરાતના સામાજિક કામનો ઇતિહાસ જોતાં ગુજરાતનાં સમાજજીવનમાં આવાં ઘણાં પરિબળોએ ઘણાં માર્ગસૂચક વિધાનોનું નિર્માણ કર્યું છે, છેલ્લા સૈકાનો જ વિચાર કરીએ તો સમાજજીવનને જે જે પરિસ્થિતિ જોઈ એની ઘેરી અસર જનતા પર પડી છે. સમાજનું ઘડતર અને ચણતર બન્ને ઉપસ્થિત થતાં બળોને પરિણામે થાય છે.

૧૮૫૭ની રાજ્યક્રાંતિ પછીની પ્રજાજીવનની વિચારાધારા પલટાઇ. જૂનાં બળો, વિચારસરણી અને વ્યવહાર પર જુદી અસર થવા માંડી. સંકલ્પ–વિકલ્પ અને દ્વિધામાં સમાજજીવન અટવાયું. સમાજનો એક વર્ગ પશ્ચિમી વિચારસરણી ધરાવતો થયો. એક વર્ગ બન્ને બળોમાંથી કેવું લેવું, શું કરવું એ અનિશ્ચિતતામાં રહ્યો અને એક વર્ગ 'જૂનું એ જ સોનું' —એ દૃઢ નિર્ણય પર સ્થિર રહ્યો. પરિણામે સમષ્ટિનું સ્વરૂપ 'બહુ' વિચારસરણીને અનુસરતું રહ્યું. સમગ્ર સમાજની કલ્પના, માનસ અને ઘડતર ભિન્નભિન્ન થતાં સમાજમાં સંઘર્ષ વધ્યો, અસહિષ્ણુતા વધી અને એ અથડામણે સામાજિક પ્રશ્નો ઉપસ્થિત કર્યા.

સામાજિક ક્રાંતિની અસર પ્રજા પર પડવા માંડી. સતી થવાની પ્રથા કાયદાથી બંધ થઇ. ધાર્મિક ત્રાસમાંથી થોડી મુક્તિ મળી અને સામાજિક ક્ષેત્રે અનેક વિચારો પર ચર્ચા થવા માંડી. વિધવા વિવાહ કરી શકે, બાળલગ્ન એ અયોગ્ય પ્રથા છે, કન્યાવિક્રય, વરવિક્રય અને એવા અનેક પ્રશ્નો વિચારાતા થયા. લગ્નની વય વધવા માટેની વિચારધારા પણ વહેતી થઈ. કવિ નર્મદે વિધવાવિવહ માટે સ્પષ્ટતાપૂર્વક વિચારો રજૂ કર્યા. પરિણામે એને સમાજમાં ઘણું સહન કરવું પડયું. સામાજિક ઉત્થાનના સુધારાનો ઇતિહાસ લાંબો અને માહિતીપૂર્ણ છે.

ગુજરાતમાં અન્ય સુધારા સાથે સ્ત્રીઓની પરિસ્થિતિ સુધારવા, વિધવાઓ માનભર જીવી શકે એ વ્યવસ્થા કરવા તથા ફસાયેલી માતાઓ માટે આશ્રયસ્થાન અને અનાથાશ્રમો શરૂ થયાં. વિધવાઓ ભણીને સ્વાવલંબી થાય એ જરૂરી મનાયું., પરિણામે શ્રી શિવગૌરી અને નાનીબહેને વનિતા વિશ્રામની પ્રવૃત્તિ શરૂ કરી. એ રીતે સુરત, અમદાવાદ, મુંબઈ, રાજકોટ વગેરે સ્થળે સ્ત્રીઓને શિક્ષિત કરવા માટેની પ્રવૃત્તિ શરૂ થઇ. અમદાવાદનું મહિપતરામ રૂ. અનાથાશ્રમ સ્થપાયું અને એ સંસ્થાની સ્થાપના પછી સુરત, વડોદરા, રાજકોટ વગેરે સ્થળોએ અનાથાશ્રમો શરૂ થયાં. ઘણાં રાજ્યોમાં પણ આવી સંસ્થાઓ સ્થપાઇ હતી. એ રીતે સ્ત્રીઓ અને બાળકોની પ્રવૃત્તિ શરુ થઈ.

મધ્યમવર્ગની સ્ત્રીઓ માટે મહિલા મંડળો ઘણાં ગામોમાં શરૂ થયાં. ફુરસદ હોય ત્યારે સ્ત્રીઓ ત્યાં જાય. સીવણ, ભરત અને ધાર્મિક વાચન એની મુખ્ય પ્રવૃત્તિ હતી. વ્યવસ્થિત અભ્યાસક્રમ જેવું હતું નહિ પણ ઘણી સ્ત્રીઓ શીવણ શીખતી અને કુટુંબની આવકમાં પૂરક બનતી. આ પ્રવૃત્તિથી સંસ્કાર મળતા અને ઉદ્યોગ શીખી શકાતા. આ ઉપરાંત સ્ત્રીઓને હળવા મળવાનું મળતા કંઈક ઓળખાણ વધતી અને તેથી મુક્ત વાતાવરણ મળતું

પરંતુ ઘણીવાર આવાં મંડળોએ પૈસાવાળાં અને લાગવગ ધરાવતાનું મહત્ત્વ વધારતાં એવાં કુટુંબની સ્ત્રીઓ જ્યારે મીટીંગમાં આવતી ત્યારે કપડાં, દાગીના અને ભપકાથી મધ્યમ વર્ગની સ્ત્રીઓને પ્રભાવિત કરતી. આવાં જ કુટુંબની સ્ત્રીઓ પ્રમુખ અને મંત્રીઓ થતી. પરિણામે મધ્યમવર્ગની સ્ત્રીઓ માટે પ્રભાવિત થવું અને જે બને તે શીખવું એ જ પ્રવૃત્તિ રહેતી.

સ્ત્રીબોધ, સ્ત્રીજીવન અને સુંદરીસુબોધ જેવાં માસિકો પ્રસિદ્ધ થતાં જેમાં સ્ત્રીજીવનને સ્પર્શતા પ્રશ્નો આવતા અને ઘણીવાર ઉપયોગી માહિતી પણ આપવામાં આવતી.

ધીમે ધીમે સ્ત્રીશિક્ષણ વધતું હતું. સ્વ. મુ. વિદ્યાબહેન તથા મુ. શારદાબહેન પ્રથમ ગ્રેજ્યુએટ થયા પછી એ દિશામાં ઘણીએ પ્રગતિ કરી અને સ્ત્રી શિક્ષણ ઉચ્ચ કક્ષાએ પણ વધ્યું અને વિકસ્યું.

ધીમે ધીમે પ્રગતિ થતી હતી. કન્યાશાળાઓ વધતી હતી. સ્ત્રીઓ શિક્ષિકા, નર્સ અને કોઈક ડૉક્ટરનું શીખીને કામ કરતી હતી. પણ દરમિયાન ભારતભરના જીવનમાં નવો પલટો આવ્યો. પૂ. ગાંધીજીએ ભારતના રાજકારણમાં પ્રવેશ કર્યો અને એ પછીનો ઇતિહાસ એટલો ઝડપી અને એટલો વિવિધ છે કે એ ભવિષ્યના ઇતિહાસકારોને ઘડીભર વિચાર કરતા કરી મૂકશે.

રાજ્યક્રાંતિની અસર સમાજ જીવન પર થતી આવી છે. રાજ્યક્રાંતિ સર્જનાર–ક્રાંતિના સૂત્રધાર અને સર્જકની અસર માત્ર રાજકારણ પર નથી હોતી પણ સમગ્ર સમાજ જીવન પર હોય છે. એનું કથન આજ્ઞા જેવું હોય છે. અને સમગ્ર રાષ્ટ્ર–વ્યક્તિ અને સમષ્ટિ—એની અસર નીચે આવતાં યુગોના પ્રયત્નથી ન થયું હોય એ ટૂંક સમયમાં સહજ બને છે.

ગાંધીજીની ભારતના જીવન પર ઘેરી અસર પડી. સ્ત્રીઓની જે મર્યાદિત પ્રવૃત્તિ અને પ્રગતિ હતી એમાં સબળ પલટો આવ્યો. જાણે સમાજે કરવટ બદલી સ્ત્રીથી ઘર બહાર નીકળાય નહિ—એકલા જવાય નહિ, રક્ષિત હોવી જ જોઈએ એ માન્યતાઓ ડોલી ઊઠી. સ્ત્રીઓએ દારૂની દુકાનો પર પીકેટીંગ કર્યું. સરઘસમાં જઈને સરઘસ દોરીને માર ખાધો. જેલ ભોગવી અને પુરુષ–સમોવડી કાર્ય કરતી થઈ. અબળા મટીને એ વ્યક્તિ બની. ઘરની બહારની દુનિયા એણે જોઈ અને મર્યાદિત ક્ષેત્રમાંથી સ્ત્રી બહાર આવી.

માત્ર ગુજરાતની નહિ પણ ભારતભરની સ્ત્રીઓના વિકાસ અને સામાજિક કામમાં નવો યુગ બેઠો. જૂની પ્રથા ને પ્રણાલિકા બદલાયાં.

પણ સમાજ એ અતિ અદ્ભુત માનસ ધરાવનાર સમૂહ છે. રાજ્યક્રાંતિ કરનાર, રણ–મોરચે મૃત્યુના મોંમાં હોમાઈ જનાર અને વિદ્વાન કે શક્તિશાળી વ્યક્તિ પણ સમાજ જીવનમાં ક્રાંતિ લાવતાં અચકાય છે સમાજ માનસનું બળ, માન્યતાનું જોર અને ભીરુતા એટલાં ઊંડાં છે કે જીવનમાંથી એને ફગાવી દેવાનું બળ વ્યક્તિ કે સમષ્ટિમાં હજી જોઈએ તેટલું આવ્યું નથી. પરિણામે રાજ્યક્રાંતિ પછીની અસર સમાજ જીવન પર પડવી જોઈએ એટલી નથી પડી અને જે દૂષણો તથા અનિષ્ટો પ્રચલિત અને પ્રબળ હતાં એ થોડાં ઢીલાં પડ્યાં છે પણ નષ્ટ થયાં નથી.

સ્ત્રીઓને સમાન મતાધિકાર મળ્યો. જેનું ઘરમાં જ સ્થાન હોય એ સ્ત્રી રાજકારણમાં સમાન દરજ્જે આવી ઉચ્ચ સ્થાન પ્રાપ્ત કરતી થઈ. શિક્ષણ વધ્યું. સ્ત્રીઓ માટે કાર્યક્ષેત્ર વધ્યાં અને એકંદરે સમાજમાં સ્ત્રીનું સ્થાન સ્વીકારાયું. પણ સંસારમાં–વ્યાપક રીતે એનું સામાજિક સ્થાન હજી ઊંચું આવ્યું નથી. હજી લાજ કઢાવાય છે હજી વર–વિક્રય અને કન્યાવિક્રય થાય છે દહેજ ને વાંકડો લેવાય છે. સમાન અધિકાર ભોગવતી સ્ત્રીને ઘર બહાર ક્યારે કાઢી મૂકવામાં આવશે એ ચિંતાનો પ્રશ્ન છે.

૧૯૩૦ની લડત પછી ગુજરાતમાં જે સ્ત્રીઓએ સ્વાતંત્ર્ય–સંગ્રામમાં કાર્ય કર્યું હતું તેઓને કંઈક કરવાની મનોવૃત્તિ થઈ અને પૂ. ગાંધીજીના આશીર્વાદથી સ્ત્રીઓના પ્રશ્નો પરત્વે લક્ષ કેન્દ્રિત થયું.

સ્ત્રી એ વ્યક્તિ છે વ્યક્તિ તરીકે તેને બધા જ અધિકાર મળવા જોઈએ એ માગણી સ્ત્રીઓની હતી અને એ દૃષ્ટિએ સ્ત્રીને સ્વાવલંબી કરવા તેનામાં જાગૃતિ–શક્તિ લાવવા માટે ગુજરાતમાં કામ શરૂ થયું. જ્યોતિસંઘે ૧૯૩૪માં ઉપરના કથનાનુસાર કાર્ય આરંભ્યું. સમાજનો વિરોધ હતો છતાં કામ ચાલુ રહેતાં ધીમે ધીમે સૌને સંસ્થાની અગત્યતા સમજાઈ અને વિરોધ શમ્યો.

સ્ત્રીઓને રહેવા માટે, શિક્ષણ લઈ પગભર થવા માટે એવી સંસ્થાની જરૂર હતી જ્યાં સ્ત્રીનું વ્યક્તિત્વ વિકસે. એ દૃષ્ટિએ ૧૯૩૭માં અમદાવાદમાં વિકાસગૃહની શરૂઆત થઈ આ સંસ્થામાં માત્ર સ્ત્રીઓ જ નહિ પણ નિરાધાર અને અનાથ બાળકોને પણ સ્થાન હતું. બાળકો માટે પણ સ્પષ્ટ મંતવ્ય સંસ્થાને હતું કે 'બાળક એ રાજ્યનું–સમાજનું બાળક છે.' એ અનાથ નથી પણ રાષ્ટ્રની સંપત્તિ છે. શરૂઆતમાં આ સંસ્થા સામે પણ વિરોધ હતો. પરંતુ સંસ્થાની જરૂરીઆત સ્વીકારાઈ અને હળવદ, વઢવાણ, રાજકોટ, જામનગર તથા ભાવનગર અને અમરેલીમાં ૧૯૪૧થી ૧૯૫૫ સુધીમાં આવી સંસ્થાઓ શરૂ થઈ રેસક્યુ હોમ માત્ર રેસક્યુ ન કરે પણ શિક્ષણ અને સંસ્કાર આપી પગભર કરે એ માન્યતા સ્વીકૃત થતાં મુશ્કેલીમાં મૂકાયેલી સ્ત્રીઓ માટે ક્ષેત્ર ઉઘડ્યું મોટી સંખ્યામાં સ્ત્રીઓ અને બાળકો આવી સંસ્થાનો લાભ લે છે.

૧૯૪૫માં મુ. મોરારજીભાઈ તથા સ્વ મુ. દરબાર સાહેબે અનાથાશ્રમો પરત્વે નડિયાદમાં અધિવેશન બોલાવ્યું. અનાથાશ્રમોની કાર્યપદ્ધતિ સુધરે તથા બાળકોનો વિકાસ થાય એ દૃષ્ટિ હતી. આ પ્રવૃત્તિ સાથેસાથે ૧૯૪૫માં અમદાવાદમાં ગુજરાતની સંસ્થાઓનું એકીકરણ કરી મહિલામંડળો, અનાથાશ્રમો વગેરે પ્રવૃત્તિને વ્યવસ્થિત કરવા સંમેલન મળ્યાં આ સંમેલનની ફલશ્રુતિ એ સમસ્ત ગુજરાત સામાજિક સંસ્થા મધ્યસ્થ મંડળ. આ સંસ્થા દ્વારા મંડળોમાં વ્યવસ્થિત અભ્યાસક્રમો દાખલ થયા અને આજે સીવણ, ભરત તથા શાળાન્તના વર્ગો ગુજરાત રાજ્યનાં લગભગ ૪૦૦ મંડળોમાં ચાલે છે. ઘણાં મંડળો બાલમંદિર પણ સાથે સાથે ચલાવે છે.

શિક્ષણક્ષેત્રે સુરત વનિતા વિશ્રામ, વિકાસ કન્યા કેળવણીમંડળ નડિયાદ, વડોદરાની સંસ્થાઓ, કનોલ ભગિનીમંડળ વગેરેની પ્રવૃત્તિ ઘણી વિકસી છે અને અત્યારે સારું કામ થઈ રહ્યું છે.

વિકાસવિદ્યાલય વઢવાણ, કાન્તા સ્ત્રી વિકાસગૃહ રાજકોટ, કસ્તુરબા સ્ત્રી વિકાસગૃહ, શિશુમંગળ જૂનાગઢ વગેરે પણ આશ્રયગૃહ ઉપરાંત શૈક્ષણિકક્ષેત્રે કામ કરી રહ્યાં છે.

સામાજિક કામમાં સમાજકલ્યાણબોર્ડની પ્રવૃત્તિએ સારો સાથ આપ્યો. ગામડાંનું કામ અત્યાર સુધી ઉપેક્ષિત હતું એ કામ કરવા મહિલામંડળોને તક મળી અને એ રીતે દરેક જીલ્લામાં એથી ચાર સુધી પ્રોજેક્ટ શરૂ થતાં લગભગ ૫૦૦ ગામડાંમાં બાલ-મહિલાકેન્દ્રો શરૂ થયાં. ગામડાં માટે આ પ્રવૃત્તિ નવી હતી પણ એને સારો સહકાર અને વેગ મળ્યો. સૌથી વધુ તો સ્ત્રીઓને કામ કરવાની તક મળી અને ગ્રામસેવિકાઓમાં હિંમત અને આત્મ-વિશ્વાસ વધ્યો.

ગુજરાત રાજ્ય હસ્તક કેન્દ્રીય સમાજ-કલ્યાણ ખાતાની ગ્રાન્ટથી આશ્રમગૃહો તથા રાજ્યકક્ષાનાં ગૃહો સ્ત્રીઓ અને કુમારો માટે ચાલે છે આ ગૃહો આશ્રય આપે છે અને ઉદ્યોગ શીખવી તથા શિક્ષણ આપી પગભર કરે છે.

ગુજરાતની સ્ત્રીપ્રવૃત્તિના વિકાસમાં અંતરાયો ઘણા નડે છે પણ સમાજનો વિકાસ એમ જલદી થતો નથી. આત્મહત્યા, અપહરણ અને ખૂનની સંખ્યા પણ ઓછી નથી. સ્ત્રીઓને અનીતિના વ્યવસાય તરફ ખેંચવાના અથવા તેની નિરાધારીનો લાભ લઈ ફસાવવાના પણ બનાવો બને છે. છતાં સજાગ સામાજિક કાર્યકરો દ્વારા રક્ષણ અને રાહત મળે છે.

અન્ય રાજ્યો સાથે સરખાવતાં ગુજરાતની સામાજિક પ્રવૃત્તિ ઠીક વિકસી ગણાય. મહિલા મંડળો, આશ્રમગૃહો, અનાથાશ્રમો તથા શિક્ષણ-સંસ્થાઓ સારી સંખ્યામાં સમાજિક ઉત્થાનનું કામ કરી રહી છે આર્થિક ભીંસ દરેક સંસ્થાને હોય છે છતાં કામ ચાલુ રાખવા માટે આગ્રહી પણ છે

ગુજરાત રાજ્યમાં પહેલા સૌરાષ્ટ્ર રાજ્યે અને હમણાં બીજી ગુજરાત રાજ્યે આત્મહત્યા તપાસ સમિતિ પણ નીમી હતી. એ રીતે સમાજને સ્પર્શતા પ્રશ્નો પરત્વે રાજ્ય સંસ્થાઓ અને કાર્યકરો સજાગ છે અને કાયરત છે. ગુજરાતનું ભાવિ સામાજિક ક્ષેત્રે ઊજળું ભાસે છે.

(દિલ્હી ગુજરાતી સમાજના હીરકજયંતિ સ્મૃતિ ગ્રંથમાંથી સાભાર)



# ગુજરાતનો વન-વૈભવ

—શ્રી શ્રીનિવાસ વૈ. બક્ષી

## પૂર્વભૂમિકા

ગુજરાતનો જન્મ ૧૯૬૦માં થયો. ગુજરાત રાજ્યની પશ્ચિમે અરબી સમુદ્ર, ઉત્તરમાં રાજસ્થાનનું રાજ્ય, દક્ષિણ તરફ મધ્યપ્રદેશ ને છેક દક્ષિણના ભાગમાં મહારાષ્ટ્રનું રાજ્ય. ઉત્તર બાજુ પશ્ચિમ તરફ જતાં ગુજરાત અને પાકીસ્તાનની સરહદો મળે છે. ભૌગોલિક સ્થિતિ પ્રમાણે રાજ્યના બે ભાગ પાડી શકાય. (૧) દક્ષિણ ગુજરાતનો રસાળ પ્રદેશ (૨) પશ્ચિમનો કચ્છ–સૌરાષ્ટ્રનો સૂકો પ્રદેશ. દક્ષિણનો રસાળ પ્રદેશ સાબરમતી, નર્મદા અને તાપીના ઢાળ અને વહનથી બન્યો છે. આવો ઢાળ પૂર્વથી પશ્ચિમ બાજુ સાંકડો થતો જાય છે અને આ સાંકડો ભાગ ખંભાતના અખાત સુધી લંબાય છે. ઢાળવાળાં મેદાનોના દક્ષિણ–ભાગમાં પણ ડુંગરા અને ધારો આવે છે એટલે તે પ્રદેશ પણ અનિયમિત અને સાંકડો બને છે. આવા ડુંગરાને લઇ દક્ષિણભાગમાં પુષ્કળ વરસાદ પડે છે અને તેમાંથી અરબી સમુદ્રને મળનારી નાની–મોટી અનેક નદીઓ નીકળે છે સાતપૂડાના પહાડ ને ઘાટોથી નર્મદા અને તાપીનાં પાણી જુદાં પડે છે અને આપણું રાજ્ય ખાનદેશથી જુદું પડે છે.

## વિસ્તાર

ગુજરાત રાજ્યનો વિસ્તાર ૪,૮૭,૦૯૧ ચો. કી. મીટર છે અને વસ્તી લગભગ ૨૩૬ લાખની છે. સૌરાષ્ટ્ર કરતાં ગુજરાત (જુનાં) તરફ વિકસેલી ખેતી, વિકસેલાં કારખાનાં, મીલો અને ઘણાં ઉદ્યોગો હોવાથી તે બાજુ ગીચ વસ્તી છે. સૌરાષ્ટ્ર આ દષ્ટિએ પછાત છે. રાજ્યોનાં વિલીનીકરણ પહેલાં સૌરાષ્ટ્રમાં નાનાં–મોટા અનેક રાજ્યો હતાં અને તે વખતે સમગ્ર સૌરાષ્ટ્રને બદલે અલગ અલગ રાજ્યોની માલિકીના વિ. ખ્યાલોને લઈ સૌરાષ્ટ્ર પ્રમાણમાં ઓછું વિકસ્યું છે. ગુજરાત રાજ્ય ભારતના પશ્ચિમ કિનારે ૨૧°–૨૪° ઉત્તર અક્ષાંશ અને ૬૯°–૭૫° દક્ષિણ રેખાંશ પર આવેલું છે.

## ભૂપૃષ્ઠ

રાજ્યનો મોટા ભાગનો પ્રદેશ જ્વાળામુખી પર્વતોના ઢાળનો બનેલ છે. વચ્ચે વચ્ચે ડુંગરાળ પ્રદેશ ને ધારો પણ છે. ઉત્તર ગુજરાતની જમીન વધારે રસાળ અને કાળી, કાંપની–કપાસની જમીન છે. સૌરાષ્ટ્ર બાજુની જમીન ગુજરાત કરતાં કંઇક ઉતરતી છે.

## હવામાન

ગુજરાત રાજ્યમાં ત્રણ સ્પષ્ટ ઋતુઓ છે શિયાળો, ઉનાળો ને ચોમાસું. શિયાળામાં વધારે ઠંડી અને ઉનાળામાં વધારે ગરમીનું પ્રમાણ રહે છે. ઉત્તર ગુજરાતમાં અને ક્યાંક ક્યાંક સૌરાષ્ટ્ર–કચ્છમાં ખૂબ જ ઠંડી પડે છે. ઠંડીનું ઓછામાં ઓછું પ્રમાણ ૧૭ સેન્ટીગ્રેડથી માંડીને ઉનાળામાં વધારેમાં વધારે ગરમી ૪૭·૮ સેન્ટીગ્રેડ થાય છે. ચોમાસુ બહુ અનિયમિત છે. લગભગ જૂન–જુલાઇમાં ચોમાસુ શરૂ થાય છે પણ કેટલીક વાર તો આ મહિના પણ કોરા ધાકોર જાય છે. સૌરાષ્ટ્ર, કચ્છ અને ઉત્તર ગુજરાતમાં લગભગ દર ચોથે વર્ષે દુકાળ જેવી સ્થિતિ સર્જાય છે. દક્ષિણ ગુજરાતમાં વરસાદ સારો પડે છે. વરસાદનું પ્રમાણ વધારેમાં વધારે ૨૫૦૦ મીલી. (દક્ષિણ ગુજરાતમાં) અને ઓછામાં ઓછું (ઉત્તર ગુજરાતમાં) ૨૦૦ મીલી. જેટલું છે.

## કુદરતી વિભાગ

જંગલોની દૃષ્ટીથી ગુજરાતના કુલ ત્રણ વિભાગ પાડી શકાય. (૧) નર્મદાની દક્ષિણનો ભેજ ને વધુ વરસાદવાળો પ્રદેશ, (૨) નર્મદાથી સૌરાષ્ટ્ર સુધીનો ઓછી ભીનાશવાળો પ્રદેશ અને (૩) કચ્છ અને સૌરાષ્ટ્રનો લગભગ સૂકો પ્રદેશ.

ગુજરાતની ઉત્તરે સહ્યાદ્રી પર્વતની હારમાળા છે. અને તે વિસ્તારમાંથી ઘણાં જંગલો મળે છે. તેનાથી પણ ઉત્તરે સાતપૂડા પર્વતની હારમાળા છે તે તાપી અને નર્મદાના પાણીને છલબલતાં રાખે છે. ઉત્તરમાં સાતપૂડાના નાના–મોટા ડુંગરા, ધાર અને ઉચ્ચ જમીન છે. દક્ષિણમાં અરવલ્લીના ડુંગરાની હારમાળા પથરાયેલી છે. નર્મદા, તાપી અને મહી તથા સાબરમતીના કાયમી વહનથી ડુંગરાની હારમાળામાં ભોણ, બખોલ ને કોતરો છે. સૌરાષ્ટ્રનો પ્રદેશ ગુજરાત સાથે જમીનની એક સાંકડી પટ્ટીથી જોડાએલ છે. આ પ્રદેશમાં ગીર–ગીરનાર, બરડો, ચોટીલો, શેત્રુંજો વિ. નાના મોટા ડુંગર છે. કચ્છમાં પણ કેટલીક જગ્યાએ નાની નાની ટેકરીઓ છે. બાકી ઉચ્ચપ્રદેશને જમીન છે. તે સિવાયનો ઝાઝો ભાગ રણ પ્રદેશ છે.

## ગુજરાતનાં વન

અત્યારનું ગુજરાત રાજ્ય એટલે પહેલાંનાં ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છ. રાજ્યોનું વિલીનીકરણ થયા પહેલાં છૂટા છવાયા ઘણાં દેશી રાજ્યોમાં જંગલો હતાં પણ તેનો વહીવટ ભિન્ન ભિન્ન હતો. ગુજરાત રાજ્યનો જન્મ થતાં બધાં જંગલો એક સત્તા નીચે આવ્યાં અને ત્યારથી તેને વૈજ્ઞાનિક ઢબે સાચવવાનું, સુધારવાનું અને વધારવાનું શરૂ થયું. ભારતનાં બીજા ઘણાં રાજ્યોની માફક ગુજરાતમાં પણ જંગલનો વિસ્તાર ઘણો ઓછો છે. રાષ્ટ્રની જંગલની નીતિ પ્રમાણે તો કુલ જમીનના ૩૩ ટકા જંગલ હોવાં જરૂરી ગણાય પણ ગુજરાત રાજ્યમાં માત્ર ૯ ટકા જ જંગલો છે. અને આવાં જંગલો પણ

ભિન્ન ભિન્ન આબોહવાને કારણે જુદા જુદા પ્રકારનાં છે. જંગલની આમદાનીની દષ્ટિએ જોઈએ તો ગુજરાતનો નંબર છઠ્ઠો આવે છે. આપણાં જંગલનો કુલ વિસ્તાર ૧૮૭૦૯૧ ચો.કી. મીટર છે. જેમાંનો ૧૭૧૬૭ ચો.કી. મીટર રાજ્યના જંગલ-ખાતા હસ્તક અને બાકીનો ભાગ ખાનગી માલિકીનો છે ગુજરાત રાજ્યમાં ઝાઝા ભાગનાં જંગલો દક્ષિણ ગુજરાતમાં તથા સૌરાષ્ટ્રના ડુંગરાળ પ્રદેશમાં છે.

### જંગલના પ્રકાર

ગુજરાત રાજ્યના જંગલોના મુખ્ય ચાર વિભાગ પડે છે (૧) ભેજવાળાં જંગલો (૨) સુકાં પાનખરંતા જંગલો (૩) સુકાં ઝાડી-ઝાંખરાના જંગલો (૪) દરિયાકાંઠાના જંગલો.

(૧) ભેજવાળાં જંગલો (મોઈસ્ટ ડેસીડ્યુઅસ ફોરેસ્ટ)—આવાં જંગલો રાજ્યના દક્ષિણ ભાગમાં એટલે સુરત, વલસાડ અને ડાંગ જીલ્લામાં આવેલાં છે. ગુજરાતના ખજાના સમાન આ જંગલો પુષ્કળ અને સારી જાતનું ઈમારતી લાકડું પૂરૂં પાડે છે. ઊંચી જાતના સાગ અને બીજા અનેક ઇમારતી વૃક્ષો આ જંગલમાં થાય છે. જેમાં મુખ્ય નીચે મુજબનાં છે:

| અ.નં. | ગુજરાતીનામ | વૈજ્ઞાનિક નામ |
|---|---|---|
| ૧ | સાગ | ટીકોમા ગ્રાન્ડીસ |
| ૨ | હળદરવો | એડીના કોર્ડીફોલીયા |
| ૩ | કલમ | મીટ્રાગાઇના પાર્વીફોલિયા |
| ૪ | ખેર | એકેશીયા કેટેચુ |
| ૫ | સાજડ | ટરમીનાલીયા ટોમેન્ટોસા |
| ૬ | બીયો | ટેરોકારપસ મારસુપીયમ |
| ૭ | તનચ | યુજેનીયા યુજેનસીસ |
| ૮ | મોદડ | લીનીયા કોરમોન્ડેલીકા |
| ૯ | કાકડ | ગેરૂગા પીનાટા |
| ૧૦ | ધવડો | એનોજીસસ લેટીફોલિયા |
| ૧૧ | કુસુમ | ઝેલીમેરા ઓલીઓસા |
| ૧૨ | ભંડારો | લેજર સ્ટ્રોમીયા પાર્વીફોલિયા |
| ૧૩ | ધામન | ગ્રીવીયા ટેલીયેફોલિયા |
| ૧૪ | બેડા | ટરમીનાલિયા બેલારીકા |
| ૧૫ | નાના | લેજર સ્ટ્રેમીયા લેન્સોલેટા |
| ૧૬ | કલાઇ | અલબીઝીયા પ્રોસેરા |
| ૧૭ | શિરીષ | અલ્બીઝીયા લીબેક |
| ૧૮ | આસન | બ્રીડાલિયા લેટયુઆ |
| ૧૯ | ખાખરો | બ્યુટીયા મેસોસ્પમા |
| ૨૦ | પંગારો-કણુંજ | એરી થ્રીના ઇંડીકા |
| ૨૧ | પગાળી | ડેલબર્જીયા લેનસી ાલેટા |
| ૨૨ | વાંસ | બેમ્બુસા બેમ્બુસ |
| ૨૩ | વાસંડી | ડેન્ડ્રોકેલેમસ સ્ટ્રાઇકસ |

(૨) સૂકા પાનખરંતા જંગલો (ડ્રાઈ ડેસીડ્યુઅસ ફોરેસ્ટસ)—ગુજરાત રાજ્યના મધ્યપ્રદેશમાં આવાં જંગલો આવેલાં છે. ભરૂચ, વડોદરા, પંચમહાલ, સાબરકાંઠાના જીલ્લા તથા સૌરાષ્ટ્રના કેટલાક ભાગમાં જેવાં કે અમરેલી, જૂનાગઢ અને જામનગર જીલ્લામાં જંગલો છે. ટૂંકા અને કંઇક ઉતરતી કક્ષાના સાગડા, કેટલેક ઠેકાણે વાંસના ઝુંડ અને બાકીના બળતણ જેવાં એટલે જલાઉ લાકડાં-ઝાડ આ જંગલોમાં થાય છે. પહેલા પ્રકારના જંગલોમાં વૃક્ષો થાય છે તે લગભગ બધાં જ આ જંગલોમાં પણ થાય છે પણ અહીંના ઝાડોનો ઉગાવ કંઇક ટૂંકો છે એટલે ઝાડો મહાકાય અને મોટા ઝુંડવાળા નથી થતાં.

(૩) સૂકા ઝાંખરાનાં જંગલો (ડ્રાય સ્ક્રબ જંગલો)—ગુજરાતના ઉત્તર ભાગમાં આવાં જંગલો ખાસ કરીને બનાસકાંઠા, રાજકોટ જીલ્લો, ભાવનગર અને જૂનાગઢ જીલ્લાનો થોડો ભાગ અને કચ્છ જીલ્લાનો ભાગ આવાં જંગલો ધરાવે છે. આ જંગલમાં ઝાડ-ઝાડી ને ઝાળવાં બહુ ટૂંકા થાય છે. ખાસ કરીને બાવળની કાંટ, કરમદીના ઠૂઆ ને ઝાંખરાનાં આ જંગલો છે. આવાં જંગલોમાં થતાં ઝાડોની મુખ્ય જાત નીચે પ્રમાણે છે.

| અ.નં. | નામ | વૈજ્ઞાનિક નામ |
|---|---|---|
| ૧ | કાલાદવ | એનોજીસસ |
| ૨ | બાવળની જાતો | એકેશીયા સ્પીશીસ |
| ૩ | સા-/-લેડી | બોસવેલીયા સરાયા |
| ૪ | મેવડી | લીનીયા કોરમોનડેલિકા |
| ૫ | બોર-બોરડીની જાત | ઝીઝીફસ સ્પીસીસ |
| ૬ | સાજડ | ટરમીનાલીયા ટોમેન્ટોસા |
| ૭ | લીમડા | એઝાડીરેકટા ઈંમીકા |
| ૮ | ખાખરો | બ્યુટીયા મોનોસ્પમા |
| ૯ | રાયણ | સોઈમાઈકા કેબ્રીફ્યુગા |
| ૧૦ | ટીંમરૂ | ડાયોસ્પાઇરોસ મીલેનોકસીલોન |
| ૧૧ | ઉમરો | ફાઈકસ ગ્લોમેરેટા |
| ૧૨ | ગરમાળો | કેસીયા ફીસ્ટુલા |
| ૧૩ | ગાંડો બાવળ | પ્રોસોફીસ જ્યુલીફેરા |

(૪) દરિયા કાંઠાનાં જંગલો (મેનગ્રેવ ફોરેસ્ટ)—ગુજરાત રાજ્યના કિનારાના પ્રદેશમાં જામનગર, ઓખા વિગેરેના કિનારા પર આવાં જંગલો છે. તેમાં ખાસ કરીને ચેરનું લાકડું (એવીશીનીયા ઓફીસીનાલીસ) થાય છે.

આમ આપણાં જુદા જુદા પ્રકારના જંગલોમાં અનેક જાતની વનસ્પતિ સૃષ્ટિ વસેલી છે જે દરવર્ષે રાજ્યને લાખો રૂપિયાની આવક આપે છે.

### વન્ય-પ્રાણી સૃષ્ટિ

ગુજરાત રાજ્યના અનેકવિધ જંગલોમાં વિવિધ વન્ય પશુ-પક્ષીઓની રાની જીવસૃષ્ટિ વસે છે. આ રાની જીવસૃષ્ટિની એક સળંગ અને સુબદ્ધ સાંકળ છે જે એકબીજા પર નભે છે અને કુદરતી સમતુલા જાળવી રાખે છે. રાની પશુ સૃષ્ટિની માહિતી સાથેના પરિશિષ્ટમાં આપી છે પણ આપણે જેના માટે ગૌરવ લઈ શકીએ તેવાં વિરલ પ્રાણી પક્ષીઓ પણ આપણાં ગુજરાતનાં જંગલોમાં વસે છે વનચરોની મુખ્ય જાતોમાં આપણે ત્યાં (૧) ગિરનો સિંહ (૨) કચ્છનો જંગલી ગધેડો (૩) ડાંગ જંગલનો વાઘ (૪) ડુંગરાળ પ્રદેશના દીપડા (૫) પહાડની ખીણોમાં વસતું સેમર (૬) ઘટુડા અથવા ચોશીંગા (૭) ભેંખડી અથવા ભસતું હરણ (૮) કાળિયાર

અથવા મૃગ (૯) ચિત્તળ-પશુ અથવા કાંચનમૃગ (૧૦) નીલ ગાય કે રોઝડાં અને (૧૧) શિકારા થાય છે

મુખ્ય પક્ષીઓમાં (૧) ભારતીય પ્રધાવક કે રણ ગોધલો (૨) લાખોજાની કે હંજ પક્ષી (૩) રાષ્ટ્રીય પક્ષી મોર (૪) જંગલી કુકડો (૫) ભૂરાં તેતર (૬) વિવિધ બતકો ગુજરાત રાજ્યમાં થાય છે.

**(૧) ગિરનો સિંહ** :— ગુજરાતના ગિર-જંગલમાં થતો સિંહ માત્ર ગુજરાતનું નહીં પણ ભારતનું ગૌરવ છે. આખા એશિયાખંડમાં માત્ર ગુજરાતના ગિર-જંગલમાં જ વનરાજ થાય છે. અત્યારે તેની વસ્તી લગભગ ૧૭૫ ની છે. આ વનરાજને વન-વૈભવમાં-તેના નિવાસસ્થાનમાં છૂટા નિહાળી શકાય તેવી સુવિધા જંગલ ખાતાએ કરી છે. અને હજારોની સંખ્યામાં દેશી તેમ જ પરદેશી પ્રવાસીઓ જંગલમાં જઈ સિંહ-દર્શનનો લાભ લે છે. સિંહને સકુંપાંખું જંગલ જોઇએ. તેનો સ્વભાવ બહાદુર, ઉમદા અને ઓછો શરમાળ છે. વળી કુટુંબમાં રહેનારૂં પ્રાણી છે. આવી તેની ખાસિયતોને લઈને સિંહ ભારતનાં બીજા જંગલોમાં ગયા સૈકામાં નોંધાયા છતાં હાલ માત્ર ગિરમાં જ રહી શક્યો છે. રાજ્યે તેને રક્ષિત પ્રાણી તરીકે જાહેર કરેલ છે.

**(૨) કચ્છના રણનું જંગલી ગધેડું** :— સિંહની માફક જંગલી ગધેડાં પણ માત્ર ગુજરાતમાં કચ્છના રણમાં થાય છે. કચ્છના રણમાં કોઈ કોઈ જગ્યાએ પાણી ભરાઇ રણદ્વિપ કે બેટ જેવું થાય છે. તેની આસપાસ ટૂંકા ટૂંકા ઘાસ ઉગે છે. અને આવા વિસ્તારમાં જંગલી ગધેડાં વિહરે છે. આપણાં દેશી ગધેડાં કરતાં વધારે મજબૂત, સ્હેજ ઉંચા ને શરીરે મટીયાળ રંગના ધાબાંવાળા તેમ જ પીઠથી પૂંછડી સુધી કાળા ભમ્મર પટ્ટાવાળા આ ગધેડાં બહુ સુંદર લાગે છે. દોડવામાં તે બહુ ઝડપી હોય છે જે ખૂબ દોડાવી, પકડવા પ્રયાસ કરતાં પકડાયા પછી પણ મરી ગયાના દાખલા નોંધાયા છે. નાના ખોલકાંને પકડી જૂનાગઢના પ્રાણી-સંગ્રહાલયમાં ઉછેરવાના પ્રયાસો થાય છે. અને કેટલાંક ગધેડાં ઉછરી ગયા છે. આ ગધેડાંની છેલ્લી વસ્તી ગણત્રી ૧૯૬૨ની સાલમાં કરી હતી ત્યારે લગભગ તેની સંખ્યા ૮૭૦ હોવાનું કહેવાય છે.

**(૩) વાઘ** :— વાઘ બંગાળ, રાજસ્થાન અને ગુજરાતમાં થાય છે બંગાળના વાઘ કદમાં મોટા, પાકા નારંગી રંગના અને વધુ સોહામણા જ્યારે રાજસ્થાનના અને ગુજરાતના વાઘ સ્હેજ ઓછા ઘેરા રંગના અને કદમાં કંઇક નાના. સુશોભિત વ્યાઘ્ર-ચર્મ માટે કે શિકારના શોખને માટે ભૂતકાળમાં તેનું લગભગ નિકંદન નીકળી ગયું. ગુજરાતમાં ડાંગ અને રાજપીપળામાં દેડીયાપાડા, બરડીપાડા અને રતનમહાલના જંગલોમાં તેની વસ્તી નહીંવત્ છે. ઝડપી માનવ-પ્રગતિ ને વિકાસમાં વાઘની સંખ્યા ઘટતી જાય છે તેથી રાજ્યે તેને પણ રક્ષિત પ્રાણી તરીકે જાહેર કરેલ છે.

**(૪) દીપડા**—ગુજરાતના બધા ડુંગરા ને ધારોમાં ઉચ્ચપ્રદેશમાં દીપડા સર્વત્ર થાય છે. સિંહ અને વાઘની સરખામણીમાં દીપડો નાનું માંસાહારી પ્રાણી છે એટલે ખોરાક મેળવવા બહુ રસાકસી થતી નથી. તેમ નાનાં પ્રાણી પક્ષી, કુકડાં-બકરાંથીમાંડીને ગધેડાં-વાછડાં સુધી બધા પર નભી શકે છે. દીપડાની વસ્તી ઠીક ઠીક છે. છતાં તેના શિકાર માટે પરવાના મેળવવા પડે છે.

**(૫) સેમર-પશુ હરણાં** વિગેરે—ડુંગરાની ધારોના નીચેના ગાળામાં ઝાડની ડાળી માફક ફૂટેલાં શાખાવાળાં, પાડા જેવી કાંધ-રોટવાળાં સેમર ગુજરાતમાં સર્વત્ર જોવા મળે છે. કાંચનમૃગ અથવા પશુ કે ચિત્તલ એ ચાઠાવાળી સોનેરી ચામડીનું, શાખાવાળા શીંગડાનું ઘણું જ સુંદર અને આકર્ષક પશુ આપણાં જંગલનું છે. આ બન્ને પ્રાણીના શીંગડા નક્કર અને દરવર્ષે ખરી પડે તેવાં - અંગ્રેજીમાં જેને 'ડીયર' કહે છે તે વર્ગના આ બે પ્રાણી આપણે ત્યાં થાય છે.

કાળીયાર અથવા મૃગ અથવા સાધારણ રીતે હરણાંને નામે ઓળખાતું પ્રાણી સહુનું જાણીતું છે. વળદાર મોટા શીંગડાવાળો કાળાશ પડતો પુખ્ત નર અને સ્હેજ ભૂખરી, શીંગડા વગરની માદા સહુનાં જોયેલાં છે. અમદાવાદથી ભાલ પ્રદેશ સુધીમાં આ હરણાં દેખાય છે. બીજે પણ છૂટ છૂટ અને કવચિત દેખા દે છે. હાલ તે રક્ષિત પ્રાણી છે

**(૬) ઘટુડા** અથવા **ચોશીંગા**— દૂરથી નાનાં હરણાં જેવાં દેખાતાં ઘેરા બદામી રંગના ને ગોળ ફાફડા જેવા કાનવાળા આ ઘટુડા અથવા ચોશીંગા આપણાં ડુંગરાળ પ્રદેશમાં થાય છે ઊંચા ઘાસના મેદાનમાં તે રક્ષણ મેળવે છે. તેના કપાળ અને માથા પર મળી બે આગળને બે પાછળ એમ ચાર શીંગડા હોય છે. તેવું જ નાનું અને નાજુક પ્રાણી શિકારા છે. તેના શિંગડા ગોળ કરડા જેવા હોય છે. તે પણ અખડ-બખડ ઉચ-નીચ જમીનના રહેવાશી. બહુ જ શરમાળ પ્રકૃતિના. શિકારા ભાગ્યે જ જોવા મળે છે. નીલગાય અથવા રોઝડાં તો બહુ સામાન્ય અને સર્વત્ર છે. નર મોટો કાળાશ પડતો ને માદા ભૂખરી. પાકને આ પ્રાણી ઘણી વખત નુકશાનકર્તા નીવડે છે. ભેંખડી એ એક જાતનું હરણ જ છે. તેને અંગ્રેજીમાં બાર્કીંગ ડીયર એટલે કૂતરાની માફક ભસતું હરણ કહે છે. ગુજરાતમાં રાજ-પીપળા, ડાંગ વિ. જંગલમાં જોવા મળે છે.

ગુજરાત રાજ્યમાં પક્ષીઓની અનેક અને વિવિધ જાતો થાય છે. તેમાંનાં કેટલાંક તો માત્ર ગુજરાતમાં જ થાય છે. આપણાં રાજ્યમાં ખાસ ધ્યાન ખેંચે તેવા વન્ય પક્ષીઓમાં રણગોધલો, હંજ કે લાખો જનૈયો, મોર, જંગલી કુકડો, વિવિધ તેતરો અને બતકો તથા હંસ થાય છે.

રણગોધલાને અંગ્રેજીમાં બસ્ટાર્ડ કહે છે. હવે તે ભાગ્યે જ દેખાતું પક્ષી છે. સ્થાનિક લોકો તેને ઘુનડ કે ઘોરાડના નામથી ઓળખે. આ શાહમૃગ સ્હેજ નાનું જમીન પર વિહરનારૂં ભૂખરા રંગનું મોટા પગવાળું આકર્ષક પક્ષી કવચિત ઘાસની વીડીની આસપાસ જોવા મળે છે. અત્યારે તો તે સંપૂર્ણ રક્ષિત છે.

સૌનો જાણીતો મોર ભારતનું રાષ્ટ્રીય પક્ષી હોવાનું માન ભોગવે છે. જંગલો, વાડી, સીમ વગેરેમાં આ આકર્ષક પક્ષી વિહરતું હોય છે.

જંગલી કુકડો દક્ષિણ ગુજરાતમાં ભીનાશવાળાં જંગલોમાં થાય છે. વાંસના ઝુંડમાં આ કુકડાનો અવાજ વ્હેલી સવારે સાંભળવા મળે છે.

તેતર તો બહુ સામાન્ય અને સર્વત્ર છે. આ પક્ષીનો ખોરાક તરીકે છૂટથી ઉપયોગ થાય છે ખુલ્લાં પાંખા ઘાસના મેદાનોમાં તેતર, લાવરાં, બટેર, ભૂરકીયાં તેતર વિ જાતો જોવા મળે છે.

રાજ્યનાં નદીનાળાં, તળાવ, ખાબોચિયાં સરોવરના કિનારા, ગંદુ પાણી જ્યાં ભેગું થતું હોય તેવા કાદવવાળા પ્રદેશો વિમાં અનેક જળચર પક્ષી છે. કેટલાંક સ્થાયી છે ને કેટલાંક યથાવર એટલે અમુક મોસમમાં આવી પાછા જતાં રહેનારાં છે. નળ સરોવર તો ગુજરાતનાં ગૌરવસમું પક્ષીઓ નિહાળવાનું એક રમણીય ને નૈસર્ગિક સ્થળ છે. નળ સરોવરે આવેલાં પક્ષીઓ જોવાં ઘણાં પ્રવાસીઓ જાય છે. ટૂંક સમયમાં નળ સરોવરને પક્ષીઓનું અભયારણ્ય બનાવવામાં આવનાર છે. પાણીનાં પક્ષીઓમાં સારસ–કુંજ–વિવિધ ટીટોડી, નદીની વા બગલી, ચમચો, ફાટી ચાંચ, વેણ. ટીલોર, સફેદ છાતીવાળી પાણી કુકડી–જલકુકડી, આડ લાલમસવાળી બતક, ગજપાઉ, બગલા, ઢોરબગલા, હંસ, સુરખાબ, નકટા કુલરેસ કાકણાસર, અંજન બગલા અને પાણકુખ ખાસ ધ્યાન દોરે તેવાં પક્ષીઓ છે......

## રાની જીવ સંરક્ષણ

ગુજરાતની વનશ્રીમાં અનેક વૈભવો પડ્યા છે. વન અને વનચર એકબીજાને સહારે નભી રહ્યા છે, એકબીજાથી રક્ષાય છે ને રક્ષણ કરી કુદરતની સમતુલા જાળવવામાં જાણ્યે અજાણ્યે મદદ કરતાં હોય છે. હિંસક પ્રાણી ન હોય તો વનસ્પતિ આહારી પ્રાણીઓ જંગલ ને આપણા પાકને સાફ કરી નાંખે. કોહી ગએલું ખાઈ જનારાં પશુપક્ષી આપણી તંદુરસ્તી સાચવવામાં મદદ કરે છે. અને આ સંબંધ છેક વનસ્પતિને પાક સુધી ચાલતો જ રહે છે એટલે આ વનોની—આ વન્ય પશુની રક્ષા કરવી એ ખૂબજ જરૂરી છે. દેશની જ નહિ આખી દુનિયાની માનવ વસ્તી દિનપ્રતિદિન કુદકે ને ભૂસકે વધતી જાય છે. તેમના રહેણાંક ને ખોરાકની માગ રોજ-બરોજ વધતી જ રહે છે અને તે સંતોષવા જતા જંગલવિસ્તાર ઘટતા જાય છે અને સાથે જંગલના પશુઓ પણ સામાન્યમાંથી વિરલ થતાં જાય છે. આ એક કસોટીનો કાળ છે પ્રશ્ન થાય કે માનવ–જીવન મોંઘું કે વન્ય–પશુનું જીવન? રક્ષા કોની અને શા માટે કરવી? પરંતુ જંગલનું અને જંગલના પશુ–પક્ષીનાં સંરક્ષણનું અંતિમ ધ્યેય તો માનવજીવનના કલ્યાણ માટેનું જ છે. (૧) કુદરતી સમતુલા જાળવવા (૨) આપણા પાકના રક્ષણ માટે (ઉપદ્રવકારક પ્રાણી પર બીજાં પ્રાણીનો કાબુ રહે તેથી) (૩) આપણા માલ ઢોરનાં રક્ષણ માટે (૪) શિકારના શોખીનોના શોખ પૂરા કરવા માટે (૫) કુદરતી સૃષ્ટિ સૌંદર્ય જાગવી નૈસર્ગિક આનંદ માણવા માટે અને (૬) આ બધું કરી આપણી આમદાની વધારવા માટે રાનીજીવની રક્ષા જરૂરી છે. ગુજરાત રાજ્યમાં રાની જીવ સંરક્ષણનો વહીવટ જંગલખાતા પાસે છે જંગલખાતાના વડા અધિકારી રાની જીવ સંરક્ષણ અધિકારી તરીકે કામ કરે છે. તેના તાબાના અધિકારીઓ અને કર્મચારીઓ સૌ સૌના પેટા વિભાગમાં રાની જીવ સંરક્ષણ અધિકારી તરીકે ફરજ બજાવે છે. જુદા જુદા જીલ્લામાંથી જનતાના સભ્યો પણ માનદ્ ગેમ્ન વોર્ડન તરીકે સેવા બજાવે છે.

## શિકાર અને કાયદા

પહેલાં તો જંગલના કાયદા મુજબ જ સરકારી જંગલોમાં શિકાર કરવાના કાયદા હતા. પરંતુ ખાનગી જંગલોમાં આવા નિયમો લાગુ પાડી શકાતા નહીં. એટલે કાયદાનું પાલન માત્ર સરકારી જંગલોમાં જ થતું. મુંબઈ રાજ્યે સૌ પ્રથમ રાની–જીવ–સંરક્ષણનો કાયદો ઘડ્યો. પહેલાનાં સૌરાષ્ટ્ર રાજ્યમાં પણ રાની-જીવ–સંરક્ષણ ધારો હતો. અને આ કાયદા તમામ વિસ્તારને લાગુ પાડવામાં આવ્યા. આ કાયદામાં ઘટતા ફેરફાર સાથે ગુજરાત રાજ્યે ૧૯૬૩માં રાની-જીવ સંરક્ષણનો કાયદો ઘડ્યો અને અપનાવ્યો. આ કાયદાથી વન્ય પશુ–પક્ષીનાં વિવેક રહિત અને બેફામ શિકાર થતા અટક્યા છે. કાયદામાં વન્ય પશુ–પક્ષીના શિકાર કરવા માટેનાં નિયમો, પરવાના મેળવવાની પદ્ધતિ, નાનો શિકાર, મોટો શિકાર, ઉપદ્રવકારક પ્રાણીના શિકાર, શિકાર કરવા માટે ચોક્કસ મોસમ, શિકાર માટેના સદંતર બંધ વિસ્તારો વિ. ઘણું ઘણું વિસ્તૃત રીતે સ્પષ્ટ કરવામાં આવ્યું છે. આ કાયદાથી ઘણાં રાની–જીવો બચી રહ્યા છે અને રાજ્યને આવક પણ થાય છે. આ કાયદા મુજબ નીચેનાં પ્રાણીઓ તદ્દન રક્ષિત જાહેર કરેલાં છે. (૧) સિંહ (૨) વાઘ (૩) ચિત્તો (૪) જંગલી ગધેડો (૫) સેમર (૬) પશુ–કાંચન મૃગ (૭) ભેંખડી (૮) કાળિયાર (૯) શિકારા (૧૦) ઘટુડા (૧૧) ટપકાંવાળી ભૂરી બિલાડી (૧૨) ફાડો (૧૩) પ્રધાવક–રણ ગોધલો (૧૪) હંજ લાખો જનૈયો (૧૫) મોર (૧૬) જાંબુડી માથાવાળી બતક (૧૭) સફેદ પાંખની આડપ બતક અને (૧૮) મગર. ગુજરાત રાજ્યમાં શિકાર માટેના શુટીંગ બ્લોક–ચોક્કસ વિસ્તાર નક્કી થયા નથી.

## અભયારણ્યો

અભયારણ્યો અથવા ગેમ્મ સેન્ચ્યુરી ગુજરાતનાં જંગલોમાં અત્યારે માત્ર સૌરાષ્ટ્રનું ગીર જંગલ જ છે. ૧૯૬૫થી ગીર જંગલને અભયારણ્ય તરીકે જાહેર કરેલું છે. આ અભયારણ્યમાં ગીરનો વનરાજ વસે છે. વનમાં છૂટા ફરતા વન–વૈભવનો વિહાર કરતા આ વનરાજને તેના નિવાસસ્થાનમાં હવે પ્રવાસીઓ જોઈ શકે છે. આવા સિંહદર્શન માટે જંગલ ખાતા તરફથી ખાસ વ્યવસ્થા થાય છે. ઉપરાંત પ્રવાસીઓને રહેવા–ઉતરવા માટે આધુનિક રીતે સજાવેલ એક સાસણનું ગેસ્ટ હાઉસ પણ જગમશહૂર છે તે પણ જંગલખાતું નિભાવે છે. સાસણ રેલ્વે સ્ટેશન છે અને ત્યાં મોટર રસ્તે પણ જઈ શકાય છે. નજીકમાં જ કેશોદનું હવાઈ મથક (Air Port) છે. જંગલની અંદર પણ ખાતાએ નાના–મોટા અનેક રસ્તા બનાવ્યા છે. આ બધી સગવડતાને પરિણામે દરવર્ષે હજારોની સંખ્યામાં દેશી–પરદેશી મુલાકાતીઓ–પ્રવાસી ટુકડીઓ આ અભયારણ્યની મુલાકાત લે છે. આ એક અને અજોડ અભયારણ્ય ઉપરાંત બીજાં અભયારણ્યો બનાવવાનું સરકાર વિચારી રહી છે.

(૧) ડાંગ વિસ્તારમાં "પૂર્ણા"નું અભયારણ્ય પ્રાયઃ ૨૦૦ ચો. કી. મીટરનું થશે. (૨) પક્ષીઓ માટેનું નળ સરોવરનું અભયારણ્ય પ્રાયઃ ૧૨૦ ચો. કી. મીટરનું થશે અને (૩) કાળિયાર મૃગ માટેનું અભયારણ્ય ભાલ વિસ્તારમાં અમદાવાદ અને ભાલ વચ્ચે પ્રાયઃ ૫૫ કી. મીટરનું થશે.

## વન્ય જીવસૃષ્ટિ સલાહકાર સમિતિ

રાની–જીવ–સંરક્ષણ કરવા માટે અને કાયદા–કાનૂનના સુખદ અમલીકરણ માટે લોકોના સાથની ખાસ જરૂરત છે. તેથી તેમ જ રાજ્ય સરકારને જરૂરી સલાહ–સૂચન આપવા માટે રાજ્યમાં નિષ્ણાતોની બનેલી 'રાજ્ય વન્ય જીવસૃષ્ટિ સલાહકાર સમિતિ' ગુજરાત સ્ટેટ-વાઈલ્ડ લાઈફ બોડ–સ્થાપવામાં આવ્યું છે આ સમિતિમાં જનતાના પ્રતિનિધિઓ પણ છે અને રાની-જીવ-સંરક્ષણ અંગે વખતોવખત માર્ગદર્શન આપે છે.

## ઉપસંહાર

આમ ગુજરાત રાજ્યમાં થોડા પ્રમાણમાં છતાં વિવિધ જંગલો હોવાથી વનોમાં વન્ય જીવ–સૃષ્ટિની સારી એવી સમૃદ્ધિ ભરી પડી છે. આ આપણું અમૂલું ધન, અમૂલો વારસો છે. તેને યોગ્ય રીતે સાચવવા અને ભવિષ્યની પ્રજાને સોંપવા શક્ય તેટલા પ્રયાસો આપણું ગુજરાત કરી રહ્યું છે. પરંતુ માનવ પ્રગતિ જેમ જેમ થતી જાય છે તેમ તેમ આપણું આ ધન ભયમાં મૂકાતું જાય છે એ નક્કર હકીકત છે લોકોને રાની-જીવ તરફ ધૃણા નથી તો પણ પ્રેમ અને કોમળ લાગણીનો અભાવ છે તે આના પરથી સિદ્ધ થાય છે. આને માટે સબળ લોક–લાગણી જ કેળવવાની જરૂરત છે. અને તેમ કરવા માટે પ્રજાનો સહકાર માગી સરકાર બધા જ પ્રયત્નો કરે છે જેમ જેમ લોક–લાગણી કેળવાતી જશે, "આ અમારૂં છે ને અમારે સાચવવાનું છે" તેવી ભાવના જાગૃત થશે તેમ તેમ આપણું આ ધન વધારે સમૃદ્ધ બનશે.

## ગુજરાતના મુખ્ય વન્ય પશુ-પક્ષીઓની નામાવલી

### સરિસૃપ વર્ગના પ્રાણીઓ

| નંબર | નામ | નંબર | નામ |
|---|---|---|---|
| ૧ | મગર | ૨ | ગરોળી |
| ૩ | ગળે પંખાવાળી ગરોળી | ૪ | ધૂળ ગરોળી |
| ૫ | કાચીંડો | ૬ | ચંદન ઘો |
| ૭ | સાંઢો | ૮ | સાપની માશી |
| ૯ | આંધીયો સાપ | ૧૦ | અજગર |
| ૧૧ | ભ ફેંડી | ૧૨ | આંધળી ચાકળણ |
| ૧૩ | ડુંડી સાપ | ૧૪ | ધામણો સાપ |
| ૧૫ | કુકરી સાપ | ૧૬ | કોઢીયો સાપ |
| ૧૭ | માલણ સાપ | ૧૮ | નાગદેવના રાજનાગ |
| ૧૯ | ખડચીતળો | ૨૦ | ફુરસા સાપ |
| ૨૧ | વેસ પત્રક | ૨૨ | દરિયાઈ સાપો |
| ૨૩ | મીઠા પાણીના કાચબા | ૨૪ | જમીનના કાચબા |
| ૨૫ | મહાકાય કાચબા | | |

### પક્ષીઓ

| | | |
|---|---|---|
| જંગલી કાગડો | લેલાં સાપભાઈ | ફાટીગ જાળ |
| શૌગીગા | રક્ત પૂચ્છ બુલબુલ | પિદ્દા |
| કાળીદેવ ચકલી | દયડ | મટીયો લટોરો |
| દૂધીયો લટોરો | બુલાલ ચશ્મ | નાની બુલાલ ચશ્મ |
| કાળો કોશી | દરજીડો | |
| પીળક | વૈયા મારવાડાં | કાલર |
| સુગ્રી | રાજી | અબાવીલ |
| દીવાળી ઘોડો | ચંડુલ | ડબક ચીડી |
| ફૂલ ચકલી | લક્કડ ખોદ | કંસારો |
| બપૈયો | ચાતક | કોયલ |
| કુકડીયો કુભાર | પોપટ | તુઇ |
| નીલકંઠ | પતરંગો | હરીયાળ |
| ચિલોત્રો | હુદહુદીયો | દરારચીયું |
| ઘૂવડ | ચીબરી | રાજગીધ |
| સફેદ પીઠનું ગીધ | લાલ ચાંચનું ગીધ | ગરજાડા |
| નરઝી | શકરો | ગરૂડ |
| કબુતર | હોલા | તેતર |
| બટેર | લાવરાં | લવા |
| કાળા તેતર | જંગલી કુકડો | જલકુકડી |
| ભગતડું | સારસ | હંસ |
| કુંજડાં | ટીલોર | બરછડી |
| ટીટોડી | ગજપાઉ | ચમચા |
| પેણ | જળ કાગડા | કાંકણાંસર |
| ફાટી ચાંચ | અંજન બગલા | કરમીયા બગલા |
| આસમાની બગલા | ઢોર બગલાં | રાતા બગલાં |
| રાજહંસ | બાગ હંસ | સુરખાબ |
| નકટા | કલરેસ | પાણડુબ |
| નદીનીવા બગલી | કલકલીયા | પાણકુકડી |

### સસ્તન પ્રાણીઓ

| | | |
|---|---|---|
| સિંહ | વાઘ | દીપડા |
| જંગલી બીલાડી | રણની બીલાડી | જંગલી ગધેડા |
| ભૂંડ–ડુક્કર–સુવર | કાળીયાર મૃગ | શિકારા |
| મિલગાય–રોઝડાં | ભેખડી, ભસતુ હરણ | પશુ-ચિત્તલ-કાંચનમૃગ |
| સેમર | એક પીઠવાળું ઊંટ | વણીયર–વીંઝું |
| નોળીયા | ઝરખ | વરૂ–નાર |
| શિયાળ | લોંકડી | ઘોર ખોદીયું |
| છછુંદર | શેરા–માંમણ મુંડા | વડવાંગડા |
| છાપા | ખીસ લા | ખેતરાઉ–ઊંદર |
| જંગલી સસલા | સાલેડા | માંકડાં |
| રીંછ | જલમાંજર | કાળાં મોઢાંના વાંદરા |



# ગુજરાતના લોકજીવનમાં તુલસીપૂજા અને નાગપૂજા

—શ્રી જોરાવરસિંહ જાદવ

ભારતીય સંસ્કૃતિનો વિકાસ ગિરિમાળાની ગોદમાં અને હરિયાળાં વનોની વચ્ચે થયો છે. બીજી રીતે કહીએ તો આપણી સંસ્કૃતિ કુદરતના ખોળામાં પાંગરી છે. નિસર્ગની ગોદમાં વસતા આર્ય લોકોએ રહસ્યપ્રેરક આકાશી તત્ત્વોને દેવો માન્યા. પ્રકૃતિને અવનવા રંગો અર્પનાર પૃથ્વીને ધરતીમાતા કહી અને પૃથ્વીદીધાં પીપળા, વડ, લીમડા અને પાછળથી તુલસીની પૂજા આરંભી. આમ વૃક્ષપૂજા અને છોડપૂજા ઘણી પ્રાચીન છે. સોમના વેલાની પૂજા વેદના સમયમાં થતી એવા ઉલ્લેખો મળી આવે છે. 'હિંદુ સિદ્ધાંત પ્રમાણે સર્વ વૃક્ષ અને છોડમાં ચેતન પદાર્થ છે. તેમાં દેવ, દાનવ, મનુષ્ય અને પ્રાણીના જેવો જ આત્મા છે.'૧. તેથી તેને પ્રત્યક્ષ દેવ માનવામાં આવે છે. 'વૃક્ષપૂજા એ ભારતના અસલ વતની અનાર્યોના ધર્મનો અવશેષ છે તેમાં શક નથી.'૨. વૃક્ષપૂજાનું મહત્ત્વનું કારણ માનવજીવનમાં તેની ઉપયોગિતા છે. વૃક્ષો માનવીની મનોકામના પૂર્ણ કરે છે એવી માન્યતાને પરિણામે વૃક્ષને માતા સ્વરૂપે પૂજવાની ઘણી પ્રથાઓ જોવા મળે છે. વૃક્ષ પૂજન અને તેમાં યે વિશેષ કરીને પીપળાનું પૂજન સિંધુતટની સંસ્કૃતિમાં પણ મળી આવે છે.

'વેદમાં કહેવામાં આવ્યું છે કે, વૃક્ષમાં યક્ષ, બ્રહ્મરાક્ષસ અથવા ભૂત રહે છે'૮. આદિકાળમાં થતી પ્રેતપૂજામાંથી વૃક્ષ અને પાષાણપૂજાનો ઉદય થયો છે એમ માનવામાં આવે છે. બંગાળામાં બિરભૂમ જીલ્લાના જંગલમાં એક મંદિરની વાર્ષિક યાત્રા આજે પણ ભરાય છે. લોકમાન્યતા એવી છે કે, ત્યાં બિલ્વના ઝાડમાં ભૂત રહે છે. તેને ચોખાનું બલિદાન આપવા અને પ્રાણીઓનો ભોગ આપવા દર વર્ષે ત્યાં લોકમેળો ભરાય છે.

રેવ. ઈ. ઓસ્બોર્ન માર્ટીન 'હિંદુસ્તાનના દેવો' નામના સ્વરચિત ગ્રંથમાં દેવોને ત્રણ પ્રકારે વિભક્ત કરે છે. (૧) પૃથ્વી, અગ્નિ, સૂર્ય જેવા વેદમાં વર્ણવેલાં દેવો (૨) વિષ્ણુ, શિવ જેવા પુરાણના દેવો અને (૩) ગાય, વાનર, નાગ, લીમડો, વડ, તુલસી જેવા ઉતરતી કક્ષાના એટલે કે લૌકિક દેવો.

## લોકનારીની તુલસીપૂજા—

તુલસીનો છોડ માત્ર ગુજરાતમાં જ નહિ પણ ભારતભરમાં પવિત્ર અને પૂજનીય મનાય છે. વિષ્ણુના સર્વ ભક્ત તેની શાલિગ્રામના પથ્થરની સાથે પૂજા કરે છે. તુલસીમાં વિષ્ણુનું તત્ત્વ છે એમ માને છે. તુલસી એ પ્રત્યેક હિંદુ ઘરમાં પૂજ્ય છે. વિશેષ કરીને સ્ત્રીઓમાં પૂજ્ય છે. 'હિંદુ ધર્મમાં સ્ત્રીઓને કંઇ સ્થાન નહોતું. પતિ સાથે પ્રાર્થનામાં ભાગ લઇ શકતી નહીં; એટલે સ્ત્રીઓએ નાનું સરખું ધાર્મિક જીવન ઊભું કર્યું હતું. હિંદુ નારી સવારના ઉગતા સૂર્યને નમસ્કાર કરે છે. કપાળમાં ચાંલ્લો કરે છે. ઘરમાં બેસાડેલા શિવ, ગણેશ અને વિષ્ણુની પૂજા કરે છે. દેવોના સ્ત્રી સ્વરૂપો લક્ષ્મી, પાર્વતી વગેરેને પૂજે છે. દીવો કરીને તેના વહાલા તુલસીના છોડની પૂજા કરે છે.'૪. દરરોજ સવારે તુલસીના કુંડાની આસપાસ જમીન ઉપર છાણનો અબોટ કરે છે. સાંજના તુલસીક્યારે ઘીનો દીવો કરે છે. આ રીતે લોકનારી દરરોજ તુલસીના છોડની પૂજા કરે છે. એવી લોકમાન્યતા પણ પ્રચલિત છે કે તુલસી પૂજા દ્વારા મોક્ષ મેળવી શકાય છે. તુલસીપૂજાની એક પ્રાર્થનામાં ઉલ્લેખ મળે છે કે 'હું તુલસીની પૂજા કરું છું. એના મૂળમાં સર્વ તીર્થો સમાયેલા છે. એના મધ્યમાં સર્વ દેવ અને ઉપલી ડાળોમાં સર્વ વેદ સમાયેલા છે.'૫.

તુલસીપૂજાના વ્યાપક પ્રચાર પાછળ તેની ઉપયોગિતા જ સમાયેલી છે એમ કહીએ તો ખોટું નથી. તુલસીપત્ર જંતુઘ્ન છે. તેને રાખવાથી બિમારી આવતી નથી. આથી તેને પવિત્ર ગણીને દરેક હિંદુ ઘરમાં તુલસીક્યારો રાખવામાં આવે છે. મરણ વખતે માણસના માથા પાસે તુલસીની ડાળી મૂકવામાં આવે છે.

## તુલસીના છોડની ઉત્પત્તિ વિષે દંતકથા—

તુલસીના છોડની ઉત્પત્તિ વિશે દંતકથા એવી છે કે ભગવાન વિષ્ણુને જલંદરની પત્ની વૃંદાના સૌંદર્યથી મોહ ઉત્પન્ન થયો હતો. તેમાંથી મુક્ત કરવા તેમણે લક્ષ્મી, ગૌરી અને સ્વધાની મદદ માગી. તે દેવીઓમાંની દરેકે વાવવાનાં બી આપ્યાં. તેમાંથી નમણા છોડવા

---

૧. મનુસ્મૃતિ, ૧–૪૯

૨. ધી ગોડસ ઓફ ઇન્ડીયા—લે. ઓસ્બોર્ન માર્ટીન.

૩. સંસ્કૃતિ ઔર સમાજશાસ્ત્ર : ડૉ. રાંગેય રાઘવ પૃ. ૩૦૩

૪. જુઓ—આર્સિનલ પૃ. ૪૦૬

૫. 'મધ્ય હિંદુસ્તાનમાં ઓર્છાનો રાજા તુલસી અને વિષ્ણુના લગ્ન પાછળ લાખ લાખ રૂપિયા ખર્ચતો. વિષ્ણુના વરઘોડામાં ૮ હાથી, ૧૨૦૦ઊંટ અને ૬૦૦૦ ઘોડા રહેતા. તે બધા પર સવારો બેસતા. હાથી ઉપર સુંદર અંબાડી રહેતી. આ સવારીમાંના મુખ્ય હાથી ઉપર વિષ્ણુની પત્થરની મૂર્તિ બેસાડવામાં આવતી. શાલિગ્રામદેવને તુલસીદેવી સાથે લગ્ન કરવા લઇ જતા. ધામધૂમથી લગ્નની ઉજવણી થયા પછી વર–કન્યાને બીજા વરસ સુધી લુવારાના મંદિરમાં આરામ માટે મૂકયા. એક લાખથી વધારે માણસો એ લગ્નમાં હાજર રહ્યા હતા. આ બધા લોકોને રાજ્યના ખર્ચે ભોજન કરાવવામાં આવ્યું હતું.'

જુઓ : સ્લીમેન અંક ૧, પૃ. ૧૪૮.

ઊગ્યા. તેનાથી વિષ્ણુ મોહિત થયા. પ્રથમ છોડ મેંદીનો, બીજો જાસૂસનો અને ત્રીજો તુલસીનો હતો. આ પ્રમાણે વિષ્ણુ વૃંદાના કપટમાંથી મુક્ત થયા.

તુલસીપૂજાના મૂળ વિષે શ્રી વોર્ડ કહે છે કે તુલસી નામની એક સ્ત્રીએ ઘણા વર્ષ સુધી તપ કર્યું. તેના તપથી ભગવાન વિષ્ણુ પ્રસન્ન થયા. પ્રસન્ન થયેલા વિષ્ણુને તેણે વિનંતિ કરી કે 'હું તમારી સ્ત્રી થાઉં' એટલું યાચ્યું છું. આ સાંભળીને લક્ષ્મીજીએ શાપ આપીને તેને છોડ બનાવી દીધો. પરંતુ વિષ્ણુએ તેને સાંત્વના આપી કે હું શાલિગ્રામનું સ્વરૂપ ધારણ કરીશ. એટલે કે હું હંમેશ તારી સાથે રહીશ. ત્યારથી હિંદુઓ શાલિગ્રામની નીચે અને ઉપર તુલસીપત્ર મૂકે છે.

**તુલસી વિવાહનો લોકઉત્સવ—**

ગુજરાતના લોકજીવનમાં ધર્મનું પ્રાધાન્ય વિશેષ જોવા મળે છે. ધર્મની પાછળ પાછળ ઉત્સવો આવ્યા. કારતક સુદી અગિયારસના દિવસે ગુજરાતના લોકજીવનમાં નવું ચેતન, નવો આનંદ પ્રગટે છે. આ દિવસે લોકો તળસી ઠાકરને વાજતે ગાજતે ઉમંગભેર પરણાવે છે. આ ઉત્સવનો આરંભ કેવી રીતે થયો તેની એક કથા પદ્મપુરાણ આપણને આપે છે.

"હજારો વર્ષ પહેલાં સૌરાષ્ટ્રની દક્ષિણે આવેલા દીવ (દ્વીપ) ટાપુમાં જાલંધર નામે રાક્ષસ રાજ્ય કરતો હતો. આ રાક્ષસે મહાદેવનું તપ કર્યું. પ્રસન્ન થઇને મહાદેવે વરદાન માગવાનું કહ્યું. રાક્ષસે અમરપણું માગ્યું. મહાદેવે કહ્યું "તારી સ્ત્રી સતી રહેશે ત્યાં સુધી તું અમર રહીશ પણ જો તે ભ્રષ્ટ થશે તો તારું અમરત્વ જતું રહેશે."૬. પછી તો જાલંધરને દેવો પર વિજય મેળવવાની ઇચ્છા ઉત્પન્ન થઈ. તેણે દેવોને પદાક્રાંત કરીને દૈત્ય ભાઇબંધોને ખુશ કર્યા જાલંધર તેની સ્ત્રી વૃંદાના સતીત્વને લઇને અજેય હતો. તેને હરાવવાની દેવોને ફિકર થઈ. જાલંધરે ઇંદ્રપુર ઉપર હલ્લો કર્યો. યુદ્ધમાં દેવો, યક્ષો, ગાંધર્વો વગેરેને હરાવી દીધા. ત્યારે ભગવાન વિષ્ણુએ કપટ રચ્યું, એક દિવસ જાલંધર કોઇની સાથે યુદ્ધમાં ગયો હતો ત્યારે જાલંધર રણમાં મરણ પામ્યો છે એમ બતાવવા બે વાંદરાઓ પાસે જાલંધરના શિર અને ધડ જેવા દેખાતા બે અવયવોના ભાગ વિષ્ણુએ વૃંદા આગળ લાવીને મૂકાવ્યા. વૃંદા દુઃખથી વ્યાકુળ બનીને શોક કરવા લાગી. એવામાં કપરી સાધુએ તેને સજીવન કર્યો. પછી વિષ્ણુ જાલંધરના વેશે વૃંદા પાસે ઊભા રહ્યા. ખુશ થયેલી વૃંદાએ વિષ્ણુને આલિંગન આપ્યું થોડા દિવસ બંને સાથે રહ્યા. વૃંદા અજ્ઞાન હોવા છતાં તેનું પતિવ્રત ખંડિત થયું, અને જાલંધર સંગ્રામમાં મરાયો. વૃંદા બનાવટી જાલંધરને ઓળખી ગઇ. તે પગની પાનાથી માથા સુધી સળગી ઊઠી. તેણે વિષ્ણુને શાપ આપ્યો કે 'તને પત્નીનો વિયોગ થઈ બે વાંદરાની સહાય લેવાનો વખત આવજો'૭. ભગવાન વિષ્ણુએ સતીનો શાપ માથે ચડાવ્યો અને કહ્યું કે તારા સતી થયા પછી તું તુલસી રૂપે ભૂલોક ઉપર ઉત્પન્ન થજે. આ પ્રસંગની યાદમાં દર વર્ષે કારતક સુદ અગિયારસના દિવસે લોકો તારા અને મારા લગ્નનો પ્રસંગ ઉત્સવ રૂપે ઉજવશે ત્યાર પછી વૃંદા સતી થઇ.

કપટથી વૃંદા સતીનો નાશ થયો આથી વિષ્ણુને પસ્તાવો થયો. તેઓ વૃંદાની ચિતા પાસે બેસી રહેવા લાગ્યા, તેમનું ગાંડપણુ દૂર કરવા પાર્વતીએ સ્મશાન ભૂમિમાં વૃંદાની રાખ પર તુલસી, આમલી અને માલતીનાં બી વાવ્યાં. અને તેના ૩ રોપ ઉછેર્યા. તેમાંથી તુલસી સર્વ ગુણે વૃંદાની તુલ્ય હોવાથી વિષ્ણુને બહુ પ્રિય થઈ પડી. વૃંદાએ રૂકમણી રૂપે અવતાર લીધો અને વિષ્ણુ કૃષ્ણરૂપે અવતર્યા. કારતક સુદ અગિયારસના રોજ તેમના લગ્ન થયા ત્યારથી તુલસી-વિવાહનો ઉત્સવ ગુજરાત અને સૌરાષ્ટ્રના ગામડે ગામડે દર વર્ષે ઉજવાય છે.

જેને ઘેર કન્યા હોતી નથી તેઓ પોતાની પુત્રીને પરણાવતા હોય તેટલી ધામધૂમથી તુલસી વિવાહ કરે છે અને કન્યાદાનનું ફળ પ્રાપ્ત કરે છે. તુલસી વિવાહ કરવાની ઇચ્છા હોય તે અષાઢ સુદી અગિયારસ જે દેવપોઢી અથવા નીમની એકાદશી નામે ઓળખાય છે તે દિવસે માટીના કુંડામાં તુલસી વાવે છે.

પરણેલી કન્યાઓ પણ તુલસી પરણાવવાનું વ્રત કરે છે. કુંવારી કન્યાથી આ વ્રત કરી શકાતું નથી. આ વ્રત શરૂ કર્યા પછી બે વર્ષ સુધી ચાલુ રાખવું પડે છે.

કારતક મહિનાના મંડાણ થતાં જેને ઘેર તુલસી વિવાહ હોય કંકુ છાંટીને કંકોતરીઓ લખે છે. કારતક સુદ અગિયારસના દિવસે આજુબાજુ ગામના લોકો બળદ શણગારી ગાડાં જોડીને જાનમાં આવે છે. વ્રત લેનારી કન્યાઓ જે ગામમાં તુલસી વિવાહ થતો હોય ત્યાં તુલસી પરણાવવા આવે છે. તુલસીનો માંડવો રોપાય છે. લગ્નગીતો ગવાય છે.

સાંજના ગામના ઠાકર મંદિરમાંથી વાજતે ગાજતે ઠાકર મહારાજ (શાલિગ્રામ)ની જાન જોડાય છે. ગામને પાદર જાન છૂટે છે. ગામના ઝાંપે આસોપાલવના તોરણ બંધાય છે. તોરણ સાથે જાડું રાંઢવું બાંધવામાં આવે છે. તેની નીચે ગોઅણીઓ(૮) હાથમાં સોથા વગ રનો શેરડીનો સાંઠો લઈને ઊભી રહે છે. વાજતે ગાજતે ઠાકોરજીની પાલખી તોરણે આવે છે. પાલખી તોરણ નીચેથી પસાર થાય એટલે ગોઅણીઓ પાલખી માથે શેરડીનો સાંઠો અડકાડે છે. આજે તો પાલખી પર ફડાફડ સાંઠા મારવાનો રિવાજ પ્રચલિત બન્યો છે.

જેને ઘેર તુલસી વિવાહ હોય તે સામૈયું લઇને આવે છે; રંગેચંગે સામૈયું કર્યા પછી ઠાકોરજીની જાન માંડવે જાય છે માંડવા નીચે ઠાકોરજીની પાલખી મૂકાય છે. જોડે બાજોઠ ઉપર તુલસીજીના છોડને ચોળી, ચણિયો અને ચુડલિયું પહેરાવીને બેસાડવામાં આવે છે. તુલસીકુંડાને મીંઢોળ બાંધવામાં આવે છે. ચોરી રચાય છે. ગોર મહારાજ લગ્નની વિધિ કરાવે છે. કન્યાદાન દેવાય છે. હાથ ગરણું થાય છે. ગોઅણીઓ ઠાકર અને તુલસીની પૂજા કરે છે. મોડી રાત સુધી આ વિધિ ચાલે છે. પછી જાનમાં આવેલા જાનૈયા અને ગોઅણીઓને જમાડીને વિદાય આપવામાં આવે છે. ઠાકોરજી અને તુલસીને ઠાકોરમંદિરમાં પધરાવવામાં આવે છે.

---

૬. તુલસીશ્યામ—તપોદક તીર્થ—લે. હરિભાઇ ગૌદાની.

૭. દંતકથા કહે છે કે રામ અવતાર વખતે સીતાજીનું હરણ થયું. રામને વાનરની મદદ લેવી પડી.

૮. તુલસી પરણાવવા આવેલી યુવતિઓ.

## તપ્તોદક તીર્થ તુલસીશ્યામ—

સૌરાષ્ટ્રમાં ધારી શહેરથી અઢાર માઈલ દૂર ગીરના જંગલો વચ્ચે તુલસ શ્યામની રળિયામણી જગ્યા આવેલી છે. હજારો ભાવિક યાત્રીઓ તેના દર્શનાર્થે આવે છે. તુલસીશ્યામની આ મૂર્તિના પ્રાગટ્યનો સમય ત્રણસો વર્ષ પહેલાં બન્યો હશે એમ ડૉ. હરિભાઈ ગૌદાની નોંધે છે.૯.

"ત્રણસો વર્ષ પૂર્વે ગીરના જંગલોમાં મીઠા નામનો નેસડો હતો. ત્યાં દેવો સતિયો નામનો ચારણ રહે. એક દિવસ તેણે ડુંગરા પાછળ ભયંકર કડેડાટીઓ સાંભળી. વીજળી જેવા તેજસ્વી ઝબકારા જોયા. તેણે જઈને દૂધાધારી નામના તપસ્વી બાવાજીને વાત કરી. બાવાજીએ એ જગ્યાએ ઝૂંપડી બાંધી. બીજે દિવસે મોંસૂઝણામાં ધરતી ધણધણી ઊઠી. જમીન ફાટી અને તેજપુંજો આકાશ તરફ જતા જણાયા. ધરતીમાંથી ઉના પાનીના ઝરણાં ફૂટયા. અઠવાડિયા પછી ફરીથી અગનગોળા દેખાયા. ધરતી શાંત થયા પછી દૂધાધારી મહારાજે જઈને જોયુ તો ઝરણાની જોડે એક ઝાડ નીચે કાળા પત્થરની સુંદર મૂર્તિ પડી હતી. મહારાજ બે હાથ જોડીને નમ્રતાથી બોલ્યાઃ ભલે પધાર્યા મારા નાથ! આપ સતી વૃંદાએ શાપ આપ્યા પછી શ્યામ સ્વરૂપ બન્યા. આ જંગલમાં વૃંદાના શાપ પછી આપને પ્રિય એવાં તુલસીનાં વન ઊભાં છે, એટલે આપને હું તુલસીશ્યામને નામે સ્મરીશ. પછી મહારાજે તુલસીશ્યામની મૂર્તિનું સ્થાપન કર્યું." પછીથી દીવના નગરશેઠ જુગલદાસ સ્વપ્નામાં આવેલ તુલસીશ્યામની મૂર્તિના દર્શનાર્થે આવ્યા. તેમણે હજારો રૂપિયા ખર્ચીને નાગરાદિ જાતિનું મંદિર બંધાવ્યું. આજે તુલસીશ્યામનું તીર્થ સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં ખૂબ જ પ્રસિદ્ધ બન્યું છે. ગીરના મનોહર જંગલમાં આવેલું આ તીર્થસ્થળ યાત્રાળુઓના મનને પરમ શાંતિનો અનુભવ કરાવે છે.

## તુલસી-વિવાહના લોકગીતો—

લોકજીવન સાથે લોકોત્સવ વણાઈ ગયેલા છે. તુલસી વિવાહ એ તો ગુજરાતનો અનોખો લોકોત્સવ ગણાય છે. ગુજરાતના સમૃદ્ધ લો સાહિત્યમાં ઉત્સવગીતોની સાથે તુલસીવિવાહના ગીતો પણ મળી આવે છે. અભ્યાસીઓને ઉપયોગી થાય તે દષ્ટિએ કેટલાંક ગીતો અહીં ઉતારું છે.

ઉત્તર ગુજરાતને અડીને પાત્રડીપને પથરાયેલ ચુંવાલ પ્રદેશમાં તરવરાટભરી ઠાકરડા કોમ વસે છે. આ કોમની સ્ત્રીઓ પાસેથી સ્વ. શ્રી નિરંજન સરકારે ઊતારેલું તુલસી વિવાહનું ગીત જોઈએ—

'સરખી સૈયરું દાદા જળ ભરવા જ્યા'તાં,
સૈયરું મેણલા બોલ્યા હો રામ,
પાણી જ્યા'તાં રામની વાડીએ.
આટલી સૈયરુમાં કુણ્સ કુંવારું,
આટલી સૈયરુંમાં તુલસા(૧૦) કુંવારી.
તુલસા બાળકુંવારાં હો રામ પાણી.
ઘેર આઈને તળશ્યા ડોલિયો(૧૧) ઢાળ્યો,
તાણી પામરિયાની સોડ્યું હો રામ, પાણી.
કો' તળશ્યા દીકરી માથલડાં સ્યાં દુશ્યા ?
સ્યાં તમને કાટડા(૧૨) વાજ્યા ? પાણી.
નથી બાપા મારા માથડાં દુશ્યાં ?
નથી અમને કાંટડા વાજ્યા હો રામ, પાણી.
કયો તુલસા દીકરી સૂરજ વેર(૧૩) પૈણાવું.
ચાંદલિયો વર વો'રું હો રામ, પાણી.
સૂરજને બાપા તેજ ઝાઝેરા,
ચાંદલિયો જળ ઝાંખો હો રામ, પાણી.
કો' તળશ્યા દીકરી માધવ(૧૪) વેર પૈણાવું.
હલમાનિયો(૧૫) વર વો'રું હો રામ, પાણી.
માધવને બાપા જટા ઝાઝેરી.
હલમાન તેલ સિંદુરે હો રામ, પાણી.
કાશીની વાટયે કરશનજી કુંવારા,
ત્યાં મારા ગપણ કરજો હો રામ.
પાણી જ્યા'તા રામની વાડીએ.

તુલસીના સગપણ થયા અને લગ્ન પણ લેવાયા. શેરડીના મંડપ રોપ્યા છે. શ્રી કૃષ્ણ ભગવાન (વીઠલજી) નો વરઘોડો નીકળે છે:

વરઘોડો રે કંઈ વિઠ્ઠલજીનો !
ઘોડાને રે કંઈ ઓરડીએ બંધાવો જી રે
ઘોડાને રે કંઇ નાગરવેલ્ય નીરાવો રે
ઘોડાને રે કંઈ તેત્રીસ શણગાર સજાવો રે
બાર ધણાં કંઇ ઢોલડિયા વગડાવો રે
શિવ સંતો રે કંઈ શરણાઇયુના બે જોટા રે
ઘોડાને રે કંઈ પવનવેગે ચલાવો રે
વેવાણ રે તું વહેલેરી આવજે રે
થાળભરી મોતીડાં લાવજે રે
ઉપર કંઈ શ્રીફળ મેલાવજે રે
મારા વાલાને વિગત વધાવજે રે
રૂડા તુલસીએ કામણ કીધા રે
મારા વહાલાના મન હરી લીધાં રે(૧૬)

કારતક સુદી અગિયારસના તુલસીના વિવાહ થાય છે. તુલસી શ્રીકૃષ્ણને વરમાળા પહેરાવે છે. આ પ્રસંગે બ્રહ્મા વેદ ભણે છે. અજ્ઞાન લોકહૈયાની કલ્પના તો જુઓ—

પડવે પહેલો તમ અવતાર રમવા નિસર્યા રે લોલ
બીજે બાળક બેઠું બહાર, મેં સમજાવ્યું રે લોલ

---

૯. જુઓ-તુલસીશ્યામ તપ્તોદક તીર્થ. લે. ડૉ. હરિભાઇ ગૌદાની વિશ્વવિજ્ઞાન તીર્થકથા અંક–૧૯૬૨.

૧૦ તુલસી. જુઓ ચુંવાળ પ્રદેશના લોકગીતો. લોકસાહિત્ય- માળા મણકો–૬.

૧૧ ઢોલિયો.

૧૨ કાંટા.

૧૩ હાર્યે–સાથે.

૧૪ મહાદેવ.

૧૫. હનુમાન.

૧૬. જુઓઃ તુલસી વિવાહના ગીતો. સંપાદકો જોરાવરસિંહ જાદવ અને સજ્જનકુમારી ચાવડા. લોકસાહિત્યમાળા મણકો–૩.

ત્રીજે ત્રણ ભૂવનનો નાથ, તાળી પાડો ટાચકા રે લોલ
ચોથે છોગાળા ભગવાન, મારે મો'લ(૧૭) આવજો રે લોલ
પાંચમે માર્યો હરણાકંસ, કે એક માર્યો મગલો રે લોલ
છઠ્ઠે તેડાવો જોશી કે જોષ જોવડાવો રે લોલ
ભાઈ જોશીડા વીરા, સારા જોષ તું જો જે રે લોલ
લગ્ન કે દિવસના આવશે રે લોલ
આવશે અગિયારસ ને સોમવાર, વિવાહ આવ્યા ઢૂકડા રે લોલ
આવી રૂડી અંધારી રાત કે અજવાળા કયાં પડે રે લોલ.
દુવારકામાં પોંખાય રણછોડરાય કે અજવાળાં ત્યાં પડે રે લોલ.
તુલસી રોપે છે વરમાળ, કે બ્રહ્માવેદ ભણે રે લોલ.

લગ્ન પછીની તુલસી અને શ્યામની જીવનચર્યાનું આલેખન નીચેનું ગીત કરે છે—

કયાં વસે તુલસી, કયાં વસે રામ ?
કયાં વસે મારા શ્રી ભગવાન ?
શું જમે તુલસી શું જમે રામ ?
શું જમે મારા શ્રી ભગવાન ?
કયાં પોઢે તુલસી કયાં પોઢે રામ ?
કયાં પોઢે મારા શ્રી ભગવાન ?
કયારે વસે તુલસી, મંદિરિયે વસે રામ,
પાલખીએ વસે મારા શ્રી ભગવાન.
દૂધ પીએ તુલસી, સાકર જમે રામ,
કંસાર જમે મારા શ્રી ભગવાન.
કયારે પોઢે તુલસી, મંદિરે પોઢે રામ,
પાલખીએ પોઢે મારા શ્રી ભગવાન.

તુલસી વિવાહની બારમાસીઓ પણ મળી આવે છે. ગુજરાત અને કાઠિયાવાડના સીમાડાને અડીને આવેલા ભાલ પંથકમાં અને કનેરમાં તુલસી વિવાહની નીચેની બારમાસી ગવાય છે.

ધન્ય ધન્ય આકરુ ગામ
ધન્ય ધન્ય રે તુલસી તારા મોંઘેરા નામ સાંભળો ગુણવંતા
રામજી ખેડે ને લક્ષ્મણ વેડે ,,
સતી રે સીતાજીએ પાણીડા સિંચ્યા ,,
અષાઢે તુલસી રોપે રોપાણા ,,
અગર કસ્તુરીના ખાતર પુરાયઃ ,,
શ્રાવણે તુલસી બબ્બે પાંદડિયે ,,
હરખ્યા નારાયણ તુલસી નામે ,,
ભાદરવે તુલસી વેલે વળુંભ્યા ,,
દેવ દામોદરે ખોળામાં લીધા ,,
આસોએ તુલસી આછા વળુંભ્યાં ,,
કુંવારા તુલસીબાનો કરો રે વિવાહ ,,
કારતકે તુલસીના વિવાહ નિર્ધાર્યા ,,
લગ્ન નિર્ધાર્યા ને પરણ્યા મોરારી ,,
માગશરે માવઠડાં રે થાશે ,,
શિયાળે તુલસીબાના આણલાં રે જાશે ,,
પોષે તો તુલસી પડ્યા રે રોપમાં ,,
તુલસી વિના ત્રિભુવન રે ડોલ્યા ,,
મહારાજે તો વન સઘળાં રે વેડ્યા ,,
હુડલા કોડલાની રમત રે માંડી ,,
ફાગણે ફાગ ખેલે રે ગોવિંદા ,,
હોળી ખેલે ચંદ્રાવતી લીલા ,,
અગર તુલસી હિંડોળા બંધાવે ,,
હિંડોળે હિંચે શ્રી કૃષ્ણજી ભોળા ,,
વૈશાખે વાવલિયા રે વાશે ,,
ઘેરે પધારો શ્રી કૃષ્ણ નાવલિયા ,,
જેઠે તો તુલસી સુકાવા રે લાગ્યા ,,
તુલસી વિના સૂનો રે સંસાર ,,
જેણે કર્યો તુલસીને દીવો ,,
એનો વીરોજી ઘણું રે જીવો ,,
જેણે રેડ્યાં તુલસીને બેડાં ,,
એને આવે શ્રી રામના તેડાં(૧૮) ,,

આજના યુગમાં પ્રાચીન સંસ્કૃતિનો લોપ થઈ રહ્યો છે ત્યારે ગુજરાતના લોકજીવને તુલસી વિવાહનો લોક-ઉત્સવ અને તુલસી વિવાહના ગીતો આજેય જાળવી રાખ્યા છે એ લોક-સાહિત્ય અને લોક-સંસ્કૃતિના અભ્યાસીઓ માટે ઓછા આનંદનો વિષય નથી.

(માહિતીખાતાના સૌજન્યથી)

---

૧૭. મહેલ.

૧૮ સરખાવો—મારવાડમાં પ્રચલિત તુલસીની બારમાસીઃ
"સાવણિયે રે તુળછાં પાન-દો-પાન-ભાદૂડે ચાર પાન હો રામ
આસોજાં મેં તુળછાં મવડજ કાઢ્યા, કાતી બ્યાંવ રચાળો હો રામ."
કૃષ્ણ ચરિત્રના લોકગીતો, સંપા. કુ. શ્રધ્ધાદેવી મજમુદાર, લોકસાહિત્ય માળા મણકો-૫.

# નાગપૂજા

**ટોટેમ સાથે નાગપૂજાનો સંબંધ—**

**ટોટેમ (Totem)** એ સંસ્કૃતિનું મહત્ત્વનું અંગ ગણાય છે. ટોટેમના અભ્યાસ દ્વારા માનવીય સંસ્કૃતિના વિકાસ પર સુંદર પ્રકાશ પાડી શકાય છે. જગતની તમામ જાતિઓમાં કોઈ ને કોઈ સ્વરૂપે ટોટેમ જોવા મળે જ છે. આદિમ જાતિના લોકો કોઈ વૃક્ષ, કુદરતી વસ્તુ કે પશુપ્રાણીની ઉપાસના કરતા અને પોતાની જાતિને એના નામથી જ ઓળખાવતા. શિયાળ, માછલી, નાગ, ગરોળી અને રીંછની પૂજા કરનારી અને એ નામથી ઓળખાતી અનેક જાતિઓ આજે પણ દક્ષિણ ભારતમાં મળી આવે છે.

આદિવાસી મનુષ્યની વિચારશક્તિ ઘણી સંકુચિત હતી. આજુ-બાજુના ભૌગોલિક વાતાવરણનો તેના પર ગાઢ પ્રભાવ પડતો. કુદરતની શક્તિઓથી તે ડરતો. જ્વાળામુખી, વર્ષાનું તાંડવ નદીનું પૂર તથા જંગલી પ્રાણીઓ અને ઝેરી સર્પોથી ડરનાર માનવીએ એને ખુશ રાખવા તેની પૂજા શરૂ કરી, ત્યારથી ટોટેમ ઉપાસના આરંભાઈ છે. નાગપૂજાનું મૂળ પણ ટોટેમપૂજામાં જ જોવા મળે છે.

**નાગપૂજાની પ્રાચીનતા—**

ભારતીય પૂજાના પ્રકારોમાં નાગપૂજા ઘણી પ્રાચીન છે. 'નાગ-પૂજાનું કેન્દ્ર ભારત જ છે. આ દેશમાંથી નાગપૂજા અન્ય દેશોમાં પ્રચલિત બની હશે એમ માની શકાય છે.'૧. ભારતમાં જ નહીં પણ બેબિલોનિયા, મિશ્ર, ગ્રીક આદિ દેશોમાં આ પૂજા ઘણા જૂના કાળથી ચાલે છે. પ્રાચીન ભારતમાં નાગપૂજા ખૂબ જ વિકાસ પામી હતી. મોહે-જો-દડોમાં વૃષભ, અગ્નિ, પીપળો અને નાગની પૂજા થતી. અમેરિકા જેવા સુધરેલા દેશમાં આજે પણ નાગને દેવ તરીકે પૂજવામાં આવે છે. બેબિલોનિયાના 'ઈઆ' દેવ નાગ સાથે સંબંધ ધરાવે છે. ગ્રીસની દંતકથા તો એમ કહે છે કે અર્ધ મનુષ્ય અને અર્ધનાગે મનુષ્યને ખેતી કરવાનું અને ધરતીમાંથી ખાણો ખોદવાનું શીખવ્યું.

ભારતમાં નાગજાતિ ઘણી જૂની જાતિ છે. કાશ્મીરમાં નાગ-જાતિના લોકો વસે છે. તેઓ ઔષધિઓમાં ખૂબ નિષ્ણાત ગણાય છે. તેઓ સર્પના ઝેરનો ઈલાજ પણ કરે છે. નાગજાતિ સર્પમાંથી ઉત્પન્ન થઈ છે એમ માનવામાં આવે છે. વળી 'નાગલોકો અર્ધસર્પ અને અર્ધમનુષ્ય છે. એમ માનવામાં આવે છે.'૨.

**નાગપૂજા અને લૌકિક માન્યતાઓ—**

નાગપૂજા અને સર્પપૂજા છૂટી ન પાડી શકાય તે રીતે મિશ્ર થયેલી છે. નાગ સંપત્તિનો રક્ષક ગણાય છે. વણજારા કોમમાં એવી માન્યતા પ્રચલિત છે કે 'જમીનમાં ધન દાટીને તેના પર બાળકને બેસાડવામાં આવે તો બાળક તેના મૃત્યું બાદ સાપ બને છે અને એ સંપત્તિનું રક્ષણ કરે છે.' હિંદુ લોકો જૂના પુરાણા મકાનમાં સાપને જુએ તો એને ઘરનો જૂનો માલિક માને છે.

ભારતીય લોકકથાઓ કહે છે કે સાપ કૂવાનું રક્ષણ કરે છે. દરેક કૂવો પોતાના રક્ષણ માટે સાપ રાખે છે. તે કૂવાનું પાણી સૂકાવા દેતો નથી.

નાગપૂજા સાથે અંધશ્રદ્ધાના અનેક જાળાં બાઝેલાં જોવા મળે છે હિંદુ લોકો સાપના ભયને કારણે જ તેની પૂજા કરે છે. સાપને મારવાથી નાગણી તેનું વેર વાળ્યા વિના રહેતી નથી એવી લોકશ્રદ્ધા આજે પણ અસ્તિત્વ ધરાવે છે. નાગને મારવાથી ઘરમાં રોગચાળો પ્રસરે છે એવી માન્યતા પણ લોક-જીવનમાં જાણીતી છે.

નાગપૂજા વિશે એક વાત એવી પણ જાણવા મળે છે કે નાગ માનવજાતિનો પૂર્વજ છે. તેથી નાગ લોકો સાપને પોતાના પૂર્વજ તરીકે આજે પણ પૂજે છે.

નાગપાંચમનું વ્રત કરનારી વનિતાઓ નીચે જણાવેલ વ્રતકથા કહે છે. "એક ઘરમાં સાત ભાઈઓ; સાતેને વહુવારુઓ: સાતમી અણમાનીતી પિયરમાં કોઈ ન મળે. સાસરવાસમાં સૌના ખાધા પછી એઠું જે વધે તે ખાવા મળે. ખાઈને વૈતરું કરે. તે સગર્ભા બની. ખીરના ભાવા (દોહદ) થયા: પણ કોણ ખવરાવે? એક દિવસ ઘરમાં ખીર કરી છે. એને ભાગે તો ઊખરડાં રહ્યાં. લઈને એ જળાશયે જાય છે. ઝાડના થડે ઊખરડાં છૂપાવીને પાણીનું બેડું ઘેર નાખી આવે છે. પાછળથી આ ઊખરડાં એક સગર્ભા નાગણી ખાઈ જાય છે. બાઈ પાછી આવીને નિરાશ થાય છે, છતાં ઉદ્‌ગાર એવો કાઢે છે કે 'હશે બાઈ! મારા જેવી કોઈક દુ:ખિયારી હશે તેણે ખાધા હશેને! એનું પેટ ઠરજો.'

કૂડું કંઈ બોલે તો કરડવા તત્પર બેઠેલી નાગણીએ બહાર નીકળીને દુ:ખિયારી પર પ્રેમ પ્રગટ કર્યો; ને પાતાળવાસી નાગકૂળ એ 'નપીરી'નું પિયર બન્યું. એનું સીમન્ત ઉજવવા નાગકુટુંબ માનવરૂપે હાજર થયું. એને પ્રસુતિ માટે પાતાળમાં લઈ ગયાં. નાગણી વિયાઈ તે વારે દીવો લઈને ઊભી રહેલી એ માનવ-પુત્રીએ પોતાના જ બાળનો ભક્ષ કરતી નાગણીને દેખી ડરી જઈ દીવો પાડ્યો. એ દોષે બે નાગ-બચ્ચાં ભક્ષ કરતી જનેતાના મોંમાંથી બચી છૂટ્યાં પણ પૂંછડી કરડાઈ ગયેલી તેથી બાંડાં બન્યાં. પોતાની કદરૂપતાના કારણરૂપ એ માનવ-બહેનને ઈજા કરવા એને ઘેર ગયા. પણ બહેને તો પોતાને ઠેસ આવતાં એ ભાઈઓને યાદ કરી 'ખમ્મા' કહ્યું. ભાઈઓ પ્રગટ થઈને બહેનને પહેરામણી આપી પાછા વળ્યા."૩.

**નાગપૂજા અને પૂજાસ્થાનો—**

નાગદેવતાની પૂજા ભારતના વિભિન્ન જિલ્લાઓમાં જોવા મળે છે. ગુજરાત અને સૌરાષ્ટ્રમાં કેટલાંક જાણીતાં નાગપૂજાનાં થાનકો આવેલાં છે. 'કચ્છમાં ભૂજંગદેવનું સુંદર મંદિર ડુંગર પર આવેલું છે. લગભગ છેલ્લાં એક હજાર વર્ષથી 'ભૂજંગદેવ' પૂજાય છે. કચ્છના ભૂજ શહેરનું નામ પણ ભૂજંગ નાગ ઉપરથી પડ્યું છે. કચ્છી હિન્દુઓ શ્રદ્ધાપૂર્વક ભૂજંગદેવની પૂજા કરે છે. ભૂજ શહેર પાસેના કોટામાં ભૂજંગનું પુરાણું મંદિર આવેલું છે.'૪.

---

૧. જુઓ: સંસ્કૃતિ ઔર સમાજશાસ્ત્ર: ટોટેમપૂજાકા પરવર્તીરૂપ. ડો. રાંગેયરાઘવ-ગોવિંદ શર્મા.

૨. ધી ગોડસ ઓફ ઈન્ડીઆ, રેવ. ઇ ઓસ્બોર્ન માર્ટીન. પૃ. ૩૫૦

૩ જુઓ લોક-સાહિત્યનું સમાલોચન : ઝવેરચંદ મેઘાણી. પૃષ્ઠ : ૩૦

૪ જુઓ નાગનાં કુળો અને પૂજાસ્થાનો, લેખક શ્રી સંન્યાસી કિંમત : માર્ચ-૬૩

ધંધુકા તાલુકાના ખરતા ગામમાં 'ઘોઘા'નું મંદિર છે. ગામ આખું એની પૂજા કરે છે. કહેવાય છે કે ગામમાં સાપ કરડવાથી કદી કોઈનું મરણ થતું નથી. ઘોઘાદેવ ગામનું રક્ષણ કરે છે. ઘોઘા નામનો વીર પુરુષ ગાયોનું ધણ વાળતાં મરાયેલા. તે નાગ બનીને બેઠા છે અને પરચા આપે છે એવી વાતો જાણવા મળે છે. 'ઘોઘા'નો રાસડો ભાલપંથકમાં આજે પણ ગવાય છે.

આજ છે સાતમ ને સોમવાર, ઘોઘો ચુવાણ દાતણ કરે રે;
પાણી ભરે રે લાસીબા બ્હેન, ના'વા બેઠો ઘોઘો ચુવાણ.
બાર બેડે ઘોઘો નાહી ઊઠ્યા રે.
ઉગમણે પડી છે બૂમ, આથમણા થયા રાધા રીડિયા રે;
ઘોડલે નાખ્યા પલાણ, ઊંટે તે આથર ભીડિયા રે.
ચડ્યા ચડ્યા રે ઘોઘો ચુવાણ

શ્રી સંન્યાસી સૌરાષ્ટ્રમાં થાનગઢ સ્ટેશન પાસે આવેલા વાસુકિ–નાગના મંદિરની પણ વાત નોંધે છે. આ વાસુકિનાગ જે પુરાણોમાં કથા પ્રમાણે અમૃતમંથન વેળાએ તેનું નેતરું કરવામાં આવ્યું હતું. આજુબાજુના પંથકમાં આ નાગને દેવતાઈ નાગ તરીકે પૂજવામાં આવે છે. લગ્ન પછી છેડાછેડી છોડવા વરઘોડિયાં ત્યાં આવે છે.

સૌરાષ્ટ્રનાં ધ્રોળ શહેરની પશ્ચિમે તંબોળી નાગનું થાનક આવેલું છે, ત્યાં ખીજડાના પોલાણવાળું વૃક્ષ છે. કહેવાય છે કે ત્યાં નવ ફૂટ લાંબો અને મોટી ફેણ અને મૂછોવાળો નાગ રહે છે. ત્યાં દૂધનું પાત્ર રાખવામાં આવે છે, તેમાંથી નાગ દૂધ પીએ છે.

સૌરાષ્ટ્રમાં સરપદર ગામના પાદરમાં વાટપડા નામક નાગનું જાણીતું લોકપૂજ્ય થાનક છે. દેવતાઈ નાગ તેના પરિવાર સાથે ત્યાં ફરવા આવે છે. નિર્દોષ બાળકો તેની સાથે આજેય ગેલ કરે છે. એ ગામમાં કે ગામની હદમાં સર્પદંશથી કોઈનું મરણ થયાનું જાણમાં નથી

ગુજરાતને ગામડે ગામડે ચરમાળિયા દાદાનાં મંદિરો સામાન્ય રીતે તળાવની પાળે જોવા મળે છે. ત્યાં નાગની માટીની પ્રતિમાઓ હોય છે. નાગ પાંચમને દિવસે લોકો તલવટ વહેંચે છે. ઘરમાં ક્યાંય નાગ દેખાય તો દેરીએ જઈને દીવો કરે છે અને નાળિયેર વધેરે છે નવરાત્રિમાં બાળકો માટીના નાના નાના ઘોઘા બનાવીને તેમાં દીવા મૂકીને—

"ઘોઘો ઘોઘો ઘોઘ સલામ નાથીબાઈના વીર સલામ,
આગલો બંદૂકદાર, પાછલો પહેરદાર."

—ગાતાં ગાતાં ઘોઘો માગવા નીકળે છે. નવમે દિવસે ચરમાળિયા દાદાની દેરીએ ઘોઘા મૂકી જાય છે.

રાજસ્થાનમાં નાગદેવતાનું મોટું મંદિર આવેલું છે. ત્યાં નાગ–પાંચમના દિવસે ધામધૂમથી નાગની પૂજા કરવામાં આવે છે. પંજાબની એક લોકજાતિ સપ્ટેમ્બર માસમાં નવ દિવસ સુધી નાગની પૂજા કરે છે. આ પૂજા દરમ્યાન ઘણી ધાર્મિક ક્રિયાઓ કરે છે. તેઓ નાગને 'ગુગ્ગા'ને નામે ઓળખે છે. સાપના માનમાં લાલ અને કાળી રોટલીઓ બનાવવામાં આવે છે. આ રોટલીઓ એક ઘેરથી બીજા ઘેર લઈ જવામાં આવે છે. પછી આ રોટલીઓ દાટી દે છે. પછીથી તેના ઉપર મંદિર ઊભું કરવામાં આવે છે. આ રીતે નાગની પૂજા કરવામાં આવે છે. આ ઉપરાંત પંજાબમાં કેટલાંક લોકો ઢીંગલી બનાવીને નદીમાં નાખે છે. નદીમાં નાખતા પહેલાં તેને ખૂબ ટીપે છે. નાગપૂજાનો આ બીજો પ્રકાર છે"૫.

બંગાળમાં પણ નાગ–પૂજા જાણીતી છે. નાગદેવી 'મનસા'ની યાદમાં ખાસ ઉત્સવ ઉજવવામાં આવે છે. માટીના વાસણને સિંદૂરથી રંગીને એક વૃક્ષ નીચે મૂકવામાં આવે છે. તેની ચારે બાજુ માટીના નાના નાના સાપ મૂકવામાં આવે છે. આવા નાના નાના સાપનાં અનેક મંદિરો મળી આવે છે. મનસા વાસુકિની બ્હેન અને જરત્કારુ નામના ઋષિની સ્ત્રી છે. તે સર્પની રાણી છે. પેટે ચાલનારા ભયાનક પ્રાણીઓથી તે સ્ત્રી પુરુષનું રક્ષણ કરે છે તેથી તેને પૂજવામાં આવે છે. તેનું બીજું નામ 'વિષહરી' વિષને હરનારી એવું છે. બધી માતાની જેમ તે અદેખા સ્વભાવની છે. તેને હમેશાં ખુશ રાખવામાં ન આવે તો લોકોનાં ઘેર ઝેરી સાપ મોકલીને તે વેર વાળે છે. બંગાળમાં મનસાદેવીની પૂજા વિશેષ પ્રચલિત છે. મનસાદેવીની પૂજા અંગેની એક કથા નીચે પ્રમાણે મળે છે.

'ચંદ નામના એક વેપારીએ મનસાદેવીની પૂજા કરવાની ના કહી એટલું જ નહીં પણ તેને માટે અતિશય તિરસ્કાર દર્શાવ્યો. થોડા વખતમાં એના છ છોકરા સર્પદંશથી મરણ પામ્યા એ દશામાંથી દૂર રહેવા એનો મોટો છોકરો લોઢાના ઘરમાં રહ્યો; પણ મનસાએ એક કાટમાંથી સર્પ પેસાડ્યો. સાપ તેને લગ્નના દિવસે કરડ્યો અને એના પ્રાણ લીધા. એની વિધવા નાસીને રડતી રડતી પોતાના સાસુ પાસે ગઈ. પડોશીઓની સાથે દેવીનું આરાધન કરવા ચંદને તેણે ઘણું સમજાવ્યો પણ તે સમજ્યો નહીં મનસાએ જાતે તેના મિત્રને કહ્યું કે તમે ચંદને સમજાવો: માતા તરફ આટલો વેરભાવ રાખે નહીં. આખરે તેની ઇચ્છાને તે એટલો વશ થયો કે એક ફૂલ ડાબા હાથે દેવી તરફ નાખ્યું. આથી દેવી પ્રસન્ન થઈ. અને તેના બધા છોકરાને જીવતા કર્યા ત્યારથી તેની પૂજા પ્રચલિત થઈ.'૬.

દક્ષિણ ભારતમાં પણ નાગપૂજા જાણીતી છે હિંદુઓએ મદ્રાસમાં ઉપનંદી જિલ્લામાં સુંદર નાગમંદિર ઊભું કર્યું છે નાગલોકો વિવિધ પ્રકારે સાપની પૂજા કરે છે તેને ઇશ્વર સ્વરૂપે પૂજે છે. જુલાઈ માસમાં નાગદેવતાનો મોટો ઉત્સવ ઊજવે છે


ઉત્તર ભારતમાં બ્રાહ્મણ લોકો પણ નાગપૂજા કરે છે. તેઓ નાગપૂજા સાથે વૃક્ષપૂજા પણ કરે છે તેની પાછળની ભાવના એવી છે કે સાપ વૃક્ષના થડમાં પોતાનું દર બનાવીને રહે છે. તેથી સાપના દર આગળ દૂધ–ઘી મૂકે છે અને મંત્રોચ્ચાર કરીને સાપની પૂજા કરે છે.

નાગપૂજા હિંદુઓ સાથે સંકળાયેલી છે. સ્ત્રીઓ આજેય નાગપાંચમનું વ્રત કરે છે. અને નાગદેવની પૂજા કરે આથી ભારતને નાગપૂજાનું કેન્દ્ર કહીએ તો ખોટું નથી. જુની સંસ્કૃતિનો આજે લોપ થવા લાગ્યો છે ત્યારે કેટલાક દેવોની પૂજાને લોકજીવન વીસરી ગયું છે છતાં વેદકાળથી શરૂ થયેલી નાગપૂજા આજેય એટલી જ પ્રચલિત છે.

---

૫ સંસ્કૃતિ ઔર સમાજશાસ્ત્ર : ડૉ. રાંગેય રાઘવ અને ગોવિંદ શર્મા.

૬. જુઓ : વોર્ડ કૃત હિંદુઓ. પૃ ૧૦૮



# વિવિધ જાતો, નામો અને વિશિષ્ટ ખાસિયતો ધરાવતા
# આપણા બળદો

—શ્રી જોરાવરસિંહ જાદવ

માનવ જાતનો પ્રથમ સંસ્કાર તે કૃષિસંસ્કાર છે. આદિકાળના માનવના જીવનમાં જ્યારથી કૃષિસંસ્કારના પદધ્વકાર શરૂ થયા ત્યારથી માનવે પશુઓને પાળવાની અને ઉપયોગમાં લઇને પોતાનો બોજો હળવો કરવાની શરૂઆત કરી. હરપ્પા અને મોહેંજો દડોમાંથી જે મુદ્રાઓ મળી આવી છે તેમાં પાલતુ પશુઓ અંકિત થયેલાં છે. ચંદ્રાકાર શીંગડાંવાળો વૃષભ તો સિંધુ સંસ્કૃતિનું પ્રિય ચિહ્ન હતું એમ મળી આવેલી મુદ્રાઓ ઉપરથી અનુમાન કરી શકાય છે.

સંસ્કૃતિના તંદુરસ્ત વિકાસમાં મદદરૂપ બનેલાં પશુઓમાં બળદોનું સ્થાન મહત્ત્વનું ગણી શકાય એ દૃષ્ટિએ બળદોની જાતો, એની ખાસિયતો તથા તેનાં નામોનો અભ્યાસ પણ એટલો જ રસપ્રદ બની રહે છે.

આપણા દેશમાં બળદોની લગભગ ૩૦ થી વધુ જાતો જોવા મળે છે પ્રાણીશાસ્ત્રના અભ્યાસીઓ તો એમ કહે છે કે બળદોની મુખ્ય ૨ જાતો જ છે (૧) રંગીન અને (૨) સફેદ. પ્રાદેશિક પરિસ્થિતિ અનુસાર આ બે જાતોમાંથી બીજી બધી જાતો ઉદ્ભવી છે. અભ્યાસીઓ તો એટલે સુધી કહે છે કે દુનિયાની 'મધર બ્રીડ' એ ગીરની ઓલાદ છે. બળદોની કેટલીક વિશિષ્ટ જાતો નીચે મુજબ છે.

**નિમારી**—મધ્યભારતમાં આવેલ નિમાર પ્રદેશ ઉપરથી બળદની આ ઓલાદનું નામ નિમારી પડ્યું છે. આ જાત સોનખરીને નામે પણ ઓળખાય છે. નિમારી બળદ મધ્યમ કદનો, લાલ અને સોનેરી રંગ તથા ધોળા ધાબાવાળો હોય છે. કપાળ સહેજ તરતું, શીંગડાં ઘણું ખરું અચોક્કસ અને ગુલાબી રંગનાં હોય છે. કાન મધ્યમ અને ખરીઓ ખૂબ મજબૂત હોય છે. પરિણામે કઠણ જમીન પર લાંબો વખત કામ કરવા છતાં આ બળદો થાકતા નથી.

આ ઓલાદ ગીર અને ખિલારના સંકરણથી ઉદ્ભવી છે એમ કહેવાય છે; પરિણામે બન્ને જાતિનાં લક્ષણો મિશ્રરૂપમાં જોવા મળે છે.

**કૃષ્ણાવેલી**—કૃષ્ણા, ચંદ્રભા અને ઘાટપ્રભા નદીની ખીણમાં ઊછરતી બળદોની આ ઓલાદ કૃષ્ણાવેલીના નામે જાણીતી છે આ જાનવરો સતારા, બીજાપુર, કોલ્હાપુર તથા સાંગલીમાં વિશેષ જોવા મળે છે. 'સાંગલી નરેશે ૧૯મી સદીના છેલ્લા બે દાયકામાં કપાસની જમીન માટે કામ કરી શકે એવા ભારે શક્તિશાળી બળદો પેદા કરે એવી આ ઓલાદ ઉત્પન્ન કરી '[1] આ નવી ઓલાદ પેદા કરવામાં ગીર ઓંગોલ સ્થાનિક તથા કાંકરેજ ઓલાદનો ઉપયોગ કરાયો હતો.

આ જાતના બળદો સંકરણથી ઉત્પન્ન થયા હોવાથી ચોક્કસ લક્ષણો જાણી શકાતાં નથી. તેમ છતાં આ જાતના બળદો રંગે સફેદ તથા થાપા ઉપર કાળાશ હોય છે. પહોળું કપાળ, ટૂંકી ગરદન, ટદાર અને અણીદાર કાન, મજબૂત પગ અને લબડતા મૂતરણાવાળા હોય છે. આ જાત શાંત અને કામગરી છે. પથરીઆ જમીન પર કામ કરવાથી એની ખરીઓ તળવાઈ જાય છે.

**માળવી**—માળવા અને તેની આજુબાજુના પ્રદેશના બળદો માળવીના નામે જાણીતા છે. આ જાત આજે પંચમહાલ જિલ્લામાં પણ જોવા મળે છે. આ બળદો ટૂંકા અને ભારે શરીરવાળા, ટૂંકા અને મજબૂત પગવાળા તથા મધ્યમ કદના મૂતરણાવાળા હોય છે. માથું ટૂંકું અને પહોળું તથા કપાળ ખાડાવાળું હોય છે. મોં કાળું, નાકનું ટેરવું ઊંચે વળેલું, શીંગડાં મજબૂત અણીદાર અને કુંડલા, રંગ સફેદ અને મૂંઝડો હોય છે. આ જાતના બળદો બુંદેલખંડ, નંદરબાર, દક્ષિણ ગુજરાત અને જલગાંવમાં પણ જોવા મળે છે.

**અમૃતમહાલ**—આ જાતના બળદોનો ઉદ્ભવ મહિસુર રાજ્યને આભારી છે. મહિસુર રાજ્યના રાજાઓએ દૂધ અને બળદો પેદા કરવા માટે પોતાના રાજ્યમાં ગાયોની એક વસાહત ઊભી કરી હતી. આ વસાહતમાં પેદા થતા બળદો લશ્કરી સામાનની હેરફેર માટે વપરાતા. તોપે જોડેલા આ બળદો કલાકના ૧૫ માઈલની ઝડપે દોડતા હતા. અંગ્રેજોને લડાઈઓ આપવામાં ટીપુ સુલતાન સફળ થયો તેનું કારણ પણ આ જ હતું.

આ જાતિના બળદો મધ્યમ કદ અને તંગ બાંધાના, રંગે સફેદ, મૂંઝડા અને કાળા, લાંબું માથું, કપાળ ઉપસેલું, શીંગડાં પાતળાં લાંબાં અને ધનુષ્યાકાર, આંખો લાલ, કાન ટૂંકા, મૂતરણા–ટૂંકા અને શરીર સાથે ચોંટેલા તથા ધાબળી પાતળી હોય છે.

આ બળદોની હલ્લીકર, હગલવાડી અને ચીતલદુર્ગ એમ ત્રણ પેટા જાતિઓ પણ છે.

**સિંધી**—આ બળદો લાલ સિંધીને નામે પણ ઓળખાય છે. એનું મૂળ વતન છે સિંધનો કરાંચી અને હૈદરાબાદ જિલ્લો તથા તેની ઉત્તરે આવેલો કોહિસ્તાન પ્રદેશ. આ જાતના બળદો રંગે ગોરા અથવા લાલ. ટૂંકા બાંધાના અને ખડતલ હોય છે. એનું કપાળ ઉપસેલું, કાન મધ્યમ, શીંગડાં મૂળમાં જાડાં અને લબડતાં, તથા વાળ ચળકતા હોય છે. ગમે તેવી પરિસ્થિતિને અનુકૂળ થવાનો ગુણ આ જાનવરોમાં જોવા મળે છે.

**ગવલાઓ**—ગંગા નદીના પ્રદેશમાં આવેલા આ બળદો ગવલાઓના નામે ઓળખાય છે. તે રંગે સફેદ અથવા મૂંઝડા, માથાનો લાંબો મોઢિયો, ટૂંકાં ઠૂંઠાં અને પાછળ જતાં શીંગડાં, બદામ આકારની મધ્યમ કદની આંખો, પૂંઠ ઢળતી, ધાબળી મોટી અને પૂંછડું મધ્યમ કદનું હોય છે.

---

૧ જુઓ 'ખેડૂત અંક' પૃષ્ઠ ૨૦૩,

**બછોર**—બિહારમાં કોયલપુર જિલ્લામાં આવેલા બળદોની આ જાત બછોરને નામે ઓળખાય છે. આ બળદો મધ્યમ કદના અને મજબૂત બાંધાના, શીંગડાં ટૂંકાં જેવાં નાનાં, પૂંછડું ટૂંકું, રંગે સફેદ અથવા મૂંઝડા હોય છે.

**બેરીગઢ**—ઉત્તર પ્રદેશના બેરી જિલ્લાની બળદોની ઓલાદ આ નામે જાણીતી છે. આ બળદો રંગે સફેદ અથવા મૂંઝડા, ૧૮" જેટલાં લાંબાં શીંગડાં, પૂંછડું સફેદ અને ધાબળી મોં સુધી લાંબી હોય છે.

**કેન્વારિયા**—ઉત્તર અને મધ્ય પ્રદેશમાં કેન નદીને કાંઠેના પ્રદેશના બળદોની આ જાત છે. આ બળદો રંગે ધોળા અગર મૂંઝડા, કપાળ ચપટું અને શીંગડાં આગળ પડતાં હોય છે.

**હરિયાના** હરિયાના, પૂર્વ પંજાબ અને ઉત્તર રાજસ્થાનની બળદોની આ ઓલાદ છે. લાંબા પાતળા પગ, લાંબું સાંકડું મોં, નાના લટકતા કાન, હાલતાં શીંગડાં અને કાળી પૂંછડી એ આ બળદોની વિશેષતા છે.

**મેવાતી**—આ જાત કોસીના નામે પણ ઓળખાય છે. અલવર, ભરતપુર, મથુરા વગેરે મેવાત પ્રદેશની બળદોની આ જાતિનો રંગ સફેદ અને લાલ, મોં સાંકડું, કપાળ સહેજ તરતું, મધ્યમ કદના લટકતા કાન, અને લાંબું પૂંછડું હોય છે.

**અંગોલ**—કિસ્તના, ગંતુર અને નેલોર પ્રદેશની બળદોની આ જાત નેલોરને નામે પણ ઓળખાય છે. આ બળદોનું કદ મોટું, ગોળ આંખો, ફરતું કાળા રંગનું કૂંડાળું, નાના ઠૂઠા જેવાં હાલતાં શીંગડાં, અને રંગ સફેદ અગર તો લાલ જોવા મળે છે.

**ખિલારી**—મુંબઈ રાજ્યના દક્ષિણ ભાગની આ જાતના બળદો દોડવા માટે ઉત્તમ પ્રકારના ગણાય છે. હલ્લીકર જાતમાંથી ઊતરી આવેલ આ જાતના બળદોનો બાંધો મજબૂત, પીપ આકારનું ધડ, સફેદ ઘેરો રંગ, ગાજરના રંગ જેવી ખરીઓ, લાંબું નાક, સાંકડું કપાળ, નાના કાન. શીંગડાં લાંબાં અને અણીદાર, વળી ક્યારેક રતાશ પડતા રંગનાં પણ જોવા મળે છે.

**દેવની** મહિસુર રાજ્યના બિદર જિલ્લામાં આવેલા બળદો ડુંગરીના નામે પણ ઓળખાય છે. આ બળદો ગીરના બળદોને મળતા મધ્યમ કદના, રંગે સફેદ, કાળા અને કાબરા, કપાળ ઢળતું, મોટા કાન, નાના કુંડલાં શીંગડાં, ચળકતા વાળ અને મોટી લબડતી ધાબળીવાળા હોય છે.

**સાહીવાલ**-પશ્ચિમ પાકિસ્તાન અને મોંટગોમરી જિલ્લાની આ જાત છે. આ બળદો મોંટગોમરીના નામે પણ જાણીતા છે. રંગે ગોરા અથવા લાલ, મોટું કદ, સફેદ અથવા કાળાં ધાબાં, મોટું કપાળ, મધ્યમ કદના કાન, ૪" જેટલી લંબાઈના જાડાં અને હાલતાં શીંગડાં, પૂંછડું લાંબું અને ખરીઓ પોચી હોય છે. કાનની કિનારી પર વાળ જોવામાં આવે છે.

**કાંગાયામ**—કોઈમ્બતુર જિલ્લાની આ જાતમાં અંગોલ જાતનું લોહી છે. અણીદાર મોટાં શીંગડાં, તરતું કપાળ, કાળી આંખો, પાતળી ધાબળી, સફેદ અથવા મૂંઝડો રંગ, પૂંછડું અને મૂતરણું ટૂંકું હોય છે. આ બળદો કાંગાનદ અથવા કોંગુના નામે પણ ઓળખાય છે.

**લોહાની** — પશ્ચિમ પાકિસ્તાનના વાયવ્ય સરહદના ડુંગરાળ પ્રદેશના બળદોની આ જાત છે. નાનું કદ, શરીરના પ્રમાણમાં નાનું માથું, નાની પાતળી ધાબળી, ટૂંકું મૂતરણું અને રંગે લાલ અથવા સફેદ ધાબાંવાળા હોય છે.

**પોનવાર** — ઉત્તર પ્રદેશ અને હિમાલયની તળેટીમાં આ બળદો જોવા મળે છે. રંગે સફેદ અને કાબરા. લાંબાં શીંગડા અને સાંકડું મોં હોય છે.

**સીરી** — દાર્જીલીંગ, સિક્કીમ અને ભૂતાનના બળદોની જાતને સીરીના નામે ઓળખવામાં આવે છે. તિબેટનાં જાનવરોનું લોહી આમાં મિશ્ર થયેલું છે. રંગે સફેદ, કાળા અથવા કાબરા હોય છે. શરીર ઉપર લાંબા વાળનું પ્રમાણ વિશેષ હોય છે. નાના કાન તથા શીંગડા ટૂંકા અને આગળ પડતાં હોય છે. પગ પાતળા અને મજબૂત હોય છે.

આ તો થઇ ભારતના વિવિધ ભાગોમાં આવેલા બળદોની વાત. ગુજરાતમાં પણ બળદોની અનેક જાતો જોવા મળે છે. એવી કેટલીક જાતો ઉપર ઊડતો દૃષ્ટિપાત કરી લઇએ.

**કાંકરેજ :** બનાસકાંઠામાં આવેલા કાંકરેજ ગામ ઉપરથી ત્યાંના બળદોની ઓલાદ કાંકરેજના નામે જાણીતી બની છે. આ ઓલાદને વિઢયારા અથવા વાગડિયાના નામે પણ ઓળખવામાં આવે છે. બનાસકાંઠા, અમદાવાદ, મહેસાણા તથા બનાસ અને સરસ્વતી નદીનો કિનારો આ ઓલાદનું વતન ગણાય છે.

હિંદભરની બળદોની ઓલાદમાં કાંકરેજ બળદો અગ્રસ્થાને અને સૌથી વધુ વજનદાર છે આ બળદો રંગે રુફેદ અથવા મૂંઝડા હોય છે. ઊંચું માથું રાખીને દમામભરી ચાલ ચાલવા માટે જાણીતા છે. બીજી ઓલાદ કરતાં આ બળદો ચાલતી વખતે વધુ પગ દોડવે છે. પરિણામે જલદી મજલ કાપી શકે છે આ જાનવર ચપળ, ભડકણ અને જોમભર્યા હોય છે. શીંગડાં મજબૂત અને ચંદ્રાકાર, કપાળ પહોળું અને વચમાં ખાડાવાળું, ચહેરો ટૂંકો અને નાકનુ ટેરવું સહેજ ઊંચે વળેલું હોય છે કાન મોટા અને ઝૂલતા તથા મૂતરણું લાંબુ અને લટકતું હોય છે.

ગુજરાત, કર્ણાટક, ખાનદેશ, અજમેર અને મારવાડમાં ઢોરસુધારણા માટે કાંકરેજ ઓલાદનાં જાનવરો વપરાય છે. ૧૮૭૦ માં કાંકરેજ ઓલાદનાં જાનવરો બ્રાઝીલમાં લઈ જવામાં આવ્યાં હતાં. ત્યાં એને શુદ્ધ ઓલાદ તરીકે ઉછેરવામાં આવે છે. હાલમાં ત્યાં નવી અસ્તિત્વમાં આવેલી ઇન્ડુબ્રાઝીલ ( Indubrasil ) નામની ઓલાદ કાંકરેજ ઓલાદનું લોહી ધરાવે છે.(૨)

અમેરિકાનાં સંયુક્ત રાજ્યોમાં ભારતનાં આ જાનવરોને બ્રાહ્મણ જાનવરોને નામે ઓળખવામાં આવે છે. ગલ્ફ કોસ્ટ ( Gulf coast ) માં આ ઓલાદ જાનવરોની સુધારણા માટે વાપરવામાં આવ્યા છે. સેમેસી અને મોરીશિયસ ટાપુ ઉપર શેરડીની ખેતી માટે આ જાનવરો આયાત કરવામાં આવ્યા હતાં (૩)

---

૨ અને ૩. જુઓ ' ખેડૂત અંક ' પૃષ્ઠ ૨૦૦

**ગીરની દેશી ઓલાદ :** આ ઓલાદનું મૂળ ઉત્પત્તિસ્થાન ગિરનારનાં જંગલો હોવાથી આ ઓલાદ ગીરની દેશી ઓલાદના નામે ઓળખાય છે. કાઠિયાવાડ અથવા સોરઠીના નામે પણ એટલી જ જાણીતી છે. ગીરનાં જંગલો ઉપરાંત જૂનાગઢ, અમરેલી, ભાવનગર જિલ્લામાં આ ઓલાદનો ઉછેર વિશેષ થાય છે.

ગીરની ઓલાદનું લોહી ધરાવતાં જાનવરો કચ્છ પશ્ચિમ રાજપૂતાના અને મુંબઇ રાજ્યની ઉત્તર સરહદ સુધી વિસ્તરેલાં છે. ગીરનું આ જાનવર નમ્ર અને ગરીબડું હોય છે વળી તે પોતાના માલિકને ખૂબ જ વફાદાર રહે છે. પરદેશમાં ગયેલા ગીરના બળદોને સારો ખોરાક મળતાં ૨૦૦૦ રતલ સુધીના વજનમાં થયેલા છે. આ બળદમાં ઠંડી તાકાત વિશેષ છે. રેતીવાળા રસ્તે ભરેલા ભરોટે કાંકરેજ બળદો હાંફીને ઊભા રહેશે જયારે ગિરના બળદો તેને સડસડાટ કાઢી નાખશે.

ગિરના બળદો વજનદાર, ઢીલા બાંધાના, શાંત—માયાળુ અને સહેજ સુસ્ત. પહોળું કપાળ, અર્ધમીંચેલી આંખો, લાંબા લટકતા અને વળેલા પાંદડા જેવા કાન, શીંગડાં સહેજ જાડાં અને કુંડલા, મૂતરણા મોટા અને લબડતા હોય છે. સિંધી, મેવાતી, ડાંગી, નિમાર વગેરે જાતો ગીરનું લોહી ધરાવે છે. બ્રાઝીલ, ઓસ્ટ્રેલિયા અને યુ. એસ. એ. માં નવી ઓલાદ પેદા કરવા માટે આ ઓલાદને ત્યાં લઇ જવામાં આવી છે. હિંદભરની પશુઓની ઓલાદમાં સૌથી વધુ નિષ્કાળજી ગીરની ઓલાદ પ્રત્યે સેવવામાં આવી છે. પરિણામે આ જાત આજે ઘસાતી જાય છે.

**ડાંગી :** ડાંગ જિલ્લાના ડુંગરાળ પ્રદેશમાં આવેલી બળદોની આ જાત ડાંગી ઓલાદને નામે જાણીતી છે. એને ઘાટી ઓલાદ પણ કહે છે. આ બળદો સખત વરસાદ અને ડુંગરાળ જમીનમાં કામ કરવા માટે ખ્યાતિ પામેલ છે. વાંસદા, ધરમપુર, નાશિક, અહમદનગર અને ડાંગમાં આ જાનવરો જોવા મળે છે. મધ્યમ કદનું મજબૂત બાંધાનું શરીર, બદામી, સફેદ, કાળા તથા રાતા ધાબાવાળો રંગ, માથું નાનું, કપાળ ઉપસેલું, શીંગડાં ટૂંકાં અને જાડાં નાના કાન, પગ ટૂંકા, ઝુલતા મૂતરણા આ જાતનાં વિશિષ્ટ લક્ષણો ગણાય છે. આ બળદોની ચામડી જાડી હોય છે તથા ચળકતા વાળ પર ખાસ પ્રકારનો તૈલી પદાર્થ જોવા મળે છે પરિણામે સખત વરસાદમાં ડાંગરના કયારાઓમાં અને ટેકરીઓ પર કામ કરવા માટે આ જાત વધુ જાણીતી બની છે આ જાતના બળદો ડાંગ પ્રદેશ સિવાય બીજે ખાસ વપરાતા નથી.

**નાગોરી :** જોધપુર જિલ્લાના બર્મન, બળોત્રા, લૂણી નદીનો કાંઠો તથા નાગોર પ્રદેશના બળદો નાગોરીના નામે જાણીતા છે. આ બળદો રંગે સફેદ, પગ પાતળા, મોઢું લાંબું, બેઠેલું અને સાંકડું કપાળ, મધ્યમ કદનાં પાતળાં શીંગડાં, નાની ધાબળી હોય છે. પાણિયાળા બળદોમાં નાગોરી બળદની ગણના થાય છે. ગુજરાતમાં મોટે ભાગે આ બળદો વપરાતા જોવા મળે છે. આ બળદો માલજાણિયાના નામે ખૂબ જ જાણીતા છે.

**થરપારકર :** કચ્છ, જેસલમેર અને જોધપુર પ્રદેશના આ બળદો થરીના નામે પણ ઓળખાય છે. રંગે સફેદ અથવા મૂંઝડા હોય છે. મજબૂત બાંધો, કપાળ બેસેલું નાનાં શીંગડાં તથા આંખોની આજુબાજુ કરચલી તથા કાળા રંગનો પટ્ટો હોય છે.

**થળાધરી :** બનાસકાંઠાના થરાધરી તરફના બળદો થળાધરીના નામે જાણીતા છે. આ બળદો પ્રકૃતિએ ખૂબ જ શાંત અને સુંવાળા ગણાય છે. વધુ તાપ પણ આ જાનવરો સહન કરી શકતાં નથી.

**રાથ :** રાજસ્થાન—અલ્વર તરફ જોવા મળતી બળદોની આ જાત મૂળ હરિયાનાની પેટા જાત જ છે. તે મેવાતી અને નાગોરને મળતી આવે છે. રંગ સફેદ અથવા મૂંઝડા હોય છે. કપાળ ચપટું અને નાક પહોળું હોય છે. શીંગડાં ગોળાકાર તથા કાન લબડતા હોય છે.

**ઉમરકોટી :** આ જાતના બળદોને માથે નાનાં શીંગડાંઓ હોય છે. શરીરે મધ્યમ પ્રકારના, રંગે ધોળા, મૂંઝડા અને રાંગડા હોય છે. ડાંગરની કયારીવાળી જમીનોમાં આ બળદોનો ઉપયોગ વિશેષ પ્રમાણમાં થાય છે.

**બળદની બે વર્ણશંકર જાતો :** ઉપર જણાવેલ બળદોની જાતો ઉપર વિશિષ્ટ પ્રકારની બે જાતો આજે ગુજરાતમાં અસ્તિત્વમાં છે.

(૧) **રોઝડો :** સીમશેઢે ચરતી ગાયને સીમમાં રખડતું રોઝ(૪) ફળી જાય છે ત્યારે જો ગાયને એનાથી ઓધાન રહે તો એ ગાયને જન્મેલો વાછડો સામાન્ય રીતે રોઝ જેવો થાય છે, અને એ રોઝડા(૫) ને નામે ઓળખાય છે. આ બળદને રોઝ જેવી લાંબી ડોક, ટૂંકા કાન તથા દેખાવે નમણો, ધાટીલો, રૂપાળો અને ચબરાક થાય છે.

(૨) **અદબેહરા :** વદિયારી ગાયને દેશી ખૂંટ (સાંઢડો) થી ઓધાન રહે તો એ ગાયને જે વાછડો જન્મે છે તે નહીં દેશી કે નહીં વદિયારો એવો વર્ણશંકર થાય છે. તળપદી બોલીમાં એને અદબેહરો કહેવામાં આવે છે. આ બળદો નીચા અને મધ્યમ કોટિના હોય છે.

**બળદોનાં નામો :** માણસની માફક બળદો વિશિષ્ટ નામથી ઓળખાય છે એની જાતિ, ગામ, પ્રદેશ, ખાસિયતો, ખોડ, અને એના માલિક ઉપરથી એનાં નામ પડે છે. એવાં કેટલાંક નામો નીચે મુજબ છે. ગુજરાતભરમાં પ્રચલિત છે.

**રંગ ઉપરથી પડતાં બળદોનાં નામો :**

રાંગડો—કાળો
કાબરો—લાલ રંગમાં સફેદ અને કાળાં ટપકાંવાળો.
ભૂરો—ભૂરાશ પડતા રંગવાળો.
રોઝડો—રોઝ જેવા રંગવાળો.
મૂંઝડો—સફેદમાં કાળાશ પડતી ઝાંયવાળો.
માકડો—ભૂરો.
બાવળો—કાળી ઝાંય પર સફેદ પટ્ટો હોય તે.
લીલડો—લીલાશ પડતી રુવાંટીવાળો.
તેતરો—તેતર જેવા રંગવાળો.
શેડિયો—માથાના મોઢિયામાં લાલ રુવાંટીવાળો.

---

૪. સીમમાં રખડતું જાનવર.

૫. ધંધુકા તાલુકાના આકરૂ ગામમાં આજે પણ આવો રોઝડો હયાત છે.

**શીંગડાં ઉપરથી પડતાં બળદોનાં નામો :**

ભીલો—બાજુમાં શીંગડાં ફેલાયેલાં હોય તે.

સુથી—જે બળદ પોતાનાં શીંગડાં પોતે જોઇ શકે તે.

કુંડલો—મૂળમાંથી સીધાં પણ ઉપરથી વળેલાં શીંગડાંવાળો.

ખાવડો—આગળ વળેલાં શીંગડાંવાળો.

ડોળિયો—ખૂબ મોટાં અને ઊભાં શીંગડાંવાળો.

જાડશીંગો—જાડાં શીંગડાંવાળો.

**ગામ ઉપરથી બળદનાં નામો—** જે ગામમાંથી બળદ ખરીદ કરવામાં આવ્યો હોય તે ગામના નામ ઉપરથી ઘણીવાર બળદોનાં નામો પડે છે, અને બળદોને એ નામે ઓળખવામાં આવે છે. જેમ કેઃ—

લોયો—લોયા ગામ ઉપરથી.

ભગતવાળો—ભગત ગામના નામ પરથી.

ખડોળિયો—ખડોળ ગામના નામ પરથી.

ઝાંઝરિયો—ઝાંઝરિયા ગામના નામ પરથી.

**ધણીના નામ પરથી બળદના નામો—** જેની પાસેથી બળદ ખરીદ કરવામાં આવ્યો હોય એ બળદના મૂળ માલિકનું નામ પણ ઘણીવાર બળદની સાથે જોડાઈ જાય છે. અને બળદને એ નામે ઓળખવામાં આવે છે. જેમ કેઃ—

કાસમ—કાસમભાઈના નામ પરથી.

મંગળિયો—મંગળદાસના નામ ઉપરથી.

સોમલો—સોમાભાઈના નામ ઉપરથી.

**પ્રદેશ ઉપરથી પડતાં બળદોનાં નામો**—જે પ્રદેશમાંથી બળદ લાવવામાં આવ્યો હોય એ પ્રદેશ ઉપરથી પણ બળદનાં નામ ઘણીવાર ઊતરી આવે છે.

કાંકરેજો—કાંકરેજ પ્રદેશનો બળદ.

નાગોરી—નાગોર પ્રદેશનો બળદ.

વઢિયારો—વઢિયાર પ્રદેશનો બળદ.

થળાધરિયો—થળાધરી તરફનો બળદ.

માલાજાળિયો—માલાજાળ પંથકનો બળદ.

સંધિયો—સિંધ તરફના પ્રદેશનો બળદ.

**જાતિગત વિશેષતાઓ પરથી પડતાં નામો :**

**પડિયો**—ગાડે અથવા સાંતીએ ચાલતાં ચાલતાં બેસી જવાની ટેવવાળો બળદ પડિયો અથવા ગળિયો કહેવાય છે.

**તપલો**—જે બળદ ખૂબ સુંવાળો હોય અને તાપ સહન ન કરી શકે તેવો હોય તેને તપલો કહેવાય છે.

**હડકાયો**—આખો દિવસ ખૂબ ખા ખા કરતા બળદને હડકાયા તરીકે ઓળખવામાં આવે છે.

**સાતોળિયો**—બળદને સામાન્ય રીતે આઠ દાંત હોય છે. કેટલાક બળદોને સાત જ દાંત હોય છે. આવો બળદ સાતોળિયા તરીકે ઓળખાય છે.

**પાસાબંધ**—બળદના એક પડખાનું હાડકું ટૂંકું હોય તે બળદ પાસાબંધ અથવા બંડના નામે ઓળખાય છે.

**બાંડો**—કપાઈ ગયેલા પૂંછડાવાળો બળદ બાંડો અથવા બોડિયો કહેવાય છે.

**તણખી**—ચાલતાં ચાલતાં પગ તાણવાની ટેવવાળો બળદ તણખો તરીકે ઓળખાય છે.

**સાંપલો**—ચાલતાં ચાલતાં જે બળદના બે પગ ભટકાય અથવા દોટે ચડે તેને સાંપલો કહેવાય છે.

**પંખાળો**—શરીરની બંને બાજુનાં પાંસળાં ટૂંકાં હોય તે બળદ પંખાળો ગણાય છે ચાલવામાં આ બળદ ખૂબ ઝડપી હોય છે.

**ભોડાળો**—મોટા આગળ નીકળેલા માથાવાળો બળદ. બળદોની જાતમાં આ બળદ સૌથી વધુ કદરૂપો ગણાય છે.

**બળદની પરીક્ષા**—જ્યારે બળદ ખરીદવાનો હોય ત્યારે ખરીદ કરનાર ખેડૂત એનું ઓહાણ(૬) લે છે. બળદને ગાડે અથવા સાંતીએ જોડીને એની ચાલ કેવી છે? કેવો પાણિયાળો છે? વગેરે જૂએ છે. ત્યારપછી એમાં કોઈ ખોડ છે કે કેમ તે જૂએ છે.

**બળદોની** ખોડ—સામાન્ય રીતે ખેડૂતો ખોડીલા બળદોને ઓછા પસંદ કરે છે. બળદોની ખોડ સામાન્ય રીતે નીચે મુજબ ગણવામાં આવે છેઃ—

(૧) સાતોળિયો—જે બળદને આઠને બદલે સાત દાંત હોય.

(૨) પાસાબંધી—એક પડખાનું પાંસળું ટૂંકું હોય.

(૩) ભમરિયો—આંખની નીચે કપાળમાં ભમરી હોય.

(૪) સુથી—જે બળદ પોતાનાં શીંગડા જોઈ શકતો હોય.

(૫) વીંછુડો—પૂંછડાની ડોડી વીંછીના આંકડાની જેમ ઉપર વળતી હોય.

(૬) ગળિયો—ચાલતાં ચાલતાં બેસી જાય.

(૭) ટૂંકું પૂંછડું—ટૂંકા પૂંછડાવાળો એટલે કે ઢીંચણથી ઉપર હોય તેવું પૂંછડું.

(૮) ડોલણિયો—આખો દિવસ માથું ડોલાવ્યા કરે તેવો.

(૯) ખીલાઠોક—આખો વખત ખીલા સાથે શીંગડું અથડાવ્યા કરે તે.

(૧૦) જોડપૂંછો—જાડા પૂંછડાવાળો

(૧૧) તોરણીઓ—કપાળમાં ૨-૩ ભમરી હોય તેવો બળદ.

(૧૨) આંસુઢાળ—બે આંખોની નીચે ભમરી હોય તે.

(૧૩) તણખીઓ—ચાલતાં ચાલતાં પગ તાણે તે.

(૧૪) ધોળજીભો—ધોળી જીભવાળો બળદ ખોડીલો ગણાય છે.

(૧૫) ધોળપાંપણીઓ—આ પણ બળદની ખોડ કહેવાય છે.

(૧૬) ધોળનાકીઓ—ધોળા નાકવાળો.

(૧૭) ચમરપૂંછો—પૂંછડાંને છેડે ધોળો ગુચ્છો હોય તે સારો નહીં.

(૧૮) દાંત કચડતો—દાંત કચડનાર બળદ સારો નથી ગણાતો.

(૧૯) નાક અને ગળાગાજણીઓ : જે બળદનાં નાક અને ગળું ગાજે તે એની ખોડ ગણાય છે.

**બળદનાં સારા લક્ષણો** : બળદ ખરીદતી વખતે એની ખોડ જોવાય છે એમ એનાં સારાં લક્ષણો પણ જોવાય છે. બળદોનાં સારાં લક્ષણો આ પ્રમાણે છે :—

**(૧) પદ્મ** : બળદને પગે ઊભો કાળો લીટો હોય તો તે પદ્મ કહેવાય છે. પદ્મવાળો બળદ ખરીદવો એ શુકન જેવું ગણાય છે.

---

૬ પરીક્ષા—કસોટી.

(૨) **પંખાળો :** બંને બાજુનાં પાંહળાં ટૂંકા હોય તે—આ બળદ ચાલવામાં ખૂબ ઝડપી હોય છે.

(૩) **છત્રપતિ :** કાંઢ ઉપર ભમરી હોય તે, બળદનું સારું લક્ષણ ગણાય છે. આ બળદને છત્રપતિ તરીખે ઓળખવામાં આવે છે.

(૪) **લાંબી કાંઢ :** જે બળદની કાંઢ લાંબી અને પડખે વળેલી હોય તે સારો ગણાય છે.

(૫) **ખંપાળિયો :** બળદના પૂંછડાના છેડાની ડોડી પાછળ વળેલી હોય તો તે ખંપાળિયો સારો કહેવાય છે.

(૬) **લાંબુ ઢસડાતુ પૂંછડુ :** બળદનું પૂંછડું નીચે ઢસડાતું હોય તો તે ઘરમાં લક્ષ્મી તાણી લાવે છે એમ મનાય છે

સામાન્યરીતે પગની લાંબી અને પાતળી નળીઓવાળો, પહોળી છાતીવાળો, જાડી ડોક અને લાંબા કાન, માંસલ ખૂંધ, ચકચકતી અને તેજસ્વી ચામડી, પહોળી અને ઊંડી છાતી, કુંડલા શીંગડાં, ચંચળ આંખો, લાંબું પૂંછડું અને ટૂંકાં મૂતરણાવાળા સફેદ બળદોનાં શીંગડાં, મોઢિયાની નમણાઈ અને એનું રૂપ જોઇને પસંદગી કરવામાં આવે છે. દેશી હોય તો લાલ રંગના મોરિયા જેવા માથાવાળા, ભરાવદાર માથું અને ટૂંકા મોઢિયાવાળા બળદની ખાસ પસંદગી થાય છે.

**બળદને હાંકવા માટે થતાં સંબોધનો :** ગાડી અથવા સાંતીએ જોડેલા બળદોને હાંકવા માટે કેટલાંક સંબોધનો કરવામાં આવે છે : –

—હો બાપો…હો…

—તારો ધણી મરે તારો…

—હાલો મારા બાપ, હાલો ઝટ.

—એ…રે…રે

—તારી માની રાંગડી મારે તારીની.

—ચાં ચાં મરેશ ?

—મારો હાહરો ઠારકો ટાઢો મૂઓ છે.

—હાલો વીરા હા…લો.

આ ઉપરાંત તાળવા અને જીભની મદદથી ડચ ડચ, જીભ અને મસોઢાની મદદથી કચ કચ કચ એવા અવાજથી બળદોને હાંકવામાં આવે છે.

**બળદના મેળાઓ અને ગુજરીઓ :** બળદોના ખરીદ–વેચાણ માટે અનેક મેળાઓ ભરાય છે. આ મેળાઓમાં બળદ વેચનાર તથા ખરીદનાર લોકો એકઠા થાય છે. બળદો ખરીદે છે, વેચે છે અને સાટાદોઢા પણ કરે છે. આપણે આના કેટલાક મેળા જોઇએ.

(૧) **લૂંણીનો મેળો :** મારવાડ જંકશનથી આગળ જતાં લુણી સ્ટેશન આવે છે. દર વર્ષે અહીં બળદોના મોટા મેળો ભરાય છે.

(૨) **માલાજાળયનો મેળો :** બનાસકાંઠામાં થરાદથી ૫ માઈલ દૂર માલાજાળ્યમાં આ મેળો ભરાય છે. શોખીન ખેડુતો માલા–જાળિયા બળદોની જોડય લેવા માટે માલાજાળ્યના મેળે જાય છે અને રૂા. ૩૦૦૦ સુધી ખર્ચ કરીને બળદની જોડય લાવે છે.

(૩) **રાણી ગામનો મેળો :** થળાધરીની જોડે (મારવાડમાં) રાણી ગામમાં બળદોનો મોટો મેળો ભરાય છે. અહીં પણ લોકો દૂર દૂરથી આવે છે.

(૪) **ધરણેધરનો મેળો :** મારવાડમાં આવેલા થળાધરીમાં ધરણેધર મહાદેવ છે. ત્યાં આ મેળો ભરાય છે. અહીં સુંદર બળદો વેચાય છે. આ મેળો ઢીમાના મેળા તરીકે પણ જાણીતો છે.

(૫) **નાગોરનો મેળો :** મારવાડમાં નાગોરમાં ભરાય છે.

આ મેળાઓ ઉપરાંત બળદોની ગુજરીઓ પણ ભરાય છે. મેળા દર વરસે ભરાય છે, જ્યારે ગુજરીઓ દર અઠવાડિયે ભરાય છે. સારા બળદો લેવા માટે સુખી ખેડૂતો દૂર દૂર ભરાતા મેળાઓમાં જાય છે. જ્યારે સામાન્ય ખેડૂતો પોતાની જરૂરિયાત અનુસાર બળદો ગુજરીમાંથી ખરીદી લાવે છે. આવી બળદની ગુજરીઓ અથવા અઠવાડિક બજાર મધ્ય પ્રદેશ ઉપરાંત ગુજરાતમાં મોરબીમાં દર રવિવાર અને અમદાવાદમાં દર શુક્રવારે ભરાય છે. પાટણમાં પણ આવું બજાર ભરાય છે.

**બળદોનો વેપાર કરતી કેટલીક જાતિઓ :**

ખેડૂતો પોતાની જરૂરિયાત મુજબ મેળા, ગુજરીઓ અને આજુ બાજુના પંથકમાં આવેલાં ગામડાંઓમાંથી પણ બળદો ખરીદ કરે છે. કેટલીક જાતિઓના લોકો બળદો વેચવાનો ધંધો કરે છે. જેમાં મુખ્ય છે,

(૧) સંધિ, (૨) વાઘરી, (૩) લવારિયા, (૪) ગાડલીઆ, (૫) આહીર, (૬) નાગોરી મુસલમાન, (૭) ગઢવી વગેરે બન્ની (કચ્છ)ના મુસલમાનો બળદો વેચવાનો ખાસ ધંધો કરે છે. [ અહીં સંધિ તરીકે ઓળખાવવામાં આવે છે તે કદાચ આ બનિયાર જ હોવા જોઇએ; કારણ તેમનો પહેરવેશ તેવો હોય છે.–તંત્રી ]

સંધિ લોકો કાંધા કરીને બળદ વેચે છે. દર વરસે ખેડૂતે મોસમમાં સંધિના કાંધા ભરવા પડે છે. કાંધા ન મળે ત્યાં સુધી સંધિ ખેડૂતના ઘેર ધામા નાખે છે. કેટલીક જગ્યાએ બળદો ભડકે વેચવાની પ્રથા પણ જોવા મળે છે. બળદ વેચનાર ત્રણ કે ચાર ભડકે વેચે છે. જ્યારે હોળીનો ભડકો પ્રગટે ત્યારે એનો હપ્તો પાકી જાયે છે. હોળી વખતે અનાજ પણ ખેડૂતના ઘરમાં આવી જાય છે. એટલે ખેડૂત પોતાનો હપ્તો ચૂકવી દે છે.

**કહેવતોમાં બળદો :** બળદો વિશે અનેક પ્રકારની કહેવતો પ્રચલિત છે. કેટલીક બળદને ઉદ્દેશીને કહેવાતી હોવા છતાં મનુષ્યને પણ એટલી જ લાગુ પડે છે. જેમકે

(૧) ' લુવારિયાના બળદ જેવો છે.'

લુવારિયા કોમ લોખંડની સગડીઓ, ચૂલા, કડાઇઓ વગેરે વેચે છે. તેઓ બળદો વેચવાનો પણ ધંધો કરે છે. એમના બળદ ચોકખા હોતા નથી. એમાં કોઇ ને કોઇ અપલક્ષણ તો હોય જ છે પરિણામે ખેડૂતો એના બળદમાં બહુ વિશ્વાસ મૂકતા નથી.

(૨) " આલા ખાચરના માકડાનો તો જોટો ન જડે. "(૭)

૭. જસદણના આલા ખાચર નામના કાઠીના માકડાને લોકો આજે પણ યાદ કરે છે. જસદણથી ૫–૭ માઈલ દૂર ગઢ છે. આ ગઢ પર જવા માટે બગીએ ઘોડો અને આલા ખાચરનો માકડો જોડવામાં આવતા. ગઢ ઉપર પહોંચતાં બે ઘોડા બદલવા પડતા પણ માકડો તો સડસડાટ ગઢ પર ચડી જતો. એની આ કહેવત રહી ગઈ છે. આ માકડાના માથાનો મોઢિયો આજે રાજકોટના મ્યુઝિયમમાં મોજૂદ છે.

(૩) ' પૂંછડે ઝાલો તો બાંડો અને શીંગડે ઝાલો તો ખાંડો. '

(૪) ' પડિયા બળદ જેવો છે.'

બુદ્ધિ વિનાના માણસને માટે વપરાતી કહેવત—

(૫) 'બળદિયા જેવો છે.'

(૬) ઘરની ગાનો ગોધલો કરવો.

(૭) ધાણીનો બળદિયો ઠેરનો ઠેર.

(૮) 'ગધેડાને ભાઇ ન કહેવાયને બાપોય ન કહેવાય, પણ બળદને બાપ કહેવાય.''

(૯) '' સુથી પૂછે સાતોડિયા કેમ છે પાહાબંધ.
ઘરનાં વેચાવે ગોદડાં, ને પાડોશીને ભરાવે દંડ.''

સુથી એટલે કે જે બળદ પોતાનાં શીંગડાં દેખી શકે. સાતોળિયો એટલે કે સાત દાંતવાળો અને પાહાબંધ એટલે એક તરફનું પાંસળું ટૂંકું હોય તે. આ ત્રણે બળદો ખોટીલા ગણાય છે. જો ખેડૂતના ઘેર આ ત્રણ બળદો ભેગા થઈ જાય તો એનાં તો ગોદડાં વેચાવે પણ એના પાડોશમાં રહેનારને પણ દંડ ભરાવે એવી સ્થિતિમાં મૂકે છે. આ કહેવતમાં બહુ તથ્ય જણાતું નથી. આ બળદો નુકશાનકારક પુરવાર થયા નથી એમ અનુભવી ખેડૂતો કહે છે. ખરીદતી વખતે એ માટે થોડો વહેમ જરૂર રહે છે.

**બળદના શણગાર :** બળદોના શણગાર એ ગુજરાત અને કાઠિયાવાડના ભરતકામના બેનમૂન નમૂના છે. શણગારેલા બળદોને જોવા એ પણ જીવનનો એક લહાવો જ છે. ચૈતર–વૈશાખમાં કાઠિયાવાડના કોઈ ગામડે જઈ ચડીએ તો શણગારેલા માલાજાળિયા બળદો વેલ્ય અથવા જાને જોડેલા જોવા મળશે.

બળદોના શણગારો મુખ્યત્વે નીચે પ્રમાણે છે :

(૧) **શીંગરોટિયા**–શીંગડાં ઉપરનો શણગાર.

(૨) **મખીઆડા**–માથાના મોડિયા પરનો શણગાર.

(૩) **મોરડા**–મોંનો શણગાર.

(૪) **ઘૂઘરમાળ**-ડોકનો શણગાર.

(૫) **સાંકળી** ડોકનો શણગાર.

(૬) **પારાની માળનું ડોકિયું** ડોકનો શણગાર.

(૭) **ગળ-ટ્ટો**–ડોકનો શણગાર.

(૮) **ઝુલ**-શરીરનો શણગાર.

બળદોનું આ ભરત સૂતર અને હીરની નયનરમ્ય મેળવણી કરીને ભરવામાં આવે છે, તેમાં ખાપુ અને આભલા બાંધવામાં આવે છે. ગુજરાત અને સૌરાષ્ટ્રમાં રાજપૂત, કણબી, અને અન્ય કાંઠીઆવરણમાં કન્યાને સાસરે ઓળાવતી વખતે કરિયાવરમાં આ ભરત આપવાનો રિવાજ આજે જાણીતો છે.

અખાત્રીજ એટલે ખેડુતોનું નવું વરસ. આ દિવસે ખેતીકામનું મુહૂર્ત થાય. ખેડુતો બળદોને શણગારીને સાંતી લઇને મુહૂર્ત કરવા ખેતરે જાય છે. જતાં અને વળતાં ગામને પાદરે સાંતી મોર્ય કાઢવા માટેની હરીફાઇ થાય છે. આ હરિફાઇ પણ જોવા જેવી હોય છે.

**લોકગીતોમાં બળદો :**

લોકજીવન સાથે ઓતપ્રોત બનેલા બળદોએ લોકગીતોમાં પણ પોતાનું સ્થાન જમાવ્યું છે. લોકગીતોના લહેરાતા વિશાળ સાગર પર દૃષ્ટિપાત કરીશું તો બળદોના અનેક ઉલ્લેખો આપણને મળી આવે છે. નીચેના ગીતમાં શ્રીકૃષ્ણની જાનનું સુંદર વર્ણન કરવામાં આવ્યું છે તેમાં બેવડ રાશવાળા બળદોનો ઉલ્લેખ મળે છે.

કૃષ્ણની જાને રૂડા ધોરિડા શણગારો.
વેલડીએ દસ દસ આંટા રે.
બળદે બેવડ રાશ કે
ખેડુતને માથે મોળિયા રે.(૮)

લોકગીતોએ ભાઈબહેનના નિર્મળ સ્નેહને સદાને માટે અમર બનાવ્યો છે. હોંશીલો વીરો બહેનીને મળવા માટે જાય છે. વીરને આવેલો જોઇને બહેનીનો હરખ મા'તો નથી. હરખઘેલી બહેન વીરાને કહે છે કે—

વેલ્યું છોડજો રે વીરા લીલા લીંમડા હેઠ રે—૨
ગોધા બાંધજો રે સામે ઓરડે.
નીરજો નીરજો રે વીરા, લીલી નાગર વેલ્ય રે—૨
ઉપર નીરજો રે સાકર શેરડી.
પાજો પાજો રે વીરા નદિયુંના નીર રે—૨
ઉપર પાજો રે કઢિયેલ દૂધડાં.(૯)

શિવજીના પોઠિયાનુ વર્ણન આપવાનું લોકકવિઓ વિસર્યા નથી. એક જ લીટીમાં સુંદર ચિત્ર ખડું થાય છે.

'શિવજીનો પોઠિયા ને ડોકે ઘૂઘરમાળ'

**કરિયાવરમાં બળદ :** લગ્નપ્રસંગે ગુજરાતમાં વરકન્યાને હાથગરણું(૧૦) કરવાનો રિવાજ છે. ભરવાડ લોકો પોતાના સંબંધીના દીકરા કે દીકરીને હાથગરણામાં વાછડો કે વાછડી આપે છે.(૧૧) માલધારી કોમમાં દીકરીને કરિયાવરમાં અમુક ગાયો અમુક વાછડાં આપવાનો રિવાજ પ્રચલિત છે. આ રિવાજ એટલા માટે ઉદ્ભવ્યો હોવાનું જણાય છે કે દીકરી સાવ ગરીબ ઘરમાં નાખી હોય તો પણ પોતે પોતાનો નિર્વાહ ચલાવી શકે.

**બળદોનું આયુષ્ય :** સામાન્યરીતે બળદોનું આયુષ્ય ૨૦ વરસ જેટલું ગણાય છે. જન્મ બાદ વાછરડો એક માસનો થતાં એને છરી અથવા મેં વડે શીંગડીઓ કાઢવામાં આવે છે(૧૨) ત્યારબાદ વાધરી પાસે ખસી કરાવવામાં આવે છે. (કેટલાક ખેડુતો ઘરની ગાનો ગોધલો કરવામાં પાપ માને છે). ૨ા વરસે ૬ દાંતે થતાં નાથ નાખીને એને પળોટવામાં આવે છે. ચાલુ ધરી આજુ ૪ દાંતે થતાં પળોટવામાં આવે છે. કાંકરેજ જાતના બળદો ૮–૧૦ દિવસ પળોટીને સીધા ભારે કામમાં જોતરી દેવામાં આવે છે. ખેડા જિલ્લા તરફ નવા પળોટેલા બળદો પાસેથી એક મોસમ હળવું અને બીજી મોસમ ભારે કામ લેવાય છે. ભરૂચ જિલ્લા તરફ વાછરડાને સાધારણ સાંતીએ જોડીને છૂટો છોડીને રાખી મૂકવામાં આવે છે. ત્યાર બાદ થોડા વખત પછી આ બળદો ખેતીવાડીનો બોજો વહેવા માંડે

૮. આપણી લોકસંસ્કૃતિ : જયમલ્લ પરમાર.

૯. લેખકના લોકગીતોના અપ્રગટ સંગ્રહમાંથી.

૧૦. ચાંલ્લો.

૧૧. આ લેખના લેખકને પણ ચાંલ્લામાં વાછડો મળ્યો હતો. જે આજે ઘેર ખેતીકામમાં ઉપયોગમાં લેવાય છે.

૧૨. શીંગડીઓની ઉપરની છાલ ઉખાડી નાખવામાં આવે છે.

છે, ત્યાર પછી ૮–૯ ધરું(૧૩) સુધી કામ આપે છે. ત્યાં સુધીમાં તો બળદ ઘરડો થઈ જાય છે. જૂના વખતમાં બળદો અઢાર અઢાર ધરું સુધી કામ આપતા. આજે એવું રહ્યું નથી.

**એ વિરલ દૃશ્ય** — ઘઉં વાઢણીની મોસમમાં વાઢેલા ઘઉંની ઝાલ્ય ભરી હોય, ઝાલ્ય ઉપર કસુંબીના ફૂલવાળો છોડ બાંધ્યો હોય ! ઝાલ્યે જોડેલા બળદો માથા ડોલાવતા, ઘૂઘરાં ઘમકાવતા હરખભેર ઘેર આવતા હોય, ઉધ્યું ઉપર ખેડૂત બેઠો બેઠો દુહા લલકારતો હોય–એ વિરલ દૃશ્ય ખેડૂતના જીવનની સાર્થકતા દર્શાવે છે અને જોનારના દિલમાં આનંદની અકથ્ય લાગણી પ્રગટાવે છે.

**નોંધ :—**

**સંદર્ભ ગ્રંથો** (૧) કૃષિવિજ્ઞાન ગ્રંથ. (૨) ખેડૂત અંક (૩) આપણી લોકસંસ્કૃતિ. ઉપરાંત જેમના પાસેથી અભ્યાસ માટે માહિતી પ્રાપ્ત થઈ તે અમદાવાદ જિલ્લા પંચાયતના પશુસંવર્ધન અધિકારી ડૉ કરણસિંહ ટી દેથા તથા જિલ્લા પંચાયતના વેટનરી ઓફિસર ડૉ. ઉત્તમરાય કે રાવલ, ધંધુકા તાલુકાના આકરુ ગામના પ્રગતિશીલ ખેડુત શ્રી દાનુભાઇ હાલુભાઈ, શ્રી પ્રતાપસંગ દાજીભાઈ, વિરમગામ તાલુકાના હાંસલપુર ગામના શ્રી કનુભાઈ ડોડિયા, શ્રી મૂળજીભાઇ ડોડિયા, ખડોળ ગામના શ્રી અમરસંગ વાળા, ખસતા ગામના શ્રી ખોડુભાઈ ચૌહાણ, અમદાવાદના શ્રી હરિસિંહ સોલંકી તથા શ્રી અમરસંગ અજુભાઇનો ઋણસ્વીકાર કરું છું.

(તા. ૨૩ ૨૪–૨૫ ઓક્ટોબર'૬૬ના વલ્લભ વિદ્યાનગર ખાતે ગુજરાત રિસર્ચ સોસાયટી તરફથી મળેલ પાંચમી ગુજરાત સંશોધક પરિષદમાં વાંચેલ પેપર)

૧૩ બળદ સાંતીએ એક વરસ ચાલે એટલે એક ધરનો થયો ગણાય.



# ચિંતન અને દર્શનક્ષેત્રે ગુજરાતનું પ્રદાન

—પ્રા. સી. વી. રાવળ

ગુજરાતે કોઇ નવું દર્શન આપ્યું છે ખરૂં ? સર્વમાન્ય એવા આસ્તિક તેમ જ નાસ્તિક દર્શનો પર ભાષ્ય લખનારાઓમાં કોઈ ગુજરાતી હતો ખરો ? જો કે દર્શનમાં પ્રાદેશિકતાને અવકાશ હોઈ જ ન શકે, પરંતુ આ પ્રશ્નોના શક્ય ઉત્તરો આપી શકાય તેમ છે અને તે આપતા પહેલાં આપણે દર્શન-તત્ત્વજ્ઞાન કે ફિલસૂફી જેવા શબ્દોના વ્યાપક તથા સંકીર્ણ અર્થો, ભારતીય દર્શનનું સ્વરૂપ, દર્શન તથા ધર્મ અને જીવન વચ્ચેનો ઘનિષ્ઠ સંબંધ, પાશ્ચાત્ય દૃષ્ટિ, શ્રદ્ધા તથા શંકાનું દર્શનમાં સ્થાન વ. પર એક ઉડતી નજર ફેંકીએ તો તે અસ્થાને નહિ ગણાય.

ભારતની અનેક પ્રકારની સંપત્તિઓમાં—તેના સંસ્કાર વારસામાં—કોઇ એક સંપત્તિ માટે જો તે ગૌરવ ધરાવી શકે તેમ હોય તો તે તેનું દર્શન કે તત્ત્વજ્ઞાન છે. 'દર્શન' શબ્દ તત્ત્વજ્ઞાનના પ્રદેશનો છે, એનો રૂઢ અર્થ અમુક પ્રકારના તત્ત્વજ્ઞાનને લાગુ પડે છે જેમ કે બૌદ્ધ દર્શન, ચાર્વાક દર્શન વગેરે. પરંતુ સંક્ષેપમાં એનો અર્થ એવો ગણી શકાય કે માણસનું જીવન કેવુ હોવું જોઇએ યા તો એ જીવન તે કઇ રીતે ગાળે તો એ ઉચ્ચતર બને અને એને માટે તથા અન્યને માટે પણ કલ્યાણકારી બને એ પ્રકારની એક આભ્યન્તર વિવેકપૂર્ણ દૃષ્ટિ—જીવન દૃષ્ટિ ' દર્શન એટલે જીવન દૃષ્ટિ ' ( કાકા કાલેલકર ). શ્રી રામનારાયણ વિ પાઠક લખે છે કે ' ફિલસુફી એ સમસ્ત જગતનું પરમ સત્ય શું છે તેનું ગવેષણ કરે છે. એ સત્ય વાણીથી અને વિચારથી સમજાય એટલામાં માનવચેતનની ચરિતાર્થતા નથી. બલ્કે એટલેથી એ અટકે તો એ પરમ સત્યને સમજે છે એમ પણ ન કહેવાય. એ સત્યને અનુકૂળ, એ અખંડ સમગ્ર ચેતના થાય, એ સત્યમય સમગ્રરૂપે થાય; થાય માત્ર નહિ થયા જ કરે, નિરંતર થતી જ રહે, ત્યારે ચેતનાને સંપૂર્ણતા અનુભવ્યાનો આનંદ મળે. '

પાશ્ચાત્ય વિદ્વાનોએ ભારતીય તત્ત્વજ્ઞાનની અનેક પ્રકારે ટીકા કરી છે. તેમને મન ભારતીય તત્ત્વજ્ઞાન એ ' તત્ત્વજ્ઞાન ' કહેવાવાને લાયક જ નથી. ઉપનિષદના ઋષિઓનાં ચિંતનને તેમણે કલ્પનાના માત્ર કૂદકા જ કહ્યા છે અને એથી વધુ ઊંચું ઉડવાની તેમનામાં તાકાત જ નહોતી એમ પણ લખ્યું છે. ' જ્ઞાન એ પદ્ધતિસર કરેલો વિચાર હોવો જોઇએ ' આવા દૃઢ મંતવ્યને વળગી રહી તેઓ ટીકા કરે છે કે ભારતીય તત્ત્વજ્ઞાનમાં આ પ્રકારથી ખામી છે. વળી ધર્મ અને તત્ત્વજ્ઞાન ભારતીય તત્ત્વજ્ઞાનમાં એક બીજા સાથે એટલા બધા ભળી ગયાં છે કે પરિણામે તત્ત્વજ્ઞાનનું શુદ્ધ સ્વરૂપ ક્યાંય જોવા મળતું નથી. જો કે આવા આક્ષેપોના વિગતવાર જવાબ ઉદાહરણ સહિત આપી શકાય પરંતુ વિષયાન્તર થવાના ડરે તથા જગ્યાના અભાવે એ ચર્ચા અહીં શક્ય નથી. છતા આપણે એટલું તો જરૂર કહી શકીએ કે તત્ત્વજ્ઞાન ધર્મ સાથે સંલગ્ન હોય તો તે કાંઇ તેનો દોષ નથી. બંનેનો વિષય પણ શું એક જ નથી ? તત્ત્વજ્ઞાનનું કાર્ય ધર્મનાં સત્યો તપાસવાનું અને તેને દૃષ્ટિગોચર કરવાનું છે અને તત્ત્વજ્ઞાનનાં સત્યો ઉપર વિશ્વ ટકી રહ્યું છે એ દર્શાવવાનું અને તેને જીવનમાં વણવાનું કામ ધર્મનું છે. (આચાર્ય. આ. બા ધ્રુવ. )

(૧) આત્મદર્શનની સાધના અને (૨) જીવ માત્રની સેવા એ બન્ને હિંદુધર્મનાં સારભૂત તત્ત્વો ગણી શકાય. ધર્માચરણ અને પારમાર્થિક સત્ વિષેના દાર્શનિક વિચારો વચ્ચે સંબંધ દર્શાવતાં ડૉ. રાધાકૃષ્ણન લખે છે કે ' ધર્મ આખરે તો ફિલસૂફી પર આધાર રાખે છે અને એ બેને જુદાં જુદાં ખાનામાં રાખી શકાય એમ નથી. અંતિમ સત્ય વિષેના વિચારનો જીવનમાં પ્રયોગ કરવો એનું નામ તે ધર્મ અને કોઈ ફિલસૂફી જો તે ધર્મને વિષે ખુલાસો કરી ન બતાવતી હોય તો તે ' ફિલસૂફી ' નામને લાયક જ નથી. ધર્મને લગતી માન્યતાઓ જો તર્કની મદદથી બાંધેલા વિચારો સાથે મેળ ખાતી હોય તો વધારે સારૂં. ફિલસૂફીને ધર્મથી રંગવાને બદલે આપણે જો બની શકે તો ધર્મને ફિલસૂફીની કસોટીએ ચડાવવો જોઇએ...જે ધર્મ—સિદ્ધાંતના મૂળમાં બુદ્ધિગમ્ય ફિલસૂફી ન હોય તે નિષ્ફળ નીવડ્યા વિના ન જ રહે.

આત્મપરાયણ જીવન એ ધર્મમાત્રનું સામાન્ય ધ્યેય છે. આપણું જીવન આજે ધર્મશૂન્ય બની ગયું છે. ' આજની આપણી સંસ્કૃતિમાંથી સુજનતાનો લોપ થઈ ગયેલો છે, એટલે તે આત્મા વિનાના દેહ જેવી થઈ પડી છે. તેને મગજ છે, પણ હૃદય નથી. સંકલ્પબળ છે પણ આત્મા નથી. તેનું મન જાગે છે પણ આત્મા સૂતેલો છે ' એમ ડૉ. રાધાકૃષ્ણન્ કહે છે તે યથાર્થ છે. આત્માનો વિકાસ ચાલુ રાખવો એ ધર્મનિષ્ઠ માણસનું લક્ષણ છે. સમગ્ર જગતના સત્ય—સ્વરૂપને સમગ્ર આત્માથી અનુકૂળ થવું એનું નામ જ ધર્મ. આમ ધર્મ અને ફિલસૂફી અલગ ન હોઈ શકે.

ધર્મ અને શ્રદ્ધા પણ પરસ્પર સંબંધીત છે. ગીતા કહે છે તેમ માણસ શ્રદ્ધામય પુરુષ છે. જેવી જેની શ્રદ્ધા તેવો તે. પરંતુ આ શ્રદ્ધા આચાર્ય ધ્રુવ કહે છે તેમ જડની નહિ પણ ચેતનની હોવી ઘટે. ' ચેતનની શ્રદ્ધા સકારણ અને વિવેકજન્ય હોય છે. જ્યારે જડ શ્રદ્ધા ગમે તે વસ્તુ કે વાક્યને વગર વિચારે વળગે છે. ' સંશય પણ મૂળમાં જો શ્રદ્ધા મક ન હોય તો એ અનિષ્ટ છે 'Doubt is the discase of Priviledged Souls—આ વાક્યમાં શંકાની નિન્દા તેમ જ સ્તુતિ બંને સમાઈ જાય છે.

કાકાસાહેબ કાલેલકર આધુનિક યુગમાં દર્શનની જે અધોગતિ છે તે પ્રત્યે વ્યથિત બનતાં લખે છે કે 'દર્શનનિષ્ઠા માટે ચિંતન અને સાધનાનો જે આગ્રહ જોઇએ એ જાગૃત થયો જણાતો નથી. અને સંપ્રદાય નિષ્ઠા દરેક ક્ષેત્રમાં મજબૂત બનતી જાય છે, એ શુભ-ચિહ્ન નથી. દર્શનના શ્રેષ્ઠ તત્ત્વો જો કેવળ ચર્ચા વખતે વિચારમાં રહે પરંતુ પ્રત્યક્ષ જીવનમાં તો ઉપાસનાના જે છીછરાં અને કાલગ્રસ્ત તત્ત્વો છે તે જ ઉપર આવે તો સમાજહિતને તે બાધક નીવડે છે.'– ધર્મ અને સંપ્રદાયના આ વાડાઓમાં સાચો ધર્મ ક્યાં છે? (આ સંદર્ભમાં 'ધર્મ ક્યાં છે?' એવું શીર્ષક ધરાવતી પં. સુખલાલજી લિખિત પરિચય–પુસ્તિકા વાંચી જવા જેવી છે.)

ગુજરાતના સમાજજીવનની વાત કરીએ તો– તે એકાંગી અને જડ બની ગયું હોય તેમ જણાય છે. તેના કારણમાં મુખ્યત્વે જાતિ-ભેદ, ધર્મભેદ, જ્ઞાતિના બંધિયાર વાડા તથા જડ અને રૂઢિચુસ્ત માનસને ગણાવી શકાય કોઈ એક વિચારને સ્થિરપણે અપનાવવાની ધીરજ કે નિષ્ઠા પણ આજે જણાતી નથી. આ પરિસ્થિતિમાં અમુક પ્રકારના કોઈ દર્શનની અસર તળે ગુજરાત છે તેમ નિશ્ચિતપણે કહેવું મુશ્કેલ છે. ઐતિહાસિક તેમજ તુલનાત્મક દૃષ્ટિકોણથી જો વિહંગાવ-લોકન કરીએ તો ગુજરાતની દાર્શનિક વિચારસરણીમાં અનેક પ્રવાહો આજપર્યંત ભળેલા છે અને તેની અસર સાહિત્ય પર થયેલી જણાય છે. સાહિત્ય એ સમાજનું પ્રતિબિંબ છે અને એ દૃષ્ટિએ જોતાં—

પ્રાચીન અને મધ્યકાલીન ગુજરાતી સાહિત્ય પર વૈષ્ણવ વેદાન્તની અસર વિશેષ પ્રમાણમાં પડી હોય તેમ જણાય છે. સાંખ્ય યોગ, ન્યાયવૈશેષિક તથા પૂર્વ મીમાંસા તથા બૌદ્ધ દર્શનની અસર પ્રમાણમાં ઓછી છે.

નરસિંહ અને મીરાં પર ભાગવતની, દયારામ પર શુદ્ધાદ્વૈતની અને અખા પર શાંકર વેદાન્તની અસર જણાય છે. શ્રી યશોધર મહેતા કહે છે તેમ શામળ તથા પ્રેમાનંદ બન્ને લોકાયતિક લાગે છે. જૈન સાધુઓએ વિકસાવેલ જે કેટલુંક પ્રાચીન સાહિત્ય છે તેના પર જૈન દર્શનની વધુ અસર જણાય છે. શાંકર વેદાન્તની સ્પષ્ટ અસર જેમના પર જણાય છે તેવા પંડિત યુગના વિદ્વાનોમાં શ્રી મણિલાલ ન. દ્વિવેદી તથા આનંદશંકરભાઈ ધ્રુવને ગણાવી શકાય. 'કાન્ત' તથા ગો. મા. ત્રિપાઠી પણ તેમાંથી જો કે બાકાત નથી. શ્રીમન્ નથ્થુરામ શર્મા તથા શ્રીમન્ નૃસિંહાચાર્યજી વેદાન્ત અને યોગમાર્ગ તથા રહસ્ય વિદ્યાથી પ્રભાવિત થયેલા છે. શ્રેય સાધક વર્ગના સાહિત્ય ઉપર શ્રીમન્ નૃસિંહાચાર્યજીના દર્શનની પ્રખર અસર છે. તેમનો ઉપદેશ નિર્ભેળ પ્રવૃત્તિનું દૃષ્ટાન્ત છે. મધ્યમ વર્ગના લોકોમાં કાંઈક અંશે માતાજીની પૂજા પાછળ શક્તિ દર્શનની અસર પણ જણાય છે. વેદાન્ત અને જૈન દર્શન પર પણ વિશેષ લખાયું છે. સ્વામીનારાયણ સંપ્રદાયની અસર પણ સારી પડી છે. ગાંધીજીના આગમન બાદ ત્રીશી–ચાલીશીના ગુજરાતી સાહિત્ય પર દૃષ્ટિપાત કરીએ તો ગાંધી–દર્શનની પ્રબળ અસર પડેલી જણાય છે. જીવનના દરેક ક્ષેત્રે આ અસર પડી છે. શ્રી જીતેન્દ્ર જેટલી ગાંધી દર્શનની વિશિષ્ટ અસર જીવનના દરેક ક્ષેત્રે પડેલી છે તે ટૂંકમાં આ પ્રમાણે જણાવે છે—

(૧) આર્થિક ક્ષેત્રે—સર્વોદય વિચાર શ્રેણી (૨) રાજકીય ઉદ્દેશ સિદ્ધ કરવા સત્ય તથા અહિંસાનો ઉપયોગ—વૈયક્તિક તેમજ સમૂહ-જીવનમાં (૩) સામાજિક ક્ષેત્રે—પ્રાણીમાત્ર પ્રત્યે જીવન વ્યવહારમાં સમાન દૃષ્ટિ. જ્ઞાતિજન્ય અને સંપ્રદાય-જન્ય ઉંચ–નીચ ભાવનો ત્યાગ (૪) પ્રાંતીય સંકુચિતતાનો અભાવ (૫) જીવનમાં સમાધાનકારી વલણ અપનાવવાની તૈયારી (૬) તત્ત્વજ્ઞાનની વિવાદાત્મક ચર્ચા કરતાં એનો જીવન વ્યવહાર સાથેનો સંબંધ વગેરે—ગાંધી દર્શનના આ મુખ્ય મુદ્દાઓ જોતાં નિરાશાપૂર્ણ વિનાશ તરફ ગતિ કરતી આજની દુઃસ્થિતિમાંથી માનવજાતિએ બચવું હોય તો મહાત્મા ગાંધીજીની સમન્વયવાદી દૃષ્ટિકોણ અપનાવવાની આજના તબક્કે સૌથી વિશેષ અગત્યતા ઊભી થઈ છે.

ચિંતન અને દર્શન ક્ષેત્રે ગુજરાતનું જે કોઈ પ્રદાન છે તેનું નિરૂપણ મધ્યકાલીન સાહિત્યથી આધુનિક કાળ પર્યંતનું–કરવાનું–ગાગરમાં સાગર ભરવાનું કઠિન કાર્ય–આટલી પ્રાસ્તાવિક ચર્ચા પછી શરૂ કરીએ—

મધ્યકાલીન ગુજરાતી સાહિત્યમાં જે પ્રેમલક્ષણા ભક્તિનું સુંદર ને સફળ નિરૂપણ થયું છે તેમાં આપણે સર્વપ્રથમ નરસિંહ મહેતા અને મીરાંબાઈને મૂકી શકીએ. ગુજરાતી ભાષાના આદિ કવિઓમાં શ્રેષ્ઠ—સાચા વૈષ્ણવજન અને અંતરનાં ઊંડાણમાંથી આવતાં એનાં ભજનોથી આપણા મન પર શ્રી નરસિંહ મહેતા ચિરંજીવ છાપ અંકિત કરી જાય છે. પરભાતિયાં તો નરસિંહ ભગતનાં જ. દા. ત. 'નિરખ ને ગગનમાં કોણ ઘૂમી રહ્યો.' 'જાગને જાદવા, કૃષ્ણ ગોવાળિયા' વગેરે. તેને પ્રેમલક્ષણા ભક્તિ અભિપ્રેત હતી. ભક્તિમાં વિપ્રલંભ જોડે તેણે સંભોગ શૃંગાર પણ ગાયો છે. પ્રભુ મિલન તથા પ્રભુ વિરહને લગતાં તેનાં પદોમાં પ્રેમ ઉત્કટ ભાવે રજૂ થયો છે. જીવનો પરમાત્મા જોડેનો યોગ તે રાધા–કૃષ્ણના મિલન સાથે સરખાવે છે. કેટલાંક ભજનો તથા પરભાતિયામાં આપણને ઉપનિષદની કોટિનો જ્ઞાનમાર્ગ પણ જોવા મળે છે. દા. ત. 'જાગીને જોઉં તો જગત દીસે નહિ, ઉંઘમાં અટપટા ભેદ ભાસે.' 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ, જૂજવે રૂપે અનંત ભાસે.' 'બ્રહ્મ લટકાં કરે બ્રહ્મ પાસે' 'ધ્યાન ધર, ધ્યાન ધર, નેત્રમાં નાથ છે' વગેરેમાં 'આત્મખોજનો ઉપદેશ ભર્યો છે. એની ખ્યાતનામ કૃતિઓમાં ભક્તિરસભર્યું સુદામાચરિત્ર, હિંડાળોનાં પદો, શામળશાનો વિવાહ, કુંવરબાઈનું મામેરું ઈત્યાદિ છે. કવિ ભાલણ કે જે શિવપંથી હતો અને પાછળથી કૃષ્ણપંથી બન્યો તેણે પણ ભક્તિભાવ ભરપૂર અનેક પદો લખ્યાં છે.

ગુજરાતી સાહિત્યને પરભોમની અનુપમ ભેટ તે 'હરિની લાડલી' મીરાં, મારવાડમાં જન્મી તે ગુજરાતની બની રહી. શિવપંથી સાસરિયામાં કૃષ્ણઘેલી મીરાંને અનેક કંટક વાગ્યા પરંતુ જેનો પ્રાણ જ ગોવિંદો છે અને જગ જેને ખારો લાગ્યો છે તે તો બધાં ઝેર અમૃત જાણીને તે પી ગયાં. કારણ કે તેમને સહાયરૂપ શ્રી કૃષ્ણનો નાથ હતો. અપાર સાંસારિક કટુતાઓ વચ્ચે હોવા છતાં તેણે પોતાના હૃદયને તો મીઠા જળની વીરડી જ બનાવ્યું—જગ-નિંદાને જીરવીને એણે જીવનનો ખરો રસ માણ્યો. કારણ કે એને

દુનિયાની પડી નહોતી. એને તો મોહનના મુખડાની માયા લાગી'તી, હરિ સિવાય એનું દર્દ કોણ પીછાની શકે તેમ હતું ? મીરાનાં પદોમાં શૃંગાર છે પણ તે સ્ત્રી સહજ મર્યાદાને ઓળંગતો નથી. એનાં પદમાં લાલિત્ય અને માર્દવ છે. ગુજરાત હમેશાં તેનું ઋણી રહેશે.

સોળમા સૈકાનો ઉત્તરાર્ધ અને સત્તરમા સૈકાની શરૂઆતનો એ કાળ-જ્ઞાન વૈરાગ્યની કવિતા ત્યારે પૂર્ણપણે પ્રકાશતી હતી. અખો જ્ઞાની ને વેદાંતી કવિ હતો. સમાજમાં પ્રવર્તતા દંભ, અનીતિ, અનાચાર, વહેમ, અંધશ્રદ્ધા વ. પર અખાએ પોતાના છપ્પાઓ દ્વારા ઘણા કટાક્ષ કર્યા. શ્રી રા. વિ. પાઠક લખે છે કે 'તેનો કટાક્ષ તો કદાચ હિંદના બીજા કોઈ સાહિત્યમાં નહીં મળે.' શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી તેને ' સોનારૂપાની ઢાળેલી લગડીઓ ' કહે છે. અખાની મઝા અખાની જ છે. એની વાણીનું આખાબોલાપણું, પ્રગલ્ભતા અને પૌરૂષ આપણને મૂઢ કરી દે છે. તેનામાં સ્પષ્ટ વક્તવ્ય અને નીડરતા છે. સમાજમાં ફેલાયેલ સડા પ્રત્યે અખાને સખત નફરત હતી. તે વૈરાગી બન્યો તેના કારણમાં પણ કુટુંબીઓનાં ઉપરાઉપરથી થએલાં મૃત્યુ તથા તેણે માનેલી ધર્મની બ્હેને તેના પર મદેલો દોષ મનાય છે. સો ટચના સોનાના પારખનાર એ સોનીને જગતની કસોટી કાઢવા જતાં જગત કથીર જેવું લાગ્યું. એણે સમાજમાં દંભ અને અંધશ્રદ્ધા જોયાં, ગુરુમાં ગૌરવ ન જોયું, ભક્તિમાં ભાવ ન જોયો, ભાષામાં તેણે માત્ર વાણીવિલાસ નિહાળ્યો—આથી તેની ભાષામાં દિલની કઠોરતા છે. ' ભાષાને શું વળગે ભૂર, રણમાં જીતે તે શૂર. ' શ્રી વિજયરાય વૈદ્ય લખે છે કે ' અખાનો છપ્પાસંગ્રહ એટલે જેમ આપણું કેટલુંક કટાક્ષ સાહિત્ય તેમ આપણું કેટલુંક સરળ અને સચોટ અધ્યાત્મ સાહિત્ય પણ ખરું. ' અખામાં બુદ્ધિ, અનુભવ અને પ્રતિભા એ ત્રણેયનો સુંદર સમન્વય છે. કાવ્ય અને તત્ત્વજ્ઞાનનો સુમેળ તેનાં લખાણોમાં સધાયો છે. અખાએ જે લખ્યું છે તે તાર્કિક દલીલો કરી ખંડન-મંડનની પ્રવૃત્તિ ચલાવવા નહિ પરંતુ વિશેષ તો બ્રહ્મભાવ અનુભવીને લખ્યું છે. દા. ત. ' બાવનનો સઘળો વિસ્તાર, અખા ત્રેપનમો જાણે પાર. ' તેની સર્વ રચનાઓમાં ઘૂંટેલું તત્ત્વ છે. તેનું પ્રધાન હેતુ તત્ત્વ પ્રતિબોધનો છે. તે મુમુક્ષુ છે. કેવલાદ્વૈતનો સમર્થક છે. કર્મકાંડ અને સાંપ્રદાયિક આચારોનો તેણે ખૂબ વિરોધ કર્યો છે. દા. ત. 'અખા કૃત્યનો ચઢે કષાય, રખે તું કોઇ કરવા જાય.' અખાને જ્ઞાની કે કવિ કહેવડાવવું ગમતું નહિ. છતાં નિર્ગુણ બ્રહ્મનો પરમજ્ઞાની ઉપાસક હતો. ઈશ્વરપ્રાપ્તિ માટેના કર્મ, જ્ઞાન અને ભક્તિ એમ ત્રણ માર્ગોમાંથી અખો જ્ઞાનમાર્ગને અનુસરે છે. તેના વિચારમાં સ્વાંતંત્ર્ય છે. તે કોઇ માર્ગ કે સંપ્રદાયનો પ્રચારક નથી. તેને યોગ્ય લાગે તે નિર્ભીકપણે તે કહે છે. તેની કૃતિઓ મુખ્યત્વે ' અખે ગીતા ', ' અનુભવ બિન્દુ ' વ.ને ગણાવી શકાય. આ ઉપરાંત પંચીકરણ ગુરુ શિષ્ય સંવાદ તથા અનેક છપ્પાઓ પ્રસિદ્ધ છે. શ્રી ઉમાશંકર જોશી લખે છે—' ગુજરાતી ભાષામાં ઉપનિષદ્ કે ગીતાની આત્માનુભવથી ધબકતી વાણીનો રણકાર ક્યાંય સાંભળવા મળતો હોય તો તે અખાનાં આત્મસૂઝનાં સરળ ઊંડાં મર્માળાં વાક્યોમાં...' ' શાંકરમત આટલી રસિક અને હૃદયંગમ રીતે અન્ય કોઇ ભાષામાં જવલ્લેજ રજુ થયો હશે ! ' વેદાંત વિષયો જેવા કે બ્રહ્મ, જીવ, જગત, ઇશ્વર વ.નું સ્વરૂપ, જીવ-ઈશ્વર-સંબંધ, જ્ઞાનભક્તિ મિશ્રિત વૈરાગ્ય, અજ્ઞાન, અહમ્‌નું સ્વરૂપ, માયા નટીના ખેલ, બ્રહ્માનુભવ, આત્માની ઓળખ, સ્વ-રૂપ બોધ, ગુરુની અગત્ય, જગતની ઉત્પત્તિ-સ્થિતિ-લય વ. અનેક વિષયો સંબંધી તે નિરૂપણ કરે છે. તેને ઉપમાઓ અનેક વ્યાવહારિક જીવનમાંથી દૃષ્ટાંતો લઇને યોજવાની સારી ફાવટ છે. આથી તત્ત્વજ્ઞાનના ગહન વિષયો પણ તે સરળ રીતે સમજાવી શકે છે. ઉદા. ત માયામાં ફસાયેલા જીવ માટે કસાઈના ઘેટાની, ગળામાં વાસનારૂપી દોરીવાળા મર્કટનું રૂપક, કેવળ બ્રહ્મ, ઈશ્વર અને જીવની ઓળખ માટે તે બહુરંગી કાચવાળા મંદિરનું દૃષ્ટાંત યોજે છે. ભક્તિને જ્ઞાનવૈરાગ્યરૂપી પાંખોવાળી પંખણીની તથા જીવ અને શિવ માટે તે નદીની ઉપમા યોજે છે. સૌ જીવો તેને મન બ્રહ્મસ્વરૂપ છે. જીવ એ બ્રહ્મથી ભિન્ન નથી પરંતુ અજ્ઞાને કરી તે સ્વ-રુપનું ભાન ગુમાવે છે. આત્મસ્વરૂપને ઓળખવાથી દ્વૈતભાવ આપોઆપ મટી જાય છે. તીર્થસ્થાનોમાં ભટકી પાણીમાં દેહ ડબોળવા કરતાં દિલનાં દૂષણો અને મનના મેલ સાફ કરવા પર અખો વધુ ભાર મૂકે છે. ઢોંગી સાધુઓ પ્રતિ તેને સખત નફરત છે. બૌદ્ધમતો જે શૂન્યવાદનો સ્વીકાર કરે છે તે અખાને માન્ય નથી. અખો નિર્ગુણ ઉપાસક છે, છતાં સગુણની ભક્તિનું મહત્ત્વ દર્શાવે છે. તેને હિન્દી ભાષા પર પણ સારો કાબૂ છે. તે ક્રોધી છે પણ સારૂં અને તેણે અનુભવજ્ઞાન વિશેષ પ્રાપ્ત કરેલ છે તે પોતાના કાવ્યોમાં સુધારક, કવિ અને જ્ઞાની એમ ત્રિવિધરૂપે આપણને દેખાય છે. કવિ નર્મદાશંકરે જો કે અખાની કવિતાની ટીકા કરતાં લખ્યું છે કે 'તેનાથી સચ્ચિદ્ થવાય પણ સચ્ચિદાનંદ થવાતું નથી. અખાના સમગ્ર જીવનનું સરવૈયું કાઢતાં શબ્દો— સરવાળો સત્કર્મનો, ગુણનો ગુણાકાર, બાદબાકી બુરાની, ભ્રમનો ભાગાકાર.

અખા પછીના ગણનાપાત્ર જ્ઞાનમાર્ગી કવિઓમાં પ્રેમાનંદ ( આખ્યાન કવિ ), શામળભટ્ટ ( સામાજિક દૂષણોની ઝાટકણી કાઢનાર લોકવાર્તાકાર ) અને પ્રીતમનો ઉલ્લેખ કરવો જોઇએ. જીવ-બ્રહ્મ સંબંધી તત્ત્વજ્ઞાન અને યોગમાર્ગ ચર્ચતું ' જ્ઞાનપ્રકાશ ', ' જ્ઞાનગીતા ' વ. કવિતાઓ તેણે આપી છે. વૈષ્ણવ કવિ ધીરાને પણ આપણે યાદ કરીએ. ધીરાની કાફીઓ પ્રસિદ્ધ છે. તેનાં ભક્તિકાવ્યોમાં તે રૂપકનો સરસ ઉપયોગ કરે છે. દા. ત ' અબઘડી, મનસૂબાજી ' કાવ્ય. ' તરણા ઓથે ડુંગર રે ડુંગર કોઇ દેખે નહિ '—આ નાની શી પંક્તિમાં માનવજ્ઞાનની મર્યાદા તથા પરાજ્ઞાનની ભવ્યતા બતાવવાનો કેવો સુંદર પ્રયત્ન થયો છે ! નીરાંત અને બોજો ભગત પણ સમકાલીન જ્ઞાની કવિઓ છે. હાથમાં તુલસી લઇ ડાકોર જતાં નીરાંતને કોઈ મુસલમાન ઓલિયાએ સગુણ ઉપાસનામાંથી નિર્ગુણ ઉપાસના તરફ વાળેલા એવી દંતકથા પ્રચલિત છે. ગોપીઓની પ્રેમલક્ષણા ભક્તિનાં ઘણાં ભાવવાહી પદો તેણે લખેલાં છે. અનુભવી સંત બોજા ભગતના ચાબખાથી કોણ પરિચિત નહિ હોય ? દા. ત. 'પ્રાણીયા ભજી લે કિરતાર, આ તો સપનું છે સંસાર.' સંસારને સ્વપ્નવત્ માનતી આ વેદાંતી માન્યતા જોડે સગુણ ભક્તિ કેવી સરળ બાનીમાં સાંકળી લીધી છે ? ગામડી છતાં સચોટ ભાષામાં તેણે તત્ત્વાનુભવને વર્ણવ્યો છે. ગુજરાતી

ભાષામાં પરમપાવની રામાયણની પદ્યબંધ રચના કરનાર કવિ ગિરધરને યાદ કરી આપણે આગળ જઇએ. મનોહરસ્વામીનો આપણે જ્ઞાનમાર્ગી કવિ તરીકે ઉલ્લેખ કરી શકીએ.

આ ઉપરાંત ગુજરાતને જે સંત-ભક્ત પરંપરા સાંપડી છે તેનો ટૂંકમાં જ ઉલ્લેખ કરીએ તો ભક્તિ, જ્ઞાન અને પ્રેમસભર પદો આપી જનાર કબીરપંથ, નાથપંથ કે ગોરખપંથની અસર તળે આવેલા જે સંતો તેમની અમર વાણી દ્વારા નીચલા થરના લોકોમાં જ્ઞાન-વૈરાગ્યનો ઉપદેશ આપતા આવ્યા છે, તેમાં ભાણસાહેબ, મોરાર સાહેબ, સંત જીવણદાસ વ.ને પણ કેમ ભૂલાય ? ' બંસી બોલના કવિ 'નું બિરૂદ પામનાર દયારામનું સ્થાન ભક્ત કવિઓ કરતાં પ્રણયના અમર કવિઓમાં અધિક છે. એની કાવ્યસૃષ્ટિનો આરાધ્યદેવ શ્રીકૃષ્ણ છે. દયારામ તેની મનોગમ્ય અભિરામ ગરબીઓ દ્વારા સુપ્રસિદ્ધ છે. તેને મન જ્ઞાનમાર્ગ કરતાં ભક્તિમાર્ગ શ્રેષ્ઠ છે. મધુર પ્રણય સંવેદનનું તે તાદસ્ય નિરૂપણ કરે છે. તેની પ્રતિભા ઊર્મિ કવિની છે. શ્રીકૃષ્ણ અને ગોપીઓનાં મિલન અને વિરહનાં વર્ણનો દયારામે આલેખ્યાં કર્યાં છે. છેલછબીલા કનૈયાએ જેમનું કાળજું કોરી નાખ્યું છે તે પ્રેમની પીડા નથી કોઇને કહેવાતી, નથી સહેવાતી. ગોપી આર્તસ્વરે પુકારે છે " વાંકુ મા જોશો વરણાગીયા. કાળજડામાં કાંઈ કાંઇ થાય છે." ગોપી પ્રેમબાણથી વીંધાય છે અને બોલી ઊઠે છેઃ ' સોડનો ઘાવ માર્યો સ્નેહી શામળિયે. ' ' શ્યામરંગ સમીપે ન જાવું ' એવું વ્રત લેનાર ગોપી અંતે તો શામળિયા જોડે જ તાદાત્મ્ય સાધે છે. પ્રાચીન સંસ્કારી ગુજરાતી કવિતા સાહિત્યના ત્રણ જ્યોતિર્ધરો—આદિ કવિ નરસિંહ, મહાકવિ પ્રેમાનંદ અને ત્રીજો રસિક અને રંગીલો ભક્તકવિ દયારામ છે

**સ્વામી સહજાનંદ:**-તેમનુ મૂળ નામ ઘનસ્યામ હતું. અયોધ્યા પાસે છપૈયામાં તેમનો જન્મ ઇ. સ. ૧૭૮૧ના અરસામાં થયો. તેમના ગુરૂ સ્વામી રામાનંદે ઉદ્ધવ સંપ્રદાયનો પાયો નાંખ્યો. આ સમયે ગુજરાતમાં ધાર્મિક જાગૃતિ આવતી જતી હતી પરંતુ તે પૂર્ણપણે હજી અંધશ્રદ્ધા તથા વહેમોના વમળોમાંથી નીકળી શક્તું ન હતું. ધર્માચાર્યોના અંકુશતળે મહાજનો હતા અને મહાજનોની સત્તા પણ સારી એવી જામી હતી સમાજ રૂઢિચુસ્ત હતો. વલ્લભ સંપ્રદાય તથા જૈનમતમાં પણ દૂષણો પ્રવેશ્યા હતા. આ સિવાય અન્ય પ્રચલિત પંથોમાં કબીરપંથ, શાક્ત સંપ્રદાય, વામમાર્ગ, શુષ્ક વેદાંત વ. હતા. અહિંસાધર્મી ગણાતા ગુજરાતમાં પણ એ વખતે કાળી, અંબા, શીતળા, ભૈરવ વગેરે દેવીઓની શાન્તિ અર્થે તથા વિવિધ પ્રકારના રોગો વ. મટાડવા માટે જીવ હિંસા થતી સુધારકોની ભારે ખેંચ આ યુગે અનુભવી. કોઇ વિરલ ધર્માત્માની જરૂર હતી.

નિર્ગુણ બ્રહ્મના ઉપાસક અદ્વૈતવાદી સ્વામી આત્માનંદના શિષ્ય રામાનંદ હતા. તેમણે રામાનુજ સંપ્રદાયની વિશિષ્ટ અસર તળે આવી દીક્ષા પ્રાપ્ત કરી. સહજાનંદ સ્વામી એ આ રામાનંદજીના શિષ્ય. ગુરૂ વૃદ્ધ થતાં જવાબદારી સહજાનંદ પર આવી સહજાનંદ સ્વામીએ અધ્યાત્મ ઉપદેશ આપવો શરૂ કર્યો કચ્છ, સૌરાષ્ટ્ર વ. પ્રદેશોમાં ઉપદેશ અર્થે ખૂબ ઘૂમવા લાગ્યા અને પરિણામે તેમના પ્રયત્નથી અમદાવાદ, વડતાળ, ગઢડા, મૂળી વગેરે ધાર્મિક સંપ્રદાયનાં મુખ્ય સ્થળો સ્થપાયાં.

'રામાનુજના વિશિષ્ટાદ્વૈતમાં વલ્લભાચાર્યના પુષ્ટિ સંપ્રદાયને સમાવી તેમણે સાકાર ઇશ્વરના ભક્તિમાર્ગ સાથે નિષ્કામ સેવા વિધિનો સમન્વય સાધ્યો.' શુદ્ધ ધર્મતત્ત્વ અને સદાચારનો આગ્રહ એ આ સંપ્રદાયનાં અતિ આકર્ષક અંગો છે. સમાજના અશિષ્ટ તેમજ નીચલા થરના ગણાતા લોકો પર આ સંપ્રદાયની અસર વિશેષ પડી છે. તેમણે અંતરની સફાઇ સાથે સામાજિક સાફસફીની પણ હિમાયત કરી. સ્વામીનારાયણીય જ્ઞાનમાર્ગમાં સર્વ વેદધર્મોનો મૂળ પાયો સ્વાનુભવ છે. સંપૂર્ણ સત્ય, સર્વ વાદોથી પર, સ્વયંસિદ્ધ શાસ્ત્રોથી પણ પર હોવું જોઇએ. વિશિષ્ટાદ્વૈતમતને તથા બ્રહ્મસૂત્ર અને ગીતા પરના રામાનુજનાં ભાષ્યોને પ્રમાણ માનવા છતાં બન્ને સંપ્રદાયો એક જ છે એમ ન કહી શકાય. પરબ્રહ્મ અથવા પરમાત્મા એ સ્વામીનારાયણ પંથીઓના ઇષ્ટદેવ છે. એ પરમાત્માનું નિવાસ-સ્થાન—એની ચિત્ શક્તિ—તે બ્રહ્મ છે. એને અક્ષરધામ અમૃત કે પરમપદ કહે છે. 'સગુણ અને નિર્ગુણ બે રૂપે એ બ્રહ્મ ભાસે છે. સગુણત્વ અને નિર્ગુણત્વ એ બે વસ્તુતઃ અક્ષરની શક્તિઓ છે. અક્ષર સ્વતઃ તો નિર્ગુણ જ છે, એટલે માયાના વિકાર રહિત છે, પરંતુ એની જે શક્તિવડે તે ક્રિયા એટલે માયાના વિકાર ઉપજાવવા ગતિમાન થાય છે તેને સગુણરૂપ કહે છે; અને જે શક્તિવડે તે માયાના વિકારરહિત એવી જે મુક્ત કોટિને ધારવા સમર્થ થાય છે તેને નિર્ગુણરૂપ કહે છે.' આત્યંતિક પ્રલયકાળે માયા બ્રહ્મમાં લીન રહે છે. તેને પ્રકૃતિ કે મહામાયા પણ કહે છે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ દેહોમાં વ્યાપી રહેલી સત્તા માત્ર ચૈતન્યવસ્તુ તે જીવ છે. હૃદયાકાશમાં રહેલો આ જીવ અણુ છે, સૂક્ષ્મ છે, ચિદ્રૂપ છે. બ્રહ્મદસાને પામી પરબ્રહ્મની સેવા કરવી એને જ મુક્તિ કહે છે. આ રીતે મુક્તો અનેક છે. જીવનમુક્તિ આ મતમાં શક્ય માનેલ છે. મુક્તનો પરમાત્મામાં પ્રવેશ થાય છે. તેનો અર્થ જળમાં જળ મળી જાય છે એવો નહિ કરતાં પરમેશ્વરમાં અખંડ વૃત્તિ રહેવી એવો છે બ્રહ્મદશાનું એ એક ચિહ્ન છે. જ્ઞાન, ઉપાસના, ભક્તિ વગેરેને મુક્તિનાં સાધનો માનેલા છે. બ્રહ્મનિષ્ઠ સદ્ગુરુનો મહિમા પણ સ્વીકારેલ છે. સત્સંગનો મહિમા વિશેષ છે. સત્સંગ એટલે આત્મા અને પરમાત્મા તથા સત્ પુરુષ અને સત્શાસ્ત્ર એમ ચારેયનો સંગ બ્રહ્મરૂપ બની પરબ્રહ્મની સેવાને મુક્તિનું ધ્યેય મનાયું છે. આત્મનિષ્ઠા તથા વૈરાગ્ય એ ભક્તિને વિષે જરૂરી ગણ્યાં છે. વૈરાગ્ય એટલે પ્રભુ સિવાય અન્ય સર્વમાં પ્રીતિરહિત થવું તે. પ્રભુની પ્રીતિનું સંપાદન કરવામાં ધર્મમર્યાદાનું પાલન આવી જાય છે. પ્રભુભક્તે દારૂ ન પીવો, માંસ ન ખાવું, ચોરી ન કરવી, વ્યભિચાર ત્યાગ, વટલાવું-વટલાવવું નહિ તથા સત્ય, અહિંસા, બ્રહ્મચર્ય, દાન-દયા વગેરેનું જીવનમાં પાલન કરવાનું છે. 'મનુષ્યનાં સુખદુઃખનાં કારણોમાં કોઈ ઇશ્વરેચ્છા તો કોઈ વળી પૂર્વજન્મનાં કર્મોને જવાબદાર ઠરાવે છે પરંતુ સ્વામીજીના મતે મનુષ્યના સુખદુઃખના-દેશ, કાળ, કર્મ, ક્રિયા, મંત્ર, ધ્યાન, દીક્ષા અને સગ એમ આઠ હેતુઓ છે કોઈ એક વખતે એકનું પ્રધાનપણું હોય તો કોઈ વખતે બીજાનું.' શિક્ષાપત્રી આ સંપ્રદાયનું ધર્મપુસ્તક છે. તે ઉપરાંત ધર્મામૃત તથા નિષ્કામ શુદ્ધિ એ ત્યાગીઓ માટેનાં વિશેષ પુસ્તકો છે સ્વામીનારાયણનાં વચનામૃતો એ આ સંપ્રદાયનું અધ્યાત્મશાસ્ત્ર છે. સાધન દિશામાં આધ્યાત્મિક અને વિચારમય જીવન ગાળવા ઇચ્છનાર માટે આ પુસ્તક ખૂબ જ ઉપયોગી

છે. આધ્યાત્મિક સિદ્ધાંતોના રહસ્યથી અને તેનો સાક્ષાત્કાર કરવા માટે વ્યાવહારિક સૂચનોથી સભર આવું પુસ્તક ભાગ્યે જ જોવા મળે છે. સ્વામીજીનો આ ચિરસ્થાયી અમૂલ્ય વારસો છે. સ્વામીજીના શિષ્યોએ ભક્તિયુક્ત પદો લખી ગુજરાતની સાહિત્ય સેવા કરી છે. ગોપાલાનંદ, નિત્યાનંદ, શુકાનંદ જેવા સાધુઓ દ્વારા થયેલી સંસ્કૃત ગ્રંથોની રચના પ્રસિદ્ધ છે. તદુપરાંત મુક્તાનંદ, બ્રહ્માનંદ, નિષ્કુળાનંદ, પ્રેમસખા વગેરેએ ગુજરાતીમાં હજારો ભક્તિપદો લખ્યાં છે. આ સંપ્રદાયની કવિતાઓમાં ભક્તિ, વૈરાગ્ય અને સંયમ ભર્યાં છે. દા. ત. નિષ્કુળાનંદજીનાં ત્યાગ અને વૈરાગ્યનાં બોધક એવાં સચોટ પદો જેવાં કે— 'ત્યાગ ન ટકે રે વૈરાગ્ય વિના, કરીએ કોટિ ઉપાયજી' તથા 'જનની જીવો રે ગોપીચંદની, પુત્રને પ્રેર્યો વૈરાગ્યજી' તેમ જ 'જંગલ વસાવ્યું જોગીએ તજી તનડાની આશજી' વગેરે સ્વામી બ્રહ્માનંદજીએ પણ પ્રેમલક્ષણા ભક્તિ તથા વૈરાગ્યથી સભર સુંદર પદો લખ્યાં છે જેવાં કે—'રંગભર સુંદર શ્યામ રમે ' 'આ તન રંગ પતંગ સરીખો જાતાં વાર ન લાગે જી' તથા 'શિર સાટે નટવરને વરીએ રે, પાછાં પગલાં તે નવ ભરીએ રે.' શ્રી મુન્શીએ આ ભક્તિ સાહિત્યમાં શૈલીની મોહકતા અને ઊંચા પ્રકારની કલા જણાય છે તે યથાર્થ છે. ડૉ. ધીરૂભાઈ ઠાકર શ્રી સહજાનંદ સ્વામીની સાહિત્ય સેવાને અંજલિ આપતાં લખે છે કે—'ઓગણીસમી સદીમાં પાશ્ચાત્ય સંસ્કૃતિનું આક્રમણ આપણી સંસ્કૃતિ ઉપર થયું ત્યારે આપણી સંસ્કૃતિને આત્મશોધનમાંથી પર સંસ્કારનો સામનો કરવાનું બળ મળ્યું હતું. તેમાં સહજાનંદનો સ્વામીનારાયણ સંપ્રદાય, આર્યસમાજ, પ્રાર્થના સમાજ વગેરેનો વિશિષ્ટ ફાળો છે. સ્વામીજીએ પૂર્વકાલીન ધર્મકર્મની પરંપરાને નવીન પરિસ્થિતિના પ્રકાશમાં પરિમાર્જિત કરવાનું કાર્ય કર્યું. પરંતુ આ સંપ્રદાયમાં પણ શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી લખે છે તેમ પ્રતીકપૂજા હતી ઉપાસના અટપટી હતી અને અણગમો ઉપજાવે એવું તત્ત્વ ગાદીપતિ મહારાજની દેવ જેમ થતી વંદના હતી.

સુરતની સરકારી ગુજરાતી શાળાના શિક્ષક શ્રી દુર્ગારામ મહેતાજી સુરતના જે પાંચ 'દદ્દા' કહેવાતા તેમાં અગ્રણી હતા. તેઓ મૌલિક સુધારાવાદી હતા. તેમને સુધારક તરીકે 'ગુજરાતના લ્યૂથર' અને શિક્ષક તરીકે 'ગુજરાતના આર્નોલ્ડ' કહી બીરદાવવામાં આવ્યા છે. સુધારો એમના જીવનનો પ્રાણ હતો. તેઓ સમાજમાં ઘર કરી ગયેલા ખોટા વહેમો અને અંધશ્રદ્ધાયુક્ત થતા વિધિવિધાનોથી ખૂબ જ વિરુદ્ધ હતા. વિધવા વિવાહની તેઓએ હિમાયત કરી હતી 'માનવ ધર્મ સભા'ની સ્થાપના દ્વારા તેમણે ધર્મમાં પેસી ગયેલા દૂષણો દૂર કરવા બીડું ઝડપ્યું. આ સભા દ્વારા 'મનુષ્યજાતિનું એક કુટુંબ છે,' 'માણસ માત્ર ઉપર પ્રીતિ રાખો,' 'સર્વ ધર્મના સાક્ષી થઈ વર્તો' વગેરે માનવધર્મને છાજતાં સાદાં અને લઘુ શિક્ષાસૂત્રોનો પ્રચાર કરી લોકશિક્ષણ અને જાગૃતિનું તેમણે કાર્ય ઉપાડ્યું. ધર્મના નામે કુપાત્રને અપાતાં દાન બંધ કરવા ઝૂંબેશ ઉઠાવી ધર્મ સારો છે પણ સાંપ્રદાયિકતા અહિતકર છે. માણસ જન્મથી નહિ પણ કર્મથી શ્રેષ્ઠ બને છે એમ તેઓ માનતા. એક સુધારક તરીકે તેઓ શાંત, નીડર અને ઉત્સાહી હતા. તેમનો ધર્મ એ માનવધર્મ હતો. તેમનો આત્મા–પરમાત્મા વિષેનો મત શંકરવેદાન્તને મળતો જણાય છે. તેઓ જીવ અને પરમાત્મા વચ્ચે તાદાત્મ્ય સંબંધ છે તેમ માને છે. તેમની નોંધોમાં આપણને કોઈ ગુરુ કે શાસ્ત્રને પ્રમાણ તરીકે લાવ્યા સિવાય મૌલિક ચિંતન જોવા મળે છે. બુદ્ધિજન્ય વિવેક એ જ તેમને મન મોટામાં મોટું પ્રમાણ છે.

**નર્મદ-દલપત** યુગ એ અર્વાચીન સાહિત્યનો ઉષાકાળ હતો. ડૉ. ધીરૂભાઈ ઠાકર લખે છે કે "નર્મદની કવિતા અંગ્રેજી કાવ્ય આદર્શ અનુસાર ઘડાઈ હતી, દલપતરામ સંસ્કૃત અને વ્રજ ભાષાના આગ્રહી હતા. નર્મદ શૃંગાર અને વીર રસમાં રાચતો તો દલપતને હાસ્ય અને શાંત રસ રૂચતો. આથી જે આત્મલક્ષી ઉન્મત્ત આવેશ આપણને નર્મદની કવિતામાં જોવા મળે છે તે દલપતની શાંત, સરળ અને પ્રાસાદિક શૈલીમાં જોવા મળતો નથી. બન્ને વચ્ચે વ્યવહારમાં મીઠો સંબંધ હતો. સુધારા યુગના આ બે મુખ્ય સાહિત્યકારો છે. સુધારાના આંદોલનના પ્રારંભમાં વીર નર્મદે અગ્રભાગ લીધો. 'યા હોમ' કરીને તેણે સુધારાના યુદ્ધમાં ઝંપલાવ્યું. 'પ્રેમશૌર્ય'ના ગાથાઓ ગાઈ. અર્વાચીન ગુજરાતી સાહિત્યના અરુણનું બિરુદ પામ્યો. પૂર્વવયમાં પશ્ચિમની ઘેરી અસર તળે આવેલ નર્મદ 'યા હોમ' કરીને આગળ આવ્યો પણ તેને ધીમે ધીમે સમજાયું કે 'આગે ફતેહ' નથી. તેણે લીધેલી એ દિશા તેને ખોટી જણાઈ. ઉત્તરવયમાં તે પૂર્વની સંસ્કૃતિના જ જાપ જપવા લાગ્યો સુધારાની નિષ્ફળતાનું એક કારણ તેણે સુધારામાં ધર્મનો અભાવ છે એમ માન્યું. આથી તે સનાતન–ધર્મ તરફ વળ્યો આ વિચાર પરિવર્તનના પરિપાકરૂપે આપણને તેની પાસેથી ધર્મચિંતનનું દ્યોતક 'ધર્મ વિચાર' મળ્યું. આમાં તે સુધારકોની નિષ્ફળતા તરફ અંગૂલિ નિર્દેશ કરે છે અને આર્ય–ધર્મના નિવૃત્તિ માર્ગનું મહત્ત્વ દર્શાવે છે આર્યધર્મ વિષે તેણે ઘણા લેખો પણ લખ્યા. શુદ્ધ ધર્મ કરતાં 'નીતિ અને સદાચાર માટેની વ્યવસ્થા માટે તે १ आत्मवत् सर्व भूतेषु અને २ कस्यचित् किमपि नो हरणीयम એવા બે મજબૂત સિદ્ધાંતોનો આશ્રય લે છે. છતાં નવલરામ કહે છે તેમ ધર્મ વિષયમાં નર્મદે નવવિધાન કર્યું નથી. સુધારકોની મુખ્ય પ્રવૃત્તિ બુદ્ધિવાદ પર આધારિત રહી અને ખંડનાત્મક બની. આગળ જતાં પ્રાર્થના સમાજ તથા તેના સ્થાપકોમાં આપણને આ નવવિધાનની દૃષ્ટિ જણાય છે. નર્મદે અગ્રભાગ લીધો, સુધારાની દિશામાં પહેલ કરી; પરંતુ શ્રી રા. વિ. પાઠક લખે છે તેમ 'તેના સ્વભાવમાં કે બુદ્ધિ–સંપત્તિમાં ઊંડા દાર્શનિક મનનને અવકાશ નહોતો. આગળ જતાં મણિલાલ અને આનંદશંકરે આ પ્રસ્થાન આગળ ચલાવ્યું, વિકસાવ્યું, વિસ્તાર્યું.'

અંગ્રેજો અહીં આવ્યા તેમની જોડે પશ્ચિમી સંસ્કૃતિનું આક્રમણ આપણા પર થયું. સમાજના દરેક ક્ષેત્ર પર તેનો ધસારો હતો. આપણો સમાજ તે વખતે સામાન્ય રીતે રૂઢિગ્રસ્ત, રૂઢિ જડ, સામાજિક રીતે જોઈએ તો વિભક્ત અને ધ્યેયહીન અવસ્થામાં હતો, જીવન બંધિયાર હતું તેને અંધશ્રદ્ધાની લીલ પણ બાઝી ગઈ હતી. ધાર્મિક અને સાંસારિક સુધારાની ખાસ અગત્યતા હતી. પશ્ચિમી સંસ્કૃતિના આ આક્રમણ સામે ઊભા થઈ બળવાન બનવાની જરૂર હતી. અંગ્રેજી વિદ્યા ભણી, તેમના જેવું જીવન કરવાથી આપણે ઉન્નત અને બળવાન થઈ શકીશું એવી માન્યતા પણ ઘણા ઉત્સાહી પંડિતોની હતી. સંસાર સુધારા માટેના હિમાયતીઓએ અંગ્રેજી કેળવણી લીધી હતી. મહર્ષિ દેવેન્દ્રનાથ, કેશવચંદ્ર સેન તથા રાનડે

જેવાની પ્રેરણા તેમને મળી હતી. આ હિલચાલરૂપે પ્રાર્થના સમાજ અસ્તિત્વમાં આવ્યો (૧૮૭૧). તેનું ધ્યેય એક બાજુથી શ્રી રા. વિ. પાઠક લખે છે તેમ આપણા પ્રચલિત ધર્મસંપ્રદાયો અને ફિરકાઓની ધાર્મિક અંધશ્રદ્ધાને ખસેડવાનું હતું, અને બીજી તરફથી ધર્મને એકેશ્વરવાદનું સાદું સ્વરૂપ આપવાનું હતું. પરંતુ આ આંદોલનના મૂળ આપણા દેશના લોકોના આંતર માનસ સુધી ગયા નહિ હોઈ તે લોકસમૂહના માનસને આકર્ષી શક્યું નહીં. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી લખે છે કે આ આંદોલન ચલાવનારા ભણેલા ખરા પણ પંડિત કહેવાય નહીં. તેમના માનસ અભિમાની અને અમલદારી હતાં—તેઓને કડવાં વેણ સાંભળવા પડતાં, જ્ઞાતિ બહાર રહેવું પડતું એ ખરૂં પરંતુ ધર્મસ્થાપક કે ધર્મસુધારકને સહન કરવી પડે તેવી યાતના કે તિતિક્ષા એ ન કહેવાય. એ વખતના ગુજરાતી સમાજનું ધાર્મિક કઠોડું પણ તેમને ફાવે તેમ નહોતું. વલ્લભ-સંપ્રદાયનું વર્ચસ્વ ગુજરાત પર વિશેષ હતું. સમાજ વણિકમતિ અને વણિકવૃત્તિમાં પડેલો હતો. બીજો ભક્તિમાર્ગ તે સ્વામીનારાયણનો હતો. અને તેમાં શુદ્ધ ધર્મતત્ત્વ અને સદાચાર પર વધુ ભાર મૂકાતો નીચલા થરના લોકો પર તેની અસર વિશેષ પડી. શાંકર વેદાન્ત કે જેમાં તર્કની પ્રતિષ્ઠા હતી અને બુદ્ધિને કસે તેમ હતું તેનું શુદ્ધ અને સાંગોપાંગ જ્ઞાન ઘણા ઓછાને હતું. 'બ્રાહ્મણો માતાની પૂજામાં રાચતાં અને વેદાન્તના ગપ્પાં હાંકતા!' 'પ્રાર્થના સમાજની પાછળ ભારતીય સંસ્કૃતિને તિરસ્કારતું નહીં પણ તેને પ્રશંસતું અને તત્કાલિન રોગ નિવારણ માટે મથતું બળ હતું.' આ જ સમયમાં ચાલી રહેલાં બે ધાર્મિક આંદોલનોમાં આર્યસમાજ અને થિયોસોફીકલ સોસાયટીને ગણાવી શકાય. સ્વામી દયાનંદ દ્વારા ઈ. સ. ૧૮૭૫માં આર્યસમાજની સ્થાપના થઈ. તેમણે મૂર્તિપૂજાનો નિષેધ કર્યો, વેદધર્મની ઉત્કૃષ્ટતા સિદ્ધ કરી– ગુરૂકુળોની સ્થાપના કરી સ્ત્રી-શિક્ષણ માટે વ્યવસ્થા કરી. તેમની પ્રવૃત્તિઓમાં દલીતોનો ઉદ્ધાર તથા તેમના શુદ્ધિકરણનો સમાવેશ થાય છે. કેળવણીના ક્ષેત્રે તેમણે ધર્મ, શરીર વિકાસ તથા હુન્નરજ્ઞાનને મહત્વ આપવાની હિમાયત કરી. કન્યા વિદ્યાલયો, વિધવા ગૃહો અને અનાથાશ્રમો સ્થાપ્યાં. હિન્દુધર્મના પુનરુત્થાનને પોષ્યું અને ધર્મમાં ખરી જાગૃતિ આણી. થિયોસોફિકલ સોસાયટીની સ્થાપના ઈ. સ. ૧૮૭૮માં થઈ. કર્નલ ઓલકોટ તથા મેડમ બ્લેવેટસ્કી તેના સ્થાપકો હતાં. તેઓ પણ સ્વામી દયાનંદની અસરથી પ્રભાવિત થયા હતા. આ સોસાયટીએ હિન્દુધર્મના યોગ તથા અધ્યાત્મવિદ્યાનાં રહસ્યો સ્ફૂટ કર્યા. મણિલાલ દ્વિવેદી વગેરે તેના જીવનભર સભ્યો હતાં. ૧૮૮૧માં આર્યસમાજ અને થિયોસોફિકલ સોસાયટી મતભેદને કારણે અલગ થયાં. ગુજરાતી સાહિત્યમાં આર્ય-સમાજ કે થિયોસોફિએ કશો નોંધપાત્ર ફાળો આપ્યો નથી. તેની સરખામણીમાં પ્રાર્થનાસમાજનો ફાળો વિશેષ છે. આચાર્ય આનંદ-શંકરનો અભિપ્રાય કે થિયોસોફિ એ ધર્મ નથી પણ ધર્મનું ફક્ત દૃષ્ટિબિંદુ છે એ યથાર્થ છે. થિયોસોફી તથા આર્યસમાજ, બ્રહ્મો-સમાજ વગેરેમાં ધાર્મિક પુરુષો થઈ ગયા એ વાત સ્વીકારીએ છતાં શ્રી રા. વિ. પાઠક કહે છે તેમ કહેવું જોઈએ કે એ સમાજો લોક-જીવનને ધાર્મિક અનુભવથી સમૃદ્ધ કરી શક્યા નથી. આનંદશંકર-ભાઈ ધ્રુવ લખે છે કે સમાજોનો ધર્મ તે જીવન નિભાવે એવો પૌષ્ટિક ખોરાક નથી, પણ માત્ર કંઠ ભીનો કરે એવું પાતળું પાણી છે. શ્રી વિ. ર. ત્રિવેદી લખે છે કે છતાં 'ગુજરાતમાં ધાર્મિક નવ-વિધાન પ્રાર્થનાસમાજે કર્યું'. અને તેમના અગ્રણીઓએ પોતાનો ધર્મમાર્ગ શોધ્યો અને શોધ્યા પછી તેને નિષ્ઠાથી અને દૃઢતાથી વળગી રહ્યા' એમ કહી શકાય. ભોલાનાથ, મહીપતરામ વ.ના આ દિશામાં પ્રયત્નો તે હકીકતની સાક્ષી પૂરે છે. નર્મદયુગમાં ઉત્તમ ધર્મવિષયક કવિતા આપી તે ભોળાનાથે જ. આ પ્રકારનું શ્રી વિજયરાય વૈદ્યનું વિધાન યથાર્થ છે. તેઓ પ્રાર્થનાસમાજના સ્થાપક અને અર્વાચીન ભક્તિ કવિતાના આદિ કવિ છે. વેદાન્ત વિચારણા ધરાવનારને તેઓ નાસ્તિક કહેતા. તેમના મતે ઈશ્વર એક અને સર્વવ્યાપક છે તે સૃષ્ટિનો રચયિતા છે. ભોળાનાથ ઈશ્વરભક્તિનો સ્વીકાર કરે છે પરંતુ તદ્‌વિષયક બાહ્ય વિધિવિધાનો કે નિષેધોને તે મંજૂર કરતા નથી. નવી કેળવણીના પરિપાકરૂપ તેમનું માનસ ઘડાયેલું છે. જ્ઞાતિને તેઓ બંધનરૂપ માને છે. ગુરૂપૂજા કે તત્ત્વ-પૂજાનો પણ વિરોધ કરે છે નિર્ગુણ ઈશ્વરની પ્રાર્થનારૂપે ઉપાસના કરવાના મતના છે. ઈશ્વર પ્રાર્થના-માળા તથા અભંગમાળા તેનાં ઉદા-હરણો છે. ટૂંકમાં 'તેમની ધર્મ વિચારણામાં ઈશ્વરનું એકત્વ, ભક્તિ, સદાચાર અને પરોપકાર એમ ચાર બિન્દુઓ સ્પષ્ટ દેખાય છે.' મૂળ સૂરતના પણ અમદાવાદને વતન બનાવી રહેલા મહીપતરામે પરદેશગમન કરીને સુધારક પગલું ભર્યું. તેમના મતે ઈશ્વર સૃષ્ટિકર્તા છે અને આપણે સૌ તેના બાળકો છીએ. તેઓ સદાચારમય જીવનના હિમાયતી છે અને ખરા અંતઃકરણપૂર્વકની ઈશ્વરભક્તિને ટેકો આપે છે તેમણે પ્રચલિત આચાર-વિચારો પર પ્રહારો કર્યા છે. તેમની લેખનશૈલી ઉપદેશક તથા શિક્ષકની છે. પ્રાર્થનાસમાજના ચાર મુખ્ય સિદ્ધાંતો તેમણે રજૂ કર્યા. (૧) ઈશ્વર એક છે અને તે જ પૂજ્ય છે. (૨) નીતિપૂર્વક પ્રેમસહિત ઈશ્વરભક્તિ એ જ ધર્મ. (૩) ભક્તિ એટલે શ્રદ્ધા, ઉપાસના, સ્તુતિ, પ્રાર્થના અને સદાચાર. (૪) ભક્તિ વડે ઈશ્વર પ્રસન્ન થાય છે અને આત્માનું કલ્યાણ થાય છે—મૂર્તિ-પૂજાનો આ સિદ્ધાંતોમાં નિષેધ કરવામાં આવ્યો નથી, પરંતુ મહીપતરામ મૂર્તિપૂજા વિરૂદ્ધ પ્રહારો કરતા. પરંતુ શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી લખે છે કે 'હિંદુધર્મ તત્ત્વચિંતનમાં દુર્ગારામ કે નવલરામ જેટલી ગતિ મહીપતરામની નથી. જગત અને સંસાર માયા છે, નાશવંત છે, માત્ર પરમેશ્વર જ સત્ય છે, એમ જાણ્યે સંસારમાં—રાગદ્વેષમાં મતિ ઓછી રહેશે એમ દુર્ગારામ કહે છે ત્યારે મહીપત-રામ વેદાન્તીની કપોલકલ્પિત વાતોથી તેમજ વેદાન્તને નામે પ્રચલિત અનાચારથી વહેમાઈ અને ઉશ્કેરાઈ જઈ વેદાન્તના તોલમાં વિચારદોષ આણે છે.'

મહારાજ લાયબલ કેઈસ દ્વારા શ્રી જદુનાથ મહારાજ સામે એકલે હાથે બાથ ભીડનાર પ્રથમ પંક્તિના સુધારક શ્રી કરસનદાસ મુળજીને પણ આપણે અહિં યાદ કરવા જોઈએ. ગુજરાતના પ્રમાણમાં સૌરાષ્ટ્રમાં જાગૃતિ ઓછી હતી છતાં ત્યાં પણ સમાજ સુધારો તથા શિક્ષણપ્રચારનું કામ મણિશંકર કીકાણી જેવા સુધારક દ્વારા થયું હતું એ નોંધવું જોઈએ.

વિદ્યાર્થી તરીકેની તેજસ્વી કારકીર્દિ ધરાવતા શ્રી રમણભાઈ નીલકંઠ તેમના પિતાની પ્રાર્થના પરંપરાના ચુસ્ત હિમાયતી હતા. અમદાવાદ પ્રાર્થના સમાજના પાક્ષિક 'જ્ઞાનસુધા'નું તેમણે વર્ષો

સુધી સફળ સંચાલન કરેલ. સતત ઉદ્યોગ, કર્તવ્યનિષ્ઠા, વિદ્વત્તા અને ધાર્મિકતાના ગુણો તેમના જીવનમાંથી અપનાવવા યોગ્ય છે. અદ્વૈત વિચારસરણીના તેઓ વિરોધી હતા. પુનર્જન્મનો સિદ્ધાંત પણ તેમને માન્ય નથી. રહેણીકરણીમાં હિંદુધર્મની ટીકા અને ખ્રિસ્તીધર્મની બરોબરી કરનારાઓ માંહેના તેઓશ્રી એક હતા. વેદાંતી મણિલાલના ' સુદર્શન ' પત્રને તેઓ ' સાંસારિક અને ધાર્મિક ઉન્નતિના શત્રુવર્ગ તરફથી પ્રગટ થતું ' સામયિક ગણે છે. આનંદશંકરભાઇ જેને સમન્વય કહે છે, રમણભાઇ તેને કૃત્રિમ એકવાક્યતા કહી નકારી કાઢે છે. તેઓ માને છે કે વિવિધ મતો ધરાવતા શાસ્ત્રોમાં એકરૂપતા જોવી અને વિરોધી વિચારોને અવિરોધી બતાવવાનો પ્રયત્ન કરવો એ તત્ત્વચિંતનમાં દોષ છે. શુષ્ક તર્કજાળમાં અટવાવાનું તેઓ પસંદ કરતા નથી. તેઓ લખે છે કે 'સત્ય શોધનની ઇચ્છા વિના ખંડનમંડનના વાગ્યુદ્ધમાં કાલક્ષેપ કરવા કરતાં બીજા કર્તવ્યની અત્યારે વધારે અપેક્ષા છે.' ઇશ્વરની ભક્તિનાં તેઓ ત્રણ અંશ ગણાવે છે. (૧) ઉપાસના (૨) સ્તુતિ અને (૩) પ્રાર્થના. અને તે ત્રણેય તેમણે સરળ રીતે સમજાવ્યા પણ છે. ' ધર્મ અને સમાજ 'ના બે ભાગમાં લખાયેલા પુસ્તક દ્વારા તેમણે ચિન્તન પ્રચુર સાહિત્ય આપેલું છે. ધર્મ, નીતિ, સત્ય એ સર્વ એમનાં મતે ઇશ્વરનાં સ્થાપેલાં છે, તે વડે કલ્યાણ થાય, સુખ થાય એવો તેનો નિયમ છે. તે વડે ઈશ્વર જગતનું કલ્યાણ કરે છે. દા ત ' નીતિ વ્યવસ્થા કરી ઇશ્વરે જે, છે માત્ર તેને અનુકુળ વિશ્વ; નવી વ્યવસ્થા કરવાની શક્તિ નથી મનુષ્યત્વ વિષે રહેલી. ' સદાચરણ માટે, સત્ અસત્ વચ્ચે વિવેક કરવા માટે જ્ઞાન એકલું પર્યાપ્ત નથી. જ્ઞાનીને સન્માર્ગે દોરી જનાર બળ પણ ઇશ્વરકૃપા જ છે. આથી રાઈના પર્વતમાં રાઈ કહે છે કે ' થાઓ તિરસ્કાર વિનાશ થાજો, ના એક થાજો પ્રભુપ્રીતિનાશ. ' શ્રી રમણભાઇ માને છે કે ઇશ્વર પાસેથી સદાચરણનું બળ મેળવવા સ્વભાવ ઉપર કાબૂ મેળવી સન્માર્ગે જવાની જવાબદારી તો મનુષ્યની જ છે. સામીપ્ય મુક્તિને જ તેઓ ખરી મુક્તિ ગણે છે. પ્રભુપ્રાર્થનાનો હેતુ સમજાવતાં તેઓ કહે છે કે ' ઈશ્વરની સ્તુતિ કરવાથી તેના ગુણનું સ્મરણ થાય, સ્તુતિ કરનાર મનુષ્યને તેના ગુણો યાદ રહે છે. ' વેદાંતી નાસ્તિક છે તેમ માનતા હોઈ તેઓ ' મોક્ષ વિચાર 'માં જણાવે છે કે " વેદાંતના પક્ષની ચર્ચા કરવામાં એક અંતરાય હમેશ નડે છે. હું બ્રહ્મ છું, બ્રહ્મથી જુદું કાંઈ નથી, બધે એક અવ્યય બ્રહ્મ છે એમ કહી અસ્તિત્વ અને બ્રહ્મને પર્યાય રૂપ કરી નાખ્યા પરિણામે તેના હોવા ન હોવાપણાને સમાન નિરર્થક ગણનાર તે ઇશ્વર નથી એમ કહેનાર છે. " માયા અને અજ્ઞાન ખોટી રીતે સમજી માયા અને અજ્ઞાનના સ્વીકારથી વિચિત્ર સિદ્ધાંતોનું પ્રતિપાદન થવાનો તેમને ડર છે. વેદાંતના આવા કટુ આલોચક હોવા છતાં તેમને આનંદશંકરભાઇએ ગુજરાતના જાહેર જીવનના ' સફળ પુરૂષ ' કહી બિરદાવ્યા છે. ડો. હરિપ્રસાદ દેસાઇ તેમને યોગ્ય અંજલિ આપે છે કે 'તેઓ બધી જ પ્રવૃત્તિમાં જોડાયા અને કટાઈ જવાને બદલે ઘસાઈ જવાનું એમણે પસંદ કર્યું છે.'

નરસિંહરાવ દિવેટીયાની ' મંગલ મંદિર ખોલો 'ની પ્રાર્થનામાં આપણને તેમની હૃદયવીણાના ઝંકાર સંભળાય છે. રમણભાઈનું ચિંતન બુદ્ધિનિષ્ઠ છે. તો નરસિંહરાવનું ચિંતન સૌન્દર્યનિષ્ઠ છે. વિચારવૃત્તિ અને કાર્યમાં તેઓ સુધારક છે. વેદાન્તના માયાવાદ તરફ કુમળું વલણ બતાવવામાં તેઓ રમણભાઇથી જુદા પડે છે. 'જીવન એ તેમને મન શૂન્ય સ્તબ્ધતા નથી પરંતુ સતત વહનશીલ, સંચલન, રૂપાંતર છે. અદ્વૈતમાં દ્વૈત અને દ્વૈતમાં અદ્વૈત સાધવાનું વિશિષ્ટ પ્રકારનું અને ઉત્તમ બળ તે પ્રેમ, ભક્તિ, પ્રેમભક્તિ, પ્રેમપૂર્વક ભક્તિ.' 'જ્ઞાનથી જે પ્રભુ અગમ્ય છે તેને પ્રેમના તંતમાં સંત ઝીલી શકે છે.' વિવર્તમાલામાં તેઓ લખે છે કે ' પ્રેમ પાય મેળવ્યા પછી એને જ્ઞાનવિષય બનાવશે. ભક્તિમાં વેવલાપણું ન હોય, એ ઘેલછા ન બને ' તેમાં સંયમની આવશ્યકતા નિરૂપતાં તેઓ લખે છે: ' ધીરે ધીરે પીઓ, સાધુ; અજરા કાંઈ એ જરી ન જાય, ભાઈ વીરા ! ' રમણભાઈ શુદ્ધ વિચારક છે. નરસિંહરાવ દિવેટીયાની દષ્ટિ કવિની છે. નરસિંહરાવમાં શુદ્ધ ફિલસૂફી નથી પણ તે અંગેની માહિતી છે, કાચો માલ છે. સંસાર સુધારાની ભાવના અને પદ્ધતિમાં બન્ને વચ્ચે સામ્ય છે.

શ્રી મણિશંકર રત્નજી ભટ્ટ ( કાન્ત ) વેદાન્તના કટ્ટર વિરોધી હતા. તેઓ વ્યક્ત એકેશ્વરવાદના હિમાયતી છે. ઈશ્વરની ભક્તિમાં તેઓ અસીમ શ્રદ્ધા ધરાવે છે. ખ્રિસ્તી ધર્મ પ્રત્યેનો તેમનો પક્ષપાત જાણીતો છે. ખ્રિસ્તી તત્ત્વ આર્યોના પ્રાચીન ધર્મનો પુનરુદ્ધાર કરશે એવું દઢપણે તેઓ માનતા. થોડો વખત તેમણે ખ્રિસ્તી ધર્મ પણ અંગીકાર કરેલ. ઈસુખ્રિસ્તની પિતૃતા અને મનુષ્યની બંધુતાનો તેઓ સ્વીકાર કરે છે. ' કાન્ત 'નું ચિંતન ગહન છે, મૌલિકતાનું બીજ તેમાં અવશ્ય જોવા મળે છે. પાશ્ચાત્ય સાહિત્ય અને તત્ત્વજ્ઞાનનો તેમણે ઊંડો અભ્યાસ કર્યો હતો. તેમનાં ખંડ કાવ્યોમાં અક્ષેયવાદની જણાય છે. મણિલાલના ' સિદ્ધાંતસાર 'નું તેમણે અવલોકન કર્યું છે. વેદાન્ત સામેનો તેમનો વિરોધ જો કે પાછળથી મોળો પડેલ છતાં વેદાન્ત પરના તેમના આક્ષેપો જોઇએ તો મુખ્યત: માયાવાદનો વિરોધ કરવામાં તેઓ રામાનુજ, વલ્લભ વગેરેને મળતા છે. અભેદ તેમને મન અસત્ છે કારણ કે તે માનવ અનુભવથી વિરૂદ્ધ બાબત છે. અભેદના સિદ્ધાંતના આધારે નીતિ વ્યવસ્થા થઈ શકતી નથી પરિણામે માણસ કર્મવિમુખ બને છે તેમ તેઓ માને છે. ( જો કે આનંદશંકર જેવા આ પ્રકારના મંતવ્યોનું સુપેરે ખંડન કરે છે.) ' હું બ્રહ્મ છું એવો સિધ્ધાંત તો ધૂર્તોને દુષ્ટોને લલચાવનારો છે.' આથી જ શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી લખે છે કે " અભેદ માગને બાલિશ ગણનારને સ્વીડનબોર્ગ જેવાની બાલિશ વાતો દેવવાણી લાગે છે...કેવું વિપરીત કે સ્વીડનબોર્ગની સત્યમિશ્રિત ત્રિરંગી ક્રિડાને કાન્તે વેદવાક્ય જેવી ગણી અને વેદવાક્ય, જે ઉપર ચિંતન કરી ફિલસુફોએ દર્શનો રચ્યાં, તે તેમના ઉપહાસનો વિષય બન્યું. પશ્ચિમની મોહનીથી આપણા ચિત્તની કેટલે સુધી વિકૃતિ થઈ શકે છે તેનું આ એક નિદર્શન છે. "

ઈસ્વીસનની ૧૯મી સદીના અંતભાગમાં જ્યારે પ્રાર્થના સમાજ, આર્યસમાજ અને થિયોસોફિસ્ટ વર્તુળો પૂરબહારમાં પોતપોતાના સિધ્ધાંતોનું નિરૂપણ તથા યોગ્ય પ્રચાર કરી હિન્દુધર્મને શુધ્ધ તથા વ્યવસ્થિત કરવામાં વ્યસ્ત હતાં ત્યારે શ્રીમન્ નૃસિંહાચાર્ય તથા શ્રીમન્ નથ્થુરામ શર્મા જેવા આચાર્યો તથા પંડિતોએ ભારતીય તત્ત્વ–

ચિંતનનો ધ્વજ વધુ ને વધુ ઉંચે ફરકાવવા માટે યથાશકિત પ્રયત્ન કર્યો છે. 'મહાકાલ' માસિક દ્વારા શ્રીમન્ નૃસિંહાચાર્યે ભારતીય તત્ત્વવિદ્યા અને યોગશાસ્ત્રમાં રહેલી ખૂબીઓ તથા ચમત્કૃતિઓને તે શાસ્ત્ર પર આધારિત તથા બુદ્ધિ પ્રમાણિત છે તે દર્શાવવા અથાગ શ્રમ કર્યો. તેમનું વિશાળ શિષ્યમંડળ ઊભું થયું. જેને શ્રેયઃસાધક અધિકારી વર્ગ તરીકે ઓળખવામાં આવતું. રાજ્યના અધિકારીઓ તથા શિક્ષિત વર્ગ તેમાં જોડાયેલ હતો. શ્રીમન્ નૃસિંહાચાર્યના પુત્ર શ્રી ઉપેન્દ્રાચાર્યે તથા 'વિશ્વવંદ્ય'નું માનભર્યું બિરૂદ પ્રાપ્ત કરનાર શ્રી છોટાલાલ જીવનલાલ માસ્તરે શ્રેયઃસાધક-વર્ગનું કાર્ય પ્રશસ્યપણે આગળ ધપાવ્યું. હિન્દુ ધર્મ-કર્મની પરંપરા સજીવ કરી. આ જ પ્રકારની સેવા સૌરાષ્ટ્રમાં આવેલા બીલખા ગામમાં આનંદાશ્રમ સ્થાપીને શ્રીમન્ નથ્થુરામ શર્મા પણ કરી રહ્યા હતા. તેમનો શિષ્યવર્ગ પણ બહોળો હતો. સામાન્ય ભણેલા વર્ગને પણ સમજાય તેવા યોગ, વેદાન્ત અને કર્મકાંડ આદિની સાદી સમજ આપતાં પુસ્તકો લખી તેમણે ગુજરાતની ઉત્તમ સેવા બજાવી છે. શાંકરવેદાન્ત અને બ્રાહ્મણોનાં સંધ્યાવંદનાદિ નિત્યકર્મનો સુમેળ સાધવાનો તેમણે સારો પ્રયત્ન કર્યો છે. પરિણામે સાધારણ ભણેલો બ્રાહ્મણ વર્ગ તેમના તરફ ખૂબ આકર્ષાયો. 'બ્રહ્મ રસાયનનું સેવન કરવા ઈચ્છનારે સગુણ બ્રહ્મનું ધ્યાન ધરવાની જરૂર પર તેમણે ભાર મૂક્યો. આ પ્રકારના સેવનથી મનુષ્યના અંતઃકરણમાં રહેલા અજ્ઞાનનો અને તેમાંથી નીપજતા સર્વ વિકારોનો નાશ થઈ જાય છે. અને પરિણામે માણસ કૃતાર્થ બનતાં પછી તેને કાંઈ કર્તવ્ય બાકી રહેતું નથી.' શ્રીમન્ નૃસિંહાચાર્ય તથા શ્રીમન્ નથ્થુરામ શર્માના બહોળા શિષ્યવર્ગમાંથી આપણને નામાંકિત સાહિત્ય સેવકો, અગ્રેસર ચિંતકો, સુંદર લેખકો તથા કેળવણીકારો પણ મળ્યાં છે તેમ જ કેટલાંક સુંદર પુસ્તકો પણ મળ્યા છે. (શ્રી રમણલાલ વ. દેસાઈ, શ્રી નાનાભાઈ ભટ્ટ, શ્રી ધૂમકેતુ, ગિજુભાઈ વગેરેને અહીં ગણાવી શકાય.) શ્રી છોટાલાલ (માસ્તર) લિખિત 'યોગિનીકુમારી', શ્રી ન. દે. મહેતા કૃત 'હિન્દ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ' તથા શ્રી ઉપેન્દ્રાચાર્યનાં ધર્મપત્ની લિખિત 'વિશ્વવંદ્યનું ચરિત દર્શન' વગેરે પુસ્તકો લખાયાં.

સૌરાષ્ટ્રમાં મોરબી પાસે આવેલા વવાણીયા નામે ગામમાં સંવત્ ૧૯૨૪ના કા. સુદ ૧૫ના રોજ શ્રીમદ્ રાજચંદ્રનો જન્મ થયો. બાળપણનું નામ રાયચંદભાઈ. વૈષ્ણવ તથા જૈનધર્મના સંસ્કારો બચપણથી જ તેમના પર પડેલા. ઈશ્વર તથા અવતારો વિષેની તેમની ભક્તિનાં બીજ વવાયાં. બચપણથી જ સ્મરણશક્તિ ઘણી તીવ્ર હતી. પ્રખર બુદ્ધિશાળી તથા તેજસ્વી પ્રેમાળ વિદ્યાર્થી તરીકેની કારકીર્દિ હતી. પ્રેક્ષકો સમક્ષ અવધાન પણ કરી બતાવતા. 'અવધા' એટલે એક વખતે અનેક કાર્યોમાં લક્ષ રાખી સ્મૃતિશક્તિ એકાગ્રતાની અદ્‌ભૂતતા બતાવવી તે. વીસમે વર્ષે ગૃહસ્થાશ્રમમાં પ્રવેશ્યા પણ ચિત્ત ક્યાંય ચોંટે નહીં. તેઓ અંતર્મુખ વૃત્તિ ધરાવતા હતા. તીવ્ર આત્મમંથનમાંથી પસાર થતા હોઈ ત્યાગ, વૈરાગ્ય તથા તત્ત્વ-જીજ્ઞાસાની જાગૃતિને તેઓ રોકી શક્યા નહીં. શરૂઆતમાં કરિયાણાનો વેપાર તથા ત્યારબાદ ઝવેરાતની પેઢીમાં જોડાયા પણ આંતરજીવનનો વિકાસ તો વણથંભ્યો ચાલુ જ રહ્યો. ધર્મગ્રંથોનું સતત્ વાચન કરતા, રોજનીશી રાખવાની તેમને ટેવ હતી. મહાત્મા ગાંધીજી શ્રીમદ્ રાજચંદ્રથી અત્યંત પ્રભાવિત થયા હતા. તેઓ લખે છે કે "હિન્દુ ધર્મમાં મને શંકા પેદા થઈ તે સમયે તેનાં નિવારણમાં મદદ કરનાર શ્રીમદ્ હતા...મેં ઘણાનાં જીવનમાંથી ઘણું લીધું છે પણ સૌથી વધારે કોઈના જીવનમાંથી મેં ગ્રહણ કર્યું હોય તો તે શ્રીમદ્‌ના જીવનમાંથી." રાજચંદ્ર પ્રત્યેની ગાંધીજીની આ ભક્તિ તેમના સાહિત્ય કરતાં તેમના પારમાર્થિક જીવન પ્રત્યે વિશેષ છે. શ્રીમદ્‌ની કૃતિઓમાં જૈનધર્મના સિધ્ધાંતોની સરળ સમજણ આપતું મોક્ષમાળા, ભાવનાબોધ, આત્મસિદ્ધિશાસ્ત્ર વગેરે સ્વતંત્ર ગ્રંથો ઉપરાંત લેખો તેમ જ મુમુક્ષોના લખેલા પત્રોનો સમાવેશ થાય છે. ધર્મ, તત્ત્વજ્ઞાન, વ્યવહાર અને સાધનાને લગતા શ્રીમદ્‌ના વિચારોને પ્રશ્નોત્તરરૂપે ગોઠવીને તેમના નાનાભાઈએ 'રાજપ્રશ્ન' નામે ગ્રંથ પ્રકટ કર્યો છે.

તત્ત્વજ્ઞાનના મહાન અને ગૂઢ પ્રશ્નોને સરળ તથા પ્રવાહી અને રોચક ભાષામાં વ્યક્ત કરવા તે મહાપ્રજ્ઞાવાનનું કાર્ય છે. જેમ અખાનું 'અખેગીતા' કે દયારામના 'રસિકવલ્લભ'નો આસ્વાદ કરવો હોય તો અનુક્રમે વેદાંત આદિ તથા ભાગવતના ભક્તિસંપ્રદાયના ધર્મગ્રંથોનો અભ્યાસ આવશ્યક છે તેમ શ્રીમદ્‌ના લખાણોના આસ્વાદની પૂર્વતૈયારીરૂપે જૈન પરિભાષા તથા જૈન તત્ત્વજ્ઞાનનું પૂર્વજ્ઞાન હોવું જરૂરી છે. શ્રીમદ્‌ના જીવનમાંથી ચાર ચીજો આપણે શીખી શકીએ છીએ. ૧. શાશ્વત વસ્તુમાં તન્મયતા ૨. જીવનની સરળતા, આખા સંસાર સાથે એક સરખી વૃત્તિથી વ્યવહાર ૩. સત્ય અને ૪. અહિંસામય જીવન. 'આત્મસિદ્ધિ'માં શ્રીમદે મુખ્યતઃ આત્મા વિષયક છ મુદ્દાની ચર્ચા કરી છે. ૧. આત્માનું સ્વતંત્ર અસ્તિત્વ ૨. તેનું નિત્યત્વ-પુનર્જન્મ. ૩. કર્મકાતૃત્વ ૪. કર્મફળભોકતૃત્વ ૫. મોક્ષ અને ૬. મોક્ષપ્રાપ્તિ માટેનો ઉપાય. તેઓએ સાચાં સાધકનાં લક્ષણો, સદ્‌ગુરુના લક્ષણો વગેરે સુંદર રીતે વર્ણવ્યા છે. મુમુક્ષુ અને મતાર્થી વચ્ચેનો ભેદ દર્શાવતાં તેઓ કહે છે કે સવળી મતિ તે મુમુક્ષુ અને અવળી મતિ તે મતાર્થી. પં. સુખલાલજી કહે છે કે ધર્મ અને તત્ત્વજ્ઞાનના અભ્યાસક્રમમાં યોગ્ય સ્થાન પામે એવો 'આત્મસિદ્ધિ' ગ્રંથ છે. અભ્યાસીઓને તેનું અનુશીલન કરવાથી ધર્મનો મર્મ અવશ્ય મળી રહે છે. શ્રીમદ્‌ના શબ્દોમાં—'નિશ્ચય સર્વે જ્ઞાનીનો, આવી અત્ર સમાય, ધરી મૌનતા એમ કહી, સહજસમાધિ માંય (૧૧૮)' આત્માને મોક્ષ બતાવનાર પણ આત્મા જ છે. વિવિધ ધર્મો એ તો વાડાઓ છે. મોક્ષપ્રાપ્તિ જ જેને મન પુરુષાર્થ છે તેને કોઇ ધર્મનું તિલક લગાવવાની જરૂર નથી. અખો કહે છે તેમ "સૂતર આવે ત્યમ તું રહે, જ્યમ ત્યમ કરીને હરિને લહે." શ્રી કાલેલકર લખે છે કે "જેમને દર્શનશાસ્ત્રની અભિરૂચિ નથી, ફિલસૂફી પ્રત્યે જેમનો અણગમો છે તેઓ શ્રીમદ્‌ના લખાણોમાં દીર્ઘકાળ સુધી વખતે ટકી ન શકે. પણ રાજચંદ્રની પારમાર્થિકતા, જીવન તત્ત્વ શોધવાની એકાગ્રતા અને જીવન સત્ય સરળ કરવાનો આગ્રહ એ ત્રણ વસ્તુ તેમને આકર્ષ્યા વગર રહે નહિ". શ્રીમદ્ રાજચંદ્ર મુમુક્ષુ મંડળ-અગાસ તરફથી સ્મારકગ્રંથ તથા બીજા અનેક પુસ્તકો બહાર પડ્યાં છે જેનું અનુશીલન મુમુક્ષુ માટે અતિ ઉપયોગી નીવડે તેમ છે. આપણી ભાવના પણ બંધનો ભેદીને

મહાપુરુષોને પંથે વિચરવાની જ છે ને ? પરંતુ તે શકય બને અને એવો અપૂર્વ અવસર આવે એ માટે શ્રીમદ્દની માફક બાહ્યાંતર નિર્ગ્રંથ થવાની જરૂર છે તો જ સર્વ સંબંધના તીક્ષ્ણ બંધનો છેદીને મહત્પુરુષને પંથે વિચરી શકાય.

પંડિત યુગના અગ્રણી સાક્ષરવર્ય–આર્ષદ્રષ્ટા તે શ્રી ગોવર્ધનરામ મા ત્રિપાઠી તેમની કૃતિઓમાં સરસ્વતીચંદ્ર મહાનવલના ૪ ભાગ, સ્નેહમુદ્રા, સાક્ષરજીવન, અધ્યાત્મજીવન, લીલાવતી જીવનકથા, દયારામનો અક્ષરદેહ, Classical poets of gujarat વ૦ મુખ્ય છે. પરંતુ તેમનો કીર્તિસ્તંભ તો છે સરસ્વતીચંદ્ર, જેમાં તેઓએ મનોહર, પ્રૌઢ, શિષ્ટ અને સંસ્કૃત શૈલીમાં પૂર્વપશ્ચિમની સંસ્કૃતિનો સંઘર્ષ, ગૃહસંસાર અને તદ્ વિષયક વિચારોની તલસ્પર્શી મીમાંસા, રાજખટપટ, ધર્મ, તત્ત્વજ્ઞાન, કલ્યાણગ્રામની યોજના વ. વિષયો ચર્ચ્યા છે. સંસ્કૃત તેમ જ અંગ્રેજી સાહિત્યનો તેમનો ઉંડો અભ્યાસ હતો તેમની કૃતિઓમાં આપણને પાંડિત્ય અને ગંભીર ચિંતનનો પરિચય થાય છે. પ્રતિષ્ઠા, પ્રતિભા અને ત્યાગમાં પંડિતયુગમાં થઈ ગયેલી અનેક નામાંકિત વ્યકિતઓમાં તેમનું ગૌરવભર્યું અને વિશિષ્ટ સ્થાન છે. 'ચરોતરના ઘરસંસારનો, મુંબઈના મહત્ત્વાકાંક્ષી આદર્શનો અને ભાવનગરની અટપટી રાજનીતિનો પટ તેમને બરાબર બેઠો હતો.' શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી લખે છે કે ગાંધીજી પહેલાં કોઇ વ્યકિતએ ગુજરાતી સમાજને પર્યેષણ લસિત સાહિત્ય સૌન્દર્ય દ્વારા સંસ્કારવામાં અનન્ય સાધારણ અર્પણ કર્યું હોય તો તે મહર્ષિ ગોવર્ધનરામે......સભર જીવનનું વૈચિત્ર્ય અને વૈવિધ્ય તેમની કલાથી વ્યવસ્થિત રીતે પુરસ્કૃત અને રસાન્વિત થયું છે.' શ્રી ધૈ.રૂભાઈ ઠાકર લખે છે કે 'સાક્ષર જીવન તથા અધ્યાત્મ જીવન જેવા આ દાર્શનિક ગ્રંથો ગોવર્ધનરામના સમૃદ્ધ જ્ઞાનકોશ અને મૌલિક ચિંતનબળના સત્ત્વપૂર્ણ નિદર્શનો છે' 'શ્રી અરવિન્દના પૂર્ણયોગ પહેલાં ગોવર્ધનરામે ત્રિયોગ પ્રબોધ્યો છે. લક્ષ્યાલક્ષ્ય યોગીઓ જીવ, ઈશ્વર અને બ્રહ્મ એ ત્રણનું અદ્વૈત, કર્મયોગ અને જ્ઞાનયોગથી સાધે છે.'

સામાજિક રાફડાઓને તોડવાના ઉદ્યમી સુધારકો અને સ્વદેશવત્સલ સદાગ્રહીઓને ગોવર્ધનરામ અનુરોધ કરે છે—"Martyrs of Truth, Righteousness and purity ! It is resultless and needlessly dangerous to delve these hollow crumbling all absorbing hillocks. Follow rather the lights that have created them. Bring out the rich chemicals that will melt and not destrog these sandy piles'

કોઇને કોઈ રીતે જનતા જનાર્દનની સેવા કરનાર તેમના કલ્યાણ વિષે હમેશાં ચિંતિત રહેનાર યોગીપુરુષો જીવનની અને જગતની તેને તુચ્છ માની ઉપેક્ષા કરતા નથી...... સુન્દરગિરિના સાધુઓ પણ સંસારનો ત્યાગ કરતાં છતાં લોકકલ્યાણમાં પ્રવૃત્ત હતાં. આજ સાધુઓ પાસેથી કલ્યાણયજ્ઞની વિધિ સરસ્વતીચંદ્રને મળી રહે છે. નવા યુગના વિધાયકો અને મહાવીરોને ગોવર્ધનરામનો સંદેશ છે કે 'સર્વથા અધ્યાત્મબળમાં અચળ રહી, તમારા મહાયજ્ઞના વિધિમાં અખંડ રહી, સજ્જતાથી પ્રવૃત્ત રહી, એ યજ્ઞના અતિથિ માત્રનું કલ્યાણ સાધ્ય કરી, એ યજ્ઞમાં તમારા આયુષ્યના સર્વ અંશને હોમી દેજો.' આ યજ્ઞના ગરવા ઋષિ તે ગોવર્ધનરામ હતા.

શ્રી નાનાલાલ અને કવિ પ્રેમાનંદ ગુજરાતી કવિતા સાહિત્યના બે ઉતુંગ શિખરો મનાયા છે. પ્રેમાનંદ પરલક્ષી છે, નાનાલાલ આત્મલક્ષી છે. આર્યસ્કૃતિના સંદેશવાહક આ ક્રાન્તદર્શી કવિઓએ આર્યકુળની ગૌરવગાથા ગાઇ છે. કવિતા અને દર્શનથી નાનાલાલે જગતને ભીંજવ્યું છે. કવિઓ મિથ્યાજીવન જીવતા નથી. રાગ–દ્વેષમય સંસારને નવી રીતે અપનાવવાની સૌન્દર્ય દીક્ષા તેઓ આપે છે. નાનાલાલનું વ્યક્તિત્વ નિરાળું છે પ્રેમ અને ભક્તિ તેમના સ્વભાવના મુખ્ય અંશો અને તેમના કવનના પ્રધાન વિષયો હતા. એ દૃષ્ટિએ તેમનું 'પ્રેમભક્તિ' તખલ્લુસ સાર્થ હતું. તેમનાં ચારિત્ર્યનાં નોંધપાત્ર લક્ષણોમાં ઉદારતા, નિખાલસતા, નિઃસ્વાર્થતા, નીડરતા અને સ્વાભિમાન ગણાવી શકાય. તેમની ફકીરી ખુમારીથી તેમણે સહન પણ સારું એવું કરેલ પરંતુ 'ગુર્જર સાહિત્ય અને સમાજની તેમણે સોલ્લાસ એવી સેવા બજાવી કે લોકોએ તેમને 'કવિ સમ્રાટ' કે 'મહાકવિ'નાં બિરૂદ આપ્યાં અને વિવેચકોએ તેમને અર્વાચીન યુગના સર્વોત્તમ કવિ ઠરાવ્યા.

બ્રિટિશ યુગમાં વેદાન્તને જીવન આરૂઢ કરનાર ગુજરાતી ચિંતકો અને વિદ્વાનોમાં ગોકુળજી પ્રથમ છે સરસ્વતી પ્રેમી ગોકુળજી ઝાલાને પંચદશી, વેદાન્ત પરિભાષા વગેરે ગ્રંથોમાં ખૂબ જ ઊંડો રસ હતો અને તેનું અધ્યયન તેમણે નિષ્ઠાપૂર્વક કરેલ છે. વેદાન્ત એમનું જીવન–બળ હતું. ભાવનગરના ગૌરીશંકર ઓઝા અને શામળદાસ બન્ને વેદાન્તી કારભારીઓના સુજ્ઞ ગોકુળજી ગુરુ જેવા હતા. ગોકુળજીના મતે વેદાન્ત આપણને જીવન વિમુખ નહિ પરંતુ શુદ્ધ વ્યવહાર અને કર્તવ્યપ્રતિ અભિમુખ કરે છે. આત્મજ્ઞાનને અને બહિર્ ઉપાધિને બહુ સંબંધ નથી. તત્ત્વજ્ઞથી બ્રહ્માત્મૈક્યબોધે સુકૃતિ વિવેકજ્ઞાનવાન અધિકારીને જ્ઞાન દ્વારા પરમ પુરુષાર્થની–મોક્ષની પ્રાપ્તિ થાય છે. શ્રી મનઃસુખરામે સુજ્ઞ ગોકુળજી ઝાલાના જીવનચરિત્રમાં શાંકરવેદાન્તનું ટૂંકમાં નિરૂપણ કરેલું છે. જેમાં વિદ્વતા અને સમજ દેખાય છે. પરંતુ મૌલિક ચિંતનનું કોઇ નવીન પ્રદાન નથી. જો કે સંસાર નીતિ વિષે સૂક્ષ્મ વિચાર કરવાનું બળ આપણને મનઃસુખરામના 'અસ્તોદય'માં જણાય છે.

શ્રી મણિલાલ નભુભાઇ દ્વિવેદીને ગુજરાતના શુદ્ધ તત્ત્વવિચારક અને પ્રથમ પૂર્ણ ફિલસૂફ કહી શકાય તેમના ચિંતને સામાન્ય વાચક વર્ગના ચિત્તને સ્પર્શી તેને સંતોષ આપ્યો. તેઓ શાસ્ત્રનિષ્ઠ, દેશહિતચિંતક તેમ જ ધર્મશોધક હતા. ધર્મને સુધારાથી થયેલા કલુષિત વાતાવરણમાં તેમનો કોલેજ અભ્યાસ ચાલેલો. કોલેજમાં જ્યારે તેઓ અભ્યાસ કરતા હતા ત્યારે જ તેમને લાગેલું કે 'ધર્મ, નીતિ તથા સુધારાના તત્ત્વ વિષેનો નિર્ણય કર્યા વિના' તેમની જીંદગી સુખમાં કે નિશ્ચિત માર્ગે જવાની નથી. વિશાળ વાચન, ઉચ્ચ બુદ્ધિશક્તિ અને ઊંડી દેશભક્તિ ધરાવતા ગુજરાતના આ સપુતે ભારતીય દર્શનોનો અભ્યાસ કર્યો અને પાશ્ચત્ય દર્શનો સાથે તેમની તુલના કરી. શાંકર વેદાન્તની તેમના પર પ્રગાઢ અસર પડી છે. આ સઘળું બ્રહ્મ છે, માણસનો પરમ પુરુષાર્થ બ્રહ્મરૂપ બનવામાં છે. આ બ્રહ્માનુભવ તેને ધીરે ધીરે થાય છે. ધર્મનું

લક્ષણ આપતાં તેઓ જણાવે છે કે 'અનંત અવિકૃત પરમાનંદ પામવા માટે મનુષ્ય બુદ્ધિમાં જે સ્વાભાવિક પ્રેરણા છે તે ધર્મ.' ધર્મ માનવ આત્માનું ઊંડું રહસ્ય છે, અને તેના ઉપર એની સર્વ પ્રવૃત્તિનો આધાર છે. ધમ વિહીન નીતિ તેમને કૃતિમ લાગે છે. તેઓ તો કહે છે કે ધર્મ સારો તો પ્રવૃત્તિ સારી. તેઓ પ્રાચીનનું અનુમોદન કરે છે છતાં પ્રાચીન પક્ષ તરફ તેમની જડ આંધળી ભક્તિ માત્ર નથી. જેમ વિવેકાનંદે કહ્યું કે વેદાન્ત નિવૃત્તિ ઉપદેશતું નથી. તેમ શ્રી મણિલાલ પણ માનતા કે વેદાન્ત એ નિવૃત્તિ અને નિશ્ચેષ્ટત્વનો જ્ઞાનમાર્ગ નથી. અદ્વૈતભાવના તેમને મન કેવળ શુષ્ક તર્કજાળ કે ખંડનમંડનની મિથ્યા પ્રવૃત્તિ નથી પરંતુ પ્રેમ અને કર્તવ્યના પાયા પર રચાયેલી ઇમારત છે. તેમનામાં આર્ય અન્તઃકરણની વેદના આપણને જણાઈ આવે છે. તેમની સામાજિક વિચારણા વ્યક્તિલક્ષી કરતાં સમાજલક્ષી વિશેષ છે. સમાજને તેઓ વિશ્વવ્યવસ્થા અને યોજનાના એક અવિભાજ્ય અંગ તરીકે ગણે છે. વાસ્તવિક જીવનમાં અમુક અંશે અભેદનો અનુભવ કરાવનારાં બળોમાં પ્રેમ, મૈત્રી, કરુણા, અનુકંપા, સ્નેહ, વાત્સલ્ય, ભક્તિભાવ વ. પ્રેમનાં જ રૂપ છે. પરમતત્ત્વ બ્રહ્મ પણ પ્રેમ સ્વરૂપ જ છે. આત્મ નિમજ્જન, પ્રેમજીવન, અભેદોર્મિ વગેરે સંગ્રહોમાં તેમણે પ્રેમ અને અદ્વૈતનાં ગાન ગાયાં છે. તેઓ લખે છે "પ્રેમ, દયા, સ્નેહ, મૈત્રી આદિ સ્થૂળ સંબંધોમાં પણ જે જે આનંદ આવે છે, તે તે આનંદનો પરમ પ્રકર્ષ અનુભવાય એ અભેદનું સ્વરૂપ છે." તેમની ગઝલોમાં પણ આ વસ્તુ ચરિતાર્થ થતી જણાય છે. તેઓ મોક્ષને જ મનુષ્યની સર્વ પ્રવૃત્તિઓનું ધ્યેય માને છે. આત્મદર્શન એ જ પરમસુખ છે. જેટલું નાનાત્વ, જેટલો ભેદ તે બધો મિથ્યા તથા દુઃખરૂપ છે જગતમાત્ર, સમગ્ર વ્યવહાર દુઃખથી ભરેલો છે. જેને આત્માના નિર્વિકાર અને સર્વમય સ્વરૂપનું–અભેદનું સાનુભવ ભાન છે તેને કદાપિ દુઃખ છે જ નહિ. 'અભેદાનુભાવ, સર્વાત્મભાવ કે બ્રહ્મભાવ કે મોક્ષ અભાવાત્મક નથી પરંતુ ભાવાત્મક છે. તે આત્માનો સંકોચ નહિ પરંતુ તેની ઉન્નતિ સૂચવે છે.' તેમના મતે, 'સાચું આત્મનિવેદન તો પોતાના આત્મામાં જે બલ, વીર્ય, સાધન, સમૃદ્ધિ આદિ હોય તેને કર્તવ્ય દ્વારા સમષ્ટિમય પરમાત્માને ઉપહાર કરવામાં સિદ્ધ થાય છે.' (ધર્મબોધ). જીવથી ઇશ્વર તદ્દન ભિન્ન છે એમ માનનારા દર્શનોની મણિલાલે ટીકા કરી છે. પ્રેમલક્ષણા રૂપ ભક્તિને તેમની વિચારણામાં સ્થાન છે. તેમને મન પ્રેમલક્ષણારૂપભક્તિ કે અપરોક્ષ કે રૂપ જ્ઞાન એ બન્ને એક જ છે ને તેમાંના એક સાધનથી બ્રહ્મ જ્ઞાન સંભવે છે. તેમની કૃતિઓમાં સિદ્ધાંતસાર, સુદર્શન ગદ્યાવલિ વ૦ ઉલ્લેખનીય છે. 'સિદ્ધાંતસાર'માં તેમણે ભારતીય તત્ત્વજ્ઞાનનો વિકાસ આલેખી પ્રાચીન આર્યધર્મ જ વિશ્વધર્મ થવાને લાયક છે તે હકીકત સિદ્ધ કરવા પ્રયત્ન કર્યો છે 'પ્રાણ વિનિમય' દ્વારા તેમણે યોગ તથા ગુપ્તવિદ્યા વિષેનો રસ જાગૃત કર્યો. જડવાદની વધતી જતી અસર રોકવા તેમણે ચેતનવાદનું સ્થાપન કરવા પ્રયત્ન કર્યો Mouism or Advaitism તથા Imitation of S'amkara વ. પુસ્તકો દ્વારા તેમને ભારત બહાર પણ સારી કીર્તિ સાંપડી. મોટી વયના જીજ્ઞાસુઓ માટે તેમણે 'સુદર્શન ગદ્યાવલિ'માં લેખો લખ્યા. વિશ્વનાથ ભટ્ટે તે સંગ્રહને 'ગુજરાતી સાહિત્યનો સર્વોત્તમ નિબંધભંડાર' કહી નવાજેલ છે. જૈન ભંડારોમાં સંગ્રહાયેલ છપાવવા યોગ્ય ઉત્તમ હસ્તલિખિત પ્રતોની યાદી કરી વડોદરા રાજ્યને તેમણે સુપ્રત કરેલ. પ્રાચ્ય વિદ્યામંદિર તથા ગાયકવાડ ઓરિયેન્ટલ સીરીઝની સ્થાપના માટેની ભૂમિકા આથી તૈયાર થઈ. પ્રમાણમાં નાની વયે ગુજરાતની ધરતી પરથી વિદાય લેનાર શ્રી મણિલાલનું સ્થાન વેદાંત પંડિત અને તત્ત્વચિંતક તરીકે હંમેશા મોખરાનું રહેશે.

શ્રી આનંદશંકરભાઇ ધ્રુવ મણિલાલના ઉત્તરાધિકારી છે. મણિલાલને તેઓ જ્યેષ્ટ વિદ્યાબંધુ માને છે. શ્રી મણિલાલના 'સિદ્ધાંતસાર'ના વાચન બાદ તેઓ તેમના તરફ વધુ ખેંચાયા. 'સુદર્શન' તથા 'પ્રિયંવદા'ના પાછલા અંકો પણ ખાસ મગાવી વાંચી ગયા. ફિલસુફીમાં તેઓને કેવલાદ્વૈત ઉપર શ્રદ્ધા છે, અને અદ્વૈત વેદાન્તને તેઓ દાર્શનિક ચિંતનનું શિખર માને છે. માણસના હૃદયમાં જીવ, જગત અને ઇશ્વરના બારામાં જે જે ગંભીર પ્રશ્નો ઉઠે છે, તથા આકાંક્ષાઓ ઉદ્દભવે છે તે બધાનો ખુલાસો કરવો એ તેમના મતે ધર્મનો સામાન્ય ઉદ્દેશ્ય છે. ધર્મ એ મનુષ્યને સ્વભાવસિદ્ધ છે તથા અંત્યત જરૂરી પણ છે. ' વ્યવહારનો આધ્યાત્મિકભાષામાં જે અર્થ તેનું જ ટૂંકું નામ ધર્મ.' જીવનની સાથે નિકટ સંબંધ ધરાવી જે ધર્મ વ્યાપક એટલે કે સર્વદેશી (Absolute, universal, all–Sided) હોય તે સર્વોત્કૃષ્ટ. ધર્મ એ માત્ર ક્રિયારુપ કે માત્ર વિચાર (તર્ક) રૂપ કે માત્ર હૃદયના ભાવરૂપ નથી. ધર્મમાં આ ત્રણેયનો અદ્દભુત સમન્વય પ્રાય છે. તેઓ લખે છે કે—'મનુષ્યને સ્વાભાવિક રીતે જ જ્ઞાનના પ્રકાશની. કર્તવ્યભાવનાની અને આત્મબલની જરૂર છે, એ ત્રણે આકાંક્ષાઓ જ્યાં સુધી પૂરી ન પડે ત્યાં સુધી ધર્મનું પ્રયોજન સંપૂર્ણરીતે સિદ્ધ થયું ન ગણાય.' રા. વિ પાઠક લખે છે કે 'ધર્મ તો એમને મન કોઇ જીવનની એકાદ શક્તિ કે એકાદ ખૂણો કે પ્રદેશ નહોતો– એ સમગ્ર જીવનવ્યાપી દષ્ટિ હતી.'

તેમના લેખોમાં તત્ત્વજ્ઞાન અને ધર્મ અભિન્ન હોય એમ બન્નેની ચર્ચા જોવામાં આવે છે. પાશ્ચાત્યો બન્નેને ભિન્ન માને છે અને આપણામાં એ અભિન્ન છે. તેને તર્કદોષ કે વિચાર પ્રગતિની ઊણપ ગણે છે. એનો ખુલાસો શ્રીધ્રુવ એ રીતે આપે છે કે પશ્ચિમની ફિલસૂફીમાં ધર્મ અને ફિલસૂફી બન્નેના ઉદ્દભવસ્થાનો (એકનું પેલેસ્ટાઇન અને બીજાનું ગ્રીક) અને કાળ ભિન્ન છે. તેઓ લખે છે કે 'ધર્મ એ જો અજ્ઞાન અને કલ્પના એ એનું જ પરિણામ હોત તો જ્ઞાનની વૃદ્ધિ સાથે એનું નષ્ટ થવા તરફ જ વલણ હોત, પણ સ્થિતિ આપણે ઉલટી જોઇએ છીએ. જ્ઞાનમાં વૃદ્ધિ થતાં માણસની ધર્મવૃત્તિ વધુ તીવ્ર, સતેજ અને ગંભીર બનતી જોવા મળે છે.

સમગ્ર જીવનમાં વિશ્વરચના અને જીવન વ્યવહારની પાછળ કોઈ એકતાનું તત્ત્વ રહેલું છે તેવી તેમને અવિચળ શ્રદ્ધા છે. વિશ્વમાં સંવાદ, વ્યવસ્થા અને નિયમ સ્થાપનાર કોઈ તત્ત્વ હશે જ. ચેતન અને અચેતન સર્વપદાર્થને અસ્તિત્વમાં લાવનાર તેમની પ્રવૃત્તિઓનું પ્રભવસ્થાન કોઇ તત્ત્વ હશે જ. આનંદશંકરની આ શ્રદ્ધા તર્કશુદ્ધ છે. તત્ત્વ વિચારમાં બુદ્ધિનો તેઓ સ્વીકાર કરે જ છે. આ સમગ્ર વિશ્વ જેનું હૃદય છે એવા આત્મા–પરમાત્માનો સ્વીકાર કરવો જોઇએ.

સર્વમૂલ્યાનું મૂલ્ય તેમાં આત્મબુદ્ધિ કેટલી રહી છે તે ઉપર પ્રતિષ્ઠિત છે.

અપરોક્ષાનુભુવ એ તેમના મને જીવનનું પરમ ધ્યેય છે. નીતિની ભાવના પણ એમાંથી જ નિષ્પન્ન થાય છે. શાંકર વેદાન્ત વિષે સેવાતા ભ્રમનું પણ તેઓ નિરસન કરે છે. જ્ઞાની એ કર્મી પણ છે. વળી જ્ઞાન અને ભક્તિને પણ પરસ્પર અપેક્ષા રહે છે. સાચા રૂપમાં બન્ને એક જ છે. મોક્ષરૂપ મહાપુરુષાર્થ પણ ' ધર્મ સાથે આન્તર્ અને જીવંત સંબંધથી જોડાયેલો પુરુષાર્થ છે, ધર્મનો નિષેધક પુરુષાર્થ નથી.' તેમના મતે ' ધર્મના અન્તઃપ્રવેશથી અર્થ અને કાળ સપ્રયોજન અને પવિત્ર બને છે. વ્યષ્ટિ એમને મન સમષ્ટિનો ભાગ નથી પણ અંગ છે. સમાજ, નીતિરીતિ, કેળવણી, સાહિત્ય, રાજકારણ વ. સર્વપ્રશ્નોમાં તેઓ ધર્મને કેન્દ્રસ્થાને રાખી વિચારે છે. ' અભેદ,' ' પ્રેમ ' વ. શબ્દોનો દુરુપયોગ કરી અજ્ઞાન અને પાખંડ વધારતા કર્મકાંડીઓ પ્રતિ તેમને તિરસ્કાર છે. 'પરમાત્મ બુદ્ધિથી જે પ્રેમ ઉછળતો નથી તે લૌકિક છે અને તેને બ્રહ્મ સાક્ષાત્કારરૂપે સમજવામાં વ્યક્તિ અને સમાજને નુકસાન થવાની શકયતા છે. '

આ જગત મિથ્યા છે, માયા મરીચિકા છે એવા ખ્યાલને તેઓ સ્પષ્ટ કરતાં લખે છે કે " માયાવાદનું એમ કહેવું નથી કે આ જગત દેખાય છે તે નથી દેખાતું; પરંતુ એનું તો વિશેષતઃ કહેવું છે કે આ જગત દેખાય છે તે, બ્રહ્મદર્શન થતાં જગતરૂપે નથી દેખાતું......વળી જગતનો આવિર્ભાવ માત્ર માયા જ નથી; પણ બ્રહ્મની માયા છે. અને એ બ્રહ્મનો વિકાર કે બહિર્ભૂત કાર્ય નથી, પણ માયા છે. આમ માયાવાદી જગતથી પર તત્ત્વ સ્વીકારે છે, અને એ પર તત્ત્વનો જગત સાથે વસ્તુ–સ્થિતિમાં તેમજ જ્ઞાનમાં ખરૂં જોતાં અવિશ્લેષ્ય અને તાર્કિક સંબંધ છે એમ માને છે. " ટૂંકમાં ' માયાવાદ ' નો જે સામાન્ય અર્થ ' મિથ્યાવાદ ' કરવામાં આવે છે તે ખોટો અર્થ છે. ડો. રાધાકૃષ્ણન્ પણ આજ પ્રકારનું મંતવ્ય ધરાવે છે

મણિલાલ તેમજ આનંદશંકર બન્ને સંસ્કૃત પ્રેમી, સ્વદેશવત્સલ ધર્મ ચિંતકો છે. બન્નેના વિચારમાં સામ્ય છે. શ્રી રા. વિ. પાઠક લખે છે કે ' બન્નેની શ્રદ્ધા અને નિરૂપણ પદ્ધતિમાં સમાનતા છે. બન્નેને શાંકર વેદાન્ત પર શ્રદ્ધા છે. બન્ને ધર્મ અને તત્ત્વજ્ઞાનને અભિન્ન માને છે. બન્નેએ હિન્દુ ધર્મ અને ફિલસૂફી ઉપર થતાં આક્રમણો સામે તુમુલ યુદ્ધ કરેલું છે, અને બન્નેએ હિન્દુધર્મને તેના સૌથી વિશાળ રૂપમાં જોયો છે. ' છતાં બન્નેની વિચારસરણીમાં જે ભેદ છે તે નોંધતા શ્રી રા. વિ પાઠક લખે છે કે " મણિલાલના ધર્મ મન્તવ્યમાં કેટલુંક ડહોળાણ કે ભેગ હતો. ધર્મ મન્તવ્ય સાથે કેટલીક અગમ્ય વાતો અને સિદ્ધિઓ ઉપરની શ્રદ્ધા પણ આવે છે. શ્રી આનંદશંકરની ધર્મભાવના સાદ્યંત શુદ્ધ છે. પ્રાણાયમ આદિ પ્રક્રિયાઓ ગમે તેટલી ઉપયોગી અને નિર્દોષ હોય તો પણ તેને ધર્મ સાથે સંબંધ નથી એવું તેમનું મન્તવ્ય છે. " શ્રી આનંદશંકરનું ધર્મચિન્તન એ લેખના અંતભાગમાં અંજલિ અર્પતાં શ્રી વિષ્ણુ–પ્રસાદ ર. ત્રિવેદી લખે છે કે " શંકરાચાર્યના માયાવાદને રજ ચોટી હતી, તે આનંદશંકરે ખેરવી નાખી. તેની સમજણ મણિલાલના તત્ત્વવિચાર છતાં ઝાંખી હતી તે એમણે વિશદ કરી માયાવાદની નીતિ નિયમો સાથે સંગતિ બતાવી– અભેદવાદનો–સમાનતા નહિ પણ એકતાનો–સંસારના પ્રશ્નોમાં સફળ વિનિયોગ કર્યો. " શ્રી ત્રિવેદીને જે બાબતનું દુઃખ છે તેમાં આપણો પણ સૂર પુરાવીએ કે ગુજરાતના ચિંતન અને દર્શન ક્ષેત્રે આગવું પ્રદાન કરનાર આવી પ્રતિભાસંપન્ન સાક્ષર વ્યક્તિ પાસેથી કોઈ પરિપૂર્ણ દર્શનકારનો, નવેસરથી જીવનને અવલોકનારનો પ્રકરણ ગ્રંથ એકે ય ન મળ્યો. તત્ત્વજ્ઞાન તથા ધર્મવિષયક પ્રકીર્ણ લેખો, ચર્ચાઓ, અવલોકનો વગેરેને સમાવતો ' આપણો ધર્મ ' નામે રા. વિ. પાઠક દ્વારા સંપાદિત આકર ગ્રંથ છે.

પંડિતયુગના ધર્મતત્ત્વચિંતન પછી જે ગાંધીયુગ શરૂ થયો તેમાં આપણને માનવધર્મની શ્રેષ્ઠતાનો વિચાર મુખ્યતઃ સ્થપાયેલો જણાય છે. ગુજરાતી સાહિત્યમાં આમવર્ગને અગ્રસ્થાન મળ્યું અને પરિણામે સાહિત્યમાં જે અસ્પૃશ્યતા હતી તે દૂર થઈ. સાહિત્યના સર્વપ્રકારોનું ગાંધીદર્શન એ પ્રેરક બળ બન્યું. વિશ્વપ્રેમ અને માનવતાના સંદેશ દ્વારા તેમણે કવિઓ અને વાર્તાકારોની દૃષ્ટિને વ્યાપક સ્તર પર મૂકી દીધી. સ્વયં ગાંધીજીનાં લખાણો જોતાં આપણને એ વાતની પ્રતીતિ થાય છે કે તેમાં વિવિધ પ્રશ્નોને આવરી લેવામાં આવ્યા છે. કોઈપણ વિષય–સામાજિક, ધાર્મિક, કેળવણી વિષયક, આર્થિક કે રાજકીય–ગમે તે હોય પરંતુ તેની ચર્ચા ધ્યેયગામી, સરળ શૈલી તથા સાદી ભાષામાં અને લોકોના હૃદય સોંસરવી ઉતરી જાય તેવી તેમણે કરી છે.

શ્રી રા. વિ. પાઠક કહે છે તેમ " ટૂંકા વાકયોના તો ગાંધીજી કલાકાર છે. તત્ત્વજ્ઞાન જેવા ગૂઢ વિષયો, ઉપનિષદ્ અને ગીતાના ગૂઢ અર્થો પણ તેમણે સરળ રીતે રજૂ કર્યા છે. ધર્મમંથન, વ્યાપક ધર્મભાવના, અનાસક્તિયોગ, ગીતા સંદેશ, ખરી કેળવણી. મારો સમાજવાદ વ. પુસ્તકોમાં તથા ' હરિજન, ' ' યંગ ઇન્ડીયા, ' ' નવજીવન ' વ. માં લખેલા પ્રકીર્ણ લેખોમાં આપણને તેમનું ચિંતન તથા દર્શન જોવા મળે છે. ગુજરાતી પત્રકારત્વને પણ તેમણે એક નીડર દૃષ્ટિ અને સત્ય અને સત્વશીલ નક્કર ચિંતન આપેલ છે. દરિદ્રનારાયણ (ખેડૂત) માં તેમણે પ્રભુનાં દર્શન કર્યા છે ' સત્ય એ જ ઇશ્વર છે' એમ કહેવામાં સત્ય પ્રતિ તેમનો અગાધપ્રેમ જણાઈ આવે છે. ઇશ્વરના અસ્તિત્વનો અનુભવ, તેની નિયમિત પ્રાર્થના, તેનું નામ સ્મરણ, સર્વધર્મ પ્રતિ સમભાવ વ તેમનાં ચિન્તનનાં જીવનથી અભિન્ન એવાં અંગો છે. આર્યધર્મના મૌલિક સિધ્ધાંતોમાં અને ખાસ કરીને સત્ય અને અહિંસાના અમોઘ શસ્ત્રોમાં દાખવેલી અસીમ શ્રધ્ધાથી અને તેના ધ્યેયનિષ્ઠ વ્યાપક પ્રચારથી તેમણે ભારતમાં નવો પ્રાણ પૂર્યો. સાહિત્ય ખાતર સાહિત્યની ઉપાસના તેમણે કદી કરી ન હતી એમની આત્મકથા, વિવિધ વિષયો પરનાં એમનાં પુસ્તકો તથા નિબંધો, વ્યાખ્યાનો અને લેખો તથા તેમણે લખેલા પત્રો–આ એમનું સાહિત્ય. અનેક ક્ષેત્રોમાં એમણે નવીન પ્રયોગો કર્યા છે. અનુકંપા, નિર્ભયતા, રાષ્ટ્રપ્રેમ, નીતિમત્તા, સંયમ, સેવાભાવના, સર્વોદય, વિશ્વપ્રેમ, સર્વધર્મ સમભાવ અને દલિતવર્ગ તરફની તેમની સવિશેષ સહાનુભૂતિ–આવી ઉન્નત ઉદાત્ત ભાવનાઓ અધિકાર પ્રમાણે તેમણે ભારતવાસીઓમાં પ્રગટાવી. અધાર્મિક પ્રવૃત્તિ-ઓથી ઉભરાતા આ સંસારમાં કલેશ અને સંતાપ વધી પડ્યાં હોઈ સત્ય અને અહિંસાનો પ્રારંભમાં મુશ્કેલ પરંતુ અંતે સુખપ્રદ અને

કલ્યાણકારી એવો શાંતિ અને પરમસુખનો માર્ગ તેમણે સૂઝાડ્યો. 'સંસારની ભુલભુલામણી, ધર્મના અટપટા વિવિધ પ્રશ્નો, ડગલેને પગલે ઊભા થતા સંશયો અને નિરાશાઓનું નિરાકરણ તેમણે સરળ અને લોકભોગ્ય વાણીમાં કર્યું.' એ તેમની આગવી દેન છે.

'ગાંધીવાદ' જેવી કોઇ વસ્તુ છે નહિ અને મારે મારી પાછળ કોઈ સંપ્રદાય મૂકી જવો નથી. મેં કાંઈ નવું તત્ત્વ કે નવો સિદ્ધાંત શોધી કાઢ્યો છે એવો મારો દાવો નથી. મેં તો માત્ર જે શાશ્વત સત્યો છે તેને આપણા નિત્યના જીવન અને પ્રશ્નોને લાગૂ પાડવાનો મારી ઢબે પ્રયત્ન કર્યો છે—એમ તેમણે અત્યંત નમ્રપણે કહ્યું છે. તેમ છતાં ગાંધીજીની ફિલસૂફીનું આગવું પ્રદાન છે અને ગુજરાત તે માટે હમેશાં તેમનું ઋણી રહેશે

તેમના વિવિધ લખાણોમાંથી ઉપસી આવતા તત્ત્વજ્ઞાનના ક્ષેત્રના કેટલાક ખ્યાલો જેવા કે જીવ-જગત-ઇશ્વર વિષયક-ટૂંકમાં જોઇએ

ગાંધીજી પોતાના આગવા અર્થમાં આસ્તિક છે. વિશ્વમાં તેમને એક પ્રકારની વ્યવસ્થા જણાય છે. વિશ્વના દરેક જીવને ચલાવનારો કોઈ અફર કાનૂન છે, જે આંધળો નથી. તે કાનૂન તે ઇશ્વર છે. કાનૂન અને કાનૂનનો ઘડનારો બન્ને એક છે. બધાએ વિકાર અને પલટાઓની પાછળ એક અવિકારી, સ્થિર, સર્વને ધારણ કરવાવાળી ચેતનસત્તા રહેલી છે. ઈશ્વર એ જીવન છે, સત્ય છે, પ્રકાશ છે, તેજ છે, પ્રેમ છે, પરમકલ્યાણરૂપ છે. તેની સાબિતી કોઇ બહારના પૂરાવાથી નહિ પરંતુ અંતરમાં તેના અસ્તિત્વનો ખરો અનુભવ જેને થયો હોય તેમના પરિવર્તન પામેલા આચાર અને ચારિત્ર્યથી મળે છે. ગાંધીજીને મન ઇશ્વર દયા છે. નીતિ છે. અભય છે. પ્રકાશ તથા આનંદનું પરમધામ છે તે અંતર્યામી છે. વાણી તથા બુદ્ધિ વડે તેનો પાર પામી શકાતો નથી. બુદ્ધિ અનેક તર્કવિતર્કો કરે છે. પરંતુ ગાંધીજીની શ્રદ્ધા બુદ્ધિની આગળ દોડી જાય છે. ઇશ્વરનું અસ્તિત્વ માનવામાં શ્રદ્ધાની આવશ્યકતા છે. તેઓ લખે છે કે હું કદાચ હવા અને પાણી વિના જીવી શકું પણ ઇશ્વર વિના ન જીવી શકું......તમે મારી આંખો ફોડી નાખો, પણ એથી હું મરી નહીં જાઉં, પણ તમે મારી ઈશ્વર વિષેની આસ્થા ઉડાવી દો તો મારા બાર વાગી જાય......આને વહેમ કહો, અંધશ્રદ્ધા કહો...... જે કહો તે. જો કે એ અંધશ્રદ્ધા એ શ્રદ્ધા જ નથી, એ તો અજ્ઞાન છે. જ્યાં બુદ્ધિ હારી જાય છે ત્યાં શ્રદ્ધાનો આરંભ થાય છે. શ્રદ્ધામાં શંકાને સ્થાન જ ન હોય. શ્રદ્ધામય મનુષ્ય જડ નથી. શ્રધ્ધા રાખવી એ નર્યો વહેમ નથી પણ ઊંડે ઊંડે જે આધ્યાત્મિક ભૂખ રહેલી છે તેની તૃપ્તિ છે. જે માણસમાં શ્રધ્ધા છે તેની બુધ્ધિ જાગ્રત હોય છે— ભક્તિ અને સત્સંગથી શ્રધ્ધા મળે છે. બુધ્ધિબળ કરતાં હૃદયબળ અનેકગણું વધારે છે.

ગાંધીજી લખે છે કે હું તો અદ્વૈત તથા દ્વૈત બન્નેનો સ્વીકાર કરૂં. 'મને અનેકાંતવાદી કે સ્યાદ્વાદી માનવામાં આવે તો બાધ નથી... જૈનની પાટે બેસી ઈશ્વરનું અ-કર્તાપણું સિદ્ધ કરૂં અને રામાનુજની પાટે બેસીને કર્તાપણું સિદ્ધ કરૂં. અચિન્ત્યનું ચિંતવન કરવું કઠિન છે તેથી તો ઈશ્વરને 'નેતિ' વિશેષણથી કથ્યો છે.' વિશ્વ પ્રત્યે પ્રેમ રાખતાં શીખવું તેમાં ગાંધીજીના મતે ઈશ્વરની ઓળખ સમાઈ જાય છે. 'જ્યાં પ્રેમ છે, ત્યાં ક્ષેમ છે. જ્યાં વેર છે ત્યાં નાશ છે.' પ્રેમ જ આપણને પરસ્પર તથા ઈશ્વર જોડે બાંધે છે. અહિંસા અને પ્રેમ એક જ ઢાલની બે બાજુ છે. ઈશ્વર સચ્ચિદાનંદ છે. પ્રેમના એ પારસમણિને અભ્યાસ અને વૈરાગ્ય દ્વારા પ્રાપ્ત કરવાની સલાહ શ્રીકૃષ્ણ અર્જુનને આપે છે. સત્ય પ્રાપ્ત કરવાની તાલાવેલી એ જ અભ્યાસ અને એમ કરવામાં અન્ય વસ્તુઓ પ્રતિ અત્યંત ઉદાસીનતા તે વૈરાગ્ય. સત્યની આરાધના તે ભક્તિ છે ભક્તિ એ 'શીશ તણું સાટું છે.' 'હરિનો મારગ છે શૂરાનો! ત્યાં કાયરનું કામ નથી, શૂરાનું કામ છે.' 'મરીને જીવવાનો એ મંત્ર છે.' ખ્રિસ્ત કહે છે તેમ Die to live. ભક્તિ વિનાનું જ્ઞાન વિકરે છે, આથી જ ગીતાએ પણ ભક્ત અને સ્થિતપ્રજ્ઞનાં લક્ષણો સમાન ગણાવ્યાં છે. 'ખૂનીના ખંજરમાં અને સર્જનની સોયમાં શાસ્ત્રીય દૃષ્ટિએ ઈશ્વર છે, પણ પ્રાકૃત અને વ્યવહાર દૃષ્ટિએ એકમાં અસુર છે, બીજામાં દેવ છે. એકમાં શેતાન છે, બીજામાં ખુદા છે. એકનો પ્રેરક રાવણ છે જ્યારે બીજાનો રામ છે. ઇશ્વર નિરાકાર છે તેથી આકૃતિરૂપે તેનું દર્શન ન હોય. ઈશ્વર પ્રેરણા, ગેબી અવાજ, અંતઃપ્રેરણા, સત્યનો સંદેશ વ. બધા એક જ અર્થના સૂચક શબ્દો છે એમ ગાંધીજીનું અંગત મંતવ્ય છે. તેઓ કહે છે કે ઈશ્વર આપણને સાચે રસ્તે દોરે એ માટે આપણે શૂન્ય બની જવાની જરૂર છે. અભિમાન વડે ભારે નહિ પણ નિરહં ખાલીખમ બનવાની જરૂર છે. ઈશ્વરનું દર્શન ઇચ્છનારે સંપૂર્ણ આત્મ-વિસર્જન કરવું રહ્યું.

બધા ધર્મોને ગાંધીજી માન આપે છે. પણ હિન્દુ ધર્મનું ગૌરવ તેમણે વધાર્યું. જીવનના દરેક પ્રસંગ માટે માર્ગ મળી શકે તેવી હિન્દુ ધર્મની ભવ્ય ગૂંથણી છે તે તેમણે બતાવી આપ્યું. ધર્મ અને નીતિ એ તેમને મન ભિન્ન નથી. નીતિના પાયા વગરનું રાજકારણ તેમને માન્ય નથી. આત્માની દૃષ્ટિએ પાળેલી નીતિ તે જ ધર્મ છે. ધર્મમાં પ્રાર્થનાને આગવું સ્થાન છે પ્રાર્થના એ ધર્મનું મહત્ત્વનું અંગ છે. ઈશ્વર સાથે એક થવાની જેને તાલાવેલી લાગી છે, એવા આત્માનો એ આર્તનાદ છે. ઈશ્વર સાથે અનુસંધાન કરવા માટે પ્રાર્થના એક આધ્યાત્મિક શિસ્ત છે, આપણા હૃદયનું શોધન છે. કવિ સૂરદાસ કહે છે 'मो सम कौन कुटिल खल कामो!' પ્રાર્થના માણસને નમ્રતા શીખવે છે, આત્મ શુધ્ધિ કરવાનું, અંતરને શોધવાનું એ ઉદ્બોધન કરે છે. પ્રાર્થના કે ભજન કાંઈ માત્ર જીભથી થતાં નથી, એ તો શુધ્ધ હૃદયથી થાય છે. હનુમાનની જીભે જે રામ વસતો હતો તે તેના હૃદયનો પણ સ્વામી જ હતો ને!

ઇશ્વરના અનેક અવતારો થયા છે. ગાંધીજી અવતારો વિશે લખે છે કે 'અવતાર એટલે શરીરધારી પુરૂષ વિશેષ.' 'આદમ ખુદા નહિ લેકિન ખુદા કે નૂરસે આદમ જુદા નહિ.' જીવ ઈશ્વર ઐક્યની જ ભાવના અહીં વ્યક્ત થઇ છે.

આ વિશ્વમાં જણાતી અનેક પ્રકારની આપત્તિઓ અને અશુભની હસ્તી માટે ગાંધીજી માને છે કે અશુભની હસ્તીને તર્ક અથવા બુદ્ધિ દ્વારા સમજાવવી કઠિન છે, એમ કરવામાં ઇશ્વરની સમાન થવાપણું છે. અશુભનો તે સર્જન હોવા છતાં તેનાથી તે બિલકુલ અસ્પૃષ્ટ છે. જેટલા પ્રમાણમાં આપણે શુદ્ધ થવાની અને અશુભથી અળગા રહેવાની કોશિશ કરીએ છીએ તેટલા પ્રમાણમાં ઈશ્વરની વધુ નજીક

પહોંચીએ છીએ. કુદરતી આપત્તિઓ ( દુષ્કાળ, ધરતીકંપ વગેરે ) મનુષ્ય જાતિ પર તેના પાપની સજારૂપે આવી પડે છે તેવું ગાંધીજીનું મંતવ્ય છે. આપણા જીવનપંથને ઉજાળવાની અને આવી પડેલ આપત્તિને સહન કરવાની ઇશ્વર આપણને શક્તિ આપે, એ પ્રેમળ જ્યોતિ આપણા પર કૃપા દાખવે એ જ આપણી પ્રાર્થના હોવી ઘટે.

ગાંધીજી સત્યરૂપી પરમેશ્વરના પૂજારી હતા. એ સત્ય તેમને લાધ્યું છે તેવો તેમનો દાવો નહોતો. આથી જ તેઓ લખે છે કે 'હું તો માત્ર સત્યનો શોધક છું.' આ સદર્ભમાં તેમની આત્મકથાનું શીર્ષક 'સત્યના પ્રયોગો' કેટલું ઉપયુક્ત છે? તત્ત્વજ્ઞાનની વિવાદાત્મક ચર્ચા કરતાં તેમને જીવન–વ્યવહાર સાથે સીધો સંબંધ છે. તેઓ જ્ઞાની છે, કર્મયોગી છે અને ભક્ત પણ છે. કર્મબંધનમાંથી છૂટાય કેમ? એવા પ્રશ્નના ઉત્તરમાં ગીતાનો આશ્રય લઈ તેઓ તો કહે છે કે—નિષ્કામ કર્મથી; યજ્ઞાર્થ કર્મ કરીને; અપરિગ્રહ વૃત્તિ દ્વારા, બધા કર્મો કૃષ્ણાર્પણ કરીને મતલબ કે મન, વચન અને કાયાને ઈશ્વરમાં હોમી દઇને, કર્મબંધનમાંથી છૂટી શકાય. ટૂંકમાં 'કર્મ છોડે તે પડે, કર્મ કરતો છતાં તેનાં ફળ છોડે તે ચડે.' અહિં 'ફળત્યાગ' એટલે ફળને વિષે આસક્તિનો અભાવ. મોક્ષ અને વ્યવહાર વચ્ચે તેમને કશો ભેદ જણાતો નથી. જે ધર્મ વ્યવહારમાં ન લવી શકાય તે ધર્મ નથી. ગાંધીજીનું આ જીવન–દર્શન છે.

ગુજરાત વિદ્યાપીઠની સ્થાપના દ્વારા આપણને નવીન વિચારસરણી ધરાવતા અને રાષ્ટ્રભાવના સભર એવા અનેક ચિંતકો, લેખકો અને સાહિત્યકારો સાંપડ્યા છે. જેમાં મુખ્યપણે કાકાસાહેબ કાલેલકર, કિશોરલાલ મશરૂવાળા, મહાદેવભાઈ દેસાઈ, રા. વિ. પાઠક, રસિકલાલ પરીખ, નરહરિભાઈ, મગનભાઈ દેસાઈ–એમ અનેક નામો ગણાવી શકાય તેમ છે. તેમનું દરેકનું પોતપોતાનાં ક્ષેત્રમાં આગવું પ્રદાન છે. ટૂંકમાં આપણે તે પણ નોંધીએ—

કાકા કાલેલકરની શૈલીમાં 'ગાંધીજીની સાદાઇ ઉપરાંત એક સૌન્દર્યપારખુ, પરિવ્રાજક અને સાહિત્ય રસિકની સ્વાભાવિક આલંકારિકતા અને પ્રસન્નતા છે' એમની જ્ઞાનપિપાસા તીવ્ર છે. વિચારધારા મૌલિક છે પ્રૌઢ. સંસ્કારી અને બળવાહી શૈલીમાં લખનાર શ્રી કાકાસાહેબ માને છે કે જીવનવૃધ્ધિ જીવનસમૃધ્ધિ, જીવન વિકાસ અને જીવનની કૃતાર્થતા એ જ માનવ ચિન્તનનો અને પુરુષાર્થનો વિષય હોઇ શકે. તેમનાં પુસ્તકો અને લેખસંગ્રહોનાં શીર્ષકો જોતાં આ મંતવ્યને અનુમોદન મળી રહે છે. દા. ત. 'જીવન વિકાસ', 'જીવન–ભારતી', 'જીવનનો આનંદ', 'જીવન ચિંતન', 'જીવનસંસ્કૃતિ', 'જીવન વ્યવસ્થા', 'જીવન પ્રદીપ' વગેરે.

ગાંધીજીના જીવન દર્શનનું અનુશીલન કરનાર અન્ય વિચારકોમાં શ્રી મશરૂવાળા ઉલ્લેખનીય છે. ધર્મ અને તત્ત્વજ્ઞાન વિષયક તેમનાં લેખો એ સૌથી મોટું પ્રદાન છે. 'જીવન શોધન,' 'અહિંસાવિવેચન', 'ગીતામંથન', 'સત્યમય જીવન', 'સમૂળી ક્રાન્તિ,' 'સંસાર અને ધર્મ' વ. તેમની મુખ્ય કૃતિઓ છે. તેઓ એક મૌલિક વિચારક છે. ગીતા, ઉપનિષદો વગેરેનો તેમનો ખૂબ જ ઊંડો અભ્યાસ છે. સાંખ્યશાસ્ત્રમાં પણ તેમને વિશેષ રસ હતો. જીવનમાં સનાતન મૂલ્યોનો નવેસરથી વિચાર કરવાના તેઓ હિમાયતી છે. શાસ્ત્રનું પ્રમાણ સ્વીકારવાને બદલે બુદ્ધિ અને તર્કનાં સાધનો પર તેઓશ્રી વધુ ભાર મૂકે છે. સહજાનંદ સ્વામી તથા તેમના સંપ્રદાય વિશેનું તેમનું લઘુ પુસ્તક આ વાતની સાક્ષી પૂરે છે. 'જીવન શોધન'માં તેઓ લખે છે કે "તત્ત્વજ્ઞાન મારી દૃષ્ટિએ કેવળ બૌદ્ધિક વિલાસનો વિષય નથી, એને આધારે જીવન રચવાનું છે." મૌલિક અને જાગૃત વિવેક બુધ્ધિથી પ્રેરિત તેમનું ચિંતન છે. 'ધર્મ'ના ક્ષેત્રે પરમત સહિષ્ણુતાની તેઓ હિમાયત કરે છે. સદાચાર એ સાધન છે અને સમાજનું ધારણ–પોષણ એ સાધ્ય છે. સમાજના વિશાળ હિતને દષ્ટિમાં લીધા સિવાય જો વ્યક્તિની અમરતા કે વૈયક્તિક મોક્ષની વાત કરીએ તો તે ઇષ્ટ નથી એમ તેઓ માને છે. 'ગીતાનું સમાજશાસ્ત્ર' માંના તેમના લેખો આ સંદર્ભમાં અનુમોદન આપે છે. 'સંસાર અને ધર્મ'માં તેઓ લખે છે કે 'જગતમાં આજે જે ધર્મો કે તેના સંપ્રદાયો ચાલુ છે તે પૈકી એક પણ આપણો ઉધ્ધાર કરવા સમર્થ નથી.' 'હિંદુ ધર્મ સંબંધી કલેષકર વાણી જોતાં ધર્મસંસ્થાપક ગાંધીજી અને શુધ્ધ વિચારક મશરૂવાલા વચ્ચેનો ભેદ સ્પષ્ટ જણાઈ આવે છે. ધર્મ જીવન અને વ્યવહારના આદર્શોનું તેમણે સુપેરે ચિન્તન કર્યું છે. અંધ ગુરુનિષ્ઠામાંથી બચવાની જરૂર પર તેઓ ભાર મૂકે છે. એમના તત્ત્વજ્ઞાનનો પાયો પ્રત્યક્ષમૂલક છે. ચિત્તશુધ્ધિને માણસનું અંતિમ ધ્યેય અને સ્વરૂપ નિષ્ઠાને તેનું સ્વાભાવિક ફળ તેમણે ગણાવેલ છે. ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થમાં મોક્ષપ્રાપ્તિ માટે પ્રથમ ત્રણમાંથી નિવૃત્તિ લેવી તેમને જરૂરી જણાતી નથી. પરંતુ મોક્ષને સ્થાને જ્ઞાન અથવા શોધને મૂકીને જીવનના નિર્વાહ, તથા સત્ત્વ સંશુધ્ધિ માટે ચારેય પુરુષાર્થની તેમણે અગત્ય દર્શાવી છે. આ વિશ્વમાં સર્વવ્યાપી ચૈતન્યબીજ તે પરમાત્મા છે. જીવ–ઈશ્વરની તાત્ત્વિક સમાનતા તેમને માન્ય છે. પરમાત્મા નિર્ગુણ નથી, પરંતુ સર્વગુણબીજ છે. શ્રેયાર્થીએ ઇશ્વરને સર્વગુણાલંકૃત માનવાનો છે, પરંતુ એમને મન સગુણતા એટલે સાકારતા નથી. તેઓ માને છે કે ઇશ્વર પરત્વે પ્રતિકો યા આકારવિષયક મિથ્યા વિવાદો જ ધર્મોમાં વ્યાપેલ ઝઘડાના મૂળમાં કારણભૂત છે. ઈશ્વરના કલ્યાણકારી ગુણો કે દૈવી શક્તિઓ સબંધમાં ધર્મોમાં પ્રમાણમાં ઓછા મતભેદ જણાય છે.

કિશોરભાઇનાં ચિંતનને યોગ્ય અંજલિ આપતાં શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી લખે છે કે 'શુધ્ધ બુદ્ધિ અને શુદ્ધ તર્કનો આશ્રય લઇ ધર્મ, નીતિ, વ્યવહાર અને રાજકારણના અનેક પ્રશ્નોનું તેમણે મૂળગામી પર્યેષણ કર્યું છે. સત્ય અને લોકહિત બન્ને ઉપર દૃષ્ટિ રાખી સાદી તથા ચોક્કસ ભાષામાં તેઓ દેશને અનેક વિષયમાં માર્ગદર્શન આપતા રહ્યા છે"

શ્રી કેદારનાથનો પરિચય શ્રી મશરૂવાળાએ ગુજરાતને કરાવ્યો છે. સામુદાયિક જીવન અને સામુદાયિક કલ્યાણની ભાવના આપણને તેમના 'વિવેક અને સાધના' પુસ્તકમાં જણાય છે. સદ્ગુણો અને સત્કર્મો દ્વારા ચિત્તને શુદ્ધ કરી ક્રમિક વિકાસ સાધવાની તેઓ વાત કરે છે. શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી લખે છે કે "તેમની વિચારણામાં દુરાગ્રહ કે અભિનિવેશ નથી, પણ સુસ્પષ્ટતા, સંગતિ, તત્ત્વગામિતા અને સમગ્રતા છે. સાધનાને નામે ચાલતા અગડંબગડંની, અપરોક્ષાનુભવને નામે ચાલતા વેવલાપણાની ને મુમુક્ષાને નામે ચાલતા સ્વાર્થની આ ગ્રંથ

(વિવેક અને સાધના) જેવી ચિકિત્સા બીજે ભાગ્યે મળશે."

શ્રી મગનભાઈ દેસાઈ પણ એક ધ્યેયનિષ્ઠ અને ગાંધીજીના સાચા અનુયાયી હતા. જીવનના અંત સુધી તેઓ સત્ય ખાતર લડતા રહ્યા. ગાંધીજીની વિચારસરણીથી પૂરેપૂરા રંગાયેલા જે સપૂતો આપણા દેશને સુભાગ્યે સાંપડ્યા તે માંહેના તેઓ એક હતા. કેળવણી, તત્ત્વજ્ઞાન, રાજકારણ, સમાજશાસ્ત્ર એમ અનેક વિષયોમાં તેમને ઊંડો રસ હતો. અને તેનું અનુશીલન પણ એટલી જ ધગશથી કરતા. ગીતા, ઉપનિષદો વગેરેનું તેમનું વાચન વિશાળ હતું. ગુજરાત વિદ્યાપીઠ તથા ગુજરાત યુનિવર્સિટીના ઉપકુલપતિ પદે રહી તેમણે સ્વભાષાને માધ્યમ તરીકે મૂકવાની હિમાયત કરી ગરવી ગુજરાતી ગિરાનું ગૌરવ તેમણે વધાર્યું છે અને એ માટે ગુજરાત તેમનું હંમેશા ઋણી રહેશે. તેઓ નિષ્કપટ અને સ્પષ્ટ વક્તા હતા. અને કદાચ તેમના આ સદ્ગુણોને લીધે જ તેમની કટુ ટીકા કોઈવાર જાહેરમાં પણ થતી પરંતુ અહિંસા અને સત્યના ઉપાસકને છાજે તે રીતે તેઓ એ વિષ પણ ઘોળીને પી જતા. ગાંધીજીના વિચારોનું તેમનું દોહન, ઈશાવાસ્ય ઉપનિષદનો તેમનો અભ્યાસ અને છેલ્લે 'સત્યાગ્રહ' માંની ગીતાની તેમની વિસ્તૃત ચર્ચાઓ વ. દ્વારા તેઓ ચિરસ્મરણીય રહેશે

શ્રી મુકુલભાઈ કલાર્થીથી તેમની 'નીતિબોધક ટીકડીઓ' શ્રીમદ્ રાજચંદ્રના અધ્યાત્મ શાસ્ત્રના સંપાદન વ. દ્વારા આપણે પરિચિત છીએ. શ્રી ગોપાળદાસ પટેલને પણ તેમની સાહિત્ય સેવા માટે આપણે યાદ કરી લઈએ.

સ્વ. રામનારાયણ વિ. પાઠકને પણ તત્ત્વજ્ઞાનના વિષયમાં ઊંડો રસ હતો. 'પ્રમાણશાસ્ત્ર પ્રવેશિકા' નામે પુસ્તક તેની સાક્ષી પૂરે છે. આ ઉપરાંત બૃહત્ પિંગળ તેમજ સાહિત્ય વિમર્શથી તેઓ પ્રસિધ્ધ છે ભારતીય વિદ્યાભવનમાં તેમણે અધ્યાપન કાર્ય કરેલું. પ્રમાણશાસ્ત્ર પ્રેરક પ્રસ્તાવનાઓ લખી તેમણે ચિંતન સાહિત્યમાં વૃદ્ધિ કરી છે.

સાક્ષર શ્રી આનંદશંકરભાઇ ધ્રુવના ધર્મ તથા તત્ત્વજ્ઞાન વિષયક પ્રકીર્ણ લેખોનું સુંદર સંપાદન તેમણે 'આપણો ધર્મ' રૂપે કરી અ પણને આપેલ છે આ ગ્રંથનો પીસ્તાળીશ પાનાંનો લાંબો એવો ઉપોદ્ઘાત એ શ્રી પાઠક સાહેબની ચિંતન પ્રત્યેની અભિરૂચિ તથા દર્શનના દુસહ પ્રશ્નોને પચાવી તેની આલોચના કરવાની ક્ષમતા સૂચવે છે. તેમાં આનંદશંકર અને મણિલાલ જેવા વેદાન્તીઓના મતની તેઓ તુલના કરે છે તથા વેદાન્ત વિરોધી વલણ દર્શાવનારને તેઓ ચામકી આપે છે

અંગ્રેજીમાં ગુજરાતી સાહિત્યનું સુપેરે દર્શન કરાવનાર તથા ભારતીય વિદ્યાભવન જેવી સંસ્થાના જનક અને પોષક અને ભારતીય સંસ્કૃતિના સંરક્ષકો માંહેના એક, કલા ખાતર કલાના વાદના પોષક, કૃષ્ણાવતાર વગેરે પર કલમ ચલાવનાર અને ગીતા અને આધુનિક જીવન પર એક નાનું પણ ચિંતનપ્રેરક પુસ્તક આપનાર **શ્રી ક. મા. મુનશીની** સેવાને પણ આપણે બિરદાવવી જોઇએ. એમની બહુમુખી પ્રતિભા, સર્જનના દરેક ક્ષેત્રમાં તેમની પહોંચ તથા સામાજીક, રાજકીય ક્ષેત્રે તેમની કામગીરી વ. ની નોંધ લેવી અહીં આવશ્યક છે.

નવી કેળવણીની ભાવનાના પ્રેરક, પીઢ કેળવણીકાર અને વર્ષો પર્યંત ખ્યાતનામ સંસ્થા દક્ષિણામૂર્તિનું યોગ્ય રીતે અને સફળ સંચાલન કરનાર **શ્રી નાનાભાઇ ભટ્ટ** પણ તેમના રામાયણ તથા મહાભારતનાં પાત્રો, હિન્દુ ધર્મની આખ્યાયિકાઓ વ. ને સરળ લોકભોગ્ય અને રસમય ભાષામાં પ્રદાન કરવા માટે સુપ્રસિધ્ધ છે. પાયાની કેળવણીના હિમાયતી, સૈધ્ધાન્તિક અને વ્યાવહારિક કેળવણીને અભિન્ન માનનાર અને શ્રમનું મહત્ત્વ દરેક ક્ષેત્રે યોગ્યપણે આંકી બતાવનાર શ્રી નાનાભાઈ ચિરસ્મરણીય રહેશે. યુનિવર્સિટી ડીગ્રીથી વંચિત આજીવન કેળવણીકાર અને સમાજશિક્ષક, ગાંધીજી અને નાનાભાઈની પ્રેરણાથી 'લોકભારતી' (સણોસરા) માં આજે પણ કાર્ય કરી રહેલા શ્રી **મનુભાઈ પંચોળી** (દર્શક) ને પણ તેમણે કરેલી સાહિત્યની સેવા માટે આપણે અહિ યાદ કરીએ. તેમના જીવન ઘડવૈયાઓમાં સ્વામી આનંદ, રવિશંકર મહારાજ તથા મેઘાણી જેવા મહાનુભાવોને ગણાવી શકાય.

**પંડિત સુખલાલજી—** સંતો, સતીઓ, સાહસિકો અને શૂરાઓના રત્નાકર સમાન સૌરાષ્ટ્રની ભૂમિ એ પ્રજ્ઞાચક્ષુ પંડિતજીની જન્મભૂમિ છે. યુવાનવયે બળિયાના કારણે અંધ બન્યા અને વણિકપુત્ર સારસ્વતપુત્ર બન્યા. વિદ્યા વ્યાસંગને લીધે પંડિતજીની પદવીને પામ્યા. સમાજ અને ધર્મ, જૈન ધર્મ, દર્શન અને ચિંતન વ ને લગતાં ઘણાં પુસ્તકો તથા મૌલિક લેખો છે. આજે પણ હજુ સરસ્વતીની ઉપાસના અવિરતપણે ચાલુ જ છે ગુજરાત યુનિવર્સિટીએ તેમને ડી. લિટ.ની માનાર્હ પદવીથી વિભૂષિત કરી એક સારસ્વતનું યથાર્થ બહુમાન કર્યું છે. તેઓ 'ભારતવર્ષની એક ધર્મ-દર્શન-શાસ્ત્રવેત્તા, જીવન સાધક વિદ્યાવિભૂતિ છે. સમતાભર્યું એમનું શીલ છે, સત્યમૂલક એમની પ્રજ્ઞા છે. ત્યાગ, તિતિક્ષા અને સંયમીને વરેલું એમનું જીવન છે.' તેમની તલસ્પર્શી વિદ્વતા, ઉદાર ચર્ચા અને સમભાવયુક્ત અનેક દેશીય શાસ્ત્રોના પરિશીલનથી ગુજરાત ચિરપરિચિત છે

તેમના મતે આધુનિક યુગમાં ધર્મનો આત્મા મરી પરવાર્યો છે. ધર્મનું આજે માત્ર ખોળિયું રહ્યું છે. સત્ય, પ્રેમ, નિઃસ્વાર્થપણું, ઉદારતા, વિવેક, વિનય વગેરે સદ્ગુણો તે ધર્મનો આત્મા છે. ધર્મ સારો છે, પંથ બૂરા છે આજે ધર્મરક્ષકો અને પુરોહિતો ધર્મપૂજકોને બદલે ધર્મવિક્રેતા બની ગયા છે, અને પરિણામે ધાર્મિક ઉત્થાન થવાને બદલે અનાચાર અને દંભને પોષણ મળી રહ્યું છે તેમની કૃતિઓમાં કર્મગ્રંથ, યોગદર્શન, સન્મતિ તર્ક, તત્વાર્થસૂત્ર, ભારતીય તત્ત્વવિદ્યા, અધ્યાત્મ વિચારણા તથા દર્શન અને ચિંતનનાં ગ્રંથોનો સમાવેશ થાય છે. 'ભારતીય તત્ત્વવિદ્યા' નામે પુસ્તકમાં પંડિતજીએ મ. સ. યુનિવર્સિટી, વડોદરાના ઉપક્રમે આપેલા વ્યાખ્યાનોનો સંગ્રહ છે. તેમાં પંડિતજીની દર્શન વિષેની તુલનાત્મક દૃષ્ટિનો આપણને પરિચય મળે છે. જીવ, જગત અને ઈશ્વર વિષયક મંતવ્યો તેમણે ભારતીય દર્શનોના સંદર્ભમાં મૂલવ્યા છે. મુંબઇ યુનિ.ની ઠક્કર વ્યાખ્યાનમાળામાં ભારતની યૌગિક અને દાર્શનિક પરંપરામાં પ્રાચીન ગુજરાતના આચાર્ય હરિભદ્રના પ્રદાન વિષયક તેમણે પાંચ વ્યાખ્યાન આપેલાં છે. આજે પણ પંડિતજી સંશોધન ક્ષેત્રે માર્ગદર્શન આપી રહ્યા છે. માનવતાનું ઉત્થાન એ તેમના મતે આજનો યુગધર્મ છે

**શ્રી ક. પ્રા. ત્રિવેદી તથા શ્રી અ. ક. ત્રિવેદી**—આ વિદ્વાન પિતા–પુત્રનું પણ ગુજરાતના ચિંતન સાહિત્યમાં આગવું પ્રદાન છે. બ્રહ્મસૂત્ર શાંકરભાષ્યનો ગુજરાતી સટીક અનુવાદ, ગુજરાતી ભાષાનું વ્યાકરણ તથા નિવૃત્તિ વિનોદ, સાહિત્ય વિનોદ, હિન્દુસ્તાનનાં દેવો (અનુવાદ) વગેરે કૃતિઓ દ્વારા તેઓ આપણને હમેશાં યાદ રહેશે.

**શ્રી ન. દ. મહેતાએ** તેમનો હિન્દ તત્ત્વજ્ઞાનનો ઇતિહાસ, શાક્ત સંપ્રદાય, અખો વગેરે વિવિધ વિષયો પર લખી તેમનું સ્થાન ચિંતન સાહિત્યમાં ચિરસ્મરણીય રાખેલ છે.

**શ્રી જે. જે. કણિયાએ** પણ પાતંજલ યોગદર્શન પર લખી એક કિંમતી પુસ્તકનો દર્શન સાહિત્યમાં ઉમેરો કરેલ છે.

**શ્રી વિશ્વનાથ ભટ્ટે** ગદ્ય નવનીત અને નિબંધમાળામાં વિચાર પ્રધાન નિબંધોનું મૂલ્યાંકન કર્યું છે.

**શ્રી વિષ્ણુપ્રસાદ ર. ત્રિવેદીએ** તેમના 'અર્વાચીન ચિંતનાત્મક ગદ્ય'માં આ ગંભીર વિષયને પર્યેષકની દૃષ્ટિથી ચર્ચ્યો છે. દર્શન અને ચિંતન સાહિત્યમાં આ તેમનું મૌલિક પ્રદાન ગણી શકાય.

**શ્રી હરસિદ્ધભાઈ દિવેટીયાએ** પણ તત્ત્વજ્ઞાન વિષયક પ્રકીર્ણ લેખો દ્વારા તથા ગીતામાં જીવનની કળા વિષે એક અંગ્રેજી પુસ્તક લખી સારી સેવા બજાવી છે.

**શ્રી ગો. હ. ભટ્ટ, શ્રી જે. જી. શાહનું** પ્રદાન પુષ્ટિ–માર્ગીય સાહિત્યમાં છે.

**શ્રી કે. કા. શાસ્ત્રી, શ્રી રસિકલાલ પરીખ** વગેરે વિદ્વાનોએ પણ સંશોધન ક્ષેત્રે સારી પ્રગતિ સાધી છે. અને તેના ફળરૂપે આપણને જ્ઞાનવૃદ્ધિ થાય તેવા લેખો તથા ગ્રંથો ઉપલબ્ધ થયા છે.

**મુનિશ્રી જિનવિજયજીનું** જૈન તથા ઈતર દર્શનક્ષેત્રે જે પ્રદાન છે તે નોંધનીય છે. જૈન દર્શન વિષયક અનેક ગ્રંથો પ્રકટ થયા છે અને પં. સુખલાલજી, પં. બેચરદાસ દોશી તથા શ્રી દલસુખભાઈ માલવણીયા જેવા વિદ્વાનોનો તેમાં વિશિષ્ટ ફાળો છે.

મહર્ષિ અરવિંદના તત્ત્વજ્ઞાનનો ગુજરાતને પરિચય કરાવવામાં જે અભ્યાસીઓનો ફાળો છે તેમાં **શ્રી અંબુભાઈ પુરાણી, શ્રી પૂજાલાલ, શ્રી પ્રજારામ રાવળ, શ્રી સુન્દરમ્, શ્રી રજનીકાંત મોદી** વગેરે મુખ્ય છે. શ્રી અંબુભાઈએ પૂર્ણયોગ, પથિકનાં પત્રો, સમિત્પાણિ, સાવિત્રીગુંજન વગેરે પુસ્તકો દ્વારા તથા શ્રી સુન્દરમે પણ દિવ્ય જીવનનાં પ્રકરણોનો એક અધિકારીની હલકે જે અનુવાદ કરી આપ્યો છે તે ઉલ્લેખનીય છે. શ્રી અરવિંદનું દર્શન પચાવવું કઠિન છે પરંતુ તેમના પૂર્ણયોગનો પરિચય ગુજરાતની જ્ઞાનપિપાસુ પ્રજાને કરાવવામાં આ ગુજરાતી સપૂતોનો ફાળો નાનોસૂનો નથી.

**સ્વ. રતિલાલ મો. ત્રિવેદીએ** 'હિન્દનાં વિદ્યાપીઠો', 'વાલ્મીકિનું આર્યદર્શન' 'આનંદશંકરભાઈ', 'થોડાંક અર્થદર્શનો' વગેરે પુસ્તકો દ્વારા તથા ચિંતનપ્રેરક વ્યાખ્યાનો આપી ગુજરાતની સેવા કરી છે.

**શ્રી દુર્ગાશંકર કે. શાસ્ત્રીએ** 'વૈષ્ણવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ', 'શૈવ ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ', 'ભારતીય સંસ્કારો અને ગુજરાતમાં તેનું અવતરણ' વગેરે ગ્રંથો લખી ગુજરાતી ભાષા દ્વારા જે ચિંતન સાહિત્ય આજ પર્યંત ઉપલબ્ધ થયું છે તેમાં કિંમતી ઉમેરો કર્યો છે.

સોલીસીટર **શ્રી મનુભાઈ સી. પંડ્યાએ** કરેલ મૌલિક ચિંતનના પરિપાકરૂપ વિદ્વદ્ભોગ્ય પુસ્તક 'તત્ત્વજ્ઞાનના નિબંધો' પણ ઉલ્લેખનીય છે. શંકરાચાર્ય સંમત કેવલાદ્વૈત સિદ્ધાંતને અગ્રણી રાખી ઈતર સિદ્ધાંતોનું પરીક્ષણ તેઓશ્રીએ આ નિબંધોમાં કર્યું છે.

**શ્રી યશોધર મહેતા**—શ્રેયઃ સાધક વર્ગના પ્રતિનિધિરૂપ ગણી શકાય. અગમ નિગમ મંડળ દ્વારા તેઓ ચિંતન પ્રવૃત્તિ ચલાવી રહ્યા છે તે સરાહનીય છે. તેમની અધ્યાત્મ રસિક નવલકથા 'મહારાત્રિ' તેમના ગુપ્ત વિદ્યા વિષયક રસની અને વિશિષ્ટ સર્જક બળની પ્રતીતિ કરાવે છે. જ્યોતિષશાસ્ત્રમાં પણ તેમને ઊંડો રસ છે. અને તેના પરિપાકરૂપે આપણને તદ્વિષયક પુસ્તકો પણ મળેલ છે.

સુજ્ઞ ગોકુળજી ઝાલા વેદાન્ત નિબંધો દ્વારા પણ આપણને અંગ્રેજી ભાષામાં સારા નિબંધો પ્રાપ્ત થયા છે.

**શ્રી તેલીવાલા તથા ડૉ. બુચ** વગેરેના નિબંધો ઉલ્લેખનીય છે.

**શ્રી મગનભાઈ ચતુરભાઈ પટેલ** દ્વારા આપણને 'બ્રહ્મ–મીમાંસા જ્યોતિ' ગ્રંથ પ્રાપ્ત થયેલ છે. જે ચિંતન સાહિત્યમાં સારો ઉમેરો કરે છે.

'જૈન હિતેચ્છુ'માં જેઓ નિયમિત લખતા, ધર્મ ચર્ચાઓ ચલાવતા, નીડર પત્રકાર, સુધારક, ફિલસૂફ અને ચિંતક **શ્રી વાડીલાલ મો. શાહ** આજે એક ભૂલાઈ ગયેલી વ્યક્તિ બની ગઈ છે જે ખેદની વાત છે.

શ્રી ત્રિભુવનભાઈ હેમાણી દ્વારા આજે આપણને તેમની તત્ત્વ–મીમાંસા તથા વિશિષ્ટ પ્રતિભાનો પરિચય થાય છે.

'ગાંધી પ્રેરિત વિચાર અને વર્તનનાં આંદોલનોની વચ્ચે ઉછરેલા **શ્રી ઉમાશંકર જોશીએ** રવીન્દ્ર સાહિત્યનું પણ આકંઠ રસપાન કર્યું છે.' શ્રી રા. વિ. પાઠક સાથે તેમણે આચાર્ય આનંદશંકરભાઈ ધ્રુવના લેખ સંગ્રહોનું સુંદર રીતે સંપાદન કર્યું છે. અખો–એક અધ્યયન, પુરાણોમાં ગુજરાત વગેરે તેમના સંશોધન ગ્રંથો ઉપરાંત વિપુલ ચિંતન સાહિત્ય તેમણે ગુજરાતને ચરણે ધર્યું છે. 'નિશીથ'માં તેમની કવિ પ્રતિભાનો જ્વલંત ઉન્મેષ પ્રગટ થાય છે. 'કલ્પના, ચિંતન અને ચિત્રણ શક્તિનો ઉત્તમ મેળ દર્શાવતું આ કાવ્ય ગુજરાતી સાહિત્યને ચિરંજીવ અર્પણ છે.' ભારતીય જ્ઞાનપીઠે તેને સન્માની ગુજરાતના સારસ્વતનું બહુમાન કર્યું છે જેને માટે ગુજરાત ગૌરવ લઈ શકે છે.

ધર્મ અને તત્ત્વજ્ઞાન પર પરભાષામાં લખાયેલાં પુસ્તકોનો ગુજરાતી ભાષામાં સુંદર, લોકભોગ્ય અને પ્રમાણિક અનુવાદ કરી આપણા ચિંતન સાહિત્યમાં જેમણે વૃદ્ધિ કરી છે તેવા મહાનુભાવોને પણ યાદ કરીએ.

**શ્રી ઉત્તમલાલ ત્રિવેદીએ** ટિળકના ગીતા રહસ્યનો સફળ અનુવાદ કર્યો છે.

આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે પ્રસિદ્ધિ પામેલા તત્ત્વચિંતક અને આપણા ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ ડૉ. રાધાકૃષ્ણનના ગ્રંથો તથા વ્યાખ્યાનોના સફળ અનુવાદક **શ્રી ચંદ્રશંકર પ્રાણશંકર શુક્લનો** ઉલ્લેખ કરવો જરૂરી છે. તેઓએ માત્ર ભાષાંતર જ કર્યું છે એમ નથી પરંતુ

જરૂર જણાય ત્યાં વાચકને મદદરૂપ થાય એ રીતે વિચાર વસ્તુને અધિક સ્પષ્ટ કરવા તેમણે સ્થળે સ્થળે **સંદર્ભ નોંધો** તથા પાદટીપો પણ ઉમેરેલી છે. વેદની વિચારધારા, ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન, ગીતાદર્શન, ધર્મોનું મિલન, હિન્દુ ધર્મ, હિન્દુ જીવનદર્શન, યુવાનોની સંસ્કાર સાધના, મહાભારત વગેરે તેમના દ્વારા અનુવાદ થયેલા પુસ્તકો છે. આ ઉપરાંત તેમણે **મૌલિક પુસ્તકો** (દા. ત. આપણાં દેવસ્થાનો વગેરે) પણ લખેલાં છે.

ડૉ. રાધાકૃષ્ણનનાં અન્ય વ્યાખ્યાનોનાં અનુવાદ અન્ય વિદ્વાનો દ્વારા પણ થયા છે. આવા સુંદર અને અધિકૃત કલમે કરાયેલા સફળ અનુવાદોમાં 'કલ્કી યાને સંસ્કૃતિનું ભાવિ' **શ્રી નગીનદાસ પારેખ** દ્વારા તથા 'જગતનો આવતી કાલનો પુરુષ' શ્રી મગનભાઈ દેસાઈ દ્વારા અનુદિત છે.

આ ઉપરાંત શ્રી ગોપાળદાસ પટેલે ગૌતમબુદ્ધ પુસ્તકનો અનુવાદ કરેલો છે. મહાત્મા ગાંધી પર ડૉ. રાધાકૃષ્ણને સંપાદન કરેલ ગ્રંથનો પણ અનુવાદ થયો છે.

તત્ત્વજ્ઞાનના પ્રખર અભ્યાસી અને સંસ્કૃતના પ્રાધ્યાપક શ્રી એમ. હિરિયણ્ણાએ ભારતીય દર્શન પર લખેલા મૌલિક ગ્રંથના પહેલા ભાગરૂપે અનુવાદ શ્રી ચંદ્રશંકર શુક્લે તથા 'દર્શન યુગ' નામે બીજા ભાગરૂપે સુંદર અનુવાદ **ડૉ. ઈન્દુકલાબ્હેન ઝવેરીએ** કરેલો છે.

પ્રા. હિરિયણ્ણાના તત્ત્વજ્ઞાન, કલા તથા સંસ્કૃતિને લગતાં અન્ય પુસ્તકોનો ગુજરાતીમાં અનુવાદ થાય એ ઈચ્છનીય છે. મૌલિક પુસ્તકોની જ્યારે ખોટ વર્તાતી હોય અને તાત્કાલિક તે ઉપલબ્ધ બને તેમ ન હોય તો સુંદર અને અધિકૃત અનુવાદો આપણા ચિંતન સાહિત્યમાં જરૂર વૃદ્ધિ કરશે.

'ધર્મનું તત્ત્વજ્ઞાન' નામે એક પુસ્તક **ફાધર ડી. મલિગત** દ્વારા લખાયેલ આજે અપ્રાપ્ય છે. પરંતુ ધર્મો તથા ઇતર દર્શનોના તુલનાત્મક અધ્યયન માટે તે સારી ભૂમિકા પૂરી પાડે છે, માટે ઉલ્લેખનીય છે.

શ્રી વામન મલ્હાર જોષી નામે પ્રસિદ્ધ મરાઠી લેખકના પુસ્તકનો સુંદર અનુવાદ આપણને 'નીતિશાસ્ત્ર પ્રવેશ' નામે **શ્રી ગો. ક. અમીન** દ્વારા મળ્યો છે. કાકાસાહેબની પ્રશસ્તિ સહિત ગુર્જર દ્વારા પ્રકાશિત (૧૯૬૭) આ પુસ્તક ઉચ્ચશિક્ષણ લેતા વિદ્યાર્થીઓને ભલામણ કરવા યોગ્ય છે.

શ્રી હરિસત્ય ભટ્ટાચાર્ય દ્વારા મૂળ અંગ્રેજીમાં લખાયેલ (ઇનામી નિબંધ) અને ભાવનગર શામળદાસ કોલેજના તત્ત્વજ્ઞાનના નિવૃત્ત પ્રાધ્યાપક શ્રી **જે બી. દવે** દ્વારા અનુવાદિત પુસ્તિકા 'જૈનધર્મનો અનેકાન્તવાદ' પણ જૈનદર્શનના સાહિત્યમાં કિંમતી ઉમેરો કરે છે.

પ્રાચ્ય વિદ્યામંદિર વડોદરા દ્વારા પ્રકાશિત (૧૯૪૭) 'ભારતીય તર્કશાસ્ત્ર પ્રવેશ' જેના મૂળ લેખક પંડિત રઘુનાથ શાસ્ત્રી છે તથા અનુવાદક શ્રી **કુમુદકુમાર દેસાઈ** છે તે પુસ્તક પણ ભારતીય તર્કવિદ્યા પરના ગુજરાતી ભાષામાં પ્રાપ્ય એવા પુસ્તકોમાં કિંમતી ઠેન છે.

શ્રી હરસિદ્ધભાઈ દીવેટીયાના ગીતા પરના અંગ્રેજી પુસ્તકનું શ્રી **વાસુદેવ જોષી** દ્વારા અનુદિત પુસ્તક 'ગીતામાં જીવનની કળા' સસ્તા સાહિત્યે પ્રકાશિત કરી સારી સેવા બજાવી છે.

**શ્રી પ્રાણજીવનભાઈ પાઠકે** 'પ્લેટોનું આદર્શનગર' નામે તેના 'રીપબ્લીક' નામે સંવાદનો અનુવાદ કરેલો છે. આ ઉપરાંત તેમણે બર્ગસોં પર ગુજરાત યુનિ૦ના ઉપક્રમે કેટલાંક વ્યાખ્યાનો પણ આપેલાં છે. તે પ્રસિદ્ધિ પામે એમ ઇચ્છીએ.

ગુજરાતના ચિંતન અને દર્શનક્ષેત્રે વિપુલ સાહિત્ય સામગ્રી પ્રદાન કરવામાં વિવિધ સંસ્થાઓ તથા સામાયિકો વગેરેનો ફાળો પણ કંઈ નાનો સૂનો નથી. ફાર્બસ ગુજરાતી સભા, ગુજરાત વર્નાક્યુલર સોસાયટી, ગુજરાત વિદ્યાસભા, પ્રાચ્ય વિદ્યામંદીર–વડોદરા, ગુજરાત સંશોધન મંડળ–મુંબઈ, ભારતીય વિદ્યાભવન–મુંબઇ, ગુજરાત વિદ્યાપીઠ, ચુનીલાલ ગાંધી વિદ્યાભવન, એલ. ડી. ઇન્સ્ટીટ્યૂટ ઓફ ઈન્ડોલોજી, સસ્તુ સાહિત્ય વર્ધક કાર્યાલય વ. સંસ્થાઓ તથા પ્રિયંવદા, સુદર્શન, વસંત, કૌમુદી, પ્રસ્થાન, દક્ષિણા, નચિકેતા, મનીષા, માનસી, બુદ્ધિપ્રકાશ, સંસ્કૃતિ, ક્ષિતિજ, ગ્રંથ, વિશ્વમાનવ, સ્વાધ્યાય વગેરે સામાયિકો તથા શ્રી સયાજી સાહિત્યમાળાના પુષ્પો તથા ગુચ્છો દ્વારા સર્જન અને ચિંતન, મુક્ત ચર્ચા અને પ્રયોગો, અનુવાદો અને નિબંધો–વિવેચનાત્મક લેખો વ. દ્વારા સારસ્વત પ્રવાહ ઠીક ઠીક વહેતો રહ્યો છે.

આજે આપણે જરૂર છે સમન્વયવાદી દર્શનની. વેદાન્ત દર્શન, બૌદ્ધદર્શન તથા જૈનદર્શનનો સમન્વય થાય એ ઈચ્છનીય છે. આવો સમન્વય માનવતા અને ભગવદ્ ભક્તિમાંથી ખીલી શકે. ગાંધીજી જેવા મહાપુરૂષના દર્શનથી જગતના ભાવિ માટે એકબાજુથી હૃદયમાં આશાનો સંચાર થાય છે તો બીજી બાજુથી જોતાં નિરાશાના ગાઢ અંધકારમાં જગત ઢંકાઇ ગયું છે. વેપાર, રાજકારણ, શિક્ષણ એમ સમાજના કોઇપણ ક્ષેત્રમાં માનવજાતીય સંસ્કારોમાં સમન્વય થયો હોય એમ જણાતું નથી. 'અનીતિ છેક સરસ્વતીના ગર્ભગૃહ સુધી પહોંચી ગઇ છે.' આ દુઃસ્થિતિના નિવારણ અર્થે આપણે એટલું જ ઇચ્છીએ કે 'શ્રીકૃષ્ણ, બુદ્ધ, ખ્રીસ્ત, રામકૃષ્ણ કે ગાંધીજી જેવા હજાર વર્ષે ઉત્પન્ન થતા એકાદ જીવમાં નહિ પણ માનવજાતિના ઘણા જીવોમાં ગીતાપ્રોક્ત સમત્વ વિચાર અને આચારનું વ્યક્તિ સ્વાતંત્ર્ય અને સમાજહિતનું, ધર્મ અને અર્થનું, ત્યાગ અને વ્યવહારનું, સંસ્કાર અને શ્રમનું, મન અને શરીરની શક્તિઓનું સમત્વ પ્રાપ્ત થાય તથા સત્ય અને અહિંસા તેમજ જ્ઞાન અને પ્રેમથી પૂર્ણ બ્રહ્મ સંસ્પર્શ, ઘણામાં સ્વપુરૂષાર્થથી જાગે અર્થાત્ માનવતાના શ્રેષ્ઠ સંસ્કારો ઘણા માનવોને સંસ્કારે અને એવા સંસ્કારવાળા માણસોના હાથમાં જગતનું રાજકીય આદિ તંત્ર ચલાવવાનું સોંપવામાં આવે તો જગતમાંથી અશાંતિ અને દ્વેષ દૂર થઇને શાંતિ, નિર્ભયતા, સ્વસ્થતા, સુખ, જ્ઞાન અને ભ્રાતૃભાવ કે આ મભાવની સ્થાપના થાય.'*

* શ્રી દુર્ગાશંકર કે શાસ્ત્રી—ભારતીય સંસ્કારો પૃષ્ઠ ૩૧૯.

## સંદર્ભ માટેનાં પુસ્તકોની યાદી

| પુસ્તકનું નામ | લેખક |
| --- | --- |
| આપણો ધર્મ | શ્રી આનંદશંકર ધ્રુવના પ્રકીર્ણ લેખો સંપાદક—રામનારાયણ વિ. પાઠક |





# ગુજરાતમાં કેળવણીના પ્રયોગો

**—શ્રી મનુભાઈ પંચોળી**

દરેક સાચા શિક્ષણે એક સાથે બે કામ કરવામાં હોય છે. એક તો એનો ભણનાર સમાજમાં જે કાયમી કે ઇષ્ટ મૂલ્યો તથા વર્તનો આવશ્યક છે તેને અનુકૂળ થાય અને સાથોસાથ સમાજમાં જે અમુક સંજોગોમાં અમુક કાળ માટેની માન્યતાઓ અને વર્તનો હોય તેમાં તે કાળ પૂરો થયે ફેરફાર કરવા માટેનું મન ખુલ્લું રાખે.

સમાજમાં બધું જ સનાતન નથી. કેટલુંક તો તે કાળપૂરતું જ હોય છે. આવી વસ્તુઓ કાળ વીત્યે કાળગ્રસ્ત થવી જોઇએ; છતાં પણ રૂઢિ કે પરંપરાગત માન્યતાને પરિણામે સમયસર ફેરફારો થતાં નથી. આ ફેરફારો ન થાય તેથી સમાજ બંધીયાર અને હીંગરાયેલો રહે છે અને છેવટે સ્ફોટક પરિસ્થિતિ પેદા થતાં ક્રાંતિ થાય છે. રાજાઓની સંસ્થા, શ્રદ્ધા પર જ વર્ચસ્વ ધરાવતી ધર્મસંસ્થા, આમન્યાને જ સર્વસ્વ ગણતી વડીલપૂજા, આ એક કાળે આવશ્યક હોય પણ સમાજ જેમ જેમ સગીર અવસ્થામાંથી નીકળતો જાય તેમ તેમ આ સંસ્થાઓમાં પરિવર્તન થવું જોઇએ.

પરિવર્તન શાંત રીતે તો જ થાય જો યુગાનુકૂળ ફેરફારો શિક્ષણમાં થયા કરે. આવા ફેરફારવાળા શિક્ષણમાં તૈયાર થયેલા સૌ કોઇ પરિવર્તનમાં સંમતિ આપે અને શાંતિ ક્રાંતિ કે ઉત્ક્રાંતિ દ્વારા પ્રગતિ થયા કરે. આ અર્થમાં શિક્ષણમાં પ્રાયોગિકતા એ ઉથલપાથલ સામેની મોટી બાંહેધારી છે:

ગુજરાત એ બાબતમાં ભાગ્યશાળી ગણી શકાય તેમ છે કે તેમાં સમાજની જરૂરિયાતને લક્ષમાં રાખીને કેળવણીમાં નવા નવા પ્રયોગો થતા રહ્યા છે; અને ધીમે ધીમે આ પ્રયોગો સામાન્ય કેળવણીના સ્વરૂપમાં સ્વીકાર પામતા ગયા છે.

ગુજરાતના શિક્ષણના ઇતિહાસમાં પહેલું પ્રાયોગિક પગરણ હતું " સ્ત્રી કેળવણી ઉપર ઝોક ". દુર્ગારામ મહેતાજીથી માંડીને રમણભાઇ નીલકંઠ સુધી સૌએ પહેલા સમાજસુધારા ઉપર ઝોક દીધો હતો. અને આ સમાજસુધારાનું મુખ્ય પગરણું સ્ત્રીઓની કેળવણીને ગણ્યું હતું.

૧૮૫૭નાં બળવામાં જે નિષ્ફળતા મળી તે નિષ્ફળતા શા માટે મળી તે શોધવાનું વિચારમંથન તરત શરૂ થયું. દેશ સ્વતંત્ર થવો જોઇએ. અંગ્રેજોનું રાજ્ય જવું જોઇએ પણ તે ત્યારે જ જશે કે જયારે જે સામાજિક દોષોને પરિણામે આપણો સમાજ દુર્બળ રહ્યો છે. દુર્બળતાઓ ચાલી જશે. શરીરમાં ઘારું હોય ત્યાં સુધી માખીએ આવે. પ્રથમ ઉપાય માખીઓ સાથે ઝઘડવાનો નથી. પણ આપણું ઘારું દૂર કરવાનો છે. દેશી સમાજની દુર્બળતાનું મોટું મૂળિયું સ્ત્રીઓમાં પડેલા વહેમો, રૂઢિગ્રસ્તતા અને ગતાનુગતિકતા છે, તેવું તે સુધારકોએ માન્યું. બાળક જે માતાના ખોળામાં ઉછરે છે, તે માતા જ્યાં સુધી આવી છે, ત્યાં સુધી બીજે હલ્લા કરવા તે એટલા કારગત નહીં નીવડે એટલે તે વખતના બધા ગુજરાતી આગેવાનોએ પછી તે કવિ નર્મદાશંકર હોય, નવલરામ હોય, દિવાન બહાદુર અંબાલાલભાઇ હોય કે ધીમે ધીમે સુધારામાં માનનાર દલપતરામ હોય સૌએ વિવિધ રીતે આજ વાત કહી છે—

" કહે નેપોલિયન દેશને કરવા આબાદાન;
સરસ રીત તો એ જ છે, દ્યો માતાને જ્ઞાન. "

આમાંથી વિવિધ વનિતા–વિશ્રામો અને સ્ત્રી–શિક્ષણની હિલચાલ વિસ્તરી. ગુજરાત તેને માટે સમાજ સુધારકોનું ખરે જ ઋણી છે.

ગુજરાતનાં શિક્ષણનો બીજો તબક્કો આર્યસમાજનાં ગુરૂકુળોએ દાખલ કર્યો છે. સ્વાભિમાન વિનાનું શિક્ષણ દેશોદ્ધાર કરનારું નિવડી શકે નહીં. જેને સ્વમાન નથી તેને સ્વાતંત્ર્ય કેવી રીતે હોય ? આર્યસમાજનો ફાળો આ દેશની રાષ્ટ્રીયતામાં આ સ્વમાન-ભાવના પેદા કરવામાં રહેલો છે.

તેમણે પોતાના ગુરૂકુળોદ્વારા એજ વાત શિક્ષણમાં જોરપૂર્વક કહી.

ભારતનો ભૂતકાળ અત્યંત ગૌરવવંત છે અને તેની સિદ્ધિઓ આજે પણ ખપની છે. પણ તેના હાલના દોષો દૂર કરવા જોઇએ. તે દોષો વૈદિક સંસ્કૃતિનો ભાગ નથી જ.

સમાજસુધારકોએ આત્મસુધારણાની હિલચાલ શરૂ કરી હતી. તે આયસમાજે ચાલુ રાખી. પણ સમાજસુધારકોમાંના મોટા ભાગને પાશ્ચાત્ય સંસ્કૃતિ તરફ અહોભાવ હતો. જેમાંથી એક પ્રકારની લઘુતાગ્રંથિ ઊભી થતી હતી.

આર્યસમાજે આ લઘુતાગ્રંથિ દૂર કરવા એક પ્રકારના આક્રમક રાષ્ટ્રવાદને જન્મ આપ્યો. ગુજરાતમાં સોનગઢ, સુપા ને વડોદરાના ગુરુકુળોએ રાષ્ટ્રીય જાગૃતિ, અખાડા પ્રવૃતિ, જ્ઞાતિવાદનો નિષેધ, અસ્પૃશ્યતા નિવારણ—આ બધામાં ઘણો મોટો ફાળો આપ્યો હતો.

વળી એ ખાસ નોંધવું જોઇએ કે આ સંસ્થાઓ સરકારથી સ્વતંત્ર, ( એ જમાનામાં ) અરે સરકારની ખફાનજર નીચે ચાલી હતી. આ વિદ્યાલયોમાં કન્યા કેળવણનો પણ આગ્રહ રખાવાતો. વિદ્યાભ્યાસકાળમાં બ્રહ્મચર્ય, સાદાઈ અનિવાર્ય અંગો ગણાતાં. સરકારી કેળવણીમાં કે અન્ય સામાન્ય સ્ત્રી કેળવણીની સંસ્થાઓમાં આ ઝોક નહોતો. આને લીધે ભલે આ જાતનાં ગુરૂકુળો ગણ્યાં–ગાંઠયાં હતાં છતાં તેનો પ્રભાવ સામાન્ય કેળવણી પર નોંધપાત્ર રીતે પડ્યો. આ ગુરૂકુળોનાં શૈક્ષણિક ક્રમમાં એક બીજી વસ્તુ પણ ધ્યાન ખેંચે તેવી હતી. અને તે વાલીઓ જોડેનો સબંધ. આર્યસમાજ એક

ચોક્કસ આદર્શો ને માન્યતા ધરાવતી હિલચાલ હતી. તેની શિક્ષણ-સંસ્થા તો એક શાળા હતી. આથી બધા આર્યસમાજી ગૃહસ્થોનો સંબંધ આ સંસ્થાઓ સાથે રહેતો. ખાસ કરીને તેના સમારંભોમાં તો વાલીઓ આવતા આમ શાળાનું ભણતર અને ઘરનું વાતાવરણ એ બેની વચ્ચે કુમેળ ન રહેતાં ક્રમશઃ સુમેળ જળવાતો અને આની બાળકોના ચારિત્ર-ઘડતરની સફળતા પર નિશ્ચિત અસર થતી. એક પ્રકારે મા-બાપની એક વાત અને આચાર્યની બીજી વાતના આંતરિક સંઘર્ષમાંથી બચી જવાથી તેમની શક્તિ વિખેરાઇ જતા અટકતી પણ ગમે તેટલું કહેવામાં આવે તો પણ દેશ વૈદિક યુગમાં જઇ શકે તેમ ન હતો અને બીજું આ દેશમાં કેવળ હિન્દુઓ જ ન હતા. મુસલમાનો, પારસીઓ અને ખ્રિસ્તીઓ પણ હતા.

રાષ્ટ્ર માટેનું સ્વમાન આ ગુરુકુળોમાં હતું પણ રાષ્ટ્રીય કેળવણીએ તો તેથી ઘણું આગળ જવાનું હતું. અને તેથી એક બીજો પ્રશ્ન હતો શિક્ષણની પ્રક્રિયાના કેન્દ્રમાં કોણ છે.

સમાજસુધારકો અને આર્યસમાજ બંનેનો હેતુ બાળકનો વિકાસ ન હતો પણ પોતે નક્કી કરેલા કાર્યક્રમ માટે બાળકનો વિકાસ હતો. સ્વરાજ્ય આવતા સ્વરાજ્ય વિકસાવવા ઇચ્છતા રાષ્ટ્રના બંધારણમાં જેમ સામાન્ય નાગરિક જ હોય તે સામાન્ય નાગરિક માટે જ બંધારણ કાયદો-યોજનાઓ બધું હોય તેમ રાષ્ટ્રીય શિક્ષણના કેન્દ્રમાં પણ વિદ્યાર્થી જ હોય. અભ્યાસક્રમ, સમયપત્રક, પરીક્ષા કે ખુદ શિક્ષક પણ ન હોય.

નાગરિક જો કેન્દ્રમાંથી ખસે તો સ્વરાજ્ય પણ ખસી પડે તેમ વિદ્યાર્થી જો કેન્દ્રમાંથી ખસે તો શિક્ષણ જ ધસી પડે. આ વાત બુલંદ અવાજે દક્ષિણામૂર્તિએ ગુજરાતને કહી અને તેના પડછંદા અન્ય પ્રાંતોમાં પણ પડ્યા.

રાષ્ટ્ર એની રેલ્વેઓ, ખાણો, પૂલો કે બંધો પર નથી ઉભું. તે ઉભું છે તેના નાગરિક પર. અને નાગરિકની આધારશિલા છે તેને મળેલ શિક્ષણ.

દક્ષિણામૂર્તિએ આ વાત ગુજરાતના બધા સમજુ વર્ગની પાસે પહોંચાડી કે જો વિદ્યાર્થીને તમે બીકણ, ઘેટા જેવો, ગતાનુગતિક, સ્વયંસ્ફૂર્તિ કે સ્વાધીન-બુદ્ધિ વિનાનો બનાવશો તો રાષ્ટ્ર કદી સ્વાધીન થશે નહીં અને થશે તો પણ રહાશે કે વિકસશે નહીં. પરાધીન મગજવાળાથી સ્વાધીનતા આવે કેમ ? થોરે કેળાં ઉતરે તે અસંભવિત છે. દેશના સ્વાતંય પહેલાં શિક્ષણમાં સ્વાતંત્ર્ય તે દક્ષિણામૂર્તિનું દાન થયું. અને શિક્ષણમાં પણ બાળશિક્ષણ તે તેણે ઢોકી વગાડીને કહ્યું બાળકની જ્યારે ગ્રહણશીલ ઉંમર છે ત્યારે જ તેને આ સ્વાતંત્ર્ય, સ્વયંસ્ફૂર્તિ, સ્વાધ્યાય, બધાંનો અનુભવ કરાવવો જોઇએ.

જળ વહી ગયે શી સોચના ! જો પ્રથમ ન બાંધી પાળ !

એટલે પહેલું નાકું બાળમંદિર. ગુજરાતમાં બાળપૂજાનો યુગ શરૂ થયો. આજે તો બાળમંદિર એ ગુજરાતની કેળવણીનું માનભર્યું અંગ બની ગયું છે. રાજ્ય, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, સૌ તેને મદદ અને ઉત્તેજનને પાત્ર ગણે છે. નવો પ્રયોગ ધીમે ધીમે શિક્ષણતંત્રનો કુદરતી ભાગ કેમ બની જાય છે, તેનો દક્ષિણામૂર્તિનો પ્રયોગ નમૂનો છે. બાળકોને ન મારવાની વાત, વિદ્યાર્થીને લક્ષમાં રાખીને કેળવણી ગોઠવવાનો આગ્રહ આજે ગુજરાતમાં સર્વમાન્ય બન્યો છે; પણ આવા સ્વતંત્ર વિદ્યાર્થીએ પણ છેવટે સમાજમાં જવાનું છે. ભલે તે આ સમાજને પરિવર્તિત કરવા માટે જાય. વિદ્યાર્થી-કેન્દ્રી શિક્ષણની વાત કરતી વખતે પણ આ વાત ન ભૂલાવી જોઇએ.

આ વાત પર ઝોક ગુજરાત વિદ્યાપીઠે આદર્યો. દેશ ગામડાંનો બનેલો છે. આ ગામડાંને જગાડ્યા વિના સ્વરાજ્ય આવવાનું નથી એટલે સ્વતંત્રતામાં ઊછરેલા વિદ્યાર્થીએ પણ આખરે તો દેશને સ્વતંત્ર કરવો હશે તો ગામડાંમાં જવું પડશે-ને ગામડાંને બેઠા કરવાની વિદ્યા હસ્તગત કરવી પડશે. नान्यः पन्थाः—બીજો રસ્તો જ નથી. આથી ગુજરાત વિદ્યાપીઠે પોતાના પ્રયોગો સ્વરાજ્ય લાવવા માટેની કેળવણી પૂરતા મર્યાદિત રાખ્યા.

सा विद्या या विमुक्तये । નો તેનો ધ્યાનમંત્ર મનુષ્યની સર્વ પ્રકારની મુક્તિ અવિદ્યામાત્રમાંથી મુક્તિ—તેવો ગંભીર છે. પણ પોતાના તે કાળના કાર્યક્રમ પૂરતો તો તેનો અર્થ સ્વરાજ્ય લાવી આપવાની કેળવણી તેવો કર્યો. અને સ્વરાજ્ય માટેનાં બધાં રચનાત્મક કાર્યો ચલાવે તથા લડત વખતે સૈનિકો થઈ શકે તેવી એવડી લાયકાતવાળાં સેવકોની હાર તૈયાર કરી. સ્વરાજ્ય પૂર્વના ગુજરાતનું જાહેર જીવન તપાસવામાં આવે તો ગુજરાતના જાહેર-જીવનનું કોઇક જ ક્ષેત્ર એવું બાકી રહ્યું હશે કે જેમાં વિદ્યાપીઠના સ્નાતકોએ પ્રાણ ન પૂર્યો હોય. આજના ગુજરાતના પહેલી હરોળના સેવકોમાંના પણ મહત્ત્વના સ્ત્રી-પુરુષો ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક-સ્નાતિકાઓ હોવાનો સંભવ જ વિશેપ છે. પરંતુ વિદ્યાપીઠના ગ્રામાભિમુખતાના વાતાવરણે શિક્ષણક્ષેત્રે જે ઉત્તમ સ્વરૂપ નિપજાવ્યું તે વેડછી આશ્રમ.

જુગતરામભાઈ, કાકા સાહેબના પરમભક્ત પણ કાકાની જોડે ન રહ્યાં, સીધા આદિવાસીજનોમાં જ એકરસ થવાની તપસ્યા આરંભી. આ તપસ્યાનો કોઈ વૃત્તાંત લખશે ત્યારે ગુજરાત ગૌરવાન્વિત થશે. હું તેમના કામોને દ્રોણાચાર્યનું પ્રાયશ્ચિત કહું છું. વિદ્યા તો કોઈની ખરીદાયેલી બાંદી નથી. તેનું તો જે તેને સેવવા તૈયાર હોય તેના પર પ્રસન્ન થવાનું વ્રત છે. છતાં પુરાણકાળે દ્રોણાચાર્યે એકલવ્યને વિદ્યા ન આપી. વિદ્યાનો દ્રોહ કર્યો-લોકગુરુ થવાને બદલે રાજગુરુ થવાનું પસંદ કર્યું. જુગતરામભાઇએ જાણે આનું પ્રાયશ્ચિત આરંભ્યું. આદિ, મધ્ય ને અંતે આદિવાસીની સેવા જ મળી. આશ્રમને તેની સેવાભૂમિ બનાવી. આજે એ વિસ્તાર આશ્રમે કેળવેલા સેંકડો શિક્ષિત અને સંસ્કારી આદિવાસી ભાઈ-બહેનોથી છવાઈ ગયો છે. આ ભાઈબહેનો અભ્યાસની તેજસ્વિતા, સેવા, તત્પરતા, વહેવારની સૂઝમાં ઉજળિયાત લોકોને ય મોંમાં આંગળી ઘલાવે તેવા આશ્રમો, છાત્રાલયો, લોકાશ્રમો, ઉત્તર બુનિયાદી શાળાઓ, જંગલ સહકારી મંડળીઓ ચલાવી રહ્યાં છે. એક જ પુરુષની સત્સંકલ્પપ્રેરિત કેળવણીથી આખો પ્રદેશ પલટાઈ ગયો છે, અને છેલ્લે છેલ્લે તો આપણા રાષ્ટ્રપતિએ તે જ આશ્રમની ભૂમિ પર ગાંધી ગ્રામ વિદ્યાપીઠનો પાયો પણ નાખ્યો છે.

જુગતરામભાઈ વેડછી આશ્રમને ઘાટઘૂટ આપતા હતા એ અરસામાં જ નાનાભાઇએ ભાવનગર છોડી આંબલામાં ધૂણી ધખાવી. દક્ષિણામૂર્તિએ શિક્ષણશાસ્ત્ર ખિલવ્યું હતું. પણ આખરે એ શાસ્ત્ર

જો ગ્રામપ્રજાને ખપ લાગે તો જ તે શિક્ષણમાંથી રાષ્ટ્રીયશિક્ષણ બને. સાચી તાલિમની બુનિયાદ તો તે ગામડાને ઉપયોગી થાય તે છે તેમ નાનાભાઈને દેખાયું હતું, ને આ ગ્રામોપયોગી શિક્ષણ શોધવા તે ભાવનગર શહેર છોડી આંબલામાં આવ્યા, ત્યાં તેમને લાગ્યું કે બુનિયાદી તાલિમમાં રેંટિયો સંજોગવશાત્ કેન્દ્રમાં રહેતો હોય પણ ગામડાના જીવનમાં ખેતી કેન્દ્રમાં હતી. રેંટિયો ને ગાય તેનાં બે ફેફસાં જરૂર હતાં. આ વિચારે ખેતી-ગોપાલનને કેન્દ્રમાં રાખી પ્રાથમિકથી માંડીને ઉચ્ચ વિદ્યા સુધીના શિક્ષણનો પ્રયોગ કરવા પ્રેર્યા.

ખેતીનું શિક્ષણ નહીં પણ શિક્ષણમાં ખેતી. સાચું રાષ્ટ્રીયશિક્ષણ ખેતીની આજુબાજુ રચાય અને તેમાંથી વિદ્યાર્થીમાં વિકાસ સાધે. આંબલાના સોળ વર્ષ તેમણે પહેલા અગિયાર ધોરણના અભ્યાસક્રમ અને તેનો વહેવાર નિશ્ચિત કરવામાં ગાળ્યાં. સ્વરાજ્ય આવતાં તે અભ્યાસક્રમ ગુજરાત રાજ્યના ઉત્તર બુનિયાદી અભ્યાસક્રમનો પાયો બન્યો.

આ નાનાભાઈના પ્રયોગનું સુફળ છે. પણ નાનાભાઈ તેટલેથી ન બેસી રહ્યા. તેમને એ સ્પષ્ટ ખ્યાલ હતો કે આ પ્રયોગને આગળ લઈ જવો પડશે જ. કારણ કે પ્રજા જીવનમાં અને શિક્ષણમાં સળંગ સૂત્રતા જાળવવી હોય તો માત્ર પ્રાથમિક અને માધ્યમિક કેળવણીનો જ વિચાર કર્યે નહીં ચાલે; ઉચ્ચ કેળવણીમાં નવા ચીલા પાડવા પડશે. તેમણે આંબલામાં એકથી અગિયાર ધોરણ સુધી એટલે પ્રાથમિક અને માધ્યમિક બન્ને કક્ષાના પ્રયોગ કરી આલેખ તૈયાર કર્યો હતો.

લોકભારતી દ્વારા તેમણે ઉચ્ચવિદ્યા કેમ રાષ્ટ્રીય બને તે ચીલો પાડ્યો.

આમ 'લોકભારતી'એ અગાઉ ગણાવેલા પ્રયોગોનો નિચોડ તો સ્વીકારી લીધો પણ વિશેષમાં દેશની જેને પ્રથમ જરૂર હતી તે જે નથી થયું ને જેથી આપણી યોજનાઓનો રથ મધ્ય રસ્તે થંભી ગયો છે, ને ખેતી અને ગોપાલનના વિકાસનાં શિક્ષણ અને સંસ્કારને સૌ માટે અનિવાર્ય ગણ્યો. 'લોકભારતી' ત્રણ પ્રકારના સ્નાતકો તૈયાર કરી રાજ્યના ગ્રામવિસ્તારોમાં મોકલે છે. ખેતી-ગોપાલન, ગ્રામ આયોજન તથા ગ્રામ ઉદ્યોગો અને લોકશિક્ષણના. પણ આ ત્રણેને માટે ખેતી અને ગામડાના મુખ્ય પ્રશ્નોની જાણકારી અનિવાર્ય છે. ભારતીય નાગરિકની ઉચ્ચ વિદ્યામાં આ અનિવાર્ય ભાગું ગણેલ છે.

ઉચ્ચ વિદ્યા લઈ આ દેશના જીવન પ્રવાહને વળાંક આપવાની જવાબદારી જેમના પર આવવાની છે તે માત્ર ટેકનીકલ માણસો બને તેમાં જોખમ છે. સી. પી સ્નોને ઈંગ્લાંડમાં અને જગતના આગળ વધેલા દેશોમાં જે બે સંસ્કૃતિ ઊભી થતી દેખાય છે, તેનો ઉપાય ટેકનીકલ અને માનવવિદ્યાઓનો યોગ્ય પ્રમાણમાં સમન્વય છે. લોકભારતીનો ધ્યાનમંત્ર જ ઈશોપનિષદ્‌માંથી લેવાયો છે—

विद्यां च अविद्यां च
यस्तद्वेदोऽभयं सह ।
अविद्यया मृत्युं तीर्त्वा
विद्ययाऽमृतमश्नुते ॥

વિદ્યા (માનવવિદ્યાઓ) અને અવિદ્યા (ભૌતિક વિદ્યાઓ) જે સાથે જાણે છે, તે અવિદ્યાની મદદથી મૃત્યુ (મૃત્યુલોકના દુઃખો) ને તરી, અમૃત (ચિત્તશાંતિ)ને પામે છે. એટલે જ તો લોકભારતીના ખેતી સ્નાતકને શાકુન્તલ અને માર્ક્સનો પરિચય પણ થાય છે.

વિદ્યાના વિસ્તાર કરવાની કળાને વિદ્યા પ્રાપ્તિનું અને પ્રાપ્તિ થઈ છે કે નહીં તેની કસોટીનું એક આવશ્યક અંગ આ પ્રયોગમાં ગણાયું છે. એથી એ સ્નાતકોએ આજુબાજુના ગામડાંમાં તેમ જ પછાતપ્રદેશમાં સ્નાતક થતાં પહેલાં આયોજિત કામ કરવાનું હોય છે. આનાથી તે ગામોની ખેતી કે સહકારી પ્રવૃત્તિને લાભ થાય છે અને સ્નાતક થનારને પ્રત્યક્ષ જીવનનો અનુભવ મળે છે. આ માટે આ સ્નાતકો છેક નેફા, બિહાર કે સિક્કીમ સહરદ સુધી પણ જરૂર મુજબ ગયા છે.

ગુજરાતી પ્રજા ગુણગ્રાહી અને દીર્ઘદૃષ્ટિવાળી છે. તેની આજુ-બાજુના વિશાળ દરિયાએ તેને મુક્ત મને વિચારવાની થોડી આદત પાડી છે. આથી 'લોકભારતી'ના પ્રયોગને પણ ગુજરાતે આવકાર્યો છે. રાજ્યે તેને સ્વીકૃત કર્યો છે અને નવી થયેલ બન્ને યુનિવર્સિટી-ઓમાં તે ઉચ્ચવિદ્યા ફેકલ્ટીમાં શરૂ કરવાનો નિર્ણય કર્યો છે. આ વસ્તુ બતાવે છે કે ગુજરાતની સંસ્કૃતિમાં શુભતત્ત્વોને પચાવતા રહેવાનું જે બળ છે તે ખૂટ્યું નથી. હમણાં જ જાણ થઇ છે કે ઉત્તર ગુજરાતમાં ત્યાંના લોકસેવકો પણ આવી જ એક ગ્રામ વિદ્યા-પીઠ ઊભી કરી રહ્યા છે.

ગુજરાતમાં થયેલાં પ્રયોગોમાંનો એક પ્રયોગ ગુજરાતમાં વિસરાઇ ગયો દેખાય છે તે ચિંતાપ્રદ છે તે તરફ ધ્યાન ખેચવું જોઇએ.

પહેલાં ચરોત્તર એજ્યુકેશન સોસાયટી મારફત ને પછી વડોદરા રાજ્ય મારફત સાધુચરિત મોતીભાઇ અમીને વડોદરારાજ્યને પુસ્તકા-લય પ્રવૃત્તિથી ધમધમતું કર્યું હતું. આજે પણ જૂના વડોદરા રાજ્યોનાં ગામોમાં વિવિધ વાચનની ઇષ્ટ અસર નાબુદ થઇ નથી. હાલમાં તે પ્રવૃત્તિનો વિસ્તાર તો નથી થયો પણ મંદ પડી ગઇ છે.

'લોકશાહી'માં મતદારો પોતાનો મત યોગ્ય રીતે આપે તેવું ફરજિયાત નથી પણ ઘણું જરૂરી છે. અને યોગ્ય રીતે મત આપવા માટે તેની પાસે પૂરતી માહિતી હોવી જોઈએ. આ માહિતી પક્ષોએ આપેલી ન ચાલે. જે પક્ષમાં નથી તેવા તટસ્થ મંડળો, પુસ્તિકાઓ, ચર્ચાપરિષદો, પાક્ષિકો, માસિકો, ગ્રન્થો ને શિબિરો દ્વારા આ માહિતિ મળવી જોઇએ. રાજાઓના નિર્ણય પર પ્રજાજીવનનો આધાર હતો ત્યારે શાસ્ત્રકારોએ રાજાની કેળવણી અને ચારિત્ર્ય ઘડતર પર ખૂબ ભાર મૂકેલો આજે પ્રજા જ રાજા છે. એટલે તેની કેળવણી અને ચારિત્ર્ય ઘડતર અત્યંત મહત્ત્વનાં બને છે. એવે વખતે મોતીભાઈ અમીને ચલાવેલી પ્રવૃત્તિને ફરી કેળવણીમાં મહત્ત્વનું સ્થાન મળે તે બહુ જરૂરી છે સુજ્ઞ લોકો આ વિશે વિચારશે તેવી આશા રાખીએ છીએ કેળવણી કોઈ એકદંડિયો મહેલ નથી. તે તો રાષ્ટ્રના નસે-નસમાં વહેતો પ્રાણ છે; તેણે પ્રજાજીવનને પોષનારા ને રૂંધનારાં બળોનાં સંપર્કમાં રહી ઉપાયો શોધ્યા જ કરવાના છે આમ બને તો જ જીવનમાં શાંત ફેરફારો થયા કરે ને વિકાસની ગતિ અવિરત ચાલે. ગુજરાતનાં કેળવણી પ્રયોગો આની સાબિતિ છે. (શ્રી દિલ્હી ગુજરાતી સમાજ હીરક જયંતી મહોત્સવ-સ્મૃતિગ્રંથમાંથી સાભાર)

Gram : MAHARANA Ph

ભારતભરમાં મશહુર

—. છાપેલી સાડીઓના ઉત્પાદકો :—

**શ્રી પટેલ ટેક્ષટાઇલ ડાઈંગ**

**એન્ડ પ્રીન્ટીંગ ઇન્ડસ્ટ્રીઝ**

તથા

**મહારાણા ફેબ્રીકસ**

જેની સાડીઓની ડીઝાઇન આધુનીક હોય છે

રંગ પાકા હોય છે

કાપડ ખાત્રીવાળુ હોય છે

પટેલ બિલ્ડીંગ, ફુલવાડી, સ્ટેશન રોડ,

જેતપુર ( ગુજરાત )

દરેક જાતના

❋ લો ટેમ્સન ❋ ઈન્સ્યુલેટર્સ

❋ કપરકાબી તથા ❋ રમકડાં

બનાવનાર

**શ્રી વાસુકી પોટરી વર્કસ**

વાસુકી પ્લોટ,

**થાનગઢ.**

---

: સોલ ડીસ્ટ્રીબ્યુટર્સ :

**મે. સી. કોઠારી એન્ડ કું.**

૯, ચીંચબંદર, મુંબઈ.

---

જેમાં ગુજરાતની ખાનદાની અને સંસ્કારીતાના દર્શન પ્રગટ થઈ રહ્યા છે તે ખાસ પ્રકાશન પ્રસંગે

શુભેચ્છા પાઠવે છે

**શ્રી ડુંડાસ સેવા સહકારી મંડળી**

**મુ. ડુંડાસ**

( તાલુકો : મહુવા ) ( જિલ્લો : ભાવનગર )

સ્થાપના તારીખ : ૨૬–૮–૧૯૫૪ નોંધણી નંબર : ૯૦૩

શેરભંડોળ : ૫૦૦૦૦–૦૦ (આસપાસ) સભ્ય સંખ્યા : ૧૨૫

**જસમત નારણ**
મંત્રી

**છગનલાલ નારણભાઈ પટેલ**
પ્રમુખ

રાસાયણિક ખાતરો, સુધરેલ બીયારણ તેમજ ખેડૂતોની અન્ય જીવન જરૂરીયાતની વસ્તુઓ પૂરી પાડે છે.

આ વિભાગમાં **સહકારી ક્ષેત્રે** આગળ પડતી સંસ્થા છે.

— વ્યવસ્થાપક કમિટીના સભ્યો —

(૧) પરશોતમ રામજી (૨) તુળશીદાસ રણછોડ (૩) રામભાઈ જેડાભાઇ

(૪) રજાહુસેન રેમુભાઇ (૫) મોહનભાઈ આંબાભાઈ



# ગુજરાતની સમૃદ્ધિ

—શ્રી વશરામભાઈ વાઘેલા

જેના ખોળામાં જન્મીને ઉછર્યા છીએ, જે આપણું કાળજું છે, જે આપણો આત્મા છે, જે આપણી લક્ષ્મી છે, જે આપણો શ્વાસ અને પ્રાણ છે. જે આપણાં હૃદયની મોંઘામાં મોંઘી મૂડી છે તે ગુજરાત, ગુર્જરદેશ–ગુર્જર મંડળ, ગુર્જરતા અને ગુજ્જરતા એવા વિવિધ નામોથી પ્રાચીન ગ્રંથોમાં જેના ઉલ્લેખ મળી આવે છે. તે પ્યારી જન્મભૂમિ ગુજરાતનું રક્ષણ, ઉત્તરે જગતજનની મા અંબાજી, પૂર્વે જોગમાયા મા મહાકાળી તથા પશ્ચિમે ભગવાન સોમનાથ અને દ્વારકાધિશ અને દક્ષિણમાં કુંતેશ્વર મહાદેવ કરી રહ્યા છે. કવિ નર્મદ પણ કહી ગયા છે કે,

જય જય ગરવી ગુજરાત
જય જય ગરવી ગુજરાત
ઉત્તરમાં અંબા માત, પૂરવમાં કાળી માત,
છે દક્ષિણ દિશામાં કરંત રક્ષા કુંતેશ્વર મહાદેવ;
જય જય ગરવી ગુજરાત.

ગુજરાત એવું સૌ પ્રથમ નામ આચાર્ય હેમચંદ્રનાં 'હૈમવ્યાકરણ' માંથી મળે છે. ત્યાર બાદ લગભગ ૭૫૨ વષ પહેલાં એટલે કે ઈ. સ. ૧૨૭૬માં કવિ નાલ્હે ' વીસલદેવરાસા ' માં ' દિયો દેશ મંડવરો, સમદ સારી ગુજરાત. " એમ ' સોરઠ ' સાથે ગુજરાતનો ઉલ્લેખ કરેલો છે. એટલું જ નહીં પણ ગુજરાત–સોરઠનો ઓતપ્રોત ગાઢ સ્નેહ પણ હશે, તેવી કવિ નાલ્હના " વીસલદેવરાસા " માંથી પ્રતીતિ મળે છે. કવિ નર્મદે પણ પોતાનાં " જય જય ગરવી ગુજરાત" એ કાવ્યમાં ' સોમનાથ ને દ્વારકેશ એ પશ્ચિમ કેરા દેવ ' કહીને સૌરાષ્ટ્ર સહિતનાં ગુજરાતની જ કલ્પના કરી છે. અને ૧ લી મે, ૧૯૬૦ થી અસ્તિત્વમાં આવેલ અત્યારનું ગુજરાત રાજ્ય પણ કચ્છ સહિત સૌરાષ્ટ્ર અને મૂળ અગર તળ ગુજરાતની ત્રિભૂમિ પર જ પથરાયેલું છે ને ?

### (૧) પ્રાકૃતિક સીમા—

ભારતના પશ્ચિમ કિનારા પર ૨૦'૧ અને ૨૪'૭ ઉત્તર અક્ષાંશ તથા ૬૮'૪ અને ૭૪'૪ રેખાંશે આવેલું ' ગુજરાત ' તે ભારતના પશ્ચિમ સાગરકિનારા પર મહત્વનો એક પ્રદેશ છે.

ગુજરાતની પશ્ચિમે અરબી સમુદ્ર અને વાયવ્યમાં કચ્છનો અખાત આવેલા છે. તેની ઉત્તરે કચ્છનું નાનું રણ અને મેવાડનો રણપ્રદેશ આવેલા છે. તથા તેની ઈશાન બાજુએ આબુની ગિરિમાળા આવેલી છે. તેની પૂર્વમાં જંગલ પ્રદેશ છે. જેની ઉત્તર બાજુએ વિન્ધ્ય પર્વતની હારમાળા આવેલી છે.

### (૨) ભૂરચના—

ગુજરાતની ભૂરચના જોતાં કુદરતની કલમ વડે તેનાં ત્રણ વિભાગ પડી ગયેલા માલુમ પડે છે. (૧) મૂળ ગુજરાતનું મેદાન, (૨) સૌરાષ્ટ્ર તથા કચ્છનો ડુંગરાળ દ્વિપકલ્પનો પ્રદેશ અને (૩) ઉત્તર પૂર્વનો પહાડી પ્રદેશ.

૧—મૂળ ગુજરાતનું મેદાન

ઉત્તરમાં બનાસનદીથી માંડી કચ્છનું રણ, અને અરવલ્લીનાં ડુંગરોથી માંડીને છેક દક્ષિણ છેડે કુંતેશ્વર મહાદેવ અને દમણગંગા નદી સુધીનો પ્રદેશ તે તળ અગર મૂળ ગુજરાતનાં નામે ઓળખાય છે. એ સપાટ રસાળ મેદાનનો પ્રદેશ છે.

આ મોટા પ્રદેશનાં ત્રણ વિભાગ પડે છે.

(૧) ઉત્તર ગુજરાત, (૨) મધ્ય ગુજરાત અને (૩) દક્ષિણ ગુજરાત.

(૧) ઉત્તર ગુજરાત:

બનાસનદી તથા સાબરમતી નદી વચ્ચેનો પ્રદેશ, કાંકરેજ, વઢિયાર અને ભાલ. આ પ્રદેશને ઉત્તર ગુજરાત કહે છે. ઘાસ અને ઘઉં પુષ્કળ પ્રમાણમાં થાય છે.

ઉત્તર ગુજરાતમાં બનાસકાંઠા, સાબરકાંઠા અને અમદાવાદ તે ત્રણ જિલ્લાઓ છે.

(૨) મધ્ય ગુજરાત:

સાબરમતી નદીથી તાપી નદી વચ્ચેનો પ્રદેશ, તે મધ્ય ગુજરાત કહેવાય છે. તેનાં પણ ત્રણ પેટા વિભાગ પડે છે. (૧) સાબરમતીથી મહી વચ્ચેનાં પ્રદેશને ચરોત્તર કહે છે. (૨) મહીથી ઢાઢર વચ્ચેના પ્રદેશને વાંકળ કહે છે. (૩) ઢાઢરથી નર્મદા વચ્ચેના પ્રદેશને કાનમ કહે છે.

(૩) દક્ષિણ ગુજરાત:

તાપી નદીથી દમણગંગા વચ્ચેનો પ્રદેશ દક્ષિણ ગુજરાત ગણાય છે.

૨—સૌરાષ્ટ્ર–કચ્છનો દ્વિપકલ્પ પ્રદેશ

એક બાજુ કચ્છનો અખાત, બીજી બાજુ અરબી સમુદ્ર અને ત્રીજી બાજુ ખંભાતનો અખાત, અને ચોથી બાજુ અમદાવાદ જિલ્લાની વચ્ચેનો પ્રદેશ તે સૌરાષ્ટ્ર અને કચ્છનાં અખાતને અડીને આવેલ કચ્છ અને તેનો રણ પ્રદેશ તે કચ્છ, આ પ્રદેશની વચ્ચે ડુંગરાઓની હારમાળાઓ આવેલી હોયને તે સૌરાષ્ટ્ર–કચ્છનો દ્વિપકલ્પ ડુંગરાળ પ્રદેશ તરીકે પણ ઓળખાય છે.

૩—ઉત્તર પૂર્વનો પહાડી પ્રદેશ

દમણગંગાથી પૂર્વ તરફ પાવાગઢ સુધીના પ્રદેશને ઉત્તર પૂર્વનો પહાડી પ્રદેશ કહે છે. એમાં રાજપીપળા, ડાંગ અને પંચમહાલનાં

ગીચ જંગલોનો સમાવેશ થઈ જાય છે. તથા આબુ, આરાસુર, અરવલ્લીનાં ડુંગરો, વિન્ધ્ય, સાતપૂડા અને પશ્ચિમઘાટની શાખારૂપ ડુંગરો આ પ્રદેશમાં આવે છે.

### (૩) જિલ્લા અને તાલુકા :

કુદરતી કલમે ઉપર પ્રમાણેનાં ત્રણ વિભાગમાં વહેંચાયેલ અને લગભગ ૭૨૧૩૮ ચોરસ માઈલનો વિસ્તાર ધરાવતા ગુજરાત રાજ્યનાં વહીવટ માટે માનવ કલમે અઢાર જેટલા જિલ્લાઓ અને ૧૮૪ જેટલા તાલુકાઓ બનાવ્યા છે. તે નીચે પ્રમાણે છે :

| ક્રમ. | જિલ્લાનું નામ | | તાલુકાનું નામ |
|---|---|---|---|
| (૧) | અમદાવાદ | ૧ | અમદાવાદ |
| | | ૨ | દસક્રોઇ |
| | | ૩ | દહેગામ |
| | | ૪ | ધંધુકા |
| | | ૫ | ધોળકા |
| | | ૬ | વિરમગામ |
| | | ૭ | સાણંદ |
| (૨) | અમરેલી | ૮ | અમરેલી |
| | | ૯ | બાબરા |
| | | ૧૦ | ધારી |
| | | ૧૧ | જાફરાબાદ |
| | | ૧૨ | ખાંભા |
| | | ૧૩ | કોડીનાર |
| | | ૧૪ | કુંકાવાવ |
| | | ૧૫ | લાઠી |
| | | ૧૬ | રાજુલા |
| (૩) | કચ્છ* | ૧૭ | ભૂજ |
| | | ૧૮ | ભચાઉ |
| | | ૧૯ | અંજાર |
| | | ૨૦ | અબડાસા |
| | | ૨૧ | ખાડિર |
| | | ૨૨ | લખપત |
| | | ૨૩ | માંડવી |
| | | ૨૪ | ખાવડા |
| | | ૨૫ | નખત્રાણા |
| | | ૨૬ | રાપર |
| | | ૨૭ | મુન્દ્રા |
| (૪) | ખેડા | ૨૮ | આણંદ |
| | | ૨૯ | બોરસદ |
| | | ૩૦ | ખંભાત |
| | | ૩૧ | વાડાસિનોર |
| | | ૩૨ | માતર |
| | | ૩૩ | કપડવંજ |
| | | ૩૪ | મહેમદાવાદ |
| | | ૩૫ | પેટલાદ |
| | | ૩૬ | નડીઆદ |
| | | ૩૭ | ઠાસરા |
| (૫) | જૂનાગઢ | ૩૮ | જૂનાગઢ |
| | | ૩૯ | ભેંસાણ |
| | | ૪૦ | કુતિયાણા |
| | | ૪૧ | કેશોદ |
| | | ૪૨ | માળિયા(હાટીના) |
| | | ૪૩ | માંગરોળ |
| | | ૪૪ | માણાવદર |
| | | ૪૫ | મેંદરડા |
| | | ૪૬ | વેરાવળ–પાટણ |
| | | ૪૭ | તાલાળા(ગીર) |
| | | ૪૮ | ઊના (સોરઠ) |
| | | ૪૯ | વંથળી |
| | | ૫૦ | પોરબંદર |
| | | ૫૧ | રાણાવાવ |
| | | ૫૨ | વિસાવદર |
| | ડાંગ | ૫૩ | આહવા (ડાંગ) |
| (૬) | પંચમહાલ | ૫૪ | ગોધરા |
| | | ૫૫ | દાહોદ |
| | | ૫૬ | હાલોલ |
| | | ૫૭ | બારિયા ( દેવગઢ ) |
| | | ૫૮ | જાંબુઘોડા |
| | | ૫૯ | કાલોલ |
| | | ૬૦ | લીમખેડા |
| | | ૬૧ | ઝાલોદ |
| | | ૬૨ | લુણાવાડા |
| | | ૬૩ | સંતરામપુર |
| | | ૬૪ | શહેરા |
| (૭) | જામનગર | ૬૫ | જામનગર |
| | | ૬૬ | જામજોધપુર |
| | | ૬૭ | ધ્રોળ |
| | | ૬૮ | ભાણવડ |
| | | ૬૯ | જોડિયા |
| | | ૭૦ | કલ્યાણપુર |
| | | ૭૧ | કાળાવડ ( શિતળા ) |
| | | ૭૨ | ખંભાળિયા |
| | | ૭૩ | ઓખામંડળ–દ્વારકા |
| | | ૭૪ | લાલપુર |
| (૮) | રાજકોટ | ૭૫ | રાજકોટ |
| | | ૭૬ | ધોરાજી |
| | | ૭૭ | જસદણ |
| | | ૭૮ | જામ કંડોરણા |
| | | ૭૯ | ગોંડળ |
| | | ૮૦ | જેતપુર |

| | | | |
|---|---|---|---|
| | | ૮૧ | માળિયા (મિંયાણી) |
| | | ૮૨ | લોધિકા |
| | | ૮૩ | કોટડા (સાંગાણી) |
| | | ૮૪ | પડધરી |
| | | ૮૫ | મોરબી |
| | | ૮૬ | ઉપલેટા |
| | | ૮૭ | વાંકાનેર |
| (૯) | બનાસકાંઠા | ૮૮ | રાધનપુર |
| | | ૮૯ | દાંતા |
| | | ૯૦ | ડીસા |
| | | ૯૧ | ધાનેરા |
| | | ૯૨ | દિયોદર |
| | | ૯૩ | પાલનપુર |
| | | ૯૪ | કાંકરેજ |
| | | ૯૫ | સાંથલપુર |
| | | ૯૬ | વડગામ |
| | | ૯૭ | થરાદ |
| | | ૯૮ | વાવ |
| (૧૦) | ભાવનગર | ૯૯ | ભાવનગર |
| | | ૧૦૦ | સિહોર |
| | | ૧૦૧ | પાલિતાણા |
| | | ૧૦૨ | મહુવાબંદર |
| | | ૧૦૩ | સાવરકુંડલા |
| | | ૧૦૪ | ગારિયાધાર |
| | | ૧૦૫ | બોટાદ |
| | | ૧૦૬ | ગઢડા (સ્વામી) |
| | | ૧૦૭ | ઘોઘા |
| | | ૧૦૮ | તળાજા |
| | | ૧૦૯ | ઉમરાળા |
| | | ૧૧૦ | વલ્લભીપુર |
| (૧૧) | ભરુચ | ૧૧૧ | ભરુચ |
| | | ૧૧૨ | અંકલેશ્વર |
| | | ૧૧૩ | આમોદ |
| | | ૧૧૪ | હાંસોટ |
| | | ૧૧૫ | દેડિયાપાડા |
| | | ૧૧૬ | જંબુસર |
| | | ૧૧૭ | નાંદોદ |
| | | ૧૧૮ | વાગરા |
| | | ૧૧૯ | ઝઘડિયા |
| | | ૧૨૦ | સત્રબરા |
| | | ૧૨૧ | વલિયા |
| (૧૨) | મહેસાણા | ૧૨૨ | મહેસાણા |
| | | ૧૨૩ | સિદ્ધપુર–પાટણ |
| | | ૧૨૪ | સમી |
| | | ૧૨૫ | વિસનગર |
| | | ૧૨૬ | વિજાપુર |
| | | ૧૨૭ | હારીજ |
| | | ૧૨૮ | કડી |
| | | ૧૨૯ | ચાણસ્મા |
| | | ૧૩૦ | ખેરાળુ |
| | | ૧૩૧ | કલોલ |
| (૧૩) | વડોદરા | ૧૩૨ | વડોદરા |
| | | ૧૩૩ | ડભોઇ |
| | | ૧૩૪ | છોટાઉદેપુર |
| | | ૧૩૫ | જંબુગામ |
| | | ૧૩૬ | કરજણ |
| | | ૧૩૭ | પાદરા |
| | | ૧૩૮ | નસવાડી |
| | | ૧૩૯ | સંખેડા |
| | | ૧૪૦ | વાઘોડિયા |
| | | ૧૪૧ | સિનોર(વાડાસિનોર) |
| | | ૧૪૨ | સાવલી |
| (૧૪) | વલસાડ | ૧૪૩ | વલસાડ |
| | | ૧૪૪ | વાસંદા |
| | | ૧૪૫ | ધરમપુર |
| | | ૧૪૬ | ચીખલી |
| | | ૧૪૭ | નવસારી |
| | | ૧૪૮ | ગણદેવી |
| | | ૧૪૯ | ઉંમરગામ |
| | | ૧૫૦ | પારડી |
| (૧૫) | સુરત | ૧૫૧ | સુરત |
| | | ૧૫૨ | બારડોલી |
| | | ૧૫૩ | મહુવા |
| | | ૧૫૪ | કામરેજ |
| | | ૧૫૫ | ચોર્યાશી |
| | | ૧૫૬ | માંગરોળ |
| | | ૧૫૭ | માંડવી |
| | | ૧૫૮ | ઓલપાડ |
| | | ૧૫૯ | સોનગઢ |
| | | ૧૬૦ | વ્યારા |
| | | ૧૬૧ | વાલોડ |
| | | ૧૬૨ | ઓચ્છલ |
| | | ૧૬૩ | પલસાણા |
| (૧૬) | સુરેન્દ્રનગર | ૧૬૪ | વઢવાણ |
| | | ૧૬૫ | ચોટીલા |
| | | ૧૬૬ | ધ્રાંગધ્રા |
| | | ૧૬૭ | દસાડા |
| | | ૧૬૮ | હળવદ |

| | | | |
|---|---|---|---|
| | | ૧૬૯ | લીંબડી |
| | | ૧૭૦ | મૂળી |
| | | ૧૭૧ | સાયલા |
| | | ૧૭૨ | લખતર |
| (૧૭) | ગાંધીનગર | ૧૭૩ | ગાંધીનગર |
| (૧૮) | સાબરકાંઠા | ૧૭૪ | હિંમતનગર |
| | | ૧૭૫ | બાયડ |
| | | ૧૭૬ | ઇડર |
| | | ૧૭૭ | માલપુર |
| | | ૧૭૮ | ભિલોડા |
| | | ૧૭૯ | ખેડબ્રહ્મા |
| | | ૧૮૦ | મેઘરજ |
| | | ૧૮૧ | મોડાસા |
| | | ૧૮૨ | પ્રાંતિજ |
| (૩) | ન કચ્છ* | ૧૮૩ | કંડલા (ગાંધીધામ) |

## (૪) ડુંગરા-પહાડો–

આમ જોઇએ તો તળ ગુજરાતનો પ્રદેશ હથેળી જેવો સપાટ છે. તો પણ દક્ષિણ ગુજરાતમાં સહ્યાદ્રીનાં પહાડો શરૂ થાય છે. તેમાં સોનાઇમાતા, દેવવરો અને રતનમાળ જેવા ડુંગરાઓ આવેલા છે. તો ગુજરાતનાં દ્વારરક્ષકો તરીકે ઉભેલી ઉત્તર અને પૂર્વની હારમાળા અને તેમાં આવેલાં સાતપૂડા, પાવાગઢ, અરવલ્લી અને આરાસુરનાં પહાડો આવેલા છે.

ત્રણ બાજુ સમુદ્રનાં પાણી અને એક બાજુ તળ ગુજરાતને જોડતો માર્ગ ધરાવતા સૌરાષ્ટ્રનાં દ્વિપકલ્પનો પ્રદેશ એક સરખો નથી. તેમાં પર્વતો અને ડુંગરાઓ પુષ્કળ આવેલાં છે. તે પર્વતો એક-બીજાને સમાન્તર ઉત્તર–પૂર્વ ને દક્ષિણ–પશ્ચિમ પડ્યા છે. આથી તેનાં ઉત્તર તરફથી હારમાળા અને દક્ષિણ તરફની હારમાળા એવાં બે વિભાગ પડી જાય છે.

ઉત્તર તરફની હારમાળામાં સમુદ્રની સપાટીથી ૯૦૦થી ૨૦૦૦ ફૂટની ઊંચાઇવાળા ડુંગરાઓ આવેલા છે. તેમાં બરડો, ચોટીલો, મદાવો, ઠાંગો, આલેચના, કન્ડોલા, ઓશમ, ગોપ અને આભ-પુરાનાં ડુંગરો જાણીતા છે.

દક્ષિણનાં પર્વતોની હારમાળા માંગરોળથી શરૂ થઇ, ગિરનાર ડુંગરને છૂટો પાડી, ઇશાને ગોળાકારમાં કિનાગની સાથે સાથે આગળ વધી શેત્રુંજી નદી આગળ ભોંય સરસી થઇ વળી પાછી સામે કાંઠેથી મગરનાં બરડાની જેમ દેખાવ આપી શિહોરની પડો-શમાં સમાઇ જાય છે. તેમાં ગિરનાર, દાતાર, મોરધાર, મોતિયાળા, શેત્રુંજય, લામધાર, લોન્ચ, ખોખરા, કદમ્બગિરી, હસ્તગિરિ, તળા-જાની ટેકરી, સાણા, નાંદીવેલો અને શિહોરનાં ડુંગરાઓ આવેલા છે. તથા સરધારની દિવાલનાં નામે જાણીતી ૪૦ થી ૧૦૦ ફૂટ ઊંચી અને ૮ થી ૧૨ ફૂટ પહોળી સરધારની દિવાલ આવેલી છે.

કચ્છની એક બાજુ કચ્છનો અખાત તથા ઉપર કચ્છનું મોટું રણ અને બાજુમાં નાનું રણ આવેલ છે. આમ આ પ્રદેશ તે રણપ્રદેશ હોવાથી ત્યાં કોઇ મોટા ડુંગરાઓ નથી. પણ છે તે રણ રૂપી પાથરણામાં પથરાયેલ ચોપાટનાં સોગઠાં જેવા ખદિર, નીલવો, ચિત્રાધાર, લકી, ચાવડો અને ધણોધર નામનાં નાનાં ડુંગરાઓ આવેલા છે.

આ બધા ડુંગરોમાં ગુજરાત પાસે સૌથી ઊંચો પહાડ ગિરનાર છે.

સમુદ્રની સપાટીથી ૧૦૦૦ મીટરની ઊંચાઇએ આવેલા ગુજ-રાતનાં સૌથી ઊંચા સાપુતારા અને ડોન ગામ છે.

રૂના ઢગલા જેવા આરસપથ્થરનાં બનેલ આરાસુર અને આબૂનાં ડુંગરોને બાદ કરતાં બાકીનાં ડુંગરો અને હારમાળાઓ રેતીપથ્થર તથા ગ્રેનિટ અને ટ્રેપ પથ્થરના બનેલા છે.

## (૫) જંગલો–

પૂર્વનાં પહાડી પ્રદેશમાં ડાંગ, વ્યારા અને સુરતથી પંચમહાલ સુધીનાં જંગલો આવેલાં છે. તેમાં છોટાઉદેપુર, સાબરકાંઠા, બનાસ-કાંઠા અને બારીઆ તથા વચ્ચે વાસંદા, ધરમપુર અને રાજપીપળાનાં જંગલો આવ્યા છે.

ઊંચા–ઊંચા પહાડો, ઊંડી ઊંડી કોતરો અને કરાડો ઉપર આ જંગલો આવેલા છે. અને તેમાં સાગ, સીસમ, સાદડ, બોરડી, ખીવલો, હળદરવા, ખેર, ખાખરાં, હરડાં, બેડાં, આંબળા, મહુવા જેવા ઇમારતી લાકડાંનાં ઝાડો ઉપરાંત વાંસ અને ઘાસ પુષ્કળ પ્રમાણમાં ઊગે છે. લાખ અને ગુંદર પણ આ જંગલોની પેદાશ છે.

ત્રણ મીટર લાંબા વાઘ ઉપરાંત વરૂ, ચિત્તા, રીંછ, સાબર, સસલાં, ડુક્કર, ઝરખ, જંગલી બિલાડાં, બકરાં વિગેરે જંગલી પશુઓ, ઘૂવડ, ચીબરી, જંગલી મોર, મરઘાં, લીલા કબૂતર, પોપટ, ચકલી, કાળા કાગડા વિગેરે વિવિધ પક્ષીઓ, કાચબિયા, ફોડચી, ચીત્તળ, ધામણ, અજગર અને કાળા–કાબરા અનેક પ્રકારનાં પેટે ચાલનારા જીવો ઉપરાંત જેનાં ઝેરમાંથી મુંબઇની હાફકીન સંસ્થા ઇન્જેકશનો બનાવે છે તે સાપો પણ આ જંગલમાં રહે છે

પહાડના કટકા જેવાં જ રાનીપરજ, ભીલ, ધારાળા, ચોધરી અને નાયકડા જેવી આદિવાસી જાતિઓ આ જંગલોમાં વસે છે. અને પોતાનાં જીવનનિર્વાહ માટે લાકડાં કાંપી વેચે છે, કોલસા પાડી તે વેચે છે, દેશી દવાઓ માટે ઉપયોગી મૂળિયાં, વેલાં, છાલ, છોડવા અને ફળો વીણી વેચે છે. વાંસ અને ખજૂરીના પાનમાંથી ટોપલાં-ટોપલી. અને બીજાં રમકડાં બનાવે છે અને વેચે છે. જંગલી પ્રાણીઓ અને પક્ષીઓને પકડી તેનું પણ વેચાણ કરે છે. ભીલ લોકો થોડી ઘણી ખેતી કરી મકાઇ, કોદરા, બાવટો, બાજરી, ડાંગર અને થોડાંએક કઠોળ પકવે છે.

જંગલમાં રહેનારાં આ આદિવાસી લોકો મહાકાળીનાં પરમભક્ત છે. દેખાવે રોગિષ્ટ, દુબળાં અને ફીકણાં દેખાય છે

સૌરાષ્ટ્રનો ઉત્તર ભાગ રેતાળ, મધ્ય ભાગ ડુંગરાળ અને દક્ષિણ ભાગ રસાળ છે. તેમાં ૨૦ માઇલ પહોળું અડતાલીશ માઇલ લાંબુ એવું ગિરનું જંગલ પથરાયેલું પડ્યું છે. તેમાં સાગ, સીસમ, ખેર, ખાજડા, ખાખરા, ટીંબરવા, બાવળ, બોરડી, સાજડ, હળદવો, રૂખડો જેવા ઇમારતી લાકડાનાં ઝાડો, ઉપરાંત વાંસ, અને વનૌષધીયુક્ત વેલાઓ, વૃક્ષો અને છોડવાઓ ઉપરાંત પુષ્કળ ઘાસ થાય છે.

એશિયાભરમાં ક્યાંઈ જોવા ન મળતાં વનરાજ-સિંહની અહીં વસ્તી છે. તે સિવાય ચિત્તા, દીપડાં, સાબર, હરણ, સસલાં, જંગલી બિલાડી, જંગલી આખલા અને પાડા વિગેરે પશુઓ સાપ, ધામણ, આંધળીચાકળ, અજગર, ચિત્તળ જેવા પેટે ચાલનારાં તથા શાહુડી, ભેરવ, ઘૂવડ, કાગડા, કબૂતર, કાળા કોશી, ગીધ, સમડી, પોપટ, મેના મોર વિગેરે વિવિધ પ્રકારનાં પક્ષીઓ અને જંતુઓ રહે છે.

ભરવાડ, રબારી, આહિર, મેર, ચારણ, કાઠી જેવી પશુપાલન કરનારી ખડતલ અને મહેમાનોને માટે મરી ફીટનારી ઉદાર કોમો પોતાનાં માલ-ઢોર સાથે આ જંગલોમાં નેસડાં બાંધી રહે છે. અને દૂધ, દહીં, ઘી, માખણ, માવો વિગેરે વેચી પોતાનો નિર્વાહ ચલાવે છે. તે સિવાય આ જંગલમાં ક્યાંક ક્યાંક શીદી લોકોની વસ્તી છે. જે લાકડા કાપી કે ગુંદર તથા ઔષધીનાં મૂળિયાં, વેલાં વેચી પોતાનું ગુજરાન ચલાવે છે.

ગિરનાં જંગલ સિવાય પોરબંદર, જામનગર, ભાવનગર અને કચ્છના તથા બરડાનાં નાનાં જંગલ વિસ્તારો આવેલા છે.

આ જંગલ વિસ્તારનાં હવાપાણી સારા હોવાથી તેમાં રહેનારા લોકો ખડતલ અને શૂરવીર છે. આવક સારી હોવાથી દયાળુ ને ઉદાર છે.

આમ ગુજરાત પાસે જંગલોનો વિસ્તાર બહુ મોટો ન હોવાં છતાં જે છે તે કુદરતી વહેંચણી પ્રમાણે ઘણો સરસ છે. તેનાં વહીવટ અને સંચાલનમાં સગવડતા રહે તે માટે ગુજરાત સરકારે વડોદરા વનવર્તુલ અને જૂનાગઢ વનવર્તુલ એવા બે વિભાગો પાડ્યા છે. આ બન્ને વિભાગોનો મળીને આશરે ૩૮૨૨૩૦૦ એકર જેટલો વિસ્તાર થવા જાય છે.

**(૬) વરસાદ—**

ગુજરાતમાં બધે સ્થળે એક સરખો વરસાદ પડતો નથી. કચ્છ તે રણ પ્રદેશ છે. ત્યાં મોટા પર્વતો કે જંગલો નથી. એટલે વાદળાં ઠંડા પડતા નથી, તેમજ સમુદ્રનાં ભેજવાળાં પવન વાતા નથી. તેથી કચ્છમાં વરસાદ ઓછો પડે છે. આમ કહીએ તો કચ્છ 'વિષમ આબોહવા'વાળો પ્રદેશ છે.

સૌરાષ્ટ્રનો પ્રદેશ પણ કાચબાની ઢાલ જેમ વચેથી ઉપસેલો છે. આથી ત્યાં પણ વરસાદ એક સરખો નથી પડતો, જૂનાગઢ, નાઘેર, નાઘેલ અને અમુક દરિયાઈ પટ્ટી પર વરસાદ સારો પડે છે. તો ઉત્તર સૌરાષ્ટ્રમાં વરસાદ લગભગ કચ્છ જેટલો જ પડે છે.

ઉત્તર ગુજરાત દરિયાથી છેટે આવેલો છે. ઉપરાંત પહાડો અને જંગલો વિનાનો છે. આથી ઉત્તર ગુજરાતમાં પણ પ્રમાણમાં વરસાદ ઓછો પડે છે. મધ્ય ગુજરાતમાં મધ્યસરનો (લગભગ ૭૫ સે. મી.) વરસાદ પડે છે. દક્ષિણ ગુજરાત પહાડો અને જંગલોનો પડોશી હોવાથી ચોમાસામાં ખૂબ (૧૨૦ સે.મી.) વરસાદ પડે છે. આથી દક્ષિણ ગુજરાતને ભીનો પ્રદેશ પણ કહેવામાં આવે છે. પૂર્વનાં પહાડી પ્રદેશમાં ખૂબ પહાડો અને ગીચ જંગલો હોવાથી સખત (૨૦૦ થી ૨૫૦ સે. મી) વરસાદ પડે છે. પણ જમીન ડુંગરાળ અને નક્કર હોવાથી વરસાદનું બધું પાણી દડી જાય છે. અને પાણીની ખેંચ રહે છે.

આમ ગુજરાતમાં વરસાદનું પ્રમાણ એક સરખું નથી છતાં વેરાન વિસ્તારો સિવાય ૨૫થી ૫૦ ઇંચનું પ્રમાણ છે. તેથી નદીઓ પણ તેવી જ છે.

**(૭) ગુજરાતની નદીઓ—**

નર્મદા— વિંધ્ય પર્વતના પૂર્વ છેડે ૩૦૦૦ ફૂટ ઊંચી અમરકંટકની પહાડી જગ્યાએથી નર્મદા નીકળે છે. નર્મદા પૂરાણ પ્રસિદ્ધ પવિત્ર લોકમાતા છે. તેનું બીજું નામ 'રેવા' પણ છે. નર્મદાનાં મૂળ આગળ દસ કરોડ તથા તેમના બન્ને કીનારે ૪૦૦ જેટલા તીર્થ સ્થાનો કહેવાય છે. તેની લંબાઇ ૮૦૧ માઈલ છે. અને ભરૂચ શહેરથી આગળ નર્મદા સમુદ્રને મળે છે. કહે છે કે, 'નર્મદાનાં ૩૫ સંગમસ્થાનો છે. તેમાં સમુદ્ર સંગમ શ્રેષ્ઠ છે. આ સ્થળે તેમનો પટ ૧૭ માઈલ જેટલાં વિસ્તારમાં ફેલાયેલો હોય છે.

નર્મદાનાં મુખ્ય ધામોમાં ભૈરવઘાટ, ઓમકાર, માંધાતા, બરવાણી, કરનાળી, શુક્લતીર્થ, ભૃગુકચ્છ (ભરૂચ) વગેરે છે. નર્મદા કિનારે ભરૂચ એક વખત ધીકતું બંદર હતું અને કાલીકટ, બસરા, મેંગલોર વગેરે સ્થળોએથી માલ લાવવા લઈ જવા વહાણો આવતાં અને ધીકતો વેપાર ચાલતો.

તાપી— વિંધ્યપાદ અથવા સાતપૂડાના ગોનનગિરિ પહાડોમાંથી તાપી નીકળે છે. ત્યાં મૂળ તાપી કે મૂળતાઈ નામનું પવિત્ર જળાશય છે. ત્યાંથી ઉચ્ચ પહાડી પ્રદેશમાં ૧૫૦ માઈલનું પરિભ્રમણ કરીને બેતુલ અને નેમાર જિલ્લાઓમાં થઈને બુરહાનપુર આગળ તાપીનદી મેદાને પડે છે.

સુરતની પાસે તાપી નદીની સામે પાર રાંદેર છે. કહેવાય છે કે, તે ગુજરાતનું પ્રાચીન નગર છે. લાટ દેશનું એ એક મુખ્ય નગર હતું, એમ અલબેરૂનીએ નોંધ કરી છે.

તાપીના દક્ષિણ કાંઠે સુરત મોટું શહેર છે. ઈ. સ. ૬૯૧-૯૨ના એક તામ્રપત્રમાં પણ તેવો ઉલ્લેખ મળે છે. મોગલ જમાનાથી તે બ્રિટિશનાં આરંભકાળ સુધી સુરત મોટું બંદર હતું. અંગ્રેજોએ આથી જ ત્યાં વેપારાર્થે કોઠી નાખી કિલ્લો બાંધેલો.

તાપી નદીમાં મોટી રેલ આવે છે. અને વારંવાર સુરત શહેરને નૂકશાન પહોંચાડે છે. આથી એના પાણીનો ઉપયોગ કરાય અને સુરત શહેરને નૂકશાનીમાંથી બચાવી શકાય તે માટે સુરત શહેરથી ૫૦ માઇલ ઉપરવાસ ૧૯૪૯માં કાકરાપાડ આગળ ૨૦૩૮ ફૂટ લાંબો અને ૪૫ ફૂટ ઊંચો બંધ ૧૮ કરોડનાં ખર્ચે બંધાવ્યો તથા ૧૯૬૦-માં ઉકાઈબંધ ૩૦૫૪ ફૂટ લાંબો અને ૨૩૨ ફૂટ ઊંચો કરવાનું નક્કી થયું છતાં ગઇ સાલ ૧૯૬૮માં તાપીમાં મોટી રેલ આવી અને સુરત તથા વલસાડને નુકશાન પહોંચાડ્યું હતું. હવે સરકાર બીજી યોજના વિચારે છે.

સરસ્વતી—આબુ આગળ આરાસુરનાં પહાડમાંથી નિકળી કચ્છનાં રણમાં સમાઇ જાય છે. તે સમુદ્રને ન મળતી હોવાથી કુમારી પણ કહે છે. બીજો પ્રવાહ પ્રભાસ પાસે જ્યાં શ્રીકૃષ્ણે દેહોત્સર્ગ કર્યો હતો ત્યાં છે.

મહીસાગર—નર્મદા, અને તાપી પછી ગુજરાતમાં મહી નદીનો મહીમા ગણાય છે. વિંધ્યા પર્વતનાં પશ્ચિમ છેડે મેહદ સરોવર આવેલું છે ત્યાંથી મહી નદી નીકળે છે. અને તેનું મુખ ખંભાત

આગળ છે આમ ગણીએ તો મહીનાં મૂળ અને મુખ વચ્ચેનું અંતર ૧૬૦ માઇલ જેટલું જ છે. પરંતુ ઉગમ થયા પછી નદી ઉત્તરનો પ્રવાસ કરવા નીકળે છે. અરવલ્લીનાં પહાડી પ્રદેશમાં થઇ ગ્વાલિયર, ધાર, ઝાબુઆ, રતલામ, સાઈલાણા વગેરે ભાગોમાં ફરીને મેવાડની ઊંચી પહાડી આગળથી પસાર થાય છે. અને જ્યારે ગુજરાતમાં આવે છે, ત્યારે ડાબે પડખે પંચમહાલ અને વડોદરાનાં જિલ્લા આવે છે. તથા જમણા પડખે ખેડા જિલ્લો આવે છે. આગળ પશ્ચિમે જમણે પડખે ખંભાત અને ડાબે પડખે ભરુચ જિલ્લાનો ભાગ આવે છે. આમ મહી ૩૫૦ માઇલ લાંબી અને એનો ડ્રેનેજ એરિયા ૧૭૦૦૦ ચો. મા. થાય છે.

મહીનો પટ પહોળો ઘણો પણ ઊંડો નથી. એનાં છીછરાં જળ બારે માસ વહેતાં રહે છે. વર્ષાઋતુમાં એનું રૂપ તદ્દન નિરાળું જ છે. આખા પટમાં પાણી ફેલાય છે. ઊંચે વધી ભેખડો તોડી નાખે છે. અને વેગ ૪૫ માઈલની ઝડપે વધી જાય છે.

કાવીથી ખંભાત લગી પાંચ માઈલનો સાગર સંગમ થાય છે. મહી અરવલ્લીનાં પહાડની માટી ગુજરાતમાં લાવી ચરોતર જેવો ફળદ્રુપ પ્રદેશ બનાવતી હોવાથી તેમનાં તરફ માનથી જોવાય છે. આ મહીસાગરને સોન, ઝમક, અનાસ, ભાદર વગેરે નદીઓ મળે છે.

પંચમહાલમાં મહી નદી ઉપર ૩૨૪૦ ફૂટ લાંબો અને ૨૫૧ ફૂટ ઊંચો કડાણા બંધ ૨૪ કરોડનાં ખર્ચે બંધાયો છે. તથા બીજો વાડાસિનોર આગળ ૨૬૧૦ ફૂટ લાંબો અને ૬૭ ઊંચો બંધ બંધાયો છે. આ સિવાય મહી નદીનાં પાણીનો ઉપયોગ ધુવારણનાં વીજળી મથક માટે થયો છે. આ ધુવારણ વીજળી ઘરનો લાભ સૌરાષ્ટ્ર-ગુજરાતને મળે છે.

સાબરમતી— મેવાડના મીરપુરા આગળ આવેલ ધાંબર તળાવમાંથી સાબરમતી નીકળે છે. ત્યાં નદીનું નામ માત્ર સાબર છે. પરંતુ તેમનાં બીજા પણ નામો છે જેવા કે, શ્વભ્રવતી, સાભ્રમતી, ચંદના વગેરે.

આ નદી અરવલ્લીમાંથી નીકળી, નૈઋત્યે વળી, અર્બુદગિરિની પડખે થઈ અમદાવાદ આગળ આવીને ખંભાતનાં અખાતમાં સમાઈ જાય છે. આ નદી ૨૦૦ માઈલ લાંબી છે. અને તેનો ડ્રેનેજ એરિયા ૯૫૦૦ ચો. માઇલ છે. હાથમતી નદીને મળ્યા પછી તે સાબરમાંથી સાબરમતીના નામે ઓળખાય છે. આ સિવાય ખારી, મેશ્વો, માઝમ, સેઢવા, અંધારી, સૌરાષ્ટ્રમાંથી ભોગાવો, ભદ્રાવતી, ઉતાવળી, નિલકી, પિંજરીવા અને આંધિયા એ નદીઓ પૂર્વ દિશામાંથી ખંભાતના અખાત આગળ મળે છે.

એક કાળે ગુજરાત અને કચ્છ-સૌરાષ્ટ્રને જુદાપાડનારી રેખા જેવી આ નદી આજે ગુજરાત-સૌરાષ્ટ્રને સાંધનારી મધ્યરેખા બની છે.

આજે અમદાવાદની મુખ્ય જેલ અને પૂજ્ય ગાંધીજીનાં આશ્રમની સાથે એનું નામ બોલાય છે.

સૌરાષ્ટ્રની નદીઓનું વર્ણન ' સૌરાષ્ટ્રની અસ્મિતા સંદર્ભ ગ્રંથ ' માં આપી દીધેલ છે. આ સિવાયની,

બનાસ, કીમ, મીંઢોળા, અંબિકા, પૂર્ણા, ઔરંગા, પાર, દમણગંગા, કોલક, દાદર, કસમ, કાવેરી, અમરાવતી, કરજણ, ઓરસંગ, વિશ્વામિત્રિ, આશ્વાન, મોણ, શેઢન, વાત્રક, મેશ્વો, સુખી, બાપોઇ, હાથમતી, ખારી, અર્જુની, નીલકા, મછુન્દ્રી વઢવાણ, લીંબડી, સુખભાદર, ભાદર, ફલ્કુ, બ્રાહ્મણી, માલણ, બગડ, કાલુભાર, શેલ, જોલાપુરી, સુરજવડી, ભાદોડી, માલેશ્રી, રંઘોળી, કેરી, ફુલઝર (ગાધકડા), રાવળ, ધાતરવડી, ભોગાવો, ડેમી વગેરે નદીઓ આવેલી છે. હવે આપણે સિંચાઇ યોજના જોઇએ.

## (૮) સિંચાઇ યોજના—

ગુજરાતમાં વિવિધ સિંચાઇ યોજનાઓનાં કામો પ્રગતિ કરી રહ્યાં છે. આમાંની મોટા ભાગની યોજનાઓ પૂરી થઇ ગઇ છે. બધી યોજનાઓ પૂર્ણ થતા ખેડૂતો તેનાં પાણીનો પદ્ધતિસર ઉપયોગ કરી ગુજરાતને 'નંદનવન' બનાવશે. તેમાં કોઈ શંકાને સ્થાન નથી.

(૧) ઉકાઇ યોજનાનું કામ પૂર ઝડપે તૈયાર થઈ રહ્યું છે.

(૨) મહી, કડાણા, સાબરમતી, નર્મદા, બનાસ, સરસ્વતી, હાથમતી, શેત્રુંજી, ઓડિયાર, શામળાજી, મહી નં ૨ કાકરાપાડ, તથા વેર નદી પરનો દોસવાડા બંધ, હરણાવ કારેલ તળાવ, મોટી ફતેહવાડી, પાટાડૂંગરી, હીરણ, કશડ તળાવ અને મેશ્વાબંધ તે ગુજરાતની નાની મોટી સિંચાઇ યોજનાઓ છે. તેમાં નર્મદા તે આપણાં રાજ્યની સૌથી મોટી યોજના છે.

કચ્છ વિભાગમાં—

સુવી, નિરાણા, ગજાદર, રુદ્રમાતા, ગજોદ, સાણન્દરો, કૈલા અને કનકાવતીની યોજનાઓ પ્રગતિ કરે છે.

સૌરાષ્ટ્રમાં—

ધ્રેલો, ધાતરવડી, સાપડા, રોજકી, વરતુ, ગોમા, કાલન્દી, હિરણ, રાવળ, મછુન્દ્રી, મચ્છુ, મુંજીયાસર, ભોગાવો (૧) વઢવાણ ભોગાવો (૨) લીંબડી ભોગાવો (૩) મુંજીયાસર, ગોન્ડલી, ઓઝત, આજી, સાકરોલી, ડેમી, ફૂલઝર, ઘી, સસોઈ, પૂના બ્રાહ્મણી, મોજ, રંઘોળા, શેત્રુંજી–ખોડિયાર, ભાદર, મચ્છુ–૨ અને માલણની યોજનાઓનો સમાવેશ થયો છે.

આ સિવાય, પાતાળ કુવા, કૂવા, નાના તળાવો, બંધો, પવનચક્કીઓ અને નહેરોની વ્યવસ્થા દ્વારા સિંચાઇ તળે સમગ્ર ગુજરાતને સાંકળી લેવાની સરકારની યોજના છે. આ વિગત સંક્ષિપ્તમાં જાણી લીધી. હવે આપણે જમીન અને ખેતી વિશે ટૂંકમાં જોઇએ.

## (૯) જમીન અને ખેતી—

ગુજરાતની મોટાભાગની જમીન કાંપાળ છે. ઉત્તર ગુજરાતની ખારાપાટ તરીકે ઓળખાતી જમીન દરિયાના હટવાથી થયેલી છે. સૌરાષ્ટ્ર અને કચ્છનાં ડુંગરાળ પ્રદેશની જમીન ડુંગરોમાંથી પાકી થયેલી છે. સમુદ્રકિનારાની પંદરેક માઇલની પટ્ટી છોડી દઈને તે સિવાયની ભરુચ, વલસાડ, સુરત અને અમદાવાદ જિલ્લાના પશ્ચિમ ભાગની જમીન ટ્રેપનાં ખડકોની બનેલી છે. સુરત જિલ્લાની અમુક જમીન હલકા કાંપની બનેલી છે. તે પિયત માટે કાયમ ઉપયોગી છે. તે સિવાયની ઘણીખરી જમીન ચીકણી અને ઊંડા તરે વાળી છે. તે કપાસની જમીન તરીકે ઓળખાય છે. મહેસાણા, વડોદરા, અમદાવાદ જિલ્લાનો ઉત્તરભાગ અને ખેડા જિલ્લાની જમીન જુનો કાંપ ઠરીને બનેલી છે. તે ઘણી ફળદ્રુપ છે. પંચમહાલ જિલ્લાની કાળાશ પડતી જમીન બેસરકાંપની બનેલી છે.

આ રીતે ગુજરાતની જમીનનું વિભાજન કરતાં, એકદમ કાળી,

ઓછી કાળી, ગોરાડુ, ગોરાટ અને બેસર પ્રકારની તથા સૌરાષ્ટ્રની જમીન વધારે પ્રમાણમાં કાળી અને રાતી છે. જ્યારે સમુદ્ર કિનારાની જમીન કાંપ ઠરીને બનેલ હોઇ, કાંપાળ ગણાય છે.

ગુજરાતનો વડોદરા, અમદાવાદ, વીરમગામ અને ચરોતરને આવરી લેતો મધ્યભાગ મોટી નદીઓથી સમૃદ્ધ બન્યો છે. તેમાં અનાજ, તમાકુ, કપાસ અને બીજા પાકો માટે ચરોતર વધુ ફળદ્રુપ છે. અમદાવાદનો ભાલ પ્રદેશ ઘઉંની ખેતી માટે જાણીતો છે. ભરુચ જિલ્લો કપાસના પાક માટે વખણાય છે.

સૌરાષ્ટ્રના જૂનાગઢ જિલ્લામાં લીલીનાઘેર તરીકે ઓળખાતો ચોરવાડ વિભાગ ઘણો ફળદ્રુપ છે. તથા ભાવનગરનો મહુવા વિભાગ, રાજકોટનો ગોંડલ વિભાગ અને સુરતનો ગણદેવી વિભાગ વાડી–બગીચાથી હરિયાળો અને ફળદ્રુપ છે.

ગુજરાતની ઉપર બતાવેલી ખેતીલાયક જમીનનો વિસ્તાર લગભગ ૨૩૯૮૨૯૦૦ એકર થવા જાય છે તે પૈકીનો આશરે ૧૪૯૭૯૦૦ એકરજમીન વિસ્તાર ઉપર લખી સિંચાઇ યોજનાઓ હેઠળ આવરી લેવામાં આવેલ છે. આ બધી ખેડવાણ જમીનમાં ૬૫ થી ૭૦ ટકા અનાજ અને કઠોળ પાકે છે. જ્યારે બાકીની જમીન રોકડીઆ પાક આપે છે. આ સિવાયની આશરે ૧૨૩૧૨૯૦૦ એકર જમીન વેરાન અને પડતર પડી છે. તેમાં અગાઉ જોઇ ગયા તે જંગલ વિસ્તારોનો પણ સમાવેશ થઇ જાય છે.

જે ખેતીપ્રધાન દેશ હોય તે દેશમાં પશુધનનું પણ મહત્ત્વ ઘણું હોય છે. આપણો ગુજરાત પણ ખેતીપ્રધાન પ્રદેશ છે. તેથી આપણે હવે ગુજરાતનું પશુધન જોઇએ.

(૧૦) પશુધન—

ગુજરાતનાં સાબરકાંઠા, બનાસકાંઠા, સૌરાષ્ટ્ર અને કચ્છ તે પ્રદેશોમાં વરસાદ ઓછો પડે છે. પરંતુ આ થોડા વરસાદે તે વિસ્તારોમાં ઘાસ પૂષ્કળ પ્રમાણમાં ઊગે છે આથી તે પ્રદેશોમાં રહેનારા લોકોનો મુખ્ય વ્યવસાય પશુપાલનનો છે. ઘી, દૂધ, તેમનો વેપાર છે.

ગુજરાત ગૌરવ લઇ શકે તેવી ગીર અને કાંકરેજી ઓલાદનાં પશુઓની માંગ ભારત અને અમેરીકા સુધી રહે છે. સૌરાષ્ટ્રમાં જાફરાબાદની ભેંસ તેમજ ગુજરાતમાં મહેસાણાની ભેંસની ઓલાદ જાણીતી છે

પાલતુ પશુઓની અંદાજી સંખ્યા ૮૮૯૦૩૭૦ અને ઘેટાં–બકરાની સંખ્યા ૪૫૩૦૦૦૮ જેટલી થવા જાય છે.

પશુઓની ઓલાદની સુધારણા માટે, ગુજરાતમાં (ભૂજ) કાંકરેજી જૂનાગઢ (ગીર) જામનગર (ગીર) મોરબી (ગીર) માં પશુસંવર્ધન કેન્દ્રો સ્થપાયેલાં છે. આ સિવાય આણંદની ખેતીવાડી સંસ્થા, છારોડી (અમદાવાદ) ફાર્મ, બાકરોલ (વડોદરા) ફાર્મ–માં પશુસંવર્ધનનું કાર્ય સારા પ્રમાણમાં ચાલી રહ્યું છે સૌરાષ્ટ્ર અને કચ્છની ઘોડાની ઓલાદ પણ વખાણમાં છે. તેમની સુધારણાં પણ આ સંવર્ધન કેન્દ્રોમાં ચાલે છે. આમ ગુજરાતનાં પશુધનની માહિતી મેળવી હવે આપણે ગુજરાતનાં જુદા જુદા વ્યવસાય અને તેને લગતા વાહન વ્યવહાર અંગેની વિગતો તપાસીએ.

પ્રથમ આપણે વાહન વ્યવહાર જોઇએ.

(૧૧) વાહન વ્યવહાર—

**વિમાન—**ગુજરાતમાં અમદાવાદ, રાજકોટ, ભૂજ, માંડવી, કંડલા, ભાવનગર, જામનગર, પોરબંદર, કેશોદ, મોરબી, વડોદરામાં વિમાનઘરો આવેલા છે [ તે પૈકીનાં અમૂક વિમાનઘરો હાલ બંધ છે. અને ત્યાં વિમાની સર્વિસ શરૂ નથી. ]

**રેલ્વે :** ગુજરાતમાં સને ૧૮૬૪માં બી.બી એન્ડ સી૦ આઇ૦ રેલ્વેનાં પાટા નંખાવા લાગ્યા હતા. અને પ્રથમ અમદાવાદથી વઢવાણ સુધીની ૪૦ માઇલની રેલ્વે શરૂ કરવામાં આવી. ત્યાર બાદ ઈ. સ. ૧૮૮૦માં ભાવનગરથી ગોંડલ ૨૦૧ માઈલ લાંબી રેલ્વે લાઇન શરૂ થઇ અને પછી ૧૦૬ માઇલની ભાવનગર વઢવાણ લાઇન નંખાણી. અત્યારે ગુજરાતમાં કરોળિયાની જાળ માફક ૩૨૮૪૦૦ માઈલમાં રેલ્વેનાં પાટા પથરાયેલા છે. અને છેલ્લે તા. ૨૭–૩–૬૮ના રોજ ઝૂંડ કંડલા રેલ્વે લાઈનનાં પ્રથમ વિભાગનું કામ બે કરોડ અને એંશી લાખ રૂપિયાનાં ખર્ચે પૂરું કરી કચ્છ–સૌરાષ્ટ્રને જોડતી આ બ્રોડગેજ લાઇન શરૂ કરવામાં આવી છે.

**રસ્તા—** માણસોને વ્યાપારિક અને વ્યવહારિક કાર્યો માટે એક સ્થળેથી બીજે સ્થળે ઝડપી મુસાફરી કરી શકાય તે માટેના બસ મોટર, કેરિયર, સાયકલ, રીક્ષા, મોટરસાયકલ, ઘોડાગાડી અને બળદગાડી ચાલી શકે તેવા ગુજરાતમાં ૫૯૪૭૯૦ માઇલ પાકા (ડામર અને સિમેન્ટ કોંક્રિટના) તથા કાચા ૯૦૩૭૦૯ માઈલનાં રસ્તાઓ તૈયાર કરવામાં આવ્યા છે, હજુ તેમાં વધારો થતો જ રહે છે.

**દરિયાઇ—** ગુજરાતનાં નાનાં સાગરકાંઠામાં જે મોટી સંખ્યામાં બંદરો છે, તેટલા દેશમાં બીજે કયાંય નથી. ગુજરાત પાસે ભરચક બંદરોની મહામૂલી કુદરતી બક્ષીસ છે- કંડલા તે ગુજરાતનું મહાબંદર છે, તે સિવાય આઠ મધ્યમકક્ષાનાં બંદરો છે અને બાકીનાં પચ્ચાસ જેટલાં નાના–મોટા બંદરો ગુજરાત ધરાવે છે. અને આ બંદરપટ્ટી પર સૈકા જૂની સાગર સાહસી પ્રજા છે. તે ગુજરાતનાં સર્વાંગી વિકાસ માટે ઉજ્જવળ ભાવી બતાવે છે.

(૧૨) વેપાર ઉદ્યોગ—

આપણી પાસે ઉપર જોઇ ગયા તેમ હવાઈ, દરિયાઇ અને ધરતી પરનાં વાહનોની સારી એવી સગવડતા છે. આથી ગુજરાતનાં સાહસિક વ્યાપારીઓ પુરુષાર્થ કરવા અને ગુજરાતનું ગૌરવ જાળવવા રાજ્ય અને દેશ ઉપરાંત દેશેદેશમાં પથરાઇ ગયા છે. આફ્રિકા, મડાગાસ્કર, અને દૂર દૂરનાં દેશોમાં ગુજરાતીઓનો ડંકો વાગે છે. આપણે ગુજરાતની જ વાત કરીએ તો— ૩૪૯૫ જેટલાં મોટાં કારખાના આ વેપારી વર્ગે ઊભા કર્યા છે. આ કારખાનાઓમાં દૈનિક સરેરાશ ૩૨૫૨૨૩૦ મજુરો કામ કરે છે. તે દ્વારા કાપડ, ખનિજ, સાયકલનાં ભાગો, સિમેન્ટ, સાબુ, કાગળ, વેજીટેબલ ઘી વિગેરે ઉત્પન્ન થઇ બજારમાં જાય છે. આ સિવાય નાના કારખાનાં અને ગૃહઉદ્યોગને લગતાં કારખાનાઓનો સુમાર નથી. તેમજ તે તૈયાર થતો બધો માલ ગુજરાત અને ગુજરાત બહાર વેચનારા બધા વ્યાપારીઓ ઝાઝા ભાગે ગુજરાતીઓ જ છે. આ વ્યાપાર ઉદ્યોગને બહુ ઉપયોગી એવો સંદેશા વ્યવહાર પણ ગુજરાતનાં ગામડાં સુધી પહોંચી ગયો છે. તાર, ટેલીફોન, અને પત્રવ્યવહાર તે ગામડે ગામડે છે. તે વ્યાપારનાં અને વ્યવહારનાં ઝડપી સમાચાર પહોંચાડે છે.

વ્યાપાર ઉદ્યોગના મથકો :

**અમદાવાદ**– ભારતનું માન્ચેસ્ટર ગણાય છે. તેની આબાદી ત્રણ તાર ઉપર છે, (૧) સૂતર (૨) રેશમ (૩) કસબ. આ ત્રણે ઉદ્યોગો અમદાવાદમાં ચાલે છે.
અમદાવાદમાં પ્રથમ કાપડ મીલ્સ રણછોડલાલે સ્થાપેલી પછી ક્રમેક્રમે તેમાં વિકાસ થયો. આજે તો ૯૦ જેટલી કાપડ મિલો અમદાવાદમાં આવેલી છે. અને તેનું કાપડ જગતભરમાં પ્રખ્યાત છે. આ સિવાય અમદાવાદમાં નાના–મોટા અનેક કારખનાઓ આવેલા છે. આમ આ અમદાવાદ વેપારઉદ્યોગનું મહત્વનું શહેર ગણાય છે.

**વડોદરા**– ગુજરાતનું બીજા નંબરનું આ શહેર છે. ત્યાં નાના મોટાં અનેક કારખાનાઓ આવેલાં છે. આ સિવાય વેપારનું મોટું મથક છે.

**ભરુચ**– નર્મદાનદીનાં મુખ આગળ ધીકતું બંદર હતું. એક વખત આ શહેરની જાહોજલાલી હતી. દૂનિયાનાં બજારો ભરુચથી અજાણ્યા નહોતા, આજે પણ 'ભાંગ્ય, ભાંગ્યુ તોય ભરુચ' કહેવાય છે. ભરુચની સુઝની દેશ-પરદેશ વખણાય છે.

**ડભોઇ**– વેપારી મથક છે.

**સુરત**– જરીકામ અને રેશમનું કાપડ બને છે, તે સિવાય, બારડોલી, મઢી અને વેડછીમાં ખાદી ઉદ્યોગનાં મથકો છે. સુરતની મીઠાઇ વખણાય છે.

**નવસારી**– કાપડની મિલો છે, મિલોમાં વપરાતાં બોબિનનાં કારખાના છે.

**પારડી**– કાંસાના વાસણો બનાવવાનો મુખ્ય ઉદ્યોગ વિકસ્યો છે.

**તમ્બાવચેર**– અહીંયા બનતાં ગાડાં સમગ્ર ગુજરાતમાં વખણાય છે. અને વપરાય છે.

**ઓરપાડ**– સૂડી અને છરી વખણાય છે, કૂવાના પાણી ખેંચવાનાં રેંટનો ઉદ્યોગ વિકસ્યો છે.

**આહવા**– ડાંગ જિલ્લાનું મુખ્ય શહેર છે. ત્યાં જંગલનાં લાકડાંનું મોટું બજાર ભરાય છે.

**ગોધરા**– આ શહેર પણ લાકડાનાં બજાર માટે જાણીતું છે.

**દાહોદ**– રેલ્વેનું મોટું કારખાનું છે.

**દાંડી**– ધારાસણા, ધાંસિયું મીઠું બને છે. ગાંધીજીએ મીઠા સત્યાગ્રહ આ સ્થળે કરેલો.

**ખંભાત**– અકિકનાં પથ્થરોને ઘાટ આપી ઘરેણાં બનાવવાનાં કારખાના છે. કાપડ મિલો છે, તે સિવાય પેટલાદ, નડિયાદ ભરુચમાં કાપડ મિલો છે.

**આણંદ**– ગુજરાતની દૂધની ડેરીઓમાં મોટામાં મોટી ડેરી અહીંયા છે. અમુલ અને પોલ્સન ડેરીની બનાવટો વખણાય છે.

મહેમદાવાદ, નડિયાદ અને કપડવંજ ઘીના વેપારનાં મોટા મથકો છે.

**મઢી**– તુવેરદાળ આખા દેશમાં જાય છે.

**સંખેડા**– ખોડિયાં અને ઘરનાં સરસામાન માટે પ્રખ્યાત છે.

**આમોદ**– છરી-ચપ્પુ વખણાય છે.

**અંકલેશ્વર**– ખનિજ તેલનો મોટો જથ્થો મળી આવતાં રાજ્યનું મોટામાં મોટું ખનિજ તેલનું મથક બન્યું છે. આ તેલ રાજ્ય અને દેશને નવજીવન બક્ષશે.

**લોથલ**– ૫૦૦૦ વર્ષપૂર્વેનું બંદર અને વિશ્વનાં મુખ્ય મથકો સાથે વ્યાપારીક સબંધોથી જોડાયેલ સમૃદ્ધ નગર હતું. હાલ તેનો ટીંબો છે.

**પાટણ**– પાટણનાં 'પટોળાં ફાટે પણ ફીટે નહીં' તે કહેવત મુજબ બને છે. અને દુનિયાભરમાં વખણાય છે.

**પ્રાંતિજ**– સાબુ બનાવવાનાં પુષ્કળ કારખાના છે.

**ખારાઘોડા**– સાબુ બનાવવાનો ઉસ નીકળે છે, વડાગરું મીઠું પુષ્કળ બને છે.

**કલોલ**– હમણાં ખનિજ તેલ મળી આવ્યું છે.

**ધોળકા**– દાડમ, કપાસ અને ઘઉંનું મથક છે.

**ધંધુકા**– ભાલનાં ઘઉં અને કપાસનું મથક છે.

**રાજકોટ**– નાના મોટાં યંત્રો બનાવવાનાં કારખાના છે. તેલ અને કાપડની મિલ છે.

**સુરેન્દ્રનગર**– કપાસનાં વેપારનું મથક છે, કપાસ લોઢવાનાં જિન છે, કાપડની મિલ છે.

**જૂનાગઢ**– જંગલી ઔષધીઓ અને લાકડાંનાં સુંદર રમકડાંઓ મળે છે.

**વેરાવળ**– ડુંગળીનાં વેપારનું મથક છે, દિવાસળીનાં કારખાના છે.

**દ્વારકા**– સિમેન્ટ બનાવવાનું કારખાનું છે.

**મીઠાપુર**– મીઠું અને ખારમાંથી રસાયણ બનાવવાનું મોટું કારખાનું છે.

**પોરબંદર**– ઘીનું મથક, કાપડ મિલ્સ અને સિમેન્ટનાં કારખાના છે.

**ભાવનગર**– સૌરાષ્ટ્રનું સૌથી મોટું શહેર છે, વેપારનું મથક છે, તેલ અને કાપડની મિલ છે. મીઠાની પ્રયોગશાળા છે.

**જામનગર**– બાંધણી, કંકુ અને પ્લાસ્ટિકનાં રમકડાં બને છે, કાપડ મિલ છે.

આ સિવાય– જામનગર, રાજકોટ, ભાવનગર, પોરબંદર, ખંભાળિયા અને જામજોધપુરમાં વેજીટેબલ ઘીનાં કારખાના છે.

મોરબી, થાન અને વાંકાનેરમાં ચીનાઇ માટીમાંથી કાચનાં સુંદર વાસણો બને છે શિહોરમાં પણ પોટરી છે.

**સિક્કા**– સિમેન્ટનાં કારખાના છે.

**બગસરા**– ચોફાળ અને ધાબળાનાં ગૃહઉદ્યોગ માટે જાણીતું છે.

સિહોર અને વંથળીનાં તાંબા-પિત્તળનાં વાસણ વખણાય છે. સિહોરની સુંઘવાની તમાકુનો ઉદ્યોગ દેશભરમાં પ્રખ્યાત છે.

**મહુવા**– લાકડાંનાં રમકડાં, બેલગાડીનાં પૈડાં બનાવવાનો ઉદ્યોગ વિકસ્યો છે, અહીંનાં નાળિયેર, સોપારી અને જમાદાર કેરી પ્રખ્યાત છે.

**વલસાડ**– આફુસ કેરી વખણાય છે, વેપારનું મોટું મથક છે.

**સાવરકુંડલા**– લોઢાનાં કાંટા ભારત અને ભારત બહાર પણ પ્રખ્યાત છે.

**વંથલી**– પિત્તળનાં નાનાં કાંટા બને છે.

**ગાળકડા**– ખેતીનાં દાતરડા, દાતરડી અને ગાડાની વાટ ચડાવવાનાં ઉદ્યોગો માટે જાણીતું છે, દેશી બૂટ–ચંપલ માટે પ્રખ્યાત છે.

**ભૂજ**– કચ્છનું મુખ્ય શહેર છે, સોના–ચાંદી પરનું નકશીકામ દેશભરમાં વખણાય છે.

**કંડલા**– રાજ્યનું મુક્ત વેપારનું મથક છે, દેશ-વિદેશની સ્ટીમરો વેપારાર્થે આવે છે.

**માંડવી**– વેપારનું નાનું મથક છે.

**અંજાર**– સૂડી, ચપ્પુ અને છરી માટે તથા તાળાં માટે પ્રખ્યાત છે.

**બન્ની**- ગરમ કાપડ માટે જાણીતું છે.

આમ ગુજરાતનાં ઉદ્યોગનાં મથકોએ વનસ્પતિતેલો યંત્રનાં ભાગો, સિમેન્ટ, કાપડ, મીણ અને લાખ, તંબાકુ, સાબુ, મત્સ્યોદ્યોગ, રેયોન અને પ્લાસ્ટિક, હોઝયરી, રબ્બર, કાચ અને કાચનાં વાસણો, ઔષધી અને રસાયણો, કાગળ અને પૂઠાં, મોટરનાં ભાગો, ખેતીના ઓજારો, જીનિંગ કારખાના, કોડીનાર, ઊના અને ધોળા જેવા ખાંડ અને ગોળનાં કારખાનાં, દૂધ અને દૂધની બનાવટો, પેટ્રોલિયમ, તારનાં દોરડાં, તાંબા–પિત્તળનાં વાસણો, દીવાસળી, મીઠું, તેલની મિલો, જરીકામ. માટીકામ વિગેરે ઉત્પાદન થાય છે. વેચાણ થાય છે. તેનાં ઠેકઠેકાણે નાના–મોટાં શહેરોમાં બજારો છે.

હવે આપણે ગુજરાતમાં નિકળતાં ખનિજો અંગે જાણીશું—

## (૧૩) ખનીજ સંપત્તિ—

ભૂતકાળમાં ગુજરાત રાજ્યનાં વિસ્તારોમાં ભારત સરકારનું ભૂસ્તરીય ખાતું ખનીજો અંગે ભુસ્તર મોજણી અને શોધખોળ ચલાવતું હતું. ગુજરાત રાજ્યનાં ખનીજ સાધનો અંગેની વર્તમાન માહિતી, આ જાતની કરાયેલી મોજણીઓનાં અહેવાલોને આભારી છે.

લોખંડની કાચી ધાતુ:

રાજ્યનાં ભૂસ્તર અને ખાણ ખાતાએ કરેલ નિરીક્ષણ મોજણી દરમિયાન પંચમહાલ જિલ્લામાં જામ્બુઘોડા ને નારૂકોટ નજીક લોખંડની કાચી ધાતુ હોવાનું માલુમ પડ્યું છે. મળી આવેલ આ કાચી ધાતુનું પૃથ્થકરણ કરતાં તેમાં ૭૦ ટકા લોખંડ હોવાનું જણાયું છે.

ભાવનગર વિસ્તારમાં લેટેરીટિક લોખંડનાં કાચી ધાતુ ૨૦ માઈલનાં પટામાં પથરાયેલ હોવા સંભવ છે. આ ઉપરાંત ધ્રાંગધ્રા, જૂનાગઢ અને સૌરાષ્ટ્રનાં ઘણાં પ્રદેશમાં કાચી ધાતુ મળી આવવા સંભવ છે.

કચ્છમાં રત્નાલ ખાતે લેટેરીટીક લોખંડ મળેલ છે તથા માંડવી તાલુકામાં પણ કાચી ધાતુનો જથ્થો મળવા સંભવ છે.

મેંગેનીઝ ધાતુ :

વડોદરા અને પંચમહાલ જિલ્લાઓમાં મેંગેનીઝ ધાતુઓનાં મોટા થરો આવેલા છે. તથા સાબરકાંઠા જિલ્લાનાં ભીમાપુર અને ધામીયાન ગામોમાં પણ મેંગેનીઝ મળી આવે છે. પરંતુ તે થરો ખાસ મહત્વનાં લેખાતા નથી, પણ પંચમહાલ અને વડોદરા જિલ્લામાં આ ઉદ્યોગની વિકાસની પૂરી શકયતાઓ છે

ત્રાંબુ :

બનાસકાંઠા જિલ્લાનાં રોહીયા નજીક રમોલરેડ ત્રાંબાના મોટા જથ્થા માલુમ પડ્યા છે જ્યારે આજ જિલ્લામાં અંબાજી ખાતે ત્રાંબાનો પ્રાચિન ઉદ્યોગ હોવાનું જણાય છે.

છોટાઉદેપુર તાલુકામાં ઝારી પૂર્વે અર્ધા માઈલનાં વિસ્તારમાં ત્રાંબુ મળી આવેલ છે. આ થરો ભલે આશારપદ ન જણાતાં હોય પરંતુ શોધખોળ જરૂરી છે.

સીસું :

ત્રાંબાની કાચી ધાતુ સાથેની સીસાની મિશ્રધાતુ વડોદરા જિલ્લાનાં સંખેડા તાલુકામાં અરવલ્લીની ટેકરીમાં હોવાનું માલુમ પડ્યું છે.

આ મિશ્રધાતુનાં અર્ધા માઇલનાં થરમાં ચાંદીનાં કણો હોવા પણ પૂરો સંભવ છે. તથા આજ જિલ્લાનાં જાંબુગામ તાલુકામાં ત્રાંબા સાથે મિશ્રિત ગેલેના ધાતુ મળી આવેલ છે. આ ધાતુ જૂનાગઢ જિલ્લાનાં ગીરનાર પર્વતમાં હોવાનું પણ જણાય છે.

આ ઉપરાંત પંચમહાલ જિલ્લામાં ટીન, ટંગસ્ટન અને મોલીબ્ડેનમની ધાતુઓ મળી આવવા સંભવ છે.

અણુ ખનીજ :

અણુ ખનીજો વડોદરા જિલ્લાનાં કેટલાએક સ્થળોએ હોવાનું જણાઈ આવ્યું છે. આ અંગે અણુશક્તિ પંચની મોજણી ચાલુ છે. બેરીલ, પીચબ્લેન્ડ અને અન્ય યુરેનિયમ ખનીજો આ વિસ્તારમાંથી શોધાયાં છે. સાબરકાંઠા જિલ્લાનાં ઈડર તાલુકામાં થોરીયમની કાચી ધાતુ મોન્ઝાઈટ હોવાનું સંભવે છે.

ખનીજ બળતણો :

કુદરતી તેલ અને વાયુપંચે તાજેતરમાં કરેલી શોધખોળે, ગુજરાત રાજ્યમાં તેલ અને કુદરતી વાયુ ધરાવતા વિપૂલ વિસ્તારો હોવાનું સાબિત કર્યું છે.

તેલનો પટો અંકલેશ્વરથી ખંભાત સુધીનાં ૧૦૦ માઈલનાં વિસ્તારમાં પસાર થાય છે. અને શારકામ દ્વારા તેલ ધરાવતા થરો શોધી કઢાયા છે. તેલની સાથે વાયુ પણ હોય છે. અંકલેશ્વરમાં તેલ ધરાવતો મોટો વિસ્તાર છે. કલોલ અને શેરથા ક્ષેત્રોમાંથી પણ તેલ મળી આવ્યું છે.

રાજ્યનાં બીજા કેટલાક ભાગોમાં કુદરતી વાયુ હોવા પૂરો સંભવ છે.

ધોધા, હાજત, જગન અને વડોદરા ખાતે પણ વાયુનો મોટો જથ્થો છે લુણેજ અને મહુળેજ ખાતે પણ વાયુનો જથ્થો મળી આવ્યો છે. પણ આ જથ્થો પૂરતાં પ્રમાણમાં મળી શકે તો તેનો ઉપયોગ અમદાવાદ અને વડોદરા જેવા ઔદ્યોગિક શહેરો માટે વિદ્યુત ઉત્પન્ન કરવા માટે થઈ શકે. આ ઉપરાંત, રાજૂલા, ધ્રાંગધ્રા, શીહોર, જૂનાગઢ, ડુંગરપુર, પોરબંદર, બરડીયા, ચિત્રાસણી, તારંગા, હિંમતનગર અને રાજપીપળામાં પથ્થરની ખાણો આવેલી છે. કાચ બનાવવાની રેતી ઓરસંગ નદી અને સાબરમતીનાં પટમાંથી મળે છે. રાજપીપળા, અંબાજી અને પાલનપુર પાસેનાં ડુંગરોમાંથી આરસ અને બીલીમોરા પાસે ઈંટ, અને મેંગ્લોરી નળીયા બનાવવા માટેની ઊંચી જાતની માટી મળી આવે છે રણસીપુર, થાન વિગેરે સ્થળેથી ચીનાઈ માટી મળે છે. ઈડર પાસેનાં પ્રદેશમાં સ્લેટનો પથ્થર મળે છે વીરમગામ, પ્રાંતિજ, કપડવંજ અને સસુંદ્રનાં સ્થળોએથી 'ઉસ' નામનો દેશી સોડા મળે છે, જે સાબુ બનાવવાનાં ઉપયોગમાં લેવાય છે.

સાબરકાંઠા, બનાસકાંઠા અને પંચમહાલ જિલ્લાઓમાંથી અબરખ મળે છે. જ્યારે પથ્થર અને ચીરોડી, ચીરોડા રાજ્યનાં દરેક વિસ્તારમાંથી મળી આવે છે. ક્યાંક ક્યાંક અકીક પથ્થરો પણ મળે છે. આ બધા રાજ્યની સમૃદ્ધિને પોષણ કર્તા સાધનો છે. હવે આપણે યાત્રા અને હવાખાવાનાં સ્થળો જોઇએ.

**(૧૪) યાત્રા અને હવાખાવાનાં સ્થળો—**

યાત્રા—દ્વારકા, પ્રભાસપાટણ, સોમનાથ, ગિરનાર (જૂનાગઢ), પાલીતાણા, તુલશીશ્યામ, પોરબંદર સતાધાર, પરબવાવડી, વીરપુર, મેકડા (સાવરકુંડલા), નારાયણ સરોવર, ભદ્રેશ્વર કોટેશ્વર, સિદ્ધપુર, અંબાજી, તારંગા, ડાકોર, પાવાગઢ, મોઢેરા, ખેડબ્રહ્મા, બહુચરાજી, શામળાજી, વૌઠા, મીરાંદાતાર, સુરપાણ, શુક્લતીર્થ, વડતાલ, ચાંદોદ અને ઉનાઈ વગેરે મુખ્ય તીર્થ સ્થળો આવેલાં છે. આ સ્થળોએ જાત્રાનાં દિવસોએ મોટા મેળાં ભરાય છે.

હવાખાવાનાં સ્થળો—ગુજરાતનાં જંગલો, પર્વતો અને દરિયા-કિનારે હવાખાવાનાં સ્થળો આવેલાં છે. જેમાં ડૂમસ, ઉભરાટ, હજીરા, ઉનાઈ. તીથલ, ચોરવાડ, ગોપનાથ, મહુવાબંદર, તુલશીશ્યામ અને પાવાગઢ વગેરે જાણીતા સ્થળો છે. હવે આપણે ગુજરાતનું લોકજીવન જોઈ આ લેખ પૂરો કરીશું.

**(૧૫) ગુજરાતનું લોકજીવન—**

ગુજરાતનાં લોકો સ્વભાવે જેટલા સાહસિક અને સરળ છે તેટલા જ પ્રગતિશીલ વિચાર દૃષ્ટિ ધરાવનાર અને યુગબળોને પારખનારા છે. આ લોકોનાં સ્વભાવની ખૂબી તે છે કે, કોઈપણ દેશ કે પ્રાંતની જનતા સાથે લીંબુનાં રસની માફક ભળી જાય છે. ગુજરાતી મહેમાનગીરી મશહુર છે.

ગુજરાતની પ્રજાનાં લોકસાહિત્યમાં, ગુજરાતી પ્રજાની સાહસિકતા, શૌર્ય, ખૂમારી, ઉદારતા અને શહીદી વગેરે ભારોભાર વર્ણનોવાળી લોકકથા સહિત ગુજરાતની સંસ્કૃતિ અને સંસ્કારિતા પર શ્રી કૃષ્ણથી માંડી ગાંધીજી અને સરદાર પટેલ સુધીની અર્વાચીન મહાવ્યક્તિઓએ યોગ્ય વળાંક આપ્યો છે. અને યુગધર્મ પ્રમાણે તેને વહેતો રાખ્યો છે.

ગુજરાતીઓની દૃષ્ટિ વિશાળ, વેપાર, વાણિજ્ય અને આર્થિક સમૃદ્ધિને લીધે ઉદાર અને રસીલી છે. આ સિવાય તેનો સૌથી વધુ ગુણ તેમની શાંતિપ્રિયતા છે. છતાં વ્યવહારદક્ષતા વધુ છે, સ્વતંત્ર જીવન જીવવાને ટેવાયેલા છે. આવા આ લોકોનાં વસવાટથી જ આ ભૂમિને વૈષ્ણવજનોની ભૂમિ કહી છે. મેં તેની ભૌગોલિક સમૃદ્ધિ આલેખી છે.



# કડિયા ડુંગરની બૌદ્ધ ગુફાઓ અને સિંહસ્તંભ

—શ્રી જયેન્દ્ર નાણાવટી

ગુજરાતરાજ્યના ભરૂચ જિલ્લામાં અંકલેશ્વરથી ઝગડિયા નેત્રંગ તરફ જતાં ઝાઝપોર સ્ટેશનની સામે જ દૂર દૂર એક 'કડિયો ડુંગર' કહેવાય છે. તેના ઉપર માણસોએ ખડકમાંથી કોતરી કાઢેલી સાતેક પ્રાચીન ગુફાઓ છે. ગીચ ઝાડીઓથી વીંટળાએલા આ ડુંગરની તળેટીમાં એક જ પથ્થરમાંથી કોરેલો એક સિંહસ્તંભ છે. એની આસપાસ ધરતીમાં દટાએલા અન્ય ઈંટોરી સ્થાપત્યના અવશેષો પણ ડોકીયાં કરતા ફેલાએલા છે. અગાઉ શ્રી અમૃત વસંત પંડ્યાએ આ ગુફાઓ નોંધી છે ખરી,(૧) પરંતુ તેનો પ્રકાર, કાળ અને સિંહસ્તંભ પાસે પથરાએલાં ઈંટોરી સ્થાપત્ય તો પ્રથમવાર જ નોંધાય છે

આ ગુફાઓ સાધુઓને રહેવા માટેનાં આશ્રયગૃહો એટલે કે 'વિહારો' હશે એમ જણાય છે. ડૉ. ઉમાકાંત શાહે બૌદ્ધ અને જૈન સાહિત્યના ઉલ્લેખો પૂરતા પ્રમાણમાં ટાંકીને,(૨) આવા બૌદ્ધ વિહારો અને સ્તુપો ભરૂચ પાસે હોવાની સંભાવના અગાઉ વ્યક્ત કરેલી એ સાહિત્યિક પુરાવાઓને આ અવશેષોથી સંપૂર્ણ સમર્થન મળે છે. આધ્યાત્મિક પ્રવૃત્તિથી ગૂંજતું એક વખતનું આ કેન્દ્ર હાલ તો જિર્ણમાર હાલતમાં છે. પણ રાજ્યરક્ષિત પ્રાચીન સ્થાન તરીકે હવે તેની જાળવણી થશે

ડુંગર ઉપર સૌથી ઊંચેની બે ગુફાઓમાંની એકમાં પ્રવેશ કરતાં જમણી બાજુની દીવાલમાં એક ઉત્કીર્ણ લેખ ( ૩ા' × ૧ાા' ) છે. તદ્દન ઘસાઈ અને ખવાઈ ગએલું એનું લખાણ ઉકેલવું મુશ્કેલ છે, છતાં તેમાંના ત્રણેક લીટીના અક્ષરો સ્પષ્ટપણે બ્રાહ્મિલિપિના જણાય છે. ડાબી બાજુની દીવાલમાં માત્ર રેખાઓમાં અંકિત થએલાં હાથી અને વાનરનાં શિલ્પો છે. આગળ વરંડા અને અંદરના ભાગમાં પાષાણમાં કોતરી કાઢેલી બેઠકોવાળા ખંડોની સાદી રચના બૌદ્ધ વિહારોની પ્રતીતિ કરાવે છે સ્થાપત્ય શૈલી અને કંડારાએલી ભાતો સૌરાષ્ટ્રમાં આવેલી ઝીંઝુરીઝર, ઢાંક, સાણા, તળાજા અને જૂનાગઢની ગુફાઓ જેવી છે. પહેલી ગુફાના અંદરના ખંડની લંબાઈ ૨૮' અને પહોળાઈ ૭'–૩'' તથા ઊંચાઈ ૮'–૯'' છે. અંદની બેઠકો ૪'–૧૦'' લાંબી, ૨'–૩'' પહોળી અને ૨' ઊંચી છે. બે નાના સ્તંભો તેમજ પ્રવેશદ્વાર આગળ બે મોટા સ્તંભો મૂકેલા છે. સૌથી આગળનો વરંડા ૧૧'–૬'' નો ચોરસ છે. ગુફાના સ્તંભોની પીઠિકા લંબચોરસ અને દંડ અષ્ટકોણ અને તદ્દન સાદાં છે. વરંડાની બાજુમાં નીચેના ભાગમાં સ્પષ્ટ દેખાતી વેદિકાભાત ઈશુની શરૂઆતની સદીની સ્થાપત્ય શૈલીની છે. સૌરાષ્ટ્રમાં ઢાંક પાસે આવેલ ઝીંઝુરીઝરની ગુફામાં પણ આવી જ ભાત છે.(૩) વેદિકામાં ઊભા દંડ અને આડી સૂચિઓ વિશાળ પહોળાઈમાં સુંદરતાથી ઉપસાવી છે. ઉપરકોટ અને તળાજામાં માત્ર ચૈત્ય ગવાક્ષોના ભાગોમાં જ વેદિકાભાત દેખાય છે. ગુફાના સ્તંભો પણ ઝીંઝુરીઝરની ગુફા સાથે સરખાવી શકાય તેવા છે. આવી ભાત મહારાષ્ટ્રની તત્કાલીન ગુફાઓમાં પણ જોવા મળી છે.(૪)

બીજી ગુફા પણ ઘણી જ સાદી છે. તેનો અંદરનો ઓરડો ૭' ૯'' નો ચોરસ છે, અને તેની પાસેનો વરંડા ૧૧'–૭'' લાંબો અને ૭'-૯'' પહોળો છે. આ ગુફામાં પ્રવેશવા માટે પગથિયાં પણ છે, પણ આ ગુફામાં નોંધનીય તો છે તેની વરંડિકા. સપાટ છતને ટેકવી રાખનાર દીવાલો જ્યાં પૂરી થાય છે ત્યાં આગળના ભાગમાં બહાર પડતા કપોત આકારની ( **Roll Cornice** ) એ છે. તત્કાલીન યુગની એ વિશિષ્ટ શૈલી રજૂ કરે છે. ગોંડલ પાસે ખંભાલીડાની ગુફામાં પણ આવી રચના છે અને ઉપરકોટની ગુફામાં એ વિકસે છે. આ કપોત ક્ષત્રપયુગમાં સૌરાષ્ટ્રમાં પ્રચલિત હતી. આગળ જતાં મૈત્રકકાલીન મંદિરોમાં એ વધારે વિકસિત સ્વરૂપમાં દેખાય છે. કડિયા ડુંગરની ગુફાના કપોત ઉપરકોટની ગુફાઓ જેવી ચંદ્રશાળાથી અલંકૃત નથી. કદાચ આ કપોત તેના શરૂઆતના વિકાસના સ્વરૂપમાં હોઈ શકે. આજ સુધી તળ ગુજરાતમાં લાકરોડા અને રોડાનાં મંદિરો પહેલાંના પાષાણ સ્થાપત્યના અવશેષો નહિવત્ હતા. હવે આ ગુફાઓ જોતાં ગુજરાતની સ્થાપત્ય પરંપરા કાળમાં વધારે ઊંડી જાય છે. દેવની મોરીનો સ્તૂપ અને વિહારનું ઉત્ખનન ચોથી સદી સુધી તો લઈ જાય છે(૫) પરંતુ તેથી યે વધારે જૂના યુગનાં આ સ્થાપત્ય ગુજરાતની શરૂઆતની સ્થાપત્ય શૈલીના અંકોડા પૂરા પાડે છે.

ત્રીજી ગુફાને તો કોઈએ વસવાટ માટે ઉપયોગમાં લઈ તેને આધુનિક ઢબની બનાવી રંગઢંગ બદલી નાખ્યા છે. તેની દીવાલોમાં બારીઓ પણ મૂકી દીધી છે. પછીની ગુફાનો બહારનો વરંડા ૩૧ ફૂટ લાંબો છે. કદાચ તે પ્રાર્થનાખંડ પણ હોય. એની બહારની દીવાલ કોઈએ તાજેતરમાં મૂકી દીધી લાગે છે. પાંચમી ગુફા અન્ય

૧ વલ્લભવિદ્યાનગર સંશોધન પત્રિકા પુ. ૧, અંક ૨, પ્લેટ ૫ બી

૨ ડૉ. યુ. પી. શાહ 'ગુજરાતમાં બૌદ્ધધર્મ' સ્વાધ્યાય પુ. ૧, અંક ૩, અક્ષયતૃતીયા વિ. સં. ૨૦૨૦માંથી પુનર્મુદ્રણ.



૩ ડૉ. એચ. ડી. સાંકળિયા 'આર્કીઓલોજી ઓવ ગુજરાત' પૃષ્ઠ ૧૪, આકૃતિ ૨૪.

૪ આર. એસ. વાકેચોય 'બુદ્ધિસ્ટ કેવ ટેમ્પલ્સ ઓવ ઇન્ડિયા' પ્લેટ ૨૪ અને પ્લેટ ૩૯, કેવ નં. ૧.

૫ ડૉ. આર. એન. મહેતા અને એસ. એન. ચૌધરી–'એક્સકેવેશન એટ દેવની મોરી', પાનું ૨૯.

ગુફાઓ કરતાં બહુ નીચી સપાટીએ છે. અંદર ખંડ અને આગળ વરંડાની રચના અહીં પણ છે. છઠ્ઠી ગુફા પણ તદ્દન સાદી છે. એમાં વરંડામાંથી ખંડમાં જવા માટેનું પ્રવેશદ્વાર ભાંગી ગયું છે. એ પછી સાતમી ગુફા બિલકુલ બિસ્માર હાલતમાં છે. આ ગુફાઓની આસપાસ પાણી માટે ટાંકાઓ પણ છે. અહીં એક શિવલિંગ જોતાં પાછળથી આ ગુફાઓ બ્રાહ્મણ સાધુઓએ પણ ઉપયોગમાં લીધી હશે તેમ જણાય છે.


ખડકોમાંથી કોતરી કાઢેલી આ ગુફાઓ ગુજરાતમાં જૂનામાં જૂનાં સ્થાપત્યો રજૂ કરે છે. અત્યાર સુધી આ પ્રકારનું સ્થાપત્ય માત્ર સૌરાષ્ટ્ર વિભાગ પૂરતું જાણીતું હતું.(૧) આ ગુફાઓ પણ તેટલી જ કે કદાચ થોડી વધારે જૂની હોઈ શકે. ગુફાની સાદાઈ, લેખ, સ્તંભોનો આકાર અને વેદિકાભાતનું કાષ્ઠકળાનું અનુકરણ તેમજ ભોંયતળમાં લાકડાના સ્તંભ ખોસવા માટે કરેલાં કાણાંઓ તથા વરંડિકાનાં સ્પષ્ટ કપોત વગેરે પરથી આ ગુફાઓને ઈશુની લગભગ પહેલી–બીજી સદીની આસપાસમાં મૂકી શકાય.

પણ આ ગુફાઓની પ્રાચીનતા અનુમાનવામાં વધારે રસપ્રદ વસ્તુ તો આ સ્થળે ઊભેલો ૧૧' ઊંચો એક સ્તંભ છે. નીચેથી ઉપર પાતળા થતા જતા એક જ પથ્થરમાં કંડારેલા આ સ્તંભને શિરોભાગે એક સિંહાકૃતિ છે. તેમાં શરીર એ પણ મુખ એક જ એવી રચના જોતાં આ કોઈ ચોક્કસ કારણસર ઊભો કરાએલો 'યૂપ' લાગે છે. તેનું શિલ્પ જોતાં ક્ષહરાત કે ક્ષત્રપ યુગની ઝાંખી થાય છે. બેસનગરમાં જેમ ગ્રીક રાજા હીલિયોડરસે ગરુડ સ્તંભ ઊભો કરાવ્યો હતો તેમ કદાચ અત્રે પણ કોઈ યવન રાજાએ બૌદ્ધધર્મની યાદમાં આ સિંહસ્તંભ કરાવ્યો હોય તેમ લાગે છે. મૌર્ય પછી એટલે કે ઈ. સ. પૂર્વે ૧૮૫થી ગુજરાતમાં બેક્ટ્રીરિયન ગ્રીકસના સરદારો રાજ કરતા હતા. પેરીપ્લસમાં પણ નોંધ છે કે એપેલોડોટસ અને મિનેંનદરના સિક્કાઓ ભરૂચમાં વપરાતા, અને મિનેંનદર તો બૌદ્ધધર્મી તરીકે સુવિખ્યાત છે જ. અમને આ સ્થળે ચાંદીનો એક ગોળ ઇન્ડોગ્રીક સિક્કો પણ મળ્યો છે જે આ સ્થળ વિષેની માન્યતા માટે વધારે સમર્થ પૂરું પાડે છે. આ સિક્કો મિનેંનદરનો છે. તેની એક બાજુ રાજાનું મોં અને ગ્રીક અક્ષરો સ્પષ્ટ વંચાય છે. બીજી બાજુએ ગ્રીક દેવી 'એથેને પ્રોમેશો'ની આકૃતિ છે. જોકે આ સિક્કો પાછળથી ઘરેણા તરીકે વપરાશમાં લેવાયો હશે તેમ તેના ઉપરનાં બે કાણાં સૂચવે છે. ગમે તેમ પણ હજી યે પોતાના મૂળ સ્થાને ઊભેલો આ સિંહસ્તંભ ગુજરાત માટે એક અજોડ અને અદ્ભુત અવશેષ ગણી શકાય.

સ્તંભની આસપાસ જંગલમાં આઠથી નવ ઈંટોરી સ્થાપત્યનાં નિશાનો પણ છે, કદાચ એ સ્તૂપો કે વિહારો હોય. જૂનાગઢ પાસે ઈંટવા કે ઉત્તર ગુજરાતના દેવની મોરીના સ્તૂપ જેવા અવશેષોમાંથી મળી આવેલી ઈંટોનાં માપ અહીં પણ જોવા મળે છે.

આ પ્રાથમિક નિરીક્ષણ કરતાં અહીંથી જે માટીના પાત્રખંડો હાથ આવ્યા છે તે પણ ઇશુની શરૂઆતની સદીના છે. પરંતુ હજી કંઇ વધુ ચોક્કસપણે કહેવા પહેલાં આ સ્થળે ઉત્ખનન અને વધુ સંશોધન જરૂરી છે.

૧. બર્જેસ 'એન્ટીક્વીટીઝ ઓવ કાઠિયાવાડ એન્ડ કચ્છ'.



# ગુજરાતમાં વૈજ્ઞાનિક સંશોધન

—ડૉ. નરસિંહ મુ. શાહ

ગુજરાત જેવા સાધન સંપન્ન પ્રદેશમાં વૈજ્ઞાનિક સંશોધનની સ્વતંત્ર સંસ્થા અસ્તિત્વમાં નથી એ નવાઈ પમાડે એવી બીના છે. ગુજરાતની યુનિવર્સિટીઓએ માન્ય કરેલો, ગુજરાત-સૌરાષ્ટ્ર-કચ્છમાં આવેલાં મહાવિદ્યાલયોને અંગે ચાલતાં વિજ્ઞાનનાં ખાતાંઓ તેમજ યુનિવર્સિટીઓનાં પોતાનાં વિજ્ઞાન-ભવનો (ડીપાર્ટમેન્ટ્સ)ને અલગ રાખતાં કોઈ એવી વૈજ્ઞાનિક સંશોધનની સંસ્થા નથી કે જ્યાં ગુજરાતનો વિદ્યાર્થી સંશોધન કાર્યમાં જોડાવા નજર માંડી શકે અને દેશના અને જગતના જ્ઞાનમાં વધારો કરવા પોતાનો ફાળો આપી શકે. અલબત્ત, અમદાવાદ ટેક્સટાઈલ ઈન્ડસ્ટ્રી રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (વિશેષ સામાન્યતઃ ઓળખાતું અટીરા), ફીઝીકલ રિસર્ચ લેબોરેટરી અને સેન્ટ્રલ સોલ્ટ અને મરાઈન કેમીકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ રણમાં વીરડીઓ જેવાં છે; ગુજરાતને વૈજ્ઞાનિક સંશોધનના નકશામાં સ્થાન અપાવે છે.

પશ્ચિમ ભારતમાં સંશોધનનું કાર્ય પ્રમાણમાં ઓછું થાય છે; તેમાંય ગુજરાતનો હિસ્સો અલ્પ છે એવાં વિધાન ઘણી વાર કાને પડે છે. પરંતુ પરિસ્થિતિ બદલાઈ છે. મુંબઈમાં ભાભા ઇન્સ્ટિટ્યૂટ ઓફ ફન્ડામેન્ટલ રિસર્ચ, ટ્રોમ્બેમાં એટમિક એનર્જી કમીશનની પ્રયોગશાળાઓ અને અન્ય સંસ્થાઓ પ્રગતિનાં પગલાં છે. છેલ્લાં થોડા વર્ષોથી ગુજરાતના યુવકોએ સંશોધનમાં રસ લેવા માંડ્યો છે. અને એ દિશામાં પ્રગતિ થતી જાય છે. હિન્દના અન્ય પ્રદેશોના મુકાબલે ગુજરાતનું સંશોધન ઓછું કે ઊતરતું નથી; રસાયણ તેમજ ભૌતિક વિજ્ઞાન ક્ષેત્રે ગુજરાતનું ગૌરવ વધાર્યું છે.

ગુજરાતમાં અમદાવાદ, વડોદરા, સુરત, વલ્લભવિદ્યાનગર આદિ ખાતે વિજ્ઞાનની કોલેજોમાં; સૌરાષ્ટ્રમાં ભાવનગર, જૂનાગઢ, રાજકોટ, જામનગર આદિની કોલેજોમાં અને તળ મુંબઈની કોલેજોમાં વિજ્ઞાનનું ઉચ્ચ શિક્ષણ અપાય છે. શિક્ષક જેટલો રસ સંશોધનમાં લે તેટલી શિક્ષણકાર્યમાં તેની પ્રવીણતા વધે છે. એટલે વિજ્ઞાનના ક્ષેત્રમાં સંશોધન એક આવશ્યક અંગ લેખાય છે; એટલું જ નહીં પણ સંશોધન હુન્નર ઉદ્યોગોમાં પણ મહત્ત્વનું છે એના વિના હુન્નર ઉદ્યોગમાં આગળ વધાતું નથી. માત્ર સંશોધનનાં સરકારી ખાતાંઓ બાદ રાખતાં શિક્ષણ સંસ્થામાં ઓછું વતું સંશોધન થયા કરે છે એ ઉપરની બીના પૂરવાર કરે છે

ગુજરાતની તેમજ મહાગુજરાતની કોલેજોમાં તેમજ અન્ય સંશોધન સંસ્થાઓમાં થતું વૈજ્ઞાનિક સંશોધન નિર્દેશનનો આ લેખનો હેતુ છે; જગ્યાની મર્યાદા લંબાણથી વિગતો આપતાં રોકે છે. આ નોંધ બની શકે તેટલી માહિતિ એકઠી કરીને તૈયાર કરી છે; વિજ્ઞાનનાં જર્નલોમાં પ્રગટ થયેલ માહિતિ એકઠી કરીને તૈયાર કરી છે, છતાં અજાણતાં કોઈ ઉલ્લેખ વણનોંધ્યો રહી ગયો હોય તો લેખક દરગુજર ચાહે છે.

ગુજરાતમાં વિજ્ઞાન અને ટેકનોલોજીકલ સંશોધનમાં રસ લેતી સંસ્થાઓમાં એક છે અટીરા અને બીજી છે ફિઝીકલ રિસર્ચ લેબોરેટરી (અમદાવાદ) અને ત્રીજી છે ભારત સરકાર સંચાલિત સેન્ટ્રલ સોલ્ટ અને મરાઇન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ (ભાવનગર) દેશની રાષ્ટ્રીય પ્રયોગશાળાઓમાંની એક.

અટીરા કાપડ ઉદ્યોગના સંશોધનના પ્રશ્નો હાથ ધરે છે. રેશા-વિજ્ઞાન, કાપડ ઉદ્યોગને લગતી ટેકનોલોજી (હુન્નર વિદ્યા), ઉત્પાદન ક્ષમતા અને ઉદ્યોગમાં માનવ સંબંધોના પ્રશ્નો અંગે સંશોધન હાથ ધરે છે કુદરતી અને માનવ સર્જિત કૃત્રિમ રેશાઓનાં રાસાયણિક બંધારણ અને ઔદ્યોગિક પ્રક્રિયાઓમાં તેમાં થતા ફેરફારોનો અભ્યાસ અને સંશોધનનો આમાં સમાવેશ થાય છે બ્રિટિશ કોટન ઇન્ડસ્ટ્રીઝ રિસર્ચ એસોસિએશનના ધોરણે સ્થપાયેલ આ સંશોધન સંસ્થા બ્રિટનમાં વ્યવસ્થિત રીતે ચાલતાં કાપડ-ઉદ્યોગને લગતાં ઔદ્યોગિક સંશોધનમાંથી પ્રેરણા મેળવે છે. ટૂંકામાં, હિંદના કાપડ-ઉદ્યોગને લગતું સંશોધન આ સંસ્થાનો કાર્ય-પ્રદેશ છે. આ સંસ્થાના વિકાસમાં દીર્ઘદૃષ્ટા ઉદ્યોગપતિ શ્રી કસ્તુરભાઇ લાલભાઈ તથા જાણીતા વૈજ્ઞાનિક ડૉ. વિક્રમ સારાભાઇનો અમૂલ્ય ફાળો છે. અટીરાને ગુજરાત, વડોદરા, મુંબઇ અને મદ્રાસ યુનિવર્સિટીઓએ અનુસ્નાતક સંશોધન સંસ્થા તરીકે માન્ય કરેલ છે. ડૉ. પી. સી. મહેતા તેના ડાયરેક્ટર છે.

ફિઝીકલ રિસર્ચ લેબોરેટરીમાં આધુનિક ભૌતિક વિજ્ઞાન અંગે સંશોધન ચાલે છે. કોસ્મિક કિરણોના અભ્યાસ અંગે ચાલતો વિભાગ ડૉ વિક્રમ સારાભાઇના અધ્યક્ષપદ નીચે કાર્ય કરે છે. ડૉ. વિક્રમ મર્હૂમ ડૉ. ભાભાની જગ્યાએ એટમિક એનર્જી કમિશનના ચેરમેન છે કોસ્મિક કિરણો અતિ ઉચ્ચ શક્તિ (High energy) વાળા વીજભારવાળી રજકણો છે. એની ઝડપ લગભગ પ્રકાશનાં કિરણોના જેટલી છે, અને અવકાશમાંથી બધી દિશાઓમાં તેઓ પૃથ્વી પર આવે છે. એમ માનવામાં આવે છે કે પૃથ્વીના વાતાવરણની બહાર એમાં ૮૫ ટકા હાઇડ્રોજન ન્યુકલીઆઇ (પ્રોટોન) હોય છે; ૧૪ ટકા હેલિયમના રજકણો અને ૧ ટકો એથી વધુ ભારે ન્યુકલીઆઈ હોય છે આ કિરણો પૃથ્વી નજીક આવતાં જાય તેમ તેમ પૃથ્વીના ચુંબકીય ક્ષેત્રની અસર નીચે આવે છે અને વાંકા વળે છે. વાતાવરણમાંથી પસાર થતાં તેઓ વાતાવરણના રજકણોની સાથે સંઘર્ષમાં આવે અને એમાંનાં કેટલાંક તૂટી જાય છે કોસ્મિક કિરણોની ઉત્પત્તિ અંગેના પ્રશ્નો અને માનવજીવન અને પ્રકૃતિ પર એ કિરણોની અસરોનો અભ્યાસ અને સંશોધન આ લેબોરેટરીમાં ચાલી રહ્યું છે.

આ પ્રયોગશાળાએ અમદાવાદ ઉપરાંત કાશ્મીરમાં ગુલમર્ગમાં, કોડીકેનાલમાં, આબુમાં અને ત્રિવેન્દ્રમમાં કોસ્મિક કિરણોના સંશોધન અર્થે મથકો સ્થાપેલાં છે.

બહારના કિરણોત્સર્ગ (Radiation) ની અસરો પૃથ્વીના વાતવરણના સૌથી ઊંચા થર ઉપર ખૂબ જોરદાર હોય છે. વાતાવરણ અને આયનોસ્ફીઅરને લગતું અને સૂર્યમાંથી નીકળતાં તરંગો તથા રજકણોના કિરણોત્સર્ગની એના પરની અસરો સંબંધમાં ઘણું નવું મેળવી શકાયું છે. ભારતના વાયુમાન ખાતાના સહકારથી આ લેબોરેટરી ભારતના જુદા જુદા ભાગોમાં વાતાવરણમાંના ઓઝોનનો પદ્ધતિસર અભ્યાસ કરે છે. આ લેબોરેટરીને કેટલીય આંતરરાષ્ટ્રીય ફિઝીકલ રિસર્ચ સંસ્થાઓનો સહકાર છે આ સંસ્થાના ઉપરના બે વિભાગો ઉપરાંત ત્રીજો વિભાગ સૈદ્ધાંતિક ભૌતિક વિજ્ઞાનમાં સંશોધનને લગતો છે, જેમાં ભૌતિક વિજ્ઞાનની મૂળભૂત બાબતો અંગે સંશોધન હાથ ધરવામાં આવે છે. તે અનેક યુનિવર્સિટીઓનાં અનુસ્નાતક કેન્દ્ર તરીકે માન્ય હોવાથી, આ સંસ્થામાં, અખિલ ભારતમાંથી વિદ્યાર્થીઓ સંશોધન કાર્ય માટે જોડાય છે.

ઈ.સ ૧૯૫૪ના એપ્રિલની દશમી તારીખ સૌરાષ્ટ્રના વિજ્ઞાનની તવારીખમાં ઉજળે અક્ષરે અંકાયેલી રહેશે. ઔદ્યોગિક વિકાસમાં તેમ જ વૈજ્ઞાનિક સંશોધનની પ્રગતિમાં એક સીમાચિન્હ રૂપ સેન્ટ્રલ સોલ્ટ રિસર્ચ ઇન્સ્ટિટ્યુટ તે દિવસે ભાવનગરમાં સ્થપાયું, પાછળથી એ નામ સેન્ટ્રલ સોલ્ટ એન્ડ મરાઇન કેમિકલ્સ રિસર્ચ ઇન્સ્ટિટ્યૂટ તરીકે ફેરવવામાં આવ્યું. 'સી.એસ.આર'. દ્વારા દેશમાં ચાલતી રાષ્ટ્રીય પ્રયોગશાળાઓની શ્રેણીમાં આ ઇન્સ્ટિટ્યૂટ એક મણકો છે.

આપણા દેશમાં મીઠાની બનાવટ જૂના કાળથી જાણીતી છે. સમુદ્રકાંઠે સૂર્યની ગરમીથી પાણી ઊડી જતાં દરિયાના પાણીનું મીઠું પડી રહે છે. પરંતુ મીઠાની બનાવટનો આધુનિક ઉદ્યોગ ઈ. સ. ૧૯૨૭માં મર્હુમ શ્રી કપિલરાય વકીલે મીઠાપુરમાં સ્થાપ્યો. આ ઇન્સ્ટિટ્યૂટનું મુખ્ય કાર્ય મીઠાની બનાવટ તથા તેની ગુણવત્તા અંગે સંશોધન હાથ ધરવાનું, તેની સુધારણા અર્થે સંશોધન ઉપાડવાનું, દરિયાના પાણીમાંથી મીઠું કાઢી લીધા પછી જે અવશેષ દ્રાવણ રહે તેમાંથી અન્ય અગત્યનાં રસાયણો બનાવવાનું, અગત્યના રસાયણોની બનાવટમાં મીઠું કાચા માલ તરીકે વાપરી નવી રીતો ખોલવવાનું અને એને અનુસંગી સંશોધન હાથ ધરવાનું છે. આ ઇન્સ્ટિટ્યૂટે ઉદ્યોગમાં ઉપયોગી 'આલ્જીનેટ' બનાવવાની એક રીત ખોલવી છે. ખાતરમાં ઉપયોગી થાય એવા પોટાસિયમ ક્ષારો બનાવવા અંગે સંશોધન ચાલી રહ્યું છે. દરિયાના પાણીમાંથી મેગ્નેશિયમ ક્ષારો કાઢવાનું સંશોધન પણ પ્રગતિમાં છે. આ ઇન્સ્ટિટ્યૂટના સંશોધન વિભાગો ઉપરાંત તેની સાથે મ્યુઝિયમ, વર્કશૉપ પણ જોડાયેલાં છે; તથા સંસ્થા મીઠાના અગર પણ ચલાવે છે. ડૉ. ડી. એસ. દાતાર આ ઇન્સ્ટિટ્યૂટના નિયામક છે. સંસ્થા અનુસ્નાતક સંશોધન માટે વિદ્યાર્થીઓ તૈયાર કરે છે.

ગુજરાત સરકારે ઉદ્યોગોની ખીલવણી માટે વડોદરામાં ઇન્ડિસ્ટ્રીઅલ લેબોરેટરી કાઢી છે, જેમાં ઉદ્યોગોને લગતું સંશોધન હાથ ધરવામાં આવે છે ગુજરાત સરકારનું મત્સ્ય–સંશોધન ખાતું, ભૂસ્તરીય મોજણીખાતું પણ ઉપયોગી કાર્ય આપે છે

છેલ્લાં બે-ત્રણ વર્ષો થયાં, અવકાશમાં ચડાવાતા બનાવટી ગ્રહોના સંકેતો ઝીલવા અમદાવાદમાં સ્થાપવામાં આવેલું સેટેલાઇટ સ્ટેશન અવકાશ વિજ્ઞાનના સંશોધનમાં પોતાનો કિંમતી ફાળો આપી રહ્યું છે.

હવે વિજ્ઞાનની કોલેજોમાં અને યુનિવર્સિટીઓ હસ્તક ચાલતાં વિજ્ઞાનના વિષયોમાં પ્રગટ થયેલ સંશોધનના કાર્યની નોંધ કરીએ :

ગણિતવિજ્ઞાનમાં નોંધવા યોગ્ય શોધખોળ ભાવનગરની શામળદાસ કોલેજના મર્હુમ પ્રિન્સિપાલ કાવસજી જ. સંજાણાની છે. તેઓ ખગોળ અને ભૂમિતિના ક્ષેત્રમાં પોતાના સંશોધનની નોંધો ગણિતને લગતાં હિંદી તેમજ પરદેશી સામયિકોમાં પ્રસિદ્ધ કરતા તેમની સાથે કાર્ય કરનારાઓમાં શ્રી હરિહર ભટ્ટ અત્યારે ગુજરાત વિદ્યાસભાના ભો. જે. વિદ્યાભવનમાં ખગોળના પ્રોફેસર છે. પંચાંગની સુધારણા અંગેનું તેમનું સંશોધન જાણીતું છે. પ્રો. એ. આર. રાવે ભૂમિતિનાં વિષયમાં સારાં એવાં સંશોધન લેખો પ્રગટ કરેલા છે. આપણા બીજા ગણિત શાસ્ત્રીઓમાં, સુરતની કોલેજના આચાર્ય અને પાછળથી વલ્લભવિદ્યાનગરમાં પટેલ વિઠ્ઠલભાઈ મહાવિદ્યાલયના આચાર્ય મર્હુમ શ્રી નગીનદાસ મા. શાહ ( પ્રિન્સીપાલ એન. એમ. શાહ તરીકે વિશેષ જાણીતા ), ગુજરાત કોલેજના મર્હુમ પ્રો. જેઠાલાલ સી. સ્વામીનારાયણ, હાલ નિવૃત્ત છતાં ગણિતિક સંશોધનમાં સક્રિય રસ ધરાવતા પ્રો. ડી. એમ. પટેલ, પ્રો. એન. આર. ત્રિવેદી (હાલ આચાર્ય, બિલિમોરા કોલેજ ), પ્રો. કે. સી. શાહ ( ભાવનગર )- આ બધાંએ એમના સમયની પરિસ્થિતિ અનુસાર ગણિતિક સંશોધનમાં પોતપોતાનો ફાળો આપ્યો હતો ગણિતમાં સંશોધન અંગે આપણી યુનિવર્સિટીઓમાં ઓછો રસ લેવાય છે, પણ હવે પરિસ્થિતિ બદલાતી જાય છે. ગુજરાત યુનિવર્સિટીએ ગણિત ડિપાર્ટમેન્ટ શરૂ કર્યા પછી પ્રો ડૉ. પી. સી. વૈદ્યની રાહબરી નીચે સંશોધનમાં સારું એવું કામ થઇ રહ્યું છે. ડૉ વૈદે ગણિતના શિક્ષણનું આધુનિકરણ અને સંશોધનમાં રસ લેનાર એક જૂથ તૈયાર કર્યું છે. આઇન્સ્ટાઇનનો સિદ્ધાંત અને યુનિફાઇડ ફિલ્ડ થીયરીના વિષયમાં સારું એવું સંશોધન બહાર પાડ્યું છે. ડૉ. કે. બી. શાહ ( કોમ્યુનિટી સાયન્સ સેન્ટરના હાલ નિયામક ), સર્વશ્રી. પ્રો. રાવળ, દર્શનસિંહ, મિશ્રા, ડૉ વૈદ્ય (જુનિયર), શેઠ આદિ ગણિતના સંશોધનમાં સારો એવો ફાળો આપી રહ્યા છે. આ ઉપરાંત ગણિતના વિષયમાં પણ ઉચ્ચ ગણિતની સમસ્યાઓ અંગે સંશોધન લેખો પ્રગટ થયા છે. ગણિત મંડળની સ્થાપનાએ ગણિત શિક્ષણના ક્ષેત્રમાં ઉત્સાહ પ્રેર્યો છે. ગણિત મંડળ ' સુગણિતમ ' ચલાવી ગણિતિકજ્ઞાન લોક ભોગ્ય ભાષામાં રજુ કરે છે. વડોદરા યુનિવર્સિટીમાં પ્રો. યુ. એન. સિંઘ, મનેરીકર, ગોએલ, અગ્રવાલ, વી. એમ. શાહ ગણિતના વિષયમાં અને ડૉ એન. એમ. ભટ્ટ, શ્રીમતી ઇન્દીરા ભાનોટ, એ. જી. ફાટક વગેરે આંકડા શાસ્ત્રમાં સંશોધનનું ઉપયોગી કાર્ય કરી રહ્યા છે. ફુરિયર શ્રેણી અને અભિસરણનાં સિદ્ધાંતોનાં સંશોધનમાં વડોદરા સ્કૂલ સારો ફાળો આપી રહી છે. ગુજરાત યુનિવર્સિટીના આંકડા શાસ્ત્ર વિભાગના પ્રો. ડી. જી. વશી (હાલ આચાર્ય, સુરત કોલેજ), ડૉ. ખત્રી, સર્વશ્રી જયસ્વાલ, ગજ્જર, વાઇ. કે. શાહ, બી. બી. જાની, એન ટી. પરીખ આર. ડી. પટેલ આદિ આંકડા શાસ્ત્રીઓએ ઉપયોગી સંશોધન પ્રગટ કર્યું છે. વલ્લભ વિદ્યાનગરમાં સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી

પ્રો. બી. એસ. યાદવ વિધેય પૃથક્કરણ ( Functional analysis ) માં, શ્રી જે. કે. રાવ સાપેક્ષતાના સિદ્ધાંતમાં, શ્રી એસ એમ. શાહ અને રામાનુજન પોતાની પસંદગીના ગણિતિક વિષયોમાં સંશોધન પ્રકટ કરી રહ્યા છે. મોરબીની અને સુરતની એન્જિનીયરીંગ કોલેજમાંથી અનુક્રમે ડો. આઇ. એમ. પંડ્યા અને શ્રી એન. એલ. કલથીઆએ સંશોધનમાં પોતાનો ફાળો આપ્યો છે અને આપ્યે જાય છે.

ભૌતિક વિજ્ઞાનમાં સંશોધનના ક્ષેત્રે આશા આપતા ડો. જયંતીલાલ સુ. બદામીએ થોડો વખત મુંબઇની વિલ્સન કોલેજમાં રહી જે સંશોધન બહાર પાડ્યું હતું તે જોતાં લાગે છે કે તેઓ અન્ય ક્ષેત્રમાં ન પડ્યા હોત તો આપણને એક સારો સંશોધક મળત અને ગુજરાતનું નામ આગળ આવત. મુંબઇમાં સાયન્સ ઇન્સ્ટિટ્યૂટમાં પ્રો. વી. ડી. મજમુદારે પાતળી ફિલ્મોના ગુણધર્મો પર અને પ્રો. કાપડિઆએ એક્સ-રેથી સ્ફટિકની આંતર રચના અંગે સંશોધન પ્રગટ કર્યું હતું. ડો. યશવંત શુ. નાયકે ( હાલ આચાર્ય, માનવમંદિર કોલેજ, અમદાવાદ ) વાદળાંનાં ફોરાં કેવી રીતે બને છે, તેઓનું કદ કેટલું છે વગેરે સંશોધન બહાર પાડ્યું હતું. ઔદ્યોગિક શહેરોનાં વાતાવરણમાં કારખાનાનાં ભૂંગળામાંથી નીકળતા ધૂમાડામાં કોલસાની ઝીણી રજકણો કેટલી હોય છે એની ગણતરી કરવાની રીત તેમણે સહેલી કરી ઉપયોગી બનાવી છે. સરદાર પટેલ યુનિવર્સિટીના પ્રોફેસર અંબુભાઇ પટેલ દ્રવ્યની આંતરરચના અંગે ઇલેક્ટ્રોન માઇક્રોસ્કોપના સાધન વડે ઉપયોગી સંશોધન બહાર પાડે છે. ગુજરાતમાં ઇલેક્ટ્રોન માઇક્રોસ્કોપ ફક્ત સરદાર પટેલ યુનિવર્સિટીમાં છે. આ કિમતી સાધન દ્રવ્ય રચનાના સંશોધનમાં અતિ ઉપયોગી છે. વડોદરા યુનિવર્સિટીમાં પ્રો. એન. એસ. પંડ્યા, ડો. એમ. એમ. પટેલ અને શ્રી જોષી તથા તેમના સહકાર્યકર્તાઓ ધાતુઓના સ્ફટિકોની રચના અને તે અંગેની વિશિષ્ટતાઓ પર પોતાનું સંશોધન કરી રહ્યા છે. અમદાવાદમાં ગુજરાત યુનિવર્સિટીમાં ફિઝીક્સ ડિપાર્ટમેન્ટમાંથી પ્રો. પાઠક પી. ડી., ડો. કોટડીઆ, પ્રો. પંડ્યા અને તેમના સાથી સંશોધકો ભૌતિક વિજ્ઞાનના સંશોધનક્ષેત્રે પોતાની પસંદગીના વિષયોમાં સારો હિસ્સો આપી રહ્યા છે. જુદા જુદા ઉષ્ણતામાને સ્ફટિકોનું ઉષ્મીય વિસ્તારણ કેટલું થાય છે એનું માપ કાઢવા પ્રો. પાઠક અને તેમના સાથીઓ કામ કરી રહ્યા છે. ડો. કોટડીયા આયનોસ્ફીયર અંગે રેડિયો-સંશોધનના ક્ષેત્રમાં કામ કરી રહ્યા છે રેડિયો Pulsesનું શોષણ આપવા જર્મન વૈજ્ઞાનિકો સાથે સહકારમાં કામ ચાલે છે. આ અંગે જરૂરી ઇલેક્ટ્રોનિક સાધનો કેવી રીતે બનાવવા એ અંગેનો અભ્યાસ કરવા અને માહિતી મેળવવા શ્રી કે જી. જાનીને જર્મની મોકલવામાં આવ્યા છે. પરમાણુ ન્યુક્લીઅસ અંગે પણ સંશોધન ચાલી રહ્યું છે.

રસાયણ વિજ્ઞાનના સંશોધનક્ષેત્રે ગુજરાતે સુંદર ફાળો આપ્યો છે. આ વિષયમાં સંશોધનનું મંડાણ કરી પેદા કરવાનું મોટું માન મર્હુમ પ્રોફેસર ત્રિભુવનદાસ કલ્યાણદાસ ( ટી. કે. ) ગજ્જરને છે. તેમણે સંશોધનનું બીજ વાવ્યું. તે આજે વૃક્ષરૂપે ફાલતું જાય છે એમ કહીએ તો અતિશયોકિત નથી. એ વખતના વડોદરા રાજ્યની વડોદરા કોલેજમાં પ્રો. ડો. કુંવરજી નાયક (કે. જી. નાયકે) સંશોધનની ખિલવણી અર્થે મહેનત ઉઠાવી રસાયણ સંશોધનની એક સ્કૂલ ઊભી કરી હતી. તેમના અનેક વિદ્યાર્થીઓ અત્યારે વિજ્ઞાનની ઉચ્ચતમ ડિગ્રીઓ ધરાવે છે મર્હુમ ડો. અવસારે, ડો. ત્રિવેદી તથા ડો. જાદવ, શ્રી ભાટ, ડો. ટી. એન. મહેતા (ગોધરા કોલેજના આચાર્ય, ભૂતપૂર્વ પ્રોફેસર, નાગપુર યુનિવર્સિટી), ડો. એલ. ડી. શાહ, ડો. આર. પી પટેલ, ડો. સી. સી. શાહ (ડભોઇ કોલેજના આચાર્ય), ડો. સી. એસ. પટેલ (વડોદરા યુનિવર્સિટીના વાઇસ- ચાન્સેલર), ડો. સી. એમ. મહેતા ડો. એમ. એલ. શાહ, ડો. બી. એન. માંકડ (સરદાર પટેલ યુનિવર્સિટી) અને બીજા અનેકોએ રસાયણ વિજ્ઞાનના સંશોધનમાં પોતાનો ફાળો સારી રીતે આપેલો છે. બે ઋણ (Negative) અણુ સમુહોની વચ્ચે આવેલ મેથિલીન ( CH ૨) અણુસમુહની પ્રક્રિયા શક્તિ કેટલી છે તે શોધી કાઢવા અનેક વિધવિધ વ્યવસ્થિત પ્રયોગો વડે સફળ પ્રયત્નો કરવામાં આવ્યા હતા. કાર્બનિક પદાર્થોના અણુઓમાં પારા (મરક્યુરી)નું પરમાણુ દાખલ કરવાની રીતિનો અભ્યાસ કરવામાં આવ્યો હતો. ડો. નાયક અને તેમના વિદ્યાર્થીઓએ સારા એવા પેપરો બહાર પાડેલાં છે. મર્હુમ સયાજીરાવ ગાયકવાડની જ્યુબિલી વખતે આ બધાં પેપરો પુસ્તકાકારે એકત્ર કરીને એ ગ્રંથ મહારાજાને ભેટ ધરવામાં આવ્યો હતો.

સુરત કોલેજમાંથી (હવે દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં) ડો. સી એમ. દેસાઈએ કાર્બનિક તેમ જ ભૌતિક રસાયણના વિષયોમાં સારૂં એવું સંશોધન પ્રગટ કરેલ છે. સુરતમાં યુનિવર્સિટીની સ્થાપના પછી આ સંશોધનને વેગ મળશે એવી અપેક્ષા રાખીએ. ભાવનગરમાં સર પટ્ટણી સાયન્સ ઇન્સ્ટિટ્યૂટમાં ડો. એમ. એમ. પરીખે ખોરાકી ચીજોના રસાયણ અંગે સંશોધન કર્યું હતું.

અમદાવાદમાં ગુજરાત કોલેજમાં સંશોધનનુ કામ માધવલાલ રણછોડલાલ સાયન્સ ઇન્સ્ટિટ્યૂટની પ્રયોગશાળાઓમાંથી બહાર પડે છે. આ સાયન્સ ઇન્સ્ટિટ્યૂટ સર ચીનુભાઈ બેરોનેટની ઉદાર સખાવતનું પરિણામ છે. અમદાવાદ જેવા ઔદ્યોગિક શહેરમાં આવી સંસ્થાના અનેક લાભો મળે એ દેખીતું છે પણ તેનું સ્વતંત્ર અસ્તિત્વ નહીં હોવાથી અત્યારે તો ગુજરાત કોલેજમાં સાયન્સ શીખવવાના સામાન્ય ખાતા જેવું થઈ પડ્યું છે. કાર્બનિક રસાયણના ક્ષેત્રમાં, ક્લોરલ ( Chloral ) સાથે જુદા જુદા કાર્બનિક એસિડોને સંયોજનાનો અભ્યાસ અહીં શરૂ કરવામાં આવ્યો હતો. કેસીનને લગતુ સંશોધન પણ થયું હતું. આ બધું કાર્ય ડો. મેલ્ડ્રુમના સમયમાં થયું હતું. ડો. મેલ્ડ્રુમની બદલી બાદ પ્રો. કાંગાએ અને માધવલાલ શાહે સાથે મળીને બીજું પણ સંશોધન બહાર પાડ્યું છે. ડો માધવલાલ શાહે રાસાયણિક પ્રક્રિયાની ભીતરમાં રહેલ ગૂઢ રહસ્યો ઉકેલવા, સદરહુ ક્રિયા કેવી રીતે અનુક્રમે ચાલે છે તે સમજવા સારૂં એવું સંશોધન પ્રગટ કરેલ છે. આ કાર્યમાં તેમના સહકારી ડો. ટી. એમ. ઓઝાએ પણ વિશેષ સંશોધનો કરી ખૂબ પ્રકાશનો બહાર પાડેલાં છે. ડો. નરગુંડ, ડો. જે. જે. ત્રિવેદી ( હાલ ખંભાત કોલેજના આચાર્ય ), ડો. ક્ષત્રિય, ડો. વ્યાસ વી. એ. તથા ડો. નરગુંડના અન્ય વિદ્યાર્થીઓએ કાર્બનિક પદાર્થોના સંશ્લેષણના ક્ષેત્રમાં પુષ્કળ કાર્ય કરી ગુજરાતનું નામ રોશન કર્યું છે.

ડો. એન. એમ. શાહ તથા તેમના વિદ્યાર્થીઓ ડો. વ્યાસ જી. એન, ડો. અમીન જી. સી, ડો. મુન્સી એ. જી. ( મોડાશા સાયન્સ

કોલેજના આચાર્ય ), ડો. જોષી ( ધૂમકેતુના સુપુત્ર ), ડો. રાવળ ( શ્રી અનંતરાય રાવળના સુપુત્ર ), શ્રી આર. એચ. શાહ ( સ્વામીનારાયણ કોલેજ), ડો. ડી. એન. શાહ, શ્રી ડી. એચ. મહેતા આદિ સંશોધકોએ કાર્બનિક રસાયણના ક્ષેત્રમાં કેટલીક વનસ્પતિમાંથી આવતા પદાર્થોના સંશ્લેશણ અંગે સારૂં એવું સંશોધન પ્રગટ કરેલ છે. એમ. જી સાયન્સ ઇન્સ્ટિટયૂટમાં ડો. આર. ડી દેસાઇ, ડો એ. એમ ત્રિવેદી અને તેમના વિદ્યાર્થીઓ ( ડૉ, સોની, ડૉ. ગાંધી)એ સંશોધનની સુંદર પ્રણાલી પાડી છે, અને પુષ્કળ કામ કર્યું છે. ડો. દેસાઈનું સંશોધન વિશાળ છે અને તેમનું નામ સંશોધન-ક્ષેત્રે જાણીતું છે. ગુજરાત યુનિવર્સિટીએ વિજ્ઞાન ભવનો કાઢ્યા પછી રસાયણ વિભાગમાંથી ડો. વી. કે. વૈદ્ય અને તેમના વિદ્યાર્થી ડો. મીસ ગાંધી એ. એમ. ત્રિવેદી, એન. એમ. દેસાઈ, જે. ડી. તલાટી, ડો આર. કે. શાહ. ડો. શાહ, ડો. ભટ્ટ, ડો. કે. એ. ઠાકર, ડો. વસી આઈ. જી. અને ડો. શેખ આદિ સંશોધકોએ પોતપોતાના વિષયમાં સારૂં એવું સંશોધન કાય બહાર પાડી ગુજરાતનું નામ રોશન કર્યું છે. એવો અડસટો છે કે ક્ષારણ ( ધાતુના કાટ )ને લીધે કરોડો રૂપિયાનું નુકશાન થાય છે. આ સમજવા અને પછી તેને અટકાવવા ક્ષારણ અંગેનું ડૉ. ત્રિવેદી, ડો. દેસાઈ અને સહકાર્ય કરોનું સંશોધન કાર્ય ખાસ ઉલ્લેખનીય છે. ડો. આર. કે. શાહ જમીનની ક્ષારીવતા અંગે ઉપયોગી કામ કરી રહ્યા છે. જીઓ-કેમેસ્ટ્રીનો આ અભ્યાસ ગુજરાત યુનિવર્સિટીમાં શરૂ કરનાર તેઓ છે. ડો. કે. એ. ડાકર અને તેમના વિદ્યાર્થીઓનુ કાર્ય કાર્બનિક રસાયણના પ્રદેશમાં છે. તેઓ કાર્બોનિક પદાર્થોની optical activity ( પ્રકાશ સક્રિયતા = કાશિકા )નો અભ્યાસ કરે છે, એટલું જ નહીં પણ સામાન્ય જીવનમાં ઉપયોગી આપણા ખાદ્ય પદાર્થોની રાસાયણીક તપાસ કરી રહ્યા છે. ખાદ્ય પદાર્થોની પ્રોટીન-કિંમત અંગે ઉપયેગી કામ બહાર પાડ્યું છે.

વડોદરામાં યુનિવર્સિટીની સ્થાપના બાદ રસાયણ વિભાગમાં પ્રોફેસર સુરેશ શેઠના, ડો. કે. એન ત્રિવેદી અને તેમના વિદ્યાર્થીઓ કૌમારીન, ક્રોમેન, ફ્લેવોન ઇત્યાદિ વિસમ-ચક્રિય પદાર્થોની પ્રક્રિયા-શીલતા અંગે પુષ્કળ સંશોધન કરી રહ્યા છે. ડો. જે. એસ. દવે, ડો. તલાટી, ડો. ભટ્ટાચાર્ય વગેરે અન્ય સંશોધકો રસાયણ વિજ્ઞાનના વિવિધ ક્ષેત્રે સંશોધનમાં સારો ફાળો આપી રહ્યા છે. ડૉ. બાફનાએ રેઝીન ( આયન એક્સચેન્જ )નો ઉપયોગ કરીને મિશ્રણમાંથી કૌમારીનો તથા આલ્કેલાઇડો છુટા પાડવાની રીત સિદ્ધ કરી છે. ડૉ. દવેનું કાર્ય સ્ફટિકોનાં પ્રદેશમાં છે. આ કાર્ય તદ્દન આધુનિક છે અને ડૉ દવે તેમાં પોતાનો ફાળો આપી રહ્યા છે. ડૉ. તલાટી અને ડૉ. ભટ્ટાચાર્ય કો. ઑર્ડિનેશન રસાયણ ઉપર પોતાનું કાર્ય આગળ ધપાવી રહ્યા છે.

વલ્લભવિદ્યાનગરમાં યુનિવર્સિટીએ રસાયણ ડિપાર્ટમેન્ટ કાઢ્યા પછી પ્રો. ડૉ. આર. ડી. પટેલ, ડૉ. બી. એન. માંકડ, ડૉ. એસ. આર. પટેલ આદિ સંશોધકોએ સારૂં એવું સંશોધન કાર્ય પ્રગટ કરી પોતાનો હિસ્સો આપ્યો છે. ડૉ. પટેલ 'પોલીમર' અંગે સંશોધન કાર્યમાં નિષ્ણાત છે. તેલ ચરબીના રસાયણ સંશોધન કાર્ય માટે સંશોધન કરેલ છે. સ્ટાર્ચ અંગેનું તેમનું કાર્ય જાણીતું છે. ડૉ. માંકડે આ કાર્ય કરી સંશોધનના રસાયણમાં સારો એવો ફાળો આપ્યો છે. ડૉ. એસ. આર. પટેલ એન્ઝોકવીનાઝોલીનના સંશોધન તેમ જ ફ્રિડલ ક્રાફ્ટસની પ્રક્રિયા અંગે પુષ્કળ સંશોધન વિધવિધ દૃષ્ટિબિંદુથી હાથ લે છે. વલ્લભવિદ્યાનગરમાં રસાયણ વિજ્ઞાનના અભ્યાસક્રમને આધુનિકરૂપ આપવા સારા એવા પ્રયાસો થયા હતા. જર્નલ ઓફ કેમિસ્ટ્રી ટીચર નામનું સામયિક પણ અહીંઆની બહાર પડે છે.

મુંબઈની કોલેજોમાંથી બહાર પડતાં સંશોધનમાં ગુજરાતીઓનો ફાળો કેટલો એ પર દૃષ્ટિપાત કરીએ: ઇન્સ્ટિટયૂટ ઓફ સાયન્સમાં ડૉ. શાહ આર. સી. હતા, ત્યારે કાર્બનિક રસાયણનું સંશોધન કેન્દ્ર ઊભું થયું હતું. આ ક્ષેત્રમાં ડૉ. શાહની નામના આખા ભારતમાં છે તેઓ નેશનલ કેમિકલ લેબોરેટરીમાં લાંબા સમય સુધી હતા. તેમના વિદ્યાર્થીઓમાં ગુજરાતના યુવકો—ડૉ. સુરેશ શેઠના ( વડોદરા યુનિવર્સિટીના રસાયણના પ્રોફેસર અને ખાતાના વડા ), ડૉ. ન. મુ. શાહ, ડૉ. એચ. એ. શાહ ( દીલ્હી ) અને મર્હુમ લાઈવાળા તથા ડૉ. મરચન્ટ ( હાલ ઇન્સ્ટિટયૂટમાં પ્રોફેસર ) ડૉ મહેતા ( આઈ. આઈ. ટી. પવાઈ ) વગેરે બીજા અનેક વિદ્યાર્થીઓનો સમાવેશ થાય છે. ઇન્સ્ટિટયૂટના બીજા ગુજરાતીઓમાં પ્રો. સુબોધચંદ્ર મ. મહેતાએ અકાર્બનિક રસાયણમાં કાર્ય કરેલું છે. વિલસન કોલેજમાં ડૉ. ભીમભાઈ દેસાઇએ કલીલ રસાયણમાં ( Coleoibal Chemistry ) માં ખૂબ સંશોધન બહાર પાડેલ છે. મુંબઈ યુનિવર્સિટીના ટેકનોલોજી ડિપાર્ટમેન્ટમાં ગુજરાતીઓમાં ડૉ. ટી. એન. મહેતા, ડૉ. ભદ્રમુખ વૈદ્ય ( વૈદ્ય બી. કે. સાક્ષર શ્રી વિજયરાયના ભાઈ ), પ્રોફે. જંબુસરવાળા અને ડૉ. કે. એચ. શાહ આદિ સંશોધકોએ પોતાના વિષયોમાં સારો ફાળો આપ્યો છે. ગુજરાત બહાર વસતા ગુજરાતીઓમાં મર્હુમ ડૉ. કાન્તિલાલ છગનલાલ પંડ્યાનું નામ ભૂલાવું ન જોઇએ. કોલ્હાપુરની કોલેજમાંથી ડૉ. એસ. વી. શાહે પણ સંશોધનમાં પોતાનો ફાળો આપેલ છે.

ભૂસ્તર વિદ્યાના વિષયમાં ગુજરાતની કોલેજમાં કાંઈ ખાસ કાર્ય થતું નથી મુંબઈની સેન્ટ ઝેવિયર્સ કોલેજમાંથી ડૉ. કાલાવેરીએ આ વિષયમાં સંશોધન સારૂં કર્યું હતું. ડૉ. સુકેશવાળાએ એ પરંપરા ચાલુ રાખી છે. વડોદરા યુનિવર્સિટીમાંથી ડૉ. મેઢ સારૂં એવું સંશોધન કરી રહ્યા છે.

જીવ વિજ્ઞાનના મુ બે વિભાગ—વનસ્પતિ વિજ્ઞાન અને પ્રાણી વિજ્ઞાન. પ્રથમ વિભાગમાં મર્હુમ પ્રો. રૂસ્તમ દસ્તુર અગ્રગણ્ય સંશોધક હતા. તેઓએ કરેલ સંશોધન ઊંચા પ્રકારનું હતું. અને આ વિષયમાં રસ પેદા કરવામાં તેઓએ ખૂબ મહેનત કરી હતી. તેમના સહકારીઓમાં પ્રો. કુપર, પ્રો. સુતરીઆ, ડૉ. બિલીમોરિયા, પ્રો. કાપડિયા, ડૉ. ખસાના આર. ડી., ડૉ. જે. જે. ચિનોય ( ગુજરાત યુનિવર્સિટીમાં બોટનીના પ્રોફેસર અને વડા ) વગેરેનો સમાવેશ થાય છે. ડૉ ચિનોયે વનસ્પતિ ફિઝીઓલોજીની ઈન્ડીયન સોસાયટી Indian Society for Plant Physiologyની સ્થાપનામાં સારો ફાળો આપ્યો છે. ખેતીમાં પાકની વૃદ્ધિ કરવા એસ્કોર્બિક એસિડના ઉપયોગ અંગે તેમનું સંશોધન ખાસ ઉલ્લેખનીય છે. વડોદરામાં મર્હુમ ડૉ. ચવાણ, વલ્લભ વિદ્યાનગરમાં ડૉ જે. જે. શાહ

( શરૂઆતમાં ગુજરાત યુનિવર્સિટીમાં ) અને અમદાવાદમાં ડૉ સી. કે શાહ, ડૉ. પાંડ્યે, ડૉ વૈદ્ય અને ડૉ ઉષાબેન આચાર્ય પોતપોતાના પસંદગીના સંશોધન ક્ષેત્રે સારો ફાળો આપી રહ્યા છે. મુંબઈની વિલ્સન કૉલેજમાં પ્રૉ સુરેશ દીક્ષિતે લીલની વનસ્પતિ પર સંશોધન કરેલ છે. ગુજરાત કૉલેજવાળા પ્રૉ. જયંતીલાલ ઓઝા ( હાલ અમદાવાદ-સેન્ટ ઝેવિયર્સ કૉલેજ ) એ ગળો ઉપર થતાં સફેદ ચાઠાંમાં રહેલ સૂક્ષ્મ વનસ્પતિનો સંપૂર્ણ અભ્યાસ કરેલ છે. ડૉ. આડતીયા આર. ડી પણ પોતાના કાર્ય વડે સંશોધનમાં ફાળો આપે છે.

પ્રાણી વિજ્ઞાનમાં ગુજરાત કૉલેજવાળા મર્હુમ પ્રૉ. અસાના જે જે. પીઢ સંશોધક હતા. તેઓએ ઘણાં સંશોધન પ્રકાશનો બહાર પાડેલાં હતાં. કોષ વિજ્ઞાન (Cytology)માં પ્રવિણ વિદ્વાન હતા અને તે વિષયમાં તેમની સારી નામના હતી. મુંબઈવાળા ડૉ. શેઠના (ફિશરી ઓફીસર)નું નામ ન ભૂલાવું જોઈએ. તેમણે તેમના વિષયમાં ઘણું સારૂં સંશોધન આપેલ છે. વડોદરામાં ડૉ જ્યોર્જ, અમદાવાદમાં ડૉ દુગલે પણ પક્ષીઓની ફિઝીઓલૉજી અંગે સારૂં કામ કરી રહ્યા છે ડૉ જ્યોર્જ હાલ કેનેડાની યુનિવર્સિટીમાં છે, અને તેમનું કાર્ય આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પામેલ છે. તેમણે Avian Midogy નામનું પ્રમાણભૂત પુસ્તક બહાર પાડ્યું છે. વડોદરામાં અત્યારે પ્રૉ. આર. વી શાહ પોતાનું સંશોધન એમના વિદ્યાર્થીઓ સાથે આગળ ધપાવી રહ્યા છે. ડૉ. આર. એમ. નાયક પક્ષીઓ પર પોતાનું સંશોધન કરી રહ્યા છે.

ગુજરાતીઓનો વૈજ્ઞાનિક સંશોધનમાં ઉપરનો ફાળો સારો ગણાય ગુજરાતી સંશોધકોની સંખ્યા વૃદ્ધિ પામતી જાય છે. પણ આપણે ખૂબ આગળ વધવાનું છે. ગુજરાતના ઉદ્યોગોને સંશોધનનો લાભ મળતો રહે એમ કરવું જોઈએ. અનેક બીજા પ્રશ્નો ઉકેલવા માટે સંશોધનની જરૂર રહે છે તે પૂરી પાડવી જોઈએ. કૉલેજોએ માત્ર શિક્ષણ પર નહીં પણ સારા પ્રમાણમાં સંશોધનની સામગ્રી વસાવી સંશોધનને ઉત્તેજન આપવું જોઈએ. બીજા પ્રાંતોમાં, જેમ કે બંગાળમાં માત્ર સંશોધન અર્થે જ સંસ્થાઓ સ્થાપિત થઈ છે. મહારાષ્ટ્રમાં, પુનાનું રાનડે ઇન્સ્ટિટ્યુટ આવું કાર્ય કરે છે. ગુજરાત જેવા સમૃદ્ધ પ્રદેશમાં અનેક સંસ્થાઓ પોષાય છે તો આશા ન રાખી શકાય કે ગુજરાત એક વૈજ્ઞાનિક સંશોધન કેન્દ્ર ઊભું કરશે !

ઉપસંહારમાં, આપણા વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરુના અર્થગંભીર ઉદ્‌ગારો ટાંકી આ લેખ પૂરો કરૂં :

'આજે આપણા દેશ સમક્ષ અનેક મહાપ્રશ્નોમાંથી સૌથી વિશેષ મહત્ત્વનો પ્રશ્ન વૈજ્ઞાનિક સંશોધનનો—શુદ્ધ તેમજ ઔદ્યોગિક છે. બીજાં સર્વ કાર્યોનો આ પાયો આજે વિજ્ઞાનને માત્ર મોઢેથી માન આપનારા અનેક મળી આવે છે પરંતુ જીવનના અનેકવિધ પ્રશ્નોના ઉકેલ માટે વિજ્ઞાન અને તેની રીતો અખત્યાર કરનારાં જૂજ નીકળે છે.''





# ગુજરાતમાં પ્રચલિત ધાર્મિક સંપ્રદાયો

—શ્રી જસવંતરાય ક. રાવળ 'અચલ'

ગુજરાત એ સંત-મહાત્માઓની પુણ્યભૂમિ છે, તીર્થભૂમિ છે. દયા, અનુકંપા અને સહિષ્ણુતાનો ચેતનદીપ અજવાળા પાથરતો રહ્યો છે અને આત્મોન્નતિની-સર્વોદયની ભાવનાને પ્રગટાવી રહ્યો છે.

ગુજરાતની જનતા ધર્મ-ભીરૂ છે, વ્યવહારુ છે આનું મૂળ કારણ ગુજરાતી જનતામાં ધાર્મિક ભાવના વધુ જોવા મળે છે. धर्मो रक्षति रक्षित: ધર્મની રક્ષા કરવાથી જ સંસ્કૃતિની રક્ષા થાય છે. માનવ સંસ્કૃતિ ધર્મથી જ રક્ષાયેલી છે. પછી તે લોક સંસ્કૃતિ હોય કે ભદ્ર સંસ્કૃતિ હોય. માનવ પ્રકૃતિનો સાંસ્કૃતિક વિકાસ ધર્મ આધારીત છે અને તેની વિકૃતિનું પિછાયી પ્રાકૃત દર્શન ધર્મના અભાવમાં જોવા મળે છે.

ધર્મની વ્યાપક વ્યાખ્યા તો તત્ત્વતઃ બધાને સરખી જ લાગુ પડે છે. તેમ છતાં—

रूचीनां वैचित्र्या दजुकुटिल नाना पथजुषां
नृणामेको गम्य सत्वमसि पयसा मर्णव इव ।।

દરેકે દરેક પોતપોતાની રુચી અનુસાર ધર્મના સિદ્ધાંતો અંગીકાર કરે છે અને એ સિદ્ધાંતોને ધર્મરૂપે જીવનમાં વણી લઈ–રૂઢ કરી દઈ પોતાનો આધ્યાત્મિક વિકાસ સાધે છે.

સારાયે વિશ્વનો અતિ પ્રાચીન ધર્મ કોઈ પણ હોય તો તે વૈદિક સનાતન ધર્મ છે એમ કહેવામાં જરીયે અતિશયોક્તિ નથી. વૈદિક ધર્મ તે વેદ ઉપનિષદો શ્રુતિ-સ્મૃતિ દ્વારા નિર્દેશાયેલ આચાર સંહિતા દ્વારા રક્ષાએલો છે. અને આદિ જગદ્‌ગુરૂ શંકરાચાર્ય તેમજ તેના અનુયાયીઓ, સન્યાસી મહાત્માઓએ, તત્ત્વ ચિન્તકોએ વેદ ઉપનિષદ-બ્રહ્મસુત્ર ઉપર ભાષ્યો કરી એના ગૂઢ રહસ્યોને સમજાવવા પ્રયત્ન કર્યા છે અને આજ પણ જનતામાં આધ્યાત્મિક ચેતના રેડી રહ્યા છે.

આ સનાતન વૈદિક ધર્મનો નિષ્કર્ષ કોઇ દેવ દેવતા નહીં પણ નિખિલ બ્રહ્માંડ નાયક-પરિબ્રહ્માંડને સંબોધી-જીવ-શિવનો અભેદભાવ–અદ્વૈત સિદ્ધાન્ત પ્રસ્થાપીત કરી ब्रह्म मेव जगत– સારૂયે વિશ્વ પરમાત્મરુપ બ્રહ્મરૂપ છે તેમ પ્રતિપાદન કરવાનો છે, નિજ અહંમ્‌ને ઓગાળવાનો અને આત્મસાક્ષાત્કાર કરવાનો છે.

શાસ્ત્રમાં ધર્મની પરિભાષા આ પ્રમાણે છે. धारयात् धर्मं, धिन्वाद धर्मं : ધારણ કરવું, દુ:ખ પીડામાંથી બચાવવું એનું નામ ધર્મ. धिन्वाद નો અર્થ થાય છે ધારણા ધરવી અગર તો આશ્વાસન લેવું કે આપવું. બીજી રીતે વિચારીયે તો यतोऽभ्युदयनि:श्रेयससिद्धि : स धर्मं જેના આચરણથી નિ:શ્રેયસની પ્રાપ્તિ થવી એનું નામ ધર્મ. નિશ્રેયસના ઘણા અર્થો થાય છે. પરંતુ સર્વશ્રેષ્ઠ કલ્યાણ–આત્મકલ્યાણ લૌકિક, પારલૌકિક કલ્યાણ એ મુખ્ય અર્થ છે. ધર્મ એકલોજ બધી જગ્યાએ સહાયક અને રક્ષક બને છે. નીતિ શતકમાં કહેવામાં આવ્યું છે કે—

वने रणे शत्रुजलाग्नि मध्ये
रक्षन्ति पुण्यानि पुरा कृतानि.

વનમાં, રણમાં, જલમાં, અગ્નીમાં, શત્રુવચ્ચે જે પુણ્ય કરેલ છે. તે જ એનુ રક્ષણ કરે છે. ત્યારે પાપ શું અને પુણ્ય શું તે આપણને ધર્મ બતાવે છે.

ધર્મ માટે મનુ મહારાજે અતિ સંક્ષેપમાં કહ્યું છે.

अहिंसा सत्यम स्तेय शौच मिन्द्रिय निग्रह :
एतद् धर्मं समासेन चातुर्वर्ण्यऽ ब्रवीत्मनु :

અહિંસા, સત્ય, અસ્તેય,શૌચ ઈન્દ્રિયનિગ્રહ આ પાંચ ધર્મના મુખ્ય સ્વરૂપ છે અને દરેકે દરેક ધર્મના આના ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે.

મહર્ષિ મનુભગવાને સ્મૃતિમાં ધર્મના દસ લક્ષણો કહ્યા છે.

धृति : क्षमा दमोऽस्तेयं शौचमिन्द्रिय निग्रह
धीर्विद्या सत्यम क्रोधो दशकं धर्मलक्षणम् ।।

ધર્મના દસ લક્ષણ (૧) ધૃતિ (૨) ક્ષમા (૩) દમ (૪) અસ્તેય (૫) શૌચ (૬) ઇન્દ્રિયનિગ્રહ (૭) ધી [ બુદ્ધિ ] (૮) વિદ્યા (૯) સત્ય અને (૧૦) અક્રોધ છે. જે સર્વમાન્ય ધર્મના લક્ષણ છે.

ગુજરાતના દરેકે દરેક ધાર્મિક સંપ્રદાયો શૈવ, વૈષ્ણવ, શાક્ત, સ્વામીનારાયણ, જૈન, બૌદ્ધ, ઈસ્લામ, ઈસાઈ તેમજ સારાયે વિશ્વમાં પ્રચલિત ભિન્નભિન્ન ધર્મથી શાખા પ્રશાખાઓમાં ઉપરોક્ત બતાવેલ ધર્મના દસ લક્ષણોને સિદ્ધાન્તિક રીતે મહત્વ આપવામાં આવ્યું છે. અને તેથી જ ધર્મની વ્યાખ્યાને તેના વ્યાપક અર્થમાં સમજાવી શકાય તે માટે થોડુંક વિવરણ વધુ થાય તો અસ્થાને નથી.

શાસ્ત્રની પરિભાષામાં નીચે જણાવેલ ૧૩ શક્તિઓને ધર્મની પત્નિ તરીકે ગણવામાં આવી છે અને એનો એ રીતે ઉલ્લેખ થયો છે આ તેર શક્તિઓ સમગ્ર વિશ્વ—માનવજીવનમાં વ્યાપ્ત થએલી જોવા મળે છે અને તેને આધારે જ માનવમાં માનવતાનો વિકાસ થઈ રહ્યો છે, અને વિશ્વમાં સુખ, સમૃદ્ધિ, ઐશ્વય, શાંતિ જોવા મળે છે.

श्रद्धा मैत्री दया शान्ति स्तुष्टि ; पुष्टि : कियोन्नति:
बुद्धिर्मेधा तितिक्षा ह्रीं मूर्तिर्धर्मस्य पत्नय: ।।

श्रद्धा सूत शुभं मैत्री प्रसादमभयं दया ।
शान्ति: सुखं मुदं तुष्टि: स्मयं पुष्टिरसूयत: ।।

योगं क्रियोन्नतिदर्पमर्थं बुद्धिर सूयत ।
मेधा स्मृति तितिक्षा तु क्षेमं ह्रीं: प्रश्रयं सृतम् ।।

ધર્મની પત્નીઓ—(૧) શ્રદ્ધાશક્તિથી વિશ્વમાં શુભ કલ્યાણના આંદોલનોનો ફેલાવો થાય છે અને અકલ્યાણકારી ભાવનાનો નાશ થાય છે. (૨) મૈત્રીશક્તિથી વિશ્વમાં પ્રસાદરૂપી પ્રસન્નતા પાંગરે છે અને ઉદ્‌વેગનો નાશ થાય છે. (૩) દયાશક્તિથી વિશ્વમાં અભયનો સંચાર થાય છે અને ભયનો નાશ થાય છે. (૪) શાન્તિશક્તિથી સકલ બ્રહ્માંડમાં સુખનો સંચાર થાય છે અને અશાંતિ દુઃખ તાપ નષ્ટ થાય છે. (૫) તુષ્ટિશક્તિથી તોષ સંતોષનો સંચાર થાય છે અને અસંતોષનો નાશ થાય છે. (૬) પુષ્ટિશક્તિથી વિશ્વમાં મુદ [આનંદ]નો ફેલાવો થાય છે અને શોક–ગ્લાનીનો નાશ થાય છે. (૭) ક્રિયાશક્તિથી વિશ્વમાં ઉદ્યોગનો સંચાર થાય છે અને આળસ –પ્રમાદનો નાશ થાય છે. (૮) ઉન્નતિશક્તિથી વિશ્વમાં ઉત્સાહનો અવિર્ભાવ થાય છે અને હતાશા નિરાશાનો નાશ થાય છે. (૯) બુદ્ધિશક્તિથી વિશ્વમાં સુખની પ્રાપ્તિ થાય છે અને અનિષ્ટ તત્ત્વોનો નાશ થાય છે. (૧૦) મેધાશક્તિથી વિશ્વમાં સ્મરણશક્તિનો સંચાર થાય છે અને વિસ્મરણનો નાશ થાય છે. (૧૧) તિતિક્ષાશક્તિથી વિશ્વમાં ક્ષેમનો સંચાર થાય છે અને અક્ષેમનો નાશ થાય છે. (૧૨) હ્રીં શક્તિથી વિશ્વમાં વિવેક વિનયનો સંચાર થાય છે અને અવિવેક અવિનયનો નાશ થાય છે. (૧૩) મૂર્તિશક્તિથી વિશ્વમાં ત્રિગુણાત્મિકા ત્રિગુણી પ્રકૃતિનો ઉદય થાય છે. આમ ઉપરોક્ત ૧૩ શક્તિઓને ધર્મની પત્ની ગણવામાં આવે છે.

વિશ્વના કોઈપણ પ્રચલિત ધર્મમાં કે સંપ્રદાયોમાં ઉપરોક્ત શક્તિઓનું એક યા બીજી રીતે મહત્વપૂર્ણ સ્થાન છે.

જુદા જુદા સંપ્રદાયોના આચાર્યોએ જુદી જુદી રીતે એજ સનાતન સત્યને કેન્દ્રમાં રાખીને, દેશકાળને લક્ષમાં લઇને ધર્મોપદેશ કર્યો છે. ભિન્ન ભિન્ન સંપ્રદાયોના આચાર્ય અને તેના ધર્મ ઉપદેશની છણાવટ કરવી જરૂરી નથી પણ ટુંકમાં ગુજરાતમાં મુખ્યત્વે શિવભક્તિ, વિષ્ણુભક્તિ, રામભક્તિ, કૃષ્ણભક્તિ, રાધા–માધવભક્તિ, દેવીભક્તિ, સૂર્યભક્તિ, ગણપતિભક્તિ વગેરે ભક્તિ ઉપાસનાનો પ્રચાર ભિન્ન ભિન્ન સંપ્રદાયો દ્વારા પ્રચલીત થયો છે.

શ્રી રામાનુજાચાર્ય, શ્રી નિમ્બાર્કાચાર્ય, શ્રી માધવાચાર્ય, શ્રી વલ્લભાચાર્ય વગેરે આચાર્યોએ વેદાંતસૂત્રો પર ભાષ્યો કરીને પોત–પોતાના દાર્શનિક વિચારોને પ્રતિષ્ઠિત કરેલ છે. એમના અનુયાયીઓ વિષ્ણુભક્તિનો ફેલાવો કરી રહ્યા છે.

શ્રી કબીર સાહેબનો પણ મોટો પંથ છે જે કબીરપંથી કહેવાય છે. એમના અનુયાયીઓ ગુજરાતમાં ઘણાં છે. કબીર સાહેબના અધ્યાત્મ તત્ત્વજ્ઞાનથી ભરપુર ગુઢ ઉપદેશનો સાર, પદો, ભજનો, દોહાઓ વગેરે સારગર્ભીત સાહિત્યનો ફેલાવો કરી રહ્યા છે અને ઉપદેશ આપી રહ્યા છે.

શ્રી સહજાનંદ સ્વામી મહારાજે સ્વામીનારાયણ ધર્મની સ્થાપના કરી અને શિક્ષાપત્રી દ્વારા ઉપદેશનો ફેલાવો કર્યો અને ભક્તિની ગંગા-વહાવી સૌરાષ્ટ્ર–ગુજરાતમાં સ્વામીનારાયણ સંપ્રદાયનો ખૂબજ ફેલાવો થયો છે. અને આજે પણ પરમ પ્રગટ બ્રહ્મ શ્રી યોગીજી મહારાજ એ સંપ્રદાયને વધુને વધુ બલીષ્ઠ કરી રહ્યા છે. અને ભક્તોને ભક્તિભાવે ભીંજવી રહ્યા છે.

પરમ વિતરાગી ભગવાન મહાવીર સ્વામીએ પ્રસ્થાપિત કરેલ જૈન ધર્મનો ફેલાવો પણ ગુજરાતમાં ઘણો છે ગુજરાતના શહેરોમાં, ગામોમાં શિખરબંધી જિનાલયો છે. તળાજા, શેત્રુંજય, ગિરનાર, દેલવાડા, આબુ વગેરે તિર્થધામોમાં મોટી સંખ્યામાં યાત્રાળુઓ આવે છે. જૈનદર્શનના ગ્રંથોમાં અધ્યાત્મજ્ઞાન ભારોભાર ભરેલું છે.

ગુજરાતની પછાત કોમમાં મોટા ભાગે રામાપીરની ઉપાસના થતી વધુ જોવા મળે છે. રામાપીરનો હેલો દરેકે દરેક ભજનીક ભાઇઓ ભાવથી ગાતા હોય છે અને ભજનની ઝૂક બોલાવતા હોય છે. રામાપીરની માનતાઓ થતી હોય છે અને તેના પ્રત્યક્ષ પરચાઓ પણ ગુજરાતમાં ઘણા પ્રચલીત છે.

ગુજરાતમાં ઘણા મહાન સમર્થ સંત મહાત્માઓ થઈ ગયા છે. જેમની માનતાઓ થાય છે અને અત્યારે પણ પ્રત્યક્ષ ચમત્કારીક પરચાઓ પણ જોવા જાણવા મળે છે- સૌરાષ્ટ્રમાં શ્રી જલારામબાપાની જગા વીરપુરમાં છે. પૂ. જલારામબાપાનું સાદુ પવિત્ર ભક્તિભર્યું જીવન અને સેવાત્યાગની ભાવનાની અખંડ જ્યોત ભક્તોના હૃદયમાં શ્રદ્ધાના અજવાળા પાથરી રહી છે. તેવી જ રીતે મધ્યગીરમાં શ્રી ગીગાબાપાની સતાધારમાં જગ્યા છે અને આજે પણ એનો મહીમા ઘણો મોટો છે. એ પંથકના દરેક માનવી ગીગાપીરને વધુ માને છે અને તેની માનતા કરે છે. યાત્રાળુઓ માટે દિવસરાત રસોડું ચાલુ જ હોય છે

આવા તીર્થોનો કે જગ્યાઓનો સૌરાષ્ટ્ર–ગુજરાતમાં પાર નથી. અને એનું વર્ણન કરવામાં આવે તો પાનાને પાના ભરાય તેટલી સામગ્રી થાય, તે બધું લખવું અશકય છે.

હમણાં હમણાં છેલ્લા ત્રણ દસકાથી શ્રી સાંઈબાબાના ભક્તો ઘણા વધ્યા છે. ઠેરઠેર સાંઈ મંદિરો અને તેના અનુયાયીઓ જોવા મળે છે. શ્રી સાંઈબાબા ભગવાન દત્તાત્રેયનો અવતાર છે એમ માનવામાં આવે છે અને તેના પ્રત્યક્ષ પરચાઓ પણ જોવા જાણવા મળ્યા છે.

ગુજરાતમાં ઈસ્લામધર્મ, પારસીધર્મ, ખ્રીસ્તીઓનો ઈસાઈધર્મ વિગેરે ધર્મો એના અનુયાયીઓ દ્વારા પ્રચલીત થયા છે અને વિકસ્યા છે.

હિંદુસ્તાન, પાકિસ્તાનના ભાગલા થવાને કારણે સિંધીભાઇઓ (નિરાશ્રીતો)નો ગુજરાતમાં મોટા પ્રમાણમાં વસવાટ થયો છે. તે સિંધીઓ સિંધના સંત કંવરરામને માનતા હોય છે અને તેના અનુ–યાયીઓ પણ એ સંપ્રદાયનો ફેલાવો કરી રહ્યા છે.

ગુજરાતમાં વસતા શિખો ગુરૂ નાનકને માનતા હોય છે અને એ રીતે એ સંપ્રદાય પણ પ્રચલીત થયો છે ગુજરાતમાં વસેલા મહારાષ્ટ્રીયન ભાઇઓ મહારાષ્ટ્રના પરમભક્ત તુકારામ, જ્ઞાનેશ્વર તેમજ દત્તાવતાર સદ્‌ગુરૂ સ્વામી શ્રી સમર્થમહારાજને માનતા હોય છે અને એની પૂજા ભક્તિ પ્રચલીત થઈ છે. ગણેશ ઉત્સવ ગુજ–રાતમાં પણ મહારાષ્ટ્રની માફક ઉજવાય છે અને એમાં ગુજરાતી ભાઇઓ પણ મોટી સંખ્યામાં ભાગ લેતા જોવા મળે છે.

આમ ગુજરાતમાં દરેકે દરેક સંપ્રદાય પોતપોતાની રીતે વિકસ્યો

છે. આમ છતાં મહાત્મા ગાંધીજીની અસર પણ જબરજસ્ત છે. વિશ્વધર્મ માટેની એમની વિચારધારાની અસર વધુને વધુ પ્રચલીત થતી જોવા મળે છે. દરેકે દરેક ધાર્મિક સંપ્રદાયના અનુયાયીઓ સર્વ ધર્મ સમન્વયની ભાવનાએ સર્વમાન્ય વિશ્વધર્મનો પ્રચાર કરવા કટીબદ્ધ થતાં જોવા મળે છે. વખત જતાં સર્વધર્મ માન્ય એક જ વિશ્વધર્મ થશે અને તેની આચારસંહીતા પણ એકજ હશે તેવી માન્યતા રાખવામાં આવે તે અસ્થાને નથી.

ધર્મથી જ સંસ્કૃતિ ટકતી હોય છે. વિશ્વ બન્ધુત્ત્વની ભાવના પણ ધર્મ આધારીત છે. ધર્મના બે પ્રકાર છે. સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ :

સામાન્ય ધર્મમાં સર્વ લોકોપયોગી શાસ્ત્ર સંમત અને બધા માટે યથાયોગ્ય સદાચાર ભર્યું આચરણ એ મુખ્ય છે. વર્ણ ધર્મ, આશ્રમ ધર્મ, વ્યવહાર ધર્મ, માતા–પિતા, ભાઇ–ભગિનિ, પતિ–પત્ની, પુત્ર–પુત્રી, સખા–સખી, ગુરૂ–શિષ્ય, રાજા–પ્રજા તેમજ વિભિન્ન આદર્શ વ્યક્તિધર્મ પણ– સામાન્ય ધર્મમાં આવી જાય છે.

સામાન્ય ધર્મથી વિશેષ ધર્મ કાંઇક ઉંચો છે અને લૌકિક વ્યવહારથી પર છે. પિતા–પુત્રનો સામાન્ય ધર્મ હોવા છતાં પ્રહલાદે પોતાના પિતાની આજ્ઞાની અવગણના કરી અને વિશેષ ધર્મ અંગીકાર કર્યાના ઘણા દાખલાઓ છે.

આપણી સંસ્કૃતિની આધારશિલા જેવા રામાયણ અને મહાભારત એ બે મહાન ગ્રંથો છે. ગીતા અને ભાગવત પણ એટલા પ્રચલીત છે. આ ગ્રંથો ધર્મની સ્થુળ કે સુક્ષ્મ વ્યાખ્યા યથાર્થ રીતે સમજાવે છે. ગુજરાતનું કોઇપણ શહેર કે ગામ એવું નહિ હોય કે જ્યાં ગીતા, રામાયણ, ભાગવત ન વંચાતા હોય. શ્રીમદ્ ભાગવત–જ્ઞાન યજ્ઞની સપ્તાહમાં હજારોની સંખ્યામાં જનતા આવતી હોય છે અને દરેકે દરેક સંપ્રદાયના લોકો પણ આ જ્ઞાન યજ્ઞમાં ભાગ લેતાં હોય છે. પરમ વૈષ્ણવ, પરમ ભાગવત પ. પૂ. શ્રી ડોંગરેજી મહારાજ જ્યારે ભાગવતની અમૃતધારા વહાવતા હોય છે તે સાંભળવા હજારોની સંખ્યામાં ભાઈબ્હેનો આવતાં હોય છે અને ભગવદ્આનંદ લુંટતા હોય છે.

વૈષ્ણવ સંપ્રદાયના સાધુ–મહાત્માઓ ગોસાંઇજીઓ ગામડે ગામડે રામાયણ નવાહ્ન પારાયણ કરતાં હોય છે અને જનતાને ભગવાન મર્યાદા પુરૂષોત્તમ રામના આદર્શ સમજાવતા હોય છે. આની અસર પણ ગુજરાતના એકેએક ગામડાઓમાં વ્યાપકરીતે થએલી જોવા મળે છે. રાત્રીના ભજનકીર્તનની ઝુંક બોલતી હોય છે. હિન્દુ, મુસ્લીમ, પારસી, ઇસાઈ આ બધીએ કોમના ભાઇ–બહેનો ભેદભાવથી પર થઇ બધા એક સાથે એકત્ર થઈ ભજન કીર્તન કરતાં હોય છે અને ભક્તિભાવે ભીંજાતા હોય છે.

ગુજરાતમાં ધાર્મિક તહેવારોનું મહત્વ ઘણું જ છે. આપણા ધાર્મિક પર્વો જન્માષ્ટમી, રામનવમી, મહાશિવરાત્રી, ચૈત્રી નવરાતર, આશ્વિન નવરાતર, મહાવીર જયંતિ, પર્યુષણ પર્વ વગેરે ધાર્મિક તહેવારો ભક્તિભાવથી ઉજવાય છે. આ બધાયે તહેવારોમાં કે વ્યાખ્યાનોમાં એકકેય જાતના સાંપ્રદાયિક ભેદભાવ વગર જનતા જોડાય છે. નવરાત્રી મહોત્સવો બહુજ સારી રીતે સમગ્ર ગુજરાતમાં ઉજવાય છે. ઠેરઠેર ભવાઈ રમાય છે. શહેરોમાં તો લરો લરો માંડવી નાખી માતાજીના ગરબા ગવાય છે. બહેનો રાસ–રાસડા લ્યે છે અને ભાઇઓ ગરબી લેતા જોવા મળે છે. ગામડાઓમાં આ ગરબીમાં યુવાનો, પ્રૌઢો અને ૭૦ વર્ષ વટાવી ગએલા વૃદ્ધો પણ ખાસ કરીને ગરબી લેતા જોવા મળે છે. એમનો નિર્દોષ આનંદ અને ભાવમસ્તીનું દર્શન આપણને તેઓ કરાવે છે.

ગુજરાત તપોભૂમિ છે. સંત–મહાત્માઓની ભૂમિ છે. આ ધરતી ઉપર ઘણા ઘણા સંત–મહાત્માઓ–ભક્તો થઈ ગયા અને ચેતનાની દિવ્ય વિભૂતિ વરસાવતા ગયા. આ બધાયે પ્રાતઃસ્મરણીય સંત–મહાત્માઓનો ઉલ્લેખ (લાંબો લેખ ન થઇ જાય તે દૃષ્ટિએ) કરવો યોગ્ય નથી. પરંતુ એમણે જે દિવ્ય સંદેશો આપ્યો છે અને જે રીતે ગુજરાતની અસ્મિતાને આત્મસાત્ કરી–આત્માનો ભક્તિ–ભર્યો ધવલરંગ માનવતા મ્હેકાવતો વેર્યો છે. તે દિવ્યવિભૂતિઓનો રંગ વધુને વધુ વ્યાપક બનતો રહે તેવી પરમકૃપાળુ આશુતોષ ભોલેબાબાને હાર્દિક પ્રાર્થના.



શુભેચ્છા પાઠવે છે

## શ્રી સાતપડા જુથ વિ. કા. સહ. મંડળી

મુ. સાતપડા.

( તાલુકો : ગારીયાધાર ) ( જિલ્લો : ભાવનગર )

| | | | |
|---|---|---|---|
| સ્થાપના તારીખ | : ૧૦–૧૨–૪૭ | નોંધણી નંબર | : ૨૧૫ |
| શેર ભંડોળ | : ૩૫૮૬૦–૦૦ | સભ્ય સંખ્યા | : ૧૨૨ |
| અનામત ફંડ | : ૧૩૦૯૦–૦૦ | ખેડૂત | : ૧૨૦ |
| અન્ય ફંડ | : ૬૪૧–૦૦ | બીનખેડૂત | : ૨ |

ખાતર, બીયારણ, દવા વિગેરેનું કામકાજ ધીરાણની સાથે કરે છે.

નરસી અરજણ પટેલ — મંત્રી

માધા નાનજી પટેલ — પ્રમુખ

—: વ્ય. કમિટિના સભ્યો :—

નારણભાઈ એચરભાઈ
માવજી ઉકા
વલ્લભ શામજી
જીવરાજ વાલા

શુભેચ્છા પાઠવે છે

## શ્રી રોજીયા સેવા સહકારી મંડળી લી.

મુ. રોજીયા

( તાલુકો : તળાજા ) ( જિલ્લો : ભાવનગર )

| | | | |
|---|---|---|---|
| સ્થાપના તારીખ | : ૧૩–૫–૫૫ | નોંધણી નંબર | : ૧૨૮૪ |
| શેર ભંડોળ | : ૧૬૫૯૫–૦૦ | સભ્ય સંખ્યા | : ૭૩ |
| અનામત ફંડ | : ૨૭૭૬–૦૦ | ખેડૂત | : ૬૩ |
| અન્ય ફંડ | : — | બીનખેડૂત | : ૧૦ |

બચુભાઇ મગનલાલ દોશી — મંત્રી

પોલુભાઈ હરિશંગ — પ્રમુખ

—; વ્ય. કમિટિના સભ્યો :—

ભીખુભાઇ દાદાભાઇ
કનુભાઇ ભાવશંગ
કાનજી રવજી

મંડળી ખાતર, બીયારણ વિગેરેનું કામકાજ કરે છે.

શુભેચ્છા પાઠવે છે

# શ્રી થોરડી સેવા સહકારી મંડળી લી.

## મુ. થોરડી

( તાલુકો : મહુવા ) ( જિલ્લો : ભાવનગર )


| | | | |
|---|---|---|---|
| સ્થાપના તારીખ | : ૨૭–૨–૫૧ | નોંધણી નંબર | : ૫૦૫ |
| શેરભંડોળ | : ૨૯૫૪૦–૦૦ | સભ્ય સંખ્યા | : ૧૧૮ |
| અનામત ફંડ | : ૧૮૧૧–૪૦ | ખેડૂત | : ૧૦૯ |
| અન્ય ફંડ | : ૧૪૦૯–૫૪ | બીનખેડૂત | : ૯ |

**પુરુષોતમભાઈ મો. પટેલ** — મંત્રી

**આંબાભાઈ ભગવાનભાઈ કાનાણી** — પ્રમુખ

— વ્યવસ્થાપક કમિટીના સભ્યો —

શ્રી ગોરધન નારણ
શ્રી ગોકળ ખોડા
,, કચરા લખમણ
,, બાબુ ભીખા
,, બાલા ભવાન
,, લાખા રણછોડ
,, તુલસી દુદા
,, વૃજલાલ વેણીરામ



# ગુજરાતીમાં પ્રકાશિત થતાં સામયિકો

[ ૧૯૬૫ના રજીસ્ટ્રાર ઓફ ન્યુઝપેપર્સના અહેવાલ પ્રમાણે સામયિકોનાં નામ અને સરનામા વિષયવર્ગીકરણ પ્રમાણે નીચે આપવામાં આવ્યાં છે. અમારી જાણ પ્રમાણે બંધ થયેલાં સામયિકોનાં નામનો અહીં સમાવેશ કરવામાં આવેલ નથી. ]

**ચાલુ સમાચાર દૈનિક**

૧ આરતી (૧૯૪૬)
જય સૌરાષ્ટ્ર પ્રિન્ટીંગ પ્રેસ, મોટી ટાંકી રોડ, રાજકોટ.

૨ આગાહી
લોહાણા મિત્ર પ્રેસ, ભાવકોલોની લેન, વડોદરા.

૩ ગુજરાત મિત્ર અને ગુજરાત દર્પણ (૧૯૩૭)
ગુજરાત મિત્ર મંડળ, સિવિલ હોસ્પીટલ પાસે, સુરત.

૪ ગુજરાત સમાચાર (૧૯૩૨)
ગુજરાત સમાચાર ભવન, ખાનપુર, અમદાવાદ–૧.

૫ જયહિન્દ (૧૯૪૮)
સરદાર બાગ પાસે, રાજકોટ.

૬ જનસત્તા (૧૯૫૩)
જનસત્તા કાર્યાલય, રેવડી બજાર, અમદાવાદ.

૭ જનતા
જનતા પ્રિન્ટરી, ગોપીપુરા, સુરત.

૮ જય કચ્છ
નગર ચકલા, ભુજ.

૯ જયહિન્દ (૧૯૬૨)
આશ્રમ રોડ, પો. ઓ. નં. ૨૦૦, અમદાવાદ.

૧૦ કચ્છ મિત્ર (૧૯૫૨)
વાણાવાડી, ભુજ.

૧૧ લોકસત્તા (૧૯૫૧)
લોકસતા કાર્યાલય, ઘીકાંટા, અમદાવાદ.

૧૨ લોક સમાચાર (૧૯૬૨)
પ્રજાબન્ધુ પ્રેસ, કાળુપુર, અમદાવાદ.

૧૩ નવભારત (૧૯૫૬)
નવભારત પ્રિન્ટીંગ પ્રેસ, પાની ગેટ રોડ, વડોદરા.

૧૪ નુતન સૌરાષ્ટ્ર (૧૯૪૮)
રામનિવાસ, સદર બજાર, રાજકોટ.

૧૫ પરમસુખ (૧૯૫૭)
પરમસુખ કાર્યાલય, વચલી શેરી, સુરત.

૧૬ ફુલછાબ (૧૯૫૦)
ફુલછાબ કાર્યાલય, જસાની બિલ્ડીંગ, રાજકોટ.

૧૭ પ્રભાત (૧૯૫૪)
નુતન મુદ્રણાલય, કાંકરિયા રોડ, અમદાવાદ.

૧૮ પ્રકાશ (૧૯૩૮)
પ્રકાશ ડેઈલી ઓફીસ, રાવપુરા, નદીખાના, વડોદરા.

૧૯ પ્રકાશ
ડો. જીવરાજ મહેતા રોડ, અમરેલી.

૨૦ પ્રતાપ (૧૯૨૬)
પ્રતાપ સદન, નાનાવટ, સુરત.

૨૧ સંદેશ (૧૯૨૩)
સંદેશ બિલ્ડીંગ, ઘીકાંટા રોડ, અમદાવાદ.

૨૨ સૌરાષ્ટ્ર સમાચાર (૧૯૬૪)
સૌરાષ્ટ્ર સમાચાર પ્રેસ, હાઇકોર્ટ રોડ, ભાવનગર.

૨૩ સાવધાન (૧૯૨૩)
જયા ભુવન, કરસનજી મુલચંદ સ્ટ્રીટ, રાજકોટ.

૨૪ સેવક (૧૯૪૨)
સંદેશ બિલ્ડીંગ, ઘીકાંટા રોડ, અમદાવાદ.

૨૫ શ્રીફળ (૧૯૫૮)
શ્રીફળ કાર્યાલય, ભાવકાલે શેરી, વડોદરા.

૨૬ સ્વતંત્ર સર્જન (૧૯૬૧)
અજય પ્રિન્ટરી, જ્યુબીલી બાગની સામે, વડોદરા.

૨૭ વફાદાર (૧૯૪૦)
દરિયા મહેલ, સુરત.

૨૮ મુંબઈ સમાચાર (૧૮૩૨)
રેડ બિલ્ડીંગ, હોર્નિમાન સર્કલ, મુંબઈ–૧.

૨૯ જામે જમશેદ (૧૮૩૨)
બેલાર્ડ હાઉસ, મેંગલોર સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ–૧.

૩૦ જનશક્તિ (૧૯૫૯)
૨૧, દલાલ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ–૧.

૩૧ જન્મભુમિ (૧૯૩૪)
જન્મભુમિ ભુવન, ઘોઘા સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ–૧.

૩૨ સન ડેઈલી ન્યુઝ (૧૯૬૨)
ઈમામ વાડા, સુરતી બિલ્ડીંગ, મેમનવાડા રોડ, મુંબઇ–૯.

૩૩ લોકરાજ
હાઇકોર્ટ રોડ, ભાવનગર.

૩૪ સમીસાંજ
ગંગાજળીયા તળાવ, ભાવનગર.

૩૫ નોબત
ખેડી ગેટ, જામનગર.

## અઠવાડિક

૧ આગે કદમ (૧૯૪૮)
સરસ્વતિ પ્રિન્ટીંગ પ્રેસ, સ્ટેશન રોડ, પેટલાદ–ખેડા.

૨ આગે કૂચ (૧૯૫૯)
મોડાસા–સાબરકાંઠા.

૩ અલંકાર (૧૯૬૩)
૩૫–૨–જે–૨, માણેકચોક, અમદાવાદ.

૪ આમજન (૧૯૬૧)
૧૦–૧૨૯૧એ, ગોપીપુરા મેઇન રોડ, સુરત.

૫ અરૂણ સાપ્તાહિક (૧૯૬૩)
નરસિંહજીની પોળ, વડોદરા.

૬ આર્ય જ્યોતિ (૧૯૫૬)
આર્ય જ્યોતિ કાર્યાલય, પોસ્ટ–ખેડબ્રહ્મા, સાબરકાંઠા.

૭ આવતીકાલ (૧૯૬૧)
આવતીકાલ કાર્યાલય, કોઠારિયા નાકા, રાજકોટ.

૮ ભરૂચ સમાચાર (૧૮૭૯)
મદીના બિલ્ડીંગ, ઘર નં. ૧૦, કાટોપોર દરવાજા, ભરૂચ.

૯ ચિત્રા (૧૯૫૩)
ચિત્રા કાર્યાલય, કસાઈ પોળ, વડોદરા.

૧૦ કોંગ્રેસ પત્રિકા (૧૯૪૭)
કોંગ્રેસ ભવન, ભદ્ર, અમદાવાદ.

૧૧ કાર્ટુન (બહુભાષી)
ચૈતન્ય મુદ્રક, ગોવર્ધન ભવન, ખેતવાડી, મુંબઈ–૪

૧૨ ગુજરાત ટાઇમ્સ
મંગલ કોટ, નડિયાદ–ખેડા.

૧૩ ગુજરાત સંદેશ (૧૯૬૨)
ટેલીગ્રાફ ઓફીસની સામે, ૧૧૬૩–૧, ભદ્ર, અમદાવાદ.

૧૪ હિન્દુ (૧૯૩૯)
૨૫૬, કોઠની પોળ, રાયપુર, અમદાવાદ.

૧૫ જાગૃતિ
જવાહર રોડ, ખંભાત.

૧૬ જાગ્રત ભારત (૧૯૬૪)
સદર બજાર, રાજકોટ.

૧૭ જાગ્રત કચ્છ (૧૯૬૪)
જાગ્રત કચ્છ કાર્યાલય, ખત્રી ચોક, અંજાર.

૧૮ જનસેવક (૧૯૪૮)
જનસેવક કાર્યાલય, દરબાર રોડ, રાજપીપલા, જીલ્લો–ભરૂચ.

૧૯ જનતારાજ (૧૯૬૪)
પ્રાર્થનાસમાજ, રાયખંડ, અમદાવાદ.

૨૦ જનગન
હામા ઠક્કરની મહદ, મહેસાણા.

૨૧ જય બનાસ (૧૯૬૦)
સુલીખા પ્રિન્ટીંગ પ્રેસ, રસાલા બજાર, ડીસા–બનાસકાંઠા.

૨૨ જનતારાજ
ઘોઘા ગેટ, ભાવનગર.

૨૩ કાઠિયાવાડ ટાઇમ્સ (૧૮૮૮)
કાઠિયાવાડ ટાઇમ્સ ઓફીસ, જનરલ પોસ્ટ ઓફીસ પાસે, રાજકોટ.

૨૪ ખેડા વર્તમાન (૧૮૬૧)
ગાંધી ચોક, ખેડા.

૨૫ કચ્છ કેશરી (૧૯૨૩)
કચ્છ કેશરી કાર્યાલય, વાયદા ડેલીની સામે, ભુજ.

૨૬ કચ્છ ક્રાન્તિ (૧૯૬૩)
કચ્છ ક્રાન્તિ કાર્યાલય, વાયદા ડેલીની સામે, ભુજ.

૨૭ લોકભારતી (૧૯૫૮)
૧૯૨૩, ગાંધી રોડ, અમદાવાદ.

૨૮ લોકમત
લોકમત પ્રિન્ટીંગ પ્રેસ, નડિયાદ, જીલ્લા–ખેડા.

૨૯ લોકદૂત (૧૯૬૪)
લોકદૂત કાર્યાલય, માંડવી ચોક, જૂનાગઢ.

૩૦ લોકસાગર (૧૯૬૩)
જુની લાતી બજાર, અમદાવાદ–૧૭.

૩૧ લોકસેવક
મહેતાવાડી, મોડાસા, સાબરકાંઠા.

૩૨ મહાગુજરાત (૧૯૪૯)
ત્રણ દરવાજા પાસે, પાટણ, જીલ્લા–મહેસાણા.

૩૩ મુસ્લિમ ગુજરાત (૧૯૩૪)
ભાગાતળાવ રોડ, સુરત.

૩૪ નવસંસ્કાર (૧૯૪૮)
સરદાર ટાવર પાસે, ખંભાત.

૩૫ નવ સૌરાષ્ટ્ર
નૂતન મુદ્રણાલય, ડો. ટાંકરિયા રોડ, અમદાવાદ.

૩૬ ન્યુ તણખા (૧૯૬૩)
ન્યુ તણખા કાર્યાલય, રાજપીપળા.

૩૭ નૂતન ગુજરાત (૧૯૬૧)
જનસત્તા કાર્યાલય, રેવડી બજાર, અમદાવાદ.

૩૮ પઢતે રહેના (૧૯૬૩)
હનુમાન ગલી, બ્રાહ્મણવાસ, પાલનપુર.

૩૯ પગદંડી (૧૯૫૫)
પગદંડી કાર્યાલય, દિવાનપરા, ભાવનગર.

૪૦ પંચશીલ (૧૯૬૩)
શુક્લા કુવા, શહેર ભાગોળ, ગોધરા.

૪૧ પ્રગતિ (૧૯૫૧)
પારેખ પોળ, ઊંઝા, જીલ્લા–મહેસાણા.

૪૨ પ્રજાબંધુ (૧૯૬૨)
સંદેશ લિમીટેડ પ્રેસ, ઘીકાંટા રોડ, અમદાવાદ.

૪૩ પ્રજામત (૧૯૫૯)
૧૫૦૧, મહીધર પુરા, કંસારા શેરી, સુરત.

૪૪ પ્રજારાજ (૧૯૫૧)
રાજમહેલ રોડ, કોંગ્રેસ હાઉસ, મહેસાણા.

૪૫ પ્રજાસત્તાક (૧૯૬૩)
પ્રજાસત્તાક કાર્યાલય, પંચમુખી મહાદેવ પોળ, વડોદરા.

૪૬. પ્રજાતંત્ર
કમલકુટિર, ૨૧૧–૨૧૯ ફીયર રોડ, મુંબઇ–૧.

૪૭ પ્રતાપ (૧૯૨૬)
પ્રતાપ પ્રિન્ટીંગ પ્રેસ, મહાત્મા ગાંધી રોડ, સુરત.

૪૮ રાધનપુર ટાઇમ્સ (૧૯૬૪)
રાધનપુર ટાઇમ્સ ઓફિસ, રાધનપુર, જીલ્લા–બનાસકાંઠા.

૪૯ રાજસત્તા (૧૯૫૭)
જય સૌરાષ્ટ્ર પ્રિન્ટીંગ પ્રેસ, સદર, રાજકોટ.

૫૦ રાષ્ટ્રધર્મ
અભિનવ સહકારી પ્રિન્ટીંગ પ્રેસ, ભારવાડો, મહેસાણા.

૫૧ રાષ્ટ્રશક્તિ (૧૯૪૬)
રાવ વિલાસ, રાજકોટ.

૫૨ રિપોર્ટર (૧૯૫૫)
બંગલો નં. ૨, પટેલ સોસાયટી, નડિયાદ.

૫૩ સાધના (૧૯૫૬)
સાધના કાર્યાલય, મનસુરી બિલ્ડીંગ, સાલાપોઝ રોડ, અમદાવાદ.

૫૪ સમય (૧૯૫૦)
૩૦, સર્વોદય સોસાયટી, સુરેન્દ્રનગર.

૫૫ સત્યાગ્રહ (૧૯૬૧)
૧૦, ચાંપાનેર સોસાયટી, અમદાવાદ–૧૩.

૫૬ સુશીલા (૧૯૬૩)
વસાણી સ્ટ્રીટ, રામપુર, અમદાવાદ.

૫૭ સ્વરાજ્ય (૧૯૫૩)
સ્વરાજ્ય કાર્યાલય, કોટી બજાર, પાલનપુર–બનાસકાંઠા.

૫૮ સોવિયત યુનિયન સમાચાર અને વિચાર (૧૯૬૨)
ડંટઝેલ્ડ, ૧લે માળે, હાર્કનેસ રોડ, મુંબઇ–૪.

૫૯ ઉપવન (૧૯૪૮)
કંસારા બજાર, ભરૂચ.

૬૦ ઉત્તર ગુજરાત (૧૯૬૨)
એચ નં. ૫–૩૧૭ સાંકડી શેરી, ત્રણ દરવાજા, પાટણ.

૬૧ વડોદરા વર્તમાન
વડોદરા વર્તમાન કાર્યાલય, રામજીમંદિર, વડોદરા.

૬૨ ઝંકાર
પ્રેમસાગર પ્રિન્ટીંગ પ્રેસ, રામનિવાસ, સદર, રાજકોટ.

૬૩ ભારતીય ધાતુ સમાચાર [ ૧૯૬૪ ]
૪૫૬, જેઠાભાઈ પોળ, ખાડિયા, અમદાવાદ.

૬૪ ગુજરાત-રાજસ્થાન [ ૧૯૪૬ ]
હિમ્મત વીર વિદ્યા પ્રિન્ટીંગ પ્રેસ, હિમ્મતનગર, સાબરકાંઠા.

૬૫ જન જાગરણ [ ૧૯૫૮ ]
જન જાગરણ કાર્યાલય, સીતારામ બ્લોક, ગોંડલ રોડ, રાજકોટ.

૬૬ કિરણોદય [ ૧૯૬૬ ]
૨૩૧૭, નરસિંહજીની પોળ, વડોદરા.

૬૭ ચેતમચ્છંદર [ ૧૯૫૭ ]
યુ. કે. પ્રિન્ટર્સ, મહાલક્ષ્મી અંડર બ્રીજ, મુંબઈ.

૬૮ ઘાટકોપર ટાઇમ્સ [ ૧૯૬૧ ]
એટલાસ પ્રિન્ટીંગ પ્રેસ, વાયલી સ્ટ્રીટ, મુંબઈ–૧૧.

૬૯ ઈન્સાફ [ ૧૯૨૦ ]
મહારથી પ્રિન્ટીંગ પ્રેસ, ૩૦૭/બી, શ્રી મંગલદાસ વાડી, લેમિંગ્ટન રોડ, મુંબઈ–૪

૭૦ જન્મભૂમિ પ્રવાસી [ ૧૯૩૮ ]
જન્મભૂમિ ભવન, ઘોઘા સ્ટ્રીટ, મુંબઈ–૪.

૭૧ જનતંત્ર [ ૧૯૬૪ ]
૨૮૨, ફિયર રોડ, ફોર્ટ મુંબઈ–૧

૭૨ કચ્છભૂમિ [ ૧૯૨૩ ]
શીલા પ્રિન્ટરી, કેશવભવન, પારસીવાડા, વી. પી. રોડ, મુંબઈ–૪

૭૩ કચ્છ પ્રકાસ (૧૯૨૬)
૧૪, મહાવીર માર્કેટ, ભાંડારકર રોડ, માટુંગા, મુંબઇ–૧૯

૭૪ પારસી અવાઝ (૧૯૪૭)
ચેમ્બર નં. ૧૬, શ્રીકૃષ્ણ નિવાસ, કાલબાદેવી રોડ, મુંબઈ–૨.

૭૫ રાષ્ટ્રવાણી (૧૯૫૦)
એચ. પી. આર્યપ્રકાશ પ્રિન્ટીંગ પ્રેસ, કાકડવાડી, મુંબઇ–૪.

૭૬ સુકાની (૧૯૬૨)
ફોર્ટ પ્રિન્ટરી, મિન્ટ રોડ, મુંબઇ–૧.

૭૭ સન વિકલી
ઝવેરી પ્રિન્ટીંગ પ્રેસ, સુસ્તરી લુમવાડા, મેમનવાડા રોડ, મુંબઇ–૯

૭૮ ઉપનગર ટાઇમ્સ (૧૯૬૧)
૧૫૬–૨, દફતરી રોડ, મલાડ, મુંબઈ–૬૪,

૭૯ વતન [ ૧૯૫૬ ]
૨–એ, નાઝ બીલ્ડીંગ, લેમીંગ્ટન રોડ, મુંબઈ–૪.

૮૦ કૈસરે હિંદ [ ૧૮૮૮ ]
કૈસર ચેમ્બર્સ, એલફીનસ્ટન સર્કલ, ફોર્ટ, મુંબઈ–૧.

૮૧ નવરોઝ [ ૧૯૧૭ ]
નવરોઝ પ્રિન્ટીંગ વર્કસ, ૨૯/૩૦, ઈઝરા સ્ટ્રીટ, કલકત્તા.

## પખવાડિક ( ચાલુ સમાચાર )

૧ આપણું સાબરકાંઠા [ ૧૯૬૧ ]
કસાણા શેઠ મહદ, પરાંતિ, જીલ્લા—સાબરકાંઠા.

૨ ભેરી [ ૧૯૫૦ ]
ભેરી કાર્યાલય, મનસા, જીલ્લા-મહેસાણા.

૩ ક્રીશ્ચન ન્યૂઝ [ ૧૯૫૭ ]
નિર્મલ ક્લીનીક, ચોક બજાર, સુરત.

૪ ડીસા ટાઈમ્સ [ ૧૯૬૩ ]
આરોગ્ય ભવન, ડીસા.

૫ દોલત [ ૧૯૬૩ ]
દોલત કાર્યાલય, જૂના ડીસા.

૬ ઘડતર [ ૧૯૬૧ ]
ઘડતર કાર્યાલય, જલિયા, વાયા : અમરેલી.

૭ જનસાથી [ ૧૯૫૪ ]
શ્રી મોહન પ્રિન્ટરી, બાલાસિનોર, જીલ્લા–ખેડા.

૮ જનસેવા [ ૧૯૫૫ ]
૬૦૦૯/૪ આઝાદ ચોક, કપડવંજ, જીલ્લા–ખેડા.

૯ મોરબી સમાચાર [ ૧૯૬૪ ]
મોરબી માળીયા તાલુકા કોંગ્રેસ સમિતી, મોરબી.

૧૦ મુક્તિ સંગ્રામ [ ૧૯૬૪ ]
ગોવિંદનગર, કાંકરીયા, અમદાવાદ.

૧૧ નવસર્જન [ ૧૯૫૪ ]
૪૮, પ્રહલાદ પ્લોટ, રાજકોટ.

૧૨ સાબરસંદેશ [ ૧૯૬૨ ]
નંબર ૨૫, ગ્લાસ ફેક્ટરી, હિંમતનગર.

૧૩ સંગ્રામ [ ૧૯૬૩ ]
ગ્રીન ચોક, વાંકાનેર.

૧૪ સર્વોદય [ ૧૯૫૨ ]
રેવન્યુ ડીપાર્ટમેન્ટ, કપડવંજ, જીલ્લા–ખેડા.

૧૫ સ્વદેશ [ ૧૯૫૮ ]
૧૪૬, અકા શેઠ કૂવા પોળ, રાયપુર, અમદાવાદ.

૧૬ સ્વરાજગંગા [ ૧૯૬૪ ]
નંબર ૨, પંચશીલ સોસાયટી, અમદાવાદ.

૧૭ તમન્ના [ ૧૯૫૫ ]
તમન્ના કાર્યાલય, આર. એચ. ૧૦૦૩/૭,
વિજયનગર હાઉસીંગ સોસાયટી, કાંકરીયા રોડ, અમદાવાદ.

૧૮ તરૂણ [ ૧૯૬૩ ]
તરૂણ મિત્રમંડળ કાર્યાલય, ભૂજ.

૧૯ મેમન ટાઈમ્સ [ ૧૯૬૩ ]
૫/સી, નાગદેવી સ્ટ્રીટ, મુંબઈ–૩.

૨૦ પ્રાથમિક શિક્ષક
૯૦૫, નવોવાસ, દાણાપીઠ, અમદાવાદ.

## માસિક ( ચાલુ સમાચાર )

૧ સરહદ સમાચાર [ ૧૯૬૩ ]
બજાર, લીંબડી, જીલ્લા-સુરેન્દ્રનગર.

૨ જ્યોતિ [ ૧૯૫૭ ]
હાજીબીબીનો ટેકરો, જમાલપુર રોડ, અમદાવાદ.

૩ કોંગ્રેસ સેવાદળ [ ૧૯૪૮ ]
કોંગ્રેસ સેવાદળ, કોંગ્રેસ ભવન, અમદાવાદ–૧.

૪ સીમા [ ૧૯૫૯ ]
પ્રિમીયર પ્રિન્ટર્સ, ૬૩, તુલસીબાગ તબેલા, તારદેવ રોડ, મુંબઈ–૩૪.

## દ્વિમાસિક, ત્રિમાસિક, અર્ધ વાર્ષિક તથા વાર્ષિક.

૧ મુંબઈ સમાચાર દિપોત્સવી અંક [ ૧૯૩૩ ]
રેડ હાઉસ, પારસી બજાર, સ્ટ્રીટ, મુંબઈ–૧.

૨ મુંબઈ સમાચાર પંચાંગ [ ૧૯૬૧ ] (વાર્ષિક)
રેડ હાઉસ, પારસીબજાર સ્ટ્રીટ, મુંબઈ–૧.

## સમાજ–કલ્યાણ અઠવાડિક.

૧ એકતા ( ૧૯૬૩ )
હોલી ચકલા, નં. ૫૭૫૭, ખેડા.

૨ ગણસેવક ( ૧૯૬૪ )
૫, રામનાથપુર, રાજકોટ.

૩ દાઉદી વ્હોરા બુલેટીન ( ૧૯૫૪ )
૧૮૨, યુસુફ મહેરઅલી રોડ, મુંબઈ–૩.

૪ જનસંદેશ ( ૧૯૫૯ )
રેપીડ સાઈકલ એન્ડ મોટર કું. પ્રાઈવેટ લીમીટેડ.
૫૬૩ કાલબાદેવી રોડ, મુંબઈ–૨.

## પખવાડિક ( સમાજ કલ્યાણ )

૧ ભૂમિપુત્ર ( ૧૯૫૩ )
ભૂમિપુત્ર કાર્યાલય, રાવપુરા, વડોદરા.

૨ દેશબંધુ ( ૧૯૬૩ )
વિજયનગર સોસાયટી, કાંકરીયા રોડ, અમદાવાદ.

૩ જ્યોતિર્ધર ( ૧૯૩૭ )
શેઠ મંગલદાસ રોડ, એલીસબ્રીજ, અમદાવાદ.

૪ લોકજીવન ( ૧૯૪૮ )
નવજીવન મુદ્રણાલય, નવરંગપુરા, અમદાવાદ–૧૪.

૫ રાષ્ટ્રસેવા ( ૧૯૬૩ )
રાષ્ટ્રસેવા કેન્દ્ર, વડી વાડી, રાવપુરા, વડોદરા.

૬ વિશ્વવાત્સલ્ય ( ૧૯૪૭ )
વિશ્વવાત્સલ્ય કાર્યાલય, હાથીભાઈની વાડી, અમદાવાદ–૧.

૭ કિરતી ( ૧૯૬૪ )
૬, સારંગ સ્ટ્રીટ, મુંબઈ–૩.

૮ પ્રબુદ્ધજીવન ( ૧૯૫૩ )
૪૫/૪૭, ધનજી સ્ટ્રીટ, મુંબઈ–૩.

## માસિક ( સમાજ કલ્યાણ )

૧ આદિવાસી મિત્ર ( ૧૯૬૩ )
રામાનંદ પ્રિન્ટીંગ પ્રેસ, અમદાવાદ–૧૭.

૨ અનેકાન્ત ( ૧૯૫૫ )
રાવણી નિવાસ, મોટા આંકડીયા, અમરેલી.

૩ ભારત સેવક
ભારત સેવક સમાજ, પાનકોર નાકા, અમદાવાદ.

૪ ધરતી ( ૧૯૪૭ )
૭૩૨, દરિયાપુર, ચાર રસ્તા, અમદાવાદ.

૫ ગ્રામનિર્માણ ( ૧૯૬૧ )
ગુજરાત સ્ટેટ ખાદી ગ્રામોદ્યોગ બોર્ડ, ગ્રીન વીલા, વડાજ, અમદાવાદ–૧૩.

૬ ગ્રામ સહયોગી ( ૧૯૬૪ )
ઓલ ઈન્ડીયા ગ્રામ સહયોગ સમાજ,
મ્યુનિસીપાલીટી બીલ્ડીંગ સામે, ઢેબરભાઈ રોડ, રાજકોટ.

૭ ગ્રામસેવા ( ૧૯૫૭ )
ગ્રામસેવા કાર્યાલય, ઉનાવા, જીલ્લા–મહેસાણા.

૮ ગ્રામ જીવન સહકાર અને ખેતી
વડોદરા ડીસ્ટ્રીકટ કો–ઓપરેટીવ બોર્ડ
અમદાવાદ પોળની સામે, રાવપુરા, વડોદરા.

૯ ગ્રામ સ્વરાજ ( ૧૯૫૭ )
ગુજરાત સ્ટેટ કો–ઓપરેટીવ યુનીયન, સાતમે માળે,
બેન્ક એફ બરોડા બિલ્ડીંગ, ગાંધી રોડ, અમદાવાદ.

૧૦ ગ્રામ વિકાસ ( ૧૯૫૫ )
ડીસ્ટ્રીકટ પંચાયત ઓફિસ, ભુજ, કચ્છ.

૧૧ ગ્રામ યુવક
ગ્રામ યુવક કૃષિક સમાજ, ખાડિયા, ચાર રસ્તા,
નવા દરવાજા રોડ, અમદાવાદ.

૧૨ જાગૃતિ [ ૧૯૪૬ )
જાગૃતિવાડી કાર્યાલય, રાયપુર, અમદાવાદ.

૧૩ જનમિત્ર ( ૧૯૬૨–૬૪ )
જનમિત્ર કાર્યાલય, પાંડવા, જીલ્લા–ખેડા.

૧૪ ખ્રિસ્તી જ્યોતિ ( ૧૯૬૪ )
સ્ટાર પ્રિન્ટીંગ પ્રેસ, રાયખંડ, અમદાવાદ.

૧૫ કોડિયું ( ૧૯૦૫ )
સરસ્વતિ પ્રિન્ટીંગ પ્રેસ, દાણાપીઠ, અમદાવાદ.

૧૬ લગ્ન મંગળ (૧૯૬૩)
લગ્ન મંગળ પ્રકાશન, સીતારામવાડા, રાવપુરા, વડોદરા.

૧૭ નવ માનવી (૧૯૫૨)
નવ માનવી કાર્યાલય, દિલ્હી ગેટની બહાર, અમદાવાદ.

૧૮ પરિવાર (૧૯૫૮)
સદર બજાર, ડીસા, જીલ્લા બનાસકાંઠા.

૧૯ સમાજ (૧૯૬૧)
ગુજરાત સ્ટેટ સોસિયલ વેલફેર એડવાઈઝરી બોર્ડ, અમદાવાદ.

૨૦ સમાજ સંદેશ (૧૯૫૪)
૧૪૭૯, કૃષ્ણનગર, ભાવનગર.

૨૧ વૈદિક સંદેશ (૧૯૬૬)
સીતારામ બ્લોક, ગોંડલ રોડ, રાજકોટ

૨૨ ભાનુશાલી મિત્ર (૧૯૬૬)
વિણા પ્રિન્ટરી, ફ્રુકા બિલ્ડીંગ, અરબ લેન, મુંબઈ ૭.

૨૩ દરિયા છોરૂ (૧૯૬૨)
શ્રી નાટય શ્રીનગર, ૪૫–ડી, ચાંદવાડી, મુંબઈ–૨.

૨૪ જ્ઞાતિજ્યોત (૧૯૬૬)
૧૦૫, કેશવજી નાયક રોડ, મુંબઈ–૯.

૨૫ ગુલશને દાઉદી (૧૯૬૬)
આલમદાર પ્રિન્ટીંગ પ્રેસ, ૧૬૭, જેઇલ રોડ, મુંબઈ–૯.

૨૬ જૈન સેવક ( ૧૯૬૨ )
૧૨, અમર નિવાસ, ન્યુ ચર્ની રોડ, મુંબઈ–૪

૨૭ કિરણ ( ૧૯૫૦ )
મણિલાલ પાટિલ એન્ડ કું. કુમાર બિલ્ડીંગ,
કાવસજી પાટિલ સ્ટ્રીટ, મુંબઈ.

૨૮ કચ્છ વિકાસ ( ૧૯૬૦ )
૫૪૭ બી, ડેલેસ્લી રોડ, લક્ષ્મી ભવન, મુંબઈ–૧૧.

૨૯ લોકક્રાન્તિ (૧૯૬૧)
કિશોર ભવન, વી.પી. રોડ, મુંબઈ–૪.

૩૦ મોમિન જગત (૧૯૬૨)
૨૭૫, વેલેસ્લી રોડ, મુંબઈ–૮.

૩૧ પગદંડી (૧૯૫૪)
૧૦૫, ન્યુ ચિંચબંદર, મુંબઈ–૯.

૩૨ પ્રિતી ( ૧૯૬૦ )
જુની હનુમાન ગલી, મુંબઈ–૨.

૩૩ રાજગોર બન્ધુ ( ૧૯૬૧ )
માધવ કુંજ, રૂમ નં. ૩૨, દેરાસરગલી, ઘાટકોપર, મુંબઈ–૭૭.

૩૪ સર્વોદય સાધના ( ૧૯૬૦ )
ભૂદાન સેવા કાર્યાલય, ૧૯, લેબ્રમ રોડ, મહીભુવન, ગણદેવી, મુંબઈ–૭.

૩૫ વઢવાણ મિત્ર મંડળ પત્રિકા ( ૧૯૬૧ )
૨૧૪, જગ્ગર નિવાસ, બ્લોક નં. ૧, શીવ, મુંબઈ–૨૨.

### ત્રિમાસિક, અર્ધવાર્ષિક તથા વાર્ષિક:–

૧ ચમકારા (૧૯૬૧) ત્રિ.
શીવસદન, ૨, મનોહર પ્લોટ, મંગલા રોડ, રાજકોટ–૨.

૨ પ્રાયશ્ચિત (૧૯૫૭) દ્વિ.
હરિજન આશ્રમ, અમદાવાદ–૧૩.

૩ ગ્રહસંઘ ત્રિમાસિક કાર્યક્રમ (૧૯૬૧)
ધી સાલ્વેશન આર્મી ટેરિટોરિયલ હેડ ક્વાટર્સ, મોરલેન્ડ રોડ, સાંકડી સ્ટ્રીટ, મુંબઈ–૮.

૪ પંચાલ દર્શન (૧૯૬૨) ત્રિ.
ઓલ્ડ હીરા બિલ્ડીંગ, ૧/૨૯, ફર્સ્ટ પારસીવાડા, ગીરગાંવ, મુંબઈ–૪.

૫ સમાજ ઉત્કર્ષ (૧૯૬૧) દ્વિ.
શ્રી મચ્છુકાંઠા જૈન વીસાશ્રીમાળી યુવક મંડળ, મારફત કિશોરચંદ્ર એન્ડ કું. ૧૬૦, ડૉ. ડી. એન. રોડ, ફોર્ટ, મુંબઈ.

**સાહિત્યિક અને સાંસ્કૃતિક અઠવાડિક**

૧ ચક્રમ (૧૯૪૭)
ગોલીબાર બુક ડિપો, સરદાર વલ્લભભાઈ પટેલ રોડ, અમદાવાદ.

૨ બેગમ (૧૯૫૫)
૨-એ, નાઝ બિલ્ડીંગ, લેમિંગ્ટન રોડ, મુંબઈ–૪.

૩ ચિત્રલેખા (૧૯૫૦)
સ્ટાર પ્રિન્ટરી ૬૨, કારવાર સ્ટ્રીટ, મીન્ડ રોડ, મુંબઈ–૧.

૪ રવિવાર (૧૯૩૨)
૩૯૭-બી, સર મંગલદાસ વાડી, લેમિંગ્ટન રોડ, મુંબઈ.

**પખવાડિક (સાહિત્યિક અને સાંસ્કૃતિક)**

૧ અર્પણ (૧૯૬૩)
૪૧૯-એફ, જોષી વાડી, કાલબાદેવી રોડ, મુંબઈ–૨.

૨ સમર્પણ (૧૯૫૯)
ભારતીય વિદ્યા ભવન, ચોપાટી, મુંબઈ–૭.

**માસિક (સાહિત્યિક અને સાંસ્કૃતિક)**

૧ આરસી (૧૯૩૩)
સુભાષ પ્રિન્ટરી, કાંકરિયા રોડ, અમદાવાદ.

૨ અભ્યાસ (૧૯૬૧)
માવળંકર હવેલી, ભદ્ર, અમદાવાદ–૧.

૩ અબીલ ગુલાલ (૧૯૫૯)
નાની છીપવાડ, અંબાજી રોડ, સુરત.

૪ અખંડ-આનંદ (૧૯૪૭)
સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટ, ભદ્ર પાસે, અમદાવાદ–૧.

૫ આરામ (૧૯૫૨)
સંદેશ લિ. પ્રેસ બિલ્ડીંગ, ઘીકાંટા રોડ, અમદાવાદ.

૬ ચાંદની
જનસત્તા કાર્યાલય, રેવડી બજાર, અમદાવાદ.

૭ ગીત–ગઝલ (૧૯૬૪)
દોશુ મિંયાનો ડેલો, જન્મભૂમિ હોસ્પિટલની પાસે, વડોદરા.

૮ જનકલ્યાણ (૧૯૫૧)
પુનિત સેવાશ્રમ, પુનિત સોસાયટી, અમદાવાદ-૮.

૯ જીવન પ્રકાશ (૧૯૬૧)
૧૭, મનહર પ્લોટ, રાજકોટ.

૧૦ કંકાવટી (૧૯૫૯)
નાની છીપવાડ, અંબાજી રોડ, સુરત.

૧૧ ક્ષિતીજ (૧૯૫૯)
સી. ૩, અધ્યાપન કૂટિર, પ્રતાપગંજ, વડોદરા.

૧૨ કુમાર (૧૯૨૪)
કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪, રાયપુર, અમદાવાદ.

૧૩ મિલાપ (૧૯૫૦)
લોકમિલાપ કાર્યાલય, બળવંતરાય રોડ, ભાવનગર.

૧૪ નવચેતન (૧૯૨૨)
નડિયાદ નગર, સરખેજ રોડ, અમદાવાદ.

૧૫ ઊર્મિ-નવરચના
ભારતી સાહિત્ય સંઘ પ્રા. લિ. ફર્નાન્ડીઝ બ્રીજ, અમદાવાદ.

૧૬ પથિક (૧૯૬૧)
પથિક કાર્યાલય, પ્રેમ દરવાજાની બહાર, અમદાવાદ.

૧૭ પ્રજ્ઞા (૧૯૫૯)
કિર્તી પ્રિન્ટરી, લિમડા ચોક, સુરત.

૧૮ પ્રાથમિક શાળાંતપ્રકાશ (૧૯૫૨)
રામજી પોળ, નાનાવટ, સુરત.

૧૯ પ્રતિમા
૧૯૨૩, ગાંધી રોડ, અમદાવાદ.

૨૦ પુસ્તકાલય (૧૯૪૭)
રાવપુરા, પો. ઓ. નં. ૧૦, વડોદરા.

૨૧ રંગતરંગ (૧૯૬૧)
જનસત્તા કાર્યાલય, રેવડી બજાર, અમદાવાદ.

૨૨ સંસાર
સંદેશ લિ. ઓફિસ, ઘીકાંટા રોડ, અમદાવાદ.

૨૩ સંસ્કૃતિ (૧૯૪૭)
સંદેશ લિ. પ્રેસ, સંદેશ બિલ્ડીંગ, ઘીકાંટા રોડ, અમદવાદ.

૨૪ સરળ પ્રાથમિક શાળાંતસહાયક (૧૯૫૨)
મેસર્સ પટેલ શાહ એન્ડ કું. રાજમહલ રોડ, વડોદરા.

૨૫ શ્રી રંગ (૧૯૫૫)
ગુજરાત સમાચાર ભવન, ખાનપુર, અમદાવાદ.

૨૬ તણખા (૧૯૬૭)
તણખા કાર્યાલય, ૧૭૮૮, ખાડીયા ગેઇટ પાસે, અમદાવાદ.

૨૭ વૈષ્ણવજન (૧૯૪૮)
રૂપાયતન મુદ્રણાલય, જુનાગઢ.

૨૮ વિશ્વ વિજ્ઞાન (૧૯૫૨)
વિશ્વ વિજ્ઞાન કાર્યાલય, પો. બો. નં. ૬,
સાલાપોઝ ક્રોસ રોડ, અમદાવાદ.

૨૯ બીજ (૧૯૫૨)
સ્ટાર પ્રિન્ટરી, ૬૨, કારવાર સ્ટ્રીટ, મિન્ટ રોડ, મુંબઈ–૧.

૩૦ ચેતન
૨૩–એ, ઝાવબાવાડી, ઠાકુરદ્વાર, મુંબઈ–૨.

૩૧ ગુંજન ( ૧૯૬૦ )
કોમર્સ હાઉસ, મેડોઝ સ્ટ્રીટ, ફોર્ટ મુંબઈ–૧.

૩૨ ગપસપ ( ૧૮૮૫ )
એલાર્ડ હાઉસ, મેંગનોર સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ–૧.

૩૩ જીવનમાધુરી ( ૧૯૫૭ )
ગુલઝાર, બેરેક રોડ, મુંબઇ–૧.

૩૪ કિસ્મત ( ૧૯૩૭ )
૩૯૭, મંગલદાસ વાડી, નાઝ કમ્પાઉન્ડ,
લેમિંગ્ટન રોડ, મુંબઈ–૪.

૩૫ મહેંદી ( ૧૯૬૧ )
કિસ્મત પ્રિન્ટરી, નાઝ કમ્પાઉન્ડ, લેમિંગ્ટન રોડ, મુંબઈ–૪.

૩૬ નવનીત ( ૧૯૬૨ )
૩૪૧, તારદેવ, મુંબઈ–૩૪.

૩૭ સવિતા ( ૧૯૪૭ )
પ્રિમિયર પ્રિન્ટરી, ૬૩, તુલસીબાગ તબેલા, તારદેવ મુંબઇ–૩૪.

૩૮ શક્તિદળ ( ૧૯૬૦ )
શક્તિદળ કાર્યાલય ૨૮, ડુંગરશી રોડ, વાલકેશ્વર મુંબઇ.

## દ્વિમાસિક, અર્ધવાર્ષિક તથા વાર્ષિક
## સાહિત્ય અને સાંસ્કૃતિક )

૧ મંજરી ( ૧૯૬૧ ) દ્વિ.
૧૯, નવયુગ કોલોની, ગીતા મંદિર, અમદાવાદ.

૨ વિશ્વમાનવ ( ૧૯૫૯ ) દ્વિ.
ચેતન પ્રકાશન ગૃહ લિ. રામજીમંદિર પોળ, વડોદરા.

૩ ફાર્બસ ગુજરાત સભા ત્રિમાસિક ( ૧૯૩૬ )
શ્રી ફાર્બસ ગુજરાત સભા,
૩૬૫, વિઠ્ઠલભાઇ પટેલ રોડ, મુંબઇ–૪.

૪ કવિલોક દ્વિ.
લિપીની પ્રિન્ટરી, ૩૮૦, ગિરગાંવ રોડ, મુંબઈ–૨.

૫ આવાઝ ( ૧૯૬૧ ) વાર્ષિક
મોદી ચેમ્બર, ફ્રેન્ચ બ્રીજ, મુંબઈ–૪.

## સ્ત્રી અઠવાડિક

૧ સ્ત્રી ( ૧૯૬૨ )
સંદેશ લિ. પ્રેસ, સંદેશ બિલ્ડીંગ, ઘીકાંટા રોડ, અમદાવાદ.

૨ શ્રી
ગુજરાત સમાચાર ભવન, ખાનપુર, અમદાવાદ–૧

૩ અમૃતા
સરદાર બાગ પાસે, રાજકોટ.

૪ મહિલા ( ૧૯૫૧ ) ( પખવાડિક )
૭૪૯, રોડ નં. ૬, મુંબઈ–૧૪

## માસિક ( સ્ત્રી )

૧ ફોરમ ( ૧૯૬૧ )
ઓલ ઇન્ડિયા વીમેન કાન્ફીડરેશન, બાલાજી રોડ, સુરત.

૨ નારી સંદેશ ( ૧૯૬૨ )
૨૭૨, ગાંધી રોડ, અમદાવાદ.

૩ સ્ત્રી જીવન ( ૧૯૩૦ )
સાત ભાઈની હવેલી, ઝવેરી વાડ, અમદાવાદ–૧.

૪ ભગિની સમાજ પત્રિકા ( ૧૯૩૫ )
૨૨૫, ખેતીવાડી મેઈન રોડ, મુંબઈ–૪.

૫ ભાટિયા સ્ત્રીમંડળ પત્રિકા ( ૧૯૫૬ )
ભાટિયા સ્ત્રીમંડળ, ૨૦, મંગેશ સિનોઈ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ–૧.

૬ ગુજરાત હિન્દુ સ્ત્રીમંડળ પત્રિકા ( ૧૯૩૪ )
૧૨૩, વિઠ્ઠલભાઈ પટેલ રોડ, મુંબઈ–૪.

૭ ભારતીય સ્ત્રી સેવાસંઘ પત્રિકા ( ૧૯૫૮ ) દ્વિ.
ભારતીય વિદ્યાભવન, ચોપાટી, મુંબઈ–૭.

## ધર્મ અને તત્ત્વજ્ઞાન અઠવાડિક

૧ આર્ય દર્શન ( ૧૯૫૭ )
ધર્મેન્દ્ર રોડ, રાજકોટ.

૨ આર્ય સંદેશ ( ૧૯૩૬ )
લોકસેવા પ્રિન્ટીંગ પ્રેસ, મોદીખાના, વડોદરા.

૩ દિવ્ય દર્શન
શ્યામ ગેઈટ, વઢવાણ સીટી, સૌરાષ્ટ્ર.

૪ જૈન પ્રવચન ( ૧૯૨૯ )
શ્રી જૈન પ્રવચન કાર્યાલય, કાલુપુર રોડ, અમદાવાદ.

૫ પરમસુખ ( ૧૯૫૬ )
૪૮, કોટસાફીલ, મેઇન રોડ, સુરત.

૬ આર્ય પ્રકાશ ( ૧૯૫૨ )
કારેલ બાગ, વડોદરા.

૭ રત્ન જ્યોત ( ૧૯૪૫ ) [ પખવાડિક ]
રત્ન જ્યોત કાર્યાલય, કેરી બજાર, સુરેન્દ્રનગર.

૮ જૈનોદય ( ૧૯૬૪ )
જગજીવન ચતુર ચા, ટ્રોલી સ્ટેશન પાસે, સુરેન્દ્રનગર.

૯ સ્વામીનારાયણ સત્સંગ પત્રિકા ( ૧૯૫૬ )
અક્ષર ભવન, લખમશી નપ્પુ રોડ, દાદર, મુંબઇ–૨૭.

૧૦ જયભારત ( ૧૯૩૮ )
૧૯/૨૧, હમામ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ–૧

## ( માસિક ધર્મ અને તત્ત્વજ્ઞાન )

૧ અલે–સ્લાહ ( ૧૯૫૭ )
સુફી બાગ, રેલ્વે સ્ટેશનની સામે, સુરત.

૨ આનંદાશ્રમ ( ૧૯૩૨ )
આનંદ આશ્રમ બિલખા, સૌરાષ્ટ્ર.

૩ ઔડંબર ( ૧૯૫૯ )
ઔડંબર કાર્યાલય, શિવાજી રોડ, વડોદરા.

૪ દર્શન ( ૧૮૫૦ )
શિવકુંજ, કૃષ્ણનગર, ભાવનગર.

૫ ગીતા ધર્મ
ગીતા મંદિર, આસ્ટોડિયા દરવાજાની બહાર, અમદાવાદ-૧.

૬ હિન્દુમિલન મંદિર ( ૧૯૪૯ )
એની બેસંટ રોડ, સુરત,

૭ ઇન્સાફ ( ૧૯૫૬ )
બેકુર ઓફિસ, રામદેવ, સુરત.

૮ જયશ્રી ( ૧૯૫૯ )
જયનગર સોસાયટી, કાંકરિયા, અમદાવાદ.

૯ કલ્યાણ
કલ્યાણ પ્રકાશન મંદિર, વઢવાણ સીટી.

૧૦ જીવણ જ્ઞાનોદય ( ૧૯૫૧ )
ગોલ લિમડા, મ્યુનિસિપલ કોર્પોરેશનની સામે, અમદાવાદ.

૧૧ કથાભારતી ( ૧૯૫૪ )
કથાભારતી કાર્યાલય, વડવાની ચાલી, અમદાવાદ.

૧૨ નવભારતી ( ૧૯૫૪ )
નવભારતી કાર્યાલય, દ્વારકા, સૌરાષ્ટ્ર.

૧૩ પરમાર્થ ( ૧૯૫૩ )
સરદાર બાગની સામે, પો. બો. નં. ૫૯, રાજકોટ.

૧૪ પ્રાર્થના ( ૧૯૫૧ )
શ્રી ભદ્ર આશ્રમ, અથવા લાયન્સ, સુરત.

૧૫ કલામ ( ૧૯૫૨ )
કોલસા ગલી, ખાસ બજાર, ત્રણ દરવાજા પાસે, અમદાવાદ.

૧૬ સદ્‌વિદ્યા ( ૧૯૫૨ )
ગોંડલ રોડ, ભક્તિનગર, રાજકોટ.

૧૭ સજાપાની આસા ( ૧૯૬૨ )
ક્રિશ્ચન, કોલોની ખાનપુર, અમદાવાદ.

૧૮ સત્સંગ નવચેતન ( ૧૯૬૦ )
૨૭૪/૨, ગંગારામ પરીખ પોળ, વિઠ્ઠિગામ, દરિયાપુર, અમદાવાદ.

૧૯ શક્તિ ( ૧૯૩૬ )
શક્તિ સાહિત્ય મંદિર, મૈનાગાર, નડિયાદ, જીલ્લો ખેડા.

૨૦ વિજય ( ૧૯૫૬ )
સ્વામી નારાયણ મંદિર, મણિનગર, અમદાવાદ.

૨૧ શ્રી જૈનધર્મ પ્રકાશ
શ્રી જૈનધર્મ પ્રકાશ સભા, કાંટાવાળા ડેલા, ભાવનગર.

૨૨ સૂર્યમંદિર ( ૧૯૬૩ )
૨૫૪૦/૧, કડિયાનાકા, દરિયાપુર, અમદાવાદ.

૨૩ સ્વામીનારાયણ પ્રકાશ ( ૧૯૩૭ )
શાહપુર ટયુટોરિયલ હાઇસ્કૂલ, અમદાવાદ.

૨૪ તબ્લીગ ( ૧૯૩૩ )
સુફી બાગ, સુરત.

૨૫ તનઝીમ ( ૧૯૪૭ )
પો. ઓ. કાવી. જીલ્લો ભરૂચ.

૨૬ વેદ સંદેશ ( ૧૯૫૭ )
સ્વાધ્યાય મંડળ, પારડી, જીલ્લો વલસાડ.

૨૭ વિશ્વમંગળ ( ૧૯૩૮ )
વિશ્વમંગળ કાર્યાલય, સાલાપોઝ ક્રોસ રોડ, અમદાવાદ.

૨૮ દિગમ્બર જૈન
ગાંધી ચોક, સુરત.

૨૯ પ્રણામી ધર્મ પત્રિકા ( ૧૯૩૦ )
ખીજડા મંદિર, જામનગર.

૩૦ શ્રી પ્રાણનાથ સંદેશ ( ૧૯૫૩ )
સૈયદપુરા, સુરત.

૩૧ અનુગ્રહ ( ૧૯૪૦ )
ઘડિયાળી પોળ, દેસાઇ શેરી, વડોદરા.

૩૨ આલમદાર ( ૧૯૫૮ )
આલમદાર પ્રિન્ટીંગ પ્રેસ, હબીબ હાઉસ, ૧૬૭, જેઈલ રોડ, મુંબઈ-૯.

૩૩ દ્વિજ જીવન ( ૧૯૫૯ )
શરાફ મેન્સન, ૩૨, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨.

૩૪ ગાયત્રી વિજ્ઞાન ( ૧૯૫૯ )
૨૦૬, જવાહરનગર, ગોરેગાંવ, મુંબઈ-૬૨.

૩૫ હિતમિત પથ્યમ્ સયમ્ ('૫૮)
૯૧, કિકા ગલી, સ્વદેશી મારકેટ, મુંબઇ-૨.

૩૬ જૈન સિદ્ધાંત ('૪૭)
શાન્તિ સદન, ૨૫૯, લેમિંગ્ટન રોડ, મુંબઈ-૭.

૩૭ જૈન શિક્ષણ સાહિત્ય પત્રિકા ( '૫૭ )
શ્રી શાંતિનાથજી જૈન દેરાસર, પાયધુની, મુંબઈ-૩.

૩૮ જલારામ જ્યોત ('૬૦)
૫૦/૫૬, સુતાર ચાલ, બીજે માળે, મુંબઈ-૨.

૩૯ મંગળ દિન ('૬૨)
રૂમ નં. ૨૮. પટેલ એસ્ટેટ, છીતાભાઇ રોડ, કાંદીવલી ઈસ્ટ, મુંબઇ-૬૭.

૪૦ સઇ-સુમન ('૫૨)
સઇ સુમન કાર્યાલય, પુષ્પા પાર્ક, પ્લોટ નં. ૬૧, પોસ્ટ-મલાડ, મુંબઇ-૫૬.

૪૧ તરુણ સિપાઇ ('૧૩)
સાલ્વેશન આર્મી ટેરિટોરિયલ હેડ કવાર્ટર્સ, મોરલેન્ડ રોડ, ભાયખલા, મુંબઇ-૮.

૪૨ તત્ત્વજ્ઞાન ('૬૨)
મારફત–સતવિચાર દર્શન, રામકૃપા, ૨૩/૨૪, પારેખ સ્ટ્રીટ, મુંબઈ–૪.

## દ્વિમાસિક, ત્રિમાસિક, અર્ધ વાર્ષિક તથા વાર્ષિક (ધર્મ અને તત્ત્વજ્ઞાન)

૧ મહિલા સંદેશ ('૬૩)
ઉમાલા ડીસ્ટ્રિક્ટ, જીલ્લો–ભરૂચ.

૨ આલમદાર (૧૮૮૨)
સાલ્વેશન આર્મી, મોરલેન્ડ રોડ, મુંબઈ–૮.

### કેળવણી પાક્ષિક

૧ ગ્રામ પંચાયત ('૫૫)
આશાપુરી પ્રિન્ટીંગ પ્રેસ, નડિયાદ, ખેડા.

૨ જ્ઞાનશિક્ષક
નવયુગ પ્રિન્ટરી, ખરડીવાડ, લહેરીપુરા દરવાજા પાસે, વડોદરા.

૩ પ્રાથમિક શિક્ષક ('૪૪)
૯૦૫, નવો વાસ, દાણાપીઠ, અમદાવાદ.

૪ સૌરાષ્ટ્ર સેવક ('૬૦)
૬૪૨, બાલા હનુમાન, અમદાવાદ.

૫ યુગ સેવક ('૫૯)
યુગ સેવક કાર્યાલય, ડો. મહેશકુમારની ડિસ્પેન્સરી પાસે, અમરેલી.

### માસિક (કેળવણી)

૧ અધ્યાપના ('૫૭)
લોહાણા ભજનશાળા, રાજકોટ.

૨ બી. એ. આર્ટસ મેગેઝિન ('૬૨)
પરીખ ઝાલા પ્રકાશન, કાલુશાળી પોળ, કાલુપુર, અમદાવાદ.

૩ દ્વિતિય વર્ષ આર્ટસ મેગેઝિન ('૬૨)
ઉપરનું સરનામું.

૪ ઘરશાળા ('૪૦)
હોમ સ્કુલ મુદ્રણાલય, તખ્તેશ્વર પોળ, વીધવાળા રોડ, અમદાવાદ.

૫ જીવન શિક્ષણ ('૫૬)
પી. આર. ટ્રેઈનિંગ કોલેજ ફોર મેન, અમદાવાદ.

૬ ગુજરાતી પ્રાથમિક શાળાંત સહાયક
મારફત–જનરલ બુક ડિપો, પોસ્ટ–ફુદારવાડા, તા. વીજાપુર, જીલ્લો–મહેસાણા.

૭ નૂતન શિક્ષણ ('૩૨)
નૂતન શિક્ષણ કાર્યાલય, જીવન ભારતી, જ્ઞાનપુરા, સુરત.

૮ પી યુ. આર્ટસ મેગેઝિન ('૬૨)
પરીખ ઝાલા પ્રકાશન, કાલુશાળી પોળ, કાલુપુર, અમદાવાદ.

૯ સરસ્વત ('૬૧)
જીવન ભારતી, જ્ઞાનપુરા, સુરત.

૧૦ સ્વતંત્ર શિક્ષણ ('૪૯)
જીવન પ્રકાશ કાર્યાલય, ૧૭, મનહર પ્લોટ, રાજકોટ.

૧૧ વિદ્યાલય ('૬૦)
વિદ્યાલય કાર્યાલય, વિકાસ વિદ્યાલય, વઢવાણ સીટી.

૧૨ વિદ્યાર્થી વિશ્વ ('૬૧)
૨૭૨, ગાંધી રોડ, ટાઈમ્સ ઓફ ઇન્ડિયાની ઓફિસ સામે, અમદાવાદ.

૧૩ વિદ્યાર્થી વિકાસ ('૬૧)
શેઠ ધનજી દેવશી રાષ્ટ્રિયશાળા, ઘાટકોપર, મુંબઈ–૭૭.

## દ્વિમાસિક, ત્રિમાસિક, અર્ધવાર્ષિક તથા વાર્ષિક (કેળવણી)

૧ નઈ તાલિમ શિક્ષણ પત્રિકા ('૬૨) દ્વિ.
ખેડા ડિસ્ટ્રીક્ટ પંચાયત એજ્યુકેશન કમિટિ, પટેલ હોલ, મીશન રોડ, નડિયાદ.

૨ સ્વાધ્યાય ('૬૩) ત્રિ.
ઓરિયન્ટલ ઇન્સ્ટીટ્યુટ, પો. બો. નં. ૭૫, સ્ટેશન રોડ, વડોદરા.

૩ તરુણ કિસાન ('૬૩) ત્રિ.
મોડેલ ફાર્મ, એલેમ્બીક પાસે, વડોદરા.

૪ માધ્યમિક સંદેશ ('૬૪) ત્રિ.
ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ ઓફિસ, ૧૨૦૬/૨, જીવણપોળની સામે, સાંકડી શેરી, અમદાવાદ.

૫ સુગણિતમ ('૬૩) (અર્ધવાર્ષિક)
ડીપાર્ટમેન્ટ ઓફ મેથેમેટિક્ષ, યુનિવર્સિટી ઓફ ગુજરાત, અમદાવાદ.

### અઠવાડિક (બાળકો)

૧ બાલસંદેશ ('૫૨)
ઘીકાંટા રોડ, અમદાવાદ.

૨ રસરંજન ('૫૮)
રસરંજન કાર્યાલય, કાલુપુર, ટંકશાળ, અમદાવાદ.

૩ સબરસ ('૫૨)
જનસત્તા કાર્યાલય, રેવડી બજાર, અમદાવાદ.

૪ ઝગમગ ('૬૨)
ગુજરાત સમાચાર ભવન, પો. બો. નં. ૨૫૪, અમદાવાદ–૧.

### પખવાડિક (બાળકો)

૧ ગાંડીવ (૧૯૩૪)
ગાંડીવ સાહિત્ય મંદિર, હવાડિયો ચકલો, સુરત.

### માસિક (બાળકો)

૧ બાલજીવન (૧૯૦૧)
બાલજીવન ઓફિસ, બાજવાડા, વડોદરા.

૨ બાલ કનૈયો
રાધાકૃષ્ણની પોળ, પેલેસ રોડ, વડોદરા.

૩ બાલમિત્ર
ચરોતર એજ્યુકેશન સોસાયટી, આણંદ, ખેડા.

૪ બાલવીર ( ૧૯૨૭ )
બાલવીર કાર્યાલય, મંગલમ પ્રીતમ સોસાયટી, ભરૂચ.

૫ બાલવાડી ( ૧૯૨૭ )
ભગત પ્રિન્ટીંગ પ્રેસ, મોટર બજાર, અંકલેશ્વર, જીલ્લો-ભરૂચ.

૬ શિશુ કલ્યાણ ( ૧૯૬૨ )
મારફત-ડી. વી. પટેલ, રબારી વાડ, દેસાઈ વાડો, નડિયાદ.

૭ રમકડું ( ૧૯૪૯ )
૨૧૧/૧૯, ડીમેલો રોડ, ફોર્ટ, મુંબઈ-૧.

૮ ચાંદામામા ( ૧૯૫૪ )
૨-૩, આરકોટ રોડ, વડપલની, મદ્રાસ-૨૬.

૯ બાલ-કલ્યાણ ( ૧૯૫૭ ) ત્રિમાસિક
રાવુડ તાલુકા, વડોદરા.

## સિનેમા અઠવાડિક

૧ ચિત્રદીપ ( ૧૯૬૩ )
વિનસ પ્રિન્ટરી, ૯૪૮, ઘીકાંટા રોડ, અમદાવાદ.

૨ ચિત્રલોક ( ૧૯૫૨ )
ગુજરાત સમાચાર ભવન, ખાનપુર, પો. બો. ૨૫૪, અમદાવાદ.

૩ રૂપેરી રંજન ( ૧૯૬૨ )
પ્રેમ નગર પ્રિન્ટીંગ પ્રેસ, રામ નિવાસ, સદર, રાજકોટ.

૪ ચિત્રલેખા ( ૧૯૫૦ )
સ્ટાર પ્રિન્ટરી, મીન્ટ રોડ, મુંબઈ-૧.

૫ ફિલ્મ ચિત્ર ( ૧૯૩૯ )
આર કે. બિલ્ડીંગ, નં. ૪, ખેતવાડી લેઈન, મુંબઈ-૪.

૬ કાતરૂ ગેપ ( ૧૯૨૪ )
કિસ્મત પ્રિન્ટરી, નાઝ સિનેમા કમ્પાઉન્ડ, લેમિંગ્ટન રોડ, મુંબઈ.

૭ પારસ ( ૧૯૫૬ )
એટલાસ પ્રિન્ટરી, રંગવાલા માર્કેટ, વેલ્સ સ્ટ્રીટ, અગરીપાડા, મુંબઈ-૧૧.

## માસિક ( સિનેમા )

૧ છબી ( ૧૯૫૮ )
૬૬, મિરઝા સ્ટ્રીટ, મુંબઈ-૩.

૨ ચિત્રગંગા (૧૯૬૩)
૫-એ, નાઝ બિલ્ડીંગ, લેમિંગ્ટન રોડ, મુંબઈ-૪.

૩ જી (૧૯૫૮)
સ્ટાર પ્રિન્ટરી, ૬૨, કારવાર સ્ટ્રીટ, મુંબઈ-૧.

## જ્ઞાતિ પત્રિકા

૧ જૈન (૧૯૦૩) (અઠવાડિક)
જૈન ઓફિસ, દાણાપીઠ, ભાવનગર.

૨ લોહાણા હિતેચ્છુ.
ટ્રેડ પ્રિન્ટર્સ, ઓપેરા હાઉસ, મુંબઈ-૭

૩ લોહાણા દર્પણ
નટવર પ્રિન્ટરી, ભરવાડ પા, જામનગર.

## પાક્ષિક

૧ ક્ષત્રિય બન્ધુ (૧૯૪૬)
કલા પ્રિન્ટરી, તાળકેશ્વર પાસે, વડોદરા.

૨ મુસ્લિમ જાગૃતિ (૧૯૬૦)
મારફત—એમ. એફ. રઝવી, ૨૨, જગન્નાથ પ્લોટ, રામનિવાસ, રાજકોટ.

૩ નાગર બન્ધુ (૧૯૩૭)
ઉનાવા, વાયા કલોલ, જીલ્લો—મહેસાણા.

૪ સ્થાનકવાસી જૈન (૧૯૩૪)
પાન્ડે ભાઈની પોળ, ઘીકાંટા રોડ, અમદાવાદ.

૫ તમન્ના (૧૯૫૨)
પોસ્ટ ઓફિસ પાસે, બગસરા, સૌરાષ્ટ્ર.

૬ વ્હોરા સુધારક (૧૯૬૦)
વ્હોરા સુધારક કાર્યાલય, રાવપુરા, વડોદરા.

## માસિક ( જ્ઞાતિ પત્રિકા )

૧ ઔદિચ્ય પ્રકાશ ( ૧૯૧૮ )
ઔદિચ્ય પ્રકાશ કાર્યાલય, મહુવા, ગુજરાત.

૨ જ્ઞાતિ સંદેશ ( ૧૯૬૩ )
૨૨૫૬/૬, ભૂતની આંબલી, રાયપુર, અમદાવાદ.

૩ હિદાયત ( ૧૯૬૨ )
હિદાયત કાર્યાલય વાડી, વડોદરા.

૪ હિતેચ્છુ ( ૧૯૨૫ )
ડોકસાવાલા ચાલ, ચાંદિલવાલ, સુરત.

૫ હુન્નર ઘડતર ( ૧૯૬૦ )
જય સૌરાષ્ટ્ર પ્રિન્ટીંગ પ્રેસ, રાજકોટ.

૬ કાયસ્થ પત્રિકા ( ૧૯૨૮ )
સેનાન ફળિયા. ગોપીપુરા, સુરત.

૭ બ્રાહ્મણ જ્યોતિ ( ૧૯૩૬ )
બ્રાહ્મણ, ગોલવાડ નાકા, અમદાવાદ,

૮ નાઈ હિતેચ્છુ ( ૧૯૫૮ )
૫, શંકર સોસાયટી. બહાઈ સેન્ટર પાસે, શાહપુર, અમદાવાદ.

૯ ક્ષત્રિયમિત્ર ( ૧૯૩૨ )
ક્ષત્રિયમિત્ર ઓફિસ, માણેકવાડી, ભાવનગર.

૧૦ લોહાણા સમાચાર ( ૧૯૩૯ )
ભારત પ્રિન્ટીંગ પ્રેસ, બજાર, ધોલકા, અમદાવાદ.

૧૧ ક્ષત્રિય સમાજ સંદેશ ( ૧૯૬૦ )
ક્ષત્રિયવાડ નવસારી, ગુજરાત.

૧૨ પૈગામ ( ૧૯૫૬ )
કાવી, જીલ્લો–ભરૂચ.

૧૩ પ્રકાશ ( ૧૯૩૧ )
હઠીસિંગ બિલ્ડીંગ, હરિશ રોડ, ભાવનગર.

૧૪ સતવારા વિકાસ ( ૧૯૫૪ )
સતવારા વિકાસ કાર્યાલય, દરિયાપુર. અમદાવાદ.

૧૫ શ્રી કરાડિયા રાજપુત બન્ધુ ( ૧૯૫૯ )
જય સૌરાષ્ટ્ર પ્રિન્ટીંગ પ્રેસ, સીવિલ સ્ટેશન, રાજકોટ.

૧૬ સમાચાર પાયફંડ ( ૧૯૫૨ )
શ્રીમાળી સુખડિયા સમાચાર પાયફંડ, લાતી બજાર, ભાવનગર.

૧૭ તૈ–બાહ ( ૧૯૫૮ )
દારૂલ ઉલ્મ શાહે આલમ ભીસમિલ્હાં મંઝીલ,
ઝમાલપુર રોડ, અમદાવાદ.

૧૮ તપોધન ( ૧૯૫૫ )
તપોધન કાર્યાલય, કન્યાશાળા પાસે, વીસનગર, જીલ્લો–મહેસાણા.

૧૯ વાયદા મિત્ર ( ૧૯૫૭ )
મહેશ આર્ટ પ્રિન્ટરી, પાટણ.

૨૦ અજવાડિયું ( ૧૯૬૧ )
વલસાડ, કોસામ્બા, જીલ્લો–વલસાડ

૨૧ આત્માનંદ પ્રકાશ ( ૧૯૦૩ )
જૈન આત્માનંદ સભા, ભાવનગર.

૨૨ અલ્લાવી વેલફેર (૧૯૬૦)
અલ્લાવી વેલફેર એસોસીએશન, જુમ્મા મસ્જીદ બિલ્ડીંગ, વડોદરા.

### દ્વિમાસિક તથા ત્રિમાસિક (જ્ઞાતિ પત્રિકા)

૧ પંચોલી નવયુગ (૧૯૬૨) દ્વિ.
વ્યારા બજાર, જિલ્લો—સુરત.

૨ જ્ઞાનિબન્ધુ (૧૯૫૨) દ્વિ
જ્ઞાતિબન્ધુ કાર્યાલય, ૧૮૬, અમરવાડી, મુંબઈ–૪.

૩ મોઢ પ્રગતિ ( ૯૫૭) ત્રિ.
૪૨, ડાહ્યાભાઈ પાર્ક, શાહ આલમ રોડ, અમદાવાદ–૧.

૪ શ્રી ઝરોલા વણિક સમાજ (૧૯૪૯) ત્રિ.
૨૫૮૬, ધુના પોળ, પખાલી પોળ, રાયપુર, અમદાવાદ.

૫ માધવી ત્રિ.
શ્રી જેશતરામ સેનેટોરિયમ, કસ્તુરબા રોડ, બોરીવલી ઇસ્ટ,
મુંબઈ–૬૬.

૬ શૈક્ષણિક પત્રિકા (૧૯૫૭) ત્રિ.
ઓશવાલ નિવાસ, ૩, ફરર્ટ ફ્લેન્ક રોડ, મુંબઇ–૯.

૭ શ્રી દશાશ્રીમાળી વનિતા (ખંભાત) હિતવર્ધક સંઘ પત્રિકા
મોહન સન્સ પ્રાઇવેટ લિ., ૧૨૭, મહાત્મા ગાંધી રોડ, મુંબઈ–૧.

### પાક્ષિક ( શ્રમિક )

૧ મજૂર પત્રિકા
મજૂર મહાજન મંડળ, રાવપુરા, વડોદરા,

૨ મજદૂર સમાજ ( ૧૯૫૯ )
દિવાળી ન, રાવપુરા, વડોદરા.

૩ શ્રમયોગ ( ૧૯૬૦ )
શ્રમયોગ કાર્યાલય વાડી, વાયદા પોળની સામે, વડોદરા.

૪ ગુજરાત ઇલેક્ટ્રીસીટી બોર્ડ ન્યુઝ ( ૧૯૬૩ )
ગુજરાત ઇલેક્ટ્રીસીટી બોર્ડ, રેઈસ કોર્સ, વડોદરા,

### માસિક ( શ્રમિક )

૧ શ્રમદીપ ( ૧૯૬૧ )
ન્યુ સિવિલ હોસ્પીટલ બીલ્ડીંગ, આશરવાડ, અમદાવાદ–૧

૨ શ્રમિક ( ૧૯૫૮ )
ટેક્સ્ટાઈલ લેબર યુનિયન ઓફિસ, ચંદ્રમણિ ભુવન,
નં. ૨ આશ્રમ રોડ, નડિયાદ.

૩ કામદાર જ્યોતિ ( ૧૯૬૩ )
મજદૂર મહાજન સંઘ, ગંજ બજાર, સિદ્ધપુર, ઉ. ગુજરાત

### નાણાંતંત્ર અને અર્થશાસ્ત્ર

૧ વ્યાપાર ( ૧૯૪૯ ) અર્ધ અઠવાડિક
જન્મભૂમિ ભવન, ઘોઘા સ્ટ્રીટ મુંબઇ–૧.

૨ ટેક્સેશન રિવ્યુ ( માસિક )
ટેક્સેશન કાર્યાલય, ૧૨/૩૧૧૧, રાણી તાલિઓ, સુરત.

### ઇજનેરી અને હુન્નરઉદ્યોગ

૧ ખનિજ તેલ સમાચાર ( પખવાડિક )
નવાબ મન્ઝીલ, રાવપુરા, વડોદરા.

૨ વિદ્યુતરંગ ( ૧૯૬૩ ) માસિક
રાયપુર ગેઇટની અંદર, અમદાવાદ.

૩ રેયોન ન્યુઝ ( ૧૯૫૫ ) માસિક
ધી નેશનલ રેયોન કોરપોરેશન લિ. એવાર્ટ હાઉસ,
બ્રયુસ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઇ–૧.

૪ હુન્નર ઉદ્યોગ ( ૧૯૬૦ )
કોઠારિયા નાકા, રાજકોટ.

### ખેતીવાડી અને ઢોર ઉછેર

૧ આર્ય સ્વપત્ર ( ૧૯૬૪ ) અઠવાડિક
૫–બી, અમર બિલ્ડીંગ, સર પી. એમ. રોડ, ફોર્ટ, મુંબઇ–૧.

### માસિક ( ખેતીવાડી અને ઢોર ઉછેર )

૧ ખેડૂત બન્ધુ ( ૧૯૬૪ )
કૃષિ સહાયક કાર્યાલય, બરગા, જીલ્લા–અમદાવાદ.

૨ ખેતી (૧૯૬૩)
આચરિયા વાસુદેવતાની પોળ, પાટણ.

૩ કૃષિક સમાચાર (૧૯૬૩)
૬૬૯, ખાડી, ચાર રસ્તા, અમદાવાદ.

૪ કૃષિ–ગો વિદ્યા (૧૯૪૮)
ઇન્સ્ટીટયુટ ઓફ એગ્રીકલ્ચર, અમદાવાદ.

### વ્યાપારિક અને ઔદ્યોગિક-અઠવાડિક

૧ ચેમ્બર બુલેટિન (૧૯૬૩)
ચેમ્બર હોલ, ગ્રેઈન માર્કેટ, જામનગર.

૨ કંડલા કોમર્સિયલ
ડી. એચ. એક્સ–૧૨, આદિપુર, કચ્છ.

### માસિક

૧ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ બુલેટિન (૧૯૫૬)
ગુજરાત વેપારી મહામંડળ, પો. બો. નં. ૧૬૨, અમદાવાદ–૧,

૨ સેવા (૧૯૫૨)
માંડવી પોળ, સેવાસંઘ, અમદાવાદ.

૩ સેલ્સ ટેક્સ જર્નલ
સેલ્સ ટેક્સ પ્રેકટીશનર્સ એસોસિએશન, માણેક ચોક, અમદાવાદ.

૪ વેપારકળા દર્શન (૧૯૫૬)
ગોપાલ ભુવન, આગ્રા રોડ, મુંબઈ–૭૯.

૫ ઓઈલ એન્ડ ઓઈલસીડ જર્નલ (૧૯૪૮) દ્વિભાષી
જનાબી બિલ્ડીંગ, મસ્જીદ બંદર રોડ, મુંબઈ–૩.

### કાયદો અને સાર્વજનિક વહીવટ અઠવાડિક

૧ ગુજરાત ગવર્નમેન્ટ ગેઝેટ (૧૯૬૦) ત્રિભાષી
આનંદપુરા, વડોદરા.

### માસિક

૧ કાયદો અને કાનુન (૧૯૬૦)
૫૭/૨, ગાંધી રોડ, અમદાવાદ.

૨ નગર સંદેશ (૧૯૫૯)
સિદ્ધપુર ડિસ્ટ્રીક્ટ મ્યુનિસિપાલીટી, સ્ટેશન રોડ, સિદ્ધપુર,
જીલ્લો–મહેસાણા.

૩ પંચાયત રાજ
ગંગોત્રી પ્રિન્ટીંગ પ્રેસ, કેનેથ, ખાંડ બજાર, સુરત.

૪ સુધરાઈ સમાચાર
સુરત બરો મ્યુનિસિપાલીટી સુરત.

૫ લોકલ સેલ્ફ ગવર્નમેન્ટ
ઇન્સ્ટીટ્યુટ કા. માસિક સ્થાનિક સ્વરાજ્ય (૧૯૫૫) લોકલ
સેલ્ફ ગવર્નમેન્ટ ઇન્સ્ટીટ્યુટ.
૧૧, હોર્નિમાન સર્કલ, ફોર્ટ મુંબઈ–૧

૬ સેલ્સ ટેક્સ રિવ્યુ
૩૩, મહાકાળી બિલ્ડીંગ, પાયધુની, મુંબઈ–૩

### વીમા, બેન્ક તથા સહકાર
### પાક્ષિક

૧ સહકાર
સહકાર કાર્યાલય, પટેલ હાઉસ, ધ્રાંગધ્રા.

૨ સહકાર (૧૯૫૬)
સહકાર ભવન, ઢેબરભાઇ રોડ, રાજકોટ.

૩ સહકાર (૧૯૫૪)
ગુજરાત સ્ટેઇટ કો–ઓપરેટીવ યુનિયન,
બેન્ક ઓફ બરોડા બિલ્ડીંગ, ગાંધી રોડ, અમદાવાદ.

### માસિક

૧ સહકારી સમાજ (૧૯૫૬)
જૈન સહકારી લિ. હીરા બાગ, સી. પી. ટેન્ક, મુંબઈ–૪.

૨ દેના જ્યોતિ (૧૯૫૪) દ્વિ. માસિક
દેના બેન્ક, એચ. ઓ. ૧૭, હોર્નિમાન સર્કલ, ફોર્ટ, મુંબઈ–૧

૩ વીમા પ્રગતિ (૧૯૫૮) ત્રિમાસિક
વેસ્ટર્ન ઝોનાલ ઓફિસ, લાઈફ ઇન્સ્યોરન્સ કોરપોરેસન ઓફ
ઇન્ડિયા જીવન કેન્દ્ર, જમશેદજી ટાટા રોડ, ચર્ચ ગેઈટ, મુંબઈ.

### દવા અને સ્વાસ્થ્ય
### માસિક

૧ ચરક (૧૯૫૦)
સંજવાણી હોસ્પીટલ, સંજવાણી રોડ, અમદાવાદ,

૨ હોમિઓ મિશન (૧૯૫૮)
ઉનાલી ઉદ્યમ, મણીનગર, અમદાવાદ.

૩ સંજીવની આયુર્વેદ
સંજીવની આરોગ્ય કેન્દ્ર, માણેકપરા, અમરેલી.

૪ તંદુરસ્તિ
૧૬, શ્રીમાળી સોસાયટી, અમદાવાદ–૯.

૫ વ્યાયામ (૧૯૪૯)
સરદાર મજમુદારવાડા, રાવપુરા, વડોદરા.

### જ્યોતિષ શાસ્ત્ર

૧ જ્યોતિર્વિદ નયન (૧૯૪૭)
જયહિન્દ એસ્ટેટ, નં. ૩૮, ભુલેશ્વર, મુંબઈ–૨.

### વાહન વ્યવહાર

૧ રેલ્વે ટાઈમ્સ (૧૯૫૬)
૧૧૦૩, જમનાદાસ બિલ્ડીંગ, પહેલે માળે, ગાંધી રોડ,
મહેસાણા.

### ટૂંકી વાર્તા
### માસિક

૧ અંજલી (૧૯૬૦)
અંજલી કાર્યાલય, સદર, રાજકોટ.

૨ જાસુસ કથા [૧૯૫૮]
નાની છીપવાડ, અંબાજી રોડ, સુરત.

૩ પંચાયત દર્શન [૧૯૬૩]
મારફત—શ્રમસ બુકસેલર્સ, યાજ્ઞિક રોડ, રાજકોટ.

૪ આભાપારો [૧૯૬૨]
જવાહર કોલ્ડડ્રિંક હાઉસ, ૪૦૪–એ, એ. કાલબાદેવી રોડ,
મુંબઈ–૨.

૫ છૂપી પોલિસ [ ૧૯૫૪ ]
ટીનવાલા બિલ્ડીંગ, પહેલે માળે, ત્રિભુવન રોડ, મુંબઈ-૪

૬ નવલકથા [ ૧૯૬૧ ]
પ્રિમિયર પ્રિન્ટરી, ૬૩-ડી, તુલસીબાગ તબેલા, તારદેવ. મુંબઈ-૩૪.

૭ રહસ્ય રેખા [ ૧૯૬૧ ]
રહસ્ય રેખા કાર્યાલય, જીવદયા લેન, ઘાટકોપર મુંબઈ-૭૭

૮ રુચિ [ ૧૯૬૩ ]
ચંદ્રલોક, માનવમંદિર રોડ, મલબાર હિલ, મુંબઈ-૬.

૯ વર્ષા [ ૧૯૬૧ ]
૩૭, અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, રૂમ નં. ૨૧, મુંબઈ.

૧૦ લિપીકા [ ૧૯૬૨ ] ત્રિમાસિક
૨૦૮-એ, શિવાજી પાર્ક નં. ૫, દાદર, મુંબઈ-૧૬.

૧૧ ડિટેક્ટીવ [ ૧૯૫૭ ]
નાની છીપવાડ, અંબાજી રોડ, સૂરત.

### રેડિયો-સંગીત

૧ નભોવાણી [ ૧૯૪૭ ] પાક્ષિક
એ. આઈ. આર. અમદાવાદ.

### અઠવાડિક (સંકીર્ણ)

૧ અરૂણ સાપ્તાહિક [ ૧૯૬૩ ]
નરસિંહ પોળ, વડોદરા.

૨ ગણસેવક [ ૧૯૬૪ ]
૫, રામનાથપરા, રાજકોટ.

૩ લોકસેના [ ૧૯૫૭ ]
૭૮૭, ગણપતિ પોળ, પાટણ.

૪ પંચતંત્ર [ ૧૯૬૩ ]
આર્ય સમાજ ભવન, કાંકરિયા રોડ, અમદાવાદ.

૫ શ્રી [ ૧૯૬૪ ]
પ્રજાબન્ધુ પ્રેસ, ગુજરાત સમાચાર ભવન, ખાનપુર, અમદાવાદ.

૬ આપણી દુનિયા (૧૯૫૬)
૧૨૬, ટંડેલ સ્ટ્રીટ, મુંબઈ-૯.

૭ ધ્રુવ (૧૯૬૨)
ઝવેરી પ્રિન્ટીંગ પ્રેસ, સુરતી, ઇમામવાડા, મેમનવાડા, મુંબઈ-૯.

૮ જૈન પ્રકાશ (૧૯૫૭)
૧૬૩, ભીમપુરા, મુંબઈ-૯.

૯ ઈરિમાઈલી (૧૯૪૮)
બરઝા બિલ્ડીંગ, ડોંગરી સ્ટ્રીટ, ભીમપુરા, મુંબઈ-૯.

૧૦ સેવા સમાજ (૧૯૫૪)
ટીટ-બીટ્સ ઓફિસ, રામચંદાની બિલ્ડીંગ, મિરજ હાઈસ્કુલની સામે, મિરજ.

૧૧ હથા શ્રીમાળી (૧૯૫૧)
વીર બિલ્ડીંગ, ૬૪, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.

૧૨ મેનન વેલફેર (૧૯૫૫)
દાદા મંઝીલ, પહેલે માળે, રૂમ નં. ૫૬૭, ૬૯, મહમદ અલી રોડ, મુંબઈ-૩.

### પાક્ષિક (સંકીર્ણ)

૧૩ અભિપ્રાય (૧૯૬૪)
૨૫૦૩, ડાયમન્ડ ચોક, ભાવનગર.

૧૪ ભાડુઆત સંદેશ (૧૯૫૯)
૬૪૨, બાલા હનુમાન, ગાંધી રોડ અમદાવાદ.

૧૫ રેહબાર (૧૯૫૬)
યકુટપુરા, ચુડીવાલા ગલી, વડોદરા.

૧૬ સાંદીપન (૧૯૬૪)
પટેલ હાઉસ, ધ્રાંગધ્રા, જીલ્લો—સુરેન્દ્રનગર.

### માસિક (સંકીર્ણ)

૧૭ આબે હયાત (૧૯૫૫)
મરકસવાડા, મિરઝાપુર, અમદાવાદ.

૧૮ આલમ (૧૯૫૯)
ઝાવર ભુવન, મેઈન રોડ, સંગ્રામપુર, સુરત.

૧૯ ભટ્ટ ભાસ્કર (૧૯૨૦)
કારેલી બાગ, વડોદરા.

૨૦ ભાવસાર બન્ધુ (૧૯૫૯)
જુના અસારવા, ઠાકોરવાસ, અમદાવાદ-૧૧.

૨૧ કારાવન (૧૯૫૫)
વતન પ્રિન્ટીંગ પ્રેસ, કાલુપુર, ખુશપુલા પોળ, અમદાવાદ.

૨૨ ગ્રામયુવક
ગ્રામયુવક કૃષક સમાજ, ખાડિયા ચાર રસ્તા, નવા દરવાજા રોડ, અમદાવાદ.

૨૩ ગુર્જરી (૧૯૬૪)
ઉત્તમચંદ ઝવેરીની પોળ, પાની ગેઈટ, વડોદરા.

૨૪ જય જગત (૧૯૬૪)
સરસપુર, બેન્ક ઓફ ઇન્ડિયા પાસે, અમદાવાદ.

૨૫ જય સામુદ્રી (૧૯૬૩)
માલવિયા વાડી, રાજકોટ-૨.

૨૬ જ્યોતિ (૧૯૨૨)
ગુજરાત થિઓસોફિકલ ફેડરેશન, ઓલ ઇન્ડિયા રેડિયોની સામે, વડોદરા.

૨૭ જ્યોતિ સંઘ પત્રિકા (૧૯૬૧)
રિલિફ રોડ, અમદાવાદ.

૨૮ કલ્યાણ યાત્રા (૧૯૫૯)
નશાબંધી મંડળ, વાડીલાલ હોસ્પીટલની સામે, અમદાવાદ.

૨૯ કમલ (૧૯૬૩)
હેથાન ફલિયા, નગર રોડ, જુનાગઢ.

૩૦ ખ્રિસ્તિ બંધુ (૧૯૩૩)
ગુજરાત ટ્રેક્ટ એન્ડ બુક સોસાયટી, મિરઝાપુર, અમદાવાદ.

૩૧ ખ્રિસ્ત જ્યોતિ (૧૯૬૪)
સ્ટાર પ્રિન્ટીંગ પ્રેસ, રાયખડ, અમદાવાદ.

૩૨ માધુકરી (૧૯૬૧)
ભાગ્યનગર કું., એસ. એસ. ઓ.ની સામે, રામબાગ, મણિનગર, અમદાવાદ–૮.

૩૩ મહાગુજરાત
મહાગુજરાત કાર્યાલય, સ્ટેશન રોડ, પેટલાદ, ખેડા.

૩૪ મોઢ મહોદય (૧૯૧૭)
હાઈકોર્ટ રોડ, ભાવનગર.

૩૫ નગર મહિલા (૧૯૫૭)
ઉનાવા, વાયા : કલોલ, જીલ્લો–મહેસાણા.

૩૬ પંચાલ દીપક (૧૯૨૭)
પંચાલ યુવક મંડળ બિલ્ડીંગ, ઘીકાંટા રોડ, અમદાવાદ.

૩૭ પંચમહાલ પંચાયત દર્શન (૧૯૬૩)
ડીસ્ટ્રીકટ પંચાયત, ગોધરા, જીલ્લો–પંચમહાલ.

૩૮ પંચાલ વિજય (૧૯૬૨)
પી એમ. રાઠોડ સ્ટ્રીટ, અશોક સદન, આલ્ફ્રેડ હાઇસ્કુલ પાસે, રાજકોટ.

૩૯ પરિષદ પત્રિકા
ધી વિસનગર પ્રિન્ટરી, ગોળવાડ સ્ટ્રીટ, વિસનગર, ઉ. ગુજરાત.

૪૦ પરિવર્તન (૧૯૬૧)
જગજીવનરામ એચ. સોસાયટી, સરસપુર, અમદાવાદ.

૪૧ સમાજબન્ધુ (૧૯૬૪)
સરસપુર સમાજબન્ધુ ઓફિસ, પોસ્ટ ઓફિસ પાછળ, અમદાવાદ.

૪૨ સરકાર (૧૯૬૩)
ડાંડેકરવાડા, ડાંડિયાબજાર, વડોદરા.

૪૩ વાલમ બ્રાહ્મણ જ્ઞાતિ વર્તમાન (૧૯૪૭)
જ્ઞાતિ વર્તમાન, કચ્છવાડા, રાજપુરા, અમદાવાદ.

૪૪ વલ્લરી (૧૯૬૪)
નગરવાલા, ચાર રસ્તા, અમદાવાદ.

૪૫ વાણંદ વિકાસ (૧૯૫૭)
બાલભુવનની સામે, સિવિલ હોસ્પીટલ રોડ, જહાંગીરપુરા, અમદાવાદ.

૪૬ વિદ્યાભક્તિ (૧૯૬૪)
૫૧, કોટન ચાલ, પ્રકાશ હાઈસ્કુલ પાછળ, રિલિફ રોડ, અમદાવાદ.

૪૭ વિજય (૧૯૬૩)
મોઢ પોળ, સુલતાનપુરા, વડોદરા.

૪૮ વિશ્વ જ્યોતિ (૧૯૫૫)
વિશ્વ જ્યોતિ કાર્યાલય, હરિજન આશ્રમ, અમદાવાદ.

૪૯ વિશ્વકર્મા બન્ધુ
વિશ્વકર્મા બન્ધુ કાર્યાલય ૧૦૪, મેકરી વાડ, રાયપુર, અમદાવાદ.

૫૦ વ્હોરા સમાચાર
અલિબાગ સ્ટેશનની સામે, સુરત.

૫૧ યાદગાર (૧૯૬૨)
કલન ઓફિસ, કોલસા ગલી, ખાસબજાર, અમદાવાદ,

૫૨ ઝરણું (૧૯૬૨)
જયમલ કુટિર, બરદા પોળ, સરખેડા, જીલ્લા–વડોદરા.

૫૩ ભક્તિ ભાગિરથિ (૧૯૬૧)
રણછોડજી મંદિર, આસરિયા ચકલા, અમદાવાદ.

૫૪ મત્સ્ય વ્યવસાય (૧૯૬૧)
ગુજરાત ફીશરીઝ સેન્ટ્રલ કો-ઓપરેટિવ એસોસિએશન લિ. શીવપ્રાસાદ, નવરંગપુરા, અમદાવાદ.

૫૫ શ્રીમાળી અભ્યુદય (૧૯૬૨)
શ્રીમાળી અભ્યુદય કાર્યાલય, મહુવા, સૌરાષ્ટ્ર.

૫૬ આપણું કપડવંજ (૧૯૫૨)
૫, જયમંગળ, ૭૬-સી, રફી અહમદ કીડવાઇ રોડ, મુંબઈ-૧૯.

૫૭ દીનબન્ધુ (૧૯૫૭)
૧૮, મિલીટ્રી સ્કવેર લેન, ફોર્ટ, મુંબઈ–૧.

૫૮ ગ્રંથ (૧૯૬૭)
પરિચય ટ્રસ્ટ, ૧૯/૨૧ હમામ સ્ટ્રીટ, ફોર્ટ, મુંબઈ–૧.

૫૯ જ્યોતિ (૧૯૫૯)
શિવસદન, રૂમ નં. ૨૫, ૧૦/૧૨, નિબિવાડી, મુંબઈ–૨.

૬૦ કેદી (૧૯૫૯)
૪, રાવજી બિલ્ડીંગ, એન. સી. કલાકાર સ્ટ્રીટ, દાદર, મુંબઈ–૨૮.

૬૧ કપોળ અને કપોળ મિત્ર (૧૯૨૨)
કપોળ કાર્યાલય, વીન્સેન્ટ રોડ, માટુંગા મુંબઈ–૧૯.

૬૨ મહાવંશી મિત્ર (૧૯૫૦)
૩૧–સી, લેમિંગ્ટન રોડ, દારૂવાલા બિલ્ડીંગ, મુંબઈ-૮

૬૩ મશાલ (૧૯૫૬)
૬, એસ. લેન, દાદર, મુંબઈ–૨૮

૬૪ મુક્તિ સમાચાર (૧૯૩૮)
ધી સેલ્વેસન આર્મી, મોરલેન્ડ રોડ, ભાયખલા, મુંબઈ–૮.

૬૫ મુલી પ્રજામંડળ પત્રિકા (૧૯૫૮)
મુલી પ્રજામંડળ, વરજીવન મેન્સન, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ-૨

૬૬ નચિકેતા (૧૯૫૯)
૪૮, દાદાભાઈ રોડ, વીર્લે પારલે, મુંબઈ–૫૬.

૬૭ નસિમે–સાહર (૧૯૪૧)
૯૧૦, બુધવાર પેઠ, પુના–૨.

૬૮ નવરંગ (૧૯૧૫)
૨૧૧/૧૯, ફેયર રોડ મુંબઈ–૧.

૬૯ પાનેતર (૧૯૬૩)
માણેક ચેમ્બર, નાઝ સિનેમા એઈટ, લેમિંગ્ટન રોડ, મુંબઈ-૬

૭૦ સરસ્વત જીવન (૧૯૩૩)
ભગવતી પ્રિન્ટીંગ પ્રેસ, ૧૧૮, મસ્જીદ બંદર, મુંબઈ-૩.

૭૧ શ્રુતિ (૧૯૬૩)
શ્રુતિ કાર્યાલય જનસુખ નિવાસ બ્લોક નં. ૨૨, કાંદીવલી, મુંબઈ-૬૭.

૭૨ શ્રી ઝાલાવાડી સ્થાનકવાસી જૈનસભા માસિક પત્રિકા (૧૯૫૬)
૪૭, કોલભાટ લેન મુંબઈ-૨.

૭૩ સોરઠી સંદેશ (૧૯૬૨)
શ્રી ડી. એસ. વી. નૂતન યુવક મંડળ ૬૩,
કેવલ ક્રોસ લેન, નં. ૩, મુંબઈ.

૭૪ સુરેન્દ્રનગર પત્રિકા
૮૧, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ.

૭૫ ઉષ્મા (૧૯૬૪)
૨૭ જમનાદાસ સદન, ૩૩૪-બી, આગ્રા રોડ, મુંબઈ-૭૭

૭૬ ઇસ્નાશાહી (૧૯૩૬)
૭૧-એ, સેમ્યુલ સ્ટ્રીટ, મુંબઈ-૯.

૭૭ હરિજન સંદેશ
ચંદ્રકીર્તિ નિવાસ, શ્રાવણિવાડી, હિન્દીનગર, વર્ધા.

૭૮ શ્રી જીવદયા
બોમ્બે હ્યુમીનીટેરિયન લી., ૧૪૯, શ્રોફ બજાર, મુંબઈ-૨.

**દ્વિમાસિક, ત્રિમાસિક, અર્ધવાર્ષિક તથા વાર્ષિક (સંકીર્ણ)**

૭૯ આદિવાસિ સંદેશ (૧૯૬૪) ત્રિ.
બી-૪૯, ગુજરાત યુનિવર્સિટી હોસ્ટેલ, નવાનગર, અમદાવાદ.

૮૦ અમૃત (૧૯૬૩) ત્રિ.
અમૃત કાર્યાલય, સ્વામિનારાયણ રોડ, વડોદરા.

૮૧ ફુલ-પાંદડી (૧૯૫૭) ત્રિ.
વિદ્યાનગર સોસાયટી, પ્લોટ નં. ૧૧૨, ભાવનગર.

૮૨ ચરણ (૧૯૫૪) દ્વિ.
ચરણ કાર્યાલય, ભાવનગર.

૮૩ ખાતર (૧૯૬૩) ત્રિ.
૩૦૫, નીલકંઠ, ૯૮, મરીન ડ્રાઇવ, મુંબઈ.

૮૪ મહાશક્તિ (૧૯૬૨) ત્રિ.
મહાલક્ષ્મી પ્રિન્ટરી, સ્ટેશન રોડ, કાંદીવલી, મુંબઈ-૬૭.

૮૫ જર્નલ ઓફ ધી ગુજરાતી રીસર્ચ સોસાયટી (૧૯૩૯) ત્રિ.
સમાધાન સદન, ખાર, મુંબઈ-૫૨.

---

**૧૯૬૫ના રજીસ્ટ્રાર ઓફ ન્યુઝ પેપર્સના અહેવાલ પછીના શરૂ થયેલા કેટલાક સામયિકો**

૧ કિરણોદય (૧૯૬૬) અઠ.
૨૩૨૭, નરસિંહજીની પોળ, વડોદરા.

૨ પંચમહાલ વર્તમાન (૧૯૬૫)
પંચમહાલ કાર્યાલય, સરદાર પટેલ રોડ, ગોધરા.

૩ એકતા (૧૯૬૬) પખ.
હોળી ચકલા, કપડવંજ, જીલ્લો—ખેડા.

૪ દિવ્ય દીપ ૧૯૬૬) પખ.
લોન્લીન ચેમ્બર, દલાલ સ્ટ્રીટ, મુંબઈ-૧.

૫ સંજ્ઞા (૧૯૬૬) દ્વિ. મા.
૨૮, નિહારિકા પાર્ક, ખાનપુરા, અમદાવાદ.

૬ નાટક (૧૯૬૫) ત્રિ. મા.
૧૯૧૨, દાણિજી ખાંચા, ગોપીપુરા, સુરત.

૭ પંચખળ
ભાવનગર જીલ્લા લોકલ બોર્ડ, મોતીબાગ, ભાવનગર.

૮ સ્વસ્થવૃત્ત (૧૯૬૫) મા.
સ્વસ્થવૃત્ત કાર્યાલય, ૧૪૯૭, કૃષ્ણનગર, ભાવનગર.

૯ સુજાતા (૧૯૬૫) મા.
રર પ્રિન્ટરી, ભવાનીપુર પીઠ, અમદાવાદ-૧.

૧૦ સુવિચાર (૧૯૬૬) મા.
૧૬૯૭, દરિયાપુર, ટાવર પાછળ, રૂપાપરી, અમદાવાદ-૧.

૧૧ અજીત (૧૯૬૫) મા.
રેડિયન્ટ એન્જિનિયરિંગ કંપની, પો. બો. ૭૨, રાજકોટ.

૧૨ હિરોશીમા (૧૯૬૬) મા.
હિરોશીમા કાર્યાલય, મિરઝાપુર, અમદાવાદ.

૧૩ વીણેલાં મોતી (૧૯૬૫) મા.
વીણેલાં મોતી કાર્યાલય, સયાજીગંજ, વડોદરા-૫.

૧૪ સ્વબળ (૧૯૬૬) મા.
સ્વબળ કાર્યાલય, આગ્રા રોડ, ઘાટકોપર, મુંબઈ-૭૭

૧૫ રાજેશ્વરી (૧૯૬૫) મા.
રાજેશ્વરી કાર્યાલય, ૬૬, મીરઝા સ્ટ્રીટ, મુંબઈ-૩.


૧૬ અભિષેક (૧૯૬૬) મા.
કલાર્ચના પ્રકાશન, ૧૧૯, આરદેશર દાદી સ્ટ્રીટ, મુંબઈ-૪.

૧૭ રક્ષા (૧૯૬૫) મા.
રક્ષા કાર્યાલય, નાઝ કમ્પાઉન્ડ, મુંબઈ-૪.

૧૮ કાજલ (૧૯૬૬) મા.
કાજલ કાર્યાલય, રંગવાલા માર્કેટ,
વાયલી સ્ટ્રીટ, અગ્રીવાડા, મુંબઈ-૧૧.

૧૯ રોહિણી (૧૯૬૬) મા.
ચેતના પ્રિન્ટરી, ૧૦/૨૨૩૪, સોની ફળિયા, સુરત.

૨૦ દુસાહસ (૧૯૬૫) મા.
દુસાહસ કાર્યાલય, ૭૬, જૂની હનુમાન ગલી, મુંબઈ-૨



# ગુજરાતનું ભારતીય સાહિત્યના ઈતિહાસમાં પ્રદાન

—શ્રી વિજયરાય ક. વૈદ્ય

## ૧. પ્રાસ્તાવિક

આપણી માતૃભાષાના સાહિત્યનો પ્રારંભ આજથી હજારેક વર્ષ પર થયો. તેનાં સૌથી જૂનાં ભાષારૂપનાં નામ છે ગૌર્જર અપભ્રંશ તથા ઊગતી ગુજરાતી. ઊગતી ગુજરાતીને અર્વાચીન રૂપ મળવા માંડ્યું ઈ. સ. સત્તરમા સૈકાની અધવચથી, ૧૬૫૦ની આસપાસનાં વર્ષોમાં: એટલે કે અખો ભગત નામે જાણીતા વેદાંતી કવિના કવનકાળ (૧૬૪૧થી ૧૬૫૬) દરમ્યાન.

શતકો–જૂના ગુજરાતી સાહિત્યના સાહિત્યકારો આપણા હાલના રાજ્યપ્રદેશના ના. ૨ રાજ્યપ્રાપ્તિ સુધી જે "ઉત્તરમાં અંબામાત" એ બણુ દાવળ સુધીનું કુદરતી સીમાવંત ગુજરાત, તેના ભિન્ન ભિન્ન સ્થળે થયા હતા. આ રીતે જોતાં, આપણા સાહિત્યના સ્વ-સ ભક્ત પ્રારંભકોમાંના ધનપાલ કવિએ ક્યાંક આબૂ નજીક, વાગ્નિકટે ઉત્તર ગુજરાતના કોઈ ઉપાશ્રયમાં, ભક્તરાજ નરસિંહે ગિરિતળેટીનાં જૂનાગઢને વિષે, હરિની લાડણી મીરાંએ દ્વારકાધીશની પાવનકારી છાયામાં–એમ વિધવિધનો એનો આરંભ વધારે જૂના સમયનાં કર્યો પછી બહુ જૂના નહિ એવા મધ્યકાલમાં એની જુદી જુદી તેજોમય ટોચ સાધી પાટણના ભાલણે, વડોદરાના પ્રેમાનંદે, અમદાવાદના અખાએ, રેવાતટે દયારામે.

અહ્મે(૧) ગુજરાતના અર્વાચીન સાહિત્યકારોમાંના સૌથી વન્દનીય સ્વજ્ધારીઓ એટલે સહિત્યસ્વામી ગોવર્ધનરામ અને સપૂજ્ય ભાષાભક્ત મહાત્મા ગાંધી, નડિયાદ ને પોરબંદરના; સૌથી મોટો સાહિત્યવીર એટલે મહાકાવ્ય સમું જીવન જીવનાર નર્મદ; એ યુગના જનતાપૂજિત કવિ એટલે દલપતરામ, વઢવાણના; સૌથી ઉત્કૃષ્ટ કલ્પનાસ્વામી એટલે દલપતસુત ન્હાનાલાલ, સાન્દોલ ગદ્યની અભિનવ કાવ્યશૈલીની ભેટ ગુણી ગુર્જરીને ચરણે ધરનાર, અમદાવાદના; સૌથી સમર્થ એકમાત્ર ઉત્તમ પારસી કવિ અરદેશર ખબરદાર, દમણના; પોતપોતાના જમાનાના સૌથી લોકપ્રિય પ્રતિભાવન્ત વાર્તાકારો એટલે 'ગુજરાતનો નાથ'ના સર્જક કનૈયાલાલ મુનશી તથા યુગમૂર્તિ વાર્તાકાર રમણલાલ દેસાઈ, અનુક્રમે, ભરૂચ તથા કાલોલના; અને આપણા લોકસાહિત્યના જે દૈવનિર્મિત સમુદ્ધારક હતા, એના બુલંદ ગાયક હતા, પ્રચારકે અથાક હતા તે ઝવેરચંદ મેઘાણી, સૌરાષ્ટ્ર–ગત ચોટીલા અને બોટાદના, જ્યાંના હતા રાસકવિ બોટાદકર પણ. છેલ્લે ઉમેરીએ કચ્છના કવિ–પત્રકાર જીવરામ અજરામર ગોર તથા દુલેરાય કારાણી અને જેમની જન્મભૂમિ તેમ કર્મભૂમિ પણ મુંબાઈ હતી તે સચિત્ર માસિક પત્રકારત્વમાં નયા ઝમાનાના પ્રવર્તાવનાર 'વીસમી સદી'ના તંત્રી અને સ્થાપક હાજી મહમ્મદ અલારખિયા શિવજી, જે સારા ગ્રંથકાર પણ હતા(૨).

આમ, ગુજરાતી–ભાષી પ્રજાનાં મુખ્ય થાણાં(૩) જ્યાં હતાં અને છે ત્યાં ત્યાં–મુંબાપુરીમાં, કચ્છમાં, સૌરાષ્ટ્રમાં, તળ ગુજરાતનાં આનર્ત, ચરોતર તથા લાટપ્રદેશમાં, આ સર્વની ભૂમિએ શતકોના શતકો લગી, આપણી ભાષા વાપરનાર સર્વ મુખ્ય કોમોમાં, સરસ્વતીના કેટલાક એવા અનન્ય ઉપાસકો ઉત્પન્ન કર્યા છે, જેમણે પ્રભુદત્ત નિજ નિજ શક્તિઓને શોભે તેવી રીતે, યથા–દેશકાળ, ભૃગુવસિષ્ઠાદિનો અમર સંસ્કાર–વારસો ગુર્જરદેશની ભાષામાં સાચવવા–સંવર્ધવાના નેકદિલ પ્રયાસ બહુવિધ સર્જનચિંતનરૂપે કર્યા છે.

## ૨. ઊગતી ગુજરાતીના કવિઓ

આ કવિઓ બે પ્રકારના છે, જૈનધર્મી અને વેદધર્મી. સમયની દૃષ્ટિએ, દરેક પ્રકારમાંના જે મુખ્યના કાર્યનો પરિચય આપણે મેળવીશું, તે ઈસવી સનના બારમાથી પંદરમા સૈકામાં થયા હતા(૪). એમાંના જેઓ આર્ય સંસ્કૃતિની જૈન શાખાના સૌથી મુખ્ય કવિઓ, તેમની જે ખાસ નોંધપાત્ર કૃતિઓ તે આટલી છે: શાલિભદ્રસૂરિએ રચેલો વીરરસપ્રધાન, સંક્ષિપ્ત કથા-સંગોવાળો 'ભરતેશ્વર બાહુબલિ રાસ'; વિજયસેનસૂરિનો 'રેવંતગિરિ રાસો'; વિનયસુંદરની 'નેમિનાથ ચતુષ્પદિકા'; અંબદેવસૂરિનો 'સમરા રાસો'.

એ ચાર કૃતિઓ જો તેરમા ને ચૌદમા શતકની, તો પંદરમાની કવિતાર આ ત્રણ છે: 'નેમિનાથ નવરસ ફાગ' (સોમસુંદર); 'ત્રિભુવન–દીપક પ્રબંધ' (જયશેખર); 'પૃથ્વીચંદ્રચરિત્ર', ગદ્યાત્મક ધર્મકથા (માણિક્યસુંદર) અને આ ચાર ઋતુ કાવ્યો પણ

---

૧. અહ્મ=સાહિત્ય. અહ્મે ગુજરાત=ગુજરાતનું સાહિત્ય.

૨. આટલે સુધીમાં સ્થળવાર નિર્દેશ પૂરતાં ઘણાં ખરાં નામો આવી જતાં હોવાથી, અતિ વિસ્તારના ભયે પણ, આ નામાવલિ, સંપૂર્ણ કરવાની ઈચ્છા બર આણી શકાઈ નથી.

૩. એવાં વીસમી સદીનાં થાણાંના રહેવાસી ઉદાહરણ તરીકે આ ગણાવાય: કાન્તિલાલ પંડ્યા (આગ્રા); ચાંપશી ઉદેશી, શિવકુમાર જોષી (કલકત્તા); અંબુભાઈ પુરાણી; પૂજાલાલ તથા સુન્દરમ્ (પોંડિચેરી); આફ્રિકામાં પ્રાણશંકર જોષી અને અમેરિકામાં હિમાંશુ તથા ભરત ઠક્કર.

૪. તેમની પહેલાંના કવિઓ; આજના વાચકને સહેજે અણ-સમજાતી ગૌર્જર અપભ્રંશના કવિઓ છે. ગુજરાતીના વિકાસમાં સારાં પદ્ય–ગદ્યની રચનાઓ જેણે આપી, એવી તે ભાષામાં સાહિત્ય રચતા. એમાં ગણનાપાત્ર આટલા છે: 'ભવિસ્સત્ત–કહા'નો કર્તા ધનપાલ; અને ધર્મવિષયક કવનના કવિઓ સ્વયંભૂદેવ, ધવલ, પુષ્પદંત તથા યોગીન્દ્ર.

અહીં યાદ કરવાં જોઈએ : વિનયચંદ્ર રચિત 'નેમિનાથ ચતુષ્પદિકા'; જિનપદ્મસૂરિનો 'સિરિથૂલિભદ્ર ફાગુ'; રાજશેખરનો 'નેમિનાથ ફાગુ' તથા અનામી કવિનું પણ અતિ સુંદર છે એ 'વસંતવિલાસ'.

### ૩ નરસિંહ પૂર્વેના ચાર

આ ચાર કવિઓ ૧૩૬૧થી ૧૪૨૦ની સાઠી દરમ્યાન વિદ્યમાન હતા. અસાઈત નામે કવિએ રચેલી પદ્યવાર્તા 'હંસાઉલી'માં નાયક ને નાયિકાની અદ્ભુતરમ્ય કથા છે. એ હાસ્ય અને કરુણ-રસના પ્રસંગો વડે તેમ જ જન્માન્તરની માન્યતાના ઉપયોગને લીધે રસીલી બની છે.

'રણમલ્લ છંદ' એ શ્રીધર વ્યાસે રચેલું વીરરસનું ખંડકાવ્ય છે. ઇસ્લામી આક્રમણકારોને હંફાવનાર રાઠોડ રણમલ્લની પરાક્રમ-ગાથા એમાં ગવાઈ છે.

એના કરતાં રસનિષ્પાત્તમાં ચડે તેવી, તેથી સમર્થતર કવિની પદ્યવાર્તા 'સદયવત્સચરિત' નામની છે. સદેવંત–સાવળિંગાની એ પ્રખ્યાત પ્રણયકથામાં કર્તા ભીમ કવિએ મુખ્યત્વે શૃંગારરસનું તેમ વીર ને અદ્ભુત રસોનું આલેખન પણ સુરેખ પ્રાસાદિક શૈલીમાં કર્યું છે.

અબ્દુર રહેમાન આપણા પહેલા જ મુસ્લિમ કવિ છે. તેમનો 'સંદેશક રાસ' 'મેઘદૂત'ની યાદ આપે તેવો છે. એ તેમાંના નાયક–નાયિકાનો વિરહ આલેખતા વિપ્રલંભ શૃંગાર વડે અને સ્તંભ-તીર્થના (ખંભાતના) આકર્ષક વર્ણન વડે મનોહર બન્યું છે.

### ૪ નરસિંહ મહેતા : મીરાંબાઈ

આ બંનેને રાજકવિ કલાપીએ ગઝલ 'હમારા રાહ'માં ખરાં ઈશ્કી, ખરાં શૂરાં અને સનમ એટલે પ્રભુની ખોજમાં નીકળી પડેલાં પૂરાં, સર્વાંગસજ્જ મુસાફરો કહ્યાં છે ઉભય એ જીવનવીરો વિષે એમ કહેવું યોગ્ય છે કેમ કે દરેક પોતાના જમાનાના સ્થિતિરક્ષક સમાજની સામે ઈશ્વરની નિગેહબાની હેઠળ, ક્રાન્તિનો પોકાર કરીને મુક્તિ પામનાર મહાન નરનાર હતાં–ના, છે જીવંત તેમની અમર કાવ્યવાણીમાં.

જૂનાગઢના અમર ભક્તકવિ નરસિંહ મહેતા તેમનાં મધુર પ્રભાતિયાંથી—"અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ" "નિરખને ગગનમાં કોણ ઘૂમી રહ્યો" વગેરેથી આપણને સુપરિચિત છે. ઝૂલણા રાગનાં નવ પદમાં રચાયેલું તેમનું 'સુદામાચરિત્ર',—"જદુપતિ નાથ! તે મિત્ર છે તમ તણા, જાઓ વેગે કરી કૃષ્ણ પાસે" એ પંક્તિથી શરૂ થતું કાવ્ય, જેમ આકાશવાણી પરથી વારંવાર વહાવાતું 'નાગદમન' પણ લોકપ્રિય છે. શૃંગારરસિકે 'સુરતસંગ્રામ'માં નરનારીના દેહસંબંધને અધ્યાત્મદષ્ટિએ નિરૂપવાનો સફળ પ્રયાસ કવિએ કર્યો. એને મળતા 'ગોવિંદગમન'માં નારી-કુંજરની રચનાવાળું નયન મનોહર વસ્તુ સ્વીકારાયું છે. આ વિરલ ભગવદ્-ભક્તે પોતાના જીવનપ્રસંગો વિષેનાં આત્મ–કથનાત્મક કાવ્યો 'હાર સમેનાં પદ' 'શામળશાનો વિવાહ' અને 'હુંડી' પણ રચેલ છે. ભક્તાધીન ભગવાન શ્રીકૃષ્ણ તે તે પ્રસંગે કેવા તો દાસાનુદાસ નરસિંહની વહારે ધાયા અને તેની ભીડ ભાંગી એનાં તાદશ વર્ણન કવિએ એમાં કર્યાં છે. વળી તેમાં કવિહૃદયની "નરી સરલતાની અને અપૂર્ણતાના ભાનવાળા દીન ભક્તની વિનમ્રતાની છાપ અંકિત થયેલી છે"(૫)

પ્રેમદિવાની મીરાંનો પ્રભાવ તો ક્યાં કહ્યો જાય એવો છે? ભક્તિરસની આ રસિયણે લગ્ન જેવા સંસારી પ્રસંગનું રૂપક યોજીને સ્થૂળ ઘરેણાંગાંઠાં પ્રત્યે વિરાગ અને 'પ્રભુ ગિરધર નાગર' પ્રત્યે અનુરાગ "મુજ અબળાને મોટી મિરાત, બાઈ! શામળો ઘરેણું મારે સાચું રે" એ પદમાં વિસ્મયજનક રીતે વ્યક્ત કર્યો છે. અને તેનાં ભક્તિરસ નીગળતાં ભજનો? એવાં સંખ્યાબંધમાંથી એની જ આદ્યપંક્તિઓ ટાંકવી બસ થશે: "પ્રેમની પ્રેમની પ્રેમની રે મને વાગી કટારી પ્રેમની..." અને "જૂનું તો થયું રે દેવળ જૂનું તો થયું..." પ્રભુની જે જન્મોજન્મની દાસી છે તે આ ભજનોમાં ખરેખર 'તાદશીજન' બને છે—"તત્ જે પરમાત્મા, તેના સદશ આ જીવાત્મા બની જાય છે; અને એ પળોનાં અદ્ભુત સંવેદનને, એ પ્રભુદર્શનને અને તેના મહિમાને, મહિમાની પ્રોજ્જ્વળતાના પ્રમાણમાં તો આછી અધૂરી, છતાંયે કલાત્મક વાણીમાં અવતારવા તે મથે છે."(૬)

### ૫ ભાલણ અને પદ્મનાભ

ઉપરિ સૂચિત કીમતી સંદર્ભગ્રંથમાં પંડિતવિશેષ મજમુદારે પંડિત કવિ ભાલણ સંબંધી યોગ્ય જ કહ્યું છે તેમ, "આખ્યાનના યશસ્વી સાહિત્યપ્રકારનો બ્રહ્મા તે [સંવત] પંદરમી સદીના ઉત્તરાર્ધમાં સંસ્કૃતનો વ્યુત્પન્ન પંડિત ભાલણ." (પૃષ્ઠ ૧૫૫).

એ કવિપંડિતે પોતાના ગુરુ શ્રીપદજીના કૃપા–પ્રસાદે કરીને ઇતિહાસ પુરાણાદિના આધારે તેનાં સમકાલીનોને તેમ જ ભાવિ પ્રજાને રસોપભોગ કરાવવા જે જે કથાઓ કરી અને આખ્યાનો રચ્યાં તેના પરિણામે આપણા સાહિત્યને, બાણભટ્ટની વિખ્યાત કૃતિના ભાષાન્તર નહિ તેટલે અંશે સંયોજન યાને નવીનરૂપે ઘડાયેલ રૂપાન્તર તરીકે સુરમ્ય કાદંબરી કથા મળી તેમ જ 'નળાખ્યાન' 'દશમસ્કંધ' અને 'રામ–બાલચરિત' જેવી મધ્યયુગની શૃંગાર, કરુણ કે વત્સલ રસે પૂર્ણ મધ્યયુગની લાક્ષણિક કૃતિઓ પણ મળી.

સને ૧૪૫૬માં વિદ્યમાન હતા એ 'કાન્હડદે પ્રબંધ'કાર પદ્મનાભ મારવાડમાં આવેલા જાલોરના ઠાકોર અખેરાજના રાજકવિ હતા. એ રાજવીના પાંચમી પેઢીએ થઈ ગયેલા રાજા કાન્હડદેવની પરાક્રમગાથા કવિએ એ કૃતિમાં ગાઈ છે. ચાર ખંડમાં વહેંચાયેલું એ યુદ્ધવિષયક, તેથી વીરચરિત કાવ્ય, ઐતિહાસિક પાત્રો તથા પ્રસંગો દ્વારા રસપરિપોષ કરે છે અને ચિત્રાત્મક વર્ણનોવાળું છે. ઊગતી ગુજરાતીમાં રચાયેલી એ કૃતિનું અર્વાચીન ગુજરાતીમાં સ્વ. ડા. પી. દેરાસરીએ કરેલું ભાષાન્તર વાંચીને આપણે આજે પણ એની સુંદરતા માણી શકીએ છીએ.

ઇસવી પંદરમા ને સોળમા શતકમાં થયેલા ઉપકવિઓ નાકર, માંડણ, મધુસૂદન વ્યાસ અને ગણપતિએ આખ્યાનો તથા પદ્ય–વાર્તાઓ રચીને લોકરંજન રૂડી રીતે કર્યું હતું. એ જ રીતે સોળમા–સત્તરમા સૈકાના આ ચાર કવિઓએ આખ્યાનો અથવા

---

૫. મં. ર. મજમુદાર : 'ગુજરાતી સાહિત્યનાં સ્વરૂપો' (પદ્યવિભાગ) ૧૯૫૪; પૃષ્ઠ ૧૫૪.

૬. વિ. ક. વૈદ્ય; 'જૂઈ અને કેતકી' (૧૯૩૯, પૃષ્ઠ ૨૦૨ ૦૩); (૧૯૬૩, પૃષ્ઠ ૩૮, ૩૯.)

ગરબા રચીને નમૂનેદાર સાહિત્યસેવા, તેમના સમયમાં ઘણી લોકપ્રિય હતી એવી બજાવી છે: વિષ્ણુદાસ, શિવદાસ, વિશ્વનાથ જાની અને વલ્લભ ભટ્ટ. આ છેલ્લાના ભાઈ દેવીભક્ત ધોળા ભટ્ટ નામે હતા. તેથી જ આજે પણ વલ્લભ મેવાડા યાને ભટ્ટનો ગરબો ગવાઈ રહ્યે છેવટ બોલાય છે "ભટ્ટ વલ્લભ–ધોળા–કી જે..."

### ૬ અખો, પ્રેમાનંદ અને શામળ

આ ત્રણે કવિઓ ઈસવીસનના સત્તરમા ને અઢારમા સૈકામાં થયા. એમાંના વેદાન્તી કવિ અખાના કવનને 'આતમની સૂઝ' તરીકે ઓળખાવાયું છે એ યથાર્થ છે, કેમ કે તેણે 'અખે–ગીતા' 'અનુભવબિંદુ' તથા જેની ઘણી પંક્તિઓ તે કહેતીરૂપ બની છે એ છપ્પામાં પોતાના આત્મ–દર્શનને કોઈ વાર ઠીક ઠીક કઠણ, બાકી સરળ વાણીમાં પ્રતિબિંબિત કર્યું છે. આ કવિએ પોતાની પ્રતિભા વડે મધ્યકાલીન કવિતામાં સૌથી બુદ્ધિવૈભવી તેમ આત્માનુભવી મહા–પુરુષ તરીકે કાયમનું સ્થાન જિતી લીધું છે.

એનાથી તત્ત્વત: જુદી શક્તિવાળા કલાનિપુણ પ્રેમાનંદ તથા રંજનવિશારદ શામળ ભટ્ટનું લાક્ષણિક પ્રદાન, અનુક્રમે, આખ્યાનો તથા પદ્યવાર્તાઓના રૂપે થયું છે. એમાંના પહેલાએ શૃંગાર રસ અને કરુણ. વીર તથા હાસ્યરસ આપણે 'ઓખાહરણ' અને 'નળાખ્યાન'માં તેમ જ 'સુદામાચરિત્ર' અને 'કુંવરબાઈનું મામેરું'માં વળીવળીને માણીએ એવો, જેમ ઘણે સ્થળે અદ્‌ભુત રસ પણ, પીરસ્યો છે. પ્રેમાનંદ મધ્યકાલના કવિશિરોમણિના પદે તેમની આ પ્રથમ પંક્તિની અપૂર્વતાને લીધે જ ઠર્યા છે. તેમણે આખ્યાનવસ્તુ પુરાણોમાંથી વા પુરોગામી કવિઓમાંથી લીધું હોય છે પણ એને તે પોતાની વિરલ પ્રતિભાના વ્યક્તિત્વયુક્ત મુદ્રા વડે મુદ્રાંકિત કરે છે એ તેની ખરી મહત્તા છે.

કાંઈક એવું જ છે શામળની ઊજળી કવિતાનું. રખિયલના ઠાકોરના આ રાજકવિએ જે કથાવસ્તુ રામાયણ કે શિવપુરાણ કે લોકવાર્તાઓમાંથી લીધું, તે મૂર્ત થયેલું 'મદનમોહના' 'નંદબત્રીસી' 'સિંહાસનબત્રીસી' 'શિવપુરાણખંડ' તથા 'અંગદવિષ્ટિ' તે પૌરાણિક, અલૌકિક કે શૃંગારમય છે અને પદ્યવાર્તાની કલાના આ સ્વામીની આગવી ઉજ્જવળ પ્રતિભાવડે અંકિત છે.

### ૭. દયારામ અને બીજા

શામળ ભટ્ટની પહેલાં થોડા સમયે જ થયા હતા અને તેના સમકાલીન હતા અગર તેની પછીના છથી આઠ દસકામાં હયાત હતા તે કવિઓમાં, દયારામ સિવાયના સર્વે મધ્યમ કોટિમાં ચડઊતર સ્થાન પામે તેવા કેટલાક વૈદિક ધર્મ–સંપ્રદાયોના ભક્તકવિઓ હતા અને થોડા એ જ ગાળાના જૈનધર્મી સમર્થ સૂરિગણના પણ હતા.

સમસ્ત એ કવિકુલનો કુલપતિ તો દયારામ જ. બાકીનામાં સૌથી નામસ્મરણને પાત્ર વેદધર્મીઓ આટલા છે: પ્રીતમદાસ, શિવાનંદ, નરભેરામ; રત્નો, ધીરો, નિરાંત, ભોજો; ગિરધર અને કાળીદાસ; અને છેલ્લા તે સ્વામીનારાયણપંથી અગ્રીમ આ ચાર કવિઓ: બ્રહ્માનંદ, નિષ્કુળાનંદ, મુક્તાનંદ તથા 'પ્રેમસખા'. પછી આવે ઉપર કહ્યા એ બીજા પ્રકારના એટલે જૈન ધર્મપરંપરાના આ કવિઓ: પ્રસિદ્ધ 'વિમલપ્રબંધ'ના રચનાર લાવણ્યસમય; કુશળલાભ, જેણે 'માધવાનલ કામકુંડલારાસ' રચ્યા; 'રૂપચંદકુંવરરાસ'ના કવિ નયસુંદર; અને 'શીલવતીનો રાસ' જેણે રચ્યો તે નેમિવિજય

'બંસીબોલના કવિ'ના ઉપનામે આપણા સમયમાં વધારે જાણીતા દયારામે ચાર વખત ભારતયાત્રા કરી હતી. એમાંની એક દરમ્યાન તે વૃંદાવનમાં જે આધ્યાત્મિક અનુભવો પામ્યા હોય તેમાંથી તેમનાં 'રસિકવલ્લભ' 'ભક્તિપોષણ' વગેરે પ્રેરાયાં હતાં. આજથી માત્ર સવાસો વર્ષ ગોલોકવાસી થયેલા એ કવિનાં પદ તથા ગરબીઓ મીઠા સૂરે આકાશવાણી પરથી સુણતાં પ્રત્યેક ભાવિક હૃદયને ભાવાર્દ્ર કરે છે એ તેમની કવિતાની ચિરંજીવતાનું સબળ પ્રમાણ છે.

ભારતની જૂની સંખ્યાબંધ અપભ્રંશોમાંની એક તે ગૌર્જર અપભ્રંશ. એમાં રચાયેલાં જે કાવ્યોની ને કવિઓની આછી પિછાન આપણે આ લેખની શરૂઆતમાં મેળવી કે છેક ત્યારથી ભારતીય સાહિત્યમાં ગુજરાતી સાહિત્યે પોતાનું સ્થાન લીધું છે. બીજી આ વાત પણ ધ્યાનપાત્ર છે કે (થોડાં ઉદાહરણ લઈએ તો) અન્ય પ્રાંતભાષાઓના કવિઓ તુકારામ કે એકનાથ, તુલસીદાસ કે સૂરદાસ, વિદ્યાપતિ કે ચંડીદાસ જેવાની કાવ્યકૃતિઓ જેમ આર્ય સંસ્કૃતિ અને જીવનથી સાંગોપાંગ પ્રેરિત છે તેમ એ જ સંસ્કૃતિ અને જીવન નરસિંહની, ભાલણ–પદ્મનાભની, અખાની, પ્રેમાનંદ, શામળ ને દયારામની રચનાઓમાં વિવિધ રૂપે, ઘણીવાર પ્રોજ્જવલ રૂપે પણ, પ્રતિબિંબિત છે, પ્રકાશિત છે. આ કારણે ગુજરાતના કવિતા–સાહિત્ય બલ્કે સાહિત્યનું સ્થાન ભારતમાં ઊંચું છે એમ ખુશીથી કહી શકાય.

### ૮. અર્વાચીન યુગ

ત્રણ તબક્કામાં વહેંચાયેલો આ યુગ કવિ નર્મદાશંકરનાં પહેલાં લખાણોથી એટલે ૧૮૫૦થી આરંભાય છે અને દેશની પ્રજાએ પ્રજાસત્તાક સાર્વભૌમ સ્વતંત્ર રાજ્ય ૧૯૫૦માં પ્રાપ્ત કર્યું ત્યારે એ યુગની એક સૈકાની પહેલી મજલ પૂરી થઈ ગણાય. આ લાંબા સમયને સાહિત્યવિકાસની દૃષ્ટિએ નર્મદયુગ, ગોવર્ધનયુગ તથા મોહન ગાંધીયુગ) કહેવામાં આવે છે. ગુજરાતી સાહિત્યે આમાંના પહેલા યુગમાં ભારતને જે સૌથી યાદગાર સિદ્ધિ સંપડાવી, તે કવિ નર્મદાશંકરનું એવું તો અદ્‌ભુતરસિક જીવન, જે વીરજીવન તે મહાકાવ્ય યાને વીરચરિત કાવ્ય 'એપિક' સાથે યોગ્ય રીતે સરખાવાયું. એ જ કવિએ ઇતિહાસ ચિંતનયુક્ત વિરલ ગ્રંથ 'રાજ્યરંગ' રચ્યો તેમ છે. પ્રજાને આપણું રાષ્ટ્રગીત 'જય જય ગરવી ગુજરાત' આપ્યું. એમાનું શૌર્યાદિ બોધન અને ઊછળતો ઉત્સાહ એવાં છે કે એને રાષ્ટ્રીય સાહિત્યમાં થયેલી નાની સરખી પણ કીમતી દેણ ગણવી જોઈએ. બીજા પ્રકારનાં ઉદાહરણ લઈએ તો, વ્રજભાષામાં રચાયેલું દલપતરામનું 'શ્રવણાખ્યાન' અને નવલરામ પંડ્યા રચિત રસચાતુર્યભર્યાં 'અકબર–બીરબલ કાવ્ય તરંગ, જેનો પદ્યભાગ હિંદીમાં છે, તે ગણાય જુદી દૃષ્ટિએ નંદશંકર કૃત સ્વતંત્ર ગુજરાતના છેલ્લા રાજપૂત રાજા કર્ણદેવ વિષેનો વાર્તાગ્રંથ 'કરણઘેલો' પણ આ વર્ગનો છે.

હવે લઈએ પંડિતયુગ કહેવાયો છે તે, આપણે ગણાવ્યો તેમાંના બીજો કાલખંડ. આમાં પંડિતયુગનું મહાકાવ્ય એવું મોંઘેરું નામ

પામેલો ગ્રંથરાજ 'સરસ્વતીચંદ્ર' આવે અને એ જ સાહિત્યસ્વામી આલેખિત 'સાક્ષરજીવન', વ્યાસવાલ્મીકિ સરખા આત્મપ્રભાવશીલ સાક્ષર દ્રષ્ટાઓનાં ચરિત્ર જેની આધારશિલા છે તે આવે.

બીજા એકેક સાક્ષરની કૃતિઓ જે અહીં ગણાવવા જેવી, તે પૃથુરાજ ચૌહાણના સમયના વસ્તુવાળી અધ્યાત્મલક્ષી નવલકથા 'ગુલાબસિંહ'; તથા જેનું અહીં આગવું સ્થાન એના નામમાત્રથી કરાવાય. તે 'બુદ્ધચરિત' છે, નરસિંહરાવનું. સમગ્ર ભારતીય સાહિત્ય-વૈભવની ભાવિ ઇતિહાસકાર પ્રદર્શની જગતપ્રજાઓ સમક્ષ ધરશે તેમાં, વધુ નહિ પણ થોડા નમૂના નજર પાસે આણીએ તો, એમાં કેશવલાલ ધ્રુવનો માતબર સંશોધન અને 'ગીતગોવિંદ' આદિન ભાષાંતર તથા ભારતભરની વિદ્વત્પરિષદમાં વિરાજે છે તે બીજા ધ્રુવ આનંદશંકરાચાર્યનું સ્થાન પણ સુનિશ્ચિત છે. રમણભાઈ નીલકંઠનાં 'રાઇનો પર્વત' તથા 'ભદ્રંભદ્ર'; જેમનું 'The Heart of India' એ ઉચ્ચાશયી અંગ્રેજી–ગુજરાતી પત્ર કલકત્તાથી નીકળતું તે મણિશંકરનાં બે પુસ્તકો 'ગુરુગોવિંદસિંહ' તથા 'શિક્ષણનો ઇતિહાસ'; અને બળવંતરાય ઠાકોરની દ્વિજોત્તમ કવિતા, તેમનો નૌત્તમ કવિતાવિચાર; અને 'જયાજયંત' 'સારથી' 'ઉષા' 'રાજર્ષિ ભરત' 'સંઘમિત્રા' 'શ્રી હર્ષદેવ' જેવી ભારતવર્ષની ઉત્કૃષ્ટ ભાવના તથા ઇતિહાસવૈભવને મૂર્ત કરતી કૃતિઓ ભારતીય સાહિત્યને અર્પનાર ન્હાનાલાલ કવિઃ આ સઘળું પણ આપણા વિષયને સહેજે આવરી લેતું ગુર્જરદેશીય મૂલ્યવાન પ્રદાન છે. બીજા બે કવિઓ એટલે 'ભારતનો ટંકાર'-કાર અરદેશર ખબરદાર અને ભારતભરમાં અદ્વિતીય એવા રાજકુળના સૂરસિંહજી ગોહિલ– કવિ કલાપી. આ સ્નેહલ કવિનાં જીવનકવન એવાં જણાયાં છે કે તેમના વિલક્ષણ વ્યક્તિત્વ અને મધુરી કેકાનો રવ, દદી લો તેમ ખુદાઈ રાહે ચાલી ખુદાના નૂરનો ઝંખનાર, દેશભરમાં યશોભાગી કાયમને માટે થયા વિના રહે નહિ.

મોહનયુગના યુગંધર મહાત્મા ગાંધી છે, મુખ્યત્વે સાત્ત્વિક ચિન્તનના. તેમનું તથા અનુયાયીઓમાં કાકાસાહેબ કાલેલકર, મહાદેવભાઈ તથા રા. વિ. પાઠકનું જેટલું ઉત્તમ કોટિનું છે તે—આત્મકથા અને 'જીવનનો આનંદ' વગેરે તે મહાદેવભાઇની ડાયરીઓ, તેમ મહાગ્રંથ 'બૃહત્ પિંગલ' જે છે એ વિષયના શિરમોર સમાન —આ સકળ અને કિશોરલાલ મશરૂવાળાના 'જીવનશોધન' જેવી સકળ વાઙ્મયસમૃદ્ધિ કોઇ પણ દેશના સરસ્વતીભંડારને, તેથી ભારતના સાહિત્યભંડારને જેમ આપે તેવી છે.

આ યુગના સર્જકશ્રેષ્ઠ તો કનૈયાલાલ મુનશી સિવાય કોને કહીએ ? 'ગુજરાતનો નાથ' અને 'ભગવાન પરશુરામ' અને નૂતન સર્જન 'કૃષ્ણાવતાર'નાં નામ જ લેવાં બસ નથી શું ? એ જ રીતે ધૂમકેતુ અને રમણલાલ દેસાઈ તેમ અપૂર્વ ઐતિહાસિક, સામાજિક દસ્તાવેજરૂપ ૧૯–૨૦મી સદીની ગુજરાતી–ભાષી પ્રજાનાં જીવન અને સંસ્કૃતિનાં સ્મરણીય ચિત્રોથી ભર્યોપૂર્યો વાર્તાગ્રંથ છે, એ 'કંટક છાયો પંથ'ના કર્તા ચૂનીલાલ વર્ધમાનનાં પણ નામો જ માત્ર નમૂના તરીકે બસ છે.

કવિઓમાં પહેલી પંક્તિના મેઘાણીભાઈ તથા દેશળજી પરમાર જો મોહનયુગના, તો ત્યાર પછીના સાહિત્યકારોમાં સૌથી આગળ પડતા ( અને માત્ર પ્રતિનિધિરૂપ કેમ કે બધાને ગણાવવા શક્ય નથી ) કર્તાઓ જે છે તેમની કૃતિમાંની એકેક સહિત સ્મરીએ તો આ પાંચ ગણાય : 'નિશીથ' (ઉમાશંકર); 'અવલોકના' (સુન્દરમ્); 'માનવીની ભવાઇ' (પન્નાલાલ); 'શાંત કોલાહલ' (રાજેંદ્ર); 'અમૃતા' (રઘુવીર); અને 'સંધ્યા–રાગ' (યશોધર).

સંશોધન ક્ષેત્રે ડોલરરાય માંકડ, સાંડેસરા વગેરે પાંચ–છ, તો વિવેચન ક્ષેત્રે વિષ્ણુપ્રસાદ ત્રિવેદીનું આગવું પ્રદાન ભારતીય મહત્ત્વનું છે નિઃશંક એમ તેમની ષષ્ઠી–અબ્દ–પૂર્તિના પ્રસંગે સર્વશ્રી કાલેલકર તથા ઉમાશંકર જેવાએ સ્વીકાર્યું હતું એટલું નોંધવું જ બસ થશે.

ભારતીય સાહિત્ય–વિકાસનો કોઈ પણ ઉત્તરદાયી ઇતિહાસજ્ઞ જેનાં મુક્ત કંઠે ગાન ગાઈ શકે, ગાશે, એ આપણા સાહિત્યનાં આ ગૌરવગાથા ગાવી સુણવી કોને ન ગમે ? ગમે જ આપણને. ગમે જ સૌ કોઇને, એવી છે એ અમર કહાની.'





# ગુજરાતના સૂર્યમંદિરો

—શ્રી પુષ્કરભાઈ ગોકાણી.

चित्रं देवानाम् उदगात् अनीकं. चक्षुः मित्रस्य वरूणस्य अग्नेः ।
आप्रा द्यावा पृथिवी अन्तरिक्षं, सूर्यः आत्मा जगतः तस्थषः च ।।

(ઋગ્વેદ ૧-૧૧૫, યજુ. ૭-૪૨, અથર્વ. ૧૩ ૨)

અથર્વવેદમાં બ્રહ્માએ અને ઋગ્વેદમાં તથા યજુર્વેદમાં કુત્સ અને આંગીરસ ઋષિએ સૂર્યની પ્રાર્થના યથાર્થ અને બહુ જ ભાવપૂર્વક કરી છેઃ આ સૂર્ય આકાશ મંડલમાં કોઇ ભૌતિક પદાર્થ નથી, એ તો મિત્ર, વરુણ, અગ્નિ આદિ દેવોનું એક સ્થિર નેત્ર છે, દેવોનું સાક્ષાત સ્વરૂપ છે. આ સર્વભૂતોમાં રહેલ સૂર્ય વડે આકાશ પૃથ્વી અને અન્તરિક્ષ એમ ત્રણે લોક ચૈતન્ય પ્રકાશથી વ્યાપ્ત છે. ખરેખર સૂર્ય સર્વ જડ ચૈતન્ય જગતનો આત્મા છે.

દિવસમાં પ્રાતઃ મધ્યાન્હ અને સાયં સંધ્યા કરનાર દરેક દ્વિજ (બ્રાહ્મણ, ક્ષત્રિય અને વૈશ્ય) ઉપરના મંત્ર વડે સૂર્ય ઉપસ્થાન કરી ત્રણ વખત સૂર્યને પૂજે છે, ભજે છે. સૂર્યપૂજા આમ જયારથી વેદ પ્રગટયા ત્યારથી આજ સુધી અવિરત જળવાઈ રહી છે. ગાયત્રી મંત્રમાં પણ સૂર્યને બ્રહ્માના શ્રેષ્ઠ તેજ તરીકે વર્ણવી તેમાંથી પ્રેરણા આપવામાં આવી છે. નિત્ય સુખ તરફ લઈ જનાર, સ્વરૂપને ઓળખનાર આ મંત્રોમાં સૂર્ય દ્વારા આત્મશુદ્ધિ દર્શાવી છે. એ સાબિત થયું છે કે શરીર અને મનને નિરોગી રાખવા માટે સૂર્યપ્રકાશ અને સૂર્ય નમસ્કાર જેવો બીજો કોઇ સરળ ઉપાય નથી. સૂર્ય જ અનાજ પકવે છે, જીવન બક્ષે છે, પોષે છે.

સૂર્ય ખરેખર સર્વ જગતને આદિકાળથી પરીચિત છે, પ્રત્યક્ષ છે. માનવ સંસ્કૃત બન્યો તે પહેલાંથી તે સૂર્યને પૂજતો આવ્યો છે. પછી જેમ જેમ બીજા કુદરતના ચમત્કાર જોતો આવ્યો તેમ તેણે કુદરતના બીજા સ્વરૂપો અગ્નિ, વાયુ, સમુદ્ર વગેરેને પૂજવા માંડ્યા.

ઉત્તર ધ્રુવ કે મધ્ય એશિયામાંથી આર્યો સિંધુ-ગંગા વચ્ચે વસ્યા. અને સંસ્કૃત બન્યા ત્યારે તેઓએ સર્વપ્રથમ સૂર્યમાં વિભૂને નિહાળ્યો. તેઓએ વેદ, વેદાંગ, દર્શનશાસ્ત્રો, ધર્મશાસ્ત્ર અને પુરાણોમાં ત્યાર પછી સૂર્ય અને તેની પૂજા વિષે ખૂબ જ લખ્યું. આમ સૂર્યમાં વિભૂ નિહાળનારને પૂજા માટે આવું સાક્ષાત પ્રતીક મળ્યું હોઈ કદી મૂર્તિની જરૂર પડી જ નહોતી. એ દેવ હાજરાહજૂર, કોઈપણ સ્થળે, દિવસનો મોટો ભાગ દર્શન આપતા હોઇ, મંદિર, પૂજા સ્થાન કે આહ્વાહન વિધિ વગેરે તેમને જરૂરના લાગ્યા નહોતા.

લેમૂરીઅન, ઋગ્વેદીક સુમેરિયન, હરપ્પા, મિશ્ર દ્રાવીડ, મય, ઇન્કા, ટોલ્ટેક સર્વ સંસ્કૃતિઓએ સૂર્યને પૂજયા છે અને હાલ તેના અવશેષો મળી આવે છે.

ઋગ્વેદમાં સૂર્યની સ્તુતિ માટે દસ સૂક્તો છે. કાસ્પીયન સમુદ્રને કાંઠે કશ્યપ ઋષિ (Saint Kaspions)ના પુત્ર આદિત્યે પ્રથમ સૂર્ય પૂજાને અપનાવી, તેથી આગળ જતાં સૂર્યને આદિત્યનું નામ આપવામાં આવ્યું, એટલું જ નહીં એ આદિત્યમાં સવિતારૂપે સૂર્ય અવતર્યા છે એમ ઋગ્વેદમાં દર્શાવાયું છે. તેના પુત્ર વૈવસ્વત મનુને આર્યપ્રજાના પિતામહ અને સ્થાપક માનવામાં આવ્યો છે.

આર્યો એ પછી ઈરાન આવ્યા ત્યારે તેને 'આર્યાન્' નામે ઓળખતા હતા. પ્રાચીન ઇરાન ગ્રંથ અવસ્તામાં તથા ઝંદમાં આવતું 'મિથ્ર' દેવીનું નામ (મિત્ર) સૂર્યનું જ નામ છે. સૂર્યપૂજા ત્યાંથી સૌરાષ્ટ્રમાં આવી ત્યારે તે પ્રદેશ આનર્ત નામે ઓળખાતો. અને ત્યાંના સૂર્યપૂજાના પ્રચારને કારણે સૌર સંપ્રદાયનું મહત્ત્વ વધતાં તેને સૌર-રાષ્ટ્ર—સૌરાષ્ટ્ર (સૂર્યપૂજક રાષ્ટ્ર) એવું નામ આપવામાં આવ્યું. તેનું એક બીજું પણ કારણ હતું. સૂર્યપૂજાના મુખ્ય પ્રચારક શ્રીકૃષ્ણ પુત્ર સામ્બના પ્રભાવથી સૂર્યપૂજાનો આનર્તમાં ખૂબ વિકાસ થયો. આમ પ્રથમ રાજ્યાશ્રય પામેલી પૂજા સૂર્ય પૂજા હતી.

આ પ્રાચીન સૂર્ય પૂજાનો સ્રોત હમણાં સુધી તો સૌરાષ્ટ્ર-ગુજરાતમાં જ ચાલુ રહ્યો. પ્રથમ સૂર્યપૂજક યાદવો સૌરાષ્ટ્રમાં સ્થિર થયા. સત્રાજીતે સૂર્યને રીઝવી સ્યંતક મણિ મેળવ્યાની કથા વિખ્યાત છે. ઋષિઓનો શાપ વહોરી કોઢીઆ બનેલા સામ્બે આર્યાન્ (ઇરાન) થી મગ બ્રાહ્મણોને (ભગ ?) સૌરાષ્ટ્ર-ગુજરાતમાં વસાવ્યા. ત્યાર પછી મૌર્યો અને ગ્રીક રાજયકાળ દરમ્યાન સૂર્યપૂજા સૌરાષ્ટ્ર-ગુજરાતમાંથી વિકસી રાજસ્થાન, પંજાબ, કનોજ, ઓરીસ્સા વગેરે સ્થળોએ ગઈ. ગુર્જર (હૂણ) પ્રજા ધીમે ધીમે પંજાબ તરફથી દિગ્વિજય કરતી આગળ વધીને સૌરાષ્ટ્રમાં વસી. ત્યારે વલ્લભી સૌરાષ્ટ્રની રાજધાની હતું. ત્યાંના રાજાઓ સૂર્યને જ ઇષ્ટદેવ માનતા. ધ્રુવસેન રાજા અને તેનો ભાઈ ધરપટ્ટ ચુસ્ત આદિત્યભક્તો હતા. ત્યારપછી તે સર્વ રાજાઓ પોતાના નામને અંતે આદિત્ય શબ્દ લગાડતા. આ સર્વ રાજાઓ સૂર્યપૂજક હોઈ (મિત્ર)મૈત્રકોના નામથી ઓળખાતા. ત્યાર પછી આવેલ રાષ્ટ્રકુટે અને ચાવડાઓ તથા સોલંકીઓએ શિવપૂજા અપનાવી પણ સૂર્યપૂજા તે ભુલ્યા નહોતા. વાઘેલા અને છેવટ થયેલા કાઠીઓની સૂર્યપૂજા વિખ્યાત છે "ભલે ઉગા ભાણ" એમ સુરજ સામે સવાર-સાંજ અંજલિ આપી માળા કરીને સર્વ કાર્યો કરનાર કાઠીઓના નામથી જ આ સૂર્યપૂજક પ્રદેશ કાઠીયાવાડ કહેવાયો. તેમાં પણ સૂર્યપૂજાનું જ ગૌરવ હતું.

લિંગપૂજાનું મહાત્મ્ય જોઈ બૌદ્ધો અને જૈનોએ પોતાના ધર્મમાં મૂર્તિપૂજાને મહત્ત્વનું સ્થાન આપ્યું દરેક સ્થળે જો એકાદ પણ બૌદ્ધ કે જૈન મૂર્તિ હોય તો તે લોકોને તે ધર્મ તરફ સતત જાગૃત રાખશે એવી ભાવનાથી ત્યારના રાજવીઓએ ઠેરઠેર મંદિરો, સ્તૂપો, વસાહિકા અને વિહારો બાંધવા માંડયા. મૌર્ય રાજવીઓએ

એ ધર્મો સ્વીકાર્યા. સમ્રાટ અશોકે તો પોતાના આખા રાજ્યમ અને ગુજરાત–કાઠીયાવાડમા ઠેરઠેર બુદ્ધ મંદિરો અને સ્તૂપો રચ્યા.

જે ધર્મ દ્વારા સંસ્કૃતિ આવી હતી, સમૃદ્ધિ આવી હતી અને યોગ પણ આવ્યો હતો તે સનાતન ધર્મ ભૂલાતો જોઈ તે વખતના પ્રાજ્ઞ બ્રાહ્મણોએ પોતાના દેવો માટે પણ પ્રતીક મૂર્તિ યોજવા નક્કી કર્યું. સૂર્ય સાક્ષાત તો હતા પણ તેની પ્રથમ મૂર્તિ બની. ઠેરઠેર સૂર્યમંદિરો થયા. આજ તો ઘણાં ખરાં સૂર્યમંદિરો નાશ પામ્યા છે. કારણ કે સૂર્ય સાથે તે વખતે સમાજને ઘેરી ગયેલા વિષ્ણુ, બ્રહ્મા અને મહાદેવની પણ પૂજા થતી હતી. તેથી ત્યાર પછી સૂર્ય સાથે બ્રહ્મા, વિષ્ણુ, મહેશની એક સંયુક્ત મૂર્તિ બની. કોઈ સ્થળે સૂર્ય, વિષ્ણુ અને મહાદેવની ત્રિમૂર્તિ પણ બનવા લાગી. શિલ્પમાં તો તેઓ કુશળ હતા છતાં તે વખતે સૂર્યની અસર એટલી પ્રબળ હતી કે ઇલોરાની કૈલાસ નામની ગુફામાં જ્યાં સૂર્યને યુદ્ધ કરતા આલેખ્યા છે ત્યાં તેના સારથિ તરીકે બ્રહ્માને મૂકયા છે. (Indian temple a scultures). વળી આ મંદિર ગુફાઓ તો ગુપ્તો પછી અસ્તિત્વમાં આવી. તેથી દરેક વેદકાળથી એટલે કે ઇસુ પહેલા ૩૦૦૦ વર્ષથી તે ગુપ્ત પછી પણ સૂર્યનું કેટલું મહાત્મ્ય હતુ તે સ્પષ્ટ જણાય છે.

એક વાત નિશ્ચિત છે કે વેદના સમયથી ઇસુ પહેલા ૪૦૦ વર્ષ સુધી તો આપણે ત્યાં લિંગપૂજા સિવાય બીજી કોઈ મૂર્તિપૂજા નહોતી. ત્યાર પછી સૂર્યપૂજા–મૂર્તિપૂજામાં પ્રથમ સ્થાન પામી. સમય જતાં જે જે શાસકોએ જે જે ધર્મો અપનાવ્યા તે પ્રમાણે તે તે મંદિરો બન્યા અને સૂર્યને બદલે તે તે દેવોની મૂર્તિઓ બની.

મૈત્રકોના સમયમાં એટલે ઈ. સ. ૪૭૦થી ૭૮૯માં ઘણાં સૂર્ય-મંદિરો થયાં. તેમાં વલભી પ્રભાસ પાસે આદિત્ય તીર્થમાંના બાર સૂર્યમંદિરો, ઢાંક, માંગરોલ, ઉના, દીવ અને દેલવાડાનાં મંદિરો મુખ્ય છે. આ ઉપરાંત ઓખામંડળમાંથી જ બાર જેટલા સૂર્યમંદિરો મળી આવ્યા છે. આરભંડા (આરંતીદ્વાર), ગઢેચી, ધ્રાસણવેલ, વસઈ, કચ્છીગઢ ગુહાદિત્ય, સુવર્ણતીર્થ, દ્વારકા, બીજપુર (બરડિયા-સીતાકુંડ), મઢી ધ્રેવાંડ, કુરંગામાં પણ તેના અવશેષો મળી આવ્યા છે.

આઠમી સદીથી ચૌદમી સદી સુધીમાં બંધાયેલા સૂર્યમંદિરોમાં સુત્રાપાડા, બગવદર, પરબડી, માધવપુર, ભોળાદ, થરાદ, બાબરા–વાવડી, વાવડી–ભાયાવદર, અખોદર, ભીમનાથ, ખોરાસા, પાતા, દેલમાલ, ધોળકા, ધોલેરા, ગઢીઆ, ચોટીલા દડવા અને થાન તથા કંથકોટ, કોટાઇ, અરસવલ્લી, ગેડી, ચિત્રોડ અને ધર્મારણ્ય તરીકે ઓળખાતા ગુજરાતના મોઢેરાના સૂર્યમંદિરો પણ આ સમયમાં જ બંધાયા.

આપણે કેટલાક સૂર્યમંદિરો વિશે ટૂંકમાં જોઈશું:—

**ગોપ** - સૌરાષ્ટ્રનું આ જૂનામાં જૂનું સૂર્યમંદિર તો છે પણ કદાચ તે જૂનામાં જૂનું મંદિર (દ્વારકાધીશના મંદિરને બાદ કરતાં) પણ ગણી શકાય એવા ચિહ્નો છે. ગર્ભગૃહ લગભગ૧૧' × ૧૧'નું છે. શિખર ૨૩' ઊંચુ છે. તેને પ્રદક્ષિણા માર્ગ છે. તે પૂર્વાન્મુખ મંદિર છે. તેના શિખરનું શિલ્પ બધાથી જુદું તરી આવતું અને અપ્રતિમ છે. પાંચમી સદીમાં આ મંદિર બંધાયું હશે તેના ગર્ભ-ગર્ભગૃહની દિવાલમાં ગણેશની મૂર્તિ છે તેમ નવગ્રહ પણ છે.

**વિસાવાડા**—સૂત્રાપાડા, થાન, કદવાર, કિન્દરખેડા, પાસ્તર, ગોપ પછી અને ચૌલુકય પહેલાનાં આ મંદિરો છે. આ મંદિરો પાંચમી સદી પછી અને ૧૦મી સદી પહેલાં બંધાયા છે. વિસાવાડામાં મૂર્તિ નથી પણ કિન્દરખેડા, પાસ્તર, સૂત્રાપાડામાં અને થાનમાં મૂર્તિઓ છે. દરેક મંદિર દ્વારવાળું છે. બધા મંદિરોને પ્રદક્ષિણા માર્ગ છે. થાનમાં તો નવગ્રહની મૂર્તિઓ દિવાલ પર છે. કદવારમાં ગર્ભગૃહ લંબચોરસ છે. વિસાવાડામાં ફક્ત ગર્ભગૃહનું જ આખું મંદિર બની જાય છે જ્યારે બીજા મંદિરોને આગળ રંગમંડપ અગર પૂજામંડપ છે.

**ઢાંક**—ઢાંકમાં સૂર્યની ઊભી મૂર્તિ છે. તથા ડાબી બાજુ સૂર્ય-પત્નીની મૂર્તિ છે. અહીં અને જૂનાગઢમાં આદિત્ય તોરણ ભાત મૂકી જાય તેવા છે. આખા તોરણમાં ૧૧ આદિત્યો હોય છે અને વચ્ચે સૂર્યનું બિમ્બ મળી ૧૨ આદિત્યો બની જાય છે.

**બગવદર**—આ મંદિર ૧૪મી સદીમાં કાઠીઓએ બાંધ્યું હશે. અહીં સૂર્યની પૂર્વાભિમુખ મૂર્તિ છે. ગર્ભની દિવાલ પર ગણેશ છે, નવગ્રહ પણ છે.

**પ્રાચી**—પ્રભાસ, ઉના, ચૌલુકય, બલવર્મન અને અવનીવર્મન બીજાએ તરૂણાદિત્યના સૂર્યમંદિરને રાજ્યકરમાંથી ભાગ આપ્યાનો ઉલ્લેખ છે. ડો. સાંકળીઆ જણાવે છે કે તેના અવશેષો ઉના પાસેથી મળી આવવા જોઇએ. ઇ. સ. ૮૯૯ની આજુબાજુ આ મંદિર હતું એમ ઉલ્લેખ છે. એ જ અરસામાં પ્રાચી પાસે સૂર્યમંદિર બંધાયું હશે. પ્રભાસમાં આવેલ સૂર્યમંદિર ૧૪મી સદીમાં બંધાયું હશે. મંદિરના પાયામાં અશ્વથર છે. તેની દિવાલમાં ત્રણે બાજુ ગોખમાં લક્ષ્મીનારાયણ, બ્રહ્મા, સરસ્વતી તથા શિવપાર્વતીની મૂર્તિઓ છે. ગર્ભદ્વાર પર ગણેશ અને નવગ્રહ પણ છે. મંદિર, ગર્ભગૃહ, પ્રદક્ષિણા માર્ગ અને પૂજામંડપનું બનેલું છે. અંદર નાની–સાદી મૂર્તિ છે. દિવાલ ઉપર બીજી સૂર્ય પ્રતિમાઓ પણ છે.

**ખંભાત**—૧૨૯૬માં રામદેવના સમયમાં આ સૂર્યમંદિર બંધાયું. જૈને તેનો મંડપ બાંધી આપ્યો હતો.

**રાજકોટ**—અહીં મ્યુઝિયમમાં સૂર્યની આરસ મૂર્તિ છે. સાથે તેની પત્નીની પણ મૂર્તિ છે. સિદ્ધપુરથી આ મૂર્તિ લઈ આવવામાં આવી હોવાનું કહેવાય છે. આ શિલ્પ ઢાંક કરતાં પહેલાનું પણ નવમી સદી પછીનું છે.

**ભીમનાથ**—અહીંના મંદિરની દિવાલો ગોખમાંની સૂર્યમૂર્તિઓ કલાકૃતિનો એક ઉત્કૃષ્ટ નમૂનો છે. મૂળ પ્રાચીકુંડ પાસે આવેલ ખંડેર જેવું સૂર્યમંદિર પણ ભીમનાથ નામે ઓળખાય છે.

**કોટાય, કંથકોટ ચિત્રોડ**—કોટાય કચ્છમાં ભુજની ઉત્તરે આવ્યું. ત્યાં કાઠીઓએ સૂર્યને કોઇર્ક રૂપે પૂજ્યા. ત્યાંનું સૂર્યમંદિર આજે તો ખંડેર બની ગયું છે. ગુજરાતના બીજા મંદિરો કરતાં તેનાં મંડપનું વિધાન જુદા જ પ્રકારનું છે. ૧૦મી સદીમાં બંધાએલ આ મંદિરનું શિખર ગુજરાતના મંદિરો જેવું છે. જ્યારે મધ્યભાગ અંબરનાથના મંદિર જેવો છે. આમ સંમિશ્ર શૈલીનું આ સૂર્યમંદિર નોંધપાત્ર છે.

કંથકોટનું પૂર્વાભિમુખ સૂર્યમંદિર સાદું છતાં આકર્ષક છે. અહીંની ૪'-૯"ની સૂર્યપ્રતિમાના હાથ જોડેલા છે. અહીં પાલખમાં સાતઘોડાને બદલે સાત કિરણો કોરેલા છે. આ પ્રકારની મૂર્તિ બીજે જોવા મળતી નથી. આ મંદિર ૧૦મી સદીની શરૂઆતમાં બંધાયું.

કાઠીઓએ બાંધેલ આવા જ સૂર્યમંદિરના અવશેષો ચિત્રોડમાં પણ જોવા મળે છે. ગેડીમાં આવેલ સૂર્યમંદિર આવું જ મહત્ત્વનું હતું પણ ૧૯૭૫ના ભયંકર ભૂકંપમાં દટાઈ ગયાનું જણાવાય છે.

**કોટ્યર્ક**—નું બીજું મંદિર પ્રાંતીજથી ૧૦ માઈલ અને વીજાપુરથી પાંચ માઈલ દૂર આવેલું છે. કર્કવૃત્ત પર ભારતમાં ઠેર ઠેર સૂર્યમંદિરો બંધાયેલ છે

**મોઢેરા**—ગુજરાતના નાક સમું ને ગુજરાતની શિલ્પ સમૃદ્ધિની ઝાંખી કરાવતા આ મંદિરથી કોઈ અજાણ નથી. ઇ. સ. ૧૦૨૬-૨૭ માં એ બંધાયું છે. તે વખતમાં બંધાયેલ જૈન મંદિરો જેવા તેના અપ્રતિમ તોરણો છે. ભીમદેવ (પહેલો) બાણાવળીના વખતમાં આ મંદિર બંધાયું છે. આ મંદિરમાં મુખ્યત્વે ગર્ભગૃહ (૧૧'×૧૧'), ગૂઢ મંડપ (૨૫'×૨૫') અને સભામંડપ (૩૫'×૩૫') છે. આગળ વિશાળ કુંડ (૭૬'×૧૨૦') છે. ગર્ભગૃહમાં ઠેરઠેર સૂર્યની નાની નાની મૂર્તિઓ કોરેલી છે. મંદિરમાં પ્રદક્ષિણા માર્ગ પણ છે. મંદિર પૂર્વાભિમુખ છે. મૂર્તિ નથી પણ તેના આસનમાં સાતઘોડા હોઈ આ સૂર્યનું જ મંદિર છે, એમ ખાતરીથી કહેવાય છે. ગર્ભદ્વાર ઉપર ગણેશ છે. ગોખમાં સૂર્યની ઊભી મૂર્તિઓ છે. આ ગુજરાતના સ્થાપત્યના નમૂનારૂપ છે. દેલમાલ લિંબોજી માતાના મંદિરના ગોખમાં સૂર્ય ત્રિમૂર્તિ છે. વચ્ચે સૂર્ય ગરુડ ઉપર બેઠેલા છે તે નોંધપાત્ર છે. આ ત્રિમૂર્તિ જેમાં સૂર્ય વચ્ચે છે તે ૧૨મી સદીમાં થયેલ છે.

**સંડેર**—આ મંદિર ૧૧મી સદીની શરૂઆતમાં બંધાયું. તેના મુખ્ય દરવાજા ઉપર ગણેશની મૂર્તિ કોતરેલી છે. તેની ઉપર નવગ્રહ કોતરેલા છે. આ મંદિરમાં મૂર્તિ નથી. તેને સૂર્યમંદિર ગણવું કે કેમ એ એક પ્રશ્ન છે.

**પાટણ**—પાટણમાં મહાલક્ષ્મી માતાજીના મંદિરની જગતસ્વામીથી ઓળખાતી સૂર્ય અને રત્નાદેવીની કાષ્ઠમૂર્તિઓ અપૂર્વ છે. સૂર્યની મૂર્તિ આશરે ૪' ઊંચી છે પગમાં આખા પગરખા-મસ્તકનું પ્રભામંડળ, હાથમાંના કમળ એક સુંદર સંયોજન રજૂ કરે છે. આ પ્રતિમાઓ શ્રીમાળથી અથવા ભિન્નમાલથી પાટણ લાવ્યા હોવાનું કહેવાય છે. લગભગ ૧૩મી સદીમાં શ્રીમાળથી આ મૂર્તિઓ આવી. પાટણમાં બીજી એક સંયુક્તમૂર્તિ પણ સૂર્યની મળી આવી છે. ત્રિમૂર્તિ સાથે સૂર્યને મુકેલા છે. આ મધ્યકાલીન મૂર્તિકળાનો નમુનો છે. આવી મૂર્તિ દેલમાળ, સિદ્ધપુર અને ઢાંકમાં પણ છે.

આ ઉપરાંત **વડોદરા**નું મધ્યકાલીન યુગનું સૂર્યમંદિર, ઈ. સ. ૧૧૬૫માં વિશળદેવે **મુલસ્થાન** (ડભોઇ કે તેની બાજુમાં) બંધાવેલું અને ઇ સ. ૧૨૦૦માં લગભગ બંધાયેલ **પાવાગઢના** મંદિરમાં પણ સૂર્યમુર્તિ છે.

**પિલુદ્રા**—અહીં મળી આવેલ તોરણ કદાચ સૂર્યમંદિરનું પ્રવેશદ્વાર હોય. કારણ કે તોરણની વચ્ચે સૂર્યમુર્તિ બેઠેલી છે. મુર્તિનું મુખ ખંડિત છે પણ જમણા હાથે રહેલ કમળ તે સૂર્યમુર્તિ હોવાનું સ્થાપિત કરે છે. આ તોરણ વડનગર, સિદ્ધપુર અને કપડવંજના તોરણને મળતું છે.

**કાવી**—(જંબુસર) કવિલેશ્વરના મંદિરમાંની સૂર્યમુર્તિ અહીંના જૂના કોઇ સૂર્યમંદિરમાંથી ઉપાડીને મુકી હોય તેમ લાગે છે. ડડુ પહેલો અને રણગ્રહ નામના ગુજ્જર રાજાઓ સૂર્યભક્ત હતા એટલે છઠ્ઠીથી સાતમી સદીમાં સૂર્યપૂજા હતી, તે નવમી સદીમાં ત્યાંના રાજાઓ સૂર્યપૂજક હતા તેનું ઉદાહરણ આ કાવીની સૂર્યપ્રતિમા છે. ૧૨'×૧૦"ના માપના એક લેખમાં જણાવ્યું છે. કે કકના નાનાભાઈ ગોવિંદરાજે જયાદિત્યને સૂર્યમંદિરને ધુર્ણવી ગામની ઉપજ અર્પણ કરી છે. શક ૭૪૯ એટલે જયાદિત્યનું સૂર્યમંદિર ત્યાં ૯મી સદીમાં હશે અને તેના અવશેષો ત્યાં ખોદકામ કરતાં મળી આવવા જોઇએ એમ ડો. સાંકળીયા જણાવે છે.

આ મંદિરો પૂર્વતરફ દ્વારવાળા, ગર્ભદ્વાર પર ગણેશની મૂર્તિવાળા, નવગ્રહ આદિત્યો અને અન્ય દેવ-દેવીઓ તથા પ્રદક્ષિણા માર્ગવાળા અને મુર્તિના હાથમાં કમળ અને દંડ હોય તેવાં છે.

**સૂર્યમંદિર દ્વારકા**—દ્વારકાના ઉત્તર-પશ્ચિમ ખૂણા ઉપર કૈલાસકુંડ આવેલો છે. ગર્ગસંહિતામાં આ કુંડને સૂર્યકુંડ કહ્યો છે એટલે કદાચ તેની ઉપર તે વખતે સૂર્યમંદિર પણ હશે. હાલ આ કુંડના ઉત્તર-પૂર્વ ખૂણા પર મંદિર છે જેમાં ૩૦-૪૦ વર્ષ પહેલાં જીર્ણોદ્ધાર કરી આરસના સૂર્યની તથા રત્નાદેની મુર્તિઓ સ્થાપી છે. મંદિરની બહાર એક મુર્તિ છે જેને લોકો અરૂણની મુર્તિ કહે છે તે જ ખરેખર પ્રાચીન સૂર્યમુર્તિ જણાય છે. આ પ્રતિમા અને કુંડના જડેલ શિલ્પ જોતાં એ મંદિર આઠમી સદીનું ગણી શકાય અને કુંડને જૂનામાં જૂનો ગણવો જોઈએ એવો નિષ્ણાતોનો મત છે.

**સુવર્ણતીર્થ-વરવાળા**—દ્વારકાથી પાંચ માઈલ દૂર વરવાળા ગામની પૂર્વ બાજુએ સુવર્ણતીર્થ આવેલું છે. ત્યાં જગન્નાથજીની મુર્તિ હોવાનું કહેવાય છે. આ મંદિર પૂર્વાભિમુખ છે. પ્રદક્ષિણા માર્ગ ગર્ભગૃહ અને પૂજામંડપ વ. જોતાં તે જણાય છે. આગળ પૂર્વ તરફ મોઢેરાની માફક કુંડ છે પણ તે બાંધેલો નથી મંદિરનું શીખર જોતાં તે ૧૦મી સદીનું હશે પૂજામંડપ આગળ અંદરથી લાવીને બેસાડેલ તોરણ ઉપર નવપ્રતિમા છે. તેમાં ૭ મુખ્ય છે અને બે બાજુ રાહુ-કેતુ હોઈ આ મંદિર અતિ પ્રાચીન હોવાનું સ્વીકારાયું છે પણ આ વિષે સંશોધન થયું નથી.

ગુજરાતમાં આ સિવાય સહસ્રલિંગ તળાવને કાંઠે આવેલ ભાયલસ્વામીના સૂર્યમંદિરને સિદ્ધરાજ જયસિંહ પૂજતા. દાહોદના મહામંડળેશ્વર ગોગનારાયણ, બાલનારાયણ અને રૂપનારાયણનો મંદિરને રાજ્યભાગ આપ્યાનો ઉલ્લેખ છે પણ મંદિરો કયાં હશે તે કળાતું નથી.

ભારતમાં મુલતાનનું ભાસવતનું સૂર્યમંદિર (૭મી સદી), રજપૂતાનામાં ઓસીઆ (૮મી સદી) ચોટારસી (ઇ. સ. ૯૪૦), ભિન્નમાળ, રાણકપુર, ઓમનેરા, વાસા, સતવાસ અને મદોસરના સૂર્યમંદિરોનો ઉલ્લેખ છે. કાસ્મીરમાં (૭૨૪માં) લલિતાદિત્યે મોટું-કલાસમૃદ્ધ સૂર્યમંદિર બાંધેલુ. ઓરીસ્સાનું કોણાર્ક મંદિર (૧૨૩૮-૬૪) ભારતભરમાં પ્રખ્યાત છે માનભૂમ, બુદ્ધગયા, મથુરા, બુમારાની-ઉત્તરભારતની સૂર્યપ્રતિમાઓ ભૂલવા જેવી નથી. દક્ષિણમાં ઇલોરા, ભાજા, બદામી, કલ્યાણી, હનુમકોંડા અને મહાબલીપુરમની ગુફાઓમાં સૂર્યપ્રતિમાના વિવિધ શિલ્પ છે. ગેડી (કચ્છ)માંથી મળી આવેલ સિક્કા પાછળ પણ સૂર્યપ્રતિમા છે. આ બધું ભારતભરમાં સૂર્યપૂજાની મહત્તા અને પ્રસાર બતાવવા પૂરતું છે.



# ગુજરાત અને તેના દર્શનીય સ્થાનો

—પ્રો. ડો. એલ. ડી. જોષી

ઘણાય પ્રાચીન ગ્રંથોમાં ગુજરાતને 'ગુર્જરદેશ' લેખવામાં આવ્યો છે. આમ તો સૌરાષ્ટ્ર અને કચ્છને પણ 'દેશ' સંજ્ઞા અપાઇ છે. પરંતુ આજે તો કચ્છ–કાઠિયાવાડ–સૌરાષ્ટ્ર સહિત ૨૦-૧ અને ૨૪-૭ ઉત્તર અક્ષાંશ તથા ૬૮–૪ અને ૭૪-૪ પૂર્વ રેખાંશ વચ્ચે આવેલો લગભગ ૨૬ ½ કરોડની વસ્તીવાળો તથા ૭૨૧૩૭ ચો માઈલનો સમગ્ર પ્રદેશ તે આપણો ગુજરાત પ્રાન્ત ભારતના એક વિશિષ્ટ ભૂભાગ તરીકે ઓળખાય છે. કવિ નર્મદની કાવ્યવાણી મુજબ એની સીમાઓ છે—

" ઉત્તરમાં અંબા માત, પૂરવમાં કાળી માત
છે દક્ષિણ દિશામાં કરન્ત રક્ષા
કુન્તેશ્વર મહાદેવ
ને સોમનાથ ને દ્વારકેશ એ
પશ્ચિમ કેરા દેવ "

આ પુણ્ય પવિત્ર તથા તીર્થભૂમિ ગુજરાતને કવિશ્રી ઉમાશંકર જોશીએ પણ આમ બિરદાવેલ છે—

ધન્ય ભૂમિ ગુજરાત ધન્ય હે ધન્ય ગિરા ગુજરાતી
કૃષ્ણ ચરણ–રજ–પુનીત ધરા આ ગાંધી-ગિરા ગુજરાતી
નરસિંહ મીરાં અખો જ્ઞાનભક્તિની એ જ્વાલાઓ
પ્રેમાનંદ ગોવર્ધનરામે પાયા રસ–પ્યાલાઓ
માટીમાંથી મર્દ નીપજ્યા ગાંધી તપ આધારે
અડગ ખડક કીધા સંગ્રામે વજ્ર સમા સરદારે. ધન્યભૂમિ.
વનરાજે, સિદ્ધરાજે, અહમદશાહ, સયાજીરાવે
અનેક મંત્રીશ્વરે ઉપાસી ઉદાર રાજનીતિ ભાવે
સ્વામિનારાયણની સેવી, દયાનંદની જનની
દુર્ગારામ ઠક્કરબાપાની અમિયલ કરુણા–ઝરણી. ધન્યભૂમિ.
અરબ સમુદ્રે બંદર બાવન બારા ને કંઠાર
પ્રચંડ લોઢથી હોડ બકે નાનકડા નાવિક બાળ
આડાવળિથી સાતપુડા લગી વિસ્તરતી ભીલવાડે
વનમોજિલી રાનીપરજો વસી બખોલ–કરાડે. ધન્યભૂમિ.
સૌરાષ્ટ્ર કચ્છ આનર્ત શ્વભ્ર ને લાટ અનુપ અપરાન્ત
તાપી, રેવા, મહી, શ્વભ્રવતી, સરસ્વતી જલકાન્ત
નાગ અસુર યાદવ હૈહય શક ક્ષત્રપ ગુર્જર કાઠી
પારસિક ઇસ્લામી એકરસ થઇ કાયા આ ગાંઠી. ધન્યભૂમિ.
શત્રુંજય, તારંગા, ઈડર, પાવાગઢ ગિરનાર
શિખરે શિખરે દેવમંદિરો શૂરકથા રસસાર
ગીર જંગલે વીર ડણકતો સિંહ અભય ઉલ્લાસ
રંગપુર લોથલને ટીંબે ગુંજે ગત ઇતિહાસ. ધન્યભૂમિ
નારાયણસર, મલાવ, મુનસર અગણિત કમળ તળાવો
પનિહારી હેલ શોભતી સત કોઠાળી વાવો
રુદ્રમાળ વડનગર તોરણો, કુંભારિયા મોઢેરા
મસ્જિદ મ્હેલે ડભોઈ દ્વારે સુન્દરતાના ડેરા. ધન્યભૂમિ.
સોમનાથ, ભૃગુતીર્થ દ્વારિકા સ્તંભતીર્થ પ્રાચીન
સુરત-સુહાગી કસબ–કલાએ અમદાવાદ પ્રવીણ
લુણેજ નૂતન રાષ્ટ્રતીર્થ વળી કૈંક થશે નવનવલાં
જગતતીર્થ આશ્રમ સાબર તટ ઠારે દુનિયા–દવલાં. ધન્યભૂમિ.

'બાવન બંદર બારાં' વાળો સમૃદ્ધ સાગર તટનો વાસી અર્બુદ–અરબ સમુદ્ર વચાળે આવેલ આ ગુજર દેશ અને તેની સમૃદ્ધ અને સુન્દર પુનીત ધરા પગપગ પર પ્રયાગરાજ જેવી પાવન કરનારી છે–

શ્રિયાં નિવેશો વરિવર્તિ દેશઃ શ્રી ગૂર્જરાખ્યો રુચિર પ્રદેશઃ
કૃત પ્રવેશઃ સુકૃતૈર્નિતાન્તં ન પાપ લેશોઽપિ યમત્ર મે જે.

આ દેવભૂમિનો ઇતિહાસ અતિ પ્રાચીન છે. વેદો અને પુરાણોમાં આના ઉલ્લેખો ઉપલબ્ધ છે. દ્વારિકા અને સોમનાથને શોભાવનાર શ્રીકૃષ્ણના ચરણકમળથી આ ધરા ભારતની સરતાજ બની ચૂકી છે. શ્રીકૃષ્ણે તથા બલરામે મથુરાનો ત્યાગ કરીને કુશસ્થલી (દ્વારિકા) માં વાસ કર્યો હતો અને અંતમાં દેહોત્સર્ગ પણ પ્રભાસ પાટણમાં જ થયો હતો. આમ આ ગુર્જરી યાદવસ્થળી ઐતિહાસિક તથા ધાર્મિક બન્ને દૃષ્ટિએ ભારતભૂમિનું વિશિષ્ટ અંગ છે. ૧૯૫૪ ના ઉત્ખનનથી લોથલે પાંચ હજાર વર્ષ પૂર્વની આપણી પ્રાચીન સંસ્કૃતિના અવશેષો સાચવી આપીને પોતાની પુરાતન સભ્યતાના વિકાસનો ઇતિહાસ પૂરો પાડ્યા છે. અને સિંધુ ખીણની સંસ્કૃતિ (મોહેન્જો–દરો અને હરપ્પા સંસ્કૃતિ) નો ૧૫૦૦ ઇ. પૂ અંત થયો ત્યાર પછી પણ ૫૦૦ વષ સુધી લોથલમાં હરપ્પા સંસ્કૃતિની પરંપરા ફળતી–ફાલતી રહી તેનો પુરાવો આપી ભારતના ઇતિહાસની ૧૫૦૦ ઈ. પૂ થી ૬૦૦ ઈ પૂ. વચ્ચેની તૂટેલી કડી સાધી આપી છે. વિશ્વની પ્રાચીનતમ સભ્યતા અને સંસ્કૃતિનો વારસો ધરાવતી ગુજરભૂમિ ખરેખર ભવ્ય અને ગૌરવશાળી બનવાને યોગ્ય છે.

ગુજરાતનો પ્રાચીન ઇતિહાસ ભવ્ય તેમ જ રસપ્રદ પણ છે. મૌર્યસમ્રાટ ચંદ્રગુપ્તનું આધિપત્ય અત્રે સ્થપાયું. સમ્રાટ અશોકની અમર યાદ તેનો ગિરનારના ખડક ઉપરનો ધર્મશાસનનો લેખ (ઈ. સ પૂ. ૨૫૬) આપે છે. મૌર્યોના અસ્ત (ઈ સ ૭૦) પછી ગ્રીક, પહલવો અને શક આ ભૂમિ પર પધાર્યા શક ક્ષત્રપ તરીકે જાણીતા બન્યા. મહાક્ષત્રપ રૂદ્રદામાનો લેખ (શાકે ૭૨, ઇ. સ. ૧૫૦) જૂનાગઢથી થોડી દૂર તળેટીમાં અશોકના ઉપરિ–લિખિત

લેખ પાસે જ ઉત્કીર્ણ, આ ઇતિહાસનું પ્રતીક છે. ક્ષત્રપો પછી ગુપ્ત સામ્રાજ્ય ઈ. સ. ૩૨૫ આસપાસ આવ્યું અને સમ્રાટ સ્કંદગુપ્તનો ઉપરના બંને લેખોની સાથેનો લેખ (ગુ. સં. ૧૩૮, ઈ. સ. ૪૫૭) જે ચક્રપાલિતે કોતરાવેલ એ યુગની યાદ અપાવે છે. ભારતીય ઇતિહાસનો આ શાંતિ–સમૃદ્ધિ સ્વર્ણકાળ કહેવાય છે. ઉપર ઉલ્લિખિત જૂદાજૂદા સમયના ત્રણ શિલાલેખો દર્શનીય છે, જે ગુજરાતનો પ્રાચીન ભવ્ય ઇતિહાસ જોડી આપે છે. આ આખા કાળ દરમિયાન (૧થી૫ સદી) અનેક દેશો સત્તાના એકસૂત્રે આબદ્ધ હતા. જેમ કે આકર (પૂર્વમાલવ), અવન્તિ (પશ્ચિમ માલવ), અનૂપ (રેવા–માહિષ્મતીનો પ્રદેશ), નીવૃત્ (નિમાડ), આનર્ત (ઉત્તર ગુજરાત), સુરાષ્ટ્ર (સૌરાષ્ટ્ર), શ્વભ્ર (સાબરકાંઠો), મરૂ (પશ્ચિમ મારવાડ) કચ્છ સિંધુ, સૌવીર (સિંધુની ઉત્તરનો પ્રદેશ), કુકુર (સૌવીરની પૂર્વનો), અપરાંત (દક્ષિણ ગુજરાત) અને નિષાદ (ભીલોનો પ્રદેશ). ક્ષત્રપોના વિશાળ રાજ્યમાં આજના ગુજરાતના બધા ભાગો આવૃત હતા તે આ પરથી જોઇ શકાય છે ગુપ્તકાળમાં પણ લગભગ આ જ સ્થિતિ ચાલુ રહી પરંતુ પાંચમી સદીના મધ્યમાં ગુપ્ત સામ્રાજ્યના પતન પછી આ આખું માળખું તૂટતું નજર આવે છે.

વલ્લભીનગરને રાજધાની બનાવીને સેનાપતિ ભટ્ટારકે પોતાનું મૈત્રક રાજ્ય સ્થાપ્યું (લગભગ ઈ. ૪૭૦) મૈત્રકકાળમાં વલ્લભીનો અભૂતપૂર્વ અભ્યુદય થયો હતો. નાલંદાની જેમ તેની વિદ્યાક્ષેત્રે ખ્યાતિ વધી હતી.

વલ્લભીના પતન પછી ચાવડાઓનું શાસન (૭૪૬-૯૪૨) સ્થપાયું. વનરાજ ચાવડાએ અણહીલપુર–પાટણને ગુજરાતની રાજધાની બનાવી અને પોતાના પુરૂષાર્થ તથા પરાક્રમ વડે અમર ઇતિહાસ સર્જ્યો. અંતિમ ચાવડા શાસક સામંતસિંહે મુલરાજ સોલંકીને ગોદ–દત્તક લીધો. આ મુલરાજ સોલંકી પણ પરમ પરાક્રમી પાકયો. તેણે ગૃહરિપુને હરાવીને સૌરાષ્ટ્ર તથા લાખો ફૂલાણીને પરાસ્ત કરીને કચ્છને પોતાના કબ્જામાં લીધા અને ગુજરાતની વિસ્તાર–વૃદ્ધિ કરી. સોલંકી કુળમાં સિદ્ધરાજ જયસિંહ (૧૦૯૪–૧૧૪૩)નું નામ ગુજરાતના ઇતિહાસમાં અદ્વિતીય સ્થાન ધરાવે છે. તેણે જૂનાગઢના કિલ્લાનો કબ્જો મેળવ્યો અને રા'ખેંગારની રૂપાળી રાણી રાણકદેવીને ગિરફતાર કરી. રાણક પાછળથી વઢવાણમાં સતી થઈ ગઈ. રાણકદેવી–રા'ખેંગારની રસભરી વાતો ગુજરાત અને રાજસ્થાનની લોકજીભે વ્યાપક છે. સોલંકી કુમારપાળ (૧૧૪૩–૧૧૭૪) પણ પરાક્રમી અને પ્રસિદ્ધ બન્યો. તે સોમનાથનો ભક્ત હતો ને મંદિરનો જીર્ણોદ્ધાર પણ કરાવેલો. સોલંકીયુગની શિલ્પ–સ્થાપત્યકલા વિશેષ ઉલ્લેખનીય છે આ કલાનો વિસ્તાર આજે પણ ગુજરાત ઉપરાંત રાજસ્થાનના વાગડમાં ગલિયાકોટ, અરથૂણા, તલવાડા તથા ડુંગરપુર અને વાંસવાડા વગેરેના મંદિરોમાં જોવા મળે છે. સોલંકી યુગની શિલ્પકલા ગુજરાત–રાજસ્થાન અને માલવામાં લાંબા સમય સુધી ચાલૂ રહી જેના અવશેષો આજે પણ શિવ, શક્તિ અને સૂર્યનાં મંદિરોરૂપે મોજૂદ છે.

સોલંકી રાજાઓના પતન પછી વાઘેલા (૧૨૨૨-૧૨૯૮) વંશ ગુજરાતની ગાદીએ આવ્યો. વાઘેલા વીરધવલ (૧૨૩૩–૧૨૩૮) તથા વાઘેલા વિશાલદેવ (૧૨૪૩–૧૨૬૨)નાં હાથે ગુજરાતની સમૃદ્ધિ બહુ વધી અને સુ–શાસન સ્થપાયું. વસ્તુપાલ તથા તેજપાલ નામક વીરધવલનાં દિવાનોએ આબુ, ગિરનાર તથા શેત્રુંજય પર્વત ઉપર મોટા મંદિરો બંધાવ્યા અને શિલ્પ સ્થાપત્ય કળાનો વિશિષ્ટ વિકાસ વધાર્યો. વાઘેલા રાજા વિશાળદેવે પણ વિશાળ–નગરની સ્થાપના કરી અને ડભોઇનાં પ્રસિદ્ધ મંદિરો બંધાવ્યા. સુલતાન અલાઉદ્દીન ખીલજીના મરણિયા ધાડાઓએ અંતિમ વાઘેલા રાજા કર્ણવાઘેલાની સત્તા છીનવી લીધી. ઉદયપુર, મેવાડ, ડુંગરપુર અને શામળાજીની વાટે થઇને અલાઉદ્દીન મોડાસાનગર (સાબરકાંઠા)ને ભાંગીને કર્ણાવતી પર ચઢી આવ્યો હતો. શ્રી-સમૃદ્ધ ગુજરાતને જીતીને અલાઉદ્દીને મુસ્લિમ સામ્રાજ્યની સ્થાપના કરી. ૧૨૯૮થી૧૭૫૮ સુધી ટકેલ આ મુસ્લિમ સામ્રાજ્યને મરાઠાઓએ તોડ્યું અને રાજધાની અમદાવાદનો કબજો લીધો. મુસલમાનોમાં ગુજરાતનાં સુલતાનોનો અવિસ્મરણીય છે. ખાસ કરીને અહમદશાહ તથા મહમદ બેગડાના નામો ઉલ્લેખનીય છે.

મરાઠા અધિકારથી ગુજરાતમાં ગાયકવાડી રાજ્ય સ્થિર થયું. પોર્ટુગલી લોકોએ દીવમાં ૧૫૩૭માં થાણું સ્થાપ્યું. અને એની દેખાદેખીએ અંગ્રેજો એ પણ પોતાના પગદંડો સુરતમાં વ્યાપારથી શરૂ કરીને ૧૯૪૭માં ભારતને આઝાદી આપી ત્યાં સુધી સત્તા-કબજો કરીને જમાવી રાખ્યો.

૧૯૪૮માં સૌરાષ્ટ્રનાં રજવાડાઓનું એકીકરણ થયું અને બીજા રાજ્યો મુંબઇ રાજ્યમાં ભળી ગયા. ૧૯૫૬માં સમગ્ર સૌરાષ્ટ્ર પણ બૃહદ્ દ્વિભાષી મુંબઇ રાજ્યમાં મળી ગયું. ૧૯૬૦ના મે મહિનામાં મહાગુજરાતની રચના થતાં કચ્છ, કાઠીયાવાડ, સૌરાષ્ટ્ર સહિત ગુજરાતનું એક એકમ અસ્તિત્વમાં આવ્યું. અમદાવાદ આજે તેની કામચલાઉ રાજધાની છે અને સ્થાયી પાટનગર તરીકે ગાંધીનગરની યોજના આકાર લઇ રહી છે.

**દર્શનીયસ્થાનો**—પ્રાકૃતિક સૌંદર્યથી ભરપૂર મનોહર સ્થાનોમાં ગુજરાતનાં પર્વતો, ગુફાઓ, જંગલો, નદીઓ, સાગરકાંઠાઓ અને સરોવરોનાં સ્વરૂપમાં કુદરતનાં નૈસર્ગિક સ્થળો દર્શનીય છે.

**ગિરનાર**—ઋગ્વેદના બીજા મંત્રમાં ઊર્જયન્ત પર્વત તથા ઊર્જયન્તી પ્રદેશનો ઉલ્લેખ છે. જ્યાં ઇંદ્રે નર્મુર નામના દાનવનો નાશ કર્યો હતો. સુરાષ્ટ્ર અને સુરાષ્ટ્ર સંજ્ઞાથી ઓળખાતા આ પુરાણ પ્રસિદ્ધ પ્રદેશમાં વૈવસ્વત મનુના પુત્ર શર્યાતિ, એના પુત્ર આનર્ત અને એના પૌત્ર રૈવતે નિવાસ કરીને સમૃદ્ધ કર્યો હતો. આભીરો પણ અત્રે આવી વસ્યા હતા. આજનો આખો 'સોરઠ' એમાં સમાવિષ્ટ હતો જ. 'કુશસ્થલી'ને કેન્દ્રમાં રાખીને સમગ્ર સૌરાષ્ટ્ર ઉપર આ પ્રજાએ પોતાનં શાસન સ્થાપી જીવી હતી. પાછળથી કાલયવનના ભયથી હિજરત કરીને મથુરાથી આવીને શ્રીકૃષ્ણે કુશસ્થલીને સ્થળે દ્વારકા વસાવી યાદવોની મોટી વસાહત 'યાદવસ્થલી' સ્થાપી. આ કુશસ્થલી (આજનું દ્વારકા) આનર્તની રાજધાની હતી. અને એ સુરાષ્ટ્રની જ રાજધાની હતી. આ સુરાષ્ટ્રમાં કુશસ્થલી દ્વારકા, પિંડારક, પ્રભાસક્ષેત્ર, ઊર્જયંત, વલભીપુર, વસ્ત્રાપથક્ષેત્ર (ગિરનારનો ફરતો પ્રદેશ), વામનનગર (વંથલી–સોરઠ) આદિ સમાવિષ્ટ જોવા મળે છે. ઊર્જયન્ત એ જ આજનો ગિરનાર છે. જૈન પૌરાણિક આખ્યાયિકા પ્રમાણે ૨૨મા તીર્થંકર નેમિનાથ સમુદ્રવિજય યાદવના પુત્ર હતા અને દ્વારકામાં જ ઊછર્યા હતા. લગ્ન સમયે પશુ-હિંસાને

માટે લવાયેલાં પશુઓને જોઈ વૈરાગ્ય ઉત્પન્ન થતાં ઘર છોડી ચાલી નીકળી રૈવતક પર્વત પર પ્રવજ્યા લીધી અને અંતે ઊર્જયન્ત ઉપર કાળધર્મ પામ્યા.

પુણ્યે ગિરૌ સુરાષ્ટ્રેષુ
મૃગ પક્ષિ નિવેવિ તે.

*　　*　　*

શ્રી નેમિ પાવિતં સ્તૌમિ ગિરિનારં ગિરીશ્વરમ્

આમ ગિરનાર જૈનોનું તીર્થધામ બન્યો. અત્રે નેમિનાથનું ભવ્ય મંદિર તથા ૧૧૭૭નાં વસ્તુપાલ તેજપાલનાં મંદિરો શિલ્પ સ્થાપત્યનાં અદ્દ્ભુત નમૂનાઓ છે.

ગિરનાર માટે કહેવાય છે કે—

ઊંચો ગઢ ગિરનાર, વાદળથી વાતું કરે;
સોરઠનો શણગાર, જેની આબુ પર છાયા ફરે.

જૂનાગઢથી ગિરનાર જતાં બે પહાડોની હારમાળામાં પ્રવેશાય છે. એક પહાડ પર રામદેવપીરની છત્રી છે. બન્ને પહાડો વચ્ચે પૂલ છે. પૂલની નીચેથી સુવર્ણરેખા નદી પસાર થાય છે. ઉપરના ભાગમાં દામોદર કુંડ છે. જેમાંથી સુવર્ણરેખા પશ્ચિમ બાજુ આગળ વધે છે. દામોદરકુંડ પાસે મહાપ્રભુ શ્રી વલ્લભાચાર્યજીની રેવતીકુંડ ઉપર બેઠક પણ છે. એની પૂર્વ બાજુ દામોદરજીનું ભવ્ય પ્રાચીન મંદિર છે આ જ રસ્તે ભવનાથ મહાદેવ, મૃગીકુંડ, ભવનાથનું ચોરસ તળાવ વગેરે દર્શનીય છે. અશોક, રુદ્રદામા તથા સ્કન્દગુપ્તના શિલાલેખોની ચર્ચા ઉપર થઈ ગઈ છે તે કાળા ગ્રેનાઇટ પથ્થરના ખડક પર કોતરેલ છે. આ આખો વિસ્તાર શાંત, સુંદર, દર્શનીય તથા મનોહર છે. ૨૦૦૦ ફીટનો ગિરનારનો ચઢાવ શરૂ થતાં પૂર્વે એક દરવાજો આવે છે. આ ગિરનારનું પ્રવેશદ્વાર (Gate Way Of Girnai) છે. અહીં બે બે આનામાં વાંસની લાકડીઓ ભાડે મળે છે, જે પાછા આવતાં પરત કરવાની હોય છે. લાકડીને ટેકે ચઢાવ સરળ બને છે. પ્રથમ લાંબા પહોળાં પગથિયાંનો લગભગ એક માઇલનો ચઢાવ છે. એ પછી રાધા ડેરી બાદ જમણી બાજુ વળાંક આવે છે હવે ચઢાવ સીધો તથા પગથિયાં નાનાં અને સાંકડાં તથા ખીણ બાજુ દીવાલ શરૂ થાય છે. સર્વપ્રથમ માળી પરબ તથા શ્રીરામમંદિર આવે છે. અહીં આવતાં થાકનો અનુભવ થાય છે. ઊંચાઇને લીધે પવનમાં ઠંડક અનુભવાય છે. શ્રી રામ મંદિરમાં સુંદર મુર્તિઓ છે. ગુરુદત્તાત્રેયનું નાનું મંદિર આવે છે. અહીંથી ચડાવ વિકટ બને છે પગથિયાં બરાબર છે, પરંતુ જ્યારે નીચે ખીણ તથા ઉપર પત્થરોના ખડકો સામે નજર જાય ત્યારે બીક લાગે છે. એક બીજાના આધારે અટકી રહેલા શિલા–પત્થરો અને એમની ફાટો ભયાવહ છે. અહીં વાંદરાઓ નિર્ભય રૂપે કૂદતાં-ઠેકતાં જોવા મળે છે. આપણાં પૂર્વજો આપણાં કરતાં ઓછાં બીકણ હતા એવો રમુજી ખ્યાલ સહેજ આવે ! ડાબી બાજુ વળાંક આવે છે. હવે ઊંચાઇ બહુ જ હોવાથી કેટલાક લોકોને ચક્કર આવવા લાગે છે. ઊંચે પત્થરોનાં ગોખમાં બેઠેલાં ગીધ (કબૂતર જેવા નાનાં કદનાં) નજરે પડે છે. વરસાદમાં પાણી તથા પવનના મારાથી પત્થરોમાં કોતરો પડી જાય છે, જેમાં પક્ષીઓ નિવાસ કરે છે.

અહીં ચઢતાં જમણી બાજુની ભીંતમાં પત્થરમાં કોતરેલ શિલાલેખ જોવા મળે છે. ઉપરકોટ જતાં તો પગ લથડિયાં ખાય છે. જૈનોનાં દેરાસરો તથા ધર્મશાળાઓ અત્રે અવલોકનીય છે. ૧૨મી સદીનું કહેવાતું નેમિનાથનું ભવ્ય મંદિર દર્શનીય છે. ગૌમુખી ગંગાના ટાંકા આવે છે જ્યાંના સ્નાનનો મોટો મહીમા છે. પીવા માટે વરસાદનું પાણી સંગ્રહી રાખવા માટે પણ મોટા ટાંકા છે. જટાશંકરની ધર્મશાળા ધ્યાન ખેંચે છે. ઉપરકોટ પછીની પ્રથમ ટેકરી પર અંબાજીનું વિક્રમી ૧૨મા સૈકાનું મંદિર આવે છે. અહીં થોડી ચોરસ ભૂમિ જોવા મળે છે. અહીંથી પૂર્વ બાજુથી નીચે ઉતરીને ઉપર ચઢતાં વધુ ઊંચાઈ ઉપર ગોરખનાથની ધૂણી આવે છે. અત્રે 'નવનાથ' ના બેસણા હોવાનું કહેવાય છે. અહીં પહોળાઇ છે જ નહીં, સાંકડી ટેકરી માત્ર છે. ગોરખધૂણી પથ્થરની શિલા ઉપર છે. મોક્ષની બારી પણ અહીં જ છે. ગોરખના પગલાં પવિત્ર લેખવામાં આવે છે અને મુક્તિમંત્ર દ્વારા મોક્ષ પ્રાપ્તિનો અભિષેક પણ પાંચ આનામાં પ્રાપ્ત થાય છે !

અહીંથી પૂર્વમાં નીચે ઉતરતાં હજારો ફૂટ નીચે ખીણમાં કમંડલ કુંડ છે. અહીં પાણીનાં ટાંકા તેમ જ મંદિર દેખાય છે. કમંડલ કુંડથી કાલીમાતાની ટેકરી તરફ જવાય છે આ કાચો અને વિકટ માર્ગ છે. કમંડલ કુંડ પાસેથી પગથિયાં ઉત્તર તરફ વળે છે અને ગુરૂ દત્તાત્રેય તરફની ચઢાઈ શરૂ થાય છે. આ ગુરૂ-શિખર પર ફક્ત ખાટલો ઢાળી શકાય એટલી જ સમતળ ભૂમિ છે. આજુબાજુ ચારે તરફ હજારો ફૂટ ઊંડી ખીણો છે. અહીં વાદળો તો જાણે પૃથ્વી પર રૂના ઢગલા પડ્યા હોય એમ લાગે છે. પવન ઠંડો અને તેજ હોય છે. દત્તાત્રેયના પગલા પાસેથી એમ લાગે છે કે અહીં જ સ્વર્ગ છે. આ સ્વર્ગશિખર પર આવ્યા તે જ રસ્તેથી પાછા ફરવાનું હોય છે. ગૌમુખીથી ઉત્તર બાજુએ સેવાદાસની ધર્મશાળા છે. પથ્થરચટ્ટીથી નીચે ઉતરતાં ઉત્તર બાજુ શેષાવન, ભરતવન અને હનુમાનધારા જવાય છે. જટાશંકરની ધર્મશાળાથી દક્ષિણ બાજુ નીચે ઉતરતા સાતપુડા જવાય છે. ગિરનારની એક ટૂક ઉપર દાતારનાં પીરનું સ્થાન છે. મોટા દાતાર તરીકે ઓળખાતા આ સ્થાનનું દર્શન કરવા કુષ્ટરોગીઓ સારા થવાની ભાવનાથી આવે છે. આમ ગિરનાર જૈન, હિન્દુ અને મુસ્લિમોનું મોટું યાત્રાધામ બની રહેલ છે.

**શત્રુંજય**—પાલિતાણા પાસેનો શત્રુંજય પહાડ, ૧૯૭૭ ફીટની ઊંચાઇ ધરાવનારો, જૈનોનું પ્રસિદ્ધ તીર્થધામ છે. આ ધર્મગિરી શત્રુંજય પર જૈનોએ મંદિર–નગરી બનાવી દીધી છે. અત્રેની ચોટી ઉપર ૮૬૩ જેટલા મંદિરો હારમાળામાં શોભે છે. શિલ્પ–સ્થાપત્યની કલા–કારીગિરી ઉપરાંત નૈસર્ગિક સૌંદર્યથી શોભતું આ ધાર્મિક–પવિત્ર સ્થાન સ્વર્ગપુરી સમાન છે. ગિરનારની જેમ અહીં પણ ચઢવા માટે પગથિયાંનો માર્ગ છે. કહેવાય છે કે અહીંના ૧૧ મી સદીના મંદિરોનો આક્રમકોએ ૧૪મી–૧૫મી સદીમાં નાશ કર્યો. વર્તમાન મંદિરોનો મોટો ભાગ ૧૬ મી સદીનો છે. હિન્દુઓના ચારધામ (દ્વારકા, બદ્રીકેદાર, જગન્નાથપુરી અને સેતુબંધ રામેશ્વરમ્) ની જેમ જ જૈનોનાં પાંચ શિખરો (ગિરનાર, આબુ, તારંગા, સમેતશિખર બિહારમાં અને શત્રુંજય) પૈકીનું પાલિતાણા

પણ જૈનો માટે મોક્ષદાયક, મુખ્ય અને મહાન ધામ છે. ગિરનાર-માંના દાતારની જેમ જ શત્રુંજય પર પણ મુસ્લિમ અંગાર પીર પ્રતિષ્ઠિત છે, જે વાંઝીઆને પારણાં બંધાવે છે. આબૂ હોય કે પાવાગઢ હોય ઉત્તુંગ ગિરિશિખરોમાં પણ જ્યાં જ્યાં હિન્દુ–જૈન દેવસ્થાન છે ત્યાં મુસ્લિમ પીર પણ પહોંચ્યા જ છે. હિન્દુ–મુસ્લિમોની માફક આ દેવતાઓ લડી નથી મરતા એ સારું છે!

**સિહોર**—ભાવનગરથી સોળેક માઇલ પર આવેલ સિહોર ગિરિગોદમાં શોભતું એક સુંદર નાનકડું ગામડું છે. અનેક દૃષ્ટિએ વિશિષ્ટ આ ગ્રામની ઊંચી ટેકરી પરથી શેત્રુંજયના શિખરો દેખાય છે. પશ્ચિમ દિશામાં શેત્રુંજી નદી પરનો બંધ પણ ઊંચાઈ ઉપરથી દેખા દે છે. અત્રેનો સિદ્ધરાજ સોલંકીનો પ્રાચીન બ્રહ્મકુંડ, સિહોરી–માતાનું મંદિર તથા પાર્શ્વનાથનું જૈન તીર્થસ્થાન પ્રખ્યાત છે. જે લોકો પાલિતાણા નથી પહોંચી શકતા તે અત્રેના દેરાસરનાં દર્શન કરીને કૃતાર્થ થાય છે. સિહોરીમાતાનાં મંદિરની ટોચથી પાલિતાણા, અમરગઢ, ભાવનગર અને દૂર દૂરના દૃશ્યો નિહાળવાનો લ્હાવો મળે છે. ૧૮૫૭ના બળવાના સ્વાતંત્ર્ય સૈનિકોએ અત્રે શરણુ લીધું હતું એમ પણ કહેવાય છે. ત્રાંબાના વાસણો, તમાકુનો વ્યાપાર અને ચીની માટીનાં ઉદ્યોગ માટે પણ આ સ્થળ પ્યાતનામ છે. અત્રેથી થોડે દૂર સોનગઢ—અમરગઢમાં ક્ષયરોગનું મોટું અને અદ્યતન દવાખાનું છે. આ હોસ્પિટલ, ત્યાંનું પાણી અને આબોહવા ઉલ્લેખનીય છે.

**તાલધ્વજગિરિ**—શેત્રુંજયની ટૂક કહેવાતા આ નાનકડા પર્વતનું પ્રાકૃતિક સૌંદર્ય દર્શનીય છે. ખાસ કરીને અહીંની ગુફાઓ, તળાજાનદી અને તેનું રળિયામણું-મોહક દૃશ્ય અનેરું આકર્ષક છે. આ જૈન તીર્થ તરીકે પંકાય છે. અને વૈષ્ણવ ભક્ત નરસિંહ મહેતાનું જન્મ-સ્થાન કહેવાય છે.

**તારંગા હિલ્સ**—જૈનોનાં પાંચ શિખરો પૈકીનું આ એક પવિત્ર ગિરિધામ છે. ૧૨મી સદીના સોમનાથ અને ગુમલીના મંદિરો જેવું મૂળ મંદિર કુમારપાળ દ્વારા ૧૨મી સદીમાં જ બંધાવાયું હતું. પરંતુ આક્રમકોએ તેને તોડી નાખતાં ૧૬મી સદીમાં નવનિર્મિત થયેલું. શ્વેતાંબર તથા દિગંબર બન્ને પાંખોના મંદિરો પાસે પાસે સ્થિત છે. શ્વેતાંબર મંદિર બત્રીશ માળનું અતિ-ભવ્ય છે તો દિગંબર મંદિરમાં એક સંગ-મરમરનો સુંદર સ્તંભ અને તેના ઉપર છત્રી જેવું શિખર અને તેના નીચે ભગવાનની નગ્ન મૂર્તિ દર્શનીય છે. આ મંદિરો પોતાની ભવ્યતા તથા શિલ્પ, સ્થાપત્યની કલાકારીગિરીના ઉમદા નમૂનારુપ છે. જૈન દહેરા-સર ઉપરાંત સુંદર સગવડવાળી ધર્મશાળાઓ પણ છે. જૈન મંદિરોની જમણી બાજુ કોટિ–શિલા નામક એક ઉત્તુંગ પર્વત શિખર છે. શિલાઓની ફાટોમાં થઇને શિખર પર જવાય છે. ટૂક પરથી દૂર દૂરના સુંદર દૃશ્યો ભાસમાન થાય છે. સાબરમતીનો વિશાળ પટ પણ ઊંચાઈ ઉપરથી રમણીય લાગે છે. આ મંદિરોની સામે **મોક્ષ-શિલાનીટેકરી** વિદ્યમાન છે. આ મોક્ષની બારી ગિરનારની ગોરખ ટેકરી વાળી મોક્ષ-બારી જેવી જ છે. આ બારીમાંથી સૂર્યાસ્તનું દૃશ્ય નિહાળવું અજબ આનંદ આપનારું હોય છે. મંદિરોની બહાર ધર્મશાળાની સામે પાણીનો એક કુંડ છે જેની પાસેથી પસાર થતી પગદંડી **સિદ્ધશિલા** પર પહોંચે છે. નાની-મોટી ગુફાઓ પાર કરીને સિદ્ધ-શિલાના શિખર પર જવાય છે. આ ટૂકની પશ્ચિમે પ્રાચીન અને પ્રસિદ્ધ જોગિડાની ગુફાઓ છે. જે વિશાળ અને કુદરતી જ છે. એકમાંથી બીજીમાં થતાં થતાં છેલ્લી ગુફા સુધી જવાય છે. ચોર અને વાઘનો અહીં ભારે ભય રહે છે. આ જોગિડાઓની ગુફા-ઓની પશ્ચિમે નીચે ઘાટીમાં તારંગા માતાનું મંદિર છે. અત્રે પાણીનું સુંદર-મીઠું ઝરણું, ગીચ ઝાડી તથા સિંહની બોડો રમણીય તથા રોમહર્ષક દૃશ્ય ખડું કરે છે. મહેસાણા જીલ્લામાં આવેલ આ સ્થાને જવા માટે તારંગા સ્ટેશન સુધી રેલયાત્રા સુલભ છે. વર્ષાઋતુમાં તારંગાનું સૌંદર્ય ખીલી ઊઠે છે.

**બાલારામ**—ગુજરાતના કાશ્મીર સમું બાલારામ, પર્વતીય તથા વન-ઉપવનથી નૈસર્ગિક સૌંદર્યયુક્ત, એક અતિ રમણીય વિહારસ્થળ છે. આ એક ઇશ્વર પ્રદત્ત મનોરમ સ્થાન છે. આબુ રોડ આ બાજુ ચિત્રાસણી સ્ટેશનથી લગભગ બે માઇલ દૂર બાલારામ નદીના કીનારે આવેલ આ સ્થાન ચારે બાજુથી પર્વતમાળાઓ તથા ગીચ ઝાડીથી ઘેરાયેલું અને નદીના પ્રવાહથી ચેતન–સૌંદર્યવેરતું એક વિરલ સ્થળ છે. પૂર્વબાજુથી સર્પાકાર ગતિએ પર્વતોના પદપ્રક્ષાલન કરતી આવતી બાલારામ નદીના કાંઠે બાલારામ મહાદેવનું આ તીર્થસ્થાન છે. આપણા લગભગ બધા જ તીર્થસ્થાનો પર્વતો, નદીઓ, જંગલો કે સાગરતટો ઉપર જ આવેલા છે. નૈસર્ગિકસ્થાનમાં સ્વાભાવિક જ—શાંતિ અને સુખ અનુભવાય છે. બાલારામમાં બાલા હનુમાનનું મંદિર પણ છે. મહાદેવ, હનુમાન અને નદી ત્રણેયનું નામ 'બાલા' છે અને તેથી સ્થળનું બાલારામ નામ સાર્થક જ છે.

શિવાલયની સામે પાકો ઘાટ અને નાનો બંધ છે. પશ્ચિમબાજુ નદીના વળાંક સામે પાલનપુરના નવાબનો મનોહર મહેલ પણ શોભામાં અભિવૃદ્ધિ કરનારો છે. પાસે જ એક સાંઇબાબાની કુટિર પણ છે. બાલારામથી એક માઇલ દૂર નદી કિનારે ધારમાતાનું સ્થાન પણ દર્શનીય છે. આ સ્થળથી માઇલેક દૂર કોચડીનો વનવેષ્ટિત પર્વત છે જેમાં મુનિ મહારાજની એક પ્રાકૃતિક પાષાણ ગુફા પણ છે. બાલા-રામથી એક માઇલ ઉત્તરપૂર્વમાં ચામુંડામાતાનું મંદિર પણ છે. અહીંથી એક માઇલ આગળ જતાં નવાબ દ્વારા નિર્મિત એક અતિ સુંદર તથા વિશાળ 'ગંગા સાગર' સરોવર પણ છે. ગીચ જંગલ, પર્વત, નદી, સરોવર અને ઘાટીની ખાણોને લીધે અહીં શેર–વ્યાઘ્રાદિ હિંસક પ્રાણીઓ પણ પ્રસરતા હોય છે.

**બરડો**—બરડાનો ડુંગર ઘુમલો પહાડ ઊંચો અને ઐતિહાસિક મહત્વ ધરાવનારો છે, ત્યાંના કોટ, કિલ્લો અને દેવળ દર્શનીય છે. ઇ.સ. ૧૮૫૯–૬૦માં વાઘેરની સામેના અહીં થયેલા ધીંગાણામાં કર્નલ હોનેરની બ્રિટિશફોજ ગયેલી અને દારુગોળાની રમઝટ ઉડી હતી.

**ઘુમલી**—શહેર ઘુમલીની જાહોજલાલી મૈત્રકકાળમાં પૂર્ણતાએ પ્રવેશી હતી. જેઠવાઓએ તેનો કબજો લગભગ ૧૦મી સદીમાં લીધો હતો. તેઓએ ૧૨મી સદીમાં નવલખા મંદિર બંધાવ્યું, જેનું શિલ્પ–સ્થાપત્ય અવલોકનીય છે. જેઠવાઓની આ સમૃદ્ધ રાજધાનીના ભગ્નાવ-શેષો આજે ભૂતકાળની ભવ્યતાનું ભાન કરાવે છે. બરડાની વાઘેર–મેર જાતિ આજે પણ બરડાની શોભા સમાન છે. અમરાપુરી (?) અને બિલેશ્વર બરડાનું એક પ્રાચીન તીર્થસ્થાન છે. મંદિરનું શિલ્પ કારીગિરીનો સુંદર નમૂનો છે. બરડાની બધી જ બાજુઓમાં દેવાલયો અને તીર્થસ્થાનો પથરાયેલા છે. બરડાનો આ આખો વિસ્તાર મને

તપોવન જેવો લાગ્યો. મંદિરો તથા વાતાવરણ જોતાં સ્પષ્ટ થાય છે કે પ્રાચીનકાળમાં આ બરડાવન પણ ગિરનારના ભરતવન અને શેષાવનની જેમ પુણ્યપવિત્ર તપોવન ( તપ–ભૂમિ ) રહ્યું હશે. સોન કંસારીનું પંચાદ્રી મંદિર ( ૯મી સદી ) પ્રાચીન શિલ્પનું પ્રતીક છે.

**ઇડર**—ગુજરાત અને રાજસ્થાનના લોકસાહિત્યમાં ઇડર–ગઢનો મહામૂલો ઉલ્લેખ છે —' અમે ઈડરિયો ગઢ જીત્યા રે ' ' ઊંચા ઊંચા ઈડરગઢનાં ડુંગરા હો જી, નીચા નીચા પણિયારીના ઘાટ. ' પાટણની પરી સાથે પ્રેમ બંધાય છે, પરંતુ પ્રણય–પરિણયમાં મુશ્કેલી છે, કારણ કે વચ્ચે ઈડરગઢના ઊંચા ડુંગર આવેલા છે. ખરેખર આજે પણ ઇડરનો ઇલાકો જોવા જેવો છે. કહ્યું છે કે—

" ઈડરે પંચરત્નાનિ ભૃગુ બ્રહ્મા ગદાધર ।
ચતુર્થં કર્ણનાથશ્ચ પંચમં ભુવનેશ્વરઃ । "

**ભુવનેશ્વર** અને **ગદાધર** ( શામળાજી ) પાસે તો હવે ડેમ બંધાઇ ગયા છે નદીઓ સરોવરોમાં પલટાઇ ગઈ છે. નૈસર્ગિક સૌંદર્યમાં વધારો થયો છે. ખિલોડાથી ભવનાથ જતાં લીલુડી ધરતીનો પથરાયેલો પાલવ લહેરો લેતો હોય છે ત્યારે જોનારનાં મનમાં આનંદના ઓઘ ઉછળે છે. શેરડીના ખેતરોમાં સાંઠા જેવી સુંદરીનો છણકો કરતો શણગાર અને વાંકડી મુંછે વટ ચઢવતો ફૂટડો જુવાન ખેડૂત, દુહો લલકારી રમણીના હૃદયને રસતરબોળ કરતો જોવા મળે છે ત્યારે ભવનાથ તરફ જતાં ભક્તનાં મનમાં પણ રંગ-તરંગ જાગી ઉઠે છે અને ખેડૂત–યુગલની તે પણ મનમાં તાલ મિલાવે છે—

"હાલ કટોરી હાલ રે, રમજણિયું રે પેંજણિયું વાગે !
શામળાજીને મેળે રે, રમજણિયું રે પેંજણિયું વાગે ! ! "

ઈંદ્રાસી નદી પર માંકડી ડેમને લીધે હવે તો ભવનાથને ચારેકોર પાણી લહેરા લ્યે છે. સરકાર પાકો રસ્તો બાંધવા વિચારે છે. શિવરાત્રિના સમયે અત્રે મેળો ભરાય છે. ગાડા ભરીભરીને શેરડીના સાંઠા વેચાવા આવે છે. દુકાનોની કતાર લાગે છે. ધક્કા ખાવા–ખવરાવવાની મેદનીમાં મજા પડે છે. યૌવનઘેલા યુવક–યુવતિઓ મેળામાં મુક્ત મને મોકળા થઇને મ્હાલે છે. ટોળે વળેલી આદિવાસી યુવતીઓ ગાય છે—

બાજરિયે લેર લાગી રે જોબનપેરનું બાજરિયું !

ખરેખર મેળામાં જોબનનો રંગ જામે છે અને બાજરિયે લેર લાગે છે ! ભવનાથના દર્શન અને મેળાનો રંગ એઉ મળીને શેરડીની ભારી ને પોખરજીની જાત્રા જેવું એક પંથ દો કાજ થાય છે. જો કે મેળામાં ઘણાંના ઘર વસે છે અને ઘણાંના ઘર તૂટે પણ છે. કુંવારી પરણે છે અને પરણેતર નવું નાતરું કરી નાખે છે. ઉભો મૂકીને (પતિને) બીજાને લઈ ઉડે છે !

ભવનાથનું મંદિર બહુ ભવ્ય નથી પણ શિવ–શક્તિનું ચરણામૃત–પાન તથા કેશર ચંદનના તિલકથી પવિત્ર–શાંતિનો અનુભવ થાય છે. દૂર દૂર બંધ દેખાય છે–ડુંગરોની હારમાળાની વચ્ચે ભવ્ય ભગવાન ભવનાથ સદીઓથી આસ્થાનું કેન્દ્ર બનેલા છે. અત્રેનો ચ્યવનકુંડ દર્શનીય છે. જેમાં સ્નાન કરવાથી બધા જ પાપ ધોવાઈ જાય છે એ લોકશ્રદ્ધા છે.

**શામળાજી (દેવગદાધર)** :— ધોરી માર્ગ પર હોવાથી હરરોજ મેળા જેવું જ દૃશ્ય રહે છે. દીપાવલી પછી કારતક સુદ ૧૫ પર મોટો મેળો ભરાય છે જે વદ ૧૧ સુધી રહે છે. ગુજરાત તથા આસપાસના પ્રદેશોથી લોકટોળા ઉભરાય છે. લગભગ એક મહીના સુધી મેળાનો રંગ ચાલુ રહે છે. ગુજરાતના મોટામાં મોટા મેળાઓમાંનો આ એક હોય છે. આદિવાસી તથા ભીલ પ્રજા માટે તો આ મેળો વાર્ષિક તહેવાર જ હોય છે. ભીલ પ્રજા રંગબેરંગી કપડાં પરિધાન કરી, દાગીના વગેરેથી શૃંગાર સજી મેળામાં આવે છે. કોઈ પાવા વગાડે છે, કોઇ ગીત ગાય છે તો કોઇ પોતાની આંખો વડે શિકારની શોધ ચલાવે છે. આ લોકમેળાને હું યુવક–મેળો કહું છું. ઉત્સાહી અને રસિયા લોકો આ મેળામાં આવવાનાં જ ! ખરીદ–વેચાણ માટે આવનારા લોકોને બાદ કરતાં બાકીના મોજ માણવા આવનારા યુવક–યુવતિઓ હોય છે. આ મેળાની સરખામણી હું સૌરાષ્ટ્રમાં માધવપુરના મેળા સાથે આંકું છું. ત્યાંની મેરાણી અને અત્રેની ભીલયુવતી બન્ને આ મેળાઓનું કેન્દ્ર બનતી હોય છે. માધવપુરમાં આયર, કણબી, કાઠી આદિ આવે છે એમ શામળાજીમાં પણ ઠાકરડા, રાજપૂત તથા અન્ય આદિવાસી આવે છે શામળાજી હવે તો ગુજરાતનું વિશિષ્ટ સ્થાન બનવા પામ્યું છે. દેવની મોરીના ખોદકામ પછી પુરાતત્ત્વની દૃષ્ટિએ તે મહત્ત્વનું સ્થાન બની ચૂક્યું છે. હવે દેવની મોરી મેશ્વોબંધ જળાશયના ઉદરમાં સમાવિસ્થ છે પરંતુ શ્યામસરોવરના આ બંધ પરથી ખીણ, પર્વતાવલિ, લોકમેળો અને ભગવાન ગદાધરનું ભવ્ય શિલ્પ-સમૃદ્ધ મંદિર અવર્ણનીય દૃશ્ય ઉભું કરે છે. લાખો રૂપિયા ખર્ચ કરીને મફતલાલ શેઠે આ મંદિરનો જે જીર્ણોદ્ધાર કરાવ્યો છે તે પછી તો તેના રૂપમાં નિખાર જોવા મળે છે. સૌંદર્યબોધની દૃષ્ટિએ તથા શિલ્પ–સ્થાપત્યની નજરે લાખોનો ખર્ચ વ્યર્થ નહિ કહેવાય ! ભગવાનને તો ભાવનાની જ જરૂર હોય છે પરંતુ લોકનજરને બધું જ ખપે ! શામળાજીની સામે થોડે દૂર નવગજાપીર, સીંગોડાવાળું તળાવ. ભગ્નાવશેષ સૂર્યમંદિર તથા અન્ય પ્રાચીન મંદિરોનો આ વિસ્તાર પ્રાકૃતિક સૌંદર્યની સાથે ધાર્મિક–આધ્યાત્મિક ભાવનાને પોષનારો બની રહે છે સંધ્યા સમયે તો અત્રે શીતલ–મંદ સમીરમાં સ્વર્ગીય શાંતિ અનુભવાય છે. બંધમાંથી પાણી વહેવડાવતી કલકલ કરતી સરિતા, વનરાજિથી શોભતી પર્વતમાળાઓ, ગગનમાં ઉડતી શામળાજીના શિખર પરની ધર્મધ્વજા તથા બંધની શોભા બધું મળીને ધરતીપર સ્વર્ગનુ સ્વપ્ન સાકાર કરે છે !

**કર્ણનાથ**નું નાનકડું પરંતુ રળિયામણા વાતાવરણમાં, ગિરિ-ચરણમાં આવેલું, ઈડરની બાજુમાં સ્થિત સુંદર દેવસ્થાન છે. મહાદેવના લિંગ નીચે જળનો કુંડ છે. પાણી ઉપર મંદિર છે એમ કહી શકાય ! જળ મીઠું મધુર અને શીતળ ! કેટલીક શિલ્પ કોતર–કામવાળી મૂર્તિઓ પણ છે. સંધ્યા સમયે ઇડરગઢના પશ્ચિમીય ઢોળાવ પર, આ મંદિર પરથી, દૂર સુદૂરના નાના ગામડાનાં ઘરો, ખેતરોમાં ફરતાં નર–નારીઓ તથા આખા વિશાળ વિસ્તારનું દૃશ્ય રમણીય બને છે. વર્ષાઋતુમાં અહીંનું સૌંદર્ય અપૂર્વ હોય છે. આજુબાજુની પ્રજા શિવરાત્રી પ્રસંગે અત્રે આવે છે ત્યારે મેળાની ઠઠ જામે છે. લોકજીવનના પચરંગીરૂપને જોઇને ડુંગર પણ ડોલતા

લાગે છે. ઇડર ગામથી ડુંગરોની હારોળ વટાવીને એક કલાકમાં જવાય છે બાકી તો બહુ દૂર પડે છે. કર્ણનાથથી દૂર દક્ષિણ બાજુએ ગાંધીજીના ગુરુ રાજચંદ્રજીનો આશ્રમ જોવા જેવો છે. અત્રેનું વાતાવરણ અજબ સુંદર છે ! શાંતિ અને આનંદની અનુભૂતિ અહીં આવનારને થયા વગર રહે જ નહીં. અહીં જૈન તીર્થ હોવાથી જૈન ધર્મશાળા પણ છે.

ઇડરગઢ ઉપર રણમલની ચોરી, જૈન મંદિર, નવગજાપીર, શિવ-મંદિર, પંચમુખી મહાદેવ, વેણી વત્સરાજનો કુંડ, કેટલીક ગુફાઓ તથા ઊંચી ટોચવાળા પર્વત શિખરો વગેરે રમણીય આહ્લાદક છે. રૂઠીરાણીનું માળિયું તો ઇડરગઢનો તાજ છે. અહીં આવ્યા પછી સ્વતઃ કહેવાઈ જાય છે— ખંડહર બતા રહે હૈં, ઇમારત કભી બુલંદ થી. અને- ઇન મહલોંમેં દૌડી હોગી, કભી જવાની હટ્ટીકટ્ટી!! રાણી કેમ રૂઠી હશે આ શિખર પર એકાકી જીવન જીવીને યૌવનનો ભાર કેમ કરીને સહન કર્યો હશે ? વિરહિણીનાં આંસુ કોણે પોંછ્યા હશે ? વિયોગમાં રાણીના કાળા ભમ્મર–જુવાન વાળ રૂપાના તાર જેવા ધોળા બનીને જીર્ણશીર્ણ થઈને આપોઆપ ખરી પડ્યા હશે ! રાજાઓની ક્રૂરતા અને રાણીઓની હઠ ! રા, વા ને વાંદરા ! ભલું પૂછવું એમનું ! ઇડરમાં પ્રવેશ કરતાં જ દરવાજો રૂડો લાગે છે. અંદર જતાં ત્રિપોલિયા–ઘંટાઘર ( પુસ્તકાલય )ની નીચે શાકભાજીવાળી સુંદરરિયો દેખાય. ફૂલ લ્યો, ગજરા લ્યો, લીંબુ લઈ જાઓ, કંકોડા ને કારેલાં તો મારા જ સારા છે, આવો એો... એો... બિચારી શું કહેવું તેની વિમાસણમાં એો... એો... કરતી રહી જાય છે. અને મરદ મૂછાળો મૂંછમાં મલકાતો ખિસ્સા ખોળતો ખસી જાય છે. સાંકડા બજારની સાંકડી શેરીઓ, પણ ઇડરની ગલીઓ ઘણી ઘણી રંગભરી હોય છે. રમકડાં, મીઠાઈ, ફરસાણ તથા વેલણ વગેરે તો ઇડરના જ વખણાય ! ઇડર જૈનોનું તીર્થધામ છે. શ્વેતાંબર તથા દિગંબર બન્નેના દેવાલયો છે. ઇડરથી જ હુંલડ જૈન વાણિયા વાગડમાં ( ડુંગરપુર-વાંસવાડાનો પ્રદેશ ) જઈ વસ્યા તે સદીઓ પુરાણી વાત છે. પ્રાચીનતમ કાળમાં તો અત્રે ભીલ માંડલિક રાજ્ય હતું. રાજપૂત રાજ્ય તો સેંકડો વર્ષ પછી થયું. પુષ્ટિમાર્ગી મંદિર પણ અત્રે છે શિવાલયો તો અત્રે ઘણાં જૂનાં તથા પ્રસિદ્ધ છે જ. ડુંગરની તળેટીમાં મહેલ પાસે આવેલ કુંડ દર્શનીય છે. રાજમહેલ પણ આગવી વિશિષ્ટતા ધરાવે છે. ડુંગરની ભીંતમાં આવેલ દૌલત-નિવાસ મહેલ ઘણો જ વિશાળ તથા સુંદર છે, પરંતુ આજે તો ભૂતિયા મહેલની માફક ઉજ્જડ વેરાન પડ્યો છે.

ભૃગુ **આશ્રમ**— ઇડરથી ખેડબ્રહ્મા જતાં જમણા હાથ પર ટેકરીઓની હારમાળા તથા નદીના પટ પાસે ભૃગુઋષિનો આશ્રમ છે. સમાધિ તથા ધૂણી છે આજે સ્થાન બહુ આકર્ષક નથી પરંતુ વાતાવરણ સુંદર છે. અને પ્રાચીન સંસ્કૃતિનું પ્રતીક હોવાથી માહાત્મ્ય વધુ છે. પાસે જ લક્ષ્મીનું મંદિર છે. ખુલ્લી હવામાં સ્થાન શોભતુ છે. નદી સપાટ છે પરંતુ ભીમા, હરણાવ અને કૌસંબી નદીઓનો ત્રિવેણી સંગમ થતો હોવાથી ધાર્મિક દૃષ્ટિએ મહત્ત્વપૂર્ણ છે. ઘણાં ભક્ત દર્શનાર્થિઓ સંગમમાં તર્પણાદિ ક્રિયા તથા સ્નાનાદિથી પવિત્રતા અને ધન્યતા અનુભવે છે. આ તીર્થનું માહાત્મ્ય પ્રભાસ-પાટણના સંગમ જેવું જ, આ ક્ષેત્રમાં, મનાય છે. પ્રાચીનકાળની આ તપોભૂમિ છે. નદી ઉપર સારો લાંબો પૂલ છે. ગામ બાજુએ બીજા કેટલાક મંદિરો આવેલ છે. ગામ વચ્ચે આવેલ **બ્રહ્માજીનુ** મંદિર ખરેખર ભવ્ય અને દર્શનીય છે. બ્રહ્માજીની મૂર્તિ તો અદ્વિતીય કક્ષાની કહીએ એવી છે. મંદિરની સામે મોટી વાવ ( કુંડ ) છે. ભારતમાં બ્રહ્માની આવી મૂર્તિઓ જવલ્લે જ જોવા મળશે. ખેડ–બ્રહ્મા નામ પરથી જોઈ શકાય છે કે આખો વિસ્તાર ભૃગુ તથા બ્રહ્માજીના નામ સાથે સંબંધિત છે. ખેડનો આખો ઇલાકો યજ્ઞ અને જપ–તપની ભૂમિ રહી છે. ઉત્તર દિશામાં અંબામાતાનું મંદિર તથા કુંડ અને ધર્મશાળાઓ છે. આ નાના અંબાજીના અથવા ખેડ–અંબાજીના નામથી પ્રસિદ્ધ દેવીના દર્શનાર્થે નિત્ય અનેક લોકો આવે છે. માતાજીની મૂર્તિ અતિસુંદર–હમણાં બોલશે એવી લાગે છે. અખંડ ઘૃત–જયોત જલતી રહે છે. સિંહની સવારી ઉપર દેવીનુ સ્વરૂપ ભવ્ય લાગે છે. સોના–ચાંદી હીરા–મોતી વગેરેથી દેવી શોભે છે. દરવાજાના કમાડ ચાંદીથી જડેલ છે. મંદિર નાનું પરંતુ ધાર્મિક ભાવનાને લીધે પવિત્રતા તથા શાંતિ બક્ષે છે. આજુબાજુ બહુ વિસ્તાર છે. નવરાત્રિમાં આસો સુદ ૧થી ૧૫ સુધી મોટો ઉત્સવ થાય છે. ખેડ–અંબા દર્શનીય સ્થળ છે.

**મોટા અંબાજી**— ખેડબ્રહ્માથી મોટા અંબાજી જવાય છે આ સ્થળ દાતા–અમ્બાજી પણ કહેવાય છે. સામે ગબ્બરનો ગોખ ડુંગરની ચોરી ઉપર છે જ્યાંથી રાત્રે બળતો ઘૃત–દીપ આ અંબા-માતાએથી જોઈ શકાય છે. મંદિર ઊંચાઈ ઉપર છે ભક્તોની ભીડ હોય છે. રાજસ્થાન તથા ગુજરાતભરમાંથી લોકોની ઠઠ જામે છે લગ્ન પછી યુગલો અંબાજીના આશિર્વાદ મેળવવા આવે જ. સંધ્યા સમયની આરતીનો અજબ મહિમા છે. આંખ તથા ચાંલ્લાના સ્થળે અસલી હીરા–મોતી તથા કાન, નાક, ગળા, હાથ વગેરેના આભૂષણો કીમતી તથા તેજથી ઝળહળતા રૂપવૃદ્ધિ કરે છે અહીં પૂજારી-પંડા પૈસા પડાવવાના પરાક્રમો કરે છે તે ક્ષોભજનક છે પરંતુ હિન્દુઓના બધા જ ધામિક સ્થળોએ આ અનિષ્ટ તો વ્યાપક છે જ. ગ્રામપ્રવેશનો પંચાયત દ્વારા લેવાતો યાત્રિવેરો પણ બહુ છે જે અંગે પતપ્રધાન સુધી લખવા છતાં બધું અરણ્યરોદન રહ્યું છે.

ગબ્બરનો ગોખ માઈલ જેટલો દૂર છે. અને ડુંગર ચઢવો સહેલો નથી પણ યુવાન લોકો ત્યાં પણ પહોંચે છે અંબાજીની આસપાસનો વિસ્તાર કુદરતી રમણીય અને પ્રાકૃતિક સૌંદર્યથી સભર છે. ચોમાસામાં ભક્તોની ભીડ કંઈક ઓછી હોય છે પરંતુ સૌંદર્યમાં વૃદ્ધિ થાય છે. લીલોતરીથી ડુંગરાળ ધરતીનું યૌવન ખીલી ઉઠે છે. નવરાત્રી તથા ઉનાળાના દિવસોમાં જનપ્રવાહ બહુ ઉમટે છે. ત્યાંથી આબુ નજદીક છે એટલે સહેલાણીઓ–યાત્રીઓ જતાં–આવતાં અંબાજીનો લાભ લઈ લેવો ચૂકતા નથી. ગુજરાત તથા રાજસ્થાનની સરહદો અહીં બહુ દૂર રહેતી નથી એટલે આ સ્થળ બન્ને પ્રદેશો માટેનું આકર્ષણ કેન્દ્ર છે.

**કુંભારિયાજી**ના પ્રસિદ્ધ શિલ્પ સ્થાપત્યથી સમૃદ્ધ મંદિરો અંબાજી પાસે જ છે તેથી જૈન ભક્તો ઉપરાંત કલાપ્રેમીઓ ઉમટે છે. ખેડથી આવનાર વ્યક્તિ અંબાજી–આબુની સાથે જ કુંભારિયાજીના નૈસર્ગિક તથા માનવકલાની કુશળ કારીગિરીનો દર્શન–લાભ કરે જ

છે. તેરમી સદીમાં વિમલશા દ્વારા નિર્મિત આ જૈન મંદિરોમાં આબુના દેલવાડાના મંદિરોને ટક્કર મારે એવું કોતર કંડારાએલ છે. આ વિષે ઘણા ગ્રંથોમાં વિવેચન છે તેથી હું વિસ્તાર નહીં વધારતા એટલું જ કહીશ કે ભારતીય શિલ્પકલાનું અને શ્રેષ્ઠતમ જૈન શિલ્પ–સ્થાપત્યનું અસલ સ્વરૂપ ગુજરાતની ધરતીના આ સ્થળે આજે મોજૂદ છે જૈન મંદિરો, તોરણદ્વાર, સ્તંભ, ઘુમ્મટ તથા છતમાં ઝુમ્મર શોભા–કોતરકામ, મૂર્તિઓ વગેરેમાં જાણે સંગમરમર–આરસપહાણને ગાંઠોવાળીને ગોઠવણ કરી છે એમ લાગે છે. રસદર્શી શિલ્પીઓએ પોતાની કલ્પના, સૌંદર્યભાવના (Aesthetic Sense) તથા કસબને શિલ્પમાં મૂર્તરૂપ આપ્યું છે. જે લોકો આબૂના દેલવાડાના જૈન મંદિરો ન જોઈ શકે તે કુંભારિયાજીના આ જૈન મંદિરોથી સંતોષ અનુભવી શકે છે. આ જોયા પછી ઊણપ નહીં જ રહે જૈન લોકોએ પાલીતાણા, ગિરનાર, તારંગા, આબુ તથા કુંભારિયાજીના દેરાસરો બંધાવ્યા તેમાં ધાર્મિક ભાવના જ મુખ્ય હતી પરંતુ આપણા દેશના કલાકાર કારીગરોએ પોતાની કલાદ્વારા આ મંદિરોને માનવીય પુરુષાર્થ, માનવીય ભાવના અને માનવીય રસસૃષ્ટિના પ્રતીક બનાવી દીધાં છે. આ શિલ્પ-સ્થાપત્ય જોઈને દાદ દીધા વગર રહી શકાય જ નહીં. ભારતીય સભ્યતા–સંસ્કૃતિના ગૌરવના આ મંદિરો તથા શિલ્પો પ્રતીક છે.

ઉત્તર ગુજરાતમાં અમુક સ્થળોએ જૈન પ્રજાની વસ્તી ઘણી હતી. વ્યાપાર તથા વ્યાજવટામાં કુશળ આ વણિકો ધાર્મિક પણ ઘણા. તેમની ધર્મભાવનાએ કળાને જન્મ અને પોષણ આપ્યું એમ હું કહી શકું છું. બીજી તમામ પ્રજાઓની સરખામણીમાં પૈસાદાર હોવાને લીધે જૈન લોકો મોટાં દેવળો બંધાવી શકયા જેમાં શિલ્પ–કસબીઓ પોતાની કળા પ્રગટ કરી અમર બની ગયા.

**મહેસાણા**—વિ. સં. બારમા–તેરમા સૈકામાં મહેસાજી ચાવડાએ આ સ્થાન આબાદ કર્યું. અત્રે જૈન વસ્તી વધારે હોવાથી જૈન દેરાસર બન્યા નવ જૈન દેરાસર અહીં આજે પણ છે. તેરમા સૈકાથી અત્રે મસ્જિદો પણ બંધાવા લાગી. આજે હિન્દુ, મુસ્લિમ, જૈન સર્વનાં સુંદર દેવસ્થાનો જોવા જેવાં છે. ચામુંડા માતાજી તથા તોરણાવાળી માતાજીના મંદિરો પણ બંધાયા. આ માતાજીની દેરીમાં મહેસાણાના સ્થાપનકાળથી અખંડ ઘીની જ્યોત જલે છે. પરામાં અંબાજી માતા પાસે બોતેર કોઠાની વાવ દર્શનીય છે. આજે અહીં ખાસ દર્શનીય દૂધસાગર ડેરી છે.

**સિદ્ધપુર**:—સિદ્ધપુરનો આગવો ઇતિહાસ છે જે કદી ભૂંસાયો નથી અને ભૂંસાઇ શકે તેમ નથી. અહીંનો ઐતિહાસિક રૂદ્રમહાલય (જેનો પાયો ૯૬૬માં મૂળરાજે નાખ્યો હતો.) ગુજરાતના ગૌરવ સમો છે આ ઇમારતનો ઇતિહાસ પણ રોમાંચક છે. આક્રમકોએ એના ઉપર પ્રહારો કર્યા પરંતુ એ જીવન પામતો જ રહ્યો. તેની સ્થાપના પછીના દોઢસો વર્ષ પછી સિદ્ધરાજના શાસનકાળમાં બર્બરક નામના બર્બરે તેને તોડવાનું પાપ–કૃત્ય કર્યું સિદ્ધરાજે ૧૧૯૪–૯૫માં તેનો જીર્ણોદ્ધાર કરાવ્યો. સં ૧૩૫૪–૫૫માં ફરીથી અલાઉદ્દીનના સરદાર અલફખાને તેનો નાશ કર્યો પરંતુ તેનો ઘણો ખરો ભાગ બચી જવા પામ્યો હતો. સં. ૧૪૭૧માં અમદાવાદ વસાવનાર અહમદશાહે તેનો સંપૂર્ણ સર્વનાશ કરી તેના પાછળના ભાગમાં મસ્જિદ બનાવી દીધી. આજે પણ આ મસ્જિદ મોજૂદ છે. પ્રવેશ કરતાં અવશેષરૂપ બે-ત્રણ દેરીઓ, મંડપના સ્તંભો અને કલાકૃતિઓ નજરે પડે છે. શિવજીના ઐતિહાસિક મંદિરના ભવ્ય અવશેષોમાં આજે તેના પ્રવેશદ્વાર (તોરણ દ્વાર)ની કોતરણી કાળથી કથની કહેતી જીવંત છે. સિદ્ધરાજ જયસિંહ દ્વારા બંધાયેલ રુદ્રમાળની કમાન જે કુંડવાવની પૂર્વદિશામાં સ્થિત છે તેનું વર્ણન નજરે જોનાર પણ કહી શકે નહીં. સોલંકી યુગની શિલ્પ–સ્થાપત્ય કલાનો વિકાસ બહુ જ થયો અને કચ્છ–કાઠીયાવાડ તથા સૌરાષ્ટ્ર–ગુજરાતથી માંડીને મેવાડ–મોલવા તથા વાગડ (રાજસ્થાન) વગેરેમાં એના અવશેષો આજે પણ ઉપલબ્ધ છે. આંતરસુબા પાસે નદીના કિનારે સહેવંત સાવળિંગાના મંદિરોના જ્યાં અવશેષ આવેલા છે ત્યાં મંદિરના અવશેષ રૂપે એક કમાન છે જો કે રૂદ્રમાળની કમાન જેવી જ સલામત નથી પણ એ જ શિલ્પનો નમૂનો છે ડુંગરપુર તથા વાંસવાડાના વાગડમાં ઘણી જગ્યાએ અને ખાસ કરીને અરથૂણા–તલવાડા તથા ગલિયાકોટમાં આ જ પ્રકારનું સ્થાપત્ય વિકસ્યું હતું. આખા ગુજરાતમાં આવી કમાનો બંધાઈ પણ આક્રમકોના હાથે લગભગ બધી જ નાશ પામી અને આજે તો કયાંક અવશેષો જ જોવા મળે છે જે તેની કોતરણી, કારીગિરીનું પ્રતીક પૂરું પાડે છે. કુંભારિયા, આબૂ-દેલવાડા, પાલિતાણા, તારંગા, ગિરનાર વગેરે મંદિરોમાં જે શિલ્પ–કૌશલ્ય જોવા મળે છે તેવું જ આ નમૂનાઓ પણ આપે છે. કાશ આ રૂદ્રમહાલય અખંડ આબાદ રહ્યો હોત તો સેંકડો તાજમહાલને મ્હાત ન કર્યા હોત ? અહીં બિંદુ સરોવર પણ પ્રસિદ્ધ દર્શનીય સ્થાન છે.

**પાટણ**— પાટણની પ્રભુતા માટે તો આપણે શ્રી ક. મા. મુનશીનું શરણ શોધવું જ રહ્યું. શ્રી મુનશીએ પોતાની ઐતિહાસિક નવલકથાઓમાં ગુજરાતના ગૌરવશાળી ઇતિહાસને વાચા આપી છે, પાત્રોને પુનર્જન્મ આપ્યો છે. પાટણના પટોળા, પાટણની કાષ્ટ કોતરણી અને પાટણનગરીની પ્રાચીન ઐતિહાસિક ગૌરવગાથા આજે પણ ગુજરાતમાં વિશિષ્ટ સ્થાન ધરાવે છે. પાટણનું સહસ્ત્રલિંગ તળાવ પણ પ્રસિદ્ધ છે. સહસ્ત્રલિંગ ઐતિહાસિક સ્થળ છે અને સુંદર તથા દર્શનીય છે.

**વડનગર**ના તોરણો સુપ્રસિદ્ધ છે જ. આ સ્થળનું ઇતિહાસ તેમજ પુરાતત્ત્વની દૃષ્ટિએ ઘણું મહત્ત્વ રહેલું છે. વડનગર, સિદ્ધપુર અને પાટણ એ ઉત્તર ગુજરાતના ઐતિહાસિક દર્શનીય સ્થળો છે.

**મોઢેરા**— મોઢેરાનું સૂર્યમંદિર જોવાલાયક છે. શિલ્પમાં દેહસૌંદર્યના દર્શન કરવા હોય તો મોઢેરા સૂર્યમંદિરમાં ઇન્દ્રના મૂર્તિના દર્શન કરવા જરૂરી બને છે. કારીગરોએ કમાલ કરી છે એમ કહેવું પડે છે. અદ્‌ભુત કોતરકામ કર્યું છે. કામની બારીકી આશ્ચર્યાભિભૂત બનાવી દે છે. આ સૂર્યમંદિરની કમાનો પણ અદ્વિતીય છે, અને રુદ્રમાલની કમાનોને ટક્કર આપે એવી છે. આનું કારણ એક જ સિદ્ધપુરનું રુદ્રમાલ હોય કે વડનગરનો તોરણ હોય, મોઢેરાનું સૂર્યમંદિર હોય કે બીજી એ કાળની કમાનો હોય, શિલ્પ સ્થાપત્યનું એક જ ' પેટર્ન ' હોવાથી એક જ પદ્ધતિની કારીગિરી સર્વત્ર જોવા મળે છે. આ કમાનો એક પછી એક એમ સ્તંભો પર એવી તો શોભે છે કે જોઈને દિલ ખુશ ખુશ થઇ જાય છે. અને કલાપર

મોહિત થઈને મન વાહ વાહ પોકારી ઉઠે છે. ધન્ય છે ગુર્જરભૂમિ કે જેની ધરતી પર આજે પણ ઇતિહાસ, ધર્મ, સંસ્કૃતિ, કળા અને શિલ્પના અદ્ભૂત પ્રતીકો ઉપલબ્ધ છે. મોઢેરાના માર્તંડ મંદિરના ચરણોમાં જલકુંડ, જલ સુધી જવા માટેના પગથિયાં ( સોપાન ) અને મંદિરના અવશેષો ઉપરાંત આસપાસના ખંડેર પ્રાચીન શિલ્પ સ્થાપત્યની ભવ્યતાના પ્રતીકો છે. મહેસાણા જીલ્લામાં આવેલ આ મોઢેરાના સૂર્યમંદિરની કમાનો પ્રાચીનકાળથી જ પ્રસિદ્ધ છે. સૂર્યમૂર્તિ નથી પરંતુ બીજી મૂર્તિઓ જોવા જેવી છે. આશરે ૧૦૨૬-૨૭ માં બાંધવામાં આવેલ આ સૂર્યમંદિર પ્રભાસપાટણમાં આવેલ સૂર્યમંદિર (સં. ૧૦ શતક) તથા તલવાડા ( વાંસવાડા–રાજસ્થાન ) ના સૂર્યમંદિરની યાદ આપે એમ છે. ૧૦–૧૧ સદીમાં સૂર્યપૂજા પણ કેટલી વ્યાપક હતી તેના આ સૂર્યમંદિરો પ્રતીક છે. શિવ–શક્તિ અને સૂર્યની પૂજા સમગ્ર દેશમાં વ્યાપક હતી તેના આ ઉદાહરણો છે.

**મીનળ સરોવર**—વીરમગામ પાસે આવેલ મીનળ સરોવર ઐતિહાસિક છે. આ સરોવરના કિનારે સહસ્ત્રમંદિરો હતાં જેના આજે તો ખંડિયેર માત્ર દૃષ્ટિગત થાય છે.

**નળ - રોવર**—વીરમગામ નજીક આવેલ આ નળસરોવર આજે વિહારસ્થળ બની ચૂક્યું છે. શિયાળામાં લોક આકર્ષણનું કેન્દ્ર છે. આ વિશાળ સરોવરમાં વિહાર કરવા માટે દેશવિદેશના રંગબેરંગી પક્ષીઓ દૂર સુદૂરની યાત્રા કરીને આવે છે અને માઇલો સુધી પાણી તથા ટાપુ ઉપર પથરાઇને વિચરણ કરતા કિલ્લોલ કરે છે. પક્ષીઓની આ રંગીન દુનિયા માનવજાતને **चरवैति धर्मः** અને આનંદ એ જ જીવનનો માનો બોધ આપે છે. અસંખ્ય પક્ષીઓનો આ અદ્ભૂત સુંદર મેળો દર્શનીય હોય છે.

**બહુચરાજી**—આ ધાર્મિકસ્થળ બહુચરાદેવીનું સ્થળ છે. અહીં ચૈત્ર સુદ ૧ પર મેળો પણ ભરાય છે. મહેસાણા જીલ્લો અનેક બાબતોમાં મોખરે રહ્યો છે. અને ઉપર વર્ણિત મોઢેરા, રુદ્રમાળ, તારંગા, વડનગર વગેરે આ જિલ્લામાં જ આવેલ છે. જૂનાગઢનો મેળો, તરણેશ્વરનો મેળો, વાત્રક મેળો, શામળાજી મેળો અને વૌઠાના મેળાની જેમ બહુચરાજીનો મેળો પણ પ્રખ્યાત હોય છે.

**વીરેશ્વર**—ઇડરથી વિજયનગર જતાં વનવિસ્તાર આવે છે. ડુંગરાળ ભૂમિમાં પ્રાકૃતિક સૌંદર્ય નીખરતું જોવાનો લ્હાવો વર્ષાઋતુમાં વિશેષ માણી શકાય છે. ઇડરથી વીશેક માઈલના અંતરે (એસ.ટી. માર્ગની ડાબી બાજુએ) વિજયનગર જતાં વીરેશ્વરનું નૈસર્ગિક સૌંદર્યધામ આવે છે. જંગલ ગાઢ છે અને પર્વત વનાચ્છાદિત હોવાથી આખું વાતાવરણ બહુ જ રમણીય છે. ડુંગરની ભીંતમાંથી વહેતું ઝરણું વક્રાકાર ગતિથી નીચે આવતાં કુંડમાં સમાઈ જાય છે અને ત્યાંથી આગળ જતાં નાની નદીની ધારાના રૂપમાં પરિણિત થાય છે. શીતલ મંદ સમીર, વીરેશ્વર મહાદેવનું પ્રાચીન–સુંદર તેમજ પવિત્ર દેવાલય અને નાના પ્રકારના વૃક્ષો તથા લતાઓની વચ્ચે પક્ષીઓનો મધુર કલરવ–આ બધું સુંદર લાગે છે. એ ઘડી માટે તો બાલારામને પણ વિસરાવી દે એવું દૃશ્ય દેખાય છે. આસોપાલવના ઊંચા ઊંચા વૃક્ષો અને ઘનઘોર ઘટાટોપ વનવૈભવથી ઓપતું આ વીરેશ્વર ધામ ગુજરાતના કાશ્મીર સમું લાગે છે. ભર ઉનાળામાં પણ શીતલ શાંતિ અહીં જેવી મેં બીજે નિહાળી નથી.

**આંતરસુબા**—વીરેશ્વરથી આંતરસુબા ગામ પાસે આસ્તિક આશ્રમ પાસે જ નાની નદી તીરે સદેવંત સાવળિંગાના કહેવાતા મંદિરો જોવા મળે છે. એક શિવમંદિર ઉંચા ટેકરાપર છે. આ શિવાલયની જગતીની લંબાઇ ૧૧૬ ફૂટ, પહોળાઈ ૬૪ ફૂટ અને ઊંચાઇ ૧૪ ફૂટ છે. પશ્ચિમાભિમુખ આ મંદિર આગળ તેના પડથાર ઉપર એક ખંડિત પરંતુ ભવ્ય તોરણ કમાન રૂદ્રમાળ, વડનગર મોઢેરા અને ઘુમલીની કમાનોની યાદ આપે છે. મારૂં મંતવ્ય છે કે એક જ પેટર્ન–પદ્ધતિના લીધે ૧૦૦–૨૦૦ વર્ષોના ગાળામાં નિર્મિત આ જુદા જુદા સ્થળોનું સ્થાપત્ય એક જ યુગની (સોલંકી) સ્થાપત્યકલાનું ઉદાહરણ છે. આગળ હું લખી જ ગયો છું કે ૧૦મી થી ૧૫ સદીના ગાળાના ઘણા મંદિરો, તોરણ કમાનો તથા મૂર્તિઓ સમગ્ર ગુજરાત તથા મેવાડ માળવા એવં રાજસ્થાન વગેરે સુધી પથરાયેલ આજે પણ જોવામાં આવે છે. આ વિષે ગુજરાત સંશોધન મંડલની પત્રિકામાં હું તથા કે. કા. શાસ્ત્રીજી વર્ષો પૂર્વે વિસ્તારથી લખી ચૂક્યા છીએ. આ શિવમંદિર ભગ્નાવશેષ છે પરંતુ તેનો ગર્ભગૃહ સલામત છે અને દ્વારશાખા ખરેખર જ અદ્વિતીય શિલ્પવાળી છે. સામેના ટેકરા ઉપર પણ બે મંદિરો છે. શિખર ખંડિત છે પરંતુ ગર્ભગૃહની દ્વારશાખ તેમ જ સ્તંભોના અલંકૃત અવશેષો આકર્ષક તેમ જ પૂર્ણવિકસિત શિલ્પકલાનું પ્રમાણ રજૂ કરે છે. એક મંદિરની લંબાઈ ૨૪ ફૂટ અને પહોળાઇ ૧૦ ફૂટની છે. તેનું શિખર ૩૨ ફૂટની ઊંચાઈ ધરાવે છે. ૧૧મી સદીના લાગતા આ મંદિરની જંઘામાં ભદ્રની અંદર અગ્નિ તેમજ શિવની મૂર્તિઓ દેખાય છે. ડેબરીજમાં પડેલ મયૂરસવાર કાર્તિકેય, શિવ–પાર્વતી, બ્રહ્મા–સરસ્વતી, લક્ષ્મીનારાયણ તથા અન્ય દેવદેવીઓની સુંદર મૂર્તિઓ શિલ્પકલાની ખૂબી પ્રસ્તુત કરે છે. બીજું મંદિર પણ એ જ કાળનું ૩૬ ફૂટ લંબાઈ તથા ૧૮ ફૂટ પહોળાઇવાળું ખંડિત જ છે. ડુંગરની ભીંતમાં આ મંદિરો છે અને તેમના ચરણોમાંથી વહેતી નદીના નીર કલકલ નાદ નિનાદિત કરતાં સ્વરમુખરિત મનોરમ સંગીતમય વાતાવરણ પ્રસરાવતા પ્રસરાવતા વહે છે. સદેવંત સાવળિંગાના હોય કે લાખા વણજારાના હોય પરંતુ સહસ્ત્રવર્ષ પુરાતન મંદિરો આપણી શિલ્પસમૃદ્ધિના બેનમૂન પ્રતીકો તો છે જ.

આંતરસુબા ગામથી ઉપરના ભાગમાં નદીની ઉત્તર બાજુએ એક બીજો મંદિરસમૂહ પણ અત્રે અવલોકનીય છે. બે મજલાવાળા વલાનકવાળું ઘાટીલું તથા વિશાળ રંગમંડપવાળું ભગ્ન જૈન મંદિર દર્શનીય છે. તેની પ્રવેશ ચોકીની આગલી હરોળના ઘટ પલ્લવ સ્તંભો અદ્વિતીય છે. ૧૧–૧૨ સદીના મંદિરોની ભવ્ય શિલ્પ સ્થાપત્યકલાનો જ આ પ્રકાર નિઃશંક છે. બીજા મંદિરનું શિખર ગાયબ છે. દીવાલો ઉપર દેવાંગનાઓ તથા દિગ્પાલોની સુંદર આકૃત્તિઓ કંડારાયેલ છે. બાજુમાં બીજું મંદિર પણ છે. જેની દ્વારશાખ પર જિનપ્રતિમા છે. આ જૈનમંદિરો પોળોના જૈનમંદિરોના અંગરૂપ છે એમ મને લાગે છે. આંતરસુબા વિસ્તારના આ મંદિરભાગથી વિજયનગર સુધીમાં પોળો સંસ્કૃતિનો અભ્યુદય પોતાની પૂર્ણકક્ષાએ પહોંચેલ હશે એમ મને લાગે છે.

**સરણેશ્વર**—આભાપુર ગામથી થોડે દૂર સરણેશ્વર મહાદેવનું ભવ્ય, ભગ્ન શિવાલય આવે છે. દૂરથી જોતાં પહાડોની હારમાળા

આંખ આડી આવીને અડીખમ ઉભી થાય છે ઘડીભર તો વિચાર થાય છે કે પર્વતોમાં માર્ગ ક્યાં હશે પરંતુ આગળ ખીણમાંથી રસ્તો મોકળો બને છે. સર્વપ્રથમ પલાશવન જેવું મોટા મોટા ખાખરાના વૃક્ષોનું વન પસાર કરતાં સરણેશ્વર મહાદેવનું મંદિર આવે છે. આ મંદિર ખરેખર વાસ્તુકલાના નમૂનેદાર ઉદાહરણ સ્વરૂપ છે. અંદર ચાર સ્તંભોવાળો નંદીમંડપ છે. નિજમંદિર પ્રદક્ષિણા માર્ગવાળું બે મજલી છે. મંદિરની પીઠમાં ગ્રાસપટ્ટી છે. મંદિર સામે ઢગલાબંધ મૂર્તિઓ પડેલી છે. કોતરકામ તથા કારીગિરી ઊડીને આંખે વળગે એવાં છે. લગભગ ૧૨મી સદીનું આ ભવ્ય મંદિર સોલંકી યુગની પંચાયતન શિલ્પસ્થાપત્ય પ્રકારની કલાનું પ્રતીક છે. ગુજરાત–સૌરાષ્ટ્ર–કચ્છ–કાઠિયાવાડ અને વાગેડ વગેરેમાં એક જ પેટર્નથી આવા મંદિરો બંધાયેલા. આ મંદિરની ફરતે જે જુદા જુદા થરો પર હાથીઓ, કિન્નરીઓ, દેવી–મૂર્તિઓ, ભોગાસનો, શિવ–વિષ્ણુ આદિ અવતારોનું અદ્‌ભુત આલેખન છે. અત્રે શિલા-લેખ છે જે ઐતિહાસિક મૂલ્ય ધરાવે છે. ચાર છેડા ઉપર નાના મંદિરો અને વચમાં વિશાળ દેવાલયની સોલંકી પદ્ધતિવાળી રચના અત્રે જોવા મળે છે પ્રાચીન સોમનાથના ઘાટનો ખ્યાલ આવે છે. બીજા મંદિરો નષ્ટપ્રાય થતાં ભગ્નાવશેષો જોવા મળે છે. ગધેડે ગાળના પ્રતીક ઉપરાંત પરસ્ત્રી–ગમન કરનારને પત્નીના હાથે પકડાઈ જતાં જે સ્થિતિ હોય તેના ચિતાર પણ પત્થરમાં અંકિત છે. વિવિધ ભોગ કોતરીને કારીગરોએ કંટાળામાં કલ્પનાસુખ માણ્યું હશે એમ લાગે છે. કુદરતના વાતાવરણમાં ગિરીગોદમાં આ દેવસ્થાન ખરેખર દર્શનીય છે–ઐતિહાસિક દૃષ્ટિએ તથા પુરાતત્ત્વની દૃષ્ટિએ અવલોકનીય છે. ગળતેશ્વરના જેવું જ સરણેશ્વરના મંદિરનું શિલ્પ ગૌરવ પણ છે.

**પોળોનગર**—સરણેશ્વરથી વિજયનગર જતા માર્ગે જંગલ–ખીણમાં પ્રવેશ કરતાં હરણાવ નદી પાર કરવી પડે છે. પ્રાચીન ઐતિહાસિક કાળના પ્રતીક પરકોટા ( દીવાલ ) અને દરવાજે આવે છે ત્યાં શિલાલેખ છે. ભીતરના ભાગમાં મંદિરોના ખંડિયેર છે. આખી શિલ્પકળા ઉપર વર્ણન કર્યા મુજબની જ છે. આગળ જતાં રાજાઓની છત્રીઓ આવે છે. પાળિયાઓ તથા લેખો ઐતિહાસિક સામગ્રી પૂરી પાડે છે. આખો વિસ્તાર ચારે બાજુથી ડુંગરોથી ઘેરાયેલ અને વનાચ્છાદિત છે. પાસે હિરણ્યા ( હરણાવ ) નદી વહે છે છત્રીઓથી ખીણમાં ઉત્તર દિશામાં પ્રયાણ કરતાં અસંખ્ય મંદિરોના અવશેષો આજે મોજૂદ છે. પ્રથમ, લાખાની દેરી અત્રે દર્શનીય છે. મંદિરો જાણે ધુમલીના નવલખાનો જોટો જોઈ લો. મે કહેલું જ છે કે આખી એક પરંપરા સર્વત્ર વ્યાપક હતી જે ઠેર ઠેર જોઈ શકાય છે. હિન્દુ અને જૈન બન્નેના મંદિરો છે. આખી ખાણ અવશેષોથી ભરેલી છે અને ઉત્પન્નની યાદમાં ઐતિહાસિક મૂલ્યોને સાચવીને પ્રતીક્ષામાં પડી રહેલી લાગે છે. મોટા મંદિરની અંદર આરસપહાણ ( સંગેમરમર ) ની એક લાટ સળંગ એકપત્થરની અદ્‌ભુત-અપૂર્વ કહી શકાય તેવી છે. કદી અવશેષ ધરાશાયી થાય તો આ સલામત સ્તંભ તૂટી જશે એમ મને લાગે છે. મૂર્તિઓ ચોરાઈ જવા પામી છે કે પછી પ્રભુ પાંખો કરીને ઉડી ગયા તે તો પરમાત્મા જાણે પરંતુ જે કાંઈ આજે છે તે રક્ષા માગી લે છે. આખી ખીણમાં ચોકીદાર ( રક્ષક ) ને સાથે લઇને ફરી ફરીને મેં જોયું તો પોળો-નગરની ભવ્યતા, વિસ્તાર. સમૃદ્ધિ તથા સભ્યતા–સંસ્કૃતિનો સહેજ ખ્યાલ આવ્યો. ખીણ જ નહીં પરંતુ સરણેશ્વરથી વિજયનગર સુધી પથરાયેલ આખો વિસ્તાર પોળોમાં સમાવિષ્ટ હતો એમ લાગે છે. પર્વતોની ટોચ પર પણ કેટલીક દેવી દેવતાઓની દહેરીઓ દેખાય છે. આખા વિસ્તારનો પ્રવાસ ખેડીને ઇતિહાસ, સભ્યતા, સંસ્કૃતિ, શિલ્પ–સ્થાપત્ય–પુરાતત્ત્વનો વ્યવસ્થિત અભ્યાસ કરવાની આવશ્યકતા છે. આખું ક્ષેત્ર અતિ રમણીય તથા મનોરમ સુષમાથી યુક્ત છે. માત્ર આ ખીણમાં જ ચૌદેક જેટલાં દેવાલયો સલામત છે, જો કે સંપૂર્ણ સાજા નથી જ. ભગ્નાવશેષ અને ઢગલાઓ પરથી, અનેક ઈમારતોનો સ્પષ્ટ અંદાજ છે. શૈલી તથા કંડારકામ પરથી સમય ૧૫ મી સદીનો અને તે પૂર્વેનો પણ લાગે છે. આ શિલ્પ સ્થાપત્ય ગુજરાત ( સોલંકી ) રાજસ્થાનની સંયુક્ત કલાનાં પ્રતીક સમાન છે લાખાના ડેરા નામથી ઓળખાતું જૈન મંદિર આ બધામાં વિશાળ છે— ૯૦ ફૂટ લંબાઈ અને ૬૪ ફૂટ પહોળાઈના ક્ષેત્રફળમાં સ્થિત છે. નિજમંદિર ૧૯ ફૂટ ચોરસ માપનું છે. બારશાખના લલાટબિંબ તરીકે ઓળખાતી જિન પ્રતિમા જોઈ શકાય છે. મંદિરની દિવા-લોમાં અદ્વિતીય એવું જાળી કોતરકામ છે ગવાક્ષોમાં (ગુઢમંડપના ભદ્રના) વિવિધ પ્રકારની જાળીઓ જોવા જેવી છે મંદિરનું કંડાર-કામ ખરેખર જ બહુ જ સુંદર, સુઘડ અને ભવ્ય છે.

**દ્વારકા** :— ભારતના ચારે દિશાનાં મુખ્ય ચાર ધામો પૈકીનું એક દ્વારકા પૌરાણિક તીર્થસ્થાન છે. ભગવાન શ્રી કૃષ્ણે કુશસ્થળીને સ્થાને દ્વારકા વસાવી. મૂળ સ્થળ અને વતમાન દ્વારકા વિશે વિદ્વા-નોમાં મતભેદ છે આચાર્ય કે. કા શાસ્ત્રીજીએ પથિકના અંકોમાં આ વિષે સારો એવો પ્રકાશ પાડ્યો છે તેથી મારે વિશેષ કશું કહેવાનું નથી. વર્તમાન મંદિરનું નિર્માણ શ્રી કૃષ્ણના પૌત્ર વૃજ-નાભ દ્વારા થયું હોવાની માન્યતા છે. આ પાંચમાળનું મંદિર મોટું–ઊંચું છે. ૧૭૦ ફૂટનું શુંઢાકાર ઊંચું શિખર વિશિષ્ટ છે. સોપાન ચઢીને ૧૦૦ ફુટ ઉપર જવાય છે ૬૦ સ્તંભો પર આધા-રિત મોટા મંડપવાળો વિશાલ સભાગૃહ છે. શિખર અને માળોના બાહ્યભાગો પરનું કોતરકામ અદ્‌ભુત એવું છે. આ મંદિરના પાયાની પહોળાઇ ૨૦ ફુટ અને લંબાઈ ૯૦ ફૂટ જેટલી છે. ગુમ્બજ તથા તીખા શિખરની રચના સોમનાથની રચના જેવી જ છે. પ્રવેશ કરતાં વિશાળ મંડપ ઉપર ગુંબજ અને પછી મુખ્ય ભાગ ઉપર ઉંચું શિખર જે ત્રિકોણ તીર જેવું હોય છે જેના ઉપર ધ્વજ લહેરાતો હોય છે.

**બેટદ્વારકા** :— કહેવાય છે કે અસલ દ્વારકાનો અંશ સચવાઇ રહ્યો તે આ છે અને તેનો ધાર્મિક મહિમા છે. પુણ્ય–પવિત્ર આ તીર્થ જોયા વગર દ્વારકાદર્શન અધૂરું રહે. ઓખા બંદર બેટથી બહુ દૂર નથી કચ્છના અખાતનું સૌરાષ્ટ્ર બાજુનું આ મોટું બંદર બહુ જ મહત્ત્વનું છે.

**સોમનાથ** :—પ્રભાસક્ષેત્રના પ્રાચીન સોમનાથનો એક આગવો ઇતિહાસ રહ્યો છે. ભારતીય જન જીવનની ધાર્મિક ભાવના સાથે આનો ગાઢ સંબંધ રહેલો છે. સાથે જ ઇતિહાસની કડીઓ પણ જોડાએલી છે. મહમ્મદે સોમનાથને ૧૦૨૪માં ભાંગ્યુ તે પૂર્વે તેની શિલ્પરચના, વાસ્તુકલા તથા જાહોજલાલીની કલ્પના જ કરી શકાય.

## ભાતું

જન્મ ધરીને, જૈનધર્મી થઇને કોણ એવાં નર-નાર હશે જેણે શાશ્વતા તીર્થ શ્રી શત્રુંજયની યાત્રા કરી નહિ હોય? અનંત યુગોથી અનંત માનવ-વણઝાર આદિદેવને ભેટવા ધસી રહી છે, ને બબ્બે માઈલના પહાડની વાટ ઉમંગે કાપી, છાતીસમાણા હડા ચડી, અજબ હર્ષોલ્લાસે યાત્રા કરી રહી છે.

જે દિવસની વાત કરીએ છીએ, ત્યારે અનેક યાત્રીઓ પહાડ પરથી ઊતરતા હતા. કાળ ઉનાળો હતો. મારવાડના એક બાપ-દીકરો યાત્રા કરીને ઊતર્યા હતા. દીકરો ખૂબ ભૂખ્યો થયો હતો. બાપ પાસે દીકરાને ખવરાવવા કાંઈ નહોતું.

દીકરો રોતો રહે નહિ. પાસે વડ હતો, નીચે સંતી વાવ હતી. બાપે વડના ટેટા લાવી દીકરાને આપ્યા, ખવરાવ્યા ને પાણી પાયું.

વિમલગચ્છના એક સાધુ ત્યાંથી જાય. તેમણે આ દૃશ્ય જોયું. મુરસીદાબાદના એક શેઠને વાત કરી. તેઓએ ચણાના કોથળા અપાવ્યા. યાત્રા કરીને નીચે આવનારને તળેટી પર મૂઠી ચણા આપવા શરૂ કર્યા. ચણામાંથી સેવ-મમરા થયા. એમાં એક વાર નગરશેઠ હેમાભાઇને મુનિવર લઇ આવ્યા તળેટીના ભાતાનું પુણ્ય સમજાવ્યું. ત્યારથી લાડવા અને ગાંઠિયા ચાલુ થયા.

આજે અનેક યાત્રીઓ યાત્રા કરી તળેટીએ ભાતું ખાઈ અમીના ઓડકાર ખાય છે, ને અંતરના આશીર્વાદ આપે છે.

ફોન નંબર—ઓફીસ : ૩૪૭૦ ટેલીગ્રામ : Teagarden

ઘર : ૫૯૨૮

# એન. સૂર્યકાન્ત એન્ડ કું.

—ના સૌજન્યથી

દાણાપીઠ,

ભાવનગર.




**FOR 77 YEARS**

**BATLIBOI AT THE WHEEL OF PROGRESS**

On the corner where Apollo Street meets Forbes Street you can see this monumental sign. It was put up in 1892, seventy seven years ago. The year 'Batliboi' started business as distributors for oil engines. Today we are engaged in three major fields of activity—manufacturing, marketing and export. We handle a range of products extending from lathes and lathe chucks to gigantic power plants.




**BATLIBOI—AT THE WHEEL OF INDUSTRY**

But machine tools has been our major business. When we started, the Indian industry was still young. For seventy seven years we have helped it grow. And, as industry has grown, so have we. Today we have branches and associates all over India. Yes, we serve industry, big and small.

**BATLIBOI—A TRUSTED NAME TODAY**

In seventy seven years Batliboi has travelled to distant corners of the world. We at Batliboi have earned a reputation for honesty, integrity and dependability. Our clients know that Batliboi is a name they can trust. And their faith in us has been a continuous source of encouragement.

**Batliboi** & COMPANY PRIVATE LIMITED

REGD. OFFICE: P. BOX; 190 A. FORBES STREET, BOMBAY 1.

Branches • Associates • Agencies ALL OVER INDIA

સોમનાથનું પુરાતન સ્થાપત્ય આ કળાનું પૂર્ણ વિકસિત રૂપ હતું એમ માની શકાય છે અને પાછળના દેવાલયોની બાંધણીમાં આ કળા આધારૂપ રહી દેખાય છે. શિલ્પીઓ પાસે જે પ્રાચીનતમ શિલ્પશાસ્ત્રના ગ્રંથો પરંપરાથી પ્રાપ્ત થતાં રહ્યા હશે તે આધારે જ આગળનાં કાળમાં આ કળા આગળ ચાલી હશે. એ સહજ વાત છે. આજે પણ પ્રાચીન ગ્રંથોના આધારે જ નિર્માણ કાર્ય થાય છે. યુગે યુગે ફેરફાર સ્વાભાવિક જ થતાં રહ્યા હોય. પછી તો મુસ્લિમ અને રાજપૂતકાળની કળાઓનું મિશ્રણ પણ થતું રહ્યું છે. પરંતુ મૂળ કળાના પ્રતીકો દોઢેક હજાર વર્ષ પરના મંદિરોના પ્રાપ્ય અવશેષો પરથી જ જાણી શકાય છે.

ભીમઘાટ પર ભીમેશ્વર મહાદેવનું મંદિર છે. આ જૂના મંદિરમાં મોટું શિવલિંગ દર્શનીય છે. નૃસિંહઘાટ પર નૃસિંહ–મંદિર છે. સિંહાસનારૂઢ ભગવાન નૃસિંહની મૂર્તિ સુંદર છે. સોમનાથમાં સૂર્યમંદિર અતિભવ્ય અને પ્રાચીન છે. મંદિરની ફરતે કોતરેલી કલાત્મક મૂર્તિઓ છે. અંદર સાણેશ્વરની જેમ પરિક્રમાસ્થળ છે. ત્રણ પડખે જોડકાં મૂર્તિઓ છે, સૂર્યમૂર્તિ નથી. મોઢેરાનું સૂર્ય-મંદિર તથા વાંસવાડા (રાજસ્થાન) જિલ્લાના તલવાડા ગામના સૂર્યમંદિર પણ આજે મૂર્તિ વગરના ઉભાં છે. રુદ્રેશ્વર મહાદેવની પાસે ઉત્તર દિશાએ એક જૂની માઇપુરી મસ્જિદનું સ્થાન છે. જમીનમાં નીચે ભોંયમાં સામાન્ય મસ્જિદ કરતાં જુદી અર્ધ ગોળા-કાર આકારની આ માયાની મસ્જિદમાં ભોંયમાં બન્ને બાજુ ભોંયરા છે. ચોકમાં આંબલી, ચંપો, જંગલી આંબો વગેરે છે. એકલા માણસને તો ભૂતિયા ભવન જેવું જ લાગે. આ સ્થાન ચમત્કારિક કહેવાય છે. ઝાડ નીચે અંગ ભંગ થયેલ ચતુર્ભુજ મૂર્તિ છે, જેના ઉપરના ડાબા હાથ ઉપર ગણપતિ બિરાજેલ છે. અત્રેથી ગામ ભણી પાછા ફરતાં જમણી બાજુએ જળેશ્વર તથા તપેશ્વર બે શિવ-લિંગ છે. તલતલ વધતા રહેવાની આ લિંગો વિષેની લોકવાયકા પ્રચલિત છે. વણેશ્વર મહાદેવનું એક ઐતિહાસિક મંદિર પણ અવ-લોકનીય છે. વ્રજ ઠાકોરની દીકરી રાજકુંવરી વેણી ભોંયરા વાટે અત્રે રોજ દર્શનાર્થે આવતી. આ વાત તથા તેણીના રૂપ–સૌંદર્યની વાત નવાબને મળી પકડી લાવવા સૈનિકો મોકલ્યા. શિવ આ સુંદરીની સહાયે આવ્યા અને શિવલિંગના બે ભાગ થતાં વેણીકુંવરી એમાં ઉતરી પડી. પરંતુ તેની વેણી (ચોટલો) બહાર રહી ગઇ જે સૈનિકોએ પકડી લીધી. અને લિંગ પર પ્રહારો કરતાં તેમાંથી ભ્રમર નીકળ્યા આથી સૈન્ય ભાગી ગયું. પ્રભાસમાં પ્રવેશના જૂનાગઢ દરવાજો ઐતિહાસિક છે, દર્શનીય છે. આમાંથી આતતાયિઓનું લશ્કર નગરમાં પ્રવેશ્યું હશે. આ દરવાજો શિલ્પ વિદ્યાનો સુંદર નમૂનો અને અવશેષ છે. અહિલ્યાબાઈનું મંદિર તથા ભાલકાતીર્થ પણ દર્શનીય છે સોમનાથ અને વેરાવળ વચ્ચે આ ભાલકાતીર્થના સ્થાને શ્રીકૃષ્ણના પગમાં પદ્મ ઝળકવાથી ભીલ વ્યાધે મૃગનમન સમજીને તીર માર્યું (ભાલડું) જેથી ભગવાન વિંધાયા અને પછી હિરણ્યના તીરે પીપળાના વૃક્ષ નીચે દેહોત્સર્ગ કર્યો. ભાલકાતીર્થ અને દેહોત્સર્ગ તીર્થ બન્ને પ્રભાસમાં પ્રખ્યાત છે. વેરાવળ નજીક જતાં દરિયાકાંઠે ભીડભંજન, ગણેશ અને શશિભૂષણ મહાદેવના સ્થાનો પણ છે. સોલંકીયુગના શિલ્પનું આ આઠસો વર્ષ જૂનું મંદિર છે. અંદર ત્રણ બાજુ ગોખલાઓમાં તૂટી મૂર્તિઓ છે.

પાટણ ગામમાં દૈત્યસૂદન ભગવાનની મૂર્તિ માધવરામ જેવી જ છે. આ જ મંદિરની બાજુની ઓરડીમાં દ્વિભુજ સૂર્યમૂર્તિ સફેદ મકરાણા પત્થરની સુંદર અને કલાત્મક છે, ગ્રીક-ટાઇપ હોલબુટ તેણે પહેરેલા છે તે નોંધનીય છે. માધવરાય, પુરુષોત્તમરાયની મૂર્તિની ત્રણ ભુજા ઉપર ઉઠેલ છે, નીચલો ડાબો હાથ ઝૂકેલ, શંખરહિત છે. મહાકાળીની મૂર્તિમાં ત્રણ હાથ ઉપર ઉઠેલા અને એક ડાબો હાથ નીચે ઝૂકેલો છે. ૪ ફુટ ઊંચી આ સોલંકી યુગની મૂર્તિ શિલ્પનો ઉત્તમ નમૂનો છે. બીજા જૂના મંદિરોમાં શિવમંદિરમાં પાર્વતીની ૪ ફૂટની સુંદરમૂર્તિ છે. લક્ષ્મીજી, પાર્વતીજી તથા કુંભધારી ચતુર્ભુજ ગંગાની મૂર્તિ પણ અંગ સૌષ્ઠવયુક્ત, નયનાભિરામ છે. આ બધી જ મૂર્તિઓ એક જ પ્રકારની શિલ્પકળાના ઉપાસક કારીગિરીવાળા કસબીઓની રચનાઓ છે.

**વેરાવળ** –– પ્રસિદ્ધ બંદર છે. જહાજો અને સ્ટીમરોની આવ-જાવથી આખો સાગરકાંઠો ધમધમે છે. મત્સ્યઉદ્યોગ માટે આ સ્થળ મશહૂર છે.

**તુલસીશ્યામ** — ઉના અથવા રાજુલાથી તુલસીશ્યામ જવાય છે. અત્રે તપ્તોદક કુંડ તથા ગરમ પાણીનાં ઝરણાં છે. ડાકોર–કપડવંજ વચ્ચે પણ, ગોધરા પાસે અને ગણદેવીથી પૂર્વ દિશામાં પણ, આવાં ઝરણાં જોવાલાયક છે.

**જૂનાગઢ** —સોરઠનું આ એક પ્રાચીન નગર છે. જ્યાં ઇતિહાસ સર્જાયો છે. 'દામોદર હરિપાંચમા' નો દામોદર કુંડ, શિલાલેખો, જૈનમંદિરો વગેરેનો ઉલ્લેખ આગળ આવી ગયો છે. નરસિંહ મહેતાનો ચોરો વૈષ્ણવભક્તિના શ્રદ્ધાળુઓ માટે મહત્ત્વનું સ્થાન છે. ચોકમાં ચોતરો છે અને તુલસીનો ક્યારો છે. ડાબી બાજુએ એક મ્યુઝિયમ છે, તેમાં નરસિંહ મહેતાની જીવનલીલાના સ્મૃતિ રૂપે ચિત્રો છે. આ ચિત્રોમાં નરસિંહ મહેતાના સમગ્ર જીવનનું આલેખન આવી જાય છે. અત્રે પૂર્વાભિમુખ મંદિરમાં નરસિંહ મહેતા તેમ જ દામોદર ભગવાનની ચતુર્ભુજ મૂર્તિ છે. ઉપરકોટ એ અહીંનું દર્શનીય ઐતિહાસિક સ્થાન છે. સીધે જઈ જમણી બાજુ વળતાં પ્રવેશદ્વારમાં સામે જ ઊભા હનુમાન તથા ગણપતિ જોવા મળે છે. કોટ ઉપર પાણી માટેનાં ચાર મોટા ટાંકા છે. પૂર્વદિશામાંના પાંચમા ટાંકામાં આઠ નાના ટાંકા છે. પાસે જ રાણકદેવી રા'ખેંગારનો જે પ્રાચીન મહેલ હતો ત્યાં આજે મસ્જિદ છે. પર્વત પર જંગલ જેવું દૃશ્ય છે. બગીચા પણ છે. નવઘણકૂવો અત્રેની મુખ્ય વાત છે. રાજા નવઘણનો ખોદાવેલ આ પ્રાચીન અને ભવ્ય કૂવો છે. ભોંયમાં ચક્કરદાર સોપાન છે. અડી–કડી વાવ પણ વિશિષ્ટ છે. બન્ને માટે કહેવાય છે કે—

અડીકડી વાવ ને નવઘણ કૂવો
ન જોયાં એ જીવતો મૂઓ.

આ દુર્ભેદ્ય ગઢમાં મહંમદ બેગડાએ ઘેરો નાંખ્યો. રાજા માંડ-લિક બહાદૂરીપૂર્વક બાર વરસ સુધી લડ્યો. હિન્દુ રાજાઓની જવાંમર્દી છતાં તેમનો પરાજય એ આપણા ઇતિહાસની એક કરુણ બીના છે. પહાડની નીચે મુસ્લિમકાળ પહેલાં, બીજા શતકમાં, સુદર્શન તળાવ બંધાયું હતું. અત્યારે તો એનું સ્મરણમાત્ર જ છે. અહીં ઉપરકોટની નીચે ઉત્તર બાજુએ, સુદર્શન તળાવની પાળ પાસે, ખાપરા–કોડિયાના ભોંયરા પણ જોવા જેવાં છે ઉપરકોટની ફરતે

લોખંડની તોપો છે જે ભૂતકાળમાં ખેલાયેલ યુદ્ધની વ્યુહરચનાની પ્રતીક છે. આ ઉપરકોટ પર ૧૩૫૦ અને ૧૯૫૨ના અરસામાં આક્રમણો થયા છે અને આજે પણ આ જૂનો કીલ્લો પોતાની ચાર દીવાલોમાં ઇતિહાસને સાચવીને ઊભો છે. અત્રેની એક મહત્ત્વની વાત તે બુદ્ધગુફાઓ છે. અશોકની કહેવાતી ગુફા અજંતા–ઇલોરા, એલિફન્ટા, જોગેશ્વરી અને કેનેરીની ગુફાઓની યાદ આપે છે. ૩૦૦ ઈ.માં અત્રે બંધાયેલ બૌદ્ધમઠ હતો. કેટલીક બે–ત્રણ માળની રચનાઓ પણ થઈ હતી. આ ગુફાઓમાં એક મોટું સભાગૃહ જેવા જેવું છે. જે ઉપરના કક્ષથી ચક્કરદાર પગથિયાઓથી સંકળાયેલું છે. ૭ થાંભલાઓ પર સ્થિત આ કક્ષ સુંદર ઢંગથી કોતરેલ છે. આ બુદ્ધ ગુફાઓ દોઢેક હજાર વર્ષ ઉપરની હોવાનો અંદાજ છે. ભોંયતળિયે સુંદર કોતરકામવાળા સ્તંભ દર્શનીય છે. પાણીની કોઠીઓ પણ નોંધનીય છે, ગુફાઓના ભૂગર્ભમાં શિતલતા અને શાંતિ અનુભવાય છે. મસ્જિદ પાસે ૧૭ ફૂટની એક નિલમ નામની મોટી–પહોળા મુખવાળી તોપ છે જેની ઉપર અરબી લિપિમાં લખાણ છે. નિલમની બાજુમાં નાની માણેક તોપ છે. આ તોપો દીવથી લાવવામાં આવેલ કહેવાય છે કે જ્યાં તુર્કો તે છોડી ગયા હતા. નવાબ રાજ્યના નમુનારૂપ એક સુંદર મકબરો પણ જૂનાગઢમાં જોવા જેવો છે મીનારા ઉપર ચઢવા માટે ગોળ ચક્કરદાર સીઢીઓ છે.

**માધવપુર**—દરિયાકિનારેનું આ પવિત્ર ધાર્મિક સ્થળ રમણીય તથા દર્શનીય છે. ભગવાન માધવરાય તથા શ્રી ત્રીકમરાયજીની પૂરા કદની સુંદર મુર્તિઓવાળું વિશાળ મંદિર મહત્ત્વનું છે. જૂનું મંદિર ભગ્નાવશેષ સ્વરૂપે પડ્યું છે. નવું મંદિર સં. ૧૭૯૯માં થયું. તે પણ જીર્ણ થતાં ફરી લગભગ નવા ઘાટે ઘરમંદિરાકારે સં. ૧૮૯૬માં નિર્મિત થયું. તેનો પણ સં. ૧૯૪૮માં જીર્ણોદ્ધાર થયો. આ સંબંધી શિલાલેખો દૃષ્ટવ્ય છે. માધવપુરમાં ભગવાન શ્રીકૃષ્ણ-માધવરાયે રૂકમણી-હરણ વગેરે લીલા કરી હતી તેની સ્મૃતિમાં દર વર્ષે ચૈત્ર સુદ પૂનમના રોજ માધવપુરમાં મોટો મેળો ભરાય છે. માધવરાયજીની જાન કીર્તન સમાજ સાથે મંદિરેથી નીકળી સૂર્યાસ્ત સમયે શ્રી વલ્લભાચાર્યજીની બેઠક પાસેના લગ્નસ્થાને રાતવાસો રહે છે. માધવરાયજી પરણ્યા પછી બીજે દિવસે બપોરે નિજમંદિર પાછા ફરે છે. આખા રસ્તા ઉપર લોકો ભગવાન (વરરાજા) શ્રીકૃષ્ણ તથા ભગવતી રૂકમણી ( નવવધૂ )ના દર્શનાર્થે ઉમટે છે. મેળો પૂરબહારમાં ખીલે છે આ લોકમેળો સૌરાષ્ટ્રની વિશિષ્ટતા છે. આયર અને મેર સુંદરીઓના સુરીલા કંઠે ગીતધારા વહેતી સાંભળવા મળે છે. વાંકડી મૂછો ને ગુલાબી આંખોવાળા જૂવાન પાવા બજાવે છે. અને આમને સામને ટોળીઓ જમાવીને દૂહા લલકારે છે. સોરઠની નાર માટે કહેવાય છે કે—

મર મર કરી વાતો કરે ને ગર મર કરે અચાર
પાવડિએ પાણી ભરે એ સોરઠની નાર.

સોરઠીયા દૂહા માટે પણ કહેવાય છે કે—

સોરઠિયો દૂહો ભલો ને ભલી મરવણરી વાત
યૌવન છાયી ધણ ભલી ને તારા છાયી રાત.

સૌરાષ્ટ્ર માટે પણ કહેવાય છે કે—

સૌરાષ્ટ્રે પંચ રત્નાનિ, નદી, નારી, તુરંગમ્ ।
ચતુર્થં સોમનાથસ્ય પંચમં હરિ દર્શનમ્ ॥

સૌરાષ્ટ્રની બધી જ વિશેષતાઓનો સૌરાષ્ટ્રમાં નિમ્નાનુસાર સમાવેશ પણ કરવામાં આવ્યો છે—

કોઈ ઘોડો, કોઈ પરખડો, કોઇ સતસંગી નાર,
સરજનહારે સરજિયા, તીનું રતન સંસાર!

માધવપુરના મેળામાં જઇને જ કોઈ કવિએ કહ્યું છે કે—

લીલી ઘોડી હાંસલી ને અલબેલો અસવાર
કડો કટારી વાંકડી ને સોરઠની તલવાર.

આ ધાર્મિક મેળ માં લોકો ખૂબ રંગમાં આવી જાય છે. અબીલગુલાલની છોળો ઉડે છે, ગાન–તાન તથા નૃત્ય ધુમ્મરથી ધરતી ધમધમી ઉઠે છે. અને આખું વાતાવરણ વિવાહ, જાન, લગ્ન અને પ્રેમરસથી તરબોળ બની જાય છે.

**ચોરવાડ**— ચોરવાડમાં પાનની વાડીઓ, પપૈયાં,નાળિયેરિઓ તથા બદામડીઓનાં વૃક્ષ અને કેળોનાં પાનથી લીલેરી ધરતીનું સૌંદર્ય નિખરી ઉઠે છે. આંબા–આંબલીનો પણ પાર નહીં. આ સૌરાષ્ટ્રનું વિહારધામ છે. 'હોલીડે કેમ્પ' સુંદરતમ છે. અહીંનું વિશાળ વડ-વૃક્ષ અદ્ભૂત છે, કબીર–વડની યાદ આપે એવું છે.

**શારદાગ્રામ**— શારદાગ્રામ સુંદર સ્થાન છે. વિદ્યાલયને લીધે વિદ્યા અને સંસ્કૃતિનું દર્શનીયધામ પણ બની ચૂક્યું છે.

**સાસણ**— સાસણનું જંગલ આજે તો ભારતભરનું અકર્ષણકેન્દ્ર બની રહ્યું છે. સિંહોને ૧૦' થી પણ વધુ નજદીકથી જોવાનો અહીં લ્હાવો મળે છે. આફ્રિકામાં સિંહ મળે કે પછી ભારતમાં, સાસણમાં સિંહ જેવા મળે વનરાજની નૈસર્ગિક અદાઓ જોવા અનેક યાત્રિઓ દેશ–પરદેશના અહીં આવે છે. સરકાર તરફથી વાહન, રહેઠાણ તથા સિંહો બતાવવાની વ્યવસ્થા છે. ૫૦૦ ચો મા-ના વિસ્તારમાં પથરાયેલ ગિરના ગાઢ જંગલમાં વનરાજ–સિંહનું અસ્તિત્વ ગુજરાત અને ભારત માટે ગૌરવ સમાન છે. તુલસીશ્યામના ગરમ પાણીનાં ઝરણાં પણ આ ગિરના જંગલમાં જ છે. ગિર અને ગિરનાર ન જોયા તેના જીવનના ફેરા ફોગટ થયા, એમ કહી શકાય.

**પોરબંદર**—પોરબંદરને પ્રાચીનકાળમાં સુદામાપુરી કહેવામાં આવતું. આજે પણ ત્યાં સુદામામંદિર મોજૂદ છે. આજે તો પોરબંદર આધુનિક યુગનું યાત્રાધામ બની ગયું છે. વિશ્વવિખ્યાત મહાત્મા ગાંધીજીનું આ જન્મસ્થાન છે. કીર્તિમંદિરમાં આજે પણ બા અને બાપુની તસ્વીરો સાથે એમના જીવનની સુવાસ પ્રસરાએલી છે. બાપુના જન્મસ્થાનનો ઓરડો આદિ જોવા જેવા છે.

પોરબંદર ઔદ્યોગિક કેન્દ્ર પણ છે અને સિમેન્ટ ફેક્ટરી, રાસાયણિક કેન્દ્ર, થર્મલ પાવરહાઉસ વગેરે જોવા જેવા છે. સમુદ્રકાંઠે પોરબંદરની શોભા મુંબઈના જૂહુતટની યાદ આપે તેમ છે. આર્યકન્યા ગુરુકુલ તથા શ્રી નાનજી–કાલિદાસની સંસ્થા–ઈમારતો— નવયુગ કોલેજ, હનુમાન મંદિર, ટાવર વગેરે દર્શનીય છે. એક બાજુથી દરીયો અને બે બાજુથી ખાડી આમ પોરબંદરની પ્રાકૃતિક ચારે દીવાલ સુંદર દૃશ્ય ખડું કરે છે. પોરબંદરનું પુસ્તકાલય પણ પ્રસિદ્ધ છે.

**જામનગર**—આ ઐતિહાસિક નગરમાં 'સોલેરિયમ' સૌથી વિશિષ્ટ છે. અહીની આયુર્વેદિક કોલેજ ભારતીય ચિકિત્સા પદ્ધતિનું પ્રતીક છે. બેડી બંદર અને મત્સ્યકેન્દ્ર ઉલ્લેખનીય છે. સિક્કામાં મત્સ્યકેન્દ્ર, સિમેન્ટ તથા ઓખામાં નમક–ઉદ્યોગ પણ જાણીતા છે. રણજીતસિંહ (ક્રિકેટસમ્રાટ)ના લીધે પણ નગર વિશ્વપ્રસિદ્ધ છે. 'રણજી'નું સુવર્ણરંગનું બાવલું બહુ જ સુંદર તથા દર્શનીય છે. રાજમહેલ પણ વિશિષ્ટ છે. પેઈન્ટીંગ માટે મહેલ વિખ્યાત છે. લાકોટા–કોઠાની ઈમારત અજાયબીપૂર્ણ છે. શહેરના મધ્યમાં અને સરોવર વચ્ચે સ્થિત પત્થરના પૂલથી જોડાએલ આ ભવ્ય અને પ્રાચીન ઇમારતો દર્શનીય છે. આ ઈમારતમાં એક વિચિત્ર વાવ છે કે જેમાં પાણી પ્રાપ્ત કરવાની અજબ કળા છે. લાકોટામાં મ્યુઝિયમ છે જેના છત પર ૯ થી ૧૮મી સદી સુધીના શિલ્પના નમૂનાઓ સજાવેલા છે, જે ઘુમલી, ચોટિલા, પિંડારા અને ગંધારી વગેરેથી લાવીને (તેનો) સંગ્રહ કરવામાં આવ્યા છે. આ મ્યુઝિયમ સમૃદ્ધ હોવાથી પુરાતત્ત્વ પ્રેમીઓ માટે ખાસ દર્શનીય છે સુરસાગર સરોવર પર્યટન માટેનું સુંદર સ્થાન છે. જામનગરની બાંધણીઓ તો સમગ્ર દેશમાં પ્રખ્યાત છે. રેશમ ઉદ્યોગ તથા નકશી અને નાના ઉદ્યોગો માટે પણ આ નગર સુવિખ્યાત છે. જામનગરમાં મેડીકલ કોલેજ પણ ઉલ્લેખનીય છે. રાજધાનીનું શહેર હોવાથી નગર અને મકાનોની બાંધણી રાજાશાહી ઢબની–અવલોકનીય છે. જામનગરમાં સૌથી વિશિષ્ટ છે ત્યાંનું સ્મશાનગૃહ. આ સ્મશાનગૃહ દેશમાં અદ્વિતીય જેવું છે. માણેકબાઇ સુખધામ નામનું આ સ્મશાન તેના નામને (સુખધામ) સાર્થક કરે છે. રંગમતી–નાગમતી નદીના કિનારે આવેલ આ સ્મશાનને પ્રથમ તો કોઈ સુંદર ઉદ્યાન જ કહે. વાતાવરણ સુષમાપૂર્ણ–રમણીય છે. પ્રવેશદ્વારમાં જતાં જ બગીચાની બંને બાજુ પર યુગ પુરુષો તથા ભારતના ઇતિહાસમાં અમર નામ મેળવનાર દેવીઓની પ્રતિમાઓ મૂકવામાં આવી છે. શિવમંદિર વાવ, અંતિમ સંસ્કાર વિભાગ, સ્નાન વિભાગ, વિશ્રામ વિભાગ, વાચનાલય, બાગ, મૂર્તિ, ભારતદર્શન અને સંસારચક્ર વિભાગ આદિ આ સ્મશાનની વિશિષ્ટતાઓ છે. આ પ્રતિમાગૃહ અને ઉદ્યાન આકર્ષક અને શાંતિદાયક સ્થળ છે. સંસારચક્ર વિભાગમાં બતાવવામાં આવ્યું છે કે સંસાર એ ભારતચક્ર છે જેમાં માનવી જન્મથી મૃત્યુ સુધીનું જીવન વિતાવે છે. દેશના જુદા જુદા ધર્મપ્રચારકોની જીવનીઓ અને પ્રતિમાઓ એક જ સ્થળે અત્રે રાખીને એકતાની ભાવનાને મૂર્તરૂપ આપવામાં આવ્યું છે. મધ્યમાં 'ભારતમાતા'ની પ્રતિમા છે. ભીષ્મની પ્રતિમા, સર્વદમનની સુંદર પ્રતિમા, બાલકૃષ્ણની પ્રતિમા, સબરી આશ્રમની પ્રતિમા, સત્યવાન–સાવિત્રીની પ્રતિમા, સત્યવાદી રાજા હરિશ્ચંદ્ર અને તારામતીની પ્રતિમા, શ્રવણકુમારની કાવડ તથા શ્રી ગોપાલકૃષ્ણ વગેરેના દશ્યો ઇતિહાસ, સંસ્કૃતિ તથા પૌરાણિક યુગની ભાવસૃષ્ટિ રજૂ કરે છે.

આદર્શ સ્મશાન ઉપરાંત જામનગરમાં અને આસપાસ અનેક ઐતિહાસિક તથા અવલોકનીય સ્થાનો છે. શ્રી મૂળરાજા બાવા દ્વારા નિર્મિત (સં. ૧૮૯૮) ધેળીવાવ તથા તેની પાસે જ વટેમાર્ગુને આશ્રય આપવા જામશ્રી રણમલજીએ બંધાવેલી નવ દેરીઓ દર્શનીય છે જામનગરની ધેળીવાવ ઐતિહાસિક છે તેની પાસે જ એક સેનિટોરીયમ છે જ્યાં અનેક દર્દીઓ આરામ કરવા આવે છે. જામનગરમાં પ્રણમી સંપ્રદાયનું સ્થાન મહત્ત્વપૂર્ણ છે. અહીંની જુમામસ્જિદ પણ જોવા જેવી છે. ઔરંગઝેબે જુમામસ્જિદનો પાયો નાખેલ હતો. તેનો ઉલ્લેખ મસ્જિદમાં જતાં ડાબા હાથ પરની તખ્તીમાં ફારસીભાષામાં છે. જામશ્રી વિભાજીના રાણી મોટાધનબાઈની અત્રે કબર છે જેની આસપાસ આરસપહાણની કોતરેલ જાળીઓ અમદાવાદની સીદી સૈયદની વિશ્વવિખ્યાત જાળીઓ જેવી છે. મસ્જિદના દરવાજાઓ તથા સ્તંભોનું બારીક ફૂલોનું કોતરકામ ખરેખર અદ્ભૂત છે. જામનગરની રતનબાઈની મસ્જિદ પણ જોવા જેવી છે. તેના મીનારા ઉપર ૧૧૩ પગથિયાં છે જેના મથાળે ચડતા જામનગરની આસપાસનો ૨૫ માઈલનો વિસ્તાર જોઈ શકાય છે. જામનગરની બાંધણી, રાજકોટના પેંડા, ભાવનગરના ગાંઠીયા, જમરૂખ અને પાટણના પટોળા વગેરે વખણાયેલી વસ્તુઓ છે.

**રાજકોટ**—રાજકોટની રાજકુમાર કોલેજ, પુસ્તકાલય, મ્યુઝિયમ જ્યુબિલી બાગ વગેરે જોવાલાયક છે. હવે તો યુનિવર્સીટી થતાં શૈક્ષણિક દૃષ્ટિએ પણ રાજકોટનું મહત્ત્વ વધી ગયું છે. જૂના રજવાડાની રાજધાની હોવાથી અને સૌરાષ્ટ્રના લગભગ મધ્યભાગમાં આવવાથી અહીં સુરાષ્ટ્રની સંસ્કૃતિના સુંદર દર્શન સુલભ છે. અહીંના સરોવર, જીલ્લા ઉદ્યાન, જૂનું રેસકોર્સ (મેદાન), આલ્ફ્રેડ હાઈસ્કૂલ, બજારો અને દુકાનો જોવા જેવાં છે. હીરામોતીનો વેપાર તથા ઉદ્યોગ પણ અત્રે પ્રસિદ્ધ રહ્યો છે. પંચનાથ મહાદેવ તથા સ્વામી-નારાયણ મંદિર પણ દર્શનીય છે.

**ભાવનગર**—ભાવનગર પણ રજવાડું રહ્યું છે. જામનગર અને રાજકોટની માફક જ અહીં પણ ઈમારતો, બજાર, દુકાનો, ઉદ્યાન આદિ જોવા જેવાં છે. રાજકોટની રાજકુમાર કોલેજની જેમ અહીંની શામળદાસ કોલેજ પણ વિશિષ્ટ છે. ટાવર–વિશાળ હોસ્પિટલ, તખ્તેશ્વર મંદિર, મોટી જેલ (કારાગૃહ), ફીલ્ટર તથા બીજી ઈમારતો આકર્ષક છે. ૧૭૨૩માં આ નગરની સ્થાપના થઈ હતી. ૧૮૯૫માં સ્થાપિત પુસ્તકાલય તથા મ્યુઝિયમ પણ જોવા જેવાં છે. 'ગાંધીસ્મૃતિ'નો પાયો સરદારે ૧૯૪૮ માં નાખ્યો અને નેહરુજીએ ૧૯૫૫ માં ખુલ્લી મૂકેલી આ ઈમારત આકર્ષક છે. તેની બરોબર સામે જ હાલ 'સરદાર સ્મૃતિ' તૈયાર થઇ રહ્યું છે. 'ગાંધી-સ્મૃતિ'ના પુસ્તકાલયમાં ગાંધી વિચારસરણીના પુસ્તકો પણ છે. ઉપરાંત ગાંધી ચિત્રાલય અને મ્યુઝિયમ, ખાદી ગ્રામોદ્યોગ ભંડાર છે. નગરમાં પીલ-ગાર્ડન (સરદાર પટેલ ગાર્ડન) તથા બોરતળાવ (ગૌરીશંકર સરોવર) ખાસ જોવા જેવાં છે. 'સેંટ્રલસોલ્ટ–મરીન રિસર્ચ ઇન્સ્ટિટયુશન' એ ભાવનગરમાં એક જોવા જેવી વૈજ્ઞાનિક સંસ્થા છે. ભાવનગરથી વીશેક માઈલ દૂર જીંથરી–અમરગઢની ટી. બી. માટેની ભવ્ય–વિશાળ હોસ્પિટલ આ વિભાગમાં વિશિષ્ટ છે. ખોડિયાર–માતાનું તીર્થધામ પણ અહીંથી નજીક છે જે દર્શનીય છે.

**હળવદ**—રાજમહેલનો મિનારો તથા સમાધિમંદિરો જોવા જેવાં છે.

**મોરબી**—મોરબીનું પણ એક ઐતિહાસિક મહત્ત્વ છે. મચ્છુ નદીએ પાણી જાતી વાણિયણ અને મોરબીના ઠાકોર રાજા જીવાજીના પ્રેમ કહાની લોકસાહિત્યના લોકગીતમાં સુપ્રસિદ્ધ છે ત્યાંની એન્જિ-

શુભેચ્છા પાઠવે છે

## શ્રી જામજોધપુર તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી૦

### મું. જામજોધપુર

(જિ. જામનગર)

| | | | |
|---|---|---|---|
| સ્થાપના તારીખ | : ૧૧–૧૧–૫૭ | નોંધણી નંબર | : ૧૫૬૫ |
| શેર ભંડોળ | : ૪૩૧૦૦–૦૦ | સભ્ય સંખ્યા | : ૩૧ |
| અનામત ફંડ | : ૧૫૩૬૭–૦૦ | ખેડૂત | : — |
| અન્ય ફંડ | : ૬૮૯૭–૦૦ | બીનખેડૂત | : — |

**પ્રતાપરાય જે. ઓઝા** — મેનેજર
**છગનલાલ લક્ષ્મણભાઇ પટેલ** — પ્રમુખ

**લ. વ. પટેલ**
સભ્ય

હોલસેલ ખાંડ, સસ્તા અનાજ, તેલ, બિયારણ, ખાતર વિગેરેનો વ્યાપાર કરે છે.

શુભેચ્છા પાઠવે છે

## શ્રી સર્વોદય જુથ સેવા સહ. મંડળી લી.

### મું. ખંભાલિયા

(તાલુકો : ખંભાલિયા) (જિલ્લો : જામનગર)

| | | | |
|---|---|---|---|
| સ્થાપના તારીખ | : ૩૧–૩–૫૬ | નોંધણી નંબર | : ૧૩૮૨ |
| શેર ભંડોળ | : ૪૬૯૯૦–૦૦ | સભ્ય સંખ્યા | : ૪૮૦ |
| અનામત ફંડ | : ૮૯૩૦–૪૨ | ખેડૂત | : ૪૭૫ |
| અન્ય ફંડ | : ૪૪૨૦–૬૯ | બીનખેડૂત | : ૫ |

**ઓતમચંદ સી. શેઠ** — મંત્રી
**હરિલાલ રામજી નકુમ.** — પ્રમુખ

આ મંડળી સભાસદોને ધીરાણ કરે છે. ધીરાણ રૂા. ૯૦૦૦૦નું છે. મંડળી તરફથી રસાયણીક ખાતર. જંતુનાશક દવા, સુધરેલ હાઇબ્રીજ ખરીદ વેચવાનું કામકાજ કરે છે શ્રી સરકાર માન્ય પ્રમાણિત થયેલ છે. સસ્તા અનાજ કેન્દ્ર ચલાવે છે. હાથવણાટનું કાપડનું વેચાણ મંડળી દ્વારા થાય છે.

**મંડળીના કાર્યક્ષેત્રના ગામો**

**(૧) ખંભાળીયા (૨) કોટા (૩ મોઝા (૪) લલીઆ (૫) કુવાડીઆ અને (૬) હંસ્થળ છે.**

**—: વ્ય. કમિટિના સભ્યો :—**

| | | |
|---|---|---|
| કરશનદાસ દેવજી સોનગરા | ખંભળીયા. | ઇબ્રાહીમ મહમદ ખ્ફીઆર |
| કરશન હીરા નકુમ | ,, | રણમલ કાના કુવાડીયા |
| અરજણ જેરા નકુમ | ,, | સવદાસ કરણ હંસ્થળ |
| અમૃતલાલ ગોપાળ નકુમ | ,, | ઈશાક સુલતાન કોરા |

શુભેચ્છા પાઠવે છે

## મેસર્સ ભગવાનજી એન્ડ કલ્યાણજી ખેરાજની કું. પ્રા. લી.

### પોરબંદર

(સૌરાષ્ટ્ર)

**અમારે ત્યાં કારવાડી સાગ તથા ઇમારતી લાકડા મોટા જથ્થામાં મળશે. એક વખત પધારી ખાત્રી કરો.**

## પાલીતાણા માર્કેટ યાર્ડ

આથી જાણ કરવામાં આવે છે કે, પાલીતાણા માર્કેટ-યાર્ડ એ ગુજરાત-રાજ્યનું મોટામાં મોટું ગોળનું પીઠું છે. અહિંયા નજીક શેત્રુજી–ડેમ છે. તેમજ ભારત ભરમાં પ્રસિદ્ધ જૈનોનું મહાન તિર્થ શ્રી શેત્રુંજય-પર્વત છે. અહિંના માર્કેટ-યાર્ડમાં નીચેની બાબતો ઉપર ખાસ ધ્યાન આપવામાં આવે છે.

૧. હરિફાઈમાં ખુલ્લી હરરાજી ૨. વ્યાજબીતોલ ૩ ખરો હિસાબ ૪. રોકડા પૈસા **"લોકશાહી-સમાજવાદ"** એટલે કે શોષણ વીહિન પ્રમાણીક ખરીદ શક્તિ ઉભી કરવા માટે ખેતિ **અને** વણીજ્યના ક્ષેત્રે આવા નિયંત્રીત બજારો એટલે કે **"માર્કેટીંગ–યાર્ડો એ રામબાણ ઇલાજ છે."** તો બજાર ધારાના કાયદા કાનુનનો લાભ લેવા માટે ખાનગી સીધા સોદા બંધ કરો. ને તમારો ખેતિ ઉત્પન્નમાલ જેમ બને તેમ પાલીતાણા યાર્ડ-માંજ લાવવાનો આગ્રહ રાખો તેમાંએ મગફળી તો ખાસ યાર્ડ-માંજ લાવવાનો આગ્રહ રાખો તો તમોને બજાર–ધારાનો પુરે પુરો લાભ મળશે. બજાર સમિતિ તરફથી યાર્ડમાં શક્ય તેટલી સુવિધાઓ આપવામાં આવે છે. માર્કેટ–યાર્ડમાં આવતા માલ ઉપર ઓક્ટ્રોય ખેડુતોને ભરવાની રહેતી નથી. ને બધી દેખરેખ રાખવામાં આવે છે. બજાર-સમિતિ-વર્ષિક અહેવાલ દરવરસે છપેલો પ્રસિદ્ધ કરે છે. જેમાં જરૂરી માહિતી આવી જાય છે. તો જેને માહિતી માટે આ અહેવાલ જોતો હશે તેને વીના મુલ્યે મોકલી આપવામાં આવશે

**ગોરધનભાઈ એચ. બલર** — ચેરમેન
**નૂરભાઈ કાજી** — વાઈસ ચેરમેન

**હર્ષવિજયસિંહ કે. ગોહેલ**
સેક્રેટરી

નીયરીંગ કોલેજ પણ પ્રસિદ્ધ છે. મોરબીમાં ઠાકોર વાઘજીનું બંધાવ્યું મણિમંદિર તથા કલાત્મક ટાવર દર્શનીય છે. લાખાજીરાજે મૂકાવેલ એક ઉભેલ આખલાનું બાવલું તો કારીગરે જાણે પત્થરમાં પ્રાણ પૂર્યા હોય તેમ લાગે એવું છે. મચ્છુ નદી પરનો ઝૂલતો પુલ પણ વખાણવા લાયક છે.

**વરતેજ**—ભાવનગરથી ૭ માઈલના અંતરે આવેલ વરતેજ મુકામે જૈનોનું ભવ્ય પ્રાચીન દેરાસર દર્શનીય છે. શિખરોની બાંધણી તથા ઝીણી કોતરણીવાળું પ્રવેશદ્વાર અને રંગમંડપ અજોડ છે.

**માંગરોળ**—જૂનું ધાર્મિક અને ઐતિહાસિક સ્થળ છે. ગોમતી તીર્થ સરોવર તથા શ્રી દ્વારિકાનાથનું વિગ્રહસ્વરૂપ ધરાવતું મંદિર પણ છે. માંગરોળમાં નવાબનું રાજ્ય છેવટ સુધી રહ્યું પરંતુ ત્યાં સંસ્કૃત પાઠશાળા સ્વ. કાશીરામ કરસનજી શાસ્ત્રી (શ્રી કે. કા. શાસ્ત્રીજીના પિતાશ્રી) ચલાવતા અને સંસ્કૃત શિક્ષણ સરકારને ખર્ચે અપાતું. અહીંનું વાતાવરણ સુંદર છે. બદામડી, પપૈયાં, કેળ, આંબા આદિથી પ્રાકૃતિક સૌંદર્ય નિખરે છે. મિયા–મહાદેવનો અહીં સુભગ મેળ થયેલ જોવામાં આવે છે. મસ્જિદ પણ જોવા જેવી છે. દાતારનું ધામ છે.

**વલ્લભીપુર**—મૈત્રકોની પ્રાચીન રાજધાની તરીકે વલ્લભીપુરની પ્રસિદ્ધિ છે. વિદ્યા-ધામ તરીકે તેની પ્રતિષ્ઠા નાલંદા–તક્ષશિલા સાથે સરખાવી શકાય. શિવ–મંદિરો અદ્વિતીય છે. સિધ્ધેશ્વર તથા બુધ્ધેશ્વરના મંદિરો તથા તેમાંના નંદી અને લિંગ ભવ્ય છે. ગામની દક્ષિણે રન્નાદે (રાંદલ) માતાનું મંદિર છે. બહુચરાજીનું મંદિર પણ છે. અત્રેના પુરાતની અવશેષો અવલોકનીય છે. આજે પણ અહીંના અવશેષો પ્રાચીન જાહોજલાલીના પ્રતિક સમા છે.

**શ્રી અજાગ પાર્શ્વનાથ**— અજપુર ગ્રામે શ્રી પાર્શ્વનાથજીની અતિ પ્રાચીન અને ચમત્કારિક પ્રતિમા જોવા જેવી છે. સંવત ૧૦૧૨ની સાલનો પ્રાચીન ભવ્ય ઘંટ પણ અહીં છે. અહીંનું વાતાવરણ જાણે સ્વર્ગીય છે!

**ઉંના**— અત્રે ગુરૂમંદિરનો મહિમા છે. સ્થાન પુરાણ–પ્રાચીન તથા પ્રસિદ્ધ છે આ પવિત્રભૂમિ પતિતપાવન હોવાથી દર્શનીય છે.

**ગઢડા**— ગઢડા (સ્વામીના)માં સ્વ.મીનારાયણનું સુંદર મંદિર દર્શનીય છે. સ્વામીનારાયણ સંપ્રદાયના લોકો માટેનું આ પ્રસિદ્ધ તીર્થ છે.

**ચોટિલા**— ચોટિલા પર્વત પર ચામૂંડા માતાજીનું પ્રસિદ્ધ દર્શનીય તીર્થસ્થાન છે. આસપાસનું પ્રાકૃતિક સૌંદર્ય બહુ જ રમણીય છે.

**ધ્રાંગધ્રા**— આ નગરમાં આવેલ સોડાનું કારખાનું દર્શનીય છે.

**સુરેન્દ્રનગર**— અહીં દૂધરેજનું ભવ્ય મંદિર દર્શનીય છે.

**વીરપુર**— રાજકોટથી જુનાગઢ જતાં રેલવે–લાઈન પર ગોંડલ અને જેતપુર વચ્ચે આવેલું વીરપુર આજે ગુજરાતમાં પ્રસિદ્ધ સ્થાન બની ચૂક્યું છે. અહીં જલારામ બાપાનું સ્થાન છે. શિરડીના સંત શ્રી સાંઈબાબા ઘંટીથી દળતા તેવી જ રીતે આ જલારામબાપા પણ પોતાના હાથથી ઘંટી ચલાવી દળતા અને તેમાંથી બનાવેલ પ્રસાદ ભક્તોને વહેંચતા એમ કહેવાય છે. આજે પણ લગભગ ૪ ફૂટની ગોળાકાર ઘંટી મોજૂદ છે. સમાધિ પર શ્રદ્ધાળુ ભક્તો પુષ્પ અને અગરબત્તી ચઢાવી પૂજા કરે છે. ન્યાત–જાતના ભેદભાવ વગર સર્વ યાત્રિઓને અહીં મફત પ્રસાદ પૂરો પડાય છે. આ સદાવ્રત અખંડરૂપે ચાલે છે.

**જામજોધપુર**— ગોપમંદિરને લીધે જામજોધપુરનું આગવું મહત્વ છે. પ્રદેશ રમણીય છે.

**વઢવાણસીટી**— ભોગવા નદી પર વઢવાણમાં રાણકદેવીનું મંદિર દર્શનીય તથા ઐતિહાસિક છે. રા'ખેંગારની આ રૂપાળી રમણીના સતિત્ત્વની અનેક કથાઓ લોકજીભે જીવે છે. જૂનાગઢના કીલાનો કબજો લઈ સિદ્ધરાજ જયસિંહે રા'ખેંગારની રાણી રાણકદેવીને ગિરફતાર કરી હતી જે પાછળથી અત્રે વઢવાણમાં સતી થઇ હતી. તેના શ્રાપથી ભોગાવા નદીના પટ પર પાણી રહેતું નથી તેવી કિંવદન્તી છે. વઢવાણમાં માધાવાવ સં. ૧૩૫૦ (ઈ. સ. ૧૨૯૩)-નો લેખ છે અત્રેની સમાધિઓ દર્શનીય છે.

**ઢાંકની ગુફાઓ** — ધોરાજી પાસે ઢાંક ગામ નજીક ડુંગરની તળેટીમાં ઝાંઝણીમાં ક્ષત્રપકાળની (સં. બીજા સૈકાની) જૈન-બૌદ્ધ ગુફાઓ જોવા જેવી છે. જૈન તીર્થ તરીકે પણ આ સ્થાન મહત્ત્વનું છે. સૂર્યમંદિર તથા ડુંગરેશ્વર મહાદેવનું નાનકુંડ પરંતુ નયનરમ્ય સ્થાન પણ સુંદર છે.

**ઘેલા સોમનાથ** — જસદણ નજીક ઘેલા સોમનાથનું પ્રસિદ્ધ તીર્થ દર્શનીય છે. શિવરાત્રી પ્રસંગે અહીં ભક્તજનોની ભીડ જામે છે. ઘેલા નદીના કાંઠે રમણીય દશ્ય ખડું થાય છે.

**તરણેતર**—થાનમાં ચીનાઇ માટીની વસ્તુઓ વિખ્યાત છે. અત્રે થાનગઢ પાસે તરણેતરનું તીર્થ અવલોકનીય છે. ભાદરવા સુદ ૫ ના દિવસે અહીં મેળો પણ ભરાય છે. વૌઠાનો મેળો, શામળાજીનો મેળો, વાત્રકનો મેળો આમ તીર્થસ્થાનોમાં મેળો ભારતભૂમિમાં દર-વર્ષે ભરાય છે. ' ઉત્સવ પ્રિયાઃ ખલુ જનાઃ !

**રન્નાદે** — રાંદલ માતાનું હડવાનું રન્નાદે તીર્થ ગુજરાતમાં પ્રસિદ્ધ છે. રન્નાદેનું વ્રત વિશિષ્ટ કહેવાય છે. લોકસાહિત્યમાં પણ રન્નાદેનાં ગીતો વ્યાપક છે. રાંદલ સ્ત્રીઓની દેવી છે અને સ્ત્રીઓ આ દેવીનું વ્રત કરી કથા–વાર્તા કરે છે તે પ્રસિદ્ધ છે.

**વરસિંગપુરનીવાવ**—ગુજરાતમાં અનેક વાવ–કૂવાઓ દર્શનીય છે– જેમ કે ભમરિયો કૂવો, અડાલજની વાવ, નવઘણ કૂવો અને અડી-કડી વાવ, ધાંધલપુરની વાવ વગેરે. વરસિંગપુરની વાવ વિશિષ્ટ છે. સુંદર છતરીઓ, નાળ, સોપાન બધું સુંદર છે. લાખા વણજારાના નામે ચઢેલ અનેક વાવો ગુજરાતમાં પ્રસિદ્ધ છે. આ વાવોની વાસ્તુકલા પણ પ્રાચીનકાળમાં ભવનનિર્માણકળા અને શિલ્પ સ્થાપત્યશાસ્ત્ર સાથે સંકળાયેલી રહી છે. માળવાળી વાવો સોલંકી-યુગની ઇમારતો સાથે સંબદ્ધ છે. ગુજરાત, રાજસ્થાન વગેરેમાં આવી ભવ્ય વાવો છે. ઘણી વાવોમાં ઐતિહાસિક શિલાલેખો, શિલ્પ કોતરકામવાળી મૂર્તિઓ, ગોખમાં શિવ–પાર્વતી, શેષશય્યા વિષ્ણુ, ગણપતિ તથા શ્રીકૃષ્ણ–બલરામ અને શ્રીરામ–લક્ષ્મણ જાનકી વગેરેની પ્રતિમાઓ અંકિત છે. આમ વાવો ઉપયોગિતાની સાથે રસલક્ષી

અને સૌંદર્યબોધની તથા કલાભાવનાની પ્રતીક છે.

કે છે —

" શિયાળે સોરઠ ભલો ને ઉનાળે ગુજરાત
ચોમાસે વાગડ ભલો ને કચ્છડો બારે માસ "

કચ્છ જતાં **સર્વપ્રથમ** જમણી બાજુએ મોટું રણ તથા ડાબી બાજુએ નાનુ રણ જોવા મળે છે. દરિયાના પાણી ભરાઈ જાય અને પછી ઉતરી જાય પછી પાપડી જામી જાય એને વેરાનભૂમિ-રણ કહેવાય છે. આ રણ રાજસ્થાનનાં રેતીલા રણ કરતાં જૂદી વસ્તુ છે. આ કચ્છના રણમાં જંગલી ગધેડાઓ પુષ્કળ પ્રમાણમાં જોવા મળે છે.

કચ્છભૂમિ પ્રાચીન છે. અને કાળાંતરે તેના પર મોટા યુદ્ધો ખેલાયાં છે. આખો કચ્છ વિસ્તાર ઐતિહાસિક રહ્યો છે. આડેસર, લાકડીયા અને ભચાઉ મોટાં સ્ટેશનો આવે છે. આ સ્થળોના પ્રાચીન અવશેષો, કીલ્લા, પરકોટા તથા બાંધણી વગેરે પ્રાચીનતાનાં પ્રતીક છે. યુદ્ધો ખેલાયાની લોકવાતો પણ ઇતિહાસ ઉભો કરે છે.

**ગાંધીધામ** મોટું રેલ્વે સ્ટેશન છે. અહીંથી કંડલા બંદર બહુ નજદીક છે. ત્યાં સુધી ટ્રેઇન પણ જાય છે. જૂનું કંડલા હવે મીઠાના ઉદ્યોગ માટે જ મશહૂર છે. અહીંનું મીઠાનું કારખાનું આખા એશિયામાં પ્રથમ નંબરનું ગણાય છે.

ગાંધીધામથી ગોપાલપુરી-આદિપુર વટાવતાં અંજાર આવે છે. ધરતીકંપના પ્રકોપથી તારાજ થયેલ અંજાર પોતાના પુરુષાર્થ વડે પાછું સજીવન બન્યું છે. અહીંના સૂડી-ચપ્પાં વગેરે વિખ્યાત છે. 'ગુબીત' મીઠાઈ-પાક પણ પ્રસિદ્ધ છે. અંજાર જોતાં એમ લાગે કે પ્રદેશ લીલોતરો છે પરંતુ આગળ ઊંચાણવાળા વિસ્તારો શરૂ થતાં ખનિજ સમૃદ્ધિ અને ઉજ્જડ ભૂમિનાં દર્શન થવા લાગે છે. માટીના વિવિધ રંગોના પડ પથરાયેલા પડ્યા છે. લિગ્નાઇટ, ચૂનો, ગંધકના ખડક ભર્યા પડ્યા છે. કચ્છનું મુખ્ય નગર ભુજ છે. દૂર દૂરથી ભુજિયો કિલ્લો દેખાય છે. આ પ્રાચીન કિલ્લો અતિહાસિક તથા ભવ્ય છે. ભુજિયાની અનેક કથાઓ કચ્છમાં પ્રચલિત છે. ભુજ શહેર જૂની બાંધણીનું રજવાડી રાજધાનીનું પ્રતીક છે. નગરને ફરતો કોટ છે. પાઘડીપને શહેર સાંકડું છે અને હવેલી ટાઈપ મકાનો ઉદયપુરની યાદ આપે છે અહીંનો દરબારગઢ દર્શનીય છે. કોટનો દીવાલો મોટી પહોળી છે. મહેલ તથા ઘંટારવ જોવા જેવા છે. ભુજનો આયના મહેલ તો અદ્વિતીય ઇમારત છે. કચ્છના કલાપ્રિય મહારાવશ્રી લખપતજીએ કચ્છના વિખ્યાત કારીગર શ્રી રામસિંહ માલમ પાસે આ શીશમહલ બનાવરાવ્યો હતો. આયનામહલ ખાસ દર્શનીય છે. ભુજ નગરમાં મ્યુઝિયમ, પંચહટડીમાં વૈષ્ણવ હવેલી મંદિર, જમાદાર ફતેહમહમ્મદનાં ઓરડાં અવલોકનીય છે. ફતેહમહમ્મદ માટે પ્રશસ્તિ પ્રસિદ્ધ છે—

ફતીઆ તારી ફોજરો, ભયડંકો ભારી,
સૂતી થડકે રાતમાં, નગર રી નારી,
ઓખો તું થી ઉધડકે, બરડો તું થી બીએ,
ગઢ ધ્રૂજે ધોરાજીરો, નોતિયાર નગરલીએ,
હાલા, ઝાલા, જેઠવા, હટાઓ તેં હમીર
વળ ઉતારી મૂંછના, કીધાં પાંસરા તીર.

ઓરડાંની અંદર લાકડાંનું નકશીવાળું સુંદર કામ છે.

સ્વામીનારાયણ મંદિર તથા કોટડીબાગ જોવા જેવા છે. **હમીરસર** સુંદર બાંધણીવાળું તળાવ છે. શરદબાગ સુંદર સ્થળ છે. કચ્છના રાજ્યકવિ અને અજોડ એવી કવિઓની વ્રજભાષા-પાઠશાળાના આચાર્ય શંભુદાનજી આજે સમય પલટાને લીધે શરદબાગના ચોકીદાર જેવા છે! શરદબાગમાં અંદરના ભાગમાં મહારાવ પરિવાર વાસ કરે છે. બાગ ભવ્ય-રમણીય છે. ખેંગારબાગ પાસે થઈ રાજેન્દ્રબાગ જવાય. સરોવરની વચ્ચે આ નાનકડો સાર્વજનિક ઉદ્યાન રળિયામણો છે. શ્રી સત્યનારાયણ મંદિર દર્શનીય છે. પાસે જ કલ્યાણેશ્વરજીનું ભવ્ય શિવમંદિર છે શિલ્પ-સ્થાપત્ય સાચે જ જોવાલાયક છે. આખું શિલ્પ સોલંકી યુગીન છે. પાસે જ એક મઠ તથા ધર્મશાળા પણ છે. સતિઓ અને યુદ્ધમાં હણાયેલ વીરોના પાળિયા ઐતિહાસિક છે. પાસે જ મ્યુઝિયમ અને આલ્ફ્રેડ હાઈસ્કૂલ છે. મ્યુઝિયમમાં શિલાલેખો, મૂર્તિઓ, સિક્કાઓ તથા કચ્છની સંસ્કૃતિનાં પ્રતીક નમૂનાઓ દૃષ્ટવ્ય છે.

**હબાયમાતાનું** સુંદર સ્થળ પર્વતાળ વિસ્તારમાં પ્રકૃતિની ગોદમાં આવેલું છે. અહીંનું પાણી સરસ અને સ્વાસ્થ્યવર્ધક છે. આ માર્ગે કોટાયનું હજાર વર્ષ જૂનું શિવમંદિર જોવા જેવું છે. લોકાઈ, 'ઢંગ' આદિ ગામો કચ્છની પ્રજાના લોકજીવનના અરીસા છે. મેકણપીર જેને કચ્છ મેકણદાદા કહે છે તેમનું સ્થાન અને સમાધિ દર્શનીય છે. આ ઐતિહાસિક સ્થાન પર મેકણદાદા તેમના ભક્તો અને મોતીઓ કૂતરો તથા લાલીઓ ગધેડો વગેરેની સમાધિઓ છે. બહારના ભાગમાં પાળિયા છે. અહીં આયર અને મુસલમાનોની જ માત્ર વસ્તી છે. હબાય, કોટાય અને મેકણની સમાધિ એક જ લાઈનમાં જઇને જોઇ શકાય છે કારણ કે ડુંગર હોવાથી રસ્તા નથી. આરી ભરતકામના આચાર્ય હંસરાજભાઈ જૂનાગઢમાં રહે છે તે અને તેમની શાળા વગેરે તથા તેમના નમૂનાઓ જોવા જેવા છે.

**બન્ની**—કચ્છનો બન્ની ઇલાકો તો જોવા જેવો પ્રદેશ છે એમ કહું તો ખોટું નહીં. ઢોરી પછી છઠ્ઠી ગામ આવે છે જ્યાં જાણેજાઓની-મુસ્લીમ વસ્તી છે. ઢોર પાલન એ જ અહીંનો ધંધો છે. ભૂંગા કહેવાતાં માટીની દીવાલો તથા ઘાસના છાપરાંવાળા ઘરો છે. આખાય બન્નીમાં ભૂંગા જ જોવા મળે છે. ઢોરો ખુલ્લામાં જ રખાય છે. બાંધ્યા વગર મુક્તપણે વાડામાં તેમને રખાય છે. ૧૦-૧૫ થી વધુ ઘરો એક સાથે હોતા નથી. ગોજરડો, સિસરિયાણુ બાજુ સાંઢા (પ્રાણી) બહુ હોય છે. તેમનું તેલ કાઢીને વેચવાનો વ્યાપાર પણ ચાલે છે. બાવળો બહુ હોવાથી બાવળનો ગુંદર પણ અહીં વેચાય છે. બન્ની વિસ્તાર સપાટ ભૂમિનો છે. નાના ઘાસ સિવાય કશું જ જોવા નહિ મળે. વસ્તી ત્યાં જ હોય છે જ્યાં પાણીના નેસડા (વીરડા) હોય. બન્નીમાં નેસડા એટલે રેગિસ્તાનમાં નખ્લીસ્તાન. (Oasis in the deserts) પશુધન નેસડા પાસે જ પથરાયેલું હોય છે બન્નીના લોકોની મૂડી પશુધન છે જેના જીવનનો ઉદય અને અસ્ત આ નેસડામાં જ થાય છે. નેસડે નેસડે લોકજીવનના ડાયરા હોય છે. 'આજ યહાઁ કલ કહીં ચલે' એવું ધુમક્કડ જીવન આ પશુપાલક પ્રજાનું હોય છે કારણ કે જ્યાં સુધી નેસડામાં જલ ત્યાં સુધી ગોપાલોનું ત્યાં અન્નજલ. પાણી અને પર્ણ સદાય એમને ચલાયમાન રાખે છે જીવંત જીવન

જીવતી બન્નીની આ પ્રજાનો જીવનાધાર તે નેસડા હોય છે. લોકજીવન અને લોકસંસ્કૃતિને ટપી જાય એવી ધરતી કચ્છ સિવાય બીજે ક્યાં છે ? નેસડે નેસડે ફરતી આ મુસ્લિમ પ્રજા કળા શોખીન પણ છે. ભરતકામ તથા નકશીકળામાં આ લોકો પાવરધા ગણાય છે. આરી ભરતકામ માટે એક કચ્છ આજે વિશ્વમાં પંકાય છે.

બન્નીમાં નેરી, રેલડી વગેરે વટાવ્યા બાદ ભિરંડીઆરા નામક એક સરસ અને સહેજ મોટું ગામ આવે છે. અહીંના શ્રી લાલમહમદભાઈનું ભુંગુ આખા બન્નીમાં સુંદર, શોભિત અને કલાત્મક કહેવાય છે. શીતલ અને સોહામણો આ ભુંગો ' એરકંડીશન ' જેવો લાગે છે. શ્રી લાલમહમદભાઈના પુત્ર શ્રી જલાલભાઈ ભિરંડીઆરા વિસ્તારના સરપંચ છે. આ લોકો રાસીપોત્રા અટકના છે. બન્નીમાં મુસલમાનો સિવાય બીજી કોઈ કોમ નથી. ગામ સાડઈના સરપંચ શ્રી ઉંમરભાઈ મુસાભાઈ સારામાં સારું ભરતકામ કરે છે. પુરુષો કરતાં સ્ત્રીઓ વધુ કળા–નિપુણ છે. ૮૪૦ માઈલના વિસ્તારમાં બન્ની ઈલાકો પથરાયેલો છે. એક એક ગૃહસ્થ પાસે અહીં હજારોનું પશુધન હોય છે. અહીં શિક્ષણ નહીંવત્ છે કચ્છી અને ગુજરાતી ભાષાઓ બોલાય છે.

સાડઈ પછી હોડકા આવે છે. એક સમય બન્નીના બાદશાહ ગણાતા શ્રી ગુલામમોહમ્મદનો વિલાયતી નળિયાવાળો બંગલો જોવા મળે છે. મસ્જિદ પણ છે. બાકી બધા ઘરો ભુંગા જ છે. પછી ડુમડા આવે છે. અહીં પાકી મસ્જિદ છે. શ્રી હાજી ઈસ્માઈલ પશુધનના મોટા વેપારી છે. અહીંનું પાણી મીઠું અને મધુર છે. અહીં જોવા મળતાં બધા જ સ્ત્રી–પુરુષો હૂણ–ઈરાની પરંપરાના લાંબી આકૃતિ, લાંબુ નાક અને પડછંદ કાયાવાળા સશક્ત છે. બન્નીમાં મુસ્લિમોના સંસ્કાર ભારતીય છે. મસ્જિદો આધુનિક છે. જીવન નિર્વાહ એ જ એમને માટે પ્રશ્ન છે બાકી પંચાત જ નહીં. આ બધા હાલેપોત્રા અટકના છે અને વેપારી છે. પશુપાલન. વેચાણ અને નિકાસ એ જ એમનો ધંધો છે. હોડકાથી પાકિસ્તાન સાથેની સરહદથી આપણી બાજુએ ( ૨૪ માઈલ ) ધોરડા છે. અહીંના મુખ્ય માણસ શ્રી ગુલબેગમિયા એક જવાંમર્દ, વ્યવહારકુશળ, મુત્સદ્દી વેપારી છે. અતિથિ સત્કાર માટે તેઓ જાણીતા છે. છાશ માખણ અને રોટલા અહીં મોકળા મળે છે. ગુલબેગભાઈ ધોરડા વિસ્તારના સરપંચ છે. સરકારે તેમને J. P. ની માનદ પદવી પણ આપેલ છે. તેઓ મુતવા કોમના આગેવાન છે. ૮૪૦ માઈલના બન્ની વિસ્તારમાં ૧૩ કોમો–જાતિઓ વસે છે. ( બધી મુસલમાન છે. ) આ કોમોમાં જત કોમ મોટી છે, જે પશ્ચિમ બન્નીમાં વસે છે. તેઓ ભેંસો રાખે છે. આ જત લોકો બલૂચી પ્રજા છે. જત સ્ત્રીઓ મજબૂત તથા દેખાવડી હોય છે. કુનરિયા ગામમાં જામખાન મુસલમાન છે. તેઓ સમા છે. જામખાન જાડેજા વંશના છે. સોઢા હિન્દુ રાજપૂતોમાંથી તેઓ પરણે છે. લગ્નમાં ચોરી જેવી હિન્દુ વિધિ કરે છે. મૂળ હિન્દુઓમાંથી મુસ્લિમ બન્યા છે. આ બધાં મુસલમાન કરતાં કચ્છી હોવામાં ગૌરવ માને છે. મુતવા કોમના ઇતિહાસ વિશે હું ' પથિક 'માં સવિસ્તાર લખી ચૂક્યો છું. આરી ભરતકામ વિશે પણ લખ્યું છે. બન્નીનો ધોરડા વિભાગ ખરેખર જોવા જેવો છે કારણ કે ૨૪ માઈલ પછી જ પાક પ્રદેશ છે.

ભુજથી માતાના મઢ જતાં વચ્ચે પુંઅરા ગઢનું પ્રાચીન શિવાલય આવે છે. ૯મી સદીનું આ ભવ્ય શિવમંદિર દક્ષિણ ભારતના શિલ્પ-પ્રભુત્વવાળુ જોઈને આનંદ અને આશ્ચર્ય અનુભવાય છે. લગભગ ૧૨૦૦ વર્ષ પ્રાચીન આ મંદિર કચ્છની પ્રાચીન જીવન–સંસ્કૃતિનું પ્રતીક છે. ૨૧' લાખા ફુલાણીના ભત્રીજાએ ૧૦૦૦ વર્ષ પૂર્વે શિવમંદિર બનાવ્યું કહેવાય છે. બાજુમાં જ પડી ગયેલો પુંઅરા-ગઢનો કોટ છે. આ માર્ગે પક્ષોની ટેકરી આવે છે. આગળ જતાં નખત્રાણા નગર આવે છે. જ્યાં ઘેટાં ઉછેર કેન્દ્ર છે. મથલ ગામથી માતાના મઢ જતાં ડુંગરની હારમાળાઓ આવે છે. ડુંગરોમાં સફેદ ખડક દેખાય છે. આ વિસ્તાર ધાતુઓથી ભરપુર જણાય છે. માતાના મઢ પાસે તો લાલ, પીળી, ભૂરી–વિભિન્ન રંગોવાળી માટીના થર ખડકાયેલા છે. સફેદ પથ્થર અને ચૂના પડ જામેલા જોવા મળે છે. લિગ્નાઇટ, ક્લે, ગંધક વગેરે વ્યાપક છે. આ સ્થળે એશિયામાં મોટું એવું ફટકડીનું કારખાનું હતું. લાલ માટી, મગ માટી ઘણી સારી છે હવાપરની આજુબાજુ લિગ્નાઇટ સાથે સલ્ફર મિશ્ર છે. માતાના મઢ પાસે સુગંધિત માટી છે. જે અગ્નિ પર મૂકતાં સુગંધ આવે છે. જેમ ધૂપ એ આશાપુરી ધૂપના નામે ઓળખાય છે.

**આશાપુરી દેવી**— મંદિરમાં સ્વયંભૂમૂર્તિ છે. શાસકોની કુળદેવી છે. અહીંની ગાદી પર રાજા બાવા કરમસિંહ સારા સ્વભાવના સ્નેહી માણસ છે. મઢમાં પીવા માટે પાણીના નળ છે. યાત્રિઓને રહેવા–જમવા માટે મંદિર તરફની વ્યવસ્થા ઉત્તમ કહી શકાય એવી છે. મંદિરમાં મોટો ઘંટ ઇતિહાસની એક કથા સાચવીને રણકાર કર્યે જાય છે.

**નારાયણ સરોવર**— માતાના મઢથી નારાયણ સરોવર-કોટેશ્વર જવાય છે. સાગરમાંથી સાંકડા પથ નારાયણસરના બેટ પર લઈ જાય છે અહીં દ્વારિકા જેવું તીર્થ-મહાત્મ્ય છે. મુખ્ય મંદિર શ્રી ત્રિકમરાયજીનું છે. તે સામે પશ્ચિમે શ્રી લક્ષ્મીનારાયણ, શ્રી આદિનારાયણ, શ્રી સાક્ષીગોપાલ, શ્રી ગોવર્ધનનાથજી, શ્રી દ્વારિકાધીશ, શ્રી લક્ષ્મીજી, શ્રી કુંવર કલ્યાણરાયનાં મંદિરો છે. પાસે જ નારાયણ સરોવર છે. થોડે દૂર મહાપ્રભુશ્રી વલ્લભાચાર્યજીની બેઠક છે. અહીંથી સવારે બસ કોટેશ્વર જાય છે. નારાયણસરથી કોટેશ્વર લગભગ ત્રણ કીલોમીટર છે. કોટેશ્વર–શિવલિંગ સાથે રાવણની કથા જોડાયેલી છે. સમુદ્ર કિનારે આ મંદિર સુંદર ભાસે છે. અહીં જ્ઞાનેશ્વર તથા સરણેશ્વરના મંદિરો પણ છે. બધા જ શિવમંદિરો છે. કોટેશ્વરનું સ્થળ એક બેટ છે.

મઢથી પાછા ફરતાં, જ્યાંથી હરપ્પા સંસ્કૃતિના અવશેષો પ્રાપ્ત થયા છે તે ગામ દેશલપર ગુંતલી આવે છે. સંસ્કૃતિ પ્રેમી તેમજ પુરાતન–પ્રેમીઓ માટે દર્શનીય છે. કચ્છમાં રુદ્રમાતાબંધ આવેલ છે. તે પણ જોવા જેવો છે.

કાચબા આકારનો કચ્છ પ્રદેશ ભારતનાં બીજા ભાગોથી અપરિચિત હોવા છતાં ભારતીય સંસ્કૃતિ અને ઐતિહાસિક દૃષ્ટિએ અતિ મહત્વનું સ્થાન ધરાવે છે. આ ભૂ ભાગ પર યુદ્ધ ખેલાયાં છે અને સંસ્કૃતિઓનું સર્જન, વિસર્જન તથા નવસર્જન થયાં કર્યું છે. ખમીરવંતી વીરધરા કચ્છભૂમિ દર્શનીય છે.

**ભદ્રેશ્વર**— ભદ્રવતી નગરીના અવશેષ સ્વરૂપ ભદ્રેશ્વર સુપ્રસિદ્ધ સ્થાન છે. આ પુરાણ પ્રસિદ્ધ નગરી જૈનોનું પવિત્ર યાત્રાધામ છે.

એક શિવમંદિરના અવશેષ તથા ચાર માળની વાવ પણ વિખ્યાત છે. મૂળ સાતમાળ હતા તેમ કહેવાય છે પરંતુ આજે ચાર માળ જ મોજૂદ છે. સમુદ્રકાંઠે આવેલું આ યાત્રાધામ અનેક રીતે મહત્ત્વનું તથા રમણીય સ્થાન છે.

**માંડવી**— માંડવી પણ કચ્છનું બંદર છે કચ્છના અખાતમાં આવેલ લખપત, માંડવી, ભદ્રેશ્વર અને કંડલા કચ્છના દરિયાકાંઠાના મહત્ત્વના વ્યાપારી સ્થાન છે, જેમના પર કચ્છનો ઔદ્યોગિક વિકાસ તથા સમૃદ્ધિ નિર્ભર છે બેડીબંદર, સિક્કાબંદર, ઓખાબંદર વ.થી કચ્છનાં બંદરો સંકળાય છે અને આમ દરિયામાર્ગે કચ્છ-કાઠીયાવાડ-સૌરાષ્ટ્ર અને ગુજરાત જોડાય છે દ્વારકા, પોરબંદર, માંગરોળ મહુવા, ભાવનગર, ખંભાતથી માંડીને મુંબઈ સુધી ગુજરાતનો દરિયાકાંઠો ગુજરાતની સમૃદ્ધિનો આધારસ્તંભ છે.

**લખપત**— ભુજથી લખતર સુધી રસ્તો છે અને બસવ્યવહારથી આ જ માર્ગે આખો વિસ્તાર સંકળાયેલો છે. લખતર બંદર હોવા ઉપરાંત પ્રાચીન ઐતિહાસિક સ્થાન છે. મુંદ્રા, ખાવડા કેરા તથા નળિયા પણ કચ્છના પ્રસિદ્ધ દર્શનીય સ્થાનો છે.

**લોથલ**— હરપ્પા સંસ્કૃતિના અવશેષો સાચવીને બેઠેલું લોથલ ધોળકા નજીક આવેલું છે લગભગ એક માઇલની લંબાઈ અને પા માઈલ જેટલી પહોળાઈમાં પથરાયેલ લોથલનો ટીંબો આજે તો પુરાતત્ત્વવિદોનું આકર્ષણ અને અધ્યયન કેન્દ્ર બની ચૂક્યું છે. પ્રાચીનકાળમાં લોથલ બંદર રહ્યું હતું જ્યાં સાબરમતીના મુખમાંથી નાના જલયાનો પ્રવેશી શકતા. અત્રે ધક્કાના અવશેષોથી હરપ્પા સંસ્કૃતિના વહાણવટા વિકાસનો ખ્યાલ આવે છે. ૭૧૦ ફીટ લાંબો ૧૧૬ ફીટ પહોળો અને ૧૪ ફીટ જેટલી ઊંચાઈની દીવાલોવાળો આ ધક્કો ઈંટોનો ચણેલો છે. સિંધુખીણની વસાહતો સાથે અત્રેથી આયાત-નિકાસ થતી હશે જ મેસોપોટેમિયા તથા મિશ્ર સાથે પણ દરિયા દ્વારા સંબંધો રહ્યા લાગે છે. લોથલની વસાહત સમૃદ્ધ જીવનથી સભર હતી. ઉદ્યોગ-વ્યાપાર ઉચ્ચકક્ષાએ પહોંચેલ હતા. હરપ્પા-મોહન-જો-દરો-લોથલ નગરોની રચના વિશ્વમાં અદ્ભુત હતી એમ આજના અવશેષો બતાવે છે. જીવન વ્યવસ્થિત, ભવન નિર્માણ સંપૂર્ણ વ્યવસ્થાપૂર્ણ અને નગર રચના ઉચ્ચ કક્ષાની તથા બજાર અને દૂકાનો સુવ્યવસ્થિત હતાં. ૧૧૦૦ ઇ. પૂ. અને ૬૦૦ ઇ. પૂ. વચ્ચેની ઇતિહાસની તૂટેલી કડી આ લોથલ જોડી આપે છે કારણ કે ૧૫૦૦ ઈ. પૂ. હરપ્પા સંસ્કૃતિના અંત પછી પણ ૫૦૦ વર્ષ સુધી લોથલમાં સંસ્કૃતિ ચાલુ રહી હતી તેમ સાબિત થયું છે. મૃત્તિકા, કૃષિ, મત્સ્ય ઉદ્યોગ, માળા તથા ચંપા આદિના ફલકનો ઉદ્યોગ તથા પશુપાલન અત્રેના લોકજીવનમાં મુખ્ય દેખાય છે. રંગ અને ચિત્રકામ તથા રમકડાં બનાવવામાં લોકો નિષ્ણાત જણાય છે લોક સુખ-શાંતિપ્રિય તથા મોજી પ્રકૃતિનાં રહ્યાં લાગે છે લોથલના હરપ્પા લોકો અગ્નિપૂજક હતાં અને બલિદાન માટે પશુ હિંસા કરતા તેમ જણાય છે. કદાચ સતીકથા પણ રહી હશે. કબ્રસ્તાનોમાં બબ્બે કબરો એક સાથે મળી છે. સિંધુ નદીની ખીણમાં હરપ્પન લોકો લાંબો સમય જીવ્યા અને વિશ્વમાં સભ્યતા અને સંસ્કૃતિના પાઠ પઢાવ્યા તે જ લોકોની પરંપરા લોથલમાં ચાલુ રહી અને લાંબો સમય સુધી ટકી શકી.

આમ લોથલના ખોદકામથી ઇતિહાસ અને સંસ્કૃતિના લુપ્ત પાના પ્રકટ થયા છે. અને ભારતીય-પ્રાચીન-ગૌરવગાથાને તેમણે વાણી આપી પ્રાચીનતમ સભ્યતાના પ્રતીક પૂરાં પાડ્યાં છે.

**નગરા**— ખંભાત પાસે નગરાના ખોદકાર્યથી પણ પુરાતત્ત્વની દૃષ્ટિએ મહત્ત્વની માહિતી મળી છે લોથલકાળની સંસ્કૃતિ અત્રે પણ પથરાયેલ હતી કારણ કે ખંભાતના અખાતમાં વહાણવટા અને વ્યાપાર અત્રેના વિસ્તૃત ભૂ-ભાગ પર વ્યાપક હતા અને લોથલ બંદરથી સંકળાયેલા હતા.

**ખંભાત**— ખંભાત પ્રાચીન નગરી રહેલ છે બંદરની દૃષ્ટિએ તેનું મહત્ત્વ લોથલ સંસ્કૃતિના કાળમાં પણ હશે જ. કાચા હીરા-મોતીના વ્યાપાર પણ અત્રે ચાલતા રહ્યા છે. આજે તો તેલક્ષેત્ર બનવાને લીધે ખંભાત રાષ્ટ્રીય તીર્થ જેવું બની ચૂક્યું છે. રજવાડું હતું તેથી તેની રચના પણ દર્શનીય છે. બંદર તરીકે પણ ખંભાત વિશિષ્ટ છે.

**અંકલેશ્વર**— અંકલેશ્વર તેલ અને તેની શુદ્ધિ માટેના કેન્દ્ર (રીફાઇનરી) તરીકે વિશ્વપ્રસિદ્ધ બન્યું છે. અમદાવાદ-વડોદરા-મુંબઇ રેલમાર્ગથી નજદીક આખો અંકલેશ્વર વિસ્તાર આજે તો તેલ ઉદ્યોગથી ધમધમી ઉઠ્યો છે. ગુજરાતની કાયા-પલટમાં આનો ફાળો મહત્ત્વનો બની રહ્યો છે.

**કલોલ**— કલોલ-મહેસાણા વિસ્તાર પણ ખંભાત અને [illegible]શ્વરની હરોળમાં તેલ-વિસ્તાર તરીકે વ્યાપક અને વિશિષ્ટ રહેવા પામ્યો છે. ગુજરાતને તેલ પ્રાપ્તિ થઇ તે કુદરતી કૃપા [illegible] ગુજરાતના તેલ-ભંડારોએ દુનિયામાં ગુજરાતનું સ્થાન બનાવી દી[illegible] છે. પેટ્રોકેમિકલ ઇન્ડસ્ટ્રીઝ અને તેલ-ગેસના [illegible] ગુજરાત સમૃદ્ધિની દિશામાં ઝડપથી ધપી રહ્યું છે

**માલપુર**— સાબરકાંઠા જિલ્લાનું આ સ્થાન દર્શનીય છે રખોડેશ્વર મહાદેવ પ્રસિદ્ધ છે. વાત્રક નદીના કાંઠે આવેલ આ સ્થળે ગોકુળઅષ્ટમીએ મેળો ભરાય છે સીતાફળ તથા [illegible] જંગલ છે, કંચન ટેકરી, ગોઝારું તળાવ [illegible] વગેરે દર્શનીય છે. મગોડી ગામ પાસે આવેલ માતાનો ધરો. મંદિર આદિ સુપ્રસિદ્ધ તથા રમણીય સ્થાન છે.

**કલશ્રી**— સાબરકાંઠાના માલપુરથી આગળ જતાં બાબલિયા ગામથી એકાદ માઇલ પૂર્વમાં, પંચમહાલના પહાડોમાં "કલશ્રી" નામક સુંદર, ઐતિહાસિક, પ્રાચીન ધર્મસ્થળ આવેલું છે પર્વતમાળાઓની ખીણમાંથી પાણીનું ઝરણું વહે છે. વૈશાખ-જેઠમાં જ્યારે ભલભલી નદીઓનાં નીર પણ સુકાઇ જાય છે ત્યારે આ કપરા ગ્રીષ્મકાળમાં પણ કલશ્રીનું નાળું વહેતું રહે છે પાતળી પાણીની ધાર અસ્ખલિત પ્રવાહીત રહે છે જેનું શીતલ, સુપાચ્ય તથા મધુ-મધુર પાણી પીને લોકો તથા પ્રાણીઓ પ્રસન્નતા અનુભવે છે. બહુ ઊંચી નહીં એવી ગિરિમાળાઓમાં નીરભર્યાં નાળાની બીનાશથી સર્વત્ર ઠંડક અને શીતલતા અનુભવાય છે. જેઠના દારૂણ આતપમાં પણ અત્રે મનહર શીતલતા વિશિષ્ટ તેમ જ સુખશાંતિ અને આનંદ આપનારી છે. ખજુરીઓના સડસડાટ સ્વર મુખરિત લીલાછમવૃક્ષો; ટીંબરુ, સાગ, મહૂડા તથા અન્ય વન્ય વૃક્ષોની ઘટાટોપ હરિયાળી, શીતળ-મંદ સમીર તથા પક્ષીઓના કલરવ વગેરેથી અરણ્યપ્રદેશમાં અનેરૂં ઉપવન ઊભું છે એમ લાગે છે.

પ્રવાહિત નાળાના તટ પર રેતિયા પત્થરો (Sandy Stone) ના પગથિયાવાળો પાકો બાંધેલો ઘાટવાળો ૧૫×૬૫નો જલકુંડ છે. આ વિશાળ જળકુંડનું પાણી પરમ પવિત્ર લેખાય છે. તથા શીતળ હિમજળ જેવું છે. જલકુંડથી સંલગ્ન માત્ર મંદિર તથા પ્રભુની સેવાર્થે ઉપયોગમાં લેવા માટેની પત્થર જડિત નાનકડી કોઠીનૂમા વાવ છે. અત્યારે તેનો મોટો ભાગ માટીથી દટાયેલ છે પરંતુ હવે ગુજરાતના પુરાતત્ત્વ ખાતા તરફથી સમારકામ ચાલુ છે. આ વાવને અડીને અત્યારે એક ઘુમટીવાળું મંદિર મોજૂદ છે. આ મંદિર સ્ટેટના જમાનામાં પ્રાચીન અવશેષોના પત્થરો વડે ઊભું કરવામાં આવ્યું છે. પત્થરોના પ્લેટફોર્મ પર સ્થિત આ મંદિરમાં શિવલિંગ છે પ્રવેશદ્વારે જમણે દ્વારપાલ તથા ડાબે દેવી મૂર્તિ અંકિત છે. અંદર ઉપરના વ્યાસપીઠ પર દેવીમૂર્તિ તથા અન્ય મૂર્તિઓ બિરાજેલ છે. આ ઘુમટીવાળા મંદિરની બહાર બે સ્તંભ પર મંડપ છે જેની છતમાં કમળાકારમાં નૃત્યમંડળીઓ કોતરેલી છે. પ્રવેશથી ડાબા સ્તંભ પર સર્પ અંકિત છે તથા જમણા સ્તંભ પર વિંછી છે. આ ઘુમટીવાળા મંદિરમાં બહારના ભાગની ભીંતપર એક સુંદર ત્રિભંગા સ્ત્રીમૂર્તિ છે જેના સાડીના છેડે કૂતરો લાડ કરતો જોવા મળે છે આ સુસ્તની મસ્તાની મૂર્તિ ખરેખર સૌંદર્યબોધનું પ્રતીક છે. આ ઘાટીલા નારી દેહના જમણા હાથમાં પુષ્પ ગુચ્છ છે. આ મૂર્તિ પાસે ઈન્દ્રાણીની મૂર્તિ છે. જેની પાસે ઐરાવત અંકિત છે. આ મંદિરની કુંડ બાજુની પીઠવાળી ભીંત૨ર મોટા સ્તનવાળી–પીન પયોધરા-લાવણ્યમયી નારી મૂર્તિ અંકિત છે. પૂર્વ દિશા બાજુની ભીંત પર એક સ્ત્રીમૂર્તિ છે જેના સ્તન સુડોળ તથા હાથમાં મજાનો મોટો ભલો છે આ મૂર્તિ પણ ભંગિમાવાળી નયનાભિરામ છે.

આ ઘુમટીવાળા મંદિરની બહાર ચોકમાં પ્રવેશદ્વારથી નીકળતાં ડાબી બાજુથી દશ મૂર્તિઓ હારબંધ ઉભેલી ગોઠવાયેલી છે. પ્રવેશદ્વાર તરફ જતાં જમણે અને આવતાં ડાબેથી ખડી મૂર્તિઓ ધ્યાન ખેંચે છે. પ્રથમ મૂર્તિ સિંહના વાહન તથા હાથમાં ત્રિશૂળધારિણી દેવી અંબિકા છે. અંબિકાને અડીને ગંગાની મૂર્તિ છે, જેના હાથમાં જલપાત્ર–કમંડલ છે. ગંગા પાસે જમણા હાથમાં લાડવાનું પાત્ર પકડેલ દેવી અન્નપૂર્ણા છે. અન્નપૂર્ણાની પાસે નંદીના વાહન સાથે શિવજી છે પાસે ગણો ઉભેલા છે. શિવમૂર્તિ પાસે વિષ્ણુમૂર્તિ છે, હાથમાં નાગ દેખાય છે આ મૂર્તિ પાસે ગણપતિ છે. આ અતિ સુંદર મૂર્તિ છે. બેઠેલા ગજાનન દુંદાળા છે. ગણેશજી જમણા પગ પર ડાબો પગ ધરી આસનસ્થ છે. ડાબી જાંઘ પર તેમની સુરતની પત્ની બેઠેલ છે. પત્નીના જમણા સ્તન પર ગણેશની સૂંઢ સ્થિત છે. સૂંઢ વડે સ્ત્રી[illegible] સ્તનને સ્પર્શ કરતાં રોમાંચ માણતા ગણેશ ખરેખર દર્શનીય છે. ડાબો હાથ સ્ત્રીની–કમરને વિંટાળેલો છે. ગણપતિની મૂર્તિ પાસે ચતુર્મુખી બ્રહ્માજીની સરસ મૂર્તિ ખડી છે. બ્રહ્માજીની મૂર્તિને અડીને પાડાના વાહન સાથે યમરાજ હાથમાં ભાલા સાથે ઉભેલા છે. યમ ખરેખર ભયાનક છે. યમરાજની મૂર્તિને અડીને પાર્વતીની મૂર્તિ ઉભેલી છે અને તેને અડીને વાઘના વાહનવાળી દેવી વાઘેશ્વરીની મૂર્તિ છે.

ઘુમટીવાળા મંદિરની સામે દક્ષિણાભિમુખ દેવીમંદિર છે. મંદિર થાંભલાઓ પર સ્થિત છે. વ્યાસપીઠ પર અતિસુંદર પરંતુ ભગ્ન મહિષાસુર મર્દિની દેવીની મૂર્તિ છે. ભાલા, મહિષાસુર, વાહન વગેરે સ્પષ્ટ છે. કાળા કપૂચા જેવા પત્થરની મુર્તિ ખરેખર ભવ્ય છે આ દેવીની જમણી બાજુએ નૃત્ય રત નટરાજ શિવ છે પોતાની પૂર્ણ મુદ્રામાં નટરાજ સુંદર છે આ દેવી-મંદિરને જ 'કલેશહરી' દેવી મંદિર કહેવાય છે જે આજે કલશ્રી તરીકે વિખ્યાત છે. આ મંદિરની ભીંતમાં એક શિલાલેખ છે પરંતુ ઘસાઈ ગયો હોવાથી તદ્દન અવાચ્ય છે.

મહિષાસુર મર્દિની અથવા કલેશહરી દેવીના મંદિરને અડીને બહારના ભાગમાં શિલ્પના ઢગલા પડ્યા છે. પાસે જ હનુમાનની મુર્તિ ભોંયમાં ખૂંપેલી છે જેના પગ પાસે શનિ–પનોતિ મોજૂદ છે. શનિ–પનોતિ સાથે હનુમાનની મુર્તિ ભાગ્યે જ જોવા મળે છે આ મુર્તિ પાસે સાત પાળિયા છે. એકથી ત્રણ પાળિયા પર સંવત ૧૩૩૮ અક્ષર સ્પષ્ટ છે. ચોથા પાળિયા પર સંવત ૧૩૪૦ અક્ષર સુવાચ્ય અંકિત છે પાંચમા પાળિયા પર કશું ઉકેલાતું નથી તેથી અવાચ્ય છે છઠ્ઠો અને સાતમો પાળિયો તૂટેલ અને ખંડિત છે.

ઘુમટીવાળા મંદિરથી પૂર્વ બાજુએ પર્વતની ભીંતમાં ઘણી શિલ્પસામગ્રીના ઢગલા છે. અત્રે કામસૂત્રમાં વર્ણિત ભોગ આસનો અંકિત છે. તદ્દન નગ્ન ભોગ રત વિવિધ આસનોથી ક્રીડા–રત મૂર્તિઓનું અંકન કળાની દૃષ્ટિએ અવલોકનીય છે. એક વ્યાલ–મૂર્તિ વિશિષ્ટ છે. સ્ટેટના વખતમાં શિલ્પના પત્થરો વડે ઉભો કરવામાં આવેલ નાનકડો મહેલ તથા તેની આજુબાજુ અંકિત મૂર્તિઓ વગેરે જોવા જેવા છે ભોગાસનો ઉપરાંત પણ દેહ લાવણ્ય દર્શાવતી અનેક દેવી–દેવતાઓની અદ્‌ભૂત મૂર્તિઓ છે. આ નાનકડા વિહાર મહેલની આગળ હારબંધ મુર્તિઓ ગોઠવાઈ છે. પ્રાચીન શિલ્પના શાસ્ત્ર તથા કલાકારોના બોધની પ્રતીક ઘણી સામગ્રી ચોરાઈ ગયેલ છે પરંતુ જે કાંઈ છે તેને હવે રાજ્યનું પુરાતત્ત્વખાતું ગોઠવે છે મંદિરોના અવશેષો પરથી પ્રતીતિ થાય છે કે પ્રાચીનકાળમાં અત્રે દેવનગરીના રૂપમાં ભવ્ય વસાહત રહી હશે.

આ વિહાર મહેલની ઉપર પર્વત–ટેકરીઓ પર બે શિવાલય તથા એક ક્ષેત્રપાલનું એમ ત્રણ મંદિરોના ભગ્નાવશેષ પડેલાં છે. લોકો ભૂલથી આ મંદિરોને ભીમની ચોરી તથા અર્જુનની ચોરી તરીકે ઓળખાવે છે. સમય દર્શાવતો કોઈ સ્પષ્ટ પુરાવો નથી અને લોકો તો આ આખી વસાહતને પાંડવોના અત્રે રહેઠાણ સાથે સાંકળે છે. વિદ્વાનો દસમી સદીનો સમય અંદાજે છે પરંતુ આ આખો વન વિસ્તાર હિડિમ્બા વનનો ભાગ મનાય છે અને અત્રે અસુરોનું થાણું રહેલ કહેવાય છે. આદિવાસી પ્રજાનો આ પ્રદેશ છે. જલકુંડથી દક્ષિણે પણ એક શિવાલય છે. હજી પણ શોધખોળ થાય તો કશુંક નવું મળી આવે ખરૂં!

ઘુમટીવાળા મંદિરથી પશ્ચિમ બાજુએ નાળાના તટથી થોડે દૂર ઊંચાઈ ઉપર સાસુ–વહુની વાવો ધ્યાન ખેંચે એવી ભવ્ય છે પુરાતત્ત્વ ખાતાના એક નિરીક્ષક શ્રી ગોવિંદભાઈની દેખરેખ નીચે અહીં સમારકામ ચાલુ છે. અને આ અવશેષોને તેમના મૂળ સ્વરૂપે સાચવી રાખવાની તેમની નેમ છે. સાસુની વાવ માળવાળી છે. સંવત ૧૦૨૯ની સાસુની વાવમાં અંદર પ્રવેશ કરતાં ડાબા હાથ પર નાના ગોખમાં નવ ગ્રહ છે. ઘોડાના વાહન પર સૂર્ય સર્વપ્રથમ

છે. બીજા સ્થાને ચંદ્ર તથા ત્રીજા મંગળ ગ્રહ બિરાજે છે ચોથા બુધ, પાંચમા શુક્ર, છઠ્ઠા શનિ, સાતમા ગુરુ, આઠમા રાહુ તથા અંતમાં નવમા કેતુ છે. આ ગોખની સામેના ગોખમાં બધું ભૂંસાઈ ગયું છે. આગળ જતાં ડાબી બાજુના મોટા ગોખમાં નવ માતૃકાઓની મુર્તિઓ છે. ગ્રહો તથા તેમની પત્નીઓ સાથે જ અંકિત છે. આ ગોખની સામેના ગોખમાં દશાવતાર કંડારાયેલા છે. જમણી બાજુથી પ્રથમ ઘોડેસવાર કલ્કી અવતાર છે. તેમની બાજુમાં બુદ્ધ, કૃષ્ણ, રામ, પરશુરામ, વામન, નરસિંહ, વરાહ તથા મત્સ્ય આદિ અવતારોનાં પૂર્ણરૂપ અંકિત છે. આગળ જતાં ડાબી બાજુના ત્રીજા ગોખમાં શેષશય્યી વિષ્ણુ છે. તેની બરાબર સામેના ગોખમાં સપ્ત માતૃકાઓ છે. શિવ-પાર્વતી, સપત્ની ગણેશ, વચ્ચે માતૃકાઓ છે. આગળ જલ ભરેલું છે જે સાફ કરતાં કંઇક નવું નીકળે તેમ છે.

સાસુની વાવ સામે જ દક્ષિણ બાજુએ વહુની વાવ છે. બન્ને વાવોની બાંધણી એક જેવી જ છે માળવાળી આ વાવ પણ નષ્ટ પ્રાયઃ છે. આ વાવમાં અંદર જતાં ડાબી બાજુએ ગોળમાં સપ્ત માતૃકાઓ છે. સાસુની વાવમાં જેમ છે તેમ અત્રે પણ છે. શિવ-પાર્વતી સામે ગણેશ તથા તેમના પત્ની છે. વચ્ચે વરાહ છે. અવતારોની પત્નીઓને પણ માતૃકા કહેવામાં આવે છે. દરેક માતૃકાની કેડમાં બાળક પણ છે. આ ગોખની સામેના ગોખમાં શેષશય્યી વિષ્ણુ છે જેમના પગ પાસે લક્ષ્મીજી પગચંપી કરતા નજરે પડે છે. આથી આગળ બધું નષ્ટભ્રષ્ટ છે. ખોદકામ બાદ કશુંક નવું જાણવા મળે ખરૂં બન્ને વાવો સાથે લોકવાયકા જોડાયેલી છે.

આ વાવોની ઉપરવટે એક આંબલીનું ઝાડ છે. તેની નીચે પાર્વતી મૂર્તિ છે. લોકો આને ગોધારીનું સ્થાન ગણાવે છે. આથી ઉપરના ભાગમાં શિવમંદિરના ભગ્નાવશેષો છે. આથી આગળ અત્રેના પૂજક ગોસાઇઓની સમાધિઓ છે. થોડે દૂર લવાણા ગામમાં આજે પણ ગોસાઇઓ વસે છે.

કલશ્રની વસાહત દસમી સદીની મનાય છે. એમ લાગે છે કે આ ધોરી માર્ગ હશે અને લૂણાવાડા બાજુથી આવતી બળદોની વણઝાર માટે આ વિશ્રામસ્થળ પણ હશે. વાપીકાઓ, કુંડ તથા શિવાલય વગેરેથી પ્રસિદ્ધ ધાર્મિક સ્થળ આ હતું જ તે ચોક્કસ છે એમ પણ કહેવાય છે કે લોહાણાપુરી તરીકે અત્રે પ્રસિદ્ધ તિજારતી નગર પણ હતું. આજનું લવાણા તેનું પ્રતીક કહેવાય છે. સાબરકાંઠાના તથા પંચમહાલના પ્રદેશો વચ્ચેનો આ માર્ગ રાજસ્થાન ભણી જતો અને વણઝાર દ્વારા વ્યાપાર થતો હતો.

અહીંની મૂળ વસતી આદિવાસી પ્રજા છે. ઢોરોની સાથે સાથે વન્યફળ આદિ ચરી ખાતી આ પ્રજા આ વન્યપ્રદેશમાં પથરાયેલી પડેલ છે ટીંબરૂ, બોર, સીતાફળ, મહુડાના ફળ અને તેમાંથી દારૂ, કેરી, વગેરે ફળો અને અલ્પ ખેતી તથા પશુ-પ્રાણીઓના માંસાહાર પર જીવતી અર્ધનગ્ન પરંતુ મજબૂત અને બહાદૂર પ્રજાનો આ પ્રદેશ છે. ચૌરકર્મમાં પ્રવીણ એવા લોકો મુક્ત જીવન જીવે છે. હવે પાકાં રસ્તા થતાં મોટા ગ્રામ-નગરોથી સંબંધો બંધાય છે.

**શૂલપાણેશ્વર** ( ઉભરાણ-જિ. સાબરકાંઠા )

સાબરકાંઠા જીલ્લાના ગાબટ ગામથી આગળ માલપુર મહાલમાં આવેલ ઉભરાણથી દોઢ કીલોમીટર દૂર ઉત્તર દિશાએ વાંગાના કિનારે ઉંચાણ પર આવેલ 'શૂલપાણેશ્વર'નું પ્રાચીન પ્રસિદ્ધ તીર્થસ્થળ દર્શનીય છે.

સંવત ૨૦૦૯ની સાલમાં અહીં-ગ્રામ લોકોએ ખોદકામ કરતાં નવ દેવાલયોના અવશેષ ઉપલબ્ધ થયાં હતા. બીજી-ત્રીજી સદીમાં ક્ષત્રપ વિશ્વસેનના સમયના સિક્કા અહીંથી ઉપલબ્ધ થયા હોઇ આ સ્થળ પ્રાચીન ઐતિહાસિક મહત્ત્વ ઉપરાંત ધાર્મિક તથા સાંસ્કૃતિક દૃષ્ટિએ પણ દર્શનીય છે. અહીં એક શિલાલેખ પણ પ્રાપ્ત થયો હતો-જે પુરાતત્ત્વવાળાઓ લઈ ગયા છે. આમાં નીચે મુજબનું લખાણ છે-"સોતાસુત વનફન શિવનું સોમ પતિ વગેરે" અહીં એક પથ્થરનો નકશો અદ્દભુત છે. કહેવાય છે કે ઉભરાણના શ્રી ભવાનીભાઇને સ્વપ્ન-સંકેત મળતાં, ખોદકામ કરતાં આ નકશો મળી આવ્યો અને તે મુજબ ખોદતા ૯ દેરાના અવશેષ મળી આવ્યા. પાંચ શિવાલય-હનુમાનજી, માતાજી, ભૈરવજી અને ગણપતિના સ્થાન મળ્યાં. બધી મૂર્તિઓ પણ મળી જે હાલ મોજૂદ છે.

છપ્પનીયા દુષ્કાળમાં પણ જેનું પાણી ન સૂકાયું તેવા નાળાના તટે આ રમણીય સ્થાન નયનાભિરામ છે. પ્રવેશ કરતાં જમણે ગાયનું બેસાડેલું મુખ છે, કૈલાસ આશ્રમ પાટીયું છે. પગથિયાં ચઢી ઉપર જતાં હરિદ્વારમાં છે તેમ વચ્ચે ચતુર્ભુજ શિવ તથા તેમણે વિંટાળેલા બે મોટા ફણીધરનાગ છે. શિવની જટા, નાગના મુખ તથા ગૌમુખમાંથી ફુવારાથી પાણી ઉછળે એવી વ્યવસ્થા કરવામાં આવી છે આ પાણી વાંગાના અપારપાણીવાળા ધરામાંથી મોટર વડે ટાંકીમાં લાવીને વહેવડાવવામાં આવે છે. અસલ મળી આવેલ શિવલિંગ સાથેના પશ્ચિમાભિમુખ મૂળ મંદિરના સ્થાને જ સં. ૨૦૧૮માં નવું મંદિર બાંધવામાં આવ્યું છે શિવલિંગ પર પણ સતત જલસ્રાવની વ્યવસ્થા કરવામાં આવી છે મૂળ, લોકો આને "શુલૈયા" મહાદેવ કહેતા જે પરથી હવે લોકોએ "શૂલપાણેશ્વર" નામ પાડ્યું છે. આ મંદિરની બાજુમાં જમણે 'ભીડભંજન' હનુમાન છે તેમના જમણા હાથમાં ગદા અને ડાબા હાથમાં પર્વત છે. પગ નીચે શનિ-પનોતી દેખાય છે. મંદિર પાછળ પણ ઉદ્યાન છે. માટીનાં પગથિયાં ઉતરતાં ગણપતિ, ભૈરવ, ભવાની, શિવલિંગ વગેરેના શિલ્પ-અવશેષો છે. પ્રાચીન મંદિરોના તો આ અવશેષ જ છે. મંદિર સામે મહંત પંચમગિરિજીની ગાદી તથા રહેઠાણ છે. આખા ટેકરા પર મંદિરની ચોમેર ઉદ્યાન છે. આસોપાલવ, બોરસલી, નીમ, લીંબુના વૃક્ષોથી સ્થળ રળિયામણું લાગે છે. મોટર દ્વારા ટાંકીમાં આવતા પાણીથી, નળ વડે, સ્થાનનું સિંચન થાય છે. જૂના શિલ્પનાં અવશેષો ઘણાં પડ્યાં છે. એક અદ્વિતીય મૂર્તિ છે જેમાં નંદીના મુખ પાસે કૈલાસ છે, જેને બાથ ભીડતી માનવ આકૃતિ છે. આ બધું સળંગ એક જ પથ્થરનું છે. આ સ્થળ ચમત્કારિક કહેવાય છે, અને આખાય વિસ્તારમાં પ્રસિદ્ધ છે. ઘણાં લોકો દર્શનાર્થે અહીં આવે છે ઉભરાણ ગામમાં એક અખૂટ પાણીવાળી ૭૦૦ વર્ષ જૂની માળવાળી વાવ છે જેમાં ગોખમાં સાત માતૃકાઓ છે,

**મોડાસા :—** મોડાસા સાબરકાંઠાનું બહુ પ્રાચીન તથા તિજારતી નગર છે. આ શહેર પર અનેકવાર આક્રમણ તથા યુદ્ધો થયાં છે. અત્રેનો પ્રાચીન કિલ્લો તથા તેની અંદરના મહેલ અને મસ્જિદો

જોવા જેવો છે. સબલપુરમાં આવેલ શામળાજી મંદિરમાં વરાહની એક અદ્વિતીય મૂર્તિ છે જે જોવા જેવી છે. આવી સુંદર મૂર્તિ દેશમાં બહુ ઓછી હશે મોડાસામાં આવેમ હજીરાઓ પ્રાચીન યુદ્ધોના ઐતિહાસિક પૂરાવાઓ છે. દેવરાજની ગદી, રામનાથ, કામનાથ મહાદેવ, ગેબી (મહાદેવ)નું સુંદર સ્થાન, ઓધારી માતાનું તલાવડી કીનારેનું તીર્થસ્થાન તથા ઇતિહાસ પ્રસિદ્ધ હિન્દુરાજા માંધાતાને મુસલમાન બનાવનાર ચમત્કારિક લાવરી મુસ્લિમ સંત સાહેબની દરગાહ દર્શનીય છે. ગામમાં આવેલ કેટલીક વાવો પણ વિખ્યાત છે. કોલેજના મ્યુઝિયમમાં ઘણી વસ્તુઓ મેં એકત્રિત–સંગ્રહીત કરેલી છે જેમાં કેટલાક જૂના શિલાલેખો પણ ફારસી તથા નાગરી લિપિઓમાં છે.

**હિંમતનગર**— સાબરકાંઠા જિલ્લાના મથક હિમ્મતનગરમાં રાજમહેલ તથા એક ઉદ્યાન સારાં છે. નદી કીનારે કેટલાંક તીર્થ છે.

**ગલતેશ્વર**— પ્રાંતીજથી ચારેક માઈલ દૂર નદી કીનારે શિવ–મંદિર છે. નદીના કિનારા બહુ જ ઊંચા છે. પટ પહોળો તથા દશ્ય રમણીય છે સામે લાખરોટા ગામ છે. અહીંની ટેટી તથા તરબૂચ (–જ) બહુ જ વખણાય છે. સાકર જેવી સાકર ટેટીનો સ્વાદ ઉનાળામાં માણી શકાય છે. અહીંથી ચારેક માઇલ નીચેના વિસ્તારમાં પાણીના ધુના તથા કેવડાની નાળો છે. નદીનાં કોતરો ભયાનક છે પરંતુ તટ રળિયામણો છે

**ઉત્કંઠેશ્વર**— કપડવંજ અથવા દહેગામથી ઉત્કંઠેશ્વર જવાય છે. બસ દ્વારા બંને બાજુથી પંદરેક માઇલ થાય છે. નદીઓનું સંગમ સ્થળ હોવાથી પટ બહુ જ પહોળો છે તથા ઊંચાણ પર આવેલ મંદિર અતિ ભવ્ય તથા રળિયામણું છે. સોમવાર, એકાદશી, પૂર્ણિમાના દિવસોએ યાત્રાળુઓની અહીં ભીડ હોય છે. શિવરાત્રિ પર તો મેળો ભરાય છે. અહીં એક આશ્રમ પણ છે વિહાર–સ્થળ તરીકે ઉત્કંઠેશ્વર અતિ રમણીય તથા સોહામણું સ્થાન છે જાબાલિ ઋષિના તપની વાત ઉત્કંઠેશ્વર સાથે સંકળાયેલી છે.

**વાત્રક**— ધનસુરાથી બાયડ જતાં વાત્રકના કાંઠે વૃક્ષોની હારમાળામાં ઘાટ પર શિવમંદિર છે. લીમડાં, કનેર (કરેણ?) આદિના પુષ્કળ વૃક્ષો છે શિવરાત્રિ પર અહીં મેળો ભરાય છે શરદપૂર્ણિમાના અવસરે તો આખી રાત મોટો માનવ મહેરામણ મોજ માણે છે. વાત્રક હોસ્પિટલ પણ પ્રસિદ્ધ છે. સાહિત્યમાં સ્થાન પામેલ વાત્રકનો કાંઠો ખરેખર વિશિટ છે. વાત્રક ચમત્કારિક સ્થાન કહેવાય છે.

**વલ્લભવિદ્યાનગર**— આણંદ પાસે ગુજરાતના પ્રસિદ્ધ નેતા તથા એન્જિનીયર શ્રી ભાઇકાકાના પુરુષાર્થના પ્રતીક સ્વરૂપ વિદ્યાનગર વિદ્યાનું ધામ બની ચૂક્યું છે. જંગલમાં મંગલ જોવું હોય તો વિદ્યાનગરની યાત્રા કરવી. સરદાર પટેલ યુનિવર્સિટીના રુપમાં અહીંની ઇમારતો તથા શૈક્ષણિક–સાંસ્કૃતિક વાતાવરણ બનારસ હિન્દુ યુનિવર્સિટીના કેમ્પસનું સ્મરણ કરાવે છે. આ સ્થળે પ્રવેશતાં જ લોહપુરુષ સરદાર પટેલની ભવ્ય પ્રતિમાના દર્શન થાય છે. શિક્ષા અને સંશોધનનું આ કેન્દ્ર છે.

**કપડવંજ**— કપડવંજની સ્થાપના મોહન જો–દડોના સમય પહેલાં (ઇ. પૂ ૨૫૦ થી ૧૫૦૦) ની લોથલ સંસ્કૃતિ કરતાં ય જૂની હોવાની માન્યતા છે. ઈ.સ. ૧૮૮૨માં બ્રુસફૂટ નામના ભૂસ્તર શાસ્ત્રીને મહોર નદીને કાંઠેથી પથ્થરયુગના હજારોવર્ષ જૂનાં અવશેષ મળ્યા હતા. જે આઠ હજાર વર્ષ જૂના હોવાનું મનાય છે.

આ પ્રાચીન ગામ આઠ મંદિર અને આઠ પીરની દરગાહના મજબૂત કિલ્લામાં ટેકરા પર ઉભેલું છે. અશોકના સમય દરમ્યાન કંદર્પવન તરીકે આ સ્થળ ઓળખાતું. ભગવાન શ્રી [illegible] તથા જાબાલિ ઋષિના પગલાં પણ અત્રે પડેલ કહેવાય છે. સિદ્ધરાજ તથા પંડિત સોમદત્તના અહીંના આગમન તથા કુંડવાવ–બાવીસ કોઠાની વાવ બનાવ્યાની વાત વિખ્યાત છે. નિલકંઠ મંદિરના ચમત્કારની કિંવદન્તની વ્યાપક છે. કુંડવાવ પર કંડારાયેલી સુંદર કલા કારીગિરી તથા રુદ્રમળ જેવી કમાન મોજૂદ છે, જે સિદ્ધરાજ દ્વારા બનાવરાવેલ કહેવાય છે. કપડવંજમાં ટાઉનહોલ, જૈન દેરાસર, કાચનું કારખાનું, રત્નાકાર માતા, સોમનાથનું મંદિર, બાલસંગ્રહાલય (મ્યુનિ. હાઈસ્કૂલ), દાઉદી વોરા કબ્રસ્તાન (૭૫૦ વર્ષ જૂનું )માં ૭૦૨ વર્ષની કબર આજે પણ હયાત છે. વોરાવાડની રચના તથા કાષ્ઠ કોતરકામ આદિ અવલોકનીય છે.

**ડાકોર**—ડાકોરમાં ગોમતી તીર્થ પ્રસિદ્ધ છે. ભગવાન શ્રી દ્વારિકાધીશ અત્રે પ્રકટ થયા. માંગરોળમાં ગોમતી તીર્થ તથા દ્વારિકાધીશના પ્રાકટયની વાત વિખ્યાત છે તેમ જ અહીં પણ છે. માંગરોળની માફક અહીં પણ ગોમતી તીર્થ સરોવર છે. સહસ્ત્ર લોકો અહીં ભગવાનનાં દર્શન કરી કૃતાર્થતા અનુભવે છે. જે લોકો દ્વારકા નથી જઈ શકતા તેમને માટે તો આ દ્વારકા જ છે

**લસુંદ્રા**— ડાકોર અને કપડવંજ વચ્ચે આવેલ આ સ્થળે ગરમ અને ઠંડા પાણીના પ્રખ્યાત કુંડ આવેલા છે. આ એક તીર્થ-સ્થાન છે

**અમદાવાદ**— આજના ગુજરાતના પાટનગર અમદાવાદની સ્થાપના ૧૪૧૧માં સુલતાન અહમદશાહ દ્વારા કરવામાં આવી હતી. કહેવત છે કે– 'જબ સસ્સે પર કુત્તા આયા, બાદશાહને શહર બસાયા' આજે તો અમદાવાદ કાપડ ઉદ્યોગનું મુખ્ય કેન્દ્ર છે. આ ઔદ્યોગિક શહેર ઐતિહાસિક તેમજ કલાત્મક છે. વસ્તુકલા તથા શિલ્પના સમૃદ્ધ નમૂનાઓથી સભર આ સુંદર શહેર વિખ્યાત છે.

કહેવાય છે કે શાહજહાં પોતાની પ્રિય મુમતાજ સાથે લગ્નજીવન માણવા કેટલાંક વર્ષો અહીં રહ્યો હતો. જહાંગીર પણ નૂરજહાં સાથે કાંકરિયા સરોવરમાં નૌકાવિહાર કરી, સંધ્યાનો સુંદર સમય વિતાવતો હતો.

મહાત્મા ગાંધીજીએ પોતાના સ્વતંત્ર્ય સંગ્રામની લડત અહીંથી શરૂ કરી. સાબરમતી આશ્રમ સ્થાપી, ત્યાં વાસ કરીને સંઘર્ષ ચાલુ રાખ્યો. અહીંથી જ પ્રસિદ્ધ દાંડી–કૂચનો પૂ. બાપુએ પ્રારંભ કર્યો હતો.

સાબરમતીના કિનારાઓ ઉપર સ્થિત આ શહેર જાણે ટેમ્સના કાંઠા પર શોભિત લંડન નગરી સમું ભાસે છે. રાત્રિના રંગબેરંગી પ્રકાશમાં નેહરૂપૂલ પરથી પસાર થતાં અમદાવાદના સૌંદર્યનો ખ્યાલ આવે છે.

અમદાવાદના માણેકચોકમાં દિવસના ભીડ–ભાડ હોય છે. પરંતુ રાત્રિના સુખદ વાતાવરણમાં ત્યાંની શિકલ પલટાઈ જાય છે. વેપારી-

એના વાયદાઓના ધાંટાની જગ્યાએ અહીં રાત્રે પ્રેમી-યુગલોની ગુસપુસ તથા રંગીન વાતાવરણ હોય છે. કુલ્ફી, ભેળ, ચવાણું આરોગતાં અમદાવાદીઓ રાત્રિના બારથી બે સુધી પણ અહીં વિહાર કરતા હોય છે. ભદ્રનો કિલ્લો પ્રાચિન, ઐતિહાસિક તથા ભવ્ય છે. ભદ્રકાળીનું મંદિર તીર્થસ્થાન છે. ભક્તોની અહીં કાયમ ભીડ હોય છે. ત્રણ દરવાજા અમદાવાદની શોભા છે. કલાત્મક શિલ્પ કોતરકામવાળા દરવાજાઓ ઇતિહાસના સાક્ષી બનીને ઊભા છે. કાંકરિયા તળાવમાં નગીનાવાડી, બાલવાટિકા તથા પ્રાણી સંગ્રહાલય જોવા જેવા છે. હિલ-ગાર્ડન બહુ જ ભવ્ય તથા સુંદર છે. કાંકરિયા સરોવરની શિલ્પ રચના બહુજ પ્રશંસનીય છે. હૌજેકુતુબ નામક આ સરોવરની મૂળ રચના સુલતાન કુતુબુદ્દીને ૧૪૫૧ માં કરાવી હતી. આ બહુકોણીય (Polygon) હોજ-એ-કુતુબ ૭૬ એકરનો વિસ્તાર ધરાવે છે. નગીનાવાડી તેના સૌંદર્યમાં અભિવૃદ્ધિ કરે છે. સાંજનો સોહામણો સમય અહીં માણવા જેવો હોય છે. રોશનીના ઝીણા પ્રકાશમાં અથવા તો ચાંદનીની જ્યોત્સનામાં નૌકાવિહારનો અદ્ભુત લહાવો હોય છે. કાંકરિયા ફરતો બાગ અને વચ્ચે ઉદ્યાનવાળું જળાશય ખરેખર સુંદર છે

જુમા મસ્જિદ અહીંની એક ભવ્ય ઇમારત છે. પ્રસિદ્ધ ત્રણ દરવાજા પાસે આવેલ આ પવિત્ર તથા શિલ્પ સમૃદ્ધ મસ્જિદ ૧૪૨૩ માં પૂરી થઇ હતી અમદાવાદના ઝૂલતા મિનારા તો દુનિયા ભરમાં મશહૂર છે. આ મિનારાની રચના કરનારને દાદ દેવી પડે છે. ઉપર ચઢીને હલાવો તો મિનારો ધ્રુજતો અનુભવાય છે. સૌથી ઊંચા માળે ચઢીને આ પ્રયોગ મેં પોતે અનુભવ્યો છે. ઇજનેરી કૌશલ અદ્ભૂત છે. રાણી સિપ્રીની મસ્જિદ અદ્ભૂત છે. એના બે મિનારા ૫૦ફીટ ઊંચા છે—જેમાં સૌથી ઉપરના ભાગમાં જવા માટે ચાર માળ વટાવવા પડે છે, હૈબતખાનનો મકબરો પણ સુંદર તથા શિલ્પ માટે દર્શનીય છે. સીદી-સૈયદની મસ્જિદની જાળીનો તો જગતમાં જોટો નથી. પથ્થરમાં જે રીતનું કોતરકામ આજે મોજૂદ છે તે જોતાં તો શિલ્પીઓની કુશળતાની દાદ દેવી પડે છે. આટલું બારીક અને સફાઇ કોતરણીનું સૂક્ષ્મ કામ કદાચ બીજે ક્યાંય જોવા નહીં મળે.

અહમદશાહની મસ્જિદની રચના ૧૪૧૪માં થઇ હતી અમદાવાદની આ જૂનામાં જૂની મસ્જિદ છે આ મસ્જિદની રચના જોવા જેવી છે. થાંભલા, છત વગેરેમાં હિન્દુ મંદિરના ભાગ જોડેલા જણાય છે સૈયદ આલમની મસ્જિદમાં પણ હિન્દુ શૈલીનાં જ દર્શન થાય છે

શાહઆલમના રોજાનું નિર્માણ તેના એક દરબારીએ કરાવ્યું હતું. પાછળથી નુરજહાંના ભાઇએ તેને હીરા-ઝવેરાતથી જડાવી દીધો હતો. સફેદ સંગમરમરના ઉપયોગથી બનેલ આ ભવ્ય ભવન દર્શનીય છે. આ મસ્જિદમાં ત્રણ મોટા અને અઢાર નાના ઘુમ્મટ છે તેવું ફૂટ ઊંચા મિનારા ભવ્ય તથા કોતર-શિલ્પવાળા કલાત્મક છે.

સરખેજના રોજા પણ દર્શનીય છે. મહમદ બેગડાની સુંદર કબરો ભવ્ય છે. સંત ગંજબક્ષની કબર પર વિશાળ ઘુમ્મટ છે. અને છતમાં સુંદર નકશી છે. આ મસ્જિદમાં શુદ્ધ હિન્દુ શૈલીની ભવ્ય સ્થાપત્યકલાનો નમુનો છે

શાહજહાં જ્યારે અમદાવાદનો સૂબો હતો ત્યારે અમદાવાદ આવેલો. પરંતુ જ્યારે એ બાદશાહ બન્યો ત્યારે અમદાવાદમાં શાહીબાગની રચના કરાવી મહેલ અને ભવ્ય બાગ સાથેની ઇમારત આજે રાજ્યપાલનું ભવન છે. રાણી રૂપમતીની મસ્જિદ પણ તેના શિલ્પ-સ્થાપત્ય માટે પ્રખ્યાત છે. ગોખડા, થાંભલા, મીનારની રચના અને કોતરણી સુંદર–બેનમૂન– છે.

દાદાહરીની મસ્જિદ અમદાવાદમાં સૌથી સુંદર શણગારેલી ઇમારત છે. દાદાહરીની વાવ પણ વિખ્યાત છે. આ બન્ને ઇમારતો અસારવા વિસ્તારમાં છે અને સાચે જ દર્શનીય છે.

અમદાવાદના દિલ્હી દરવાજા બહાર હઠીસિંગનું સુપ્રસિદ્ધ જૈનમંદિર આવેલું છે. આ મંદિર ભવ્ય તથા દર્શનીય છે આ મંદિરને જોઇને માઉન્ટ-આબુ પરના વસ્તુપાલ-તેજપાલના દેલવાડાવાળા મંદિરોની યાદ આવે છે. જાણે આ તેની પ્રતિકૃતિ ન હોય ! સફેદ સંગેમરમરના આ સુંદર મંદિરમાં કમાનો તથા તીખા શિખરવાળા ત્રેપન ગુમ્બજ છે ૨૪ તીર્થંકર અહીં અંકિત છે આ જૈન તીર્થ અમદાવાદની શોભામાં અભિવૃદ્ધિ કરનારું-દર્શનીય છે. સંસ્કાર કેન્દ્ર, અટીરા, વિદ્યાપીઠ, સાબરમતી આશ્રમ, સાબરમતી જેલ, નવજીવન પ્રેસ, ગુજરાત યુનિવર્સિટી, સરદાર પાર્ક, લૉ ગાર્ડન વગેરે દર્શનીય સ્થાનો છે. સાતમાળવાળી અડાલજની વાવનો ગોખ શિલ્પ સમૃદ્ધિનું પ્રતીક છે. સાબરમતી પાવરહાઉસ પણ જોવા જેવું છે.

**વડોદરા—** ગુજરાતના સુંદર, શાંતિપ્રિય, ખુલ્લા અને કલાત્મક શહેરોમાં વડોદરા સૌથી મોખરે આવે એવું છે. જૂનું રજવાડું હોવાને લીધે આ નગરમાં મહેલ, બગીચા, સરોવર, મંદિર આદિ દર્શનીય છે. લક્ષ્મી વિલાસ મહેલ, મકરપુરા મહેલ, નઝરબાગ મહેલ અને પ્રતાપ વિલાસ મહેલ તથા બધાની આજુબાજુ બાગ રચના દર્શનીય છે. કીર્તિમંદિર નામની સુંદર ઇમારતમાં રાજકુટુંબના સદ્‌ગત સદસ્યોના અવશેષો રાખવામાં આવે છે આની પાસે જ યુનિવર્સિટીની ભવ્ય ઇમારતો આવેલી છે ગૃહવિજ્ઞાન (હોમ-સાયન્સ), પુરાતત્ત્વ વિભાગ, ફાઇન-આર્ટસ ફેકલ્ટી, પુસ્તકાલય, પ્રાચ્ય વિદ્યામંદિર આદિ અવલોકનીય છે પ્રાધ્યાપકો માટેનાં નિવાસ સ્થાન તથા વિદ્યાર્થીઓ માટેની હોસ્ટેલો ( છાત્રાલયો ) સાફ, સ્વચ્છ તથા સુંદર વાતાવરણમાં ખડા છે. સ્નાનાગાર મેદાનો તથા વિભિન્ન વિદ્યાશાખાઓ વિશિષ્ટ છે. અહીંની હોસ્પિટલ પણ ઉલ્લેખનીય છે. સુરસાગર સામે આવેલ સંગીત-કલા, નૃત્ય આદિ માટેની સંસ્થા દર્શનીય છે ન્યાયમંદિર, દરવાજાઓ. માર્કેટ ( બજાર ) તથા જ્યુબિલી બાગ તથા ટાઉન હોલ પણ જોવા જેવાં છે. ટાવર વિભાગમાં આવેલ વડોદરાનું બજાર, પ્રેસ તથા અન્ય ઇમારતો પણ અવલોકનીય છે. સ્ટેશન વિસ્તાર પણ વિશિષ્ટ છે. વિશાળ વૃક્ષોની શીતળ છાયામાં રમણીય વાતાવરણ વચ્ચે વસેલું વડોદરા દર્શનીય છે.

વડોદરામાં મ્યુઝિયમ તથા તેની સાથે સંકળાયેલો વિશાળ બાગ ભવ્ય અને રમણીય છે. વિશ્વામિત્રી નદીના કિનારે આવેલ આ સ્થળો સુષમાયુક્ત અને શાંતિદાયક છે અહીંનું પ્રાણી સંગ્રહાલય પણ વિશિષ્ટ છે. ચિત્રસરણી પણ ખાસ આકર્ષણ ધરાવે છે. બાળકો માટેની નાની રેલગાડી તો ખરેખર મનોરંજન અને આનંદ આપનારી છે. રંગબેરંગી વસ્ત્રોથી સુસજ્જ ભૂલકાઓ જ્યારે રેલમાં બેસીને, હાથ

હલાવતાં આવજો કરતાં ઉપડે છે ત્યારે તેમનાં ગજનો પણ આનંદથી ઉભરાઈ જતાં જોવા મળે છે. વિશ્વામિત્રી પરનો ઝૂલતો પૂલ વડોદરાની વિશિષ્ટતા ગણાય. વડોદરાથી થોડે દૂર આજવા સરોવર અવલોકનીય છે. ત્યાં સુંદર છતરી ( છત્રી ) અને નૌકા વિહારની સગવડ છે.

ફર્ટિલાઈઝર કોર્પોરેશન અને તેલ–ગેસ રીફાઇનરીના કારણે આ શહેરનો ઝડપી વિકાસ થઈ રહ્યો છે.

**ચાંપાનેર—** ચાંપાનેરનો આખો વિસ્તાર પ્રકૃતિના મોકળા વાતાવરણમાં રમણીય લાગે છે. ડુંગર અને પર્વતાવલિનો વનવિસ્તાર સુષમાપૂર્ણ છે. અહીંની જુમ્મા મસ્જિદ અને ખાસ કરીને તેનું પ્રવેશદ્વાર દર્શનીય છે. દરવાજાની કમાન, જાળીઓનું કોતરકામ, ઉપરની છતરિયો, ઇમારતની ભીંતો પર શિલ્પસમૃદ્ધ રચના તથા મિનારા–ઘુમ્મટ વગેરે ઉત્તમ છે.

**પાવાગઢ—** " મા પાવા તે ગઢથી ઉતર્યા મા કાળી રે... " પાવાગઢની પટરાણી મા કાળી ( મહાકાળી )ના ગીત ગુજરાતના ઘર ઘરમાં ગવાય છે. નવરાત્રિનો પ્રારંભ જ આ ગીતથી થાય છે. પાવાગઢ એક ઐતિહાસિક સ્થળ તથા તીર્થસ્થાન હોવા ઉપરાંત રમણીય વિહારધામ પણ છે. ડુંગરની ટોચ પર જવા પગથિયા તથા બન્ને બાજુ નાની દીવાલ છે. ગિરનાર પર જવા માટે જેમ રસ્તો છે તેમ પાવાગઢ પર પણ છે. વનરાજિથી શોભતો ગિરનાર ભવ્ય છે તેમ પાવાગઢ પણ નૈસર્ગિક સૌંદર્યથી ભરપૂર છે. લતા–વન–વૃક્ષની હરિયાળી, પક્ષીઓનો કલરવ અને વન્ય પ્રાણીઓનું દર્શન આ બધું ચિત્તને આનંદ આપનારું, સુખ–શાંતિદાયક છે. પાવાગઢ પર ચડતાં તો થાકે લાગે પરંતુ શિખર પર પહોંચ્યા પછી તો મન પ્રફુલ્લિત બની જાય છે. પાવાગઢ પર દૂધિયું તળાવ અને ઉપર માતાજીનું સ્થાન તથા જીર્ણમંદિરનું શિલ્પ દર્શનીય છે.

**ડભોઈ—**વડોદરાથી સત્તર માઈલ પર આવેલ ડભોઈ પ્રાચીન નગર છે. હીરા સલાટની વાતો વિખ્યાત છે. ગુજરાતની શિલ્પ–સ્થાપત્ય–કલાનું દર્શન કરાવતાં ડભોઈના દરવાજા દર્શનીય છે. વડોદરા, નાન્દોદ, મોરી અને હીરા નામના ( ભાગોળ ) દરવાજા પુરાતત્ત્વના પ્રતીકો છે. ડભોઈના દરવાજા ઉત્તમ કલાના, અદ્વિતીય અને દર્શનીય છે.

**ચાંદોદ** ડભોઈથી આગળ છેલ્લું સ્ટેશન ચાંદોદ આવે છે. પુરાણપ્રસિદ્ધ તથા પવિત્ર નદી નર્મદાને કાંઠે આવેલ આ એક તીર્થસ્થાન છે. અહીના નર્મદા–સ્નાનનું મોટું માહાત્મ્ય છે. ઘાટ પરથી નાવમાં બેસીને ગંગનાથ મહાદેવ જવાય છે. ગંગનાથનું સ્થાન પવિત્ર, રળિયામણું–સોહામણું હોવા ઉપરાંત ભવ્ય અને સુષમાયુક્ત છે, નર્મદાના વિશાળ પટ પર સ્થિત ગંગનાથ મહાદેવનું મંદિર શાંતિદાયક છે. અહીં ભોંયરા દર્શનીય છે. આ ભોંયરામાં બેસીને મહર્ષિ અરવિંદ યોગ–સાધના કરતા હતા.

**શુકલતીર્થ—**અંકલેશ્વરથી શુકલતીર્થ જવું સહેલું છે. ગુજરાતનું આ રમણીય વિહાર સ્થળ છે. તીર્થસ્થાન હોવા સાથે નૈસર્ગિક સૌંદર્યથી ભરપૂર આ નયનરમ્ય સ્થાન સાચે સુખ શાંતિદાયક છે. ભરૂચ જીલ્લામાં આવેલ આ સુંદર સ્થાન ભરૂચથી માત્ર બાર માઈલ છે. વિખ્યાત કબીર વડ જોવાની મજા પડે છે. આંબાવાડી, નર્મદા તટ બધું જ રમણીય છે.

**સુરપાણ—**રાજપીપળાથી સુરપાણ જવાય છે. સ્થાન રમણીય તથા પ્રાકૃતિક સૌંદર્યથી સુષમાપૂર્ણ છે. નર્મદાના મુખમાંથી જવાની મજા પડે છે. કદી થોડો ભય લાગે પરંતુ મોજીલા લોકો તો ત્યાં જવાના જ.

**ભરૂચ—**કહેવત છે કે ભાંગ્યું ભાંગ્યું તો ય ભરૂચ....અર્થાત્ ભરૂચની સમૃદ્ધિ અને ભવ્યતા અદ્વિતીય હતાં. પ્રાચીનકાળમાં ભરૂચ પાસે દહેજ ભવ્ય બંદર અને વ્યાપારનું કેન્દ્ર કહેવાતું. આજે પણ સાગર સાથે અને વાટે વહાણવટું અને વ્યાપાર ચાલુ જ છે આખો વિસ્તાર દર્શનીય છે.

**ડુમસ—**ડુમસ દરિયા કિનારે આવેલ વિહાર ધામ છે. રમણીય તથા દર્શનીય છે. હવાખાવા માટેના ગુજરાતના અનોખા સ્થાનોમાંનું આ એક છે.

**ઉભરાટ—**મરોલીના રેલ્વે–સ્ટેશનથી દસ માઇલ દૂર, સુરત જીલ્લામાં આવેલ આ સ્થળ ઘણું જ રમણીય વિહારધામ છે. વૃક્ષોની ઘટાટોપ હરિયાળી છાયામાં રસ્તાપર ચાલીને સમુદ્રતટ સુધી જવામાં મજા પડે છે. દરિયાકાંઠો દર્શનીય છે. હવાખાવા માટે આ ઉત્તમ સ્થાન છે.

**તીથલ**—સુરત જીલ્લામાં આવેલ આ સ્થળ વિહારધામ તરીકે વિખ્યાત છે વલસાડથી પણ માઈલ પર આવેલ તીથલ સુંદરતમ સમુદ્રકિનારો છે સમુદ્રની ખાડી તરવા માટે બહુ જ અનુકૂળ છે તાડ, ખજૂરી અને નાળિયેરી, પપૈયાં, કેળાં તથા આંબા વગેરે આ વિસ્તારમાં રમણીય દશ્ય પૂરું પાડે છે. ડુમસ, તીથલ, ઉદવાડા અને શુકલતીર્થ ઉત્તમ આરોગ્યધામ છે.

**ઉદવાડા—**સમુદ્રકાંઠે આવેલ ઉદવાડા ગુજરાતનું મનોરમ સ્થાન હોવા સાથે દર્શનીય તીર્થસ્થાન પણ છે. માનવીય રસ-વૃત્તિને ઉત્તેજીત કરે એવું આ સુંદર સ્થાન છે.

**સુરત—** સુરત ગુજરાતનું પ્રાચીન તથા ઐતિહાસિક નગર છે. પુર્તગાલિઓએ ૧૫૧૨માં લૂંટફાટ કરી હતી. ૧૫૭૩માં એ મોગલોના કબજામાં ગયું. તાપી નદીના કાંઠે આવેલ આ શહેર વ્યાપાર તથા તીર્થ માટેની અવરજવર માટેનું મુખ્ય બંદર હતું. ૧૬૧૨માં મોગલોએ અંગ્રેજોને અહીં વેપાર વ. ના પરવાના આપ્યા. પોર્ટુગીઝો ઉપરાંત ડચ તથા ફ્રાંસીસી લોકો પણ અહીં સ્થિર થયા. ૧૬૬૪માં શિવાજીનું આક્રમણ પણ થયેલું. ૧૮૪૨માં નવાબીરાજનો અંત આવતા સુરત અંગ્રેજોને આધીન થયું. પ્રાચીન અવશેષો સ્વરૂપ સુરતનો કોટ–કિલ્લો આજે પણ જોવા જેવો છે. અંગ્રેજ અને ડચ વસાહતોના નમૂના પણ મોજૂદ છે. સુરતનો ઝરી ઉદ્યોગ મશહૂર છે. આજે પણ સુરત શહેર ઔદ્યોગિક તથા વ્યાપારિક દૃષ્ટિએ કેન્દ્ર સમાન છે. તાપીનો તટ સોહામણો છે. વહાણો, હોડીઓને તરતાં જોવાની મજા પડે છે. તાપી તટે આવેલ ઉદ્યાન અતિ સુંદર છે. સુરતની ઘારી, પોંક, ખમણ અને ફરસાણ સર્વત્ર વખણાય છે. લોકગીતોમાં એક પંક્તિ છે—

ચૂંદડી સુરત શહેરની રે...મોંઘા મૂલની રે...
મારી ચૂંદડી રે લોલ.........!

આમ સુરત લોકજીવન સાથે અંગરૂપ બનેલું છે. ગુજરાતના પ્રસિદ્ધ નગરોમાંનું એક સુરત સુંદર–દર્શનીય–છે.

**વલસાડ**—: ગુજરાતનો આ દક્ષિણ વિસ્તાર બહુ જ ફળદ્રુપ છે. કેળાંની વાડીઓ, આંબાવાડીઓ, પપીતાં તથા તાડ અને નાળિયેરીનાં વૃક્ષો વગેરેથી વિસ્તાર રળિયામણો છે. વલસાડ વિસ્તારની હાફૂસ કેરીઓની નિકાસ થાય છે. મીઠી–મધુર કેરીનાં પાક માટે આ ક્ષેત્ર ખ્યાતનામ છે.

**વિજળીમથકો**—તારાપુર, ધુવારણ અને સાબરમતીના વિજળી મથકો મુલાકાત લેવા જેવાં છે. તારાપુરનું અણુ મથક તો ભારતના નવયુગના તીર્થ સમાન છે.

**લુણાવાડા**— ઐતિહાસિક માહિતી અનુસાર ઈ. સ. ૧૪૩૪ ના વૈશાખ સુદ તૃતિયાના રોજ મહારાજા ભીમસિંહજી સોલંકીએ લુણાવાડા રાજ્યનો પાયો નાખ્યો. લુણાવાડા નામ અહીં આવેલા લુણેશ્વર મહાદેવને કારણે પડ્યું. અહીં કેટલાક ઐતિહાસિક સ્થળો છે. દાદા ડેઝરીયાએ થાનમને તટે આવેલા આ શિવાલયે મહાશિવરાત્રિનો મેળો ભરાય છે. શિવાલયની ચોતરફ ગણપતિ, બજરંગ વગેરે પંચ-દેવોનાં સ્થાનકો છે. પાસે જ એક પર્વત ખડો છે. તેની તળેટીમાં પૂર્વે અગસ્ત્ય મુનિનો આશ્રમ હતો. પર્વત ઉપર સાત કુંડ છે. અને સાતકુંડીયા મહાદેવનું દેવળ પણ છે. આ ઉપરાંત કલેશરી અને ધામોદનો દુગ અને લાલીયા લુહારનો દુર્ગ પણ ઇતિહાસ સાચવતાં ખડાં છે.

**વનશ્રી**—રાજપીપળાથી થોડે દૂર સાતપુરા અને ડાંગના જંગલો દર્શનીય છે. વન્ય સમૃદ્ધિ અને કુદરતી સૌંદર્યથી સભર ડાંગનો પ્રદેશ દર્શનીય છે. પર્વતોની હારમાળાઓની કુદરતી વનરાજીથી સુશોભિત આ ભૂમિ ખરેખર ખુદાની ખેરાત છે– તેને ખોળે જે નહિ ગયો તેનો મનખો એળે ગયો !

વનસંપત્તિ, પહાડી સૌંદર્ય, નદી, વન્યપ્રાણી, પર્વત શ્રેણીઓ, ખીણો, ઝરણાં, અંબિકા તથા પૂર્ણા જેવી નદીઓ, ત્યાંના રાની પશુઓ અને કલરવકરતાં પક્ષીઓ કલાકાર, કવિ, શોખીન. સૌંદર્યપ્રેમી સાહિસિક કે શિકારી ઇન્સાનને પ્રેરિત કરનારો આ રમણીય પ્રદેશ ધરતી પર સ્વર્ગ સમાન છે. પાંચ હજાર ફૂટની ઊંચી પર્વતાવલિથી ઘેરાયેલ ૬૫૦ ચો. મા. ના વિસ્તારમાં ડાંગ કુદરતની એક જીવન સૃષ્ટિ કે જીવંત તીર્થધામ છે. ૩૭૦૦ ફૂટની ઊંચાઇએ આવેલું સાપ ઉતારાનું રમણીય સ્થળ તો આરોગ્યવર્ધક તથા આલ્હાદક છે. ચાંચણ ગામ પાસે ૫૪૦૦ ફૂટની ઊંચાઇએ આવેલ પરશુરામની સમાધિ, ૨૦૦૦ ફૂટની ઊંચાઇવાળા આહવા, રૂપગઢ, વાસુરણા, કીરલી અને સીલોટ ગ્રામ્ય સ્થળો જોવા જેવા છે. વન સંપત્તિથી સભર લીલુડી ધરતીનું જીવંત સૌંદર્ય જોવું હોય તો ડાંગના દર્શન કરવા જરૂરી છે. ગીર, વાંસદા, ધરમપુર, દેવગઢ બારિયાના જંગલો, સૌરાષ્ટ્ર અને કચ્છની કાંટો, વલસાડની આંબાવાડીઓ, ખેડબ્રહ્મા, પંચમહાલ, સુરત, નળકાંઠો, ભાલ પ્રદેશ, ચાંપાનેર, પાવાગઢ, ઇડર, આલેચ–દલાસા, સાતપૂડો, બરડો, ચોટિલો, ગિરનાર આદિ સ્થળે વન્યશ્રીના દર્શન ગુજરાતમાં સુલભ છે.

**દરિયાકાંઠો**— મુંબઇથી લખપત સુધીમાં આવતા ગુજરાતના બંદરો તથા સાગર કિનારો સમૃદ્ધ તથા રમણીય પ્રદેશ છે. બધું જોઇને કહેવાય છે કે......ધન્ય ભૂમિ ગુજરાત !

**કમળેજ**— ભાવનગર તાલુકાનું આ ગામ છે. ગામની પશ્ચિમ દિશામાં ગામથી અડધો માઇલ દૂર હનુમાનજીનું એક મંદિર છે અને જે ઘણુ પુરાણુ સ્થળ છે–ત્યાં એક વાવ છે જેનું પાણી ક્યારે પણ સુકાતું નથી દરેક ચૈત્રીપૂનમે અહિં મોટો મેળો ભરાય છે તે દિવસે ભજનકીર્તનનો મોટો જલસો યોજાય છે. હમણાં જ આ મંદિરનો જીર્ણોદ્ધાર થયો. શ્રી રમણીક પંડયાએ જહેમત લઈ ગામ-લોકોના સહકારથી આ સ્થળને ધાર્મિક પ્રવૃત્તિઓથી ગૂંજતુ કર્યું છે.

ગામના પાદરમાં સિદ્ધરાજની બનાવેલી એક વાવ જે પુરાઇ ગયેલી હાલતમાં છે તે વાવનું ખોદકામ થાય તો ઘણી પ્રાચીન સંસ્કૃતિના અવશેષો મળી આવવા સંભવ છે. પથ્થરનો અણામેલો પૂરાતની કોઠો પણ અહિં મોજૂદ છે. અહિં દાડમ જામફળનો સારો એવો પાક થાય છે. એસ. ટી. બસની સગવડતા છે. અહિં આહિર કોળી, ભરવાડ, કણબી, માજન અને વસવાયા દરેક કોમનો વસવાટ છે. પંચાયત, સહ. મંડળી વિગેરે ગામાયત સંસ્થાઓ સારું કદમ કરી રહેલ છે. ખંભાતનો હાઇવે રોડ પૂરો થતાં કમળેજનો વિકાસ અનેક ગણો થશે તેમ મનાય છે.

**લાખેણી**— ભાવનગર જિલ્લાના બોટાદ તાલુકામાં આ ગામ આવેલું છે આ ગામની વસ્તિ ૨૪૬૫ માણસોની છે જેમાં વેપારી (જૈન)ના લગભગ પંદર ઘર છે દુકાનોમાં પરચુરણ વેપાર કરે છે અને બાકીના પરદેશમાં ભાવનગર, અમદાવાદ અને મુંબઇમાં છે જેઓ સમૃદ્ધ અને સુખી છે તેમાં મહેતા રામજીભાઇ ઝવેરભાઇના સુપુત્રો શ્રી હરગોવિંદદાસભાઇ તથા છોટાલાલભાઇ તથા જયંતિલાલ-ભાઈ મુંબઇમાં ઉદ્યોગપતિ છે પોતાના વતનના ગામ પ્રત્યે બહુજ લાગણી ધરાવે છે. ગામ કેમ સુખી અને આબાદ રહે એટલા માટે જ્યારે જ્યારે અહીંયા આવે ત્યારે ગામની વિકાસ પ્રવૃત્તિઓમાં ખૂબજ આર્થિક મદદ આપે છે. પ્રથમ ગામમાં માત્ર બે રૂમની ગુજરાતી પાંચ ધોરણ સુધીની શાળા હતી સમય દરમ્યાન સરકાર તરફથી એક એવી યોજના થઇ કે જે ગામમાં લોકો અમુક શ્રમ તથા રોકડ આપે તેને સરકાર ગ્રાન્ટ આપી શાળાના નવા મકાનો બંધાવી આપે. આ યોજના અનુસાર દરેક ગ્રામજનોએ શ્રમ તથા પૈસા આપ્યા છે તે સાંભળીને પૂજ્ય રામજીદાદા તરફથી રોકડ રકમ રૂા ૧૦૦૧) આપવામાં આવી. યોજનાના નિયમ મુજબ પાંચ રૂમની શાળા તૈયાર થઇ ગઇ. અત્યારે ગુજરાતી સાત ધોરણ સુધીનો અભ્યાસ બાળકો કરે છે. મહેતા કુટુંબે ગામમાં જૈનદેરાસર તથા ઉપાશ્રય બંધાવી આપ્યા છે. આવા પાકા મકાનોથી ગામની રોશ-નીમાં વધારો થયો છે.

ગામમાં ગ્રામ પંચાયત છે જે બાલમંદીર તથા દવાખાનું ચલાવે છે, જુદા જુદા વિકાસ ક્ષેત્રોમાં કામ કરે છે વીજળી (ઇલેક-ટ્રીક) લગભગ એકાદ વર્ષમાં મળી જશે જેથી ગ્રામ ઉદ્યોગમાં વધારો થશે.

૮૦ ટકા ખેડુત લોકોની વસ્તિ છે જેઓ ખેતી કરે છે "ખેડ, ખાતર ને પાણી નસીબને લાવે તાણી" આ જુની કહેવત મુજબ જમીનમાં સારી ખેડ થાય, જરૂર પુરતુ ખાતર અને પાણી આપ-વામાં આવે તો મબલખ પાક થાય જેથી દરેક ખેડુત આબાદ થાય એટલા માટે ખેતી વિષયક વિવિધ કાર્યકારી સહકારી મંડળી

(એગ્રીકલ્ચરલ મલ્ટી. કો. ઓ. સોસાયટી) છે જેમાંથી ખેડુતોને લોન મળે છે. મગફળી, કપાસીયા, ઘઉં વિ. શ્રેષ્ઠ બિયારણ આપવાની વ્યવસ્થા છે.

ઉપરાંત પરચુરણ લોકો કારીગરો ખેત મજુરો તથા લુહાર સુથાર ઓરણીઓ બનાવવાનો ઉદ્યોગ કરે છે જે વાવેતરની ઓરણીઓ આ ગામની બનાવટની જ સારાએ સૌરાષ્ટ્રમાં વેચાય છે. ગામડુ નાનકડું છે પણ સંપ અને સહકારનું વાતાવરણ ખૂબ છે.

## નડિયાદ

### ( નડિયાદની માહિતી શ્રી હીરૂભાઈ પટેલના સૌજન્યથી અહીં પ્રગટ થાય છે. )

નડિયાદ ચરોતરનું હાર્દ ગણાય છે. આ ચરોતર માટે કવિ નાનાલાલે કહેલું કે 'ચરોતર એટલે ગુજરાતની ફળદ્રુપ રસકુંજો. ચરોતર એટલે ગુજરાતનું વ્રજ. ચરોતરને મધ્ય ભાગે જમના સમી કો મહા નદી હોત તો ચરોતર કદાચ વ્રજનેય હરાવત. ચરોતરના વૃક્ષરાજો ને તેની વનકુંજો વ્રજની વનકુંજોથી વડેરી છે.'

આ ચરોતરમાં સોલંકી વંશની સત્તા સ્થપાઈ એ પહેલાં ભીલોનું રાજ્ય હતું. એમણે ચરોતરમાં વિવિધ સ્થળોએ સ્થપાયેલી રાજ્ય–ગાદીઓની નામાવલિમાં નડિયાદનો ઉલ્લેખ માત્ર નથી. સંવત ૫૮૦–૮૬ માં વિરમદેવે વાત્રકને કાંઠે કૂણા દહેશ ગામમાં ગાદી સ્થાપી તેની હદમાં આવતા ગામોમાં પણ નડિયાદનું નામ નથી. સંવત ૮૦૨ થી ૧૩૬૪ સુધી ચાવડા, સોલંકી ને વાઘેલાઓના કાળમાં નડિયાદમાં આજે ભૈરવનાથનું મંદિર છે તે સ્થળે પિલવાઈ ગામ વસેલું હતું. તેની નજીક નટ લોકોનું એક પરું હતું–નટપુર નામનું. ધીમે ધીમે એનો વિકાસ થતાં તેમાંથી નડિયાદ નગરનો વિકાસ થયો. નડિયાદના પાટીદારોનાં મૂળ પૂર્વજ જેતસી પટેલ સં. ૧૨૧૨ માં ભૈરવ પાસે વસેલા એ વાત નિર્વિવાદ હકીકત છે. પિલવાઈ તળાવના અવશેષો આજે પણ ભૈરવનાથના મંદિરની નજીક જોવા મળે છે. ખંડિયેરોનાં પાયા, તળાવના આરા ને પગથિયાના અવશેષો–ઓછામાં ઓછા પાંચસો વર્ષથી વધુ જૂના તો છે જ એવું પુરાતત્ત્વવેત્તાઓનું માનવું છે. અહીં જૂની કબરો પણ છે.

સંવત ૯૯૯માં ખેડાવાળ બ્રાહ્મણો ખેડા જિલ્લાનાં નવ ગામોમાં વસેલા તેમાં નડિયાદ પણ હતુ અને તે સમયે સમૃદ્ધ હતું. નડિયાદમાં કાકરખાડમાં આવેલી દવે પોળ આ ખેડાવાળ બ્રાહ્મણોનો મૂળ વસવાટ હતી.

નડિયાદના ઈ. સ. ૧૦૭૨ થી ૧૨૯૫ સુધીની કેટલીક માહિતી મળે છે તે પ્રમાણે સંવત ૧૦૭૨ પછી કર્ણદેવ સોલંકી ( સિદ્ધરાજ જયસિંહના પિતા ) એ કોળીઓને કબજે કરી માળવા–ગુજરાત વચ્ચેનો માર્ગ સલામતી ભર્યો બનાવ્યો ને નડિયાદમાં પાટીદાર ખેડૂતોને વસાવ્યા ત્યારે તે સમયમાં નડિયાદ બંદરી વ્યાપારી ને લશ્કરી ધોરી માર્ગોનું કેન્દ્ર બન્યું. ઈ. સ. ૧૦૯૪માં કર્ણદેવના દેહાંત પછી મીનળદેવી દક્ષિણમાં વ્યવસ્થા સ્થાપવા નીકળ્યા ત્યારે ઇ. સ. ૧૦૯૬માં નડિયાદમાં કુમરાલ ભાગોળ આગળ એક વાવ બંધાવેલી. એ વાવના લેખમાં સંવત ૧૧૫૨ જણાવેલી છે.

ઈ. સ. ૧૪૦૩માં ગુજરાતી સલ્તનત સ્થપાઈ ને ૧૪૧૧માં સુલતાન મુઝફ્ફરશાહ સામે બળવો કરનાર અમીરો નડિયાદમાં ભેગાં થયેલા–એવું નડિયાદનું લશ્કરી મહત્ત્વ હતું. નડિયાદનો જીવનદાસ ખત્રી પાટણ ઉપર સેના લઈને ચડી આવેલો. એ અરસામાં નડિયાદમાં ઘણી લડાઈઓ થઈ હતી. આ પછી નડિયાદનાં પરગણાનું સ્થાન સુલતાનના વારસના ખર્ચાનિભાવ માટે મુકરર થયું હતું. પછીના જમાનામાં નડિયાદ મહત્ત્વનું લશ્કરી મથક બન્યું હતું. મોગલ શાસનકાળમાં અહીં મોગલોનો એક અમલદાર રહેતો–એનાં ચિહ્નો મોગલકોટ, મસ્જિદ, હવેલી વગેરે આજે પણ હયાત છે. ઝઘડીઆ પડા નામનું સ્થળ મોગલકાળમાં નોબતખાનું હતું. એ સમયે નડિયાદમાં ધંધા ઉદ્યોગ પણ સારા એવા ખીલેલા હતા.

ઈ. સ. ૧૮૦૩માં નડિયાદ ગાયકવાડ સરકારના હાથમાંથી અંગ્રેજોના હાથમાં ગયું ત્યાં સુધીમાં ઘણી સત્તાઓના હાથમાં જઈ ચૂકયું હતું. પિલાજીના નામ ઉપરથી પિલવાઈ તળાવ, મલ્હારરાવના નામ ઉપરથી મલ્હારપુરું–વગેરે આજે પણ ટકી રહેલા અવશેષો છે. નડિયાદનું મહત્ત્વ આમ વિપત્તિ અને મુશ્કેલીઓ, સત્તાઓના પલટા અને વિગ્રહો–એ સૌની વચ્ચે પણ ટકી રહેલું.

અંગ્રેજોના આગમન વખતે નડિયાદની જે મૂરત હતી એનું વર્ણન જેમ્સ ફોર્બસે આપેલું છે. જેમાં તે કોડારાવ (ખંડેરાવ હિંમત બહાદુર) ની રાજધાની હોવાનો, એનો ઘેરાવો ત્રણ માઈલનો હતો, તેનો પૂર્વ તરફ કિલ્લો–કિલ્લાને થોડે થોડે અંતરે બૂરજો નવ મજબૂત દરવાજા ને ફરતી સૂકી ખાઇ હોવાનો વગેરેનો ઉલ્લેખ કરેલો છે. તદુપરાંત નડિયાદનાં સુતરાઉ અને બરતાના કાપડના ઉદ્યોગનો, વેપારી મથક તરીકેનાં મહત્વનો પણ ઉલ્લેખ કરેલો છે.

ઇ. સ. ૧૮૧૪ થી નડિયાદમાં વ્યવસ્થિત અંગ્રેજી કારભાર કે વહીવટ આવ્યો. ઇ. સ. ૧૮૧૪ માં સરકાર તરફથી પહેલ વહેલો તલાટી નિમાયો. ૧૮૨૦–૨૬ પહેલી મોજણી અને બીજા ૧૮૬૫ ના અરસામાં થયેલી. ૧૮૫૪ માં નડિયાદની વસ્તી ૨૦૭૧૦ ની હતી. આ સમય સુધી ગાયકવાડી ચલણ નડિયાદમાં ચાલતું જે બાદશાહી સિક્કાને નામે ઓળખાતું. ૧૮૫૪ માં તે બંધ થયુ

નડિયાદના વિવિધ સ્થળો—

નડિયાદના વિવિધ સ્થળો વિશેની માહિતી પણ નગરનો પરિચય આપી રહી છે.

દેસાઇ વગો :– નારણદાસ પટેલના વંશજોને દેસાઇગીરી મળી ત્યાર પછી એમનાં મકાનોવાળો વિસ્તાર દેસાઇ વગો કહેવાયો હશે કેમ કે બહુ જૂનાં દસ્તાવેજોમાં આ નામ મળતું નથી.

મડદાબારી— આ જૂનું સ્મશાન સ્થળ છે. મોટી સાથના નાકે આવેલી મસ્જીદ આગળ હાલ્લા ફોડવામાં આવતાં. ત્યારે નડિયાદ મરીડા ભાગોળથી અમદાવાદી દરવાજાની સરાઇ સુધી વસેલું હતું. અમદાવાદી સુલ્તાનોનાં સમયમાં ને મોગલશાસન સમયમાં નડિયાદની મોટા ભાગની જમીન શેખ તેમજ લોટીઓ વહોરાના હાથમાં હતી.

મલ્હારપરુ— અહીં કડીનાં મલ્હારરાવની પાયગી હતી અને પાયગીના માણસો અહીં વસતા. એમ કહેવાય છે કે મલ્હારરાવ ખંડેરાવ હિંમતબહાદુરના પુત્ર હતા અને કડીના બળવામાં હાર પામ્યા પછી નડિયાદમાં નજરકેદ રાખવામાં આવ્યા હતાં. એ સમયે એમનો રાસડા રચાયા હતા– એવો એક રાસડો દલપતરામનાં 'કાવ્યદોહન' માં છે એમાંથી મલ્હારરાવની લોકપ્રિયતાનો પરિચય મળી રહે છે.

નારણદેવનું મંદિર મલ્હારરાવની સ્મૃતિ સાથે સંકળાયેલું આ બીજુ સ્થાન છે એમણે સંવત ૧૮૫૮માં એનો પાયો નંખાવ્યો ને પુરૂં થતાં પહેલાં નડિયાદ છોડવું પડ્યું. પછી વડોદરાના પ્રસિદ્ધ હરિભક્ત કુટુંબનાં રતનબાઇએ પૂરૂં કરાવ્યું. એ મંદિર પાંચ વર્ષે પૂરૂં થયું લોકવાયકા એવી છે કે એ મંદિર બાંધવા માટે ઈંટવાડા પાસે જ રાખવામાં આવ્યો હતો અને ઈંટવાડા માટે જે જગ્યાએથી માટી ખોદવામાં આવેલી તે સ્થળે મોટો ખાડો પડ્યો હતો જે રતનબાઇના નામ પરથી રતન તળાવ તરીકે ઓળખાયું.

દવલકૂઇ— નડિયાદમાં 'દવલ' નામથી ઓળખાતા જાગીરદારો મોગલ બાદશાહો જહાંગીર, શાહજહાં અને ઔરંગઝેબનાં સમયમાં હતા. એ સમૃદ્ધ હતા અને કૂઈ વિસ્તારમાં એમણે મોટો બાગ બનાવરાવેલો એમની હવેલી પણ હતી. એ પાછળથી અમીરો બની ગયેલા પણ મરાઠાઓના સમયમાં એમની પડતી થયેલી– જાગીરો સુદ્ધાં વેચાઇ ગયેલી. એ કુટુંબના એક વંશજ મીર દવલ ખલીલ બેગ જહાંગીરના શાસનકાળમાં નડિયાદમાં અમીર હતા. આજે તો કુટુંબ તદ્દન ઘસાઇ ગયેલું છે.

લોટીઆ વહોરાની બારી અથવા કાકરખાડની બારી— પહેલાં લોટીઆ વહોરાની બારી તરીકે ઓળખાતી આ જગ્યા આજે કાકરખાડની બારી તરીકે ઓળખાય છે પહેલા મુસ્લિમોની, પણ આજ પટેલ અને બીજી ઉચ્ચકોમોના વસવાટનો આ મોટો વિસ્તાર છે. લોકવાયકા એવી છે કે એક વખત એક બાદશાહનું 'કાકર' નામનું ઉંટ આ વિસ્તારમાંથી પસાર થતાં મોટા ખાડાની ચીકણી માટીમાં પગ લપસતાં, ને ભાંગી ગયો તેથી માણસો તેને મૂકીને ચાલ્યા ગયા. એ ઉંટના નામ ઉપરથી કાકરખાડ નામ પડ્યું બીજી લોકવાયકા પ્રમાણે વસવાટ શરુ કરનારાઓના નામ ઉપરથી કાકરખાડ નામ પડ્યું હોવાનું મનાય છે. તે મૂળ વસવાટ કરનારના વંશજોના નામ ઉપરથી રામ તલાવડી અને સોજો તલાવડી નામ પડ્યાં આજે પણ આ વિસ્તારમાં એક મસ્જિદ મોજૂદ છે.

લખાવાડ અને નાનાકુંભનાથ—જેનસીથી ૧૧ મી પેઢીએ લાખો પટેલ થયા તેમના નામ પરથી લખાવાડ ઓળખાય છે તે પૈસેટકે ઘણા સુખી હતા તેમ જણાય છે. તેમણે નાનાકુંભનાથની સ્થાપના કરેલી. તે દેસાઇવગાના નારણદાસ પટેલના પિતા મથુરદાસ પટેલના સમકાલિન હતા.

નડિયાદના ઇતિહાસમાં નાગરોનું સ્થાન ખૂબ જ મહત્વનું છે કારણ કે નડિયાદના સંસ્કાર ધનને એમણે સાચવ્યું છે, જતન કર્યું છે અને આજે પણ એની સુવાસ એ પ્રસરાવી રહ્યા છે. નાગરોએ નડિયાદના ઇતિહાસમાં ભજવેલા ભાગ વિશે સાક્ષરરત્ન શ્રી ગોવર્ધનરામ ત્રિપાઠી તથા એમના ભાઈ નરહરિરામ ત્રિપાઠીએ પોતાના પિતાશ્રી માધવરામ ધીરજરામ ત્રિપાઠીના સ્મરણાર્થે પ્રસિદ્ધ કરેલી 'માધવરામ સ્મારિકા' નામના ગ્રંથમાં સવિસ્તર માહિતી આપેલી છે એ અનુસાર હાલ પણ નડિયાદમાં વડનગરા નાગરોનો નિવાસ નાગરવાડામાં છે. થોડાંક ઘર કંસારા વાડે છે. નાગરવાડાનો આરંભ કાજી ચકલા આગળના મહાલક્ષ્મીના મંદિર આગળથી થાય છે અને તેમાંથી પોળોમાં જતી વરજભાઇવાળી, વાણિયાવાળી તથા પીપળાવાળી ખડકીઓનાં ધર્મપુરવાળી, કરસનરામ અંબાદત્તવાળા અને ઝાલાવાડ ફળિયાશંકરવાળી છે. એ સિવાય પીજ ભાગોળ સુધી નાની મોટી ખડકીઓ હતી પણ તેમાંથી હાલ થોડાંક વર્ષથી નાગરી જ્ઞાતની વસ્તી શૂન્ય થઇ છે. નાગરોએ ઘણાં પરમાર્થિક કામોમાં દ્રવ્યનો વ્યય કરેલો છે. એમાં મનસુખરામ ત્રિપાઠીએ બંધાવેલ અ. સૌ. ડાહીલક્ષ્મી પુસ્તકશાળા અને જુદા જુદા મંદિર–મહાદેવ તથા શાળાઓમાં કરેલ દાન અને સદાવ્રત વગેરે મુખ્ય છે.

નડિયાદના ઇતિહાસમાં અસામાન્ય મહત્વનું સ્થાન સંતરામ મહારાજનું છે. સંવત ૧૮૭૨ મ સંતરામ મહારાજ નડિયાદ આવ્યા હતા ત્યાં ડુંગા કૂઇ વાળા ખેતરોમાં એકાંતવાસમાં એક રાયણના ઝાડના પોલાણમાં બેસી રહેતા. ત્યાં એક વખત એક ખેતમજૂરે મહારાજને તુંબડી કૂવામાં તુંબડી બોળી સ્નાન કરતાં જોયા અને એ ચમત્કાર બીજા મજૂરોને પણ બતાવ્યો. એ પછી લોકોમાં વાત ફેલાતાં દર્શન માટે ભીડ જામવા માંડી. એવામાં એક કણબીની ભેંસ છ મહિનાથી વસૂકી ગયેલી તેને મહારાજે તુંબડીમાં એ ભેંસનું દૂધ લાવવા કહ્યું ત્યારે ભેંસે દૂધ દીધું! આવા બીજા ચમત્કારોથી લોકોને એમનામાં શ્રદ્ધા બેઠી. પૂંજાભાઇ નામના એક ભક્તની વિનંતિને માન આપી સંતરામ મહારાજ નડિયાદ શહેરમાં હાલના સંતરામ મંદિરની જગ્યાએ ટેકરો હતો ત્યાં બેસવા લાગ્યા. એ છોડીને જવાની તૈયારીમાં હતા ત્યારે પૂંજાભાઇએ ફરી રોક્યા ત્યારે મહારાજે એમને પોતાની સેવામાં રહેવા કહ્યું. પૂંજાભાઇએ શરત સ્વીકારી અને સામેથી શરત મૂકી કે એમનો મંજૂરી વગર છોડવું નહિ, કે સમાધિ લેવી નહિ સંવત ૧૮૯૭ ના પોષના પુનમે મહારાજે સમાધિ લેવાનો વિચાર કર્યો. પણ પૂંજાભાઈ હયાત ન હતા તેથી તેમના પૌત્ર બાપુભાઇને પૂછ્યું–બાપુભાઈ બેઠા હતા, તેમણે મહા મહિનાની પુનમે પોતે નડિયાદ આવે ત્યાં સુધી થોભવા જણાવ્યું. અને મહારાજે સં. ૧૮૯૭ના મહામાસની પુનમે સમાધિ લીધી. આજે પણ નડિયાદમાં મહા મહિનાની પુનમે સંતરામ મંદિરમાં દર વર્ષે મેળો ભરાય છે. સંતરામ મંદિર અને સંતરામ મહારાજ આજે તો નડિયાદના નાક સમા બની ગયા છે કેળવણીના ક્ષેત્રમાં શાળાઓ અને કોલેજોમાં આ મંદિર તરફથી સખાવતો કરવામાં આવેલી છે એટલું જ નહિ સામાજિક, ધાર્મિક ને આર્થિક સુધારણાનાં કામ પણ એણે ઉપાડેલાં છે લગ્નના ધૂમ ખર્ચામાંથી સમાજને ઉગારવા સંતરામ મંદિરમાં જ લગ્ન ઉકેલી શકાય એવી ગોઠવણ કરવામાં આવેલી છે અને દર વર્ષે હજાર–હજાર જેટલાં લગ્ન પ્રસંગો અહીં પતાવવામાં આવે છે

ઈ. સં. ૧૮૮૮માં રેલ્વે આવીને પરિણામે પરદેશી માલ મોટા પ્રમાણમાં નડિયાદમાં આવવા લાગ્યો અને તેનો વેપાર વધવા લાગ્યો. તે સમયના નડિયાદનું વર્ણન શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકે પોતાની 'આ મકથા'માં સરસ રીતે કરેલું છે. મોટર હતી જ નહિ, ગાડાં ને ભેંસ–ગાયની વણજાર જેવા મળતી સ્ટેસન આગળ તો જેલ ને ખુશાલભાઇ ટાવર હતાં નહિ, ખુલ્લું મેદાન હતું. મોટામાં મોટું બજાર અમદાવાદી બજાર હતું. હોટલો ન હતી. ફળો વેચાતા નહિ અમદાવાદી બજારથી કંથારિયા ચકલા તરફ આવતાં મોચીઓની દુકાનો હતી. તૈયાર બૂટ તો મળતાં જ નહિ. અમદાવાદી બજારથી સ્વામિનારાયણના મંદિર તરફ ચાલતા કાપડિયા જ દેખાય.

ત્યાંથી સાથ બજારને રસ્તે આગળ ચાલતા ચૂડગરોની દુકાનો આવતી. પછી સરિયામ રસ્તે છેક મોગલકોટ સુધી બીજી બાજુએ હાલના ધર્માદા દવાખાના સુધી છીપાઓની દુકાનો ધ્યાન ખેંચતી. આજે તો એ નથી. સાથ બજારમાં પીપળાના ઝાડની આસપાસ શાકભાજીનું બજાર હતું. (આ બજાર આ જે પણ હજુ જોવા મળે છે ને આજે ય સવારનાં સમયમાં શાકભાજીની ખરીદી કરવા માનવ મહેરામણ ઉભરે છે) ત્યાંથી કંસારાવાડ તરફ, જાઓ તો કંસારાઓનાં ટાંકણા અને હથોડાના અવાજ જ તમને સંભળાયા કરે. આજે ય એ જોવા મળે છે. નડિયાદમાં એ જમાનામાં કારીગરો મોટા પ્રમાણમાં હતા. લેખંડ–લાકડાનાં સાધનો, રથાપત્ય, અને કાપડવણાટ આ કારીગરો કરતા ૧૯ માં સૈકાના અંત સુધી અસ્પૃશ્યતા જામેલી હતી એ પછી પણ એનો અંત આવતાં તો ઠીક ઠીક સમયનાં વહાણાં વાયાં. છેક વીસમી સદીનાં આરંભ સુધી ભાટ લોકો એમની પ્રવૃત્તિ ચલાવતા હતા. એ પછી એ લોકો બીજા વ્યવસાયોમાં જોડાવા લાગ્યા અને ભવાઈ અને એવી બીજી લોકરંજનની પ્રવૃતિઓ ઘસાઇ ગઈ. નડિયાદમાં કેટલાક મોટાં મકાનો હતા. દેસાઈઓની હવેલીઓ, સંતરામ મહારાજનું વિશાળ મંદિર ને હવેલી, સુધરાઇનું મકાન, પુસ્તકાલયો અને નવા મંદિરો લક્ષ્ય ખેંચતાં. રસ્તાઓ સાંકડા અને વાંકાચૂકા હતા– અને આજે ય એવા જ છે

નડિયાદનાં મુખ્ય મંદિરો વિશે થોડો પરિચય જરુર ગણાવો જોઇએ. ભૈરવાનાથનું મંદિર તો ઘણું જૂનું લાગે છે. ઇ. સ. ૧૮૪૨ માં દેસાઈ વાઘજીભાઇ શામળદાસે કાળકામાતાનું મંદિર બંધાવ્યું હતું ઈ. સ. ૧૮૨૯ માં સહજાનંદ સ્વામી નડિયાદમાં આવ્યા હતા તેમની સ્મૃતિમાં અમદાવાદી બજારને રસ્તે સ્વામીનારાયણ સંપ્રદાયનું મંદિર બાંધવામાં આવ્યું હતું. સાથબજાર પાસે બોસાઈમાતા –હવેલી બંધાઇ હતી

ઓગણીસમાં સૈકામાં નવી કેળવણી અને સમાજ સુધારાનાં આંદોલનો વિકાસ પામ્યા ત્યારે મુંબઈ, અમદાવાદ કે સુરતમાં થયેલી અસરો નડિયાદમાં થઈ ન હતી જૂની રૂઢિઓ અને રીતરિવાજોને રક્ષવાની વૃત્તિ નડિયાદમાં ઘણાં સમય સુધી વ્યાપક રહી હતી. પરંતુ નવી કેળવણી તો અહીં પણ પ્રવેશી હતી. ઈ. સં. ૧૮૬૦થી નડિયાદના આગેવાન વર્ગોએ અંગ્રેજી કેળવણીનો લાભ લેનારાઓમાં શરૂઆતમાં ઝવેરીલાલ ઉમિયાશંકર યાજ્ઞિક અને મનસુખરાય સૂર્યરામ ત્રિપાઠી આવ્યા. એ લોકો સંસ્કૃત માટે ભારે પક્ષપાત ધરાવતા અને તેથી ગુજરાતીભાષામાં પણ સંસ્કૃત શબ્દોનો પ્રયોગ મોટા પ્રમાણમાં એ લોકો કરતાં પરંપરાને ચાલુ રાખવાના એ આગ્રહી હતા. તેમની અસર તળે નડિયાદમાં સાહિત્યની એક વિશિષ્ટ પરંપરા ચાલી હતી. મણિલાલ નભુભાઈ દ્વિવેદીએ એકાંત અને અદ્વૈતવાદનું નિરૂપણ કર્યું. ગોવર્ધનરામે 'સરસ્વતીચંદ્ર'નું સર્જન કરી ગુજરાતી સાહિત્યના ગગનમંડળમાં અદ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું. (પાછળથી નડિયાદના જ એક યુવાન શ્રી ગોવિંદ સરૈયાએ ૧૯૬૮માં 'સરસ્વતીચંદ્ર'ને ચલચિત્રનું રૂપ પણ આપ્યું) બાલાશંકર ઉલ્લાસરામ કંથારિયાએ મસ્તી ભરેલાં કાવ્યો આપ્યાં.. દોલતરામ પંડ્યાએ ઉત્તમ સંસ્કૃત સાહિત્યના ભાષાંતર ગુજરાતી સાહિત્યને ચરણે ધર્યાં. નડિયાદના સપૂતોએ સાહિત્યનુ સર્જન એટલા મોટા પાયા પર કર્યું અને નડિયાદે એટલા બધા સાક્ષરો અને સાહિત્યકારો ગુજરાતને આપ્યા કે નડિયાદ સાક્ષરભૂમિનો પર્યાય બની ગયું આજે પણ નડિયાદમાં સાહિત્ય સર્જન થાય છે. આજના નડિયાદના સાહિત્ય સર્જકોમાં રસકવિ શ્રી રઘુનાથ બ્રહ્મભટ્ટ, શ્રી બકુલ ત્રિપાઠી, જેવા ખ્યાતનામ અને બીજા ઉગતા ને વિકાસની કેડીના સોપાનસર કરતા જતા સાહિત્યકારો છે.

નડિયાદમાં ત્રણ વાર સાહિત્ય પરિષદના સંમેલન મળેલા છે. ઈ. સ. ૧૯૨૮માં શ્રી આનંદશંકર બાપુભાઇ ધ્રુવના પ્રમુખપદે ઇ. સ. ૧૯૩૧મા ભૂલાભાઈ જીવણજી દેસાઇના પ્રમુખપદે અને ઇ. સ. ૧૯૫૧માં ગુજરાતી સાહિત્યના પરિષદનું સુવર્ણ મહોત્સવ સંમેલન શ્રી કનૈયાલાલ મુનશીના પ્રમુખપદે મળ્યા હતા. ઈ. સ. ૧૯૫૫માં તો સંમેલનના પ્રસંગે ૨૬મી ઓક્ટોબર અને વિજયાદશમીના દિને ગોવર્ધનરામની શતાબ્દિનો ઉત્સવ પણ ઉજવાયો હતો. જેનું સ્થળ સંતરામ મંદિર હતું. ઇ. સ ૧૯૩૧ના સાહિત્ય પરિષદના સંમેલનમાં સત્કાર સમિતિના પ્રમુખ શ્રી અંબાલાલ બુલાખીરામ જાનીએ 'સ્વાગતગીતા' નામના સ્વાગત પ્રવચનમાં નડિયાદના ઇતિહાસ વિશે સારી માહિતી આપી હતી.

નડિયાદના આ બધા પનોતા પુત્રોમાં શિરમોર સમું સ્થાન નિર્વિવાદ રીતે ગોવર્ધનરામનું છે. માત્ર નડિયાદના જ નહિ પણ આખાય ગુજરાતના અને કંઇક અંશે તો ભારતના ઇતિહાસમાં પણ એમનું સ્થાન મહત્ત્વનું છે. એનું કારણ એમની આર્ષદૃષ્ટિ છે માત્ર લેખક ન હતા, દ્રષ્ટા પણ હતા. પોતાના કાળના પરિબળોમાંથી એ ઘડાયા અને એ પરિબળોના પ્રતિબિંબ એમની કૃતિઓમાં ઝીલાયાં. પણ માત્ર પ્રતિબિંબ ઝીલીને જ ગોવર્ધનરામે પોતાનું કર્તવ્ય પરિપૂર્ણ થયેલુ માન્યું ન હતું. એમનાં વ્યક્તિત્વ અને સાહિત્યનો પ્રભાવ એમના દેહાંત પછી આજપર્યંત અસામાન્ય તીવ્રતાથી પડ્યો છે.

આમ જોતાં એક વાત સ્પષ્ટ થાય છે કે નડિયાદના સાક્ષરોનું જમા પાસું ઘણું સમૃદ્ધ અને યશસ્વી હતું અઢળક અદ્ધિવતા નડિયાદને કવિવર નાનાલાલે જર્મનીના સંસ્કારકેન્દ્ર વિમાર સાથે યથાર્થ રીતે સરખાવ્યું છે. ગુજરાતની અસ્મિતાના વિકાસમાં નડિયાદના આ સાક્ષરોનું પ્રદાન ગણના પ્રાપ્ત છે.

આટલું પૂરતુ ન હોય તેમ નડિયાદે સ્વાતંત્ર્યસંગ્રામની લડતો માં પણ છેક ૧૯૧૭થી આગેવાની ભર્યો ભાગ ભજવ્યા કર્યો છે. એક વાયકા એવી છે કે અમદાવાદ ઉડાવી દેવા માટે અંગ્રેજ લશ્કર ભરેલી ટ્રેનને પસાર ન થવા દેવા માટે નડિયાદના વાલ્લાઓએ જીવનના જોખમે પણ રેલના પાટા ઉખાડીને પાંચ પાંચ દસ દસ માઇલ દૂર નાખી દીધેલા અને પરિણામે અમદાવાદ બચી ગયું.

છેલ્લા અર્ધશતકમાં નડિયાદ અર્વાચીન જમાના તરફ વેગથી વધ્યું છે. ગાંધીજી અને સરદાર વલ્લભભાઇનો પ્રભાવ તેના ઉપર પડ્યો હતો. શ્રી વિઠ્ઠલભાઈ પટેલની સ્મૃતિમાં વિઠ્ઠલ કન્યા વિદ્યાલય સ્થાપીને એ વીર ગુજરાતી અને ચરોતરના સપૂતનું નામ ને સ્મારક નડિયાદે સાચવ્યું છે. અને એ ઉત્તરોત્તર બળવત્તર બનતું જાય છે. આજે એ સ્વયંપૂર્ણ બનવાના પ્રયાસોની સિદ્ધિને આરે ઉભું છે. ગોવર્ધનરામની સ્મૃતિ માટે પણ સ્મૃતિમંદિરની રચના થઇ છે.

સ્વ. સરદારશ્રી વલ્લભભાઈ પટેલે મેટ્રીક સુધીનું શિક્ષણ તેમણે અહીં પ્રાપ્ત કર્યું. તેથી તેમની સ્મૃતિમાં નડિયાદના ગાંધીવાદી ચિંતક અને સમાજસેવક શ્રી બાબુભાઈ જશભાઈ પટેલની પ્રેરણા અને નેતૃત્વ હેઠળ 'સરદાર વલ્લભભાઈ સમાજસેવા ટ્રસ્ટ'ની સ્થાપના થઈ છે. આ ટ્રસ્ટ તરફથી નગરમાં શિક્ષણ અને સામાજિક સેવાની પ્રવૃત્તિઓ વિકસી રહી છે. તેમાં ટેકનીકલ શિક્ષણની માધ્યમિકશાળા અને સ્ત્રી કેળવણી માટે મહિલા કોલેજનો આરંભ થઇ ચૂકયો છે. બાલશિક્ષણની દિશામાં બાલભવન, ખેતી–ઉદ્યોગશાળા, કુદરતી ઉપચાર કેન્દ્ર, પોલીટિકનીક વગેરે અનુક્રમે શરૂ કરવામાં આવનાર છે.

કેળવણીના ક્ષેત્રે આજે તો નડિયાદ વિદ્યાધામ બની ગયું છે. વિનયન, વાણિજ્ય, વિજ્ઞાન, કાયદો, રસાયણ, આયુર્વેદ, તાંત્રિક વગેરે વિદ્યાશાખાઓની કોલેજો અહીં છે. લગભગ પંદરેક જેટલી માધ્યમિકશાળાઓ અને ચાલીસ ઉપરાંત પ્રાથમીક શાળાઓ છે.





# ગુજરાતના ઉદ્યોગો

**—શ્રી ચંદ્રકાન્ત પાઠક**

ભારતના ઔદ્યોગિક નકશામાં ગુજરાત પ્રથમ સ્થાન મેળવવા મંઝીલ કાપી રહેલ છે. ત્યારે વિકાસની સમાલોચના કરવા મન થઇ જાય છે. હાલ બંગાળ તથા મહારાષ્ટ્ર બાદ રોકાણ તથા રોજગારીની દૃષ્ટિએ ગુજરાતનો ત્રીજો નંબર આવે છે. ગુજરાતમાં રાજકીય સ્થિરતા, ઔદ્યોગિક શાંતિ, જરૂરી ઈન્ફ્રાસ્ટ્રકચર, ઉપસ્થિત થતાં અનેક નાના-મોટા ઉદ્યોગો શરૂ થઈ રહ્યા છે અને તે માટેનાં પ્લાન તૈયાર થઇ રહ્યા છે.

ગુજરાત રાજ્યની શરૂઆત થઇ ત્યારે ચાર હજારની અંદર લઘુ ઉદ્યોગો હતા જે આજ સાત વર્ષ બાદ આઠ હજારનો આંક વટાવી ચૂકેલ છે. રાજકોટ, અમદાવાદ, સુરત, વડોદરા શહેરોએ ઔદ્યોગિક દૃષ્ટિએ બહુ જ નોંધપાત્ર પ્રગતિ સાધી છે. જામનગર, ભાવનગર, પોરબંદર, જુનાગઢ, ભરૂચ, વલસાડ, ગાંધીધામ, અમરેલી, ગોધરા, ખંભાત, અંકલેશ્વર ઔદ્યોગિક દૃષ્ટિએ વિકસાવાઇ રહ્યા છે પરંતુ જોઇએ તેટલો સંતોષ ઔદ્યોગિક પ્રગતિ માટે થતો નથી. ઉદ્યોગોના વિકેન્દ્રીકરણ માટે રાજ્ય સરકાર સારો એવો પરિશ્રમ ઉઠાવે છે. પાંત્રીસેક જેટલી ઔદ્યોગિક વસાહતોનું આયોજન થઈ રહ્યું છે, પરંતુ અનેકવિધ પ્રવૃત્તિથી ધમધમી ઉઠવામાં જરા ઢીલ થઇ રહી છે.

ગુજરાતના મુખ્ય ઉદ્યોગોમાં કાપડ, સિમેન્ટ, સોડાએશ રસાયણો, પોટરીઝ, તેલની મિલો, ખાંડનાં કારખાનાં, મીઠાનો ઉદ્યોગ, ખનિજતેલ-રીફાઇનરી, ફર્ટીલાઇઝર વ. ગણાવી શકાય.

**કાપડનો ઉદ્યોગ** ભયંકર કટોકટીમાંથી પસાર થઈ રહ્યો છે. કેટલીક માંદી મિલો બંધ પડી જાય છે, ત્યારે કેટલીક મિલોને સરકાર આર્થિક સહાય આપી ઓક્સીજન આપી-જીવાડવાના યત્ન કરી રહેલ છે. આ ઉદ્યોગને જીવંત રાખવા વ્યવહારૂ પગલાં ભરાય તે જરૂરી છે.

**સિમેન્ટ—** ગુજરાતમાં સૌથી વધુ ખનીજ મળી આવેલ હોય તો તે છે ચુનાના પથ્થરો. સિમેન્ટનાં પંદર લાખ ટન ઉત્પાદન શક્તિવાળાં કારખાનાં ગુજરાતમાં ચાલુ છે. તદુપરાંત વેરાવળ, ભાવનગર, અંકલેશ્વર, અમીરગઢ અને ચોરવાડ ખાતે છ નવાં કારખાનાં શરૂ કરવા ઈરાદાપત્રો અપાયા છે પરંતુ હજુ તે નવા કારખાના માટે જોઇએ તેવી ગતિ આવી નથી તે શોચનીય વાત છે.

**ખાંડ—** ગુજરાત રાજ્યમાં ખાંડનું ઉત્પાદન માગ કરતાં પાંચમા ભાગનુ જ છે. કોડીનાર, બારડોલી, ગણદેવી, ઉનાના ખાંડના કારખાનાં ચાલુ છે. મઢીમાં ખાંડનું કારખાનું શરૂ થનાર છે. શેરડી ઉત્પાદનના ઘણા કેંદ્રોમાં ખાંડના નાનાં-મોટા કારખાનાં શરૂ કરી શકાય તેમ છે. ખાંડના ઉદ્યોગ માટે શેરડીનું એકર દીઠ ઉત્પાદન તથા સિંચાઈની સગવડ મહારાષ્ટ્ર કરતાં ઓછી છે.

**રસાયણ—** ગુજરાતમાં સોડાએશ, મીઠું, રંગ, દવાઓનો ઉદ્યોગ સારા પ્રમાણમાં ખીલેલ છે. ફર્ટીલાઇઝરના મીઠાપુર તથા કંડલાના બે પ્રોજેકટમાં રૂા. ૯૧ કરોડનું રોકાણ થનાર છે. પ્રોજેકટની રજૂઆતમાં અનેક વિટંબણાઓ આવે છે. આપણે પ્રોજેકટ વિષે ઘણું ગાજીએ છીએ પણ ઉદ્યોગ આકાર પામે અને ઉત્પાદન શરૂ થાય ત્યાં સુધી બહુ પબ્લીસીટી આપવી જોઉએ નહીં. પેટ્રોકેમીકલ કોમ્પલેકસમાં પણ રૂા. ૧૮૦ કરોડનું રોકાણ આશરે થવાનું છે. નવા સોડાએશનાં બે એકમો તથા કોસ્ટીક સોડાના પ્લાન્ટમાં રૂા ૪૫ કરોડનું રોકાણ આગામી વર્ષોમાં થશે.

**વનસ્પતિ તેલ—** ગુજરાતમાં પાંચસોથી વધુ તેલની મિલો તથા ૨૭ સોલવન્ટ એક્ષ્ટ્રેકશન પ્લાન્ટ છે પંદરેક નવાં કારખાનાં માટે અરજી મંજૂર થયેલ છે. સૌરાષ્ટ્રમાં મગફળીનો મબલખ પાક થાય છે તેથી કેશોદ જામનગર-પોરબંદર પાસે વનસ્પતિ ઘી બનાવવા માટે રાજ્યસરકાર પ્રયત્ન કરે તો સારૂં. ગુજરાતનું તેલ અન્ય પ્રાંતમાં જાય અને ત્યાં વનસ્પતિ ઘી બનાવાય છે તો શા માટે ગુજરાતમાં જ તેનો ઉપયોગ ન થાય ?

**મોટા ઉદ્યોગો—** કાપડના ઉદ્યોગને પરીણામે, ગુજરાતમાં તેના આધારિત બે હજાર જેટલા નાના ઉદ્યોગો ખીલ્યા છે પરંતુ તે ઉદ્યોગ હાલ મરણ પથારીએ છે ત્યારે નવા મોટા પ્રોજેકટ ગુજરાતમાં શરૂ કરવા પ્રયત્ન થવા જોઇએ. ખનિજતેલ ગુજરાતની ધરતીમાં મળ્યું જેથી રિફાઇનરી શરૂ થઈ. બાકી ગુજરાતમાં તે સિવાય એક પણ મોટો ઉદ્યોગ કેન્દ્ર સરકારે હજુ શરૂ કરેલ નથી ભાવનગર મશીન ટુલ્સનું કારખાનું ખોરંભે પડ્યું જ્યારે તેની સાથે વિચારાયેલ અજમેર મશીન ટુલ્સ કાર્ય કરી રહેલ છે. નેપ્થા કેકરની ઢીલ, મીઠાપુર ખાતર યોજનાની ચર્ચા, નર્મદા યોજના, અણુશકિત આધારિત પાવર વ. ની યોજના હજુ કાગળ પર જ ફર્યા કરે છે. આ મૂર્ત સ્વરૂપ થાય તો જ ગુજરાતની કાયાપલટ થશે.

નાની કાર યોજના, ઇન્સ્ટ્રુમેન્ટસ ઉદ્યોગ, એલ્યુમિના પ્રોજેકટ શીપયાર્ડ, ભારતની બીજી ટેલીફોન ફેકટરી, ગુજરાતમાં બીજી રીફાઇનરી, મશીન ટુલ્સ, પેટ્રોકેમિકલ્સ કોમ્પ્લેકસ વહેલાસર શરૂ કરાય તેમાં જ ગુજરાતનું ભવિ સમાયેલ છે. તો મોટા ઉદ્યોગો પર આધારિત હજારો નાના ઉદ્યોગો વિકસી શકશે. મોટા ઉદ્યોગોની સ્થાપના પાછળ કેન્દ્રમાં અસરકારક રજૂઆત થાય અને પરદેશી મૂડી આકર્ષાય. સમગ્ર ગુજરાત રાજ્યનો કાચોમાલ, તૈયાર માલ, વાહન-વ્યવહારની સુવિધા, પાણી, વીજળી, ગંદા પાણીનો નિકાલ, ટેકનીકલ માણસોની પ્રાપ્તિ, સસ્તી જમીન તથા અનેક ઔદ્યોગિક

શકયતાઓ લક્ષમાં રાખી માસ્ટરપ્લાન ઘડવા માટે રાજ્ય સરકારે આગ્રહ રાખવો જોઇએ.

ગુજરાતમાં નવા ઉદ્યોગોની શરૂઆત અને વિસ્તરણ માટે રૂકાવટો ક્યાં ક્યાં છે?

(૧) અનેક ગુજરાતીઓ માદરેવતનમાં નાના મોટા ઉદ્યોગો શરૂ કરવા વિચારે છે તેઓ ગુજરાતમાં ઉદ્યોગો માટેનું સ્પષ્ટ સુરેખ ચિત્ર મેળવી શકતા નથી. અનેક આફ્રિકાવાસીઓને ગુજરાતમાં આપણે આકર્ષી શકયા નથી તેઓ ઇંગ્લેંડ બાજુ વળી ગયા છે. આફ્રિકાવાસીઓના વસવાટ માટે એક આફ્રિકાનગરની રચના યોગ્ય સ્થળે થાય અને અનેક સુવિધાઓ અપાય તો કરોડો રૂપિયાનું રોકાણ શકય બનાવાશે. પરંતુ વ્યવહારૂ નીતિનો અભાવ ઘણીવાર વર્તાય છે. આફ્રિકાવાસી તથા મુંબઇ-કલકત્તાવાસીઓને યોગ્ય સવલત આપી ગુજરાતમાં અનેક વિભાગો સારી રીતે વિકસાવાય તે માટે ખાસ ધ્યાન આપવાની જરૂરત છે. ઘણા આફ્રિકાવાળા ભાઇઓની હૈયાવરાળ મારી પાસે ઠલવાઈ છે જેથી વાસ્તવિક નીતિ અપનાવવા ભાર મૂકી રહ્યો છું.

(૨) ઘણી ઔદ્યોગિક વસાહતોનાં કાર્ય મંદગતિએ ચાલે છે. ગોધરા જેવી વસાહતોમાં બે વર્ષ સુધી વીજળીનું જોડાણ અપાઈ શકાયું ન હતું. ઉદ્યોગોના ઝડપી વિકાસ માટે જરૂરી ઇન્ફ્રાસ્ટ્રકચર કરવા આપણે જરા પાછળ પડીએ છીએ. ઓછું બોલવાનું અને વધુ કાર્યને બદલે આજે ઉલટું છે કાર્ય ઓછું થયું હોય છે પરંતુ પબ્લીસીટી બહુ સારી કરવામાં આવે છે શા માટે વાસ્તવિક ચિત્ર રજૂ કરવામાં ક્ષોભ થાય છે? ઘણી વસાહતોમાં શેડ ખાલી છે

ભરૂચ જેવી બે-ત્રણ ઔદ્યોગિક વસાહતોમાં જમીનનો ભાવ ત્રણચાર ગણો વધારેલ હોઇ લોકોનું આકર્ષણ ઓછું થાય છે. લોકોને આકર્ષો, મૂડી, રોકાણ કરાવો, રોજગારી મળશે તથા ઉદ્યોગ શરૂ કરનારના વસવાટથી શહેરના કાયાપલટ થઈ જશે, તે મેં લાગતા વળગતાને રૂબરૂ કહેલ છે. વડોદરા, અમદાવાદ રાજકોટ, સુરત વ. શહેરોમાં ઉદ્યોગો માટેની જમીનના ભાવ અનેકગણા વધી ગયા છે. મુંબઈગરા તથા આફ્રિકાવાસીઓની નજર વિકસિત શહેરો તરફ વધુ થઇ છે ઉંબરગામમાં તથા વાપીમાં પાણીની સવલત તથા ગંદા પાણીનો નિકાલ પ્રશ્ન હલ કરવા પગલાં ભરાઇ રહ્યાં છે

(૩) કાચોમાલ—ખનિજ આધારિત ઉદ્યોગોમાં ફ્લોરસ્પાર તથા એલ્યુમિના પ્રોજેક્ટમાં, બીજી રિફાઇનરી માટે કે વધારાના સોડાએશના કારખાના માટે પ્રગતિ થયેલ નથી ગુજરાતમાંથી ક્રુડ ઓઇલમાંથી વધુ નેપ્થા મળે તો અનેક ઉદ્યોગો વિકસાવી શકાશે. માટે બીજી રિફાઇનરી ગુજરાતમાં થવી જોઇએ. ગુજરાતમાં ખેત-ઉત્પાદનમાં પણ સારો એવો વધારો કરવો જોઇશે. ખેત આધારિત ઉદ્યોગોનો વિકાસ, ખેતી માટે સિંચાઇની સગવડ, સુધરેલ બીયારણ—ખાતર તથા જંતુનાશક દવા અને ધિરાણની સવલત આપી ખેત ઉત્પાદન વધારવું રહ્યું. પ્લાસ્ટીક ઉદ્યોગના વિકાસ માટે બહુ સારો અવકાશ છે. અનેક ઉદ્યોગોની શકયતાનો ઉલ્લેખ મારા 'ગુજરાતના ઉદ્યોગો'' પ્રકાશનમાં મેં કરેલ છે જ. કાચા માલનો કેમ વધુમાં વધુ ઉપયોગ કરાય તે રાજ્યના વિકાસ માટે જરૂરી છે.

(૪) વીજળી-પાણી અને જમીન—પાયાની આ જરૂરિયાતો માટે ઉદ્યોગપતિઓ બળાપા કાઢતા હોય છે. ગુજરાતમાં આજે જે ઉદ્યોગ માટે ભૂખ જાગી છે તે મારા પર આવતા સેંકડો પત્રોથી જાણી શકયો છું. તે ભૂખને બરાબર સંતોષવા આપણે ઘણું કરવાનું છે આપણે ઘણી સગવડ આપતા હોઇશું પરંતુ આપણી મર્યાદા શું છે? વિકાસ કેમ રૂંધાય છે? તે માટે વિચારાય અને પગલાં ભરાય તે જરૂરી છે.

(૫) ટેકનિકલ શિક્ષણ— કેળવાયેલ કારીગર વર્ગની અછત ગુજરાતમાં મને ઘણે સ્થળે દેખાયેલ છે. ઉત્પાદકતાની દષ્ટિએ મુંબઈનો કારીગર ઘણીવાર વધુ ઉત્પાદન કરે છે. જેથી ગુજરાતના કારીગરને ઓછા પગાર આપવા છતાં એકંદરે તૈયાર માલની કિંમત વધુ થવા જાય છે.વધુ ઉત્પાદન માટે તથા માલનો બગાડ ઘટાડવા સક્રિય પગલાં પ્રત્યેક ઉદ્યોગમાં ભરવા આગ્રહ રાખવો જોઇશે. કેમિકલ ટેકનોલોજીના શિક્ષણ માટે વહેલાસર કાર્ય કરવું જોઇશે ટેકનિકલ-વ્યક્તિને અનુભવ જ્ઞાન મળે તે માટે ટૂંકી ટ્રેઈનીંગ શરૂ કરવી જરૂરી છે. ડીગ્રી-ડીપ્લોમા લઇ આવેલ વ્યક્તિમાં ઉદ્યોગમાં ઉત્પાદન માટે જરૂરી વિશ્વાસનો અભાવ માલુમ પડે છે તે માટે ધરમૂળથી ટેકનિકલ શિક્ષણમાં ફેરફારો જરૂરી છે

(૬) ઔદ્યોગિક માર્ગદર્શન—પરપ્રાંતમાં વસતા હજારો ગુજરાતીઓને ગુજરાતમાં ઉદ્યોગધંધા શરૂ કરવા છે પરંતુ જોઇએ તેવું સચોટ માર્ગદર્શન સમયસર મળતું નથી. તે માટે મારૂં " ઔદ્યોગિક માર્ગદર્શન " પુસ્તિકા સહાયરુપ નીવડશે. વાસ્તવિક અને સચોટ માર્ગદર્શન માટેનાં માહિતી કેન્દ્રો વધુને વધુ થાય તે જરૂરી છે.

(૭) તૈયાર માલનું બજાર તથા નિકાસ—ગુજરાતમાં ઘણાં ઉદ્યોગોનાં તૈયાર માલનું બજાર મુંબઇ રહે છે. ઘણી વસ્તુઓના બજાર અમદાવાદ, વડોદરા, સુરત, રાજકોટ વગેરે શહેરોમાં છે પરંતુ ઘણા શહેરોમાં ખરીદશક્તિના અભાવથી કેટલીક વસ્તુઓનો જોઇએ તેવો ઉપાડ થતો નથી. ગુજરાતના પ્રત્યેક જિલ્લાના વિકાસ માટે લક્ષ અપાય અને માણસ દીઠ આવક વધે તો કેટલીક વસ્તુઓનો ઉપાડ થશે નિકાસ માટે ગુજરાતે ઘણું જ કરવાનું છે. રૂા. ૬૦ કરોડની નિકાસને બદલે રૂા. ૧૦૦ કરોડનું લક્ષ્યાંક સર કરવા બંદરો પરની માલની હેરફેર માટેની સગવડતા વધારવાની જરૂરત છે. દહેજ, મગદલ્લા, ભાવનગર, વેરાવળ વિ ને બારમાસી બંદર વિકસાવવા માટે લક્ષ આપવું જોઇએ. વાહનવ્યવહારની સગવડતા વધારવી જોઇએ. નેરોગેજ ને બ્રોડગેજમાં પરિવર્તન કરવા માટે ગુજરાતે કેન્દ્ર સમક્ષ જોરદાર રજૂઆત કરવી જોઇશે. સૌરાષ્ટ્રમાં સિમેન્ટ, સોડાએશ વિ. કરોડો રૂપિયાના માલનો ભરાવો વેગનના અભાવે થઇ જાય છે. બ્રોડગેજ ઉદ્યોગોના ઝડપી વિકાસ માટે અનિવાર્ય છે.

(૮) ઉદ્યોગોમાં વૈવિધ્યતા—ગુજરાતમાં કયા કયા ઉદ્યોગો નથી, કઇ વસ્તુઓ પર પ્રાંતમાંથી મંગાવાય છે? કયા ઉદ્યોગો માટેની શકયતાઓ છે? ચાલુ ઉદ્યોગોમાં વૈવિધ્યીકરણ અપનાવાય તો ઉદ્યોગો માટે તંદુરસ્ત વાતાવરણ સર્જી શકાશે. રાજ્યમાં ન હોય તેવા પ્રતિબંધિત ઉદ્યોગો શરૂ કરવા કેન્દ્ર સમક્ષ ઉદ્યોગપતિઓ તરફથી યોગ્ય રજૂઆત થવી જોઇએ. ભાવનગરના પ્રોટીનનું કારખાનું. ડાયકાસ્ટીંગ ઉદ્યોગ માટેની હકીકત જાણીતી છે.

(૯) મોટા ઉદ્યોગો— ગુજરાતમાં મોટા ઉદ્યોગો શરૂ કરવા માટે બધા ભેગા થઈ, અનેક ઉદ્યોગપતિઓનો સાથ લઈ, પરદેશી મૂડી

આકર્ષી, કેન્દ્ર પાસેથી યોજના મંજુર કરાવી, કેન્દ્ર પાસેથી આર્થિક સહાય મેળવાય તો તેના આધારિત અનેક નાના-મોટા ઉદ્યોગો વિકસાવી શકાશે.

(૧૦) આફ્રિકામાં ચાર-પાંચ અનુભવી અને ઉદ્યોગપતિઓનું ડેપ્યુટેશન જાય અને લોકોને સમજાવવામાં આવે તો કરોડો રૂપિયાનું રોકાણ ગુજરાતમાં કરાવી શકાશે મહામૂલું હૂંડીયામણ યંત્રસામગ્રી તથા કાચા માલ માટે મેળવી શકાય તેમ છે.

ઉપર ગુજરાતના ઉદ્યોગોના વિકાસ માટે આડખીલીરૂપ હકી કતોનો સહેજ ઉલ્લેખ કર્યો છે. આપણી મર્યાદાઓ દૂર કરાય, ઝડપી કાર્યક્ષમ વહીવટી તંત્ર થાય, માસ્ટર પ્લાન થાય અને રાજ્ય સરકાર વધુ ને વધુ રસ લઈ ગુજરાતને ભારતભરમાં ઔદ્યોગિક ક્ષેત્રે પ્રથમ લાવે તે જ અભ્યર્થના

### લઘુઉદ્યોગોની મુશ્કેલીઓ

(૧) આર્થિક સહાય જોઇએ તેટલી સમયસર મળતી નથી પરિણામે ઘણા ઉદ્યોગો બંધ પડવાની અણી ઉપર છે ત્યારે ઘણા મંદીમાં જેમ તેમ ગાડું ચલાવે છે સ્મોલ સ્કેલ ઇન્ડસ્ટ્રીઝને આર્થિક સહાય કરો તે આજકાલ નારોસ્લોગન થઇ ગયું છે. વાસ્તવિક ચિત્ર તદ્દન જુદું જ છે.

(૨) મોટા ઉદ્યોગોને કારણે અનેક રીતે નાના ઉદ્યોગોને સહન કરવાનું રહે છે. નાનાનું ઘણીવાર અસ્તિત્વ મીટાવી દેવા પણ પ્રયત્નો થતા હોય છે

(૩) એકધારો, સસ્તો કાચોમાલ મેળવવા લઘુ ઉદ્યોગોને જે તકલીફ નડે છે તે માટે વર્ણન શબ્દોમાં થઈ શકે તેમ નથી. સેમી પ્રોસેસ માલની જરૂરત વણસંતોષાયેલી રહે છે પરિણામે સસ્તો તૈયાર માલ દેશ અને પરદેશની બજારમાં મુકવો લઘુ ઉદ્યોગો માટે કઠીન છે

(૪) સરકારના આંકડાઓ ઘણીવાર લઘુ ઉદ્યોગને કાચામાલ, તૈયાર માલ તથા વપરાશ વિષેના ગેરરસ્તે દોરી જાય છે. ઉપલબ્ધ કાચામાલ તથા વસ્તુની ગુણવત્તા વિષેનું સ્પષ્ટ ચિત્ર હોવું જોઇએ.

(૫) નિકાસ કરનારા લઘુ ઉદ્યોગોના એકમોને પુરતી સહાય સમયસર મળતી નથી તે માટે લક્ષ દોરૂં છું.

(૬) લઘુ ઉદ્યોગોને તેમના કાચા માલની ગુણવત્તાની તપાસણી માટે સુવિધા નથી હોતી. તેના માલની ગુણવત્તાની સર્ટીફીકેટ આપતી વધુને વધુ સંસ્થા થવી જોઇએ

(૭) લઘુ ઉદ્યોગોને મજુર ઇન્સ્પેક્ટર, પ્રોવીડન્ટ ફન્ડ, ફેક્ટરી ઇન્સ્પેક્ટર, ઇન્કમટેક્ષ, એક્સાઇઝ, સેલટેક્ષ, ઇલેક્ટ્રીક, મ્યુનિસીપલ, ઓક્ટ્રોય વિ ઘણા ઇન્સ્પેક્ટરો હેરાન કરે છે તથા કાગળ-પત્રમાંથી ઉંચા આવતા નથી. આમાં કંઇ રાહત મળે તેવી વ્યવસ્થા થવી અતિ જરૂરી છે.

(૮) લઘુ ઉદ્યોગનો પ્રતિનીધી ઇન્ડીયન સ્ટાન્ડર્ડ ઇન્સ્ટીટ્યુટમાં હોવો જોઇએ જેથી લઘુ ઉદ્યોગોના લાભો સાચવી શકે.

(૯) લઘુ ઉદ્યોગની બનાવટ માટેનું બજાર-વેચાણ એ મહત્વનો પ્રશ્ન છે. તે માટે વ્યવહારૂ માર્ગદર્શન અનિવાર્ય છે.

(૧૦) કુશળ કારીગરોનો પ્રશ્ન ઘણીવાર નડે છે, તો કયારેક ટેકનીકલ માર્ગદર્શન જોઇએ છે. આ માટે સરકારી અર્ધસરકારી સંસ્થા ઘણું કરી શકે તેમ છે.

### ગુજરાતમાં હજુયે વિકસાવી શકાય એવા ૫૦ જેટલા ઉદ્યોગો

બંગાળ અને મહારાષ્ટ્ર પછી ઔદ્યોગિક ક્ષેત્રે ગુજરાતનું સ્થાન મહત્ત્વનું છે ઔદ્યોગિક શાંતિ, રાજકીય સ્થિરતા વ. ના કારણે ગુજરાતમાં ઉદ્યોગ સ્થાપવા માટેનું અનુકુળ વાતાવરણ છે.

કાપડની મીલો, રસાયણનાં કારખાનાં, પોટરીઝ, તેલની મીલો, સીમેન્ટ, રીફાઇનરી, ખાંડના કારખાનાં, ફર્ટિલાઈઝર, મીઠું, બોકસાઇટ, ફ્લોરસ્પાર, ખનિજ તેલ જેવા ખનિજ ઉદ્યોગ ઈત્યાદિ ઘણા ક્ષેત્રે ગુજરાતે સારી એવી પ્રગતિ સાધી ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

જાહેરક્ષેત્રે ઓછાં કારખાનાં—

ગુજરાતમાં જાહેરક્ષેત્રે ઉદ્યોગો સ્થાપવા તથા મોટા ઉદ્યોગો જેવા કે નાની મોટરકાર ઉદ્યોગ, ઇન્સ્ટ્રુમેન્ટ ઉદ્યોગ, એલ્યુમીના પ્લાન્ટ, પેટ્રોકેમિકલ સંકુલ, ફાઉન્ડ્રી શીપયાર્ડ વગેરે વધુ રોકાણ અને વધુ રોજગારી આપતા ઉદ્યોગો વેળાસર સ્થાપવા અને ઉત્પાદન શરૂ કરવા સક્રિય પગલાં ભરવાની જરૂરત છે. મોટા ઉદ્યોગો પર આધારિત ઘણા નાના ઉદ્યોગો થઈ શકશે.

ગુજરાત વાર્ષિક ૬૦ કરોડ રૂપિયાની કિંમતનો માલ નિકાસ કરે છે. તેનો લક્ષ્યાંક ૧૯૭૭ માં ૧૦૦ કરોડનો સિદ્ધ કરવો જોઇએ ગુજરાતની નિકાસમાં કાપડ, તેલ તથા ખોળને પાઉડર, કાચુ ગ્લીન, ઇસપગુલ, બોકસાઈટ, મીઠું, એન્જિનીયરીંગ સામાન, રંગ, તંબાકુ, ફળ, માછલી, હેન્ડીક્રાફ્ટ વગેરે મુખ્ય છે. જ્યાં આ ઘણા માલની સારી એવી ખપત થાય તેમ છે, ત્યાં ગુજરાત એકસપોર્ટ પ્રમોશન કાઉન્સિલે માલની નિકાસ કરવા સક્રિય કાર્ય કરવું જોઇએ

ઉદ્યોગનું જમા પાસું—

ગુજરાત ખેતીપ્રધાન રાજ્ય છે. જમીનના કુલ ૫૫ ટકા જમીનમાં ખેતી થાય છે પડતર જમીનને ખેતીને લાયક જમીન બનવાવાની જરૂરત છે. ખેતી આધારિત ઉદ્યોગો સ્થાપી વિકસાવવાનો પૂરેપૂરો અવકાશ છે. ખનિજ આધારિત ઉદ્યોગો, એન્જિનીયરીંગ ઉદ્યોગો, રંગ-રસાયણ અને પ્લાસ્ટિક ઉદ્યોગો માટેની શકયતાઓ સંક્ષિપ્તમાં નીચે દર્શાવી છે—

### ખેતી આધારિત ઉદ્યોગો

(૧) સોલવન્ટ એક્ષટ્રેકશન પ્લાન્ટ— તેલની મીલે નજીક આ ઉદ્યોગ શરૂ કરી શકાય તેમ છે. તેલ કાઢી લીધેલ ખોળ માટે પરદેશમાં બહુ સારૂં બજાર છે. અને દેશમાં ખાતર તરીકે વાપરી શકાય છે. આ ઉદ્યોગમાં આશરે ૧૫ લાખનું રોકાણ જરૂરી બનેછે.

(૨) કપાસીઆનું તેલ— રૂનો પાક વધુ થતો હોય ત્યાં તથા જ્યાં જીનીંગ ફેક્ટરીઓ વધુ પ્રમાણમાં હોય તેની નજદીક કપાસીઆમાંથી તેલ કાઢવાનો ઉદ્યોગ શરૂ કરી શકાય તેમ છે. આ ઉદ્યોગમાં જોઇતી યંત્ર સામગ્રી ભારતમાં જ બનતી હોઇ સુપ્રાપ્ય છે. કપાસીઆનું તેલ વેજીટેબલ ઘી ની બનાવટ માટે યોગ્ય પૂરવાર થયું છે વેજીટેબલ ઘીનું એકાદ કારખાનું શરૂ કરી શકાય તેમ છે

(૩) ચોખાની કુસકીનું તેલ કાઢવાનો ઉદ્યોગ-જ્યાં ડાંગર, કમોદ વધુ પ્રમાણમાં થાય છે તથા જ્યાં ચોખાની મિલો છે તેની નજદિક આ ઉદ્યોગ શરૂ કરી શકાય તેમ છે. આ ઉદ્યોગમાં આશરે પોણા લાખનું રોકાણ થાય તેમ છે. સેન્ટ્રલ ફૂડ ટેકનોલોજીકલ

રિસર્ચ ઇન્સ્ટીટ્યુટ, મૈસૂરમાંથી આ ઉદ્યોગ માટેની વિશેષ માહિતી મળી શકે છે.

(૪) ફળફળાદિની સાચવણીનો ઉદ્યોગ—ગુજરાત માટે આ એક આશાસ્પદ ઉદ્યોગ છે. વિવિધ ફળફળાદિનો રસ, મુરબ્બા, અથાણાં, ફળોના રસનો પાવડર તથા મિશ્ર બનાવટો માટે નિકાસલક્ષી ઉત્પાદન કરવાનો અવકાશ છે આ ઉદ્યોગમાં ડ્રાયર, બોઇલર, કેટલ, ફીલીંગ મશીન, ધોવાનું યંત્ર વગેરેમાં દોઢ—બે લાખનું રોકાણ થવા સંભવ છે.

(૫) ખાંડના કારખાનાં—ગુજરાત રાજ્યમાં ખાંડના ઉત્પાદન કરતાં ત્રણ ચાર ગણી માગ છે. ખાંડના ઉદ્યોગ માટે જોઇતી યંત્ર સામગ્રી ભારતમાં જ મળતી હોઈ, શેરડી વધુ થતી હોઈ, તેવા વિસ્તારમાં ખાંડના કારખાનાઓ શરૂ કરી શકાય તેમ છે. ખાંડસરી અને ગોળ વધુ બનાવવા તરફ લક્ષ આપવું જોઇએ

(૬) નાળીયેરી આધારિત ઉદ્યોગો—ગુજરાતના લાંબા સાગરકાંઠા પર નાળીયેરી આધારિત ઉદ્યોગો, કેરાલા રાજ્યની જેમ શરૂ કરી શકાય તેમ છે. તે માટે પહેલાં નાળીયેરનું વિશાળ પાયા પરનું વાવેતર અનિવાર્ય છે ગુજરાત સરકારે નાળીયેરના વાવેતર માટે પ્રોત્સાહન યોજના ઘડી છે. નાળીયેરના ઉદ્યોગોમાંથી કાથી, સીંદરી, કારપેટ, કોપરેલ તેલ, સાવરણા, ટોપલા વગેરે નાના મોટા ઉદ્યોગો થઈ શકે તેમ છે.

(૭) બેકરી અને બિસ્કીટ ઉદ્યોગ— લોકોનું માનસ તૈયાર પાઉં, ટોસ તથા ખારા-મીઠા બિસ્કીટ ખાવાનું વિશેષ થતું જાય છે. ત્યારે શહેરોમાં આ ઉદ્યોગ શરૂ કરી શકાય તેમ છે. આ ઉદ્યોગમાં લોટ, કુણવાનું મશીન, બિસ્કીટ બનાવવાનું મશીન, વીજળીની ભઠ્ઠી, સ્ટેમ્પીંગ મશીન, પંખા વગેરેમાં પચાસેક હજાર રૂપિયાનું રોકાણ થાય તેમ છે.

(૮) પીણાં તથા મસાલાઓ— કોફી, કોકોનો પાવડર, ગરમ મસાલાઓ, હળદર, મરચાં, ધાણાજીરૂ વગેરેનો ઉદ્યોગ બહુ જ ઓછા રોકાણમાં શરૂ થઈ શકે તેમ છે.

(૯) રમત ગમતનાં સાધનો— બાલમંદિર, શાળા તથા મહાશાળાઓ માટે વિવિધ રમતો માટેનાં સાધનો શરૂ કરવાનો સારો અવકાશ છે. કેરમબોર્ડ બનાવવા માટેના ઉદ્યોગમાં સપાટી લીસી કરવાનું યંત્ર, ફરતી કરવત અને ઓજારોમાં પંદરેક હજારનું રોકાણ થાય છે.

(૧૦) વુડવુલ— નિકાસની વૃદ્ધિ માટે તથા દવા—રસાયણ વગેરે વસ્તુઓની કાચની શીશીઓમાં હેરફેરમાં સાચવણી થાય તે વુડવુલ જેવી પેકીંગ મટીરીયલ્સની માગ વધેલ છે. આ ઉદ્યોગમાં ફરતી કરવત અને વુડવુલ બનાવવાના યંત્રમાં આશરે અર્ધા લાખ રૂપિયાનું રોકાણ જરૂરી છે

(૧૧) તૈયાર કપડાંઓનો ઉદ્યોગ— તૈયાર કપડાંઓ માટેની માગ આકર્ષક છે તૈયાર કપડાંઓ માટેનાં ઉદ્યોગમાં વીજળીથી ચાલતું કાપડ કાપવાનું યંત્ર, શીવવાનું તથા બટનમાં કાણાં પાડવાનાં યંત્રોમાં આશરે ૭૫ હજારનું રોકાણ થાય છે.

મોજા, ગંજી, મફલર, છત્રી, સ્વેટર, જરકીન વગેરે વસ્તુઓની માગ પણ બહુ સારા પ્રમાણમાં છે.

અમદાવાદ જિલ્લા સિવાય અન્ય જિલ્લામાં કાપડની તથા સુતરની મીલો આધુનિક યંત્રીકરણવાળી કરવાની શકયતા છે.

(૧૨) દોરી તથા દોરડાંઓ— સુતરાઉ, ઝીણી, જાડી દોરીઓ તથા દોરડાંઓ બનાવવાના ઉદ્યોગમાં વળ ચડાવવાનાં તથા ગૂંથવાનાં યંત્રોમાં ચાલીસ હજારનું રોકાણ થાય છે.

(૧૩) ફરનીચર ઉદ્યોગ તથા લાકડાના અન્ય ઉદ્યોગો—લાકડાના રમકડાં, કોતરકામ, ટેબલ, ખુરસી, સોફા, ઘોડા અને ઓફીસના ફરનીચરની સારી એવી માગ છે. ડાંગ જેવા જંગલ વિસ્તાર પાસે પ્લાયવુડ, દીવાસળી, કાગળ, પેન્સિલ, પેકીંગ માટેનાં ખોખાં, હાર્ડબોર્ડ વગેરે ઉદ્યોગો શરૂ કરી શકાય તેમ છે. પેકીંગ માટેનાં ખોખાં માટે કટીંગ મશીન, યંત્રથી ચાલતી કરવત વગેરેમાં બારેક હજારનું રોકાણ થાય છે

(૧૪) ડેરી ઉદ્યોગ— આણંદ, મહેસાણા, રાજકોટ અમદાવાદ, વડોદરા, ભાવનગરની દૂધની ડેરીઓ જાણીતી છે. ગુજરાતનાં પચાસ હજારથી વધુ વસ્તીવાળા શહેરમાં પંદર-વીશ ડેરીઓ ઉભી કરી શકાય છે. ડેરી ઉદ્યોગમાં ઘી, દૂધ, માખણ, કેસીન અને દૂધની અન્ય બનાવટો બનાવી શકાય છે. ડેરી ઉદ્યોગની સાથે કેટલ ફીડીંગ માટેના ઉદ્યોગ શરૂ કરી શકાય

(૧૫) માછલી સાચવણીનો ઉદ્યોગ— ગુજરાતનાં વિશાળ સાગર કાંઠાને લીધે માછલીની સાચવણીનો ઉદ્યોગ વેરાવળ, પોરબંદર, ઓખા, ભાવનગર, માંગરોળ વિ. સ્થળોએ સારા પ્રમાણમાં ખીલ્યો છે. માછલીઓના ડબ્બા તથા સૂકી માછલીઓની સારા પ્રમાણમાં નિકાસ થાય છે નિકાસવૃદ્ધિ માટે ટીનપ્લેટની અછત આડી આવે છે આ ઉદ્યોગમાં બોઈલર સાફ કરવાનું યંત્ર, ઠંડુ પાડવાનું યંત્ર, હોડી, પંખા વગેરેમાં અર્ધો લાખનું રોકાણ સહેજે થાય છે શાર્કનું તેલ કાઢવા માટેના યંત્ર માટે વિશેષ ખર્ચ થાય છે ગુજરાત સરકાર માછલી પકડવા માટે યાંત્રિક હોડીઓ તથા અન્ય સામાન ખરીદવા આ ઉદ્યોગમાં સારી લોન આપે છે.

(૧૬) આટાની મીલ—રવો, મેંદો, લોટ વગેરેની સારી એવી માગ રહેતી હોય અને ઘઉંનો વિપુલ પાક થતો હોય ત્યાં આવી એક ફ્લોર-મીલ નાખી શકાય તેમ છે. વડોદરા તે માટે આદર્શ સ્થળ ગણાય.

(૧૭) ખનિજ આધારિત ઉદ્યોગ—ગુજરાતમાં સીલીકાસેન્ડ, કવાર્ટઝ, બેન્ટોનાઇટ, ફ્લોરસ્પાર, બોકસાઇટ, ચુનાના પથ્થર ફાયર કલે, કેલસાઈટ, ખનિજતેલ, ચાઇનાકલે વગેરે વિપુલ પ્રમાણમાં મળે છે ધરતીમાં દટાયેલા ધનનો બરાબર ઉપયોગ કરી તેના આધારે ઉદ્યોગો કરવા સક્રિય બનવું જરૂરી છે.

(૧૮) સીમેન્ટ તથા સીમેન્ટ આધારિત ઉદ્યોગો—ચુનાના પથ્થરની વિપુલતાને કારણે સીમેન્ટનાં કારખાનાઓ ગુજરાતમાં, ખાસ કરીને સૌરાષ્ટ્રમાં વિકસ્યાં છે તે કારખાનાઓમાં વિસ્તૃતીકરણ થઈ રહ્યું છે. બે ત્રણ ઉદ્યોગોસીમેન્ટ પર આધારિત ઉદ્યોગો જેવાં કે મોઝેક ટાઇલ્સ, જાળી, સીમેન્ટના ચોસલા, પાણીઆરા, પાઈપ બનાવવાના ઉદ્યોગો સ્થાપી શકાય તેમ છે. મોઝેક-ટાઇલ્સ બનાવવા હાઇડ્રોલીક પ્રેસ, પ્લાનીંગ મશીન, વેટમીલીંગ મશીન વગેરેમાં ત્રીશ-ચાલીસ હજારનું રોકાણ આવશ્યક છે.

*With Best Compliments From*

## Bombay Mechanical & Poliship Works

Favourate Ind Estale.
Masrami Lane,
1st Floor Unit No. 2 Kurla
BOMBAY-70

શુભેચ્છા પાઠવે છે

## ધી મહેમદાવાદ અર્બન પીપલ્સ કો-ઓપરેટીવ બેન્ક લી.

મુ મહેમદાવાદ

( તા. મહેમદાબાદ ) ( જી. ખેડા )

| | | | |
|---|---|---|---|
| સ્થાપના તારીખ : | ૨૦-૮-૩૬ | નોંધણી નંબર : | ૭૫૬૭ |
| શેર ભંડોળ : | ૧૦૫૪૪૦-૦૦ | સભ્ય સંખ્યા : | ૭૦૩ |
| અનામત ફંડ : | ૩૧૨૮૦-૦૦ | બીનખેડૂત : | ૭૦૩ |
| અન્ય ફંડ : | ૧૯૮૦૦ ૦૦ | | |

ડાહ્યાભાઈ નેમચંદ શાહ
મેનેજર

કેશવલાલ જેઠાલાલ શાહ
પ્રમુખ

શુભેચ્છા પાઠવે છે

## શ્રી અનંત કેમીકલ્સ

મુંબઇ

ફોન નંબર ૩૨૮૪૫૨

## શ્રી શાંતિલાલ એન્ડ કંપની

૨૯૩, સેમ્યુઅલ સ્ટ્રીટ,
મુંબઇ-૩

(૧૯) બોકસાઈટ પરનો ઉદ્યોગ—કચ્છ–જામનગરથી લાખો રૂપિયાનું બોકસાઈટ નિકાસ કરવામાં આવે છે બોકસાઇટમાંથી એલ્યુમિના તથા એલ્યુમિનિયમ મેળવવાના ઉદ્યોગ ઉપરાંત પોલાદના ઉદ્યોગમાં જરૂરી એલ્યુમિનિયમ રીફ્રેકટરી બનાવવાની જરૂરત છે.

(૨૦) મીઠાનો ઉદ્યોગ—ભારતમાં મીઠાના કુલ ઉત્પાદનના ૫૦ ટકા ગુજરાતના સાગર કિનારે થાય છે. મીઠાના અગરોમાંથી મેગ્નેસ્યમ સલ્ફેટ, પોટાશ્યમ કલોરાઈડ, જીપ્સમ બ્રોમાઈડ વગેરે પુષ્કળ પ્રમાણમાં બ્રિટનમાંથી મેળવી શકય છે. શુદ્ધ મીઠાની જરૂર પણ રસાયણ ઉદ્યોગમાં છે. ભાવનગરની મીઠાની સંશોધન શાળામાંથી જરૂરી માર્ગદર્શન મેળવી શકાય છે.

(૨ ) પોટરીઝ—ફાયરકલે તથા બોલેકલેની માટીની વિપુલતાને કારણે વાંકાનેર, થાનગઢ પાસે બે-ત્રણ પોટરીઝ વૈજ્ઞાનિક પાયા પર શરૂ કરવી નફાકારક નીવડશે ભવિષ્યમાં શરૂ થનાર સીરેમિક સંશોધન શાળા દ્વારા ગ્લેઈઝડ ટાઈલ્સ, સેનીટરીવેર, રીફ્રેકટરી ઇન્સ્યુલેટર્સની સારી જાત માટે અને કિંમત ઘટાડવામાં તે સહાયરૂપ થશે.

(૨૨) ચુનાની ભઠ્ઠી—મકાનો તથા અન્ય બાંધકામમાં ચુનાનો વપરાશ વધવા લાગ્યો છે. ચુનાના પથ્થરમાંથી ચુનો બનાવવાની ભઠ્ઠીમાં રૂા. દસેક હજારનું રોકાણ થાય તેમ છે.

(૨૩) ફ્લોરસ્પાર—આંબા ડુંગર પાસે મળતા ફ્લોરસ્પારમાંથી ક્રાયોલાઇટ અને એલ્યુમિનિયમ ફ્લોરાઇડ બનાવવાની સારી શકયતા છે. ભારતમાં કોઈ આ બનાવતું નથી. આ વસ્તુના ઉત્પાદનથી મારૂં એવું હૂંડીયામણ બચાવી શકાશે.

(૨૪) ઓપ્ટીકલ લેન્સ તથા ચશ્માના કાચનો ઉદ્યોગ વડોદરામાં સારા પ્રમાણમાં ખીલ્યો છે. રંગીન ગ્લાસના સળિયામાંથી કાચ બનાવવા, કાપવા, ઘસવા અને સીલ્વરીંગ કરવા માટેની યંત્ર સામગ્રી આશરે પંદરેક હજારમાં આવે છે.

(૨૫) ગ્લાસ અને સીલીકેટ ઉદ્યોગ–ગુજરાતમાં મહેસાણા, સાબરકાંઠા વડોદરા જિલ્લામાં–થાનગઢ તથા હિંમતનગર પાસે કવાર્ટઝ તથા સીલીકાસેન્ડ બનાવવાનાં કારખાનાઓ શરૂ કરી શકાય તેમ છે.

(૨૬) એસ્બેસ્ટોસ સિમેન્ટ—અમદાવાદમાં દિગ્વીજય સીમેન્ટ કું. એસ્બેસ્ટોસ સીમેન્ટનાં પતરાંઓ બનાવે છે. પરંતુ ચોથી યોજનામાં છત બાંધવા તથા પાર્ટીશન કરવા માટે આવા પતરાંઓની જરૂરત બમણી થવાની હોઇ વડોદરા પાસે આવું એક કારખાનું, ૨૦ હજાર ટનની ઉત્પાદન શક્તિવાળું, નાખવાની સલાહ નેશનલ કાઉન્સિલે આપેલી છે.

(૨૭) એન્જીનિયરીંગ ઉદ્યોગ–પોલાદની રોલીંગ મીલ તથા પોલાદની ફાઉન્ડ્રી રૂરકેલા, ભીલાઇ અને તાતા આર્યન એન્ડ સ્ટીલમાંથી તૈયાર મળતાં બિલેટમાંથી જોઇતા આકારના ભાગો બનવતી રોલીંગ મીલ માટે નેશનલ કાઉન્સીલે સૌરાષ્ટ્રમાં દશ હજાર ટન ઉત્પાદન કરે તેટલી શક્તિશાળી રોલીંગ મીલ માટે ભલામણ કરી છે. રૂા. લાખનું રોકાણ સહેજે થાય તેમ છે.

ગુજરાતની પોલાદની માગ—ગુજરાતમાં પોલાદના કાસ્ટીંગની વાર્ષિક માગ દસેક હજાર ટનની છે તે માટે એક બે પોલાદની ફાઉન્ડ્રી, પાંચ પાંચ હજાર ટન વાર્ષિક ઉત્પાદન માટેની, નાખવાની જરૂરત છે. એલોય, સ્ટીલ, ગ્રેડકાસ્ટ આયર્ન અને સ્ટેનલેસ સ્ટીલના કાસ્ટીંગોની માગ પણ વધતી જાય છે.

(૨૮) ઇલેકટ્રીક મોટર્સ, ટ્રાન્સફોર્મર્સ–ઉદ્યોગ–ગુજરાતમાં એન્જિનીયરીંગ ઉદ્યોગ બહુ વિકસ્યો છે. આ ક્ષેત્રમાં વૈવિધ્ય આવે તે ઇચ્છનીય છે. ઇલેકટ્રીક મોટર્સ, ટ્રાન્સફોર્મર અને કન્ટ્રોલ સ્વીચ ગીયર માટે રૂા. ૫૦ થી ૬૦ લાખની મૂડી રોકવી પડે.

(૨૯) વેગન બનાવવાનું કારખાનું—વેગનોની માગ રેલ્વેને સારી એવી ઉભી હોય છે, ત્યારે ગુજરાતમાં એક વેગન બનાવવાનું કારખાનું રૂા. ચાળીસેક લાખના રોકાણથી શરૂ કરી શકાય તેમ છે. તે શરૂ થાય તો તેના પૂરક ઉદ્યોગો પણ શરૂ થઈ શકે. આ માટે ગોધરા, દાહોદ વિ. સ્થળ યોગ્ય જણાય છે.

(૩૦) ફાઉન્ડ્રી ઉદ્યોગ–ગુજરાતમાં સાતસો જેટલી ફાઉન્ડ્રીઓમાંથી વૈજ્ઞાનિક પાયા પર બહુ જ ઓછી છે. ગ્રેડ કાસ્ટીંગ બનાવવાનું કાર્ય ફાઉન્ડ્રીએ ઉપાડવું જોઇએ. ફાઉન્ડ્રી ક્ષેત્રે સુધારાને ઘણો અવકાશ છે. વાહન–વ્યવહારના બહુ વધતા જતા વપરાશથી ઓટોમોબાઈલ્સના સ્પેરપાર્ટસની સારી માગ રહે છે. જેથી ગુજરાતમાં બે–ત્રણ મેલીયેબલ ફાઉન્ડ્રીમાં પાઈપ ફીટીંગ્ઝ પણ બનાવી શકાશે. જેની નિકાસ માટે ઊજળી તક છે.

(૩૧) ગેસ માટેના સીલીન્ડર બનાવવાનો ઉદ્યોગ—ઓકસીજન, કાર્બન ડાયોકસાઈડ તથા બળતણના ગેસની સીલીન્ડ ટાંકી–માટેની માગ દિન–પ્રતિદિન વધતી જાય છે તે માટે પ્રેશર ટાઈટ સીલીન્ડર બનાવવાનો ઉદ્યોગ મોટા પાયા પર શરૂ કરી શકાય

(૩૨) ગેલ્વેનાઈઝીંગ પ્લાન્ટ—લોખંડના પાઈપોને તથા અન્ય લોખંડની વસ્તુઓને ગેલ્વેનાઈઝીંગ કરવા માટે ગેલ્વેનાઈઝીંગ પ્લાન્ટની જરૂરત રહે છે. આ ઉદ્યોમાંગ કેમિકલ બાથ તથા હેરફેર માટે વસ્તુઓને ડુબાડવા તથા સાફ કરવા માટે યાંત્રિક સગવડ રાખવી જોઇએ.

(૩૩) પરમેનન્ટ મેગ્નેટ કાયમી લોહચુંબક માટેની માગ ભારતમાં ઠીક પ્રમાણમાં છે. આ માટેનું એક કારખાનું છે. આ ઉદ્યોગ માટે ગુજરાતમાં અવકાશ છે કે નહીં તે માટે માર્કેટ સર્વે કરવાની જરૂર લાગે છે.

(૩૪) બોલબેરીંગ ઉદ્યોગ—યંત્રોની નિરંતર વપરાશથી બોલ બેરીંગની જરૂરત રહેવાની જ. આ માટે બે–ત્રણ કારખાનાઓએ ઉત્પાદન શરૂ કરેલું છે. આ ઉદ્યોગમાં હરીફાઈ સારા પ્રમાણમાં છે.

(૩૫) સ્ટેનલેસ સ્ટીલનાં વાસણો—ચમચા, ચમચી, સાણસી, દસ્તા, તવેથા તથા હોસ્પિટલ માટેનાં સર્જીકલ ઇન્સ્ટ્રુમેન્ટ બનાવવાનાં કારખાનાં શરૂ કરી શકાય તેમ છે. સ્ટેનલેસ સ્ટીલના પતરાની ખેંચ રહ્યા કરે છે. સ્ટેનલેસ સ્ટીલના કાસ્ટીંગ માટે સારો ભાવ મળે છે.

(૩૬) વિદ્યુત યંત્ર સામગ્રી—પાવર મોટર, એલ્યુમિનિયમ કંડકટર, પી. વી. સી. કેબલ, ઇલેકટ્રીક પંખાઓ, નાના લેમ્પ, કરન્ટ તથા વોલ્ટેજના રેગ્યુલેટર્સ તથા એ. સી. જનરેટર વગેરે બનાવી શકાય તેમ છે. ટ્રાન્ઝીસ્ટરની માગ આકર્ષક છે. રૂા. ૧૫૦ ની આજુબાજુ જનતા રેડિઓ બનાવાય તો સારૂં બજાર છે. કોલ્ડ–સ્ટોરેજ, એર કન્ડીશનર વગેરે વિજળિક સાધનોની માગ વધતી જાય છે.

(૩૭) ઇન્સ્ટ્રુમેન્ટ ઉદ્યોગ—પેટ્રોલિયમ ટેક્ષટાઈલ, વીજળી, ઇલેકટ્રોનિક ઇન્સ્ટ્રુમેન્ટસ, પોલિટેક્નીક અને એન્જિનિયરીંગના સાધનો

બનાવવાનો બહુ જ સારો અવકાશ છે. ભારતમાં ૧૦૦ કરોડ રૂા. ના ઈન્સ્ટ્રુમેન્ટ પ્રતિવર્ષ આયાત થાય છે. આ માટે ગુજરાતમાં બે–ત્રણ મોટા પાયા પરની કંપની શરૂ કરી શકાય તેમ છે.

(૩૮) એનેમલનાં વાસણો—મધ્યપૂર્વના મુસ્લિમ દેશોમાં એનેમલનાં વાસણોની સારી માગ છે. તે માટે એનેમલનાં નળ, પ્યાલા, બેઝીન, બેડપેન. થાળી–વાડકા ઈત્યાદિ બનાવટો જામનગર અને રાજકોટમાં શરૂ કરવા નેશનલ કાઉન્સિલે ભલામણ કરી છે.

(૩૯) શીપ બિલ્ડીંગ ઉદ્યોગ—વહાણો, સ્ટીમરો બાંધવા તથા રીપેર કરવા માટે શીપ બિલ્ડીંગ ઉદ્યોગ મોટા પાયા પર પોરબંદર, વેરાવળ, ભાવનગર કે ઓખા જેવા બંદરોએ શરૂ કરી શકાય તેમ છે.

...રંગ અને રસાયણ ઉદ્યોગ...

(૪૦) રંગ અને વાર્નિસ—વિવિધ જાતના રંગો તથા લોખંડના કાટને અવરોધતાં રસાયણો વિશાળ પાયા પર બનાવવનો ઉદ્યોગ શરૂ કરી શકાય તેમ છે. ઝીંક ઓકસાઈડ પર તથા પ્લાસ્ટિક પર આધારિત રંગની માગ બહુ સારા પ્રમાણમાં છે.

(૪૧) સાબુ ઉદ્યોગ—ધોવાના સાબુ માટેના કારખાના બધા જિલ્લામાં વધતી ઓછી સંખ્યામાં આવેલાં છે. ધોવાના સાબુ બનાવવાના કારખાનામાં ગરમ કરવાની મોટી કડાઈ, ઠંડા કરવાના બીબાં સ્ટેમ્પીંગ મશીન, ચીપીંગ મશીન વગેરે માટે વીસેક હજારનું રોકાણ થાય છે

ગુજરાતમાં મગફળીનું તેલ પુષ્કળ પ્રમાણમાં મળે છે તથા કોપરેલ તેલ નાળિયેરના વાવેતરથી સુપ્રાપ્ય બની શકે. જેથી સુગંધિત તેલો તથા તાતા, લીવર અને સ્વસ્તિક જેવા નાહવાના સાબુઓ શરૂ કરવાના ઉદ્યોગ માટે સારો અવકાશ છે.

(૪૨) પ્લાસ્ટિક ઉદ્યોગ—ગુજરાતમાં પેટ્રોકેમિકલ સંકુલના અસ્તિત્વ બાદ આ ઉદ્યોગ બહુ જ વિકાસ સાધી શકશે. રમકડાંઓ, ટુથબ્રશના હાથા, દાંતીયા, રેઈનકોટ, બાલદીઓ, ડબ્બા–ડબ્બીઓ, પાઈપો, બાસ્કેટ, છત્રીના હાથા, ટાઈલ્સ વગેરે અસંખ્ય વસ્તુઓની બનાવટ પ્લાસ્ટિકમાંથી થાય છે. ઘણી ઔદ્યોગિક ચીજ–વસ્તુ, તેમાંથી બનાવી શકાય તેમ છે. પ્લાસ્ટિકનાં બટન, નામની તકતી, રમકડાં વગેરે માટે મોલ્ડીંગ મશીન, ડાય વગેરેમાં ત્રીસેક હજારનું રોકાણ થાય છે પોલીથીલીન બેગ, પેકીંગ મટીરીયલ્સ માટે પચાસેક હજારની યંત્ર સામગ્રી વસાવવી પડે છે. પી. વી. સી. પાઈપ બનાવવાના ઉદ્યોગમાં એક્સ્ટ્રુશન મશીન, ગ્રાઈન્ડીંગ મશીન વગેરેમાં ૭૫ હજારનું રોકાણ થાય છે.

(૪૩) રબર ઉદ્યોગ—પેટ્રોકેમિકલના સંકુલમાંથી કૃત્રિમ રબર બનાવવા જોઈતો કાચો માલ મળી શકશે. રબરના ઉદ્યોગમાં ગુજરાત બહુ પછાત છે. યંત્રના પટા, નળીઓ, મોટરમાં વપરાતી ચીજો, રબરની સીટ, જોડાઓ, ટયુબ, ટાયર, હોસ્પિટલમાં વપરાતી રબરની વસ્તુઓ તથા રબરનો અન્ય માલ કૃત્રિમ રબરમાંથી બનાવી શકાય તેમ છે. રબરનો ઉદ્યોગ દશથી પચીસ લાખની મૂડીથી બહુ સારા પાયા પર શરૂ કરી શકાય તેમ છે.

(૪૪) ફાઉન્ટન પેન—નાના પાયા પર ફાઉન્ટન પેનનો ઉદ્યોગ શરૂ કરી શકાય તેમ છે. લેથ ગ્રાઈન્ડર, બફીંગ મશીન, એમ્બોસીંગ વગેરેમાં બાર–તેર હજારનું રોકાણ થાય છે. ટાંક, જીભ, કલીપ વગેરે બનાવવાના કારખાનાઓ જામનગરમાં છે. બધી વસ્તુઓ એકત્રિત કરી ફક્ત એસેમ્બલ જ કરવાની રહે છે.

(૪૫) કપુર ઉદ્યોગ—સેલ્યુલોઈડના નકામાં માલમાંથી કપુર બનાવવાના ઉદ્યોગમાં કાચા માલને પીગળાવવા, ઠંડુ કરવા તથા ગાળવાની યંત્ર સામગ્રીમાં દશ હજારનું રોકાણ થાય છે.

(૪૬) સેકરીન—ખાંડની અછતના જમાનામાં મીઠી વસ્તુઓ બનાવવા ડાયાબીટીસવાળાઓના વપરાશને કારણે સેકરીનની માગ વધતી જાય છે. આ ઉદ્યોગમાં મોનલ મેટલનું સલ્ફાનેટર એમોનિ. રેફ્રીજનેશન યુનિટ, ફીલ્ટર વગેરેમાં આશરે ૬૦ હજારનું રોકાણ થાય છે.

(૪૭) લખવાની શાહી—આ ઉદ્યોગમાં લેબોરેટરીનાં સાધનો, કારબોય ગાળવાના તથા ડીસ્ટીલેશનનાં સાધનો તથા રસાયણોની જરૂર રહે છે. આ ઉદ્યોગમાં દશેક હજારનું રોકાણ થાય છે.

(૪૮) અન્ય ઉદ્યોગો—રોજિંદા વપરાશની વસ્તુઓ જેવી કે દંતમંજન, ટુથપેસ્ટ, ટુથબ્રશ, પાવડર, સ્નો, કોસ્મેટિક, પેન્સિલ, એશ ટ્રે, કાચની તેમ જ પ્લાસ્ટિકની શીશીઓ, પોલીથીન બેગ વગેરે ઉદ્યોગો પંદર–વીશ હજાર રૂપિયામાં શરૂ થઈ શકે છે.

(૪૯) હીરાને પાસા પાડવાનો ઉદ્યોગ—હીરાને પાસા પાડવાનો ઉદ્યોગ, તેમ જ બુટ પોલીશ, દવાઓ, શરબતો, ચંપલ, બુટ બનાવવાનો ચર્મ ઉદ્યોગ બહુ ઓછા રોકાણમાં શરૂ થઈ શકે છે.

(૫૦) ઈંટ ઉદ્યોગ—મશીનોથી ઈંટો બનાવવાનો સારો ઉદ્યોગ ચાલે તેમ છે. ઇલેકટ્રો પ્લેટીંગ ઉદ્યોગ પણ આશાસ્પદ છે. ગેલ્વેનાઈઝની બાલદીઓ, તગારાઓ તેમ જ પાવડા બનાવવાનો ઉદ્યોગ પણ નફાકારક છે. પ્લાસ્ટર ઓફ પેરિસની કલાત્મક મૂર્તિઓ પણ શહેરોમાં સારી રીતે વેચી શકાય છે.

## ખેતી ક્ષેત્રે ઉત્પાદકતા

ગુજરાતમાં અનાજની ખાધ ૫૦ ટકા જેટલી રહે છે. ભારતમાં દર વર્ષે એક કરોડ ટન અનાજ પરદેશમાંથી આયાત કરવું પડે છે. ત્યારે ખેતી ક્ષેત્રમાં ઉત્પાદકતા વધારાય તે જરૂરનું લાગે છે: એ માટે જમીન સાધ્ય કરવાના પગલાં વધુ સક્રિય બનાવાય. અને એકર દીઠ ઘઉં, ચોખા, બાજરી, કપાસ, મગફળી, શેરડી, વિ. નું ઉત્પાદન ભારતમાં ઘણું ઓછું છે (વધુ ઉત્પાદન કરતાં દેશથી ચોથા–પાંચમાં ભાગનું ઉત્પાદન ભારતમાં થાય છે.) ભારતમાં પહેલી ત્રણ પંચવર્ષીય યોજનામાં ખેત ઉત્પાદનને પ્રાધાન્ય આપવામાં આવ્યું નથી તેથી આ પરિસ્થિતિ ન હોત, ભારતના આયોજનમાં ખેતીને અગ્રિમતા હવે ચોથી યોજનામાં અપાયેલ છે. અંતે ખરી વાત સમજાયેલ છે, ખેતવિકાસનો દર ૫ ટકા જેટલો જરૂરી છે તોજ ઔદ્યોગિક ઉત્પાદનનો દર ૮ થી ૧૦ ટકા જળવાઈ રહેશે. ભારતની વ્યક્તિ દીઠ વાર્ષિક આવક ઘણી જ ઓછી છે ભારત કરતાં જાપાનની ૭ ગણી વધારે, જર્મનીની ૧૭ ગણી અને અમેરિકાની ૩૫ ગણાં વધારે છે, જો ભારતમાં વ્યક્તિ દીઠ આવક વધારવી હોય તો ખાતર, સુધરેલ બીયારણ, જંતુનાશક દવાનો યોગ્ય ઉપયોગ, ખેતધીરાણ, અનાજસંગ્રહની વ્યવસ્થા, ખેત સંશોધન, ખેત યંત્ર સામગ્રીની સુવિધા, તથા ખેત સંચાલન વિ. વિ. અંગોના વ્યવહારિક ઉકેલો આવે અને ઉત્પાદકતા વધારવા સર્વ વ્યક્તિઓ જાગ અને તે જરૂરનું છે.

ખેતરને સારી રીતે ટુંક સમયમાં ખેડવા માટે ટ્રેકટરો હવે વપરાવા લાગ્યા છે. સડેયુલ બેંકો ટ્રેકટરની ખરીદી માટે વધુમાં વધુ રૂા. ત્રીસ હજાર સુધી ખેડુતોને ધીરાણ કરે છે. ટ્રેકટરની કુલ કિંમતના ૨૫ ટકા જેટલી રકમ ખેડુતે તે બેંકમાં બચાવી જમા કરવી જરૂરી છે. બેંક ધીરેલ રકમ પર નવ ટકા જેટલું વ્યાજ લે છે. લોન દોઢ વર્ષ બાદ આઠ હપ્તાથી પાંચ વર્ષમાં ભરપાઇ કરવાની રહે છે પરંતુ વ્યાજ તો દર ત્રણ મહિને આપવાનું રહે છે ટ્રેકટર ખરીદવા માટે બે જામીન બેંક માંગે છે.

લાંબાગાળાની ટ્રેકટર માટેની લોન ઉપરાંત ત્રણ વર્ષ માટે ઓઇલ એન્જિન, પંપસેટ, મોટર તથા ઓજારો માટે પણ ત્રીસ હજાર રૂ. સુધી ધીરાણ કરવામાં આવે છે.

સેડયુલ બેંક જંતુનાશક દવા, ખાતર અને સુધરેલ બિયારણ માટે રૂા. પાંચ હજાર સુધી એક વર્ષ માટે ધીરાણ કરે છે. ખેડૂતોને ધીરાણ પૈસામાં મળતું નથી પરંતુ ખરીદીની સામે અપાય છે. વધુ વિગત માટે સેડ્યુલ બેંકનો સંપર્ક સાધવો.

ટ્રેકટર અને બુલડોઝર વડે દરામાં ૩૫ હોર્સ પાવર અને ૫૦ હોર્સ પાવરના ટ્રેકટર બનાવે છે જે સત્તર હજા તથા પચીસ હજાર આસપાસમાં મલે છે. ટ્રેકટર પાણી ખેંચવા માટે, ટ્રોલી ખેંચવા, તથા માર્કેટ માટે કામ લાગે છે. એક ટ્રેલરમાં ચાર ગાડાનો માલ સમાવી શકાય છે. ટ્રેકટરનો સંપુર્ણ ઉપયોગ કરવા માટે ગ્રામપંચાયત અથવા દશ–અગિયાર ખેડુતો સહકારી ધોરણે ખરીદે તો પુરેપુરો ઉપયોગ થઈ શકે ટ્રેકટર માટે ૨૫૦ એકર જમીન સામાન્ય રીત હોય તો યોગ્ય ગણાય. ટ્રેકટરના ભાગો સુપ્રાપ્ય બને તે જરૂરી છે. ટ્રેકટરની જાળવણી સારી હોય તો ચાર વર્ષ વાંધો આવે નહિ.

પાકનું ઉત્પાદન વધારવાની સાથે જાનવર, ઉંદર તથા જીવાતથી બગાડ ઘટાડાય તો અનાજ ઘણું જ બચાવી શકાય તેમ છે. આ દિશામાં લાગતા વળગતા ખાસ ધ્યાન આપે તો બગાડ ઘટાડી દેશની આબાદી કરી શકાશે. ખેડુતોને નવી નવી રીતો, ખાતર–જંતુનાશક દવા તથા મુશ્કેલીઓના વ્યવહારૂ ઉપાયો માટે કૃષિ સંસ્થાઓ સહાયરૂપ થાય તે જરૂરી છે.

ભારતમાં ખેત ઉત્પાદન આટલું ઓછું કેમ? મુખ્ય કારણ ભારતના ખેડુત ખેત ઉત્પાદન વિશેની માહિતી, માર્ગદર્શન તથા આર્થિક સવલતોથી ઘણો અજ્ઞાન છે. તે માટે ઘણું કરવા જેવું છે. ગુજરાતમાં ખેડુતો ગ્રામ સેવક, વિકાસ અધિકારી. કૃષિ અધિકારી. ખેતીવાડી કોલેજો, લેન્ડ મોર્ગેજ બેંક, ખેતી નિયામક વિ વિ. પાસેથી માહિતી વધુ ને વધુ મેળવતો રહે તો ગુજરાત ખેતવિકાસમાં પ્રથમ હરોળમાં રહી શકશે ખેડુતોને ધીરાણ માટેની સુવિધા હજુ વધુ તે વધુ સુગમ બને તે માટે ખેડુતોને કેળવવા જોઇએ તેમજ તે માટે તંત્ર રચવાની જરૂર છે. ટ્રેકટર, પંપ, એન્જિન, અનાજ મસળવાના યંત્રો, યાંત્રિક ઓજારો, જંતુનાશક દવા વિ.નું ઉત્પાદન ગુજરાતમાં વધુ ને વધુ થાય અને લોકોને સહેલાઇથી મલે તો ખેત વિકાસ નોંધપાત્ર બની રહેશે.

ગુજરાતના ખેડુતો સાહસિક બને, નવી સુધરેલી પ્રથાઓ અપનાવવા પ્રયત્નો કરતો રહે તે ઇચ્છનીય છે. ખેતવિકાસ માટે જરૂરી માર્ગદર્શન અને સાહિત્યની ખૂબજ જરૂર છે. ખેડુતો પોતાની જમીન કેવા પ્રકારની છે, કયા પાક માટે કયા ખાતરની કેટલા પ્રમાણમાં જરૂરત છે, પાણી કેવા પ્રકારનું છે વિ. જાણતો થાય તે પણ જરૂરી છે. ખેડુતોનું સંગઠન અનિવાર્ય છે. તેઓના પ્રશ્નોની રજુઆત માટે સંગઠન હશે તો એક અવાજ રજુ થશે. આકાશવાણી પર ખેડુત મંડળના રસપ્રદ કાર્યક્રમો રજુ થતા રહે છે તદુપરાંત રાજ્ય તરફથી ખેડુતોને તળપદી, ભાષામાં, ખેતી વિષે માર્ગદર્શન મલે તથા સવલતો વહેલાસર સુગમ રીતે મલે તે જોવાય તો ખેતીનો વિકાસ ઝડપી બનાવી શકાશે.

ખેત ઉત્પાદન વધારવા સુધરેલ બિયારણ, પિયતની સગવડ સેન્દ્રિય ખાતર, રસાયણિક ખાતરો, જમીનની જાળવણી, પાક સંરક્ષણ વિ. વિ. બાબતો સહાયરૂપ બની રહે છે. સુધરેલી જાતના બિયારણ સાથે રસાયણિક ખાતરનો ઉપયોગ વધારવો જોઇએ ઘનિષ્ઠ ખેતી માટે રસાયણિક ખાતરોનો યોગ્ય સમયે યોગ્ય પ્રમાણમાં ઉપયોગ અનિવાર્ય છે. જમીનની માવજત પ્રત્યે ગુજરાતનો ખેડુત સજાગ બને તો ઉત્પાદકતા જાળવી શકાશે. પોષક તત્વો ખુટતા જાય તે ફરીથી ઉમેરાય તે જોતો રહે તો ખેડુત વધુ ઉત્પાદન કરી શકશે (ખાતર–નો અર્થ પ્રમાણે ખેત-ને કહે 'ખા' અને ખેતર કહે 'તર' વધુ ઉત્પાદનથી ખેડુત તરી જશે) પાણીની સુવિધા ખાતર આપતી વેળા યોગ્ય હોય તે પણ જરૂરી છે. ખાતર વિષે ખેડુતો સ્પષ્ટ ખ્યાલ મેળવતો રહે તો ઉત્પાદકતા ધાર્યા અનુસાર વધારી શકશે. ખેડુતો પુષ્કળ પરિશ્રમ, પાણીના પુરવઠા સાથે તથા પાક સંરક્ષણના પ્રયોગો કરતો રહેશે તો ગામડાઓની સુરત બદલાઇ જશે.

ખેતીમાં યાંત્રિક ઓજારોથી ટુંક સમયમાં સારૂં કાર્ય થાય છે. ખાતર કાઢવા ટાયરવાળું ગાડું. ખેડ માટે પાવર ટીલર વાવણી માટે ઓરણી, આંતર ખેડ માટે કરબડી, નિંદામણ માટેના ઓજારો, દવા છાંટવાના ડસ્ટર સ્પ્રેયર, અનાજ મસળવાના પ્રેસીંગ મશીન, ઉપણવા માટે વિનોઇંગ મશીન ધીરે ધીરે ખેડુતો વાપરતા થયા છે ખેડ માટે હળ કરતાં ટ્રેકટર અને પાવર ટીલરથી વધુ ઉંડી અને જોઇએ તેવી સપાટ ખેડ કરી શકાય છે

ખેતીને નફાકારક ધંધા તરીકે બનાવવા એકર દીઠ ઉત્પાદન જરૂરી સાધનો તથા શ્રેષ્ઠ પદ્ધતિનો ઉપયોગ કરવો જોઇએ ખેતીક્ષેત્રે થતું સંશોધન ખેડુતોમાં સહેલાઇથી પ્રસરી શકે તે માટે રાજ્ય સરકારે માર્ગ અપનાવવા આવશ્યક છે સમજુ–જ્ઞાની ખેડુત પોતાના જ્ઞાનનો લાભ તેઓના ખેડુતબંધુઓને આપતો રહે તો કાર્ય ઘણું જ સહેલું બની રહેશે સાધન સંપન્ન ખેડુતો નાના અને પછાત–અજ્ઞાન ખેડુતોને પ્રગતિને રસ્તે લઇ જવા માટે ઘણી ઘણી સહાય કરી શકે છે ખેતી, બાગાયત, પશુપાલન, તથા અન્ય પ્રવૃત્તિઓને વૈજ્ઞાનિક પાયા પર લઇ જવા ગુજરાતનો ખેડુત કટિબદ્ધ બને તે અતિ જરૂરનું છે.

ખેડુતો ખેતપેદાશોના ભાવો યોગ્ય આવે તે માટે સંગઠન સાધી શકે છે. ખાતરો, જંતુનાશક દવા. પંપ વિ. પર સબસીડી અપાતી હતી તે બંધ કરાતા માલની કિંમત વધવા પામેલ છે.

ગુજરાતમાં ઉત્પન્ન થતા ઓઇલ એન્જીનોને પ્રોત્સાહન અપાતું જોઇએ. પર પ્રાંતના ઓઇલ એન્જીનોને ગુજરાતમાં સબસીડી અપાય છે જ્યારે તેનાથી એક હજારથી ઓછી કિંમત ધરાવતા એન્જીનો ખરીદાતા નથી. પંજાબ, બિહાર વિ. પ્રાંતોમાં ત્યાંના ઓઇલ એન્જી-

નના ઉત્પાદકોને જ ચાન્સ મલે છે. ગુજરાતમાં ટેસ્ટીંગ થયેલ એન્જીન માટે એપ્રુવલ જેવું કંઈ નથી ગમે તે પ્રાંતના એન્જીનો ગમે તે ભાવમાં અત્રે વેચાય છે. ગુજરાતના ઓઇલ એન્જીનના ઉદ્યોગના વિકાસ માટે વ્યવહારૂ પગલાં સરકાર ભરે તે અતિ જરૂરી છે.

ભારતીય કૃષિ વિકાસ પરિષદની ગુજરાતમાં શાખા શરૂ થ છે. જેની ઓફિસ જ્યોતિ લિ. વડોદરા-૩માં છે. શ્રી નાનુભાઇ અમીન આ શાખાના પ્રમુખ છે. ખેડુતો ઉત્પાદકતા તરફ વળે, જરૂરી ટેકનિકલ માર્ગદર્શન અપાય તે માટે આ કૃષિ વિકાસ સેવા કેન્દ્ર સારૂં કાર્ય કરી રહેલ છે. ખેડુતો જમીન તથા પાણીનાં પૃથકકરણ, સુધરેલી ખેતી પદ્ધતિઓ, રાસાયણિક ખાતરોના ઉપયોગો, જિવાતથી રક્ષણ, જમીનની જાળવણી, પ્રાપ્ય સિંચાઇનો યોગ્ય ઉપયોગ વિ. વિ. માટે કૃષિ સેવા કેન્દ્રનો ઉપયોગ ગુજરાતનો ખેડુત ઉઠાવતો રહે અને વિકાસ સાધતો રહે એવી શુભેચ્છા.

### કૃષિરક્ષા

ભારતના ખેડુતો ધીરે ધીરે નવી નવી કૃષિ રક્ષક દવાઓ વાપરતા થયા છે. પાકના રોગ તથા જંતુ સામે રક્ષણ મેળવવા ખેડુત સજાગ બનતો જાય છે. ભારતમાં દર વર્ષે એક હજાર કરોડ રૂપિયાનાં પાકનો બગાડ કીટક તથા જંતુઓ કરે છે ત્યારે પાક સંરક્ષક દવાનો યોગ્ય ઉપયોગ ખરે સમયે કરી અનાજ બચાવાય તો ભારતને પરદેશથી અનાજ આયાત કરવું પડે તેમ નથી જંતુનાશક દવાઓ દેશમાં અર્માશેલ, એલેમ્બિક દેવીદયાલ, સીબા, ભારત પલ્વરાઈઝીંગ આઈ. સી. આઇ, પેરી એન્ડ કું માઇસોર ઈન્સેકટીસાઇડ, ટાટા ફાર્ઈઝન, બાયર વિ. વિ. ઘણી ખ્યાતનામ કંપનીઓ બનાવે છે. ઘણી કંપનીઓ ઉત્પાદન હાથ ધરી રહી છે.

જંતુનાશક દવા પાવડર, ભીંજવી શકાય તેવી ભૂકી, તથા પ્રવાહી રૂપમાં મેળવેલ સ્વરૂપમાં પણ મળે છે. પાક સંરક્ષક દવા માટે ઘણી કાળજી રાખવી પડે છે. આ દવા ઝેરી હોય બાળકો, પ્રાણી તથા ખાવાના પદાર્થોથી દૂર રાખવી જોઇએ. ખાવાપીવાના સાધનો આ દવા ભરવા વાપરવા હિતાવહ નથી, દવા બનાવવા બીજું પાત્ર રાખવું જોઇએ દવા ભેળવવા હાથનો ઉપયોગ ન કરતાં લાકડી વાપરવી, દવા છાંટતી વખતે બીડી પીવી નહિ તેમજ ખાવું-પીવું જોઇએ નહિ દવા છાંટેલ લીલોતરી ઢોરને ખવડાવવી નહિ. દવા છાંટેલ શાકભાજી ધોઇને ખાવા, દવા છાંટી પપ સાફ કરી રાખવો જોઇએ, વધેલી દવા છાંટી દેવી કે ઢોળી નાખવી પણ સંગ્રહી રાખવી નહિ. જંતુનાશક દવા માટે ઘણી કાળજી રાખવા છતાં ઝેર ચડે તો પ્રાથમિક સારવાર આપવી જોઇએ.

ઝેર પેટમાં જાય તો ઉલટી કરાવી ઝેર કઢાવવું જોઇએ. શરીરે લાગેલ હોય તો સાબુથી નાહી લેવું, તીવ્રવાસથી ઝેર ચડે તો ચોકખી હવામાં દર્દીને ખસેડો શ્વાસોશ્છ્વાસમાં સુગમતા રાખી ડોકટરને બોલ વો.

નીકોટીન સલ્ફેટ, પાયરેથ્રમ, રોટનોન, રાએનીયા ઓલ્ડ્રીન, બી. એચ. સી, કલોરડેન, ડી. ડી. ટી, એન્ડ્રીન, હેપ્ટાકલોર, લીન્ડેન, ટોસાફીન, ડાએઝીનોન, મેલાથીઓન, પેરાથીઓન, એકરીસાઇટસ કલોરો પ્રોપીલીન, ઇથીલીન ડાયકલોરાઇડ, બોર્ડો મિશ્રણ બરગુન્ડી મિશ્રણ, કોપર ફેગીસાઇડ, ગંધક, બેરીયમ કાર્બોનેટ ઝીંક ફોસ્ફાઇડ પારા યુકત બનાવટ વિ. જંતુનાશક, રોગનાશક તથા ઉંદરનાશક દવાઓ મળે છે.

દવા છાંટવા માટે ભુકી ઉડાડવા ડસ્ટર, પ્રવાહી છાંટવા સ્પ્રેયર, બીજને પાસ દેનાર સીડ ડ્રેસર, ધૂણી આપનાર ફ્યુમીગેટીંગ પમ્પ, રાળ ફેંકનાર ફ્લેમ થ્રોવર, પક્ષી ભગાડનાર બર્ડ સ્કેરર વપરાય છે.

જંતુનાશક દવાની વપરાશ ૧૯૫૫-૫૬માં ૧.૩ કરોડ રૂપિયાનો હતો જે વધીને ૧૯૬૫-૬૬માં ૧૬ કરોડ રૂપિયાનો થયો છે ઇ. સ. ૧૯૭૦-૭૧ માં આ માંગ ૭૫ કરોડ રૂપિયાની અંદાઝવામાં આવે છે. જે માટે બે લાખ સીતેર હજાર ટન જંતુનાશક દવા બનાવવી પડશે. ભારતમાં આ ક્ષેત્રે માંગ બહુ જ વધુ પડતી હોઈ ઉત્પાદન માટે ખુબ સારો અવકાશ છે

સામાન્ય રીતે ડી. ડી. ટી-કપાસ, મકાઈ, શેરડી, ફળો માટે વપરાય છે. બી. એચ. સી. કપાસ, બાજરો, પેડી, શેરડી શણ માટે વપરાય છે. એન્ડ્રીન-શેરડી, મકાઈ, કપાસ, તમાકુ, જુવાર માટે વપરાય છે. થાયો કાર્બોનેટ-મગફળી, રબર, પેડી, રાગી માટે વપરાય છે. ગુજરાતમાં એન્ડ્રીન, ઓલ્ડ્રીન, ડાએલ્ડ્રીન કલોરડેન, હેપ્ટાકલોર વિ. ના ઉત્પાદન માટે ઉજળી તકો છે કારણ કે બેન્ઝીન, ટોલ્યુઇન, એસેટોન કલોરીન, એસેટીક એસીડ, પેટ્રોકેમિકલ્સમાંથી સુપ્રાપ્ય બનશે. ઝીંક ફોસ્ફરસ, સલ્ફર, પારો વિ આયાત કરવનો રહેશે. જંતુનાશક દવા માટેની વધુ માહિતી નેશનલ રીસર્ચ ડેવલપમેન્ટ કોર્પોરેશન નંડા હાઉસ, લ.યટન રોડ, ન્યુ દિલ્હી ૧ માં મળે છે.

**ગુજરાતમાં સિંચાઈ** :—ખેતી માટે પાણી અગત્યની વસ્તુ છે ચોમાસા પર આધાર રાખવા કરતાં સિંચાઇ દ્વારા બે ત્રણ પાક મેળવાય તો અન્નની ખાધ ઘટાડી શકાય તેટલું જ નહિ વધારે પ્રાપ્ત કરી શકાય તેમ છે. ગુજરાતમાં કાકરાપાર, સાબરમતી, હાથમતી, દાંતીવાડા, શેત્રુંજી વિ. યોજના દ્વારા આઠ નવ લાખ એકરમાં પાણી આપી શકાશે. મહી રંગોળા, ઘેલો, હિરણ, મછેદરી, ઓઝત, મચ્છુ-૧, મુંજીઆસર, ગોંડલી, આજી, મોજ, સાકરોળી, ડેમી, ભાદર, ભોગાવો બ્રાહ્મણી વિ. નાની-મધ્યમ પ્રકારની સિંચાઇ યોજના પણ સારૂં કાર્ય આપી રહેલ છે, છતાં નર્મદા યોજનાની અનિવાર્યતા સિંચાઈ તથા વિજળી ક્ષેત્રે લાગે છે

અતિવૃષ્ટિ તથા અનાવૃષ્ટિથી પાકના ઉતારામાં વધારો ઘટાડો થાય છે અને ભાવિ અનિશ્ચિત બની જાય છે. કુદરતી અણધારી આફતનો સફળતા પૂર્વકનો સામનો કરવા ખેડુતોએ ઘણું કરવાનું રહે છે. ખેતક્ષેત્રે વધુ ઉત્પાદન કરવા માટે નવી કૃષિ વિકાસ નીતિ અમલમાં મુકવામાં આવી છે જેનાં સુધરેલ બીયારણ, સિંચાઇની સગવડો, ખાતરનો વધુ ઉપયોગ, પાકનું જીવાત સામે રક્ષણ, જંતુનાશક દવાની સુવિધા, ખેત વિરાણમાં વૃદ્ધિ, પાણીની સગવડતાવાળા વિસ્તારોમાં વધુ પાકો લેવાનો કાયક્રમ વિ. નો સમાવેશ કરેલ છે. ગુજરાતમાં અવારનવાર અનાવૃષ્ટિ અતિવૃષ્ટિના ઓળા ઉતરે છે. જેથી ધાન્યના પાકોમાં સારો એવો ઘટાડો થાય છે.

ભારતે ૧૯૭૦-૭૧માં અન્નક્ષેત્રે સ્વાવલંબી થવા પ્લાન કરેલ છે તે માટે જરૂરી પગલાં પણ ભરાય રહેલ છે. ગુજરાત તે માટે બનતું કરી છૂટશે. અન્ન ઉપરાંત વિટામીન યુકત ફળો, શાકભાજી, માછલી, મરઘા, બતકા, અને માંસની બનાવટમાં પણ સારી એવી

વૃદ્ધિ થતી રહી છે અને થતી રહેશે.

ખેતીનું ઉત્પાદન અધ્યતન પદ્ધતિ અને સાધનોથી સુધારવા માટે, પાકનો યોગ્ય ભાવ મળી રહે તે પણ જોવું જરૂરી છે. તેજ ખેડુતો ખેતીના વિકાસ માટે પૈસા રોકી શકશે. ખેડુતોના હિતમાં અનાજની ભાવ સપાટી જાળવવી એ અતિ આવશ્યક છે, અનાજના ભાવનું નિયંત્રણ અસરકારક કરવા માટે સરકારના હાથમાં પુરતો અનામત જથ્થો-અનાજનો હોવો જરૂરી છે નહિ તો અનાજની વહેંચણીનો ભાવ તથા અન્નનીતિ ખૂબ અસરકારક બનાવી શકાય તેમ નથી. ભારતમાં ૧૯૭૦-૭૧ પછી અમેરિકાથી આવતુ P L 480 દ્વારા આયાત થતું અનાજ બંધ કરવા નિર્ણય લેવાઇ ગયેલ છે અને ભારતને અન્નક્ષેત્રે પગભર બનાવાઇ રહ્યું છે.

અનાજ સિવાય રોકડિયા પાક ઉતાર તેના પર આધારિત ઉદ્યોગો માટે અતિ મહત્વની વસ્તુ છે. ખેતી આધા રિત ઉદ્યોગો માટે કપાસ, શેરડી, મગફળી, તલ, એરંડા, ચા, યુકેલીપ્ટસ વિ. નું ઉત્પાદન વધારવાની જરૂર છે.

ગુજરાતમાં હાયબ્રીડ બાજરીએ નવો રેકોર્ડ તોડયો છે ચોખા અને ઘઉં જેવા વધુ પૈસા આપતા અનાજના વધુ ઉત્પાદન પ્રત્યે ભાર મુકવાની જરૂર છે. ગુજરાતનો ખેડુત ઓછું વળતર આપતા બાજરી, જુવાર આપતા પાકોને બદલે કપાસ મગફળી વિ. વાવવા માટે વધુ લક્ષ આપતો જાય છે. હાઇબ્રીડ બાજરી એકલાના વાવેતરથી ગુજરાતની અનાજની ઘટ સંપુર્ણપણે ઓછી થાય તેમ નથી તે માટે ચોખા, ઘઉંમાં સુધરેલ જાત તથા નવિન પદ્ધતિનો પ્રચાર અનિવાર્ય લાગે છે.

ખેત ધિરાણમાં હજુ જોઇએ તેટલી ઝડપ આવી નથી કારણ કે ધીરાણનું જોખમ ઘણું મોટું હોય છે, નાના-નાના ટુકડામાં વેંચાયેલ જમીનમાં આધુનિક પદ્ધતિથી ખેતી થઇ શકતી નથી, ગણોતની પદ્ધતિ, ચોમાસા પર નિર્ભર પાક, પાક અને પશુના વીમા ઉતારવાનો અભાવ, જામીનગીરીઓનો અભાવ, અનાજ તથા ખેત પેદાશ સંગ્રહ કરવા માટે સગવડનો અભાવ, હિસાબ રાખવાની અણઆવડત વિ. વિ. હોય ધીરાણ આપવા માટે બેંકોને સુગમ પડતું નથી

**ફુડ કોર્પોરેશન** — અનાજની પ્રાપ્તી અને વહેંચણી માટે ફુડ કોર્પોરેશન રચાયેલ છે. અનાજનો પાક બહુ સારો થાય તો ભાવ ઘટી જાય અને ખેડુતોને જોઇએ તેટલો ફાયદો મળે નહિ. જેથી ખેડુતોના હિતોને અનુલક્ષી આ કોર્પોરેશન કાર્ય કરી રહેલ છે. ભારતભરમાં દર પંદર ગામે એક અન્ન પ્રાપ્તિ કેન્દ્ર શરૂ કરવાની આ કોર્પોરેશનની યોજના છે. જેથી ચાલીસ હજાર ખરીદ કેન્દ્રો શરૂ કરાશે. અત્યારે હજાર જેટલા જ પ્રાપ્તિ કેન્દ્રો છે તથા પાંચસો જેટલા ભંડાર છે ત્રણ ચાર વર્ષની અંદર કોર્પોરેશન ઝડપી પ્રગતિ હાંસલ કરી રહેલ છે આ વર્ષે રૂા ૭૭૫ કરોડનું અનાજ વેચાણ કર્યું છે અનાજની ગુણવત્તાની ચકાસણી બરાબર થાય, સંગ્રહ દરમ્યાન અનાજનો બગાડ વધુ ન થાય, પ્રાપ્તિના ભાવો વધુ પડતા ઉંચા પણ ન હોય અને કાર્ય વ્યવસ્થિત રીતે થાય તો કોર્પોરેશન સફળતા હાંસલ કરી શકશે. આવું મોટું તંત્ર જેની અસર પ્રત્યેક વ્યક્તિને લાગેવળગે છે, તેમાં સડો ન પેઠે તે જરૂરી છે. વ્યવહારૂ કાર્યવાહીથી અન્ન ઉત્પાદકો અને જનતાના સહકારથી કોર્પોરેશન ભારતનું અન્ન અર્થતંત્ર સુવ્યવસ્થિત રાખે તેમ ઇચ્છીએ.

ખેત વિકાસમાં ભારત હરણફાળ ભરી રહ્યું છે ત્યારે કૃષિ વિજ્ઞાનનો પ્રચાર ગુજરાતીમાં થાય તો ગુજરાતનો ખેડુત સારો ફાયદો ઉઠાવશે. ખેડુતો જમીન સુધારણા, સહકારી મંડળીઓ, ખેત મંડળીઓ પ્રત્યે વધુ ધ્યાન આપે તે જરૂરનું છે. છોડ-વનસ્પતિ વિષે સ્પષ્ટ ગુજરાતીમાં સચોટ જ્ઞાન-માહિતી મેળવતા થાય તો આબોહવા, વરસાદ, જમીન, ભેજ સંચય, વિ. વિ. ને લક્ષમાં રાખી રાસાયણિક ખાતર નાખી યોગ્ય પાક પોતાની જમીનમાંથી લઇ, વધુ પૈસાની પ્રાપ્ત કરી શકશે.

ખેડ અને નિંદણ નિયમન વિષે ખેડુતો સ્પષ્ટ ખ્યાલ મેળવે. વનસ્પતિ માટે જરૂરી મૂળતત્વો વિવિધ ખાતરોમાંથી કેવી રીતે મેળવી શકે છે તે માટે તટસ્થ રીતે રજુઆત થવી જોઈએ.

છાણીયું ખાતર-ખોળ, લીલોપડવાશ વિ. ખાતરોના ફાયદાઓ અને મર્યાદાઓ જાણી, જરૂરી ખુટતા તત્વો માટે રાસાયણિક ખાતરો માટે ખેડુતો રસ કેળવે તે જરૂરનું છે.

શેરડીની સુધરેલ જાતનું ઘનિષ્ઠ વાવેતર ખાંડના કારખાનાઓ સમૃદ્ધ કરવામાં થવું અતિ જરૂરી છે. મહારાષ્ટ્રે આ ક્ષેત્રે સારી પ્રગતિ સાધી છે. તેમાંથી બોધપાઠ લેવો જોઇએ. ખેડુતે પાકની યોગ્ય ફેરબદલી કરી નફાકારક યોજના હાથ ધરવી જોઈએ જેનો ખુબ જ અભાવ અને અજ્ઞાન છે ખેડુતો પિયતમાં કેળ, આંબા, લીંબુ, જામફળ, દ્રાક્ષ, પપૈયા, અંજીર, દાડમ, ચીકુ બોર, ટમેટા, રીંગણા, તડબૂચ દુધી, ભીંડા, ડુંગળી, લસણ, કોબી, વિ. ફળ અને શાકભાજીના વાવેતર પણ વિટામીન મેળવવા ખોરાકમાં અતિ જરૂરના હોય નફાકારક ધંધા તરીકે વધુ વાવે તે પણ જરૂરનું છે.

સુધારેલ જાતોના વાવેતરમાં ખેડુતો વધુ ઉત્પાદન આપતા હોવાથી વધુ રસ લેતા થયા છે. હાઇબ્રીડ બાજરી, સુંઢીઆજુવાર એસ ૧-૪૯, વરીયાળી એસ-૭-૯, મરચી એસ. જી-૫, કપાસની વિવધ સુધરેલ જાતો યોગ્યજ્ઞાન મેળવી, જરૂરી ખાતર પાણીની સુવિધા સાથે વાવતા થશે તો ઉત્પાદન અનેકગણું પ્રાપ્ત કરવા ખેડુત સમર્થ બના શકશે

સેંદ્રિય ખાતરથી જમીનનું પોત રવાદાર સારૂં રાખી શકાય છે. ભાભરી માટી કરળથી કાઢો તો ભેજ ટકી રહે છે પરન્તુ ઢેફાં કાઢવામાં આવે તો ભેજ ઉડી જાય છે સેન્દ્રિય તત્વો ભેજ ટકાવી શકે છે રસાયણિક ખાતરો ભેજ હોય ત્યાં સુધી જ કામ આપે છે. જમીનમાં ભેજ ન હોય તો કાર્ય કરી શકતા નથી ગુજરાતમાં કોતરોની જમીન નવસાધ્ય બનાવાય છે વધુને વધુ જમીન ખેતીના કામમાં આવે તે માટે વધુ સક્રિય પગલાંની જરૂરત છે

તમાકુ ગોરાડુ જમીનમાં સારી રીતે થાય છે. તે માટે સુધરેલ બીજ કે-૨૦ અથવા આણંદ-૩ યોગ્ય છે. પાકસંરક્ષણના પગલા લઈ, એમોનીયમ સલ્ફેટ ફોસ્ફેટ તથા ડાયએમોનીયમ ફોસ્ફેટનો યોગ્ય વપરાશ કરી વધુ ઉત્પાદન કરી શકાય છે.

## જેતપુર પ્રીન્ટ સાડી ઉદ્યોગની સમસ્યા

જેતપુર સૌરાષ્ટ્રના મધ્યસ્થ જીલ્લામાં આવેલું નાનુ ગામ છે. ત્યાં ૨૦ વર્ષથી પ્રીન્ટ ઉદ્યોગ શરૂ થયો છે. આ ઉદ્યોગમાં બનતી પ્રીન્ટ સાડી હીન્દુસ્તાનભરમાં પ્રખ્યાત છે આ ઉદ્યોગ હજી જેતપુરમાં વધુ વેગવાન બને તેવી શકયતાઓ છે પરંતુ તેમાં થતી રૂકાવટ

ઉપર જો રાજ્ય સરકાર પોતાના ખાતાદ્વારા વિકાસમાં થતી રૂકાવટથી સમસ્યા હલ કરવા પ્રયત્નશીલ બને તો ઘણું થઈ શકે તેવી ઉમીદ છે

## સમસ્યાની આછી રૂપરેખા

૧ જેતપુરમાં નાનામોટા યુનીટોમાં ઉદ્યોગનગરની સ્થાપના કરવી.

૨ ઉદ્યોગ શરૂ થતા મ્યુનીસીપલ ટેક્સ, ઈન્કમટેક્સમાં રાહત આપવી અગર મુક્ત આપવી.

૩ આ ઉદ્યોગ ગૃહઉદ્યોગ હોઈ તેમાં કાયદા હળવા કરવા અને આ ઉદ્યોગને ગૃહઉદ્યોગ તરીકે સ્વીકારી તેમાં મળતા દરેક લાભો આપવા.

૪ આ ઉદ્યોગને જોઈતા કલર કેમીકલનો એકચ્યુઅલ યુઝર્સ તરીકે લાઈસન્સો આપી બહારથી ઈમ્પોર્ટ કરવા તથા કલર કેમીકલ ઉદ્યોગના કારખાનામાંથી ડાયરેક્ટ માસીક જરૂરીયાત મુજબ ક્વોટા નક્કી કરી આપવો અને તે પણ વ્યાજબી ભાવથી મળે તેવો પ્રબંધ સરકારશ્રી તરફથી નક્કી કરવા.

૫ આ ઉદ્યોગમાં ચાલતી ગ્રે મલમલોને બ્લીચ કરવા માટેનું સહકારી ધોરણે એક પ્રોસેસીંગ હાઉસ હોય તો ધંધામાં ઘણી સુગમતા રહે અને તેમાં જોઈતી મશીનરી ફોરીનથી આયાત કરવાના પરવાના મળવા જોઈએ અને તે હપ્તેથી મળે તેવી ગેરેન્ટી સેન્ટ્રલ ગવર્મેન્ટ દ્વારા મળે તેવો પ્રબંધ જરૂરી છે.

૬ ઉપરની હકીકત ઉપર જો લાગતાવળગતા દરેક ખાતાઓના અધીકારી તરફથી સહકાર અને સાથ મળે તો જેતપુરનો આ ઉદ્યોગ ઘણો આગળ વધે.



# ગુજરાતમાં સ્કાઉટીંગ પ્રવૃત્તિ

—શ્રી ગુણવંતરાય ભટ્ટ

બૃહદ ગુજરાતની અસ્મિતાનો સાંસ્કૃતિક સંદર્ભગ્રંથ'માં 'ગુજરાતમાં બાલવીર પ્રવૃત્તિ (સ્કાઉટીંગ)' એ વિષય ઉપર કાંઇક જણાવતાં પહેલાં, 'સ્કાઉટીંગ' વિષે પ્રાસ્તાવિક કાંઈક લખવું એ યોગ્ય અને આવશ્યક લાગે છે.

સ્કાઉટીંગ નામે ઓળખાતી બાલવીર પ્રવૃત્તિ એ ભારત દેશ માટે સ્હેજે નવીન નથી. એ તો નવી શીશીમાં જૂના અર્ક સમાન એક સાંસ્કૃતિક શિક્ષણની આર્ય સનાતન પ્રથાનું અદ્યતન નવીન રૂપાંતર છે : એમ કહેવું યથાર્થ છે.

સ્કાઉટીંગ એ કોઈ વિષય નથી. પણ માનવના બાલ્યકાળથી તે આજીવન-ઠેઠ સુધીની જીવન વિકાસની સાધનાક્ષમ એક શિક્ષણ પદ્ધતિ છે. પ્રાચીન કાળમાં બટુકો અરણ્યમાં ગુરૂકુલોના આશ્રમમાં જતા. અને ત્યાં જીવન જીવવાની અને બ્રાહ્મણ, ક્ષત્રીય કે વૈશ્ય તરીકેનું ઉમદા નાગરિક જીવન જીવવાની જે વ્યાવહારિક આપકળા શીખતા હતા. તેનું કાંઈક ચાલુ વૈજ્ઞાનિક જમાનાને અનુસરીને ઘડાયેલું સર્વાંશી અને સર્વ દેશીય તાલીમ આપતું એક અર્વાચીન રૂપાંતર છે

SCOUTING—સ્કાઉટીંગ શબ્દજ યથાર્થ રૂપે સૂચવે છે કે Scouting is a seienee of outing.' તો એ રીતે જોતાં સ્કાઉટીંગના છાવણીમાંના અરણ્યવાસ દ્વારા બાળકના-માનવના ચારે મૂળ અંશોને-શરીર, વૃત્તિ, વિચાર અને હૃદય-આ ચારેને સ્પર્શે, કેળવે, ખીલવે, વિશુદ્ધ કરે અને પોતાના માનવ બન્ધુના સાચા કલ્યાણ માટે તે તેનો સદુપયોગ કરી શકે કે જેથી જ્યાં ત્યાં દેશમાં તેમજ વિશ્વમાં શાંતિનાં બીજ વવાય, અને તેના ભાવી પ્રાગટ્ય માટેનું વાતાવરણ સર્જાય : એવી સર્વાંગી તાલીમ આપવામાં આવે છે. એથી એક આદર્શ સ્કાઉટ શિક્ષક-સ્કાઉટ ગુરૂની દોરવણી નીચે એક સ્વસ્થ એટલે નીરોગી, સ્વાશ્રયી એટલે કાર્યકુશળ અને સુખી-આનંદી એટલે અન્યના સુખમાં પોતાનો આનંદ માણનારો ઉમદા નાગરિક બની શકે.

**સ્કાઉટીંગનો ઉદ્ભવ :**—૧૯૦૦ ની સાલમાં બોર વિગ્રહ દરમ્યાન એક અજબ ઘટના બની. મેફીંગ ગામની કેવળ અંગ્રેજ લોકોની વસતીમાનાં સૌ સ્ત્રી પુરૂષોએ કીલ્લાના ઘેરાનો સામનો કરવા પોતાને લાયકનાં કાર્યો ઉપાડી લીધાં, ત્યારે બાળકોને પણ ચોકીપ્હેરો. સંદેશા વ્યવહાર તથા પુરવઠાની ચીજો પહોંચાડવી વગેરે નાનાં કુરગળ કામો સોંપ્યાં, જે તેમણે બહુજ હોંસ, ખંત, સાહસિકતા, નીડરતા અને કુશળતાથી પૂરાં પાડીને, આખરી વિજયમાં પોતાનો પણ ઉમદા અને અગ્ર ફાળો આપ્યો ત્યારે એ યોજનાના પ્રયોજક, લશ્કરી અમલદાર જનરલ રોબર્ટબેડન પોવેલને એક અજબ દર્શન સાંપ્ડયું કે ઉછરતાં બાળકોમાં કો અજબ શકિતઓ બીજ રૂપે પડેલી છે. એને જો તાલીમ, તક અને તત્પરતાનું સિંચન કરવામાં આવે, તો તેઓ માનવ તરીકે તેમજ નાગરિક તરીકે એક ઉમદા પ્રજા તૈયાર થઇ શકે. એ વાતના દૃઢ મંથને આખરે મુર્ત સ્વરૂપ લીધું. ૧૯૦૭માં લંડનમાં બોય સ્કાઉટ એસોશીએશન નામે તેનો જન્મ થયો. એ પ્રવૃત્તિને પ્રારંભથી તે આજ સુધી બિન સરકારી, બિન રાજકીય, બિન લશ્કરી, બિન ધર્મ–સાંપ્રદાયિક અને બિન કોમી એવું બાંધારણીય સ્વરૂપ આપવામાં આવ્યું છે. એટલે તે એક પ્રાદેશીય લોકશાહી આંતરરાષ્ટ્રીય સંસ્થા છે, જે સારીયે દુનિયાના જાગ્રત દેશોમાં-લગભગ દરેક દેશોમાં ફેલાયલી છે; જ્યાં તે ત્યાંના દેશકાળ-પ્રજા વગેરેની જરૂરીઆતોને અનુલક્ષીને, મુળના ઇશ્વર તથા જનતાના સેવાના સિદ્ધાંતને બાધ ન આવે એ રીતના ઘટતા ફેરફારો કરીને ઉછરતી પ્રજાને તૈયાર કરવાના પ્રયત્નો કરે છે. અને આમ સં મળી વિશ્વની એકતા, વિશ્વબંધુતા અને વિશ્વશાંતિની દિશામાં પ્રયાસો કરે છે.

**ભારતમાં :** શરૂમાં હિંદની બ્રિટીશ સરકારે વાહીવાત બહાનાં હેઠળ હિંદી બાળકો માટે જ્યારે સ્કાઉટીંગની તાલીમની છૂટ ન જ આપી ત્યારે ૧૯૧૬માં વિદુષી ડો. એની બિસેન્ટ મદ્રાસમ', ભારતને અનુકૂળ ફેરફારોવાળી 'ઇન્ડીયન બોય સ્કાઉટ એસોસીએશન' (આઇ. બી. એસ. એ.) નામે ભારતીય સંસ્થા સ્વતંત્રપણે ઉભી કરી. તે પછી અલ્હાબાદમાં પણ પંડીત શ્રી મદનમોહન માલવીયાજીએ સેવા સમિતિ બો. સ્કા. એશો. નામે તેવી જ સંસ્થા ઉભી કરી. તે બેઉ સંસ્થાઓ ફુલીફાલી અને લોકપ્રિય બની અને ભારત ભરમાં ફેલાઇ ગઇ. એટલે ૧૯૨૧માં શ્રી બેડન પોવેલ દંપતી ભારત આવ્યાં અને સમાધાન કરીને અને આઇ. બી. એસ. એ એ અપનાવેલ ભારતીકૃત ફેરફારોને સ્વીકારીને તેની ભારતીય બાળકો માટે છુટ આપી. આ પછી તે પ્રવૃત્તિ સારાયે ભારતમાં-ઈલાકાઓમાં જીલ્લાઓમાં અને પ્રાદેશિક ગામડાંઓમાં એક સરકાર માન્ય સંસ્થારૂપે ફેલાઇ ગઇ

**ગુજરાતમાં :** તે અરસામાં જ ગુજરાતમાં તો ૧૯૨૧થી જ સ્કાઉટીંગનાં મંડાણ મંડાયાં ગણાય. ૧૯૨૦માં શિક્ષણના અધ્યાપનના રસીયા ચારેક ગુજરાતી ભાઈઓ મદ્રાસની નેશનલ યુની.માં અભ્યાસ માટે ગયેલા. ત્યાં તેમણે આઇ બી. એસ. એ ના નેજા નીચે એફ જી. પયર્સ, ડૉ. જી. એસ. એરંડેલ, શ્રી વી. કે. કૃષ્ણમેનન તથા શ્રી એમ વી. વ્યંકટેશ્વરન જેવા આદર્શવાદી, ભેખધારી સ્કાઉટર્સ ગુરૂઓ પાસે સ્કાઉટીંગની પ્રથમ તાલીમ લીધી અને ડો. એની બિસેન્ટના વરદહસ્તે સ્કાઉટીંગની દીક્ષા અને ચંદ્રક પામ્યાનું સદ્ભાગ્ય હાંસલ કર્યું. તેમણે ગુજરાત ખાતે તે પ્રવૃત્તિની શરુઆત કરી દીધી.

હિંદમાં, તેમજ મુંબઇ ઇલાકામાં, મળેલી સરકારી માન્યતાને આધારે તાલીમ શિબિરો ઉભાં થયાં. મુંબઇ ઈલાકામાં લોનાવલા ખાતે શ્રી એ. સી. મિલરની દોરવણી નીચે તાલીમ શિબિરોની પરંપરા ચાલી, જેમાં ત્યારની અલ્પસંખ્ય હાઇસ્કુલોમાંથી, તેમાંયે ખાસ સરકારી હાઈસ્કુલોમાંથી શિક્ષકો તાલીમ લેતા થયા. પરિ- ણામે જીલ્લાની સરકારી હાઈસ્કૂલો પ્રવૃત્તિની કેંદ્ર બની. ગુજરાતમાં ૧૯૨૪ના અરસામાં શ્રી હરરાય અ. દેશાઇ જેવા ઉત્સાહી અને કાર્યદક્ષ શિક્ષણ અધિકારીએ જીલ્લાઓમાં બો. સ્કા. એસો. સ્થાપ્યાં. પરંતુ તે ત્યાં જ મર્યાદિત રહી.

સાથોસાથ દેશભરમાં, તેમ ગુજરાતમાં વડોદરા, ભાવનગર જેવાં મોટાં તેમજ ઇતર નાના દેશી રાજ્યોએ પણ પોતાની સ્કાઉટની સંસ્થાઓ ઉભી કરી–ચલાવી. ખુદ દેવગઢ બારીયાના મહારાજા શ્રી રણજીતસિંહે ગુજરાતના સ્કાઉટના કમિશ્નરનું પદ સ્વીકાર્યું હતું.

**ગુજરાતમાં ફેલાવો**—ગ્રામ્યપ્રદેશમાં—શહેરો ઉપરાંત ગ્રામ્ય- પ્રદેશમાં પણ ફેલાવાનો તબક્કો પ્રવૃત્તિનો આવી ઊભો. પ્રાંતીય માતૃભાષામાં શિક્ષણ આપવા ભાષાવાર સ્કાઉટ અધિકારીઓની નિમણુંકો થઈ. આ અગાઉ ભરૂચ જીલ્લામાં શુકલતીર્થ ખાતે ભારતીય સંસ્કૃતિના શિક્ષણનો આદર્શ લઇને સ્થપાએલ નર્મદા આશ્રમ- હાઈસ્કૂલમાં સ્કાઉટ પ્રવૃત્તિ બહુ જોરદાર અને પ્રગતિમાન ચાલતી હતી. મદ્રાસ ખાતે ડો. એનીબિસેન્ટની I. B S. A. સંસ્થામાં તાલીમ પામેલા શિક્ષકોએ શાળામાં સ્કાઉટ પ્રવૃત્તિને સારું મહત્ત્વ આપ્યું હતું. એ નર્મદ સેનાનું સંચાલન શ્રી ગુણવંતરાય મં. ભટ્ટને હસ્તક હતું. તેના નર્મદ સ્કાઉટ વીરોએ નદી, પર્વતો, ખીણો, મેદાનો, ગામડાંઓ વગેરે પણ પગપાળા ખૂંદ્યાં હતાં, તેમાંના ૧૨ જણ તો ઉત્તમપદ સ્કાઉટ ( I ક્લાસ સ્કા. ) થયા હતા અને સુથારી કામ, ચિત્રકળા, રાંધણ કળા, બાગ કામ, બૂક બાઈન્ડીંગ, તરવું, છાવણી વગેરે વિષયોમાં પ્રવીણતાના ચંદ્રકો પણ મેળવ્યા હતા. નર્મદ સેનાની આ સિદ્ધિ ગુજરાતભરમાં અપૂર્વ, અજોડ અને આગળ પડતી હતી. તે સિદ્ધિના કારણે તેના સ્કાઉટર શ્રી ગુણવંતરાય ભટ્ટના અનુભવ, નિષ્ઠા, ધગશ અને મૌલિક સર્જકતા વગેરેનો લાભ ગુજરાતને પણ મળે એ હેતુથી ગુજરાત I ( નોર્ધર્ન ડીવીઝનના ) સ્કાઉટ ઓર્ગે- નાઈઝર તરીકે નિમણુંક થઈ. ભાવનગરના નર્મદ સ્કાઉટો શ્રી ઘનસ્યામભાઈ ઠક્કર, શ્રી ચંપક મહેતા તથા શ્રી દાણી વગેરેને બર્કનહેડની વર્લ્ડ જાંબોરીમાં જવાનો પણ લાભ મળ્યો હતો.

સુખદ સંયોગ તો એ હતો કે ભારતના દલિતોના તથા આદિ- વાસીઓના પરમ ઉદ્ધારક પિતા પૂ. શ્રી અમૃતલાલ વિ. ઠક્કર બાપાનો સબળ સાથ, સહકાર અને સહાય શ્રી ભટ્ટને પ્રથમથી જ મળી રહ્યાં. પાવાગઢ પર્વત સ્કાઉટોની શિબિર પરંપરાનું કેન્દ્ર બન્યો. શ્રી બાપાએ ગુજરાતમાંના કાર્યકર સેવકો અને નેતાઓનું પાવાગઢ પરની સ્કા. શિબિરો પ્રતિ દોર્યું. એથી પ્રચાર અને પ્રસારને ખૂબ વેગ મળ્યો. વળી ' વીર ' ( સ્કાઉટ ) નામે માસિક પત્ર પ્રગટ કર- વામાં સ્વ. શ્રી મોતીભાઈ અમીનનો પ્રત્યક્ષ સાથ, સહકાર અને માર્ગ- દર્શન શ્રી ભટ્ટને મેળવી આપ્યાં. અને ભીલ સેવા મંડળના આશ્રમો અને શાળાઓમાં તો આ પ્રવૃત્તિ પૂર્ણરૂપે ફૂલી અને ફાલી શકી. જોતજોતામાં તો ગુજરાતનાં મોટાં ગામોની શાળાઓમાં આ પ્રવૃત્તિ જામી ગઈ. અને તેનો બુલંદ પડઘો ૧૯૨૭ની હિન્દની બીજી જાંબોરીમાં પડ્યો તેમાં ગુજરાતનાં સુરત, ભરૂચ, પંચમહાલ, ખેડા તથા અમદાવાદ જીલ્લાઓ ઉપરાંત વડોદરા, ભાવનગર વગેરે દેશી રાજ્યોમાંથીયે બાલવીરોએ તથા બા. વી. શિક્ષકોએ મોટી સંખ્યામાં ભાગ લીધો. તે પછી ૧૯૨૯માં ઇંગ્લંડના બર્કનહેડમાં તે ભરાયેલી વર્લ્ડ જાંબોરીમાં પણ ખર્ચ પોષાય એવા ધનિક ગુજરાતીઓનાં ( મુંબઇમાં વસતા–સૌરાષ્ટ્ર–કચ્છી–ગુજરાતી ) બાલવીર સંતાનોએ ભાગ લીધો. ૩૫-૪૦ની આ જાંબોરીયન સ્કાઉટોની સેનાનું નેતૃત્વ શ્રી ગુણવંતરાય ભટ્ટને સોંપાયું. ત્યાં ગુજરાતનાં ગીતો, હર્ષનાદો, ઉપરાંત દિલરૂબા અને તબલાના સાથમાં ખેલાતા ( કાઠીયાવાડના હડાલા–બગસરાના ચોર્યાસી, છડીયા, પાંચીયા અને આહીયાના ) દાંડીયારાસે તો અજોડ આકર્ષણ જમાવ્યું હતું.

પ્રવૃત્તિને શિખરસ્થાને તો સુરતના સર ચુનીલાલ વિ. મહેતા જેઓ સરકારી પ્રધાન પણ હતા, તેમણે ચીફ કમિશ્નર સ્કાઉટસ તરીકે પાયો નાખેલો. તેઓશ્રીએ બીજી જાંબોરી યોજી, તેમજ બર્કનહેડની વર્લ્ડ જાંબોરીમાંયે ભાગ લીધો હતો. તે પછી સુરતના મૂળ વતની શ્રી મંગલદાસ પકવાસા ( ગવર્નરશ્રી )એ પણ જીવનની છેલ્લી પળ સુધી સ્કાઉટ પ્રવૃત્તિને ખૂબ સહાય કરી હતી. તેમજ મુંબઇની ન્યુ ઈરા સ્કૂલના ( મૂળે શુક્લ તીર્થની નર્મદ હાઇસ્કૂલના આદિ આચાર્ય ) શ્રી એમ ટી. વ્યાસે પણ ગુજરાતમાંની સ્કાઉટ પ્રવૃત્તિને છેવટ સુધી પ્રોત્સાહન અને માર્ગદર્શન આપ્યું હતું.

હિન્દમાં તેમજ ગુજરાતમાંયે સ્કાઉટ સંસ્થાએ વિવિધ રૂપાંતરો ધારણ કર્યાં. I. B. S. A માંથી બોય સ્કા. એસો. થયું. તે પછી ૧૯૩૭માં શ્રી બી. પી. ની આકરી–અણછાજતી ટીકાથી છંછેડાઇને લોકોએ હિન્દુસ્તાન સ્કા. એસો. સંસ્થા ઊભી કરી, તે પછી સ્વરાજ્ય પ્રાપ્તી પછી દેશભરની ભિન્ન ભિન્ન ( દેશી રાજ્યો સમેત ) સ્કાઉટ સંસ્થાઓનું કેળ એક જ સંસ્થા ' ભારત સ્કાઉટ ગાઇડઝ 'માં વિલિનીકરણ થયું. તેમાં સ્કાઉટ તેમજ ગાઇડ ઉભય વિભાગો સાથે ચાલે છે, જે તરીકો દુનિયામાં અજોડ અને અપૂર્વ છે. ગુજરાતમાં પણ આ રૂપાંતરોને કારણે તે તે સમયના પ્રજાકીય આગેવાનોએ સ્કાઉટ પ્રવૃત્તિને પોતાની સહાય અને દોરવણીથી જીવંત રાખી છે. એટલે દરેક જીલ્લામાં જુદા જુદા તબક્કે સહાય કરનાર વ્યક્તિઓનાં નામ કાળક્રમાનુસાર આપવા પ્રયત્ન કર્યો છે એ ઉપરથી ફલિત થાય છે કે પ્રવૃત્તિએ પોતાની યોગ્યતા પુરવાર કરી છે.

**સુરત** :–સુરત શહેર આ પ્રવૃત્તિ માટે પહેલું જાગ્યું, એટલું જ નહિ, પણ એના કાર્યકર્તાઓની સતત ધગશને લઇને તે હજીયે આગળ પડતી રહેવા પામી છે. શરૂમાં બાહોશ, બહાદુર અને અડગ એવા દિ. બ. શ્રી ડાહ્યારામ કપિલરામ મહેતાએ એનું સુકાન સંભાળ્યું. મ્યુની. શાળાઓમાં એને ગાજતી કરી. તે પછી પણ બાહોશ વકીલ શ્રી ચીમનલાલ કલાર્ક, દિ બ શ્રી ચુનીલાલ મા. ગાંધી, શ્રી રા. જોગલેકર, શ્રી દિ. બ. ભૂપતરાય શાસ્ત્રી જેવાએ જ્યોત અખંડ રાખી.

**ભરૂચ** : ખાતે આમોદના ઠાકોર નવાબ શ્રી નહારસિંહજીએ તથા શ્રી હરિભાઈ અમીને, તે પછી શ્રી ડાહ્યાભાઈ પટેલે તથા અન્ય કાર્યકરોએ એને ચાલુ રાખી. શ્રી નરહરિ ક દેશાઇએ અંત સુધી સંનિષ્ઠ સેવા આપી અને ' સ્કાઉટીંગ ફોર બોઇઝ ઇન ઇંડિયા 'નું ગુજરાતીમાં ભાષાંતર પ્રગટ કર્યું.

**પંચમહાલ**માં શ્રી ઠક્કર બાપાની પ્રેરણાથી ભીલસેવા મંડળના અગ્ર કાર્યકરો– શ્રીકાંત શેઠ, શ્રી ડાહ્યાભાઇ નાયક, શ્રી વણિકર, શ્રી વ્યાસ વગેરેએ ભીલ સેવા મંડળમાં આ પ્રવૃત્તિને પ્રાધાન્ય આપ્યું. શ્રી વામન મુકાદમ, શ્રી મોરારજી દેસાઇએ તથા તે પછી જીવનની આખર સુધી શ્રી મણિલાલ હ. મહેતાએ ભોગ આપીને પણ પ્રવૃત્તિને જીવતી રાખી છે.

**ખેડા જીલ્લામાં** –રા. સા. શ્રી ભગવાનદાસ–બાબા સાહેબે તેમજ શ્રી પોપટલાલ યાજ્ઞિકે એને સબળ ટેકો આપ્યો. તે પછી શ્રી બાબુભાઈ જશભાઇ, શ્રી ફુલાભાઈ પટેલ વગેરેએ સંગીત સેવા અને સાથ આપ્યો છે.

**અમદાવાદ ખાતે** :–આદિથી સર ગિરિજાપ્રસાદ બેરોનેટ જેવા એક સંસ્કારી, દાનેશ્વરી કુટુંબના સદગૃહસ્થે પ્રવૃત્તિને ટેકો આપ્યો હતો તે પછી શ્રી રણજીત દેરાસરી, શ્રી એ. એન. બ્રાઉન, શ્રી છગનલાલ પટેલ, શ્રી સ્નેહરશ્મિ, શ્રી જુગલકિશોર મીસ્ત્રી વગેરેએ એને વેગ આપ્યો છે.

**રાજયકક્ષાએ** : ૧૯૩૭ પછી હિન્દુસ્થાન સ્કાઉટ સંસ્થાના જન્મકાળ પછી અમદાવાદના પરમશ્રધ્ધેય નેતા અને ભારતના સ્પીકર દાદાસાહેબ શ્રી ગણેશ વાસુદેવ માવલંકરે પોતાની નિષ્ઠા અને કૌશલ્યથી આ પ્રવૃત્તિને એક સ્વરૂપે સ્થિરતા આપી. તેમજ તેઓશ્રીની પ્રેરણાથી કુ. શ્રી મૃદુલાબેન સારાભાઇએ ગુજરાતની ગર્લગાઇડ પ્રવૃત્તિને વેગ આપ્યો અને એ હેતુની સિદ્ધિ માટે શ્રી મૃદુલાબેને, શ્રીમતી મંજુલા ગુણવંતરાય ભટ્ટની, તેમની લાયકાતને કારણે, ગુજરાતનાં ગર્લ ગાઇડ ઓર્ગેનાઇઝીંગ કમિશ્નર તરીકે નિમણુંક કરી હતી. પરિણામે ગાઇડ પ્રવૃત્તિનેયે સારો વેગ મળ્યો.

**ગુજરાત રાજય સંઘ** :–ગુજરાત રાજ્યની સ્થાપના પછી ગુજરાતમાં પણ અમદાવાદ ખાતે ગુજરાત રાજ્ય ભારત સ્કા. ગા. સંઘ સ્થપાયો. તેનું સુકાન હાઇકોર્ટ જજ શ્રી સુમનરાય ભટ્ટે સંભાળ્યું તે પછી ગુજરાત યુનિવર્સીટીના ઉપકુલપતિ શ્રી લાલભાઈ દેસાઇએ, તે પછી દક્ષિણ ગુ. યુની. ના ઉપકુલપતિ શ્રી ચંદ્રવદન શાહે સંભાળ્યું હતું. શ્રી છગનલાલ પટેલ, શ્રી કે. ટી. દેશાઇ, શ્રી સનતકુમાર ગુ. ભટ્ટ અને શ્રી ચીમનલાલ તલાટીએ અને ગાઈડ વિભાગમાં શ્રીમતી કમળાબેન મ. પટેલે (નાયબ પ્રધાને) કુ શ્રી સુશીલાબેન પંડિતે શ્રી કમળાબેન થોરાટે તથા શ્રીમતી લક્ષ્મીબેન સ. ભટ્ટે પોતપોતાની સેવાઓ આપી હતી.

હાલના તબક્કે ૧૯૬૮ પછી આજસુધી શ્રી પી કે. ત્રિવેદી S. C. C, શ્રી જુગલકિશોર મિસ્ત્રી S C S., કુ. શ્રી દીનાબેન ઘડીયાળી S C. G., શ્રી દલસુખભાઇ શાહ રાજ્યમંત્રી, કુ. શ્રી વસુમતિ ક્રિશ્ચયન રા. મંત્રી (ગાઈડ), શ્રી જીતુભાઈ ભગત કોષાધ્યક્ષ, અને શ્રી ગુ. મ. ભટ્ટ હે કવો. ટ્રે. કમિશ્નર અને શ્રી ઉ. હ. જોશી S. O C. (S) અને કુ. શ્રી દમયંતિ પરીખ S. O. C. (G) તરીકે ચાલુ સેવા આપી રહ્યા છે. તેમજ રાજ્યપાલ શ્રી મન્નારાયણ એના પેટ્રન છે, અને શ્રી પુરૂષોત્તમ ગ. માવલંકર પ્રમુખ છે. જીલ્લાઓમાં પણ અગ્રગણ્ય અને બાલહિત પ્રેમી સજ્જનો અને સન્નારીઓ પોતપોતાની રીતે સેવાઓ આપી રહ્યાં છે. અને જીલ્લા સંઘો ચલાવી રહ્યાં છે.

'વીર' માસિક આજે 'બાલવીર' નામે રાજ્યસંઘના મુખપત્રરૂપે ૩૦ મા વર્ષમાં પ્રવેશે છે. પાવાગઢ, કમીસ્વડ, નારણઘાટ. વાસદવડ, વગેરે સ્થળો તો તાલીમી શિબિર માટે સુયોગ્ય પુરવાર થયાં છે. સ્કાઉટીંગને લગતું સાહિત્ય પીરસવામાં શ્રી હરરાય દેશાઇ, શ્રી ગુણવંતરાય ભટ્ટ, શ્રી હર્ષવંતરાય ધોળકિયા, શ્રી ગજાનન યુ. ભટ્ટ, શ્રી નરહરિ ક. દેશાઈ વગેરેએ સારો ફાળો આપ્યો છે. રાજ્યસંઘને આર્થિક સહાયરૂપે સરકારના અનુદાનનો સૌથી મોટો હિસ્સો છે વળી સરકાર જીલ્લાને રેલી અંગે રૂા ૫૦૦)ની વાર્ષિક રકમ આપે છે; તેમજ જીલ્લાઓને તંબૂઓ, વાસણો વ. કેમ્પની જરૂરી ચીજો રૂા. ૨૦૦૦) સુધીની કાયમી વપરાશ માટે આપેલી છે. બાળકોમાં શ્રમસેવાનું અને ત્યાગભાવનાનું સિંચન થાય એ માટે વાર્ષિક સ્કાઉટ સપ્તાહ દરમ્યાન સ્કાઉટ અને ગાઇડ ભાઇ બેનોને લોકોની ગૃહ સેવા કરીને 'ખરી કમાણી' કરવાના માર્ગે પ્રેરવામાં આવે છે. ઉત્તમપદ પછી પ્રેસીડન્ટ સ્કાઉટ થનાર સ્કાઉટ અને ગાઇડને રાષ્ટ્રપતિશ્રીના હસ્તે ચંદ્રક પ્રાપ્ત કરવા માટે તૈયાર કરવામાં આવે છે.



શુભેચ્છા પાઠવે છે

## ચોટીલા તાલુકા સ. ખરીદ વે. સંઘ

મુ. ચોટીલા
જિ. સુરેન્દ્રનગર

સ્થાપના ૧૯૫૪ સભ્ય સંખ્યા ૬૪
શેરભંડોળ ૨૫૦૦૦ ઉપરાંત
અનામત ફંડ ૧૫૦૦૦ ઉપરાંત

ખ. વે. સંઘ મિશ્ર ખાતર બનાવે છે અને વેચે છે. ખાતર–બિયારણુ વ્યાજબી ભાવથી પૂરા પાડે છે. આપની જરૂરીયાત મૂજબ મિશ્ર ખાતર બીજાની સરખામણીમાં ઓછા ભાવથી મળશે. એજન્ટોને ૫૦% કમિશન આપીએ છીએ.

**દોલતગિરિભાઈ**
પ્રમુખ

શુભેચ્છા પાઠવે છે

## છભાડીયા સેવા સહકારી મંડળી લી.

મું. છભાડીયા
( લાઠી દામનગર તાલુકો ) ( અમરેલી જિલ્લો )

નોંધણી નંબર ૧૮૮૫૧
શેરભંડોળ રૂા. ૪૯૮૨૦
અનામતફંડ ,, ૧૧૪૨૨
અન્ય ફંડ ,, ૩૦૦૦ ઉપર

**જગદીશ પંડ્યા** — મંત્રી
**બાબુલાલ શામજીભાઈ** — પ્રમુખ

વ્ય. ક. સભ્યો—લખમણ ડુંગર, દોલતખાં અલીખાં, શામજી જાદવ, મકનજી અરજણ, પૂના જાદવ, રામજી મુળજી.

શુભેચ્છા પાઠવે છે

## જામવાલા જંગલ મજૂર સ. મં. લી.

જામવાળા ગીર.

રજી. નં. ૪૯૩ તા. ૨૭–૯–૫૫
સભાસદોની સંખ્યા : ૧૨૧
શેરભંડોળ રૂા. ૮૬૫૦
અનામત ભંડોળ રૂા. ૩૩૩૩
સને ૧૯૬૭–૬૮ના વર્ષ દરમ્યાન કરેલ કામગીરીની માહિતી :–

| ઝાડની સંખ્યા | વેચાણના રૂા. |
|---|---|
| ૪૮૦૦૦ | ૫૦૦૦૦૦ |
| ૮૦૦૦ | ૧૦૦૦૦૦ |

ચોખ્ખો નફો રૂા. ૨૭૫૫૧

| સને ૧૯૬૮–૬૯ સાથે મળેલ કુંપીની વિગત | | | | | ઝાડની સંખ્યા |
|---|---|---|---|---|---|
| જામવાળા કુપ નં. | ૧૨. | વ. ૧ | કે | શી. ૫. | ૧૭૦૦૦ |
| ,, ,, | ,, ૧૨ | ૨ | ,, | ૧૧ | ૨૪૦૦૦ |
| બાબરીયા ,, ,, | ૧૨ | ૨ | ,, | ૧૨ | ૮૦૦૦ |

**નારણભાઈ ભુરાભાઈ** — પ્રમુખ
**એચ. એમ. ખત્રી.** — મંત્રી

શુભેચ્છા પાઠવે છે

## શ્રી વીરડી સેવા સહકારી મંડળી લી.

મુ. વીરડી
(તા. ગારીયાધાર) (જિલ્લો–ભાવનગર)

| | | | |
|---|---|---|---|
| સ્થાપના તારીખ | ૧૦–૮–૬૫ | નોંધણી નં. | ૬૮૧૫ |
| શેરભંડોળ– | ૨૨૬૫૦ | સભ્ય સંખ્યા | ૧૩૫ |
| અનામત ફંડ | ૧૦૪૬–૩૭ | ખેડૂત | : ૧૧૨ |
| અન્યફંડ | – – | બીનખેડૂત | : ૨૩ |

મંડળી ધીરાણ તેમજ ખાતર, જંતુનાશક દવાના વેચાણનું કામ કરે છે. તેમજ ખેત ઉપજનો માલ કમીશનથી વેચાણ કરી આપે છે.

વ્ય. કમિટિના સભ્યો :—

(૧) શ્રી ડુંગર જીવા (૨) ઉકા ગગજી (૩) વલ્લભ રતના (૪) શ્રી ઉકા ભુરા (૫) ભવાન મનજી (૬) વશરામ પીલા

**દેવરાજ હરદાસ ગુદરણીયા** — મંત્રી
**શામજી જસરાજ આવલીયા** — પ્રમુખ



# ગુજરાતમાં વિદ્વાનો, ડૉકટરો, લાયન્સ અને રોટરી પ્રવૃત્તિના કાર્યકરો અને

## જે તે ક્ષેત્રની પ્રતિભાઓ

**ભગતશ્રી ગિરધરરામ હરિરામ :**

( વીરપુર જલારામ બાપાનું )

જેમણે વ્રત–જપ અને તપથી સંયમની દિવાલ રચી છે અને પોતાના ધ્યેયલક્ષી જીવન દ્વારા જગતને પ્રેરણારૂપ બન્યા છે. સૌરાષ્ટ્રની સાંસ્કૃતિક તવારીખમાં સૌરાષ્ટ્રીયન પ્રજાનું વિશિષ્ટ ગુણોએ ભારે મોટું માન ઉભુ કર્યું છે. સૌરાષ્ટ્રની તીર્થભૂમિએ કેટલાંક સંત રત્નોની જે ભેટ ધરી તેમાં ભગતશ્રી ગિરધરરામબાપાનું નામ મોખરે ગણી શકાય. સ્વયંપ્રેરણાથી એમણે ઉભી કરેલી દેણગીઓ ધર્મ પ્રત્યેની પૂરી શ્રદ્ધા અને રાષ્ટ્રભક્તિની પ્રતીતિ કરાવે છે. આ કુટુંબની સુજનતા અને દિલાવરીના દર્શન તેમણે સૌરાષ્ટ્રમાં ઉભી કરેલી માનવતાની સુવાસ પ્રસરાવતી ઈમારતો ઉપરથી થાય છે.

નિસહાય માણસોની મુશ્કેલીઓ પુરી રીતે સમજીને છુટે હાથે જે માણસો સંપત્તિ વાપરી જાણે છે. એવા વિરલ આત્માઓ બહુ ઓછા હોય છે.

વીરપુરમાં આવેલી જલારામબાપુની જગ્યાનું સફળ સંચાલન અને સુંદર વહીવટ તેમની નિષ્ઠા અને દીર્ઘદૃષ્ટિને આભારી છે. જલારામબાપાના નામનો મહીમા અને તે જગ્યાની ખ્યાતી માત્ર સૌરાષ્ટ્ર–ગુજરાતમાં જ નહિ પણ દેશભરમાં તેમની રોશનીએ અજવાળા પાથર્યા છે. જલારામબાપાની શ્રધ્ધા અને ભક્તિથી પ્રેરાઇને સેંકડોની સંખ્યામાં આવતા યાત્રીકો અને સત્સંગીઓ ભોજન–પ્રસાદ લીધા વગર ન જાય તેની સતત તકેદારી અને કાળજી રાખવામાં આવે છે. તેમના સમગ્ર જીવન–કવનમાં પુર્વસંસ્કારની ઉત્કૃષ્ટતા દેખાઈ આવે છે. ધાર્મિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ પાછળ જીવન સમર્પણ કરવાની અભિપ્સાથી જ જુદા જુદા હેતુઓ માટે તેમણે અનેક ટ્રસ્ટો ઉભા કર્યા છે અને આ ટ્રસ્ટો તરફથી અનેક વીધ સેવાની સુવાસ પ્રસરાવતી પ્રવૃત્તિઓ ચાલી રહી છે રાજકોટમાં શરૂ થયેલી માતુશ્રી વીરબાઈ મહિલા કોલેજમાં શ્રી ગિરધરબાપાએ પાંચ લાખ રૂા ઉપરાંતની સહાય આપી છે જે તેનું ઉજ્જવળ દૃષ્ટાંત છે અને કુટુંબના જીવન સૌરભની પારાશીશી છે.

**શ્રી નરેન્દ્રભાઈ નથવાણી :**

શ્રી નથવાણી ૩૦ વર્ષ પહેલાં મુંબઇની વડી અદાલતમાં ધારાશાસ્ત્રી તરીકે નોંધાયા હતા સ્વાતંત્ર્ય–યુધ્ધ ૧૯૩૨–'૩૩ ના સત્યાગ્રહમાં તેઓ જેલમાં ગયા હતાં. શ્રી નથવાણીએ રાજકીય પ્રવૃત્તિમાં સક્રિય ભાગ લીધો છે. ૧૯૪૭ના ઓગષ્ટમાં જુનાગઢ રાજ્યની આરઝી હકુમતમાં તેઓ કાયદા ખાતાના પ્રધાન હતા. જાન્યુઆરી ૧૯૫૦ થી માર્ચ ૧૯૫૨ સુધી શ્રી નથવાણી હંગામી સાસદમાં સોરઠ જિલ્લામાંથી ચુંટાયેલા કોંગ્રેસી સંસદ સભ્ય હતા. તે પછી તેઓ લોકસભાના ( ૧૯૫૨–'૫૭ ) સભ્ય હતા.

શ્રી નરેન્દ્રભાઈ એક શાંત રચનાત્મક અને તેજસ્વી કાર્યકર છે. તેમની પ્રવૃત્તિ, આવડત, કૌશલ અને બુધ્ધિમત્તા સંગીન છે. અત્યારે મુંબઈની વડી અદાલતના વધારાના ન્યાયમૂર્તિ તરીકે સેવા આપી રહ્યા છે.

**વિજયધર્મધુરંધરસૂરિશ્વર મહા. સાહેબ :**

સૌરાષ્ટ્ર ભૂમિ સદા સોહાગણ છે. તેણે આજ સુધીમાં અનેક વંદનીય વિભૂતિઓને જન્મ આપ્યો છે. યોગ, અધ્યાત્મ, તત્વચિંતન, ધર્મ, નીતિ, સાહિત્ય કલા આદિ ક્ષેત્રમાં આજે જે કંઈ પ્રગતિ થયેલી જોવાય છે, તે આ વિભૂતિઓને આભારી છે આજે એવી જ એક વિભૂતિ આચાર્ય શ્રી વિજયધર્મધુરંધરસૂરીશ્વરજી મહારાજ એ ત્યાગી છે, સંત છે, જ્ઞાનની ગંગા છે અને નમ્રતા તથા પ્રસન્નતાની જીવતી જાગતી મૂર્તિ છે. એ સહુને સમભાવથી નિહાળે છે, સહુના કલ્યાણની કામના કરે છે અને નાની–મોટી અનેક વ્યક્તિઓના સંશયોનું નિવારણ કરીને, તેમનામાં અપુર્વ આત્મશ્રદ્ધાનું બળ રેડે છે. પોતાનું સંસારી નામ ધીરજલાલ હતું, જન્મ ભાવનગરમાં થયો. તેમણે તેર વર્ષની બાળવયે સંસારનો મોહ છોડ્યો, પુજ્ય પિતા પીતામ્બરદાસ સાથે શ્રમણાવસ્થાનો સ્વીકાર કર્યો અને શાસ્ત્રાધ્યયન તથા ચારિત્રનિર્માણમાં પોતાનું ચિત્ત પરોવ્યું. દાદાગુરુ શ્રી વિજયનેમિસૂરીશ્વરજી મહારાજ, દીક્ષા ગુરુ શ્રી વિજયઅમૃતસૂરીશ્વરજી મહારાજ તથા ગણિવર્ય શ્રી પુણ્યવિજયજી મહારાજની પવિત્ર નિશ્રામાં તેમણે જ્ઞાન અને ક્રિયા બંનેનો અનુપમ વિકાસ સાધ્યો તેઓ શાસ્ત્ર સિધ્ધાન્તમાં પ્રવીણ થયા, વ્યાકરણમાં વિશારદ બન્યા, કાવ્યરચનામાં કુશળતા દર્શાવવા લાગ્યા, દર્શનશાસ્ત્રમાં અજોડ પ્રતિભાનો પરિચય આપવા લાગ્યા, તથા જ્યોતિશાદિ અન્ય વિદ્યાઓમાં પણ નૈપુણ્યનો ચમત્કાર દર્શાવવા લાગ્યા. કોઇને કલ્પના ન હતી કે સૌરાષ્ટ્ર ભાવનગરના એક સામાન્ય સ્થિતિના વણિક કુટુંબમાં જન્મેલા ધીરજલાલ બાળવયમાં ત્યાગી–વૈરાગી બનીને ટુંક સમયમાં જ પાંડિત્યના

ક્ષેત્રમાં આટલો પ્રભાવ પાથરશે! પણ ખરેખર! તેમ બન્યું અને તેણે હજારો હૈયાંને જીતી લીધા, તેમનું સાહિત્ય–સર્જન ઘણું વિશાલ છે અને તે વિવિધ વિષયોને વિશદતાથી સ્પર્શનારું છે.

### સુરિ સમ્રાટ આચાર્યશ્રી વિજય નેમિસુરીશ્વરજી :

મહુવામાં દોશી કુટુંબમાં જન્મ થયો બાળક નેમચંદ ભણવા કરતાં રમતના શોખીન હતા યૌવનને આંગણે વેશવાળની વાતો ચાલતી ત્યાં એક અવનવો પ્રસંગ બન્યો સટ્ટાનો શોખ લાગ્યો. અને એક દિવસ જેમાં હારી જવાથી જીવન હારી જવા જેટલો સંતાપ થયો અને નેમચંદભાઈના અંતરમાં ધર્મનો નાદ ગુંજવા લાગ્યો માતા પિતાની રજા મળે તેમ નહોતી, યુક્તિ પુર્વક રાતો રાત ઉંટ ઉપર સ્વાર થઈ મિત્ર સાથે ભાવનગર પહોંચ્યા શાસનનાં શણગાર શાંત મુર્તિ સાધુ પુંગવોમાં શ્રેષ્ઠ શ્રી વૃધ્ધિચંદ્રજી મહારાજને દીક્ષા માટે પ્રાર્થના કરી. માતા પિતાની રજા સિવાય એ મુનિરાજ દીક્ષા આપતા નહોતા પોતે સં. ૧૯૪૫ના જેઠ સુદિ સાતમે સ્વયં સાધુવેશ પહેરી લીધોને ગુરૂના આશીર્વાદ માગ્યા મુનિ નેમવિજયજી ગુરૂ સેવા અને અભ્યાસમાં લાગી ગયા વિદ્વાન બન્યા ૧૯૬૦ માં ગણિપદથી વિભૂષિત કરવામાં આવ્યા સં. ૧૯૬૪ના શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના અધિવેશન સમયે ભારતભરના જૈનોની હાજરીમાં મુનિશ્રીને આચાર્ય પદવીથી વિભૂષિત કરવામાં આવ્યા જૈન સંઘના ઘડતરમાં તેઓશ્રીનો મહત્વનો ફાળો છે.

### આચાર્યસૂરિશ્રી અમૃતસૂરિશ્વરજી મહારાજ :

બોટાદના વતની ૧૯ વર્ષની વયે જૈન ધર્મની દિક્ષા લીધી દેશમાં ઘણા ભાગોમાં ફરવાનો પ્રસંગ સાંપડયો. સાહિત્ય, નીતિશાસ્ત્ર, વ્યાકરણ અને જ્યોતિષના પ્રખર અભ્યાસી અને વિદ્વાન છે. આજે બોંતેર વર્ષની ઉંમરે પણ એક યુવાનની માફક ચૌદ કલાક કામ કરે છે. પ્રેરણા અને આદેશથી પાલીતાણા, બોટાદ, અમદાવાદ, મુંબઈ વિગેરે સ્થળોએ ઉપાશ્રયો, જૈન દેરાસરો અને ધર્મની ઈમારતો ઉભી થઈ છે. હાલમાં પાલીતાણામાં શત્રુંજય વિહારમાં બીરાજે છે. તેઓએ મુંબઈમાં જૈન સાહિત્યવર્ધક સભાની સ્થાપના કરી છે આ સભાએ આજ સુધીમાં ૫૧ ગ્રંથો પ્રગટ કર્યા છે.

### મહંતશ્રી દેવગીરીજી :

શ્રી ઘેલા સોમનાથના હાલના મહંતશ્રી દેવગીરીજી વિરગીરીજીનો જન્મ ઘેલા સોમનાથની પાસે એક ફર્લાંગ દૂર પીપળીયા ગામે થયેલ છે. તેમજ ગુજરાતી અંગ્રેજી શિક્ષણ જસદણ મુકામે લીધેલ છે તેમજ સંસ્કૃત તેમજ સંપ્રદાયિક વિદ્યાનો અભ્યાસ તેમના પુજ્ય પિતાશ્રી વિરગીરીજી મહારાજ પાસે તેમાં પણ પ્રવિણતા મેળવેલ છે મહંતશ્રીના મોટાભાઈ સેવાગરજી હાલમાં ઉમરાળા ગામમાં શ્રી ધોળાનાથ મહાદેવની જગ્યામાં મહંત તરીકે કામ કરે છે. મહંતશ્રીની નીમણુંક થતાં ગૃહસ્થાશ્રમનો, સંપ્રદાય અનુસાર ત્યાગ કરી ફકત શ્રી ઘેલા સોમનાથ દાદાના પુજન અર્ચનમાં સમય વ્યતિત કરી લાંબા સમયથી આત્મ કલ્યાણ કરી રહેલ છે તેઓ મહંતશ્રી તરીકે આવ્યા પછી જગ્યામાં ઘણો જ સુધારો વધારો અને યાત્રાળુ માટે રહેવા માટે તથા સુવા બેસવા માટે તન તોડ મહેનત કરી આ જગ્યાને ઘણી જ ઉચ્ચ કક્ષાએ તીર્થરૂપ બનાવેલ છે યાત્રાળુ ભાઈઓ માટે અન્નક્ષેત્ર ખુલ્લું મુકવામાં આવેલ છે. સૌરાષ્ટ્રના દરેક સુજ્ઞ ભાઈઓને સુવીદીત છે.

### શ્રી હરિહર મુનિ મહારાજ :

ભાવનગરમાં એક છુપા સંતરત્ન તરીકે જાણીતા એવા અને કેટલાએ શિષ્ય સમુદાય વચ્ચે નિસ્પૃહી જીવન જીવી રહેલા શ્રી મુનિ મહારાજ આજીવન બાલબ્રહ્મચારી છે. બચપણથી જ સંસારનો વૈરાગ્ય લાગ્યો, માનવ જીવનને સાર્થક કરવા નાની વયમાં જ મનોમંથન જાગ્યું. ધાર્મિક તીર્થોનો પ્રવાસ કર્યો, સંત મહાત્માઓના સમાગમમાં આવ્યા. વર્ષોથી મૌનવ્રત્ત ધારણ કરેલ છે, રામ સિવાય બીજું કાંઈ બોલતા નથી. ન્યાત જાતના ભેદભાવ નથી. મેટ્રીકનો અભ્યાસ પડતો મુકી રામનામનું રટણ શરૂ કર્યું. આજ સુધીમાં પાંત્રીશ કરોડથી પણ વધારે રામનામ લખી નાખ્યા છે. ભજન કીર્તન અને સત્સંગ મંડળોમાં તેમની હાજરી અચૂકપણે હોયજ. ઘણાજ ઉંડા તત્વજ્ઞાની છે. દીનદુઃખી માણસોની સેવામાં અને યોગસાધનામાં પોતાનો સમય વ્યતીત કરે છે. તેમના સત્સંગનો લાભ લેવા જેવો છે.

### શેઠ જુઠાભાઇ મોરારજી :

પ્રભાસ ક્ષેત્રના પુસ્તકમાં જેનો સારો એવો ઉલ્લેખ છે તે શ્રી જુઠાભાઇ મોરારજી દેલવાડામાં એક જમાનામાં ખુબજ લોકપ્રિય આગેવાન ગણાતા, સામાજિક, રાજકીય અને ધાર્મિકક્ષેત્રે ઘણુંજ મોટું એમનું પ્રદાન રહ્યું છે. આજની પેઢી તેમને યાદ કરે છે. નવાબી કાળમાં તેમની હાક વાગતી એવાજ વિરલ પુરૂષ એમના પુત્ર નાગરદાસભાઈ જાહેરક્ષેત્રે મુકસેવક ગણાતા અને એક ધાર્મિક કામને લઈ નવાબીકાળમાં જુનાગઢમાં છ મહીના કારમી કારાવાસ ભોગવ્યો હતો. તેમના વારસદારો શ્રી વરજીવનદાસભાઈ દેલવાડા અને ઉનાની અન્ય પ્રવૃત્તિઓમાં મહત્વની સેવા આપી રહ્યાં છે. પંચાયત અને સહકારી પ્રવૃત્તિમાં મોખરે રહ્યાં છે. ૧૯૬૦ ના ટ્રોલી સત્યાગ્રહ વખતે જેલવાસ ભોગવ્યો હતો.

### શ્રી ચંપકલાલ ગીરધરલાલ મહેતા :

અમરેલીના પ્રખ્યાત અને ખાનદાન સદગૃહસ્થશ્રી અને ઓનરરી મેજીસ્ટ્રેટ શ્રી ધનજીભાઈ ધોળાભાઈના કુટુંબમાં જન્મ લઇ બચપણથી જ સાંસ્કૃતિક અને સામાજિક

પ્રવૃત્તિઓનો રંગ લાગ્યો હતો. કલા–સંસ્કૃતિ, સ્થાપત્ય અને પ્રવાસના માત્ર શોખીન છે એટલું જ નહિ એવી પ્રવૃત્તિઓમાં તેમનું માર્ગદર્શન, પ્રેરણા અને અન્ય રીતે સહાયભૂત થતા રહ્યાં છે. અમરેલીની એકપણ એવી પ્રવૃત્તિ નહિ હોય જેમાં શ્રી ચંપકભાઈ સંકળાયેલા ન હોય, માર્કેટીંગયાર્ડ, બાલપુસ્તકાલય, સાર્વજનિક પુસ્તકાલય, બુકબેન્ક, અમરેલી કપોળ યુવક મંડળ, ચેમ્બર ઓફ કોમર્સ. ગ્રેઈનમરચંટ એસોસીએશન, અમરેલી તાલુકા પુસ્તકાલય, બાલસંગ્રહાલય, ચિત્તલ કેળવણી મંડળ, ભાણજી વશરામ ટ્રસ્ટ, રતનબાઈ સેવક મંડળ દવાખાનું, નુતન સ્કુલ, કે. કે. પારેખ વિદ્યાલય, ફોરવર્ડ સ્કુલ, મહિલા મંડળ, ગોશાળા. વિગેરે અનેક સંસ્થાઓમાં ટ્રસ્ટી, પ્રમુખ ઉપ–પ્રમુખ, સેક્રેટરી અને મેનેજીંગ સભ્ય તરીકે સંકળાઇને સેવા આપી રહ્યા છે. સમાધાનકારી, મનોવૃત્તિ અને મિલનસાર સ્વભાવ છે. તેમનો આતિથ્યસત્કાર એનમુન છે.

### શ્રી ચંદ્રકાન્ત નરોત્તમદાસ ત્રિવેદી :

ત્રાપજના વતની અને ભાવનગરના જાણીતા એડવોકેટ શ્રી ચંદ્રકાન્તભાઈ વકીલાતના ધંધાની સાથે પોતાને મળેલા સમાજ સેવાના વારસાને પણ બરાબર સાચવી જાણ્યો છે. કેળવણી મંડળમાં સારો એવો રસ લ્યે છે. શહેર સુધરાઈ કોંગ્રેસપક્ષના મંત્રી તરીકે યશસ્વી સેવા બજાવતા રહ્યા છે ટ્રેડયુનિયન જેવી શહેરની અન્ય સંસ્થાઓ સાથે સંકળાચેલા છે. સામાજિક સેવામાં આગળ આવવામાં મુખ્યત્વે તેમની નિખાલસ વૃતિ, મિત્રોનો સહકાર અને આત્મશ્રધ્ધા તેમજ કૌટુંબિક વારસાગત પ્રણાલીકાને આભારી છે. પ્રસંગોપાત સૌને ઉપયોગી બનનાર દિલેર આદમી છે.

### કુતુબ આઝાદ :

કુતુબ 'આઝાદ' એટલે દાઉદી વોહરા સમાજ માટે એક વિદ્યુતની ગરજ સારનારૂં નામ છે, કારણ કે ધર્મના વધુ પડતાં આવરણ નીચે જીવતા સમાજને સને ૧૯૫૭ માં બગસરા ખાતે અખીલ ભારત સંમેલન ભરીને એક ક્રાંતિના સર્જક તરીકે તેઓએ ઘણોજ અગત્યનો ભાગ ભજવ્યો છે. સમાજના વિકાસને રૂંધતા બળો સામે પ્રતિકાર કરતી અને અગ્નિવર્ષાવતી તેમની શાયરી સાંભળવી એ એક લ્હાવો છે તેઓએ "લોહીની ખુશ્બુ" બરબાદીના પંથે" અને "આગ અને બાગ" નામના પુસ્તકો પણ પ્રગટ કર્યા છે. છેલ્લા વીસ વર્ષથી અખબારી ક્ષેત્રે પણ કામગીરી બજાવતા રહ્યા છે. છ વર્ષ સુધી પુકાર નામનું માસિક, એક ષર્ષ સુધી એક ફિલ્મી માસિક અને હાલમાં છેલ્લા પંદર વર્ષથી "તમન્ના" નામનું માસિક અખબાર પ્રગટ કરે છે. અમરેલી જીલ્લાના સરકારી વર્તુળોમાં અને બગસરાના જાહેરજીવનમાં તેમનું એક ઠરેલ અને વિચારક કાર્યકર તરીકેનું સ્થાન છે. બગસરામાં પંદર વર્ષથી કોંગ્રેસ સંસ્થાની લગામ તેમના હાથમાં છે. એ વખત સુધરાઈના બોર્ડમાં ઉપપ્રમુખ તરીકેની સેવા બજાવી છે, હાલમાં પણ તેઓ એજ હોદ્દા નીચે બગસરાની જનતાની ઉત્તમ સેવા કરે છે પોતાની જ્ઞાતિની તો અનેક સંસ્થાઓ સાથે સંકળાએલા છે. પોતે સામાન્ય અભ્યાસ કર્યો હોવા છતાં કેળવણીના ક્ષેત્રે તેઓ ઉંડો રસ ધરાવે છે. સેવાભાવિ સ્વભાવ અને કટ્ટર શત્રુઓ સાથે પણ દોસ્તીનો હાથ લંબાવવા હરપળે તૈયાર રહેતા ભાઈ કુતુબ આઝાદનું મુંબઇ અને પરદેશોમાં વિશાળ મિત્રમંડળ છે. લેખક, કવિ, પત્રકાર, અને સંસ્થાઓના સુત્રધાર એવા અનેક ક્ષેત્રે છવાએલ કુતુબ આઝાદ એક આગવા વ્યકિતત્વનો પરિચય છે.

### શ્રી કલ્યાણજીભાઇ નરોત્તમદાસ મહેતા :

અમરેલી જિલ્લાના ડુંગર ગામ અને આ પંથકનાં ચાલીસ ગામડાઓની ત્રણ ત્રણ દાયકાઓથી અવિરત જન–સેવા કરીને "ભાઈ"નું મહામુલું બિરૂદ મેળવી જનતાંના હૃદયમાં અનેરૂં સ્થાન મેળવ્યું છે. ઉપરાંત ગુજરાત રાજ્યની નામદાર સરકારે પણ તેમની સેવાની કદર કરીને 'ઓનરરી મેજિસ્ટ્રેટ' ( જે. પી )ની પદવી એનાયત કરી.

ડુંગરના પનોતા પુત્ર સુશીલ દાનવીર ભાઈ જમનાદાસ નાનચંદ મહેતાએ આ પ્રદેશના લોકહિતાર્થે અનેક જન–કલ્યાણની સંસ્કાર સંસ્થાઓ કન્યાશાળા, બાલક્રીડાંગણ, બાળમંદિર, દવાખાનું, પ્રસુતિગૃહ, હાઇસ્કુલ વગેરેની સ્થાપના માટે ઉદાર હાથે હજારો રૂપિયાની સખાવત કરી છે. આ શુભ કાર્યોમાં મુખ્યત્વે આપની પ્રેરણા, પ્રોત્સાહન અને પ્રયત્નો રહેલા છે. જેથી અમો ગૌરવ અનુભવીએ છીએ. નાનકડા ડુંગર ગામને આંગણે હાઇસ્કુલ જેવું વિદ્યામંદિર સ્થાપવાનું વર્ષો જુનું સ્વપ્ન સિધ્ધ કરીને આ બધી સાર્વ–જનિક સંસ્થા પર કળશ ચડાવ્યો છે. અને કોઈ પણ જાતના સ્થાયી ફંડ વગર આકાશવૃતિથી ચાલતુ સાર્વજનિક છાત્રાલય, સાર્વજનિક દવાખાનું અને અન્ય ગામાયત સંસ્થાઓ એ તેમની હિંમતપુર્વક નેતાગીરીનું શુભ પરિણામ છે એ જાહેર કરતાં ગર્વ અનુભવાય છે તેમણે અન્યને લોકકલ્યાણ માટે દાન કરવાની પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યા છે ઉપરાંત ઘર આંગણેથી પણ ઉદાર સખાવત કરી છે. શ્રી લક્ષ્મીબાઈ નરોતમદાસ સાર્વજનિક દવાખાનું તથા સ્વ. ધનકુંવરબાઈ નરોતમદાસ વ્યાયામ મંદિરની સંસ્થાઓ સ્થાપી છે દવાખાનાના મકાન, ડોકટરશ્રીને રહેણાંકની સગવડ આપી અને દશ વર્ષથી પોતાના ખર્ચે દવાખાનાનું સંચાલન કરી રહ્યા છે. મંગળ શેરીમાં લાદી જડાવી લોકોને સગવડતા કરી છે વિકટરને રસ્તે વાવ બનાવી લોકોને પાણીની સગવડતા આપી છે અને દરેક પ્રસંગોએ થતાં નાના મોટા લોકહિતના ફંડફાળામાં ઉદાર હાથે રકમો આપી છે. રાજકીય, સામાજિક અને ધાર્મીક એવા અનેક ક્ષેત્રોમાં શ્રી કલ્યાણજીભાઇ મોખરેનું સ્થાન ધરાવે છે "**એ દિવસો પણ ચાલ્યા જશે**" એવું એક સુત્ર અપનાવીને જનસેવા કર્યે જાય છે.

**શ્રી નાથાલાલ નારણદાસ રૈયારેલા :**

પોરબંદરના જાણીતા રોટરીયન શ્રી રૈયારેલા સમાજ-સેવાના કોઈપણ શુભ કામ માટે અતિ ઉત્સાહી અને સમય શકિતના ભોગે પણ કાંઇક કરી છુટવાની તમન્નાવાળા છે. ૧૯૫૯થી રાષ્ટ્રીયકરણ પામેલા જીવન વીમા કોરપોરેશનના વીમા વિકાસ અધિકારી છે. તે પહેલા પિતાશ્રીના ધંધામાં બેસીને ધંધાને આગળ ધપાવ્યો હતો. પણ સમાજ સેવા કરવા થનગની રહેલા આ યુવાન હૈયાને ધંધામાં ચેન ન પડયું. એક પછી એક સામાજિક સંસ્થાઓને બળવતર બનાવતા ગયા. દિવ્યજીવન સંઘ ઋષીકેશ )ના પ્રમુખ તરીકે ઈન્ડીયન રેડક્રોસ સોસાયટી– પોરબંદર શાખાના ભૂતપુર્વ મંત્રી અને આદ્યસ્થાપક તરીકે, થિયોસોફીકલ સોસાયટી બ્લેવેટસ્કીલોજ, નટવરસિંહજી કલબ, હોર્ટીકલ્ચર, પુરાતત્વ, સંશોધન મંડળ, નવયુગ કેળવણી મંડળ, યુવક કોંગ્રેસ, આખા દેશના અને આફ્રિકાના પ્રવાસથી મેળવેલો અનુભવ અને તેમની વે કેશનલ સરવીસથી ઘણા લોકપ્રિય બની શકયા છે વિદ્યાર્થી પ્રવૃત્તિ–મઝદુર પ્રવૃત્તિ અને નાની મોટી દેશભરની કોન્ફરન્સોમાં તેમની હાજરીએ સિધ્ધિના સોપાન સર કરાવ્યા છે આખુએ કુટુંબ સંસ્કારી છે. તેમના ધર્મપત્નિ લલીતાદેવી ઈનરવ્હીલ કલબના સભ્ય છે.

**ડૉ. શ્રી પ્રવીણભાઇ વી. ગઢીયા :**

રાજકોટના પ્રખ્યાત કુટુંબમાં જન્મી શરૂઆતની કેળવણી રાજકોટમાં લઈ કરાંચીની અમેરિકન ડેન્ટલ કોલેજમાં દંતવિદ્યા પ્રાપ્ત કરી છે. મુંબઇમાં ડૉ. આડતીયા સાથે ડેન્ટલ સર્જન તરીકે કામ કરી વધુ અનુભવ અને નિપુણતા સંપાદન કરી વતનની સેવાભાવનાથી પ્રેરાઇને પોરબદરમાં પણ પોતાની સેવા આપી રહ્યાં છે. સૌરાષ્ટ્ર કેમીકલના ઓનરરી ડેન્ટલ સર્જન તરીકે કન્યા ગુરૂકુળ લોહાણા બોર્ડિંગ તથા બાલાશ્રમ વિગેરે સંસ્થાઓમાં નિસ્વાર્થભાવે સેવાઓ આપી રહ્યાં છે. પુ. રણછોડદાસજી મહારાજના શિષ્ય છે. લોકસેવાના ધ્યેયને ઉમદા ધ્યેયને નજર સમક્ષ રાખી લોહાણા જ્ઞાતિના દાનવીર સદગૃહસ્થોના પ્રોત્સાહિત સહારાથી દંતયજ્ઞો દ્વારા અમુલ્ય સેવાઓ આપી છે.

પોરબંદરની સામાજિક સંસ્થાઓના પ્રાણસમા છે. બહોળો પરિવાર ધરાવે છે. પોરબંદરમાં સૌ તેમના તરફ લાગણી ધરાવે છે.

**ડૉ. શ્રી મહેશ શ્રી પ્રસાદ ભટ્ટ :**

અમરેલીના તબીબીક્ષેત્રે જાણીતા એવા શ્રી મહેશભાઇનું જાહેર જીવન ઘણું જ વિસ્તૃત રીતે પથરાયેલું છે હોમગાર્ડઝના જિલ્લા કમાન્ડર તરીકે, જિલ્લા કોંગ્રેસ કમિટીના ઉપપ્રમુખ તરીકે, જિલ્લા પંચાયતની આરોગ્ય પેટા સમિતિમાં સભાસદ અને ચેરમેન તરીકે, ઓલઈન્ડીયા મેડીકલ એસોસીએશન ગુજરાત શાખાના પ્રમુખ તરીકે, મંત્રી તરીકે, જિલ્લા ઔદ્યોગિક સહ. સંઘના સભાસદ અને અધ્યક્ષ તરીકે તેમજ અમરેલીની જુદી જુદી સંખ્યાબંધ શૈક્ષણિક અને સામાજીક સંસ્થાઓમાં સભ્યપદે રહીને ઘણી જ યશસ્વી સેવાઓ નોંધાવેલી છે. ૧૯૩૦ – ૩૨ની રાષ્ટ્રીય લડત ૪૨ની હિન્દ છોડોની લડત એ બધામાં સક્રિય રીતે ભાગ ભજવ્યો છે.

**ડૉ. જનકરાય નૌતમલાલ નાણાવટી :**

જુનાગઢના વતની શ્રી નાણાવટીએ ૧૯૩૬ થી તબિબી અધિકારી તરીકે જુનાગઢની સરકારી હોસ્પીટલમાં સેવાઓ આપીને ૧૯૪૬ થી સ્વતંત્ર રીતે આંખની હોસ્પીટાલ ચલાવે છે. સૌરાષ્ટ્રના જીલ્લાઓમાં પ્રસંગોપાત રોટરી અને લાયન્સ જેવી સામાજિક સંસ્થાઓના આશ્રયે યોજાતા દષ્ટિદાન યજ્ઞોમાં તેમની સેવાઓ મળતી રહે છે. સોરઠ ક્ષયનિવારણ સમિતિ, સ્વરમિલન મંડળ, શિશુમંગલ, વનવાસી સેવા મંડળ, જીલ્લા હોમગાર્ડઝ, વિગેરે અનેક સંસ્થાઓ સાથે ઘણા વર્ષોથી સંકળાયેલા છે જેને લઈ ગુજરત સરકારે માનદ મેજીસ્ટ્રેટની પદવી આપી છે. આરઝી હકુમતની લડત વખતે જુનાગઢ શહેરના પ્રજામંડળના મંત્રી તરીકે, ૧૯૫૯માં જુનાગઢ શહેર સુધરાઈમાં યશસ્વી સેવા નોંધાયેલ છે. પ્રમાણિકતા શુભનિષ્ઠા અને સ્વાર્થરહિત આ સદગૃહસ્થ તરફ સૌ કોઈ પુજ્યભાવથી જુએ છે. રાજકારણથી પર રહીને સામાજીક કામોમાં તેમની ભકિત દીપી ઉઠે છે. શ્રી નાણાવટીના પિતાશ્રી પણ રાજ્ય વખતે ઉચ્ચ અધિકારી હતા. સંસ્કારી કુટુંબના વારસદાર શ્રી જનકભાઈ મિલનસાર સ્વભાવના છે.

**સ્વ. શ્રી દલપતભાઇ પંડયા :**

ભાવનગર રાજ્યે ઘણા નિષ્ઠાવાન અને પ્રમાણિક સરકારી કર્મચારીઓ આપ્યા છે. તેમાં સ્ટેશન માસ્તર શ્રી પંડયાનો ઉલ્લેખ કરી શકાય. તેઓએ ભાવનગર, વિરમગામ અને અમદાવાદની કામગીરી બજાવેલ અને લોકોની ચાહના મેળવેલી હાલ તેઓશ્રી ૮–૭–૬૮ના રોજ દેવલોક પામ્યા. તેમના જ્યેષ્ઠ પુત્ર શ્રી હર્ષદરાય પંડયા ગુજરાત જમીન વિકાસ બેંકમાં આસી. મેનેજર છે. અને તેઓમાં પણ પિતાના ગુણો રહેલા છે.

આખુએ કુટુંબ ખુબજ કેળવાયેલું છે, સ્નેહિઓ, શુભેચ્છકોનો બહોળો પરિવાર ધરાવે છે.

**શ્રી જિતુભાઇ જોષી :**

૧૯૪૨ની સાલમાં રાષ્ટ્રીય ચળવળમાં ભાવનગરમાંથી જે કેટલાંક યુવાનો એ ઝંપલાવ્યું તેમાં શ્રી જિતુભાઈ જોષીનો ઉલ્લખ સ્મરણીય બની રહે છે. જન્મ ૧૯૨૩ ની સાલમાં ભાવનગરના જોષી કુટુંબમાં થયેલો. પિતા ભાવનગર રાજ્યના બાંધકામ ખાતામાં અને કાકા વગેરે દરબારી નોકરીમાં. ૧૫ વર્ષની નાની વયે તેઓ રાજકોટ સત્યાગ્રહમાં જવા તૈયાર થયેલા. બચપણથી ખાદીધારી બની સ્વ-

રાજ્યની ભાવના સેવતા શ્રી જિતુભાઈ બી. એ.નો અભ્યાસ પૂરો ન કરી શક્યો, અને ૧૯૪૨ની ચળવળમાં ઝંપલાવ્યું. તેમાં પકડાયા અને ભાવનગર નજીક કોળિયાક જેલમાં રાખ્યા. અમદાવાદ, વિરમગામ, બિલ્લીમોરા અને છેલ્લે ગણદેવી પાસે સામરાવાડી ગામે ભૂગર્ભ પ્રવૃત્તિ અને ભાંગફોડના કામમાં જોડાયા. હાલ અમદાવાદ હાઈકોર્ટમાં વકીલાત કરે છે. પરંતુ ભૂતકાળનો રાષ્ટ્રિય સેવાનો તેમનો આત્મા હજુ તેવોને તેવો જાગૃત છે.

## શ્રી હરિપ્રસાદ હરગોવીંદ ત્રિવેદી :

સૌરાષ્ટ્ર રાજ્યે પ્રથમ પંક્તિના અનેક કુશળ વહિવટકર્તાઓ આપ્યા છે. શ્રી હરિપ્રસાદભાઈ નિઃશંક તેમાંના એક ગણી શકાય. ૧૯૩૦માં તેમણે કાયદાના સ્નાતકની એલ. એલ. બી.ની ઉપાધી મેળવી. ઈ. સ ૧૯૩૧થી તેમની નોકરીની કારકીર્દિનો પ્રારંભ થયો. એ વર્ષના જુલાઈ માસમાં ભાવનગર રાજ્યના ન્યાયખાતામાં તેઓશ્રી ન્યાયાધિશ તરીકે નિયુક્ત થયા. આજ વર્ષમાં રાજ્યની મહેસુલી સેવા માટે તેમની વરણી કરવામાં આવી અને ઈ. સ. ૧૯૪૩ સુધી તાલુકા મામલતદાર–વહિવટદાર તરીકે તેમણે કામ કર્યું.

સૌરાષ્ટ્ર રાજ્યનું નિર્માણ થયું ત્યાં સુધી તેઓશ્રી મહેસુલી તેમજ આનુષંગિક ખાતાઓના નાયબ દિવાન રહ્યા. સૌરાષ્ટ્રનાં રજવાડાંઓનું એકીકરણ થયું અને સૌરાષ્ટ્ર રાજ્ય અસ્તિત્વમાં આવ્યું, આ નવા રાજ્યના શ્રી હરિપ્રસાદભાઈ પ્રથમ સહકારી મંડળીઓના રજીષ્ટ્રાર નિમાયા તેમની વહીવટી કાર્યદક્ષતાને દિપી નીકળવાનું વિશાળક્ષેત્ર સાંપડયું. તેમની કુશળતાએ સહકારી પ્રવૃત્તિને આ નવા રાજ્યમાં સંગીન પાયા પર મૂકી સૌરાષ્ટ્રમાં રાજ્યક્ષેત્રે આ પ્રવૃત્તિની પ્રારંભિક સફળતાનો યશ તો તેમને જાય છે તો આ પ્રવૃત્તિના સંગઠન અને પ્રગતિમાં તેમણે આપેલો ફાળો એટલો જ યશસ્વી અને મહત્વનો છે. સૌરાષ્ટ્રમાં પંચાયત પધ્ધતિનો વિકાસ અને સંગઠન પણ સાધવાનાં હતાં. તેથી ઈ. સ. ૧૯૪૯માં સહકારી મંડળીઓના રજીસ્ટ્રારના કામ ઉપરંત તેઓશ્રીને રાજ્યના મુખ્ય પંચાયત અધિકારી તથા સૌરાષ્ટ્ર ગ્રામપંચાયત મંડળના મંત્રીની વિશેષ કામગીરી સોંપવામાં આવી.

ઈ. સ. ૧૯૬૨માં મુલ્કી સેવાઓમાંથી તેઓ નિવૃત્ત થયા. રાજ્ય સરકારની અનુમતિથી ગુજરાત રાજ્ય સહકારી જમીન વિકાસ બેન્કના મેનેજીંગ ડિરેકટર તરીકે જોડાયા. સૌરાષ્ટ્રમાં સહકારી મંડળીઓના રજીષ્ટ્રાર હતા ત્યારે જે બેન્કની સ્થાપના તથા વિકાસમાં તેઓનો ગણનાપાત્ર ફાળો હતો તેથી આ બેન્કના મેનેજીંગ ડિરેકટર તરીકે તેઓશ્રી છેલ્લા ત્રણ વર્ષથી કાર્ય કરી રહ્યા છે. અને તેમના વહિવટ દરમિયાન બેન્કની કામગીરી દર વર્ષે વિકસતી રહી છે. એક બાહોશ વહિવટકર્તામાં જે દષ્ટિ, ધૈર્ય, સમતા તથા ન્યાયપ્રિયતા વગેરે ગુણો જોઇએ તે તો તેમનામાં છે.

## શ્રી પુષ્કરભાઈ હરીદાસ ગોકાણી :

સાહિત્ય અને પુરાતત્વના શોખીન એવા શ્રી ગોકાણી દ્વારકાની આગેવાન ગણાતી વ્યક્તિઓમાંના એક છે. બીરલા વિશ્વકર્મા મહાવિદ્યાલય–વલ્લભવિદ્યાનગરમાં એન્જીનીયરીંગનો અભ્યાસ કરી ૧૯૫૩ માં બી. ઈ. (સીવીલ) થયા. ગુજરાતી સાહિત્ય પરિષદની મધ્યસ્થ સમિતિમાં બે વર્ષ સભ્ય હતા, 'કુમાર' માં પાંચેક વર્ષથી વાર્તાઓ આપે છે. હમણાં ગુન્હાશોધનમાળા ચાલુ છે. ધર્મયુગમાં તેનું ભાષાંતર પણ ચાલે છે. ઇન્ડીયન રેડક્ર કોંગ્રેસ નવી દિલ્હી, પ્રકૃતિ મંડળ અમદાવાદ, ગુજરાતી સાહિત્ય પરિષદ અમદાવાદ, ગુજરાત ઇતિહાસ પરિષદ અમદાવાદ વિગેરેના સભ્ય છે છેલ્લા નવ વર્ષથી દ્વારકા મ્યુનિસિપાલીટી અને હવે નગરપંચાયતમાં સભ્ય છે તથા પહેલા મેનેજીંગ કમિટિ અને હવે બાંધકામ સમિતિના ચેરમેન તરીકે કામ કરે છે. યુવક મંડળના પ્રમુખ તરીકે, લોહાણા વિદ્યાર્થી ભુવન–સાર્વજનિક પુસ્તકાલય, મહિલા પુસ્તકાલય તથા બાળ પુસ્તકાલયના છેલ્લા દશ વર્ષથી માનદ્ મંત્રી તરીકે સેવા કરે છે. કલકત્તામાં ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૧ મા અધિવેશનમાં શ્રીકૃષ્ણની દ્વારકા વિષે નિબંધ વાંચ્યો જે પરિષદના અહેવાલમાં સ્વીકારાયો.

૧૯૬૪–૬૫–૬૬ દરમ્યાન ગુજરાતી સાહિત્ય પરિષદમાં મધ્યસ્થ સમિતિમાં ચુંટાઈ કામ કર્યું. ઓકટો. ૧૯૬૬ માં દ્વારકામાં ગુજરાતી સાહિત્ય પરિષદના જ્ઞાન સંગ્રહને નિમંત્ર્યુ. તથા સ્વાયત મંત્રી તરીકે આયોજન કર્યું. રેડીયો ઉપર પુરાતત્વ વિષે વાર્તાલાપ અવારનવાર આપે છે. લાયન્સ કલબથી માંડીને દ્વારકાની નાની મોટી અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા શ્રી ગોકાણી ગૌરવભેર જાહેરજીવન જીવી રહ્યાં છે,

## શ્રી ડૉ. જયંતિલાલ જમનાદાસ ઠાકર :

દ્વારકા વતની ડો. શ્રી જયંતિભાઈ ઠાકર યશસ્વી કારકીર્દિ સાથે માનવસેવાના ઉમદા ધ્યેયને નજર સમક્ષ રાખી છેક નાની વયથી જ આત્મશ્રધ્ધાના બળે પ્રગતિનો પંથ કાપતા રહ્યાં છે. ૧૯૨૮ માં શ્રી નેશનલ મેડીકલ કોલેજમાંથી એલ. સી. પી. એન્ડએસ. ની ઉપાધી મેળવી. ૧૯૨૯ માં મેસર્સ ગ્રેહામ્સ ટ્રેડીંગ કુાં૦માં મેડીકલ રેપ્રીઝેન્ટેટીવ તરીકે નોકરીમાં જોડાઈ હિંદભરમાં પર્યટન કર્યું.

૧૯૩૦ માં નોકરીમાંથી નિવૃત્ત થઈ સ્વદેશીની ચળવળમાં જોડાયા. ૧૯૩૧ માં દ્વારકામાં ઓખા મંડળ સેવા સમાજની સ્થાપના કરી. વિલાયતી કાપડ સામે પીકેટીંગ કરાવ્યું. દારૂ ઉપર પણ પીકેટીંગ કરાવ્યું. ૧૯૩૧ માં ભારતભરમાં બનતી સ્વદેશી વસ્તુઓનું દ્વારકામાં ભવ્ય પ્રદર્શન યોજ્યું. ૧૯૩૩ માં દ્વારકા મ્યુનિસિપાલીટીમાં સભ્ય તરીકે ચુંટાયા. ૧૯૩૪ માં શ્રી શારદા એમેચ્યોર્સ કલબની સ્થાપના કરી નાટયકલા પ્રવૃત્તિ જાગૃત કરી.

૧૯૩૫ માં ઓખા મંડળ ડી. એલ, બી. ના સભ્ય તરીકે ચુંટાયા. દ્વારકામાં પ્રજા મંડળની સ્થાપના કરી.

૧૯૩૮ માં ઓખા મંડળ ડી. એસ. બી. ના પ્રથમ પ્રમુખ તરીકે ચુંટાયા. દ્વારકા મ્યુનિ.ના ઉપાધ્યક્ષ તરીકે પણ ચુંટાયા. ૧૯૪૦ માં વડોદરા રાજ્યની ધારાસભામાં સ્વતંત્ર રીતે ચુંટણીમાં ચુંટાયા. બીજી વખત પ્રજામંડળ તરફે ૧૯૪૬ માં ચુંટાયા. દ્વારકા મ્યુ.ના પ્રમુખ તરીકેની યશસ્વી સેવા પણ બજાવી. ૧૯૪૯ સુધી ધારાસભ્ય તરીકેની કેની કામગીરી કરી.

૧૯૫૪ પછી સાહિત્ય સંશોધનની દિશામાં પગરણ માંડયા. " દ્વારકા દર્શન ", " સાધના અને સાહિત્યકાર " " ભીષ્મ પ્રતિજ્ઞા " એ એમની કૃતિઓ છે. દ્વારકા મહિલા મંડળ , બાલમંદિર, કન્યા વિદ્યાલય, જ્ઞાતિની કેળવણી સંસ્થા, જુદી જુદી દેવસ્થાન કમિટિએસ, કોંગ્રેસ પક્ષ, ઓલ ઈન્ડીયા રેડીયો, લાયન્સ કલબ વિગેરે સંખ્યાબંધ સંસ્થાએ સાથે સંકળાયેલા છે. લેન્ડમોર્ટગેજ બેન્કના ઉપ-પ્રમુખથી માંડીને સક્રિય રીતે હજુ આજે પણ ઘણી જ મોટી જવાબદારીઓ તેમની ૬૨ વર્ષ ઉંમરે વહન કરી રહ્યાં છે. બહોળો પરિવાર છે અને સુખી છે.

## શ્રી જોશી લાલશંકર ડુંગરજી :

રાજસ્થાન તરફની આ વિદ્વાન વ્યતિએ જીવનના અનેક તડકા છાયા વચ્ચે પણ સરસ્વતીની ઉપાસના શરૂ જ રાખી પરિણામે જુદી જુદી ભાષાના ભાષા ઉપર અપુર્વ સિદ્ધિઓ હાંસલ કરી ગુજરાત, રાજસ્થાન અને મુંબઇની અનેક શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે સંખ્યાબંધ એવી સાહિત્ય અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ કરતી સંસ્થાઓને તેમનું સતત માર્ગદર્શન અને પ્રેરણા મળતા રહ્યાં છે જુદી જુદી ભાષામાં પ્રગટ થતાં સામયિકોમાં તેમના મનનિય લેખો વાંચવા મળે છે.

બ્રાહ્મણ હોવા છતાં ન્યાત–જાત કે ધર્મના વાડામાં માનતા નથી, ભાષા કે પ્રાંતના ઝઘડા એમને પસંદ નથી, સાદાઇથી રહે છે, મેળવેલી વિદ્યા અને પોતા પાસે ભણી ગયેલા સેંકડો વિદ્યાર્થીઓનો પ્રેમ એ જ એમની મુડી છે. સૌરાષ્ટ્ર ઉપર હમણાં હમણાં ઠીક પરિશ્રમ લઇને સંશોધન કર્યું છે. " પથિક " માં તે અંગે વિસ્તૃત રીપોર્ટ છપાયો છે. ભારતીય લેખકોમાં તેમનું સ્થાન સારૂં એવું રહ્યું છે.

## શ્રી ધર્મેન્દ્ર મદનલાલ (મધુરમ) :

ભરૂચ તરફના વતની પણ સૌરાષ્ટ્રના લોકજીવન અને લોકસાહિત્યના પ્રવાહો વિશે જાણવ.ની ઘણી જ ઉત્કંઠા. સૌરાષ્ટ્રના કાવ્ય ઝરણાઓ ઉપર તેમનો સારો એવો અભ્યાસ છે. ગુજરાત સાહિત્યસભા–ગુજરાતી સાહિત્ય પરિષદ સંસ્કૃતભાષા પ્રચાર સમિતિ રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ એવી અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે શિક્ષણ-ક્ષેત્રે જુદી જુદી ડીગ્રીઓ પ્રાપ્ત કરી છે. નિબંધ હરિફાઈમાં ઇનામો મેળવ્યા છે. જુદા જુદા કાવ્ય સંગ્રહો પ્રગટ કર્યા છે. સંસ્કૃત ભાષા ઉપરનું તેમનું જ્ઞાન અજોડ છે.

## શ્રી ચંદ્રકાન્ત મોહનલાલ પાઠક :

' ફાઉન્ડ્રી ' નામના ઉદ્યોગને લગતા સુવિખ્યાત પુસ્તકના લેખક તથા પ્રકાશક તરીકે શ્રી ચંન્દ્રકાંત મોહનલાલ પાઠક ગુજરાતમાં સારી રીતે જાણીતા થયા છે. તેઓનો જન્મ સૌરાષ્ટ્રમાં કાશ્મીર સમા રમણીય પ્રદેશ ચોરવાડમાં ઇ. સ. ૧૯૩૬માં થયો છે. જુનાગઢની બહાઉદ્દીન કોલેજમાંથી બી. એસ. સી.ની ડીગ્રી ૧૯૫૭માં મેળવી, મુંબઈમાં ભારતની ખાનગી ક્ષેત્રે પોલાદની મહાન ગણાતી ફાઉન્ડ્રી મેસર્સ મુકન્દરાય આર્યન સ્ટીલ કંપનીમાં દાખલ થયા. મુકન્દની સાધન સજ્જ રેતનિયંત્રણ પ્રયોગશાળાનું સંચાલન છેલ્લા નવ વર્ષથી કરે છે. ફાઉન્ડ્રીમાં અતિ મહત્વનું અંગ લેખાતું– રેતનિયંત્રણ મોલ્ડીંગ માટે વપરાતી વસ્તુઓનું તથા કાસ્ટીંગની જાત સુધારણા માટેના સંશોધન પાછળ વર્ષો વ્યતિત કર્યા છે. રેતી મોલ્ડીંગસેંડ, બેંટોનાઇટ, કોરઓઇલ, ડેક્ષટ્રીન, સેડીયમસીલીકેટ, મોલ્ડપેંઈટ, તથા કાસ્ટીંગની સપાટી ઇત્યાદી વિષયો પર તેઓશ્રી એ ભારતીય પરિસ્થિતિ અનુસાર મૌલિક લખાણો લખ્યા છે. ગુજરાત મહારાષ્ટ્ર અને બંગાળની એક સોથી વધુ ફાઉન્ડ્રીઓ જોયેલ છે. ભાવનગરની બેંટોનાઇટની ખાણ, મોલ્ડીંગસેંડ તથા ધ્રાંગધ્રા, થાન, સુરજદેવડીની રેતી તથા ફાયરકલે, કોંકણ, રત્નાગીરીની સીલીકાસેંડની ખાણો, રેડીની લોખંડની કાચી ધાતુની ખાણો ઇત્યાદિ ધરતીનું દટાયેલું અમુલ્ય ધન–ખનિજો માટે પણ સારો રસ ધરાવે છે. શ્રી પાઠકે ફાઉન્ડ્રી પુસ્તક દ્વારા તેમના સંશોધન જ્ઞાન તથા વિશાળ વાંચનનો લાભ ગુજરાતની જનતાને આપ્યો છે. ગુજરાતમાં તેમાં ખાસ કરીને સૌરાષ્ટ્રમાં વિવિધ ઉદ્યોગો સ્થપાય અને વિકસે તેવી ભાવના ધરાવે છે અને જિજ્ઞાસુઓને યોગ્ય માર્ગદર્શન આપે છે.

## શ્રી ડો. હરિભાઇ ગોદાની :

મહુવાના વતની હાલ અમદાવાદને કાર્યક્ષેત્ર બનાવી સારી પ્રતિષ્ઠા મેળવીને ત્યાં વસે છે. સત્યાગ્રહ અને અસહકારના આંદોલનોની તેમને ખુબ અસર થયેલ. ધોલેરા સત્યાગ્રહમાં ભાગ લીધેલ.

લોકસેવા માટે તબિબનો વ્યવસાય સ્વીકારી અમદાવાદમાં સરસપુરમાં દવાખાનું શરૂ કરી લોકો સાથે અસાધારણ દિલચશ્પીથી કામ કર્યું. અમવદાવાદ કોર્પોરેશનમાં ત્રણ ત્રણ વખત ચુંટાઇ આવ્યા તે તેમની પ્રતિષ્ઠાની ઝાંખી કરવો છે. તેમનું કાર્ય ક્ષેત્ર ખુબ જ વિસ્તૃત બનતું ગયું છે. પબ્લીક વર્કસ કમિટીના ડેપ્યુટી ચેરમેન તરીકે, ગુજરાત રાજ્ય હસ્તકલા મંડળના સભ્ય તરીકે. મ્યુનિસીપલ મ્યુઝિયમ કમિટીના સભ્ય તરીકે, ગુજરાત રાજ્ય રજીસ્ટર્ડ મેડિકલ એસોશીએશનના પ્રમુખ તરીકે, સૌરાષ્ટ્ર કેળવણી

મંડળના પ્રમુખ તરીકે, સૌરાષ્ટ્ર લોન ટ્રસ્ટ ફંડના સભ્ય તરીકે, મંગળ પ્રભાત સોસાયટીના પ્રમુખ તરીકે, જ્યોતિ વિદ્યામંદિર ટ્રસ્ટના પ્રમુખ તરીકે,અનાજ સલાહકાર બોર્ડના સભ્ય તરીકે વગેરે અનેક ક્ષેત્રોમાં કામ કરે છે. સંશોધન– કાર અને સલાહકાર પણ છે.

### શ્રી ડાહ્યાલાલ અંબાલાલ બ્રહ્મભટ્ટ :

મહેસાણા તરફના વતની પણ લોકસાહિત્યમાં સારો એવો રસ ધરાવે છે. ગુજરાતી ભાષાના ઘણા સામાયિકોમાં તેમની લોકવાર્તાઓ અવારનવાર પ્રગટ થતી રહી છે. પ્રસંગોપાત રેડીયો પર પણ તેમની વાર્તાઓ પ્રસારિત થાય છે. મહેસાણા જિલ્લામાં પુસ્તકાલયોની પ્રવૃત્તિને વિકસાવવામાં તેમની સેવા યશસ્વી બની છે. સૌરાષ્ટ્રમાં શત્રુંજય તીર્થની રક્ષા કાજે બરોટ કોમે આપેલી શહીદીની પુષ્કળ હકીકતો એમના પાસે પડી છે. સૌરાષ્ટ્રના અન્ય શુરવીરતાના પ્રસંગો ઉપર લખવા તેમનું સંશોધન કાર્ય શરૂ છે.

### શ્રી દિલાવરસિંહ દાનસિંહ જાડેજા :

પીપળિયા (ધ્રોળ) તરફના વતની, સૌરાષ્ટ્રની રાજપુત જ્ઞાતિના એક આગેવાન શિક્ષિત કુટુંબમાં સૌથી નાના પુત્ર તરીકે એમનો જન્મ અને ઉછેર થયો. તેમના પિતાશ્રીની પ્રેરણા અને હુંફથી તથા ગુરૂવર્યોના માર્ગદર્શનથી અભ્યાસમાં તેજસ્વી વિદ્યાર્થી તરીકે નામના કાઢી, રમતગમતનો શોખ એથીયે વિશેષ. વિદ્યાર્થી પ્રવૃત્તિના સંચાલનનો પણ અનુભવ મેળવ્યો. આજ તેઓ અધ્યયન અને અધ્યાપનમાં આનંદ અનુભવે છે. ગુજરાતના કેટલાક સામાયિકોમાં લેખો પ્રગટ થાય છે. સૌરાષ્ટ્રના જાડેજાઓ ઉપર તેની અને બીજી ઘણી માહિતી એમની પાસે પડી છે,

### શ્રી પુષ્કરભાઇ ચંદરવાકર :

ચંદરવાના વતની શ્રી પુષ્કરભાઇનો એમ. એ. સુધીનો અભ્યાસ છે. પોતાની હૈયાઉકલત અને સ્વબળે શિક્ષણ અને સાહિત્યને ક્ષેત્રે ઘણી જ મોટી સિદ્ધિ હાંસલ કરી છે. સતત વાંચન, મનન, ભ્રમણ અને માનવસમાજ પાસેથી નવું નવું જાણવાની જિજ્ઞાસાએ જીવનમાં ઘણું જ જ્ઞાનભાથુ, મેળવી શકયા. વગર નોકરીએ નોકરી છોડવાના પ્રસંગોએ જીવનને સાહસિક બનાવ્યું. તેવા પ્રસંગો જીવનમાં ઠીક ઠીક આવ્યા. પરિણામે મુશીબતો પણ એવીજ વેઠવી પડેલી. અનેક સાહિત્યિક સંસ્થાઓ સાથે ભૂતકાળમાં અને આજે પણ સંકળાયેલા છે. લગભગ ૨૬ જેટલી કૃતિઓના સર્જક છે તેમાંથી **" બાવડાના બળે "નું** બાહુબલ નામે હિંદીમાં ભાષાંતર થયુ છે. રડયાખડયા લેખોના ભાષાંતર ઉર્દુમાં થયા છે. સૌરાષ્ટ્રના બાંભીપાળીઓ ઉપર તેમનો ઘણો સારો અભ્યાસ છે.

### શ્રી કનૈયાલાલ વ્રજલાલ વાઘાણી :

શ્રી કનૈયાલાલભાઈ વાઘાણીએ સંતકથાઓ, પુરાણ કથાઓના લેખક તરીકે ગુજરાતભરમાં ખ્યાતી મેળવી છે.

ભાવનગરના જ વતની છે. લોહાણા કુટુંબમા ઓધવજી લાલજીભાઈ ઠક્કરના પૌત્ર છે. શ્રી ઠક્કરબાપા જેવા મહાન નેતાના ભત્રીજા થાય છે. ઠક્કરબાપાના પિતાશ્રી અને શ્રી કનૈયાલાલભાઇના દાદા બંને સગાભાઈઓ થાય છે

ભાવનગરની સનાતન ધર્મ હાઇસ્કુલમાં ૩૯ વર્ષ સુધી એકધારી સેવા બજાવી નિવૃત થયા છે. તેમની કુટુંબીક અટક વાઘાણી હોઇને તેઓશ્રી સાહિત્ય જગતમાં વાઘાણીથી વિખ્યાત થયા છે.

તેમની સીધી સાદી સરળ ભાષાથી તેમના લેખો ખુબ લોકપ્રિય બન્યા છે. શ્રી વાઘાણીની કલમે લખાયેલું પ્રથમ પુસ્તક " અલખના આરાધકો " ખુબ લોકાદર પામ્યું છે. બીજું પુસ્તક " કાજલના કંકુ " મુંબઈથી પ્રકટ થતા સુવિખ્યાત માસિક " કિસ્મત "ના ભેટ પુસ્તક તરીકે ઇ.સ. ૧૯૬૬ માં પ્રકટ થયું હતું. ત્રીજુ પુસ્તક " અલખના અવધુતો " ૬–૧–'૬૮ના રોજ પ્રકટ થયું છે.

એ પુસ્તકમાં કવિશ્રી 'સરોદ'ભાઇએ શ્રી વાઘાણીભાઈ માટે લખ્યું છે " શ્રી વાઘાણીના પરિચયમાં આવનાર સૌ કોઈને પ્રતીતિ થઇ હશે કે હંમેશા તેમના ચહેરા ઉપર અનોખા પ્રકારની દિપ્તિ હોય છે. તેમનું જીવન સંતુષ્ટિથી સભર છે તેમનું અંતર જાણે કે પરમ કૃપાથી અભિષિકત થયા કરે છે.

શ્રી કરશનદાસભાઇ માણેક પણ શ્રી વાઘાણી વિષે કહે છે " ભકતો અને સંતોમાં તેમને જીવંતરસ છે; અને એટલે એમની વાતો સાંભળવાની ઇચ્છા હોય એવા સૌને સંભળાવે ત્યારે જ એમને ચેન પડે છે. કીર્તિ કે પ્રસિધ્ધિ એ તેમની મુખ્ય પ્રેરણા નથી. હું લેખક છું એવું કોઈ કલમાભિમાન તેમને નથી ".

શ્રી વાઘાણીભાઈનું જીવન ખુબ સાદું છે નિરાભિમાની છે; પચ્ચાસ ઉપરાંત સામયિકોમાં એમની કૃતિ પ્રકટ થઇ ચુકી છે. દર મહિને કોઈ કોઇ સામયિકમાં તે ચમકયા વગર રહે જ નહિ. ભાવનગરથી પ્રકટ થતાં નિક સૌરાષ્ટ્ર સમાચારમાં શ્રાવણ માસમાં એમની ધર્મકથાઓ હોય જ. જે ખુબ લોકપ્રિય બની છે.

શ્રી કનૈયાલાલ વાઘાણી લોકસાહિત્યમાં પણ રસ ધરાવે છે. એવી કૃતિ પણ ચમકાવે છે.

આવા એક સાહિત્યકાર ભાવનગરને આંગણે અલખની ધુણી ધખાવી બેઠા છે.

### હરદેવગિરિ ગોસ્વામી :

ગારિયાધાર પાસે મોટી વાવડીના હરદેવગિરિ ગોસ્વામી સીનીયર ટ્રેઈન્ડ શિક્ષક છે. સંગીત, ચિત્રકલા અને સાહિત્યના શોખીન છે એટલું જ નહિ, સંતો–મહાત્માઓના પ્રેરણાત્મક પ્રસંગો ઉપર ઠીક લખ્યું છે.

**શ્રી મોહનભાઇ એમ. સોલંકી :**

લીલીયાના વતની છે. જુના જમાનાના સિક્કાઓ, ભાષા, પત્રો અને જાણવા જેવી જુની હકીકતોના સંગ્રહકાર છે. વૈદ્ય છે. આખું કુટુંબ સંસ્કારી છે. સાહિત્ય સંશોધનમાં ઘણો જ સારો રસ ધરાવે છે, ભારતના મુક્તિ સંગ્રામના અનેક લડવૈયાઓની જીવનકથાઓ તેમના પાસેથી મળી શકે છે. રાજ્ય સરકારના પુરાત્ત્વખાતામાં છેલ્લા ૧૭ વર્ષથી પોતાની સેવા આપી રહ્યા છે. શરૂઆતમાં તેઓ રાજકોટ, જામનગર. અને કચ્છના મ્યુઝીયમોના ક્યુરેટર તેમજ મુંબઇ સરકારમાં પુરાતત્ત્વવિદના પદે હતા.

ભારત સરકારના પુરાતત્ત્વના સેન્ટ્રલ એડવાઇઝરી બોર્ડ તેમજ રાજ્ય પુરાતત્વ અને મ્યુઝીયમ તેમજ રેકોર્ડસ વિષયની નિષ્ણાત કમિટીઓમાં સભ્ય તરીકે કામ બજાવ્યું છે. પુરાતત્ત્વ વિષય અંગેની આંતરરાષ્ટ્રિય પરિષદો તેમજ અખિલ ભારતીય કક્ષાની પરિષદોમાં તેમણે અવારનવાર ગુજરાત રાજ્યનાં પ્રતિનિધિ તરીકે ભાગ લીધો છે, તેમજ સભ્ય પદે રહ્યા છે. ગુજરાત ઇતિહાસ પરિષદના તેઓ એક વખતના ઉપ-પ્રમુખ હતા.

પુરાતત્વ વિષયમાં તેમણે ઠીક ઠીક ફાળો આપ્યો છે અને તે વિષયના લગભગ ૧૦૦ જેટલા લેખો તેમજ વાયુ-વાર્તા, કાવ્યો પ્રસિદ્ધ કર્યા છે. 'મોન્યુમેન્ટલ લેન્ડમાર્કસ ઓફ ગુજરાત' નામનું એક ખાતાકિય પ્રકાશન તેમણે બહાર પાડયું છે. મોટાં પુસ્તકો જેવાં કે 'સીલીંગ્સ ઓફ ધી ટેંપલ્સ ઓફ ગુજરાત' અને "એંબ્રોયડરી એન્ડ બીડ વર્કસ ઓફ સૌરાષ્ટ્ર એન્ડ કચ્છ" તેમના સહકાર્યકરો સાથે ખાતાકિય પ્રકાશનો પ્રગટ કરેલાં છે.

**શ્રી કપીન્દ્રલાલ માધવલાલ મહેતા :**

આજથી લગભગ અર્ધી સદી અને દસ વર્ષ પહેલાં અમદાવાદમાં તેમના મોસાળમાં વિ. સં. ૧૯૬૨ ને વૈશાખ સુદ ૨ ને બુધવારના રોજ જન્મ થયો. તેમનું બાલ્યકાળનું જીવન અમદાવાદમાં પસાર થયેલું, તેઓએ ભાવનગરની આલ્ફ્રેડ હાઇસ્કુલમાંથી મુંબઈ યુનિવર્સીટીની એન્ટ્રન્સ પરીક્ષા પસાર કરીને ભાવનગરની સામળદાસ કોલેજમાં-પ્રીવીયસના વર્ગમાં દાખલ થયા. તે કોલેજના પ્રીવીયસના વર્ગમાં પરીક્ષા પસાર કરી ગુજરાત કોલેજમાં ઇન્ટર સાયન્સના બી ગ્રુપમાં દાખલ થયા. ત્યાર પછી ભાવનગર આવીને સામળદાસ કોલેજના ઈન્ટર આર્ટસના વર્ગમાં દાખલ થયા ને વિજ્ઞાન છોડીને ૧૯૩૫ માં ઇતિહાસ અને અર્થશાસ્ત્ર લઇ સામળદાસ કોલેજમાંથી બી. એ થયા.

પછી ગુજરાત કોલેજમાં જે એક વર્ષ રહ્યા તે દરમિયાન તેમને પ્રો. અનાતા પાસેથી અને પ્રો. સુતરીયા પાસેથી જે પ્રકૃતિ વિષેનું જ્ઞાન મળ્યું તે તેમના ત્યાર પછીના જીવનમાં ખુબ ઉપયોગી અને રસમય થયું. ગુજરાત કોલેજમાં એક વર્ષના વિજ્ઞાનના અભ્યાસથી તેમને એક તદ્દન નવીજ પ્રકૃતિના વિજયમાં રસ લેતા કર્યા અને તે Aviculture એટલે પક્ષી પાલનનું વિજ્ઞાન આ શોખને લીધે તેઓ પોતે જેમને પોતાના ગુરૂ ગણે છે તે ભાવનગરના સદ્ગત વડનગરા નાગર ગૃહસ્થ શ્રી કંચનલાલ ગીરજાશંકર દેસાઇ, જેઓ સગપણમાં તેમના બનેવી થતા હતા. તેમના અંગત ખુબ જ પરિચયમાં આવ્યા ને પક્ષી જગતનું કંઇક નવું, નોખું જ્ઞાન તેઓ તેમને આપતા. તેમના ગુરૂને પક્ષી શોખીનો કંચન કાકાના નામથી ઓળખતા હતા. તેઓએ કંચન કાકા પાસેથી સારૂં જગત જ્યારે ભરનિંદ્રામાં પોઢયું હોય ત્યારે પ્લેટો અને તેના વિષયોમાં જેમ સંવાદને ચર્ચા દ્વારા જ્ઞાન અપાતું તે પ્રમાણે અનેક અખંડ રાતો જાગીને તેઓએ પ્રશ્ન અને ઉત્તરની પધ્ધતિ પ્રમાણે પક્ષી અંગેનું સમગ્ર જ્ઞાન મેળવેલું.

તેઓના પ્રકૃતિના શોખને લીધે તેમને દેશી રાજાઓના પરિચયમાં પણ આવવાનું થયું હતું. જેમાં ખાસ આ રજવાડામાંથી તેમને જેટલું પ્રકૃતિના લાડકવાયા જંગલી પ્રાણીઓ વિષે જાણવા મળ્યું, તેટલું જ તે વખતના રજવાડાનો પણ અદ્ભુત અનુભવ પ્રાપ્ત થએલો. ત્યાર પછી તેઓ ભાવનગર શહેર સુધરાઇની ચૂંટણીમાં સ્વતંત્ર ઉમેદવાર તરીકે ચુંટાયા અને ઉત્તરોત્તર કામગીરી બજાવી. તેઓએ જુદી જુદી સિક્ષણ સંસ્થામાં શિક્ષણ તરીકે જોડાઇને કામ કરેલું પોરબંદરની ગુરૂકુળ સંસ્થામાં શિક્ષક તરીકેની કામગીરી કરીને હમણાં જ નિવૃત થયા છે.

**શ્રી જોરાવરસિંહ જાદવ** ( એમ. એ. ) :

જુદાં જુદાં સામયિકો અને દૈનિકોને પાને સતત ચમકી રહેલાં ૨૪ વર્ષના નવજવાન શ્રી જોરાવરસિંહ જાદવે સંસ્કૃતિ અને ઇતિહાસના ખાસ વિષય સાથે ગુજરાત યુનિવર્સિટીમાંથી એમ. એની ડીગ્રી પ્રાપ્ત કરી છે. તેઓ લોકવાર્તાઓ, વિવેચન લેખો ઉપરાંત નાટકો લખે છે. અને ભજવે પણ છે. હાસ્ય અને કટાક્ષ લેખો પર પણ તેમની કલમ ચાલે છે. તેમની કૃતિઓ અંગ્રેજી અને મરાઠીમાં અનુવાદિત થવા લાગી છે. કયારેક હિંદીમાં પણ તેઓ લખે છે. તેમણે અત્યાર સુધીમાં લગભગ ૨૦૦૦ જેટલાં લોક-ગીતેનું સંશોધન કર્યું છે. લોકસાહિત્ય અને સંસ્કૃતિ પરના લગભગ ૨૦૦ ઉપરાંત લેખો પ્રસિધ્ધ થઇ ચુકયા છે.

સને ૧૯૫૯માં મુંબઇ મુકામે મળેલ અખિલ ભારત લોકસાહિત્ય પરિષદમાં ગુજરાતના પ્રતિનિધી તરીકે હાજરી આપી હતી. ગુજરાત લોકસાહિત્ય સમિતિ તરફથી સિધ્ધ થયેલા લોકસાહિત્યમાળા ભાગ ૨-૩ અને ૪માં ભાલપ્રદેશના લોકગીતનું સંપાદન કર્યું છે. તેમનો પ્રિય વિષય સંશોધનનો છે. એમ. એ. થયા બાદ અમદાવાદની સેંટ ઝેવિયર્સ કોલેજમાં પ્રાધ્યાપક તરીકે થોડા વર્ષો કામ કર્યું છે. હાલમાં તેઓ ગુજરાત રાજ્ય સહકારી સંઘમાં પ્રકાશન અધિકારી તરીકે કામ કરે છે અને 'સહકાર' સાપ્તાહિક તથા 'ગ્રામ સ્વરાજ'માસીકનું સંપાદન કાર્ય સંભાળી રહ્યા છે.

### શ્રી વશરામભાઈ લવજીભાઇ વાઘેલા

શ્રી વશરામભાઈનું વતન ગાધકડા (તાલુકા કુંડલા) છે, હાલમાં તેમની ઉંમર ૩૨ વર્ષની છે અને શિક્ષક તરીકેનો ધંધો કરે છે

તેમના પિતાશ્રી ખેતીનો ધંધો કરતા, આથી તેઓ શાળામાં નિયમિત રહી ગુજરાતી ત્રણ ચોપડીનો અભ્યાસ માંડ કરી શકયા. કૌટુમ્બિક પરિસ્થિતિના કારણે અભ્યાસ છોડી મજૂરી કરવા જવાની ફરજ પડી. થોડા સમય ખેત–મજૂરી કરી, ત્યાં ગાધકડા તા. શાળામાં પટ્ટાવાળાની જગ્યા ખાલી પડતાં તેમનાં વિદ્યા ગુરુ ધનેશ્વર અમરજીએ હૃદયની લાગણીથી સહાય કરી અને તેમને તા. શાળામાં એ જગ્યા ઉપર નિમણુંક અપાવી. છેલ્લે આજે ત્રણ ગુજરાતીના અભ્યાસમાંથી બેઝીક ટ્રેનીંગ કોલેજમાં બે વર્ષ પૂરાં કરી તેઓ ટ્રેઈન્ડ શિક્ષક બન્યા છે. તેઓ ફુરસદના સમયમાં ખૂણે–ખાંચરેથી જૂનાં, નવા પુસ્તકો શોધી તેનો અભ્યાસ કરવા લાગ્યા અને નાનાં નાનાં કાવ્યો લખવા લાગ્યા. જેને શિશુ-વિહારે પ્રસિદ્ધિ આપી સહકાર આપ્યો. તેમનું કેટલુંક લખાણ ચાંદની, આનંદ, નૂતન સૌરાષ્ટ્ર અને પગદંડીમાં પ્રસિદ્ધ થયું છે.

### શ્રી જેઠાલાલ થકુભાઇ પારડિયા

"સી. જિગર" કવિ તથા લેખક છે. વાંકાનેરના વતની છે, તેઓ પ્રજાપતિ જ્ઞાતિના છે. પોતે શિક્ષણ ક્ષેત્રે ખંતથી કાર્ય કરે છે. તેઓની કૃતિ કાડિયાવાડમાં અવારનવાર "સી–જિગર" વાંકાનેરી એ નામથી આપે છે. તેઓની કૃતિ 'વડીલે એ લગ્નમાંથી છોડાવ્યો ત્યારે!' તથા 'ગે ગયો?' ને 'ભણવાના કોડ' જેવી વાર્તા પ્રગટ થઈ છે. ઉપરાંત ફુલછાબમાં 'કોણ બનાવ્યા' તથા દીવાદાંડીમાં 'બેઠે છું' કાવ્ય બનાવેલા ને પ્રગટ થયેલા, આ ઉપરાંત લોકસાગરમાં 'હાય ગરીબી,' પ્રિયા, પ્રિયતમા કે નવવધૂ તથા દિવાળી તથા પ્રભુ પ્યારો મારો છે એ કાવ્યો પ્રગટ થયેલા છે. તેમજ લોકમાન્યમાં સ્વ. ચંપકભાઈના મૃત્યુ વખતે કાવ્ય પ્રગટ થયેલ. આમ "સી–જિગર" વાંકાનેરી કવિ તથા લેખક છે. તેઓશ્રીએ હસ્ત લેખિત ૧૦ જેટલા કાવ્યના પુસ્તકો લખેલા છે. (૧) જિગર લીલા (૨) જિગર લીલાંજલિ ભા. ૧–૨ (૩) જિગર કાન્તીની (૪) લીલા પ્રસન્નની બે (૫) જિગરનો ગુંજારવ (૬) ધૂપદાની (૭) જીવન કાવ્ય (૮) ચિંતન વિગેરે કાવ્ય પુસ્તકો લખેલા છે. હજુ અપ્રગટ અવસ્થામાં છે. (૯) જખ્મે–જિગર હાલ લખાઈ રહ્યા છે.

### પ્રીતમલાલ લક્ષ્મીશંકર કવિ

ભુજ (કચ્છ)ના વતની છે. બી. એ. સુધીનો અભ્યાસ છે. ગુજરાત રાજ્યના માહિતીખાતામાં સુરેન્દ્રનગર જિલ્લાના માહિતી અધિકારીનો હોદ્દો ધરાવે છે ખાસ કરીને તેમની પ્રગતિમાં માનવસ્વભાવનું અધ્યયન, સાહિત્ય સાધના, પત્રકારિત્વનો અભ્યાસ, વકતૃત્વ શક્તિ, વહીવટી અનુભવ તથા વિવિધ માધ્યમો દ્વારા પ્રજામાનસને ઘડવાની દષ્ટિએ બધી બાબતોએ મહત્વનો ભાગ ભજવ્યો છે. તેમના જીવનનું સૌથી યાદગાર વર્ષ ૧૯૫૦નું જ્યારે તેમનું પ્રથમ કાવ્ય શ્રી ઇંદુલાલ ગાંધીએ તેમના માસિક અતિથિપૂર્ણામાં પ્રગટ કર્યું. એ જ વર્ષમાં સ્ત્રી જીવનમાં તેમના ગીતોને નિયમિત લેવાનું શરૂ કર્યું. ૧૯૫૧માં તેમની પ્રથમ નવલિકા નવચેતનમાં પ્રગટ થઈ ૧૯૫૪માં અખિલ કચ્છ સાહિત્ય સ્પર્ધામાં કાવ્ય માટે પ્રથમ પારિતોષિક મળ્યું, અને એ જ વર્ષમાં સુવર્ણચંદ્રક મળ્યો. ૧૯૫૭માં પ્રથમ કાવ્યસંગ્રહ નિશિબંધા પ્રગટ થયો અને આકાશવાણી સાથે કરાર થયાં અને ૧૯૫૯-૬૦–૬૧માં સવિતા તથા આરામ યોજિત વાર્તા સ્પર્ધાઓમાં બીજું ઇનામ મળતું રહ્યું. ૧૯૬૩માં પ્રથમ નવલકથા 'કંથ કોટેશ્વર', ૧૯૬૪માં ગોવર્ધનપીઠના શ્રીમદ્ જગદ્ગુરૂ શંકરાચાર્ય મહારાજના આશિર્વાદ સાથે શ્રી સંસ્કૃત કાર્યાલય અયોધ્ય તરફથી સાહિત્યાલંકારની માનદ ઉપાધી મળી. ગુજરાત સાહિત્ય પરિષદના સભ્ય છે. કચ્છની સંખ્યાબંધ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને મંડળો સાથે સંકળાયેલા છે. હાલ ઝાલાવાડમાં સાહિત્ય સભાના ઉપપ્રમુખ છે.

### ડા. નરેન્દ્રભાઈ વિનોદરાય વસાવડા

જેતપુરના જાહેર કાર્યકરોમાં ૩૨ વર્ષની બહુજ નાની ઉંમરના હોવા છતાં આગળ પડતું સ્થાન ધરાવનાર શ્રી નરેન્દ્રભાઈ વસાવડા મૂળ જૂનાગઢના વતની છે. એમ. બી. બી. એસ. સુધીનો અભ્યાસ છે.

અભ્યાસકાળ દરમ્યાન તેમનામાં પડેલી નેતૃત્વશકિતના દર્શન થતા હતાં માંગરોળની હાઈસ્કૂલમાં એસ. આર. સી.ના સેક્રેટરી તરીકે ભાવનગરની સર પી. પી. ઈન્સ્ટીટયુટમાં જોઈન્ટ સેક્રેટરી તરીકે, અમદાવાદની બી. જે મેડીકલ કોલેજમાં ક્રિકેટ સેક્રેટરી તરીકે યશસ્વી સેવાઓ આપેલી.

તેમના પિતા શ્રી વિનોદરાય ત્ર. વસાવડા ન્યાયાધીશનો હોદ્દો ભોગવવાને કારણે તેમને પણ કેળવણી અને સંસ્કાર સારા મળ્યાં. મહુવાના રાજકીય વાતાવરણે પણ તેમને રાજકીય જીવનમાં પ્રવેશવા પ્રેર્યા પોતાની આગળ સૂઝ અને દીર્ઘદૃષ્ટિને લઈ તેઓ આજે જેતપુર નગરપાલીકાના પ્રમુખ તરીકે, જેતપુર લાયન્સ કલબના પ્રમુખ તરીકે, જેતપુર તાલુકા હોમગાર્ડઝના ઓફિસર કમાન્ડીંગ તરીકે, ઈન્ડીયન રેડક્રોસ જેતપુર બ્રાન્ચના ઓન. સેક્રેટરી તરીકે, રાજકોટ જિલ્લા ટી. બી. એસોસીએશનની કારોબારીના સભ્ય તરીકે ઉમદા સેવાઓ આપી રહ્યાં છે.

સામાજિક કામોમાં અને કોઇપણ નવી શુભ પ્રવૃત્તિઓમાં તેમનો સહકાર અને શુભેચ્છા હોય જ. નાનામા નાના માણસને તેઓ શાંતિથી સાંભળી, સહાનુભૂતિપૂર્વક થઈ શકે તે બધું કરી છુટવા હંમેશા તત્પર રહેતા હોય છે. જેતપુરનું તેઓ ગૌરવ છે

### ડૉ. ભાઈલાલભાઈ મોહનભાઈ બાવીશી

ચૂડા (ઝાલાવાડ)ના વતની અને હાલ ઘણાવર્ષોથી પાલીતાણામાં તબીબીક્ષેત્રે પોતાના વ્યવસાય ઉપરાંત સમાજ સેવાની જ્યોતને જલતી રાખી આધુનિક સમાજના ઘડવૈયાનું બીરૂદ મેળવનાર ડૉ. બાવીશી સાહેબ ઘણાજ ધર્મિષ્ઠ, યુવાનો, ના સાચા મર્ગદર્શક, અને સામાન્ય પ્રજાના સ્વજન જેવા અને રાજનીતિજ્ઞો અને ઉદ્યોગપતિઓના સલાકાર જેવા બની ગયા છે. પોતે વ્યકિત નહી પણ સંસ્થા બનીગયા છે. પાલીતાણા મેડીકલ એસોસીએસનના પ્રમુખ છે. ઓલ ઈન્ડીયા મેડીકલ એસોસીએસનના વર્ષોથી સભ્ય છે. અને "સૌરાષ્ટ્ર. કાઉન્શીલ"ના સભ્ય છે, ઉપરાંત સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક અને ધાર્મિક ક્ષેત્રે શકય સેવાઓ આપવા હંમેશા પ્રયત્નશીલ રહ્યા છે. પાલીતાણાના શ્રી જૈન ઉદ્યોગ કેન્દ્ર શ્રી જૈન પ્રગતિમંડળ અને શ્રી સિદ્ધક્ષેત્ર સામાજિક મંડળના પ્રમુખ છે. શ્રી અખિલ ભારતીય જૈન શ્વેતામ્બર કોન્ફરન્મની મહાસમિતિ અને કારોબારીના ચુંટાયેલ સભય છે. પ્રસ્તુત કોન્ફરન્સના ગોહિલવાડ વિભાગના પ્રતિનિધિ છે. "પૂના જૈન તત્ત્વજ્ઞાન વિદ્યાપીઠ"ની ઓલ ઈન્ડીયા કારોબારીના સભ્ય છે. શ્રી શંખેશ્વર પાર્શ્વનાથની પેઢી મુંબઈ સંચાલિત શ્રી નવપદ આરાધક મંડળ" પાલીતાણાના પ્રમુખ છે. પાલીતાણા તાલુકા શાળા માટેની "શાળા સમિતિ"ના પ્રમુખ છે.

"ધી ઓલ્ડ બોયઝ યુનિયન" મહાવીર જૈન વિદ્યાલય-મુંબઈ, લીંમડી જૈન બોર્ડિંગ, બોટાદ યુ કે. જૈન બોર્ડિંગ આત્માનંદ જૈન સભા-ભાવનગર, પૂના તત્વ જ્ઞાન વિદ્યાપીઠ, ગુલાબ બાલમાસિક-ગારીયાધાર આદિ સંસ્થાઓના આજીવન સભ્ય છે. સાહિત્યક્ષેત્રે જૈન અખબારો માસિકો ખાસ કરીને "જૈન મેડીક" સેવાસમાજ, "સુઘોષા" આત્માનંદ પ્રકાશ" "ગુલાબ" વિગેરેમાં ખાસ માગણીથી વિશેષાકોમાં લેખો-વાર્તાઓ-કાવ્યો વિગેરે લખે છે.

ભૂતકાળમાં અન્ય જૂદા જૂદા ક્ષેત્રે જૈન ગુરૂકુળ, સિદ્ધક્ષેત્રે શ્રાવિકાશ્રમ, સિદ્ધક્ષેત્ર બાલાશ્રમ, જિનદત્તસૂરિ બ્રહ્મચર્યાશ્રમ, મોઢ બ્રાહ્મણ બોર્ડીંગ આદિમાં પ્રમુખ-મંત્રી તરીકે સેવાઓ આપી છે. પાલીતાણા તાલુકા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ તરીકે, મંડળ સમિતિના પ્રમુખ તરીકે સેવા આપી છે. પાલીતાણા હોમગાર્ડઝના લોકલકમાન્ડર તરીકે કાર્યવાહી કરી છે.

જૈન સમાજની આગેવાન સંસ્થાઓ કોન્ફરસ, વિદ્યાલય, વિદ્યાપીઠના અગત્યના પ્રસંગોએ તન મન ધનથી સેવા કાર્યોમાં ફાળો આપ્યો છે. વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક ક્ષેત્રે માર્ગદર્શન અને તાલીમ આપતા રહ્યાં છે. પ્રાથમિક સારવારવારના વર્ગો અને તાલીમ શિબિરો ચલાવેલ છે.

ઓલ ઇન્ડિયા જૈન શ્વેતામ્બર કોન્ફરન્સનું બાવીશમું અધિવેશન પાલીતાણામાં ભરાયું ત્યારે તેના સ્વાગતમંત્રી તરીકે યશસ્વી કામ કર્યું. મણિમહોત્સવ ટ્રસ્ટ તરફથી સન્માન પામ્યા છે. શ્રી. એમ. વિદ્યાલયમાં વિજ્ઞાનવિભાગનું ઉદ્દઘાટન તેમના હાથે થયું. શંખેશ્વર પાર્શ્વનાથ પેઢી તરફથી પાલીતાણામાં થતાં. શ્રી કેસરીયાજી વીરપરંપરા મંદિર'ના ભોજનાલયનું ખાતમુહુર્ત સમારંભપૂર્વક કર્યું. જૈન સમાજના તમામ સમારંભોમાં તેમની કાવ્યપ્રસાદી મળતી રહી છે. ઘણા જકુશળ, કાર્યદક્ષ અને પ્રખરવક્તા તરીકે જાણીતા થયેલા છે. ઘણા પ્રકાશનોને યોગ્ય દોરવણી અને અન્ય પ્રકારની હુંફ આપતા રહ્યાં છે, છેલ્લે શ્રી નંદલાલ દેવલુક દ્વારા સંપાદિત-પ્રકાશિત ગ્રંથો ગોહિલવાડ, સૌરાષ્ટ્ર અને ગુજરાતની અસ્મિતા ગ્રંથોમાં રસપૂર્વક પુષ્ટિ આપવાની તક ઝડપી છે.

### શ્રીમતી કાન્તાબહેન બી. બાવીશી

નારીઉત્કર્ષમાં હંમેશા સહાયભૂત બનનારા શ્રીમતી કાન્તાબહેન બાવીશી પાલીતાણામાં સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ ચલાવતી સ્ત્રી સંસ્થા "શ્રીભગિની મિત્રમંડળ"ના પ્રમુખ તરીકે, સોશ્યલ વેલફર બોર્ડના કારોબારીના સભ્ય તરીકે, તેમની સેવાઓથી સૌ પરિચિત છે. વીરનગરમાં બહેનોના મંડળમાં રાસ ગરબા, સંગીત શિક્ષણ વિગેરેમાં રસ લીધો હતો. શ્રાવિકાશ્રમ અને જૈન ઉદ્યોગ કેન્દ્ર પાલીતાણામાં સલાહકાર સમિતિમાં સારૂં કામ કર્યું છે, શ્રમ, પરિશ્રમ અને પુરૂષાર્થ કરનારા કાર્યકારોની પ્રગતિશીલ પ્રવૃત્તિઓને સમાજ આવકારે છે. પાલીતાણામાં બાવીશી દંપતિની સામાજિક અને ધાર્મિકક્ષેત્રે કરેલી સેવાઓની કદર કરી પ્રસંગોપાત શહેર અને સંસ્થાઓએ બન્નેનું બહુમાન કર્યું છે. જૈન ધર્મને અનુલક્ષી તપશ્ચર્યાઓ પણ કરતાં રહ્યાં છે. પતિ-પત્નિ ઉપરાંત છ દીકરા અને બે દીકરી છે. મોટો પુત્ર ઇંગ્લાંડમાં રજીસ્ટાર છે. અખુંએ કુટુંબ ખૂબજ સંસ્કારી અને કેળવાયેલું છે.

### શ્રી ત્રિવેદી હર્ષદરાય ત્રંબકલાલ

જન્મ વણોટ મુકામે સાવરકુંડલા તાલુકામાં મૂળ વતનમાં પિતાશ્રી ત્રંબકલાલ પુરુષોત્તમદાસ ત્રિવેદી મહુવામાં વકીલાત કરતા હોઈ વિદ્યાભ્યાસ મહુવામાં મેટ્રીક સુધી કરેલ ત્યાર બાદ ભાવનગર તથા મુંબઈમાં અભ્યાસ કરી સને ૧૯૫૨ની સાલમાં એલ.એલ.બી. વકીલાતની પરીક્ષા પસાર કરી. પ્રથમ મહુવા અને ત્યારબાદ જૂન ૧૯૫૩થી તળાજામાં વકીલાત તેમાં જાહેર જીવનમાં ૭ વર્ષ સુધી તળાજા શહેર સુધરાઈના ચેરમેન તરીકે કામ ગીરી કરેલ છે. હાલ તળાજા તળાજા-ઘોઘા કોર્ટમાં દીવાની ફોજદારીના કામમાં પ્રેકટીસ ચાલુ છે.

### સાક્ષરવર્ય શ્રી ડોલરભાઈ માંકડ

અલીયાબાડાની ગંગાજળા વિદ્યાપીઠના સંસ્થાપક સાક્ષરવર્ય શ્રી ડોલરરાય રંગીલદાસ માંકડની ગુજરાત સરકારે સૂચિત સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના ઉપકુલપતિપદે નિયુકતી કરી છે. એથી સૌરાષ્ટ્રના શિક્ષણક્ષેત્રમાં રસ ધરાવતા ને એ ક્ષેત્રમાં પ્રદાન કરતા તમામને ઉંડો સંતોષને આનંદ થશે.

ઈ. ૧૯૦૨ના ત્રેવીસમી જાન્યુઆરીએ કચ્છના પછાત ગણાતા વાગડ પ્રદેશના જંગી ગામે જન્મેલા ડોલરભાઈનું મૂળ ગામ તો નવાનગર રાજ્યનું જોડિયા છે. એમના પિતા જોડિયામાં કસ્ટમ્સમાં અવલકારકુન હતા એટલે ડોલરભાઈનું અંગ્રેજી ચાર ધોરણ સુધીનું ભણતર તો જોડિયામાં જ થયુ, એટલે કહી શકાય કે શિક્ષણક્ષેત્રના તેમના પ્રેમ અને અભિરુચિતો જોડિયામાંજ કેળવાયાં ને પૂષ્ટ પામ્યાં. તે પછી એ રાજકોટની આલ્ફ્રેડ હાઈસ્કૂલમાં ભણ્યા. જો કે મેટ્રિકની છેલ્લી પરીક્ષા બહુમુખી પ્રતિષ્ઠા સાથે તેમણે રાજકોટની સૌરાષ્ટ્ર હાઈસ્કુલમાંથી પસાર કરી. તે બાદ જુનાગઢની બહાઉદ્દીન કોલેજ, કરાંચીની ડી. જે. સિંધ કોલેજ, વગેરેમાં અભ્યાસ કરી ૧૯૨૪માં તેઓ સંસ્કૃત અને ગુજરાતી સાથે બી. એ ઓનર્સ થયાં.

એમનું સાહિત્યક્ષેત્રે પહેલું પ્રદાન ૧૯૨૭માં એમનો પાંચાલિ પ્રસન્નાખ્યાનાદિ નાટકના કર્તા વિશેનો લેખ, એમનો સૌ પ્રથમ લેખ ભાવનગર સાહિત્ય પરિષદના અહેવાલમાં અને પુરાતત્ત્વમાં એ છપાયેલો. 'ભગવદજકિય એન્ડ ભરત-વાકય' નામનો એમનો પહેલો અંગ્રેજી લેખ કલકત્તાના ઇન્ડિયન હિસ્ટોરિકલ કવાર્ટસમાં છપાયો હતો. આ પછી એમના ગુજરાતી લેખો 'કૌમદી' જેવા મુખ્ય સામયિકોમાં ને અંગ્રેજી લેખો ભારતનાં ઇન્ડિયન હિસ્ટોરિકલ કવાર્ટરલી, હિસ્ટોરિકલ જર્નલ જેવાં અગ્રીમ કક્ષાનાં સંશોધનના લબ્ધ-પ્રતિષ્ઠ સામયિકોમાં પ્રસિદ્ધ થતાં રહ્યાં. 'નાગરીક' માસિકના સંપાદનપદે પણ તેઓ સાત વર્ષ રહ્યા. ને શ્રી ભવાનીશંકર વ્યાસ અને ચીમનલાલ ગાંધી સાથે રહીને તેમણે 'ઉર્મિ'નું સપાદન ચારેક વર્ષ માટે કરેલું

એમણે લખેલાં સત્તર જટલા ગ્રંથો સાહિત્ય અને સંશોધન ક્ષેત્રે એમણે કરેલું ઉત્તમ કક્ષાનું પ્રદાન છે ૧૯૩૬માં એમને રણજીતરામ સુવર્ણચંદ્રક એનાયત થયો. એ બહુ અલ્પકાળમાં એમણે જે નિજકમાઈ દ્વારા પ્રતિષ્ઠા મેળવી હતી તેનું દ્યોતક છે. તો ૧૯૫૨માં નવસારી મુકામે મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદમાં સાહિત્ય વિભાગના અધ્યક્ષસ્થાને તેમની થયેલી નિયુકતી એ ગુજરાતી સાહિત્યના ક્ષેત્રે તેમનું સાચું બહુમાન છે. એજ રીતે વિદ્યાવિસ્તાર વ્યાખ્યાનમાળા, મ. સ. યુનિવર્સિટી ઓફ બરોડાની વ્યાખ્યાનમાળા તેમજ કાશ્મીરમાં ૧૯૬૧માં ભરાયેલી ઓલ ઇન્ડિયા ઓરીએન્ટલ કોન્ફરન્સમાં ઇતિહાસ વિભાગના અધ્યક્ષપદે તેમની નિયુકતી એ સઘળું તેમની પ્રતિભાની સાક્ષી પૂરે છે.

### શ્રી ડૉ. આર. પી. વ્યાસ

મૂળ સિહોરના વતની અને હાલમાં ભાવનગરમાં પોતાની વિશાળ હોસ્પીટલ ધરાવતા સર્જન ડો. આર. પી. વ્યાસ એ સર્જન ઉપરાંત કાન, નાક, ગળાના સ્પેશ્યાલીસ્ટ પણ છે અને તે ઉપરાંત એક કુશળ વહિવટકર્તા, વકતા તથા કવિ પણ છે, તેમનુ વકતવ્ય ગુજરાતિ અંગ્રેજી અથવા હિંદીમાં એક સરખું આકર્ષક હોય છે.

તેઓએ કોલેજની જવલંત કારકીર્દી પુરી કર્યા પછી મુંબઈમાં કે. ઈ. એમ હોસ્પીટલમાં જુદા જુદા ખાતાંઓ જેવાં કે જનરલ સર્જરી, ઓર્થોપેડીક સર્જકરી તથા ઇ. એન ટી. સર્જરીમાં હાઉસ સર્જન તેમજ રજીસ્ટ્રાર તરીકે છ વર્ષ કામ કર્યું. અને ત્યાં છ હઝાર જેટલાં બંગાળમાં કુમુદિની હોસ્પીટલમાં તેમને કરવામાં આવેલી મોટા પગારની ઓફરનો સાભાર અસ્વીકાર કરી તેઓએ ઓપરેશનો કરવાનો બહોળો અનુભવ મેળવ્યો. તેઓએ મુંબઈમાં રામકૃષ્ણ મિશન હોસ્પીટલમાં સર્જન તરીકેની, તેમજ બોમ્બે હોસ્પીટલમાં માનદ્ સેવા થોડો સમય આપી. મુંબઇ ગવર્મેન્ટે તેમની નીમણુંક વડોદરા હોસ્પીટલમાં ઈ. એન. ટી. સર્જન તરીકે તથા વડોદરા કોલેજમાં પ્રાધ્યાપક તરીકે કરી. પરંતુ વતનના સાદથી ખેંચાઈ તેમણે સૌરાષ્ટ્રમાં સીવીલ સર્જન તરીકે આવવું પસંદ કર્યું. સીવીલ સર્જનના હોદ્દા ઉપરાંત તેઓની નિયુકતી જુનાગઢ તથા ભાવનગર ડીસ્ટ્રીક જેલના સુપ્રીન્ટેન્ડેટ તરીકે, તથા હોદ્દાની રૂએ જીથરી હોસ્પીટલના સલાહકાર મંડળના સભ્ય તરીકે પણ થઈ હતી. સીવીલ સર્જન તરીકે તેમણે થોડો સમય લીંબડી અને ત્યાર પછી જુનાગઢ અને છેલ્લે ભાવનગરમાં કામ કરી હઝારો જેમાં કેટલાંક તો ખૂબ જોખમી, ઓપરેશનો કરી અને દુઃખી જનતાના આશિર્વાદ મેળવ્યા. હાલ તેઓ પોતાની હોસ્પીટલ ભાવનગરમાં ધરાવે છે અને ત્યાં પણ ફક્ત ભાવનગર જીલ્લાનાજ નહિં પરંતુ સૌરાષ્ટ્રમાંથી અને કોઈ કોઈ તો ગુજરાતમાંથી પણ દર્દીઓ તેમની સુવાસથી ખેંચાઇને આવે છે.

તેમનાં સુશિક્ષિત તથા સંસ્કારી પત્ની જસુમતિબ્હેન મુંબઇ યુનિર્વસીટીનાં ગ્રેજ્યુએટ છે તથા મુંબઈ એલ્ફીન્સ્ટન કોલેજમાં તેમની સ્નાતક કારકીર્દિ પરીપૂર્ણ થઇ હતી. તેઓ પણ જુદાં જુદાં મહિલા મંડળોનાં સભ્ય છે તથા રોટરી ઈનરવ્હીલ કલબનાં સભ્ય હોરા ઉપરાંત ઈન્ટનેશનલ કોરસ પોન્ડન્ટ છે.

### પ્રા. તખ્તસિંહ પરમાર

ભાવનગર જિલ્લાના વતની છે. ભાવનગરની શામળદાસ કોલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક તરીકે કેટલાક વર્ષો કાર્ય કર્યા પછી અત્યારે જુનાગઢની બહાઉદ્દીન કોલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક છે. તેઓ ગુજરાતીમાં પ્રસિદ્ધ થતા પુસ્તકોની સમાલોચના 'નવચેતન' માં કરી રહ્યા છે. તેમણે ગુજરાતી સાહિત્યના કેટલાક પ્રસિદ્ધ નવલિકાકારોની શ્રેષ્ઠ નવલિકાઓના સંગ્રહોનુ સંપાદન કર્યું છે.

### પ્રા. ઈશ્વરલાલ દવે

નવી વિદ્વાન અધ્યાપકોની પેઢીમાં ઈશ્વરભાઈનું આગવું સ્થાન છે. ગુજરાતી સાહિત્યના ઈતિહાસ ઉપર કાવ્ય પ્રકાશનના પ્રથમ ત્રણ ઉલ્લાસ ઉપર તેમના પુસ્તકો ઉપરાંત તાજેતરમાં જ તેમનો નાનાલાલના ભાવપ્રધાન નાટકો ઉપરનો મહાનિબન્ધ તેમની યશસ્વી કૃતિઓ છે દક્ષિણભારતના સૌરાષ્ટ્રીઓ ઉપર તેમનો શોધગ્રંથ પ્રગટ થયો છે ઈશ્વરભાઈ સ્વભાવે ને તબિયતે નાજુક છે તેમની મૃદુતા અને સુકુમારતા તેમની પ્રતિભાના આગવા લક્ષણો છે. પ્રા. દવે મહેનતુ અને ભારે રસિક છે તેમની સંખ્યાબંધ કૃતિઓ પ્રગટ થઈ ચુકી છે. ગુજરાતના ખ્યાતનામ લેખકો અને સાહિત્યકારોમાં તેમનું આગવું સ્થાન રહ્યું છે. ભાવનગરના સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના પ્રણેતા છે. ઉગતા લેખકોને તેમની ઘણી હુંફ મળતી રહી છે શ્રી દવે માત્ર સૌરાષ્ટ્રનું નહિ પણ ગુજરાતનું ઝળકતું રત્ન છે

### શ્રી તારાબહેન મોડક

જન્મ ૧૮૯૨માં મુંબઈમાં પ્રખ્યાત પ્રાર્થના સમાજિસ્ટ ને સુધારક સદાશિવ કેલકરના મહારાષ્ટ્રી કુટુંબમાં. ૧૯૧૪માં તત્ત્વજ્ઞાન લઈ સ્નાતક થયા. ૧૯૨૧થી બાર્ટન ફીમેઈલ ટ્રેઈનિંગ કોલેજના આચાર્યા તરીકે રાજકોટ આવ્યા; પરંતુ તારાબહેન માટે વિધિએ જુદુ જ ક્ષેત્ર નિર્માણ કર્યું. પોતાની પુત્રીના શિક્ષણનો પ્રશ્ન આવતા જ બાલકેળવણીમાં તેમને આકર્ષણ થયું; ને તારાબહેન ૧૯૩૨માં લગભગ પોતાની કોલેજની બહેનોને લઈ આવ્યા હતાં તો ભાવનગર પ્રવાસે પણ ભાવનગરમાં દક્ષિણામૂર્તિ બાલમંદિરમાં 'મૂછાળીમાં' તરીકે બાળકોમાં ઓળખાતા બાલશિક્ષણના ભેખધારી ગિજુભાઈની પ્રવૃત્તિઓ જોઈ સુંદર બંગલો ને મોટો પગાર છોડી ભાવનગર આવ્યા, ને નવ વર્ષ સુધી બાલ શિક્ષણની પ્રત્યેક પ્રવૃત્તિમાં પ્રાણ રેડી ગિજુભાઈ સાથે રહ્યા. જે જમાનામાં અંધારા ઓરડામાં ધૂળવાળા ઓરડામાં ચોંટીયા ભરી બાળકોને કક્કો ને આંક ગોખાવવા સિવાય બીજી રીત જ ન હોઈ શકે તેવું ઘોર અજ્ઞાન પ્રવર્તતું ત્યારે સૌ પ્રથમ ગિજુભાઈને તારાબહેનના ચિંતન-મનને, પ્રયોગોએ ગુજરાતભરમાં નવી દિશા ઉઘાડી. ૧૯૨૬માં પહેલી જ વાર મોન્ટેસોરી સંમેલન બોલાવ્યું ને 'નૂતન બાલશિક્ષણ સંઘ'ની તેમાંથી સ્થાપના થઈ. 'શિક્ષણ પત્રિકા' શરૂ થયું. તારાબહેન વચ્ચે રષ્ટ્રીય સંગ્રામમાં ભાગ લઈ આવ્યા ને ૧૯૩૨માં ગુજરાત છોડયું. મહારાષ્ટ્રમાં જઈ એવી જ પ્રવૃત્તિ ઉપાડી મરાઠી શિક્ષણ પત્રિકા શરૂ કરી. વચ્ચે વાંસદા જઈ આવ્યા પણ છેવટે દાદરમાં 'શિશુવિહાર' સંસ્થા શરૂ કરી, ને ત્યાં બાલ અધ્યાપન મંદિર' પણ ચલાવ્યું. તારાબહેન અને ગિજુભાઈનું ઋણ ગુજરાત પર ઘણું મોટું છે ને રહેવાનું છે.

### પ્રા. રવિશંકર મ. જોષી

તેમનું વતન બોટાદ છે પણ ભાવનગરમાં સ્થિર થયા છે. પ્રા. જોશી સાહેબે શામળદાસ કોલજમાં વર્ષો સુધી ગુજરાતી સાહિત્યનું અધ્યાપન કરાવ્યું છે. ત્યારબાદ તેઓ ધર્મેન્દ્રસિંહજી કોલેજમાં થોડો સમય પ્રિન્સીપાલ પણ થયેલા. ગુજરાતની ઘણી કોલેજો એવી છે જ્યાં તેમના જ શિષ્યો હાલ ગુજરાતીના પ્રાધ્યાપકો છે. અંગ્રેજી અને સંસ્કૃત સાહિત્ય ઉપર તેમનો સારો કાબુ છે. નિવૃત થયા પછી તેઓ ભાવનગરની સાહિત્યિક ને સાંસ્કારીક પ્રવૃતિમાં સારો એવો ભાગ લઈ રહ્યા છે. ભાવનગરમાં સાહિત્યસભા, ભાવનગર થિઓસોફીકલ સોસાયટી વગેરેમાં તેમણે ઘણો ભાગ ભજવ્યો છે. કવિવર ન્હાનાલાલ તેમના પ્રિય કવિ છે.

### શ્રીમતી ઊર્મિલાબહેન ભટ્ટ

સુરત જિલ્લામાં કરીને આદિવાસી વિસ્તારોમાં ફીફીબેનના ના હુલામણા નામથી ઓળખાતાં શ્રી ઉર્મિલાબહેન ભટ્ટનો જન્મ સેવાની ભાવનાથી રંગાયેલો કુટુંબમાં વલસાડ જિલ્લાના બીલીમોરામાં થયો હતો, પરંતુ બાલ્યકાળ અને વિદ્યાર્થીકાળ તેઓએ માંડવીમાં પસાર કર્યો હતો.

આઝાદી સંગ્રામમાં ઝુકાવવા અને ૧૯૪૨માં ઈન્ટર આર્ટસના અભ્યાસને તિલાંજલી આપી. ૧૯૪૫માં વર્ધાના મહિલા આશ્રમમાં રહ્યાં. એમના પિતા શ્રી પ્રેમશંકર ભટ્ટ ૧૯૪૬ની સાલમાં સુરત જિલ્લા લોકલબોર્ડના પ્રમુખ ચુંટાતાં કુટુંબીનો સાથે તેઓ સુરત આવ્યા.

૧૯૪૮માં દેશી રજવાડાઓનું વિલીનીકરણ થતાં સામાજિક શૈક્ષણિક અને આર્થિક રીતે પછાત એવા ડાંગ, ધરમપુર, વાંસદા, સોનગઢ જેવા પછાત વિસ્તારોમાં દક્ષિણ ગુજરાતના રાની પ્રદેશના કેળવણી મંડળના માનદમંત્રી તરીકે ૧૭૫ આશ્રમ શાળાઓ શરૂ કરી. જ્ઞાનદીપ પ્રગટાવવા ભગીરથ કાર્ય કર્યું. સાથે સાથે એમનો શૈક્ષણિક વિકાસ જાળવી રાખી સુરતની એસ. ટી. બી. કોલેજમાંથી ગ્રજ્યુએટ થયાં.

સુરતજિલ્લા લોકલબોર્ડના ૧૯૪૯માં સભ્ય તથા ૧૯૫૪માં સભ્ય તથા ૧૯૫૪માં ઉપાધ્યક્ષ તરીકે તેમજ ૧૯૫૫માં મુંબઈ રાજ્ય સમાજ કલ્યાણ સલાહકાર બોર્ડના સભ્ય તરીકે સ્ત્રી અને બાળકોના પ્રશ્નો અને વિકાસ માટે ગામડાંઓમાં સક્રિય કાર્ય કર્યું.

ફરજિયાત શિક્ષણનો આદિવાસી પ્રજાને લાભ મળે તે માટે ડાંગ જિલ્લા સહિતની ગુજરાતી શાળાઓને આશ્રમશાળા બનાવી તેવી વહીવટી તથા આર્થિક જવાબદારી શ્રીમતી ઉર્મિલાબેન ઉપાડી લીધી હતી.

૧૯૫૭માં ચોર્યાસી તાલુકામાંથી, ૧૯૬૨માં સુરત પશ્ચિમ વિભાગમાંથી અને ૧૯૬૭માં ચોર્યાસી મત વિભાગમાંથી ધારાસભામાં ચૂટાયાં. ૧૯૬૨માં નવા ગુજરાત રાજ્યમાં આરોગ્ય અને જેલ ખાતાના ઉપમંત્રી તરીકે જવાબદારી સંભાળી હતી.

**શ્રી ડૉ. કૃષ્ણપ્રસાદ દોશી**

૧૭–૮–૧૯૧૩ના ભાવનગર મુકામે જન્મ લઇ, ત્યાં જ શિક્ષણપ્રાપ્તિ કરી શ્રી દોશી એમ. બી. બી. એસ. થયા. ખાનગી પ્રેકટીસ ઉપરાંત મહાલક્ષ્મી મીલના મેડીકલ ઓફિસર શ્રી દોશી સામાજિક કાર્યોમાં પણ ઊંડો રસ લે છે. ચૌદ વર્ષના લાંબા ગાળા સુધી શહેર સુધરાઇના સભ્ય રહી ચૂકેલા ડૉ. દોશી સુધરાઈના ઉપપ્રમુખ અને પબ્લીક હેલ્થ અને સ્ટેન્ડીંગ કમીટીના ચેરમેન પણ હતા.

અંધ-જનોને માટેનું તેમનું કાર્ય પણ પ્રશંસનીય છે. નાના પાયા પર શરૂ થયેલ અંધ-શાળાને આજે તો પોતાનું મકાન અને સઘળી સુવિધાઓ પ્રાપ્ય છે. તેની પાછળ ડૉ. દોશીનો પરિશ્રમ મુખ્ય છે. હાલ તેઓ અંધશાળાના મંત્રી છે અને આંધળા–બહેરાની શાળાના એક ટ્રસ્ટી પણ છે. વળી "નગર જ્યોત રક્ષા સમિતિ"ના પણ તે કારોબારીના સભ્ય છે

"ઇન્ડીયન કોન્ફરન્સ ઓફ સોશિયલ વર્કર્સ" ભાવનગર શાખાના તેઓ પ્રમુખ હતા. અહીં, ભાવનગર કેળવણી મંડળના સ્થાપક અને કારોબારી સમિતિની સભ્ય તરીકેની તેમની સેવાઓનો પણ ઉલ્લેખ કરવો જરૂરી છે. કોલેજો અને હાઇસ્કૂલો શરૂ કરાવવામાં તેમનો મહત્વનો ફાળો છે. શ્રી ત્રિભોવન ભાણજી ગર્લ્સ હાઇસ્કૂલનાં પણ તેઓ સલાહકાર છે.

શ્રીમતિ દોશી પણ આ બધી પ્રવૃત્તિમાં ઊંડો રસ લઇ શહેર-રાજય અને રાષ્ટ્રને વિશેષ ઉપયોગી બને એ જ અભ્યર્થના !

**કર્મલક્ષી ડૉ. કેશુભાઇ જોષી**

નિરાભિમાની અને માનવધર્મના અનન્ય ઉપાસક શ્રી કેશુભાઇને સૌ કોઇ કેશુભાઇના હુલામણા નામે બોલાવે છે. આમ તો તેનું નામ કેશવલાલ દયાશંકર જોશી છે. ઉત્તરોઉત્તર પોતાની ચાર પેઢીથી માનવસેવાના મહા પૂનીત ધર્મના પ્રત્યેક પાસાંઓને પોતાના જીવનમાં વણી લેનાર શ્રી કેશુભાઇના પરદાદા સુંદરજી વિઠ્ઠલજી જોશીએ આજથી નેવું વર્ષ પહેલાં ખંભાલીઆના ભાટીઆ ગૃહસ્થ સ્વ. શેઠ મોરારજી વલ્લભજી રાજડાના ધર્માદા ઔષધાલયની સ્થાપના કરી અનેક દર્દીઓના આશિર્વાદ મેળવ્યા. ત્યારબાદ પોતાના ધર્મપરાયણ પુત્ર દયાશંકર (દલુભાઈ)ને પોતાનો અમૂલ્ય વારસો આપ્યો. અને ત્રીસ વર્ષની એકધારી માનવસેવાને અંતે દયાશંકરભાઇએ પોતાના ધ્યેયલક્ષી અને આત્મદષ્ટા શ્રી કેશવલાલને પોતાની આ જવાબદારી સોંપી અને શ્રી કેશુભાઇએ પોતાના માતુશ્રી મોતીબાઈના પુનીત ચરણોને વંદી આજથી ચાલીસ વર્ષ પૂર્વે જાણે કે માનવસેવાના મહાધર્મની દિક્ષા લીધી. અને પ્રભુપ્રેરણાએ પરોપકારીકાર્યમાં રત રહ્યા

ગુજરાત સરકાર કે જે હંમેશાં સત્ય શોધવા ટેવાયેલી છે. તેણે શ્રી કેશુભાઈને ખંભાલીઆ તાલુકાના ઓનરરી મેજીસ્ટ્રેટના અતિ મહત્વના ઉચ્ચ હોદ્દા પર તેઓશ્રીની નિમણુંક કરી, અને શ્રી કેશુભાઇની માનવસેવા અને ન્યાયપ્રિયતાની કદર કરી.

શ્રી કેશુભાઈના અનેકાનેક માનવ સુલભ ગુણોમાં પણ તેઓશ્રીના શાંત, સ્નેહાળ અને સમાધાનકારક ઉચ્ચ આદર્શોને પ્રતિપળે પોષણ આપનાર કુટુંબના સબળ કારણોને પણ કોરે મૂકી તેઓશ્રીના પ્રત્યેક યશઅર્પીત સુકાર્યોમાં ઉંડો રસ લઇ રાત કે દિવસની દરકાર ન કરનાર સ્વ. શ્રી રામશંકર શુકલના સુપુત્રી શ્રી કેશુભાઈના ધર્મપત્ની, ગુણીયલ ગૃહીણી શ્રીમતી ઇચ્છાલક્ષ્મીબ્હેને આર્ય મહિલાઓના આદર્શોને અંતઃકરણથી અપનાવી પોતાના પતિ શ્રી કેશુભાઈની પ્રત્યેક આજ્ઞાઓ શિરોધાર્ય કરી તેઓશ્રીના કાર્યની સફળતા માટે અહર્નિશ ઉત્સાહીત જ રહ્યા છે.

વીસ વીસ વર્ષના કુટુંબ કલેશ, જર, જમીન અને જોરૂ જેવા કોર્ટે ચડેલા અને કોર્ટથી કંટાળેલા કેટલાય જટીલ કેસો માટે અદાલતને આંગણે અવીરત આંટા ફેરા કરનાર ઘણાયે વિરોધપક્ષીઓને પોતાને ત્યાં બોલાવી પોતાના જ આર્થિક, માનસિક, તેમજ શારીરીક શ્રમ દ્વારા સુલેહ અને સમાધાન કરાવી આત્મસંતોષ અનુભવતા ડૉ. શ્રી કેશુભાઇની ખંભાલીઆ તાલુકાની જનતા હંમેશાં ઋણી રહેશે.

**ડૉ. રતિલાલ વી. કોટક**

પોરબંદરના એક ખાનદાન સુખી કુટુંબમાં તેમનો જન્મ થયો. પોતાની કુશળ બુધ્ધિથી અભ્યાસમાં તેજસ્વી વિદ્યાર્થી તરીકે નાની વયમાંજ નામના મેળવી પોતાના મળતાવડા સ્વભાવથી પોરબંદરમાં એક સારા અને બાહોશ ડોકટર તરીકે તેમણે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી અને સ્થાનિક ડોકટરોમાં પ્રથમ હરોળમાં સ્થાન લીધું. સ્વભાવે સૌજન્યપૂર્ણ અને અન્યને ઉપયોગી થવાની વૃત્તિવાળા છે. પોરબંદરની ઘણી સામાજિક અને સાર્વજનિક પ્રવૃત્તિઓના સફળ સંચાલનમાં સીધો યા આડકતરો પણ તેમનો મહત્વનો ફાળો છે. ઘણી શૈક્ષણિક અને ધાર્મિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. ડોકટર તરીકેના પોતાના વૈદકીય વ્યવસાય ઉપરાંત જાહેરજીવનમાં આવું માનભર્યું સ્થાન અને પ્રતિષ્ઠા તેમણે જે રીતે પ્રાપ્ત કર્યા એથી જરૂર ગૌરવ અનુભવાય છે. લોકોના હૃદયમાં માન અને પ્રિતીભર્યું સ્થાન મેળવ્યું છે. તેમનું આંતરિક જીવન સરલ સૌમ્ય ધર્મપરાયણ, ગુપ્તસખાવતભર્યું અને ઇશ્વરાભિમૂખ છે.

પોરબંદરની એક પણ સાર્વજનિક પ્રવૃત્તિ એવી નહી હોય કે જેમાં તેમના ફાળો, તેમનું માર્ગદર્શન અને તેમની પ્રેરણા ન હોય આ સ્વાર્થરહીત અને પ્રમાણીક સદ્‌ગૃહસ્થ તરફ સૌ કોઈ પૂજ્યભાવથી જુએ છે. રાજકારણથી પર રહીને સમાજસેવાના અનેકવિધ ક્ષેત્રોમાં તેમની શકિત અને ભકિત દીપી ઉઠયાં છે.

### શ્રી શામુ પંડીત

અર્થશાસ્ત્રના ભારતીય વિધાનોમાં શ્રી શામુ પંડિતની ગણના પ્રથમ હરોળની વ્યક્તિઓમાં થાય છે, ગુજરાતની અનેક પ્રસિદ્ધ કોલેજોમાં સફળતાપૂર્વક શિક્ષણકાર્ય કર્યા પછી પોતાના જ્ઞાનનો સમાજને વધુ પ્રમાણમાં લાભ મળે તે હેતુથી હાલ તેઓ મુંબઈની 'ફેર ટ્રેડ પ્રેકટિસ એસોસિએશનના ' એકઝીક્યુટીવ ડાયરેકટર છે. સાંસ્કૃતિક ક્ષેત્રની ઘણી બધી પ્રવૃત્તિઓ સાથે શ્રી પંડિત વિવિધરૂપે ગાઢપણે સંકળાયેલા છે દા: ત. 'ચાઈના સ્ટડી સેન્ટર' ના મંત્રી તરીકે એશિયન આર્ટસ અને કલ્ચરના માનદ્ મંત્રી તરીકે આપે પ્રશષ્ય કામગીરી બજાવી છે. શ્રી પંડિતે અનેકવાર વિદેશયાત્રા પણ કરી છે. યૂરોપ, અમેરિકા, એશિયા અને કેટલાક સામ્યવાદી દેશોની મુલાકાત તેઓ લઇ ચૂકયા. છે તેમના પ્રસિધ્ધ પુસ્તકોમાં, આ ચીન છે, આર્થિક વિકાસની વિચાર-સરણી ઐતિહાસિક સર્વે વગેરે મુખ્ય છે. અનેક સંસ્થાઓનો હાલ મુલાકાતી માનદ્ પ્રાધ્યાપક પણ છે. એસ. એન. ડી. ટી. યુનિ. મુંબઈના માનસશાસ્ત્રના વ્યાખ્યાતા શ્રીમતિ હર્ષિદા પંડિત તેમના પત્ની છે.

### ડૉ. નરસિંહ મુળજીભાઇ શાહ

ગુજરાતી ભાષામાં વિજ્ઞાનને લગતું સાહિત્ય મૂકનારાઓમાં ડો. એન. એમ. શાહનું નામ ખૂબજ જાણીતું છે. આપે માધ્યમિક શિક્ષણ આપના વતનની-લીંબડીની સર જશવંતસિંહજી હાઇસ્કૂલમાં લીધું હતું. ઉચ્ચ શિક્ષણ માટે આપ અમદાવાદ અને મુંબઇ ગયા હતા. 'મહાન વૈજ્ઞાનિકો, અને 'જીવાણુંઓ પર વિજય' નામના પુસ્તકો પુરસ્કૃત થયા છે.એ તેમની સિદ્ધિઓ સુચવે છે. આ ઉપરાંત રાસાયણિક સંશોધનને લગતાં સો ઉપરાંતના સંશોધનાત્મક નિબંધો ઉત્તમકોટિના જર્નલોમાં લખી ગુજરાતનું નામ ઉજ્જવલ કર્યું છે. હાલ આપ ગુજરાત યુનિવર્સિટીમાં અનુસ્તક શિક્ષક છો તથા સંશોધન કરનારા વિદ્યાર્થીઓના પણ માન્ય શિક્ષક છે મોડાસાની સર પી. ટી. સાયન્સ કોલેજમાં આપ પ્રાધ્યાપકરૂપે હાલ કામ કરી રહ્યા છે.

### શ્રી દિનેશચંદ્ર મોહનલાલ જાની

સૌરાષ્ટ્રના ગુજરાતી સાહિત્યના અધ્યાપકોમાં શ્રી જાની સાહેબનું નામ ખૂબ ભાવપૂર્વક લેવાય છે. સન ૧૯૫૫ માં તથા ૫૭ માં B. A. અને M. A. ની પરિક્ષા ગુજરાતી વિષય સાથે બીજા વર્ગમાં પસાર કરી આપ સરકારી કોલેજમાં ગુજરાતીનાં પ્રોફેસર તરીકે જોડાયા. બી. એ માં ગુજરાતીમાં સૌથી વધુ ગુણ મેળવવા બદલ શ્રી જાનીને ભાવનગર-સાહિત્ય સભા તરફથી પ્રથમ પુરસ્કાર મળ્યો હતો. પ્રાધ્યાપકની સાથે તેઓ ગુજરાતી સાહિત્યના અચ્છા સમીક્ષક પણ છે તેમનાં ઘણા લેખો-સમીક્ષાઓ ગુજરાતના પ્રતિષ્ઠિત સામાયિકોમાં પ્રસિધ્ધ પામ્યા છે. પ્રાધ્યાપક તથા લેખક ઉપરાંત આપ N.C.C.માં લેફ્ટનન્ટ તરીકે પણ કામ કરો છો. આપ પ્રા. શ્રી રવિશંકર જોષીના શિષ્ય છો, તથા અનુસ્નાતક કક્ષાનું અધ્યાપન કાર્ય પણ કરી રહ્યા છો.

### શ્રી રશ્મિન મહેતા

ગુજરાતના આધુનિક યુગના લેખકોમાં શ્રી રશ્મિન ગોવિંદલાલ મહેતાનું નામ જાણીતું છે, તેઓ એક લેખકની સાથે પત્રકાર પણ છે. સંદેશ તથા ગુજરાત સમાચારમાં તેમના લેખો સારી પ્રસિદ્ધિ પામ્યા છે. અત્યાર સુધીમાં લગભગ ડઝનેક પુસ્તકો લખ્યા છે. તેમણે સરકારના માહિતિ વિભાગમાં પણ જિલ્લા માહિતિ અધિકારી તરીકે કામ કર્યું છે. તેઓ એમ. એ. છે. અભ્યાસ નોકરી અને લેખનકાર્ય એમ ત્રણે પ્રવૃત્તિ એક જ સમયે કરવા છતાં પણ તેઓને સારી એવી સફળતા મળી છે. હાલ ગુજરાતના અગ્રગણ્ય સામયિકોમાં તેમનું લખાણુ જોવા મળે છે તેઓ સારા સંપાદક પણ છે. ગુજરાત વિ. સ.૨૦૨૨ તથા ૨૦૨૩ ના 'દિપોત્સવી અંક'નું સંપાદન એનો પુરાવો છે. તેઓ સાહિત્યના અત્યાધુનિક પ્રવાહોના અચ્છા અભ્યાસી પણ છે. લેખક, પત્રકાર તથા વિવેચક એમ ત્રણે ક્ષેત્રના કલમકસબી તરીકે ગુજરાતના બહુમાન તેઓ અધિકારી છે.

ગુજરાતમાં જ નહિ સમગ્ર ભારતભરમાં ઈતિહાસનાં ઉચ્ચકોટિના વિધાનલેખક તેમજ વકતા તરીકે ખૂબ જ આદર પામેલા છે. અર્ધી સદી ઉપરાંત ગુજરાત તેમજ ગુજરાત બહારના સ્થળોએ તેમણે ઈતિહાસનું અધ્યાપન તેમજ લેખનકાર્ય ચાલુ રાખ્યું છે. તેઓ આચાર્ય આનંદશંકર બાલુભાઈ ધ્રુવના શિષ્ય હતા. વડોદરા રાજ્યના અગ્રગણ્ય સેવક તરીકે તેમણે અનેકવિધ સંસ્થાની કામગીરી સફળતાપૂર્વક બજાવી છે. ઇંગ્લાડનો ઇતિહાસ ભારતનો ઈતિહાસ વગેરે પુસ્તકોના તેઓ કર્તા છે અનેકવિધ ઉચ્ચ સંસ્થાના આશ્રયે તેમણે ઉત્તમ કોટિના વ્યાખ્યાનો આપ્યા છે. તેઓ સ્વભાવે પ્રેમાળ તથા સહિષ્ણુ છે. તેઓ હાલ નિવૃત્ત છે. છતાં પણ અભ્યાસની ધગશથી તો આપણે અંજાઇ જઇએ એવી છે. અનેક સસ્થાની સ્થાપના પાછળ પણ તેઓની જ પ્રેરણા તથા શકિત કામ કરતી રહી છે. તેમણે ગુજરાતી સાહિત્ય પરિષદ ઇતિહાસ પરિષદ, તથા ઓરિએન્ટલ પરિષદના અધ્યક્ષપદેથી મનનીય ભાષણો કર્યા છે. ઈતિહાસ સિદ્ધિમાં પ્રેરેલા કામદારની સિદ્ધિઓને હજુ કોઈ આંબી શકયું નથી.

### વાલજીભાઈ પાંચાભાઈ કીકાણી

વાલજીભાઈનું શિક્ષણ બી. એ. સુધીનું છે. તેઓ જીવનના વિવિધક્ષેત્રોને આવરી લેતા વિષયો ઉપર લખે છે તેમના લેખો 'રંગતરંગ' પ્રવાસી તથા ગુજરાતમાં પણ પ્રસિદ્ધિ પામ્યા છે. નાટક કાવ્ય નવલિકા લોકસાહિત્ય તથા

પુરાતત્વક્ષેત્રે પણ તેઓ સફળતાપૂર્વક ખેડાણ કરી શક્યા છે.

## ડૉ. મંજુલાલ મજમુદાર

ગુજરાતી ભાષા-સાહિત્યના તથા ગુજરાતની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ઉંડા અભ્યાસીરૂપે ડૉ. મજમુદારનું નામ જાણીતું છે. પ્રેમાનંદનો વિશિષ્ટ અભ્યાસ કરી ગુજરાતના મધ્યકાળના ઇતિહાસના અનેક અંધારા ઉલેચ્યા છે. ગુજરાતની અસ્મિતાનો મુન્શી પછી જો કોઇએ પણ વિગતવાર અને અધિકારપૂર્વક અંગ્રેજી ભાષા દ્વારા પરિચય આપ્યો હોય તો તેઓ આપ પોતે જ છો. તેમણે અનેક ગ્રંથો લખ્યા છે કુશળ સંપાદક, મર્મવેધી સમીક્ષક તથા વિધાન લેખક તરીકે આ લેખો ગુજરાતમાં બહુમાન પામેલા છે.

## દિલખુશ દિવાનજી

ગુજરાતના જાહેર જીવનને પોતાના ઉચ્ચ સંસ્કાર તથા શિક્ષણદ્વારા શોભાયમાન બનાવવામાં દિલખુશભાઇનો ફાળો સૌથી વિશેષ છે. ગાંધીજીના જીવન તથા તત્ત્વજ્ઞાનના રંગે રંગાઈ તેમણે ગુજરાતની પ્રજાની ઘણી ઉમદા સેવા કરી છે હાલ જે ગણ્યા ગાંઠયા ગુજરાતના રચનાત્મક કર્યકરો છે તેમાં તેમનું નામ તથા કામ આપણને પ્રેરણા આપે તેવું છે. ખાદી ગ્રામોદ્યોગ, હરિજન સેવા, નઈતાલીમ વગેરે ક્ષેત્રોમાં આપે અત્યંત મહત્વની સેવા બજાવી છે. ગાંધી શતાબ્દીની રાજ્ય સમિતિમાં પણ તેમણે પ્રશસ્ય કામગીરી બજાવી છે.

## પ્રો જનાર્દન પાઠક

તેઓ ગુજરાતી સાથે બી. એ. તથા એમ. એ.ની ડીગ્રી બહુમાન સાથે મેળવી ચૂકયા છે. તેઓ છેલ્લા સાત વર્ષથી ગુજરાતીનું કોલેજ કક્ષાએ અધ્યાપન કરે છે. તેમણે સર્જનાત્મક તથા સમાલોચનાત્મક સાહિત્યક્ષેત્રે નોંધપાત્ર ખેડાણ કર્યું છે. હાલ તેઓશ્રી સૌરાષ્ટ્ર વિશ્વવિદ્યાલયના ગુજરાતી સાહિત્ય સમિતિના સભ્ય છે અને શામળદાસ કોલેજમાં મુલાકાતી પ્રાધ્યાપકરૂપે કામ કરે છે.

## ડૉ. સુદર્શનસિંહ મજીઠીયા

ગુજરાત બહારથી આવી ગુજરાતમાં વસેલા ડૉ. મજીઠિયા હિન્દી સાહિત્યના પ્રાધ્યાપકોમાં વિશિષ્ટ માન ધરાવે છે. તેઓ છેલ્લા પંદર વર્ષથી ભાવનગરની શામળદાસ કોલેજમાં હિન્દીનું અધ્યાપન કરે છે. તેઓ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં સંશોધનના પણ માન્ય વિદ્વાન છે. સર્જક, વિવેચક તથા સંપાદક તરીકે તેઓ સફળતાપૂર્વક કલમ ઘડી શકયા છે. હાલ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાં હિન્દી અભ્યાસ સમિતિના અધ્યક્ષ છે. રમૂજી સ્વભાવ, ઉદાર મનોવૃત્તિ તથા કામની ધગશથી તેઓ પોતાના ક્ષેત્રમા સૌની ચાહના મેળવી શકયા છે. તેમના કલમ જીવનને પ્રેરણા આપવામાં તેમના પત્ની શ્રીમતી કૃષ્ણા મજીઠિયાનો ફાળો નોંધપાત્ર છે. હાલ તેમની નવલકથા 'લોહેકી લાશે' હિન્દીમાં ચર્ચાનો વિષય બની છે.

## શ્રી રમેશચંદ્ર મંગળદાસ ત્રિવેદી

શ્રી રમેશભાઈ હાલ વલ્લભ વિદ્યાનગરમાં નલિની કોલેજમાં ગુજરાતી સાહિત્યના પ્રાધ્યાપકરૂપે કામ કરે છે. તેઓએ જીવનની હાડમારી વચ્ચે પણ પ્રગતિ જાળવી રાખી છે. ગુજરાતી સાહિત્યનો ઇતિહાસ તેમનું (એક પ્રાધ્યાપક સાથે) પ્રદાન છે. 'ગુજરાતી સાહિત્યના ચિરંજીવપાત્રો' તેમનો અભ્યાસ-પૂર્ણ લેખ છે.

## શ્રી ચિમનલાલ વલ્લભરામ રાવળ

ગુજરાતના તત્વજ્ઞાનના પ્રોફેસરોમાં શ્રી રાવળ જાણીતા છે. તેમણે 'પ્રાચીન ભારતના શિક્ષણમાં વૈષ્ણવ સંપ્રદાય'નો ફાળો એ વિષય પર મનનીય લેખ લખ્યો છે. 'ભારતીય દર્શન' એ પણ તેમનું મહત્વનું પ્રકાશન છે. તેઓ 'ઇન્ડીયન ફીલોસોફીકલ કોંગ્રેસ'ના આજીવન સભ્ય છે હાલ ગુજરાત કોલેજમાં કામ કરે છે.

## શ્રી પટેલ મોહનભાઇ શંકરભાઈ

ગુજરાતી સાહિત્યના સાક્ષરોમાં મોહનભાઈ પ્રસિદ્ધ છે. હાલ ગુજરાત વિદ્યાપીઠમાં કામ કરે છે. તેમણે અનેક પુસ્તકો પણ લખ્યા છે. જેમાં 'માણસાઈના દિવા'નું વિસ્તૃત અવલોકન, આલ્બર્ટ સ્વાઇત્ઝરનું ચરિત્ર લેખન 'ઉપનયન' વગેરે પ્રસિદ્ધ છે ગુજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રગટ જ્ઞાનકોષના અધ્યક્ષ તથા સંપાદક તરીકે પણ તેઓ કામગીરી બજાવે છે.

## શ્રી નરોત્તમ માધવલાલ વાળંદ

શ્રી નરોત્તમ વાળંદનું નામ ગુજરાતીના પ્રાધ્યાપકોમાં જાણીતું છે. તેઓ કુશળ વકતા છે તથા મર્મગ્રાહી સમાલોચક પણ છે. હાલ ભરૂચની જયેન્દ્રપુરી આર્ટસ કોલેજમાં નોકરી કરે છે. તેમના જીવનમાં તેમના મામાની પ્રેરણાએ અગત્યનો ભાગ ભજવ્યો.

## શ્રી રમણીકલાલ જયચંદભાઇ દલાલ

આપબળે આગળ વધનારાઓમાં તેમનું નામ જાણીતું છે. તેઓ સારા લેખક તથા વકતા છે. કાવ્યો, નવલિકાઓ વગેરે લખી છપાવ્યા છે. તેમનું ગ્રંથપ્રકાશનનું કામ અગત્યનું છે. ગુજરાતી રંગભૂમિનો ઇતિહાસ તેમનું વિશિષ્ટ પ્રદાન છે. ગુજરાત કોલેજની સંગીત તથા નાટય સભાના આદ્ય સ્થાપક તથા તેની સમૃદ્ધિમાં ઘણો મહત્વનો ફાળો આપ્યો છે. કવિ ચિત્રકાર કુલચંદભાઈ શાહની પ્રેરણા તેમના જીવનઘડતરમાં મહત્વની છે. જાહેર જીવનમાં પણ નોંધપાત્ર સેવા બજાવી છે.

## રસિકલાલ ધ્રુવ

માનવસેવા એ તેમનો ધ્રુવમંત્ર છે, તેઓ છેલ્લા ઘણાં વર્ષોથી 'માનવ રાહત કાર્ય કેન્દ્ર' ચલાવે છે. અવારનવાર

જરૂરને લીધે લેખો પણ લખ્યા છે. ઉત્સાહી, યશવાળા તથા મિલનસાર સ્વભાવના હોઈ પોતાના ક્ષેત્રમાં ખૂબ લોકપ્રિય છે.

### શ્રી જમયિતરામ પંડ્યા

ગુજરાતના ગઝલગાયકોમાં શ્રી જમિયતરામભાઈ પંડયાનું નામ રસિકોની જીભે રમે છે. બહુ ઉચ્ચ શિક્ષણ લીધું નથી છતાં અભ્યાસુ મનોવૃત્તિને લીધે ગુજરાતના વિદ્વાનોમાં બહુમાન પામ્યા છે. અનુવાદ, મૌલિકસર્જન તથા સંશોધન ક્ષેત્રે પણ પ્રકાશન કરવામાં ઉત્સાહી છે હાલ ઉર્દુ તથા ગુજરાતી ગઝલ સાહિત્યની ઉત્પત્તિ તથા વિકાસ એ શીર્ષક મહાનિબંધ લખવામાં મગ્ન છે.

### પ્રા. વિજયભાઈ શાસ્ત્રી

તેઓ સૂરતની એમ ટી. બી. આર્ટસ કોલેજમાં ગુજરાતીના પ્રાધ્યાપક છે. તેમણે બી. એ તથા એમ. એ. ની પરીક્ષા પ્રથમ વર્ગમાં ગુજરાત યુનિવર્સિટીમાંથી પ્રથમ વર્ગમાં પસાર કરી છે.

### શ્રી અણુભાઈ શેખાણી

શ્રી અણુભાઈ શેખાણીનું વતન મોરબી છે. તેઓએ વ્યવસાય તરીકે પણ આત્માના આનંદ ખાતર સાહિત્યકળા અને નાટકની પ્રવૃત્તિ સ્વીકારી છે સંવેતન તથા અવેતન રંગભૂમિ ઉપર તેમના નાટકો સફળતાપૂર્વક ભજવાયા છે. તેમના શાયર જીવનનો કિર્તિરૂપ ગ્રંથ 'દર્દે જીગર' છે જે સચિત્ર છે. મોરબીના આ કળાના ઉપાસકનું નામ સમગ્ર ગુજરાતમાં જાણીતું છે.

### શ્રી અંબેલાલભાઈ જોશી

ગુજરાતના સાહિત્યકારો તથા ધારાશાસ્ત્રીઓમાં શ્રી જોશીનું નામ પ્રથમ પંક્તિમાં લેવામાં આવે છે. ચરિત્ર–લેખનના પ્રકારને સફળતાપૂર્વક ખેડી ગુજરાતી સાહિત્યની અનન્ય સેવા કરી છે. નવલકથા, નવલિકા તથા સાંસ્કૃતિક ઇતિહાસના પણ અનેક ગ્રંથો લખ્યા છે. સ્વતંત્રતા સમયે તથા સ્વાતંત્ર્યોત્તર કાળમાં દેશમાં ઉદ્ભવેલ સળગતા પ્રશ્નો ઉપર પોતાના આગવા વિચારો રજૂ કરી તેમણે ઘણી સારી સેવા બજાવી છે. તેઓનું વિસ્તૃત જીવન ચરિત્ર હાલ મુદ્રિત છે. હાલ પણ તેઓ ધારાશાસ્ત્રી તથા લેખક તરીકે અસ્ખલિત રીતે કલમ ચલાવ્યે જાય છે. અંગ્રેજીમાં પણ ઘણું નોંધપાત્ર લખાણ કર્યું છે

### જયેન્દ્ર ત્રિવેદી

શ્રી જયેન્દ્રભાઈનું નામ સૌરાષ્ટ્રના હિન્દી તથા ગુજરાતી સાહિત્યના પંડિતોમાં પ્રસિદ્ધ છે. હિન્દીના પ્રચારને એમણે રચનાત્મક સેવાના કામરૂપે જ સ્વીકાર્યું છે. તેઓ એક કુશળ વહીવટકર્તા તથા સામાજિક કાર્યકર પણ છે. તેમણે ભાવનગરની શામળદાસ આર્ટસ કોલેજમાં હિન્દી વિભાગને વિકસાવવામાં ખૂબ જહેમત લીધી છે. હાલ તેઓ શ્રીમતિ ન. ચ. મહિલા કોલેજના વાઇસ પ્રિન્સીપાલ તરીકે કામ કરે છે. મિતભાષી તથા મિલનસાર સ્વભાવને લીધે તેઓ ભાવનગરની જાહેર જીવનની લોકપ્રિય વ્યકિત તરીકે પ્રતિષ્ઠિત છે. રાષ્ટ્રભાષા પ્રચાર સમિતિ વર્ધાના તેઓ અગ્રગણ્ય કાર્યકર તથા નગરની હિન્દી સમિતિના મંત્રી છે. ભાવનગરની શ્રી કેળવણી મંડળમાં પણ તેઓ શરૂથી જ સક્રિય રસ લે છે.

### શ્રી શાંતિલાલ બી. વોરા

બ્રિટીશ રાજ્યમાં રેલ્વેમાં નોકરી કરતા આઝાદીની ચળવળમાં આગેવાનીભર્યો ભાગ ભજવવામાં શ્રી વોરાનો ફાળો નોંધપાત્ર છે. સોનગઢ તથા ભાવનગરના રેલ્વે સ્ટેશનોએ તેઓએ જે શિસ્તપાલન તથા નિયમિત સેવા કરી હતી તેની પ્રશંસા ખુદ લેખક શ્રી રમણલાલ વ. દેસાઈએ પણ કરી હતી. તેઓ એક આદર્શ સ્ટેશન માસ્તર તરીકે ખૂબ બહુમાન પામ્યા છે. હાલ સી. એન. વિદ્યાલયમ ઓનરેરી સેવા આપે છે;

### શ્રી જગજીવનદાસ વીરચંદ ઝવેરી

જૈનધર્મના ઊંડા અભ્યાસી તથા પરમ ધાર્મિક અને ઉદાર અધ્યાપકરૂપે જગજીવનદાસ ઝવેરીનું નામ પાલીતાણામાં પ્રખ્યાત છે. ત્યાંની શ્રી રાયબહાદુર બાબુસાહેબ બુદ્ધિસિંહજી જૈન પાઠશાળામાં તેઓ ૪૨ વર્ષથી સેવા આપી રહયા છે. તેઓ એક કુશળ વકતા પણ છે. શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળની હાઈસ્કૂલમાં તેઓએ લાંબા વખત સુધી સેવા આપી છે.

### શ્રી વીરચંદ કુલચંદ શાહ

પાલીતાણા જૈનતીર્થના અગ્રગણ્ય અને નિષ્ઠાવાન કાર્યકરોમાં તેમનુ નામ મોખરે છે. તેઓ સામાન્ય માનવી હોવા છતાં પણ પોતાના સદ્ગુણોથી સમાજમાં બહુમાન પામ્યા છે જૈન બાલાશ્રમનું સુકાન તેમણે સફળતાપૂર્વક સંભાળ્યું છે. ગાંધીજી તથા રવીદ્રનાથની અસર નીચે આવતા શિક્ષણનો વ્યવસાય પસંદ કર્યો અને આજ દિન સુધી ખંતથી કામ કરી પોતાના વિદ્યાર્થીઓમાં ચાહના મેળવી છે. તેઓ કહે છે કે બાળકો એજ મારૂં સાચું ધન છે. તેઓ જૈન ધર્મપૂજાના સારા જાણકાર છે

## શ્રી જયંતિલાલ એમ. શાહ

તેઓ પાલીતાણાના ભાવનાશાળી કાર્યકર છે. તેઓ ત્યાંની હાઈસ્કૂલમાં હાલ અધ્યાપક તરીકે કામ કરે છે. જૈન સમાજની અનેકવિધ પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લે છે. એક સ્વયંસેવક તરીકે તેઓ આદર્શ અનુકરણ પુરું પાડે છે. હાલ એમ. એ. ના અભ્યાસ કરી રહયા છે. તેમનો મુખ્ય વિષય અર્થશાસ્ત્ર છે.

## શ્રી એસ. કે. વકીલ

વકીલ કુટુંબમાં જન્મેલા શ્રી એસ. કે. વકીલ પણ અગ્રગણ્ય કેમીકલ એન્જીનિયર છે. ભારતની ઉદ્યોગ તથા રસાયન સંશોધનને લગતી ઘણી ખરી સમિતિઓના તેઓ સભ્ય છે. સમાજ સેવા ક્ષેત્રે તેઓએ રેલ્વે તથા ગુજરાત વિદ્યુત મંડળના સભ્ય તરીકે સેવા આપી છે પોરબંદરની પ્રજ્ઞાચક્ષુ સંસ્થા ગુરૂકુળ પોલબંદરમાં તેઓ માનદ સેવા આપે છે પોરબંદરની ચેમ્બર ઓફ કોમર્સ તથા રોટરીકલબમાં પણ તેઓ ઉચ્ચ હોદ્દો ધરાવતા હતા.

## શ્રી ચત્રભુજ મુળશંકર દવે

જેતપુરના શૈક્ષણિક તથા સામાજીક ક્ષેત્રમાં શ્રી ચત્રભુજભાઈ દવેનું નામ આગળ પડતું છે. તેઓ હાલ જેતપુર ડાઈંગ એન્ડ પ્રિન્ટિંગ એસોસીએશનના મેનેજર તરીકે કામ કરે છે. હિંદ બહાર બર્મામાં પ્રિાટનગર રંગુનમાં રહી ગુજરાત ડેઈલીન્યુઝના તંત્રી તરીકે સારી સેવા બજાવી.

## શ્રી મગનભાઈ ગોરધનભાઈ પારીખ (એમ. જી. પરીખ)

તાજેતરમાં ભારત સરકારે અગ્રગણ્ય ચૌદ બેંકોનું રાષ્ટ્રીયકરણ કર્યું તે અરસામાં બેંકર તરીકે શ્રી પરીખનું નામ પોતાના ઉદ્યોગમાં સત્યેહ માન સાથે લેવામાં આવતું રહયું છે. તેઓ બેંક ઓફ બરોડાના નવા કસ્ટોડીયન છે. ભારત સરકાર તેમના બેંકીંગને લગતા વિધાનોનો ઝીણવટ ભર્યો આભ્યાસ કરે છે. બરોડામાં બેંક ઓફ બરોડાના મેનેજર તથા જનરલ મેનેજર તરીકે તેઓ સફળતાપૂર્વક સેવા કરી ચૂકયા છે.

થોડોક સમય બોમ્બે હાઈકોર્ટમાં પણ સેવા આપતા હતા. પોતાના ઉદ્યોગનું સફળતાપૂર્વક સંચાલન કરવામાં યોગ્ય અને કાબેલ માણસોને પારખીને તેમને પ્રોત્સાહન આપવામાં તથા પોતાના વ્યવસાય વિષેના અભ્યાસપૂર્ણ મંતવ્યો પ્રકટ કરવામાં તેઓ અત્યંત કુશાગ્ર બુધ્ધિવાળા વ્યકિત છે રીઝર્વ બેંક તથા ભારત સરકારે તેમની પસંદગી કરી તેઓને યુ. એસ. એ. થવા જાપાનમાં ત્યાની નાણાકીય પરિસ્થિતિનો અભ્યાસ કરવા મોકલ્યા હતાં તેઓ ખેતીવાડીને લગતા નાણાકીય પંચના પણ અધ્યક્ષ છે. બેંક ઓફ બરોડાની આર્થિક સમૃદ્ધિ વધારી બેંકને પ્રગતિશીલ દષ્ટિવાળી બનાવવામાં શ્રી એમ.જી. પરીખનો ફાળો અત્યંત મહત્વનો છે.

## શ્રી કપિલરાય એચ. વકીલ

રાજરત્ન કે. એચ. વકીલ ભારતના જાણીતા ટેકનોલોજીસ્ટ હતા. તેમણે માન્ચેસ્ટર યુનિ. માંથી ટેકનોલોજીની ઉચ્ચકક્ષાની ઉપધિ લીધી હતી. જમશેદજી ટાટાની કંપનીમાં સૌ પ્રથમ સેવા આપી ટેકનોલોજીમાં મીઠાને લગતા અનેક સંશોધનો કર્યા. કોડીનારના ખાંડના કારખાનાની સ્થાપનામાં આગળ પડતો ભાગ ભજવ્યો. મુંબઈ રાજયમાં તથા ભારતીય વાણિજય મંડળનું અનેકવાર ઔદ્યોગિક ક્ષેત્રે પ્રતિનિધિત્વ મળ્યું. ધ્રાંગધ્રામાં આલ્કલી વકર્સની સ્થાપનામાં અગ્રગણ્ય ભાગ ભજવ્યો. ભારતના અગ્રગણ્ય રાસાયણિક યંત્રોઉદ્યોગના વિદ્વાન તરીકે બહુમાન પામ્યા સોડાએસનું ઉત્પાદન કરવામાં પહેલ કરી તેઓએ કેટલોક સમય ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસમાં પણ સક્રિય રસ લીધો. પણ મહાત્મા ગાંધીની સલાહથી એ ક્ષેત્ર છોડી પોતાની સંપૂર્ણ શકિત ઉદ્યોગોમાં ખર્ચી પોતાના ક્ષેત્રના ઉચ્ચ અભ્યાસ માટે તેઓએ અનેકવાર પરદેશનો પ્રવાસ ખેડયો. ભારતે તેમના જવાથી એક મહાન રસાયણશાસ્ત્રી અને રસાયણ તાત્રિકજ્ઞાતા ગુમાવ્યો છે. તેઓ તેમના ક્ષેત્રનાં અનન્ય હતા. પોતાના ઉચ્ચ સામયિકોમાં તેઓના ઘણા સંશોધન નિબંધો પ્રસિદ્ધ થયા છે.

## શ્રી અમરચંદ માવજીભાઈ શાહ

પચ્છેગામના વતની શ્રી અમરચંદભાઈ પાલીતાણા ગુરૂકુળમાં અભ્યાસ માટે દાખલ થયેલાં, ગુરૂકુળનું સંસ્કારી વાતાવરણ અને શ્રી કપુરવિજયજી મહારાજના સમાગમે જીવનમાં પરિવર્તન આવ્યું. ધર્મ, તત્વજ્ઞાન અને યોગ તરફ આકર્ષણ કર્યું, પરંતુ કુટુંમ્બની નબળી આર્થિક સ્થિતિને કારણે છેલ્લે મુબઈમાં નોકરી સ્વીકારવી પડી. મુંબઈના અવનવા અનુભવોએ હૃદયમાં દયા-ભાવના પ્રેરી, નિર્દોષ-જીવોની હિંસાથી મનમાં અજંપો પેદા કર્યો અને જીવદયાને પોતાનો ધર્મ ફરજ માન્ય જીવદયા મંડળી તરફથી અનેક પશુઓને તેમણે કતલખાતાનામાંથી છોડાવ્યા હતા.

'જીવદયા' અને 'ગોગ્રામ' માસિકમાં લેખો અને કાવ્યો આપીને જનતામાં આ કામ માટે જાગૃતિ લાવવા પ્રયત્ન કર્યો, મુંબઇના સ્થાનિક વર્તમાનપત્રોમાં પણ આ બાબતના લેખો આપવા લાગ્યા. તેમણે લખેલા કાવ્યોની ત્રણ ત્રણ આવૃતિઓ પણ જીવદયા મંડળી તરફથી પ્રસિદ્ધ થઈ ચૂકી છે, ત્યારબાદ આજ માસિકના પબ્લિસિટિ મેનેજર થયાં. અનેક મંથનોને અંતે અમર આત્મમંથન નામનો

એક ગદ્યપદ્ય સંગ્રહ સંવત ૨૦૦૨ માં પ્રગટ થયો. મુંબઈ છોડયા પછી ભાવનગરની પાંજરાપોળની સેવા સ્વીકારી અને આ સંસ્થામાં સારવાર વિભાગ, પાલન વિભાગ, દુગ્ધાલય વિભાગ, ઉછેર વિભાગ, વિગેરે શરૂ કરાવી કામ વધારે વ્યવસ્થિત કર્યું. ત્યારબાદ હાલમાં તળાજા તીર્થ-કમિટિમાં પોતાની સેવા આપી રહ્યા છે.

'જ્ઞાનગીતા', 'સૌભાગ્ય સૌરભ', અને 'અમર સાધના' તેમની કૃતિઓ છે.

### શ્રી નરેન્દ્રભાઇ ગાંધી

પાટણના વતની છે, બી. એ. એલ. બી. સુધીનો અભ્યાસ છે. પાટણમાં ૧૯૫૩થી વકીલાત કરે છે. ૧૯૬૭થી પાટણ સુધરાઇનું પ્રમુખપદ શોભાવે છે. પાટણ સુધરાઇમાં ૧૯૫૫માં સભ્ય તરીકે સૌથી વધુ મત મેળવીને તેજ વર્ષે માત્ર ૨૪ વર્ષની ઉંમરે પાટણ નગરપાલીકાના ઉપપ્રમુખ તરીકે ચુંટાયા. શહેરના વિકાસના પ્રશ્નોમાં સારો એવો રસ લેતા રહ્યા છે. મહેસાણા જિલ્લા પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેનપદે થોડો સમય કામ કરી વહીવટી સુધારા દાખલ કર્યા. ગુજરાત યુવક મંડળ દ્વારા ચાલતી અનેકવિધ પ્રવૃતિ-ઓમાં અગ્રપદે રહીને, ખેતીવાડી બજાર સમિતિમાં, જુનીયર ચેમ્બર, જીમખાના, રમત ગમત વિગેરે કર્યું. પાટણની તમામ સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. ભૂતકાળમાં કોંગ્રેસમાં પણ કામ કર્યું છે.

### શ્રી હરગોવિંદદાસ મણિશંકર ત્રિવેદી

શ્રી હરગોવિંદદાસભાઇએ પ્રાથમિક, માધ્યમિક અને કોલેજનો અભ્યાસ ભાવનગરમાં જ પૂરો કર્યો તેઓ ગ્રેજ્યુએટ થયાં અને જંબુસર તથા વાંકાનેર હાઇસ્કૂલમાં હેડમાસ્તર તરીકે કામ કર્યું ત્યાર પછી મુંબઈ જઇ કાયદાનો અભ્યાસ શરુ કર્યો તે વખતે અભ્યાસની સાથે જ ભાટિયા બાલરક્ષક વિદ્યાલયના હેડમાસ્તર પણ બન્યા. એલ. એલ. બી થયા પછી કાઠિયાવાડ એજન્સી, ભાવનગર અને ઘોઘાની કોર્ટમાં વકીલાત શરૂ કરી.

આ પછી તેઓ રીતસરના રાજ્યવહીવટમાં આવ્યા. સરદારગઢ તાલુકાના કારભારી તરીકે ત્યારપછી ભાવનગર રાજ્યના પ્રાંતવકીલ તરીકેની વધારાની કામગીરી સ્વીકારી.

સને ૧૯૩૭માં સ્ટેટ કાઉન્સીલના મેમ્બર તરીકે અને તેજ વર્ષમાં ભાવનગર રાજ્યના દિવાનના મદદનીશ બન્યા. આ હોદ્દા ઉપર છ વર્ષની સફળ કારકીર્દિ મેળવી. પરિણામે સને ૧૯૪૩માં એટેચમેન્ટ સ્કીમ નીચે સ્પેશ્યલ ઓફિસરની વધારાની કામગીરી સોંપવામાં આવી.

તેઓશ્રી પોતાની કામગીરીના દરેક ક્ષેત્રમાં સફળ નિવ-ડયાં હતા ઉત્તરોત્તર ખંત અને મહેનતથી તેમને બઢતી મળતી જ ગઈ. છેલ્લે સને ૧૯૪૪માં દિવાનના મદદનિ[શ] તરીકે નિવૃતિ થયા. ત્યારબાદ સ્પેશ્યલ ઓફિસરની કા[મ]ગીરીમાંથી પણ નિવૃતિ મળેલ. નિવૃત્તિ પછી પણ એક [..] સુધી મુખ્ય વકીલ તથા પ્રાન્ત વકીલ તરીકે રાજયને મા[..] સેવા આપી હતી.

૧૯૬૩માં એકાએક હૃદય બંધ પડી જતાં સ્વર્ગવાસ થ[યો]

### શ્રી જનાર્દનભાઇ દવે

ભાવનગરની નવી પેઢીના આશાસ્પદ યુવાન વિદ્વાનો[માં] શ્રી જનાર્દનભાઇનું નામ વિશ્વાસપૂર્વક લઈ શક[ાય] ભાષાઓ ઉપર સારૂ એવું પ્રભુત્વ ધરાવે છે. સંસ્કૃત વેદાન્ત લઈ એમ. એ. થયા છે. સરલ, મધુર વ્યકિત[્વ]વાળા શ્રી દવે ભાવનગરની સાહિત્યિક અને સાંસ્કૃ[તિક] પ્રવૃતિઓમાં રસપૂર્વક ભાગ લઇ રહ્યા છે.

### શ્રી રસિકલાલ આચાર્ય

સમાજવાદી વિચારધારાને વરેલા અને નવા યુવાન લોહી[માં] જેમની ગણના થાય છે. તે શ્રી રસિકભાઈ આચાર્ય ઉ[ના] મ્યુનિસિપાલીટીના પ્રમુખપદેથી માંડીને ઉનાની ધ[..] સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. ઉનાના વિક[ાસ] અને ઉત્થાનમાં નાની ઉંમરથી રસ લેતા રહ્યા છે. ર[..] તેથી જ ઉનાના જાહેરજીવનમાં તેમનું આંગવુ વ્યકિતત્વ

### શ્રી બળવંતરાય ભગવાનજી શુકલ

મુળ સીહોરના વતની અને સાત ગુજરાતી સુધીનો અભ્યાસ, પણ કેટલી વર્ષો સુધી જાહેરસેવા અને સમ[ાજ] ઘડતરના કામમાં કામ કર્યું એથી ઘણો જ અનુભવ પ્રા[પ્ત] કર્યો. જીવનની શરૂઆતમાં રૂા. ૩ાના પગારથી નોકર[ી] રહ્યાં. મીઠાઇના ધંધામાં બારેક વર્ષ કામ કર્યું, પછી સ[..] જતાં શુકલ સ્વીટમાર્ટ ને નામે પોતાનો સ્વતંત્ર ધં[ધો] શરૂ કર્યો, પોતાના મીલનસાર સ્વભાવ અને પ્રમાણીક[તા] લઈ સમાજમાં માન મોભો વધતા ગયાં. સિહોર ઇલેક[્ટ્રી]સીટીના લેબરનું કામ રાખવા માંડયું. ઓઇલનું કામ રાખ[્યું] ગયા. અને વ્યાપારનો બહોળો અનુભવ મેળવ્યો. ત્યાર[બાદ] ૧૯૬૪માં ગુજરાત સ્વન પાઈપ ઇન્ડસ્ટ્રીઝમાં જોડાયાં. ત[્યાર]બાદ ઈંટનું કારખાનુ ઉભુ કર્યું. હાથભઠ્ઠી દ્વારા પાંચલ[ાખ] ઈંટનું પ્રોડકશન ઉભુ થતુ રહ્યું. પોતા પાસે ૧૩૪ વ[ીઘા] જમીન છે. ખરાબાનીજમીન મેળવી જે કામ ખેડૂત ન[ કરી] શકે તે કામ તેમણે કર્યું. વધુ અનાજ ઉત્પાદન કરો જીવનવ્રત લીધું.

ખેતીવાડી ક્ષેત્રે આગળ ને આગળ પ્રગતિ કરવાની [..] ધરાવે છે, ૧૫૦ માણસોને લઈ તીર્થયાત્રાએ પણ [..] આવ્યા. ધાર્મિક પ્રવૃતિઓમાં અનન્ય ભકિત ધરાવે છે.

## શ્રી રાજવૈદ્ય જે. કે. શાસ્ત્રી.

### જીવનપરિચય

(વર્તમાનમાં આચાર્ય શ્રી ચરણતીર્થ મહારાજ પરમ પુજય શ્રી ભુવનેશ્વરી પીઠાધીશના જગદગુરૂ)

સૌરાષ્ટ્રના જામકંડોરણા જિલ્લાના મેવાસા નામના ગામમાં જન્મેલ જે. કે. શાસ્ત્રીજી (જીવરામ કાલિદાસ શાસ્ત્રી) ને આઠ વર્ષની ઉંમરે માતપિતાના વાત્સલ્યથી વંછિત રહેવું પડયું. ત્યાર પછી તેઓ તેમના કાકાને ત્યાં ગોંડલમાં રહ્યા અને શાસ્ત્રી કેવલરામ તથા શાસ્ત્રી લક્ષ્મીશંકરજીના માર્ગદર્શન નીચે સંસ્કૃતનો અભ્યાસ કર્યો. સોળ વર્ષની વયે શાસ્ત્રીનીં ડિપ્લોમાં તેમણે સફળતાપૂર્વક મેળવ્યો. આ સમય દરમિયાન રચેલા તેમના સંસ્કૃત કાવ્યોથી તેમનો સમાજ આશ્ચર્યચકિત થયો. સંવત ૧૯૫૬માં ગિરનાર જઈ યોગીશ્રી અચ્યુદાનંદજીની કૃપાથી આયુર્વેદ અને મંત્રવિદ્યા તથા વનસ્પતિવિદ્યાનું ઊંડુ જ્ઞાન મેળવ્યું રાજકોટમાં બાવાભાઇ અચલાજી વૈદ્ય પાસે આયુર્વેદનું વ્યાવહારિક જ્ઞાન પ્રાપ્ત કર્યું. અન્ય વૈદ્યો પાસેથી જ્ઞાન મેળવ્યુ. વિ. સ. ૧૯૬૪માં મુંબઈમાં આપબળથી રસશાળા શરૂ કરી. તેમની આ ક્ષેત્રની ધગશ જોઈ મિત્રોએ સંપૂર્ણ સહાયની ખાત્રી આપતાં હમણાં ગોંડલમાં રસશાળાની સ્થાપના કરી. તેઓ માત્ર વૈદ્ય જ નહોતા પણ સંસ્કૃત તથા ગુજરાતીના પ્રખર વિદ્વાન સંશોધક પણ હતા રસશાળાની સ્થાપના દ્વારા આયુર્વેદના જ્ઞાનનો મહિમા વિસ્તારી અને પ્રજાની ખૂબ સેવા કરી. મહાત્મા ગાંધીજીએ તેમની પ્રશંસા મુકત કંઠે કરી છે. તેમની ખ્યાતી સાંભળી ગોંડલના મહારાજાએ તેમને રાજવૈદ્યનું માન આપ્યું. તેઓએ જીવનના ઉતરાશ્રમમાં આચાર્ય ચરણતીર્થનું નામ ધારણ કર્યું. હતું. હાલ તેમના પુત્ર ઘનશ્યામલાલ મુંબઈમાં તથા શિવરૂપી વ્યાસ ગોંડલમાં શાસ્ત્રીની મહિમાને ઉજ્જવળ બનાવી રહ્યા છે. રસશાળાનું વિસ્તૃત દવાખાનું જ નથી, પ્રયોગશાળા તથા સમૃદ્ધ પ્રકાશનાલય તેમજ ગ્રંથાલય પણ છે. આપણો સમાજ જો તેમની વિદ્યા, તેમનુ જ્ઞાન તથા તેમના અનુભવને પ્રત્યક્ષ જીવનમાં લાભ લઇ આચરણ કરે તો જીવન સુખી બને અને આપણે મન તથા તનથી તંદુરસ્ત તથા ચારિત્ર્યવાન બનીએ. શ્રી શાસ્ત્રીજી રાજવૈદ્યનુ નામ ભારતના ઈતિહાસમાં સુવર્ણાક્ષરે લખાયું છે.

## મહંત શ્રી સીતારામ કૃપે લક્ષ્મણદાસ બાપુ

સૌરાષ્ટ્રના પ્રસિદ્ધ તીર્થધામ તુલસીશ્યામની જગ્યાના મહંતશ્રી લક્ષ્મણદાસબાપુ દૈવી અને વચનસિદ્ધ પુરૂષ ગણાય છે. ગીરપંથકમાં તેમના ઘણાં અનુયાયીઓ આજે પણ ભકિતભાવથી તેમના સત્સંગનો લાભ લે છે. તેમણે ઘણા તીર્થોની યાત્રા કરી છે. તેમના ચમત્કારીક પરચાના દાખલાઓ તેમના ભકતજનો જાણે છે. તેમનું મૂકત હાસ્ય, શાર્દુલસમા અને ઓજસભર્યા ભાવોથી દીપતું મુખકમળ, જ્ઞાનગંભિર ચર્ચા વગેરે તેમની વિશિષ્ટતા છે. ઘણાજ વિદ્વાન અને પ્રભાવક છે. દર વર્ષે આ જગ્યામાં આવતા હજારો યાત્રીકોને સગવડતા સાચવવામાં સતત જાગ્રત રહ્યા છે.

મસ્ત અને તપસ્વી એવા આ મહંતશ્રીએ પુર્વના કોઈ પૂણ્યે અને સંસ્કારોએ સાધુજીવનની દીક્ષા લીધી, ઘણુ પરિભ્રમણ કર્યું, સેંકડો માણસોને તેમના સત્સંગનો લ્હાવો મળતો. ઇશ્વરી પ્રેરણાથી ઘણા વર્ષોથી તુલસીશ્યામની આ જગ્યામાં ધુણી ધખાવીને બેઠા છે. વિશુદ્ધ ચારિત્ર્ય અને દૃઢ મનોબળવાળા આ પ્રતિભાશાળી મહંતે યાત્રીકોને પૂરતો સંતોષ આપી તેમની પ્રતિભાને ઉપજાવી છે. સા ઉપર સ્નેહ અને મમતા, સ્વભાવે ખૂબજ પ્રેમાળ અને ભોલા. અને ગીરની ભાવિ પ્રજા આ મહંતને દેવતુલ્ય ગણે છે. એ પંથકમાં થતા ઘણા ધાર્મિક કાર્યો તેમની પ્રેરણાથી થાય છે.

## શ્રી પ્રભાશંકરભાઇ વૈદ્ય

પાલીતાણાની જુની પેઢીના મૂક સેવકોમાં શ્રી પ્રભાશંકર ભાઇ વૈદ્યનું નામ ભૂલી શકાય તેમ નથી. નિસ્પૃહભાવે ઘણા વર્ષોથી વૈદકીય સેવા આપીને કુટુંબને તેમણે ઉજ્જવળ કીર્તિ અપાવી છે. શાંત, નીખાલસ અને ઠરેલ બુધ્ધિને લઈ તેઓ બહોળા લોકસમુદાયનો પ્રેમ સંપાદન કરી શકયા છે. તેમના પિતાશ્રી પણ એવાજ પરોપકારી મનના હતા શ્રી પ્રભાશંકરના સુપુત્ર શ્રી મોહનભાઇ વિગેરે પણ માનવ–સેવાના ધ્યેયને નજર સમક્ષ રાખી પોતાના કર્તવ્યને ધર્મ અને ફરજ સમજી કામ કરી રહ્યા છે.

## શ્રી જયંતિલાલ ર. ભટ્ટ

તળાજાના પ્રજાજીવન સાથે ઘણા વર્ષોથી સંકળાયેલા છે. ધંધાર્થે વકીલ હોવા છતાં તેમના હૈયે જનતાજનાર્દનનું હિત સદૈવ રહ્યું છે તળાજા મ્યુનિસિપાલીટીના પ્રમુખપદથી માંડીને તળાજા શહેરની ઘણી સંસ્થાઓના સુકાની તરીકે સેવાઓ આપી છે, નિરાભિમાની છતાં ખૂબ જ સ્વમાનભેર જીવવાની તેમની આગવી ટેવ છે.

## શ્રી હાડવૈદ્ય રંગાણી

પાલીતાણા શહેરમાં સાધુ સાધ્વીઓને વૈદકીય સારવારના કામમાં સારી એવી સેવા આપનાર શ્રી હાડવૈદ્ય રંગાણીએ જાહેર જીવનના પ્રશ્નોમાં પ્રસંગોપાત રસ લઇને નવી યુવાન પેઢીને માર્ગદર્શન આપ્યા કર્યું છે. નાનામાં નાના માણસનું સાંભળીને યોગ્ય જણાય ત્યાં તન મનથી સેવા આપતા રહ્યાં છે.

## શ્રી બાપલભાઇ ગઢવી

આપનું મૂળ વતન બાબરીયાત છે. ચારણી સાહિત્યના ગાયક તથા લોકસાહિત્યના અનન્ય ઉપાસક તરીકે આપ કીર્તિવંત છે. અમરેલી તથા ભાવનગર જિલ્લામાં નશાબંધીના પ્રચારક તરીકે ખૂબ જાણીતા છે. કલાકારોનો કવિઓ અને લેખકોનો બહોળો મિત્ર સમુદાય ધરાવે છે. સ્વભાવે શાંત અને નિઃસ્પૃહી છે. ભજન કિર્તન અને ડાયરોના કાર્યક્રમો આપની ઉપસ્થિતિ વગર નિરસ લાગે છે. એકવાર ન માણ્યો હોય એને બાપલગઢવીનો પરિચય માણવા જેવો ખરો.

## શ્રી કરસનદાસ જે. પઢીયાર

લીંબડીના બુઝુર્ગ રાજકવિ શ્રી શંકર દાનજીના શિષ્ય જૂનાગઢ લોકસાહિત્ય વિદ્યાલયના પ્રથમ વિદ્યાર્થી, રેડિયો કલાકાર તથા લોકસાહિત્યના અભ્યાસુ અને લોકઢાળોના જૂની પેઢીના સંસ્કારોને ઘરેણાની જેમ જાળવી રજૂ કરનાર શ્રી પઢીઆરભાઈ સૌરાષ્ટ્ર તથા ગુજરાતના સર્વશ્રેષ્ઠ લોક-ગાયક છે મધુરકંઠ લયપર પ્રભુત્વ સ્વરોના આરોહ-અવરોહની પરખ અને કુશળતાપુર્વક અભિવ્યકિત એ તેમની ગાયકીના આગવા લક્ષણો છે. જેમણે શ્રી કરસનદાસભાઈને એકવાર પણ સાંભળ્યા છે એ તેમનો અવાજ-તેમનો રણકો કદીય ભૂલી શકે નહિ. ગુજરાતની પ્રજા તથા સરકારે હજુ તેમની જોઈએ તેટલી કદર કરી નથી આશા રાખીએ હવે દૃષ્ટિ જશે.

## ડૉ. વસન્તભાઇ જીવાભાઈ બકરાણીયા

જીવનના અનેક તાણાવાણા વચ્ચે પણ વિદ્યાભ્યાસની પગદંડી ઉપર ઉજ્જવળ પગલા પાડનારા અને પોતાના વ્યવસાયની સાથે સામાજિક સેવાઓને પણ એટલું જ મહત્વ આપનારા કેટલાંક મહાનુભાવોમાં શ્રી વસન્તભાઇ બકરાણીયાની ગણના કરી શકાય. હાલારમાં જામનગર તાબેના નવા ગામના મૂળવતની ગુર્જર-સુતાર જ્ઞાતિમાં કેળવણીનું પ્રમાણ નહિવત હોવા છતાં ઉચ્ચ અભ્યાસ કરી નામના મેળવવાના કોડ બચપણથી હતો એટલે નવાગામમાં પ્રાથ-મિક શિક્ષણ પૂરૂં કરીને જામનગરની શ્રી શામજી મોદી સેવાશ્રમ અને વિદ્યાર્થીગૃહમાં આગળ અભ્યાસ માટે ધૂણી ધખાવીને બેસી ગયાં. પોતાના સોનેરી જીવનની સફળતાનો યશ આ છાત્રાલયને આપે છે. છાત્રજીવન દરમ્યાન તેમના જીવનઘડતરમાં મહત્વનો ભાગ ભજવ્યો છે. સ્વાશ્રય અને સાદાઈના બીજ આ છાત્રાલયમાં રોપાયા, ગરીબો પ્રત્યેની હમદર્દી અને સેવાજીવનની દીક્ષાના પાઠ અહીં આ છાત્રા-લયમાં મળ્યાં, છાત્રાલય મારફત પ્રસંગોપાત યોજાતા માન-વસેવાના કાર્યક્રમોથી ધાર્મિક પ્રેરણાઓ મેળવવા પણ સદભાગી બન્યા સામાન્ય રોગો માટેના સાદા ઉપાયો અને પ્રાથમિક સારવારનું કામ શીખવાનું પણ આ છાત્રાજીવન દરમ્યાન મળ્યું બહુ જ આસાનીથી મેટ્રીકની પરીક્ષા પસાર કરી જામનગરની ગુલાબકુંવરબા આયુર્વેદ મેડીકલ કોલેજમાં ચાર વર્ષ અભ્યાસ કરી ૧૯૫૧માં ડી.એ એસ. એફની ઉપધી મેળવી અને સૌ પ્રથમ ભાવનગરની સર તખ્તસિહજી હોસ્પીટાલમાં સેવા આપવી શરૂ કરી-તેમની ઝળકતી કાર-કીર્દીના આ શરૂઆતના દિવસો હતા.

વિશાળ અનુભવના ભંડાર એવા અને માનવતાની મૂર્તિ-સમા સ્વ. ડૉ. હેમન્તકુમાર વૈદ્ય સાથે રહીને બહોળો અનુ-ભવ મેળવ્યો. મેળવેલું એ કિંમતી ભથુ તેમ જ જીવનભર ઉપયોગી બની રહ્યું છે.

અધતન સાધનો સાથે પાલીતાણામા પોતાનું પ્રાઇવેટ દવાખાનુ ચલાવે છે. સ્થાનિક ડોકટરોમાં તેમનું આગવું સ્થાન રહ્યું છે.

## ડૉ. મગનલાલ જી. ગોંડલીયા

પોતાના વડવાઓના ગામ જેતપુરથી આવીને બગસરામાં એક ખ્રિસ્તી ડોકટરના દવાખાનામાં કંપાઉન્ડર તરીકે નોકરી કરનાર એક ઉત્સાહી યુવાન મગનલાલ ગોંડલીયાનું જીવન સૌરાષ્ટ્રના ચેતનવંતી જીવનની એક યશકલગી સમુ છે. કંપાઉન્ડરમાંથી ડોકટર બન્યા પછી બગસરાના એક યશસ્વી ડોકટર તરીકેની કારકીર્દી ઉભી કરનાર અને સમાજ જીવનના પ્રત્યેક ક્ષેત્રે આગેવાની ભોગવી સુવાસ પ્રસારનાર ડોકટર સાહેબનું જીવન ખૂબજ પ્રગતિ અનેક આશાઓનું પ્રતિક છે. ભારત સ્વતંત્ર થયા પછી બગસરાના પ્રથમ મ્યુનિસિ-પાલીટીના બોર્ડમાં પ્રમુખ તરીકેની સેવા બજાવી ચૂકયા છે, અને બહારગામથી દાન લાવી બગસરામાં કન્યાશાળા હોસ્પીટલ વગેરે સંસ્થાઓની સ્થાપના કરી છે.

દરબારોના સમયમાં પણ તેમના સાથે દેશ વિદેશમાં સાથે રહી પોતાના તબીબી અનુભવોના ઊંડાણ પ્રાપ્ત કર્યા છે. વળી સ્વભાવમાં રહેલી સરળતા અને લોકલાગણીના કારણે ઘણુંજ બહોળુ મિત્રમંડળ ધરાવે છે. પોતે ધારે તે કામ પાર પાડવાની તેમની લગન આવકારદાયક છે. સૌરાષ્ટ્રના લોકસાહિત્યના પણ પ્યાસી છે. લોકકવિ ભકત કવિશ્રી કાગ, શ્રી મેરૂભા તથા પિંગળશી ગઢવી જેવા આપણા કવિઓના તેઓ પરમ મિત્ર છે. બગસરામાં આર્ય સમાજમાં તેમનું સ્થાન હંમેશા સર્વોપરિ રહ્યું છે લોકોના સંપર્કમાં આવી પોતાની મિષ્ટવાણીથી સામા પક્ષેથી ફંડ એકઠું કરવાની કળા એ તેમની એક વિશિષ્ઠતા છે. તેઓ પોતાની આ કળાના બળે સમાજના અનેક કામો કરી આપવા સમર્થ બન્યા છે ડૉ, મગનલાલ જી. ગોંડલીયા બગસરા જેવા નાના ક્ષેત્રમાં હોય નહિ તો તેમનામાં રહેલી શકિતઓ ઘણોજ વિકાસ સાધી શકે. બગસરાની લગભગ બધીજ સંસ્થાઓને તેમની સેવાનો લાભ મળતો રહ્યા છે.

## ડૉ. આર પી. દેશાઇ

પ્રાથમિક શિક્ષણ પ્રાપ્ત કર્યા બાદ વલસાડની આવાંબાઈ હાઇસ્કુલમાંથી ઈ. સ. ૧૯૩૨માં મેટ્રિક્યુલેશન પરીક્ષા પસાર કરી, ૧૯૩૪માં બરોડા કૉલેજમાંથી મુંબઈ યુનિવર્સિટીની ઇન્ટર સાયન્સ પરીક્ષા પસાર કરી મુંબઈની શેઠ જી. એસ. મેડીકલ કૉલેજમાં દાખલ થયા અને ૧૯૩૯માં એમ. બી. બી. એસના ડૉકટરના ઉપાધિ પ્રાપ્ત કરી. ત્યારબાદ મુંબઇની કે. ઈ. એમ. હૉસ્ટલમાં કેટલોક વખત અનુભવાર્થી તબીબી તરીકે સેવાઓ આપી છેવટે પોતાના વતન વલસાડમાં ૧૯૪૧થી ડૉકટરનો ખાનગી વ્યવસાય આરંભી સ્થીર થયા.

વલસાડમાં એમની ડૉકટરી પ્રેકટીસ ઉપરાંત જાહેર સેવા પ્રવૃત્તિઓનો વૈવિધભર્યો ઈતિહાસ છે. વલસાડના "શ્રી કસ્તુરબા વૈદકીય રાહત મંડળ" ના પોતે એક સ્થાપક સભ્ય તથા તેની કાયવાહી સમિતિના પણ એક આગેવાન સભ્ય હતા.

આ ઉપરાંત તેઓ "શ્રી કસ્તુરબા પ્રસુતિગૃહ" તથા સુઘરાઈ સંચાલિત પ્રસુતિગૃહ" માંના માનદ નિષ્ણાત, ડૉકટર તરીકે વર્ષો સુધી રહ્યા વલસાડના શિક્ષણક્ષેત્રે પણ તેઓ શ્રીની સેવાઓમાં વલસાડના સાર્વજાનક કેળવણી મંડળ જે શહેરમાં ત્રણેક માધ્યમીક શાળાઓનું સંચાલન કરે છે તેના આગેવાન [illegible] હતા, અને હાલ તેઓ વલસાડ નૂતન કેળવણી મંડળ જે શહેરમાં આર્ટસ, કૉમર્સ સાયન્સ તથા કાયદાની કૉલેજો ચલાવે છે તેના નિયામક મંડળના સક્રિય સભ્ય છે. એમની શહેરમાંની ઈતર જાહેર પ્રવૃત્તિઓનો પણ યશસ્વી ઈતિહાસ છે. તેઓશ્રી વલસાડની મ્યુનીસીપાલીટીના સભ્ય તરીકે ચુંટાયેલા જ્યાં પાછળથી તે પ્રમુખપદે પણ ચુંટાઇ આવ્યા હતા. નાદુરસ્ત તબીયતને કારણે મ્યુનિસિપાલીટીમાંથી રાજીનામું આપી છેવટે ૧૯૫૩ માં છુટા થયા.

વલસાડની રોટરી કલબના તેઓ આધ્યાપકોમાનાં એક હતા જેના પાછળથી ૧૯૬૫ માં તે ઉપપ્રમુખ પણ થયા હતા. વલસાડના મેડીકલ એસોસીએશનના તેઓ ઘણાં વર્ષો સુધી માનદ મંત્રી રહ્યા હતા સને ૧૯૬૬ માં તેમણે ૧૯ મા અખિલ ગુજરાત મેડીકલ પરીષદના અધિવેશનના વ્યવસ્થાપક મંત્રી તરીકે ચુંટાઈ સફળતા પૂર્વક કાર્યવાહી કરી હતી. ૧૯૬૯ માં ગુજરાત સરકારે માનદ મેજીસ્ટ્રેટ પદ (જે. પી) એનાયત કર્યું.

હાલ તેઓ પોતાની ખાનગી મેડિકલ પ્રેકટિસ ઉપરાંત વલસાડ રોટરી કલબ તથા નૂતન કેળવણી મંડળના નિયામક મંડળના સભ્ય તરીકે શહેરના જાહેર જીવનમાં સક્રિય રીતે ચુંટાયેલા રહી સેવાઓ આપી રહ્યા છે.

## કુમારી છાયા કેશવલાલ શાહ

અમદાવાદના વતની ને હાલ મુંબઈમાં વસતા કુમારી છાયા કેશવલાલ શાહ જૈન સમાજના એક ધર્મસંસ્કારથી રંગાયેલ ભાવનાશીલ કુટુંબમાં તેમનો ઉછેર થયો છે મુક્તવાતાવરણ છતાં મર્યાદા અને સંયમ, શિસ્ત અને વ્યવસ્થા તેમના કુટુંબનું મુખ્ય અંગ હતું. જીવનના એક એક ક્ષેત્રમાં જિનેશ્વર ભગવાનની આજ્ઞાને મુખ્ય સ્થાન હતું. તેથી આર્થિક દ્રષ્ટિએ મધ્યમ સ્થિતિ હોવા છતાં સુખ અને શાંતિની દૃષ્ટિએ સંસ્કારની સમૃદ્ધિએ શ્રીમંતને પણ ઇર્ષ્યા કરાવે તેવી હતી.

આવા આદર્શ વાતાવરણથી કુમારી છાયાને આધુનિક શિક્ષણ સાથે આર્ય સંસ્કૃતિનો સારો વારસો મળ્યો.

પાટણમાં શ્રી નટુભાઈના બાળમંદિરમાં કુમારી છાયા અભ્યાસ સાથે વકૃત્વ, સંગીત, નૃત્ય, સંવાદ વગેરે ઈતર પ્રવૃત્તિઓમાં પ્રથમ વિજેતા બનવા લાગ્યા. અગિયાર વર્ષની ઉંમરે દીલ્હી ખાતે તા. ૨૭-૧૨-૫૯ના રોજ વિજ્ઞાન ભવનમાં સંયુક્ત રાષ્ટ્રસંઘના આશ્રયે ચાલતી યુનાઇટેડ સ્કુલ ઓરગેનાઇઝેશન યોજિત અખિલ ભારતીય આંતરશાળા વકૃત્વ સ્પર્ધા " હું ભારતનો વડા પ્રધાન હોઉં તો શું કરું " તે વિષય પર માતૃભાષા ગુજરાતી હોવા છતાં હિન્દી ભાષામાં આ સ્પર્ધામાં ભાગ લીધેલ ભારતભરની શાળાઓના પ્રતિનિધીઓમાં પ્રથમ વિજેતા બન્યા જે બદલ તેઓ પંડિત નહેરૂના પણ રૂબરૂ હાર્દિક અભિનંદન મેળવવા ભાગ્યશાળી બન્યા. મુંબઈમાં શ્રી મુંબઈ જૈન ધાર્મિક શિક્ષણ સંઘ, કૉલેજ સામાજિક સંસ્થાઓ વગેરે દ્વારા યોજાતી વકૃત્વ, સંગીત, કથા, સંવાદ વગેરે સ્પર્ધાઓમાં તથા ઓલ ઇન્ડિયા રેડિયોમાં પણ તેમને આજ સુધી પ્રથમ પંક્તિમાં સ્થાન મેળવી રાખ્યું છે. તેમની ભાવવાહિ છતાં અસરકારક શૈલીથી જાહેર સભાઓમાં તેમનું પ્રવચન શ્રોતાઓને મુગ્ધ કરે છે. સ્પર્ધાઓમાં નિર્ણાયકો સમય મર્યાદા વિસરી જાય છે.

તેઓ એમ, એ. તત્વજ્ઞાન સાથેના અભ્યાસની છેલ્લી પરીક્ષા ૧૯૬૯માં આપી તત્વજ્ઞાનના ઉચ્ચ અભ્યાસ તથા આર્ય સંસ્કૃતિના પ્રચાર માટે કૅનેડા, યુ. એસ. એ. વગેરે દેશોમાં ગયેલ છે.

## શ્રી કનૈયાલાલ ભણશાલી

માલેગામ ગુર્જરી માતાનું ગૌરવ વધારનાર શ્રી ભણશાલીએ લોક કલ્યાણની પ્રવૃત્તિઓ પાછળ જીવનનાં બહુમૂલ્ય વરસો આપ્યાં છે. ૧૪ વર્ષની વયે શાળા જીવન દરમ્યાન એમનું જાહેર જીવન શરૂ થયું. ૪૦ વર્ષથી તેઓ એક યા બીજા ક્ષેત્રે સેવા આપતા જ રહ્યા છે. કુનેહ અને સફળતા જન્મથી જ વરેલાં છે. હસમુખો સ્વભાવ ઓછું બોલવાની ટેવ, સખ્ત પરિશ્રમ, કર્તવ્યનિષ્ઠા અને

દરેક કામને ચીવટપુર્વક પાર ઉતારવાની શક્તિ–આ ગુણોને કારણે જે કોઈ ક્ષેત્રમાં એ ઝંપલાવે છે, તેમાં તેઓ સદા પ્રકાશી ઉઠે છે. સદાયે મોખરે રહેવાની તેઓ શક્તિ ધરાવે છે. કેટલીયે યોજનાઓ એમના મનમાં રમતી જ હોય છે. જ્યાં આપણને 'જંગલ' દેખાતું હોય ત્યાં તેઓ 'મંગલ' ખડું કરી દે છે.

શ્રી ભણસાલીમાં સુંદર વ્યવસ્થા શકિત છે અદ્‌ભુત પ્રચાર શકિત છે. તે અચ્છા પત્રકાર છે. સને ૧૯૩૦ની જવાહર મંડળ પીકેટીંગ પત્રિકા, સન, જીવનજ્યોત અને બનાસકાંઠા પત્રોના તેઓ તંત્રી હતા. આખો બનાસકાંઠા અને મહેસાણા જિલ્લો તેમના નામ અને જાહેર કામોથી પરિચિત છે. જાહેર ક્ષેત્રે તેમની વરસોની અનેકવિધ સેવાઓ નોંધપાત્ર બનેલી છે,

૧૯૩૦ અને ૧૯૩૨ની સત્યાગ્રહની લડતમાં તેમણે આપેલો ફાળો પણ નોંધપાત્ર છે.

શ્રી. ભણસાલીની સેવાઓ માત્ર તન અને મન પુરતી જ મર્યાદિત નથી. ધનનો પણ તેઓ સદુપયોગ કરતા જાય છે. વીમા કોરપોરેશન તરફથી મળતા કમીશનના પૈસાનો કેટલોક ભાગ પોતે જનકલ્યાણની પ્રવૃત્તિઓ પાછળ ખર્ચી રહ્યા છે.

બનાસકાંઠા જિલ્લાની રાહત પ્રવૃત્તિઓના એ વર્ષોથી પ્રણેતા છે,

### શ્રી જસુભાઈ રાવળ

"અચલ" તખલ્લુસધારી શ્રી જસુભાઈ રાવળ ભાવનગરની સામાજિક, સાંસ્કૃતિક, કે ધાર્મિક પ્રવૃત્તિમાં અચૂક હાજર હોય જ. તેમની સેવા અનેક સંસ્થાઓને મળતી રહી છે. હાલમાં માસ્ટર સીલ્ક મીલમાં જવાબદારીવાળી જગ્યા સંભાળે છે. જાણીતા ઉદ્યોગપતિ શેઠશ્રી બકુભાઇના સેક્રેટરી તરીકે કામ કરે છે. ભારત સાધુ સમાજની સહાયક સમિતિના માનદ્ મંત્રી તરીકે, જિલ્લા વૃદ્ધાશ્રમના માનદ્ મંત્રી તરીકે, ભોગીલાલ મગનલાલ એજ્યુકેશન સોસાયટીના જોઇન્ટ સેક્રેટરી તરીકે નૂતન સહકારી ભંડારમાં અને મોઢ ચાતુર્વેદિય મહામંડળમાં પ્રમુખ તરીકે, ભાવનગરની કાવ્ય સભાના પ્રમુખપદે ઘણી સુંદર સેવા આપી છે. લોકસાહિત્યના પ્રેમી, સારા વિવેચક અને વકતા છે. જીવન નમ્ર, પરોપકારી અને સેવાભાવી છે, તેમની કવિતાઓમાં અર્થગાંભીર્ય છે, જોમ અને આત્માનો અવાજ છે, "ડમરુ" સામાયિકનું સફળ સંચાલન કરે છે.

### ૫. ગોસ્વામી માધવરાયજી મહારાજ મથુરા પોરબંદર

સૌરાષ્ટ્રના વૈષ્ણવ સંપ્રદાયના આચાર્ય અને ધાર્મિક પ્રવૃત્તિઓના પ્રણેતા શ્રી માધવરાયજી મહારાજનો જન્મ ભારતના શ્રેષ્ઠ હારમોનિયમ વાદક શ્રી દ્વારકેશલાલજી મહારાજને ત્યાં થયો. કલા સાહિત્ય અને સંગીતનો આ કુટુંબમાં ઉત્તરોત્તર વારસો ચાલ્યો આવતો હોવાથી એ સંસ્કારોનું શ્રી માધવરાયજીમાં સિંચન થયું, સંગીતની ઉચ્ચકક્ષાની તાલીમ મેળવવાને સદ્‌ભાગી બન્યા. તેમણે અનેક સ્થળે પ્રસંગોપાત સંગીત ગાયકી અને વાદનનું અભિવાદન કરાવ્યું, ભિન્ન ભિન્ન ઘણીએ ગાયકી પર સારૂ એવું પોતે પ્રભુત્વ ધરાવે છે. સાદું નિરાભિમાની અને આધ્યાત્મિક રંગે રંગાયેલું તેમનું જીવન છે. મૃદંગવાદનમાં સારો એવો કાબુ ધરાવે છે.

તેઓ બાલ્યકાળથી જ ઘણા તેજસ્વી, સુસંસ્કારી અને સહૃદયી જણાયા છે, વૈષ્ણવ સંપ્રદાયમાં આજે તેમની પ્રતિષ્ઠા અસાધારણ વિદ્વાન પુરૂષની ગણાય છે. સંપ્રદાયના ત્રિમાસીક "અગ્નિકુમાર"ના સંપાદનમાં મહત્વનો ફાળો રહ્યો છે.

નૈતિક મૂલ્યોના સ્થાપન માટે તેમણે ધાર્મિક અને સાંપ્રદાયિક સંસ્થાઓ શરૂ કરી છે. સંપ્રદાયનું એક ચલચિત્ર સુરસાધનાનું ચિત્ર પણ ઉતારીને તેમની શક્તિની આપણને પ્રતીતિ કરાવી છે. તેમને ત્યાંના સારા અતિથીસત્કાર ઉપરાંત સંગીત, ચિત્ર, શિલ્પ સ્થાપત્ય અને સાહિત્યની ઉદારતાભરી કદર થાય છે, એટલું જ નહી પોતે કાવ્યો પણ બનાવે છે. સાહિત્યપ્રેમી જીવ ઉપરાંત શ્રેષ્ઠ ધર્મપ્રચારક તરીકે તેમની ગણના થાય છે.

### ડૉ. નટવરલાલ ડાહ્યાલાલ પટેલ

નડીયાદના સુશીક્ષીત અને સંસ્કારી તેમજ ધાર્મિક વિચારસરણીવાળા માબાપને ત્યાં જન્મ લેવાનું સદ્‌ભાગ્ય સાંપડયું પિતાને સ્ટેશન માસ્તરની સર્વિસ હોવાથી જુદા જુદા સ્થળોએ અભ્યાસ કરેલો, વિદ્યાર્થી તરીકે ઉજ્જવળ કારકીર્દી ભોગવી પ્રથમ પ્રયાસે એમ. બી. બી. એસની ડીગ્રી મેળવી. વ્યવસાયની શરૂઆતથી સારા એવા મિત્રોના સંપર્કમાં રહ્યા નડીયાદ મહા ગુજરાત હોસ્પીટલના રેસીડેન્ટ મેડીકલ ઓફીસર તરીકે નીમણુંક થઇ આ સમયમાં ખેડા જીલ્લાના પ્રખ્યાત સર્જન ડૉ. જયંત એ. શાહ સાથે કામ કરવાનો મોકો મળેલો તે બાદ બાયડ તાલુકાના મેડીકલ ઓફીસરની નીમણુંક થઇ. બાયડને તથા તાલુકાની ઘણીખરી સંસ્થાઓ સાથે સંકલિત છે તેમનાં ધાર્મિક અને સામાજિક રીતે ગુપ્તપણે કેટલાંકને આર્થિક સહાય આપે છે. હાલ બાયડ જુનીયર ચેમ્બરના ઉપપ્રમુખ તરીકે છે.

માબાપના સંસ્કારો ને શિક્ષણ બાળકે ને આગળ વધારવામાં સહાય રૂપ બને છે. તેમના એક નાના ભાઇ જયન્તીલાલ હાલ પણ નડીયાદ જે. જે. કોલેજમાં સાયન્સ પ્રાધ્યાપક છે. અને સૌથી નાના ભાઇ દલીપભાઇ ગાંધીનગર આસિ. એન્જીનીયર તરીકે છે.

### શ્રી મોહનલાલ બી. શાહ

ધનસુરામાં પ્રેક્ટિસ કરતા અને સારાય સાબરકાંઠા

જીલ્લામાં સેવાની સુવાસ રેલાવતા આ ખ્યાતનામ ડોક્ટરનો જન્મ બાયડ તાલુકાના ડેમાઈ ગામમાં ઈ.સ. ૧૯૨૭માં ૧૪ એપ્રિલના રોજ થયો. નિસર્ગના ખોળે ઝૂલતા ગ્રામ્યબાળની સમાન તેમનું બાળપણુ નિખાલસતા, સાદાઈ અને નિર્મળતાથી વ્યતીત થયું. પ્રાથમિક અભ્યાસ ગામમાં જ પૂરો કરી માધ્યમિક શિક્ષણ 'હિંમત હાઈસ્કૂલ', હિંમતનગરમાં લીધું. મેટ્રિકની પરીક્ષામાં મેથેમેટિક્સ અને સાયન્સમાં ડીસ્ટંકશન મેળવી તેઓ સને ૧૯૪૪માં હિંમત હાઈસ્કૂલ'માં પ્રથમ નંબરે પાસ થયા. પણ એ જ અરસામાં માતાની મીઠી છાયા ગુમાવતાં તેઓ વધુ અભ્યાસ માટે વ્યાકુળ બન્યા, પરંતુ તેમના પિતાશ્રીએ તેમના જુસ્સાને નરમ પડવા દીધો નહિ અને માતાની ઊણપ ન આવે તે રીતે ઉચ્ચ શિક્ષણુ માટે 'ગુજરાત કોલેજ', અમદાવાદમાં દાખલ કર્યા. ૧૯૫૨માં તેમણે એમ. બી., બી. એસ.ની ઉપાધિ મેળવી. છેલ્લા વર્ષે યુનિવર્સિટીનું પરિણામ માત્ર નવ ટકા આવેલું, તેમાં તેઓ ત્રીજા નંબરે આવ્યા હતા. એ તેમની ઉજ્જવળ શૈક્ષણિક કારકિર્દી સૂચવે છે.

જીવનના પ્રત્યક્ષ અનુભવોની જોડે જોડે તેમણે પોતાના જ્ઞાનદીપને વિશેષ તેજોમય બનાવવાના પ્રયત્નો જારી રાખ્યા. સને ૧૯૫૯માં ઇન્ડિયન મેડિકલ એસોસિયેશન દ્વારા આયોજિત યુરોપયાત્રામાં સામેલ થઈ યુરોપના વિવિધ દેશોની હોસ્પિટલોના સંચાલન અને સગવડનું નિરીક્ષણ કર્યું અને સ્વદેશ આવી ફરીથી પ્રેક્ટિસમાં ઝંપલાવ્યું. હજુય તેમની પ્રેક્ટિસ એકધારી ચાલુ જ છે.

તેમનું વ્યક્તિત્વ માત્ર એકતરફી જ નથી રહ્યું. વિજ્ઞાન અને વૈદકીય ક્ષેત્રની સાથે સાથે માનવીના આત્માને વિકસિત કરતા અનુપમ ભાવોને ટંકારવામાંય તેમની સારી હથોટી બેઠી હતી. વિજ્ઞાનના ઉપાસક ડોક્ટર એ ભાવોને શબ્દદેહે કાગળ પર મૂર્ત રૂપ આપી સુંદર કાવ્યો પણ રચતા હતા. સંસ્કાર અને સાહિત્યની અભિરુચિએ મધુરું ગુંજન આદર્યું અને તેના ફળસ્વરૂપ તેમનાં સ્વરચિત કાવ્યોનો 'ગુંજન' નામનો સંગ્રહ સને ૧૯૫૦માં સુરતના ગાંડીવ સાહિત્ય મંદિર દ્વારા પ્રકાશિત થયો. મેડિકલ કોલેજના મેગેઝીનમાં સતત ત્રણ વર્ષ સુધી તેમણે ગુજરાતી વિભાગનાં પ્રથમ ઇનામો મેળવ્યાં.

હજુય તેમની સાહિત્યઆરાધના ચાલુ છે આમ, સાહિત્ય અને વિજ્ઞાનનો સમન્વય સાધતા ડો. શ્રી મોહનલાલભાઈ નિજ ક્ષેત્રમાં વધુ ને વધુ પ્રગતિ સાધતા રહે છે.

### ડૉ. પોપટલાલ દોલતરામ વૈદ્ય

જૈનાચાર્યના આશીર્વાદ સાથે પેઢીઓથી જે કુટુંબ આયુર્વેદના ચરણોમાં સદા રમતુ રહેલ છે તેવા રાજવૈદ્ય દોલતરામ વલ્લભરામના ચાર પુત્રોમાં સૌથી નાના ૧૪ વર્ષની નાની ઉંમરમાં સંસ્કારી પિતાની ધાર્મીક વાત્સલ્ય ભરી પિતૃછાયા ગુમાવી દીધી હતી, મોટા ભાઈઓની અને માતાની મમતાળુ વાત્સલ્ય ભાવનાની છત્રછાયામાં અભ્યાસ કર્યો (સને ૧૯૪૪માં ડી. એ. એસ. એફ. બોમ્બે સ્ટેટની ઉપાધી આયુર્વેદિક ફેકલ્ટી ॥ ડીગ્રી મેળવી વૈદકીય ધંધાની શરૂઆત કરી.)

વડીલોના સમયમાં એક વખત એવો હતો કે, આગણે આવેલ કોઈપણ સાધુ સંતો, જમાતો કે કોઈ ગરીબ માણસ ભૂખ્યા પેટે પાછો જતો નહીં.

સને ૧૯૩૦માં લસુન્દ્રાનો નીમક સત્યાગ્રહ શરૂ થતાં ૧૮ વર્ષની ઉંમરે નવયુવાન ડો. પોપટભાઈએ લડતમાં ઝંપલાવવા નીશાળનો ત્યાગ કર્યો. રાષ્ટ્રિય ભાવનામાં ઓતપ્રોત બન્યા, ગાંધી ઈરવીન કરાર થયા બાદ ફરી અભ્યાસ શરૂ કર્યો. યુનીવરસીટીના બારણાં જોયા બાદ કપડવંજ વિદ્યાર્થીસંઘનું સંચાલન સંભાળી લીધું. સેવા સંઘ દવાખાનાના માનદ નીરીક્ષક તરીકે એકાદ વર્ષ કામ કર્યું. ૧૯૩૮માં નડીયાદ મહાગુજરાત આ. મે. કોલેજમાં પુર્વજોના વારસાગત ધંધાની તાલીમ મેળવવા અભ્યાસ શરૂ કર્યો.

૧૯૩૯માં વ્યકિતગત સ્વાતંત્ર યુદ્ધમાં જોડાવા તત્પરતા બતાવી પણ યુવાનોના ગુરૂસમ શ્રી કુબેરભાઇ દ. પટેલની દોરવણી તેમજ માર્ગદર્શન મેળવી અભ્યાસ પુરો કરી સેવાના ક્ષેત્રમાં ઝુકવાની પ્રેરણા મળી એટલામાં બેતાલીસનું સ્વાતંત્ર યુદ્ધ શરૂ થયું કોલેજના છેલ્લા વર્ષમાંથી ફરી બહાર નીકળી આંદોલનમાં ઝંપલાવ્યું. ૧૯૪૨ ના સંનીકોની સાથે રહી પત્રિકા સંચાલન તથા અન્ય પ્રવૃત્તિઓમાં જોડાઈ રહ્યા, સરકારની નજરના ભોગ બનતાં, અણુચિતવ્યા સપડાઈ જતાં અમાનુષી અત્યાચારના ભોગ પણ બનેલા આંદોલન શાંત થયા બાદ ફરી અભ્યાસ ચાલુ કરી ૧૯૪૪ની સાલમાં ડી. એ. એસ. એફ પાસ કરી.

મુરબ્બી કુબેરભાઈ તથા સ્વ. છોટુભાઈ પુરાણી તથા ચંદ્રશંકર ભટ્ટ (હાલના ધારાસભ્ય)ની સલાહ સૂચનોથી ત્યાંના કેદીઓને મનુષ્યત્વના માર્ગે લેવા પ્રયત્નો કર્યા.

વીલીનીકરણ થયા બાદ ૧૪–૧૦–૪૯ માં રાજીનામું મૂકી પ્રજામાંથી બહુમાન મેળવી વિદાય લીધી ૧૫–૧૦–૫૦ માં નડીઆદ મહાગુજરાત હોસ્પીટલમાં રેસીડેન્ટ મેડીકલ ઓફીસર તરીકે ડેમાઇમાં પોતાનો ધંધો શરૂ કર્યો ૧૯૫૫ માં બાયડ તાલુકા સમિતિના ઉપપ્રમુખ તરીકે નિમાય. સેવાની ભાવના સાથે લખવાની ભાવના હોવાથી ૧૯૩૨માં "વીર પ્રતિજ્ઞા" નામનો નાટક કપડવંજની પ્રજા સામે ભજવાયો હતો. ૧૯૩૨માં કોલેજનાં અભ્યાસ દરમિયાન કમલેશ ઠાકરે (ગુજરાતી ફીલ્મ સ્ટાર)ના સહકારથી લખી

ભજવી કોલેજને નાણાંકીય લાભ મળ્યો હતો: કપડવંજના યુવાનોએ ત્રીજો નાટક "યુગાવતાર" તથા અન્ય સંવાદો પણ ભજવ્યા છે.

ડેમાઇમાં યુવાનોના સંગઠનથી એક "સંસ્કાર મંડળ" સ્થાપી રંગભુમિ દ્વારા પ્રજાને વૈદકીય રાહત મળે તે માટે સર્વના સહકારથી સફળતા મળે તેવા પ્રયત્નો ચાલુ છે.

શ્રી ડેમાઇ કેળવણી મંડળના ચેરમેન તરીકે શ્રી ના. શા. પટેલ હાઈસ્કૂલનું સંચાલન કરેલું. આજ પણ શાળા સાથે તથા ગામની કોઇપણ સામાજિક તથા રાજકીય કે ધાર્મિક પ્રવૃત્તિ સાથે કાયમ જોડાયેલા રહે છે.

કપડવંજનો હજાર વર્ષનો કડીબંધ ઇતિહાસ વર્ષોની મહેનત બાદ થોડા જ સમયમાં "કપડવંજનો ઇતિહાસ" એ નામનું પુસ્તક બહાર પાડશે.

### રાવસાહેબ શ્રી રેવાભાઇ કરસનદાસ પટેલ

અગ્રેસાન કુટુંબમાં જન્મ લેવો અને કુટુંબ તથા વતનનું ગૌરવ વધારવું એ માનવી માટે મહત્ત્વનું છે. પ્રાથમિક શિક્ષણ મેળવી પોતાની આગવી પ્રતિભા અને નૈતિક હિંમત, કુનેહઅને શ્રમની કિંમત સમજી ઇ. સ. ૧૯૧૫માં જુદા જુદા ગામોની પડતર જમીનો મેળવી તેને સારી રીતે આબાદ બનાવી, જમીનમાં પ્રગતિ કરવાથી ઇડર સ્ટેટ તેઓ શ્રીને મેજીસ્ટ્રેટની પદવી એનાયત કરવામાં આવી. તેવીજ રીતે આબલીઆરા સ્ટેટ તરફથી વફાદાર મિત્ર તરીકે સન્માન કરી ઘોડો, બંદૂક તથા તલવારની ભેટ આપવામાં આવી. બીજા વિશ્વયુદ્ધ બાદ આ બાજુના પ્રદેશમાં કેટલાક ડાકુઓની ટોળીઓ બહારવટે નીકળેલી. આ બહારવટીઆઓના ડરથી કેટલાક ગામડાના પ્રજાજનો પોતાના જાન બચાવવા ગામ છોડી દીધેલ ત્યારે બ્રીટિસ સરકારના અમલદારો સાથે બહારવટીઆઓને જીવતા કે મરેલા પકડવા આ નરવીર મસ્તક હાથમાં લઇને, કુટુંબની પરવા કર્યા વિના મર્દાનગીથી બહાર પડેલા જ્યારે તમના કુટુંબ અને ઘરનું રક્ષણ સરકારે કરેલું. ડાકુઓની ગીરફ્તારી બાદ સરકાર તરફથી બે પેઢી સુધી જમીન મહેસુલ માફ કરેલ આ નર શાર્દુલને આ બહાદુરીના બદલામાં બ્રિટીશ સરકારે રાવસાહેબનો ખીતાબ આપી સન્માન કરેલું.

સારાએ કુટુંબ સાથે ભારતનાં યાત્રા ધામોમાં પ્રવાસ કરેલો તથા કન્યાશાળા માટે પણ પ્રયત્નો કરેલ. પોતાની કોમના કુરિવાજો દૂર કરવા ઘણા પ્રયત્નો કરેલા.

સંવત ૧૯૮૪ મહાદેવનું નવું મંદિર બંધાવી પ્રતિષ્ઠા કરી મંદીરની પૂજનવિધિ માટે પોતાની જમીનમાંથી એક સરવે નંબર ભગવતી સોમનાથના ચરણે ધર્યો.

ડેમાઈના પ્રતિભાશાળી પુરૂષે પોતાની પાછળ ધાર્મિક વૃત્તિના પત્ની શ્રી વાલીબેન, પુત્રી અ. સૌ શ્રી વિદ્યાબેન તથા દસ વર્ષનો પુત્ર શ્રી માધુસીંહને મૂકીને આ દુનિઆની વિદાય તા. ૧૮-૧૧-૧૯૪૨ના રોજ લીધેલી.

શ્રી વાલીબેનની દોરવણી પ્રમાણે કારભારીશ્રી કાલીદાસ હરગોવીંદદાસ સાહે કુટુંબની ખેતીની વ્યવસ્થા સાચવી. હાલમાં તેમના પુત્ર શ્રી માધુસીંહ પિતાના પગલે ખેતીના વિકાસમાં તથા જીલ્લા અને તાલુકાના એક કોંગ્રેસી કાર્યકર તથા ડેમાઈના સરપંચ તરીકે કાર્ય કરી રહેલ છે ડેમાઈના તમામ સામાજિક કે ધાર્મિક પ્રવૃત્તિમાં તેમનો તન-મન ધનથી ફાળો હોય છે.

### ડૉ. ચુનીલાલ હવજીરામ પંડયા

ડેમાઇના હવજીરામ પંડયા નામના શિક્ષકના ઘેર જન્મ થયો. સામાન્ય સ્થિતિના માબાપે સંસ્કાર અને શિક્ષણનો લાભ આપ્યો. એ જમાનામાં આ ગામમાં પહેલા ડોકટર થનાર હતા શરૂઆતમાં કપડવંજ તાલુકાના ખડાલ સ્ટેટમાં મે. ઓ. તરીકે નીમાયા અને પ્રજાનો પ્રેમ મેળવી લીધા પછી અમદાવાદ જિલ્લાના જેતલપુર ગામમાં શ્રી જયાબ્હેન મોજીલાલ એમ. પંડયા ડીસ્પેન્સરીમાં સેવાઓ આપી એ સમયમાં ત્યાંની શ્રી મોજીલાલ પંડયા હાઈસ્કુલ શરૂઆતથી તેમનો અગમ્ય ફાળો હતો. તેઓશ્રી ગાંધી વિચારધારાના હોવાથી પોતાના વતનમાં સેવા કરવાની દૃષ્ટિએ વતનમાં આવ્યા. અહીં પણ કેળવણી માટેના તેમના પ્રયત્નો હતા. પણ દુર્ભાગ્યે નાની ઉમરમાં મૃત્યુ પામ્યા.

ગામમાં નદીના સામે કિનારે સાધુઓ માટે એક મઢી બાંધી હતી.

### શ્રી મણિલાલ પી. વોરા

આજે જેઓ પોરબંદર શારદા છાત્રાલય-છાયાના આચાર્યપદે, પુરાતત્વ સંશોધનમંડળના પ્રમુખપદે, લીટરરીડાઇવ અને એજ્યુકેશન ફંડના માનદમંત્રી તરીકે રતનબાઈ વનિતા વિશ્રામના માનદમંત્રી તરીકે, જેઠવા રાજપૂત હોસ્ટેલના માનદમંત્રી તરીકે એમ વિવિધ પ્રવૃત્તિઓમાં અગ્રસ્થાને સેવા આપી રહ્યાં છે.

તેની પ્રગતિના કાર્યક્રમોમાં-પિતાશ્રી પાસેથી શિક્ષક જીવનનો આદર્શ મળ્યો, કલાગુરૂ રવિભાઇના આશીર્વાદથી ચિત્ર શિલ્પકલા પરત્વે અભીરૂચી થઇ. લોક સંસ્કૃતિ અને લોકસાહિત્ય પ્રત્યેનો પક્ષપાત વધ્યો-મુંબઇ રાજયના ઇતિહાસ અને પુરાતત્વ મંડળના સભ્ય હતાં-ગુજરાત રાજ્ય ઇતિહાસ પરિષદના અભાવે ગુજરાતના પશ્ચિમકિનારાના પ્રાચીન સ્થાનોના ઇતિહાસમાં રસ છે-પુરાતત્વે વિષેના લેખો સામયિકોમાં પ્રસંગોપાત પ્રગટ થાય છે.

પોરબંદરની આર્યકન્યા ગુરૂકુલથી જોડીને જૂદી જૂદી શાળાઓમાં વર્ષો સુધી કામ કર્યું છે. તેમના હાથ નીચે તૈયાર થયેલા અનેક વિદ્યાર્થીઓ જુદા જુદા ક્ષેત્રે ઘણી મોટી પ્રગતિ સાધી છે. શ્રી મણીભાઇનો એજ સંતોષ છે.

# ગુજરાતના રાજકીય, સામાજિક, પંચાયત અને સહકારી પ્રવૃત્તિના કાર્યકરો

### શ્રી મોરારજી રણછોડજી દેસાઈ

ગુજરાતના સર્વોચ્ચનું બીરૂદ પામેલા શ્રી મોરારજીભાઈના પિતાશ્રી સૌરાષ્ટ્રમાં અંગ્રેજી શાળામાં શિક્ષક હતા. પાંચ વર્ષની વયે કેળવણીની શરૂઆત કરી સૌરાષ્ટ્રના મહુવા અને કુંડલામાં એંગ્લો-વર્નાકયુલર શાળાઓમાં બાળપણમાં અભ્યાસ કર્યો. ત્યાર બાદ વલસાડમાં બાઈ આવાબાઈ હાઇસ્કુલમાંથી તેમણે ૧૯૦૮ માં મેટ્રિકની પરીક્ષા પસાર કરી. જી.ટી બોર્ડીંગમાં રહી તેમણે કોલેજનો અભ્યાસ વિલ્સન કોલેજમાં કર્યો. ત્યાંથી ફર્સ્ટ કલાસ બી.એ. થયા, ત્યાર બાદ તેમની પસંદગી વાઈસરોયના કમિશન્ડ ઓફિસર તરીકે થઇ. પ્રથમ વિશ્વયુદ્ધ પુરું થતાં એમને પ્રોવિન્શિયલ સિવિલ સર્વિસમાં લેવામાં આવ્યાં. રેવન્યુ ખાતામાં ડેપ્યુટી કલેકટર તરીકે તેમણે ૧૯૧૮ થી ૧૯૩૦ સુધી નોકરી કરી, ૧૯૩૦ની અસહકારતી લડત વખતે પોતાની નોકરીનું રાજીનામું આપ્યું. અને દેશની સેવા માટે પોતાનો સમય આપવા માંડયો. સને ૧૯૩૧ થી ૧૯૪૬ તેમણે ગુજરાત પ્રાંતિક સમિતિના મંત્રી તરીકે કામ કર્યું. અને તે જ વર્ષથી આજસુધી તેઓ અ. હિં. કોંગ્રેસ મહાસમિતિના સભ્ય છે. સત્યાગ્રહની દરેક પ્રવૃત્તિઓમાં ભાગ લીધેલ અને ઘણી વખત જેલમાં ગયાં. '૯૩૭ ના જુલાઈથી ૧૯૩૯ ના નવેંબર સુધી સુરત જીલ્લામાંથી તેઓશ્રી ચુંટાઇને વિધાનસભાના સભ્ય બન્યા. અને રેવન્યુ એગ્રીકલ્ચર, જંગલ તથા રૂરલ ડેવલપમેન્ટ ખાતાના પ્રધાન થયા. ૧૯૫૨ થી ૧૯૫૬ સુધી મુંબઈ રાજ્યના વડા પ્રધાન થયાં ૯૫૬ થી ભારત સરકારના વેપાર ઉદ્યોગ ખાતાના પ્રધાન થયાં. છેલ્લો કેન્દ્ર સરકારના નાયબ વડાપ્રધાનનું પદ સંભાળ્યું હતું.

### શ્રી હિતેન્દ્રભાઇ કે. દેસાઈ

જૂની અને નેતાગીરીના પરિપક્વ સંમિશ્રણના પ્રતીકરૂપ બાવન વર્ષની વયના શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈ ચોથી સામાન્ય ચૂંટણી બાદ ગુજરાતના નવા મંત્રીમંડળના ફરી એક વખતે વડા બને છે. શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈએ પંદર વર્ષની ઉંમરથી જ તેમના જાહેરજીવનનો પ્રારંભ કર્યો હતો. સરદાર વલ્લભભાઈ પટેલ જેવા સમર્થ જાહેરજીવનના આગેવાનો પાસેથી જનસેવાના પાઠો શીખવાનું ગૌરવ તેમને પ્રાપ્ત થયું છે. તેમનો જન્મ ઓગષ્ટ તા. ૯, ૧૯૧૫ ના રોજ થયો હતો. પ્રારંભિક શિક્ષણ તેમણે સુરતમાં અને ત્યાર પછીનું શિક્ષણ મુંબઇમાં લીધું હતું. ૧૯૩૦ માં ટુંકી મુદ્દત માટે તેમણે કારાવાસ વેઠયો હતો. ૧૯૩૭ માં મુંબઈ યુનીવર્સિટીમાં અર્થશાસ્ત્રના વિષયમાં સૌથી વધુ ગુણ મેળવીને તેઓ સ્નાતક થયા હતા. ૧૯૩૯ માં કાયદાના સ્નાતક થયા પછી તેમણે સુરતમાં વકીલાત શરૂ કરી અને સાથેસાથ જાહેરજીવનમાં ઝંપલાવ્યું, શહેર સુધરાઈમાં વર્ષો સુધી સભ્યપદે ચૂંટાઇને ત્યાં કેટલાય હોદ્દાઓ ઉપર રહીને તેમણે સેવાનું કાર્ય કર્યું છે. ૧૯૫૭ માં સુરત વિભાગમાંથી તેઓ મુંબઈ વિધાનસભાના સભ્ય તરીકે ચૂંટાયા હતા. મુંબઈ રાજ્યના મંત્રીમંડળમાં તેઓ શિક્ષણમંત્રી હતા. શિક્ષણમંત્રી તરીકેની તેમની કામગીરી દરમિયાન તેમણે કેળવણીના ક્ષેત્રમાં કેટલાય સુધારાઓ દાખલ કર્યા હતા. આર્થિક રીતે પછાત વર્ગના વિદ્યાર્થીઓને મફત શિક્ષણ, શિક્ષકોની પરિસ્થિતિમાં સુધારો, માધ્યમિક શિક્ષણની ઉન્નતિ વગેરે જેવાં પગલાં કેળવણીના ક્ષેત્રમાં શ્રી દેસાઇએ દાખલ કરેલા સુધારાઓમાં ગણી શકાય.

શ્રી હિતેન્દ્રભાઈ દેશાઈ મહેસુલ મંત્રી હતા ત્યારે લોકોના વહીવટી પ્રશ્નોનો સ્થળ પર જઇને નિકાલ કરવાની તેમની યોજના નૂતન હતી, પ્રશંસા પામી હતી. લલિતકળા અને રમતગમતોના વિકાસ માટે તેમજ પ્રણાલિકાગત સંસ્કારવારસાના પુનરુત્થાન માટે શ્રી દેસાઇને ખાસ અભિરુચિ છે.

શ્રી હિતેન્દ્રભાઈની નેતાગીરીમાં ગુજરાતના લોકોને નિષ્પક્ષ, કાર્યક્ષમ, અને સ્વચ્છ વહીવટની ખાત્રી મળે છે, એટલું જ નહિ, પરંતુ સુખી, સમૃદ્ધ અને શક્તિશાળી રાષ્ટ્રનું નિર્માણ કરવાની આકાંક્ષાઓ રાખતા અને તેને માટે રચનાત્મક કાર્ય કરતા સૌ કોઇને પછી તે ગમે તે નાત જાત ના હોય કે ગમે તે રાજકીય વિચારસરણી ધરાવતા હોય તો પણ તેમને મુક્ત કાર્ય કરવાનો અવકાશ મળે છે

### સ્વ. શ્રી બળવંતરાય મહેતા

૧૯મી ફેબ્રુઆરી ૧૮૯૯ના રોજ જન્મેલા શ્રી બળવંતરાય મહેતાની જીવન-યાત્રા ઘણી જ્વલંત હતી. તેઓ જ્યારે મુંબઇ યુનિવર્સીટીમાંથી ગ્રેજ્યુએટ થયા ત્યારે મહાત્મા ગાંધીજીએ આદરેલી અસહકારની ચળવળનો નાદ દેશભરમાં ગુંજી રહ્યો હતો. શ્રી બળવંતભાઈને પણ આ ચળવળનો ચેપ લાગ્યો તેમણે અસહકારની ચળવળમાં ઝંપલાવ્યું યુનિવર્સીટીની ડીગ્રી લેવાનો ઇન્કાર કર્યો, અલબત્ત પાછળથી ગુજરાત વિદ્યાપીઠે તેમને સ્નાતકની પદવી એનાયત કરી હતી

ભાવનગરમાં રેલ્વે કર્મચારી મંડળના સંગઠન મંત્રી બન્યા, પાછળથી તેમણે હરીજન કલ્યાણ અને મહિલા કેળવણીની પ્રવૃત્તિઓ હાથ ધરી હતી, સરદાર વલ્લભભાઈ પટેલની આગેવાની હેઠળ નાગપુર ખાતે ઝંડા સત્યાગ્રહમાં પણ શ્રી બળવંતભાઇએ ભાગ લીધો હતો. ૧૯૩૦માં મીઠાનો કાયદો તોડવા માટે ગાંધીજીએ 'દાંડી કુચનો કાર્યક્રમ અમલી બનાવ્યો ત્યારે ધોલેરા ખાતે મીઠા સત્યાગ્રહમાં ભાગ લીધો હતો

ભારતના રાજકીય જીવનમાં શ્રી બળવંતભાઈ મહેતાનો સૌથી મોટામાં મોટો જવાબદાર રાજતંત્ર માટેની રાજસ્થાની

પ્રજાની લડતના રાહબર બનવાનો તેની આગેવાની લેવામાં રહેલો હતો. કેટલાક વર્ષો સુધી શ્રી બળવંતભાઈ અખીલ ભારત રાજસ્થાની પ્રજાકીય પરિષદના મંત્રીપદે રહયા હતા. શ્રી બળવંતભાઈ પાછળથી આ પરિષદના ઉપ–પ્રમુખ પણ બન્યા હતા. ભાવનગર પ્રજા પરિષદના આગેવાન તરીકે તેમણે જવાબદાર રાજતંત્ર માટે ભાવનગર રાજ્યના દિવાન સાથે વાટાઘાટો કરી હતી. તેઓ ભાવનગરની ધારાસભામાં ચુટાયા હતા, અને ભાવનગરના પ્રથમ મુખ્ય પ્રધાન બન્યા હતા. શ્રી બળવંતભાઈ કોંગ્રેસમાં વર્ષો સુધી સક્રિય રહયા હતા ૧૯૪૮માં જ્યારે સોરાષ્ટ્રના એકમની રચના થઈ ત્યારે તેઓ તેના પ્રથમ નાયબ મુખ્ય પ્રધાન બન્યા હતા. ૧૯૪૭માં તેવો ભારતની બંધારણ સભાના સભ્ય સુંટાયેલા.

૧૯૫૨ અને ૧૯૫૭માં એમ બબ્બેવાર તેઓ ભાવનગરમાંથી લોકસભાના સભ્ય તરીકે ચુટાયા હતા તેઓ કોંગ્રેસ સંસદીય પક્ષના મંત્રપદે હતા અને લોકસભાની અંદાજ સમિતિના અધ્યક્ષ પદે પણ રહ્યા હતા ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન પણ બન્યા હતા. તે પછી વિધિની વિચિત્રતા એ તે કે બરાબર બે વર્ષે તેમની આ ઉજ્જવળ કારકીદી એ સુથરીના દરિયા કિનારે સોડ તાણી તેઓ ગુજરાતનુ ગૌરવ હતા.

## શ્રી ઉછરંગરાય ન. ઢેબર

સૌરાષ્ટ્રના ઘડતરમાં જેમનું આગળ સ્થાન છે. તે શ્રી ઢેબરભાઇ રાજકોટમાં વે. ઈ સ્ટે. એજન્સીની કોર્ટમાં વકીલાત કરતા હતા દેશમાં રાષ્ટ્રિય આંદોલનના નગારા વાગ્યા અને વકીલાતને તીલાંજલી આપી ૧૯૨૯માં કોંગ્રેસસના સૈનિક બન્યા તે પછી કાઠીયાવાડ પોલીટીકલ કોન્ફરન્સના સેક્રેટરીપદે પણ રહ્યા ૧૯૪૭માં ગુજરાત પ્રદેશ કોંગ્રેસના મંત્રી તરીકે કામ કર્યુ રાજકોટ સત્યાગ્રહ વખતે ત્રણ વખત જેલમાં ગયા. '૯૪૧માં ૭ માસની જેલયાત્રા ભોગવી હતી ૯૪૨–૪૫માં પણ જેલમાં ગયા ૧૯૪૮ થી સૌરાષ્ટ્ર રાજયના મુખ્ય પ્રધાન બન્યા ત્યાર પછી અખિલ હિંદ કોંગ્રેસનું પ્રમુખપદ સાંભળ્યું ગુજરાત અને ભારતની જુદી જુદી સામાજીક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.હાલમાં ખાદી બોર્ડનું સંચાલન કરી રહ્યા છે.

## ડૉ. જીવરાજ નારાયણ મહેતા

તેઓએ પોતાના અભ્યાસકાળ દરમ્યાન દર વર્ષે કોલેજ સ્કોલરશીપો અને સુવર્ણચંદ્રકો મેળવીને તેજસ્વી વિદ્યાર્થી તરીકે નામના કાઢેલી. સમાજસેવાની પ્રવૃત્તિ પણ અભ્યાસકાળથી જ અપનાવેલી. લંડનમાં ઇન્ડીયન એસો.ની સ્થાપના કરી ઇંગ્લેન્ડમાં હિંદી વિદ્યાર્થીઓને નડતી મુશ્કેલીઓ અંગે લંડનમાં ઝુંબેશ ઉઠાવી હતી. ૧૯૫૧માં મુંબઈ આવી કન્સલ્ડીંગ પ્રોક્ટીસ શરૂ કરી. ૧૯૨૧માં વડોદરા રાજ્યના ચીફ મેડીકલ ઓફિસર તરીકે જોડાયા. ૧૯૩૨ માં ભારતના મુક્તિજંગમાં ઝંપલાવ્યું બે વર્ષ જેલવાસ ભોગવ્યો. ૧૯૪૨માં ભારત છોડોની લડતમાં ભાગ લીધો અને ફરી બે વર્ષ જેલવાસ ભોગવ્યો, ૧૯૪૬માં વિધાનસભામાં ચુંટાયા. ૧૯૪૮માં વડોદરા રાજ્યના દિવાન નિમાયા. ૧૯૪૯માં મુંબઈના પ્રધાનમંડળમાં જાહેર બાંધકામના પ્રધાન થયાં. ૧૯૫૨ થી ૧૯૫૬ સુધી મુંબઈ સરકારના નાણાંખાતા ઉપરાંત દારૂબંધી અને ઉદ્યોગખાતાના પ્રધાન તરીકે ફરજો સંભાળેલ. તે પછી ગુજરાત રાજ્યના મુખ્ય પ્રધાન બન્યા. સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં તેમની સેવાઓ ઘણી છે.

## શ્રી રસીકલાલ ઉમેદચંદ પરીખ

જેમના પાસેથી સૌરાષ્ટ્રના સ્વાતંત્ર્ય સંગ્રામની કડીબદ્ધ વિગતો મળી શકે છે. જેઓએ લીંબડી સત્યાગ્રહના પ્રણેતા અને સૌરાષ્ટ્રના એક અડીખમ રાજકીય કાર્યકર તરીકેનું સ્થાન પ્રથમ હરોળમાં મેળવ્યું છે, તેવા શ્રી રસિકભાઈ ૧૯૩૩, ૧૯૩૯ અને ૧૯૪૨ ની રાષ્ટ્રીય ચળવળોમાં અગ્ર ભાગ ભજવ્યો હતો અને ત્રણે વખત જેલવાસ ભોગવ્યો હતો. ૧૯૪૮ માં સૌરાષ્ટ્ર રાજ્યસભામાં પ્રધાન તરીકે લેવાયા. ૧૯૫૨ માં ઝાલાવાડમાંથી લોકસભામાં ચૂંટાયા. સૌરાષ્ટ્ર રાજ્યના ગૃહપ્રધાન તરીકે પણ કામ કર્યું. ૧૯૫૪ માં સૌરાષ્ટ્ર રાજ્યના મુખ્યપ્રધાન થયાં. ૧૯૫૬ થી મુંબઈ રાજ્યના મહેસુલ પ્રધાન તરીકે પણ સેવા આપી. ગુજરાતનું અલગ રાજ્ય થતાં ગુજરાત રાજ્યના ગૃહપ્રધાન તરીકે પણ સેવા આપી હતી.

## શ્રી મનુભાઈ શાહ

સૌરાષ્ટ્રનું રાજ્ય રચાયું ત્યારે નાનામાં નાના પ્રધાન તરીકે જે ગણાતા હતા તે શ્રી મનુભાઈ શાહે દિલ્હીમાં શરૂઆતમાં દિલ્હી કલોથ અને જનરલ મીલ્સ કુાં૦ માં ઉંચા દરજ્જાની જગ્યા ઉપર બાર વર્ષ કામ કર્યું. સૌરાષ્ટ્રમાં નાણાંપ્રધાન થયાં. રાષ્ટ્રિય લડતોમાં તેમણે ઘણી સેવાઓ આપી છે. ભારત સરકારના ઉદ્યોગવિકાસ ખાતાના પ્રધાન પછી ભારે ઉદ્યોગખાતાના પ્રધાન થયાં. ૧૯૫૭ થી ભારત સરકારના ઉદ્યોગખાતાના પ્રધાન તરીકે પણ સેવા આપી છે. ભારે ઉદ્યોગમાં તેમણે નહેરૂના સ્વપ્નાઓ સાર્થક કર્યાં, કાપડ ઉદ્યોગને દુનિયામાં બીજું સ્થાન અપાવ્યું. નિકાસ વ્યાપારમાં નવા શિખરો સર કરી બતાવ્યા. ઔદ્યોગિક ક્રાંતિના મશાલચી તરીકે અને આધુનિક સૌરાષ્ટ્રના શિલ્પીઓમાં તેમનું નામ મોખરે રહેશે, ગુજરાત ડેવલોપમેન્ટ કોર્પોરેશનના સુકાની તરીકે ઘણી યશસ્વી સેવા આપી રહ્યાં છે.

## શ્રી રતુભાઇ અદાણી

ગાંધીયુગની ખડતલ વ્યકિતઓમાં શ્રી રતુભાઈનું નામ મોખરે છે ૧૯૩૦ માં અભ્યાસ છોડયો અને સત્યાગ્રહની ચળવળમાં ભાગ લીધો અને જેલમાં ગયા. જેલમાંથી બહાર આવી રાજકીય અને સામાજિક પ્રવૃત્તિઓ શરૂ કરી, ૧૯૪૨ માં ભૂગર્ભકાર્યકર તરીકે કામ કર્યું સૌરાષ્ટ્રનું રાજ્ય રચાયા પછી વિકાસ અને પ્લાનીંગ ખાતાના પ્રધાન તરીકે સેવાઓ આપી. મુંબઈ રાજતના વીલેજ પંચાયત અને કોટેજ ઇન્ડસ્ટ્રીઝના પ્રધાન તરીકે પણ કામ કર્યું. છેલ્લે ગુજરાત રાજ્યના પ્રધાન મંડળમાં પણ જોડાયા. આજે જૂનાગઢમાં રહીને સૌરાષ્ટ્રની રચનાત્મક પ્રવૃત્તિઓને વેગ આપી રહ્યાં છે.

## શ્રી કાન્તિલાલ પી. શાહ

ઈન્ટર આર્ટ્સ સુધીનો અભ્યાસ, ધંધામાં અને જાહેર-જીવનમાં યશસ્વી સિદ્ધિઓ હાંસલ કરી છે. ૧૯૨૭ માં મુંબઇ ખાતે શીપીંગ એજન્ટસ તરીકે જીવનની કારકીર્દીની શરૂઆત કરી ૧૯૩૮ માં જામનગર ખાતે આ જ ધંધો સરૂ કર્યો. હૈયાઉકલત અને કુશળતાથી ધંધાનો વિકાસ કર્યો, અને એ લાઈનમાં સારી ખ્યાતિ મેળવી. જામનગર ચેમ્બર ઓફ કોમર્સ, જામનગર બાલ્કન જી. બારી અને જામનગર પી એન્ડ ટી વર્કસ યુનિયનના પ્રમુખ તરીકેની એમની સેવાઓ જાણીતી છે. ન્યુ દિલ્હી સેન્ટ્રલ એક્ષપોર્ટ પ્રમોશન એડવાઈઝરી કાઉન્સીલ, લાઈફ ઈન્સ્યુ. કોર્પોરેશનના વેસ્ટર્ન ઝોનના ઝોનલ એડવાઈઝરી બોર્ડના હાલાર વિકાસ તથા કેળવણી બોર્ડના અને રાજકોટ વિભાગના આર. ટી. ઓ.ના સભ્ય તરીકે રહીને સારી કામગીરી બજાવી છે. સૌરાષ્ટ્ર સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ, કો ઓપરેટીવ બેન્ક અલીયાબાડા વિદ્યામંડળ વિગેરેના ચેરમેનપદે નિષ્ઠાથી કામ કર્યું. ૧૯૫૭માં મુંબઈ વિધાનસભામાં સભ્ય તરીકે ચુંટાયા હતા હાલમાં ગુજ-રાત સ્ટેટ ટ્રાન્સપોર્ટ કોર્પોરેશનના ચેરમેન તરીકે ઘણીજ ઉમદા સેવા બજાવી રહ્યાં છે. તેઓ જામનગરનું સૌરાષ્ટ્રનું અને ગુજરાતનું ગૌરવ છે.

## શ્રી જાદવજીભાઇ કે. મોદી

ભાવનગર જિલ્લા પંચાયતના હાલના પ્રમુખ અને ભાવનગર જિલ્લા કોંગ્રેસમાં બળવંતભાઇ મહેતા પછીનું સ્થાન ધરાવતા શ્રી મોદીની સચ્ચાઇ, પ્રમાણીકતા અને સદ્દભાવ માટે સારૂંએ સૌરાષ્ટ્ર પરિચિત છે. ૧૯૨૮ થી ૧૯૪૧ સુધી વકીલાત અને જાહેર પ્રવૃત્તિઓ. ૧૯૨૮ થી કાઠિયાવાડ વ્યાયામ પ્રચારક મંડળના મંત્રી, ૧૯૩૮ થી ભાવનગર રાજ્ય પરિષદના મંત્રી, સ્વરાજ્ય પછી જિલ્લા કોંગ્રેસના મંત્રી, ૧૯૪૧ માં વ્યકિતગત સત્યાગ્રહ માટે જેલયાત્રા. ૧૯૪૨ માં ક્વીટ ઈન્ડીયા અંગે ડીટેન્શનમાં, ૪૮માં ભાવનગર રાજ્યના મહેસુલ પ્રધાન–એજ અરસામાં સૌરાષ્ટ્ર રાજ્યની એડમીનીસ્ટ્રેટીવ કાઉન્સીલના ચેરમેન, ૪૯માં જિલ્લા કલેકટર, ૫૦ થી ૫૨ સુધી સૌરાષ્ટ્ર ધારાસભાના સ્પીકર ૫૨ થી ૫૬ સુધી કેળવણી તેમજ જાહેર બાંધકામ ખાતાના પ્રધાન તરીકે યશસ્વી કામગીરી બજાવી. નાથદ્વારા ટેમ્પલ બોર્ડ, ગોપાલક સંઘ, ભાવનગર કેળવણી મંડળ, ગાંધી સ્મૃતિ ટ્રસ્ટ આવી અનેકવિધ સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. તેમનું આખુંએ કુટુંબ ચુસ્ત ખાદીધારી છે. પોતે કોંગ્રેસની શિસ્તને વરેલા છે.

## શ્રી પરમાણંદ ઓઝા

મુકત હાસ્ય કરતા પ્રતિભાશાળી પુરુષને જુઓ એટલે સમજી લેવું કે ઉનાના એ પરમાણંદભાઇ ઓઝા છે. જેણે સ્થાન પદ કે સત્તા મેળવવા કદી નાનો સરખો પણ પ્રયત્ન નથી કર્યો. છતાં આમજનતા કોંગ્રેસ પક્ષ અને ગુજરાત સરકારે હંમેશા અગત્યના સ્થાને તેને પસંદ કર્યા છે, તે શ્રી પરમાણંદભાઈ જીવાભાઈ ઓઝા જીવનની પ્રેરણાત્મક હકીકત છે.

આર્થિકરીતે સદ્ધર એવા મૂળ ઉના તાલુકાના સીમર ગામના વતની ને મુંબઈ વસતા ઉનેવાળ બ્રાહ્મણ પરિવારના એક નવજવાનને સને ૧૯૨૯ના દિવસોમાં પૂજ્ય રાષ્ટ્રપિતા ગાંધીજીને અને પંડિત જવાહરલાલજીના વિચારોની ધુન લાગી ને કોંગ્રેસનો સૈનિક થવાનું મન થયું, મુંબઈ પ્રદેશ કોંગ્રેસની શાખા મુંબઈ "બી" વોર્ડ માંડવી વિભાગ કોંગ્રેસ સમિતિના સભ્ય તરીકે જોડાઇ જ સેવાની દિક્ષા લીધી સને ૧૯૩૭ સુધી આ જુવાને કોંગ્રેસે જે કંઈ સોંપ્યું તે દેશ સેવાનું કામ કર્યું તે જુવાન એજ આજના શ્રી પરમાણંદદાસ જીવાભાઈ ઓઝા.

સને ૧૯૩૭ માં તબિયત બગડવાથી પરિવારની પ્રેમભરી મીઠી ઉંઘ છોડી, મિત્રમંડળ છોડી. આરામનો રોટલો છોડી, મહેનત કરી તબિયત સુધારવા પોતાની જન્મ ભૂમિઉના તાલુકામાં આવ્યા, ત્યારે કોઈ જાણતું ન હતું કે આ જુવાન માણસ સમગ્ર ઉના તાલુકાની જનતાનો અગ્રણી બનશે. તે જુનાગઢ જિલ્લનો અગ્રણી કાર્યકર બનશે. વર્ષોની સેવાને લીધે ગીરના માલધારીઓ, પંચોળી, ગરવી, ગોહેલો, આહેર, કારડીયા, કણબી. માર, કુંભાર, હરિજનો, કોળી, અને પછાત વર્ગથી માંડીને ઉનાની વણિક બ્રાહ્મણ દરેક કોમના હૈયે સુધી શ્રી પરમાણંદભાઈની સેવાની સુગંધ અને દિલની આત્મિયતા પહોંચી છે.

સ્વરાજ્ય લાવવા માટે જે ફનાગીરીને વેરી લેનાર સંગ્રામ.વા જુધ્ધ ભારતમાં કોંગ્રેસે ઊભું કર્યું તેમાં શ્રી ઓઝાએ પણ આમ જનતાને ગુલામીમાંથી મુકત થવાની વાત સમજાવવામાં મહત્વનો ફાળો આપ્યો હતો જુનાગઢમાં જ્યારે નવાબશાહીનો સુરજ તપતો હતો અધિકારીઓ નવાબી મિજાજમાં અને દોરમાં રહેતા હતા ત્યારે ઉના તાલુકાની જનતાનો પ્રશ્ન શ્રી ઓઝા પોતાની લોકસેવાની શકિતથી હલ કરતા હતા. સ્વરાજ્ય આવ્યા બાદ શ્રી ઓઝા જનસેવાના જ કામમાં ગળાડુબ રહેતા હોવાથી તેમની ખેતી સુકાઈ ગઈ, આર્થિકરીતે ઘસાયા તેમનું પશુધન અરધું નાશ પામ્યું તેમના ઘરની ચિંતા ઈશ્વરને સોંપી દીધી. સ્વરાજ્યના ૧૯ વર્ષે ઉના તાલુકામાં ગામે ગામ વાડીએ વાડીએ ઓઈલ એન્જિનો મુકવામાં આવ્યા અને ઉના તાલુકો ગુજરાત રાજ્યમાં પ્રસિદ્ધ પામ્યો. ત્યારે શ્રી ઓઝાની વાડી ઉપર પાણીનું મશીન નહોતું પહોંચ્યું ગમે તે માણસ આવે તેને જમાડી મદદ કરવામાં ધન્યતા અનુભવતા ઉદાર અને ખાનદાન લોકસેવક ઉપર સમગ્ર ઉના તાલુકાની જનતા, અને બાબરીયા-વાડની જનતા ગૌરવ અનુભવે છે. હાલમાં તેઓ ગુજરાત રાજ્યના વન અને માર્ગ વાહન વ્યવહાર ખાતાના નાયબ મંત્રી તરીકે સેવા આપી રહ્યાં છે.

## શ્રી જયરામભાઈ આણંદભાઇ પટેલ

સૌરાષ્ટ્રના ગોંડલ નજીક કોલકી ગામનાં ખેડુત કુટુંબના શ્રી જયરામભાઇ પટેલનો જન્મ નવેમ્બર તા. ૧૪, ૧૯૨૭ ના રોજ બ્રહ્મદેશમાં યોંગ્સવેમાં થયો હતો. તેમણે સૌરાષ્ટ્રની ગુજ-રાતી શાળામાં અને બ્રહ્મદેશની મીશનરી સ્કુલમાં ૧૧ ધોરણનો

અભ્યાસ કર્યો ત્યાર બાદ બીજા વિશ્વયુદ્ધને કારણે તેમને ભારતમાં આવવું પડયું. આ પછી ૧૯૪૨ ના રાષ્ટ્રીય આંદોલનમાં સૈનિક તરીકે લડતમાં ફાળો આપ્યો અને ૧૯૪૭ માં આંબલા ગ્રામ દક્ષિણામુર્તિમાં લોકસેવક તરીકેનો અભ્યાસ કર્યો.

શ્રી જયરામભાઈની રાજકીય કારકિર્દીનો પ્રારંભ તેમણે જુના ગોંડલ રાજ્યના કાયદાનો ભંગ કરીને પુસ્તકાલયો સ્થાપવામાં આગેવાનીભર્યો ભાગ ભજવ્યો ત્યારથી થયો. આ પછી તેમણે ગોંડલ પ્રજામંડળની સ્થાપનામાં તેમજ ગોંડલ રાજ્ય પ્રતિનિધી સભાની રચનાના કાર્યમાં મહત્વનો ફાળો આપ્યો હતો. આ ઉપરાંત જામ જુથ યોજના વિરૂધ્ધ લોકમત પ્રગટ કરવાના આંદોલનોમાં તેમણે અગ્રગણ્ય કામગીરી બજાવી હતી. સૌરાષ્ટ્ર ખેડુત મંડળના મંત્રી તરીકે શ્રી જયરામભાઇએ અઢી વર્ષ કામગીરી બજાવ્યા બાદ તેઓ પોતાના વતન કોલકી ગામની પંચાયતના સરપંચ તરીકે ચુંટાયા હતા ૧૯૫૪ થી ૫૭ સુધીના આ ત્રણ વર્ષના ગાળા દરમિયાન આ કોલકી પંચાયતે સૌરાષ્ટ્રની શ્રેષ્ઠ પંચાયત તરીકે ઈનામ મેળવ્યું હતું.

ગયા મંત્રીમંડળમાં તેમણે કૃષિ અને નાગરિક પૂરવઠા ખાતાના નાયબ મંત્રી તરીકે કામગીરી બજાવી, હાલમાં ગુજરાત રાજ્યના ખેતી–સીંચાઈ–વિજળી ખાતાના નાયબ મંત્રી તરીકે સેવા આપી રહ્યાં છે.

### શ્રી રાઘવજી લેઉઆ

તે તેમની વિદ્વતા અને સેવાના સાચા અને ઉચિત આદર સમાન છે. અને વિધાન સભાના અધ્યક્ષ તેમની સર્વાનુમતિ પસંદગી કરીને રાજ્ય ધારાસભાએ ગૌરવશાળી પ્રણાલી પાડી છે. અસ્પૃશ્યતાના અનિષ્ટની સમાજ પરની પકડ છતાં શિક્ષણ સાધનો ચાલુ રાખીને તેઓ બી. એસ. સી. એલ. એલ. બી. થયા. અભ્યાસ કર્યા પછી મહારાવ શ્રી શ્રીમંત સયાજીરાવ ગાયકવાડે તેમને ૧૯૩૭ માં ન્યાયખાતામાં પ્રોબેશનલસિવિલ જજ તરીકે નિમણુંક આપી અને તેમને વધુ અભ્યાસ અર્થે ઇંગ્લાંડ મોકલ્યા. વડોદરા રાજ્યના જવાબદાર રાજ્યતંત્રમાં શિક્ષણ અને પંચાયતખાતાના પ્રધાન તરીકે જોડાયા. ૧૯૫૯ માં વડોદરા રાજ્યનું મુંબઈમાં જોડાણ થતાં તેઓએ મુંબઇ હાઇ કોર્ટમાં પ્રેકટીસ શરૂ કરી હતી. આ કાળ દરમિયાન મુંબઈના મ્યુનિસિપલ મજુરોનાં યુનિયન સાથે અને મજુરોના હિતની પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લીધો. સૌરાષ્ટ્ર રાજ્યના પછાત વર્ગ કલ્યાણ બોર્ડમાં પણ તેમણે સેવા આપી હતી. તેમણે ગુજરાત રાજ્ય પબ્લીક સર્વીસ કમીશનનાં અધ્યક્ષ તરી ની જવાબદારી સંભાળી અને લાગલાગટ ૭ વર્ષ સુધી સફળતાપૂર્વક આ કામગીરી બજાવી. તેઓ સામાજીક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે સંકળાયેલાં છે. અમરેલીમાં કોલેજો ચલાવતી અમરેલી જિલ્લા વિદ્યાસભાના તેઓ મંત્રી છે.

આ ઉપરાંત તેઓ વડોદરની મહારાજા સયાજીરાવ યુનિવર્સિટીની સેનેટના ૧૯૪૯થી સભ્ય છે. અને ગુજરાત યુનિવર્સિટીની સેનેટના ૧૯૬૧ થી સભ્ય છે. આ ઉપરાંત નવી સ્થપાયેલી સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સલાહકાર સમિતિના પણ સભ્ય છે.

### શ્રી જસવંત મહેતા

મહુવામાં એમણે વિદ્યાર્થી જીવન ગાળેલું. નાની વયથી તરવરાટ અને અન્યાયનો સામનો કરવા તત્પર રહેવાના ગુણોએ એમને નેતા બનાવી દીધેલ. મહુવની વિદ્યાર્થી પ્રવૃત્તિઓમાં મોખરે રહેતા, ત્યાર પછી ભાવનગરની શામળદાસ કોલેજમાં દાખલ થયા અને ભાવનગરની વિદ્યાર્થી લડતો અને વિદ્યાર્થી મંડળમાં આગેવાની ભર્યો ભાગ ભજવેલો. ૧૯૪૨ માં પૂ. બાપુએ અંગ્રેજો હિંદ છોડોની હાકલ કરી. આ લોકક્રાંતિમાં એક પછી એક આગેવાનો જોડાયા. શ્રી જશુભાઈ કોલેજ છોડી આ લડતમાં કુદી પડયા. પણ એમને સીધા સાદી રીતે પકડાઈ કારાવાસમાં જવાનું પસંદ ન હતું. એમણે ભૂગર્ભમાં જઈ અંગ્રેજ સરકાર સામેની લડત ચલાવ્યે રાખી, આ વાતની ગંધ જતાં ભાવનગર રાજ્યે એમની ધરપકડ માટે વોરંટ કાઢયું, પણ વોરંટ શેનું બજે ? રાજ્ય કડક થયું એમને હાજર થવા અને નહિતર જમીન હરરાજ કરવા નોટીસ નીકળી. પણ હાજર ન થયા. છેવટે જમીન હરરાજ થઈ, પછી તો કાઠીઆવાડ એજન્સી, મુંબઈ સરકાર વગેરે ધરપકડ માટે વોરંટો કાઢયા પરંતુ તે ન પકડાયા તે ન જ પકડાયા. આ રીતે ચાર વર્ષ ભૂગર્ભવાસ સેવ્યો એ દરમ્યાન કાશી વિદ્યાપીઠમાં જઈને સમાજશાસ્ત્રનો અભ્યાસ પણ કર્યો, ૧૯૪૭ માં સ્વરાજ આવતાં વતન મહુવામાં આવ્યા. પરંતુ થોડા જ સમયમાં જુનાગઢની આરઝી હકુમત થઈ અને ફરી શ્રી જશુભાઈ એ લડતમાં ગયા અને અગ્રહિસ્સો આપી લડત સફળ બનાવી. એમના જાહેર જીવનનો સીધો આરંભ ૧૯૪૮ થી મહુવામાં શરૂ થયો. મજુર પ્રવૃત્તિ, ખેડૂત પ્રવૃત્તિ, સામાજીક પ્રવૃત્તિ વગેરે ક્ષેત્રોમાં એમણે ઉત્સાહભેર કામ શરૂ કર્યું અને લોકોએ પણ તે ઉપાડી લીધુ. ૧૯૫૨ માં પ્રથમ ચુંટણીમાં તેઓ મહુવા વિધાન સભાની બેઠક લડી સૌરાષ્ટ્ર ધારસભાના વિરોધપક્ષના ધારાસભ્ય બન્યા. વિરોધપક્ષમાં એમનો આગેવાની ભર્યો ભાગ હતો. ૧૯૫૫ માં દીવ મુક્તિ આંદોલનમાં ભાગ લીધો અને સત્યાગ્રહ માટે બે માસ પંજીમ જેલમાં ગાળ્યા. મેલ્સટેકસ આંદોલન વખતે પણ જેલમાં ગયેલ. શ્રી જશુભાઈ ૧૯૪૯ થી ૧૯૫૯ સુધી એટલે દશ વર્ષ મહુવા મ્યુની.ના પ્રમુખપદે રહ્યા હતા. મહુવા મ્યુનીસિપાલીટીએ આઝાદી પછી જે સિદ્ધિઓ હાંસલ કરી છે તેનો સાચો અને સચોટ ખ્યાલ જોયાં સિવાય આવી શકે તેમ નથી સુધરાઈએ લોકમત કેળવી લોકફાળાથી જાહેર ગામો કર્યા છે તે અભિનંદનીય છે મહુવા કેળવણી સહાયક સમાજની પ્રસંશા સર્વત્ર થાય છે. હોલ તેઓ ગુજરાત રાજ્યના નાણાંપ્રધાન છે.

### શ્રી છબીલદાસ મહેતા

૪૨ વર્ષના શ્રી છબીલદાસ મહેતા સૌરાષ્ટ્રના ગોહિલવાડના તરવરિયા જુવાનોના જુથના એક સભ્ય છે. જેમણે પોતાના સાથીદારો સાથે રહીને મહુવા શહેર સુધરાઈમાં સંગીન કામગીરી કરીને સૌના હૃદય જીતી લીધા હતા. મહુવામાં કામ કરતી પ્રગતિશીલ જુવાન મિત્રોની પ્રવૃત્તિમાં શ્રી છબીલદાસ પણ નાનપણથી આકર્ષાયા, અને તેમણે જાહેર જીવનમાં મંડાણ કર્યા. બધા

# શ્રી કલ્યાણભાઈ રાયકા

વિદ્યાકાળ દરમ્યાનથી જ સહકારી પ્રવૃત્તિમાં અભિરૂચી ધરાવવાને કારણે યુવાનીમાંજ સહકારી પ્રવૃત્તિની ફીલોસોફીની સમજ જાણવા મંત્રીવર્ગમાં જોડાઇ પ્રથમ વર્ગ, પ્રથમ નંબરે આ પરીક્ષા ઉત્તીર્ણ કરી.

પ્રવૃત્તિ પ્રત્યેના સાચા પ્રેમના કારણે આજે ૪૨ વર્ષની ઉંમરે સહકારી પ્રવૃત્તિનેજ જીવનદૃષ્ટિ બનાવી છે, તે જે સંસ્થાઓમાં સેવાઓ આપી રહેલ છે તે જાણતા જ સમજી શકાય છે. પ્રવૃત્તિના એકે એક અંગ સાથે સંકળાઇ પોતાનો મોટા ભાગનો સમય સહકારી સંસ્થાઓના વિકાસમાં રચ્યા પચ્યા રહીને પસાર કરવામાં પોતાની જાતને સંતોષ માનવમાં આનંદ માને છે

મહેસાણા જીલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. માં તેની સ્થાપનાથી જ કારોબારી સભ્ય, ઉપ-પ્રમુખ અને પ્રમુખ તરીકે પોતાની સેવાઓ આપી રહયા છે. આ ઉપરાંત મહેસાણા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી., મહેસાણા જીલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી. "દૂધ સાગર." મહેસાણા જીલ્લા સહકારી સંઘ, મહેસાણા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. અને ગુજરાત રાજ્ય પુસ્તકાલય સહાયક સહકારી મંડળીમાં સક્રીય કારોબારી સભ્ય તરીકે તેમની સેવાઓ આપી રહ્યા છે.

મહેસાણા માર્કેટીંગ કમિટીના સભ્ય તરીકે, જીલ્લા સહકારી સંઘના ઉપ-પ્રમુખ તથા માનદ મંત્રી તરીકે, ખાદી ગ્રામોદ્યોગ સહકારી સંઘના પ્રમુખ તરીકે, મહેસાણા જીલ્લા ચર્મ ઉદ્યોગ અને મજુર સહકારી મંડળીઓના જીલ્લા સંઘમાં પોતાની સેવાઓ આપી છે.

ગ્રામ કક્ષાએ પોતાના વતનમાં વિવિધ કાર્યકારી અને દૂધ ઉત્પાદક સહકારી મંડળીના પ્રમુખસ્થાન રહી, સહકારી ભાવના, અને કાર્યદક્ષતા અને પ્રમાણીકતાથી વહીવટ ચલાવી વિકાસના પંથે દોડતી કરી છે. ગુજરાત રાજ્યમાં ગોપાલકોની સહકારી મંડળીઓના વિકાસમાં પૂરતો રસ લઇ આવી અનેક મંડળીઓની રચનામાં સક્રીય રસ લીધો છે. પરિણામે ગુજરાત રાજ્યની સરકારી, ભરવાડ પૂનર્વસાહત યોજનાની સલાહકાર સમિતિના સભ્ય તરીકે યશભાગી બન્યા છે. આમ સહકારી પ્રવૃત્તિના અનેક પાસા સાથે દીલચસ્પીથી સેવાઓ આપી છે.

જીલ્લામાં યુવાન સામાજીક કાર્યકર તરીકે જાણીતા છે. અને આવી ઘણી સંસ્થાઓને સીધી યા આડકતરી રીતે પોતાની સેવાનો લાભ આપતા આવ્યા છે. રાજકીય સંસ્થાઓ જેવી કે, તાલુકા પંચાયત, જીલ્લા પંચાયત અને જીલ્લા લોકલ બોર્ડ વિગેરેમાં સક્રિય કામગીરી બજાવી છે. મહેસાણામાં રહેઠાણોનો પ્રશ્ન દિવસે દિવસે વિકટ બનતો રહ્યો છે. આ પ્રશ્નમાં રસ લઇ સહકારી ધોરણે તેને હલ કરવા જીલ્લામાં સહકારી ગૃહ મંડળીઓ રચનાની કામગીરીમાં સક્રિય રસ લઇ રહ્યા છે.

# પટેલ શાંતાબેન ભોળાભાઈ

ઉત્તર ગુજરાતના પીઢ લોકસેવક શ્રી સાંકળચંદભાઈ પટેલની સુપુત્રી અને હાલના ધારાસભ્ય શ્રી શાંતાબેન પટેલને રાષ્ટ્રભક્તિના ગુણો વારસામાં મળ્યાં છે. ૧૯૪૨ની લડત વખતે સભાસરઘસો માં ઇન્કીલાબના નારા ગજવવામાં અને સત્તાવાળાઓને પરેશાન કરાવવામાં, લોકોને સામી દેરવણું આપવામાં નાની ઉંમરથી જ તેમને શક્તિના દર્શન કરાવ્યા છે. આર્ય કન્યા મહાવિદ્યાલય, નડીયાદ વિઠ્ઠલ કન્યા વિદ્યાલય વિગેરેમાં શિક્ષણ લીધું ભોળાભાઇ પટેલ સાથે લગ્નગ્રંથીથી જોડાયાં તે પછી અનેકવિધ સામાજિક સેવાઓમાં આજસુધી મોખરે રહ્યાં છે મહિલા મંડળના પ્રમુખ-મંત્રી તરીકે, વીસનગરનાં મહેસાણા જિલ્લા વિકાસગૃહના સ્થાપક તરીકે, વિકાસગૃહમાં, "ઘરદીવડા" સંસ્થામાં અને બીજી ઘણી સંસ્થાઓમાં તેમની સેવાઓ મહેકતી રહી છે વિધાનસભામાં સૌથી નાની ઉંમરના સભ્ય તરીકે અને વિધાનસભા કોંગ્રેસપક્ષના ઉપમંત્રી તરીકેની તેમની સેવાઓ જાણીતી છે. પોતાના વિસ્તારમાં સ્ત્રી કેળવણી માટે સતત જાગૃત છે. મહિલા ગ્રામરક્ષકદળના જિલ્લાના માનદ અધિકારી તરીકે, અને જિલ્લાની શિક્ષણસમિતિના ચેરમેનપદે પણ નોંધપાત્ર સેવા આપી છે

# ઝાલા ઉકાભાઈ સીદીભાઇ

પંચાયતી રાજની વ્યવસ્થા શરૂ થતાં ઉના તાલુકા પંચાયતના અધ્યક્ષ તરીકે તથા સ્યુગર ફેક્ટરી ઉનાના ડીરેકટર તરીકે, ખરીદ વેચાણ સંઘ ના ડીરેકટર, જમીન વિકાસ સહકારી બેંક ઉના શાખા સમિતિના સદસ્ય તરીકે તથા ઉના એમ. ડી. હાઇસ્કુલના કેળવણી મંડળના સભ્ય તરીકે હાલ સેવા આપી રહ્યાં છે.

ખાપટ ગ્રામ પંચાયતના સરપંચ, સહકારી મંડળીના અધ્યક્ષ, વિકાસ ઘટક સલાહકાર સમિતિના સદસ્યશ્રી, ઉના તાલુકા ખરીદ વેચાણ સંઘના વ્યવસ્થાપક બોર્ડના સભ્ય તરીકે તથા સામાજીક કાર્યકર તરીકે તેમજ પ્રગતિશિલ ખેડૂત તરીકે કામગીરી કરી છે

ગ્રામ સ્વરાજનું સ્વપ્ન સિદ્ધ કરવા પંચાયતોની રચના થઈ, સહકારી મંડળીની રચના થઇ, આ સંસ્થાના હોદ્દેદાર તરીકે સેવા બજાવી બાદ સામુહિક વિકાસ ઘટકના પ્રકરણ મંડાયા, વિકાસ ઘટકની પ્રવૃત્તિમાં ભાગ લીધો. સામાજીક ક્ષેત્રે ભુતકાળના અનુભવોથી વિરૂદ્ધ ક્ષેત્રે કામગીરી બજાવી

વિકાસ ઘટકની શરૂઆત થતાં ખેતીવાડી ક્ષેત્રે નવા સોપાન સર કરવાનો અવકાશ અને અનુભવ મળ્યો. સુધરેલી ખેતી, જંતુનાશક દવા રસાયણીક ખાતરને વપરાસ કરવા પ્રેરણા મળી.

પોતે કારડીયા રજપૂત જ્ઞાતિના આગેવાન છે. હૈયાઉકલત ઘણી છે.

# પટેલ ગોરધનભાઇ છગનભાઇ

હાલ સડસઠ વર્ષની જૈફ વયે પહોંચેલા શ્રી ગોરધનભાઇનો જન્મ રાજપીપળામાં થયો હતો. તે વખતની રાજ્યની લોકસભામાં તેમણે સક્રિય રસ દાખવ્યો હતો. ભારતીય સ્વાતંત્ર્ય સંગ્રામમાં જવાબદાર રાજ્યતંત્રની ચળવળમાં આપે આગેવાની ભર્યો ભાગ ભજવ્યો હતો. એટલું જ નહિ વિલીનકરણના મહાન પ્રસંગે પણ આપે દેશની અમૂલ્ય સેવા કરી હતી. ઝગડીઆ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખતરીકે વર્ષોથી આપ સેવા આપી રહ્યાં છે. રાજનૈતિક આંદોલનોની સાથે સાથે આપે સામાજિક ઉત્થાનની લગભગ બધી જ પ્રવૃત્તિઓમાં સક્રિયપણે કામ કર્યું છે. જેવી કે આરોગ્ય મંડળ, શિક્ષણ મંડળ વગેરે. આજના સહકારી પ્રવૃત્તિના યુગમાં આપે સહકારીક્ષેત્રે પણ હિંમતભેર ઝંપલાવ્યું છે. ખેડૂતોને કપાસનું રૂપાંતર કરી કપાસીઆનું વેચાણ કામ કરી ખેડૂતોની સાચી સહાય કરી છે. તેઓની સેવાની સરકારે પણ કદર કરી છે. તેઓ છેલ્લા પંદર વર્ષથી "ઓનરરી મેજીસ્ટ્રેટ" રૂપે કામ કરે છે.

# પટેલ નટવરલાલ તળજાભાઇ

શ્રી નટવરલાલભાઇનો જન્મ વડોદરા રાજ્યના સમસાવાદ ગામે આર્યસંસ્કૃતિના પરમ સમર્થક એવા તળજાભાઇને ત્યાં થયો હતો. સુપા તથા હરદ્વારના સુપ્રસિદ્ધ આર્યશિક્ષણના કેન્દ્રોમાં ગુરૂચરણોમાં વિદ્યાભ્યાસ કરી આપે "વેદ શંકર"ની સર્વોચ્ચ ઉપાધિ લીધી. અભ્યાસકાળ બાદ પૂ સરદાર પટેલની પ્રેરણાથી આઝાદીના જંગમાં ઝંપલાવ્યું. આર્યસમાજના પ્રખર પુરસ્કર્તા હોવાથી આપે હરિજનોદ્ધાર, વિધવા વિવાહ, બાલવિવાહ પ્રતિબંધ વગેરે કામોમાં ઊંડો રસ લઈ સમાજના કુરિવાજો નાબુદ કર્યા. ગુજરાતની સુપ્રસિદ્ધ આર્ય કન્યા વિદ્યાલયમાં વિવિધ રૂપે આપે સેવા આપી છે. વડોદરાની આર્યકુમાર મહાસભાના આપ એક અંતરંગ સભ્ય હતા. કોંગ્રેસના ભેખધારીઓમાં આપની ગણના થાય છે. પીરોળાને સમસ્ત ગુજરાત તથા ભારતના નકશામાં આપે નામ અપાવી પાટીદાર કોમના અનિષ્ટોને ડામવામાં સફળતા મેળવી છે. પ્રગતિશીલ ખેતીના આપ સમર્થક છો. ગુજરાત સરકારે આપને "સેકન્ડ કલાસ માનદ ન્યાયાધીશ" નીમી આપની સેવાઓની કદર કરી છે.

# શ્રી લલ્લુભાઇ મકનજી

દક્ષિણ ગુજરાતના પ્રથમ પંક્તિના સેવકોમાં તેમનું નામ સદૈવ ગૌરવભેર લેવામાં આવે છે. આપ ૧૯૪૨ની ક્રાન્તિના દિવસોમાં લોકસભાના પ્રથમ અધ્યક્ષ સ્વ. દાદાસાહેબના પરિચયમાં આવ્યા તથા પૂ રવિશંકર મહારાજના આદેશને સ્વીકારી દેશના રાજદ્વારી કેદીઓની સહાય માટે જેલમાં જ રહી સફળતાપૂર્વક કામ કર્યું. તેઓની પ્રમાણિકતા તથા નિષ્ઠા જોઇ અંગ્રેજો પણ મુગ્ધ થયા હતા. પોતે બી. એ. એલ. એલ. બી. હોઇ તથા હાઇકોર્ટની એડવોકેટની સનદ હોવા છતાં વકીલાતના ધંધામાં જવા કરતા દેશસેવાના કાર્યમાં જ રસ લીધો. તે તેમની દેશભક્તિનો પૂરાવો છે. સ્વાતંત્ર્ય કાળ દરમિયાન અનેકવાર કારાવાસ ભોગવ્યો. તે દરમિયાન આપની શક્તિઓથી શ્રી સુચેતા કૃપલાની તથા રાજેન્દ્રપ્રસાદ બાબુ જેવા રાષ્ટ્રીય નેતાઓ પણ પ્રભાવિત થવા. તેઓની રાજનૈતિક કારકીર્દી અત્યંત તેજસ્વી તથા સફળ રહી છે. ૧૯૪૬માં ધારાસભામાં તથા '૫૨ અને '૫૭ની ચૂંટણીમાં પણ ધારાસભામાં જંગી બહુમતિએ ચૂંટાયા હતા. ધારાસભાના દરવાજેથીએ રાજકીય નેતાગીરી સાથે ગાંધી સાહિત્યના લેખક છે. ગાંધીજીના પાવન-પ્રસંગો—પુસ્તકને રાજ્યસરકારે પ્રથમ ઇનામ આપ્યું હતું. વ્યક્તિગત જીવનમાં સુદામા જેવી ગરીબાઇને તેઓએ હસતે મોઢે સહી લીધી હતી, તે વાત હજુ પણ ઘણાં ઓછા જાણે છે. ધનદોલતનો મોહ તેમને કયારેય થયો નથી એ તેમની વૈષ્ણવતાની પ્રતીતિ સૌને કરાવે છે. ઉચ્ચ આદર્શો સાથે જાહેર જીવનને દીપાવનાર લલ્લુભાઇ જેવા સપૂતોથી ગુજરાતનું મોં ઉજળું છે. રાજ્યકક્ષાની અનેક ઉચ્ચ કાર્યક્ષેત્ર ધરાવતી સંસ્થાઓમાં તેમણે આગળ પડતું કામ કર્યું છે. ગરીબ વિદ્યાર્થીઓ માટે એક સહાયફંડ પણ તેઓ ચલાવે છે. સતત બીજીવાર પણ આપની પસંદગી વલસાડ જીલ્લા જીલ્લાપંચાયતના પ્રમુખ તરીકે કરી પ્રજાએ આપની સેવાને અહર્નિશ બિરદાવી છે. સામાન્ય રીતે પ્રૌઢવયે કહેવાતા હોવા છતાં પણ આપ આજે પણ જુવા ના જુસ્સાથી સમાજનું કાર્ય કરી રહ્યાં છો જે આદર્શ અને અનુકરણીય છે

# શ્રી સાંકળચંદ પટેલ

મહેસાણા જીલ્લાની સહકારી પ્રવૃત્તિના એ પ્રણેતા છે, એટલું જ નહિ, પણ સહકારી પ્રવૃત્તિના ક્ષેત્રે એમણે જે સિદ્ધિઓનો નવો વિક્રમ નોંધાવ્યો છે તેથી ભારતભરમાં ગુજરાતનું નામ રોશન થયું છે. એમના માર્ગદર્શન નીચે બંધાયેલા પુલો, મકાનો અને રસ્તાઓ એમના પ્રચંડ પુરુષાર્થ અને વ્યવ-થાશક્તિનાં ઉજ્જવળ પ્રતીકો બની રહ્યાં છે. સામાજિક સેવાના કોઈ પણ ક્ષેત્રમાં જરૂર જણાતાં એમણે જે ઉત્સાહથી માર્ગદર્શન, સાથ અને સહકાર આપ્યાં છે તે ન ભુલાય તેવાં છે. આવા એક અદના રચનાત્મક કાર્યકરની ષષ્ઠિપૂર્તિ ઊજવી તેમનું ગૌરવ કરવાનો જે નિર્ણય જિલ્લાના કાર્યકરોએ લીધો છે તે પ્રશંસનીય છે. [ આ સ્તુત્ય નિર્ણયથી જિલ્લાની કદરદાન પ્રજાએ પોતાના ગૌરવમાં પણ વધારો કર્યો છે. ] આ જિલ્લાને સમૃદ્ધ બનાવવામાં સહકારી પ્રવૃત્તિ અને સામાજિક સેવા દ્વારા એમણે જે અનન્ય પ્રયાસ કર્યો છે તે ઉત્તર ગુજરાતની પ્રજા કદીયે વિસરી શકશે નહિ. [ આ બદલ એમનું નામ ઉત્તર ગુજરાતના વિકાસના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે લખાયેલું રહેશે.]

વડોદરા રાજ્ય સમાના પ્રજામંડળમાં જોડાઈને એમણે સેવાભાવી જીવનની શરૂઆત કરી. ૧૯૪૨ની હિંદ છોડોની ચળવળમાં એમણે નીડરતાથી ભાગ લીધો છે. સ્વરાજ્યપ્રાપ્તિ

બાદ એમણે રાજકીય પ્રવૃત્તિ સાથે જિલ્લાની જનતાના કલ્યાણ માટે વ્યાપક રચનાત્મક કાયમાં વધુ રસ લેવા માંડયો. માધ્યમિક શાળાઓ, કોલેજો, છાત્રાલયો અને બાલમંદિરો જેવી અનેક સામાજિક સંસ્થાએની ઇમારતો એમની બાંધકામની ઊંડી કોઠાસૂઝ અને કાર્યક્ષમતાનાં સફળ પ્રતીકો છે વિસનગર માર્કેટ યાર્ડ, ભંગી કોલોની, મજૂર મંડળી, સ્પિનિંગ મિલ, વર્કશોપ વગેરેને એમની આયોજનશક્તિનો લાભ મળ્યો છે.

મહેસાણા જિલ્લા સેન્ટ્રલ કો. ઓપરેટિવ બેંકના વિકાસમાં બેંકના અધ્યક્ષપદે રહીને એમણે બજાવેલી સેવા અમૂલ્ય છે. મહેસાણા જિલ્લા કોંગ્રેસના પ્રમુખપદે અને મહેસાણા જિલ્લા લોકલ બોર્ડના પ્રમુખપદે રહીને એમણે બજાવેલી સેવા ન ભુલાય તેવી છે. [અખિલ હિંદ કોંગ્રેસ મહાસમિતિના સભ્યપદે રહીને પણ એમણે રાષ્ટ્રની સેવા કરી છે.] નેત્ર–દંત યજ્ઞો કે શસ્ત્રક્રિયા શિબિરો, વિશ્રામગૃહ, સંગીત વિદ્યાલય અને શ્રી. ના. મ. નૂતન સર્વ વિદ્યાલય જેવી વિશિષ્ટ પ્રકારની સંસ્થાઓના સર્જનમાં એમની સેવાઓ અવિસ્મરણીય છે. મરુભૂમિ બનતી જતી ઉત્તર ગુજરાતની ભૂમિને નવપલ્લવિત કરવામાં મજૂર સહકારી મંડળીનાં બોરીંગ મશીનોનો હિસ્સો નોંધપાત્ર છે. વાલમ સર્વોદય આશ્રમ, ઝીલીઆ સર્વોદય આશ્રમ, ગ્રામભારતી, અમરાપુર જેવી જિલ્લાની તમામ સંસ્થાઓ તરફનો પ્રેમ અને સક્રિય સહકાર એમનો દરિદ્રનારાયણ તરફનો ભક્તિભાવ પ્રગટ કરે છે.

## અટોદરીઆ મોહનસિંહ રૂપસિંહ

૧૯૨૮થી વિદ્યાર્થીજીવન દરમિયાન સામાજિક હિતની પ્રવૃત્તિમાં રસ લેતા હોઈ, વકીલાતના ધંધા સાથે સહકારના ક્ષેત્રમાં સને ૧૯૩૪ થી ગ્રામ્ય શરાફી મંડળીના સભ્ય તરીકે ઓલપાડ તાલુકાની અસ્નાબાદ મંડળીમાં જોડાયા અને ત્યારથી અસ્નાબાદ પરસ્પર સહાયકારી સહકારી મંડળીના ચેરમેન તરીકે કામગીરી બજાવી. તેમજ ત્યારથી જ વચગાળાના એક વર્ષ સિવાયના તમામ સમય દરમિયાન ઓલપાડ તાલુકા કો ઓ. સુપરવાઇઝીંગ યુનિયનના ચેરમેન તરીકે ચાલુ રહ્યા હતા અને તાલુકાની મંડળીઓના ઉત્કર્ષ માટે નોંધનીય કામગીરી બજાવી છે.

## પંડ્યા બંસીલાલ બાપાલાલ

નાનપણથી જ સ્વભાવે આનંદી, ઉત્સાહી, ખંતીલા અને જાહેર સેવાના કામો કરવાની ભાવનાવાળા શ્રી બંસીલાલભાઈ મેટ્રીક સુધીનો અભ્યાસ પુરો કરી ધંધાર્થે આફ્રીકા ગયા અને ત્યાં ચાર વર્ષ રોકાયા પરંતુ નાનપણથી જ રોપાયેલા જાહેર સેવાની ભાવનના બીજ, માતૃભૂમિની પ્રેમ અને દેશ સેવાની તમન્નાએ તેઓને સ્વદેશ આવી જાહેર સેવાના કાર્યો કરવા પ્રેર્યાં.

સ્વદેશ પાછા આવી મહેમદાવાદ મ્યુનિસીપાલીટીને પોતાની સેવાનું કેન્દ્ર બનાવી જાહેર સેવના કાર્યનો પ્રારંભ કર્યો પરંતુ આ ક્ષેત્ર મર્યાદિત લાગતા શહેર સાથે તાલુકા અને જીલ્લામાં કામગીરી કરવા પ્રેરાયા. ગુજરાતના સહકારી સંત માનનીયશ્રી માધવલાલભાઇના સતત સંપર્ક અને પ્રેરણાથી સહકારી પ્રવૃત્તિમાં સક્રિય કામગીરી બજાવવી શરૂ કરી. પ્રારંભમાં મહેમદાવાદ શહેર અને તાલુકાની સહકારી સંસ્થાઓ અને ત્યાર બાદ ક્રમે ક્રમે જીલ્લા કક્ષાએ અને હવે રાજ્ય કક્ષાએ પણ સક્રિય કામગીરી બજાવી રહ્યા છે પંચાયત અને સહકારી પ્રવૃત્તિને પોતાની બે મુખ્ય પ્રવૃત્તિઓ ગણી છે. ઘણી સંસ્થાએના હોદ્દેદાર હોવા ઉપરાંત તેઓશ્રી જીલ્લા પંચાયત, તાલુકા પંચાયત, અને જીલ્લાની બીજી અનેક વીધ સંસ્થાઓની વિવિધ સમિતીઓના સભ્ય તરીકે રહી સક્રીય કામગીરી બજાવી રહ્યા છે માત્ર હોદ્દો ધારણ કરીને બેસી ન રહેતાં સમાજના નાનામાં નાના માણસને મદદ કરવાની ભાવનાના સદગુણના કારણે તેઓ કાર્યકરો અને જનતાનાં દિલમાં માનભર્યું સ્થાન મેળવી શકયા છે.

## પટેલ છોટાલાલ રણછોડભાઈ

ખંભાતના સાર્વજનીક જીવનમાં શ્રી છોટાભાઈનું નામ સૌની જીભે ચઢેલુ છે. ખંભાતમાં છેલ્લા ત્રીશ વર્ષ ઉપરાંત થી આપ ખંભાતની પ્રજાની સર્વતોમુખી સેવા કરી રહ્યા છો. આપે ખંભાત રાજ્યના પ્રજામંડળના મંત્રી રૂપે, તારાપુરના મુખી રૂપે, એમ વિવિધ રૂપે અનેક પ્રજાઉપયોગી કાર્યો કર્યા છે. વેઠ તથા મફત કામ લેવાના અનેક કુરીવાજો નાબુદ કરવાનું બહુમાન આપને ફાળે જાય છે દુષ્કળનું કામ હોય કે મંડળીના માટે લાયસન્સનું કામ હોય શ્રી છોટાભાઈ તૈયાર જ હોય. સરકારી તથા બીન સરકારી સંસ્થાઓ દ્વારા આપને આપની સેવા બદલ અનેક પ્રમાણપત્રો મળ્યાં છે. શિક્ષણ ક્ષેત્રે બાલમંદીર, પ્રાથમીક શાળા તથા માધ્યમિક શાળાની સ્થાપના કરી પ્રજાના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપ્યો છે. સહકારી ક્ષેત્રે પણ તારાપુર સહકારી મંડળીની સ્થાપના કરી પ્રજાની ખુબ સેવા કરી છે. તેના તેઓ છેલ્લા અઢાર વર્ષથી પ્રમુખ રહ્યા છો. સહકારી સંસ્થાઓની આજની સંગીન આર્થિક સ્થિતિનું કારણ આપનો સતત પુરૂષાર્થ છે પ્રજાના આરોગ્ય માટે પણ આપે કમર કસી દવાખાનુ તથા પ્રસુતિ ગૃહ બંધાવ્યા છે. ખંભાતના જાહેરજીવનને આપે વળતરની કોઈપણ આશા વિના દીપાવ્યુ છે. હાલ સરકારે પણ તેઓની કદર કરી તેમને માનદ ન્યાયાધીશનો ખિતાબ એનાયત કર્યો છે.

## પોરાણિયા દેવકરણ જીવણજી

રાધનપુર જીલ્લાના મહાન સેવાપરાયણ તથા પરોપકારી વ્યક્તિ રૂપે આપનો યશ સર્વત્ર ફેલાયેલ છે. જાહેરજીવનના અનેકવિધ ક્ષેત્રોમાં જુદા જુદા સમયે અને હોદ્દા દ્વારા આપે અમૂલ્ય સેવા બજાવી છે જેની વિગતો ઘણીજ લાંબી છે. તાલુકા તેમજ જીલ્લાક્ષેત્રે જ નહી પણ રાજ્ય કક્ષાની અનેક સર્વોચ્ચ કમિટીઓમાં આપનું નામ ગૌરવભર લેવામાં આવ્યુ છે. સન ૧૯૫૮થી આપ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના

પ્રતિનિધીરૂપે કામ કરી રહ્યા છે. સતત લોકસંપર્ક, પ્રમાણીકતા તથા લીધેલ કામમાં ખંતપુર્વક વળગી રહી તેને પુરૂ કરવાનું ધ્યેય એ આપની સફળતાનું રહસ્ય છે રાધનપુરના આદર્શ વિદ્યાર્થી તથા શિક્ષકરૂપે કરેલી સેવાઓને જનતા ભુલી શકતી નથી.

# શ્રી શંકરલાલ ખુ. પુરોહિત

જન્મ તા. ૧૬ ૧-૧૯૨૦, અહેમદાવાદ તાલુકાના રૂપણ જેવા નાના ગામમાં પ્રાથમિક કેળવણી લીધા બાદ ૧૯૩૮માં હરિપુરા કોંગ્રેસ અધિવેશનમાં સ્વયંસેવક તરીકે કામ કર્યું. દેશસેવા અને રાષ્ટ્રીયતાના ગુણોનું બીજ ત્યાંથી રોપાયું. ૧૯૩૯માં હરિજન આશ્રમ સાબરમતિમાં સ્વ. શ્રી નરહિરભાઈ પરીખની દોરવણી હેઠળ શરૂ થયેલા ' ગ્રામસેવક તાલીમ વર્ગ ''માં દાખલ થઈ ગ્રામસેવાની દિક્ષા લીધી ૧૯૪૦થી ૧૯૪૨ સુધી ગ્રામ પંચાયતના મંત્રી તરીકે અહેમદાબાદ તાલુકાના સિંહુજ ગામે કામ કર્યું ગામમાં ગ્રામ સફાઈ, જાહેર નોટીસ બોર્ડ ઉપર સમાચાર અને સુચનો લખવાં, યુવક પ્રવૃત્તિ, વ્યાયામ પ્રવૃત્તિઓ શરૂ કરી. ૧૯૪૨ની લોકક્રાંતિમાં જુસ્સા પૂર્વક ભાગ લીધો. " કરેંગે યા મરેંગે "ના સુત્ર સાથે ટેલીફોનના તાર કાપવા, રેલ્વેના પાટા ઉખેડવાની પ્રવૃત્તિમાં તથા લોક જાગ્રતિ માટે તાલુકાના ગામોમાં સરકારી હોદ્દા ઉપર હોવા છતાં પ્રચાર પત્રિકાઓ મોકલવાનું સાહસ ભર્યું કામ કર્યું.

નડિયાદ શહેરના જાહેર જીવનમાં ભાગ લીધો ૧૯૪૬થી ખેડા જિલ્લા કોંગ્રેસ સમિતિમાં ગયા અને નડિયાદ તાલુકો અને જિલ્લાને કાર્યક્ષેત્ર ગણીને કામ શરૂ કર્યું કોંગ્રેસ સેવાદળની પ્રવૃત્તિમાં ભાગ લીધો. વસો અને ગોધરાના કોમી અશાંતિમાં શાંતિ ટુકડીમાં રહીને ત્યાં કામ કર્યું નડિયાદ તાલુકા કોંગ્રેસ સમિતિના મંત્રી તરીકે અને ખેડા જિલ્લા કોંગ્રેસ સમિતિના કાયમી મંત્રી તરીકે વર્ષો સુધી કામ કર્યું. ૧૯૫૪, ૧૯૫૭ અને ૧૯૬૭માં પ્રદેશ ડેલીગેટ તરીકે ચુંટાયા ખેડા જિલ્લા કોંગ્રેસના મંત્રી તરીકે નિયુક્ત થયા. નડિયાદ વિભાગની વિભાગીય સલાહકાર સમિતિ દ્વારા એસ. ટી.ના જિલ્લાના પ્રશ્નોના ઉકેલ માટે સતત પ્રયત્નો કરે છે અમદાવાદ રેલ્વે પેસેન્જર્સ એસોસીએશનના મંત્રી તરીકે વર્ષોથી કામ કરે છે. ભાવનગર ડીવીઝનની રેલ્વે યુઝર્સ કન્સલ્ટેટીવ કમીટીમાં છેલ્લા ચાર વરસથી સભ્ય તરીકે કામ આપે છે.

નડિયાદ શહેર સુધરાઈમાં ૧૯૬૨માં સભ્ય તરીકે ચુંટાઈમાં બહુમતીએ સુધરાઈના ઉપપ્રમુખ તરીકે ચુંટાઈને કામ કરીને લોકોની પ્રશંસા પ્રાપ્ત કરી. ૧૯૬૭ની સુધરાઈની કટોકટી ભરી ચુંટણીમાં પણ ફરથી ચુંટાઈ આવ્યા છે.

ગુજરાત સરકારે તેમની જાહેર સેવાઓને લક્ષમાં રાખીને તેમને ૧૯૬૩માં " માનદ મેજીસ્ટ્રેટ " તરીકેની પદવી આપી છે. માનદ મેજીસ્ટ્રેટ તરીકેની સેવાઓ જાણીતી છે શહેરમાં લોકોમાં તેમના કામથી સંતોષ છે.

કોંગ્રેસની સંસ્થાકીય ચુંટણીઓમાં ૧૯૬૭માં તેઓ પ્રદેશ ડેલીગેટ તરીકે બીનહરીફ ચુંટાયા છે અને ખેડા જિલ્લા કોંગ્રેસ સમિતિના મંત્રી તરીકે તેમની નિયુક્તિ બીજી વખત થઈ છે.

સામાન્ય ચુંટણીઓમાં પણ જિલ્લાની ચુંટણી સમિતિના મંત્રીપદે રહીને કામ કર્યું છે. ૧૯૬૭માં ખેડા જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના ચેરમેન તરીકે ચુંટાયા છે. ખેડા જિલ્લા ઔદ્યોગિક સહકારી મંડળના તેઓ ઉપપ્રમુખ છે. ગુજરાત સ્ટેટ ફેડરેશન ઓફ કન્ઝ્યુમર્સ કો. ઓ. સ્ટોર્સના તેઓ ઉપપ્રમુખ તરીકે હાલમાં કામ કરે છે. જિલ્લાના નાગરિક પુરવઠા સલાહકાર સમિતિના સભ્યપદે છે નડિયાદ હમાલ એસોસીએશન હાથલારી એસોસીએશન ચલાવે છે. કચડાયેલા અને પછાત વર્ગોનું કામ કરે છે. એટલે એ વર્ગોમાં તેમને માટે સારી ચાહના પડેલી છે.

સુમધુર કંઠથી લોકગીત ભજનો ગાય છે એ વિશીષ્ટતા છે. અથાગ પરિશ્રમ, માયાળુ સ્વભાવ, દરેક પ્રત્યે સમભાવ, ચોકસાઈ અને સંગઠન પ્રત્યેની વફાદારીના ગુણોથી જિલ્લામાં અને ગુજરાતમાં એમના ઘણા પ્રશંસકો છે. અનેક ક્ષેત્રોમાં આગળ આવેલ વ્યકિતઓમાં તેમણે પોતાનું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

# પટેલ ભોળાભાઇ ચતુરભાઇ

વીસનગર તાલુકાના ગોઠવા ગામના વતની છે. ઉચ્ચ શિક્ષણ અમદાવાદમાં પૂરૂ કરી વીસનગરમાં વકીલાત શરૂ કરી, સાથે કોન્ટ્રેકટનો ધંધો ભાગીદારીમાં શરૂ કર્યો જે આજે ઘણો જ વિકાસ પામ્યો છે. ધંધાદારી ફરજો ઉપરાંત વીસનગરના જાહેર જીવનમાં શ્રી ભોળાભાઈ પટેલનો બહુમૂલ્ય ફાળો છે. શહેરમાં આદરણીય વ્યકિત તરીકેનું આગળનું સ્થાન છે. તેમની વાકચાતુર્યના ભલભલાને આંજી દે તેવી છે

૧૯૪૨માં " હિંદ છોડો "ની ચળવળમાં સૌ પ્રથમ ભાગ લીધો, મહાગુજરાતની ચળવળ વખતે જનતા પરિષદ દ્વારા ભાગ લીધો, ૧૯૬૩માં પંચાયતીરાજ આવતાં તાલુકા પંચાયતમાં બાંધકામ સમિતિના ચેરમેન તરીકે કામ કર્યું, તાલુકામાં લોકજાગૃતિ લાવવામાં તેમજ ખેત ઉત્પાદન વધે તે માટે ખેડૂતોને સિંચાઈ માટે જરૂરી સવલતો ઊભી કરવામાં વીસનગર તાલુકા તાલુકા મજૂર સહકારી મંડળી સાથે રહીને ગામેગામ પાતાળકુવાઓની ઝુંબેશને આગળ ધપાવી ઉત્પાદનને ક્ષેત્રે નોંધપાત્ર ફાળો આપ્યો છે. વતનમાં સેવાસહકારી મંડળી ઉપરાંત કેળવણી મંડળ ઉભુ કર્યું અને તે દ્વારા શિક્ષણની બધી સુવિધાઓ ઉભી કરી આરોગ્યકેન્દ્ર અને બીજી અનેક સગવડો અંગે ધ્યાન આપ્યું. જિલ્લા ઉત્પાદન સમિતિના અધ્યક્ષ તરીકે, જિલ્લા વ્યાયામમંડળના પ્રમુખ તરીકે, જિલ્લા ખરીદ વેચાણ સંઘના ડાયરેકટર તરીકે, તાલુકા કોંગ્રેસના પ્રમુખ તરીકે, સમૃદ્ધ એ ગામના લોકો સુખશાંતિથી રહી શકે તે માટે સતત પ્રયત્નોમાં તેમને રસ છે ' એ " કલાસના કોન્ટ્રેકટર તરીકે ગવર્નમેન્ટના સંખ્યાબંધ કામો તેમણે સંતોષકારક પૂરા કર્યા. ઔદ્યોગિક ક્ષેત્રે તેમણે પી.વી.સી. પાઇપનું શરૂ કરેલું કારખાનું એ એમની નોંધપાત્ર સિદ્ધિ છે.

## ડોડીયા અરીસિંહભાઈ ભાણાભાઈ

સને ૧૯૨૪માં કોડીનાર તાલુકાના પાંચપીપળવા મુકામે પૂ. મુ. શ્રી ભાણાભાઇ જેસાભાઈ ડોડીયા એક પ્રગતિશિલ ખેડુતને ત્યાં જન્મ્યા. નાની વયે ગામડાની ગામઠી નિશાળમાં પ્રાથમિક શિક્ષણ લીધું. આ પ્રાથમિક શિક્ષણ પુરૂં કર્યા બાદ તે વખતમાં કોડીનારમાં કારડીઆ રાજપુત સમાજની આગળ અભ્યાસ માટે છાત્રાલય નહિં હોવાથી અમરેલીમાં પટેલ વિદ્યાર્થી આશ્રમમાં દાખલ થયેલા. પટેલ વિદ્યાર્થી આશ્રમમાં અમરેલીમાં રહી અંગ્રેજી ધોરણ સાત એટલે કે મેટ્રીક સુધી અભ્યાસ કર્યો. હાઈસ્કુલના અભ્યાસકાળ દરમ્યાન ૧૯૪૨માં "હિંદ છોડો" ની ચળવળ શરૂ થયેલ. તે વખતે "હિંદ છોડો" ની ચળવળમાં સક્રિય ભાગ લીધેલો. નાનપણથી જ ગામડાનું સાત્વિક જીવન ગાળેલ હોઈ ચળવળમાં ઝંપલાવ્યું અને અભ્યાસક્રમ છોડી ચાર ચાર મહિના જેલમાં કારાવાસ ભોગવવો પડેલ. જેલમાંથી છુટી ફરી અભ્યાસ શરૂ કરેલ મેટ્રીક સુધી અભ્યાસ પુરો કરી ઘરની ખેતિ સંભાળી સહકારી પ્રવૃત્તિમાં પગલાં માંડ્યાં. ધી કોડીનાર તાલુકા કો-ઓપરેટીવ બેન્કીંગ યુનીયન લી. કોડીનારમાં સને ૧૯૫૪થી બોર્ડ એક ડાયરેકટર્સના સભ્યપદે ચુંટાઇ આવ્યા. હજુપણ સદર બેન્કીંગ યુનીયનના બોર્ડના સભ્ય તરીકે ચાલુ જ છે. સાથે સાથે કોડીનાર તાલુકામાં ખાંડ ઉદ્યોગ સ્થાપવાની પ્રવૃત્તિના પ્રથમ શ્રીગણેશ માંડનારામાંના એક હોઇ કોડીનાર તાલુકામાં કેવી રીતે ખાંડનું કારખાનું ઉભું કરવું તેના અભ્યાસ માટે ત્રણ જણની નિમેલી અભ્યાસ કમિટીએ ભારતના સહકારી ખાંડ કારખાનાઓમાં રખડીને કોડીનારમાં ખાંડ કારખાનું સ્થાપવાનું માળખું ઉભું કર્યું. બહારની પ્રેરણા લઇ આવીને કોડીનારના ગામડે ગામડે પોતાના ટ્રેકટર ઉપર બેસીને ખેડુતો પાસેથી ભંડોળ એકઠું કરવાની ઝુંબેશ ઉઠાવી, છ મહિનામાં ખાંડ ઉદ્યોગ સહકારી મંડળીની નોંધ કરાવી. આજપર્યંત પણ આ સહકારી ખાંડ ઉદ્યોગ હિન્દુસ્તાન ભરમાં અજોડ ગણાય છે. તેમાં વાઇસ ચેરમેન, તરીકે હોદ્દો ભોગવી રહ્યા છે. સાથે સાથે અમરેલી જીલ્લા લોકલ બોર્ડમાં કોડીનાર તાલુકાના પ્રતિનીધી તરીકે જંગી બહુમતિથી ચુંટાઇ અમરેલી જીલ્લા લોકલ બોર્ડમાં પણ સેવા આપેલ. અમરેલી જીલ્લા સહકારી સંઘમાં થોડો વખત બોર્ડના સભ્ય તરીકે રહેલા. હાલમાં ૩૯ વર્ષની યુવાન વયે ખાંડ ઉદ્યોગ જેવી જબરજસ્ત જવાબદારી પોતાના શીરે વહન કરી રહ્યા છે. તેઓ સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.

## સંઘવી ભાઇદાસ ગોકળદાસ

પહેલી નજરે જોતા કડક લાગતા પરિચય પછી ઉમરાવ દીલના અને ભલાભોળા લાગતા શ્રી ભોળાભાઇના હુલામણા નામથી સર્વોમાં સ્થાન પામેલા શ્રી ભાઇદાસ ગોકળદાસ સંઘવીનો જન્મ રાજુલામાં થયેલ છે. બાળપણથી વિદ્યાર્થી જીવનથી રાષ્ટ્રીય રંગે રંગાયેલા ૧૯૪૭ સુધી માત ભારતીને આઝાદ કરવાના એક માત્ર સંકલ્પથી આજસુધી પોતાનું જીવન ખર્ચેલ છે.

કોંગ્રેસના સમાજવાદી કાર્યક્રમમાં વિશ્વાસ ધરાવતા જુથ સાથે રહી સમાજવાદી આદર્શોને અમલમાં લાવવા પ્રયાસ કરી રહેલ છે રાજુલાની સામાજીક અનેક પ્રવૃત્તિઓમાં સક્રિય રસ ધરાવતા શહેરની સ્થાનીક સ્વરાજ્યની એકમાત્ર સંસ્થા મ્યુનીસીપાલટી અથવા નગર પંચાયતના પ્રમુખ તરીકે આગાઉ તેમજ આજે ચાલુ છે તેમજ સભ્ય તરીકે ૧૯૫૮ આજસુધી એકધારા ચુંટાયા કરે છે વ્યવસાયે લાતી ચલાવે છે, છતાં જાહેરજીવનમાં આગેવાની ભર્યો ભાગ લઇ પોતાના લોહીના સંસ્કારોની પ્રતિતિ કરાવે છે.

## સરવૈયા દશરથસિંહજી

સહકારી ક્ષેત્રમાં જો શિક્ષિત વર્ગ રસ લે તો પ્રવૃત્તિ કેટલી વિકસી શકે તેની તાદશ્યતા મોરબીમાં શ્રી દશરથસિંહજી સરવૈયાએ પુરી પાડી છે.

સહકારી ક્ષેત્રે મોરબીમાં આદર્શ ગણાતાં શ્રી પરશુરામ ગ્રાહક સહકારી ભંડાર લી.ના જન્મથી આજસુધી તેઓએ સુકાન સંભાળેલ છે. અને સિદ્ધિના શિખરે પહોંચાડેલ છે. આ સફળતાના કારણે છેલ્લા બે વર્ષથી સાર્રાયે મોરબી સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો-ઓપરેટીવ સ્ટોર્સનું સુકાન પણ તેમને સોંપવામાં આવ્યું છે તેમણે લીધેલ મીલીટરી તાલીમથકી મોરબી હોમગાર્ડઝની તાલીમ તેઓને સોંપવામાં આવી છે. પરશુરામ સ્પોર્ટસ કલબમાં જનરલ સેક્રેટરી, મોરબી તાલુકા રાજપુત સમાજમાં સહમંત્રી, પરશુરામ ધીરાણ મંડળીમાં ઉપપ્રમુખ વિગેરે જવાબદારીઓ વર્ષોથી એકધારી સંભાળી રહેલ છે. તેઓના લેખો અને વકતવ્યો લેવાતું વર્તમાનપત્રો ચૂકતા નથી.

ગુજરાતના માટી ઉદ્યોગના ગૌરવસમી ધી પરશુરામ પોટરી વર્કસ કું લી.માં તેઓ એકાઉન્ટનો જવાબદારીભર્યો હોદ્દો ધરાવે છે. છતાં નવરાશની બધી જ પળો આ બધી પ્રવૃત્તિ માટે ફાળવે છે. સમયનો પૂર્ણ સદ્‌ઉપયોગ એ તેમનો જીવનમંત્ર છે.

## શ્રી જયાનંદ જાની

કોડીનાર તાલુકા તથા દિવ પ્રદેશમાં પંદર વરસથી ખાદી અસ્પૃશ્યતા નિવારણ ભૂદાન, ગ્રામદાન તેમજ સહકારી મંડળીઓ પંચાયતો અંગે પ્રજામાં સાચી સમજણી ઉભી કરી.

તાલુકા હોમગાર્ડ કમાન્ડીંગ ઓફીસરની પ્રવૃત્તિ સાર્વજનિક પુસ્તકાલય સંચાલન દુધ ઉત્પાદક સહકારી મંડળીના મંત્રી તાલુકા કોંગ્રેસ સમિતિના મંત્રી ગુ. પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રતિનિધિ અમરેલી જીલ્લા સહકારી સંઘના ડાયરેકટર ગ્રામ સ્વરાજ ખાંડસરી સહકારી મંડળી લી વિઠલપુરની શરૂઆત કોડીનાર તથા દીવ પ્રદેશની પ્રજાકીય સંસ્થાઓ અને પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે.

## શાહ ગુલાબચંદ લલ્લુભાઈ

ભાવનગરના જૈન સમાજમાં શ્રી ગુલાબચંદભાઇનું સ્થાન આગળ પડતું છે. ધાર્મિક પ્રવૃતિઓ, તીર્થયાત્રાઓ, જૈનધર્મના સંસ્કૃત, પ્રાકૃત અને ગુજરાતી પ્રકાશન કરતી જાણીતી સંસ્થા આત્માનંદ સભાના આજીવન સભ્ય બનીને સતત દોરવણી, કેળવણી, આરોગ્ય અને ન્યાય ખાતામાં જયુરર તરીકે અને ગાંધી યુગના સેવાના આંદોલનમાં તેમની સુવાસ પથરાયેલી પડી છે.

## શ્રી પોપટલાલ મગનલાલ ત્રિવેદી

જૂની પેઢીના એક પીઢ દીર્ઘદૃષ્ટા અને સમાજસેવક તરીકેની તેમની સાડાચાર દાયકાની સેવાઓ પાલીતાણા અને ગોહિલવાડમાં જાણીતા છે. રાજ્ય અને પ્રજા વચ્ચે હંમેશા સુમેળ સાધવાના તેમના પ્રયત્નો રહ્યાં છે.

સ્વરાજ્યની વખતોવખતની લડતમાં સક્રિયપણે ઝંપલાવ્યું, અનેક ઝંઝાવતો વચ્ચે અડીખમ રહીને, સ્વદેશીનું વ્રત ધારણ કરી કુટુંબીજનોને પણ રાષ્ટ્રિયતાના સંસ્કારો આપ્યા. કોંગ્રેસ તરફની અનન્ય ભક્તિ, સર્વોદય અને રચનાત્મક કમો તરફની વિશેષ લાળજી અને શહેરની નવરચનાના કામોમાં તેમનું આજ સુધી સતત માર્ગદર્શન મળતું રહ્યું છે.

## કાન્તિલાલ સી. મહેતા

પાલણપુરની મહાજન સંસ્થાઓમાં અગ્રણ્ય સ્થાન ભોગવનાર શ્રી કાંતિભાઈ મહેતાએ મેટ્રીક સુધીનો અભ્યાસ કરી તેમના પિતાજીની સાથે કાપડનો લાઇનમાં જોડાયા. પોતાનો ધંધાકીય પ્રવૃતિ સાથે પણ તેમણે સેવા, સૌજ અને સરસ્વતિની જ્યોતને રેલાવી છે. તેમના પિતા પણ સામાજિક પ્રવૃતિઓમાં મોખરે હતા શહેરના વ્યાપારી મંડળમાં નાનપણથીજ તેમનું વજન પડતું સમય જતાં આજે તેઓ જિલ્લા વેપારી મંડળનાં ઉપ–પ્રમુખ તરીકે કામગીરી બજાવી રહ્યાં છે

સને ૧૯૬૩ ૬૪માં રોટરીકલબના પ્રમુખ બન્યા સરકારે તેમની સેવાઓની કદર રૂપે જે. પી. નો ઇલ્કાબ આપ્યો. શહેરની અનેકવિધ સંસ્થાઓ, દવાખાનું, કોલેજ, રેઇકોસ, ઠક્કરબાપા છાત્રાલય, જિલ્લા ઔદ્યોગિક મંડળ, ટી બી. એસોસીએશન વિગેરેમાં પોતાની સેવા, માર્ગદર્શન આપી રહ્યાં છે. થીઓસોફીકલ કલબના ઉપપ્રમુખ પદે પણ કામગીરી કરી રહ્યાં છે. બનાસકાંઠા જિલ્લાનું તેઓ ગૌરવ છે.

## વરૂ બાપુભાઇ રામભાઇ

સાધુસંતો અને વંદનીય પુરૂષોના સત્સંગનો જેમણે લ્હાવો લીધો છે. ધર્મ, નીતિ અને સદાચારના ઉચ્ચતમ આદર્શો પ્રમાણે જીવનનું ઘડતર કરવા જેમનું સતત મંથન પ્રગટ થતુ રહ્યુ છે તે શ્રી બાપુભાઇ વરૂ રાજુલા પાસે કોટડી ગામે ન્યાયપંચના અગ્રણી તરીકે સેવા આપી રહ્યાં છે. પ્રજાના પ્રેમ લાગણીને માન આપી કેટલીક જાહેર જવાબદારીઓ સ્વીકારી છે.

ભુરખીવાળા રામદાસબાપુ તથા ત્યાગીપુરૂષ મથુરાદાસબાપુ અને તુલસીશ્યામના મહંત શ્રી સીતારામબાપુના સાનિધ્યમાં રહીને ધર્મ, નીતિનો સંદેશો ઝીલ્યો છે. પંડુરંગ આઠવાલેની ધાર્મિક પ્રવૃત્તિઓમાં અન્ય ધર્મોની શિબિરોમાં, નાના–મોટા યજ્ઞોમાં સતત રસ લઇને હાજર રહેતા હોય છે. સદા સરળ અને નમ્ર આ સેવાભાવી પુરૂષને મંદિરેના જીર્ણોદ્ધારમાં, સાધુ-બ્રહ્મણોનો અતિથ્યસત્કાર કરવામાં જીવનનો આનંદ અનુભવે છે દુષ્કાળ વખતે મૂગા જાનવરો માટે અને ગરીબ ખેડૂતોને ભારે ઉપયેગી બનનારા દયાળુ વ્યક્તિ છે બાબરીયાવાડના આગેવાનોમાં તેની ગણના થાય છે. તેના પિતાશ્રી પણ એવા જ પ્રતાપી પુરૂષ હતા. તુલસીશ્યામની જગ્યા પરત્વે તેમની અનન્ય ભક્તિ રહેલી છે. પ્રસંગોપાત અહિં દર્શને આવે છે. મહંતશ્રીની આજ્ઞા મૂજબ પુન્યદાનના કામોમાં રસ લ્યે છે. અભ્યાસ બહુ થેડો, કોઠાજ્ઞાન ઘણું છે. કોટડી ગામના સરપંચપદે રહીને ગામના વિકાસમાં, એ પ્રદેશના લોકોની મુશ્કેલીઓ અંગે યોગ્ય સ્થળે રજૂઆત કરવામાં ક્યારેય પાછી પાની કરી નથી. ધર્મ અને જીવન વચ્ચેની દિવાલને રહેવા દીધી નથી. "ધર્મ એજ જીવન છે." એવું દૃઢપણે માને છે, અને કુટુંબીજનોને પણ એ જ રાહે ચાલવા દોરવણી આપી રહ્યા છે. સંતસમાગમ, કથા–પારાયણ અજ્ઞાન અને લોકકલ્યાણના પ્રવૃત્તિઓમાં જ એમનું મન અને આત્મા ભમ્યા કરતા હોય તેવો ભાસ થયા વગર રહેતો નથી.

## ગોહેલ ગીગાભાઈ ભાવુભાઇ

છેલ્લા દેઢ બે દાયકાથી વધુ સમય સુધીના જેમની જાહેરસેવાઓ મહુવા વિભાગમાં પથરાયેલી પડી છે ગીરાસદાર હોવા છતાં નવા જમાનાની નવી રચના સાથે કદમ ઉપાડી સમયને અનુકૂળ થવામાં માનનારા છે નિખાલસ સ્વભાવના નોકરવર્ગ પ્રતિ સમભાવી કોઈથી ન અંજાત વિરોધમાં પણ જરૂર લાગે ત્યારે સ્પષ્ટ કહેનાર અને યુક્તિ પ્રયુક્તિએ પણ શાંતિથી કામ કરવામાં માનનાર, સાથીઓને વિશ્વાસમાં લઇ કેટલીક સંસ્થાઓ સ્થાપવામાં અને વિકસાવવામાં જેમણે અત્યંત પરિશ્રમ લીધો છે એવાં શ્રી ગીગાભાઈ ખારી ગામના વતની છે. આજે મહુવા તાલુકા પંચાયતના પ્રમુખસ્થાને રહીને સેવા આપી રહ્યા છે. મેટ્રીક સુધીનો જ અભ્યાસ પણ ધાર્મિક સંસ્કારોએ તેમના જીવનનું ઘડતર અનોખી રીતે કર્યું બગડેશ્વર કે ભુતનાથની ધાર્મિક પ્રવૃત્તિઓમાં, પદ્મણી શિષ્ટપદારણ ફંડમાં રાજપૂત સમાજના મહુવા તાલુકાના પ્રમુખ તરીકે, જિલ્લા બેન્કમાં જિલ્લાની અપીલ કમિટિમાં એમ અનેક સંસ્થાઓ સાથે ઘનિષ્ટ રીતે સંકળાયેલા છે હરમડીના સાથેના વીશ ગામોમાં આગાખાન વખતની જુદી પ્રણાલીકાઓ અનુસાર તેમનો કેટલોક માન મરતબો આજે પણ જળવાઈ રહ્યો છે જેને આજના યુગની વિશિષ્ટતા જ ગણીશું. નવી પ્રવૃત્તિઓમાં એમનું માર્ગદર્શન તાલુકામાં સૌને ઉપયોગી થતું રહ્યું છે.

## વૈદ્ય બાબુભાઇ કલ્યાણજી

મોણપરના વતની છે. મોણપર ગામે છેલ્લા વીશ વર્ષથી તદ્દન ફ્રી દવાખાનું ચલાવે છે, જિલ્લા પંચાયતની આરોગ્ય કમિટિના ચેરમેનપદે, તાલુકા પંચાયતના સભ્ય તરીકે, સહકારી મંડળીમાં કમિટિના સભ્ય તરીકે, ભૂતકાળમાં જિલ્લા લોકલ બોર્ડના સભ્ય તરીકે પી. એસ. પી.ના સક્રિય કાર્યકર તરીકે, એમ. જુદી જુદી રીતે કામ કરતા રહ્યા છે. ઘણાજ ઉત્સાહી અને ધગશવાળા છે. નિસ્પૃહી રીતે સંગઠ્ઠનની દૃષ્ટિએ સક્રિય રીતે કામ કરવામાં માને છે. ગામડાઓની બેહાલ પરિસ્થિતિ વિષે પૂરા વાકેફગાર છે શ્રી ગીગાભાઇ વિગેરેની સાથે મળીને કામ કરવામાં તેમની ચોક્કસ દૃષ્ટિ રહેલી છે.

## મણીલાલ લલ્લુભાઈ

છેલ્લા કેટલાક વર્ષોથી તણખલા સાંકળ જૂથ પંચાયતના સરપંચપદે રહ્યાં હતા. તે દરમ્યાન રસ્તાઓ, દવાખાનું, મેટરનીટી-હેમ વિગેરે સાર્વજનિક કામો ખૂબ જ કાળજીથી પૂરા કરાવ્યા હતા. ૧૯૫૦થી ૧૯૫૬ સુધી બરોડા સેન્ટ્રલ કો–ઓ–બેન્ક તણખલા કોટન સેલ સોસાયટીમાં પણ પ્રમુખ તરીકે અને કોંગ્રેસ સંસ્થામાં એક અદના સેવક તરીકે કામ કર્યું. ડભોઈ દયારામ કેળવણી મંડળમાં સભ્ય તરીકે રહીને પોતાનાથી શક્ય તેટલી સેવા કરી રહ્યાં છે. તેમની સેવાએને નજરમાં લઈ સરકારે તેમને જે. પી નો ઈલ્કાબ આપ્યો છે.

## ભટ્ટ અનંતરાય રામશંકર

ભાવનગરમાં અભ્યાસ કર્યો ભાવનગર કોંગ્રેસ પ્રાન્ત પરિષદમાં કામ કર્યું. ૧૯૪૮માં શરૂ થયેલ નિર્વાસીત છાવણી (ભાવનગર)માં શ્રી માનભાઈ ભટ્ટ વિગેરે મિત્રો સાથે કામ કર્યું.

રેશન વિભાગ વ્યવસ્થાપક તરીકે કામગીરી કરી પિતાશ્રીની વૃદ્ધાવસ્થા અને અધ્યાપાના કારણે પોતાના વતન હરમડીઆ રહેવા આવવાનું થયું અહીં આવી ખેડુત સહકારી મંડળીનું કામ સંભાળ્યું સામાન્ય સ્થીતી આ મંડળી અત્યારે કોડીનાર તાલુકામાં અગ્રસ્થાને છે હરમડીઆ પંચાયતના સરપંચ તરીકે લાંબા વખત સુધી કામ કર્યું ૧૯૫૫માં જસવંત મહેતાની આગેવાની નગેંદીવ મુક્તિ સત્યાગ્રહમાં જોડાયા. દીવમાં લાઠીચાર્જમાં માર ખાધો. દીવમાં જેલમાં રહ્યા અત્યારે જુનાગઢ જીલ્લાના ગિર પ્રદેશમાં અને ઉના તાલુકામાં ચાલતી સંસ્થા ગિર વિકાસ મંડળ કે તેના પ્રમુખ શ્રી રતિભાઈ ગોંવિયા છે. તેના માનદ્મંત્રી તરીકે અત્યારે કામ સંભાળે છે. જુનાગઢ જીલ્લાની જંગલ મંડળીઓનું કામ સંભાળે છે. ગિર સર્વોદય યોજનાના સંચાલક છે સૌરાષ્ટ્ર રચનાત્મક સમિતિના વ્યવસ્થાપક મંડળના સભ્ય છે ગુજરાત રાજ્યની જંગલ, મજુર અને મજુર સહકારી મંડળીઓના પ્લાનીંગ કમીટીના રાજ્ય તરીકે હમણા સુધી રહ્યા હતા ચાલુ વર્ષ આ કમીટીનું વિસર્જન થયું છે.

## શ્રી છગનલાલ લક્ષ્મણ પટેલ

છગનલાલ લક્ષ્મણ પટેલનો જન્મ સંવત ૧૯૪૮માં થયેલ છે. તેઓના પિતાશ્રી જામજોધપુર તળપદના રેવન્યુ અને પોલીસ પટેલ હતા છગનબાપાએ જુના નવાનગર રાજ્યમાં રેવન્યુ ખાતામાં સતત ૩૬ વર્ષ નોકરી કરી છેલ્લે સને ૧૯૪૮માં મામલતદારની જગ્યાએથી પેનશન ઉપર નિવૃત્ત થયા બાદ જામજોધપુર શહેર સુધરાઈના સભ્યપદે ચુંટાયા સતત ૧૬ વર્ષ તેમાં ચાલુ રહ્યા છેવટે નગર-પંચાયતના તેઓ સભાપતિ હતા. તેમજ વિવિધકાર્ય કારી સહકારી મંડળીમાં પણ ૨૧ વર્ષ થયાં ચાલુ છે. હાલ તેઓ જામનગર જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. ના ડાયરેકટર છે જામ-જોધપુર તાલુકા ખરીદ વેચાણ સંઘ લી. નાં પ્રમુખ છે તેમજ જામજોધપુર તાલુકાની જમીન વિકાસ બેંક (લેન્ડ મોર્ટગેજ બેંક) શાખાનાં ઉપપ્રમુખપદે જામજોધપુર ન્યાય પંચાયતના સભાપતિ છે. તાલુકા પંચાયત જામજોધપુર તેમજ ભાણવડ તાલુકા પંચાયતમાં સાથી સદસ્ય છે. પટેલ વિદ્યાર્થી આશ્રમ જામજોધપુરમાં પણ કારો-બારી સમિતિના સભ્ય છે. આમ જુદી જુદી સંસ્થાઓમાં સહકારી ક્ષેત્રે તથા બીજી સંસ્થાઓમાં માનદ્સેવા આપી રહ્યા છે.

## પાલીવાલ લક્ષ્મીરામભાઈ

જાહેર કાર્યના દરેક ક્ષેત્રમાં સિહોર તાલુકાની જનતને તેમજ સિહોર વિભાગના કાર્યકરોને તેમની હુંફ હમેશાં મળતી રહી છે. મોટી ઉંમરે પણ યુવાનને શરમાવે તે રીતે અદમ્ય ઉત્સાહ અને શક્તિથી પોતાના જનસેવાના કાર્યમાં મચેગુલ રહે છે.

દેશગણામાં સહકારી પ્રવૃત્તિને યશકલગી ચડાવવામાં તેમની જહેમત, નિઃ દાદ માગી લયે તેવા છે સિહોર લેન્ડ મોર્ટગેજ બેન્કના શાખા કમિટિના ઉપપ્રમુખ તરીકે, તાલુકા કોંગ્રેસના પ્રમુખ તરીકે તેમની સેવાઓએ તેમને વધુ લોકપ્રિય બનાવ્યા છે. ૧૯૩૭થી લોકસંપર્કમાં આવ્યા. આર્થિક ક્રાન્તિને સફળ કરવા અને શોષણ વીહીન સમાજ રચનાને કામયાબી બનાવવા પ્રમાણિક સાચા માણસોની જરૂર છે, તેમ તેઓ માને છે. સંપૂર્ણ લોકશાહી દ્વારા સમાજવાદ લાવી શકાશે અને તે માટે સહકારી પ્રવૃત્તિને વધારે બળવત્તર બનાવવા મહેનત કરી રહ્યાં છે.

## દોશી જશુભાઈ ભાઇચંદ

મહુવા તાલુકામાં શ્રી જશવંત મહેતાએ સમાજવાદી વિચારધારને વરેલા કાર્યકરોની ઉભી કરેલી હરોળમાંના એક શ્રી જસુભાઈ દોશી બગદાણાના જાહેર જીવન સાથે ઘણા વર્ષોથી સંકળાયેલા છે. ૧૯૪૪માં મુંબઈમાં થોડો સમય કામ કર્યું. ૧૯૪૮માં સોલાપુરમાં અને ૧૯૫૦થી બગદાણામાં સામાજિક પ્રવૃત્તિના સુકાની બન્યા. ૧૯૫૬થી ૧૯૬૭ સુધી બગદાણા મંડળના પ્રમુખ તરીકે રહ્યાં. ૧૯૬૮માં મંડળીના મંત્રી તરીકે, મહુવા ખ. વે. સંઘમાં, તાલુકા પંચાયતમાં, ગ્રામસુધારણા ફંડમાં, નાની–મોટી ધાર્મિક પ્રવૃત્તિઓમાં અને બીજી ઘણી પ્રવૃત્તિઓ સાથે શ્રી જસુભાઈ સંકળાયેલા છે.

## પટેલ ગીગજીભાઇ અવીચળભાઈ

મોરબી માળીયા વિભાગમાં આગેવાન સહકારી પ્રવૃતિના કાર્યકર તરીકે અને બીજી ઘણી સંસ્થાઓ સાથે સંકળાયેલા શ્રી ગીગજીભાઈ માળીયા ખ. વે. સંઘના પ્રમુખ છે. આ સંસ્થાની સ્થાપના ૧૯૬૫માં થઈ ત્યારથી આજ સુધી બીનહરીફ પ્રમુખ તરીકે ચુંટાતા આવ્યા છે જે તેમની લોકપ્રિયતાની પ્રતીતિ કરાવે છે. પોતાના ગામે પંચાયત અને સહકારી પ્રવૃતિમાં પણ સારો એવો રસ લ્યે છે. તેમની અનેકવિધ સેવાઓ લક્ષમાં લઈ ના. સરકારે તેમને જે પી. નો ઈલ્કાબ આપ્યો છે. સહકારી પ્રવૃતિને વધુને વધુ સફળ બનાવવા પૂરા પ્રયત્નો કરતા રહ્યા છે. તેમના વતન મોટા દહીસરામાં તેમનું સારૂ માન છે.

# પટેલ વલ્લભભાઈ ખુશાલભાઈ

લગભગ બે દાયકા દેશના મુક્તિ સંગ્રામ બાદ ત્રણેક દાયકાના સમય સુધીની જેમની સેવાઓ બારડોલી પંથકમાં પથરાયેલી પડી છે.

ઉંમરે વૃધ્ધ હોવા છતાં નવી સમાજ રચાનાનાં કામમાં જેમનું યશસ્વી પ્રદાન રહ્યું છે.

ભારતીય સંસ્કૃતિના આદર્શોને ધ્યાનમાં રાખી એ પગદંડી ઉપર ચાલવા જેમનું દિલ હંમેશા ઝખ્યા કર્યું છે.

ખેડૂતોના હિતને કાયમ લક્ષ્યમાં રાખી જીવનમાં કાંઇક નવુ કરવા અને સમાજવાની લગનીએ ભારતભરના ઘણાં વ્યાપારી સ્થાળોનું પરિભ્રમણ કર્યું છે. સહકારી પ્રવૃત્તિને સધ્ધર પાયા ઉપર મૂકવા તથા ખેતપેદાશને પરદેશ નિકાશ કરવા મધ્યપૂર્વના દેશો ;– કુવૈત, બહેરીન, ઇરાન, ઈરાક, સાઉદી એરેબીયા વગેરે તથા યુરોપના દેશો ;– રશિયા, જર્મની, ઇટાલી, ફ્રાન્સ, સ્પેન, ઇગ્લેંડ, કેનેરી આયર્લેન્ડ વગેરે દેશોનો વખતો વખત પ્રવાસ ખેડયો છે.

વખતો વખતની રાષ્ટ્રિય લડતમાં ઝંપલાવીને સરદાર પટેલનાં ચુસ્ત અનુયાયી તરીકેની ઉજ્જવળ પ્રતિષ્ઠા જેમણે સંપાદિત કરી છે.

નાનપણથી રાષ્ટ્રિય રંગે રંગાયેલાં હતા. બારડોલી પંથકમાં સહકારી ક્ષેત્રે એમણે જે યશસ્વી અને અદ્‌ભૂત કામગીરી બજાવી છે તેના ઉપરથી તેના વ્યક્તિત્વનું મૂલ્ય અંકાય છે. ખાસ કરીને કેળની ખેતીના પ્રશ્ને તેમણે આગવું સ્થાન ઉભુ કર્યું છે. ફળ શાકભાજી જેવી પેનીશેબલ વસ્તુની, દેશમાં તથા પરદેશમાં ખેડૂતોની સહકારી સંસ્થા મારફત વેચાણ વ્યવસ્થા ઉભી કરવામાં તેમનો અમૂલ્ય ફાળો છે.

પરદેશમાં કેળાની નિકાસ કરવાનો સૌપ્રથમ વિચાર તેમને સ્ફૂર્યો. અને અનેક વિટંબણાઓ વચ્ચે એ વિચારને અમલમાં મૂકવાનો પુરૂષાર્થ એમણે ખેડ્યો. સ્ટીમર મારફત કેળાં, કેરી વગેરે ફળો મધ્યપૂર્વ, જાપાન તથા યુરોપનાં દેશોમાં મોકલવાનું એમનું સ્વપ્ન એમણે સફળતાપૂર્વક સિદ્ધ કર્યું. સહકારી શીપીંગ મંડળીની સ્થાપના એ સહકારી ક્ષેત્રે અજોડ પગલું હતું. શરૂઆતમાં કેટલીક નિષ્ફળતાઓ પછી છેવટે એમના પ્રયત્નો સફળતામાં પરિણમ્યા.

ગુજરાત રાજ્યના ફળ ઉત્પાદકોની સહકારી સંસ્થાઓના ફેડરેશનની રચના કરી તે મારફતે આખા રાજ્યના ફળોની પરદેશ નિકાસનું કાર્ય એમના સફળ સંચાલન હેઠળ થાય છે.

મહારાષ્ટ્ર રાજ્યમાં પણ આવા જ ફેડરેશનની સ્થાપના તેમની દોરવણી હેઠળ થઇ છે અને બન્ને રાજ્યના ખેડૂતોનો માલ સહકારથી દરિયાપારના દેશોમાં નિકાસ થાય છે. કયારે ય નિરાશ થયા વગર ધગશ અને ઉત્સાહપૂર્વક કામને જારી રાખી, તન–મન વિસારે મૂકી સક્રિય રીતે કામ કરવામાં માનનારા છે.

સરદાર બાગાયત સહકારી મંડળ લી. બારડોલીના મેનેજર તરીકે, એની સ્થાપનાથી જ, કાર્ય કરતા આવ્યા છે. મંડળને સદ્ધર પાયા ઉપર મૂકવા તેમનો ખૂબ જ મહત્ત્વનો ફાળો છે. સહકારી શીપીંગ મંડળીનાં તથા ગુજરાત સ્ટેટ ફેડરેશનના પ્રમુખ તરીકેની યશસ્વી કામગીરીએ તેમને ઘણા ઉચ્ચ આસને બેસાડયા છે. ઉચ્ચ વિચારો અને આદર્શોનું જતન કરવાની સતત જાગૃતિએ જ તેમને સારી એવી પ્રતિષ્ઠા અપાવી છે. બારડોલી વિભાગનું તેઓ ગૌરવ છે. તેમને માટે ગીતાબોધ્યા નિષ્કામ કર્મયોગ કરતા રહેવાની તકો વધતી રહી છે.

# શ્રી મેરૂભાઇ દેવાતભાઈ

નાની ઉંમર છતાં અનુભવનું વિશાળ ભાથુ ધરાવતા શ્રી મેરૂભાઇ મિતિયાજના વતની છે. અને ઘણા વર્ષોથી જાહેરજીવન સાથે ઓતપ્રોત થઈ ગયા છે.

તંદુરસ્ત અને ખડતલ શરીર ધરાવતા શ્રી મેરૂભાઇ ગામના સંકટો સમયે હમેશા આગળ પડતો ભાગ લેનાર વ્યક્તિ તરીકે જોવા મળે છે. પંચાયત અને સહકારી ક્ષેત્રે તેમની સેવાઓ અનન્ય છે. જિલ્લા પંચાયતના સભ્ય તરીકે, લેન્ડ મોર્ટગેઇજની શાખા સમિતિના સભ્ય તરીકે, જિલ્લા શિક્ષણ સમિતિના સભ્ય તરીકે, તાલુકા પંચાયતની કારોબારીના સભ્ય તરીકે સેવા આપવા ઉપરાંત ખેતીના પોતાના વ્યવસાયમાં પૂરૂ ધ્યાન આપે છે.

# શ્રી દલસુખભાઇ જેરામભાઈ પટેલ

પાલીતાણા તાલુકાના રતનપુરના વતની છે. ખેતીવાડીના ગ્રેજ્યુએટ છે. વિસ્તરણ કાર્યક્રમના એક ભાગ રૂપે યુરોપ–અમેરિકાની સફરે જઈ આવ્યા છે. પાલીતાણા વિભાગના ધારાસભ્ય છે. ભૂતકાળમાં ભૂતડીમા લોકશાળાના સંચાલક તરીકે સેવા આપી હતી. લોકલબોર્ડ, જિલ્લા શાળા બોર્ડ તાલુકા પંચાયત, માર્કેટીંગ યાર્ડ, શિક્ષણ સમિતિ વિગેરેમાં તેમની સેવા જાણીતી છે. લોકભારતી સંસ્થામાં તેમનું ઘડતર થયું છે તેમના દાદા શ્રી જેઠાબાબા ઘણાજ ધર્મિષ્ઠ પુરૂષ હતા. તેના ધાર્મિક સંસ્કારો શ્રી દલસુખભાઇમા ઉતરી આવેલા જણાય છે.

# શ્રી નુરભાઇ કાઝી

પાલીતાણાની અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓમાં સ્વયંસેવકથી માંડીને અગ્રણી કાયકર તરીકે કામ કરી રહ્યા છે. તાલુકા કોંગ્રેસ, નગરપાલીકા, માર્કેટીંગ યાર્ડ, વેપારી મંડળ તાલુકા ખરીદ વેચાણ સંઘ, યુવક સંગઠનો વિગેરેમાં તેમની શક્તિનો લાભ મળે છે. લડતો અને પ્રસગોમાં લોકમાનસ કેળવવા લોકગીતોની કળામાં પારંગત છે. કાયમ હસમુખા, મીલનસાર સ્વભાવના અને રમૂજી પ્રકૃતિના છે.


# શ્રી નિર્મળભાઇ વકીલ

ભાવનગરના ડો. નિર્મળભાઈ વકીલ પોતાનું ખાનગી ડેન્ટલ કલીનીક ધરાવે છે. સામાજિક સેવાઓથી પ્રેરાઇને ઘણી સંસ્થામાં તેમની સેવાઓ આપી રહ્યાં છે. સર તખ્તસિંહજી હોસ્પીટલ, વેસ્ટર્ન રેલ્વે હોસ્પીટલ, લાયન્સ પોલીકલીનીક કામદાર વીમાયોજના, લેપ્રસી હોસ્પીટલ, અખિલ હિંદ કુટુંબ નિયોજન મંડળ, ભાવનગર શાખા. રેડક્રોસ સોસાયટી ભાવનગર શાખા, સેન્ટજોન એમ્બ્યુલન્સ ભાવનગર વિગેરેમાં તેમનું આગળ પડતુ સ્થાન અને માન છે. શિશુવિહાર સંસ્થા દ્વારા જિલ્લામાં અવારનવાર દાંતના મફત કેમ્પો, રકતદાનના કેમ્પો વિગેરેમાં તેમની સેવાઓ ઝળકી રહે છે. તેમણે ચાર વખત લોહીનું દાન કરેલ છે.

...શુભેચ્છા પાઠવે છે ..



## સૌરાષ્ટ્ર ફીશ કું.



માઢવા બંદર
પો. કોડીનાર—જી. જૂનાગઢ
( સૌરાષ્ટ્ર )

....શુભેચ્છા પાઠવે છે....



## શ્રી પાંચપીપળા
## ખે વિ. વિ. કા. સહકારી મંડળી

તળાજા તાલુકો ભાવનગર જિલ્લો

શેર ભંડોળ : ૧૬૧૮૫—૦૦ સભ્ય સંખ્યા : ૮૦
અનામત ફંડ : ૧૮૩૯—૦૦
અન્ય ફંડ : ૬૦૦—૦૦

અન્ય નોંધ:—
મંડળી ધીરાણ વિગેરેનું કામકાજ કરે છે.

જસવંતરાય ભા. વ્યાસ — મંત્રી
હરજીભાઈ પરશોતમભાઈ — પ્રમુખ

## ✻ રોગોની જીવન સંજીવની ✻

—ફક્ત બે જ ટીપાં જ—
પીયો, ચોપડો અને સુંઘો.

**પીવા :**
શરદી, ફલુ, કફ, ખાંસી, દમ, શ્વાસ, પેટનો દુ:ખાવો, સુળ, ઝાડી, કોલેરા, ગેસ, ટાઢુંવાયુ, ઉટાંટીયું બાળકોની ભરાણી વગેરેનો ઉત્તમ ઘરગથ્થુ ઈલાજ

**ચોપડો :**
જ્યાં દુખે ત્યાં છાતી, માથે, કાળજે બાળકોની ભરાણી માટે છાતીએ પડખે હાથપગને તળીએ, દાંત, દાઢ વીગેરે.

**સુંઘો :**
સળેખમ, શરદી વીગેરે

આફ્રીકા અને યુરોપમાં "હોમ ડોકટર"
તરીકે પ્રખ્યાત

## છત્રીસા એન્ડ કું.

મુ લાલપુર
( જામનગર જીલ્લો )

....શુભેચ્છા પાઠવે છે....



## શ્રી સાંખડાસર સહકારી મંડળી



મુ. સાંખડાસર.
તાલુકો—તળાજા
( જિલ્લો ભાવનગર )

# જાડેજા દોલતસિંહજી પ્રતાપસિંહજી

૩૩ વર્ષના આ યુવાન કાર્યકર શ્રી જાડેજા વિદ્યાર્થી અવસ્થાથીજ જાહેર પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા છે. રાજકોટની રાજકુમાર કોલેજમાં માધ્યમિક શિક્ષણ પુરૂં કર્યા બાદ તેમણે અલીયાબાડા, જામનગર અને સીમલાની કોલજમાં ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. તેઓ એલ. એસ. જી. ડી. નો ડીપ્લોમાં ધરવે છે હૈદ્રાબાદ ખાતે ઇન્ટરનેશનલ સ્મોલ ઇન્ડસ્ટ્રીઝ એક્સટેન્શન ટ્રેઈનીંગ ઇન્સ્ટીટયુટનો ઇન્ડસ્ટ્રીયલ મેનેજમેન્ટનો ડીપ્લોમા પણ એમણે મેળવ્યો છે. ઉદ્યોગ અને ખેતી બન્ને ક્ષેત્રે તેમણે જાત અનુભવ મેળવ્યો છે. ૧૯૫૬ થી ખેતીમાં તેઓ સક્રિય રસ લઇ રહ્યાં છે. અખિલ હિંદ યુવાન ખેડુત સંઘના તેઓ ૧૯૫૬ થી ૧૯૬૨ સુધી જીલ્લા પ્રતિનિધિ તરીકે કામ કરતાં હતાં.

નવી દિલ્હી અને કલકત્તા ખાતે યોજાયેલા રાષ્ટ્રિય કૃષિ સેમીનારમાં તેમણે ભાગ લીધો હતો. જામનગર જીલ્લા વિદ્યાર્થી સંઘના તેઓ ૧૯૫૬–૫૭ માં પ્રમુખ હતાં.

યુવક કોંગ્રેસ તરફથી ૧૯૫૮ માં સિલોન, મલાયા અને સીંગાપોરમાં જે શુભેચ્છા પ્રતિનિધિ મંડળ મોકલવામાં આવ્યું હતું તેમાં શ્રી દોલતસિંહજી પણ એક સભ્ય હતા. જામનગર નગરપાલીકાના ૧૯૫૭ થી ૧૯૬૧ સુધી તેઓ સભ્ય હતા. ૧૯૫૯–૬૦, ૬૦–૬૧ માં ઉપપ્રમુખ પદે ચુંટાયા હતા, જીવાપર ગ્રામપંચાયતના સરપંચ તરીકે પણ શ્રી જાડેજાએ કામ કર્યું હતું. અને જામનગર તાલુકા પંચાયતના ઉપપ્રમુખ તરીકેની જવાબદારી પણ સંભાળી હતી. અત્યારે જામનગર જીલ્લા પંચાયતના પ્રમુખ છે. રાજપુત સેવા સમાજના ઉપપ્રમુખ તરીકે પણ તેમણે સેવા આપી હતી. ક્રિકેટ, ટેનીસ અને ગોલ્ફની રમતો તેમને ખુબજ પ્રિય છે. ના. જામસાહેબના તેઓ પિતરાઇ ભાઈ છે. જામનગરનું તેઓ ગૌરવ છે.

# ઠક્કર નંદલાલ દુર્લભજી

વતન પાલીતાણા. છ ગુજરાતી સુધીનો જ અભ્યાસ પણ વ્યવહાર ગણત્રી અને કોઠાસુઝની ઘણા જ. ૧૯૮૪માં ભાવનગરમાં આગમન થયું. નાની વયથી જ ધંધામાં ઝંપલાવ્યુ. વચ્ચે બે વર્ષ મુંબઇ ગાળ્યા. ૧૯૮૪ થી ૧૯૯૦ સુધી ભાવનગરમાં મરીમસાલાની દુકાન કરી પણ તેમાં અનુકુળતા ન આવી. ૧૯૯૧થી સાબુના ઉદ્યોગમાં માત્ર રૂા. ૩૦૦ ની મુડીથી કારખાનાની શરૂઆત કરી. શરૂઆતમાં ભાગીદારી પણ પછી સ્વતંત્ર રીતે એ લાઇનમાં સ્વયંબળેજ આગળ વધ્યા. ભાવનગરમાં સાબુ ઊત્પાદકોમાં તેમની પ્રથમ હરોળમાં ગણત્રી થવા લાગી. સહકારી પ્રવૃતિનો યુગ શરૂ થતાં સાબુ ઉત્પાદકોને ભેગા કરી સહકારી મંડળી રચવા નિર્ણય કર્યો. મંડળીની સ્થાપનાથી માંડીને આજસુધી સીલીકેટ મંડળીના અગ્રણી તરીકે ચાલુ છે. મંડળીએ ઘણા તડકાછાંયા જોયા આજે ઠીક સ્થિતિમાં મંડળી ચાલે છે. શ્રી નંદલાલભાઇ જ્ઞાતિની સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. વર્ષો પહેલા પોતાની દેખરેખ નીચે યુવક મંડળો પણ શરૂ કરેલા. વેપારી મંડળમાં તેમનું સારૂ છે.

# યુવરાજ ઉદયભાણસિંહજી

રજવંશી હોવા છતાં સ્વભાવે વિનમ્ર. અનેક સંસ્થાઓના પદાધિકારી હોવા છતાં નાનામાં નાના કર્મચારી સાથે વિનયી કલા, સાહિત્ય અને સંગીતના અચ્છા પરખંદા હોવા છતાં નિરાડંબરી; ગુજરાતની મોટામાં મોટી વટવૃક્ષ જેવી સહકારી સસ્થાના પ્રમુખ હોવા છતાં તદ્દન નિરાભીમાની એવા યુવરાજ સાહેબનું વ્યક્તિત્વ એવું મોહક છે કે, એક વખત તેમના સંપર્કમાં આવનાર માણસ તેમની ફુમાશ અને સુવાસતું સંભારણું હૃદયમાં સંઘરીને છુટો પડે છે.

નિર્મળ ઝરણાં જેવી તેમની વાતચીત કોઈની એ લાગણી ન દુભાય તેવી તેમની કાળજી અને પ્રશ્નોને મુળમાંથી પકડીને તેને ઉકેલવાની તેમની આવડત યુવરાજશ્રીને કોઈ પણ ક્ષેત્રમાં નેતાગીરી અપાવે છે.

ખેતીવાડીના સ્નાતક યુવરાજશ્રી ખેતી અને ખેડૂતના પ્રશ્નોની ઉંડી સૂઝ ધરાવે છે, ગુજરાત રાજ્ય લેન્ડ મોર્ટગેજ બેંકના કામમાં યુવરાજશ્રી અને શ્રી હરિહર જોશી અને તે પછી યુવરાજશ્રી અને શ્રી હરિપ્રસાદ ત્રિવેદીની જોડીને ગામડાં ખુંદતા જોયા હેય તેઓ રાજમહેલમાં વસતા આ આદમીની પરિશ્રમ શકિતથી અંજાય જાય તેમાં નવાઇ નથી.

છેલ્લા એક વર્ષમાં તેમણે જીલ્લા પંચાયતના પ્રમુખ તરીકે બજાવેલી સેવાથી યુવરાજશ્રીએ સૌની ચાહના મેળવી છે.

# વસાણી નરોત્તમ મોરારજી

સૌરાષ્ટ્રમાં જેતપુર પાસે સ્ટેશન વાવડીના વતની. પોતાની વ્યાપારી કારકીર્દી સાથે જાહેર જીવનમાં પણ ૧૯૫૨થી રસ લેતા થયાં. સ્ટેશન વાવડી ગ્રામપંચાયતના સરપંચ તરીકે અને ત્યાંની સહકારી મંડળીના વ્ય. કમિટિના સભ્ય તરીકે રહીને જાહેર કામમાં પ્રવેશ કર્યો. પંચાયતના પોતાના વહીવટ દરમ્યાન ગામમાં લાદીરોડ, ગટર યોજના, વોટર વર્કસ વિગેરે યોજના અમલી બનાવી. પ્રગતિશીલ ખેડૂતોનો પ્રવાસ યોજ્યો તેમાં મહત્વનું કામ કર્યું. ક્રમે ક્રમે આગળ વધ્યા. જેતપુર તાલુકા પંચાયતમાં ઉપપ્રમુખ તરીકે, તાલુકા ખ. વે. સંઘના પ્રમુખ તરીકે અને ગ્રામાયત કામોમાં હમેશા મોખરે રહીને યથાશક્તિ સેવા આપી રહ્યા છે. નાનીબચત, જમીનવિકાસ બેંક વિગેરે સંસ્થાઓ સાથે સંકળાયેલ છે.

# શ્રી દેવીભાઈ દવે

જવાબદાર રાજ્યતંત્રની હાકલ પડતા કોલેજનો અભ્યાસ અધુરો મુકી મજુર સંગઠનો રચી મુકિત જંગમાં ઝંપલાવ્યુ. મજુર ચળવળને પોતાનો પ્રિય વિષય બનાવી અન્ય ક્ષેત્રે પણ એક મૌલીક વિરોધ પક્ષના નેતા તરીકે સમાજવાદ માટે લડતા આવ્યા છે.

પ્રજા સમાજવાદી પક્ષના વર્ષો સુધી ભાવનગર જીલ્લાના સામાન્ય મંત્રી તરીકે અને ભાવનગર બરો મ્યુનિસિપાલના નોકરીઆત મંડળો તેમજ અન્ય મજૂર મંડળોને સેવાઓ આપી મિત્રો અને સાથીઓને આગળ કરવાનો સ્વભાવ, સત્તા તરફ નહિ જવાની વૃત્તિ દેશમાં લોકશાહી સમાજવાદની રચના માટે પદ-દલીત લોકોમાં કામ કરવાની ભાવના સાથે કામ કરી રહ્યા છે.

## પટેલ મોહનભાઇ મુળજીભાઇ

'પુત્રના લક્ષણ પારણાંમાં' તે કહેવતને યથાર્થ કરનાર શ્રી મોહનભાઇ પટેલને માતા પિતા તરફથી તેમજ અન્ય સગાઓ તરફથી ઉચ્ચ સદ્દગુણોનો વારસો મળ્યો છે તેમાં પણ તેમની પરોપકારિતા તથા અતિથિ સત્કારની ભાવનાએ તેમને માત્ર ગામમાં જ નહી બલ્કે જીલ્લા ભરમાં પ્રતિષ્ઠિત નાગરીક તરીકે ઓળખાવ્યા છે. હાજર જવાબીપણું, ખંત તથા સેવાભાવના તેમના જીવનનો આદર્શ છે. તેઓ પ્રગતિશીલ ખેડૂત છે. ગામના સમસ્ત પ્રશ્નોમાં અંગત રસ લેતા હોવાથી તેઓ ઘણી નાની વયે પાણીયા ગામમાં સરપંચ તરીકે ચુંટાયેલા હતા. ગામના આદર્શ સરપંચનો દાખલો બેસાડી આપે એક અનુકરણીય પરમ્પરાની સ્થાપના કરી છે. તદ્દઉપરાંત સંરક્ષણના પ્રશ્નોમાં પણ તેમને સક્રિય રસ છે. હાલ તેઓ ગૃહરક્ષક દળના માનદ મંત્રીનો હોદ્દો ધરાવે છે. ગામની લગભગ બધી પ્રવૃતિમાં આપે અગ્રગણ્ય ભાગ ભજવ્યો છે. ગામની ઘણી સંસ્થાઓના વિકાસમાં આપનો ફાળો મહત્વનો છે.

## પટેલ લક્ષ્મણભાઇ પોપટભાઈ

કોટડીથડના વતની, પાંચ ગુજરાતી ભણેલા અને ૧૦૦ વીઘા જમીન ધરાવતા શ્રી લક્ષ્મણભાઈ ગોંડલ તાલુકાના વયોવૃદ્ધ લોકપ્રિય કોંગ્રેસી કાર્યકર છે. રાજાશાહી જમાનામાં સત્યાગ્રહોની ચળવળમાં મહત્વનો ભાગ લીધો હતો. સમાજ સુધારણાની પ્રવૃત્તિઓ ખાસ કરીને બાળ લગ્ન સામેની ઝુંબેશ, અસ્પૃશ્યતા નિવારણ, ગૌરક્ષા પ્રવૃતિ, લાંચરૂશ્વત સામેની જેહાદ, રાજકીય જાગૃતિ લાવવા માટે સંગઠનો, કોંગ્રેસ સંસ્થા દ્વારા રચનાત્મક પ્રવૃતિઓ, દુષ્કાળ અને અછતના પ્રસંગોમાં લોકોને રાહત આપતી પ્રવૃતિઓ, પંચાયત અને સહકારી વિગેરે પ્રવૃતિઓ, દ્વારા એક આગેવાન કાર્યકર તરીકે આગળ આવ્યા-રાષ્ટ્રિય નેતાઓ સાથે ગાઢ સંપર્ક ધરાવે છે.

## પટેલ દેવીદાસ નારણભાઇ

અમરેલી જીલ્લાના હાથીગઢના વતની છે. ચાર અંગ્રેજી સુધીનો જ અભ્યાસ પણ પોતાની વિચક્ષણ બુદ્ધિપ્રતિભા, હૈયા ઉકલત અને વારસાગત મળેલા ખાનદાનીના સંસ્કારોને લઈ વેપારી સમાજમાં સારૂ માનપાન પામ્યા.

સીંગતેલ, સીંગદાણાના જથ્થાબંધ વ્યાપારમાં અને પ્રગતિશીલ ખેતીમાં વિશેષ રસ દાખવી રહ્યા છે. અમરેલીમાં વીરજી શીવદાસ એન્ડ સન્સની પેઢીના યશસ્વી સંચાલન સાથે પ્રસંગોપાત સામાજીક, સાંસ્કૃતિક, અને સાહિત્યિક પ્રવૃતિમાં થઇ શકે તે મદદ કરતા હોય છે. દેવીભાઇ ઘણા જ ઉદાર દિલના અને ગુલાબી વ્યકિત છે. નાનામોટા ફંડફાળાઓમાં અને સામાજીક કાર્યોમાં આ પેઢીનો મહત્વનો ફાળો હોય છે.

## શ્રી શામજીભાઇ રાણાભાઈ

અમરેલી જિલ્લાના ખાંભા તાલુકાના ઉમરીયા ગામના વતની છે. પંચાયત અને સહકારી ક્ષેત્રે ઘણી સારી કામગીરી બજાવી અને તાલુકા કક્ષાએ સૌ કાર્યકરોનો વિશ્વાસ મેળવી ખાંભા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે યશસ્વી કામગીરી બજાવતા રહ્યા છે. ખાંભા તાલુકામાં ગોડાઉનોના બાંધકામો, ગામડાઓના જાહેરરસ્તાઓ, અને શાળાઓના મકાન બાંધકામોમાં પૂરી કાળજી અને જાતદેખરેખ લઈ ઘણું મોટુ કામ પૂરૂ કરાવ્યું છે.

તાલુકા ખરીદ વેચાણ સંઘમાં, લેન્ડ મોર્ટગેઈજ બેન્કમાં, તાલુકાની સહકારી મંડળીઓમાં, તેમજ જિલ્લાની જુદી જુદી કમિટિઓમાં રહીને નિષ્ઠાથી પોતાની ફરજ બજાવી છે- દરેક કામોમાં ચીવટ અને સતત જાગૃતિએ તેમને લોકપ્રિય બનાવ્યા છે તેમનું સેવાનું કાર્યક્ષેત્ર વિસ્તરતુ જાય છે.

## શ્રી લીલાબહેન કપાસી

પાલીતાણાની મહિલા વિકાસની પ્રવૃતિઓ, શિક્ષણ અને સાંસ્કૃતિક કાર્યક્રમો અને માનવસેવાનો જ્યાં જ્યાં સાદ પડે ત્યાં ત્યાં લીલાબહેનની હાજરી ચૂક હોય છે જૈન જ્ઞાતિના આ મહિલા સ્ત્રી કાર્યકર સ્વભાવે ઘણાજ પરગજૂ અને લાગણીવાળા છે. નિસહાય અને નિરાધાર બહેનોને લીલાબહેનનું નિવાસસ્થાન આશ્વાસન સ્થાન છે સામાજિક દુષણો અને અન્યાયો સામે હમેશા અવાજ ઉઠાવતા રહ્યાં છે. શ્રી રમણભાઇ, શ્રી જયુભાઈ, શ્રી ધીરૂભાઈ વિગેરેનું જુથ તેમને ઘણી સામાજિક પ્રવૃતિઓમાં મદદકર્તા બની રહે છે.

## મોહનલાલ એલ. પટેલ

સ્નાતક થયેલા શ્રી મોહનભાઇ પટેલ કોલકીના વતની છે, પણ હાલમાં જૂનાગઢને પોતાનું વતન બનાવી સામાજિક અને રચનાત્મક પ્રવૃત્તિઓનું સફળ સંચાલન કરી રહ્યાં છે. સીધી રીતે આજ સુધી રાજકારણમાં પડ્યા નથી નહિતર તેઓ આજે ઘણું ઉંચુ સ્થાન ધરાવી શક્યા હોત તેવી બુદ્ધિપ્રતિભા ધરાવનાર શ્રી મોહનભાઇ ૧૯૪૭થી આજસુધી એકધારા ખાદી ગ્રામોદ્યોગ અને સહકારી પ્રવૃત્તિને જ વળગી રહ્યાં છે કોઇની પણ હુંફ કે પ્રેરણા વગર સ્વયંસ્ફુરણાથી અને સામાન્ય આર્થિક સ્થિતિ હોવા છતાં પ્રચંડ પુરૂષાર્થથી રચનાત્મક પ્રવૃતિઓમાં સુકાની બની શક્યા છે. હાલમાં અનેક સહકારી સંસ્થાઓના પ્રમુખપદે, સહકારી બેન્કમાં ડાયરેકટર તરીકે, ખાદી ગ્રામોદ્યોગ સંસ્થાના માનદ વ્યવસ્થાપક તરીકે એમ અનેક જગ્યાએ માનવંતુ સ્થાન ધરાવે છે. ઘણા જ બાહોશ અને દીર્ઘદ્રષ્ટિવાળા ઉત્સાહી યુવાન કાર્યકર છે.

## પટેલ ભાણાભાઈ ભગવાનભાઈ

કુકાવાવ તાલુકાના વતની છે. અમરેલી જિલ્લા પંચાયતમાં ઉત્પાદક સમિતિના ચેરમેન પદે, કુકાવાવ તાલુકા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ સ્થાને, જમીન વિકાસ બેન્કના સભ્ય સ્થાને રહીને જાહેર ક્ષેત્રે પોતાની સેવાઓ આપી રહ્યા છે,

ખેડુત સંગઠનો દ્વારા ગ્રામ વિકાસની યોજનાઓને મૂર્ત સ્વરૂપ આપવા હમેશા પ્રયત્નો કરતા હોય છે ખાસ કરીને સહકારી પ્રવૃત્તિમાં માનનાર હોઇ ભારે ધગશથી કાર્ય કરી રહ્યાં છે કોઇ પણ ગુંચનો ખુબજ સહેલાઇથી ઉકેલ લાવવામાં ઘણાજ બાહોશ માણસ છે. મોટા ઉજળા ગામમાં તેમનું સારૂ એવું માન ધરાવે છે.

## પટેલ મોહનલાલ ગોકળભાઈ

જાહેર જીવનમાં ઘણા વર્ષોથી કામ કરતાં શ્રી મોહનભાઈ ગો. પટેલ ધોરાજીના વતની છે. કેળવણી અને સહકારી ક્ષેત્રે તેમનું આ વિભાગમાં ઘણું મોટું પ્રદાન રહ્યું છે ધોરાજી વિભાગના ધારાસભ્ય ઉપરાંત તાલુકા ખરીદ વે સંઘમાં વ્ય. કમિટિના સભ્ય તરીકે સરદાર વલ્લભભાઈ ખાંડ ઉદ્યોગ સહમંડળીના ડીરેક્ટર પદે, જીલ્લા કોંગ્રેસના કારોબારીના સભ્ય તરીકે, પટેલ કેળવણી મંડળના માનદ્ મંત્રી, ધોરાજી વિ વિ. સહ. મંડળના પંદર વર્ષથી પ્રમુખપદે, અને બીજી અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. શ્રી ઢેબરભાઈ, શ્રી વજુભાઈ, વિગેરેની પ્રેરણાથી જાહેર જીવનમાં આગળ આવ્યા. તેમના પિતાશ્રી પણ અહિંની આગેવાન ખેડુત ખાતેદાર હતા. જ્ઞાતિના અને સમાજના નાનામોટા કામોમાં ઘણો જ રસ લેતા. તેમનો સમાજસેવાનો વારસો તેમના પુત્રોએ જાળવી રાખ્યો છે.

## ગોવિંદભાઈ જે. પટેલ

રાજકોટ જીલ્લાની જાહેર પ્રવૃતના પ્રાણસમા, સનિષ્ઠ આગેવાન કાર્યકર શ્રી ગોવિંદભાઈ પટેલ પોતાના નાનકડા ગામથી માંડીને જિલ્લાભરના જાહેર પ્રવૃતિમાં કાર્યો કરવામાં મોખરે હોવા છતાં યશ કે કિર્તિનો કદી મોહ રાખ્યો નથી

બચપણથીજ જાહેર કાર્યકર તરીકેના ગુણો તેમનામાં સ્પષ્ટ દેખાતા હતા. તેમના કૌટુંબીક વારસાએ સમાજસેવાની દીશામાં કામ કરવાની ભાવનાને વધુ બળવત્તર બનાવી. વિદ્યાર્થી પ્રવૃતિથી માંડી ને ખેડુત સંગઠનોની આગેવાની હમેશા લેતા આવ્યા છે. રાષ્ટ્રિય આગેવાનોની પ્રેરણા મળી અને સમય જતાં આજે તેઓ જાહેર જીવનના પ્રથમ પંક્તિના કાર્યકર બન્યા છે. પડધરી તાલુકા અને રાજકોટ જિલ્લાની જુદી જુદી કમિટિઓમાં તેમણે કરેલા કામની સફળતાને લઇ અન્ય તકો મળવા લાગી. જિલ્લા પંચાયતના શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે તેમની સેવાઓ પ્રશંસા પામી છે.

રાજકોટ જિલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘના પ્રમુખ અને રાજકોટ જિલ્લા સહકારી બેન્કના ઉપ-પ્રમુખ તરીકે રહીને તેમની દીર્ઘદ્રષ્ટિએ સૌને સંતોષ આપ્યો છે.

સહકાર અને સંગઠનની ભાવના દ્વારા એક નવો સમાજ રચવાના ક્રાંતિકારી વિચારો ધરાવે છે મુડીવાદી અર્થ વ્યવસ્થાને સ્થાને સહકારી અર્થવ્યવસ્થાને ઝડપથી ઉભી કરવા સતત પ્રયત્નશીલ રહ્યા છે. શિસ્ત અને સચ્ચાઈ દ્વારા નવનિર્માણના કામમાં નવી યોજનાઓને મૂર્તસ્વરૂપ આપવાનો તેમનો ઉત્સાહ પ્રશંસનીય છે. ઘણા જ કાર્યદક્ષ અને વ્યવહારૂ વ્યક્તિ છે.

## પરમાર ગોકળદાસ ડોસાભાઈ

મોરબી અને રાજકોટ જિલ્લાના જાહેરજીવન સાથે ઘણા વર્ષોથી સંકળાયેલા છે ૧૯૪૨માં અભ્યાસ છોડી સ્વરાજ્યની લડતમાં ઝંપલાવ્યું. ૧૯૪૨થી '૪૪ સુધી મોરબીમાં ખાદીકામ અને રચનાત્મક પ્રવૃતિ હાથ ધરી, ૧૯૪૫થી '૪૭ સુધી મોરબી રાજ્યમાં ગ્રામોદ્ધાર અધિકારી તરીકે સેવા બજાવી, ૧૯૪૭માં મોરબી રાજ્ય સામે ભાગબટાઈની નાબુદીની લડત ઉપાડી તેમાં ચાર દિવાલની જેલ ભોગવી, લડતને અંતે ખેડૂતોને અઢાર લાખ રૂપિયાનો ફાયદો થયો. ૧૯૪૮માં સૌરાષ્ટ્રનું એકમ થતાં મોરબી રાજકીય પરિષદનાં મંત્રી તરીકે તેમની ઉજ્જવળ કારકીર્દિ વધુ પ્રકાશમાં આવી. અનેકવિધ પ્રવૃતિઓમાં મોખરે રહ્યાં. ૧૯૫૬–૫૭ બે વર્ષ રાજકોટ જિલ્લા લોકલ બોર્ડના પ્રમુખ તરીકે સેવા બજાવી. ૧૯૫૭થી૧૯૬૭ સુધી મુંબઈ અને ગુજરાત રાજ્ય ધારાસભામાં ધારાસભ્ય તરીકે રહી ચુસ્ત ગાંધીવાદી તરીકેની સુંદર છાપ ઉભી કરી. પક્ષમાં ડેપ્યુટી વ્હીપ તરીકે અને પબ્લિક એકાઉન્ટ કમિટિમાં એક વર્ષ ચેરમેન તરીકે તેમજ વિધાનસભાના સ્પીકારની પેનલમાં રહી સ્પીકર તરીકે પણ કામગીરી કરી છે. મોરબીના કેળવણી વિષયક સંસ્થાઓ ઊભી કરવામાં સક્રિય રસ લીધો અને આજે પણ તે સંસ્થાઓમાં જરૂરી સેવા આપી રહ્યાં છે.

સહકારી ક્ષેત્રે મોરબી માળીયા તાલુકા સહ. બેન્કના પ્રમુખ તરીકે, રાજકોટ જિલ્લા બેન્કના ડીરેકટર તરીકે, મોરબી નાગરિક સહ. બેન્કના ડાયરેકટર તરીકે, રાજકોટ જિ. ખ. વે. સંઘના ડાયરેકટર તરીકે, જમીન વિકાસ બેન્ક મોરબી શાખાના પ્રમુખ તરીકે, ગુજરાત માર્કેટીંગ સોસાયટીના ડાયરેકટર તરીકે વિગેરે સંસ્થાઓમાં તેમની સેવાઓ અને માર્ગદર્શન ઊપયોગી બન્યા છે.

## પટેલ બેચરભાઈ વાલજીભાઈ

મોરબી તાલુકામાં સાવડીના વતની છે. જાહેર જીવનમાં નાનપણથી પ્રવેશ કર્યો છે. મોરબી તાલુકા પંચાયતના ઉપપ્રમુખ તરીકે, મોરબી તાલુકા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ તરીકે, રાજકોટ જિલ્લા સંઘના સભ્ય તરીકે, રાજકોટ જિલ્લા ખરીદ વેચાણ સંઘના સભ્ય તરીકે, મોરબી–માળીયા પ્રોસેસીંગ સહકારી મંડળના સભ્ય તરીકે, નેસડા સહકારી મંડળીના પ્રમુખ તરીકે એમ અનેકવિધ ક્ષેત્રે સેવા આપી રહ્યાં છે. સંપ, સહકાર અને સમાનતાને નજરમાં રાખી સહકારી પ્રવૃત દ્વારા ગ્રામખેડુતો અને મજુર વર્ગને બને તેટલા મદદગાર બનવાની ભાવના સેવે છે. પોતે કોંગ્રેસ વિચારણી ધરાવે છે. બીજી ઘણી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.

## નકુમ હરિલાલ રામજી

જામનગર જિલ્લાના ખંભાળીયા તાલુકામાં માજી ધારાસભ્ય તરીકે એટલા જ માનપાનથી જનસેવાના રાહને વળગી રહ્યાં છે. અભ્યાસ થોડો પણ સેવાજીવનની મૂલ્યવાન મુડીથી ઘણા જ યશકીર્તિ સાંપડ્યા.

સૌરાષ્ટ્ર કો-ઓપરેટીવ સ્પીનીંગ મીલ્સ લીંમડીના ડાયરેકટર તરીકે. સર્વોદય સહ. મંડળીના પ્રમુખ તરીકે, તાલુકા વેપારી મંડળ, જિલ્લા અને તાલુકા ખરીદ વેચાણ સંઘ, વણકર સહ. મંડળ, સિંચાઈ કમિટિ, છાત્રાલયો, અને બીજી અનેક સંસ્થાઓ સાથે સંકળાઈને જનસેવાનું કામ કરી રહ્યાં છે. ૧૯૩૯થી પ્રજામંડળમાં ઝંપલાવ્યું તે પછીનો તેમનો જાહેરજીવનનો શોખ ઉત્તરોત્તર વધતો ગયો. વ્યાપારી લાઈનમાં પડયા હોવા છતાં અનેક વ્યક્તિઓ સલાહ, માર્ગદર્શન મેળવવા તેમની પાસે આવે છે.

## મેસવાણીયા ભુધરજીભાઈ ડોસાભાઇ

૬૫ વર્ષની ઉંમરના શ્રી ભુધરજીભાઈ સાત ગુજરાતી સુધી ભણેલા છતાં ઉંડી હૈયા સૂઝ ધરાવતા જામનગરની જૂની પેઢીના આગેવાન કાર્યકર પૈકીના એક નિષ્ઠાવાન કાર્યકર છે.

પૂ મહાત્માગાંધીજીના ગાઢ સંપર્કથી અને ગાંધીવાદી વિચારોનો મનનપૂર્વક અભ્યાસ કર્યા પછી જાહેરજીવનમાં ખેંચાયા, સ્વરાજ્ય હાંસલ કરવાની સત્યાગ્રહોની ચળવળોમાં ભાગ લેનારાઓમાંના તેઓ એક છે. સ્વરાજ્ય મળ્યા પછી પંચાયત અને સહકારી પ્રવૃત્તિમાં તેમનું માર્ગદર્શન અને પ્રેરણા ઉપયોગી નિવડયા છે. તાલુકા કોંગ્રેસથી માંડીને અનેક સંસ્થાઓને સક્રય રીતે દોરવણી આપી છે જામનગરમાં ઔદ્યોગિક સહકારી સંઘ, રાજ્ય ઔદ્યોગિક સહકારી સંઘ, હરિજન સેવક સંઘ, જિલ્લા સહકારી બેન્ક એમ અનેક સંસ્થાઓમાં તેમની સેવા મળતી રહી છે. માજી ધારાસભ્ય તરીકે પણ સુવાસ પથરાયેલી પડી જ છે.

## શ્રી લીલાધર પ્રાણજીવન પટેલ

રાજકારણ અને જ્યોતિષશાસ્ત્રના પ્રખર અભ્યાસી શ્રી લીલાધરભાઈ કાલાવાડ-શીતલાના વતની પણ ઘણા વર્ષોથી જામનગરને વતન બનાવ્યું છે. અને જામનગરના જાહેરજીવન સાથે સંકળાયેલા છે. રાજકોટ, કલકત્તા વિગેરે સ્થળે કેળવણી લીધી. અભ્યાસમાં ઘણીજ કાર્યદક્ષતા બતાવી. નાની વયમાંજ તેમની શક્તિની પ્રતીતિ કરાવી. આઝાદી જંગમાં પોતાની ફરજ સમજી જાહેરજીવનની શરૂઆત કરી. ધંધાના ભોગે પણ સમાજસેવાનું કામ અવિરત ચાલુ રાખ્યું, અને લોકપ્રિયતા વધતી ગઈ જેને પરિણામે ધારાસભ્ય તરીકેનો માનવંતો હોદ્દો ભોગવી રહ્યાં છે. જામનગર નગરપાલીકાના ચેરમેનપદે પણ ઘણો સમય સેવા આપી. વિદ્યોતેજક મંડળ, કસ્તુરબા વિકાસગૃહ, અને બીજી અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. તેમના દરેક પુનિત કાર્યોમાં તેમના ધર્મપત્નિ શ્રીમતિ મંગળાબેન સાથ-સહકાર આપી રહ્યા છે.

## પટેલ ગોકળદાસ મોહનલાલ

તટસ્થ મનોવૃત્તિથી અને સત્તાની કયારેય પણ અપેક્ષા રાખ્યા વગર નિરપેક્ષપણે આવી પડેલું કામ પ્રમાણીકપણે અદા કર્યા જવામાં ગોહીલવાડના કેટલાક યુવાન મિત્રોમાં લીલીયાના વતની અને હાલ અમરેલીને કાર્યક્ષેત્ર બનાવીને કામ કરતા શ્રી ગોકળદાસ પટેલે ભાવનગરમાં માધ્યમિક શિક્ષણ મેળવી અમદાવાદમાંથી ગ્રેજ્યુએટ થયેલા હાઈસ્કુલમાં વિદ્યાર્થીમંડળના પ્રમુખ સ્થાનેથી માંડી નાના મોટા અનેક સંગઠનમાં આગેવાની ભર્યો ભાગ ભજવ્યો હતો. થોડો સમય લીલીયા મ્યુનિસિપાલીટીમાં અને તે પછી અમરેલી સહકારી પ્રવૃત્તિમાં રસ લઇ મંડળીઓને ઓર્ગેનાઇઝ કરવામાં ઠીક જહેમત લીધેલી. આજે અમરેલી નાગરીક બેન્કના મેનેજીંગ ડીરેકટર તરીકે તાલુકા ખરીદવેચાણ સંઘના એડમીનીસ્ટ્રેટર તરીકે, માર્કેટીંગ બોર્ડના મંત્રી તરીકે તથા અમરેલીની અનેક નાનીમોટી સંસ્થાઓ સાથે સંકળાયેલા રહીને કાર્ય કરી રહ્યા છે.

### શ્રી ઉત્સવભાઈ પરીખ

૧૨-૧૨-૧૯૧૨માં આંતરસુબા (તા. કપડવંજ જિ. ખેડા) માં જન્મેલા ઉત્સવભાઈ B. Sc. (કેમીકલ એન્જિનીયરીંગ) અને M. A રાજયશાસ્ત્ર સાથે તથા કાયદાના સ્નાતક છે.

ધંધે ખેડૂત હોવા છતાં તેઓશ્રી મુંબઈ વિધાનસભાના એક સભ્ય હતા. (૧૯૫૯-૬૨) ખેડા જિલ્લા લોકલબોર્ડના (૧૯૫૩-૫૮) પણ તેઓ સભ્ય હતા. આ ઉપરાંત વિભાગીય વિકાસ સમિતિ, અમદાવાદ વિભાગના માનદ્ મંત્રી (૧૯૫૭-૫૮) તરીકે, ખેડૂત ઉત્પાદન-વેચાણ સમિતિના પ્રમુખ તરીકે અને ખેડા ડીસ્ટ્રીકટ સેન્ટ્રલ કો. ઓપરેટીવ બેંકના ડાયરેકટર તરીકે ત્રણ ત્રણ વર્ષ સુધી તેમણે સેવાઓ આપી છે.

આ ઉપરાંત ગુજરાત સરકારના અનાજ-મહેસૂલ અને ઉદ્યોગ મંત્રી તરીકે (૧૯૬૭-૬૮), સરદાર પટેલ વિદ્યાપીઠની સીન્ડીકેટના-સેનેટના સભ્ય તરીકે (૧૯૫૬-૬૨). ખેડૂત યુવાન સંઘના (૧૯૬૫-૬૯)ના પ્રમુખ તરીકે તેમ જ ભરત કૃષિક સમાજની સંચાલન સમિતિના સભ્ય તરીકે પણ તેમણે કાર્ય કર્યું છે. 'યુનો'ની રોમ ખાતે યોજાએલી ફૂડ એન્ડ એગ્રિકલ્ચરલ કોન્ફરન્સમાં ભારતીય ટુકડીના તેઓશ્રી ઉપનેતા હતા.

ગુજરાત મીનેરલ ડેવલપમેંટ કોર્પોરેશનના ચેરમેન હોવા ઉપરાંત શ્રી પરીખ ગુજ. ઔદ્યોગિક વિકાસ કોર્પો.ના ડાયરેકટર પણ છે. વળી ગુજરાત રાજ્ય ઔદ્યોગિક સહકાર સમિતિના સભ્ય તરીકે, ઇન્ડીયન ઇન્સ્ટિટ્યુટ ઓફ પબ્લીક એડમીનીસ્ટ્રેશન ગુજરાત શાખાના પ્રમુખ તરીકે, ગુજરાત ઉત્સવ પ્રદર્શન સમિતિના વાઈસ પ્રેસિડેન્ટ તરીકે, બરોડા બેંકના ડાયરેકટર તરીકે તેમ જ ગુજ. સરકાર દ્વારા નિયુક્ત અછત મોજણી સમિતિના ચેરમેન તરીકે પણ તેમણે સેવાએ આપી છે.

### શ્રી અરૂણા શંકરપ્રસાદ દેસાઈ

૧૩-૫-૨૪ના રોજ જૂનાગઢ મુકામે જન્મેલા અરૂણા શં. દેસાઈએ અમદાવાદના સી. એન. વિદ્યાવિહારમાંથી એસ. એસ. સી. પાસ કરી અને પછી એસ. એલ. યુ. કોલેજ ફોર વિમેનમાં જોડાઈને બી. એ. પણ થયા. આ ઉપરાંત હિન્દી પરિચય, સંગીત વિશારદ, વ્યાયામ વિશારદ અને શિવણની પરીક્ષાઓ પણ તેમણે પસાર કરી છે.

શિવણકાર્ય પૂરું થયા પછી વિકાસગૃહ, અમદાવાદની એક શાળા વિકાસ વિદ્યાલય, વઢવાણ સીટીના મંત્રી તરીકે તેઓ નિમાયા. માત્ર ૪૦ અનાથોથી શરૂ થએલ આ સંસ્થા પ્રાથમિક શાળા, ગર્લ્સ હાઈસ્કૂલ, ડ્રોઇંગ એન્ડ પેઇન્ટીંગ કોલેજ, સ્ત્રીમંડળ, મહિલા મંડળ; જોરાવરનગર, અને એમ. એમ. શાહ મહિલા કોલેજ જેવી સંસ્થાઓ ચલાવે છે

આ ઉપરાંત શ્રી અરૂણાબેન દેસાઈ ૧૯૫૬ થી આજ સુધી બાળ અદાલતના માનદ્ મેજીસ્ટ્રેટ છે. તેઓ જીલ્લા શાળા બોર્ડના, કુટુંબનિયોજન મંડળના, સામાજિક નૈતિક સુધારણા મંડળના અને ગુજરાત રાજ્ય સમાજ કલ્યાણ-એડવાઈઝરી બોર્ડના સભ્ય છે. ૧૯૬૫ માં ટાટા સ્કૂલ ઓફ સોશિયલ સાયન્સીઝમાં સમાજ-સુધારક તરીકે રીફ્રેસમ-કોર્સમાં તેઓ પસંદગી પામ્યા છે. વળી વઢવાણ તાલુકાના સેકન્ડ કલાસ ઓનરરી મેજીસ્ટ્રેટ પણ તેઓ છે.

માતપિતાની હૂંફ બાળપણમાંજ ગુમાવેલી એટલે પુષ્પાબહેને તેમને ઉછેરી, મોટા કર્યા. સંસ્થાના ફંડ માટે મલાયા (સિંગાપોર), બેન્કોક, હોંગકોંગ, સાયગોન, બર્મા, વિ. નો પૂર્વનો પ્રવાસ પણ તેમણે કર્યો છે. હાલ ગુજરાત લેબર વેલ્ફેર બોર્ડના ચેરમેન તરીકે પણ સેવાઓ આપી રહ્યા છે.

### શ્રી ગુણવંતરાય સાકરલાલ પુરોહિત

જન્મ ઘોઘા તાલુકાના ભીકડા ગામે ૧૯૧૯ના ઓકટોબરમાં થયો હતો. ૧૯૩૨ થી રાષ્ટ્રીય ચળવળ અને ગ્રામ સેવાના કાર્યમાં જોડાયા હતા. ગ્રામસેવક વિદ્યાલય વર્ધામાં એક વર્ષ સુધી અભ્યાસ કર્યો છે. ભાવનગર મહુવા ટ્રામવેના ભાડા વધારાના આંદોલનમાં કામ કર્યું હતુ. ૧૯૩૮-૩૯ રાજકોટ સત્યાગ્રહની બન્ને લડતોમાં ભાગ લીધો. જેલવાસ ભોગવ્યો લડતોમાં તેમના ઉપર ખૂબ માર પડયો હતો અને ત્રાસ વિતાડયો હતો છતાં તેઓ અડનમ અને અડગ રહ્યા પ્રજા પરિષદના અધિવેશનમાં આગળ રહીકામ કર્યું. ખાદી પ્રવૃત્તિનો અભ્યાસ કર્યા બાદ ભાવનગરમાં ગ્રામોદ્યોગ પ્રવૃત્તિ અને વાતાવરણ ઉભા કર્યા બેતાલીશના આંદોલનમાં શરૂઆતમાં મુંબઇમાં રહી અને પાછળથી સૌરાષ્ટ્ર ગુજરાત અને રાજસ્થાનમાં કોંગ્રેસના આદેશ મુજબ પોતાની રીતે માઈલોના વિસ્તારોમાં તારના દોરડાઓ કાપવા અને થાંભલાઓ ઉપાડવા. ટ્રેઈનો ઉથલાવવી અને લૂંટાવી, ટપાલો લૂંટાવી, પોલીસ થાણા લૂટવા વગેરે પ્રવૃત્તિઓ કરી ઉમરાળાની જેલમાંથી ૧૪ પોંડની લોખંડી બેડી સાથે અને બીજી વખત પોલીસ થાણામાંથી પોલીસ મેનોની વચ્ચેથી નાસી છૂટયા હતા. ૧૯૪૭ માં જૂનાગઢની લોક ક્રાન્તિમાં આરઝી હકુમતના સેનાની તરીકે શ્રી પુરોહિતે શૌર્ય અને હિંમતભર્યું કામ કર્યું ફરી ૧૯૪૮ માં કાશી વિદ્યાપીઠમાં જોડાયા અને ૧૯૪૯ માં શાસ્ત્રીની ઉપાધિ મેળવી. પરીક્ષાના છેલ્લા વર્ષમાં પ્રાચીન હિંદુ રાજ્યતંત્ર વિષય ઉપર નિબંધ લખ્યો છે ૧૯૩૯ થી ૧૯૫૭ સુધી રેલ્વેના કર્મચારીઓના મંડળોમાં કામ કર્યું છેલ્લે રાષ્ટ્રીય રેલ્વે મજદુર સંઘમાં મંત્રી તરીકે કામગીરી બજાવી છે. અમરેલી જિલ્લાની સહકારી પ્રવૃત્તિના પ્રણેતા છે.

## શ્રી. માનસિંહભાઈ પૃથ્વીરાજ પટેલ

યૌવનનો પ્રખર તરવરાટ જેવા ઝંખનાર વ્યક્તિએ કાર્યશીલ માનસિંહભાઈની જાહેર કાર્ય કરવાની નીતિ-રીતિના સંપર્કમાં આવવાની જરૂર છે. આચારવિચારે અદ્વૈત, સ્વભાવે ક્ષત્રિય અને વ્યવહારમાં વૈશ્ય જેવાં વિધવિધ સ્વરૂપે જણાતા આ યુવાન કાર્યકરને મળવું એ જીવનનું મોંઘું સંભારણું બની રહે છે. સામાન્ય ખેડૂત કુટુંબમાંથી પ્રતિભાસંપન્ન કારકિર્દી ઘડનારી વ્યક્તિઓમાં શ્રી માનસિંહભાઈનું જીવન એક ઉજ્જવળ પ્રકરણ બની રહે છે. લગભગ ૫૦ દિવાળી વટાવી ચૂકેલા આ યુવાન કાર્યકરે તેમની જીંદગીના છેલ્લા ૨૫ વર્ષ દરમ્યાન જે ભવ્ય કાંમગીરીઓ કરેલી છે તે તેમની કારકદીનું યથાર્થ મૂલ્યાંકન કરવા સમર્થ છે

સને ૧૯૪૨માં વિશ્વવંદ્ય પૂજ્ય મહાત્મા ગાંધીજીએ "હિંદ છોડો" નો નાદ ગજવ્યો અને આ યુવાન કાર્યકરે આઝાદીની લડતમાં ઝંપલાવ્યું.

વડોદરા રાજ્યની ધારાસભામાં ચુંટાઈને જનારા ધારાસભ્યોમાં સૌથી નાની વયના માત્ર ૨૬ વર્ષના આ યુવાન ધારાસભ્યે પ્રથમ દર્શને સંપર્કમાં આવનાર સૌ કોઈના રાજ્યનાં દિવાનથી માંડીને અમલદારો તેમજ ધારાસભ્યો સહિત સૌના-હૃદયમાં પ્રેમભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું હતું. ધારાસભામાં તેમને પોતાની કાર્યશક્તિનો પરચો બતાવવાની તક મળવાથી તેઓ પ્રજામંડળમાં ધારાસભા દંડક તરીકે સર્વાનુમતે ચુંટાઈ આવેલા.

ટયુબવેલની યોજનનો પ્રથમ અખતરો પોતાના તાલુકા વિજાપુરના ગામોમાં શરૂ કર્યો. સરકાર પાસે આ યોજનાના નકકર આંકડા મૂકી ખેતીમાં થયેલા ફાયદાનો સચોટ ખ્યાલ આપ્યો હતો.

મહેસાણા જિલ્લા કોંગ્રેસ સમિતિના મંત્રી તરીકે તેમજ 'પ્રજા રાજ્ય'ના સ્થાપક અને તંત્રી તરીકે પણ તેમણે પ્રશસ્ય કામગીરી બજાવી હતી. વળી આજ સમય દરમ્યાન તેઓ અખિલ હિંદ કોંગ્રેસ મહાસમિતિના સભાસદ તરીકે ચુંટાઈ આવ્યા હતાં. સને ૧૯૫૨માં યોજાયેલી સામાન્ય ચુંટણીમાં માણસા મતદાર વિસ્તારમાંથી તેઓ મુંબઈ રાજ્ય વિધાનસભાની બેઠક માટે યશસ્વી રીતે ચુંટાઈ આવ્યા હતા.

ઉત્તર ગુજરાતના એક કુશળ ધારાશાસ્ત્રી અને ધારાસભ્ય તરીકે શ્રી માનસિંહ પટેલ ધારાસભ્યોની અગ્ર હરોળમાં સ્થાન મેળવી શક્યા હતા અને કોંગ્રેસી ધારાસભ્યોના દંડક તરીકે ચુંટાયા હતા. ગણોતધારો, માધ્યમિક શિક્ષણમાં ખાનગી નફાખોરી નાબૂદીનો પ્રશ્ન, જમીન મહેસૂલનો પ્રશ્ન, ટયુબવેલ પ્રશ્ન વગેરે પ્રશ્નો સાથે બીજા ઘણા એવા પ્રશ્નોમાં ઉંડા ઉતરી, રસ લઈ તેમણે જાહેર હિતનાં કાર્યો કરેલાં છે.

સહકારી ક્ષેત્રે મહેસાણામાં દૂધસાગર ડેરીની સ્થાપના કરવાનું સાહસ શ્રી માનસિંહ પટેલની અદ્વિતીય શક્તિઓનો પરચો બતાવે છે. મહેસાણા જિલ્લામાં વર્ષોથી ખેડૂત વર્ગ પશુધન પ્રત્યે ઉપેક્ષા સેવી રહ્યો હતો. આ જિલ્લો દૂધનો ભર્યો ભંડાર છે તેની સાચી પ્રતિતી કરાવવા માટે શ્રી માનસિંહભાઈએ કમર કસી અને તેના પરિણામરૂપે સને ૧૯૬૦માં મહેસાણા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘની રચના કરવામાં આવી. આ સંઘને મજબૂત પાયા પર મૂકવા તેમણે અથાગ પરિશ્રમ ઉઠાવી સને ૧૯૬૩માં મહેસાણામાં દૂધસાગ ડેરીનાં મકાનોનું બાંધકામ પૂરું કર્યું. માત્ર ૧॥ વર્ષની કામગીરીમાં આ સંઘે સ્થાપેલી સિદ્ધિએ ભારતભરમાં અજોડ છે.

સહકારી પ્રવૃત્તિઓમાં પણ શ્રી. માનસિંહ પટેલ અખૂટ શ્રદ્ધા ધરાવે છે. વિજાપુર તાલુકા સહકારી સંઘ, મહેસાણા તાલુકા સહકારી સંઘ, મહેસાણા જિલ્લા સહકારી સંઘ, મહેસાણા જિલ્લા દૂધ ઉત્પાદક સહકારી સંઘ,-વગેરે પ્રવૃત્તિઓની સ્થાપનામાં, સંચાલનમાં તેમજ તેમની સુંદર પ્રગતિ સિદ્ધ કરવાની કામગીરીમાં શ્રી પટેલ હમેશા મગ્ન રહ્યા છે. હાલમાં મહેસાણા જિલ્લા સહકારી સંઘના પ્રમુખ તરીકે તેઓશ્રી સહકારી કાર્યોને અતુલ શ્રદ્ધાથી પ્રબળ વેગ આપી રહ્યા છે, અને આજે પણ સહકારી ક્ષેત્રે એક અધિકૃત વ્યક્તિ તરીકે તેમને ગૌરવથી આવકારમાં આવે છે.

શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં પણ શ્રી પટેલને ઊંડો રસ છે. સને ૧૯૪૮માં વિસનગરમાં —જયાં આંજણા કોમનું એક પણ ઘર નથી એવા સ્થળમાં-તેમણે શ્રી અખિલ આંજણા કેળવણી મંડળના સંચાલન નીચે "આદર્શ વિદ્યાલય" નામની માધ્યમિક શાળાની સ્થાપના કરી જેના તેઓ પ્રમુખ છે. વતન વરાડામાં પણ કેળવણી ક્ષેત્રે ઉચ્ચ આદર્શ સ્થાપિત થાય એ હેતુથી શ્રી. માનસિંહભાઈએ સને ૧૯૫૨થી શ્રી ગ્રામ સુધારણા

મંડળ અને તેના સંચાલન તળે ચાલતી માધ્યમિક શાળા, કંચનબેન ગોકળદાસ હાઇસ્કુલના પ્રત્યક્ષ સંચાલનમાં પ્રમુખના નાતાથી કામગીરી સંભાળી છે. આ ઉપરાંત બુનિયાદી કેળવણીમાં આગવી પ્રતિભા મેળવનાર ઉત્તર ગુજરાતની જાણીતી સંસ્થા "ગ્રામભારતી અમરાપુર"ની સંસ્થામાં પણ તેમણે સ્થાપક સભ્ય અને ટ્રસ્ટી તરીકે મહત્ત્વનો ભાગ ભજવ્યો છે. પ્રાથમિક કેળવણીક્ષેત્રે પણ સને ૧૯૪૬–૪૯ સુધી પ્રાથમિક શાળા સલાહકાર સમિતિના પ્રમુખ તરીકે કામગીરી કરેલી છે. વળી ઉત્તર પૂર્વ ગુજરાત ઉચ્ચ કેળવણી મંડળ કપડવંજની વિનયન અને વિજ્ઞાનની કોલેજોનું સંચાલન કરતી સંસ્થાના ઉપપ્રમુખ તરીકે માનદ સેવાઓ આપી રહ્યા છે. પોતાના વતન ચરાડામાં સને ૧૯૬૦થી શરૂ કરવામાં આવેલી વિકાસ પ્રવૃત્તિઓનો પરિચય આ ગ્રંથમાં અન્યત્ર આપવામાં આવ્યો છે. શ્રી માનસિંહભાઈ પટેલે જીવનની કોઈ ક્ષણ નિરર્થક વેડફી નથી; પળેપળનો ઉપયોગ કોઈને કોઈ પ્રકારની જનસેવાની સક્રિય કામગીરી કરવામાં કર્યો છે. તેઓશ્રીએ કોઈપણ પ્રકારની બદ્ધમતની કે સ્થાનની ચિંતા કર્યા વગર આજદિન સુધી સેવાકાર્ય ચાલુ રાખ્યું છે. આવા સર્વક્ષેત્રે, સર્વકક્ષાએ ગતિશીલ વિચારધારાના પુરસ્કર્તા શ્રી માનસિંહભાઈ પૃથ્વીરાજ પટેલની સ્મૃતિ લોકહૈયામાં ચીરકાળ સુધી નિઃસંદેહ જળવાઈ રહે છે. પ્રભુ આ નિસ્વાર્થ સેવાભાવી સજ્જનને દીર્ઘાયુષ અર્પે અને તેમની પાસે ઉત્તરોત્તર સવિશેષ શુભ કાર્યો કરાવે એજ હાર્દિક પ્રાર્થના.

## શ્રી ભુપતરાય વૃજલાલ દેસાઈ

સુરેન્દ્રનગર જિલ્લાના પાટડી ગામના વતની, મેટ્રીક સુધીનો જ અભ્યાસ. ૧૯૨૮થી જાહેરજીવનમાં પ્રવેશ કર્યો. લોકલડતોમાં અગ્ર ભાગ ભજવ્યો અને ઘણું સહન કર્યું. ૧૯૩૯–૪૨ દરમ્યાન અમદાવાદ જિલ્લા લોકલ બોર્ડમાં વહીવટ સુધારણા અર્થે યશસ્વી કામ કર્યું. ૧૯૫૦–૫૧માં મીઠું ઉત્પાદન કરનારી સહકારી મંડળીઓ રચી. ૧૯૫૨ થી ૫૬ સૌરાષ્ટ્ર રાજ્ય વખતે ધારાસભ્ય તરીકે, સોલ્ટ એક્સપર્ટ કમિટિના ઉપપ્રમુખ તરીકે, સૌરાષ્ટ્ર અને કચ્છના સોલ્ટ રીજીયોનલ બોર્ડના મેમ્બરના સભ્ય તરીકે કોટન એડવાઈઝરી બોર્ડના મેમ્બર તરીકે, ૧૯૫૬માં જિલ્લા લોકલ બોર્ડના પ્રમુખ તરીકે, જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે, ૧૯૫૭ થી ૬૦ મુંબઈ રાજ્ય વખતે ધારાસભ્ય તરીકે ૧૯૬૦–૬૨માં ગુજરાત રાજ્યના ધારાસભ્ય તરીકે, ૧૯૬૩–૬૯ માં જિલ્લા પંચાયતના પ્રમુખ તરીકે, લેન્ડ ડેવલેપમેન્ટ બેન્ક, જિલ્લા કો–ઓપરેટીવ બેન્ક દસાડા, તાલુકા સહ. ખ. વે. સંઘ વિગેરે સંસ્થાઓના અધિષ્ઠાતા બનીને એ જિલ્લાના જાહેર જીવનમાં સુંદર અને મહત્વનો ભાગ ભજવ્યો છે આજે પણ એજ ખેલદીલીથી કામ રહ્યાં છે.

## શ્રી મનુભાઈ શિવુભાઈ સરવૈયા

દાઠાના વતની અને પાંચ અંગ્રેજી સુધીનો જ અભ્યાસ. વ્યવસાયે ખેતી સાથે સામાજિક પ્રવૃત્તિની જવાબદારી, દાઠા પંચાયતના સરપંચ તરીકે, તાલુકા લેવલે તાલુકા પંચાયતમાં કારોબારીના સભ્ય તરીકે, સહકારી ક્ષેત્રે છ વર્ષથી સહકારી મંડળીના પ્રમુખ તરીકે બીનહરીફ ચુંટાતા આવ્યા છે. નાની બચત કમિટિમાં, ગોહિલવાડ રાજપૂત સમાજની કારોબારીમા અને પ્રગતિશીલ ખેડૂત તરીકે જાણીતા બન્યા છે ગામાયત કામોના વિકાસ માટે દાનવીરો પાસેથી દાન મેળવવા મિત્રોને સાથે રાખી સારી એવી જહેમત લઈ રહ્યાં છે.

## શ્રી રમણીકલાલ ત્રીકમલાલ મણીઆર

સમગ્ર ભારતમાં સહકારી ક્ષેત્ર ઉપર ડેકોરેટીવ લેમીનેટેડ શીટસનો પ્રથમ ઉદ્યોગ સ્થાપનાર અને તન મનથી પોતાના અમુલ્ય સમયનો ભોગ આપી અવેતન સેવા આપી ટુંક સમયમાંજ આ ઉદ્યોગને પગભર બનાવવા અથાગ પરિશ્રમ કરનાર શ્રી રમણીકલાલ ત્રીકમલાલ મણીયારનો જન્મ મહેસાણા જીલ્લાના વિસનગર મુકામે તા. ૨૯ મી સપ્ટેમ્બર ૧૯૧૯ના રોજ થયેલો. શરૂઆત પ્રાથમીક શિક્ષણ વતનમાં મેળવી મુંબઈની સેંટ ઝેવર્સી–યસ કોલેજ–વિલસન કોલેજમાં ઉચ્ચ શિક્ષણ મેળવી બી. એ. ઓનર્સ ની ડીગ્રી મેળવી ગવર્નમેન્ટ લૉ કોલેજના કાયદા શાસ્ત્રનો અભ્યાસ કરી એલ. એલ. બી.માં પ્રથમ વર્ગ મેળવ્યો, અને ૧૯૪૧માં વકીલાત શરૂ કરી. તેમના આ વ્યવસાયની સાથે સાથે તેઓ અનેકવિધ પ્રવૃત્તિઓમાં સક્રીય રસ લેતા.

સને ૧૯૪૨ની આઝાદીની હાકલ વાગતાં તેમણે પોતાના વ્યવસાયનો વિચાર કર્યા વિના દેશ સેવા માટે ઝંપલાવ્યુ, અને આ ચળવળમા કેટલીય વખત જેલયાત્રા ભોગવવી પડી. ૧૯૪૬થી ૧૯૫૧ સુધી મ્યુનીસીપાલીટીના પ્રમુખ–

પદે રહી ગામની સેવા કરી છે. ૧૯૪૬થી ૧૯૫૭ સુધી લોકલબોર્ડના સભ્ય રહી તેની અનેક કમીટીઓના ચેરમેન પદે કામગીરી બજાવી છે તેમજ વિસનગર તાલુકા પ્રજા મંડળના પ્રમુખપદે તેમજ રાજય જા મંડનળા સભ્ય તરીકે માનદ સેવા ઓઆપી છે. તેઓ એ. આઇ. સી.સી. ના ૧૯૫૪-૫૬માં સભ્ય પદે રહ્યા હતા. પણ ગુજરાતની ધરતી ઉપર જન્મેલા શ્રી મણીયારની રગે રગમાં ગુજરાત પ્રત્યે ગૌરવ હતુ. અને તેથી કોંગ્રેસમાંથી છુટા થઇ મહા ગુજરાત જનતા પરિષદનું આવાહન થતાં તેમાં જોડાયા અને ૧૯૫૭માં મુંબઇ રાજ્યના એમ. એલ. એ. તરીકે જંગી બહુમતીથી ચુંટાઇ આવ્યા, અને મહાગુજરાત જનતા પરિષદના એસેમ્બલી ગૃપના એક અગ્રગણ્ય નેતા બની રહ્યા. સને ૧૯૬૨ ની ચુંટણીઓમાં કોંગ્રેસની ટીકીટ ઉપર ગુજરાત વિધાનસભાના સભ્ય તરીકે ફરીથી ચુંટાઇ આવ્યા તેઓ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના સભ્યપદે અને અનેક વખત તાલુકા કોંગ્રેસના પ્રમુખ તરીકે રહી જનતાની સેવા કરી છે. તેઓશ્રી એક અગ્રગણ્ય વકીલ હતા. એટલુજ નહીં પરંતુ જીલ્લના સફળ જનસમુદાયના સતત સંપર્કમાં રહેલા હોઇ અને અનેક સાંસ્કૃતિક અને સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલ હોઇ વિશાળ અનુભવ પ્રાપ્ત કરેલો. શ્રી જીવરાજભાઇના પ્રધાનમંડળમા નાયબ ગૃહમંત્રી તરીકે વરણી થઈ અને ઉદ્યોગ તેમજ અંદર અને વિકાસનુ ઘણુંજ અગત્યનું અને જવાબદારીવાળુ ખાતુ સંભાળી પોતાની ફરજ અદા કરી. ગુજરાતની જનતાની ચાહના મેળવી.

આમ તેઓ ફકત રાજકારણ સાથે સંકળાયેલા છે એટલુજ નહીં પરંતુ સાથે કેળવણીના ચાહક અને પ્રોત્સાહક પણ છે. અને સહકારી ભાવનાના પ્રણેતા છે. તેઓએ ગુજરાત યુનીવર્સીટીના સેનેટના સભ્ય તરીકે ૧૯૫૭ થી ૧૯૬૨ સુધી રહી કેળવણી વિષયક અનેક પ્રવૃત્તિમાં રસ લીધો છે. ૧૯૫૪થી મહર્ષિ દયાનંદ સરસ્વતી કેળવણી મંડળમાં ઉપપ્રમુખ રહી પોતાની સેવા આપી છે હાલ તેના પ્રમુખ તરીકે કામગીરી બજાવે છે. અને મહિલા આર્ટસ કોલેજ તથા કન્યા વિદ્યાલય અને કન્યા છાત્રાલય વિગેરેની સ્થાપના કરી જીલ્લામાં સ્ત્રી કેળવણીને સારૂ એવું ઉત્તેજન આપવા પ્રયત્નો કર્યા છે. તેમજ લો અને કોમર્સ કોલેજ શરૂ કરી આ વિસ્તારમા ઉચ્ચ કેળવણીની જરૂરીયાત પુરી પાડી છે. તેઓએ ૧૯૬૨,માં ગુજરાત રાજ્યને ફાળે આવેલી સહકારી ધોરણે ઉભી કરવાની સ્પીનીંગ મીલ્સનુ બીડુ ઝડપ્યું અને પોતાના અમુલ્ય સમયનો ભોગ આપી રાતદિવસ સતત મહેનત કરી ટુંક સમયમાંજ મીલ ચાલુ કરી એટલુજ નહિ પરંતુ તેનું સુતર પણ બજારની હરીફાઇમાં ટકી શકે તેવી સારી ગુણવત્તા વાળુ પેદા કરવા સક્રીય રસ લઈ હાલ ત્રણે પાળી મીલ ચાલુ કરી ચારસો ઉપરાંત કારીગરોને રોજી આપી કંઇક અંસે બેકારીનો પ્રશ્ન પણ હલ કરવા પ્રયત્નો કર્યા છે. અને ૧૯૬૪માં સહકારી ધોરણે લેમીનેટેડ શીટસ બનાવવા એક મંડળીની સ્થાપના કરી કે જે મંડળીમાં આ જાતનો ઉદ્યોગ સમગ્ર ભારતમાં છઠો છે. તેમજ ગુજરાતમાં બીજો અને સહકારી ધોરણે તો પ્રથમ સ્થાન છે. આ ઉપરાંત તેઓ ડ્રાઇવર તેમજ નાની કક્ષાના મોટર વાહનનો ધંધો કરતાં અને આજીવીકા મેળવતા માલીકો માટે એક ટ્રાન્સપોર્ટ મંડળીની રચના કરી તેના પ્રમુખ તરીકે પોતાની ફરજો બજાવેલ છે અને ગુજરાત માર્કેટીંગ સોસાયટીના બોર્ડ ઓફ ડાયરેકટર્સમાં ડીરેકટર તરીકે અને મહેસાણા જીલ્લામાં રચાયેલી દૂધસાગર ડેરી, વિસનગર તાલુકા સહકારી ખરીદ-વેચાણ સંઘ. મહેસાણા જીલ્લા સહકારી બેંક લી. ના ડીરેકટર તેમજ વિસનગર તાલુકા મજુર સહકારી મંડળી લી.માં પોતાની માનદ સેવાઓ આપે છે.

આમ મહેસાણા જીલ્લામાં સહકારી ક્ષેત્રે તેમજ ઔદ્યોગીક ક્ષેત્રે અનેક નાના મોટા ઉદ્યોગો ઉભા કરી કેળવણી ક્ષેત્રે પણ અનેક સંસ્થાઓ ઉભી કરી જીલ્લાનું નામ ગુજરાતમાં ગૌરવવંતુ બનાવ્યુ છે; તેમાં શ્રી રમણીકભાઇનો ફાળો નાનોસુનો નથી.

### શ્રી રતિલાલ સુંદરજી શાહ

વડોદરા રાજ્ય પ્રજામંડળના અમરેલી પ્રાંત પ્રજામંડળના મંત્રી તરીકે અને અમરેલી જિલ્લા કોંગ્રેસના મંત્રી તરીકે કામ કર્યું વડોદરા રાજયની વેચાણ વેરાની લડતમાં તથા શિક્ષકોના પ્રશ્નો માટે તેમની સાથે રહી લડત આપી સને ૧૯૩૦ અને ૧૯૪૨ ની સત્યાગ્રહની લડતોમાં ભાગ લીધો આઝાદી પછી જૂનાગઢની આરઝી હકુમતમાં કાર્ય કરેલું હતું અમરેલી સમર્થ વ્યાયામ મંદિર, સાર્વજનિક પુસ્તકાલયમાં, બીડી કામદાર મંડળ, બસના કામદારો, વેપારી પેઢીમાં કામ કરતા નોકરોના યુનિયન સ્થાપ્યાં અને પ્રમુખ ઉપપ્રમુખ તરીકે કામ કર્યું અમરેલી જિલ્લા મધ્યસ્થ સંઘના ડિરેકટર, હોમગાર્ડઝ કમિટિના સભાસદ કમાણી ફોરવર્ડ હાઈસ્કૂલના ટ્રસ્ટી રચનાત્મક ગૃહઉદ્યોગ અને મહિલા હિતપ્રવૃત્તિઓમાં સર લીધો અમરેલી જિલ્લા પ્રાથમિક શિક્ષક સંઘની સ્થાપના કરી અને તેના પ્રમુખ તરીકે આજ સુધી કામગીરી કરી. (વિભાગનુ અનુસંધાન પા.નં. ૧૦૫૩)

જય સહકાર

જય સહકાર

# શ્રી ભીલેશ્વર ખાંડ ઉદ્યોગ ખેડુત સહકારી મંડળી લી., કોડીનાર.

( સૌરાષ્ટ્ર ) ( ગુજરાત રાજ્ય ) ( જીલ્લો: અમરેલી )

સ્થાપના : તા. ૮-૮-૧૯૫૬ અન્વેષણ વર્ગ — "અ"

તાર : "ખાંડ ઉદ્યોગ" ટેલીફોન નં. ૧૭



કારખાનાદાર ખાંડ તેમ જ રેકટીફાઈડ અને મેથેલીરેડ સ્પીરીટનું ઉત્પાદન

| | | |
|---|---|---|
| ૧ | સત્તાવાર શેર ભંડોળ.... | રૂા. ૮૫૦૦૦૦૦ |
| ૨ | વેચવા જાહેર કરેલ શેર ભંડોળ.... | ૮૫૦૦૦૦૦ |
| ૩ | ભરપાઈ થએલ શેર ભંડોળ.... | ૭૦૦૦૦૦૦ |
| ૪ | વસુલ આવેલ શેર ભંડોળ.... | |
| | ઉત્પાદક સભાસદ ૪૯૯૯૪૮૯ નામદાર સરકારશ્રી ૨૦૦૦૦૦૦ | ૬૯૯૯૪૮૯ |
| ૫ | સભાસદ કાયમી થાપણ.... | ૧૮૬૮૮૯૬ |
| ૬ | સભાસદ શેર બચત થાપણ.... | ૧૬૬૪૫૭૫ |
| ૭ | વિકાસ લોન સભાસદ ભાઈઓ.... | ૨૪૦૦૧૯૦ |


—: બોર્ડ ઓફ ડાયરેકટર્સ :—

| | |
|---|---|
| શ્રી રામસિંહભાઈ નારણભાઈ વાળા, | કડોદરા ચેરમેન |
| ,, અરસિંહભાઈ ભારાભાઈ ડોડીઆ, | પાંચ પીપળવા વાઈસ ચેરમેન |
| ,, જયસિંહભાઈ સામતભાઈ પરમાર, | કોડીનાર |
| ,, ભગવાનભાઈ નથુભાઈ કાચેલા, | સિંધાજ |
| ,, પ્રતાપસિંહભાઈ એભલભાઈ મોરી, | પીપળી |
| ,, હરીસિંહભાઈ માલાભાઈ વૈશ. | આલીદર |
| ,, પ્રતાપસિંહભાઈ અરસિંહભાઈ મોરી, | આણંદપુર |
| ,, રામસિંહભાઈ નારણભાઈ પઢીઆર, | અરણેજ |
| ,, કાનાભાઈ કુંભાભાઈ બારડ, | થામળેજ |
| ,, નારણભાઈ ભગવાનભાઈ બારડ, | દેવળી |
| ,, સીદીભાઈ રામભાઈ રાઠોડ, | દુદાણા |
| ,, ડેપ્યુટી રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, પ્રોસેસીંગ, ગુજરાત રાજ્ય, અમદાવાદ. | રાજ્ય સરકાર નિયુક્ત પ્રતિનીધી |
| ,, ડૉ. દયારામભાઈ કુંવરજીભાઈ પટેલ, મેનેજીંગ ડાયરેકટર, શ્રી ખેડુત સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી., બારડોલી. | રાજ્ય સરકાર નિયુક્ત પ્રતિનીધી |
| ,, ડીસ્ટ્રીકટ રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, અમરેલી-જુનાગઢ. | મે. રજીસ્ટ્રાર સાહેબ, સહકારી મંડળીઓ, ગુજરાત રાજ્ય, અમદાવાદ નિયુક્ત પ્રતિનીધી |
| ,, દ્વારકાદાસભાઈ મોહનભાઈ પટેલ, અમરેલી, પ્રતિનીધી, ધી ગુજરાત સ્ટેટ કો-ઓપરેટીવ બેન્ક લી., અમદાવાદ. નાણાં ધીરનારી મધ્યસ્થ સહકારી સંસ્થા નિયુક્ત પ્રતિનીધી. | |
| ,, એગ્રોનોમીસ્ટ, એગ્રીકલચર કોલેજ, જુનાગઢ. | નિષ્ણાંત પ્રતિનીધી |
| ,, મેનેજીંગ ડાયરેકટર, ખાંડ ઉદ્યોગ, કોડીનાર. | એકસ ઓફીશીઓ ડાયરેકટર |
| ,, એમ. જી. દેસાઈ, સેક્રેટરી, ખાંડ ઉદ્યોગ, કોડીનાર. | |

# બૃહદ્ ગુજરાતના વિવિધ ક્ષેત્રોની પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ



| | | | | |
|---|---|---|---|---|
|  |  |  |  |  |
| હરીલાલભાઈ ભૂતા<br>મુંબઈ | એચ. ટી. ત્રિવેદી<br>ભાવનગર | હરજીવનદાસ વિઠલદાસ<br>જામનગર | નરોતમદાસ ક. બળીયા<br>જૂનાગઢ | મણીલાલ વનમાળીદાસ<br>કલકત્તા |
|  |  |  |  |  |
| લક્ષ્મીદાસ એચ. કોટેચા<br>થાનગઢ | નરોતમદાસ વિ.<br>વલસાડ | નાનુભાઇ ઝવેરી<br>મુંબઇ | જેશંકરભાઇ દીક્ષીત | નાગરદાસ નરોતમદાસ<br>વલસાડ |
|  |  |  |  |  |
| રતિલાલ સી. કોઠારી<br>મુંબઈ | મનસુખલાલ મ. વોરા<br>મુંબઈ | જગજીવનદાસ દોશી<br>મુંબઇ | જગમોહનભાઈ સંઘવી<br>મુંબઇ | જુગલભાઈ દોશી<br>તળાજા |
|  |  |  |  |  |
| અમૃતલાલ પ. ભૂતા<br>મુંબઈ | અનુભાઈ ચિ. શાહ<br>અમદાવાદ | પિતામ્બરદાસ ઝવેરચંદ<br>ચોટીલા | હરીચંદ મોડાભાઈ<br>મુંબઈ | કનૈયાલાલ જોષી<br>માણાપુર |

# બૃહદ્ ગુજરાતના વિવિધ ક્ષેત્રોની પ્રતિભાસંપન્ન વ્યકિતઓ



| | | | | |
|---|---|---|---|---|
| રતનસિંહ મહીડા<br>રાજપીપળા | કાન્તિલાલ દા. બોટાદકર<br>મુંબઈ | દ્વારકાદાસ ધનજીભાઇ<br>મુંબઈ | ગભરૂભાઇ ઓઝા<br>મુંબઇ | રામજીભાઈ કામાણી<br>મુંબઈ |



| | | | | |
|---|---|---|---|---|
| ઈસહાકભાઈ બંદુકવાલા<br>મુંબઈ | એમ. જી. પરીખ<br>( બેન્ક ઓફ બરોડા ) | પ્રતાપભાઈ ભોગીભાઈ<br>મુંબઈ | નટવરભાઈ ભા. પટેલ<br>કલોલ | અભેચંદભાઈ ગાંધી<br>મુંબઈ |







| | | | | |
|---|---|---|---|---|
| વાડીલાલ ડોલતરાય<br>મુંબઈ | છોટાલાલ દફ્તરી<br>મુંબઈ | વિઠ્ઠલદાસભાઇ ઘેલાણી<br>ભાણવડ | રણછોડભાઇ શ્રૃ. પારેખ<br>મુંબઇ | મેઘજીભાઈ કપાસી<br>પાલીતાણા |







| | | | | |
|---|---|---|---|---|
| જેઠાભાઇ સંઘવી<br>મુંબઈ | જયંતીભાઈ માવજીભાઇ<br>મુંબઇ | નાનચંદ તારાચંદ<br>મુંબઈ | ચિનુભાઇ ચીમનલાલ<br>અમદાવાદ | ડૉ. કેશુભાઇ નેતરી<br>જામ ખંભાળીયા |

# બૃહદ્ ગુજરાતના વિવિધ ક્ષેત્રોની પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ


મનોરદાસ ગોપાળજી
વીરાર


ચીમનભાઈ દેસાઈ
વલ્લભવિદ્યાનગર


હિંમતભાઈ દેસાઈ
રાજકોટ


ચુનીલાલ નારણભાઈ
મુંબઈ


પૂનમચંદભાઈ કામાણી
મુંબઈ


મોહનલાલ જાની
અંકલેશ્વર


ગુલાબચંદ સીરાજ
મુંબઈ


કૃષ્ણચંદભાઈ તંબોળી
જામનગર


હરગોવિંદદાસ મહેતા
મુંબઈ


શામજીભાઈ પટેલ
જામનગર


છગનલાલ ઘેલાભાઈ
જામનગર


કાન્તિલાલ રતિલાલ
સુરેન્દ્રનગર


હરિલાલ મો. શેઠ
મહુવા


હીરાલાલભાઈ સિદ્ધપુરા
ભાવનગર


જયંતિલાલ ભીમજીભાઈ
અમરેલી


દ્વારકાદાસ વી. શાહ
ઉના


દલીચંદભાઈ કોઠારી
મુંબઈ


મક્કુભાઈ મરચન્ટ
ભાવનગર


વલ્લભભાઈ પટેલ
જેતપુર


ત્રીભોવનદાસ પારેખ
ભાવનગર

# બૃહદ્ ગુજરાતના વિવિધ ક્ષેત્રોની પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ


જયેન્દ્રભાઇ ત્રિવેદી
ભાવનગર


ડૉ. ભાઈલાલભાઇ બાવીશી
પાલીતાણા


ડૉ. આર. પી. વ્યાસ
ભાવનગર


બી. સી. પટેલ
વલ્લભવિદ્યાનગર


કાકુભાઇ મહેતા
મુંબઈ


તાહેરઅલી ઈસ્માઇલજી
મુંબઈ


સુલતાનઅલી કાસમઅલી
ભાવનગર


વાડીલાલ બી. મહેતા
તળાજા


મગનભાઇ જી. પટેલ
જેતપુર


એમ. એમ. પટેલ
ગારબી



છબીલદાસ મહેતા
મહુવા


કપિલભાઇ કોટડિયા
હિંમતનગર


જયેન્દ્રભાઈ નાણાવટી
અમદાવાદ


પી. સી. મકવાણા


મોહનભાઈ પટેલ
અમદાવાદ


નરોત્તમદાસ સિદ્ધપુરા
ભાવનગર


અમરસીભાઇ
મોરબી


પોપટભાઇ વૈદ્ય
ડેમાઈ


હર્ષદરાય ત્રિવેદી
તળાજા


અરિસિંહભાઇ ડોડીયા
કોડીનાર

શુભેચ્છા પાઠવે છે

# શ્રી એચ. હિંમતલાલની કું


સુન્દર ચોક

મુળજી જેઠા મારકેટ

મુંબઈ—૨.

શુભેચ્છા પાઠવે છે

# શ્રી અજયકુમાર એન્ડ કું



૧૩૦ ઘડીયાળ ગલી

મુળજી જેઠા મારકેટ

મુંબઇ–૨.

# બૃહદ્ ગુજરાતના વિવિધ ક્ષેત્રોની પ્રતિભાસંપન્ન વ્યકિતઓ



જમનાદાસ એમ. તન્ના
મુંબઇ



હીરાલાલ જે. શાહ
મુંબઈ



કાન્તિભાઇ લાખાવાલા
પોરબંદર



ગીરધરલાલ ના. શાહ
સુરેન્દ્રનગર



કાનજીભાઇ દત્તાણી
પોરબંદર



દીપચંદભાઈ ગારડી
મુંબઇ



મોહનલાલ દેવચંદ
મુંબઇ



કાન્તિલાલ ત્ર્યલાલ
ભાવનગર



દામોદર ઠાકરશી
મુંબઇ



માણેકજી ધનજીભાઈ
પોરબંદર



શિવલાલભાઈ શાહ
મોરબી



વ્રજલાલ નાનચંદ
પાલીતાણા



મનસુખલાલ એ.પટેલભાઈ
મુંબઇ



બાલચંદભાઈ દોશી
મુંબઈ



નૌતમલાલ
ભાવનગર



ડૉ. આર. પી. દેસાઈ
વલસાડ



ડૉ. બકરાણીયા
પાલીતાણા



ડૉ. મહેશભાઈ ભટ્ટ
અમરેલી



ડૉ. જયંત સી. દોશી
મુંબઇ



નરેન્દ્રભાઇ વસાવડા
જેતપુર

# બૃહદ્ ગુજરાતના વિવિધ ક્ષેત્રોની પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ



શારદાબેન જે. પંડ્યા—જયંતિલાલ ટી. પંડ્યા



ઢસાનું કપાસી કુટુંબ હાલ મુંબઈ



અરૂણાબહેન દેસાઈ
વઢવાણ



સરલા આર. ત્રિવેદી
ભાવનગર



સુલભા એવં. જ્યોત્સના ગોહિલ
ભાવનગર



યોગેશ્વરીબહેન દેસાઇ
ભાવનગર



કાન્તાબહેન ખાનીશી
પાલીતાણા



છાયા કે. શાહ
મુંબઈ



કાન્તાદેવી પાટડિયા
વાંકાનેર



નપુગાબેન પરમાર
વાંકાનેર



લલીતાબેન જોશી
વાંકાનેર



વિદ્યાબેન ગારડી
મુંબઈ



રૂક્ષ્મણીબેન ડી. ગારડી
મુંબઇ



શાન્તાબેન પટેલ
વીસનગર



હરગંગાબેન દેસાઇ
રાજકોટ



ચંપાબહેન ચુનિલાલ
મુંબઇ

# બૃહદ્ ગુજરાતના વિવિધ ક્ષેત્રોની પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ


રમણીકભાઇ મણીયાર
વીસનગર


માનસિંહભાઈ પટેલ
મહેસાણા


હરિલાલભાઇ નકુમ
ખંભાળીયા


મોહનભાઈ અટોદરીયા
(સુરત જિલ્લો)


નરસિંહભાઇ ચૌહાણ
છોટા ઉદેપુર.


લીલાધરભાઇ પટેલ
જામનગર


ઇચ્છુભાઇ પી. ત્રિવેદી
પાલીતાણા


જયાનંદભાઇ જાની
કોડીનાર


જીવાભાઈ જેઠાભાઇ
પોરબંદર


ટપુભાઈ ઉનડભાઇ
દેઠાણ.


ભાઇદાસભાઈ સંઘવી
રાજુલા


આંબાભાઇ ભગવાનભાઇ
થોરડી


આર. કે. રૂપારેલ
મહુવા



નારણભાઈ પટેલ
ગારીયાધાર


પુરૂષોતમભાઈ પટેલ
ખાંધલી.


મોહનલાલ ખેતસીભાઇ
થરાદ.



ભાણુભાઇ દેસલભાઈ
ધાખડા


રજુભાઇ બોડાવાળા


છગનભાઈ પટેલ
કુંડાસ


રતિલાલ સુંદરજીભાઇ
અમરેલી.


# બૃહદ્ ગુજરાતના વિવિધ ક્ષેત્રોની પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ




ચુનિલાલભાઈ વ્યાસ — સિહોર | દયાશંકરભાઇ ત્રિવેદી — મહેસાણા | કાન્તિલાલભાઈ ધીયા — અમદાવાદ | બન્સીલાલભાઇપંડ્યા — મહેમદાબાદ | માધવલાલભાઇ પંડ્યા — નડીયાદ.



દોલતસિંહભાઈ જાડેજા — જામનગર | કાન્તિભાઇ સી. મહેતા — પાલનપુર | કે. પી. શાહ — જામનગર | કલ્યાણભાઈ રાયકા — મહેસાણા | સાકળચંદભાઇ પટેલ. — વીસનગર



શંકરલાલભાઇ પૂરોહિત — નડીયાદ. | પુરૂષોતમભાઇ પટેલ — ફાટસર (ઉના) | સુરગભાઈ વરૂ — નાગેશ્રી | લલ્લુભાઈ મકનજીભાઈ — વલસાડ | મણીલાલ લલ્લુભાઇ — તણખલા (વડોદરા).



નટવરલાલ એ. પટેલ — કડી (મહેસાણા) | બાલુભાઇ ત્રિવેદી — ઘેટી (પાલીતાણા) | કેસરીસિંહ સરવૈયા — પાલીતાણા | ગીગજીભાઈ પટેલ — મોરબી | મોહનભાઈ પટેલ — ધોરાજી

શુભેચ્છા પાઠવે છે



# શ્રી મોદી એન્ડ કું

૨૨૮ કૃષ્ણ ચોક

મુળજી જેઠા મારકેટ

મુંબઇ—૨.

# બૃહદ્ ગુજરાતના વિવિધ ક્ષેત્રોની પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ


ડૉ. નરસિંહ એમ. શાહ
અમદાવાદ


રમેશભાઈ ત્રિવેદી
વલ્લભવિદ્યાનગર


રશ્મિન મહેતા
અમદાવાદ


વિજયશાસ્ત્રી
સૂરત



મધુરમ
ઉતરસંડા


રામુ પંડિત
મુંબઈ


ડૉ. દિલાવરસિંહ જાડેજા
વલ્લભવિદ્યાનગર


કેહુભાઈ બારોટ
જૂનાગઢ


ગૌરીરામજી મહારાજ
વડાલ


જેઠાલાલ પાટડિયા
વાંકાનેર


શંકરલાલ કે. [illegible]
[ સૂરત જિલ્લો ]


કુમારપાળ દેસાઈ
અમદાવાદ


દેવીસિંહ સીસોદીયા
વાંકાનેર



રતનશી મીરાણી
વાંકાનેર


જનાર્દન દવે
ભાવનગર


પંડિત ઓમકારનાથજી ઠાકુર


કલ્યાણજી-આણંદજી
મુંબઈ


ધીરસુભાઈ મહેતા
માંગરોળ


રમણભાઈ કે. મોદી
ઉમાદ


ડૉ. જયંતિલાલ ઠાકર
દ્વારકા

# બૃહદ્ ગુજરાતના વિવિધ ક્ષેત્રોની પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ




| | | | | |
|---|---|---|---|---|
| પ્રભુદાસ કરસનદાસ | કેશવલાલ બુલાખીદાસ | જીવનલાલ પ્રતાપશી | છગનલાલ કે. પારેખ | નટવરલાલ એસ. વોરા |
| જૂનાગઢ | મુંબઈ | મુંબઈ | કલકત્તા | મુંબઈ |



| | | | |
|---|---|---|---|
| ગોરધનભાઈ હરિભાઈ | અમરચંદ એચ. સંઘવી | છોટુભાઈ કે. પટેલ | લક્ષ્મીદાસ વિઠલાણી |
| મુંબઈ | મુંબઈ | [ સુરત જિલ્લો ] | અમરેલી |



| | | | | |
|---|---|---|---|---|
| અંતુભાઈ ભટ્ટ | ખીમચંદ મુળજીભાઈ | રાયચંદ ગુલાબચંદ | શાંતિલાલ ફુલચંદ | નીમચંદ ડાકરશી |
| હરમડીયા | વલસાડ | અચ્છારી | સુરેન્દ્રનગર | મુંબઈ |



| | | | | |
|---|---|---|---|---|
| ભાણજી રૂ. મહેતા | ચત્રભુજ અમીચંદ | જગજીવન ભગવાનદાસ | હસમુખભાઈ દોશી | જગજીવનદાસ રતનશી |
| મુંબઈ | મુંબઈ | ભાવનગર | ઉના | દામનગર |

શુભેચ્છા પાઠવે છે



# શ્રી જયલક્ષ્મી ટેકસ્ટાઇલ

ઘડીયાળ ગલી

મુળજી જેઠા મારકેટ

મુંબઇ–૨.



# બૃહદ્ ગુજરાતના વિવિધ ક્ષેત્રોની પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ




હરભાઇ ત્રિવેદી, ભાવનગર | વલ્લભભાઈ ખુ. પટેલ, બારડોલી | છગનભાઇ લ. પટેલ, જામજોધપુર | કાન્તિભાઈ ઈશ્વરભાઇ, વીરમગામ | ચન્દ્રકાન્તભાઈ મહેતા, દિલ્હી



ગોકળદાસ ચુ. પટેલ, ચલામલી (જિ. વડોદરા) | માધવસિંહ બારોટ, રાજપીપળા | પોપટલાલ કે. દોશી, મુંબઇ | મનુભાઇ શિવભાઇ, દાઠા | નંદલાલભાઇ ઠક્કર, ભાવનગર



મનવંતરાય દેસાઈ, કોડીનાર | વશરામ રણછોડ, વીરમગામ | નારણજી દેસાઇ, વાપી | કનુભાઈ પારેખ, પાલીતાણા | રમેશચંદ્ર દુર્લભદાસ, નાગેશ્રી



ઉકાભાઇ સીદીભાઈ, ઉના | ગણપતરાય જે. ઠાકર, માણ્ | જયસિંહ સા. પરમાર, કોડીનાર | મુધરજીભાઇ મેસવાણીયા, જામનગર | ભોળાભાઇ ચ. પટેલ, વીસનગર


# બૃહદ્ ગુજરાતના વિવિધ ક્ષેત્રોની પ્રતિભાસંપન્ન વ્યક્તિઓ



| | | | | |
|---|---|---|---|---|
| એન. એમ. વસાણી<br>વાવડી સ્ટેશન | દેવાયતભાઇ વરૂ<br>જાફરાબાદ | દેવકરણભાઈ પોરાણીયા<br>રાધનપુર | મોહનભાઇ પટેલ<br>જુનાગઢ | ઈચ્છુભાઇ શેઠ<br>મહુવા. |



| | | | | |
|---|---|---|---|---|
| પુરૂષોતમ પટેલ<br>થોરડી | ચીમનભાઈ પી. પટેલ<br>ફડવેલ (વલસાડ) | નટવરલાલ ટી. પટેલ<br>ઇટોલા (વડોદરા) | અરજણભાઇ વેજાભાઈ<br>માંગરોળ | ગોકળદાસ પરમાર<br>મોરબી. |



| | | | | |
|---|---|---|---|---|
| ધીરજલાલ કે. શાહ<br>પરતાપરા | રણછોડભાઇ શનાભાઇ<br>આણંદ | જીવરામભાઇ એન. પંડ્યા<br>જોડિયા | અમૃતલાલ સુ. શાહ<br>ચોટીલા | પ્રભાશંકરભાઈ ગેધ<br>પાલીતાણા |



| | | | | |
|---|---|---|---|---|
| આર. કે. વોરા<br>ભાણવડ | શંભુભાઇ પટેલ<br>સમઢીયાળા | ગોવીંદભાઇ જે. પટેલ<br>રાજકોટ | છગનભાઈ રામભાઈ પટેલ<br>મહીકોર (સુરત જિલ્લો) | પરભુભાઈ ગોપાળજી<br>(સુરત જિલ્લો) |



કે. આર. શાહ
મુંબઈ



મનસુખલાલ પારેખ
ભાવનગર



હરિસિંહભાઈ મહીડા
ભરૂચ



રણછોડભાઇ ગીરધરભાઈ
ઉમાઇ



પ્રતાપભાઇ મહેતા
મુંબઈ



પુષ્કરભાઈ ગોકાણી-દ્વારકા



હરિભાઈ ગોંડાની-અમદાવાદ



ગોકળભાઈ પટેલ-અમરેલી



ગુણવંતભાઇ પુરોહિત-આબાપુર



જનકરાય નાણાવટી-જુનાગઢ



શ્રીકિહર મુનિમહારાજ
ભાવનગર



ભીખાભાઈ હીરાભાઈ
ઇશ્વરીયા



જીવણભાઈ ગજજર
પોરબંદર



મોહનલાલ વીરજીભાઇ
અમરેલી



મહંત શ્રી દેવગિરિજી
વેરાવળ સોમનાથ



લક્ષ્મીદાસ પાલીવાલ-દેવગાણા




મોહનભાઈ પટેલ-પાળીયા




વશરામભાઈ વાધેલા-ગાધકડા



એ. એલ. શાહ મુંબઈ







એચ. કે. દવે
ભાવનગર

લક્ષ્મીચંદ સરવૈયા
મુંબઇ

ખીમજીભાઈ મહેતા
પોરબંદર

મણીલાલ બેચરદાસ
મુંબઇ

ઈન્દુલાલભાઈ ભૂતા
મુંબઇ







ચુનીલાલ બી. મહેતા
મુંબઇ

માસુમઅલીભાઈ મરચન્ટ
ભાવનગર

મનસુખભાઇ વસાણી
મુંબઇ

સ્વ. ગુલાબચંદ શેઠ
મુંબઇ

બાબુભાઇ એરોવાલા
મુંબઇ







દેવીદાસ પટેલ
અમરેલી

ભીમજીભાઈ વાલજીભાઈ
ખાવડા

મોહનલાલ પી. મહેતા
મુંબઈ

દામોદર જી. મેર
જેતપુર

એ. આર. મરચન્ટ
ભાવનગર







યશવંતભાઇ ભટ્ટ
ભાવનગર

મનુભાઈ ચંસા
વીરપુર

નૌનિતભાઇ અંબીકા મીનરલ્સવાળા
ભાવનગર

રમણીકભાઈ ધામી
ઉપલેટા

બાબુભાઈ મોહનલાલ
મુંબઈ



જાગીરભાઈ મહેતા
(બગસરાવાલા)



ચંપકભાઈ મહેતા
અમરેલી



જગુભાઈ પરીખ
ભાવનગર



દ્વારકાદાસ પટેલ
અમરેલી



શામજીભાઈ મહેતા
મુંબઈ



પુરૂષોતમદાસ વડીયા
નાના બારમણા



બાપુભાઈ વરૂ
કોટડી



દેવીભાઇ દવે
ભાવનગર



રાવસાહેબ રેવાભાઈ
ડેમાઈ



ગોરધનભાઈ છગનભાઈ
અવિધા



નુરભાઈ કાઝી
પાલીતાણા




પ્રવિણચંદ્ર મહેતા
પાન્ડરવાડા



દશરથસિંહ સરવૈયા
મોરબી



કાન્તિલાલ હીરાલાલ
કરજણ



અમૃતલાલ જે. બારોટ
મહેસાણા



આર. એસ. ગોહિલ




જમીયતભાઇ પંડયા
અમદાવાદ




દલપતભાઇ પંડયા
ભાવનગર



છોટાભાઈ રણછોડભાઈ
તારાપુર



એસ. એ. ગોહિલ



કેશવદાસ મોહનદાસ-મુંબઈ



કનૈયાલાલ ભાનુશાલી-મુંબઈ



ચંદ્રકાન્ત પાઠક-વડોદરા




ડૉ. પ્રવિણભાઇ જડીયા-પોરબંદર



નઝરઅલી કે એટલવાલા-બગસરા



જયંતિલાલ કે. મહેતા-સિહોર



મોહનલાલ આર. કપાસી-મુંબઈ



બળવંતરાય બી. શુકલ-સિહોર



દુદાભાઇ કુંભાભાઇ સરખડી



ભગવતસિંહ પી. બ્રહ્મભટ્ટ-ડીસા




પ્રતાપસિંહભાઇ બ્રહ્મભટ્ટ-ડીસા



જશુભાઈ રાવળ



કનૈયાલાલ વાઘાણી



ચરણતીર્થ મહારાજ-ગોંડલ



નગરશ્રી એટનવાલા તાલુકાશાળા બગસરા



ભુવનેશ્વરી ગોંડલ



દુર્ગાશંકર ભટ્ટ, સંગીતાચાર્ય



ધરમશીભાઈ, નૃત્યકાર



ભીખાલાલ શેઠ, નાટ્યકાર



લતિફભાઈ સંગીતકાર




રામજી મંદિર-જામનગર



નંદલાલભાઇ મહેતા ત્રાપજ



ભોગીલાલ મ. શેઠ ભાવનગર



મનસુખલાલ મણીલાલ મહેતા મુંબઇ












નારણભાઇ બારડ-દેરડી



રમણીકલાલ ભોગીલાલ શાહ-ભાવનગર


દોલરભાઈ વસાવડા-મહુવા


રાયચંદ મગનલાલ-મુંબઇ


નાનચંદભાઇ જે. દોશી-મુંબઇ


બચુભાઈ શેઠ-જેતપુર


રતિલાલ ગોસળીય-માધવનગર


નારણદાસ લાખાણી-પોરબંદર


ગીરધરભાઇ વસાણી-મુંબઇ


કાન્તિભાઈ એમ. કપાસી-મુંબઇ


લ.ભકુંવરબેન ના. દોશી-મુંબઇ


સુશિલાબેન દીવાકર
ભાવનગર


સૌભાગ્યવતી મ. શેઠ
કલકત્તા


નંદુબેન એમ. કપાસી
મુંબઇ


[illegible]


પ્રભાશંકર સોમપુરા


ખોડીદાસ પરમાર


જોરાવરસિંહ જાદવ


કુતુબભાઇ આઝાદ

# શ્રી પ્રમોદરાય તુલસીદાસ

ભાવનગરના વતની શ્રી પ્રમોદભાઇના પિતાશ્રી તુલસીદાસ હરિવલ્લભ પરીખે પોર્ટખાતામાં તેમની નોકરી દરમ્યાન પૂરી નિષ્ઠાથી કામ કર્યું. તેમનો પરોપકારી સ્વભાવ અને ધર્મપરાયણતાને લઈ સારૂ માનપાન મેળવ્યું હતું. વડીલો પાસેથી આ ધાર્મિક સંસ્કારોનો વારસો શ્રી પ્રમોદભાઇમાં પણ ઉતર્યો—તેમણે ક્લીયરીંગ ફોરવર્ડીંગ શીપીંગ અને ટ્રાન્સપોર્ટ ધંધામાં પોતાની હૈયાઉકલત અને વ્યાપારી બુદ્ધિથી આગળ આવ્યાં ધંધાની શરૂઆત વખતે પ્રતિકુલ સંજોગો સામે ધૈર્યતાથી કામ લીધું—ધંધાને આજે સારી સ્થિતિમાં મૂકયો છે. ભાવનગરના વ્યાપારી વર્તુલમાં તેમની ગણના થાય છે.

# ભુતા ત્રીભોવનદાસ મોનદાસ

રાજુલાના વતની અને ધંધાર્થે ઘણા વર્ષોથી મુંબઇ અને પૂના તરફ વસવાટ કરી રહ્યાં છે. નાની વયમાં વ્યાપારી ક્ષેત્રનો બહોળો અનુભવ અને દીર્ઘદષ્ટિને લઈ ધંધામાં આગળ આવ્યા અને સુકૃત્યોમાં સંપત્તિનો ઉપયોગ કરતા રહ્યાં. વેલા સોમનાથ મંદિરમાં તેમનો ફાળો અનન્ય છે. જોલાપરના શંકરના મંદિરમાં, રાજુલાની નાનીમોટી બધીજ સાર્વજનિક સંસ્થાઓમાં, તુલસીશ્યામ અને અન્ય ધાર્મિક જગ્યાઓમાં તેમણે દાનનો પ્રવાહ અવિરત ચાલુ રાખ્યો છે.

રાજુલાની પાંજરાપોળ પ્રવૃતિમાં અને કેળવણીની સંસ્થાઓમાં સારી સખાવત કરી છે ભાવનગરમાં ધંધાકીયક્ષેત્રે બી.ટી. શાહ એન્ડ કું. ના નામની પેઢી ચાલે છે. જે પેઢીનું સફળ સંચાલન શ્રી જેશંકર ત્રીકમજી દીક્ષીતને આભારી છે. તેમનો પણ પરોપકારી સ્વભાવ બીજાના દુખે દુખી થવાની તેમની ભાવના અને સેવા-પરાયણતા ઉપસી આવેલા જણાય છે ૧૯૩૨ થી આ પેઢીમાં સેવા આપવી શરૂ કરી તે પહેલા શિક્ષક તરીકેની સુંદર કામગીરી કરેલી ખંત મહેનત અને પ્રમાણીકતાથી એક દશકામાં પેઢીને સધ્ધર પાયા ઉપર મુકી. પોતે અજાણ્યા પ્રદેશમાંથી અહિં આવેલા પણ પોતાના રમુજી, નિખાલસ અને મીલનસાર સ્વભાવથી સૌની સાથે મિત્રાચારીથી પ્રતિષ્ટા જમાવતા ગયા. પોતાના વ્યહવારીક કામોમાં પણ શેઠનો મૂલ્યવાન ફાળો હોય જ. ગમે તે નિર્ણય લે તે શેઠને માન્ય હોય જ.

# કપાસી દલપતભાઇ શિવલાલ

બૃહદ ગુજરાતમાં સ્વયંબળે આગળ વધનાર પરગજૂ દાનવીર રત્નોની સમાજને જે ભેટ મળી છે, તેમાં શ્રી દલપતભાઇ અને ભાઇઓ શ્રી મોહનલાલભાઈ, શ્રી અમૃતલાલભાઇ વિગેરેને મૂકી શકાય.

આ કપાસી કુટુંબના અગ્રણી શ્રી દલપતભાઈ ઢસા ગામના વતની પણ ઘણા વર્ષોથી ધંધાર્થે મુંબઈ આવી વસ્યા. ચાર ગુજરાતી સુધીનોજ અભ્યાસ પણ પોતાની હૈયાઉકલત, વ્યહવારકુશળતા અને સતત પુરૂષાર્થ દ્વારા અન્યને ઉપયોગી બનતા રહ્યા અને વ્યાપારમાં આગળ વધતાં રહ્યાં.

ત્રીશ વર્ષ પહેલા મુંબઇમાં આવીને નોકરીમાં જોડાયા, પંદર વર્ષ નોકરી કરી અને પંદરવર્ષથી સ્વતંત્ર ધંધો શરૂ કર્યો—ધંધાની શરૂઆતથી આજસુધીમાં એકધારી પ્રગતિ થતી રહી છે. કાપડની લાઇનના ધંધામાં એ પૈસા કમાયા છતાં લક્ષ્મીની મદભરી છાંટનો સ્પર્શ થયો નથી.

પૂર્વભવના પૂણ્યોદયે મળેલ માનવજીવનને સાર્થક કરવા મળેલ લક્ષ્મીનો બહુજન સમાજના હિત માટે સદઉપયોગ કરવાની મંગળ મનોકામના કરનાર, કેલવણી અને ધાર્મિક પ્રવૃતિઓમાં અપાર લાગણી અને રસ ધરાવનાર શ્રી દલપતભાઇએ કુળ અને કુટુંબમાં, જ્ઞાતિ અને બ્હોળા જનસમુહમાં પોતાના વ્યકિતત્વથી દિવ્યતા પ્રગટાવી છે.

વતનના સાંસ્કૃતિક વિકાસમાં પણ તેનો હિસ્સો નાનોસૂનો નથી.

હમણાંજ ઢસામાં "શ્રી દિવાળીબાઈ શીવલાલ કપાસી સાવજનિક દવાખાનુ" એ નામે મોટી સખાવત કરી છે. તે પહેલા પણ ઢસાના જૈન ઉપાશ્રયમાં માતબર રકમની દેણગી કરી છે નાનામોટા ફંડ ફાળાઓ અને પરચુરણ દાનો મળીને જુદી જુદી જગ્યાએ દાન કરી કુટુંબને ઉજ્જવળ કર્યું છે. આ કુટુંબની વિશિષ્ટતા એ છે કે આજે પણ ત્રીસસભ્યો સાથે સૌ સંયુક્ત કુટુંબમાં રહે છે.

ઢસાના આ તેજસ્વી કુટુંબની અંદર ઢંકાઇ રહેલું હીર તેમના કેટલાંક ગુપ્ત દાનોથી વધારે ઝળકી ઉઠયું છે. પોતાની ધંધાદારી ફરજો ઉપરાંત જ્યાં જ્યાં જ્યારે જ્યારે જે કાંઇ જરૂર પડી છે ત્યાં ત્યાં પોતાની સેવાશક્તિનો લાભ સૌને આપ્યો છે.

દાનધર્મની યશગાથા રચવામાં તેમના કુટુમ્બના સૌ સભ્યોનો પણ યશસ્વી ફાળો રહ્યો છે.

નાનામોટા ધાર્મિક ફાળાઓમાં આ કુટુમ્બે હમેશા મોખરે રહીને આત્મસંતોષ અનુભવ્યો છે. જૈન અને જૈનેત્તર સંસ્થાઓમાં ઉદારદિલે દાનનું ઝરણું વહાવીને કુટુમ્બને ધન્ય કર્યું છે આ કુટુમ્બની સુવાસ ચોતરફ ફેલાયેલ છે

# શ્રી હરિચંદ મીઠાભાઇ

મૂળ ભાવનગરના વતની. પાંચ ગુજરાતી સુધીનો જ અભ્યાસ, તેર વર્ષની ઉંમરે મુંબઇમાં પગ મૂકયો અને તુરત જ આણંદજી ઝવેરની કાકાના નામની દુકાને અનુભવ મળવા લાગ્યો અને સમય જતાં પોતાના નામની એ દુકાન શરૂ રાખી. પૂર્વનાં પુણ્યયોગે એ પૈસા કમાયા. ૧૮૮૨ની સાલમાં દેવગાણામાં પ્રતિષ્ઠા કરાવી, ઘોઘારી સમાજના કાર્યક્રમોમાં અને જ્ઞાતિહીતની પ્રવૃતિઓમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. ગુપ્તદાનમાં ખાસ માનનારા છે વ્રત, જપ અને તપશ્ચર્યા કરનારા છે. ઘોઘારી જૈન મિત્ર મંડળમાં ખજાનચી તરીકે અને કેળવણી ક્ષેત્રે સારો એવો રસ લે છે. દરવર્ષે દશેક હજાર રૂપીયા જેવી રકમ ગુપ્તદાનમાં જરૂરીયાતવાળાને આપે છે.

સ્નેહ, શક્તિ અને સહનશીલતા જેવા ગુણોને લઇ વ્યાપારી આલમમાં ઘણું માનપાન પામ્યા છે. પૂણ્યશાળી, દરિયાવ દિલના, કોમળ હૃદયના આ સજ્જન કોઇપણ જાતની દલીલ વગર સૌનું કામ કરી આપવામાં માને છે. અને શાંત, આડંબર વિનાનું જીવન ગુજારે છે

## મરચન્ટ અલ્તાફહુસેન રજબઅલી

ગુજરાતના વ્યાપારી જગતમાં સૌ પ્રથમ પોતાના પુરુષાર્થના બળે બેરલ ઇન્ડસ્ટ્રીઝને ક્ષેત્રે શ્રી ગણેશ માંડીને નાની વયમાં કાર્યદક્ષતા બતાવી અવિરતપણે શ્રમ ઉઠાવી સારી એવી પ્રતિષ્ઠા અને મોભો પ્રાપ્ત કરનાર શ્રી અલ્તાફહુસેન મરચન્ટ મુળ ભાવનગરના વતની. ઇન્ટર સુધીનો જ અભ્યાસ પણ પોતાની તીવ્ર બુદ્ધિ અને કાર્યકુશળતાથી તેલ અને તેલીબીયાના ધંધામાં ઝુકાવીને સારો એવો અનુભવ મેળવ્યો. ધંધાનું માર્ગદર્શન પોતાની સ્વયં સૂઝથી જ મેળવતા ગયા.

કોલેજ કેળવણી દરમ્યાન પણ ઇત્તર પ્રવૃત્તિઓમાં અને અન્ય સામાજિક સેવાએમાં એક આશાસ્પદ વિદ્યાર્થી તરીકે તેમની ગણના થતી હતી.

મીતભાષી અને મીલનસાર સ્વભાવના આ યુવાનનું સ્વતંત્ર રીતે ધંધો કરવાની ઝંખના કરતુ મન ઇન્ડસ્ટ્રીઝમાં કાંઇક નવી ચીજ સમાજને ચરણે ધરવા ઝંખી રહ્યું હતું. દેશમાં બેરલની ઘણી જ તંગી વર્તાઇ રહી હતી. આ દીશામાં ઉદ્યોગપતિઓએ કોઇ મોટું સાહસ કર્યું ન હતું એથી પ્રેરાઇને બેરલ રીકન્ડીશનનો એક નવો જ વિચાર સ્ફુર્યો અને કુદરતે યારી આપી. એન્જીનીયરો અને ટેકનીશીયનોની મદદ વડે પોતે આ દિશામાં સ્વતંત્ર ધંધને સારી સ્થિતિએ મૂક્યો. હુંડીયામણ બચાવીને આમ તેમણે ભારે મોટી સમાજસેવા કરી છે.

શરૂઆતમાં મુશ્કેલીઓ સામે પણ બાથ ભીડી. નવો ધંધો. બીન આવડતવાળા કારીગરો, મશીનરીની ભાંગફોડ રેલ્વેની મુશ્કેલીઓ વિગેરે વિચારપૂર્વક કામ કરી સારો માલ અને એક જ માલ અને એક જ ભાવની ગ્રાહકોમાં સારી એવી છાપ પાડી ધંધો વિકસાવ્યો. તેમની દીર્ઘદૃષ્ટિ અને વ્યાપારી બુદ્ધિ અજોડ છે, એમ કહ્યાં વગર નથી રહી શકાતું. ગુજરાતભરમાં આ એક જ ઇન્ડસ્ટ્રીઝ છે. આ ઇન્ડસ્ટ્રીઝને ગુજરાત સરકારે પ્રથમ કક્ષાનો ઉદ્યોગ ગણીને સામે ચાલીને પૂરતુ ઉત્તેજન આપતુ રહ્યું, એટલું જ નહિ તેમની અગવડતા અને મુશ્કેલી અંગે પૂરતુ ધ્યાન આપી સરળતા કરી આપવી જોઇએ.

## ગાંધી રતિલાલ છગનલાલ

મુંબઇની ઘણી વ્યાપારી અને સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા શ્રી રતિભાઇ તળાજા પાસેના ખંઢેરાના અને પછીથી મહુવાના વતની બનેલા. શ્રી રતિભાઇએ આઠ ધોરણ સુધીનો જ અભ્યાસ કર્યો છે નાનપણમાં માતા–પિતા ગુજરી ગયા. આવી પડેલી કૌટુંબિક જવાબદારીઓએ જીવનને વધુ જાગૃત કર્યું. ૧૯૩૯માં મુંબઇમાં આગમન થયું અને દારૂખાનામાં એમ. ઇસ્માઇલજી અબ્દુલહુસેનમાં નોકરીથી જીવનની શરૂઆત કરી લોખંડની આ લાઇનમાં જ્ઞાન અને અનુભવ મળતા ૧૯૪૨થી આર. રાયચંદને નામે સ્વતંત્ર ધંધો શરૂ કર્યો અને કુદરતે યારી આપી ધંધાનો ઉત્તરોત્તર વિકાસ થયો. મહુવા યશોવૃદ્ધિ જૈન બાલાશ્રમના ટ્રસ્ટી તરીકે, મુંબઇમાં મહુવા યુવક સમાજના ઉપપ્રમુખ તરીકે, દારૂખાના આયર્ન મરચન્ટ એસોસીએશનના ડાયરેક્ટર તરીકે સેવા આપીને સૌના પ્રીતિપાત્ર બન્યા છે. વતનની કોઇપણ સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં તેમનો પ્રોત્સાહક સહકાર અને સહાનુભૂતિ હંમેશા મળતા રહ્યાં છે

## કાપડીઆ ધીરૂભાઇ ગુલાબચંદ

કેળવણીની પ્રવૃત્તિઓમાં અપાર લાગણી અને રસ ધરાવનાર શ્રી ધીરુભાઇ અન્ડર ગ્રેજ્યુએટ થયેલા છે. મુંબઇમાં ઘણા વર્ષોથી રહીને એડવર્ટાઇઝીંગ, પબ્લિસીટી, ઇમ્પોર્ટ, જનરલ બીઝનેસ વિગેરેમાં સારી પ્રગતિ સાધી છે.

મુંબઇના પ્રોગ્રેસીવ ગ્રુપમાં વર્ષો સુધી કમિટિ ઉપર હતાં, માનદમંત્રી, ઉપપ્રમુખ અને પછી બે વર્ષ પ્રમુખ હતા. ઇન્ડીયન મરચન્ટસ ચેમ્બર્સની મેનેજીંગ કમિટિ ઉપર ઘણા વર્ષોથી છે. નોર્થ બોમ્બે લાયન્સ કલબના સભ્ય છે. પ્રોગ્રેસીવ ગ્રુપે તેમના જીવનમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો છે.

૧૯૬૫ 'મહારાષ્ટ્ર દિન'ના રોજ મહારાષ્ટ્ર સરકારે તેમને જે પી નો ઇલકાબ આપી ભારે મોટુ બહુમાન કર્યું છે. જે. પી.ઓની સોસાયટીની મે. કમિટિના સભ્ય છે. તેમના પિતાશ્રી ભાવનગર રાજ્યમાં ઘણા વર્ષો સુધી ઓનરરી મેજીસ્ટ્રેટ હતા. આ કુટુંબની સુવાસ ચોતરફ ફેલાયેલ છે. શ્રી ધીરૂભાઇ ભાવનગર અને ગુજરાતના ગૌરવ સમાન છે.

## શ્રી નારણભાઈ કે. પટેલ

જામનગર અને સૌરાષ્ટ્રમાં આગેવાન કોન્ટ્રેકટ તરીકે નામના મેળવેલ પટેલ વાસા વીરાની કું.ના ચીફ પાર્ટનર છે. ૧૯૫૪માં ૫૦૦૦ના કેનાલના કામથી ધંધાની શરૂઆત કરી. શરૂઆતમાં નુકસાની વેઠી પણ સંતોષકારક કામ કરી આપ્યું. જેને લઈ નામના વધતી ગઈ અને મોટા કામો મળવા લાગ્યાં. સત્યનિષ્ઠા અને જાત–મહેનતથી આગળ વધ્યા. ધંધાદારી પ્રવૃત્તિની સાથે સાથે સામાજિક સેવાઓમાં પણ રસ જાગૃત કર્યો પટેલ કેળવણી મંડળની કારોબારીના સભ્ય તરીકે, સરદાર પટેલ કેળવણી મંડળ સંચાલિત સેવા સમાજના પ્રમુખ તરીકે યથાશક્તિ સેવા આપી રહ્યાં છે. ઈરાક, બગદાદ વિગેરે દેશોનો પ્રવાસ કર્યો છે. તેમના કુટુંબના સભ્યો પણ ઘણા જ ઉદ્યમી અને કારીગરી–મશીનરી લાઈનમાં આગળ વધ્યા છે દેશ અને સમાજને શક્ય તે રીતે મદદરૂપ થવાની ધગશ રાખે છે.

## સંઘવી કાન્તિલાલ જેઠાલાલ

જામનગર નગરપાલીકાના પ્રમુખથી માંડીને જામનગરની સંખ્યાબંધ સામાજિક, ધાર્મિક અને સાર્વજનિક સંસ્થાઓ સાથે સંકળાયેલા શ્રી ડૉ. કાન્તિભાઈ યુવાન વયે આફ્રિકા અને બીજા સંખ્યાબંધ દેશોના પ્રવાસે જઈ આવ્યા છે સત્યનિષ્ઠાના બળે જીવનમાં આગળ વધ્યા છે. તેમની સૌજન્યતાએ અનેકને પ્રેરણા-માર્ગદર્શન અને અન્ય પ્રકારની હુંફ મળી છે. જ્યાં જ્યાં જરૂર પડી છે ત્યાં ત્યાં યથાશક્તિ દાનનો પ્રવાહ આપ્યો છે અને મોટી રકમો બહારથી સાર્વજનિક કામો માટે લઈ આવ્યા છે. આખુંએ કુટુંબ ખૂબ જ કેળવાયેલું છે. બે પુત્રો ડોકટરી લાઈનમાં તૈયાર થઈ ગયા છે એક ભાઈ ડોકટર છે. પિતાશ્રી વકીલાતની વ્યવસાયમાં પડ્યા છે. પિતામહ વીરપુરના દીવાન હતા. ઘણા જ પ્રતિભાસંપન્ન પુરૂષ શ્રી કાન્તિભાઈ જામનગરનું ગૌરવ છે.

## વિઠલાણી લક્ષ્મીદાસ ભીમજી

અમરેલીના દાનવીરોમાં અને જાહેરજીવનના અગ્રણીઓમાં શ્રી લક્ષ્મીદાસભાઇ પ્રથમ પંક્તિના ગણી શકાય. કુરજી માધવજી એન્ડ કાં. ના મુખ્ય પાર્ટનર છે. લોહાણા વિદ્યાર્થી ભુવનમાં ટ્રસ્ટી અને વાઇસ પ્રેસીડેન્ટ તરીકે, ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ તરીકે, કામાણી ફોરવર્ડ હાઈસ્કુલ ટ્રસ્ટની કારોબારીના સભ્ય તરીકે, બુક બેન્ક પ્રવૃત્તિના પ્રેસીડેન્ટ તરીકે, અમરેલી વિદ્યાસભાની કારોબારીના સભ્ય તરીકે, કોંગ્રેસ સંસ્થામાં એ. આઇ. સી. સી. ના સભ્ય તરીકે, જિલ્લા કોંગ્રેસના માજી ખજાનચી તરીકે, શહેર સુધરાઈમાં અગાઉ ઘણા વર્ષ સભ્ય તરીકે, ઇલેટ્રીસીટી એડવાઇઝરી કમિટિના સભ્ય તરીકે, ગુજરાત રાજ્ય લઘુ ઉદ્યોગ મંડળની કારોબારીના સભ્ય તરીકે, ગુજરાત વેપારી મહામંડળ અમદાવાદ કારોબારીના સભ્ય તરીકે, નાગરીક સહ. બેન્કના ડાયરેક્ટર, લાયન્સ કલબના વાઇસ પ્રેસીડેન્ડ વડોદરા રાજ્ય પ્રજામંડળ વખતે સેક્રેટરી તરીકે અને અમરેલીમાં રોટરી કલબના આગેવાન કાર્યકર તરીકે યશસ્વી સેવા બજાવી છે. એમની સૌજન્યશીલતાને લઇ બહોળુ મિત્રમંડળ ઉભુ કરી શકયા છે.

તેમની પેઢી સેરઠ સિવાય આખા સૌરાષ્ટ્રના હિન્દુસ્તાન લી. વરના પરચેઝીંગ એજન્ટ છે. તેનણે વિદ્યાસભામાં સારી એવી રકમ આપી છે. લોહાણા બોર્ડિંગમાં પિતાશ્રીનું નામ જોડ્યું છે. કુટુંબીજનો અર્થે હિન્દુસ્તાનના તીર્થયાત્રાધામોની યાત્રા કરી છે. અમરેલીની તમામ કેળવણી વિષયક સંસ્થામાં તેમની દેખરેખ અને અંગત ફાળો ઘણા છે

## મહેતા નૌતમલાલ ઠાકરશી

સૌરાષ્ટ્રના અગ્રણી વ્યાપારીઓમાં શ્રી નૌતમભાઈનું સ્થાન મોખરે છે. રાજકોટના વતની પણ ઘણા વર્ષોથી ભાવનગરમાં સ્થિર થયા છે. ઈન્ટર આર્ટસ સુધીનો અભ્યાસ. નાનીવયથી જ સમાજ-સેવાના બીજ રોપાયેલા. દુષ્કાળના કપરા દિવસોમાં રાજકોટ સેવાસમાજ દ્વારા અનાજ વિગેરે ગરીબોને અપાતું ને સંઘની માનવતાવાદી પ્રવૃત્તિથી માંડીને આજ સુધીમાં જૂદી જૂદી રીતે અનેક સંસ્થાઓને સમયશક્તિના ભોગે મૂલ્યવાન સેવાઓ આપી રહ્યા છે. સ્થાનકવાસી જૈન સંઘની મેનેજીંગ કમિટિના મેમ્બર તરીકે, ગુજરાત રાજ્ય પોર્ટ એડવાઈઝરી બોર્ડના મેમ્બર, રેલ્વે સ્ટેશન કન્સલ્ટેશન કમિટિના મેમ્બર તરીકે, ઓલઈન્ડીયા સ્ટેટ પીપલ્સ કેન્ફરન્સમાં કોષાધ્યક્ષ તરીકે યશસ્વી સેવા બજાવી છે. મુંબઈમાં ઘાટકોપરની જાહેર જીવનની પ્રવૃત્તિમાં મોખરે છે. કોંગ્રેસના મુખ્ય અનુયાયી છે. જિલ્લા કોંગ્રેસની બધી જ પ્રવૃત્તિઓમાં તેમનો સહકાર હોય છે.

## શ્રી કાંતીલાલ ન્યાલચંદ

જાણીતા ઉદ્યોગપતિ અને વ્યાપારી છે. ધંધાર્થે મુંબઇમાં વસે છે. પાટણમાં ઉચ્ચ કેળવણીની સગવડ ઉભી કરવામાં તેમનો ફાળો વિશેષ છે. પાટણના વિકાસનાં રસ લે છે. તેમના કુટુંબ તરફથી પાટણમાં શેઠ ન્યાલચંદ લલ્લુચંદ જનરલ હોસ્પિટલ અને પાણીની વોટર વર્કસ સ્કીમ અમલમાં લાવવા માટે તેમના સદ્દગત કાકા મણીલાલ લલ્લુભાઈ તરફથી મોટી દેણગી અર્પણ થયેલી છે.

## શ્રી દામોદરભાઈ ઠાકરશીભાઈ

નિખાલસ અંતકરણ, સ્નિગ્ધ સ્વભાવ, માયાળુ માનસ તથા ઉદાર અને સમદર્શી વર્તન જેની વાત વાતમાં પ્રગટ થતાં તે શ્રી દામોદરભાઇ ભાવનગરના વતની હતા. મુંબઇના વ્યાપારી જગતમાં તેમની ગણના થતી. શૂન્યમાંથી સર્જન કરીને બતાવી આપ્યું હતું કે કોઇપણ કાર્યની સિદ્ધિ માટે ઉત્સાહ પૂર્વક શુદ્ધ સત્વ જ ઉપયોગી તત્વ છે. શિક્ષણક્ષેત્રે સહાય આપવાનો સિદ્ધાંત એમણે સહજભાવે સાધ્યો હતો. સંપ અને સુલેહને હંમેશા સત્કારતા. સામાજિક સંસ્થાઓના ઉત્કર્ષમાં તેમનો અનન્ય ફાળો હતો.

## શાહ રમણીકલાલ ભોગીલાલ

શ્રી રમણીકલાલભાઇ શાહ જે બહુધા શ્રી બકુભાઇના નામથી જાણીતા છે. તેમનો જન્મ અમદાવાદમાં સને ૧૯૧૮ માં થયો. મેટ્રીક સુધી અભ્યાસ કરી–પિતાને પગલે ચાલી તેમણે પણ કાપડના ઉદ્યોગમાં ઝંપલાવ્યું અને ભાવનગરની મહાલક્ષ્મી મીલના ડીરેકટર તરીકે નીમાયા. ૧૯૩૭ માં કાપડ ઉદ્યોગના અભ્યાસ માટે જાપાનનો પ્રવાસ ખેડ્યો. ૧૯૪૦ માં ભાવનગરમાં માસ્ટર સીલ્ક મીલની સ્થાપના કરી તેના મેનેજીંગ ડીરેકટર નીમાયા અને તેમની રાહબારી નીચે માસ્ટર સીલ્ક મીલે અપ્રતિમ પ્રગતિ સાધી.

ભાવનગરની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં શ્રી બકુભાઇનો હીસ્સો જરા પણ નાનોસૂનો નથી સંગીત, કલા સંસ્કૃતિ કે સાહિત્યને માત્ર ઉત્તેજન આપે છે એટલું જ નહિ પણ કેટલાંક શોખ તો જાતે કેળવ્યા છે અને તેમાં ઘણાને રસ લેતા કર્યા છે.

પોતે બીજી કેટલીક કમ્પનીઓમાં ડીરેકટર તરીકે છે એટલે આર્ટ સીલ્ક ઉદ્યોગ ઉપરાંત બીજા ઉદ્યોગોમાં પણ સારો રસ લ્યે છે ભાવનગર બરો મ્યુનિસિપાલીટીની ચુટણીમાં મોટી બહુમતીથી ચુંટાયા હતા જે તેમની લોકપ્રિયતાની પ્રતીતિ કરાવે છે. શહેરના નાગરિક જીવનમાં પણ આગળ પડતો ભાગ લ્યે છે. પોતાના સોહામણા વ્યક્તિત્વથી ભાવનગરની જાહેર જનતામાં ઘણા જ લોકપ્રિય બન્યા છે. સમાજોત્થાનના કામમાં પણ તેમનું યશસ્વી પ્રદાન છે. તેમના અનોખા વ્યક્તિત્વને કારણે ભારત સેવક સમાજનું કામ આ જિલ્લામાં સારી રીતે પાંગર્યું છે, વિકસ્યું છે મીલનસાર સ્વભાવના શ્રી બકુભાઈ ભાવનગરના તેજસ્વી તારક છે.

## શ્રી તુલસીદાસ કીલાચંદ

તેઓ જાણીતા ઉદ્યોગપતિ છે. અને ધંધાર્થે મુંબઇમાં વસવાટ કરે છે. પાટણમાં ઉચ્ચ કેળવણી આપતી કોલેજો અને કેળવણી મંડળ કે પાટણ કેળવણી મંડળ તરીકે ઓળખાય છે તેના તેઓ મુળથી જ અધ્યક્ષ છે. અને પાટણમાં ઉચ્ચ કેળવણી માટે કોલેજો સ્થાપવા તેમનો ફાળો ઘણો અગત્યનો છે. તેમના કુટુંબ તરફથી પાટણમાં કીલાચંદ દેવચંદ પોલીટેકનીક; શ્રીમતી કે. કે. ગર્લ્સ હાઇસ્કુલ અને શ્રીમતી જ્ઞાનબાઇ પ્રસુતિ માટે સારૂં એવું દાન કરવામાં આવ્યું છે.

## શ્રી બચુભાઇ શેઠ

ઉદ્યોગના સંચાલનની ફાવટ અને કેળવણીપ્રત્યેની અપાર મમતા ધરાવનાર શેઠ શ્રી બચુભાઇ ના જીવનની ઝાંખી ભાવી પેઢીને પ્રેરણા આપે તેવી છે.

ધર્માનુરાગ અને સેવાભાવનાના ઉમદા આદર્શોથી જેમનું જીવન–સુરભિત છે, સમાજની ધાર્મિક અને સામાજિક સંસ્થાઓને જેમની સેવાશક્તિનો લાભ મળ્યો છે, જેમની વિનમ્રતા અને ઉદારતા અને અનેકવિધ સાહિત્યક અને સાંસ્કૃતિક પ્રવૃતિઓને પ્રોત્સાહન મળ્યું છે.

શ્રી બચુભાઈ શેઠ સૌરાષ્ટ્રમાં જેતપુરમાં કાપડની દુકાનમાં કુટુંબનિર્વાહ ચલાવતા હતા. આપબળ, આપસુઝ ધરાવનાર છે. પ્રામાણીક અને આત્મવિશ્વાસથી મુશીબતોનો સામનો કરી ભાવી માર્ગ સરળ બ ાવ્યો. ગરીબીના પારણે ઝૂલીને ગરીબીનું પાન કરીને મોટા થયા ત્યાર બાદ અમદાવાદમાં કરશનજી જીણાભાઇના નામથી રંગાટ કામની દુકાન તથા કારખાનામાં પોતે જોડાયા. ત્યાર-બાદ જેતપુરમાં આવીને સ્થિર થયા અને જેતપુરમાં સહુ પ્રથમ તેમણેજ સાડી પ્રીન્ટીંગ ઉદ્યોગ શરૂ કર્યો અને વિકસાવ્યો પોતાની હૈયાઉકલતથી ધંધાનો ઉત્તરોત્તર વિકાસ થયો–ધંધામાં બે પૈસા કમાયા છતાં લક્ષ્મીની મદભરી છાંટનો તેમને કદી સ્પર્શ થયો નહિ.

જેતપૂરમાં કોલેજ માટેનું મોટી રકમનું દાન કર્યુ છે. તેમજ રાજકોટ મુકામે બ્રહ્મક્ષત્રિય બોર્ડીંગ બાંધવા માટે રૂપિયા એક લાખનું દાન કર્યું છે. નાના–મોટા ફંડફાળાઓમાં ઘણી મોટી રકમ આજ સુધીમાં સમાજને અર્પણ કરી છે.

તેમનો સાડી ઉદ્યોગ અને પ્રીન્ટીંગનો ધંધો સૌરાષ્ટ્રભરમાં સૌપ્રથમ ગણાય છે. સૌરાષ્ટ્ર અને ગુજરાતમાં તેમની જુદી જુદી શાખાઓ છે

ગૂજરાતના વ્યાપારી જગતમાં જેમ જેમ તેમનો માન અને મોભો વધતા ગયા તેમ તેમ તેના મનની ઉદારતા વધતી ગઇ. ગુજરાતની આગળ પડતી ઔદ્યોગિક પેઢીઓમાં તેમની પેઢીની પ્રથમ હરોળમાં ગણના થાય છે.

તેમના ઘરની આતિથ્યભાવના અજોડ છે તેમને ત્યાંથી કદી કોઈ નિરાશ થઇને પાછુ ગયું નથી.

જેતપુરને ઔદ્યોગિક ક્ષેત્રે ધમધમતુ કરવાની આ કુટુંબની તીવ્ર ઝંખના છે. એ માટેના તેમના પ્રયત્નો પણ નોંધપાત્ર છે.

દેશના ઘણા દર્શનીય સ્થળોનું તેમણે પરિભ્રમણ કર્યુ છે. શ્રી બચુભાઈનું લક્ષ દ્રવ્ય નહિ પણ ધર્મ છે. સાધુસંતોના સમાગમમાં ચિત્ત પરોવતા રે છે.

વ્યવહ ર અને ધર્મમાં ખૂબજ નિયમીતતા જાળવતા, સમયે સહુ કામ શોભે એમ માને છે.

તેમના લઘુબંધુ શ્રી ચુનિલાલ પણ ખુબ મીલનસાર અને માયાળુ સ્વભાવના છે. તેઓ હાલમાં મુંબઈની દુકાનો તથા અમદાવાદમાં નારોલ ખાતે આવેલ જગદીશ પ્રો પ્રા લી. નું સંચાલન સફળ રીતે કરી રહ્યા છે.

શ્રી બચુભાઇના બે પુત્રે. શ્રી જગદીશભાઇ અને શ્રી કીરીટભાઇ તથા શ્રી ચુનીભાઈના પુત્ર શ્રી પ્રદીપભાઇ પણ ખભેખભા મીલાવીને 'જગદીશ ગ્રુપ' ને વધારે ઉન્નતીના શીખરો સર કરવા માટે સતત પ્રયત્નશીલ રહે છે

## મહેતા દલીચંદ નરસીદાસ

શ્રી દલીચંદભાઇ મૂળ સાવરકુંડલાના વતની છે પણ છેલ્લા ચાલીશ વર્ષથી મુંબઇને પોતાનું વતન બનાવ્યું છે. બીજી અંગ્રેજી સુધીનોજ અભ્યાસ પણ આધ્યાત્મિક સંસ્કારોએ તેમના જીવનનું ઘડતર અનોખી રીતેજ કર્યું છે. ઉચ્ચવિચારો અને આદર્શોનું જતન કરવાની સતત જાગૃતિએ જ તેમને મુંબઇમાં સારી પ્રતિષ્ઠા અપાવી છે. નાની ઉમરમાંજ કૌટુંબિક જવાબદારીઓ પોતાના શીરે આવી પડતા રૂા. ૨૨ના પગારથી નોકરી સ્વીકારી. નિષ્ઠા પ્રમાણિકતા અને ન્યાય પરાયણતાના સંસ્કારોએ તેમને ધંધામાં સફળતા અપાવી. ધંધામાં ક્રમે ક્રમે આગળ વધતા ગયાં છેલ્લા પંદર વર્ષથી મુળજી જેઠા મારકેટમાં ભાગીદારીમાં કાપડના ધંધામાં એક ખ્યાતનામ વ્યક્તિ તરીકે જાણીતા બન્યા છે.

માણસ બુધ્ધિના ફાંટા પડવા દીધા વિના જો એકનિષ્ઠાથી કામ કર્યે જાય તો સિદ્ધિ અને સફળતા તેની સામે આવે જ તેનું ઉદાહરણ શ્રી દલીચંદભાઇનું જીવન છે. ચાલીશ વર્ષથી મુંબઇનો વસવાટ હોવા છતાંય વતન સાથેનો સંબંધ તેમણે જરાય ઘટાડયો નથી બલ્કે વધાર્યો છે.

આઝાદી આવ્યા પછી છેલ્લા દાયકામાં વતન સૌરાષ્ટ્રમાં જે વિકાસના કામો થયાં તેમાં શ્રી દલીચંદભાઇએ મિત્રોને સાથે રાખી ટીમસ્પીરીટથી કામ કરાવવામાં યશસ્વી નિવડયા છે. વતનની પ્રસંગોપાતની જરૂરીયાતોને લક્ષમાં રાખી નાની મોટી સખાવતો વિના ખચકાયે નોંધાવ્યે ગયા નાનામોટા ઘણા કામો જાત દેખરેખ નીચે ટકોરાબંધ કરવા–કરાવવાની ચીવટ ને આદત આવી વ્યવસ્થા-શકિતએજ સૌના પૂજનિય બની શકયા છે એમના મનની સ્વસ્થતા અને સમતુલા પણ ઘણાં. પૈસા તો ઘણા આપે અને સામે ચાલીને અપાવે પણ જાતવ્યવસ્થા ઘણા ઓછા માણસો કરે. જીવનમાં ધંધા ને પૈસાને વળગી રહેનાર આપણી વેપારીયા માણસોની કયાં આશક્તિ અને કયાં જેમ સાપ વખત આવ્યે કાંચળી ઉતારે તેમ બધોજ વ્યવસાય ભાર ઉતારી પરોપકાર અને અધ્યાત્મમાં મન ચોંટાડવાની ગીતા–બોધી અનાસકિત. શ્રીમંતાઇના રાજસી મોજશોખનો જેને સ્પર્શ પણ થયો નથી - સ્વભાવે મોજીલા અને આનંદી છે.

સાહિત્યિક અને સાંસ્કૃતિક પ્રકૃતિઓ તરફનો તેમનો પ્રેમ અને બહુમૂલ્ય ફાળો છૂપા રહ્યાં નથી. ખરેજ તેઓ ગુજરાતનું ગૌરવ છે

## શ્રી કાન્તિલાલ જગજીવનદાસ

દામનગરના વતની છે ત્રણ અંગ્રેજી સુધીનો જ અભ્યાસ. ઓઇલમીલના વારસાગત ધંધામાં બચપણથી જ જોડાઇ ગયા. તે વખતે ધંધાની સ્થિતિ સાધારણ પણ સાહસ અને શ્રદ્ધાથી અને હૈયાઉકલતથી ધંધે ટકાવી રાખ્યો અને તેને લઇને ધંધામાં પ્રગતિ થતી રહી.

સૌરાષ્ટ્રમાં દાનગંગાના જે ઝરણાઓ વહેતા રહ્યાં તેમાં શ્રી કાન્તિભાઇનો પણ હિસ્સો છે દામનગરની શૈક્ષણિક સંસ્થાઓમાં, સ્થાનિક જૈન ઉપાશ્રયમાં અને અન્ય નાના મોટા પ્રસંગોએ જ્યાં-જ્યાં અને જ્યારે જ્યારે જરૂરત ઊભી થઇ છે ત્યારે આ કુટુંબ ધર્મભાવના અને સંસ્કારોથી રંગાયેલું છે. પોતાને કાંઇ વ્યસન નથી સંયુક્ત કુટુંબ તરીકે આ પંથકમાં સારી ખ્યાતિ પામ્યુ છે.

તેમના પિતાશ્રી પણ એવા જ ધર્મશ્રદ્ધાળુ હતા. શ્રી ભોગીભાઇ અને કાન્તિભાઇ સાથે રહીને ઘણી સમાજસેવાની પ્રવૃત્તિઓને હુંફ આપી રહ્યાં છે.

# દોશી જગજીવન કેશવજી

જીવનમાં વિજય મેળવવા માટે બહુ જ્ઞાનની જરૂર નથી. જરૂર છે ફક્ત વ્યહવારકુશળતાની અને અડગ હિંમતની. શ્રી જગજીવનભાઇ તળાજા પાસે દાઠાના વતની. છ ગુજરાતીનોજ અભ્યાસ. ધંધાર્થે મુંબઇ ગયા. રૂા. ૧૫ ના પગારની નોકરીથી જીવનની શરૂઆત કરી. સખ્ત પરિશ્રમ અને અખૂટ શ્રદ્ધાએ ૧૯૯૧માં ભાગીદારીમાં સોપારીની દુકાન શરૂ કરી. ૨૦૦૦માં ભાગીદારીમાંથી છુટા થયાઅને ૨૦૦૩ માં ચીમનલાલ જગજીવનને નામે દુકાન શરૂ કરી. ધંધામાં બે પૈસા કમાયા અને છુટે હાથે દાનન્ધર્મમાં એ સંપત્તિનો ઉપયોગ શરૂ કર્યો. દાઠાની હોસ્પીટલમાં, તળાજાની વિદ્યાર્થી બોર્ડિંગમાં, કદમ્બગિરિ અને પંચગિરિમાં મેરૂશિખર બંધાવવા અર્થે સારૂ એવું દાન કર્યું છે. મીઠુ અને રોટલો ખાવો પણ કોઇની મદદ ન લેવી એવી એક આત્મશ્રદ્ધાએ પોતાના સ્વબળેજ ધન-દોલત અને કીર્તિ પ્રાપ્ત કર્યા. પાલીતાણાની દરેક ધાર્મિક સંસ્થાઓમાં તેમનું દાન ગૂંજતું રહ્યું છે. પુત્રોને સારી કેળવણી આપી છે. તેમની ધર્મપ્રિયતા ખાસ ધ્યાન ખેંચે એવી છે. મુંબઇમાં જ્ઞાતિના મેળાવડાઓમાં, જ્ઞાતિના બાળકોના રંગોત્સવોમાં અને ધાર્મિક પ્રવૃતિઓમાં હમેશા મોખરે રહે છે અને પારમાર્થિક જીવન જીવે છે. વિદ્યા અને સંસ્કારના ધામોને ધનની અંજલી અર્પીને પ્રોત્સાહિત કર્યા છે; પ્રફુલ્લીત બનાવ્યા છે. પૈસા તો ઘણા પાસે હોય છે પણ વિદ્યા, સંસ્કાર અને કેળવણી અર્થે તેનો વિનિયોગ કરનારા કેટલાં? શ્રી જગજીવનભાઇએ લક્ષ્મીનો સદઉપયોગ કર્યો. જરૂરીઆતવાળા તેમના આંગણેથી નિરાશ થઇને કદી પાછા ફર્યા નથી.

કુદરતમાં જેમ વૃક્ષોને ફળ સાંપડે છે ત્યારે નીચા નમે છે તેમ શ્રીમંતાઈની સાથે જેનું અંતકરણ વિનમ્ર બને છે તેની જ શ્રીમંતાઇ શોભે છે. શ્રી જગજીવનભાઇએ જૂના મૂલ્યોના સારા તત્વોને સંપૂર્ણ માન આપ્યું છે. હમણાં જ ગ્રામવિકાસ મંડળની એક પ્રાથમિક શાળા માટે તેમણે ચિમનલાલ જગજીવનને નામે ૧૫૦૦૦૧ ની મદદ કરી છે જે તેમની ઉદારતાની પ્રતીતિ કરાવે છે.

# કપુરચંદ રાયચંદ શાહ

જામનગર તરફના વતની છે. મેટ્રીક સુધીનો અભ્યાસ. વિદ્યાભ્યાસ દરમ્યાસ સામાયિક પ્રવૃતિઓ, લાઇબ્રેરી, ગૌશાળા વિગેરેમાં રસ લીધો. ૧૯૬૧ થી ૧૯૬૫ સુધી કોચીન ખાતે એક્સપેર્ટ ઇમ્પોર્ટનું સફળ સંચાલન કર્યું. ત્યારબાદ ૧૯૬૫માં મુંબઇની પેઢીમાં મોટાભાઇનું એકસીડન્ટથી અવસાન થતાં મુંબઇ આવવું પડ્યું. મુંબઇની પેઢીનું સંચાલન કર્યુ. દરમ્યાન ગુજરાતમાં ક્યાંક સ્થળે મીલ કરવાનો વિચાર આવતા, ભાવનગરમાં કોઇક સ્થળે મીલ કરવાનો વિચાર આવતાં ભાવનગરમાં ૧૯૬૬માં કોપર ની મીલ શરૂ કરી. ગુજરાતમાં કોપરેલ તેલનું ઉત્પાદન કરતી આ એક જ મીલ હતી. ભાવનગરમાં અનુકુળ વાતાવરણ ન જણાતાં છેવટે મુંબઇમાં ફરી ધંધામાં સ્થિર થયાં છે. સ્વભાવે ઘણુ જ ઉદાર અને પરગજૂ છે.

# શ્રી શાંતિલાલભાઈ શાહ

જૈન સમાજમાં એક સેવાભાવી અગ્રણી તરીકે જાણીતા થયેલા અને મુંબઈમાં ધંધાર્થે ઘણા વર્ષોથી વસવાટ કરતાં શ્રી શાંતિલાલભાઇ શાહ કોંઢ ( ધ્રાંગધ્રા ) ના વતની છે. સાત ગુજરાતી અને ચાર અંગ્રેજી સુધીનો જ અભ્યાસ. સ્થિતિ સાધારણ એટલે કૌટુંબિક જવાબદારીઓ વહન કરવા નાની વયમાં મુંબઈ ગયા અને નોકરી કરી. ધર્મ અને સમાજસેવાની ભાવના ધરાવતા આ યુવાનની શક્તિને શ્રી રતિલાલ વર્ધમાન શાહની હુંફ મળી અને વ્યક્તિત્વ ઉપસી આવ્યું.

વ્યાપારી ક્ષેત્રે મશીનરી લાઈનમાં ભાગીદારીમાં ઝંપલાવ્યું. ૧૯૪૬ થી સ્વતંત્ર ધંધો શરૂ કર્યો. દેશના બધા જ પ્રાંતો ફર્યા છે. ધંધાને ઘણો જ વિકસાવ્યો છે, સામાજિક સુધારણા અર્થે ઘણી સંસ્થાઓ ઉભી કરી અને આજે પણ ધાર્મિક અને શૈક્ષણિક એવી ઘણી સંસ્થાઓમાં સંકળાયેલા છે. તેમનો અનુભવ અને ઉંડી સૂઝ ઘણી પ્રવૃત્તિઓને મળતો રહ્યો છે. આજ સુધીમાં લાખો રૂપીયાના દાનો ગુપ્ત રીતે અને જાહેરમાં કર્યા છે. મુંબઈના વ્યાપારી સમાજમાં તેમનું વજન પડે છે. પ્રસિદ્ધિથી હમેશાં દૂર રહ્યાં છે સત્તાની કોઈ દિવસ ઈચ્છા રાખી નથી. રેલ્વેની કમિટિમાં યોગ્ય સ્થાન મળ્યું છે. બ્રોડગેઈજ લાઈન લાવવામાં તેમની મહેનત અને પુરૂષાર્થ દાદ માગી લ્યે છે ઘણા જ વિચારશીલ વ્યક્ત છે.

# શ્રી વિઠલદાસ નાથાલાલ

ભાવનગર જિલ્લાના મહુવા તાલુકાના મોટા આસરાણા ગામના વતની છે ઘણાજ પરગજૂ અને ધાર્મિક પ્રવૃતિઓમાં ભક્તિભાવપૂર્વક રસ લઈને, શક્ય હોય ત્યાં આર્થિક સહકાર આપીને પણ પોતાની સુવાસ પ્રસરાવી રહ્યાં છે.

વડીલો પાસેથી મેળવેલા ધાર્મિક સંસ્કારો પ્રમાણે ધર્મ પરાયણ જીવન જીવી રહ્યાં છે તુલસીશ્યામ યાત્રાધામમાં જીર્ણોદ્ધાર માટે રૂા. ૧૫૦૦૦નું ઉદાર દાન આપીને જીર્ણોદ્ધાર ભંડોળની શુભ શરૂઆત કરી છે બીજા અનેક નાના મોટા ફંડફાળાઓમાં તેમની દેણગી હોય જ.

# શ્રી ચુનિલાલ નારણભાઇ

ગોહિલવાડમાં તણસા પાસેના રાજપરા ગામના વતની છે. ધંધાર્થે ઘણા સમયથી મુંબઇ આવીને વસ્યા છે. કેળવણી અને ધાર્મિક પ્રવૃતિઓમાં અપાર લાગણી ધરાવે છે નાના મોટા ધાર્મિક ફંડ ફાળાઓમાં આ કુટુંબે સુંદર ફાળો આપીને યશકલગી પ્રાપ્ત કરી છે. સૌરાષ્ટ્રની ઘણી જૈન સંસ્થાઓમાં તેમની સખાવતો છે. તળાજા જૈન બોર્ડિંગના કાર્યકર્તા તરીકે પણ સેવા આપી રહ્યાં છે. જૈન સેવા સમાજ પાલીતાણામાં પણ તેમનું ઘણું મોટુ દાન છે. પાલીતાણા શ્રાવિકાશ્રમમાં, બાલાશ્રમમાં, મહુવા બાલાશ્રમમાં, મહિલા ઉપાશ્રયમાં, પ્રાગજી ઝવેર ધર્મશાળામાં, તળાજા વિદ્યાર્થીગૃહમાં, સાવરકુંડલા, ભાવનગર, સુરત, મુંબઈ એમ બધી જગ્યાએ જૈન ધાર્મિક પ્રવૃતિઓમાં, અને જૈન બાલકોની કેળવણી અર્થે દેણગી કરી છે. તીર્થોની યાત્રા કરી છે. આ બધી ધાર્મિક પ્રેરણાઓ તેમના ધર્મપત્ની શ્રીમતી ચંપાબહેનને આભારી છે બહેન ચંપાબહેન પણ ઘણાજ સુશીલ અને સેવાભાવી છે.

## બારોટ માધવસિંહ મુળજીભાઇ

શ્રી માધવસિંહભાઇનો અભ્યાસ હાઇસ્કુલનો છે. તેઓશ્રી તેમના પિતાશ્રીના વખતથી ચાલી આવતી ટીમ્બર મરચન્ટ અને જંગલ કોન્ટ્રાકટરની પેઢીનો વહેપાર કરે છે. તેમના પિતાશ્રી સ્વ. મુળજીભાઇ દોલતભાઇ બારોટ રાજપીપળા વિભાગના જાણીતા સામાજિક કાર્યકર હતા, ઉપરાંત રાધાસ્વામી સંપ્રદાયના ચૂસ્ત અનુયાયી હોઇ ધાર્મિક કાર્યોમાં અગ્રગણ્ય ભાગ લેતા હતા. એજ સંસ્કાર શ્રી માધુસિંહભાઇ તથા તેમના મોટાભાઈ સ્વ. ન્હારસિંહભાઇમાં આવેલા છે. તેઓશ્રી નાટ્ય લેખક છે અને જિલ્લાની લલિતકલા પ્રવૃત્તિના ખાસ પ્રણેતા છે. આ કાર્યમાં તેમણે સારીપેઠે આર્થિક ઘસારો પણ વેઠેલો છે. તેમનાં નાટકો : મહારાણા પ્રતાપ, ગુર્જર કેસરી, જીવનજ્યોતિ, પ્રકાશ વિગેરે મુખ્ય છે. તેમના મિત્રો શ્રી ચંદ્રસિંહ કવિ, શ્રી રતનસિંહ મહીડા તથા શ્રી હરીસિંહ મહીડાની રાજકિય, સામાજિક અને કેળવણી વિષયક પ્રવૃત્તિઓમાં હંમેશા સાથે રહી હાર્દિક સાથ–સહકાર આપી દેશસેવાના કાર્યમાં નોંધપાત્ર ફાળો આપેલો છે.

તેઓશ્રીએ પોતાના તેમજ તેમના મિત્ર કવિ ચંદ્રસિંહ બારોટના સંયુકત પ્રયાસથી શ્રી રાજપીપળા લલિત કલા મંડળની સ્થાપના કરી તેના દ્વારા જુદાંજુદાં મંડળોને કિંમતી આર્થિક મદદો પહોંચાડેલી. રસકવિ શ્રી રઘુનાથ બ્રહ્મભટ્ટનો વનપ્રવેશ મહોત્સવ યોજી રાજપીપળામાં તેમનું બહુમાન કરાવેલું. ગુજરાતી રંગભૂમિનો શતાબ્દિ મહોત્સવ શાનદાર રીતે ઉજવી ગુજરાતી રંગભૂમિના કલાકારો, લેખકો વિગેરેનું બહુમાન કર્યું હતું. પોતાનાં સંપ્રદાયનાં ધાર્મિક સંમેલનો યોજી સતસંગનો લાભ લીધેલો. સંત વિનોબાજી ભાવેની ભૂમિપ્રવૃત્તિમાં તેમણે ૧૫૦ એકર જમીન ભૂદાનમાં આપી અને પૂ. રવિશંકર મહારાજના હસ્તે લાયક વિદ્યાર્થીઓને વિદ્યાઅભ્યાસ અર્થે ગુપ્તદાન આપેલાં. હોમિયોપેથ વૈદકશાસ્ત્રનો તલસ્પર્શી અભ્યાસ કરી પોતાના બગલે ધર્માદા દવાખાનું ચલાવી હજારો રોગીઓને મફત દવાઓ આપેલી. જંગલના ભીલોને અવારનવાર અન્ન–વસ્ત્રોની મદદ પહોંચાડેલી. 'માલસામોટ' (હિલસ્ટેશન) કો. ઓ. હાઉસીંગ અને ડેવલપમેન્ટ સોસાયટીના વર્ષો સુધી પ્રમુખ રહીને કિંમતી સેવાઓ આપેલી છે.

આમ એકંદરે પ્રગતિશીલ માધવસિંહભાઇએ જનકલ્યાણ અર્થે પોતાની તન, મન અને ધનથી ઉમદા સેવા આપેલી છે અને ઉચ્ચ પ્રકારની ખાનદાની જાળવી રાખી છે. જ્ઞાતિના હરકોઈ કાર્યમાં તેઓશ્રી હંમેશ સાથ સહકાર આપે છે. જ 'બ્રહ્મભટ્ટ યુવક'ના વર્ષો જૂના આજીવન સભ્ય છે. અને રાજપીપળાના એક ઉદાર નાગરિક છે.

## રાવ મોહનલાલ પ્રભુદાસ

શ્રી મોહનલાલનો અભ્યાસ નોનમેટ્રીક છે. તેઓ જાણીતા વહેપારી છે. અને ૧૯૪૧થી તેમણે મીલ–જીન સ્ટોર્સનો ધંધો શરૂ કરેલો છે અને 'મોહનલાલ પ્રભુદાસ એન્ડ કાં.'ની સ્થાપના કરી છે. આ ઉપરાંત તેઓ ૧૯૩૪થી સ્થાપેલ 'શેઠના આયર્ન વકર્સ એન્ડ કાં.'માં ભાગીદાર છે. જે કારખાનું લોખંડનો સામાન બનાવે છે અને તેની ઓફિસ ન્યુ કોટન મીલ કમ્પાઉન્ડ રાયપુર દરવાજા બહાર છે. ૧૯૬૪થી સ્થપાયેલ 'નારાયણ એન્જીનીયરીંગ વકર્સ'ના પણ તેઓ ભાગીદાર છે.

તેઓશ્રી સ્વામિનારાયણ સંપ્રદાયના ચૂસ્ત અનુયાયી છે. અને સત્સંગી છે. બ્ર. વિ. મંડળના સને ૧૯૪૪માં ઉપપ્રમુખ હતા. વડોદરા છાત્રાલયના નવા મકાનની સ્થાપનામાં એક રૂમનો ફાળો આપેલો. આ ઉપરાંત મંડળના આજીવન સભ્ય તથા 'યુવક'ના આજીવન મુરબ્બી છે. આપબળે આગળ વધ્યા છે સાહસિકતા, ખંત, પ્રમાણિકતા અને પ્રગતિ તરફ કૂચ કરવાની તેમની ઝંખનાએ જ તેમને આર્થિક અને ઔદ્યોગિક પ્રગતિ તરફ દોર્યા છે જે બીજાઓને માટે પ્રેરણારૂપ છે.

(૧) ગુજરાત વહેપારી મહામંડળ, (૨) અમદાવાદ પ્રોડક્ટીવીટી કાઉન્સીલ, (૩) અમદાવાદ એન્જીયરીંગ એસો., (૪) બોમ્બે મીલ–જીન સ્ટોર્સ મરચન્ટ એસો., (૫) અમદાવાદ આયર્ન હાડવેર એન્ડ પેઈન્ટ મરચન્ટ ફેડરેશન વિગેરે સાથે સંકળાયેલા છે. નાના–મોટા દાનો પણ તેમણે આપેલા છે.

## શ્રી બચુભાઇ પારેખ

શાંત વ્યક્તિત્વ અને નિખાલસ સ્વભાવ જેમનામાં નજરે ચડે છે તે શ્રી બચુભાઇ પારેખ દામનગરની મહાજન સંસ્થાના અગ્રણી તરીકે જાણીતા થયેલા છે દામનગર ઓઈલ મીલનું સફળ સંચાલન કરે છે. ધંધામાં એ પૈસા કમાયા અને કમાઇ જાણવા સાથે પરમાર્થ કરી જાણ્યો.

નાનપણમાં મુંબઇ કલકત્તા વિગેરે સ્થળોએ નોકરી અર્થે ફર્યા. પણ પછી સમય જતાં વતનમાં જ ધંધો શરૂ કર્યો અને ધંધામાં સ્થિર થયાં. દામનગરમાં રામજીમંદિરની પ્રતિષ્ઠા કરાવી, પારાયણ કરાવી, હજારો વ્યક્તિઓને તેનો લહાવો લેવરાવ્યો. સાધુસંતો તરફ તેમની અનન્ય ભક્તિ રહી છે. ગરીબ વિદ્યાર્થીઓને મદદ કરવામાં આનંદ માને છે. તેમની સખાવતના ઘણા કામો છે. પોતાના મજૂરે જ સંતોષી અને રાજી રાખવાના તેમના પૂરા પ્રયત્નો હોય છે. વ્યવહારકુશળતા, અદમ્ય ઉત્સાહ અને અથાગ પરિશ્રમ તેમણે ખેડયો પછી વિધાતાની અને લક્ષ્મીની અમીદૃષ્ટિ તેમના પર કેમ ન હોય ? ઘણાજ સુખી અને યશસ્વી જીવન જીવે છે.

## કાલરીયા પદમાભાઇ નથુભાઈ

ગામ પીપલીયા ધોરાજીના વતની અને ખેતીવાડીના ક્ષેત્રે ઘણા જ અનુભવી અને પુરૂષાર્થી વ્યક્તિ તરીકે આ પંથકમાં ખ્યાતનામ બન્યા છે. આજથી ૫૪ વર્ષ પૂર્વે મગફળીનું પ્રથમ વાવેતર કરીને સૌરાષ્ટ્રના ખેડૂતોએ ૧૦૦ કરોડ રૂપીયાની કિંમતનો મ લ–પાક–આપ્યો. શ્રી પદમાદાદાને સૌરાષ્ટ્રના ખેડૂતોએ "મગફળીના પિતા" તરીકેનું બીરુદ આપ્યું હતું.

## તન્ના જમનાદાસ માધવજી

માતબર ઉદ્યોગપતિ તરીકે મહાન પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનાર લુહાણા ગૃહસ્થ શ્રી જમનાદાસભાઇ એક નેકદિલ સજ્જન અને ઉદાર સખાવતી પુરુષ છે. મુંબઈ અને અન્ય સ્થળોએ તેમજ વતનમાં એમની સેવાઓ અભિનંદનીય છે. અઢળક સંપત્તિ હોવા છતાં તેમની સાદાય અને નમ્રતા ખાસ ઉલ્લેખનીય છે. આજે મોટી ઉંમરે પણ તેમનો જુસ્સો યુવાનને પણ સરમાવે તેવો છે.

# શ્રી રમણીકલાલ દયાળજીભાઇ

તળાજા પાસે દાઠના વતની અને વર્ષોથી મુંબઈમાં વસવાટ કરનાર શ્રી રમણીકભાઇ કાળી ગરીબી અને દુઃખના કપરા દહાડા વચ્ચે ૧૯૪૬માં વતનને રસ્તેથી મુંબઇની વાટ લીધી. ઓછામાં ઓછી સગવડ અને શિક્ષણ પણ પૂરૂ લીધા વિના કાચી ઉંમરમાં ધંધા નોકરીની શોધમાં મુંબઇ આવ્યા.

હૃદયમાં હામ ભીડીને નીકળ્યા હતા એટલે તેમની કાર્યદક્ષતા ઉપર સિહોરવાળા શ્રી પ્રાગજીભાઇ મુગ્ધ બન્યા અને હુંફ આપી, તેમના તેજસ્વી વ્યક્તિત્વને ઉંચકી લીધું. વ્યાપારમાં તેમની વિચક્ષણ બુદ્ધિ કસોટીની એરણ પર ચડી અને સફળ થયાં ઉત્તરોત્તર ધંધામાં વિકાસ થતો રહ્યો અને સંપત્તિવાન બન્યા.

ગરીબોની યાતનાઓનો પ્રત્યક્ષ અનુભવ હતો. દુઃખ જોયેલું. એટલે આંખો મીંચીને વર્તનમાં અને અન્ય સ્થળે લક્ષ્મીનો સદઉપયોગ કરવા માંડ્યા. સાદા, સંયમી અને ધર્મપરાયણ જીવનની કેટલીક ઉદારતા જોઇએ. દાઠાની શાળામાં, હેલ્થ સેન્ટરમાં, ઉપાશ્રયના જીર્ણોદ્ધારમાં અને જ્ઞાતિનાં નાનામોટા કામકાજમાં તેમના તરફથી સારી એવી રકમ અપાયેલી છે, ગુપ્તદાનમાં વિશેષ કરીને માનનારા છે. જેમ જેમ ધંધામાં બરકત મળતી ગઈ તેમ તેમ તેના મનની ઉદારતા વધતી ગઈ. દયા અને કરૂણા પ્રગટતા ગયાં. હિન્દુસ્તાનના ઘણા દર્શનીય સ્થળોનું પરિભ્રમણ કર્યું છે. દાઠાના વિકાસ માટે મુંબઇમાં દાઠાવાળાઓનું મિત્રમંડળ ઉભુ કરવાના સતત પ્રયત્નો રહ્યાં છે.

શ્રી નાગરદાસ ગાંધી, નગીનદાસ પ્રેમચંદ વિગેરે સાથે મળી ચોક્કસ આયોજનપૂર્વક વતન પ્રત્યેનું ઋણ ચૂકવવા હમેશા પ્રયત્નશીલ રહ્યા છે.

દાઠાની જૈન અને જૈનેત્તર સંસ્થાઓને તેમણે ઉદાર દિલે દાનનું ઝરણુ વહાવ્યું છે.

# સંઘવી જગમોહનદાસ માધવજીભાઈ

કચ્છ કાઠિયાવાડની ધન્ય ભૂમિએ જે કેટલાક ધર્મશ્રધ્ધાળુ મહાનુભાવો અને દાનવીર નરરત્નોની સમાજને સુંદર ભેટ ધરી છે એવા નામાંકિત કુટુંબોમાં જગમોહનદાસ સંઘવીના કુટુંબે ઔદ્યોગિક અને શૈક્ષણિક ક્ષેત્રે એક અનેખી ભાત પાડી દઇ સૌરાષ્ટ્રના ભાતીગળ ઈતિહાસમાં નવુ તેજ પુર્યુ છે. સાવરકુંડલા પાસેનુ વાંશીયાળી ગામ તેમનું મૂળ વતન. જીવનમાં કાંઈક કરી છુટવાની ખ્વાયેશ ધરાવતા આ કુટુંબને વિશાળ ક્ષેત્ર જોઇતુ હતું. એટલે ૧૯૪૧થી ભાવનગરમાં આવી વસવાટ કર્યો. જો કે આમતો છેલ્લા પચાસ વર્ષથી આ કુટુંબ રંગ રસાયણને ક્ષેત્રે મુંબઈમાં જાણીતા બન્યા છે. ભાવનગરમાં ધંધાની કેટલીક શક્યતાઓ તપાસી ત્યાં પણ રંગઉદ્યોગની શરૂઆત કરી અને તેમના કાર્યદક્ષ પુત્રોએ ભાવનગરનો વહીવટ સંભાળ્યો. શરૂઆતથીજ સારી એવી પ્રગતિ હાંસલ થતી રહી તેથી પ્રેરાઇને તે વખતે શ્રી મનુભાઈ શાહે આ કારખાનાની મુલાકાત લઇ સંચાલકોની દીર્ઘદૃષ્ટિની મુક્તકંઠે પ્રશંસા કરી હતી. સમય જતા આ કારખાનાનું વિસ્તરણ કરી નવીન ઇન્ડસ્ટ્રીઝ ૧૯૬૧માં ભાવનગરમાં કોંગ્રેસ અધિવેશન વખતે સ્થાપી અને નવીન ઈન્ડસ્ટ્રીઝનુ કામ વિશાળ પાયા ઉપર રેગ્યુલર રીતે ચાલવા માંડ્યું. ૧૯૬૫ સુધીમાં રંગની ઘણીખરી આઇટમો આવરી લીધી ભવિષ્યમાં વધુ રીસર્ચ અને મશીનરી સંબંધે પ્રયત્નો શરૂ છે. ધાર્મિક અને પરમાર્થિક સંસ્કાર વારસો પણ આ કુટુંબને મળેલો છે. કોલેજનું ઉચ્ચ શિક્ષણ નહિ લીધા છતા ખૂબજ જ્ઞાની અને અનુભવી છે ધંધાના સંચાલનમાં શ્રી નવલભાઈ, નલીનભાઈ વિગેરે સાથે રહીને ઉજ્જવળ પગદંડી પાડી રહ્યાં છે. ઓછુ બોલવું છતાં અમૃતભરી વાણી, થોડા શબ્દોમાં ઘણુ કહેવું એ એમનો ગુણ છે. કોઇપણ સમાજની આબાદી પૂરી કેળવણી વગર શક્ય નથી તેમ તેઓ માને છે તેથીજ ભાવનગરમાં સરદારનગરમાં હાઇસ્કુલ બાંધવા માટે ભાવનગર કેળવણી મંડળ મારફત સંઘવી માધવજી રવજીને નામે રૂા. ૫૧૦૦૦ ની ઉદાર રખાવતની જાહેરાત કરી—મુંબઇમાં ચાલતી નાની મોટી અનેક સંસ્થાઓને આર્થિક હુંફ આપતા રહ્યાં છે. સાહિત્યિક પ્રવૃતિઓને પણ મોકળે મને મદદ કરી છે. તેમનું આખુએ કુટુંબ ખૂબજ સંસ્કારી અને કેળવાયેલું છે

# શ્રી રામજીભાઈ બી. લુહાર

ભાવનગરના વતની છે. અને કાંઈ પણ અભ્યાસ કર્યા વગર પોતાની સૂઝબુઝથી ફર્નીચર બનાવવાના ધંધામાં ઘણી મોટી પ્રગતિ સાધી શક્યા છે જે તેમની શક્તિનો પરિચય કરાવે છે.

બચપણથી જ શ્રી રામજીભાઇને કાંઈક નવું શીખવાનો, જાણવાનો અને કાંઈક કરી બતાવવાનો શોખ હતો—આશા ઉત્સાહ સાથે ૧૯૩૧ થી ધંધામાં ઝંપલાવ્યું. જેમનું ફર્નીચર આજે ભાવનગર, રાજકોટ, અમદાવાદ અને અન્ય સ્થળોએ પહોંચ્યુ છે.

સ્વધર્મ પ્રત્યે અભીરૂચી રાખનારા બની શકે તે કુટુંબની અને જ્ઞાતિની સેવા કરવામાં અને શક્ય હોય તે સામાજિક સંસ્થાઓમાં પોતાનો કુત્રપાંદડી સહકાર આપવામાં તેમણે ઉમળકો બતાવ્યો છે. તેમને ત્યાંથી કદી કોઇ નિરાશ થઇને પાછુ ગયું નથી ધંધાર્થે દેશાટન કર્યું છે. નાનામોટા તીર્થધામોની યાત્રા કરી છે

નાની ઉંમરમાં માતાપિતા ગુજરી જતા કૌટુંબિક જવાબદારીઓ તેમને શીરે આવી પડેલી એટલે કેટલીક મુશ્કેલીઓનો સામનો કરીને પણ ધંધામાં આગળ વધ્યા.

ધંધામાં સફળતા મળી તેનો યશ—તેઓ કુદરતની કૃપા ગણે છે—મીલનસાર સ્વભાવના, ધાર્મિક મનોવૃતીવાળા શ્રી રામજીભાઇ પંદરેક વ્યક્તિના સંયુક્ત કુટુંબમાં રહે છે. કુશળ કારીગરેમાં તેમની ગણના થાય છે.

# શ્રી વલ્લભભાઈ ભાણજીભાઈ

પીપલીયા–ધોરાજીના વતની—પાંચ ગુજરાતી સુધીનો જ અભ્યાસ. પોતાની હૈયા ઉકલત અને આવડતને લઈ હાલ રાજકોટમાં વેલ્ડીંગના કામમાં ઘણી મોટી સિદ્ધિ હાંસલ કરી છે. સ્વબળે અને સ્વયંપ્રેરણાથી આગળ વધ્યા છે. અને ધાર્મિક, સામાજિક કામોમાં પણ પોતાના અંતરાત્મા પ્રમાણે યથાશક્તિ ફાળો આપી રહ્યાં છે. ૧૯૬૬ માં ધંધાની શરૂઆત કરી, ધંધાને આજે સારી સ્થિતિમાં મૂકયો છે.

## શ્રી ભીમજીભાઇ રૂગનાથ મહેતા

આદર્શો, ભાવનાઓ અને સ્વપ્નોને મૂર્તસ્વરૂપે સ્વહસ્તે સાકાર કરે તેવો વિરલ અનુભવ તો કોઇક કર્મયોગીનેજ સાંપડે, જેમણે નિજ–જીવનમાં કર્મ અને કર્તવ્યને પ્રાધાન્ય આપીને ઘણી સંસ્થાઓને નવજીવન આપ્યું તે શ્રી ભીમજીભાઇ મહેતા સૌરાષ્ટ્ર અમરેલી જિલ્લાના નાનાઆંકડીયા ગામના વતની છે. ખેતીવાડીનો વ્યવસાય કરતા સાધારણ કુટુંબમાં તેમનો જન્મ થયો.

૧૯૬૮માં દુષ્કાળ પડયો અને ખેતી વેચી નાખવી પડી. આવી પડેલી કૌટુંબીક જવાબદારીઓ વહન કરવા નોકરીની શોધમાં મુંબઇ તરફ પ્રયાણ કર્યું. થોડો સમય નોકરી કરી પણ છેવટે નોકરી છોડીને રંગનો વ્યાપાર શરૂ કર્યો. સારી એવી આવક થઈ. ભાગીદારીમાં ચાલતુ આ કામ સમય જતાં છોડયું અને કાપડની મીલ શરૂ કરી એ પણ વેચી સમયે સમયે આકરી અગ્નિ કસોટીમાંથી પસાર થતા રહ્યા.

છેવટે પ્રારબ્ધ, બળ અને પ્રબળ પુરૂષાર્થથી બહુજ ટુંક સમયમાં સારી પ્રતિષ્ઠા મેળવી. આવા એક ઉમદા પ્રકૃતિના શિક્ષણપ્રેમી અને સમાજસેવાની ભાવનાવાળા ઉદાર મહાનુભાવશ્રી ભીમજીભાઇ ઉદાર મનોવૃતિના રાજા ગણાય છે.

અમરેલીમાં હાઇસ્કુલ માટે, મુંબઈમાં સર હરકીસન હોસ્પીટલ માટે, નાનાઆંકડીયા ગામે શાળા માટે, અને ચારે તરફ નાનીમોટી સંસ્થાઓમાં દાનનું ઝરણુ વહાવ્યું છે.

સ્વભાવે ખૂબજ વિનમ્ર છે, ઉદાર સ્વભાવને કારણે લોકપ્રિય બન્યા છે અત્યારે આર્ટસીલ્કના મોટા વેપારી છે ભાવનગરમાં વેલો ઇન્ડસ્ટ્રીઝના પાર્ટનર છે. કપોળ જ્ઞાતિની નાનીમોટી કમિટિઓમાં તેમનુ સારૂ એવુ સ્થાન છે. સાહજિકવૃતિ. સ્વયંપુરૂષાર્થ અને ઇશ્વર કૃપાથી આગળ વધ્યા છે તેમની સફળતામાં વડીલોની વાત્સલ્યદ્રષ્ટિ અને દ્રઢ મનોબળ જેવા સદગુણોએ મહત્વનો ભાગ ભજવ્યો છે.

શ્રી ભીમજીભાઇ ખરેજ ગુજરાતી સમાજનું ગૌરવ છે. તેઓ આપણુને સૌને પ્રેરણારૂપ બની રહે અને સેવાભાવી અનેક પ્રવૃતિઓ આગળ ધપાવવા ચિરંજીવ બનો તેવી પ્રાર્થના છે.

તેઓમાં સાદી સમજણ, નિરાભીમાની વહેવાર અને કર્તવ્યબુદ્ધિનો ત્રિવેણીસંગમ દ્રષ્ટિગોચર થાય છે મુક સેવાના પ્રતિકસમા શ્રી ભીમજીભાઇનો અનેક સંસ્થાઓમાં સક્રિય અને સંગીન ફાળો રહ્યો છે.

## શેઠ ઇચ્છુભાઈ નરોતમભાઈ

જે કુટુંબે મહુવાના ભાગીતળ જાહેરજીવનમાં એક ઉમદા છાપ ઉભી કરી છે તેવા પરિવારમાં શેઠ શ્રી નરોતમભાઈ નાથાભાઇને ત્યાં ૧૯૨૩માં શ્રી ઇચ્છુભાઇનો જન્મ થયો. પિતાશ્રીની ઉજ્જવળ કારકીર્દિના યશભાગી વારસદાર તરીકે શેઠ શ્રી ઇચ્છુભાઇએ શહેરના જાહેરજીવનમાં જીવંન રસ લઇને પોતાની નાનીવયમાં અનેક જવાબદારીઓ ઉપાડી લીધી.

ઈન્ટર કોમર્સ સુધીનો જ અભ્યાસ પણ વ્યવહાર કુશળતાને લઇને ધંધામાં ઉત્તરોતર પ્રગતિ સાધતા રહ્યાં. શેઠ શ્રી ઇચ્છુભાઈ નાનપણથી જ ઐશ્વર્યની મૂર્તિસમા દેખાતા. વિદ્યાર્થી પ્રવૃત્તિમાં હમેશાં મોખરે રહેતા હતા. મહુવામાં સામાજિક કામોને વેગ આપવા યુવકસંઘની થયેલી સ્થાપનામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. દેશકાળને અનુરૂપ જ્યારે જ્યારે સામાજિક સેવાઓની જરૂર પડી છે ત્યારે ત્યારે તન–મન વિસારે મૂકી તેમણે કરેલી સેવાઓ ચિરઃ સ્મરણીય બની રહેશે.

લડાઇ, આપત્તિ કે મોંઘવારીના કપરા કાળ વખતે જીવન જરૂરીયાતની વસ્તુઓનું સસ્તા દરે વેચાણ કાર્ય કામ ઉપાડી લઇને ગરીબ લોકોના આશિર્વાદ મેળવ્યા છે આ કુટુંબે શોષણને સ્થાને સેવા અને પ્રાપ્તીના સ્થાને ત્યાગની ભાવનાને વિકસાવીને સમાજને શ્રેષ્ઠ અને ચિર સ્મરણીય દ્દષ્ટાંત દાખવેલ છે

શ્રીમંત પિતાના પુત્ર હોવા છતાં જીવન ઉપયોગી ઘણા શોખ પણ કેળવી શકયા. તરવું, ઘોડેસ્વારી, મોટર ડ્રાઇવીંગ, સ્કાઉટ, શુટીંગની તાલીમ, વ્યાપાર અને અન્ય રમતગમતની ઇત્તર પ્રવૃત્તિઓમાં હંમેશા મોખરેનું સ્થાન પામતા રહ્યાં. નાનીવયમાં જ આ બધી પ્રવૃત્તિઓએ તેમના જીવનને ઘડવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.

પ્રાથમિક અને માધ્યમિક કેળવણી મહુવામાં પૂરી કરી ઉચ્ચ શિક્ષણ મુંબઇમાં મેળવવાને સદ્દભાગી બન્યા. ઇન્ટરના અભ્યાસ વખતે જ માભોમના મુક્તિજંગના દર્શન થયાં. રાષ્ટ્રિય ચળવળમાં આમ કેટલોક સમય સુધી તેમણે મહત્વનો ભાગ ભજવ્યો.

સમય જતાં ધંધા તરફ ધ્યાન કેન્દ્રીત કર્યું. લાકડના વ્યાપારમાં પ્રગતિ કરતા રહ્યાં. મુંબઇના આ વસવાટ દરમ્યાન ટીંબર માર્કેટના સભાસદ બન્યા. અને તેના વિકાસમાં પણ મહત્ત્વનો ભાગ ભજવ્યો. પિતશ્રીની વૃદ્ધાવસ્થાને કારણે ૧૯૫૫માં મહુવામાં આગમન થયું

મહુવામાં મહુવા ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ તરીકે, મહુવા કેળવણી સહાયક સમાજના માનદ ખજાનચી તરીકે, મહુવા સાર્વજનિક નિરાશ્રીત ફંડના ટ્રસ્ટી તરીકે, મહુવા નાગરિક સહકારી બેન્કના ડાયરેકટર તરીકે, મહુવા તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘના પ્રમુખ તરીકે, પાકિસ્તાનની લડાઇ વખતે સંરક્ષણ સમિતિના ફંડ માટેના કન્વિનર તરીકે પણ પ્રશંસનિય કામ કર્યું છે.

પિતાશ્રીને પગલે ચાલનાર શ્રી ઇચ્છુભાઈની પિતાના અધૂરા રહેલા કામો પૂરા કરવાની તેમની સદ્દભાવના છે. રાજ્ય સરકારે જે. પી નો માનવંતો ઇલ્કાબ આપ્યો છે. અને તેમની સુયોગ્ય કદર કરી છે.

## મેર દામોદરદાસ ગોરધનદાસ

સૌરાષ્ટ્રમાં સોરઠ જીલ્લાના નાના ગામ તાલાળા ( ગીર )માં નાનપણમાં ફકત ચાર ગુજરાતી ચોપડીનો અભ્યાસ કર્યો. પિતાશ્રીની ચાલતી કાપડની દુકાને બેસી, ધંધામાં ખંત અને ઉત્સાહથી તે દુકાનમાં સારો એવો ધંધો વિકસાવી, નાનાભાઇને દુકાનનું કામ સોપી, બાપદાદાના વતન જેતપુર મુકામે સંવત ૨૦૦૪માં મિલ કાપડની હોલસેલની દુકાન શરૂ કરી. અને તેમાં સારો એવો અનુભવ મેળવી, સંવત ૨૦૧૦થી સ્ક્રીન પ્રીન્ટ સાડીના ધંધામાં ઝંપલાવી સારૂ એવું નામ કમાયા છે.

મિલનસાર સ્વભાવ અને દરેક ક્ષેત્રે એટલે કે ધાર્મિક, સામાજિક અને જ્ઞાતિહિતના દરેક નાના–મોટા કામમાં દરેક રીતે સહાય થવાની ભાવના કેળવીને ઘણીખરી સમાજિક અને જ્ઞાતિની સેવામાં પોતાથી બનતી સેવા આપી. અને નિરાભીમાની ભાવે. દરેક પ્રવૃત્તિમાં ભાગ લઇ લોક માનસ કેળવેલ છે. અને દરેક સંસ્થાઓમાં ઘણું સારૂં એવૂં સ્થાન ધરાવે છે.

# મીસ્ત્રી મોહનલાલ નારણદાસ

તેઓ હણોલના વતની છે. ઉદ્યોગમાં રસ હોવાથી તેઓ મોટા ક્ષેત્રમાં ઉદ્યોગ વિકસાવી શકાય તે હેતુથી તેઓ એ ટાઇ તેમને ઉદ્યોગનું સ્થાન બનાવ્યું

શરૂઆતથી નાના પાયા પરથી શરૂ કરેલ ઉદ્યોગ આજે તેમની મહેનત. ખંત અને સાહસવૃત્તિથી આજે તેમની દેખરેખ નીચે જયભવાની એન્જીનીયરીંગ એન્ડ ફાઉન્ડ્રી વર્કસ, ચામુંડા વિજય ફાઉન્ડ્રી વર્કસ, જયભવાની એન્જીનીયરીંગ સ્ટોર્સ, વિશ્વકર્મા મશીનરી સ્ટોર્સ, વિશ્વકર્મા એન્જીનીયરીંગ વર્કસ, અને હણોલ એન્જીનીયરીંગ વર્કસ, તદઉપરાંત બીજા ઉદ્યોગો છે. ટૂંકમાં આ બધા ઉદ્યોગોનો વિકાસ થયો હોય તો તે તેમની સાહસિકવૃત્તિને આભારી છે.

તેમની દૃષ્ટિ હમેશાં ભવિષ્ય તરફ રહેલી છે. એન્જીનીયરીંગ લાઇનમાં નવુ આયોજન, નવા વિચારો અને કાંઈ નવુ સંશોધન કરવાની જાગૃતિ હંમેશા રાખી રહ્યાં છે.

તેઓ શાંત. વિવેકી અને મળતાવડા સ્વભાવના છે. તેમને નહિવત અભ્યાસ હોવા છતાં તેમનું ટેકનીકલ જ્ઞાન વિશાળ છે.

વિશ્વકર્મા ઓઇલ એન્જીન, લાયનર પિસ્ટન અને ડાઇકાસ્ટીંગ કરેલા લુબ્રીકેટ જે વિખ્યાત થયેલા છે, તે તેમની શક્તિથી થયેલા છે.

જેટલો રસ તેઓ ધંધામાં લે છે, તેટલો જ રસ તેઓ સામાજિક કાર્યોમાં પણ તેટલા જ ઉત્સાહથી લે છે.

# શ્રી મોહનલાલ દેવચંદ પારેખ

કલા–સંસ્કૃતિ વ્યાપાર અને ધાર્મિક અને શૈક્ષણિક સંસ્થાઓમાં જેમણે વિશિષ્ટ ખ્યાતિ પ્રપ્ત કરી છે તેવા વિદ્યાવ્યાસંગી શ્રી મોહનલાલભાઇ પારેખના આખાએ કુટુંબ ઉપર સાહિત્ય અને સંસ્કારની ઉંડી અસર જોવામાં આવે છે.

મુંબઈમાં અગ્રણી દાનવીર તરીકેનું માનભર્યું બીરૂદ ભોગવનાર શ્રી મોહ લાલભાઈ અમરેલી જીલ્લાના ચરાલા ગામના વતની છે ઘણાવર્ષોથી ધંધાર્થે મુંબઈ જઈ વસ્યા છે. પાંચ અંગ્રેજી સુધીનો જ અભ્યાસ છતાં તેમનામાં વ્યાપાર અને સંસ્થા સંચાલનનો કુશળ વહીવટ, શ્રી અને સરસ્વતી પ્રવૃત્તિનો મંગળ સુમેળ એ અત્યંત વિરલ છે. જાહેરજીવનનો પણ બચપણથી શોખ. પાલીતાણા યશોવિજયજી જૈન ગુરૂકુળ સંસ્થાના ટ્રસ્ટી તરીકે ઘણી યશસ્વી સેવા આપી રહ્યાં છે, વતનનાં સાંસ્કૃતિક વિકાસમાં તેમનો ફાળો જરાય નાનોસુનો નથી. જૈન અને જૈનેત્તર સંસ્થાઓમાં આ કુટુંબે હંમેશા દાનનું ઝરણું વહેતુ રાખ્યું છે. મુંબઈ કે બહારની કોઈપણ કલા–શિક્ષણ પ્રવૃતિ એવી નહિ હોઇ કે જેમાં શ્રી મોહનલાલભાઇની સંગીત સહાય કે સહકાર ન સાંપડયો હોય.

સરળ અને નિખાલસ સ્વભાવ, જે તે વિષયનું તલસ્પર્શીય જ્ઞાન, સંસ્થાઓનું કુનેહભર્યું સંચાલન, ઉંડી સમજ અને યુગબળોનું સ્વપ્નદર્શન એમની અનેકવિધ પ્રવૃત્તિની સફળતા પૂરક અંગો છે.

વ્યાપાર વિષયક પ્રવૃતિઓની સાથે શિક્ષણ અને ધર્મને તેઓ વિસર્યા નથી. ઘણી જૈન સંસ્થાઓ એમના કુશળ અને સ્નેહભર્યા સંચાલનનો અમૂલો લાભ મળ્યો છે અને કાર્યની વધુ સંગીનતા લાવી છે તેમની કાર્યદક્ષતા, વ્યવસ્થાશકિત અને સેવાપરાયણતાએ સમાજની ચાહના અને પ્રશંસા મેળવ્યા છે. જીવદયા અને અહિંસાના હિમાયતી છે. જાહેરજીવનનું કોઇપણ નિમંત્રણ જે પાછુ ઠેલે નહિ એવા એ મહાનુભાવનું પ્રતાપી વ્યક્તિત્વ આપણા સૌને માટે ગૌરવ લેવા જેવુ છે.

# મરચન્ટ જાફરઅલી ફાજલભાઈ

સૌરાષ્ટ્રના કાશ્મીર ગણાતા મહુવામાં તેમનો જન્મ થયો જરૂરીયાત પૂરતી કેળવણી મેળવી નાની ઉંમરમાંથીજ ધંધાકીય ક્ષેત્રે ઝંપલાવ્યુ. ઓઈલ મીલના ધંધામાં ઘણા વર્ષોથી પોતાની આપસુઝથી આગળ આવી ધંધાને સ્થિર કર્યો છે ૨૬–૬–૬૬ના રોજ તેમનો સ્વર્ગવાસ થયો પણ તેમના જીવન કાળ દરમ્યાન સામાજિક સેવા પણ ભુલ્યા નથી મહુવાની નાની મોટી સામાજિક સંસ્થાઓને અને જ્ઞાતિના બાળકોની કેળવણીમાં પ્રસંગોપાત આર્થિક સહાય આપીને એક સુંદર યાદ મૂકતા ગયા છે. તેમના પુત્રો ઘણાજ પ્રેમી, માનવતાવાદી છે.

# શ્રી જમનાદાસ નાનચંદ મહેતા

ભાવનગર. શ્રી જમનાદાસભાઈનું બાળપણ કુંગરમાં વીયું. વારસાગત ધંધામાં ખોટ આવતાં ધંધો બંધ કરવો પડયો જોકે પાછળથી તે બધી રકમ ચૂકવી આપી અણીશુદ્ધ પ્રમાણિકતાનું દષ્ટાંત પૂરું પાડયું છે.

ભાવનગર આવીને પ્રથમ કોન્ટ્રાકટરનું કામ પસંદ કર્યું. આ કામની શરૂઆત ફક્ત પાંચસો રુપિયાથી જ કરેલી. આજે લાખો રૂા.નુ કામ તેમની પેઢી કરે છે. માણસ બુદ્ધિના ફાંટા પડવા દીધા વિના જો એકનિષ્ઠાથી કામ કર્યે જાય તો સિદ્ધિ અને સફળતા સાંપડે છે તેનું આ જવલંત ઉદાહરણ છે.

કચ્છમાં ગાંધીધામનું, ભેગાવા ડેમનું ભાલ પ્રદેશનું ખોડીયાર ડેમનું ધારીનું કામ વગેરે તેમના હસ્તકના કામો છે આજે લક્ષ્મીદેવીની પૂરેપૂરી કૃપા હોવા છતાં તેમનું જીવન અત્યંત સાદુ, નિરાભિમાની અને નમ્રતાભરેલું છે ત્રીશેક વર્ષથી ભાવનગરમાં વસવાટ કરવા છતાં વતન–કુંગર–ને સતત યાદ કરે છે અને બધી જરૂરિયાત પૂરી પાડે છે કુંગરમાં કન્યાશાળાનું મકાન, દવાખાનું બાળમંદીર, પ્રસુતિગૃહ વગેરે તેમની સખાવતોથી ઉભા થયા આ ઉપરાંત કુંગર હાઇસ્કૂલ માટે ચાળીશહજારનુ દાન આપ્યું આ ઉપરાંત જ્ઞાતિ બોર્ડિંગ, વણિક ભોજનાલય, શ્રીમાળી બ્રાહ્મણ વાડીને પણ સારી સખાવતો કરી આ ઉપરાંત ગરીબ બાળકોના પુસ્તકો, ફી તથા ગરીબ દર્દીઓને દવા ઇન્જેક્શન, દૂધની મદદ તો આજે વર્ષોથી ચાલુ જ છે. કુંગરમાં છાત્રાલય માટે તથા કન્યાશાળાના મકાન વિસ્તાર માટે તથા ખાભામાં હાઇસ્કૂલ માટે કુ રૂા. સાઠ હજારની માતબર રકમ આપી તેમનો આ દાનનો પ્રવાહ બે લાખ રૂા. સુધી પહોંચ્યો છે, ભાવનગરમાં તેઓએ સસ્તું ભોજનાલય શરૂ કરેલ છે. તેમાં ફક્ત રૂા. અઢારમાં બે ટંક ભોજન પૂરું પાડતી કાયમી ભોજનશાળા ખોલી છે. આ ઉપરાંત બીજા અનેક વિદ્યાર્થી અને લોકોપયોગી કાર્યો આજે પણ તેઓના ચાલુ જ છે.

સંપૂર્ણ વૈભવની સગવડતા હોવા છતાં સંપુર્ણ સાદગીભર્યું, નિરાભીમાની અને નમ્ર જીવન જીવનાર, જીંદગીમાં મહેનત અને

બુદ્ધિના સુમેળનું પરિણામ દર્શાવનાર, અત્યંત પ્રભુભક્તિમય અને પ્રમાણિક જીવન વ્યતિત કરનાર આ સદ્ગૃહસ્થે છેલ્લા ચારેક વર્ષથી ધંધાનો ભાર પુત્રને સોંપી વાનપ્રસ્થ જીવન સ્વીકારી લીધેલ છે.

## પટેલ કાન્તિભાઈ ડાહ્યાભાઈ

ભાવનગરમાં કૃષ્ણ–કો–ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીના પ્રમુખ અને ભાવનગર મોટર–ગુડઝ એસોસીએશનના પ્રમુખ તરીકે જાણીતા થયેલા શ્રી કાન્તિભાઈ પટેલે કપરા સંજોગોમાં ટ્રાન્સપોર્ટના ધંધામાં ઝંપલાવ્યું. પ્રબળ પુરૂષાર્થથી ટૂંકા સમયમાં ગુજરાતભરમાં પોતાની ટ્રાન્સપોર્ટ કાં.ની દશેક જેટલી બ્રાન્ચો શરૂ કરાવી અને જેઓ પોતે બધી ઓફિસોનું સફળ સંચાલન કરી રહ્યાં છે. બહોળો સ્ટાફ ધરાવે છે. ભૂતકાળમાં વડોદરા સ્ટેટ ડાયર્સ એન્ડ પ્રિન્ટર્સ ફેડરેશન વડોદરાના મંત્રીપદે કામ કર્યું છે.

પોતાની ઉંડી હૈયાઉકલત અને પ્રમાણિકતાથી ધંધાને સારી રીતે વિકસાવ્યો. ધંધાની ફરજો ઉપરાંત કેટલીક સામાજિક સંસ્થાઓ સાથે સંકળાઇને તન–મન–ધનથી સેવા આપી રહ્યાં છે. ભાવનગરના અગ્રણી વ્યાપારી તરીકે તેમનુ સારૂ એવું માન છે.

## શ્રી નારણભાઈ દેવરાજભાઈ

બીજું વિશ્વયુદ્ધ શરૂ થતાં જર્મન વેઈંગ મશીન બંધ થતાં ઉદ્યોગપતિઓ મુંઝાયા. તે વખતે નાના કારીગરોમાં પ્રખ્યાત શ્રી ભીમજી દેવરાજ અને નારણભાઈ દેવરાજનું ધ્યાન દોરવામાં આવ્યું. તે બન્ને કારીગર ભાઇઓએ બુદ્ધિ કસી અને પ્રયોગો કર્યા, સફળ થયાં. ભારતભરમાં સૌ પ્રથમ કાઉન્ટર વેઈંગ મશીન બનાવી કસોટીમાંથી પાર ઉતર્યા. આજે એ કાંટાની લોકપ્રિયતા અને પ્રખ્યાતીને લઈ કામનો ધસારો અને ઉપાડ રહે છે. ઓર્ડરોને પણ મુશ્કેલથી પહોંચી વળાય છે. આવા નાના કારીગરોને સરકાર પ્રોત્સાહન આપે તો ઘણી મોટી સિદ્ધિ હાંસલ કરી શકે તેવી શક્તિ આ કારીગર ભાઇઓમાં પડી છે.

## થાનકી મુળજીભાઇ જીવનભાઇ

જેમણે પોતાનું જીવન વ્રત, તપ નિયમ અને તપશ્ચર્યાથી ઓપાવ્યું છે, જેમણે પોતાની ધંધાદારી પ્રવૃતીઓ સાથે આત્મકલ્યાણના માર્ગો પણ લીધા છે એવા નિરાભિમાની, નમ્ર ધર્મનિષ્ઠ શ્રી મુળજીભાઇ છાયા–પોરબંદરના વતની છે. ચાર ગુજરાતી સુધીનો અભ્યાસ. પોતાના જીવનની શરૂઆત પી. ડબલ્યુ ડી. માં ડ્રાફટમેનની નોકરીથી કરી–ત્યારબાદ મીનરલ્સના ધંધામાં પડયા અને તેમની આગવી સુઝને કારણે તેમાં ઉત્તરોત્તર પ્રગતિ થતી રહી–પોતાના કામગરા સ્વભાવથી મીનરલ્સના ધંધાનો સંપૂર્ણ અનુભવ મેળવી લીધો. ખંતીલા અને પ્રેમાળ સ્વભાવથી વેપારી વર્ગના માનીતા થઇ પડયા. વફાદારી અને પ્રમાણીકતાના મહત્વના ગુણોથી "સૌર ષ્ટ્ર મીનરલ્સ" ના નામે શરૂ કરેલી પેઢીની પ્રસિદ્ધિ પણ વધી સ્નેહિઓ અને શુભેચ્છકોની હુંફ પણ મળતી રહી.

સમાજસેવામાં પણ શરૂઆતથી આગળપડતો ભાગ લેતા આવ્યા છે. બ્રાહ્મણબોર્ડિંગના ચેરમેન હતા. વિદ્યાર્થીઓને પુસ્તકો વિનોદેની મદદ દર્દીઓને દવા-ઇંજેકશન માટેની સહાય, સાર્વજનિક સંસ્થાઓને આર્થિક હુફઅને નાનામોટા ફંડફાળામાં તેમનું હોવાજ. ગુપ્તદાનમાં વિશેષ માનનારા છે. છાયા સેવાસમાજના ચેરમેન તરીકે, પોરબંદર આમર્ન એન્ડ હાર્ડવેર એસોસીએશનના પ્રમુખ તરીકે સૌરાષ્ટ્ર મીનરલ્સ પ્રા. લી ના મેનેજીંગ ડીરેકટર તરખું, વિગેરેમાં તેમની તેમની સેવા શકિત જાણીતા છે. ઘણાજ પરોપકારી અને ઉદાર સ્વભાવના છે નિર્મંવૃતિવાળ પ્રભુપરાયણ જીવન જીવીરહયાં છે.

## મહેતા જયંતિલાલ કેશવલાલ

સિહોર તેમની જન્મભૂમિ, મોઢવણીક જ્ઞાતિના ખાનદાન કુટુંબમાં તેમનો ઉછેર થયો, મેટ્રીક સુધીનો અભ્યાસ પણ પિતાશ્રીની નાદુરસ્ત તબીયતને કારણે પિતાશ્રીના તમાકુના ધંધામાં જોડાયાં. સિહોરના અગ્રણીઓમાં જેમની ગણના થતી હતી તે શ્રી કેશવજીભાઇ પ સેથી સેવાના સંસ્કાર અને દાનવૃત્તિ વારસામાં શ્રી જયંતિભાઇને મળ્યાં પિતાને આયુર્વેદ પદ્ધતિના વૈદકનો શોખ ખરો એટલે સમાજના નીચલા થરના જરૂરતવાળા કુટુંબોને કેશવજીભાઈ વિનામૂલ્યે દવાઓ આપતા. એ ઉજ્વળ પગદંડી ઉપર આજેપણ પોતાની વૃદ્ધ ઉંમરે પણ શ્રી જયંતિભાઈ ઘરગથ્થુ દવાઓ બનાવરાવી જરૂરતવાળાઓને વિનામૂલ્યે આપી રહ્યાં છે.

સિહોરની જનતાએ તેમને નગરશેઠનું માનવંતુ બીરૂદ આપેલ છે. ઉપરાંત સિહોર સમગ્ર મહાજનના પ્રમુખસ્થાનને પણ દીપાવે છે. રાષ્ટ્રના સન્માનનીય નેતાવર્ગ સ થેનો તેમનો નિકટતાનો સંબંધ સિહોરના અનેકવિધ પ્રશ્નોનાં ઉકેલમાં ઘણો ઉપયોગી નિવડે છે. ગુજરાત રાજ્યના સ્વ. મુખ્ય મંત્રીશ્રી બળવંતરાય મહેતાના કુટુંબ સાથે તેમના કુટુંબને ઘણો જ જૂનો સંબંધ હતો.

૧૯૨૦માં ગાંધીજીએ વિદેશી માલના બહિષ્કારનો બુંગીયો ફુંકયો, એ આદેશને શ્રી જયંતિભાઇએ ઝીલી લીધો, ખાદી અપનાવી, પૂ. બાપુના વિચારો અને સિદ્ધાંતોના ભક્ત બની ગયા કાઠિયાવાડમાં સૌ પ્રથમ સિહોરમાં કોંગ્રેસ સમિતિની સ્થાપના કરી. જયંતિભાઇ આ સમિતિના મંત્રી બન્યા, ત્યારથી તેમની જાહેરજીવનની શરૂઆત થઇ.

શ્રી મંગળદાસ ત્રીભોવનદાસ મહેતા તેમજ મુંબઇમાં વસતા સિહોરના અન્ય ભાઇઓનો સંપર્ક સાધી સિહોરમાં સેવક મંડળની સ્થાપના કરી તે સંસ્થા દ્વારા માંદાઓને માવજતના સાધનો અને પશુઓને ઘાસચારો આપવાનું શરૂ કરાવ્યું.

રાજ્યના કાર્યદક્ષ અધિકારીઓના સંપર્કમાં આવ્યા, રાજ્યકુટુંબના ઘનિષ્ટ સબંધમાં પણ વર્ષો સુધી રાજ્ય અને પ્રજા વચ્ચે સેતુ બની બન્નેના શ્રેય અને પ્રેયના પથદર્શક અને માર્ગદર્શક બની રહ્યાં. જૂનાભાવનગર રાજ્ય સાથેના સબંધો ઘણા જ સારા હતા. મહુંમ મહારાજા સાહેબ સર કૃષ્ણકુમારસિંહજી તેઓનું માન સાચવતા અને સલાહ લેતા. રાજ્યમાં તેમનું ભારે મોટુ વજન પડતુ અને એ મોભો આજે પણ જળવાઈ રહ્યો છે. સ્વ. મહારાજા જ્યારે જ્યારે સિહોર પધારતા ત્યારે તેઓને મળતા અને પ્રજાના સુખ દુઃખની ચર્ચા કરતા.

અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ કે દુષ્કાળના ઓળાઓ જ્યારે જ્યારે આ ભૂમિ ઉપર ઉતરી આવ્યાં ત્યારે ત્યારે પોતે તેમજ અન્ય દાતાઓ પાસેથી તેમજ જૂના રાજ્ય પાસેથી સારી રકમ મેળવી માનવ

તેમજ પશુસેવાનું કાર્ય કરવાનું ભૂલ્યા નથી. હજુ પણ પોતાની ફરજ સમજી નિષ્કામ સેવા કરી રહ્યાં છે.

ભાવનગર રાજ્યના અમલ દરમ્યાન, કરવેરાની લડત દરમ્યાન સિહોરમાં ચેમ્બર ઓફ કોમર્સની સ્થાપના કરી. પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી સારૂ એવું કામ કર્યું.

૧૯૩૦માં સિહોર મ્યુનિસિપાલીટીમાં જોડાયા. પ્રમુખ તરીકેની જવાબદારી સંભાળી. ઘણા વર્ષો સુધી કામ કર્યું. તે દરમ્યાન ગટર યોજનાની ગ્રાન્ટ મંજુર કરાવી, અધૂરી પાઇપ લાઈન પૂરી કરાવી, વોશીંગઘાટ બંધાવ્યા, સ્ટેટનો ઉતારો વિગેરે મકાનો મ્યુનિસિપાલીટી હસ્તક કરાવ્યા.

સિહોર તાલુકા કોંગ્રેસના પ્રમુખ તરીકે રહીને તાલુકાની મુશ્કેલ સમસ્યાઓનો શકય તેટલો ઉકેલ લાવવા પ્રયાસો કર્યા. સિહોરમાં નાના બાળકોમાં સારા સંસ્કારનું સિંચન કરવા સિહોર મ્યુનિસિપાલીટીને રૂા. ૧૨૦૦૧ અર્પણ કરી તેમના પિતાશ્રીના નામે "કેશવલાલ" પિતામ્બરદાસ મહેતા બાળમંદિર' બંધાવ્યું. તેમના માતુશ્રી મોંઘીબાના સ્મરણાર્થે રૂા. ૫૦૦૧ આપી સોનગઢ ગુરૂકુલમાં વિજ્ઞાનહોલ બંધાવી આપ્યો. જીથરી હોસ્પીટલમાં પણ હોલ બંધાવ્યાં.

સિહોરમાં શ્રી જે. કે. મહેતા પબ્લિક ચેરીટેબલ ટ્રસ્ટની સ્થાપના કરી તેમાંથી સિહોરમાં અભ્યાસ કરતા ગરીબ કુટુંબના વિદ્યાર્થીઓને પાઠય પુસ્તકો આપવાનું શરૂ કર્યું.

પોતાના સ્વ. પત્નીની યાદરૂપે જીવકોરબાઈ જયંતિલાલ મહેતા વિવિધલક્ષી ગર્લ્સ હાઈસ્કુલ બાંધવા માટે સિહોર એજ્યુકેશન સોસાયટીને રૂા. ૭૫૦૦૧ અર્પણ કર્યા. અન્ય દાતાઓ ' ાંથી પણ તેઓ સિહોરને બીજી ઘણી સારી સખાવતો અપાવી શકયા છે.

ખોડીયાર પોટરી વકર્સના ડાયરેકટર તરીકે, સિહોર ઇલેકટ્રીસીટી બોડના ચેરમેન તરીકે, સિહોર એજ્યુકેશન સોસાયટીના પ્રમુખ તરીકે તેમજ બીજી અનેક સંસ્થાઓના ટ્રસ્ટી તેમજ સલાહકાર તરીકે અનેક વિધ સેવાઓ આપી રહ્યાં છે સિહોર નાગરીક સહકારી બેન્કમાં એક વર્ષ સુધી ચેરમેન તરીકે રહીને બેન્કને સુવ્યવસ્થા અંગે શકય સેવા આપી. પૂ. પિતાશ્રી તરફથી મળેલ દાન અને સેવાના સંસ્કારનું સિંચન તેઓએ તેમના પુત્રોમાં અને પૌત્રોમાં પણ રેડ્યું છે.

## શેઠ નરોત્તમ નાથાભાઇ

મહુવાની જૂની પેઢીના ગૌરવસમા અને જૂના જમાનાના જાહેરજીવનના જાણીતા અગ્રણી તરીકે શેઠશ્રી નાથાભાઈ જીવણદાસ શેઠને મૂકી શકાય. શ્રી નાથાભાઇ શેઠ એ વ્યક્તિ નહિ, પણ સંસ્થા ગણાતા એ પ્રકારની તેમની પ્રતિષ્ઠા અને પ્રતિભા ગણાતા.

શ્રી નાથાભાઇના જીવનની કારકીર્દિ માસિક રૂા. ૩ ના પગારની નોકરીથી થયેલી. શેઠ મનજી નથુભાઇની કું. સાથે આખર સુધી રહીને બારસો માણસના સ્ટાફનું નેતૃત્વ સંભાળેલ, રૂનો મોટો ઉદ્યોગ જીનના વિશાળ કારખાના, બર્માશેલની પેટ્રોલીયમ પ્રોડકટસ, રાલી બ્રધર્સ વિગેરે કું નું કામ કરતા હતા. જીવનભર નોકરી કર્યા છતાં શેઠ તરીકે નામના મેળવી પોતાની લાયકાત અને ખાનદાનીના પ્રભાવે આ જાતની શ્રેષ્ઠતા તેમણે સાબીત કરી.

આવા પિતાને ત્યાં શ્રી નરોતમભાઇનો સને ૧૮૯૫માં જન્મ થયો. ઉપર જણાવેલ કૌટુંબિક વાતાવરણની પૂર્વભૂમિકાએ તેમના બચપણને ઘાટઘૂટ આપ્યા. માધ્યમિક શિક્ષણની મર્યાદામાં તેમની વિદ્યાર્થીઅવસ્થા સમાપ્ત થઇ. શેઠ મનજી નથુભાઇની પેઢી સાથે પોતાના કુટુંબનો ઘીંગો અને આત્મીયતાભર્યો સબંધ એટલે તેમણે પણ પોતાની સેવાઓ એ કમ્પનીને સમર્પિત કરી. પિતાશ્રીની ગેરહાજરીમાં કમ્પનીના વહીવટને પોતે કુનેહ અને કુશળતા પૂર્વક સંભાળ્યો અને પોતાની કાયદક્ષતાની સુવાસથી એ સ્થાનને શોભાવ્યું શેઠશ્રી નરોતમભાઇએ મહુવાના જાહેરજીવનમાં બહુ જ મોટો કિંમતી ફાળો આપ્યો છે મહુવાની કોઈપણ જાહેર સંસ્થા એવી નથી કે જેમાં શ્રી નરોતમભાઇની સક્રિય સેવાઓની કાયમી સ્મૃતિ ન પડી હોય.

મહાજનના આદરણીય મહાનુભાવ તરીકે, મ્યુનિસિપાલના ઉપપ્રમુખ તરીકે, ગૌશાળાના ટ્રસ્ટી તરીકે, બાલમંદિરના આદ્યસ્થાપક તરીકે, સાર્વજનિક નિરાશ્રીત ફંડના વ્યવસ્થાપક તરીકે, શ્રી મહુવા કેળવણી સહાયક સમાજના ઉપાધ્યક્ષ તરીકે વિ. જવાબદારી ભર્યા સ્થાન ઉપર રહીને તેમણે પોતાની લાક્ષણિક ભાત પાડતી સેવાઓ આપી અને સૌની માનભરી લાગણીના અધિકારી બન્યા હતા. કોઇપણ કોમ કે જાતમાં કૌટુંબિક પ્રશ્ન ઉભો થાય કે સામાજિક વિટંબણા જાગે તો તેના નિવારણ માટે શ્રી નરોતમભાઈ તરફ લોકોની નજર પડે અને તેમની નિષ્પક્ષ તથા ન્યાયપૂરસરની દોરવણી નીચે એ આંટીઘૂટીનું સમાધાન થઇ જાય.

રાષ્ટ્રિય આઝાદી પછીના રાજકીય હવામાનમાં એક એવો ગાળો પસાર થયો કે જ્યારે વિચારોની ભૂમિકા પર જૂની પેઢી અને નવી પેઢી વચ્ચે ઘર્ષણ નહિ તો અંતર ઉભુ થતુ હોય આવા પ્રસંગોએ પણ શેઠ શ્રી નરોતમભાઈ એક એવા વ્યક્તિ હતા જેમણે બન્ને પ્રવાહોને સમતુલા પૂર્વક સાંકળી લઇને ઠરેલ બુદ્ધિની વિચારશીલતા સાથે ઉત્સાહ અને તેમના આવેગને સંલગ્ન કરી પોતે સુવર્ણ કડીરૂપે એવા પ્રસંગોનું ભારણ સંભાળી લેતા અને જાહેરહિતના કાર્યો સફળતા પૂર્વક પાર પાડતા. તેમની ગેરહાજરીએ મહુવાના નાના–મોટા સૌને આંચકો આપ્યો, તેમના સૌજન્ય, સાદાઈ, સરળતા, ઉદારતા અને સમાધાનપ્રિયતા શહેરના જાહેરજીવનમાં કાયમી છાપ મૂકી ગયા છે. અને ઉગતી પેઢીને માટે એક જીવંત આદર્શ રજૂ કરી ગયેલ છે.

તેમનામાં લક્ષ્મી અને સરસ્વતીનો સુભગ મેળ હતો, શ્રદ્ધા અને બુદ્ધિનો સમન્વય હતો, ભોગ અને ત્યાગનો તેમનામાં સુમેળ હતો છતાં તેમનું આભૂષણ ગણીએ તો એમનામાં સાદગી સેવાભાવ અને ભક્તિનો ત્રિવેણી સંગમ જોવા મળ્યો. ધંધામાં બે પૈસા કમાયા છતાં લક્ષ્મીની મદભરી છાંટનો સ્પર્શ પણ થયો નહિ. સ્વ. શ્રી નરોતમભાઇ ખરે જ ગુજરાતની ગૌરવશાળી વ્યક્તિ હતા.

## શાહ ભોગીલાલ ચુનીલાલ

ગુજરાત સરકારથી ઓનરરી સેકન્ડ કલાસ મેજિસ્ટ્રેટનો ખિતાબ એનાયત કરવામાં આવેલ છે. સાંઠબાની હોસ્પીટલ, કોલેજ વિગેરેમાં તેમનું માર્ગદર્શન મળતુ રહ્યું છે. સાઠંબાના સર્વાંગીણ વિકાસમાં તેમનો તથા તેમની પેઢીનો ફાળો મહત્વનો છે. સાઠંબા-

હાઇસ્કુલ, બાલમંદિર, લાયન્સ કલબ, વ્યાપારી મંડળ, સાઠંબા પીપલ્સ કો–ઓ. બેન્ક તથા અન્ય ગ્રામોપયોગી પ્રવૃત્તિઓમાં આપનો ફાળો હમેશાં નોંધપાત્ર રહ્યો છે. રૂ ઉત્પાદકના ધંધા ઉપરાંત અન્ય ઔધોગિક એકમોમાં રસ લ્યે છે. નાનચંદ હીરાચંદ શાહ કોટન મરચંન્ટને નામે વ્યપાર કરે છે. તેમની તેજસ્વી પ્રતિભાની આભાથી સાઠંબા હમેશાં પ્રગતિશીલ રહ્યું છે. સાઠંબાના વિકાસમાં તેમનો તથા તેમની પેઢીનો ફાળો ચિરસ્મરણીય છે. પરમ કૃપાળુ પરમાત્મા સાઠંબાની તથા આજુબાજુના વિસ્તારની સેવાર્થે તેમને દીર્ઘ અને તંદુરસ્તી પૂર્ણ આયુષ્ય બક્ષે તેવી અભ્યર્થના.

## શ્રી બાબુભાઈ શાહ [ એરોવાલા ]

મહારાષ્ટ્ર સરકારે ' એરો 'ના માલીક શ્રી બાબુભાઇ શાહને જે. પી. ( Justice of peace )નો ઈલકાબ એનાયત કરીને તેઓશ્રીનું બહુમાન કર્યું છે.

શ્રી બાબુભાઇ શાહ ' એરો સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝ 'ના માલીક છે અને આ સંસ્થા તેઓશ્રીએ સ્વબળે ઉભી કરીને આજે ભારતભરમાં તેમજ આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. મુંબઇ–અમદાવાદ અને વડોદરામાં ઓફીસો શો રૂમો ધરાવવા ઉપરાંત ભારતભરમાં ૩૦૦૦થી ઉપરાંત સ્ટોકીસ્ટો છે અને ટુંક સમયમાં જ વિદેશી કોલેબોરેશનમાં ફેરેનમાં તેની શાખાઓ ખોલીને નિકાસ વેપાર વિકસાવવાની યોજનાઓ હાથ ધરી રહ્યા છે.

' સોફા–કમ–બેડ 'ના પાયોનીઅર ઉપરાંત ' એરો ' એ સ્ટીલ ફર્નીચરમાં ક્રાંતિકારી ફેરફારો કર્યા છે અને તેમની છેલ્લી શોધ નવી જ પ્રકારનું કબાટ–કમ–ડ્રેસીંગ રૂમ અને છેલ્લી ઢબની રીવોલ્વીંગ ચેર છે.

શ્રી બાબુભાઇએ માત્ર ધંધાદારી સફળતા જ પ્રાપ્ત કરી છે એટલુંજ નહી પરંતુ તેઓ ધાર્મીક પ્રવૃત્તિમાં ખૂબ ઉંડો રસ લઈ રહ્યા છે અને જૈનસમાજમાં એક આગવું સ્થાન ધરાવે છે. તેઓશ્રી એક શ્રેષ્ઠ સામાજીક કાર્યકર પણ છે. બાબુભાઇની સમાજસેવા રાષ્ટ્ર માટેની જવાબદારી તથા મધ્યમ વર્ગ અને આર્થિક સ્થિતિથી કંટાળેલા ભાઇ બહેનો માટે જ્યાં જરૂર હશે ત્યાં વીના સંકોચે પોતે સેવા આપશે. છેલ્લા ૩ વર્ષથી તે રાજકારણ અને મુંબઇની કોર્પોરેશન તથા દર વર્ષે વિદ્યાર્થીઓને ઉત્તેજન આપે છે તેમને એક જ શોક છે કે આ માન જોવા ધર્મપત્ની પોતાની સુવાસ ફેલાવી અકાળ અવસાન પામેલ તેનુંજ તેમને આવા પ્રસંગે વધુ–વધુ દુઃખ લાગે તે સ્વાભાવિક છે. બાકી જૈન સમાજમાં તેમને કોઈ ન ઓળખતું હોય તેવું કોઇ ભાગ્યે જ હશે. અમદાવાદ–બરોડા તથા મુંબઇમાં શાખાઓ તથા ફેકટરીઓ છે. પરદેશમાં પણ જઇ જીમ્બર પ્રચાર અને કળા બતાવી પરદેશી હુંડિયામણ ભારત સરકારને સહાયરૂપ થશે પોતાનું જીવન છેલ્લા ૬ વર્ષથી વાર્મિક સામાજિક અને 'Humanity is the Best Charity' માને છે. તેમનો ઉત્સહ અને બધું જ નવીનતાથી ભરપૂર દર વર્ષે કરતાં જ હોય છે. મધ્યમ વર્ગથી જ હમેશા શરૂઆત કરે છે. પ્રથમ જગ્યાની તંગી અંગે સોફા-કમબેડ બનાવ્યા ઉપરાંત હમણાં જ કબાટમાંથી સુંદર ડ્રેસીંગ રૂમવાળુ કબાટ તથા હાથકડી કરાવતું કબાટ મૂકીને દરેકના આશીર્વાદ મેળવે છે. ઉપરાંત કોંગ્રેસ અધિવેશન માટે કાયમી રાષ્ટ્રને ઉપયોગી એવા મહાન નેતાઓ માટે મફત સેવા ભાવનગરના ૬૬મા અધિવેશનથી આજસુધી ઓફર ઉભી છે. મુંબઇમાં દરેક વર્ગ સાથે સંકળાયેલ છે.

## શાહ નાનચંદ તારાચંદ

જૈન શાસન પ્રત્યેની અવિચલ શ્રદ્ધા, દેવદર્શન, પૂજા અને દાનધર્મના પરમ ઉપાસક, ઔદ્યોગિક સંસ્થાઓના અધિષ્ઠાતા અને સામાજિક પ્રવૃત્તિઓના પ્રાણ સમા શ્રી નાનચંદભાઇને ભાવનગરના એક સંસ્કારી પરીવારમાં જન્મ થયો ઘણા વર્ષોથી ધંધાર્થે મુંબઈ વસવાટ કરે છે. મુંબઇમાં ભાતબજારમાં સૌભાગ્યચંદ કું. નું સફળ સંચાલન કરી રહ્યાં છે, એટલું જ નહિ પણ જૈન બાળકોમાં ધાર્મિક શિક્ષણ દ્વારા ધર્મશ્રદ્ધાના અને ધાર્મિક આચારવિચારની પ્રવૃતિઓને વ્યવસ્થિત રીતે ચલાવવામાં ધાર્મિક સંસ્થાઓને યથાશક્તિ આર્થિક મદદ કરતાં રહ્યાં છે લક્ષ્મીનો બહુજન સમાજના હિત માટે સદુપયોગકરવાની મંગળ મનોકામના કરનાર શ્રી નાનચંદભાઈ અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.

ઓલ ઈન્ડીયા ચેમ્બર ઓફ કોમર્સના સભ્ય તરીકે, સૌભાગ્યચંદ એન્ડ કું. ના પાર્ટનર તરીકે, કોહીનુર કેટલ ફુડ ઇન્ડસ્ટ્રીઝના ડાયરેકટર તરીકે. એલ્યુમીનીયમ ઇન્ડસ્ટ્રીઝના ડાયરેકટર તરીકે, બોમ્બે ફ્લોર મરચન્ટ એસોસીએશનના પ્રેસીડેન્ટ તરીકે, ઘોઘારી જૈન મિત્રમંડળના સેક્રેટરી તરીકે, બોમ્બે ગ્રેઈન ડીલર્સ એસોસીએશનના સભ્ય તરીકે, એમ અનેક સંસ્થાઓમાં તેમની સેવાની સુવાસ પ્રસરેલી છે.

તેમનું જવન અત્યંત નિર્મળ, નિષ્પાપ, નિયમિત અને નિરાભીમાની છે. પુરૂષાર્થ અને પરિશ્રમથી મેળવેલી સંપત્તિનો હૃદયપૂર્વક હમેશાં સદુઉપયોગ કરતા રહ્યા છે. જ્ઞાતિની નોંધનીય સેવા કરી રહ્યાં છે. અને આ સેવાભાવનાનો ઉત્તરોત્તર વિકાસ થાય તેવી ઉંડી ભાવના સેવી રહ્યાં છે. ધંધાર્થે ઘણુ ફર્યા છે તીર્થધામોની યાત્રાઓ પણ કરી છે. સાહિત્યક અને સાંસ્કૃતિક પ્રવૃતિઓને મોકળે મને હમેશાં મદદ કરી છે. વતનને પણ ભૂલ્યા નથી. નાનામોટા ફંડફાળામાં તેમની સેવાશક્તિનો લાભ મળતો જ રહ્યો છે.

## શ્રી નારણદાસ કમળશી લાખાણી

સૌરાષ્ટ્રના રૂ ઉદ્યોગના જાણીતા ઉદ્યોગપતિ શ્રી નારણદાસભાઇનો જન્મ જુનાગઢ સ્ટેટના કોયાણા ગામમાં સં ૧૯૬૩ના પોષ સુદ ૮ના રોજ થયો હતો. સં. ૧૯૯૭માં પોરબંદરમાં કમીશન એજન્ટની પેઢી શરૂ કરી હતી. સાહસિક અને આગવી વ્યાપારી કુનેહ ધરાવતા નારણદાસભાઇએ સ્વપ્રતિભા અને પ્રયત્નોથી વેપારી આલમમાં પોતાનું આગવું અને વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

રૂ, કાલા, કપાસ, માંડવી વગેરેના વેપારને તેઓએ પોતાનુ કાર્યક્ષેત્ર બનાવ્યું હતું અને સતત પુરૂષાર્થના પરિણામ રૂપે આ ધંધાને વિકાસ અને વેગ આપ્યો હતો. સૌરાષ્ટ્રનું એકમ થયા પહેલા રૂની ત્રણ હજાર ગાંસડીના ઉત્પાદનને આંક વધીને પંચાવન હજાર જેટલો પહોંચ્યો તેમાં નારણદાસભાઈનું પ્રદાન મોખરાનું રહ્યું હતું.

હિમ્મત, મક્કમ નિર્ધાર અને મુશ્કેલ પરિસ્થિતિ વચ્ચેથી માર્ગ કાઢી સફળતા પ્રાપ્ત કરવાની તેમની આંતરસૂઝ પ્રશંસાપાત્ર હતી.

સદ્દગત એક માત્ર વેપારી જ નહીં, પણ ધર્મપ્રેમી અને નિખાલસ દિલના સત્યપ્રેમી માનવી હતા. તેમનું શુભદાન અનેકોને પ્રેરણા પુરી પાડે એવું રહ્યું હતું.

મે માસની ૩૦ મી ને ભીમ અગીયારસના પુનિત દિને બપોરના બાર વાગે વહિવટની સંભાળ પ્રભુદાસભાઇને સોંપી હૃદયની બિમારીથી અવસાન પામ્યા છે. તેઓ તેમની પાછળ ચ.ર પુત્રો અને ત્રણ પુત્રીઓ મુકી ગયા છે.

## શ્રી મોહનભાઈ રામજીભાઈ

પુત્રના લક્ષણ પારણામાંથી પરખાય એ રીતે શ્રી મોહનભાઈની તેજસ્વીતાના દર્શન બચપણથી થતા રહ્યા છે.

પાલીતાણાના વતની અને માત્ર ગુજરાતીનો અભ્યાસ પણ પોતાની હૈયા ઉકલતથી વ્યાપારીક્ષેત્રે આગળ વધ્યા છે.

તેમનો જન્મ સંવત ૧૯૪૪ ના કાર્તિક શુદ ૨ ભાઈબીજના તહેવારના મંગળમય દિવસે રામજીભાઈ કપાસીને ત્યાં થયો. તેમના માતુશ્રીનું નામ નવલબા. રામજીભાઈને ત્રણ પુત્રો અને એક દિવાળીબેન નામની પુત્રી આપણા મોહનભાઇ સૌથી નાનાપુત્ર. પાલીતાણામાં ગુજરાતી શાળામાં અભ્યાસ કર્યો અને પછી મોતી સુખીયાની ધર્મશાળાની બહારની દુકાનોમાં મોદીખાનાની દુકાન ચાલતી હતી તેમાં જોડાયા. નાનપણથીજ સેવાભાવી ખંતીલા અને ઉત્સાહી હતા. ૧૯૬૯માં વીરડી ના રહીશ શ્રી પાનાચંદભાઈની સુપુત્રી શ્રી નંદુબેન સાથે લગ્ન થયાં બંને મોટાભાઇઓ ગુજરી જતા તેમને દુકાનનું કામ ૧૯૭૩માં સમેટી લેવુ પડ્યું.

શ્રી મોહનભાઇને શિક્ષણ સંસ્થાઓ પ્રત્યે પહેલેથી પ્રેમ હતો. સં ૧૯૭૪માં શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળમાં સંસ્થાના પ્રચારક તરીકે જોડાયા અને આ સંસ્થામાં લગભગ ૧૧ વર્ષ કામ કર્યું. તેમને સંસ્થાના પ્રચાર અને ફંડ માટે વારંવાર જુદાજુદા પ્રાંતોને શહેરોમાં જવું પડતું ભારતના તેમના પ્રવાસ દરમ્યાન સસ્થાના પ્રચાર સાથે સાથે તેમણે આચાર્યપ્રવેશ, પદસ્થો અને મુનિમહારાજોની નિશ્રામાં શિક્ષણ પ્રચાર અને સમાજ ઉત્થાન માટે વ્યાખ્યાનો આપેલા અને તેના ફળસ્વરૂપ કેટલીક જગ્યાએ શાળા-પાઠશાળા, લાઇબ્રેરી પણ સ્થપાયેલા છે

ગુરૂકુળ પછી જૈન બાલાશ્રમમાં જોડાયા ત્યાં તેર ચૌદ વર્ષ કામ કર્યું અને તેમાં પણ પ્રવાસ-પર્યટન દ્વારા બાલાશ્રમની ભારે મોટી પ્રતિષ્ઠા વધારી દીધી બાલાશ્રમ માટેની જમીન મેળવવમાં તેમનો પણ સારો એવો પ્રયાસ હતો આ રીતે ૨૫-૨૫ વર્ષ સુધી શિક્ષણ સંસ્થાઓનું સેવાકાર્ય કર્યું બાદ તેઓના સુપુત્રોના મુંબઇમાં ખીલતા જતા વ્યવસાયથી સંતોષ માની નિવૃત્તિ લીધી. તેમ છતાં પ્રવૃત્તિમયજીવન તો ચાલુ જ રાખ્યું.

સત્યનિષ્ઠા અને પ્રમાણિકતાથી કામ કરતા અને કોઈની પણ શેહમાં તણાતા નહિ એવું એમનું વ્યક્તિત્વ શ્રી મોહનભાઇને પુત્રો, પૌત્રો, સ્નેહિજનો અને આપ્તજનોનો મોટો સમુદાય છે.

પાલીતાણામાં મિત્રમંડળ અને સંગીતમંડળ તથા જૈનભોજન શાળા સ્થાપવામાં પણ શ્રી મોહનભાઈના શુભ પ્રયાસો હતા. સુરતજિલ્લામાં તેઓએ ઘણા ભાઈબહેનોને ઔષધ-દવા પહોંચાડી ભારે મોટી સેવા કરી છે. શ્રી મોહનભાઇ નિવૃત્તિમય જીવનમાં પણ આધ્યાત્મિકતાની વિધવિધ પુસ્તકો વાંચતા અને તેમાં આનંદ માણતા. આજ્ઞાંકિત પુત્રો, સુશીલ પુત્રવધૂઓ સદ્દગુણાનુરાગી ધર્મપત્ની નંદુબેન, પૌત્રો પૌત્રીઓની ફાલ્ગુન ફલી વાડીના તેઓ વડીલ. બડભાગી કુટુંબીજનો તેમની સેવા માટે પ્રાણ પાથરતાં.

પાલીતાણા એજ્યુકેશન સોસાયટીમાં તેમણે સારી એવી રકમનું દાનનું ઝરણું વહાવ્યું છે. જૈન અને જૈનેતર સંસ્થાઓને તેમની હુંફ સતત મળતી રહી છે.

## શ્રી નરોતમદાસ એમ. સિદ્ધપુરા

જૂનાગઢ પાસે મુળ કાઠી જેતપુરના વતની, ત્રણ ચાર ગુજરાતીનો જ અભ્યાસ પણ નાનીવયમાંજ અનુભવ ઘણો મળ્યો જેને કારણે અનેકવિધ ધંધામાં તેમની સૂઝ અને કાર્યદક્ષતા વધતા રહ્યાં

૧૯૧૮માં બારવર્ષે મોટર ફીટીંગ અને લેથનું બે વર્ષ કામ કર્યું. ૧૯૨૧માં ત્રણ વર્ષ મીકેનીક તરીકે કામ કર્યું. ૧૯૨૪માં જામનગરમાં પોતાની સ્વતંત્ર ફેકટરી શરૂ કરી. જેમાં ખાસ અને હાર્ડવેર આઇટમો ઘણી હતી ૧૯૨૭માં એક પ્રદર્શનમાં તેમની શક્તિ અને કળાના દર્શન થયાં. સમય જતાં સુરેન્દ્રનગરમાં શક્તિ ટેક્સ્ટાઇલ ઇન્ડસ્ટ્રીઝ તે પછી બીજા વિશ્વયુધ્ધને લઇ કેટલુક પ્રોડક્શન બંધ કરવાની ફરજ પડી. મેથી ટેક્સટાઇલ સ્પેરપાર્ટસ વિગેરે બનાવવાનું કામ શરૂ કર્યું ૧૯૪૧માં સીનેમા ટોકીઝના મશીન પ્રોજેક્ટર બનાવવાનું કામ હાથમાં લીધું

૧૯૫૪માં મુંબઇમાં કેટલોક વખત રહ્યાં. અજમેરા ઇન્ડસ્ટ્રીઝ, નટવરલાલ મોહનલાલ મેટલ ઇન્ડસ્ટ્રીઝ વિગેરેમાં સારૂં કામ કર્યુ. ૧૯૬૩માં મહમદ હાજી અને તેના ભાઇઓ સાથે પીસ્ટન રીંગની ફેકટરી શરૂ કરી, ૧૯૬૪ થી ૧૯૬૭ સુધી વડગામા એન્જીનીયરીંગના ચીફ એન્જીનીયર તરીકે કામ કર્યું. ઘણા અનુભવો પછી સરકારની લોન લઇને ભવિષ્યમાં પીસ્ટન રીંગ બનાવવાની ફેકટરી શરૂ કરવા વિચારે છે.

## શ્રી વૃજલાલ રતિલાલ શાહ

તળાજા પાસે પીથલપુરના વતની સામાન્ય ગરીબાઇને લઈ શ્રી વજુભાઇને નાની ઉમરમાંજ મુંબઇ આવવું પડયું. અને એક કમિશન એજન્ટની પેઢીમાં નોકરીએ રહ્યાં. ૧૯૪૦માં એ કામનો વ્યાપારી અનુભવ નાની ઉંમરમ જ મળી ચૂકયો હતો.

સાતેક વર્ષ નોકરી કરી પણ આર્થિક સ્થિતિ વધુને વધુ કથળતી ગઇ, કુટુંબની વ્યવહારિક જવાબદારીઓ અદા ન કરી શકયા, છતાં હિંમત હાર્યા વગર મુસીબતોનો સામનો કરતા રહ્યાં સુખદુઃખના તડકા છાંયાને વટાવી નોકરી અગ્નિ કસોટીને અંતે ૧૯૪૫માં ધંધાની શરૂઆત કરી પણ યારી ન મળી.

દેવું વધતુ ગયું. સાંસાજિક જવાબદારીઓ પણ વહન કરવાની હતી–કઠીનાઇઓનો ગંજ ખડકાયો છતાં મુશ્કેલીમાં સમતા અને શાંતિ રાખવાના એમને મળેલા વારસાંગત સંસ્કારોએ કયારેય પણ હતોત્સાહ ન બન્યા અને પુરૂષાર્થની પગદંડી ચાલુ રાખી ક્રમે ક્રમે ૧૯૫૩–૫૪ પછી ભાગ્યને સિતારો બદલાયો.

કપરા દિવસોમાં શ્રી વૃજલાલ રતિલાલ ત્રાપજવાળા અને હરીચંદ વિઠ્ઠલદાસ હાથસણીવાળાની એક માત્ર હુંફ અને પ્રેરણાથી જીવનમાં ટકી રહેવાનું બળ મળ્યું. પોતાને ઈશ્વરમાં અનન્ય શ્રદ્ધા, નિષ્ઠા અને પ્રમાણીકતાને જીવનભર વળગી રહેવાનું દૃઢ મનોબળ એ બધા સદ્ગુણોએ તેમની છેલ્લા દશકામાં ઊભી થયેલી આબાદીમાં મહત્વનો ભાગ ભજવ્યો. જો કે તેમની પ્રગતિનો બધોજ યશ તેઓ શ્રી વજુભાઇ ત્રાપજવાળાને આપે છે અને બીજુ પ્રેરણાબળ તેમના ધર્મપત્નિ શ્રીમતી કાન્તાબહેને પણ મુશ્કેલ આશ્વાસનરૂપ બન્યા છે. શુન્યમાંથી સર્જન કરનાર આ પુરૂષાર્થી વ્યક્તિએ દૂધના ધંધાને વિકસાવવામાં ઘણો પરિશ્રમ ખેડયો છે.

શ્રી વૃજલાલભાઈના જીવનની કોઇ પણ વિશિષ્ટતા હોય તે એ કે પોતાના જવામાંની છેલ્લી પાઇ પણ ગરીબોને આપવામાં સંતોષ અનુભવનારા છે.

આ સંસ્કાર વારસો ઉતરોત્તર ચાલ્યો આવે છે. શ્રી રતિલાલ ગાંગજી શાહ પણ એવાજ પ્રતાપી પુરૂષ ગણાતા. લાડકોડમાં ઉછરેલા સાહ્યબીના દિવસો પણ જોવા છતાં અન્યનું દુઃખ જોઇ પોતે રડી ઉઠતા.

શ્રી રતિભાઈ ગાંગજીને વૈદકનું સારૂ એવું જ્ઞાન હતું, દરેક ધર્મના જ્ઞાની હતા. જ્ઞાતિવાદના કટ્ટર દુશ્મન હતા દરેક કોમ પ્રત્યે તેમનો સમભાવ હતો,

ચાલ્યા આવતા આ વારસાને શ્રી વજુભાઇએ બરાબર પચાવી જાણ્યો. અસહાય વિદ્યાર્થીઓને વિદ્યાદાન કરવું એ એમનો ખાસ શોખ રહ્યો છે. જીવનમાં કેટલાંક કડક નિયમો પણ પચાવ્યા છે. ધંધામાં માણસોને ભાગીદાર બનાવ્યા. અમુક રકમથી વધુ રકમ મળે તે દાન ધર્મમાં ખર્ચવી, સદાઈ છોડવી નહી, વિગેરે સદ્ગુણોએ તેમજ પ્રશસ્તિ અપાવી. કીર્તિથી હમેશા દૂર ભાગનારા છે. શ્રી વૃજલાલભાઇને પોતાના વતનમાં હોસ્પીટાલ ભવિષ્યમાં ઉભી કરવાની મનિષા છે. હિન્દના લગભગ બધાજ ધાર્મિક તીર્થોનું કુટુમ્બ સાથે પરિભ્રમણ કર્યુ છે. મુંબઇ, કલકત્તા, અમદાવાદ, પાલીતાણા, તળાજા, વિગેરે સ્થળોએ તેમની સારી એવી સખાવતો છે.

ગરીબોને અનાજ, વિદ્યાર્થીઓને પુસ્તકો આપવામાં જીવનેને ધન્ય ગણે છે.

# વોરા ધરમશી જાદવજી

પાલીતાણા જૈન સમાજના એક અગ્રણી કાર્યકર છે. પાલીતાણા દાણાપીઠમાં જાદવજી ફુલચંદના નામની કમીશન એજન્ટની પેઢી ચાલે છે તેના તેઓ સંચાલક છે. પાલીતાણામાં જૈન શ્રાવીકાશ્રમમાં સેક્રેટરી તરીકે, જૈન સેવાસમાજ દવાખાનાના ટ્રસ્ટીપદે, પારેવા જુવાર ખાતાના પ્રમુખપદે, તથા શ્રી જૈનભુવન ધર્મશાળાના ટ્રસ્ટીપદે બુદ્ધિવિજય જૈન પાઠશાળાના ટ્રસ્ટીપદે તેમને બીજી ઘણી સંસ્થાઓ સાથે સંકળાઇને સેવા આપી રહ્યાં છે પાલીતાણા એજયુકેશન સોસાયટીમાં પણ સારો એવો રસ લ્યે છે. પાલીતાણા જૈન સેવા સમાજના દવાખાનામાં તેમના પિતાશ્રી જાદવજી ફુલચંદને નામે રૂા. ૧૫૦૦નું તેમણે દાન કર્યું છે તે તેમની ઉદારતાની પ્રતીતિ કરાવે છે. પાલીતાણા જૈન સમાજ અને પાલીતાણા શહેરના શિક્ષણ, સાહિત્યના કામમાં આથી વધુ રકમ દેતા થાય તેવું આપણે ઈચ્છીએ.

# શેઠશ્રી ભોગીલાલભાઇ મગનલાલ

શેઠશ્રી ભોગીલાલભાઈ મગનલાલ શાહ મૂળ કલોલ પાસે ટીટોડા ગામના વતની છે નાની ઉંમરમાં અમદાવાદ જઈ મીલઉદ્યોગમાં જીવનની શરૂઆત કરી. ત્યાંથી સં. ૧૯૮૮માં ભાવનગર આવી મહાલક્ષ્મી મીલ્સ ચાલુ કરી અને બુદ્ધિબળ, કાર્યદક્ષતા તથા એકનિષ્ઠાથી તે મીલને ભારતમાં બીજી કોઇ મીલે ભાગ્યે જ અનુભવી હોય તેવી આર્થિક સદ્ધરતા ઉપર મૂકી દીધી. અત્યારે માસ્ટર સીલ્ક મીલનું સંચાલન કરી રહ્યાં છે.

શેઠશ્રી ભોગીલાલભાઇએ આ નગરને પોતાનું વતન બનાવી દીધું છે તેઓશ્રી ભાવનગર સંઘના અગ્રણી છે. ભાવનગરના ઉત્કર્ષમાં તેમનો ફાળો મોટો છે. તેમનો ધર્મપ્રેમ સુવિદિત છે. તેઓ ઉદાર દિલના છે અને ધર્મ કે જાતિના કોઈ પણ ભેદભાવ વગર માનવ સમાજની ભક્તિનું પુણ્ય મેળવી રહ્યા છે.

શ્રી ભોગીલાલભાઇની એ વિશિષ્ટતા છે કે જેમ જેમ લક્ષ્મી પ્રાપ્ત થાય છે, તેમ તેમ તેને અસ્થિર માની દયા અને સેવાના કાર્યોમાં છૂટે હાથે તેનો ઉપયોગ કરી આત્મકલ્યાણ સાધતા જાય છે અને બીજાને અનુકરણીય દાખલો આપતા રહે છે. તેમણે આજસુધીમાં અનેક સંસ્થાને ઘણી મોટી રકમના દાનો આપ્યા છે.

ધાર્મિક, શૈક્ષણિક અને સામાજિક સેવાઓમાં તેમનું વિશિષ્ઠ પ્રકારનું અને પ્રથમકક્ષાનું પ્રદાન ગણાયું છે. ઘણી જૈન અને જૈનેત્તર સંસ્થાઓ સાથે સંકળાયેલા છે અને ભાવનગરના ગૌરવને છાજે તે રીતે ઘણી સંસ્થાઓને તેમની હુંફ સતત મળતી રહી છે.

# શ્રી કનૈયાલાલ અમૃતલાલ

પાલીતાણા,–તળાજામાં વેપાર વાણીજ્યમાં આગેવાન વ્યાપારી તરીકે નામના મેળવી છે. વિદ્યાર્થીમંડળ, વ્યાપારી મંડળ અને બીજી અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. પોતાના પુરૂષાર્થથી સ્વબળે આગળ વધ્યા છે. ઘણા જ શાંત, સૌમ્ય અને મિલનસાર સ્વભાવના આ યુવાન વેપારી ગુપ્તદાનમાં વિશેષ માનનારા છે. જૈન સમાજની નાની–મોટી પ્રવૃત્તિઓમાં યશસ્વી ફાળો આપતા રહ્યાં છે.

## કપાસી કાન્તિલાલ મોહનલાલ

પાલીતાણા નિવાસી શ્રી મોહનભાઇ કપાસીના સૌથી મોટા પુત્ર છે. નાની ઉંમરે મુંબઈ પહોંચી ગયા. પિતાશ્રી તો જૈન શિક્ષણ સંસ્થાઓની સેવા કરતા હતા. શ્રી કાન્તિભાઇએ થોડો સમય દવા બઝારમાં કામ કર્યું પછી કાપડલાઈન હાથ ધરી.

નાનપણથી જ વિનય, વિવેક, દીર્ઘદૃષ્ટિ અને વિચારપૂર્વકની બુદ્ધિશક્તિ વિગેરે ગુણોનો તેમને વારસો મળ્યો હતો. મોટાઇના આડંબરનો અંશ પણ નહિ. અતિથિને જોઇને આનંદમાં આવી જાય. તેમની ધાર્મિક ભાવના અનુકરણીય છે. નિત્યક્રમમાં તેમજ જીવનક્રમમાં તેઓ હમેશા નિયમીત જ હોય.

જ્ઞાતિની અને શૈક્ષણિક સંસ્થાઓની તેમની સેવા આદરણીય અને આદર્શ છે પાલીતાણા એજ્યુકેશન સોસાયટી અને પાલીતાણા કન્યા વિદ્યાલય માટે સારી એવી રકમ તેમણે આપી છે આદર્શ અને વ્યવહારનો સુંદર સમન્વય કરવાની તેમનામાં શક્તિ પડી છે. પાલીતાણા જૈન સેવા સમાજ અને જૈન બાલાશ્રમમાં માતબર રકમનું દાન આપ્યું છે. મુંબઇમાં શ્રી વિજયદેવસૂરિ ગચ્છ ( સંઘ ) ગોડીજી મહારાજ જૈન દેરાસરના ટ્રસ્ટી તરીકે બીનહરીફ ચુંટાયા એ એમની પ્રતીભાની નિશાની છે. પાલીતાણાના સાંસ્કૃતિક વિકાસમાં, સંસ્થાઓના કામમાં ગમે ત્યારે ઉત્સાહ અને ધગશથી દોડ્યા જ હોય એટલું જ નહિ પોતાનો ફાળો પણ આપે જ.

શૂન્યમાંથી સર્જન કરનાર આ વ્યક્તિએ ધંધાદારી ક્ષેત્રનું મોટું વટવૃક્ષ બનાવ્યું છે અને ઘણી મોટી સિદ્ધિ હાંસલ કરી છે. નાનાભાઇશ્રી હીરાભાઇ પણ ખૂબજ કાર્યકુશળ અને બુદ્ધિશાળી છે. સૌથી નાના વિનેદભાઈ પણ ઘણા જ ઉત્સાહી અને દિલાવર હૃદયના છે. માતુશ્રી નંદુબેન તેમજ આખુ કુટુંબ ઘણુ જ ભક્તિભાવવાળુ, આતિથ્યપ્રેમી છે. શ્રી કાંતિભાઈનું વ્યક્તિત્વપુષ્પ આમ સુવાસ મહેકતુ અને સર્વ પ્રકારે સુખી છે. તેમના હાથે ભવિષ્યમાં ઘણા સારા સુકૃત્યો થાય તેવી પ્રાર્થના છે.

## કોઠારી દલીચંદ લક્ષ્મીચંદ

જૈન રત્ન શ્રી દલીચંદભાઇ કોઠારી સુરેન્દ્રનગર જિલ્લાના માજકડા ગામના વતની છે. નાનીવયમાં કૌટુંબિક જવાબદારીઓ આવી પડતાં આર્થિક મુંજવણને લઇ દેશાટન કરવાની હિંમત કરી. ઉમેદ અને ધૈર્યતાથી જીવનની શરૂઆત કરી. અનેક તાણાવાણામાંથી પસાર થતાં ધંધામાં મન પરોવ્યું. ચાણકય બુદ્ધિ, ખંતથી કામ કરવાની આવડત વિગેરેથી ધંધામાં તેમણે લાખો રૂપીયા મેળવ્યા અને અર્થસિદ્ધિ સંપાદન કરી.

ગરીબાઇમાંથી શ્રીમંત થયા પછી તેમનું જ્ઞાતિ અભિમાન સવિશેષ જાગૃત થતુ ગયું. જ્ઞાતિના બાળકો તરફના અસીમ પ્રેમને લઇ કેળવણીના કામને તેઓ પહેલું ઉત્તેજન આપે છે.

કપરા દિવસોમાં નીજ કર્તવ્યથી આગળ વધી આવનાર ગુજરાતી જૈન રત્નોમાં શ્રી દલીચંદભાઈનું પણ મોખરાનું સ્થાન છે. તેમના જીવનમાંથી ઘણુ શીખવાનું છે. તેમનું ચારિત્ર્ય, ધર્મભાવના, સાહસ વિગેરે અનુકરણીય છે. જૈન સમાજમાં તેમની કીર્તિ પ્રભાવના ઝળહળી રહી છે તેમની સફળતાનો કેટલોક યશ ચીમનલાલ જાદવજીને ફાળે જતો હોવાનું મને છે મુંબઈમાં દેરાસર કમિટિમાં, દારૂખાના વ્યાપારી મંડળમાં અને બીજી અનેક સંસ્થાઓમાં આગળ પડતો રસ લ્યે છે ભવિષ્યમાં વતન તરફ ઔદ્યોગિક દિશામાં પગરણ માંડવા શરૂ કરેલ છે.

તેમની ધંધાકીય કારકીર્દિના ઉજળા ઇતિહાસનો પાયો તેમના ઉમદા સ્વભાવ ઉપર રચાયો છે અને સદાએ કર્તવ્ય પરાયણ રહ્યાં છે. અત્યારે પણ વૃદ્ધાવસ્થાએ પહોંચવા છતાં તેઓ જે કાર્ય હાથમાં લે તે વગર આળસે પૂરૂ પાડે છે. આવા ધર્મ–કર્મવીરની નિસ્વાર્થ સેવાઓની સરવાણીઓ હરદમ હર સ્થળે વહેતી રહે તેવી શુભ કામનાઓ વાંચ્છીએ છીએ. વ્યવસાયીક ક્ષેત્રે પણ નિર્દિષ્ટ સામાજિક ક્ષેત્રની જેમ આથીએ વધારે જવલંત કારકીર્દિ સંપાદન કરે એવી શુભેચ્છા પાઠવતા અને તેમની સામાજિક સેવાઓએ બિરદાવતા આનંદ અનુભવીએ છીએ.

## શ્રી ખીમચંદ મુળજીભાઈ

ઇશ્વિર આપે તે કેવળ પોતાને અંગત મળ્યું છે તેમ કોઈ દિવસ જેણે માન્યુ નથી એવા તેમજ સાથ આપનારા, ધંધામાં મહેનત કરનાર, સેવા અર્પનાર, સૌના સહકારથી મેળવેલ ધનનો ઉદાર હાથે હિસ્સો વહેંચી રાજી થનાર શ્રી ખીમચંદભાઈ કાઠીયાવાડના તળાજા ગામના વતની છે. છ ગુજરાતીથી વધુ અભ્યાસ સંપાદન ન કરી શકયા અને ભૂતકાળમાં વિતાવેલા કારમા દિવસો પોતાના આજના સુખી જીવનમાં પોતે ન ભૂલ્યા અને સહાયતાના અનેક કામોમાં હજારોની ઉદારભાવે સખાવત કરી ધન્ય જીવનની આપણને પ્રતીતિ કરાવી છે વર્ષો પહેલા વતન છોડીને ધંધાર્થે વસઇ-પાસે અગાસી તરફ પ્રયાણ કર્યું. પુરૂષાર્થને બળે ધંધામાં પ્રગતિ થતી રહી અને ધનવાન બન્યા. ધનને લીધે તેમને કદી મિથ્યાભિમાન નહોતુ લાગ્યુ. મુંબઈથી સૌરાષ્ટ્ર સુધી ખાસ કરીને વલસાડ અને તળાજામાં દાનગંગા વહેતી રાખી. તળાજામાં પ્રાથમિકશાળા બંધાવવામાં મોટી રકમનું દાન કર્યું.

પચીશવર્ષ પહેલા વલસાડની કસ્તુરબા હોસ્પીટલમાં રૂા ૨૫૦૦૦ નું માતબર દાન કર્યું. તળાજાનું બાલમંદિર પણ તેમની ઉદારતાને આભારી છે. વસઇમાં બાલમંદિરથી એસ. એસ સી સુધીની સુવિધા ઊભી કરવામાં રૂા ૫૧૦૦૦ ની રકમ દાનમાં આપી. ઘણા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ રૂપે સારૂ એવું પ્રોત્સાહન આપતા રહ્યાં છે વલસાડની લાયન્સ અને રોટરી પ્રવૃત્તિમાં તેમનું સારૂ એવું પ્રદાન રહ્યું છે. તીર્થધામોની યાત્રા કરી આવ્યા છે ઘણી બહોળી લાગવગ અને શક્તિ ધરાવવા છતાં સત્તા કે ખુરશીનો ક્યાંય મોહ રાખ્યો નથી તળાજામાં મધ્યમવર્ગી લોકોમા વસવાટ માટેની ચાલી બંધાવી આપી અને આશિર્વાદ મેળવ્યા. મહુવાની દશાશ્રીમાળી બોર્ડિંગમાં પણ તેમનું સારૂ એવું દાન રહેલું છે. દેવું લઇને ધંધાર્થે નીકળેલા પણ એક સુત્ર સાથે લઇને નીકળ્યા કે– "ફીકર છોડી સાહસિક બનો, મેળવો અને વહેંચીને ખાઓ તમારો હિસ્સો સુવાંગ ન ગણતા જરૂરીયાતવાળાને યોગ્યતા મુજબ પહોંચાડો " જીવનમાં એમના આ સદ્‌ગુણે કુદરતની કૃપાદૃષ્ટિ વરસાવી. તેમના પુનિત કાર્યોમાં શ્રીમતી કંચનબહેન અને રંભાબેન એટલા જ ભક્તિભાવ પૂર્વક રસ લઇ રહ્યાં છે.

વલસાડમાં નૂતન કેળવણી મંડળના ટ્રેઝરર તરીકે, કસ્તુરબા હોસ્પીટાલની મેનેજીંગ કમિટિના સભ્ય તરીકે અને અન્ય સંસ્થાઓમાં તેમની સેવાઓ જાણીતી છે.

વલસાડની આંખની હોસ્પીટાલના દર્દીઓ માટે સેવા સદન બાંધી આપી માનવ કલ્યાણનું ઘણું મોટું કામ કર્યું છે. ગરીબ દર્દીઓને સતત મદદ કરતા રહ્યાં છે.

વલસાડમાં લેડીઝ હોસ્ટેલ માટે ધર્મપત્ની કંચનબહેનને નામે ચાલીસ હજારની એસ્ટેટ અર્પણ કરી છે. નાના નાના ફંડફાળાઓનો કોઈ હિસાબ જ નથી. વલસાડમાં સાર્વજનિક કેળવણી મંડળ દ્વારા ચાલતી ત્રણ હાઈસ્કુલના ટ્રેઝરર છે.

વલસાડમાં બી. મુ હાઈસ્કુલ બંધાવવામાં ૫૦૦૦૦ જેવી રકમનું દાન આપ્યું છે ઉપરાંત ત્યાં લૉ કૉલેજ ઉભી કરવામાં લગભગ પોણો લાખની દેણગી કરી છે વલસાડ દશા શ્રીમાળી જ્ઞાતિના પ્રમુખ તરીકેનો હોદ્દો ધરાવે છે. દિલ્હીના ગુજરાતી ભવનમાં તેમનું સારૂ એવું દાન છે વલસાડ અને વીરારની સંખ્યાબંધ સંસ્થાઓ સાથે સંકળાયેલા છે તળાજામાં જ્ઞાતિ માટે પિતાશ્રીને નામે ચાર દુકાનો અર્પણ કરી છે. પાલીતાણા કેળવણી મંડળ અને ડુંગરની જ્ઞાતિ પ્રવૃતિમાં સારૂ એવું દાન આપ્યું છે.

અમુક રકમથી વધારે થાય તે વાપરી કરી એવો તેમણે પરિગ્રહ સેવ્યો છે ધન્ય જીવન!

## સંઘવી અમરચંદ હુકમચંદ

મુળ પાલીતાણાના વતની પણ ધંધાર્થે મુંબઈ ગયા. દૂધના કમિશન એજન્ટ અને સંઘવી સ્ટોર શરૂ કરી સુખી અને સાધન સંપન્ન બન્યા. બ્રીટીશ હકુમતના સમયમાં તેમજ કાર્યોની સરકારે નોંધ લઈ સર્ટીફીકેટ અને ઈલ્કાબ આપ્યા હતા. કોંગ્રેસમાં પણ જોડાયા, અને ઘણી સંસ્થાઓને સેવાનો લાભ આપ્યો. 'કરેંગે યા મરેંગે' એ લડત વખતે ૧૯૪૨-૪૩ના વર્ષોમાં કોંગ્રેસના અગ્રણી કાર્યકર તરીકે કામ કર્યું. વીરમગામ મીઠાના સત્યાગ્રહમાં અનેક નાની મોટી લડતો વખતે તન મન વિસારે મુકી કામ કર્યું. પાલીતાણા યશોવિજય જૈન ગુરૂકુળ સંસ્થાન સેક્રેટરી તરીકે ઘણા વર્ષો સુધી કામ કર્યું, પાલીતાણા જૈન પાઠશાળામાં પણ તેમની સેવા પડી છે જૈન સમાજના બાળકોને ઉચ્ચ શિક્ષણ અને સાર સંસ્કારો મળે તે માટે છેલ્લા વીશ વર્ષથી એક યા બીજી રીતે પ્રયત્ન કરી રહ્યા છે પાલીતાણા એજ્યુકેશન સોસાયટીને આર્થિક પ્રશ્ને સારી એવી હુંફ આપી—અપાવીને આત્મસંતોષ માન્યો છે. પાલીતાણા જૈન બાલાશ્રમમાં પણ ઘણા વર્ષો કામ કર્યું, પાલીતાણા જૈન સેવા સમાજના દવાખાના માટેના અઢી લાખ રૂપીયાના ફંડમાં તેમણે રાત દિવસ જોયા સિવાય કામ કર્યું. આજે પણ પાલીતાણાના કોઈપણ પ્રશ્ન સતત જાગૃત રહયા છે.

## ઘેલાણી વિઠ્ઠલદાસ મનજીભાઇ

મહાત્મા ગાંધીજીના જુના અંતેવાસી અને આઝાદીની લડતના જુના લડવૈયા શ્રી વિઠલદાસભાઈ ઘેલાણી જામનગર જીલ્લાના ભાણવડના વતની છે. આફ્રિકામાં ટોલસ્ટોય ફાર્મમાં પણ કેટલોક વખત રહ્યા, નાની ઉંમરમાં જ રાષ્ટ્રપ્રિતનો રંગ લાગ્યો અને જાહેર જીવનમાં ઘણા વર્ષો ગાળ્યા. ભાણવડ સુધરાઈના પ્રથમ પ્રમુખ તરીકે અને કાઠિયાવાડ રાજકીય પરિષદના અગ્રણી તરીકે તેમની યશસ્વી કારકીર્દી જાણીતી છે આફ્રિકામાં ધંધાની જમાવટ કરી બે પૈસા કમાયા. આજે પણ આફ્રિકામાં ધંધો ચાલે છે પોતે વતનમાં નિવૃત્ત જીવન ગાળી રહ્યા છે. વતનમાં વિઠ્ઠલવાડીના નામે રહેણાકના મકાનો તૈયાર કરાવી ગરીબ લોકોને રૂા. ૩ના ટોકન ભાડાથી આપી આશિર્વાદ મેળવ્યા છે. પોતાનું નામ જોડી ભાણવડમાં હાઈસ્કુલ માટે રૂપીયા એંશી હજારનું દાન આપ્યુ હતુ. એંશી વર્ષની ઉંમરે પહોંચેલા શ્રી વિઠ્ઠલબાપા આજે પણ લોકોની તન મન ધન થી સેવા કરી રહ્યા છે. ઘણાજ ઉદાર અને દયાળુ સ્વભાવના શ્રી વિઠ્ઠલબાપા અમારી જુની પેઢીનું ગૌરવ સમા છે

## શ્રી તલકચંદ દામોદરદાસ

મુંબઈમાં દૂધના ધંધામાં સ્વબળે આગળ વધનાર અને સૌની સાથે રહીને નાનામોટા ફંડફાળાઓમાં પોતાની સેવા શક્તિનો ભોગ આપનાર શ્રી તલકચંદભાઈ પાલીતાણા પાસેના ઘેટી ગામના વતની છે. અભ્યાસ બહુ લઈ શક્યા નહીં, પણ અજબ નિશ્ચયશકિત અને લોકોના દુઃખો પોતાના કરી તેનું નિવારણ કરવા અથાગ પરિશ્રમ કરનાર લોકહિતના કામોમાં, કેળવણીના પ્રશ્નોમાં, ધાર્મિક પ્રવૃતિઓમાં સદા તત્પર રહેનાર શ્રી તલકચંદભાઈ ગુપ્તદાનમાં માનનારા છે. જૈન સમાજમાં તેઓની એક મુક સેવક તરીકેની સુંદર છાપ છે સંસ્કાર સભર બની ખાસ કરીને વિદ્યા અને કેળવણીના ક્ષેત્રે સારો એવો રસ લયે છે જે ખરેખર અનુમોદનીય છે.

માનવકલ્યાણ અને સામાજીક સેવાના ઉત્કૃષ્ઠ કાર્યો કરતા રહી સમાજને તેમની સેવાઓ અહર્નિશ મળતી રહે તેવી પ્રાર્થના છે.

## શ્રી અમરશી મોતીભાઈ

પશ્ચિમ ભારતના પ્રખ્યાત બની ચુકેલા નળીયા ઉદ્યોગમાં સૌરાષ્ટ્રનું મોરબી શહેર મહત્વનું કેન્દ્ર બની ગયુ છે. સૌ પ્રથમ ૧૯૫૧માં અહિંના નળીયા ઉદ્યોગના આદ્યપ્રણેતા સમાન શ્રી પ્રજાપત ટાઇલ્સ કું. ની શરૂઆત કરનાર શ્રી અમરશીભાઈ નળીયાની બાજુમાં સુલતાનપુરના વતની છે. ૧લી ગુજરાતી સુધીનોજ અભ્યાસ, પણ પ્રચંડ પુરૂષાર્થ અને હૈયાઉકલતથી નળીયા ઉદ્યોગને આબાદ સ્થિતિમાં આજે મુકી દીધે છે. ધંધાની શરૂઆત વખતે અનેક વિટંબણાઓ સામે અડગ રહી, નળીયાની બનાવટમાં ઉત્તરોત્તર સુધારો કરી, પ્રજાપત ટાઈલ્સને તેમણે પ્રગતિના પંથે લઈ ગયા મોરબીમાં ચાલીશ ઉપરના નળીયાના કારખાનાઓ તેમને આભારી છે, ધંધાની એ વિશિષ્ટતા રહેલી છે કે માલની પડતર કિંમત અને વ્યાજબી નફો ગણી તળીયાના વ્યાજબી ભાવો જાળવી રાખ્યા છે. મ્યુનિસિપાલીટીના સભ્ય છે, મોરબી રૂફીંગ ટાઇલ્સ મેન્યુ. એસો.ના અગ્રણી ઉપરાંત માટી ઉદ્યોગ સહમંડળી, ઓલ ઇન્ડીયા સીરેમીક્સ સોસાયટીની ગુજરાત સેકશનની મેનેજીંગ કમીટીના સભ્ય તરીકે સેવા આપી રહ્યા છે.

# શ્રી મનોરદાસ ગોપાલજી

દશાશ્રી માળી જ્ઞાતિના પ્રતાપી પુરુષોમાં શ્રી મનોરદાસ ગોપાલજી એક જવલંત કારકીર્દિ ઉભી કરતા ગયાં. નિર્દંભ, નિરાભિમાની, અતિ ત્યાગવૃત્તિવાળા અને સરલ સ્વભાવના શ્રી મનોરદાસભાઈ ભાવ-નગર જીલ્લાના તળાજા ગામના વતની,પ્રાથમિક કેળવણીના વિદ્યા-ક્ષેત્રમાં પ્રવેશતા જ અભ્યારંભના મંગળાચરણથી તેમણે બુદ્ધિચાતુર્ય બતાવવા માંડયું. "ઉગતા છોડનું પાંદડે પારખ્યું" એ જગપ્રસિદ્ધ કહેવતને સાર્થક કરી બતાવવામાં તેમનું બાલજીવન ચમત્કારથી ઝળ-કવા લાગ્યું. પોતાની એ બુદ્ધિશક્તિને ધંધા તરફ વાળી–નાનીવયમાં ધંધામાં ઘણો અનુભવ મેળવ્યો. મનુષ્યનું આત્મબળ કે સ્વાશ્રમશક્તિનો પ્રભાવ ગુપ્ત રહેતો જ નથી. શ્રી મનોરભાઈના કુટુંબે વીરારમાં થાણું નાખી વ્યપારની જમાવટ કરી અને બે પૈસા કમાયા. તાલ-ધ્વજગિરિના આ તેજસ્વી કુટુંબે સંપત્તિનો પણ સદ્ઉપયોગ કરી જાણ્યો તળાજામાં જમનાદાસ, ભગવાનજીના નામનું સેનેટેરિયમ બાંધી જરીયાતવાળા મધ્યમવર્ગી કુટુંબોના આશીર્વાદ મેળવ્યા. વીરા-રની ગુજરાતી શાળામાં ઘણી મોટી રકમનું દાન આપી કુળ અને કુટુંબને પાવન કર્યું, તળાજાની ભોજનશાળામાં અને કુટુંબને માટેની વાડીમાં સારી એવી મદદ કરી, તીર્થયાત્રાઓ અર્થે ઘણા ધાર્મિક સ્થ-ળોનું કુટુંબીઓ સાથે પરિભ્રમણ કર્યું છે. નાનામોટા અનેક ફંડ ફાળાઓમાં આ કુટુંબે સારૂં એવું દાન કર્યું છે

સ્વરાજયની લડાય વખતે શ્રી મનોરભાઈ રાષ્ટ્રભક્તિ તરફ ખેંચાય. બારડોલી સત્યાગ્રહમાં આગળપડતો ભાગ લીધો હતો. કોંગ્રેસના લાહોર અધિવેશનમાં ખાસ હાજર રહ્યાં હતા. આ સાહસીક વીરે ધંધાની કમાણીમાંથી શાંતિ અને જનસમુહના હિત માટે વાપરી હતી. ક્યાંક ગુપ્ત દાનનું ઝરણું વહાવીને મૂક સેવા કરવાનું અને મૂંગા આશિં-વાદ લેવાનું પણ ચૂક્યા નથી. ધર્મ–ભક્તિ દ્વારા સમાજના ઉત્કર્ષ માટે બનતું બધું જ કરી છુટ્યા છે, આવા રત્નો માટે ગુર્જર ભૂમિ ગૌરવ લ્યે છે.

# શ્રી રાયચંદ ગુલાબચંદ

દેવ-ગુરૂ-ધર્મ પ્રત્યે અસાધારણ શ્રદ્ધા ધરાવનાર ધર્માનુરાગી શ્રી રાયચંદભાઈ અજારીના વતની છે સાત્વિક, સાદા જીવનની મૂર્તિસમા છે. અંગત જરૂરીયાતો પણ ઓછી, પહેરવેશમાં ટાપ-ટીપનું નામ નહિ અન્યને મદદરૂપ થવું અને બને તેટલો બીજાનો ભાર હળવો કરવાની તૈયારી અને સરલ રાખવી, ધર્મપરાણ પુરાતની જીવન સૌરભ આપણને સૌને બોધ અને પ્રેરણા આપે છે.

ધંધામાં કમાયા જે સંપત્તિનો વિદ્યાદાનમાં અને ધર્મના કાર્યોમાં ઉપયોગ કર્યો, વાપીમાં તેમના તરફથી એક હાઈસ્કુલ ચાલે છે. અજારી અને ગુજરાતની ઘણી જૈન સંસ્થાઓને તેમણે આર્થિક પ્રોત્સાહન આપ્યું છે. પાલીતાણા જૈન આગમમંદિરના ટ્રસ્ટી તરીકે સારી સેવા બજાવી રહ્યાં છે,

એરંડાંમાં પોતાને નામે એક બોડીંગ ચાલે છે મોટા જમી-નદાર હોવા છતાં ત્યાગ અને સમર્પણની યશગાથા ઉભી કરવામાં વિશેષ પ્રયત્નશીલ રહ્યાં છે.

સમેતશીખરજીમાં મોટી રકમનું દાન કર્યું છે. પોતાની દેખ-રેખ નીચેજ ત્યાંનો જીર્ણોદ્ધાર કરાવ્યો છે. જાતેજ પરિશ્રમ લઇ આખાએ પ્રસંગને આનંદ મંગળથી ઉકેલ્યો, સુરત આગમમંદિર પાલીતાણા તથા બીજા અન્ય સ્થળોએ ધાર્મિક ટ્રસ્ટોમાં ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યાં છે વાપીમાં દેવચંદ પ્રેમચંદ દવાખાનું ચાલે છે તેમાં ટ્રસ્ટી તરીકે સેવા આપી રહ્યાં છે. વાપીમાં યુવક મંડળ મારફત પાઠશાળાઓ ચાલે છે તેમાં પણ તેમની સેવાની સુવાસ પ્રસરેલી છે, વર્તનમાં વિનયી ભાષામાં મધુરતા, વિચારોનું વલણ મોટા ભાગે સુધારા તરફ હોવા છતાં પ્રાચીન પરંપરા પ્રત્યેનો આદર જરાએ ઘટ્યો નથી. જૂના મૂલ્યો અને જૂની સંસ્કૃતિ પરત્વે એટલાજ માનથી જૂએ છે. દાનપુણ્યના કામો સારા પ્રમાણમાં કરતાં રહ્યાં છે. પોતાની હયાતીમાં જ થઈ શકે તે દાન કરી છુટવું એવી પ્રબળ ભાવના ધરાવે છે. આવા પ્રતિભાસંપન્ન આપણા સૌનું ગૌરવ છે.

# શ્રી તાહેરઅલી ઈસ્માઈલજીભાઈ

મુંબઈની દારૂખાના બજારમાં લોખંડના અગ્રણી વ્યાપારી તરીકેનું માનભર્યું. સ્થાન પામનાર શ્રી તાહેરભાઈ અમરેલી જીલ્લાના બગસરાના વતની છે. ઘણા વર્ષોથી એટલે કે ૧૯૦૭થી પિતાશ્રીના ધંધામાં જોડાતા મુંબઈ આવી સ્થિર થયાં અને ધંધાને પોતાની કુશાગ્ર બુદ્ધિથી વિકસાવ્યા; ધંધાદારી પ્રવૃતિઓ સાથે સામાજીક સેવાઓની ભાવના અને સેવાકાર્યની લગની છાના નથી રહયા.

મેઘાણી સ્મારક સમિતિ (મુંબઈ)ની કાર્યવાહક સમિતિનાં સભ્ય તરીકે સારૂં એવું સ્થાન શોભાવ્યું છે. દારૂખાનુ આયર્ન મર-ચન્ટસ એસોસીએશન લી.ના ડાયરેકટર તરીકે ઓલ્ડ આર્યન મરચન્ટ એસોસીએશનના કાર્યવાહક મેમ્બર તરીકે રહીને સારૂં એવું કામ કરી રહયા છે.

બગસરાના સાંસ્કૃતિક વિકાસમાં અને મુંબઈની નાનીમોટી સામા-જીક પ્રવૃત્તિઓમાં મહત્વનો રસ લઈ રહ્યા છે. નાનામોટા ફંડફાળા-ઓમાં તેમનો સારો એવો ફાળો આપી રહ્યા છે.

તેમના પિતાશ્રી ઈસ્માઈલજી પણ ધર્મ ભાવનાથી રંગાયેલા અને સંયમી જીવન ગાળનારા હતા. હજ અને ઈરાક વિગેરે ધાર્મિક સ્થળોની સફરે જઈ આવેલા. તેમના જીવનમાંથી પ્રેરણા મેળવીને તેમના સુપુત્રો પણ વિવિધ સંસ્થાઓમાં આજે સેવા આપી રહ્યા છે. વતન બગસરાના ઉત્કર્ષ માટે આ કુટુંબે સતત જાગૃતિ બતાવી છે. અને પુરૂષાર્થવડે પ્રસંગોપાત યોગ્ય જરૂરીઆતો ઉભી કરી આપી છે. સદા નિરાભિમાની સરળ અને બાળકને પણ નમીને ચાલનાર આ યુવાન ઉદ્યોગપતિ શ્રી તાહેરભાઈ ગુજરાતનું ગૌરવ છે.

# સંઘવી રાયચંદ લલ્લુભાઇ

લોકોપયોગી અને ધાર્મિક પ્રવૃતિઓમાં અનેક શુભ કામો કરતા રહીને કીર્તિ પામેલા શ્રી રાયચંદભાઇ સંઘવી ભાવનગરના ઘોઘા બંદરના વતની છે. સરળ શાંત અને પુરૂષાર્થી પુરૂષ છે.

પરિસ્થિતિ અને અનુકૂળતા મુજબ થોડો અભ્યાસ કરી નાની વયમાં મુંબઇ આવ્યા, ધંધામાં ઝંપલાવ્યું. સચ્ચાઇ, પ્રમાણીકતા અને આવડતના બળે ધીમે ધીમે વ્યાપારના ક્ષેત્રમાં અગ્રેસર થતા ગયાં, ધંધામાં બે પૈસા કમાયા જેનો હંમેશા સુંદર ઉપયોગ કરી

જાણો છે.

થોડાં વર્ષો પાલીતાણા તીર્થનો છરી પાળતો સંઘ સંવત ૧૯૯૦માં કાઢેલ, અને તે દ્વારા પોતાની ધાર્મિકભાવના સારી રીતે વ્યકત કરી હતી. પાલીતાણા, ભાવનગર, દોલતનગર-બોરીવલી વગેરે સ્થળોની જૈન સંસ્થાઓમાં સારી એવી રકમનું દાન આપ્યું છે.

મહાવીર જૈન વિદ્યાલયમાં અને શંખેશ્વર જૈન દેરાસરના વહીવટમાં સારી એવી રકમ આપી છે. ઘોઘા જૈન દેરાસરના વહીવટમાં કચ્છ ભદ્રેશ્વરની ભોજનશાળામાં, અજારાની ભોજનશાળામાં, મેમ્બર તરીકેની તેમની દેખરેખ અને સેવા દાદ માંગી લ્યે તેવી છે.

વડીલોપાર્જિત મેળવેલા ધાર્મિક સંસ્કારો અને સેવા પરાયણતા ગુણોનું સિંચન તેમણે પુત્રોમાં પણ કર્યું. શ્રી મનુભાઈ, શ્રી નવીનભાઈ વિગેરે ઇલેકટ્રીકના ધંધામાં સારૂં એવું સ્થાન ઊભું કર્યું. એટલું જ નહિ ઘણી ધાર્મિક અને સામાજિક પ્રવૃતિઓ સાથે સંકળાઈને પ્રસંગોપાત પોતાનો યત્કિંચિત ફાળો આપતા રહ્યા છે.

શ્રી મનુભાઈ સેવાક્ષેત્રમાંય પિતાને પગલે પગલે ચાલનાર એક આદર્શ નાગરીક છે. તેમના સદ્‌ગુણો એ ખરેખર તેમને પૈતૃક વારસામાં મળ્યા છે.

## શ્રી દ્વારકાદાસ ધનજીભાઈ કાણકિયા

કાર્યકુશળ ને વ્યવહારનિપુણ શ્રી દ્વારકાદાસભાઈ દૃઢનિશ્ચયી છે. કાર્ય હાથમાં લેતાં પહેલાં એનાં ઔચિત્ય અને આવશ્યકતા અંગે પ્રૌઢ ચિંતન કરે, પરંતુ એ કાર્ય કરવાનો એકવાર નિર્ણય કર્યા પછી 'કાર્યં સાધયામિ અથવા દેહં પાતયામિ' એની સિદ્ધિ માટે શરીરનીય પરવા કરતા નથી. આ એમનો જન્મજાત ગુણ છે વિરોધ વિઘ્ન કે અવરોધોથી કયારેય ડરતા નથી. લીધેલું કામ કયારેય છોડતા નથી.

શ્રી દ્વારકાદાસભાઈ ઘણી સંસ્થાના પ્રાણ છે. કનકાઈમાં આ વૈભવ ઊભો કરવા પાછળ એમણે પોતાનું ઘણું ખોયું છે. આ કાર્ય પાછળ એમણે કરેલા ત્યાગ અને ભોગનું શબ્દોથી મૂલ્યાંકન કરવું શકય નથી.

ચાવંડ ગામે જન્મેલા શ્રી દ્વારકાદાસભાઈએ કોલેજનું પ્રથમ વર્ષ પાસ કરી, થોડાંક વર્ષો નોકરી કરી સ્વતંત્ર ધંધામાં પ્રવેશ કર્યો. એમના ધાર્મિક અને સામાજિક જીવનને માત્ર ધંધાની પ્રગતિથી સંતોષ ન થયો, કાણકિયા પરિવારની પ્રગતિ માટે 'કાણકિયા ઉત્કર્ષ મંડળ'ની સ્થાપનામાં આગેવાનીભર્યો ભાગ ભજવ્યો, એટલું જ નહીં; વર્ષોથી એના મંત્રીપદે રહી સેવા આપી રહ્યા છે. કાણકિયા કુળની કીર્તિગાથા ગાતા 'કાણકિયા કુલ કૌમુદી' નામના ગ્રન્થની પ્રસિદ્ધિનું શ્રેય એમને જ આપીએ તોય અતિશયોક્તિ નહીં ગણાય. ચાવંડ ગામની એમણે બહુવિધ સેવા કરી છે. મુંબઈમાં બેઠાં બેઠાં પણ ત્યાંની પ્રવૃત્તિઓમાં સક્રિય રસ લે છે. ત્યાં રામમંદિરમાં, ઠાકોરજીના એ રત્ના જીર્ણોદ્ધારમાં, ચાવંડ માતાજીની નિયમિત દૈનિક પૂજામાં તેમજ એ માતાજીના મંદિરના જીર્ણોધ્ધારમાં તેમજ દવાખાનું સ્થાપવામાં અને ચાવંડ લાઠી માર્ગ પર કાયમી પરબ ચાલુ કરાવવામાં એમનો બહુ મોટો ફાળો છે ધાર્મિક ક્ષેત્રે તેઓ માતાજીના પરમભકત છે, એટલું જ નહી,. એમણે ભારતની લગભગ પૂરી ધર્મયાત્રા કરી છે. તીર્થધામોની સાથે સાથે હવા ખાવાના સ્થળો ને સૌન્દર્યધામો પણ નિહાળ્યાં છે.

## પારેખ બળવંતરાય કલ્યાણજી

મહુવામાં પારેખ કુટુંબની સુવાસ જ ઓર છે. શ્રી મહુવા કેળવણી સહાયક સમાજની હાઈસ્કૂલ માટે શ્રી જયંતીલાલ પ્રાગજીભાઈ પારેખની દાનવીરતા શ્રી મહુવા યુવક સમાજના સફળ સંચાલન માટે એના કર્ણધાર નવસોહિયા સદાયુવાન શ્રી દોલતરાય જયતિલાલ પારેખ અને વિનયન અને વિજ્ઞાન અંગેની મહાશાળા માટે દાન આપનાર પણ શ્રી બળવંતરાય કલ્યાણજી પારેખ ચિરઃસ્મરણીય છે. એમાંય શ્રી બળવંતરાય કલ્યાણજી પારેખના કુટુંબની પણ એક વિશિષ્ટતા છે. એમના પૂ. પિતાશ્રી કલ્યાણજી વાલજી પારેખ સેવાભાવી હતા; અને ઔષધોપચાર માત્ર સેવાભાવે જ કરતા હતા, એટલે એમની સુવાસ ચોતરફ ફેલાઈ હતી. એથી વિશેષ તો કદાચ કોઈને ખ્યાલ પણ નહીં હોય શ્રી ભગવાનદાસ દુર્લભદાસ પારેખનો સાહિત્યપ્રેમી જીવ કયારેક કાવ્યોની પંક્તિ લખી કાઢે અને સાહિત્યની ચર્ચા અને વિચાર વિનિમય મિત્રો સાથે પણ કરે. સને ૧૮૯૩ની ચિકાગો વિશ્વધર્મ પરિષદના જૈનધર્મના અને ભારતીય સંસ્કૃતિના પ્રતિનિધિ મહુવાના જ નરરત્ન સ્વનામધન્ય શ્રી વીરચંદ રાઘવજી ગાંધીના તેઓ ખાસ અંગત મિત્ર હતા અને એ બન્ને વચ્ચેનો તેમનો પત્રવ્યવહારમાં નિહાળી શકાય છે

એવા પારેખ કુટુંબના પનોતાપુત્ર શ્રી બળવંતભાઈ કાયદાનો અભ્યાસ કરી સ્નાતક થયેલા છે અને રંગ ઉદ્યોગના ધંધામાં એમણે નામના સારી મેળવી છે. ફેડકો (ઈન્ડિયા) પ્રા. લિ. પારેખ ડાયકેમ ઈન્ડસ્ટ્રીઝ અને પારેખ બ્રધર્સ વગેરે ધંધાકીય કંપનીઓનું સંચાલન કુનેહથી કરી રહ્યા છે.

શ્રી મહુવા કેળવણી સહાયક સમાજના કાર્યકરોની મહુવામાં અદ્યતન કોલેજ સ્થાપવાની ભાવના ઘણા વખતથી હતી, એ ભાવનાને પુષ્ટિ આપવા દાનવીર શ્રી બળવંતભાઈ આગળ પૂ પિતાશ્રી તથા માતુશ્રીની મધુર યાદગીરીરૂપે "શ્રી કલ્યાણજી વાલજી પારેખ સાયન્સ કોલેજ" અને 'શ્રી ત્રિવેણીબેન કલ્યાણજી વાલજી આર્ટસ કોલેજ"ની સ્થાપના માટે રૂા. ત્રણ લાખની ઉદાર સખાવત આપી પોતાની માતૃભૂમિની ભાવનાને પરિપૂર્ણ કરી છે. વતનથી દૂર રહેતાં પણ માતૃભૂમિનો સાદ એનાં પનોતા પુત્રે સાંભળે છે ત્યારે કવિશ્રી મલબારીની 'અપી દઉં સો સો જન્મ એવડું મા તુજ લ્હેણું!" એ પંક્તિ સહેજે યાદ આવી જાય છે

## સંઘવી જેઠાલાલ વૃજલાલ

અમરેલી જિલ્લાના ડુંગર ગામમાં શ્રી જેઠાલાલભાઈનો જન્મ થયો. રાષ્ટ્રિયતાના સંસ્કારો બચપણથી મળેલા એટલે ખાદી પહેરવેશ નાનપણથી સ્વીકાર્યો જે આજ સુધી ચાલે છે.

વતન છોડીને બહાર ગયેલા અને સ્વબળે ધંધામાં આગળ વધેલા કેટલાક મહાનુભાવોમા શ્રી જેઠાલાલભાઈને ગણી શકાય. કેળવણી અને ધાર્મિક પ્રવૃતિઓમાં લાગણી અને રસ બતાવનાર શ્રી જેઠાલાલભાઈએ ડુંગરમાં ડુંગર કેળવણુ મંડળ મારફત છાત્રાલય ઉભું કરવા પાછળ તન મન ધનનો ભોગ આપ્યો છે.

વિચારોના પુષ્પ—

ભણેલો માણસ તો એને કહેવાય કે જેના વિચાર, ઉચ્ચાર અને આચાર સુંદર હોય. બગીચામાં જેમ ફૂલ ખીલે છે તેમ ભણેલાના મગજમાં સુંદર વિચારોનાં પુષ્પ ખીલવાં જોઈએ.

—ચિત્રભાનુ.

## મોદી રમણલાલ ખેમચંદદાસ

વણિક પુષ્ટીમાર્ગીય વૈષ્ણવ કુટુંબમાં જન્મ. બાળપણથી ભણવામાં તેજસ્વી વ્યક્તિને કુટુંબના સંસ્કારનું ભાથું મળ્યું ઉજ્જવળ વિદ્યાર્થી તરીકે કોલેજનું પ્રથમ વર્ષ પુરું કરી અને ૧૯૪૨માં વ્યવસાયમાં ઝંપલાવ્યું. રાષ્ટ્રીય ભાવનાઓ સેવાના ક્ષેત્રમાં, સામાજિક તેમજ ધાર્મિક ક્ષેત્રમાં આગળ વધ્યા. આજે તાલુકા કે ડેમાઇની નાની-મોટી જાહેર પ્રવૃત્તિઓમાંના તેઓ જીવંત સભ્ય છે.

ડેમાઈની શ્રી ( નારણભાઇ શામળદાસ પટેલ ) ના શ્રા. પટેલ હાઈસ્કુલ, શ્રી કુમારપાળ, શ્રી મુળજીભાઈ હરિભાઈ પટેલ લાયબ્રેરી, તથા શ્રી ગોકુળનાથજી વૈષ્ણવ મંદિર આ કામો તેઓશ્રીના શુભ પ્રયત્નોનું જીવંત ફળ છે.

લાયન્સ કલબ ધનસુરાના માજી અધ્યક્ષ, સાબરકાંઠા જીલ્લા-શાળા કમિટિ, જીલ્લા શાળાની બાંધકામ સમિતિ, વગેરેના વાઇસ ચેરમેન. સાબરકાંઠા જીનર્સ ઓઇલ એન્ડ કોટન મરચન્ટ એસોસી-યેશનના માજી પ્રમુખ. ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સના વ્યવસ્થાપક કમિટિના સભ્ય ( માજી ). શ્રી ડેમાઇ કેળવણી મંડળના સ્થાપક પ્રમુખ. ઇ. સ. ૧૯૫૯થી સરકાર તરફથી તેમની સામાજિક સેવાઓના બદલામાં માનદ મેજીસ્ટ્રેટ તરીકે નીમણુંક કરેલ છે.

બાહોશ વ્યવહાર કુશળ વ્યક્તિને સ્નેહીમંડળ પણ વિસ્તાર પામેલ હોય છે. કુટુંબમાં મોટા વિસ્તાર પામેલ સરકારીને મોટા ધંધાઓ સાથે જોડેલ છે.

તેમના જીવનના પ્રેરણારૂપ કોઇ હોય તો ભારતના આરોગ્ય-પ્રધાન માનનીય શ્રી કે કે. શાહ સાહેબ છે. હાલ તેઓ વાત્રક (તા.-બાયડ)ની શ્રી ફતેસીંહરાવ ગાયકવાડ જનરલ હોસ્પીટલના માનદ મંત્રી તરીકે સફળ સંચાલન કરી રહ્યા છે. વાચનનો ખાસ પણ શોખ છે, સાથે સાથે જીલ્લાના સાપ્તાહિકોમાં " જીવન મંગલ " " વ્યાપાર વાણિજ્ય " " વેપારી કાયદાઓ " વગેરે વિભાગોના સંપાદક પણ છે. તેઓશ્રીનું જીવન બીજાઓને પ્રેરણારૂપ છે.

## પંડયા પ્રાગજીભાઈ લક્ષ્મીરામ

સૌરાષ્ટ્રમાં સોનગઢ પાસે ઉમરાળા તેમનું વતન, પણ અંગ્રેજી-ગુજરાતીનો અનુભવથી અભ્યાસ કર્યો. બહુ જ નાની વયમાં ધંધામાં જોડાઈ ગયા પણ તેમનું કાયદાગત લખાણ ભલભલા વકીલોને પણ પ્રેરણા આપે તેવું છે. પોતાની કુનેહ અને કાર્યકુશળતાને લીધે એક શક્તિશાળી આગેવાન તરીકે નાની વયમાં જ નામના મેળવી લીધી. સ્વરાજ્યની લડત વખતે માથું હાથમાં રાખીને કામ કર્યું. મુંબઈમાં હુલ્લડો દરમ્યાન પોતાના એરીયામાં કમિટિ ઉભી કરીને શાંતિ સ્થાપવામાં મહત્વનો ભાગ ભજવ્યો.

## શ્રી મગનલાલ લાલજીભાઇ

ભૂતકાળમાં જુદાજુદા કારખાનમાં કરેલી નોકરી બાદ પોતાના પ્રયત્નથી કામ કરવાની પ્રેસ રોડ ઉપર મશીનરી તથા સ્પેરપાર્ટસ બનાવવાનું કારખાનું અને ફાઉન્ડ્રી શ્રી મહાલક્ષ્મી આયર્ન એન્ડ બ્રાસ વર્કસને નામે શરૂ કર્યું. મુશ્કેલીઓ આવી પણ નિરાશ થયા વગર કામ ચાલુ રાખ્યું. પારસી ભીસ્તા પાસે આવેલ ગેરડ સ્મશાનને ફરીથી વ્યવસ્થિત રીતે શરૂ કરવા ફંડ એકઠું કરવની કામગીરી હાથ પર લીધી બજરંગ વ્યાયામ શાળાના પ્રમુખ છે. કૃષ્ણપર વોર્ડનાં પોતાના ઉદાર અને મીલનસાર સ્વભાવને કારણે ઘણી જ ચાહના મેળવી છે. છેલ્લા વીશ વર્ષથી પોતના સ્વબળે જ એકધરો પુરૂષાર્થ ધંધામાં કર્યો છે આ કારખાનાનાં સફળ સંચા-લનમાં શ્રી નગીનભાઇ શાહનો મહત્વનો ફાળો છે, શ્રી નગીનભાઇ ભાવનગર શહેરના સામાજિક કાર્યકર છે. ઘણા જ ઉદાર અને સહૃદયી છે.

## શ્રી દામોદરભાઇ વાલજીભાઇ

પાલીતાણા તરફના વતની છે. ગાંધીજીની ચળવળ વખતે કોલેજ છોડી અને ' કરેંગે યા મરેંગે 'માં લાગ લીધો. સમય જતાં પિતાશ્રી જોડે મુંબઇમાં પોતાની ફલેરમીલમાં વખતોવખત જવાથી કામ કરવાની જુદીજુદી મશીનરીનું જ્ઞાન સંપાદન કર્યું. પૌંઆ ચણાની દાળમાંથી કલાકે ત્રણથી દશ ગુણી ઉત્તમ પ્રકારનું બેસન બનાવવા માટેની અદ્યતન મશીનરી બનાવનાર તરીકે મુંબઇમાં જાણીતા થયા. એન્જીનીયરીંગ-મેન્યુફેકચરીંગ ઓફ પલ્વરાઇઝર્સ એન્ડ એલાઇડ મશીનરીના અગ્રણી વ્યાપારી છે. જેસર હાઇસ્કુલમાં આ કુટુંબનું સારૂં એવું દાન અંકિત થયેલું છે. શ્રી દામોદરભાઇની વિસ્તૃત પરિચય નોંધ હવે પછી ! પ્રકાશનમાં આવરી લીધો છે.

## જાની મોહનલાલ તુળજાશંકર

મૂળ સૌરાષ્ટ્રના શિહોર તાલુકાના મઢડા ગામના વતની છે. અંગ્રેજી ત્રણ ધોરણનો અભ્યાસ કરી નાનીવયમાંજ ધંધામાં ઝંપલાવ્યું. ધંધાકીય જવાબદારી ઉપરાંત લોકસેવાના ક્ષેત્રમાં પણ ઘણા વર્ષોથી કામ કરી રહ્યાં છે. ૧૯૫૭થી ૧૯૬૪ સુધી અંકલેશ્વર નાગરપાલિકામાં ચેરમેન તરીકે રહ્યાં એ પછી સભ્ય તરીકે રહ્યાં. ૧૯૬૧માં ઈ. એન. જીનવાલા હાઈસ્કુલમાં ચેરમેન તરીકે, ૧૯૬૬થી ત્યાંની પ્રાથમિક શાળા સમિતિના ચેરમેનપદે, અંકલેશ્વર નાગરિક સહકારી બેન્કમાં ડીરેકટર તરીકે સર્વોદયની અનેકવિધ પ્રવૃતિઓમાં, યુનિપન કલબના માનદ્મંત્રી તરીકે, ક્રિકેટ કલબના પ્રેસીડેન્ટ તરીકે તેઓ ઘણે સ્થળે સેવા આપી રહ્યાં છે.

## શાહ વૃજલાલ નાનચંદ

પાલીતાણા જૈન સમાજના જૂની પેઢીના અગ્રણી સ્વ શ્રી નાનચંદ ઠાકરશીએ પાલીતાણામાં અનેકવિધ પ્રવૃત્તિઓમાં પોતાથી થઇ શકે તે દેણગી કરી છે. તેના સુપુત્ર શ્રી વૃજલાલભાઇએ એ વારસાને જાળવી રાખ્યો છે. પાલીતાણા જૈન સેવાસમાજ દવાખા-નામાં, જૈન પાઠશાળામાં, અને અન્ય નાનામોટા ફંડફાળામાં સારી એવી રકમ આપી છે સ્વયંસઝથી અને આવડતથી મુંબઈમાં એલ્યુ-મીનીયમની આઇટમોનું કારખાનું ઉભું કર્યું છે. પાલીતાણામાં તેમની સુવાસ સારી છે, જૈન સેવા સમાજના દવાખાનાના સેક્રેટરી તરીકે, નાના ઉદ્યોગોના એસોસીએશનના પ્રમુખ તરીકે અને અન્ય નાનીમોટી સંસ્થાઓમાં અગ્રપદ ભોગવે છે. ઘણા જ ઉદાર પ્રેમી વ્યક્તિ છે,

# કોટેચા લક્ષ્મીદાસ હીરાચંદ

બે દાયકાથી વધુ સમજની જેમની જાહેર સેવાઓ સુરેન્દ્રનગર જિલ્લામાં પથરાયેલી પડી છે. સ્વયપ્રેરણાથી પંચાયત અને સહકારી ક્ષેત્રે અદ્‌ભૂત કામ કરી તેમણે જે લોકચાહના મેળવી છે તેજ તેમની શકિતની પ્રતીતિ કરાવે છે.

શરૂઆતમાં યુવક સંઘ જેવી સંસ્થાઓ શરૂ કરી ચુટણીઓમાં કોંગ્રેસના સક્રિય કાર્મકર તરીકે સારી એવી સેવા બજાવી છે. જાહેર કામોમાં મિત્રોને આગળ કરી કામની જવાબદારી જૂદી જુદી રીતે સૌને વહેંચી એકતાની ભાવનાને ટકાવી રાખવામાં માનનારા છે. આ વિભાગમાં તેમની સુંદર છાપને લઈને જિલ્લા કોંગ્રેસના મંત્રી તરીકે ચુંટાયા. ગુજરાત સરકારે તેમની સામાજિક સેવાઓ ધ્યાનમાં લઈ માનદ ન્યાયધીશની પદવી આપી યોગ્ય કદર કરી છે, થાનગઢ સુધરાઈ તથા પંચાયતમાં જૂદી જૂદી સમિતિઓના અધ્યક્ષ, ઉપ-પ્રમુખ તથા પ્રમુખ તરીકે સેવાઓ આપેલી છે. ચોટીલા તાલુકા પંચાયતનાં પ્રમુખ તરીકે પણ સારૂં એવું માન પામ્યા છે. ઝાલાવાડ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝના પ્રમુખ તરીકે કરેલી સેવાઓ-એજ એમના વ્યકિતત્વના દર્શન કરાવે છે. તાલુકાઓને જિલ્લાની જૂદી જૂદી કમિટિઓમાં જૂદા જૂદા સમયે રહીને સારૂં એવું કામ કર્યું છે. દેશના ઘણા દર્શનીય સ્થળોનું પરિભ્રમણ કર્યું છે. આ દેશના વિકાસમાં પંચાયત પ્રવૃતિને યોગ્ય સાધન ગણે છે. જાહેર કાર્યકર્તા તરીકેની બે દાયકાની સેવાઓ ચિરઃસ્મરણીય રહેશે. પોટરીમાં પાર્ટનર ઉપરાંત ખેતીનો વ્યવસાય કરે છે.

# કપાસી મેઘજીભાઈ ઝવેરચંદ

દાન, ધર્મ અને સમાજ સેવાના સંસ્કારો પ્રસરાવતા જૈન કુટુંબમાં પાલીતાણામાં તેમનો જન્મ થયો. પરગજુ સ્વભાવ અને ધર્મ પ્રત્યે અચળ શ્રદ્ધા તેમને કૌટુંબિક વારસામાં મળ્યાં.

ધંધાદારી ક્ષેત્રે તેમણે શરૂ કરેલી વ્યાપારી પેઢી પાલીતાણા દાણાપીઠમાં આજે ધમધોકાર ચાલી રહી છે. સમાજ પ્રત્યેની શુભભાવનાથી પ્રેરાઈને મહાજન સંસ્થાના અગ્રણી તરીકે વર્ષોથી માર્ગદર્શન અને પ્રેરણા આપતા રહ્યાં હતા. પાલીતાણા જૈન સમાજમાં અને કપાસી કુટુંબમાં તેઓ મહામુલુ રત્ન હતા. જૈન સેવા સમાજ અને બીજી ઘણી સંસ્થાઓમાં તેમણે આર્થિક મદદ પણ કરી છે વિદ્યાર્થીઓ અને જરૂરીયાતવાળાઓને હમેશા ઉદાર-દિલે યત્કિંચિત ફાળો આપ્યો છે. વૃદ્ધાવસ્થામાં પણ ઉત્સાહ અને ધગશની મુર્તિ હતા. પાલીતાણાના હિતને હંમેશા નજર સમક્ષ રાખ્યું હતું આ વારસો તેમના સુપુત્ર શ્રી વાડીલાલઈએ જાળવી રાખ્યો છે. પાલીતાણાની જાહેર જીવનની બધીજ પ્રવૃતિઓમાં તેમની સેવા માર્ગદર્શન હોય જ તેમની અનેકવિધ સેવાઓથી પ્રેરાઇને ગુજરાત સરકારે શ્રી વાડીભાઈને તાજેતરમાંજ જે. પી. નો ઈલ્કાબ આપી બહુમાન કર્યું છે કોંગ્રેસ સંસ્થા પરત્વે આજે પણ ભકિત ભાવથી જુએ છે અને કામ કરી રહ્યાં છે. પાલીતાણા વેપારી મંડળમાં પણ શ્રી વાડીભાઈનું સારૂ એક સ્થાન છે.

અમરેલી જિલ્લાના નાગેશ્રીના વતની છે. વ્યાપારમાં ખુબજ આગળ વધેલા અને ધાર્મિક પ્રવૃતિઓમાં મોખરે રહી યશ કીર્તિ પ્રાપ્ત કરી છે નાગેશ્રી ગામમાં તેમના કુટુંબીજનો તરફથી ચાર ધામની મૂર્તિઓ પધરાવી છે અને ધામધૂમથી પ્રતિષ્ઠા વીધી પણ કરાવી છે પાસે જ નાના બરમણ ગામે ગામના મુખ્ય ચોકમાં એક મંદિર બંધાવીને રાધાકૃષ્ણની મૂર્તિઓ પધરાવી છે અને તેની પણ પ્રતિષ્ઠા કરાવી છે. ધર્મના નાના મોટા કાર્યોમાં સુંદર ફાળો આપીને આ કુટુંબે સારૂ એવું માન મેળવ્યું છે. સાધુ સંતો તરફ પણ એવોજ ભકિતભાવ, ઘણા જ દિલાવર અને સુખી ગૃહસ્થ છે. વ્યાપારમાં તેમની જેમ જેમ બરકત વધતી જાય છે. તેમ તેમ લોકોઅની અને ધાર્મિક પ્રવૃતિઓમાં પોતાની કમાણીમાંથી યથાશકિત ફાળો આપતા રહ્યાં છે.

# શ્રી હકાણી છોટાલાલ રૂગનાથ

પાલીતાણા એજ્યુકેશન સોસાયટીને જેમની પ્રેરણા, પ્રોત્સાહન અને અન્યરીતે આર્થિક મદદ મળી છે, મુંબઈની લોખંડબજારમાં જેમનું નામ એક પ્રતિષ્ઠિત વ્યાપારી તરીકે છેલ્લા દશકામાં આગળ આવ્યું છે તે શ્રી છોટાભાઇ હકાણી પાલીતાણાના વતની છે. ચાર અંગ્રેજી સુધીનો જ અભ્યાસ પણ પૂર્વના પુણ્ય નાના પાયા ઉપર ધંધની કરેલ શરૂઆતથી ધંધાનું સ્વરૂપ વટવૃક્ષ બન્યું. ઇન્ડીયન સ્ટીલ સપ્લાઈર્સનું સંચાલન કરે છે ભાવનગર અને કલકત્તાની તેની શાખાઓ શરૂ કરી છે ધાર્મિક પ્રસંગોમાં ગુપ્તદાનમાં મોખરે રહ્યા છે, નાના મોટા સામાજિક કામોમાં અને તેના ફંડ ફાળામાં હમેશા આગળ જ હોય વિદ્યાર્થીઓને શાળાની ફી, પુસ્તકો અને જરૂરીયાતવાળાને ખાનગી મદદ આપીને પોતાની ફરજ બજાવ્યાનો સંતોષ અનુભવે છે.

# શ્રી ગાંધી પ્રાણજીવન હરગોવિંદદાસ

ભાવનગરમાં સામાન્ય કુટુંબમાં જન્મ, મુશ્કેલીઓ વેઠીને પણ ગ્રેજ્યુએટ થયાં. અભ્યાસ પૂરો કરી કાપડમાં નોકરીએ લાગ્યા. બુદ્ધિશાળી, ખંતીલા અને નિષ્ઠાવાન હોવાથી બે વર્ષમાં બધી જાતના કાપડના વેપારનો અનુભવ મેળવી લીધો તે પછી મુંબઈની એક સારી મીલના પોતે સેલ્સમેન બન્યા અને ઉત્તરોત્તર તેમાં ઘણી જ મોટી સિદ્ધિ હાંસલ કરી. માણસ દ્રઢ સંકલ્પ કરે અને પૂર્ણ નિષ્ઠાથી કામ કરે તો કોઈપણ વસ્તુ સિદ્ધ કરી શકે છે. કોઇપણ સારૂ કામ કરવામાં હિમ્મત નથી, ક્રમે ક્રમે તેમને શ્રીરામ મિલ્સ અને અન્ય મિલોમાં પોતાની શકિતની પ્રતીતિ કરાવી મીલોના કામકાજ પછી સ્વતંત્રરીતે કાપડનો ધંધો શરૂ કર્યો. સારા પ્રમાણમાં તેને ખીલવ્યો અને ધન તથા કીર્તિ મેળવ્યા તેમાં પણ ભાગીદારોની મહેનત, આવડત, અનુભવ અને નેકીનો હિસ્સો નાનો સુનો નથી. મુંબઇ અને અમદાવાદ અને વહીવટેની ભાગીદારી અમુક વર્ષો સુધી સારી ચાલી શ્રી ગાંધી આજે ૭૪ વર્ષની ઉંમરે નિર્મળ અને અને નિવૃત જીવન જીવી રહ્યાં છે.

## શ્રી કાન્તિલાલ વ્રજલાલ

રાજાશાહી શાસનકાળમાં મહાજન સંસ્થા પાછળ પ્રજાનું મોટું પીઠબળ હતું ગોહિલવાડમાં એ દાયકા પહેલા મહાજનનું વર્ચસ્વ વ્યાપક હતું. ગોહિલવાડના નગરશેઠોએ નિજ નિજ મહાલોના હાજતોના પ્રશ્નની શિઘ્ર વિચારણા કરી સફળ નિવારણ કર્યા છે. તે નગરશેઠોના સુભાસ્મરક નામોમાં ભાવનગરના શ્રી કાન્તિલાલભાઈ પણ ભૂલાય તેવા નથી.

પિતાએ ઉભી કરેલી સમાજસેવાની પગદંડી ઉપર નગરશેઠાઈની આવી પડેલી જવાબદારીને તેમણે સ્વસ્થ અને નિષ્ઠાપૂર્વક અદા કરી છે. ઉગતી યુવાવસ્થામાં જ ભાવનગરમાં નાની મોટી અનેક સંસ્થાઓના પ્રાણ સમા બની ગયા. સ્વરાજ આવ્યું પણ પ્રજાકીય પ્રશ્નોએ અવારનવાર ડોકીયા કર્યા ત્યારે પ્રજાના વ્યાજબી પ્રશ્નોની પડખે રહ્યા છે. વેચાણવેરાની ઐતિહાસિક લડત વખતે, ફી વધારા લડત વખતે હોનરત કે દુષ્કાળ, આફતો કે સામાજિક સેવાનો જ્યારે જ્યારે સાદ પડ્યો છે ત્યારે એક યુવાનની માફક તેમનું લોહી ઉછળ્યું છે.

ભાવનગરની તખ્તસિંહજી ધર્મશાળા, પટ્ટણી સ્મારક ફંડ અને ભાવનગર એજ્યુકેશન ફંડના પ્રમુખ તરીકે, છબીલાજીની હવેલી, વૈષ્ણવ હવેલી, મહાજનનો વંડો, વિદ્યોત્તેજક ફંડમાં સેક્રેટરી તરીકે, કપોળ બોર્ડીંગમાં, ચેમ્બર ઓફ કોમર્સની મેનેજીંગ કમિટિમાં, આલ્ફ્રેડ હાઈસ્કુલની એડવાઈઝરી કમિટિમાં, ચેરીટેબલ ધર્માદા સંસ્થામાં, રોટરી કલબમાં ડાયરેક્ટર તરીકે અને એ વર્ષથી ટ્રેઝરર તરીકે, માણેકલાલ ચકુજી ટ્રસ્ટ ફંડના ટ્રસ્ટી તરીકે, હરજીભાઈ ઓઝા સાર્વજનિક સ્કુલની કમિટિમાં પોતાની સેવા આપી રહ્યા છે. જિલ્લા કોંગ્રેસમાં અને અનેક ધાર્મિક પ્રવૃત્તિઓમાં એમની શક્તિ સોળે કળાએ ખિલતી રહી છે. ૧૯૩૬–૩૭માં પ્રજા પરિષદ વખતે, કપરા કાળમાં સ્વ. શ્રી બળવંતભાઈ સાથે ગામડાઓમાં ઘૂમતાં.

૧૯૨૭ થી ૧૯૫૨ સુધી વચ્ચે ચાર વર્ષ બાદ કરતાં સતત ભાવનગર મ્યુનિસિપાલીટીના સભ્ય તરીકે, ભાવનગર શહેર કોંગ્રેસ કમિટિમાં ઉપપ્રમુખ તરીકે, મંડળ સમિતિમાં ચેરમેન તરીકે, ડીસ્ટ્રીક્ટ લાઈફ ઈન્સ્યુ. એજન્ટ અસોસીએશનના પ્રમુખ તરીકે સ્મોલ સ્કેલ કમિટિમાં, નાની બચતની એડવાઈઝરી કમિટિમાં, નેશનલ ડીફેન્સ કમિટિમાં, થીઓસોફીકલ સોસાયટીમાં વિગેરે અનેક સંસ્થાઓમાં તેમના વ્યક્તિત્વના દર્શન થતાં રહ્યાં છે.

૧૯૬૬ના માર્ચની ૨૨મી તારીખે વર્તમાન મહારાજા સાહેબ ગાદીનશીન થયાં પછી સોગ ઉતારીને રાજ્યકુટુંબ સાથે તેમના ઘેર પધાર્યા હતા. રાજ્યકુટુંબ સાથેના તેમના સંબંધો એવા જ મીઠા રહ્યા છે.

## મોદી જુગલદાસ દામોદરદાસ

કુંઢેલના આ ઉદારચરિત શેઠશ્રી જુગલદાસ દામોદરદાસ મોદીને ગોહિલવાડ જિલ્લો સારી રીતે પીછાને છે. પોતાના પુરૂષાર્થના બળે વગર પૂંજીએ ધંધામાં ઝંપલાવ્યું–પ્રારબ્ધે યારી આપી અને આજ તેઓ મુંબઈમાં સારી સ્થિતિએ પહોંચ્યા પછી પણ સામાજિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં તન–મન ધનથી વતનમાં અને મુંબઈમાં સેવા આપી રહ્યા છે. પ્રમાણિકતા અને સચ્ચાઈના ઉમદા આદર્શોને નજર સમક્ષ રાખી નાની વયમાં પરદેશની મુસાફરીઓએ તેના જીવનમાં જે અનુભવનું ભાથું મળ્યું તેને લઈ આજ તેઓ ઘાટકોપરમાં ભારત સેવક સમાજના પ્રમુખ તરીકે, દશાશ્રીમાળી વણીક વેલ્ફેર સોસાયટીના પ્રમુખ તરીકે, મુંબઈની રામનારાયણ કોલેજ હિન્દી વિદ્યા પ્રચાર હાઈસ્કુલ, ન્યુ સાર્વજનિક સોસાયટી, મરચન્ટ એસોસીએશન ઘાટકોપર હિન્દુસભા, ભાવનગરમાં જગદીશ મંદિરમાં ટ્રસ્ટમાં વિગેરે અનેક સંસ્થાઓમાં તેમની સેવાએ સુંદર સુવાસ ઉભી કરી છે.

આજ તેરની એકોતેર વર્ષની ઉંમર સુધી એક સરખું જીવન વીતાવ્યું એ તેમની વિશિષ્ટતા છે. બાળકોનો કેળવાયેલા અને સંસ્કારી વાતાવરણમાં ઉછેર થયો. તેનું બહોળું કુટુંબ આજ આનંદ કિલ્લોલથી રહે છે.

## હરિભાઈ મોનદાસ "શેઠ–બાપા"

ભાવનગર રાજ્યનાં દસ તાલુકાનાં નગરશેઠોની જુની પેઢીનો છેલ્લો સીતારો ખરી ગયો. એ ભવ્ય ભાવનગરના શ્રી વ્રજલાલ શેઠ સિહોરનાં શ્રી અનંતરાય શેઠ, બોટાદનાં શ્રી હિંમતભાઈ શેઠ, મહુવાનાં શ્રી મોહનલાલ શેઠ, ઉમરાળાનાં શ્રી સુંદરજી ભુતા, લિલીયાનાં શ્રી ડાહ્યાભાઈ વકીલ, કુંડલાનાં શ્રી દ્વારકાદાસ પારેખ, રાજુલાનાં શ્રી કાનજીભાઈ શેઠ, તળાજાનાં શ્રી હરગોવીંદદાસ જીવણદાસ અને મહુવાનાં શ્રી હરીલાલ શેઠ, આ બધા પ્રાતઃ સ્મરણીય વિભુતીઓ હતી.

ભાવનગરનો ભૂતકાળ એ ઈતિહાસનો યાદગાર યુગ હતો. સ્વ. શેઠ બાપાનો ભાવનગર રાજ્ય સાથેનો સંબંધ ત્રણ પેઢીથી ચાલ્યો છે. નેક નામદાર મહારાજ શ્રી ભાવસિંહજી, મહારાજા શ્રી કૃષ્ણકુમારસિંહજી, મહારાજા શ્રી વિરભદ્રસિંહજી સાથે તેમ જ ભાવનગરનાં દિવાન અને ભારતની વિભૂતિ પ્રખર રાજનિતિજ્ઞ સદ્‌ગત સર પ્રભાશંકર પટ્ટની અને તેમનાં પુત્ર દિવાન અનંતરાયભાઈ પટ્ટણી સાથેના સંબંધો ગાઢ હતાં. આ બધાનાં સંપર્કમાં રહીને શેઠબાપ એ ભાવનગર રાજ્યનાં વિકાસનાં કરેલાં કાર્યો આજે પણ ચિરંજીવી છે. રાજા અને પ્રજા વચ્ચે સેતુ તરીકે રહીને તેમણે ઘણી સેવાઓ આપી છે. સ્વરાજ્ય પછી શ્રી બળવંતરાયભાઈ, શ્રી ઢેબરભાઈ અને અન્ય આગેવાનોનાં સલાહકાર તરીકે તેમણે જનતાની સેવા કરી છે.

સત્ય હકિકત કહેવામાં અચકાતા નહિ. તેમની વિચારસરણી તંદુરસ્ત હતી. એટલે હરકોઈ પ્રકારની રજુઆત મક્કમપણે કરી શકતા.

મહુવા કેળવણી સહાયક સમાજનાં એ પ્રથમ સ્થાપક હતાં, નાનકડા બીજમાંથી વટવૃક્ષ સમાન બની ગયેલી આ કેળવણીની સંસ્થાના પાયાના પ્રથમ પત્થર તરીકે તેમણે પોતાનું સર્વસ્વ રેડી દીધું હતું. મહુવા ગૌશાળા અને મહુવાની લોકકલ્યાણની અનેક સંસ્થાઓના એ પ્રેરક હતા.

## પારેખ કેશવદાસ મોહનદાસ

સૌરાષ્ટ્રના મહુવાના વતની ધંધાર્થે મુંબઈ વસવાટ કર્યો. ધંધામાં મેળવેલ સંપત્તિનો વતનમાં સદુપયોગ કર્યો, નાનામોટા ફંડફાળાઓમાં, કેળવણી વિષયક સંસ્થાઓમાં અને સાર્વજનિક કામોમાં તેમનું સારૂ એવું યશસ્વી પ્રદાન રહ્યું છે મહુવામાં તેમની ઉજ્જવળ સેવાઓ પડી છે. તેમના કુટુંબીજનો તરફથી આજે પણ મહુવાના નાનામોટા કામોમાં ઉદારભાવે ફાળો આપી રહ્યાં છે.

## દોશી જુગલદાસ રામજીભાઈ

તળાજાના વતની શ્રી જુગલદાસભાઈ જૂની પેઢીના આગેવાન વ્યક્તિ હતા. તળાજામાં મહાજન સંસ્થાના અગ્રણી તરીકે તેમનું ભારે મોટું વજન પડતું. તળાજા શહેરસુધરાઈના પ્રમુખથી માંડીને અનેક જાહેર સંસ્થાઓને તેમની વિશિષ્ટ શક્તિની સેવાઓ મળી છે. અભ્યાસ ઓછો પણ વ્યવહારદક્ષતા અને ધંધાની કામેલીયત તેમનામાં વિશેષ પ્રમાણમાં જોવા મળતી. નાનામોટા સવાલોમાં તેમની સૂઝ અને દીર્ઘદૃષ્ટિને લઈ સૌ કોઈ તેમની સલાહ લેવા આવતા. તળાજાના સાર્વજનિક વિકાસ કામોમાં તેમનો ફાળો ઘણો મહત્વનો રહ્યો છે તેમના સુપુત્ર શ્રી જશવંત દોશીએ જાહેર સેવાના એ વારસાને જાળવી રાખ્યો છે શ્રી જુગલભાઈ દોશી કેળવણી વિષયક સંસ્થાઓમાં, ચેમ્બર ઓફ કોમર્સ, સહકારી સંસ્થાઓ, મ્યુનિસિપાલટી વિગેરે સંસ્થાઓમાં અગ્રસ્થાન ભોગવતા આવ્યા છે. છેલ્લે તળાજાના ખાંડના કારખાનાના સંચાલનમાં મહત્વની જવાબદારીઓ વહન કરી રહ્યાં છે.

## શાહ શીવલાલ ગોકળદાસ

જામનગરના વતની છે. સૌરાષ્ટ્રના અગ્રણી વ્યાપારીઓમાં તેમની ગણના થાય છે. મોરબીમાં વેજીટેબલ પ્રોડકટસનું સફળ સંચાલન કરી રહ્યાં છે ધંધાની પ્રગતિ માટે પ્રમાણીકતા મુખ્ય ભાગ ભજવે છે, તેમના બીજા ઘણા વ્યવસાઓ હોવા છતાં ગ્રાહકોના સંતોષથી પ્રગતિ સાધી શકયા છે. ઔદ્યોગિક ક્ષેત્રે કવોલીટી કન્ટ્રોલ રાખી શકયા છે અને તેથી જ ગ્રાહકો ઉપર તેમની ઘણી મોટી અસર પહોંચાડી શકયા છે.

તેમના જાહેર જીવનમાં સૌરાષ્ટ્ર રાજ્ય વખતે સેલ્સટેક્સની લડતમાં આગેવાની ભર્યો ભાગ લીધો. સામાજિક રૂઢીઓ સામે શાંત પ્રતિકાર કરેલા. તેના અનુભવો, રાજકીય ચુંટણીઓમાં, અમલદારો સામે સામાજિક પ્રશ્નોની રજૂઆતોમાં અને વિવિધક્ષેત્રે કરેલી કામગીરીના સુખદ અને અંતે દુખદ અનુભવોથી ભરેલું તેમનું જીવન છે. જામનગરની પેરેગોન લેબોરેટરીઝના પાર્ટનર, જામનગરની શાહ શીવલાલ ધીરજલાલની કુાં ના પાર્ટનર, હસમુખલાલ એન્ડ બ્રધર્સના પાર્ટનર, તરીકે વ્યવસાય કરે છે ઉપરાંત આપેલી સેવાઓમાં જામનગર બુલીયન એક્ષેન્જના માનદમંત્રી, ઉપરાંત જામનગરની રેલ્વે, ટેલીફોન, ઈલેકટ્રીક, આર. ટી. ઓ, લાયન્સ, રોટરી, ચેમ્બર ઓફ કોમર્સ, બંદર કમિટિ, સમિતિના કેળવણી મંડળો એમ અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે

## પટેલ મગનલાલ ગોરધનદાસ

હાલાર જિલ્લાના જામવાસીના વતની છે; ઇન્ટર સાયન્સ સુધીનો તેમનો અભ્યાસ છે જેતપુરમાં ઘણા વર્ષોથી સાડીઓ છાપવા તથા રંગવાના ઉદ્યોગમાં શ્રી પટેલ ટેકસટાઇલ ડાઇંગ એન્ડ પ્રિન્ટીંગ ઇન્ડસ્ટ્રીઝ નામનું કારખાનું ચલાવે છે. અભ્યાસ પૂરો કરીને તુરતજ કારખાનાના વેચાણ વિભાગની અને ઉત્પાદન વિભાગની વ્યવસ્થા સંભાળી વેચાણ માટે હિન્દુસ્તાનના તમામ પ્રાન્તોના દરેક સેન્ટરોની મુલાકાતો લીધી, ગ્રાહકોની માંગ મુજબના માલ તૈયાર કરાવ્યા અને તે માટેની કાયમી વ્યવસ્થા ઉભી કરી. પોતે ઘણાજ આશાવાદી છે પ્રારબ્ધ કરતાં પુરૂષાર્થ બળવાન છે તે સિદ્ધાંત પ્રમાણે સતત પુરૂષાર્થથી ધંધાને વિકસાવ્યો છે અને આગળ આવ્યા છે. સંયુકત કુટુંબમાં સંપ સહકારથી રહે છે જેને આજના યુગની વિશિષ્ટતા ગણી શકાય.

સામાજિક સેવાને ક્ષેત્રે વ્યસન મુકિતને માટે ખાસ કરીને પાન તમાકુ અને બીડી જેવા વ્યસનો છોડાવવા માટે સતત પ્રયત્નશીલ રહીને ઘણી વ્યકિતઓના વ્યસન છોડાવ્યા છે આ પણ એક સમાજસેવાનું ઘણું મોટું કામ ગણીને એ દીશામાં તેમના પ્રયત્નો વિશેષ છે

## મહેતા નવીનચંદ્ર જયંતિલાલ

બાબાભાઈના હુલામણા નામથી ઓળખાતા હમ્મેશા હસમુખા જણાતા વિનોદી સ્વભાવના આ આશાસ્પદ યુવાનને શિહોરનું ગૌરવ ગણવામાં જરા પણ અતિશયોકિત નહિ લેખાય.

શ્રીમંતાઈમાં ઉછેર થયો હોવા છતાં મોટાઈની મહત્વની છાંટનો સ્પર્શ થયો નથી. સુખ-સમૃદ્ધિમાં મ્હાલવા છતાં સિહોરના સામાજિક સુવાસે અને જનહિતની પ્રવૃત્તિઓમાં નિર્લેપભાવે રચ્યાપચ્યા રહે છે.

શિહોર નગર પંચાયતના સભ્ય, બાંધકામ કમિટિના ચેરમેન, ફ્રેન્ડઝ યુનિયન કલબના પ્રમુખ, શ્રેયસ કો-ઓ. કન્ઝયુમર્સ સ્ટોર્સના પ્રમુખ એવા અનેક સ્થાનો ઉપર રહીને તેમની દીર્ઘદૃષ્ટિ અને દિલચસ્પીએ જે કામ કરી બતાવ્યું તેનાથી શિહોરના જાહેર જીવનમાં ઉજ્જવળ ભાત ઉભી થઈ છે.

શિહોરમાં ફ્રેન્ડઝ યુનિયન કલબના ઉપક્રમે એક મેડીકલ કેમ્પ ગોઠવાયેલો તેમાં છ હજાર દર્દીઓએ નિદાન કરાવી મફત દવાનો લાભ મેળવ્યો શહેરમાં જીવન જરૂરીયાતની ચીજવસ્તુ ઓછા દરે મળે તેવી ગોઠવણ વિગેરે કરવામાં શ્રી બાબાભાઈની શકિત અને સેવા સોળે કળાએ ઝળકી છે, તેમના પત્ની પણ સામાજિક પ્રવૃત્તિમાં રસ લે છે.

## શ્રી નવીનભાઈ શેઠ

રાજુલાના વતની અને નગરશેઠ કુટુંબના સુખી ઘરના મોભી છે. ઘણા વર્ષોથી ધંધાર્થે મુંબઈ જઈ વસ્યા છે. અને આર. તુલસીદાસ એન્ડ કું.નું સફળ સંચાલન કરી રહ્યાં છે. રાજુલામાં પ્રસંગોપાત તેમની સખાવતો ચાલુ હોય છે. ટંક છાંડી જતા કુટુંબોને ત્યાં અનાજ, ગરીબ વિદ્યાર્થીઓને પુસ્તકો, દર્દીઓને દવાદારૂ અને જરૂરતવાળાને જોઇતી સવલતો ગુપ્ત રીતે પણ પૂરી પાડીને હૈયાના આશિર્વાદ લેવાનું કયારેય ચૂકયા નથી. શ્રી નવનીતભાઈ સ્વભાવે ઘણા જ ઉદાર છે.

## પટેલ મોહનભાઇ મહીદાસ

જૂથળના વતની શ્રી મોહનભાઈ સૌરાષ્ટ્રના નળીયા ઉદ્યોગના પ્રણેતા છે. ઘણો જ ઉચ્ચ અભ્યાસ પ્રાપ્ત કરીને તેમના જ્ઞાન અને શકિત ઔદ્યોગિક દિશામાં વાળી ગુજરાતના ઔદ્યોગિક વિકાસમાં એનમૂન ફાળો આપ્યો છે.

તીવ્ર બુદ્ધિશકિત, અસાધારણ હૈયા ઉકલત અને ઉદ્યોગના સંચાલનની ઉંડી સમજ નાનપણથી જ તેમનામાં દેખાતી હતી.

મુંબઈ યુનિવર્સિટીની ૧૯૫૦ની સાલની બી. એસ. સી (ઓનર્સ.)ની પરીક્ષામાં પ્રથમ આવી સર રોબર્ટ એલન ગોલ્ડ મેડલ મેળવ્યો જેથી ભારત સરકારના સ્કોલર તરીકે એમ્બ્રી. એન્જીનીયરીંગનો પોસ્ટ ગ્રેજ્યુએટ અભ્યાસ કરવાની સ્કોલરશીપ મળી અને આગળ વધ્યા.

ખેડૂત કુટુંબમાં જન્મ લીધો છતાં પિતાશ્રી માધ્યમિકશાળાના આચાર્ય હોવાથી શિક્ષણ પ્રત્યેના પ્રેમને લઈ ઘરના સૌને પૂરી કેળવણી આપી, મોટાભાઈ સેલ્સ ટેક્સ ઓફીસર છે, નાનાભાઈ ડૉકટર છે. પોતે ઔદ્યોગિક ક્ષેત્રે હરણ ફાળ સિદ્ધિ હાંસલ કરી છે.

અમેરિકામાં મેળવેલ એન્જીનીયરીંગ જ્ઞાન તેમ જ સૌરાષ્ટ્ર સરકારમાં છ એક વર્ષ સુધી એગ્રી. એન્જીનીયર તરીકે રહીને મેળવેલ વિશાળ અનુભવ તેમ જ ભારતના અગ્રણી કોન્ટ્રેકટર કું. મેસર્સ પટેલ એન્જીનીયરીંગ કું. લી. માં બે વર્ષના બાંધકામ ખાતાનો અનુભવ, આ બધા સમૃદ્ધ જ્ઞાનના ઉદ્યોગથી તેમને અગ્રણી ઉદ્યોગપતિનું માન અપાવ્યું છે. ગુજરાત રાજ્યમાં મોટામાં મોટા વિલાયતી નળીયાના ઉદ્યોગમાં— ભડીયાદ પોટરીઝ મોરબીના સ્થાપક ભાગીદાર તરીકે, મોરબી રૂફીંગ ટાઈલ્સ મેન્યુફેકચર્સ એસોસીએશન મોરબીના પ્રમુખ તરીકે, લાયન્સ કલબના ડાયરેકટર તરીકે, મયુર જીમખાનાના સહમંત્રી તરીકે અને બીજી ઘણી સામાજિક સંસ્થાઓ સાથે સંકળાઇને યશસ્વી સેવા આપી રહ્યા છે. ઘણા જ ઉદાર પ્રેમી અને પરગજૂ સ્વભાવના છે.

## ધનાણી કેશવલાલ નથુભાઈ

જામનગર શહેરના આજના આગેવાન ઉદ્યોગપતિ શ્રી કેશુભાઈ ધનાણી જામનગર પાસે ચેલાના મૂળ વતની અને સામાન્ય અભ્યાસ પણ દીર્ઘદૃષ્ટિ અને આવડતને લઈ આગળ વધ્યા. મૂળ તેમનો લક્ષણનો વ્યાપાર. સમય જતાં એન્જીનીયરીંગ ઉદ્યોગમાં ઝંપલાવ્યું. થોડા સમય પહેલા જ તેમણે એમ. પી. શાહ મ્યુ. ઉદ્યોગનગરમાં પોતાનું નવું સહસ ધનાણી એન્જીનીયરીંગ વર્કસ શરૂ કરેલ છે. ગુજરાત રાજ્યમાં સાયકલના ટયુબ અને ટાયરનું ઉત્પાદન કરતું આ મુખ્ય કારખાનું છે. તેમણે સાયકલ વાલ્વનું પણ મોટા જથ્થામાં ઉત્પાદન કરી ભારતમાંથી સાયકલ વાલ્વની નિકાસ કરી હુંડીયામણ કમાવી આપે છે, નગરપાલીકાની પ્રાથમિક સ્કુલોના અધ્યક્ષપદે જવાબદારી પૂર્ણ કામગીરી બજાવે છે, જ્ઞાતિ સેવા અને સમાજ સેવામાં યથાશકિત પોતાની સેવા આપે છે. કલા, સંગીત, રાજકારણ વિગેરે તેના પ્રિય શોખ છે. જામનગરની ઘણી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.

## શ્રી વલ્લભભાઈ પટેલ

રાજકોટ જિલ્લાના જેતપુરના પ્રિન્ટ ઉદ્યોગના પટેલ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના પ્રોપરાઈટર શ્રી વલ્લભભાઈ પટેલ ઉદ્યોગના સંચાલનમાં ઘણા જ બાહોશ વ્યકિત તરીકે જાણીતા થયેલા છે ઔદ્યોગિક પ્રવૃત્તિથી ધમધમતા આ શહેરની સામાજિક સંસ્થાઓમાં પણ તેઓ અગ્રસ્થાને બીરાજે છે.

જેતપુર લાયન્સ કલબના ફાઉન્ડર પ્રેસીડેન્ટ અને જેતપુર લાયનઝોન ચેરમેન તરીકે તેમની યશસ્વી સેવાઓએ ભારે યશકીર્તિ સંપાદીત કર્યા છે.

મ્યુનિ. કાઉન્સીલર ઉપરાંત જેતપુરના મશહુર સાડી ઉદ્યોગના પ્રિન્ટેડ સાડી મેન્યુ. ફેકચરર્સ એન્ડ ડીલર્સ એસોસીએશનના પ્રેસીડેન્ટ તરીકે પણ તેમની સેવા શકિતએ જનહૃદયમાં સારૂં એવું સ્થાન પ્રાપ્ત કર્યું છે.

જેતપુરના સાડી ઉદ્યોગને પૂરતો સ્ટાર્ચ મળે, પૂરતા રંગો મળે અને કામદારો તથા માલીકો વચ્ચેના સંબંધો સુધરે તે માટેના તેમના રચનાત્મક પ્રયાસો અને ઉદ્યોગોના વિકાસની ગતિ જાળવવાના તેમના સૂચનો ઘણા જ પ્રશંસનીય છે. જેતપુરના સાડી ઉદ્યોગનું દેશ-પરદેશમાં આથીએ વધુ ગૌરવ ઉભું થાય તે માટે તેઓ સતત જાગૃત રહ્યા છે

## સ્વ. શેઠ દેવચંદ દામજી કુંડલાકર

બે રૂપીયાની પંતુજીની નોકરીથી જીવનની શરૂઆત કરીને જીવન શરૂ કરી ધીમે ધીમે સાહિત્ય ક્ષેત્રમાં તથા વ્યાપારમાં બુદ્ધિનો વિકાસ કરી જીવનના બધા ક્ષેત્રોમાં નામના મેળવી સંપત્તિ મેળવેલ.

પત્રકાર ક્ષેત્રે "જૈન વિજય" ચલાવ્યું. "તરંગ તરણી" "વિશા શ્રીમાળી હિતેચ્છુ" શરૂ કરી પત્રકારીત્વનો અનુભવ મેળવી "જૈન" પત્ર ૪૨ વર્ષ સુધી તેમના તંત્રીપણા નીચે જૈન સમાજના અગ્રેવાન પેપર તરીકે જાણીતું થયેલ છે. તેમ જ વ્યાપાર સમાચાર દૈનિક તરીકે પ્રગટ કરી તેમની કાર્યદક્ષતાની પ્રતીતિ થાય છે.

"જૈન" પેપરના સંચાલક તરીકે એમની નામના ઘણી સારી છે. જેમાં તેમની ક્ષમતા, દક્ષતા તથા વિશાળ મનોવૃત્તિ ને હિંમતનું પ્રતીબિંબ પડેલ છે. એમણે જૈન સમાજના તથા ભાવનગર રાજ્યના જુદા જુદા વર્ગોનો એકધારો સહકાર મેળવ્યો હતો.

તેમણે તેમના જીવન દરમ્યાન નવી યોજના દ્વારા તીર્થોની યાત્રા કરાવવા સમાજની પ્રથમ સ્પેશ્યલ યાત્રા ટ્રેનની કાઢી તીર્થયાત્રા કરાવી આશીષ મેળવેલ.

વ્યાપાર ક્ષેત્રે પત્રકારીત્વ તથા 'હિતેચ્છુ પ્રેસ' શરૂ કરી 'આનંદ પ્રેસ' 'આનંદ પેપર માર્ટ' આદિ વ્યવસાઈ કરી સારી સુખ-સંપત્તિ મેળવેલ.

સેવાભાવી આત્માને કારણે તેઓશ્રી પાલીતાણાની યશોવિજયજી જૈન ગુરૂકુળ, સોનગઢના શ્રી મહાવીર ચારિત્ર રત્નાશ્રમ તથા ભાવનગરની જૈન ભોજનશાળા, આત્માનંદ સભા અને ભાવનગર જૈન સંઘની કમિટીઓમાં એક કાર્યકર તરીકે યશસ્વી સેવા બજાવેલ.

## પટેલ વીઠ્ઠલભાઈ કોદ્યાભાઈ

ઉત્તર ગુજરાતના રૂપાલી ગામેથી આ કુટુંબના વડવાઓ આવેલા. જ્યારથી ડેમાઈમાં વડવાઓ આવ્યા ત્યારથી સમયાનુસાર કેળવણી અને ખેતીના વ્યવસાયને પ્રાધાન્ય આપેલ. ચડતી પડતીના અનેક પ્રસંગો વચ્ચે નૈતિક હિંમતથી કામ કરનાર છે.

પિતાશ્રી પ્રાથમિક શાળાંત પરીક્ષા પાસ કર્યા બાદ શિક્ષકની નોકરીમાં જોડાયા. એક શાળાના આદર્શ શિક્ષક અને અભણ સન્નારી માતા પાસેથી કેળવણી અને સંસ્કારો મળ્યા. ડેમાઈથી પશ્ચિમ દિશાએ એક માઈલ દૂર તે સમયના કલેક્ટર શ્રી પેઈન્ટર સાહેબના નામથી એક પરૂ પેઈન્ટરપરા વસેલ છે ત્યાં ખેતી વ્યવસાય કરેલો. પિતાને શિક્ષક તરીકેના સંસ્કાર અને માતાની મમતા સાથે મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો. પિતાનો સંવત ૨૦૦૨ના ફાગણ વદ ૨ના રોજ સ્વર્ગવાસ થયો તેથી ડેમાઈ ગામમાં ૧૯૪૬થી વ્યવસાયની દૃષ્ટિએ કરિયાણાની દુકાન અને કાચા માલની ખરીદીથી વ્યવસાય શરૂ કર્યો. નાનાભાઈ શ્રી કોદરભાઈ વતનમાં રહી ખેતી પર ધ્યાન રાખ્યું.

ધંધામાં વ્યવહાર કુશળતા, નૈતિક હિંમત અને માતા પિતાના આશીર્વાદથી સાનુકુળ રહેલ છે. વ્યવસાય તેલિબીયાં અને રૂનો છે.

કેળવણી ક્ષેત્રે પોતાનાથી બનતું ગુપ્તદાન અને જાહેરદાન પણ થાય. ડેમાઈ કેળવણી મંડળ તથા કપડવણજ કેળવણી મંડળના કાર્યોમાં રસ ધરાવે છે.

મધ્ય ભારતના તથા ઉત્તર ભારતના ધાર્મિક સ્થળોનો પ્રવાસ કરેલ છે. આજ બહોળા કુટુંબ સાથેનો વસવાટ કરી રહેલ છે.

## શાહ રણછોડદાસ ગીરધરદાસ

વણિક વૈષ્ણવ કુટુંબમાં જન્મ. કુટુંબની પરિસ્થિતિ સામાન્ય. સંજોગોને આધિન રહી પ્રાથમિક સુધીનું જ શિક્ષણ લીધું. નાની ઉંમરમાં મા-બાપ ( પિતાશ્રી ૧૯ વર્ષની ઉંમરે અને માતુશ્રી ૨૮ વર્ષની ઉંમરે ) ગુજરી ગયાં હતાં. જેથી પંદર વર્ષની ઉંમરમાં પોસ્ટમેનની નોકરીથી જીવનઘડતરની શરૂઆત કરી. દુઃખોના ઝંઝાવાતો સામે એકલા હાથે સહનશીલતા, પ્રમાણિકતા અને પ્રભુના ભરોસે જીવનનાવ સંસાર સાગરમાં શરૂ કરી, જેમાં સાથે ત્રણ નાનાભાઈ અને એક બહેન આ નાવડીનાં મુસાફરો હતાં. તેમને પણ જ્ઞાન અને સંસ્કાર સિંચન કર્યા. વખત વહેતાં વહેપારી બન્યા. સાથે ત્રણ ભાઈઓ શ્રી વાડીલાલ, શ્રી કાન્તીલાલ, શ્રી જમનાદાસના સહકારથી ધંધામાં આગળ વધ્યા. એક વખત ભયંકર માંદગીમાં મરતાં બચાવવા નાનાભાઈ શ્રી જમનાદાસે રક્તદાન કર્યું. તેવી જ રીતે ભાઈ શ્રી જમનાદાસ ( ઉપપ્રમુખ શ્રી સંસ્કાર મંડળ ડેમાઈ ) પોતાના એક નોકર શ્રી હીરાભાઈ પટેલને વીજળી કરંટમાંથી બચાવતાં તેના ભોગ બન્યા ( મૃત્યુ પામ્યા ).

શ્રી રણછોડભાઈ સાઠંબા સમુદાય કેળવણી મંડળના ટ્રસ્ટી અને પ્રમુખ તરીકે કાર્ય કરેલ છે. ડેમાઈ કેળવણી મંડળના પણ કારોબારીના સભ્ય છે. તેઓમાં દાનની ભાવના છે. સંસ્થાઓ તેમજ છુપા દાનો છે. કોઈ સાધુ અતિથિ તેમના આંગણેથી પાછા નહીં જાય. ગૌ સેવા માટેની ભાવના અને ધાર્મિક ભાવના પ્રબળ છે.

જ્યારે ભારત-પાકિસ્તાનનું યુદ્ધ શરૂ થયું ત્યારે યુદ્ધમોરચે વૈદકીય સહાય માટે જવા ડોક્ટર મહાશયોની ભરતી થઈ તે સમયે તેમના ચી. ડો. ધીરૂભાઈ ( એમ. બી બી. એસ. ) ( હાલના કેપ્ટન ) મા ભોમની સેવા માટે યુદ્ધ મોરચે જવા તૈયાર થયા હતા. તે દિવસ આવ્યો, જ્યારે ડો. ધીરૂભાઈને શ્રી સંસ્કાર મંડળ ડેમાઈ તથા નાગરિકો તરફથી વિદાય સમારંભ યોજાયો. ત્યારે પિતાનું વાત્સલ્ય અને માતાની મમતા ( અ. સૌ. ઈચ્છાબેન )એ દેશભક્તિનાં ગાન સાથે પુત્રને વહાલભરી વિદાય આપી તે હજુ ભૂલાય તેમ નથી. પ્રભુ નામ સ્મરણએ જેનું પ્રેરણા બળ છે તે ધંધામાં કાપડની દુકાન તથા શ્રી અરૂણ ઓઈલ મીલ એન્ડ જીનીંગ ફેક્ટરી પોતાના ભાઈઓ સાથે મળી માલીકીની ચલાવે છે.

ઉત્તર ભારત તથા સૌરાષ્ટ્રનાં ધર્મસ્થળોની યાત્રાઓ પણ કરી છે. પોતાના કુટુંબના સર્વે બાળકોને સારૂં શિક્ષણ અને ધાર્મિક સંસ્કારનું શિક્ષણ આપી જનસેવા કરવી તે તેમનો ઉદ્દેશ છે.

જ્યારે ગામમાં ‌ ‌ ‌ નઘાટે ઉનાળાના તાપથી બચવા છાંયા ન હતી. જેની ચિંતા શ્રી રણછોડદાસને થતી તેમણે જનતા પાસેથી થોડીક રકમ ભેગી કરી થોડી પોતાની મેળવી જાતે હાજર રહી એક ( પતરાઓનું ) છાપરૂં તૈયાર કરાવ્યું.

તેમણે ડેમાઈ કન્ઝયુમર્સ કો. ઓ. સોસાયટીના અધ્યક્ષ તરીકે તેમજ ડેમાઈ કાપડ મહાજનના પ્રમુખ તરીકે પણ કામ કરેલ છે.

## શ્રી માધવજી મોરારજી

મહુવા પાસે બોડાના વતની. ચાર અંગ્રેજી સુધીનો જ અભ્યાસ. નાની ઉંમરથી જ વ્યાપારની કળા હસ્તગત કરી મુંબઈમાં જથ્થાબંધ સોપારીના વેપારીઓમાં તેમનું નામ પ્રથમ હરોળમાં ગણી શકાય છે. આ કુટુંબના શ્રી અતુભાઈએ તેમના વતન બોડામાં અને મહુવાની કેળવણીના સંસ્થાઓએ ઘણી રીતે પ્રસંગોપાત મોટી સખાવત કરી છે.

## શ્રી મનસુખલાલ મણીલાલ મહેતા

ભાવનગરના વતની અને ઘણા વર્ષોથી ધંધાર્થે મુંબઈ જઈને વસેલ-મુંબઈમાં ધંધાદારી ક્ષેત્રે સારી પ્રગતિ કરી અને ઠીક સંપત્તિ કમાયા જે તેમણે સન્માર્ગે વાપરી છે. તેઓ ઘણાજ વિવેકી અને માયાળુ હતા. તેમનું અતિથ્ય કદી ભૂલી શકાય તેવું નથી. વ્યાપારી સમાજમાં અને અન્ય જાહેર જીવનમાં તેમનું આગળ પડતું સ્થાન હતું. ઘણી સાર્વજનિક સંસ્થાઓને આર્થિક હુંફ આપવામાં તેમનો મહત્વનો હિસ્સો રહેલો છે. જાહેર હિતાર્થે અને શિક્ષણ પાછળ ઘણી મોટી દેણગી કરી છે. નાનામોટા ફંડફાળામાં લક્ષ્મીને છુટે હાથે ઉપયોગ કર્યો છે. તેમના આ વારસાને તેમના સુપુત્રે જાળવી રાખ્યો છે. ભાવનગરના સામાજિક કામોમાં સારી રકમ આપેલી છે. મુંબઈમાં પણ ઘણા ગરીબ કુટુંબોને મદદ કરતા રહ્યાં છે. આખુએ કુટુંબ સેવાભાવી અને સંસ્કારી છે અને ઘણી સામાજિક સંસ્થાઓમાં રસ લેતા રહ્યાં છે.

# વોરા ઠાકરશી જસરાજ

બોટાદના વતની અને મુંબઇના અગ્રગણ્ય ઉદ્યોગપતિ શ્રી ઠાકરશીભાઇને ગોહિલવાડ અને ઝાલાવાડનો જૈન સમાજ સારી રીતે જાણે છે. ઉનના મુખ્ય એજન્ટ તરીકે ભારતભરના તેમજ પરદેશના ઉનના વેપારીઓ તેમની સેવા શક્તિ અને વ્યાપારના વિકાસમાં તેમના ફાળાથી વિશેષ વાકેફ છે.

નાનપણમાં જૈન વિદ્યાર્થીગૃહમાં સ્વયંસેવક તરીકે સેવાજીવનની કારકીર્દિ શરૂ કરી. આ જીવિકા માટે ઉનના વેપારીમાં રૂા ૩૫ના પગારથી એજ પેઢીમાં તેર વર્ષ વર્કીંગ પાર્ટનર તરીકે અને પછી સ્વતંત્ર ભાઈ શરૂ કરી. મોટાભાઇ શ્રી મોહનભાઈની પ્રેરણાથી ઉનના વ્યાપારમાં જોડાયા. આ લાઇનમાં તેમણે ચડતી પડતી પણ ઘણી જોઇ. છતાં ધંધામાં મેળવેલી સંપત્તિનો ઉદાર દિલે સામાજિક કામોમાં છુટથી ઉપયોગ કર્યો. બોટાદ પ્રજામંડળ સાથે સંકળાઇને વતનના અનેકવિધ કામોમાં આગળ પડતો ભાગ લીધો. બોટાદ સ્થાનકવાસી જૈનસંઘમાં રૂા. ૧૫૦૦નું દાન આપ્યું માતુશ્રીની સ્મૃતિમાં ત્રીસ હજારનું દાન આપી કન્યાશાળાનું મકાન બંધાવી આપ્યું. બોટાદમાં ૨ વ્રિ. ગલિયાળા જૈન છાત્રાલયના પ્રમુખ તરીકે, માટુંગા જૈન છાત્રાલયમાં છ વર્ષ પ્રમુખ તરીકે તેમની સેવાઓ જાણીતી છે અગાઉ ઝાલાવાડ સ્થા. જૈન સમાજમાં મેનેજીંગ કમિટિમાં હતા, બોટાદમાં ઉપાશ્રય બાંધવા પિતાશ્રી જસરાજ નારણભાઇ વોરાને નામે રૂા ૩૦૦૦૦ આપ્યા, બોટાદ કોલેજમાં રૂા. ૫૦૦૦ આપ્યા, તે રીતે બોટાદ જૈન ભોજનાલયમાં, અને નાની–મોટી અનેક સંસ્થાઓમાં યથોચિત ફાળો આપી કુટુંબના નામને ઉજળુ કર્યું છે ધર્મપ્રેમી અને નિરાભીમાની શ્રી ઠાકરશીભાઇએ મન મૂકીને દાનગંગા વહાવી છે

# કૌશિક શશીકાન્ત ચંપકલાલ

ભાવનગરના સાણોદર તરફના વતની અને કરાંચીમાં જન્મ થયો. નાની ઉંમરમાં નવું જાણવા જોતા ઘણું રખડયા, ફર્યા અને અનુભવે ઘણું મેળવ્યું. અને કેમીકલ્સના ધંધામાં ઝંપલાવ્યું. ચડતીપડતીના પ્રસંગો પણ જોયા–છેલ્લે ભાવનગરમાં કાંચન કેમીકલ્સના ધંધામાં શરૂઆત કરી. જે માલ દેશના મહત્વના સ્થળોએ જાય છે ભૂતકાળ પ્રગતિલક્ષી મંડળો દ્વારા સામાજિક પ્રવૃતિમાં રસ લીધો હતો. સ્વભાવે ઘણાજ મિલનસાર છે.

# કોટેચા બાબુલાલ ગોકળદાસ

સૌરાષ્ટ્રમાં સમઢીયાળા–ઓઢાના વતની છે. અમરેલીની ફોરવર્ડ હાઈસ્કુલમાં મેટ્રીક સુધીનો અભ્યાસ કરી વ્યાપારમાં ઝંપલાવ્યું. શ્રીમંત હોવા છતાં ઘણાજ શાંત, નમ્ર અને સાદાઇની મૂર્તિ છે. સામા માણસને અનુકૂળ રહીને કેમ જીવન જીવવું તેવા સંસ્કાર નાનપણથી જ માતાપિતા તરફથી મળેલા છે. વ્યાપારમાં નીતિમત્તાનું ઉંચુ ધોરણ ટકાવી ખૂબજ સફળતા મેળવી છે. એક આદર્શ નાગરિક અને વ્યાપારી તરીકેની પ્રતિષ્ઠા ધરાવે છે. સાર્વજનીક છાત્રાલયના પ્રમુખ તથા ઉના દેલવાડા પાંજરાપોળના ટ્રસ્ટી છે લોહાણા બોર્ડીંગમાં પણ ટ્રસ્ટી અને પ્રમુખ છે

સ્વ. ગિરીશકુમાર બાબુલાલ કોટેચા કેળવણી સહાયક ટ્રસ્ટ ઉનાના મુખ્ય હતા અને કારોબારી કમિટિના સભ્ય છે. તેમની સામાજિક સેવાઓ લક્ષમાં ગુજરાત સરકારે જે.પી.નો ઇલ્કાબ આપી સુયોગ્ય કદર કરી છે.

# દોશી ભુપતરાય હરજીવનદાસ

ઉનાના યુવાન કાર્યકરોમાં શ્રી ભુપતરાય દોશી ઘણાજ સક્રિય કાર્યકર છે ઉના ચેમ્બર ઓફ કોમર્સના સેક્રેટરી, સાર્વજનિક પુસ્તકાલયના સેક્રેટરી, ઉના–દેલવાડા દવા મદદના સેક્રેટરી, કાપડ બજાર એસોસીએશનના સેક્રેટરી તરીકે તેમની સેવાઓ નોંધનીય છે

વિદ્યાર્થીમંડળની સ્થાપના, ગુમાસ્તામંડળની સ્થાપના, મહિલા મંડળીના સ્થાપના, સફાઇ કામદાર મંડળ, ઉના માર્કેટીંગયાર્ડ, તાલુકા કોંગ્રેસ, પ્રજાસમાજવાદી પક્ષ, સૌરાષ્ટ્ર વિદ્યાર્થી મધ્યસ્થ સંઘ એમ અનેક ક્ષેત્રે કામ કરતા કરતાં ૧૯૬૬ થી ૧૯૬૮ સુધી ઉના નગરપંચાયતના અધ્યક્ષ તરીકે પણ સેવા આપી. ઉનાની બધીજ સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે

# શ્રી પંચાણભાઇ પટેલ

જામનગરના અગ્રેવાન ઉદ્યોગપતિઓમાં શ્રી પંચાણભાઇનું સ્થાન આગળ પડતું ગણાય છે જયંત એકસ્ટ્રેકશનથી માંડીને અનેક પેઢીઓનું સર્જન અને સફળ સંચાલન તેમની દીર્ઘદ્રષ્ટિને આભારી છે ધંધાની ઉંડી સુઝ અને આવડત નાનપણથી તેમનામાં દેખાતા હતા. સખ્ત પરિશ્રમ અને હૈયાઉકલતથી ધંધામાં સારી એવી પ્રગતિ કરી અને બે પૈસા મેળવ્યા. જામનગરના નાના–મોટા સાર્વજનિક કામોમાં પણ ઉદાર હાથે સંપત્તિનો ઉપયોગ કર્યો છે. તેમનું વ્યવહારૂ જ્ઞાન અને અનુભવ સૌને પ્રેરણા આપનારા બની રહ્યા છે. તેમનો એ વારસો તેમના સુપુત્રો જાળવી રહ્યાં છે.

# સ્વ. શ્રી ખાનભાઈ ઇસુફભાઇ

અમરેલી જિલ્લાના બગસરાના વતની અને ઘણા વર્ષોથી મુંબઇ કલકત્તામાં ધંધાર્થે વસવાટ કરી સ્વબળે આગળ આવ્યા. અનેક ઝંઝાવાતો વચ્ચે ધીમે ધીમે આગળ વધ્યા પ્રગતિ સાથે પ્રતિષ્ઠા પણ પ્રાપ્ત કરી.

શરૂઆતમાં શ્રી મહમદઅલીભાઇની સાથે રહીને કામ કર્યું તે પછી અનુકુળતા ઊભી થતાં સ્ટીમરો તોડવાના કામમાં તેમની આગવી સુઝને લઇ આગળ વધતાં કામધંધામાં બે પૈસા કમાયા. તે સંપત્તિનો વિશેષ કરીને ગુપ્તદાનોમાં ઉપયોગ કરતા રહ્યાં. બગસરામાં બંધાયેલી નવી મસ્જીદ તેમને આભારી છે લુણાવાડામાં ઊભુ થયેલું સેનેટોરિયમ તેમની દેણગીનું પરિણામ છે. તે સિવાય નાના મોટા અનેક ફંડફાળામાં આ કુટુંબે મોખરે રહીને સારી એવી રકમ આપી છે. રાજાશાહી જમાનામાં દરબારો સાથેના સંબંધો ઘણા જ સારા હતા. મુંબઇની દારૂખાના બજારમાં ખાનભાઇ ઇસુફભાઇના નામે ચાલતી પેઢીનું સફળ સંચાલન તેમના સુપુત્રો કરી રહ્યાં છે અને પિતાજીના વારસાને પુત્રોએ બરાબર જાળવી રાખ્યો છે. તેમના સુપુત્રોએ પણ ગુપ્તદાનમાં ઘણી રકમ આપી છે.

## શ્રી ચુનિલાલ કેશવલાલ

એ'ટાદની જૈન વિદ્યાર્થીભવન સંસ્થાના અધિષ્ઠાતા અને બીજી ઘણી સંસ્થાઓના પ્રેરણાદાતા બનીને જેમણે કુટુંબને ધન્ય બનાવ્યું છે. માતા પિતાના પૂણ્યશાળી નામે ઘણી મોટી રકમ દેણગી કરી છે. શ્રી ચુનિલાલભાઈ જૈન સમાજમાં આગવું વ્યક્તિત્વ ધરાવે છે. જૈન સમાજના બાળકોનો શૈક્ષણિક વિકાસ થાય અને જીવન ઘડતરની પૂરતી તકો મળી રહે તે માટે તેઓ સતત જાગૃત રહ્યાં છે. ધંધાર્થે મુંબઈમાં વસવાટ કરવા છતાં વતન તરફની મમતા ક્યારેય ભૂલ્યા નથી. ઘણાજ ઉદાર અને પરગજુ હૃદયના વ્યક્તિ છે એ'ટાદની ચુનિલાલ કેશવલાલ જૈન વિદ્યાર્થીભવન સંસ્થાને સ્વાવલંબી પાયા ઉપર મૂકવા માટે પોતાનાથી બનતું કરવા ઉપરાંત અન્યની પાસેથી પણ નાણાકીય સગવડતાઓ ઊભી કરવામાં તેમનો ભારે મોટો પુરૂષાર્થ પ્રશંસાને પાત્ર છે.

## શ્રી નાનાલાલ કાનજીભાઈ

ભાવનગર પાસે સિહોરના વતની છે. ગુજરાતી ચાર ધોરણ સુધીનોજ અભ્યાસ પણ નાની ઉંમરથીજ ધંધાકીય અનુભવ મળવાને કારણે ધંધાની સૂઝ સમજ અને દષ્ટિ મળતા રહ્યાં. તમાકુના કારખાનામાં નોકરી કરતાં કરતાં ખંત અને એકનિષ્ઠાથી આ દિશામાં ધ્યાન કેન્દ્રીત કર્યું. અને નાના પાયા ઉપર સ્વતંત્ર રીતે તમાકુનો વ્યવસાય શરૂ કર્યો. હિંમત અને સાહસ વડે ધંધાનો ઉત્તર વિકાસ કરતા ગયાં. હાલમાં તમાકુ મેન્યુફેક્ચરીંગનું મોટા પ્રમાણમાં કામકાજ કરે છે. તમાકુ બનાવી, કેળવી, આકર્ષક પેકીંગ બનાવીને હોલસેલ વેચાણનું કામ કરે છે તેમના કારખાનામાં તૈયાર થતો માલ કાશ્મીરથી કન્યાકુમારી સુધી બુક કરવામાં આવે છે તેમના મોટાભાઈ ધ્રુવભાઈ ચાર વર્ષ પહેલા સ્વર્ગવાસ થયાં તેમણે જ્ઞાતિના અને સમાજના કામમાં સારો ફાળો આપ્યો છે. સિહોરના ઠાકરદ્વારા મંદિરના જીર્ણોધ્ધારમાં અંગત રસ લઈને મંદિર નવેસરથી કરેલ છે તેમના એક ભાઈશ્રી નટવરભાઈ સામાજિક કામ કરે છે. નગર પંચાયતના સભ્ય છે અને શકય તે સેવા આપી રહ્યાં છે, બારોટ જ્ઞાતિનું ગૌરવ છે.

## વળીયા જેઠાલાલ છગનલાલ


ભાવનગર અને લાઠીની અનેકવિધ સામાજિક, આર્થિક, રાજકીય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં વળીયા કુટુંબનું ઘણું મોટું યશસ્વી પ્રદાન રહ્યું છે—જે કુટુંબના અગ્રણી શ્રી કાળુભાઈને ભાવનગરના સામાજિક ક્ષેત્રમાં, ટી. બી. હોસ્પીટાલના સફળ સંચાલનમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. તે જ કુટુંબના એક પ્રતિભાસંપન્ન પુરૂષ શ્રી જેઠાલાલ છગનલાલ વળીયા ઈન્ટર કોમર્સ સુધીનો અભ્યાસ કરી ઘણા વર્ષોથી મુંબઈને વતન બનાવ્યું છે. જીવનની શરૂઆતમાં શેરબજારમાં નોકરી અને તે પછી ૧૯૪૫ થી સ્વતંત્ર ધંધામાં પ્રવેશ કર્યો.

એક્સપોર્ટ ઈમ્પોર્ટનું કામ કર્યું, તે પછી હિંદ સાયકલની એજન્સી લીધી અને દીર્ઘદષ્ટિથી ધંધાને વિકસાવ્યો. ભાવનગર વેલો ઈન્ડસ્ટ્રીઝના પાર્ટનર છે. ધંધાર્થે યુરોપ, અમેરિકા અને જાપાન વિગેરે દેશોની સફર કરી છે. વિશેષ રસ ધંધામાં દાખવી રહ્યા છે. જાહેર જીવનમાં સક્રિય ભાગ નહિ લેવા છતાં, લાઠીની હોસ્પીટાલમાં, બાલમંદિરમાં અને બીજા નાનામોટા અનેક ફંડ ફાળામાં ઉદાર દીલે દાનનું ઝરણું વહાવ્યું છે. મુંબઈના વ્યાપારી જગતમાં તેમનું આગળ પડતું સ્થાન છે.

## શાહ નવનીતલાલ રતનજી

પાલીતાણાના વતની છે, નાની ઉંમરમાં બ્રહ્મદેશ અને ભારતના ઘણા સ્થળોનું પરિભ્રમણ કર્યું છે દિલમાં ઘણા અરમાનો સાથે રાખી વિવિધ અનુભવો અને તાણાવાણામાંથી પસાર થયાં છે પ્રશ્નોને સમજવાની અને તેના ઉકેલ માટેની આગવી સૂઝ અને મુશ્કેલીઓમાંથી માર્ગ કાઢી ધ્યેયને પહોંચવાના અથાગ પ્રયત્નોને લઈ અનેક મિત્રો સ્નેહીઓની પ્રેરણા મળી. છેલ્લે ભાવનગરમાં સ્થિર થઈને ખનીજ ઉદ્યોગના વિકાસ અને તેને અંગેના નિકાસ બજારો મેળવવા ધ્યાન કેન્દ્રિત કર્યું છે. મીનરલ્સના ધંધામાં સારી એવી પ્રગતિ સાધી છે ભાવનગર સ્મોલ ઈન્ડસ્ટ્રીઝ, એસોસીએશન, ભાવનગર ઈન્ડસ્ટ્રીઝ ફોરમ, સૌરાષ્ટ્ર ચેમ્બર, નાગરિક બેન્ક અને અન્ય સંસ્થાઓમાં તેમની સેવા મહેકતી રહી છે. બ્રહ્મદેશમાં ભારતીજનોની યથાશક્તિ સેવા કરી છે. રાજકારણના ઉંડા અભ્યાસી છે. અંગ્રેજી થોડું ભણ્યા હોવા છતાં ઔદ્યોગિક ક્ષેત્રે ઘણું જ જ્ઞાન ધરાવે છે.





# ગુજરાતની શૌર્ય-સાહસ -ધર્મ અને નીતિ કથાઓ

## તીર્થાધિરાજ શત્રુંજયની સખાતે

—શ્રી ડાહ્યાલાલ બ્રહ્મભટ્ટ

નામ રહંતા ઠાકરાં, નાણા નવ રહંત;
કીર્તિ કેરા કોટડાં, પાડ્યાં નહીં પડંત.

અર્થાંત–સુખ, સમૃદ્ધિ કે સંપત્તિ કાયમ રહેતા નથી પણ માનવીનું નામ જ અમર રહે છે. માનવીના ત્યાગ, ભોગ અને બલીદાનથી ઉભી થયેલી કીર્તિરૂપી ઈમારત કદી પણ નાશ પામતી નથી પાલીતાણાના બ્રહ્મભટ્ટોની શહાદતનો ઉજ્જવળ ઇતિહાસ જૈન સમાજની તવારીખમાં સુવર્ણ અક્ષરે અંકિત થયેલો છે. જેની પ્રતીતિ નીચેના એક પ્રસંગ ઉપરથી થાય છેઃ

પાલીતાણા ગામના ચોરામાં તમામ બ્રહ્મભટ્ટો એકઠા થયેલા છે, તમામની મુખમુદ્રાઓ ચિંતામગ્ન દેખાય છે. આજે આખાએ પાલીતાણા ગામમાં તીવ્ર સન્નાટો છવાઇ ગયેલ હોઈ, તેની અસર બ્રહ્મભટ્ટોના ચહેરા ઉપર પણ દૃષ્ટિગોચર થતી હતી.

અમદાવાદના સુલતાન મહમદશાહે પાવાગઢ અને જૂનાગઢ એ બે અજિત મનાતા કિલ્લાઓ જીતી લઈ બેગડો બિરદ ધરાવ્યું હતું. અને જિતાયેલા મુલકોમાં આવેલાં હિંદુ–જૈન દેવાલયો તોડતો તોડતો તે પાલીતાણા તરફ વંટોળિયાની માફક આવી રહ્યો હતો, તેવા સમાચાર પાલીતાણા ગામમાં વાયુવેગે પ્રસરી જવાથી, આજ સવારથી નાસભાગ થઇ રહી હતી.

તે પાલીતાણામાં આવી જૈનોના પવિત્ર તીર્થરાજ શત્રુંજયનાં દેવાલયોની ભાંગફોડ કરવાની તીવ્ર આકાંક્ષા ધરાવતો હોવાની વાત પણ સાથે સાથે પ્રસરી જવાથી, પાલીતાણા ગામનું જૈન મહાજન એકઠું થયું. પવિત્ર તીર્થને બચાવવા ઘણી ચર્ચાઓ કરી, પણ કંઈ નિર્ણય થઇ શકયો નહિ. કોઇએ ધનની લાલચ આપવાનો ઉપાય સૂચવ્યો, પરંતુ તે પણ નિષ્ફળ નીવડવાનો પૂરો સંભવ હતો. જૂનાગઢ પડવાથી સૌરાષ્ટ્રના બીજા નાના–મોટા રાજવીઓ વગર લડયે તાબે થઇ ગયા હતા, અથવા રાજધાની છોડી દૂરના ભાગોમાં જઈ સંતાઈ બેઠા હતા. જે સામા થયા હતા, તેમનો સુલતાનને હાથે નાશ થયો હતો. એટલે તેની સામે હિંસક સામનો થઇ શકે તેમ ન હતું. પરંતુ મહાજનના પ્રમુખ અને પાલીતાણા ગામના નગરશેઠ મોતીચંદ શેઠને કોઈપણ ભોગે તીર્થરાજ શત્રુંજયને બચાવવાની તીવ્ર ઇચ્છા હતી. બીજો કોઈ ઉપાય ન સૂઝવાથી તે મૂંઝાવા લાગ્યા. પરંતુ એવામાં એક ઉપાય તેમને સૂઝી આવ્યો.

જો પાલીતાણાના બ્રહ્મભટ્ટો આ પવિત્ર તીર્થને રક્ષવાની જવાબદારી ઉપાડી લે તો તીર્થરાજ શત્રુંજય બચી જવાની પૂરી સંભાવના હતી. એટલે તે વાત તેમણે મહાજન સમક્ષ રજુ કરી. મહાજને સર્વાનુમતે તે વાત કબૂલ કરી. અને સૌના મનને ખાતરી થઈ, કે આજે આ તીર્થને કોઇ પણ બચાવે તેમ હોય તો તે પાલીતાણાના બ્રહ્મભટ્ટો જ!

(૨)

બ્રહ્મભટ્ટ કોમ પોતે શૂરી, એકવચની અને વફાદાર હોઈ તે સત્યને ખાતર પોતાના જાનને પણ જોખમમાં મૂકે તેવી છે. તે કોમના અહિંસક સામના આગળ ભલભલા બાદશાહો પણ નમતું આપતા. તે કોમના આ સદ્ગુણોથી અન્ય તમામ કોમો તેને પવિત્ર અને પૂજનીય માનતી હતી. બ્રહ્મભટ્ટો પોતાની આ આબરૂ જાળવવા માટે પોતાના જીવનની કુરબાની કરવામાં પણ કદી પાછી પાની ભરતા નહિ.

પાલીતાણા ગામનું મહાજન બ્રહ્મભટ્ટોની પાસે આવ્યું. અને પવિત્ર તીર્થનું રક્ષણ કરવાની તેમને વિનતિ કરી. શરણાગતનું રક્ષણ કરવું અને અન્યાયનો પ્રતિકાર કરવો એ તો બ્રહ્મભટ્ટોનો વારસાગત સદ્ગુણ હતો. પરંતુ મહમદ બેગડો આ બાબતમાં ખૂબ કડક અને અનાડી હતો. એટલે બ્રહ્મભટ્ટોના આગેવાન કાળીદાસ ઉર્ફે કાભઇ બાપાએ નગરશેઠને કહ્યું :—

"શેઠ! જયાં રા'ગંગાજળિયાનું બિરૂદ ધરાવનાર રા' માંડલિક જેવાનું ના ચાલ્યું ત્યાં અમારા જેવાનું શું ચાલે?"

"રાવજી? તમે તો દેવીપુત્ર છો. તમારી જબાનમાં તો મા શારદા સદૈવ હાજરા હજૂર વસેલાં છે. એટલે મુસલમાન બાદશાહો પણ તમારી કોમને હિંદુ રાજા–મહારાજાઓની માફક માન આપી રહ્યા છે. માટે ગમે તેમ કરીને પણ અમારા પવિત્ર તીર્થનો કોઇ પણ હિસાબે બચાવ કરી આપો એવી અમારી પ્રાર્થના છે. અમારો જૈન સમાજ આ અહલ સૃષ્ટિની હયાતિ સુધી આપનો ઓશિંગણ રહેશે. માટે અમારી લાજ તમારા હાથમાં છે." નગરશેઠ મોતીચંદ બોલ્યા.

"શેઠજી! એ બધી હકીકત ખરી છે. મુસ્લિમ સત્તાધીશો પણ અમારી કોમને માન આપે છે, પરંતુ અહીં તો સુલતાનની નરી ધર્માંધતાનો પ્રશ્ન જણાય છે. અને એવી ધર્માંધતામાં તો તે સારાસારનો વિવેક પણ ભૂલી જાય છે. એટલે અમારૂં માન સચવાય નહીં તો?" રાવજીએ જવાબ આપ્યો.

"એ શું બોલ્યા ? તમે તો દેવીપુત્ર. તમે આડા ઊભા હો ત્યાં ભલભલા બાદશાહોની પણ તાકાત નથી કે તમારી અવગણના કરી શકે." મોતીચંદ શેઠે કહ્યું.

કાભઈ બાપાએ ઘણીયે દલીલો કરી, પરંતુ સમગ્ર મહાજનનો આગ્રહ જોઈ તમામ બ્રહ્મભટ્ટોને છેવટનો નિર્ણય કરવા તેમણે ચોરામાં બોલાવ્યા હતા.

(૩)

કાભઈ બાપા એ પાલીતાણાના બ્રહ્મભટ્ટોના વયોવૃદ્ધ આગેવાન હતા. તેમનું મૂળ નામ તો હતું કાળીદાસ, પરંતુ તમામ બ્રહ્મભટ્ટો તેમને કાભઈ બાપાના હુલામણા ઉપનામથી સંબોધતા હતા. તેઓ પોતે સંસ્કારી અને પરોપકારી સ્વભાવના હોવાથી, પોતાની જ્ઞાતિ ઉપરાંત પાલીતાણાની ઈતર જ્ઞાતિઓમાં પણ તેમનો માનમરતબો ઘણો સારો હતો. તેમણે તમામ માણસો આવેલા જોઈ કહેવા માંડયું "ભાઈઓ ! તમે આજે અહીં શા માટે એકઠા થયા છો તે બધા જાણો છો. આજનો પ્રસંગ ખૂબ જ નાજુક અને ભયંકર છે. માટે જેમને પોતાનો જીવ વહાલો હોય તે પોતાને ઘેર બેસી રહે. બાકીના સુલતાનનો અહિંસક સામનો કરવા માટે મરી જવાની તમામ તૈયારીઓ કરી શત્રુંજયની તળેટીએ મારી સાથે આવવા તૈયાર થાય અને તે માટે માતાજીના શપથ લે."

પછી તેમણે સૂચના કરી, કે "ત્યાં તીર્થને બચાવવા જતાં પોતાના જાનનો ભોગ આપવો પડે. તો દરેક માણસે પોતાના વારા પ્રમાણે શાંતિથી મૃત્યુને ભેટવું. પરંતુ સામા પક્ષના કોઈપણ માણસને શ્રાપ દેવો નહિ."

(૪)

બીજે દિવસે સુલતાનને શત્રુંજય ઉપર આવતો સાંભળીને પાલીતાણાના ૧૦૦૦ એક હજાર બ્રહ્મભટ્ટો અહિંસક સત્યાગ્રહની તૈયારી કરી શત્રુંજયની તળેટીએ આવી ઊભા. દરેક જણે સફેદ સ્વચ્છ અંગરખી પહેરી ઉપર ભેટ બાંધી છે. અને અંગરખીની કસે હીરની દોરીથી બાંધેલી પોતાની પ્રાણપ્રિય કટારી ભેટમાં ખોસી, સુલતાનની માર્ગપ્રતિક્ષા કરતા સંપૂર્ણ શિસ્તથી ઊભા હતા. એટલામાં સાંજના ત્રીજા પહોરે સુલતાન મહમદ બેગડો ત્યાં આવી પહોંચ્યો.

સુલતાનને અગાઉથી ખબર હતી કે પાલીતાણાના બ્રહ્મભટ્ટો તેને સમજાવવા માટે તળેટીમાં તૈયાર થઈ ઊભા છે. આથી પોતે કોઈપણ હિસાબે મૂર્તિઓ ભાંગ્યા વગર પાછું ન ફરવું એવો કડક નિર્ણય કરીને જ ત્યાં આવ્યો હતો.

સુલતાનને નજદિક આવતો જોઈ કાભઈ બાપાએ પોતાની તેજીલી ભાષામાં તેને આશિષ આપી બિરદાવ્યો. પરંતુ તે તરફ સુલતાને ખાસ ધ્યાન આપ્યા વગર શત્રુંજયનું પગથિયું ચઢવા, આગળ પગ ઉપાડ્યો. કાભઈ બાપાએ સુલતાનને સમજાવવા માટે પોતાની વાક્પટુતા અજમાવવા માંડી. પરંતુ સુલતાને તેને માર્ગ વચ્ચેથી માનભેર ખસી જવા કહ્યું. સુલતાનની આવી આજ્ઞા સાંભળવા છતાં પણ કાભઈ બાપા ત્યાંથી ખસ્યા નહિ. અને બ્રહ્મભટ્ટોનું માન રાખવા તેને ખૂબ ખૂબ સમજાવતાં કહ્યું કે—

'રાજન કે રાજ, તુમ સૂનો કવિરાજ કહે;
જૂઠ જનિ જાનો, બાત સાચહી બતાતે હેં.
જો જો છત્રધારી, યારી કરતે હમારે સંગ;
સુજશ કે ઝૂલનામેં, ઈનકો ઝુલાતે હૈં.
પ્રેમી જો હમારે તાકે, પઢિકે બિરદ બેશ;
બીરતા બતાય વાકી, ભીરુતા ભૂલાતે હૈં.
હમ ના બુલાતે વાકું, જમ હી બુલાય લેત;
હમકું બુલાતે વાકું, જમ ના બુલાતે હૈ.

અર્થાત્–હે રાજાઓના રાજા ! તમે સાંભળો. આ કવિરાજ કહે છે તે વાત જુઠી માનશો નહિ પણ આ હું સાચી જ વસ્તુ બતાવું છું. જે જે છત્રધારી રાજાઓ અમારી સાથે મૈત્રી કરે છે તેમને સુયશના પારણામાં અમે ઝૂલાવીએ છીએ. અને જે અમારાં પ્રેમીઓ છે તેની ભીરૂતા (કાયરપણું) ભૂલાવી દઈ વીરતાને બિરદાવીએ છીએ. વળી જે અમોને માન સાથે બોલાવતા નથી તેને યમરાજ બોલાવી લે છે. અને જે અમોને બોલાવે છે, અર્થાત્ અમારી મૈત્રી સાધે છે તેમને યમરાજ પણ બોલાવતા નથી. અને તેમની કીર્તિ પણ મરી ન જતાં અમર રહે છે."

પરંતુ સુલતાને પોતાની હઠ ન છોડતાં તુરત પોતાનાં માણસને આ ડોસાને ખસેડવા હુકમ કર્યો. પરંતુ તે માણસ આગળ આવે તે પહેલાં જ કાભઈ બાપાએ વિજળીની ત્વરાથી પોતાની કટાર કાઢી પોતાના પેટમાં મારી. અને લોહીનો ફુવારો છૂટ્યો. સુલતાનના દેહ પર લોહીના છાંટા પડવાથી તે પાછો ખસી ગયો.

કાભઈ બાપાના મૃતદેહની એક બાજુ થઈ સુલતાન બીજા પગથિયે જતાં, બીજા એક વૃદ્ધ જીભાઈ બારોટે ત્યાં આવી કાભઈબાપાનું સ્થાન સંભાળી લીધું અને સુલતાનને પોતાની તેજીલી જબાનથી બિરદાવ્યો. જ્યાં સુલતાન આગળ ડગ ભરવા જાય છે કે તુરત પેટમાં કટાર મારી 'જય અંબે' કહી નીચે ઢળી પડયા.

આ જોઈ સુલતાનને તેના વજીરે સમજાવવા માંડ્યો. પણ સાથેના મૌલવીઓને જોઈ ફરી સુલતાન આગળ વધવા તૈયાર થયો. તેણે માનેલ કે એકાદ બે વૃદ્ધ ડોસાઓનો ભોગ આપી આ બ્રહ્મભટ્ટો થાકી જશે. પરંતુ તેને આગળ વધતો જોઇ કાભઈ બાપાનો ૧૬ વર્ષનો પુત્ર પ્રતાપસિંગ ત્રીજા પગથિયે જઈ ઊભો રહ્યો.

આવા દૂધમલ બ્રહ્મભટ્ટ કિશોરને જોઇ સુલતાન કંઈક થંભ્યો. આથી તે નવલોહિયો બ્રહ્મભટ્ટ કિશોર બોલી ઊઠયો:–

"આવ બાપ, આવ. સુલતાન મહમદશાહ ! તારા વગર આ બ્રહ્મભટ્ટોનાં પવિત્ર લોહી આ ધરતીને કોણ પાશે ? ચાલ્યો આવ, મારા બાપ ! ચાલ્યો આવ. અમને અમારો ધર્મ બજાવવા દે." એમ કહી જ્યાં સુલતાન ત્રીજા પગથિયે પગ દેવા જાય છે ત્યાં જ તેણે 'જય અંબે !' કહી કટાર પોતાના પેટમાં મારી પોતાના ગરમાગરમ શોણિતથી સુલતાનને નવરાવ્યો. આથી સુલતાન થંભી ગયો. અને પોતાના લશ્કરી સિપાહસાલાર સરદાર ખુદાવિંદખાનને હુકમ કર્યો

કે 'આ તમામ આડા ઊભેલા બ્રહ્મભટ્ટોને કેદ કરો! પરંતુ જ્યાં સરદાર ખુદાવિંદખાન તેમને પકડવા આગળ વધે છે, તે જ વખતે ચોથા પગથિયે ઊભેલા ૭૦ વર્ષના એક ડોસાએ આગળ આવી, કટારીથી પેટ ચીરી, આંતરડા કાઢી તેની માળા સરદારના ગળામાં નાખી. સરદારે ગળામાંથી તુરત તે કાઢી નાંખ્યું. સરદારનું શરીર તે બુઢ્ઢા બ્રહ્મભટ્ટના પવિત્ર રક્તથી રંગાઈ ગયું. પરંતુ તે ન ગણકારતાં સરદાર પાંચમા પગથીયે ઊભેલા એક યુવાનને પકડવા આગળ વધ્યો. પરંતુ સરદાર તેને પકડે તે પહેલાં તો પેલા યુવાને કટારી પોતાના ગળામાં ઘોંચી દીધી અને જે અંબે બોલી નીચે પડ્યો. તેને એમનો એમ છોડી છઠ્ઠા પગથીયે જાય છે, તો ત્યાં ઉભેલા યુવાને તરત સરદારને પડકાર કરી પોતાની કટારી ગળામાં ઘોંચી દઈ પ્રાણ ત્યાગ કર્યો. અને જ્યાં સાતમા પગથિયા ઉપર ઊભેલા યુવાન તરફ નજર કરે છે ત્યાં પેલો ૧૭ વર્ષનો નવલોહિયો યુવાન બોલી ઊઠે છેઃ– 'આવો સરદાર ખુદાવિંદખાન! આવો. ચાલ્યા આવો. તમે આજ સુધી અનેક યુદ્ધો લડયાં છો પરંતુ આ યુદ્ધ તદ્દન જુદા પ્રકારનું છે. માટે અમારા આ યુદ્ધનો તમે પુરેપુરો લ્હાવો લ્યો. તમારા સારૂ પાલીતાણાના આ બ્રહ્મભટ્ટો પોતાનાં પવિત્ર શોણિતની ન્યૌછાવરી કરવા તૈયાર થયા છે. તેમનાં પવિત્ર શોણિત રેલાવીને તમારી ખાનદાની વધારો. જેથી ઇતિહાસમાં તમારૂં નામ સુવર્ણ અક્ષરે લખાઇ જાય.' આમ કહી તેણે પોતાની કટાર ગળામાં ઘોંચી જય અંબે કહી પ્રાણ ત્યાગ કર્યો. આમ બ્રહ્મભટ્ટોની બલિદાનોની પરંપરા જોઇ અનેક યુદ્ધોમાં વિજય પ્રાપ્ત કરનાર સરદાર ખુદાવિંદખાન પણ થરથરી ગયો. આવી ભવ્ય ન્યૌછાવરી જોઇ તેનો આત્મા કકળી ઉઠ્યો. તેણે ઉંચે જોયું તો એક-એક પગથિયા પર એક એક બ્રહ્મભટ્ટ પુરુષ હાથમાં પોતાની પવિત્ર કટારી લઈ પોતાનું બલિદાન આપવા તૈયાર ઉભો હતો. આ જોઈ સરદાર ખુદાવિંદખાન પાછો વળ્યો અને સુલતાન મહમદ બેગડાને અહીંથી પાછા વળવા વિનંતી કરી.

પરંતુ સાતેક બ્રહ્મભટ્ટોનાં મડદાં પડવાથી પોતે ડરી જઈ શત્રુંજા પર આવેલ જૈનોનાં મંદિરોમાંની અનેક મૂર્તિઓ છોડી દે તો પોતાનું બૂતપરસ્તિ નાબુદ કરવાનું સ્વપ્ન મટી જાય. એ સ્વપ્ન શી રીતે ફળીભૂત કરવું? તે વિચાર સુલતાનને આવ્યો. તેને ઘડીભર તેના આ સિપાહસાલાર સરદાર ખુદાવિંદખાન તેમ જ આ પાલીતાણાના બ્રહ્મભટ્ટો પર ગુસ્સો આવ્યો. ઘડીભર તો તેના મનમાં થયું કે પાલીતાણાના તમામ બ્રહ્મભટ્ટોનો એકસહ નાશ કરી દેવો કે જેથી બીજા કોઈ ગામના બ્રહ્મભટ્ટો આમ આ પ્રકારની હિંમત ભવિષ્યમાં કરે નહિ. આથી તેણે પોતાના અંગ રક્ષકોની ટુકડીમાં ભયંકરમાં ભયંકર ગણાતા ૧૧ સૈનિકોને જુદા તારવી કાઢી આ બ્રહ્મભટ્ટોને રસ્તામાંથી દૂર કરવા કહ્યું. સુલતાનની આજ્ઞા મળતાંની સાથે જ ભયંકર વંટોળની માફક તે સૈનિકો ઉપરની બાજુએ દોડ્યા. પરંતુ તરત ઉપરની બાજુ દોડતા આવતા જાઇ આ સાચા ન્યૌછાવરાને વરેલા બ્રહ્મભટ્ટોએ નિમિષ માત્રમાં જ કંઈ અજબ નિર્ણય લીધો અને તેઓ તેમની પાસે પહોંચે તે પહેલાં તો જય અંબે કહી ઉપરના ૧૦૦ બ્રહ્મભટ્ટોએ પોતાની કટારો ગળામાં રોપી દીધી હતી અને ત્યાંથી દોટ મૂકી નીચે જ્યાં ચોક પડતો હતો ત્યાં આવી દરેકે પડતું મૂક્યું. ત્યાં મારગ વચ્ચે આમ લોહી નીકળતાં ૧૦૦ બ્રહ્મભટ્ટોનાં મૂડદાં જોઈ પેલા સૈનિકો પણ અચકાઈને ઊભા રહ્યા. કારણ મૂડદાંનો ઢગ થયેલ હતો. તે બધાંને ખસેડ્યા સિવાય આગળ વધી શકાય તેમ ન હતું. અને હજુ ઉપરની બાજુએ બીજા બ્રહ્મભટ્ટો કટારીઓ લઈ તૈયાર ઊભા હતા. આથી તે પાછા વળ્યા અને સુલતાન સલામતને સર્વ હકીકત નિવેદન કરી. સુલતાન પણ નીચે ઊભો ઊભો આ બધું જોઈ રહ્યો હતો. તે પણ બ્રહ્મભટ્ટોની આટલી બધી લાશો જોઈ ગભરાયો હતો. બ્રહ્મભટ્ટોની લાશોમાંથી તેમનું પવિત્ર રક્ત વહી રહ્યું હતું. તેનો રેલો છેક સુલતાન મહમૂદ બેગડો ઊભો હતો ત્યાં સુધી આવ્યો. સુલતાન કંઈ પણ વિચાર કરે અને તેનો નિર્ણય આપે, તે પહેલાં કોણ જાણે ક્યાંથી એક દશ–અગિયાર વર્ષની બ્રહ્મભટ્ટ કુમારિકા કે જેનું રૂપ અને તેજ જોઈ ગમે તેવો માનવી પણ અંજાઈ જઈ દેવી માની લે, તે આવી સુલતાન સમક્ષ ખડી થઈ સફેદ આરસપહાણમાંથી ધીમે ધીમે કોઈ કુશળ કલાકારે મૂર્તિ કંડારી હોય અને પછી ભગવાને તેમાં જીવ મૂક્યો હોય તેવી તે લાગતી હતી. જાણે દીનાનાથે થોડે થોડે રૂપે ઘડીને પછી હાથ ધોઈ ન નાખ્યા હોય? તેવી તે દીસતી હતી. આ નાનકડી બાળાના અચાનક પ્રાકટ્યથી ઘડીભર સુલતાન ગભરાયો. પણ પછી મનને સ્વસ્થ કરી બાળાને પૂછવા લાગ્યો — 'હે બાળા! તું કોણ છો? અને અત્રે કેમ આવી છો?' પેલી બાળાએ જવાબ દીધો—'ઓ ગુજરાતના પાદશાહ! તું તો આખાયે ગુજરાતનો ધણી છે. તારે તો તમામ પ્રજા પછી તે મુસલમાન હોય કે હિંદુ હોય તે સરખી છે. માટે તેમને રંજાડવાથી તું કંઈ સુખ મેળવી નહિ શકે. ભવિષ્યનો ઇતિહાસકાર તારી આ ભયંકરતાની નોંધ લેશે. અને આ નિર્દોષ માનવીઓની કતલ થાય છે તેનો ખુદાને ત્યાં તારે જવાબ આપવો ભારે પડશે. આટ–આટલા માનવીઓનાં બલિદાનોથી ધરાયો ન હો તો ઓ લોહી તરસ્યા સુલતાન, તું જોઈ લે કે તને બલિદાનો આપવા માટે કેટકેટલા બ્રહ્મભટ્ટો તૈયાર થઈ આવ્યા છે? જો ૧૦૦૦ બ્રહ્મભટ્ટો તો આ પગથિયાં સાચવવા એક એક પગથિયા પર તૈયાર ઊભા છે. અને નીચે નજર કર. હજારોની સંખ્યામાં બહારગામથી બીજા બ્રહ્મભટ્ટ સ્ત્રી–પુરુષો આવી તળેટીમાં એકત્ર થયાં છે અને ૧૭મોર ખડકવાની તૈયારી કરી રહ્યાં છે. બ્રહ્મભટ્ટ જેવી પવિત્ર કોમનાં આ હજારોની સંખ્યામાં બલિદાનો દેવાશે તેનાથી તું સુખી થવાનો નથી. અને તેથી તારા યશમાં વૃદ્ધિ થવાની નથી. માટે સમજ ઓ ગુજરાતના ધણી! હજુ સમજ. શા માટે આ નિર્દોષ માનવીઓનાં બલિદાનો લેવા તૈયાર થયો છે? અને હજુ પણ ન ધરાયો હો તો લે આ કુમારિકાનું બલિદાન. એમ કહી તે નાનકડી

બાળાએ નીચે બેસી જઈ વીરાસન જમાવ્યું અને પોતાના નાનકડા રૂપાળા હાથો વડે પોતાની નાની તલવાર વડે પોતાનું માથું ઊતારી સુલતાનના પગમાં નાખ્યું. સુલતાન આ જોઈ થરથરી ગયો. અને તેની એવી સ્થિતિ થઈ ગઈ કે ચારે બાજુએ તેને પેલી બ્રહ્મભટ્ટ કુમારિકાનાં જ દર્શન થવા લાગ્યાં. આથી તે ગભરાયો અને ત્યાંથી એકદમ પાછો વળી ગયો.

આમ આ નિર્દોષ બ્રહ્મભટ્ટો કે જેમાં ૧૦૭ મરદો અને ૧ કુમારિકાએ પોતાનાં દેહોનાં ભવ્ય બલિદાનો આપી જૈનોના આ મહાન તીર્થ તીર્થાધિરાજ શત્રુંજયને બચાવી લીધું. ખરૂં જ કહ્યું છે કે—

પશુ કી હોત પહનાઈયાં, નર કા કછુ ન હોય;
(જો) નર નર કી કરણી કરે, તો નર કા નારાયણ હોય.

અર્થાત્–પશુઓના મરી ગયા પછી તેના ચામડાના જોડા થાય છે. પરંતુ માણસનું ચામડું કંઈ જ કામમાં આવતું નથી. તેની કંઈ જ ઉપયોગી વસ્તુ બનતી નથી. પરંતુ માનવી જો સારી કરણી કરે તો નરમાંથી નારાયણ બને છે.

કહે છે કે ત્યારથી જૈન સમાજે પાલીતાણાના બ્રહ્મભટ્ટોને શ્રી શત્રુંજય તીર્થના ગોર તરીકે સ્થાપ્યા છે. અને હજુ સુધી તે પ્રણાલિકા ચાલુ છે. ગોર તરીકેના હક્કો આજ પણ તેઓ ભોગવી રહ્યા છે. તેમના પૂર્વજોનાં પવિત્ર અને ભવ્ય બલિદાનોને તે આભારી છે.

૧ ઝમોર એટલે એક સાથે સંખ્યાબંધ માણસોનું ચોકખા તેલમાં ભીંજવેલાં કપડાં પહેરી ઊભા ઊભા સ્વયં સળગી જવું તે.



# એવા વીરલા કોક

**—શ્રી જોરાવરસિંહ ડી. જાદવ**

ગુજરાતની ગરવી લોકસંસ્કૃતિ તથા અનેક અમૂલ્ય ઐતિહાસિક તવારીખોને સાચવીને બેઠેલું, ખોબા સરખું તીકર ગામ સૌભાગ્યવતી નારીના કપાળને શોભાવતા ચાંલ્લાની પેઠે, કાઠિયાવાડની લીલીકુંજાર વાડિયોની વચ્ચે, મૂળી સ્ટેશનથી એક ગાઉ માથે દૂર આવેલ છે. હઈયું થીજાવી દે એવી પોષ માસની કડકડતી ટાઢથી ઢીલા પોચા માનવીને તો વગર ડાકલે માતા આવે છે. ભૂલા પડેલા મુસાફરની માફક, તીકર ગામના પાદરને પખાળતો ભોગાળો ધીરગંભીર નાદે વહી રહ્યો છે. ભોગાળાને કાંઠે વાઘરીઓએ જેનો જોટો ન જડે એવા મીઠા ધમરણ શિયાળુ ચિભડાના વાડા કર્યા છે. વાડામાં વરલાના છાપરાં ઉભા છે. પરોઢિયે ઉઠીને છાપરા આગળ પેટાવેલા તાપણા હજુ ઓલવાયા નથી. ગરીબાઈની ચાડી ખાતા, ફાટલા પહેરણ પહેરેલ નાગા પુગા ટબૂરિયાઓ તાપણા ફરતા બેઠા, સવારના શીરામણ સરખા ચીભડા બટકાવે છે.

ઉનાળાામાં ઉજ્જડ દેખાતો વગડો ચોમાસામાં અને શિયાળામાં આંખને ઠારે એવો હરિયાળો બની જાય છે. સીમમાં ઢીંચણસમા ઘઉં લહેરાઈ રહ્યા છે. ડુંડિયુંમાં મોતી સરખા દૂધિયા દાણા ભરાવા માંડ્યા છે.

શિયાળામાં સૌરાષ્ટ્રના અતિથિ તરીકે ઉતરી આવતા, પ્રીત માટે માથું પછાડીને પ્રાણ કાઢી નાખનારા, કુંજડાના પ્રેમી જોડલાં ઘઉંના ખેતરોમાં ચારો ચરતા ચરતા કુંઉક કુંઉક કુંઉક કરતા કુંજારવ કરે છે. રોઝડા ખેતરો ભેળી ન મૂકે એની ચોકી કરવા સીમશેઢે રાતવાસો ગયેલા ખેડૂતો ઘેર પાછા ફરે છે. ગોધલા અને વછેરાંને ખવરાવવા માટે મોસમના મોળા–પાતળા ઘઉંનો ભારો લેવા કેટલાક લોકો ખેતર ભણી ઉતાવળા ઉતાવળા જઈ રહ્યા છે.

ગામ ફરતા આવેલા નાનકડા ગઢને દરવાજેથી અંદર દાખલ થનારને ગામની ભવ્યતાનું દર્શન થાય છે. ગામની વચ્ચે પ્રાચીન જાહોજલાલીના સાક્ષી રૂપ ઘડપણના આરે આવીને ઉભેલા માનવી જેવો ખંડિયેર ચોરો આવેલો છે. ચોરાથી ચાલીસ ડગલા આગળ ચાલો એટલે શૂરવીરતાના ઉછળતા ધોધ જેવા લઘુમુખીનું ખોરડું આવે. લઘુમુખીને વહમા આદમી તરીકે આજુબાજુના પંથકમાં સૌ કોઈ ઓળખે. રજપૂતનું લોહી અને એમાં ખાનદાનીનું ખમીર ભળેલું. એટલે પાંચ ઘર પૂછવા આવતા. અન્યાયને ભાળતા વેંત એની આંખમાંથી આગ વરસવા માંડતી. ગામનું મુખીપણું એમના હાથમાં હોવાથી લોકો લઘુમુખીના નામથી જ ઓળખે. ત્રણ સાંતીની ભો છે. એક ઓશરિયે ત્રણ ઓરડા છે. ફળિયામાં ખડકી મુકી છે. ઘરની પછીત પાછળ દુશ્મનની છાતી ફાટે એવો વંડો વાળ્યો છે. વંડામાં બે કોડયું કાઢીને ઉતાર્યું છે. ઢાળિયામાં માલાજાળીયા બળદો હીંહોડા નાખે છે. બાજુમાં બેઠક કરી છે. બેઠકમાં મૂંજનો ખાટલો પડ્યો છે. ઘર અને વંડા વચ્ચે વંડી ઉભી છે. વંડી માથે સાઠિયુંનું સાજુ દીધું છે. તાજી ગાયું કરી હોવાથી વંડીના થડમાં મોડા અને ગોહો પડ્યો છે.

જુવાનીના ઉંબરે ડગલાં માંડતા, લઘુમુખીના એકના એક વહાલસોયા દીકરા જેમના લગ્ન આવ્યા છે. ઓશરી અને ઓરડામાં રૂપાળો સોળપ લીંપીને છીંક આવે એવી સુઘડ ખડી કરી છે. ઓશરીમાં લોકસંસ્કૃતિનું જતન કરનારી રજપૂતાણીઓના નમણા હાથે ભરેલ, ઉડીને આંખે વળગે એવા હીરભરતના ચાકળા ટાંગ્યા છે. ટોડલે રંગબેરંગી મોતીભરતનાં ટોડલિયા બાંધ્યા છે. ચંદરવા અને બારસાખીયાથી ઘરને શણગાર્યું છે. કુટુંબની સ્ત્રીઓ એકઠી થઈને આનંદકિલ્લોલ કરતા એક પછી એક લગ્નના મંગળ ગીતો ઉપાડે છે:

…મોર તારી સોનાની ચાંચ, મોર તારી રૂપલા પાંખ (૨)
કોટે રે કોરાવેલ મોરને કાંઠલો;
મોર જાજે ઉગમણે દેશ, મોર જાજે આથમણે દેશ,
વળતા જાજે વેવાયુને માંડવે હો રાજ…

લઘુમુખી અને જેમો વંડાની બેઠકમાં ઢાળેલા ખાટલે બેઠા છે. પોતાના આંગણે પહેલો અવસર હોવાથી લઘુમુખીનો

હરખ માતો નથી. દીકરાના લગ્નના મંગળગીતો લઘુમુખીના સ્મૃતિપટ પર પોતાના લગ્નના મધુર પ્રસંગની યાદ તાજી કરાવે છે.

"જેમા બેટા! કાલે મુળીએ હટાણું કરવા જવું છે. નાનકા પગીને કાને વાત નાખી રાખજે."

"બાપુ! હું ભેગો આવું તો?"

"તારા લગ્ન આડા ચાર દિ જ બાકી છે. તારાથી તો હવે ગામનો સીમાડોય ન ઓળંગાય. હું ને નાનકો બેય જણા મોં સૂઝણામાં ગાડુ જોડીને ઉપડશું તે હટાણું કરીને બપોર મોર્ય તો પાછા વળી નીકળીશું." લઘુમુખી બોલ્યા : "શેઠી અને રાગડાને વહેલો ઉઠીને ધરવજે. આમ તો બાવડાને જોડેત પણ હોલા જેવો ભડકણ મૂઓ છે એટલે ક્યાંક ગાડી ઉંધી ઝીંકે. નાનકાને કહેજે કે ગાડામાં હારે હથિયાર નાખીને જ આવે. મિયાણાની હમણાં બહુ ફાટ્ય કરડી છે."

ત્યાં તો ગામને ચોરેથી ધડીંગ ધડીંગ ધડીંગ કરતી એક સામટી પાંચ-સાત જામગરીઓ વછૂટી. ગામમાં સોપો પડી ગયો. લપાતા છૂપાતા ચતુર નાનકા પગીએ આવીને લઘુમુખીને વાત કરી.

"લઘુકાકા! ભારે કરી."

"મીંયાણાને મૂછ્યું આવી છે. મારા બેટા ગામ ભાંગવા આવ્યા છે."

માણસ કેટલા છે?"

"બાર-પંદર તો હશે. પાંચ સાત બંદુક છે. બીજા પાંહે તલવાર, ભાલા, બરછીયુ અને લાકડીયું છે. ગામ ભાંગશે તો ભારે થશે. આપણું નામ વઢાઈ જશે. નાક કાકા! શું કરશું! મારી તો મતી મૂંઝાઈ ગઈ છે."

આ વાત સાંભળતા જ લઘુમુખીનું લોહી તપી ઉઠ્યું : "આ મુખીના બાવડામાં બળ છે ત્યાં સુધી મીંયાણા તો શું એના બાપ આવશે તોય ગામનો વાંકો વાળ નહીં થાય. હું ગામનો મુખી છું. હું મોર્ય રહીશ. ગામનું રક્ષણ કરવું એ તો ક્ષત્રિયોનો ધરમ છે. જન્મ ભોમકાનું રક્ષણ કરતા કરતા વીરગતિ પમાય એવું મીઠું મૃત્યુ તો કોક વીરલાને જ મળે છે."

ધ્રુવ ચળે મેરૂ ડગે, મગ મરડે ગિરનાર,
તોય મરડે કયમ ટીકર ધણી, પગ પાછા પરમાર,

એમ કહેતા લઘુમુખીએ ઠેકડો માર્યો ને વંડી ઠૂદીને ઘરમાં ગયા. ખીંટીએ ટીંગાતી વાઘમુઠવાળી તલવાર લીધી. કેડયે ભેટ બાંધીને વંડામાં આવ્યા. ત્યાં જેમથી ન રહેવાયું. બાપના હાથમાંથી તલવાર આંચકી લેતા બોલ્યો, બાપુ! તમે રહેવા દો. હું એકલો બધાને પૂરો પડીશ."

"દીકરા! તારૂં કામ નહીં. તું તો નાનું બાળ છે. હજુ તો સંસાર માંડવાનો છે. હું તો ખાઈ-પી ઉતર્યો છું. માંડ પાંચ પછેડી ફાડીશ."

"બાપુ! મારા ખોળિયામાં પ્રાણ હશે ત્યાં સુધી તમને નહીં જવા દઉં." મોતના મોંમાં જવા માટે બાપ દીકરા વચ્ચે વડછડ ચાલી. એવામાં લઘુમુખીએ જેમાના હાથમાંથી તલવાર આંચકી લીધી અને ખડકી વચ્ચે થઈને ઉઘાડી તલવારે ચોરા ભણી ઉભેલા મીંયાણાના ઘોડા તરફ દોટ મુકી. મીંયાણાનો સરદાર સામે આવતા પોતાના કાળને પારખી ગયો. જામગરીમાં કળી ચાંપી કાળાડાચાળી નાળ્યું-માંથી હડીંગ દેતીકને વછૂટેલી ગોળી લઘુમુખીની છાતી સોંસરવી નીકળી ગઈ. મુખી ધડ દેતાકને ધરણી માથે ઢળી પડ્યા. મોતની મશરી કરતો મીંયાણાનો સરદાર બોલ્યો—

"બહાદુરના બેટા હાથમાં તલવારૂ લઈને હાલી નીકળ્યાંતાં. મીંયાણાના કાળઝાળ જેવાં વેણ સાંભળતા જ લઘુમુખીનું હૈયું હાથ ન રહ્યું. ફાળીયું છોડીને ઘા પર કસીને બાંધી દીધું. તલવાર હાથવેંત કરતોકને ભડવીર બેઠો થયો.

"તારોય કાળ ભમે છે." એમ કહેતા દુશ્મન ભણી દોટ મૂકી. ને છંછેડાયેલા વાઘની માફક મીયાણા સરદાર પર ખાબકયો. રમતા ચાક ઉપરથી દોરા વડે માટલુ ઉતારી લે એમ તલવારના એક ઘાએ મીંયાણાનું માથું ઉતારી લીધું. બરછી તોળીને ઉભેલા બીજા એક જણનું ઢીમ ઢાળી દીધું. ત્યાં તો આંખે અંધારા આવ્યા અને મુખી ઢળી પડ્યા.

"એ માટી થાજો મીંયાડા!" પવનના તોફાની વંટોળિયાની જેમ હાથમાં તલવાર વીંઝતા જેમાએ દોટ મુકી. ગાડરના ટોળામાં જેમ ત્રાડ નાખતો સાવઝ ત્રાટકે, એમ જેમો ગામ લુંટવા આવેલા માટીપગા મીયાણાના ટોળા પર તલવાર લઈને ખાબકયો. તલવારના જનોઈવઢ ઘાએ એક લોંડકા આદમીને વેતરી નાખ્યો. ગામ વચ્ચે ધિંગાણું જામ્યુ. એક તરફ લુટારૂનું ધાડું છે, બીજી બાજુ માતેલા સાંઢ જેવો જેમો છે. બાપના વેરીને ગુડી નાખવાની ભાવના તેના બાવડામાં બળ પુરી રહી છે. એના દિલમાં વેરની આગ ભભૂકાવી રહી છે. જેમો એક એક ઘાવ ખાળતો જાય છે અને દુશ્મનોને પડકારતો જાય છે. એક જણે ઘા કરવા દાંતી તોળી જેમાની તલવારે એના હાથના તોરણ કરી નાખ્યા. એક લોંડકા આદમીએ નિશાન લઈને જેમા પર તરધાયો બરછીનો ઘા કર્યો, દોઢ વેતનું ફળુ જેમાની ડોકમાં ઉશરી ગયું. લોહીની છેડયો વછૂટી. પડતા પડતા જેમાએ એની લોથ ઢાળી દીધી.

ત્યાં તો "એ હવે હાલ્યા આવો" કહેતો નાનકો પગી ગામના ત્રીસ-પાંત્રીસ જુવાનડાનું ધાડુ લઈને ઉગમણી દિશામાંથી નીકળી આવ્યો. શુકન જોયા વિના ધોળે દા'ડે ગામ ભાંગવા આવેલા લુંટારૂ જીવતા રહ્યા એ અને જખમી થયા એ બધા મુઠીમાં જીવ લઈને ભાગ્યા. ભાગતા ભાગતા તીકરની ભો પણ ભારે પડી ગઈ.

બપોર મોર્ય જ્યાં લગ્નના ગીતો વાતાવરણમાં માધુર્ય રેલાવી રહ્યા હતા ત્યાં મરશિયાના હૃદયવિદારક વિલાપે વાતાવરણને કરૂણતાથી છલકાવી મૂક્યું

જેને આંગણ ઓચ્છવતણા ગીતો ગવાતા આજ
ટીકરની લાજ કાજ મરછીયા ગવાય મોતના

જનની જન્મભૂમિની લુંટાતી લાજનું રક્ષણ કરવા ખાતર પોતાના લીલુડાં માથા ઓળઘોળ કરનાર વીર લઘુસુખી અને જવામર્દ જેમાની ખાંભીઓ આજે પણ શૂરવીરોની શહાદતની અમર યાદ આપતી તીરક ગામના ચોરાની રાંગમાં અડોઅડ ઉભી છે.

રહરહ રૂએ હૃદયો હૈયું નો રે હાથ
જોતાં ખાંભી આજ ટીકર ચોરેલી ધવા

એ ખાંભીઓ આગળ સૌ કોઈના મસ્તક નમી પડે છે. સોમાંથી સોસરા નીકળે એવા વીરલા તો કોક જ હોય છે.

**( આકાશવાણીના સૌજન્યથી )**



# ધન્ય ધરાણી વીરપુર

## ( જય જલારામ )

**—શ્રી કનૈયાલાલ વાઘાણી**

સૌરાષ્ટ્રમાં આવેલ મોલડી ગામમાં ભજનિકોના ભજનની ઝપટું બોલતી. એકતારો તંબુર અને ઢોકડના ઠેકે ભજનની ટપટું બોલે, અને ભજનિકો એકતારાને તારે ભજનમાં એકતાર બની જતા. રાતથી ભજનો ચાલે અને ભળકડું ક્યારે થઇ જાય એની ખબર પણ ન પડે. ભજનિકોના નેણમાં રાતે નીંદર નહિ. સવારોસવાર ભજન ચાલ્યા કરે. મોલડી ગામમાં આવો હતો ભજનિકોનો સંતસમાગમ મેળો.

ઇ ભજનનો એકતારો પણ કેવો વાલીડા સાથે એક તાર કરી મૂકે. ભજનિકોને ન રહે દેહની કે દુનિયાની ભાનસાન. જેનાં મનમંદરના દુવાર ખૂલી ગયાં હતા એવા એ ભજનિકો એકતારાના તારે વાલીડા સાથે એકતાર થઇ જતા.

મોલડી ગામમાં આપા રતાને ઘેર રોજ રાતે ભજનિકો ભેગા થતા અને ભજનની ઝપટું બોલાવતા. ભળકડું થાતા સૌ પોતપોતાના સ્થાનકે ચાલ્યા જતા.

આપા રતા! આપા રતા પણ કેવા? સંસારમાં રહેવા છતાં એના મન ઉપર એની છાંટ પણ નહિ. ઓલિયા પયગંબર જેવા મસ્ત અવધૂત. આવા હતા આપા રતા.

આપા રતાની ભજનમંડળીમાં આપા જાલા અને તેમના ધર્મપત્ની રૂપાબા રોજ મેસરિયાથી રાતે નીકળી મોલડી પહોંચે. મેસરિયાથી મોલડી સુધીનો પાંચ માઇલનો પંથ ઝપટમાં કાપી નાખીને ભજનમાં પહોંચી જાય.

રૂપાબા પણ મંજીરા લઇને બેગ્રી જાય અને એકતારા અને ઢોકડના તાનમાં મંજીરા વડે તાનપૂરી ભજનની અનેરી જમાવટ કરતા.

આપા જાલા આખી રાત ભજનમાં ગાળે, રાતે આંખનું મટકુ પણ ન મારે. સવારે મોલડીથી હાંકી મૂકી મેસરિયા પહોંચી જાય અને નીકળી પડે ઢોર ચારવા.

આપા જાલા ઢોર ચારતા રામનામ રટતા જાય. રાતના ઉજાગરાને લીધે કોકવાર આંખ મળી જાય, એટલે ઢોર આસપાસના ખેતરમાં ઘૂસી જઇને મોલને નુકસાન કરે. ખેતરોના માલિકોએ આ બાબતમાં આપા જાલાના મોટાભાઇને ફરિયાદ કરી કે આપો જાલો ઊંઘી રહે છે અને તમારાં ઢોરો અમારી મોલાતને નુકશાન કરે છે, તો એનો બંદોબસ્ત થવો જોઇએ.

આપા જાલાનો મોટો ભાઇ ખૂબ જલદ અને કંટો હતો. વળી રબારીની જાત એટલે બીજાજનું પૂછવું શું?

આપા જાલા અને રૂપા રોજ રાતે મોલડી ગામે આપા રતાને ત્યાં ભજનમાં જઇને ઉજાગરા કરે છે ઈ વાતની આપા જાલાના મોટાભાઇને ખબર મળી ગઈ હતી. આપા રતાને ત્યાં ભજન ટાણે, આપા જાલા અને રૂપાની બરોબર ખબરું લેવાનો આપા જાલાના મોટાભાઇએ નિશ્ચય કર્યો.

રાત પડી. નિત્ય નિયમ પ્રમાણે આપા જાલા અને રૂપાબા મોલડી જવા નીકળ્યાં. પાછળથી આપા જાલાનો મોટોભાઈ પણ તેમની વાંસે આપા રતાને ત્યાં મોલડી જવા ઉપડ્યો.

આપા રતાને ત્યાંથી આવતો એક બ્રાહ્મણ રસ્તામાં મળ્યો. આપા જાલાના મોટાભાઇએ તેને પૂછ્યું: 'એઇ ભામણ? આલ્યો સાધુડો અને સાધુડી ત્યાં છે ને, તેં જોયા?'

બ્રાહ્મણ બિચારો સાધુડો અને સાધુડીનો મર્મ સમજી ન શક્યો એટલે તેણે ના પાડી.

બ્રાહ્મણે ના પાડી એટલે આપા જાલાના મોટાભાઈના ગુસ્સાનો પાર ન રહ્યો. પોતાના હાથમાં બડીંગો હતો તે જોરથી બ્રાહ્મણના માથામાં ઠોકયો. બડીંગાના પ્રહારથી બ્રાહ્મણ ચક્કર ખાઈ નીચે પડ્યો અને તેના રામ રમી ગયા.

બ્રાહ્મણના રામ રમી ગયા એટલે આપા જાલાનો મોટોભાઈ ગભરાઈ ગયો. ગુસ્સાના આવેશમાં ભાન ન રહ્યું અને બ્રાહ્મણને મરાયો. હવે શું થાય? તે મુંઝાણો. મોલડી જવાનું પડતું મૂકી ચુપચુપ ઘર ભેગા થઈ ગયા.

આ બાજુ મોલડીમાં ભજનો પુરાં થઈ ગયાં. નિત્યનિયમ પ્રમાણે આપા જાલા અને રૂપાબા મેસરિયા જવા તૈયાર થયાં. આપા રતાની રજા માંગી. કોઈ દિ' નહિ ને આજે આપા રતાએ તે બન્નેને રોકાઇ જવા કહ્યું.

આપા જાલા, આપા રતાની આજ્ઞા કેમ ઉથાપી શકે? આપા જાલા અને રુપાબા રોકાઇ ગયાં.

સૂર્યોદય થયા બાદ આપા જાલાએ મેસરિયા જવા રજા માગી. આપા રતાએ રજા આપતી વખતે કહ્યું: 'આપા! તમારા કુટુમ્બે ભૂંડી કરી છે. તમારા ભાઇએ બ્રહ્મહત્યા કરી છે. હવે એ કુળમાં લાંબો સમય રહેવામાં મજા નથી. ધાર્યું તો મારા વાલીડાનું થાય છે.'

આપા રતાનાં આટલાં વેણ સાંભળી આપા જાલાને કાંઈનું કાંઈ થઈ ગયું. પોતાના કુટુમ્બ અને પોતાના દેહ ઉપરથી મમતા છૂટી ગઇ. જે કુટુંબે બ્રહ્મહત્યા કરી તે કુળમાં રહી જગતને મોં કઈ રીતે બતાવવું?

મોલડીથી જતી વખતે આપા જાલા આપા રતાના પગમાં પડીને બોલ્યા: 'આપા! હવે આ મનખ્યા શા ખપનો? ખોળિયાનો મોહ શો? જે કુળમાં બ્રહ્મહત્યા થઈ ઈ કુળમાં આ દેહને રાખવાનો શો અરથ? મારી ઈચ્છા હતી કે આ દેહે સાધુસંતોની સેવા કરવી અને અન્નદાન આપવું. પણ આપા! એ આશા અધૂરી રહી. જેવી વાલીડાની મરજી. આ ભવે અને આ દેહે નહિ તો બીજા ભવે મારો વાલીડો એ મનોકામના પૂરી કરશે. આપા! મારી એ મનોકામના પૂરી થાય એવા આશરવાદ આપો.'

'ભગત! શોક મા કરો. ઈ તો વાલીડાની જેવી ઈચ્છા. મારો વાલીડો બધા રૂડા વાના કરશે. આપા! આ ભવે નહિ તો આવતા ભવે મનોરથ પૂરા થાશે.'

'રામ! રામ! આપા રતા.'

'રામ! રામ! આપા જાલા.'

આપા રતા અને આપા જાલા ભીની આંખ્યુએ વિખૂટા પડ્યા. હવે તો એક બીજાને મળવાનાં રામરામ હતા. લેણ-દેણનો હિસાબ પૂરો થતો હતો.

આપા જાલા મોલડીથી આવ્યા મેસરિયે. બ્રહ્મહત્યાની વાત તો ગામમાં ચર્ચાઈ રહી હતી. આપા જાલાનું દિલ કકળી ઉઠયું.

પોતાના મોટાભાઈએ બ્રહ્મહત્યા કરી હતી એટલે આપા જાલા જીવતા સમાધ લે છે એ વાત વાયુ વેગે મેસરિયામાં પ્રસરી ગઈ. ગામમાં હાહાકાર થઇ ગયો. મેસરિયાના લોકો ગમગીન બની ગયા.

સગાસંબંધી, મોટેરાઓએ આપા જાલાને જીવતા સમાધ નહિ લેવા વીનવ્યા, પણ આપા તો મક્કમ હતા. આપાને હવે જીવનમાં રસ ન હતો. આપાએ સૌને હાથ જોડી કહ્યું: 'મારે બીજું કંઈ કહેવાનું નથી. જે કુળમાં હું જન્મ્યો છું જે કુળનું મેં ધાન ખાધું છે એને શરાપ તો ન અપાય; પણ અમારા કુળનો રબારી હવે મેસરિયામાં નહિ રહી શકે. રહેશે તો ગાંડો થઇ જશે અગર ધાનધાન અને પાનપાન થઈ જાશે. હવે મને આ ખોળિયાનો મોહ નથી. આ કુળમાં હવે મારે રે'વું નથી.'

આપા જાલાનાં આવા વચનો સાંભળી સૌ થીજી ગયાં. આપા સમાધ લેવા તૈયાર હતા. સમાધ લેવાની વેળા આવી પહોંચી. ભોંમાં ખાડો ખોદાઈ ગયો હતો. આપા જાલા સાથે રૂપાબા પણ સમાધ લેવા તૈયાર થઇ ગયાં. પતિ અને પત્ની એક સાથે જીવતા સમાધ લેવાનાં છે એ જાણી ગામલોકોનાં હૈયા ભારે થઈ ગયાં.

સમાધની તૈયારી થઈ ગઈ. શંખ, ઝાલર, નગારાં માંડ્યા વાગવા. અબીલ ગુલાલ માંડ્યા ઉડવા. વાજતે ગાજતે આપા જાલા અને રૂપાબા સમાધ પાસે આવી પહોંચ્યાં.

સમાધના ખાડામાં પતિ અને પત્ની ઊતર્યાં. 'રામચંદ્ર ભગવાનકી જે, મહાવીર હનુમાનકી જે, આપા રતાની જે.' આમ જેકાર થવા લાગ્યો અને આપા જાલા અને રૂપાબા સમાધમાં પોઢી ગયાં. લોકોએ ખાડો પૂરી દીધો. આમ કુળના એક કુકર્મ ખાતર દંપતિએ આત્મસમર્પણ કર્યું, અને જીવતા સમાધ લીધી.

આપા જાલાનું સમાધિસ્થાન આજ પણ મેસરિયામાં મોજૂદ છે. મેસરિયા સૌરાષ્ટ્રમાં વાંકાનેરથી ૧૬–૧૭ માઈલ છેટે છે.

આપા જાલાએ સમાધ લીધી ત્યાર બાદ તેમના કુટુમ્બીજનો મેસરિયા છોડી દુધરેજ જઈ વસ્યા. દુધરેજ રબારી કોમનું મોટું થાનક છે.

બે આત્માઓએ જીવતા સમાધ લીધી પણ અધૂરી આશા પૂરી કરવા કાયાપલટ કરી પાછા અવતર્યા મરત લોકમાં. આપા જાલાએ જન્મ લીધો સૌરાષ્ટ્રમાં વીરપુર ગામમાં લોહાણા ગૃહસ્થ પ્રધાન ઠક્કરને ત્યાં અને રૂપાબાએ જનમ લીધો સૌરાષ્ટ્રમાં આટકોટ ગામે લોહાણા ગૃહસ્થ પ્રાગજી ઠક્કરને ત્યાં. આમ એ બન્ને આત્મા અન્નદાનની અધૂરી આશા પૂરી કરવા કાયાપલટ કરીને પાછા મરતલોકમાં આવ્યાં.

જાલા આપા વીરપુરમાં પ્રધાન ઠક્કરને ત્યાં અવતર્યા તેનું નામ પડ્યું જલારામ અને રૂપાબા આટકોટમાં પ્રાગજી ઠક્કરને ત્યાં અવતર્યા ત્યાં તેનું નામ પડ્યું વીરબાઈ.

દિવસોના વહેણ સાથે બન્ને મોટાં થયાં, બન્નેનાં લગ્ન થયાં અને ગત જન્મના યોગે પાછા બન્યા પતિ–પત્ની.

ગત જન્મના સંસ્કારે જલારામ સાધુ સંતોની સેવા કરતા અને સાધુ–સંતોના સહવાસમાં રહેવા લાગ્યા. તેમના પિતા પ્રધાન ઠક્કરને આ વાત રૂચતી નહિ; તેથી તેમને પોતાનાથી જુદા કર્યા.

જલારામના કાકા વાલજી ઠક્કરે જલારામને પોતાની દુકાને બેસાડ્યા. કાકાની સાથે દુકાનનું કામકાજ કરે અને તે સિવાયના વખતે સાધુ–સંતોની સેવા કરે.

એક વખત વીરપુર ગામમાં સાધુઓની મંડળી આવી અને ગામના વેપારીઓ પાસે સીધાસામાનની યાચના કરવા ગઈ. એક ટીખળી વેપારીએ સાધુઓને કહ્યું: 'મહારાજ! અમે તો ગરીબ માણસ છીએ. આ ગામમાં જલો મોટો શેઠ ને વેપારી છે, ઈ જલા પાસે જાવ તો તમને લાડુ મળશે લાડુ, સમજ્યાને! અમારા જેવા પાસેથી તો કટકો રોટલોએ નહીં મળે, માટે ઈ જલાશેઠ પાસે જાવ.'

વેપારીની વાત સાચી માની એક સાધુ જલારામ પાસે ગયો. જલારામને તો સાધુસંત મળે એટલે ભગવાન મળ્યા બરાબર હતું. જલારામના મનમંદિરમાં તો રામ બિરાજતા હતા એટલે સાધુને કાકાની દુકાનમાંથી દાળ, લોટ, ચોખા, મસાલા વગેરે આપ્યું. ઘી માટે સાધુ પાસે વાસણ ન હતું એટલે દુકાનમાંથી નવું વાસણ પણ આપ્યું.

સાધુ એકલો આવ્યો હતો. આટલો બધો ભાર ઈ એકલો ઉપાડી શકે તેમ ન હતું એટલે જલારામજી દુકાન બંધ કરીને સીધુસામાન ઉપાડી એની સાથે ચાલ્યા.

ટીખળી વણિક વેપારીને તક મળી ગઈ. ઈ પણ દુકાન બંધ કરીને જલારામની ચાડી ખાવા ઉપડ્યો. વણિક વેપારી

વાલજી ઠક્કર પાસે ગયો અને તેમનો હિતેચ્છુ હોય અને તેને વાલજી ઠક્કરનું દાજતું હોય તેવો દેખાવ કરીને કહ્યું : "વાલાભાઈ! ઓલ્યો તમારો જલિયો તમને દેવાળું કઢાવશે દેવાળું! તમારી દુકાનમાંથી ઓલ્યા તગડા સાધુડાને ઘી, ગોળ, લોટ વગેરે આપી દીધું છે. વળી ઈ ભગતડો એનો મજૂર બનીને બધુ મૂકવા પણ ગયો છે. આમ ને આમ તમારૂં બધું લુંટાવી દેશે. મારે કાંઇ ના'વા નીચોવવાનું નથી. આ તો મને તમારૂં દાજે છે એટલે દુકાન બંધ કરીને તમને કહેવા આવ્યો છું."

વણિક વેપારીની કાન ભંભેરણીથી વાલજી ઠક્કર પણ ગુસ્સે થઈ ગયા. વણિક વેપારીને સાથે લઇને જલારામની પાછળ તેને પકડવા ઉપડયાં.

જલારામને બૂમ પાડીને વાલજી ઠક્કરે કહ્યું : એઈ જલિયા? ઊભો રે.'

કાકાનો અવાજ સાંભળી જલારામજી ઊભા રહ્યા. કાકા સાવ પાસે આવ્યા અને કહ્યું : 'જલિયા! આમાં શું છે?'

'કાકા? પનિયામાં તો છાણાં છે.'

'ઠામમાં શું છે?'

'ઈ ઠામમાં પાણી છે.'

કાકાએ પનિયું ખોલ્યું તો છાણાંનો ઢગલો થયો. ઠામ ઊંધું કર્યું તો પાણીની ધાર થઇ. વાલજી ઠક્કર જોઈ રહ્યા. પેલા વણિકવેપારીને કાપો તો લોહી ન નીકળે એવો ફીક્કો થઇથયો. પોતે ખોટો પડયો એટલે તેને તો ભોં ભારે થઇ પડી.

જલારામ તો અંતરર્યામીને પ્રાર્થના કરતા હતા અને અંતરર્યામીએ એની અંતરવેદના સાંભળી પત રાખી. એ જલારામનો પ્રથમ પરચો હતો. વાલીડાએ આબરૂ સાચવી એટલે જલારામના દીલમાં વાલીડાની જ્યોતે વાસ કર્યો.

ઉપલો પ્રસંગ બની ગયા પછી જલારામ પોતાના કાકાથી અલગ થઇ જુદા રહેવા લાગ્યા.

ગત્ જન્મની અધૂરી આશાએ જલારામના દીલમાં પ્રબળ રૂપ લીધું. જલારામને અન્નદાનની તાલાવેલી લાગી. દિવસભર મહેનત મજૂરી કરીને દાણા લાવે, તેમાંથી પોતાના જોગું વાપરે અને બાકીનાનો સંગ્રહ કરવો શરૂ કર્યો, આમ અનાજ ભેગું થવા લાગ્યું. અન્નદાન કરવા માટે તૈયાર થયા; પણ ગુરૂઆજ્ઞા અને ગુરૂના આશીર્વાદ વગર આવાં કામ ન થાય.

જલારામજી સૌરાષ્ટ્રમાં અમરેલી પાસે આવેલા ફતેપુર ગામે ગયા. ત્યાં સંત ભોજાભગત પાસે ગુરૂદીક્ષા લીધી અને અન્નદાન માટે રજા માગી.

ભોજાભગતે જલારામને આશીર્વાદ સાથે અન્નદાન માટે રજા આપી. ભોજાભગત જેવા મહાન જ્ઞાની ગુરૂ અને જલારામ જેવા ચેલા પછી એમાં શું રહે મણા?

ભોજા ભગતના ચાબખા વાંસામાં ફટકાય,
પણ હૈયે જેને વાગિયો ઈ ભવસાગર તરી જાય.

ગુરૂ ભોજાભગતના આશીર્વાદ લઇને જલારામ પાછા વીરપુર આવ્યા. જાતમહેનત કરી મેળવીને બચાવેલા અનાજમાંથી અન્નદાન આપવાનું નક્કી કર્યું. સં. ૧૭૭૮ના મહા સુદ બીજના શુભ દિવસથી આ શુભકામ શરૂ કર્યું.

સાધુ, સંતો, ફકીરોને માંડયો ટુકડો આપવા. ગીરનાર જતા અનેક સાધુસંતો વીરપુર આવતા અને જલારામજી તેમનો સત્કાર કરતા. સાધુ સંતોને ટુકડો આપવો અને રામનામ લેવું એ હતો જલાનો વેપાર. અન્નદાન શરૂ કર્યું ત્યારે જલારામની ઉમ્મર માત્ર બાવીશ વર્ષની હતી. વીરપુરમાં સાધુ–સંતો આવે અને જલારામજી સેવા કરે. આમ ચાલવા માડયું.

પણ ઓલ્યો વાલીડો એના લખણ જળકાવ્યા વના ના રહે. એણે પણ ભગતની આકરી કસોટી કરી :

એક વખત એક અતિ વૃદ્ધ સાધુ મહાત્માજી જલારામજી પાસે આવ્યા. જલારામજી તો બે હાથ જોડી મસ્તક નમાવી મહાત્મા પાસે ઊભા રહ્યા અને તેમને ભોજન લેવા વિનંતી કરી; પણ સંતે ભોજન લેવા ના પાડી.

જલારામજીએ સંતને ભોજન લેવા ખૂબ વિનવ્યા અને સંતને કહ્યું : 'મહાત્માજી! આપને અન્ય કંઇ પણ જોઈતું હોય તો તે પણ હું આપને આપું.'

'જલા! હું માગીશ પણ તું આપી નહીં શકે. તો પછી સોનાની જાળ પાણીમાં નાખવાનો અર્થ શો?'

'પ્રભુ! આપ માગો તે હું આપીશ. પણ આપ ભિક્ષા લીધા વગર જાવ એ તો નહિ બને.'

'જલા! તારી હઠ રહેવા દે. મને જવા દે.'

સાધુ ના પાડતા હતા, ભગત દેવા માટે અડગ હતા આમ બન્ને વચ્ચે હઠાગ્રહ ચાલુ રહ્યો.

સંત મહાત્મા ભગતને તાવી રહ્યા હતા. ભગત પણ વિશુદ્ધ કંચન માફક તવાઇ રહ્યા હતા.

છેવટે સાધુએ કહ્યું : 'ભગત! અતિ વૃદ્ધાવસ્થા છે. મારી સંભાળ લેવાવાળું કોઈ નથી. તારી પત્નીને મારી દેખભાળ લેવા તું મને સોંપ. મારે તારી પત્ની જોઈએ છીએ.'

સાધુને મનમાં એમ હતું કે જલો તપીને ના પાડશે અને હાંકી કાઢશે.

પણ જલારામે તો તરત જ બૂમ પાડીને પોતાની પત્ની વીરબાઇને રસોડામાંથી બહાર બોલાવ્યા. સાધુ મહારાજ સાથે થયેલી વાતચીતથી વાકેફ કર્યા. અને સાધુ મહારાજ સાથે જવા આજ્ઞા કરી.

વીરબાઈ પણ સંતપત્ની હતાં, આર્ય નારી હતાં. પોતાના પતિના વચન અને ટેક ખાતર જરા પણ આનાકાની કર્યા વગર સંત સાથે જવા તૈયાર થઈ ગયા.

વીરપુર ગામમાં આ સમાચાર વાયુવેગે પ્રસરી ગયા. ગામના લોકોએ જલારામને કહ્યું : 'જલા! બાયડી તે બાવાને અપાતી હશે? આવા ધુતારા જોગડા તો ઘણા આવે. વેવલાવેડા છોડ અને આ સાધુડાને કાઢી મૂક. તારાથી ન બને તો અમે ધોકો વળગાડીને હાંકી મૂકીએ.'

પરંતુ ભગત તો અચળ હતા. મેરૂ ચળે પણ જલાનું મન કેમ ચલે? ગમે તેમ થાય, પ્રાણ જાય પણ વચન

ન જાય.

વીરપુરના ઠાકોરને આ વાતની ખબર પડી. તેઓ પણ જલારામ પાસે આવ્યા અને વેવલાવેડા છોડી દેવા સમજાવ્યા. જલાની ટેક અચળ હતી.

વીરબાઈ પણ તૈયાર થઈ ગયા. પતિદેવની રજા માગી. કોઈ ભૂલચૂક થઈ હોય તો ક્ષમા યાચી. મહારાજ પણ કમંડળ અને ઝોળી લઈને તૈયાર થઈ ગયા. વીરબાઈ અને સાધુ મહાત્મા વીરપુરમાંથી ચાલી નીકળ્યાં.

વીરપુરથી થોડે છેટે ગયા એટલે સાધુ મહાત્માએ વીરબાઈને કહ્યું: 'સતી! મારે જંગલ જવું છે. હું જંગલ જઈને પાછો આવું ત્યા સુધી મારી આ ઝોળી અને ધોકો સાચવજો. હું જંગલ જઈને પાછો આવું પછી આપણે આગળ જઈશું.'

સાધુ મહારાજ જંગલ ગયા તે ગયા પાછા દેખાણા જ નહિ. એક કલાક, બે કલાક, ચાર કલાક, આમ સમય વીતવા લાગ્યો પણ સાધુ મહારાજ પાછા ન આવ્યા.

જંગલમાં વીરબાઈ એકલાં બેઠા હતા. મહારાજે આપેલો ધોકો અને ઝોળી સાચવતાં બેઠા હતાં.

ગામના લોકો ત્યાંથી પસાર થયા. તેમણે વીરબાઈને એકલાં બેઠેલાં જોયા અને ગામમાં જઈ ખબર આપ્યા. ગામમાંથી લોકો વીરબાઈ બેઠા હતા ત્યાં આવ્યા. સાધુ મહાત્માનો કંઈ પત્તો ન હતો.

ગામના લોકો વીરબાઈનું વાજતે ગાજતે સામૈયું કરી ગામમાં લઈ ગયા. (વીરબાઈને સાધુમહાત્માએ આપેલ ધોકો–ઝોળી આજ પણ વીરપુરમાં જલાબાપાની જગ્યામાં મોજૂદ છે.)

પ્રભુએ ભક્તની કસોટી કરી અને તપાવેલું કંચન અગ્નિ પરીક્ષામાંથી વધારે ચોખ્ખુ બની બહાર આવે તેમ જલારામજી આ આકરી કસોટીમાંથી બહાર આવ્યા. ભારતભરમાં જલારામનું નામ પ્રખ્યાત થઈ ગયું છે. ખોબા જેવડું વીરપુર ગામ એ સોરઠી સંતના પ્રતાપે મહાન યાત્રાધામ બની ગયું.

સંસારના ચક્રાવા મહિ જલિયા જેવા કોક,
ચોર્યાસીના ફેરા ફરે એણે જનમ લીધો ઈ ફોક.
સંસારના સુખ ત્યાગીને બન્યા જોગી જલારામ,
રામનામ રટતા રહી એણે આપ્યા અન્ન દાન,
જશ જોગીડા જલા તણો પ્રસર્યો ચારે કોર.
'વાઘાણી'ભક્તિ જલિયા તણી જેમ આંબે મ્હેકે મોર.

આત્મબળ, પ્રભુમય જીવન, પ્રભુમાં અખૂટ શ્રદ્ધા માનવજીવનમાં મહત્વનો ભાગ ભજવે છે. નર કરણી કરે તો નારાયણ થાય.

શુભેચ્છા પાઠવે છે........

**વાડીલાલ દોલતરાય એન્ડ સન્સ**

**(સુતરના વેપારી)**

ત્રાંબા કાંટા, **મુંબઈ-૩.**

---

**સુઘડતા, પ્રમાણિકતા, સૌજન્યતા.**

દરેક જાતનું ફરસાણ ખરીદવાનું....

....જુનું અને જાણીતું વિશ્વાસપાત્ર મથક

# જાની મોહનલાલ તુલજાશંકર

ચૌટા બજાર, **અંકલેશ્વર.**

દરેક જાતનું સ્વાદિષ્ટ ફરસાણ મળશે.

જલેબી, પેંડા, બરફી, ગુલાબ જાંબુ,

મગજ, બાલુશાઈ વગેરે **મિઠાઈ** મળશે.

સ્પેશ્યલ ચેવડો, કચોરી, પેટીસ,

સ્પેશ્યલ અમીરીખમણ, ગોબાપુરી.

............ બધો માલ માલિકની

સીધી દેખરેખ હેઠળ બનાવવામાં આવે છે ............

**પાર્ટી તેમજ બહારગામના ઓર્ડર ઉપર પુરતું ધ્યાન આપવામાં આવે છે.**

---

**S. T. No. N 10 C. 1114** ફોન : ૨૪૬૨૦

**C. S. T. No. 10 C 979 (I) and (II)**

# મોહનલાલ પ્રભુદાસની કું.

**મીલ જીન સ્ટોર્સ મરચન્ટસ**

૬૯૬, રીડ રોડ, **અમદાવાદ ૨.**

| | |
|---|---|
| મા. સ્ટીલ શાફટીંગ | વી. બેલ્ટ |
| બ્રાઈટ બાર્સ | રબર બેલ્ટીંગ |
| ગોળ, ચોરસ છપેલું | લેધર બેલ્ટીંગ |
| કાર્બન સ્ટીલ | હેર બેલ્ટીંગ |
| ગોળ, ચોરસ | બેલ્ટ ફાસ્ટનર્સ |
| રો. આ પુલીઓ | કુમલેસ |
| કા આ પુલીઓ | રબર હોઝપાઈપ |
| વી. બેલ્ટ પુલીઓ | કેન્વાસ હોઝપાઈપ |
| શાફટ કપ્લીંગ | હોઝ કપ્લીંગ |
| રીંગ બ્રાસ પેડેસ્ટલ્સ | હોઝ કલેમ્પ |
| બોલ બેરીંગ પેડેસ્ટલ્સ | પાવર બ્લોવર |
| મોટર રેઈલ્સ | હેન્ડ બ્લોવર |
| વાયર રોપ | પમ્પ (સક્યુર્લેટીંગ) |
| રબર ઈન્સરશન | પમ્પ (સેન્ટ્રીફયુગલ) |
| ગ્રે. પેકીંગ | ફુટ વાલ્વ |
| બેન્ડસો બ્લેડ | એન્જીનીયરીંગ ટુલ્સ વિ. |
| ચેઈન પુલી બ્લોક વિ. | |

**ઉપર મુજબનો માલ હાજર સ્ટોકમાંથી મળશે.**

---

Gram : ZAVERI Phone : 38

# ZAVERI TEX?ILE

## DYING & PRINTING WORKS

Wholesale dealers in printed serees

always ask for "**ZAVERI PRINTS**"

Fulwapi, Station Road, JETPUR.

# મું બંધાવને પાઘ

**—શ્રી કનૈયાલાલ વૃ. વાઘાણી**

જામનગર રાજ્યના સંચાણા ગામે ઈશ્વરદાનજીની ડેલીએ આવીને એક ચારણે પૂછયું, "બાપા ! ઇશ્વરદાનજી ઘરમાં છે ?"

"પધારો, બાપલા, પધારો. ઈશ્વરદાનજી તો જામબાપુ પાસે ગયા છે."

"ત્યારે તો...." આટલું કહી આવનાર ચારણ અટકી ગયો.

"બાપલા ! ઈશ્વરદાનજી ઘર હારે લઇને ગયા નથી. આપ પધારો અને સુખેથી આરામ કરો." આમ કહીને ઇશ્વરદાનજીના નોકરે આવનાર ચારણને ડેલીમાં ખાટલો નાખી આપ્યો. ખાટલા ઉપરે ધડકી પાથરી દીધી. પાણીનો લોટો મૂકયો અને હોકો ભરી આપ્યો.

"તયેં ઈશ્વરદાનજી કયારે પધારશે ?"

"આજ તો પધારવા જોઇએ. જામબાપુ પાસે ગયા છે એટલે ચોક્કસ કહેવાય નહિ. ઘરમાંથી બા પણ કહેવરાવે છે કે આપ અહીં સુખેથી રહો."

"કેમ ન કહેવરાવે ? ઈ તો ઈશરા પરમેશરાના ઘર-વાળાં છે. શાક્ષાત જગદંબા છે, એમના વવેકમાં ખામી શાને હોય ?"

જમવાનો સમય થયો ત્યારે આવનાર ચારણને સારી રીતે જમાડવામાં આવ્યો. રાત્રે વાળુટાણે બરોબર રીતે વાળુ કરાવ્યું. સૂવા માટે પણ બરોબર સગવડ કરી આપી.

ચારણને સંચાણામાં ઈશ્વિરદાનજીને ઘરે આવ્યાને બે દિવસ થઇ ગયા હતા, પણ ઈશ્વરદાનજી ઘરે આવ્યા ન હતા.

આવનાર ચારણ હવે અકળાઈ ગયો હતો અને જવાની ઉતાવળ કરી રહ્યો હતો. ઇશ્વરદાનજી આવ્યા ન હતા એટલે ઈશ્વિરદાનજીના ઘરવાળાં અને નોકરો આગ્રહ કરીને ચારણને રોકી રહ્યાં હતાં. તેઓએ કહ્યું "ઈશ્વરદાનજીને આપના આવવાના ખબર કહેવડાવ્યા છે, કાલે તો જરૂર આવી પહોંચશે. ઇશ્વરદાનજીને મળ્યા વગર જવાય નહિ."

ત્રીજા દિવસનો પહોર ચડવા આવ્યો હતો, સુરજમારાજ પણ ઊંચે ઊંચે આવી રહ્યા હતા, તેવામાં ઇશ્વરદાનજી ઘોડા ઉપરથી નીચે ઊતરી આવનાર ચારણને ભેટી પડ્યા.

"બાપ ! માંડણ ભગત ! ક્ષમા કરજો આપને બે દિવસ એકલા રહેવું પડયું. આપ અહીં પધારો ત્યારે મારે અડ-વાણે પગે હાજર રહેવું જોઇએ, પણ જામરાવળજી પાસે રોકાઇ રહેવું પડયું."

"હા, બાપલા, હા, ગટાટોપ વાદળમાં ઢંકાયેલા સૂરજ મા'રાજ પણ ડોકિયું કરીને પૃથવી માતાને ગરમી આપે છે, પણ આપને તો જામરાવળજીએ એવા સંતાડી રાખ્યા કે ત્રણ ત્રણ દિ' સુધી દરશન પણ ન થાય." માંડણ ભગત જરા કરડાકીથી બોલ્યા.

"ભગત ! ઈ વાત તો સાચી, પણ રાજના કામ એવાજ રહ્યાં. જામબાપુ રજા આપતા નો'તા પણ આપ અહીં પધાર્યા એ સમાચાર જાણ્યા પછે મારાથી અધઘડી પણ નો રોકાવાય."

"હા, બાપ, હા, આપને એક બાજુ જામ અને બીજી બાજુ રા. રામ અને જામ બન્નેનો સાથ લેનારને વખત કયાંથી હોય ?"

"માંડણ ! બાપલા, મારી ગેરહાજરીમાં તકલીફ પડી હોય એમ લાગે છે."

"ના, ઇશરા; ના, બાપલા ? ઈશરના ઘરવાળાં એટલે શાક્ષાત જગદંબા, અન્નપૂર્ણા–એની બરદાશુંમાં ખામી શી આવે ? આપના નોકરો પણ વવેકવાળા. ઇશરાના દરબારમાં બરદાશુંમાં મણાં ન હોય."

બન્ને દેવી પુત્રો લાંબા સમયે ભેગા થયા હતા, એટલે પછી ખામી કેમ રહે ? જેની જીભે મા શારદાનો વાસ હોય ઈ દેવી પુત્રો દુહા, છંદ અને કાવ્યોની રમઝટ જમાવે એમાં મણાં શું હોય ?

માંડણ ભગત અને ઈશ્વરદાનજી બન્ને રસમાં તરબોળ થઈ ગયા હતા. 'રંગરે રંગ મારા બાપલા' "વાહ ગઢવી વાહ." "રંગ દુલાને રંગ." "રંગ છે સાવઝડાને." આમ હોંકારી થતા જાય. હિમાલયમાંથી ગંગાનો પ્રવાહ વહે એમ શારદા પુત્રોની વાણીમાંથી દુહા, છંદો અને કાવ્યોનો અસ્ખલિત પ્રવાહ વહી રહ્યો હતો. હાથમાં હોકાની નાળચું રહી ગઈ હતી. બન્ને દેવી પુત્રો પૂરા રંગમાં આવી જમા-વટ કરી રહ્યા હતા.

જમવાનો સમય થઈ ગયો હતો પરંતુ રંગમાં તરબોળ બની ગયેલા બન્ને દેવીપુત્રોને સમયનો ખ્યાલ પણ રહ્યો ન હતો. ઓરડામાંથી અવાજ આવ્યો, "જમવા પધારો." ત્યારે બન્ને ચમકી ઊઠયા. હાથ મોં ધોઇ જમવા બેઠા.

બન્ને દેવીપુત્રો જમી પરવારી આરામ માટે તૈયારીઓ થઇ રહી હતી ત્યારે માંડણ ભગતે કહ્યું, "ઇશરાજી ! હવે મને રજા આપો. મારે દ્વારકા પોંચવું છે. અહીં તો ત્રણ દિ' વયા ગયા."

"ભગત ! એમ કંઇ થાય ? હજુ તો હું આજ સવારે જ આવ્યો છું. હારે પણ રીયા નથી. કાલે આપણે જામ-બાપુ પાશે જવાનું છે. રંગીલો જામ કવિયુંની કદર કરનારો છે. એમને એમ ન જવાય"

"બાપ ! મારે જામબાપુ પાસે આવવું નથી હવે તો–
એક જાચું જાદવરાય, જાચવો શું જામને !
મૂકી માયાની જાળ દલડામાં રાખી રામને."

"માંડણ બાપ ! આપણે થોડો વખત હારે રીયા છઇએ. બે દનયા હારે રહીએ તો ઓર મજો આવશે."

"ના, ઈશરા, ના. હવે રોકાવાનું મન થાતું નથી. ત્રણ દનયા તો ત્રણ ભવ જેવા લાગ્યા છે."

ઈશ્વરદાનજીને માંડણ ભગતની વાણી ઉપરથી લાગ્યું કે ભગત જરૂર કંઈક કોચવાયા લાગે છે.

"ભગત! આપને કંઈક માઠું લાગ્યું હોય એમ જણાય છે. આપ કોચવાયા હો એમ મને લાગે છે. શું આપને અહિં કંઈ અગવડ પડી છે? ખાતર બરદાસમાં ઊણપ લાગી છે?"

"બાપ! ઈશિરાના દરબારમાં અગવડ! ઈશિરાના દરબારમાં ન હોય અગવડ કે ન હોય ઊણપ પણ...." આટલેથી માંડણ ભગત બોલતા અટકી પડ્યા.

"ભગત! કહો શું છે? આપ અટકી કેમ ગયા?"

"ઈશિરાજી! આ આપનું ગામ છે. આપ ગામધણી છો અને આટલી બધી હત્યા? માછીઓ જાળ નાખીને હજારો માછલાં પકડે છે. ઈ બંધ ન કરાવાય? હું તો આ બધું જોઈને સાવ ઠરી ગયો છું."

"ભગત! હું ગામધણી ઈ સાચું, પણ ગામધણીથી કોઈના ધંધા બંધ કરાય ખરા? ધણી ઊઠી ધંધા બંધ કરાવે ઈ મારો વાલીડો કીમ સાંખે! બાપ! કોઈના ધંધા જુટવી ન લેવાય. એવો કાળો કામો ન કરાય"

"પણ ઈ લોકોને બીજો કામ ધંધો ન અપાય?"

"ભગતજી! ઈ લોકો બીજો ધંધો કરે પણ શું? એને ધંધો બંધ કરાવીએ તો બીજે ઠેકાણે જઈને બમણા જોરથી ઈ જ ધંધો કરવાના. મારો રામ આપે પછે સૌને કામ. ગામધણીથી કોઈના ધંધા ન જુંટવાય."

"બાપલા! તારે ઈમ કહોને કે તમારી દાનત નથી તો ય છે. જેવી ઠાકર મા'રાજની મરજી."

માંડણ ભગત ઈશ્વરદાનજીના આવા જવાબથી ખૂબ નાખૂશ થઈ ગયા. તેમણે રજા માગતાં કહ્યુ, "બાપ! ઈશિરા! તીંયે હવે રજા લઉં! જય દ્વારકાધીશ."

માંડણ ભગત વધુ વાતચીત કરવાથી વધારે કોચવાશે એમ ધારીને ઈશ્વરદાનજીએ ભગતને રોકાજવાનો આગ્રહ પડતો મૂકયો અને જવાની રજા આપી.

"રામ રામ બાપલા, ઈ બોલ્યું ચાલ્યું માફ."

"ભગત! રામ, રામ. કંઈ અવિવેક થયો હોય તો માફ કરજો. રામ રામ બાપલા, રામ, રામ."

માંડણ ભગત સંચાણાથી ઊપડયા અને લીધો દવારકનો પંથ. પંથ કાપતા કાપતા ભગત પહોંચી ગયા દવારકાને પાદરે. દવારકાધીશ રણછોડરાયજીના ગગનચુંબી મંદિરના શિર પરથી ધજાના દર્શન થતાં માંડણ ભગતનાં હરદામાં ઊર્મિની છોડો માંડી ઊડવા, "વાહ બાપ વાહ. દવારકાના ધણીને ખમા. જાદવરાય વારી જાઉં બલહારી છે તારી."

માંડણ ભગત ગોમતિકાંઠે આવી પહોંચ્યા. ગોમતિ સંગમ ઉપર સ્નાન કરીને દવારકાધીશના દર્શને મંદિરમાં પહોંચ્યા. મંદિરમાં આરતીની તૈયાર થઈ રહી હતી. ભગવાન દવારકાધીશની મૂર્તિ આડો ટેરો આવી ગયો હતો.

સૌ ભાવિકો દર્શન માટે આતુર બની ઊભા હતાં.

ઘંટનાદ થયો, ટેરો ખુલ્યો, દ્વારકાધીશકી જયના ગગનભેદી નાદોથી મંદિર ગાજી રહ્યું. શંખ, નગારા, ઝાલર વાગી રહ્યાં. દ્વારકાધીશની આરતી થઈ રહેવા આવી હતી.

માંડણ ભગત ભગવાનની ઝાંખી કરવા માટે ભીડમાંથી આગળ આવ્યા. ભગવાનના સિંહાસન ભણી નજર કરી પણ ભગવાનના દર્શન ન થયાં. સિંહાસન ખાલી જણાયું. માંડણ ભગતને દર્શન ન થયાં માંડણ ભગતની આંખમાં આંસુ આવી ગયાં. મંદિર બહાર જઈને ચોધાર આંસુએ રડી પડયા.

'બાપ! દ્વારકાના નાથ! મુંને દર્શન નહિ! બધુ છોડી તારે દ્વાર આવ્યો અને નિરાશ! બાપ! હવે જીવીને શું કરવું છે? તેં પણ મને તરછોડયો? હવે જીવતર શા ખપનું?',

આમ વિચાર કરી માંડણ ભગત દૂર દૂર સમુદ્ર કિનારે ચાલ્યા ગયા. અહીં જ દેહ પાડવો એવો નિશ્ચય કરી સમુદ્રમાં દેહ સમાવવા તૈયાર થયા.

સમુદ્રમાં ભગતને પ્રભુના દર્શન થયાં. 'નાથ! આ દાસ ઉપર અવકૃપા કેમ? પ્રભુ! મારો શો ગુનો?"

"માંડણ તારૂં અભિમાન એ તારો ગુનો છે. મારા ભક્ત અભિમાની બને એ હું કેમ સાંખી શકું? તેં ઈશ્વરદાનજીને દુભાવ્યા છે એટલે હું નારાજ થયો. હવે મંદિરમાં જા ત્યાં તને મારાં દર્શન થશે."

"પ્રભુ! મારા નાથ! આ તારા ચારણને તારા હાથે પાઘ બંધાવ તો જ તારો ચારણ જીવે. નહિતર હવે તારા ચરણમાં સમાવી દે નાથ! મારા ગુના માફ કર."

"માંડણ! મંદિરમાં જા. તારી મનોકામના પૂર્ણ થશે."

સમુદ્રમાં સ્નાન કરીને માંડણ ભગત પાછા આવ્યા મંદિરે. દ્વારકાધીશનાં મંદિરમાં વાઘેર જુવાનો, વૃદ્ધો અને વાઘેરાણીઓ દ્વારકાધીશનો ઉત્સવ ઊજવી રહ્યાં હતાં.

માંડણ ભગતનાં અંતરનાં દ્વાર ખુલી ગયાં હતાં. ખુલ્લા ગળે ભગવાન દ્વારકાધીશને બિરદાવી રહ્યા હતા. આસપાસ ઊભેલા લોકો ભગતની વાણીના ભાવે શાંત ઊભા રહી ગયા હતા. માંડણ ભગતે લલકાર્યું :–

"દ્વારકાના ધણી જદુપતિ જાદવા
દલડા તણાં કાઢયા ડાઘ,
અધમોદ્ધારક મુંને પાવન કીધો
મું બંધાવને પાઘ."

"ખમ્મા જાદવરાયને! છપ્પન કોટિ જાદવોના મુગટમણિને! બાપ! તારો ચારણ તારી પાસે યાચના કરવા આવ્યો છે. દ્વારકાના મહારાજ! મું બંધાવને પાઘ."

આ સમયે મંદિરમાં વીજળી જેવો ચમકારો થયો. ભગવાન દવારકાધીશની મૂર્તિનો જમણો હાથ ઊંચો થયો અને ખભા ઉપરના ખેસનો એક છેડો પકડીને માંડણ ભગત તરફ લંબાવ્યો.

ખેસનો છેડો લંબાતો લંબાતો માંડણ ભગત પાસે આવ્યો. ભગતે છેડો પકડી લીધો અને માથે માંડયો વીંટવા.

દવારકાધીશના મંદિરમાં હાજર રહેલા સૌ ચકિત થઈ ગયા. ભગતને ભગવાન પાઘ બંધાવી રહ્યા હતા પરંતુ પાઘનો છેડો આવતો ન હતો. માથા ઉપર પાઘ મોટી થઈ રહી

હતી. માંડણ ભગતે કહ્યું,

"ધન્ય દ્વારકાના ધણી મું બંધાવી પાઘ;
છેડલો આવ્યો નહિ રાખ, બાપલા, રાખ."

"મારા નાથ ! બહુ થઈ. હવે રાખ. આ તારા ચારણનું બિરદ તેં સાચવ્યું. બસ કર બાપ બસ કર."

ભગતે આમ કહ્યું એટલે પાઘનો છેડો આવી ગયો. ભગતના માથા ઉપર પાઘ બંધાઇ ગઇ.

દ્વારકાધીશના મંદિરમાં જયનાદ થવા લાગ્યા. ઝાલર, શંખ, નગારા વાગી રહ્યા હતા. માંડણ ભગત ઉપર અબીલ, ગુલાલ, કંકુ ઊડવા લાગ્યા. દ્વારકામાં માંડણ ભગતનો જય જયકાર થઇ રહ્યો.

માંડણ ભગતનો આનંદ અનેરો હતો. છંદ ઉપર છંદ દુહા ઉપર દુહા લલકારીને દ્વારકાધીશને બિરદાવી રહ્યા હતા.

દ્વારકાવાસીઓએ માંડણ ભગતનું ખૂબ સન્માન કર્યું. ભગતને દ્વારકામાં એક મહિનો રોકયાં દ્વારકાવાસીઓ માંડણ ભગત ઉપર પ્રસન્ન હતા.

દ્વારકામાં લાંબો વખત થઈ ગયો હતો એટલે માંડણ ભગતે પ્રેમાળુ દ્વારકાવાસીઓ પાસે ઘરે જવાની રજા માંગી. લોકોએ કચવાતા મને રજા આપી. અશ્રુભરી આંખે દ્વારકાધીશના ચરણમાં વંદના કરી ભગતે વિદાય લીધી.

પાઘ બાંધી ભગત પાછા આવ્યા સંચાણા. ભગતને ભગવાને પાઘ બંધાવી એ સમાચાર ઇશ્વરદાનજી તેમજ જામરાવળજીએ જાણ્યા હતા. ઈશ્વરદાનજી ભગતને ભેટી પડયા.

ભગતનું ધામધૂમથી સામૈયું કરીને જામનગરમાં લાવવામાં આવ્યા. ભગતે યદુનંદનને બિરદાવતાં કવિતો લલકાર્યાં. જામરાવળ માંડણ ભગત ઉપર ખુશ થઈ ગયા અને લખપસાવ દેવા લાગ્યા પણ ભગત તો રામના જાચક હતા, જામના નહિ. ભગતે લખપસાવ લેવા ના પાડી, અન્ય ચારણોને વહેંચી આપવા જામને વિનંતિ કરી.

માંડણ ભગતે ઈશ્વરદાનજીની ખુલ્લા દીલે ક્ષમા માગી; પોતે અગાઉ જે વિચારો કાર્યા હતા તે બદલ દિલગીર થયા.

માંડણ ભગત જીવનભર રામના જાચક બની રહ્યા.

★

# ત્યાગમૂર્તિ વીરજી

**—શ્રી કનૈયાલાલ વાઘાણી**

સંવત ૧૮૭૬ની સાલ હતી. સૌરાષ્ટ્રના ભાડલા ગામે વસ્તા શેઠને ઘેર પુત્ર અવતર્યો. પુત્રનું નામ વીરજી પાડયું.

વસ્તા શેઠ જૈન વણિક હતા. પંચાળના ચોટીલા ગામમાં દાના ખાચરના કારભારી બન્યા. વીરજી પણ ચોટીલામાં મોટો થયો.

વસ્તાશેઠની સ્થિતિ કથળતી હતી. વીરજીને બે ત્રણ ચોપડી ભણાવી નિશાળેથી ઉઠાડી મૂકયો. વીરજી પરચૂરણ કામકાજ કરવા માંડયો.

વીરજીને ચાર બહેનો હતી અને એક નાનો ભાઈ હતો. એ બહેનોનાં લગ્ન કર્યાં એમાં પણ ખર્ચ કુટુમ્બની કથળતી સ્થિતિ એટલે ભીંસણ પણ વધવા લાગી, ઓછામાં પૂરું વસ્તાશેઠ અને લાડકી શેઠાણીએ ગામતરાં કર્યાં એટલે વીરજી ઉપર બોજો વધવા લાગ્યો. વીરજીની સ્થિતિ ખૂબ કપરી બની.

પણ વીરજી દિલનો દાનો હતો. અભ્યાગતો, અપંગો વગેરેને લોટ-દાળ-ખીચડી આપ્યા કરે. પોતાનું પછી અભ્યાગતો પહેલાં એવો હતો એ ઓલિયો જીવ.

નાની બહેનોના પણ ઉંમર લાયક થતાં વીરજીએ લગ્ન કરી નાખ્યા. હવે ઘરમાં રહ્યા માત્ર બે ભાઈ: વીરજી અને નાનોભાઈ ઝવેર. ઝવેરને ભણાવવા માંડ્યો.

વીરજીએ નાની હાટડી માંડી હતી. તેલપળી કરીને માંડ માંડ ગુજારાન જોગુ મેળવતો હતો. આવી કટોકટીની સ્થિતિમાં પણ અભ્યાગતો, અનાથોને દાળ-લોટ આપવાનું ચૂકતો નહીં. પોતાને એક બે ટંક ખાવાના સાંસા પડી જાય તો મુંગો મુંગો ચલાવી લેતો; એવો હતો એ જીવડો.

બહેન કુલીના પતિનો સ્વર્ગવાસ થયો એટલે બહેન પણ ચોટીલા વીરજી સાથે આવીને રહી. વીરજી બહેન કે ભાઇને જરાપણ ઓછું આવવા દેતો નહીં.

ચોટીલાના સમજુ લોકો વીરજીની વૃત્તિથી જાણીતા થયા હતા. વીરજીને રામરોટી બાંધી આપી એટલે વીરજી રામરોટી ઉઘરાવી સાધુસંતો, અભ્યાગતોને જમાડવા લાગ્યો.

વીરજીની ત્યાગવૃત્તિથી ચોટીલાના લોકો વધારે ખુશ થયા હતા. વીરજીની સેવાવૃત્તિને ગામલોકો તરફથી પ્રોત્સાહન મળવા માંડયું. ચોટીલામાં સંત સાધુઓની અવરજવર વધવા લાગી. વીરજી ભગત રાત કે દિ' જોયા વગર સંત સેવા કરવા લાગ્યા. દુકાનનું કામ કરે, બીજો બોજા ઉપાડે અને ઉઘાડા પગે સંતસેવા કરે.

વીરજી ભગતનું ઘર સંતોનું ધામ બનવા લાગ્યું. સાધુસંતો, અભ્યાગતોને દાળરોટી મળવા માંડી. વીરજીનું ઘર વીરજી ભગતની જગ્યા કહેવાવા લાગ્યું. જગ્યાની ખ્યાતિ વધવા માંડી અને લોકોનો સહકાર સાંપડવા માંડયો.

વીરજી ભગતની જગ્યાની ખ્યાતિ પણ ધીરે ધીરે વધવા લાગી. વીરજી ભગત પણ સેવામૂર્તિ બની સેવા કરતા રહ્યા.

એક વખત વીરજી ભગત ગામબહાર સીમ ભણી ગયા હતા. એક વૃદ્ધ આદમી ચીંથરેહાલ માથા ઉપર લાકડાનો ભારો ઉપાડી ચાલ્યો આવતો હતો. અતિ વૃદ્ધ હોઇને ડોસાની ડોક ભારાના ભારથી ડગ ડગ થઇ રહી હતી. તેની પાછળ ડોસાનો દીકરો પણ ભારો ઉપાડી ચાલ્યો આવતો હતો. ડોસો વૃદ્ધ હતો એટલે ઉતાવળે ચાલી શકતો ન હતો.

છોકરાએ ડોસાને તાડુકીને કહ્યું. "ડોસાલા ! ઝટ કરને. આમ કીડી ઘોડે(જેમ) શું હીંડે છે. વખત હાલ્યો જાશે તો ભારા નઇ વેચાય."

વીરજી ભગતે છોકરાના શબ્દો સાંભળ્યા, ડોસાની કાયા

જોઇને ભગતનું હૈયું કકળી ઉઠયું. ડોસા પાસે ગયા અને તેના માથા ઉપરનો ભારો લઇને પોતાના માથા ઉપર મૂકી દીધો.

"ગગા ! ડોસા પાસે ભારો ઉપડાવતા શરમાતો નથી ! તારો બાપ ઘરડો છે. એ બચાડા જીવની અવસ્થા સામું તો જો ! તું બે ભારા ઉપાડ તો દૂબળો કયાં પડવાનો હતો!"

વીરજી ભગત માથા ઉપર ભારો મૂકી ચાલવા લાગ્યા. ડોસાએ ભારો લઈ લેવા ઘણું કર્યું પણ ભગતે ભારો માથા ઉપર જ રાખ્યો.

ચાલતાં ચાલતાં રસ્તામાં ભગતે કહ્યું, "બજારમાં તો એ ભારાના માંડ ચાર આના મળશે. જગ્યામાં લાવો એના આઠ આના આપીશ."

ભગત ભારો લઇને જગ્યામાં આવ્યા. છોકરાને આઠ આના આપ્યા અને કહ્યું, "ગગા ! દાદા તો હવે અહીં રહેશે."

છોકરો વિચારમાં ડૂબી ગયો. ભગતની મમતા ઉપર એનું મન ડોલી ગયું.

"દાદા ! તમે હવે અહીં જગ્યામાં જ રહો. આ ઘરડા દેહે હવે ભારા નહીં ઉચકાય. અહીં જગ્યામાં જ રહેજો અને બને ઈ કામ કરજો. દાણા રોટી મારો રામ આપી રહેશે."

ડોસો તો ગળગળો બની ગયો. એ દુખિયા જીવને કોઈ દેવ મળી ગયો હોય એવું લાગ્યું. આ અવસ્થાએ સહારો દેનાર ભગવાને મોકલ્યો હોય એમ ડોસાને લાગ્યું.

'ગગા ! તારા બાપની જરાપણ ફિકર કરીશ નહીં. તું એની પાસે ગમે ત્યારે આવજે. તારા બાપ મારા બાપ જેવા જ રહેશે. તું રોજ ભારો અહીં નાખી જજે. તને ચાર આના રોકડા અને લોટ મળશે."

ભગતની દિલાવરીથી છોકરાને અનેરો આનંદ થયો. ડોસાને જગ્યામાં રહેવાનું મળ્યું એથી છોકરાને ટાઢક વળી.

ચોટીલામાં પાણીની તંગી રહ્યાં કરતી હતી. ભગતની જગ્યામાં પણ મુસાફરોની અવરજવર વધી હતી તેથી પાણીની તંગી વધવા લાગી. ભગત પણ પાણીની તંગીથી ખૂબ અકળાતા હતા.

એક રાત્રે ભગત તથા બે–ચાર જણા બેઠાં બેઠાં પાણીની તંગીની વાત કરતા હતા : "ચોટીલાનું પાણીનું દખ મટે તો સારૂં. રામ ધા સાંભળે તો સારૂં."

"ભાઈલા ! મને પણ ઈજ વચાર થયા કરે છે. પણ જમીનમાં કયાંઈ પાણીના વાવડ મળતા નથી. કયાંય વાવડ મળે તો કૂવો ખોદાવીએ. રામ ધણીએ ધાર્યું ઈ થાશે. મારો વા'લો ઈ દખ ટાળશે." ભગતે અન્ય લોકોને કહ્યું.

આ સમયે એક અભ્યાગત ત્યાં સુતો સુતો આ વાતું સાંભળતો હતો. ઈ સડપ દેતો બેઠો થયો અને બોલ્યો :

"ભગતજી ! પાણીના વાવડ હું આપું. હું પાણી પારખો છું."

"તારે તો મારા રામે ધા સાંભળી તમને અહીં મોકલ્યા હોય એમ લાગે છે. મારા નાથ ! તારી ગત્યુ ન્યારી છે."

બીજે દિવસે સવારે પાણી કળાને લઈને અને બે–ચાર જણા પાણી નીકળે એવી જમીન જોવા નીકળી પડ્યા.

ફરતાં ફરતાં પાણીકળાએ ચોટીલાની ઉગમણી બાજુએ એક જગ્યાએ નિશાન કર્યું; અને કહ્યું : "ભગતજી ! અહીં નવાણ ગળાવો. પાણી જરૂર નીકળશે."

ભગતે ચોટીલાના વેપારીઓને વાત કહી. પાણીનું દખ મટાડવા વેપારીઓએ નાણાંની મદદ આપવા વચન આપ્યું.

મજુરો રાખીને કુવો ખોદવાનું કામ શરૂ કર્યું. ખોદવાનું કામકાજ શરૂ થઈ ગયું. કૂવાનું ખોદાણ પણ સારા પ્રમાણમાં થઇ ગયું. ખોદતાં ખોદતાં જમીનમાં કાળમીંઢ પાણો આવ્યો. મજુરોએ ખૂબ મહેનત કરી પણ એ કાળમીંઢ ન તૂટ્યો. સૌ નિરાશ થવા લાગ્યા. કરેલી મહેનત એળે જશે એમ લાગવા માંડયું. વીરજી ભગત નિરાશ ન થયા. ભગતને તો અતૂટ શ્રદ્ધા હતી.

હવે ભગત પોતે જાતે ખોદકામ કરવા લાગી ગયા. કાળમીંઢ ઉપર ત્રિકમના ઘા કરવા લાગ્યા. આખારે એ સંતના અથાગ પરિશ્રમે કાળમીંઢ પત્થર તુટયો અને નીચેથી પાણીની સરવણી પણ ફૂટી નીકળી. ચોટીલાના લોકોના આનંદની સીમા ન રહી. ભગત વધારે મહેનત કરવા લાગ્યા અને જેમ જેમ પત્થર તુટતો ગયો તેમ તેમ નીચેથી પાણીના વહેણ વધવા માંડ્યા.

ભગતના પરિશ્રમે ચોટીલાના લોકોનું પાણીનું દુઃખ મટયું. ચોટીલાની પૂર્વબાજુએ આજે પણ એ કૂવો ભગતના કૂવાને નામે ઓળખાય છે.


વઢવાણથી ગિરનાર જતાં યાત્રાળુઓ ચોટીલા થઇને ગિરનાર જતાં. ચોટીલામાં યાત્રાળુઓને રહેવાની ખૂબ અગવડ પડતી. ભગતને આથી ખૂબ દુઃખ થતું. ભગતે ચોટીલાના વાઘા ખાચરની વિધવા પાસે અને ભોજ ખાચરના માતુશ્રી પાસે આ વાત મૂકી ટેલ નાખી. બન્ને તરફથી ભગતને સારો સહારો મળ્યો.

સંવત ૧૯૨૫માં ચોટીલામાં ધર્મશાળા બંધાઈ તથા રામજી મંદિર પણ બંધાયું. વીરજી ભગતના સેવાભાવે ચોટીલાનું ગૌરવ વધ્યુ.

સંવત ૧૯૪૩ના ચૈત્રવદ પાંચમને ગુરૂવારે વીરજી ભગતે એમના નશ્વર દેહનો ત્યાગ કર્યો.

એ સેવામૂર્તિ સેવાધર્મના મહાન આદર્શો આપતા ગયા. એમની એ સેવાની સુવાસ આજ પણ ચોટીલામાં દેખાઈ આવે છે.





# ગુજરાતના
## આગેવાન ઉદ્યોગપતિઓ, દાનવીરો, વ્યાપારીઓ અને મહાજન સંસ્થાના અગ્રેસરો

## સ્વ. શ્રી રામજી હંસરાજ કમાણી

સાહસે શ્રી પ્રતિવસતિ—'સાહસમાં લક્ષ્મી વસે છે' એ સુત્ર જાણે ધર્મસુત્ર જ હોય તેવી રીતે શ્રી રામજીભાઈએ પોતાનું જીવન દેયુ છે ઉદ્યોગ જ હિન્દ માટે એકલો જયવારો છે, પછી તે મોટા પાયાનો હોય કે હસ્તઉદ્યોગ હોય, એ સત્ય પંચવર્ષીય યોજના કે રચનાત્મક વિધાન ... માં શરૂ થયા તે અગાઉ ઘણા વર્ષે શ્રી રામજીભાઈએ વિચારેલું અને સ્વીકારેલું. જે જે પ્રવૃત્તિ તેમણે હાથ પર લીધી તે તે પ્રવૃત્તિમાં આજ સુત્ર તેમને અપનાવ્યું હતું. એટલે જ એ બધી પ્રવૃત્તિઓ સફળ નીવડી.

શ્રી રામજીભાઈનો જન્મ ધારી ગામમાં ૨૧ મી ફેબ્રુઆરી ૧૮૮૮ માં થયો હતો. તેમના પિતા સ્વ હંસરાજ લક્ષ્મીચંદ કમાણીમાં તેમના પિતામહ શ્રી લક્ષ્મીચંદભાઈનો ધાર્મિક અને સમાજ સેવાનો વારસો ઉતરેલો. એ સંસ્કારના વાતાવરણમાં શ્રી રામજીભાઈનું બાળપણ ધારી તથા અમરેલીમાં વીત્યું. ઘરની તેમ જ આખા કુટુંબની પ્રવૃત્ત ખેતી અને વેપાર હતી.

ધંધાર્થે તેઓ કલકત્તા ગયા અને શ્રી જીવણલાલ મોતીચંદ શાહની સાથે એલ્યુમીનીઅમના વાસણોની ફેરી શરૂ કરી. ધીમે ધીમે ધંધો આબાદ થતાં એક નાનકડી દુકાન કાઢી, પણ કેવળ વેપાર જ કરવો એ તેમના ધ્યેય માટે બસ નહોતું. કારખાનું નાખીએ તો જ આબાદી સાંપડે, અનેક માણસોને રોજગાર મળે. બન્નેએ મળીને એક કારખાનું નાખ્યું. તેમાં એલ્યુમીનીઅમના વાસણો બનતાં, ૧૯૧૯ માં ડીસેમ્બરમાં તેઓ નિવૃત્ત થઈ અમરેલી આવી રહ્યા. ભાડાનું ઘર કાઢી નાખી પોતાનું મકાન ચણાવ્યું.

અમરેલી અને આસપાસના ગામડાની આર્થિક તેમ જ સામાજિક સ્થિતિ સારી નહોતી. એ સમયે ઈન્ફલ્યુએન્ઝા બહુ વ્યાપક હતો. દવાઓ તથા ઉકાળાઓ બનાવરાવી ગામેગામ અને ઘરે ઘરે પહોંચાડવાની યોજના કરી. અમરેલીના સેવક મંડળના ઉપક્રમે આ પ્રવૃત્તિ શરૂ થઈ. ગરીબ દરદીઓને, જેને દુધની જરૂર હોય તેવાંઓને ઘેર દુધ પહોંચાડવાની વ્યવસ્થા થઈ. આ પ્રવૃત્તિમાં ખાસ ભાગ લેનારા વૈદ્યો, શિક્ષકો અને કાર્યકરોને દોરવણી આપવા ઉપરાંત તેમણે જાતે પણ દવા, દુધ વગેરે પહોંચાડવામાં મદદ કરી. આ મહારોગમાંથી આ રીતે આ પ્રદેશ ઘણેખરે અંશે બચી ગયો.

ત્યારપછી દુષ્કાળ નિવારણનું કામ શરૂ થયું. છાત્રોને શિષ્યવૃત્તિ, શિક્ષકોને મદદ, હરિજન ઉદ્ધાર, ખેડૂતને તેના વ્યવસાયો અનુરૂપ શિક્ષણ વગેરે અનેક દિશાઓમાં સેવા અને પરોપકારનાં કાર્યોની શરૂઆત તેમણે કરી.

આ સમય દરમ્યાન વસ્ત્ર-સ્વાલંબનનું કામ પણ તેમણે જોર-શોરથી ઉપાડ્યું. કાઠિયાવાડમાં ગામેગામ રેંટિયા ચાલુ થયા. વણાટનું કામ શરૂ થયું. ઘણા મોટા પાયા પર ખાદી ઉત્પાદનનું કામ થયું.

આખા દેશમાં નેતાઓ અને કાર્યકરો ખાદીના આ કેન્દ્ર જોવા અમરેલીમાં ઉતરી પડ્યા. મહાત્માજી પણ કાઠિયાવાડના પ્રવાસે આવ્યા. બધુ કામકાજ તપાસી ખુબ જ ખુશ થયા. અને ખાદીને ધર્મ તરીકે અપનાવવનું કહ્યું. આજે આ વાતને ૪૫ વર્ષ થયાં, સ્વરાજ મળ્યું, પણ હજી તેઓ શુદ્ધ ખાદી જ ધારણ કરે છે.

૧૯૨૬ માં જીવણલાલ કંપનીમાં તેઓ શ્રી જીવણલાલભાઈના પ્રેમભર્યા આગ્રહથી પુનઃ જોડાયા. ૧૯૨૯ માં આ કંપની પરદેશીઓના સહકારથી જીવણલાલ (૧૯૨૯) બની. આ સમય દરમ્યાન કારખાના જુદે જુદે સ્થળે સ્થપાયા હતાં. "એલ્યુમીનીઅમના રાજા" એવું બીરુદ આ કંપનીએ પોતાના ઉંચી જાતના ને કારીગીરીના વાસણો બનાવીને પ્રાપ્ત કર્યું હતું.

૧૯૩૧ ની લડત સમયે શ્રી રામજીભાઈ આ ક્ષેત્રમાંથી નિવૃત્ત થઈ પુનઃ અમરેલી વાસ કર્યો, અને ગ્રામ પૂનર્ઘટનાનું રચનાત્મક કાર્ય ઉપાડ્યું અને "જ્ઞાનકિરણો" નામે પુસ્તિકા જુદી જુદી ભાષાઓમાં પ્રસિદ્ધ કરી. એ સમય અનિશ્ચિતતા અને અશ્રદ્ધાનો હતો. જનતામાં નિરાશા અને આશંકાના પ્રવાહો વહી રહ્યા હતા. વસ્ત્ર સ્વાલંબનનું કામ શ્રી રામજીભાઈએ જોરથી ઉપાડ્યું ઉપરાંત ગામડાના જીવનને અનુરૂપ તેમ જ ઉપયોગી જીવન થાય તેવી ગ્રામ કેળવણીનો પ્રચાર કર્યો. ખેડૂત શાળા નામે સંસ્થા અમરેલીના પરામાં સ્થાપી અને એ અંગેનું સાહિત્ય પ્રગટ કર્યું. આ ઉપરાંત કાઠિયાવાડ રાજકીય પરિષદમાં પણ સારો રસ લીધો.

કૃષિખાતાના વિધવિધ પ્રયોગો માટે વડોદરા રાજ્ય જાણીતું હતું. આવો એક પ્રયોગ શ્રી રામજીભાઈએ ધારીમાં ૨૦-૨૫ વિઘાં જમીનમાં કર્યો. જે રામબાગ નામે જાણીતો છે. ચીકુ, કેરી વગેરે ફળો ઉપરાંત પોપૈયાં માટે તેમણે ખૂબ મહેનત કરી અને પોપૈયાં હિન્દભરમાં મધુબિન્દુના નામે જાણીતાં થયા. પોતાના જ્યેષ્ઠ પુત્ર શ્રી પુનમચંદભાઈને તેમણે ખેતી વિષયક જ્ઞાન મેળવવા ૧૯૩૬ માં જાપાન મોકલેલા.

૧૯૩૮-૩૯ માં સદ્દગત શ્રી જમનાલાલ બજાજ તરફથી ફરી ઉદ્યોગમાં જોડાવાનું નિમંત્રણ મળતાં શ્રી જીવણલાલભાઈ સાથે મુકુન્દ આયર્ન એન્ડ સ્ટીલ વર્કસની મેનેજીંગ એજન્સીમાં જોડાયા. તેમના બે પુત્રો શ્રી પૂનમચંદભાઈ તથા શ્રી રસિકભાઈ પણ જોડાયા.

આ પછી ૧૯૩૯-૪૦ માં કલકત્તામાં અલોહ ધાતુ ગાળવાનું એક નાનું કારખાનું કાઢ્યું. ૧૯૪૦ની ધનતેરસના તેનો પાયો નાખ્યો. આ દિવસ આજે પણ કમાણીના કારખાનાનો "ફાઉન્ડેશન ડે" તરીકે ઉજવાય છે. કલકત્તામાં થએલ જપાનીઝ બોમ્બવર્ષાના પરિણામે આ કારખાનું પહેલા મહેસાણા અને પછી જયપુર ખસેડ્યું હિંદના મોટામાં મોટા અલોહ-ઉદ્યોગની આ રીતે શરૂઆત થઈ.

પછીના વર્ષોમાં તે પ્રગતિ ઘણી ઝડપે થઈ; જયપુર મેટલ્સ ઈન્ડસ્ટ્રીઝ લી. ૧૯૪૩, કમાણી મેટલ્સ એન્ડ એલોયઝ લી ૧૯૪૪, કમાણી એન્જીનીયરીંગ કોરપોરેશન લી. ૧૯૪૫ આ ઉપરાંત કમાણી મેટલીક ઓક્સાઈડઝ (પ્રા.) લિ, કમાણી ટ્યૂબ્સ (પ્રા.) લી. અને ઈન્ડીયન રબર રીજનરેટીંગ કું. લી પણ સ્થપાયાં.

અલોહ ધાતુમાંથી પણ નવી નવી ચીજો બનવા લાગી, આર્સેનીકલ કોપર, કેડમીઅમ કોપર કન્ડકટર, કોપર કન્ડકટર, તાંબા–પિત્તળ તથા ફોસ્ફર બ્રોઝની પતરાં, પટ્ટાં, ઔદ્યોગિક વપરાશ માટે હિન્દમાં બનાવવાની પહેલ કમાણીએ કરી. આ ઉપરાંત ઇલેકટ્રીકલ મીટર્સ, ટ્રાન્સમીશન ટાવર્સ, ઝીંક ઓકસાઈડ, તાંબા પિત્તળના રોડ અને ટયુબ તેમ જ રીકલેઈમ રબર પણ બનતાં થયાં

ત્યારે સ્વ પંડિત જવાહરલાલ નહેરૂના કુરલા ફેકટરી પરના આગમન સમયે, ઓકટોબર ૧૯૫૯ની ચોથી તારીખે, એ સમયના મુંબઈના મુખ્ય પ્રધાન શ્રી યશવંતરાવ ચૌહાણે યોગ્ય જ ઉચ્ચાર્યું હતું કે શ્રી કમાણીએ જે પાવર પ્લેન્ટસ, ઔદ્યોગિક મશીનરી, ટાવર્સ વગેરે પૂરાં પાડ્યાં છે તે જોતાં હિન્દમાં એક પણ વિદ્યુત યોજના કે ઔદ્યોગિક સ્થળ એવું નહિ હોય જ્યાં કમાણીએ કંઈ ને કંઈ પૂરૂં પાડ્યું નહિ હોય.

તેઓ ડૉ. જીવરાજભાઈ કહે છે તે મુજબ માણસને ઓળખવામાં, તેની શક્તિઓ પિછાનવામાં અજોડ હતા. વિદ્યા, વિદ્યાર્થી અને વિદ્વાનોના ચાહક અને સન્માનક હતા તેમનામાં સાહસ અને દુરંદેશીતા હતી તેમનુ દીલ ઉદાર હતું. ખાસ કરીને વિષાદન સમયે તેઓ હંમેશા તત્પરતા બતાવતા તે આ શાંત, સેવા તત્પર, સાદા, મીતભાષી અને સૌમ્ય પ્રકૃતિના હતા. ૭૮ વર્ષની વયે મૃત્યુ સમયે પણ તેમની મેધા જેવી ને તેવી જ તેજસ્વી રહી હતી. તેમના પુત્રોને જે સાંસ્કારિક વારસો મળ્યો છે તે જોતાં કમાણી ઉદ્યોગનું ભાવી ઉજ્જવળ છે.

પરમનિયંતા પરમેશ્વર તેમના આતમાને શાંતી આપો. અસ્તુ.

## સ્વ. શ્રી નાનજીભાઈ કાળીદાસ મહેતા

પ્રબળ, પુરૂષાર્થ જ્વલન્ત સાહસિકતા અને ઇશ્વરકૃપાનું સુભગ અને સફળ મિલન એટલે શ્રી નાનજીભાઈનું જીવન, પુરૂષાર્થે એમને કર્મયોગી બનાવ્યા, સાહસિકતાએ નવા ક્ષેત્રોમાં પ્રવેશ કરાવ્યો, અને ઈશ્વરકૃપાએ એમની સિદ્ધિઓને સમતા અને લોકસંગ્રહની વૃત્તિની બક્ષીસ આપી. બાર વર્ષની કુમળી વયે એમનો પુરૂષાર્થ અનેક ગડમથલો પછી, એકાએક આરંભાયો અને તેની પ્રલંબ રેખા ઉત્તરોત્તર બલવત્તર થતી થતી ૮૧ વર્ષ સુધી લંબાઈ.

તેમનો જન્મ વિક્રમ સંવત ૧૯૪૪ના માર્ગશીર્ષ માસમાં ગોરાણા નામના જુના જામનગર રાજ્યના નાનકડા ગામમાં થયો હતો. પિતાનું શુભ નામ કાલીદાસ અને માતાનું નામ જમનાબાઈ.

પીતા ગામડાના પરચુરણ ચીજોના નાનકડા વેપારી વ્યાજવટાવનો ધંધો પણ કરે અને પોરબંદરથી વ્યાપારની જણસો લાવે અને ગામડાંની પેદાશને ત્યાં વેચે બાર મહીને સુખી, સંતોષી કુટુંબ સ્વમાનથી રોટલો રળી કાઢે પણ આ ઉગતા કિશોરને તેથી સંતોષ નહી,

ઇ સ. ૧૯૨૧નું એ નિર્ણાયક વર્ષ પરમપ્રેમાળ પિતા અને માતાની મીઠી ગોદને છોડી, વતનને સલામ કરી. બાર વર્ષનો એ કિશોર મુંબઇથી સ્ટીમર ન મળતાં, દેશી વહાણમાં આફ્રિકાની સફરે ઉપડ્યો

કિશોર નાનજીભાઇ અને પ્રવાસીઓની એ સફરે ખરી કસોટી કરી. વહાણ માડાગાસ્કર તરફ વળ્યું. પુરા ચોવીસ કલાક થયા ન થયા ત્યાં તુમુલ તોફાન આરંભાયું. ઉપરથી આકાશની આંધી અને વરસાદ; નીચે ડુંગર ડુંગર જેવડાં મોજાનાં ઉછળતા જળલોઢ. જમીન દેખાતી બંધ થઇ હતી. પરંતુ દિશા પણ ધુંધળી થવા લાગી. એ જગ્યાએ એટલાંન્ટિક, પેસીફીક અને હીન્દી મહાસાગરના પાણી સામ સામા અથડાય; જલનો ત્રીભેટો રચાય. સમુદ્રમાં વહેતો અન્તર ત પ્રવાહોનુ ખેંચાણ વળી જુદુ આઠ દીવસ સુધી જલ, વાયુ અને અન્ધકારનું તાંડવ મચી રહ્યું વહાણને બચાવવાને માલ સામાન નાખવા માંડ્યો. કુવાથંભ કાપીને દરીયામાં પધરાવ્યો અને એક નાનકડા શઢને સહારે સમુદ્રના આન્તર પ્રવાહોના ખેંચાણથી આમતેમ ઝુલતું સખળડખળ થઈ ગયેલું વહાણ તરતુ જ રહ્યું મૃત્યુ અને પ્રવાસીઓ વચ્ચે ત્યારે માત્ર વેંત એકનું જ અન્તર રહ્યું. થાક ભુખ તરસ અને ચિન્તાથી સૌ વિહળ થઇ ગયાં. એ સર્વ વચ્ચે અડોલ અને સ્વસ્થ મૃત્યુંજય સમો ગોરાણાનો પેલો યુવાન પ્રકૃતિની લીલા નીહાળે સૌની સુશ્રૂષા કરે શાન્તવન આપે અને ઈશ્વરનો અનુગ્રહ માગી નીત્ય કર્મ કર્યે જ જાય. આખરે દોઢેક મહીને દરીયાનો પ્રવાસ કર્યો દુર જમીનની કાળી કીનારી દેખાય અને ઉતારૂઓના જીવ હેઠા બેઠા. સૌ કીનારે ઉતર્યા બાઇરા હમેયોટીનો એ ફ્રેંન્ચ ટાપુ જંગબારથી ૮૦૦ માઇલ દુર તેના ઉપર ઉતરતા વેંત વહેતી નદીમાં સૌ કુદયા. સ્નાન કર્યું. મેલખાવા થઇ ગયેલા કપડા ધોયા અને ટાપુના નીરીક્ષણ અર્થે નીકળી પડ્યા.

દરિયાના મામલાની ખટમીઠી સ્મૃતિઓને પોતાના મનમાં રમાડતા શ્રી નાનજીભાઇ વડીલ બંધુ ગોરધનદાસ સાથે વેપારમાં જોડાયા. બે વર્ષના ટુંકા ગાળામાં તેમણે વ્યાપારની બધી કલા હસ્તગત કરી લીધી. એટલામાં દક્ષિણ આફ્રિકામાં બોઅર–યુદ્ધ શરૂ થયું અને મોટાભાઇને ત્યાં જઇ વ્યાપાર કરવાની ઇચ્છા થઇ. ગોરધનદાસ દક્ષિણ આફ્રિકામાં પહોંચી ગયા અને વ્યાપારની જમાવટ કરી યુદ્ધનો કાળ વ્યાપાર માટે સાનુકુળ શ્રી નાનજીભાઈ ફરી એક વાર દેશી વહાણમાં ચઢી દ્વારકા ઉતર્યા અને ત્યાંથી ગોરાણાની વાટ પકડી. આ વખતની મુસાફરી સાવ સુખદુખ, એટલે ઇશ્વરનો આભાર માન્યો. કુટુંબમાં અને વતનના માણસોમાં આનંદ મંગળનું વાતાવરણ ફેલાઈ ગયું.

ગામડાનું સંતોષપુર્ણ જીવન, અર્ધો રોટલો રળે, તો આખાની કોઇને તમન્ના નહીં. એવા સ્થગીત અને સંતોષપદ જીવન વચ્ચે આ સાહસશુરા યુવાનને ચેન કેમ પડે? માતાપીતા બન્ને વૃદ્ધ થતાં જાય, પુત્ર પાસે રહે તો સારૂં, એમ ઇચ્છે. એક બાજુ સાહસની ઝંખના, બીજી બાજુ માબાપનો પ્રેમ. કોના તરફ પલ્લુ નમે? કોને માન

આપવું ? મામાં ગડમથલ ચાલે અન્તે એક દીવસે નીર્ણય થઇ ગયો. બીજી સફરે જવું જ.

ઇ. સ. ૧૯૦૫માં ફરી જંગબાર પહોંચ્યા અને શેઠ કેશવજી આનંદજીની પેઢીમાં રૂપીઆ પંદરની નોકરીથી મહેતાજી તરીકે કામ કરવા લાગ્યા. ત્યારથી તેમની ઓળખ બહિયાણી મટી ગઇ અને મહેતા થઇ ગયા.

તેમને પોતાની જ દુકાન કમલીમાં નાખવાના કોડ જાગ્યા ઓછામાં ઓછા ઓજારોથી પોતાને હાથે જ દુકાન ઉભી કરી પેલા બલોચ માલીકે છુટા પડતી વેળા સરસ નોકરી માટે ૨૦૦ રૂપીયાનો તે વખતમાં માતબર ગણાય એવો પુરસ્કાર આપ્યો અને સ્વતંત્ર વ્યાપારના શ્રી નાગજીભાઇએ શ્રી ગણેશ માંડ્યા. ક્રમેક્રમે એક દુકાનમાંથી અઢાર દુકાનમાં એ માલીક બન્યા. આસપાસના ગામના વન્ય પ્રદેશમાં અને મોટા શહેરોમાં વસતા વ્યાપારીઓમાં તેમની પ્રતિષ્ઠા જામવા લાગી, છતાં આ બધો સમય ઉઠાવેલા અઢળક શ્રમને લઇને તથા આર્થીક જવાબદારીની ભારે જંજાળને લઇને તેમની તબીયત લથડી, વતન સાંભર્યું અને સ્વદેશનો માર્ગ પકડ્યો

વિશ્રાન્તિ અર્થે દેશમાં થોડો સમય રહ્યા પણ ભાવીની ઉજ્જવલ રેખા અને અનગળ પુરૂષાર્થની વૃત્તિ એને જંપવા કેમ દે ? તેઓ ફરી પુર્વ આફ્રિકા જવાને ઉપડ્યા. કમલીમાં જ સૌથી પહેલી જીનેરી નાખી. એક પછી એક જીનેરીની હારમાળા લંબાતી જ ચાલી. ઇ. સ. ૧૯૧૮ સુધીમાં બાવીસ જીનીંગ ફેકટરીઓ ઉભી કરી અને યુગાન્ડામા કૃષિમુલક યંત્રયુગનાં મંડાણને તેમણે સુદૃઢ કર્યું.

શ્રી નાનજીભાઇએ કાવલો નામના ડુંગર આસપાસની બધી જમીન ખરીદી લીધી અને શેરડીના હરીયાળા સાંઠાથી ડોલતું એક વીશાળ ખેતર તૈયાર થયું પણ તેથી કંઇ અટકી જવાય ? સ્યુગર ફેકટરી ઉભી કરી હોય તો ? મનમ ઘોડાઓ ઘડાય. કરોડોની મુડી જોઇએ ક્યાંથી કાઢવી ? પરંતુ માનવી પાસે પ્રતીષ્ઠા અને પુરૂષાર્થ હોય તે શું મુડી નથી ! અનેક મુશ્કેલીઓ અને વીટંબણાઓ વચ્ચે એ કોયડો તેમણે સહજીક સુઝથી ઉકેલ્યો. વીજય દશમીને શુભ દીને, ઇ. સ. ૧૯૨૫માં, 'યુગાન્ડાના ગર્વનરને વરદ હસ્તે યુગાન્ડા સ્યુગર'નું ઉદ્‌ઘાટન થયું. અને પુર્વ આફ્રીકાનાં ઔદ્યોગિક જીવનમાં શ્રી નાનજી ભાઇએ નવો વીક્રમ સ્થાપ્યો.

કેનીયામાં તેમણે વ્યાપાર વણજને વીકસાવ્યાં. સર્વીસ સ્ટોર લીમીટેડની સ્થાપના કરીને; તેમજ કેનિયા ડેવલેપમેન્ટ કંપની ઉભી કરી પુર્વ આફ્રિકાની ભુમિને સમૃદ્ધ અને ફલવતી બનાવવામ ભારતીય વ્યાપારી ગણ સાથે એમણે ભાગ ભજવ્યો; હુન્નર ઉદ્યોગ અર્થે વીદેશયાત્રાઓ ખેડી અને અનુભવ સમૃદ્ધ બનીને ઉદ્યોગોને અદ્યતન બનાવ્યા થોડાજ વખતમાં ત્રિખંડમાં ઉદ્યોગપતિ તરીકે તેમની નામના પ્રસરી અને યુગાન્ડાના વ્યાપાર અને ઉદ્યોગના જીવનનું તેમનું નેતૃત્વ સોળે કળાએ પ્રકટી ઉઠ્યું.

તેઓ સાહસિક ઉદ્યોગપતિ અને સમર્થ દાનવીર તરીકે જાણીતા તો હતા જ પરંતુ તેઓ પ્રખર સમાજસુધારક, ધર્મસુધારક અને કન્યા–કેળવણીના પ્રખર પુરસ્કર્તા પણ છે. એમની અઢળક સંપત્તિ વચ્ચે એમણે ગૌરવપુર્ણ સાદાઇની જ પ્રતિષ્ઠા કરેલી છે અને ભોજનમાં પાંચ વસ્તુ કરતાં વીશેષ ન લેવાનું વ્રત વરસોથી પાળતા આવેલા છે નાનામાં નાના માણસોના પત્રો એ જાતે વાંચે છે અને બની શકે ત્યાં સુધી જાતે જ ઉત્તર આપવાનો રીવાજ રાખેલો છે. બચપણનાં એમના ગ્રામ નીવાસને લઇને, તેમજ આફ્રીકાનાં સદાં ભોળાં વતનીઓના સંપર્કને લઇને–સામાન્યજન પ્રત્યેની તેમની અભીરૂચી વીશેષ છે અને તેથી તેઓ દુષ્કાળ કે આસમાની સુલતાની વચ્ચે તેમની વચ્ચે ઉભા રહે છે. અને પોતાની દાનગંગાનો પ્રવાહ એમના વીટંબણા અને આપત્તીથી ભરેલાં જીવનને સ્પર્શી જાય છે

' યુવાનોએ ચારિત્ર્યમાં દૃઢ, ઉત્સાહી, આશાવાદી અને શરીર અને મનમા મક્કમ થવું જોઇએ. એવા યુવાનને માટે સમગ્ર પૃથ્વી સર્વ સમૃદ્ધિથી પુર્ણ બની જાય છે " એ તૈત્તિરીય ઉપનિષદનાં ઋષિવચનને છેક કિશોરાવસ્થા માંડીને અદ્યપિપર્યન્ત તેમણે ચરિતાર્થ કરી બતાવ્યું છે. અને પૃથ્વીની માત્ર સ્થળ સમૃદ્ધિને નહી પરંતુ આધ્યાત્મિક સમૃદ્ધિના બાર પણ તેમણે ખોલી આપ્યા છે. જાપાન યુરોપ બ્રહ્મદેશ સીલોન પૂર્વ આફ્રિકા દક્ષિણ આફ્રિકા હોંગકોંગ, ઇજીપ્ત, ઇથીઓપીઅ અને ઇતર દેશોની યાત્રા જેમ તેમણે સ્થુળ સમૃદ્ધિનાં ઉપાર્જન અર્થે કરેલી છે, તેમ બદ્રિકેદાર, અમરનાથ, ઉત્તરાખંડના તીર્થધામોની યાત્રા કરીને અને ભારતના સંતમહંતોનાં દર્શનો કરીને આધ્યાત્મીક સંસ્કારને પણ જાગૃત કરેલા છે ભારતનાં લગભગ દરેક મુખ્ય તીર્થસ્થાનોમાં તેમની દાનવૃતીનો કોઇ ને કોઇ રીતે સંસ્પર્શ થયેલો છે. શાંતિનીકેતન, કાંગડી ગુરૂકુલ આર્ય કન્યા ગુરૂકુળ વડોદરા, મહાત્મા ગાંધી હરીજન આશ્રમ–છાત્રાલયો, તીલક સ્વરાજ્ય ફંડ, સુરત વનીતા વીશ્રામ, હરદ્વાર ઔષધાલય અને એમ. કે. મહેતા ઇન્ટરનેશનલ હાઉસ જેવી રાષ્ટ્ર ઘડતરની અને રાષ્ટ્રોપયોગી અનેક સંસ્થાઓને એમણે હૃદયપૂર્વક ફાળો આપેલો છે એકંદરે જોઇએ તો એંશી વર્ષની વયોવૃદ્ધ ઉમરે એમણે પિતૃઋણ કુટુંબઋણ, સમાજઋણ, ઋષિઋણ, દેશઋણ, અને વિશ્વઋણ, એમની વીશીષ્ટ રીતે હીન્દમાં અને આફ્રિકામાં ચુકવી આપ્યું છે અને એક સાચા ભારતીય સંસ્કૃતિના ઉપાસક તરીકે તેમણે જીવન અંદરથી અને બહારથી સમૃદ્ધ કરવામાં મણા રાખી નથી.

# શેઠ શ્રી પરશુરામ ગણપુલે

શેઠશ્રી પરશુરામ ગણપુલેએ પોતાના જીવનની શરૂઆત નમ્ર રીતે કરેલી. બાલ્યાવસ્થામાં જ માતા–પિતા વિહાણા બનેલા છતાં જીવનમાં મહત્ત્વનું કાર્ય કરવાને જન્મેલા આ બાળકે વડોદરાના કલાભવનમાં શિક્ષણ અને તાલીમ મેળાવ્યાં. યુવાન પરશુરામ બિલ્ડીંગ કોન્ટ્રાકટર બન્ય ભારે પરિશ્રમ કરવાની ટેવ અને ભક્તિ સાથે આ યુવાનમાં સાહસ ખેડવાની લોખંડી તાકાત હતી. સફળતા મેળવતા જતા આ શક્તિશાળી યુવાને નવું કાર્યક્ષેત્ર પસંદ કર્યું અને સને ૧૯૦૪માં એમણે આ પોટરી ઉદ્યોગમાં પ્રવેશ કર્યો. વડોદરામાં એમણે બ્રીક ફેકટરી ( ઇંટોનું કારખાનું ) શરૂ કરેલું. ૧૯૧૮ માં બીલીમોરામાં ટાઇલ્સ ફેકટરી શરૂ કરેલી પણ ભાગ્ય દેવીએ આ પુરુષને વિજયની વરમાળા સૌરાષ્ટ્રની ધરતી ઉપર પહેરાવવાનું નિર્માણ કરેલું એટલે સૌરાષ્ટ્રમાં આવીને એમણે ૧૯૨૪ માં વાંકાનેરમાં ઇન્ડિયન પોટરી વર્કસ લીઝ ઉપર લીધું. આ ધરતીના પેટાળમાં આ ઉદ્યોગ માટેની માટી પડી હતી અને અગણિત વર્ષોથી જે જાદુભર્યા હાથની રાહ એ જોઇ રહી હતી તે હાથ તેને સાંપડ્યા. આ સાહસિક પુરુષે સૌરાષ્ટ્રની ભૂમિ ઉપર પોટરી ઉદ્યોગ સ્થાપ્યો,

WE WORK WE STRIVE WE SERVE

The Country and the Nation, by manufacturing

‡ Terminal Blocks, in various sizes and types
‡ Slydelock fuses, in desired specifications
‡ Push Buttons
‡ Starter Switches
‡ Gear Knobs
‡ Bakelite & PVC Connector Strips
‡ Other Heavy Electrical & Industrial Components in Brass and Bakelite, to customers' specifications.

**RABINDCO Industrial Engineers**

A-4 Udyognagar, BHAVNAGAR.

Gram : BINDCO

Telephone : office-3715, Resi-4470

શુભેચ્છા પાઠવે છે...

**ફડવેલ વિવિધ કાર્યકારી સહકારી મંડળી લિ.–ફડવેલ**

( તા. ચીખલી, જિ. વલસાડ )

| | |
|---|---|
| સ્થાપના તા. ૭-૩-૪૯ | નોંધણી નં. ૧૦૬૩૦ |
| શેરભંડોળ રૂ. ૨૧૭૮૦-૦૦ | સભ્ય સંખ્યા ૪૩૫ |
| અન્ય ફંડ રૂ. ૧૯૨૩૨-૬૧ | ખેડુત ૪૩૦ |
| અન્ય નોંધ– | બિનખેડુત ૫ |
| કામકાજનું ભંડોળ ૧ લાખ | ઓડીટ વર્ગ "અ" |

ભીખુભાઈ ગુલાબચંદ શાહ — મંત્રી

માધુભાઈ મગનલાલ પટેલ — પ્રમુખ

શાંતુભાઈ કેશાભાઇ પટેલ — સહમંત્રી

કાળીદાસ ફુલાભાઈ પટેલ — તેલાટ

: વ્યવસ્થાપક કમિટીના સભ્યો :

શ્રી માધુભાઇ મગનલાલ પટેલ, શ્રી છગનલાલ ખુશાલજી શાહ, શ્રી ચીમનલાલ પરસોત્તમભાઇ, શ્રી વીનુભાઇ બળવંતરાય દેસાઇ, શ્રી ડાહ્યાભાઇ ઊકાભાઇ પટેલ, શ્રી મગનલાલ નાગરજી પટેલ, શ્રી ઠાકોરભાઇ હાંસજીભાઇ પટેલ, શ્રી મગનલાલ કેશવભાઇ પટેલ, શ્રી મેરવાનભાઇ લલ્લુભાઇ પટેલ, શ્રી દલાભાઇ બાબરભાઇ પટેલ, શ્રી મગનભાઇ દેડિયાભાઇ પટેલ.

કાર્યક્ષેત્રના ગામો : ફડવેલ, ખુડવેલ, રુમલા.

લોખંડ – ભંગાર

આપ ભંગાર ક્યાં વેચશો ?

ફક્ત એક જ સ્થળ

**ઓરીએન્ટ ઓરીએન્ટ**

**લોખંડ, ભંગાર, લાઇટસ્ક્રેપ, મિલસ્ક્રેપ, સી. આઇ. બોરીંગ, એમ. એસ. ટર્નીંગ, ભદ્રાવતી ભંગાર તેમજ કાચના જથ્થાબંધ ખરીદનાર**

**ઓરીએન્ટ સ્ટીલ કોર્પોરેશન**

બંદર રોડ, ભાવનગર

ફો. નં. ૪૫૯૩ ગ્રામ : TAIDA

**શુભેચ્છા પાઠવે છે**

**શ્રી નાના જાદરા ખેતી માટે પાણી પુરૂ પાડનારી સહ. મંડળી લી.**

**મુ. નાના જાદરા**

**(તા. મહુવા) (જિ. ભાવનગર)**

| | |
|---|---|
| શેર ભંડોળ : ૯૫૦૦-૦૦ | સભ્ય સંખ્યા : ૨૪ |
| અનામત ફંડ : ૨૧ | ખેડૂત : ૪ |

**વાઘજીભાઈ વસ્તીરામ જાની** — મંત્રી

**નાનજીભાઇ માવજીભાઈ વ્યાસ** — પ્રમુખ

**વ્ય. કમિટિના સભ્યો**

દેવજીભાઈ ખોડાભાઇ, હરજીભાઇ રાજાભાઈ, જીલુભાઇ કાળુભાઈ, લાખાભાઈ માધાભાઇ, નારણભાઈ પરમાભાઇ, પરસોતમ જાદવભાઇ, કાળુભાઈ રાવતભાઇ

પોષ્યો અને વિકસાવ્યો. ઊંચી નિતિમત્તા, પ્રમાણિકતા, નિખાલસ સ્વભાવ, તનતોડ મહેનત અને સાહસિકતા સાથે માયાળુપણું અને સ્ટાફના માણસો તેમજ કારીગરો પ્રત્યે કુટુંબભાવ એ શેઠ પરશુરામ ગણપુલેને ધારી સફળતા અપાવનાર બન્યાં. આજે તો આ ઉદ્યોગ-સંસ્થાનો સૂર્ય મધ્યાહ્ને પ્રકાશી રહ્યો છે. સુરેન્દ્રનગર વિસ્તારમાં થાન તથા ધ્રાંગધ્રામાં આવેલ પરશુરામ પોટરી વર્કસ કું. લી. (મોરબી)ના પોટરી ઉદ્યોગના કારખાનાઓ અગત્યનું સ્થાન ધરાવે છે આ ઉદ્યોગના સર્વાંગી વિકાસ પાછળ મહાન પુરુષાર્થ પડ્યો છે જેના પાયામાં પરિશ્રમ, સહનશિલતા, ધીરજ, બુદ્ધિ અને વ્યવહાર દક્ષતા રહેલા છે. આ ઉદ્યોગની સ્થાપના તથા આજની તેની સિદ્ધીના માર્ગમાં અનેક કાંટા કાંકરા, ખાડા ટેકરા, તથા અન્ય અવરોધો પાર કરવા પડેલ છે અને વા–વંટોળ વચ્ચેથી ઉદ્યોગને પસાર થવું પડેલ છે. ભારતભરના પોટરી ઉદ્યોગના આદ્ય પુરૂષ સમા શેઠશ્રી પરશુરામ ગણપુલેએ ખુબ તડકા છાયાં જોયા છે. ગમે તેવી નિરાશા તથા નિષ્ફળતાના સંજોગો વચ્ચે પણ નાહિંમત ન થતાં નક્કી કરેલ ધ્યેયને પહોંચવા માટે તેઓશ્રીએ નિષ્ઠાપુર્વક મહેનત કરી સિદ્ધિ મેળવી શકેલ છે. આજે એક કરોડ રૂપીયા ઉપરના વેચાણ કરતી તથા જુદા જુદા સ્થળે અદ્યતન ઢબની મશીનરીઓ તથા ભઠ્ઠી-ઓથી સજ્જ કારખાનાઓ ધરાવતી આ ઔદ્યોગીક સંસ્થાની શરૂ-આત નાના પાયા ઉપર થઈ હતી. તેના જન્મદાતા શેઠશ્રી પરશુરામ ગણપુલેએ વાવેલા બીજમાંથી આજે આ વિશાળ વટવૃક્ષરૂપી સંસ્થાના વિકાસમાં સ્વ. અન્તુભાઇ તથા શ્રી મહાદેવભાઇ ગણપુલેનો અત્યંત મહત્વનો ફાળો રહેલો છે. સ્વ. અન્તુભાઈ ગણપુલેએ તેમની કાર-કીર્દીની શરૂઆતથી તેમની જીંદગીના અંત સુધી આ સંસ્થાના વિકાસમાં રોકીને આ સંસ્થાના કારખાનાઓને આજની સદ્ધર સ્થિતિમાં મુકેલ છે અને પરશુરામ પોટરી વર્કસ કું. લી. ની આજની મહાન સફળતા પાછળ તેમના અથાક પુરૂષાર્થ અને પરિશ્રમનો ઇતિહાસ પથરાયો છે.

થાનમાં બનતી ક્રોકરી ઘણું ઉચ્ચું સ્થાન ધરાવે છે. ન્યુયોર્ક વર્લ્ડ ફેરમાં ભારતની કેન્ટીનમાં વાપરવા માટે થાનની ક્રોકરીની જ પસંદગી કરવામાં આવેલ હતી. થાનમાં આ કારખાનાની શરૂઆત સોરાબ દલાલે સને ૧૯૧૩ની સાલમાં કરેલ શરૂઆતમાં મેંગ્લોરી નળીયા ત્યારબાદ ભોય પર પાથરવાની લાદીઓ ત્યારબાદ બરણીઓ અને ત્યારબાદ સેનીટરીવેરની બનાવટો આ કારખાનામાં બનાવવાની શરૂ કરેલ. ૧૯૩૫માં આ કારખાનું શ્રી સોરાબજી શેઠ પાસેથી પરશુરામ પોટરી વર્કસ કું. લી. એ ખરીદી લીધેલ.

૧૯૩૬માં કંપનીના નિષ્ણાત શ્રી એમ. કે. ગણપુલેએ જાપાન જઇને પોર્સલેઇન ક્રોકરી બનાવટમાં તાલીમ લીધેલ અને ત્યારબાદ આ લાઇનના ખાસ નિષ્ણાત શ્રી બી. એસ. દેવધરની રૂખરેખ નીચે પોર્સલેઇન ક્રોકરીની ભારતમાં પ્રથમવાર જ મોટા પ્રમાણમાં બનાવટ શરૂ કરવામાં આવી. આજે આ કારખાનામાં બનતા સફેદ અને રંગીન તેમજ ટ્રાન્સફર ડીઝાઈનવાળા કપરકાબી, ટી–સેટ, ડીનર સેટ વિગેરેની માંગ પુષ્કળ પ્રમાણમાં રહેલ છે. આ કારખાનામાં તાલીમ લીધેલ કારીગરોએ પણ સ્વતંત્ર રહીને બીજા ન્હાના કારખાનાઓ થાનમાં તથા આજુબાજુ કાઢેલ છે. પોર્સલેઈન ક્રોકરીના સાથોસાથ આ કારખાનામાં સેનીટરીવેર્સનું ઉત્પાદન શરૂ કરેલ મેસર્સ પોરશર પેરીસ ફ્રાન્સના ટેકનીકલ સહયોગમાં કંપનીએ થાન કારખાનામાં બનતા સેનીટરીવેર્સનું ઉત્પાદન છેલ્લા પાંચ–સાત વરસમાં ઘણું સારું વધારેલ છે અને માલની ક્વોલીટી પણ પરદેશના કોઇપણ આ જાતના માલની ક્વોલીટીમાં ઉભી રહે તેવી છે.

આ કારખાનામાં આશરે ૭૦૦ થી ૮૦૦ માણસો કામ કરી રહેલ છે.

૧૯૫૦ની સાલમાં અગાઉના ધ્રાંગધ્રા રાજ્યના પ્રોત્સાહનથી અસ્તિત્વમાં આવેલ ત્યાંનું કારખાનું પરશુરામ પોટરી વર્કસ કંપનીમાં મેળવી દેવામાં આવ્યુ અને તે કારખાનાને પણ આધુનિક ઢબના યંત્રો તથા ટનેલ ભઠ્ઠીથી સજ્જ કરવાનું કામ સ્વ. અન્તુભાઇએ સંભાળેલ અને ત્યાં હોટેલોમાં વપરાતી ચાલુ પ્રકારની ક્રોકરીનું ઉત્પાદન શરૂ કરવામાં આવેલ. અને અત્યારે આ કારખાનામાં માસીક ૨૦ હજાર ડઝન કપ રકાબીનું ઉત્પાદન થાય છે અને અંદાજે ૧૫૦ થી ૨૫૦ કામદારો કામ કરે છે.

સુરેન્દ્રનગર વિસ્તારના વિકાસમાં પોટરી ઉદ્યોગના આ બે મોટા કારખાનાઓ મહત્ત્વનો ભાગ ભજવે છે. "થાનના વ્યાગિરકાળી" એ તો ભારતભરમાં એક અનોખુ વિશિષ્ટ નામ રોશન કરેલ છે.

સ્વ. અન્તુભાઇના સ્વર્ગવાસ પછી શ્રી અચ્યુતભાઇ ગણપુલે તથા શ્રી અશોકભાઇ ગણપુલે જેઓ બન્ને જણાને પરદેશમાં અભ્યાસ તથા તાલીમ મેળવેલ છે તેઓ તથા શ્રી એચ. કે. ગણપુલે જે શરૂ-આતથી આ કંપની સાથે નિષ્ણાત તરીકે જોડાયા છે. તેમના માર્ગદર્શન નીચે કારખાનાઓની પ્રગતિ તથા વિકાશ માટે સતત પ્રયાસો કરી રહ્યા છે.

નિકાશક્ષેત્રે પણ કંપનીના માલની ઉચ્ચ ક્વોલીટીના અંગે સારી પ્રગતી કરી છે અને સારા પ્રમાણમાં પરદેશથી પણ સેનીટરી વેર્સ તથા ટાઈલ્સના ઓર્ડરો આવી રહે છે.

# સ્વ. ગુલાબચંદભાઇ શેઠ

દાનધર્મ અને સમાજસેવાના ઉચ્ચતમ આદર્શોનું જતન કરવાની સતત જાગૃતિ દાખવી રહ્યું હોય, તેવા કુટુંબનું જ મૂલ્ય અંકાય છે. એવા કુટુંબમાં શ્રી ગુલાબચંદભાઇનો ઉછેર થયો. રાજકોટ જીલ્લાના ધોરાજી તાલુકાના પાટણવાવ ગામમાં સને ૧૯૦૬ માં ભાઇ શ્રી ગુલાબભાઇ શેઠનો જન્મ થયેલો. ધુળ અને કાદવવાળા પછાત વિસ્તારમાં એક અનોખું કમળ ખીલી ઉઠશે એવી તે વખતે કોઇને કલ્પના પણ નહીં. એ સમના ડુંગરમાં ઘૂમતાં બાળવયેજ એમણે ભારે મનોરથ સેવ્યા હશે. બાળ અવસ્થામાં ગામડામાં પ્રાથમિક તેમજ માધ્યમિક કક્ષા સુધીનું શિક્ષણ લીધું. તેમની પ્રબળબુધ્ધિ અને તેજસ્વિતાને કારણે તેમણે જીવનબાગ ખીલવી જાણ્યો. પંદર વર્ષની ઉંમરે, સને ૧૯૨૧માં મોટાભાઈ શ્રી કેશવલાલભાઇ સાથે ધંધામાં જોડાવા એબીસ-અબાબા ( ઇથોપીઆ ) ગયા. પાંચ વર્ષ પછી હિન્દુસ્તાન પાછા આવ્યા અને રાજકોટ પોતાનું નિવાસસ્થાન બનાવ્યું. રાજકોટ તેમની કર્મભૂમિ બની. ખાનદાન કુટુંબનાં જૈનધાર્મિક સંસ્કારનાં બાળપણથી જ સિંચન થયેલાં, એટલે કીશોર વયમાં જૈન

ધર્મના અભ્યાસનો રસ જાગ્યો. પ્રગતિશીલ મુનિ મહારાજ શ્રીઓનાં સતસંગમાં રહી જૈન ધર્મના ઊંડા મર્માર્થને સમજવાનો પ્રયાસ કર્યો તેમાંથી જૈન સમાજમાં નવચેતન લાવવા જૈન–યુવક સંઘની સ્થાપના કરી. જૈન યુવક-સંઘ મારફત બાળ લગ્ન, વૃદ્ધ લગ્ન, પ્રેતભોજન વગેરે કુરીવાજોને તીલાંજલિ આપવા નવયુવાનોના જુથ રચી રચનાત્મક કાર્ય હાથ ધરી પ્રવૃતિ શરૂ કરી. સાથે સાથ યુવક સંઘ મારફત શિક્ષણ, પુસ્તકાલય, ગરીબોને મદદ, પીડિતોને રાહત, એવી અનેકવિધ પ્રવૃતિ હાથ ધરી અને તેનું સફળતા પૂર્વક સંચાલન કર્યું.

સને ૧૯૨૬ માં તેઓશ્રી કાંતાબેન સાથે લગ્નગ્રંથીથી જોડાયા. માંડ બે વર્ષનું લગ્નજીવન ભોગવ્યું ત્યાં દૈવસંજોગે ૧૯૨૮માં શ્રી કાન્તાબેન ૨૦ વર્ષની વયે સ્વર્ગવાસી થયા. પત્નીની બીમારીમાં ગુલાબભાઇએ પોતાની બધી પ્રવૃતીઓ છોડી પોતાના જીવનસાથીની સેવા કરી, પરંતુ શ્રી કાન્તાબેનનો જીવનદીપ ટુંકા ગાળામાં બુઝાઇ ગયો. ગુલાબભાઇના વહાલાસોયા માતુશ્રીએ ફરી લગ્ન માટે ખુબજ આગ્રહ કર્યો, પણ તેમનો નિશ્ચય અડગ હતો. અને એ રીતે ભારતીય સંસ્કૃતિનો એક પત્નીવ્રતનો આદર્શ ચરિતાર્થ કરી બતાવ્યો. અને પત્ની પ્રત્યેના અનહદ પ્રેમના પ્રતીકનું જીવંત સ્મારક રચવા અર્થે બહેનોના ઉત્કર્ષ માટે એક નમુનેદાર મહિલા સંસ્થા સ્થાપવાનો મનમાં સંકલ્પ કર્યો. શ્રી ગુલાબચંદભાઇની જીવનની પ્રગતિશીલ જીવનદૃષ્ટિ માત્ર જૈન સમાજ કે કુટુંબમાં સમાયેલ ન હતી. રાષ્ટ્ર માટે કંઇ ને કંઈ કરી છૂટવાની તેમનામાં અથાગ તમન્ના જાગી હતી. એવામાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીની સરદારી નીચે ૧૯૩૦માં અસહકારનું આંદોલન શરૂ થયું. શ્રી ગુલાબભાઇએ તેમાં પુરજોશથી ઝુકાવ્યું. ઉપરાઉપરી કારાવાસને આવકાર્યો. સત્યાગ્રહના દિવસો દરમ્યાન બસ મુસાફરીમાં અકસ્માતમાં તેમણે પોતાનો ડાબો હાથ ગુમાવ્યો. ગરીબોને વૈદકીય સહાય, બહેનોમાં ઉદ્યોગ વર્ગો, ઈત્યાદી પ્રવૃત્તિઓ સુંદર રીતે વિકસાવી અને ચલાવી. આ રીતે તેઓ સેવાસંઘના સ્થાપક અને પ્રણેતા હતા. જુનવાણી સમાજના પુરાતન રીત–રિવાજોમાં બહેનો પીસાતી હતી; અનેક વ્યક્તિઓ અને વિધવાઓના કોયડાઓ શ્રી ગુલાબભાઇ અને મિત્રો પાસે આવતા હતા આવી બહેનો માટે આશ્રયસ્થાન અનિવાર્ય હતું. શ્રી ગુલાબભાઇએ તે બીડું ઝડપ્યું અને તેમના સદ્દગત પત્ની શ્રી કાંતાબેનના સ્મારક માટે રૂા. ૫૦,૦૦૦નું દાન આપી "શ્રી કાન્તા સ્ત્રી વિકાસગૃહ" ની પ્રવૃત્તિ શરૂ કરી. તે સંસ્થાના વિકાસમાં તે પછીના વર્ષોમાં તેમણે બી રૂા. ૪ાા ( સાડાચાર ) લાખ આપ્યા. દાન તો આપ્યું પણ સાથેસાથ તેમના ભત્રીજી હીરાબેનની સેવાઓ આ સંસ્થાને અર્પણ કરી. આમ, ' શ્રી કાન્તા સ્ત્રી વિકાસગૃહ " શ્રી ગુલાબભાઇ શેઠના તન–મન અને ધનના સુવિનિયોગને પરિણામે આજે અનેક દુઃખી બહેનોને શીતલ છાયા આપી રહેલ છે.

બહેનો પછી બાળકોને માટે કંઈક કરી છુટવાની તેમની અભિલાષા હતી રાષ્ટ્રીયશાળાનાં બાલમંદિરની સ્થાપના તથા વિકાસમાં શ્રી ગુલાબભાઇની સેવાનાં અને દાનનાં બીજ રોપાયાં. બાળકોના શિક્ષણ પછી આરોગ્ય માટે રાજકોટમાં તેમના મોટાભાઇના સ્મારક અર્થે "શ્રી કેશવલાલ ટી. શેઠ ચીલ્ડ્રન હોસ્પીટલ "ની સ્થાપના કરી, અને આજે હજારો ગરીબ કુટુંબો તેમનો લાભ મેળવી રહ્યા છે. આજે આ હોસ્પિટલ રાજકોટમાં ગૌરવ સાથે ચાલી રહી છે.

શહેરનાં વિસ્તાર સાથે મજુરોનાં વિસ્તાર પણ વધ્યા. મજુરોનાં શિક્ષણ અને આરોગ્ય માટે પણ સંસ્થાઓ ઉભી કરવાની શ્રી ગુલાબભાઇની ભાવના હતી. તે માટે ભક્તિનગર સોસાયટીની બાજુમાં કોઠારીયા કોલોનીના મજુર વિસ્તારમાં સારૂં એવું દાન આપી "શ્રી શેઠ હાઇસ્કુલ "ની સ્થાપના કરી અને તેની બાજુમાંજ બહેનો માટે પ્રસુતીગૃહ અને આરોગ્ય કેન્દ્ર પણ મોટું દાન આપી ચાલુ કર્યા. વિકાસગૃહમાં જેમ તેમના એક ભત્રીજી શ્રી હિરાબેન સેવા આપે છે, તેમ આ આરોગ્ય અને પ્રસુતિગૃહને તેમના બીજી ભત્રીજી શ્રી સુશીલાબેનની સેવા મળે છે.

શ્રી ગુલાબભાઇની રાષ્ટ્રની સેવા કરવાની તમન્ના ખુબ હતી. રાષ્ટ્રની સેવા માટે તેમણે ધંધો છોડ્યો હરિજન સેવા, સામાજિક કુરિવાજો સામે ઝુંબેશ અને રાજકીય લડતમાં જંપલાવતા. અને તેના પરિણામ રૂપે સાબરમતી જેલ, રાજકોટની જેલમાં અનેક વખત વાસ કર્યો છે. ધરાસણા સત્યાગ્રહ, ધ્રાંગધ્રા સત્યાગ્રહ, પરદેશી કાપડ ઉપરનું પીકેટીંગ અને દારૂ ઉપરનું પીકેટીંગ કરતા અનેક વખત જેલમાં ગયા છે.

સમાજ સેવા અને માનવ કલ્યાણની આ સર્વ પ્રવૃત્તિઓ ઉપરાંત વાણિજ્ય અને ઉદ્યોગને ક્ષેત્રે પણ શ્રી ગુલાબભાઇનું પ્રદાન નોંધપાત્ર છે. એક સફળ અને સમર્થ તથા દૃષ્ટિ સંપન્ન ઉદ્યોગપતિ તરીકે તેમણે મુંબઇ તેમ જ ગુજરાત–સૌરાષ્ટ્રમાં ગણનાપાત્ર સિદ્ધિ સંપાદન કરી છે. ખાસ કરીને, એક્સપોર્ટ–ઈમ્પોર્ટના કામકાજના ક્ષેત્રે, મુંબઇના વ્યાપાર જગતમાં નીતિના સિદ્ધાંતો પર નિભર રહીને તેમણે જે વિકાસ–વિસ્તાર સાધ્યો, તેને પરિણામે ' મે. કેશવલાલ તલકચંદ પ્રા. લી.' આજે ભારતદેશમાં ટેકસટાઇલ્સના ક્ષેત્રે એક પ્રગતિશીલ એકસ્પોર્ટ–પેઢી તરીકે સુપ્રસિદ્ધ છે. એ જ રીતે, થોડા વર્ષો પૂર્વે મોરબી ખાતે તેમણે શરૂ કરેલી 'શ્રી અરૂણોદય મિલ્સ લી. આજે અજોડ અને અદ્યતન એવી એક સ્પિનિંગમિલ તરીકે, તેમજ સમર્થ સંચાલનના એક આદર્શ ઔદ્યોગિક ઘટક તરીકે સમગ્ર ગુજરાત રાજ્યમાં નામાંકિત છે.

શ્રી ગુલાબભાઇની સેવાઓની નામાકિત પૂરી થાય તેમ નથી; ભારત સેવક સમાજ, હરિજન સેવક સંઘ, પાંજરાપોળ અને ગૌશાળા, જનતા સોસાયટી વિગેરે અનેક સંસ્થાઓનું સુંદર સંચાલન કરી બીજી જાહેર સંસ્થાઓને તેમણે એક આદર્શ પૂરો પાડેલ છે. શ્રી ગુલાબચંદભાઇ એક ઉદ્યોગપતિ, વ્યાપારી, સત્યાગ્રહી, રચનાત્મક કાર્યકર, સેવક અને સંચાલક માત્ર ન પણ "અજાતશત્રુ " માનવી હતા.

# શ્રી કાંતિલાલ કેશવલાલ શેઠ

મૂળવતન : પાટણવાવ અને ત્યાર બાદ રાજકોટ.

B. Sc.માં First class first with Distincion મેળવ્યા બાદ મેડીકલ લાઈનમાં ભણવા જવાની ઘણી ઈચ્છા હતી, પરંતુ તે સમયે પિતાના તેઓ એકજ પુત્ર હોય, તેમના પિતાશ્રીની ધંધામાં જ જોડાવા માટેની ઈચ્છાને માન આપી તેઓ તેમના

**Export and Import**ના ધંધામાં જોડાયા. અમદાવાદમાં વેપાર ધંધો ચાલતો હતો, જ્યારે મુંબઇની શાખાની શ્રી કાંતિભાઇએ સ્થાપના કરી, અને તેમાં ઘણી સારી પ્રગતિ કરી. તેમની મુખ્ય પેઢી મે. કેશવલાલ તલકચંદ પ્રા. લી. કાપડ અને સુતરના Exportનું કામ કરે છે. કાપડના અને સુતરના Exportમાં ભારતની બીજી બધી વેપારી પેઢીઓમાં તેમનો નંબર પહેલો આવે છે. તેમનું સુતરનું કામકાજ ઘણું મોટું હોઇ, દક્ષિણ હિન્દુસ્તાનની ઘણી મીલોની સુતરની સેઇલ-એજન્સી તેમની પાસે છે. મદ્રાસ, કોઇમ્બતુર, સોલાપુર અને અમદાવાદમાં તેમની શાખાઓ છે, અને પરદેશમાં લંડન, માનચેસ્ટર અને એડીસઅબાબામાં તેમની એશોસીયેટ પેઢીઓ છે.

ગુજરાતમાં અદ્યતન એવી મોરબીમાં જે સ્પીનીંગ મીલ થઇ છે, તે "અરુણોદય મીલ્સ લી."ના તેઓ મેનેજીંગ એજન્ટસ અને મુખ્ય સંચાલક છે. દક્ષિણ ભારતમાં પણ તેમની એક સ્પીનીંગ મીલ છે.

તેઓ "ઓલ ઇન્ડીયા એકસપોર્ટર્સ ચેમ્બર"માં ઘણા વર્ષો થયાં સક્રિય ભાગ લે છે અને તેની મેનેજીંગ કમીટી ઉપર છે. ૧૯૬૬ની સાલમાં તેઓ તે સંસ્થાના પ્રમુખ હતા. હાલમાં પણ તેઓ કમીટીના મેમ્બર છે. કોટન ટેકસટાઇલ એકસપોર્ટ પ્રમોસન કાઉન્સીલમાં તેઓ સક્રિય ભાગ લેતા હોઇ, તેની મુખ્ય એડમીનસ્ટ્રેટીવ કમીટી ઉપર તેઓ ઘણાં વર્ષો થયાં કામ કરે છે.

શ્રી કાંતિભાઈ, તેમના સ્વર્ગસ્થ કાકા શ્રી ગુલાબચંદભાઈ તથા તેમના કુટુંબીઓએ સૌરાષ્ટ્રમાં ઘણી સખાવતો કરેલ છે, જેનાથી ઘણાં પરિચિત છે. રાજકોટમાં બહેનો માટેની સંસ્થા "શ્રી કાંતા સ્ત્રી વિકાસ ગૃહ" "શ્રી કેશવલાલ તલકચંદ ચીલ્ડ્રન્સ હોસ્પીટલ" શેઠ હાઇસ્કુલ, શેઠ હિરાચંદ તલકચંદ ચીકિત્સાલય વિગેરે ઘણી નામાંકિત સામાજીક સંસ્થાઓમાં તેમના કુટુંબે લાખો રૂપિયાની સખાવતો કરેલ છે. હાલમાં રાજકોટમાં તેમના સ્વર્ગસ્થ કાકા શ્રી ગુલાબભાઇના સ્મરણાર્થે "શ્રી ગુલાબચંદ તલકચંદ આંખની હોસ્પીટલ"ના મકાનનું કામકાજ લગભગ પૂરૂં થવામાં છે. આ હોસ્પીટલમાં રૂા. ત્રણ લાખની સખાવત આપેલ હોઇ, સૌરાષ્ટ્રમાં આંખ માટેની સારામાં સારી આ હોસ્પીટલ થશે. આ ઉપરાંત, તેમણે મુંબઇમાં તેમજ ગુજરાત સૌરાષ્ટ્રમાં ઘણીજ નાની મોટી સખાવતો કરેલ છે, અને ઘણી સંસ્થાઓમાં ટ્રસ્ટી તરીકે કામ બજાવી રહેલ છે. તેમનાં મોટા બહેન પૂજ્ય હીરાબેન શેઠ "કાંતા સ્ત્રી વિકાસ ગૃહ" રાજકોટની સ્થાપનાથી જ આ સંસ્થાને પોતાનો પૂરો સમય આપી સંચાલન કરે છે. તેઓ સૌરાષ્ટ્રમાં જાણીતાં સ્ત્રી–સામાજિક કાર્યકર્તા હોઇ, ૧૯૫૨ થી ૧૯૫૭ ની સાલમાં ધારાસભ્ય હતા. શ્રી કાંતિભાઇને તેમના જીવનમાં પ્રગતિના પંથે પ્રેરણા મેળવવામાં તેમના સ્વર્ગસ્થ કાકા શ્રી ગુલાબચંદભાઇ અને સ્વર્ગસ્થ પિતા શ્રી કેશવલાલભાઇએ ઘણો ભાગ ભજવેલ છે.

## શ્રી જીવતલાલ પરતાપશીભાઈ

જૈન ધર્મપુરીઓનાં આગેવાન ગણાતા ઉત્તર ગુજરાતના રાધનપુર શહેરમાં પરમ ધર્મ શ્રધ્ધાળુ અને સંસ્કારી પિતાશ્રી પરતાપશીભાઈ તથા માતા જયકોરબેનને ત્યાં શ્રી જીવાભાઇનો જન્મ વિ. સં. ૧૯૪૩ ના જેઠ વદી ૪ ને દિવસે થયો હતો બાળપણમાંજ માતાપિતાના ઉત્તમ ધાર્મિક, વ્યવહારીક સંસ્કારો અને શ્રધ્ધા સચ્ચાઇનો વારસો મળ્યો હતો.

પ્રાથમીક અભ્યાસ રાધનપુરમાંજ પુરો કરી માત્ર સોળ વર્ષની નાની વયમાંજ કુટુંબની આર્થીક જવાબદારી ઉપાડવા મુંબઇ શહેરમાં આવી નોકરીથી જીવનની શરૂઆત કરી. ત્યારબાદ સોના ચાંદી બજારમાં સ્વતંત્ર દલાલીનો ધંધો શરૂ કરી ઉત્તરોત્તર ભાગ્ય દેવીની કૃપાથી મુંબઇના આગેવાન વાયદા બજારો તેમાં શેર બજાર, રૂબજાર, એરંડાબજાર તથા સોનાચાંદી બજારના માન્ય દલાલ બન્યા મુંબઈ શહેરમાં સોનાચાંદીનો વાયદાનો બજાર વ્યવસ્થિત કરી સ્થાપવામાં આવેલ ધી બોમ્બે બુલીયન એક્ષચેંજ લી. ના ફાઉન્ડર ડાયરેકટર તરીકે બુલીયન એક્ષચેંજ વીકસાવવામાં ઘણોજ મહત્વનો ભાગ ભજવ્યો હતો. તે જમાનામાં થતાં અનેક એલાકબ્બાડામાં પોતાની આગવી બુદ્ધિ પ્રતિભા અને વ્યાપારી કુનેહથી ઉભી થતી આંટી ઘુંટીઓ અને ગુંચો ઉકેલી બજારને સફળ માર્ગ-દર્શન આપવામાં આગળ પડતો ભાગ લીધો હતો, શેરબજારની ગવર્નીંગ બોર્ડના લાગલગાટ ૧૭ વર્ષ સુધી ડાયરેકટર તરીકે સેવા બજાવેલ હતી. હીન્દુસ્તાન બહાર લીવરપુલ કોટન એક્ષચેંજ અને ન્યુયોર્ક કોટન એક્ષચેંજના પણ મેમ્બર બનેલ. વાયદા બજાર ઉપરાંત અનેક ઇન્ડસ્ટ્રીઝમાં ડાયરેકટર તરીકે સેવા બજાવેલ અને એક સમયે લગભગ ૩૬/૩૭ કંપનીઓના ડાયરેકટર હતાં. પોતાના ધંધાકીય વ્યવસાયમાં તેમના લઘુબંધુ સ્વ. ભાઈશ્રી કાન્તિલાલભાઇને જોડેલ હતા. આ શીવાય અનેક ઉદ્યોગો જેવા કે રંગરસાયણ, બેટરીઝ, સોનાચાંદી, કાપડ, સાઇકલ, એન્જીનયરીંગ, પેઇન્ટીંગ, રબ્બર અને પેઇન્ટ ઇન્ડસ્ટ્રીઝમાં પણ તેઓએ રસ લઇ ઉદ્યોગો સ્થાપેલ. ઉમ્મરના કારણે તેઓ સક્રિય ધંધામાંથી નીવૃત થયાં છે એટલે ફક્ત વાલચંદનગર ઇન્ડસ્ટ્રીઝ લી. ના ડાયરેકટર તથા સૌરાષ્ટ્ર પેઇન્ટ પ્રા. લી ના ચેરમેન તરીકે રહ્યા છે. પેઇન્ટ કંપનીનું કામ તેમના બીજા નંબરના પુત્ર ચંદ્રકાન્તભાઇ તથા મુંબઇ ખાતેની પેઇન્ટની ઓફીસ તથા વેચાણ વીગેરેનું કામ તેમના ભત્રીજા પ્રફુલભાઇ સંભાળે છે. શેરબજારનું કામકાજ જ્યેષ્ઠ પુત્ર વસંતલાલ સંભાળી રહ્યા છે તથા સૌથી નાના પુત્ર નલીનભાઇ જેઓ અમેરીકા ખાતે અભ્યાસ કરી એન્જીનીયર થયાં છે તેઓ હાલ બીરલા ગ્રુપની કંપનીનું ન્યૂયોર્ક ખાતેનું કામ સંભાળી રહ્યાં છે. જીવતલાલભાઇએ જીવનમાં અનેક લીલી સુકી જોઇ અને આજે એક આગેવાન વેપારી તરીકે પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે.

વેપાર સાથે સામાજીક તથા ધાર્મિક કાર્યોમાં પણ ખુબ રસ લેતા હોઇ અનેક સંસ્થાના ટ્રસ્ટી તરીકે સેવા અર્પી અને કામ કરેલ અને આજે પણ કરી રહ્યા છે. મુંબઇ શહેરના આગેવાન જૈન મંદીર ટ્રસ્ટોના ટ્રસ્ટી તરીકે વર્ષો સુધી સેવા આપ્યા બાદ હવે નીવૃત થયા છે છતાં શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવીકાશ્રમ મ્હેસાણા જૈન સંસ્કૃત પાઠશાળા, મુંબઇ વર્ધમાન તપ આયંબીલ સંસ્થા શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની કમીટીમાં હાલ પણ સક્રિય ભાગ લઈ રહ્યા છે. શ્રી સિદ્ધક્ષેત્ર શ્રાવીકાશ્રમ સંસ્થા જે ઇ. સ ૧૯૫૦માં લગભગ મૃતપાયઃ બની ગઇ હતી અને બંધ થવાની તૈયારીમાં હતી તે સંસ્થાનું સુકાન સ્થાનીક કાર્યકર્તા શ્રી મનસુખલાલ જીવાભાઇના

સહકારથી હાથમાં લઈ મદ્રાસ, કલકત્તા, મુંબઈ તથા અમદાવાદ વીગેરે સ્થળે પ્રવાસો કરી અથાગ મહેનત લઈ સંસ્થા માટે રૂા. ૧૫ લાખનું મોટું ભંડોળ ભેગુ કર્યું અને સંસ્થા માટે રૂા. ૧૧ાા લાખના ખર્ચે પાલીતાણામાં નવું મકાન ઉભું કર્યું જેમાં હાલમાં લગભગ બસો ઉપરાંત બાળીકાઓ–સ્ત્રીઓ લાભ લઇ રહેલ છે. અને વાર્ષિક ખર્ચ લગભગ રૂા. ૧ાા લાખનો થાય છે, જે સમાજ ઉદારતાથી પુરો કરી આપે છે. તેમના સ્વ. ધર્મપત્ની શ્રીમતી મસુદબેનના સ્મરણાર્થે સ્થાપેલ શ્રી મસુદબેન જૈન પાઠશાળા આજે પણ વ્યવસ્થિત ધાર્મિકશીક્ષણ આપતી ચાલુ છે. રાધનપુરમાં ગુજરાતી સ્કુલનું મકાન, હાઇસ્કુલ મકાન, આયંબીલ ભવન વીગેરે સંસ્થાઓમાં સારી નાણાંકીય સહાય કરી છે. સમાજના બીજા ઘણા કામોમાં મદદ કરી છે, અને કરી રહ્યા છે. ધાર્મિક પ્રસંગો ઘણા નાના મોટા તેમના જીવનમાં ઉજવાયા છે. તેમાં ખાસ કરી શ્રી સિદ્ધાચળજીનો છ'રી પાળતો સંઘ, નવ્વાણું યાત્રા, એ વખત પાલીતાણામાં ચાતુર્માસ, ઉપધાનતપ, તેમના ભત્રીજા ઇંદ્રવદન તથા ભત્રીજી બેન મંજુલાબેનના દીક્ષા પ્રસંગો, તેમના પિતાશ્રીના સ્મરણાર્થે ઉજવેલ ઉજમણાનો પ્રસંગ તથા સં ૨૦૦૫ની સાલમાં ૧૩ માસ પાલીતાણા સળંગ રહી નવ લાખ નવકારનો જાપ કર્યો હતો. આ બધા વિશિષ્ઠ પ્રસંગો હતા.

રાધનપુરના મર્હુમ નવાબસાહેબ સાથે ઘણા જ નિકટ-ગાઢ સંપર્કમાં આવવાથી અનેક ધાર્મિક તથા સામાજિક ઉપયોગી કાર્યો થઇ શકેલ. મર્હુમ તથા હાલના નવાબ સાહેબની પણ સારી એવી લાગણી સંપાદન કરી છે. તેમના કુટુંબમાં તેમના સ્વ. લઘુબંધુ કાન્તિભાઈના યુવાન પુત્ર તથા પુત્રીએ સંસારત્યાગ કરી જૈન દીક્ષા અંગીકાર કરી એક ઉજ્જવલ દૃષ્ટાંત પુરું પાડેલ છે. તે પૂ. દીક્ષિતો મુનિરાજ શ્રી ચંદ્રશેખરવિજયજી તથા પૂ. સાધ્વીજી મહાનંદાશ્રીજી નામે કુટુંબના સંસ્કાર તથા ધાર્મિક જીવનની સુવાસ ફેલાવી રહ્યા છે.

હાલ વયના કારણે લગભગ નિવૃત જીવન ભોગવવા છતાં સામાજીક તથા ધાર્મિક કાર્યો ઘણાં જ ઉત્સાહથી અને ખંતથી સંભાળે છે. તેમના જીવનનો મુખ્ય અંગ છે નિયમીતતા તથા લીધેલું કાર્ય કોઇ પણ ભોગે પાર પાડવું.

# શેઠશ્રી હરગોવિંદદાસ રામજીભાઈ

સતત જ્ઞાનોપાસના, નીતિ, સાદાઈ, સ્વાશ્રય સચ્ચાઇ અને સંસ્કાર પ્રેમથી પોતાના જીવનને યશસ્વી બનાવનાર શ્રી હરગોવિંદદાસભાઈનું જીવન પ્રેરણા સમાન છે. ભાવનગર પાસેનું ચોગઠ (શિહોરથી પાંચેક માઈલ) ગામ તેમની જન્મભૂમિ છે ત્યાં તેમના પિતાશ્રી રામજીભાઇની ખેતી હતી અને તે ઉપરાંત તેઓ પુસ્તકોની ખરીદી અને વેચાણનું પણ કામ કરતા હતા. આ વ્યવસાયના કારણે શ્રી હરગોવિંદભાઇને બાળપણથી સારા વાંચનની પ્રીતી થઇ. અને તે થોડા વર્ષો બાદ વૃક્ષમાં પરીણમી. તેઓની જ્ઞાનોપાસના હજી પણ બ્યાસી વર્ષની વયે અવિરતપણે ચાલુ છે તેમના માતુશ્રી અત્યંત ધર્મનિષ્ઠ હતાં. એક વખત સામાયિકમાં તેમના માતુશ્રી હતા ત્યારે કાળોનાગ તેમના દેહ ઉપર ફરી ગયો છતાં તેઓ સ્થિર ચિત્તે સામાયિકમાં અડગ રહ્યા. આ ધર્મપરાયણતા અને સહિષ્ણુતાના ગુણ પણ તેમને વારસામાં મળ્યા છે.

ચોગઠમાં શ્રી હરગોવિંદદાસભાઇએ સાત ગુજરાતીનો અભ્યાસ પૂરો કર્યો. અને તેઓના પિતાશ્રીનું અવસાન થયું. તેમનાં વડીલબંધુ શ્રી ઝવેરભાઇને શીરે કુટુંબ ભરણપોષણની જવાબદારી આવી. અને તેઓને મદદરૂપ થવા પોતે પણ કમાવાની દૃષ્ટિએ નોકરી માટે મુંબઇ આવ્યા. નોકરી સાથે સાથે રસ્તાના દીવે વાંચનની ભૂખ પણ સંતોષતા હતા વાંચન ખુબ જ પ્રિય હતું અને સત્સંગ પણ ચાલુ છે. બે વર્ષ નોકરી કરી અને પૂ. આચાર્યશ્રી ઋદ્ધિસૂરિના ગુરૂ શ્રી મોહનલાલજી મહારાજશ્રીની પ્રેરણાથી અભ્યાસ માટે કાશી (બનારસ) ગયા. ત્યાં ચાર વર્ષ અભ્યાસ સંસ્કૃત પ્રાકૃતનો કર્યો અને ફરી દેશમાં (ચોગઠ) ગયા. ત્યાં ધંધો કર્યો પણ ફરી મુંબઈ આવ્યા, અને વડિલબંધુ સાથે કરીયાણા ગંધીયાણાનું કામ શરૂ કર્યું. તેમાં ઠીક ઠીક ફાવટ આવી. હાલ મુલુન્ડ છે તે ગામની બધી જ જમીન પોતાના વડીલબંધુ તથા સ્નેહીની ભાગીદારીમાં ખરીદી. આશરે ૧૯૧૨ની સાલમાં મુલુન્ડમાં નાનું મકાન બાંધ્યું અને તે જમાનામાં તે વખતે આ એક જ મકાન અને બીજા નાના ઝૂંપડાઓ હતા. લાઇટ, પાણી, રસ્તા, કશું જ ન હતું. રેલ્વેસ્ટેશન પણ નહી. પાટા પાસે ઉભા રહે, હાથ કરે, ગાડી ઉભી રહે તેમ વર્ષો ગયા. ૧૯૧૩–૧૪માં જમીનનાં પ્લોટો પાડયા, રસ્તાઓના નકસા કર્યા. ૧૯૧૪નું વિશ્વયુદ્ધ થયું, જમીનના ભાવો વધ્યા, અઢળક કમાયા; પણ વડીલબંધુની ધર્મભાવનાને કારણે ગૌહત્યા બંધ કરાવવા માટે વાંદરા કતલખાનેથી વડીલબંધુ રોજની ત્રણસો-એક ગાયો છોડાવી લાવે તે બધાના નિરણ–નિભાવમાં ખુબ જ ધન વપરાયું. લડાઇ બંધ થઈ, નુકશાન થયું. વડીલબંધુથી છુટા થયા દુકાન પોતે રાખી અને પુરૂષાર્થી ફરી કમાયા, ફરી સ્થિર થયા.

૧૯૪૧માં ભાવનગર પણ દુકાન કરી. અને પાલીતાણામાં જૈન સાધુ–સાધ્વીજીના અભ્યાસ માટે શ્રીમતી હરીબાઇ જૈન પાઠશાળા શરૂ કરી, જે બાર વર્ષ પોતાના ખર્ચે જ ચાલુ રાખી હતી.

સાદાઈ, વિશાળ દૃષ્ટિ, ગુપ્તદાન, ન્યાયપરાયણતા અને સંસ્કારપ્રેમથી તેઓશ્રીએ પોતાનું જીવન એક આદર્શ ગૃહસ્થી તરીકેનું એવી રીતે કેળવ્યું છે કે તેમાંથી બીજાઓને પણ પ્રેરણા મળે. જીવનમાં નીચેના સિદ્ધાંતો શકય તેટલા પૂરેપૂરા પોતે પાળ્યા છે:

(૧) સંતાનોને વારસામાં ફક્ત ધન જ ન આપવું પણ જ્ઞાન, સંસ્કાર આપવા અને સ્વાલંબી બનાવવા.

(૨) કાપડ, અનાજનું ગુપ્તદાન આપવું એ ઉત્તમ છે, પણ વિદ્યાદાન એ ઉત્તમોત્તમદાન છે.

(૩) દરેક મનુષ્ય સાથેના વ્યવહારમાં ભેદભાવ ન હોવો જોઇએ.

(૪) ધર્મ અને વ્યવહારમાં ભેદભાવ ન હોવો જોઇએ. વ્યવહારમાં ધર્મ છે અને તે રીતે તેનું જીવનમાં પાલન થવું જરૂરી છે. મંદિર, મસ્જીદ કે દેવળમાં એક વર્તન, બહાર બીજુ તેમ ન હોવું જોઇએ. સત્યનું વર્તન બધા ક્ષેત્રે જરૂરી છે. ધર્મમાં સત્યનું વર્તન, બહાર અસત્ય વ્યવહાર કરવો એ ધાર્મિક અસત્યાચાર નર્યું પાપ છે.

પોતાની જ્ઞાનશીલતા, ધનશીલતા માટે તેઓ આજે જૈન સમાજમાં વિખ્યાત છે.

મુલુન્ડમાં તપગચ્છ જૈનો માટે તેઓએ તેમના વડીલ બંધુની

સાથેની ભાગીદારી વખતે ૧૯૧૮માં જમીન ૪૦૦૦ વાર જુદી રાખી હતી ત્યાં મંદીર બંધાવ્યું. જેનું ટ્રસ્ટ પણ કર્યું અને ૧૯૫૦ માં શ્રી શ્વેતામ્બર મૂર્તિપૂજક તપગચ્છની સ્થાપના કરી. શ્રી સંઘે તેઓને ત્યારથી ૧૯૬૮ સુધી પ્રમુખ તરીકે નીમ્યા હતા. આજે પણ તેઓ ટ્રસ્ટી છે. સંઘની સ્થાપનાથી અત્યાર સુધી સંઘના વિકાસમાં તેઓશ્રીએ ઠીકઠીક મોટો ફાળો જેવો કે આયંબિલશાળા હોલ માટે રૂા ૧૬૨૦૦, પાઠશાળા હોલ માટે રૂા ૭૨૦૦, કાયમી પાઠશાળા માટે રૂા ૬૩૦૦ જેવી રકમ તેઓએ સંઘને આપી છે. શ્રી સંઘે તેઓને વંશપરંપરા ટ્રસ્ટીપદ આપ્યું છે. તેઓશ્રીએ પોતાના વતન ચોગઠમાં પોતાનું મકાન હતું તે પાડીને ત્યાં ઉપાશ્રય પોતાના જ ખર્ચે આશરે રૂા ૨૦,૦૦૦ માં બંધાવી શ્રીસંઘને સુપ્રત કર્યો છે.

હાલમાં તેઓ નિવૃત્ત જીવન ગાળે છે. સાદાઈ, સ્વાશ્રય અને સંસ્કાર પ્રેમનો વારસો પોતાના ચારેય પુત્રોને આપ્યો છે. તેઓ એક આદર્શ ગૃહસ્થ તરીકેનું જીવન અત્યારે બ્યાસી વર્ષથી વયે ગાળી રહ્યા છે. ધાર્મિકવાંચન, ધાર્મિકપ્રવૃત્તિમાં શેષ જીવન ગાળે છે

તેમના જીવનચરિત્રની " એક ભાગ્યવાન વેપારી " નામની પુસ્તીકા સામુદ્રિકભુષણ શ્રી શંકરરાવ કરલીકરે હિંદીમાં તથા મરાઠીમાં પ્રકાશિત કરેલી છે, એમાં તેમના જીવનની સુંદર ગૌરવગાથા હસ્તરેખાના અનુભવપૂર્વક દેખાડેલી છે.

## શ્રી પ્રભુદાસ કરશનદાસ બળીયા

જગતમાં જન્મ્યું એ જવાનું અને ખીલ્યું એ ખરવાનું એ કુદરતનો સાશ્વત નિયમ છે પણ કેટલાંક મૃત્યુ હૃદયને રડાવી જતાં હોય છે. કેટલાંક મૃત્યુ દિલમાં આઘાત જન્માવતાં હોય છે.

જુનાગઢની ધરતી પર કર્તવ્યની પુનિત જ્યોત પ્રગટાવીને ચિર વિદાય લઇ ગયેલા શ્રી પ્રભુદાસ બળીયાનું દુઃખદ અવસાન હજારો હૈયાને રડાવી ગયું છે, હજારો લોકોના દિલમાં આઘાત જન્માવી ગયું. " બળીયા બાપા " તરીકે જાણીતા બનેલા શ્રી બળીયા શેઠ માનવતાવાદી હતા. ગરીબોના આંસુ લુછવાનો એમણે ધર્મ ધારણ કર્યો હતો. ધર્મની ધજા ફરકતી રાખવા બળીયા બાપાએ દાનનો પ્રવાહ વહેતો કર્યો હતો. બળીયા ધર્મશાળા " મનહરલાલ ચેરીટેબલ ટ્રસ્ટ " વિગેરે સંસ્થાઓ દ્વારા એમણે માનવતાના ઝરણા વહેવડાવ્યા છે. વિદ્યાર્થીઓને પાઠ્ય–પુસ્તકો, ગરીબ–ગુરબાઓને સદાવ્રત, ઉચ્ચ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓને સ્કોલરશીપ, અસહાય જીવન જીવતા કુટુંબોને બાજરો...

ને, વાર-તહેવારે સદાવ્રતમાં ચોખા અપાય...ગોળ...અપાય... ઘી અપાય...

માસિક પાંચેક હજાર સદાવ્રત પાછળ ખર્ચાય. એકાદ હજાર વિદ્યાર્થીઓ પાઠ્ય પુસ્તકોનો લાભ ઉઠાવે નિરાધાર અને દુઃખવિહોણા લોકોને દવા અને ઇંજેકશનો પણ બળીયા બાપાની પેઢીએથી મળી રહે. બાવા–સાધુઓ ભોજનની ચીઠ્ઠી લખાવી જાય. આંગણે આવેલ નિરાશ ન થવો જોઇએ એવી બળીયા બાપાની ભાવના...

ટી બી. હોસ્પીટલમાં ૨૫૦૦૦, દામોદર કુંડના જીર્ણોદ્ધારમાં ૧૨૦૦૦, નવદુર્ગા મંદિરના જીર્ણોદ્ધારમાં ૫૦૦૦, બિહાર ફંડમાં... ૫૦૦૦,

આ આંકડા તો હમણાંના તાજા છે. આવા જાહેર દાન કરતાં ગુપ્તદાનનો આંકડો એથી યે મોટો છે.

બળીયા બાપાની ધાર્મિક ભાવના પણ ગજબની હતી. જે જમાનામાં વાહનોની સગવડતા ન હોતી એ જમાનામાં બદરી નારાયણની કઠિન યાત્રા બળીયા બાપાએ પગપાળા કરી હતી.

ઘર આંગણે પાઠ–પૂજા, કથા-વાચન અને અધ્યન તો ચાલુ જ હોય.

સૌરાષ્ટ્રમાં નરોતમદાસ કરશનદાસની પેઢીની ૧૪ શાખાઓ ચાલે છે. દરેક શાખાઓ ફાલીફુલી છે. પ્રમાણિકતા અને શરાફી પ્રધાને કારણે બળીયા શેઠની પેઢીનું સ્થાન પ્રથમ પંક્તિમાં રહ્યું છે.

પેઢીના કર્મચારીઓને પેઢીનું અંગ માનવાનો બાપાએ શિરસ્તો પાડેલો. દરેક કર્મચારીને દિવાળીની બોણીના ત્રણ પગાર મળે. ચોમાસામાં છત્રી, કુટુંબ સહિત વરસમાં એક પાર્ટી, કર્મચારીના બાળકોને ભણાવવાનો ખર્ચ પણ પેઢી ભોગવે, લગ્ન પ્રસંગે શુભ પ્રસંગે પણ પેઢીના કર્મચારીઓ કુટુંબનું એક અંગ બની જાય. સમાજવાદી સમાજરચનાના દર્શન બળીવા શેઠની પેઢીમાં થાય

શ્રી બળીયા બાપા આ જન્મ વેપારી છતાં આંટીઘુંટી ઉકેલવામાં પણ ભારે કુશળ. નવાબી તંત્રમાં ગુંચ પડે તો નવાબ સાહેબ બળીયા શેઠ પાસે માર્ગદર્શન માગે. નવાબી તંત્ર સાથે બળીવા શેઠની પેઢીના આવા ઘાટા સંબંધો. રાજ્યના મોદી એટલે આર્થિક સંબંધો પણ ખરા, છતાં સોરઠમાં પાકિસ્તાન લાવવાનું નવાબનું પગલું બળીયા બાપાને મંજુર નહોતું, "આ નિર્ણય ખોટો છે" એવો પડકારો કરવામાં બળીયા બાપાએ હિચકાટ અનુભવ્યો નહોતો.

નવાબી તંત્રને ઉથલાવી નાખવા મેદાને પડેલ આરઝી હકુમતને પચીસ હજાર રૂપિયા આપીને "ધર્મયુદ્ધ"ની ધજા બાપાએ ફરકતી રાખી હતી.

આવા જાજરમાન અને જુની પેઢીના એક અડીખમ, મુત્સદી, કર્તવ્યનિષ્ઠ અને દાનવીર બળીઆ બાપા ગુજરાતનું ગૌરવ હતા.

## શ્રી દુર્ગાપ્રસાદ દેસાઈ

શ્રીયુત દુર્ગાપ્રસાદ પુરૂષોત્તમ દેસાઇનો જન્મ સંવત ૧૯૫ માં જુનાગઢ જીલ્લાના બગડુ ગામે ઉત્તમ કુલીન બ્રાહ્મણ કુટુંબમાં થયો હતો. જુનાગઢના વતની તરીકે તેઓએ તેમજ શ્રી હિંમતભાઇએ આરઝી હકુમતની સ્થાપનામાં તેમજ જુનાગઢ જીતવામાં તેમના કુટુંબી મિત્ર શ્રી શામળદાસ ગાંધીને તથા તેમના વેવાઇ ઉનાવાળી ઓઝાને સક્રિય સાથ અપ્યો હતો. શ્રી દુર્ગાપ્રસાદભાઇએ તેમનો અભ્યાસ ગોંડલમાં મામાને ત્યાં રહી પુરો કર્યો હતો.

દુર્ગાપ્રસાદભાઈ માત્ર ૧૬ વર્ષની નાની વયે જ ગોંડલ રેલ્વેમાં અધિકારી તરીકે જોડાઇ ગયા હતા. ત્યારે રેલ્વે હડતાલમાં અગત્યનો ફાળો આપતાં તેમના જયેષ્ટ પુત્ર શ્રી હિંમતભાઇના જન્મ વખતે જ રેલ્વેની નોકરી છોડી પેટ્રોલ તથા મોટરનો સ્વતંત્ર ધંધો શરૂ કર્યો હતો. વિશ્વ વિખ્યાત જનરલ મોટર્સની શેવરોલેટ તથા ખટારાઓની એજન્સી મેળવી સૌરાષ્ટ્રમાં મોટર લાઇનના સ્થાપક તરીકે સને ૧૯૨૧થી આગળ વધ્યા છે, તે વખતે કાઠિયાવાડમાં રાજાઓ તથા

થોડાક મુઠીભર મુંબઈના ઉદ્યોગપતિઓ જેમના અહિં ઉદ્યોગ હતા તે મોટર ગાડીઓના મુખ્યત્વે ગ્રાહકો હતા. ખરીદનાર-વહેંચનારનો આ સંબંધ ગાઢ મૈત્રીમાં પરિણમ્યો અને તમામ રાજાઓના તટસ્થ તથા સ્વતંત્ર મિત્ર તથા સલાહકાર તરીકે તેમને નામના મેળવી. એ રાજાઓના ઝગડામાં કે નાના સરહદના પ્રશ્નમાં તેઓ બધાને અનુકુળ તોડ કાઢતા. મુંબઇના ઉદ્યોગપતિઓ જેવા કે શાહુ જૈન શ્રી સોમાણી, સર હોમી મહેતા, તાતા તથા અન્ય મિલ માલીકોને સૌરાષ્ટ્રમાં બોલાવી રાજાઓના સાથથી નવા ઉદ્યોગો શરૂ કરાવવામાં તેમણે ફાળો આપ્યો આમ કરવામાં તેમણે ક્યાંય પોતાનો ભાગ કે હિસ્સો રાખ્યો નહિ. ઉલ્ટાનું તેઓ પોતાને ખર્ચે પ્રવાસ કરી રાજાઓ તથા ઉદ્યોગપતિઓને સહાય અને માર્ગદર્શન આપતા રહેતા. તેથી જ તેમનું સ્થાન દરેક સ્થળે અજોડ હતું.

ધ્રાંગધ્રા મહારાજાના સલાહકાર તરીકે તેઓશ્રીએ ધ્રાંગધ્રાનું જુનું શક્તિ આલ્કલી વર્કસ જે વર્ષોથી બંધ હતું તે સર હોમી મહેતાને બોલાવી તેનું ૧૯૪૦માં પુનરૂત્થાન કરાવ્યું. આજે ધ્રાંગધ્રા કેમીકલ વર્કસ હિન્દુસ્તાનમાં સોડા એસ. સોડા બાય કાર્બ તથા અન્ય રસાયણોના ઉત્પાદન કાર્યમાં મોખરે છે.

સૌરાષ્ટ્રના રાજકીય ઉત્પાદનમાં તેમનો મહત્ત્વપૂર્ણ ફાળો છે. તેમનો સંબંધ રાજકોટ ઠાકોર સાહેબ તથા બ્રિટીશ રેસીડેન્ટ સાથે ગાઢ હતો. તેવા જ સંબંધ સરદારશ્રી વલ્લભભાઈ તથા મહાત્મા ગાંધીજી તથા કાઠિયાવાડ રાજકિય પરિષદના કાર્યકરો સાથે હતો. પોતાના જાનના જોખમે જેમ તેઓ જુનાગઢના નવાબને હિન્દુસ્તાનમાં ભળવા સમજાવવા જુનાગઢ ગયા હતા તે રીતે મહાત્માજી તથા સરદારશ્રીને પોતાના ઘેર બોલાવી રાજકોટ ઠાકોર સાહેબને સમજાવી રાજકોટ સત્યાગ્રહમાં સમાધાન કરાવ્યું હતું.

ધંધાકીય રીતે શ્રી દુર્ગાપ્રસાદ બોમ્બે ગેરેજના સ્થાપક અને સંચાલક તરીકે પ્રીમીયર ઓટોમોબાઈલ્સના વાહનોના વિક્રેતા છે. તેઓ ધ્રાંગધ્રા કેમીકલ વર્કસ, સીમ્સન એન્ડ કું. તથા કાંતિ કોટન મિલ્સ સાથે સંકળાયેલા છે. મેટ્રો મોટર્સ લીમીટેડના તેઓ સ્થાપક તથા ડીરેક્ટર છે. કોઈ પણ મુડી કે સહારા વગર તેઓ પોતાની જાતમહેનત અને અદ્ભૂત સુઝથી આગળ આવ્યા છે.

સને ૧૯૩૬માં તેમણે નેશનલ ગ્રામોફોન રેકર્ડ કંપની મુંબઇમાં સ્થાપેલી. ભારતમાં સર્વપ્રથમ રેકર્ડ બનાવવાના આ કારખાનાનું ઉદ્ઘાટન પંડીત નહેરૂના હાથે થયેલ આજે રેડીયો, રેકોર્ડ તથા વાયરલેસના ઉત્પાદનના ઘણાં ઉદ્યોગોમાં તેમનું નામ મોખરે છે. હાલ સીલીકેટ બનાવતા ઇન્ડસ્ટ્રીઝના તેઓ પ્રણેતા છે.

યુનીયન બેંક ઓફ ઇન્ડિયાના સલાહકાર તરીકે તેઓ છેલ્લા વીશ વર્ષથી બેંકીંગ ઉદ્યોગમાં મહત્વનો ફાળો આપે છે. સામાજીક તથા ધાર્મિક કાર્યમાં તેઓ હમેશાં આગળ રહે છે.

ગુજરાતની નાટ્ય કલાના અગ્રેસર તરીકે તેમણે પાલીતાણા નાટ્ય સમાજ સૌરાષ્ટ્ર તથા મુંબઇના અન્ય નાટક મંડળો તેમજ લેખન સાહિત્યનો તથા કલાકારોને આર્થિક સહાય આપવામાં ઘણો ફાળો આપ્યો.

☆

# શ્રી હિંમતભાઈ દેસાઇ

સૌરાષ્ટ્રના રાજકીય, આર્થિક, ઔદ્યોગીક, સામાજીક અને સાંસ્કૃતિક ઉત્થાનમાં એક જ કુટુમ્બની બબ્બે પેઢીએ એકી સાથે સંયુક્તપણે સતત માતબર ફાળો આપ્યાના દાખલા આપણે ત્યાં વીરલ છે. એવું વીરલ, ઉમદા અને અનુકરણીય ઉદાહરણ રાજકોટના અગ્રણી, શ્રીમંત અને પ્રગતિશીલ દેસાઇ કુટુમ્બે પુરૂં પાડ્યું છે.

રાજકોટના અગ્રગણ્ય ઉદ્યોગપતિ શ્રી દુર્ગાપ્રસાદ દેસાઇ અને તેમના પુત્ર શ્રી હિંમતલાલ દેસાઇ આરંભથી જ માત્ર રાજકોટની જ નહિ પરંતુ સૌરાષ્ટ્રભરની નાની મોટી તમામ જાહેર ને સામાજીક પ્રવૃત્તિમાં મોખરે રહ્યા છે.

સ્વાતંત્ર્ય પ્રાપ્તી પહેલાં જ્યારે કાઠીયાવાડ ૨૦૨ જેટલા નાના મોટા રજવાડાઓમાં વહેંચાયેલું હતું અને વ્યાપાર-ઉદ્યોગ પછાત દશામાં હતા; તેમજ શિક્ષણનો પણ ખાસ પ્રસાર થયો ન હતો ત્યારે પણ શ્રી દુર્ગાપ્રસાદભાઇએ દેશી રાજ્યોને સમજાવીને વિવિધ ઉદ્યોગોના મંડાણ કરાવ્યા. પરંતુ ઔદ્યોગિક વિકાસના શ્રી ગણેશ એ તો શ્રી દુર્ગાપ્રસાદભાઇના જાહેર જીવનનું એક જ પાસુ છે. તેઓ પ્રજા જીવનના એક એક ક્ષેત્ર સાથે અંતરંગ રીતે વણાય ગયા હતા. એ જમાનામાં પણ ગોંડલ રેલ્વે કર્મચારી હડતાલમાં મોખરે રહીને સિદ્ધાંત ખાતર નોકરીનો ત્યાગ કરીને સ્વતંત્ર વ્યવસાય શરૂ કરીને નીડરતા અને સિદ્ધાંતનિષ્ઠાનો પરિચય આપી દીધો હતો.

પિતાના નીડર સ્વભાવને ગળથુથીમાં જ મેળવનાર સુપુત્ર શ્રી હિંમતભાઇએ પણ પિતાના સાથમાં રહીને યુવાન વયે જ્યારે પાકીસ્તાની કબ્જામાંથી જુનાગઢને મુક્ત કરવા આરઝી હુકમતની સ્થાપના થઇ અને મુક્તિ જંગ મંડાયો ત્યારે તેમના કૌટુંબિક મિત્ર શેરે સૌરાષ્ટ્ર સ્વ. શ્રી શામળદાસ ગાંધીને સક્રિય સાથ આપ્યો હતો.

રાષ્ટ્રીય મુક્તિ સંગ્રામના એકએક આંદોલનમાં શ્રી હિંમતભાઈ દેસાઇ મોખરે રહ્યા હતા રાજકોટ રાજ્ય સામે ૧૯૩૯માં જ્યાર જવાબદાર રાજતંત્રની લડતની નોબત ગડગડી ત્યારે શ્રીમંત ઘરની વૈભવશાળી હુંફ તજીને શ્રી હિંમતભાઇએ પ્રજાકીય જંગમાં ઝુકાવ્યું અને જેલવાસ સ્વીકાર્યો. દીર્ઘદ્રષ્ટિવાળા અને પીઢ મુત્સદી શ્રી દુર્ગાપ્રસાદભાઇએ રાજ્યની ખફગી વ્હોરીને પણ સરદારશ્રી પટેલ અને રાજ્ય વચ્ચે સમાધાન કરાવવામાં મહત્ત્વનો ફાળો આપ્યો. પરંતુ દિવાન વીરાવાળાની મેલી મુત્સદીગીરીને લીધે સમાધાન તુટ્યું અને શ્રી હિંમતભાઇએ ફરીને મુક્તિ જંગમાં ઝુકાવ્યું. બિમાર માતાના અતિ આગ્રહ છતાં જવાબદાર રાજતંત્ર લીધા વિના પાછો નહિ આવું એવો લોખંડી નિરધાર તેમણે જાહેર કર્યો.

૧૯૪૨ ની લોકક્રાંતિમાં પણ શ્રી હિંમતભાઈ મોખરે રહ્યા હતા અને કોલેજમાં હડતાલ પડાવી, જેલવાસ સ્વીકાર્યો તથા દેશના અગ્રગણ્ય ક્રાન્તિવીરોને પોતાને ત્યાં અજ્ઞાતવાસ માટે આશ્રય આપ્યો હતો.

દેશ આઝાદ થયો. આ સાથે કાઠીયાવાડના ૨૦૨ દેશી રજવાડાનું વિલીનીકરણ થયું અને સૌરાષ્ટ્રના એકમનું સર્જન થયું.

જાણે પોતાનું એક મહત્ત્વનું મીશન પુરૂં થયું અને બીજુ મીશન શરૂ થયું એમ માનીને દેસાઈ કુટુમ્બે રાજકીય આઝાદી બાદ આર્થિક અને સામાજિક પુનરૂત્થાનના રચના કાર્યમાં પોતાની જાતને પરોવી દીધી.

સામાન્ય રીતે રાજકીય ક્ષેત્રે પડેલ કાર્યકરો પોતાની અંગત કારકીર્દી માટે કંઈને કંઈ સત્તા, હોદ્દા ને સ્થાનની અપેક્ષા રાખતા હોય છે. પરંતુ દેસાઇકુટુમ્બ આ નિયમમાં અપવાદ હોય તેમ પોતાની ફરજ પૂરી થયા બાદ રાજ્યસત્તા, સરકાર, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થા, સુધરાઈ કે બીજા કોઇપણ સત્તાના સાધનની આશા–આકાંક્ષા વગર કે ચુંટણી માટેની ટીકીટના મોહ વગર આજ રાજકોટના સમાજ જીવન અને પ્રજા જીવનને ઉંચે આણવા માટે સામાજીક-શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં પ્રસિદ્ધિના કશાજ શોરબકોર વિના પોતાનો નોંધપાત્ર ફાળો આપી રહ્યું છે. મૂકસેવાનું આ ઉમદા ઉદાહરણ જ્યારે આજના જાહેર જીવનમાં સત્તા–હોદ્દાના સ્થાનો માટે કાર્યકરોની પડાપડીને સાઠમારી ચાલી રહી છે ત્યારે યુવાન પેઢી માટે પ્રેરક અને અનુકરણીય છે.

રોટરી, લાયસન્સ કલબ કે જુનીયર ચેમ્બર હોય, રમતગમતની સંસ્થા હોય કે શૈક્ષણિક સંસ્થા હોય, મહિલા, વિદ્યાર્થી કે યુવકોની પ્રવૃત્તિ હોય કલા–સંસ્કૃતિક કાર્યક્ષેત્ર હોય અંગરતો તબિબિ રાહત કે કુટુંબ નિયોજનનું રાષ્ટ્રીય મહત્ત્વનું કાર્ય હોય અથવા માતૃ–બાળ કલ્યાણની સમાજોપકારક પ્રવૃત્તિ હોય. દેસાઇ કુટુંબ એ દરેકે દરેક સામાજીક પ્રજાકીય પ્રવૃત્તિને મોખરેજ રહયું છે. પિતા પુત્રને વધુનો ત્રિવેણી સંગમ રાજકોટના જાહેર જીવનના સાગર સાથે અંતરંગરીતી વણાય ગયો છે કે દેસાઇ કુટુમ્બ અને જાહેર જીવનના કોઇપણ પાસાને અલગ પાડી શકાય તેમ નથી. આ ત્રિવેણી સંગમ એક સુભગ વીરલ દર્શન કરાવી રહ્યું છે અનેક કુટુંબો માટે પ્રેરણાદાયી બની રહેશે.

જીવનની પોણી સદી પુરી કરી રહેલા શ્રી દુર્ગાપ્રસાદ દેસાઈ આટલી વયોવૃદ્ધ અવસ્થાએ પણ જીવનના દરેક ક્ષેત્રે ઉત્સાહભેર સક્રિય ભાગ લઈ રહ્યા છે. અને ઉત્કટ રસ દાખવી રહ્યા છે. 'કાકા'ના માન ભર્યા હુલામણા નામે રાજકોટના ઘેરઘેર જાણીતા થયેલા પૂ શ્રી દુર્ગાપ્રસાદભાઇ શહેરના કોઇપણ સભા–સમારંભ કે કાર્યક્રમમાં અચૂક હાજર હોય જ. એમની ગેરહાજરીમાં કોઇ કંઇ સમારંભ ફીક્કો લાગે. મંચના મોહ વગર કાકા જુવાનીયાઓ કે બાળકોને બોલાવતાં, મર્માળુ હાસ્ય ફરકાવતા કે રમુજી ટકોર કરતાં હોય ત્યારે ગંભીર વાતાવરણ પણ ખુશનુમા થઇ ખીલી ઉઠે છે. રાજકારણના રસીયા છતાંએ રમતગમતમાંય યુવાન જેટલો જ ઉત્સાહ તેઓ દાખવે છે. તો સંગીત નાટક જેવી સાંસ્કારીક પ્રવૃત્તિમાંય કાકા અગ્રસ્થાને જ હોય. દરેકે દરેક સંસ્થા માટે કાકા ભાંગ્યાના ભેરૂ જેવા છે અને તેમની પાસેથી ફાળાની કોઇ ઝોળી ખાલી પાછી ફરતી નથી.

શ્રી હિંમતભાઈ અને હરગંગા બહેનની જુગલ જોડી પણ રાજકોટના જાહેરજીવનના દરેક તખ્તા પર સાથે ને સાથે હાજર હોય જ છે. શ્રી હરગંગા બહેન શ્રી હિંમતભાઈના માત્ર સહધર્મિણી જ નથી પરંતુ સહકર્મિણી અને સાચા અર્થમાં જીવનસાથી છે. વ્યાપાર–ઉદ્યોગના વ્યવસાયમાં કે હિંમતભાઇની દરેક જાહેર સામાજીક, શૈક્ષણિક પ્રવૃત્તિમાં હરગંગાબેનનો સક્રિય સાથ મળતોજ રહે છે. હરગંગા બહેન આદર્શ ગૃહિણી જ નથી પરંતુ સાથે એક આદર્શ સહકાર્યકર પણ છે. સામાજીક કાર્યકરોનું આવુ યુગલ આપણે ત્યાં જવલ્લેજ જોવા મળે છે.

આજે જ્યારે આપણા સામાજીક અને લગ્નજીવનમાં વિસંવાદિતાઓ વધી રહી છે અને નાનામોટા ધર્ષણોએ આપણા લગ્ન જીવનના પાયા હચમચાવી નાખ્યા છે અને કયાંક કયાંક એ લગ્ન સંબંધો તૂટવામાં પરિણમે છે ત્યારે શ્રી હિંમતભાઇ હરગંગા બહેનના લગ્ન જીવનના કીંમતી અને સમાજોપયોગી–ફળદાયી પચ્ચીસ–પચ્ચીસ વર્ષ દરેક નવ દંપતિને પ્રેરણાદાયી અને માર્ગદર્શક બની રહેશે. ભવભવનો–સાત ભવનો તેમનો સથવારો સુભગ સુખદ અને કલ્યાણકારી બની રહે એવી મંગળકામના કરીએ.

# શ્રી દ્વારકાદાસ વિઠ્ઠલદાસ શાહ

શાંત અને સૌજન્ય પ્રકૃતિવાળા મીલનસાર સ્વભાવના અને એકનિષ્ઠ સેવાને વરેલા ઉના પંથકમાં કેટલાક આગેવાન સદ્‌ગૃહસ્થોમાં શ્રી દ્વારકાદાસભાઇનું સ્થાન મુખ્ય ગણી શકાય. શિક્ષણ સંસ્કૃતિ અને કોંગ્રેસના રચનાત્મક કામોને વેગ આપવાની મનોવૃત્તિવાળા સેવકોની હરોળમાં શ્રી દ્વારકાદાસભાઇને પણ બેસાડી શકાય. ગુજરાત રાજ્યના માજીપ્રધાન શ્રી રતુભાઈ અદાણી અને હાલના નાયબપ્રધાન શ્રી પરમાણંદભાઇ ઓઝાની પ્રેરણા અને હુંફને કારણે આ કુટુંબનું સ્થાન અને માન ઉનાના જાહેરજીવનમાં આગળ રહ્યું છે. શ્રી શાહ માંગરોળ તરફના શીલ ગામના વતની પણ ઘણા વર્ષોથી ઉના તરફ આવીને વસ્યા છે. નાનપણમાં અંગ્રેજીનું જરૂર પૂરતુ જ્ઞાનસંપાદન કરી બહુજ નાનીવયમાં જીનીંગમીલના ધંધામાં ઝંપલાવ્યું જે ધંધો કાંઈક જોખમવાળો અને કાંઈક સમજદારી અને ચોકસાઈવાળો છે. પોતાની આપસુઝથી તેમાં પ્રગતિ કરતા રહ્યા. ધંધાકીય પ્રવૃત્તિની સાથે સમાજસેવાના ઉમદા ધ્યેયને પણ ભૂલ્યા નથી. તમામ ગામડાઓના સતત સંપર્કમાં રહ્યાં છે. ગરીબ દર્દીઓને દવા-ઇંજેકશનોની સગવડતા કે સેવા આપવા ઉપરાંત વિનોબાજીનો ભૂદાન કાર્યક્રમ હોય કે કોંગ્રેસનો દારૂબંધી કાર્યક્રમ હોય શહેર અને તાલુકાની બધીજ રચનાત્મક પ્રવૃત્તિઓના ઉત્તેજનમાં નિરંતર તાલાવેલી બતાવી છે. (ઉના કેળવણી મંડળમાં સેવા આપતા રહ્યા છે.) ઉનાની ટી બી. હોસ્પીટાલ, વૈષ્ણવહવેલી, તુલશીશ્યામ અને અન્ય નાના મોટા પ્રસંગોએ તેમના તરફથી દાનમાં નાની મોટી રકમ મળતી રહી છે. ઉનાની કોંગ્રેસ કમિટિ, ઉના સુગર ફેકટરી, તુલશીશ્યામ વિકાસ સાર્વજનિક છાત્રાલય વિગેરે સંસ્થાઓને પણ તેમની સેવા શકિતનો અનન્ય લાભ મળ્યો છે અને મળતો રહ્યો છે. ઘણા મહાનુભાવોના પરિચયમાં આવ્યા છે. પોતાની હૈયાઉકલત અને સ્વબળે ધંધામાં પણ ઠીક પ્રગતિ સાધી છે. તેમના ભાઇશ્રી છબીલદાસભાઈ પણ એવાજ નિખાલસ, કાર્યકુશળ અને દીર્ઘદૃષ્ટિવાળા દિલેર આદમી છે. ઉના ખેતી ઉત્પન્ન બજાર સમિતિના ચેરમેનપદે રહીને તેમણે પણ ખેડુતો અને વેપારીઓમાં સારી સુવાસ ઉભી કરી છે. નાના મોટા સારા પ્રસંગોએ ઉનાના વિકાસમાં મહાજનની સાથે રહીને આ કુટુંબ સૌનું આદરણીય બન્યુ છે. માતાપિતા હયાત છે. બહોળો પરિવાર છે. સુખી છે. રાજ્ય અને પ્રજામાં તેમનું સારૂ એવું માન છે.

# સ્વ. શ્રી અમૃતલાલ પોપટલાલ ઓઝા

સ્વ. અમૃતલાલભાઈ એક પ્રભાવશાળી વ્યક્તિ હતા. તેઓ દુઃખ સંતપ્ત જ્ઞાતિજનોના સહારા સમાન હતા. કોઈ પણ જ્ઞાતિના ભાઈ બહેન તેમની પાસેથી ખાલી હાથે પાછા ફરતા નહીં, સસ્મિત વદને અને આશ્વાસન, સંતોષ અને રાહત અનુભવતા તેઓ બહાર આવતા. તેમને કેળવણી પ્રત્યે અનુરાગ ખૂબ જ હતો. તેમણે અને તેમના નાના ભાઈશ્રી ભાનુશંકર પોપટલાલ ઓઝાએ તેમના વતન ઉમરાળામાં કન્યાશાળા તેમ જ મિડલ સ્કૂલને માટે ફાળો ઉઘરાવનારાઓને અનેક સ્થળે ફરવું ન પડે એટલા માટે બન્ને ભાઈઓએ મળી જોઈતી રકમ સ્વેચ્છાએ આપી વતન પ્રત્યેની વ્હાલપ બતાવી હતી. આ રકમ અડધા લાખ જેટલી હતી. ઉપરાંત વતનને માટે બીજી પણ અડધો લાખ જેટલી એટલે એકંદરે લાખ જેટલી રકમ આપી ઉમરાળાના ગૌરવ રૂપ બન્યા હતા. પૂનામાં પ્રો. જયશંકર પિતાંબરદાસ અતિથિગૃહને પણ તેમણે સારી એવી રકમ આપી છે. મુંબઈ શ્રીમાળી બ્રાહ્મણ સમાજને તેમણે સત્તર અઢાર હજારની રકમ ઉચ્ચ શિક્ષણ નિધિ માટે આપી છે અને દરેક પ્રસંગે સમાજને પાળી, પોષી પ્રફુલ્લીત કરેલ છે. આજે ઉચ્ચ શિક્ષણ નિધિ રૂા. ૪૦,૦૦૦ સુધી પહોંચવા પામેલ છે તે સ્વ. અમૃતલાલભાઈની જ્ઞાતિ સેવા અને કેળવણી પ્રત્યેનો અનુરાગ પુરવાર કરે છે ભાવનગરની પ્રેમશંકર ધનેશ્વર શ્રીમાળી બ્રાહ્મણ બોર્ડીંગ તરફ તેમનો મદદ રૂપી પ્રવાહ અવિરત વહ્યા જ કર્યો છે. આ ઉપરાંત વૈદ્યકીય સંસ્થાઓ, ઇસ્પીતાલો, અનાથાશ્રમો, ધર્મસ્થાનો અને એવી અનેક બીજી સંસ્થાઓને તેમણે ઉદાર દીલથી મદદ કરી છે. આમ તેઓ દયા અને ઉદારતાના સાગર સમા હતા. સામાન્ય માણસમાંથી તેઓ ધનાઢ્ય ઉદ્યોગપતિ બન્યા હતા, છતાં તેમની રહેણી કરણી સાદી હતી અને ધનનો ઉન્માદ થનગનાટ, અભિમાન વિલાસીતા કે અતડાપણું વગેરે તેમના હૃદયમાં સંચાર કરવા પામ્યા ન હતા. તેઓ મિલનસાર, મધુવાચી, વિનમ્ર અને અદના સેવાભાવી જ છેક સુધી રહેવા પામ્યા હતા. તેમનાં ધર્મશીલતા અને ધર્મરાગ પણ એટલાં જ પ્રસંશનીય હતાં યજ્ઞ યજ્ઞાદિ, શ્રીમદ્ શંકરાચાર્યજીની પધરામણી અને સરભરા, કથા કીર્તન, મંદિરો અને ધર્મસ્થાનોને ભેટ વગેરે અનેક ધાર્મિક સદ્કાર્યો કરી તેમની ધાર્મિક ભાવનાને ભવ્ય બનાવી હતી અને પાવન થયા હતા. તદ્ ઉપરાંત દેશ પ્રત્યેની, સમાજ પ્રત્યેની તેમની ફરજ બજાવવાનું તેઓ હરગીઝ ચૂક્યા નથી. તેમણે દેશની, રાજ્યની અને સમાજની પ્રવૃત્તિઓને પણ અપનાવી, પોષી, પૂરતું ઉત્તેજન આપ્યું. તેઓ તેમના કુટુંબીજનો પ્રત્યે પણ હંમેશાં અત્યંત માયાળુ, સ્નેહભીનું, શાંત વર્તન રાખતા અને જે કોઈ મિત્રો, સંબંધીઓ ધંધાદારીઓ તેમના પરિચયમાં આવતા તે બધા જ તેમના વ્યક્તિત્વથી પ્રભાવિત બનતા અને કુટુંબના બાળકોની પેઠે "શેઠ દાદા" તરિકે સંબોધતા. એમનો સ્નેહ, એમનો ધીર ગંભીરતા વગેરેની તેમના પરિચયમાં આવતા સૌ કોઈના હૃદય ઉપર ઉંડી છાપ પડતી. તેઓ આજ પણ તેમનાં ભારોભાર વખાણ કરે છે. અને તેમનું પ્રતિભાશાળી વ્યક્તિત્વ આજે પણ તેઓ યાદ કર્યા કરે છે. તેમના ધંધાદારી સાથીદારો અને મિત્રો તેમના અનેક ગુણોની મુક્ત કંઠે પ્રસંશા કરે છે. તેમના ધંધાદારી સાહસિકના તેઓ સૌ સંભારે છે. તેમની મુશ્કેલીઓમાં તેઓ આવીને માર્ગદર્શન આપતા, અને તેમને સાચે રાહે વળવા પ્રેરતા અને નિરાશા છોડી પ્રયત્નશીલ બનવા પ્રોત્સાહિત કરતા. આ બધાને માટે તેઓ તેમના પ્રત્યે કૃતજ્ઞતાની ભાવના અનુભવે છે. અને તેમના ગુણો યાદ કરી ભાવભીની અને આદરપૂર્વકની અંજલીઓ આપે છે.

સ્વર્ગસ્થ અમૃતલાલભાઈએ કમાઈ જાણ્યું અને જીવી પણ જાણ્યું છે. તેમણે ભવિષ્ય ઉપર રહેવા દેવાને બદલે જીવન દરમ્યાન જ જે કાંઈ દાન ધર્મ બજાવવો હોય તે બજાવી દીધો છે. અને એ રીતે જીવનને ધન્ય કર્યું છે. સંસારમાં અનેક જીવાત્માઓ આવે છે અને વિલય પામે છે. માત્ર થોડા જ એવા ભાગ્યશાળી પુન્યાત્માઓ હોય છે કે જે "મરજીવા" બને છે અને મૃત્યુ બાદ પણ જીવંત રહે છે અને અમર નામના મૂકી જાય છે સ્વ અમૃતલાલભાઈ અમૃત કૂપ સમાન હતા અમૃત એ સંજીવની છે. તેઓ દેહાવસાન બાદ પણ માનવ હૃદયોમાં વાસો કરી રહ્યા છે અને જીવન સાર્થક કરી અમરતા પામ્યા છે. આવા એક પ્રતાપી. પુરૂષાર્થી, પૂણ્યશાળી, દરિયાદિલનાં કોમળ હૃદયના સ્નેહ મૂર્તિ સમા શ્રી અમૃતલાલભાઈ ખરેખર સૌરાષ્ટ્રના કિંમતી રત્ન હતા.

# દાનવીર શ્રી ઇન્દુલાલ દુર્લભજી ભુવા

શેઠશ્રી ભુવા ઇન્દુલાલ દુર્લભજી ભવ્ય પુરૂષાર્થ, અવિચળ આત્મશ્રદ્ધા, અખૂટ ધીરજ અને વિશિષ્ટ વ્યાપારી કુનેહ ધરાવતા ચીત્તલના પનોતા પુત્ર છે. શેઠશ્રીનો જન્મ અર્ધી સદી પહેલાં ચીત્તલમાં થયો હતો પણ તેમણે મુંબઈને પોતાની કર્મભૂમિ બનાવેલી છે અને આમ છતાં ચિત્તલને તેમણે કદીય વિસાર્યું નથી. પિતાશ્રી દુર્લભજી કરશનજી ભુવાની છત્રછાયા નીચે તેમણે બ્રહ્મદેશમાં વ્યાપાર અને વાણિજ્યનું જ્ઞાન પ્રાપ્ત કર્યું અને ૧૯૩૦માં મેટ્રીક સુધીનો અભ્યાસ કર્યા પછી તેઓ રાષ્ટ્રદેશભક્તિથી પ્રેરાઈ સત્યાગ્રહમાં જોડાયા. ધોલેરા સત્યાગ્રહમાં ભાગ લઈ તેમણે જેલયાત્રા પણ કરી હતી, કપોળ જ્ઞાતિને વ્યાપાર વાણિજ્યમાં સાહસ વરેલાં છે શ્રી ભુવાએ બર્મા, કલકત્તા, મુંબઈ વગેરે સ્થળે પોતાની વ્યાપારી શક્તિ અને કુનેહનો પ્રશંસનીય પરિચય કરાવેલો છે. વ્યાપારી સિદ્ધિ ઉપરાંત, માન, કીર્તી અને સૌજન્યપૂર્ણ વ્યવહારમાંથી પ્રાપ્ત થતી લોકોની ચાહના પણ તેમણે પ્રાપ્ત કરેલી છે. એમનું વ્યક્તિત્વ અનુકરણીય રીતે વિકસેલું છે. પોતાની ઉંડી સૂઝથી કલર કેમીકલ્સના ક્ષેત્રે ઝળહળતી સિદ્ધિ મેળવી શેઠશ્રી ભુવાએ જાપાન જેવા ઔદ્યોગિક રીતે વિકસીત દેશવાસીઓનો ધંધાકીય સહયોગ મેળવેલો છે.

હાલમાં શેઠશ્રી જાપાની ભાગીદારીવાળી મુંબઈની ઇન્ડોનીપોન કેમિકલ કું. લી.નું સંચાલન કરી રહ્યા છે. ભારતના વિકસતા રસાયનિક ઉદ્યોગમાં એમનો ફાળો છે. આવી ભારે ઔદ્યોગિક પેઢીના મેનેજીંગ ડાયરેક્ટર જેવાં ઉચ્ચતમ સ્થાન પર તેઓ આજે બીરાજે છે એ તેમની પ્રશંસનીય સંચાલન શક્તિનો જ્વલંત પુરાવો છે.

વ્યાપારી ક્ષેત્ર અન્ય સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે શેઠશ્રીએ આપેલી સેવા સૌ કોઈના આદર અને પ્રશંસાને પાત્ર છે. અમરેલી કપોળ બોર્ડીંગના સંચાલન મંડળ, મુંબઈના શિક્ષણ પ્રસારક મંડળ, શીવાજીપાર્ક સ્પોર્ટસ ક્લબ વિગેરેના સંચાલનમાં એમની શક્તિનો પરિચય સાંપડે છે. શેઠશ્રી ઇન્દુલાલે લાયન્સ ક્લબ મુંબઈના ડાય-

રેકટર તરીકે એ સંસ્થાના ઉપક્રમે યોજાયેલ 'ચેરીટી ડ્રાઈવ'ના ચેરમેન તરીકે રૂા. ૭૫૦૦૦ના કરવા ધારેલા ભંડોળને ૧,૫૫૦૦૦ જેટલું મોટું કરી આપ્યું છે. તેમણે ઇન્ટર નેશનલ લાયન્સ કલબના ઉપક્રમે જાપાન, જર્મની, ઈંગ્લેન્ડ અને ફ્રાંસ વગેરે દેશોમાં "સાચા લાયન" તરીકેની સુવાસ ફેલાવેલી છે.

શેઠશ્રી ઇન્દુલાલે ઈન્ડીઅન મર્ચન્ટસ ચેમ્બર ઓફ કોમર્સના સભ્યપદે રહી વ્યાપાર વાણિજ્યની યથાશક્તિ સેવા બજાવી હતી. તેઓ મુંબઈની રેડિયો કલબના પણ પેટ્રન સભ્ય છે.

શેઠશ્રી ભુવાને વેપારમાં અતિઆવશ્યક એવી સાહસિકતા સ્વાભાવિક રીતે વરેલી છે. તાજેતરમાં એક વિશ્વવિખ્યાત જાપાની કંપનીના કોર્પોરેશનથી વડોદરામાં એક કેમીકલ પ્લાન્ટ નાંખવાનું આયોજન તેમણે કર્યું છે. આથી એમની સુંદર કાર્યશક્તિનો ઉદ્યોગપ્રિય જનતાને અનુપમ લાભ આવશ્યક મળશે

# શ્રી છગનબાપા

વિચાર અને આચાર વચ્ચેનું અંતર વધતું જાય છે અને જીવન માટેનો માનવનો સંઘર્ષ દિવસાનુદિવસ ઉગ્ર બનતો જાય છે એવા આજના સંઘર્ષકાળમાં કીર્તિની જરાય લાલસા વગર સમાજકલ્યાણઅર્થે સેવામય જીવન જીવી જનાર છગનબાપાના નામે જાણીતા થયેલ સ્વ. છગનલાલ પારેખ, વાસ્તવમાં ભગવાન શ્રીકૃષ્ણે ગીતામાં કહ્યું છે તેમ **યોગ યુક્તો વિશુદ્ધાત્મા** હતા. કર્મ કરવા છતાં કર્મથી નિર્લેપ રહીને તેમણે મૃત્યુપર્યંત પચીસ વર્ષ સુધી મુકતપણે અખંડ સેવાધર્મ બજાવી વર્ણાશ્રમ ધર્મની સુષુપ્ત સંસ્કૃતિને પુનઃ ચેતનવંતી કરી જે યુગલક્ષીવળાંક આપ્યો છે એનું સાચું મૂલ્યાંકન તો કદાચ કોઈ ભાવિ ઇતિહાસકાર જ કરશે.

પૂ. ઠક્કર બાપાની પેઠે પોતાના કર્મ–ધર્મયુક્ત અનેકવિધ સેવાકાર્યોથી સમસ્ત લોહાણાસમાજમાં પૂ. 'બાપા'નું લાડીલું નામાભિધાન પામેલા છગનબાપાનો જન્મ રાજકોટમાં ઈ. સ. ૧૮૯૩ના જૂનની ૨૦મીએ થયો હતો. જ્યારે અગિયાર વર્ષની નાની વયે તેમની હરોળના બાળકો–વિદ્યાર્થીઓ શેરીઓમાં રખડતા હતા ત્યારે આ કિશોર નકલંગ મહાદેવના મંદિરમાં જઇને બેસતો ને નરસી મહેતાનું જાણીતું ભજન 'મારી હૂંડી સ્વીકારો મહારાજ રે...' ગાઈને જીવનનો આનંદ મેળવતો. રાજકોટમાં મેટ્રીક સુધીનો અભ્યાસ પૂરો કરીને સત્તર વર્ષની વયે તેઓ કલકત્તા ગયા ને એકાદ વર્ષ એક પારસી ગૃહસ્થને ત્યાં નોકરી કર્યા પછી થોડા વરસ ભાગીદારીમાં ધંધો કર્યો. પણ અંતે તેમાં ખોટ જતાં એ ધંધો બંધ કર્યો. આમ છતાં આ ભાગીદારીનું દેવું પાછળથી પાઈએ પાઈનું ચૂકવી તેમણે પોતાની નીતિપરાયણતાનો સૌને ખ્યાલ આપ્યો.

ભાગીદારી ધંધાના અનુભવ પછી ૧૯૨૯–૩૦માં તેમણે સ્વતંત્રપણે કમિશન એજન્ટનો ધંધો શરૂ કર્યો ને આ જ અરસામાં તક મળતાં તેમણે કોલિયરીના ધંધામાં ઝંપલાવ્યું ને પુરુષાર્થ સાથે પ્રારબ્ધનો યોગ આવી મળતાં તેમણે ઉત્તરોત્તર ધંધામાં ઝડપી પ્રગતિ સાધી. આમ ૧૯૪૮માં પૂર્વસંકલ્પ અનુસાર તેઓ સમાજસેવાર્થે ધંધામાંથી નિવૃત થયા ત્યારે તેઓ સાત ખાણોના ભાગીદાર હતા તે ૨૧ જેટલી કંપનીઓના ડિરેકટર હતા. પરંતુ જેમ સર્પ કાંચળી ઊતારી નાખે એમ આ બધા કાર્યભારની વહેવારુ જોગવાઈ કરીને તેઓ નિવૃત્ત થયા. આ દરમિયાન ૧૯૪૭માં તેઓ સરકાર તરફથી કોલિયરી ઉદ્યોગના પ્રતિનિધિ તરીકે જીનીવા પરિષદમાં હાજરી આપવા ગયા ત્યારે તેમણે યુરોપનો પ્રવાસ કરી ત્યાંના જીવનનો અને પરિસ્થિતિનો ખ્યાલ મેળવ્યો હતો. આ પ્રવાસે જતાં માર્ગમાં કરાંચી ખાતે તેમના સન્માનનો એક સમારંભ યોજાયો ત્યારે એ વિરક્ત પુરુષે કહી દીધું કે 'હું માન લેવામાં નહિ, આપવામાં માનું છું' આ શબ્દસિદ્ધાંતને મૃત્યુપર્યંત વળગી રહ્યા. અનેક સંસ્થાઓ તેમણે સ્થાપી, અનેક સંસ્થાઓને પગભર કરી ને અનેક સંસ્થાઓ માટે તેઓ સર્વસ્વ પ્રાણસમાન બન્યા. આમ છતાં તેમણે ન તો કોઈ સંસ્થાનું પ્રમુખપદ લીધુ કે ન કોઇનું યે માનપત્ર સ્વીકાર્યું. એટલું જ નહિ, જીવનમાં આવા બે પ્રસંગોએ તો આ માનપત્રની વાતથી તેઓ રડી ઉઠયા હતા. આસામના ભૂકંપમાં, અંજારના ભૂકંપમાં અને દેશના દુષ્કાળના અનેક પ્રસંગોમાં તેમની સેવાઓ મહેકી ઉઠી છે.

# શ્રી પ્રવીણચંદ્ર વ. ગાંધી

વ્યાપારી અને બેકીંગવર્તુળોમાંનું એક લોકપ્રિય નામ તે શ્રી પ્રવીણચંદ્ર વ. ગાંધી. જાહેર જનતાની સેવાભાવનાથી પ્રેરાયેલા "પ્રવિણભાઇ" આજના પ્રગતિશીલ બેંકરોમાં આગવું સ્થાન ધરાવે છે.

શ્રી પ્રવીણભાઈનો જન્મ ૧૯૨૨માં થયો હતો. દેના સંસ્થાઓના સ્થાપક શ્રી દેવકરણ નાનજીના તેઓ દૌહિત્ર થાય. કોલેજ જીવનનો અનુભવ લઈ, એમણે નાનીવયે જ બેકીંગક્ષેત્રમાં પ્રવેશ કર્યો, અને પોતાના મામા દેના બેંકના સ્થાપક અધ્યક્ષ શ્રી પ્રાણલાલ દેવકરણ નાનજીના જમણા હાથ જેવા બની રહ્યા. થોડાક જ સમયમાં એમણે વ્યવસાયી બેંકર તરીકે સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી અને ચોવીસ વર્ષ સુધી દેના બેંકના મેનેજીંગ ડાયરેકટરનું પદ શોભાવ્યું. ૧૯૬૭માં બેંકો ઉપર સામાજિક નિયંત્રણ આવ્યુ ત્યારે તેઓ બેંકના અધ્યક્ષ તરીકે ચૂંટાયા, હમણા બેંકોનું રાષ્ટ્રીયકરણ થતાં, તેઓ દેના બેંકના કસ્ટોડિયન તરીકે અધિકાર ભોગવે છે.

હાથમાં લીધેલા કામને પુરું કરવાની એમનામાં ચીવટ છે. સતત પરિશ્રમથી એ થાકતા નથી. સાહજિક નેતૃત્વ અને પ્રજ્ઞા શીલના એમના વ્યકિતત્વનાં ઉમદા પાસા છે. ખંત, ઉત્સાહ અને સ્ફુર્તિથી એમણે દેના બેંકને અદ્યતન, સર્વલક્ષી, પ્રગતિશીલ તેમજ સમાજસેવાની ભાવનાવાળી બેંકિંગ સંસ્થા તરીકે વિકસાવી છે, ને આજે દેશની પ્રથમ દશ વ્યાપારી બેંકોમાં એનુ માનભર્યું સ્થાન છે.

દેશના વ્યાપારી અને ઔદ્યોગિકજીવનમાં એમનો રસ ઉંડો છે, ને એમનું પ્રદાન ગણનાપાત્ર છે. અનેક વ્યાપારી અને ઔદ્યોગિક સંસ્થાઓના અગ્રણી તરીકે તેમણે યશસ્વી કામગીરી બજાવી છે. ૧૯૬૨માં ઇન્ડીયન મર્ચન્ટસ ચેમ્બરના અને ૧૯૬૩માં ઓલ ઇન્ડીયા એસોસિએશન ઓફ ઇન્ડસ્ટ્રીઝના તેઓ પ્રમુખ હતા. ઈન્ડીયન મર્ચન્ટસ ચેમ્બરની સમિતિ પર લગભગ દોઢ દાયકાથી વિશેષ સક્રિય સેવા આપ્યા બાદ તેઓ એના આજીવન ટ્રસ્ટી તરીકે નિયુક્ત થયા છે. ચેમ્બરના પ્રમુખપદના વર્ષ દરમ્યાન તેમણે ભારતના અર્થતંત્રમાં લઘુ ઉદ્યોગોના મહત્વ તથા તેમનો વિકાસ સાધવા માટે જરૂરી પગલાં પ્રત્યે રાષ્ટ્રનું લક્ષ દોરવા મુંબઇમાં લઘુ ઉદ્યોગ પરીષદ

## જામનગર તાલુકા સહ. ખ. વે. સંઘ લી.

સીટી ડીસ્પેન્સરી પાસે, ટેલીફોન નં. ૮૨૬

**જામનગર.**

રજીસ્ટર નં. ૧૫૭૫...તા. ૨૯–૧–૫૮

સંઘ સહકારી મંડળીઓ તથા ખેડુતભાઈઓને ભેળસેળ વગરના ખાત્રીલાયક રસાયણિક ખાતરો, ડાય એમોનીયમ ફોસ્ફેટ, યુરીયા, સુપર ફોસ્ફેટ મિશ્ર ખાતરો તથા સુધરેલા હાઇબ્રીડ બીયારણો, જંતુનાશક દવાઓ તેમજ દવા છાંટવાના પમ્પો અને જીવન જરૂરીયાતનાં અનાજ, ખાંડ, સીંગતેલ વીગેરે પૂરા પાડે છે.

,, દરેક સભ્યોને શેર ઉપર ૯ ટકા ડીવીડન્ડ આપવામાં આવે છે.

,, સ્ટેનલેસ સ્ટીલનું એક એક વાસણ આપવામાં આવેલ છે.

,, ખાસ સભ્ય મંડળીઓએ સંઘમાંથી ખરીદેલ ખાતરો ઉપર દર ટને રૂા. ૧૫ મુજબ બોનસ આપવામાં આવે છે.

| | |
|---|---|
| ભરપાઇ શેરભંડોળ. | રૂા. ૩૭૮૫૦ |
| સરકારશ્રીનો શેર ફાળો. | રૂા. ૧૧૦૦૦ |
| અનામત ભંડોળ. | રૂા. ૯૩૩૦૦ |
| અન્ય ભંડોળ. | રૂા. ૩૭૯૬૩ |

મનસુખલાલ જી. ભટ્ટ — મેનેજર

સુંદરજી ડી. મેસવાણીયા — પ્રમુખ

## શ્રી પોરબંદર તાલુકા સહકારી ખરીદ–વેચાણ સંઘ લી.

**પોરબંદર**

ફોન નં. ૩૮૫

| | |
|---|---|
| વસુલ આવેલ શેરભંડોળ રૂા. ૭૦૬૭૦ | સભ્ય સંખ્યા ૧૬૪ |
| નામદાર સરકારશ્રીના રૂા. ૨૧૪૭૦ | મંડળીઓ ૪૭ |
| સહકારી મંડળીઓના રૂા. ૪૦૩૦૦ | સરકારશ્રીના સભ્ય ૧ |
| વ્યક્તિગત રૂા. ૮૯૦૦ | વ્યક્તિગત ૧૧૬ |
| અનામત ભંડોળ રૂા. ૫૧૪૪૩–૬૬ | કાર્ય ભંડોળ ૨૯૯૦૭૩-૭૯ |

સંઘ તાલુકા લેવલે ખાતર, બિયારણ તથા જંતુનાશક દવાઓનો વેપાર કરે છે.

વાડીલાલ મણીલાલ મહેતા — મેનેજર

જીવાભાઈ કાળાભાઈ ઓડેદરા — પ્રમુખ

Phone : 62 Grams : CERAMICS

# N. C.

# NARENDRA CERAMICS

VANKANER.

*Manufacturers of :-*

## Fire, Bricks & Special Refractories

# નરેન્દ્ર સીરેમીકસ

વાંકાનેર.

Bombay office :— 123–125 Mahatma Gandhi Road Fort, BOMBAY-1 BR. Phone Nos. : 251054 255048

બોલાવી હતી. અને એ રીતે અગ્રક્રમ વિભાગોને સહારૂપ બનાવવાની જરૂરત તરફ સૌ પ્રથમ આંગળી ચીંધી હતી.

શ્રી પ્રવીણભાઇ, ફેડરેશન ઓફ ઇન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીની સમિતિના એક અગ્રપદ ધરાવતા સભ્ય છે. ૧૯૬૭માં ફેડરેશનને ઉપક્રમે ભારતીય ઔદ્યોગિક પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે તેઓ જાપાન ગયા હતા, અને હજુયે તેઓ ઇન્ડિયા–જાપાન બિઝનેસ કો–ઓપરેશન કમિટિના સભ્ય તરીકે સેવા આપી રહ્યા છે ૧૯૬૯ ના મે–જુનમાં તેમણે ફેડરેશન તરફથી નિમાયેલા પ્રતિનિધિમંડળના સભ્ય તરીકે લેટિન અમેરિકાના દેશોની મુલાકાત લીધી હતી અને ઇસ્તંબૂલ, તુર્કીમાં ભરાયેલી ઇન્ટરનેશનલ ચેમ્બર ઓફ કોમર્સના ૨૨મા અધિવેશનમાં તે સંસ્થાના પ્રમુખ તરીકે હાજરી આપી હતી.

ચાલુ વર્ષે (૧૯૬૯) તેઓ ઇન્ટરનેશનલ ચેમ્બર ઓફ કોમર્સની ઇન્ડીયન નેશનલ કમિટિના અધ્યક્ષપદે ચુંટાયા છે. તેઓ ઓલ ઇન્ડીયા શીપર્સ કાઉન્સીલના પણ અધ્યક્ષ છે.

તેઓ ઇન્ડિયન બેન્કર્સ એસોસિએશનની કાર્યવાહક સમિતિના સભ્ય છે. ઇન્ડિયન ઇન્સ્ટીટયુટ ઓફ બેન્કર્સના ફેલો તથા કાઉન્સિલના સભ્ય છે, અને રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાની બેંકર્સ ટ્રેનિંગ કોલેજની સલાહકાર સમિતિના સભ્ય છે.

આ ઉપરાંત અનેક પ્રાદેશિક, શાસકીય અને અખિલ ભારતીય જાહેર સંસ્થાઓમાં પણ એમની ભૂતકાલિન વર્તમાન માનવસેવાઓ નોંધપાત્ર છે. બોમ્બે પોર્ટ ટ્રસ્ટ, બોમ્બે કસ્ટમ્સ એડવાઇઝરી કમિટી, સેન્ટ્રલ ડાયરેક્ટ ટેક્સિસ એડવાઇઝરી કમિટિ, બોમ્બે ટેલિફોન એડવાઇઝરી કમિટી, મહારાષ્ટ્ર સ્ટેટ ફાઇનાન્સિયલ કોર્પોરેશન, મહારાષ્ટ્ર સ્ટેટ ટ્રાન્સપોર્ટ એડવાઇઝરી કમિટિ, ગુજરાતસ્ટેટ ફાઇનાન્સિયલ કોર્પોરેશન, ગુજરાત સ્ટેટ પ્લાનિંગ એડવાઇઝરી બોર્ડ, એક્સપોર્ટ, ક્રેડિટ એન્ડ ગેરંટી કોર્પોરેશન વગેરે સંસ્થાઓમાં આપની સેવા ખાસ ઉલ્લેખનીય છે.

સામાજીક અને સાંસ્કારિક પ્રવૃત્તિઓને સમાવતા એક વિશાળતર ક્ષેત્રમાં પણ એમનો એટલો જ રસ છે. તેઓ વેસ્ટર્ન ઇન્ડીયા ઓટોમોબાઇલ એસોસિએશનના પ્રમુખ હતા. ઇન્ડીયન નેશનલ થિયેટરના પ્રમુખ છે, અને ભારતીયવિદ્યા ભવન, શ્રી બ્રહદ ભારતીય સમાજ, સર હરકિસનદાસ નરોતમદાસ હોસ્પીટલ તથા બીજી અનેક સખાવતી અને લોકકલ્યાણકારી સાંસ્કૃતિક અને સામાજીક ટ્રસ્ટોના ટ્રસ્ટી છે. તેઓ રોટરી પ્રવૃત્તિમાં પણ ઉત્સાહભર્યો ને સક્રિય ભાગ લે છે અને આ વર્ષે રોટરી કલબ ઓફ બોમ્બેના ઉપપ્રમુખ તરીકે ચુંટાયા છે. આજના જમાનામાં વ્યવસાયી અગ્રણીઓમાં બહુ ઓછા, પ્રવીણભાઇની માફક પ્રૌઢ વયની પરિપકવતા અને યૌવનના નક્કર આશાવાદનો સુભગ સમન્વય ધરાવતા હશે. વ્યવહાર અને વર્તનમાં સૌમ્ય ને સૌજન્યશીલ તથા કાર્ય કરવામાં સ્ફુર્તિલા શ્રી પ્રવીણભાઇ સમક્ષ હજુયે વધુ ને વધુ ઉજળું ભાવિ પથરાયેલું પડ્યું છે.

## શેઠશ્રી હરજીવનદાસ વિઠ્ઠલદાસ

સમાજ અને રાષ્ટ્રની મૂક સેવા કાજે સંપત્તિની સરિતાને વહેવડાવી સમાજમાં જ્ઞાન, માન અને ગૌરવવંત સ્થાન પ્રાપ્ત કરનાર શેઠશ્રી હરજીવનદાસ વિઠ્ઠલદાસ બારદાનવાળાનો જન્મ ફલાણાનિવાસી શેઠશ્રી વિઠ્ઠલદાસ ધનજીભાઇને ત્યાં જામનગર મુકામે ધર્મપ્રેમી સંસ્કારી, માતુશ્રી રતનબાઇના કૂંખે વિ. સં. ૧૯૬૮માં થયો હતો. નાના પાયાના ઉદ્યોગથી જીવનની શરૂઆત કરી આજે ગુજરાતના અગ્રગણ્ય ઉદ્યોગપતિનું સ્થાન પ્રાપ્ત કરેલ છે, જે સાહસિક વૃત્તિ, ધંધાની કુનેહ અને પ્રમાણિકતાના ત્રિવેણી સંગમનું પરિણામ છે.

જામનગરમાં વેપારીઓનું સંગઠન કરી સીડઝ એન્ડ ગ્રેઇન મરચન્ટ એસોસીએશન, શીંગદાણાના વાયદા માટે રીંગ, ખોળના વાયદા માટે ઓઇલ કેક એસોસીએશન મરચન્ટ ઉપરાંત બીજી અનેક નાની મોટી સંસ્થાઓ સ્થાપવામાં મહત્વનો ભાગ ભજવ્યો છે. ઉપરાંત ધી બેંક ઓફ ઇન્ડીયા લી. જામનગરની સ્થાનિક કમિટિના ચેરમેન પદે રહીને બેંકને વિરાટ સ્વરૂપ આપ્યું છે ઉપરાંત અનેક પેઢીઓમાં (કંપનીમાં) ડાયરેકટર પદે રહીને જામનગરના નવનિર્માણમાં મહત્વનો ફાળો આપ્યો છે.

શ્રી જામનગર પાંજરાપોળ, શ્રી આણંદબાવા અનાથ આશ્રમ, લાયન્સ કલબ ઉપરાંત અનેક સામાજીક સંસ્થાઓને નવચેતન આપી સર્વાંગી વિકાસમાં આપનો અમૂલ્ય ફાળો સંસ્થાઓના સહભાગે સાંપડી રહ્યો છે.

તેમના પૂ. પિતાશ્રી શેઠશ્રી વિઠ્ઠલદાસ ધનજીભાઈ બારદાનવાળાની કાયમી સ્મૃતિ જળવાઈ રહે તેવા ઉદ્દેશથી " શેઠશ્રી વિઠ્ઠલદાસ ધનજીભાઇ બારદાનવાળા ચેરીટી ટ્રસ્ટ " રૂપી પરબની સ્થાપના કરી છે. આ પરબમાંથી સમાજના દરેક વર્ગ નીર પીને પોતાના જીવનનો સર્વાંગી વિકાસ સાધી રહ્યા છે, શેઠશ્રી વિઠ્ઠલદાસ ધનજીભાઈ બાલમંદિર, દવાખાનું, રતનબાઇ કન્યા વિદ્યાલયની સ્થાપના કરી છે. ઉપરાંત ડી સી. સી. હાઇસ્કૂલ, કોમર્સ એન્ડ લો કોલેજની સ્થાપના કરવામાં આપશ્રીએ સક્રિય ભાગ ભજવ્યો છે.

અ. સૌ. લીલાવંતીબ્હેન બારદાનવાળાએ આપના દરેક કાર્યમાં સાથ, સહકાર આપીને બારદાનવાળા કુટુંબના નામને જામનગરના ઇતિહાસમાં સુવર્ણ અક્ષરે મુકેલ છે.

## સ્વ. શ્રી ફુલચંદ પરશોતમ તંબોલી

ધર્માનુરાગ અને સેવાભાવનાથી જેમનું જીવન ઉજ્જવળ હતું. જૈન સમાજને અને બીજી અનેક સામાજિક સંસ્થાઓને જેમની સેવાનો લાભ અહર્નિશ મળતો રહેતો. ગુજરાતભરમાં સુપ્રસિદ્ધ ઉદ્યોગપતિ અને જાણીતા દાનવીર આગેવાન તરીકે યશકલગી પ્રાપ્ત કરનાર શેઠશ્રી ફુલચંદભાઇ તંબોલીનો ઇ. સ. ૧૮૯૯માં જામનગર જિલ્લાના જામવણથલી મુકામે એક જૈન સુખી ગૃહસ્થને ત્યાં જન્મ થયો.

તેમના જન્મ પછી પિતાની આર્થિક સ્થિતિ નબળી બનતી ગઇ. ઉચ્ચ અભ્યાસ કરવાની બુદ્ધિ હતી, તમન્ના હતી પણ વિદ્યા ઉપાર્જન કરવાને બદલે અર્થઉપાર્જન કરવાની હાકલ કરતી હતી નાની વયમાં જ કૌટુંબિક જવાબદારીઓ પોતાને શીરે આવી પડી. ચૌદ વર્ષની નાની ઉંમરે કલકત્તા ગયાં અને એક વાસણના વેપારીને ત્યાં નોકરીથી ધંધાકીય જીવનની શરૂઆત કરી. નોકરીની શરૂઆત વખતે ભાવીનું નિર્માણ કોઇએ જાણ્યું ન્હોતુ પણ આગળ

જતાં ખંત, નિષ્ઠા અને કુનેહથી માત્ર બે વર્ષના ટૂંકા ગાળામાં એજ વ્યાપારી પેઢીમાં ભાગીદાર બન્યા; અને પોતાની વીશ વર્ષની ઉંમરે ધંધાની સૂઝને કારણે પેઢીનો તમામ વહીવટ પોતે સંભાળ્યો.

ઉદ્યોગના સંચાલનની કાર્યલિયતે વેપારી જગતમાં તેઓ ઘણું મોટું માન અને આદર પામ્યા.

વેપારમાં સાહસિકતા અને ઉદારતાના ગુણોએ તેઓ દિન–પ્રતિદિન પ્રગતિ કરતા ગયાં અને ૨૭ વર્ષની ઉંમરે જ કલકત્તામાં તેમણે **ભારત એલ્યુમીનીયમ વર્કસ** નામનું વાસણનું કારખાનું સ્થાપ્યું અને વેપારી આલમમાં નામના મેળવી.

સૌરાષ્ટ્રમાં પણ આ ધંધાની સારી તકો દેખાતા, અઢાર વર્ષના કલકત્તાના વસવાટ પછી, સૌરાષ્ટ્રમાં આવીને અહીં પણ ઔદ્યોગિક એકમોના મંડાણ શરૂ કર્યા.

પોતાની ૭૩ વર્ષની ઉંમરે સને ૧૯૩૨માં રાજકોટમાં **ધી જ મેટલ વર્કસ**ના નામથી ગુજરાતભરમાં સૌ પ્રથમ પીત્તળના વાસણ બનાવવાનું કારખાનું સ્થાપ્યું અને ૨૭ વર્ષ સુધી તેનું સંચાલન કર્યું. ઔદ્યોગિક ક્ષેત્રે બીજી ઘણી આઇટમો તેમણે ઉભી કરી. ભારતભરમાં ચાંદીના વેપારમાં પણ તેમણે ઘણી મોટી નામના મેળવી હતી

સાહસિકતા અને ઉદારતા તેમના લોહીમાં રગેરગમાં વણાઇ ગયેલા.

વ્યાપાર ઉદ્યોગની નિપુણતાની સાથે સાથે શ્રી કુલચંદભાઇમાં સમાજસેવાની ધગશ પણ નાનપણથીજ જાગી હતી. સમાજનો વિકાસ સાધી શકે એવા પ્રગતિશીલ વિચારોને સમજવા તથા અપનાવવા તેઓ હમેશાં પ્રયત્નશીલ રહેતા; અને તેથી જ તેઓએ જામનગર મ્યુનિસિપાલીટીમાં પ્રમુખ તરીકે એકધારી ૭ વર્ષ સુધી સેવા આપી હતી.

સૌરાષ્ટ્ર વિધાનસભા અને મુંબઇ–વિધાનસભાના કોંગ્રેસી ધારાસભ્ય તરીકે પણ સારૂં એવું કામ કર્યું હતું. ઉપરાંત નવાનગર ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ તરીકે અને સૌરાષ્ટ્રની અનેકવિધ સંસ્થાઓના અગ્રણી તરીકે રહીને સારી એવી હુંફ આપી હતી.

સ્વ. ના ઉદાર અને દાનેશ્વરી સ્વભાવથી ભારતની તમામ ગુજરાતી પ્રજામાં તેઓ લોકપ્રિય બન્યા હતા. જૈન સમાજમાં દાનેશ્વરી દષ્ટાંત તરીકે મુનિવર્યો અને મહાત્માઓ તેમને દાખલો આપતા હતા.

દાન–ધર્મ, ચારિત્ર્ય અને સાહસિકતના વિશિષ્ઠ ગુણોથી તેઓ સમાજના દરેક ક્ષેત્રમાં એક પ્રતિભાશાળી વ્યક્તિ તરીકે આગળ આવ્યા હતા.

જામનગર કોંગ્રેસનો ગઢ એકધારો વીશ વર્ષ સુધી અજય રાખવામાં તેમનો અગ્રગણ્ય ફાળો રહ્યો છે. આવા આ કર્મવીર ૭૧ વર્ષની ઉંમરે તા. ૧૩–૧૦–૬૯ ના રોજ સ્વર્ગવાસી થયાં. જામનગરની પ્રજાએ તેમને આપેલી અંજલી તેમના જ્વલંત વિજયનો પુરાવો છે.

## શ્રી ત્રીભોવનદાસ દુર્લભજી પારેખ

શ્રી ત્રીભોવનભાઈ ( પપ્પુભાઇ ) ભાવનગરના વતની છે. ઉચ્ચ શિક્ષણ નહિ લીધું હોવા છતાં ઉચ્ચ શિક્ષણપ્રેમી છે. માતા–પિતાના ધર્મ, વિવેક અને વ્યવહારકુશળતાના સંસ્કારના સીંચનથી પ્રભુભક્તિ, ગુરૂભક્તિ, કુટુંબભક્તિ અને વ્યવહારકુશળતાના તેમના જીવનમાં જે દર્શન થાય છે તે અનુકરણીય અને અભિનંદનીય છે.

વડીલબંધુ સ્વ. ચુનીભાઇએ ભાવનગરમાં ટી. સી. બ્રધર્સને નામે લોખંડ, પાઇપ, રંગ વિગેરે ધંધાની દુકાન સ્થાપી–જમાવી જેને તેમણે વિશાળ પાયા ઉપર મૂકી, વેરાવળ–મહુવા–મુંબઇ વિગેરે સ્થળે શાખાઓ સ્થાપી વ્યાપારીક્ષેત્રે અગ્રગણ્ય-નિષ્ઠાવાન વ્યાપારી તરીકે કીર્તિ સંપાદન કરી છે, તે આપની કાર્યદક્ષતા બતાવે છે.

અજારા તીર્થમાં ભોજનશાળા સ્થાપી સંગીન પાયા પર મૂકી આપી જે યાત્રાળુઓને ઉપયોગી બની છે, તેનો યશ તેમને અને તેમના કુટુંબીજનોને ફાળે જાય છે અને તે તેની ધર્મભાવના બતાવે છે. તદુપરાંત વર્ષોથી શ્રી સિદ્ધક્ષેત્ર જૈન બાળાશ્રમ–પાલીતાણા અને ભાવનગરના શ્રી ગોડીજી પાર્શ્વનાથ જૈન દેરાસરની કમિટીમાં રહીને આપી રહ્યા છે

તેમના વડીલબંધુ સ્વ. ચુનીભાઇએ તથા આપશ્રીએ જીવનપર્યંત અનેક સંસ્થાઓ હૃદયમાં સ્થાપી પ્રેરણા, માર્ગદર્શન અને કિંમતી સહાય આપી છે. જેની હૃદયના ભાવપૂર્વક નોંધ લેતા આનંદ થાય છે. તેમના કુટુંબીજનોનો ધર્મ તેમજ સમાજની પ્રવૃત્તિમાં પ્રેરણાદાયક ફાળો હમેશાં રહેતો આવ્યો છે. આપીને છુટી જવું–કર્તવ્ય પરાયણ રહેવું એવા સદ્દગુણોથી ભરેલું તેમનું જીવન છે. વિવેક, અતિથિસત્કાર, સાધર્મિકભક્તિ, સૌજન્યતા, વ્યવહારકુશળતા, સાદાઈ અને ધર્મપરાયણતાના સદ્દગુણોના આપના જીવનમાં દર્શન થાય છે, તે ખરેખર પ્રશંસનીય છે.

વડીલ બંધુના સુપુત્રો-તેમના સુપુત્રો અને કુટુંબીજનો વડીલોના પંથે ચાલી સમાજ–ધર્મ–વ્યાપાર ક્ષેત્રે જે સૌરભ પ્રસરાવી રહ્યા છે તે વડીલોના સંસ્કાર અને પુણ્યાઇની પ્રતીતિ છે.

આવા સૌના પ્રણેતા–વડીલ નાયક ભાવનાભરેલા શ્રી ત્રીભોવનદાસ દુર્લભજી પારેખ આપણું ગૌરવ છે.

## શ્રી લક્ષ્મીચંદ દુલ્લભજી શાહ

સહૃદયી, વિનમ્ર અને પરોપકારીવૃત્તી ધરાવતી એક સૌજન્યમૂર્તિ સમા શ્રી લક્ષ્મીચંદભાઈ ધાર્મિક, શૈક્ષણિક, સાંસ્કૃતિક અને સામાજીક ક્ષેત્રે તન, મન અને ધનથી પોતાની સેવાઓ ઘણા વર્ષોથી આપતા રહ્યા છે. ઉચ્ચ કેળવણીક્ષેત્રે સૌરાષ્ટ્રમાં શ્રી મહાવીર જૈન વિદ્યાલયની ભાવનગરમાં શાખા ખોલવા માટે તેમણે સફળતા મેળવી છે. તેમના બંધુ સ્વ. મણિલાલ દુલ્લભજી શાહના સ્મરણાર્થે શ્રીમતી જયાબેન મણીલાલ તથા તેમના પુત્ર શ્રી શીરીષભાઇએ રૂા. ૧૨૫૦૦૦ (સવાલાખ) અને શ્રી લક્ષ્મીચંદભાઇએ રૂા. ૫૧૦૦૦ નું દાન આપેલ છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયના બીલ્ડીંગનું બાંધકામ અત્યારે શરૂ થઇ ગયું છે.

આ ઉપરાંત તેઓશ્રીના પૂજ્ય પિતાશ્રીના સ્મરણાર્થે શ્રી આણંદજી પુરશોતમ જૈન સાર્વજનિક દવાખાનામાં શ્રી દુલ્લભજી મૂળચંદ પેથેલોજી વિભાગ ચાલે છે અને તે અંગે પણ તેમણે સારી એવી રકમનું દાન આપેલ છે.

તેઓશ્રી ધાર્મીક, શૈક્ષણિક અને સામાજીક ક્ષેત્રે નીચેની

સંસ્થાઓ સાથે ગાઢ રીતે સંકળાયેલા છે.

શ્રી ગોધારી જૈન મિત્ર મંડળના ઉપપ્રમુખ છે.

શ્રી તાલધ્વજ જૈન વિદ્યાર્થીગૃહમાં ટ્રસ્ટી તરીકે સેવા આપે છે.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયની કાર્યવાહક સમીતીના સભ્ય છે.

શ્રી ગોડીજી જૈન દેરાસર (મુંબઇ)ના છેલ્લા ૧૮ વર્ષથી ટ્રસ્ટી છે અને તેમાં તેમણે ૧૪ વર્ષ મેનેજીંગ ટ્રસ્ટી તરીકે સેવા આપી છે.

શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સના એકઝીકયુટીવ કમીટીના સભ્યપદે છે.

શ્રી લક્ષ્મીચંદભાઇ મુંબઇ સીલ્ક મરચન્ટસ એસોસીએશનના મંત્રીપદે છેલ્લા ૨ વર્ષ રહી પોતાની ધંધાકીય આવડત અને જ્ઞાનનો લાભ આપી રહ્યા છે. તેઓ ઉદ્યોગપતિ હોઇ વ્યાપારી-ક્ષેત્રે પણ તેઓએ સારી એવી પ્રતિષ્ઠા અને કીર્તિ સંપાદન કરી છે. ધંધાના વિકાસ અર્થે હજુ બે વરસ પહેલા જ વિદેશની મુસાફરી કરી ઉપયોગી માહિતી અને અનુભવ લઈ આવ્યા છે

સામાજીક ક્ષેત્રે પણ તેઓ પોતાની સેવા અર્પવામાં આગળ રહ્યા છે.

ભાવનગરમાં શ્રી નાનુભાઈ ઝવેરી મેમોરીયલ લાયન્સ પોલી-કલીનીકમાં રૂા. ૦૦૦૦નું દાન આપવાની જાહેરાત થોડા સમય પહેલા જ કરેલ છે.

માયાળુ મીલનસાર અને લાગણીપ્રધાન સ્વભાવ ધરાવતા શ્રી લક્ષ્મીચંદભાઈ ગમેતેનું પણ યથાશકિત કામ કરી આપવાની ભાવનાવાળા છે

કેળવણીક્ષેત્રે તેમનું મન ખુબ જ ઉદાર જોવા મળે છે.

મધ્યમ અને સીઝાતાવર્ગ માટે તેમના અંતરનો ખુણો કાયમ માટે કોમળ હોય છે.

સેવાનું ક્ષેત્ર તેમની અત્યારની બહુ જ તંદુરસ્તી ન કહી શકાય તેવી તબીયતે પણ તેમણે જે જાળવ્યું છે એ એમની સેવા-ભાવના પુરવાર કરી જાય છે.

## શ્રી જયંતભાઈ માવજીભાઈ શાહ

પરિશ્રમ અને પુરૂષાર્થને બળે નિરંતર આગળ ધપનારા કેટલાંક વિરલાઓની સમાજને જે ભેટ મળી છે તેમાં શ્રી જયંતભાઇને ગણી શકાય. સાધારણ પરિવારમાં જન્મ લઇ શ્રી જયંતભાઇ આપબળે પોતાને મળેલા ટાંચા સાધનોનો સંપૂર્ણપણે સદુપયોગ કરી શિક્ષણને ક્ષેત્રે આગળ વધ્યા. દિવસના વીસ વીસ કલાક જેટલો પરિશ્રમ કરી શ્રેષ્ઠ ગુણો સાથે ૧૯૫૨માં બી. કોમ.ની પદવી પ્રાપ્ત કરી. જીવનમાં કાંઇક કરી છુટવાની તમન્નાવાળા શ્રી જયંતભાઇ ૧૯૫૫માં સી. એ. થયા અને મુંબઇમાં કાલબાદેવી રોડ ઉપર જયંત એમ શાહ નામની કાં. શરૂ કરી.

બાલ્યકાળથી જ ધર્મપરાયણ કુટુંબના ઉચ્ચ સંસ્કારો તેમને વારસામાં મળેલા એટલે કેળવણી અને ધાર્મિક પ્રવૃત્તિઓ તરફ છેક બચપણથી ખેંચાયા. એક સજ્જન પુરૂષમાં હોવા જોઇતા સદ્‌-ગુણોનો તેઓશ્રીમાં સંપૂર્ણપણે સમન્વય થયેલો છે. માતાપિતાના ઉચ્ચતમ સંસ્કારોની પ્રાપ્તિ તથા પોતાની સહૃદયતા દ્વારા સમાજ-કલ્યાણ અર્થે તેઓશ્રી હમેશાં દાનનો પ્રવાહ સતતપણે વહેવડાવતા જ રહ્યા છે.

તેમના નેતૃત્વ હેઠળ કેળવણીના અનેક કેન્દ્રો વિકસતા રહ્યા છે. એમના માર્ગદર્શન અને રાહબાર હેઠળ ઘણી સંસ્થાઓ, સામા-જિક અને ધાર્મિક ટ્રસ્ટો પ્રગતિને પંથે પ્રયાણ કરી રહ્યા છે. ઓડીટર તરીકેનું તેમનું સફળ સંચાલન ખરેખર તેમના નામને યશનામી કરે છે.

જૈન સમાજમાં તથા વ્યાપારી જગતમાં તેઓશ્રી એક જાણીતી વ્યકિત છે. સ્વ પિતાશ્રીની પુણ્યસ્મૃતિમાં રૂા. ૨૫૦૦૦ જેટલી વિપુલ ધનરાશિ શ્રી મહાવીર જૈન વિદ્યાલયને આર્થિક સંકડામણ અનુભવતા વિદ્યાર્થીઓ માટે અર્પણ કરી. ઉપરાંત, બાબુ પન્નાલાલ જૈન હાઇસ્કુલ તેમજ અન્ય કેળવણીની સંસ્થાઓમાં પણ દાનથી જ્ઞાનપરબ ખોલી.

તેમ જ શત્રુંજય ડેમ ઉપર પિતાશ્રીની યાદગીરીમાં જૈન ઉપા-શ્રય બંધાવી પિતાના ધાર્મિક વારસાનો સુંદર પરિચય આપ્યો. કેટલીએ સંસ્થાઓમાં માનનિય ઓડીટરની સેવાઓ આપીને ઘણા ધાર્મિક ટ્રસ્ટોનું સફળ સંચાલન કરીને તથા અન્ય સામાજિક પ્રવૃત્તિઓ કરીને સમાજના વિકાસ ક્ષેત્રે પણ તેમણે સુંદર ફાળો નોંધાવ્યો છે. આમ ઉમદા પ્રકૃતિના શિક્ષણ પ્રેમી, બાહોશ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ અને આજીવન સેવાપરાયણ અને ઉદાર દિલના મહાનુભાવી શ્રી જયંતભાઇ શાહ ખરે જ ગુજરાતનું ગૌરવ છે.

## શ્રી હીરાલાલ જુઠાભાઈ શાહ

સામાજીક, ધાર્મિક અને કેળવણી ક્ષેત્રે પોતાની શક્તિનો પુરેપુરો ભોગ આપવાની શુભ ભાવના જેમનામાં ભરપુર જોવા મળે છે તે શ્રી હીરાલાલ જુઠાલાલ શાહ, જેઓશ્રી છેલ્લા ૨૧ વર્ષથી સેવાના ક્ષેત્રને "Its a Labour of Love" માને છે.

તેમની કાર્ય કરવાની આગવી રીતથી કોઇપણ વ્યક્તી પ્રભાવીત થાય છે. જે કાર્યને હાથ ઉપર લીધુ હોય તેને ખુબજ વ્યવસ્થીત રીતે પાર પાડે. આ કાર્યશક્તિ મેળવવી તે કુદરતની કોઈ અદશ્ય શક્તિની સહાય સીવાય બની ન શકે, જે તેમને પ્રાપ્ત થઇ છે.

સમાજના મધ્યમવર્ગ પ્રત્યે તેમનામાં હંમેશ માટે ઊંડી હમ-દર્દી અને સહાનુભુતિના દર્શન થાય છે. કેળવણી તરફનું તેમનું દષ્ટીબીંદુ અજબ છે અને તેને સાકાર બનાવવા માટે અથાગ પ્રયત્નો કરી છુટે છે. તેમના જીવનમાં ધમ પ્રત્યેની ભાવના અનોખી રીતે ગુંથાયેલી છે. તેમણે ધર્મના ઘણા પ્રસંગો હોંશભેર અને ભવ્ય રીતે ઉજવ્યા છે. જેવા કે શ્રી ગોડીજી પાર્શ્વ જૈન દેરાસર–ભાવનગરમાં પ્રભુજી પ્રતિષ્ઠા મહોત્સવ, સકળ સંઘને સ્વામીવાત્સલ્ય તેમજ બીજા અનેક પ્રસંગો ગણાવી શકાય. શ્રી ગોધારી જૈન મિત્ર મંડળ-મુંબઈ તરફથી સમેતશીખરજીના અને ગુજરાત–કચ્છના યાત્રાપ્રવાસો તેમની આગેવાની નીચે થયા છે. તેમના ધર્મપતિન પ્રસન્નબેન પણ એટલા જ ધર્મપ્રેમી છે. તેઓની તપસ્યાની નોંધ અપ્રતિમ છે.

શ્રીયુત હીરાલાલભાઇ ધાર્મિક અને સામાજીક ક્ષેત્રે નીચેની સંસ્થાઓ સાથે સંકળાયેલ છે.

શ્રી અગાશી જૈન દેરાસર તથા શ્રી આત્મ–કમલ–લબ્ધીસૂરીશ્વરજી જૈન મંદીર ટ્રસ્ટના મેનેજીંગ ટ્રસ્ટીપદે છે. શ્રી ગોઘારી જૈન મિત્ર-મંડળના પ્રમુખ છે. શ્રી આત્મજ્ઞાન પ્રસારક મંડળના મંત્રીપદે છે. શ્રી ધાર્મીક જૈન શિક્ષણ સંઘ તથા શ્રી જૈન સેવા સંઘના ખજાનચી પદે છે. શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સની કારોબારીના સભ્યપદે છે. શ્રી જૈન ઉદ્યોગગૃહના પણ કારોબારીના સભ્ય છે. સામાજીક, ધાર્મિક, શૈક્ષણીક ક્ષેત્રે તેઓએ આપેલી સેવા સૌ કોઈના અંદર અને પ્રશંસ ને પાત્ર છે.

# શ્રી ઇસ્હાકભાઈ અબ્બાસભાઈ

સર ફીરોજશાહ મહેતા અને શ્રી વિઠ્ઠલભાઇ પટેલના આસન પર આરૂઢ થવાનું માન મળ્યું છે એવા મુંબઇના માજીમેયર શ્રી ઇસ્હાકભાઇ અબ્બાસભાઈ બંદુકવાલા J. P. ખેડા જિલ્લામાં આવેલ કપડવંજમાં ૧૯૦૬માં જન્મ્યા છે, પણ તેમણે કર્તવ્યભૂમિ મુંબઇ બનાવી છે. ૧૮ વર્ષની વયે બાપીકા ધંધામાં જોડાયા પછી આજે પણ "ઇંડિયા આર્મ્સ" નામની પેઢીનું સંચાલન કરતાં કરતાં સમાજની અને દેશની કોંગ્રેસની અને મુંબઈ શહેરની સેવા કરી રહ્યા છે.

૧૯૩૦ના સત્યાગ્રહથી તેમનું જાહેરજીવન શરૂ થયું છે. પંડિત મદનમોહન માલવિયાની આગેવાની તળેના સરઘસમાં એક ટૂકડી સાથે તેઓ જોડાયા હતા. પછી તો સીવીક ગાર્ડના સાર્જન્ટ તરીકે અને ૧૯૪૬માં હોમગાર્ડના પ્લેટૂન કમાન્ડર તરીકે કામ કર્યું હતું. ૧૯૪૪ની મુંબઇની ગોદીની આગ અને ૧૯૫૮ની ધોધારી મહોલ્લાની આગ વખતે તેમને શેરીફ સીટીઝન રીલીફ કમિટીમાં લેવામાં આવ્યા હતા.

આ સિવાય તેઓએ રેશનિંગ એડવાયઝરી કમિટિ, વેસ્ટર્ન રેલ્વે લોકલ એડવાયઝરી બોર્ડ, ફુડ એડવાયઝરી કમિટી, દારૂબંધી કમિટી, સમાજ કલ્યાણકેન્દ્ર, કન્ઝયુમર્સ સોસાયટી જેવી અનેક સરકારી અને અર્ધ સરકારી સંસ્થાઓમાં અગત્યની સેવા આપી છે. તેઓ શિક્ષણમાં પણ ઊંડી દીલચસ્પી ધરાવે છે. તેના કારણે સૈફી હાઇસ્કૂલ, શાંતાકુઝ વહોરા બોર્ડિંગ તાહેર સ્કોલરશીપ, કુંભારવાડા મોંટેસોરી સ્કૂલ યંગલેડીઝ હાઇસ્કૂલ અને બોમ્બે ગર્લ્સ હાઇસ્કૂલ જેવી અનેક શિક્ષણ સંસ્થાની સ્થાપનામાં અને સંચાલનમાં તેમનો વિશિષ્ટ ફાળો રહ્યો છે.

તેઓ જમિયતે ઉલેમાએ હિંદની મહારાષ્ટ્ર શાખાના કારોબારીના સભ્ય છે, તેમ તેઓએ પોર્ટ હજ કમિટિનું ઉપપ્રમુખપદ શોભાવ્યું છે. તે કમિટિ તરફથી હાજીઓની સ્થિતિનો અભ્યાસ કરવા તેઓ ડેપ્યુટેશનમાં પણ ગયા હતા આ સિવાય તેઓએ ઇરાક, ઇરાન, બરમા અને યુરોપની મુસાફરી કરી વિશાળ અનુભવ મેળવ્યો છે.

અનેક સંસ્થા અને કલબો સાથે જોડાયેલ શ્રી ઇસ્હાકભાઇની પ્રવૃત્તિ બહુમુખી રહી છે. તેઓની સેવા, ધગશ, પ્રામાણિકતા અને ન્યાયપ્રિયતાના કારણે મુંબઈ સરકારે ૧૯૫૩માં J. P. બનાવીને તેમ જ જેલના ઓનરરી વીઝીટર બનાવીને બહુમાન કર્યું છે. તેમજ વહોરા કોમના વડામુલ્લાજીએ તેમની સેવાને ધ્યાનમાં લઇ M.K.D. નામનો માનવંતો ઇલકાબ આપ્યો છે.

તેઓએ માંડવી તાલુકા કોંગ્રેસ અને સી. વોર્ડ જિલ્લા કોંગ્રેસના મંત્રી તરીકે, બી. પી. સી. સી.ના સભ્ય અને કારોબારીના મેમ્બર તરીકે બહુમુલ્ય સેવાઓ આપી છે. તેના કારણે જ તેઓ ૧૯૫૦માં મુંબઈ ધારાસભામાં અને ૧૯૫૭ તેમ જ ૧૯૬૧માં બોમ્બે મ્યુ. કોર્પોરેશનમાં ચુંટાઈ આવ્યા હતા અને ૧૯૬૩માં મુંબઇના મેયર તરીકે જંગી બહુમતીથી ચુંટાઈ આવવા સદ્ભાગી નીવડ્યા હતા. લઘુમતી કોમના માટે પ્રેરણારૂપ બની શકે તેવી તેમની પ્રવૃત્તિ અને પ્રગતિ માટે ગૌરવ લઇ શકાય તેમ છે.

# શેઠ શ્રી અમૃતલાલ છગનલાલ

શેઠશ્રી અમૃતલાલ છગનલાલ એક સેવાભાવી, કેળવણીપ્રિય અને ધર્મપ્રેમી સદ્ગૃહસ્થ હતા. તેમનો જન્મ સં: ૧૯૪૫માં ભાવનગરમાં થયો હતો. નાનપણમાં માતાપિતાના અવસાનથી કુટુંબની વ્યવસ્થાનો ભાર તેમની ઉપર આવી પડ્યો હતો. શરૂઆતમાં તેઓ અનાજના વેપારમાં જોડાયા; પછી થોડોક સમય સોનાચાંદીનો વેપારી કર્યો. પણ ત્યારબાદ બંને વ્યવસાય છોડી પોતાની મિલકત તથા જાગીરની વ્યવસ્થા અને સંચાલન ઉપર જ ધ્યાન આપવા માંડ્યું.

નાનપણથી તેમનામાં પોતાની સુખડીઆ જ્ઞાતિની સેવા કરવાની ઉત્કટ ભાવના હતી. પંદર વર્ષની નાની ઉમરથી જ જ્ઞાતિની ઉન્નતિમાં રસ લેવાનું શરૂ કર્યું અને અંતકાળ સુધી તેમણે જ્ઞાતિની સેવા બજાવી જ્ઞાતિના જુદા જુદા થોળોને એકત્ર કર્યા અને પાઇફંડની યોજના કરી. બાળકોની કેળવણી માટે વિદ્યાર્થીગૃહ શરૂ કર્યું. દરેક દુકાનદાર દરરોજ પોતાના વકરાના દરેક રૂપિયા દીઠ એક પાઈ આ ફંડમાં આપે તેવી યોજના કરી. પાઇફંડને સમૃદ્ધ કર્યું અને તે ફંડ જ્ઞાતિના વિદ્યાર્થીગૃહ માટે વાપરી તે સંસ્થાને સદ્ધર બનાવી. પોતે પણ સારી એવી રકમો કોઇપણ જાતની શરત વિના જ્ઞાતિને દાનમાં આપી અને બીજાને તેમ કરવા પ્રેર્યા. બીજાઓએ પણ આ પ્રેરણા ઝીલી સારી સખાવતો જ્ઞાતિને કરી. આ રીતે તેમણે જ્ઞાતિના ઉદ્ધારમાં મહાન ફાળો આપ્યો હતો. અને કૃતજ્ઞ જ્ઞાતિએ પણ તેમની સેવાઓની કદર કરી પાઇફંડ અને વિદ્યાર્થીગૃહને શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી સુખડીઆ અમૃત પાઈફંડ અને શ્રી સૌરાષ્ટ્ર દશાશ્રીમાળી સુખડીઆ સમૃત–અમૃત વિદ્યાર્થીગૃહ એવાં નામો આપી તેમની યાદગીરી હંમેશને માટે કાયમ કરી છે. વળી તેમને જ્ઞાતિએ બાપુજી એવું બિરુદ આપી તેમની તરફની પોતાની આત્મીયતા વ્યક્ત કરી છે.

પોતાની જ્ઞાતિની સેવા માટે જેવી ઉત્કટ ભાવના તેમનામાં હતી, તેવી જ ઉત્કટ ભાવના સમાજની સેવા માટે પણ હતી. ભાવનગરની ખ્યાતનામ અને જુની શ્રી આત્માનંદ જૈન સભા તરફ તેમને અનહદ પ્રેમ હતો. નાની ઉમરથી જ તેઓ આ સભા તરફ આકર્ષાયાં હતા, અને લાઇબ્રેરીઅન તરીકે સેવા બજાવવી શરૂ કરી હતી. તેમની સેવાભાવના જોઇને સં. ૧૯૯૨ માં તેમને સભાના ટ્રેજરર બનાવવામાં આવ્યા. અને એ પદ ઉપર સોળ વર્ષ જેટલા લાંબા સમય સુધી રહી સભાને આર્થિક રીતે સદ્ધર બનાવવાની યશસ્વી કામગીરી બજાવી પોતાની તબિયત નાદુરસ્ત થતાં સં: ૨૦૦૮માં ટ્રેઝરરપદેથી નિવૃત્ત થયા પરંતુ ઠેઠ અવસાન સુધી સભાના દરેક કાર્યમાં તેઓ રસ લેતા.

શેઠશ્રી અમૃતલાલભાઇનો સં: ૨૦૧૭ના દ્વિતીય જેઠ શુદિ ૩ શુક્રવાર તારીખ ૧૬–૬–૧૯૬૧ ના રોજ સ્વર્ગવાસ થતાં સુખડીઆ

જ્ઞાતિને તેમ જ આત્માનંદ સભાને મોટી ખોટ પડી હતી. આ પ્રસંગે તેમની સેવાઓને યાદ કરી તેમને અંજલિ આપીએ છીએ. જુની પેઢીના તેજસ્વી મહનુભાવોમાં તેમની ગણના થાય છે.

# શેઠ શ્રી મોહમદઅલી અલ્લાબક્ષ

ગાધકડાના વતની મોહમદઅલી અલ્લાબક્ષના જીવનની શરૂઆત ગરીબ અવસ્થામાં થયેલ. તે મુંબઇ ગયા ત્યાં પહેલા વિશ્વવિગ્રહમાં તો તેઓ ધંધામાં ખૂબ જ પગભર થઇ ગયા. ધંધાના વિકાસ માટે યુરોપનાં અનેક રાષ્ટ્રોનો પ્રવાસ ખેડ્યો. પરિણામે લક્ષ્મીની કૃપા ઉત્તરોત્તર વધતી ગઈ.

ધનની સાથે અંગત સંબંધ વધારવામાં નિપૂણ એવા શેઠશ્રીએ સૌરાષ્ટ્ર અને પંજાબનાં દેશી રાજ્યો તથા મુંબઇનાં ગવર્નર સાથે વિશિષ્ટ સંબંધો બાંધ્યા–વિકસાવ્યા–જાળવ્યા. પરિણામે તેઓ જે.પી. અને ખાન બહાદુરનો ઇલ્કાબ પણ મેળવી શકયા રાજકરણનાં ક્ષેત્રમાં મુસ્લિમલીગનું સભ્યપદ એવા મુદ્દા ઉપર છોડ્યું કે, ' ભારતના ભાગલા તો ન જ પડવા જોઇએ. ' તેઓ પાકિસ્તાન થવાની વિરૂદ્ધમાં હતા. કોંગ્રેસમાં જોડાઈ બંને કોમમાં એકવાકયતા અને સહાનુભૂતિ જળવાઇ રહે, તેવા પ્રયત્નો પ્રથમથી તે આજ સુધી અવિરત ચાલુ રાખ્યા છે. તેમના પુત્રશ્રી તાહેરભાઇ મુસ્લિમલીગ ઉમેદવાર સામે મુંબઇની મ્યુનીસીપલ ચુંટણીમાં ઉભા રહ્યા હતા. અને પ્રચંડ બહુમતિથી કોંગ્રેસ ઉમેદવાર તરીકે ફતેહમંદ બન્યા હતા.

શ્રીશેઠે ધી બોમ્બે મર્કેન્ટાઇલ બેન્ક કો. ઓપરેટિવ સ્થાપી, તેને વિકસાવી અત્યારે નવ શાખામાં તેમને ફેલાવી છે. પ્રથમથી તે હાલ સુધી તેઓશ્રી તે બેન્કનાં ચેરમેન છે.

શ્રીશેઠે મુંબઇ ધારાસભામાં સભ્ય તરીકે સેવા આપી છે. મુંબઈમાં અવારનવાર થતાં કોમી રમખાણોમાં, સિંધુરેલ સંકટમાં, છપ્પનિયા દુષ્કાળમાં તથા ઇન્ફ્લુએન્ઝાનાં રોગચાળા વખતે તેમણે તન, મન અને ધનથી સેવા આપી છે.

ગાધકડામાં કેળવણી, લાયબ્રેરી, કન્યાકેળવણી તથા શાળાનું મકાન બનાવવામાં. નાશિક પોલિસ સેનેટરિયમમાં, અલીગઢ યુનિવર્સિટીમાં વગેરે અનેક કામોમાં, મૂંગા પશુઓનાં પિયાવાઓમાં આર્થિક મદદ આપી છે. ગોહિલવાડનાં એક ગામમાં જૈનધર્મની મૂર્તિઓ દેરાસરમાં મૂકાવી સર્વ ધર્મ સમભાવ બતાવ્યો છે.

સાવરકુંડલા અને જેસરમાં પચ્ચીશ પચ્ચીશ હજારનાં ખર્ચે મસ્જીદો તથા ગાધકડામાં બે હજારનાં ખર્ચે મદ્રેસા તૈયાર કરાવી આપ્યા. તેમનાં ધર્મગુરુએ ' નાસરો દાવતિઅલ હક 'નો ઇલ્કાબ આપ્યો છે. વહોરા જ્ઞાતિ માટે પણ ખૂબ જ મદદગાર બન્યા છે.

# શ્રી ગભરૂભાઈ જીવાભાઇ ઓઝા

ગુજરાત, સૌરાષ્ટ્ર તેમજ મુંબઇ શહેરની સામાજિક, રાષ્ટ્રીય, શૈક્ષણિક તેમજ વ્યાપારીક પ્રવૃત્તિઓમાં પોતાનો અમુલ્ય ફાળો પ્રદાન કરી મુંબઈનાં ગુજરાતી સમાજમાં આપબળે આગળ વધેલી જે અગ્રગણ્ય વ્યક્તિઓએ લોકનજરમાં માનભર્યું સ્થાન મેળવ્યું છે, તેમાં શ્રી ગભરૂભાઇ ઓઝાનું સ્થાન પ્રથમ હરોળમાં નિઃસંકોચ મૂકી શકાય.

સોરઠનાં એક નાનકડા ગામડામાં મોટા થઈ ઉગતી જુવાનીમાં મુંબઈ જઇને પોતાની કુશાગ્ર બુદ્ધિથી સ્વબળે આગળ વધીને વ્યાપારી અને સામાજીક ક્ષેત્રે અપાર કીર્તિ અને સર્વનો પ્રેમ પ્રાપ્ત કરનાર શ્રી ગભરૂભાઇ જીવાભાઇ ઓઝાનું જીવન અદના આદમીમાંથી ઉત્તમ કોટીના વેપારી તેમજ નાગરિક બનવાની અખુટ શક્તિને આદર્શ નમુનો પુરો પાડે છે. સૌરાષ્ટ્રના ઉના પાસે આવેલ બેડીયા ગામમાં સંવત ૧૯૫૪માં જન્મેલા શ્રી ગભરૂભાઇએ માત્ર છ ગુજરાતી સુધીનો અભ્યાસ કર્યો. શરૂઆતમાં પિતાના ખેતીના ધંધામાં થોડો સમય વિતાવી તેઓ ૨૧ વર્ષની ઉંમરે મુંબઇ ગયા.

આ પુરૂષાર્થી વ્યક્તિએ થોડાં વર્ષ નોકરી કરી હતી. પણ આ થોડાં વર્ષનાં ગાળામાં તેણે ધંધાની રગ પકડી લીધી. જોતજોતામાં મુંબઇની મશહુર અને ખૂબજ પ્રતિષ્ઠિત "રાવસાહેબ તાલા રવજી"ની પેઢીમાં ભાગીદાર બન્યા. આ પેઢીની લગામ હાથમાં લીધા બાદ તેમણે વ્યાપાર વિકસાવ્યો અને આ પેઢીએ દેશભરમાં ખ્યાતિ પ્રાપ્ત કરી. ધંધાકીય ક્ષેત્રે તેમની આ મહાન સિદ્ધિ હતી વ્યાપારમાં રચ્યાપચ્યા રહેતા હોવા છતાં તેમનો સેવાભાવી આત્મા સામાજિક, ધાર્મિક અને રાષ્ટ્રીય ક્ષેત્રે કંઇક કરી છુટવા મથતો હતો.

તેમણે સૌરાષ્ટ્ર અને મુંબઇની અનેક સંસ્થાઓને આજસુધીમાં વિવિધ સેવાઓ આપી છે અને હજુ આપતાજ રહ્યા છે. ૧૯૩૦ની આઝાદીની લડત વખતે તેમણે ખાદી વેચાણની પ્રવૃત્તિમાં આગેવાની ભર્યો ભાગ લીધો હતો અને તેમની રાહબરી હેઠળ મુંબઇમાં માંડવી લત્તામાં ખાદીનું વધારેમાં વધારે વેચાણ થઈ શકયું હતું. તેઓ મુંબઇની " બી " વોર્ડ જીલ્લા કોંગ્રેસ સમિતિના વર્ષો સુધી ઉપપ્રમુખ હતા. આઝાદીની લડતમાં તેમનો સક્રિય ફાળો હતો અને કોંગ્રેસને લાખો રૂપિયાનો ફાળો અપાવ્યો હતો જેમાં તેમનો અને તેમની પેઢીનો સારો સહયોગ હતો. મુંબઇની વ્યાપારી આલમ ઉપર તેમનું સારૂં એવું વર્ચસ્વ છે. તેઓ એકધારા ૨૦ વર્ષ સુધી બજાર કરીયાણા મરચન્ટસ એસોસીએશનના પ્રમુખ હતા. તે દરમ્યાન તેમણે મુડીબજારનાં વેપારીઓને અનન્ય સેવાઓ આપી હતી. તેમની આવડત, વ્યવહારકુશળતા, ત્યાગ, લોકપ્રેમ અને વર્ચસ્વનું આ જીવતું જાગતું પ્રમાણપત્ર છે. ઉપરાંત " બી " વોર્ડની રેશનીંગ એડવાઇઝરી બોડમાં તેમણે વરસો સુધી સેવા આપી હતી. મુંબઇની સામાજિક અને રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં તેઓ હંમેશા મોખરે રહેતા હોઇ સંવત ૨૦૦૮માં સરકારે તેમને જે. પી. અને માનદ ન્યાયધીશનો ઇલ્કાબ આપી તેમની સેવાઓની સુયોગ્ય કદર કરી હતી.

કચ્છના ભુકંપ વખતે ત્યાંની પીડીત જનતાની સેવા અર્થે મુંબઇમાં રચાયેલ કચ્છભુકંપ સમિતિમાં પણ તેઓએ અગ્રગણ્ય ભાગ લીધો હતો. અને તેઓ આ સમિતિના ખજાનચી હતા. દેશની આઝાદી પછી જુનાગઢની આરઝી હકુમત સાથે શ્રી ગભરૂભાઇ સક્રીય રીતે સંકળાએલા હતા. ૧૯૪૭માં જુનાગઢના નવાબે પાકિસ્તાન સાથે જોડાવનો નિર્ણય કર્યો એ સામે મુંબઈમાં વસતા સોરઠવાસીઓએ શ્રી શામળદાસ ગાંધીના નેતૃત્વ નીચે ઉપાડેલી લડતમાં તેઓએ સક્રીય ભાગ લીધો હતો. જુનાગઢના નવાબ પાકિસ્તાન ચાલ્યા ગયા પછી ત્યાંની અસ્વસ્થ બનેલી લઘુમતી કોમના જાનમાલની સુરક્ષા ખાતર ગામડે ગામડે ફરતાં શ્રી ગભરૂભાઈને આપણે સૌએ જોયાં છે.

શ્રી ગભરૂભાઈ સોરઠ વિકાસ મંડળના ઉપપ્રમુખ છે. શ્રી કનકેશ્વરી જીર્ણોદ્ધાર સમિતીના પ્રમુખ છે. ઉના તાલુકા કેળવણી મંડળના સ્થાપકોમાંના એક છે અને શ્રી તુલસીશ્યામ વિકાસ સમિતિમાં આગેવાન કાર્યકર્તા છે

રાજકીય પ્રવૃત્તિ સાથે જ્ઞાતિને પણ તેઓ ભૂલ્યા નથી. જ્ઞાતિની શૈક્ષણિક ક્ષેત્રે કાર્ય કરતી સંસ્થા શ્રી ઉનેવાળ સેવક મંડળને તેમણે આપેલ સેવાઓ અજોડ છે આમ તેમની જ્ઞાતિમાં પણ તેમણે ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કર્યું છે. તદુપરાંત મુંબઈની તેમજ સૌરાષ્ટ્રની અનેક સામાજિક અને ધાર્મિક સંસ્થાઓમાં તેમનું સ્થાન ઘણું જ ઊંચું છે. નિખાલસતા, સ્પષ્ટ વકતાવ્ય, મિલનસાર સ્વભાવ અને સર્વ પ્રત્યે પ્રેમ એ તેમના ખાસ ગુણો છે. તેમની પાસે સહાય માટે ગયેલ કોઈ પણ વ્યક્તિ નિરાશ થઈને પાછી ફરી નથી. તેને મૂક આર્થિક મદદ ઉપરાંત તેઓ તેનામાં શ્રદ્ધા અને ઉત્સાહ પ્રેરી તેના માર્ગદર્શક બને છે. આમ તેમના સાંનિધ્યમાં આવનાર દરેક વ્યક્તિનો તેમણે પ્રેમ સંપાદન કર્યો છે. ટૂકમાં શ્રી ગભરૂભાઈનું જીવન એક વિશાળ વડલા સમુ છે કે જેની છાયા નીચે તેની સમક્ષ ગયેલ કોઈપણ વ્યક્તિ વિસામો અને શાંત અનુભવી શકે છે.

ગુજરાતનું ખરેખર તેઓ ગૌરવ છે.

## સ્વ૦ કાન્તિલાલ દામોદરદાસ બોટાદકર

ગુજરાત જાણે છે કે સ્વ૦ કવિ બોટાદકરે એના જીવન દરમિયાન અપાર મુશ્કેલીઓ, દુઃખો, નિરાશાઓ અને નિષ્ફળતાઓ જોયાં હતાં અને અસંખ્ય ધંધાના પ્રયોગો બાદ છેવટે પ્રાથમિક શિક્ષકના જીવનથી સંતોષ માન્યો હતો પરિણામે, અંતકાળ વખતે એમની જીવનબચત માત્ર વીશેક રૂપિયા હતી.

આવી ગરીબાઈ વચ્ચે સ્વર્ગસ્થ ભાઈશ્રી કાંતિલાલનો જન્મ થયો હતો. એમની બાળવયમાં જ કવિપિતા સ્વર્ગે સિધાવ્યા અને કાંતિલાલનું જીવન વિધાતાને સોંપાઈ ગયું.

વિધવા માતાએ જેમ તેમ કરી એને થોડું શિક્ષણ આપ્યું. અંગ્રેજી પાંચ છ ચોપડીઓ કરતાં વધુ વિદ્યા ભાઈ કાંતિલાલને ન ચડી. આર્થિક મૂંઝવણ વચ્ચે એમણે પુરુષાર્થ શરૂ કર્યો. 'પરસેવો પાડી કમાવું છે એને સફળતા કેમ ન મળે!' એ એમનો જીવનમંત્ર હતો.

પૂરી મેટ્રિક સુધીનીય કેળવણી લીધા વગર એમણે મુંબઈના રસ્તા ઉપર પદયાત્રા શરૂ કરી. ઘડીમાં આ તો ઘડીમાં બીજો ધંધો અજમાવ્યો. ક્યાંય નસીબે યારી ન આપી. પાંચેક વર્ષ સુધી એમણે ભૂખ્યે પેટે ધંધા પાછળ તપ કર્યું. અંતે એમને હેર–પીન બનાવવાનું સૂઝયું. એમાં એમની ઝીણી, તાંત્રિક દૃષ્ટિ કામે લાગી. ખૂબ ઝડપે એમણે વ્યાપાર વધાર્યો અને પાંચ સાત વરસમાં પીનના ઉત્પાદનના એક સારા વેપારી બની શક્યા.

એમનું તપ ફળ્યું અને પરસેવાએ પૈસો આપવા માંડ્યો. એ જ કાળમાં 'બોટાદ પ્રજા મંડળ' અને 'વિદ્યાભારતી' સંસ્થા તરફથી એમના પિતા કવિ શ્રી બોટાદકરની સ્મૃતિમાં કોલેજની વાત કરી. ભાઈશ્રી કાંતિલાલે પિતૃઋણ ફેડવાની તક વધાવી લીધી. એ જ દિવસે રૂપિયા સવાલાખનું દાન જાહેર કર્યું.

આજે બોટાદમાં એ કવિ કોલેજ ત્રણ વર્ષથી ચાલે છે. એણે ભવ્ય અને કલાત્મક મકાનો કર્યાં છે અને ગુજરાતના શિક્ષણ ક્ષેત્રે અવનવી ભાત પાડી રહી છે.

ભાઈ કાંતિલાલ સ્વભાવે સરલ,નિરાભિમાન અને દુઃખીઓ તથા ગરીબો પ્રત્યે પરગજુ હતા. અસંખ્ય વ્યક્તિને એમણે મૂંગી સહાય કરી છે. કારખાનાના નોકરોને તેઓ સહભાગી ને મિત્ર ગણતા અને તેથી ખૂબ ચાહના પામેલા.

બોટાદને આંગણે હજી 'બોટાદકર બાગ' 'મહિલા ઉદ્યોગ ગૃહ' 'જનતા વાચનાલય' વગેરે કરવાના એમના કોડ હતા. આવા રંગીલા સખી ગૃહસ્થને ગુજરાતે ગયા એપ્રિલમાં, ટૂંકી માંદગી બાદ ગુમાવ્યા. પણ એમની જીવનસુવાસ સદા મહેકતી રહેશે.

## આપણાં અભેચંદભાઈ

પાસાદાર હીરાને નૂર વેરતો તમે નિહાળ્યો છે? અનેક પાસામાંથી કયારેક એ કે કયારેક ત્રણ–ચાર પાસા નયનરમ્ય રંગો વહાવતા દેખાય છે. પણ એ પાસાના પાડનારે તો, તેના પ્રત્યેક પાસાને પૂરા પાણીદાર બનાવ્યા હોય છે જોનાર એક યા બે–ત્રણ પાસામાં પાણી ઝળકતું નિહાળે તો તે દેખનારાની જ દૃષ્ટિમર્યાદા ગણાય ને? માનવ વ્યકિતત્વ વિશે પણ આમ ન કહી શકાય?

દરિયે તરતા બરફના ડુંગરનો આઠમો ભાગ જળસપાટીએ જોઇ શકાય છે. આપણા અભેચંદભાઇના ઉડીને આંખે વળગે તેવા બે-ચાર ગુણ–પાસાનો આપણે પરિચય મેળવીએ.

અભેચંદભાઇ ગાંધીની ઝળકતી વ્યાપારી કારકિર્દીથી અંજાનારને થાય કે તેઓ કમમાં કમ કોમર્સના ડબલ ગ્રેજયુએટ તો હશે જ પણ ના. કોલેજના પ્રથમ સત્રનો અભ્યાસ ન નોંધીએ તો તેઓ માત્ર મેટ્રીક છે. પણ સોળ વર્ષે લગ્ન કર્યા પછી, ત્રણ વર્ષ અભ્યાસ રહ્યો. તે હકીકત તેમની જ્ઞાનની પ્રબળ પીપાસા પ્રગટ કરી જાય છે.

૧૯૩૫ થી ભણતર પછીનું જીવન–ગણતર પ્રારંભાયું. પાંચ વર્ષમાં વ્યાપારી પીઢતામાં પાવરધા થઇ, ૧૯૪૧ થી કુટુંબની સ્વતંત્ર પેઢીનો પ્રારંભ કર્યો. ક્રમે "ગાંધી એન્ડ સન્સ" નામના મેળવતી ચાલી ને આજે નવ શાખાનો બહોળો પરિવાર ધરાવે છે.

અભેચંદભાઇ ભલે રાજકીય સંસ્થાએ સાથે ગાઢ સંબંધ ધરાવતા હોય, પણ તેમનું બહુવિધ વ્યકિતત્વ સમાજની ધાર્મિક, સામાજીક, શૈક્ષણિક તથા સર્વોદયલક્ષી સંસ્કાર ને સંસ્કૃતિની સંસ્થાઓમાં જ રમખાણ રહેતું હોય છે.

રાષ્ટ્રિય આગેવાનોના ગાઢ પરિચયો છતાં, અભેચંદભાઇનો સીધો ને સતત સંપર્ક હોય તો તે ઉકત સંસ્થાઓના સંતો, વિદ્વાનો ને સેવકોનો જ. શાસ્ત્રીજી પાંડુરંગજી આથવલે, શ્રી ડોંગરે મહારાજ આદિના નિકટવર્તી સહવાસને તેઓ નીજનું ગૌરવ લેખે છે. પૂ. પાંડુરંગજી શાસ્ત્રીની સાધના શિબિરમાં, આત્મીયતાથી તથા રસ ને આતુર્યપૂર્વક વાતો કરતા જેમણે સાંભળ્યા છે તે, તેમની ધર્મ અને તત્વજ્ઞાન પ્રત્યેની આત્મનિષ્ઠાને કયારેય નહી ભૂલી શકે.

સ્વાભાવિક રીતે જ, અભેચંદભાઇના સાર્વજનિક સંસ્થાઓ સાથેના જોડાણે ખૂબ ઘનિષ્ઠતા ભર્યા રહ્યા છે.

ધાર્મિક સંસ્થાઓમાં શ્રી સ્વામીનારાયણ ગુરુકુલ ટ્રસ્ટ (ટ્રસ્ટી), શ્રી તપોવન બ્રહ્મચર્યાશ્રમ (ટ્રસ્ટી), શ્રીમદ્ ભાગવત ગીતા પાઠશાળા (પ્રમુખ–વર્ધકગ્રુપ), શ્રીમદ્ ભાગવત સપ્તાહ મંડળ (ઉ પ્રમુખ) ખાસ ઉલ્લેખપાત્ર છે.

જ્યારે શૈક્ષણિક વિદ્યા સંસ્થાઓમાં ઉના તાલુકા કેળવણી મંડળ, શ્રી ગાં. માં. લા. પ્ર દે. બોર્ડીંગ, શ્રી શારદાગ્રામ, શ્રી અમુલખ અમીચંદ વિવિધલક્ષીનો નિર્દેશ આવશ્યક બને છે.

સામાજીક સંસ્થાઓ જેવી કે ગુજરાતી કેળવણી મંડળ, માનવ સેવાસંઘ, ગુજરાતી કલબ, સોરઠ વિકાસ મંડળના વિકાસ ને સંવર્ધનમાં તેમનો નોંધપાત્ર ફાળો છે.

એક અદના ઉદ્યોગપતિ તરીકે વ્યાપારી મંડળોમાં તેઓ અગત્યના સ્થાનો શોભાવે છે. જેમાં ધી બોમ્બે કરીયાણા કલર કેમીકલ્સ મરચન્ટસ એસોસીએશન (પ્રમુખ), ધી પીંયા એન્ડ જીંજર મરચન્ટસ એસોસીએશન (ઉપપ્રમુખ), સ્પાઈસીસ એક્ષપર્ટ પ્રમોશન કઉન્સેલ (વાઇસ ચેરમેન) જેવા અગત્યના વ્યાપાર જુથોનો સમાવેશ થાય છે.

ઉદ્યોગના વિકાસ અર્થે અમેરીકા, જાપાન જેવા દેશોની મુલાકાત તો લેવી પડે. પણ ૧૯૫૬ માં ભારત સરકારના કરીયાણા-વ્યાપારના પ્રતિનિધિ તરીકે યુરોપનોય પ્રવાસ ને તે જ ક્રમે ૧૯૬૦, ૬૨, ૬૫, માં પ્રતિનિધિ મંડળોમાં દુનિયાના વિવિધ દેશોની પરિક્રમા તેમણે કરી છે.

વિશ્વના આંતરરાષ્ટ્રિય વ્યાપારના ઝગડાનાં શાન્તીમય સમાધાન અર્થે અમેરીકા–યોજીત "આર્બીટ્રેશન એસોસીએશને" ભારતના પ્રતિનિધિમાં તેમનો સમાવેશ કરેલ છે. તે તેમના વ્યકિતત્વની ઘણી બધી વિશેષતાઓ છતી કરી જાય છે.

વતન–ઉનાની શાળા હોસ્પીટલ, છાત્રાલય વગેરે ભાગ્યેજ કોઇ સાર્વજનિક સંસ્થા એવી હશે કે જે તેમના આશિર્વાદ નહી પામી હોય. ઉનાની– અહીંની અનેક સંસ્થાની પ્રારંભની પ્રગતિમાં તેમના દાનનો હિસ્સો હમેશાં નોંધપાત્ર રહ્યો છે. જ્યારે વિકાસના પ્રત્યેક સોપાને તેમની દોરવણી દક્ષતાભરી નીવડી છે.

૧૯૫૭ માં તેમના કુટુંબે કરેલ મોટા દાનના પ્રકાશમાં, ગુજરાતના રાજ્યપાલ કાન્નમર આદિના સાનિધ્યમાં ઉજવાએલ સમારંભ જોનાર, તેમની વ્યવસ્થાને નવી–ભાવનાની સૌરભને કયારેય વિસરી શકશે નહી.

અમેચંદભાઈનું ભર્યું–ભાદર્યું કુટુંબ–જીવન, બહેનશ્રી જયાબહેનની ધર્મપ્રિતિ, ચાર પુત્રો ને ત્રણ પુત્રીઓની સંસ્કાર સૌજન્યભરી વર્તન–શીખા વગેરેના અછડતાય પરિચયથી એક આદર્શ ભારતીય કુટુંબની શીળી સુવાસ પામ્યાનો લ્હાવો પ્રાપ્ત કર્યો લાગે છે.

લોકોપયોગી કાર્યો કરવાની તેમની આગવી રીત છે. પડદા પાછળ રહીને થઇ શકે તે બધું તેઓ કરતા રહેતા હોય છે. તેમના પરિચયમાં આવનાર પ્રત્યેક જણ, પોતાને હિતેચ્છુ, માર્ગદર્શક ને સંનિષ્ઠ પ્રેરક મળ્યાનો ધીંગો સહારો પામે છે.

તેમના ચાહક-વર્ગનાં, તેમની ઉદાર ચરિત મનમોટપ, વર્ણવતા દ્રષ્ટાંતો જાણીએ ત્યારે, તેમના સૌજન્યશીલ સ્વભાવની મધુરપ, હાજતમંદો પ્રત્યેની હમદર્દી, તથા બોલ્યા બતાવ્યા વીના, કશુંક કરી છુટવાની ભરી-ભરપુર તમન્નાનો આછો સ્પર્શ અનુભવી શકાય છે.

તેમના અનેક–વિધ કાર્યક્ષેત્રના વિશાલ ફલકમાં, છતા થતાં, બુદ્ધિ-પ્રતિભા, વ્યવહાર કુશળતા, દુરદેશિતા આદિના નાના-મોટા પ્રસંગો જ્યારે સાંભળીએ ત્યારે, તેમના સમૃદ્ધ છતા સંગુપ્ત વ્યકિતત્વને અહોભાવે વંદન કર્યા શિવાય રહી શકાતું નથી

જોનારથી, આ જવાહીરના એક યા બે–ચાર પાસાનું તેજવલય નીરખી શકાયું હોય તો તે આ જોનારની જ મર્યાદા માનવી રહે છે ને ?

# શ્રી સેવંતીલાલ સોમચંદ શાહ

માણસાના જૈન સમાજના અગ્રગણ્ય નાગરિક શ્રી. સોમચંદ ફુલચંદ શાહના સુપુત્ર શ્રી. સેવંતીલાલ શાહ પણ જૈન સમાજમાં આગળ પડતી વ્યકત છે. તેઓશ્રીનો જન્મ માણસામાં તા. ૮–૧૨–૨૭ના રોજ થયો હતો તેમને ત્રણ ભાઇઓ તથા એક બેન મળી ચાર ભાઈભાંડુઓ છે. તેમને પોતાને ચાર પુત્રો તથા બે પુત્રીઓ એમ છ સંતાનો છે. પિતાશ્રી નિવૃત જીવન ગાળે છે.

સ્વપ્રયત્નો વડે થોડાજ વખતમાં આગળ વધનારાળી વ્યકિતઓમાંના એક શ્રી સેવંતીલાલ પણ છે. મેટ્રીક સુધીનો અભ્યાસ કરી. વ્યાપારમાં ઝંપલાવ્યું છે. પોતે હાલ મે સેવંતીલાલ એસ. શાહ એન્ડ કું." ના નામની યાર્ન અને આર્ટ સીલ્કના વેપારની પેઢીનું સંચાલન સફળતાપૂર્વક કરી રહયા છે અને તે ઉત્તરો ઉત્તર સારી પ્રગતિ સાધી રહી છે. વળી છેલ્લા એક વર્ષથી અમદાવાદમાં "ઇલેકટ્રીકા રબર વર્કસ" નામનું મોટર સ્પેરપાર્ટસ બનવાનું કારખાનું સ્થાપ્યું છે જેનું ઉત્પાદન લ્યુકાસ ટી. વી. એસ (મદ્રાસ) ને પુરૂં પાડવામાં આવે છે. આમ ધંધાકીય ક્ષેત્રે શ્રી. સેવંતીલાલ સફળતા હાંસલ કરી રહયા છે. સામાજીક તથા ધાર્મિક ક્ષેત્રે પણ પોતે ઘણી સંસ્થાઓ જોડે સંકળાયેલા છે. ખાસ કરીને 'શ્રી વિજાપુર સત્તાવીસ વિશા શ્રીમાળી જૈન શુભેચ્છા મંડળ" ના આશરે ચાલતી '**વિમા પોલીસીયોજના** ની' કમિટિના સક્રિય સભ્યપદે છે. આ સંસ્થા દ્વારા સમાજની જરૂરવાળી વ્યકિતઓની તેઓશ્રી સેવા બજાવી રહ્યા છે. મુંબઈમાં ચાલતા '**સ્નેહ મિત્ર મંડળ**' ના પ્રમુખ તરીકે પણ તેઓ સેવા બજાવી રહયા છે માણસામાં શિક્ષણક્ષેત્રમાં જરૂરવાળા બાળકોને નોટબુક, પેન્સિલ તથા બીજી સ્ટેશનરી પોતે સબસીડાઈજ્ડ (પડતર કરતાં ઓછી કિંમતે) છેલ્લાં બે વર્ષથી પુરી પાડે છે. માણસામાં ઘઉ જેવું અનાજ પણ તેજ પ્રમાણે પડતર કરતાં ઓછી કિંમતે જરૂરવાળી વ્યકિતઓને દર વર્ષે આપે છે. આ બધી મદદ નામની કોઇ જાહેરાત ન થાય તેની તેઓશ્રી ખાસ કાળજી રાખે છે આમ છુપું દાન કરવાવાળી વિરલ વ્યકિતઓમાંથી એક શ્રી સેવંતીલાલ છે. કિર્તીદાનના આ જમાનામાં પોતે જે કંઇ મદદ કરી રહ્યા છે તેવું દર્શાવવાથી તેઓ હમેશાં દુર રહે છે.

પોતાના જૈન ધર્મના નિર્થધામો મહુડી, પાલીતાણા વગેરે સ્થળોએ તેઓશ્રી અવારનવાર જાય છે અને ધાર્મિક ક્ષેત્રે ઘણી રકમ ખર્ચે છે. મહુડીમાં ચોવીસ તીર્થંકરની દેરીમાં પોતાના પૂ. પિતાશ્રીના શ્રેયાર્થે રૂા. ૭૦૦૧નું દાન કરી દેરી બંધાવી છે. પાલીતાણામાં મોતી સુખીયાની ધર્મશાળામાં પાંચ જિન પ્રતિમાઓ મૂકાવી છે. પોતાના સ્વ દાદીમાના સ્મરણાર્થે સં ૨૦૨૦માં

અઠ્ઠાઈ મહોત્સવ પણ કર્યો હતો.

હમણાં બિહાર રાહત ફંડમાં પણ પોતે જાતે બજારમાંથી ખરીદીને સાડીઓ તથા ધોતીજોટા જૈન સમાજના આગેવાન શ્રી. ચિત્રભાનુ મહારાજ મારફત મોકલી આપી પોતાની પવિત્ર ફરજ અદા કરી છે.

થોડાક મહીનાઓ પહેલા માણસા કોલેજના ફંડ માટે સંસ્કાર કાર્યક્રમમાં સારી એવી જહેમત ઉઠાવી ફંડ એકઠું કરવામાં કોલેજના દાતઓને સારો એવો સહકાર આપ્યો હતો.

## શ્રી નઝરઅલી કે. એડનવાલા

પોતાની જ્ઞાતિમાં દાનનો ધોધ વહાવનારા દાતાઓ આજે અનેક મળી આવે છે પણ સાથે સાથે જાહેર દાન કરવાની વૃત્તિવાળા સજ્જનો સૌનું ધ્યાન ખેંચ્યા વિના રહેતા નથી. અમરેલી જીલ્લામાં આવેલા બગસરા ગામે શ્રી નઝરઅલીભાઇ એડનવાલા એક મુક દાતા તરીકે ખાસ જાણીતા છે. તેઓએ પોતાની વોહરા કોમ માટે સૌરાષ્ટ્રના વિદ્યાર્થીઓને સ્કોલરશીપ મળી શકે, એવું એક ટ્રસ્ટ કરેલ છે. જેનો લાભ છેલ્લા પંદર વર્ષથી તેમની જ્ઞાતને મળતો રહે છે પણ હાલમાંજ તેઓએ બગસરા શહેરને મુંઝવતા શાળાની તંગીના પ્રશ્નને લક્ષમાં લઇ રૂા. ૩૩૦૦૦ નું દાન આપી, સરકારી સહાય સાથે રૂા. ૬૪૦૦૦ ની શાળા નિર્માણ કરી આપી શહેરની એક સાચી જરૂરીઆત પૂર્ણ કરી છે. આ ઉપરાંત તેઓ શહેરના દરેક નાના મોટા પ્રશ્નોમાં રસ લઇ પોતાની સત્કમાઇનો લાભ સૌને ઉદારતાથી આપતા રહે છે. ગુજરાતના સમાજ જીવનમાં આવા દાનેશ્વરીઓએ આપેલા યાદગાર ફાળાઓને ગુજરાતની જનતા ક્યારેય વિસરી શકશે નહીં. માનવ કલ્યાણની પ્રવૃત્તિઓએ વાચા આપનાર દાતાશ્રી નઝરઅલી કે. એડનવાલાનું નામ અમરેલી જીલ્લાના બગસરા ગામ માટે સેવાની એક મધુર સુવાસ તરીકે ચીર સ્મરણીય બની રહેશે એ નિર્વિવાદ છે.

## શેઠશ્રી રમણલાલ અમૃતલાલ

શેઠશ્રી રમણલાલભાઈ ભાવનગરના જાણીતા ઉદ્યોગપતિ છે. ભાવનગરની અનેકવિધ સામાજિક સંસ્થાઓના પ્રાણસમા શ્રી રમણભાઈ બચપણથી જ સ્વધર્મ પ્રત્યે દ્રઢ અભીરૂચીવાળા અને રાષ્ટ્રિયતાને વરેલા છે. ભાવનગરમાં ઔદ્યોગિક ક્ષેત્રે જે પ્રગતિના મંડાણ થયા તેમાં ધી ભારત આયર્ન એન્ડ સ્ટીલ ઇન્ડસ્ટ્રીઝના એક ભાગીદાર તરીકે રહીને ઘણો મોટો પુરૂષાર્થ કર્યો છે.

તેમના પિતાશ્રી સ્વ. અમૃતલાલભાઈ પણ સમાજ સેવક તરીકે જાણીતી વ્યક્તિ છે. જૈન સંઘના અને પોતાની જ્ઞાતિના જાહેર હિતના કાર્યોમાં ઘણા વર્ષોથી ઉંડો રસ લઈ રહ્યાં છે.

ભાવનગર જૈન સંઘ કાર્યવાહક સમિતિ અને વ્યવસ્થાપક સમિતિના તેઓશ્રી સભ્ય છે. આત્માનંદ સભામાં તેમનો સારો હિસ્સો છે.

સૌરાષ્ટ્ર દશા શ્રીમાળી સુખડીયા સમૃત–અમૃત વિદ્યાર્થી ગૃહનું સંચાલન પણ તેઓ સુંદર રીતે કરી રહ્યાં છે. ભાવનગરના વ્યાપારી આલમમાં તેમનું સારૂં એવું સ્થાન છે.

ભાવનગર આયર્ન એન્ડ સ્ટીલ મરચન્ટ એસોસીએશનના પાર્ટનર તરીકે કામ કરી રહ્યાં છે.

## સ્વ. નાગજીભાઈ ખેતાણી

માનવરત્નો ગામડાંમાંજ પાકે છે સૌરાષ્ટ્રની ભૂમીનું તળ એને માટે રસાળ છે. મધ્ય સૌરાષ્ટ્રના જુનાગઢ તાબાનું મોરવાડા ગામ એ શ્રી નાગજીભાઇ ખેતાણીનું જન્મસ્થાન. પિતા શ્રી કેશવજી મોનજી તથા માતુ શ્રી રતનબાઈ. સને ૧૮૯૩માં એમનો જન્મ થયેલો સને ૧૯૬૧માં સ્વર્ગસ્થ થયા. જુનાગઢ સ્ટેટ ફર્સ્ટ કલાસ ગણાતુ. રાજ્યમાં કોરી અને દોકડા એ। સીકકા ચાલતા તથા સંસ્થાના જુનાગઢમાં પોસ્ટલ સ્ટેમ્પ પણ ચાલતા નવસો નવાણુ પાદરનુ સંસ્થાન જુનાગઢ ગણાતું છતા શિક્ષણ ખાતું ઘણુંજ ગરીબ હતું. મોરવાડ ગામમાં નિશાળ નહિ તેથી પિતાશ્રીએ મિત્રોને ત્યાં નાગજીભાઇને ભણવા મોકલેલ એમ પાંચ ગામ મળીને ગુજરાતી ચાર ચોપડીનો અભ્યાસ થયો.

ખેડુતો ડુકયા અને વેપારીઓ ભાગ્યા. પિતાશ્રી કેશવજીભાઇ સને ૧૯૦૩માં મોટા કુટુંબના નીભાવ અર્થે મુંબઇમાં જઇને નોકરીએ લાગ્યા. પાંચભાઇ અને એક બ્હેનમાં નાગજીભાઇ સહુથી મોટા, એટલે ઘર વ્યવહારનો બોજો તેમણે સંભાળ્યો. સને ૧૯૦૭માં નાગજીભાઇએ પણ મુંબઇ તરફ પ્રયાણ કર્યુ. પ્રથમ તેર રૂપીયા અને વધીને પાત્રંસ રૂપીયા પગાર થયો. પછીતે, સોના–ચાંદીના દાગીના બનાવી દેવાનં ધરનું કામ શરૂ કર્યું. તેમના લગ્ન સને ૧૯૧૯માં જયાકુવર બ્હેન સાથે થયા. તેમને ત્રણ દીકરા અને ત્રણ દીકરી. તેમાં હાલ બે દીકરા તથા ત્રણ દીકરી હૈયાત છે કુટુંબમાં ભાઇઓનો સુમેળ ઘણો તેથી ઝડપી પ્રગતિ થવા માંડી. સને ૧૯૨૩માં જાપાનની સફર રેશમી કાપડના ઇમ્પોર્ટ માટે કરી પ્રતિકુળતાને કારણે બે મહિનામાં પાછા ફર્યા આવીને મુબઇમાંજ રેશમી કાપડની દલાલી શરૂ કરી ઘણી તકલીફોમાં પસાર થયેલા. જીવનના અનુભવોને કારણે સમાજના દુઃખીભાઇ બ્હેનોની સુખાકારી માટે જ્ઞાતિના મંડળો મારફત તન, મન અને ધનથી સેવા શરૂ કરી દીધી સને ૧૯૩૩માં વળી પાછી મિત્રોની સહાયથી હોઝીયરીની પેઢીમાં ભાગીદાર બની જાપાનની સફરે કુટુંબ સાથે ઉપડયા. તેમાં સારી સફળતા સાંપડી.

જીવન ઘડતરના કડવા–મીઠા ઘણા પ્રસંગો પ્રાપ્ત થયા હતા. અઢાર વર્ષની વયે જૈન સાધુના સમાગમે વૈરાગ્ય જાગતા સન્યાસ લેવાના ભાવ પણ થયેલ કારણ કે સંસારી પરિગ્રહ પરત્વે પૂર્વ જન્મથીજ મમત્વ રહિત પણું હતું. જે જીવનના અંત સુધી ટકી રહ્યું અને બ્હોળા કુટુંબ પરિવારમાં રહેવા છતાં જળ–કમળવત જીવન જીવ્યા. જાપાનની ત્રણ ત્રણ સફર કરવા છતા અને ઘર બ રે ખૂબ સુખી છતાં ગરીબોના દુઃખ નિવારવાની તેમની તમન્ના અદ્ભૂત હતી. બીમારની સુશ્રુષા બેકારને નોકરી, વસ્ત્રહીણાને વસ્ત્રો રાશન વગરનાને રોટલો ઓરડી વગરનાને ઓટલો એ વાતોની ચિંતા એમને સદાય ઉજાગરો કરાવતી.

ગમે તે માગવા આવે ત્યારે ખીસામાં હોય તેટલું તરત ખાલી કરે, પછી મિત્રોને ચીઠી લખીને સહાય અપવે અને તેટલેથી ન

પુરું પડતુ હોયતો વ્યાજે કરજ કરીને પણ અન્યના દુઃખને ટાળવા તેઓ રાત દિવસ પુરૂષાર્થ કરતા. સારાધંધા ચાલ્યા તેવા વરસોમાં લખોની સખાવતો કરી અને યશકીર્તિ મેળવી પણ તેમાં પૈસાથી મદદ દીધાથી તેમને કદી સંતોષ ન થયો. એતો જાત ઘસીને દુખીયાના બેલી થવામાંજ પોતાનું કર્તવ્ય માનતા

આમ એમણે અનેક ક્ષેત્રોમાં અનેક મંડળો દ્વારા અનેક શ્રીમંતોની સહાય મેળવીને પેટ ભરીને દુઃખીયાના આશીશ મેળવ્યા. એક અણધાર્યા પ્રસંગે અચાનક રસ્તામાંજ બેભાન થઇ જતાં તેમને ઘેર લાવ્યા અને ચાર દિવસ સતત ઇલાજો કરવા છતાં મૂર્છા વળી નહિ અને સને ૧૯૬૧ના ઓગસ્ટમાં તેમણે દેહ છોડી દીધો. તેમના સમજુ કુટુંબમાં તો ઓછો વિલાપ હતો પણ તેમના અંશ્રતો સંખ્યાબંધ કુટુંબોમાં દુઃખનો પાર ન રહ્યો.

સુખી સ્થિતિમાં બીજાનાં દુખે દુઃખી થનાર અને રાત્રિ દિવસ જોયા વગર મુંબઈના ગરીબ લતામાં પાંચ પાંચ દાદરા ચઢીને લોકોને ઘેર રાશન પહોંચાડવાં, દવાઓ પહોંચાડવી, નિરાશ્રિતોના બેલી થઇને આશ્વાસન આપવું એ કામ આ કળી કાળમાં દેવ કર્તવ્યરૂપ ગણાય એમના અવસાન પ્રસંગે હજારો માણસોએ હૃદય ઠાલવ્યા, સેંકડો સંસ્થાઓએ એમને માટે શોક સભા ભરી તેમાં સંખ્યાબંધ માણસોએ સ્વર્ગસ્થને અંજલી અપી અને આંસુ સાર્યા.

આવું દિવ્ય જીવન જીવી જાણનાર માનવી સમાજમાં દિવ્ય સુગંધી પ્રસરાવી જાય છે કંઈકે તેમના આદર્શજીવનનો દાખલો લીધો છે. અને હજારો આજે એ નાગજી ખેતાણીને બધા પ્રસંગોમાં સંભારે છે. ધન્ય એ જીવન !

સૌરાષ્ટ્ર ભૂમિ એવા વીરનરો સદા પેદા કરતી રહે.

## શ્રી સુર્યકાન્તભાઇ એસ. શાહ

જલબિંદુમાંથી ધારા, ધારામાંથી ઝરણ, ઝરણામાંથી સરિતા અને સરિતામાંથી સાગરનું સ્વરૂપ પામી, જગત-તૃષાને તૃપ્ત કરવા અમીભર્યા વાદળો અર્પે તે જ સાચો માનવ. અને મહાનતા મેળવ્યાં છતાં ધરતી પર રહે તેનું જ જીવન સાથક ભાઈશ્રી સૂર્યકાંત એસ. શાહનું જીવન મહદ્ અંશે આજ પ્રકારનું છે.

ત્રીશ વર્ષ પહેલાં પિતાશ્રી સોમચંદ ફુલચંદ શાહે સાધારણ સ્થિતિના સમય સાથે મુંબઇમાં ભાગ્ય અજમાવવા પગલાં પાડ્યા. સુતર બજારમાં દલાલી કરતાં કરતાં તેઓ સિદ્ધિના સોપાનો સર કરતાં કરતાં શ્રી શાંતિલાલ એસ શાહ એન્ડ કુંના ભાગીદાર બન્યા. પ્રભુનો પ્રસાદ અને પુરૂષના પ્રબળ પુરૂષાર્થનો સમન્વય જ સિદ્ધિના પાયામાં છે તે વાત તેમના જીવનમાં સાકાર થઇ આપબળ આગળ વધીને જીવન-ઇમારતનું ચણતર કરનાર શ્રી સોમચંદભાઇની પુત્રત્રિવેણી સેવંતિભાઈ, સુમંતભાઇ, અને સૂર્યકાંતભાઈ.

ભાઇશ્રી સૂર્યકાંતનો જન્મ ૨૬મી જૂન ૧૯૩૬ના રોજ માણસા (ગુજરાત)માં થયો. પાયધુની પર આવેલી બાબુ પન્નાલાલ હાઈસ્કુલમાંથી ૧૯૫૫માં મેટ્રીકની પરિક્ષા ઉત્તીર્ણ કરી વ્યાપારક્ષેત્રે ૧૯૫૬થી ઝંપલાવ્યું. યાર્ન માર્કેટને તેમણે પોતાની કારકીર્દીનું પ્રથમ પગથિયુ બનાવ્યું અને પિતાની જેમજ ધીમે ધીમે પ્રગતિના પંથે પ્રયાણ કરતાં ૧૯૬૪માં સ્વતંત્ર રીતે વ્યાપારની શરૂઆત કરીને મેસર્સ સૂર્યકાંત શાહ એન્ડ કું.નું સુકાન સુંદર રીતે સંભાળી લીધું. આર્થિક ક્ષેત્રમાં સુંદર સફળતાને વરનાર શ્રી સૂર્યકાંતભાઇએ આમ વ્યાપારના ક્ષેત્રે નામ-કામ અને દામ ત્રણેય, વસ્તુને સંપાદિત કરી. ખરે જ તેઓ ગુજરાતનું ગૌરવ છે.

## શ્રી પ્રતાપરાય ભોગીલાલભાઇ

વૈભવી જીવનમાં રહેલ હોવા છત પ્રભુભક્તિ, યથાશક્તિ તપ અને સમાજ તથા ધર્મ ઉન્નતિના કાર્યમાં રસ લઇ આજે તેઓ જે સેવા આપી રહ્યા છે તે બદલ અભિનંદન આપ્યા વગર ન રહેવાય. તેઓશ્રીએ એમ. એ. સુધીનાં ઉચ્ચ શિક્ષણ સાથે ટેક્ષટાઈલ ટેકનોલોજીનું ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કર્યુ છે.

તેમણે મશીનરી લાઈન અને કાપડની મીલ લાઇનમાં આગેવાન વેપારી અને ઉદ્યોગપતિ તરીકેનું આગવું સ્થાન મેળવ્યું છે. મશીનરી લાઈનમાં ખ્યતનામ બટલીબોય કું. ના ડીરેકટર તરીકે રહી તે કંપનીને મોટા વિશાળ પાયા ઉપર મૂકી દીધી છે અને કાપડની શ્રીરામ મીલ્સના મેનેજીંગ ડીરેકટર તરીકે રહી તે મીલના વિકાસમાં મહત્વનો ફાળો આપ્યો છે તે તેઓની કાર્યદક્ષતા અને બુદ્ધિબળ બતાવે છે તદુપરાંત તેઓ ઘણી બેન્કો, વીમા કંપનીઓ, ટેક્ષટાઈલ અને કેમીકલ કંપનીઓ સાથે જોડાયેલા છે

તેઓ ઈન્ડીયન મરચન્ટસ ચેમ્બર મુંબઈના પ્રમુખ છે મુંબઈ મીલ ઓનર્સ એસોસીએશનના ભૂતપૂર્વ પ્રમુખ, મુંબઉ ટેક્ષટાઇલ રીસર્ચ એસોસીએશનના સભ્ય વી. જે. ટી. આઇ ની કમીટીના સભ્ય, ધી ફેડરેશન ઓફ ઈન્ડીયન ચેમ્બર્સ ઓફ કોમર્સ અને ઇન્ડસ્ટ્રી, ન્યુ દિલ્હી, ઈન્ડીયન કોટન મીલ્સ ફેડરેશન, બોમ્બે ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રિ વિગેરે ભારતની મહાન વ્યાપારી-ઉદ્યોગોની સંસ્થાના અગ્રપદે રહી રાષ્ટ્રના સર્વાંગી વિકાસમાં મહત્વનો ફાળો આપી રહ્યા છે. તેઓ કેળવણીપ્રેમી છે અંધેરીમાં લહેરચંદ ઉત્તમચંદ આર્ટસ કોલેજ ચાલે છે. તેઓ માને છે કે સમાજે સંસ્કારી-સમૃદ્ધ-અને સુખી બનવું હોય તો ઉચ્ચ શિક્ષણની ખાસ જરૂર છે. પ્રવૃતિમય જીવન હોવા છતાં તેમનામાં નમ્ર-ભાવના-ધર્મશ્રદ્ધા-જ્ઞાન-સૌજન્યતા અને સદ્દઆચારના ગુણો તરવરે છે તે ખરેખર પ્રશંસનીય છે જૈન સમાજના ગૌરવરૂપ યુવાન આગેવાન-કેળવણીપ્રેમી શેઠશ્રી પ્રતાપ ભોગીલાલ આપણુ ગૌરવ છે.

## શેઠ નાનચંદ જુઠાભાઈ દોશી

બહુ નાની ઉંમરમાં આપના વતનથી મુંબઈ ગયા અને ત્યાં આપબળે, આપસૂઝે અને આત્મવિશ્વાસથી તેમના વડીલ બંધુ શ્રી જીવરાજભાઇએ સ્થાપન કરેલ મેસસ જીવરાજ એન્ડ વ્રજલાલની પેઢી સંભાળી ધીકતો ધંધો જમાવ્યો અને જૈન સમાજના એક અગ્રણી સેવાભાવી કાર્યકર તરીકે ખ્યાતિ મેળવી. ધર્મ અને સમાજ સેવાના ઉત્તમ સંસ્કારો મળ્યાં છે. અનેક સામાજિક અને ધાર્મિક સસ્થાઓને એક સક્રિય કાર્યકર તરીકે તેમની સેવાનો લાભ મળ્યો છે અને મળતો રહે છે તે માટે અમો સૌ ગૌરવાન્વિત થઇએ છીએ તેમની નીખાલસતા, સરળતા, નમ્રતા અને નિરાભિમાનપણું આદિ સદ્દગુણોથી તેઓ ઘણું બહોળું મિત્રમંડળ અને શુભેચ્છકોનો મોટો સમુદાય ધરાવે છે; જે ઘણું આદર અને પ્રશંસને પાત્ર છે.

ધન કમાવું એ સહેલું છે પણ ધનને સદ્‌માર્ગે વાપરવું એ આ કપરા કાળમાં ભારે કઠિન છે. તેમનામાં આ બન્ને શક્તિઓનો સુભગ સંયોગ થયો છે એ તેમના અનેકવિધ દાન કાર્યો પરથી સ્પષ્ટ રીતે જોઇ શકાય છે. શ્રાવકના એકવીસ ગુણો અને બારવ્રતોનું તેમના જીવનમાં યથાશક્તિ પાલન થતું જોઈ શકાય છે અને એ માટે આપણે તેમને હાર્દિક અભિનંદન આપીએ છીએ અને તેમના આવા ગુણોની અનુમોદના કરીએ છીએ.

જિનપૂજા, સામાયિક, પ્રતિક્રમણ, ગુરૂવંદન વિગેરે ધર્મકરણી નિર્જરાના હેતુ ભૂત છે અને આ બધી ક્રિયાઓ તેઓ નિયમિત કરે છે. પરંતુ નિકાચિત કર્મોના ક્ષય માટે તો તપ એજ ઉપાય છે એ તેઓ સારી રીતે જાણે છે. ક્રોડો ભવમાં સંચિત કરેલું કર્મ તપ વડે ક્ષય પામે છે. તેમનું તેમજ તેમના સુશીલ પત્નીનું જીવન તપોમય છે અને થોડા વખત અગાઉ તેઓ બંનેએ તપોમાં શ્રેષ્ઠ એવું મહાન વરસીતપ કરેલ છે. તેમના ધર્મપત્ની અ. સૌ. લાભકુંવર બહેનનું સમગ્ર જીવન ધર્મિષ્ઠ અને તપોમય છે. થોડા સમય અગાઉ તેમણે ઉપધાન જેવા મહાન તપની આરાધના કરી માળા પહેરેલી છે, તેમજ હરહંમેશ તેમના શુભ કાર્યોને પ્રોત્સાહિત કરી સરળતા આપે છે. અમરેલી તેમના પિયરનું ગામ છે અને એ રીતે તેમના આવા ધર્મનિષ્ઠ અને તપોમય જીવન માટે અમે સૌ ગૌરવ અને આનંદ અનુભવીએ છીએ. થોડા વખત પહેલાં શત્રુંજય તીર્થની નવાણું જાત્રા કરવાનો તેમણે તથા તેમના ધર્મપત્નીએ લાભ લીધો હતો. આ ઉપરાંત પણ તેઓએ અનેક તીર્થોની યાત્રા કરી છે અને આ રીતે તેમનું સમગ્ર જીવન ધર્મમય છે.

## શ્રી કેશવલાલ બુલાખીદાસ શાહ

ગરવી ગુજરાતની પુણ્યવંતીભૂમિને ગૌરવાંકિત બનાવે એવું એક શહેર ખંભાતનું ધર્મિકદૃષ્ટિએ મહત્વ આંકીએ તો ખૂબ જ છે પ્રાચીનકાળથી માંડી આજ સુધી જ્યાં સૂર્યની જેમ ધર્મનુ તેજ તપે છે એવા ખંભાતમાં વિશાળ જૈન દહેરાસરો. પાઠશાળાઓ, અને ઉપાશ્રયોમાં જૈન ધર્મની દેશના આચાર્યો અને મુનિવરોના પૂણ્ય મુખેથી શાશ્વત સ્વરે રણકે છે.

ખંભાતનું અન્યદૃષ્ટિએ મહત્ત્વ આંકવા બેસીએ તો એ એક જમાનાનું મહાન બંદર હતું અને વેપાર–વાણિજ્યના તેજ પણ અલૌકિક હતા.

એવા ખંભાતમાં શ્રાવક–શ્રાવિકાઓના ગંગાના નીરની જેમ દાનના પ્રવાહો વહેતા જ રહે છે : ખંભાતની એ પુણ્યભૂમિના શ્રેષ્ઠિવર્ય શ્રી બુલાખીદાસ નાનચંદના ઘરમાં એક પુણ્યશાળી આત્માનો જન્મ ૧૯૫૪માં થયો. આ ભવ્ય આત્માને આજે આપણે શ્રી કેશવલાલ બુલાખીદાસ શાહના નામથી ઓળખીએ છીએ.

આ જગતમાં જન્મ–મરણ એ તો કુદરતનો અબાધિત અને અનિવાર્ય નિયમ છે અને આ જગતમાં રોજ લાખો જીવ જન્મે છે અને લાખો જીવ કાળનો કોળીયો બનીને નામશેષ બની જાય છે પણ જગત્ એની નોંધ લેતું પણ નથી.

કિંતુ એમાં થોડા જીવો એવા પણ જન્મે છે, કે જગત એમનાં કર્તવ્યનિષ્ઠા, પ્રમાણીકતા, ધર્મકાર્યો, ગરીબો પ્રત્યેની હમદર્દ ભાવના અને ઘણાને મદદ રૂપ થઇ પડવાની એમના અમુલ્ય સ્વભાવની નોંધ લઇને એમને અભિનંદનોથી વધાવે છે. કોઇ અન્ય રીતે એના સંસ્કારી જીવનનો ગુણાનુવાદ કરે છે.

એમના જીવનની પગદંડી પુરૂષાર્થને માર્ગે વળી ત્યારે એમનામાં હિંમતનો ભવ્ય ભંડાર હતો, અંતરમાં પ્રગતિ માટે ધગશ હતી, હૈયે જોમ હતું એટલે એ અનેકવિધ પ્રગતિ કરતા રહ્યા.

આજે એમના વ્યવસાયની નોંધ લઇએ તો મુળજી જેઠા મારકીટમાં પોતાની દુકાન ધરાવે છે તે ઉપરાંત રે રોડ પર કોઠારી સીલ્ક મીલ ચાલી રહી છે.

કિંતુ શ્રી કેશવલાલભાઇની માત્ર વ્યવસાયી દૃષ્ટિ જ નથી રહી એમનો આત્મા એક પૂણ્યશાળી આત્મા છે એમણે ધંધા સાથે ધર્મની પણ પરબ માંડી છે.

આજે ખંભાતની પૂણ્યશાળીભૂમિ પર શ્રી કેશવલાલભાઈના જન્મ દાત્રીના નામની શ્રી ભદ્રીબાઇ સ્યાદ્વાદ સંસ્કૃત પાઠશાળામાં આજે મોટી સંખ્યામાં પૂજ્ય સાધુ–સાધ્વીજીઓ અને બાળ–બાલીકાઓ ધર્મજ્ઞાન લઈ રહ્યા છે. છેલ્લા ત્રણેક વર્ષથી શ્રી કેશવલાલભાઇની ઉદાર સખાવતથી જ આ પાઠશાળાનું સંચાલન ચાલી રહ્યું છે એમની અંતરભાવના સમિત નથી એનું ક્ષેત્ર ઘણું મોટું છે. અંતરભાવનાની ઉદારતાનો વિશેષ ગુણાનુવાદ કરીએ તો સોના પર ઢોળ ચડાવવા જેવો છે. છતાં જયારે એમના જીવનની થોડી ભાવનાનું પ્રતિબિંબ જોઇએ છીએ તો તેઓશ્રી આજે કયા કયા ક્ષેત્રમાં કેવી કેવી સેવા આપી રહ્યા છે એની પણ થોડી ટુંક નોંધ અહીં રજુ કરીએ—

શેઠ કેશવલાલ બુલાખીદાસ અનેક સંસ્થાઓના ટ્રસ્ટી મુખ્ય—કાર્યકર્તા છે ખંભાતમ ૮૧ હજાર જેવું મોટું દાન આપી કોમર્સ કોલેજ ખોલાવી જ્ઞાન ગંગોત્રીના વહેણ વહેતા કર્યા છે આમ શ્રી કેશવલાલભાઇએ વ્યવહારિક, શૈક્ષણિક, ધાર્મીક અને સામાજિક ક્ષેત્રમાં અપૂર્વ રસ દાખવી એ તમામ ક્ષેત્રોમાં સારી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે.

આ ઉપરાંત વિશેષ સેવાઓની પણ નોંધ લઇએ તો શ્રી કેશવલાલભાઈ શકુંતલા કાંતિલાલ ઈશ્વરલાલ હાઈસ્કુલના મેનેજીંગ કમીટીના મેમ્બર, મહાવીર જૈન વિદ્યાલયના મે. કમિટીના મેમ્બર, શ્રી આત્માનંદ જૈન સભાના મેનેજીંગ કમિટીમાં, મુંબઈ વર્ધમાન તપ આયંબિલ ખાતાના મેનેજીંગ કમિટીમાં ખંભાત વર્ધમાન તપ આયંબિલના ટ્રસ્ટી, ખંભાત પાંજરાપોળ મેનેજીંગ કમિટીમાં, મુંબઈ સાધર્મીક જૈન સેવા સમાજના પ્રેસિડેન્ટ જૈન દવાખાનાના ટ્રસ્ટી, પાલિતાણા કદમ્બગીરી તીર્થના ટ્રસ્ટી છે શ્રી સિદ્ધચક્ર આરાધન સમાજ કમિટીના મેમ્બર છે. અને પાલિતાણા આગમ મંદિરના ટ્રસ્ટી છે. ખંભાત જનરલ હોસ્પીટલના ગવર્નીંગ બોર્ડના મેમ્બર છે. અને શ્રી દેવસુર જૈન સંઘ મુંબઇ શ્રી ગોડી જૈન દેરાસર પાયધુનીના છેલ્લા પંદર વર્ષથી ટ્રસ્ટી છે. અને સાત વર્ષ સુધી મેનેજીંગ ટ્રસ્ટી પણ રહ્યા છે.

આમ શ્રી કેશવલાલભાઇના જીવનની સુવાસ અનેક સંસ્થાઓમાં પ્રસરી રહી છે અને એ સુવાસમાં અન્યનું કલ્યાણ સાધવાનો અનન્ય ભાવ છે. તેઓશ્રી સાહિત્યપ્રેમી છે અને છેલ્લા કેટલાક વર્ષથી સામાયિકો નિયમિત વાંચે છે શ્રી કેશવલાલભાઇ ધર્મકાર્યોમાં વિશેષ સુવાસ પ્રસરાવે અને "શતાયુભવ" થાય.

# સ્વ. લલિતાબહેન કેશવલાલ શાહ

ભારતની પૂણ્યભૂમિની અનેક આર્યનારી રત્નોએ જગતના ચોકમાં પોતાના શીલ-ચારિત્ર્ય, ધર્મ અને સંસ્કારની કીર્તિમંગા વહાવી છે. એમાંય ગરવી ગુજરાતનાં નારી રત્નોએ પોતાના શીલ, ધર્મ અને સંસ્કારનો જે ઉચ્ચ દાખલો વ્યક્ત કર્યો છે એની નોંધ આજે અહીં લઇએ તો એ અનેક નારી રત્નોમાં એક નામ ઉમેરવાની અમારી હાર્દિક ઇચ્છાને કોઈ અવગણી નહીં શકે.

એ નામ છે સ્વ. લલિતાબેન કેશવલાલ શાહ.

શ્રી લલિતાબેનનો જન્મ પણ જ્યાં ધર્મ અને જ્ઞાનની ગંગોત્રીના વહેણુ વહે છે એવા ખંભાત શહેરમાં સંવત ૧૯૬૫માં શેઠશ્રી ગુલાબચંદ મુળચંદ કાપડીયાને ત્યાં થયો હતો. સંવત ૧૯૭૮માં શ્રી કેશવલાલભાઈ સાથે લગ્નગ્રંથીથી જોડાયા હતા. આજે શ્રી લલિતાબેનનું દેહાવસાન થયુ છે પણ તેમના સંસ્કાર અને ધર્મમય જીવનની સુવાસથી તો તેઓશ્રી આજે જીવીત છે.

ક્રોધ જેણે જીવનમાં કર્યો નથી. પોતાના અને અન્ય સંતાનોમાં સદાય જેણે ભેદભાવ ટાળવનો ભગીરથ પ્રયાસ કર્યો છે અને જીવનની અંતિમ પળ સુધી ધર્મનું રટણ હતું એવા શ્રી લલિતાબેનને ભૂલી જવા એ તો ધર્મ અને સંસ્કારનું અપમાન કરવા બરાબર જ થાય.

આજે શ્રી લલિતાબેનની પૂણ્ય સ્મૃતિ કરીએ. આ પાનાઓ પર એમના સંસ્કાર અને ધર્મમય જીવનને બિરદાવવાનો પ્રસંગ સેવા-સમાજને મળ્યો છે શ્રી કેશવલાલભાઈ અને લલિતાબેનનાં જીવનમાંથી જે સંસ્કાર અને ધર્મની જે સુવાસ સાંપડે છે એવી સુવાસ આ યુગમાં બહુ ઓછા જીવોના જીવનમાંથી સાંપડે છે અમો સ્વ. લલિતાબેનના આત્માને ચિર શાન્તિ મળે એવી શાસનદેવને લાખ લાખ પ્રાર્થનાઓ કરીએ છીએ.

# શ્રી નટવરલાલ શામળદાસ વોરા

મૂળવતન અમરેલી ધર્મ્યુજ નાની ઉંમરે ૧૯૩૮માં મુંબઇ આવી કોલસાના ધંધાનું સ્વતંત્ર કામ શરૂ કર્યું. જાતમહેનત, ખંત અને આપ હુશિયારીથી કોલસા વાપરનારા નાના મોટા કારખાનાઓનો, પરિચય કરી મુંબઈમાં કોલસાનો ધંધો જમાવ્યો. નટવરલાલ શામળદાસની કુંના ધંધાના વધુ વિકાસ અર્થે ૧૯૪૩માં કલકત્તા ખાતે પ્રથમ અન્ય ઓફીસ ખોલી અને ત્યારબાદ સમસ્ત ભારતનો પ્રવાસ કરી દેશના મુખ્ય શહેરોમાં, નાગપુર, મદ્રાસ, બેંગ્લોર અને કોલસાના મથકો જેવાં કે ઝરીયા, જુનારદેવમાં ઓફીસો સ્થાપી દેશભરના કોલસાના ખાણમાલિકો સાથે સંબંધો બાંધી, ઇલેક્ટ્રીક પાવર-હાઉસીઝ, ટેક્ષટાઇલ મીલો, સીમેન્ટ ફેકટરીઓ, રેલ્વે વિગેરે કારખાના-ઓને જથ્થાબંધ માલ પૂરો પાડવાનું શરૂ કરી, દેશના પ્રથમ પંક્તિના કોલ સપ્લાયરોમાંના એક તરીકે તેમની નટવરલાલ શામળદાસ કું. એ નામના મેળવી.

ધંધાના વિશેષ ક્ષેત્રોમાં દાખલ થઈ નટવરલાલભાઇએ ૧૯૫૧ આસપાસ મેંગેનીઝ અને આયર્ન ઓરનો નિકાસ વ્યાપાર શરૂ કર્યો. મુંબઇ, વિઝાગાપટ્ટમ, મેંગ્લોર તથા મદ્રાસ બંદરેથી મોટા પ્રમાણમાં ઓર નિકાસ કરી ટુંક સમયમાં મેંગેનીઝ ઓરના સુપ્રસિદ્ધ નિકાસકારોની હરોળમાં સ્થાન મેળવ્યું. વળી સ્ટ્રોમેોર્ડ, ગ્રેમોર્ડ અને કાર્ડ ઓકસના કામકાજ માટે અને મીનરલો અંગે નવા નવા ધંધા શરૂ કર્યા. નિકાસ વ્યાપારના વિકાસ અંગે તેઓશ્રીએ અનેક વખત જાપાન, ઇગ્લાંડ, યુરોપના દેશો તથા અમેરિકાના પરદેશ પ્રવાસો કર્યા છે. વળી મુંબઈમાં કોલ મરચન્ટસ એસોસીએશન સ્થાપવામાં અને વેસ્ટર્ન ઇન્ડીઆ મીનરલ એસોસીએશન સ્થાપવામાં અગ્રગણ્ય ભાગ લઇ વર્ષો સુધી આ સંસ્થાઓનું પ્રમુખપદ શોભાવ્યું છે. રાજસ્થાન, મહીસુર અને મધ્યસ્થ મીનરલ એડવાઇઝરી બોર્ડના સભ્ય તરીકે તેઓશ્રીએ સેવા આપી ઓર-ખનીજોની નિકાસ વધારવામાં મહત્વનો ફાળો આપ્યો છે.

સને ૧૯૫૬માં રાજ્ય વ્યાપાર સંસ્થા: સ્ટેટ ટ્રેડીંગ ઓરના નિકાસ વ્યાપારમાં દાખલ થતાં, શ્રી નટવરલાલ ભાઇએ, ઓલ ઇન્ડિયા મીનરલ કન્વેન્શનના પ્રમુખપદે ચુંટાઇ, મુંબઇ નાગપુર અને દિલ્હીમાં કન્વેન્શનો ભરી ખનીજ-એરના વ્યાપાર-ઉદ્યોગની પ્રચલીત પરંપરાઓ ચાલુ રાખવા પ્રયાસો કર્યા હતા. ગુજરાત રાજ્યની સ્થાપના થયા પછી ગુજરાતના ખનીજક્ષેત્રે વિકાસ માટે, અમદાવાદમાં ગુજરાત મીનરલ ઇન્ડસ્ટ્રીઝ એસોસીએશનની સ્થાપના તેમના પ્રમુખપદે અને ગુજરાત વ્યાપાર-ઉદ્યોગ મહામંડળ હસ્તક ગુજરાત મીનરલ કન્વેન્શન બોલાવી તેના પ્રમુખ તરીકે, સમસ્ત ગુજરાતના ખનીજોના: મીનરલના: વ્યાપારીઓ તથા ખાણમાલિકોની અનેકવિધ તકલીફો નીવારવા સફળ પ્રયાસ કરી, તેઓએ ગુજરાતનો ખનીજ વ્યાપાર વિકસાવવામાં સુંદર ફાળો આપ્યો. કોલસા અને મેંગેનીઝ સિવાય બીજા ખનીજો-મીનરલોના વ્યાપાર અને ઉદ્યોગીય ઉત્પાદન માટે હાલ જોગેશ્વરી ખાતે સ્ટાન્ડર્ડ મીનરલ પ્રોડક્ટ લીમીટેડ નામની અધ્યતન પેસ્ટીસાઇડની ફેકટરી બંધી. તેઓએ ફોરમ્યુલેશન અને ખેતી વિષયક પેસ્ટીસાઇડઝનું વિશાળ પાયા ઉપર ઉત્પાદન શરૂ કરેલ છે.

દેશના વ્યાપાર-ઉદ્યોગ ક્ષેત્રે રસ લેવા ઉપરાંત તેઓ અનેક નાની મોટી સામાજીક અને કેળવણી વિષયક સંસ્થાઓમાં તન મન અને ધનથી સહાય કરી રહ્યા છે અમરેલી વિદ્યાસભા, અમરેલી પ્રજામંડળ માટુંગા શ્રેયસ સંસ્થાના વિકાસમાં તેમનો મહત્વનો ફાળો છે. સૌરાષ્ટ્ર અને મુંબઇની કેળવણી વિષયક સંસ્થાઓમાં તેમના નાના મોટા ફાળા ઉપરાંત તેમના વતન અમરેલીમાં બન્ધુ ચીમનભાઇ વોરા સાથે એક લાખ રૂપિયાનું પ્રદાન આપી ' શામળદાસ વોરા કોલેજ હોસ્ટેલ " બંધાવી આપેલ છે. છેલ્લા કેટલાંયે વર્ષોથી મુંબઇની કપોળ કો-ઓપરેટીવ બેન્કનું પ્રમુખપદ સ્વીકારી બેન્કનાં વિકાસમાં તેઓશ્રીએ મહત્વનો ફાળો આપેલ છે. તાજેતરમાં વ્યાપાર વિકાસ અર્થે તેઓ બે માસનો વિશ્વપ્રવાસ કરી સ્વદેશ આવી ગયા છે.

# શેઠ હરગોવિંદદાસ રામજીભાઇ મહેતા

માનવીની મહત્તા એમની પાસે કેટલી સંપતિ છે તેના ઉપરથી નહિ પણ છેક સામાન્ય ગરીબ સ્થિતિમાંથી સિદ્ધિ-રિદ્ધિ અને સમૃદ્ધિના શિખરે પહોંચવા છતાં જેમનું કુટુમ્બ દાન-ધર્મ-અને સમાજ સેવાના ઉચ્ચતમ આદર્શોનું જતન કરવાની સતત જાગૃતિ દાખવી રહ્યું છે. એવા સંસ્કારી પરિવારમાં, સૌરાષ્ટ્રમાં આવેલ બોટાદ પાસેના નાનકડા છતાં આદર્શ ગામ લાખેણીમાં શેઠશ્રી રામજીભાઈ ઝવેરભાઇ મહેતાને ત્યાં જન્મ થયો. સૌરાષ્ટ્રમાં દશા શ્રીમાળી જૈન

જ્ઞાતિએ જે કેટલાંક સ્વયંબળે આગળ વધનાર પરગજૂ દાનવીર રત્નોની સમાજને જે ભેટ આપી છે, તેમાં શેઠશ્રી હરગોવિંદદાસ મહેતાને ગણી શકાય.

પૂર્વભવના પૂણ્યોદયે મળેલ માનવજીવનને સાર્થક કરવા, મળેલ લક્ષ્મીનો બહુજન સમાજના હિત માટે સદ્‌ઉપયોગ કરવાની મંગલ મનોકામના કરનાર, કેળવણી અને ધાર્મિક પ્રવૃતિઓમાં અપાર લાગણી અને રસ ધરાવનાર શેઠશ્રી હરગોવિંદભાઇએ–પુષ્પની સુવાસ જેમ જગતભરને સુવાસીત બનાવે છે તેમ કુળ અને કુટુંબમાં, જ્ઞાતિ અને બહોળા જનસમુહમાં પોતાના તેજસ્વી વ્યક્તિત્વથી દિવ્યતા પ્રગટાવી છે.

આવા એક દિલેર આદમીની જીવન સૌરભ નવી પેઢીને ખૂબ જ પ્રેરણાદાઈ બની રહે તેમ છે.

શુન્યમાંથી સર્જન કરનાર આ પુરૂષાર્થી વ્યક્તિએ જયંત ગ્રુપના ધંધાદારી એકમોને વિકસાવવામાં જે પરિશ્રમ ખેડ્યો છે, તનમન વિસારે મૂકી હૈયા ઉકલતથી જે પ્રગતિ સાધી છે, તેજ તેની પ્રતીભાનો પારાશીશી છે. નાનપણથી જ યશસ્વી આગેવાન ઉદ્યોગપતિ બનવાનો તીવ્ર તલસાટ તેના મુખ ઉપર જોવા મળતો-સમય જતાં ધંધાને આબાદ સ્થિતિમાં મૂકતા ગયાં. સ્વ. પિતાશ્રીના અંતરના આશિર્વાદ અને ભાઇઓની સંપ, સલાહ અને મદદને લઇ ધંધામાં બે પૈસા કમાયા છતાં ધનનો ઉન્માદ તેના મૂખ ઉપર જોવા નથી મળતો. પરોપકારી સ્વભાવ, બીજાના દૂખે દૂખી થવાની તેમની ભાવના સહિષ્ણતા, નમ્રતા અને કોઇનું પણ કલ્યાણ થતું હોય ત્યાં ઉભા રહેવા સાથે જીવનમાં વણાયેલી ઉદારતા અને વડીલો પાસેથી મેળવેલા ધાર્મિક સંસ્કારો અને સેવાપરાયણતાના ગુણો તેમના આખાએ કુટુમ્બ ઉપર ઉપસી આવેલા જણાય છે.

૧૯૪૪ માં મુંબઇમાં ધંધાર્થે આવ્યા–સામાન્ય નોકરીની શરૂ–આતથી જીવનની શરૂઆત કરી, પણ કાંઇક કરી છુટવાની મહત્વ–કાંક્ષા સેવતા એ યુવાન હૈયાને નોકરી કરવી કેમ ગમે ? મુસીબતેનો સામનો કરીને, સુખ દૂખના તડકા છાયાને વટાવી આકરી–અગ્નિ કસોટીને અંતે **જયંત પેપર બોકસ ફેકટરીની** સ્થાપના કરી. કુદરતના આશિર્વાદ સાંપડ્યા-અને ધંધામાં યારી મળી બે પૈસા કમાયા. ક્રમે ક્રમે મદ્રાસ. ઉતરી વિગેરે અન્ય સ્થળોએ જયંત ગૃપનું ધંધાદારી વટવૃક્ષ વિસ્તાર પામતું ગયું. આ ભવ્ય સિદ્ધિની યશકલગી શ્રી હરગોવિંદદાસભાઇને આપવી ઘટે.

તેમની આ બધી સફળતમાં સાથીઓની સહાનુભૂતિ મિત્રોની હુંફ, કુટુંબીજનોની આત્મિયતા, વડીલોની વાત્સલ્ય દૃષ્ટિ, પોતાનો મિલનસાર અને નિખાલસ સ્વભાવ, પરોપકારી વૃત્તિ, ઇશ્વરમાં અનન્ય શ્રદ્ધા તેમજ નિષ્ઠા–પ્રમાણીકતાને જીવનભર વળગી રહેવાનું દૃઢ મનોબળ એવા ધીમા સદ્‌ગુણોએ મહત્વનો ભાગ ભજવ્યો છે ધંધાદારી પ્રવૃત્તિઓ સાથે સમાજ સેવાના ઉમદા ધ્યેયને ભૂલ્યા નથી. જ્યાં જ્યાં જરૂર પડી છે ત્યાં ત્યાં તેમની સેવા શક્તિનો લાભ સૌને અહર્નિશ મળતો રહ્યો છે.

મુંબઇના વ્યાપારી જગતમાં એમનો માન અને મરતબો વધતા ગયાં તેમ તેના મનની ઉદારતા અને દિલની અમીરાત વધુ ને વધુ ખીલતા ગયા; દયા અને કરૂણા પ્રગટતા ગયાં. કુટુંબના નાના મોટા સૌ સભ્યોની સ્વાર્પણની આ યશગાથા રચવામાં ભારે મોટો હિસ્સો રહ્યો છે. આ સાહસિકવીરે ખંત મહેનત અને પુરૂષાર્થથી ભારે મોટી પ્રતિષ્ઠા જમાવી તેની ફલશ્રુતિરૂપે આજે ઘણી પેઢીઓનું સફળ સંચાલન કરી રહ્યાં છે. આ સંચાલનમાં શ્રી છોટુભાઇ, શ્રી જયંતભાઈ, શ્રી ભગવાનદાસભાઇ વિ સાથે રહીને ધંધાકીય ક્ષેત્રે ઉજ્જવળ પગદંડી ઉભી કરી રહ્યાં છે. લાખેણીમાં રામજીભાઇ મહેતા સ્કુલ, બોટાદમાં શિક્ષણ વર્ગો અને ઉપાશ્રય, ચેમ્બુરમાં જૈન દેરાસર, નાની મોટી જૈન અને જૈનેતર સંસ્થાઓમાં ઉદાર દિલે દાનનું ઝરણું વહાવ્યું છે. તેમને ત્યાંથી કદી કોઈ નિરાશ થઇને કે ખાલી હાથે પાછું ગયું નથી–આ કુટુંબની સુવાસ ચોતરફ ફેલાયેલી છે વતન પ્રત્યેની મમતા કદી ભૂલ્યા નથી. ધંધાકીય ક્ષેત્રે જેટલો રસ લઇ રહ્યાં છે એટલોજ રસ સામાજિક સેવાઓમાં પણ લઇ રહ્યાં છે શ્રીમંતાઇની મદભરી છાંટનો સ્પર્શ થયો નથી એજ એમના સંસ્કારની પ્રતીતિ કરાવે છે સાહિત્યિક પ્રવૃત્તિઓને પણ છુટે હાથે અને મોકળા મને પ્રોત્સાહન આપ્યું છે. સમાજ સેવાની દિશામાં–ધંધાકીય ક્ષેત્રે સારૂં એવું હુંડીયામણ બચાવી સાચા અર્થમાં રાષ્ટ્રની ભારે મોટી સેવા કરી રહ્યાં છે.

અમારૂ મસ્તક તેમને વંદન કરે છે.

# શ્રી માવજીભાઈ દામજીભાઈ શાહ

સૌરાષ્ટ્રની ભૂમિ સદા સોહામણિ છે તેણે આજસુધીમાં અનેક મહાપુરૂષે, શૂરવીરો, શાયરો અને સાક્ષરોને જન્મ આપ્યો છે. ગુજરાતના વિદ્યાધામ ગણાતા ભાવનગર શહેરમાં વિ સં. ૧૯૪૮ની સાલમાં શરદઋતુના સોહામણા દિવસોમાં ધનતેરશના શુભ અને મંગલમય દિવસે શ્રી. માવજીભાઇનો જન્મ થયો નાનીવયમાં જ માતાપિતાનુ અવસાન થયું અને ભારે મોટા સંઘર્ષો વચ્ચે જીવનની શરૂઆત થઇ અને પૂરી હિંમત અને શ્રદ્ધાથી અભ્યાસ ચાલુ રાખ્યો, ધાર્મિક શિક્ષણ પણ પૂર્ણ પણે મેળવાને સદ્‌ભાગી બની શકયા. જૈન મુનિઓની તેમના તરફની પ્રેરણાને લઇ સમય જતાં એક આશાસ્પદ સિતારાની જેમ ચમકયા. કાશીના વિદ્યાભ્યાસ દરમ્યાન ત્યાંના ધાર્મિક શિક્ષણે તેના મન ઉપર જબરજસ્ત અસર કરી. માનવજીવન તડકા છાયાથી રંગાયેલુ છે, એ રંગોના પ્રભાવ અનેરા હોય છે–જીત જીવ માં નશો આપે છે, તો હાર જીવનમાં બોધ આપે છે-તડકા છાયા વચ્ચે તેમનું જીવનઘડતર થયું દેહની ક્ષણભંગુરતાનો અને લક્ષ્મીની ચંચળતાનો ખયાલ બહુ નાની વયમાં આવી ગયો ધાર્મિક શિક્ષણ તરફ તેમની નિષ્ઠા અનન્ય અને અજોડ હતી. શિક્ષકપદ માટે તેમના હૃદયમાં અતિ ગૌરવ ભર્યું સ્થાન હતું અને સમસ્ત જીવન તેમાંજ ખર્ચ્યું અને હજારો વિદ્યાર્થીઓના જીવનનું ઘડતર કરી એક ઉત્તમ 'જીવન શિલ્પી'' નું બીરૂદ પામ્યા તેમની લેખન–પ્રકાશન પ્રવૃતિએ ૭૬ જેટલા ઉત્તમ પ્રકાશનો સમાજને ચરણે ધર્યાં.

જૈન મુનિશ્રી વિજયધર્મસૂરિજીના શબ્દોમાં કહીએ તે તેઓ વર્તમાન કાળના શ્રાવક સંઘમાં એક આદર્શ ગૃહસ્થ હતા, તેમના જીવનમાં જૈન શાસન પ્રત્યે અવિચળ શ્રદ્ધા હતી. દેવ-ગુરૂ–ધર્મના તેઓ અનન્ય ઉપાસક હતા.

પોતે પ્રાપ્ત કરેલ જ્ઞાન ફક્ત પોતાના ઉપયોગ પૂરતૂ સાચવી ન

રાખતા જૈન સમાજના બાળકોમાં ધર્મશ્રદ્ધા અને ધાર્મિક આચાર વિચારના પાયા રોપ્યા. તેમના જ્ઞાનનો લાભ સાધુ–સાધ્વીઓને પણ મળ્યો. તેમને કવિત્વ શક્તિની કુદરતી બક્ષીસ હતી. તેમની કલમ અસ્ખલિત કામ આપતી હતી–તેમનામાં સદ્દગુણોની સુવાસ ઠીક પ્રમાણમાં પ્રગટ થયેલી હતી.

અરિહંત–અરિહંતના ધ્યાનમાંજ આયુષ્યની સમાપ્તિ થવી એજ જીવનનું સાચું સરવૈયું છે. એ સાચા સરવૈયાના અમુક પ્રમાણમાં તેઓ અધિકારી બની શકયા હતા.

બીજમાં મધુરતા હોય તો ફલમાં પણ અવશ્ય મધુરતા આવે. તેમના પુત્રશ્રી જયંતભાઇમાં એ સંસ્કાર વારસો ઉતર્યો. જયંતભાઇને માટે માવજીભાઈ જેમ આદર્શ પિતા હતા તેમ માવજીભાઈ માટે જયંતભાઇએ એક આદર્શપુત્ર તરીકેની નામના મેળવી છે. આજે શ્રી જયંતભાઇનું આદર્શ કુટુંબ આનંદ કિલ્લોલથી રહે છે. તેમને ત્યાંથી આજે પણ કોઇ નિરાશ થઇને પાછુ ગયું નથી. સ્વ. માવજીભાઈ જેવા પૂણ્યશાળી આત્માઓ માટે ગુજરાત આજે પણ ગૌરવ અનુભવે છે.

## શ્રી જામીરભાઈ બી. મહેતા

જેમના હૃદયમાં માણસાઈનો દિવો બળે છે, અને નાત જાતના ભેદ વગર જે માત્ર માનવ કલ્યાણના કાર્યો કરી જગતમાં પોતાની અદ્દભુત સેવાની સુવાસ પ્રસારી જાય છે એવા દાનવીરે ની હરોળમાં ગુજરાતના કપડવણજ ગામના વતની શ્રી જાબીરભાઈ બી. મહેતાનું નામ સહેજે મૂકી શકાય તેવું છે.

વોહરા કોમના શ્રીમતોમાં પોતાના સમાજ ઉપરાંત જાહેરક્ષેત્રે દાન કરવામાં શ્રી જાબીરભાઇએ એક આગવો ઇતિહાસ સર્જ્યો છે. તેમની ખાનગી અને જાહેર સખાવતનું ઝરણું એવું અવિરતપણે વહી રહ્યુ છે કે આમજનતાના હૈયામાં તેઓએ ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કરેલ છે. આજ સુધી કરેલા દાનનો આંકડો લગભગ ૫૦ લાખને આંબી જવા આવ્યો છે, અને તેના કારણેજ તેઓએ સૌના હૈયામાં લોકલાડીલા દાનેશ્વરી તરીકેનું બિરૂદ પ્રાપ્ત કર્યું છે. તેમનું દાન ખાનગી રીતે ગરીબોને તથા જાહેર રીતે કેળવણી અને તબીબીક્ષેત્રે વહેંચાએલું છે. આજે સમાજની મોટી જરૂરિયાત કેળવણી અને તબીબીક્ષેત્રે હોય. એ સમજીને તેઓએ ચોક્કસ દષ્ટિકોણથી દાન કરી આવકારને પાત્ર પગલું ભર્યું છે.

કપડવણજની નગરપાલિકાએ થોડા દિવસ પહેલા એ વિસ્તારના અગ્રગણ્ય સર ચંદુલાલ ત્રિવેદીના પ્રમુખસ્થાને જાબીરભાઇ મહેતાનું બહુમાન કર્યું હતું અને તેઓને ચાંદીના કાસ્કેટમાં માનપત્ર અર્પણ કર્યું હતુ. આ પ્રસંગે કોમ–પરકોમના પ્રતિષ્ઠિત આગેવાનો તથા મુંબઇના કેટલાયે અગ્રગણ્ય નાગરિકો હાજર રહ્યા હતા.

કપડવણજના થવાદ ગામે તેઓએ એક હાઇસ્કુલ બાંધી આપવા ઉપરાંત દર વર્ષે તેને રૂા. ૨૦૦૦ (બે હજાર)ની સહાય આપવાનું સ્વીકાર્યું છે. થવાદ ગામે શેઠશ્રી જાબીરભાઇને આમંત્રી, તેમનું શાનદાર સામૈયુ કરી, એક ભવ્ય સન્માન સમારંભ યોજી ઊમળકાભર્યું સ્વાગત કર્યું હતું. સરદાર પટેલ યુનિવર્સિટીના ઉપકુલપતિ શ્રી ઇશ્વરભાઇ પટેલના પ્રમુખસ્થાને આ સમારંભ યોજવામાં આવ્યો હતો. આ પ્રસંગે શ્રી જાબીરભાઇ મહેતાના ભલા અને પરગજુ ધર્મપત્ની શ્રી હુસેનાબહેનને પણ પુષ્પહારથી લાદી દીધા હતા.

ચાર માસ પહેલાં કપડવણજ તાલુકા કોંગ્રેસ સમિતિ માટે મકાન ખરીદવામાં મોટી રકમ આપનાર તરીકે પણ શેઠશ્રીનું ગુજરાત કોંગ્રેસના પ્રમુખશ્રી વજુભાઈ શાહના પ્રમુખસ્થાને બહુમાન કરવામાં આવ્યું હતું અને કોંગ્રેસ ભવન સાથે શેઠશ્રી જાબીરભાઈનું નામકરણ જોડવાનો વિધિ પણ થયો હતો. નાયબ પ્રધાનશ્રી માધવલાલ શાહે પણ આ પ્રસંગે દાતાશ્રીની ઉદારવૃત્તિ માટે તેઓને બિરદાવ્યા હતા.

આ વિસ્તારમાં તેમની દાનગંગા કેવી અવિરત પણે વહે છે તેના એક નહિ પણ અનેક દષ્ટાંતો છે, કપડવણજ નગરપાલિકાને પ્રાથમિક શાળાનું એક અદ્યતન મકાન બાંધવા માટે પણ રૂા. એંસી હજાર જેવું માતબર દાન આપવામાં આવ્યું છે.

કપડવણજમાં દોઢ લાખ રૂપીયાના ખર્ચે શ્રી જાબીરભાઇએ હોસ્પીટલ બંધાવી આપ્યા પછી પણ લાખ રૂપીયાના ખર્ચે આઉટડોર ક્લીનીકનું મકાન પણ બંધાવી આપેલ છે. કપડવણજ કોલેજ ફંડમાં રૂા. ૫૦૦૦૦, વાંચનાલયમાં રૂા. ૪૦૦૦૦ આપેલ છે અને ડભોઇ ગામે એક સાયન્સ હોલ બંધાવી આપેલ છે.

તેઓ રૌફા કો–ઓપરેટીવ બેંક લી. અને ઇલેકટ્રીક સપ્લાઈ કું. કપડવણજના ડીરેકટર પદે પણ રહી ચૂકયા છે. વડોદરા રિમાન્ડ હોલના ઉપપ્રમુખ હતા. તેઓ ઘણીએ સંસ્થાના ઉચ્ચ હોદ્દાઓ ભોગવી ચૂકયા છે. સરકારશ્રી તરફથી તેઓને J. P. તરીકેનું માન મળ્યુ છે. તેઓએ હમણાજ એક માતબર ટ્રસ્ટ કર્યું છે, આ ટ્રસ્ટમાંથી દર વરસે રૂા. ૬૦૦૦૦ની રકમ સાર્વજનીક ક્ષેત્રે કેળવણી અને તબીબી રાહતમાં ખર્ચ કરવામાં આવશે. મજકુર ટ્રસ્ટના ટ્રસ્ટીઓમાં પારસી તથા હિંદુ ભાઈઓનો પણ સમાવેશ છે. નાત જાતના ભેદભાવ વગર કેવળ ઇન્સાનની ભલાઇ માટે કાર્ય કરનાર આવા દાતાઓ એ ગુજરાતનું ગૌરવ છે. અને શ્રી જાબીરભાઇ મહેતા માટે ગુજરાત હંમેશા ઋણી રહેશે.

## શ્રી જીવરાજ ઉજમશી શેઠ

ગોંદિયાના વ્યાપારી ક્ષેત્રે જેમના નામની સુવાસ આજ પણ મહેકે છે, માતૃભૂમિ સૌરાષ્ટ્રને જેણે હમેશા દિપાવી જાણ્યું છે, અને જેમની જાહેર સેવાઓ યશકલગી સમાન બની છે, તેવા કુટુંબની ઉજ્જવળ નોંધ લેતા આનંદ થાય છે. સૌરાષ્ટ્રીયનો ધંધાર્થે જ્યાં જ્યાં ગયા છે ત્યાં ત્યાં પોતાની કુશાગ્ર બુદ્ધિ, અડગ આત્મશ્રદ્ધા અને પ્રબળ પુરૂષાર્થની ઝાંખી કરાવી છે. સૌરાષ્ટ્રને ગૌરવશાળી બનાવનારા કેટલાંક મહાનુભાવોમાં જીવરાજ ઉજમશી શેઠને પણ યાદ કર્યા વગર નથી રહી શકતા. સ્વામિનારાયણ ગઢડાના વતની ઘણાં વર્ષોથી અહીં સ્થિર થઇને ભારે મોટી ચાહના મેળવી છે.

ગુજરાત રાષ્ટ્રીય કેળવણી મંડળના ઉપપ્રમુખ તરીકે ઘણી જ યશસ્વી કામગીરીને લઈ જનસમુદાયમાં સારા એવા માનના અધિકારી બન્યા છે. અત્રેની ગુજરાતી રાષ્ટ્રીય શાળાના મેનેજીંગ ટ્રસ્ટી અને સરસ્વતી મહિલા વિદ્યાલયના વર્ષોથી મેનેજીંગ ટ્રસ્ટી તથા પ્રમુખ તરીકે રહીને જનસેવાની પગદંડી ઉપર ઉજ્જવળ ભાત પાડી છે. ગોંદિયા નગરમાં ચાલતી દરેક સાંસ્કૃતિક કેળવણી, વૈદિક

અને ધાર્મિક પ્રવૃત્તિમાં રસ ધરાવી તેમાં સેવાનો મોટો હિસ્સો આપી રહ્યા છે તેનું કારણ તેમનો સ્વભાવ, સરળ, સદાચારી, સહિષ્ણુ, સુવિવેકી, સત્યપ્રિય છે. સમાજસેવાના નાના મોટા પ્રસંગોમાં તેમની હાજરી અચુક હોય જ.

આ પ્રદેશમાં ૧૯૨૫માં આવ્યા પછી બીડીનું કારખાનું શરૂ કર્યું. ખંત મહેનત અને પ્રમાણીકતાને લઇને વ્રજલાલ મણીલાલ એન્ડ કંપની, પેઢીના મેનેજીંગ પાર્ટનર બન્યા. અને પોતામાં રહેલી કાર્યદક્ષતાના લીધે પોતાનું સત્વ આ પેઢીમાં હજારો મજદુરો અને પુષ્કળ કર્મચારીઓ કામ કરે છે.

તેમના પુત્રો તથા પુત્રીઓ શિક્ષિત અને સંસ્કારી છે, એટલું જ નહીં, દાનગંગા પ્રસંગોપાત વહેવડાવવામાં પોતાનો ધર્મ સમજ્યા છે ગોંદિયામાં આ કુટુંબ આગળ પડતું સ્થાન ધરાવે છે. ગોંદિયા સૌરાષ્ટ્રના નાના ગામ જેવું લાગે છે

દાનધર્મ પ્રત્યેની પુરી શ્રદ્ધાની પણ આ કુટુંબે પ્રતીતિ કરાવી છે.

## શ્રી સુલ્તાનઅલી કાસમઅલી લાદીવાલા

શાંત અને સૌજન્ય પ્રકૃતિવાળા, તદ્દન સામાન્ય સ્થિતિમાંથી આપમેળે અને સખ્ત પરિશ્રમે ઔદ્યોગિક ક્ષેત્રે સૌરાષ્ટ્રમાં નામના મેળવનાર શ્રી સુલતાનઅલી લાદીવાલાનું નામ જાણીતું છે. ભાવનગરના વતની શ્રી લાદીવાલાએ ઇન્ટર સાયન્સ સુધીનો જ અભ્યાસ કર્યો પણ પોતાની હૈયાઉકલત અને કાર્યકુશળતાને લઇ નાનપણથી જ ધંધામાં પ્રાવિણ્યતા મેળવતા રહ્યાં.

બેતાલીશ વર્ષની ઉમરના શ્રી લાદીવાલાએ ૧૯૪૮ થી ૧૯૫૫ના સમયકાળ દરમિયાન મુંબઇમાં સંયુક્ત કુટુંબ સાથે ઇમ્પોર્ટ-એક્સપોર્ટના ધંધાનો ઘણોજ બહોળો અનુભવ પ્રાપ્ત કર્યો.

ઔદ્યોગિક ક્ષેત્રે નામના મેળવવાના સ્વપ્ન બચપણથી સેવતા હતા. સમય જતાં તેમણે ૧૯૫૫થી ટાઇલ્સ મેન્યુફેકચરીંગનો સ્વતંત્ર ધંધો ભાવનગરમાં શરૂ કર્યો સાથે માર્બલ કટીંગ પોલીસીંગનું કામ શરૂ કર્યું જે કામ સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ તેમણે શરૂ કર્યું અથવા તો સૌરાષ્ટ્રમાં બીજુ કોઇ છે નહિ.

ટુંકી મુડીથી શરૂ કરેલા સાહસમાં ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડયો. અનેક જાતના તાણાવાણામાંથી શ્રી લાદીવાલાને પસાર થવું પડ્યું. એકમાત્ર શ્રદ્ધાને બળે કામ અવિરત ચાલુ રાખ્યું.

તેમણે ધંધામાં છેવટે જે કાંઈ સિધ્ધિ હાંસલ કરી તેમની પાછળનું પ્રેરણાબળ તેમના સ્વ ધર્મપત્નિ હતા. સ્વ. ઝરીનાબેનના નામ ઉપરથી ઉજ્જવળ યાદગીરીરૂપે તેમણે 'રીના ટાઇલ્સ'ના નામે ધંધાની શરૂઆત કરી. ઉચ્ચ ચારિત્ર્ય અને આદર્શ નારીના સર્વ ગુણોની પ્રતિભા ધરાવતા સ્વ. ઝરીનાબેને ગૃહજીવનની પોતાની ફરજો ઉપરાંત ધંધાને વિકસાવવામાં વધારેમાં વધારે રસ લીધો હતો. જે અહીં નોંધ્યા વગર રહી શકાતુ નથી.

શ્રી લાદીવાલાનું આધ્યાત્મિકતાથી રંગાયેલ જીવન છે. જીવનમાં નવુ જાણવા, જોવા અને સમજવાની લગનીએ યુરોપના ઘણા દેશોનું તેમણે પર્યટન કર્યું છે.

નિખાલસ, નિરાભીમાની અને ઉદાર દિલ એવા આ ગૃહસ્થ ગુપ્તદાનમાં વિશેષ માનનારા છે. દાન એવી રીતે આપવું કે જમણા હાથે દઇએ તો ડાબા હાથને પણ ખબર ન પડે એ ઉક્તિને સંપૂર્ણપણે વળગી રહેનાર શ્રી લાદીવાલાએ ભાવનગરની ઘણી સંસ્થાઓને હૂંફ આપી છે.

ભાવનગરની રોટરી કલબના સભ્ય છે. પોતાની ધંધાકીય પેઢીના સ્ટાફને અને માણસોને આપ્તજન જેમ ગણે છે. ઋતુઓ પ્રમાણે ચીજ-વસ્તુઓ પોતાના માણસોને આપી એક કુટુંબની ભાવનાને અમલી બનાવી છે.

પોતે સંપત્તિના ટ્રસ્ટી છે એમ માનીને મોકળા મને અને ઉદાર હાથે એક યા બીજી રીતે સૌને ઉપયોગી બનતા રહ્યાં છે. તેમને ત્યાંથી કદી કોઈ નિરાશ થઇને પાછું ગયું નથી એવી એમની ઘણી વિશિષ્ટતા છે.

ભવિષ્યમાં પરદેશોમાં પોતાની ઓફિસો ખોલીને અહિંથી માલ મોકલવાની ઇચ્છા ધરાવે છે. ખરે જ આ ધરતીનું તેઓ ગૌરવ છે.

## સ્વ. શ્રી માવજી હીરજી અને શ્રી હંસરાજ માવજી

તેઓ મૂળ રહેવાશી જુનાગઢ નજીકના મજેવડી પાસેના ગામ ગોલાધરના હતા શ્રી માવજીભાઈનો જન્મ સં. ૧૮૬૭માં, અને તેમનો સ્વર્ગવાસ સં. ૧૯૨૭માં અમરેલીમાં થયો. માવજીભાઇ બાલ્યવયથી જ મહાપ્રતાપી, અત્યંત બુદ્ધિશાળી, તેજસ્વી અને મહાન મુત્સદ્દી હતા. તેમનામાં વાણિક કરતાં ક્ષત્રિય તત્ત્વ વિશેષ પ્રમાણમાં હતું.

એ વખતે કાઠિયાવાડમાં ઓખાના વાઘેરો અને કાઠિ લોકોનો બહારવટાનો ત્રાસ વર્તાતો હતો વાઘેર અને બહારવટાનો ત્રાસ માવ ભાઇથી સહન ન થયો અને તેઓએ તેનો બહાદુરી પૂર્વક સામનો કર્યો. તેઓ ભેટ બાંધી બુકાની ભીડી ખભે મોટી ઢાલ, બંદુક ભાલો તેમજ કેડે તલવાર બાંધતા. એ વખતે લાલીયા વાઘેરનો કાળો કેર વર્તાતો. એક દિવસે તે અને તેની ટોળી એ એ ગામો ભાંગતી ગાયકવાડના એક જીવા જમાદારને કોઈ અપરાધ માટે ખંડેરાવ મહારાજે ગુસ્સે થઇ હદપાર કર્યો, અને જીવાભાઇ પણ આ ટોળીમાં ભળી ગયા. માવજીભાઇએ જીવાને સાધ્યો અને તેની મદદ વડે વાઘેરની ટોળીનો મોટો ભાગ પકડાઇ ગયો. ખંડેરાવ ગાયકવાડ આ સમાચાર સાંભળી બહુ રાજી થયા, અને માવજીભાઇના આવા પરાક્રમથી તેએ ભારે પ્રભાવિત થયા અને તેને પંચમહાલનો (અમરેલી, ધારી, કોડીનાર, દામનગર દ્વારકા વિ) તમામ વહીવટ સુપ્રત કર્યો. ત્યારથી માવજીભાઇ ગાયકવાડના પંચમહાલના સુબા થયા, અને તેમના મૃત્યુ સુધી તેઓ વહીવટદાર રહ્યા માવજીભાઇએ કરી બતાવેલા પરાક્રમના કારણે માવજીભાઇને વંશ પરંપરા દર મહિને બસો બાબાસાઈ રૂપિયા મળે તેવો લેખ કરી આપ્યો અને આ પેન્શન સં. ૧૯૩૦ની સાલ સુધી તેના કુટુમ્બીજનોને મળ્યાં કરતું.

સં. ૧૯૧૮માં ઓખાનાં વાઘેરોએ મોટું બંડ ઉઠાવ્યું અને તે વખતે બ્રિટિશ સરકારની ફોજના પણ અનેક માણસોને ગેરાંની માફક કાપી નાખવામાં આવ્યાં. એ બંડટોળીનો મુખ્ય નાયક મુળુ માણેક અને તેનો ભાઇ જોધા માણેક હતા. આજે પણ આ નામો

પ્રસિદ્ધ છે. આ ટોળાને હરાવવામાં અને પકડવામાં પણ માવજી-ભાઇનો જ મુખ્ય હિસ્સો હતો. માચરડા (ધારી નજીક)ના ડુંગર પાસે યુદ્ધ લડાયું અને માવજીભાઇની કુનેહથી વાઘેરના ત્રાસનો અંત આવ્યો.

શ્રી માવજીભાઇ સં. ૧૯૨૭માં સ્વર્ગવાસી થતાં તેના પુત્ર હંસ-રાજને વહીવટદાર બનાવ્યાં અને તેમની પાસે સં. ૧૯૩૦ સુધી વહીવટ રહ્યો. રાજકોટમાં દરબાર વખતે સં. ૧૯૩૦માં ત્યાંના પોલી-ટીકલ એજન્ટે હંસરાજભાઇને ખાસ આમંત્રણ આપી પોતાના સોફાની જમણી બાજુએ સ્થાન આપ્યું હતુ. હંસરાજભાઇ સં. ૧૯૭૭માં ગુજરી ગયા. આ કુટુમ્બનો બહોળો પરિવાર આજે પણ અમરેલીમાં છે.

## શ્રી અશ્વીનભાઇ મોહનલાલ પારેખ

છેલ્લી અરધી સદીથી જે કુટુંબે સમાજજીવનમાં ઉજ્જવળ સુવાસ ઉભી કરી છે તેવા જાણીતા પારેખ કુટુંબમાં આફ્રિકામાં શ્રી અશ્વીનભાઇનો જન્મ થયો શ્રી અશ્વીનભાઈ નાનપણથી સ્વધર્મ પ્રત્યે દ્રઢ અભીરુચી રાખનારા જણાય છે. કેળવણી અને વિદ્યાવૃદ્ધિ એ વ્યકિત અને સમાજ બન્નેના વિકાસનું મૂખ્ય સાધન છે, એ પાયાની વાતનો આ કુટુંબે સારી રીતે સ્વીકાર કર્યો છે. વિદ્યાભ્યાસ દરમ્યાન જૂદી જૂદી સામાજિક પ્રવૃતિઓમાં મોખરે રહીને જીવનમાં કાંઇક કરી છુટવાના મનસુબા સેવ્યા કરતા.

બી. કોમ. સુધીનો અભ્યાસ કરી બહુજ નાની વયે ધંધામાં ઝંપલાવ્યું. એકધારી જહેમત ઉઠાવીને આમળ વધવાના દ્રઢ નિશ્ચય સાથે કુટુંબીજનોના અનુભવોની મોંઘી મૂડીને કામે લગાડીને સ્વતંત્ર ધંધાનો શ્રી અશ્વીનભાઇએ મંગલ પ્રારંભ કર્યો. ઉદ્યોગના સંચા-લનની કાબેલિયત અને સાહિત્ય–શિક્ષણ પ્રવૃ ની પ્રિતી એ શ્રી અશ્વીનભાઈના મુખ્ય પાસા રહ્યાં છે. શરૂઆતમાં પ્રિન્ટીંગ પ્રેસની લાઇનમાં થોડા વર્ષો કામ કર્યું. ઘણા મોટા પુરૂષાર્થ સાથે આ કામ શરૂ કર્યું.

તે વખતે મહેનતથી કસાયેલું તેમનું શરીર અને આત્મ-વિશ્વાસથી મજબૂત તેમનું મન એજ એમની મુખ્ય સંપતિ હતા. તેમ છતાં ધગશ, ચીવટ અને નિયમીતતાએ પ્રગતિના સોપાન પર પગ માંડવામાં અનુકુળતા ઉભી થતી ગઇ એ વખતે આત્મ સંતો-ષની એક અનેરી આભા તેની આંખને અજવાળતી હતી મુંબઇમાં શરૂઆતની ધંધાકીય પ્રવૃતિઓમાં તેમને જે મુશ્કેલીઓ અને તાણા-વાણામાંથી પસાર થવું પડયું છે એ વસમા દિવસોની યાદ એમને દુખીયાઓના દુખ દુર કરવા પ્રેરે છે. મૂંગુ દાન એ એમની પ્રિય પ્રવૃતિ છે.

સમય જતાં મોટાભાઇ શ્રી મનસુખભાઇની પ્રેરણા અને હુંફથી સ્વતંત્ર રીતે ભાવનગરમાં ઇન્ડસ્ટ્રીયલ જ્વેલ્સ ના ધંધામાં ઝંપલાવ્યું અને ટૂંકા ગાળામાં ઘણી મોટી સિદ્ધિ હાંસલ કરી અને તેમની વિશ્વાસપાત્ર કાર્યનીતિ આદરપાત્ર બની.

કુટુંબીજનોના આશિર્વાદ સાથે પોતાના સ્વયંબળે અને ટૂંકી મૂડીથી શરૂ કરેલા આ સાહસમાં ઉત્તરોત્તર પ્રગતિ થતી રહી.

અદ્યતન સાધન–સુવિધા–સજ્જ એવા વિશાળ બીલ્ડીંગમાં ઇન્ડસ્ટ્રીયલ જ્વેલ્સ લી. નું સફળ સંચાલન તેઓશ્રી કરી રહ્યા છે, જે તેમની કાર્યશકિતની પ્રતીતિ કરાવે છે. આ કું. નો પરિચય અન્યત્ર આ ગ્રંથમાં પ્રગટ થયેલ છે.

ધંધાકીય હેતુ અર્થે અને દુનિયા વિષે કાંઇક નવુ જોવા જાણવા અને સમજવાની ઉત્કંઠાએ યુરોપના ઘણા દેશોનું તેમણે પરિભ્રમણ કર્યુ છે.

ભાવનગર રોટરી કલબના સભ્ય છે. કેટલીક અહિંની સામા-જિક અને ધાર્મિક સંસ્થાઓને વિશેષ કરીને અહિંની શૈક્ષણિક પ્રવૃત્તિઓને ગુપ્ત દાન આપવામાં તેમની દાનશીલતા ઘણી વખત ઝળકી ઉઠે છે.

તેમને મ્યુઝીક અને વાંચનનો ઝમરો શોખ છે અને અંતરનો આનંદ કેળવણી અને રાષ્ટ્રિયતામાં વિશેષ રહ્યો છે પોતાની કું. ના બાળકોની કેળવણીની સવલતો માટે સારી એવી રકમનું ફંડ ઉભુ કરી આપ્યું છે.

ભાવનગરને પોતાનું વતન બનાવી દીધુ છે. ભવિષ્યમાં અહિં ચોકકસ યોજનાઓ સાથે ધંધાને વિસ્તૃત પાયા ઉપર મૂકવાની ખ્વાયેશ ધરાવે છે. કુટુંબ અને સમાજને ઉપયોગી બનવાની ભાવના સાથે ધંધાને આબાદ સ્થિતિમાં મૂકતા રહ્યાં છે.

## શ્રી જયંતિલાલ ત્રીભોવનદાસ પંડયા

વ્યવહાર અને ધર્મમાં ખૂબ જ નિયમીતતા જાળવનાર સાહ-સિકવીર શ્રી જયંતિલાલભાઇ પંડયા સિહોર પાસેના નાનકડા ધાંધળી ગામેથી નીકળી બહુજ નાનીવયમાં આફ્રિકાના અંધારા ખંડેને ખૂંદી વળી યશસ્વિ સિદ્ધિ હાંસલ કરી છે. કાઠિયાવાડના ખમીર અને ખાનદાનીને દુર દુરના દેશોમાં પોતાના તેજસ્વી વ્યકિતત્વથી ઝળકાવીને ભાવી પેઢી માટે એક નવોજ બોધપાઠ ઉભો કર્યો છે.

સાત ગુજરાતી પૂરી કરી ન કરી કે તૂરતજ આજીવિકા માટે મુંબઇ તરફ પ્રયાણ કરવું પડયું. મર્યાદીત અને ટાંચા સાધનો હોવા છતાં દિલમાં પ્રમાણીકતા ભરી હોય અને દ્રઢ પુરૂષાર્થની નાવ હંકારી ખેપ કરવા સદા તત્પર હોય તો તેના કેવા સુંદર પરિ-ણામોનું સર્જન થાય છે તેનું ઉદાહરણ શ્રી જયંતિભાઈ પંડયા છે

ધર્માનુરાગી શ્રી જયંતિભાઇ વ્યાપારના ક્ષેત્રમાં માર્ગદર્શક, વ્યહવારના ક્ષેત્રમાં સલાહકાર અને સૌના સન્માનીય બનીને નિવૃત જીવનમાં પ્રભુપરાયણ જીવન જીવી રહ્યાં છે.

જીવનની શરૂઆતના એ કપરા દિવસોમાં અનેક તાણાવાણામાંથી તેમને પસાર થવું પડયું છે. મુંબઇથી સ્ટીમર દ્વારા જુબા (આફ્રિકા) પહોંચવા વાટખર્ચીના પચીશેક રૂપીયા જેવી રકમ મહામુશ્કેલીએ ભેગી કરી કોઇ મંગળ ચોઘડીયે પ્રયાણ કર્યું.

આફ્રિકા અજાણ્યો પ્રદેશ, અજાણી ભાષા, કોઇની હુંફ કે પ્રેરણા નહિ. મુશ્કેલીના દિવસોમાં સાંત્વનના બે શબ્દો મેળવવા કોઇનો પણ સહારો નહિ. કયાંક પૂરા સમયની નોકરી–કયાંક નાનકડા પાયા ઉપરનો વ્યાપાર ઘણો સમય લથડતી રહેતી તબીયત છતાં યુવાનીને કસોટીએ ચડાવી.

જેમ જેમ અનુભવ મળતો ગયો તેમ તેમ યુવાસહજ આકાંક્ષાઓ બળવત્તર બનતી ગઇ નવી નવી નોકરીઓથી મના-

બળ દ્રઢ બનતું ગયું. પોતાના સ્વમાનશીલ સ્વભાવને લઈ ભાવીને ઉજળું બનાવવા ધંધાર્થે યુરોપના ઘણા દેશો જેવા કે રોમ–એથેન્સ–કેરો અને છેવટે લંડન વિગેરે સ્થળોનું પરિભ્રમણ કર્યું. હૃદયમાં હામ ભીડી આફ્રિકાના મહત્વના સ્થળોમાં જીંદગીના ઘણા વર્ષો પસાર કર્યા. તેમણે ત્યાગ અને ભોગની ઉભી કરેલી પગદંડીનું મૂલ્યાંકન કરવું ઘણુંજ મુશ્કેલ છે. સુખ–દુખને કયારેય ગણકાર્યું નથી હિંદમાં પણ ઘણા તીર્થોની યાત્રા કરી છે એટલું જ નહિ પણ સૌંદર્યધામો પણ નજરે નિહાળ્યા છે.

કલા–સંસ્કૃતિને ઉત્તેજન આપવાના હિમાયતી છે દેશ પરદેશની પોસ્ટની ટીકીટસંગ્રહના જબરા શોખીન છે. આત્મોન્નતિ માટે તેઓશ્રીની જાગૃતિ પ્રેરણાદાયક છે. અમરેલીની મહિલા કોલેજમાં માતબર રકમનું દાન આપીને ઉજ્જવળ ભાત ઉભી કરી છે. પોતાની બુદ્ધિ પ્રતિભા, સચ્ચાઇ, પ્રમાણીકતા અને આવડતના બળે ધીમે ધીમે વ્યાપારમાં અગ્રેસર બનતા રહ્યાં. વ્યાપારી આલમમાં તેમનો માન મરતબો જેમ જેમ વધતા ગયા તેમ તેમ દિલની અમીરાત ખીલતા ગયાં.

ગમે તેનું કામ કરી છુટવું એવો ઉમદા ગુણ નિષ્કામકર્મયોગી શ્રી જયંતિભાઇને સંસ્કાર વારસામાં મળેલો. સરકારી વડા અધિકારીઓ અને મહાજન અગ્રણીઓ સાથેના તેમના સંબંધો ઘણાજ ઘનિષ્ટ રહ્યાં. સામાજિક સંસ્થાઓમાં તેમની પ્રતિષ્ઠા સારી રહી.

પુરૂષાર્થના દેવને પ્રારબ્ધની દેવી સાથે ત્યાં ઓળખાણ થઇ અને ઠીક સંપત્તિ કમાયાં–જે સંપત્તિ તેમણે સન્માર્ગે વાપરી જાણી છે.

કઠોર સાધનાવાળું જીવન, સ્વભાવે નિખાલસ, મીતભાષી અને સહૃદયી છે. માનવતા અને ધર્મના ચૂસ્ત હિમાયતી છે.

જૂના સ્થાપત્યો અને જૂના મંદિરોનો જીર્ણોધ્ધાર કરવા–કરાવવામાં અનન્ય ભક્તિ દાખવી રહ્યાં છે. વતન–ઘાંઘળી પાસેના થાપનાથ દાદાના પાવનકારી કામમાં અને તે જગ્યાને સમૃધ્ધ બનાવવામાં સતત માર્ગદર્શક અને સહાયક રહ્યાં છે.

થાપનાથ મંદિરને જંગલમાં ભવ્ય મંગલ રચવાના તેઓ સ્વપ્નદ્રષ્ટા રહ્યા છે. પોતાના પરગજુ સ્વભાવને લઇ નાનામોટા અનેક ફંડફાળાઓમાં ઉદારહાથે મદદરૂપ બન્યા છે. તેમને ત્યાંથી કદી કોઇ નિરાશ થઇને પાછું ગયું નથી.

જીવનને મંગલમયી બનાવવામાં તેમના ધર્મપત્નિ શ્રીમતી શારદાબેન નો સહારો મળતો રહ્યો છે.

શ્રી જયંતિભાઇને હાથે અનેક રૂડા કામ ઉભા થાય તેમ આપણે ઇચ્છીએ.

# શ્રી ભાઈલાલભાઈ છોટાભાઈ પટેલ

ઓકટોબર ૧૯૬૨થી ચારૂતર વિદ્યામંડળના મંત્રી અને ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળ લિ.ના અધ્યક્ષ તરીકે માનદ સેવાકાર્ય કરતા ભાઈલાલ છોટાભાઈ પટેલનો જન્મ સને ૧૮૯૭ના માર્ચ માસમાં થયો હતો. તેમના પિતાશ્રી છોટાભાઇ મોતીભાઇ પટેલ નડિયાદ કાકરખાડના વતની હતા, અને સરકારી રેવન્યુ ખાતામાં ત્રીસ વરસ સુધી તલાટી તરીકે એમણે નોકરી કરી હતી. શ્રી ભાઇલાલભાઇ એમના સૌથી મોટા પુત્ર છે. નડિયાદ મ્યુનિસિપાલિટિ તરફથી ચાલતી પ્રાથમિક શાળામાં છઠ્ઠા ધોરણ સુધી અભ્યાસ કરીને તે જ ગામમાં ચાલતી પ્રાઇવેટ ઈંગ્લીશ સ્કુલ (પાછળથી સને ૧૯૨૧થી કોરોનેશન હાઈસ્કુલમાં) અંગ્રેજી અભ્યાસ કરવા જોડાયા હતા. સરકાર તરફથી એ વરસોમાં જીલ્લાના સૌથી ટોચ વિદ્યાર્થીને અપાતી મીડલ સ્કુલ અને હાઇસ્કુલ બેઉ સ્કોલરશીપ ભાઇલાલભાઇને મળેલી.

ઈ. સ. ૧૯૧૩ના ડિસેમ્બરમાં મુંબઇ યુનિવર્સિટીની મેટ્રીકની પરીક્ષા પાસ કરી ભાવનગરની શામળદાસ કોલેજમાં દાખલ થયા સને ૧૯૧૫ની આખરે ગાંધીજી સ્વ. ગોખલેજીના સ્મારક માટે ફંડ ભેગુ કરવા ભાવનગર આવેલા ત્યારે કોલેજના વિદ્યાર્થીઓ પાસેથી આ ફંડમાં આપવાની રકમ ભેગી કરવામાં અગ્રભાગ લીધો હતો. સને ૧૯૧૬ના એપ્રિલમાં ઇન્ટર આર્ટસની પરિક્ષા આપવા એ મુંબઈ ગયા અને પરીક્ષામાં નપાસ થવાની શકયતા જાણત હતા, એટલે તા ૧–૫–૧૯૧૬થી મુંબઈના પરા ઘાટકોપરમાં ચાલતી રામજી આસર સ્કુલમાં અંગ્રેજી શિક્ષણવર્ગની શરૂઆત થઇ. સવા-વરસ શાળામાં કામ કર્યા બાદ શાળાના સંચાલકો સાથે મતભેદ પડવાથી એ છૂટા થયા અને અધુરો અભ્યાસ પુરો કરવાની ઇચ્છાથી ૧૯૧૮ના જુન મહિનામ. સેઇન્ટ ઝેવિયર્સ કોલેજ, મુંબઈમાં દાખલ થયા. ફેબ્રુઆરી ૧૯૧૨માં હિન્દથી જાપાન ખાતે રૂની નિકાસ કરનારી મેસર્સ હુકમીચંદ રામભગત એન્ડ કુંપનીની કોબેની શાખા ઓફિસમાં એસિસ્ટન્ટ મેનેજર તરીકે કામ કરવા જાપાન ગયા, અને ૧૯૨૪ના નવેમ્બરમાં ત્યાંથી પાછા ફર્યા. જાપાનમાં જોવા જેવાં તેમજ ઐતિહાસિક અને જાણીતાં અનેક સ્થળોની એમણે મુલાકાત લીધી હતી. તેમજ જાપાનના જાણીતાં ફુજી પર્વતના ટોચ શિખર સુધી પવતારોહણ પણ કર્યું હતું. ૧૯૨૪ના જુન માસમાં કવિવર ટાગોર એમની પાટી સાથે કોબે આવેલા અને એમનું કોબેના હિન્દી ભાઇઓ તરફથી ભવ્ય સ્વાગત કરવામાં આવેલું, ત્યારે શ્રી ભાઈલાલભાઇએ અગ્ર ભાગ લીધેલો અને ગુરૂદેવના સાથી પ્રો. ક્ષતિમોહનસેનને તો એમણે પોતાને ઘેર જ રાખેલા.

હિન્દના એક ક્રાંતિકારી શ્રી રાસબિહારી બોઝ જેમના ઉપર ૧૯૧૧માં દિલ્હી ખાતે વાઈસરોયની સવારી ઉપર બોમ્બ નાખવાનો આરોપ હતો અને જેઓ ટોકિયોમાં સ્થાયી રહેતા હતા, તેમના નિકટ પરિચયમાં પણ આવ્યા હતા.

જાપાનથી પાછા આવ્યા બાદ "આધુનિક જાપાનનો ભાગ્યવિધાયક" એ નામનો લખેલો લેખ તે વખતના કલકત્તાના જાણીતા માસિક "નવચેતન"માં અગ્રલેખ તરીકે છપાયો હતો એક વર્ષ હિન્દમાં રહી ૧૯૨૫ના ડિસેમ્બરમાં તેમના એક મિત્ર વસોના શ્રી મણિભાઇ વિઠ્ઠલભાઈ પટેલની હામ્બુર્ગમાં આયાત–નિકાસના વેપારની ચાલતી પેઢીમાં મેનેજર તરીકે કામ કરવા જર્મની ગયા. મણિભાઇ એન્ડ કુંપની આર્થિક મુશ્કેલીમાં આવી બંધ થઈ ત્યારે એમની સ્થિતિ પૈસાને અભાવે ભારે કફોડી થઇ છતાં ૧૯૨૭ના માર્ચથી હામ્બુર્ગમાં જ પોતાના નામે આયાત–નિકાસનો સ્વતંત્ર વેપાર નાના પાયા ઉપર શરૂ કર્યો. એ કામમાં ધીમે ધીમે સફળતા મળતી ગઇ ત્રણ વર્ષ બાદ મે ૧૯૩૦માં તેઓ મોસ્કો ગયા અને સોવિયેટ રશિયામાં બનતાં કાપડના ઉદ્યોગમાં કામ લાગતાં અમુક રંગ રસાયણોને ભારતમાં આયાત કરવાના અધિકાર મેળવી જુન ૧૯૩૦માં એ પાછા ફર્યા

સ્વતંત્ર રીતે રશિયા જનાર સર્વ પ્રથમ હિન્દી વેપારી શ્રી ભાઇલાલભાઇ હતા. રશિયાની એમની મુલાકાતની ભારતની બ્રીટીશ સરકારને ગંધ આવેલી તેમજ માર્ચ ૧૯૩૦માં બ્રીટીશ માલ ઉપરાંત બેન્કીંગ વીમા તથા વહાણવટાનો બહિષ્કાર કરી હિન્દની વેપારી આલમે જાપાન જર્મની જેવા અન્ય દેશો સાથે વેપાર કરવો જોઇએ એવો આગ્રહ કરતો એક લેખ કલકત્તાના મોડર્ન રીવ્યુને મોકલેલ અને જે સરકારના હાથમાં આવેલ જેના પરિણામે હિન્દ પહોંચ્યા બાદ ઓક્ટોબર ૧૯૩૦માં જ્યારે એમણે પાસપોર્ટ રીન્યુ કરાવવા અરજી કરી ત્યારે સરકારે એ ના મંજુર કરી એટલે સીધી યા આડકતરી રીતે એમને હિંદમાં "કેદ" થવું પડ્યું. ગાંધી ઇરવીન કરાર થયા પછી જુન ૧૯૩૧માં એમને સર લલ્લુભાઈ શામળદાસ મહેતાની ભલામણથી મુંબઇ સરકારે નવો પાસપોર્ટ આપ્યો અને સપ્ટેમ્બરમાં એમનાં પ્રથમ પત્ની સારસા પાસેના ધોળીગામનાં સૂરજબેનના અવસાન બાદ એ પાછા જર્મની ગયા.

૧૯૩૨ના જુલાઇ માસમાં ડ્રાયસેલ બેટરીઝ બનાવવાનું કામ ફ્રાન્કફુર્ટમાં જાતે જ શીખી એ અંગેની મશીનરી વિગેરે લઇ એ મુંબઇ આવ્યા અને એમના મિત્ર ડૉ. જરીવાલાને ડ્રાયસેલ બેટરીઝ બનાવવાનું પ્રથમ હિન્દી કારખાનું શરૂ કરવામાં મદદ કરી. એ મૂળ રોપમાંથી પાછળથી આજે હિન્દભરમાં જાણીતી એસ્ટ્રેલા બેટરીઝ લિ. નામની આ ક્ષેત્રે અગત્યનો ભાગ ભજવનાર કંપની ઊભી થઈ.

૧૯૩૩ના ડિસેમ્બરમાં એ પાછા હામ્બુર્ગ ગયા અને જર્મનીમાં હિટલર સત્તા પર આવ્યો ત્યાર બાદ છ જ અઠવાડિયામાં એમણે પોતાનું મથક લંડન ખાતે બદલ્યું અને હામ્બુર્ગની ઓફિસ ચાલુ રાખી, લંડનમાં પણ નાની સરખી એક્સપર્ટ-ઈમ્પોર્ટની ઓફિસ શરૂ કરી.

૧૯૩૫ના એપ્રિલ માસમાં સારાએ જગતમાં પેન્સિલ ઉદ્યોગ માટે જાણીતા ન્યુરેનબર્ગ શહેરના એક જર્મન એન્જીનીયરનાં પુત્રી "હાના ક્રીતઝીંગર" સાથે લંડનમાં લગ્ન કરી વેમ્બલી પાર્કના જાણીતા પરામાં પોતાનું ઘર વસાવ્યું. એમના આ લગ્ન વિષે શ્રી ઇન્દુલાલ યાજ્ઞિકે તે વખતના જાણીતા "હિન્દુસ્તાન" નામના અઠવાડિકના રવિવારના અંકમાં એક સુંદર લેખ આપ્યો હતો. એમનાં પત્નિનું હિંદુ નામ "ઉષાદેવી" રાખ્યું છે.

બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળ્યું ત્યારે તેઓ પોતાનાં પત્નિ અને બે બાળકો સાથે લંડનમાં હતા અને ફ્રાન્સના પતન પછી સપ્ટેમ્બર ૧૯૪૦માં પોતાના કુટુંબ સાથે મુંબઈ પાછા ફરેલા. જર્મની અને ઈંગ્લેન્ડ સાથેનો વેપાર તો લડાઇને લીધે બંધ જ હતો એટલે એમના મુંબઈના ઘરાકોને અમેરિકાથી બધો માલ મળે તે માટે એમણે બધી ગોઠવણ કરી પોતાના દરેક વેપારી મિત્રોનું કામકાજ લડાઈ દરમ્યાન સારી રીતે ચાલુ રહે તેની તજવીજ કરી હતી.

૧૯૪૬ એપ્રિલમાં તેઓ પાછા ઈંગ્લેન્ડ ગયા અને ત્યાંના જુના ધંધાકીય સંબંધો તાજા કરી થોડા સમય બાદ જર્મની ગયા. લડાઇ બાદ ખાનગી વેપારી તરીકે જર્મની પાછા જનાર તેઓ સૌથી પ્રથમ વેપારી હતા. ૧૯૪૯ના એપ્રિલ માસમાં તેઓ ધંધાર્થે યુ. એસ. એ ગયા. પ્રવાસ દરમ્યાન ઇન્ટર નેશનલ ચેમ્બર ઓફ કોમર્સ સન્ફ્રાન્સિસ્કો તરફથી "ભારતનું આર્થિક ભવિષ્ય" એ વિષય ઉપર ભાષણ આપવા માટે એમને આમંત્રણ મળેલું. ઓગષ્ટ ૧૯૪૭માં સ્વીટઝર્લેન્ડના વાલ્ઝ ગામે એ સહકુટુંબ રજાઓ ગાળવા ગયેલા, ત્યાં તા. ૧૪મી ઓગસ્ટની રાત્રે એમણે હોટલમાં રહેતાં સ્વીસ તથા જર્મન કુટુંબો સમક્ષ 'હિન્દની આઝાદી' એ વિષય પર પ્રવચન આપ્યું હતું.

હિંદને સ્વાતંત્ર્ય મળ્યા બાદ ઉદ્યોગીકરણ ઘણી ઝડપથી વધશે અને તૈયાર માલની આયાત ઉપર કડક અંકુશો મૂકાશે, એની ખાત્રી હોવાથી એમણે હિંદના ઉદ્યોગીકરણમાં ઉપયોગી થવાય એ માટે પોતાના ધંધાનું ક્ષેત્ર બદલાવ્યુ શીટ મેટલ વાપરતાં અનેક ઉદ્યોગોને ઉપયોગી થાય એવી મશીનરી બનાવનારાં જર્મન કારખાનાં એલ. શુલર એ. જી જેવાની એમણે એજન્સીઓ મેળવી અને ૧૯૫૦ના ફેબ્રુઆરીમાં મુંબઈ આવી ઈન્ડસ્ટ્રીયલ મશીનરી એજન્સીઝ પ્રાઇવેટ લિ. ની સ્થાપના કરી. તેમજ ત્યારબાદ ઇન્ડો જર્મન સહકારના પરિણામે ભારતમાં સૌથી પહેલી શરૂ થનાર મોટર ઇન્ડસ્ટ્રીઝ લિ. બેંગ્લોર નામની કંપનીમાં સ્ટુટગાર્ટની જગતભરમાં જાણીતી રોબર્ટ બોશ પેઢીને મૂડી સાથે ભાગીદારીમાં આવવા એમણે આગ્રહ કર્યો હતો અને ૧૯૫૫થી તેઓ તેના એક ડાયરેક્ટર છે. સને ૧૯૬૯ના મે માસથી એ મજકુર કંપનીના ચેરમેન ચુંટાયા છે. આ કંપની હિંદના વાહનવ્યવસાય ઉદ્યોગમાં બહુ જ અગત્યનો ભાગ ભજવે છે અને એક ઘણી જ કાર્યદક્ષ પેઢી તરીકે હિંદભરમાં તેમજ સરકાર ક્ષેત્રમાં એનું બહુમાન છે.

ઇંડો-જર્મન ચેમ્બર ઓફ કોમર્સ મુંબઈમાં ૧૯૫૫માં શરૂ થઇ. એ એના ફાઉન્ડર મેમ્બર (સ્થાપક સભ્ય) છે અને ૧૯૬૩ના વરસમાં મજકૂર ચેમ્બરના વાઈસ પ્રેસિડેન્ટ અને ૧૯૬૪ના વર્ષમાં પ્રેસિડેન્ટ તરીકે એમણે કામ કર્યું હતું.

૧૯૬૨ના ઓગસ્ટમાં પોતાના ધંધાકીય જીવનમાં સક્રિય ભાગ લેવાનું બંધ કરી આપણા જુના વૈદિક વાનપ્રસ્થાશ્રમના આદર્શને હાલના જમાનાને અનુરૂપ આવે એવી રીતે જનસમાજની કાંઈક સેવા કરવાના ઉદ્દેશથી વલ્લભ વિદ્યાનગર આવ્યા, અને ચારૂતર વિદ્યા મંડળના માનદમંત્રી અને ચરોતર ગ્રામોધ્ધાર સહકારી મંડળ લિ.ના માનદ અધ્યક્ષ તરીકે ઓક્ટોબરની બીજી તારીખે ચાર્જ લીધો.

છેલ્લાં સાત વરસથી આ પ્રમાણે માનદ સેવાઓ આપવા ઉપરાંત એમણે પોતાના પદરથી આજસુધીમાં રૂપિયા વીસ હજારનું દાન મંડળને કરેલું છે અને પોતાના ભાઇઓ, મિત્રો અને ભાગીદારો તરફથી બીજા આશરે લાખેક રૂપિયા મંડળને દાનમાં મેળવી આપ્યા છે.

રાજનીતિ, અર્થશાસ્ત્ર તથા સમાજશાસ્ત્રના પુસ્તકો વાંચવા તેમજ પ્રસંગોપાત ચેસની રમત રમવી એ એમનું ફાજલ સમયનું મનોરંજન છે. ગુજરાતી અને અંગ્રેજી ભાષાઓ ઉપરાંત તેઓ હિન્દી, મરાઠી, સંસ્કૃત, જાપાનીઝ અને જર્મન ભાષાઓનું સારૂં જ્ઞાન ધરાવે છે.

જીવનમાં વિચાર અને આચાર વચ્ચે સામંજસ્ય, ચોકસાઈ, ચીવટ અને નિયમિતતા તેઓશ્રીના વિશિષ્ટ ગુણો છે અને એ ગુણો વિદ્યાર્થી આલમ માટે બોધક અને પ્રેરક છે. શિસ્તના એ ખાસ

આગ્રહી છે. વિદ્યાર્થીઓ માટે તેઓશ્રીએ કર્તવ્યધર્મનો એક સુત્રાત્મક સંદેશ આપ્યો છે તે અત્યંત મનનીય તેમજ આચરણમાં મૂકવા જેવો છે :

" ખરો વિદ્યાર્થી એ કે જે અભ્યાસ એ પ્રથમ ધર્મ અને કર્તવ્ય છે એમ સમજી પોતાના જીવનની સર્વ પ્રવૃત્તિઓ કરે."

## શ્રી હીરાલાલ એલ. શાહ

દુન્યવી દષ્ટિએ જૈન કોન્ફરન્સના પ્રમુખ છે, છતાં કોન્ફરન્સના પ્રથમ સેવક' ની પંક્તિ પસંદ કરે છે. આમ એઓ નમ્રતાની મૂર્તિ છે. ઇ. સ. ૧૯૨૦માં એટલે આજથી ૪૭ વર્ષો પૂર્વે હીરાલાલભાઇ પ્રથમ ગુજરાતી અને પ્રથમ જૈન (સારાયે હિંદમાં) અમેરીકા ચારેક વર્ષ માટે અભ્યાસ કરવા જનાર. અમેરીકાની પ્રથમ કક્ષાની કોલમ્બિયા યુનિવર્સિટીમાં બી. એસ સી. તેમજ એમ એસ. સી.ની ડીગ્રીઓ ફર્સ્ટ કલાસ વિદ્યાર્થી કરીકે મેળવી, ન્યુયોર્કની મોટી બેન્કો, પેઢીઓ અને સેલ્સ ઓર્ગેનાઇઝર તરીકે કામ કરી, વ્યવહારૂ અનુભવ પ્રાપ્ત કરી ઇ. સ. ૧૯૨૩ની આખરે વતન પાછા ફરી પોતાનો સ્વતંત્ર વ્યવસાય ૪૪ વર્ષોથી કરે છે. હીરાલાલભાઇએ યુરોપના દેશોની છએક મુસાફરીઓ કરી છે, તે પણ દરેક છ માસની, ફકત ધંધા માટે જ કરી છે. ઇ. સ ૧૯૨૮ થી ઈ. સ. ૧૯૩૮ સુધી એમણે કવેટાથી કલકત્તા, રંગુન, પ્રોમ, અને પેશાવરથી ત્રીવેદ્રમ અને કોલંબો કેન્ડી (સી લોન) માં એમ હિંદુસ્તાન, બ્રહ્મદેશ તથા સીલોનના મુખ્ય વ્યાપારી મથકોની ચાલુ દશ વર્ષની મુસાફરી કરી છે. તે પછી ઇ. સ. ૧૯૪૯ થી ઇ સ. ૧૯૬૫ સુધી હિન્દના મુખ્ય ઔદ્યોગિક મથકોની અનેકવાર હવાઇ મુસાફરીઓ કરી છે. આ પ્રમાણે, 'સાત દરિયા સાત વાર ઓળંગી, તેમજ સ્વદેશમાં પણ સારી મુસાફરી કરી, તેઓ ઉદ્યોગ-ક્ષેત્રના અગ્રણીઓ તથા જનતાના ગાઢ સંપર્કમાં આવી શકયા છે. પોતે મનુષ્યસ્વભાવના સારા પરીક્ષક હોઇ, તેઓ જનતાના શું સવાલો છે, અને તેને અપનાવી, હલ કરવા તેનો વિશાળ અનુભવ ધરાવે છે.

અમદાવાદ પાસે નરોડામાં તેમનો જન્મ થયો. ૭૦ વર્ષની ઉંમર થવા છતાં, પ્રામાણિક પણે મહેનત કરી આનંદથી જીવન જીવે છે. તન-મન-ધનથી દાન આપી 'પૂણિયા શ્રાવક' ની જેમ કોન્ફરન્સ માટે અને મારફતે જૈન શાસન અને જૈન સમાજ માટે અલ્પ સેવાઓ આપવા અને 'યાહોમ કરીને પડો ફતેહ છે આગે' તે કરવા હરગિઝ તત્પર રહે છે.

## શાહ જગજીવન ભગવાનદાસ

શિક્ષણ, વ્યાપાર અને ધર્મક્ષેત્રની અનુપમ પ્રવૃત્તિઓ સાથે ગાઢ રીતે સંકળાયેલા અને સમાજના એક અગ્રણી તરીકે જેમણે યશ-કલગી પ્રાપ્ત કરી છે તેવા શ્રી જગજીવનભાઇ શાહની સેવાઓથી જૈન અને જૈનેત્તર સમાજમાં ભાગ્યે જ કોઇ અપરિચિત હશે ?

૭૬ વર્ષની ઉંમરના શ્રી જગજીવનભાઈનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના રામપરા ગામે થયો. જન્મથી જ તેજસ્વી વ્યક્તિત્વના દર્શન થયાં છે. માત્ર ચાર ગુજરાતીનોજ અભ્યાસ પણ પોતાના હૈયાઉકલત અને બુદ્ધિબળે જીવનના અનેક તાણાવાણામાંથી પસાર થઇને ભારે મોટી સિદ્ધિ હાંસલ કરી છે.

નાનપણમાં માતાપિતાનો વિયોગ થતાં કેટલીક જવાબદારીઓ પોતાને અને તેમના વડીલબંધુ સ્વ શ્રી જેઠાલાલભાઇને શીરે આવી પડી. અને પંદર વર્ષની નાની ઉમરમાં જ ધંધાકીય ક્ષેત્રે ઝંપલાવ્યું. વતનમાંથી તેમના મામા અહિં ખેંચી લાવ્યા શરૂમાં ગોળના વ્યાપારમાં પોતાની શક્તિને કસોટીએ ચડાવી તેમાંથી કાંઈક સૂઝ, ચીવટ અને દીર્ઘદષ્ટિને લઇ કરીયાણાનો વ્યાપાર શરૂ કર્યો પછી ક્રમે ક્રમે તડકાછાંયા વટાવી આગળ વધતા ગયાં. તેમની નિખાલસતા અને પ્રમાણીકતાને લઇ વ્યાપારી આલમમાં સૌના સન્માનીય બનતા ગયાં.

છેલ્લા ત્રીશ વર્ષથી ચાનો વ્યાપાર શરૂ કર્યો. વેપાર અર્થે કલકત્તા કોચીન વિગેરે સ્થળોએ અવારનવાર જતાં-એ બધા બહોળા અનુભવને લઇને તથા કામની આવડતને કારણે સારાએ સૌરાષ્ટ્રમાં ચાના ખ્યાતનામ અને મશહુર વ્યાપારી તરીકે બહુમાન પામ્યાં.

ભાવનગરના ખ્યાતનામ આગેવાન વેપારી વોરા પરમાણંદદાસ તારાચંદની સૌજન્યશીલતા, પ્રમાણીકતા અને સેવાભાવી ભાવનાથી આકર્ષાઇને તેમના સારા વિચારો ગ્રહણ કરવા તેમના પરિચયમાં આવ્યા અને થોડા અનુભવ પછી તેમની સાથે ભાગીદારીમાં જોડાયા. છેલ્લા પાંચ વર્ષથી પોતાનો સ્વતંત્ર ધંધો આબાદ સ્થિતિમાં મૂકીને ધંધાનું સફળ સંચાલન કરી રહ્યાં છે. તીર્થરક્ષા અને તેની સુવ્યવસ્થા માટે પણ શ્રી જગજીવનભાઇએ અથાક પરિશ્રમ ઉઠાવ્યો છે શેઠશ્રી જુઠાલાલ સાકરચંદ વોરાની પ્રેરણા અને માર્ગદર્શનથી સામાજિક કાર્યોમાં પણ યથાશક્તિ સેવા આપી રહ્યાં છે છેલ્લા દશ વર્ષથી શેઠશ્રી ડોસાભાઈ અભેચંદની પેઢીમાં સેક્રેટરી તરીકેનું સુસંચાલન કરી રહ્યાં છે. સાહિત્યના પણ ગુણાનુરાગી છે. શ્રી જૈન ધર્મ પ્રચારક સભાના ઉપ-પ્રમુખ તરીકે, યશોવિજય જૈન ગ્રંથમાળા વિગેરે સંસ્થા દ્વારા સેવાઓ આપી રહ્યા છે.

કેળવણી દ્વારા સૌ કોઈ ઉત્કર્ષ સાધી શકે તે માટે કેળવણીની અનેકવિધ પ્રવૃત્તિઓમાં રસ લઇ રહ્યાં છે. જૈન બોર્ડિંગની કાર્યવાહીમાં ભાગ લઇ રહ્યા છે.

જૈન બાલ વિદ્યાર્થી ભવન તથા અનોપચંદ ગોવિંદજી ટ્રસ્ટની કાર્યવાહીમાં રસ લઇ રહ્યા છે

ભાવનગરના નૂતન જૈન ઉપાશ્રય તથા સાંકળીબેન ગીરધર ઉપાશ્રયના નિર્માણમાં તેમનું આર્થિક પ્રોત્સાહન તેમ ગામના મોટા દેરાસરજીના અજીતનાથ પ્રભુ તથા દાદાસાહેબ હોલ તથા કૃષ્ણનગરના રંગમંડપના બાંધકામમાં પણ સારો રસ લીધો. અંગત દેખરેખ ઉડીને આંખે વળગે તેવી છે

તેમનું અંગત જીવન સાદુ, નિયમિત છે. સ્વભાવે સ્પષ્ટ વક્તા, નિખાલસ અને સહૃદયી છે. ૭૬ વર્ષની પ્રૌઢ વયે પણ તેમની કાર્યશિલતા કોઇપણ યુવાનને શરમાવે તેવી છે. સાધુ સંતો અને મુનિવર્યો પ્રત્યેની તેમની અનન્ય ભક્તિની પ્રતીતિ થયા વિના રહેતી નથી.

ભાવનગરની પાંજરાપોળ સંસ્થાના સંચાલનમાં અને તેના ઉત્કર્ષમાં ઉંડો રસ લઇ રહ્યાં છે. આવા કાર્યકર્તાઓનો સાથ અને સહકાર સંસ્થાની કાર્યવાહીને સુવાસિત બનાવે છે. સમેતશિખર સહિત મોટા જૈન તીર્થોનો પ્રવાસ કર્યો છે પાંચેક વર્ષ પહેલા

અત્રેના ગુજરાત રાજસ્થાનના જૈન તીર્થોની યાત્રા કરી છે. તેમની સંસ્કારપ્રિયતા અને કાર્યશિક્ષતા ભાવી પેઢીને માટે અનુમોદનિય, અનુકરણીય અને આચરણીય છે. સંતાનમાં એક જ દીકરી છે. તેમની સાથે તેમના ભાણેજે વ્યાપારનું સંચાલન અને બીજી સામાજિક પ્રવૃત્તિઓમાં તેમની સૂચના મુજબ કામ કરી રહ્યાં છે. શ્રી જગજીવ ભાઇ શાહ ભાવનગર અને જૈનસમાજનું ગૌરવ છે.

## શ્રી જીવનલાલ ગોરધનદાસ ગજ્જર

ગુજરાતમાં નામાંકીત બનેલા અને હસ્તકળામાં અદ્ભૂત પ્રાવિણ્ય બતાવનાર શ્રી જીવનલાલભાઈ પોરબંદરના વતની છે અને ફક્ત ગુજરાતી ભણેલા પણ કલાકારીગરી લાઇનમાં ગુજરાતના ખ્યાતનામ કસબી તરીકે જાણીતા થયા છે. કેબીનેટ કક્ષાના પ્રધાનોથી માંડીને અનેક રાજામહારાજાઓ અને શ્રીમંતો તેમની કળા જોઇને તાજુબ થયા છે એટલું જ નહિ ચંદ્રકો પણ પ્રાપ્ત કર્યા છે તેમના મશીનરી એન્જી. વર્કશોપમાં નમૂના પ્રમાણેનું કામ થાય છે. હુંડીયામણ પણ બચે છે. સીમેન્ટ ફેકટરીને લગતી મશીનરી તેમજ પાર્ટસ તેમાં વપરાતા મટીરીયલ્સ, હેન્ડલીંગ ઇકવીપમેન્ટ વિગેરે બનાવાય છે. આખો દેશ ફર્યા છે. ખુબજ અનુભવ મેળવ્યો છે. પોરબંદરની રોટરી કલબ, ચેમ્બર ઓફ કોમર્સ, એન્જી. ઓર્ગેનાઇઝેશન વિગેરે સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. એશિયાભરમાં સૌ પ્રથમ રોટલી વણવાનું મશીન એમણે બનાવ્યું. પોતાની હૈયાઉકલતથી નવી શોધખોળ કરી રહ્યા છે.

## સ્વ. શ્રી નગીનદાસ છગનલાલ શાહ

ગુજરાતભરમાં આયુર્વેદના ઉત્થાનમા, સંશોધનમાં તેમજ તેની પ્રગતિ અને પ્રચારમાં સમગ્ર જીવન જેમણે અર્પણ કર્યું તે શ્રી નગીનદાસભાઇ નાની ઉમરથી જ રોગીઓની સેવા અને સહાયતા કરવા તત્પર રહેતા હતા, તેઓને વિદેશી ચિકિત્સા–પદ્ધતિથી હિંદને મુક્ત કરી હિંદની પ્રાચીન ચિકિત્સા પદ્ધતિ દ્વારા આયુર્વેદનો વિકાસ કરવાની તમન્ના જાગી, આજથી ૭૫ વર્ષ પહેલા તેમણે ઉત્તર ગુજરાતમાં ઊંઝામાં ઊંઝાફાર્મસીની સ્થાપના કરી અને તન મન–ધન વિસારે મૂકી આયુર્વેદની સાધના શરૂ કરી, દવાઓના ગુણદોષના સંશોધન અને અનુભવથી દવાઓ બનાવી જનતાને મફત આપવા માંડી-તેમણે ઉભી કરેલી એ ઇમારત વટવૃક્ષ બનીને દેશભરમાં સુવાસ અને સંતોષ પ્રસરાવી રહેલ છે.

આયુર્વેદની પ્રવૃતિ જીવંત રહે અને વિકાસ પામે એ હેતુથી તેઓશ્રીએ રૂપીયા એક લાખની સખાવત કરી છે. શ્રી નગીનદાસભાઇએ ઊંઝાફાર્મસી દ્વારા જે સંસ્કાર રોપ્યા અને પોતાના જીવન કાર્ય તરીકે જે પ્રવૃતિ હાથ લીધી તેને વિસ્તારવા અને આખા હિન્દમાં પ્રચલિત કરવા છેલ્લા ચાલીશ વર્ષથી તેમના પુત્ર શ્રી ભોગીલાલભાઇ અવિરત શ્રમ લઇ પિતાનું જીવન સ્વપ્ન સાકાર કરવા ભગીરથ યત્નો કરી રહ્યાં છે.

## શ્રી નટવરલાલ બી. પટેલ

એક અગ્રગણ્ય મિલ–માલિક અને ધી ભારત વિજય મીલ્સ લી. કલોલ (ઉ. ગુ.)ના મેનેજીંગ ડાયરેકટર શ્રી પટેલનો જન્મ નવેંબર ૧૯૧૬માં. તેમની દૃષ્ટિ-સૂઝ અને ઉત્તેજનના કારણે ટેક્ષટાઇલ ઇન્ડસ્ટ્રીઝને ઉત્પાદન અને કાર્યક્ષમતાના ઉચ્ચ ધોરણો પ્રાપ્ત થઈ શક્યાં. ૧૯૫૭ સુધી શ્રી પટેલ શ્રી મફતલાલ ફાઇન સ્પીનીંગ એન્ડ મેન્યુ. કું. લી. નવસારીના મેનેજીંગ ડાયરેકટર હતા અને એ સમય દરમિયાન એ મીલે પણ નોંધપાત્ર પ્રગતિ કરી હતી સૌ કર્મચારીઓ અને કામદારો પ્રત્યે હમદર્દી દાખવનારા શ્રી પટેલ તે સૌના રોજબરોજના પ્રશ્નોમાં પણ રસ લે છે અને તેથી જ એ સૌ તેમને ચાહે છે. મફતલાલ સ્પીનીંગ–મેન્યુ કુ. લી ના ડાયરેકટર હોવા ઉપરાંત તેઓ ધી ફલટન સુગર વર્કસ લી. ફલ્ટન (જિ–સતારા) અને ભીખાભાઇ પુરૂષોત્તમદાસ એન્ડ કું. પ્રા લિ. નવસારીના પણ ડાયરેકટર છે. સામાજિક પ્રવૃત્તિઓમાં અને નાના મોટા ફંડફાળાઓમાં આ કુટુંબનું સારૂ એવું પ્રદાન રહ્યું છે.

## શ્રી રતિલાલ ચીમનલાલ કોઠારી

૨૪ જાન્યુ. ૧૯૦૭ના વાવ (બનાસકાંઠા)માં જન્મેલા શ્રી કોઠારી છેક ૧૯૨૨થી જાહેર–સામાજિક કાર્યો સાથે સંકળાયેલા રહ્યા છે. પ્રજાને થતા અન્યાય તેમને સ્પર્શી ગયા અને તેઓ સત્યાગ્રહમાં પણ જોડાયા. વિદેશી–માલનો બહીષ્કાર કરનારા યુવાનોમાં પણ શ્રી કોઠારી અગ્રેસર રહ્યા.

અસહકારની ચળવળ સમયે મુંબઈના એક ગુજરાતી સાપ્તાહિક "પ્રબુદ્ધ જૈન"ના તેઓ તંત્રી હતા. જેણે બ્રિટીશ સરકારનો પ્રકોપ વહોરી લીધો હતો. ઘણાં વર્ષો સુધી તેમણે શૈક્ષણિક, સામાજિક અને સાંસ્કૃતિક સંસ્થાઓમાં જવાબદારીભર્યા સ્થાન સંભાળ્યાં છે. ગુજરાતી કેળવતી મંડળ હાઇસ્કૂલ; માટુંગા ગુજરાત કો–ઓ.પરેટીવ હાઉસિંગ સોસાયટી લી. સાયન, માનવ સેવા સંઘ (પહેલાં હિંદુ દાન-દયા સંઘ), સાર્વજનિક છાત્રાલય; પાલનપુર, સાર્વજનિક જૈન ડીસ્પેન્સરી, ઝવેરી મિત્ર મંડળ; મુંબઈ, માટુંગા જૈન સંઘ, એમ. એમ. સાર્વજનિક વાચનાલય અને પુસ્તકાલય વગેરે અનેક સંસ્થાઓ સાથે તેઓ સંકળાયેલા રહ્યા છે. મુંબઇ જૈન યુવક સંઘ, જૈન સ્વયંસેવક મંડળ, મુંબઈ અને અન્ય કેટલીક સંસ્થાઓનાં તો તેઓ સ્થાપક છે.

ધંધાકીયક્ષેત્રે પણ તેઓ મુંબઇ ડાયમન્ડ મરચન્ટસ એસોસિએસન સાથે ગાઢ રીતે સંકળાયેલા છે અને મંત્રી, ઉપપ્રમુખ અને પ્રમુખના સ્થાનો તેમણે શોભાવેલ છે.

કોમવાદી તોફાનો, ધરતીકંપ કે પુર–રાહત જેવા આપત્તિના સમયે પણ અદમ્ય ઉત્સાહથી તેમણે લોકોને મદદ કરી છે, ખોરાકવસ્ત્રો અને રહેઠાણ આપવાની કપરી ફરજ બજાવી છે. ૧૯૪૮માં જે.પીનું જે બહુમાન તેઓને મળ્યું છે, ત્યારથી આજ સુધી બૃહદ મુંબઈ વિસ્તારના તેઓશ્રી જે.પી. છે. તેઓની હિંમત, દૃઢ નિશ્ચય શક્તિ, પ્રમાણિકતા અને સેવાવૃત્તિએ ઘણાંને પ્રભાવિત કર્યા છે.

## શ્રી પી. આર. કામાણી

શ્રી પી. આર. કામાણીનો જન્મ ૬ઠી એપ્રિલ ૧૯૦૮ના રોજ રામજીભાઈ હ. કામાણીને ત્યાં થયો.

શ્રી પુનમચંદ કામાણીએ કામાણી ગ્રુપના 'કામાણી એન્જિનીયરીંગ કોર્પોરેશન લી.'ને એશિયામાં સૌથી મોટું અને વિશ્વમાં

બીજા નંબરનું વિદ્યુત ઉત્પન્ન કરતું એકમ (Power producing unit) બનાવ્યું. દેશ–પરદેશનાં વિકસતી જતી સંસ્થાઓ અને વધતી જતી જરૂરિયાતને પહોંચી વળવા પાઇપ્સ, ટ્યુબ્સ, ટ્રાન્સમીશન લાઇન ટાવર્સ, રોડ રોલર્સ, ત્રાંબાના વાયર (તાર), ઝીંક ઓકસાઇડ, સીસું, એકસ–રે ઇન્સ્પેકશન અને આવી અનેક જરૂરિયાતો તેઓ પૂરી પાડે છે.

શ્રી પુનમચંદ કામાણી કામાણી બ્રધર્સ પ્રા. લિ.ના ચેરમન, પુનમચંદ એન્ડ બ્રધર્સ પ્રા. લિ.ના ચેરમેન, કામાણી એન્જિનીયરીંગ કોર્પો. લી.; કામાણી ટયુબ્સ પ્રા. લિ., જયપુર મેટલ્સ એન્ડ ઇલેકટ્રીકલ લિ. તરીકે સેવાઓ આપી રહ્યા છે. અન્ય કેટલીક કંપનીઓના તેઓ ડાયરેકટર પણ છે. ભારત સરકારના ઉદ્યોગખાતા તરફથી નીમાયેલી કેટલીક સલાહકાર સમિતિનાં પણ તેઓશ્રી સભ્ય છે.

ક્રિકેટ કલબ ઓફ ઇન્ડિયા, રોયલ વેસ્ટર્ન ઇન્ડીયા ટર્ફ કલબ, વિલીંગ્ડન સ્પોર્ટસ કલબ, ઇન્ડો–જર્મન સાંસ્કૃતિક સમિતિ, ઇન્ડો–જપાનીસ એસોસીએશન વ.ના તેઓ સભ્ય છે. ફોટોગ્રાફી અને ગોલ્ફ તેમનાં શોખ છે. તેઓ અમેરિકા, ઇંગ્લેંડ, ફ્રાન્સ, જર્મની, ઇટલી, ઓસ્ટ્રેલિયા, મધ્યપૂર્વનાં દેશો અને યુગોસ્લાવિયા વ. અનેક દેશોનાં પ્રવાસે પણ જઈ આવ્યા છે.

# શ્રી ગુલાબભાઈ જી. સિરાજ

શ્રી ગુલાબભાઇનો જન્મ એડનમાં ૧૯૧૧માં થયો હતો. છતાં માંગરોળમાં શિક્ષણ લઇને તેઓ ૧૯૨૮માં મેટ્રીક થયા. ૧૯૩૦માં એડનમાં તેમણે પણ પિતાની સાથે ધંધો શરૂ કર્યો. છેલ્લાં લગભગ ૧૩૦ વર્ષથી એડનમાં તેમનો વ્યાપર–ધંધો ચાલી રહ્યો છે. ૧૯૪૨માં દુશ્મનોએ ડૂબાડ્યા પણ જીવતદાન પામીને બાર દિવસ સુધી લંગગાટ અરબી સમુદ્રના કિનારે ચાલ્યા પછી, તેરમા દિ સે એડન સરકારે ડૂબેલાઓની ભાળ મેળવીને ખોરાક અને જીવન જરૂરિયાતની ચીજ વસ્તુઓ તેમને પહોંચાડીને બચાવ્યા.

એડનમાં પણ તેમની પેઢી ઘણી આગળ પડતી અને વિશ્વાસનીય છે શ્રી ગુલાબભાઇનું કુટુંબ છેલ્લી ત્રણ પેઢીથી ત્યાં જ છે.— તેમના પિતાશ્રીનો જન્મ પણ ત્યાં જ. તેમનો ખુદનો જન્મ પણ ત્યાં અને તેમના પુત્ર અનિલકાંત પણ ત્યાં જ જન્મ્યાછે— તેમણે ૧૯૪૯માં સૌરાષ્ટ્રમાં અને ૧૯૫૪માં મુંબઇમાં ધંધો શરૂ કર્યો. આજે તેમની પેઢી ભારતમાં એક અગ્રણી નિકાસકાર અને ઉદ્યોગપતિ ગણાય છે. સિરાજ સન્સના નામે ઓળખાતી એક, અને વાડીલાલ પ્રા લિ સાથે ભાગીદારીમાં શરૂ કરેલ ' સિરાજ–વાડીલાલ એન્ટર પ્રાઇઝ 'ની પેઢીઓ તેમની છે.

સભ્ય, મેનેજીંગ કમીટી ઓલ ઇન્ડીયા એકસપોર્ટ ચેમ્બર, ટ્રાફીક રીવીઝન કમીટી, વેસ્ટર્ન ઇન્ડીયા શીપર્સ એસોસીએશન, ઇન્ડીયન કાઉન્સિલ ઓફ ફોરેઇન ટ્રેડના સભ્ય તરીકે તથા ટ્રસ્ટી– શ્રી ભારત સરસ્વતી મંદિર સંસદ; શારદાગ્રામ; માંગરોળ, પ્રમુખ– શ્રી સોરઠ વિકાસ મંડળ, મુંબઇ, સભ્ય–મેનેજીંગ કમિટિ– શ્રી બૃહદ ભારતીય સમાજ; મુંબઇ, શ્રી વિજય મિત્ર મંડળ, શ્રી સોરઠ ક્ષય નિવારણ સમિતિ, ટ્રસ્ટી– શિશુમંગલ જુનાગઢ. વગેરે સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. અને મેનેજીંગ કમિટિના સભ્ય તરીકે, પ્રમુખ તરીકે, ટ્રસ્ટી તરીકે– આમ એક યા બીજી રીતે તેઓ પોતાની સેવા આપી રહ્યા છે.

એડનમાં વિવિધ સંસ્થાઓને અને અહીં પણ શારદાગ્રામ, પ્રાથમિક સારવાર કેન્દ્ર; માંગરોળ, ટી બી. હોસ્પીટલ, કેશોદ વગેરે સંસ્થાઓને તેમણે સારી એવી સહાય કરી છે.

# શ્રી કાંતિલાલ રતિલાલ શાહ

૪૪ વર્ષના આ વિજ્ઞાન સ્નાતક પણ વિવિધ કાર્યો દ્વારા તેમના વ્યક્તિત્વના ભિન્ન ભિન્ન પાસાઓનો આપણને ખ્યાલ આપે છે ઉદ્યોગ ઉપરાંત શૈક્ષણિક અને સામાજિક કાર્યોમાં પણ તેમને એટલો જ રસ છે. તેઓશ્રી 'શ્રી કાંતિ કોટન મીલ્સ પ્રા. લિ.–સુરેન્દ્રનગર, ધી મહાલક્ષ્મી મિલ્સ લી.–ભાવનગર અને ધી બોમ્બે ગેરેજ (રાજકોટ) પ્રા. લિ.-રાજકોટના ડાયરેકટર છે. આ ઉપરાંત સૌરાષ્ટ્ર મિલ માલીક એસોસીએશન–સુરેન્દ્રનગર, શ્રી ઝાલાવાડ ચેમ્બર ઓફ કોમર્સ–સુરેન્દ્રનગરના સભ્ય તરીકે પણ રહી ચૂકેલા છે.

શ્રી રતિલાલ વર્ધમાન શાહ બાલ કેળવણી મંડળ–સુરેન્દ્રનગરના અને નાગરિક કેળવણી મંડળ–સુરેન્દ્રનગરના તેઓશ્રી પ્રમુખ છે. સુરેન્દ્રનગર કેળવણી મંડળ અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સેનેટ–મેમ્બર તરીકે પણ તેઓ કાર્ય કરી રહ્યા છે.

શ્રી શાહ સુરેન્દ્રનગર સંયુક્ત નગરપાલિકાના સભ્ય તરીકે (૧૯ ૨–૧૯૬૭) અને પ્રમુખ તરીકે (૧૯૬૩–૧૯૬૭) પણ પોતાની સેવાઓ આપી ચૂકયા છે. આ ઉપરાંત તેઓ સુરેન્દ્રનગર તબીબી રાહત મંડળ અને વઢવાણ સ્ત્રી–બાળક હોસ્પિટલના ટ્રસ્ટી તરીકે પણ કાર્ય કરી રહ્યા છે. વળી યંગ્સ કલબ–સુરેન્દ્રનગર, અનાજ–રાહત સમિતિ–વઢવાણ સીટી અને ઝાલાવાડ જિલ્લા ક્રિકેટ એસોસીએશનનાં પણ તેઓ ટ્રસ્ટી છે.

યુરોપ, એમેરિકા અને એશિયાના કેટલાક દેશોનો પ્રવાસ ખેડી ચૂકેલા શ્રી શાહ વિવિધક્ષેત્રે પોતાની સેવાઓ આપી રહ્યા છે.

# શ્રી નાનુભાઈ કે. ઝવેરી

૧૯૧૩માં ભાવનગરમાં જન્મી તેમણે શિક્ષણ પણ ત્યાં જ લીધું. એ પછી માત્ર ૧૫ વર્ષની વયે ધંધાર્થે મુંબઇ ગયા અને ત્યાં ધંધાની સૂઝ, પોતાની કુશાગ્ર બુદ્ધિ અને સખત પરિશ્રમના કારણે થોડા જ સમયમાં ધંધા પર તેમણે સારી એવી પકડ જમાવી દીધી. ૨૫ વર્ષના થયા એ પહેલાં તો તેઓ જાણીતા થઇ ગયા અને ધંધામાં ઉચ્ચ શિખરે પહોંચી ગયા. ભાવનગરના મહારાજા, ત્રાવણકોર ગ્વાલિયર અને કચ્છના મહારાવ, ઇથોપીયાના રાજવી અને નેપાળના રાજવી ત્રિભુવન જેવા રાજકુટુંબના સભ્યો તેમના ગ્રાહક હતા ગ્વાલિયરના રાજવીની સહાયતાથી "નાનુભાઇ જ્વેલર્સ" નામે ધંધો શરૂ કરી, તેમણે તેની શાખા જીનીવામાં પણ નાખી.

દેશમાં સૌ પ્રથમ નાયલોન ફેક્ટરી નાખવા માટે તેમણે સ્પષ્ટ ચિત્ર રજુ કર્યું. પણ એમનું એ સ્વપ્ન સાકાર બને તે પહેલાં તો માંદગી ભોગવી ૨૧ સપ્ટેમ્બર '૬૫ના રોજ લંડનમાં અવસાન થયું ભાવનગરમાં તેમના કુટુંબે ઘણી મોટી રકમનું દાન આપી ગરીબ લોકોના આશિર્વાદ પ્રાપ્ત કર્યા છે.

## સ્વ. મહેતા છગનલાલ ઘેલાભાઈ

ધર્મ, રાષ્ટ્ર અને સમાજસેવામાં જીવનની મોટાભાગની શક્તિ ખર્ચનાર જામનગરના કેટલાંક પૂણ્યાત્માઓમાં સ્વ. મહેતા છગનલાલ ઘેલાભાઇને મૂકી શકાય. સાદાઇ, સંયમ, ભક્તિ વિગેરે તેમના સદ્‌ગુણો હતા તેમના અંતિમ ઉદ્‌ગારો એ હતા કે – તમે કોઇ મારી ચિંતા કરશો નહિ. મને પરમશાંતિનો અનુભવ થાય છે આ અંતિમ ઉદ્‌ગારો તેમનામાં રહેલી દેવ–ગુરૂ–ધર્મ પ્રત્યેની અચલ શ્રદ્ધા તેમજ સ્વભાવમાં રહેલી સરળતા, સાત્વિકતા અને દુઃખી આત્માઓની સેવા ભક્તિને આભારી હતા. તેમનો સ્વર્ગવાસ તા. ૨૫–૧૧–૧૯૬૦ છે.

## શ્રી નીમચંદ ઠાકરશીભાઈ

ગુજરાતમાં જૈન સમાજ પોતાના દાનવીર રત્નોની પરગજૂવૃતિ અને દાનશીલતાને લઇ ગૌરવ અનુભવે છે તેવા દાનવીર મહાનુભાવોમાં શેઠશ્રી નીમચંદભાઇને પણ મૂકી શકાય.

સૌરાષ્ટ્રમાં આવેલા ચોટીલાના વતની–સામાન્ય અભ્યાસ પણ હૈયાઉકલત અને વ્યહવાર કુશળતાને લઈ નાનીવયમાં જ ધધાર્થે મુંબઇ તરફ પ્રયાણ કર્યું–ભારે પરિશ્રમ અને પુરૂષાર્થ દ્વારા ધંધાને વિકસાવ્યો. ધંધામાં જે પૈસા કમાયા અને ઘણી સંસ્થાઓમાં ગુપ્તદાનથી સેવાઓ આપી છે.

ચોટીલામાં **કસ્તુરબા નીમચંદ** દવાખાનું આ કુટુંબની દેણગીને આભારી છે. ફર્નીચર અને સાધન સરંજામ સાથેનું આ દવાખાનુ ગરીબ લોકોને આશિર્વાદરૂપ થઈ પડયુ છે. ચોટીલા સ્મશાનમ મોંઘીબા વિસામો, મોંઘીબાઈ સ્કૂલમાં એક રૂમ. પાંજરાપોળમાં પ્રસંગોપાત મદદ, ગરીબ કુટુબોને પ્રસંગોપાત અનાજ, કપડા અને ખાનગી મદદ. શિયાળામાં લોકોને ઠંડીથી રક્ષણઆપવા ધુસા વિગેરેની મદદ બિહાર રાહત ફંડ તથા એવા અનેક ફંડ ફાળામાં આ કુટુંબનું યશસ્વી પ્રદાન રહ્યું છે.

કેળવણી અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં અપાર લાગણી અને રસ ધરાવ ાર આ કુટુંબના અગ્રણીઓ શ્રી નટવરલાલભાઇ, શ્રી સુમનભાઈ શ્રી જયંતિલાલભાઇ વિગેરેએ શ્રી નીમચંદભાઇનો વારસો જાળવી રાખ્યો છે.

## શેઠશ્રી કાંતિલાલ ભગવાનજી તાજાવાળા

દત્તાણી પરિવારના તેજસ્વી પ્રતિભા સંપન્ન શેઠશ્રી કાંતિલાલ ભગવાનજી તાજાવાલા જન્મ સંવત ૧૯૬૮ના કારતક વદ ૩ ગુરૂવારના રોજ પોરબંદર મુકામે થયેલો. બાળવયે માત્ર સાત ગુજરાતી અને ૩ અંગ્રેજી સુધીનો અભ્યાસ કરી ૧૨ વર્ષની વયથી જ વ્યવસાયના કાર્યમાં લાગી ગયા. મીઠાઇ ફરસણનું કામ કરતા કરતા તેમની બુદ્ધિ પ્રતિભાએ એમના પરિવારમાં કાકાશ્રી કલ્યાણજીભાઇનો અપાર પ્રેમ સંપાદન કરેલો. કાકાશ્રી કલ્યાણજીભાઇના અનુભવની પ્રતિભા અક્ષરશ શ્રી કાંતિલાલભાઈમાં ઉતરી આવી. તેઓએ પોતાની બુદ્ધિ શક્તિને કામે લગાડી, ટીંબરના ધંધા અર્થે ૧૬ વર્ષની વયે કરવાર (દક્ષિણ ભારત)માં જવાનું થયું. પ્રવાસથી એમનું ઘડતર અનોખી રીતે થયું ધંધામાં પ્રાણ પૂરવા જેટલી શક્તિઓ ખીલી ઉઠી. એમના લગ્ન રાણા ખીરસરાવાસી વલ્લભદાસ વીરજીના સુપુત્રી કલાવંતીબહેન સાથે થયા. બન્નેનું દાંપત્ય જીવન અત્યંત, ધર્મપ્રેમી રહ્યું છે. પરોપકાર અને ઉદાર દાનશીલતામાં શ્રીમતિ કલાવંતીબહેન, અને શેઠશ્રી કાંતિલાલભાઇ હર હંમેશા પોતાના ઉજળા હાથે દાનની સરવાણ વહાવે છે. એમના સ્વભાવની દ્રઢતા, વ્યાપારીક બુદ્ધિમતા, અને ઓજસ પૂર્ણ પ્રતિભા દત્તાણી કુટુંબના વિકાસમાં અનોખો ફાળો આપી જાય છે શેઠશ્રી કાંતિલાલભાઈએ પાંચેય ભાઇઓના સહિયારા પ્રયાસથી આજે સૌરાષ્ટ્ર–ગુજરાતભરમાં ટીંબરના મોટા વેપારી તરીકે ઉજળી શાખ નિર્માણ કરી છે. એટલું જ નહિ પણ દેશના નવઘડતરના આજના સમયમાં ઉપયોગી થઇ શકે એવી રીતે ધંધાને વિકસાવી શકયા છે.

*વ્યાપાર ઉપરાંત પોરબંદર શહેરની વિવિધ પ્રવૃત્તિ અને વિકા*સના કાર્યમાં શેઠશ્રી કાંતિભાઇનો ફાળો અમુલો છે તેઓશ્રી પોરબંદર ચેમ્બર ઓફ કોમર્સના વાઇસ પ્રેસીડેન્ટ હતા તેમ જ શીપ એસોશીએશન (વહાણવટા મંડળ)ના પ્રમુખ તરીકે સેવાઓ આપી વહાણવટા અને પોરબંદરના બંદરના વિકાસની દિશામાં એમના અવિરત પ્રયાસો ચાલુ છે શ્રી પ્રભુ ઈચ્છાને આધીન અને લોકકલ્યાણ હેતુથી પૂજ્યપાદ ડોંગરેજી મહારાજના આચાર્યપદે શ્રીમદ્ ભાગવત સપ્તાહનું પોરબંદર મુકામે આયોજન એ તાજાવાલાના પરિવારનું ઉમદા ધર્માનુરાગનું પ્રતિક છે.

## શેઠ વલ્લભદાસ કલ્યાણજી તાજાવાલા

દત્તાણી પરિવારના તેજસ્વી સિતારા શ્રીમાન શેઠશ્રી વલ્લભદાસ કલ્યાણજી તાજાવાલાનો જન્મ વિક્રમ સંવત ૧૯૭૦ના પોરબંદર મુકામે થયો છે. નાનપણમાં ગુજરાતી ૭ ચોપડી અને અંગ્રેજી આઠ સુધીનો અભ્યાસ કરી, ૧૧ વર્ષની વયેથી જ પિતાની મદદમાં લાગી ગયા. તેમના નિર્મળ સ્વભાવ અને ઉંડી આત્મીયતાના કારણે ટીંબર વ્યવસાયને વધુ વેગવાન બનાવ્યો દક્ષિણ ભારતના કારવાર, મેંગલોર ઈત્યાદી સ્થાનો પર પ્રવાસ કરી પેઢીને સ્થીર કરી શકયા. એમના લગ્ન વિ. સં. ૧૯૮૯ માં શ્રી જમનાદાસ પ્રેમજી ભાણવડવાલાના સુપુત્રી ચંચળબહેન સાથે થયા. બંને દંપતિ ધર્મપરાયણ, સાત્વીક જીવનના પ્રણેતા અને ઉદાર ધર્મપ્રેમી આત્મા છે. એમના આંગણે આવેલ અતિથિ સાધુ–સંતો યોગ્ય સેવા પામે છે. શેઠશ્રી વલ્લભદાસભાઈ ૧૯૬૦ માં ભાવનગર મુકામે અખિલ ભારતીય કોંગ્રેસના અધિવેશન વખતે અધિવેશનના પેંડોલના કામ માટે ભાવનગર ગયા. ત્યાં વિવિધતાથી રચેલા એમના પેંડોલને સૌએ વખાણ્યો, એટલું જ નહિ, પરંતુ અખિલ ભારતીય રાજપુરૂષોએ, રાષ્ટ્રિય નેતાઓએ એમના રચેલા પેંડોલમાં બિરાજી શેઠશ્રી વલ્લભદાસભાઇને ભારે યશ આપેલો. એ યશથી પ્રેરાઇને અને ભાવનગર વિસ્તાર આખાની ઈમારતી લાકડાંની માંગ પૂરી કરવાની શુભ ભાવના સાથે ભાવનગર મુકામે વસવાટ કરવાનું યોગ્ય ગણ્યું. દિન–પ્રતિદિન પ્રગતિ કરી આજે ભાવનગર ખાતે ધંધાને વિકસિત કર્યો છે. એટલું જ નહિ પરંતુ પરિવારની પ્રણાલિકા મૂજબ સામાજીક, ધાર્મિક અને પર ઉપકારી પ્રવૃતિઓમાં રસ લઈ જરૂર જણાયે ઉદાર હાથેથી ફાળો આપી

કર્તવ્યશીલ દાનવીર વેપારી તરીકે ભાવનગર મહાજન એમને માન આપે છે. ભાવનગરની ઈમારતી લાકડાંની માંગ અને ભાવનગર બંદરના વિકાસની દિશામાં આજે પણ તેઓ પ્રયત્નશીલ રહ્યા છે. અમરેલીની કામાણી હાઈસ્કૂલમાં, વેરાવળની લોહાણા બોર્ડિંગમાં, ભાવનગર લાયન્સ કલબમાં અને બીજી અનેક સંસ્થાઓમાં તેઓએ સારી એવી રકમ આપી છે.

## શ્રી વિનયકુમાર અ. ઓઝા

શ્રી ઓઝા ૧૯૧૫માં ભાવનગરમાં જ જન્મ્યા. તેમના પિતા અમૃતલાલ મૂળ તો ઉમરાળાના. પણ પછી તે મુંબઇ ગયા અને નાનકડા કામની શરૂઆતથી માંડીને જોતજોતામાં પચરંગી શહેરના જાણીતા ઉદ્યોગપતિ બની ગયા.

શ્રી વિનયકુમારે મુંબઈમાં શિક્ષણ લીધું અને વ્યવહારૂ અનુભવની ડીગ્રી પણ મેળવી. ધંધાર્થે તેઓએ યુરોપનો પ્રવાસ પણ કર્યો. ઇટાલી તથા જર્મનીથી યંત્રો પણ મંગાવ્યા, અને "શીપ–ચેઇન ફેક્ટરી" (એશિયામાં આવી સૌ પ્રથમ) શરૂ કરી. ફેક્ટરીને આધુનિક યંત્ર સામગ્રીથી સજ્જ બનાવવા ૧૯૬૧માં તેમણે યુરોપનો પ્રવાસ ફરીવાર કર્યો.

માત્ર ધંધામાં જ નહીં પણ ઉદાર હાથે દાન આપવામાં પણ શ્રી વિનયકુમાર તેમના પિતાને અનુસર્યા છે. માટુંગામાં શ્રી અમીચંદ વિવિધલક્ષી હાઇસ્કુલ શરૂ કરવા માટે તેમણે મોટું દાન આપ્યું છે. આ ઉપરાંત શ્રીમતિ અજવાળીબા બાલ મંદિર, માટુંગા અને ફર્ગ્યુસન કોલેજ, પૂનાને પણ તેમણે સારી એવી સહાય આપી છે. ધનના સંચય કે દલાલી કરી ઉદાર મદદ આપીને શ્રી ઓઝા ધનનો સદુપયોગ તો કરી જ રહ્યા છે પણ કેટલીય સંસ્થાઓનાં પ્રાણ પૂરનારા પણ બન્યા છે.

## શ્રી ખીમજીભાઇ નાનજીભાઇ મહેતા

સૌરાષ્ટ્રના અગ્રણી ઉદ્યોગપતિઓમાં શ્રી ખીમજીભાઇ મહેતાને પ્રથમ હરોળમાં મૂકી શકાય. પોરબંદર પાસેનું રાણાવાવ એમનું જન્મસ્થાન. સાહસિક પિતાના સંસ્કારો પણ તેમનામાં ભારોભાર ઉતર્યા. પિતાશ્રીએ ઉભી કરેલી ઔદ્યોગીક વિકાસ અને દાનગંગાની પગદંડીને પોતે પણ અનુસરતા રહ્યાં. ૧૦ વર્ષની નાની વયથી જ ધંધાકીય જ્ઞાન પ્રાપ્ત કર્યું. ઘણા વર્ષ પૂર્વે આફ્રિકામાં ગાળ્યા. પોરબંદર ચેમ્બર ઓફ કોમર્સના અધીષ્ઠાતા ૧૦૦૦ ટનનું સીમેન્ટ પ્રોડકશન કરતી રાણાવાવની સીમેન્ટ ફેક્ટરીના સંચાલક, ગુજરાત એક્સપોર્ટના વિકાસ માટે ગુજરાત ગવર્નમેન્ટના સીમેન્ટ એસોસીએશનના વાઇસ પ્રેસીડેન્ટ, પોરબંદરની રોટરી કલબ, આર્યકન્યા ગુરૂકુળમાં ટ્રસ્ટી વિગેરે અનેક સંસ્થાઓના પ્રાણ છે. સરસ્વતીબહેન પણ સ્થાનિક મહિલા પ્રવૃત્તિના અગ્રણી કાર્યકર છે. શ્રી ખીમજીભાઇની સાદાઇ અચંબો પમાડે તેવી છે. તેમને ત્યાં ખુબ સમૃદ્ધિની છોળો ઉડતી હોવા છતાં માત્ર સાત્વિક ખોરાક સિવાય ઘણા વર્ષોથી કશુ પણ લેતા નથી. ભવિષ્યમાં સોડાએશ–પેટ્રોકેમીકલ્સના ધંધામાં જવા વિચારે છે. વેપાર અને ઉદ્યોગની નિપુણતાની સાથોસાથ શ્રી ખીમજીભાઇમાં સમાજસેવાની ધગશ પણ નાનપણથી જ જાગી હતી. સમાજનો વિકાસ સાધી શકે તેવા પ્રગતિશીલ વિચારોને સમજવા તથા અપનાવવા તેઓ હંમેશા તૈયાર રહે છે. જાહેર–જીવનનો એમનો રસ શિક્ષણ જેવી સમાજ ઉત્કર્ષની પાયાની અને અને નક્કર બાબત તરફ વળતો ગયો પરિણામે પોરબંદરની અનેક શિક્ષણ સંસ્થાઓ સાથે સક્રિય રીતે જોડાઇને તેઓ સમાજનો ઉત્કર્ષ સાધવાની પોતાની ભાવનાને મૂર્તસ્વરૂપ આપી રહ્યાં છે.

## શ્રી માણેકજી ધનજીભાઈ

નાનામોટા ધાર્મિક અને સામાજિક પ્રસંગોમાં જે કુટુંબનો યશસ્વી ફાળો રહ્યો છે, જૈન અને જૈનેત્તર સંસ્થાઓમાં જેમણે દાનનું ઝરણું વહાવ્યું છે તે શ્રી માણેકજીભાઇ કચ્છ તેરા અબડાસાના વતની છે. વિદર્ભના જાહેરજીવનમાં સારી એવી નામના અને રૂના ધંધામાં એક સૈકાથી પડેલા શ્ર ધનજીભાઈ કાનજીભાઇના સુપુત્ર છે. ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરવાને સદ્‌ભાગી બન્યા છે હાલમાં પોરબંદરની જગદીશ ઓઇલ ઇન્ડસ્ટ્રીઝના જનરલ મેનેજરનો માન–વંત હોદ્દો ભોગવી રહ્યા છે. પોરબંદરના સાંસ્કૃતિક વિકાસમાં પણ એટલો જ એમનો હિસ્સો દેખાય છે. પોરબંદરની રોટરી કલબમાં પ્રમુખ–મંત્રીના હોદ્દાથી માંડીને અન્ય સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. મુંબઇની અનંતનાથજી જૈન દેરાસરના ટ્રસ્ટી તરીકે, શ્રી વિરજી લધાભાઇ ક. દ. ઓ. જૈન વિદ્યાર્થી ગૃહ મુંબઇના ટ્રસ્ટી અને પ્રમુખ તરીકે, શ્રી ક દ. ઓ. શિક્ષણ પ્રચારક સમિતિના ટ્રસ્ટી તરીકે પ્રશંસનિય સેવા બજાવી છે. તેમના ધર્મપત્નિ પ્રભાવતીબેન જેઓ ઇનરવ્હીલ સંસ્થાના પ્રમુખ હતા અને રોટરી કલચરલ સોસાયટીના પ્રમુખ રહ્યા છે, તેમનો પણ આ બધી સામાજિક પ્રવૃત્તિમાં સારો એવો હિસ્સો છે.

## શ્રી જયંતિલાલ ભીમજીભાઈ વિઠલાણી

સૌરાષ્ટ્રમાં ચલાલા, લાઠી, ધારી. રાજકોટ અને અમરેલીમાં જેમની પાંચ વ્યાપારી પેઢીઓ ચાલી રહી છે તે શ્રી જયંતિલાલભાઇએ મેટ્રીક સુધીનો અભ્યાસ કરી નાનીવયમાં જ વ્યાપારમાં ઝંપલાવ્યું, વિદ્યાભ્યાસ દરમ્યાન સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અને પુસ્તકાલય પ્રવૃત્તિનો ભારે શોખ હતો જે આજ સુધી જાળવી શકયા છે. મહેનત અને પ્રમાણીકતાથી ધંધામાં જીવનની શરૂઆત કરી. આ સાહસિકવીર નાની ઉમરથી જ તેલ, તેલીબીયા, અનાજ તથા કમીશન એજન્ટના ધંધાનો અનુભવ મેળવવાને સદ્‌ભાગી બન્યા, બર્માશેલ, મુડીસ ચા, ખાતર વિગેરે અન્ય એજન્સીઓમાં મન પરોવ્યું. પોતાનો આજે એક પેટ્રોલ પંપ પણ છે. ધંધાને ક્રમે ક્રમે ગણનાપાત્ર પ્રગતિમાં મૂકતા ગયાં, અને એ પૈસા કમાયાં.

અમરેલીની લોહાણા બોર્ડિંગમાં સારી એવી રકમનું દાન કરી તેની સાથે પિતાશ્રીનું નામ જોડ્યું. પોતાના સ્વ.પુત્ર શ્રી દિનકરરાયની સ્મૃતિરૂપે લોહાણા બોર્ડિંગમાં "**દિનકરરાય જયંતિલાલ વિઠલાણી પુસ્તકાલય**"માં સારી એવી રકમ આપી. સાર્વજનિક પુસ્તકાલયની શ્રેષ્ઠ પ્રવૃત્તિમાં આખુએ કુટુંબ લાઇફમેમ્બર તરીકે રહ્યું છે. રાજુલાની લોહાણા મહાજન વાડીમાં પિતાશ્રીને નામે રકમ આપી છે. અમરેલીની લોહાણા મહાજનવાડીમાં સેન્ટ્રલ હોલમાં પણ માતુશ્રીના સ્વર્ગવાસ વખતે રકમ આપી છે. બાલ. મહિલા અને સાર્વજનિક પુસ્તકાલયના પ્રખર હિમાયતી છે. રતનબાઇ

સેવકમંડળના દવાખાનામાં ઉપપ્રમુખ તરીકે સેવા આપી રહ્યાં છે. ગૌશાળાની કારોબારીમાં રસ લેવા ઉપરાંત પ્રસંગોપાત યોગ્ય રકમનું દાન કરતા રહ્યાં છે. હોસ્પીટલમાં પણ તેનું દાન હોય જ અમરેલી નાગરિક બેન્કમાં ડાયરેકટર તરીકે પણ છેક શરૂથી આજસુધી સેવા આપી રહ્યાં છે. ચેમ્બર ઓફ કોમર્સની કારોબારીના સભ્ય તરીકે સારૂ એવું માન-પાન પામ્યા છે.

અમરેલીની કામાણી ફોરવડ સ્કુલમાં તથા કોલેજમાં પિતાશ્રી ભીમજી કુરજીના નામે સારી એવી રકમ આપી છે. ભાવનગર, રાજકોટ, ધારી વિગેરેની લોહાણા બોર્ડિંગમાં પાતને ત્યાંના લગ્નપ્રસંગે યોગ્ય રકમ આપ્યા કરી છે. વીરપુર જલાબાપાની જગ્યાઓમાં, કામનાથ મહાદેવના મંદિરમાં અને અન્ય ધાર્મિક જગ્યાઓમાં તેમનું દાન ઝળકી ઉઠયું છે. અમરેલીમાં એકપણ સંસ્થા એવી નહી હોય કે જેમાં તેમનું દાન અને હિસ્સો ન હોય.

## શ્રી હર્ષદરાય ત્રિભોવનદાસ ત્રિવેદી

મુળ ઉમરાળાના પણ ભાવનગરને ઘણા વર્ષોથી વતન બનાવ્યું છે. ટૂંકી મુડીમાં ધંધાની શરૂઆત હાથવણાટ અને સુતરથી કરી, ક્રમે ક્રમે કાપડની લાઇનમાં પોતાની વ્યવહારકુશળતાને લઇ સફળતા હાંસલ કરતાં રહ્યાં. ૧૯૪૪માં ભાવનગરની રબ્બર ફેક્ટરી દ્વારા એ ત્રસમાં કેન્વાસ રબ્બર શુઝનું સારૂં ઉત્પાદન કર્યું તેમાં પણ સારી એવી સફળતા મળી સાહસિક વૃત્તિ અને નિષ્ઠા વફાદારી એ ખાસ ગુણોએ લઇ આ સિદ્ધિ હાંસલ કરી તેમની નમ્રતા મીઠાસ અને ગ્રાહકોની ચાહનાએ તેઓ આજે મહારાષ્ટ્ર ગુજરાતના ફુટવેરના ડીસ્ટ્રીબ્યુટર્સ તરીકે ખ્યાતનામ બન્યા છે. જે તેમની સૌજન્યશીલ પ્રકૃતિને આભારી છે. તેમણે વતનમાં ઉભી કરેલી દેણગીઓ પ્રશંસા અને દાદ માંગી લ્યે તેવા છે. મુંબઇ વસતા મિત્રો પાસેથી વતનની જરૂરીયાતો અને વિકાસ માટે મોટી રકમ મળતી રહી છે. જે તેમની પ્રેરણાને આભારી છે. નાની મોટી અનેક સંસ્થાઓને આર્થિક મદદ આપી છે.

## શ્રી ચંદ્રકાંત હર્ષદરાય ત્રિવેદી

શ્રી બટુકભાઇને નામે જાણીતા થયેલા શ્રી ચંદ્રકાંતભાઇનો જન્મ ભાવનગરમાં ખાનદાન કુટુંબમાં થયો. ઉમદા આદર્શો ધરાવતા આ નવયુવાને અભ્યાસ પડતો મૂકી રાષ્ટ્રીય ચળવળમાં જોડાવવાનું વધુ પસંદ કર્યું. ૧૯૪૨-૪૩ના અરસામાં પિતાશ્રીના કાયડના ધંધામાં બેઠા અને મે એચ. ટી. ત્રિવેદીને નામે ધંધાની પ્રગતિ ચાલુ રાખી. આજસુધીમાં ધંધાને આબાદ રીતે વિકસાવ્યો છે.

આ કુટુંબની ખાસ વિશિષ્ટતા તો એ છે કે ધંધામાં એ પૈસા કમાયા તો વતન ઉમરાળામાં સંપત્તિનો છૂટે હાથે સદઉપયોગ કર્યો. દવાખાનું, બાલમંદિર અને એવા સાર્વજનિક કામોમાં સારી એવી રકમનું દાન આપ્યું. શ્રી ત્રિવેદીએ લગભગ આખા દેશને પ્રવાસ કર્યો છે. યુરોપના કેટલાક દેશોનું પરિભ્રમણ કર્યું છે. ભાવનગરની લાયન્સ કલબના આગેવાન કાર્યકર્તા છે. સમાજમાં તેમના માન અને મોભો સારા છે. ખૂબ જ નિખાલસ અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં આગળ આવીને રસ લ્યે તેવા દિલાવર વ્યક્તિ છે.

## શ્રી પ્રતાપરાય ગીરધરલાલ મહેતા

કલા-સ્થાપત્ય અને સંસ્કૃતિના પ્રખર હિમાયતી શ્રી પ્રતાપભાઇ અમરેલીના વતની છે. જ્યાં શાળા ત્યાં પુસ્તકાલય એ સૂત્ર શ્રીમંત સયાજીરાવ મહારાજાએ ઉચ્ચાર્યું હતું, તેને મુર્તિમંત કરવામાં શ્રી પ્રતાપરાયજભાઇએ સુંદર ફાળો આપ્યો છે. અમરેલીમાં સાર્વજનિક પુસ્તકાલયની સામે 'તાપીબાઈ મહીલા પુસ્તકાલય' અને તેની સોડમાં બાલપુસ્તકાલયની સ્થાપના એ શ્રી પતુભાઇને આભારી છે ઉપરાંત પુસ્તકાલય પ્રદર્શનો અને પરિષદ તેમણે યોજ્યા છે. પરિષદના પ્રમુખસ્થાનેથી સર પ્રભાશંકર પટણી સાહેબે 'પુસ્તકાલય ઘેલા' કહીને તેમને બિરદાવ્યા છે. અને શ્રીમંત સયાજીરાવ મહારાજા સાહેબે એમને રાજ્યરત્નનું બહુમાન આપીને વિભૂષિત કર્યા.

ધંધાના ક્ષેત્રમાં જાણીતા ઉદ્યોગપતિ શ્રી રામજી હંસરાજ સાથે જોડાયા છે. રાજસ્થાનમાં જયપુર મેટલ ઇન્ડસ્ટ્રીઝ લી. નામનું કારખાનું શ્રી પ્રતાપરાય ચલાવે છે. અને આ ધંધાના વિકાસાર્થે ઇન્ડોનેશિયા, જાપાન, જર્મની, સીલોન, બર્મા, યુગોસ્લાવિયા, ઇટલી, ઈંગ્લાંડ વગેરે દેશોની મુસાફરી કરી છે આ કાર્ય હજુ ચાલુ છે હમણાં હમણાં 'બાલ સંગ્રહાલયો' ઊભા કરવાનો તેમને શોખ લાગ્યો છે. અમરેલીમાં ગિરધરભાઈ સંગ્રહાલય, જયપુર પાસે સાગાનેર ગામે બાલ સંગ્રહાલય અને ભારતના વડાપ્રધાન જવાહરલાલ નહેરૂના આજન બાહુએ ખુલ્લુ મુકેલું અણુ પાસે 'નવા સનવાડા બાલ સંગ્રહાલય' શ્રી પ્રપાપભાઇને આભારી છે. હમણાં જ અ પણી સરકારે પદ્મશ્રી બનાવ્યા છે.

## શ્રી પ્રતાપરાય ખુશાલદાસ મહેતા

હજુ હમણાં જેમને જે. પી નો ઇલકાબ મળ્યો ને શ્રી પ્રતાપરયભાઇ સૌરાષ્ટ્રના તળાજાના વતની છે. મુંબઈમાં ઘણા વર્ષોથી ઔદ્યોગિક વિકાસની પ્રવૃત્તિ સાથે બાળપણથી જ સ્પોર્ટ્સ અને સાહિત્યના જાગેલા શોખને આજસુધી જીવંત રાખ્યો છે. નાનીવયમાં અમેરિકા સિવાય વિશ્વના લગભગ મોટાભાગના દેશોનો સફર કરી છે. પિતાશ્રીના પગલે પગલે દાન-પુણ્યનું ભાથુ બાંધવામાં પણ પાછી પાની કરી નથી. મુંબઇમાં કો-ઓપરેટીવ બેન્કના ડાયરેકટર તરીકે, કપોળજ્ઞાતિના વાઇસ પ્રેસીડેંટ જનરલ, ઘણી જ ઉમદા સેવા બજાવી છે. કલા સંગીતમાં પણ તેમને ખુબજ રસ છે.

શ્રી નરોત્તમ પલાસવાલાના શબ્દોમાં કહીએ તો 'શ્રી પ્રતાપભાઇ તેજસ્વી અને તરૂણ લેખક છે' 'ગ્રંથ' અને 'સંદીપ' પછી 'નવરંગ' તેમની ત્રીજી કૃતિ છે. હૈયામાં અરમાન અને કલમમાં વિજળી લઇને ગુજરાતની ટુંકી વાર્તાના ક્ષેત્રે પ્રવેશ્યા આ સર્જક પાસે વાર્તા-તત્વની સૂઝ છે. કથા કહેવા માટે સ્વરૂપનું વાહન શોધવામાં તેમને તકલીફ પડતી નથી ટૂંકી વાર્તાના ક્ષેત્રે તેમની કમલ નવી ભાત પાડે છે. સાહિત્ય સર્જનને વ્યાસંગરૂપે વિકસાવ્યું છે. એટલે જ તેમની કથાઓ આગળ વિશિષ્ટતા જાળવી રાખે છે. ધાર્મિક વૃત્તિ, સેવા પરાયણતા. ઉચ્ચકક્ષાના વિચારો, કોઇનું દુઃખ હરી લેવું એવી મનની ઉદાત્તમય ભાવના. આખુએ કુટુંબ ઘણું જ પ્રેમાળ અને સંસ્કારી રહ્યું છે.

# શ્રી દુર્લભજીભાઈ ખેતાણી

ગુજરાતની વિરલ વ્યક્તિઓમાં વડીયાના શ્રી દુર્લભજી કેશવજી ખેતાણીની ગણના થાય છે. આઝાદી પછી જુનાગઢની નવાબશાહી ઉખેડી નાખવા સૌરાષ્ટ્ર પ્રજામંડળની રચના થઈ તે પ્રજામંડળના શ્રી દુર્લભજીભાઈ ખેતાણી પ્રમુખ હતા. તેમની રાહબરી નીચે જુનાગઢ રાજ્યના અમરાપુરા ગામનો કબ્જો લેવામાં આવ્યો હતો, જેમાં શ્રી દુર્લભજી ખેતાણી મોખરે રહ્યા હતા. લોક સંસ્કૃતિના ક્ષેત્રે ભગીરથ પ્રયત્નો કરે છે. લોક કેળવણી તરફ તેમનું દૃષ્ટિબિન્દુ અજબ છે અને તેને સાકાર બનાવવા માટે રાત–દિવસ મથી રહ્યા છે. લાખો અને કરોડો રૂપિયાના લોક કેળવણીના કાર્યોમાં મોટી રકમનું દાન આપી ભાગ લીધેલ છે અને આ કાર્યો પાછળ તેમનો દાન પ્રવાહ ચાલુ જ છે. તેઓ જન્મભૂમિ–ફુલછાબ પત્રોના ટ્રસ્ટી પણ છે.

# શ્રી ખુશાલદાસ જે. મહેતા

સૌરાષ્ટ્ર ગુજરાતમાં ટી. બી.ના દર્દીઓને યોગ્ય સારવાર મળી રહે અને તમામ જાતની સુવિધાઓ પ્રાપ્ત થાય એવા શુભ આશયથી અને દિલના ઉમળકાથી ભાવનગર જિલ્લાના સોનગઢ પાસે જીથરીમાં ટી. બી હોસ્પીટલના પાયા નાખીને આજસુધી સંસ્થાને જેણે ચેતન અને સ્ફૂર્તિ આપ્યા છે, એટલું જ નહિ, લાખો રૂપીયાના દાન કરીને જેણે પોતાની પ્રતિભાને ઉજાળી છે. એવા ઉદાર દાનવીર શેઠ શ્રી ખુશાલદાસભાઇ મહેતા આમ તો મૂળ તળાજાના બચપણમાં કાળી ગરીબી સામે જંગ ખેલીને થોડું ઘણું પ્રાથમિક શિક્ષણ લીધું. આજીવિકા માટે ધાણીમમરાના લાડવા કે એવી પરચુરણ ચીજવસ્તુઓની ફેરી કરીને પુરૂષાર્થ દ્વારા આત્મસંતોષ અને આનંદ અનુભવતા. વૃદ્ધ માતાને પણ પરાયા કામકાજ અને દળણા દળીને જીવન પસાર કરવું પડતું. સમય જતા મુંબઇ જવાનું સદ્‌ભાગ્ય સાંપડ્યું ધંધામાં ઝંપલાવ્યુ અને નસીબનું પાંદડુ ફર્યું. પોતના ભાગ્યબળે અને દીર્ઘદષ્ટિએ સંપત્તિની રેલંછેલ અને દોમ દોમ સાહ્યબી થઇ.

લક્ષ્મીની ચંચળતાનો અને ધનીકતાની મદભરી છાંટનો જરાપણ સ્પર્શ થયો નહિ. લક્ષ્મીના પોતે ટ્રસ્ટી છે એમ માની સંપત્તિને લોકહિતના કામોમાં વહેવડાવવા માંડ્યા. અનેક સમાજસેવી સંસ્થાઓના ફંડફાળામાં દાનગંગા શરૂ કરી, નાના મોટા પુણ્યના પરોપકારી કામોમાં લગાતાર લાગી ગયા. સાર્વજનિક પ્રવૃત્તિઓમાં મન મૂકીને આર્થિક સગવડતાઓ પૂરી પાડી, સંસ્કારિક કાર્યક્રમોમાં સામે ચાલી ઉત્તેજન આપ્યુ. ગરીબ વિધવાઓના આંસુ લુંછ્યા. આવા એમના ભાતીગળ જીવનની સૌરભથી અને અનેક સખાવતોથી ભાવનગર જિલ્લો ધન્યતા અનુભવે છે કે આ ધરતીમાં આવા નરરત્ન ઊભા થવાથી જ આ ભૂમિની અસ્મિતા જળવાઈ રહી છે તેમનો દાનપ્રવાહ કયારેય અટકયો નથી. વતન તળાજામાં મહિલામંડળની પ્રવૃત્તિ હોય કે શાળાની શૈક્ષણિક પ્રવૃત્તિ હોય, હંમેશાં જોઇતી સવલતો પહોંચાડી છે પુત્રના લગ્ન પ્રસંગે જીથરી હોસ્પીટલમાં ટાવર બંધાવ્યો. પિતાશ્રીના નામની ધર્મશાળા બંધાવી. ધર્મપત્ની વિમળાબેનના નામે તાજેતરમાં જ ૫૦ બીછાના એક વોર્ડ માટે રૂા. ૫૦૦૦૦ જાહેર કર્યા. નિખાલસ હૃદય, ગરીબો પ્રત્યેની હમદર્દી, ધર્મશ્રદ્ધા અને ઉદારતાનો ઉમદા ગુણ જેની નસેનસમાં આજ ધબકારા લઇ રહ્યો છે, એવા શેઠશ્રી ખુશાલદાસભાઇ ગુજરાતનું ગૌરવ છે.

# શ્રી રતિલાલ વિઠ્ઠલદાસ ગોસળીયા

શ્રી રતિલાલભાઇ વિઠ્ઠલદાસભાઈ ગોસળીયા ( ગઢડા નિવાસી ) જેઓ સૌરાષ્ટ્ર તેમજ મુંબઇથી ઘણે દૂર નાના એવા શહેર (માધવનગર)માં વસતા હોવા છતાં તેમને પોતાના વતન તથા જ્ઞાતિ માટે કંઇક કરી છુટવાની તાલાવેલી અને ધગશ નિરંતર રહે છે. ધર્મપ્રત્યેનો તેમનો પ્રેમ પણ જરાય ઉતરતો નથી કારણ કે અંધેરી ઉપાશ્રય, કાંદીવલી ઉપાશ્રય, ભાંડુપ ઉપાશ્રય, ઉગામેડી વિ. ધર્મસ્થાનકોમાં આવી જ મોટી પોતે તથા પોતાના સ્નેહીઓ તરફથી શાહી સખાવતો કરી છે. આ ઉપરાંત સામાજીક સંસ્થાઓમાં પણ તેમનો ફાળો જરાય ઓછો નથી જેવા કે કાંદીવલીની ચાલીમાં, સાંગલી જીલ્લામાં હાઇસ્કુલો, દવાખાનાઓ, બોટાદના છાત્રાલયમ વિ. વિ.માં તેમનું નામ હમેશાં મોખરે જ રહ્યું છે. સૌરાષ્ટ્રમાં કેળવણી અર્થે તેમની ઘણી ઉદાર સખાવતો છે. આ બધા જ મહાન કાર્યોના પ્રણેતા અને સદાય પ્રેરણારૂપ બનતા તેમના ધર્મપત્નિ, ધર્મપ્રેમી અ. સૌ. કંચનગૌરી બહેનનો હીસ્સો જરાય ઓછો નથી.

# સ્વ. હીરાલાલ પુરૂષોતમદાસ સિદ્ધપુરા

ગુજરાતની ભૂમિએ ભૂતકાળમાં જે કેટલાક ધર્મશ્રદ્ધાળુ નરરત્નોની સમાજને ભેટ આપી તેમાંના એક હીરાલાલભાઇ સિદ્ધપુરા છે. શત્રુંજયની છાંયડીમાં પાલીતાણા પાસેનું સાતપુડા ગામ તેમનું મૂળ વતન. અભ્યાસ ફક્ત ચાર ગુજરાતીનો, પણ આ સિદ્ધપુરા પરિવારમાં કલાકારીગીરીની પરંપરા ચાલી આવી છે તે સંસ્કારવારસાને બરાબર સાચવી જાણી. એમની વિચક્ષણ બુદ્ધિ અને હૈયા ઉકલતે સૌરાષ્ટ્રભરમાં જે કામના શ્રી ગણેશ માંડ્યા તેથી રાજા મહારાજાઓનો પણ પ્રેમ અને વિશ્વાસ સંપાદન કરી શકયા.

સોળ વર્ષની નાનીવયે પાલીતાણામાં એક અનાજવાળાની દુકાને નોકરીએ રહી પુરૂષાર્થનો પ્રદીપ પ્રગટાવ્યો. પાકાનામાનું જ્ઞાન ટુંક સમયમાં મેળવી લીધું. કલાજગતમાં નામના કાઢવાની મહેચ્છા સેવતા આ યુવાન હૈયાએ એક વર્ષ બાદ ભાવનગરમાં સ્થિર થવા પગ મૂકયો. સુતારવાડામાં ત્રંબોવન જગાને ત્યાં નોકરીએ રહ્યા, પણ સમય જતા સ્વમાનપૂર્વક રહેનારા હીરાલાલભાઇએ નોકરી છોડી પરચુરણ સુતારી કામ શરૂ કર્યું; અને ખેરના કીટાનો વ્યાપાર શરૂ કર્યો ભાવનગરમાં મસ્તરામભાઇની પ્રેરણા અને હુંફથી લોખંડના કામની શરૂઆત કરી અને સૌ પ્રથમ તળાજાના રેલ્વે ગોદામના કામકાજમાં તેમનું વ્યક્તિત્વ સોળે કળાએ ખીલી ઉઠ્યું. પ્રોત્સાહક બળ મળ્યું. નવું સંશોધન કરવાની જીજ્ઞાસા અને લગની લાગી વિક્રમ સંવત ૧૯૮૧–૮૨માં જાળી દરવાજાના કામની શરૂઆત કરી. માંગ વધતી ગઇ. તેમની દીર્ઘદષ્ટિએ કૃષ્ણનગરની મોટી મોટી પાર્ટીઓ અને ભાવનગરનું રાજ્ય કુટુંબ તેમના તરફ આકર્ષાયું. નિલમબાગનું ઘણું મોટું કામ મેળવ્યું. ૧૯૩૮માં ઇલેકટ્રીક વેલ્ડીંગની શરૂઆત સૌ પ્રથમ તેમના હાથે થઈ. ચોરવડલાનું કામ તેમણે કર્યું. સાંઢીડા મહાદેવનું મંદિર પોતે બંધાવ્યું, એટલું જ

નહિ, થોડી રકમ જુદી મૂકવી, જેમાંથી દર વર્ષે સાંઢીદા મહાદેવમાં ચોરાસી જમાડવાની વ્યવસ્થા આજસુધી ચાલુ છે. દુષ્કાળ વખતે સસ્તા અનાજની દુકાને શરૂ કરી મોટી નુકસાની વહોરી હતી. ગાંધીજીની મોટી અસર હતી. સાદાઇથી રહેતા. સ્વદેશી કાપડનું જીવનભર વ્રત હતું. સમય જતાં સિદ્ધપુરા આયર્ન વર્કસની શરૂઆત કરી જે આજે પણ તેમના પુત્ર પ્રાણજીવનભાઇએ એ કલાને જીવંત રાખી છે. ફેબ્રીકેશન અને ડેકોરેશનના કામમાં સૌને સંતોષ આપ્યો છે. ઉપરાંત ફેરીન સ્ટીમરો તૈયાર કરીને ૨૫ થી ૩૦ હજારનું હુંડીયામણ રળી આપે છે હમણાં જ સ્વીટઝરલેન્ડની એક સ્ટીમરનું ૯૦૦૦ હો. પા નું મશીન વેલ્ડીંગ કરી આપ્યું. તેમના સુપુત્રો પણ આ દીશામાં આગળ વધી છે.

## સ્વ. શ્રી ફતેચંદ ઝવેરભાઈ

ભાવનગર અને મુંબઈના જૈન સમાજમાં જેમનું આગવું સ્થાન હતું, ધાર્મિક પ્રવૃત્તિઓમાં જેઓ હંમેશાં મોખરે હતા, વિદ્વાન અભ્યાસીઓ માટે જેમનું નિવાસસ્થાન ચર્ચા અને ચિંતનની સભર રહેતું, અનેક સામાજિક પ્રવૃત્તિઓમા સંચાલનમાં જેમનો સીધો યા આડકતરો હિસ્સો હતો. એવા શ્રી ફતેચંદભાઈનું પાલીતાણા જન્મ-સ્થાન હતું. પૂર્વપુણ્યના યોગથી અને મુનિવર્યોના સમાગમથી અનેક જૈન શિક્ષણ સંસ્થાઓના અધિષ્ઠાતા બન્યા હતા. એક યશસ્વી વેપારી તરીકે તેમની સારી એવી પ્રતિષ્ઠા હતી. તેમનો ધાર્મિક અભ્યાસ વિશાળ હતો, લેખનશક્તિ સુંદર હતી અને ઘણે ભાગે સ્થિતપ્રજ્ઞ રહેતા. તેમનું બહોળુ કુટુંબ ખુબજ સંસ્કારી અને કેળવાયેલું છે.

## શ્રી શાંતિલાલ સુંદરજી શેઠ

કાઠિયાવાડીઓ વ્યાપારીક્ષેત્રે સાહસ અને શૌર્યતાની યશગાથાથી જગતભરમાં મશહુર બન્યા છે તેમાંએ કેટલાક ધર્માનુરાગી મહાનુભાવોની આધુનિક યુગને જે સુંદર ભેટ મળી છે તેમાં મુંબઈના જાણીતા દાનવીર શ્રી શાંતિલાલ સુંદરજી શેઠને આગલી હરોળમાં મૂકી શકાય પ્રાચીન શહેર તરીકે પંકાયેલું (સિંહપુર) આજનું શિહોર એ એમનું મુળ વતન, ત્રણ અંગ્રેજી સુધીનો જ અભ્યાસ પણ તેમની બુધ્ધિ પ્રતિભાએ સિધ્ધિનું સોપાન સર કરવામાં યારી આપી અને જૈન ધર્મની વિજય પતાકાને ઉંચે લહરાવવામાં યશભાગી બન્યા ચાલીશ વર્ષ પહેલા પોતાની સાધારણ સ્થિતિ, ગરીબાઇમાં દિવસો વિતાવેલા એટલે સખ્ત પરિશ્રમ અને વ્રત-જપ-તપથી જીવન ઘડતરમાં સતત જાગૃતિ બતાવવી પડી હતી. વર્ષો પહેલા મુંબઇમાં વાસણની લાઇનમાં નોકરીની શરૂઆત કરી. નિષ્ઠા અને પ્રમાણીકતાથી કામ કર્યું જૈન ધર્મના વારસાગત સંસ્કારોના દર્શન બચપણથી જ કરાવ્યા હતા. એમની એ દિશામાં ભારે મોટી તપશ્ચર્યાએ પ્રગતિની મંઝીલ વેગવાન બની. સમય જતાં નોકરી કરતા તેજ પેઢીમાં ભાગીદાર થયા. ભાગ્યનું ચક્ર ફર્યું લક્ષ્મીની કૃપા થઇ અને ધંધાને આબાદ રીતે ખીલવ્યો પુરૂષાર્થથી મેળવેલી સંપત્તિનો જરાપણ મોહ રાખ્યા વગર છુટે હાથે દાનપ્રવાહ વહેતો રાખ્યો વિશેષ કરીને ગુપ્ત દાનમાં માનનારા છે. જૈન જ્ઞાતિના ગરીબ માણસોને પ્રસંગોપાત અન્ય પ્રકારની નાની મોટી મદદ કરતા રહ્યા છે. ઘોઘારી જૈન સેવા સમાજના કાર્યક્રમોમાં તેમની હાજરી અચૂક હોય જ.

## શેઠશ્રી ચુનિભાઈ ભ. મહેતા

જન સમુદાયમાંથી મેળવેલી મારી પાસેથી મૂડી ઉપર માત્ર મારો જ નહીં પરંતુ મારા દેશ બાંધવોનો પણ અધિકાર છે અને દેશને આબાદ બનાવવા માટેના વિકાસ કાર્યોમાં આર્થિક મદદ કરવાનો મારો ધર્મ છે. તેમ સમજી દાન આપવાવાળા કુંડલા તાલુકાના પીઠવડી ગામના વતની દાનવીર શેઠશ્રી ચુનિલાલ ભગવાન-દાસ મહેતાનું નામ સૌરાષ્ટ્રના નામાંકિત દાનવીરોમાં સદા અંકિત રહેશે. સાદા અને સરળ સ્વભાવના અપ્રસિદ્ધને ચાહવાવાળા શેઠશ્રી ચુનિભાઇએ પૂર્વાવસ્થામાં આર્થિક મુશ્કેલી, દુઃખ અને અનેક વિટંબણાનો સામનો કરતાં લોખંડના વ્યાપાર ઉદ્યોગમાં પ્રગતિ સાધતા ગયા છે. વેપારી સાહસિકતા, નિતીમય પ્રમાણિક જીવન, સાદા અને સરળ વિચારો તથા દલીતવર્ગ પ્રત્યે હંમેશા સહાનુભૂતિ અને સેવા સહકાર આપવાવાળા આ દાનવીરે ગુજરાતની અનેક સંસ્થાએ, વિકાસના કાર્યો તથા લોકો ઉપયોગી ક્ષેત્રોનાં છૂટા હાથે દાન આપી યશસ્વી કીર્તિ પ્રાપ્ત કરી છે. પોતાના વતન પીઠવડી ગામે શ્રી ચુ. ભ. મહેતા પ્રા. શા. તથા મુક્તાબેન ચુ. મહેતા બાલમંદિર તથા પોતાના પિતાશ્રીના સ્મરણાર્થે ભગવાનદાસ ન. મહેતા દવાખાનું તથા સા. કું.માં મુક્તાબેન ચુ. મહેતા મહિલામંડળ તથા કે. કે. હોસ્પીટલ ઓપરેશન થીયેટર તથા કપોળબોર્ડિંગમાં સારો ફાળો આપ્યા છે. આ સિવાય જેસરમાં ચુ. ભ. મહેતા ધર્મશાળા, તથા છાપરી ગામે શાળાનું મકાન તથા કે. કે. હાઇસ્કુલમાં સારો ફાળો આપ્યો છે. આ સિવાય અનેક ગામોમાં તથા શહેરોમાં અનેકવિધ ક્ષેત્રોમાં દાનો આપ્યા છે.

## વસાણી કાન્તીલાલ ખીમચંદ

બોટાદના વતની અને માત્ર છ અંગ્રેજી સુધીનો જ અભ્યાસ પણ બચપણથી સાહસિકતાના ગુણો જ લઇ વ્યાપારમાં આગળ વધવાનો મનસુબો સેવતા હતા. શિક્ષણમાં જો કે આગળ પડતા પણ રાષ્ટ્રિય ચળવળની હાકલને માન આપીને ૧૯૪૨માં શાળાનો ત્યાગ કર્યો. સમય જતાં તેમની સાહસિકવૃત્તિએ ધંધામાં સ્થિરતા અપાવી. ગોહિલવાડમાં સૌ પ્રથમ ઓઇલ એન્જીનો બનાવવાનું શરૂ કર્યું. છેલ્લા એંશી વર્ષની જુની પેઢી વસાણી હરિચંદ નરસી-દાસની પેઢીના ભાગીદાર છે. આ પેઢીએ ઔદ્યોગિક ક્ષેત્રે ઘણો જ વિકાસ સાધ્યો છે જય ભવાની એન્જી. એન્ડ ફાઉન્ડ્રી વર્કસ બોટાદ જય ભવાની એન્જી. સ્ટોર્સ, વસાણી બ્રધર્સ ભાવનગર, વસાણી ટ્રાન્સપોર્ટ કું. બોટાદ, વસાણી મશીનરી એન્ડ કું. બોટાદ ઉપરોક્ત પેઢી તથા કારખાનામાં વ્યક્તિગત રીતે પણ રસ લયે છે અને ઉત્તરોત્તર વિકાસ કેમ થાય તેની ઝંખના છે.

# સ્વ. શ્રી નરોત્તમદાસ વિઠ્ઠલદાસ

મૂળ મહુવાના વતની, અભ્યાસ, નાનીવયમાં કૌટુંબિક જવાબદારીઓ શીરે આવી પડતા ધંધાર્થે વલસાડ તરફ પ્રયાણ કર્યું હનુમાનભાગડાબંદર મુકામ કર્યો.

પરચુરણ ચીજવસ્તુંની નાના પાયા ઉપરની હેરફેર શરૂ કરી. આજીવીકા પૂરતુ મળવા લાગ્યું દરમ્યાન કુટુંબ ઉપર એક મોટી આફત ઉતરી આવી. કુટુંબના સભ્યો સાથે મધદરીએ એક વખત વહાણ તૂટયું અને કુદરતી રીતે જ બચી ગયા તેમાં પણ કુદરતનો કાંઇક સંકેત હશે.

એવો જ બીજો જબરજસ્ત ફટકો ૧૯૯૯ની સાલમાં આસો સુદ પુનમને દિવસે વરસાદમાં મોટું તોફાન થતા માલસામાન સાથેનું વહાણ ડુબ્યું અને એક લાખ રૂપીયાનું નુકસાન થયું. પાસે મુડી ન્હોતી છતાં વેપાર ચાલુ રાખ્યો અને માત્ર બે વર્ષમાં પગભર થયાં નાના પાયા ઉપર શરૂ કરેલા ગોળના ધધામાં પછી તો બરકત વધતી ગઇ. ગોળવાળા તરીકે તેમનું નામ ખ્યાતનામ બન્યું વલસાડ–મુંબઈ–સુરત–બીલીમોરા અને દેશાવરમાં પણ ધંધાનું વટવૃક્ષ ફાલ્યું ફુલ્યું. કુટુંબ વધતુ ગયું. તેમ તેમ ધંધો વધારતા ગયાં. તેમની કાર્યસિદ્ધિના સ્વરૂપે દાળમીલ, ચોખા મીલ, તેલ મીલ, સીલ્ક મીલ વિગેરે માતબર ઉદ્યોગો યશસ્વી પ્રગતિ સાધતા રહ્યાં

મળેલી લક્ષ્મીનો બહુજન સમાજના હિત માટે પણ ઉપયોગ કરતા રહ્યાં. વલસાડની કસ્તુરબા હોસ્પીટલમાં ઓપરેશન હોલ માટે રૂા. ૫૧૦૦૦/–નું ઉદાર દાન આપી કુટુંબના નામને ઉજ્જવળ કર્યું છે. વલસાડની જાણીતી આ નરોત્તમ વિઠલદાસની પેઢીએ મથુરામાં રૂા. એક લાખ ધર્મશાળા ઉભી કરવામાં આપ્યા જે તેમની ધર્મ પ્રત્યેની શ્રધ્ધાની પ્રતીતિ કરાવે છે. નાના નાના ફંડફાળાઓનો કોઈ હિસાબ નથી નરોત્ત વિઠલદાસે વલસાડ પ્રદેશમાં પોતાની હયાતી દરમ્યાન ભારે મોટી લોકચાહના ઉભી કરી હતી. તેમણે ઉભી કરેલી લોકસેવાની પગદંડી ઉપર તેમના પુત્ર શ્રી નાગરદાસભાઇએ પણ એ સંસ્કાર વારસાને બરાબર પચાવી જાણ્યો.

શ્રી નાગરદાસભાઇનું તાજેતરમાં જ અવસાન થયું. સ્વ. નાગરદાસભાઈ આજના વલસાડના મહામુલા રત્ન ગણાતા. શાળા કોલેજોમાં તેમનું માર્ગદર્શન અને પ્રેરણા સતત મળતા રહ્યા હતા. કસ્તુરબા હોસ્પીટલની કમિટિના પ્રેસીડેન્ટ તરીકેનું માનવંતુ સ્થાન શોભાવતા હતા, મરચન્ટ ચેમ્બરના પ્રમુખ તરીકે, ઓલ ઇન્ડીયા ફેડરેશનના મેમ્બર તરીકે, લાયન્સ અને રોટરી પ્રવૃત્તિમાં વિગેરે અનેક સ્થળે તેમનો સારો એવો હિસો રહેલો છે.

કેળવણું મંડળમાં તેમનું સારૂ એવું દાન હતું અને આગવું સ્થાન હતું.

પૂજ્ય ડોંગરેજી મહારાજની પ્રેરણાથી ભાગવત રહસ્ય નામની બે લાખ પુસ્તીકાઓ છપાવી ધર્મપ્રચારનું એક મોટું ઉમદા કાર્ય તેમના શુભ હાથેથી થયું ધધાકીય અને સામાજિકક્ષેત્રે ઘણા રોકાયેલા હેવા છ ાં ધાર્મિક ક્રિયા વિગેરેમાં પણ નિયમિત રહેતા.

ધર્મ અને સમાજસેવાના ઉચ્ચત્તમ સંસ્કારોનો સમન્વય તેમના આખાએ કુટુંબ ઉપર ઉપસી આવેલો જણાય છે.

આ કુટુંબમાંથી ભાઇશ્રી ઠાકોરભાઇ પણ એક શક્તિશાળી અને તેજસ્વી પ્રતિભા ધરાવનાર અગ્રણી વ્યાપારી તરીકે જ નહિ પણ સેવાભાવનાથી રંગાયેલા વ્યક્તિ તરીકે જાણીતા છે.

વલસાડ મ્યુનિસિપાલીટીના વાઇસ પ્રેસીડેન્ટ તરીકે પંદર વર્ષ સુધી સેવા આપી લાયન્સ કલબના પ્રેસીડેન્ટ તરીકે એક વર્ષ અને અત્યારે ડીરેકટર તરીકે આછ છે. બીજી અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા અન્ય ભાઇઓ શ્રી કાન્તિભાઇ, શ્રી રમણભાઇ શ્રી શાંતિભાઇ વિગેરે મળીને નરોત્તમ વિઠલદાસની પેઢીના નામે આજસુધીમાં નાનામોટા ફંડફાળાઓમાં રૂપીયા–પાંચેક લાખનું દાન કરીને ભારે મોટી યશકલગી પ્રાપ્ત કરી છે.

ગુજરાતનું આ ગૌરવશાળી કુટુંબ આપણા સૌના વંદનાના અધિકારી બન્યું છે.

# શ્રી અનુભાઈ ચિમનલાલ શાહ

અમદાવાદના આ સાહસિકવીરે નાનપણથી જ ધંધામાં પ્રવેશ કર્યો આજ સત્તાવન વર્ષની ઉંમરે અનેક સંસ્થાઓના પ્રેરણાદાતા બનીને સેવા આપી રહ્યાં છે.

ધંધાની શરૂઆતમાં ગુલાબચંદ નગીનદાસના નામથી ચાલતી અને પરદેશી કાપડનો વેપાર કરતી પેઢીમાં થોડો સમય કામ કરી–નાની વયમાં ઘણો અનુભવ મેળવી લીધો. ૧૯૩૨થી સ્વદેશીમીલનું કામકાજ શરૂ કર્યું.

રાષ્ટ્રિય આંદોલન પૂરજોશમાં ચાલતું હતું ત્યારે ૧૯૪૨થી ઉપરની પેઢીથી છુટા થઈ શ્રી અનુભાઇ ચિમનલાલ એન્ડ બ્રધર્સના નામથી કામકાજ શરૂ કર્યું ધધાર્થે થાઇલેન્ડ, હોંગકોંગ, જાપાન, ફીલીપાઇન્સ, વિયેટનામ, ઈન્ડોનેશીયા, સીલોન વિગેરે દેશાની ૧૯૬૧માં સફર કરી છે. આજ તેઓ અમદાવાદની લીડીંગ ગણાતી મીલોની સેલીંગ એજન્સી ધરાવે છે સીકંદ્રાબાદ, નાગપુર, મદ્રાસ વિગેરે સ્થળોએ ધંધાના કામની સારી એવી જમાવટ છે.

પાંચકુવા કાપડ મહાજનના પ્રમુખ તરીકે, સિદ્ધચક્ર આરાધક સમાજના પ્રમુખ તરીકે, પાનસર જૈન ભોજનશાળામાં ઉપપ્રમુખ તરીકે, દેશવિરતી ધર્મઆરાધક સમાજના ઉપપ્રમુખ તરીકે, વર્ધમાન જૈન આગમમંદિરના ટ્રસ્ટી તરીકે, મધ્યપ્રદેશમાં આવેલા ભોપાવર તીર્થ જૈન મંદિરના ટ્રસ્ટી તરીકે, શ્રી સેરીસા જૈન ભોજનશાળાના ટ્રસ્ટી તરીકે સમો સી. એમ. હાઈસ્કુલના ચેરમેન તરીકે રૂસ્તમ મીલ્સ લિ.ના ડીરેકટર તરીકે, ઉપરાંત તેની ઘણી કમિટિઓમાં ચેરમેન તરીકે, ફેડરેશન ઓફ ઓલ ઇન્ડીયા કલોથ મરચન્ટ એસોશીએશન મુંબઈના સીનીયર વાઈસ પ્રેસીડેન્ટ તરીકે ટ્રાફીક એડવાઇઝરી બોર્ડની કમિટિમાં સભ્ય તરીકે, રેલ્વેની કન્સલ્ટેટીવ કમિટિના સભ્ય તરીકે, ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીઝની મેનેજીંગ કમિટિમાં મેમ્બર તરીકે તથા ૧૯૬૪માં ઓનરરી સેક્રેટરી તરીકે યશસ્વી સેવા બજાવી રહ્યાં છે. સી. એમ. હાઇસ્કુલ, પાલીતાણા નમસ્કાર મહામંત્રમંદિર વિગેરે તેમની દેણગીને આભારી છે.

સી. એમ. હાઇસ્કુલ, પાલીતાણા નમસ્કાર મહામંત્ર મંદિર વિગેરે તેમની દેણગીને આભારી છે. શ્રાવીકાશ્રમ ઓડેલી જૈનઆશ્રમ રાજનગર ધાર્મીક દંનામી સંસ્થાથી માંડીને અનેક સેવાભાવી સંસ્થાઓને ઉદારદિલે ફાળો આપ્યો છે.

# શ્રી પ્રતાપસિંહ વાઘજીભાઈ બ્રહ્મભટ્ટ

ઉત્તર ગુજરાતમાં બ્રહ્મભટ્ટ જ્ઞાતિમાં જ્ઞાતિબંધુઓમાં અને વહેપારી વર્ગમાં જેમનું નામ સારી રીતે જાણીતું છે તે શ્રી પ્રતાપસિંહભાઇ ઊંઝાના ઐતિહાસિક કુટુંબ ભુપતસિંહના વંશજ છે. તેમનો અભ્યાસ મેટ્રીકનો છે, તેઓ એક પ્રખર વહેપારી છે, તેમની ભાગીદારીમાં (૧) ધી ઊંઝા ઓઇલ મીલ કું. (૨) ધી કૃષ્ણ પર્લસ મીલ્સ કું અને (૩) ધી ઊંઝા જીનીંગ ફેકટરી ઊંઝામાં ચાલે છે.

આ ઉપરાંત તેઓશ્રી ધી આબુરોડ ઇલેકટ્રીસીટી એન્ડ ઇન્ડસ્ટ્રીઝ કું. લી. આબુરોડ (રાજસ્થાન)ના મેનેજીંગ ડીરેકટર છે

તેમણે ઊંઝા મ્યુનિસિપાલીટીને પાછલાં ૨૦ વર્ષ સુધી પ્રમુખ તરીકે રહીને સેવા આપેલી છે અને તે સમય દરમ્યાન મ્યુ. એ ખૂબ જ સારાં કાર્યો કરેલાં છે. ઉપરાંત તેઓ ઊંઝા કેળવણી મંડળ, ઊંઝા પાંજરાપોળ, ઊંઝા વેપારી મંડળના પ્રમુખ તરીકે હાલ પણ સેવા આપી રહેલા છે. ઊંઝા કલ્યાણ મંડળના ઉપ પ્રમુખ છે. રોટરીકલબ ઊંઝા તથા ઊંઝા ગ્રેઇન એન્ડ સીડસ મરચન્ટ એસોસીએશનમાં ૨૦ વર્ષ સુધી પ્રમુખ તરીકે રહેલા છે. હાલમાં તેઓ ગુજરાત વહેપારી મહામંડળમાં કારોબારી સભ્ય તરીકે છેલ્લાં ૧૪ વર્ષથી કો-ઓપ્ટ થાય છે તે તેમની વહેપારી મંડળની લોકપ્રિયતા બતાવી આપે છે. જ્ઞાતિના ક્ષેત્રે અને ખાસ કરીને દહાવ વિભાગની કેળવણીભૂખને સંતોષવા માટે સ્થપાયેલા શ્રી દહાવ બ્રહ્મભટ્ટ મંડળ અને ભૂપતસિંહ કિરતસિંહ વિદ્યાર્થી ભુવન વિસનગરના તેઓ શ્રી એક સ્થાપક અને દાતા છે. મંડળની પ્રવૃત્તિ દ્વારા કેળવણીવાંચ્છુઓને સહાય મળે તેવા પ્રયત્નો કરી રહેલા છે. બ્ર. વિ. મંડળ વડોદરાના તેઓશ્રી ટ્રસ્ટી હતા અને તે મંડળને પણ સારી રકમોનાં દાન આપેલાં છે. તેઓશ્રી હાલમાં સરકાર તરફથી ઊંઝામાં સેકન્ડ કલાસ ઓનરરી મેજીસ્ટ્રેટનો માનભર્યો અને ગૌરવવંતો હોદ્દો ધરાવે છે. ઊંઝાના અગ્રણી નાગરીક તરીકે તેઓનું સ્થાન મોખરાનું છે. ઊંઝાની તમામ જાહેર પ્રવૃત્તિઓમાં તેમનું સ્થાન હંમેશાં અગ્રણી તરીકે રહેતું આવ્યું છે.

તેઓશ્રીની દાનશીલતા ઘણી જ છે, તેમની દાનોમાં અપાયેલી મુખ્ય રકમોની યાદી નીચે મુજબ ગણાવી શકાય.

રૂા. ૫૨૦૦૦) સ્વ. ભગવતપ્રસાદ પ્રતાપસિંહ બ્રહ્મભટ્ટ આર્ટસ કોલેજ માટે.

રૂા. ૧૦૦૦૦) શ્રી ભુપતસિંહ કિરતસિંહ વિદ્યાર્થી ભુવન માટે વિસનગર છાત્રાલયમાં (તેમના સમગ્ર કુટુંબ તરફથી રૂા. ૧૫૦૦૦)

રૂા. ૧૦૦૦૦) ઊંઝામાં હોસ્પીટલ માટે.

રૂા ૧૫૦૦) ઊંઝા કેળવણી મંડળને.

રૂા ૩૦૦૦) ઊંઝા પાંજરાપોળને.

રૂા ૪૦૦૦) પ્રાથમિક સ્કૂલ [ઊંઝા]ના મકાનો માટે.

રૂા ૧૨૫૦૦) બાલમંદિર પુસ્તકાલય, કોંગ્રેસ ભવન, વૈદ્યકીય સંસ્થાઓ શિક્ષણ અને સામાજિક સંસ્થાઓ, બ્ર. વિ. મંડળ (વડોદરા) તથા અન્ય નાની મોટી પ્રવૃત્તિઓમાં આમ એકંદરે રૂા. એક લાખ સુધીની રકમનું દાન તેમણે આપ્યું છે. જે આપણી જ્ઞાતિનું નામ સમાજમાં અને દેશ ઉજ્જવળમાં કરનાર છે એમ કહી શકાય

તેઓશ્રીના જયેષ્ઠ પુત્રશ્રી ભગવતપ્રસાદ એક તેજસ્વી અને આશાસ્પદ યુવાન હતા તેમના અકાળ અવસાનથી તેમના કુટુંબ પર એક મોટી ન પૂરાય તેવી ખોટ પડી છે. તેમના બીજા પુત્ર શ્રી શ્રી ઘનશ્યામભાઇ ધંધામાં તેમની સાથે છે

તદ્દન નિરાભીમાની નિખાલસ અને મિલનસાર સ્વભાવ એ તેમની વિશિષ્ઠતા છે. આતિથ્ય સત્કારની ઉચ્ચ ભાવના, જ્ઞાતિ પ્રત્યે સંપૂર્ણ સ્વમાન અને પ્રેમભાવના, જ્ઞાતિની ઉન્નતિના હાર્દિક ચાહક અને તે માર્ગે સતત પ્રયત્નશીલતા એ એમની વિશિષ્ટતાઓ તેમના સંપર્કમાં આવનાર સૌ કોઇને જણાયા વગર રહેતાં નથી.

# શ્રી ગાંધી જગજીવન ગોવિંદજી

પાલીતાણા પાસે સમઢીયાળાના વતની નાની ઉંમરમાં માતા પિતા ગુજરી ગયા. એકલવાયા જીવનથી ભારે મોટો આંચકો અનુભવ્યો-ઘર છોડીને ખાલી ગજવે ચાલી નીકળ્યા મુંબઈમાં પગ મુકયો કોઇ બાંધી ઓળખાણ નહીં. માત્ર હિંમત અને શ્રદ્ધા એ કપરા દાડા પસાર કરી દોરા બટનનો ધંધો શરૂ કર્યો. સખ્ત પરિશ્રમ અને મહેનતથી કુટુંબનું ભરણપોષણ કર્યું. અનેક તડકા છાંયા જોયા પછી પણ ધાર્મિક મૂલ્યોને કદી ન ભૂલ્યા જીવનના છેલ્લા શ્વાસ સુધી ચઉવિહાર ચાલુ રાખ્યો કબુતરની જુવાર અને અન્ય મદદ કરવાનું સમાજસેવાનું વ્રત કયારેય ચૂકયા નહી પછી તો ઇશ્વરે યારી આપી. ધંધામાં બરકત વધતી ગઈ. તેમના પુત્ર પરિવાર ( ૧૧ માણસનું કુટુંબ ) આજે ખૂબ જ સુખી છે. આખુંયે કુટુંબ ધર્મપ્રેમી, સમાજ પ્રેમી અને ગુપ્ત દાનમાં માનનારૂં છે.

# શ્રી નારણદાસ હરગોવિંદદાસ વળીયા

સૌરાષ્ટ્રમાં મહુવા પાસે વીરભૂમિ વાઘનગરમાં એક ખાનદાન કુટુંબમાં જન્મ લઇ, અમરેલીમાં થોડો અભ્યાસ કરી નાની ઉંમરમાં મુંબઇ તરફ પ્રયાણ કર્યું. દેશમાં રાષ્ટ્રિય ચળવળ પૂરબહારમાં ચાલતી હતી તેવા સંજોગોમાં ધંધામાં ઝંપલાવ્યું. વતનની ગરીબી અને અજ્ઞાનતામાં સબડતી પ્રજાને કંઇક ઉપયોગી બનવાની ઉમદા લાગણી સાથે ધંધામાં પ્રગતિ સાધતા ગયા. લક્ષ્મીદેવીની કૃપા થઈ અને સંપત્તિનો સદ્ ઉપયોગ કરતાં રહ્યાં ગામ વાઘનગરમાં શૈક્ષણિક સવલતો ઉભી કરી, દુષ્કાળ કે અન્ય આફતો વખતે યોગ્ય મદદ મોકલીને સૌના આશીર્વાદ રૂપ બન્યા રામજી મંદિર અને ધાર્મિક કાર્યોમાં પણ એનો હિસ્સો જરાય ઓછો નથી. પંચાયત મહિલા પ્રવૃત્તિ કે સહકારી પ્રવૃત્તિ તેમના દોરીસંચાર અને માર્ગદર્શન નીચે ચાલુ છે. વાડાબંધી અને કોમવાદના તેઓ કટ્ટા શત્રુ છે. ગામની અન્ય જરૂરીયાતો સેનેટરી વેલ્સ, રાસમંડળ જેવી સંસ્કારિક પ્રવૃત્તિઓમાં ઉત્તેજન આપતા રહ્યાં છે. પ્રસંગોપાત વતનને યાદ કરીને માતૃભૂમિ પ્રત્યેનું ઋણ ચુકવી રહ્યાં છે.

## શ્રી એચ. કે. દવે

પોતાની સ્વયંશક્તિથી વ્યાપારીક્ષેત્રે સૌરાષ્ટ્રભરમાં સારી એવી નામના મેળવનાર શ્રી એચ. કે દવેનું મુળવતન ભાવનગર છે. શીપીંગ અને ફોરવર્ડીંગના ધંધામાં તેમની પેઢીને પ્રથમ હરોળમાં મૂકી શકાય. ગુજરાતના તમામ બંદરો ઉપર તેમના નામની પેઢી છે.

માત્ર ત્રણ અંગ્રેજી સુધીનો જ અભ્યાસ પણ બચપણથી એક યશસ્વી વ્યાપારી તરીકેના લક્ષણ દેખાતા હતા. શરૂઆત જુદી જુદી જગ્યાએ ટુંકા પગારથી નોકરી દ્વારા જીવનની શરૂઆત કરી ખંત અને પ્રમાણીકતાથ' કામ કરી સૌના હૃદય જીતી લીધા અને બંદરને લગતા કામકાજમાં માલની ઝડપી હેરફેર માટે કામમાં મન પરોવ્યું. થોડી મુશ્કેલીઓનો સામનો પણ કરવો પડયો અને છેવટે વેપારી આલમમાં સારી એવી પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી સાહસિકતાને સિદ્ધ પ્રાપ્ત થાય જ છે એવી દૃઢ પ્રતીતિ થતી પોતાના ઉચ્ચત્તમ આદર્શોની અને પુર્વના પુણ્યેથી મેળવેલી લક્ષ્મીનો પણ સમાજોપયોગી કામોમાં સદ્ઉપયોગ કરતાં રહ્યાં. જ્યોતિષના પ્રખર અભ્યાસી તરીકે લોકચાહના પામ્યા છે. તેમના પરિવારના ત્રણ પુત્રો શંકરભાઇ દવે, શ્રી ધનુભાઈ દવે, દીનકરભાઇ દવે, બે પુત્રીઓ, બે સહોદરો અને અન્ય બહોળુ કુટુંબ આજ સુખી છે. નિરાડંબર તેમના વ્યક્તિત્વની ખાસ વિતિષ્ટતા હતી. તેમની દેણગીએ ભાવનગરમાં સામાજિક કામોમાં ઘણી મોટી સુંદર ભાત પાડી છે.

## શ્રી રમણીકલાલ છગનલાલ પટેલ

રાજકોટ જિલ્લાનું ભાયાવદર ગામ તેમનું મૂળ વતન. ઇન્ટર સાયન્સ સુધીનો અભ્યાસ પણ સૌરાષ્ટ્રમાં ઔદ્યોગિક દિશામાં છેલ્લા દસકામાં જ યુવાનોએ હામ ભીડી છે. તે હરોળમાં શ્રી પટેલને મૂકી શકાય કારણ કે ધંધા અંગેના ઉંડા અભ્યાસને લઈ નાની ઉમરમાં ઠીક ઠીક પ્રગતિ સાધી શકયા છે. તાજેતરમાં પેટરીઝ ઉદ્યોગ, સોલ્વન્ટ એકસ્ટ્રેકશન પ્લાન, બીડીપત્તા તથા તમાકુના વ્યાપારમાં કામગીરી કરી રહ્યા છે. ઓરિસ્સા રાજ્યમાં ચાલતી ગુજરાતી સમાજ સંસ્થાઓની સ્થાપના અને સંચાલનમાં અગ્રગણ્ય ભાગ ભજવેલ છે. મોરબીમાં ભડીયાદ પેટરીઝની સ્થાપના ૧૯૫૯માં ભડીયાદ નામના ૨૫૭ માણસોની વસ્તીવાળા ગામમાં કરવામાં આવી આજે ગુજરાત રાજ્યમાં નળીયાનું મોટામાં મોટુ કારખાનું થઇ ગયું છે. કારખાનામાં સેવા આપી રહ્યા છે. પટેલ જ્ઞાતિમાં તેઓનું આગવું સ્થાન રહ્યું છે. એટલું જ નહિ, મોરબીની સાંસ્કૃતિક પ્રવૃત્તિઓને સારૂ એવું ઉત્તેજન તેમના તરફથી મળતું રહ્યું છે.

## શ્રી ભગવાનજી સુંદરજી નથવાણી

કેશોદનિવાસી શ્રી ભગવાનજીભાઇ નથવાણીનું જીવન ભવિષ્યની પેઢીને બોધ. બળ અને પ્રેરણા આપે તેવું છે. સોરઠના ઇતિહાસમાં નાથાણી કુટુંબ સાહસિકતાના ઉમદા ગુણોએ એક અનોખું પ્રકરણ રોકયું છે. બહુજ નાની ઉંમરમાં પિતાશ્રી સાથે આફ્રિકામાં વેપારમાં જોડાયા. કાર્યકુશળતાના બીજ બચપણથી જ રોપાયા. પોતાની ઉત્તરોત્તર પ્રગિતને લઈ નાનાંભાઇઓ શ્રી સવજીભાઇ, લીલાધરભાઇ, શ્રી મોહનલાલભાઇ વિગેરેને આફ્રિકા તેડાવ્યા અને ટાંગાનીકા, યુગાન્ડા અને કેન્યામાં કોટન જીનીંગ પ્રેસીંગના ઉદ્યોગોમાં તથા કાપડ. કોટન અને લોકલ પ્રોડયુસના આયાત નિકાસના વેપારમાં ખૂબ જ હરણફાળ પ્રગતિ સાધી શ્રી ભગવાનજીભાઇની દીર્ઘદૃષ્ટિ અને આપસૂઝથી સિદ્ધિના સોપાન સર કરતા ગયા. વતનમાં અને મુંબઇમાં મેળવેલી સંપત્તિનો છૂટે હાથે સદ્ઉપયોગ કર્યો. ધાર્મિક અને માનવતાની પ્રવૃત્તિઓમાં મન મૂકીને ઉદાર દિલે ફાળો આપ્યો. સૌથી નાનાભાઇ શ્રી મોહનલાલભાઈ આફ્રિકા રહે છે. આ કુટુંબની મોટી સખાવતોમાં કેશોદમાં મીડલસ્કૂલ, હાઇસ્કૂલ, જનતા હોસ્પીટલ બાંધવામાં મોટી રકમ ખર્ચી છે.

## શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ

સૌરાષ્ટ્રના જાણીતા ઉદ્યોગપતિ અને ધર્મપ્રેમી શેઠશ્રી બકુભાઈ ભોગીલાલભાઇ સરલ, વિનમ્ર, દયાળુ અને પરોપકારી સ્વભાવને કારણે તેઓ જનતામાં ખૂબ જ લોકપ્રીય થઇ પડ્યા છે ભાવનગરને આંગણે એવી એકેય સંસ્થા નહિ હોય કે જેમાં એમનો સહકાર ન હોય. કલાક્ષેત્રે, સાહિત્યક્ષેત્રે સંગીતક્ષેત્રે સારા સારા કલાકારોને એમના તરફથી ઉત્તેજન મળ્યું છે. મળતું જાય છે અને ભવિષ્યમાં પણ મળતું રહેશે તેઓ કલાપ્રેમી આત્મા છે... બાળકોમાં શિસ્તસંયમ અને ચારિત્ર્યની ભાવનાદૃઢ થાય તે માટે કેળવણીક્ષેત્રે પણ તેઓ ઉંડો રસ લઇ ભોગીલાલ મગનલાલ કોમર્સ હાઇસ્કૂલને વિકસાવી રહ્યા છે.

## શ્રી ચંદુલાલ ટી. શાહ

વીલેપાર્લાના રહીશ અને વિમાના સુપ્રસિદ્ધ વિમા એજંટ શ્રી ચંદુલાલ એક પ્રથમ પંક્તિના સજ્જન છે. તેઓ કોન્ફરન્સના જૂના મિત્ર–ચાહક છે અને કોન્ફરન્સ જયારે સેવા માગે ત્યારે ચંદુભાઇ હસતે મુખે મોખરે હોય, જેથી કોન્ફરન્સની સાથે તેમનો પણ 'જયજય' વર્તાય. ચંદુભાઇ એટલે "અમારા સી. ટી. શાહ." એટલા બધા તેઓ જૈન સમાજમાં પ્યારા છે. ચંદુભાઇ ભૂતપૂર્વ ૧૭ વર્ષ સુધી જે. પી. અને ૧૦ વર્ષ ઓનરરી મેજીસ્ટ્રેટ હતા,

## શ્રી શામજીભાઇ હરજીવનદાસ મહેતા

સૌરાષ્ટ્રની અલબેલી ભૂમિએ જે કટલાંક સાહસિક નરરત્નોની સમાજને ભેટ આપી તેમાં અમરેલી જિલ્લાના ડુંગર ગામના વતની શ્રી શામજીભાઇ એક ભદ્ર પુરૂષ તરીકે જ નહિ પણ યશસ્વી ઉદ્યોગપતિ તરીકે દેશભરમાં સારી એવી કીર્તિ સંપાદન કરી છે. સત્તર વર્ષની ઉંમરથી ધંધાકીય અનુભવ મેળવવો શરૂ કર્યો– કરીયાણાની દુકાનમાં પાંચેક વર્ષ કામ કર્યું.

સમય જતાં મીનરલ્સની લાઇનમાં મન પરોવ્યું અને એ જ લાઇનમાં એકધારૂ પચાસ વર્ષથી ધૂણી ધખાવી બેસી ગયા છે આખા હિન્દુસ્તાનમાં તેમનો પ્રથમ નંબર આવે છે. કોઇપણ કામમાં તપશ્ચર્યા વગર સિદ્ધિ પ્રાપ્ત નથી થતી એમ શ્રી શામજીભાઇ દૃઢપણે માને છે. એક પણ દિવસ એમણે રજા લીધી નથી આરામને હરામ ગણે છે. આખું યુરોપ–આફ્રિકા જાપાન વિગેરે દેશોનો પ્રવાસ

ખેડ્યો છે. પુત્રપરિવારને સારી એવી કેળવણી આપી પરદેશોના પ્રવાસ કરાવ્યો છે. ભાવનગર અને મદ્રાસમાં, દિલ્હી અને કલકત્તામાં તેમના કેમીકલ્સને લગતા ધંધાની શાખાઓ ચાલે છે. સામાજિક સેવાઓમાં પણ મોખરે રહ્યાં છે. ડુંગર સેવાસમાજના પ્રમુખ છે. શ્રી ગણપતભાઈની સાથે રહીને ડુંગરમાં અન્ય નાના મોટા દાનો સૌરાષ્ટ્ર અને મુંબઈની સંખ્યાબંધ સંસ્થાને તેમણે સારી એવી હુંફ આપી છે. હેવી કેમીકેલ્સની દિશામાં મોટા પાયા ઉપર મેન્યુફેકચરીંગ કું.ઓ શરૂ કરી છે. આવી ફેકટરી ઇન્ડીયામાં ફક્ત એજ છે. જેનો કન્ટ્રોલ શ્રી ટી. એસ. મહેતા, આર. એલ. મહેતા અને કે. એલ. મહેતા કરી રહ્યાં છે. થાણા અંધેરી વિગેરે સ્થળોએ તેમની ફેક્ટરીઓ ચાલે છે.

## શ્રી પોપટલાલ ભીખાચંદ

શ્રી પોપટલાલ પાટણના સુપ્રસિદ્ધ મોટામાં મોટા મોતીના વેપારી, મોતીના વેપારી એસોસીએશનના તેમ જ પાટણ જૈન મંડળના પ્રેસીડન્ટ અને દાનવીર છે. પોપટભાઇ એટલે સદાય હસતું મુખારવિંદ. તેઓ લક્ષાધિપતિ અને સુપ્રતિષ્ઠિત શેઠશ્રી ભોગીલાલ-લહેરચંદના ઝવેરાતના વેપારના ભાગીદાર અને અંગત મિત્ર હોવા છતાં તેમનામાં ગર્વ, આડંબર તથા મિથ્યાભિમાનનું નામનિશાન પણ જડશે નહિ. પોપટભાઇ સાદાઈ અને નમ્રતાની મૂર્તિ છે. તેઓ જૈન કોન્ફરન્સના નવા મિત્ર-સેવક છે, છતાં સર્વેને ખાતરી છે કે પોપટભાઇ કોન્ફરન્સના પ્રથમ શ્રેણીના મિત્ર-સેવકજ બનનાર છે અને તેમની ધર્મનિષ્ઠા માટે અમને માન છે.

## શ્રી મણીલાલ વનમાળીદાસ શેઠ

શ્રદ્ધા, સંસ્કાર, ઔદાર્ય અને સજ્જન પ્રકૃત્તિના ગુણોનો સુભગ સમન્વય એટલે શ્રી મણીભાઈ શેઠનું ધન્ય જીવન. સાવરકુંડલા તેમનું જન્મસ્થળ. નાનીવયમાં પિતાનો સ્વર્ગવાસ થયો.

શ્રી મણીભાઇનાં જીવનમાં ધર્મભાવના, ઉદારતા તથા પરોપકાર વિગેરે જે રીતે વિકાસ પામેલા જોવા મળે છે, તેના મૂળમાં પરમ ધર્મનિષ્ઠ સૂરજબ્હેને તેમના જીવનમાં રેડેલા સુસંસ્કારનો જ એ પરિપાક છે. સૂરજબ્હેન તેમના મોટાબ્હેન થાય. શ્રી મણીભાઇએ બી એ સુધીનો અભ્યાસ કર્યો, નાનપણથી જ તેનામાં હોશીયારી, વિચક્ષણતા, તથા ખંત અને ધગશ સ્વભાવિક રીતે જ હતા.

ધર્મનિષ્ઠ વડીલ બહેનની છ યામાં તાલીમ પામેલ શ્રી મણીભાઈમાં ધૈર્ય અને ગાંભીર્યના ગુણોનો વિકાસ થયો. વ્યાપારમાં પણ નીતિ પ્રમાણિકતાથી ચાલવામાં માનનારા છે. વ્યાપારી ક્ષેત્રે તેમણે સારી પ્રગતિ સાધી છે. મળેલી સંપત્તિનો સદ્ઉપયોગ કરતાં રહ્યાં છે. પુણ્યશાળી મણીભાઇના ઘરમાં ધર્મપરાયણ સુશિલ ધર્મપત્ની સૌભાગ્યવતીબહેન શ્રી મણીભાઇની દરેક પ્રવૃત્તિમાં ઉત્સાહ પૂર્વક સહકાર આપી રહ્યા છે.

ધાર્મિક ક્ષેત્રમાં જેમ તેઓની સેવાભાવના તથા મધુર પ્રકૃતિની સુવાસ વિસ્તરેલી છે, તેમ સામાજિક ક્ષેત્રમાં પણ તેમની સેવાભાવના ખૂબજ પ્રભાવન્તિ બનીને મધમધી રહી છે. કલકત્તા ગુજરાતી સમાજની એંગ્લો ગુજરાતી શાળાના માનંદમંત્રી તરીકે તેઓએ બે વર્ષ સુધી સુંદર સેવા તથા સ્વાર્થત્યાગની ખૂશ્બો ફેલાવી છે. જીવનમાં તેમણે અનેક રંગો જોયા છે, અનુભવ્યા છે. પ્રતિકુળતા, વિષમતાં અને અનેક વિપત્તિઓ વચ્ચે પોતાના પુરૂષાર્થથી તેઓ ઝઝુમ્યા છે. કદીએ તેમણે દીનતા કે વ્યથા અનુભવી નથી. ગ્લાની કે મુંઝવણ તેઓ પામ્યા નથી. અનુકુળતા, સંપત્તિ તેમજ સુખ-સગવડો વચ્ચે પણ તેઓ સમાધિ, સાંત્વન, તથા સમતાભાવે સૌજન્ય, સંતોષ, સાદાઇ તથા સાત્વિકતાથી જીવ્ય છે ઉદારતા અને પરમાર્થભાવ તેમના જીવનમાં તાણાવાણાની જેમ વણાયેલા છે. ધ્યાનદાની અને સેવાભાવ એ એના જીવનમંત્રો છે

શ્રીમંતાઇ છે, પ્રમાણમાં ઔદાર્ય પણ એટલું જ છે. સ્થાનિક તેમજ બહારની સામાજિક તથા ધાર્મિક સંસ્થાઓમાં શ્રી મણિભાઇનો ઓછોવત્તો ફાળો હોય જ. ભવાનીપુરમાં ચાલતી સામાજિક તથા શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં પણ તેઓનો અગ્ર ફાળો છે.

## શ્રી દીપચંદ એસ. ગાર્ડી

ભવ્ય કલાત્મક મંદિરો કે પર્વત પર આવેલ ગિરિશિખરો દીપકના પ્રકાશથી ઝળાંહળાં થઇ જાય છે, અંધકાર ઉડી જાય છે અને હૃદય નાચી ઉઠે છે. પ્રકાશની પ્રસન્નતા નવાનવા સોણલા જગાડે છે પણ જ્ઞાનનો દીપક તો મન–વચન–બુદ્ધિ અને હૃદયમાં એવો તો દિવ્યપ્રકાશ પાથરી જાય છે કે જગતમાં તેના જેવી સિદ્ધિ કોઇ આપી શકે નહિ. સૌરાષ્ટ્રના એક નાનકડા ગામ પડધરીમાં વર્ષો પહેલાં એક સામાન્ય કુટુંબમાં શ્રી દીપચંદભાઇનો જન્મ થયો નાની ઉંમરમાં જ દીપચંદભાઇએ પિતાનું સુખ ગુમાવ્યુ. દાદાજીની છાયામાં ઉછર્યા. વાંકાનેરમાં મેટ્રિક સુધીનો અભ્યાસ કર્યો ઉચ્ચ અભ્યાસ માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં દાખલ થયા વિદ્યાર્થી અવસ્થામાં વેપારી બની બેઠા, છતાં જ્ઞાનપિપાસા તીવ્ર હોવાથી બી. એસસી. એલ.એલ.બી. થઇને ઈગ્લેંડ જઇ બેરીસ્ટર થયા. વકીલાતના ક્ષેત્રે સફળતા મળવા લાગી. પણ વ્યાપારી જીવ હોવાથી વિવિધ વ્યાપારોમાં ઝુકાવ્યું અને લક્ષ્મીની વર્ષા વરસી રહી. પણ હૃદયની ઉદારતા એવી કે શિક્ષણ સંસ્થાઓ–માનવ રાહત–ઉદ્યોગ કેન્દ્ર અને સેવાના વિવિધક્ષેત્રોમાં જ્યાં જ્યાં જરૂર પડી ત્યાં છુટે હાથે દાનનાં ઝરણાં વહેવડાવ્યાં. માતૃભૂમિ પડધરીમાં પૂ. પિતાજીના સ્મરણમાં એક કન્યાશાળા અને બાલમંદિરની સ્થાપના કરાવી. મુંબઈ ઘાટકોપરમાં પૂ માતુશ્રીના સ્મરણમાં શ્રી ધનજી દેવજી રાષ્ટ્રીયશાળામાં સભાગૃહ આપ્યો. 'ડુંગરી' વિસ્તારમાં ' ગાર્ડી હાઈસ્કુલ ' સ્થાપીને આજ તેઓ તથા તેમના સેવાભાવી ધર્મપત્ની શ્રીમતી વિદ્યાબહેન બેરીસ્ટર શાળાના પ્રાણ બની રહ્યા છે. આ શાળામાં હજારેક બાળકો જ્ઞાનનો પ્રકાશ ને ઉચ્ચ સંસ્કાર મેળવી રહ્યા છે. સામાજીક ક્ષેત્રે પણ ઘણા ઘણા મધ્યમવર્ગના કુટુંબોને તેમની ઉદારતા આશીર્વાદ સમાન બની રહી છે. શ્રી દીપચંદભાઇ 'શિક્ષણ–સાહિત્ય તેમજ સમાજ અને હજારો બાળકોના ઉદ્ધારચરિત સૌજન્યમૂર્તિ ગાર્ડ–સંરક્ષક છે. ગાંધીજીના સંદેશ મુજબ સંપત્તિના ટ્રસ્ટી બનવા પ્રયત્ન કરતાં કરતાં ' બહુજન સુખાય બહુજન હિતાય ' મળેલી લક્ષ્મીનો સદઉપયોગ થાય એવી શ્રી દીપચંદભાઇ એસ ગાર્ડીની તમન્ના આપણને પ્રેરણા આપી જાગ્રત કરી જાય છે.

સદૈવ સ્મિત વેરતા શ્રી દીપચંદભાઇને શાસનદેવ ખૂબ લાંબુ આયુષ્ય અને તંદુરસ્તી અર્પે અને તેઓના શુભહસ્તે સમાજના શુભ કાર્યો થાય એવી ઈચ્છા રાખીએ. પોતે શક્તિપૂજામાં માને છે.

પાપપુણ્યમાં માને છે. આજસુધીમાં લાખો રૂપીયાની સખાવતો કરી છે. ભવિષ્યમાં એક મોટી આકાંક્ષા સેવી રહ્યા છે : ચેરીટી સંસ્થા બનાવી રોજના એક હજાર રૂપીયાનું દાનધર્મ થાય તેવી તેમની મનીષા છે.

## શ્રી મનસુખલાલ ગીરધરદાસ વસાણી

સાહસ અને ધર્મપ્રેમ માટે ગુજરાત આગળ પડતો દેશ છે. દેશાવર ખેડવામાં, મુંબઇ, કલકત્તા જેવા હિન્દના વ્યાપારપ્રધાન ક્ષેત્રમાં ગુજરાત આગળ રહ્યું છે. શ્રી મનસુખભાઇ વસાણી સૌરાષ્ટ્રના બોટાદના વતની છે. ચાલીશ વર્ષથી તેમનું કુટુંબ મુબઇમાં વસે છે તેમના પિતાશ્રીએ મુંબઇમાં વ્યાપારી જીવનની શરૂઆત કરી અને પ્રમાણીક જીવન અને કુનેહથી ધંધાની સારી ખીલવણી કરી, એક અગ્રણી વ્યાપારી તરીકે સારી એવી નામના મેળવી વતનમાં ગરીબ લોકોને, બાળકોને અને નિરાધારોને સહાય આપવા આ કુટુંબે અનુપમ દાખલો બેસાડ્યો છે.

બોટાદમાં પુષ્પાબાઇ મનસુખલાલ વસાણી એકસરે ડીપાર્ટમેન્ટ ગીરધરભાઈ છગનલાલ આયંબિલખાતુ, માનવ રાહત કેન્દ્ર, હરગોવિંદ છગનલાલ બિમાર રાહત કેન્દ્ર, સસ્તા અનાજ કેન્દ્ર વિગેરે તેમની સેવાના પ્રતિક છે. મુંબઈના જૈન ઉદ્યોગગૃહમાં પિતાશ્રીના નામે એકસ ડીપાર્ટન્ટ શરૂ કરાવ્યું છે. અનેકવિધ સામાજિક સેવાઓ માટે પિતાશ્રીના નામે ચેરીટી ટ્રસ્ટ ઊભુ કરીને લોકોના આશિર્વાદ મેળવ્યા છે. શ્રી મનસુખલાલભાઇ અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. કાપડના ધંધામાં અગ્રણી વ્યાપારી તરીકે નામાંકિત બન્યા છે. વ્યાપારી હોવા છતાં ધર્મ, નીતિ, સમાજ સુધારણા, રાષ્ટ્રિય વિકાસના માર્ગે જવા હંમેશા પ્રયત્નશીલ રહ્યાં છે આ કુટુંબમાં ઉદારતાના જે દર્શન થયાં છે તેનો જોટો મળવો મુશ્કેલ છે. તેમણે બીજાને મદદ કરવામાં, દાન દેવામાં કોઇ વખત પાછી પાની કરી નથી, એટલું જ નહિ પણ એ દાન દેવું કે નહિ, હમણાં દવું કે પછી દેવું એવા વિચારોમાં પણ તેમણે સમય વિતાવ્યો નથી, દાન એ પોતાનો ધર્મ છે, એમ સમજીને દાન કર્યે રાખ્યું છે. વિદ્યાદાન અને અન્નદાન પરત્વે તેમને વિશેષ આકર્ષણ છે. ગુજરાતના આ કર્તવ્યનિષ્ટ અને કુશળ વ્યાપારી સમાજનું ગૌરવ છે બોટાદ કેળવણી મંડળ મારફત મોટી રકમનું દાન કર્યું છે. બોટાદમાં જીવદયા પ્રવૃત્તિ, શિવણવર્ગો અને અન્ય લોકોપયોગી પ્રવૃત્તિઓ ચલાવે છે.

## શ્રી મણીલાલ બેચરદાસ શાહ

તળાજા પાસે દાઠાના વતની અને જૈન-જૈનેત્તર સંસ્થાઓના પ્રાણસમા શ્રી મણીલાલભાઇ ઘણા વર્ષોથી ધંધાર્થે મુંબઇ રહેતા કાપડ બજારના અગ્રણી તરીકે તેમનું સારૂ એવું માન હતું. ઉદાર આત્માનું તેમનું જીવન આજની આત્મલક્ષી જનતા માટે એક આદર્શ ઉદાહરણરૂપ હતું. પીડીતો અને નિરાધારો માટે આધારરૂપ હતું. મિત્રો અને સબંધીઓ માટે અવલંબનરૂપ હતું. ઉગતા અને આગળ વધતા વ્યવસાયીઓ માટે માર્ગદર્શક હતું. જૈન સમાજ માટે સૌજન્ય અને સૌલભ્યની દૃષ્ટિએ દૃષ્ટાંતરૂપ હતું. તેમણે તેમની કારકીર્દિમાં હંમેશા કુટુંબીજનોને વાત્સલ્યથી એકતાની દિશામાં દોર્યા છે, આપની વિવેકશક્તિ દ્વારા સૌને એકતાના અતૂટ બંધનમાં બાંધવાનો આદેશ આપી ગયાં છે. એમના સ્નિગ્ધ મધુર સ્વભાવનો અને તેમની આદર્શ ઉદારતાનો ભવ્ય વારસો તેમના સુપુત્રોમાં ઉતર્યો છે.

તળાજા દાઠાના જૈન દેરાસરમાં, કેળવણીની સંસ્થાઓમાં ખાસ કરીને દાઠામાં હાઇસ્કુલ ઉભી કરવામાં તેમનો મહત્ત્વનો હિસ્સો રહ્યો છે. રૂા. ૨૫૦૦૦ નું દાન આપી નામ રોશન કર્યું છે તેમના સુપુત્ર શ્રી રજનીભાઇ પણ દાન-ધર્મની પ્રવૃત્તિઓમાં પ્રસંગોપાત છુટે હાથે દાન કરતા રહ્યાં છે.

આ કુટુમ્બના અગ્રણી શ્રી ઓધવજી રાઘવજી પણ એવા જ ધર્મનિષ્ઠ અને ઉદાર સ્વભાવના છે પોતે તેલના મોટા વેપારી હતા અને આજે કાપડ લાઇનમાં સૌને માર્ગદર્શન આપી રહયા છે. દાઠામાં તેમના નામે હાઇસ્કુલ ચાલે છે. સાધુ સંતો પરત્વેની પણ એટલી જ ભક્તિ.

તેમણે અર્થશાસ્ત્ર અને તત્વજ્ઞાનના થોથા નથી ઉથલાવ્યા પણ એક બોધ જીવનમાં મેળવી લીધો છે કે 'ધનના આપણે માલીક નથી પણ ટ્રસ્ટી છીએ." આખુંએ કુટુંબ ખુબજ કેળવાયેલું છે.

## શ્રી માસુમઅલીભાઇ મરચન્ટ

ગરવી ગુજરાતની ભૂમિમાં અનેક નરરત્નોએ જન્મ લઇ જુદા જુદા ક્ષેત્રે ભારે મોટી સિદ્ધિઓ હાંસલ કરી છે. ભાવનગર વેજીટેબલ પ્રોડક્સ લી૦ નાં મૂળ સંસ્થાપકોમાંના એક શ્રી માસુમભાઇ ભાવનગરના અગ્રણી ઉદ્યોગપતિ છે; તેમની કાર્યક્ષમતા, દીર્ઘદૃષ્ટિ સાહસિકવૃત્તિ અને ઊંડી સમજને પરિણામે દેશપરદેશ સાથેના વ્યાપારમાં સફળતા અને પ્રગતિમય વિકાસ સાધ્યો અને સારો એવી નામના મેળવી છે.

જાહેર ક્ષેત્રમાં તેમની કારકીર્દિ ઘણીજ ઉજ્જવળ છે. ચેમ્બર ઓફ કોમર્સ અને બીજી ઔદ્યોગિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. ભાવનગર અને જિલ્લાની સામાજિક પ્રવૃત્તિઓને હમેશા પ્રોત્સાહન આપતા રહ્યા છે.

તેમનો અંગત પુરૂષાર્થ અને હજારો રૂપીયાના દાનથ વધારે લોકપ્રિય બન્યા છે. સ્વભાવે સ્પષ્ટ, નિખાલસ અને સહૃદયી છે. લીધેલું કામ કોઈપણ ભોગે પૂરું પાડવાની નિશ્ચલ ધ્યેયલક્ષિતા તે તેમના જીવન રહસ્ય ી ચાવી છે.

જ્યારે પણ તક મળે ત્યારે સામાજીક કામો કરવાનું કદાપી ચૂકતા નથી. તન-મન અને ધનથી જેટલો ભોગ આપી શકાય તે આપવામાં જરાય પાછી પાની કરતા નથી. તેમના જેવા વ્યવસાયી વ્યક્તિને સામાજિક કામો માટે કેમ સમય મળી રહે છે તે પણ એક આશ્ચર્યની વાત છે. એમણે કરેલા દાનથી બીજાઓ અનુકરણ કરે તેવા દાખલા બેસાડયા છે. અને આજે પણ અનેક સંસ્થાઓમાં તેમના દાનનો પ્રવાહ ચાલુ જ છે. કન્યાકેળવણીના પણ પૂરા આગ્રહી છે. માનવસેવા માટે લક્ષ્મીનો સદ્દુપયોગ કરી પોતાનું નામ સાર્થક કરવા સાથે કુટુંબનું નામ પણ ઉજાળ્યું છે. ભાવનગરનું તેઓ ગારવ છે.

## શ્રી મુળચંદ વાડીલાલ

માણસાના વતની છે. ચાર અંગ્રેજી સુધીનો જ અભ્યાસ પણ વ્યવહારદક્ષતાને લઇ વ્યાપારમાં સફળ થયાં. દાદાએ શરૂ કરેલી સુતરના વ્યાપારની પેઢીમાં જોડાઇ ગયાં, વ્યાપારમાં પણ પ્રમાણીકતા અને સચ્ચાઇના દર્શન કરાવ્યાં. ધંધામાં એ પૈસા પ્રાપ્ત કર્યા તો તેનો પણ સદ્ઉપયોગ કર્યો. પિતાશ્રીના નામે વતન માણસામાં કુમારશાળા બંધાવી આપી સારૂં એવું દાનનું ઝરણુ વહાવ્યું.

પાલીતાણા જૈન આગમ મંદિરના ટ્રસ્ટી તરીકેની તેમની સેવાઓ જાણીતી છે, આણંદજી કલ્યાણજીની પેઢીના પ્રતિનિધિ તરીકે, ગોડીજીના જૈન દેરાસરમાં, ઓાડેલા ક્ષત્રીય પ્રચારક સભામાં, મુંબઇના આધ્યત્મ જ્ઞાન મંડળમાં, સાહિત્ય વિકાસ મંડળ, જૈન વિકાસ મંડળ માણસા વિગેરે સંસ્થાઓમાં તેમની નિસ્વાર્થ સેવાઓ પડી છે

## શ્રી પોપટલાલ કેશવજી દોશી

શ્રી પોપટલાલભાઇ સૌરાષ્ટ્રના બગસરા ગામના વતની છે. બગસરામાં તેમના વડવાઓ રિદ્ધિસિદ્ધિ પામેલા કુટુંબવાળા હતા પણ સમય જતાં પડતી આવી અને કૌટુંબિક જવાબદારીઓ તેમને શીરે આવી પડી. મુંબઇ આવી અહીંતહીં ગરીબસ્થિતિમાં દિવસો પસાર કરવા પડ્યાં. સમય જતાં ધાર્મિક શિક્ષક બન્યા. ઝવેરાતના ધંધામાં હીરાની દલાલીમાં જોડાયા ઉત્તરોત્તર સમય સુધરતો ગયો. ને પોતાની સ્થિતિ સારી બની. ધાર્મિકશિક્ષણ ઉપરનો ભાવ વિશેષ બનતો ગયો, જૈન બાલાશ્રમમાં રૂા. ૫૦૦૦ આપી ધાર્મિક ટ્રસ્ટ ફંડની સ્થાપના કરી. તેઓ મુંબઇમાં ઘણી ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.

## શ્રી શામજીભાઇ ખીમજીભાઇ પટેલ

મૂળ જામજોધપુરના વતની અને ગુજરાતી સાત ધોરણ સુધીનો જ અભ્યાસ પણ સાહસિકતાના બળે જામનગરમાં આજે એક અગ્રણિ ઉદ્યોગપતિ તરીકે નામના મેળવી છે. જીવનની શરૂઆતમાં શિક્ષક તરીકેની કારકીર્દિ શરૂ કરી પણ ભાવી ઉદ્યોગપતિ બનનાર આ યુવાન એક વર્ષમાં જ શિક્ષકની નોકરી છોડી વેપાર અર્થે દક્ષિણ ભારત ગયાં. અનુભવ મેળવ્યો. પોર્ટુગીઝ, ઇસ્ટ આફ્રિકા ગયાં, ત્યાં પણ બહુ જ અનુભવ મેળવ્યો, નોકરી સ્વીકારી અને સમય જતા સ્વતંત્ર ધંધો સરૂ કર્યો પણ તબીયતની અનુકુળતા ન રહેતા ભારત પાછા ફર્યા.

વતન જામજોધપુરમાં મગફળી અને કપડનો ધંધો કર્યો, ૧૯૩૬માં જામનગર આવી ધંધાની શરૂઆત કરી, હાજર મગફળી, તેલ શીંગદાણાનું કામ અને કમિશન એજન્ટ તરીકે કામ કરતા ૧૯૪૨માં ઓઇલ મીલનો ધંધો શરૂ કર્યો. ૧૯૫૨માં શ્ર તારાસિંહભાની સાથે ફેકટરીની શરૂઆત કરી સંપ, સહકાર અને એકતાથી તેમાં એકધારી પ્રગતિ થતી રહી જે તેમની દીર્ઘદૃષ્ટિને આભારી છે. ચાલુ સાલમાં નવા સાહસ તરીકે ઇલેકટ્રીક ફરનેશથી ચાલતી ફાઉન્ડ્રી માટેનું બાંધકામ ચાલુ છે. જામનગર મશીનરી સ્ટોર્સનું સફળ સંચાલન તેમને આભારી છે. શત્રુશલ્ય ઓઇલ મીલ દ્વારા રોજનું ૧૦૦૦ ડબા તેલનું ઉત્પાદન છે.

ન્યુ ભારત એન્જીયરીંગ વર્કસના નામથી ઓઇલ એન્જીન મોટર અને લેથ બનાવવાના વિશાળ કારખાનામાં દર માસે ૪૦૦ એન્જીન ઇલેકટ્રીક મોટરો તથા લેથમશીન બને છે. ચાલુ સાલથી એન્જીનો તથા લેથમશીન પરદેશ પણ જાય છે.

સામાજિક ક્ષેત્રે સેવા કાર્યની લગની પણ એવી જ. ૧૯૩૬માં જામજોધપુરમાં પ્રજામંડળમાં જોડાઇને સ્વયંસેવક તરીકે શરૂઆત કરી તે આજ સુધી ચુસ્ત કોંગ્રેસી તરીકે સેવા ચાલુ રાખી છે. કોઇ હોદ્દાની ઇચ્છા કદી રાખી નથી. જામનગર, રાજકોટ, જામજોધપુર. પટેલ કેળવણી મંડળોના છાત્રાલયોમાં ટ્રસ્ટી તરીકે, જામનગર પાંજરાપોળના ઉપપ્રમુખ તરીકે, વિદ્યોતેજક મંડળની કારોબારીમાં શારદામંદિર હાઇસ્કુલના સંચાલક મંડળમાં, આણદાબાવા આશ્રમના ટ્રસ્ટી તરીકે સેવાઓ આપી રહ્યાં છે નાનપણમાં તકલીફની પરવા કર્યા વગર હિંમત અને ખંતથી સમજણપૂર્વક આગળ વધ્યા, સારા મિત્રોનો સાથ મળ્યો ફંડફાળાઓમાં છુટે હાથે દાન કરતાં રહ્યાં છે. આજે ૬૬ વર્ષની ઉમરે પણ એક યુવાનને શરમાવે તે રીતે કામ કરી રહ્યાં છે.

## શ્રી મનસુખલાલ મગનલાલ વોરા

પાલીતાણાના વતની શ્રી મનસુખલાલભાઈ મેટ્રીક સુધીનો અભ્યાસ કરી નાની ઉમરમાં જ ધંધાર્થે મુંબઇ ગયા. ત્યા પોતાની કુનેહ અને શક્તિથી પ્રમાણીકપણે ધંધાને ખીલવ્યો અને વીકસાવ્યો. ધંધામાં શ્રી વાડીભાઇનો સહકાર, વડીલોના આશિર્વાદ અને કુદરતની કૃપાદૃષ્ટિ થઇ અને એ પૈસા કમાયા.

ઓમ્એ સાઇઝ થેડ મરચન્ટ એસોસીએશનના પ્રમુખ તરીકે તેમની ઉજ્જવળ સેવાઓ પડી છે. જૈન અને જૈનેત્તર સંસ્થાઓમાં ગુપ્તદાનનું ઝરણુ વહાવ્યુ છે. નાના મોટા અનેક ફંડફાળાઓમાં આ કુટુંબે ઉદારભાવે યતિંકચિંત ફાળો આપ્યો છે. ધાર્મિક પ્રવૃત્તિઓમાં ખાસ કરીને તન–મન–ધનનો ભોગ આપે છે. વ્યવહારિક ક્ષેત્રે તેમનું માર્ગદર્શન લેવાય છે. નિષ્ઠાવાન વેપારી તરીકેની તેમની સારી એવી પ્રતિષ્ઠા છે.

## શ્રી ગોરધનભાઈ હરિભાઈ કોન્ટ્રેકટર

સૌરાષ્ટ્રમાં–રાજૂલામાં એક ખાનદાન લુહાર કુટુંબમાં તેમનો જન્મ થયો. માતાનું નામ રામબાઇ અને પીતાનું નામ હરીભાઇ. શરૂઆતનું જીવન ઘણી મુશ્કેલીઓથી ભરેલું હતું પણ મુશ્કેલી સામે ઝુકી ન પડવાની સુદૃઢ ઇચ્છાશક્તિએ અને ભારે આવરણો સામે પણ ટક્કર ઝીલવાની તેમની હિંમતે ધંધામાં સફળતા અપાવી.

ઘણા સમય પહેલા મુંબઈમાં આગમન થયું. કોન્ટ્રેકટ લાઇનમાં તેમની કારકીર્દિનો પ્રારંભ થયો. તેમની ખંત, પ્રમાણિકતા, સેવા અને સન્નીષ્ઠા ભર્યા કામે તેમને અનેક વ્યાપારી પેઢીઓના સંપર્કમાં આણ્યા. મુશ્કેલીઓ સહન કરતા ગયા અને તેમાંથી માર્ગ કાઢીને આગળ વધતા ગયાં, તેમની સચ્ચાઇ, સેવાની ભાવના, નાનીમોટી દરેક બાબતમાં ઝીણવટપૂર્વકની ચોકસાઇ, આયોજન અને દીર્ઘદૃષ્ટિએ તેમને સારી એવી યારી આપી રાજૂલા લુહાર બે ર્ડિંગમાં તેમણે સારૂ એવું દાન આપ્યું છે, રાજૂલા અને મુંબઇની ઘણી સામાજિક સંસ્થાઓને તેમણે આર્થિક હુંફ અને બળ આપ્યા છે. સમાજ સેવાના સંસ્કારો અને ઉચ્ચ વિચારોએ સમાજમાં તેમનું સ્થાન સારૂ એવું ઉભુ થયું છે.

# શ્રી હરિલાલ સુંદરજી ભુતા

જેમની વ્યવસ્થા શક્તિ અને દુરંદેશીપણા માટે સૌને માન થાય, જેમના ડહાપણ માટે સમાજ ગૌરવ અનુભવે અને જેમની દીર્ઘદૃષ્ટિએ સુરતમાં આર્ટસીલ્ક કાપડ મારકેટની ભવ્ય યોજના અમલી બની તેવા કર્મયોગી ધર્મનિષ્ઠ અને બાહોશ ઉદ્યોગપતિ શ્રી હરિલાલભાઇ સૌરાષ્ટ્રના ઉમરાળાના વતની છે. પણ ધંધાર્થે ઘણા વર્ષોથી મુંબઇ વસે છે મુંબઇની કાપડબજારમાં પ્રથમ હરોળમાં તેઓ સ્થાન પામ્યા છે–સાધારણ અભ્યાસ પણ તેમની કુશાગ્ર બુદ્ધિએ ઘણા ઉચ્ચ સ્થાને બેસી શક્યા છે.

નાનપણથીજ સેવા કાર્યની લગની, સખત પરિશ્રમ, હાથમાં લીધેલ કાર્યને સુંદર રીતે પાર પાડવાની તાલાવેલી અને ધર્મભાવનાથી ઓતપ્રોત થયેલા તેમના સૌરભભર્યા જીવનમાં ડોકીયું કરવાથી અને જેમની સુરેખ વિચારસરણી અને અનુભવ રસનું પાન કરવાથી ધન્યતા અનુભવાય છે.

કૌટુંબિક સંસ્કાર વારસાએ તેમનામાં પડેલી સુષુપ્ત શક્તિને જાગૃત કરી ધંધાકીય પ્રવૃત્તિઓ સાથેજ સામાજિક સેવાઓ ઝડપી લીધી અને પોતાના વ્યક્તિત્વની સુગંધ પ્રસરાવતા રહ્યાં મુંબઇમાં ઉમરાળા પ્રજામંડળની સ્થાપના કરી સૌરાષ્ટ્ર રાજ્ય વખતે મહાલોની નવરચનામાં ઉમરાળાને અન્યાય થતાં સૌરાષ્ટ્ર સરકાર સામે સફળ લડત આપી. ઉમરાળાના સાર્વજનિક અને કેળવણી ન કામો માટે દાનો મેળવવા સારો પ્રયાસ કર્યો અને સૌને રસ લેતા કર્યા. તેમનીજ પ્રેરણા અને ઉત્સાહથી તેમના પ્રમુખપદે ગુજરાત આર્ટસીલ્ક વેપારી મહાજનની સ્થાપના થઇ અને સુરતમાં ત્રણ કરોડના પ્રોજેકટ સાથે વિશાળ કાપડ મારકેટની સ્થાપના કરી જે તેમને આભારી છે. કપોળ કો–ઓપરેટીવ બેન્કમાં ડાયરેકટર તરીકે, મુળજી જેઠા મારકેટમાં કોટન પીસ એસોસીએશનની કમિટિમાં મેમ્બર તરીકે, આર્ટસીલ્ક કાપડની સુપ્રસિદ્ધ વ્યાપારી પેઢી એચ. હિંમતલાલની કું. ના ભાગીદાર તરીકે અને બીજી અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. મુંબઇ જેવા આંતર–રાષ્ટ્રિય શહેરમાં પોતાના ક્ષેત્રમાં બહુજ ઉચ્ચ પ્રતિષ્ઠાભર્યું સ્થાન ધરાવે છે અને સૌના વિશ્વાસનીય એવા ઉત્તમ સદ્‌ગૃહસ્થ બન્યા છતાં ઉમરાળાને યાત્રાધામ માનીને રહેજ પણ તક મળતાં કે તક ઉભી કરીને પણ ઉમરાળામાં અવારનવાર દોડી આવીને વતનના સાંસ્કૃતિક જીવન ઘડતરમાં સારો એવો રસ લઇ રહ્યાં છે.

ઉમરાળાના **"શ્રી દુધીબેન સાર્વજનિક છાત્રાલય"** તેમને આભારી છે.

શુન્યમાંથી સર્જન કરનાર આ વ્યક્તિએ ધંધને વિકસાવવામાં જે પરિશ્રમ ખેડ્યો છે તન–મન વિસારે મૂકી હૈયા ઉકલતથી જે પ્રગતિ સાધી છે તેજ તેની પ્રતિભાની પારાશીશી છે.

ધધાની સફળતામાં કુટુમ્બીજનોની આત્મિયતા, વડીલોની વાત્સલ્યદૃષ્ટિ નિખાલસ સ્વભાવ અને કુદરતમાં અનન્ય શ્રદ્ધા, નિષ્ઠા અને પ્રમાણિકતાને જીવનભર વળગી રહેવાનું દૃઢ મનોબળ એ બધા સદ્‌ગુણોએ મહત્વનો ભાગ ભજવ્યો છે.

ધંધાદારી પ્રવૃત્તિઓની સાથે સમાજસેવાના ઉમદા ધ્યેયને કદી ભૂલ્યા નથી જ્યાં જ્યાં જરૂર પડી છે ત્યાં ત્યાં તેમની સેવા શક્તિનો લાભ સૌને અહર્નિશ મળતો રહ્યો છે.

ધંધામાં બે પૈસા કમાયા છતાં પોતાના જીવનકાળ દરમ્યાન લક્ષ્મીની મદભરી છાંટનો સ્પર્શ પણ થયો નથી. પોતાને સારી એવી પ્રસિદ્ધિ મળતી હોવા છતા પ્રસિદ્ધિનો કદી મોહ રાખ્યો નથી, મોટાઇ કદી બતાવી નથી, તેમને ત્યાંથી કદી કોઇ નિરાશ થઇને પાછુ ગયું નથી.

ઉમરાળાના આ તેજસ્વી કુટુંબની અંદર ઢંકાઇ રહેલું હીર તેમનાં કેટલાંક ગુપ્તદાનોથી વધારે ઝળકી ઉઠયું......સૌરાષ્ટ્ર અને ગુજરાતનું ખરેજ તેઓ ગૌરવ સમાન છે.

# શ્રી બાલચંદ ગાંડાલાલ દોશી

નાનપણથી જ સ્વધર્મ પ્રત્યે દૃઢ અભીરૂચી અને સમાજસેવાના ઉમદા ધ્યેય સાથે વ્યાપારી જગતમાં કાંઇક કરી છુટવાની તીવ્ર અભિલાષા સેવનાર શ્રી બાલચંદભાઇ દોશી સૌરાષ્ટ્રમાં આવેલા ગોહિલવાડ જિલ્લાના ધોળા ગામના વતની છે. પોતાનું બચપણ ગામડામાં પસાર થયું સાધારણરીતે નબળી આર્થિક સ્થિતિમાં તડકા છાંયા વટાવી પાલીતાણા જૈન ગુરૂકુલમાં મેટ્રીક સુધી શિક્ષણ મેળવ્યું. પોતાની તેજસ્વી બુધ્ધિચાપલ્યતા અને સ્વબળે આગળ વધનાર આ યુવકે સૌ પ્રથમ દાદાસાહેબ જૈન બોર્ડીંગ-ભાવનગર અને ત્યારબાદ મુંબઇ જૈન મહાવીર વિદ્યાલયમાં દાખલ થઇ બી કોમ સુધીનો અભ્યાસ પૂરો કર્યો. જીવનની શુભ શરૂઆત મુંબઇમાં ઇન્કમટેક્સ પ્રેકટીશનર તરીકે શરૂ કરી ખંત પ્રમાણીકતા અને નિષ્ઠાથી સૌના હૃદય જીતી લીધાં–સમતા અને શાંતિથી જીવનનૌકાનું સંચાલન આબાદરીતે આગળ વધ્યું. થોડી મુશ્કેલીઓનો સામનો કરવો પડયો પણ કુશળતાપુર્વક ધંધાને સારી રીતે વિકસાવ્યો ખીલવ્યો-ધંધામાં બે પૈસા પ્રાપ્ત કર્યા જે સન્માર્ગે વાપરી. જરા પણ મોટપ રાખ્યા વગર શ્રી મહાવીર જૈન વિદ્યાલયના પારટ સ્ટુડન્ટસ યુનિયનના પ્રમુખ તરીકે વર્ષોથી સેવા આપી રહ્યાં છે. જૈન ગુરૂકુલ મિત્ર મંડળના પ્રમુખ તરીકે સમયશક્તિના ભોગે પણ સેવા આપી રહ્યા છે. દાન ધર્મ પ્રત્યેની પુરી શ્રધ્ધાથી પણ આ કુટુંબે પ્રતીતિ કરાવી છે દાન એ તો ભવ્ય અને ઉન્નત જીવનની ચાવી છે. તેમણે જ્યાં જ્યાં જરૂર પડી છે ત્યાં ત્યાં જે તે સંસ્થાઓને આર્થિક હુંફ પણ આપી છે. તદઉપરાંત ઇસ્ટ ઇન્ડીયા કોટન એસોસીએશનના મુંબઇના ડાયરેકટર તરીકે તથા સુપ્રસિધ્ધ પ્રગતિ મંડળ સેન્ટ્રલ કન્ઝ્યુમર્સ કો–ઓપરેટીવ સોસાયટીના પ્રમુખ તરીકે આજે કેટલાએ વર્ષોથી સેવા આપી રહ્યાં છે.

જૈન ગુરૂકુળની મુંબઇની કમિટિમાં એક વર્ષ ઉપપ્રમુખ તરીકેની તેમની કામગીરી નોંધપાત્ર છે.

જ્ઞાતિના અને સમાજ સેવાના નાનામોટા કામોમાં તન–મન વિસારે મૂકી એમણે જે કામ કર્યુ છે તેનાથી તેમની શક્તિ અને ભક્તિ સોળે કળાએ ખીલતા રહ્યા છે. સાધારણ ગરીબસ્થિતિના માબાપના બાળકોને કેળવણી આપવા સંસ્થાઓમાં દાખલ કરાવી. આર્થિક સહાય આપી કેટલાએ બાળકોના જીવન ઘડતરમાં મહત્ત્વનો ફાળો આપ્યો છે. ગુપ્તદાનમાં માનનારા છે. તેમની ધીરગંભીરતા અને અન્ય સદ્‌ગુણોને લઇને સૌના આદરણીય બની શક્યા છે.

તેમનું આખુંએ કુટુંબ ખુબજ કેળવાયેલું અને સંસ્કારી છે.

# સરવૈયા લક્ષ્મીચંદ રાયચંદ

ભાવનગર પાસેના થોરડી ગામના વતની છે. ગુજરાતી પાંચ સાથે પહેલી અંગ્રેજી સુધીનો જ અભ્યાસ, પણ જીવનને ઉર્ધ્વગામી બનાવવા અનેક તાણવાણામાંથી તેમને પસાર થવું પડયું છે. સાહસિકવૃતિ, સદ્‌વિચારો, પ્રારબ્ધ અને પુરૂષાર્થ સાથે જીવનની શરૂઆત કરી ત્રણ વર્ષની ઉમરે માતુશ્રીનો વિયોગ, બારમે વર્ષે પિતાશ્રીનો વિયોગ, સાથે જ અભ્યાસની સમાપ્તિ. પંદરમે વર્ષે મુંબઇમાં નોકરીની શરૂઆત માસીક વેતન રૂા. ૨૮)લેખે, પચીસમે વર્ષે સ્વતંત્ર ધંધો; મીરચી, મસાલા, તેલ, ગોળ, વિગેરેનો. મુડી રૂા. ૩૦૧થી શરૂઆત. એકત્રીસમે વર્ષે તે જ જગ્યાએ ધંધાની ફેરબદલી કરી. મોટાભાઇ શ્રી પ્રેમચંદ રાયચંદનાં સંપૂર્ણ સહકારથી જ લાઇનફેરવી. કેચ પોલીસ, મટેરીઅલ્સ તથા કેમીકલ્સનું કામ શરૂ કર્યું. થોડા જ ટાઇમમા પુણ્ય જાગૃત થયું અને મોટા વેપારી બન્યા, આબરૂ વધી ત્યારે મોટો જબરજસ્ત ફટકો પડ્યો, જેનો સંપૂર્ણ સહકાર હતો તેવા મોટાભાઇ અકસ્માતથી સ્વર્ગવાસી થયા. તેઓનો આધાર સ્તંભ તૂટી પડ્યો. એકતાલીશમે વર્ષે સામાજીક કાર્યોની શરૂઆત કરી એકાવનમે વર્ષે નિવૃત્ત જીવન તરફ જવાની તૈયારી, અઠ્ઠાવનમાં વર્ષે તેઓ ધંધામાંથી નિવૃત્ત થયા.

આશરે ૨૪ વર્ષની ઉંમરે મુંબઇમાં માસીક રૂા. ૬૫ની સરવીસ શરૂ હતી, તે ટાઇમે જૈન આચાર્ય ભગવંતની પ્રેરણાથી બાધા લીધી કે એક લાખ રૂપીયાથી વધારે મૂડી થાય તો શુભ કાર્યોમાં વાપરી નાખવી. પ્રારબ્ધ ખુલવાનું હશે એટલે નોકરીમાંથી રાજીનામુ આપીને તેલપળીનો ધંધો શરૂ કર્યો, ફાવ્યા નહી, નોકરી સારી હતી. ગંધીયાણામાં કયાં ફસાયા ? મોટાભાઇની હીંમતથી લાઇન બદલી, નસીબ પણ બદલાયું વોર ટાઇમમાં સારૂં કમાયા લાખ રૂપિયાની મુડી થઈ જવાની લગોલગ પહોંચ્યા. નિયમ મુજબ વાપરવા લાગ્યા. પછી વેપારમાં તડકા-છાયા જેવા પડ્યા. પણ દીલને સંતોષ જ રહ્યો છે. ( કોઈ વખત વિચાર પણ થયો નથી કે પાંચ લાખની બાધા રાખી હોત તો ઠીક. ) ઉલ્ટાનું બાધા રાખવાથી જ મોટી રકમ દાનમાં અપાણી છે.

૧૯૪૩ ાં ધડ કા વખતે વડગાદી વિસ્તાર ખાલસા કરેલો. મોટાભાગનાં મકાનો બળી ગયેલા અથવા સુરંગદ્વારા તોડી પાડેલા. તેઓ તો તે જ દિવસે સર્વસ્વ મૂકીને પહેરેલા કપડે જાન બચ્યો માનીને સગાઓને ત્યાં ગયા. ઘર-દુકાન બધું જ ખલાસઃ બાવા બની ગયા. પંદર દિવસે કબજો મલ્યો ત્યારે પાછું પૂન્ય હાજર થઇ ગયું. રામ રાખે તેને કોણ ચાખે ? અલ્પ નુકશાન સાથે બધું જ સહી સલામત મલ્યું. બન્ને મકાનો બચી ગયા હતા અને બાવા પણ મટી ગયા હતા.

કુમાર અવસ્થામાં સત્યાગ્રહની ચળવળ વખતે મુંબઈમાં સ્વયંસેવક તરીકે સેવા બજાવી. ૪૧ વર્ષની ઉંમરથી દેરાસરોમાં ટ્રસ્ટી, મંડળોમાં અને જ્ઞાતિમાં કાર્યવાહી કમિટિઓમાં કાર્ય કરે છે. ઘાટકોપર દેરાસર, તળાજા ઉપાશ્રય, પાલીતાણા ઉપાશ્રય, થોરડી વિગેરે સ્થળે જુદીજુદી જગ્યાએ બે લાખ ઉપરના દાનો આપ્યા છે. ઘણા જ ઉદાર અને પરગજુ સ્વભાવના છે. ગુજરાતનું તેઓ ગૌરવ છે.

# શ્રી મમ્મુભાઇ મરચન્ટ

ગુજરાતના ગૌરવશાળી ઉદ્યોગપતિઓમાં શ્રી મમ્મુભાઇને પ્રથમ હરોળમાં મૂકી શકાય ઘણા જ નેકદિલ અને પરગજુ સ્વભાવના, સામાજિક સેવાની ભાવનાથી રંગાયેલા શ્રી મમ્મુભાઈ ભાવનગરના વતની છે. ઈગ્લેન્ડ, અમેરિકા અને અન્ય દેશોમાં ઉચ્ચ કેળવણી પ્રાપ્ત કરવાને સદ્‌ભાગી બની શકયા છે.

નાનપણથી વ્યાપારી ક્ષેત્રે કાંઇક કરી છુટવાનો મનસુબો સેવનાર શ્રી મમ્મુભાઇએ પોતાની તેજસ્વી બુદ્ધિ પ્રતિભાને લઈ સ્વબળે આગળ વધ્યા. ભાવનગરમાં સોહિલરાજ ઇન્ડસ્ટ્રીઝનું સફળ સંચાલન કરી રહ્યાં છે. તેમની સામાજિક સેવાઓ પણ નોંધવા જેવી છે. રોટરી કલબના પ્રેસીડેન્ટ તરીકે, ભાવનગર મ્યુનિસિપાલીટીના મેમ્બર તરીકે, ભાવનગર ઓઇલ મીલર્સ એસોસીએશનના પ્રમુખ તરીકે ઝળકતી કારકીર્દી પસાર કરી છે. એક પ્રતિષ્ઠિત ઉદ્યોગપતિ તરીકે સમાજમાં તેમનું ઘણું ઉંચુ સ્થાન છે. ભાવનગરના શ્રીમંતોમાં તેની ગણના મોખરામાં થાય છે. તેમનું જીવન ધાર્મિક વાંચનથી અને ધર્મપાલનથી ઓતપ્રોત છે. દાન એ એમની પ્રિય પ્રવૃત્તિ છે. કાબેલ અને કુનેહબાજ આ યુવાન ઉદ્યોગપતિએ પોતના વેપાર અને ઉદ્યોગનો ઉત્તરોત્તર ઉત્કર્ષ સાધીને પોતાના કુટુંબનો પણ ઉત્કર્ષ સાધ્યો. ધર્મ અને સમાજસેવાના કામો આથી પણ વધારે પ્રમાણમાં તેઓ કરી શકે અને વધુ યશનામી બને તેવી હાર્દિક શુભેચ્છા.

# શ્રી કરશનભાઇ ચકુભાઇ

સ્વબળે આગળ વધેલા લોહાણા જ્ઞાતિના કેટલાંક અગ્રણી ઉદ્યોગપતિઓ અને વ્યાપારીઓમાં શ્રી કરશનભાઇ પણ ધંધાકીય ક્ષેત્રે આપણું ગૌરવ બન્યા છે.

ભાવનગરના વતની છે. નાનપણથી જ સ્વધર્મ પ્રત્યે દૃઢ અભીરૂચી રાખનારા અને નાનીમોટી ધાર્મિક પ્રવૃત્તિઓમાં તેમનો યત્કિંચિત ફાળો હોય જ, મેટ્રીક સુધીનો જ અભ્યાસ પણ પોતાની દીર્ઘદૃષ્ટિથી ધંધામાં સફળતા પ્રાપ્ત કરતા ગયાં. શરૂઆતના કેટલાંક વર્ષો મુંબઇમાં અનુભવ મેળવ્યો તે પછી છેલ્લા પચીશ વર્ષથી ભાવનગરમાં સ્થિર થઇને રંગના ધંધામાં ઝંપલાવ્યું. ટૂંકી મુડીથી ધંધાની શરૂઆત કરી પણ પોતાની શુભનિષ્ઠા અને મીલનસાર સ્વભાવને લઈ સૌના સન્માનીય બનતા ગયા. હોલીવુડ કલર કાં.ના નામથી ચાલતી તેમની પેઢી દ્વારા શ્રી છાપ સફેદો ગુજરાત, મધ્યપ્રદેશ, રાજસ્થાન, મહારાષ્ટ્ર વિગેરે જગ્યાએ પહોંચે છે અને બહાર ઘણી જ સારી ખ્યાતિ પામ્યા છે.

ભાવનગર ચેમ્બર ઓફ કોમર્સના સભ્ય છે. સ્થાનિક લોહાણા મહાજન વાડીની સાથે પણ સંકળાયેલા છે. દેશમાં લગભગ બધી જગ્યાએ પર્યટન કર્યું છે. નાની વયમાં આફ્રિકા સુધી જઇ આવ્યા છે.

બચપણથી શ્રી કરશનભાઇને ધંધાકીય ક્ષેત્રે કાંઈક કરી બતાવવાનો શોખ હતો.

ધંધામાં મળેલી સફળતાનો યશ તેઓ કુદરતની કૃપા ગણે છે. આ ઉદ્યોગમાં તેમની સાથે એટલાં જ આશા ઉત્સાહથી ખંભાળીયાના વતની શ્રી મંગળદાસભાઇએ ધંધાને સંગીન પાયા ઉપર મૂકયો છે.

# શ્રી મોહનલાલ પોપટલાલ મહેતા

માણસ ધનવાન હોય, દાનવીર હોય, દયાળુ હોય અને સાથે-સાથે નિરાભિમાની પણ હોય એવા કિસ્સા બહુ ઓછા જોવા મળે છે ગરીબી જીરવી શકાય છે પણ ઉન્નતિ જીરવી શકાતી નથી. ઉન્નતિમાં પણ જીવી જાણનાર શ્રી મોહનલાલભાઇ સૌરાષ્ટ્રમાં સાવરકુંડલા પાસે ખડકાળાના વતની છે. મેટ્રીકથી વધુ અભ્યાસ ન કરી શકયા અને કેટલીક જવાબદારીઓ વહન કરવા નાની ઉંમરમાં જ મુશીબતોથી કારમા દિવસોનો સામનો કર્યો. પાંચતલાવડા પાસે હરીપર ગામે પોતાના મોસાળમાં પ્રાથમિક અભ્યાસ કરી ભાવનગર ગોકળદાસ બોર્ડીંગમાં નોનમેટ્રીક સુધીનો અભ્યાસ કરી ૧૯૩૦માં મુંબઈમાં સૌ પ્રથમ પગ મૂકયો. જે વખતે સ્વરાજ્યની લડતનો નાદ પૂરજોશમાં ગાજતો હતો. શ્રી મોહ ભાઇનું યુવાનહૈયું તેમાં ખેંચાયું અને ધોલેરાની સત્યાગ્રહની લડતમાં અગ્રભાગ ભજવ્યો, ધરપકડ વ્હોરી યરોડા જેલમાં કેટલોક સમય વિતાવ્યો, ખાદી ગ્રહણ કરી, નેતાઓ સાથે અહિંતહીં ઘુમ્યા પણ મન કાંઈક ચોક્કસ દિશામાં સ્થિર થવા થનગની રહ્યું હતું. પાંચ સાત વર્ષ ખાંડબજારમાં નોકરી કરી, દશેક વર્ષ ચંદુલાલ વોરાની સાથે કામ કર્યું મુંબઇથી દેસમાં જતાં રહ્યાં.

મુંબઇનગરીએ અનેક કંધાધારીઓ ને લક્ષ્મીનંદનો બનાવ્યાં છે, ત્યાં વિશાળક્ષેત્ર છે, અનેક તકો છે, અનેક વ્યવસાયો છે, જેને હૈયે હામ છે તેમને માટે એ ભૂમિનો સફાટ પગધાર અને દરીયાકાંઠાના અગાધજળ સ્વપ્નસેવી યુવાનોના સ્વપ્નો સિદ્ધ કરે છે ભલે પછી સાધનો ટાંચા હોય ઓછા હોય, શક્તિ મર્યાદીત હોય અને સથવારો કોઇનો પણ ન હોય. એવા એ સ્વપ્નદ્રષ્ટા શ્રી મોહનભાઇએ ફરી પાછા દ્રઢનિશ્ચય સાથે ૧૯૯૯માં આવ્યા, ૨૦૦૪ સુધી ભાગીદારીમાં કામ કર્યું. ૨૦૦૫માં સ્વતંત્ર ધંધાના શ્રીગણેશ માંડયા. સ્નેહીઓની હુંફ અને પ્રેરણા મળતાં ગયાં, પ્લમ્બીંગ એન્ડ સીનીટરી કામમાં તેમનું નામ આગળ આવ્યું. ક્રમેક્રમે પછી તો દુકાનો જગ્યાઓ લીધી અને ધંધાને વિકસાવ્યો. દરિયાલદિલના શ્રી મોહનભાઇએ ધંધામાં જે પૈસા મેળવ્યા તો તેનો સદ્ઉપયોગ કરતા રહ્યાં તેમની વિખ્યાત વ્યાપારી કારકીર્દિમાં ઘણી કેળવણી વિષયક; સામાજિક, ધાર્મિક પ્રવૃત્તિને વિશાળ દિલથી સહાય અને સેવા આપી છે. ખડકાળાની ધમશાળામાં યોગ્ય રકમ, નાનુભાઈ મેમોરીયલમાં યોગ્ય સહાય અને નાનમોટા અનેક ફંડફાળ ઓમાં તેમનું દાન હોય જ. મહેતા બ્રધર્સના નામે ધધાનો ભવિષ્યનો પ્લાન છે જે અમલી બનાવવાની તૈયારીમાં જ છે શ્રીનાથજીના મંદિરમાં, સન્યાસ આશ્રમાં અને બીજા ધાર્મિકસ્થળોમાં તેમની અનન્ય ભક્તિ રહેલી છે. આંધ્રપ્રદેશમાં તેમના ભાઇ ગુજરાતીસમાજના અગ્રણી કાયકર છે. આખુંએ કુટુંબ કેળવાયેલું છે.

# શ્રી મનુભાઇ ગુલાબચંદ કાપડીયા

મુંબઇમાં મોટર પાટસનો ધધો ૧૯૨૫થી શરૂ કર્યો. બોમ્બે મોટર મરચન્ટસ એસોસીએશન લી. મુંબઇના માનદમંત્રી અને પ્રમુખ તરીકે લગભગ ૨૦ વર્ષ સુધી કામ કર્યું.

મહારાષ્ટ્ર મોટર પાર્ટસ ડીલર્સ એસોસીએશન લી૦ મુંબઇના પ્રમુખ યશોવિજય જૈન ગુરૂકુળ પાલીતાણાના માનદમંત્રી તરીકે ૧૮ વર્ષ સુધી સેવા આપી. મહાવીર જૈન વિદ્યાલયના માનદમંત્રી તરીકે પણ તેમની સેવા જાણીતી છે.

સેવાકાર્યની લગનીએ એક ખ્યાત વ્યક્તિ તરીકે તેમનું વ્યક્તિત્વ નાનીવયમાં જ સમાજમાં ઉપસી આવ્યું વતન પ્રત્યેની મમતા કયારેય ભૂલ્યા નથી. જૂદીજૂદી જગ્યાએ સુંદર ફાળો આપીને લોકસેવાની યશકલગી કરી છે.

# શ્રી શાંતિલાલ ફુલચંદ શાહ

સુરેન્દ્રનગરના સામાજિક અને વ્યાપારી ક્ષેત્રે જેમની સેવાઓ સુવિદીત છે. લગભગ દરેક સંસ્થાઓમાં પાયાની ઈંટ બનીને, શહેર સુધરાઈમાં દશ વર્ષ ચેરમેનપદે રહીને શહેરના વિકાસમાં અગત્યનો ફાળો નોંધાવ્યો છે. તબીબી રાહત મંડળમાં, મહાત્મા ગાંધી હોસ્પીટાલમાં, રતિલાલ વર્ધમાન બાલ કેળવણી મંડળમાં, એજ્યુકેશન સોસાયટીમાં, અંધ વિદ્યાલય, ચેમ્બર ઓફ કોમર્સ, સમાજ કલ્યાણ નીધિ, મિત્ર મંડળ કો-ઓ હાઉસીંગ સોસાયટી, રમોલ રકેલ ઈન્ડસ્ટ્રીઝ, સેલ્સ ટેક્સ એડવાઈઝરી કમિટી વિગેરેમાં તેમની સારી એવી સેવા પડી છે. ધંધાકીય ક્ષેત્રે પણ યુનિવર્સલ વોચ કુાં ની સ્થાપના કર્યા પછી ઘડિયાળીના નાના સમુદાયને સગઠીત કરવાના તેમણે પ્રયસો કરી સુરેન્દ્રનગર વોચ મરચન્ટ એસોસીએશનને પ્રકાશમાં આણ્યું. ધંધાર્થે પરદેશોનો પ્રવાસ કર્યો છે. સાહિત્ય ક્ષેત્રે પણ ઘણી મોટી પ્રગતિ સાધી છે. સુંદર કાવ્ય સંગ્રહો દ્વારા યશકલગી પ્રાપ્ત કર્યા છે ઘણી સંસ્થાઓમાં યથાશક્તિ દાન પણ આપ્યું છે. સુરેન્દ્રનગરની જાહેર પ્રવૃત્તિઓના અગ્રણી કાર્યકર છે

# શ્રી ચીમનલાલ ખીમચંદ મહેતા

પુરૂષાર્થ અને અપૂર્વ આત્મવિશ્વાસથી નાની વયમાં જ વડીલબંધુ શ્રી રમણીકભાઈની સાથે રહીને ધંધામાં ઝંપલાવ્યું. ધંધાને અંગે એક કરતા વધુ વખત યુરોપના દેશોની તેમ જ અમેરિકાની મુસાફરીઓ કરી વેપાર ધંધામાં આબરૂ અને આંટ જમાવ્યાં. ધંધામાં રચ્યાપચ્યા રહેવા છતાં ધર્મ અનુષ્ઠાનો, તીર્થયાત્રાઓ, સમાજસેવા અને સામાજિક ક્ષેત્રે તેમની સેવાનો અપૂર્વ ફાળો છે. કાનકુંડળ પહેરવાથી નહીં પણ શાસ્ત્રનું શ્રવણ કરવાથી શોભે છે. પરોપકારમાં જ માનવતા રહેલી છે તે હકીકત તેમણે જીવન સાથે વણેલી છે. અમરેલીના જૈન વિદ્યાર્થી ગૃહનું મકાન તેમના પ્રબળ પુરૂષાર્થ વડે સિદ્ધ થયું છે. છેલ્લા કેટલાંક વર્ષોથી અમરેલીની જૈન સંસ્થાઓના પ્રાણ સમા બન્યા છે. સંસ્થા સાથે તેમના પિતાશ્રીનું નામ જોડી રૂપીયા એકાવન હજારનું દાન આપેલ છે.

છત્રીશ વર્ષની યુવાવસ્થામાં તેમણે કેળવેલ સદ્ગુણો, સદ્વિચારો અને તેમનાથી થઈ રહેલ સદાચરણો માટેનું પ્રોત્સાહન તેમને તેમના સહધર્મચારિણી અ. સૌ. કાન્તાબહેન પાસેથી નિત-નિત નવસ્વરૂપે મળતું રહે છે. તેમના ઘણા અનુપમ દાનોએ સમાજમાં ઘણી મોટી સુવાસ પ્રસરાવી છે.

આપ બળ અને આપ સૂઝથી આગળ વધેલા શ્રી સી. કે. મહેતા આપણું ગૌરવ છે.

# શ્રી રતિલાલ આણંદરામ જયસ્વાલ

ગુજરાતમાં જયસ્વાલ સમાજના જે કેટલાંક અગ્રણીઓ સમાજ સુધારા અર્થે અને જ્ઞાતિના બાળકોની કેળવણી અને ઘડતર માટે ઘણા વર્ષોથી પ્રયત્નશીલ રહ્યાં છે. તેમાંના એક અને ભાવનગરમાં અગ્રણી વ્યાપારી તરીકે જેમનું નામ આગળ પડતું છે તે શ્રી રતિલાલભાઈ મૂળ ઝાલાવાડ જિલ્લાના ચૂડાના વતની પણ પછી ધંધાર્થે ભાવનગરને કાયમી વતન બનાવ્યું છે. સત્તર વર્ષની ઉંમરે પિતા ચાલ્યા જતાં કુટુંબની સઘળી જવાબદારી પોતાને શીરે આવી પડી. ત્રણ ભાઇઓ અને બે બહેનો. હવે તો આજે પણ વિશાળ કુટુંબના વડા તરીકે જીવન જીવી રહ્યાં છે.

ધોરણ દશ સુધીનો સામાન્ય અભ્યાસ પણ હિંમત, સાહસ અને શ્રદ્ધાને બળે આગળ વધવાનો જેમને કૌટુંબિક વારસો મળ્યો છે.

તેમની લોકપ્રિયતાને લઈ ચુડાની મ્યુનિસિપાલીટીમાં ત્રણેક વર્ષ સભ્ય તરીકે સેવા આપી છે. ત્યાંની પ્રવૃત્તિમાં પણ યત્કિંચિત રસ લેતા.

બદલાતા યુગની સાથે જ્ઞાતિના સમાજને પણ પ્રગતિ અને આબાદી તરફ લઈ જવા આ કુટુંબ વર્ષોથી સક્રિય પણે રસ લેતું રહ્યું છે.

તેમની ઊંડી દીર્ઘદૃષ્ટિ અને વ્યવહારૂ માર્ગદર્શન મેળવવાના આશયથી ૧૯૬૧માં વડોદરામાં ભરાયેલા ગુજરાત કાઠિયાવાડના ત્રીજા જયસ્વાલ સમાજના અધિવેશનના પ્રમુખસ્થાને વરણી થયેલી જે તેમની શક્તિ અને લોકપ્રિયતાની પ્રતીતિ કરાવે છે.

ધંધાર્થે દેશના કેટલાંક સ્થળોનું પરિભ્રમણ કર્યું છે. ભાવનગરમાં વર્ષો સુધી ભાવનગરથી દૂર દૂરના કસ્બાઓ સુધીના જૂદા જૂદા રૂટ ઉપરની બસ સર્વીસો ચલાવી સમય જતાં મોટર સ્પેર પાર્ટસનો અદ્યતન સ્ટોર આર. જયસ્વાલ ઓટો મોબાઈલ્સના નામે ઉભો કર્યો. ૧૯૫૪થી આર. જયસ્વાલ એન્ડ કું.ના નામથી બર્મા શેલની એજન્સી રાખી હિમ સન્સ ટાઈલ્સના કારખાનાનું સર્જન કર્યું જે ટાઈલ્સ સમગ્ર ગોહિલવાડમાં પહોંચી ગયેલ છે.

ભાવનગર બંદર ઉપર લેન્ડીંગ એન્ડ શીપીંગ કોન્ટ્રેક્ટ પણ રાખેલો—ધંધામાં પ્રગતિ થતી રહી છે. જે તેમના ભાઇઓ શ્રી દશરથભાઈ તથા હિંમતભાઈ વિગેરેની વિચક્ષણ વ્યાપારી બુદ્ધિને આભારી છે. ભવિષ્યમાં ધંધાને વિસ્તૃત પાયા ઉપર મૂકવા વિચારી રહ્યાં છે.

સ્વભાવે ઘણા જ નમ્ર છે. કેળવણી પ્રત્યેનો અનન્ય ભાવ જોતા, ઘણી જ વૃદ્ધ ઉંમરે પણ ધંધાના સફળ સંચાલક તરીકે નિહાળતા અને ભાવનગરની નાની મોટી સમાજોપયોગી પ્રવૃત્તિઓમાં દરેક રીતે મદદરૂપ થતા તેમને જોઇએ છીએ ત્યારે ખરે જ તેમના ગૌરવશાળી વ્યક્તિત્વને અભીનંદન આપ્યા વગર રહી શકાતું નથી.

# શાહ રાયચંદ મગનભાઈ

શ્રી રાયચંદભાઈ મૂળ ભાવનગરના વતની અને અંગ્રેજી પાંચ ધોરણ સુધીનો જ અભ્યાસ પણ સતત પુરૂષાર્થથી અન્યને ઉપયોગી બનવાની અને વ્યાપારમાં આગળ વધવાની ભાવનાએ તેમને ઉચ્ચ સ્થાને બેસાડ્યા છે.

વર્ષો પહેલાં ભાવનગરમાં પરચુરણ કાપડ એસોસીએશનની સ્થાપના કરી અને લોકચાહના સંપાદિત કરતા ગયાં. તે સંગઠનના સૌ પ્રથમ માનદ મંત્રી બન્યા અને જાહેર જીવનની ઉજ્જવળ કારકીર્દિની શરૂઆત થઈ. અદમ્ય ઉત્સાહ અને આત્મશ્રદ્ધાને બળે જ્યાં જ્યાં અન્યાય જોયો ત્યાં ત્યાં સામે થયાં. ભાવનગરની ગોધરા ઇલેક્ટ્રીક કું. ની સામે ભાવ ઘટાડવા માટે સૌ પ્રથમ ઠરાવ કરી ઝુંબેશ ઉપાડી, સૌનો સહકાર અને હુંફ મળ્યાં. ભાવનગરના ઇતિહાસમાં અજોડ એવી લડત આપી અને અસાધારણ સિદ્ધિ હાંસલ કરી. તે પછી તો તેમનું કામ બોલતું ગયું અને યશકલગી પ્રાપ્ત કરી.

ભાવનગરમાં રખડતા કુતરાઓને મારી નાખવાનો મ્યુનિસિપાલીટીએ કાયદો કર્યો. તેની સામે ૧૯૩૪માં વ્યવસ્થિત અહિંસક-આંદોલન ચલાવી કાયદો રદ કરાવ્યો અને હજારો જીવોને અભયદાન આપ્યું.

મુંબઈમાં પણ હજારો કુતરાઓ, ગાય, બળદ, બકરાં વિગેરે જીવોને અભયદાન આપવાનું તથા દેવનારમાં થનાર કતલખાનાના વિરોધનું તથા જ્યાં જ્યાં હિંસા થતી હોય ત્યાં ત્યાં વિરોધ કરવાનું વ્યવસ્થિત કાર્ય હાથ ધર્યું છે.

બૃહદ ગુજરાતમાં જીવદયાના પ્રખર હિમાયતી છે જૈનધર્મના પાયાના મૂલ્યોને જીવનમાં બરાબર પચાવી તે પ્રમાણે અમલ કરતા રહ્યાં છે. વિચાર, વાણી અને વર્તનમાં એકતા જોવી હોય તો શ્રી રાયચંદભાઈ પોતે જ છે.

સ્પષ્ટ અને બાહોશ વક્તા, શાસન માટે મરી ફીટનાર શ્રી રાયચંદભાઈના સ્વાર્પણની આ યશગાથા રચવામાં તેમના સુશિલ ધર્મપત્ની શ્રીમતી ચંદનલક્ષ્મીબહેનનો ફાળો અજોડ છે

શ્રી રાયચંદભાઈ સીલ્ક એન્ડ આર્ટ સીલ્કના કાપડના ધંધાની પોતાની ફરજો ઉપરાંત જ્યાં જ્યાં જ્યારે જ્યારે જરૂર પડી છે ત્યાં ત્યાં તેમની સેવાશક્તિનો લાભ સૌને અહર્નિશ મળતો રહ્યો છે.

અનેક જૈન સંસ્થાઓ સાથે સંકળાયેલા છે—શ્રી જૈન સાધર્મિક સેવા સંઘના ટ્રસ્ટી તથા માનદ મંત્રી તરીકે, ગોડીજી પાઠશાળાના મંત્રી તરીકે, અખિલ ભારત જૈન સંસ્કૃતિ રક્ષક સભાના મંત્રી તરીકે, મુંબઈ ઘોઘારી વિશા શ્રીમાળી જૈન જ્ઞાતિના માજી મંત્રી તરીકે, શ્રી વિજયધર્મ પ્રકાશક સભાના મંત્રી તરીકે, શ્રી જમ્બુ જિનાલય સમિતિના મંત્રી તરીકે, શ્રી રાજસ્થાન જૈન સંઘના મુંબઈનાં પ્રતિનિધિ તરીકે, શ્રી ઘોઘારી મિત્ર મંડળના કાર્યવાહક કાર્યકર તરીકે અને બીજી અનેક સંસ્થાઓ સાથે રહીને સેવા આપી છે, આપી રહ્યાં છે.

આર્થિક, સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે પોતે ઘણી પ્રગતિ પામ્યા છે. તેમનું આખુંએ કુટુંબ સેવા ભાવનાથી અને ધાર્મિક રંગે રંગાયેલું છે.

ભાવનગર અને ગુજરાતનું એ ખરે જ ગૌરવ છે.

## શ્રી શાહ પિતામ્બરદાસ ઝવેરચંદ

ઝાલાવાડ જિલ્લાના ચોટીલા ગામના મૂળ વતની. ચોટીલા મહાજનના અગ્રણી તરીકેનું માનભર્યું બીરદ ભોગવનાર અને દીપાવનાર મહાનુભાવ શ્રી પિતામ્બરદાસભાઈએ વ્યાપારમાં નાની વયમાં જ સાધેલી પ્રગતિ અને સિદ્ધિ આપણને પ્રેરણા આપે તેવા છે

પોતાની હૈયાઉકલત, વ્યવહાર કુશળતા અને સતત પુરૂષાર્થ દ્વારા વ્યાપારમાં દેશાવર સુધી નામ કાઢવાની પ્રબળ જિજ્ઞાસાએ તમને યશ કીર્તિ અપાવ્યા છે.

જાહેર જીવનનો બચપણથી શોખ, સેવાકાર્યની લગની, નાની મોટી દરેક બાબતમાં ઝીણવટપૂર્વકની ચોકસાઈ અને મનન ભરી વિચારશીલતા આ બધી ખાસીયતોએ તેના લોહીમાં વસેલી ખાનદાની સાથે મેળ સાધી લીધો અને એક પ્રતિષ્ઠિત અગ્રણી તરીકેનું તેમનું વ્યક્તિત્વ નાની વયમાં જ સમાજમાં ઉપસી આવ્યું'

સાત ગુજરાતી સુધીનો જ અભ્યાસ પણ પોતાની તીવ્ર બુદ્ધિશક્તિને લઈ તેઓ સૌના સન્માનિત બની શકયા,

ચોટીલા પાંજરાપોળ તથા જૈન દેરાસરના વહીવટમાં તેમનું યશસ્વી પ્રદાન હતું. દુષ્કાળના કપરા દિવસોમાં રાહતની કામગીરીમાં જાતે રસ લેતા, સ્વરાજ માટેની વખતો વખતની લડતમાં કોંગ્રેસના આદેશ મુજબ ચોટીલાથી જાહેર પ્રવૃત્તિઓનું સંચાલન કરતાં. હરકેઈ જ્ઞાતિના નાના મોટા ઝગડાઓમાં તેમની લવાદી હોય જ. સમાધાન કરાવીને સૌને સંતોષ આપવામાં તેમની આગવી સૂઝ હતી. મોટા ધર્મિક અને સામાજિક ફંડફાળાઓમાં તેમનો હિસ્સો મોખરે હતો એટલું જ નહિ સાથે દેગણીની ઘણી જવાબદારીઓ વહોરી ને લોકસેવાનું ઉમદા કાર્ય તેમણે બજાવ્યું છે.

સમાજસેવાના વારસાને તેમના સુપુત્ર શ્રી કેશવલાલભાઈએ બરાબર દીપાવી જાણ્યો છે શ્રી કેશવલાલભાઈ ચોટીલાની મ્યુનિસિપાલીટીમાં પંદર વર્ષ સુધી ઉપપ્રમુખ તરીકે રહ્યાં છે. પાંજરાપોળ અને દેરાસરના વહીવટમાં તેઓ નિષ્ઠાપૂર્વક સેવા બજાવી રહ્યાં છે. આ કુટુંબની ઉજ્જવળ પ્રતિષ્ઠા અને પ્રમાણીકતાને લઈ માન મોભો ઘણાજ વધતા રહ્યાં છે.

કેશવલાલભાઈના પુત્ર શ્રી નવીનભાઈએ રાજકોટમાં ઔદ્યોગિક દિશામાં પગરણ માંડ્યા છે. એસે.સીએટેડ ઇન્ડસ્ટ્રીઝનું સફળ સંચાલન કરે છે.

## શ્રી બાલુભાઈ મોહનલાલ મહેતા

સૌરાષ્ટ્રમાં તળાજા પાસેના દેવલી ગામના વતની શ્રી બાલુભાઈએ ઘણા વર્ષોથી મુંબઈને ધંધાર્થે વતન બનાવ્યું છે. મુંબઈમાં મુળજી જેઠા મારકેટમાં કાપડના ધંધામાં ઘણી સારી પ્રગતિ તેઓ કરી શકયા છે. તળાજા–દેવલી અને મુંબઈની કેળવણી અને ધાર્મિક પ્રવૃત્તિઓમાં સારો એવો રસ લઈને શકય તેટલો સહકાર આપતાં રહ્યાં છે.

મહુવા દશાશ્રીમાળી બોર્ડીંગમાં, કુંડલા દશાશ્રીમાળી બોર્ડીંગમાં, ડુંગર છાત્રાલયમાં, દેવલીની શાળામાં અને ઘણી ધાર્મિક જગ્યાઓમાં તેમનું દાન ઝળકયું છે. દેવલી ગામે ભગવાન શંકરની પ્રતિષ્ઠા વખતે મુંબઈથી રૂા. ૫૦૦૦)નો ફાળો કરાવી આપ્યો, ગામાયત વિકાસ કામોમાં રૂા. ૧૨૦૦)ની મદદ કરી. ઠાકરમંદિરમાં રૂા. ૧૦૦૦)ની ધાર્મિક દેવસ્થાનોમાં સારી એવી રકમ આપી છે. ગરીબોને પ્રસંગોપાત અનાજ–કપડાની મદદ આપતા રહ્યાં છે સ્વભાવે ખુબ જ આનંદી અને પરગજુ છે. પોતે કમાય અને બીજાને કમાવી દેવાની ધગશ કાયમ રાખે છે. પોતે લાંબુ ભણ્યા નથી, પણ ભણતા વિદ્યાર્થીઓ ઉપર તેમની બહુ દયા રહેતી અને વિદ્યાર્થીઓ જ સમાજની ઉન્નતિનું ખરૂં મૂળ છે. તેમ જ તેઓ માને છે. સંપત્તિ આસુરી ન બનતા દૈવી બને તે માટેની કાળજી રાખે છે. સાદું જીવન ઉતમ વિચારો અને તેમના હાથે યત્કિંચિત દાન દેવા પાછળ જબ્બર આધ્યાત્મિક બળ લાગે છે સોનાના આભૂષણો નહિ પણ આજે તો દાન એમના હાથના આભૂષણો બન્યા છે. આ મહાનુભાવ આપણા વદનના અધિકારી બન્યા છે.

## સ્વ. નંદલાલ મોતીભાઈ મહેતા

સ્વ. શ્રી નંદલાલભાઈ મહેતા ભાવનગરજિલ્લાના ત્રાપજ ગામના વતની પણ ઘણા વર્ષોથી આ કુટુંબ ભાવનગર આવી વસ્યુ છે. ત્રાપજ હાઈસ્કુલના મુખ્ય દાતા તરીકે રહીને રૂા. ૨૫૦૦૦ની ઉદાર સખાવત જેમના નામે થઈ છે.

જૂનાગઢમાં સાર્વજનિક ધર્મશાળા અને એવા લોકોપયોગી કામો તેમના હાથે થયાં છે. નાના–મોટા ધાર્મિક ફંડફાળાઓમાં આ કુટુંબે હમેશાં મોખરે રહીને આત્મસંતોષ અનુભવ્યો છે

શ્રી નંદલાલભાઈના સ્વર્ગવાસ પછી તેમના ધર્મપત્નિ શ્રી લલીતાબેન એજ પગદંડી પર ચાલી રહ્યા છે. નાનામોટા પુણ્યકારી પ્રસંગોએ સ્વ. શ્રી નંદલાલભાઈની સ્મૃતિમાં દાનનું ઝરણું વહાવતા રહ્યાં છે. સુરકા, મોડીવીરડી, બદ્રીકાશ્રમ વિગેરે સ્થળે સારી એવી રકમ આપી છે.

## શ્રી વાડીલાલ મગનલાલ વોરા

મુંબઈમાં તારાચંદ શામજીની પેઢીના સફળ સંચાલનમાં મોટાભાઈ શ્રી મનસુખભાઈ સાથે રહીને સફળ કામગીરી કરી રહ્યાં છે. મિલનસાર અને પરોપકારી સ્વભાવ છે. પોતાની ધંધાદારી પ્રવૃત્તિઓ સાથે સમાજના ઉમદા ધ્યેયને ભૂલ્યા નથી. સારા સદ્‌ગૃહસ્થ તરીકેની આતિથ્ય સત્કારની ભાવનાવાળા શ્રી વાડીભાઈ ઘણી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. વ્યાપારમાં પણ તેઓએ ઘણીજ બાહોશ વ્યક્તિ તરીકેની નામના મેળવી છે.

## દોશી ચંપકલાલ તલકચંદ

મહુવામાં તેમના પિતાશ્રી તલકચંદભાઈ કાપડના અગ્રણી વ્યાપારી અને પોતે પટેલ મશીનરી સ્ટોર્સમાં પાર્ટનર છે. પોતે ખુબ જ સેવાભાવી અને સામાજિક કાર્યોમાં આગળ પડતી વ્યક્તિ છે. મહુવા જૈન યુવક મંડળના સેક્રેટરી તરીકે દશ વર્ષ કામ કર્યું, સેવા ભાવનાથી બીજી ઘણી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.

**શ્રી રાજાભાઈ રણમલભાઇ મોરીઃ**–ઉના પાસે અમોદ્રાના વતની છે, પ્રગતીશીલ ખેડૂત છે. પોતાની વિશાળ ખેતીના કામકાજ સાથે ઘણાં વર્ષોથી જાહેરજીવન સાથે સંકળાયેલા છે. તાલુકા કોંગ્રેસ કમિટીના પ્રમુખ તરીકે, સુગર ફેક્ટરીના પ્રમુખ તરીકે, ખેતી ઉત્પન્ન બજાર સમિતિના વાઇસ ચેરમેન તરીકે, લેન્ડ મોર્ટગેજ બેન્કના સભ્ય તરીકે, સઘનક્ષેત્ર યોજના દેલવાડાના સભ્ય તરીકે, ઉના કેળવણી મંડળ, સાર્વજનિક છાત્રાલયમાં, સહકારી ખરીદ વેચાણ સંઘમાં, જિલ્લા લોકલ બોર્ડમાં અને જિલ્લા પંચાયતમાં સભ્ય તરીકે, શિક્ષણ સમિતિમાં, પ્રિન્ટીંગ પ્રેસ જુનાગઢના સભ્ય તરીકે, કેશોદની ટી.બી. હોસ્પીટલમાં સભ્ય તરીકે વિગેરે અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. તેમની કર્તવ્યપરાયણતા દાદ માંગી લ્યે તેવા છે.

**શ્રી અંબાશંકર વનમાળી પંડયાઃ**–રાજુલા પાસે કોટડીના વતની છે. ૧૯૩૬થી જાહેરજીવનમાં પ્રવેશ. વડાલાના મીઠા સત્યાગ્રહમાં નાની વયમાં જ ઝંપલાવ્યું. ગણોતધારો અને ગીરાસદારી પ્રશ્નોમાં આગળ પડતો રસ લીધો, સરપંચ અને સહ. મંડળીના પ્રમુખને નાતે ઘણું કામ કર્યું. વિમાસ સલાહકાર સમિતિમાં, જિલ્લા સહ. બેન્કમાં, રાજુલા સુપરવાઈઝીંગ યુનિયનમાં, તાલુકા પંચાયતની સહકાર કમિટિના ચેરમેનપદે, એલ. એમ. બી. શાખા સમિતિના પ્રમુખ તરીકે, જિલ્લા કોંગ્રેસના મંત્રી તરીકે, જિલ્લા ખરીદ વેચાણ સંઘ અને મધ્યસ્થ બેન્કમાં ડાયરેકટર તરીકે યશસ્વી કામગીરી બજાવી છે.

**શ્રી બાલુભાઇ કાળીદાસ ગઢીઆઃ**–તાતણીયાના વતની અને ખાંભા તાલુકા પંચાયતના યશસ્વી સુકાની તરીકે એ વિભાગમાં જાણીતા બનેલા શ્રી ગઢીયાએ છેલ્લા પચીસ વર્ષથી જાહેરજીવનમાં પ્રવેશ કર્યો છે. રાષ્ટ્રિય ચળવળમાં કામ કરેલું. સરકારની સસ્તા અનાજની દુકાનોના સંચાલનમાં લાંબો સમય કામ કર્યું તેનાથી પ્રસિદ્ધિ મળતી ગઈ. ૧૯૫૦થી સહકારી પ્રવૃત્તિમાં જોડાયા. પંદરથી વીશ સહકારી મંડળીઓ ચાલુ કરી. અમરેલી જીલ્લા ઔદ્યોગિક સંઘના પ્રમુખ તરીકે, સહકારી સંઘમાં ઉપ પ્રમુખ તરીકે, ગુજરાત રાજ્ય ઔદ્યોગિક સંઘમાં સભ્ય તરીકે તાતણીયાના સરપંચ તરીકે એ બધા દરજ્જે સમાજવાદી વિચારધારામાંથી યશસ્વી કામ કર્યું. નાની ઉમરમાં 'બાપા' નું બિરુદ પ્રાપ્ત કર્યું. પોતાને હંમેશા અદના સેવક માન્યા છે. શ્રીમંતો પાસે કદી લાંબો હાથ કર્યો નથી. રાહત કમિટિઓમાં, શાળાઓના મકાનમાં, સંરક્ષણ ફંડોમાં, અનેક સામાજિક પ્રસંગોએ ઉમદા સેવા બજાવી છે.

**શ્રી દપુભાઇ ભુરાભાઇ સાવલીયાઃ**–ખાંભા પાસે વીસાવદરના વતની છે, વ્યવસાયે ખેતી પણ ગ્રામ્યપ્રજાના નિડર નેતા તરીકેના બધા જ લક્ષણો તેમનામાં જોવા મળ્યાં છે. ૧૯૩૭ થી વડોદરા રાજ્ય પ્રજા મંડળમાં (જાહેરજીવનમાં) પ્રવેશ કર્યો, દુષ્કાળ રાહત સમિતિના સભ્ય તરીકે, નાની બચત કમિટિમાં અગ્રસ્થાને, લેન્ડમોર્ટગેજ બેન્ક શાખા સમિતિના પ્રમુખ તરીકે, કો–ઓપરેટીવ બેન્કના ડીરેકટર તરીકે, ખેડુત મંડળના મંત્રી તરીકે, યશસ્વી કામગીરી બજાવી છે. હરિજનો પ્રત્યે પૂરો સદ્ભાવ અને કોમવાદ પ્રત્યે પૂરી નફરત છે. તેમની પ્રતિભાને લઇ વીસાવદર ગામમાં સંપ સહકારથી અને એક રાગથી કામ થાય છે. ૧૯૫૦થી સહકાર પ્રવૃત્તિના શ્રીગણેશ માંડયા. સ્વતંત્ર થયા પછી વડોદરા રાજ્યના અલગ વહીવટમાં તાલુકા સમિતિ, જિલ્લા સમિતિ અને પ્રદેશ સમિતિમાં તેમનુ સ્થાન હતું. એન્ટીકરપ્શનના માનદ અધિકારી તરીકે. જિલ્લામાં ડી. ડી બોર્ડના પ્રતિનિધિ તરીકે, સહકારી બેન્ક, કોંગ્રેસ કમિટિ તાલુકા પંચાયત વિગેરે અનેક ક્ષેત્રે તેમણે ઘણાજ આદરપૂર્વક નિષ્ઠાથી કામ કર્યું છે.

**શ્રી જયસિંહભાઇ સામતભાઈ પરમાર :–**

સૌરાષ્ટ્રમાં સહકારી પ્રવૃત્તિને સાચા અર્થમાં સમજી સદ્ધર પાયા ઉપર મૂકનાર પ્રણેતા શ્રી જયસિંહભાઈ કોડીનારના વતની છે. અભ્યાસ પડતો મૂકી ૧૯૩૦ના ધોલેરા સત્યાગ્રહથી જાહેરજીવનમાં પ્રવેશ કર્યો અને વખતોવખતની લોકલડતોમાં અગ્ર ભાગ ભજવ્યો આ પ્રદેશમાં સહકારી પ્રવૃત્તિના મંડાણ પણ તેમના હાથે થયાં. સ્થાપિત હિતો સામેના સંઘર્ષ વચ્ચે પણ ધીરજથી લોકોને બહાર કાઢયા અને સહકારી ક્ષેત્રે એક પછી એક કદમ ઉઠાવ્યા. ૧૯૩૨માં કોડીનાર બેન્કમાં નોકરીથી એમની કારકીર્દી શરૂ થઇ. બેન્કીંગ યુનિયનના મુખ્ય મેનેજર સુધીની કામગીરી બજાવી. ૧૯૫૮ પછી આ વિભાગમાં સહકારી ધોરણે ખાંડ ઉદ્યોગ ઉભો કરવામાં દિલ દઈને કામ કર્યું. કોડીનાર ખાંડ ઉદ્યોગ બોર્ડમાં સભ્ય તરીકે, તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે, જિલ્લા ઉત્પાદક સમિતિના પ્રમુખ તરીકે, તાલુકા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ તરીકે જિલ્લા કો–ઓપરેટીવ બેન્કના ડાયરેકટર તરીકે, એગ્રી. પ્રો. માર્કેટ કમિટિના પ્રમુખ તરીકે, કોડીનાર ખેડૂત કો–ઓપરેટીવ સોસાયટીના પ્રમુખ તરીકે નોંધપાત્ર સેવાઓ આપી છે. બે વર્ષથી જે. પી. નું બીરુદ મળ્યુ છે. કોડીનાર તાલુકા પશુસંવર્ધન નિધિ ફંડના ટ્રેઝરર તરીકે અને રાજ્યકક્ષાએ સીડઝ ફાર્મ કમિટિમાં તેમની સેવાઓ જાણીતી છે. સહકારી ક્ષેત્રે એક નવી ઓઇલ મીલ ઉભી કરીને ભારે સફળતા મેળવી છે. આ જિલ્લાનું ગૌરવ છે.

**શ્રી મનુભાઈ પુરુષોતમદાસ ચંદ્રેસા**

સૌમ્ય મૂર્તિ શ્રી મનુભાઇ વીરપુર (જલાબાપાનું) ના વતની છે. જાહેર જીવનના યશસ્વી કાર્યકર અને ગ્રામ્ય નેતા તરીકેના બધા જ ગુણો તેમનામાં જોવા મળ્યાં છે. તેમનું

નિવાસ સ્થાન અરજદારો માટેનું આશિર્વાદસમું સ્થળ ગણાયું છે. સત્તર વયની નાની ઉંમરથી રાષ્ટ્રિયતાનો રંગ લાગ્યો શ્રી મગનભાઇ ચંદ્રેસા વખતોવખતની લડતોમાં ભાગ લેતા હતા. તેનાથી એ કૌટુંબિક સંસ્કારોનું સિંચન તેમને પણ થયું. રાજકોટની લડતથી એમની કારકીર્દિની શરૂઆત થઈ. સ્વયંસેવક તરીકે કામ કર્યું ગાંધીમય વિચારો અને આધ્યાત્મિક વાંચનના જબરા શોખીન છે. વીરપુરમાં પોતાના ઓઈલ મીલના ધંધાની સાથે સામાજિક સેવાઓ માં તેમનો મૂલ્યવાન ફાળો છે. પંચાયતની સ્થાપના અને તેના સરપંચ તરીકેની કામગીરી, જેતપુર તાલુકા પંચયતના પ્રમુખ તરીકે જિલ્લા સહકારી બેન્કમાં ડાયરેકટર તરીકે, જિલ્લા સહ સંઘમાં અને જિલ્લા પ્રકાશન સહકારી સંસ્થા માં સભ્ય તરીકે, તાલુકા ખરીદ વેચાણ સંઘમાં, વિગેરેમાં તેમની યશસ્વી સેવાઓ નોંધાયેલ છે. ૧૯૬૧-૬૨ના ફલડ વખતે રામકૃષ્ણ આશ્રમની સહાયથી આ તાલુકામાં જહેમત નું કામ કર્યું. હરિજનો અને ભંગી કુટુંબોને જોઈતી મદદ અપાવી, જિલ્લા પંચાયતની યોજના અનુસાર આ તાલુકામાં ઘણું જ કામ કર્યું છે. દુષ્કાળ વખતે જેતપુર તાલુકામાં શ્રી ચંદેસાએ રાત- દિવસ જોયા સિવાય જહેમત ઉઠાવીને જે કામગીરી કરી તે ખરેખર દાદ માંગી લ્યે તેવા છે. વિરપુરમાં એ ટુ ઝેડ સુધીની બધી જ સવલતો ઊભી થવા પામી છે. જે તેમને અને ટીમ સ્પીરીટથી કામ કરતાં તેમના મિત્રોની આભારી છે.

**શ્રી રમણલાલ પ્રભુદાસ શાહ**:-સોરઠના જાહેરજીવન સાથે ૧૯૩૬ થી સંકળાયેલા અને વેરાવળમાં અગ્રણી ઉદ્યોગપતિ તરીકે જાણીતા થયેલા શ્રી રમણભાઇ અન્ડર ગ્રેજ્યુએટ થયેલા છે. તેમના પિતાશ્રી વિશે સારૂએ સૌરાષ્ટ્ર પરિચિત છે. આખુએ કુટુંબ સંસ્કારી અને કેળવાયેલું છે. રાજકોટ-સુરેન્દ્રનગર અને જુનાગઢ એ એમના જાહેર જીવનકામ દરમ્યાનના કાર્યક્ષેત્રો હરિજન પ્રવૃત્તિ અને દલિતોનું કામ કરવામાં મોખરે હતા. ઉચ્ચ વિચારો અને વાતાવરણ વચ્ચે તેમનો ઉછેર થયો. નવજીવન હરિજન બંધુ અને ગાંધીયન સાહિત્યના સતત વાંચનથી રાષ્ટ્રિયતાનો રંગ વધારે લાગતો ગયો. દક્ષિણ સિવાય દેશની અંદરના બધા જ ભાગોનું પરિભ્રમણ કર્યું છે. કસ્તુરબા મહિલા મંડળને આ કુટુંબ તરફથી સારૂં એવું ડોનેશન મળ્યું છે. ૧૯૪૭ પછી સૌરાષ્ટ્ર રાજ્ય વખતે મ્યુનિસીપાલીટીના પ્રમુખ તરીકે ૧૯૬૨ થી ૧૯૬૭ સુધી ધારાસભ્ય તરીકે કમીટીમાં કામ કર્યું છે.

**શ્રી જયવંતસિંહ જાડેજા :-** પૂ. નાનાભાઈ અને શ્રી મનુભાઈની લોકભારતી સંસ્થાના જુના કાર્યકર સર્વોદય વિચારધારાને વરેલા, કસાયેલા અને આયોજનની દૃષ્ટિએ સારી એવી વ્યવસ્થાશકિત ધરાવતા શ્રી જાડેજા મણાર સઘનક્ષેત્ર યોજનાના સંચાલક છે. તળાજા વિભાગના ઘણા ગામડાઓમાં ખાદી અને ગ્રામોદ્યોગની પ્રવૃત્તિને ગૂંજતી કરી છે. સહકારી પ્રવૃત્તિના વિસ્તૃત સંગઠન દ્વારા સંચાલન કરી રહ્યાં છે. તળાજાના જાહેરજીવન સાથે છેલ્લા ઘણા સમયથી સંકળાયેલા છે. રાજકારણના ચાલુ પ્રવાહોથી પૂરા વાકેફ છે. ઘણા જ વિચક્ષણ અને ભાવી નેતા તરીકેના લક્ષણો તેમનામાં જોવા મળ્યા છે.

**દુલાભાઇ આતાભાઈ :-**ભાદ્રોડના વતની અને સાત ગુજરાતી સુધીનો જ અભ્યાસ જાહેરક્ષેત્રે પંચાયત અને સહકારી પ્રવૃત્તિમાં ઘણા વર્ષોથી પડયા છે પણ મુરબ્બીઓ ને વિશ્વાસમાં લઈ ટીમસ્પીરીટથી કામ કરનારા યુવાન કાર્યકર છે. જિલ્લાલોકલબોર્ડના સભ્ય તરીકે, મહુવા ખ. વે. સંઘની કારોબારીમાં, પંચોળી આયર જ્ઞાતિની બોર્ડિંગ અને જ્ઞાતિના મંત્રી તરીકે, દુષ્કાળ વખતે સ્થાનિક મંત્રી તરીકે, મહુવા ખાદી બોર્ડની કમિટિમાં અને ખેડૂતોના જે તે પ્રશ્નોમાં સતત જાગૃત રહીને કામગીરી કરી છે. શ્રી દેવાયતભાઈ, આતાભાઇ અરસીભાઈ વિગેરે મુરબ્બીઓને વિશ્વાસમાં લઇ કામ કરે છે.

### શ્રી મગનલાલ સોમૈયા

મોરબીના જાહેરજીવનના ઘડવૈયા, તાલુકા કોંગ્રેસના સુકાની, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના પ્રણેતા, રાજકીય અને સામાજિક પ્રવૃત્તિઓના અધિષ્ઠાતા, મોરબી મ્યુનિસિપાલીટીના નગરપતિ અને બીજી અનેક સંસ્થાઓ માનવંતો હોદ્દો ધરાવતા શ્રી મગનભાઈ સોમૈયાની સેવાઓને લક્ષમાં લઈને ગુજરાત સરકારે તેમને જે. પી.નો ઇલકાબ આપ્યો નાનામાં નાના માણસને તેમની વાત સાંભળી-થઈ શકે તે બધુ જ કરી છુટવા જેઓ હમ્મેશા ઝંખતા રહ્યા છે. આતિથ્યસત્કારવાળા અને ઘણા જ પ્રેમાળ મુરબ્બી તરીકે આ પંથકમાં તેમની સેવાઓ જનહૃદયમાં કાયમ માટે ચિરઃસ્મરણીય રહેશે.

### શ્રી નવલભાઇ શાહ

એમનો જન્મ ૧૯૪૨માં ધંધુકામાં થયો હતો. નાની વયમાંથી જ જાહેરકામનો શોખ જાગેલો. અભ્યાસકાળ દરમ્યાન, વિદ્યાર્થી પ્રવૃત્તિ, વ્યાયામ પ્રવૃત્તિ, અભ્યાસ વર્તુળો વગેરેમાં સારો એવો રસ લીધેલો. ધંધુકામાં એક વિદ્યાર્થી સંમેલન પણ યોજેલું. ૧૯૪૨ ની લોકક્રાંતિમાં દેશના યુવાન સપૂતને છાજે તેવો ભાગ લીધો હતો.

**શ્રી** નવલભાઈ શાહે પોતાની કારકિર્દીની શરૂઆત શાળાના શિક્ષક તરીકે કરી હતી. સાથે સાથે હરિજન છાત્રાલયમાં પણ સમય આપતા હતા.

આ પછી ૧૯૫૪માં તેઓ ભાવનગરમાં આવીને રહ્યા અને ત્યારથી એટલે કે ચૌદ વર્ષથી આ જીલ્લાની એક યા બીજી પ્રવૃત્તિ સાથે સતત સંકળાયેલા રહ્યા છે. પાંચેક

વર્ષ સૌરાષ્ટ્ર મધ્યસ્થ પંચાયત મંડળમાં સેવા આપી કોંગ્રેસમાં સક્રિય કાર્યકર તરીકે જોડાયા. ત્યારપછી જીલ્લા વિકાસના માનદ મંત્રી તરીકે કામ કર્યું. પંચાયતીરાજ અમલમાં આવતાં આ જીલ્લાની શિક્ષણ સમિતિના ચેરમેન બન્યા. પોતે શિક્ષક તરીકે અનુભવ કરેલ હોઇ શિક્ષકોની મુશ્કેલી સારી રીતે સમજી શકતાં આ ઉપરાંત અમરગઢ ક્ષય નિવારણ હોસ્પીટલમાં પણ ત્રણ વર્ષ સુધી માનદ મંત્રી તરીકે કામ કરેલ.

૧૯૬૦માં અખીલ ભારત કોંગ્રેસ સમિતિનું અધિવેશન ભાવનગરમાં મળ્યું હતું. આવા મોટા અધિવેશન સમયે કાર્યાલય મંત્રી તરીકે તેમણે જે કામ કર્યું ત્યારે જ એમની વ્યવસ્થા શકિતનો સૌને પરિચય થયો. એમના એ કામની પ્રસંશા તો ગુજરાત સમિતિના મોવડીઓએ પણ મુકત કંઠે કરી હતી. અત્યારે જીલ્લા પંચાયતના પ્રમુખ છે.

**શ્રી ટપુભાઇ ઉનડભાઈ :-**

ખાંભા પાસે ડેડાણના વતની છે. ડેડાણની અનેક વિધ સામાજિક પ્રવૃત્તિ સાથે સંકળાયેલા છે. ડેડાણની સહકારી સંસ્થાના સુકાની છે. આસપાસના પંથકમાં તેમની હાક વાગે અનિષ્ઠ તત્વોને ડામવા હોય કે માથાભારે વ્યકિતઓની સાન ઠેકાણે લાવવાની હોય કે કોઈ પ્રસંગે ધાડુપાડુઓનો ભય ઉભો થયો હોય, ત્યારે શ્રી ટપુભાઈની શકિતનો પરિચય થયોજ હોય એ પંથકના રખેવાળ તરીકે તેમનું આગવુ સ્થાન છે. ચોરી લબાડી કરનારાઓ તેમનાથી દૂર ભાગે છે. પોતે ધાર્મિક વૃત્તિવાળા પણ છે. સેવા પૂજા વિગેરે તેનો નિત્યનો ક્રમ છે. સામાજિક કામોની પ્રગતિમાં આ કુટુંબનો ઘણોજ અનન્ય ફાળો રહેલો છે.

**શ્રી ચુનીલાલ ડી. વ્યાસ**

શિહોરમાં પોતાની યશસ્વી કારકીર્દિથી પ્રસિદ્ધિ પામેલા શ્રી ચુનીલાલ ડી. વ્યાસને તાજેતરમાં ગુજરાત સરકારે જે.પી.નો માનવંતો ઇલકાબ આપ્યો છે. તદ્દન તટસ્થભાવે, નિડરપણે સિહોરના સામાજિક પ્રશ્નોમાં વર્ષો સુધી સક્રિય પણે રસ લઇને સિહોરની પ્રજાના આશિર્વાદ પ્રાપ્ત કર્યા છે. ઔદિચ્ય જ્ઞાતિમાં તેમનું સારૂં એવું માનપાન છે. કોમી એકતા, હરિજન પ્રવૃત્તિ, ખાદી અને દારૂબંધી વગેરે અનેકવિધ રચનાત્મક પ્રવૃત્તિઓમાં મોખરે વેગ આપ્યો છે. ભૂતકાળમાં મુંબઇની જુદી જુદી કંપનીઓમાં કામ કર્યું. ઘણા માણસોના સંપર્કમાં આવ્યા—ઘણો અનુભવ મેળવ્યો. એ અનુભવનું મુલ્યવાન ભાથું આજની યુવાન પેઢીએ મેળવવા જેવું છે. કોંગ્રેસના રાજકારણથી માંડીને નાનામાં નાના પ્રશ્ન અંગેની તેમની સતત જાગૃતિ અને ઉંડુ જ્ઞાન ધરાવે છે. સિહોર અને જિલ્લાની કેળવણી વિષયનું તેમજ ધાર્મિક પ્રવૃત્તિઓમાં પણ તેમનું સારૂં એવુ પ્રદાન રહ્યું છે.

**શ્રી બાવચંદભાઈ ઉદાણી:-**

મૂળવતન ખડાધાર હાલ ખાંભામાં સામાજિક સેવાઓ આપી રહ્યા છે. ખાંભા ગ્રામ પંચાયતમાં શિક્ષણસમિતિના ચેરમેન તરીકે કામ કરેલ છે, ખાંભામાં વેપારીમંડળના પ્રમુખ તરીકે, કેળવણીમંડળના ઉપપ્રમુખ તરીકે, ખાંભા તાલુકા કોંગ્રેસ સમિતિના મંત્રી તરીકે, તાલુકા પંચાયતનાં ઉપપ્રમુખ તરીકે, એમ અનેક સ્થળે સેવા આપી રહ્યાં છે. જાહેર કાર્યકર તરીકે આગળ પડતું સ્થાન છે, હાઈસ્કુલમાં તેમજ અન્ય સંસ્થાઓમાં તેમનું દાન છે. જૈન ઉપાશ્રયમાં અને અન્ય ધાર્મિક પ્રવૃત્તિઓમાં તેમનો સારો એવો ફાળો રહ્યો છે. તાલુકાના નાનામોટા કામમાં તેમની સમયશક્તિનો ભોગ આપી રહ્યા છે. આ પંથકમાં જાહેર કાર્યકર તરીકેનું તેમનું સારૂ એવું વજન છે.

**શ્રી ભાસ્કરભાઇ ઠાકર:-**

મહુવામાં જૂદી જૂદી સહકારી સંસ્થાઓમાં આગળ પડતું સ્થાન ધરાવે છે, જનસંઘના મહુવા શાખાના સુકાની છે. તેમના પિતાએ પણ આઝાદીની લડતમાં અને મુંબઇના જાહેર જીવનમાં આગળ પડતો ભાગ લીધો હતો. શ્રી ભાસ્કરભાઈ સાથીઓનું સારૂ એવુ જુથ ધરાવે છે.

**શ્રી નારણભાઇ પ્રાગજીભાઇ પટેલ:-**

ગારીયાધાર મહાલના પરવડી ગામમાં એક સામાન્ય ખેડૂત કુટુંબમાં તેમનો જન્મ થયો. ખેતીવાડી અને પશુપાલનના તેમના ચાલુ વ્યવસાયમાં સાધારણ શિક્ષણ પ્રાપ્ત કર્યું પણ જાહેર કાર્યકર તરીકેના બીજ નાનપણથી રોપાયેલા હતા એટલે સમય જતાં તેમનું વ્યક્તિત્વ ખીલતું રહ્યું.

સ્વરાજ્યની વખતોવખતની લડતોમાં પૂ. શંભુદાદાની આગેવાની નીચે પ્રજામત જાગૃત કરી મહત્ત્વનો ભાગ લીધો હતો. શારીરિક શ્રમ કરવામાં તેઓ શરમ અનુભવતા નથી. કોંગ્રેસના કાર્યકર તરીકે ઘણા વર્ષોથી આ પંથકમાં તેમનું સારૂ એવું માન છે. આજે તેઓ ગારીયાધાર તાલુકા પંચાયતના પ્રમુખપદને શોભાવી રહ્યા છે. ગ્રામ્ય જનતાના અને ખાસ કરીને ખેડૂત જનતાના પ્રશ્નોનો એમને ખાસ રસ અને દિલચશ્પી હોવાથી જિલ્લાની ઘણી કમિટિઓમાં ખાસ રસ લઈને કામ કરી રહ્યાં છે.

સહકારી ક્ષેત્રે પણ તેમનું આગવું સ્થાન રહ્યું છે. તેમનો મિલનસાર સ્વભાવ, રમૂજી વૃતિ અને ખુલ્લા દિલની વાતચીતને પરિણામે ગારીયાધાર તાલુકામાં તેઓ સૌના સન્માનીય બની શકયા છે. જનતાના દિલમાં તેમનું ઘણું મોટુ સ્થાન છે. પ્રશ્નોને તેઓ ખૂબ ઝડપથી સમજી શકે

છે–જે સાચું લાગતું હોય તે કોઇની પણ શેહ શરમ રાખ્યા વગર તેઓ રજૂ કરે છે. તેમના નિડર વક્તૃત્વ અને ભ્રષ્ટાચાર સામેની તેમની સૂઝને કારણે અપૂર્વ ચાહના મેળવી છે. તાલુકાના ગામડાઓમાં ગોડાઉનો, શાળાઓના મકાનો, રસ્તાઓ વિગેરેમાં ધ્યાન આપ્યું છે. લેન્ડ મોર્ટગેઈઝ બોર્ડિંગો, દુષ્કાળ રાહત કમિટિમાં અને ભૂતકાળમાં મજૂર મહાજનમાં સારૂ એવું કામ કર્યું છે.

**શ્રી સુરગભાઇ કાળુભાઇ વરૂ.**

સૌરાષ્ટ્રના જાહેર જીવનના રાજકીય નકશા ઉપર એક નિષ્ઠાવાન ગરાસદાર તરીકેની ભાતીગળ સેવાની લાંબી કારકીર્દિ નજરે પડે છે. આખાબોલા અને સાચાબોલા, ભોળા અને નેકદીલ આદમી તરીકે જેઓ જાણીતા છે. જેમની આતિથ્ય સત્કારની ભાવના અને ઉદાર મનોવૃત્તિ ભૂલાતા નથી.

છેલ્લા પચીસ વર્ષથી વધુ સમયથી સેવાઓ બાબરીયાવાડમાં પથરાએલી પડી છે. ઘણું જ ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત કર્યું હોવા છતાં સાદગીભર્યું જીવન, ધાર્મિક ગ્રંથોનું વાંચન, અને ગ્રામ્ય વિકાસને અનુલક્ષીને કામ કરી રહ્યા છે.

પોતે રાજાશાહીમાં ફર્સ્ટકલાસ મેજીસ્ટ્રેટ હતા. નાગેશ્રીના વતની છે, પંચાયત અને સહકારી ક્ષેત્રે તેમનું સારૂ એવું માર્ગદર્શન સૌને મળતું રહ્યું છે.

જુનાગઢની આરઝી હકુમત વખતે જીવસટોસટના પ્રસંગોમાંથી બહાર આવીને પ્રધાન તરીકેની યશસ્વી કામગીરી બજાવી હતી. જનસેવાનું કાર્ય ખાંડાની ધાર જેવું કઠીન હોઇને તેમાં નિસ્વાર્થ બુદ્ધિથી જે કાર્ય કરે છે તેને હમેશા યશ પ્રાપ્ત થાય છે. તેમણે આ દષ્ટાંતથી પૂરવાર કરી આપ્યું. જાફરાબાદ તાલુકા ખ. વે. સંઘના પ્રમુખ તરીકે, નાગેશ્રી વિ. સહ. મંડળીના પ્રમુખ તરીકે, બરવાળા તાલુકામાં એક વખત ન્યાયધીશ તરીકે, સૌરાષ્ટ્ર રાજ્ય વખતે ધારાસભાના સભ્ય તરીકે, બંધારણ સભાના સભ્ય તરીકે, ૧૯૬૨ સુધી ગુજરાત ધારાસભાના સભ્ય તરીકે, અમરેલી જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ તરીકે તેમની સેવાઓ ભુલાય તેમ નથી.

તુલશીશ્યામ અને એવા ઘણા તીર્થધામો અને ધાર્મિક સ્થળો સાથે સંકળાયેલા છે. નાનામોટા ઝગડાઓમાં લવાદી તરીકે તેમની પસંદગી થતી રહી છે. રાજુલા પંથકમાં તેમની દોરવણી આશિર્વાદરૂપ બનેલ છે.

લોકસાહિત્યના પ્રખર અભ્યાસી છે. શૌર્ય અને સાહસની થોકબંધ વાતો તેમના મુખેથી સાંભળવી એ પણ એક લ્હાવો છે. તેમનો રોટલો ઉજળો છે કોઇ તેમને ત્યાંથી નિરાશ થયું નથી–ઘણા જ બાહોશ, નમ્ર અને પરોપકારી વ્યકિત તરીકેની સુંદર છાપ છે. સમાજ જીવનના ઘણાજ ક્ષેત્રોએ તેમણે એક યા બીજી રીતે યશ કીર્તિ પ્રાપ્ત કર્યા છે–જિલ્લાની જુદી જુદી કમિટિઓમાં અને જુદી જુદી સંસ્થાઓમાં માન–મોભો અને ગૌરવ ઘણા ઉંચા રહ્યા છે.

**શ્રી બાલુભાઇ મુળશંકર ત્રિવેદી**

પાલીતાણા તાલુકા પંચાયતમાં સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન તરીકે અને તાલુકા કોંગ્રેસ સમિતિના મંત્રી તરીકે જેઓ સેવા આપી રહ્યાં છે. ઘેટી ગામની પ્રત્યેક નાની મોટી પ્રવૃત્તિઓ તેમ વિકાસ અર્થે કરેલા આયોજનોમાં એમણે ઉંડો રસ લઇ વિવિધ ક્ષેત્રના નિષ્ણાતોને ઘેટીને આંગણે નોતરી ગામની પ્રગતિ સાધવાના પ્રયત્નો કર્યા છે. ઘેટી ગામના સરપંચ તરીકે, તાલુકા પંચાયતમાં કારોબારીના સભ્ય તરીકે, પાલીતાણા તા. સહ. ખ. વે. સંઘમાં વ્યા. ક. સભ્ય તરીકે, સહકારી મંડળી, દુષ્કાળ રાહત સમિતિ, કોંગ્રેસ ચુંટણી પ્રચાર સમિતિ વિગેરેમાં બેસી તેમની ફરજ પ્રસંગોપાત બજાવી છે. તેમની કાર્યશકિત અખૂટ છે. જેટલી ત્વરાથી તેઓ વિચારે છે એટલી જ ત્વરાથી પોતાના વિચારોને અમલી બનાવવા પ્રયત્નો કરે છે.

**શ્રીઅમૃતલાલ સુખલાલ શાહ**

ચોટીલાના ઓનરરી મેજીસ્ટ્રાટ શ્રી અમૃતલાલ સુખલાલ શાહ ઘણા વર્ષોથી જાહેર જીવનમાં પડેલા છે. ખાસ કરીને મૂંગા જાનવરો પ્રત્યે ઘણીજ અનુકંપા ધરાવે છે. દુષ્કાળ અને એવા કપરા પ્રસંગોએ ગામોના ઘાસચારા માટે અહિં તહીં દોડીને, ભારે પરિશ્રમ ઉઠાવી શ્રીમંતોને વિશ્વાસમાં લઈ નાણાની વ્યવસ્થા ઉભી કરવાની પ્રચંડ શકિત ધરાવે છે. ચોટીલા મહાજન સંસ્થાના પ્રમુખ તરીકે, અમૃતનગર કો–ઓપરેટીવ હાઉસીંગ સોસાયટીના સ્થાપક તરીકે, સુરેન્દ્રનગર કો–ઓ બેન્કના વાઇસ ચેરમેન તરીકે કોંગ્રેસ સમિતિના પ્રમુખ તરીકે, તેમજ અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓ સાતે સંકળાયેલા છે. હિન્દના ઘણા પ્રદેશોનું પરિભ્રમણ કર્યુ છે. ૧૯૪૩–૪૪માં બંગાળ છોડીને વતનમાં આવ્યા. પુત્ર પરિવાર ઘણાજ સુખી છે, ચોટીલાની પાંજરાપોળ સંસ્થાના ગોસેવક તરીકેનું બીરુદ પામ્યા છે.

**શ્રી કેસરીસિંહ ખોડભા સરવૈયા**

પાલીતાણા તાલુકાના કંજરડા ગામે ગીરાસદાર કુટુંબમાં તેમનો જન્મ થયો. ખેતી એમનો મુખ્ય વ્યવસાય પણ સ્વરાજ્ય પછીની નવી હવાએ યુવાન હૈયાઓને જે આકર્ષ્યા તેમાં તેમનું પ્રગતિશીલ માનસ પણ નિષ્ક્રીય થઈને બેસી રહે તેમ ન હતું. જાહેર જીવનની દિશામાં તેમની શક્તિને પૂર્ણ રીતે ખીલવવાની ઘણી તકો મળતી રહી. આજે પાલીતાણા તાલુકા પંચાયતના પ્રમુખપદે સેવા આપી રહ્યાં છે. ખેતી કે સહકારી ક્ષેત્ર પૂરતુ તેમનું મર્યાદીત ક્ષેત્ર નથી.

સામાજિક પ્રવૃત્તિઓના ચાલુ અંગોમાં પડવા કરતા, એના નવા નવા અંગો વિકસાવવાનું ધ્યેય તેમણે અપનાવ્યું છે. છેલ્લા દશકામાં કેટલીક સહકારી સંસ્થાઓને હસ્તીમાં આણીને એમણે એ ધ્યેયસિદ્ધિ ની દિશામાં સારી જેવી અને અને સંગીન આગેકૂચ કરી છે.

પાલીતાણા તાલુકા ખરીદ વેચાણ સંઘમાં, કોંગ્રેસ કમિટિમાં, લેન્ડમોર્ટગેઇજ બેન્કમાં તેમજ તાલુકા અને જિલ્લાની અન્ય કમિટિઓમાં સેવા આપી છે. ભાવનગર જિલ્લા પંચાયત સમાજ કલ્યાણ શાખાના પ્રમુખ તરીકે રહીને જિલ્લાના હરિજનોનું અને પછાત વર્ગનું ઘણુ કામ કર્યુ છે દુષ્કાળ રાહત કમિટિ, માર્કેટીંગ યાર્ડ વિગેરે સંસ્થાઓમાં તેમનું આગવું સ્થાન છે. કંજરડા ગ્રામ પંચાયતના સરપંચ તરીકે રહીને રૂા. એક લાખ ઉપરના ફાળો પ્રજાફાળા સામે કરેલ છે.

### શ્રી મનજીભાઇ ગોવીંદભાઇ

વાંકાનેર શહેરના સામાજિક સવાલોમાં અદભુત કામ કરી ભારે લોકચાહના મેળવનાર શ્રી મનજીભાઈ વાંકાનેરના જાહેર જીવનનું ધબકતું હૃદય સમાન છે. વાંકાનેર તાલુકા કોંગ્રેસના પ્રમુખ અને ગુજરાત માર્કેટીંગ કમિટીના સભ્ય તરીકે ગૌરવભર્યું સ્થાન ધરાવે છે. વાંકાનેર મ્યુનિસિપાલીટીના પ્રમુખ અને કામદાર સહકારી મંડળીના પ્રમુખ તરીકે તેમની વિશિષ્ટ સેવાઓ ધ્યાન ખેંચે તેવી છે. વાંકાનેરની શિક્ષણવિષયક, હોસ્પીટલ, સખાવતો ઇત્યાદિ પ્રવૃત્તિઓમાં આગેવાની ભર્યો ભાગ લેનાર શ્રી મનજીભાઇ એક કાપડ મીલમાં સર્વીસ કરતા હોવા છતાં શહેરની સામાજિક સંસ્થાઓના પ્રાણસમા છે. રાજ્યના અધિકારીઓ અને પ્રજા વચ્ચેના સુમેલભર્યા સબંધો સ્થાપિત કરવામાં શ્રી મનજીભાઇનો હિસ્સો ઘણો મોટો રહ્યો છે. વાંકાનેરની મહાજન સંસ્થામાં પણ તેમનું વજન પડે છે. સાંસ્કૃતિક પ્રકાશન પ્રવૃત્તિને પણ મોકળે મને જોઇએ તે પ્રોત્સાહક બળ આપ્યું છે શ્રી મનજીભાઈનું જીવન વિવિધલક્ષી છે, શહેરના એક મોભી તરીકે અવશ્ય સિદ્ધિ મેળવી છે તેના કરતા ઘણી જ વધારે તેમણે સંસ્કારક્ષેત્રમાં સેવા આપી છે. વ્યહવારિક અનેક કામગીરીનો બોજો હોવા છતાં સમાજ સેવાનો એક પણ અવસર જવા દેતા નથી. વાંકાનેરની ધાર્મિક પ્રવૃત્તિઓમાં અનન્ય ભાવે રસ લયે છે.

### શ્રી. અમૃતલાલ જેઠાલાલ બારોટ મહેસાણા

૧૯૩૮માં શાળાકીય શિક્ષણનો ત્યાગ કરી એમણે વહેપારી ક્ષેત્રમાં પ્રવેશ કર્યો. તે સમયે સાધારણ પાયા પર આરંભ કર્યો. અને મુંબઈ, કરાંચી. હૈદ્રાબાદ ઇત્યાદી શહેરોમાં ખેડાણ કર્યું. છેવટે ૧૯૩૮માં મહેસાણા ખાતે સ્થાયી વહેપાર શરૂ કર્યો. ધીમે ધીમે ધંધામાં વિકાસ સાધતા રહી ૧૯૫૭મા ગવર્નમેન્ટ કોન્ટ્રકટર તરીકે કામ કરવા લાગ્યા.

સને ૧૦૪૨થી જાહેર પ્રવૃત્તિમાં એમણે ઝંપલાવ્યું. એ માટે એમણે કોંગ્રેસ પક્ષને પસંદ કર્યો. પોતાના કાર્યથી લોકોનો પ્રેમ સંપાદન કરતા ગયા અને ૧૯૫૨માં મહેસાણા તાલુકા કોંગ્રેસના મંત્રી બન્યા.

૧૯૫૩થી ૧૯૬૦ સુધી મહેસાણા નગરપાલિકાના સભ્યપદ પર રહ્યા અને પોતાના સેવાક્ષેત્રને વિશાળ બનાવ્યું. આ સમય દરમ્યાન તેઓ નગરપાલિકાની વિજળી કમીટીના ચેરમેન પણ હતા. મહેસાણા શહેર અને જીલ્લાની જાહેર પ્રવૃત્તિમાં જેમ જેમ તેઓ ઊંડા ઊતરતા ગયા તેમ મજુર પ્રવૃત્તિ પ્રત્યે લગની લાગતી રહી. અને તેમાં વધુને વધુ રસ લેતા થયા. શ્રી. અમૃતલાલ વહેપારમાં સારી આમદાની કમાતા ગયા તેમજ ધનનો સદુપયોગ પણ કરતા રહ્યા છે. પ્રસંગોપાત કેળવણી, દેશદાઝ વગેરે કારણોસર યથાશક્તિ દાન-મદદ પોતે કરતા રહે છે. અત્યાર સુધી એમણે જે ઉલ્લેખનીય દાન કર્યાં છે તેની રકમ લગભગ આઠ હજાર જેટલી થવા જાય છે. એમાં નાનાં દાનનો સમાવેશ નથી. પોતાને કેળવણી પ્રત્ય વધુ રસ હોઈ લગભગ પાંચ હજારની રકમ તો એમણે મહેસાણાના સાર્વજનિક કેળવણી મંડળ અને ગુજરાતી શાળાના મકાન ફંડ માટે આપી છે.

### શ્રી ભુરાજી લાખાજી

કચ્છ વાગડમાં ભીમાસરના વતની પણ ઘણા વર્ષોથી પાલીતાણાને વતન બનાવ્યું છે. સ્વ. જોરસિંહ કવિ સાથે રહીને નાની ઉમરથી અદના સ્વયંસેવક તરીકે જાહેરકામોમાં સેવા આપી છે. જુનાગઢની આરઝી હકુમતમાં ભાગ લીધો હતો. ૧૯૪૨માં પાલીતાણામાં લાઠીચાર્જ થયો ત્યારે એકધારી સત્તર લાઠીના ઘા તેમણે જીલેલા-અડીખમ યોદ્ધાની માફક કરેંગે યા મરેંગે આંદોલનમાં મહત્વનો ભાગ લીધો હતો.

### શ્રી જાદવજીભાઈ ધનજીભાઇ પટેલ

જામનગર જિલ્લાના લાલપુરના વતની છે. પંચાયત અને સહકારી પ્રવૃત્તિમાં ઘણા વર્ષોથી સેવા આપી રહ્યાં છે. તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે છ વર્ષ સુધી સેવા આપી છે. લાલપુર સેવા સહકારી મંડળીના પ્રમુખ છે. બીજી ઘણી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.

### શ્રી જેરાજ અવિચળ પટેલ

મોરબી પાસે જેતપુરના વતની છે. છેલ્લા પંદરવર્ષથી જાહેરજીવનમાં સક્રિય રીતે કામ કરી રહ્યાં છે. સ્વરાજ્ય પછી પંચાયત અને સહકારીક્ષેત્રે દેશે જે હરણફાળ પ્રગતિ કરી છે. તેમાં તેઓ પણ આ બન્ને પ્રવૃત્તિમાં આગેવાની ભર્યો ભાગ લઇ રહ્યાં છે.

### શ્રી જાદવભાઇ રણછોડભાઇ પટેલ.

ગઢડા પાસે નિંગાળાના વતની શ્રી જાદવભાઈની પ્રગતિશીલ ખેડૂત તરીકેની કારકીર્દિ ઉપરાંત પંચાયત અને સહકારી ક્ષેત્રે પણ આગેવાન કાર્યકર છે. તાલુકાની સમાજ કલ્યાણ સમિતિના ચેરમેનપદે, તાલુકા સંઘના પ્રમુખપદે, નાનીબચત, દુષ્કાળરાહત અને સહકારી પ્રવૃતિઓના સુકાની તરીકે ઘણાં વર્ષોથી કામ કરે છે. જ્ઞાતિની ધારાધોરણ સભામાં મેમ્બર તરીકે અને અન્ય સામાજિક સેવાઓમાં હંમેશા મોખરે રહ્યાં છે.

### શ્રી પ્રાગજીભાઈ કાનજીભાઈ :-

ઈટવાયાના વતની શ્રી પ્રાગજીભાઇ કોંગ્રેસના એક અદના સેવક તરીકે રહીને સહકારી ક્ષેત્રે ઉના તાલુકામાં નવાયુગની એક નવીજ હવા ઉભી કરી રહ્યાં છે. ઈટવાયા સહકારી મંડળીમાં, ઉના તાલુકા ખ. વે. સંઘમાં, ઉના ખાંડ ઉદ્યોગ મંડળીમાં, ગુજરાત જમીન વિકાસ બેન્કમાં, માર્કેટીંગ યાર્ડમાં અને સામાજિક સંસ્થાઓમાં રહીને સેવા આપી રહ્યાં છે. ખેતીનો પોતાનો વ્યવસાય છે.

### શ્રી રણછોડદાસ કીકાભાઈ રૂપારેલ :-

મહુવાના વતની છે. કાશીવિદ્યાપીઠમાં અભ્યાસ કરી શાસ્ત્રીની ઉપાધી પ્રાપ્ત કરેલ છે. ૧૯૪૨ની વિદ્યાર્થીસેનામાં અને તે પછી ૧૯૪૭માં જુનાગઢ આરઝીહકુમતમાં જોડાઇને નાનપણથી જાહેરજીવનમાં પડેલા, રાજકીય પ્રવૃત્તિ અને સેવાવૃત્તિનો શોખ હોઈ મજુર અને ખેડૂત કલ્યાણની પ્રવૃત્તિમાં રચ્યાપચ્યા રહેતા, મહુવા મ્યુનિસિપાલીટીમાં સભ્ય અને પ્રમુખ તરીકે રહી શહેરના વિકાસમાં સુંદર ફાળો આપ્યો છે. નાગરિકબોર્ડના પ્રમુખ તરીકે, મેડીકલ બોર્ડના ચેરમેન તરીકે અને પોર્ટ એડવાઈઝરી બોર્ડના સભ્ય તરીકે તેમની સેવાઓ જાણીતી છે. મહુવા કેળવણી સહાયક સમાજ, ગ્રામનિર્માણ સમાજ, સર્વોદય મકાન બાંધકામ સહ. મંડળીમાં સારો એવો રસ લ્યે છે.

સૌરાષ્ટ્રના ઈમારતી લાકડાના આગેવાન વ્યાપારી શ્રી કીકાભાઇ પ્રભુદાસ રૂપારેલના પુત્ર છે. તેમનું કુટુંબ ઘણુજ કેળવાયેલું અને સુખી છે.

### શ્રી નટવરલાલ સી. ઠાકોર

સાબરકાંઠા જિલ્લાના બાયડ ગામના વતની છે. બચપણથીજ રાજકારણનો રંગ લાગ્યો અને નાના મોટા કાર્યક્રમોમાં પોતાની શક્તિ પ્રદર્શિત કરતાં રહ્યાં જેના પરિણામે તેઓ ઇડર સ્ટેટ પ્રજાકીય મંડળ બાયડ શાખાના પ્રમુખ તરીકે, બાયડ તાલુકા કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને ગુ. પ્રા સમિતિના ડેલીગેટ તરીકે, બાયડ તાલુકા સ્વતંત્રપક્ષના પ્રમુખ અને ડેલીગેટ તરીકે, બાયડ તાલુકા ખ. વે. સંઘના ચેરમેન તરીકે, બાયડ નાગરિક સહકારી શરાફી મંડળના ચેરમેન તરીકે, બાયડ કેળવણી મંડળના મંત્રી તરીકે, મોડાસા, બાયડ માર્કેટ કમિટિના મેમ્બર તરીકે, સાબરકાંઠા જિલ્લા લોકલબોર્ડના મેમ્બર તરીકે, જિલ્લા વિકાસ મંડળના મેમ્બર તરીકે, અને બીજી અનેક સંસ્થાઓને ભૂતકાળમાં સેવા આપી અને આજે પણ ચાલુ છે. આર્થિક મુશ્કેલીઓ વચ્ચે પણ જાહેરજીવનમાં ટકી શકયા છે જે તેમની ભાવનાનો પરિચય કરાવે છે.

### શ્રી દયાશંકર વિશ્વનાથ ત્રિવેદી

મહેસાણાના જાહેર કાર્યકરોમાં પ્રથમ પંકિતમાં જેમણે માન મેળવ્યું છે તે શ્રી દયાશંકરભાઇ ત્રિવેદી છેલ્લા ઘણા વર્ષોથી સમાજસેવાની પ્રવૃત્તિમાં પોતાના સમય શકિત ખરચી રહ્યાં છે. ૧૯૪૨ થી ૧૯૪૮ સુધી મહેસાણા તાલુકા પ્રજામંડળના મંત્રી તરીકે ઘણું યશસ્વી કામ કર્યું, મહેસાણા તાલુકા કોંગ્રેસના મંત્રી તરીકે છ વર્ષ, ૫૨ થી ૫૭ સુધી જિલ્લા કોંગ્રેસના મંત્રી તરીકે ૫૭ થી ૬૬ સુધી જિલ્લા વિકાસ મંડળના માનદમંત્રી તરીકે અને કેટલોક સમય જિલ્લા કોંગ્રેસના ઉપપ્રમુખ તરીકે નોંધપાત્ર સેવા આપી છે.

૧૯૬૩ થી પંચાયતી રાજ્યની શુભ શરૂઆત થતાં મહેસાણા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે બીનહરીફ ચુંટાયા અને સાથીઓને વિશ્વાસમાં રાખી લોકસેવાની જ્યોતને જલતી રાખી–આ જિલ્લામાં સહકારીક્ષેત્રે પણ તમનો અટલો જ હિસ્સો રહ્યો છે. મહેસાણા તાલુકા ખ. વે. સંઘના મંત્રી તરીકે, ચાર વર્ષ સતત જિલ્લા ખ. વે. સંઘના પ્રમુખ તરીકે, દૂધ ડેરીની સ્થાપનાથી કારોબારીના સભ્ય તરીકે, અને હાલ ઉપપ્રમુખ તરીકે, જમીન વિકાસ બેન્ક મહેસાણાના પ્રતિનિધિ તરીકે રહીને લોકપ્રિયતા ઉભી કરી છે. પોતાના વતન પીડામાં એ–ટુ–ઝેડ સુધીની બધી જ સુવિધાઓ ઉભી કરવામાં ઘણો શ્રમ લઇને લાખ ઉપરાતના કામો કરાવ્યા છે. આખા હિન્દનો પ્રવાસ કર્યો છે અને ઘણો જ અનુભવ ધરાવે છે.

### શ્રી રવજીભાઇ ભગવાનજીભાઇ પટેલ :-

માણાવદરના વતની છે. મેટ્રીક સુધીનું શિક્ષણ પામ્યા છે. સામાજિક કાર્યકર તરીકે અને સેવા ભાવી કર્મચારી તરીકેની સુંદર છાપને લઇ લોકપ્રિયતા મેળવતા રહ્યાં માણાવદર ગુમાસ્તામંડળના પ્રમુખ તરીકે, માણાવદર કોટન એન્ડ સીડઝ મરચન્ટ એસોસીએશનના સેક્રેટરી તરીકે, ઇન્ડીયન ટેલીફોન ડીપાર્ટમેન્ટ કર્મચારીમંડળ માણાવદરના પ્રમુખ તરીકે માણાવદર નગરપાલીકાના ઉપસભાપતિ તરીકે તેમજ શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ખૂબજ રસ ધરાવે છે. બહેનો માટેની સીવણવર્ગશાળા જોડીયામાં અને ભાઇઓ માટેની જીવનશાળા ગઢડામાં ઉપરની બન્ને શાળામાં કોઇપણ ભાઇબ્હેનની આર્થિક સ્થિતિ નબળી હોય તો સહાનુભુતિ બતાવી પોતે ઘટતુ કરી આપે છે.

### શ્રી રામસિંહભાઇ નારણભાઈ વાળા

શ્રી બીલેશ્વર ખાંડ ઉદ્યોગ સહકારી મંડળીના પ્રણેતા શ્રી રામસિંહભાઇ વાળા કોડીનાર તાલુકાના કડોદરા ગામના વતની છે. નાનપણથી જ રાષ્ટ્રીયતાના રંગે રંગાયેલા છે. સમાજસેવાના કામમાં તેમનું સારૂં એવું પ્રદાન છે.

સ્વરાજ આવ્યા પછી સહકારીક્ષેત્રે જે શ્રીગણેશ મંડાયા તેમાં કોડીનાર તાલુકો મોખરે ગણાશે.

શરૂમાં પછાત ગણાતા કોડીનાર તાલુકાના ગરીબી તેમ જ દેવામાં સબડતા કૃષિકાર ભાઇઓની આર્થિક બાજુ સદ્ધર બનાવી પરસ્પરની સહકારી ભાવનાથી યાંત્રિક ખેતી દ્વારા આર્થિક ઉત્કર્ષ સાધવા માટેના ઉદ્દેશ્યથી સહકારી ક્ષેત્રમાંથી રામસિંહભાઇએ પ્રવેશ કર્યો. જે વખતે સહકારી ભાવના પ્રત્યે ઉચ્ચ વર્ગના લોકોની સુગ, તેમ જ કૃષિકાર ભાઈઓની અજ્ઞાનતા બદલ ઘણી મોટી મુશ્કેલીઓ અને ઝંઝાવતોનો સામનો કરવો પડયો. પરંતુ જેમ જેમ સહકારી પ્રવૃત્તિના શુભ પરિણામો આવતા ગયા તેમ તેમ લોકોનું આકર્ષણ આ પ્રવૃત્તિ તરફ ખીલ્યું. પોતે એમ સ્પષ્ટ માને છે કે એકવાર સહકારી સાહસ ખેડી સહકારી સફળ નમૂનો ઉભો કરવામાં આવે તો લોકો ખૂબ જ પ્રમાણમાં આકર્ષાય છે.

શ્રી રામસિંહભાઈની મૃદુતા, કુશળતા અને પ્રશ્નોને પાર પાડવાની ધગશની સાથે તેમનામાં મક્કમતાનો રણકો પણ છે. તેઓ આધુનિક ભાવના અને આદર્શોને અપનાવતાં રહ્યાં છે. તેઓ ઘણી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે જેવી કે–શ્રી બાલેશ્વર ખાંડ ઉદ્યોગ સહકારી મંડળી, શ્રી કોડીનાર તાલુકા કો–ઓપરેટીવ બેન્કીંગ યુનિયન, કોડીનાર તાલુકા સહ. ખરીદ વેચાણ સંઘ, કોડીનાર તાલુકા કો–ઓપરેટીવ એગ્રી. પ્રોડક્યુસ માર્કેટ કમિટિ, કોડીનાર તાલુકા પંચાયત, શિક્ષણ સમિતિ, કડોદરા કૃષિ વિ. વિ. કા. સહ મંડળી, ગુજરાત રાજ્ય સહ. ખાંડ ઉદ્યોગ સંઘ, ગુજરાત વિદ્યુત મંડળ રાજકોટ સર્કલ, વિગેરે.

પોતે દૃઢપણે માને છે કે કાર્યકરોમાં ખંત, નિષ્ઠા અને પ્રમાણીકતા હોય તો સહકારી પ્રવૃત્તિ અવશ્ય સફળ થાય છે. કોડીનાર તાલુકામાં શ્રી રામસિંહભાઈનું માર્ગદર્શન ઘણું ઉપયોગી બની રહે છે.

### શ્રી ગણપતભાઇ જેઠારામ ઠાકર

ખેડા જિલ્લાના કઠલાલ ગામના વતની હોઇ ધંધાર્થે છેલ્લા પચાસ વર્ષથી માલુ ગામને પોતાનું વતન બનાવ્યું છે. અને અહિં અનેકવિધ જનસેવાના તથા ગ્રામઉત્કર્ષના કામો કરી ગામની તેમ જ તાલુકાની જનતાનો પ્રેમ સંપાદન કર્યો છે.

ગામના નાનામોટા સાર્વજનિક કામો જેવા કે ગ્રામ પંચાયત, સહકારી મંડળી, શાળા, પુસ્તકાલય, દેવમંદિર વિગેરે કામોમાં ઉમંગથી ભાગ લઈ જે ફરજ બજાવી છે તેનાથી ગામલોકોએ તેમનું બહુમાન કર્યું છે. તેમની અનેકવિધ જાહેરસેવાની કદરરૂપે ગુજરાત સરકારે તેમને જે.પી.નો ઇલકાબ આપ્યો અને યશકલગીમાં વધારો કર્યો. ખેતીવાડી ક્ષેત્રે પણ તેમનું સારૂં એવું પ્રદાન રહ્યું છે. જે બદલ ગામલોકો ગૌરવ અનુભવે છે.

### શ્રી ભાણભાઇ ડોસલભાઇ

કડીયાળીના વતની અને રાજૂલા તાલુકા પંચાયતના સુધીની શ્રી ભાણભાઇએ આરઝી હકુમતથી માંડીને જાહેર જીવનની બધીજ પ્રવૃત્તિઓમાં આગળ પડતો ભાગ લીધો છે. પંચાયત અને સહકારી ક્ષેત્રે તેમનું માર્ગદર્શન ઉપયોગી નિવડયું છે. દુષ્કાળરાહત સમિતિથી માંડીને જૂદી જૂદી કમિટિઓમાં માનવંતુ સ્થાન ધરાવે છે. આ જીવન કોંગ્રેસ કાર્યકર છે.

### શ્રી હસમુખરાય હરજીવનદાસ દોશી

ઉનાના વતની છે ખેતી અને વ્યાપાર સાથે સંકળાયેલા છે છતાં જાહેર જીવનમાં ઘણા વર્ષોથી રસ લઇ રહ્યાં છે. ઉના તાલુકા પંચાયતમાં સામાજિક કાર્યકર તરીકે, જિલ્લા પંચાયતના સભ્ય તરીકે, ઉના માર્કેટીંગ યાર્ડમાં સભ્ય તરીકે, ઉના પાંજરાપોળના ટ્રસ્ટી તરીકે, ઉના જૈન સંઘના ટ્રસ્ટી તરીકે, ઉના જુથ મંડળીના સભ્ય તરીકે, ચેમ્બર ઓફ કોમર્સના સભ્ય તરીકે, ભૂતકાળમાં મ્યુનિસિપાલીટીના કાઉન્સીલર તરીકેથી માંડીને સાર્વજનિક છાત્રાલયના સંચાલનમાં રસ લઇ રહ્યાં છે. ઘણી જ નાની ઉંમરથી વ્યાપારધંધાનો અનુભવ મળતો જૈન પેઢીમાં અને નાના મોટા ફંડફાળાઓમાં હમેશા મોખરેજ હોય ઉનાના આગેવાન કાર્યકર તરીકે તેમનું સારૂ એવું માન છે.

### વિજયકુમાર સંઘવી

સમાજવાદી વિચારધારાને વરેલા અને કોંગ્રેસમાં દાખલ થયેલા નવા યુવાન લોહીમાં મહુવા તાલુકાના તરેડના વતની શ્રી વિજયકુમાર સંઘવી ઉત્સાહી યુવાન કાર્યકર છે. પંચાયત અને સહકારી ક્ષેત્રે નાનપણથી જ રસ લેતા–રાજકીય ક્ષેત્રે શ્રી જસુભાઈ, શ્રી છબીલભાઈએ તેમને હુંફ આપી અને નિડર કાર્યકર તરીકે તેમનું વ્યક્તિત્વ નાની વયમાંજ ઉપસી આવ્યું. મહુવા તાલુકા પંચાયતની કારોબારીમાં, મહુવા ખ. વે. સંઘમાં, જિલ્લા સહ. બેન્કની મહુવા શાખામાં, કોંગ્રેસ સંસ્થાના સક્રિય આખાબોલા અને સ્પષ્ટ વકતા તરીકે જાણીતા થયેલા છતાં ગરીબો તરફની પૂરી સહાનુભૂતિવાળા અને રાત દિવસ જેયા સિવાય અદમ્ય ઉત્સાહથી કામ કરનાર શ્રી વિજયકુમાર ચુંટણીઓની વ્યુહ રચનાના અચ્છા જાણકાર છે.

### શ્રી નારણભાઇ ગઢીયા

માંગરોળ પાસે શીલના વતની છે. ઘણા વર્ષોથી જાહેર-જીવનમાં પડયા છે. જનસેવાની લગનીએ નાની ઉંમરથી લોકસંપર્ક અને પ્રશ્નોની ઉંડી સમજ ધરાવે છે. માંગરોળ તાલુકામાં તેમની લોકપ્રિયતાએ તેઓ ધારાસભ્ય તરીકેનો માનવંતો હોદો ભોગવી રહ્યાં છે. ઘણી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. પંચાયત અને સહકારી ક્ષેત્રે પણ તેમનું ઘણું મોટું પ્રદાન રહ્યું છે. નાનામોટા સામાજિક સવાલોમાં પોતાની બુદ્ધિશકિતના તેમણે દર્શન કરાવ્યા. ઘણા જ મહેનતુ અને અન્યને ઉપયોગી બનતા રહ્યાં છે.

### શ્રી નારણભાઇ ભગવાનભાઇ બારડ

કોડીનાર તાલુકાના દેવળી ગામના વતની છે. ૯ ગુજરાતી સુધીનોજ અભ્યાસ છતાં પણ કોડીનાર પંથકમાં કેળવણી, આરોગ્ય, અને સામાજિક ક્ષેત્રે જેમની સેવાઓ મહેકતી રહી છે. કોડીનાર તાલુકા ખાંડ ઉદ્યોગ સહકારી મંડળીના ડાયરેકટર, કોડીનાર તા. સ. ખ. સંઘના ડાયરેકટર, કોડીનાર તા. ખેતીવાડી બજાર સમિતિના ઉપપ્રમુખ, કોડીનાર તા. સહકારી બેંક યુનીયનના ડાયરેકટર કોડીનાર તાલુકા સર્વોદય મંડળના પ્રમુખ તેમજ દેવળી વિ. કા. સ. લી. ના ડાયરેકટર તથા જીલ્લા સહકારી બોર્ડના ડાયરેકટર, ઉપરોક્ત સંસ્થાઓમાં હાલમાં સ્થાન શોભાવીને યશસ્વી કામગીરી કરી રહ્યાં છે.

કોડીનાર તાલુકા કોંગ્રેસના મંત્રી તરીકે, ત્યાર પછી પ્રમુખ અને અમરેલી જિલ્લા કોંગ્રેસના મંત્રી તરીકે, તેમજ જિલ્લા સહકારી બોર્ડમાં ઉપપ્રમુખ તરીકે કાર્યકરેલ છે.

તેમની પ્રગતિમાં મુખ્ય ભાગ ભજનાર સ્વ. શ્રી ભગવાનભાઇ ભાભાભાઇ બારડ આ તાલુકાના નિસ્વાર્થ આગેવાન હતા. અને પ્રજાના કલ્યાણમાં રસ લીધો હતો. તેમજ જીલ્લાના મુક સેવક સ્વ. શ્રી બાબુભાઇ ભટ્ટ જાળીયા વાળાએ સેવા કરવાની પ્રેરણા આપી, અને આજ તાલુકાની પ્રજાની સેવા કરવામાં પોતાની શક્તિ દિવસ રાત વાપરી રહ્યાં છે.

### શ્રી દેવાયતભાઇ કાળુભાઈ વરૂ

નાગેશ્રી ગ્રામપંચાયતના સરપંચપદે પંદર વર્ષ સુધી કામ કરીને સારા એવા માન અને આદર મેળવ્યા છે. આમ તો પેઢીદરપેઢીથી તેમનું કુટુંબ એ વિભાગમાં આબરૂદાર અને આગેવાન કક્ષાનું ગણાયું છે. બાબરિયાવાડના વિકાસ અને ઉત્થાન માટે આ કુટુંબનો મૂલ્યવાન ફાળો રહ્યો છે. જુનાગઢે પાકિસ્તાન સાથે જોડાવાનું નક્કી કર્યું ત્યારે તેમણે બાબરીયાવાડના ગરાસદારોની આગેવાની લઈને જુનાગઢ સામે બંડ પોકારેલું અને બાબરિયાવાડને જુનાગઢથી છુટુ પાડવા સફળ ઝુંબેશ ઉપાડી તેમની ક્રાંતિકારી પ્રવૃત્તિથી જુનાગઢ ચોંકી ઉઠયું–આ લડતને દાબી દેવા પોલીસદમન લાદવામાં આવ્યું છતાં પણ પોલીસને થાપ આપી એક જ રાતમાં ઘોડા ઉપર ફરીને ચાલીશ ગામના ગીરાસદારોની સહીઓ લીધી અને આ અરજી ઉપરથી ભારત સરકારે બાબરિયાવાડનો સ્વતંત્ર રાજ્ય તરીકેનો દરજ્જો સ્વીકારીને લડતને નમતું આપ્યું આ સિદ્ધિ નાનીસુની ન જ ગણાય.

પ્રચંડ વ્યકિતત્વને જ આ બધું આભારી ગણી શકાય

બાબરીયા જ્ઞાતિ સુધારણા કામને પણ એટલો જ તેમણે સમય આપીને ઘણી મોટી સેવા બજાવી ખોટા રીતરીવાજો નાબુદ કરાવ્યા. નવા જમાના સાથે તાલબદ્ધ રીતે ચાલવા, કેળવણી ઉપર ખાસ ભાર મૂકવા, તન, મનથી કામ કરતા રહ્યાં છે. રાજકીયક્ષેત્રે ૧૯૬૧થી જાફરાબાદ તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે રહીને ઉપરાંત તાલુકા અને જિલ્લાની જુદી જુદી કમિટિઓમાં રહીને સારૂં એવું કામ કર્યું છે.

બાબરિયાવાડમાં તેમનો માન મરતબો અને પ્રતિષ્ઠા સોળે કળાએ ખીલી ઉઠયા છે.

### શ્રી વીરપુતસાઈ ત્રીભુવનદાસ મહેતા :–

માંગરોળના લોકસેવકશ્રી મહેતા ઉપલેટાના વતની અને ગુજરાત વિદ્યાપીઠના સ્નાતક બનેલા છે. છેલ્લા ૩૮ વર્ષથી બાલશિક્ષણ ક્ષેત્રમાં એક ધારી રીતે કામ કરે છે. વચ્ચે પંદરેક વર્ષ બાલમંદિર સાથે બાલઅધ્યાપન મંદિર પણ ચલાવ્યું હતું. બસો જેટલા બહેનોને બાલશિક્ષણની તાલીમ આપી આજે સૌરાષ્ટ્રના ઘણા ગામોમાં આ બ્હેનો બાલ-શિક્ષણનું કામ કરી રહી છે. બાલશિક્ષણ ઉપરાંત વિદ્યાર્થી મંડળ, પુસ્તકાલય, હિન્દી પ્રચાર અને એવી બીજી અનેક-વિધ પ્રવૃત્તિઓમાં જીવન ગુંથાઇ ગયેલું છે. વિદ્યાર્થી પ્રવૃત્તિ ઉપરાંત માંગરોળ તાલુકાની વિવિધ પ્રવૃત્તિઓનું કેન્દ્ર તેમની સંસ્થા બની ગઇ છે. અસ્પૃશ્યતા સિવાય ખાદી ગ્રામોદ્યોગ પ્રચાર, સહકારી પ્રવૃત્તિ, વિકાસ કાર્ય, સહકારી અને બીન સહકારી અનેક મંડળો અને સંઘો તેમના નેતૃત્વ નીચે ચાલી રહ્યાં છે. તેમની સેવાઓને લક્ષમાં રાખી ગુજરાત સહકારે જે પીનો ઇલ્કાબ આપ્યો છે. નાનપણમાં રાષ્ટ્રિય આગેવાનો પાસે શિક્ષણ અને જાહેર સેવાના કામોની દોરવણી મળી. ચળવળમાં ભાગ લીધો જેલયાત્રા ભોગવી ગુજરાત વિદ્યાપીઠના સ્નાતકની પદવી મળ્યા પછી એક ધારા ૩૮ વર્ષથી બાલશિક્ષણમાં ખૂંપી ગયા છે. પોતાના જીવનમાં મીશનની સ્પીરીટથી કામ કરતા રહ્યાં છે, મીશનની ધૂનમાં સમગ્ર જીવન કઈ રીતે પસાર થયું તેનો પણ તેને કદી ખ્યાલ રહ્યો નથી તેમનું જીવન હંમેશા ધન નિરપેક્ષ રહ્યું છે.

**શ્રી ભોવાનભાઇ ઠાકરશીભાઇ**

માણાવદરના વતની છે. ત્રણ ગુજરાતીનોજ અભ્યાસ હૈયાઉકલત અને સેવા ભાવનાથી માણાવદર નગરપંચાયતના સભાપતિ તરીકે સેવા આપી રહ્યાં છે. નાનામોટાના ભેદભાવ વગર સૌની સાથે સમાનતાથી વર્તન રાખી શહેરના હિતને સાચવવા સતત પ્રયત્નશીલ રહ્યાં છે. તેમની સાદાઈ અને સરળતા પ્રશંસાને પાત્ર છે.

**શ્રી ધીરજલાલ કુંવરજી શાહઃ—**

તળાજા તાલુકાના પરતાપરા ગામના વતની છે. નાની વયથીજ પંચાયત તથા સહકારી પ્રવૃત્તિમાં રસ લ્યે છે, પરતાપરા ગામના સરપંચ અને સહકારી મંડળોના પ્રમુખ તરીકે સુંદર કામગીરી બજાવી છે. પોતાના વહીવટ દરમ્યાન શાળા, સ્મશાન છાપરી, રસ્તાઓ વિગેરે કામો કરાવ્યા છે. પોતાને ત્યાં પ્રગતિશીલ ખેતી અને ખેતીના નવા નવા અખતરા કરી આજુબાજુના વિસ્તારમાં દાખલો બેસાડ્યો છે તાલુકાક્ષેત્રે સમાજ કલ્યાણ કમિટિના ચેરમેન અને આરોગ્ય કમિટિના ચેરમેન તરીકે તેમની કાર્યદક્ષતા જાણીતા છે. ધાર્મિક પ્રવૃત્તિઓમાં પણ એટલોજ રસ દાખવે છે. ઝાંઝમેરના જૈન મંદિરનો જિર્ણોદ્ધાર કરવામાં પૂરો રસ લીધો–શાન્તી-સ્નાત્ર તથા અઢાર અભિષેક કરવામાં રાત દિવસનો શ્રમ લઈ પ્રસંગને દીપાવ્યો હતો.

**શ્રી શાંતિલાલ કાનજીભાઈ મોદી**

મોટા ખુંટવડાના વતની અને હાલ મહુવામાં કાપડનો વ્યાપાર કરતા શ્રી શાન્તુભાઈ મોદીએ ૧૯૪૨ ની ભારત છોડો આંદોલન વખતે જેલયાત્રા ભોગવી હતી, ગાંધીવિચાર દ્વારા લોકશાહી સમાજવાદની પ્રક્રીયા મુજબ લોકકલ્યાણની પ્રવૃત્તિની લગની લાગી–મહુવા તાલુકા ગ્રામનિર્માણ સમાજ, ખુંટવડા ગ્રામપંચાયત, યુવક મંડળ, તાલુકા પંચાયત, જિલ્લાપંચાયત, સહકારી પ્રવૃતિ વિગેરેમાં ઘણા વર્ષોથી આગળ પડતો ભાગ લઈ રહ્યાં છે.

**શ્રી લક્ષ્મણસિંહ પૂંજાભાઈ:-**

કોડીનાર તાલુકાના દેવળી ગામના વતની છે, બી.એ., એલ.એલ. બી. એડવોકેટ થએલા અને હિન્દી વિનીત–સેવક પાસ થયેલા શ્રી લક્ષ્મણસિંહભાઇ વકીલાતને ક્ષેત્રે કામ કરી રહ્યાં છે. કારડીઆ રાજપૂત સમાજના એક સામાન્ય ખેડૂત કુટુંબમાંથી સૌપ્રથમ એડવોકેટ બનનાર શ્રી લક્ષ્મણ-સિંહ તાલુકામાં કિસાનો અને મઝદૂરોમાં જાગૃતિ લાવવા સતત પ્રયત્નશીલ રહ્યાં છે.

**શ્રી ઓઘડભાઇ ભગવાનભાઇ બાવડ:-**

કોડીનાર તાલુકાના દેવળી ગામના વતની છે. સામાન્ય અભ્યાસ, પણ આગેવાન પ્રગતિશીલ ખેડૂત છે. કોડીનાર સહકારી યુનિયન બેન્કના ઉપપ્રમુખ તરીકે, દેવળી વિ. કા. સહ. મંડળીના પ્રમુખ તરીકે, કોડીનાર ખરીદ વેચાણ સંઘના ડાયરેકટર તરીકે, અમરેલી જિલ્લા પંચાયતના સભ્ય તરીકે, અમરેલી જિલ્લા સહકારી સમિતિના પ્રમુખ તરીકે તેમની ઘણી મોટી યશસ્વી સેવાઓ આ જિલ્લામાં જાણીતી છે.

**શ્રી જીવાભાઇ જેઠાભાઇ કેશવાલા**

મૂળ દ્વારકાનું ઈતિહાસિક બીરૂદ ધરાવતા વિસાવાડા તેમનું મૂળ વતન છે. અટંકી ખડતલ અને ખમીરવાળી મહેરકોમના સમગ્ર સદ્ગુણના પ્રતિક સમા શ્રી કેશવાલા થોડુ ભણીને ખેતીમાં જોડાયા ૧૯૪૭માં જુનાગઢની આરઝી હકુમતમાં ઝંપલાવ્યું. પછી તો જાહેર જીવનમાં સોપાનો ચડતા ગયા. વિસાવાડા ગ્રામપંચાયતના સરપંચપદે બીન હરીફ ચુંટાયા ત્યારથી એમની કારકીર્દીનો પ્રારંભ થયો. ૧૯૫૭ થી ૬૨ સુધીમાં રૂપીયા બે લાખ રૂા. નો ફાળો કરી વિકાસના કામો કરાવી બીજા નંબરની પંચાયત તરીકે ત્રણ હજાર રૂપીઆનું ઈનામ મેળવવા સદ્ભાગી બન્યા દુષ્કાળના વખતમાં, ચીની આક્રમણ વખતે, અને બીજા અનેક પ્રસંગોએ ફંડફાળાઓમાં મોટી રકમ ઉભી કરીને જ્વલંત દૃષ્ટાંતો પૂરા પાડયા છે. હોમગાર્ડઝ સહકારી પ્રવૃત્ત અને અન્ય પ્રવૃત્તિઓમાં તેમનું યશસ્વી પ્રદાન રહ્યું છે.

**શ્રી કાન્તિલાલ ઇશ્વરલાલ પટેલ**

અધાર ગામે બાવીસ વર્ષ જેટલી નાની ઉંમરે તેઓશ્રી ગ્રામપંચાયતના સરપંચશ્રી તરીકે ચુંટાઇ આવ્યા. પાંચ પાંચ વર્ષની મુદત સુધી સરપંચશ્રી તરીકેની યશસ્વી કામગીરી બજાવી. ગામના વિકાસની અનેકવિધ પ્રવૃત્તિઓ કરી.

અધાર ગૃપ કો. ઓ. કોટન જીનીંગ એન્ડ પ્રેસીંગ સોસાયટીનું સર્જન રામપુરા મુકામે કર્યું અને તેનું મેને-જીંગ ડીરેકટર તરીકેનું સ્થાન સંભાળ્યું. આ સ્થાન ઉપર તેઓશ્રીએ આઠ વર્ષ સુધી સેવાઓ આપી સુંદર કામગીરી બજાવી છે. હાલમાં તેઓશ્રી આ સંસ્થાના ચેરમેન તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેઓશ્રીની સહકારીક્ષેત્રે તાલુકાના એક અનુભવી માર્ગદર્શક અને યુવાન સહકારી કાર્યકર તરીકે ગણના થાય છે. પંચાયતી રાજ્યના પ્રારંભમાં તા. પં. ઉત્પાદન સમિતિના ચેરમેન તરીકેની મહત્વની ફરજો સંભાળી હતી. ખેતીવાડી ખાતાના નિષ્ણાત કર્મચારીઓ કરતાં પણ વિશેષ માહિતિ અને જ્ઞાનનું સંપાદન કરી પોતાના ઘરને જ જાણે ખેતીવાડીની પ્રયોગશાળા બનાવી મેળવેલા વ્યવહારીક અનુભવનો ખેડૂત સમાજમાં બહોળો ફેલાવો કરી ઉત્તમ માર્ગદર્શન આપ્યું છે. હાલમાં તાલુકા પંચાયતના પ્રમુખશ્રી તરીકે છેલ્લા વર્ષથી બબ્બે વખત સર્વાનુમતે તથા બીનહરીફ ચુંટાઈ આવી ઉજ્જવળ કાર-કીર્દીનું સોપાન સર કર્યું છે. તથા લોકપ્રિયતાની ઉત્તમ પ્રતિતિ કરાવી છે.

**શ્રી રણછોડભાઈ શનાભાઇ સોલંકી**

તેમનો જન્મ ક્ષત્રિયકોમમાં નડીયાદ તાલુકાના મહોલેલ ગામમાં થયો સહકારીક્ષેત્રે સહકારી દુધમંડળીમાં સેક્રેટરી તરીકે ૧૯૫૨થી ૧૯૬૦ સુધી આકર્ષક કામ કર્યું આણંદ મ્યુનિસિપાલીટીમાં મ્યુ. કાઉન્સીલર તરીકે બે વખત ચુંટાયા ૧૯૬૩ થી ૧૯૬૭ સુધી આણંદ તાલુકા કોંગ્રેસ કમિટીના સેક્રેટરી તરીકે સેવા આપી. ૧૯૬૩ થી ૧૯૬૮ ઓનરરી મેજીસ્ટ્રેટ તરીકે કામ કર્યું–૧૯૬૮ પછી પણ સરકારે તેમને જે.પી. તરીકે ચાલુ રાખ્યા. ખેડા જિલ્લામાં ક્ષત્રિય સેવાસમાજની સંસ્થાના ઉપપ્રમુખપદે આણંદમાં ચાલતી સેવાસહકારી મંડળીના ચેરમેનપદે, તાલુકા કક્ષાએ મોટા ભાગની તમામ સંસ્થાઓમાં સભ્ય તરીકે, આણંદ તાલુકા કોંગ્રેસ સમિતિ તરફથી જીલ્લાના ડેલીગેટ તરીકે એમ ઘણી જગ્યાએ તેમની સેવાઓ છે.

**શ્રી પુરૂષોતમભાઈ જેરામભાઈ વડીયા**

રાજુલા તાલુકાના બારપાણાના વતની છે. ચૌદ વર્ષ સુધી સરપંચપદે રહીને ઉજ્જવળ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી છે. હજુ પણ સરપંચપદે ચાલુ છે. સહકારી ક્ષેત્રે અઢાર વર્ષથી કામગીરી શરૂ છે. કોટડી, કાતર તથા જાળકા મંડળીના સહકારી પ્રતિનિધિ તરીકે આજે ચાલુ છે.

૧૯૬૧થી રાજુલા તાલુકાના પ્રતિનિધિ તરીકે જિલ્લા-પંચાયત મંડળમાં વહીવટી કમિટિમાં રહીને યશસ્વી સેવા બજાવી હતી. ૧૯૬૮થી ૧૯૬૯ સુધી તાલુકા પંચાયતમાં સમાજ કલ્યાણના ચેરમેનપદે રહીને લોકચાહના મેળવેલ છે. રાજુલા ખ. વે સંઘમાં આઠ વર્ષ સુધી રહ્યાં. ૧૯૫૧ થી કાંગ્રેસ સંસ્થાના ક્રિયાશીલ સભ્ય તરીકે ચાલુ છે. તુલસીશ્યામના વહીવટમાં મહત્વનો હોદ્દો ધરાવે છે. મહંત શ્રીએ તેમને રેવન્યુ કાગળ ઉપર મુખત્યારનામુ લખી આપ્યું છે કે જગ્યાના વહીવટમાં યોગ્ય નિર્ણય તેઓ લઇ શકે છે.

**શ્રી પોલાભાઇ ભગવાનભાઇ બારડ**

સહકારી ક્ષેત્રે ઘણા વર્ષોની જેમની સેવાઓ પડી છે તે શ્રી પોલાભાઈ મીતીયાજના વતની છે. ગરીબ ખેડુત કુટુંબમાં તેમનો જન્મ અને ઉછેર થયો હોવાને કારણે સ્વયં પ્રેરણાથી અભ્યાસમાં ઉત્તરોત્તર આગળ વધવાની લગની લાગી. જૂનાગઢની બહાઉદ્દીન કોલેજમાં ૧૯૫૭ માં હીસ્ટ્રી પોલીટીકસના વિષયો સાથે બી. એ. ની પરીક્ષા બીજા વર્ગમાં પસાર કરી સહકારી પ્રવૃત્તિના વધુ શિક્ષણ અર્થે પૂના કો–ઓપરેટીવ ટ્રેઇનીંગ કોલેજમાં એક વર્ષનો કોર્સ કરી એચ. ડી. સી. માં તાલીમ લઇ બીજા વર્ગમાં પરીક્ષા પસાર કરી, કોડીનાર તાલુકામાં બેન્કીંગ યુનિયન જે નમૂનેદાર સહકારી સંસ્થા તરીકે ભારતભરમાં મશહુર છે તેના મેનેજરપદે છેલ્લા દશવર્ષથી સતત યશસ્વી કામગીરી બજાવતા રહ્યાં છે. આધ્યાત્મિક વિચારોથી પૂરા રંગાયેલા છે–દેશના વિકાસમાં સહકારી પ્રવૃત્તિને તેઓ મહત્ત્વનું સાધન ગણે છે.

**શ્રી રજબઅલી વસાયા**

બોડાના પંચાયત અને સહકારી પ્રવૃત્તિના સુકાની નવયુવાન શ્રી રજબઅલી વસાયા ગ્રામવિકાસની અનેકવિધ યોજનાઓને સાકાર કરવાના મનોરથો બચપણથી સેવતા રહ્યાં છે. સ્વ. વેણીભાઇની ગેરહાજરીનું સૌને ઉંડુ દુઃખ હતું છતાં હૃદયમાં હામ ભીડી, સૌને સાથે રાખી આદર્શ ગામડું બનાવવા કમર કસી–મુંબઈનિવાસી દાનવીરો પાસેથી માતબર દાન મેળવી બોડાના પાદરે આયુર્વેદિક દવાખાનું, પ્રસુતિગૃહ પાકા રસ્તાઓ, શાળાઓના વધુ ઓરડા, શિક્ષક કવાર્ટર્સ, ફેમીલી પ્લાનીંગ સેન્ટર વિગેરે કામો શરૂ કરાવ્યા. પાણી પુરવઠા યોજના, ઇલેકટ્રીસીટી વિ. જેવા કામોની યોજના તૈયાર કરાવી–ગામમાં સુલેહ સંપ જળવાય તેવાં અને સૌ સાથે મળી ગામાયત કામોમાં રસ લ્યે તવા સતત પ્રયત્નો કરી રહ્યાં છે.

**શ્રી ભીમજી વાલજી ઠક્કર**

કચ્છના જાહેરજીવનમાં શ્રી ભમજીભાઇ ઠક્કરનું સારૂ એવું સ્થાન છે. સને ૧૯૬૦માં ખાવડા પંચાયતની સ્થાપના થઈ ત્યારથી આજસુધી સરપંચ તરીકે સેવા આપી રહ્યાં છે. સને ૧૯૬૩માં પંચાયતી રાજ્ય થતાં શ્રી ભૂજ તાલુકા શિક્ષણ સમિતિના અધ્યક્ષ તરીકે ચાર વર્ષ સુધી સેવાઓ આપી. સને ૧૯૬૭થી ભૂજ તાલુકા પંચાયતના ઉપપ્રમુખ તરીકે અને બીજી અનેક સંસ્થાઓમાં સેવા આપી રહ્યાં છે. ગુજરાત સરકાર તરફથી સને ૧૯૬૩થી ઓનરરી મેજીસ્ટ્રેટ તરીકે થયેલી નિમણુક આજસુધી ચાલુ છે.

**શ્રી કાન્તીલાલ હીરાલાલ શાહ**

વડોદરા જિલ્લાના કરજણ ગામના શ્રી કા. હી. શાહનું નામ મોખરે છે. ગામની સામાજીક તથા શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે આપ વર્ષોથી સંકળાયેલા છો. ગામની સમૃદ્ધિ તથા આબાદીમાં તેમની સેવાઓનો નોંધપાત્ર ફાળો છે. પ્રાથમિક કક્ષાનું શિક્ષણ ધરાવતા હોવા છતાં પણ પોતાની હૈયાસૂઝ અને સાહસિક વૃત્તિથી તેઓ ઠીક ઠીક પ્રગતિ કરી શકયા છે. હાલ ત્યાંની સુધરાઈના સલાહકાર છે. ગુજરાત સરકારે તેઓનું બહુમાન કરીને તેમને બીજાવર્ગના માનદ્ ન્યાયાધીસની પદવી આપી છે.

**શ્રી પ્રવિણચંદ્ર મ. મહેતાઃ--**

પંચમહાલ જિલ્લાના લુણાવાડા તાલુકાના પાન્ડરવાડાના વતની શ્રી પ્રવિણચંદ્રભાઇએ ૧૯૬૧ થી સંયુક્ત વેપારની શરૂઆત કરી. સાથે સાથે સામાજિક પ્રવૃત્તિઓમાં પણ યથાશકિત ભાગ લેતા રહ્યાં. ૧૯૬૧ થી ૧૯૬૩ પાંડરવાડા નવચેતન યુવક મંડળના સેક્રેટરી તરીકે, ૬૩ થી ૬૫ તે મંડળના પ્રમુખ તરીકે–૧૯૬૫ થી પંચાયતમાં શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે, ૬૬ થી સરપંચ તરીકે, તાલુકા પંચાયતની ઉત્પાદન સમિતિમાં, સહકાર અને નાના ઉદ્યોગ સમિતિમાં, ખાનપુર વિભાગ વિકાસ મંડળની સ્થાપનાથી માંડી મંત્રી તરીકના વહીવટમાં અનન્ય સેવા જાણીતી છે.

### શ્રી કનૈયાલાલ યશવંતરાય જોષીઃ-

ભરૂચ જિલ્લાના માલણપુર ગામમાં સુખી મનાતા શ્રી યશવંતરાય જોષીના ખેડૂત કુટુંબમાં તેઓનો જન્મ થયો. છોટુભાઈ પુરાણીના સંપર્કમાં આવતા ગામના સ્વયંસેવક બન્યા. સન ૧૯૩૬ માં મુંબઇ વિદ્યાપીઠના ખેતીવાડીના સ્નાતક થઈ નોકરી ન સ્વીકારતા બાપદાદાની ખેતી સંભાળી. રાષ્ટ્રીય ચળવળોમાં મોખરે રહ્યા. કોંગ્રેસ તથા સહકારી સંસ્થામાં સક્રિય રસ લીધો. ૧૯૫૧ માં માલણપુર ગ્રામ-પંચાયતની સ્થાપના કરી. ૧૯૪૯ માં મુંબઇ રાજ્ય ખાર જમીન વિકાસ મંડળના સભ્ય થયા. ૧૯૫૫ માં મુંબઈ સરકારે તથા ૧૯૬૦ પછી ગુજરાત સરકારે તેમને માનદ્ ન્યાયાધીશ નીમ્યા. ૧૯૬૨ અને ૧૯૬૭ માં ધારાસભ્ય, તાલુકા કોંગ્રેસમાં સક્રિય રસ લઇ પ્રજાની યથાશક્તિ સેવા કરી.

### શ્રી પુરૂષોત્તમ ભવાનભાઇ પટેલઃ-

જુનાગઢ જિલ્લાના 'ફાટસર' ગામમાં તેમનો જન્મ થયો હતો. પ્રાથમિક શિક્ષણ મેળવ્યા બાદ કૌટુંબિક પરિસ્થિતિને લીધે ઘરની ખેતી સંભાળી. કોંગ્રેસના જુના કાર્યકર છે. ગામ-તાલુકા અને જીલ્લાની પ્રજાની ઉમદા સેવા બજાવી છે. ઉના તાલુકામાં ખાંડના કારખાનાના ડાયરેક્ટર તરીકે સફળ સંચાલન કર્યું હતું. ગામની સમસ્ત સામાજિક તથા રાજનૈતિક પ્રવૃત્તિઓમાં મહત્વનો ભાગ લીધો છે. તેઓની સેવાપરાયણતાથી પ્રભાવિત થઇ ગુજરાત સરકારે તેમને માનદ્ ન્યાયાધીશ બનાવ્યા છે.

### શ્રી રત્નસિંહ ગણપતસિંહ મહિડા

શ્રી રત્નસિંહ મહીડાની જન્મભૂમિ સૂરત છે, પણ કર્મભૂમિ ભરૂચ છે. ઉત્સાહપૂર્વક માધ્યમિક શિક્ષણ લઇ કોલેજમાં જવાના સ્વપ્નો સેવતા. મહીડા નાણાંકીય અભાવને લીધે ઉચ્ચશિક્ષણ ન પામી શકયા. કેટલોક સમય રાજપીપળા રાજ્ય કુમારના સચિવ તરીકે કામ કર્યું પણ દિવાન સાથે સંઘર્ષ થતાં રાજીનામું આપી દીધું હતું. શિક્ષકનો તેમનો આત્મા કકળી ઉઠયો. તેમણે સ્વતંત્રપણે બાલમંદિર શરૂ કર્યું, ને ટયુશન કરી જીંદગીને નવી દિશામાં વાળી. ૧૯૪૨થી જાહેરજીવનો આરંભ થયો ત્યારે મુસલમાનો ભિલઆદિવાસીઓની સ્ત્રીઓને વટલાવવાની પ્રવૃત્તિ કરતા હતા. જેનો રાજ્ય સામે થઇ તીવ્ર વિરોધ કર્યો. જ્ઞાતિમાં પણ સામાજિક સુધારાનો નાદ જગવ્યો. સુધારા માટે કેટલાક નાટકો લખ્યા તેમજ સફળતાપુર્વક ભજવ્યા પણ ખરા. ૧૯૪૬ માં માડી ડાહ્યાભાઈ નાકના નેતૃત્વ નીચે ભીલ સેવાસંઘની પ્રવૃત્તિ ઉપાડી લીધી. ખેડૂતોને પણ ગણોતધારાજ મહત્વ સમજાવ્યું. ગરીબ છાત્રો માટે ભણવાની ઉતમ વ્યવસ્થા કરી. શિક્ષણક્ષેત્ર બાલમંદિરથી માંડી રાજપીપળામાં આટર્સ કોલેજ તથા વિજ્ઞાન કોલેજો પણ ખોલી પ્રજાની ઉચ્ચ શિક્ષણની ભૂખ સંતોષવા ભગીરથ પ્રયત્નો આદર્યા અને પોતાને રહી ગયેલો વસવસો (ઉચ્ચશિક્ષણક્ષેત્રે) આ રીતે પૂરો કર્યો તેઓ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના સેનેટ તથા સિન્ડીકેટના સભ્ય છે. નાંદોદ તાલુકા પંચાયતના પ્રમુખ થઇ પોતાની લોકપ્રિયતા પૂરવાર કરી. ચિકિત્સાલયો શરૂ કરી પ્રજાના આરોગ્યને સુધાર્યું. છેલ્લે નર્મદારેલ સંકટમાં પણ પ્રચંડ પુરૂષાર્થો દ્વારા પ્રજાની ચાહના સ્થાયી કરી. શ્રી મહિડાની સેવાપરાયણ મનોવૃત્તિએ ભરૂચ જિલ્લાના વિકાસ સાધવામાં અગ્રગણ્ય ફાળો આપ્યો છે.

### શ્રી ગોકળદાસ કરસનદાસ મહેતાઃ-

ગુજરાત, સૌરાષ્ટ્ર તથા મુંબઇની શૈક્ષણિક સંસ્થાઓમાં ગુજરાતી ભાષા તથા અન્ય ભાષા અને ગણિતના મહાનશિક્ષક તરીકે શ્રી મહેતા મહત્વની સેવા બજાવી ચૂકયા છે. તેઓ આચાર્ય તથા શિક્ષકજ નથી એક અચ્છા અદબી પણ છે. તેમણે ધાર્મિક ગ્રન્થોને લોકોની ભાષામાં ઉતારવાના આશયથી ગીતાં ને ગઝલના ઢાળમાં લખી છે. સંસ્કૃતમાં પણ કાવ્યો અને ગ્રંથો લખ્યા છે. તેમણે છેલ્લા ચાર દાયકાથી શિક્ષણક્ષેત્રે પોતાની અમૂલ્ય સેવા આપી છે. ગાંધીજીના જીવનને સંસ્કૃત શ્લોકોના માધ્યમ દ્વારા રજુ કરવાનો તેમણે મહાન પ્રયત્ન આદર્યો છે. હાલ તેઓ શ્રીમદ્ ભાગવત કથાનો ગ્રંથ હરિગીત છંદમાં ગુજરાતીમાં ઉતારી રહ્યા છે. મહાન શિક્ષક વિદ્વાન તથા લેખક હતા કે તેમણે જીવનને ઉજ્જવળ બનાવ્યું છે.

### શ્રી દુદાભાઇ કુંભાભાઇ

કોડીનાર તાલુકામાં કારડીયા રાજપૂત કુટુંબો ઘણી મોટી સંખ્યામાં વસે છે અને ખેતીના પ્રામાણિક વ્યવસાયમાં પડેલા છે. તેમનો આતિથ્ય સત્કાર અને સાધુસંતો તરફનો ભક્તિભાવ અસ્ખલિત વહેતો રહે છે. પોતાની આગવી સૂઝ અને દીર્ઘદૃષ્ટિને કારણે કારડીયા રાજપૂત બંધુ એસોસીએશનના પ્રમુખ તરીકે, કોડીનાર બેન્કીંગ યુનીયનના ડાયરેકટર તરીકે, તાલુકા ખરીદ વેચાણ સંઘના ડાયરેકટર તરીકે, સરખડી સેવા સહકારી મંડળીના પ્રમુખ તરીકે અને બીજી ઘણી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.

### શ્રી નાનજીભાઇ માવજીભાઇ વ્યાસ

શ્રી નાનજીભાઈ નાનાજાદરા પીત સહકારી મંડળીના પ્રમુખ તથા નાનાજાદરા સેવાસહકારી પ્રમુખ, મહુવા માર્કેટીંગયાર્ડના સભ્ય, જમીન વિકાસ બેન્ક મહુવા શાખાના સભ્ય, નાનાજાદરા પંચાયતના સભ્ય, તાલુકા પંચાયતમાં કાર્યકર તરીકે, તથા તાલુકા સમાજ કલ્યાણ સમિતિના ચેરમેન તરીકે કામ કર્યું છે. ભાવનગર ગ્રામ સુધારણા ફંડમાં સભ્ય તરીકે, તેમજ જ્ઞાતિના મંત્રી તરીકે કામ કરી રહ્યાં છે.

### શ્રી નરસિંહ હિંમતસિંહ ચૌહાણ

તેઓ છોટા ઉદેપુર નગર પંચાયતના સભાપતિ છે. ત્યાંની લાયન્સ ક્લબના પ્રમુખ છે. હાલ ખેતીવાડીનું કામ કરે છે. આ વર્ષે તેમને ગુજરાત સરકાર તરફથી માનદ્ મેજીસ્ટ્રેટની પદવી એનાયત કરવામાં આવી છે.

### શ્રી નારણજી વસનજી દેસાઈ

વલસાડ જીલ્લાની આગેવાન વ્યક્તિમાં શ્રી નારણભાઈની ગણના થાય છે. વાપી તથા પારડીની અનેક સરકારી, અર્ધ સરકારી તથા બિન સહકારી સંસ્થાઓ સાથે તેઓ ઘણા વર્ષોથી સંકળાયેલા છે. વાપીના ગ્રામપંચાયતના માજી સરપંચ તરીકે ૨૩ વર્ષથી સેવા આપી છે. ગુજરાત સરકારે તેમને માનદ્ ન્યાયાધીશ નીમ્યા છે. ૧૯૪૨માં 'હિંદ છોડો' ની લડતના ઠરાવના ઘડવૈયા તરીકે સુરતમાં તેમણે આગળ પડતો ભાગ ભજવેલ.

### શ્રી મોહનલાલ ખેતશીભાઈ પરીખ

બનાસકાંઠા જિલ્લાના થરાદગામને વિકસાવવામાં શ્રી મોહનભાઈનો ફાળો અત્યંત મહત્વનો છે. થરાદની સામાજીક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં તેમણે સક્રિય રસ લીધો છે. જુદા જુદા વ્યવસાયનો એમને સારો અનુભવ છે. થરાદમાં લોકોપયોગી કામો કરી જનતાની સારી ચાહના મેળવી છે. ગુજરાત સરકારે તેમને માનદ ન્યાયાધીશની પદવી આપી છે. અમદાવાદ અને થરાદ જોડતા ધોરીમાર્ગ ઉપર વાહન વ્યવહારનો પ્રશ્ન ઉકેલી પ્રજાના વિકાસમાં સારો એવો ફાળો આપ્યો છે.

### શ્રી ચીમનભાઇ પરસોતમ પટેલ

ચીમનભાઈનો જન્મ વલસાડ જિલ્લાના રાનકુવાગામમાં આદિવાસી કુટુંબમાં થયો હતો. સન ૧૯૪૫ માં મુંબઈ યુનિવર્સિટીની બી. એ.ની ઉપાધિ મેળવી અભ્યાસકાળ દ મિયાન શ્રી વિષ્ણુપ્રસાદ ત્રિવેદી જેવા પ્રખર સાક્ષરનો પ્રેમ સંપાદિત કર્યો. સુરતના અનાવિલ વિદ્યાર્થી આશ્રમમાં રહી વિદ્યાકાળ દરમિયાન જીવનના વિકાસ માટે અનિવાર્ય સેવા સદ્દગુણો અને સત્યાચારિત્ર્યનું પાથેય બાંધ્યું. સંજોગોના કપરા દબાણ હેઠળ બ્રિટીશ રાજ્યની નોકરી સ્વીકારી પણ પછાત કોમના હોવાથી અન્યાયનો ભોગ બનતા રહ્યા. આની સ્વમાન ખાતર નોકરીને તિલાંજલી આપી કુટુંબીજનોનાં મેણાં ટોણાં સહનકરી લીધા પણ સ્વમાનભેર પોતાના સમાજની નિઃસ્વાર્થ સેવા કરવાનું વ્રત ચાલુ રાખ્યું. ૧૯૫૧માં પ્રજા સમાજવાદી પક્ષમાં જોડાયા પણ જ્યારે કોંગ્રેસે લોકશાહી સમાજવાદના સિદ્ધાંત સ્વીકાર્યા ત્યારે તેઓ કોંગ્રેસમાં જોડાયા ત્યારથી આજદિન સુધી ગામમાં તાલુકામાં તથા જિલ્લામાં કોંગ્રેસની ટીકીટ ઉપર વિજયી બની પ્રજાની સેવા કરી. ૧૯૬૮થી તેઓ માનદ મેજીસ્ટ્રેટ તરીકે સેવા આપી રહ્યા છે. રૂડવેલ વિભાગના કેળવણી મંડળના મંત્રી તરીકે પણ સેવા આપી છે. તેઓ સન ૧૯૫૮થી મહાદેવ દેસાઇ સ્મારક ટ્રસ્ટ, નવજીવન કાર્યાલય, અમદાવાદના વેતનધારી સેવક છે.

### શ્રી ધીરજલાલ મોહનલાલ શેઠઃ-

ભરૂચ જિલ્લાના હાંસોટ ગામના રાષ્ટ્રભક્તિના રંગે રંગાયેલા શ્રી ધીરજલાલ શેઠ ગુજરાતના પ્રખર દેશભક્ત શ્રી અંબુભાઈ પુરાણીના હાથ નીચે ઘડાયેલા ઉત્સાહી અને ધગશવાળા કાર્યકર છે. સન ૧૯૩૦ તથા ૧૯૪૨ની રાષ્ટ્રીય ચળવળોમાં તેમણે આગળ પડતો ભાગ લઈ બ્રિટીશ સરકારની ખફગી વહોરી લેવામાં હર્ષ અને ગર્વ અનુભવ્યા હતા. દાંડીકુચ પછી તેઓ કોન્ગ્રેસના સક્રિય કાર્યકર થયા. તેમણે કોંગ્રેસના મહાલના કામમાં થતી સહકારી પ્રવૃત્તિઓમાં પણ આગળ પડતો ભાગ ભજવ્યો હતો. સન ૧૯૨૧ થી સહકારી ગ્રામ્ય મંડળીઓ સાથે ગાઢ રીતે સંકળાયેલા છે. સહકારી મંડળીઓમાં કપાસના ઉત્તમ જાતના બી, વાવેતર તથા ખેતીનું કામ કરી ઊંચી જાતિનું રૂ પેદા કરી ખેડૂતોને આબાદ બનાવ્યા.

### શ્રી ગોકળદાસ ચુનીલાલ પટેલ:—

વડોદરા જિલ્લાના ચેલામલી ગામના પ્રતિષ્ઠિત આગેવાન છે. પ્રાથમિક શિક્ષણ લીધું છે. છોટા ઉદેપુરમાં પ્રજા સેવા સંઘના મંત્રી હતા. જંબુગામ તાલુકા તથા વડોદરા જિલ્લા પંચાયતનાં અગ્રગણ્ય કાર્યકર હતા જમીન વિકાસ બેંક ઉત્પાદન સમિતિ, સહકારી મંડળી વગેરે પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર સેવા કરી છે. ખેતીમાં ખૂબ રસ છે. ૧૯૬૫થી આજ દિન સુધી સરકારે માનદ મેજીસ્ટ્રેટ બનાવ્યા છે.

### નાગરદાસ ગાંધી

ભાવનગર જિલ્લાના ઢસા ગામમાં પૂ. સ્વ. શ્રી દરબાર સાહેબની પ્રેરણાએ જીવનમાં વિકાસના બીજ વાવ્યા, નાનપણથી તેમણે રાષ્ટ્રીયતાની જ ભેખ લીધી હતી. તેથી જ રાજકારણ કરતાં રચનાત્મક પ્રવૃત્તિને વધુ મહત્વની ગણી જીવનમાં અપનાવી લીધી.

સન ૧૯૪૫ તથા ૧૯૪૬માં તેઓ પૂજ્ય મહાત્માજીનું સાનિધ્ય મેળવવા ભાગ્યશાળી થયા સેવાગ્રામમાં પૂજ્ય બાપુના નજીક આવી જીવનને નવી જ દિશામાં વાળ્યું. રાષ્ટ્રીય અને રચનાત્મક પ્રવૃત્તિના માધ્યમ દ્વારા આધ્યાત્મિક ક્ષેત્રમાં કેવી રીતે જઈ શકાય તે પૂજ્ય બાપુના જીવનમાંથી શીખ્યા. ગ્રામદક્ષિણામૂર્તિ આંબલામાં પણ સેવા કરી સર્વોદયના પૂજ્ય બાપુના સિદ્ધાંત તેમને અવિચલ શ્રદ્ધા છે. ખાદીગ્રામોદ્યોગ, બાલપ્રવૃત્તિ, સહકારીક્ષેત્ર, ખેતી ગોપાલન તથા અન્ય રચનાત્મક કાર્ય કરી ગ્રામજીવનમાં જીવનના દિવસો સુખેથીપસાર કરી રહ્યા છે.

## શ્રી છોટુભાઈ મહેતા

જાફરાબાદ હાઈસ્કુલમાં વર્ષોની એકધારી કામગીરી અને અનુભવને કારણે તેમણે આ હાઈસ્કુલને ગુજરાતભરની અન્ય મોટી અને અદ્યતન ગણાય તેવી હાઈસ્કુલની હરોળમાં પહોંચાડી છે. ગામડાના લોકોને અક્ષરજ્ઞાન આપવા ગામડે ગામડે શાળાઓ ઉભી કરી. તે માટે ફાળો મેળવ્યો અને શાળાઓ શરૂ કરાવી. આદર્શમય અને સંયમી જીવનથી અનેક લોકો સંસ્થાઓ તેમના તરફ આકર્ષાઈ. મુંબઈમાં સારા પગારની લલચાવનારી નોકરી માટેની માગણીઓ થઈ. પણ પવિત્ર જીવન અને આદર્શ વ્યક્તિ તરીકે અને સાથે સાથે ખાસ કરીને લોકોની સેવા કરવાની તક મળે એ હેતુ માટે ઉપરોક્ત તમામ માગણીઓ હોદ્દાઓની તક જતી કરી. અન્ય અનેક સંસ્થાઓની જુદીજુદી રીતે જવાબદારી તેમની ઉપર રહી છે.

## શ્રી જોરસિંહ કવિ

સાત ગુજરાતી સુધીનો અભ્યાસ, બચપણથી ધર્મ અને આધ્યાત્મિકતા તરફ સહેજ રીતે વલણ હોવાથી એક જૈન મુનિ સાથે એક વર્ષ સુધી કઠોર દેહદમન કરીને રહ્યાં. પાછળથી વઢવાણના ફુલચંદભાઈને મળ્યા અને તેમના સહવાસથી મહાત્મા ગાંધીજીના પરિચયમાં આવ્યા. એ પછી સત્યાગ્રહની લડતમાં તેમના પત્નિ સાથે જોડાયા. તેમણે ખાખરેચી, લીંબડી, રાજકોટ, ધ્રોળ અને વિરમગામ સત્યાગ્રહમાં ભાગ લીધો હતો. અને સાબરમતી જેલમાં, યરવડા જેલ, વિસાપુર, રાજકોટ, ધ્રાંગધ્રા અને પાલીતાણાની જેલમાં સાતેક વર્ષ ગાળ્યા હતા. ૧૯૪૪માં માનવ રાહત મંડળની સ્થાપના કરી હતી. હજારો રૂપિયાનો ફાળો કરી દુષ્કાળ વખતે સસ્તા અનાજની દુકાનો ખોલી હતી. તેમણે કન્યાશાળા, લોકશાળા જાહેર પુસ્તકાલય, વાંચનાલય, શ્રમશિબીરો, ગ્રીષ્મશિબીરો વગેરેમાં એમની સેવાઓ નોંધાયેલી છે ગોહિલવાડના રાજકારણમાં એક બાહોશ વ્યક્તિ તરીકે આજે પણ તેને લોકો યાદ કરે છે.

## શ્રી જગુભાઇ પરીખ

સ્વાધીનતાની લડતમાં ઉચ્ચકક્ષાના અને કેવળ નિસ્વાર્થ સેવકની જે જુજ સંખ્યા છે તેમાં શ્રી જગુભાઇ પરીખની ગણના થાય છે. અમદાવાદની કોલેજમાંથી જે યુવાનો સ્વાતંત્ર્યની ચળવળમાં ભાગ લેતા તેમાં કોલેજના અભ્યાસની પ્રથમ કક્ષાની કારકિર્દી હોય એવા વિદ્યાર્થીઓમાં શ્રી જગુભાઇ મોખરે હતા. ત્યાર પછી વકિલાતના ધંધામાં જોડાયા. પછી પણ સ્વાતંત્ર્યની લડતમાં તેમનો સક્રિય ફાળો ચાલુ રહ્યો અને જેમ અસીલોને તેમણે પોતાના કાયદાની સેવાથી સંપુર્ણ સંતોષ આપી નામના મેળવી તેવીજ બલ્કે તેથી વધુ રાજકીય ક્ષેત્રમાં અને તેમાંએ ખાસ કરીને રચનાત્મક કાર્યમાં તેમની સેવા અજોડ છે.

સ્વરાજય આવ્યું અને ભાવનગરમાં પ્રજાકિય રાજયની શરૂઆત થઈ. ત્યાર બાદ સૌરાષ્ટ્રનું રાજ્ય અસ્તિત્વમાં આવ્યું અને તેની 'બ' વર્ગના રાજ્યમાં આપણા દેશના બંધારણમાં સમાવેશ કરવામાં આવ્યો ત્યાં સુધીના બે અઢી વર્ષના ગાળામાં શ્રી જગુભાઇએ કેવળ પોતાની આર્થીક કમાણીના ભોગે જ નહિ પરંતુ તંદુરસ્તીનો પણ ભોગ સૌરાષ્ટ્રનું અર્થતંત્ર વ્યવસ્થીત કરવાના ક્ષેત્રમાં અમૂલ્ય સેવા બજાવી છે.

## પટેલ દ્વારકાદાસ મોહનલાલ

અમરેલીમાં જન્મ. અમરેલીમાં મેટ્રીક સુધીનો અભ્યાસ કર્યો પછી પુના ફરગ્યુસન કોલેજમાં ફર્સ્ટઈયર સાયન્સનો અને પછી પુના ખેતીવાડી કોલેજમાં ચાર વર્ષ અભ્યાસ કરી, સને ૧૯૪૨માં ખેતીવાડી ગ્રેજ્યુએટ થયેલ. પછી અમરેલીમાં તેના સ્વર્ગસ્થ દાદા રાજરત્ન વીરજીભાઇ શીવદાસે સને ૧૯૨૧માં સ્થાપેલ વીરજી શીવદાસ એન્ડ સન્સની પેઢીમાં કમીશન એજન્ટ તરીકેનું અને સાથે સાથે અમરેલીમાં તેમજ રાજસ્થળી ગામે જે પોતાની ખેતી છે તેના વિકાસ માટે કામ કરી રહેલ છે. પોતાના કમીશન એજન્ટ તરીકેના તથા ખેતીવાડીની મશીનરી અંગેનો ધંધો જે સને ૧૯૦૮થી ચાલતો તેને વિકસાવવા ઉપરાંત જાહેરજીવનની પણ શરૂઆત સને ૧૯૫૨થી સાલથી શરૂ કરેલ છે. અને તેજ સાલથી અમરેલી જિલ્લા લોકલ બોર્ડમાં સભાસદ તરીકે તેમજ પ્રમુખ તરીકે ચુંટાઇ આવીને સને ૧૯૬૦ સુધી ( આઠ વર્ષ સુધી ) પ્રમુખ તરીકે સંતોષકારક રીતે કામ કરી આ જિલ્લાની સેવા બજાવેલ છે.

## શ્રી રમણીકલાલ કે. ધામી

રાજકોટ જીલ્લાના પંચાયતના ઉપપ્રમુખશ્રી રમણીકલાલ ધામી ઉપલેટાના જાણીતા ધારાશાસ્ત્રી છે. ધામીએ વિદ્યાકાળ દરમ્યાન નેતૃત્વની તાલીમ લીધી હતી તેમ કહી શકાય. જીલ્લા સહકારી, સામાજિક, રાજકીય અને શૈક્ષણિક ક્ષેત્રે આજ તેઓ પોતાની સેવાઓ આપી રહ્યા છે. અખિલ સૌરાષ્ટ્ર પટેલ વિદ્યાર્થી મંડળના મંત્રી તરીકે જ્ઞાતિના કુરિવાજો છોડાવવા તથા શિક્ષણક્ષેત્રે અભિરૂચી કેળવવા યશસ્વી કામગીરી બજાવી છે. સ્પષ્ટ વક્તા અને સાચી હકીકતો રજૂ કરવામાં કયારેય કોઇની શેહમાં તણાયા નથી પિતાનો ભક્તિપરાયણ વારસો શ્રી રમણીકભાઈમાં ઉતર્યો છે. રાજકોટ જિલ્લા કોંગ્રેસના મંત્રી, ઉપલેટા ખરીદ વેચાણ સંઘના પ્રમુખ, એ આઈ. સી સી.ના સભ્ય, કુટુંબનિયોજન રાજ્ય કાઉન્સીલના સભ્ય, ઉપલેટા લાયન્સ કલબના ઉપપ્રમુખ, ઇલેકટ્રીસીટીબોર્ડ, સ્ટેટ કન્સલ્ટેટીવ કાઉન્સીલના સભ્ય, સ્ટેટ એગ્રીકલ્ચરલ કોમોડીટી કમિટીના સભ્ય, જિલ્લા પૂરવઠા સમિતિના સભ્ય, જિલ્લા પોલીસ સલાહકાર સમિતિના સભ્ય વગેરે અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. લોકોના પ્રશ્નો ઉકેલવા ઠીક જાગૃતિ બતાવી, અને છેલ્લા દશ વર્ષમાં કોંગ્રેસમાં ખેંચાયેલા યુવાન લોહીમાં શ્રી ધામીનો સમાવેશ થાય છે.

## શ્રી ભાનુભાઇ પંચોળી

વઢવાણના વતની અને શ્રી દક્ષિણામૂર્તિના જૂના વિદ્યાર્થી શ્રી ભાનુભાઈએ ૧૯૩૫થી જાહેરજીવનમાં પ્રવેશ કર્યો, કાઠિયાવાડ રાજકીય પરિષદના કાર્યક્રમોમાં, કોંગ્રેસ સેવાદળની યુવકપ્રવૃતિમાં અને અન્ય રચનાત્મક પ્રવૃતિઓમાં આગળ પડતો ભાગ લીધો હતો. ખેતી, ગોપાલન, ખાદી અને અસ્પૃશ્યતા નિવારણના કામમાં પણ શરૂઆતથી રસ લેતાં રહ્યાં છે. છેલ્લા વીશ વર્ષથી શિક્ષણ અને છાત્રાલય પ્રવૃતિને મહત્વનું અંગ ગણી વસ્તેજમાં સેવા આપી રહ્યાં છે.

## દેસાઈ ચીમનભાઈ દાદાભાઈ

શ્રી ચીમનભાઈની પેઢીનો અભ્યાસકાળ આપણી રાષ્ટ્રીય આઝાદીનો સંગ્રામકાળ હતો. પ્રાથમિક શિક્ષણ બાકરોલ તથા નડિયાદમાં લીધા બાદ માધ્યમિક કેળવણી શાન્તાક્રુઝ (મુંબઈ) ની પોદાર હાઈસ્કુલમાં શ્રી રામપ્રસાદ બક્ષી જેવા શિક્ષકોના હાથ નીચે પ્રાપ્ત કરી, થોડો વખત માધ્યમિક શિક્ષણ નડિયાદ અને કરમસદની હાઈસ્કુલોમાં પણ પ્રાપ્ત કર્યું. યુવાનવયથીજ આઝાદી સંગ્રામની આગ તેમને સ્પર્શી ગઈ અને આમ તે અંગેની વિવિધ પ્રવૃત્તિઓમાં શરૂઆતથી જ ભાગ લેતા થયા, જેને પરિણામે સને ૧૯૩૨–૧૯૪૧ તથા ૧૯૪૨માં તેમણે જેલયાત્રા ભોગવી હતી. રાષ્ટ્રીય નેતાઓ સાથેના તેમના કુટુંબના ગાઢ સંબંધની પ્રતિતી સરદારશ્રી તથા દરબાર ગોપાળદાસભાઈએ ૧૩–૫–૧૯૩૫ના રોજ ચીમનભાઈના લગ્ન પ્રસંગે જાતે હાજરી આપી હતી તેમાંથી થાય છે. "હિન્દછોડો" લડત દરમ્યાન ભૂગર્ભમાં રહી; વડોદરા સ્પેશ્યલ સેશન્સ કેસ, સંજાયા ડેરી ભાંગફોડ કેસ વિ. ખટલાઓમાં તેઓ મુખ્ય આરોપી હતા. આઝાદીની લડતનો રંગ તેમને લાગી જતાં ત્યાર પછી તેમણે પોતાની પ્રવૃત્તિઓને જુદો વળાંક આપ્યો. ૧૯૩૮ાં બાકરોલ મુકામે સ્વ. દરબારશ્રી ગોપાળદાસના પ્રમુખપદે યોજાયેલા પેટલાદ તાલુકા પ્રજા મંડળના પ્રથમ અધિવેશનના સ્વાગત મંત્રી તરીકેની કામગીરી બજાવી હતી અને આમ સંગઠનાત્મક તેમજ સક્રિય રચનાત્મક પ્રવૃત્તિઓ સફળ રીતે હાથ ધરવાની શકિતનાં અંકુરો ત્યારથીજ તેમનામાં ફુટી નીકળ્યા હતાં. પેટલાદ તાલુકા પ્રજામંડળની સફળતાના સોપાને ચઢી તેઓ પોતાની સંગઠન શકિત, પરિશ્રમ તથા હૈયા ઉકેલાત જેવા ગુણો અને સંપૂર્ણ કાર્યક્ષમતાના પરિપાકરૂપે વડોદરા જિલ્લા લોકલબોર્ડના ૧૯૪૬–૪૭માં ઉપપ્રમુખ બન્યા અને ત્યારબાદ ૧૯૪૯–૫૦ માં ખેડા જિલ્લા લોકલબોર્ડમાં કોંગ્રેસ પક્ષના દંડક તરીકેની કામગીરી બજાવી. આમ ભરજુવાનથી જ તેઓ સામાજિક, રાજનૈતિક તેમજ પ્રજાહિતનાં સેવાકાર્યોમાં ભાગ લેતા થઈ ગયા હતા.

સને ૧૯૪૫માં ભાઈકાકાએ વલ્લભવિદ્યાનગરના સર્જનનો સંકલ્પ કર્યો ત્યારથી જ શ્રી ચીમનભાઈ તરફથી તેમને હાર્દિક સાથ અને સહકાર મળતો રહ્યો, એટલું જ નહીં, મુખ્યત્વે એમની કથા સ્વર્ગસ્થ શ્રી પુરૂષોત્તમદાસ અને અન્ય ભાઈઓની આગેવાની નીચે બાકરોલ ગામની જમીનમાંથી "જોઈએ તેટલી જમીન" ભાઈકાકાને આપવાની ઉદાર અને બીનશરતી ભેટ વલ્લભવિદ્યાનગરની સંસ્થાને તેનો પ્રારંભકાળે મળી રહી અને વલ્લભવિદ્યાનગરના સર્જન અંગેની એક જટિલ સમસ્યાનો સરળ અને સુખદ ઉકેલ આવી શકયો. તેથીજ આજે સૌકોઈ એમને વિદ્યાનગરના પાયામાંની એક વ્યક્તિ તરીકે ઓળખાવી શકે છે.

વિશાળ વાંચન, ગ્રાહ્યશકિત અને એક સારા વકતા તરીકેના તેમના ગુણોએ એમને શૈક્ષણિક પ્રવૃત્તિઓ તરફ આકર્ષ્યા. ૧૯૫૯માં શ્રી એચ. એમ. પટેલ સાહેબ ચારૂતર વિદ્યામંડળના અધ્યક્ષપદે આવતાં, તેમનાં કાર્યમાં મદદરૂપ થવા શ્રી ચીમનભાઈએ ચરૂતર વિદ્યામંડળના સહમંત્રીનું પદ સ્વીકાર્યું. વલ્લભવિદ્યાનગરની બીજી સંસ્થા ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળ લિ.ના મંત્રીપદે પણ તેઓ પોતાની સેવાઓ, શકિત અને સમય આપી રહ્યાં છે. લોકોપયોગી કાર્યો કરતી એવી બીજી સંસ્થાઓ સાથે પણ તેઓ સંકળાએલા છે. ચરોતર એજ્યુકેશન સોસાયટી–આણંદ તથા સાબરકાંઠા આરોગ્યમંડળ–વાત્રકના કાર્યવાહક મંડળના સભ્ય તરીકે, બાકરોલ દૂધ ઉત્પાદક સહકારી મંડળના અધ્યક્ષપદે, સરદાર પટેલ યુનિવર્સિટીના એગ્રીકલચરલ પ્રોડયુસ યુનિયનના કાર્યવાહક મંડળના સભ્ય તરીકે પણ તેઓ પુરતી સેવાઓ આપી રહ્યા છે. ૧૯૫૯થી જ્યારે શ્રી ભાઈકાકા રાજકારણમાં પ્રવેશ્યા અને ગુજરાત સ્વતંત્ર પક્ષની સ્થાપના કરી ત્યારથી અત્યાર સુધી તેઓએ ગુજરાત સ્વતંત્રપક્ષના ખજાનચી તરીકે તેમજ પક્ષની અન્ય બાબતોમાં પણ પોતાનો સમય અને શકિત પુરે પુરી રીતે કામે લગાવેલી.

સહકારી પ્રવૃત્તિ સાથે સંકળાએલી સંસ્થા ચરોતર ગ્રામોદ્ધાર સહકારી મંડળ લિ.ના મંત્રી તરીકે તેઓ સહકારી પ્રવૃત્તિ અંગે વખતો વખત પોતાના મંતવ્યો અસરકારક રીતે જુદાજુદા માસિકો, સામયિકો વિગેરેમાં રજૂ કરે છે.

ધર્મ બજાવવાની પ્રેરણાના બળે મેલી મથરાવટીના રાજકારણથી રાજકારણથી તેઓ અલિપ્ત રહ્યાં છે. વિદ્યાનગરના કાર્યક્ષેત્રે અને કર્મક્ષેત્રે અને બીજી અન્ય સંસ્થાઓમાં પોતાની સેવાઓ આપતા રહીને શ્રી ચીમનભાઈ ગુજરાતના જાહેર જીવનમાં કાર્યકરોની હરોળમાં એક આગવું સ્થાન ધરાવે છે.

## કોટડિયા કપિલભાઈ તલકચંદ

સાબરકાંઠા જિલ્લામાં સહકારી પ્રવૃત્તિ અને શ્રી કપિલભાઈ કોટડિયા પર્યાય શબ્દ બની ગયા છે. કપિલભાઈ મૂળ તો હિંમતનગર તાલુકાના બેરણા ગામના, પણ કોલેજની તેજસ્વી કારકાર્દી પછી વકીલાત કરવા હિંમતનગરમાં સ્થાયી બન્યા. સેવાભાવી અને સ્પષ્ટવકતા કપિલભાઈને વકીલાત રૂચિ નહિ, તેથી તેઓ સામાજીક અને સહકારની અનેકવિધ પ્રવૃત્તિઓમાં પોતાની શક્તિ અને સમય આપવા લાગ્યા. એમ કરતાં કરતાં તેઓ સહકારી ને બીજી સામાજિક પ્રવૃત્તિઓમાં એવાં ખૂંપી ગયા કે વકીલાત વેગળી રહી ગઈ.

આટલી નાની ઉંમરમાં તેમણે સહકારી ક્ષેત્રે ઘણા વિક્રમો નોંધાવ્યા છે. બોમ્બે સ્ટેટ કો–ઓપરેટિવ બેંકના હિંમતનગર બ્રાન્ચના ચેરમેન, મોડાસા સ્પેશિયલ પ્રોજેકટની સહકારી કમિટિના ચેરમેન, બોમ્બે સ્ટેટ કો–ઓપરેટિવ બેંકના ડીરેકટર, ગુજરાત ડીવીઝનલ કો–ઓપરેટિવ બોર્ડના, અમદાવાદ ડિરેકટર, સાબરકાંઠા જિલ્લા ખરીદ અને વેચાણ સંઘના માનદ્ સેક્રેટરી અને બોમ્બે સ્ટેટ કો–ઓપરેટિવ બેંકની લો કમિટિ અને એકઝીકયુટિવ કમિટિના સભ્યનાં ગૌરવવંતા સ્થાનોએ તેઓએ સેવા આપી છે. હાલ તેઓ ઘણી સહકારી સંસ્થાઓના ચેરમેન, સભ્ય કે ડિરેકટર છે સાબરકાંઠા ડિસ્ટ્રીક કો–ઓપરેટીવ બોર્ડના, સર્વોદય હાઉસિંગ કો–ઓપરેટિવના સોસાયટીના અને હિંમતનગર એગ્રીકલચરલ પ્રડયુસ માર્કેટ કમિટિના ચેરમેન, હિંમતનગર સાબરકાંઠા ડિસ્ટ્રિકટ સેન્ટ્રલ કો–ઓપરેટિવ બેંકના અને સાબરકાંઠા ડિસ્ટ્રીકટ કો–ઓપરેટિવ ખાદી અને ગ્રામોદ્યોગ મંડળના ઉપ-પ્રમુખ, સાબરકાંઠા જિલ્લા ખરીદ અને વેચાણ સંઘના અને સ્ટેટ કો–ઓપરેટીવ એસોસીએશ-

નના ડિરેકટર, સ્ટેટ હેન્ડલુમ બોર્ડના સભ્ય, ગુજરાત સ્ટેટ કો-ઓપરેટિવ યુનીયનની કારોબારી સમિતિના સભ્ય, ઓલ ઇન્ડીયા નોન-એડીબલ ઓઇલ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, પૂનાના સભ્ય વગેરે ઘણી સંસ્થાઓમાં તેઓ સેવા આપી રહ્યા.

જિલ્લામાં જે થોડા વિદ્વાન અને વિદ્યાવ્યાસંગી સામાજિક કાર્યકરો છે તેમાં કપિલભાઇ મોખરે છે. લોકશાહી વિકસાવવા માટે તેમના જેવી ચિંતનશીલ અને સ્વતંત્ર વિચારવાળી વ્યક્તિની જિલ્લાને જરૂર છે.

## શ્રી નટવરલાલ અ. પટેલ

સને ૧૯૬૨ ની સામાન્ય ચુંટણીમાં વિરોધ પક્ષનો જીલ્લામાં ગઢ હતા એવા મહેસાણા જીલ્લાના કડી તાલુકામાં કોંગ્રેસ ઉમેદવાર તરીકે ધારાસભ્ય તરીકે ચુંટાયા. ધારાસભ્ય રહ્યા તે દરમીયાન ગુજરાત રાજ્ય સર્વપક્ષિય અન્ન પુરવઠા સલાહકાર સમીતીના સભ્ય તરીકે તેમજ ગુજરાત રાજ્ય વિદ્યુત બોર્ડ, સાબરમતી સર્કલની સમીતીના સભ્ય તરીકે પોતાની સેવાઓ આપી હતી. જીલ્લામાં પણ અન્ન સલાહકાર સમીતી તેમજ પોલીસ એડવાઇઝરી કમીટી, જેલ કમીટી, સંરક્ષણ સમીતી તેમજ એન્ટીકરપ્સન જેવી સમીતીઓમાં કામગીરી કરી હતી. હાલ પણ સ્ટેટ ટ્રાન્સપોર્ટ એડવાઇઝરી સમીતીમાં સભ્ય તરીકે પોતાની સેવાઓ આપી રહેલ છે. આ સિવાય કડી તાલુકા બ્લોક કમીટીના ચેરમેન તરીકે શરૂઆતથી જ નિમાયા હતા અને સુંદર કામગીરી કરી હતી. કડી તાલુકા લેન્ડ મોર્ટગેજ બેંકના પ્રમુખ તરીકે સુંદર ફાળો આપી બેંકના કામને વ્યવસ્થિત કરવામાં સુંદર ફાળો આપ્યો હતો. અને એ દ્વારા ખેડૂતોને મોટું ધીરાણ આપ્યું હતું.

આ સિવાય કડી તાલુકામાં, કડીના સહકારી ખાદી ભંડારમાં ઘણા વરસો સુધી પ્રમુખ તરીકેની કામગીરી કરી તાલુકામાં ખાદી અને ગ્રામોદ્યોગ માટે સુંદર હવા પેદા કરી છે. આજે પણ સહકારી ખાદી ભંડારને પોતાની સેવાઓ આપી રહ્યા છે. આ સિવાય પોતે શિક્ષણ પ્રેમી હોઇ, શિક્ષણની જુદી જુદી સંસ્થાઓમાં પોતનો ફાળો આપી રહ્યા છે. આ સિવાય સહકારી પ્રવૃતિમાં રસ લઈ સહકારી પ્રવૃત્તિ દ્વારા ખાસ કરીને ખેડુતોના ખેતી ઉત્પાદનના કામને વેગ મળે અને તે રીતે ખેડુતોની આર્થિક સ્થિતિ સુધરે અને ખેડુતો આબાદ બને તે દિશામાં પોતાના સંપૂર્ણ પ્રયાસો કરી રહ્યાં છે.

ધારાસભામાં પણ ખેડુતોના પ્રશ્નો ઉકેલવામાં સુંદર છાપ ઉભી કરી હતી. પોતાનો મીલનસાર સ્વભાવ, પ્રમાણીકતા, કાર્યદક્ષતા તેમજ કોઇપણ જવાબદારી લીધા પછી નિષ્ઠાપૂર્વક અને વફાદારી પૂર્વક કાર્ય કરવાની રીતને લીધે એમની ધી મહેસાણા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંકના પ્રમુખ તરીકે વરણી થઇ છે. અને આજે પણ એ જ હોદ્દા ઉપર પોતાની સેવાઓ આપી રહ્યા છે.

## મનસુખલાલ કે. પારેખ

જન્મ તા. ૧૬-૭-૧૯૩૪. અભ્યાસ મેટ્રીક. વિદ્યાર્થી પ્રવૃતિ ૧૯૫૦થી૫૪ પાલીતાણા હાઇસ્કુલ વિદ્યાર્થી મંડળના પ્રમુખ તથા મંત્રી, ખાદી સ્વીકારી. ૧૯૫૧માં યુવક કોંગ્રેસ મંત્રી, ૧૯૫૫થી ૧૯૬૨ તાલુકા કોંગ્રેસ સમિતિ કાર્યાલય મંત્રી તથા રચનાત્મક મંડળના મંત્રી તરીકે, સર્વોદય પુસ્તકાલય, હરીજન છાત્રાલય, સર્વોદય લોકશાળા વિ. સંસ્થા સાથે કાર્યવાહક કમિટિમાં મહત્વનો ભાગ, સહકારી પ્રવૃતિ અને પછાતવર્ગ પ્રવૃતિ આ બન્ને શોખના વિષય હતા, અને છે. સને ૧૯૬૨માં ચુંટણી પછી રાજકીય નિરાશા અને સ્વતંત્ર વેપાર માટે મુંબઇ, સર્વોદય વિચારધારા સાથે હજી સંકળાયેલ છે. પાલીતાણાના આગેવાનોની લાગણી હજી રહેલ છે. ભાવનગરમાં લોખંડના ધંધામાં નાની ઉંમરમાં ઠીક પ્રગતિ સાધતા રહ્યાં છે. સ્વભાવે ખુબ જ પ્રેમી અને દિલાવર વ્યક્તિ છે.

## શાહ શાંતિલાલ સ્વરૂપચંદ

સામાજિક અને સહકારીક્ષેત્ર ઘણા વર્ષોથી સેવા આપી રહેલા બનાસકાંઠા જિલ્લાના શ્રી શાંતિલાલભાઈ શાહ ડીસા મતવિસ્તારમાંથી વિધાનસભાના સભ્ય તરીકે ૧૯૬૭ની સામાન્ય ચુંટણીમાં ચુંટાઈ આવ્યા.

પૂનાની ફરગ્યુશન કોલેજમાં અભ્યાસ કરતાં કરતાં જાહેરપ્રવૃત્તિઓમાં રસ લેવાનું શરૂ કર્યું. બી. એ. એલ. એલ. બી થયા પછી સામાજિક કામોમાં વધુ સક્રિય બન્યા. આઝાદી પછી સક્રિય રાજકારણમાં પ્રવેશ કર્યો. જિલ્લા પંચાયતના પ્રમુખપદે રહીને જિલ્લાના વિકાસ કાર્યોમાં તેમજ દેશના ભાગલાને કારણે આવેલા નિર્વાશ્રિતોના વસવાટમાં તેમનો ફાળો અગત્યનો રહ્યો છે.

લોકનિકેતન અને સર્વોદય આશ્રમના ટ્રસ્ટીપદે રહીને આદીવાસી પ્રજાના ઉત્કર્ષમાં તેમણે સારો રસ બતાવ્યો હતો. સહકારી સંઘો અને નાગરિક સહકારી બેન્કના અધ્યક્ષપદે રહીને કરેલી કામગીરી પણ જાણીતી છે. અને અત્યારે ગુજરાત સરકારના મહેસુલ ખાતાના નાયબમંત્રી તરીકેનો માનવંતો હોદ્દો ભોગવી રહ્યા છે,

## સ્વ. શ્રી વેણીભાઇ મહેતા

ગ્રામવિકાસના નવા નકશાને નજર સમક્ષ રાખી પોતાની સ્વતંત્ર બુદ્ધિ અને શક્તિથી જેઓ માનવસેવાની પગદંડીને અને ગ્રામ સેવાની ભાવનાને નવો ઓપ આપી ગયા તે સ્વ. વેણીભાઇ મહેતા મુળ બોડાના વતની. વારસામાં મળેલા હૈયાઉકલત અને વ્યવહારદક્ષતાથી ગમે તેવા જટિલ પ્રશ્નોનો ઉકેલ લાવવાની કામેલિયત તેઓની અનોખી હતી. નાનપણથી ગ્રામ્યજીવન જીવેલા એટલે જીવનની અનેક તડકી-છાંયડીઓ સામે ઝઝૂમી પોતાના ખેતીના વ્યવસાયમાંથી સમય કાઢી ગ્રામસેવા તરીકે રાષ્ટ્રીય નવનિર્માણમાં મોખરે ઊભા રહ્યાં. વખતો વખતની પ્રાન્તીય લડતો વખત એક અદના સ્વયંસેવક તરીકે કામ કર્યુ અને રાષ્ટ્રીય જુવાળ અને દેશભક્તિના પ્રવાહોમાં તન, મન, ધનથી ઝૂકાવ્યુ અને બાળપણના આ ઉમદા સંસ્કારોને લીધે આઝાદી પહેલાં સન ૧૯૪૫માં તેઓ લોકસેવાના આ જીવન વ્રતધારી બન્યા

ધીરે ધીરે જીવન પગથારના એક એક સોપાન ચડી છેવટે મહુવા તાલુકાની પંચાયતના પ્રમુખ થયા અને વતન માટે અને તાલુકા માટે કાંઈક કરી છુટવાની તમન્નાએ અનેક ગામડાંઓનાં પરદેશ વસતા ત્યાંના ગૃહસ્થો પાસેથી સારી રકમો દાનમાં મેળવી.

## પટેલ બેચરભાઇ દેસાઈભાઇ

શ્રી બેચરભાઈ પટેલનો જન્મ વડોદરા જિલ્લાના મેથી ગામમાં વિક્રમ સંવત ૧૯૭૫માં થયો હતો. તેમણે પ્રાથમિક શિક્ષણ જન્મભૂમિમાં જ લીધું હતું. છેક બાલ્યાવસ્થાથી જ જિન સેવા એ તેમનો જીવનમંત્ર બની ગયો. હતો. તેની પ્રતીતિ તેમણે ગામમાં કરાવેલા વિવિધ વિકાસલક્ષી કાર્યો આજે પણ આપી રહ્યા છે, જેમાં માધ્યમિકશાળા, પ્રસૂતિગૃહ, પશુદવાખાનું, સહકારી મંડળીઓ વિગેરે મુખ્ય છે. શિક્ષણ તથા સમાજસેવામાં આપને સક્રિય રસ છે. વર્ષોથી મેથી કુમાર શાળા તથા ઇન્દુમતિ સાર્વજનિક પુસ્તકાલયના પ્રમુખ રહ્યા છે. વિકાસ કાર્યોની સામે આવતા અનિષ્ઠ તત્વોનો મકકમ મુકાબલો કરી પિતાના સંસ્કારોને પણ તેઓએ દીપાવ્યા છે. ગામના ગમે તેવા નાનામોટા મતભેદોના પ્રશ્નનો તોડ લાવવાની આપનામાં અજબ શકિત છે તેથીજ સન ૧૯૫૦થી આજ પર્યંત ગામના સરપંચ તરીકે આપની વરણી થતી આવી છે. આપની સેવાનો પણ યશ આપની ધર્મપત્ની ચંચળબાને ફાળે જાય છે, કારણ કે ગમે તેવા અણધાર્યા પ્રસંગો એ પણ મહેમાનોનું આતિથ્ય કરવામાં સ્હેજે પાછી પાની નથી કરી. પતિ સાથે પોતે પણ ગામની આબાદીમાં સક્રિય સહયોગ આપ્યો છે. પૂજ્ય શ્રી હરિદાનજી જેવા સંતે પણ બેચરભાઈની સેવાને બિરદાવી છે, આપની અવિરત સેવાના પ્રતિકરૂપે રાજ્યે પણ આપનું બહુમાન કરી આપને હાલ 'માનદમેજીસ્ટ્રેટ' ની પદવી એનાયત કરી છે, મેથી ગામ આપનું સદકાળ માટે ઋણી રહેશે.

## ડોડીયા ભાણાભાઈ જેસાભાઇ

શ્રી ભાણાભાઈ ડોડીઆનો જન્મ ઈ. સ. ૧૮૮૩માં સોરાષ્ટ્રમાં આવેલા કોડીનાર તાલુકાના પાંચ પીપળના ગામે થયો હતો. તેઓ કૃષિપુત્ર હતા, અને ગરીબીમાંજ તેમનો ઉછેર થયો હતો. ખેતીના પ્રત્યેક કામમાં તેમને જીવંત રસ હતો. આથી જ જયારે અમદાવાદ મુકામે આઝાદી પુર્વે વિરાટ ખેતિ પ્રદર્શન યોજાયેલ ત્યારે ભૂતપૂર્વ વડોદરા નરેશે તેમની પ્રગતિશીલ ખેડૂત રૂપે રાજ્યના એક પ્રતિનિધિ રૂપે નિયુકિત કરી હતી. આધુનિક કૃષિ સાધનોનો યોગ્ય ઉપયોગ કરવામાં તેમને આગેવાની ભર્યો ભાગ ભજવી સુધારણાને બળ આપ્યું.

પ્રગતિશીલ ખેડૂતની સાથે આપ પ્રગતિશીલ સહકારી કાર્યકર પણ છો જો કે હાલ વતનમાં નિવૃત જીવન ગાળે છે પણ કોડીનારને સહકારી પ્રવૃત્તિઓથી ધબકતું કરવામાં આપનો ફાળો અનન્ય છે. ૧૯૩૮ થી ૧૯૫૮ સુધીના બે દાયકા દરમિયાન આપ કોડીનાર તાલુકાકો ઓપરેટિવ બેંકના પ્રમુખ રહેલા તથા ૧૯૧૨ થી ૧૯૬૬ સુધી ગામની શરાફી મંડળીના સર્વેસર્વા હતા, તાલુકાભરમાં આજે જે સહકારી પ્રવૃત્તિએ વેગ પ્રકડ્યો છે તેનો યશ મૂળ શ્રી ભાણાભાઇને ફાળે જાય છે. કોડીનારના સુપ્રસિદ્ધ ખાંડના કારખાનાની આર્થિક સ્થિતિને મજબૂત બનાવીને નિવૃત્તજીવન ને પણ દીપાવ્યું છે.

## યાદવ વશરામભાઈ રણછોડભાઈ

શ્રી વશરામભાઈ એક સામાજિક ધાર્મિક અને રાષ્ટ્રીય કાર્યકર છે: તેમણે પોતાની ૧૬ વર્ષની નાની ઊંમરથી જ જાહેરક્ષેત્રે પ્રવૃત્તિઓ આરંભી છે.

કજોડા લગ્નો, કતલખાને જતા પશુઓને અટકાવવા અને અસામાજિક તત્વોને ઝેર કરવા તે તેમની વિશેષ પ્રવૃત્તિ રહી છે. નિરાધારો–નિરાશ્રિતાને આશ્વાસન આપવું, તેની સેવા કરવી, આગ, વરસાદ, કે બીજા કારણોસર દુઃખી અને બેઘર બનેલા કુટુંબોની આર્થિક સેવા કરી તેમને પગભર કરવા, કેળવણીનાં ઉત્તેજનાર્થે ફંડફાળા ઉઘરાવવા, દાન આપવા વિગેરે પ્રવૃત્તિઓથી વશરામભાઇ યાદવનું નામ આ વિસ્તારનાં ગૂંજતું રહ્યું છે.

## પટેલ પરભુભાઇ ગોપાળજીભાઈ

સરદાર બાગાયત સહકારી મંડળના શરૂઆતથી જ સભાસદ અને છેલ્લાં ચૌદ વર્ષ ડાયરેકટર તરીકે મંડળની સેવા બજાવ્યા બાદ ત્વરીત નિર્ણય લેવાની એમની શક્તિ ખેડુતોની સેવા કરવાની અડગ નિષ્ઠા અને તત્પરતા તેમજ શિસ્તબદ્ધ અને મક્કમ વહીવટ કરવાની જાગૃતિ જવા સદ્‌ગુણોને ધ્યાનમાં લઈ સભાસદોએ એમને પ્રમુખ તરીકે ચૂંટ્યા.

આ જ વિભાગમાં સહકારી ક્ષેત્રે ખાંડ ઉદ્યોગ મંડળ સ્થપાયેલું છે, જેમાં ૧૯૬૩થી ડાયરેકટર તરીકે ચાલુ રહ્યાં છે. આ સિવાય સરદાર બાગાયતના કાર્યકર્તાઓએ કેળાં માટે પરદેશ નિકાશનું સાહસ ખેડયું ત્યારે દરિયાપારનાં દેશોમાં ખુબ જ અગત્યના એક અંગ તરીકે પરિવાહન માટે વાયુનુકુલીત જહાજો ખરીદતા, ભાડે લેવા કે બીજી જરૂરી મેનેજમેન્ટ માટે સરદાર બાગાયત સહકારી શીપીંગ મંડળની સ્થાપના કરી જેમાં શ્રી પરભુભાઇએ અગ્રગણ્ય ભાગ ભજવ્યો હતો. અને હાલ તેઓ સદરહુ મંડળના ડાયરેકટર છે.

આ વિભાગનાં એક અગ્રગણ્ય અને પ્રગતિશીલ ખેડુત છે. કેળની અને શેરડીની ખેતીમાં ખુબ જ ઉંડો રસ લેવા ઉપરાંત એમને ડાંગરની ખેતીમાં પણ ઉત્સાહ છે, આને કારણે પ્રમાણપત્રો પણ મેળવ્યા છે,

### શ્રી અરજણભાઇ વેજાભાઇ

સ્વામી નારાયણ સંપ્રદાયના તિર્થધામ માંગરોળ તાલુકાના લોહેજ ગામના વતની છે. આજીવને ખેતીને વ્યવસાય તરીકે સ્વીકારેલ છે. અને તમામ પ્રવૃત્તિ સાથે ખેતીની પ્રગતિમાં સુંગત ધ્યાન આપે છે. પંચાયતી રાજ શરૂ થતાં લોકોએ તેઓને તાલુકાની જવાબદારીઓથી તેઓ પ્રમુખશ્રી ના હેદ્દા ઉપર સતત ચાલુ રહ્યા છે. તાલુકાના સમગ્ર પ્રશ્નોની સમજણ તેની રજુઆત તથા તેના ઉકેલ કરવાની આગવી રીત અને આવડત તેઓનામાં જોવા મળે છે. પંચાયત સિમિતિઓ ગ્રામ પંચાયતને, તથા તાલુકા પંચાયત પોતાના કાર્યોમાં સક્રિય થાય અને સોંપવામાં આવેલ કર્તવ્ય બરાબર બજાવે તે માટે તેઓ હંમેશા સતત પ્રયત્ન શીલ રહે છે. તેઓ જીલ્લા પંચાયતની બાંધકામ સમિતિના અધ્યક્ષ પણ છે. જેથી જીલ્લાના અન્ય તાલુકાની પ્રગતિમાં તેઓ આ હોદ્દાની રૂએ તાલુકાની જરૂરીયાત સમજી તેઓને સહાય રૂપ થાય છે. અને પ્રગતિમાં અંગત રસ દાખવે છે. તેઓ તાલુકાના માનદ્ ગ્રામ રક્ષક દળ અધિકારી છે. અને તેઓ ના પ્રયત્નથી ગ્રામ રક્ષક દળની તથા સાગર રક્ષક દળની પ્રવૃત્તિ માંગરોળ તાલુકામાં સારા પ્રમાણમાં વિકાસ પામી છે. તેઓ તાલુકા ખરીદ વેચાણ નોકરીયાત સહકારી મંડળીના પ્રમુખ છે.

### શ્રી છગનભાઇ રામજીભાઇ પટેલ

સુરત જીલ્લાના મલેકપોર ગામના અગ્રણીઓમાં શ્રી છનગભાઈ પટેલ મુખ્ય વ્યકિત છે. ૧૯૨૭ થી કોંગ્રેસના ચુસ્ત અનુયાયી છે. રાષ્ટ્રીય ચળવળોમાં ભાગ લઇ કારાવાસ પણ ભોગવી ચુકયા છે. પરદેશનો બહોળો પ્રવાસ ખેડી, અનુભવ મેળવી તેમણે પોતાના ગામ તથા સમાજની જ નહિ પરંતુ દેશની પણ મોટી સેવા કરી છે તેઓની સાહસિક વૃત્તિની કદર કરી સરકારે તેમને કેળાની નિકાસનું બજાર શોધવા યુરોપના પ્રવાસે મોકલ્યા હતા. ગામની સામાજીક તથા શૈક્ષણિક પ્રવૃત્તિઓ સાથે પણ તેઓ ગાઢ રીતે સંકળાયેલા છે. હાલ જીલ્લા પંચાયતના અગ્રગણ્ય કાર્યકર છે. સરકારી તથા સંસ્થાના મેનેજર તરીકે કામ કરવામાં આપે વળતરની કશી ઇચ્છા રાખી નથી.

### શ્રી પુરૂષોત્તમ ઈશ્વરભાઈ પટેલ

ગુજરાતના માતર તાલુકાના ખાંધલી ગામમાં તેમનો જન્મ થયો. ૧૯૪૨ માં સ્વરાજ્યની લડતનો બુંગીઓ સાંભળી અભ્યાસ છોડી લડતમાં ઝંપલાવ્યું. નેતાઓના આદેશ મૂજબ કામ કરતાં રહ્યાં. ૧૯૪૮ થી ગામની નાની મોટી સંસ્થાઓના વિકાસ અંગેનો કાર્યક્રમ હાથ ધર્યો, કેળવણી મંડળની સ્થાપના કરી, માધ્યમિકશાળા શરૂ કરી, ૧૯૫૨માં લોકલબોર્ડના સભ્ય તરીકે ચુંટાયા જમીન વિકાસ બેન્કમાં માતર શાળામાં પ્રમુખ તરીકે ફરજ બજાવી ૧૯૬૭માં તા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે ચુંટાયા જમીન વિકાસ બેન્કમાં માતર શાખામાં પ્રમુખ તરીકે રહ્યા ખેડૂતોના પ્રશ્નો અને લોકોની સરકાર સામેની તકલીફો ઉકેલવા રસ લઈ રહ્યાં છે. ૧૯૬૩ થી જે. પી. નો ઇલકાબ મળ્યો છે. આ પંથકમાં તેઓનું સારૂં એવું માન છે.

### શ્રી શંકરલાલ કાળીદાસ પટેલ

સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકાના ઇચ્છાપોર ગામના એક આજન્મ ખેડૂત કુટુંબમાં જન્મ લીધો, ઘણાવર્ષોથી ખેડૂત જગતની સેવા કરી રહ્યાં છે. સહકારી મંડળીઓના ઇતિહાસમાં લગભગ ૩૫ વર્ષ કામ કરીને અવિરલ કારકીર્દિ તેમણે મેળવી છે. રૂ–કપાસની મંડળીઓના શ્રી ગણેશ મંડાયા ત્યારે ત્યારે શિક્ષીત ખેડૂત યુવાન તરીકે આ ક્ષેત્રમાં સેવા આપવામાં તેઓ સૌ પ્રથમ હતા, ખેડૂત સંગઠ્ઠન, ખેતીમાં નવા નવા પ્રયોગો અને સભાસદોની અંગત મુશ્કેલી પરત્વે ઉંડી સહાનુભુતિ બતાવનાર તેમજ તે વિભાગમાં સહકારીક્ષેત્રે જે કાંઇ પ્રગતિ થઇ તેમાં તેમનો આગળો ફાળો છે. સહકારી સંસ્થાઓને સદ્ધર સંગીન પાયા ઉપર મૂકવામાં તેમના નિષ્ઠાભર્યા પ્રયાસો નોંધપાત્ર છે.

### શ્રી છોટુભાઇ કે. પટેલ

સુરત જિલ્લામાં રાંદેર પાસે ભેંસાણના વતની અને ઉચ્ચ શિક્ષણ પામ્યા હોવા છતાં પ્રગતિશીલ ખેતી દ્વારા જીવન વ્યવહાર શરૂ કર્યો–સાથે જાહેરજીવનની શરૂઆત સહકારી મંડળીથી જ કરી. શરૂઆતથીજ મંડળીના વહીવટમાં ઉંડો રસ લેતા ખેડૂતોને લાભદાયી નિવડે તેવી યોજનાઓ અંગે તેમના સૂચનો ઉપયોગી નિવડતા. ગરીબો તરફની સહાનુભૂતિ, મીલનસાર સ્વભાવ, નિખાલસવૃત્તિ, જમાનાને અનુરૂપ વ્યવહારૂ બનવા હંમેશા તૈયાર રહ્યાં છે છતાં પ્રમાણીક વહીવટના પોતે આગ્રહી છે. પાલગૃપ કો–ઓપરેટીવ સોસાયટીના ચેરમેનપદે આજે સેવા આપી રહ્યા છે. કુરૂઢીઓ અને કુરીવાજોના વિરોધી છે. સ્પષ્ટ વક્તા, સમજુ કાર્યકર અને બુદ્ધિશાળી આગેવાન તરીકેની તેમની એ વિભાગમાં સુંદર છાપ છે.

### શ્રી પાંચાભાઇ મેઘજીભાઈ ડીકાણી

તેઓશ્રીનું વતન બરવાળા બાવીશી (જી. અમરેલી) હાલમાં અમદાવાદમાં નોકરી કરે છે. તેઓ સૌરાષ્ટ્ર કેળવણી કમીટીના પ્રમુખ છે.ઉત્સાહી અને મિલનસાર સ્વભાવના છે.

### શ્રી બળદેવ મોહનભાઇ પટેલ

વીસનગરના આગેવાન કાર્યકર છે સ્વરાજ્યની ચળવળ દરમ્યાન ૧૯૪૨ના રાષ્ટ્રવ્યાપી આંદોલન વખતે સ્વયંસેવક તરીકે સારૂં એવું કામ કર્યું. લોકોને શિષ્ટ વાંચન મળી રહે તે દૃષ્ટિએ આ શહેરની લાઇબ્રેરીને સુવ્યવસ્થિત કરી છે. ૧૯૫૬માં પગારદાર નોકરોની શરાફી સહકારી મંડળીના શ્રીગણેશ તેમણે જ માંડયા તેમાં પણ આજસુધી સક્રિય રીતે કામ કરતા રહ્યા છે.

### શ્રી કાન્તિલાલ ફુલચંદ ધીયા

ગુજરાતના આગળ પડતા રાજકીય અને સહકારી પ્રવૃત્તિના કાર્યકરોમાં શ્રી કાન્તિભાઈ ધીયા પ્રથમ કક્ષાના ગણાય. દેશના જાહેરજીવનમાં ઘણા વર્ષોથી પ્રવેશ કર્યો છે. સને ૧૯૪૧–૪૨ માં અને ત્યારબાદ ૧૯૫૬થી સહકારી પ્રવૃત્તિમાં પ્રવેશ કર્યો.

દેશની આર્થિક અને સામાજિક ક્રાંતિ અને લોકશાહી સમાજવાદની સ્થાપના માટે સર્વોત્તમ સાધન હોવાથી તે અપનાવી છે તેમ તેઓ માને છે. ગુજરાતમાં તેઓ જે સહકારી સંસ્થાઓ સાથે સંકળાયેલા છે ઉપરાંત તેઓ ગુજરાત વિધાનસભાના સભ્ય છે. ગુજરાત રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ, અમદાવાદ ડી. કો–ઓ. બેન્કના ચેરમેન, ગુજરાત સ્ટેટ કો–ઓપરેટીવ બેન્કના ડાયરેક્ટર ગુજરાત સ્ટે. કો–ઓ. લેન્ડ મોર્ટગેઇજ ડેવલોપમેન્ટ બેન્કના ડાયરેકટર ગુજરાત સ્ટે. કો–ઓ માર્કેટીંગ સોસાયટીના ડાયરેકટર, ગુજરાત સ્ટે. કો–ઓ. ઇન્ડસ્ટ્રીયલ એસોસીએશનના ડાયરેકટર, યુનીયન કો–ઓ. ઇન્સ્યુ. સોસાયટી, અમદાવાદ જિ. સહ. સંઘ, અમદાવાદ જિ. સહ. ખ. વે. સંઘ, નેશનલ કો–ઓ. યુનિયન ઓફ ઈન્ડીયા, ગુજરાત સહ. અને ખાદી ગ્રામોદ્યોગ ભંડાર, મહાગુજરાત દુષ્કાળ રાહત સમિતિ, ગુજરાત કોંગ્રેસ સેવાદળ બોર્ડ, ગુજરાત સ્ટેટ હેન્ડલુમ બોર્ડ, જિલ્લા ઔદ્યોગિક સંઘ, યુનિયન બેન્ક ઓફ ઈન્ડીયા વિગેરે અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે.

### શ્રી છીબુભાઇ લાલભાઈ પટેલ

દાંડી અને કરાડી રાષ્ટ્રપિતા પૂ. ગાંધીજીનાં નિમક–સત્યાગ્રહ અને આશ્રમ માટે જાણીતા છે. તે બન્ને ગામની વચ્ચે સામાપુર ગામ આવેલું છે. ત્યાં જન્મેલા અને પ્રથમ જ વતનની રાષ્ટ્રિય શાળામાં સેવાભાવે જોડાઈ રાષ્ટ્રિય ચળવળમાં ઝંપલાવનાર છીબુભાઈ પટેલનાં નામથી નવસારી તાલુકો અજાણ નથી.

૧૯૩૩–૩૪ માં અસહકારની લડતે માઝા મૂકી અને કાંઠાના આ કોળી બચ્ચાનાં હૃદયનાં તાર ઝણઝણી ઉઠયા. અને પાટીદાર આશ્રમ તથા સુરત સ્વરાજ આશ્રમની દેખભાળ પોતે સંભાળી, ફાળો ઉઘરાવી માદરેવતનની શાળાનું સુંદર મકાન બનાવ્યું. જે હાલ પણ છે. થોડા સમય પછી આફ્રિકા ગયા. આફ્રિકામાં પ્રથમ નોકરી, પછી ૧૯૪૪ માં 'મોર્ડન સિલ્ક એમ્પોરિયલ યુરોપિયન ટ્રેઇડ' ચાલુ કરી સ્વતંત્ર ધંધો શરૂ કર્યો પણ રાજકીય રંગે રંગાયેલો જીવડો શાંત શે બેસે? તેમણે ત્યાંના રાજકીય ક્ષેત્રમાં ઝંપલાવ્યું અને....આફ્રિકન પ્રજાની આઝાદી મેળવવાની તમન્ના એક યા બીજી રીતે ઝલતી રાખી. આથી દેશે આઝાદી મેળવી ત્યારે ત્યાંની પ્રજાએ આઝાદીની ઉજવણી વખતે આ ગુજરાતી કોળી યુવાનને ઉમળકાભેર સન્માન્યા. આ પ્રસંગે છીબુભાઈએ હૃદયના ઉમળકાથી પોતાની મહામૂલી સાત એકરની વાડી સાર્વજનિક વપરાશ માટે ઝાંબિયાનાં પ્રેસિડેન્ટ ડો. કપુડાને અર્પણ કરી, પોતે દેશ પ્રત્યેનો પ્રેમ વ્યક્ત કર્યો.

છીબુભાઈની ઊચ ભાવના, પરદેશ પ્રેમ અને ઊંડી લાગણીનાં મૂલ્ય ત્યાંની પ્રજાએ ચૂકવ્યાં અને ૬ વર્ષ નડોલા સીટી કાઉન્સીલર બનાવ્યા. તથા બ્રિટીશ સરકારની સેવાની કદર રૂપે તેમને "કમિશ્નર ફોર ઓથ્સ" નો ઈલ્કાબ સરકારે એનાયત કર્યો.

સને ૧૯૫૦ માં રોડાશિયાનાં પ્રતિનિધિ તરીકે ભારતનાં વડાપ્રધાન શ્રી જવાહરલાલ નહેરુની મુલાકાત લેવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત કર્યું હતું.

### શ્રી અમૃતલાલ લક્ષ્મીચંદ શાહ

અંજાર (કચ્છ)ના વતની ૧૯૦૬ માં જન્મ, [૧૯૦૯ થી મુંબઇમાં વસવાટ, છેલ્લા ૬૦ વર્ષથી મુંબઇમાં અભ્યાસ, લગ્ન કારકીર્દિ બધુ મુંબઈમાં. અભ્યાસ મેટ્રીક સુધી. સત્યાગ્રહ આશ્રમ સાબરમતી એકવર્ષ, ખાદીકાર્ય ખરીદી વેચાણ, ભારતભરનો પ્રવાસ. કપાસરૂની દેશાવરોમાં ખરીદી, મુંબઇમાં રૂની દલાલી, જ્યોતિષ શાસ્ત્રનો શોખ, તથા એ શીખવા માટે ભારતના બધા જ પ્રાંતોનો પ્રવાસ કર્યો અને વૃદ્ધ પંડિતો પાસેથી જ્ઞાન મેળવ્યું. ૧૯૪૪ થી ધી બોમ્બે એસ્ટ્રોલોજીકલ સોસાયટીના મંત્રી ચુંટાયા, ૧૯૬૫ સુધી મંત્રીપદે રહ્યાં.

૧૯૪૫ થી જન્મભૂમિ સહ સંપાદક બન્યા. જન્મભૂમિ પંચાગ કાર્યકરના મુખ્ય અધિકારપદે આજસુધી જ્યોતિષ, ગણીત તથા ફળાદેશના માનદ પ્રોફેસર તરીકે, ધી બોમ્બે એસ્ટ્રોલોજીકલ સોસાયટીમાં દસ વર્ષ સુધી સંપાદક તરીકેના પ્રકાશનો, જન્મભૂમિ પંચાગ, જ્યોતિષ શાસ્ત્રપ્રવેશ અને પંચાગ માર્ગદર્શિકા. ૧૯૬૦ માં કાશીપંડિત સભા તરફથી ગણીતાલંકારની પદવી મળી. જ્યોતિષ સંશોધનમાં ઉંડો રસ લઈ આજસુધીમાં વીશહજારથી વધારે કુંડલીઓ બનાવેલ છે.

### શ્રી રમણલાલ સી. કડકીયા

દાહોદના વ્યાપારી અને જાહેરજીવનમાં જેમણે સારૂ એવુ માન ઉભુ કર્યું છે. તે શ્રી રમણભાઈ કડકીયા ફોરેસ્ટ વ્યવસામા છે. દાહોદ અનાજ મહાજન ,સાર્વજનિક એજ્યુ સોસાયટીની મેનેજીંગ કમિટિમાં સભ્ય તરીકે, દાહોદ અરબન કો–ઓ બેન્કની શાખા કમિટિમાં સભ્ય તરીકે, સહકારી મંડળીઓ અને ચર્મોદ્યોગ મંડળીના કારોબારીના સભ્ય તરીકે તેમજ દાહોદ શહેરની અનેકવિધ સામાજિક પ્રવૃત્તિઓમાં સક્રિય રીતે કામગીરી કરે છે. કોંગ્રેસ ના અનન્ય સેવક છે. કોંગ્રેસના કાર્યક્રમોમાં ભક્તિ ભાવ પૂર્વક રસ લ્યે છે.

# શ્રી ચતુરભાઇ અમીચંદ દોશી

જેમનું લક્ષ દ્રવ્ય નહિ પણ ધર્મ રહ્યો છે વ્યહવાર અને ધર્મમાં ખૂબજ નિયમીતતા જાળવનાર શ્રી ચતુરભાઈ મુળ ભાવનગર જિલ્લાના તળાજાના ટીમાણા ગામના વતની છે.

નાનીવયમાં ધંધાર્થે મુંબઈ ગયા અને દ્રુધની દલાલીના ધંધામાં શ્રી ગણેશ માંડયા એક પછી એક પ્રગતિના સોપાન ચડતા ગયાં આજે દૂધની દલાલીના ધંધામાં પાયધૂની ઉપર તેમની પેઢી ખૂબજ જાણીતી બનેલ છે. આપબળે શૂન્યમાંથી સર્જન કરી એ પૈસા કમાયા છે.

કાબેલ અને વ્યવહારકુશળ આ અગ્રણી વ્યાપારીએ પોતાના ધંધાનો ઉત્તરોત્તર ઉત્કર્ષ સાધીને પોતાના કુટુંબનો પણ ઉત્કર્ષ સાધ્યો પુત્રોને ઉચ્ચકેળવણી આપી પરદેશ મોકલ્યા. મોટાપુત્ર શ્રી જયંતભાઈએ ડોકટરી લાઈનમાં આગળ વધી ખૂબજ નામના મેળવી છે અને સાથે સાથે જીવનના ઉચ્ચત્તમ આદર્શોનું પણ બરાબર જતન કરતાં રહ્યાં છે. અતિથિપ્રેમી અને વતન પરત્વેની મમતાવાળા છે.

આ કુટુંબમાં સ્વભાવિક ઉદારતાના ગુણો હોવાથી નાના મોટા સામાજિક ફાળાઓમાં ઉભા રહી સમાજ પ્રત્યેની ફરજ બજાવતા રહ્યાં છે.

વતન ટીમાણામાં પણ તેમનું સારૂ એવું દાન છે. તળાજા બોર્ડિંગમાં અને બીજી જૈન સંસ્થાઓમાં તેમની દેણગીએ તેમના કુટુંબને યશકલગી ચડાવી છે.

દુખી જૈન ભાઈઓને મદદ, સાધુ સાધ્વીઓની વૈયાવચ્ચ, કેળવણી માટે મદદ, જિર્ણોદ્ધાર માટે જ્યાં જ્યાં પાત્રતા જોઈ ત્યાં ત્યાં રહેજ પણ પાછો પગ મૂકતા નથી ધર્મ ક્રિયાઓમાં પૂર્ણ પણે રસ લેતા રહ્યાં છે ઘણી સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલા છે. તેમની નિમ્રતા તેમના પ્રત્યે માન ઉપજાવે છે. ધાર્મિક પ્રવૃત્તિઓને તેમની ઉદારતાનો લાભ હમેશા મળતો રહ્યો છે.

શ્રી ચતુરભાઇ દોશી કીર્તિ અને કાંચન બન્ને કમાયા છે. સમાજને તેમની વધુ સેવા મળતી રહે તેવું આપણે ઇચ્છીએ.

# શ્રી જયંતિલાલ પ્રાગજીભાઈ પારેખ

શું વ્યક્તિ, સમાજ શું કે સંસ્થા શું–એના વિકાસનાં ઉત્તરોત્તર સોપાન હોય છે. અને એ સોપાનનું મહત્ત્વ ખુબ જ રહે છે. એકીસાથે હરણફાળથી આગળ વધવા જતાં પાછા પડવાનો ડર સંભવ વધુ રહે છે. એકેક પગલું એકબીજાનું પૂરક અને આધારરૂપ બની રહી છે શ્રી મહુવા કેળવણી સહાયક સમાજનો ઇતિહાસ આ રીતે સાક્ષી છે મીડલ સ્કૂલ પછી હાઇસ્કૂલ, પછી વિવિધ હેતુ લક્ષી શાળા અને હવે મહાશાળા! એમાં હાઈસ્કૂલ મહત્વનું સોપાન છે એ પ્રગતિના સોપાનનું પ્રેરક દાતા છે શ્રી જયંતિલાલ પ્રાગજીભાઇ પારેખ। મકાનની ટોચ વિચારે કે હું કેટલી ઉંચી છું તે ભૂલ છે. પરંતુ એનો આધાર નીચે રહેલી ઈંટ પર છે. એ ભૂલવું ન જોઈએ.

વિ. સં. ઇ. સ. મા મહુવાના જાણીતા પારેખ કુટુંબમા શ્રી પ્રાગજીભાઈ પારેખને ઘેર એમનો જન્મ સાધારણ અભ્યાસ કરી ધંધાર્થે મુંબઇ આવ્યા કાપડ લાઇનમા ખુબ જ ટૂંકા પગારમાં નોકરીની શરૂઆત કરી, ખંતથી કામ કરી સૌના હૃદય જીતી લીધા ઉત્તરોત્તર વિકાસ સાધી મુળજી જેઠા માર્કેટની અગ્રગણ્ય પેઢીમાં ભાગીદારીમાં જોડાયા અને ઇ. સ. ૧૯૪૦થી સ્વતંત્ર ધંધાની શરૂઆત કરી। ઉપાર્જન કરેલ દ્રવ્યોનો સદુપયોગ એમણે પોતાને હાથે જ કરવા માડયો કાપડ બજારના મહાજની કમીના સભ્ય તરીકે તેઓ વર્ષો સુધી રહ્યાં હતા;

દશાશ્રીમાળી જ્ઞાતિના વિકાસ પ્રત્યે એમની ઉંડી સહાનુભુતિ છે છેલ્લા ૨૫ વર્ષથી તેઓ તન, મન, ધનથી સક્રિય રસ લઇ રહ્યાં છે. શ્રી દશાશ્રીમાળી બોર્ડીંગ મહુવાની તેઓએ જુદા જુદા હોદ્દાઓ પર રહી અપૂર્વ સેવા કરી છે તદુપરાંત દશાશ્રીમાળી વણિક વેલ્ફેર સોસાયટીમાં તેઓ આગળ પડતો ભાગ લે છે.

તેમની એક વિશિષ્ટતા છે ધર્મપરાયણતાની, જે આજના જમાનામાં અતુટ જળવાઇ રહેવી મુશ્કેલ છે જ્યારે પણ એમના ટેબલ પર જુઓ કે અધ્યાત્મ અને ધર્મને લગતા પુસ્તકો વાંચન, સ્વાધ્યાય અને મનન માટે એમની પાસે મોજુદ જ હોય ! વળી એવું પણ નહીં કે એક જ ધર્મનો સાચો માની ધર્માંધતા દાખવવી જયાંથી સત્ય લાધે તે તરફ વળવું તેવો તેમનો સ્વભાવ છે.

# શ્રી દોલતરાય જયંતિલાલ પારેખ

જેમનું મુબઈમાં મહુવા યુવક સમાજ દ્વારા વતનના સાર્વજનિક અને શૈક્ષણિક કામોમાં આગળ ચાલીને મહુવા વાસીઓનું સંગઠન સાધી સમય શક્તિના ભોગે ઘણું મોટુ યશસ્વી પ્રદાન રહ્યું છે.

નિર્મળ દ્રષ્ટિ, તેજસ્વી પ્રતિભા અને તેમના પ્રચંડ વ્યક્તિત્વને કારણે ઘણા શુભ કામો તેમના હાથે થતા રહ્યાં છે.

ઘણાજ ઉદાર અન મીલનસાર સ્વભાવના છે. સાહિત્યક પ્રવૃત્તિઓને હંમેશા તેમણે ઉદાર દીલે પ્રોત્સાહન આપ્યા કર્યું છે. મિત્રોને વિશ્વાસમાં લઇ ટીમ સ્પીરીટથી કામ કરવામાં માને છે. તેમણે કદી સત્તાનો કે માન સન્માનનો મોહ રાખ્યો નથી. ગુજરાત સંદર્ભગ્રંથના આ પ્રયાસને પણ તેમનું છેક શરૂથી આજસુધી સતત માર્ગદર્શન, પ્રેરણા મળતાં રહ્યાં છે.



શુભેચ્છા પાઠવે છે

# એસ. મનસુખલાલ




ચીખલગલી

મુળજી જેઠા મારકેટ

મુંબઇ—૨.

# સંચય દ્વારા સમૃદ્ધિ



નાની બચત યોજના એ રાષ્ટ્રની અને વ્યક્તિની આબાદીની યોજના છે. એમાં નિયમિત રીતે નાણાં રોકનાર પોતાની અને પોતાના કુટુંબની ભાવિ આબાદીનું સર્જન કરે જ છે. ઉપરાંત તે રાષ્ટ્રના નવનિર્માણ માટે થઇ રહેલી વિકાસ યોજનાના કાર્યમાં પણ હિસ્સેદાર બને છે.



**નીચેની કોઈ પણ યોજનામાં આપ નાણાં રોકી શકો છો:**

- ૧૨ વર્ષીય નેશનલ ડિફેન્સ સર્ટિફિકેટ
- ૧૦ વર્ષીય રાષ્ટ્રીય બચત સર્ટિફિકેટ : પ્રથમ શ્રેણી :
- ૧૫ વર્ષીય એન્યુઇટી સર્ટિફિકેટ
- પોસ્ટ ઓફિસ સેવિંગ્સ બેંક
- ક્યુમ્યુલેટિવ ટાઇમ ડિપોઝીટ
- ફિક્સ્ડ ડિપોઝીટ યોજના
- ૧૦ વર્ષીય ડિફેન્સ ડિપોઝીટ સર્ટિફિકેટ

## નાની બચત યોજનામાં નાણાં રોકો

ગુજરાત સરકારના માહિતીખાતા દ્વારા પ્રકાશિત, સચિવાલય, અમદાવાદ-૧૫

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ ૧

આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ ૧